સાર્થ ગૂજરાતી

# જોડણીકોશ

"હવે પછી કોઈને સ્વેચ્છાએ જોડણી કરવાનો અધિકાર નથી."

—ગાંધીજી

નવજીવન પ્રકાશન મંદિર

અમદાવાદ

સાર્થ ગૂજરાતી

# જોડણીકોશ

"હવે પછી કોઈને સ્વેચ્છાએ જોડણી કરવાનો અધિકાર નથી."

—ગાંધીજી

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ

મુદ્રક અને પ્રકાશક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, કાળુપુર, અમદાવાદ

ચોથી આવૃત્તિ, સને ૧૯૪૯, ૧૦,૦૦૦
(સુધારાવધારા સાથે)

શ્રી ... ગુજરાતી સાહિત્ય ...
૮-૮-૨૭

બાર રૂપિયા

સપ્ટેમ્બર, ૧૯૪૯

"દરેક માણસને જેમ સૂઝે છે તેમ શબ્દને શુદ્ધ કે અપભ્રંશ ઠોકી બેસાડે છે, અને પછી તે પ્રમાણે વિપરીત જોડણીઓના વરસાદ નિશાળોમાં વરસી રહે છે. તેઓનો એમાં કાંઈ ઉપાય નથી; એ થયાં જ કરવાનું. અને તેમાં તેઓનો કાંઈ વાંક નથી. ખરેખરું તો, એ નિયમો બંધાયા તે વખતે, એ નિયમ બાંધનારી કમિટીએ એક ગૂજરાતી ભાષાના સઘળા શબ્દનો કોશ તૈયાર કરવો જોઈતો હતો, અને તેમાં ઘણી કાળજીથી એ નિયમો પ્રમાણે સઘળા શબ્દોની જોડણી આપવી જોઈતી હતી."

માર્ચ, ૧૮૭૨ **સ્વ. નવલરામ**

"મારી એ જ ભલામણ છે કે, કોઈ પણ પ્રકારે — પછી પંડિતવર્ગ તરફથી અથવા, ઉત્તમ રીતે તો, શાળાખાતા તરફથી યોગ્ય કમિટી નિમાઈને — પ્રથમ ઉપર દર્શાવેલી દિશાએ ( તે જ એમ નથી કહેતો ) સમગ્ર મોટા ધોરણ ઉપર નિયમપદ્ધતિ રચાઈને, એક ઉત્તમ કોશ તે પદ્ધતિને અનુસરતી જોડણીવાળો રચવો જોઈએ."

૧૮૮૮ **સ્વ. નરસિંહરાવ ભોળાનાથ**

ગૂજરાત વિદ્યાપીઠે જોડણીકોશ તૈયાર કરીને આપણી જોડણીને એકધારી અને વ્યવસ્થિત કરવાનો જે સફળ પ્રયત્ન કર્યો છે, અને જે જોડણીને લેખકો, સામયિકો, પ્રકાશન-સંસ્થાઓ, મુંબઈ યુનિવર્સિટી તથા બીજી કેળવણીની સંસ્થાઓ મોટે ભાગે અનુસરી રહી છે, તેને આ સંમેલન આવકાર દે છે, અને પરિષદને સૂચના કરે છે કે:

(૧) એ જોડણી સર્વમાન્ય થાય એવા પગલાં લે; અને

(૨) વિદ્યાપીઠ તરફથી થનારા તેના પુનસંસ્કરણમાં પોતે તથા પોતાની માન્ય સંસ્થાઓ પૂરેપૂરો સહકાર આપે.

ઑક્ટોબર, ૧૯૩૬ **૧૨મું ગુજરાતી સાહિત્ય સંમેલન**

"ગુજરાતી શબ્દોની સાચી જોડણી વિષે ગુજરાતમાં ઘણા વખતથી ચર્ચા ચાલી રહી છે. એને પરિણામે, એ ભાષાના અભ્યાસમા નડતી મુશ્કેલી દૂર કરવાના હેતુથી, ગૂજરાત વિદ્યાપીઠે, સામાન્ય રીતે સ્વીકારાયેલા અમુક સિદ્ધાંતોને આધારે, 'જોડણીકોશ' નામનો એક શબ્દકોશ પ્રગટ કર્યો છે. આ 'જોડણીકોશ'મા સ્વીકારાયેલી જોડણીનો ગુજરાત સાહિત્ય પરિષદ, મુંબઈ યુનિવર્સિટી તેમ જ ઘણાખરા ગૂજરાતી પ્રકાશકો, વર્તમાનપત્રો અને સામયિકોએ પણ સ્વીકાર કર્યો છે. સર્વત્ર એક જ પ્રકારની જોડણી રહે, તેમ જ ભાષાના અભ્યાસમા ચોકસાઈ સચવાય, એ હેતુથી મુંબઈ સરકાર એ જરૂરી અને ઇષ્ટ માને છે કે, 'જોડણીકોશ'મા નક્કી કરેલી સર્વસામાન્ય અને એક જ પ્રકારની જોડણી ઇલાકાની શિક્ષણસંસ્થાઓમાં અનુસરવામાં આવે. આ અનુસાર સરકારે એવો હુકમ બહાર પાડયો છે કે, ભવિષ્યમાં 'જોડણીકોશ'માં નક્કી કરાયેલી જોડણીને અનુસરે એવાં જ પુસ્તકોને પાઠયપુસ્તકોની મંજૂર થયેલી યાદીમા મૂકવામાં આવશે."

ઈ. સ. ૧૯૪૦ **મુંબઈ સરકારના પ્રકાશન ખાતા તરફથી**

# ચોથી આવૃત્તિ

કોશની આ નવી આવૃત્તિ છેવટે પૂરી કરીને જનતા આગળ રજૂ કરી શકીએ છીએ, તેથી અનેક રીતે આનંદ અને કૃતકૃત્યતા અનુભવાય છે. સૌને ખબર છે કે, આ આવૃત્તિ માટે ગુજરાતને પાંચ છ વરસોથી રાહ જોવી પડી છે. તે માટે અમે ક્ષમા ચાહીએ છીએ. એટલુ જ કહેવાનું કે, કેવળ લાચારીને લીધે જ આમ થયુ છે. તે લાચારીમાંથી બનતી ત્વરાએ છૂટી જઈ નિર્વિઘ્ને કોશ તૈયાર કરી આપી શકાયો, તે આનંદની વાત છે.

જોડણીકોશની પ્રવૃત્તિની શરૂઆત હિંદસ્વરાજની લડત સાથે અને કહો કે. તેના જ એક શિક્ષણી અંગ તરીકે થઈ. અને ત્યાર પછી તેની ઉત્તરોત્તર સુધારાતી વધારાતી આવૃત્તિઓ નીકળતી ગઈ; અને તે પણ એ લડતના મહત્ત્વના તબક્કાની સાથોસાથ બહાર પડી, એવા સંજોગો જોવા મળે છે. પૂર્વની આવૃત્તિઓના નિવેદનો પણ સંઘરવામાં આવ્યાં છે; તે પરથી જણાશે કે, પહેલી આવૃત્તિનું કામ ઈ. સ ૧૯૨૮ની બારડોલીની લડતના વાતાવરણમાં ચાલતું હતું. તે આવૃત્તિ વરસની અંદર જ પૂરી થઈ ગઈ. બીજી આવૃત્તિનુ કામ ઈ સ. ૧૯૩૦-૨ની લડત દરમિયાન જ થયુ. એ કામ પણ પૂર્ણસ્વરાજનું જ એક કામ છે, એવી સમજ ન હોત, તો તે એવા યુદ્ધકાળમાં ન થઈ શકત. એ આવૃત્તિ પણ ધાર્યા કરતાં વહેલી પૂરી થઈ, અને ત્રીજી આવૃત્તિ કરવાની થઈ. તે તૈયાર થઈ બહાર પડયા બાદ પાછું સ્વરાજનું યુદ્ધ શરૂ થયું. અને ત્યાં સુધીમાં તે આવૃત્તિ પણ પૂરી થવા આવી. તેથી ચોથી આ આવૃત્તિ છપાવવાનું હાથ પર લેવું જોઈએ એમ વિચારતા હતા, ત્યાં ૧૯૪૨ના દિવસો બેઠા અને સેવકોને તે કામમાંથી તે વખત પૂરતો હાથ લઈ લેવો પડયો: નવજીવન પ્રેસ સરકારે કબજે કર્યું; સેવકોને પકડી પકડીને જેલમા બેસાડયા એ છેવટની સુલતાની આંધી ૧૯૪૫ બાદ શમવી શરૂ થઈ, ને બીજી બાજુથી દેશનું સ્વરાજ-યુદ્ધ પણ નવા પાટા પર ચડયું. પૂ૦ ગાંધીજી બહાર આવ્યા; બીજા દેશનેતાઓ બહાર આવ્યા, અને જાત જાતની વિષ્ટિઓ અને વાટાઘાટો શરૂ થઈ. ટૂંકમાં સેવકગણ પાછો પુનશ્ચ હરિ. ઓમ્ કરી શકે એમ થયુ.

આમ પરિસ્થિતિ પલટાતાં તરત કોશની નવી આવૃત્તિનું કામ ૧૯૪૨થી અટકેલુ ત્યાંથી આગળ ચલાવવામાં આવ્યુ. નવજીવન પ્રેસ પણ પાછું મળ્યુ. પણ કાગળ-નિયમન-ધારો આવ્યો હતો. વડી સરકારની પરવાનગી વગર પ્રેસ પણ ફરી ચાલી ન શકે અને કાંઈ છાપી પણ ન શકાય, એવા ધારા લાગુ થયા હતા છતાં ભાષાના કોશ જેવા નિર્દોષ પુસ્તકને તો કેવી રીતે રોકી શકાય? એટલે આ માટે સરકારી પરવાનગી મળી શકી. અને એમ ૧૯૪૬માં કોશના છાપકામના ગણેશ બેસાડી શકાય એવા સંજોગો મળી રહ્યા, અને ૧૯૪૭થી તેનું કામ ચલાવી શકાયુ.

એટલે સુધી આવતાં તો સ્વરાજ-જન્મની યાતનાઓનો કાળ શરૂ થયો. પાકિસ્તાન, હુલ્લડો, હડતાલો, તંગી, અંકુશો ઇત્યાદિ અનેક મુસીબતોમાં છાપકામ ચલાવવાનું હતું. છેવટે એ બધુ ત્રણ વરસે સાંગોપાંગ પૂરું થયું, અને તેની જ સાથે હિંદની સ્વરાજયાત્રા સફળ થઈ. આમ લાંબી કથા અહીં એટલા માટે કહી છે કે, તે પરથી વાચક જોશે કે, શરૂમાં કહ્યાં તે આનંદ અને કૃતકૃત્યતા શાથી લાગે છે, અને આટલી બધી ઢીલ થઈ તે કેમ દરગુજર કરવી જોઈએ. અસ્તુ.

બીજી પણ એક વસ્તુ છે, જેને માટે ક્ષમા માગવી જોઈએ. વાચક જોશે કે, આ આવૃત્તિમાં જે કાગળ વપરાયો છે તે રંગે વિવિધ છે અને હલકો પણ છે. એનુ કારણ સ્પષ્ટ છે – યુદ્ધને લઈને આપણા વેપારમાં અને માલમાં જે વિકારો થતા રહ્યા છે, તેનું એ નિદર્શક છે. એમાં કોઈ આરો જ નહોતો. બલ્કે કોશ છાપવાને માટે સરકાર-ભાવે કાગળ મળતો રહ્યો, એ જ એક મોટી વાત છે. એટલે કાગળને વિષે ખૂબ જાગ્રત રહેતાં છતાં, જે બન્યું છે તે બન્યું છે. અમારી એ બીજી લાચારીને પણ વાચક સહેજે સમજીને દરગુજર કરશે એવી આશા છે.

## નવી આવૃત્તિ

દરેક આવૃત્તિ પેઠે આ આવૃત્તિ પણ સુધારાવધારા સાથે બહાર પડે છે. અને એને પરિણામે, એક રીતે જોતાં જોડણીકોશ હવે ભાષાના એક ચાલુ કોશ તરીકે કામચલાઉ પરિપૂર્ણતાએ પહોચે છે. આ કોશની પહેલી આવૃત્તિ કેવળ શુદ્ધ જોડણી દર્શાવતી શબ્દાવલી જ હતી, અને સાથે તે શબ્દોનો પદચ્છેદ બતાવવામાં આવ્યો હતો. બીજી આવૃત્તિ કરતી વખતે સહેજે થયું કે, કાંઈ નહિ તો સંઘરેલા શબ્દોના મુખ્ય અર્થો સંક્ષેપમાં આપવા જોઈએ. આમ કેવળ જોડણીકોશ તરીકે શરૂ કરેલી પ્રવૃત્તિ ભાષાના એક સારા સમગ્ર કોશ બનવાને માર્ગે વળી. અને શબ્દસંગ્રહમાં

ઉપરાત, તુલનાત્મક સૂચનો પણ મૂકવામાં આવ્યા છે, અને તેમાં મુખ્યત્વે હિંદી અને મરાઠી ભાષાની તુલના નોંધી છે. હિંદી માટે 'શબ્દ-સાગર' અને મરાઠી માટે શ્રી. દાતેનો 'મહારાષ્ટ્ર શબ્દકોશ' મુખ્યત્વે ઉપયોગમાં લીધા છે. ઉર્દૂ ને હિંદુસ્તાની કોશો પણ જરૂર મુજબ વાપર્યાં છે; પણ તે મુખ્ય ન હોવાથી તે બધાનાં નામ અહીં નોંધ્યાં નથી.

ફારસી અરબી વ્યુત્પત્તિ માટે ગુ૦ વ૦ સો૦ ના કોશ ઉપરાંત લુગાતે કિશોરી, હિંદુસ્તાની-અંગ્રેજી કોશ વગેરેની જરૂર લાગવાથી તેમનેય વાપરવામા આવ્યા છે.

એ પણ કહેવુ જોઈએ કે, ગ્રંથોમાં મળી આવેલી ઉપરાત કેટલીક સિદ્ધ જેવી લાગતી વ્યુત્પત્તિ પણ કોશમાં ઉમેરવામા આવી છે. અને વ્યુત્પત્તિમાં જ્યા શંકાને સ્થાન લાગ્યુ છે, ત્યાં પ્રશ્ન દ્વારા તે વ્યક્ત કર્યું છે.

એક મૂળ શબ્દના થડ તળે આવતા શબ્દોની વ્યુત્પત્તિ બધે અલગ બતાવી નથી, કેમ કે ઘણી જગાએ તે સહેજે દેખાઈ જાય એવી હોય છે. જ્યા જુદી નોધવા જેવી જરૂર લાગી છે, ત્યાં તે દર્શાવી છે.

આમ, આ આવૃત્તિ માટે એટલુ કહી શકાય કે, વ્યુત્પત્તિ બાબતમાં થયેલું કામ વિદ્વાનો આગળ પહેલી વાર એકસાથે રજૂ થશે. તે પરથી હવે એ કામ આગળ લઈ શકાય. જે થયુ છે તેને વધારે શુદ્ધ કરી શકાય. બલ્કે, એમ કહેવું જોઈએ કે, હવે આપણે ગુજરાતીમા વ્યુત્પત્તિ-કોશ ખાસ અલગ કરવા તરફ પણ પ્રયાણ કરવુ જોઈએ આ કામને માટે આ આવૃત્તિ ઠીક ભૂમિકા રજૂ કરી શકશે.

ભાષાઓની તુલનાત્મક નોંધ અંગે બંગાળી, સિંધી, ઇત્યાદિ ભાષાઓ પણ સાથે લેવા જેવી કહેવાય. આ આવૃત્તિમાં જે તુલનાઓ નોંધી છે, તે સંપૂર્ણતયા આપી છે એમ સમજવાનું નથી. પણ કેવળ આ ઢબે તુલના કરતો શબ્દ-કોશ પણ, વ્યુત્પત્તિના અભ્યાસના વિકાસ અર્થે, જરૂરી તો છે જ. એ કામ પણ ખીલવવા જેવુ છે. આ આવૃત્તિમા તેનો સ્પર્શ મળશે એટલુ જ.

### શબ્દપ્રયોગો

વ્યુત્પત્તિ પેઠે જ શબ્દપ્રયોગો માટે પણ કામ થયુ છે. ઉપલબ્ધ સાધનોમાથી તેની સામગ્રી લઈ લીધી છે. ઉપરાત ચાલુ ભાષામાંના નહી સંઘરાયેલા પ્રયોગો જે ધ્યાન ઉપર આવ્યા, તે પણ નોધવામાં આવ્યા છે. આથી કરીને શબ્દપ્રયોગોનો સંગ્રહ પણ આ આવૃત્તિમાં થાય છે એટલો પહેલવહેલો કોશમાં ઊતરે છે, એમ કહી શકાય. એ પૂરેપૂરો છે એમ

હરગિજ નથી. શબ્દોની પેઠે શબ્દપ્રયોગો પણ શિષ્ટ સાહિત્યમાંથી ખોળવા જોઈએ. એટલું જ નહિ, સ્વતંત્ર શબ્દપ્રયોગ-કોશ પણ હવે રચાવો જોઈએ. તે દ્વારા આપણી ભાષાની શક્તિનો આપણને કોઈ નવો જ ખ્યાલ આવે, એવો પૂરો સંભવ છે.

'શબ્દપ્રયોગ' કોને કહેવો, કહેવત અને તે બેમાં શો ફેર, એ બધા પ્રશ્નોની ચર્ચા અહીં કરવાની જરૂર નથી. પરંતુ એટલું નોંધું કે, કહેવતો સંઘરી નથી; અને જે શબ્દોના યોગથી, તેમના કેવળ શબ્દાર્થથી વિલક્ષણ એવો અર્થ ઉત્પન્ન કરાય છે, તેમને શબ્દપ્રયોગ ગણીને સંઘર્યા છે. અમુક શબ્દ સાથે જે અમુક શબ્દને રૂઢિથી વાપરવો જોઈએ, તે પણ નોંધવા પ્રયત્ન કરવામાં આવ્યો છે.

વ્યુત્પત્તિ પેઠે જ શબ્દપ્રયોગનો સંગ્રહ કરવાનું કામ અમને કામ કરનારાઓને બહુ રસિક થઈ પડયું હતું. આ કામ પણ આગળ એક ખૂબ જરૂરી સંશોધનની દિશા ખોલે છે એમ કહી શકાય.

## ઉચ્ચારણ

આપણી લિપિ રોમન જેવી નથી; તેમાં ધ્વનિને વ્યક્ત કરવા માટે ઘણી સવડ છે. છતાં કેટલાક ધ્વનિ કે શ્રુતિ આપણે લિપિમાં ઉતારી શકતા નથી; તે રૂઢિ પર છોડી ચલાવી લઈએ છીએ. જેમ કે વિવૃત એ, ઓ; હશ્રુતિ, યશ્રુતિ; બે અનુસ્વાર. આ બાબતમાં કેટલાક વિદ્વાનોએ સંકેતોનાં સૂચનો કરેલાં છે, જે વાપરીએ તો કાંઈક મુશ્કેલી ઓછી થાય પરંતુ, સામાન્ય લખનારી આમ પ્રજા એવી ઝીણવટની ઝંઝટમાં પડે નહી. તેથી જોડણીના નિયમમાં એમને સ્વીકારવામા આવ્યા નથી, અને તેથી ખાસ મુશ્કેલી નડતી નથી. પણ કોશકારે તે તે ઉચ્ચારણનાં સ્થાનો જોડણીની સાથેસાથ બતાવવાં જોઈએ વાચક જોશે કે, ત્રીજી આવૃત્તિ વખતે એક પરપ્રાંતી ભાઈએ આવી માગણી પણ કરી હતી. આ આવૃત્તિમાં તે પૂરી કરવામાં આવી છે, અને હશ્રુતિ, યશ્રુતિ, બે અનુસ્વાર, એં ઓં ઉચ્ચારો, તથા અલ્પપ્રયત્ન અકાર (ફ઼ેંકેવું) પણ સૂચવવામા આવ્યા છે. તેમને માટે યોજેલા સંકેતો ને સમજૂતી સૂચનાઓમાં તથા સંકેત-સૂચિમાં આપ્યાં છે.

ઉચ્ચારણ વિષેની આ નોંધ, એક રીતે જોતાં, ગુજરાતી કોશોમા પહેલી વાર ઊતરે છે. જોકે, નર્મકોશકારે આ વિષે વિસ્તૃત નોંધ લખી, હશ્રુતિ, પહોળા એ, ઓ વગેરે વાળા શબ્દોની યાદી પોતાની પ્રસ્તાવનામા આપી છે.

ઉચ્ચારણની આ બાબતમાં પણ શંકાને સ્થાન છે એ ઉઘાડું છે વ્યુત્પત્તિ તેમાં કાંઈક ઉકેલ દર્શાવી શકે. પણ છેવટે તો શિષ્ટ મનાતો ચાલુ

ઉચ્ચાર શો છે તે જોવાનું રહે. તેમાં પણ પ્રશ્નને સ્થાન તો રહે. આથી કરીને, આ બાબતમાં પણ વિવેક કરવાનો તો ઊભો રહે જ છે તેમાં શંકાને સ્થાન હોય તો પ્રશ્ન કર્યો છે. કોશની આ નવી બાબતમાં પણ પરિપૂર્ણતા સાધવા માટે, તેને જ સ્વતંત્ર રૂપે તપાસવી જોઈએ. એ પણ એક નવું કાર્યક્ષેત્ર ઊઘડે છે એમ ગણાય.

## શબ્દભંડોળ

ભાષાના શબ્દો જ્યાં જ્યાં પડેલા હોય — જૂના નવા સાહિત્યમાં તથા ચાલુ ભાષા તથા તળપદી બોલીઓમાં — ત્યાં ત્યાં બધેથી વીણી વીણીને સંઘરવા, એ તો કોશનું મુખ્ય કામ અને પ્રયોજન છે. એટલે તે તો સદાનું ચાલુ કામ જ અમે માન્યું છે. તેથી એનો સંઘરો સારી પેઠે મોટો થયો છે.

ઉપરાંત કેટલાક ભાષાપ્રેમી મિત્રો પણ એમાં મદદ કરે છે. તેમાં ખાસ ઉલ્લેખ શ્રી. રા૦ વિ૦ પાઠકનો કરવો જોઈએ. એક નિયમપૂર્વક તે, નવા શબ્દો જુએ કે ઉદાહરણ સાથે પોતાના કોશમાં ટાંકી રાખે છે; અને દર નવી આવૃત્તિ વખતે કોશ જ અમને મોકલી આપી તે શબ્દો ઉમેરાવી લે છે. આજે ગુજરાતીના અનેક અધ્યાપકો આ પ્રમાણે જો કરે, તો સહેજે કેટલી બધી મદદ થઈ શકે? આ કામ આવી મદદથી જ થઈ શકે એવું છે, એ તો ઉઘાડું છે. અધ્યાપકો શબ્દો ઉપરાંત કોશનાં બીજાં અંગોમાં પણ સુધારાવધારા કરવામાં ખૂબ મદદ કરી શકે. આવી બધી મદદ આવકારપાત્ર થશે એ તો કહેવાનું હોય નહિ; અમે તે માટે પ્રાર્થના કરીએ છીએ.

અંદાજ છે કે શબ્દભંડોળ પોણા લાખની આસપાસ હવે પહોંચ્યું હશે.

## જોડણી

જોડણીના નિયમોમાં કશો ફેરફાર કરવાનો હોય નહિ. એક ભૂલ સુધારી લેવામાં આવી છે: નિયમ ૧૦માં 'ચાહ'નાં રૂપોમાં ચહાત, ચહાતો, –તી, –તું છપાયું છે, તે ચાહત, ચાહતો, –તી, –તું કરી લીધું છે. પહેલી આવૃત્તિના શબ્દોમાં પણ 'ચાહતું' વિ૦ કરીને આપ્યું છે, તે પરથી પણ આ ભૂલ હતી એમ સ્પષ્ટ થાય છે.

જોડણી બાબતમાં આનંદની એક વાત નોંધવાની રહે છે તે એ કે, ઈ. સ. ૧૯૪૦માં મુંબઈ સરકારે પણ શિક્ષણ તથા પાઠ્યપુસ્તકો માટે જોડણીકોશને માન્ય કર્યો છે. આથી કરીને ૫૦ ગાંધીજીએ લગભગ ૨૫ વર્ષ

હરગિજ નથી. શબ્દોની પેઠે શબ્દપ્રયોગો પણ શિષ્ટ સાહિત્યમાંથી ખોળવા જોઈએ. એટલુ જ નહિ, સ્વતંત્ર શબ્દપ્રયોગ-કોશ પણ હવે રચાવો જોઈએ. તે દ્વારા આપણી ભાષાની શક્તિનો આપણને કોઈ નવો જ ખ્યાલ આવે, એવો પૂરો સંભવ છે.

'શબ્દપ્રયોગ' કોને કહેવો, કહેવત અને તે બેમાં શો ફેર, એ બધા પ્રશ્નોની ચર્ચા અહીં કરવાની જરૂર નથી. પરંતુ એટલુ નોંધુ કે, કહેવતો સંઘરી નથી; અને જે શબ્દોના યોગથી, તેમના કેવળ શબ્દાર્થથી વિલક્ષણ એવો અર્થ ઉત્પન્ન કરાય છે, તેમને શબ્દપ્રયોગ ગણીને સંઘર્યા છે. અમુક શબ્દ સાથે જે અમુક શબ્દને રૂઢિથી વાપરવો જોઈએ, તે પણ નોંધવા પ્રયત્ન કરવામાં આવ્યો છે.

વ્યુત્પત્તિ પેઠે જ શબ્દપ્રયોગનો સંગ્રહ કરવાનુ કામ અમને કામ કરનારાઓને બહુ રસિક થઈ પડયુ હતું. આ કામ પણ આગળ એક ખૂબ જરૂરી સંશોધનની દિશા ખોલે છે એમ કહી શકાય.

### ઉચ્ચારણ

આપણી લિપિ રોમન જેવી નથી; તેમાં ધ્વનિને વ્યક્ત કરવા માટે ઘણી સવડ છે. છતા કેટલાક ધ્વનિ કે શ્રુતિ આપણે લિપિમા ઉતારી શકતા નથી, તે રૂઢિ પર છોડી ચલાવી લઈએ છીએ. જેમ કે વિવૃત એ, ઓ; હશ્રુતિ, યશ્રુતિ; બે અનુસ્વાર. આ બાબતમાં કેટલાક વિદ્વાનોએ સંકેતોનાં સૂચનો કરેલાં છે, જે વાપરીએ તો કાંઈક મુશ્કેલી ઓછી થાય પરંતુ, સામાન્ય લખનારી આમ પ્રજા એવી ઝીણવટની ઝંઝટમાં પડે નહી. તેથી જોડણીના નિયમમાં એમને સ્વીકારવામાં આવ્યા નથી, અને તેથી ખાસ મુશ્કેલી નડતી નથી. પણ કોશકારે તે તે ઉચ્ચારણનાં સ્થાનો જોડણીની સાથેસાથ બતાવવા જોઈએ વાચક જોશે કે, ત્રીજી આવૃત્તિ વખતે એક પરપ્રાંતી ભાઈએ આવી માગણી પણ કરી હતી. આ આવૃત્તિમાં તે પૂરી કરવામા આવી છે, અને હશ્રુતિ, યશ્રુતિ, બે અનુસ્વાર, એ ઓ ઉચ્ચારો, તથા અલ્પપ્રયત્ન અકાર (ફ઼ડેવું) પણ સૂચવવામા આવ્યા છે. તેમને માટે યોજેલા સંકેતો ને સમજૂતી સૂચનાઓમાં તથા સંકેત-સૂચિમાં આપ્યાં છે.

ઉચ્ચારણ વિષેની આ નોંધ, એક રીતે જોતાં, ગુજરાતી કોશોમા પહેલી વાર ઊતરે છે. જોકે, નર્મકોશકારે આ વિષે વિસ્તૃત નોંધ લખી, હશ્રુતિ, પહોળા એ, ઓ વગેરે વાળા શબ્દોની યાદી પોતાની પ્રસ્તાવનામાં આપી છે.

ઉચ્ચારણની આ બાબતમાં પણ શંકાને સ્થાન છે એ ઉઘાડુ છે વ્યુત્પત્તિ તેમાં કાંઈક ઉકેલ દર્શાવી શકે. પણ છેવટે તો શિષ્ટ મનાતો ચાલુ

ઉચ્ચાર શો છે તે જોવાનું રહે. તેમા પણ પ્રશ્નને સ્થાન તો રહે. આથી કરીને, આ બાબતમા પણ વિવેક કરવાનો તો ઊભો રહે જ છે તેમાં શકાને સ્થાન હોય તો પ્રશ્ન કર્યો છે. કોશની આ નવી બાબતમાં પણ પરિપૂર્ણતા સાધવા માટે, તેને જ સ્વતત્ર રૂપે તપાસવી જોઈએ. એ પણ એક નવુ કાર્યક્ષેત્ર ઊઘડે છે એમ ગણાય.

## શબ્દભંડોળ

ભાષાના શબ્દો જ્યાં જ્યા પડેલા હોય — જૂના નવા સાહિત્યમાં તથા ચાલુ ભાષા તથા તળપદી બોલીઓમાં — ત્યાં ત્યાં બધેથી વીણી વીણીને સંઘરવા, એ તો કોશનું મુખ્ય કામ અને પ્રયોજન છે. એટલે તે તો સદાનુ ચાલુ કામ જ અમે માન્યુ છે. તેથી એનો સઘરો સારી પેઠે મોટો થયો છે.

ઉપરાંત કેટલાક ભાષાપ્રેમી મિત્રો પણ એમાં મદદ કરે છે. તેમાં ખાસ ઉલ્લેખ શ્રી. રા૦ વિ૦ પાઠકનો કરવો જોઈએ. એક નિયમપૂર્વક તે, નવા શબ્દો જુએ કે ઉદાહરણ સાથે પોતાના કોશમાં ટાકી રાખે છે; અને દર નવી આવૃત્તિ વખતે કોશ જ અમને મોકલી આપી તે શબ્દો ઉમેરાવી લે છે. આજે ગુજરાતીના અનેક અધ્યાપકો આ પ્રમાણે જો કરે, તો સહેજે કેટલી બધી મદદ થઈ શકે? આ કામ આવી મદદથી જ થઈ શકે એવુ છે, એ તો ઉઘાડું છે. અધ્યાપકો શબ્દો ઉપરાંત કોશનાં બીજાં અંગોમા પણ સુધારાવધારા કરવામા ખૂબ મદદ કરી શકે. આવી બધી મદદ આવકારપાત્ર થશે એ તો કહેવાનુ હોય નહિ; અમે તે માટે પ્રાર્થના કરીએ છીએ.

અદાજ છે ક શબ્દભડોળ પોણા લાખની આસપાસ હવે પહોચ્યુ હશે.

## જોડણી

જોડણીના નિયમોમા કશો ફેરફાર કરવાનો હોય નહિ. એક ભૂલ સુધારી લેવામાં આવી છે. નિયમ ૧૦માં 'ચાહ'નાં રૂપોમા ચહાત, ચહાતો, –તી, –તુ છપાયુ છે, તે ચાહત, ચાહતો, –તી, –તુ કરી લીધુ છે. પહેલી આવૃત્તિના શબ્દોમાં પણ 'ચાહતું' વિ૦ કરીને આપ્યુ છે, તે પરથી પણ આ ભૂલ હતી એમ સ્પષ્ટ થાય છે.

જોડણી બાબતમાં આનંદની એક વાત નોંધવાની રહે છે તે એ કે, ઈ. સ. ૧૯૪૦માં મુબઈ સરકારે પણ શિક્ષણ તથા પાઠ્યપુસ્તકો માટે જોડણીકોશને માન્ય કર્યો છે. આથી કરીને પૂ૦ ગાધીજીએ લગભગ ૨૫ વર્ષ

પર ઉપાડેલું કામ ઠીક ઠીક સફળતા મેળવે છે. એ ઠરાવ જોઈ તેઓશ્રીએ જે આનંદ વ્યક્ત કર્યો હતો, તે એમના જ શબ્દોમાં ઉતારું છુ :—

"જેવી અરાજકતા ગુજરાતી શબ્દોની જોડણી વિષે વર્તે છે એવી ભાગ્યે જ બીજી કોઈ ભાષામા હશે : મરાઠીમા નથી, બંગાળીમા નથી, તામિલમાં નથી, ઉર્દૂમા નથી. હિંદુસ્તાનની બીજી ભાષાઓમાં હોવાનું સાભળ્યુ નથી યુરોપની ભાષાઓમા તો નથી જ. જે ભાષાના શબ્દોની જોડણી બંધાઈ ન હોય તે ભાષાના બોલનારા જગલી ન કહેવાય તો શું કહેવાય? મનુષ્ય જેમ આગળ વધે તેમ તેની ભાષા વધે જ છે. ભાષા ઉપરથી તેના બોલનારાની પરીક્ષા ઘણી બાબતમાં કરી શકાય છે. 'હગમરટપર' લખનારના જ્ઞાનની પરીક્ષા કરવામા વાર ન લાગે

આવા મારા વિચાર ભાષાને વિષે હોઈ, જ્યારે મગનભાઈએ મને નીચેની કાપલી મોકલી ત્યારે હુ રાજી થયો :

'મુંબઈ સરકારના પ્રકાશન ખાતા તરફથી નીચે પ્રમાણેની યાદી બહાર પડી છે .

'ગુજરાતી શબ્દોની સાચી જોડણી વિષે ગુજરાતમા ઘણા વખતથી ચર્ચા ચાલી રહી છે. એને પરિણામે એ ભાષાના અભ્યાસમા નડતી મુશ્કેલી દૂર કરવાના હેતુથી ગૂજરાત વિદ્યાપીઠે, સામાન્ય રીતે સ્વીકારાયેલા અમુક સિદ્ધાંતોને આધારે, 'જોડણીકોશ' નામનો એક શબ્દકોશ પ્રગટ કર્યો છે. આ 'જોડણીકોશ'માં સ્વીકારાયેલી જોડણીનો ગુજરાત સાહિત્ય પરિષદ, મુંબઈ યુનિવર્સિટી તેમ જ ઘણાખરા ગૂજરાતી પ્રકાશકો, વર્તમાનપત્રો અને સામયિકોએ પણ સ્વીકાર કર્યો છે. સર્વત્ર એક જ પ્રકારની જોડણી રહે, તેમ જ ભાષાના અભ્યાસમા ચોકસાઈ સચવાય, એ હેતુથી મુંબઈ સરકાર એ જરૂરી અને ઇષ્ટ માને છે કે, 'જોડણીકોશ'માં નક્કી કરેલી સર્વસામાન્ય અને એક જ પ્રકારની જોડણી ઇલાકાની શિક્ષણસંસ્થાઓમા અનુસરવામા આવે. આ અનુસાર સરકારે એવો હુકમ બહાર પાડ્યો છે કે, ભવિષ્યમાં 'જોડણીકોશ'મા નક્કી કરાયેલી જોડણીને અનુસરે એવા જ પુસ્તકોને પાઠ્ય-પુસ્તકોની મંજૂર થયેલી યાદીમા મૂકવામા આવશે'

મુંબઈ સરકારે આ નિર્ણય કરતા વખત તો ઠીક લીધો, પણ છેવટે નિર્ણય કરી શક્યા તેને સારુ તેમને ધન્યવાદ ઘટે છે. મારી આશા છે કે, સૌ પત્રકારો અને લેખકો વિદ્યાપીઠના કોશને અનુસરશે."

('હરિજનબંધુ', તા ૪–૨–૧૯૪૦માથી)

આ લખતાં યાદ આવે છે કે, તેઓશ્રી આજે આ તેમની આજ્ઞા-રૂપ ફૂલીફાલી આવૃત્તિ જોવાને સદેહે આપણી સાથે નથી; તેથી મર્મમાં આઘાત પહોચે છે. આ કોશ એમના ચરણોમાં અર્પણ થયેલો છે, તે આજે માનસ વિધિથી જ કરવાનુ રહે છે.

## કાવ્યની જોડણી

કાવ્યની જોડણી માટે એક સાદા નિયમ નં૦ ૩૨ ઉપરાંત વિચાર નથી થઈ શક્યો. એમા આગળ વધી શકાય? એ બાબતમાં એક મોટો નિયમ તો નક્કી છે અને એ માનીને ચાલવુ જોઈએ કે, શબ્દોની જોડણી નક્કી કર્યા પ્રમાણે કાવ્યમા પણ સાચવવી જોઈએ. પણ પદ્યની વિશેપ જરૂરિયાતોને લઈને કોક સ્થાનોએ માત્રા વધારવી ઘટાડવી પડે છે; અને કવિઓ એવી છૂટ લે છે જ. તેવાં સ્થાનોએ શુ કરવુ એ પ્રશ્ન રહે છે. ત્યાં પણ નક્કી જોડણી કાયમ રાખી, હ્રસ્વ દીર્ઘના ચિહ્ન મૂકીને લીધેલી છૂટ બતાવવી, એમ નં૦ ૩૨મા બતાવ્યુ છે. આ રીતમાં કશી મુશ્કેલી નથી. તેને બહુધા અનુસરવામા આવે એટલે બસ.

આવી જ રીતે ત્રીજું એક ચિહ્ન પણ સ્વીકારવા જેવું છે, તે અકારના લોપને માટે ખોડાનુ ચિહ્ન. જેમ કે, 'કહેવુ' શબ્દ લઈએ. છંદની જરૂર પ્રમાણે તેને 'ક-હે-વુ' પણ વાચવામાં આવે છે અને 'કહે-વું' પણ આ બીજી જગાએ 'ક્હેવુ' આમ લખવાથી કામ સરી શકે. એમ જો માત્રાલોપ દેખાડવા માટે ખોડાનુ ચિહ્ન વપરાય, તો કાવ્યમા પણ તે પૂરતી જોડણી સાચવવામાં સરળતા થાય. જેમ કે 'જગત'ને 'જગ્ત' કરવુ હોય તો 'જગ્‌ત' લખી શકાય. 'બહેન,-ની'ને 'બ્હેન,-ની' કે 'બેન-ની' ન કરતાં 'બ્‌હેન-ની' કરી શકાય

કોઈ સ્થાનોએ આથી ઊલટી જરૂર લાગતાં કવિઓ એવી છૂટ લે છે કે, જોડાક્ષરને છૂટો પાડી માત્રાવૃદ્ધિ સાધે છે. જેમ કે 'પ્રકાશ'નુ 'પરકાશ'.

આમ જોડાક્ષરને છૂટો પાડી માત્રાવૃદ્ધિ મેળવી લેવા ઉપરાત, જ્યાં જોડાક્ષર ન હોય ત્યાં, છંદને લઈને જરૂર લાગે તો, બહુધા અનુસ્વાર ઉમેરી લઈને, માત્રા વધારવામાં આવે છે. જેમ કે સ્વામિન–સ્વામિંન; જોબન–જોબંન વગેરે.

આમ માત્રામાં કરી લેવાતો વધારો કોઈ સંકેત દ્વારા સૂચવી જો મૂળ જોડણી સાચવી શકાય તો સારું. પણ એ યોજવો અઘરો લાગે છે. એટલે કે, જો આવી છૂટ કવિને લેવી જ પડે તો લેશે એમ થયુ.

આ બાબતમાં કાવ્યના લેખક–પ્રકાશકો કાઈક ધોરણ ઉત્પન્ન કરે, તેવી વિનતી છે.

## આગળનું કામ

હવે પછી કોશ અંગે આગળ શુ કરાશે, એ વિષે સામાન્ય રીતે દરેક આવૃત્તિમાં કાંઈક ચર્ચા થતી આવી છે. તેમાની કેટલીક બાબતો હજી ઊભી

જ છે. જેમ કે, પારસી ગુજરાતીના શબ્દો, તળપદી બોલીઓમાં ઠેર ઠેર પડેલા પ્રાંતીય શબ્દો, વિજ્ઞાનની પરિભાષા — આ બધુ કામ ઊભું જ છે. પારસી ગુજરાતીનો તો શાસ્ત્રીય ઢબે સ્વતંત્ર કોશ કરવામાં આવે તોય ભાષાની સારી સેવા થાય. વિજ્ઞાનની પરિભાષા તરફ હવે શિક્ષકોનું અને યુનિવર્સિટીઓનું ધ્યાન છેવટે જવા લાગ્યુ છે, એટલે તેમાં પ્રગતિ થશે.

એ કામો શબ્દભંડોળને અંગે થયાં. આ કોશની દૃષ્ટિએ જોઈએ તો, અર્થોનાં ઉદાહરણો ટાંકવાં એ એક ઉમેરી શકાય એવી બાબત કહેવાય. આ આવૃત્તિમાં કોઈક સ્થાને અર્થ સ્પષ્ટ કરવા ઉદાહરણ ટાંક્યાં છે, પરંતુ અવતરણ આપવામાં નથી આવ્યાં. પરંતુ તે અનિવાર્ય ન ગણાય બૃહત્કોશમાં તે જરૂરી ખરું. પરંતુ કાલક્રમે ઉદાહરણો જોઈને અર્થવિકાસ ચકાસવામાં આવે તો તેની ખરી કિંમત અને સાચો અર્થ. ઉદાહરણો સંઘરવા પૂરતું જો જોઈએ તો, એ બાબતમાં સામગ્રી આજે ખૂટે એમ નથી. જૂના કોશોમા તે ખૂબ પડેલી છે ઉપરાંત હજારો ઉદાહરણો કોશ-કાર્યાલય પાસે કાપલીઓમાં અને નોંધોરૂપે પડેલાં છે. તે બધા ઉપરથી શબ્દો અને અર્થો તો નોંધાયા છે. તેમના ઉદાહરણો ટાંકવા હોય તો ટાંકી શકાય. પરંતુ ચાલુ કોશમાં તે ન આપીએ તોય ચાલી શકે. કરવા જેવુ કામ, અર્થવિકાસની દૃષ્ટિએ ઉદાહરણો કાલક્રમે એકઠા કરીને, અંગ્રેજી ‘ઑક્સફર્ડ મહાકોશ’ની પદ્ધતિએ શબ્દો પર કંડિકાઓ રચવાનુ છે. અત્યારે તો આ દૂરનો આદર્શ જ લાગે છે. આપણી ભાષામાં એટલુ સંશોધનકામ તથા વિદ્વત્તા પણ અત્યાર સુધીમાં એવાં રેડાયાં નથી કે જેથી આવું કામ હાથ ધરી શકાય. એક જ દાખલો આપુ: આપણા જૂના કવિઓના ગ્રંથોની પ્રમાણભૂત વાચનાઓ જ હજી સિદ્ધ થઈ બહાર નથી પડી. આ સામગ્રી હોય તો તાત્કાલિક એવુ કામ ઉપાડી શકાય કે, દરેક મુખ્ય મુખ્ય સાહિત્યયુગોના પ્રધાન ગ્રથો લઈને તેમને ‘ઑક્સફર્ડ-પદ્ધતિ’એ જોઈ કઢાય. પણ આ કરવાને માટે પહેલી તે ગ્રંથોની આધાર-ભૂત વાચનાઓનું શાસ્ત્રીય સંપાદન થવું જોઈએ. તો પછી તે વાચીને કાપલીઓ કરી આપવા ઇચ્છનારા ભાષાપ્રેમી સ્વયસેવક વિદ્વાનો મેળવવાના રહે. હવે પછી કોશને એક ડગલું આગળ લેવા માટે આવુ કાંઈક કરવું જોઈએ એમ લાગે છે. દરમિયાન ચાલુ પ્રકારનું કામ તો ઊભું છે જ. સાહિત્ય જોતા રહી શબ્દો, શબ્દપ્રયોગો વગેરે જે ન સંઘરાયા હોય તે તે વીણતા રહેવુ, વ્યુત્પત્તિ અંગે સંશોધન કરવુ, તુલનાત્મક વ્યુત્પત્તિ અર્થે બંગાળી, સિંધી, નેપાળી, કાનડી ઇત્યાદિ ભાષાઓએ પણ પહોચવુ — આવાં આવાં કામો ચાલતાં રહે, તો કોશ ઉત્તરોત્તર ખીલતો અને વધતો રહે.

હવે આ આવૃત્તિ જોતાં, એક જરૂર એ પણ લાગી છે કે, મૅટ્રિક કક્ષાના વિદ્યાર્થીઓ માટે એક નાનો 'વિનીત' કોશ રચવો, જેથી તેમને માફકસરની કિંમતે તે મળી શકે. આ કામ હવે પછી પાર પાડવા વિચાર છે.

આ કોશની કિંમત રૂ. ૧૨ કરવાની થઈ છે તે, આજની બધી તરફની મોંઘવારી જોતાં, વધારે નહિ ગણાય, એ ઉઘાડું છે.

અંતે, આ આવૃત્તિને સાંગોપાંગ પૂરી કરવામાં જે અનેકવિધ મદદની જરૂર પડી છે, તે પૂરી પાડનાર સૌનો આભાર માનું છું. એવી બધી મદદ વગર આ કામ, મેં શરૂમાં કહી તેવી મુશ્કેલીઓમાં, પરવારી ન શકાત. તે ઠીક વખતસર પરવારી શકાયું તે માટે પરવરદિગાર પરમેશ્વરનો આભાર માનીએ છીએ.

૧૫–૮–'૪૯ મગનભાઈ પ્રભુદાસ દેસાઈ

## અનુક્રમણિકા


| | |
|---|---|
| ચોથી આવૃત્તિ | ૫ |
| પહેલાંની આવૃત્તિઓના નિવેદનો | ૧૬ |
| ૧. પહેલી આવૃત્તિ | ૧૬ |
| ૨. બીજી આવૃત્તિ | ૨૦ |
| ૩. ત્રીજી આવૃત્તિ | ૨૫ |
| જોડણીના નિયમો | ૩૧ |
| કોશ વાપરનારને સૂચના | ૩૭ |
| સંક્ષેપોની સમજ | ૩૯ |
| વ્યુત્પત્તિના સંકેત | ૪૦ |
| ઉચ્ચારણના સંકેત | ૪૦ |
| બીજા ચિહ્નોની સમજ | ૪૦ |
| જોડણી કોશ | ૧–૧૨૨૧ |

# આગળની આવૃત્તિઓનાં નિવેદનો

## ૧

## [ પહેલી આવૃત્તિ ]

ગુજરાતી ભાષાને બહુજનમાન્ય એવી જોડણી નથી એ વસ્તુ ગુજરાતીના અનેક ભક્તોની પેઠે ગાંધીજીને પણ હમેશ ખટકતી આવી છે. એમના યરોડાના જેલનિવાસમા પણ એ વસ્તુનું ચિતવન ચાલતુ હતું, અને ત્યાથી જ તેમણે સદેશો મોકલેલો કે, ગુજરાતી ભાષાની આ દુર્દશા દૂર કરવી જ જોઈએ. જેલમાથી બહાર આવ્યા પછી એમણે ત્રણ જણને એ કામ સોંપ્યુ, અને શાસ્ત્રીય શુદ્ધિ અને રૂઢિ બંનેનો સમન્વય સધાય એવી રીતે જોડણીના નિયમોનો સંગ્રહ કરી તે પ્રમાણેનો લોકસુલભ એવો એક જોડણીકોશ તૈયાર કરવો એમ સૂચવ્યુ.

જોડણી શાસ્ત્રપૂત હોય, બહોળી શિષ્ટ રૂઢિને અનુસરતી હોય, એ બધુ જેટલું આવશ્યક છે તેટલુ જ, અથવા તેના કરતાયે, જેવી હોય તેવી પણ જોડણી બહુજનમાન્ય અને નિશ્ચિત થઈ જાય, એ વધારે આવશ્યક છે. આજે અંગ્રેજી ભાષાની જોડણી બધી રીતે શાસ્ત્રશુદ્ધ છે એમ તો કહેવાય જ નહિ; કેટલીયે બાબતમાં એ ઢંગધડા વગરની છે. પણ તે પ્રજામાં સંગઠન તથા તાલીમબદ્ધતા હોવાને લીધે ત્યાં જોડણીમાં અરાજકતા ફેલાવા પામી નથી. અંગ્રેજી ભાષાની જોડણી સર્વમાન્ય થઈ ચૂકી છે, તેથી જોડણીની બાબતમા બધે એકધારુ લખાણ જડી આવે છે. એક વાર અરાજકતામાંથી વ્યવસ્થા ઉત્પન્ન થઈ ગઈ એટલે પછી સુધારા કરવા જ હોય તો તે કામ પ્રમાણમાં ઘણું સહેલું થઈ જાય છે

સુધારાનો પ્રવાહ માન્ય વિકલ્પોની મર્યાદામા જ વહી શકે છે. વખત જતાં વિકલ્પોમાં અમુક જાતની જોડણી જ વધારે રૂઢ થાય છે અને બીજા વિકલ્પો અવમાન્ય ન હોય તોપણ વપરાશને અભાવે કાલગ્રસ્ત થઈ જાય છે અને ખરી પડે છે.

અરાજકતા અને માન્ય વિકલ્પો વચ્ચે ભેદ કરવો જોઈએ. ભાષાની સંક્રમણાવસ્થામા વ્યવસ્થા જાળવવી એ અઘરુ કામ છે. એવે પ્રસગે વિકલ્પોને ઓછામાં ઓછા રાખવા કરતાં ભાષા ખમી શકે તેટલા વધારેમા વધારે રાખવા એ નીતિ અપરિહાર્ય છે. પણ અરાજકતા તો એક ક્ષણને માટે પણ સહન કરવા જેવી વસ્તુ નથી. જેમણે ભાષાની કીમતી સેવા કરી છે અને શાસ્ત્ર, રૂઢિ અથવા લોકમાન્યતાની દૃષ્ટિએ જેમનો પક્ષ સમર્થ છે, તેમને વિકલ્પો દ્વારા બની શકે તેટલી માન્યતા આપવી એ જ ભાષાવ્યવસ્થાનો એકમાત્ર ઉપાય છે અને જોડણીના ભિન્ન ભિન્ન પક્ષકારોએ એટલી વાત તો સ્વીકારવી જ જોઈએ કે, અરાજકતા મટી તેને સ્થાને વિકલ્પપ્રચુર વ્યવસ્થા ભાષામાં ઉત્પન્ન થાય તોયે તે મહત્ત્વની પ્રગતિ જ ગણાવી જોઈએ. અને આવી પ્રગતિ પછી જ કોઈ પણ સુધારાને વધારે

અનુકૂળ પરિસ્થિતિ મળે છે. અરાજકતા અને વિકલ્પ વચ્ચેનો ભેદ ધ્યાનમાં આણીને અને અરાજકતા પ્રગતિને અથવા એકે પક્ષને પોષક નથી એમ જોઈને, એક વાર બહુજનમાન્ય એવી જોડણીની વ્યવસ્થા સ્વીકારવામા બધા અનુકૂળ થાય તો ઇષ્ટ હેતુ સફળ થાય. અને કેટલીક વાર તો વિકલ્પના બંને પ્રકાર હંમેશને માટે ભાષામા ચાલતા જ રહેવાના છે દાખલા તરીકે, સંસ્કૃતપ્રચુર અથવા લલિત શૈલીમાં લ અને ળ ના વિકલ્પ વચ્ચે લ ને જ વધારે પસંદ કરવામા આવશે, અને સાદી તળપદી ભાષામા લને બદલે ળ વાપરવા તરફ લોકો ઢળશે

ગાધીજીએ નીમેલી ત્રણ જણની સમિતિએ જોડણીની બાબતમાં પૂર્વે થયેલી બધી ચર્ચા ધ્યાનમાં લઈ, ચોથી સાહિત્ય પરિષદની જોડણીસમિતિના ઠરાવને આધારરૂપ ગણી, શિષ્ટ અને લોકમાન્ય એવા સાક્ષરોની રૂઢિ તપાસી કેટલાક નિયમો તારવી કાઢયા, અને એ વિષયોમાં અધિકાર અથવા રસ ધરાવતા લોકો પર તે મોકલી તેમનો અભિપ્રાય પૂછ્યો. તે નિયમો તારવવામા તેમણે નીચેનો ઉદ્દેશ ખાસ ધ્યાનમા રાખ્યો હતો:

"શિષ્ટ રૂઢિમાં બહુ ફેરફાર કરવો ન પડે, નિયમો સહેલાઈથી સર્વમાન્ય થઈ જાય, અને લખવા અને છાપવામાં લેખકોને અને મુદ્રકોને અગવડ ઓછી પડે, છાપેલો લેખ આંખને ગમે, અને અક્ષરની ઓળખ ટૂંક વખતમા સર્વત્ર ફેલાય એટલા માટે, અને નવા વાંચતાં શીખનારને સગવડ થાય એ ઉદ્દેશ રાખીને આપણા નિયમ ઘડવા જોઈએ, એમ સૌ કોઈ સ્વીકારશે જ જોડણીમા વ્યુત્પત્તિનો ઇતિહાસ સાચવવાનુ બને તો તે પણ ઇષ્ટ જ છે એ વિષે પણ મતભેદ ન જ હોઈ શકે."

એક વરસના વિચારવિનિમયને પરિણામે વાતાવરણ બહુ જ અનુકૂળ દેખાયુ અને ઘણા લોકોની સામાન્ય સમતિ એ નિયમો માટે મળી ઘણા ભાઈઓએ કીમતી સૂચનાઓ કરી હતી અને વિકલ્પો સૂચવ્યા હતા. એ બધાનો યથાશક્ય સંગ્રહ કરી સમિતિએ બીજી પત્રિકા બહાર પાડી અને સર્વમાન્ય થઈ શકે એવા નિયમો પ્રસિદ્ધ કર્યા. આ નિયમો ઘડવામા દી. બ કેશવલાલ ધ્રુવ તેમ જ સ્વ. સર રમણભાઈ તરફથી કીમતી મદદ અને સહાનુભૂતિ મળ્યાં હતા

એ જ અરસામા વિદ્યાપીઠે નીચેના ગૃહસ્થોની એક જોડણીસમિતિ નીમી. શ્રી. રામનારાયણ પાઠક, શ્રી. છોટાલાલ પુરાણી, શ્રી. કાળિદાસ દવે, શ્રી. નરહરિ પરીખ. એ સમિતિએ ગાંધીજીની સમિતિના નિયમો સ્વીકારી લીધા એટલે ગાંધીજીએ વિદ્યાપીઠ મારફતે જ જોડણીકોશ તૈયાર થઈ જાય એમ સૂચવ્યું, અને વિદ્યાપીઠે જોઈતા નાણાંની સગવડ કરી શ્રી. નરહરિ પરીખને એ કામની વ્યવસ્થા સોંપી. રેલસંકટના કામમા નરહરિભાઈને રોકાવું ન પડત તો શરૂ થયેલું આ કામ વચમાં ન અટકત. અનુભવ ઉપરથી નક્કી થયુ કે, આ કામ બિનઅટકાવ ચલાવવું હોય તો જેને માથે બીજી કશી જવાબદારી નથી એવા માણસની સેવા આ કામમાં લેવી જ જોઈએ. એટલે ભાઈ ચંદ્રશંકર શુક્લ ઉપરાત શ્રી. વિશ્વનાથ મગનલાલ ભટ્ટને રોક્યા.

જોડણી નક્કી કરવાની સાથે, પ્રચલિત કોશોમાં નથી અને છતાં પ્રાચીન કાળથી અથવા હાલની જાગૃતિને પરિણામે જે શબ્દો વપરાય છે, એવા શબ્દોનો સંગ્રહ

કરવો પણ આવશ્યક હતો. આ કામમાં કેટલાક મિત્રોએ કીમતી મદદ કરી છે. આ રીતે આધુનિક ગ્રંથકારોએ ભાષામા દાખલ કરેલા સંખ્યાબંધ શબ્દો આ કોશમાં પહેલવહેલો દાખલ થયા છે. શબ્દોની જોડાણી સાથે દરેક શબ્દના મુખ્ય મુખ્ય અર્થો પણ આપવા અને બની શકે તો વ્યુત્પત્તિ પણ આપવી એવો વિચાર પ્રથમ હતો; પણ વ્યુત્પત્તિ એ મહત્ત્વનુ અને નવુ ક્ષેત્ર છે, અને અર્થો અને વ્યાખ્યાઓ પ્રમાણ ગણાય એવી રીતે આપવામા ઘણો વખત જાય એમ હતુ. એ બંનેને પહોંચી વળતા ઘણો વખત જશે એમ જોઈને અને ગાંધીજીની ખાસ સૂચનાથી મૂળ વિચાર ફેરવ્યો, અને ફક્ત જોડણી નક્કી કરીને જ કામ જલદી પતાવવું એમ ઠરાવ્યુ. આમ કરવાથી પુસ્તકનું કદ નાનું થયુ, કિંમત પણ ઓછી થઈ, અને એક જ ભાગમાં આખો શબ્દસંગ્રહ આવ્યો. જોડણીકોશનો મુખ્ય ઉપયોગ તો સંશય વખતે ઝટ એની મદદ લઈ જોડણીનો નિર્ણય કરી શકાય એ છે. લેખકો, વિદ્યાર્થીઓ, અને ખાસ કરીને મુદ્રણાલયો અને પ્રકાશનમંદિરોના મેજ ઉપર એવી એક ચોપડી પડી હોય તો તેમની હંમેશની મૂંઝવણ દૂર થાય છે

જો નિરપવાદ નિયમ કરીને જ બધું કામ સરી શકે એમ હોત, તો જોડણીકોશ તૈયાર કરવાની આટલી બધી આવશ્યકતા અને ઉતાવળ ન પણ રહેત. પણ નિયમ નક્કી કર્યા છતા રૂઢ અને પરસ્પરવિરોધી એવા લાગતા નિયમોના બલાબલનો વિચાર દરેક શબ્દ વખતે કરવો પડે છે, અને તેથી દરેક શબ્દનો નિયમોની દૃષ્ટિએ સ્વતંત્ર રીતે વિચાર કરી જોડણી નક્કી કરવી પડે છે ભાષા વાપરનાર દરેક વ્યક્તિ દરેક પ્રસગે આવી પરીક્ષા ન કરી શકે અને દર વખતે એક જ નિર્ણય ઉપર પણ ન આવી શકે, એટલા માટે કોશની સગવડ આપવી પડે છે એ જ કારણે, કોશ તૈયાર કરતી વખતે પણ, નક્કી કરેલા નિયમોમા અમુક વધારા અને અમુક ફેરફાર કરવા પડ્યા છે. આવા ફેરફારો અનેક તત્ત્વો ધ્યાનમા રાખીને કરવાના હોવાથી એક જ માણસની મુનસફી ઉપર આધાર ન રખાય. પણ જેમને શાસ્ત્ર, રૂઢિ અને શિષ્ટ લેખકોનું વલણ આ ત્રણેનો ઠીક ઠીક પરિચય છે એવા એક કરતા વધારે નિરાગ્રહી લોકોની મદદ મેળવી શકાય તેટલી મેળવવી જોઈએ એમ સમજી છેલ્લી જોડણી નક્કી કરતી વખતે શ્રી મહાદેવભાઈ, શ્રી રામનારાયણભાઈ અને શ્રી. નરહરિભાઈ બારડોલીના કામને અંગે એકત્ર રહ્યા હતા એનો લાભ લીધો છે

જોડણીકોશમાં ગુજરાતી ભાષાના બધા જ શબ્દો આવી જવા જોઈએ એ વાત સ્પષ્ટ છે. પણ એમ કરતાં કેટલાક મુદ્દાઓ ધ્યાનમાં લેવાના હતા કોશનો અધિકાર ભાષામાં ચાલુ થયેલા અથવા માન્ય લેખકોએ વાપરેલા શબ્દોનો જ સગ્રહ કરવાનો છે. સસ્કૃત, હિન્દી, મરાઠી, બંગાળી વગેરે ભાષાઓના કુટુંબમાની જ ગુજરાતી પણ હોવાથી એ ભાષાઓમાથી ગમે તેટલા શબ્દો ગુજરાતી ભાષા લઈ શકે છે, પણ તેટલા ખાતર એ ભાષાઓમાથી લેવા લાયક બધા શબ્દો કોશમા દાખલ કરીએ તો શબ્દસંખ્યા વધે, પણ એ ગુજરાતી ભાષાકોશ ન ગણાય. જેટલા શબ્દો ગુજરાતી ભાષામાં વપરાયા હોય અને ભળ્યા હોય તેટલાને જ ગુજરાતી શબ્દકોશમા સ્થાન હોઈ શકે છે.

સામાન્ય શબ્દોને પ્રત્યયો લગાડી જેટલા શબ્દો થઈ શકે છે તે બધા આપવા એ પણ કોશકારનું કામ નથી. અને જોડણીકોશની દૃષ્ટિએ તો મુખ્ય શબ્દ આપ્યા પછી જોડણીમાં ફેરફાર ન થતો હોય તો પ્રત્યયસાધિત શબ્દો રૂઢ હોય તોપણ આપવાનું પ્રયોજન, ખરુ જોતાં, નથી. છતાં શરૂઆતમાં એવા શબ્દો આપીને પણ કોશ વાપરનારનું કામ સહેલુ કરી આપવું આવશ્યક જણાવાથી પ્રત્યયસાધિત રૂપો આપ્યા-છે આગળ ઉપર જોડણીકોશમાંથી એવા શબ્દોને બાતલ કરવા જોઈશે

જોડણીનો વિચાર કરતી વખતે હશ્રુતિ અને યશ્રુતિ જોડણીમા વ્યક્ત થવી જોઈએ એ શ્રી. નરસિંહરાવનો આગ્રહ ધ્યાનમાં આવ્યા વગર રહેતો નથી તેઓ કહે છે કે, ગુજરાતી ભાષાના સ્વભાવમા એ વસ્તુઓ છે અને જૂના લોકો એ બને શ્રુતિઓ લખવામા વ્યક્ત કરતા પણ હતા સરકારી કેળવણી ખાતાએ મનસ્વીપણે એનો છેદ ઉડાડયો અને લોકોએ જડતાથી અત્યાર સુધી એ જોહુકમીને ટેકો આપ્યો છે.

એમની એ વાત અત્યાર સુધી લોકોએ ધ્યાન ઉપર નથી લીધી એ બરાબર નથી થયુ. પણ આટલા દિવસના અનુભવ પછી જરૂર કહી શકાય કે, જે ફેરફાર થઈ ગયો છે એ થઈ ગયો છે. હ અને ય નુ જોડણીમા ફરી સ્થાન સર્વમાન્ય થવું એ લગભગ અશક્ય છે પણ એનું મુખ્ય કારણ એ નથી કે લોકોને એ બે શ્રુતિઓ વિષે વાંધો છે. પણ જનસ્વભાવ લખવાવાચવામાં અને છાપખાનાવાળાઓ બીબાં ગોઠવવામા જોડાક્ષરો વધે એ પસંદ નથી કરતા. જો હશ્રુતિ અને યશ્રુતિ વ્યક્ત કરવાનો કોઈ સહેલો ઉપાય લિપિસુધારાને અંગે થાય તો શ્રી. નરસિંહરાવના પ્રયત્નને અત્યાર સુધી નથી મળ્યો એવો ટેકો જરૂર મળશે.

કેટલાક શબ્દો સારા લેખકોએ અથવા કવિઓએ વાપરેલા હોવા છતા, વપરાશમા કાં તો આવ્યા નથી અથવા રહ્યા નથી. તેવા કાલગ્રસ્ત શબ્દોનો અર્થ કરવો પણ-કોક કોક વાર મુશ્કેલ થઈ જાય છે. એવા શબ્દો નજીકના ભવિષ્યમા કોઈ વાપરે એવો સંભવ પણ નથી હોતો. એવા શબ્દોની જોડણી નક્કી કરી આપવાનુ ખાસ પ્રયોજન નથી. છતાં અર્થકોશમાં તે કામ આવે એમ જાણી તેમને આ કોશમાં સ્થાન આપી + નિશાનીથી જુદા પાડયા છે.

જે કોશોમાંથી અમે શબ્દસંગ્રહ પ્રથમ ભેગો કર્યો તે કોશોના કર્તાઓનો અને પ્રસિદ્ધકર્તાઓનો અહીં આભાર માનીએ છીએ શ્રી. લલ્લુભાઈ ગોકળદાસ, શ્રી. જીવનલાલ અમરશી, શ્રી. ભાનુસુખરામ અને ભરતરામ, એમના કોશો તથા ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ફારસીઅરબી કોશ, એ ગ્રંથોનો અમે વિશેષ ઉપયોગ કર્યો છે. આપટેના સંસ્કૃત કોશ વગર કોઈ ચલાવતુ જ નથી બીજા પણ કેટલાક કોશો અમે વાપર્યા છે. પ્રચલિત સાહિત્યમાથી શબ્દો કાઢી આપવામાં ગોંડળના ભાઈ ચદુલાલ પટેલ, રાજકોટના કવિ ત્રિભુવન વ્યાસ ઇ૦ મિત્રોએ કરેલી મદદની અહીં નોધ લેવી ઘટે છે. . . . જોડણીના નિયમો નક્કી થયા, આવેલી બધી સૂચનાઓનો વિચાર થયો, અને શબ્દોનો સગ્રહ પણ બની શકે તેટલો સંપૂર્ણ કર્યો; પણ મુખ્ય કામ એ નિયમો અને સૂચનાઓને અનુસરીને એ બધા શબ્દો એકધારી રીતે અને અકારાદિ ક્રમ પ્રમાણે લખવાના એ તો રહી જ ગયું

હતુ. નરહરિભાઈએ એ કામ કેટલુક કર્યું હતુ, પણ વિશ્વનાથભાઈની મદદ ન મળી હોત તો કોશ આટલો જલદી પૂરો ન થાત. એમણે નિયમિતતાથી અને શાસ્ત્રીય રસથી એ કામ કરી આપ્યુ એને માટે તેઓ ખાસ ધન્યવાદને પાત્ર છે . . .

ગુજરાતી જોડણી વિષે ચર્ચા કંઈ નહિ તો ૬૦ વરસથી ચાલતી આવી છે. જેમણે એ બાબતમા લખ્યું છે તેમનાં નામ સહુ કોઈ જાણે છે પણ જેમણે ખાનગીમાં ચર્ચા કરી હોય, બીજાઓને પ્રેરણા આપી હોય, અને નિર્ણય આણવામા મદદ કરી હોય એવા અજ્ઞાત ભાષારસિકો અને શિક્ષકો તો ઘણા હશે. એવા બધાના સંકલ્પોમાથી જ જોડણીકોશ આખરે પેદા થાય છે. કેળવણી ખાતાએ જોડણીના કાંઈક નિયમો તૈયાર કરી એ પ્રમાણે પાઠ્ય પુસ્તકો છપાવ્યાં એ જ વખતે જો આ વિષયોનો સર્વાંગી વિચાર થયો હોત તો અત્યારે જોડણીનો સવાલ જ ઊભો ન થયો હોત પણ તેમ ન બન્યું. તેથી વિદ્વનોમાં અસંતોષ ફેલાયો અને જોડણીની ચર્ચા શરૂ થઈ. સ્વ. કવિ નર્મદાશંકરથી માંડીને અત્યાર સુધી જે લેખકોએ જોડણીની ચર્ચા કરી છે એમની સંખ્યા નાનીસૂની નથી સ્વ નવલરામ, સ્વ. કમળાશંકર, સ્વ ગોવર્ધનરામ વગેરે વિદ્વાનોએ જોડણીમા વ્યવસ્થા આણવાના પ્રયત્નો કર્યા છે. દી. બ કેશવલાલ ધ્રુવ, શ્રી. નરસિંહરાવ ભોળાનાથ, શ્રી. આનંદશંકર ધ્રુવ વગેરે વિદ્યમાન વિદ્વાનોએ પણ આ વિષય ઉદ્દીપિત કર્યો છે એ બધાની મહેનત અમારી આગળ હતી, તેથી જ અમે જોડણીના નિયમો સહેલાઈથી નક્કી કરી શક્યા. . . . એટલે અમારી આ પ્રવૃત્તિમાં પ્રત્યક્ષ અપ્રત્યક્ષ ભાગ લેનાર સઘળા ભાઈઓનો અમે આભાર માનીએ છીએ.

ફાગણ વદ ૭, સોમવાર
સં. ૧૯૮૫

દ૦ બા૦ કાલેલકર

## ૨

## [બીજી આવૃત્તિ]

અસાધારણ ઐતિહાસિક સંજોગોમા અર્થ સાથેનો આ જોડણીકોશ પ્રસિદ્ધ થાય છે. ગુજરાતી ભાષામા જોડણીની કાંઈ પણ વ્યવસ્થા ન મળે એ વસ્તુ ગાંધીજીને ખૂબ સાલતી હતી. એક કાગળમા એમણે પોતાનું દુઃખ નીચેના શબ્દોમા વ્યક્ત કર્યું હતુ

> "શુદ્ધિપત્ર વિનાનો શબ્દકોશ એ ગુજરાતી ભાષાને દેહ આપનારી વસ્તુ છે. અત્યારે તો ગુજરાતી ભાષાનો આત્મા શરીરની ખામીને લઈને ભૂતની માફક ભમ્યા કરે છે અને ક્યાંય શાંત થઈને બેસી શકતો નથી. એ સ્થિતિમાથી એ ભાષાના આત્માને ઉગારવો અને અવગતે જતો બચાવવો એ જો તમારું કાર્ય ન હોય તો કોનું હોઈ શકે?"

ગુજરાતી ભાષાની શુદ્ધિમાં રસ ધરાવનારા વિદેહ તેમ જ વિદ્યમાન લોકોના અભિપ્રાયોનું સંકલન કરી અને શાસ્ત્રની મર્યાદા તેમ જ આજકાલનું વલણ તપાસી જોડણીના નિયમો અમે ઘડી કાઢ્યા, અને ધારેલી મુદતની અંદર ગુજરાતી ભાષાના તેમ જ એ ભાષામાં સ્થાન પામેલા લગભગ બધા શબ્દોનો કેવલ

જોડણીકોશ પ્રજા આગળ મૂક્યો. તે વખતે 'નવજીવન'માં ગાંધીજીએ જે આનંદોદ્‌ગાર કાઢ્યા છે તે એમનો અસાધારણ ભાષાપ્રેમ સૂચવે છે. એમા એમણે લખેલુ :—

"ઠીક ઠીક ગૂજરાતી જાણનારા, વ્યાકરણશુદ્ધ ગૂજરાતી લખવાનો પ્રયત્ન કરનારની કલમેથી જે જોડણી ઊતરી તે ખરી ગણાય આ ધોરી નિયમને અનુસરીને કોશ તૈયાર થયો છે. અંગ્રેજી ભાષાના શબ્દોની જોડણી ખોટી કરતા આપણને શરમ લાગે છે. તેના કરતા માતૃભાષાની જોડણીનો વધ કરતા આપણને વધારે શરમ લાગવી જોઈએ.

"હવે પછી કોઈને સ્વેચ્છાએ જોડણી કરવાનો અધિકાર નથી."

લોકોને કેવળ શુદ્ધ જોડણી પૂરી પાડીને કોશ કૃતાર્થ ન જ થઈ શકે. એટલે જોડણી સાથે શબ્દોના કાંઈ નહિ તો મુખ્ય અર્થો ટૂંકમા પણ આપવા એ આવશ્યક હતુ કેવળ જોડણીથી ભાષાપ્રેમીને સંતોષ નહિ થાય એટલા જ ખાતર જોડણીકોશની ફક્ત પાચસો નકલો જ કાઢી હતી અને એને માટે અમે ગાધીજીનો ઠપકો પણ વહોરી લીધો હતો. પ્રજાએ એ કોશને અમારા ધારવા કરતા વધુ ઉત્સાહભર્યો આવકાર આપ્યો અને એ જોડણી પોતાને માન્ય હોવાની સંમતિઓ પણ આવી.

જોડણીનું કામ જેટલુ સગીન રીતે થયુ એટલુ જ સંગીન કાર્ય અર્થો આપવામાં કરી બતાવવુ એવી અમારી મુરાદ હતી. પણ ભારતવર્ષને સદ્‌ભાગ્યે સ્વરાજની હિલચાલ જાગી અને વિદ્યાપીઠના અધ્યાપકો તથા વિદ્યાર્થીઓએ એમા ઝંપલાવ્યુ. બીજાં અનેક કાર્યો સાથે આ કામ પણ સકેલી લીધુ હોત. પણ ગાધીજીને ચરણે સાર્થ જોડણીકોશ ધરવાની વિદ્યાપીઠની અભિલાષા કાવી ગઈ અને કેટલાક ભાઈઓએ લડતમા ઝંપલાવવાનું માડી વાળવાનો સ્વાર્થત્યાગ બતાવ્યો. જ્યા સામ્રાજ્યનુ આખું તંત્ર હચમચાવવાને લડત શરૂ થઈ ત્યા કોશ રચવાનુ કામ સળંગ તંત્રે કેમ ચાલે? કામ જો અટકાવવુ ન હોય તો પ્રસંગે પ્રસંગે જુદા જુદા સેવકોને હાથે કામ લીધા વગર છૂટકો ન હતો. જોડણીની બાબતમા તો અનેક દિશાએ મતભેદને અવકાશ. શબ્દોના અર્થ નક્કી કરવાનુ કામ પીઢ સાહિત્યસેવકોનુ છે એમા ઐતિહાસિક દૃષ્ટિ હોય તો જ એ કાર્ય સંતોષકારક ગણાય. પણ અમારે એટલી મોટી મહત્ત્વાકાક્ષા રાખ્યે પાલવે એમ ન હતુ જે સેવકો જે વખતે ઉપલબ્ધ હોય તેમને હાથે કામ પૂરુ કરાવ્યા વગર છૂટકો ન હતો.

શાંતિના દિવસો હોત તો દરેક શબ્દનો અર્થવિકાસ તપાસવાનુ કામ અમે કર્યું હોત શબ્દો ભાષામા ક્યાં ક્યા ક્યા અર્થમા વપરાય છે એ શોધી કાઢીને શબ્દોના આજના અર્થો પણ નક્કી કર્યા હોત. જ્યા શબ્દો ખોટા અર્થમા વપરાય છે ત્યા ધ્યાન ખેચ્યુ હોત. પારિભાષિક શબ્દોના અર્થો વધારે ચોક્કસ કર્યા હોત ઝીણા ઝીણા અર્થભેદ બતાવવા માટે જૂના શબ્દોના અર્થો મર્યાદિત કર્યા હોત અથવા નવા શબ્દો સૂચવ્યા હોત શિષ્ટ સાહિત્યના ભાષાંતરમા ડગલે ને પગલે જે મુશ્કેલી ઉત્પન્ન થાય છે તે દૂર કરવા માટે પણ કોશમા કાંઈક સગવડ કરી હોત અમારો વિચાર એવો હતો કે, અત્યાર સુધી ચાલતુ આવ્યુ છે એમ જૂના કોશો ઉપર પૂરો આધાર રાખીને નવો કોશ તૈયાર ન કરવો. પણ સાહિત્યના અભ્યાસીઓ સ્વતંત્ર શોધખોળથી જેમ શબ્દોના અર્થ નક્કી કરે છે તે ઢબે બની શકે તેટલુ

કામ કરવું. જૂના કોશોને તરછોડવાનો વિચાર આમાં ન હતો, પણ શબ્દોના અર્થ પ્રમાણપુરઃસર છે એવી ખાતરી કરી લેવાની અને અર્થો નક્કી કરવામા પરંપરાની શિથિલતા કાઢી નાંખવાની વૃત્તિ હતી. અમુક મિત્રોએ સાહિત્યના અમુક વિભાગ વાચી તેમાથી મહત્ત્વના શબ્દોની વપરાશ, સંદર્ભ પ્રમાણેના અર્થ, અને તેના સ્થાનો નોધી લેવાનુ વહેંચી પણ લીધું હતું. પણ એમાથી અમે કશુ કરી ન શક્યા

પણ આપેલા અર્થો માટે નર્મકોશથી માડીને અત્યાર સુધી પ્રસિદ્ધ થયેલા આપણા બધા કોશોની તેમ જ હિંદી, મરાઠી, બંગાળી, સસ્કૃત તથા અગ્રેજી કોશોની મદદ લેવામા અમે ચૂક્યા નથી. જે અર્થોની ચોકસાઈની ખાતરી નથી પડી તેમને માટે બનતી કોશિશ કર્યા છતા જો નથી મળ્યા તો તેમને છોડી દેવામા આવ્યા છે. બીજા કોશોમા આપેલા અર્થો બને તેટલા વધારે સંક્ષિપ્ત રૂપમા પણ પૂરેપૂરા સમજી શકાય એવી રીતે આપવાની ખાસ ચીવટ રાખેલી છે શબ્દોના અર્થો મુખ્ય લીધા છે અને તેમનો દીર્ઘસૂત્રી વિસ્તાર કરેલો નથી. જે અર્થ બીજા શબ્દની જોડે વપરાતા ઊપજતો હોય તેવા અર્થો આપવામા આવ્યા નથી. જોડણીકોશની મર્યાદામા રહીને જ અર્થોનો વિસ્તાર કરી શકીએ એમ હોવાથી અમે શબ્દો સાથે રૂઢિપ્રયોગોની નોંધ લીધી નથી

આ બધું કરનાર સાથીઓ પીઢ સાહિત્યસેવી ન ગણાય, પણ ભાષાપ્રેમી અને સાહિત્યસેવી તો જરૂર છે. એટલે એમણે બધી જાતની ચીવટ રાખવામા મણા નથી રાખી. અર્થ આપવાની પદ્ધતિમા સૂક્ષ્મ મતભેદોને સ્થાન હોય છે તજ્જ્ઞ ભાષાશાસ્ત્રીઓ એવો ભેદ આ કોશમા ઠેકાણે ઠેકાણે જોશે. પણ સામાન્ય વાચકોને એથી કશી મૂંઝવણ નડવાની નથી. છેલ્લી નજર એક બે વ્યક્તિઓએ પહેલેથી આખર સુધી રાખેલી હોવાથી કોશમાં સળંગસૂત્રતા જળવાઈ રહી છે, અને તેથી જ અમે આ કોશ વિના સકોચે પ્રજા આગળ મૂકી શકીએ છીએ

દરેક કામ ગમે તેટલા લોકોને હાથે થાય અને ગમે તે વ્યક્તિ ઉપર તેની જવાબદારી હોય તોયે એ કામ ચીવટપૂર્વક પાર પાડવાની જવાબદારી એકાદ વ્યક્તિને માથે આવી પડે છે. જોડણીકોશના સપાદનમા એવી ચીવટ ભાઈ ચંદ્રશંકર શુક્લે રાખેલી. અર્થકોશની તૈયારીમા એ ચીવટ રાખવી વિશેષ કઠણ હતી તે કામ ભાઈ મગનભાઈ દેસાઈએ કર્યું. તેથી જ આ કોશ નિર્વિઘ્નપણે પ્રજાના હાથમાં મૂકી શકાય છે. શ્રી. ચૂનીલાલ બારોટ, શિવશંકર શુક્લ, ગોપાળદાસ પટેલ, અમૃતલાલ નાણાવટી અને ચીમનલાલ શાહ — આ બધા ભાઈઓએ ઓછી-વત્તી પણ તનતોડ મહેનત ન કરી હોત તો આ કામ રહી જ ગયુ હોત. શ્રી. ચંદ્રશંકરે પોતાની જૂની જવાબદારી સ્મરણમા રાખી પોતાની માંદગી દરમ્યાન પણ આનાં છેલ્લા પ્રૂફ જોયા છે. એક સિવાયના આ બધા જ ભાઈઓ વિદ્યાપીઠના સ્નાતકો છે એ વસ્તુની નોંધ લેતાં સતોષ થાય છે.

આજની સ્થિતિમાં સામાન્ય વ્યવહાર માટે આ કોશ સંપૂર્ણ ગણાય. પણ અમારે તો અમારા આદર્શને પહોચવુ છે. ગૂજરાતી સમાજના સર્વસંગ્રાહક સ્વભાવ પ્રમાણે ભાષા પણ સર્વસંગ્રાહક બની છે. વૈષ્ણવ અને શૈવ, જૈન અને સ્વામીનારાયણ સંપ્રદાયી, કાઠિયાવાડી અને ગાયકવાડી, મુસલમાન તેમ જ પારસી,

ખ્રિસ્તી તેમ જ પરદેશી, બધાએ ગૂજરાતીની સેવા કરી છે. એ બધાની સેવાને. સરવાળો કરી ભાષાની સમૃદ્ધિ કેટલી છે એ કોશકારે તપાસવુ ઘટે છે.

સંખ્યાબંધ ગૂજરાતીઓ ગૂજરાત બહાર અને હિંદુસ્તાન બહાર જઈ વસેલા છે. સ્વરાજની હિલચાલમા ગૂજરાતે જે પ્રથમ સ્થાન લીધુ છે તેને પરિણામે બહાર વસેલા ગૂજરાતીઓમા નવી સ્ફૂર્તિ, નવી અને વ્યાપક દૃષ્ટિ, અને નવી શક્તિ આવ્યા વગર રહે નહિ. તેઓ જ્યારે દેશદેશાતરનો પોતાનો અનુભવ, ત્યાની સમાજસ્થિતિ, અને એ સ્થિતિને અનુકૂળ કરી લેવામા કેળવેલો પોતાનો પુરુષાર્થ, એના બ્યાનો લખશે ત્યારે ગૂજરાતી ભાષા હિંદુસ્તાનમા અસાધારણ સમૃદ્ધિ બતાવશે અને રાષ્ટ્રવ્યાપી કેળવણીનુ એક મહત્ત્વનુ વાહન થઈ પડશે.

કોઈ પણ ભાષાનો શબ્દકોશ એ તે ભાષાના, એટલે કે, તે ભાષા બોલનાર સમાજના પુરુષાર્થનુ પ્રતીક હોય છે. એવા સમાજમા દરેક નવી વસ્તુનો બહિષ્કાર કરવાની સંકુચિત વૃત્તિ નથી હોતી, અને જે જુઓ તેનો સ્વીકાર કરો એવી ભિખારી વૃત્તિ પણ નથી હોતી. પોતાપણું સાચવીને, ગૌરવ વધારીને જેટલી નવી વસ્તુ લઈ શકાય અને આબાદ રીતે પોતાનામા ભેળવી શકાય તેટલાનો સ્વીકાર કરતા આચકો નહિ ખાય; અને નવાની ભભકથી અંજાઈ જઈ જેને જુએ તેને ચરણે ઢળી પડે, પોતીકાનો તિરસ્કાર કરી પરાયાંનુ દાસત્વ સ્વીકારે, એવી હીન બુદ્ધિ પણ ન રાખે. પોતાની હસ્તી જોખમમા હોય ત્યારે પારકાના હુમલાથી બચી જવા માટે, અમુક જાતની પુરાણપ્રિયતા કહો અથવા ક્ષેમવૃત્તિ (conservatism) કહો, આવશ્યક હોય છે ક્ષેમવૃત્તિ એ જિજીવિષાનુ વ્યાકરણ છે પણ જ્યારે સમાજ સમર્થ બને છે, પરાક્રમ પ્રગટ કરે છે, વિજિગીષા કેળવે છે, ત્યારે ક્ષેમવૃત્તિ કોરે મૂકી તે યોગવૃત્તિ ધારણ કરે છે. એ વખતે પણ નવું નવુ ધારણ કરવાના ઉત્સાહમા એ તણાઈ ન જાય અને આખો પ્રવાહ ડહોળાઈ ન જાય એટલો ખાતર વિજિગીષાનુ વ્યાકરણ પણ જાળવવાનુ હોય છે. પણ એ ક્ષેમવૃત્તિ કરતા જુદું હોય છે. આ નવું વ્યાકરણ ધ્યાનમા લઈ દરેક દસકે ભાષાનો કોશ ફરી ફરી સજીવન કરવાની આવશ્યકતા ઉત્પન્ન થશે એમ અમે માનીએ છીએ ચાલુ લડતમાથી જેઓ વિજય મેળવીને નીકળ્યા હશે તેમને માટે આ કામ અમે રાખી મૂકીએ છીએ. છેલ્લાં દસ પદર વર્ષમા ભાષાએ જે પ્રગતિ કરી છે, ભાષામા નવા નવા શબ્દો દાખલ થયા છે, શબ્દોને નવા નવા અર્થો મળ્યા છે, તે બધાનો સંગ્રહ અમે કરી શક્યા છીએ એટલાથી જ અમને સતોષ છે.

બીજા સંસ્કરણનો લાભ લઈ અમે શબ્દોનો ઉમેરો કરવા શોધ કરી શક્યા હોત. પરંતુ તેને પહોચી વળવુ અશક્ય હતુ. એટલે સહેજે અમને જેટલા નવા શબ્દો મળી આવ્યા તેમનો તો આમાં ઉમેરો કરી લીધો છે . . કેટલાક શબ્દોનો અમે પહેલી આવૃત્તિમા માત્ર વિકલ્પનિર્દેશ જ કર્યો હતો તેમને આમા, અર્થકોશ તરીકે ઉપયોગિતાની દૃષ્ટિએ, જુદા પણ બતાવેલા છે

પ્રત્યયસાધિત શબ્દો, ક્રિયાપદના પ્રેરક તથા કર્મણિ રૂપો, અને અનેક સમાસોનો સમાવેશ કરીને કોશકાર ધારે તો શબ્દસગ્રહ ઘણો મોટો દેખાડી શકે. અમે

એવો લોભ રાખ્યો નથી. પહેલી આવૃત્તિમા જે શબ્દો સંઘરાયા હતા તેમાથી કેટલાક સમાસો તથા પ્રત્યયસાધિત શબ્દો આ આવૃત્તિમા રદ પણ કરવામા આવ્યા છે. અર્થકોશમા તેમ કરવાને શુદ્ધ જોડણીકોશ કરતા ઓછી છૂટ છે એ તથા જોડણીની આવશ્યકતાને વિચારીને જ તેમ કરવામા આવ્યુ છે. આમ વધઘટ થઈને સરવાળે શબ્દભંડોળ પહેલી આવૃત્તિ કરતાં મોટું નીવડ્યું છે. પહેલી આવૃત્તિમા ૪૩૭૮૩ શબ્દો હતા, આમા કુલ ૪૬૬૬૧ શબ્દો છે

પારિભાષિક શબ્દોનો ઉપયોગ આપણે નથી કરતા ત્યા સુધી તેમની પસંદગી કરવી મુશ્કેલ જ રહેવાની. વિજ્ઞાનશાસ્ત્રનો અભ્યાસ આપણે અંગ્રેજી દ્વારા કરીએ છીએ એટલે ગમે તેવી સુંદર યોજેલી પરિભાષા પણ જીવંત ભાષાના કોશકારને સંગ્રહવી મુશ્કેલ પડે છે. પણ જો વાપરની કસોટી પર તેને ચડાવીએ તો તેની પરીક્ષા થઈ પસંદગી સરળ બને છે. ગણિતની પરિભાષાના વિદ્યાપીઠના અનુભવ પરથી આ અમે કહી શકીએ છીએ. વિનયમંદિરના ગણિતની પરિભાષા આ કોશમાં લગભગ સંપૂર્ણતાએ સંગ્રહાયેલી છે તેમ જ સંગીતને માટે પણ કહી શકાય. પરંતુ રસાયનશાસ્ત્ર, પદાર્થવિજ્ઞાનશાસ્ત્ર, યંત્રશાસ્ત્ર, ગતિશાસ્ત્ર, વિદ્યુચ્છાસ્ત્ર વગેરેની પ્રમાણભૂત અને પ્રયોગસિદ્ધ પરિભાષાને અભાવે તે સંપૂર્ણતાએ આ કોશમાં નથી વિજ્ઞાન કે ગણિતની પરિભાષાની બાબતમા અન્ય કોશોએ ગમે તેમ ગોઠવણ કરી છે તે તપાસીને જે શબ્દો ઠીક ન લાગ્યા તે રદ કર્યા છે

પણ આપણા સાક્ષરોના વિચારો પાશ્ચાત્ય ઢબે અને પાશ્ચાત્ય પરિભાષામા ઠીક ઠીક વધતા જાય છે. તેમને વ્યક્ત કરવા તેઓ પરિભાષા પણ યોજતા જાય છે. તેનો વિવેક કરીને સંગ્રહ કરવો આવશ્યક ગણાય, તે આ કોશમા કરવામાં આવ્યો છે. તેના અર્થ મુખ્યત્વે તેના અંગ્રેજી પર્યાય દ્વારા આપ્યા છે. તેવુ જ ગણિતની પરિભાષા માટે પણ કર્યું છે. આવી રીતે અંગ્રેજી પર્યાયનો આશરો લાંબો વખત ન લેવો પડે એ તો ત્યારે જ બને કે જ્યારે આપણે તે પરિભાષાને અપનાવી રૂઢ કરી લઈએ.

જ્યા શબ્દો સાથે વિસ્તારપૂર્વક વિગત આપવાની હોય છે ત્યાં કોશકારની મૂંઝવણ સહુથી વધારે હોય છે. રમતો, વનસ્પતિ, ઔષધિ, પ્રાણી, પંખી, રોગ, ઘરેણા, ઔદ્યોગિક ક્રિયાઓ, વ્રતો, ઉત્સવો, પંથ, વાદ, અવતાર, કારીગરોના ઓજારો વગેરેના અર્થ આપતી વખતે ઓછામા ઓછી કેટલી વિગત આપવી જોઈએ એ જ નક્કી કરવાનું રહે છે. વિસ્તાર ન કરતા શબ્દાર્થ સ્પષ્ટ થાય, વાચકને બધી માહિતી ભલે ન મળે પણ શંકાનિવૃત્તિ તો જરૂર થાય, એ જાતનું ધોરણ જાળવવાનો અહીં પ્રયત્ન કર્યો છે.

કોશમા દરેક શબ્દ સાથે તેનું વ્યાકરણ પણ આપવાની જરૂર રહે છે કે જેથી એ શબ્દ વિશેષ ઓળખાય અને તેને કેમ વાપરવો એનો કાંઈક ખ્યાલ આવી જાય. એ વ્યાકરણનું વર્ગીકરણ આપણે અંગ્રેજી વ્યાકરણમાથી ઉપાડી લઈ અમુક અગવડો વહોરી લીધી છે. કોશમાં આપેલા વ્યાકરણમા ક્યાંક ક્યાંક મતભેદ કે પ્રશ્નો જરૂર ઉપજવાના. પણ તે તો જ્યા સુધી ગુજરાતી ભાષાના સ્વભાવને અનુસરનાર એક સંપૂર્ણ અને શાસ્ત્રશુદ્ધ વ્યાકરણનો ગ્રંથ પ્રજા આગળ નથી

મુકાયો ત્યાં સુધી શું થાય? શબ્દોના વ્યાકરણના નિર્ણય કરતાં એ ઊણપ અમને નજરે આવ્યા કરી છે. નામના લિંગ તથા વિશેષણ અને ક્રિયાવિશેષણનો ભેદ એ આ વિષેનાં આગળપડતાં દૃષ્ટાંતો છે.

કોશની નવી આવૃત્તિમાં જોડણીના નિયમો જેવા ને તેવા જ રહે છે. એક બે જગાએ ફેરફાર કર્યો છે તેની અહીં નોંધ લેવી જોઈએ. આગલી આવૃત્તિમાં 'સાજ' જોડણી કરેલી. તેનો હવે સાંજ-ઝ એવો વિકલ્પ માન્ય રાખ્યો છે. તેમજ ઇન્સાફ-ઇનસાફ તથા ઇન્કાર-ઇનકાર એમ વિકલ્પ સ્વીકારવામાં આવ્યા છે.

મહા સુદ ૭, સં. ૧૯૮૭ — દ૦ બા૦ કાલેલકર
તા. ૨૬-૧-'૩૧, સોમવાર

## ૩

## [ત્રીજી આવૃત્તિ]

જોડણીકોશની બીજી આવૃત્તિ ખલાસ થઈ જવાથી, આ તેની ત્રીજી આવૃત્તિ બહાર પાડવામાં આવે છે. ઈ. સ. ૧૯૩૪ના અંતમાં સરકારના બંધનમાંથી છૂટ્યા બાદ, વિદ્યાપીઠ મંડળે તા. ૩-૧-૧૯૩૫ની પોતાની પહેલી સભામાં ઠરાવ કર્યો હતો કે, "કોશની બીજી આવૃત્તિ ખલાસ થાય તે પહેલાં ત્રીજી આવૃત્તિ તૈયાર કરવાનું આ સભા ઠરાવે છે, અને તે કામ શ્રી. મગનભાઈ દેસાઈને સોંપવામાં આવે છે. તેમની દેખરેખ નીચે આખો વખત કામ કરવા માટે શ્રી. ચૂનીલાલ બારોટને મુકરર કરવામાં આવે છે."

આ ઠરાવ થયો ત્યારે એવી ધારણા હતી કે, બીજી આવૃત્તિની શિલક નકલો ૧૯૩૭ સુધી તો ચાલશે. અને એ ગણતરી બાંધીને નવી આવૃત્તિના સંશોધનની યોજના કરી હતી. પરંતુ, પ્રજા તરફથી કોશને ઉત્તરોત્તર વધુ મળવા લાગેલા સત્કારને કારણે, ૧૯૩૬માં જ બધી નકલો ખપી ગઈ, એટલે ત્રીજી આવૃત્તિ બને તેટલી સત્વર તૈયાર કરી નાખવાનું ઠરાવ્યું. તેને લઈને નિરધારેલા સંશોધનમાં થોડો કાપ મૂકવો પડ્યો છે.

આ આવૃત્તિના કામનો પ્રારંભ કર્યો ત્યારે વિચાર્યું હતું કે, કોશને વધુ શાળોપયોગી બનાવવાની દૃષ્ટિએ તેમાં શબ્દપ્રયોગો તથા ઉપલબ્ધ વ્યુત્પત્તિ ઉમેરવા; અને શબ્દભંડોળ માટે, બને તેટલું વધારે શાળોપયોગી સાહિત્ય વાંચી કાઢવું. પરંતુ, ઉપર જણાવ્યા મુજબ, કોશનું છાપકામ તરત ઉપાડવાનું આવવાથી, પૂરેપૂરી વ્યુત્પત્તિ આપવાનું તથા શબ્દપ્રયોગો સંઘરવાનું કામ અમારે છોડવા પડ્યા છે. વાચક જોશે કે, આ આવૃત્તિમાં અમે તત્સમ વ્યુત્પત્તિ આપીને જ અટકી ગયા છીએ અને શબ્દપ્રયોગસંગ્રહને તો અડક્યા જ નથી.

આ આવૃત્તિ તૈયાર થતી વેળા, શુદ્ધ જોડણી લખવાની ચીવટવાળા એક ભાઈએ અમને એમની એક મુશ્કેલી જણાવી કે, ક્રિયાપદનાં પ્રેરક અને કર્મણિ રૂપો કોશમાં, બધાનાં નહિ તો, જ્યાં જોડણીફેર થવાનો પ્રશ્ન હોય તેટલાં ક્રિયાપદોનાં જો આપો, તો બહુ ઉપયોગી થાય. આ માગણીનું વજૂદ સ્વીકારી, આ આવૃત્તિમાં એવાં ક્રિયાપદોનાં રૂપો બનાવીને મૂકવામાં આવ્યાં છે. આવાં

બનાવીને મૂકેલાં રૂપોમાંથી કેટલાંકનો ઉપયોગ કદાચ સાહિત્યમાં નયે મળે એમ બનવા જોગ છે. પણ એ રૂપો જોડણીની દૃષ્ટિએ જ મૂક્યા છે, અને તે મૂકતી વખતે એટલું ધ્યાનમાં રાખ્યું છે કે, તેમનો ઉપયોગ કરવા કોઈ ચાહે તો તે કરી શકે,— તેમાં કાંઈ વિચિત્ર ન લાગવુ જોઈએ જ્યાં ખાસ વિચિત્રતા જેવું લાગ્યું છે ત્યા તેવા રૂપો બનાવ્યાં નથી

શબ્દભંડોળનું કામ આ વખતે ઠીક ઠીક થયું ગણાય. નવા શબ્દો શોધવાને અંગે કરેલા વાચનમા, ઉપર કહ્યુ તેમ, મુખ્યત્વે શાળોપયોગી પુસ્તકો જ લેવામા આવ્યાં હતા. તે ઉપરાત, સામાન્ય નવા વાચનમાં આવતાં પુસ્તકોમાંથી પણ શબ્દો મળે તે સંઘરવામાં આવ્યા છે. એ રીતે કામ કરતા, આ વેળાની આવૃત્તિમાં શબ્દસંખ્યા ૫૬૮૩૦ થઈ છે. એટલે કે, ગઈ આવૃત્તિના ૪૬૬૬૧માં ૧૦૧૬૯ શબ્દોનો વધારો થયો છે.

શબ્દોની ગણતરીની સાથે તત્સમ શબ્દોની વર્ગીકૃત ગણતરી પણ કરવામા આવી છે. ભાષાપ્રેમીઓને એનું પરિણામ બોધક થશે એમ માનીએ છીએ. નોંધાયેલી તત્સમ વ્યુત્પત્તિમાં સૌથી મોટો વિભાગ, અલબત્ત, સંસ્કૃત શબ્દનો, ૨૦૨૬૫, એટલે કે, ૩૫ ટકા જેટલો છે. ત્યાર પછી ફારસીના ૧૯૫૧, એટલે ૩ ટકા, અરબ્બીના ૮૨૮, એટલે ૧।। ટકો, અંગ્રેજીના ૩૬૦, એટલે ૦।। ટકો, હિંદીના ૧૮૩, મરાઠીના ૪૮, તુર્કીના ૨૭, પોર્ટુગીઝના ૨૯ — એમ આવે છે. ગુજરાતીનો સારો અભ્યાસ કરનારે સંસ્કૃતનું અમુક જ્ઞાન તો મેળવવું જ જોઈએ એ આ સાદી ગણતરી પરથી દીવા જેવુ દેખાઈ આવે છે. આ ગણતરીથી અમને એક એ અંદાજ પણ મળી રહ્યો છે કે, લગભગ ૪૨ ટકા વ્યુત્પત્તિનું કામ તો થઈ ચૂક્યુ ગણાય.

૧૯૩૫માં આ આવૃત્તિનુ કામ શરૂ કર્યું ત્યારે જોડણીના નિયમોને અંગે કાંઈ નવુ વિચારણીય છે કે કેમ એનો પણ ખ્યાલ કરી લીધો હતો એ બાબતમા કશો મહત્ત્વનો ફેર કરવાની જરૂર નથી જોઈ. ઊલટું, હર્ષની વાત છે કે, જોડણીકોશને ઉત્તરોત્તર માન્યતા મળતી ગઈ છે, અને આજ મુંબઈ યુનિવર્સિટી જેવી શિક્ષણસંસ્થાએ તથા ગુજરાતી સાહિત્ય સંમેલન જેવી વિદ્વત્સભાએ એને અપનાવ્યો છે. આ બાબતમાં સાહિત્ય સંમેલને તેની ગઈ બેઠકમા કોશને માટે જે આવકારદાયી ને અભિનંદક ઠરાવ કર્યો છે, તે માટે એ સંસ્થાનો અત્રે અમે આભાર માનીએ છીએ.

જોડણીકોશને આમ માન્યતા મળ્યા પછી, આજ હવે આપણી આગળ જોડણીની અરાજકતાનો પ્રશ્ન એટલા પૂરતો પતી ગયો મનાય. હવે કરવાનુ રહે છે તે સ્વીકૃત થયેલી એવી આ જોડણીની બાબતમાં કાળજી રાખી તેનો વાપર વધારવાનું તે કામ ગુજરાતના શિક્ષકગણ, લેખકવર્ગ તથા છાપાવાળા અને માસિકના તંત્રી, વ્યવસ્થાપકો તથા પ્રકાશન સંસ્થાઓ — એ બધાએ કરવાનુ રહે છે આમા જો આપણે જાગૃતિ નહિ બતાવીએ તો હવે એકબે વર્ષમા સિદ્ધ થઈ જવું જોઈએ એવું કામ નાહક લંબાશે, અને ભાષાની સેવામા એટલે દરજ્જે ક્ષતિ આવી લેખાશે

જોડણીના નિયમોમા એક ફેરફાર કર્યો છે. નિયમ ૫મો આ પ્રમાણે હતો – "જ્યાં આરબી, ફારસી, અંગ્રેજી કે અન્ય પરભાષામાથી અપભ્રષ્ટ થયેલો શબ્દ રૂઢ થઈ ગયો હોય, ત્યા તે જ અર્થમાં તત્સમ શબ્દ ન વાપરવો. ઉદા૦ પર્પટ, ખ્વાહિશ, કૂબહ્, ઇંગ્લિશ, ટિકેટ નહિ; પણ પાપડ, ખાએશ, આમ્બોહ, અંગ્રેજી, ટિકિટ."

આ નિયમ, ખરું જોતા, જોડણીનો નહિ પણ શૈલીનો ગણાય. એટલે જોડણીકાર એને પોતાના નિયમ તરીકે આપે એમાં મર્યાદાદોષ આવે. આ વિચારથી એ નિયમ રદ કરવામા આવ્યો છે. બાકી આખી નિયમવાલી જેમની તેમ રહે છે. નવી આવૃત્તિનો લાભ લઈ તે નિયમોનો અમલ કરવામાં કેટલાક શબ્દોમાં જ્યાં ક્ષતિ રહી ગયેલી જણાઈ છે, ત્યાં સુધારો કર્યો છે. ચડવુ–ચઢવુ, મજા–મઝા, ફળદ્રુપ–ફળદ્રૂપ વિકલ્પો સ્વીકાર્યાં છે. નિયમાવલીનું વધુ સ્પષ્ટીકરણ થાય તેટલા સારુ સૂચક દાખલાઓ કેટલીક જગાઓએ ઉમેર્યાં છે. (જેમ કે, ક્રિયાપદના રૂપોની જોડણીનો નિયમ ૨૫, ૨૬ જુઓ.)

તત્સમ શબ્દોની વ્યુત્પત્તિ આપવામાં આવી છે એ ઉપર જણાવ્યુ. તેને અંગે એક બે વાતનું સ્પષ્ટીકરણ કરવાની જરૂર છે. આપણી ભાષામા ઘણા સંસ્કૃત શબ્દો તેમના પ્રથમાના રૂપે ઊતરી આવે છે, અને જેમા અંતે વિસર્ગ હોય છે તેના તે વિસર્ગનો લોપ થયો હોય છે. જેમ કે, પિતા, વિદ્વાન, ચંદ્રમા, મન ઇત્યાદિ. આ શુદ્ધ સંસ્કૃત તો ન ગણાય. વળી કેટલાક શબ્દો સંસ્કૃત વ્યાકરણ પ્રમાણે નવા બનાવી આપણે વાપરીએ છીએ, જે સંસ્કૃત કોશોમા નયે મળે આવા બધા શબ્દોને અમે સં. તરીકે તત્સમ જણાવ્યા છે.

એવી જ એક મર્યાદા ફારસી અરબી શબ્દોની તત્સમતાને અંગે પણ સ્વીકારી છે. આ ભાષાઓને અંગે વિશેષ મુશ્કેલી એ છે કે, તેની ને આપણી વર્ણમાળા એક ન હોઈ, લિપ્યંતરનો પ્રશ્ન પણ ખડો થાય છે. જેમ કે, ફારસી 'ઝ' અગાઉની પેઢી 'જ' લખીને સંતોષ માનતી. આજ અંગ્રેજી Z નો ઉચ્ચાર આપણે ત્યા રુઢ થતો જવાથી ફારસી ઝ ઉચ્ચાર 'જ'થી વ્યક્ત કરવા કરતાં 'ઝ' લખવા પ્રેરાઈએ છીએ. પરંતુ ફારસી અરબી શબ્દોમાં જકાર ઊતરી તો ગયો છે. એ રૂઢિને આપણી જોડણીની પ્રથામા માન્યતા પણ મળી છે એટલે એવા જકારવાળા ફરકના શબ્દોને પણ ફારસી જ જણાવ્યા છે. જેમ કે, નજર, અજીજ.

અંત્ય હકારવાળા ફારસી શબ્દો ગુજરાતીમા પોતાના લિંગ પ્રમાણે ઈ, ઉ કે ઓ અંત્ય સ્વીકારે છે. જેમ કે, તકાજો, સાદુ, જલસો. આટલા ફરકના શબ્દોને પણ ફારસી જણાવ્યા છે.

ફારસી અરબી અય્, અવ્, આપણે ત્યા અનુક્રમે એ, ઓ રૂપે લખાય છે ને ઍ, ઑ રૂપે બોલાય છે જેમ કે, હેબત, શેતાન, મોત આ રૂપોને પણ તત્સમ જ ગણ્યા છે.

પરંતુ રદ, સબર, ફિકર, સાહેબ, જાહેર, ઇજન, ચહેરા જેવા શબ્દો તદ્ભવ ગણ્યા છે. નિસબત, સખતી, બરખાસ્ત જેવા શબ્દો જેમનો ઉચ્ચાર તત્સમ છે( પણ જે નિસ્બત, સખ્તી, બર્ખાસ્ત એ રૂપે નથી લખાતા ) તેમને પણ તત્સમ ગણ્યા છે.

પોર્ટુંગીઝ તત્સમતા બતાવી છે તે સામાન્ય મળતાપણા પરથી જ ગણાય. શુદ્ધ રૂપે એ શબ્દ હશે કે કેમ એ, પોર્ટુંગીઝના અજ્ઞાનને કારણે, અમારાથી દાવો કરી શકાતો નથી. ઉપલબ્ધ કોશો કે વ્યાકરણોમાથી એને અંગેના મળી આવેલાં સૂચન પરથી એ નિર્દેશો છે.

મરાઠી, હિંદી ભાષા તો ગુજરાતીની બહેનપણીઓ ગણાય. ઘણા શબ્દો જરાતરા ફેરથી કે તેના તે જ રૂપે બેઉ જગ્યાએ મળી શકે તે પરથી તે શબ્દ મરાઠી કે હિંદી ન ગણાય. પણ આજના વધતા જતા આંતરપ્રાંતીય સંસર્ગને કારણે તથા પૂર્વના સંસર્ગોથી પણ કેટલાક શબ્દો આપણા સાહિત્યમાં તે તે ભાષાઓમાથી સ્વાભાવિક રીતે ઊતરી આવ્યા છે કોશમા એવા શબ્દોને જ હિંદી કે મરાઠી બતાવી શકાય. અમે એ દૃષ્ટિએ આ ભાષાઓના શબ્દોનો નિર્દેશ કર્યો છે.

શબ્દની તત્સમ વ્યુત્પત્તિ બતાવતાં એ ખ્યાલ આપોઆપ ઊઠે કે, તેનો અર્થ પણ તત્સમ છે ? કેમ કે, એવુ ઘણી વાર બને છે કે, શબ્દનુ સ્વરૂપ તત્સમ હોવા છતા તેના અર્થમા તત્સમતા ન હોય, તેમા કાંઈક ફેર થયો હોય, લક્ષણાથી ભિન્ન અર્થ નીકળતો હોય, કે વ્યંજનામાં મર્યાદા પણ આવી ગઈ હોય. આ પ્રકારની ઝીણવટમા અમે ઊતર્યા નથી, ને મૂળ શબ્દના અર્થની સામાન્યતઃ તત્સમતા પરથી તેને તત્સમ ગણ્યો છે. સામાન્ય ઉપયોગની શાળોપયોગી આવૃત્તિમાં એથી વધુ સૂક્ષ્મતા આવશ્યક પણ ન ગણાય

વ્યુત્પત્તિને અંગે, છેવટમાં, એક વસ્તુ કહેવાની રહે છે તે, ક્રિયાપદોની વ્યુત્પત્તિ નથી આપી એ. એટલે ઉપરની શબ્દગણનામાં ક્રિયાપદોની તત્સમતા નથી ગણાઈ.

એક મહારાષ્ટ્રી ભાઈએ કહ્યુ કે, તમારા કોશમા ઉચ્ચારણ નથી તેથી અમારા જેવાને મુશ્કેલી પડે છે; તમારે ઉચ્ચારણ પણ આપવુ જોઈએ આ માગણી સાચી છે. કોઈ પણ ભાષાના સારા ગણાઈ શકે એવા કોશમાં શબ્દનું આ અંગ હોવુ તો જોઈએ જ. આપણી લિપિની વિશેષતાને લઈને, ઉચ્ચારણની જરૂર અંગ્રેજી જેવી ભાષાના જેટલી ન હોય એ ખરૂ. છતા લિપિ સંપૂર્ણ ઉચ્ચારવાહી તો નથી થઈ શકતી. આપણે ત્યાં પણ સંવૃત વિવૃત પ્રયત્ન, યશ્રુતિ, હશ્રુતિ, અનુસ્વાર-ભેદ ઇત્યાદિ બાબતો તથા ફારસી વર્ણોનો પ્રશ્ન તો રહે જ છે. એટલે તે તે ખાસિયતો માટે સંકેત યોજીને કોશકારે ઉચ્ચારણ પણ નોંધવુ ઘટે. આ બાબતમા કયુ ઉચ્ચારણ શિષ્ટ ગણાય એ પ્રશ્ન પણ રહે છે. એટલે આ કામ મહત્ત્વનુ તો છે જ. પણ આ આવૃત્તિમા અમારે માટે તે શકય નહોતુ. પરંતુ એમા એક વસ્તુ અંશત. અમારે કરવી પડી છે તે એ કે, જે શબ્દોની જોડણી એક છે છતાં ઉચ્ચારો ભિન્ન છે, તેવા શબ્દોનો ઉચ્ચારનિર્દેશ અમે કર્યો છે. જેમ કે, જુઓ ઓડ, શોક. તે શબ્દો ત્રણ અર્થોમા ત્રણ રીતે બોલાય છે એ ત્રણે ઉચ્ચાર નોંધ્યા છે. તેની પદ્ધતિ વિષે 'કોશ વાપરનારને સૂચના'મા નિર્દેશ કર્યો છે.

આ આવૃત્તિમા એક બીજો ફેરફાર કર્યો છે તે શબ્દોની ગોઠવણીનો છે. ગુજરાતી કોશમાં આવી જાતનો ફેરફાર પહેલવારકો થાય છે આ ફેરફાર કરવાનુ અમને સૂઝયું સ્થળસંકોચ સાધવાની દૃષ્ટિએ. આવૃત્તિ આવૃત્તિએ કદમા વધતા જતા કોશની કિંમત પણ વધારવી પડે તો વાચકવર્ગને એ ન ફાવે. એટલે, બને

ત્યાં સુધી, કોશનું કદ વધતાં છતાં, કિંમત ન વધારવી પડે એવો પ્રયત્ન કરવાનો વિચાર રાખવામાં આવ્યો. તે સારુ એક ફેરફાર તો એ કર્યો કે, બીબાં મળે તેવડાં નાનાં વાપર્યાં છે અવારનવાર જરૂર પ્રમાણે વાપરવાના આકરગ્રંથ માટે નાનાં બીબાં મુશ્કેલી ન ગણાય. નાનાં બીબાંથી ઠીક ઠીક જગા બચી શકી છે. બીજો ફેરફાર કર્યો તે, કક્કાવારીમાં પાસપાસે આવતા સમાન વ્યુત્પત્તિવાળા, સાધિત કે સમાસના શબ્દોને એક કકરામાં ગોઠવી દીધા છે આ ગોઠવણીને અંગેની સૂચનાઓ 'કોશ વાપરનારને સૂચના' એ સ્થળે આપી છે તે જોવાથી આ ગોઠવણની રીત સ્પષ્ટ થશે

પારિભાષિક શબ્દોને અંગે નવો કોઈ પ્રયત્ન કર્યો નથી. એક વસ્તુ સ્વતંત્ર રીતે કહેવી પ્રાપ્ત થાય છે સરકારી માધ્યમિક કેળવણીમાં ગણિત, વિજ્ઞાન વગેરે વિષયો સ્વભાષા મારફત શીખવવાની છૂટ અપાઈ છે. પરંતુ, એ છૂટનો ઉપયોગ ઓછો જ લેવાયો છે, એ વિચિત્ર બીના ગણાય; અને કાઈક પ્રયત્ન થયો છે તે, અમારી જાણ પ્રમાણે, વિજ્ઞાનને માટે, કે જેની પરિભાષામાં મુશ્કેલી છે એમ જ નહિ, અરાજક છે, ને કેટલુંક બેહૂદાપણું પણ પ્રવર્તે છે. અને ગણિત, કે જેની પરિભાષા નિશ્ચિત છે તથા જે નાનકડી પુસ્તિકારૂપે વિદ્યાપીઠ તરફથી પ્રસિદ્ધ થઈ છે, એને સ્વભાષા મારફત શીખવવાનો પ્રયત્ન આરંભાયો નથી. આશા રાખીએ કે, એ આપણી સિદ્ધ પરિભાષા હવે થોડાં વર્ષોમાં બધે વપરાતી થઈ જશે. વિજ્ઞાનને અંગે પણ એવી જ પરિભાષા સ્થિર કરવાનો પ્રયત્ન હવે આદરવો જોઈએ. એ કામ શિક્ષકગણ તથા વિદ્વાનો ઉપાડે તો હવે પછીની કોશની આવૃત્તિમાં જ્ઞાનની તે શાખાના શબ્દો સંઘરવાનું સહેલું થશે.

હવે વિદ્યાપીઠ તરફથી ગુજરાતી ભાષાના બૃહત્ કોશનું કામ ઉપાડવા વિચાર છે. એ કોશમાં ગુજરાતી ભાષાનો શબ્દસંગ્રહ પૂરો કરવા માટે, નવા તથા જૂના ગુજરાતી સાહિત્યમાં ઊતરેલા તથા બોલીમાં ચાલતા તમામ શબ્દો સંઘરવા પ્રયત્ન કરવો છે. બોલીના શબ્દો સંઘરવા માટે, ગુજરાતના બોલીવાર જુદા જુદા પ્રદેશ પડે છે ત્યાંના માણસોના સહકાર ઉપરાંત, તે તે પ્રદેશમાં ખાસ માણસ મોકલી બરાબર તપાસ કરીને શબ્દો એકઠા કરવાનો ઇરાદો છે. વળી જુદાં જુદાં વિજ્ઞાનોની અને ઉદ્યોગોની પરિભાષા પણ મેળવી શકાય તેટલી મેળવીને આપવી છે. તથા સાંપ્રદાયિક અને કોમી સાહિત્યમાં વપરાતા શબ્દો પણ એકઠા કરવાની ધારણા છે. શબ્દોની વ્યુત્પત્તિ શક્ય હોય તેટલી — વચગાળાનાં પ્રાકૃત તથા અપભ્રંશ રૂપો મળી શકે ત્યાં તે સાથે — આપવી છે. શબ્દના અર્થોનો ઐતિહાસિક વિકાસક્રમ, અર્થ તથા પ્રયોગની સ્પષ્ટતાની દૃષ્ટિએ આવશ્યક જણાય ત્યાં અવતરણો સાથે, આપી શકાય તેટલો આપવો છે અને તેટલાં સ્થાનોએ પર્યાય શબ્દો પણ નોંધવાનો વિચાર છે. ગુજરાતના વિદ્વાનો, શિક્ષકો તથા ભાષાપ્રેમીઓની સાહાય્ય જેટલી વધારે મળે તેટલો આ કોશ સારો થાય એ સ્પષ્ટ છે એવો સહકાર અને મદદ અમને મળશે જ એ આશા સાથે ગુજરાત આગળ અમારી માગણી અમે રજૂ કરીએ છીએ.

ગુજરાત વિદ્યાપીઠ
તા. ૧૨–૬–'૩૭

**મગનભાઈ પ્રભુદાસ દેસાઈ**

# જોડણીના નિયમો

## તત્સમ શબ્દો

૧. સંસ્કૃત તત્સમ શબ્દોની જોડણી મૂળ પ્રમાણે કરવી. ઉદા૦ મતિ; ગુરુ; વિદ્યાર્થિની.

૨. ભાષામાં તત્સમ તથા તદ્‌ભવ બન્ને રૂપો પ્રચલિત હોય તો બન્ને સ્વીકારવાં. ઉદા૦ કઠિન — કઠણ; રાત્રિ — રાત; દશ — દસ; કાલ — કાળ; નહિ — નહી; દૂબહૂ — આબેહૂબ; ફર્શ — ફરસ.

૩. જે વ્યંજનાન્ત તત્સમ શબ્દો ગુજરાતી પ્રત્યયો લેતા હોય તેમને અકારાન્ત ગણીને લખવા ઉદા૦ વિદ્વાન, જગત, પરિષદ.

આ નિયમ અંગ્રેજી, ફારસી, આરબી વગેરે ભાષાના શબ્દોને પણ લાગુ પડે છે.

૪. પશ્ચાત્, કિંચિત્, અર્થાત્, ક્વચિત્, એવા શબ્દો એકલા આવે અથવા બીજા સંસ્કૃત શબ્દોની સાથે સમાસમાં આવે ત્યારે વ્યંજનાન્ત લખવા. ઉદા૦ કિંચિત્કર; પશ્ચાત્તાપ.

આવાં અવ્યયો પછી જ્યારે જ આવે ત્યારે તેમને વ્યંજનાન્ત ન લખવાં. ઉદા૦ ક્વચિત જ.

૫. આરબી, ફારસી તથા અંગ્રેજી ભાષાના શબ્દો લખતાં તે તે ભાષાના વિશિષ્ટ ઉચ્ચારો દર્શાવવા ચિહ્નો ન વાપરવાં. ઉદા૦ ખિદમત, વિઝિટ, નજર.

૬. 'એ' તથા 'ઓ'ના સાંકડા તથા પહોળા ઉચ્ચારની ભિન્નતા દર્શાવવા ચિહ્નો વાપરવાં નહિ. પરંતુ અંગ્રેજી શબ્દોના 'એ' 'ઓ'ના ઉચ્ચારમાં ભ્રાંતિ ન થાય માટે, તે દર્શાવવા ઊંધી માત્રાનો ઉપયોગ કરવો. ઉદા૦ કૉફી, ફૅશન, ઑગસ્ટ, કૉલમ.

૭. અનુસ્વારના ભિન્ન ભિન્ન ઉચ્ચારો દર્શાવવા ચિહ્નો વાપરવાં નહિ.

નોંધ — શક્ય હોય ત્યાં અનુસ્વારના વિકલ્પમા અનુનાસિકો વાપરી શકાય. ઉદા૦ અંત, અન્ત; દંડ, દણ્ડ, સાંત, સાન્ત; બૅંક, બૅન્ક.

## હશ્રુતિ તથા યશ્રુતિ

૮. બ્હેન, વહાણ, વહાલું, પહોળું, મહાવત, શહેર, મહેરબાન, મહાવરો, મહોર જેવા શબ્દોમાં તથા કહે, રહે, પહેર, પહોંચ જેવા ધાતુઓમાં હ જુદો પાડીને લખવો.

૯. નાનુ, મોટું, બીક, સામુ, ઊનુ, મોર (અ૦), મો, મોવુ (લોટને), જ્યાં, ત્યાં. ક્યારે, ત્યારે, મારુ, તમારુ, તારું, તેનું, અમારુ, આવું, વગેરેમાં હકાર ન દર્શાવવો.

(એટલે કે, હ જ્યાં દર્શાવવો ત્યા જુદો પાડીને દર્શાવવો અને ન દર્શાવવો ત્યાં મુદ્દલ ન દર્શાવવો, 'હ'ને આગલા અક્ષર સાથે જોડવો નહિ.)

૧૦. નાહ, ચાહ, સાહ, મોહ, લોહ, દોહ, સોહ એ ધાતુઓને અનિયમિત ગણી તેમના દર્શાવ્યા પ્રમાણે રૂપો સાધિત કરવાં.

નાહઃ— નાહુ છુ; નાહીએ છીએ; નહાય છે; નાહો છો; નાહ્યો,–હ્યા, –હી,–હ્યું,–હ્યાં; નાહીશ; નાહીશુ; નહાશો; નહાશે; નહાત; નહાતો,–તી,–તુ; નાહનાર; નાહવાનો અથવા નાવાનો; નાહેલો,–લી,–લુ; નહા; નહાજે, નાહવુ.

નવડા (-રા)વવું; નવાવું; નવાય; નાવણ; નાવણિયો; નવેણ; નવાણ.

ચાહઃ— ચાહુ છું; ચાહીએ છીએ; ચાહે છે; ચાહો છો; ચાહ્યો. –હ્યા,–હી,–હ્યું,–હ્યા; ચ'હીશ; ચાહીશું, ચાહશે; ચાહશો; ચાહત; ચાહતો, –તી,–તુ; ચાહનાર; ચાહવાનો; ચાહેલો,–લી,–લુ; ચાહ; ચાહજે; ચાહવુ.

ચહવડા(-રા)વવું; ચહવાવુ, ચહવાય એ રૂપો શક્ય અને વ્યાકરણ-દૃષ્ટિએ પ્રામાણિક લાગે છે, પણ આવા પ્રયોગો પ્રચલિત નથી.

સાહઃ— ચાહ પ્રમાણે.

સવડા(-રા)વવુ; સવાવુ; સવાય.

મોહઃ— મોહુ છુ; મોહીએ છીએ; મોહે છે; મોહો છો; મોહ્યો,–હ્યા,–હી,–હ્યું,–હ્યા; મોહીશ; મોહીશું; મોહશે; મોહશો; મોહત; મોહતો,–તી, –તું; મોહનાર; મોહવાનો; મોહેલો,–લી,–લુ; મોહ; મોહજે; મોહવું.

મોહડા(-રા)વવું, મોહાવું; મોહાય.

લોહઃ—લોહું છુ; લોહીએ છીએ; લુહે છે; લુહો છો, લોહ્યો,–હ્યા, –હી,–હ્યું,–હ્યા; લોહીશ, લોહીશું; લોહશે; લોહશો, લોહત; લોહતો,–તી,–તું; લોહનાર; લોહવાનો અથવા લોવાનો; લોહેલો,–લી,–લુ; લોહ, લોહજે; લોહવુ.

લોવડા(-રા)વવુ; લોવાય, લોવણિયુ.

દોહ·— દોહું છું; દોહીએ છીએ; દુહે છે, દુહો છો; દોહ્યો,–હી,–હ્યું, –હ્યા,–હ્યાં; દોહીશ; દોહીશુ; દોહશે; દોહશો; દુહત અથવા દોહત; દોહતો, –તી,–તુ; દોહનાર; દોહવાનો અથવા દોવાનો; દોહેલો,–લી,–લું; દોહ; દોહજે.

દોવડા(-રા)વવું; દોવાવું; દોવણુ; દોણી.

કોહઃ—સામાન્યતઃ મોહ પ્રમાણે. પણ નીચેનાં રૂપો દર્શાવ્યા પ્રમાણે—કોવડા(-રા)વવું; કોવાવુ; કોવાય; કોહપણુ; કોહવાણુ; કોહવાટ.

સોહઃ—મોહ પ્રમાણે.

૧૧. કેટલાક 'ઢ'ને બદલે હ અને ડ છૂટા પાડીને લખે છે. જેમ કે, કહાડવું, વહાડવું. તેમ ન લખતાં કાઢ, વાઢ, કઢી, ટાઢ, અઢાર, કઢવુ એમ લખવુ. પરંતુ લઢવુ, દાઢમ ન લખતાં લડવું, દાડમ એમ લખવું ચડવું, ચઢવું બને માન્ય ગણવાં.

૧૨. કેટલાક શબ્દોના ઉચ્ચારમાં ગુજરાતના કેટલાક ભાગમાં યશ્રુતિ થાય છે. ઉદા૦ જાત્ય, આંખ્ય, લાવ્ય, લ્યો, દ્યો, ઇ૦. પણ તે લખવામાં દર્શાવવાની જરૂર નથી. જાત, આંખ, લાવ, લો, દો એમ જ લખવું.

**તદ્ભવ શબ્દો**

૧૩. અલ્પપ્રાણ અને મહાપ્રાણ સંયુક્ત હોય એવા તદ્ભવ શબ્દોમાં મહાપ્રાણનું દ્વિત્વ કરવું. ઉદા૦ ચોખ્ખું, ચિઠ્ઠી, પથ્થર, ઝભ્ભો, ઓધ્ધો, સુધ્ધાં, સભ્ભર. પણ ચ્ તથા છનો યોગ હોય તો ચ્છ લખવું, છ્છ નહિ. ઉદા૦ અચ્છેર, પચ્છમ, અચ્છું.

૧૪. કેટલાક શબ્દોમાં (ઉદા૦ પારણું, બારણું, શેરડી, દોરડું, ખાંડણી, દળણું, ચાળણી, શેલડી) ર, ડ, ળ, લને બદલે ય ઉચ્ચાર થાય છે; ત્યાં મૂળ રૂપ જ લખવું.

૧૫. અનાદિ 'શ'ના ઉચ્ચારની બાબતમાં કેટલાક શબ્દોમા પ્રાંતિક ઉચ્ચારભેદ છે. ઉદા૦ ડોશી–ડોસી; માશી–માસી, ભેશ–ભેસ; છાશ–છાસ, બારશ–બારસ; એંશી–એંસી. આવા શબ્દોમાં શ અને સ નો વિકલ્પ રાખવો.

૧૬. શક, શોધ, શું માં રૂઢ શ રાખવો; પણ સાકરમાં સ લખવો.

૧૭. વિશે અને વિષે એ બંને રૂપો ચાલે.

૧૮. તદ્ભવ શબ્દોમા અંત્ય ઈ તથા ઉ, સાનુસ્વાર કે નિરનુસ્વાર, એ અનુક્રમે દીર્ઘ અને હ્રસ્વ લખવાં. ઉદા૦ ઘી; છું; શું; તું. ધણી; વીછી; અહીં; દહીં; પિયુ; લાડુ; જાડું,

નોંધ—સામાન્ય રીતે ગુજરાતીમાં રુ અથવા રુ લખવાનો રિવાજ નથી; રૂ વિશેષ પ્રચલિત છે. પરંતુ જ્યાં નિયમ પ્રમાણે હ્રસ્વ રુ લખવાનું હોય ત્યાં રુ અથવા રુ લખવું. ઉદા૦ છોકરું–છોકરું; ભૈરુ–ભૈરું.

અપવાદ—એકાક્ષરી શબ્દોમાં નિરનુસ્વાર ઊ દીર્ઘ લખવો. ઉદા૦ જૂ, લૂ, થૂ, ભૂ, છૂ.

૧૯. અનંત્ય ઈ તથા ઊ પર આવતા અનુસ્વારનો ઉચ્ચાર પોચો થતો હોય ત્યારે ઈ કે ઊ દીર્ઘ લખવાં. ઉદા૦ ઈંડું; હીંડાડ; ગૂંચવાવ; સીંચણિયું; પીંછું, લૂંટ; પૂંછડું; વરસૂંદ; મીંચામણું.

અપવાદ — કુંવારુ. કુંભાર, કુંવર, કુંવરી, સુંવાળું.

૨૦. શબ્દમાં આવતા યુક્તાક્ષરથી જ્યા આગલા સ્વરને થડકો લાગતો હોય ત્યાં ઈ કે ઊ જે હોય તે હ્રસ્વ લખવો. અનુસ્વારનો ઉચ્ચાર અનુનાસિક જેવો થતો હોય ત્યાં યુક્તાક્ષર ગણવો. ઉદા૦ કિસ્તી, શિસ્ત, કુક્કર, જુસ્સો, ચુસ્ત, છેનરપિંડી, જિંદગી, જિંગોડી, લુંગી, કુંદ, તુંડાઈ.

નોંધ — સામાન્ય રીતે ગુજરાતીમાં જિ લખવાનો રિવાજ નથી, જી જ વિશેષ પ્રચલિત છે. પરંતુ જ્યાં નિયમ પ્રમાણે હ્રસ્વ જિ લખવાનુ હોય ત્યાં જિ લખવુ. ઉદા૦ જિંદગી; જિતાડવુ; જિવાડવું.

૨૧. જ્યાં વ્યુત્પત્તિને આધારે જુદી જોડણી ન થતી હોય (જેમ કે, જુદું, ઉદવુ, ડિલ) તેવા બે અક્ષરના શબ્દોમા ઉપાંત્ય ઈ તથા ઊ દીર્ઘ લખવાં. ઉદા૦ ચૂક, થૂઈ, તૂત, ઝૂલો, ઝીણુ, જીનો.

અપવાદ — સુધી, દુખ, જુઓ.

નોધ — મુકાવું, ભુલાવુ, મિચાવું. એવા કર્મણિરૂપોમાં હ્રસ્વ થાય છે. જુઓ નિયમ ૨૪ મો.

૨૨. જ્યાં વ્યુત્પત્તિને આધારે જુદી જોડણી ન થતી હોય (જેમ કે, ઉપર, ચુગલ, કુરતુ, મુગટ, અગુર) તેવા બેથી વધારે અક્ષરના શબ્દોમાં ઇ કે ઉ પછી લઘુ અક્ષર આવે તો તે દીર્ઘ લખવાં, અને ગુરુ અક્ષર આવે તો તે હ્રસ્વ લખવાં. ઉદા૦ નીકળ, મૂલવ, વિમાસ. મજૂર, ખેડૂત, દુકાળ, સુતાર, તડૂક, કિનારો, ભુલાવ, મિચાવ, તડુકાવ.

અપવાદ ૧ — વિશેષણ પરથી થતા નામો તેમ જ નામ પરથી બનતાં ભાવવાચક નામોમા મૂળ શબ્દની જોડણી કાયમ રાખવી. ઉદા૦ ગરીબ–ગરીબાઈ; વકીલ–વકીલાત; ચીકણું–ચીકણાઈ, ચીકાશ; મીઠું–મીઠાશ, મીઠાણુ; જૂઠું–જૂઠાણુ, પીળુ–પીળાશ; ઝીણું–ઝીણવટ.

નોંધ — વેધી–વેધિત્વ, અભિમાનિત્વ, એવા શબ્દો તત્સમ સંસ્કૃત હોઈ ફેરફાર કરવામાં આવે છે.

અપવાદ ૨ — કેટલાક શબ્દો બોલતાં ઉપાત્ય અક્ષર ઉપર ભાર આવે છે ત્યાં ઇ કે ઉ જે હોય તે દીર્ઘ કરવાં. ઉદા૦ ગોટીલો, દાગીનો, અરડૂસો, દંતૂડી, વગેરે.

નોંધ : — જેમાં આ જાતનો ભાર નથી આવતો એવા શબ્દો : ટહુકો, ફુઉડી, મહુડુ.

૨૩. ચાર અથવા તેથી વધારે અક્ષરના શબ્દોમાં આદિ ઇ કે ઉ હ્રસ્વ લખવાં. ઉદા૦ ભુલામણુ, હિલચાલ. કિલકિલાટ, ખિસકોલી, ટિપણિયો, ટિટિયારો, ટિચકારી.

વિકલ્પ — ગુજરાત–ગૂજરાત

નોંધ ૧ — આ જાતનો શબ્દ સમાસ હોય તો સમાસના અંગભૂત શબ્દોની જોડણી કાયમ રાખવી. ઉદા૦ ભૂલથાપ, બીજવર; હીણકમાઉ, પ્રાણીવિદ્યા, સ્વામીદ્રોહ, મીઠાબોલુ.

નોધ ૨ — કૂદાકૂદ, બૂમાબૂમ, ભુલભુલામણી, એવા દ્વિર્ભાવથી થતા શબ્દોમા દ્વિર્ભાવ પામતા પદની જોડણી જ કાયમ રાખવી.

૨૪. પ્રાથમિક શબ્દો પરથી ઘડાના શબ્દોમાં તથા ધાતુના પ્રેરક અને કર્મણિ પ્રયોગનાં રૂપોમાં પ્રાથમિક શબ્દ અથવા ધાતુની મૂળ જોડણી કાયમ ન રાખતા ઉપર કલમ ૨૧. ૨૨, ૨૩, ૨૪ પ્રમાણે જોડણી કરવી. ઉદા૦ ભૂલ–ભુલામણી, શીખ–શિખાઉ, શિખામણ; નીકળ–નિકાલ; ઊઠ–ઉઠાવું, ઉઠાડ, ઉઠાવ, ઉઠમણુ, મૂક–મુકાણ, મુકાવુ, મુકાવવુ.

નોધ ૧ — નિયમ ૧૯, ૨૦ પ્રમાણે સાનુસ્વાર ઇ ઉ વાળા શબ્દોમાં ફેર નહિ થાય. જેમ કે, ચૂંથવુ, ચૂંથારો, ચૂંથાવુ, ચૂંથાવવું; કંગલાણ, કિંગલાવું, કિંગલાવવુ.

નોધ ૨ — ધાતુના અક્ષરો ગણવામાં તેનુ સામાન્ય કૃદંતનુ રૂપ નહિ, પણ મૂળ રૂપ લેવું. જેમ કે, ઊથલ(વુ), મૂલવ(વુ); ઉથલાવ(વુ), તડૂક(વુ), તડુકાવ(વુ), તડુકા(વુ).

અપવાદ ૧ — કર્મણિરૂપોને નિયમ ૨૧મા અપવાદ ગણી હ્રસ્વ કરવાં. જેમ કે, મિચા(વુ), ભુલા(વુ).

અપવાદ ૨ — ક્રિયાપદનાં કૃદંતરૂપોમાં મૂળ જોડણી જ કાયમ રાખવી. જેમ કે, ભૂલનાર, ભૂલેલું; ભુલાવનાર; ભુલાયેલું; મૂકનાર મૂકેલુ; મુકાયેલું, મુકાવનાર; મુકાવડાવેલું.

૨૫. શબ્દના બંધારણમાં ઈ પછી સ્વર આવતો હોય તો તે ઈ ને હ્રસ્વ કરી સ્વરની પહેલાં ય ઉમેરીને લખવું. ઉદા૦ દરિયો, કડિયો, રેંટિયો, કડિયો, ધોતિયુ, માળિયુ, કાઠિયાવાડ, પિયર મહિયર. દિયર, સહિયર, પિયુ.

અપવાદ — પીયો: તથા જુઓ પછીનો નિયમ વિકલ્પ — પિયળ – પીયળ.

૨૬. વિભક્તિ કે વચનના પ્રત્યયો લગાડતાં કે સમાસ બનાવતાં શબ્દની મૂળ જોડણી કાયમ રાખવી. ઉદા૦ નદી—નદીઓ. નદીમાં ઇ૦. સ્ત્રી—સ્ત્રીઓ, સ્ત્રીને ઇ૦. ખૂબી—ખૂબીઓ. બારીબારણાં.

૨૭. क. કરીએ, છીએ. ખાઈએ, ધોઈએ, સૂઈએ, જોઈએ, હોઈએ. મારીએ, એવાં ક્રિયાપદના રૂપો બતાવ્યા પ્રમાણે લખવાં. પણ થયેલું ગયેલું, સચવાયેલું, એવાં રૂપો દર્શાવ્યા મુજબ લખવાં.

ख. જુવો, ધુવો નહિ પણ જુઓ, ધુઓ લખવું. તેમ જ ખોવું. રોવું જેવાં ઓકારાન્ત ધાતુઓમાં ખુઓ, રુઓ લખવું. અને જુએ છે, ધુએ છે, ખુએ છે, રુએ છે, જોયેલું, જોતું; ખોયેલું, ખોતું, ધોયેલું, ધોતું વગેરે રૂપો દર્શાવ્યા મુજબ લખવાં.

ग. સૂવું. પીવું જેવાં ક્રિયાપદોમાં સૂએ છે, સૂઓ, સૂતું, સૂતેલ, સૂનાર, અને પીએ છે, પીઓ, પીતું, પીવેલ, પીનાર એ પ્રમાણે લખવું.

૨૮. પૈસો, ચૌટું, પૈડું, રવૈયો એમ લખવું. પણ પાઈ, પાઉંડ, શિંઈ, સઈ એવા શબ્દો દર્શાવ્યા પ્રમાણે લખવા.

૨૯. સજા, જિંદગી, સમજ એમાં જ; તથા ગોઝારું, મોઝારમા ઝ, અને સાંજ–ઝ, મજા–ઝા એમ લખવું

૩૦ આમલી–આબલી લીમડો–લીંબડો, તૂમડું-તૂબડું, કામળી–કાંબળી, ડામવું–ડાંભવું, પૂમડું–પૂભડું, ચાલ્લો–ચાદલો, સાલ્લો–સાડલો એ બંને રૂપો ચાલે.

૩૧. કહેવડાવવું–કહેવરાવવું, ગવડાવવું–ગવરાવવું, ઉડાડવું–ઉરાડવું, બેસાડવું–બેસારવું જેવા પ્રેરકરૂપોમાં ડ અને ર નો વિકલ્પ રાખવો.

૩૨. કવિતામા નિયમાનુસાર જોડણી વાપરી હ્રસ્વ દીર્ઘ બતાવનારાં ચિહ્નો વાપરવાં.

૩૩. જે શબ્દોની જોડણી કે ઉચ્ચારને વિષે એકરૂપતા ચાલતી હોય તે શબ્દોની, ઉપરના કોઈ નિયમો અનુસાર જુદી જોડણી થતી હોય છતા. પ્રચલિત જોડણી કાયમ રાખવી ઉદા૦ મુજ, તુજ, ટુકડો, ટુચકો, મુજબ, પૂજારી, મુદ્દત ,કુમળું, કુમકી. ગુટકો, કુલડી

# કોશ વાપરનારને સૂચના

## શબ્દોની ગોઠવણી

શબ્દોની ગોઠવણી કક્કાવારીના સામાન્ય ધોરણે કરવામા આવી છે. સ્થળ-સંકોચ સાધવાની દૃષ્ટિએ, તેમાં એક નવીનતા કરવામા આવી છે, તે એ કે, કક્કાવાર ક્રમમાં સાથે સાથે હોતા એકસમાન વ્યુત્પત્તિવાળા શબ્દો, સાધિત રૂપો તથા સમાસોમાથી સવડવાળો એક શબ્દ લઈને તેનું થડ બાંધી, તેવા શબ્દોને એક ફકરામાં ભેગા ગોઠવવામા આવ્યા છે. જેમ કે, જુઓ અગ્નિ, અગિયાર

એટલે અમુક શબ્દ ખોળવા માટે વાચકે તેના કક્કાવાર સ્થાન પર જોવાની સાથે, તે જો ત્યા સ્વતંત્ર પેરા તરીકે ન મળે તો, તેની પાસે જ, ક્યાક એનો સમાન વ્યુત્પન્ન શબ્દ વિચારીને તેમાં ખોળવો.

આમ ભેગા કરાતા શબ્દોને, મૂળ થડમાં શબ્દમા ઉમેરણી બતાવતુ ૦ આવું ચિહ્ન કે તેના અંત્ય અક્ષરનો વિકલ્પ સૂચવતુ – આવુ ચિહ્ન વાપરીને એકઠા કરવામા આવ્યા છે. જેમ કે, 'અગિયાર'માં ૦મુ = અગિયારમુ. 'અખિલ'માં –લાઈ=અખિલાઈ આવા સમૂહોમા દરેક પૂરા થતા શબ્દને અતે પૂર્ણવિરામ મૂકવામા આવ્યું છે.

સમૂહમા ગોઠવેલા બધા જ શબ્દોનાં સંક્ષેપચિહ્ન (એટલે કે, ૦, –) મૂળ થડના શબ્દને જ લાગુ પડે છે જે સમૂહના થડના શબ્દમાં વિકલ્પ હોય [જેમ કે, મૂલ(–ળ)], તે સમૂહના શબ્દોમા વપરાતુ ઉમેરણીનું ૦ ચિહ્ન જો થડનાં બેઉ રૂપોને લાગુ પડતુ હોય, તો તેવા વિકલ્પને કૌંસમાં બતાવ્યો છે. જેમ કે, 'જ્વાલા (–ળા)'મા ૦ગ્રાહી = જ્વાલાગ્રાહી, જ્વાળાગ્રહી જે થડના વિકલ્પમાં એમ ન હોય ત્યાં કૌંસ નથી વાપર્યો. જેમ કે, 'સમજ, ૦ણ'મા ૦દાર = સમજદાર.

આવા પ્રકારનાં સ્થાનોએ વિકલ્પનું (–) આ સક્ષેપચિહ્ન અંત્યાક્ષરનો છેદ જ ઉડાડતુ હોઈ, કશો પ્રશ્ન ઊઠતો નથી. જેમ કે, 'મૂલ(–ળ)' માં –લક = મૂલક.

આ કાયદાથી કરેલા સમૂહોમાં ક્યાંક તેના અમલમા ભૂલ રહી હોય તો તે વાચકે સુધારી લેવી જોઈશે સામાન્ય કાયદો ઉપર વર્ણવ્યો તે અખત્યાર કરેલો છે.

## વ્યુત્પત્તિ

વ્યુત્પત્તિનો નિર્દેશ સામાન્યતઃ શબ્દના વ્યાકરણના સકેત બાદ [ ] કૌંસમાં કરવામાં આવ્યો છે. તેના સંકેતોની સમજ સંકેતોની યાદીમા આપી છે. જેમ કે, સપ્રકાશ વિ૦ [स]. સમૂહમાં આવેલા શબ્દોમાં દરેક શબ્દે વ્યુત્પત્તિ નથી બતાવી. સમાસનું બીજુ પદ સંધિથી જોડાયું હોય તો સામાન્યત જુદુ બતાવ્યુ છે. જેમ કે, પૂર્ણાહુતિ [+ आहुति]

જ્યાં આગળ મૂળ શબ્દની સાથે સંક્ષેપથી તેના વિકલ્પ પણ જણાવ્યા હોય ત્યાં વ્યુત્પત્તિનો નિર્દેશ મૂળ શબ્દને લાગે છે વિકલ્પને લાગે જ એમ ન માનવું.

જેમ કે, મૂલ(-ળ) ન૦ [मं.] માં મૂલ म. છે. બેગરજ (-જાઉ, -જુ) વિ૦ [फा.] મા બેગરજ फा. છે.

જ્યાં મૂળ નહિ પણ સંક્ષિપ્ત રૂપવાળો શબ્દ જ તત્સમ હોય ત્યા વ્યુત્પત્તિનો સંકેત વ્યાકરણનિર્દેશની પૂર્વે ને જેને લાગુ પડતો હોય તેની જોડે તરત જ મૂકવામાં આવ્યો છે જેમ કે, ભ્રાત, -તા [सं] પું૦. બર્જક, -ખ [अ.] ન૦.

જે સમૂહના થડનો શબ્દ તત્સમ ન હોય પણ તેના પેટાનો હોય, તેવા સ્થાનોએ પેટામાં, તે તે શબ્દ આગળ, ઉપરને ધોરણે, વ્યુત્પત્તિ બતાવી છે. જેમ કે, 'માતુ'મા જુઓ 'માતુલ'.

ઉપરાંત, થડના શબ્દના પેટામાં પણ જ્યાં તેની તત્સમતા કે બીજી વ્યુત્પત્તિ નોંધવા જેવી માની છે ત્યા તે નોંધી છે

કોઈ શબ્દના અનેક અર્થોમાથી વ્યુત્પત્તિ જુદી હોય, તેવા શબ્દોમા તે અર્થને સ્થાને અલગ વ્યુત્પત્તિનો સંકેત મૂકયો છે. જેમ કે, જુઓ રાસ શબ્દ યા તેવા શબ્દોના અલગ ફકરા પણ પાડયા છે. જેમ કે, જુઓ રાજી, રાન.

જ્યાં સ્પષ્ટ વ્યુત્પત્તિ ન મળતી હોય, કે મળી હોય તે ઉપરાત જરૂર માની, ત્યા હિંદી, મરાઠી ઇ૦ ના શબ્દો તુલના તરીકે નોંધ્યા છે જેમ કે 'અકડાવુ' [हिं अकडना]. તુલના દર્શાવવા 'સર૦' એવો સંક્ષેપ વાપર્યો છે ક્યાક તે રહી ગયો હોય તે વાચકે સમજી લેવો.

## ઉચ્ચારણ

શબ્દોના ઉચ્ચારણ વિષે સૂચન મૂકવામા આવ્યા છે, તે તેના પછી તરત જ અને વ્યાકરણ બતાવ્યુ છે તે પહેલાં, ( ) આવા કૌંસમા છે

ઉચ્ચારણમા હશ્રુતિ, યશ્રુતિ. પોચો અનુનાસિક, પહોળા ઍ ઑ, અને ક્યાક લઘુપ્રયત્ન અકાર (જેમ કે 'કહેવુ') બતાવ્યા છે દરેકના સંકેતની સમજ સંકેતસૂચિમાં જુઓ

પોચો અનુનાસિક જ બતાવવામા આવ્યો છે અને તે (ᵒ) આવું પોલુ મીડું કરીને બતાવ્યો છે. એટલે, સંસ્કૃત ઢબનો અનુનાસિક બતાવવા ખાસ ચિહ્ન નથી યોજ્યુ જ્યા (ᵒ) સંકેત ન હોય ત્યાં સંસ્કૃત ઢબનો અનુનાસિક સમજવો.

દીર્ઘ ઈ, ઊ સાથે આવતો અનુસ્વાર જોડણીના નિયમ ૧૯ પ્રમાણે નક્કી છે કે તે પોચો હશે તેથી તે સ્થાનોએ (ᵒ) આ સંકેત મૂકવામાં નથી આવ્યો. જેમ કે જુઓ ખીંટી, ખૂંચ ઇ૦.

અને એથી ઊલટ-પક્ષે હ્રસ્વ ઇ સાથેનો અનુસ્વાર સંસ્કૃત ઢબનો હશે, એ પણ જોડણીના નિયમથી સ્પષ્ટ છે જેમ કે, ખિંડ, કિંમત ઇ૦ જોકે, ઉપર કહ્યું એમ, તે અનુસ્વાર ઉચ્ચારણમાં બતાવવાનુ રાખ્યુ નથી, પોચો અનુનાસિક ન કહ્યો હોય ત્યા એ સમજી લેવા ઉપર રાખ્યુ છે.

તેવી જ રીતે પહોળા ઍ ઑ જ્યા હોય ત્યા બતાવ્યા છે જ્યા તે ન બતાવ્યા હોય ત્યાં સામાન્ય સંસ્કૃત એ, ઓ સમજી લેવાના.

હશ્રુતિનું સ્થાન જે બે વર્ણો વચ્ચે હોય તેના પહેલા વર્ણ જોડે તે બતાવ્યું છે. જેમ કે, તારુ (તાʼ). પ્રાયઃ પહેલા વર્ણ સાથે વિશેષે તે શ્રુતિ જોડાયેલી છે, એમ માન્યું છે.

## શબ્દપ્રયોગ

જે શબ્દનો શબ્દપ્રયોગ હોય તે, એ શબ્દના અર્થો પૂરા થયા પછી પૂર્ણવિરામ કરી, [ ] આવા કૌંસમાં આપવામાં આવ્યો છે

તે શબ્દના થડ તળે બીજા શબ્દો કે તેના સમાસો હોય તો તે બધા, તેના શબ્દપ્રયોગોનો કૌંસ [ ] પૂરો થાય ત્યાર પછી આપ્યા છે

ટૂંકાણને ખાતર, શબ્દપ્રયોગ લખવામાં મૂળ શબ્દ ફરી લખ્યો નથી, પણ અધ્યાહાર-સૂચક – આવી લીટી મૂકીને ચલાવ્યુ છે. જેમ કે, 'આંખ'માં [–આડા कान करवा=આખ આડા કાન કરવા; –નું चणियारु खसवुं=આંખનું ચણિયારું ખસવુ ]

જ્યા મૂળ શબ્દનુ રૂપાતર થઈને શબ્દપ્રયોગ બને ત્યા તે આખો લખ્યો છે જેમ કે आखे पाटा बाधवा, आखो मींचीने ઇ૦.

સામાન્યપણે, શબ્દપ્રયોગો કક્કાવાર ક્રમે મૂક્યા છે. જ્યા મૂળ શબ્દ આગળ કોઈ પદ આવે તેવો શબ્દપ્રયોગ હોય, (જેમ કે बे आखनी शरम) ત્યા તે, ઉપરના સામાન્ય શબ્દપ્રયોગો પછી, અને તેમના ક્રમમાં આપવામાં આવ્યા છે

શબ્દપ્રયોગોની ગોઠવણનો આ સામાન્ય ધારો છે. તેમા ક્યાક આઘાપાછી રહી ગઈ હોય તે જોઈ લેવામા વાચકને ખાસ મુશ્કેલી નહિ પડે.

## નહિ સંઘરેલાં સાદાં શબ્દરૂપો

નામ તેમ જ વિશેષણ પરથી થતાં લઘુતા કે લાલિત્યવાચક બધા રૂપો કોશમા ઉમેરવામાં આવ્યાં નથી. એવા શબ્દોમા મૂળ જોડણી જ કાયમ રહે છે.

જોડણીમા ફેરફાર થતો હોય તેવાં ક્રિયાપદોના ભાવે, કર્મણિ અને પ્રેરક રૂપો યોજીને આપવામાં આવ્યા છે. (જે ધાતુનાં એવા રૂપ વિચિત્ર જેવાં લાગ્યા છે તે આપ્યાં નથી.) તેવા રૂપોમા અમુકનુ પ્રેરક કે ભાવે યા કર્મણિ એટલો ટૂંક ઉલ્લેખ કરવા ઉપરાત અર્થ આપ્યો નથી; સિવાય કે, તેથી અલગ બીજો અર્થ હોય

રુ ને રુ બંને સરખી રીતે સ્વીકાર્ય ગણેલાં છે. એટલે કોશમાં જ્યાં બેમાંથી એક આપેલું છે ત્યાં બીજુ વાપરવાને વાંધો નથી.

છાપવાની સવડ ખાતર અને શબ્દોની સખ્યા ન વધારવાના ઉદ્દેશથી, અનુસ્વારના વિકલ્પમા અનુનાસિક વપરાય છે તે વાપરીને જુદા શબ્દો આપેલા નથી. જ્યાં જ્યાં અનુસ્વારને ઠેકાણે અનુનાસિક વાપરી શકાય ત્યા ત્યાં તે વાપરવાની છૂટ છે ઉદા૦ અંત—અન્ત, દંડ—દણ્ડ.

વિશેષણ પરથી તા, ત્વ, પણું જેવા પ્રત્યયો લાગીને બનતાં નામોના અર્થ સામાન્યતઃ આપવામા આવ્યા નથી. તેમ જ જ્યા વિશેષણ અને નામ, કે વિશેષણ અને અવ્યયના અર્થ સરખા જ થતા હોય ત્યા અર્થો ફરી ન લખતા સાથે જ લખેલા છે. જેમ કે, જુઓ વિવેચક, બરાબર. વ્યાકરણ દ્વારા અર્થનિર્દેશ કરીને, તે સમજી લેવાશે એમ ગણી, લાઘવ સાધવામા આવ્યુ છે

શબ્દની જોડણીમા પ્રથમ અક્ષરનો વિકલ્પ બતાવવામા આવ્યો નથી. ઉદા૦ શિંગડું, શીંગડું. આવા વિકલ્પના શબ્દ તેના અર્થમાં વાપરીને ધ્યાન ખેચવા પ્રયત્ન કરવામા આવ્યો છે.

જે શબ્દોના અર્થ વિષે, વ્યાકરણ વિષે, ઉચ્ચાર વિષે, વ્યુત્પત્તિ વિષે, કે બીજી કાઈ શંકાગ્રસ્તતા માની છે તે (?) પ્રશ્ન મૂકી સૂચવી છે. જે જગ્યાએ પ્રશ્ન હોય તે પૂરતી શંકા છે એમ સામાન્યત: સમજવુ.

પર્યાયવાચક શબ્દોના અર્થ દરેક ઠેકાણે લખવાને બદલે એક ઠેકાણે લખી બીજા શબ્દોમાં, જુઓ અમુક શબ્દ, એમ જણાવવાનો રિવાજ રાખ્યો છે જ્યાં તે શબ્દના બધા અર્થો લાગુ ન પડતા હોય ત્યા અર્થનો અમુક ક્રમ જોવાનુ કહ્યું છે

ગડગડાટ, ધડાવટ જેવા રવાનુકારી શબ્દોમા અર્થો ન આપતા (રવ૦) સજ્ઞા વાપરી છે. યા જ્યા તે અવાજ શાનો છે એ બતાવવુ જરૂરી લાગ્યુ છે ત્યા સાથે, અમુકનો અવાજ, એમ જણાવ્યુ છે

## સંક્ષેપોની સમજ

| | | | |
|---|---|---|---|
| અ૦ | અવ્યય | પ્રેરક | પ્રેરકભેદનુ રૂપ |
| અ૦ક્રિ૦ | અકર્મક ક્રિયાપદ | બ૦વ | બહુવચન |
| ઉદા૦ | ઉદાહરણ | ભ૦કા૦ | ભવિષ્યકાળ |
| એ૦વ૦ | એકવચન | ભ૦કૃ૦ | ભવિષ્યકૃદંત |
| ક. | કચ્છી (શબ્દ) | ભાવે | ભાવે પ્રયોગનું રૂપ |
| કર્મણિ | કર્મણિ પ્રયોગનુ રૂપ | ભૂ | ભૂગોળ |
| કા | કાઠિયાવાડી (શબ્દ) | ભૂ૦કા૦ | ભૂતકાળ |
| | (ભ૦,ભૂ૦,વ૦સાથે કાળ) | ભૂ૦કૃ૦ | ભૂતકૃદંત |
| કા.શા | કાવ્યશાસ્ત્ર | રવ૦ | રવાનુકારી (શબ્દ) |
| કૃ૦ | કૃદંત | લા | લાક્ષણિક (અર્થ) |
| ક્રિ૦ | ક્રિયાપદ | વ૦કા૦ | વર્તમાનકાળ |
| ખ | ખગોળશાસ્ત્ર | વ૦કૃ૦ | વર્તમાનકૃદંત |
| ગ | ગણિતશાસ્ત્ર | વિ૦ | વિશેષણ |
| ચ. | ચરોતરી (શબ્દ) | વિ૦ન૦ | વિશેષણ, નપુંસક લિંગ |
| જૈ., જૈન | જૈન (શબ્દ) | વિ૦પું૦ | વિશેષણ, પુંલિંગ |
| જ્યો. | જ્યોતિષશાસ્ત્ર | વિ૦સ્ત્રી૦ | વિશેષણ સ્ત્રીલિંગ |
| ન૦ | નપુંસક લિંગ | વ્યા | વ્યાકરણ |
| ન૦બ૦વ૦ | નપુંસક લિંગ, બહુવચન | શ૦પ્ર૦ | શબ્દપ્રયોગ |
| | | સ૦ | સર્વનામ |
| ન્યા. | ન્યાયશાસ્ત્ર | સર૦ | સરખાવો |
| પ. | પદ્યમા વપરાતો (શબ્દ) | સં. | સંજ્ઞાવાચક |
| પ.વિ | પદાર્થવિજ્ઞાનશાસ્ત્ર | સુ | સુરતી (શબ્દ) |
| પું૦ | પુંલિંગ | સ્ત્રી૦ | સ્ત્રીલિંગ |
| પું૦બ૦વ૦ | પુંલિંગ, બહુવચન | સ્ત્રી૦બ૦વ૦ | સ્ત્રીલિંગ, બહુવચન |

# વ્યુત્પત્તિના સંકેત

| | | | |
|---|---|---|---|
| सं. | સંસ્કૃત | पो. | પોર્ટુગીઝ |
| फा. | ફારસી | हि | હિંદુસ્તાની |
| अ. | અરબી | म. | મરાઠી |
| इं. | ઇંગ્લિશ | का | કાનડી |
| प्रा. | પ્રાકૃત | સર૦ | સરખાવો |
| दे. | દેશ્ય | તે ઉપરાતના નિર્દેશોમા ભાષાનું | |
| अप. | અપભ્રંશ | પૂરુ નામ લખ્યુ છે | |

# ઉચ્ચારણના સંકેત

(ˎ) પોચો અનુનાસિક છે એમ બતાવે છે જેમ કે આંધળો (ˎ).

ઍ પહોળો એ છે એમ બતાવે છે. જેમ કે પેઠે (પે).

ઑ પહોળો ઓ છે એમ બતાવે છે. જેમ કે હોવુ (હો).

(ʼ) વર્ણ સાથે ઉપર મૂકેલુ અલ્પ-વિરામ ત્યા હશ્રુતિ બતાવે છે. જેમ કે તારું (તા’).

(,) વર્ણ સાથે નીચે મૂકેલુ અલ્પ-વિરામ ત્યા યશ્રુતિ બતાવે છે. જેમ કે આખ (ખ,)

(‿) ખોડાનુ ચિહ્ન લઘુપ્રયત્ન અકાર બતાવે છે. જેમ કે કહેવુ (કહે).

# બીજાં ચિહ્નોની સમજ

+ કાલગ્રસ્ત શબ્દ

० આગલા શબ્દમાં ઉમેરો કરવાનું સૂચવે છે. ઉદા૦ રાક, ૦ડો એટલે રાક, રાકડો. ક(૦ર)કરુ એટલે કકરુ, કરકરુ.

આગલા શબ્દના અંત્ય અક્ષરને બદલે મૂકવાનુ સૂચવે છે. ઉદા૦ રાધા(–ધિકા) એટલે રાધા, રાધિકા. ‘રાન’મા ૦ટી(–વી, –વું) એટલે રાનટી, રાનવી, ગનવું

(?) શબ્દ કે તેના જે ભાગ આગળ પ્રશ્ન હોય તે બીના વિષે શંકા છે, એમ સૂચવે છે

# સાર્થ
# જોડણીકોશ

## અ

અ પું૦ [सं] સંસ્કૃત કુટુંબની વર્ણમાળાનો પહેલો અક્ષર – એક સ્વર (દીર્ઘરૂપ આ) (૨) વિષ્ણુ, બ્રહ્મા, શિવ (૩) વ્યંજનથી શરૂ થતા શબ્દની પૂર્વે વપરાતો પૂર્વગ નકારાર્થે, ઉદા૦ 'અસુખ'. વિરોધ બતાવવા, ઉદા૦ 'અસુર' ખોટાપણું કે અયોગ્યતા બતાવવા, ઉદા૦ 'અકાળ' 'તે સિવાયના બીજા'નો બોધ કરાવવા, ઉદા૦ 'અબ્રાહ્મણ' (૪) નઞ્બહુવ્રીહિમાં વ્યંજનાદિ નામ પૂર્વે વપરાતો ઉદા૦ 'અકરણ, અકાય' ૦કાર પું૦ [सं] 'અ' અક્ષર કે ઉચ્ચાર. ૦કારાદિ વિ૦ [सं] અકારથી શરૂ થતો (ક્રમ). ૦કારાંત વિ૦ [सं] છેડે અકારવાળું

અ [સં. આ ઉપરથી?] 'અતિ'ના અર્થમાં કે સ્વાર્થે – આમ અર્થવૃદ્ધિ વગર નકામો – જોવા મળતો એક ગુજરાતી ઉપસર્ગ ઉદા૦ અઘોર, અકરાલ, અગોપ, અલોપ, અટાદળું, અછવાયું, અમુઝાવુ

અઉ (હશ્રુતિ સાથે) ન૦ [सं अहि] કરડે એવું જીવડું (૨) સાપ (૩) જુઓ આઉ, અડણ

અઋણી વિ૦ [सं] ઋણ વિનાનું, અનૃણી

અક ન૦ [सं.] દુખ (૨) અઘ, પાપ

અકચ વિ૦ [सं] બોડું, વાળ વિનાનું (૨) પું૦ (સ) કેતુ ગ્રહ

અકજ વિ૦ + [જુઓ અકાજ] નકામું

અકટોવિકટ વિ૦ [म., सं. विकट] અતિ મુશ્કેલ (૨) અતિ ભયંકર

અકડાઅકડી સ્ત્રી૦ ચડસાચડસી (૨) કટાકટી

અકડાઈ સ્ત્રી૦ અક્કડપણું, મગરૂરી (૨) ફાકડાપણું

અકડાટ પું૦ અકડાવું તે, અકડાવાની અસર

અકડાવું અ૦ક્રિ૦ [हिं अकड़ना, જુઓ અક્કડ] સાંધાનું – અંગનું ઝલાઈ જવું (૨) ભભકામાં ફરવું, મગરૂરીમાં રહેવું

અકતો પું૦ [सं अकृत] કારીગરોનો છૂટીનો દિવસ, અણજો [– કાતવો = અણજો પાળવો પણ ઘેર કામમાં ખૂબ રોકાવું. – પાળવો = ધંધારોજગારમાં રજા રાખવી]

અકથ વિ૦ [सं] નહિ કહેલું – વર્ણવેલું (૨) અવર્ણનીય ૦નીય, –થ્ય વિ૦ અવર્ણનીય. –થિત વિ૦ નહિ કહેલું

અકપટ ન૦ [सं] કપટનો અભાવ

અકબર વિ૦ [अ] સૌથી મહાન (૨) પું૦ (સ) એક પ્રખ્યાત મોગલ બાદશાહ ૦દિલી સ્ત્રી૦ [फा.] ઉદાર દિલ રાખવું તે –રી વિ૦ [फा] અકબર સંબંધી (૨) અકબરે પ્રવર્તાવેલું (૩) સ્ત્રી૦ ચોખાના લોટની બનાવેલી એક વાની

અકબંધ વિ૦ [सं अक्षतबंध] જેમનું તેમ, વગર ખોલેલું, વગર તોડેલું

અકરણ વિ૦ [सं] કરણ – ઇંદ્રિય વગરનું (૨) દેહ ઇંદ્રિયાદિ રહિત (પરમાત્મા) (૩) ન૦ ન કરવું તે; કાર્યનો અભાવ

અકરણી વિ૦ [सं] (ગ) જેનું મૂળ બરાબર નીકળે તેવું (૫દ) 'રૅશનલ' ૦ગત વિ૦ 'રૅશનલ'. ૦પદી સ્ત્રી૦ અકરણી પદોવાળી રકમ, 'રૅશનલ એક્સ્પ્રેશન'. ૦ફલ ન૦ 'રૅશનલ ફંક્શન'. ૦સમીકરણ ન૦ 'રૅશનલ ઇક્વેશન.'

અકરણીય વિ૦ [सं] ન કરવા જેવું

અકરાફેર પું૦ કાળો કેર, હાહાકાર વર્તે એવો બનાવ, ગજબ (૨) ભયંકર નાશ

અકરામ ન૦ [अ]' કૃપા, માન, બક્ષિસ
અકરાળ, ૦વિકરાળ વિ૦ [સં. कराल] અતિ ભયકર
અકરાંતિયું વિ૦ [સં. अतिक्रांत] બહુ ખાનારું; ખાઉધરુ (૨) હદ પાર, ખૂબ (ખાવુ) –ચાવેડા પુ૦બ૦વ૦ અકરાંતિયાની માફક વર્તન
અકરુણ વિ૦ [સ] કરુણા વિનાનુ, નિર્દય
અકરુણા સ્ત્રી૦ [સ] કરુણાનો અભાવ, નિર્દયતા
અકરુ વિ૦ [સ उत्कृतोरू?] અધૂકડુ; ઊભે પગે – ઊચુ ઊંચુ બેઠેલું
અકર્કશ વિ૦ [સ] કર્કશ નહિ એવુ
અકર્ણ વિ૦ [સ.] કાન વિનાનુ (૨) બહેરું (૩) પું૦ સાપ [દુરાચરણ
અકર્ત(–ર્ત્ત)વ્ય વિ૦[સં.]ન કરવા જેવુ (૨) ન૦
અકર્તા(–ર્ત્તા) પુ૦ [સ] કર્તા નહિ તે
અકર્તુમ્ કૃ૦ [સ] ન કરવાને
અકર્તૃક વિ૦ [સં] કર્તા વિનાનું
અકર્ત્તવ્ય વિ૦ (૨) ન૦ [સં.] જુઓ અકર્તવ્ય
અકર્ત્તા પું૦ [સ] જુઓ અકર્તા
અકર્મ ન૦ [સ] કર્મનો અભાવ(૨)ખોટું કામ. ૦ક વિ૦ કર્મ વિનાનુ (ક્રિ૦) ૦કર વિ૦ કાર્ય-સાધક નહિ તેવુ ૦ણ્ય વિ૦ [સં] કામ કરવાને નાલાયક(૨)ન કરવા યોગ્ય (૩) ન૦ કર્મ ન કરવું તે, અનુદ્યોગ ૦ણ્યતા સ્ત્રી૦
અક(–ક્ર)ર્મી વિ૦[સ. अकर्मी] અભાગિયું (૨) કર્મ નહિ કરનારુ (૩) દુરાચારી. –ર્મણ વિ૦ સ્ત્રી૦ અભાગણી (૨) કુલટા
અકલ સ્ત્રી૦ [અ. अक्ल] અક્કલ, બુદ્ધિ ૦મંદ વિ૦[फा.]જુઓ અક્કલમંદ. –લી વિ૦[फा] અક્કલવાળુ(૨)કસબી, હિકમતી. ૦લકડિયું વિ૦ તરત-બુદ્ધિવાળુ; 'હાજર સો હથિયાર' કરી લે એવું
અકલ(–ળ) વિ૦[સં.]ન કળી શકાય એવું ૦કલ વિ૦ અકળ કળાવાળુ ૦કલા(–ળા) સ્ત્રી૦ અગમ્ય લીલા, માયા
અકલંક વિ૦ [સ.] નિષ્કલંક; દોષ–એબરહિત
અકલા(–ળા) સ્ત્રી૦ [સં] કલાનો અભાવ (૨) બગબ કળા, બેહૂદાપણું. –લિ(–ળિ)ત વિ૦ ન કળેલુ—ન કલ્પેલુ
અકલ્પિત વિ૦ [સં] કલ્પિત નહિ તેવું, સાચું (૨) ઓચિતું, અણધાર્યું
અકલ્પ્ય વિ૦ [સ] ન કલ્પી શકાય એવું
અકલ્મષ વિ૦ [સં] કલ્મષ વગરનુ; નિષ્પાપ
અકલ્યાણ ન૦ [સ] અશુભ, ભૂડુ
અકવિતા સ્ત્રી૦ [સ.] ખરાબ કે કાવ્યગુણ વિનાની કવિતા [[फा] ખારીલું
અકસ પુ૦ [અ. अक्स] દ્વેષ, ખાર ૦ખોર વિ૦
અકસર અ૦ [अ] ઘણુ ખરું; ઘણુ કરીને, પ્રાય
અકસીર વિ૦ [અ. इक्सीर=કીમિયો] આબાદ; રામબાણ (૨) સ્ત્રી૦ તેવી દવા, કીમિયો
અકસ્માત્ અ૦ [સં.] અચાનક, એકાએક
અકસ્માત પું૦[સ. अकस्मात्]અણધારી ઘટના; હોનારત
અકળ, ૦કળા, જુઓ 'અકલ(–ળ)'મા
અકળવિકળ વિ૦ જુઓ'આકળવિકળ; બાવરુ
અકળા સ્ત્રી૦ જુઓ અકલા
અકળાવું અ૦ ક્રિ૦ [સ आकुल] અમૂંઝાવું; ગભરાવું (૨) કંટાળવુ (૩) ચિડાવુ, ખ છેડાવું. –મણ સ્ત્રી૦ અકળાવાની અસર, અમૂંઝણ; (૨)કંટાળો કે ચીડ [કોઈની ઉપર અકળામણ કાઢવી=રોષ કે ક્રોધ કાઢવો — ક્રોધમા બોલવું કે મારવું —આવવી=અકળાવુ ]
અકંટક વિ૦ [સ] કાંટા–આડખીલી કે વચ્ચે વિઘ્ન વિનાનુ, નિષ્કંટક
અકંપિત વિ૦ [સ.] સ્થિર
અકાક વિ૦ [સ अ–क–अक] સુખદુ ખથી પર
અકાજ વિ૦ [સં. अ+ कार्य-કાજ] નકામુ (૨) લાચાર
અકાતર વિ૦ [સં] બાયલું નહિ તેવુ, હિંમતવાળું (૨) ગભરાયા વિનાનું, સ્વસ્થ
અકાબર પું૦ [અ. अकाबिर] પ્રતિષ્ઠિત–મોટો માણસ (૨) હોદ્દેદાર, અમલદાર
અકામ ન૦[અ+કામ]ન કરવા જેવુ–ખરાબ કામ
અકામ(–મી) વિ૦ [સં] કામવાસના, કામના કે વાસના વિનાનું
અકાય વિ૦ [સ] શરીર વિનાનું
અકાર અ૦ [સ अकार्य] અકારણ; ફોગટ (પ) (૨) પુ૦ [સ.] જુઓ 'અ'મા

અકારજ ન૰ [सं अकार्य] અકાર્ય, ખોટું કામ (૨) અ૰ વ્યર્થ, ફોગટ
અકારણ વિ૰ [सं] જુઓ નિષ્કારણ
અકારત(-થ) અ૰ [सं अकार्यार्थ] વ્યર્થ; નિષ્ફળ. [—જવું=નકામુ થવુ]
અકારું વિ૰[सं अकारक? प्रा अकारग=અરુચિ?] અપ્રિય, અળખામણુ [—પાડવું=અકારું લાગે એમ કરવું (૨) જૂઠું કે ભોઠું પાડવું]
અકાર્ય વિ૰ [सं] ન કરવા જેવુ (૨)ન૰ ખોટું કામ
અકાલ(-ળ) વિ૰ [सं] કવખતનુ (૨) પુ૰ અયોગ્ય સમય, કવખત(૩)દુકાળ(૪)કાલાતીત –પરમાત્મા ૰જ વિ૰ [सं] અકાળે જન્મેલુ–ઉત્પન્ન થયેલુ ૰વૃદ્ધ વિ૰ અકાળે વૃદ્ધ–ઘરડું થયેલુ -લિક વિ૰[सं]કવખતનુ —લીન વિ૰ [सं.] કવખતનુ –લીનતા સ્ત્રી૰ અકાલીન હોવુ તે (૨) કાલવિપર્યાસ, 'ઍનૅક્રોનિઝમ.'
અકાલી પુ૰ [सं. अकाल] શીખધર્મનો એક ફાંટો કે તેનો અનુયાયી
અકાળ, ૰જ, ૰વૃદ્ધ જુઓ 'અકાલ'મા
અકાંડ વિ૰ [सं] આકસ્મિક, ઓચિતુ (૨) કાંડ –પેરાઈ વગરનુ
અકિંચન વિ૰ [सं.] નિષ્કિંચન, સાવ ગરીબ
અકિંચિત્કર વિ૰ [सं] નિર્માલ્ય, નિષ્ફળ, ફોગટ
અકીકપુ૰[अ]એક જાતનો લીસો,ચળકતો પથ્થર. –કિયો પું૰ અકીકની વસ્તુઓ બનાવનારો
અકીર્તિ(-ર્ત્તિ) સ્ત્રી૰ [सं] અપયશ ૰કર વિ૰ [सं] અપયશ અપાવે એવુ
અકુટિલ વિ૰ [सं] કુટિલ નહિ એવુ, નિખાલસ
અકુતોભય વિ૰ [सं] કોઈ પણ તરફના ભય વિનાનુ, નિર્ભય [કજાત સ્ત્રી
અકુલાંગના સ્ત્રી૰ [सं] કુલાગના નહિ એવી–
અકુલીન વિ૰ [सं] નીચા કુળનું, કુળહીન ૰તા સ્ત્રી૰, ૰પણું ન૰
અકુશલ(-ળ) વિ૰ [सं] કુશળ નહિ એવું (૨) ન૰ અનિષ્ટ, અશુભ, ભૂંડુ ૰તા સ્ત્રી૰
અકુંઠ(-ઠિત) વિ૰ [सं] પાછું ન પડે તેવું; કાર્યસાધક, અપ્રતિહત (૨) તીક્ષ્ણ, કુંઠિત–બૂઠું નહિ એવું
અકૂપાર પુ૰ [सं] સમુદ્ર
અકૃત વિ૰ [सं] નહિ કરેલુ (૨)ખોટું કે અયોગ્ય કરેલુ (૩)ન૰ પાપ. ૰ઘ્ન વિ૰ [सं] કૃતઘ્ન નહિ એવુ, કૃતજ્ઞ ૰જ્ઞ વિ૰ [सं] કૃતજ્ઞ નહિ એવું, કૃતઘ્ન –તાત્મા વિ૰ [सं.] અજ્ઞાની (૨) નિષ્ફળ (૩) ઈશ્વરદર્શન નહિ પામેલુ –તાર્થ વિ૰ [सं] કૃતાર્થ નહિ એવુ, અસફળ
અકૃત્ય વિ૰ [सं] ન કરવા જેવુ (૨)ન૰ ન કરવા જેવુ કામ, અપકૃત્ય
અકૃત્રિમ વિ૰[सं]સ્વાભાવિક, કુદરતી ૰તા સ્ત્રી૰
અકૃપણ વિ૰ [सं] કૃપણ નહિ એવું, ઉદાર
અકૃપા સ્ત્રી૰ [सं] કૃપાનો અભાવ, અવકૃપા
અકેક(-કું) વિ૰ [એક+એક] એક પછી એક (૨) એક એક (૩) પ્રત્યેક, દરેક
અકોટ પુ૰ [सं] સોપારીનુ ઝાડ (૨) સોપારી
અકોટી સ્ત્રી૰,–ટો પું૰ [सं अकोट] સોપારી-ઘાટનું સ્ત્રીઓના કાનનુ ઘરેણુ; ઘૂઘરીઓનાં ઝૂમખાવાળું લોળિયું
અકોણુ વિ૰ [અ+કૂણુ ?] અતડુ; ભળી ન જાય તેવુ (૨) કોઈનુ ન માને તેવુ (કા) –ણાઈ સ્ત્રી૰, –ણાપણું ન૰ [અનાવડત
અકૌશલ(-લ્ય) ન૰ [सं] કૌશલ્યનો અભાવ,
અક્કડ વિ૰ [म. उत्कट, प्रा उक्कड ?] કડક, વળે નહિ એવુ (૨)ટટાર(૩)મગરૂબીવાળુ. ૰બાજ વિ૰ રોફી, ફાકડુ, વરણાગિયુ
અક્કરચક્કર અ૰ [ચક્કરનુ દ્વિત્વ ?] અણધારી રીતે, આમ તેમ થઈને (૨) ગમે તેમ કરીને, આડુંઅવળુ સમજાવીને
અક્કર્મી, –ર્મણ જુઓ અકર્મી
અક્કલ સ્ત્રી૰ [अ अक्ल] બુદ્ધિ [— ઉછીની, ભાડે કે વેચાતી લેવી=બીજા પાસેથી શીખવું કે સમજવુ અક્કલે કહ્યું કરવું, અક્કલ ચાલવી=અક્કલે કામ કરવુ, સમજાવુ, સૂઝ પડવી —ગામ જવી=અક્કલ ન ચાલવી; બુદ્ધિ કે સમજ ન રહેવી. —નું આંધળું, ઊંધું, ઓથમીર, ખાં, દુશ્મન, બારદાન= અક્કલ વગરનુ, મૂર્ખ. —ફૂટવી, ફૂટી જવી, — બહેર મારી જવી, —મારી જવી= અક્કલ કે સમજ (પ્રસંગ પર) જતી રહેવી, કામ ન દેવું. —વેચી ખાવી=અક્કલ વગરના કે

બેવકૂફ બનવું ] ૦ફૂટું વિ૦ ફૂટેલી અક્કલનું; અક્કલ વગરનું, મૂર્ખ ૦બાજ વિ૦ બુદ્ધિશાળી. ૦બાજખાં પુંં૦ (વ્યંગમાં) ભારે બુદ્ધિવાળો– મૂર્ખ માણસ, અક્કલનો ખાં ૦મંદું વિ૦ મંદ બુદ્ધિવાળું (કા). ૦મંદ વિ૦ જુઓ અક્કલમંદ, બુદ્ધિશાળી ૦મંદી સ્ત્રી૦ અક્કલ-મંદપણું ૦વંત, ૦વાન વિ૦ અક્કલમંદ. ૦હોશિયારી સ્ત્રી૦ બુદ્ધિપૂર્વક કરી આપ્યું છે—કોઈએ છેતરીને કે આડુંતેડું સમજાવીને કરાવી લીધું નથી, એવું બતાવવા ખતપત્રોમાં વપરાતો શબ્દ

અક્કલક(–ગ)રો પું૦ [अ. आकर्क़हा] એક વનસ્પતિ–ઔષધિ [ઔષધિ

અક્કલબેર પું૦[हि अकलबीर]એક વનસ્પતિ–

અક્કા સ્ત્રી૦ અબોલા, ભાઈબંધી તોડવી તે [—કરવી=અંગૂઠાથી દાતને અડી ભાઈબંધી તોડવાની નિશાની કરવી, દોસ્તી તોડવી કે અબોલા લેવા — થવી=અક્કા કરાવી.]

અક્કેક વિ૦ જુઓ એકેક

અક્ટોબર પું૦ જુઓ ઓક્ટોબર

અક્રમ વિ૦[सं]ક્રમબદ્ધ નહિ તેવું, અનિયમિત (૨) પુંં૦ ક્રમ નહિ તે, ક્રમનો અભાવ

અક્રિય વિ૦[सं] નિષ્ક્રિય (૨) નિરુદ્યોગી, સુસ્ત

અક્રૂર વિ૦[सं]ક્રૂર નહિ એવું, દયાળુ (૨) પુંં૦ (સં) શ્રીકૃષ્ણના પિત્રાઈ કાકા અને ભક્ત

અક્રોધ પુંં૦ [सं] ક્રોધનો અભાવ, ખામોશી, શાંતિ. –ધી વિ૦ શાંત સ્વભાવનું.

અક્લાંત વિ૦ [सं] ક્લાંત – થાકેલું નહિ એવું

અક્લિષ્ટ વિ૦ [सं] ક્લિષ્ટ નહિ એવું, સહજ

અક્લેદ્ય વિ૦ [सं] ભીંજવી ન શકાય એવું

અક્ષ પુંં૦[सं]રમવાનો પાસો(૨)માળાનો મણકો (૩) ધરી (ચક્રની કે પૃથ્વીની) (૪) આંખ [સમાસને અંતે, ઉદા૦ 'કમલાક્ષ' એકલો પ્રાય: પદ્યમાં] (૫) જ્ઞાનેન્દ્રિય (૬) [ભૂ] વિષુવવૃત્તથી ઉત્તરદક્ષિણ કોઈ પણ જગાનું ગોલીય અંતર. ૦વિદ વિ૦[सं]પાસા રમી જાણનારું, જુગારી. ૦વિદ્યા સ્ત્રી૦જુગાર ૦વૃત્ત ન૦(ભૂ)અક્ષાંશ-દર્શક વર્તુલ ૦માપક ન૦અંશ ઉપરથી ગ્રહ–નક્ષત્ર જોવાનું એક યંત્ર. ૦માલા સ્ત્રી૦ રુદ્રાક્ષ-ની માળા (૨) જપમાળા –ક્ષાંશ પુંં૦ (ભૂ) વિષુવવૃત્તથી ઉત્તર કે દક્ષિણનું અંતર — અક્ષ બતાવનાર ૧૮૦ અંશ છે તે –ક્ષાંશવૃત્ત ન૦ અક્ષવૃત્ત, અક્ષાંશનું વર્તુલ

અક્ષણિક વિ૦ [सं] ક્ષણિક નહિ એવું, સ્થિર; કાયમી [પાત્ર

અક્ષણું ન૦[જુઓ અખિયાણું]ચોખાથી ભરેલું

અક્ષત વિ૦ [सं] ઈજા પામ્યા વિનાનું, સુરક્ષિત; અખંડ(૨)પું૦બ૦વ૦ધાર્મિક ક્રિયામાં અથવા મંગળ પ્રસંગે કોઈને વધાવી લેવામાં વપરાતા વગર ભાંગેલા, અણિશુદ્ધ અનાજના દાણા–ચોખા, ડાંગર, ઘઉં, જવ વગેરે(શ પ્ર માટે જુઓ 'ચોખા'માં) ૦યોનિ(–ની), –તા વિ૦ સ્ત્રી૦ [सं] જેનું કૌમાર ખંડિત નથી થયું એવી

અક્ષમ વિ૦[सं]અશક્ત, અસમર્થ (૨) અસહિષ્ણુ –મા સ્ત્રી૦ [सं] ઈર્ષા (૨) ક્રોધ. –મ્ય વિ૦ [सं] ક્ષમ્ય નહિ એવું

અક્ષય વિ૦[सं]કદી ક્ષીણ ન થાય એવું; અવિનાશી(૨)અખૂટ ૦તૃતીયા સ્ત્રી૦ અખાત્રીજ; વૈશાખ સુદ ત્રીજ ૦ધામ ન૦ વૈકુંઠ(૨)મોક્ષ. ૦નવમી સ્ત્રી૦ અખેનોમ, કારતક સુદ નોમ. ૦પદ ન૦ મોક્ષ ૦પાત્ર ન૦ જેમાંથી વસ્તુ ખૂટે જ નહિ એવું વાસણ ૦વટ પું૦પ્રયાગમાં આવેલો એક વડ (પ્રલયકાળે પણ એ અક્ષય રહેશે એવું મનાય છે) ૦વાણી સ્ત્રી૦ ખૂટે નહિ એવી વાણી (૨) સરસ્વતી

અક્ષય્ય,–ય્ય વિ૦ [सं] જુઓ અક્ષય

અક્ષર વિ૦[सं]અવિનાશી(૨)પું૦ વર્ણ (ભાષા) (૩) હરફ, બોલ (૪) પુંં૦ બ૦ વ૦ દસ્કત (૫) વિધિના લેખ (૬) ન૦બ્રહ્મ [— ઉતારવા= મહેણું ટાળવું — કાઢવો= (હાથથી) લખવું, કે (મોંથી) બોલવું — પાડવો= લખવું. — પડવો=લખવામાં અક્ષર રહી જવો — મેળવવા=અક્ષર પારખવા માટે સરખાવી જોવા (૨) એના જન્માક્ષર મળે છે કે કેમ તે જોવું — વાળવા=સારા અક્ષર કાઢવા મથવું ] ૦ક્ષેત્ર ન૦ સાહિત્યક્ષેત્ર ૦ગણિત ન૦ બીજગણિત. ૦છંદ પું૦ અક્ષરવૃત્ત ૦જ્ઞાન ન૦ લખતાં વાંચતાં આવડવું તે ૦દેહ પુંં૦ નાશ ન પામે

એવું શરીર (૨)કીર્તિ (૩)સાહિત્યકૃતિ **૦ધામ** ન૦ બ્રહ્મલોક, મોક્ષ **૦પદ** ન૦ મુક્ત દશા **૦પદ્ધતિ** સ્ત્રી૦ વર્ણમાળાની યોજના **૦બંધ** પુ૦ અતૂટ સંબંધ, ગાઢ મૈત્રી (૨) અક્ષરોનું બંધારણ (૩)દસ્કત (૪)અક્ષરમેળ છંદનો એક પ્રકાર **૦માલા(-ળા)** સ્ત્રી૦ મૂળાક્ષરો, વર્ણમાળા **૦મેળ** વિ૦ અક્ષરના માપવાળો (છંદ). **૦રચના** સ્ત્રી૦ અક્ષરપદ્ધતિ **૦લિપિ** સ્ત્રી૦ અક્ષરની સંજ્ઞાથી લખવાની પદ્ધતિ **૦વિન્યાસ** પુ૦ શુદ્ધ લેખનવિદ્યા, જોડણી. **૦વૃત્ત** ન૦ અક્ષરમેળ વૃત્ત-છંદ **૦શત્રુ** વિ૦ સાવ અભણ **૦શઃ** અ૦ અક્ષરેઅક્ષર. **-રાતીત** વિ૦ [सं] ભાષાથી જેનું વર્ણન ન થઈ શકે તેવું (પરમાત્મ તત્ત્વ) **-રાર્થ** પુ૦ [सं] શબ્દાર્થ (૨) સંકુચિત અર્થ **-રાંતર** ન૦ [सं] અક્ષરની ફેરબદલી **-રોપગુણ** પુ૦ વર્ગોપગુણ, 'લિટરલ કોઇફિશન્ટ' (ગ)

**અક્ષંતવ્ય** ન૦ [सं] અક્ષમ્ય

**અક્ષાંતિ** સ્ત્રી૦ [सं] ક્ષાંતિનો અભાવ

**અક્ષાંશ,૦વૃત્ત** [सं] જુઓ 'અક્ષ'માં

**અક્ષિ** સ્ત્રી૦ [सं] આંખ (સમાસને અંતે 'અક્ષ' રૂપ આવે છે જુઓ 'અક્ષ') **૦કોશ(-ષ)** પુ૦ આંખનો ગોખલો **૦ગોલક** પુ૦ આંખનો ડોળો **૦તારક** પુ૦, **૦તારા** સ્ત્રી૦ આંખની કીકી **૦પક્ષ્મ** ન૦ પાંપણ **૦પટ** ન૦ આંખની કીકી પાછળનો પ્રકાશ ગ્રહણ કરનારો પડદો, 'રેટિના' **૦પટલ** ન૦ આંખનું પડળ, કીકી ઉપર વળેલી છારી **૦કૂટું** વિ૦ કાણું, આંધળું

**અક્ષીણ** વિ૦ [सं] ક્ષીણ નહિ થયેલું એવું

**અક્ષુણ્ણ** વિ૦ [सं] ક્ષુણ્ણ-વટાયેલું નહિ તેવું (૨) પગરવટ વિનાનું (૩) અજિત, ફતેહમંદ

**અક્ષુબ્ધ(-ભિત)** વિ૦ [सं] ક્ષોભ પામ્યા વિનાનું, સ્વસ્થ (૨) નહિ ડહોળાયેલું

**અક્ષોણી** સ્ત્રી૦ + જુઓ અક્ષૌહિણી

**અક્ષોભ** પું૦ [सं] ક્ષોભ-ગભરાટનો અભાવ, સ્વસ્થતા **-ભ્ય** વિ૦ ક્ષોભ ન પામે એવું

**અક્ષૌહિણી** સ્ત્રી૦ [सं] ૨૧,૮૭૦ રથ, ૨૧,૮૭૦ હાથી, ૬૫,૬૧૦ ઘોડા તથા ૧,૦૯,૩૫૦ પાયદળની બનેલી સેનાનો એક-સમૂહ

**અખ(-ખ્ખ)ડ** વિ૦ [અ+ખડ ?] નહિ ખેડાતું; પડતર (ખેતર)(૨) જેમાં ઘાસ પણ ન ઊગે એવું (૩) અવાવરું; અવડ

**અખડ-દહાડા** પું૦ બ૦ વ૦ ['ખડવું' પરથી અ+ખડ ?] કામ કરવાનું મન ન થાય એવા દિવસો (૨) કામકાજ વિનાના, કંટાળો આવે એવા દિવસ (જેમ કે ઉનાળાના)

**અખડબખડ, અખડાબખડી** વિ૦ ખાડાખૈયાવાળું, અસમાન, ઊંચુંનીચું

**અખડાવું** અ૦ક્રિ૦ [જુઓ આખડવું] અફળાવું; ટિચાવું, અથડાવું

**અખણિયારું** વિ૦ (કા) જુઓ અખિયાણું

**અખત(-ત્ત)ર** વિ૦ મેલું, નઠારું, અખતર (૨) શબ્દોના અર્થને અવળા લઈ પોતાની જાતને ડાહ્યું માનતું-મનાવતું **૦ડાહ્યું** વિ૦ દોઢડાહ્યું

**અખતરું** વિ૦ જુઓ અખતર, મેલું

**અખતરો** પુ૦ [अ इख्तिराअ] પ્રયોગ, અજમાશ. **-રાખોર, -રાબાજ** વિ૦ અખતરા કર્યા કરે તેવું, અખતરાનું શોખીન

**અખત્તર, ૦ડાહ્યું** વિ૦ જુઓ 'અખતર'માં

**અખત્યાર** પુ૦ [अ इख्तियार] અધિકાર (૨) પસંદગી **૦નામું** ન૦, **૦પત્ર** પુ૦, ન૦ મુખત્યારનામું, સનદ **-રી** સ્ત્રી૦ સત્તા, અધિકાર

**અખની** સ્ત્રી૦ [જુઓ અખી] ગિલ્લીદંડાનો એક દાવ, આખી

**અખબાર** પુ૦, ન૦ [अ 'खबर'નું બ૦વ૦] વર્તમાનપત્ર, છાપું **૦નવીસ** પુ૦ [फ़ा] ખબરપત્રી (૨) છાપાનો લખનારો

**અખમ** વિ૦ [सं अक्षम, प्रा अक्खम] ન ખમી શકે એવું (૨) નાજુક (૩) અસમર્થ

**અખર** [सं आ+खर ?] + અસહ્ય

**અખર** સ્ત્રી૦ [म] અખડ-પડતર જમીન, ચરો

**અખરામણ** ન૦ દૂધ આખરવા માટેનું મેળવણ

**અખરાવું** અ૦ક્રિ૦ 'આખરવું'નું કર્મણિ

**અખરોટ** ન૦ [अ, फा.] એક મેવો, અખોડ

**અખંડ** વિ૦ [सं] આખું **૦તા** સ્ત્રી૦, **૦પણું** ન૦ **૦રાશિ** પુ૦ પૂર્ણાંક પરિમાણ (ગ) **૦સૌભાગ્ય** ન૦ સૌભાગ્યની અખંડિતતા, સ્ત્રીના મરણ સુધી પતિ જીવતો હોય તેવું તેનું સૌભાગ્ય **૦સૌભાગ્ય-**

વતી વિ૦ સ્ત્રી૦ પોતાના મરણ સુધી પતિ હયાત હોય તેવી સ્ત્રી (૨) [ટૂંકમા અ૦ સૌ૦] સોહાગણના નામ આગળ મૂકવામા આવતુ વિશેષણ. ૦સ્રાવી વિ૦ સદા વહેતુ
અખંડિત વિ૦ [સ] ખંડિત નહિ એવું
અખંતર વિ૦ અખત્તર, મેલુ (૨) ન૦ ભૂતપ્રેત, વળગાડ
અખાજ વિ૦ [સં. अखाद्य] ન ખવાય એવું કે ન ખાવા જેવુ (૨) ન૦ નિષિદ્ધ ખોરાક, માસ
અખાડ પુ૦+અષાઢ; મહિનાનું નામ
અખાડા કરવા શ૦પ્ર૦ આખ આડા કાન કરવા, ન ગણકારવુ
અખાડિયો પું૦ જુઓ 'અખાડો'મા
અખાડી વિ૦સ્ત્રી૦ અષાઢ માસની —ડો વિ૦પું૦
અખાડો પું૦ [સ अक्षवाटक, प्रा अक्खाडग] કુસ્તી કરવા માટે બનાવેલી જગા (૨) કસરતશાળા (૩) બાવાઓ રહેતા હોય તે જગા (૪) જુગારી કે સમવ્યસનીઓને એકઠા થવાની જગા, અડ્ડો [—જામવો=કુસ્તી કે અખાડો બરોબર ચાલવા (૨) અડ્ડો કે બેઠક બરોબર રંગમા આવવા] —ડિયો પુ૦ અખાડામા જનાર, કસરતબાજ
અખાત વિ૦ [સ] નહિ ખોદેલું (૨) પું૦ (ન૦+) જમીનની અદર ગયેલો સમુદ્રનો ફાટો (૩) ખોદ્યા વગર બનેલુ કુદરતી તળાવ, સરોવર, કુડ
અખાત્રીજ સ્ત્રી૦ જુઓ અક્ષયતૃતીયા
અખાદ્ય વિ૦ [સ] ખાદ્ય નહિ એવું, અખાજ
અખિયાણુ ન૦ [સં अक्षतवायन] અક્ષણું, શુભ કાર્યના આરભમા (ગોર તથા વસવાયાને) અપાતી બક્ષિસ
અખિયાતું વિ૦ [સં अक्षत] જરા પણ ક્ષતિ—ઈજા પામ્યા વિનાનુ; સહીસલામત (૨) તંદુરસ્ત
અખિલ વિ૦ [સ] આખું, બધું, સમગ્ર
અખિલાઈ સ્ત્રી૦ [સ अखिल] અખિલતા
અખૂટ વિ૦ [દે. अखुट्ट] ખૂટે નહિ એવું
અખે વિ૦ [સં अक्षय, प्रा अक्खय]+અક્ષય. ૦નોમ સ્ત્રી૦ અક્ષયનવમી. ૦પાત્ર ન૦+ જુઓ અક્ષયપાત્ર
અખોડ ન૦ [સં. अक्षोट?] જુઓ અખરોટ
અખોવન વિ૦ [સં अक्षयवन्त] આખું (૨) સ્ત્રી૦ જેનુ એક પણ સંતાન મરી ન ગયું હોય એવી સૌભાગ્યવતી સ્ત્રી
અખ્ખઈ વિ૦+જુઓ અક્ષયી
અખ્ખડ વિ૦ જુઓ અખડ
અખ્ખય વિ૦+જુઓ અક્ષય
અખ્યાતિ સ્ત્રી૦ [સં] અકીર્તિ (૨) અપ્રતીતિ
અખ્રિસ્તી વિ૦ ખ્રિસ્તી નહી એવુ, 'પેગન'
અગ વિ૦ [સં] ગમન ન કરી શકે એવું (૨) પું૦ ઝાડ (૩) પર્વત (૪) રાક્ષસ ૦જ વિ૦ પહાડમા જન્મેલું, પહાડી
અગડ પુ૦ [अ. अक़्द ?] (કા) સોગન
અગ(—ગ્ગા)ડ પું૦ [સ. अवट? प्रा अगड] સાઠમારીનુ મેદાન
અગડધૂત પું૦ (૨) વિ૦ જુઓ અગડબંબ
અગડબંબ વિ૦ ઘણું જાડું, ફાંદવાળુ, ગોળમટોળ (૨) પુ૦ એક જાતનો અવધૂત
અગડંબગડં વિ૦ [રવ૦? કે સ अकृत विकृत, प्रा. अगडविगड?] ખરુ ખોટું (૨) ન૦ ગમે તેવી ખરીખોટી—અસ્પષ્ટ બોલી
અગડો પું૦ ('બગડો' સાથે) અમુક ફલાણો ઉદા૦ 'અગડે બગડો માર્યો ને બગડે કાગડો માર્યો'
અગણ(—ણિત) વિ૦ [સં] અસખ્ય
અગણુ વિ૦ [(ત્રણ) अग्नि, प्रा अगणि પરથી] ત્રીજુ (ગીતમા 'અગણું તે મગળ વરતિયુ ')
અગણો(—ણ્યો)તેર વિ૦ [સ एकोन+सित्तेर] ૬૯
અગણ્ય વિ૦ [સ] ગણી ન શકાય એવું
અગણ્યા(૦એં)શી(—સી) વિ૦ [સ एकोन+ એંશી, प्रा अगुणासी] ૭૯
અગતિ સ્ત્રી૦ [સ] અવગતિ, નરકમા પડવુ તે (૨) અમુક વિષયમા પ્રવેશ નહી તે (૩) વિ૦ ગતિ વિનાનું, સ્થિર ૦ક [સં] અવગતિ પામેલું (૨) લાચાર ૦કતા સ્ત્રી૦
અગતિયો પુ૦ એક લીલુ ચળકતુ ને ઊડતુ જીવડુ
અગત્ય સ્ત્રી૦, ન૦ [સ अगति] જરૂર (૨) મહત્ત્વ. [—આપવી (—વું)=જરૂરી કે મહત્ત્વનું ગણવુ કે સમજવું]
અગથિયો પું૦ [સ अगस्ति] એક ઝાડ
અગદ ન૦ [સ] દવા

અગન ન૦ એક પક્ષી

અગન સ્ત્રી૦[સં अग्नि] અગ્નિ(૨) બળતરા, ઝાળ; લાય [—ઊઠવી =એકાએક બળતરા થવા લાગવી. —બેસવી=બળતરા મટવી —બળવી =અગન થવી, બળતરા લાગવી કે બળવી] ૦ગાડી સ્ત્રી૦ આગગાડી

અગમ વિ૦[સં ]અગમ્ય,ઇન્દ્રિયાતીત(૨)ન૦[સં. आगमिक]ભવિષ્ય ૦ચેતી સ્ત્રી૦[સં अग्रिम+ચેતવું] દૂરંદેશી ૦નિગમ ન૦ ભૂત અને ભવિષ્ય(૨)[સં. आगम-निगम] વેદ અને શાસ્ત્ર ૦નિગમવાદ પુ૦ 'મિસ્ટિસિઝમ'. ૦નિગમવાદી પુ૦ 'મિસ્ટિક' ૦પચ્છમ સ્ત્રી૦ [સં. अग्रिम-पश्चिम]આગળનું તથા પાછળનું તે,ભૂત અને ભવિષ્ય ૦પંથ પુ૦ નહિ જવા જેવો-અજાણ્યો, ગૂઢ રસ્તો (૨) ઈશ્વરપ્રાપ્તિનો માર્ગ. ૦બુદ્ધિ સ્ત્રી૦ [સં आगमिक-बुद्धि] અગાઉથી ભવિષ્યનો વિચાર કરી શકનારી બુદ્ધિ (૨) વિ૦ અગમબુદ્ધિવાળું ૦બૂધિયું વિ૦ અગમબુદ્ધિવાળું ૦ભાખી વિ૦ભવિષ્ય ભાખનાર ૦વાણી સ્ત્રી૦ ગૂઢ વાણી (૨) ભવિષ્યવાણી (૩)વેદવાણી

અગમદોરો પુ૦ [સં अग्रिम+દોરો] ઘોડાના ગળાનો એક શણગાર

અગમો પું૦ [अ+ગમવું] અણગમો

અગમ્ય વિ૦[સં ]જ્યા ન જઈ શકાય એવું(૨)ગૂઢ (૩)ન જવા જેવું,નિષિદ્ધ ૦તા સ્ત્રી૦ ૦વાદ પુ૦ 'મિસ્ટિસિઝમ' -મ્યા વિ૦ સ્ત્રી૦ જેની સાથે સંગ નિષિદ્ધ હોય એવી (સ્ત્રી) -મ્યાગમન ન૦નિષિદ્ધ સ્ત્રી સાથે વ્યભિચાર, એક મહાપાપ. -મ્યાગામી વિ૦ પુ૦ અગમ્યાગમન કરનાર

અગર પુ૦ [સં. आकर] મીઠું પકવવાની ક્યારી કે જમીન -રિયણ,-રી સ્ત્રી૦મીઠું પકવનારી સ્ત્રી (૨) અગરિયાની સ્ત્રી -રિયો પું૦ મીઠું પકવનારો, અગર રાખનારો

અગર ન૦ [સં अगरु] જુઓ અગરુ ૦બત્તી સ્ત્રી૦ ધૂપસળી

અગર અ૦ [फा ] જો (૨) અથવા ૦ચે [फा], ૦જો અ૦ જોકે (૨) જો

અગરબત્તી સ્ત્રી૦ જુઓ 'અગર' ન૦; ધૂપસળી

અગરાજ વિ૦ જુઓ અગ્રાહ્ય

અગરાડા પું૦ બ૦ વ૦ [સં. अग्र+રાડું] જાગ્બાજરીના લીલા સાંઠા

અગરિયો,-યણ,અગરી જુઓ 'અગર'પું૦માં

અગરુ ન૦ [સં ] અગર, ચંદન, સુખડ

અગર્હણીય વિ૦ [સં ] ગર્હણીય નહિ એવું

અગર્હિત વિ૦ [સં ] ગર્હિત નહિ એવું

અગલ સ્ત્રી૦ [म. गल, का.अगळु, प्रा. अगड=ખાડો] ગલી

અગલબગલ અ૦ [फा ] આસપાસ

અગલાંપગલાં ન૦ બ૦ વ૦ (કા) અધરણી વખતે સીમંતિનીને ભરાવવામાં આવતાં પગલાં

અગવડ સ્ત્રી૦ સગવડથી ઊલટું તે, મુશ્કેલી; અડચણ [—આવવી, — થવી, — પડવી= મુશ્કેલી નડવી કે લાગવી]

અગવાડું ન૦ [સં. अग्र+वाट] આગળું (૨) મોખરાનો ભાગ -ડો પુ૦ આગળું (૨) કાચળી અથવા અંગરખાનો આગલો ભાગ

અગવો પુ૦ [સં अग्रग, हिं अगुआ] આગળ ચલાવનાર, ભોમિયો (૨) નેતા

અગસ્તિ(-સ્ત્ય) પુ૦ [સં ] (સં ) એ નામના એક પ્રાચીન ઋષિ (૨) એ નામનો તારો. [અગસ્ત્ય (૦ઋષિ)ના વાયદા=લાંબા ને ન પળાય એવા—ખોટા વાયદા ]

અગળ વિ૦ [અ+ગળવું] ઓગળે કે ઓગળેલું નહિ એવું (૨) અણગળ [પહેલેથી, આગળથી

અગાઉ અ૦ [સં अग्र] પૂર્વે, પહેલાં ૦થી અ૦

અગાડી અ૦ [સં अग्र] આગળ ૦થી અ૦ આગળથી (૨) આગળના ભાગ કે સ્થાનથી ૦પછાડી અ૦ આગળપાછળ (૨) સ્ત્રી૦ ઘોડાને ગળે અને પગે બાંધવાના દોરડા

અગાત અ૦ અગાઉ

અગાત પું૦ [સં अग ?] શિલાલેખ

અગાધ વિ૦ [સં ] ગાધ નહીં તેવું, અતિ ઊંડું

અગામ્યું વિ૦ + જુઓ અગમ્ય

અગાર પું૦, ન૦ + જુઓ આગાર

અગાશિયું ન૦ [જુઓ અગાશી] ઘરના ઓરડા પછીનો ઉપરથી ખુલ્લો ભાગ (ચ )

અગાશી(-સી) સ્ત્રી૦ [સં आकाशिका] ઘરના ઉપલા ભાગમાં કરેલી ખુલ્લી છોબંધ જગા,ગચ્છી

**અગાસું** વિ૦ [सं. आकाश, प्रा. आगास] ઢાંકણ વિનાનું, આકાશ સુધી ખુલ્લું
**અગિયર** પું૦ [प्रा. अयगर ?] + અજગર
**અગિયાર** વિ૦ [सं. एकादश] ૧૧. **૦મું** વિ૦ [सं. एकादशम्] દશ પછીનું (૨) ન૦ મરણ પછીને અગિયારમે દિવસે કરવામા આવતી કાયટાની ક્રિયા(૩)તે દિવસનો જમણવાર. **૦શ (-સ)** સ્ત્રી૦ પખવાડિયામાની અગિયારમી તિથિ (૨) એ દિવસે પળાતુ વ્રત. [**—કરવી**= અગિયારશનો ઉપવાસ કે વ્રત કરવું **—થવી**= એકાદશીનો દિવસ હોવો કે તેનો ઉપવાસ થવો. **—ભાંગવી, તોડવી**=(ખાઈને) તેનું વ્રત કે ઉપવાસ ભગ કરવા] **૦શિ (-સિ)યું** વિ૦ અગિયારશનું વ્રત કરનારું
**અગિયારા** પું૦ બ૦ વ૦ ૧૧ સાથે ૧થી ૧૦ સુધીના આ કોનો ગુણાકાર દર્શાવતો ઘડિયો. [**—ગણવા, ગણી જવા, ભણવા**=નાસી કે છટકી જવું, પલાયન કરી જવુ, છૂ થઈ જવું.]
**અગિયારી** સ્ત્રી૦ [सं. एकादशिका] ૧૧×૧૧= ૧૨૧ થી ૧૧×૨૦=૨૨૦ સુધીનો ઘડિયો
**અગિયારી** સ્ત્રી૦ [सं अग्नि+आगारिका] પારસી લોકોનુ મદિર, આતસબહેરામ
**અગુણજ્ઞ** વિ૦[સં] ગુણજ્ઞ નહી એવું [જાણનારું
**અગુણી** વિ૦[સં] અવગુણવાળુ (૨)ગુણપાડ નહીં
**અગુવો** પુ૦ જુઓ અગવો
**અગોચર** વિ૦ [सं] ઇંદ્રિયાતીત; અગમ્ય (૨) [કા] પગ મૂકવો ગમે નહી અથવા પગ મૂકી શકાય નહી એવું
**અગોપ** વિ૦ અલોપ
**અગોર** વિ૦ [अ+गोर] + ગુરુ વગરનુ
**અગ્ગડ** પુ૦ જુઓ અગડ
**અગ્નિ** પું૦ [સં] દેવતા (૨) [સં] પ્રકાશ અને ઉષ્ણતાનો કે અગ્નિકોણનો અધિષ્ઠાતા દેવ (૩) પંચ મહાભૂતોમાનુ તેજ તત્ત્વ (૪) જઠરાગ્નિ, પાચક તત્ત્વ [**—ઊઠવો**=એકદમ બળતરા થવા લાગવી, અગન ઊઠવી **—ને ઊધઈ ન લાગવી**=જે ખરું કે શુદ્ધ છે તેને ડાઘ ન લાગવો. **—મૂકવો**=આગ લગાડવી,(જેમ કે ચિતાને)] **૦અસ્ત્ર** ન૦ અગ્ન્યસ્ત્ર, અગ્નિ વરસાવે એવું બાણ **૦કણ** પું૦તણખો **૦કર્મ** ન૦અગ્નિમાં હોમ કરવો તે (૨) અગ્નિપૂજા (૩) રાંધવુ તે. **૦કાષ્ઠ** ન૦ બાળવાના લાકડા (૨) અરણીનું લાકડુ [**—ભક્ષણ કરવાં**=ચિતા ખડકી બળી મરવુ, અગ્નિપ્રવેશ કરવો, સતી થવુ ]**૦કુમાર** પું૦(સં) અગ્નિ મારફતે ઉત્પન્ન થયેલો શિવનો પુત્ર–કાર્તિકેય (૨) જઠરાગ્નિને વધારે એવી એક ઔષધિ **૦કુંડ** પુ૦ વેદી **૦કોણ** પુ૦ દક્ષિણ અને પૂર્વ વચ્ચેનો ખૂણો **૦ક્રિયા** સ્ત્રી૦ મુડદાને બાળવાની ક્રિયા **૦ક્રીડા** સ્ત્રી૦આતસબાજી. **૦ખૂણો** પું૦ અગ્નિકોણ **૦ગર્ભ** વિ૦ જેમાથી અગ્નિ જન્મે એવુ(૨) ન૦ અરણી (૩) ચકમક. **૦ત્રય** પુ૦, ન૦ ત્રણ પ્રકારના શાસ્ત્રોક્ત અગ્નિ (ગાર્હપત્ય, આહવનીય અને દક્ષિણ) **૦દાતા** વિ૦ શબને આગ મૂકનાર. **૦દાહ** પું૦ મુડદાને બાળવુ તે **૦દિવ્ય** ન૦ અગ્નિપરીક્ષા **૦દીપન** વિ૦ જઠરાગ્નિને સતેજ કરનારું **૦દીપ્તિ** સ્ત્રી૦ જઠરાગ્નિનુ સતેજ થવું તે **૦પરિગ્રહ** પું૦ શાસ્ત્રોક્ત અગ્નિને અખંડ રાખવાનું વ્રત **૦પરીક્ષા** સ્ત્રી૦ અગ્નિ વડે પરીક્ષા કરવી તે (૨) આકરી કસોટી **૦પૂજક** વિ૦અગ્નિને પૂજનારુ. **૦પ્રદ** વિ૦ જઠરાગ્નિ તેજ કરે એવું **૦પ્રવેશ** પું૦ અગ્નિમા દાખલ થવું તે (૨) સ્ત્રી પોતાના પતિની ચિતામા બળી મરે તે **૦મંથન** ન૦ (અરણીના) ઘર્ષણથી અગ્નિ પેદા કરવો તે **૦માંદ્ય** ન૦ જઠરાગ્નિની મદતા. **૦રથ** પું૦ + આગગાડી **૦રોગ** પું૦શરીરમાં અગન બળે એવો રોગ. **૦વર્ધ (-ર્ધ)ક** વિ૦ અગ્નિ–જઠરાગ્નિને વધારે એવુ **૦વૃદ્ધિ** સ્ત્રી૦ અગ્નિદીપ્તિ **૦શાળા(-ળા)** સ્ત્રી૦પવિત્ર અગ્નિ રાખવાનુ સ્થાનક **૦શિખા** સ્ત્રી૦ અગ્નિની જ્વાળા (૨) એક વનસ્પતિ **૦ષ્ટોમ** પુ૦[સં]એ નામનો યજ્ઞ **૦સંસ્કાર** પુ૦ મુડદાને બાળવાની ક્રિયા **૦હોત્ર** ન૦ પરણેલા બ્રાહ્મણે વિવાહના સાક્ષીભૂત અગ્નિને નિરતર જાગ્રત રાખી પત્ની સાથે તેમા નિત્ય હોમ કરવો તે, શાસ્ત્રોક્ત અગ્નિમાં સવારસાંજ હોમ કરવાનું કર્મ **૦હોત્રી** વિ૦ અગ્નિહોત્ર કરનાર (૨) બ્રાહ્મણની એક અટક
**અગ્ન્યસ્ત્ર** ન૦[સં]જેમાથી અગ્નિ વરસે એવું બાણ

અગ્ર વિ૦ [सं] આગળપડતુ; મુખ્ય, પહેલું; મોખરેનું (૨)ન૦ આગળનો કે સૌથી ઉપરનો કે ચડિયાતો કે શ્રેષ્ઠ ભાગ, અણી; ટોચ ૦ગણ્ય વિ૦ ગણતરીમા પહેલું, મુખ્ય ૦ગામી વિ૦ આગળ ચાલનાર,આગેવાન ૦ચર વિ૦ આગળ ચાલનારુ ૦જ વિ૦ પહેલું જન્મેલુ (૨) પું૦ મોટો ભાઈ(૩)બ્રાહ્મણ. ૦જન્મા પું૦ બ્રહ્મા(૨) જુઓ અગ્રજ ૦જા વિ૦સ્ત્રી૦ પહેલી જન્મેલી —મોટી બહેન. ૦જાતિ સ્ત્રી૦ બ્રાહ્મણ જાતિ. ૦ણિયો પું૦[सं अग्रणी]અગ્રણી(૨)બ્રાહ્મણ ૦ણી પું૦[सं]આગેવાન. ૦દૂત પું૦ આગળથી સમાચાર લઈ જનાર ૦ધાન્ય ન૦ વર્ષનો પહેલો —ચોમાસામા થતો—પાક. ૦પૂજા સ્ત્રી૦ શ્રેષ્ઠ પુરુષને અપાતું પ્રથમ પૂજાનુ માન ૦લેખ પું૦ વર્તમાનપત્રનો મુખ્ય લેખ. ૦શાળા સ્ત્રી૦ ઓસરી ૦સર વિ૦[सं]અગ્રેસર ૦સ્થાન ન૦ આગળપડતુ —મુખ્ય સ્થાન. ૦હાયણ (—ન) પું૦[सं]માગશર મહિનો, આગ્રહાયણ. ૦હાર પું૦ રાજ્ય તરફથી દેવસ્થાનને અર્પણ કરાયેલી જમીન

અગ્રાહ્ય વિ૦ [सं] ગ્રહણ ન કરવા યોગ્ય

અગ્રિમ વિ૦ [सं] મુખ્ય (૨) પું૦ મોટો ભાઈ

અગ્રેસર વિ૦(૨)પું૦[सं]આગેવાન, નાયક, નેતા

અગ્ર્ય વિ૦ [सं] સૌની અગ્રે એવુ, શ્રેષ્ઠ

અઘ ન૦ [सं] પાપ ૦નાશક(—ન), ૦હન વિ૦ [सं हन्] પાપનો નાશ કરનારુ ૦મર્ષણ વિ૦ [सं] અઘનાશક (મંત્ર)(૨)ન૦ એક નસકોરેથી પાણી લઈ બીજા નસકોરા વાટે કાઢી નાખવુ તે. ૦વાન વિ૦પાપી ૦હર્તા(—ર્ત્તા), ૦હારી વિ૦ પાપ દૂર કરનારુ —ઘાયુ વિ૦ [+सं आयुस्] પાપી, દુષ્ટ. —ઘાસુર પું૦ (સં) શ્રીકૃષ્ણે મારેલો એક રાક્ષસ

અઘઓક (ઓ) સ્ત્રી૦ [અઘવુ+ઓકવુ] ઝાડા અને ઊલટી (૨) કોગળિયું [અયોગ્ય

અઘટતું વિ૦[અ+ઘટતુ]અણઘટતું અણછાજતું;

અઘટિત વિ૦ [सं] ઘટિત નહિ એવુ, અઘટતુ

અઘટિત-ઘટના સ્ત્રી૦ [सं] નહિ બનેલી ઘટના બનાવવી તે ૦પટીયસી વિ૦ સ્ત્રી૦[सं.]એમાં કુશળ (માયા)

અઘડ વિ૦ [અ+ઘડ] અણઘડ, મૂર્ખ

અઘડ પું૦ [सं आगर्त ?] ઘરો, ખાડો

અઘણ ન૦ [જુઓ અઘવુ] અઘવુ તે(૨)અપદ્વાર; ગુદા ૦ખાડ(—ણ) સ્ત્રી૦ અઘવાનો ખાડો; નરકકુંડ —ણિયું વિ૦ અઘ અઘ કરે તેવું. ૦શી(—સી) વિ૦ અઘણિયુ, ઝાડાના રોગવાળું

અઘમૂતર સ્ત્રી૦ અઘવુ મૂતરવુ તે (૨) [લા] જુઓ અઘામણ

અઘય(—ર)ણી ન૦,સ્ત્રી૦[दे अग्गहणिआ]પહેલવહેલો ગર્ભ રહેવો તે (૨) એની ક્રિયા, સીમંત. [— આવવી = સીમંતનો પ્રસંગ આવવો. —કરવી=તે વેળાનો વિધિ કે વગો વગેરે કરવા] —ણિયાત વિ૦ સ્ત્રી૦ અઘરણીવાળી સ્ત્રી

અઘરું વિ૦ [सं अग्राह्य ?] મુશ્કેલ [—પડવું= મુશ્કેલ લાગવુ કે થવુ] [માલિકીનું

અઘરેણિયાત વિ૦ વરેણિયાત નહિ એવુ,પોતાની

અઘ(—ઘા)વવું સ૦ક્રિ૦અઘે એમ કરવુ (૨)[લા] ખૂબ મારવુ, ટીપવુ (૩) જોરજુલમથી કઢાવવું (નાણાં કે કોઈ પણ વસ્તુ)

અઘવાટ સ્ત્રી૦[અઘ+વાટ]અઘણ, ગુદા

અઘવાડ સ્ત્રી૦,—ડો પું૦ [અઘ+'વાડ' પ્રત્યય] અઘેલાની ગંદવાડ (૨) ખૂબ ગંદકી

અઘવું અ૦ ક્રિ૦ [सं हद्, म हगणें] મળત્યાગ કરવો, ઝાડે ફરવુ (૨) [લા] જોરજુલમને વશ થઈ છોડવુ પડવુ [અઘી પડવુ=(બેભાનમા કે ડરથી યા અવશે, જેમ કે માંદગીમાં) આપોઆપ ઝાડો થઈ જવો અઘીને ઉસેડવું, વાળવું=ન કરવાનુ કરી બેસી તે સુધારવા મથવુ ]

અઘાટ વિ૦ અપાર, અનન્ત (૨) [દસ્તાવેજમાં] કુલ હક્ક સાથેનું (૩) પું૦ શિલાલેખ(૪)ઇનામી જમીન, દાનદેવસ્થાનમા અપાયેલી જમીન(૫) ઘાટ; ઓવારો —ટિયું વિ૦ અઘાટ અપાયેલું (૨) નિમકહરામ

અઘાર(—વ)વું સ૦ ક્રિ૦ અઘે એમ કરવું

અઘાડો પું૦ [दे अग्घाडग] અઘેડો — એક છોડ, અપામાર્ગ [હાજતવાળું

અઘાણ ન૦ મળ, વિષ્ટા —ણું વિ૦ અઘવાની

અઘાત વિ૦ + જુઓ અગાધ

અધામણુ સ્ત્રી૦(વાર વાર)અઘવું કે અઘવાનું થાય તે, અતિસાર (૨) [લા.] ભય, ત્રાસ અથવા સખત મહેનતને લીધે થયેલી–અધી જવાય એવી–ખરાબ સ્થિતિ [(૨) અઘરું

અઘામું વિ૦+[જુઓ અઘવુ]ભયંકર; ત્રાસદાયક

અઘાયુ વિ૦ [सं ] પાપી, દુષ્ટ

અઘાર (૨) સ્ત્રી૦ [જુઓ અઘવું] પંખી કે જીવડાનો મળ –રો પું૦ ગંદવાડ

અઘાવવું સ૦ ક્રિ૦ અઘવવુ

અઘેડી સ્ત્રી૦ [दे. अग्घाडग] એક વનસ્પતિ

અઘેડો પું૦ [જુઓ અઘાડો] એક છોડ, અંઘેડો

અઘૈણી સ્ત્રી૦ (ચ) જુઓ અધરણી

અઘોર વિ૦ [અ+स. घोर] અતિ ભયાનક (૨) ઘાતકી (૩) ભાનસાન વગરનુ (૪) ઘણું સખત કે મુશ્કેલ (૫) ગાઢું, ઉદા૦ 'અઘોર નિદ્રા, વન'. ૦પંથ પુ૦ મેલી સાધના કરનારા બાવાઓનો પથ. ૦વિદ્યા સ્ત્રી૦ મેલી વિદ્યા –રી વિ૦ એદી. ઊ ધણશી (૨) જુગુપ્સા ઉપજાવે–ચીતરી ચડે એવુ ગંદું (૩) પુ૦ એવો ગંદો એક જાતનો (નાગડો) બાવો (૪) ભયંકર એદી કે ઊધણશી માણસ

અઘોષ વિ૦ [सं ] ઘોષ–અવાજ વગરનું; શાંત(૨) [વ્યા ] પું૦ પાચ ઉચ્ચાર-સ્થાનોના પહેલા બે વર્ણોનો ઉચ્ચાર (ક, ચ, ટ. ત, પ તથા ખ, છ, ઠ, થ, ફ એ વ્યંજનો અઘોષ કહેવાય છે)

અચક સ્ત્રી૦ આગળી, ઠેસ, અટકણ(૨)આડ

અચકડું ન૦ કાંઈ સાંભરી આવવાથી છાતીમાં ભરાઈ આવતો ડૂમો [ડગલો

અચકન પુ૦, ન૦ [हिं.] એક જાતનો લાબો

અચકમચક અ૦ અચાનક, એકદમ, ઓચિંતું

અચકવું અ૦ ક્રિ૦ અટકવુ, ખમચાવું

અચકાવું અ૦ક્રિ૦ અચકવુ.–મણ સ્ત્રી૦ નડતર, મુશ્કેલી –રો પુ૦ આચકો

અચકોમચકો પુ૦ લહેકો, લટકો (સ્ત્રીઓનો)

અચડ વિ૦ [અ+ચડવુ] ખાતામા નહિ ચડેલી (રકમ)

અચપચું વિ૦ [અધ+પોચું ?] કાચુ પોચુ, અધકચરુ (૨) નહિ પ્રવાહી અને નહિ ઘટ્ટ

અચબૂચ અ૦ અચાનક

અચર વિ૦ [सं ] ખસે નહિ એવું; સ્થિર

અચરકો પું૦ ઉમળકો (૨) આચકો

અચરજ(–ત) ન૦, –તી સ્ત્રી૦ [सं. आश्चर्य] નવાઈ, આશ્ચર્ય. [—પામવું=આશ્ચર્ય થવું–ઊપજવું દા. ત. તે અચરજ પામ્યો. તેને અચરજ થયુ.]

અચરપચર વિ૦ [म (રવ૦ ?)] કાચુંકોરું(૨) અ૦ રહી રહીને, વારે વારે, જેમ આવ્યું તેમ

અચરે અચરે (૦સીતા) રામ શ૦ પ્ર૦ પોપટને ભણાવાતો શબ્દ

અચલ(–ળ) વિ૦ [सं ] દૃઢ, સ્થિર(૨)[ગ ]અવિકારી (૩) પુ૦ પર્વત ૦પતિ પુ૦ (સ ) હિમાલય ૦પદ ન૦ નિત્ય એકસરખી રહે તેવી સ્થિતિ–મોક્ષ(૨) 'કૉન્સ્ટટ એક્સ્પ્રેશન' (ગ.) ૦રાશિ પું૦ 'કૉન્સ્ટંટ ક્વૉન્ટિટી' (ગ) –લા (–ળા) સ્ત્રી૦ પૃથ્વી –લિ(–ળિ)ત વિ૦ ચલિત નહિ એવુ [ચાવવુ] નહિ ચાખેલું

અચવ્યું વિ૦[અ+ચવવુ]નહિ કહેલુ (૨) [અ+

અચંબો પુ૦ [स अत्यद्भुत, प्रा. अच्चब्भुय] આશ્ચર્ય, નવાઈ જુઓ શ પ્ર. 'અચરજ'મા

અચા સ્ત્રી૦ જુઓ અચો [ઓચિંતુ

અચાનક અ૦ [हि, અ+ચાનક ?] એકાએક,

અચાર ન૦ [फा ] અથાણુ

અચાલ સ્ત્રી૦[અ+ચાલવુ]હરકત, અડચણ(૨) અડકાવ, ગેરહાજરી (૩) ભારે અગત્ય, ભીડ

અચાલો પુ૦ [જુઓ અચાલ] અનિવાર્ય અગત્ય, અપેક્ષા

અચિર વિ૦ [स ] ચિરકાળનું નહિ એવુ

અચિંતિત વિ૦ [स ] જુઓ અણચિંતવ્યુ

અચિંતું(–ત્યું) વિ૦ ઓચિંતુ

અચિંત્ય વિ૦[स ]ચિંતવી ન શકાય કે ચિંતવવુ અયોગ્ય એવુ

અચૂક વિ૦[અ+ચૂકવુ]ચૂકે નહિ એવુ (૨)અ૦ ચૂક્યા વિના ૦બાણુ ન૦ કદી ખાલી ન જાય તેવું બાણ(૨)વિ૦તેવું ફેંકનાર [અચૂકબાણુ આવવું=જરૂર આવવું]

અચેત, ૦ન વિ૦ [सं ] ચેતન વિનાનું, જડ (૨) બેભાન ૦ના સ્ત્રી૦મૂર્છા, જડતા, બેભાનપણુ

અચેષ્ટ વિ૦ [सं ] અચેતન

**અચો** પું૦[અ+સં. चर् ?]જમાવ, ભીડ(૨)કચરાનો જમાવ, ગંદકી(૩)અણૂજો [—પાળવો = કામકાજ બંધ રાખવું —અણૂજો પાળવો. (૨) બળિયા ઘરમાં હોય તેથી મહેમાન વગેરેને આવકાર ન આપવો ]૦પચો પું૦ગંદવાડ,સડો

**અચ્છત** અ૦ [અ+છતું]છતું— જાહેર થયા વિના, છૂપી રીતે; ખબર ન પડે તેમ

**અચ્છિન્ન** વિ૦[સં ]અખંડ ૦ધારા સ્ત્રી૦ સતત વહેતું ઝરણું (૨)જેમાથી અખંડ ધાર પડે એવું પાત્ર

**અચ્છું** વિ૦ [સં अच्छ] સારુ

**અચ્છેદ્ય** વિ૦ [સં ] છેદી ન શકાય એવુ

**અચ્છેર** પું૦[અર્ધ+શેર]અર્ધો શેર —રિયું વિ૦ જેમા અચ્છેર માય તેવડું(૨)ન૦ અર્ધા શેરનું માપિયુ —રિયો પુ૦,—રી સ્ત્રી૦ અર્ધા શેરનું માપિયુ અથવા વજન —રો પુ૦ અર્ધા શેરનું વજન—કાટલું

**અચ્યુત** વિ૦[સં ]પતન કે સ્ખલન વિનાનું,નિશ્ચલ (૨) પુ૦ (સં.) વિષ્ણુ —તાનંદ પુ૦ અખંડ આનંદ, આત્માનો આનંદ(૨)અખંડ આનંદ ભોગવનાર—ઈશ્વર

**અચ્સંધિ** સ્ત્રી૦ [સં ] સ્વરોની સંધિ (વ્યા )

**અછક** અ૦ જોતજોતામા

**અછડ(—ર)તું** વિ૦માત્ર સપાટીને અડકીને પસાર થઈ જતું(૨)કાના બગબર,અરાગ(૩)છલકાતું

**અછત** સ્ત્રી૦ [અ+છત] તંગી, તાણ

**અછતું** વિ૦[અ+છતું] અણછતું, ગુપ્ત (૨)[સં. असत्]+અસત, હયાત નહિ એવું

**અછત્ર** વિ૦ [સં ] છત્ર વિનાનું, ખુલ્લું (૨) માથે વડીલ વિનાનું

**અછબડા** પું૦બ૦વ૦ એક રોગ, જેમા શરીર પર આછી આછી ફોલ્લીઓ નીકળે છે. [— નમવા =તેની ફોલ્લીઓ મટવા માડવી — નીકળવા =તે રોગ થવો—તેની ફોલ્લીઓ નીકળવી]

**અછરતું** વિ૦ જુઓ અછડતું [(૨) કરમાવું

**અછવાવું** અ૦ક્રિ૦[અ+છવાવું] વણછો લાગવો

**અછંગ** અ૦ અધ્ધર(?)

**અછાડપછાડ** સ્ત્રી૦ ધમાધમ

**અછાંદસ** વિ૦ [સં ] છંદરહિત

**અછાબા** પું૦ બ૦ વ૦ [અ. हिजाब=પડદો ?] વરઘોડામા વરરાજાનું મો ઢાકવા પાઘડીએ લટકાવવામા આવતા સોનેરી કસબના તાર

**અછાવવું** સ૦ક્રિ૦ (નવું વાસણ)વાપરવા કાઢવું

**અછીપ** વિ૦ છીપે નહિ—તૃપ્ત ન થાય એવું

**અછૂત** વિ૦[હિં ] અસ્પૃશ્ય(૨)અસ્પૃશ્ય મનાતી કોમનું —તોદ્ધાર પુ૦ અછૂતોનો ઉદ્ધાર

**અછો અછો કરવું અછો અછો વાનાં કરવાં** શ૦પ્ર૦ [સં अच्छ—અછો] લાડ લડાવવા (૨) ખૂબ ઉમળકાથી આદરસત્કાર કરવો

**અછોછાંયડા** પુ૦ બ૦ વ૦ લાડ લડાવવા તે

**અછોછી** સ્ત્રી૦ (ક્ષ ) પેટમા ચૂંથાવુ તે

**અછોડો** પું૦[દે अच्छोडिअ?] રાશ(૨)ગળામા પહેરવાનો સોનારૂપાનો દોરો (૩) ઘડિયાળની સાકળી —ડાવા અ૦ ગશ જેટલે અંતરે

**અજ** વિ૦[સં ]નહિ જન્મેલુ,અનાદિ(ઈશ્વર)(૨) પું૦ બકરો (૩) [સં ] બ્રહ્મા(૪)કામદેવ(૫)ચંદ્ર (૬)રામચંદ્રજીના દાદાનુ નામ. ૦કર્ણ પુ૦એક વનસ્પતિ ૦ગર પુ૦[સં ] (બકરુ ગળી જાય તેવો)મોટો સાપ ૦ગરવૃત્તિ સ્ત્રી૦ દૈવ ઉપર આધાર રાખવાની વૃત્તિ ૦ગંધા સ્ત્રી૦ એક ઔષધિ ૦તનયા સ્ત્રી૦ (સં ) બ્રહ્માની પુત્રી, માયા(૨)સીતા ૦પતિ પુ૦ ભરવાડ(૨)(સં.) મંગળ ગ્રહ ૦પાલ(—ળ) પું૦ ભરવાડ

**અજટા** સ્ત્રી૦ ભોંયઆંબલી

**અજતરફ(—ફે)**[फा ] અ૦ તરફથી

**અજદહા** પુ૦[फा ]મોટો જંગી સાપ—અજગર

**અજન્મ** વિ૦[સં ]જન્મરહિત —ન્મા વિ૦ પુ૦ જેને જન્મ નથી એવું, (ઈશ્વર) (૨)સ્ત્રી૦(સં.) માયા (૩) સીતા (૪) લક્ષ્મી

**અજપાજ(—જા)પ** પું૦ [સં ] પ્રયત્ન વિના સ્વાભાવિક રીતે ચાલતો (સોહં સોહં) જાપ

**અજબ** વિ૦[अ ] નવાઈ ઉપજે એવુ, આશ્ચર્યકારક, અદ્ભુત [—થવું=ચકિત થવુ, નવાઈ લાગવી ] ૦ગુલમહેરી સ્ત્રી૦ એક કલ્પિત પક્ષી ૦તા સ્ત્રી૦ [જોવુ તે, પરીક્ષા

**અજમાયશ** સ્ત્રી૦[फा. आज़माइश]અજમાવી

**અજમાવવું** સ૦ક્રિ૦ [फा आज़मुदन ] વાપરી જોવુ, તપાસી જોવું

**અજમાશ** સ્ત્રી૦ જુઓ અજમાયશ

**અજમૂદો** વિ૦ [फा. आजमूद·] અનુભવી (૨) પુ૦ અજમાયશ

**અજમો** પુ૦ [स अजमोदा, फा अज़मूद] એક વનસ્પતિ-ઔષધિ [—આપવો= (ચૂક આવતું હોય કે વાયો હોય તે દૂર કરવા) લાય આપવી **અજમાનાં ફૂલ**=અજમાનો અર્ક. —**ફાકાવવો**= (ચૂક મટાડવા) અજમો ખવડાવવો (૨) રીસ કે ધૂંધવાટ દૂર કરાવવો]

**અજમોદ** સ્ત્રી૦[જુઓ અજમો]એક ઔષધિ

**અજય** વિ૦[सं ]જય રહિત(૨)ન જિતાય એવુ; અજેય(૩)પુ૦હાર —**યા** સ્ત્રી૦ માયા(૨)ભાગ (૩)એક વનસ્પતિ —**ય્ય** વિ૦[स ] અજેય

**અજર** વિ૦[स ]ઘરડું ન થાય એવુ(૨)પચી ન શકે એવું —**રામર** વિ૦ અજર અને અમર, અવિનાશી

**અજર** સ્ત્રી૦[अ उज्र]બહાનું(૨) આનાકાની,ઢીલ

**અજરાલ(-ળ)** વિ૦[अ. इज्राइल] વિશાળ (૨) ભયાનક

**અજરો** પું૦ [स. अज्र] અપચો

**અજલ** સ્ત્રી૦ [अ ]અ ત (૨) મોત (૩) કમોત. **૦મ જિલ** સ્ત્રી૦ છેવટનુ-સ્વધામ.

**અજલ** વિ૦ [स] નિર્જલ, સૂકું

**અજવાશ** પુ૦ જુઓ ઉજાસ

**અજવાળવું** સ૦ક્રિ૦[स उज्ज्वल]ઘસીને ઊજળું કરવું; માજવુ (૨) અજવાળુ કરવુ (૩) નામ કાઢવુ, આબરૂ વધારવી(૪)[વ્યંગમાં]બગાડવું; બદનામી વહોરવી —**ણહાર** વિ૦અજવાળનાર

**અજવાળિયું** ન૦[જુઓ અજવાળવુ] ચદ્રની વધતી જતી કળાવાળું પખવાડિયુ શુક્લપક્ષ(૨) અજવાળા સારુ છાપરામા કે ભીતમા મૂકેલું જાળિયુ —બાકું

**અજવાળી** વિ૦સ્ત્રી૦[જુઓ અજવાળવુ]અજવાળાવાળી ચાદરણાવાળી(રાત) —**ળું** ન૦પ્રકાશ ઉજાસ [**અજવાળામાં આવવું**=જાહેર થવુ, બહાર પડવુ(૨)પ્રસિદ્ધિ મળવી **અજવાળામાં મૂકવું**=જાહેર કરવુ —**કરવું**=પ્રકાશ કે દીવો કરવો(૨) [લા] આબરૂ વધારવી —**થવું**, —**નીકળવું**=પોહ ફાટવો, સવાર થવુ.]

**અજવું** અ૦ક્રિ૦[सं उज्झ्] ટપકવુ, ઝમવું(કા)

**અજશ** પુ૦ [सं अयश] અપજશ, બેઆબરૂ

**અજસ્ર** વિ૦[स ]સતત,એકધારું (૨) અ૦ વારંવાર, હમેશ

**અજહતી** વિ૦ સ્ત્રી૦ [सं ] જહતી નહિ એવી [(લક્ષણા)

**અજહત્સ્વાર્થા** સ્ત્રી૦ [म ]જુઓ અજહલ્લક્ષણા

**અજહલ્લક્ષણા** સ્ત્રી૦[सं ]લક્ષણાનો એક પ્રકાર, —અજહતી લક્ષણા, જ્યા મૂળ અર્થ અથવા વાચ્યાર્થનો ત્યાગ થતો નથી અને બીજા અર્થનો બોધ થાય છે (કા શા ) દા ત 'બ દૂક જોઈ બધા ભાગ્યા '

**અજા ત** વિ૦[स ]ત્વરાત (બ્યા) [અશાતિ

**અજંપ(-પો)** પુ૦[અ+જ પવુ]જ પનો અભાવ;

**અજા** સ્ત્રી૦ [म ]માયા,કુદરત(૨)બકરી **૦ગલ (-ળ)સ્તન** પુ૦, ન૦ બકરાને ગળે લટકતો આચળ(૨)[લા ]નિરર્થક વસ્તુ **૦પાલ(-ળ)** પું૦ ભરવાડ [ચક'માં

**અજા(-યા)ચક,૦વૃત્તિ,૦વ્રત** જુઓ 'અયા-

**અજાચી** વિ૦ [स अयाचिन्] અયાચક

**અજાડી** સ્ત્રી૦ હાથી વગેરે પ્રાણીઓને ફસાવી પકડવા માટે બનાવેલી ખાઈ અથવા ખાડો(૨)બેહક બેડેલા ઢોરને ઊભુ રાખવા પગ તળે ખોદાતો ખાડો (૩) વેરાન કે પહોચવામા વસમી પડે એવી જગા[—**માં પડવું**=ફસાવુ, મુશ્કેલીમા આવી પડવુ, કોઈના ફાંદામા ફસાવુ]

**અજાડું** વિ૦ (કા) કજિયાળુ

**અજાણ** વિ૦[स अज्ञान] વાકેફ—માહિતગાર નહી તે (૨) સ્ત્રી૦ જાણનો અભાવ **૦તાં**,—**ણે**, —**ણ્યે** અ૦ ન જાણતા, અણસમજથી —**ણ્યું** વિ૦જાણમા નહી તેવુ, અજ્ઞાત **૦પણું** ન૦

**અજાત** વિ૦[स ]નહી જન્મેલુ (૨)ગર્ભસ્થ **૦શત્રુ** વિ૦જેને કોઈ સાથે દુશ્મનાવટ નથી એવુ (૨)પું૦ (સ ) યુધિષ્ઠિર

**અજાનબાહુ** વિ૦+જુઓ આજાનબાહુ

**અજાબી** સ્ત્રી૦[अ हिजाव, फा हजावी] બુરખો

**અજામિલ** પું૦ (સ ) એક પ્રસિદ્ધ વિષ્ણુભક્ત

**અજાયબ** [अ अजाइब - 'અજબ'નું બ૦વ૦] અજબ જેવુ, આશ્ચર્યકારક **૦ઘર** ન૦ સંગ્રહસ્થાન, 'મ્યૂઝિયમ'. —**બી** સ્ત્રી૦ આશ્ચર્ય

અજારીઅજારી સ્ત્રી૦ (મુ) એક રમત, ખારોપાટ
અજિત વિ૦ [સં] નહી જિતાયેલુ (૨) ન જિતાય તેવું
અજિન ન૦ [સં] મૃગચર્મ, કાળિયારનુ ચામડું. ૦ધારી, ૦વાસી વિ૦ મૃગચર્મ ઓઢનાર
અજિર ન૦ [સં] ઘરનુ આગણું, ફળિયુ
અજિંક્ય વિ૦ [મ] અજેય, અજિત
અજિહ્વ વિ૦ [સં] જીભ વગરનું
અજીજ વિ૦ [અ] પ્યારુ, વહાલુ (૨) પુ૦ મિત્ર, દોસ્ત
અજીઠું વિ૦ [સં उच्छिष्ट] જુઓ એઠુ —ઠવાડ પુ૦ એઠવાડ
અજીરણ ન૦ અજીર્ણ, અપચો [અજીરણ થવું (કોઈ વાત કે વસ્તુનુ) = (તે) ન સહેવાવું, વધારે પડતો (તેનો) પ્રભાવ દાખવવો જેમ કે, વાતનુ અજીરણ=વાત કહી દેવી પૈસાનું. =ધનનો ગર્વ ઇ૦]
અજીર્ણ વિ૦ [સં] જીર્ણ નહિ તેવું (૨) ન૦ અજીરણ, [અપચો
અજીવ વિ૦ [સં] જીવ વગરનુ, નિર્જીવ (૨) ન૦ (જૈન મતે) નવ તત્ત્વોમાનુ જડ તત્ત્વ
અજુગ(—ગતું) વિ૦ [સં अयुक्त] અયોગ્ય; અઘટિત
અજેય વિ૦ [સં] જીતી ન શકાય તેવું
અજોખણી સ્ત્રી૦ કાટા—ઝરડા ખેચવાની લોઢાની આકડીવાળી લાકડી
અજોગ પુ૦ [સં. अयोग] કમુરત (૨) અણમેળ, અણબનાવ
અજોડ વિ૦ [અ+જોડ] જેની જોડ ન હોય એવું, [અદ્વિતીય
અજોણાં ન૦ બ૦ વ૦ [અ+જોણુ] ન જોવાનું વ્રત
અજોળ વિ૦ લટકતું, અધવચ (૨) અવ્રુ મૂકેલું (૩) સ્ત્રી૦ અચોક્કસપણું
અજ્જ અ૦ [સં. अद्य] + આજ
અજ્જુ ન૦ હ્રસ્વ દીર્ઘ 'ઈ'નુ ચિહ્ન (િઅથવા ી)
અજ્જુ(—જ્જૂ)કા સ્ત્રી૦ [સં] વેશ્યા
અજ્ઞ વિ૦ [સં] અજાણ (૨) મૂર્ખ
અજ્ઞાત વિ૦ [સં] જ્ઞાત નહીં તેવું (૨) ગુપ્ત ૦ચર્યા સ્ત્રી૦ કોઈ જાણે નહિ એવી રીતે ફરવું તે ગુપ્તચર્યા ૦યૌવના વિ૦ સ્ત્રી૦ ઉગતી જુવાન સ્ત્રી; મુગ્ધા. ૦વાસ પુ૦ છૂપા રહેવું તે ગુપ્તવાસ
અજ્ઞાન ન૦ [સં] જ્ઞાનનો અભાવ અબુધપણું (૨) અવિદ્યા, માયા (૩) વિ૦ જેને સાન—સમજ નથી એવું (૪) અભણ (૫) અજાણ ૦જનિત, ૦જન્ય વિ૦ અજ્ઞાનમાથી નીપજેલું ૦તા સ્ત્રી૦ અજ્ઞાનપણુ —ની વિ૦ જુઓ અજ્ઞાન વિ૦ (૨) અવિદ્યા —માયામા બધાયેલુ
અજ્ઞેય વિ૦ [સં] જાણી ન શકાય તેવુ ૦વાદ પુ૦ ઈશ્વર અથવા પરમ તત્ત્વને વિષે આપણને કાઈ ખબર નથી—ન પડી શકે તેવો મત 'ઍગ્નૉસ્ટિસિઝમ' ૦વાદી વિ૦ અજ્ઞેયવાદમા માનનાર
અજ્નબી વિ૦ [અ. अज्नबी] પરદેશી
અઝાન સ્ત્રી૦ [અ] બાગ
અટક સ્ત્રી૦ [જુઓ અટકવુ] નડતર, અવરોધ (૨) મુશ્કેલી (૩) શકા, મનનો ખચકો (૪) કાચી કેદ (૫) અટકણ, ઠેસ (૬) સકલ્પ, પ્રતિજ્ઞા
અટ(—ડ)ક સ્ત્રી૦ જુઓ અટક [અટપલું
અટકચાળુ વિ૦ (૨) ન૦ [અટકવુ + ચાળો ?] જુઓ
અટકડી સ્ત્રી૦ [અટકવુ ?] નાવણી, ઘચરકુ, હેડકી
અટકણ વિ૦ અટકી જાય એવુ (૨) સ્ત્રી૦, ન૦ ટેકો (૩) ઠેસ (૪) ચાપ ૦ટટ્ટુ ન૦ અડિયલ ટટ્ટુ —ણિયું વિ૦ અડિયલ (૨) ન૦ ઠેસ, ચાપ
અટકવું અ૦ ક્રિ૦ [दे. अट्ट ?] ગતિ કે પ્રવૃત્તિ બધ પડવી, થોભવુ
અટકળ સ્ત્રી૦ [મ, હિ अटकल] કલ્પના, અનુમાન. ૦પચ્ચીશી(—સી) સ્ત્રી૦ અટકળ ઉપર મડાયેલો વર્તાવ કે કામ ૦બાજ વિ૦ અટકળવાની શક્તિ કે શોખવાળુ ૦વું સ૦ ક્રિ૦ અટકળ કરવી
અટકામણ(—ણી) સ્ત્રી૦ હરકત, અડચણ (૨) અનાદર્શન, અટકાવ [—આવવી=(સ્ત્રીએ) વેગળુ બેસવુ]
અટકાયત સ્ત્રી૦ અટકાવવું તે, રુકાવટ (૨) અટકમાં રાખવુ તે —તી વિ૦ અટક કે નજરકેદમા રાખેલું ('ડિટેન્યુ'—કેદી)
અટકાવ પું૦ અટકાવવું—રોકવું તે (૨) અતરાય, હરકત (૩) અટકાવ, અનાદર્શન [—આવવો=(સ્ત્રીએ) વેગળું બેસવું અનાદર્શન થવું.—નાખવો=અટકાવ કે હરકત કરવાં, વિઘ્ન ઊભુ કરવું —પાળવો=વેગળાં બેસવાના વિધિનિષેધો સાચવવા] ૦વું સ૦ ક્રિ૦ 'અટકવું'નું પ્રેરક
અટકીમટકી સ્ત્રી૦ છોકરીઓની એક રમત

અટકુંલટકું ન૦ સહેજ આંટો; (જતે આવતે, ભેગાભેગી) ફેરો, ડોકિયુ [—મારવું= ડોકિયુ કરતા જવું, ફેરો મારવો કે જોતા જવું ]
અટકો પું૦ તાંબાનો હલકો સિક્કો [અટકાનો ઘોડો=મામૂલી નજીવી ચીજ]
અટકોમટકો પું૦ જુઓ અચકોમચકો
અટણ(-ન) ન૦ જુઓ અટન
અટણી(-નિ,-ની) સ્ત્રી૦ ધનુષ્યનો કાપવાળો છેડો, જ્યા દોરી ચડાવવામા આવે છે(૨) કામડાની ટટ્ટી
અટન ન૦ [स] અટણ, ભ્રમણ, પ્રવાસ
અટનિ(-ની) સ્ત્રી૦ [स] જુઓ અટણી
અટપટું વિ૦ [हि. अटपट; स. घटपट ?] ગૂચવણભરેલુ
અટલ વિ૦ [स] જુઓ અટળ (૨) અટ્ટલ
અટવાણ સ્ત્રી૦ [જુઓ અટવુ] (દોરડા ઇત્યાદિમાં) પગનુ ગૂચવાવુ તે —મણ સ્ત્રી૦ ગચવાવુ તે, ગૂચવણ (૨) અથડામણ; રખડામણ (૩) મૂઝવણ, ગભરામણ
અટવાવું અ૦ ક્રિ૦ [જુઓ અટવું] રખડવું (૨) અટવાવું, ગૂચવાવું, પગમા ભરાવું (૩) મૂઝાવું; કાયર થવું [એકરસ થવું
અટવાવું અ૦ ક્રિ૦ વટાવુ; પિલાવુ, ઘૂટાઈને
અટવિ(-વી) સ્ત્રી૦ [स] જંગલ
અટવું અ૦ ક્રિ૦ [सं अट्] રખડવું [સનાતન
અટળ વિ૦ [स अटल] ટળે નહિ તેવું (૨) નિત્ય;
અટંક(-કી,-કું) વિ૦ ટેકીલુ
અટંગ વિ [सं अ+टंगा=ટાગો] પાગળું, લગડું (૨) અ૦ [અઠંગ ?] તદ્દન
અટા સ્ત્રી૦ [स] (સંન્યાસી પેઠે નકામુ) રખડવું—ભમવું તે (૨) અ૦ આડુંઅવળુ
અટા સ્ત્રી૦ [स अट्ट] મેડી [માલ બટાઉમાં જાય'
અટાઉ સ્ત્રી૦ [हिं ; सं अट्ट] ઠગાઈ ઉદા. 'અટાઉનો
અટાટ વિ૦ નકામુ (૨) અ૦ ખોટી રીતે
અટાણે અ૦ (કા) આ ટાણે-વખતે, હમણાં
અટાપટા પું૦ બ૦ વ૦ રગબેરગી લાબાપહોળા લીટા, ચટાપટા (૨) આડાઅવળા પટા (લાકડી કે હથિયાર વીઝતા થાય તે)
અટામણ ન૦ ['અટાવુ' પરથી ?] રોટલી વણવા માટે લેઈતો કોરો લોટ [—માં જવું= અટામણ પેઠે ખાલી વપરાઈ જવું-નકામું ચટણી થઈ જવું]
અટાર સ્ત્રી૦ (કા.) ધૂળ
અટારિયું ન૦ તાકું, હાટિયું [ઝરૂખો; છજુ
અટારી(-લી,-ળી) સ્ત્રી૦ [स. अट्टालिका]
અટારું વિ૦ (કા) અટકચાળુ
અટારો પું૦ [हि अटाला=સરસામાન] ઉચાળો, ઘરવાખરો (ખાસ કરીને જૂનો ભાગ્યોતૂટયો)
અટાલી(-ળી) સ્ત્રી૦ જુઓ અટારી
અટાવું અ૦ ક્રિ૦ [स अट्] અટવાવુ, પિલાવું; છૂંદાવુ (૨) [લા] કદર ન થાય એવી રીતે વટાવું —વપરાવું
અટાળી સ્ત્રી૦ જુઓ અટારી
અટિંબર પું૦ ટિંબો, ઢગલો
અટી સ્ત્રી૦ [म] મહોરમમા હાથને વીંટાતી રગીન દોરી
અટી વિ૦ [स] ફરતો રહેનાર (સન્યાસી જેમ)
અટીનો કરાર=શરત સાથેનો-આટીવાળો, પાકા બધનવાળો કરાર
અટીપટી સ્ત્રી૦ એક બાળરમત
અટીમટી સ્ત્રી૦ એક વનસ્પતિ
અટીસોમટીસો પું૦ એક રમત, સતાકૂકડી
અટ્લુ વિ૦ એકલવાયુ; સાથરહિત [સીધુ
અટેડું વિ૦ [અ+ટેડું] ટેડું નહિ એવુ,
અટેરણ ન૦ [જુઓ અટેરવુ] સૂતર વગેરે ઉતારવાનું સાધન, ફાળકો
અટેરવું સ૦ ક્રિ૦ [हिं अटेरना, स अट्] સૂતરને (ફાળકા ઉપર) ઉતારવુ (૨) હાથથી ગૂચળી બનાવવી (૩) આગળી કરીને બતાવવું
અટોપ સ્ત્રી૦ અટોપવું તે, ઉકેલ ૦વું સ૦ ક્રિ૦ [म अटपणें] જુઓ આટોપવું
અટ્ટ વિ૦ [स] મોટા અવાજવાળુ (૨) પું૦ અટારી (૩) બુરજ, કિલ્લા ઉપરની દેવડી (૪) મહેલ (૫) પ્રહાર ૦હાસ પુ૦, ન૦, ૦હાસ્ય ન૦ ખડખડાટ હસવુ તે
અટ્ટલ વિ૦ [अटल ?] પ્રવીણ, અઠંગ (૨) અટળ (૩) અદ્દલ, વાજબી, ખરુ (તોલ)
અટ્ટા પું૦ બ૦ વ૦ [स] આગલા મોટા બારણા, ડેલીના બારણાં

અઠવાડિયું ન૦ [સં. अष्टवारिक] સાત વારનો સમય. –ક વિ૦ દર આઠમે દિવસે થતું (૨)ન૦ દર આઠમે દિવસે પ્રગટ થતું પત્ર

અઠવાડું ન૦ એક હાથના માપનો ગજ(૨)દોરડાને વળ દેવાનો લાકડાનો કકડો કે ફરકડી

અઠવાવું અ૦ ક્રિ૦ અટવાઈ પડવું, સપડાવું

અઠંગ વિ૦[સં अष्टाग, प्रा अट्ठंग]પાકું, ઉસ્તાદ; પહોંચેલ

અઠાક સ્ત્રી૦ ઘાઘરાનું નાડું [(૨) નાદાન

અઠાવકું વિ૦ [અ+ઠાવકું] ઠાવકું નહિ એવું

અઠિં(–ઠી)ગણ ન૦ ટેકો, તકિયો [–દેવું= અઠીંગવું, અઢેલવું —મૂકવું=ટેકો ગોઠવવો, અઢેલવા માટે કાંઈ રાખવું ]

અઠિ(–ઠી)ગવું સ૦ ક્રિ૦ ટેકો દેવો, અઢેલવું

અઠિ(–ઠી)ગું વિ૦ જક્કી (૨) જાડું

અઠીક વિ૦ [અ+ઠીક] ખોટું (૨) અસ્વસ્થ

અઠે અ૦ [प्रा , सं अत्र] અહીં ૦અઠે અ૦ અહીં અહીં [અઠે દ્વારકા=અહીં જ ધામા]

અઠોડી સ્ત્રી૦ ગોળની કઢાઈમાં બાઝેલું આદુ

અઠ્ઠ વિ૦ [સં અષ્ટ]+આઠ ૦મ પુ૦ એકસાથે આઠ ટંક નહિ ખાવાનું વ્રત(જૈન) –ઠ્ઠાઈ સ્ત્રી૦ આઠ દિવસ સુધી ચાલતી ધાર્મિક પ્રવૃત્તિ, આઠ ઉપવાસ (જૈન)

અઠ્ઠાણુ(–ણું) વિ૦ [सं अष्टानवति] ૯૮

અઠ્ઠાવન વિ૦ [सं अष्टापञ्चाशत् , प्रा अट्ठावन्न] ૫૮ [૨૮

અઠ્ઠા(–ઠ્યા)વીશ(–સ) વિ૦[सं अष्टाविंशती]

અઠ્ઠાશિ(–સિ)યાં ન૦ બ૦વ૦ સ્ત્રીઓના પગનું એક ઘરેણું, તોડા; કલ્લા, ઠાંસીને સક્કસ ન કરેલા સાંકળાં

અઠ્ઠો પુ૦ [सं अष्टक] આઠની સંખ્યાનો પાસો (૨) આઠ દાણાનું ગંજીફાનું પત્તું (૩) બાજીને દરેક છેડે ત્રણ ખાના હોય છે તે –ઠ્ઠાબંધ વિ૦ સોકટાની રમતમાં અઠ્ઠા ઉપરની સોગટી ન મરાય તેવી શરતવાળું

અઠ્ઠો(–ઠ્યો)તેર વિ૦[सं अष्टसप्तति, प्रा. अट्ठहत्तरि] ઇઠ્યોતેર, ૭૮

અઠ્યાવીશ(–સ) વિ૦ જુઓ અઠ્ઠાવીશ [૮૮

અઠ્યાશી(-સી)વિ૦ [सं अष्टाशीति] ઇઠ્યાશી,

અઠ્યોતેર વિ૦ જુઓ અઠ્ઠોતેર, ઇઠ્યોતેર

અડ સ્ત્રી૦ [જુઓ આડ] અડચણ (૨) આડાઈ [અડતું સગું=(અડચણમાં કામ દે એવું કે અડીને આવતું ?) ખરું–નજીકનું સગું ]

અડક સ્ત્રી૦ નામ જોડે મૂકવામાં આવતું, ગોત્ર, ધંધો કે વતન ઇત્યાદિ બતાવતું ઉપનામ, અટક

અડકલું ન૦ સહેલ વાત, રમતવાત (કા)

અડકવું સ૦ક્રિ૦અડવું, સ્પર્શ કરવો(૨)અ૦ક્રિ૦ વચ્ચે આડું આવવું ઉદા૦ 'બારણું વસાતું નથી, શું અડકે છે ?'

અડકાડવું સ૦ ક્રિ૦ 'અડકવું'નું પ્રેરક

અડકાયેલી વિ૦ સ્ત્રી૦ અભડાયેલી

અડકાવ પુ૦ અટકાવ, સ્ત્રીનું અભડાવું–દૂર બેસવું તે, રજોદર્શન [બંધ કરવું, વાસવું

અડકાવવું સ૦ ક્રિ૦ [दे. अड्डु=આડું, બાવક]

અડકાવું અ૦ક્રિ૦અભડાવું(૨)બંધ થવું,વસાવું

અડકોદડકો પુ૦ નાના છોકરાની એક રમત

અડખેપડખે અ૦ આજુબાજુ

અડગ વિ૦ [અ+ડગવું] દૃઢ, ડગે નહિ એવું

અડઘોદ(–પ,–મ)ડઘો પુ૦બેસતે વર્ષે મળસકામાં કચરાથી ભરેલું હાલ્લું ચકલે જઈ ફોડવાની વહેમી રૂઢિ (૨) દોષની જવાબદારી

અડચણ સ્ત્રી૦હરકત,ડખલ,વાંધો (૨)મુશ્કેલી; આપદા, ભીડ (૩) અડકાવ [—નાખવી= હરકત કે મુશ્કેલી થાય એમ કરવું —પડવી= હરકત મુશ્કેલી થવી ]

અડછતું વિ૦[प्रा. अद्ध=અર્ધું+છતું] અડધુંપડધું જણાયેલું [છે તે, બાવલું

અડણ ન૦[म ]ઢોરના જે અવયવમાં દૂધ ભરાય

અડતલું ન૦ આનાકાની (૨) મિથ્યા પ્રયત્ન

અડતલો પું૦ આશ્રય, ઓથ (૨) અટકળ

અડતાળીસ વિ૦ [सं अष्टचत्वारिंशत्, प्रा. अडयालीस] ૪૮.

અડતાળો પુ૦ વિ સ. ૧૮૪૮માં પડેલો મોટો દુકાળ (૨) મણના ૪૮ શેર ગણાય તે તોલ

અડથલ વિ૦ ખડતલ [ઓથું (૨) મોટું વિઘ્ન

અડથલો પું૦[म अडथळा–अड्डु+स्थल] આડ;

અડદ પું૦બ૦વ૦[दे उडिद]એક અનાજ-કઠોળ. [—દેખાડવા=(અમુક ભિક્ષુક બ્રાહ્મણોને

અડદ બતાવના તે ચાલ્યા જાય છે તે પરથી) નસાડી મૂકવા યુક્તિ કરવી —મગ (સાથે) ભરડવા=વગર વિચાર્યે જેમ તેમ દીવે રાખવું -બોલવુ ]-દાળુ વિ૦ અડદનું,અડદવાળું.

અડદાવો(-ળો) પુ૦ છૂંદાયાથી નરમ થઈ જવું તે, ભેચો, ઘાણ(૨)ખૂબ માર પડ્યાથી હાડકાં-પાસળા નરમ થઈ જવા તે (૩) અતિશય કામ કર્યાથી છેક જ થાકી જવુ તે [— કાઢવો= કામ કે માર વડે ઢીલું કરી દેવુ, કૂસ કાઢવી. —નીકળવો=ખૂબ થાકી જવું ]

અડદાહો પુ૦ (ચ) જુઓ અડદાવો

અડદિયા પુ૦બ૦વ૦ અડદ [— છાંટવા= મંતરવુ (૨) અડદ દેખાડવા, નસાડવા પેરવી કરવી ]—દિયું વિ૦ અડદના રંગનુ (૨) અડદનુ બનેલુ (૩) ન૦ અડદનુ એક વસાણું

અડધ વિ૦ [स अर्ध, प्रा अद्ध, अड्ढ] અડધું. ૦પાંસળીનું વિ૦ખૂબ નાજુક ને નબળા શરીરનું, અધપાસળિયુ -ધિયું ન૦ અડધુ માપ (૨) અર્ધો-નાનો ચૂડો (૩) તાંબા કે પીતળનો વચલા વળનો નળો, પવાલી (૪) (ચ) થોડા ડબ્બાની અને લાંબે ન જતી લોકલ ગાડી

અડધી સ્ત્રી૦ પાઈ

અડધું વિ૦ અર્ધ [અડધી રાતે=કવેળે કે ભારે અગવડને વખતે અડધું અડધું થઈ જવું= અતિ હરખમા આવવુ —અંગ ન૦=અર્ધાંગ -ધર્મપત્ની — કરી નાંખવું=મારથી લોથપોથ -અધમૂઉં કરી દેવું — થઈ જવું=શરીર કે શક્તિમા ખૂબ ઊતરી જવુ અડધો પાયો ઓછો હોવો=જરાક ગાંડુ હોવુ અડધો રોટલો=આડપેટ પૂરતુ લૂખુસૂકુ ખાવાનું ]

અડધુપડધું વિ૦લગભગ અડધુ, થોડુઘણું

અડધો પુ૦ આઠ આનાની કિંમતનો ચલણી સિક્કો, અર્ધો રૂપિયો

અડધોઅડધ વિ૦ બરાબર અડધુ

અડધોજી પું૦ અડવો જઈ, અવેલો

અડ(-ડી)નું વિ૦ નજીકનુ [જુઓ 'અડ'માં]

અડપ સ્ત્રી૦ [અડપવુ પરથી] વૈર્ય (૨)ખંત(૩) આગ્રહ (૪) નિશ્ચય.

અડપઝડપ સ્ત્રી૦ આફતનો સપાટો (૨) ત્વરા

અડપડિયાળી વિ૦ સ્ત્રી૦ જુઓ અધપડિયાળી

અડપલું વિ૦તોફાની,ચાલુ(૨)ન૦ અટકચાળું; તોફાન, છેડતી [રહેવું

અડપવું અ૦ક્રિ૦અડયા રહેવુ, ખંતથી મંડયા

અડફ(-ફે,-ફો)ટ સ્ત્રી૦ઝપટ, સપાટો, અથડામણ [—માં આવવું=કોઈ સાથે અથડાઈ પડવુ, વચ્ચે આવવુ ]

અડફાઉ વિ૦ જુઓ અલફાઉ

અડફે(-ફો)ટ સ્ત્રી૦ જુઓ અડફટ

અડબ(-વ)ડવું અ૦ ક્રિ૦ જુઓ અડવડવું.

અડબ(-વ)ડિયું ન૦ લથડિયુ, ચકરી

અડબંગ વિ૦ કહીએ કંઈ તો કરે કંઈ એવું; નાદાન (૨) ભય, ફિકર કે વિચાર રાખ્યા વિના કામ કરનારું મૂર્ખ, અવિચારી, બેફિકરું

અડબાઉ કાટલુ ન૦(કા)પથરાનું કરેલું કાટલું, અડફાઉ—અરોળકાટલુ (૨) [લા] ભોળું માણસ

અડબોત(-થ) વિ૦ અડબંગ (૨)સ્ત્રી૦ ધોલ, આડા હાથની થાપટ [—ખાવી=ધોલ વાગવી — ઠોકવી,-ચોડી દેવી,-મારવી =ધોલ લગાવવી ]

અડવડવું અ૦ ક્રિ૦ [दे. अडवडण=ખમચાતાં ચાલવું તે] લથડવું (૨) આમતેમ રવડવું

અડવડિયું ન૦ અડબડિયુ,લથડિયુ ચકરી [— આવવુ =લથડાઈ પડવુ —ખાવુ =લથડવુ ]

અડવાણું વિ૦[स अनुपानह्] જુઓ અડવુ

અડવાળવું સ૦ ક્રિ૦ [दे. आडुआल] મિશ્રણ કરવુ (૨) બગાડવુ

અડવું વિ૦ શણગાર વિનાનુ, શોભારહિત, બેહૂદું (૨)ઉઘાડપગુ [— લાગવુ =શોભા વગરનુ-સારું નહિ,લાગવુ, કાંઈક ખૂટવુ, રુચિ બહાર લાગવું ]

અડવું સ૦ક્રિ૦ [सं अड्ड=સાધવું, સાથે કરવું ?] અડકવુ; સ્પર્શવું(૨)[दे अड्ड=આડુ ?] નડવું, વચ્ચે આવવું, રોકાવુ (૩) ઘસાવુ પડવુ, બાધ-નુકસાન લાગવુ (૪) અ૦ ક્રિ૦ [प्रा आअड्ड, सं. व्यापृ ?]લગોલગ થવું,પહોચવુ,(૫)મંડયા રહેવું (૬) અટકવું (૭)(ઘોડા માટે) ખંચાવું, ભડકીને અચકાવુ (૮)+ડરવું, ભીતિ રાખવી. [અડી

ઐમસું'=અટકી પડવું રોકાઈ જવું (વિઘ્ન ઇ૦ થી) (૨) હઠ લેવી]

અડવો પુ૦ ભવાઈમાં આવતો વાણિયાનો વેશ

અડસટ્ટો પુ૦[જુઓ મ अडसट्टा]અંદાજ,શુમાર [— કાઢવો=અંદાજ લેવો, શુમારે કેટલું તે તપાસવું]

અડસઠ વિ૦ [સં अष्टषष्टि, પ્રા अडसट्ठि] ૬૮. [— તીરથ. તીર્થ=બધાં (હિંદુ) તીર્થો]

અડસર સ્ત્રી૦[મ ,આડું+સર ?] મોભ (૨)પાટડી

અડંગજડંગ સ્ત્રી૦ એક રમત

અડંગો પુ૦[હિં अडंगा] ધામો(૨)કુસ્તીનો એક દાવ [— નાખવો, લગાવવો= (હઠ કે આગ્રહથી) ધામો કરીને પડવું]

અડંબી સ્ત્રી૦અગડગી, તોર (૨) આડંબર (૩) હઠ

અડા સ્ત્રી૦ અડવાપણું, આધાર, ટેકો [—દેવી =લાજ આ વો, ગચ્ચ આપવી, માનવું, હાથ મૂકતા દેવો]

અડાઅડી સ્ત્રી૦કટોકટીનો સમય(૨)નજીક હોવું તે (૩)એકબીજાને અડવું તે, સ્પર્શાસ્પર્શનો વિવેક ન રહેવો તે (૪)અ૦ તેડાતેડ, બરોબર અડકીને – અડી અડીને

અડાઉ વિ૦ [મ अडाऊ· પ્રા अट्टवी–જંગલ પરથી ?] વગર વાવ્યે ઊગેલું [(ગોડીકામાં)

અડાકડી સ્ત્રી૦અડાઅડી(૨)સખત મુકાબલો

અડાડવું સ૦ ક્રિ૦ ['અડવું'નું પ્રેરક] અડકાડવું (૨) પહોંચાડવું નેઝું ઉમેરવું, ધકેલી દેવું ઘુસાડવું

અડાણિયું વિ૦ જુઓ અડાણું (કા)

અડાણી વિ૦[મ ,સં अज्ञानी]આવડત વગરનું; મૂર્ખ (૨) અસભ્ય, અનાડી

અડાણું વિ૦['આડ' પરથી ?] ગીરો મૂકેલું (કા)

અડાણો પુ૦ સંગીતમાં એ નામનો એક રાગ

અડાબીડ વિ૦ ભય ઉપજાવે તેવું મોટું (૨) ખોડખાપણ વગરનું [પાટિયાની ભીંત

અડામી સ્ત્રી૦ ભીંત સાથે જડેલી ફ્રેટેતાળ,

અડાયું ન૦ ગાયભેંસના છાણનું સૂકું પોચકું; છાણું (૨) છોકરાની એક રમત

અડાલી સ્ત્રી૦ લાકડાની થાળી – કથરોટ

અડાવવું સ૦ ક્રિ૦ ['અડવું'નું પ્રેરક]ગપ મારવી (૨)ઓઢવવું, જૂઠું કહેવું (૩) વણ ખાવું (૪) ઘુસાડવું (૫) ધમકાવવું · વઢવું

અડાશિ(–સિ)યાં ન૦વ૦બ૦ જુઓ અઢાશિયાં

અડાસે અ૦ નજીક (૨) પડછાયે

અડાળપડાળ ન૦ [અડાળી+પડાળી] મોભની બન્ને બાજુનો ઢાળ

અડાળી સ્ત્રી૦[સં अट्टालिका] એક જ ભીંતવાળી છૂટી ઓસરી [— ઢાંકવી = અડાળી કરવી કે બાંધવી] ૦પડાળી સ્ત્રી૦ આગળ પાછળની અડાળી

અડિયલ વિ૦ [અડવું=અટકવું] અડી બેસવાના કે અડી જવાના સ્વભાવનું—હઠીલું (૨) ઘુસણિયું ૦ટટ્ટુ ન૦ હઠીલું માણસ

અડિંગો પુ૦ અડ્ડો, ધામો (અડિંગા લગાવવા = ધામો કરીને બેસવું)

અડિયું ન૦ સોનીનું એક ઓજાર

અડિયોદડિયો પુ૦ એક રમત

અડી સ્ત્રી૦ સોનીનું એક ઓજાર (૨) કટોકટીનો— અણીનો કે અડનો વખત, આપત્તિ ૦ઓપટી સ્ત્રી૦ અડચણ, ભીડ, આપત્તિ ૦ખમ વિ૦ [હિં अडीखम] અડીઓપટી ખમી શકે એવું (૨) શૂરવીર ધીંગું ૦વેળા સ્ત્રી૦ કટોકટીનો– ભીડનો સમય

અડીઅડી સ્ત્રી૦ છોડીઓની એક રમત

અડીજડીને અ૦ ખંતથી

અડીદડી સ્ત્રી૦ એક રમત, દમગોટીલો

અડીનું વિ૦ અડનું; નજીકનું

અડી(–ડ્ડી)ટ વિ૦ [અ+ડીટ] દીટા વિનાનું

અડુ(–ડે)ડાટ અ૦ દોડતું, કૂદતું અને ધસી આવતું, હડુડાટ, તડામાર કરીને

અડૂકદડૂક અ૦ ઘડીમાં અહીં ને ઘડીમાં તહીં –કિયું વિ૦બન્ને પક્ષમાં હોય તેવું (૨)અસ્થિર

અડેકડે અ૦ સરભર

અડેડાટ અ૦ જુઓ અડુડાટ

અડો (અ'ડો) પુ૦ ગાડાનું આગલું ટેકણ, હડો

અડોઅડ અ૦ લગોલગ; અડાઅડી

અડોલ વિ૦ [અ+ડોલવું] ડોલતું કે ડોલે નહિ એવું, સ્થિર [લાકડાનો કટકો, માકડી

અડોલી સ્ત્રી૦રાશને છેડે ભરવવામાં આવતો નાનો

**અડોશપડોશ** પું૦ જુઓ આડોશપાડોશ

**અડોશીપડોશી** ન૦ જુઓ આડોશીપાડોશી

**અડોળ કાટલું** વિ૦ નકામુ (૨) ન૦ કશા ઘાટ વિનાનો પથરો

**અડ્ડો** પુ૦ [हि अड्डा स अट्ट] એકઠા મળવાની, બેઠક જેવી, અથવા એકઠા થઈને પડી રહેવાની, અખાડા જેવી જગા, બેઠક, અખાડો (૨) [લા] વ્યાપક અસર કે પ્રભાવ [—જમાવવો =બેઠક સ્થાપવી કે બરોબર મળ્યા કરવુ (૨) પ્રભાવ જમાવવો — લગાવવો = અડ્ડો લગાવવો, જામી પડવુ, ધામો કરવો]

**અઢ્યુ** વિ૦ અટકેલુ [—રહેવુ =અટકવુ, રોકાઈ જવુ, આગળ ન ચાલવુ ]

**અઢ્યું ખઢ્યુ** વિ૦અડી કે ખડી રહેલુ, (કશાથી) રોકાયેલુ કે અટકેલુ — વચ્ચે રહી ગયેલુ

**અઢણુ** વિ૦ બહુ વધારે (૨) સારુ

**અઢવાણુ** વિ૦ જુઓ અડવાણુ

**અઢળ** વિ૦[અ+ઢળવુ]ઢળી પડે નહિ તેવુ, સ્થિર

**અઢળક** વિ૦ પુષ્કળ [—ઢળવુ =ખૂબ મહેરબાન થવુ, મહેરબાનીમા ઢળી જવુ—પાછુ વળીને ન જોવુ, ખ્યાલ કરી દેવુ.]

**અઢાર** વિ૦ [स अष्टादश, प्रा अट्ठार] ૧૮. [—ગાઉનું છેટું =ઘણુ લાબું અંતર કે તફાવત —બાણુ = લુચ્ચાની ટોળી —ભાર વનસ્પતિ =બધી જાતની વનસ્પતિ **અઢાર (—રે) વર્ણ** =બધી વર્ણો કે જાતિઓ. —**વસા** = ઘણુ કરીને, પ્રાય **અઢાર(—રે) વાંકાં હોવાં** = બધી જ રીતે બેડોળ કે અપલક્ષણું કે ખોડીલુ હોવુ ]

**અઢાવવું** સ૦ક્રિ૦ (ઢોરને) ચરવા મોકલવા

**અઢી** વિ૦ [सं. अर्धतृतीय, प्रा अड्ढाइय] ૨॥ ૦કો પુ૦ ઢબ્બુ ૦**શેરી** સ્ત્રી૦અઢી શેરનુ વજન કે કાટલુ ૦**હથ્થુ** વિ૦ ગર્દું (૨)(લા) ગઢિયું

**અઢીવંચો** પુ૦ બાળકોની એક રમત, એરડો

**અઢેલવું** સ૦ ક્રિ૦ ટેકો દેવો

**અણ** [सं अन्]નકાર અને નિષેધવાચક ઉપસર્ગ (૨)[स आत्नी]પુંનુ સ્ત્રી૦ બનાવતો પ્રત્યય. ઉદા૦ ધોબી-ધોબણ (૩)[स अन]ક્રિ૦ પરથી નામ બનાવનો પ્રત્યય ઉદા૦ હરણ, જમણ (જુઓ અણી, અણું પ્રત્યયો પણ) ૦**આવડ (૦ત)** સ્ત્રી૦ ન આવડવુ તે ૦**ઉતાર** વિ૦ ઊતરે નહિ એવુ, સતત જારી રહેતુ ૦**ઊણુ** વિ૦ પુષ્કળ (૨)સ્ત્રી૦પુષ્કળતા, અખૂટપણુ ૦**કમાઉ** વિ૦ કમાઉ નહિ એવું. ૦**કસબી** વિ૦ કસબ—આવડત વગરનુ ૦**ખપતું** વિ૦ નહિ ખપતુ—લેવાય ખવાય નહિ તેવુ ૦**ખપિયુ** વિ૦ ખપ વગરનુ નકામુ ૦**ખાધું** વિ૦ નહિ ખાધેલુ ૦**ખૂટ(—ટ્યું)** વિ૦ અખૂટ ૦**ખેડ્યું** વિ૦ ખેડયા વિનાનુ ૦**ગણ(—ણ્યુ)** વિ૦ અગણિત ૦**ગણકારવુ** સ૦ ક્રિ૦ ન ગણકારવુ ૦**ગમતું** વિ૦નાપસદ અપ્રિય ૦**ગમો** પુ૦ નાપસદગી (૨)કટાળો ૦**ગળ(—ળ્યુ)** વિ૦ગાળ્યા વગરનું (પાણી, પ્રવાહી) ૦**ગોઠવ્યુ** વિ૦ ગોઠવ્યા વગરનુ ૦**ઘટતું** વિ૦ અઘટિત ૦**ઘડ** વિ૦ ઘડાયા—કેળવાયા વિનાનુ ૦**ચવ્યુ** વિ૦ જુઓ અચવ્યુ ૦**ચાખ્યું** વિ૦ ચાખ્યા વિનાનુ. ૦**ચાલ** સ્ત્રી૦ જુઓ અચાલ ૦**ચાલે(—લતે)** અ૦ નાછૂટકે ૦**ચિંતવ્યું**, ૦**ચિંતું(—ત્યું)** વિ૦ નહિ ચિંતવેલુ— નહિ ધારેલુ એવુ (૨) ઓચિંતુ ૦**છડ** વિ૦ છડેલુ નહિ એવુ ૦**છતું** વિ૦ ગુપ્ત ૦**છીપી** વિ૦સ્ત્રી૦ અતૃપ્ત ૦**છૂટકો** પું૦ છૂટકાનો અભાવ ૦**જાણુ** વિ૦ જેને જાણ નથી તેવુ (૨) સ્ત્રી૦ અજ્ઞાન, જાણ—સમજનો અભાવ ૦**તર્યાતું** વિ૦ નહિ તર્યાતુ એવુ. ૦**તોલ** વિ૦તોળ્યા વગરનુ (૨)ઉદ્ધડ ૦**તોળ્યું** વિ૦ તોળ્યા વગરનું. ૦**દીઠ(—ઠું)** વિ૦ દીઠેલુ નહિ તેવુ ૦**દોહ્યુ** વિ૦દોહ્યા વગરનુ [—રહેવું =જરૂરનું કામ રહી જવું (ઢોર દોહ્યા વગરનું રહેવું એ ઉપરથી )] ૦**ધાર્યું** વિ૦જુઓ અણચિંતવ્યું ૦**નમ** વિ૦નમે નહિ એવું. ૦**નામી** વિ૦+નામ વગરનુ (૨) અપ્રસિદ્ધ (૩)સ્ત્રી૦નનામી હાડકી (૪) ન૦ અનામી બ્રહ્મ ૦**પતીજ** સ્ત્રી૦ અવિશ્વાસ ૦**પરખ્યુ** વિ૦ પરખ્યા વિનાનુ ૦**બીછણુ** વિ૦+મૂર્ખ ૦**બીછ્યુ** વિ૦બીછ્યા —ઓળખ્યા વગરનુ. ૦**ફાવતું** વિ૦ ન ફાવતુ. ૦**બનતી** સ્ત્રી૦, ૦**બનાવ** પું૦ પરસ્પર બનાવ નહિ તે, કજિયો [—**રાખવો**=અણબનાવનો ભાવ મનમા હોવો કે સેવવો ]

૦બુદ્ધ વિ૦ બુદ્ધિ વિનાનું (૨) અજ્ઞાન ૦બોટ (-ટેલું,-ટ્યું) વિ૦ બોટયા વગરનું. ૦બોલાવ્યું વિ૦ બોલાવ્યા વગરનું, તેડાવ્યા વિનાનું. ૦બોલ્યું વિ૦ બોલેલું-કહેલું નહિ એવું (૨) ચૂપ ૦ભણેલ(-લું) વિ૦ અભણ. ૦ભંગ વિ૦ ભંગ વિનાનું અખંડ ૦ભાવતું વિ૦ ન ભાવતું, અપ્રિય ૦ભોજ્ય વિ૦ ન ખવાય એવું ૦મડદું વિ૦ નાખુશ, ક્રોધે ભરાયેલું ૦મણું(-નું) વિ૦ ઉદાસ, મન વિનાનું ૦માનીતું વિ૦ માનીતું નહિ એવું ૦મા(-માં)ગ્યું વિ૦ માગ્યા વિનાનું-ઉઘાડું. ૦મૂલ વિ૦ અમૂલ્ય ૦મેળ વિ૦ મેળ ન ખાય તેવું જુદા પ્રકારનું(૨) પું૦ અણબનાવ ૦રાગ પું૦ અણબનાવ ૦લિંગ(-ગી) વિ૦ લિંગ-નિશાની વિનાનું(૨) વિદેહી(૩) નિર્લેપ, અલિપ્ત ૦લેખે અ૦ કોઈ ન જુએ તેમ (૨) નકામું. ૦વાઢેક (૦ગાર) વિ૦ વાઢેલ નહિ એવું ૦વિચાર્યું વિ૦ વગર વિચાર્યું. ૦વિશ્રામ પું૦ અવિશ્રામ ૦વીંધ્યું વિ૦ વીંધ્યા વિનાનું (૨) દબાયા વિનાનું (૩) નહિ નાથેલું (૪) ખસી કર્યા વિનાનું [—મોતી=વીંધ્યા વગરના મોતી જેવું —વણ પરખાયેલું એવું] ૦વીંધ્યો આખલો=મસ્ત-નહિ નાથેલો સાંઢ(૨)[લા]નિરંકુશ-જગતમાં નહિ પલોટાયેલો અટંકગ માણસ ૦સમજ (૦ણ) સ્ત્રી૦ સમજનો અભાવ ૦સમજણું, ૦સમજુ વિ૦ સમજ વગરનું ૦સરખું વિ૦ સરખું નહિ એવું ૦સરજ્યું વિ૦ સરજેલું-નિર્મિત નહિ એવું (૨) અણધાર્યું ૦સિદ્ધિ સ્ત્રી૦ સિદ્ધિનો અભાવ નિષ્ફળતા ૦સૂંઘ્યું વિ૦ સૂંઘ્યા વિનાનું, તાજું ૦હક(-ક્ક) પું૦ હકનો અભાવ ૦હિત ન૦ અહિત ૦હૂતું વિ૦ ન હોય તેવું ૦હોણું વિ૦ નહિ થનારું

અણ(-ણી -ણુ) [સં अन] કિ૦ પરથી નામ બનાવનો કૃ-પ્રત્યય ઉદા૦ હરણ, વાવણી કળણુ

અણક સ્ત્રી૦ (ના) અડચણ હરકત

અણકી(-ચી) સ્ત્રી૦[સં अर्नीति? प्रा अणईइ] જુઓ અણચી

અણકૂ(-કો)ટ પું૦ જુઓ અન્નકૂટ [—ભરવો=અન્નકૂટનો ઉત્સવ ઊજવવો, તે માટે રાંધેલા અન્નનો ઢગ કરવો — લૂંટવો=તે ઉત્સવ અંગે, ઢેર લૂંટવો]

અણખ સ્ત્રી૦ [દે अणक्ख=ક્રોધ?](ના) ઈર્ષ્યા

અણખત(-લ) સ્ત્રી૦ અણગમો (૨) ઈર્ષ્યા

અણગ(-ગો)હ પું૦ સ્ત્રીઓનું એક વ્રત

અણગાર વિ૦ [સં अनगार] ઘરબાર વિનાનું

અણગોઠ(-ખ,-હ) પું૦ જુઓ અણગઠ

અણચી સ્ત્રી૦ અચઈ.(ખાસ રમત અંગે) વાંકું બોલવું કે નીતિ બહાર વર્તવું તે જૂઠ —ચિયું વિ૦ અણચી કરતું કે અણચીવાળું

અણછ સ્ત્રી૦ [સં अनिच्छा] નામરજી

અણછ સ્ત્રી૦ ખો, ટેવ [તિરસ્કાર

અણછિયું ન૦ [દે अणक्ख=ક્રોધ?] છણકો,

અણછો [સં अन्य+छाया], ૦અણછો પું૦ ખાનને નુકસાન કરે એવો છાંયો

અણતા સ્ત્રી૦+હીનતા, ખોડ [હાથનું ઘરેણું

અણવટ પું૦ [સં૨૦ म] સ્ત્રીઓના પગના અંગૂ-

અણવલું વિ૦ અડવું

અણવર પું૦[સં अनुचर]પહેલી વાર સાસરે જતા વર અથવા કન્યા સાથે મોકલાતો મોબતી (૨) વરની માયેનાં કોઈ એનાએકપગણે તે —રિયું વિ૦ અણવરને લગતું (૨) ન૦ અણવરપણું (૩) અણવર —રી વિ૦ સ્ત્રી૦ કન્યાની સાથે જનારી તેની બહેન કે બહેનપણી

અણવાણું વિ૦ જુઓ અડવું, અડવાણું

અણસખડી સ્ત્રી૦ [અણ+સખડી] સખડી પેઠે એંઠું ન ગણાય એવું કાચું કોરું ખાવાનું

અણસણ ન૦ [પ્રા] અનશન ઉપવાસ (જૈન)

અણસાર પું૦ [સં अनुसार?] મળતાપણાનો અંશ (૨) સૂક્ષ્મ અસર

અણસાર(-રો) નુકશારો સંકેત(૨)ગણસારો

અણહિલ ૦વાડ ન૦[પ્રા](મં)ગુજરાતની એક જૂની રાજધાની — અત્યારનું પાટણ

અણહૂતું, અણહોણું જુઓ 'અણ'માં

અણાવવું સ૦કિ૦'આણવું'નું પ્રેરક, આણે-લાવે એમ કરવું, મગાવવું

અણિ(-ણી) [સં] સ્ત્રી૦ વસ્તુનો ઝીણો, ભોંકાય એવો છેડો(૨)ટોચ,શિખર(૩) છેક છેડાનો ભાગ, અવધિ,અંત(૪)કટોકટીનો સમય [—કાઢવી

=(ફોલી કે ઘસીને) અણીદાર કરવું —ચૂકવી =ખરી કટોકટી કે લાગનો વખત વીતવો, કટોકટીમાથી બચવું કે લાગ ન સાધવો —સાચવવી= ખરી કટોકટી કે લાગના વખતે મદદગાર થવું કે ખપમા આવવું] ૦દાર વિ૦ અણીવાળું ૦શુદ્ધ વિ૦ સાવ અખંડિત (૨) સપૂર્ણ દોષરહિત -ણિમા સ્ત્રી૦ યોગની એક સિદ્ધિ, ગમે તેટલું સૂક્ષ્મ સ્વરૂપ ધારણ કરવાની શક્તિ -ણિયાળું વિ૦ અણીદાર -ણિયું ન૦ હોલ્ડરની ટાંક (૨) આડુ -ણિયેલ વિ૦ અણિયાળુ

અણીદરો, ૦કણીદરો પુ૦ છોકરાંની એક રમત

અણીસુ ન૦ એક જાતનું બી —વસાણું

અણુ વિ૦ [સ] જરા જેટલું; અતિ સૂક્ષ્મ (૨) પુંં૦ (સમયનો કે કદનો) નાનામા નાનો ભાગ (૩) જેના વિશેષ ભાગ ન થઈ શકે તે—પરમાણુ (૪) એક જાતનુ ધાન્ય કાગ ૦ક વિ૦ અતિશય નાનું (૨) પું૦ પરમાણુ ૦કણુ ન૦ પરમાણુ ૦તમ વિ૦ વધારેમા વધારે સૂક્ષ્મ ૦તા સ્ત્રી૦ અણુપણુ, અતિ સૂક્ષ્મતા ૦દ્રુત સ્ત્રી૦ પા માત્રા (સગીત) ૦બૉમ્બ પું૦ પરમાણુને તોડવાની વૈજ્ઞાનિક યુક્તિ વાપરીને તૈયાર થતો અતિ વિનાશક બૉમ્બ ૦માત્ર વિ૦(૨) અ૦ જરાક જ, બિલકુલ થોડું ૦રેણુ પું૦ અત્યત ઝીણી રજકણ ૦વાદ પું૦ પરમાણુવાદ ૦વ્રત ન૦ (ગૃહસ્થોનુ) નાનુસુગમ વ્રત (મહાવ્રતથી ઊલટું)

અણુદિન અ૦+જુઓ અનુદિન

અણૂ(-ણો)જો પુ૦ [સ अनुद्योग] કારીગરોનો રજાનો દિવસ [—પાળવો, —રાખવો= કામકાજની રજા રાખવી]

અણોદરી વિ૦ જુઓ અનુદરી (૨) સ્ત્રી૦ (જૈન) દરરોજ ઓછુ ઓછું જમતા જવાનુ તપ

અણોસરું વિ૦ ઝાંખુ (૨) ઉદાસ, ખિન્ન (૩) [કા] મદ ઉત્સાહવાળુ

અતએવ અ૦ [સ] તેથી જ

અતટ વિ૦ [સ] કિનારા વિનાનુ

અતડું વિ૦ [અ+તટ, પ્રા. तड ?] ભળી જાય નહી એવું (માણસ) (૨) તોછડું, વરવું [—રહેવું =અલગ કે અળગા રહેવું, કોઈ સાથે ભળવું નહિ]—ડાઈ સ્ત્રી૦, —ડાપણું ન૦

અતત્ત્વાર્થ પુ૦ [સ] અસત મિથ્યા વસ્તુ

અતથ્ય વિ૦ (૨) ન૦ [સ] ખોટું; અસત્ય (૨) નિસાર

અતદ્ગુણસવિજ્ઞાન પુ૦ [સ.] બહુવ્રીહિનો એક પ્રકાર [વ્યા]

અતન(-નુ) વિ૦ જુઓ અતનુ

અતનમતન સ્ત્રી૦ છોકરાની એક રમત

અતનુ વિ૦ [સ.] અશરીર, નિરાકાર (૨) પું૦ (સં) અનગ, કામદેવ

અતનૂર્ણ ન૦ [સ] અતનુ—કોમળ નહિ એવું ઊર્ણ—ઊન, ખરબચડુ—જાડુ ઊન

અતમા વિ૦ [અ + अ तमा] તમા વગરનું; લાપરવા (૨) સ્ત્રી૦ બેદરકારી -મી વિ૦ તમા વિનાનુ (૨) શેખીખોર

અતરડી સ્ત્રી૦ નાની કાનસ -ડો પુ૦ મોટી કાનસ

અતરંગ વિ૦ [સ] તરગ કે મોજાં વિનાનુ, શાત

અતરંગ વિ૦ [हि =લગર ઉઠાવવુ તે] અધ્ધર, ટેકા વિનાનુ (૨) અલગ રહેલાયદું

અતરાપી,-પુ વિ૦ [પ્રા अतर=સમુદ્ર પરથી ?] ત્રાહિત, અજાણ્યુ, પરાયુ, બહારનુ

અતર્ક વિ૦ [સં.] ન્યાયવિરુદ્ધ (૨) પું૦ ખોટો તક -ર્કિત વિ૦ અણધાર્યું, ખ્યાલ બહારનુ -ર્ક્ય વિ૦ તર્ક—કલ્પનામા ન આવે એવુ

અતર્પણીય વિ૦ [સ] તર્પી ન શકાય કે ન તર્પવું ઘટે એવું

અતલ(-ળ) વિ૦ [સ] તળિયા વિનાનુ ઊડુ (૨) ન૦ સાત પાતાળમાનુ એક

અતલગતું વિ૦ છેક નજીકનુ (સગુ)

અતલસ સ્ત્રી૦ [અ] એક જાતનુ રેશમી કાપડ

અતવખ(-ષ) ન૦ જુઓ અતિવિષા

અતસિ(-સી) સ્ત્રી૦ [સ] અળસી (૨) શણનો છોડ (૩) સીમળો

અતળ વિ૦ (૨) ન૦ જુઓ અતલ

અતળી વિ૦ [સ अतुलित] અતુલ ૦બળ વિ૦ અતુલ બળવાળું ૦બાણુ વિ૦ બહુ જ મોટુ (૨) બિહામણુ

અતંગ વિ૦ તગ વિનાનુ (૨) તગ નહિ તેવુ

અતંત્ર વિ૦ [સ.] તાર વિનાનું (વાદ્ય) (૨) નિરકુશ (૩) તત્ર વિનાનુ, અવ્યવસ્થિત ૦તા સ્ત્રી૦

અતંદ્ર(-દ્રિત) વિ૦ [સ.] સાવધ, જાગ્રત

અતઃ અ૦ [સ] તેથી કરીને (૨) અહીંથી (૩) આજથી ૦પર અ૦ [स] હવે પછી
અતાઈ વિ૦ [સર૦ हिं, म, अ अता=બક્ષિસ પરથી?] વગર ગુરુએ ભણેલો–આહોશ (ગવૈયો)
અતાગ વિ૦ તાગ વિનાનું, બહુ જ ઊંડું
અતિ વિ૦ (૨) અ૦ [સ] અતિશય, ઘણું (૨) ઉપસર્ગ–'અતિશય', 'અમર્યાદ', 'હદ પારનું', '–થી આગળ જતું' એવા અર્થમા ઉદા૦ નીચે શબ્દોમા જુઓ
અતિકશ વિ૦ [સ] ન ગાઠે એવું
અતિકાય વિ૦ [સ] મહાકાય
અતિકાલ પુ૦ [સ] વેળા વહી જવી તે
અતિકેશ(–અ)ર પુ૦ [સ] એક વનસ્પતિ
અતિક્રમ પુ૦ [સ] હદ બહાર જવું તે (૨) [કાળનું] પસાર થઈ જવું (૩) ધમાગો ૦ણ નં૦ અતિક્રમવું તે ૦વું સ૦ ક્રિ૦ [सं अतिक्रम्] અતિક્રમ કરવો.
અતિક્રામી વિ૦ [સ] અતિક્રમ કરનાર
અતિક્રાંત વિ૦ [સ] હદ બહાર ગયેલું. –તિ સ્ત્રી૦ ઉલ્લંઘન
અતિચાર પુ૦ [સ] અતિક્રાંતિ અતિક્રમ
અતિજગતી સ્ત્રી૦, પું૦ [સ] એક છંદ
અતિજાત વિ૦ [સ] બાપથી સવાયું
અતિજ્ઞાન ન૦ [સ] વધારેપડતું – નિષ્ફળ જ્ઞાન
અતિથિ પુ૦ [સ] મહેમાન(૨)અભ્યાગત;ભિક્ષુક ૦પણું ન૦ ૦પૂજન ન૦ અતિથિનું પૂજન (૨) પરોણાગત ૦સત્કાર પુ૦ અતિથિનો સત્કાર (૨) પરોણાગત
અતિદેશ પુ૦[સ]એક સ્થાનના ધર્મ કે નિયમનું બીજે સ્થાને આરોપણ (૨) મળતાપણા ઉપરથી અર્થને તાણીતૂસીને વધારવો તે
અતિધર્મ પુ૦ [સ] અતિશય ધર્મ (૨) ધર્મ ઉલ્લંઘી જવું – તેથી વિરુદ્ધ કામ
અતિપત્તિ સ્ત્રી૦ [સ] જુઓ અતિક્રમ
અતિપરિચય પું૦ [સ] હદ કે મર્યાદા બહારનો–વધારેપડતો પરિચય—સબંધ કે ઓળખાણ
અતિપાત પુ૦ [સ] અતિક્રમ(૨)ઉલ્કાપાત(૩) વિનાશ
અતિપાતક ન૦ [સ] મોટામા મોટું પાપ
અતિપેદાશ (પે) સ્ત્રી૦ વધારેપડતી પેદાશ
અતિપ્રતિજ્ઞા સ્ત્રી૦ [સં] મર્યાદા બહારની–અઘટિત પ્રતિજ્ઞા
અતિપ્રશ્ન પુ૦ [સ] અધિકાર કે મર્યાદા બહારનો પ્રશ્ન (૨) તર્કની છેવટની હદે જઈને વિચારાતો અંતિમ પ્રશ્ન
અતિપ્રસંગ પુ૦ [સ] પું૦ વધારેપડતો સબંધ (૨) હદ ઉપરાતની છૂટ –ગી વિ૦ અતિપ્રસગ કરનારૂ [તેની પાનું
અતિપ્રાકૃત(–તિક) વિ૦ [સ] પ્રકૃતિથી પર–
અતિબલા(–ળા) સ્ત્રી૦ [સ] એક વનસ્પતિ(૨) (સ) વિશ્વામિત્રે રામને આપેલી અસ્ત્રવિદ્યા
અતિભાષિણી વિ૦ સ્ત્રી૦ [સ] બહુ બોલનારી
અતિલૌકિક વિ૦ [સ] લૌકિકથી પર, 'મેટાફિઝિકલ' ૦શાસ્ત્ર ન૦ 'મેટાફિઝિક્સ'
અતિમનુષ્ય પું૦[સ]અલૌકિક પુરુષ, 'સુપરમૅન'
અતિમાનુષ (–ષી) વિ૦ [સ] અલૌકિક, મનુષ્યથી પર – તેના ગજા ઉપરનું
અતિયોગ પું૦ [સ] રેલછેલ. અતિશયતા
અતિરથ(–થી) પુ૦ [સ] જબરો–શ્રેષ્ઠ યોદ્ધો
અતિરિક્ત વિ૦ [સ] બહુ જ(૨) શૂન્ય, ખાલી (૩) શ્રેષ્ઠ (૪) ભિન્ન, વ્યતિરિક્ત
અતિ(–તી)રેક પુ૦ [સ] અતિશયતા (૨) ચડિયાતાપણું
અતિરોમશ વિ૦ [સં] બહુ વાળવાળું (૨) પુ૦ જગલી બકરો (૩) મોટો વાદરો
અતિવાદ પુ૦ [સ] બહુ બોલવું તે(૨)અપ્રિય–કઠોર વચન (૩)અતિમ હદે તર્કને લઈ જઈને કરાતો વાદ –દી વિ૦(૨)પુ૦ અતિવાદ કરનાર
અતિવિષા સ્ત્રી૦ [સ] એક વનસ્પતિ–ઔષધિ
અતિવૃષ્ટિ સ્ત્રી૦ [સ] જોઈએ તે કરતા વધારે વરસાદ થવો તે
અતિવૈદિક વિ૦ [સં] વેદકાળ પહેલાનું
અતિવ્યાપ્તિ સ્ત્રી૦ [સ] લક્ષ્ય ન હોય એવી વસ્તુનો સમાવેશ થવો તે (ન્યા)
અતિશય વિ૦ [સ] ઘણું જ(૨)પુ૦ પુષ્કળતા ૦તા સ્ત્રી૦ પુષ્કળતા –યોક્ત વિ૦ વધારીને કહેલું –યોક્તિ સ્ત્રી૦ અત્યુક્તિ, વધારીને બોલવું તે (૨) [કા શા] એ નામનો અલંકાર

**અતિશૂદ્ર** પું૦ [સ] ભંગી ચમાર. -દ્રી સ્ત્રી૦
**અતિશે** વિ૦ + જુઓ અતિશય
**અતિસંધાન** ન૦ [સ] છેતરપિંડી
**અતિસંરક્ષક** વિ૦ [સ] વધારેપડતુ સ્થિતિચુસ્ત
**અતિ(-તી)સાર** પુ૦ [સ] સંઘરણી
**અતિસ્તુતિ** સ્ત્રી૦[સ.]વધારેપડતીસ્તુતિ, ખુશામત
**અતીક્ષ્ણ** વિ૦ [સ] તીક્ષ્ણ નહિ એવું, બૂઠું
**અતીત** વિ૦[સ] પર થયેલુ, -ને વટાવી ગયેલુ (૨) ગત; વીતેલું
**અતીત** પું૦ + જુઓ અતિથિ
**અતીવ** વિ૦ [સ] અત્યંત
**અતીંદ્રિય** વિ૦ [સ] અગોચર, ઇન્દ્રિયાતીત
**અતુલ(-લિત,-લ્ય)** વિ૦ [સ] તુલના વગરનુ, અનુપમ (૨) તોલ વગરનુ, ઘણુ જ
**અતૂટ** વિ૦ [અ+તૂટવુ] અખંડ, સળંગ (૨) તોડ્યું તૂટે નહિ એવું
**અતોડ** વિ૦[અ+તોડવુ]તોડી ન શકાય એવું
**અતૃપ્ત** વિ૦ [સ] અસંતુષ્ટ -પ્તિ સ્ત્રી૦ તૃપ્તિનો અભાવ [તૃષ્ણાનો અભાવ
**અતૃષ્ણ** વિ૦ [સ] તૃષ્ણારહિત -ષ્ણા સ્ત્રી૦
**અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ** વિ૦ [સ] અહીં તહીં-બંને ઠેકાણેથી ભ્રષ્ટ નહિ ઘરનુ નહિ ઘાટનુ
**અતોલ** વિ૦ [સ] જુઓ અતુલ
**અત્તર** ન૦[अ इत्र]પુષ્પાદિ સુગંધીદાર પદાર્થનો અર્ક ૦ગુલાબ ન૦બ૦વ૦ અત્તર અને ફૂલ [-કરવાં, -થવાં=ને આપીને સન્માન કરવું કે થવું] ૦દાની સ્ત્રી૦, -રિયુ ન૦ અત્તર રાખવાનુ પાત્ર -રિયો, -રી પુ૦ અત્તરવાળો અત્તર બનાવનારો કે વેચનારો
**અત્તર** અ૦ [સ अत्र] અહીં ૦ઘડી અ૦. ૦પગલે અ૦ ૦સાત અ૦ [अ साअत= કલાક] અબઘડી, હમણાં જ. ૦સતું, ૦સાખ = જુઓ 'અત્ર'માં
**અત્તારી** પુ૦ [अ अत्तार+ई] અત્તરિયો જુઓ
**અત્યદ્ભુત** વિ૦ [સ] અતિ અદ્ભુત
**અત્યનુમંદ્ર** વિ૦ [સં] અનુમંદ્રથી પણ વધુ ,મંદ્ર-નીચેના સપ્તકનુ (સંગીત)
**અત્યય** પુ૦ [સ] જુઓ અતિક્રમ
**અત્યલ્પ** વિ૦ [સ] અતિ અલ્પ
**અત્યંત** વિ૦ [સ] છેડો-હદ વટાવી ગયેલુ, ઘણુ જ. -તાભાવ પું૦ પૂર્ણ અભાવ (ન્યા)
**અત્યાકૃષ્ટ** વિ૦ [સ.] અતિ આકૃષ્ટ — મારી મચડીને બેસાડેલો (અર્થ)
**અત્યાગી** વિ૦[સ]ત્યાગી નહીં તેવુ રાગી, ગૃહસ્થ
**અત્યાગ્રહ** પુ૦[સ]અતિ આગ્રહ હઠ -હી વિ૦ હઠીલુ [-રી વિ૦ અત્યાચાર કરનારું
**અત્યાચાર** પુ૦[સ.]અધર્માચરણ(૨)બળાત્કાર
**અત્યાજ્ય** વિ૦ [સ] ત્યાજ્ય નહિ તેવું
**અત્યાર** સ્ત્રી૦ [સ अद्य+वार] ચાલુ વડી, આ સમય -રે અ૦ હમણાં જ, આ ઘડીએ
**અત્યાવશ્યક** વિ૦[સ] અતિ આવશ્યક. ઘણુ જરૂરી
**અત્યાસક્તિ** સ્ત્રી૦[સ]અતિ આસક્તિ ભારે રાગ
**અત્યાહાર** પુ૦[સ]હદ ઉપરાંતનો-અકરાંતિયાનો -આહાર -રી વિ૦(૨) પુ૦ અત્યાહાર કરનાર
**અત્યુક્તિ** સ્ત્રી૦ [સ] જુઓ અતિશયોક્તિ
**અત્યુત્તમ** વિ૦ [સ] અતિ ઉત્તમ, શ્રેષ્ઠ
**અત્યુત્સાહ** પુ૦ [સ] અતિ ઉત્સાહ
**અત્ર** અ૦[સ.]અહીં ૦ત્ય વિ૦[સ]અહીંનુ. ૦સતું, ૦સાખ= 'અહીં મતુ કે સાખ કરવી' એવા અર્થમા દસ્તાવેજમા આવે છે
**અત્રિ** પુ૦ [સ] (સં) સપ્તર્ષિમાના એક ઋષિ
**અત્રે** અ૦ [સ अत्र] અહીં ૦થી અ૦ અહીંથી
**અથ** અ૦[સ]હવે(૨)આરંભ તેમ જ મંગળવાચક શબ્દ ૦ઇતિ અ૦ પહેલેથી છેલ્લે સુધી અથેતિ, પૂરેપૂરું ૦કિમ્ અ૦ હા, એમ જ ૦ચ અ૦ અને વળી
**અથડ** વિ૦ જુઓ અથાડ
**અથ કિમ્, અથ ચ** [સ] જુઓ 'અથ'મા
**અથડવું** અ૦ક્રિ૦ જુઓ અથડાવું
**અથડાવુ** અ૦ક્રિ૦ [સ आस्फालू?] ટિચાવુ, અફળાવુ (૨) રખડવુ, ભટકવું (૩) [લા] ફાંફાં મારવા (૪) તકરાર થવી -અથડી સ્ત્રી૦ સામસામે કે અહીંથી તહીં અથડાવું-ટિચાવુ તે(૨) રખડપટ્ટી, ટિચામણ(૩)લડાઈ -ઉ વિ૦રખડાઉ -ટ પુ૦ અથડાવું તે -મણ(-ણી) સ્ત્રી૦ રખડપટ્ટી ટિચામણ (૨) તકરાર, લડાઈ [-પડવી=રખડવા કરવાની મહેનતમજૂરી

થવી કે કરવી પડવી] —મણ કુટામણ સ્ત્રી૦ અથડાવું કુટાવું તે

**અથરાઈ** સ્ત્રી૦ [સં અસ્થિર, પ્રા. અથિર] (કા) અસ્થિરતા ચંચળતા (૨)અધીરાઈ(૩)ઉતાવળ

**અથરું** વિ૦ (ના) અસ્થિર ચંચળ (૨) અધીરું (૩) ઉતાવળુ

**અથર્વ** ૦ણ,૦વેદ પું૦ [સં] ચોથો વેદ

**અથર્વવેદી** વિ૦ [સં] એ વેદનો અનુયાયી (બ્રાહ્મણ) (૨) અથર્વવેદને લગતુ

**અથવા** અ૦ [સં] કિંવા કે

**અથાક** વિ૦ [અ+થાક. કે अत्यक्क=થાક્યા વગર (૨) સતત હમેશ] થાકે નહિ તેવુ, અથક

**અથાક(—ગ)** વિ૦ [हि अत्थाव=અગાધ]અથાહ. અગાધ અતાગ (૨) પાર વિનાનુ

**અથાણુ** ન૦ [हि अचार] મીઠા કે મસાલામા આથી રાખેલા ફળ, મૂળ ઇત્યાદિ [— કરવું =અથાણુ બનાવવુ (૨) [લા] નકામુ સંઘરી કે રાખી મૂકવું - કામમા ન લેવું — નાખવુ = અથાણુ કરવું અથાવા માટે મૂકવુ]

**અથાવું** અ૦ક્રિ૦ ['આથવુ'નુ કર્મણિ] મીઠુ કે મસાલો બરાબર ચડવો [વગરનુ અથાગ

**અથાહ** વિ૦ [પ્રા अत्थाह. સં अस्ताघ] થાહ

**અથેતિ** અ૦ [સં] અથથી ઇતિ સંપૂર્ણ

**અયોભ** વિ૦ થોભ વિનાનુ

**અદક** વિ૦[સં अधिक] અદકુ વધારે ૦જીભુ વિ૦ બહુબોલુ, બટકબોલુ ૦હુ વિ૦ દોઢડાહ્યુ ૦પાંસળુ (—ળિયું) વિ૦ મોટપ કે પૈસો ઇત્યાદિ ન જીરવી શકે એવા સ્વભાવનુ (૨) જેના પેટમા વાત ટકે નહીં એવુ વાતોડિયુ —કુ વિ૦ અધિક, વધારે —કેરું વિ૦ અદકુ (પ)

**અદક્ષ** વિ૦ [સં] અકુશળ

**અદગ્ધ** વિ૦ [સં] નહિ બળેલુ

**અદત્ત** વિ૦[સં]નહિ આપેલુ(૨)ન૦,શાસ્ત્રવિરુદ્ધ હોઈ થયેલુ દાન —ત્તા વિ૦સ્ત્રી૦ અવિવાહિતા

**અદત્તાદાન** ન૦ [સં] ચોરી

**અદન** ન૦ [સં] ભોજન, ખાવુ તે

**અદના(—નું)** વિ૦ [અ.] મામૂલી; રાંક

**અદબ** સ્ત્રી૦[અ]વિવેક,મર્યાદા(૨)બંને હાથને કોણીથી વાળી સામસામી કોણી આગળ કાંડાં ટેકવી કરાતી મુદ્રા [— કરવી,— વાળવી=એ મુદ્રા કરવી: અદબમાં હોય તેમ ગોઠવવા.— રાખવી = માન કે મર્યાદા સાચવવી ] [વાળુ

**અદબદ** વિ૦[સં अर्धोद्ध?]અચોક્કસ સંશય-

**અદભદ** વિ૦—અદ્ભુત અલૌકિક [એવું

**અદમ્ય** વિ૦[સં.]દબાય નહિ કે દાબી ન શકાય

**અદય** વિ૦ [સં] નિર્દય ૦તા સ્ત્રી૦

**અદ(—ધ)રકવું** અ૦ક્રિ૦ જુઓ અધરકવુ

**અદરસ** પું૦ [આદુ—રસ] આદાનો રસ

**અદરાવુ** અ૦ક્રિ૦ 'આદરવુ'નુ કર્મણિ (૨) વિવાહ — સગાઈ થવી

**અદર્શ** વિ૦ [સં] નહીં દેખાતુ. ન દેખાય તેવુ

**અદર્શન** ન૦ [સં] ન દેખાવુ તે (૨) લોપ

**અદલ** વિ૦[અ अद्ल] બરાબર ખરું યથાર્થ ૦તા સ્ત્રી૦ ન્યાયીપણુ ૦નો કાંટો=ચોખ્ખો ન્યાય ૦નો ઘંટ=ન્યાય માગવા આવનારે વગાડવા માટે (જૂના વખતમા) ટંગાતો ઘંટ

**અદલ(—ળ)** વિ૦ [સં] દલ-પાંદડી વિનાનુ (૨) જાડાઈ વિનાનુ (૩) દાળ ન પડે એવુ

**અદલતા** સ્ત્રી૦ [જુઓ 'અદલ'મા] ન્યાયીપણુ

**અદલકદલ** વિ૦ શરીરે જાડુ — ગોળમટોળ

**અદલબદલ** અ૦ [અદલ+બદલો? કે 'અદલો'નુ દ્વિત્વ?] ફેરબદલ હેરફેર [ ફેરબદલી

**અદલાબદલી** સ્ત્રી૦. **અદલોબદલો** પુ૦

**અદવારકુ** અ૦ [સં अद्य+वार] અબઘડી

**અદળ** વિ૦ જુઓ અદલ [એવું

**અદહ્ય** વિ૦[સં] દહી ન શકાય કે દહવુ ન ઘટે

**અદા** સ્ત્રી૦[ફા]અંગચેષ્ટા નખરા(૨)અભિનયની છટા. અંગવિન્યાસ 'પોઝ' (૩) [અ] અ૦ પૂરુ—ચૂકતે (કરવુ, થવુ સાથે વપરાય છે જેમ કે, ફરજ દેવુ અદા કરવુ)

**અદા** સ્ત્રી૦ જુઓ અદાવત ૦ચિઠ્ઠી સ્ત્રી૦ વેરનો કાગળ, જાસાચિઠ્ઠી

**અદાતા** વિ૦ (૨)પુ૦[સં]દાન ન કરે તેવુ કૃપણ

**અદાપ** પુ૦; ન૦, —પો પુ૦ [સં आताप] દુખ, બળાપો ૦વુ સ૦ ક્રિ૦ પીડવુ

**અદાયાદ** વિ૦ [સં] વારસ થવાના હક વિનાનુ (૨) વારસ વિનાનુ [નહિ લગતુ

**અદાયિક** વિ૦[સં]વારસ વિનાનુ (૨) વારસાને

અદાર વિ૦ [स] સ્ત્રી વગરનું; વિધુર કે વાંઢો
અદાલત સ્ત્રી૦ [अ] કોર્ટ, ઇન્સાફની કચેરી. (અદાલતમાં જવું, અદાલતે ચડવું=સરકારમા ફરિયાદ કે દાવો માંડવો) [રાખનારું
અદાવત સ્ત્રી૦ [अ] વેર. -તિયું વિ૦ અદાવત
અદાહ્ય વિ૦[स]બળે નહિ કે બાળી ન શકાય તેવું
અદિતિ સ્ત્રી૦ [स] (સં) દેવોની માતાનુ નામ
અદિયો પુ૦ ભેટ
અદીઠ(-ઠું) વિ૦ [स अदृष्ट] દીઠેલુ નહિ તેવું; અદૃષ્ટ (૨) જોવાને અયોગ્ય
અદીન વિ૦ [स] દીન નહિ તેવું, તેજસ્વી
અદીંટ વિ૦ [અ+દીંટું] દીટા વિનાનું
અદુષ્ટ વિ૦ [स] દુષ્ટ નહિ તેવું
અદુઃખનવમી સ્ત્રી૦ [स] ભાદરવા સુદ નોમ, જ્યારે સ્ત્રીઓ દેવીપૂજા કરે છે
અદૂગડું વિ૦ [अर्ध-અધ+स उत्कुट्टक, प्रा. उक्कुडुग પરથી ?] જુઓ અધૂકડું. [-રહેવું =નિરાંત ન રહેવી, અજંપો થવો, મનમાં ઊંચાનીચા થવું.—રાખવું=અદૂગડું રહે એમ કરવું ઝંપવા ન દેવું.]
અદૂડોમદૂડો પું૦ છોકરાંની એક રમત
અદૂરદર્શી વિ૦[सं] ટૂંકી દૃષ્ટિનુ; લાંબો વિચાર નહિ કરનારું
અદૂષિત વિ૦ [स] દૂષિત નહિ એવુ
અદૃઢ વિ૦ [सं] દૃઢ નહિ એવું, અસ્થિર
અદૃશ્ય વિ૦ [स]દેખાય નહિ એવુ: ગુપ્ત (૨) અલોપ ૦વિદ્યા સ્ત્રી૦ ગુપ્ત રહેવાની કળા
અદૃષ્ટ વિ૦[स] દીઠેલુ-જણાયેલુ નહિ તેવુ(૨) ન૦ભાગ્ય, ૦પૂર્વ વિ૦ પૂર્વે નહિ દેખાયેલું, તદ્દન નવીન ૦મત પુ૦ જુઓ અદૃષ્ટવાદ ૦વશાત્ અ૦ દૈવયોગે ૦વાદ પું૦ નસીબવાદ. ૦વિદ્યા સ્ત્રી૦ ભવિષ્ય જાણવાની વિદ્યા (૨) અદૃષ્ટ રહેવાની વિદ્યા; જાદુ -ષ્ટાર્થ વિ૦ ગૂઢ અર્થવાળું (૨) આત્મજ્ઞાનને લગતું
અદૃષ્ટિ સ્ત્રી૦ [स] ખરાબ દૃષ્ટિ, ક્રોધ ભરેલી અથવા ઝેરી નજર
અદેખું,-ખિયું વિ૦ [અ+દેખવું] અદેખાઈવાળું. -ખાઈ સ્ત્રી૦ બીજાની સારી સ્થિતિ દેખી ન ખમાવાથી થતી દ્વેષની લાગણી; ઈર્ષા
અદેય વિ૦[स]આપી ન શકાતું કે ન આપવા જેવું
અદેહી વિ૦ [स] શરીર વિનાનુ, અશરીરી
અદો પું૦ આતો, દાદો (૨) 'ઉદય હો ! જય હો !' એવા અર્થનો પોકાર ૦ભવાની શ૦પ્ર૦ ભવાનીનો-માતાનો ઉદય થાઓ ! (૨) [લા]હીજડો
અદોદળું વિ૦[અ+દોદળું](કા.)ચરબીથી જાડું થઈ ગયેલું, સ્થૂલ
અદોષ,-ષિત,-ષી વિ૦ [स] નિર્દોષ
અદ્દલ અ૦ [જુઓ અદલ] બરાબર, સચોટ
અદ્ભુત વિ૦ [स]આશ્ચર્યકારક, અલૌકિક(૨) ન૦ ચમત્કાર, આશ્ચર્ય. ૦કથા સ્ત્રી૦ અદ્ભુત બનાવો વર્ણવતી વાર્તા, 'રોમાન્સ'. ૦કર્મા વિ૦ અદ્ભુત કર્મ કરનાર ૦તા સ્ત્રી૦ ૦દર્શન વિ૦ અદ્ભુત દેખાવવાળુ ૦રસ પુ૦ કાવ્યના નવ રસોમાંનો એક
અદ્ય અ૦ [सं.] આજ (૨) હમણાં. ૦તન વિ૦ આજનુ, વર્તમાન (૨) છેલ્લામા છેલ્લુ, 'અપ-ટુ-ડેટ' -દ્યાપિ અ૦ [स] હજુ પણ
અદ્રક ન૦ [हि अदरक, स आर्द्रक] આદુ
અદ્રવ વિ૦ [स] પ્રવાહી નહિ તેવુ (૨) ઓગળે નહિ તેવું
અદ્રાવ્ય વિ૦ [स.] ઓગાળી ન શકાય તેવું
અદ્રિ પુ૦ [स] પર્વત ૦જ વિ૦ પર્વતમા ઉપજેલું ૦જા, ૦સુતા સ્ત્રી૦ (સં.) હિમાલયની પુત્રી-પાર્વતી ૦પતિ, ૦રાજ પુ૦(મ ) પર્વતોનો રાજા-હિમાલય ૦સાર પું૦ લોખંડ
અદ્રોહ પું૦ [स] દ્રોહનો અભાવ -હી વિ૦ દ્રોહી નહિ એવુ. -હ્ય વિ૦ જેનો દ્રોહ ન કરવો જોઈએ વા ન કરી શકાય એવુ
અદ્વય વિ૦ [सं] અજોડ (૨) ન૦ એકતા
અદ્વિતીય વિ૦ [स] અજોડ; અનન્ય
અદ્વેષ વિ૦[सं] દ્વેષરહિત(૨)પું૦ દ્વેષનો અભાવ. ૦તા સ્ત્રી૦ દ્વેષરહિતપણું. -ષ્ટા વિ૦ [सं] દ્વેષ નહિ કરનાર
અદ્વૈત ન૦[स]એકતા(૨)જીવાત્મા અને પરમાત્માની એકતા(૩) બ્રહ્મ ૦ભાવ પું૦ ભેદબુદ્ધિનો અભાવ ૦મત પું૦ અદ્વૈતવાદ. ૦વન ન૦ (સં.) પુરાણોમા આવતુ એક કલ્પિત વન. ૦વાદ પુ૦ જીવાત્મા અને પરમાત્મા એક જ

છે એવો મત, જગતનું મૂળ તત્ત્વ એક જ છે એવો મત, વેદાંત ૦વાદી વિ૦(૨)પું૦ અદ્વૈતવાદમાં માનનાર ૦તાનંદ પું૦ બ્રહ્માનંદ

**અધ** વિ૦[સં.अर्ध]અડધું (સામાન્ય રીતે શબ્દની પૂર્વે સમાસમાં વપરાય છે) **૦કચરું** વિ૦ અડધું કચરેલું—છૂંદેલું (૨)કાચું પાકું (૩)[લા] અર્ધદગ્ધ **૦કોસ** પું અર્ધો કોસ, અધગાઉ **૦ખાધું** વિ૦ અડધું ખવાઈ ગયેલું (૨) ભેગવાળી(વાત). **૦ખોખરું** વિ૦ ફૂટેલું—કચરેલું. **૦ખોલું** વિ૦ અડધું ઉઘડેલું **૦ગજ** પું૦ આશરે બાર ઇંચ **૦ગજી** વિ૦ અધગજ જેટલું **૦ગાઉ** પું૦ અડધો ગાઉ **૦ગારિયું** ન૦ માટીનું અને છાણનું મિશ્રણ **૦ઘડી** સ્ત્રી૦ અડધી ઘડી- થોડી વાર **૦પયું** વિ૦ અડધું પીધું પાણીપીધું (૨) અડધું પચેલું **૦પડિયાળી** વિ૦ સ્ત્રી૦ અડધી મીંચેલી, મસ્તી ભરેલી (આંખ) **૦બળ્યું** વિ૦ અડધું બળેલું (૨)અદેખું ,કંકાસિયું **૦ભણ્યું** વિ૦ અધકચરા ભણતરવાળું; અર્ધદગ્ધ **૦ભાગ** પું૦ અડધો ભાગ **૦મણ** ન૦ મણનો અર્ધો ભાગ **૦મણિયું** વિ૦ જેમાં અર્ધો મણ માય તેવું (પાત્ર)(૨) અર્ધા મણના વજનનું **૦મણિયો, ૦મણીકો** પું૦ અધમણનું કાટલું **૦મૂઉં** વિ૦ અડધું મરેલું **૦મૂંઢ્યું** વિ૦ અડધું મૂંડેલું (૨) અડધું કરીને બાકી રહેલું **૦રાત** સ્ત્રી૦ અડધી રાત (૨) [લા] ભારે અગવડનો વખત. **૦રાત મધરાત** અ૦ રાત્રે ખૂબ મોડે—ગમે તે વખતે (૨) અણીને વખતે **૦વચ** સ્ત્રી૦ મધ્ય વચ (૨) અ૦ મધ્યમાં, વચમાં(૩)પૂરું થતા પહેલાં **૦વચરું** વિ૦ વચ્ચે લટકતું (૨) અધવચ આવીને અટકેલું (૩) અવવધરું (૪) અધવચ વિકૃત થયેલું **૦વચાળ** અ૦ જુઓ અધવચ **૦વધરું** વિ૦ કાચી સમજવાળું, અર્ધદગ્ધ **૦વાર** પું૦ અડધો વાર (માપ) (૨) અડધોઅડધ કરીને આપવું તે **૦વારવું** અ૦ ક્રિ૦ અડધું થવું (૨)સ૦ ક્રિ૦ અડધોઅડધ કરવું **૦વારિયું** વિ૦ અડધું કરેલું (૨) ન૦ અડધું કરેલું કામ (૩) જુઓ અધવારું **૦વારું** ન૦ બે સ્થળે રહેવાનું રાખવું તે (૨) અડધે ભાગે ભાગિયો રાખવો તે **૦વાલ** સ્ત્રી૦ અડધો વાલ **૦વાલી** સ્ત્રી૦ ૧॥ રતીભારનું વજન—કાટલું (૨) અડધી પાલીનું એક માપ **૦વાવર્યું** વિ૦ અડધું વાવરેલું —ખરચેલું. **૦સસતું** [અર્ધ+શ્વસ્ (प्रा मस) પરથી ?] વિ૦ અધમૂઉં. **૦સૂકું** વિ૦ અડધું-પડધું સુકાયેલું.

**અધકૂડું** વિ૦ જુઓ અધૂકડું કે અઢૂગડું

**અધણિયાતું** વિ૦ માલિક વિનાનું

**અધધધ** અ૦ આશ્ચર્ય અને બહુપણું દર્શાવનાર [ઉદ્ગાર

**અધન(—ની)** વિ૦ [સં] નિર્ધન, પૈસા વિનાનું

**અધન્ય** વિ૦ [સં.] ધન્ય નહિ એવું, અભાગી (૨) તુચ્છ **૦તા** સ્ત્રી૦

**અધમ** વિ૦ [સં] નીચ, નઠારું, હલકટ (૨) ધિક્કારવા યોગ્ય **૦તા** સ્ત્રી૦ **—માધમ** વિ૦ અધમમાં અધમ **—માંગ** ન૦ શરીરનું નીચલું અંગ, પગ **—મોદ્ધાર** પું૦ અધમનો—પાપીનો ઉદ્ધાર (૨) પાપીનો ઉદ્ધાર કરનારો—ઈશ્વર. **—મોદ્ધારક** વિ૦ પાપીનો ઉદ્ધાર કરનારું **—મોદ્ધારણ** વિ૦ પાપીને તારનાર (૨) ન૦ પાપીને તારવો તે

**અધમણ, —ણિયું, —ણીકો** જુઓ 'અધ'માં

**અધમૂઉં** વિ૦ જુઓ 'અધ'માં

**અધર** વિ૦[સં]નીચેનું (૨)પું૦ નીચલો હોઠ, હોઠ **૦પાન** ન૦ અધરરસનું પાન, અધર પર ચુંબન **૦મધુ** ન૦ અધરરસ **૦રસ** પું૦ અધરમાંથી ઝરતો રસ **૦સુધા** સ્ત્રી૦,**—રામૃત** ન૦ અધરરસરૂપી અમૃત **—રાંશ** પું૦નીચેનો ભાગ **—રો(—રૌ)ષ્ઠ** પું૦ નીચેનો હોઠ

**અધ(—ધ્ધ)ર** અ૦ જુઓ અધ્ધર **૦તાલ** વિ૦ લટકતું, અનિશ્ચિત

**અધરકવું** સ૦ ક્રિ૦ અફરકવું; દૂધ મેળવવું—આખરવું **—ણ** ન૦ આખરામણ

**અધરણ** ન૦ જુઓ આવણ, આધરણ

**અધરતું** વિ૦ અધવચ બંધ પડેલું, રઝળતું

**અધરવટ** અ૦ અંતરિયાળ

**અધરાત** સ્ત્રી૦ જુઓ 'અધ'માં

**અધરાયું** વિ૦ નહિ ધરાયેલું, અતૃપ્ત

**અધરેકવું, —ણ** જુઓ અધરકવું, —ણ

**અધર્મ** પું૦ [સ] ધર્મ નહિ તે, પાપ, અનીતિ (૨) અન્યાય (૩) અકર્તવ્ય (૪) શ્રુતિસ્મૃતિ વિરુદ્ધ કર્મ કે વર્તન [અધર્મનું=હરામનુ, અનીતિનુ. આવવું. લેવું, ખાવું, ઇચ્છવું વગેરે સાથે] ૦તા સ્ત્રી૦ **-ર્માચરણ** ન૦, **-ર્માચાર** પુ૦ ધર્મવિરુદ્ધ વર્તન. **-ર્માચારી** વિ૦ અધર્મી **-ર્મી** વિ૦ ધર્મવિરુદ્ધ વર્તનારું, પાપી. **-ર્મ્ય** વિ૦ અધર્મવાળુ: ધર્મવિરુદ્ધ

**અધવચ.** ૦રું, **-ચાળ** જુઓ 'અધ'મા

**અધવધરું.** વિ૦ જુઓ 'અધ'મા

**અધવાયું** વિ૦ [સ अध्व+वाहक ?] ગાડા ભાડે ફેરવનારું. (૨) ન૦ તેવો ધંધો [ઢોરનો વેપારી

**અધ(-ધો)વાયો** પુ૦ ગાડા ભાડે ફેરવનાર (૨)

**અધવાર, ૦વું, -રિયું, -રું** જુઓ 'અધ'મા [અધવાર્યા ઉનાળાની છેદાછા=(અર્ધા ઉનાળા-ગ્રીષ્મ ઋતુની)ઘણી ભારે ઘેલછા]

**અધસ્** અ૦[સ] જુઓ અધ. ૦સ્વસ્તિક પુ૦ બરાબર પગ નીચેનું આકાશબિંદુ (ખ)

**અધઃ** [સ] અ૦ નીચે (સમાસમા નામ કે વિ૦ પૂર્વે 'નીચે' 'નીચેનુ' એવા અર્થમા) ૦કાય સ્ત્રી૦ શરીરનો નીચલો ભાગ ૦પતન ન૦ જુઓ અધઃપાત ૦પતિત વિ૦ અધોગતિને પામેલુ. ૦પાત પુ૦ નીચે પડવુ તે (૨) અધોગતિ ૦શય્યા સ્ત્રી૦ જમીન પર પથારી કે સૂવુ તે

**અધાક** વિ૦ ધાક-દાબ વિનાનું

**અધાતુ** સ્ત્રી૦ [સં.] ધાતુ નહિ તે ૦ક વિ૦ ધાતુનું નહિ તેવુ [અધાધૂધી

**અધાધંધ, અધાધું(-ધૂં)ધ(-ધી)** સ્ત્રી૦ જુઓ

**અધાધૂ(-ધો)મ** અ૦ સાવ, નગતાળ

**અધાર** વિ૦+આધાર વિનાનું (૨) અસહ્ય

**અધાર્મિક** વિ૦[સં]ધાર્મિક નહિ એવુ ૦તા સ્ત્રી૦

**અધાંધ** વિ૦ [સ अर्ध+अंध] અર્ધુ-લગભગ આધળુ, ઝાખુ દેખતુ

**અધિ** [સ] ઉપસર્ગ. નામ પૂર્વે આવતા 'મુખ્ય' 'શ્રેષ્ઠ' 'અધિક' એવો ભાવ બતાવે ઉદા૦ 'અધિરાજ, અધિક્રમણ'

**અધિક** વિ૦ [સ] વધારે. વધારાનું (૨) ન૦ એક નિગ્રહસ્થાન, હેતુ, વ્યાપ્તિ અને દૃષ્ટાન્તથી જે સિદ્ધ થાય તેનાથી અધિક સિદ્ધ કરવું તે (ન્યા શા) (૩) અતિશયોક્તિ જેવો એક અલંકાર (કા.શા) ૦તર વિ૦ વિશેષ વધારે ૦તા સ્ત્રી૦. ૦તિથિ સ્ત્રી૦ જેમા બે સૂર્યોદય આવી જતા હોય તેવી તિથિ ૦પાંસળિયું વિ૦ જુઓ અદકપાંસળિયુ ૦પ્રસંગ પુ૦ વધારેપડતો પ્રસંગ-પરિચય (૨) હદ બહારની છૂટ ૦માસ પું૦ વધારાનો મહિનો, પુરુષોત્તમ માસ. **-કાઈ** સ્ત્રી૦ અધિકતા. મોટાઈ **-કાધિક** વિ૦ ઘણુ વધારે **-કાલંકાર** પુ૦ જુઓ અધિક(કા શા.). **-કાંગ** ન૦ વધારાનો અવયવ (૨) બખ્તર ઉપર બાંધવાનો પટો **-કુ** વિ૦ અધિક (પ) **-કોત્તર** વિ૦ હદથી-શિરસ્તાથી વધારે (૨) અલૌકિક વિલક્ષણ **-કોત્સાર** પુ૦ 'હાઇ-પરબોલા' (ગ)

**અધિકરણ** ન૦ [સ] અધિકૃત કરવુ તે(૨)સ્થાન, આશ્રય(૩)[વ્યા] સાતમી વિભક્તિનો અર્થ

**અધિકાઈ, -ધિક** જુઓ 'અધિક'મા

**અધિકાર** પુ૦ [સ] સત્તા હકૂમત (૨) પદવી(૩) પાત્રતા. લાયકાત(૪)હક(પ)પ્રકરણ (૬) [વ્યા] મુખ્ય નિયમ જે બીજા નિયમો પર અધિકાર ચલાવે છે (૭) શબ્દનો વાક્યમા સંબંધ ૦ભેદ પુ૦ અધિકારના ભેદ **-રી** વિ૦ પાત્ર, લાયક (૨) હકદાર (૩) પુ૦ યોગ્યતાવાળો પુરુષ (૪) અમલદાર **-રિતા** સ્ત્રી૦ અધિકારીપણુ (૨) યોગ્યતા

**અધિકાલંકાર** પુ૦ [સ] જુઓ 'અધિક'મા

**અધિકાંગ** ન૦ [સ] જુઓ 'અધિક'મા

**અધિકુ** વિ૦ (પ) અધિક [સત્તાવાળ

**અધિકૃત** વિ૦ [સ] નીમેલુ (૨) સત્તાવાળું (૩)

**અધિકૃતિ** સ્ત્રી૦ [સ] અધિકાર

**અધિકોત્તર** વિ૦ [સ] **અધિકોત્સાર** પુ૦ [સ] જુઓ 'અધિક'મા

**અધિક્રમણ** ન૦ [સ] હુમલો હલ્લો

**અધિક્ષેપ** પું૦ [સ] અપમાન, નિંદા અપશબ્દ કહેવો તે

**અધિગત** વિ૦ [સ] જાણેલુ (૨) મેળવેલુ

**અધિગમ** પુ૦, ૦ન ન૦ [સ] પ્રાપ્તિ, લાભ(૨) અભ્યાસ. જ્ઞાન (૩) સ્વીકાર **-મ્ય** વિ૦ જાણવા યોગ્ય (૨) મેળવવા યોગ્ય

અધિત્યકા સ્ત્રી૦ [સં] ઊંચાણ પર આવેલો પ્રદેશ. 'ટેબલલૅન્ડ'
અધિદેવ પું૦ [સં] શ્રેષ્ઠ દેવ, પરમેશ્વર(૨)રક્ષક દેવ (૩) મુખ્ય અધિષ્ઠાતા દેવ ૦તા સ્ત્રી૦(૨) પું૦બ૦ વ૦ અમુક સ્થળ કે વસ્તુનો ખાસ દેવ કે દેવી; રક્ષક દેવ કે દેવી
અધિદૈવ ૦ત ન૦ [સં] મુખ્ય બળ પ્રધાનશક્તિ
અધિનામી વિ૦ નામીઓમાં શ્રેષ્ઠ
અધિનાયક પું૦ [સં] મુખ્ય નાયક
અધિનેત્રી સ્ત્રી૦ [સં] સ્ત્રી-અધિનાયક
અધિપ પું૦ [સં] રાજા, ઉપરી, મુખી
અધિપતિ પું૦ [સં] જુઓ અધિપ (૨)વર્તમાનપત્ર ચલાવનાર ૦પણું ન૦ [જડ સૃષ્ટિ
અધિભૂત ન૦ [સં] એક-પરમ તત્ત્વ (૨) સકળ
અધિમાંસ પું૦ [સં] એક જાતનો રોગ, 'ટ્યૂમર'
અધિયજ્ઞ પું૦ [સં] શ્રેષ્ઠ યજ્ઞ (૨) યજ્ઞનો અધિષ્ઠાતા દેવ
અધિયારી સ્ત્રી૦ (કા) અધ ભાગી, કોઈ પણ ચીજ કે માણસમાં ભાગીદાર (૨) વેઠ [—મારવી=નકામી ... વગર લાભની નકામી પંચાતમાં પડવું]
અધિયાર ન૦ વિયાય ત્યાં સુધી ઢોરને પાળવા ભાગે આપવું-અધવાર કરવું તે
અધિયુ વિ૦[સં અર્ધ-વીં]૦ન૦ મઝમ —યો વિ૦પું૦
અધિયોગ પું૦ [સં] ગ્રહોનો શુભ યોગ
અધિરાજ (-જા) પું૦ [સં] સમ્રાટ, રાજાનો રાજા —જ્ય ન૦ સામ્રાજ્ય
અધિરૂઢ વિ૦ [સં] આરૂઢ [બેસવું તે
અધિરોહણ ન૦ [સં] ચડવું તે (૨) ગાદીએ
અધિવાસ પું૦ [સં] મુખ્ય રહેઠાણ (૨) ખુશબો (૩) જુઓ 'અધિવાસન' (૪) પડોશી ૦ન દેવની પ્રતિષ્ઠા કરવી તે (૨) શરીરે સુગંધી લગાવી વસ્ત્ર પહેરવાં તે
અધિવાસર પું૦ [સં] ઉત્સવનો દિવસ,તહેવાર
અધિવેશન ન૦[સં] (સભા ઇ૦ની) બેઠક
અધિષ્ઠાતા પું૦ [સં] મુખ્ય કરીને સ્થાપ્યા હોય તે (દેવ રાજા, કારભારી વગેરે) (૨) નિયામક —ત્રી સ્ત્રી૦ અધિષ્ઠાતા સ્ત્રી —ન ન૦ મુખ્ય સ્થાન, રહેઠાણ (૨) આધાર(૩) સત્તા પ્રભાવ

અધિષ્ઠિત વિ૦ [સં] સ્થાપેલું નીમેલું (૨) ઉપરી થઈને રહેલું (૩) વસેલું
અધીત વિ૦[સં] ભણેલું,ભણેલું (૨)ન૦અધ્યયન
અધીન વિ૦ [સં] વશ, તાબેદાર ૦તા સ્ત્રી૦, ૦ત્વ ન૦
અધીર વિ૦ [સં] ઉતાવળું, ચંચળ(૨) સ્ત્રી૦ અધીરાઈ ૦તા સ્ત્રી૦, —રા વિ૦સ્ત્રી૦ ધીરજ ખોઈ કોપ કરે તેવી (નાયિકા) (૨) વીજળી
અધીરજ, —તા,—પ.અધીરાઈ સ્ત્રી૦અધીરાપણું ન૦ ધીરજનો અભાવ [અધીરાઈ આવવી=ધીરજ ન રહેવી અધીર-ઉતાવળું થવાનું —રાખવી, —લાવવી=અધીરું બનવું, મનને અધીરું-ઉતાવળું કરવું]
અધીરું વિ૦ધીરજ ખોઈ બેઠેલું અધીર કે ઉતાવળું
અધીશ,—શ્વર પું૦ [સં] રાજાધિરાજ સમ્રાટ (૨) ઈશ્વર
અધુકું અ૦ (ગ્રા૦ ?) અડધું
અધુના [સં] હમણાં [વીતી જવી
અધુસારકું અ૦ક્રિ૦ (કા) લગભગ અર્ધો મુદત
અધૂકડું વિ૦ જુઓ અદૂગડું ઊભે પગે બેઠેલું કે બરાબર બેઠેલું નહીં તેવું
અધૂરિયું વિ૦ અધૂરું અપૂર્ણ
અધૂરું વિ૦ [પ્રા૦ હિ, મ સં અર્ધ-પૂર્ણ ?] અપૂર્ણ,ખાલી ઊણું [અધૂરા પૂરા કરવા= આયુષ્યના ખાલી દહાડા જેમ તેમ કરી કાઢવા અધૂરામાં પૂરું=જાણે અધૂરું કે ખાલી હોય ને પૂરું કરતું હોય એમ (બળતામાં ઘી જેવું) —છોડવું. અટકવું રાખવું=પૂરું ન કરવું અધૂરે આવવું, અવતરવું, જન્મવું= નવ માસના પૂરા સમય પહેલા જન્મ થવો અધૂરે જવું=કસુવાવડ થવી અધૂરો ઘડો છલકાયો=અપૂર્ણ કે અધકચરું હોય તે જ્ઞાનીપણાનું ખોટું જોર કે ગુમાન દાખવવું]
અધેડ વિ૦ જુઓ આધેડ [અડધો પૈસો
અધેલી સ્ત્રી૦ [સં અર્ધ] અડધો રૂપિયો —લો પું૦
અધૈર્ય ન૦ [સં] ધૈર્યનો અભાવ
અધો અ૦ [સં] અધ, નીચે (અધ નું ઘોષ વ્યંજન પહેલાં સમાસમાં થતું રૂપ) ૦ગત વિ૦ પતિત અવનત (૨)નરકમાં પહેલું ૦ગતિ

સ્રી૦ અવનતિ; પડતી (૨) નરકમાં પડવું તે અવગતિ ૦ગામી વિ૦ નીચે – પતન તરફ જનારું ૦દૃષ્ટિ સ્રી૦ નીચી નજર ૦દ્વાર ન૦ ગુદા ૦બિંદુ ન૦પગની નીચેનું બિંદુ ૦મુખ વિ૦નીચા મોંવાળું (૨)ન૦ નીચું મોં ૦લોક પું૦ નાગલોક, પાતાળલોક(૨)ઊતરતી પંક્તિના લોક. ૦વાયુ પું૦ અપાનવાયુ

**અધોટ(–ડ)** વિ૦ જુઓ આવેડ

**અધોટિયું** ન૦ શેરડીના રસની કોઠી અડધી કરવી તે [–કાઢવું=અર્ધી કોઠી રસ કાઢવો]

**અધોટી** સ્રી૦ શેરડીનો ઉકાળેલો રસ

**અધોડું** ન૦ [म अधोड, हि अधौडी] મૂએલા ઢોરના બદલામાં ચમાર તેના માલિકને જે ચામડું આપે તે

**અધોતર** ન૦ [સર૦ हिं] એક જાતનું જાડું કપડું

**અધોતું** ન૦ વપરાયેલું કે જીર્ણ વસ્ત્ર

**અધોધ** [सं अधोऽधः] નીચે ને નીચે ઊતરતું

**અધોલ** ન૦ [सं अधस्तल] પર્વતની તળેટી પાસેનો સપાટ પ્રદેશ

**અધોવાયો** પું૦ જુઓ અધવાયો

**અધોળ** ન૦ [अर्ध+तोल ?] અઢી રૂપિયાભાર વજન **–ળી** સ્રી૦ અધોળનું માપિયું કે વજન –કાટલું. **–ળું** ન૦ અધોળનું કાટલું

**અધ્ધર** અ૦અધર,હવામાં લટકે એમ, ટેકા વિના (૨) અનિશ્ચિત [–જવાબ=ઉડાઉ કે તપાસ વગરનો અચોકસ જવાબ –ઉડાવવું= ઉડાઉ જવાબથી કે ગમેતેમ કાઢી નાખવું સીધો જવાબ ન દેવો (૨)ખબર ન પડે તેમ લઈ લેવું–ઉપાડવું **–ને અધ્ધર ચાલવું, રહેવું** = બેપરવાઈ કે મગરૂરીથી યા કામમાં ટેકો નમાવ્યા વગર વર્તવું **–ને અધ્ધર રાખવું**=ઊંચું ને ઊંચું કે ખડે પગે (માણસને) રાખવું, જંપીને બેસવા ન દેવું (૨) ફૂલ પેઠે ઊંચકી રાખીને સંભાળવું (માથું)**અધ્ધર કરવું**=(અભિમાનની તોરી કે મસ્તીમાં)કોઈને ગણકારવું નહિ (૨) રોગથી માથું ચક્કર ફરતું લાગવું.**–રાખવું**=(નામામાં) રકમ ચોપડે ન નાંખવી **–લણવું** = ઊભે છોડે કણસલાં લણવાં]

**અધ્ધરથી** અ૦કોઈ ઠામ ઠેકાણા વગર હવામાંથી; અનિશ્ચિત, તપાસ વગર–અચોકસ

**અધ્ધર-તાલ** અ૦ અધ્ધર

**અધ્ધર-પધ્ધર** અ૦ તદ્દન અધ્ધર

**અધ્યક્ષ** પું૦ [सं.] ઉપરી, મુખ્ય અધિકારી(૨) (સભાનો) પ્રમુખ **૦પદ, ૦સ્થાન** ન૦ અધ્યક્ષની જગા

**અધ્યક્ષર** પું૦ [सं.] મુખ્ય અક્ષર, ઓમ્કાર

**અધ્યયન** ન૦ [सं] ભણવું તે

**અધ્યવસાન** ન૦[सं]તાદાત્મ્ય, તદ્રૂપતા(કા શા)

**અધ્યવસાય** પું૦ [सं.] પ્રયત્ન; મહેનત (૨) નિશ્ચય (૩) ખંત

**અધ્યસ્ત** વિ૦ [सं.] આરોપિત, માની લીધેલું

**અધ્યા,–ધ્યો** પું૦ – જુઓ અધ્યાય

**અધ્યાત્મ** વિ૦[सं]આત્મા–પરમાત્મા સંબંધી (૨) ન૦ બ્રહ્મજ્ઞાન આત્મજ્ઞાન **૦જ્ઞાન** ન૦ બ્રહ્મજ્ઞાન. **૦યોગ** પું૦ મનની વૃત્તિઓને બાહ્ય પદાર્થોમાંથી પાછી ફેરવીને આત્મામાં જોડવી તે **૦વિદ્યા** સ્રી૦ આત્મવિદ્યા; બ્રહ્મવિદ્યા **૦શાસ્ત્ર** ન૦ અધ્યાત્મ, યોગ ઇત્યાદિનું શાસ્ત્ર **–ત્મિક** વિ૦[सं]અધ્યાત્મને લગતું, આધ્યાત્મિક **–ત્મેન્દ્રિય** સ્રી૦ આધ્યાત્મિક વિષયને સમજવાની ઇન્દ્રિય [લખાય છે ‘અ૦’)

**અધ્યાપક** પું૦[सं] શિક્ષક ‘પ્રોફેસર’ (ટૂંકમાં

**અધ્યાપન** ન૦ [सं] ભણાવવું તે **૦મંદિર** ન૦ શિક્ષકોને શિક્ષણશાસ્ત્ર ભણાવનારી શાળા

**અધ્યાપિકા** સ્રી૦ [सं] શિક્ષિકા, સ્રી-અધ્યાપક

**અધ્યાય** પું૦ [सं] પ્રકરણ

**અધ્યાર** અ૦ [सं अध्याहार] અધ્યાહાર રખાયું હોય તેમ: અનુક્ત. બાકી ઉદા૦ ‘આ વાક્યમાં પદ અધ્યાર છે’ એમ બોલાય છે

**અધ્યારી** સ્રી૦(કા)અધિયારી કોગટની પંચાત, ખાલી માથાકૂટ

**અધ્યારુ** પું૦[सं अध्वर्यु] જુઓ અધ્વર્યુ (૨) મહેતાજી, માસ્તર (૩) નોતરિયો (૪) મોબેદ; પારસીઓનો ધર્મગુરુ(૫) એક બ્રાહ્મણ અટક

**અધ્યારૂઢ** વિ૦ [सं] ઊંચે ચડેલું (૨) શ્રેષ્ઠ

**અધ્યારોપ** પું૦,**૦ણ** ન૦[सं] ન હોય તેવા ગુણ-ધર્મોનું આરોપણ કરવું તે (૨) ભૂલભરેલું જ્ઞાન

**અધ્યારોહણ** ન૰ [સં] ઊંચે ચડવું તે
**અધ્યાસ** પું૰ [સં] જુઓ અધ્યારોપ (૨) મિથ્યા આરોપણ (૩) નિરંતર રહેતું લક્ષ કે ઊંડું ચિંતન
**અધ્યાસવું** સ૰ક્રિ૰ [સં अध्यास्] અધ્યાસ કરવો
**અધ્યાહરણ** ન૰ [સં] જુઓ અધ્યાહાર
**અધ્યાહાર** પું૰ [સં] અર્થ સમજવા અનુક્ત પદ અથવા અર્થનું ઉમેરવું-લાવવું તે [—રહેવું. —હોવું = વાક્યમાં (પદ) ન કહેલું-બાકી રહેવું કે હોવું —રાખવું = (પદ) બાકી કે ન કહેલું રાખવું. —લેવું = ખૂટતું (પદ) ઉમેરવું ]
**અધ્યાહૃત** વિ૰ [સં.] અધ્યાહાર રાખેલું
**અધ્યેતા** પું૰ [સં] વિશિષ્ટ વિદ્યાભ્યાસ કે સંશોધન માટે વિદ્યાપીઠ તરફથી ચૂંટાયેલો સ્નાતક (૨) વિદ્વાનોના મંડળનો સભ્ય, 'ફેલો' —ત્રી સ્ત્રી૰ સ્ત્રી-અધ્યેતા
**અધ્રુવ** વિ૰ [સં] અસ્થિર
**અધ્વ** પું૰[સં अध्वन्] અધ્વા, રસ્તો ૦ખેદ પું૰ [સં] મુસાફરીનો થાક ૦ગ પું૰ [સં] મુસાફર
**અધ્વર** પું૰ [સં.] યજ્ઞ —ર્યુ પું૰ [સં] યજ્ઞક્રિયા કરાવનાર, યજુર્વેદ જાણનારા બ્રાહ્મણ
**અધ્વા** પું૰ [સં] માર્ગ, અધ્વ
**અધ્વાંત** ન૰ [સં] અંધારાનો અભાવ, આછો પ્રકાશ (૨) જ્ઞાનનો અભાવ
**અન્** [સં] સ્વરથી શરૂ થતા શબ્દની પૂર્વે અભાવ, નકાર કે નિષેધ ઇત્યાદિ બતાવવા વપરાતો પૂર્વગ (જુઓ અ) [નિરક્ષર, અભણ
**અનક્ષર** વિ૰ [સં] બોલી ન શકે એવું, મૂગું (૨)
**અનગળ** વિ૰ [સં अनर्गल] જુઓ અનર્ગળ (૨) [અણ+ગળવું] અણગળ [સાધુ, સંન્યાસી
**અનગાર,-રિક** વિ૰ [સં] ઘરવિનાનું (૨) પું૰
**અનગ્નિ** પું૰ [સં] અગ્નિનો અભાવ (૨) વિ૰ અગ્નિહોત્રી નહિ તેવું (૩) સંન્યાસી (૪) અગ્નિમાદ્યથી પીડાતું [દોષરહિત
**અનઘ** વિ૰ [સં] અઘ-પાપ વિનાનું, નિષ્પાપ,
**અનત** વિ૰ [સં] નત-નમેલું નહિ એવું
**અનથ** વિ૰ નાથ્યા વિનાનું નિરંકુશ (૨) વીંધાવ્યા વિનાનું (૩) નથ વિનાનું
**અનઘડ** વિ૰ [અન+ઘડવું] અણઘડ, અસંસ્કારી
**અનદ્યતન** વિ૰[સં] અદ્યતન-આજનું નહિ એવું

**અનધિકારી** વિ૰[સં.] અધિકાર વિનાનું, અપાત્ર
**અનધિકૃત** વિ૰ [સં] અધિકૃત નહિ એવું
**અનધ્યાય** પું૰ [સં] અભ્યાસમાંથી છુટ્ટી
**અન(-ને)નાસ** ન૰ [પો] એક ફળ
**અનનુકૂલ(-ળ)** વિ૰ [સં] અનુકૂળ નહિ એવું; પ્રતિકૂળ
**અનનુનાસિક** વિ૰ [સં] અનુનાસિક નહિ તેવું
**અનન્ય** વિ૰ [સં] અન્ય-જુદું નહિ તેવું (૨) અનેક(૩)એકનિષ્ઠ ૦ગતિ સ્ત્રી૰ એક જ માર્ગ. ૦ગતિક વિ૰ અનન્ય ગતિવાળું ૦ચિત્ત વિ૰ જેનું ચિત્ત એક જ લક્ષ્યમાં લાગેલું છે તેવું (૨) ન૰ એકાગ્ર ચિત્ત ૦તા સ્ત્રી૰ ૦ત્વ ન૰ અનન્યપણું ૦ભાવ પું૰ અનન્યતા (૨) એક (ઈશ્વર) ઉપર જ ભક્તિ હોવી તે ૦યોગ પું૰ અનેક સંબંધ (૨) સારામાં સારા સંજોગ કે શુકન. ૦સાધારણ વિ૰ બીજા કોઈને ન મળે એવું દુર્લભ
**અનન્વય** પું૰ [સં] અન્વય-સંબંધનો અભાવ (૨) [કા. શા] જેમાં ઉપમેયની અસામાન્યતા દર્શાવવા એની જ ઉપમા અપાયેલી હોય તે અલંકાર
**અનન્વિ(-ન્વી)ત** વિ૰[સં] અસંબદ્ધ (૨) ખોટું
**અનપત્ય** વિ૰ [સં] અપત્ય વિનાનું વાંઝિયું
**અનપેક્ષ** વિ૰[સં] અપેક્ષારહિત, લાલસા વિનાનું (૨) કશા પણ સંબંધોથી પર, 'એબ્સોલ્યૂટ' ૦તા સ્ત્રી૰
**અનપેક્ષા** સ્ત્રી૰[સં] અપેક્ષા ન હોવી તે —ક્ષિત વિ૰ અપેક્ષિત નહીં એવું, વણમાગ્યું —ક્ષી વિ૰ અનપેક્ષ
**અનપેત** વિ૰ [સં] દૂર નહી એવું
**અનભિજ્ઞ** વિ૰[સં.] અજાણ(૨) મૂઢ ૦તા સ્ત્રી૰,
**અનભિજ્ઞાન** ન૰ [સં] અજાણપણું, મૂઢતા
**અનભિમાનિતા** સ્ત્રી૰ [સં] અભિમાનરહિતપણું, નમ્રતા
**અનભિહિત** વિ૰ [સં] અભિહિત નહી એવું
**અનભે** વિ૰ [અન+भे=ભય]+નિર્ભય ૦વાણી વિ૰ નીડર વાણી બોલનારું [ભણાયેલું
**અનભ્યસ્ત** વિ૰ [સં.] મહાવરા વિનાનું (૨) નહિ
**અનભ્યાસ** પું૰ [સં.] અભ્યાસનો અભાવ
**અનભ્ર** વિ૰ [સં] વાદળા વગરનું, સ્વચ્છ

**અનમઠયું** વિ૦ અપ્રિય, નહી ગોઠતું(૨)જુઓ અણમઠ્યુ
**અનમતું** વિ૦[स अन्यमनस्क]જુઓ અન્યમનુ
**અનમી** વિ૦ [અ+નમવુ] અણનમ
**અનમ્ર** [स] નમ્ર નહી એવુ. ઉદ્ધત
**અનય** પુ૦ [स] અનીતિ, અન્યાય(૨)આફત (૩) વિ૦ અન્યાયી દુષ્ટ
**અનર** પુ૦ [स] નર નહી એવુ. વ્યંઢળ
**અનરતું** વિ૦ નરનુ નહી એવુ સારૂં
**અનરથ** પુ૦ +અનર્થ, ખોટી વાત
**અનરાધાર** વિ૦ મૂશળધાર
**અનર્ગણ** વિ૦ [ભૂલથી 'અનર્ગલ' પરથી?]+ અપાર ખૂબ, અગણ્ય
**અનર્ગલ** (-ળ) વિ૦ [स] રુકાવટ-અંકુશ વિનાનુ (૨) અપાર પુષ્કળ [નહિ એવુ
**અનર્ઘ્ય** વિ૦ [स.] અમૂલ્ય (૨) પૂજાને યોગ્ય
**અનર્થ** વિ૦ [स] ખોટો અર્થ (૨) ખોટું કામ (૩) જુલમ **૦ક** વિ૦ નિરર્થક **૦વાદ** પુ૦ ખોટા-અનર્થક અર્થશાસ્ત્રનો વાદ
**અનલ**(-ળ) પુ૦ [स] અગ્નિ(૨) ગુસ્સો (૩) એક કલ્પિત પક્ષી [સ્ફૂર્તિવાળુ
**અનલસ** વિ૦ [स] આળસ-મંદતા વિનાનુ
**અનલહક**(-ક્ક) શ૦પ્ર૦[अ] (હુ હક-ખુદા છુ) 'अहं ब्रह्मास्मि' જેવુ સૂફી મહાવાક્ય
**અનવચ્છિન્ન** વિ૦ [स] અવચ્છિન્ન નહી એવુ એક — અખંડ
**અનવચ્છેદ** પુ૦ [स] અવચ્છેદનો અભાવ
**અનવદ્ય** વિ૦[स] અનિંદિત, સુંદર ખોડખામી વિનાનું **૦તા** સ્ત્રી૦
**અનવરત** વિ૦ [स] સતત, નિરંતર
**અનવલંબન** વિ૦ [स] અવલંબન વિનાનુ
**અનવસર** પુ૦ [स] અવસર નહિ તે, કવખત
**અનવસ્થા** સ્ત્રી૦[स] અવ્યવસ્થા, ગોટાળો (૨) [ન્યા] નિર્ણય અથવા છેડો ન આવે એવા વિધાનો-કથનોની પરંપરા (એક હેત્વાભાસ). **૦દોષ** પુ૦ અનવસ્થાયુક્ત તર્કદોષ
**અનવસ્થિત** વિ૦ [स.] અસ્થિર
**અનશન** ન૦[स]ઉપવાસ, આહાર બંધ કરવો તે **૦વ્રત** ન૦ મરણ પર્યંત ઉપવાસ કરવાનુ વ્રત
**અનશ્વ** પુ૦ [स] અશ્વ નહિ તે (૨) ગવેડો
**અનશ્વર** વિ૦ [स] નશ્વર-નાશવંત નહિ તેવું, નિત્ય, સ્થાયી
**અનસૂયા** સ્ત્રી૦[स]અસૂયા-દ્વેષનો અભાવ(૨) (સ) અત્રિ ઋષિની પત્ની
**અનસ્ત** વિ૦ [स] અસ્ત વિનાનુ
**અનસ્થ**,-**સ્થિક** વિ૦[स]અસ્થિ-હાડકા વિનાનુ
**અનહદ** વિ૦ [અન+હદ] હદ વગરનુ, અપાર
**અનહદ** વિ૦ [स अनाहत]+ જુઓ અનાહત **૦નાદ** પુ૦ જુઓ અનાહત નાદ
**અનળ** પુ૦ જુઓ અનલ
**અનહિત** ન૦ અહિત, અણહિત
**અનંક** વિ [स]અંક-આંકડા વિનાનુ, અસંખ્ય
**અનંગ** વિ૦ [स] અંગ વિનાનુ (૨) પુ૦ (સ) કામદેવ **૦રાનુ** પુ૦ (સ) મહાદેવ
**અનંત** વિ૦ [स] અપાર(૨) પુ૦ (સ) વિષ્ણુ, રુદ્ર બ્રહ્મા(૩)શેષનાગ(૪)બળરામ(૫)આકાશ (૬) જૈનોના ચૌદમા તીર્થંકર **૦કોટી**(-ટી) વિ૦ અસંખ્ય **૦ચતુર્દશી**, **૦ચૌદશ**(-સ) સ્ત્રી૦ ભાદરવા સુદ ચૌદશ **૦તા** સ્ત્રી૦ **૦ત્વ** ન૦ અપારપણુ **૦દોરો** પુ૦ અનંતચૌદશને દિવસે જમણે હાથે બાંધવામા આવતો ચૌદ ગાંઠવાળો રેશમી દોરો **૦બાહુ** વિ૦ અસંખ્ય હાથવાળુ **૦મૂલ** ન૦ એક ઔષધિ, ઉપલસરી **૦રાશિ** સ્ત્રી૦ બહુરાશિ (ગ) **૦રૂપ** વિ૦ અનંત રૂપવાળું **૦વીર્ય** વિ૦ અતુલ બળવાળુ **૦વ્રત** ન૦ અનંતચૌદશે પળાતુ વ્રત **૦શ્રેણિ**(-ણી)સ્ત્રી૦અનંત પદોવાળી શ્રેણી, 'ઇન્ફિનીટ સિરીઝ'[ગ] -**તા** સ્ત્રી૦ પૃથ્વી (૨) પાર્વતી (૩)એક ઔષધિ; ગળો -**ત્ય** વિ૦ અંત્ય-છેલ્લુ નહિ એવુ [ત્યાર બાદ
**અનંતર** વિ૦[स]નજીકનુ, પછીનુ(૨) અ૦ પછી;
**અનંતરાય** વિ૦[स]અંતરાય વિનાનુ, નિર્વિઘ્ન
**અનંતા**,-**ત્ય** [स] જુઓ 'અનંત'મા
**અનાકર્ષક** વિ૦[स] આકર્ષક-મોહક નહિ તેવુ
**અનાકાર** વિ૦ [स] આકાર વિનાનુ
**અનાગત** વિ૦ [स]અત્યાર સુધી નહિ આવેલુ, ભવિષ્યમા આવનાર-થનારું **૦વિધાતા** પું૦ અનાગત વિષે સાવધ-અગમચેતીવાળો માણસ

**અનાગમન** ન૦ [સં] આવવું નહિ તે

**અનાગરત્વ** ન૦ [સં] નાગરત્વનો અભાવ

**અનાગામી** વિ૦ [સં] આગામી નહીં તેવું (૨) બૌદ્ધમત પ્રમાણે ચારમાંની ત્રીજી ભૂમિકાએ પહોંચેલું [અનગાર

**અનાગાર.**–રિક વિ૦ (૨) પું૦ [સં] જુઓ

**અનાચ** ન૦ [ન अन्नास=અનેનાસ પરથી ? મરા૦ (સુ) ભોય અનાચ=અનેનાસ] (સુ) અનૂઠ. ચીતાફળ [દુરાચારી

**અનાચાર** પું૦ [સં] દુરાચાર અધર્મ –રી વિ૦

**અનાજ** ન૦ [સં अन्नाद्य] ધાન્ય દાણા [.–ભરવું =અનાજ ભરવું–જોઈ તો સંગ્રહ કરવો]

**અનાજ્ઞેય** વિ૦ [સં] આજ્ઞા ન કરી શકાય એવું

**અનાડ** પું૦ બગાડ નુકસાન (૨) [ન अनाड સ્ત્રી૦] અડચણ (૩) વિ૦ જુઓ અનાડી

**અનાડંબર** વિ૦ [સં] આડંબર વિનાનું

**અનાડી** વિ૦ [સં अज्ञानी] મૂર્ખ ગમાર (૨) હઠી જક્કી ૦વેડા પું૦બ૦વ૦ અનાડી જેવું વર્તન

**અનાત્મ** વિ૦ [સં] આત્મા વિનાનું, જડ (૨) પું૦ આત્મા નહીં તે–નાશવંત દેહ ૦ધર્મ પું૦ અનાત્મનો ધર્મ ૦વાદ પું૦ જડવાદ ૦વાદી વિ૦ તેમાં માનનાર –ત્મા પું૦ અજ્ઞાની પુરુષ

**અનાથ** વિ૦ [સં] નિરાધાર (૨) સ્ત્રી૦+દળદર ૦તા સ્ત્રી૦,૦પણું ન૦ દારિદ્ર્ય –થાલય ન૦, –થાશ્રમ પું૦ ન૦ અનાથોને પાળી પોષી કેળવનાર સંસ્થા (૨) નિરાધારોને રહેવા ખાવાનું સ્થાન (તિરસ્કારમાં)

**અનાથ્યુ** વિ૦ [અન્+નાથવું] નાથ્યા વિનાનું નિરંકુશ

**અનાદર** પું૦ [સં] અવજ્ઞા, અપમાન ૦ણીય વિ૦ અનાદર યોગ્ય

**અનાદિ** વિ૦ [સં] આદિરહિત (૨) પહેલું નહિ એવું ૦ત્વ ન૦ ૦મધ્યાંત વિ૦ આદિ, મધ્ય કે અંત વિનાનું ૦સિદ્ધ વિ૦ અનાદિ કાળથી સ્થાપિત થયેલું –દ્યંત [સં] વિ૦ આદિ કે અંત વિનાનું, સનાતન

**અનાદૃત** વિ૦ [સં] અનાદર પામેલું અપમાનિત

**અનાદ્યન્ત** વિ૦ [સં] જુઓ ‘અનાદિમાં’

**અનાધાર** વિ૦ [સં] આધાર વિનાનું, અનાથ

**અનામ(–મી)** વિ૦ [સં] નામ વિનાનું નનામું (૨) નામના વગરનું (૩) અવર્ણનીય ઉત્તમ (૪) પું૦ પરમેશ્વર

**અનામત** વિ૦ [અ અમાનત] સાચવી રાખવા સોંપેલું (૨) સ્ત્રી૦, ન૦ અનામત વસ્તુ થાપણ [– ખાતું ન૦ ચોપડાનું અનામત રકમની લેવડદેવડનું ખાતું – મૂકવું=સાચવી રાખવા સોંપવું (૨) (વગર વ્યાજે) થાપણ તરીકે રાખવા આપવું – રહેવું=ચોપડામાં રોકડના ખાતામાં ન પડવું–રોકડ અંદર રહેવી – રાખવું= રોકડના નફા ખાતામાં રકમ ન નાખવી]

**અનામતી** વિ૦ [જુઓ અનામત] અનામતને લગતું [૦ત્વ ન૦

**અનામય** વિ૦ [સં] નીરોગી (૨) ન૦ આરોગ્ય

**અનામિક** વિ૦ [સં] નનામું (૨) પું૦ અંત્યજ

**અનામિકા** સ્ત્રી૦ [સં] ટચલી આંગળી પાસેની આંગળી (૨) વીંટી [નિરામિષ

**અનામિષ** વિ૦ [સં] આમિષ–માંસ વિનાનું,

**અનામી** વિ૦ (૨) પું૦ જુઓ અનામ (૩) સ્ત્રી૦ હાડકી

**અનાયક** વિ૦ [સં] નાયક વિનાનું અવ્યવસ્થિત

**અનાયાસ** પું૦ [સં] આયાસ–શ્રમનો અભાવ (૨) આળસ (૩) સહેલાઈ, સુગમતા (૪) ફુરસદ, આરામ (૫) વિ૦ મહેનત વિનાનું, સહેલું –સે અ૦ વિના મહેનત સહેજે

**અનાર** ન૦ [ફા] દાડમ (૨) દાડમના ઘાટની દારૂખાનાની કોઠી ૦કળી સ્ત્રી૦ દાડમની કળી

**અનારત** વિ૦ [સં] અવિરત નિરંતર

**અનારસું** ન૦ [મ अनारसा] ચોખાના લોટનું બનાવાતું એક પકવાન

**અનારંભ** પું૦ [સં] આરંભ ન કરવો તે અપ્રવૃત્તિ

**અનારોગ્ય** ન૦ [સં] માંદગી (૨) વિ૦ રોગી

**અનાર્દ્ર** વિ૦ [સં] આર્દ્ર નહિ એવું

**અનાર્ય** વિ૦ [સં] આર્ય નહિ તેવું કે તેને લગતું (૨) અસભ્ય (૩) આર્યને અનુચિત (૪) પું૦ આર્ય નહિ તે–મ્લેચ્છ, યવન વગેરે જાતિનો માણસ

**અનાલાપ** પું૦ [સં] મૌન, ઓછાબોલાપણું

**અનાવડ(૦ત)** સ્ત્રી૦ [અન્+આવડ] આવડતનો અભાવ, અજ્ઞાન

**અનાવર્તી** વિ૦ [સ] ફરી ફરી ન આવે તેવું
**અનાવલા** વિ૦[સ અનાવિલ]અનાવિલ જ્ઞાતિનુ. **–લો** પું૦ એ જ્ઞાતિનો પુરુષ [બિનજરૂરી
**અનાવશ્યક** વિ૦ [સ] આવશ્યક નહિ એવું;
**અનાવિદ્ધ** વિ૦ [સં] અણવીધ્યું
**અનાવિલ** વિ૦ [સ] દોષરહિત સ્વચ્છ (૨) એ નામની એક જ્ઞાતિનુ
**અનાવૃત** વિ૦ [સ] ઢાંક્યા વિનાનુ, ઉઘાડું (૨) અરક્ષિત
**અનાવૃત્ત** વિ૦ [સ] ફરી પાછું ન ફરેલુ. **–ત્તિ** સ્રી૦ ફરી પાછા ન આવવુ –થવુ તે (૨) ફરી જન્મ ન થવો તે મુક્તિ
**અનાવૃષ્ટિ** સ્રી૦ [સ] વરસાદ નહિ પડવો તે (૨) દુકાળ [નહિ એવુ
**અનાશ્રમી** વિ૦ [સ] ચાર આશ્રમ પૈકી એકેનુ
**અનાશ્રિત** વિ૦ [સ] આશ્રિત નહિ એવુ; નિરાધાર, આશ્રય વગરનુ
**અનાસર** ન૦[અ અનાસિર] ઇસ્લામ પ્રમાણેના આતસ, પાણી, પવન અને પૃથ્વી એ ચાર મૂળતત્ત્વો
**અનાસાદ્ય** વિ૦[સ] અપ્રાપ્ય
**અનાસ્થા** સ્રી૦[સ] આસ્થાનો અભાવ,અશ્રદ્ધા **–સ્થક** વિ૦ અનાસ્થાવાળું [(જૈન)
**અનાસ્રવ** વિ૦[સ] આસ્રવ વગરનુ, અનાસક્ત
**અનાહત** વિ૦[સ.] નહિ મારેલુ (૨) ન પહેરેલુ. નવુ (૩)આઘાત વિના એની મેળે થતો–અનહદ (ધ્વનિ) **૦નાદ** પુ૦ યોગીઓને સંભળાતો એવો ધ્વનિ, અનહદ નાદ
**અનાહાર** પું૦[સ] આહાર ન કરવો તે, ઉપવાસ **–રી** વિ૦ ઉપવાસી (૨) [જૈન] આહારમા ન ગણાય એવી (વસ્તુ)
**અનાહાર્ય** વિ૦[સ] હરી ન શકાય એવુ
**અનાહૂત** વિ૦ [સ] અણબોલાવ્યું (૨) અ૦ ફાસુ; નાહક
**અનાળ** સ્રી૦ ખોનકપાણી જવાની નાળ નહિ તે
**અનિકેત** વિ૦[સ] ઘર વિનાનુ
**અનિઘા** સ્રી૦ નિંદા નહી તે, અવકૃપા
**અનિચ્છ** વિ૦[સ] ઇચ્છા વિનાનુ,નિસ્પૃહ (૨) નાખુશ **–ચ્છા** સ્રી૦ ઇચ્છાનો અભાવ (૨) નાખુશી **–ચ્છિત** વિ૦ ન ઇચ્છેલુ **–ચ્છુ(૦ક)** વિ૦ [સ] જુઓ અનિચ્છ
**અનિત્ય** વિ૦ [સ]અધ્રુવ,નશ્વર(૨)[ગ]વિકારી; 'વેરિયેબલ' **૦તા** સ્રી૦, **૦ત્વ** ન૦
**અનિદ્ર** વિ૦[સ] નિદ્રા વિનાનું, જાગતુ **–દ્રા** સ્રી૦ ઊંઘનો અભાવ (૨) એનો રોગ
**અનિભૃત** વિ૦ [સ.] અસ્થિર, અશાંત,ચંચળ
**અનિમિત્ત** વિ૦ [સ] કારણ વિનાનું (૨) ન૦ અપશુકન
**અનિમિ(–મે)ષ** વિ૦ [સ] પલકારા વિનાનું, સ્થિર (૨) વિ૦ (૩) પુ૦ જેની આંખ ઊઘડે કે મીચાય નહી તેવુ (ઇંદ્રાદિ દેવ, માછલુ ઇત્યાદિ)
**અનિયત** વિ૦[સ] અનિયંત્રિત: નિયમન કે કાબૂ વગરનુ (૨)અનિશ્ચિત,નિયમ વગરનું,અચોક્કસ
**અનિયતિ** સ્રી૦[સ] અવ્યવસ્થા (૨) અસંયમ
**અનિયમ** પુ૦[સ]નિયમનો અભાવ, અવ્યવસ્થા. **–મિત** વિ૦નિયમિત નહી એવુ,નિયમ વગરનું (સમયપાલનમા કે ક્રમમા) **–મિતતા** સ્રી૦, **–મિતપણું** ન૦ [નિરંકુશ
**અનિયંત્રિત** ન૦ [સં] નિયંત્રિત નહી તેવુ (૨)
**અનિરુદ્ધ** વિ૦ [સ] રોકેલુ – રોકાયેલું નહી તેવું (૨) પુ૦ (સ) શ્રીકૃષ્ણનો પૌત્ર
**અનિર્ણય** પુ૦ [સ] નિર્ણયનો અભાવ, અનિશ્ચિતપણુ
**અનિર્ણીત** વિ૦ [સ.] નિર્ણીત – નક્કી નહી એવુ
**અનિર્દિષ્ટ** વિ૦ [સ] નિર્દિષ્ટ નહી એવુ
**અનિર્દેશ** પુ૦ [સ] નિર્દેશનો અભાવ
**અનિર્દેશ્ય** વિ૦ [સ] નિર્દેશ્ય નહી તેવું
**અનિર્વચનીય, અનિર્વાચ્ય** વિ૦[સ]અવર્ણનીય
**અનિલ** પુ૦ [સ] પવન
**અનિવાર(–ર્ય)** વિ૦ [સ] નિવારી ન શકાય તેવું
**અનિશ્ચય** પું૦ [સ] નિશ્ચયનો અભાવ **૦વાચક** વિ૦ અનિશ્ચય બતાવનારું
**અનિશ્ચિત** વિ૦ [સ]નિશ્ચિત નહીં એવુ,અચોક્કસ **૦તા** સ્રી૦, **૦પણું** ન૦
**અનિષિદ્ધ** વિ૦ [સ] નિષિદ્ધ નહી એવું
**અનિષ્ટ** વિ૦[સ]નહી ઇચ્છેલુ (૨) નહી ઇચ્છવા જોગ, ભૂંડું (૩) ન૦ ભૂંડુ **૦કર** વિ૦ અનિષ્ટ કરનારું **૦શંકા** સ્રી૦ ખોટું થશે એવી શંકા

–ષ્ટાપત્તિ સ્ત્રી૦ નહિ ઇચ્છેલું આવી પડવું તે (૨) 'રિડક્ષો એડ એબ્સર્ડમ' (ગ)

**અનિંદિત** વિ૦ [સં] નહી નિંદાયેલું (૨) સુંદર, શ્રેષ્ઠ

**અનિંદ્ય** વિ૦ [સં.] નહીં નિંદવા યોગ્ય, નિર્દોષ (૨) સુંદર

**અનીક** ન૦ [સં] લશ્કર (૨) યુદ્ધ

**અનીઠ** વિ૦ [અ+નીઠવું] અખૂટ; અપાર (૨) [સં અનિષ્ટ, પ્રા અનિટ્ઠ] અશુભ, અભદ્ર

**અનીતિ** સ્ત્રી૦ [સં] નીતિ નહી તે, દુરાચરણ; પાપ (૨) અન્યાય. ૦માન વિ૦ અનીતિવાળું

**અનીપ્સિત** વિ૦ [સં.] અનિચ્છિત

**અનીશ** વિ૦ [સં.] ઉપરી વિનાનું (૨) અસમર્થ. ૦તા સ્ત્રી૦, ૦પણું ન૦

**અનીશ્વર** વિ૦ [સં] ઈશ્વર વિનાનું(૨)ઈશ્વરમાં ન માનનારું ૦વાદ પું૦ઈશ્વર નથી એવો વાદ ૦વાદી વિ૦ અનીશ્વરવાદમા માનનારું

**અનુ** [સં] ઉપસર્ગ. (૧) 'પછી, પાછળ', 'સાથે, સાથેસાથે', 'ને મળતુ, ને ગોઠતુ' એવો અર્થ બતાવે ઉદા૦ અનુગામી, અનુકંપા, અનુરૂપ વગેરે (૨)નામ પૂર્વે 'વારંવાર' અર્થમા ઉદા૦ અનુશીલન અથવા અવ્યયી ભાવ સમાસમા 'પ્રત્યેક', 'ક્રમશ' એવા અર્થમા ઉદા૦ અનુદિન, અનુલક્ષણ

**અનુકરણ** ન૦[સં]નકલ ૦વાચક વિ૦અનુકરણ બતાવનારું ૦વાદ પુ૦ કલા એ અનુભવનુ અનુકરણ છે એવો વાદ ૦શબ્દ પુ૦'ચબચબ'; 'બડબડ' ઇત્યાદિ જેવો અનુકરણનો–રવાનુકારી શબ્દ. ૦શીલ વિ૦ અનુકરણ કરવાના વલણવાળુ. –ણિયું વિ૦ અનુકરણ કરનારું; નકલિયુ (તુચ્છકારમા) –ણીય વિ૦ અનુકરણ કરવા યોગ્ય

**અનુકરવું** સ૦ ક્રિ૦ [સં અનુકૃ] અનુકરણ કરવું

**અનુકર્ષણ** ન૦ [સં] આકર્ષણ (૨) [વ્યા]પૂર્વ વાક્યમા આવી ગયેલા પદનું પછીના વાક્યમાં અન્વય માટે આકર્ષણ

**અનુકલ્પ** પુ૦[સં.] મુખ્ય કલ્પની અવેજીમા વિહિત કલ્પ–આજ્ઞા, ગૌણ કલ્પ

**અનુકંપક** વિ૦ [સં.] અનુકંપા રાખનારું

**અનુકંપવું** અ૦ક્રિ૦ [સં અનુકમ્પ્] અનુકંપાથી દ્રવવુ, દયા આવવી

**અનુકંપા** સ્ત્રી૦ [સં.] દયા, સહાનુભૂતિ

**અનુકાર** પુ૦ [સં] અનુકરણ (૨) વિ૦ [અન્+ ઉકાર] ઉકાર વગરનું. ૦ક,–રી વિ૦ અનુકરણ કરનાર, નકલિયુ

**અનુકીર્તન** ન૦ [સં] કહેવું–જાહેર કહેવું તે

**અનુકૂલ(–ળ)** વિ૦ [સં] પોતાની તરફનું, બંધબેસતું, ફાવતું (૨) હિતકર, માફક, રુચતું, પથ્ય, સવડવાળું [–આવવું,–પડવું=ફાવવું,રુચવું, અનુકૂળ હોવું –કરવું=ફાવે, રુચે કે અનુમત થાય એમ કરવુ કે એવો પ્રયત્ન કરવો –થવું= સાથે મળતા થવુ, ને ગમે કે ફાવે એમ વર્તવું ૦તા સ્ત્રી૦

**અનુકૃત** વિ૦ [સં] અનુકરેલુ. –તિ સ્ત્રી૦ અનુકરણ; નકલ

**અનુકોણ** પું૦[સં]'કૉરસ્પૉન્ડિંગ ઍન્ગલ'(ગ.)

**અનુક્ત** વિ૦[સં]નહિ કહેવાયેલુ (૨)[વ્યા]તેવું (પદ) (૩) અસાધારણ, અપૂર્વ ૦તા સ્ત્રી૦. –ક્તિ સ્ત્રી૦ ન કહેવુ તે

**અનુક્રમ** પુ૦[સં]એક પછી એક આવવું તે, ક્રમ (૨) પદ્ધતિ, રચના (૩) એક અર્થાલંકાર (૪) વ્યવસ્થા; નિયમ (૫) કાયદો, ધારો(૬)આચાર; રિવાજ ૦ણિકા, ૦ણી સ્ત્રી૦ સાંકળિયુ –માંક પુ૦ ક્રમ પ્રમાણે આવતો અંક

**અનુક્રિયા** સ્ત્રી૦ [સં] જુઓ અનુકૃતિ

**અનુક્ષણ** અ૦ [સં.] ક્ષણે ક્ષણે

**અનુગ** વિ૦[સં]પાછળ ચાલનારું(૨)પુ૦અનુચર (૩) (વ્યા) 'પૂર્વગ'થી ઊલટો–શબ્દને પાછળ લાગતો પ્રત્યય ઉદા નાક, વાન, માન, ગર, પણું ઇ ૦ત વિ૦ પાછળ ગયેલું. ૦મ પુ૦ જુઓ અનુગમન(૨) આચારવિચાર શ્રદ્ધાદિની અમુક ધર્મપ્રણાલિકા; 'રિલિજ્યન'. ૦મન ન૦ પાછળ જવું તે, અનુસરણ (૨) પતિની પાછળ સતી થવું તે –ગામી વિ૦ અનુગમન કરનારું, અનુયાયી

**અનુગુણ** વિ૦ [સં] મળતા ગુણવાળું, અનુરૂપ

**અનુગૃહીત** વિ૦ [સં] અનુગ્રહ પામેલુ

**અનુગ્ર** પુ૦[સં]ઉગ્ર નહિ એવુ, શાંત, સૌમ્ય

**અનુગ્રહ** પુ૦ [સં] કૃપા (૨) ઉપકાર

**અનુગ્રાહ્ય** વિ૦ [સં] અનુગ્રહ કરવા યોગ્ય
**અનુચર** પું૦ [સં] પાછળ ચાલનારો, ચાકર. **–રી** સ્રી૦ [સ્રી૦ અનુચરી
**અનુચારક** પુ૦ [સં.] અનુચર. **અનુચારિકા**
**અનુચિત** વિ૦[સં.]અયોગ્ય [(૩) કાળજી
**અનુચિંત(૦વ)ન** ન૦ [સં.] વિચાર (૨) સ્મરણ
**અનુચ્ચરિત** વિ૦ [સં.] નહિ ઉચ્ચારેલું. અનુક્ત
**અનુજ** વિ૦[સં]પછી જન્મેલું(૨)પું૦નાનો ભાઈ. **–જા** વિ૦સ્રી૦ પછી જન્મેલી (૨) સ્રી૦ નાની બહેન
**અનુજીવી** વિ૦ [સં] આશ્રિત
**અનુજ્ઞા** સ્રી૦[સં.] પરવાનગી. ૦ત વિ૦ અનુજ્ઞા પામેલું. ૦પન ન૦ અનુજ્ઞા આપવી તે
**અનુતપ્ત** વિ૦ [સં] પશ્ચાત્તાપથી બળતુ
**અનુતાપ** પુ૦ [સં] પશ્ચાત્તાપ, પસ્તાવો
**અનુત્તમ** વિ૦[સં]જેનાથી ઉત્તમ–ચડિયાતું બીજું નથી એવું, શ્રેષ્ઠ (૨) ઉત્તમ નહિ એવું; અધમ
**અનુત્તર** વિ૦ [સં.] નિરુત્તર, ઉત્તર વિનાનું, ચૂપ (૨) જેનો ઉત્તર નથી કે ન આપી શકાય તેવું (૩) જેનાથી ઉત્તર–ચડિયાતું નથી એવું; શ્રેષ્ઠ, ઉત્તમ
**અનુત્પત્તિ** સ્રી૦ [સં.] ઉત્પત્તિનો અભાવ **–ન્ન** વિ૦ ઉત્પન્ન નહિ એવું
**અનુત્પાદક** વિ૦ [સં] ઉત્પાદક નહિ એવું
**અનુત્સાહ** પુ૦[સં.]ઉત્સાહનો અભાવ, નાઉમેદી
**અનુદક** વિ૦ [સં] નિર્જળ (૨) જેને કોઈ શ્રાદ્ધની અંજલિ આપનાર ન હોય એવું
**અનુદન** અ૦+ જુઓ અનુદિન
**અનુદરી** વિ૦ સ્રી૦ [સં अनुदर] કૃશોદરી; પાતળી કમરવાળી
**અનુદાત્ત** વિ૦ [સં.] ઉદાત્ત નહિ એવું (૨) નીચા સ્વરવાળું (૩) પું૦ સ્વરના ત્રણ ભેદોમાંનો એક (ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત). ૦તા સ્રી૦
**અનુદાર** વિ૦ [સં.] ઉદારતા વગરનું, સંકુચિત, સાંકડા મનનું ૦તા સ્રી૦ [ઉલ્લેખાયેલું
**અનુદિત** વિ૦ [સં] નહિ ઊગેલું (૨) નહિ
**અનુદિન** અ૦ [સં] હરરોજ
**અનુદ્ભૂત** વિ૦ [સં] નહિ ઉદ્ભવેલું
**અનુદ્યમી** વિ૦ [સં] ઉદ્યમી નહિ એવું
**અનુદ્યોગ** પુ૦ [સં] ઉદ્યોગનો અભાવ (૨) જુઓ અણૂજો **–ગી** વિ૦ નવરું; આળસુ
**અનુદ્વિગ્ન** વિ૦ [સં.] ઉદ્વિગ્ન નહિ એવું
**અનુદ્વેગ** પુ૦ [સં.] ઉદ્વેગનો અભાવ ૦કર વિ૦ ઉદ્વેગ નહિ કરાવનારું
**અનુધાર્મિક** વિ૦ [સં] સરખા ગુણધર્મવાળું
**અનુધાવન** ન૦[સં.]પૂંઠ પકડવી તે **–વું** સ૦ક્રિ૦ [સં अनुधाव्] પૂંઠ પકડવી, પાછળ પડવું
**અનુધ્વનિ** પું૦ [સં] પડઘો
**અનુનય** પું૦ [સં] વિનવણી. કાલાવાલા (૨) કલાવી પટાવી મનાવવું તે
**અનુનાદ** પું૦ [સં] રણકાર, પડઘો
**અનુનાસિક** વિ૦ [સં] નાકમાંથી ઉચ્ચારાતું (૨) પું૦ [વ્યા] અનુનાસિક વર્ણ (૩) ન૦ ગૂંગણો ઉચ્ચાર
**અનુપ** વિ૦ [સં अनुपम] અજોડ શ્રેષ્ઠ
**અનુપકારી** વિ૦[સં]ઉપકારી નહિ તેવું (૨)કૃતઘ્ની
**અનુપકૃત** વિ૦ [સં] ઉપકૃત નહિ તેવું
**અનુપદ** ન૦ [સં] ધ્રુપદ, ટેક
**અનુપપત્તિ** સ્રી૦ [સં] લાગુ ન પડવું તે (૨) [ન્યા૦] સિદ્ધ ન થવું તે (૩) નિર્ણય કે દલીલનો અભાવ
**અનુપપન્ન** વિ૦ [સં] ઉપપન્ન નહિ એવું
**અનુપમ** વિ૦ [સં] જેને ઉપમા નથી એવું; સર્વોત્તમ **–મેય** વિ૦ ઉપમા ન આપી શકાય તેવું, અદ્વિતીય
**અનુપયુક્ત** વિ૦[સં.]અનુપયોગી (૨) અયોગ્ય
**અનુપયોગ** પું૦ [સં] ઉપયોગનો અભાવ; વાપર કે ઉપયોગ ન થવો તે (૨) નકામાપણું **–ગિતા** સ્રી૦ નકામાપણું **–ગી** વિ૦ નિરુપયોગી, નકામું [(૨) પ્રત્યક્ષ ન હોવું તે
**અનુપલબ્ધિ** સ્રી૦ [સં] ન મળવું તે, અપ્રાપ્તિ
**અનુપસ્થિત** વિ૦ [સં] ઉપસ્થિત નહી એવું, ગેરહાજર **–તિ** સ્રી૦ ગેરહાજરી
**અનુપળ** સ્રી૦[સં. अनुपल] પળનો સાઠમો ભાગ (૨) અ૦ પળે પળે
**અનુપાતી** વિ૦ [સં] પરિણમતું; અનુસરતું (૨) એકસરખું; 'સિમિલર' (ફિગર્સ) [ગ]

**અનુપાન** ન૦ [સં] ઔષધિની સાથે લેવાતી તેને મદદરૂપ વસ્તુ
**અનુપાય** વિ૦ [સં] નિરુપાય, લાચાર
**અનુપાર્જિત** વિ૦ [સં] ઉપાર્જિત નહી એવુ
**અનુપાલન** ન૦ [સં] પાલન કરવુ તે
**અનુપૂર્તિ(-ર્ત્તિ)** સ્ત્રી૦[સં] ઉમેરો, પૂર્તિ કરવી તે (૨) [લા] ઉત્કૃષ્ટગણી
**અનુપેક્ષ્ય** વિ૦ [સં] ઉપેક્ષા ન કરવી ઘટે કે ન કરાય એવું
**અનુપ્રદાન** ન૦[સં] ભેટ (૨) અનુપૂર્તિ, ઉમેરો
**અનુપ્રવેશ** પુ૦ [સં] વાસેથી પેસવુ તે (૨) વ્યવસ્થિત હારબધ પ્રવેશ [કરવી તે
**અનુપ્રાણન** ન૦ [સં] પ્રાણ પૂરવો તે (૨) મદદ
**અનુપ્રાણિત** વિ૦[સં] પ્રાણ પૂરેલો હોય તેવું
**અનુપ્રાસ** પુ૦ [સં] એકનો એક અક્ષર જેમાં વારવાર આવે એવો શબ્દાલકાર [**—મળવો** =એકનો એક અક્ષર, અલકાર તરીકે, વારવાર આવવો, અનુપ્રાસ સધાવો]
**અનુબંધ** પુ૦[સં]બંધન,સંબધ(૨)ચાલુ અનુક્રમ, સાકળ (૩) આગળ પાછળનો સબધ (૪) (વેદાનમા)વિષય,પ્રયોજન,અધિકારી ને સબધ એ ચારનો સમૂહ [સ્મરણ
**અનુબોધ** પુ૦ [સં] પાછળથી થયેલુ જ્ઞાન (૨)
**અનુભય** વિ૦ [સં] ઉભય નહી એવુ
**અનુભવ** પુ૦[સં]પ્રત્યક્ષ જ્ઞાન,જાતે પોતે જાણવુ તે (૨) વીતક, ઉપભોગ [**—કરવો, —લેવો** =અનુભવવું, જાતે જાણવુ કે ભોગવવુ કે અજમાયશ કરીને જોવુ **—થવો, —માં આવવુ** =અનુભવાવુ] **૦ગમ્ય** વિ૦ અનુભવી શકાય એવુ, અનુભવથી સમજી શકાય એવુ. **૦જન્ય** વિ૦ અનુભવમાથી ઊપજેલું **૦જ્ઞાન** ન૦ અનુભવસિદ્ધ—પ્રત્યક્ષ જ્ઞાન **૦મૂલક** વિ૦ અનુભવ જેનુ મૂળ છે એવુ, અધ્ધરિયું નહિ એવુ —પાકુ **૦સિદ્ધ** વિ૦ અનુભવથી પુરવાર થયેલું
**અનુભવવું** સ૦ક્રિ૦[સં અનુભૂ]જાતે જાણવું કે ભોગવવુ—અનુભવ કરવો
**અનુભવસિદ્ધ** વિ૦ [સં] જુઓ 'અનુભવ'મા
**અનુભવાર્થી** વિ૦[સં] અનુભવની ઇચ્છાવાળું
**અનુભવી** વિ૦ [સં] અનુભવવાળું **—વિચણ** વિ૦સ્ત્રી૦ અનુભવવાળી
**અનુભાવ** પુ૦[સં] પ્રભાવ (૨) મનોગત ભાવનો બાહ્ય વિકાર **૦ક** વિ૦અનુભવ કે સમજ દેનારુ **૦કતા** સ્ત્રી૦ સમજશક્તિ, જ્ઞાન
**અનુભૂત** વિ૦[સં]અનુભવેલું **—તિ** સ્ત્રી૦અનુભવ
**અનુમત** વિ૦[સં] સમત, મજૂર રાખેલું કે થયેલુ (૨) ન૦, **—તિ** સ્ત્રી૦ સમતિ, મંજૂરી
**અનુમરણ** ન૦[સં]પાછળ મરવુ તે(૨)સતી થવુ તે
**અનુમંતા, —તૃ** વિ૦ [સં] અનુમતિ આપનાર
**અનુમંદ્ર** વિ૦ [સં] મદ્રથી પણ નીચો (સ્વર)
**અનુમાન** ન૦ [સં] ન્યાયશાસ્ત્રમાના ચાર પ્રમાણોમાનુ એક—અનુમતિનુ સાધન(૨)અટકળ (૩) [કા શા] એ નામનો અલકાર **૦ચિહ્ન** ન૦ 'તેથી' એવો અર્થ દર્શાવનારુ ચિહ્ન (ઃ) ( ) **૦વાક્ય** ન૦ અનુમાનમા ઉપયોગી પચાવયવ વાક્ય (ન્યા) [માન કરવુ
**અનુમાનવું** સ૦ક્રિ૦ [સં. अनुमान પરથી]અનુ-
**અનુમિત** વિ૦ [સં] અનુમાન ઉપર રચાયેલુ; અનુમાન કરેલું **—તિ** સ્ત્રી૦ એક જ્ઞાનના સાધનથી થયેલુ બીજુ જ્ઞાન, અનુમાન-પ્રમાણથી થયેલુ જ્ઞાન
**અનુમેય** વિ૦ [સં.] અનુમાન કરવા યોગ્ય કે કરી શકાય એવુ
**અનુમોદ** પું૦ [સં] સહાનુભૂતિથી ઊપજતો આનદ (૨) જુઓ અનુમોદન **૦ક** વિ૦ અનુમોદનાર **૦ન** ન૦ સમતિ, ટેકો
**અનુમોદવુ** સ૦ક્રિ૦ [સં अनुमुद्] સમતિ કે ટેકો આપવો
**અનુયાયી** વિ૦[સં] અનુસરનારુ (૨) પંથનુ, મતનુ (૩) પુ૦ અનુસરનાર વ્યક્તિ, પથનુ માણસ **—યિની** વિ૦ સ્ત્રી૦(૨)સ્ત્રી૦. **૦મંડળ** ન૦ અનુયાયીઓનો સમૂહ [(વ્યા)
**અનુયોગી** વિ૦[સં]જોડનારુ,અન્વય દર્શાવનારું
**અનુરક્ત** વિ૦ [સં] રગાયેલુ (૨) આસક્ત. **—ક્તિ** સ્ત્રી૦ રગાવું તે, આસક્તિ
**અનુરણન** ન૦ [સં] રણકાર
**અનુરત** વિ૦[સં] રત, આસક્ત
**અનુરસ** પુ૦ [સં] ગૌણરસ (કા શા)

**અનુરંજક** વિ૦ [સં] અનુરંજન કરનારું. –ન ન૦ ખુશ કરવુ તે.(૨) વિનોદ

**અનુરાગ** પુ૦ [સં] પ્રેમ, આસક્તિ, રઢ. –ગી વિ૦ અનુરાગવાળુ [અનુરાગ કરવો

**અનુરાગવું** અ૦ ક્રિ૦ [સં अनुराग પરથી]

**અનુરાગી** વિ૦ [સં] જુઓ 'અનુરાગ'માં

**અનુરાધા** સ્ત્રી૦ [સં] વિશાખા પછીનુ નક્ષત્ર

**અનુરૂપ** વિ૦ [સં] –ના જેવું;–ના પ્રમાણેનુ (૨) યોગ્ય ૦તા સ્ત્રી૦ [રુકાવટ, અટકાવ.

**અનુરોધ** પુ૦ [સં] આગ્રહભરી વિનંતી (૨)

**અનુરોધવું** સ૦ ક્રિ૦ [સં अनुरुध्] વળગ્યા રહેવુ (૨) અનુરોધ કરવો

**અનુલક્ષણ** ન૦[સં] અનુલક્ષવું તે –વું સ૦ક્રિ૦ [સં अनुलक्ष्] ઉદ્દેશવુ, લક્ષમા રાખવુ

**અનુલગ્ન** વિ૦ [સં] સાથે લાગેલુ–જોડાયેલું

**અનુલેખન** ન૦ [સં] ઉતારો કરવો તે, નકલ (૨) શ્રુતલેખન. 'ડિક્ટેશન' [કરવો તે

**અનુલેપ** પું૦, ૦ન ન૦ [સં] લેપ ઉપર લેપ

**અનુલોમ** વિ૦ [સં] ઊતરતા વર્ણની સ્ત્રી સાથેનો (વિવાહ) (૨)જુઓ અનુલોમજ. ૦જ વિ૦ અનુલોમ સબંધથી ઉત્પન્ન થયેલું

**અનુલ્લંઘન** ન૦ [સં] ઉલ્લઘન નહિ તે –નીય વિ૦ ઉલ્લઘન ન કરી શકાય તેવું કે ન કરવા જેવુ

**અનુવર્તન** ન૦ [સં.] અનુસરણ –વું સ૦ ક્રિ૦ [સં अनुवृत्] અનુવર્તન કરવુ [–ર્તિત્વ ન૦

**અનુવર્તી** વિ૦ [સં] અનુસરનારું (૨) યોગ્ય.

**અનુવાદ** પું૦ [સં] કહેલી વસ્તુ ફરી કહેવી તે (૨) તરજુમો, ભાષાતર (૩) માન્ય સિદ્ધાતને ઉદાહરણ તથા પુષ્ટિ ખાતર ફરી રજૂ કરવો તે ૦ક પુ૦ અનુવાદ કરનાર ૦વુ સ૦ ક્રિ૦ [સં अनुवाद પરથી] અનુવાદ–ભાષાતર કરવું –દિત પું૦ અનુવાદ કરાયેલુ –દી વિ૦ (૨) પુ૦ વાદી અને સવાદી સ્વરોમા ભળી જતો વાદીથી ત્રીજો સ્વર (સગીત) –દ્ય વિ૦ અનુવાદ કરવા યોગ્ય (૨) કહેવાઈ ગયેલી વસ્તુને ફરી કહેનારું એવું (વિશેષણ)

**અનુવિધાયક** વિ૦ [સં] આજ્ઞાંકિત ૦ત્વ ન૦

**અનુવૃત્તિ** સ્ત્રી૦[સં]અનુસરણ(૨)પુનરાવૃત્તિ(૩) વડીલના ધધામા ને ધધામાં આજીવિકા કર્યા કરવી તે (૪) ટીકાનુ ટિપ્પણ (૫) [વ્યા] આગળ આવી ગયેલા અર્થનુ અનુસંધાન [વિવાહ

**અનુવેશ** પું૦ [સં] મોટા ભાઈ પહેલાં નાનાનો

**અનુશાસક** પુ૦ [સં] અનુશાસન કરનાર –ન ન૦ઉપદેશ(૨)નિયમ,કાયદો(૩)અમલ કરવો તે, રાજ્ય ચલાવવુ તે (૪) (કોઈ વિષયનુ) વિવરણ કે સમજૂતી [દીર્ઘ સેવન

**અનુશીલન** ન૦[સં.]સતત અને ઊંડો અભ્યાસ;

**અનુશીલિત** વિ૦ [સં] અનુશીલનપૂર્વક કરેલુ; અભ્યાસ દ્વારા સાધેલુ

**અનુષંગ** પુ૦[સં] નિકટ સબધ, સાહચર્ય (૨) અવશ્ય ભાવિ પરિણામ(૩) કરુણા (૪) ભાવના, ઇચ્છા –ગી વિ૦પરિણામરૂપ(૨)સયુક્ત,સંબંધી

**અનુષ્ટુપ,–ભ** [સં] પું૦ એક છદ

**અનુષ્ઠાતા** વિ૦ [સં] અનુષ્ઠાન કરનારું

**અનુષ્ઠાન** ન૦ [સં] ક્રિયા કરવી તે (૨) કોઈ પણ ધાર્મિક ક્રિયા (૩) કાર્યનો આરભ, પૂર્વ તૈયારી. [–બેસાડવું=કોઈ ધાર્મિક ક્રિયા કરાવવી તેની ગોઠવણ કરવી]

**અનુષ્ઠેય** વિ૦ [સં] કરવા જેવુ

**અનુષ્ણ** વિ૦ [સં] ઊનુ નહિ એવુ (૨) ન૦ કમળ

**અનુસરણ** ન૦ [સં] અનુસરવુ તે –વું સ૦ક્રિ૦ [સં अनुसृ] પાછળ પાછળ જવુ, ઉપદેશ પ્રમાણે વર્તવુ (૨) [વ્યા] એક પદે બીજા પદ સાથે રૂપ-લિંગાદિમા સબધ રાખવો

**અનુસંધાન** ન૦ [સં] આગળની વસ્તુ સાથેનુ જોડાણ કે તેમ આવતી વસ્તુ(૨) યોગ્ય સબંધ (૩) ચોકસાઈ, બારીક તપાસ

**અનુસાર** પું૦[સં]અનુસરણ(૨)[વ્યા]વાક્યમાં એક પદનુ બીજાને અનુસરવુ તે(૩)અ૦પ્રમાણે; મુજબ. –રી વિ૦ અનુસરતુ. –ર્ય વિ૦ અનુસરવા યોગ્ય

**અનુસ્નાતક** વિ૦ [સં] સ્નાતક થયા પછીનુ, 'પોસ્ટ–ગ્રેજ્યુએટ'

**અનુસ્મરણ** ન૦ [સં] વારંવાર યાદ કરવુ તે –ણાલેખન ન૦ વસ્તુના સ્મરણ પરથી આલેખવુ તે, 'મેમરી ડ્રૉઇંગ'

**અનુસ્યૂત** વિ૦ [સં] –ની સાથે જોડાયેલુ, ગૂંથાયેલુ, અગ તરીકે અંદર આવી જવું

**અનુસ્વાર** પુ૦,ન૦[સં.]સ્વરની પાછળ ઉચ્ચારાતો અનુનાસિક વર્ણ કે તેનું ચિહ્ન (ं)

**અનૂખળ(–ળો)** પુ૦ [સં. उलूखल](લાકડાનો) ખાંડણિયો

**અનૂછ** ન૦અનાચ,સીતાફળ. ૦ડી સ્ત્રી૦સીતાફળી

**અનૂઠું** વિ૦ [પ્રા. अनुट्ठ, સ. अनुत्थ] અનોખું; અપૂર્વ

**અનૂઢ** વિ૦ [સં] અવિવાહિત. –ઢા વિ૦ સ્ત્રી૦ [અવિવાહિતા

**અનૂત (નૂં)**ન૦ જૂઠ, હરામખોરી(ચ) [–નું,–માં આવવું =હરામ મળવું,ખરી કમાણીનું ન હોવું]

**અનૂરી** સ્ત્રી૦ સીતાફળી –રું ન૦ સીતાફળ

**અનૂર્મિલ** વિ૦ [સં] ઊર્મિલ નહિ એવું

**અનૃણ(–ણી)** વિ૦[સં]અઋણી

**અનૃત** ન૦ [સં] અસત્ય ૦વાદી વિ૦ અનૃત [બોલનારું

**અને (ને)** અ૦[સં. अन्यत्?] (બે વાક્યો કે શબ્દોને જોડનારું ઉભયાન્વયી અવ્યય) ને,તથા

**અનેક** વિ૦[સં]એક નહીં–બહુ ૦કે ડી વિ૦અનેક કેફવાળું ૦તા સ્ત્રી૦,૦ત્વ ન૦ અનેક હોવું તે ૦ત્વદોષ પુ૦, ૦ત્વાપત્તિ સ્ત્રી૦ અનેકત્વના દોષનો પ્રસંગ ૦દેવવાદ પુ૦ અનેક દેવોમા માનવાનો મત, 'પોલીથિઇઝમ' ૦વા અ૦[સં] અનેક રીતે ૦પત્નીકત્વ ન૦અનેક પત્ની હોવી તે કે તેવી લગ્નપ્રથા ૦પદી વિ૦ 'મલ્ટિનોમિયલ' (એક્સ્પ્રેશન)[ગ] ૦ભાષાકોવિદ વિ૦અનેક ભાષાઓ જાણનાર ૦મુખ(–ખી) વિ૦ ઘણી બાજુઓવાળું (૨) ઘણાની મારફત ચાલતું. ૦રંગી વિ૦અનેક રંગવાળું. ૦રૂપ વિ૦ અનેક રૂપવાળું ૦વચન ન૦(વ્યા)બહુવચન ૦વર્ણ વિ૦જેમા એક કરતા વધારે અજ્ઞાત રાશિ–બીજ હોય તેવું (સમીકરણ) 'સાઇમલ્ટેનિયસ'(ગ) ૦વિધ વિ૦અનેક પ્રકારનું –કાચ્ વિ૦ [વ્યા] અનેક અચ્–સ્વરવાળું –કાર્થ(–ર્થી) વિ૦ અનેક અર્થવાળું –કાંત વિ૦અનેક બાજુવાળું (૨) અનિશ્ચિત –કાંતવાદ પું૦ સ્યાદ્વાદ;દરેક વસ્તુનું એના પાસા પરત્વે જુદી જુદી રીતે જ્ઞાન થાય છે એવો જૈન તત્ત્વજ્ઞાનનો સિદ્ધાંત

**અનેનાસ** ન૦ [પો] એક ફળ અનનાસ

**અનેરું** વિ૦ [સં अन्यतर] બીજું જુદું (૨) અનન્ય, અસાધારણ વિચિત્ર

**અનૈકાંતિક** વિ૦ [સં]અનેકાંત, અનિશ્ચિત (૨) અનેક બાજુવાળું(૩)પુ૦ [ન્યા] વ્યભિચારી હેતુ—એક હેત્વાભાસ

**અનૈક્ય** ન૦ [સં] ઐક્યનો અભાવ, જુદાઈ (૨) વિરોધ, કુસંપ (૩) વિ૦ ઐક્ય વગરનું ૦તા સ્ત્રી૦ ઐક્ય વગરનું હોવું તે

**અનૈતિહાસિક** વિ૦ [સં] ઐતિહાસિક નહિ એવું; ઇતિહાસથી બરોબર નહિ તેવું

**અનોખું (નો)** વિ૦ [અ+નોખું] નોખું નહિ તેવું, ભેગું, સહિયારું, મઝિયારું (૨) [હિ अनोखा, દે णोक्ख]નોખું–નિરાળું જ અનેરું, અસાધારણ, અપૂર્વ [દેવાતી થાપટ

**અનોઠી** સ્ત્રી૦ તાલ આપવા તબલા પર જોરથી

**અનોપ(૦મ)** વિ૦+અનુપ, અનુપમ

**અનૌચિત્ય** ન૦ [સં] ઔચિત્યનો અભાવ

**અનૌરસ** [સં] જેને ઔરસ પુત્ર ન હોય તેવું, વાંઝિયું (૨) ઔરસ નહિ તેવું, દત્તક

**અન્ન** ન૦ [સં](રંધેલું) અનાજ, ખોરાક [—નું પાણી થવું=(રોગથી) ખાવેલાનો ફાયદો ન થવો —નો કીડો, —નો પિંડ= અન્ન પર જેનું જીવન છે તે. (વૃદ્ધ, બાળક, કે ખાઉધરા માટે વપરાય છે) —નો સાળવો(માળવામા બારે માસ અન્ન પાકે તે પરથી) અન્નનો ભારે દાતાર —ભેગું થવું = ખાવા પામવું અન્ન આહારે અને ઘી વ્યવહારે = જે જેમ ઘટે તેમ કરવું જોઈએ અન્ન તેવો ઓડકાર = જેવું કામ તેવું ફળ, વાવે તેવું લણે] ૦કૂટ પુ૦ અન્નકૂટ, ઠાકોરજી આગળ નૈવેદ્ય તરીકે ગોઠવવામા આવતો અનેક વાનીઓનો ઢગલો ૦ક્ષેત્ર ન૦ સંત, સાધુ, વટેમાર્ગુ, ગરીબો વગેરેને જ્યા અન્નદાન અપાતું હોય તે સ્થળ ૦છ(–સ)ત્ર ન૦ અન્નક્ષેત્ર, સદાવ્રત ૦જલ(–ળ) ન૦ દાણો-પાણી (૨)[લા]લેણાદેણી,ભાગ્ય [—ઊઠવું, —ખૂટવું = લેણાદેણી પૂરી થવી (૨) એક જગાએ ખાવાપીવાનું નસીબમા લખાયેલું પૂરું થવું, એટલે ત્યાથી ઊપડવાનો વખત આવવો (૩)નસીબ ફરવું, ભાગ્ય ફરી વળવું] ૦દાતા વિ૦ ખાવાનું આપનાર (૨)આશ્રય

આપનાર ૦દાન ન૦અન્નનુ દાન. ૦દેવ પુ૦ અન્નરૂપી દેવ ૦દેવતા પુ૦ બ૦ વ૦ અન્નરૂપી દેવ (૨) સ્ત્રી૦ અન્નની અધિષ્ઠાતા દેવી, અન્નપૂર્ણા ૦પાણી ન૦ અન્નજળ, ખાવુંપીવુ, નિર્વાહનુ સાધન [—ઝેર થઈ જવાં = (દિલગીરી ઇ૦ના આવેશથી) ખાવાપીવામા સ્વાદ ન રહેવો—અકારુ લાગવુ ] ૦પાન ન૦ અન્નજળ ૦પૂર્ણા સ્ત્રી૦ (સ ) અન્ન પૂરનારી – પૂરુ પાડનારી દેવી ૦પ્રાશન ન૦ નાના છોકરાને છઠ્ઠે અથવા આઠમે મહિને પહેલવહેલુ અન્ન ખવડાવવાનો સસ્કાર. ૦મય વિ૦ અન્નનુ અન્નથી ભરેલુ (૨) અન્નથી બધાયેલુ (શરીર) ૦મયકોષ(—ષ) પુ૦ સ્થૂળ શરીર ૦રસ પુ૦ અનાજનુ સત્ત્વ ૦વસ્ત્ર ન૦ ખોરાક અને કપડા ખોરાકીપોશાકી ૦વિકાર પું૦ અપચાથી શરીરમા થતો બગાડ ૦સત્ર ન૦ અન્નછત્ર —ન્નાન્નદશા સ્ત્રી૦ અન્ન, અન્ન એમ કરવુ પડે એવી દશા, ખાવાના સાસા —ન્નાશય ન૦ હોજરી, જઠર —ન્નાહાર પું૦ માસનો નહિ અનાજનો – નિરામિષ આહાર —ન્નાહારી વિ૦ અન્નાહાર કરનારુ —ન્નોદક ન૦ અન્નજળ

**અન્નૈયું** વિ૦[सं अन्याय] અન્યાયી, અણઘિયું, વાકાબોલુ

**અન્ય** વિ૦[सं ] બીજુ (૨) ભિન્ન. ૦ગામી વિ૦ વ્યભિચારી ૦ગોત્રી વિ૦ બીજા ગોત્રનુ ૦તર વિ૦ [स ] બેમાનુ એક (૨) બીજું (૩) ભિન્ન ૦તરાન્વિત વિ૦ બેમાથી એક સાથે સબદ્ધ ૦ત્ર અ૦ [स ] બીજે ઠેકાણે ૦થા અ૦ [सं ] બીજી રીતે (૨) આડું, ઊલટું ૦દેશી વિ૦ પરદેશી ૦ભૃત(—તા) [स ] સ્ત્રી૦ કોયલ ૦મનસ્ક [स ]; ૦મનું વિ૦ મન બીજે ઠેકાણે ગયેલું હોય એવુ, ધ્યાનરહિત —ન્યા સ્ત્રી૦ પરસ્ત્રી —ન્યાશ્રિત વિ૦ પરાશ્રિત

**અન્યે કે પન્યે** = બીજાએ કે પંડે—પોતે, ગમે તેમ કરીને

**અન્યાય** પુ૦[स ] ન્યાયવિરુદ્ધ કર્મ, ગેરઇન્સાફ ૦યુક્ત વિ૦ અન્યાયવાળું —યી વિ૦ અન્યાયયુક્ત (૨) અન્યાયથી વર્તનારું —ય્ય વિ૦[स ] ન્યાય્ય નહી તેવુ

**અન્યારી** સ્ત્રી૦ બાળવાના લાકડાની હેલ—ગાડુ [— ખડકવી = હેલ બરોબર ગોઠવીને ગાડામા ભરવી ]

**અન્યોક્તિ** સ્ત્રી૦[स ] એક અર્થાલંકાર બોલવું અમુકને ઉદ્દેશીને અને લાગુ પાડવુ કોઈ બીજાને એવી વાણીની ચાતુરી, સ્તુતિના શબ્દોમા નિંદા ને નિંદાના શબ્દોમા સ્તુતિ દર્શાવવી તે (કા શા )

**અન્યોન્ય** વિ૦(૨) અ૦ [स ] પરસ્પર એકમેક. ૦દ્રોહી વિ૦ પરસ્પર દ્રોહ કરનાર ૦પૂરક વિ૦ પરસ્પર પુરવણી કરતુ ૦પોષક વિ૦ પરસ્પર પોષક —ન્યાધ્યાસ પુ૦ અરસપરસ મિથ્યા આરોપણ કરવુ તે —ન્યાભાવ પુ૦ એક પદાર્થનો બીજા પદાર્થમા અભાવ તે જેમ ઘટનો પટમા અને પટનો ઘટમા (ન્યા ) —ન્યાશ્રય પરસ્પર આશ્રય; ટેકો (૨) अ થી व સિદ્ધ કરવો અને પાછો व થી अ સિદ્ધ કરવો તે દોષ, 'પીટિશિયો પ્રિન્સિપી' (ન્યા ) —ન્યાશ્રયી, —ન્યાશ્રિત વિ૦ અન્યોન્યાશ્રયવાળું —ન્યોત્તેજન ન૦ અન્યોન્ય ઉત્તેજન

**અન્વય** પુ૦[स ] સબધ (૨)[વ્યા ] પદોનો પરસ્પર યોગ્ય સબધ (૪) કારણ હોય ત્યા કાર્યનુ હોવુ તે નિયમ (૫) વશ (૬) ભાવાર્થ [—કરવો = પદોનો સબધ ગોઠવી બતાવવો —બેસવો = વાક્યમા પદોનો સબધ વ્યાકરણ અને ભાવથી બરોબર આવવો કે ગોઠવાવો ] ૦પદ્ધતિ સ્ત્રી૦ અન્વેષણની પદ્ધતિઓમાની એક, જેમા અમુક અર્થ જ્યા જ્યા હોય ને સઘળા દાખલાઓમા એક જ બીજો સર્વસાધારણ અર્થ મળી આવતો હોય તો તે બે અર્થો ઘણુ કરીને કાર્યકારણ છે અથવા કાર્યકારણ સબધવાળા છે, એમ સમજવામા આવે છે 'મેથડ ઑફ એગ્રીમેન્ટ' (ન્યા ) ૦વ્યતિરેક પુ૦ અન્વય તથા વ્યતિરેક ૦વ્યતિરેકી વિ૦ અન્વયવ્યાપ્તિ તેમ જ વ્યતિરેકવ્યાપ્તિ બંને વાળુ ( સાધન) [ન્યા ] ૦વ્યાપ્તિ સ્ત્રી૦ સાધન હોય ત્યા સાધ્ય હોય એવા સબંધનુ દર્શન —યાગત વિ૦ વશપરપરાથી આવેલું —યી વિ૦ અન્વય-સબધ બતાવનાર (૨) અન્વયવાળું (૩) વશનુ વશવાળુ

અન્વર્થ, ૦ક વિ૦ [સં] અર્થને અનુસરતું, યથાર્થ ૦તા સ્રી
અન્વિ(-ન્વી)ત વિ૦ [સં] યુક્ત (૨) ગ્રસ્ત, સપડાયેલું -તાર્થ પું૦ અન્વય ઉપરથી સહેજે સમજાય એવો અર્થ (૨) વિ૦ એવા અર્થવાળું [જોવું-તપાસવું તે
અન્વીક્ષણ ન૦,અન્વીક્ષા સ્રી૦[સં]બારીકીથી
અન્વેષક વિ૦ [સં] તપાસનાર (૨) પું૦ હિસાબ તપાસનાર,'ઓડીટર' -ણ ન૦ તપાસ, શોધ, સંશોધન
અન્વેષ્ટવ્ય વિ૦ [સં] અન્વેષણ કરવા લાયક
અન્વેષ્ટા વિ૦ [સં] અન્વેષણ કરનાર
અપ [સં] ઉપસર્ગ શબ્દને લાગતાં 'નીચેનું', 'ઊતરતું', 'હીન', 'ખરાબ' વગેરે ભાવ બતાવે છે (૨) ન૦ [સં अप्] પાણી
અપઈ વિ૦ જાણીતું, સમજાય એવું
અપકર્મ ન૦ [સં] જુઓ અપકૃત્ય
અપકર્ષ પું૦ [સં] પડતી ૦ક વિ૦ અપકર્ષ કરનારું ૦ણ ન૦ પાછા પાડવું-નીચે પાડવું તે (૨) ઘટાડો થવો તે
અપકાય પું૦બ૦વ૦[સં]પાણીના જીવ
અપકાર [સં]હાનિ, અનુપકાર(૨)કૃતઘ્નતા,દ્રોહ ૦ક, -રી વિ૦ અપકાર કરનારું -ર્ય ન૦ ખરાબ કાર્ય
અપકીર્તિ(-ર્ત્તિ) સ્રી૦[સં] બદનામી, અપયશ
અપકૃતિ સ્રી૦, -ત્ય ન૦ [સં] અપકાર્ય, ખરાબ કામ, દુરાચરણ
અપકૃષ્ટ વિ૦[સં]અવનત,પતિત(૨)અધમ,હલકું
અપક્રિયા સ્રી૦ [સં.] અવક્રિયા; નુકસાન (૨) અપકૃતિ, ખોટું કામ
અપક્વ વિ૦[સં]પક્વ નહિ તેવું,કાચું ૦તા સ્રી૦
અપક્ષ વિ૦[સં] પાખ વિનાનું(૨)સહાય વિનાનું (૩)નિષ્પક્ષ ૦તા સ્રી૦ ૦પાત પું૦ પક્ષપાતનો અભાવ, નિષ્પક્ષતા
અપક્ષય પું૦ [સં] વિનાશ
અપ(-બ)ખો પું૦ (કા) અણગમો, અરુચિ
અપ(-વ)ખોડવું સ૦ક્રિ૦ નિંદવું ખોડો કાઢવી, વખોડવું, અપખ્યાતિ કરવી
અપઘાત પું૦ [સં] કમોત
અપચય પું૦ [સં] ક્ષય, હાનિ, ઘટાડો
અપચાર પું૦ [સં]દુરાચરણ(૨)કરી ન પાળવી તે
અપચિહ્ન ન૦ [સં] ખરાબ ચિહ્ન(૨)અપશુકન
અપચો પું૦ [અ+પચવું] બદહજમી; અજીરણ
અપછરા સ્રી૦ [સં अप्सरस्]+અપ્સરા
અપચ્છાય વિ૦ [સં] નઠારી છાયાવાળું (૨) પું૦ જેનો ઓળો ન પડે તે - દેવ, ઉપદેવ વગેરે
અપજય પું૦ [સં] પરાજય, હાર
અપજશ(-સ) પું૦ અપયશ, અપકીર્તિ [-મળવો=અપકીર્તિ થવી, વખોડાવું -લેવો=અપકીર્તિ વહોરવી]-શિ(-સિ)યું વિ૦ અપજશવાળું, અપજશ અપાવે એવું
અપજાત પું૦ [સં] માબાપ કરતાં ઊતરતા ગુણવાળો પુત્ર
અપ(-પ્પ)ટ અ૦ રોજ, હમેશ (૨) વિ૦ [સં अपटु] મૂર્ખ, બેવકૂફ
અપટી સ્રી૦ [સં.] નાટકનો પડદો ૦ક્ષેપ પું૦ પડદો ખસેડી એકાએક રંગભૂમિ ઉપર આવવું તે
અપટી સ્રી૦ [સં, સં आपत्?] વ્યવહાર-વેપારમાં ઓપટી - નુકસાન
અપટુ વિ૦ [સં] પટુ-કુશળ નહિ તેવું (૨) માંદું
અપટ વિ૦ [હિં] અભણ
અપત ન૦ જુઓ અપત્ય
અપતિવ્રતા વિ૦ સ્રી૦ [સં] પતિવ્રતા નહિ તેવી, વ્યભિચારિણી [અવિશ્વાસ
અપતીજ સ્રી૦ [અ+પતીજ] અણપતીજ,
અપત્નીક વિ૦ [સં] પત્ની વગરનું (કુંવારું કે વિધુર), એકલું [દૃષ્ટિએ)
અપત્ય ન૦ [સં] સંતાન (૨) બાળક (વડીલોની
અપત્ર(-ત્રી) વિ૦ [સં] પાંદડાં વિનાનું (૨) પાખ વિનાનું
અપત્રપા સ્રી૦ [સં] શરમાળપણું લજ્જા
અપત્રી વિ૦ [સં] જુઓ અપત્ર
અપથ પું૦ [સં] કુમાર્ગ (૨) પાખંડી મત
અપથ્ય વિ૦ [સં] પથ્ય નહિ એવું(૨)ન૦ કુપથ્ય
અપદ વિ૦ [સં] પગ વિના ચાલનાર (૨)પદ-હોદ્દા વિનાનું [શબ્દાર્થ નહિ તે
અપદાર્થ પું૦ [સં] મિથ્યા - અસત વસ્તુ (૨)
અપદેવતા પું૦ [સં] ભૂત પ્રેતાદિ

**અપદેશ** પું૦ [સં] ઉલ્લેખ કરવો – નામ આપવું તે (૨) બહાનું, યુક્તિ (૩) [ન્યા] કારણ આપવું તે
**અપદ્યાગદ્ય** વિ૦ [સં.] નહિ ગદ્ય કે નહિ પદ્ય એવું (૨) ન૦ એવી કાવ્યરચના
**અપદ્વાર** ન૦ [સં] પાછલું બારણું (૨) ગુદા
**અપધર્મ** પું૦ [સં.] અધર્મ
**અપધ્યાન** ન૦ [સં] અનિષ્ટનું ચિંતન, વિપરીત ચિંતન
**અપધ્વંશ** પું૦ [સં] અધોગતિ, અધઃપાત વિનાશ
**અપનાવવું** સ૦ ક્રિ૦ [હિં] પોતાનું કરવું કે માનવું —ટ સ્ત્રી૦ અપનાવવું તે
**અપન્યાસ** પું૦ [સં] અસ્તાઈના અંતનો સ્વર
**અપપાઠ** પું૦ [સં] ખોટું પાઠાંતર
**અપભવન** ન૦ [સં] વક્રીભવન
**અપભ્રષ્ટ** વિ૦ [સં.] પડેલું (૨) વિકૃત, અપભ્રંશ પામેલું
**અપભ્રંશ** પું૦ [સં] પડવું તે (૨) શબ્દનું વિકૃત થવું તે (૩) વિકૃત શબ્દ (૪) સ્ત્રી૦ સંસ્કૃતમાંથી અપભ્રષ્ટ એક ભાષા
**અપમાન** ન૦ [સં] માનથી ઊલટું તે; અનાદર; તિરસ્કાર ૦યુક્ત વિ૦ અપમાનવાળું. –નિત વિ૦ અપમાન પામેલું
**અપમાનવું** સ૦ક્રિ૦ [સં અપમાન પરથી] અપમાન કરવું
**અપમાર્ગ** પું૦ [સં.] કુમાર્ગ
**અપમૃત્યુ** ન૦ [સં] કમોત
**અપયશ** પું૦ [સં] અપજશ, બદનામી, અપકીર્તિ
**અપર** વિ૦ [સં] બીજું; ભિન્ન (૨) પાછળનું (૩) ઓરમાન, સાવકું ૦મા. ૦માતા સ્ત્રી૦ સાવકી મા ૦રાત્ર સ્ત્રી૦ પાછલી રાત. ૦સામાન્ય ન૦ [ન્યા] પેટાસમૂહની જાતિ. ૦સ્વસ્તિક પું૦ ક્ષિતિજનું પશ્ચિમ બિંદુ –રંચ અ૦ [સં.] વિશેષમાં, વળી, ઉપરાંત –રા વિ૦ સ્ત્રી૦ [સં] નિકૃષ્ટ; ઊતરતી (૨) પારકી (૩) બીજી, ભિન્ન –રા વિદ્યા સ્ત્રી૦ નામરૂપાત્મક વિદ્યા, બ્રહ્મવિદ્યા સિવાયની વિદ્યા. –રાહ્ણ પું૦ [સં] પાછલો પહોર
**અપરમાદ** પું૦ તબિયતમાં બગાડો
**અપરસ** પું૦ [સં] અધમ પ્રકારનો રસ
**અપરસ** પું૦ [સં અસ્પર્શ, પ્રા. પરસ=સ્પર્શ] (વૈષ્ણવોમાં) અડકાય નહિ એવું હોવું તે
**અપરંચ** અ૦ [સં] વિશેષમાં, વળી, ઉપરાંત
**અપરંપાર** વિ૦ [સં અ+પર+પાર] અપાર, પુષ્કળ
**અપરાજિત** વિ૦ [સં] પરાજિત નહિ એવું –તા સ્ત્રી૦ એક ઔષધિ (૨) (સં) દુર્ગા
**અપરાજેય** વિ૦ [સં.] હરાવી ન શકાય એવું
**અપરાધ** પું૦ [સં] દોષ, ગુનો (૨) પાપ ૦ણું, –ધિની વિ૦સ્ત્રી૦ 'અપરાધી'નું સ્ત્રીલિંગ.–ધી વિ૦ (૨) પું૦ અપરાધ કરનાર
**અપરાધીન** વિ૦[સં] પરાધીન નહિ એવું, સ્વતંત્ર
**અપરા૦વિદ્યા** જુઓ 'અપર'માં
**અપરાહ્ણ** પું૦ [સં] જુઓ 'અપર'માં
**અપરિક્લેશ** પું૦ [સં] પરિક્લેશનો અભાવ
**અપરિગ્રહ** પું૦[સં.] પરિગ્રહ ન રાખવો તે. ૦વ્રત ન૦ અપરિગ્રહી રહેવાનું વ્રત. –હી વિ૦ પરિગ્રહ ન રાખનારું
**અપરિચિત** વિ૦ [સં.] પરિચિત નહિ એવું; અજાણ્યું
**અપરિચ્છિન્ન** વિ૦ [સં] પરિચ્છિન્ન નહિ એવું
**અપરિણીત** વિ૦ [સં] નહિ પરણેલું
**અપરિમિત** વિ૦[સં] પરિમિત નહિ એવું; અમાપ
**અપરિમેય** વિ૦ [સં] માપી ન શકાય એવું
**અપરિહાર્ય** વિ૦ [સં.] ટાળી ન શકાય એવું
**અપરીક્ષિત** વિ૦ [સં.] પરીક્ષિત નહિ એવું
**અપરોક્ષ** વિ૦ [સં] પરોક્ષ નહિ એવું, પ્રત્યક્ષ
**અપર્ણ** વિ૦ [સં] પાંદડાં વિનાનું
**અપર્ણા** સ્ત્રી૦ [સં] (સં) પાર્વતી
**અપર્યાપ્ત** વિ૦ [સં] પર્યાપ્ત નહિ એવું
**અપલક્ષણ** ન૦ [સં.] નઠારું લક્ષણ (૨) દુરાચરણ
**અપલખ(–ક્ખ)ણ** ન૦ જુઓ અપલક્ષણ
**અપલખણું** વિ૦ અપલક્ષણવાળું (૨) ચાહ્વું; અટકચાળું (૩) એબવાળું
**અપલાપ** પું૦ [સં.] છુપાવવું તે, ખરી વાત ઉડાવવી તે
**અપલાયન** ન૦ [સં] નાસવું નહિ–પૂંઠ ન દેખાડવી તે
**અપલ્યા** સ્ત્રી૦ [સં. अ+पल=માંસ] દુબળી સ્ત્રી (૨) કૂવડ સ્ત્રી
**અપવક્ત્ર** ન૦ [સં] એક છંદ
**અપવર્ગ** પું૦ [સં] સમાપ્તિ (૨) મોક્ષ
**અપવર્તક** પું૦ [સં.] અપવર્તન કરનાર
**અપવર્તન** ન૦ [સં] ખોટું આચરણ
**અપવાદ** પું૦ [સં] સામાન્ય નિયમમાં બાધ (૨) નિંદા, આળ (૩) ખંડન, ઇનકાર.

[—બેસવો,—લાગવો=આળ ચોટવુ,માથે આળ લાગવુ ] ૦ક,–દી વિ૦ અપવાદ કરનારુ
**અપવાસ** પુ૦ જુઓ ઉપવાસ
**અપવિત્ર** વિ૦[सं] નાપાક, અશુદ્ધ ૦તા સ્ત્રી૦
**અપવિદ્ધ** વિ૦ [स] ફેકી દીધેલું, તજાયેલુ (૨) અધમ (૩)પુ૦ મા કે બાપે તજી દીધેલો અને કોઈ અજાણ્યાએ દત્તક લીધેલો કે ઉછેરેલો પુત્ર
**અપવ્યય** પુ૦ [स] ખોટુ ખરચ, બગાડ
**અપશકુન** પુ૦ [स] જુઓ અપશુકન
**અપશબ્દ** પુ૦ [स] ગાળ, ખરાબ શબ્દ (૨) [વ્યા] નિયમ વિરુદ્ધનો શબ્દ, ખોટો પ્રયોગ [—કાઢવો =મોમાથી ગાળ બોલવી—ખોટો શબ્દ કહેવો]
**અપ(–ર)શુકન** પુ૦ [स अपशकुन] માઠા શુકન(૨) અશુભ ચિહ્ન –નિયણુ વિ૦ સ્ત્રી૦, –નિયાળ,–નિયુ વિ૦ જેના શુકન ખરાબ ગણાતા હોય તેવું, અમગળ
**અપસદ** પુ૦ [स] નીચ વર્ણનો માણસ (૨) સમાસમા ઉત્તરપદ તરીકે આવતા 'અધમ', 'નીચ'નો અર્થ બતાવે છે (ઉદા૦સૂતાપસદ)
**અપસરણ** ન૦[स]ખસી જવુ તે, નાસી જવુ તે
**અપસરવુ** અ૦ક્રિ૦ [स अपसृ] દૂર ખસવુ
**અપસવ્ય** વિ૦ [स] જમણું (૨) ઊલટુ (૩) અ૦ જમણી તરફ (જનોઈ જમણે ખભે લાવી દેવી તે) [વાળો સિદ્ધાંત
**અપસિદ્ધાંત** પુ૦[स] ભૂલભરેલો કે તર્કદોષ-
**અપસ્માર** પુ૦ [स] ફેફરુ [તે ગાનાર
**અપસ્વર** પું૦[स] ખોટો—વર્જ્ય સ્વર(૨) વિ૦
**અપહતિ** સ્ત્રી૦ [स] દૂર કરવુ—નાશ કરવુ તે
**અપહરણ** ન૦ [स]ઉપાડી જવુ તે, કાઢીજવુ તે
**અપહાર** પુ૦[स]અપહરણ(૨)ઉચાપત કરવુ તે (૩) પારકી મિલકત વાપરવી–ઉડાવી દેવી તે
**અપહ્નુતિ** સ્ત્રી૦ [स] છુપાવવુ તે (૨) [કા શા] જેમા વસ્તુના અસલ ધર્મને છુપાવી બીજા ધર્મનો આરોપ કરવામા આવે તે અલકાર
**અપંખ** વિ૦ [अ+पंख] પાખ વિનાનું
**અપંગ** વિ૦ [प्रा, स अपाग] પાગળું, કોઈ અગની ખોડવાળુ (૨) [લા] લાચાર
**અપંડિત** વિ૦ [स] પડિત નહિ એવુ
**અપાતક** ન૦ [स] પાપ નહિ તે. –કી વિ૦ પાતકી નહિ એવુ
**અપાચ્ય** વિ૦ [स] ન પચી શકે એવુ
**અપાત્ર** વિ૦ [सं] અયોગ્ય (૨) ન૦ નકામુ વાસણ ૦તા સ્ત્રી૦
**અપાદ** વિ૦ [सं] પગ વગરનુ
**અપાદાન** ન૦ [स] છૂટા પડવુ તે (૨) [વ્યા] પાચમી વિભક્તિનો અર્થ
**અપાન** પુ૦ [स] પાચ પ્રાણવાયુઓ (પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન)માનો એક જે ગુદા વાટે નીકળે છે. ૦દ્વાર ન૦ ગુદા ૦વાયુ પુ૦ અપાન
**અપાપ(–પી)** વિ૦ [सं] પાપરહિત, નિષ્પાપ
**અપામાર્ગ** પુ૦ [स] અઘેડો
**અપાય** પુ૦ [स] સકટ, આફત (૨) નુકસાન, તોટો (૩) ખુવારી, નાશ
**અપાર** વિ૦ [स] પાર વિનાનુ, ખૂબ
**અપારદર્શક** વિ૦ [स] પારદર્શક નહિ તેવું
**અપારદર્શિતા** સ્ત્રી૦ [स] પારદર્શક ન હોવુ તે
**અપાર્થિવ** વિ૦ [स] પાર્થિવ નહિ તેવુ
**અપાવરણ** ન૦ [स] ઉઘાડવુ–ખુલ્લુ કરવુ તે
**અપાસરો** પુ૦ [स उपाश्रय] જૈન સાધુઓને રહેવાનુ સ્થાન [અપાસરે દીવો=(અપાસરે દીવો ન જ કરાય તે પરથી) અશક્ય વાત,સૂરજ પશ્ચિમમા ઊગવો.]
**અપાસ્ત** વિ૦ [स] તિરસ્કૃત, તરછોડાયેલુ
**અપાંગ** પુ૦ [स] આખનો ખૂણો (૨) ટીલું (૩) વિ૦ પાગળુ, અપંગ. ૦દર્શન ન૦ કટાક્ષ ૦દૃષ્ટિ ન૦ કટાક્ષભરી નજર. ૦નેત્ર વિ૦ અણિયાળી આખવાળુ
**અપિ** અ૦ [स] પણ, વળી ૦ચ અ૦ વળી
**અપિ(–પૈ)તૃક** વિ૦[स]બાપ વિનાનુ (૨) વડીલો-પાર્જિત નહિ એવુ
**અપીલ** સ્ત્રી૦ [इ] આગ્રહભરી વિનંતી; અનુરોધ [—કરવું,=હૃદયમા ઊતરે, અસર થાય તેમ વીનવવુ —થવું=હૃદયમા ઊતરવુ,અસર થવી, ગમવુ](૨) ફાળા માટેની માગણી કે વિનતી(૩) નીચલી અદાલતના ચુકાદા સામે ઉપલી અદાલ-તને અરજી [—મા જવું=કેસની અપીલ થવી,

(માણસે) અપીલ કરવી, અપીલકોર્ટમા જવુ **—લઈ જવી**=અપીલકોર્ટમાં કેસ લઈ જવો, અપીલ કરવી **—ચાલવી**=અપીલનુ કામ અદાલતમા ચાલુ થવું **—ચલાવવી, —સાંભળવી**=અપીલનુ કામ ચાલુ કરવુ, સુનાવણી ઉપર લેવુ] **૦કોર્ટ** સ્ત્રી૦ અપીલ સાંભળનારી ઉપરની અદાલત

**અપુચ્છ** વિ૰ [सं] પૂછડા વિનાનું

**અપુણ્ય** વિ૰ [सं] અધર્મ્ય, અપવિત્ર, મલિન (૨) ન૰ પુણ્યનો અભાવ, પાપ

**અપુત્ર** વિ૰ [सं] પુત્રહીન **૦તા** સ્ત્રી૰

**અપુત્રિણી** વિ૰ સ્ત્રી૰ [सं] પુત્ર વિનાની

**અપુશાન** ન૰ જુઓ અપૂશણ

**અપુષ્ટ** વિ૰ [सं] નહિ પોષાયેલુ (૨) પુષ્ટ નહિ એવુ, દૂબળું (૩)[કા શા] અપ્રસ્તુત

**અપુષ્પિત** વિ૰ [सं] પુષ્પિત નહિ એવુ

**અપૂજ** વિ૰ [सं] પૂજા વગરનુ, ન પૂજાતુ

**અપૂજ્ય** વિ૰ [सं] પૂજ્ય નહિ એવુ

**અપૂત** વિ૰ [सं] અપવિત્ર

**અપૂપ** પુ૰ [सं] માલપૂડો (૨) મધપૂડો

**અપૂરતું** વિ૰ [અ+પૂરતુ] પૂરતુ નહિ એવું, ખૂટતું

**અપૂરિત** વિ૰ [सं] પૂરિત નહિ એવુ

**અપૂર્ણ** વિ૰ [सं] પૂર્ણ નહિ એવું **૦કાલ(—ળ)** પુ૰ ક્રિયાની અપૂર્ણતાનો ભાવ આવે એવો કાળ [વ્યા] **૦ક્રિયાપદ** ન૰ બધા કાળ અને અર્થના રૂપ જેના થતા નથી એવું ક્રિયાપદ. **૦તા** સ્ત્રી૰ **૦બીજ** પું૰ 'એલ્જિબ્રેઇકલ ફ્રેક્શન' (ગ). **—ર્ણાંક** પું૰ અપૂર્ણ આંકડો, 'એરિથમેટિકલ ફ્રેક્શન' [ગ]

**અપૂર્તિ** સ્ત્રી૰ [सं] પૂર્તિનો અભાવ

**અપૂર્વ** વિ૰ [सं] અવનવું, પૂર્વે ન બનેલુ એવુ (૨) અસામાન્ય **૦તા** સ્ત્રી૰

**અપૂશ** (શ, ?) સ્ત્રી૰ દાટો (કપડુ વીંટીને કરેલો) (૨)[લા]દમ ભીડેલો રાખવો તે [**—નીકળી જવી**=દમ નીકળવો, ઠૂશ થઈ જવુ, ખૂબ થાકી જવુ **—કાઢવી**=થકવી નાખવું, ઠૂશ કાઢવી]

**અપૂ(—પો)શણ** ન૰ [सं. आपोशान] અપુશાન, ભોજનને આરંભે અને અંતે જે આચમન કરવુ તે (૨)ભોજનની શરૂઆતમા પીરસાતો થોડો ભાત [**—માં જવું**=(ભોજનમા અપોશણની પેઠે) કશી ગણતરીમા કે મજરે ન લેખાવુ, ચટણી થઈ જવી]

**અપૃષ્ઠવંશ** પુ૰ [सं] કરોડ વિનાનુ પ્રાણી. **—શી** વિ૰ અપૃષ્ઠવંશની જાતનુ

**અપેક્ષણીય** વિ૰ [सं] ઇચ્છવા જોગ, અપેક્ષ્ય

**અપેક્ષા** સ્ત્રી૰ [सं] ઇચ્છા (૨) અગત્ય (૩) [વ્યા] આકાંક્ષા **—ક્ષિત** વિ૰ જેની અપેક્ષા હોય તેવુ (૨) અપેક્ષાવાળુ **—ક્ષ્ય** વિ૰ અપેક્ષા રાખવા જેવુ કે રાખવી જોઈએ એવુ

**અપેખ** વિ૰ [અ+પેખવુ] અદૃશ્ય

**અપેય** વિ૰ [सं] પીવાને અયોગ્ય કે ન પી શકાય એવુ **૦પાન** ન૰ અપેય પીણુ કે તે પીવુ તે

**અપૈતૃક** વિ૰ [सं] જુઓ અપિતૃક

**અપૈશુન(—ન્ય)** ન૰ [सं] પૈશુનનો અભાવ

**અપોશણ** ન૰ જુઓ અપૂશણ

**અપૌરુષ(—ષેય)** વિ૰ [सं] બાયલુ (૨) ઈશ્વરકૃત (૩) ન૰ બાયલાપણુ

**અપ્રરંગી** વિ૰ તરંગી, ચંચળ

**અપ્પટ** વિ૰ (૨) અ૰ જુઓ 'અપટ'

**અપ્રક(—ગ)ટ** વિ૰ [सं] બહાર નહિ પડેલું; અપ્રસિદ્ધ (૨) છાનુ

**અપ્રકાશ** વિ૰ [सं] પ્રકાશ વગરનુ (૨) અપ્રગટ (૩) પું૰ અંધકાર **—શિત** વિ૰ પ્રકાશિત નહિ તેવુ

**અપ્રકૃત** વિ૰ [सं] પ્રકૃત નહિ એવુ (૨) [કા. શા] [ઉપમાન

**અપ્રગટ** વિ૰ જુઓ અપ્રકટ

**અપ્રગલ્ભ** વિ૰ [सं] પ્રગલ્ભ નહિ એવુ

**અપ્રજ** વિ૰ [सं] પ્રજા વગરનુ, વાંઝિયુ

**અપ્રણીત** વિ૰ [सं] સંસ્કારહીન અકૃત (૨) પ્રણીત—રચેલુ નહિ એવુ

**અપ્રતિ(—તી)કાર** પું૰ [सं] વિરોધ—સામનો નહિ કરવો તે (૨) વિ૰ જેનો પ્રતિકાર—ઉપાય નથી એવુ **—રી** વિ૰ પ્રતિકાર ન કરનારું; 'પૅસિવ' **—ર્ય** વિ૰ પ્રતિકાર ન કરવા યોગ્ય કે ન કરી શકાય એવુ [અનુકૂલ

**અપ્રતિકૂલ** વિ૰ [सं] પ્રતિકૂલ નહિ એવું;

**અપ્રતિગ્રહ** પું૰ [सं] અસ્વીકાર દાન ન લેવુ તે

અફરાવું અ૦ ક્રિ૦ [જુઓ આફરો] વધુ ખાવાથી અકળાવું; આફરો ચડવો. -મણ સ્ત્રી૦ વધુ ખાવાથી થતી અકળામણ
અફરાંટુ વિ૦ ઉપરાંટું
અફલ(-ળ) વિ૦ [સ] ફળ વિનાનું, અફળ
અફલાતૂન પું૦ [अ.] (સં) ગ્રીસનો મહાન તત્ત્વજ્ઞાની પ્લેટો (૨) વિ૦ જુઓ આફલાતૂન -ની વિ૦ પ્લેટોને લગતું (૨) સુંદર
અફલિત વિ૦ [સ] ફળેલું નહિ તેવું (૨) નિષ્ફળ
અફવા સ્ત્રી૦ [अ] ઊડતી ખબર; ગામગપાટો. [—ઊડવી,—ચાલવી=ઊડતી ખબર કે ગપ ફેલાવી]
અફસોસ પુ૦ [फा.] શોચ, પસ્તાવો; દિલગીરી (૨) અ૦ અરેરે. -સી સ્ત્રી૦ અફસોસ કરવો તે
અફળ વિ૦ [જુઓ અફલ] નિષ્ફળ, નકામું (૨) વાઝિયું -ળા સ્ત્રી૦ ન ફળે એવી વનસ્પતિ, કુંવાર
અફળાવું અ૦ક્રિ૦ 'અફાળવું'નું કર્મણિ, ટિચાવું, પછડાવું -ટ પું૦ અફળાવું તે, તેનો અવાજ
અફાટ વિ૦ (૨) અ૦ ખૂબ વિશાળ, અસ્ખલિત, અપાર, અનંત વિસ્તારવાળું
અફાળકૂટ સ્ત્રી૦ ધમપછાડા (૨) માથાકૂટ
અફાળવું સ૦ક્રિ૦ [स.आस्फाल्] ટીચવું, પછાડવું
અફીણ ન૦ [फा अफ्यून, सं अहिफेन] એક ઝેરી-માદક પદાર્થ [—ખાવું=અફીણ ખાઈ આપઘાત કરવો] -ણિયું,-ણી વિ૦ અફીણના વ્યસનવાળું (૨) [લા] સુસ્ત, એદી
અફૂ ન૦ [म, हि] જુઓ અફીણ
અબ અ૦ [हि] અત્યારે ૦ઘડી,-બી અ૦ હમણાં જ, આ ક્ષણે જ
અબ(-ભ)ખો પું૦ અણગમો, અરુચિ, અભાવો [—આવવો=અરુચિ થઈ જવી —કાઢવો=અરુચિ કે અભાવો દૂર કરવો]
અબખોરો પુ૦ જુઓ આબખોરો
અબગરવું સ૦ક્રિ૦ [स उपकृ: प्रा उवगरिअ= ઉપકાર] ઉપકાર કરવો [આવતું ઘી
અબગાર પુ૦(કા)અન્ન પવિત્ર કરવા પીરસવામાં
અબજ વિ૦ (૨) પુ૦ [सं अब्ज] અબજ સંખ્યા ૦પતિ પું૦ અબજ રૂપિયાનો માલિક
અબતર વિ૦ [अ] ખરાબ; બગડેલું
અબદાગીરી સ્ત્રી૦ [म अबदागीर; फा आफ्ताब+गीरी] છત્ર (રાજામહારાજા ઇ૦ માનસૂચક ઓઢે છે કે રાખે છે તે)
અબદાલી પુ૦ [अ]ધર્મી પુરુષ (૨) જગતને ટકાવી રાખનાર સિત્તેર ઓલિયા ઇસ્લામમાં મનાય છે તે દરેક
અબદુલ્લા પુ૦ [अ] ખુદાનો બંદો
અબદ્ધ વિ૦ [स] બદ્ધ નહિ એવું, છૂટું
અબ(-વ)ધૂત પુ૦ [स अवधूत] વૈરાગી, બાવો (૨) વિ૦ મસ્ત [શણગાર
અબનાલ સ્ત્રી૦ [फा] તરવારની મૂઠ પરનો
અબનૂસ ન૦ [अ. आबनूस], -સી સ્ત્રી૦ એક ઊંચી જાતનું કાળું લાકડું
અબનૂસપાન ન૦ [तिलुगु] ટિંબરવો
અબરક(-ખ) ન૦ [अ. अम्रक, स अभ्रक] એક ધાતુ, અભ્રક
અબરૂ સ્ત્રી૦ [फा. अब्रू] આંખની ભમર, ભ્રૂ
અબલ(-ળ) વિ૦ [स] બલહીન, નિર્બલ -લા (-ળા) વિ૦ સ્ત્રી૦ અલ્પ બળવાળી (૨) સ્ત્રી૦ સ્ત્રી
અબલક(-કી,-ખ,-ખી) વિ૦ [अ. अब्लक] ચિત્રવિચિત્ર, કાબરચીતરું ૦મેના સ્ત્રી૦ એક પક્ષી [આ ઘડીએ, હમણાં, અત્તરસાત
અબસાત અ૦ [हि.अब+अ साअत=કલાક]
અબળ,-ળા જુઓ 'અબલ'માં
અબ(-ભ)ળખા સ્ત્રી૦,-ખો પુ૦[स अभिलाषा] ઇચ્છા; ઓરિયો (૨) દોહદ
અબંડ વિ૦+બંડખોર નહિ એવું, આજ્ઞાધારી
અબંધ વિ૦ [सं] બંધ વિનાનું
અબંધન ન૦ [स] બંધનનો અભાવ
અબાધ વિ૦ [स] બાધિત નહિ એવું ૦ક વિ૦ બાધક નહિ એવું -ધિત વિ૦ અબાધ -ધ્ય વિ૦ બાધ્ય નહિ એવું
અબાબ પુ૦ [म =સરકારી કર કે મહેસૂલ,अ. अब्बाब] કરકસ્યિાવર, રીત, લાગો
અબારું ન૦ અંધેર, અંધાધૂંધી
અબાંધવ વિ૦ [सं] સગાસાગવા વિનાનું; અનાથ
અબી અ૦ [हि] અબઘડી, હમણાં જ

અબીર(–લ) ન૦ [અ] એક સુગંધીદાર ધોળી ભૂકી [અબીલ અને ગુલાલ

અબીલ ન૦ જુઓ અબીર. ૦ગુલાલ ન૦

અબુ(–બો)ધ વિ૦ [સં] અણસમજુ (૨) મૂર્ખ (૩) દુનિયાના જ્ઞાન વિનાનું; ભોળું

અબુદ્ધિ સ્ત્રી૦ [સં] બુદ્ધિનો અભાવ મૂર્ખતા

અબુવો પુ૦ જુઓ આબવો

અબૂજ વિ૦ [અ+બૂજવું] બૂજ વગરનું, કદર વિનાનું, અગુણજ્ઞ [અબોધ

અબૂઝ વિ૦ [સં અબુદ્ધ. પ્રા અબુજ્ઝ] જુઓ

અબૂર વિ૦ પુષ્કળ

અબૂલોઢબૂલો પુ૦ એક રમત

અબે અ૦ [હિં] ઓ; અલ્યા (તિરસ્કારથી તુકારમાં) ૦તબે સ્ત્રી૦ 'અબતબે'વાળી ભાષા—હિંદી

અબોખા પું૦બ૦વ૦ વગર બનાવના ખાડ-ખાબા (૨) અભાવો, અરુચિ [અબોખે પડવું =(કોઈ ચીજનો) અભાવ થવો. રુચિ પરથી તે ઊતરી જવી]

અબોટ પુ૦ [અ+બોટવું ? કે સં અનુચ્છિષ્ટ ? પ્ર અબોટ વિ૦=અસ્પૃષ્ટ; ઉપયોગમાં ન આણેલું] રસોઈ અને જમવાની જગાને છાણ-માટીથી લીંપવી તે (૨) શુદ્ધ અથવા અભડાયા વિનાની દશા (૩) નાહ્યા વિના જ્યાં જવાય કે અડકાય નહિ એવું સ્થળ. [—દેવો=અબોટ કરવો, (રસોડું ચૂલો ઇ૦) લીંપી કરીને સાફ કરવું] –ટિયું ન૦ રસોઈ કરતી કે જમતી વખતે પહેરવાનું રેશમી, શણનું કે ઊનનું વસ્ત્ર

અબોધ વિ૦ [સં] જુઓ અબુધ

અબોલ વિ૦ [અ+બોલવું] બોલી ન શકાય તેવું (૨) મૂગું, ચૂપ (૩) બેભાન –લા પુ૦બ૦વ૦ રિસાઈને અમુકની સાથે ન બોલવું તે [–લેવા =(અણબનાવ કે રીસથી) બોલવાનો વહેવાર બંધ કરવો] –લ્યું વિ૦ નહિ બોલેલું

અબ્જ વિ૦ [સં] સો કરોડ (૨) પુ૦ તેની સંખ્યા (૩) ન૦ જલજ, કમળ

અબ્દ પું૦,ન૦[સં] વાદળ (૨) ન૦ વર્ષ (૩) એક વનસ્પતિ–નાગરમોથ ૦સાર પું૦ કપૂર

અબ્દુર્ગ પું૦[સં] ચોફેર પાણીથી રક્ષાયેલો કિલ્લો

અબ્ધિ પું૦ [સં] સમુદ્ર

અબ્બા પુ૦ [અ, હિં, ફા, ઉપરાંત બીજી સેમેટિક ભાષાઓમાં સમાન રૂપ મળે છે] બાપા ૦જાન [ફા] પુ૦ પિતાજી (પ્રેમવાચક)

અબ્બા સ્ત્રી૦ મા (૨) ડોસી (૩) ઘૂઈ

અબ્બાસી વિ૦[અ] એ નામના વંશનો (ખલીફ) (૨)[અ અબ્બાસ, એક છોડ, તેના ફૂલના રંગનું] જાંબુડિયા અથવા રતાશ પડતા વાદળી રંગનું

અબ્રહ્મચર્ય ન૦ [સં] બ્રહ્મચર્યનો અભાવ

અબ્રહ્મણ્ય વિ૦ [સં] બ્રાહ્મણને ન છાજે એવું (૨) ન૦ પાપકૃત્ય

અબ્રાહ્મણ વિ૦[સં] બ્રાહ્મણ નહિ તેવું, બ્રાહ્મણેતર

અભક્તિ સ્ત્રી૦[સં] ભક્તિનો અભાવ (૨) અશ્રદ્ધા

અભક્ષણ ન૦ [સં] ભક્ષણ ન કરવું તે, ઉપવાસ

અભક્ષાભક્ષ પુ૦ જુઓ અભક્ષ્યભક્ષણ

અભક્ષ્ય વિ૦ [સં] ન ખાવા જેવું, શાસ્ત્રમાં જે ખાવાનો નિષેધ છે તેવું ૦ભક્ષણ ન૦ તેવું ખાવું તે માંસાહાર

અભખો પું૦ [સં અભક્ષ્ય ?] જુઓ અબખો

અભગ વિ૦ [સં] અભાગી

અભડાવું અ૦ક્રિ૦ [સં ભ્રષ્ટ ?] અભડાયેલા થવું (૨) (સ્ત્રીએ) દૂર બેસવું [અભડાવા જવું = મરણ નિમિત્તે (સ્ત્રીઓએ) રડવા કૂટવા જવું, સ્નાનસૂતકમાં જવું – સ્મશાને જવું] –યેલું વિ૦ મૃત્યુ કે સૂતકને કારણે અસ્પૃશ્ય બનેલું (૨) અસ્પૃશ્યને સ્પર્શ કરવાથી અપવિત્ર બનેલું –યેલી વિ૦સ્ત્રી૦(૨) સ્ત્રી૦ દૂર બેઠેલી, રજસ્વલા

અભણ વિ૦ [અ+ભણવું] નહિ ભણેલું, નિરક્ષર

અભદ્ર વિ૦ [સં] અશુભ (૨) ખરાબ, દુષ્ટ

અભય વિ૦ [સં] નીડર (૨) પુ૦, ન૦ ભયનો અભાવ (૩) સંરક્ષણ, આશ્રય ૦કર વિ૦ ભયરહિત કરનાર ૦તા સ્ત્રી૦ નીડરતા ૦દંડ પુ૦ અભય આપનારો દંડો ૦દાન ન૦ સલામતી બક્ષવી તે, અભયવચન ૦પત્ર ન૦ સંરક્ષણની ખાતરી આપતો લેખ ૦પદ ન૦ ભયરહિત સ્થિતિ, મોક્ષ ૦મુદ્રા સ્ત્રી૦ અભય-દાન આપતો હાથનો અભિનય ૦વચન ન૦ સંરક્ષણનું વચન – ખાતરી –યંકર વિ૦ ભયંકર નહિ તેવું –યા સ્ત્રી૦ (સં) દુર્ગાનું

એક રૂપ (૨) હરડે -યાંજલિ સ્ત્રી૦ હાથ જોડીને કરવાની અભય માટેની પ્રાર્થના -યી વિ૦ નિર્ભય, નીડર
**અભર** વિ૦ [સં] ખાલી (૨) ગરીબ.-રાભરણ વિ૦ ગરીબનું ભરણપોષણ કરનારું (૨) ન૦ ગરીબનું ભરણપોષણ
**અભર(-ળ)ખો** પું૦ જુઓ અબળખો
**અભરાઈ** સ્ત્રી૦ છાજલી. [-ઉપર ચડાવવું, મૂકવું=(કામમાંથી કે વિચારમાથી) દૂર કરવું, કોરે મૂકવું, મન ઉપર ન લેવું]
**અભરાભરણ** ન૦ [સં] જુઓ 'અભર'મા
**અભરામ** પુ૦ [अ इब्राहीम] [સં] યહૂદીઓનો મૂળ પુરુષ
**અભરામ** અ૦ [સં अभ्रम] ભ્રમ વિના [—ફુલ -ન-દાવા,—ન-દાવા [अभ्रम+न+देयम्] (દસ્તાવેજમા લખાય છે) ભ્રમ વગર—અક્કલ-હોશિયારીમા કરેલું હોવાથી કાંઈ લેવાદેવા કે હક ઇલાકો ન હોવો તે, કાંઈ દાવો ન રહે એવી રીતની પૂરી છૂટ
**અભરે ભરવું** શ૦પ્ર૦ [મ अभर=આકંઠ તૃપ્ત, પૂર્ણતા] પુષ્કળ ભરવું, સમૃદ્ધ કરવું
**અભર્તૃકા** સ્ત્રી૦ [સ] ધણી વિનાની સ્ત્રી—વિધવા કે કુંવારી [અભળખો
**અભલેખ** પું૦ [સ अभिलाषा] + અભિલાખ,
**અભવ** પુ૦ [સ] મોક્ષ (૨) અસ્તિત્વ નહિ તે (૩) નાશ [ઓરિયો
**અભળખા** સ્ત્રી૦, -ખો પું૦ જુઓ અબળખા,
**અભંગ** વિ૦ [સ] આખું; અખંડ (૨) પુ૦ એક મરાઠી છંદ
**અભા** સ્ત્રી૦ [સં. आभा] + આભા
**અભાગણ(-ણી)** વિ૦ સ્ત્રી૦ [સં अभागिनी] હીણભાગી; કમનસીબ
**અભાગિયું** વિ૦જુઓ અભાગી.-યણ વિ૦સ્ત્રી૦
**અભાગી** વિ૦ [સ] કમનસીબ (૨) નાલાયક (૩) ભાગ વિનાનું (વારસામાં)
**અભાગ્ય** ન૦ [સ] દુર્ભાગ્ય, કમનસીબ. ૦વાન વિ૦ કમનસીબ
**અભાવ** પું૦ [સં] અસ્તિત્વ ન હોવું તે (૨) અણગમો. [-આવવો=અણગમો થઈ જવો; અભાવ થવો]-વાત્મક વિ૦ અભાવરૂપ.-વો પુ૦ અણગમો [શિહદ
**અભાવા** પું૦બ૦વ૦ સગર્ભાને થતા અભળખા;
**અભાવો** પુ૦ જુઓ 'અભાવ'મા
**અભિ** [સ] ઉપસર્ગ 'પાસે-તરફ', 'ની ઉપર' એવા ગતિવાચક અર્થમા, ઉદા૦ અભિમુખ, અભિક્રમણ (૨) સ્વતંત્ર શબ્દ જોડે 'શ્રેષ્ઠ', 'અધિક' એવા ભાવના અર્થમા, ઉદા૦ અભિધર્મ, અભિનવ
**અભિ(-ભી)ક** વિ૦ [સં] વિષયાસક્ત, કામી
**અભિકોણ** પું૦ [સ] 'વર્ટિકલ એન્ગલ' (ગ)
**અભિક્રમ** પુ૦ [સ] આરંભ (૨) ચઢાઈ
**અભિક્રમણ** ન૦ [સ] ચડાઈ
**અભિક્રોશ** પુ૦ [સં] વિલાપ(૨)ઠપકો(૩)નિંદા
**અભિગમન** ન૦ [સ] તરફ-સામે જવું તે(૨) સંભોગ -નીય,અભિગમ્ય વિ૦ અભિગમન કરી શકાય એવું [ભોગવનાર
**અભિગામી** વિ૦ [સં] -ની પાસે જનાર (૨)
**અભિગ્રસ્ત** વિ૦ [સ.] ઘેરાયેલું, સપડાયેલું
**અભિઘાત** પુ૦ [સં] આઘાત (૨) હુમલો માર (૩) વિનાશ ૦ક વિ૦ અભિઘાત કરનારું
**અભિચર** પું૦ [સ] અનુચર, નોકર
**અભિચરણ** ન૦[સ] અભિચાર કરવો તે
**અભિચાર** પું૦[સં] મેલા કામો માટે મંત્રપ્રયોગ કરવો તે (તંત્ર પ્રમાણે છ જાતના અભિચાર છે-મારણ,મોહન,સ્તંભન,વિદ્વેષણ,ઉચ્ચાટન અને વશીકરણ) ૦ક પું૦જારણમારણ કરનારો
**અભિજન** પું૦ [સ] સંબંધી જન (૨) વતન (૩) વંશ, કુળ [(૩) શિષ્ટ
**અભિજાત** વિ૦ [સ] ખાનદાન (૨) સુંદર, શ્રેષ્ઠ
**અભિજિત** પું૦ [સં] એક નક્ષત્ર (૨) દિવસનું આઠમું મુહૂર્ત
**અભિજ્ઞ** વિ૦ [સ] અનુભવી (૨) માહિતગાર. ૦તા સ્ત્રી૦. -જ્ઞાત વિ૦ ઓળખેલું -જ્ઞાન ન૦ સ્મૃતિ, ઓળખ (૨) ઓળખાણની નિશાની
**અભિતપ્ત** વિ૦ [સં] અતિ તપેલું (દુઃખથી)
**અભિતાપ** પુ૦ [સં] સંતાપ
**અભિદ્રવ** પું૦ [સ] હુમલો
**અભિધર્મ** પુ૦ [સં] શ્રેષ્ઠ ધર્મતત્ત્વ

**અભિધા** સ્ત્રી૦ [સં] શબ્દનો મૂળ અર્થ (૨) એ અર્થની બોધક શબ્દશક્તિ ૦ન ન૦ નામ, ઉપનામ(૨) શબ્દ (૩) શબ્દકોશ (૪) [વ્યા] કર્તા માટેનું વિધાન ૦નમાલા(-ળા) સ્ત્રી૦ શબ્દકોશ ૦મૂલક વિ૦શબ્દના વાચ્યાર્થ ઉપર રચાયેલું ૦વૃત્તિ સ્ત્રી૦ વાચ્યાર્થ જણાવવાની શબ્દશક્તિ -ધેય વિ૦ કહેવા યોગ્ય (૨) નામ દેવા યોગ્ય (૩) ન૦ અક્ષરાર્થ (૪) વિષય (બોલવાનો)

**અભિધાવન** ન૦ [સં] પૂંઠ પકડવી તે, હલ્લો

**અભિધેય** વિ૦ [સં] જુઓ 'અભિધા'માં

**અભિનય** પુ૦ [સં] મનોભાવદર્શક હલનચલન અથવા મુદ્રા (૨) વેશ ભજવવો તે ૦કાર પુ૦ નટ ૦સૂચના સ્ત્રી૦ અભિનયની સૂચના, 'સ્ટેજ ડાયરેક્શન' [કાચું

**અભિનવ(-વું)** વિ૦ [સં] તદ્દન નવું (૨) શિખાઉ,

**અભિનંદન** ન૦ [સં] ધન્યવાદ (૨) અનુમતિ (૩) સ્તુતિ -નીય વિ૦ અભિનંદન કરવા યોગ્ય -વું સ૦ ક્રિ૦ [સં અભિનન્દ્] અભિનંદન કરવું (૨) અ૦ ક્રિ૦ આનંદવું, રાજી થવું

**અભિનંદિત** વિ૦ [સં] અભિનંદન પામેલું

**અભિનિવિષ્ટ** વિ૦ [સં]-માં મચેલું, -ની પાછળ નિશ્ચયપૂર્વક પડેલું (૨) આગ્રહી (૩) દૃઢ

**અભિનિવેશ** પુ૦ [સં] તન્મયતા (૨) આસક્તિ (૩) દૃઢ નિશ્ચય (૪) આગ્રહ, હઠ

**અભિનિષ્ક્રમણ** ન૦ [સં.] બહાર જવું તે (૨) સંન્યાસ

**અભિનિષ્પન્ન** વિ૦ [સં] જુઓ નિષ્પન્ન

**અભિનીત** વિ૦ [સં] પાસે આણેલું (૨) ભજવાયેલું [નટ

**અભિનેતા** પું૦ [સં] અભિનય કરનાર, 'ઍક્ટર';

**અભિનેય** વિ૦ [સં] ભજવવા યોગ્ય

**અભિન્ન** વિ૦ [સં] અખંડ (૨) જુદું નહિ તેવું, એક,એકસરખું (૩)[ગ]પૂર્ણ (અંક) ૦તા સ્ત્રી૦

**અભિપ્રાય** પું૦ [સં] મત (૨) હેતુ; મતલબ; અર્થ [-આપવો = મત હોય તે કહેવો -બાંધવો = મત નક્કી કરવો, નિર્ણય ઉપર પહોંચવું -મળવો = શો મત છે તે જાણવા મળવું -મેળવવો,-લેવો=(બીજાનો) મત શો છે તે પૂછીને જાણવો સારો અભિપ્રાય = ફાવતો ગોઠતો - અનુકૂળ મત]

**અભિપ્રેત** વિ૦ [સં] મનમાં ધારેલું; ઇષ્ટ (૨) સ્વીકારેલું [છાંટવું તે

**અભિપ્રોક્ષણ** ન૦ [સં] મંત્ર ભણીને પાણી

**અભિભવ** પુ૦ [સં] હાર, પરાજય (૨) અનાદર

**અભિભૂત** વિ૦ [સં] હારેલું (૨) અપમાનિત

**અભિમત** વિ૦ [સં] ઇષ્ટ (૨) સંમત

**અભિમંત્રણ** ન૦ [સં] મંત્રથી પવિત્ર કરવું તે (૨) મસલત ચલાવવી તે (૩) પડકાર

**અભિમંત્રિત** વિ૦ [સં] અભિમંત્રણ કરેલું

**અભિમાન** ન૦, પુ૦ [સં] અહંકાર, ગર્વ [-ઊતરવું, -જવું, -નીકળવું = ગર્વ જતો રહેવો -આવવું, -ચઢવું = ગર્વ થવો, -ધરાવવું, -રાખવું = ગર્વ હોવો કે કરવો -છોડવું = ગર્વ દૂર કરવો-કાઢવો]

**અભિમાની** વિ૦ [સં] અભિમાનવાળું

**અભિમુખ** વિ૦ [સં] -ના તરફ મુખવાળું; સંમુખ (૨) [ગ] સામેનો (ખૂણો) ૦કોણ પુ૦ સામેનો ખૂણો (ગ)

**અભિયુક્ત** વિ૦ [સં] રોકાયેલું (૨) નિમાયેલું (૩)શત્રુથી ઘેરાયેલું (૪)પુ૦ આરોપી,પ્રતિવાદી

**અભિયોગ** પુ૦ [સં] નિકટ સંબંધ (૨) દીર્ઘ ઉદ્યોગ, ખંત (૩) વિદ્વત્તા (૪) હલ્લો (૫) આરોપ, ફરિયાદ -ગી વિ૦ -માં મચેલું, રત (૨) હુમલો કરતું (૩) આરોપ મૂકતું (૪) પુ૦ ફરિયાદી

**અભિરક્ત** વિ૦ [સં] નિમગ્ન; અભિરત

**અભિરત** વિ૦ [સં] અત્યંત આસક્ત

**અભિરામ** વિ૦ [સં] આનંદદાયક (૨) મનોહર

**અભિરુચિ** સ્ત્રી૦ [સં] રુચિ, શોખ, પ્રીતિ

**અભિરુદ્રતા** સ્ત્રી૦ [સં] ષડ્જ ગ્રામની એક મૂર્છના (સંગીત) [(૩) માનીતું

**અભિરૂપ** વિ૦ [સં] અનુરૂપ, યોગ્ય (૨) રૂપાળું

**અભિલષિત** વિ૦ [સં] ઇચ્છેલું

**અભિલાખ** પું૦ [સં અભિલાષ] મનકામના (૨) ઉત્કટ ઇચ્છા ૦વું સ૦ક્રિ૦ ઇચ્છવું

**અભિલાષ** પું૦, -ષા સ્ત્રી૦ [સં] અભિલાખ. -ષી વિ૦ અભિલાષાવાળું

એક રૂપ (૨) હરડે —યાંજલિ સ્ત્રી૰ હાથ જોડીને કરવાની અભય માટેની પ્રાર્થના —ચી વિ૰ નિર્ભય, નીડર

**અભર** વિ૰ [સ] ખાલી (૨) ગરીબ. —રાભરણ વિ૰ ગરીબનુ ભરણપોષણ કરનારું (૨) ન૰ ગરીબનુ ભરણપોષણ

**અભર(–ળ)ખો** પું૰ જુઓ અબળખો

**અભરાઈ** સ્ત્રી૰ છાજલી [–ઉપર ચડાવવું, મૂકવું=(કામમાથી કે વિચારમાથી) દૂર કરવું, કોરે મૂકવુ, મન ઉપર ન લેવુ]

**અભરાભરણ** ન૰ [સ] જુઓ 'અભર'મા

**અભરામ** પુ૰ [अ. इब्राहीम] [સ] યહૂદીઓનો મૂળ પુરુષ

**અભરામ** અ૰ [સ अभ्रम] ભ્રમ વિના [—કુલ –ન-દાવા,—ન–દાવા [अभ्रम+न+देयम्] (દસ્તાવેજમા લખાય છે) ભ્રમ વગર—અક્કલ-હોશિયારીમા કરેલુ હોવાથી કાઈ લેવાદેવા કે હક ઉલાટો ન હોવો તે, કાઈ દાવો ન રહે એવી રીતની પૂરી છૂટ

**અભરે ભરવું** શ૰પ્ર૰ [म अभर=આકઠ તૃપ્તિ, પૂર્ણતા] પુષ્કળ ભરવું, સમૃદ્ધ કરવું

**અભર્તૃકા** સ્ત્રી૰ [સં] ધણી વિનાની સ્ત્રી–વિધવા કે કુવારી [અભળખો

**અભલેખ** પું૰ [सं अभिलाषा] + અભિલાખ,

**અભવ** પું૰ [સ] મોક્ષ (૨) અસ્તિત્વ નહિ તે (૩) નાશ [ઓરિયો

**અભળખા** સ્ત્રી૰, –ખો પું૰ જુઓ અબળખા;

**અભંગ** વિ૰ [સ] આખું, અખંડ (૨) પુ૰ એક મરાઠી છંદ

**અભા** સ્ત્રી૰ [स. आभा] + આભા

**અભાગણ(–ણી)** વિ૰ સ્ત્રી૰ [सं अभागिनी] હીણભાગી, કમનસીબ

**અભાગિયું** વિ૰જુઓ અભાગી. —યણ વિ૰સ્ત્રી૰

**અભાગી** વિ૰ [સં] કમનસીબ (૨) નાલાયક (૩) ભાગ વિનાનુ (વારસામા)

**અભાગ્ય** ન૰ [સ] દુર્ભાગ્ય, કમનસીબ ૦વાન વિ૰ કમનસીબ

**અભાવ** પું૰ [સં] અસ્તિત્વ ન હોવું તે (૨) અણગમો [–આવવો=અણગમો થઈ જવો; અભાવ થવો] —વાત્મક વિ૰ અભાવરૂપ —વો પુ૰ અણગમો [રોહદ

**અભાવા** પું૰બ૰વ૰ સગર્ભાને થતા અભળખા,

**અભાવો** પું૰ જુઓ 'અભાવ'મા

**અભિ** [સં] ઉપસર્ગ 'પાસે–તરફ', 'ની ઉપર' એવા ગતિવાચક અર્થમા, ઉદા૰ અભિમુખ: અભિક્રમણ (૨) સ્વતત્ર શબ્દ જોડે 'શ્રેષ્ઠ', 'અધિક' એવા ભાવના અર્થમા ઉદા૰ અભિધર્મ, અભિનવ

**અભિ(–ભી)ક** વિ૰ [સ] વિષયાસક્ત, કામી

**અભિકોણ** પું૰ [સં] 'વર્ટિકલ એન્ગલ' (ગ.)

**અભિક્રમ** પું૰ [સં] આરભ (૨) ચડાઈ

**અભિક્રમણ** ન૰ [સં] ચડાઈ

**અભિક્રોશ** પુ૰ [સ] વિલાપ(૨)ઠપકો(૩)નિંદા

**અભિગમન** ન૰ [સ] તરફ – સામે જવું તે (૨) સભોગ —નીય,અભિગમ્ય વિ૰ અભિગમન કરી શકાય એવું [ભોગવનાર

**અભિગામી** વિ૰ [સ.] —ની પાસે જનાર (૨)

**અભિગ્રસ્ત** વિ૰ [સ] ઘેરાયેલુ, સપડાયેલું

**અભિઘાત** પુ૰ [સ] આઘાત (૨) હુમલો, માર (૩) વિનાશ ૦ક વિ૰ અભિઘાત કરનારું

**અભિચર** પુ૰ [સ] અનુચર, નોકર

**અભિચરણ** ન૰[સ] અભિચાર કરવો તે

**અભિચાર** પુ૰ [સં] મેલા કામો માટે મંત્રપ્રયોગ કરવો તે (તંત્ર પ્રમાણે છ જાતના અભિચાર છે – મારણ, મોહન, સ્તભન, વિદ્વેષણ, ઉચ્ચાટન અને વશીકરણ). ૦ક પું૰જારણમારણ કરનારો

**અભિજન** પું૰ [સ] સબધી જન (૨) વતન (૩) વશ, કુળ [(૩) શિષ્ટ

**અભિજાત** વિ૰ [સં] ખાનદાન (૨) સુંદર, શ્રેષ્ઠ

**અભિજિત** પું૰ [સં] એક નક્ષત્ર (૨) દિવસનું આઠમુ મુહૂર્ત

**અભિજ્ઞ** વિ૰ [સ] અનુભવી (૨) માહિતગાર ૦તા સ્ત્રી૰ —જ્ઞાત વિ૰ ઓળખેલું —જ્ઞાન ન૰ સ્મૃતિ, ઓળખ (૨) ઓળખાણની નિશાની

**અભિતપ્ત** વિ૰ [સ] અતિ તપેલું (દુ ખથી)

**અભિતાપ** પું૰ [સ] સંતાપ

**અભિદ્રવ** પું૰ [સ] હુમલો

**અભિધર્મ** પુ૰ [સં] શ્રેષ્ઠ ધર્મતત્ત્વ

**અભિધા** સ્ત્રી૦ [સં] શબ્દનો મૂળ અર્થ (૨) એ અર્થની બોધક શબ્દશક્તિ ૦**ન** ન૦ નામ, ઉપનામ(૨) શબ્દ (૩) શબ્દકોશ (૪) [વ્યા] કર્તા માટેનું વિધાન ૦**નમાલા(-ળા)** સ્ત્રી૦ શબ્દકોશ ૦**મૂલક** વિ૦શબ્દના વાચ્યાર્થ ઉપર રચાયેલું ૦**મૂત્તિ** સ્ત્રી૦ વાચ્યાર્થ જણાવવાની શબ્દશક્તિ **-ધેય** વિ૦ કહેવા યોગ્ય (૨) નામ દેવા યોગ્ય (૩) ન૦ અક્ષરાર્થ (૪) વિષય (બોલવાનો)

**અભિધાવન** ન૦ [સં] પૂઠ પકડવી તે, હલ્લો

**અભિધેય** વિ૦ [સં] જુઓ 'અભિધા'માં

**અભિનય** પું૦ [સં] મનોભાવદર્શક હલનચલન અથવા મુદ્રા (૨) વેશ ભજવવો તે ૦**કાર** પું૦ નટ ૦**સૂચના** સ્ત્રી૦ અભિનયની સૂચના, 'સ્ટેજ ડાયરેક્શન' [કાચું

**અભિનવ(-વું)** વિ૦ [સં] તદ્દન નવું (૨) શિખાઉ,

**અભિનંદન** ન૦ [સં] ધન્યવાદ (૨) અનુમતિ (૩) સ્તુતિ **-નીય** વિ૦ અભિનંદન કરવા યોગ્ય **-વું** સ૦ ક્રિ૦ [સં અભિનંદ્] અભિનંદન કરવું (૨) અ૦ ક્રિ૦ આનંદવું, રાજી થવું

**અભિનંદિત** વિ૦ [સં] અભિનંદન પામેલું

**અભિનિવિષ્ટ** વિ૦ [સં] -માં મચેલું, -ની પાછળ નિશ્ચયપૂર્વક પડેલું (૨) આગ્રહી (૩) દૃઢ

**અભિનિવેશ** પું૦ [સં] તન્મયતા (૨) આસક્તિ (૩) દૃઢ નિશ્ચય (૪) આગ્રહ; હઠ

**અભિનિષ્ક્રમણ** ન૦ [સં.] બહાર જવું તે (૨) સંન્યાસ

**અભિનિષ્પન્ન** વિ૦ [સં] જુઓ નિષ્પન્ન

**અભિનીત** વિ૦ [સં] પાસે આણેલું (૨) ભજવાયેલું [નટ

**અભિનેતા** પું૦ [સં] અભિનય કરનાર, 'ઍક્ટર';

**અભિનેય** વિ૦ [સં] ભજવવા યોગ્ય

**અભિન્ન** વિ૦ [સં] અખંડ (૨) જુદું નહિ તેવું; એક,એકસરખું(૩)[ગ]પૂર્ણ(અંક) ૦**તા** સ્ત્રી૦

**અભિપ્રાય** પું૦ [સં] મત (૨) હેતુ; મતલબ, અર્થ. [**-આપવો** = મત હોય તે કહેવો. **-બાંધવો** = મત નક્કી કરવો, નિર્ણય ઉપર પહોંચવું **-મળવો** = શો મત છે તે જાણવા મળવું **-મેળવવો,-લેવો**=(બીજાનો) મત શો છે તે પૂછીને જાણવો **સારો અભિપ્રાય** = ફાવતો ગોઠતો - અનુકૂળ મત]

**અભિપ્રેત** વિ૦ [સં] મનમાં ધારેલું; ઇષ્ટ (૨) સ્વીકારેલું [છાંટવું તે

**અભિપ્રોક્ષણ** ન૦ [સં] મંત્ર ભણીને પાણી

**અભિભવ** પું૦ [સં] હાર, પરાજય (૨) અનાદર

**અભિભૂત** વિ૦ [સં] હારેલું (૨) અપમાનિત

**અભિમત** વિ૦ [સં] ઇષ્ટ (૨) સંમત

**અભિમંત્રણ** ન૦ [સં] મંત્રથી પવિત્ર કરવું તે (૨) મસલત ચલાવવી તે (૩) પડકાર

**અભિમંત્રિત** વિ૦ [સં] અભિમંત્રણ કરેલું

**અભિમાન** ન૦, પું૦ [સં] અહંકાર, ગર્વ [**—ઊતરવું, —જવું, —નીકળવું** = ગર્વ જતો રહેવો **-આવવું, -ચડવું** = ગર્વ થવો. **-ધરાવવું, -રાખવું** = ગર્વ હોવો કે કરવો **-છોડવું** = ગર્વ દૂર કરવો-કાઢવો ]

**અભિમાની** વિ૦ [સં] અભિમાનવાળું

**અભિમુખ** વિ૦ [સં] -ના તરફ મુખવાળું; સંમુખ (૨) [ગ] સામેનો (ખૂણો) ૦**કોણ** પું૦ સામેનો ખૂણો (ગ)

**અભિયુક્ત** વિ૦ [સં] રોકાયેલું (૨) નિમાયેલું (૩)શત્રુથી ઘેરાયેલું(૪)પું૦ આરોપી,પ્રતિવાદી

**અભિયોગ** પું૦ [સં] નિકટ સંબંધ (૨) દીર્ઘ ઉદ્યોગ, ખંત (૩) વિરક્તતા (૪) હલ્લો (૫) આરોપ, ફરિયાદ **-ગી** વિ૦ -માં મચેલું, રત (૨) હુમલો કરતું (૩) આરોપ મૂકતું (૪) પું૦ ફરિયાદી

**અભિરક્ત** વિ૦ [સં] નિમગ્ન, અભિરત

**અભિરત** વિ૦ [સં] અત્યંત આસક્ત

**અભિરામ** વિ૦ [સં] આનંદદાયક (૨) મનોહર

**અભિરુચિ** સ્ત્રી૦ [સં] રુચિ; શોખ, પ્રીતિ

**અભિરુદ્ગતા** સ્ત્રી૦ [સં] ષડ્જ ગ્રામની એક મૂર્છના (સંગીત) [(૩) માનીતું

**અભિરૂપ** વિ૦ [સં] અનુરૂપ, યોગ્ય (૨) રૂપાળું

**અભિલષિત** વિ૦ [સં] ઇચ્છેલું

**અભિલાખ** પું૦ [સં અભિલાષ] મનકામના (૨) ઉત્કટ ઇચ્છા ૦**વું** સ૦ક્રિ૦ ઇચ્છવું

**અભિલાષ** પું૦, **-ષા** સ્ત્રી૦ [સં] અભિલાખ. **-ષી** વિ૦ અભિલાષાવાળું

**અભિવંદન** ન૦, **–ના** સ્ત્રી૦ [સં] નમસ્કાર(૨) આસકા **–નીય** વિ૦ અભિનંદવા યોગ્ય. **–વું** સ૦ ક્રિ૦ [સં अभिवंद्] અભિવંદન કરવું.
**અભિવંદ્ય** વિ૦ [સં.] અભિવંદનીય
**અભિવાદ** પું૦ [સં] નમસ્કાર (૨) આરોપ (૩) સામો વાદવિવાદ ચલાવવો તે ૦**ક** વિ૦ નમસ્કાર કરનારુ. ૦**ન** ન૦ નમસ્કાર. **–દ્ય** વિ૦ નમસ્કારને યોગ્ય
**અભિવાંછના** સ્ત્રી૦ [સં.] વાછના
**અભિવાંછિત** વિ૦ [સં] ઇચ્છેલું, માગેલુ (૨) ન૦ ઇષ્ટ વસ્તુ
**અભિવૃદ્ધિ** સ્ત્રી૦ [સં] વધારો (૨) ઉન્નતિ
**અભિવ્યક્તિ** સ્ત્રી૦ [સં] વ્યક્ત–પ્રગટ થવુ તે, વ્યક્તતા, સ્પષ્ટતા
**અભિવ્યંજક** વિ૦[સં] વ્યક્ત–સ્પષ્ટ કરનાર
**અભિવ્યંજન** ન૦ [સં.] જુઓ અભિવ્યક્તિ
**અભિવ્યાપક,અભિવ્યાપી** વિ૦ [સં] ચોતરફ વ્યાપી જાય એવુ, સમાવેશ કરનારું (૨) બહોળા અર્થનુ
**અભિવ્યાપ્તિ** સ્ત્રી૦[સં]સર્વવ્યાપકતા, સમાવેશ
**અભિશાપ** પુ૦ [સં] શાપ (૨) આળ (૩) સામો શાપ [તલ્લનશીન થયેલુ
**અભિષિક્ત** વિ૦ [સં] અભિષેક કરાયેલુ (૨)
**અભિષેક** પું૦ [સં] જલસિંચન કે તેનો વિધિ (મૂર્તિ અથવા નવા રાજા ઉપર). ૦**પાત્ર** ન૦ અભિષેક કરવાનું પાત્ર, ઝારી ૦**વું** સ૦ક્રિ૦ અભિષેક કરવો
**અભિસરણ** ન૦ [સં] પાસે જવું તે(૨) ફરવુ તે
**અભિસંધિ,** પુ૦ [સં] હેતુ, ઇરાદો
**અભિસાર** પુ૦ [સં] સંકેત અનુસાર પ્રેમીઓનુ મિલન (૨) પ્રેમીને મળવા જવુ તે **–રિકા** સ્ત્રી૦ સંકેત પ્રમાણે પ્રેમીને મળવા જનારી સ્ત્રી
**અભિસિંચવું** સ૦ક્રિ૦ [સં अभिषिच्] સિંચવું
**અભિહત** વિ૦ [સં] આઘાત પામેલુ
**અભિહિત** વિ૦ [સં] કહેવાયેલુ
**અભીક** વિ૦ [સં] ભી–ભય વગરનુ; નિર્ભય (૨) જુઓ અભિક [નિર્ભયતા
**અભીત** વિ૦ [સં] નહિ બીનેલું **–તિ** સ્ત્રી૦
**અભીપ્સિત** વિ૦ [સં.] ઇચ્છેલું
**અભીર** પુ૦ [સં.] ગોવાળિયો; આહીર, અભીર
**અભીષ્ટ** વિ૦ [સં] ઇચ્છેલું (૨) મનગમતું
**અભીંજ** વિ૦ [અ+ભીંજવુ] ભીંજાય નહિ એવું
**અભુક્ત** વિ૦ [સં] અણભોગવ્યું (૨) અણઓટયું (૩) નહિ જમેલું ૦**મૂળ** ન૦ પંચાગ પ્રમાણે જ્યેષ્ઠા નક્ષત્રની છેલ્લી ચાર ઘડી અને મૂળ નક્ષત્રની પહેલી ચાર ઘડી મળીને બનેલો આઠ ઘડીનો કાળ
**અભૂજ** વિ૦ જુઓ અબૂઝ
**અભૂત** વિ૦[સં] નહિ થયેલુ ૦**તદ્‌ભાવ** પુ૦ જે નથી તે થવુ તે ૦**પૂર્વ** વિ૦ પૂર્વે કદી નહિ થયેલુ, અપૂર્વ
**અભૂલ** વિ૦ (સુ.) બેભાન
**અભે** પુ૦ + અભય
**અભેદ** વિ૦ [સં] ભેદરહિત, એકરૂપ, અભિન્ન (૨) પું૦ એકરૂપતા, અદ્વૈત ૦**ભાવ** પુ૦ એકતાની લાગણી ૦**માર્ગ** પુ૦ અદ્વૈતપંથ. ૦**યોગ** પુ૦ સપૂર્ણ એકતા ૦**વાદ** પુ૦ અદ્વૈતવાદ **–દીકરણ** ન૦ ભેદરહિત—એક કરવુ તે **–દ્ય** વિ૦ ભેદી ન શકાય એવું **–દ્યતા** સ્ત્રી૦
**અભોક(–ગ)** પુ૦ [સં आभोग] (સગીતમા) આભોગ, ધ્રુપદના ત્રણ ભાગોમાનો છેલ્લો (૨) કાવ્યની છેલ્લી ટૂક, જેમાં કવિનુ નામ આવે છે. [–વાળવો=કવિનામવાળી છેલ્લી કડી પૂરી કરવી (૨) પૂરું કરવું.]
**અભોગ્ય** વિ૦ [સં] ભોગ્ય નહિ એવુ
**અભોજ્ય** વિ૦ [સં] ભોજ્ય નહિ એવુ
**અભ્યર્થના** સ્ત્રી૦ [સં] પ્રાર્થના, વિનતી
**અભ્યર્હિત** વિ૦ [સં] પૂજ્ય, આદરણીય
**અભ્યસનીય** વિ૦ [સં] અભ્યાસ કરવા જેવું કે મારેતું [અભ્યાસ કરવો
**અભ્યસવું** સ૦ ક્રિ૦ [સં. अभ्यस्] અભ્યાસવું;
**અભ્યસ્ત** વિ૦ [સં] વારવાર કરી જોયેલું (૨) મહાવરાવાળું; ટેવાયેલું (૩) અભ્યાસથી જાણેલું કે અભ્યાસ કરાયેલું
**અભ્યંગ** પું૦ [સં] શરીરે તૈલાદિ સુગંધીદાર પદાર્થો ચોળાવવા તે. ૦**સ્નાન** ન૦ અભ્યંગ સહિત સ્નાન

**અભ્યંતર** વિ૦ [સં] અંદરનું (૨) ન૦ અંદરનો ભાગ (૩) અંતર, મન (૪) અ૦ અંદર,મનમાં

**અભ્યાગત** વિ૦ [સં] પાસે આવેલું (૨) પુ૦ અતિથિ, પરોણો (૩) ભિક્ષુ

**અભ્યાસ** પુ૦ [સં] પુનરાવૃત્તિ (૨) ભણવું તે (૩)મહાવરો ટેવ,બંધાણ [–પડવો=મહાવરો કે ટેવ થઈ જવી, ટેવાવું (૨) વચ્ચે ભણતર બંધ રહેવું—અટકવું (૩) વચ્ચે ટેવ કે મહાવરો ચાલુ ન રહેવો—અટકવો] ૦ક વિ૦ (૨)પુ૦ જુઓ અભ્યાસી ૦ક્રમ પુ૦ ભણવાની નિયત રૂપરેખા કે યોજના ૦યોગ પુ૦ વારંવાર ચિત્તને સ્થિર કરવાનો યોગ ૦વું સ૦ ક્રિ૦ અભ્યાસ કરવો, બરોબર ભણવું –સી વિ૦ મહાવરાવાળું (૨) ઉદ્યમી (૩) પુ૦ વિદ્યાર્થી (૪) પંડિત –સ્ય વિ૦ જુઓ અભ્યસનીય

**અભ્યુક્ષણ** ન૦ [સં] મંત્રપૂર્વક સિંચન

**અભ્યુચ્ચય** પુ૦ [સં] ઊંચું થવું તે(૨)સંગીતનો એક અલંકાર [(૨) ઉત્કર્ષ

**અભ્યુત્થાન** ન૦ [સં] માનાર્થે ઊભા થવું તે

**અભ્યુદય** પુ૦ [સં] ઉન્નતિ, આબાદી (૨) કલ્યાણ, શ્રેય –યાધિક્યવાદ પુ૦ જુઓ ઉપયુક્તતાવાદ

**અભ્ર** ન૦ [સં] વાદળું ૦ભેદી વિ૦ અભ્રને ભેદે એવું ૦રંગી વિ૦ અભ્રના રંગનું

**અભ્રક** ન૦ [સં] જુઓ અબરક

**અભ્રછના** સ્ત્રી૦ + જુઓ ભર્ત્સના

**અભ્રમ** વિ૦ [સં] ભ્રમ વિનાનું (૨) ભ્રમ કે ભૂલ થવાથી પર

**અમ** સ૦ [સં अस्मत्, प्रा अम्ह] ('અમે'માં હશ્રુતિ છે, હિ हममा તો સ્પષ્ટ છે પણ 'અમ'માં તે લોપાઈ છે)અમે(૨)[પ]અમારું

**અમકડું** વિ૦ [સં अमुक] અમુક અનિશ્ચિત, (અમુક–તમુક, ફલાણું–ઢીકણું પેઠે પ્રાયઃ 'તમકડું' સાથેના યોગમાં વપરાય છે)

**અમત** વિ૦ [સં] નહિ વિચારાયેલું નહિ સ્વીકારાયેલું

**અમથું** વિ૦ [સં मिथ्या ?] વ્યર્થ નકામું (૨) અહેતુક, વિના કારણ (૩) મફતનું, વિના મહેનત કે મૂલ્યનું

**અમન** ન૦ [अ अम्न] શાંતિ (૨) સુખચેન આરામ ૦ચમન ન૦ મોજમજા ૦સભા સ્ત્રી૦ શાંતિ સ્થાપવાના હેતુવાળી સભા

**અમનસ્ક** વિ૦ [સં] મન (ઇંદ્રિય) વિનાનું, વિચારરહિત (૨) ગાફેલ (૩) ધ્યાન વિનાનું (૪) મન ઉપર કાબૂ વિનાનું

**અમમતા** સ્ત્રી૦,–ત્વ ન૦[સં]મમતાનો અભાવ

**અમર** વિ૦ [સં] મરે નહિ એવું (૨) પુ૦દેવ ૦તા સ્ત્રી૦-૦પટો પુ૦ અમરપણાનું વરદાન-લેખ [–લઈને,લખાવીને આવવું=અમર જન્મવું કે હોવું] ૦પતિ પુ૦ (સં) ઇન્દ્ર ૦ફળ ન૦ અમરપણું આપનાર ફળ ૦લોક પુ૦ સ્વર્ગ ૦વેલ સ્ત્રી૦(વાડ,ઝાડ ઇત્યાદિ પર) જ્યાં નાખો ત્યાં વગર પાણીએ થતી એક વેલી ૦સરિત સ્ત્રી૦ આકાશગંગા –રા સ્ત્રી૦ એક વનસ્પતિ, ગળો(૨)દૂંટીનો નાળ –રાનગરી, –રાપુરી,–રાવતી સ્ત્રી૦ ઇંદ્રની રાજધાની –રાંગના સ્ત્રી૦ દેવાંગના (૨) અપ્સરા

**અમરખ** પુ૦ [સર૦ हि सं अमर्ष] ક્રોધ (૨) અસહિષ્ણુતા (૩) અદેખાઈ

**અમરા** [સં] ૦નગરી, ૦પુરી, ૦વતી [સં] જુઓ 'અમર'માં [આંબાની હાર

**અમરાઈ** સ્ત્રી૦ [સં आम्रराजि] આંબાવાડિયું;

**અમરાંગના** સ્ત્રી૦ [સં] જુઓ 'અમર'માં

**અમરીખ** પુ૦ (સં) અંબરીષ (પ)

**અમરીચસરી** સ્ત્રી૦ માથે ઘાલવાનું સ્ત્રીઓનું એક ઘરેણું

**અમર્ત્ય** વિ૦ [સં] અમર

**અમર્યાદ** વિ૦ [સં] નિરંકુશ (૨) નિર્લજ્જ

**અમર્યાદા** સ્ત્રી૦ [સં] મર્યાદાનો અભાવ, બેઅદબી (૨) નિર્લજ્જતા

**અમર્ષ** પુ૦ [સં] અસહિષ્ણુતા (૨) ક્રોધ (૩) અદેખાઈ –ર્ષી વિ૦ અમર્ષવાળું

**અમલ(–ળ)** વિ૦ [સં] નિર્મળ, શુદ્ધ

**અમલ** પું૦ [अ] સત્તા, અધિકાર, હકૂમત(૨) કારકિર્દી, વહીવટ (૩) કેફ કે કેફી વસ્તુ; અફીણ (૪) સમયનો સુમાર [–ઊતરવો= સત્તા કે કેફ જતા રહેવા –કરવું=(કહ્યા કે હુકમ પ્રમાણે)આચરવું, કાર્ય કરવું –કરવો=

કેફ કરવો -ચડવો=(અફીણનો) કેફ ચડવો -થવો=અમલ કરાવો, (આજ્ઞા) આચરાવી કે તે મુજબ કાર્ય થવું -માં આવવું=જુઓ અમલ થવો -માં આણવું, મૂકવું, લાવવું=નો અમલ ચાલુ કરવો -બજાવવો=સત્તા દાખવવી, હુકમથી વર્તવું ] ૦જોરી સ્ત્રી૦સત્તાનું જોર ૦દાર પુ૦અધિકારી ૦દારી સ્ત્રી૦ અમલદારનુ કામ કે પદ ૦પાણી ન૦ અફીણનો કસૂંબો ૦બજાવણી સ્ત્રી૦ (જેમ કે, અદાલતનો હુકમ) અમલ કરવો કે બજાવવો તે -લી વિ૦ અમલમા મુકાયેલુ, અથવા મૂકવાનુ,સક્રિય (૨) વ્યસની (૩) મુગ્ત, એદી -લો પુ૦[अ अमलह्]અમલદારને બેસવાની જગા, કાર્યાલય, કચેરી

**અમલિન** વિ૦ [स] મલિન નહિ એવુ, શુદ્ધ

**અમલો** પુ૦ [अ अमलह्] ઇમલો, ઇમારતી બાધકામ (૨) જુઓ 'અમલ'મા

**અમસ્તું,-સ્તકું** વિ૦ જુઓ અમથુ

**અમળ** વિ૦ જુઓ અમલ

**અમળાવું** અ૦ ક્રિ૦ 'આમળવુ'નુ કર્મણિ, આમળા ખાવા, વળ ચડવો (૨) પેટમા દુખવુ (૩)અતડા રહેવુ ફુમાવુ. -ળાટ પુ૦આમળો, વળ (૨) પેટમા ગૂંચળાં વળવા તે, આકડી (૩) કરમોડાવુ તે (૪) વાકા વાકા ચાલવુ તે, મિજાજ (૫) વક્રતા, વેર

**અમંગલ(-ળ)** વિ૦[सं]અશુભ(૨)ન૦દુર્ભાગ્ય

**અમંત્ર** વિ૦ [स] મંત્રરહિત (૨) વેદમંત્રના અધિકાર વિનાનુ

**અમાણું** સ૦+અમારું

**અમાતૃક** વિ૦ [स] મા વગરનુ (૨) માતાનુ નહિ એવુ

**અમાત્ય** પુ૦ [सं] પ્રધાન, મંત્રી

**અમાન** ન૦ [अ] અભય, રક્ષણ ૦ત સ્ત્રી૦ [अ] જુઓ અનામત ૦તદારી સ્ત્રી૦ [फा] ટ્રસ્ટીપણુ, વાલીપણુ (૨) પ્રમાણિકતા (૩) થાપણ સાચવવી તે

**અમાન** ન૦ [स] માનનો અભાવ -ની વિ૦ માની નહિ એવુ; નિરભિમાની -નિતા સ્ત્રી૦, -નિત્વ ન૦ [स] અનભિમાનિતા, નમ્રતા

**અમાનત** [अ], ૦દારી [फा] જુઓ'અમાન' [अ.] મા

**અમાની,-નિતા,-નિત્વ** જુઓ'અમાન'[स]મા

**અમાનુષ(-ષી)** વિ૦[स] અતિમાનુષ, દૈવી (૨) મનુષ્યને શોભે નહિ એવુ (૩) ક્રૂર, રાક્ષસી

**અમાન્ય** વિ૦[स.] માન્ય નહિ એવું, નામંજૂર. ૦તા સ્ત્રી૦

**અમાપ** વિ૦ [स] બેહદ પાર વિનાનુ

**અમાયા** સ્ત્રી૦ [स] માયાનો અભાવ સત્યજ્ઞાન (૨) નિષ્કપટપણુ. -યિક વિ૦ નિષ્કપટ

**અમારિઘોષણા** સ્ત્રી૦ [स] હિંસાના નિષેધની- હિંસા કરશો મા એવી ઘોષણા

**અમારુ** (મા') સ૦ [स अस्मदीय, प्रा अम्हार] 'હુ'નુ છઠ્ઠી વિભક્તિનુ બહુવચન

**અમાવ(-વા)સ્યા** [स], **અમાસ** સ્ત્રી૦ અંધારિયાનો છેલ્લો દિવસ [નહિ તેવુ

**અમાડલિ(-ળિ)ક** વિ૦ [स] માડલિક-ખડિયુ

**અમિત** વિ૦ [स] અમાપ (૨) નહિ માપેલુ. -તાક્ષર વિ૦ [स] જુઓ અપદ્યાગદ્ય

**અમિત્ર** પુ૦ [स] મિત્ર નહિ તે,શત્રુ ૦તા સ્ત્રી૦

**અમિશ્રિત** વિ૦ [स] નિર્ભેળ

**અમી** ન૦ [स अमृत, प्रा अम(-मि)य] અમૃત (૨) મીઠાશ (૩) કૃપા (૪) થૂંક (૫) રસકસ પાણી (ઉદા૦ હજી જમીનમા અમી છે) ૦દૃષ્ટિ, ૦નજર સ્ત્રી૦ મીઠી નજર; મહેરબાની ૦નિધિ પુ૦ અમૃતનો ભંડાર (૨) [सं] ચંદ્ર ૦રસ સ૦ સુધારસ, અમૃત જેવો મીઠો રસ

**અમીટ** વિ૦[અ+મીટ] મીટ વિનાનુ,અનિમેષ

**અમીન** વિ૦[अ] વિશ્વાસુ, વિશ્વસનીય (૨) એક અડક (૩) પું૦ ટ્રસ્ટી વાલી (૪) લવાદ (૫) ગામનો મોટો અધિકારી ૦ગીરી, ૦દારી સ્ત્રી૦, [फा], -નાત [अ], -ની સ્ત્રી૦ [फा] અમીનનો હોદ્દો (૨) અમીનનુ સાલિયાણુ

**અમીર** પુ૦ [अ.] સરદાર ઉમરાવ(૨)રાજકર્તા (અફઘાનિસ્તાનનો) (૩) ખાનદાન કુટુબનો કે પૈસાદાર માણસ ૦જાદીસ્ત્રી૦અમીરની દીકરી ૦જાદો પું૦ અમીરનો દીકરો. ૦શાસન ન૦ જેમા અમીર-ઉમરાવોની હકૂમત ચાલતી હોય

એવી રાજ્યપદ્ધતિ, 'એરિસ્ટોક્રસી' ૦શાહી સ્ત્રી૦ અમીરપણાનો દોર (૨) અમીરશાસન. -રાઈ(-ત) સ્ત્રી૦ અમીરપણું (૨) અમીરનો હોદ્દો (૩) અમીરપણા માટેનું સાલિયાણું -રી વિ૦ અમીરના જેવું (૨) સ્ત્રી૦ અમીરપણું

અમુક વિ૦ [સં] વિશેષ અર્થમાં મુકરર કરેલું, ચોક્કસ, ફલાણું (૨) અનિશ્ચિત (૩) સ૦ અમુક (જણ) ૦તમુક વિ૦ ફલાણું-ઢીકણું ૦તા સ્ત્રી૦, ૦ત્વ ન૦

અમુક્ત વિ૦ [સં] મુક્ત નહિ એવું, બંધાયેલું. -ક્તિ સ્ત્રી૦ મુક્તિ-મોક્ષનો અભાવ (૨) બંધન

અમુ(-મૂ)ઝાવું અ૦ક્રિ૦ [મ આ+मुह-प्रा मुज्झ] મૂંઝાવું, અકળાવું

અમૂ(-મૂ)ઝણ સ્ત્રી૦ અમુઝાવું તે

અમૂઢ વિ૦ [સં] મૂઢ નહિ એવું

અમૂર્ચ્છ(-ર્છ),-ચ્છિ(-છિં)ત વિ૦ [સં] મૂર્છિત નહિ એવું (૨) સાવધ

અમૂર્ત(-ર્ત્ત) વિ૦ [સં] આકારરહિત (૨) અસ્પષ્ટ ૦તા સ્ત્રી૦

અમૂલ,૦ક વિ૦[સં] મૂળ વિનાનું (૨) આધારહીન (૩) ઉપાદાનકારણરહિત

અમૂલ(-લ્ય) વિ૦ [સં] જુઓ અમૂલ્ય

અમૂ(-મો)લખ,અમૂ(-મો)લું વિ૦ [સં अमूल्यक] જુઓ અમૂલ્ય

અમૂલ્ય ૦ક વિ૦ [મ] જેની કિંમત આંકી ન શકાય એવું, ઘણું જ કીમતી

અમૂઝણ સ્ત્રી૦ જુઓ અમૂઝણ

અમૂઝાવું અ૦ક્રિ૦ જુઓ અમુઝાવું

અમૃત વિ૦ [સં] મૃત નહિ તેવું (૨) અવિનાશી, અમર (૩) ન૦ અમર કરે એવો માનેલો એક રસ ૦કૂપ પું૦ અમૃતનો ગાડવો ૦જડી સ્ત્રી૦ જેનાથી મરણ અટકે એવી વનસ્પતિ ૦ત્વ ન૦ અમરપણું ૦ધ્વનિ પું૦ એક છંદ ૦ધારા સ્ત્રી૦ અમૃતની ધારા (૨) [યોગ] તાળવેથી જીભના મૂળ આગળ ટપકતો રસ. ૦પાક પું૦ એક મીઠાઈ ૦ફલ(-ળ) ન૦ જુઓ અમરફળ ૦મીઠું વિ૦ અમૃત જેવું મીઠું ૦લતા સ્ત્રી૦ અમરવેલ ૦સંજીવની સ્ત્રી૦ મરેલાને જીવતા કરવાની વિદ્યા ૦સાર વિ૦ અમૃતના સત્ત્વ જેવું (૨) પું૦ ઘી ૦સ્ત્રવિયું,૦સ્ત્રાવી વિ૦ અમૃત ઝરતું -તા સ્ત્રી૦ એક વેલ, ગળો (૨) હરડે (૩) અતિવિષની કળી (૪) આમલી -તાઈ સ્ત્રી૦ અમૃતત્વ -તાંશુ પું૦ [સં] ચંદ્ર [अम्ह] અમ, 'હું'નું બહુવચન

અમે(-મો) (મે,'મો') સ૦ [સં अस्मद्, प्रा.

અમેધ્ય વિ૦[સં] યજ્ઞ માટે અયોગ્ય (૨) અપવિત્ર

અમેય વિ૦ [સં] અમાપ -યાત્મા વિ૦ જેનું સ્વરૂપ અમેય છે એવું (૨) પું૦ (સં) મહાદેવ

અમેરિકા પું૦ (સં) [ઇં] એ નામનો પૃથ્વીનો ખંડ -કન વિ૦ [ઇં] અમેરિકાનું, અમેરિકા સંબંધી (૨) પું૦ અમેરિકાનો વતની

અમૈથુની વિ૦ [સં.] નરમાદાના સંયોગ વિના ઉત્પન્ન થયેલું

અમો (મો') સ૦ જુઓ અમે (સામાન્ય રીતે ખતમાં વપરાય છે, યા અમુક ભાગની બોલીમાં)

અમોઘ વિ૦ [સં] અચૂક, રામબાણ, અફળ ન જાય એવું

અમોલ, ૦ખ, -લું વિ૦ જુઓ અમૂલ્ય

અમ્મા સ્ત્રી૦ [प्रा, हि, म सं अंबा] (દ્રાવિડી ભાષાઓમાં પણ આના રૂપ મળે છે, સ उम्म) મા

અમ્લ વિ૦ [સં] ખાટું (૨) ન૦ તેજાબ, 'ઍસિડ' ૦કેશ(-સ)ર પું૦ બિજોરું ૦તા સ્ત્રી૦, ૦ત્વ ન૦ ખટાશ ૦પિત્ત ન૦ એક પિત્તવિકાર ૦ફલ(-ળ) ન૦ આમલી ૦માપક ન૦ અમ્લ માપવાનું યંત્ર, 'ઍસિડીમીટર'. ૦વૃક્ષ ન૦ આમલીનું ઝાડ ૦સાર પું૦ લીંબુનો રસ (૨) હરિતાલ [ (૩) ગંધક

અમ્લાન વિ૦ [સં] નહિ કરમાયેલું (૨) તેજસ્વી

અય ન૦ [સં अयस्, प्रा अय] લોખંડ (૨) પું૦ [સં] પાસો ૦સ્કાંત પું૦ [સં] લોહચુંબક. -યોગોલક પું૦ [સં] લોખંડનો ગોળો

અય અ૦ [अ] હે, અરે

અયજ્ઞ વિ૦ [સં] યજ્ઞ નહિ કરતું [વિનાનું

અયત્ન પું૦[સં] યત્નનો અભાવ (૨) વિ૦ યત્ન

અયથાર્થ વિ૦ [સં] અવાસ્તવિક, ખોટું

અયન ન૦ [સં] પ્રયાણ (૨) [ખ] વિષુવવૃત્તની દક્ષિણમાં અને ઉત્તરમાં દેખાતી સૂર્યની ગતિ

(૩) એ ગતિને લાગતો વખત. ૭ માસ (૪) ઉત્તરાયણ અને દક્ષિણાયનનું દૂરમા દૂરનુ બિંદુ, 'સોલ્સ્ટિસ' ૦કાલ(–ળ) પુ૦ જુઓ 'અયન'(૩) ૦ચલન ન૦ અયનનું ધીમે ધીમે ખસવુ તે ૦માસ પુ૦ જેમા અયન બદલાય તે મહિનો ૦વૃત્ત ન૦ આકાશમા જે માર્ગે સૂર્ય ફરતો દેખાય છે તે ગોળ રેખા –નાંશ પુ૦ અયનના વિભાગોમાંનો એક

અયસ્કાંત પુ૦ [सं] જુઓ 'અય' [सं]મા

અયનાંશ પું૦ [सं] જુઓ 'અયન'મા

અયાચક વિ૦ [सं] યાચના ન કરનારું. ૦વૃત્તિ સ્ત્રી૦ વગર યાચનાએ ગુજરાન ચલાવવું તે. (૨) માગ્યા વિના મળેલી ભિક્ષા ઉપર જીવવુ તે. ૦વ્રત ન૦ યાચના ન કરવાનુ વ્રત (૨) માગ્યા વિના મળેલી ભિક્ષા ઉપર જીવવાનુ વ્રત

અયાચિત વિ૦ [सं.] નહિ યાચેલું–માગેલું

અયાજ્ય વિ૦ [सं] યજ્ઞનો અનધિકારી (૨) બહિષ્કૃત; પતિત (૩) યજ્ઞને અયોગ્ય (વસ્તુ)

અયિ અ૦ [सं] 'હે' એવા અર્થનુ એક પ્રેમ-સબોધન

અયુક્ત વિ૦ [सं.] નહિ જોડાયેલુ (૨) અયોગ્ય (૩) જેણે ચિત્તને વશ નથી કર્યું એવુ –ક્તિ સ્ત્રી૦ જોડાયેલા ન હોવુ તે (૨) અયોગ્યતા (૩) યુક્તિપુરઃસર ન હોવુ તે, અસબદ્ધતા

અયુત વિ૦ [सं] જોડાયેલુ નહિ એવુ (૨) વિ૦ (૨) પુ૦ દશ હજાર ૦સિદ્ધ વિ૦ જેનુ પૃથક્ અસ્તિત્વ ન હોઈ શકે એવુ [ન્યા] ૦સિદ્ધિ સ્ત્રી૦ અયુતસિદ્ધ હોવાની સાબિતી

અયોગ પુ૦[सं] યોગ–જોડાણનો અભાવ (૨) અનુચિતપણુ (૩) [જ્યો] ગ્રહોનો કુયોગ

અયોગોલક પું૦ [सं] જુઓ 'અય' [सं]મા

અયોગ્ય વિ૦ [सं] અઘટિત, ગેરવાજબી (૨) નાલાયક, અપાત્ર ૦તા સ્ત્રી૦

અયોનિ,૦જ વિ૦ [सं] યોનિ દ્વારા ન જન્મેલું (૨) અનાદિ, સ્વયભૂ. ૦જા વિ૦ સ્ત્રી૦ યોનિ દ્વારા ન જન્મેલી (૨) સ્ત્રી૦ (સ) સીતા (૩) લક્ષ્મી ૦સભવ વિ૦ અયોનિજ

અયૌગિક વિ૦[सं] વ્યુત્પત્તિમાથી ન નીકળતો રૂઢ (અર્થ)

અર વિ૦ [सं] ઉતાવળુ; ત્વરિત (૨) પુ૦ આરો (પૈડાનો)

અરક પુ૦ [अ अर्क] અર્ક, સત્ત્વ [–કાઢવો, –ખેંચવો=વસ્તુનો અર્ક નીકળે એમ કરવુ]

અરક્ત વિ૦[सं] રાગ કે આસક્તિરહિત

અરક્ષણીય વિ૦[सं] રક્ષણીય નહિ એવું

અરક્ષિત વિ૦[सं] રક્ષિત નહિ એવુ

અરગજો પુ૦ [हि फा अर्गजा] એક સુગધી પીળી ભૂકી

અરઘટ્ટ,૦ક પુ૦[सं] રેંટ –ટ્ટિકા સ્ત્રી૦ રેંટ

અરઘવુ સ૦ ક્રિ૦[सं अर्घ] પૂજા કરવી (૨) અ૦ ક્રિ૦ (કા) શોભવુ, ઘટારત હોવુ

અરઘિયુ ન૦ [અરઘવુ પરથી] પૂજાનુ પાત્ર

અરજ સ્ત્રી૦ [अ अरुचि પરથી ?] ગર્ભવતીના અભાવા, દોહદ [–પડવી=અભાવા થવા]

અરજ સ્ત્રી૦ [अ अर्ज़] અર્જ, કોઈ પણ કામ સારુ નમ્રતાથી હકીકત કહી કરેલી વિનતી (૨) ફરિયાદ [–કાઢી નાંખવી=અરજ રદ નામજૂર કરવી –સાંભળવી=અરજ પર ધ્યાન આપવુ] ૦દાર વિ૦ અરજ કરનાર ૦બેગી વિ૦ [फा] હજૂર પાસે અરજીઓ રજૂ કરનાર ૦વાન વિ૦ અરજદાર –જી સ્ત્રી૦ અરજ કે ફરિયાદ યા તે જેમા લખી હોય એ કાગળ (શ. પ્ર જુઓ 'અરજ' મા તે પ્રમાણે)

અરજો ।। પુ૦ ચણેલી ભીતનુ સીધાપણુ જોવા લટકાવાતુ વજન. ઓળબો [લટકતી હાલતમાં

અરજો(–ઝો)ળે અ૦ અધ્ધર (૨) અનિશ્ચિત,

અરડૂસી સ્ત્રી૦,–સો પુ૦ [हिं अड़ूसा, म अडुळसा, स अटरूष] એક વનસ્પતિ-ઔષધિ

અરણિ(–ણી) [सं]સ્ત્રી૦ એક જાતનુ ઝાડ

અરણ્ય ન૦[सं] જગલ ૦રુદન,રુદિત ન૦ અરણ્યમા—જ્યા કોઈ સાભળે નહિ ત્યા કરેલું રુદન, વ્યર્થ પોકાર ૦વાસ પું૦ જગલમા રહેવુ તે (૨)સસારત્યાગ ૦વાસી વિ૦(૨) પુ૦ અરણ્યવાસ કરનાર

અરતિ સ્ત્રી૦ [सं] રતિનો અભાવ

અરથ પુ૦ જુઓ અર્થ (૫)

અરથી વિ૦ [सं] રથી નહિ એવુ [વિનંતી

અરદાસ સ્ત્રી૦ [हि, फा अर्जदाश्त] અરજ,

મુખ્ય ધ્યાન એ રાખ્યું હતું કે, ચાલુ બધા શબ્દો તેમાં સંઘરવા. આથી, બીજી બાજુ શબ્દભંડોળ પણ આપોઆપ વધતુ ગયું. કોશનો આ ગુણ તેની બીજી આવૃત્તિ વખતે જ તેના કસબી લોકના ધ્યાનમા આવ્યો હતો. જેમ કે, બીજી આવૃત્તિની નકલ શ્રી. કેશવલાલ હર્ષદરાય ધ્રુવને મોકલી તેનો સ્વીકાર કરતા તેમણે (તા. ૨૪–૩–'૩૧) નીચે પ્રમાણે લખ્યુ હતુ —

"આપના પત્ર સાથે 'સાર્થ ગૂજરાતી જોડણીકોશ' મળ્યો છે. એને વ્યવહારુ સ્વરૂપ આપવા લીધેલો શ્રમ સફળ નીવડયો છે. શબ્દનો સંગ્રહ લગભગ અર્ધા લાખે પહોચ્યો છે. સગૃહીત શબ્દો મોટે ભાગે વપરાતા જ લીધા છે, એ તેનું વિશેષ લક્ષણ છે એ બાબતમા સંગ્રહકારનો પ્રયાસ પ્રસંશાપાત્ર છે."

જીવંત ભાષાના કોશ તરીકે તેમાં ઉપરાંતમાં વ્યુત્પત્તિ, શબ્દપ્રયોગો, વગેરે જોઈએ. ઉત્તરોત્તર આ લક્ષણો પણ ઉમેરાતાં ગયાં છે, અને આ આવૃત્તિમા અમને મળી કે સૂઝી તે બધી વ્યુત્પત્તિ અને શબ્દપ્રયોગો સઘરવામાં આવ્યાં છે. અને એને માટે કહી શકાય કે, આ વસ્તુઓ આ આવૃત્તિમાં ઠીક ઠીક અને એક જ જગાએ પહેલી વાર ઉતરે છે. જોકે એ યાદ રાખવાનું છે કે, જીવંત ભાષાના શબ્દભંડોળ તથા શબ્દપ્રયોગો વિષે પરિપૂર્ણતાનો દાવો તો ન થઈ શકે એવી વાત છે, કેમ કે એ સદા-વર્ધમાન વસ્તુ છે.

આ ઉપરાંત આ વખતે ઉચ્ચારણ વિષે પણ ઉમેરો કર્યો છે; અને પહોળા એ ઓ, પોચો અનુસ્વાર, હશ્રુતિ, યશ્રુતિ, એ જે આપણી ભાષાના બતાવવા પડે એવા ઉચ્ચારો છે, તેમને માટે સકેતો યોજીને તે તે શબ્દો પછી તરત ટૂંકમાં બતાવવામા આવ્યા છે. તેની સૂચિ, જ્યાં સંકેતો તથા સંક્ષેપની અલગ સમજૂતી આપી છે, ત્યાં આપી છે.

શબ્દભંડોળ પણ સારું વધ્યું છે. કુલ સંખ્યા તો હજી સુધી નથી ગણી કાઢી, પણ કેટલાક હજાર શબ્દો ઉમેરાયા હશે એમ અંદાજે કહી શકું છું.

આવી રીતે સુધારાવધારા અને ઉમેરાને લઈને કોશનું કદ વધ્યુ છે એક કારણ તો ઉઘાડુ છે કે, મોટી રૉયલ સાઈઝના કાગળોની મુશ્કેલી જોઈને ડેમી સાઈઝ કરવી પડી. આથી અમુક કદ તો આપોઆપ વધ્યું. ઉપરાંત, ઉમેરા આવ્યા. આથી પાનાંની સખ્યા જોતા આ આવૃત્તિ બમણી થઈ છે. બીબાં તો એ જ કદનાં નાનાં વાપરેલાં છે, પણ વચ્ચેનાં લેડ પાતળાં વાપરવાથી લીટીઓ વચ્ચેની જગા કાંઈક કમી થઈ છે.

ઉપર મેં જણાવ્યું કે, લગભગ ત્રણ વરસે આ કામ પૂરું થાય છે. છાપકામ પૂરતું એ કહ્યું છે. બાકી, આવૃત્તિનું સંપાદનકામ તો ત્રીજી આવૃત્તિ બહાર પડી ગયા પછી તરત શરૂ કરવામાં આવ્યુ હતું. વિદ્યાપીઠે કોશ કાર્યાલય ત્યારથી ચાલુ જ રાખેલું છે. શ્રી. ચૂનીલાલ બારોટ એમાં કાયમી કામ કરતા રહ્યા છે. શરૂમાં થોડો વખત તેમની મદદમાં શ્રી. નગીનદાસ પારેખ અને શ્રી. શંકરદત્ત શાસ્ત્રી હતા. ઈ. સ. ૧૯૩૯–૪૦ના અરસામાં છૂટા થયા ત્યાં સુધીમાં, તે બે જણે ઉપલબ્ધ ગ્રંથોમાંથી વ્યુત્પત્તિ તથા શબ્દપ્રયોગો એકઠાં કરવાનું કેટલુંક કામ કર્યું હતું; તે દરમિયાન શ્રી. બારોટે ફારસી અરબી વ્યુત્પત્તિ જોઈ કાઢી હતી. શ્રી. નગીનદાસ તથા શાસ્ત્રી ગયા પછી નવી આવૃત્તિનું કામ શ્રી બારોટે આગળ ચલાવ્યુ હતું; અને તેની બધી પૂર્વતૈયારી તેમણે કરી હતી. તે અંગે તેમણે વ્યુત્પત્તિ, શબ્દપ્રયોગ વગેરેનું બાકી રહેલું બધુ કામ પૂરું કર્યું. કાર્યાલયમાં એકઠા થયેલા ઢગળંધ નવા શબ્દો દાખલ કર્યા. એમ તેમણે છૂટી છૂટી એકઠી થયેલી વિવિધ બધી સામગ્રી એકસાથે મૂકીને નવી આવૃત્તિ માટેની હાથપ્રત માટે પૂર્વતૈયારી કરી હતી. પ્રેસ માટે છેવટની પ્રત તે ઉપરથી તૈયાર કરવામાં આવી. આ કામમાં, તેમની સાથે, દરેક આવૃત્તિમાં થતું આવ્યુ છે તેમ, શ્રી. ગોપાલદાસ પટેલ તથા હું જોડાયા. તે કામ ૧૯૪૫ બાદ શરૂ કર્યું હતું. છેવટની નજર, ગઈ આવૃત્તિ જેમ, મેં રાખી છે. એક રીતે કહીએ તો, અમે ત્રણ જણ ગઈ ત્રણ આવૃત્તિઓથી આ રીતે કામ કરતા આવ્યા છીએ. ક્રમશઃ કણશઃ, એ કામ આ આવૃત્તિ જેટલે પહોંચે છે, તેથી અમને વ્યક્તિતઃ પણ અમુક આનંદ થાય છે.

ઉપર હુ કહી ગયો કે, આ આવૃત્તિના ખાસ ઉમેરા ત્રણ ગણાય: ૧. ગઈ આવૃત્તિમાં તત્સમ વ્યુત્પત્તિ જ આપી હતી, તેમાં હવે ઉપલબ્ધ બધી વ્યુત્પત્તિ મૂકવામાં આવી છે; ૨. શબ્દપ્રયોગો; ૩. ઉચ્ચારણ. શબ્દભંડોળ વધ્યા કરે એ તો સામાન્ય બાબત હોઈ તેને સ્વતંત્ર કે નવો ઉમેરો ગણતો નથી.

### વ્યુત્પત્તિ

તત્સમ વ્યુત્પત્તિ ઉપરાંત જેટલી મળી શકી તે બધી તદ્ભવ વ્યુત્પત્તિ પણ આ વખતે સંઘરી છે. તેમાં પ્રાકૃત રૂપો પણ દર્શાવ્યાં છે તે વિષે એક વસ્તુ કહેવાની જરૂર છે. આમ દર્શાવેલાં પ્રાકૃત રૂપો પ્રત્યક્ષ ઉપયોગમાં આવ્યાં હોય તે જ લેવાનું રાખ્યુ છે; કલ્પીને તે રજૂ કર્યાં નથી. આને માટે મુખ્ય ઉપયોગ અમે પંડિત હરગોવિંદદાસ ત્રિકમચંદ શેઠકૃત पाइय-सद्द-महण्णवो નો કર્યો છે. અપભ્રંશ, દેશ્ય, કે પ્રાકૃત શબ્દ બતાવ્યા છે તે આ કોશને આધારે ટાંકવામાં આવ્યા છે.

અરદિબેહસ્ત પું૦ [फा उर्दीबिहिश्त] [જંદ] પારસી વર્ષનો ત્રીજો મહિનો (૨) અગ્નિ
અરધી સ્ત્રી૦ પાઈ (મુંબઈ)
અરધું વિ૦ જુઓ અડધું -ધપચાળ વિ૦ (કા) લગભગ અરધ ભાગનું ૦પરધું વિ૦ અડધું પડધું -ધોઅરધ વિ૦ અડધોઅડધ
અરબ પું૦ [अ] અરબસ્તાન (૨) આરબ -બી વિ૦ અરબને લગતું (૨) અરબસ્તાનનું (૩) સ્ત્રી૦ અરબની ભાષા
અરબા પું૦ [म, हि अ अराबा=तोपगाडी પરથી?] (બા-બોની) લડાઈ યુદ્ધ [-ઊડવા =ગુસ્સે થઈ સામે થવું -પીને આવવું, જવું =(તોપોનો માર સહીને જવું પરથી?) હિંમતથી સામે ટકવું, ટક્કર ઝીલવી]
અરબી વિ૦ (૨) સ્ત્રી૦ જુઓ 'અરબ'માં
અરમાન સ્ત્રી૦ [फा] અભિલાષા, ઉમેદ (૨) તીવ્ર ઇચ્છા, આતુરતા
અરમાર સ્ત્રી૦ [पो आर्मादा] દરિયાઈ કાફલો. -રી વિ૦ નૌકાસૈન્ય સંબંધી
અરમારી સ્ત્રી૦[पो अल्मारियो] સ્ત્રી૦ જુઓ અલમારી (૨) જુઓ 'અરમાર'માં
અરમ્ય વિ૦[सं] રમ્ય નહિ તેવું
અરર અ૦ ચિંતા, દિલગીરી, દુઃખ બતાવનાર [ઉદ્ગાર
અરસ વિ૦ નીરોગી (૨) જાડું (૩) મૂર્ખ [કા]
અરવ વિ૦ [सं] રવ વિનાનું, શાંત
અરવલી(-લ્લી) પું૦[सं] જેમાં આબુ પર્વત છે તે પર્વતોની હાર
અરવા પું૦ [अ अर्वाह-'रुह' નું બ૦ વ૦] આરવા, આત્મા (૨) અંતઃકરણ
અરવિંદ ન૦[सं] કમળ ૦મુખી પું૦ એક છંદ
અરશદરશ વિ૦ (કા) આબેહૂબ
અરસપરસ અ૦ [म परस्पर] પરસ્પર
અરસિક વિ૦ [सं] રસ-મજા ન પડે એવું, શુષ્ક (૨) રસ સમજી ન શકે એવું. ૦તા સ્ત્રી૦
અરસો પું૦[अ अरसह्] મુદત, કાળ (૨) અવસર
અરંજિત વિ૦ [सं] રંજિત નહિ એવું
અરાખડું ન૦ રેખાકૃતિ, છાપ
અરાગ વિ૦[सं] રાગરહિત, નિર્વિકાર (૨) પું૦ રાગનો અભાવ, અપ્રીતિ (૩) અણબનાવ
અરાજક વિ૦[सं] રાજા વિનાનું, અંધાધૂંધીવાળું (૨) ન૦ રાજા ન હોવો તે (૩) અંધાધૂંધી ૦તા સ્ત્રી૦ અંધાધૂંધી ૦વાદ પું૦ રાજસત્તાના બાધ્ય અંકુશ વગર સમાજવ્યવસ્થા થવી કે હોવી જોઈએ એવો વાદ ૦વાદી વિ૦ (૨) પું૦ એ વાદમાં માનનાર
અરાજ્ય ન૦ [सं] જુઓ અરાજક
અરાતિ પું૦ [सं] શત્રુ
અરાબો પું૦ + [म अराबा, फा अराबह्=ગાડું] ઘરખટલો, કુટુંબપરિવાર
અરામ વિ૦ [અ+રામ] વગર વ્યાજનું
અરાવલિ(-લી,-ળિ,-ળી) સ્ત્રી૦[सं] (પૈડાના) આરાનો સમૂહ
અરિ પું૦ [सं] દુશ્મન (૨) કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ છ વિકાર (૩) છ માટે કવિતામાં વપરાતી સંજ્ઞા ૦દમન ન૦ શત્રુને દબાવવો તે (૨) વિ૦ શત્રુને દબાવનાર ૦મર્દન ન૦ શત્રુને હરાવવો-દબાવી દેવો તે (૨) વિ૦ તે કરનાર. ૦સૂદન વિ૦ શત્રુનો નાશ કરનાર ૦હંત વિ૦ દુશ્મનોનો નાશ કરનાર ૦હા પું૦ અગ્નિને મારનાર (૨) સૂર્ય
અરિષ્ટ ન૦ [सं] દુર્ભાગ્ય, સંકટ (૨) મોતની નિશાની (૩) મદ્ય, આસવ (૪) અરીઠાનું ઝાડ (૫) પું૦ શત્રુ (૬) સૂર્ય (૭) વિ૦ ક્લિષ્ટ, અશુભ
અરિષ્ટનેમિ પું૦ [सं] (સં) બાવીસમા જૈન તીર્થંકર
અરિહંત વિ૦ [सं अरिहन्ता] જુઓ 'અરિ'માં (૨) પું૦ [प्रा, म अर्हत्] જૈન તીર્થંકરો તથા બુદ્ધ માટેની સંજ્ઞા
અરિહા પું૦ [सं अरिहन्] જુઓ 'અરિ'માં
અરીઠી સ્ત્રી૦,-ઠો પું૦ [सं अरिष्ट] એક ઝાડ -ઠું ન૦ અરીઠીનું ફળ
અરીભવન ન૦[सं] પ્રકાશ, ઉષ્ણતા ઇત્યાદિના કિરણોનું એક બિંદુમાંથી ચક્રના આરા પેઠે ચોમેર ફેલાવું તે
અરીલ પું૦ એક છંદ
અરીષ્યા સ્ત્રી૦ + જુઓ ઈર્ષા
અરીસો પું૦[सं आदर्श] આરસો, આયનો, દર્પણ
અરુ અ૦ [हि] અને (પ)

અરુચતું વિ૦ ન રુચતું. –વું અ૦ક્રિ૦ ન રુચવું
અરુચિ સ્ત્રી૦ [સં] અપ્રીતિ; અણગમો (૨) રુચિ–ભૂખ ન હોવી તે ૦કર વિ૦ અરુચિ કરનારું. ૦ર વિ૦ [સં] રુચિર નહિ તેવું
અરુણ વિ૦ [સં] રતાશપડતું (૨) સોનેરી (૩) પું૦ (સ.) સૂર્યનો સારથિ (૪) પરોઢ પ્રભાત (૫) પરોઢ વખતનો આકાશનો રંગ (૬) રતાશ-પડતો રંગ ૦ચિત્ર ન૦ (અરુણ ધડ વગરનો છે એમ મનાય છે તે પરથી) કમરથી ઉપરના શરીરના ભાગનું ચિત્ર-'બસ્ટ' ૦મૂર્તિ(–ર્તિ) સ્ત્રી૦ કમરથી ઉપરના શરીરના ભાગની મૂર્તિ. ૦સારથિ પું૦(સં) સૂર્ય –ણા સ્ત્રી૦ મજીઠ (૨) ચણોઠી (૩) નસોતર. –ણાચલ(–ળ) પું૦ [સં] સૂર્ય જેની પાછળથી ઊગે છે તે કલ્પિત પર્વત –ણિત વિ૦ [સં] લાલ રંગનું કરેલું કે થયેલું –ણિમા સ્ત્રી૦ [સં.] રતાશ –ણુ વિ૦ અરુણના જેવું –લાલ રંગનું –ણોદય પું૦ [સં] અરુણનો ઉદય, પરોઢ
અરુપરુ અ૦ [સં आरात् पारात्] અરુંપરું; આમ તેમ, આગળ પાછળ
અરું અ૦ [સં आरात्] પાસે, ઓરું (૨) આમ; આ બાજુ
અરુંધતી સ્ત્રી૦ [સં] (સ) વસિષ્ઠ ઋષિની પત્નીનું નામ (૨) સપ્તર્ષિના તારાઓ પાસે એક અત્યંત ઝાંખા તારાનું નામ ૦દર્શનન્યાય પું૦ સ્થૂલ ઉપરથી સૂક્ષ્મ ઉપર જવું તે (અરુંધતીનો તારો નાનો હોવાથી તેને દેખાડવા પ્રથમ તેની પાસેનો મોટો તારો દેખાડવામાં આવે છે તેમ)
અરુંપરું અ૦ જુઓ અરુપરુ
અરૂઢ વિ૦[સં] રૂઢ–પ્રચલિત નહિ તેવું
અરૂપ(–પી) વિ૦ [સં] આકારરહિત
અરે અ૦ [સં] આશ્ચર્ય, દુઃખ, ચિંતા ક્રોધ ઇત્યાદિ સૂચક ઉદ્ગાર (૨) ઊતરતા દરજ્જાના માણસને સંબોધવાનો ઉદ્ગાર (૩) સ્ત્રી૦ ચીવટ ફિકર (૪) હાય, દુઃખનો પોકાર ૦કાર(–રો) પું૦ અરે એવો ઉચ્ચાર કરવો તે. ૦રાટ પું૦, ૦રાટી સ્ત્રી૦ અરે હોવી કે થવી તે, ફિકર, ચિંતા ૦રે અ૦ જુઓ અરરર

અરોગ(–ગી) વિ૦ [સં.] નીરોગી
અરોચક વિ૦ [સં.] રોચક નહિ તેવું; અરુચતું
અરોડું ન૦, –ડો પું૦ આગલા વર્ષના રહી ગયેલા કપાસના જીંડિયા ફૂટી તે ઉપર નવો કપાસ થાય તે
અર્ક પું૦ [અ] જુઓ અરક
અર્ક પું૦ [સં.] સૂર્ય (૨) કિરણ (૩) [જ્યો] ઉત્તરા ફાલ્ગુની (૪) આકડો ૦વિવાહ પું૦ ત્રીજી વારનું લગ્ન કરતાં પહેલાં અનિષ્ટનિવારણાર્થે પુરુષનું આકડી સાથે કરાતું લગ્ન
અર્ગલ પું૦[સં] આગળો. ભૂંગળ –લા(–લી) સ્ત્રી૦ આગળી
અર્ઘ પું૦ [સં] કિંમત (૨) ચોખા, દૂર્વા, ઇત્યાદિથી સન્માન કરવું તે (૩) ચોખા દૂર્વા ફૂલ, પાણી ઇત્યાદિ; પૂજાપો [–આપવો=જુઓ અર્ઘ્ય આપવું] ૦દાન ન૦ પૂજા માટે અર્ઘ આપવો તે. ૦પાદ્ય ન૦ ફૂલ, સુગંધી તથા પગ ધોવાનું પાણી (૨) મોટા માણસો અથવા દેવને તે દ્વારા આદરસત્કાર આપવાની એક રીત ૦પ્રદાન ન૦ અર્ઘદાન –ર્ઘાર્હ વિ૦ [સં] પૂજ્ય, અર્ઘને યોગ્ય
અર્ઘ્ય વિ૦ મૂલ્યવાન (૨) પૂજ્ય (૩) ન૦ પૂજા. સન્માન [–આપવું =(પૂજાપો લઈને) પૂજવું સન્માન કરવું (૨) (કટાક્ષમાં) ખાયમાલ કરવું]
અર્ચક વિ૦ [સં] પૂજનાર (૨) પું૦ પૂજારી
અર્ચન ન૦, –ના સ્ત્રી૦ [સં] પૂજા (૨) કપાળે ચંદન લગાડવું તે. –નીય વિ૦ પૂજનીય –વું સ૦ ક્રિ૦ [સં अर्च्] પૂજા કરવી
અર્ચા સ્ત્રી૦ [સં] અર્ચના –ર્ચિત વિ૦ પૂજેલું; સન્માનેલું
અર્ચિર્માર્ગ પું૦ [સં] દેવયાન
અર્જ સ્ત્રી૦ [અ] અરજ, વિનંતિ (૨) ફરિયાદ (જુઓ 'અરજ'માં શ. પ્ર.) [મેળવવું–કમાવું તે.
અર્જક વિ૦[સં] મેળવનાર, કમાનાર –ન ન૦
અર્જિત વિ૦ [સં] મેળવેલું. કમાયેલું
અર્જુન પું૦[સં](સ) પાંચ પાંડવોમાંનો ત્રીજો
અર્જુની સ્ત્રી૦ [સં](સ) અનિરુદ્ધની સ્ત્રી ઉષા
અર્ણવ પું૦ [સં] સમુદ્ર [(મહાભારત)
અર્ણિક પર્વ ન૦ [સં आरण्यक]+અરણ્યપર્વ

**અર્થ** [સં] હેતુ (૨) માયનો, સમજૂતી (૩) ધન, સંપત્તિ (૪) ગરજ, પ્રયોજન (૫) ધર્માદિ ચાર પુરુષાર્થોમાંનો બીજો [–આવવું = ખપ લાગવું કામમાં આવવું –બેસવો = બરોબર અર્થ થવો—સમજાવું –બેસાડવો = અર્થ કરી બતાવવો, સમજાવવું –સરવો = હેતુ સિદ્ધ થવો –સધાવો] **૦કામ** વિ૦ ધનની ઇચ્છાવાળું **૦કારણ** ન૦ આર્થિક તંત્રની વ્યવસ્થા કરવી તે **૦ગર્ભ** વિ૦ અર્થથી ભરેલું **૦ગાંભીર્ય**, **૦ગૌરવ** ન૦ અર્થનું ઊંડાણ **૦ગ્રહણ** ન૦ અર્થ સમજવો તે **૦ઘન** વિ૦ ખૂબ અર્થવાળું, અર્થથી ભરપૂર **૦ઘ્ન** વિ૦ ધનનો નાશ કરનારું ઉડાઉ **૦ચિત્ર** વિ૦ અર્થના ચમત્કારવાળું (૨) ન૦ અર્થની ચમત્કૃતિ **૦તઃ** અ૦ અર્થ પ્રમાણે (૨) વાસ્તવિક રીતે **૦તંત્ર** ન૦ આર્થિક વ્યવસ્થાનું તંત્ર **૦દર્શી** વિ૦ વ્યવહારકુશળ **૦દાસ** પુ૦ પૈસાનો ગુલામ **૦દોષ** પુ૦ કાવ્ય અથવા સાહિત્યમાં અર્થને લગતો દોષ. **૦નિબંધન** વિ૦ અર્થ પર આધાર રાખતું. **૦પ્રકાશ** પુ૦ અર્થ સમજવો તે **૦પ્રકૃતિ** સ્ત્રી૦ નાટકની પ્રયોજન-સિદ્ધિનો હેતુ (તે પાંચ છે) [ના શા] **૦પ્રાપ્તિ** સ્ત્રી૦ અર્થની પ્રાપ્તિ કમાઈ, લાભ **૦બંધ** પુ૦ શબ્દોની રચના નિબંધ, કાવ્ય ઇત્યાદિ (૨) ઇન્દ્રિયોના વિષયોનું બંધન (૩) ધનનું બંધન **૦બુદ્ધિ** વિ૦ સ્વાર્થી (૨) સ્ત્રી૦ ધનની ઇચ્છા (૩) પૈસા કમાવાની લગની (૪) સ્વાર્થપરાયણતા (૫) આર્થિક રહસ્ય સમજવાની બુદ્ધિ **૦બોધ** પુ૦ (બરો) અર્થ સમજવો તે **૦ભરિત** વિ૦ અર્થથી ભરેલું **૦ભેદ** પુ૦ અર્થની ભિન્નતા (૨) ભિન્ન અર્થ **૦લક્ષી** વિ૦ અર્થને લક્ષનારું, અર્થવાદી **૦લાભ** પુ૦ અર્થપ્રાપ્તિ **૦લોભ** પુ૦ ધનનો લોભ **૦વત્** વિ૦ અર્થવાળું **૦વાદ** પુ૦ વિધિવિરૂપ વાક્યોમાં રુચિ કરાવવા તે તે વિધિઓની સ્તુતિ, તેનું પાલન ન કરવાથી થતી હાનિ, તથા તેને લગતા ઐતિહાસિક દૃષ્ટાંતો ઇત્યાદિ આપવાં તે (૨) સ્તુતિ તારીફ (૩) કોઈ પણ ગ્રંથમાં મુખ્ય વિષયને સ્પષ્ટ કરવા કે તેનું ગૌરવ બતાવવા લખેલો ભાગ (૪) અર્થને જીવનમાં મહત્ત્વ દેનાર વાદ **૦વાદી** વિ૦ અર્થવાદમાં માનનારું, કે તે સંબંધી **૦વાન** વિ૦ અર્થવાળું (૨) ધનવાન **૦વાહક** વિ૦ જુઓ અર્થવાહી **૦વાહકતા** સ્ત્રી૦, **૦વાહિત્વ** ન૦ અર્થવાહીપણું **૦વાહી** વિ૦ અર્થને વહન કરનારું **૦વિજ્ઞાન** ન૦ અર્થ જાણવો તે (૨) બુદ્ધિના ૭ ગુણો પૈકીનો એક **૦વિદ્યા** સ્ત્રી૦ અર્થશાસ્ત્ર **૦વૃદ્ધિ** સ્ત્રી૦ ધનની વૃદ્ધિ **૦વ્યક્તિ** સ્ત્રી૦ અર્થ વ્યક્ત થવો તે **૦વ્યય** પુ૦ પૈસા ખરચવા તે **૦શાસ્ત્ર** ન૦ સંપત્તિશાસ્ત્ર (૨) રાજનીતિ **૦શાસ્ત્રી** પુ૦ અર્થશાસ્ત્ર જાણનારો પુરુષ **૦સંગ્રહ**, **૦સંચય** પુ૦ ધનનો સંઘરો **૦સાધક** વિ૦ અર્થ સાધે એવું, ઉપયોગી **૦સિદ્ધિ** સ્ત્રી૦ ધારેલી મતલબ પાર પાડવી તે (૨) ધનપ્રાપ્તિ **–ર્થાત્** અ૦ એટલે કે **–ર્થાનુસારી** વિ૦ અર્થને અનુસરતું. **–ર્થાપત્તિ** સ્ત્રી૦ [ન્યા] જે ન સ્વીકારીએ તો વસ્તુસ્થિતિનો ખુલાસો ન જ મળી શકે એવું અનુમાન (૨) [કા શા] એક અર્થાલંકાર, જેમાં એક વાત કહેવાથી બીજી વાતની સિદ્ધિ નિઃશંક છે એમ બતાવવામાં આવે છે **–ર્થાર્થી** વિ૦ ધનલોભી (૨) સ્વાર્થી **–ર્થાલંકાર** પુ૦ શબ્દની નહિ પણ અર્થની ચમત્કૃતિવાળો અલંકાર [કા શા] **–ર્થાંતર** ન૦ બીજો અર્થ (૨) વિષય બહાર બોલવું તે (વાદનો એક દોષ) **–ર્થાંતરન્યાસ** પુ૦ સામાન્ય ઉપરથી વિશેષનું અને વિશેષ ઉપરથી સામાન્યનું સમર્થન જે વડે કરેલું હોય તે અલંકાર [કા શા] **–ર્થી** વિ૦ ગરજવાળું, મતલબી (૨) યાચક **–ર્થીય** વિ૦ આર્થિક. **–ર્થે** અ૦ માટે, વાસ્તે **–ર્થોપાર્જન** ન૦ પૈસા કમાવા તે

**અર્દન** વિ૦ (૨) ન૦ [સં] નાશ કરનાર, હરનાર

**અર્ધ** વિ૦ [સં] અડધું (૨) ન૦ એકના બે સરખા ભાગમાંનો એક **૦ગોળ** વિ૦ અડધું ગોળ (૨) પુ૦ (પૃથ્વીના) ગોળાનો અડધો ભાગ, 'હેમિસ્ફિયર' (૩) [ગ] ગોળ આકૃતિનો અર્ધો ભાગ **૦ચંદ્ર** પુ૦ અડધો ચંદ્ર (૨) હથેલીની અર્ધચંદ્ર જેવી આકૃતિ (બોચીમાંથી પકડી

વક્કો મારવાં માટે) [–આપવો = ગર્દન પકડી કાઢી મૂકવુ.] ૦જરતીયન્યાય પું૦ અર્ધું આ અને અર્ધું પેલું એમ કરી અનિશ્ચિત રાખવું–ચોક્કસ નિયમ ન રાખવો તે (ન્યા) ૦દગ્ધ વિ૦ અડધું બળેલુ (૨) અધકચરા જ્ઞાનવાળું ૦નારીશ્વર પુ૦ શિવનુ એક સ્વરૂપ–અડધુ પુરુષ અને અડધુ સ્ત્રી ૦પત્રી ન૦ અર્ધી અર્ધી ચાર પાંખવાળા જીવડાના– હેમિ'ટેરે'–વર્ગનુ જીવડું ૦પંચાળ વિ૦ (કા) લગભગ અડધા ભાગનું ૦ભાગિક, ૦ભાજ વિ૦અડધા ભાગનુ હકદાર. ૦માગધી સ્ત્રી૦(સ૦)પ્રાકૃત ભાષાનુ એક સ્વરૂપ ૦માત્રા સ્ત્રી૦ વ્યંજન [વ્યા] ૦વિરામ ન૦ વાક્યના અર્થગ્રહણની સવડ સારુ વચ્ચે અમુક થોભવુ તે કે તેનુ સૂચક ( ) આવુ ચિહ્ન. ૦સમવૃત્ત ન૦ બબ્બે ચરણ સરખા હોય તેવુ વૃત્ત ૦સ્વર પુ૦ ય, ર, લ, કે વ અક્ષર. –ર્ધાંગ ન૦ અડધું અંગ –ર્ધાંગના સ્ત્રી૦ પતિનુ અર્ધું અંગ–ધર્મપત્ની. –ર્ધાંગવાયુ પું૦ લકવો, પક્ષાઘાત

અર્ધું વિ૦ જુઓ અડધુ

અર્ધોત્ક વિ૦ [સં.] અધૂકડું

અર્પણ ન૦ [સ] આપવું તે (૨) ભેટ કરવું તે (૩) માનપૂર્વક ધરવુ તે (જેમ કે પુસ્તક અર્પણ કરવુ) ૦પત્ર ન૦ બક્ષિસનામું (૨) અર્પણ-પત્રિકા ૦પત્રિકા સ્ત્રી૦ ગ્રંથ અર્પણ કર્યાનો લેખ –વું સ૦ક્રિ૦ [સ અર્પ્] આપવુ (૨) ભેટ કરવુ (૩) સ્વીકારવા માટે ધરવુ

અર્પિત વિ૦ [સ] અર્પેલુ, અર્પાયેલું

અર્બુદ પું૦ [સં] વાદળ (૨) (સં) આબુ પર્વત (૩) દશ કોટિ સંખ્યા

અર્ભક પુ૦ [સ] બાળક

અર્યમા પુ૦ [સ.] સૂર્ય (૨) પિતરોમા મુખ્ય તે (૩) [જ્યો] ઉત્તરા ફાલ્ગુની

અર્વાચીન વિ૦ [સં.] આધુનિક ૦તા સ્ત્રી૦

અર્શ પુ૦ [સ] એક રોગ; હરસ

અર્હ(–ર્હં)ત પુ૦ [સ.] પરમ જ્ઞાની; બુદ્ધ, તીર્થંકર (જૈન, બૌદ્ધ)

અર્હ્ય વિ૦ [સ] સ્તુત્ય (૨) પૂજ્ય (૩) ઉચિત

અલ અ૦ [સં. अलम् ] + ખચીત (૨) બસ

અલક પુ૦ [સં.] વાળની લટ, કપાળ પરના વાંકડિયા વાળ (૨) ચોટલો ૦નંદા સ્ત્રી૦(સ.) ગંગા નદીનુ એક પાંખિયુ, કે તેનુ એક નામ

અલકમલક પુ૦ [अ. मुल्क પરથી દ્વિત્વ] દેશવિદેશ, ગમે તેવો દૂરનો કે વિકટ દેશપ્રદેશ

અલકા સ્ત્રી૦[સં] (સ ) કુબેરની નગરી ૦ધિપ, –કેશ પુ૦ (સં) અલકાનો અધિપ–કુબેર

અલકાબ પું૦ [अ] ઇલકાબ

અલક્ત ૦ક પુ૦ [स] લાલ લાખ (૨) અળતો

અલક્ષણ વિ૦[स] ચિહ્ન રહિત (૨) ન૦ જુઓ અપલક્ષણ

અલક્ષિત વિ૦[स]નહિ જોયેલુ, ધ્યાન બહાર રહેલું

અલક્ષ્મી સ્ત્રી૦[स] લક્ષ્મીનો અભાવ, ગરીબાઈ

અલક્ષ્ય વિ૦[स] અદૃશ્ય (૨) અજ્ઞેય, અલખ (૩) નેમ વિનાનુ. ૦વાદી વિ૦ (૨) પું૦ જુઓ અલખવાદી

અલખ વિ૦ [स अलक्ष] અજ્ઞેય (૨) પુ૦ બ્રહ્મ [–જગાવવી='અલખ'નુ નામ પોકારવુ, તે રીતે ભીખ માગવી.]૦નિરંજન પુ૦ અજ્ઞેય નિર્ગુણ બ્રહ્મ ૦વાદી વિ૦ (૨) પુ૦ બ્રહ્મવાદી

અલખત સ્ત્રી૦ દોલત; ધન –તિયું વિ૦ અલખતવાળુ

અલગ વિ૦ (૨) અ૦ [ स. अलग्न ] જુદુ (૨) દૂર, છેટું –ગું - વિ૦ અળગુ

અલગત સ્ત્રી૦ અગત્ય (૨) ધડો, ઉદાહરણ

અલગાર સ્ત્રી૦ [ तुर्की अल्गार ] હાર, પંક્તિ

અલગારી વિ૦(કા)શોખીન(૨)મસ્ત(૩)મનસ્વી

અલગોજા ન૦[अ अल्गूजह]પાવાની જાતનુ વાદ્ય

અલ(–ળ)છ(–શ)સ્ત્રી૦ [स अलक्ष्मी]ગરીબાઈ

અલ(–ળ)તો પુ૦[स अलक्तक] જુઓ અળતો

અલજ્જ વિ૦ [स] નિર્લજ્જ

અલડ (લ') વિ૦ જુઓ અલ્લડ [જાણુ

અલપઝલપ વિ૦ (સુ ) અળપઝળપ, અસ્પષ્ટ,

અલપતું વિ૦ [स आलप्] આલાપ કરતુ (૨) [અ + લપવુ] નહિ લુપાયેલુ

અલપવું સ૦ક્રિ૦ [ स आलप् ] આલાપવુ, ગાવુ

અલપ(–પા)વું અ૦ક્રિ૦ લપાવુ; છુપાવુ

અલફ પુ૦ [फा] ફકીરનો ઝભ્ભો [અલફાઉ

અલફાઉ વિ૦ [ अ अलुफ्तह् ] નકામુ, રખડતુ,

અલબત(-ત્તા) અ૦ [अ अल्बत्तह्]અલબત્ત
અલબત્ત અ૦ [फा] ખચીત, બેશક, જરૂર
અલબુ વિ૦ (કા) અધર [કૂદકુ (૨) ઇચ્છી
અલબેલુ વિ૦ [हि., म अलबेला] ફાકડુ,
અલભ્ય વિ૦[स]અપ્રસિ૦ભમિકત્વ ન૦(યોગ) સમાધિની ભૂમિકા જગ પણ પ્ર સ નથવી તે.
અલભ(-ભ્ય) વિ૦ [स] અપ્રાપ્ય, ન મળે એવુ
અલમ્ અ૦ [स] બસ પૂરતુ
અલમસ્ત વિ૦ [फा] મસ્તાન (૨) મલ જેવુ પુષ્ટ અને જોરાવર
અલમારી સ્ત્રી૦ [पो अलमारियो] કબાટ (૨) અનેક ખાનાવાળું ભીતમાનુ તાકુ, સચ (૩) જાળી કે અનેક ખાનાવાળી ઘોડી
અલવણ વિ૦ [स] અલૂણુ, મીઠા વિનાનુ, ફીકુ
અલવવું અ૦ ક્રિ૦ [અ+લવવુ] મૂગા રહેવુ
અલવાઈ વિ૦ સ્ત્રી૦ [મ૦ हि., स वालवती ?] એક બે મહિનાના બચ્ચાવાળી (ગાય, ભેંસ ઇ૦)
અલવાન ન૦ [अ] કોર વિનાની શાલ કામળી
અલવે અ૦ લીલાએ, લહેરથી
અલવેખર ન૦ શણગારેલુ ખચ્ચર (?)
અલશ સ્ત્રી૦ જુઓ અલખ
અલસ વિ૦ [स] આળસુ (૨) થાકેલુ (૩) મદ ૦ગતિ સ્ત્રી૦ મદગતિ ૦મતિ સ્ત્રી૦ મદમતિ -સા સ્ત્રી૦ ગોકળગાય
અલસાવુ અ૦ ક્રિ૦ [स अलस] અળસાવુ આળસવુ, થાકી જવુ
અલહેતું વિ૦ [અ+લહેવુ] જુઓ 'અલેતુ'
અલકરણ ન૦ [स] અલકૃત કરવુ તે
અલકાર પુ૦ [स] ઘરેણુ (૨) શણગાર (૩) શબ્દ અથવા અર્થની ચમત્કૃતિવાળી રચના (૪) તાન કે આલાપમા વપરાતી સ્વરોની મધુર ગૂથણી (સગીત) ૦શાસ્ત્ર ન૦ અલકારનુ શાસ્ત્ર, કાવ્યશાસ્ત્ર
અલકૃત વિ૦ [स]શણગારેલુ -તિ સ્ત્રી૦શોભા (૨) ભાષાનો શણગાર
અલગ અ૦ દૂર, અલગ [કે આઘાગે
અલગ-ઝલગ અ૦ (સુ) અધ્ધર, વગર ટેકે
અલઘનીય, અલધ્ય વિ૦[स]લધ્ય નહિ એવુ
અલબુદ્ધિ સ્ત્રી૦ [स] છે એટલુ બસ છે એમ માનવાની વૃત્તિ, સતોષ
અલા સ્ત્રી૦ [अ आला] આબાદી
અલાઉ વિ૦ જુદુ (૨) અજાણ્યુ [-જુઓ
અલાકો(-ખો) પુ૦ [अ इलाक़ह्] ઇલાકો
અલાખો પુ૦ (કા) અભિલાખ
અલાઘવ ન૦ [स] ગૌરવ (૨)ટૂકાણનો અભાવ, નકામો વિસ્તાર (શૈલીનો એક દોષ)
અલાણવું અ૦ક્રિ૦ ઊકટવુ ગાગરવુ (બરાડવુ)
અલાણી સ્ત્રી૦ કૂવાનુ ઓવાણ
અલાણુ વિ૦ આ (૨)અમુક (પ્રાય 'ફલાણુ' જોડે વપરાય ઉદા૦ અલાણી બાઈને ફલાણી બાઈ કર્યા કરવુ=ગપ્પા ને કૂથલીમા વખત કાઢવો) ૦ફલાણુ વિ૦ આ અને તે
અલાત ન૦ [सं] ખોરણ (૨)મશાલ(૩) ૦ચક્ર ન૦ ચક્કર ચક્કર ફરતું ખોરણુ (૨) તેનાથી ભાસતુ વર્તુલ ૦વાયુ પુ૦ 'ડાલજોમ'
અલાદ વિ૦ [अ अल्द]નિર્ધન દીન
અલાન ન૦ [स आलान] હાથી બાધવનો ખભો દોરડુ, સાકળ વગેરે
અલાપચારી સ્ત્રી૦પાછળ રહીને તોફાનકરાવવુ તે
અલાબલા સ્ત્રી૦ [अ बला नु द्वित्व] ઝોડઝપટ, નડતર (૨) પીડા, ઉપાધિ
અલાબુ(-બૂ) સ્ત્રી૦ [स] કડવી તૂબડી (૨) સન્યાસીનુ તૂબડુ
અલાબૂની સ્ત્રી૦ [स अलाबू] કડવી દૂધી
અલાભ પુ૦ [सं] નુકસાન
અલામત ન૦ [अ] નિશાની, એંધાણ, ચિહ્ન
અલાયચી સ્ત્રી૦ એક જાતની ડાગર (ઇલાયચી જેવા દાણા ઉપરથી)
અલાયચો પુ૦ જુઓ અલાયચી (૨) [तु अलायचह्] એક જાતનુ કાપડ
અલાયદુ (લા') વિ૦ [अ अलाहिदह्] ઇલાયદુ ભિન્ન,જુદુ [આફેલો, હરાયો(સાઢ)
અલાયો વિ૦ પુ૦[दे अलमल=માતેલો સાઢ?]
અલાર (લા') સ્ત્રી૦ અલગાર, લગાર
અલાવ પુ૦ [સર૦ हि; स अलात ; म अलावा] મહોરમને અગે આસપાસ નાચવા સળગાવાતો અગ્નિ

અલાવડુ વિ૦ સાચાજૂઠા કરનારુ (૨) ચાડિયુ (૩) ધાપલાં કરનારુ (૪) ન૦ સાચુ જૂઠુ (૫) ધાપલુ (૬) ચાડીચુગલી –ડાવેડા પું૦બ૦વ૦ અલાવડા કર્યા કરવા તે –ડાંખોર વિ૦ અલાવડા કર્યા કરનારું

અલાવા અ૦ [अ] તે સિવાય; ઉપરાત

અલાહિદું વિ૦ જુઓ અલાયદુ

અલિ(–લી) પુ૦ [सं] ભમરો

અલિખિત વિ૦ [सं] લિખિત નહિ એવુ

અલિપ્ત વિ૦ [सं] લિપ્ત નહિ તેવુ

અલિયાની વિ૦ આલા–ઊંચા ખાનદાનનુ

અલિંગ(–ગી) વિ૦[सं] જાતિરહિત (૨) શરીરરહિત (૩) પુ૦ પરમાત્મા

અલી પુ૦ [सं] જુઓ અલિ (૨) [दे अलिआ, –या] સ્ત્રી૦ સખી (૩) અ૦ એક સ્ત્રીવાચક સંબોધન ('અલ્યા'નુ સ્ત્રી૦ રૂપ ?)

અલી પું૦ [अ] (સ ) ઇસ્લામના એક ખલીફ

અલીક વિ૦ [सं] અપ્રિય અળખામણુ (૨) ખોટુ, કૃત્રિમ (૩) મિથ્યા

અલીલ વિ૦ (ફા ) છેક નબળી તબિયતવાળુ

અલીલખ વિ૦ સખ્યાબંધ

અલુક્સમાસ પુ૦ [सं] વિભક્તિના પ્રત્યયનો લોપ થયા વગર થનો તત્પુરુષ સમાસ ઉદા 'યુધિષ્ઠિર'

અલૂકે કેરે અ૦ (કા ) આ ફેરે

અલૂ(–ળુ)ખડું ન૦ જુઓ 'અળૂખડુ

અલૂણું વિ૦ [અ+લૂણ] લૂણ-મીઠા વિનાનુ (૨) લૂણ–અન્ન વિનાનુ, ભૂખ્યુ (૩) ન૦ અલૂણુ ખાવાનુ વ્રત –ણાં ન૦બ૦વ૦ એ વ્રતના દિવસ

અલેક (લે') પું૦જુઓ અહાલેક [–જગાવવી= જુઓ 'અલખ જગાવવી']

અલેક ન૦ [अ] સુકાન સીધુ રાખીને હંકારવું તે

અલેખ વિ૦ [सं] લેખ વિનાનુ ૦ધા અ૦+ અસખ્ય રીતે ૦વું સ૦કિ૦ [અ + લેખવુ] લેખામા ન લેવું –ખું વિ૦ લેખા વિનાનુ (૨) નકામુ.અફળ –ખે અ૦અફળ એળે(૨)પુષ્કળ

અલેખેલ અ૦ આ ફેરે

અલેચો પુ૦ જુઓ અલાયચો

અલેણું ન૦ –ણાભાવ પું૦ [અ+લેણું] લેણાદેણી ન હોવી તે અણબનાવ

અલેતું (લે') વિ૦ [અ+લહેવુ ?] હલેતુ અણસમજુ, છોકરવાદ –તાઈ સ્ત્રી૦

અલેપ વિ૦ [सं] જુઓ અલિપ્ત

અલેલ (લે') વિ૦ અધેરવાળુ, અવ્યવસ્થિત (૨) ઉપરટપકે ક્યાસ કર્યો હોય તેવુ ૦ટપ્પુ વિ૦ [સર૦ म ] અટકળે ફેકનાર, ગપાડિયુ

અલૈયા બિલાવલ પુ૦ બિલાવલ રાગનો એક પ્રકાર

અલૈ(–લ્લૈ)યાં-બલૈ(–લ્લૈ)યાં ન૦ બ૦ વ૦ ['અલાબલા' ઉપરથી ?] ઓવારણા

અલોક વિ૦ [सं] અલૌકિક (૨) અદૃશ્ય –કી વિ૦ + અલૌકિક. –ક્ય વિ૦ પુણ્યલોક પ્રાપ્ત કરાવવામા બિનરૂપ (૨) અદૃશ્ય (જેમ કે, આત્મા ) (૩) રિવાજ મુજબનુ નહિ એવુ

અલોપ વિ૦ અદૃશ્ય લુપ્ત

અલોપ્ય વિ૦[सं] લોપાય નહિ એવુ

અલોમિકા વિ૦ સ્ત્રી૦ [सं] લોમ–રુવા વગરની

અલોલુપ વિ૦[सं] લોલુપ નહિ એવું

અલોલોલો અ૦ (રવ૦) જુઓ અળોળોળો

અલૌકિક વિ૦ [सं] અસામાન્ય, અદ્ભુત (૨) દિવ્ય. ૦તા સ્ત્રી૦

અલ્પ વિ૦ [सं] થોડુ (૨) ક્ષુલ્લક નજીવુ ૦કાલિક વિ૦ થોડો વખત રહેનારુ –ટકનારુ ૦જીવી વિ૦ થોડો વખત જીવનારું (૨)થોડા વડે જીવનારુ ૦જ્ઞ વિ૦ થોડુ જાણનાર ૦તમ વિ૦ સૌથી અલ્પ, 'મિનિમમ'. ૦તા સ્ત્રી૦ ૦ધી વિ૦ અલ્પ બુદ્ધિવાળુ ૦પ્રમાણ વિ૦ થોડા પ્રમાણનુ–માપનુ (૨) થોડા આધારવાળુ. ૦પ્રયોગ વિ૦ ક્વચિત્ વપરાતુ ૦પ્રાણ વિ૦ જેનો ઉચ્ચાર કરતા થોડો શ્વાસ જોઈએ તેવા (અક્ષરો) [વ્યા ] (૨) નમાલુ ૦બુદ્ધિ વિ૦ થોડી બુદ્ધિવાળું, મૂર્ખ (૨)સ્ત્રી૦ થોડી બુદ્ધિ ૦ભાષી વિ૦ થોડાબોલું ૦ભોગી વિ૦ થોડુ ખાનારુ ૦મતિ વિ૦ (૨) સ્ત્રી૦ જુઓ અલ્પબુદ્ધિ ૦મૂલ્ય વિ૦ થોડી કિંમતનુ ૦વિરામ ન૦ [વ્યા ] અર્થગ્રહણની સગવડ ખાતર વાક્યમા થોડુ થોભવુ તે કે તેનુ સ્થાન

બનાવનાર ( ) આવુ ચિહ્ન. ૦શ: અ૦ થોડે થોડે ૦સંખ્ય વિ૦ અલ્પસંખ્યાવાળુ. ૦સંતુષ્ટ વિ૦ થોડાથી સંતુષ્ટ થઈ જાય એવુ ૦સંતોષ પુ૦ થોડાથી સંતોષ માનવો તે ૦સંતોષી વિ૦ અલ્પસંતુષ્ટ -લ્પાક્ષર વિ૦ થોડા અક્ષરવાળુ. -લ્પાત્મા પુ૦ અલ્પ માણસ ('મહાત્મા'થી ઊલટુ) -લ્પાનંદ પુ૦ અલ્પ-ક્ષુદ્ર આનંદ -લ્પાનંદી વિ૦ અલ્પાનંદમાં રાચનાર -લ્પાયુ (૦ષ,૦ષી) વિ૦ ટૂંકા આવરદાવાળુ -લ્પાવું અ૦ ક્રિ૦ ઘટી જવુ (૨) ટૂંકાવુ -લ્પાશન ન૦, -લ્પાહાર પુ૦ થોડુ ખાવુ તે -લ્પાહારી વિ૦ અલ્પાહાર કરનાર

અલ્પોક્તિ સ્ત્રી૦ [સ] કમી કરીને બોલવુ તે ('અત્યોક્તિ'થી ઊલટુ)

અલ્યા(-લ્યો) અ૦ [દે અહ્ય= પરિચિત ?] એકતુંકારભર્યું પુરુષવાચક સંબોધન (તુચ્છકારમાં 'અલ્યા' ન બ૦ વ૦ રૂપ પણ સાંભળવા મળે છે જુઓ 'અલી' સ્ત્રી૦ સંબોધન)

અલ્લકદલ્લક અ૦ અધ્ધરપધ્ધર (૨) સ્ત્રી૦ છોકરાની એક રમત

અલ્લડ (લ') વિ૦ [સર૦ મ,, हि अल्हड] અલેલુ, નાદાન (૨) ઉચ્છૃંખળ

અલ્લા પુ૦ [अ] ખુદા, ઈશ્વર [-એક બદામ થવું=સાવ ગરીબ થઈ જવુ અલ્લાની ગાય, ગાવડી=રાંક ગરીબ સ્વભાવનુ માણસ] ૦ઈ વિ૦ ઈશ્વર સંબંધી (૨) ઓલિયુ, ઠાલુ [-કારખાનું=અલ્લાને આશરે ચાલતું-રસળતુ બેદરકા કામ, ગેરવ્યવસ્થા ઓલિયા ખાતુ] ૦ચોટલી,૦ચોટી સ્ત્રી૦ બાધાવાળા છોકરાને હજામત કરાવતા જે થોડા વાળ આગળ અથવા ખોપરી ઉપર રાખે છે તે ૦તાલા પુ૦ [अ] ખુદાતાલા ૦હુ અકબર શ૦ પ્ર૦ [अ] ઈશ્વર સહુથી મહાન છે

અલ્લા કોટે વળગવી=બલા વળગવી, (સારુ કરવા જતા) નરસુ થઈ જવું—પીડા થઈ પડવી

અલ્લાયો પુ૦ જુઓ ઓળાયો [બલૈયા

અલ્લૈયાં બલ્લૈયાં ન૦ બ૦ વ૦ જુઓ અલૈયા

અવ અ૦ હવે [પ] (૨) [स] ઉપસર્ગ 'ખરાબપણુ', 'ઓછાપણુ' 'નીચાપણુ' એવા ભાવમા ઉદા૦ અવગુણ, અવકૃપા, અવગણવુ. અવતાર (૨) અથવા સાથેના શબ્દમા વિશેષ ઉમેરે ઉદા૦ અવઘોષણા, અવધારણા

અવકરા(-ળા) સ્ત્રી૦ જુઓ અવક્રિયા [કરા

અવકળા સ્ત્રી૦ અસ્વસ્થતા, વ્યાકુળતા (૨) અવ-

અવકાત સ્ત્રી૦ [अ] ઓકાત, તાકાત, ગુંજાશ

અવકાશ પું૦ [स] આકાશ, ખાલી જગા (૨) પ્રસંગ તક (૩) ક્ષેત્ર (૪) ફુરસદ ૦વાન વિ૦ અવકાશવાળુ

અવકાળી વિ૦ [स अव+काल] કવખતનુ

અવકીર્ણ વિ૦ [स] પથરાયેલુ (૨) ચૂરેચૂરા થયેલું

અવકૃપા સ્ત્રી૦ [स] ઇતરાજી, કરડી નજર

અવકૃષ્ટ વિ૦ [स] દૂર-નીચે ખેંચેલુ, નીચે પાડેલુ (૨) દૂર કરેલુ, કાઢી મૂકેલુ (૩) નીચ, અધમ

અવક્તવ્ય વિ૦ [स] નહિ બોલવા જોગ

અવક્ર વિ૦ [स] વક્ર નહિ તેવુ

અવક્રિયા સ્ત્રી૦ [स] ઊલટી અસર, નુકસાન

અવખોડવું સ૦ ક્રિ૦ અપખોડવુ, વખોડવુ

અવગણના સ્ત્રી૦ [स] ઉપેક્ષા, અવજ્ઞા

અવગણવુ સ૦ક્રિ૦ [स अवगण्] લેખામા ન લેવું

અવગત વિ૦ [स] આવડેલુ, જ્ઞાત (૨) અવગતિ પામેલુ

અવગતિ સ્ત્રી૦ [स] ખરાબ દશા, (મરણ પછી) ભૂત-પ્રેત થવું તે નરકમા પડવુ તે

અવગતિયું(-યુ) વિ૦ [म] અવગતિને પામેલું

અવગાઢ વિ૦ [स] ડૂબકી મારેલુ (૨) નિમગ્ન; ગરક થયેલુ (૩) નીચુ, ઊંડુ

અવગાહ પુ૦, ૦ન ન૦ [स.] ડૂબકી મારવી કે લીન થવુ તે (૨) સ્નાન ૦વું અ૦ ક્રિ૦ [स अवगाह्] નાહવું (૨) ડૂબકી મારવી -હિની વિ૦ સ્ત્રી૦ [स] અંદર પ્રવેશ કરતી

અવગુણ પુ૦ [स] દોષ, દુર્ગુણ (૨) ગેરફાયદો, નુકસાન (૩) અપકાર ૦કારક,૦કારી વિ૦ અવગુણ કરનારુ -ણિયુ.-ણી વિ૦ કૃતઘ્ન (૨) દુર્ગુણી

અવગુંઠન ન૦ [स] આચ્છાદન, ઢાંકણ (૨) બુરખો

અવગુંઠિત વિ૦ [स] આચ્છાદિત ઢંકાયેલુ, ઢાંકેલુ (૨) છુપાવેલુ

અવગ્રહ પું૦ [स] અનાવૃષ્ટિ (૨) નિગ્રહ (૩) પ્રતિબંધ (૪) સ્વભાવ (૫) સંસ્કૃતમાં અના લોપસૂચક (ऽ) આવું ચિહ્ન

અવઘડ સ્ત્રી૦[સર૦ म, हि अवघट, स अवघट्ट પરથી ?] મુશ્કેલી; અસુગમતા (૨) વિ૦ મુશ્કેલ, અસુગમ

અવઘોષણા સ્ત્રી૦ [स] ઢંઢેરો

અવઘ્રાણ ન૦ [स.] (વહાલથી માથું) સૂંઘવું તે

અવચનીય વિ૦ [स] ન બોલવા યોગ્ય, ગંદુ (૨) જેને વિષે કાંઈ કહેવાતું નથી એવું અનિંદ્ય

અવચિહ્ન ન૦ [स] અશુભ ચિહ્ન

અવચ્છિન્ન વિ૦ [स] જુદું પડેલું-પાડેલું (૨) [ન્યા.] વિશેષ ગુણને લીધે જુદું તરી આવતું (૩) મર્યાદિત

અવચ્છેદ પું૦ [स] ભાગ (૨) મર્યાદા (૩) છેદન, જુદું પાડવું તે (૪) વિશેષતા (૫) અવધારણ, (શબ્દાર્થની) મર્યાદા બાંધવી તે ૦ક વિ૦ અવચ્છેદ કરનાર -દ્ય વિ૦ [स] અવચ્છેદ થઈ શકે એવું

અવજશ પું૦ જુઓ અપયશ

અવજોગ પું૦ અશુભ મુહૂર્ત; અવયોગ

અવજ્ઞા સ્ત્રી૦ [स] અવગણના

અવટંક સ્ત્રી૦ અડક

અવટાવું અ૦ ક્રિ૦ [स अपवृत्त, प्रा अवट्ट] જુઓ અટવાવું (૨) ચૂક આવવી (૩) ઘૂંટાઈ ને એકરસ થવું

અવડ (વ) વિ૦ હવડ, અવાવરુ

અવડચવડ વિ૦ કાચરકૂચર

અવઢવ ન૦ ઢચુપચુપણું (૨) સ્ત્રી૦ ઓરતો

અવણુ વિ૦ [स. अवर्ण] ચાર વર્ણ બહારનું, નીચું, ઊતરતું (ના)

અવતરણ ન૦ [स] નીચે ઊતરવું તે (૨) અવતાર, જન્મ (૩) ઉતાર, ઊતરતો ઢાળ (૪) ઉતારો, ટાંચણ ૦ચિહ્ન ન૦ ઉતારો દર્શાવતું (' ') આવું ચિહ્ન -ણિકા, -ણી સ્ત્રી૦ પ્રસ્તાવના, ઉપોદ્ઘાત. -વું અ૦ ક્રિ૦ [स अवतृ] નીચે ઊતરવું (૨) જન્મવું

અવતંસ પું૦,ન૦ [सं] કાનનું એક ઘરેણું (૨) માથાનું ઘરેણું, શિરોમણિ (૩) [લા] અલંકાર

અવતાર પું૦ [स] નીચે ઊતરવું તે (૨) ઉત્પત્તિ, જન્મ, દેહધારણ (૩) જન્મારો (૪) પૃથ્વી પર અવતરેલા દેવ કે ઈશ્વર [-થવો = સંસારમાં (પ્રભુ કે દેવનો) જન્મ થવો, અવતરવું -લેવો (દેવ કે પ્રભુએ) અવતરવું, દેહ ધારણ કરવો] ૦કાર્ય ન૦ ભગવાનના અવતારનું વિશિષ્ટ કાર્ય. ૦વું સ૦ક્રિ૦ 'અવતરવું'નું પ્રેરક (૨) ઉતારો કે અવતરણ આપવું ૦વાદ પું૦ ઈશ્વર અમુક અમુક કાળે પૃથ્વીનો ભાર ઉતારવા જન્મ લે છે એવો વાદ -રિત વિ૦ અવતરી અવતારરૂપ -રી વિ૦ અવતારને લગતું (૨) ઈશ્વરી દૈવી

અવતીર્ણ વિ૦ [स] નીચે ઊતરેલું (૨) અવતાર પામેલું (૩) ઉતારારૂપે લીધેલું

અવદશા સ્ત્રી૦ [स] દુર્દશા, પડતી

અવદાત વિ૦ [स] નિર્મલ (૨) ઉજ્જવલ (૩) સુંદર (૪) શુભ

અવદાન ન૦ [स] દેવતાને જમાડવો તે, આહુતિ (૨) આહુતિ પૂરતું અન્ન કોળિયો (૩) ઉત્તમ કૃત્ય, પરાક્રમ

અવદાહ પું૦ [स] વિધિરહિત-ખરાબ અગ્નિદાહ

અવદ્ય વિ૦ [स] ન કહેવાય એવું (૨) નિંદ્ય

અવધ પું૦ [स] વધ નહિ તે

અવધ (ધ,) સ્ત્રી૦ જુઓ અવધિ

અવધ પું૦ [हि] અયોધ્યા પ્રાંત ૦પુરી સ્ત્રી૦ અયોધ્યા -ધી સ્ત્રી૦ અયોધ્યાના પ્રદેશની ભાષા—એક હિંદુસ્તાની બોલી

અવધાન ન૦ [स] લક્ષ, ધ્યાન, એકાગ્રતા (૨) કાળજી (૩) સમાધિ ૦વશ વિ૦ યાદ રાખેલું -ની વિ૦ ધ્યાન-એકાગ્રતાની શક્તિવાળું

અવધાર પું૦ [स] નિર્ણય-નિશ્ચય કરવો તે (૨) મર્યાદા બાંધવી તે (૩) શબ્દ ઉપર ભાર મૂકવો તે (૪) અ૦ ખચીત ૦ણ ન૦. ૦ણા સ્ત્રી૦ જુઓ અવધાર(૨)અવધારવું તે ૦વું સ૦ક્રિ૦ [स अवधृ] નક્કી કરવું, નક્કી માનવું (૨) ધ્યાનપૂર્વક જોવું, તપાસવું. -રિત વિ૦ અવધારેલું

અવધિ પું૦, સ્ત્રી૦ [स.] હદ (૨) અંત, સમાપ્ત (૩) નિશ્ચિત સમય [-કરવી = પરાકાષ્ઠાએ પહોંચવું, છેવટની હદ વટાવી જઈ-બધાને

આટી જઈને વર્તવું કે કોઈ કામ કરવું –થવી= અવધિ કરાવી, છેવટની હદે કામ થવું –બાંધવી=હદ નક્કી કરવી અવધિએ (અવધે) પહોચવું=ઘરડા થવું, ઉમરે પહોચવું અવધિએ(અવધે)મરવું=પાકી વયે-બરોબર ઉમર વયે મરવું અવધિ હોવી=(કશી બાબતમાં) આખરી કે છેવટનું હોવું–પરાકાષ્ઠાએ પહોચેલું હોવું ]

**અવધીરણા** સ્ત્રી૦ [સ] અનાદર

**અવધૂત** વિ૦ (૨) પુ૦ [સ] જુઓ અવધૂત

**અવધ્ય** વિ૦ [સ] વધને અયોગ્ય

**અવધ્યથો** વિ૦ + હારેલું

**અવનત** વિ૦ [સ] નીચું નમેલું, પડેલું (૨) અસ્ત પામેલું ૦કોણ પુ૦ 'ઍંગલ ઑફ ડિપ્રેશન' [ગ] –તાંશ પુ૦ 'ડિપ્રેશન' (ગ) –તાંશકોણ પુ૦ અવનતકોણ –તિ સ્ત્રી૦ [સ] પડતી (૨) નીચે નમવું તે (૩) નમસ્કાર

**અવનદ્ધ** વિ૦[સ] બાંધેલું, મઢેલું (૨) ન૦ ઢોલકું ૦વાદ્ય ન૦ ચામડું મઢીને કરેલું વાદ્ય ૦કુતપ ન૦ અવનદ્ધ વાદ્યો વગાડનાર વૃંદ (?)

**અવનવું** વિ૦ [સ अभिनव] નવતર (૨) નવી નવી જાતનું (૩) વિચિત્ર, અદ્ભુત

**અવનિ(–ની)** સ્ત્રી૦[સં] પૃથ્વી [–નું આકાશ અને આકાશની અવની કરે એવું= આકાશ પાતાળ ભેગા કરે એવું, મહા ધમાલ કે ખટપટ કરી મૂકે એવું ] ૦તલ(–ળ) ન૦ પૃથ્વીની સપાટી ૦નાથ, ૦પતિ, ૦પાલ, –નીશ(–શ્વર) પુ૦ રાજા, પૃથ્વીપતિ ૦મંડલ(–ળ) ન૦ આખી પૃથ્વી

**અવનેજન** ન૦ [સ.] હાથપગ પખાળવાનું પાણી, ચરણોદક

**અવપાણિ** પુ૦ [સ अव+पाणि] ગાયનના તાલના કાળની પૂર્વે તાળી પાડવી તે

**અવપાત** પુ૦ [સ] નીચે પડવું—ઊતરવું તે (૨) ખાડો (ખાસ કરીને હાથી પકડવાનો)

**અવબોધ** પુ૦ [સ] જાગૃતિ (૨) જ્ઞાન (૩) વિવેક ૦ક વિ૦ અવબોધ કરાવનારું

**અવભાસ** પુ૦[સ] પ્રકાશ (૨) જ્ઞાન, સાક્ષાત્કાર (૩) મિથ્યા જ્ઞાન (૪) દેખાવું–પ્રકટ થવું તે ૦ક વિ૦ ઝળહળતું; પ્રકાશક ૦વું સ૦ક્રિ૦ [સ अवभास्] આભાસ થવો –સ્ય વિ૦ અવભાસવા યોગ્ય

**અવભૃથ** ન૦[સ] મુખ્ય યજ્ઞની પૂર્ણાહુતિ (૨) ત્યાર પછી શુદ્ધિ અર્થે કરાતું સ્નાન કે તેના ઉપકરણો ધોઈ નાખવા તે (૩) મુખ્ય યજ્ઞમાં થયેલા દોષોના નિવારણાર્થે કરાતો યજ્ઞ ૦સ્નાન ન૦ યજ્ઞની પૂર્ણાહુતિ પછી કરાતું સ્નાન

**અવમર્શ** પુ૦[સ] નાટકની પાંચ મુખ્ય સંધિઓ (મુખ, પ્રતિમુખ, ગર્ભ, અવમર્શ અને નિર્વહણ)માંની એક

**અવમાન** ન૦, ૦ના સ્ત્રી૦ [સ] અપમાન; અવગણના ૦વું સ૦ક્રિ૦ અવમાન કરવું –નિત વિ૦ અવમાન પામેલું –ન્ય વિ૦ માન્ય ગણી – સ્વીકારીને અમાન્ય કે રદ કરેલું

**અવયવ** પુ૦ [સ] શરીરનો ભાગ (૨) આખી વસ્તુનો વિભાગ અંગ (૩) સાધન, ઉપકરણ (૪) [ગ] 'ફૅક્ટર' ૦પૃથક્કરણ ન૦ અવયવ પાડવા તે, 'ફૅક્ટરાઇઝેશન' (ગ) ૦શક્તિ સ્ત્રી૦ શબ્દના અવયવોમાં પ્રકૃતિ અને પ્રત્યયમાં રહેલા અર્થનો બોધ કરવાની શક્તિ, યૌગિક શક્તિ [વ્યા] –વી વિ૦ અવયવવાળું અવયવનું –વીભૂત વિ૦ [સ] અવયવરૂપ બનેલું

**અવયોગ** પુ૦ [સ] અવજોગ, અશુભ મુહૂર્ત

**અવર** સ૦[સ] ઇતર (૨) વિ૦ બીજું, અન્ય (૩) કનિષ્ઠ, ઊતરતું ૦જ વિ૦ [સ] અનુજ પછી જન્મેલું અંત્યજ

**અવરજવર** પુ૦, સ્ત્રી૦ આવજા

**અવરથા** અ૦ જુઓ વૃથા (પ)

**અવરાવું** અ૦ક્રિ૦ 'આવરવું'નું કર્મણિ, ઢંકાવું; છુપાઈ જવું (૨) (સુ) તાબામાં આવવું, વશ થવું

**અવરેખ** અ૦ ખચીત

**અવરૈ(–રૈ)** સ્ત્રી૦ [સ अवलेह?] ઘણા વસાણા-વાળો સુવાવડીનો એક ચાટો, બત્રીસું

**અવરોધ** પુ૦ [સં] અટકાયત, પ્રતિબંધ (૨) અંતઃપુર જનાનો ૦ક વિ૦ અવરોધ કરનાર અટકાવનારું ૦ન ન૦ અવરોધ કરવો તે –ધી વિ૦ અવરોધક

**અવરોહ** પું૦[સં] ઊતરવું તે (૨) [સંગીતમાં] ઊંચા સૂર ઉપરથી નીચા સૂર ઉપર આવવું તે (૩) [ગ] 'ડિસેન્ડિંગ ઑર્ડર' ૦ણ ન૦ ઊતરવું તે –હિત વિ૦ અવરોહવાળું –હી વિ૦ ઊતરતો (સૂર)
**અવર્ગ** પું૦[સં] અ આદિ સ્વરો (૨) વિ૦ અવર્ગનું (૩) વર્ગરહિત –ર્ગી વિ૦ અવર્ગ
**અવર્ણ** વિ૦[સં]રંગહીન(૨)વર્ણ વિનાનું,અંત્યજ
**અવર્ણનીય, અવર્ણ્ય** વિ૦ [સં] વર્ણવી ન શકાય એવું
**અવલ** વિ૦ [અ અવ્વલ] પહેલું, મુખ્ય (૨) ઉત્તમ ૦અરજી સ્ત્રી૦ પહેલી અરજી ૦આખર અ૦ આદિથી અંત સુધી ૦કારકુન પું૦ મુખ્ય કારકુન ૦થી અ૦ પહેલેથી ૦મંજલ સ્ત્રી૦ દફનક્રિયા, પાયદસ્ત ૦સાલ સ્ત્રી૦ પહેલું વર્ષ (૨) બેસતું વર્ષ ૦સિલક સ્ત્રી૦ મહિનાની છેલ્લી તારીખે જે રોકડ ઇત્યાદિ હોય તે(૨) [વેપાર, પેઢી ઇત્યાદિ] શરૂ કરતી વખતની મૂડી
**અવલક્ષણ** ન૦ [સં] અપલક્ષણ
**અવલગ્ન** વિ૦ [સં] ચોટેલું (૨) ચોટાડેલું
**અવલથી, અવલ-મંજલ, અવલ-સાલ, અવલ-સિલક** જુઓ 'અવલ'માં
**અવલંબ** પું૦ [સં] આધાર, ટેકો ૦ક પું૦ એ નામનો છંદ. ૦ન ન૦ અવલંબ (૨)સાહ્ય,મદદ (૩) [ગ] 'લેમ્મા' ૦વું સ૦ક્રિ૦ [સં અવલમ્બ્] આધાર રાખવો, આધારે રહેવું (૨) અ૦ક્રિ૦ લટકવું –બિત વિ૦ આધારવાળું, ટેકાવાળું (૨) લટકતું
**અવલિપ્ત** વિ૦ [સં] લેપયુક્ત (૨) અહંકારી
**અવલેપ** પું૦, ૦ન ન૦ [સં] ચોપડવું તે, લેપ (૨) અહંકાર
**અવલેહ** પું૦ [સં] ચાટણ, ચાટો
**અવલોક** પું૦[સં]જોવું તે કે તેની શક્તિ–દૃષ્ટિ. ૦ન ન૦ નિરીક્ષણ; તપાસ; પરીક્ષા ૦નકાર પું૦ અવલોકન કરનાર ૦નશક્તિ સ્ત્રી૦ અવલોકનની શક્તિ ૦વું સ૦ક્રિ૦[સં અવલોક્] અવલોકન કરવું –કિત વિ૦ જોયેલું,તપાસેલું (૨) પું૦ સંગીતમાં એક અલંકાર
**અવલોકિતેશ્વર** પું૦ [સં] (સં) ગૌતમબુદ્ધ
**અવલોચક** વિ૦ (૨) પું૦ [સં] અવલોચન કરનાર –ન ન૦ અવલોકન
**અવશ** વિ૦ [સં.] પરતંત્ર (૨) લાચાર
**અવશ(–શુ)કન** પું૦ [સં. अव+शकुन], –નિયાળ, –નિયું વિ૦ જુઓ 'અપશુકન'માં
**અવશિષ્ટ** વિ૦ [સં] વધેલું, બાકી રહેલું
**અવશુકન** પું૦, –નિયાળ, –નિયું વિ૦ જુઓ 'અપશુકન'માં
**અવશેષ** પું૦ [સં] બાકી રહેલો ભાગ, બચેલો ભાગ (૨) ખંડેર
**અવશ્ય** વિ૦[સં] જરૂરી, આવશ્યક (૨) અ૦ જરૂર, ખચીત ૦મેવ અ૦ [સં] ખચીત જ. –શ્યંભાવિ(–વી) વિ૦ [સં] અવશ્ય બનવાનું એવું, અપરિહાર્ય –શ્યભાવિવાદ પું૦ [સં] અમુક બનશે જ એવો નિયતિવાદ, 'ડિટર્મિનિઝમ'
**અવસન્ન** વિ૦[સં]ખિન્ન પડી ગયેલું(૨)નષ્ટ,મૃત
**અવસર** પું૦ [સં] તક, લાગ (૨) સમય વખત (૩) ટાણું. ૦પાણી=દહાડોપાણી ઉત્તરક્રિયા
**અવસર્પ** પું૦ [સં] જાસૂસ ૦ણ ન૦ નીચે જવું ઊતરવું તે –ર્પિણી સ્ત્રી૦ ઘણો લાંબો સમય–આચાર્ય હેમચંદ્રના લખવા મુજબ ૧૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ સાગરવર્ષો બરાબર (જૈન) –ર્પી વિ૦ નીચે ઊતરતું
**અવસાત** અ૦ [મ =એકાએક हि. अव+अ साअत=પળ કે મહુરત] અત્તરસાત, હમણાં જ (૨) એકાએક
**અવસાદ** પું૦ [સં] નાશ, અંત (૨) ખેદ
**અવસાન** ન૦ [સં] અટકવું–બંધ પડવું તે, અંત (૨) આખરવડી, મોત (૩) હદ સીમા (૪) યતિ, વિરામ
**અવ(–વે)સ્તા** સ્ત્રી૦ [फा उस्तह्] જ્ઞાન (૨) પારસીઓનું મૂળ ધર્મપુસ્તક
**અવસ્થા** સ્ત્રી૦[સં]સ્થિતિ, દશા (૨) આયુષ્યના અમુક અમુક મુદતના ભાગ કે પેટા ભાગ તે(૩) ઘડપણ ૦ચતુષ્ટય ન૦ જીવનની ચાર અવસ્થાઓ તે–બાલ્ય, કૌમાર. યૌવન અને જરા ૦ત્રય ન૦શરીરની ત્રણ અવસ્થાઓ તે–જાગૃતિ, સ્વપ્ન અને સુષુપ્તિ ૦દ્વય ન૦ મનની બે

અવસ્થાઓ તે – સુખ અને દુખ. ૦ન ન૦ ઠેકાણું (૨) ચિહ્ન –ન્તર ન૦ [સં.] અવસ્થામાં થતો ફેરફાર (૨) ખીચ અથવા બદલાયેલી અવસ્થા –સ્થિત વિ૦ રહેલું; વસેલું –સ્થિતિ સ્ત્રી૦ રહેવું તે (૨) ઠેકાણું
અવસ્પર્શક પુ૦ [સં.] 'સબટેન્જન્ટ' (ગ)
અવહાર પુ૦ [સં.] થોડા વખત પુરતી સુલેહ, યુદ્ધ-વિરામ
અવહિત વિ૦ [સં.] લક્ષ આપનારું, એકાગ્ર
અવહિત્થ ન૦ [સં.] મનોવિકાર છુપાવવા તે. એક વ્યભિચારી ભાવ
અવહેલન ન૦, –ના, અવહેલા સ્ત્રી૦ [સં.] અવહેલવું તે અનાદર, અવગણના –વું સ૦ક્રિ૦ [સં. અવહેલ્] અવગણવું
અવળ વિ૦ (એકલું ભાગ્યે વપરાય છે.) અવળું જુઓ ૦ચંડાઈ સ્ત્રી૦ અવળચંડાપણું ૦ચંડું વિ૦ કહે તેથી ઊલટું કરનારું (૨) અટકચાળું, અડપલાંખોર ૦પ સ્ત્રી૦ અવળાઈ ૦પંચક ન૦ એમવે પાંચે ફરી અવળું થઈ જવું તે (૨) વારંવાર (પાંચ વાર) એવી ને એવી વિટંબણા આવી પડવી તે (૩) [લા.] સારું કરવા જતાં ખોટું થઈ જવું તે, ઊલટું થઈ જવું તે ૦વાણી સ્ત્રી૦ વાચ્યાર્થથી ઊલટો અર્થ સૂચવતી વાણી, ગૂઢ વાણી (૨) અવળું બોલવું તે (૩) અશુભ વાણી ૦સવળ અ૦ ઊલટસૂલટ –ળાઈ સ્ત્રી૦ આડાઈ, કહે તેનાથી ઊલટું કરવાની ટેવ (૨) હઠીલાઈ –ળાસવળી સ્ત્રી૦ એક છોડ (૨) અ૦ અવળું ને સવળું એ ક્રમમાં –ળિયું ન૦ અંદરપડતું ઢાંકણું
અવળકો પુ૦(કા.) તરફડિયું, વલખું, હવાતિયું
અવળપ, અવળાઈ સ્ત્રી૦ જુઓ 'અવળ'માં
અવળ-પંચક, -વાણી, -સવળ, અવળિયું જુઓ 'અવળ'માં
અવળું વિ૦ ઊંધું, ઊલટું (૨) વાંકું, આડું, પ્રતિકૂલ (૩) ખોટું [અવળી પાઘડી કરવી કે મૂકવી=મત, પક્ષ કે વચનમાં ફરી જવું (૨) દેવાળું કાઢવું (રૂપિયા) અવળા કરવા, થવા= ખોટ ખાવી કે જવી, ખોવું અવળા પાટા દેવા, બાંધવા, બંધાવવા=ખોટું સમજાવવું, ભ્રમમાં નાખવું અવળા પૂજેલા=ગયે જન્મે પાપ કરેલા ('અવળે હાથે પૂજેલા' પણ કહેવાય છે) અવળું પડવું=અવળું લાગવું કે નીવડવું અવળું મોં કરવું=રિસાવું (૨) મોં ફેરવી લેવું, દુર્લક્ષ કરવું કે નારાજગી બતાવવી અવળે મોઢે પડવું=ઊંધા મોઢે-ઊંધા પડવું (૨) પથારીવશ થવું, માંદું પડવું અવળે પાને ચૂનો દેવરાવવો=મરજી વિરુદ્ધ કામ કરાવવું ને પછી રખડવું અવળે હાથે દેવી=જોરથી ધોલ કે ધબ્બો લગાવવી] ૦મવળું વિ૦ ઊંધુંચત્તું
અવળે સ્ત્રી૦ જુઓ અવકે, સુગવડીનો એક ચાટો
અવાઈ સ્ત્રી૦ [મ.] અફવા, હવાઈ વાત
અવાક(–ચ) વિ૦ [સં.] મૂક, સ્તબ્ધ
અવાટ વિ૦[અ+વાટ] વાક-ચીકાશ-સત્ત્વ વિનાનું
અવાચ્ય વિ૦ [સં.] અવાક ૦ક વિ૦ મૂગું (૨) બેભાન –ચી સ્ત્રી૦ હેઠળી; વાગણી (૨) સમણી (૩) દક્ષિણ –ચ્ય વિ૦ અવર્ણ્ય, અકથ્ય (૨) ન વંચાય એવું –ચ્યતા સ્ત્રી૦
અવાજ પુ૦ [फ़ा. आवाज़] ધ્વનિ, શબ્દ (૨) ઘાંટો, નાદ [–ઉઠાવવો=જોરથી–મોટેથી બોલવું (૨) પોતાની વાત જોરથી જાહેરમાં રજૂ કરવી –ઊતરી જવો=(ગાવાનો) કંઠ સારો ન રહેવો –પડવો=ઘાંટો ધીમો થવો] –જી વિ૦ અવાજવાળું (૨) પુ૦ તોપ-બંદૂક ફોડનાર (૩) સ્ત્રી૦ ગાયકનો કંઠ
અવાટ વિ૦ [અ+વાટ] વાટ વિનાનું, રસ્તો પડેલો ન હોય તેવું (૨) સ્ત્રી૦ ખોટો રસ્તો (૩) કુમાર્ગ, અનીતિ
અવાડુ ન૦ આડું, બાવલું
અવા(–વે)ડો (વાં, વેં) પુ૦ જુઓ હવાડો
અવાઢ વિ૦ [અ+વાઢવું] કપાય નહિ તેવું (૨) કાપે નહિ તેવું, બુઠ્ઠું
અવાઢ વિ૦ [અ+વાઢ] ગેરડીના વાવેતર વિનાનું
અવાઢ પુ૦, ન૦ બે ઊભા ચાલતા વચ્ચે મૂકેલું લાકડું, જેની આસપાસ ચણતર કરી લેવામાં આવે છે
અવાણ સ્ત્રી૦ હીડછા, ચાલ (૨) ગુણ, જાત ૦વું સ૦ક્રિ૦ હીડછા ઉપરથી પારખ કરવી (બળદની)

**અવાત્યનુમંદ્ર** વિ૦ [સં.] સૂરની મંદ્રતામાં અત્યનુમંદ્રથી નીચેનું (સંગીત)
**અવાર** વિ૦ + અવાર્ય, અટલ [અનિવાર્ય
**અવારણીય** વિ૦ [સં.] નિવારી ન શકાય એવું,
**અવારિત** વિ૦ [સં.] નહિ નિવારેલું [વારાફરતી
**અવારનવાર** અ૦ પ્રસંગોપાત્ત; કદી કદી (૨)
**અવાર્ય** વિ૦ [સં.] જુઓ અવારણીય [અવડ
**અવાવરુ** વિ૦ બહુ વખતથી વપરાયા વિનાનું
**અવાસ** પું૦ + જુઓ આવાસ
**અવાસ્તવ(-વિક)** વિ૦ [સં.] વાસ્તવિક નહિ તેવું
**અવાહક** વિ૦ [સં.] વહન ન કરે એવું (ગરમી ઇત્યાદિને)
**અવાળુ** પું૦, ન૦ [दे अवालुआ] દાંતના પારા-પીઢિયા (૨) લાળ ઉત્પન્ન કરનાર માસપિંડ [-આવવું=અવાળું ફૂલવું, સોજો આવવો]
**અવાંતર** વિ૦ [સં.] અંદરનું (૨) વચમાં આવેલું (૩) -ની અંદર આવી જતું, સમાયેલું (૪) બાહ્ય, આગંતુક
**અવિકલ(-ળ)** વિ૦ [સં.] અખંડ (૨) વ્યવસ્થિત (૩) વ્યાકુલ-ગભરાયેલું નહિ એવું
**અવિકલ્પ** વિ૦ [સં.] જુઓ નિર્વિકલ્પ
**અવિકળ** વિ૦ જુઓ અવિકલ
**અવિકાર** વિ૦ [સં.] વિકારરહિત, જેમાં ફેરફાર ન થાય તેવું (૨) પું૦ વિકાર-ફેરફારનો અભાવ ૦ક વિ૦ (વ્યા) શબ્દના અંગમાં ગુણ કે વૃદ્ધિનો ફેરફાર ન કરાવે એવો (પ્રત્યય) -રી વિ૦ અવિકાર (૨) [વ્યા] જાતિ કે વચનને લીધે રૂપમાં ફેરફાર ન થાય એવું (પદ) (૩) [ગ] 'કૉન્સ્ટંટ', 'ઇનવેરિયેબલ' -ર્ય વિ૦ જેમાં વિકાર થઈ શકે નહિ એવું
**અવિકૃત** વિ૦ [સં.] વિકૃત નહિ તેવું. -તિ સ્ત્રી૦ વિકૃતિનો અભાવ (૨) પ્રકૃતિ (સાંખ્યદર્શનમાં)
**અવિક્રીત** વિ૦ [સં.] નહિ વેચાયેલું
**અવિક્રેય** વિ૦ [સં.] ન વેચવાનું કે ન વેચાય એવું
**અવિગત** વિ૦ [સં.] ન ગયેલું, જુદું નહિ પડેલું, હાજર, સંયુક્ત (૨) જવા ન દીધેલું; રોકેલું (૩) નહિ મૂએલું (૪) નિત્ય -તા સ્ત્રી૦ પતિ અથવા નાયકે રોકી રાખેલી (૨) અજ્ઞાતયૌવના
**અવિગ્રહ,** ૦વાન વિ૦ [સં.] નિરાકાર, અશરીર (૨) શાંત, સુલેહવાળું

**અવિઘાત** વિ૦ [સં.] અટકાવ વિનાનું, અપ્રતિહત
**અવિઘ્ન** વિ૦ [સં.] વિઘ્ન વિનાનું
**અવિચલ(-ળ)** વિ૦ [સં.] ચળે નહિ એવું સ્થિર (૨) નિત્ય ૦તા સ્ત્રી૦ -લિત વિ૦ સ્થિર, નિત્ય
**અવિચાર** પું૦ [સં.] વિચાર-વિવેકનો અભાવ (૨) ઉતાવળ -રિત વિ૦ બરાબર નહિ વિચારેલું -રિતા સ્ત્રી૦ મૂર્ખતા, અવિચારીપણું -રી વિ૦ વિચાર ન કરે એવું, મૂર્ખ (૨) અવિવેકી, સાહસભર્યું ઉતાવળિયું
**અવિચ્છિન્ન** વિ૦ [સં.] અખંડ (૨) સતત ૦તા સ્ત્રી૦
**અવિચ્છેદ** વિ૦ [સં.] વિચ્છેદ વિનાનું (૨) પું૦ વિચ્છેદનો અભાવ
**અવિચ્છેદ્ય** વિ૦ [સં.] વિચ્છેદ જેનો ન કરી શકાય કે ન કરવો જોઈએ એવું
**અવિજ્ઞેય** વિ૦ [સં.] ન જાણી શકાય એવું અજ્ઞેય
**અવિદ્ધ** વિ૦ [સં.] વીંધાયેલું નહિ એવું ૦યોનિ(-ની) વિ૦ સ્ત્રી૦ (૨) સ્ત્રી૦ જુઓ અક્ષતયોનિ
**અવિદ્યા** સ્ત્રી૦ [સં.] અજ્ઞાન (૨) માયા (વેદાંત)
**અવિધવા** સ્ત્રી૦ [સં.] વિધવા નહિ એવી-સૌભાગ્યવતી સ્ત્રી ૦નવમી સ્ત્રી૦ ભાદરવા વદ ૯, ડોશીઓની નોમ, સૌભાગ્યવતી મરી ગયેલી સ્ત્રીઓનું શ્રાદ્ધ કરવાનો દિવસ
**અવિધાર** અ૦ + જુઓ અવધાર ૦વું સ૦ ક્રિ૦ + જુઓ અવધારવું
**અવિધિ** પું૦, સ્ત્રી૦ [સં.] વિધિ-નિયમનો અભાવ (૨) નિયમ-વિરુદ્ધ વર્તન
**અવિનય** પું૦ [સં.] અવિવેક, અસભ્યતા -યી વિ૦ અવિનીત, અસભ્ય
**અવિનાભાવ** પું૦ [સં.] એકબીજા વિના રહી કે હોઈ ન શકે એવો ભાવ કે લક્ષણ -વી વિ૦ અવિનાભાવવાળું
**અવિનાશ(-શી)** વિ૦ [સં.] અમર, અક્ષય; નિત્ય ૦ત્વ, -શિત્વ ન૦ -શિની વિ૦ સ્ત્રી૦ -શીપણું ન૦ [સંયુક્ત
**અવિભક્ત** વિ૦ [સં.] એકરૂપ (૨) મજિયારું
**અવિભાજ્ય** વિ૦ [સં.] વિભાગ ન પડી શકે એવું (૨) [ગ] શેષ રાખ્યા વિના ભગાય નહિ એવું ૦તા સ્ત્રી૦

**અવિયોગ** પું૦ [सं] વિયોગનો અભાવ ૦વ્રત ન૦ માગશર સુદ ૩ ને દિવસે સ્ત્રીઓ અવૈધવ્ય-વ્રત કરે છે તે –જ્ય વિ૦ જુદુ ન પાડી શકાય એવું

**અવિરત** વિ૦ [सं] નિરંતર, સતત

**અવિરલ** વિ૦ [सं] વિરલ નહિ એવું (૨) વહુ, ભરચક (૩) અખંડ

**અવિરામ** પું૦ [सं] વિરામનો અભાવ (૨) અ૦ વિરામ લીધા વિના, સતત –મ(–મી) વિ૦ સતત અવાક

**અવિરોધ** પું૦[सं] વિરોધનો અભાવ (૨) મેળ, બનાવ (૩) પૂર્વાપરસંગતિ –ધિની વિ૦સ્ત્રી૦, –ધી વિ૦ વિરોધી નહિ એવું

**અવિલંબ** વિ૦ [सं] મોડું કર્યા વિનાનું (૨) પું૦ વિલંબ નહિ તે

**અવિવક્ષા** સ્ત્રી૦[सं] વિવક્ષાનો અભાવ –ક્ષિત વિ૦ વિવક્ષિત નહિ એવું –ક્ષિતાર્થત્વ ન૦ અવિવક્ષિત અર્થવાળું હોવું તે

**અવિવાહિત** વિ૦ [सं] કુંવારું –તા વિ૦સ્ત્રી૦

**અવિવેક** પું૦[सं] અવિચાર (૨) વિચારશૂન્યતા (૩) અવિનય –કી વિ૦ અવિચારી(૨)અસભ્ય

**અવિશંકિત** વિ૦ [सं] નિઃશંક, નીડર

**અવિશ્રાંત** વિ૦ (૨) અ૦ [सं] અથાક, સતત

**અવિશ્લેષ્ય** વિ૦[सं] જુદુ પાડી ન શકાય એવું

**અવિશ્વસનીય** વિ૦ [सं] વિશ્વાસપાત્ર નહિ એવું

**અવિશ્રામ** પું૦[सं] વિશ્રામનો અભાવ –મી, –મુ વિ૦ વિશ્રામી નહિ તેવું –સ્ય વિ૦ જુઓ અવિશ્વસનીય

**અવિષય** વિ૦ [सं] ઇંદ્રિયોના વિષય ન થઈ શકે તેવું, અગોચર (૨) પું૦ વિષય–કામ-વાસનાનો અભાવ (૩) ન દેખાવું તે (૪) શક્તિ કે મર્યાદા બહાર હોવું તે

**અવિષહ્ય** વિ૦ [सं] અસહ્ય

**અવિસંવાદી** વિ૦ [सं] વિસંવાદી નહિ એવું

**અવિહિત** વિ૦ [सं] વિહિત નહિ એવું

**અવૃષ્ટિ** સ્ત્રી૦[सं] વરસાદનો અભાવ, અનાવૃષ્ટિ

**અવેક** પું૦ + જુઓ અવિવેક, અવિનય

**અવેજ** પું૦ [अ इवज़] બદલો, સાટા જેટલી કિંમતનો માલ (૨) નાણું, મૂડી –જી વિ૦ બદલામાં કામ કરનારું, હંગામી (૨) સ્ત્રી૦–ની જગાએ–બદલે હોવું તે

**અવેડો** (વે') પું૦ જુઓ અવાડો, હવેડો

**અવેધ** વિ૦ [सं] ખોડખાપણ વિનાનું

**અવેર** પું૦ દેખરેખ, દાબ, કાબૂ (૨) વિવેકથી ઉપયોગ કરવો તે, સુવ્યવસ્થા (૩) કરકસર (૪) સમેટવું–એકઠું કરવું તે ૦વું સ૦ ક્રિ૦ સુવ્યવસ્થિત રાખવું, સારુ કરીને વાપરવું (૨) જાળવવું, જતન કરવું (૩) કરકસર કરવી

**અવે(–વૈ)ર** (વે) ન૦ [सं अवैर पाली] વેરનો અભાવ, પ્રેમ ૦નિષ્ઠા સ્ત્રી૦ વેર સામે પણ અવેરનો જ ઉપયોગ કરવાની શ્રદ્ધા

**અવેરુ** વિ૦હલેતું, ગભગરિયું –રાટ પું૦ગભગાટ

**અવેવ** પું૦ + જુઓ અવયવ

**અવેસ્તા** સ્ત્રી૦ [જુઓ અવસ્તા] અવસ્તા કે તેની પ્રાચીન ભાષા [કવખતે(૨)અંતરિયાળ

**અવેળા** સ્ત્રી૦ [અ + વેળા] કવેળા –ળુ અ૦

**અવેળી** સ્ત્રી૦ મેંદાનો પાતળો શીરો (જૈન)

**અવૈધ** વિ૦[सं] વિધિ વિનાનું (૨) શાસ્ત્રે માન્ય નહિ કરેલું, નિષિદ્ધ (૩) બંધારણવિરુદ્ધ

**અવૈધવ્યવ્રત** ન૦ [सं] વૈધવ્ય ન આવે તે માટે કરાતું વ્રત

**અવ્યક્ત** વિ૦ [सं] અસ્પષ્ટ(૨)અદૃશ્ય(૩)[ગ] અજ્ઞાત, વિશિષ્ટ સંખ્યા ન બતાવનાર (રાશિ) (૪) ન૦ બ્રહ્મ, પરમાત્મતત્ત્વ (૫) મૂલ પ્રકૃતિ ૦ક્રિયા સ્ત્રી૦ અવ્યક્ત રાશિનો વિધિ, 'એલ્જિ-બ્રેઇક ઓપરેશન'(ગ.) ૦સામ્ય ન૦ અવ્યક્ત રાશિનું સમીકરણ (ગ)

**અવ્યભિચરિત** વિ૦ [सं] અવ્યભિચારવાળું

**અવ્યભિચાર** પું૦ [सं] નિત્ય સાહચર્ય (૨) એકનિષ્ઠા, વફાદારી. –રી વિ૦ વ્યભિચારી નહિ એવું, નીતિમાન (૨) એકનિષ્ઠ (૩) અપવાદ-રહિત, બધી વખતે એકસરખું (૪) [ન્યા] જેનો વિષય કદી બાધિત નથી થતો એવું –રિણી વિ૦સ્ત્રી૦ પતિવ્રતા (૨) એકનિષ્ઠ

**અવ્યય** વિ૦[सं] ન બદલાય એવું, શાશ્વત (૨) ન૦ (વ્યા) જેને જાતિ, વચન કે વિભક્તિના પ્રત્યય ન લાગે તેવો શબ્દ (૨) પું૦ શિવ વિષ્ણુ ૦કૃદંત ન૦ (વ્યા) કૃદંતનો અવ્યય પ્રકાર,

ઉદા૦'ફરી,ફરીને'–યીભાવ પું૦ એક સમાસ. ઉદા૦ 'યથાશક્તિ' (૨) ખર્ચનો અભાવ (ગરીબાઈને લીધે) (૩) અવિકારી સ્થિતિ, અવિનાશીપણું

**અવ્યવસાયી** વિ૦[स] વ્યવસાયી નહિ એવું

**અવ્યવસ્થ** વિ૦[स]વ્યવસ્થા વગરનું અવ્યવસ્થિત –સ્થા સ્ત્રી૦ વ્યવસ્થાનો અભાવ; ગોટાળો –સ્થિત વિ૦ વ્યવસ્થિત નહિ તેવું –સ્થિતિ સ્ત્રી૦ અવ્યવસ્થા [બહિષ્કૃત

**અવ્યવહાર્ય** વિ૦[स] વ્યવહાર ન રાખવા યોગ્ય.

**અવ્યવહિત** વિ૦[सं] લગોલગનું, તદ્દન પાસેનું ૦પૂર્વગામી વિ૦ પૂર્વે કોઈ પ્રકારના વ્યવધાન વિના તરત જ આવેલું – રહેલું

**અવ્યંગ** વિ૦ [स] સાદો, વાચ્ય (અર્થ)

**અવ્યાકૃત** વિ૦ [स] પ્રકટ નહિ થયેલું, વિકાસ નહિ પામેલું (૨) અસ્પષ્ટ

**અવ્યાખ્યેય** વિ૦[स] વ્યાખ્યા ન થઈ શકે એવું

**અવ્યાજ** વિ૦ [सं] નિષ્કપટ, સરળ

**અવ્યાપાર** પું૦ [सं] કામધંધાનો અભાવ (૨) પોતાનું કામ નહિ તે

**અવ્યાપ્તિ** સ્ત્રી૦ [स] થવો જોઈએ તે સઘળાનો જેમા સમાવેશ ન થાય એવો લક્ષણદોષ [ન્યા]

**અવ્યાહત** વિ૦ [सं.]વ્યાહત નહિ એવું, અમોઘ

**અવ્યુત્પન્ન** વિ૦[स] બિનઅનુભવી. અકુશળ (૨) જેની વ્યુત્પત્તિ ન શોધી શકાય એવો (શબ્દ) (૩) ભાષાની રૂઢિ, વ્યાકરણ ઇત્યાદિ ન આવડતા હોય એવું

**અશક્ત** વિ૦ [स.] નબળું, કમતાકાત –ક્તિ સ્ત્રી૦ શક્તિનો અભાવ, નબળાઈ (૨) ગજું-તાકાત ન હોવી તે –ક્તિમાન વિ૦ શક્તિ વિનાનું; અસમર્થ

**અશક્ય** વિ૦ [सं.] અસંભવિત

**અશગ** વિ૦ [અ+શગ] શગ વિનાનું

**અશન** ન૦ [सं] ખાવું તે, ભોજન

**અશનાઈ** સ્ત્રી૦ [फा.आश्नाई] આશનાઈ, યારી (૨) અટકચાળું; ચાળો

**અશનિ** સ્ત્રી૦ [सं.] વીજળી

**અશબ્દ** વિ૦[सं.] નિઃશબ્દ, નીરવ (૨) શબ્દમા નહિ વ્યક્ત થયેલું (૩) ન૦ બ્રહ્મ

**અશરણ** વિ૦ [स] નિરાધાર આશ્રયરહિત ૦શરણ વિ૦ અશરણના શરણરૂપ (પ્રભુ)

**અશરફી** સ્ત્રી૦ [अ अश्रफी] સોનામહોર (૨) એ નામનું એક હઠીલું ચાઠું

**અશરાફ** વિ૦[अ] ઈમાનદાર, ખાનદાન-–ફી સ્ત્રી૦ ખાનદાની, ઈમાનદારી,(૨) ભલમનસાઈ

**અશરીર,–રી** વિ૦[सं] શરીરરહિત (૨) દૈવી (વાણી) (૩) પું૦ (સ ) કામદેવ (૪) બ્રહ્મ –રિણી વિ૦ સ્ત્રી૦ દૈવી (વાણી)

**અશર્મ** વિ૦[સ.]દુઃખી (૨) ન૦ દુઃખ, અશાંતિ

**અશસ્ત્ર** વિ૦ [स.] હથિયાર વિનાનું, નિઃશસ્ત્ર

**અશંક,–કિત** વિ૦ [स] શંકારહિત નિઃશંક –ક્ય વિ૦ શંકા ન કરી શકાય એવું કે ન કરવા યોગ્ય

**અશાત(–તા)** સ્ત્રી૦ [सं] અશાંતિ, અસુખ ૦ના સ્ત્રી૦ અશાંતિ (૨) [જૈન] અપવિત્રતા, અપવિત્ર કરવું તે

**અશાલીન** વિ૦ [स] અસભ્ય, નિર્લજ્જ, ઉદ્ધત

**અશાશ્વત** વિ૦[स.] શાશ્વત નહિ એવું ૦તા સ્ત્રી૦

**અશાસ્ત્ર(–સ્ત્રીય)** વિ૦ [स.] શાસ્ત્રવિરુદ્ધ, અવિહિત (૨) શાસ્ત્રને નહિ લગતું (૩) શાસ્ત્ર-શુદ્ધ નહિ એવું, લૈકિક

**અશાંત** વિ૦[स]શાંતિરહિત, ઉદ્વિગ્ન(૨)તોફાની (૩) ચંચળ (૪) આતુર ૦તા સ્ત્રી૦ અશાંતિ –તિ સ્ત્રી૦ શાંતિનો અભાવ(૨)તોફાન, બખેડો –તિકર, –તિકારક વિ૦ અશાંતિ કરનાર

**અશિક્ષિત** વિ૦ [स] શિક્ષિત–ભણેલું નહિ એવું

**અશિર** પું૦ [स] રાક્ષસ (૨) અગ્નિ (૩) પવન

**અશિવ** વિ૦ [स] અશુભ, અકલ્યાણકારી (૨) ન૦ અકલ્યાણ [ગ્રામ્ય

**અશિષ્ટ** વિ૦ [स] શિષ્ટ નહિ એવું, અસંસ્કારી,

**અશિસ્ત** વિ૦ શિસ્ત વિનાનું

**અશીત** વિ૦ [सं] ગરમ [વિ૦ શીલરહિત

**અશીલ** ન૦[स]અસભ્ય કે દુરાચારી વર્તન (૨)

**અશુચિ** વિ૦ [सं] અપવિત્ર, અશુદ્ધ (૨) સૂતકી

**અશુદ્ધ** વિ૦ [सं.] અપવિત્ર (૨) મલિન (૩) અપ્રામાણિક (૪) સદોષ ભૂલભરેલું (૫) શુદ્ધિ–ભાન વગરનું, બેભાન ૦તા સ્ત્રી૦, ૦ત્વ ન૦, –દ્ધિ સ્ત્રી૦ અશુદ્ધ હોવું તે

અશ્વત્થ પુ૦ [સં] પીપળો
અશ્વત્થામા પુ૦ [સં] (સં) દ્રોણાચાર્યનો પુત્ર (૨) એક હાથીનુ નામ
અશ્વમેવ અ + (પ) જુઓ અવશ્યમેવ
અષા(-સા)ઢ પુ૦ [સં. अषाढ]વિક્રમ સંવતનો નવમો મહિનો
અષાઢ પુ૦ [સં] અષાઢ-ઢા સ્ત્રી૦ એક નક્ષત્ર
અષો વિ૦ [અવેસ્તા] અશો, પવિત્ર (જરથુષ્ટ્ર) ૦ઈ સ્ત્રી૦ અશોઈ, પવિત્રતા
અષ્ટ વિ૦ [સં.] આઠ ૦ક ન૦ આઠનો સમુદાય. ૦કર્ણ પુ૦ (સં) બ્રહ્મા -કલ્યાણી વિ૦ આઠ શુભ ચિહ્નોવાળો (ઘોડો) [ચાર પગ, કપાળ, છાતી, ખાંધ તથા પૂછડી જેના ધોળા હોય તે]૦કોણ પુ૦આઠ ખૂણાવાળી આકૃતિ. ૦કોણુ, ૦કોણી વિ૦આઠ ખૂણાવાળુ ૦ગંધ ન૦ આઠ સુગંધીઓનુ ચૂર્ણ ૦ગુણ પુ૦ બ્રાહ્મણોમા આવશ્યક એવા આઠ ગુણ-દયા, ક્ષમા, અનસૂયા, શૌચ, અનાયાસ, મંગલ, અકાર્પણ્ય અને અસ્પૃહા ૦દિશા સ્ત્રી૦ ચાર દિશાઓ અને ચાર ખૂણાઓ મળીને, આઠ દિશાઓ ૦દ્રવ્ય ન૦ યજ્ઞમા જરૂરી આઠ પદાર્થ પીપળો, ઊમરો, પીપળ, ખાખરો તથા વડ એ પાંચનુ સમિધ તથા તલ, ખીર અને ઘી ૦ધા અ૦ આઠ પ્રકારે ૦ધાતુ સ્ત્રી૦ આઠ ધાતુઓ-સોનુ, રૂપુ, તાંબુ, કથીર, પીતળ, સીસું, લોઢુ અને પારો ૦નાયિકા સ્ત્રી૦ કાવ્યશાસ્ત્રમા કહેલી આઠ નાયિકાઓ-સ્વાધીનપતિકા, ખંડિતા. અભિસારિકા, કલહાંતરિતા, વિપ્રલબ્ધા, પ્રોષિતભર્તૃકા, વાસકસજ્જા અને વિરહોત્કંઠા ૦પદ પુ૦ આઠ પગવાળો તે-કરોળિયો. ૦પદી સ્ત્રી૦ આઠ પદ-કડીઓવાળુ ગીત ૦પર્વત પુ૦ બ૦ વ૦ આઠ કુલપર્વતો ૦પાર્શ્વી વિ૦ આઠ પાસાવાળુ, 'ઑક્ટાહેડ્રલ' (ગ) ૦પૂજાદ્રવ્ય ન૦ પૂજામાં ઉપયોગી આઠ પદાર્થો-પાણી, દૂધ, ઘી, દહી મધ, દર્ભ, ચોખા તથા તલ ૦પ્રધાન પુ૦ આઠ પ્રકારના મંત્રી-પ્રધાન, અમાત્ય, સચિવ, મંત્રી, ધર્માધ્યક્ષ, ન્યાયશાસ્ત્રી, વૈદ્ય અને સેનાપતિ. ૦ભાવ પુ૦ કાવ્યશાસ્ત્રમા કહેલા આઠ ભાવો -સ્તંભ, સ્વેદ, સ્વરભંગ, રોમાચ, કંપ, વૈવર્ણ્ય, અશ્રુપાત અને પ્રલય ૦ભુજા સ્ત્રી૦ (સં) આઠ ભુજાવાળી મહાલક્ષ્મી ૦ભોગ પુ૦ બ૦ વ૦ આઠે પ્રકારના-બધા ભોગ ૦મ વિ૦ આઠમુ (૨) સ્ત્રી૦ લાગલાગટ આઠ ટંકના ઉપવાસનુ વ્રત, અઠ્ઠમ (જૈન) ૦મકાલિક વિ૦ સાત ટંક છોડી આઠમી ટંકે અર્થાત ચોથે દિવસે રાતે જમનારુ ૦મહારોગ પુ૦ આઠ પ્રકારના મોટા વ્યાધિ-વાત, અશ્મરી, કુષ્ઠ, મેહ, ઉદર, ભગંદર, અર્શ અને સંગ્રહણી ૦મહાસિદ્ધિ સ્ત્રી૦ આઠ મહાસિદ્ધિઓ-અણિમા, મહિમા, ગરિમા, લઘિમા. પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ અને વશિત્વ [-અને નવ નિધિ હોવાં=બધી દિવ્ય શક્તિઓ ને તમામ સંપત્તિ હોવી] ૦મંગલ (-ળ) વિ૦ જુઓ અષ્ટકલ્યાણી (૨) ન૦ રાજ્યાભિષેક વખતે જરૂરી ગણાતી આઠ શુભ વસ્તુઓ-સિંહ, વૃષભ ગજ, પૂર્ણોદક કુંભ, પંખો. નિશાન, વાદ્ય અને દીપ, અથવા બ્રાહ્મણ, અગ્નિ, ગાય, સુવર્ણ, ઘૃત, સૂર્ય, જળ અને રાજા (૩) પુનર્લગ્ન. નાતરુ (૪) પુ૦ એક તાલ (સંગીત) ૦મંગળી વિ૦ નાતરિયુ (લગ્ન) ૦માંશ પુ૦ આઠમો ભાગ ૦મી સ્ત્રી આઠમ ૦મૂર્તિ (-ર્તિ) પુ૦ શંકર, મહાદેવ (પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, સૂર્ય, ચંદ્ર અને ઋત્વિજ-એવા આઠ રૂપવાળા). ૦યોગિની સ્ત્રી૦ શુભાશુભ ફળ આપનારી પાર્વતીની આઠ સખીઓ ૦રસ પુ૦ આઠ રસ-શૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ અને અદ્ભુત ૦વર્ષા વિ૦ સ્ત્રી૦ આઠ વર્ષની (કન્યા), ગૌરી. ૦સિદ્ધિ સ્ત્રી૦ જુઓ અષ્ટ મહાસિદ્ધિ ૦સૌભાગ્ય ન૦ બ૦ વ૦ સેંથામા સિંદૂર, કપાળે ચાલ્લો, આંખમા કાજળ નાકે વાળી, કાને કંઈક, કોટમા કીડિયાસેર હાથમા ચૂડો કે બંગડી, અને પગમા અકાસિયા એ આઠ સૌભાગ્યવતીના ચિહ્નો ૦શ્રવણ પુ૦ (સં) અષ્ટકર્ણ, બ્રહ્મા -ષ્ટાક્ષરી વિ૦ આઠ

અક્ષરવાળું. –ષ્ટાદશ વિ૦ અઢાર –ષ્ટાધ્યાયી વિ૦ આઠ અધ્યાયવાળુ (૨) સ્ત્રી૦ (સં) પાણિનીનુ વ્યાકરણ. –ષ્ટાવક્ર વિ૦ આઠે વાંકા અંગવાળુ, કદરૂપુ, કૂબડુ (૨) પુ૦ (સં) એક ઋષિ –ષ્ટાવધાની વિ૦ એકીસાથે જુદી જુદી આઠ વસ્તુઓમા ધ્યાન આપી શકે એવુ (૨) [લા] ચતુર –ષ્ટાંગ વિ૦ આઠ અંગવાળું (૨) ન૦ શરીરનાં આઠે અંગ, જેના વડે દંડવત્ પ્રણામ કરવામા આવે છે તે (આઠ અંગો–બે હાથ, બે પગ, બે ઢીંચણ એ ૭ અને છાતી તથા કપાળ કે વાચા તથા મન, અથવા હાથ, પગ, ઢીંચણ, છાતી, માથુ, મન વાણી અને દૃષ્ટિ) –ષ્ટાંગબુદ્ધિ સ્ત્રી૦ શુશ્રૂષા, શ્રવણ, ગ્રહણ, ધારણ, ચિંતન, ઊહાપોહ, અર્થવિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન એ આઠ ગુણવાળી બુદ્ધિ –ષ્ટાંગમાર્ગ પુ૦ સમ્યક્ દૃષ્ટિ, સમ્યક્ સંકલ્પ, સમ્યક વાક, સમ્યક કર્મ, સમ્યક આજીવ, સમ્યક વ્યાયામ, સમ્યક સ્મૃતિ, સમ્યક સમાધિ એ આઠ અંગવાળો બુદ્ધ ભગવાને બતાવેલો દુ:ખના નિવારણનો માર્ગ –ષ્ટાંગયોગ પુ૦ યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ આઠ અંગયુક્ત યોગ –ષ્ટોત્તરશત વિ૦ એકસો આઠ (પારાયણ)

અષ્ટ પષ્ટ અ૦ [સ स्पष्ट-अस्पष्ट?] આડુ અવળુ, અગડબગડ, ખરુ ખોટુ

અષ્ટાક્ષરી વિ૦ [સં], અષ્ટાદશ વિ૦ [સ] અષ્ટાધ્યાયી વિ૦ (૨) સ્ત્રી૦ [સ] અષ્ટાવક્ર ૨૦ (૨) વિ૦ [સ.] અષ્ટાવધાની વિ૦ [સં] જુઓ 'અષ્ટ'મા

અષ્ટાવુ અ૦ક્રિ૦ કષ્ટાવુ, પીડાવુ (૨) હિજરાવુ (૩) પસ્તાવુ

અષ્ટાંગ વિ૦ [સ], ૦બુદ્ધિ, ૦માર્ગ, ૦યોગ [જુઓ 'અષ્ટ'મા

અષ્ટોત્તરશત વિ૦ [સ] જુઓ 'અષ્ટ'મા

અસક્ત વિ૦ [સ] આસક્તિ વિનાનુ –ક્તિ સ્ત્રી૦ અનાસક્તિ

અસગોત્ર(–ત્રી) વિ૦ [સ] એક જ ગોત્રનુ નહિ તેવુ

અસજ્જન પું૦ [સ] સજ્જન નહિ તે, દુષ્ટ, અસભ્ય ૦તા સ્ત્રી૦, ૦પણું ન૦

અસત વિ૦ [સં] નહયાત કાલ્પનિક (૨)ખોટુ (૩) ખરાબ (૪) ન૦ શૂન્ય (૫) અસત્ય –ત્કાર પુ૦ અનાદર, અપમાન. –ત્તા સ્ત્રી૦ સત્તાનો અભાવ –ત્પથ પું૦ કુમાર્ગ. –ત્પથગામી વિ૦ કુમાર્ગે ચડેલુ, દુરાચરણી –ત્ત્વ વિ૦ નિ:સત્ત્વ, માલ વિનાનુ (૨) સાર-પણા વિનાનુ (૩) ન૦ અભાવ; ન હોવુ તે (૪) અસત્ય (૫) ખરાબપણુ, દુષ્ટતા –દંશ પુ૦ અનિષ્ટ-ખરાબ અંશ –દાચરણ ન૦, –દાચાર પુ૦ અનીતિ દુરાચાર –દાચારી વિ૦ દુરાચારી. –દ્ગતિ સ્ત્રી૦ અવગતિ –દ્ગ્રાહ પુ૦ ખરાબ યુક્તિ (૨) ખરાબ અભિપ્રાય પૂર્વગ્રહ (૩) છોકરવાદી ઇચ્છા –દ્ભાવ પુ૦ સદ્ભાવનો અભાવ, અનાદર, અણગમો –દ્વિચાર પુ૦ ખરાબ–દુષ્ટ વિચાર

અસતત વિ૦ [સ] ચાલુ–અખંડ નહિ તેવુ (૨) અ૦ રહી રહીને

અસતી સ્ત્રી૦ [સ] વ્યભિચારિણી સ્ત્રી, અસાધ્વી

અસત્તા સ્ત્રી૦,–ત્ત્વ ન૦ [સ] જુઓ 'અસત'મા

અસત્પથ પુ૦ [સ] જુઓ 'અસત'મા

અસત્ય વિ૦ [સ] ખોટુ, જૂઠુ (૨)કાલ્પનિક(૩) ન૦ જૂઠાણુ (૪) માયા, ભ્રમ ૦ભાવારોપણ ન૦ જ્યા ભાવનો અનુભવ નથી થતો ત્યા ભ વનુ આરોપણ કરવુ તે ૦વાદી વિ૦ જૂઠુ બોલનાર

અસદાચાર પુ૦,–રી વિ૦ [સ] જુઓ 'અસત'મા

અસદૃશ વિ૦ [સ] અણસરખુ ભિન્ન

અસદ્ –ગતિ, –ગ્રાહ, –ભાવ [સ] જુઓ 'અસત'મા

અસદ્વિચાર પુ૦ [સ] જુઓ 'અસત'મા

અસન, ૦વેલ સ્ત્રી૦ એક ઔષધિ

અસન્નારી સ્ત્રી૦ [સ] ખરાબ સ્ત્રી

અસપિંડ વિ૦ [સ] સપિંડ નહિ એવુ

અસબાબ પુ૦ [अ.] સરસામાન

અસભ્ય વિ૦ [સ] અવિનયી, જગલી ૦તા સ્ત્રી૦, ૦પણુ ન૦

અસમ વિ૦ [સ] સરખુ નહિ એવુ, વિષમ(૨) બરાબરિયા વિનાનુ, અપ્રતિમ ૦તા સ્ત્રી૦

**અસમજ**,૦ણ સ્ત્રી૦[અ+સમજવું]અણસમજ. ૦ણું વિ૦ અણસમજુ –જૂત,–જૂતી સ્ત્રી૦ ગેરસમજ (૨) અણબનાવ
**અસમર્થ** વિ૦ [સ] સમર્થ નહિ તેવું
**અસમવાયી** વિ૦ [સં] સમવાયી નહિ તેવુ, જુદુ પાડી શકાય તેવુ, આગંતુક. ૦કારણ ન૦ જે કારણ કાર્ય અથવા સમવાયી કારણની સાથે એક જ વસ્તુમા સમવાય-સબધથી રહેલુ હોય તે (ન્યા)
**અસમવેત** વિ૦ [સ] સમવાય-સબધથી નહિ જોડાયેલું (૨) અસબદ્ધ
**અસમંજસ** વિ૦ [સ] અસ્પષ્ટ (૨) અનુચિત (૩) મૂર્ખાઈભરેલું
**અસમાતું** વિ૦[અ+સમાતું]સમાય નહિ તેવુ કે તેટલુ (૨) જેનો સમાસ ન થાય એવું(માણસ)
**અસમાધાન** ન૦ [સ ]સમાધાન નહિ તે ૦કારક વિ૦ સમાધાન ન કરનારુ [એવુ
**અસમાધેય** વિ૦ [સં] સમાધાન ન કરી શકાય
**અસમાન** વિ૦[સ ]સરખુ નહિ એવુ (૨) સપાટ નહિ એવું ૦તા સ્ત્રી૦
**અસમાસ** વિ૦[સ ]અધૂરું,અપૂર્ણ –પ્તિ સ્ત્રી૦
**અસમાવર્તક, અસમાવૃત્ત**(–ત્તિક) પુ૦ [સ.] જેનુ (વેદનુ) અધ્યયન સપૂર્ણ નથી થયુ એવો બ્રાહ્મણ
**અસમાહિત** વિ૦ [સ] ધ્યાન રહિત, વ્યગ્ર
**અસમ્યક** વિ૦ [સ] સમ્યક નહિ એવુ, ખોટું, ભૂલભરેલુ
**અસર** સ્ત્રી૦ [અ] વસ્તુનો (સારો કે માઠો) પ્રભાવ કે છાપ પડે યા ગુણ અવગુણ દાખવે તે, પરિણામ, લાગણી [–તળે આવવું=છાપ પડવી કે પાસ યા પ્રભાવ લાગવો –પડવી= પ્રભાવ કે ગુણના પાસથી પરિણામ થવુ, ફેરફાર નીપજવો ]૦કારી, ૦કારક [સ ] વિ૦ અસર કરે એવુ
**અસરાર** ન૦ [અ] ખાનગી વાતચીત (૨) છૂપો ભેદ (૩) જોડઝપટ
**અસલ** વિ૦ [અ अस्ल] મૂળ (૨) પ્રાચીન(૩) ઉત્તમ (૪) ખરુ, સાચું (૫) અ૦ પહેલા ૦તા સ્ત્રી૦ ૦નું,–લી વિ૦ અગાઉનુ; પુરાણુ; મૂળ
**અસવર્ણ** વિ૦ [સં] ભિન્ન વર્ણ–જાતિનું
**અસવાર** પુ૦ [फा] જુઓ 'સવાર' ૧, ૨, ૩ અર્થ –રી સ્ત્રી૦ સવારી
**અસહ** વિ૦ [સ ] નહિ સહનાર કે સહી શકનાર (૨) અસહ્ય (૫) ૦નીય,–હ્ય વિ૦ સહી ન શકાય એવુ
**અસહકાર** પુ૦ [સ ]સહકાર–સબધ ન રાખવો તે (૨) સરકાર સાથે સંબધ ન રાખવાની ગાધીજીએ શરૂ કરેલી એ નામની લડત –રી વિ૦ અસહકારને લગતું (૨)પુ૦ અસહકારમા જોડાયેલો માણસ
**અસહાય** વિ૦ [સ] સહાય વિનાનુ; એકલુ (૨) નિરાધાર. ૦તા સ્ત્રી૦ [સ્ત્રી૦
**અસહિષ્ણુ** વિ૦ [સ ] અક્ષમ (૨) અનુદાર ૦તા
**અસંખ્ય,–ખ્યાત** વિ૦ [સ] અગણિત. ૦ધા અ૦ અસખ્ય રીતે
**અસગ** વિ૦ [સ] અનાસક્ત દુનિયાદારીના સબધોથી મુક્ત (૨) સોબત વિનાનું, એકલુ (૩) પુ૦ અનાસક્તિ (૪) પુરુષ વા આત્મા (સાખ્ય) –ગી વિ૦ ત્યાગી, વૈરાગી ૦ગો પુ૦ સોબત વિના સોરવુ તે
**અસંગત** વિ૦[સ] મેળ ન ખાય એવુ પરસ્પર-વિરોધી (૨) અનુચિત –તિ સ્ત્રી૦પરસ્પર વિરોધ (૨) અસભવ (૩) [કા શા] કાર્યકારણના સબધનો જેમા વિરોધ દેખાડ્યો હોય એવો અલકાર ['અસગ મા
**અસગરો** પુ૦, **અસંગી** વિ૦ [સ] જુઓ
**અસત** વિ૦ [સ] અધર્મી, અપવિત્ર
**અસતોષ** પુ૦ [સ] સતોષનો અભાવ –પી, **અસંતુષ્ટ** વિ૦ અસતોષવાળુ
**અસપ્રજ્ઞાત** વિ૦ [સ] નિર્વિકલ્પ (સમાધિ)
**અસંપ્રમોષ** પુ૦ [સ] ભૂસાઈ ન જવુ તે
**અસબદ્ધ** વિ૦ [સ ]સબદ્ધ નહિ એવુ(૨)અર્થ-શૂન્ય (૩) અનુચિત
**અસંબાધ** વિ૦ (૨) અ૦ [સ] બાધ વગરનુ
**અસંભવ** પુ૦[સં ] સંભવનો અભાવ, અશક્યતા (૨) વિ૦ અસભવિત. –વિત વિ૦ અશક્ય –વિતતા સ્ત્રી૦ [અશક્યતા
**અસંભાવના** સ્ત્રી૦ [સ.] સભાવનાનો અભાવ,

**અસંભાવિત** વિ૰ [સં] અપ્રતિષ્ઠિત
**અસંભાવ્ય** વિ૰[સં] અસંભવિત(૨)અકલ્પ્ય
**અસંભ્રમ** પુ૰[સં]સંભ્રમનો અભાવ(૨) વિ૰ સંભ્રમરહિત
**અસંમત** વિ૰[સં]સંમત નહિ એવું –તિ સ્ત્રી૰
**અસંમોહ** પું૰ [સં.] સંમોહનો અભાવ (૨) સત્ય જ્ઞાન [મુક્ત
**અસંયત** વિ૰[સં] સંયમરહિત (૨) બંધનથી
**અસંયમ** પુ૰ [સં] સંયમનો – ઇંદ્રિયો ઉપરના કાબૂનો અભાવ
**અસંયુક્ત** વિ૰ [સં] નહિ જોડાયેલું (૨)[વ્યા] સંધિરહિત [(૩) કુયોગ
**અસંયોગ** પુ૰ [સં] સંયોગનો અભાવ,વિયોગ
**અસંશય(–યી)** વિ૰[સં] સંશયરહિત,નિઃશંક
**અસંસર્ગ** પું૰[સં] સંસર્ગ–પરિચયનો અભાવ
**અસંસ્કારિતા** સ્ત્રી૰ [સં] અસંસ્કારીપણું
**અસંસ્કારી** વિ૰ [સં] સંસ્કાર વગરનું
**અસંસ્કૃત** વિ૰ [સં]અશિષ્ટ સંસ્કારરહિત(૨) [વ્યા]નિયમ વિરુદ્ધનો શબ્દ ૰જ્ઞ વિ૰ સંસ્કૃત નહિ જાણનાર
**અસાખ** વિ૰ [અ+સાખ]સાખ–પ્રતિષ્ઠા વગરનું
**અસાચ** વિ૰ [અ+સાચ] જૂઠું, અસત્ય (૨) ક્ષણભંગુર
**અસાચવટ** ન૰ [અ + સાચવટ] સાચવટનો અભાવ (૨) અપ્રામાણિકતા
**અસાડ** પુ૰ જુઓ અષાડ
**અસાતત્ય** ન૰ [સં] સાતત્યનો અભાવ
**અસાધારણ** વિ૰[સં]અસામાન્ય,વિશેષ,ખાસ; અનોખું(૨)લોકોત્તર, અલૌકિક(૩)પુ૰(ન્યા) એક પ્રકારનો હેત્વાભાસ, અનૈકાંતિકનો એક પ્રકાર ૰તા સ્ત્રી૰ ૰ધર્મ પું૰સાધારણ ધર્મ બાદ કરતાં બાકી રહે તે ધર્મ, વસ્તુનો ખાસ ધર્મ (ન્યા)
**અસાધુ** વિ૰[સં] દુષ્ટ,ખરાબ(૨) [વ્યા.] અપભ્રષ્ટ,અશુદ્ધ. ૰તા સ્ત્રી૰ –ધ્વી વિ૰ સ્ત્રી૰ દુષ્ટા (૨) વ્યભિચારિણી
**અસાધ્ય** વિ૰ [સં.] સાધી ન શકાય એવું (૨) સિદ્ધ ન થઈ શકે એવું (૩) જેનો ઇલાજ ન હોય તેવો (રોગ)
**અસાધ્વી** વિ૰ સ્ત્રી૰ [સં.] જુઓ 'અસાધુ'માં
**અસામયિક** વિ૰ [સં] કવખતનું (૨) નિર્ણીત સમય વિનાનું
**અસામર્થ્ય** ન૰[સં]સામર્થ્યનો અભાવ,અશક્તિ
**અસામાન્ય** વિ૰ [સં] અસાધારણ
**અસાર** વિ૰ [સં] સાર વિનાનું, નિઃસત્ત્વ (૨) નિરર્થક (૩) તુચ્છ (૪) પું૰ સારનો અભાવ ૰તા સ્ત્રી૰
**અસારસ્ય** ન૰[સં] સારસ્ય–સરસતાનો અભાવ
**અસારો** પુ૰ [હિં, મ असारा] વળ દીધેલો રેશમનો તાર [અસારા વાટવા=અસારાને ઘસીને સરખા ને મુલાયમ કરવા (વણવા માટે)]
**અસાવધ,–ધાન** વિ૰ [સં] સાવધ નહિ એવું, ગાફેલ –ધાની સ્ત્રી૰
**અસાવળી** સ્ત્રી૰ એક જાતનું વસ્ત્ર
**અસાહ્ય,–હાય્ય** વિ૰[સં] અસહાય; નિરાધાર
**અસાળિયો** પું૰ જુઓ અશેળિયો
**અસાંકેતિક** વિ૰ [સં] સાંકેતિક નહિ એવું
**અસાંપ્રત** વિ૰ [સં] પ્રાચીન (૨) અયોગ્ય
**અસાંસતું** વિ૰ [અ+સાંસતું] ધીરજ વિનાનું, રઘવાટિયું
**અસિ** સ્ત્રી૰ [સં] તલવાર ૰કર્મ ન૰ તરવાર ચલાવવાનું કામ, વીરકર્મ ૰ધારા સ્ત્રી૰ તલવારની ધાર [અસિધારાએ ચાલવું કે રહેવું=ખૂબ સાવધાની રાખીને વર્તવું] ૰ધારાવ્રત ન૰તલવારની ધાર પર ચાલવા જેવું કઠણ વ્રત ૰પત્ર ન૰ તલવારનું ફળું કે મ્યાન (૨) ધારદાર પાનાની એક વનસ્પતિ (૩) શેરડી (૪) એક નરક ૰લતા સ્ત્રી૰ તરવારનું ફળું
**અસિત** વિ૰ [સં] કાળું; શ્યામ (૨) નીલ (૩) પુ૰ (સં) એક ઋષિનું નામ –તા સ્ત્રી૰ ગળી (૨) અંતઃપુરની જુવાન સ્ત્રી (૩) નાગણ (૪) (સં) એક અપ્સરા
**અસિદ્ધ** વિ૰[સં] નહિ સધાયેલું, અપૂર્ણ (૨) પુરવાર નહિ થયેલું (૩) પું૰ (ન્યા) એક હેત્વાભાસ, જેમાં હેતુ પોતે જ સિદ્ધ હોતો નથી ૰તા સ્ત્રી૰, –દ્ધિ સ્ત્રી૰ સિદ્ધિનો અભાવ
**અસિપદ** ન૰[સં] 'तत्त्वमसि'માંનું 'असि' પદ
**અસીમ** વિ૰ [સં] સીમા વિનાનું, બેહદ

**અસીલ** વિ૦ [अ] જાતવાન, અશરાફ (૨) સાલસ (૩) પુ૦ કુળ (વકીલનો)
**અસુ** પુ૦[स]પ્રાણ(૨)પું૦બ૦વ૦દેહના પચવાયુ
**અસુખ** ન૦[सं]દુખ (૨) બેચેની. **–ખાકારી** સ્ત્રી૦ સુખાકારી ન હોવી તે, માંદગી **–ખી** વિ૦ દુખી (૨) બેચેન
**અસુગમ** વિ૦[स]સુગમ નહિ તેવુ, દુર્ગમ, મુસ્કેલ
**અસુઘડ** વિ૦ [અ+સુઘડ] સુઘડ નહિ એવુ. ૦તા સ્ત્રી૦
**અસુર** પુ૦[स]દૈત્ય રાક્ષસ. **–રાચાર્ય** પું૦(स) અસુરોનો આચાર્ય—શુક્રાચાર્ય. **–રેશ** પુ૦ [स.] અસુરોનો દેશ **–રાધિપ (૦તિ)** પુ૦ [स] અસુરોનો અધિપ—બલિરાજા
**અસુલભ** વિ૦ [सं.] સુલભ નહિ એવું, દુર્લભ
**અસુહૃદ** પુ૦ [स] અમિત્ર, શત્રુ
**અસું** વિ૦+જુઓ અશું, આવુ, એવુ
**અસુંદર** વિ૦ [स.] કૂબડું, કદરૂપુ
**અસૂક્ષ્મ** વિ૦ [स] સૂક્ષ્મ નહિ એવુ
**અસૂત્રિત** વિ૦ [स.] સૂત્રના રૂપમા મૂક્યા વિનાનુ (૨) ગાઠ્યા વિનાનુ
**અસૂમ** વિ૦ [અ+સૂમ] સૂમ નહિ તેવું, ઉદાર
**અસૂયા** સ્ત્રી૦ [स.] અદેખાઈ (૨) પારકાના ગુણોમા દોષ શોધવા તે (૪) ક્રોધ. ૦ળુ વિ૦ અસૂયાવાળું
**અસૂર(–રું)** અ૦ [स उत्सूर=સાંજ, प्रा उत्सूर, म उशीर] મોડું
**અસૂર્ય** વિ૦ [स.] સૂર્ય વિનાનુ
**અસૂદરો** પું૦ એક ઝાડ
**અસેમસે** અ૦ [स. मिष–'મસ'નુ દ્વિત્વ] કોઈ પણ મસે—બહાને
**અસેવન** ન૦ [सं.] ઉપભોગ ન કરવો તે (૨) અનાદર, ધ્યાન ઉપર ન લેવુ તે
**અસેવ્ય** વિ૦ [स] સેવા માટે અયોગ્ય
**અસૌમ્ય** વિ૦ [स] ઉગ્ર, કઠોર
**અસ્ખલિત** વિ૦[स]અફાટ (૨) અખંડ (૩) સ્ખલન કે ભૂલ કર્યા વિનાનુ
**અસ્ત** પુ૦ [स] આથમવું તે (સૂર્ય ઇત્યાદિનુ) (૨) પડતી (૩) નાશ, મરણ **૦માન** વિ૦ આથમતુ **૦વ્યસ્ત** વિ૦ છિન્નભિન્ન; રફેદફે **૦વ્યસ્તતા** સ્ત્રી૦. **–સ્તગત** વિ૦ અસ્ત પામેલુ. **–સ્તાચલ(–ળ)** પું૦ સૂર્ય જેની પાછળ આથમે છે તે કાલ્પનિક પર્વત. **–સ્તોદય** પુ૦ ઊગવુ ને આથમવુ તે (૨) [લા] ચડતી-પડતી
**અસ્તર** ન૦[फा]અંદરનુ પડ (ડગલા ઇત્યાદિનુ)
**અસ્તરિયું** ન૦ [इं स्टर्लिंग] સોનામહોર
**અસ્તરો** પુ૦ [फा उस्तरह्] વાળ કાઢવાનું ઓજાર, અસ્ત્રો
**અસ્તંગત** વિ૦ [स.] જુઓ 'અસ્ત'મા
**અસ્તાઈ** સ્ત્રી૦ [स. आस्थायी] ધ્રુપદના ત્રણ ભાગમાંનો પહેલો (અસ્તાઈ, અંતરો અને આભોગ) (૨) ઢાળ, રાગ
**અસ્તાચલ(–ળ)** પુ૦ [स.] જુઓ 'અસ્ત'મા
**અસ્તિ** સ્ત્રી૦ [स] હયાતી, હસ્તી **૦કાય** પુ૦ પદાર્થ (જૈન) **૦ત્વ** ન૦ અસ્તિ. **૦પક્ષ** પું૦ અનુકૂળ પક્ષ **૦રૂપ** વિ૦ ભાવાત્મક, 'પૉઝિટિવ'. **૦વાક્ય** ન૦ અસ્તિવાચક કથનવાળુ વાક્ય **૦વાચક, ૦વાચી** વિ૦ અસ્તિરૂપ
**અસ્તુ** અ૦ [स] ભલે, ખેર (૨) 'તારા માગ્યા પ્રમાણે થાઓ' એવો ઉદ્ગાર
**અસ્તેય** ન૦ [स] ચોરી ન કરવી તે (૨) જરૂરિયાત કરતા વધારે વાપરવુ તે ચોરી છે એમ માની તેમ ન કરવુ તે **૦વ્રત** ન૦ અસ્તેયનુ વ્રત, એક મહાવ્રત
**અસ્તોદય** પુ૦[स] જુઓ 'અસ્ત'માં
**અસ્ત્ર** ન૦ [स] ફેંકવાનુ હથિયાર (૨) હથિયાર **૦ધર** વિ૦ અસ્ત્ર ધારણ કરનારું **૦વિદ્યા** સ્ત્રી૦ અસ્ત્ર વાપરવાની વિદ્યા **–સ્ત્રાગાર** ન૦ હથિયાર રાખવાનો ઓરડો
**અસ્ત્રો** પુ૦ અસ્તરો, છર
**અસ્થ** ન૦ જુઓ અસ્થિ; હાડકુ (પ)
**અસ્થાન** ન૦ [स.] અયોગ્ય સ્થળ—પ્રસગ
**અસ્થાયી** વિ૦ [स.] ટકે નહિ એવુ, ચચળ (૨) કાયમી નહિ તેવુ (૩) [ग] વિકારી, ચલ, 'વેરિયેબલ'
**અસ્થાવર** વિ૦ [स] જગમ
**અસ્થિ** ન૦ [सं] હાડકુ (૨) ન૦બ૦વ૦ શબને બાળતા રહેતા હાડકા—ફૂલ [**–નાંખવાં,**

પધરાવવાં=મરેલાના અસ્થિ કે ફૂલ કોઈ તીર્થમા નાખવા ] ૦પંં (–પિ )જર નo હાડપિંજર ૦મય વિo હાડકાવાળુ (૨)માત્ર હાડકા રહ્યા હોય તેવુ (શરીર) ૦મમર્પણ નo શબને બાળતા અવશેષ રહેલા હાડકા–ફૂલ કોઈ પવિત્ર નદીમા પધરાવવા તે ૦સંચય પુo અસ્થિસમર્પણ માટે એ ફૂલ એકઠા કરવા તે ૦સિંચન નo ચિતાને ટાઢી પાડવી તે, ટાઢી વાળવાની ક્રિયા

અસ્થિર વિo [सं] સ્થિર નહિ તેવુ, હાલતુ; ડગમગતુ (૨) ચંચળ (૩) ઢચુપચુ ૦તા સ્ત્રીo

અસ્નાત વિo [सं] સ્નાત–નાહેલુ નહિ એવુ ૦ક પુo સ્નાતક નહિ તે. –ન નo ન નાહવુ તે

અસ્નિગ્ધ વિo[सं] સ્નેહ–ચીકાશ વિનાનુ (૨) પ્રેમરહિત [વિo અસ્પૃશ્ય

અસ્પર્શ પુo [सं] સ્પર્શનો અભાવ ૦નીય

અસ્પષ્ટ વિo[सं] સ્પષ્ટ નહિ એવુ ૦તા સ્ત્રીo

અસ્પંદ વિo [सं] નહિ હાલતુ ચાલતુ (૨) પુo સ્પંદનો અભાવ

અસ્પૃષ્ટ વિo [सं.] સ્પૃષ્ટ નહિ એવુ

અસ્પૃશ્ય વિo[सं] ન અડકાય એવુ (૨)અડીએ તો અભડાવાય એવુ (૩) એવી કોમનુ માનેલુ ૦તા સ્ત્રીo ૦તાનિવારણ નo અમુક કોમ અસ્પૃશ્ય છે એ મતનુ નિવારણ

અસ્પૃહ વિo[सं] નિસ્પૃહ,ઉદાસીન(૨)અનાસક્ત ૦ણીય વિo સ્પૃહણીય નહિ એવુ

અસ્ફુટ વિo [सं] સ્ફુટ નહિ એવુ, સંદિગ્ધ ૦તા સ્ત્રીo [સ્મરવા જેવુ

અસ્મર્ય વિo [सं] સ્મરણ નહિ એવુ કે ન

અસ્માર્ત વિo[सं] સ્મૃતિ–ધર્મશાસ્ત્ર અનુસાર નહિ તેવુ (૨) સ્માર્ત સંપ્રદાયનુ નહિ એવુ

અસ્મિતા સ્ત્રીo[सं] અહંતા (૨) પોતાપણાનુ–વ્યક્તિત્વનુ ભાન

અસ્મૃતિ સ્ત્રીo [सं] સ્મૃતિનો અભાવ (૨) ભૂલકણાપણુ

અસ્ર નo[सं] આસુ (૨) લોહી (૩) પુo ખૂણો

અસ્લુસૂલ વિo [अ] અસલમા અસલ, આદિ

અસ્વચ્છ વિo[सं.] સ્વચ્છ નહિ એવુ ૦તા સ્ત્રીo

અસ્વતંત્ર વિo[सं]પરતંત્ર; પરવશ ૦તા સ્ત્રીo

અસ્વર વિo[सं]મંદ કે ખરાબ અવાજવાળુ (૨) પુo સ્વર નહિ તે, વ્યંજન –રિત વિo ઊંચા અવાજ વિનાનુ (૨) સ્વરિત નહિ એવો (શબ્દ)

અસ્વર્ગ્ય વિo[सं] સ્વર્ગની પ્રાપ્તિમા વિઘ્નરૂપ, તેને ન છાજતુ

અસ્વસ્થ વિo [सं] સ્વસ્થ નહિ એવુ, અશાંત (૨) બેચેન; મંદુ–જ બીમાર. ૦તા સ્ત્રીo

અસ્વાદ પુo [सं] સ્વાદનો અભાવ (૨) સ્વાદ ન લેવો તે ૦વ્રત નo અસ્વાદ પાળવાનું વ્રત –દુ વિo સ્વાદિષ્ટ નહિ એવુ, સ્વાદમા ખરાબ

અસ્વાભાવિક વિo[सं] સ્વાભાવિક નહિ એવુ (૨) કૃત્રિમ [અસ્વસ્થતા

અસ્વાસ્થ્ય નo [सं] સ્વાસ્થ્યનો અભાવ,

અસ્વીકાર પુo[सं] સ્વીકારનો અભાવ –ર્ય વિo સ્વીકાર્ય નહિ એવુ ૦વું સoક્રિo ના સ્વીકારવુ

અહ પુo [सं अहन्, प्रा] દિવસ. ૦ન,૦ર પુo+દિવસ ૦રહ અo [सं] દરરોજ ૦ર્નિશ અo [सं] દિનરાત

અહક પુo [अ+હક] હક નહિ તે (૨) વિo હક વિનાનુ, ગેરવાજબી

અહત વિo [सं] ઈજા પામ્યા વિનાનું

અહન પુo [सं] જુઓ 'અહ'મા (પ)

અહમ્ સo(૨)નo[सं]જુઓ અહં–મહમિકા સ્ત્રીo[सं]સ્પર્ધા, ચડસાચડસી –મિકા સ્ત્રીo જુઓ અસ્મિતા –મેવ પુo અહંકાર (પ)

અહમો પુo ઉતાપો, અજંપો (૨) જોશ (?) ઉદા 'તાવ બળિયાનો અહમો બહુ છે' ('अह [हि]=દુખ, પીડા, તે પરથી 'અહમો' હશે ? કે 'અહમ્' પરથી પ્રભાવ, રોફ ?)

અહર પુo + [सं] જુઓ 'અહ'મા (પ)

અહરણીય વિo [सं] જુઓ અહાર્ય

અહરહ અo [सं] જુઓ 'અહ'મા

અહરામ નo [अ इहराम] હજ કરવા ગયેલા કાબાના દર્શન કરતા સુધી અમુક જામો ત્યજી વગર સીવેલા વસ્ત્રો પહેરે છે તે

અહરિમાન પુo[फा अह्रमन](सं.)અહ્રિમાન, પારસી ધર્મપુસ્તકમા વર્ણવેલી, ઈશ્વરથી વિરુદ્ધ, સેતાન જેવી એક શક્તિ

**અસીલ** વિ૦ [अ.] જાતવાન, અશરાફ (૨) સાલસ (૩) પુ૦ કુળ (વકીલનો)
**અસુ** પુ૦[सं.]પ્રાણ(૨)પું૦બ૦વ૦દેહના પ ચવાયુ
**અસુખ** ન૦[सं]દુખ (૨) બેચેની. **–ખાકારી** સ્ત્રી૦ સુખાકારી ન હોવી તે, માદગી **–ખી** વિ૦ દુખી (૨) બેચેન
**અસુગમ** વિ૦[सं.]સુગમ નહિ તેવુ,દુર્ગમ,મુશ્કેલ
**અસુઘડ** વિ૦ [અ+સુઘડ] સુઘડ નહિ એવુ. **૦તા** સ્ત્રી૦
**અસુર** પુ૦[सं]દૈત્ય,રાક્ષસ. **–રાચાર્ય** પું૦(સ ) અસુરોનો આચાર્ય—શુક્રાચાર્ય. **–રેશ** પુ૦ [सं] અસુરોનો ઈશ. **–રાધિપ (૦તિ)** પુ૦ [सं] અસુરોનો અધિપ – બલિરાજા
**અસુલભ** વિ૦ [सं] સુલભ નહિ એવુ, દુર્લભ
**અસુહૃદ** પું૦ [सं] અમિત્ર, શત્રુ
**અસું** વિ૦ + જુઓ અશુ, આવુ, એવુ
**અસુંદર** વિ૦ [सं.] કૂબડુ, કદરૂપુ
**અસૂક્ષ્મ** વિ૦ [सं] સૂક્ષ્મ નહિ એવુ
**અસૂત્રિત** વિ૦ [सं.] સૂત્રના રૂપમા મૂક્યા વિનાનુ (૨) ગાઠયા વિનાનું
**અસૂઝ** વિ૦ [અ+સૂઝ] સૂઝ નહિ તેવું, ઉદાર
**અસૂયા** સ્ત્રી૦ [सं.] અદેખાઈ (૨) પારકાના ગુણોમા દોષ શોધવા તે (૪) ક્રોધ. **૦ળુ** વિ૦ અસૂયાવાળુ
**અસૂર(–રુ)** અ૦ [सं उत्सूर = સાજ, प्रा उस्सूर, म उशीर] મોડુ
**અસૂર્ય** વિ૦ [सं.] સૂર્ય વિનાનુ
**અસૂંદરો** પું૦ એક ઝાડ
**અસેમસે** અ૦ [सं मिष–'મસ'નુ દ્વિત્વ] કોઈ પણ મસે – બહાને
**અસેવન** ન૦ [सं.] ઉપભોગ ન કરવો તે (૨) અનાદર, ધ્યાન ઉપર ન લેવુ તે
**અસેવ્ય** વિ૦ [सं] સેવા માટે અયોગ્ય
**અસૌમ્ય** વિ૦ [सं] ઉગ્ર, કઠોર
**અસ્ખલિત** વિ૦ [सं] અઠગ (૨) અખંડ (૩) સ્ખલન કે ભૂલ કર્યા વિનાનુ
**અસ્ત** પું૦ [सं] આથમવું તે (સૂર્ય ઇત્યાદિનુ) (૨) પડતી (૩) નાશ, મરણ **૦માન** વિ૦ આથમતું **૦વ્યસ્ત** વિ૦ છિન્નભિન્ન. રફેદફે **૦વ્યસ્તતા** સ્ત્રી૦ **–સ્તગત** વિ૦ અસ્ત પામેલુ **–સ્તાચલ(–ળ)** પું૦ સૂર્ય જેની પાછળ આથમે છે તે કાલ્પનિક પર્વત. **–સ્તોદય** પુ૦ ઊગવુ ને આથમવુ તે (૨) [લા] ચડતી-પડતી
**અસ્તર** ન૦[फा.] અ દરનુ પડ (ડગલા ઇત્યાદિનુ)
**અસ્તરિયું** ન૦ [इ स्टर्लिंग] સોનામહોર
**અસ્તરો** પુ૦ [फा. उस्तरह्] વાળ કાઢવાનું ઓજાર, અસ્ત્રો
**અસ્તંગત** વિ૦ [सं.] જુઓ 'અસ્ત'મા
**અસ્તાઈ** સ્ત્રી૦ [सं. आस्थायी] ધ્રુપદના ત્રણ ભાગમાનો પહેલો (અસ્તાઈ, અ તરો અને આભોગ) (૨) ઢાળ, રાગ
**અસ્તાચલ(–ળ)** પુ૦ [सं] જુઓ 'અસ્ત માં
**અસ્તિ** સ્ત્રી૦ [सं] હયાતી. હસ્તી **૦કાય** પુ૦ પદાર્થ (જૈન) **૦ત્વ** ન૦ અસ્તિ **૦પક્ષ** પું૦ અનુકૂળ પક્ષ **૦રૂપ** વિ૦ ભાવાત્મક, 'પૉઝિટિવ' **૦વાક્ય** ન૦ અસ્તિવાચક કથનવાળુ વાક્ય **૦વાચક, ૦વાચી** વિ૦ અસ્તિરૂપ
**અસ્તુ** અ૦ [सं] ભલે, ખેર (૨) 'તારા માગ્યા પ્રમાણે થાઓ' એવો ઉદ્ગાર
**અસ્તેય** ન૦ [सं] ચોરી ન કરવી તે (૨) જરૂરિયાત કરતા વધારે વાપરવુ તે ચોરી છે એમ માની તેમ ન કરવુ તે **૦વ્રત** ન૦ અસ્તેયનુ વ્રત, એક મહાવ્રત
**અસ્તોદય** પુ૦[सं]જુઓ 'અસ્ત'મા
**અસ્ત્ર** ન૦ [सं] ફેકવાનુ હથિયાર (૨) હથિયાર **૦ધર** વિ૦ અસ્ત્ર ધારણ કરનારુ **૦વિદ્યા** સ્ત્રી૦ અસ્ત્ર વાપરવાની વિદ્યા **–સ્ત્રાગાર** ન૦ હથિયાર રાખવાનો ઓરડો
**અસ્ત્રો** પુ૦ અસ્તરો, છરૂ
**અસ્થ** ન૦ જુઓ અસ્થિ હાડકુ (૫)
**અસ્થાન** ન૦ [सं.] અયોગ્ય સ્થળ – પ્રસગ
**અસ્થાયી** વિ૦ [सं] ટકે નહિ એવુ. ચ ચળ (૨) કાયમી નહિ તેવુ (૩) [ગ] વિકારી, ચલ, 'વેરિયેબલ'
**અસ્થાવર** વિ૦ [सं] જગમ
**અસ્થિ** ન૦ [सं] હાડકુ (૨) ન૦બ૦વ૦ શબને બાળતા રહેતા હાડકા – ફૂલ [**–નાંખવાં,**

પધરાવવાં=મરેલાના અસ્થિ કે ફૂલ કોઈ તીર્થમાં નાખવા.] ૦પંજર (-પિંજર) ન૦ હાડપિંજર ૦મય વિ૦ હાડકાંવાળું (૨)માત્ર હાડકાં જ્યાં હોય તેવું (શરીર) ૦સમર્પણ ન૦ શબને બાળતાં અવશેષ રહેલાં હાડકાં-ફૂલ કોઈ પવિત્ર નદીમાં પધરાવવાં તે ૦સંચય પુ૦ અસ્થિસમર્પણ માટે એ ફૂલ એકઠાં કરવા તે ૦સિંચન ન૦ ચિતાને ટાઢી પાડવી તે ટાઢી વાળવાની ક્રિયા

અસ્થિર વિ૦ [सं] સ્થિર નહિ તેવું, હાલતું, ડગમગતું (૨) ચંચળ (૩) ઢચુપચુ ૦તા સ્ત્રી૦

અસ્નાત વિ૦ [सं] સ્નાત-નાહેલું નહિ એવું. ૦ક પુ૦ સ્નાતક નહિ તે -ન ન૦ ન નાહવું તે

અસ્નિગ્ધ વિ૦[सं] સ્નેહ-ચીકાશ વિનાનું (૨) પ્રેમરહિત [વિ૦ અસ્પૃશ્ય

અસ્પર્શ પુ૦ [सं] સ્પર્શનો અભાવ ૦નીય

અસ્પષ્ટ વિ૦[सं] સ્પષ્ટ નહિ એવું ૦તા સ્ત્રી૦

અસ્પંદ વિ૦[सं] નહિ હાલતું ચાલતું (૨) પુ૦ સ્પંદનો અભાવ

અસ્પૃષ્ટ વિ૦ [सं.] સ્પૃષ્ટ નહિ એવું

અસ્પૃશ્ય વિ૦[सं] ન અડકાય એવું (૨)અડીએ તો અભડાવાય એવું (૩) એવી કોમનું માનેલું ૦તા સ્ત્રી૦ ૦તાનિવારણ ન૦ અમુક કોમ અસ્પૃશ્ય છે એ મતનું નિવારણ

અસ્પૃહ વિ૦[सं] નિઃસ્પૃહ,ઉદાસીન(૨)અનાસક્ત ૦ણીય વિ૦ સ્પૃહણીય નહિ એવું

અસ્ફુટ વિ૦ [सं] સ્ફુટ નહિ એવું, સંદિગ્ધ ૦તા સ્ત્રી૦ [સ્મરવા જેવું

અસ્મર્ય વિ૦ [सं] સ્મરણીય નહિ એવું કે ન

અસ્માર્ત વિ૦[सं] સ્મૃતિ-ધર્મશાસ્ત્ર અનુસાર નહિ તેવું (૨) સ્માર્ત સંપ્રદાયનું નહિ એવું

અસ્મિતા સ્ત્રી૦[सं] અહંતા (૨) પોતાપણાનું-વ્યક્તિત્વનું ભાન

અસ્મૃતિ સ્ત્રી૦ [सं] સ્મૃતિનો અભાવ (૨) ભૂલકણાપણું

અસ્ર ન૦[सं] આંસુ (૨) લોહી (૩) પુ૦ ખૂણો

અસ્સલસૂલ વિ૦ [अ] અસલમાં અસલ, આદિ

અસ્વચ્છ વિ૦[सं.] સ્વચ્છ નહિ એવું ૦તા સ્ત્રી૦

અસ્વતંત્ર વિ૦[सं] પરતંત્ર, પરવશ ૦તા સ્ત્રી૦

અસ્વર વિ૦[सं] મંદ કે ખરાબ અવાજવાળું (૨) પુ૦ સ્વર નહિ તે, વ્યંજન -રિત વિ૦ ઊંચા અવાજ વિનાનું (૨) સ્વરિત નહિ એવો (શબ્દ)

અસ્વર્ગ્ય વિ૦[सं] સ્વર્ગની પ્રાપ્તિમાં વિઘ્નરૂપ, તેને ન છાજતું

અસ્વસ્થ વિ૦ [सं] સ્વસ્થ નહિ એવું, અશાંત (૨) બેચેન, સહેજ બીમાર ૦તા સ્ત્રી૦

અસ્વાદ પુ૦ [सं] સ્વાદનો અભાવ (૨) સ્વાદ ન લેવો તે. ૦વ્રત ન૦ અસ્વાદ પાળવાનું વ્રત -દુ વિ૦ સ્વાદિષ્ટ નહિ એવું, સ્વાદમાં ખરાબ

અસ્વાભાવિક વિ૦[सं] સ્વાભાવિક નહિ એવું (૨) કૃત્રિમ [અસ્વસ્થતા

અસ્વાસ્થ્ય ન૦ [सं] સ્વાસ્થ્યનો અભાવ,

અસ્વીકાર પુ૦[सं] સ્વીકારનો અભાવ -ર્ય વિ૦ સ્વીકાર્ય નહિ એવું ૦વું સ૦ક્રિ૦ ના સ્વીકારવું

અહ પુ૦ [सं अहन्, प्रा] દિવસ. ૦ન,૦ર પુ૦+દિવસ ૦રહ અ૦ [सं] દરરોજ. ૦ર્નિશ અ૦ [सं] દિનરાત

અહક પુ૦ [અ+હક] હક નહિ તે (૨) વિ૦ હક વિનાનું, ગેરવાજબી

અહત વિ૦ [सं] ઈજા પામ્યા વિનાનું

અહન પુ૦ [सं] જુઓ 'અહ'માં (પ)

અહમ્ સ૦(૨)ન૦[सं] જુઓ અહંક-મહમિકા સ્ત્રી૦ [सं] સ્પર્ધા ચડસાચડસી. -મિકા સ્ત્રી૦ જુઓ અસ્મિતા -મેવ પુ૦ અહંકાર (પ)

અહમો પુ૦ ઉતાપો અજંપો (૨) જોર (?) ઉદા 'તાવ બળિયાનો અહમો બહુ છે' ('અહ [हि]=દુખ, પીડા, ને પરથી 'અહમો' હશે ? કે 'અહમ્' પરથી પ્રભાવ, રોફ?)

અહર પુ૦ + [सं] જુઓ 'અહ'માં (પ.)

અહરણીય વિ૦ [सं] જુઓ અહાર્ય

અહરહ અ૦ [सं] જુઓ 'અહ'માં

અહરામ ન૦ [अ इह्राम] હજ કરવા ગયેલા કાબાના દર્શન કરતા સુધી અમુક કામો ત્યજી વગર સીવેલા વસ્ત્રો પહેરે છે તે

અહરિમાન પુ૦[फा अह्रमन](સં.)અહ્રિમાન; પારસી ધર્મપુસ્તકમાં વર્ણવેલી, ઈશ્વરથી વિરુદ્ધ. શેતાન જેવી એક શક્તિ

**અહર્નિશ** અ૦ [सं] જુઓ 'અહ'મા'

**અહસાન** ન૦ [अ.] **૦મંદ** વિ૦ [फा.] જુઓ 'અહેશાન'મા

**અહહ** અ૦ [सं] દુઃખ, શોક, આશ્ચર્ય, દયા, સંબોધન, શ્રમ ઇત્યાદિ સૂચવતો એક ઉદ્ગાર

**અહં** સ૦ [सं] હું (૨) ન૦ હુંપદ, અહંકાર **૦કાર** પું૦ અભિમાન; ગર્વ **૦કારી** વિ૦ અભિમાની **૦કૃતિ** સ્ત્રી૦ અહંકાર **૦તા** સ્ત્રી૦, **૦ત્વ** ન૦, **૦પદ** ન૦ હુંપદ **૦બુદ્ધિ** સ્ત્રી૦ અવિદ્યા; અજ્ઞાન, અહંતા **૦ભાવ** પું૦ અહંનો ભાવ, અહંતા **૦મન્ય** વિ૦ અહંકારી **૦મન્યતા** સ્ત્રી૦ **૦સત્તાવાદ** પું૦ 'સર્વસત્તા સ્વાધીન' એવો વાદ, 'ઑટોક્રસી' **૦સત્તાવાદી** વિ૦ અહંસત્તાવાદમા માનનાર

**અહા ૦હા** અ૦ [सं] આશ્ચર્ય, ઉત્સાહ, વિસ્મય તથા દુઃખ દર્શાવતો ઉદ્ગાર

**અહાર્ય** વિ૦ [सं.] ન હરવા જેવું કે ન હરી શકાય એવું (૨) અપરિહાર્ય

**અહાલેક** પું૦ [सं. अलक्ष–અલખ] ખાખી બાવાઓનો એક પોકાર (ભિક્ષા માગતી વખતનો) (૨) [લા.] સ્ત્રી૦ પ્રચાર અર્થે કરેલો કોઈ પણ લાગણીભર્યો પોકાર, ટહેલ [**–જગવવી** = જુઓ અલખ જગવવી.]

**અહિ** પું૦ [सं] સાપ **૦પતિ** પું૦ સાપનો રાજા (શેષનાગ, વાસુકી ઇત્યાદિ) **૦મુખ** વિ૦ સાપના જેવા મોવાળું (૨) પું૦ સાપનું મો. **૦રિપુ** પું૦ સાપનો શત્રુ (ગરુડ, નોળિયો ઇત્યાદિ) **૦વલ્લી** સ્ત્રી૦ નાગરવેલ

**અહિત** ન૦ [सं] ભૂંડું, અકલ્યાણ (૨) નુકસાન. **૦કર** વિ૦ અહિત કરનાર **૦કારક, ૦કારી** વિ૦ અહિતકર

**અહિંસા** સ્ત્રી૦ [सं] મન, વાણી અથવા કર્મથી હિંસા ન કરવી તે **–સક** વિ૦ હિંસક નહિ તેવું (૨) અહિંસાવાળું, દયાવાન **૦ત્મક** વિ૦ અહિંસાના સિદ્ધાન્ત ઉપર રચાયેલું **૦મય** વિ૦ જેમા હિંસા ન હોય એવું, શાંતિમય **૦વાદી** વિ૦ (૨) પું૦ અહિંસામાં માનનાર **–સ્ર** વિ૦ હિંસા ન કરે એવું, નિર્દોષ

**અહીર** પું૦ [सं] આહીર, ભરવાડની એક જાત

**અહીં, ૦યાં** અ૦ [सं अस्मिन्, अस्याम्] અત્ર, આ સ્થળે **૦કણે** અ૦ આ સ્થળે **૦તહીં** અ૦ અહીં અને તહીં; આમ તેમ **૦થી** આ જગાએથી [+અધુના, હમણાં

**અહુણાં(–ણાં)** અ૦ [सं अधुना, प्रा अहुणा]

**અહૃદય** વિ૦ [सं.] હૃદયહીન, નિષ્ઠુર, લાગણી કે કોમળ ભાવ વિનાનું

**અહેડી** પું૦ + જુઓ આહેડી – શિકારી

**અહેત** ન૦ [અ+હેત] હેતનો અભાવ

**અહેતુ** વિ૦ [सं] હેતુ – કારણ વિનાનું, સ્વાભાવિક (૨) નિષ્પ્રયોજન (૩) નિષ્કામ. **૦ક** વિ૦ હેતુ વિનાનું, અકારણ

**અહેવાલ** પું૦ [अ अहवाल] વૃત્તાંત; હેવાલ ('અ' 'હે' એ પદો ભેગા એક જ પદ હોય એમ દ્રુત બોલાય છે.)

**અહેશા(–સા)ન** ન૦ [अ. अहसान] ઉપકાર; આભાર. **૦મંદ** વિ૦ આભારી, કૃતજ્ઞ ('અ' 'હે' ઉચ્ચાર માટે જુઓ 'અહેવાલ'મા)

**અહૈતુક** વિ૦ [सं] જુઓ અહેતુક. **–કી** વિ૦ સ્ત્રી૦

**અહો** અ૦ [सं] આશ્ચર્ય, સ્તુતિ, કરુણા, ખેદ ઇત્યાદિ સૂચવતો ઉદ્ગાર (૨) સારુ, ઘણું ઇત્યાદિ દર્શાવનાર પૂર્વંગ. ઉદા૦ 'અહોભાગ્ય' **૦બુદ્ધિ** સ્ત્રી૦ આશ્ચર્યકારક બુદ્ધિ, (કટાક્ષમા) મંદબુદ્ધિ. **૦ભાગ્ય** ન૦ મોટું ભાગ્ય **૦ભાવ** પું૦ આશ્ચર્યનો ભાવ (૨) સ્તુતિ કે વખાણ **૦હો** અ૦ આશ્ચર્ય, સ્તુતિ, કરુણા, ખેદ ઇત્યાદિ સૂચક ઉદ્ગાર

**અહોનિશ** અ૦ [सं] અહર્નિશ, દિનરાત

**અહોરાત્ર** અ૦ [सं] દિનરાત, અહર્નિશ

**અહ્રિમાન** પું૦ (સં) જુઓ અહરિમાન

**અહ્રીક** વિ૦ [सं] નિર્લજ્જ, બેશરમ

**અળ** ન૦ કળ, યુક્તિ-પ્રયુક્તિ [અપ્રિય

**અળખામણું** વિ૦ [सं अलक्ष्यमान] અણમાનીતું,

**અળગળ** વિ૦ + જુઓ અનર્ગલ

**અળગું** વિ૦ [सं अलग्न] દૂર, છેટેનું વેગળું (૨) જુદું, નિરાળું; અનેરું (૩) ન૦ અટકાવ, રજોદર્શન [**–ચડવું** = મુદતે અટકાવ ન આવવો (૨) ગર્ભ રહેવો. **–બેસવું** = અટકાવ આવવો, વેગળું બેસવું]

અળગેરુ વિ૦જુઓ અળગુ (લાલિત્યવાચક)(૫)
અળછ(-શ) સ્ત્રી૦ [જુઓ અલછ] નિર્ધનતા, દારિદ્રય (૨) કચરોપૂંજો [ચપટુ કળ
અળતી સ્ત્રી૦ પરોણાને બીજે છેડે નખાતું
અળતો પુ૦ [જુઓ અલતો] ઉકાળેલી લાખમાથી બનાવેલો લાલ રગ (પહેલા લાલ શાહી તરીકે તેમ જ સ્ત્રીઓના હાથપગ રંગવામા વપરાતો) (૨) [લા] મેંદીનો છૂંદો (સ્ત્રીઓને હાથેપગે મૂકવાનો)
અળદાવું અ૦ક્રિ૦ ઘાટીને લોથ થઈ જવુ, પિલાવુ
અળપ વિ૦ વાતોડિયું, લવલવિયુ (૨) અટકચાળુ, અડપલુ [અલપઝલપ (સુ)
અળપઝળપ સ્ત્રી૦ હાવભાવ (૨) વિ૦ ઝાખું ઝાખું,
અળપાવું અ૦ક્રિ૦ અલપાવુ, સતાવુ, અલોપ થવુ
અળફસળફ વિ૦ (કા) દીઠુ ન દીઠુ – હતુ ન હતું એવુ
અળવી સ્ત્રી૦ [સં. आलुक] એક કદમૂળ, જેના પાદડાના પત્તરવેલિયા થાય છે
અળવીતરું વિ૦ (૨) ન૦ જુઓ અટકચાળુ
અળશ સ્ત્રી૦ જુઓ અળછ
અળશી(-સી) સ્ત્રી૦ [સં. अतसी, प्रा अलसी] એક તેલી બી –શિ(-સિ)યું ન૦ તેનુ તેલ
અળસાવું અ૦ક્રિ૦ [જુઓ આળસ] આળસથી અથવા કંટાળાથી છોડી દેવુ –ણુ વિ૦ આળસુ, મદ (૨) થાકેલુ (૩) અટકી પડેલુ
અળસિયું ન૦ [સં अलस] ચોમાસામા દેખાતો જમીનનો એક કીડો
અળસી સ્ત્રી૦, –સિયુ ન૦ 'અળશી'મા જુઓ
અળબો પું૦ [દે आलव] બિલાડીનો ટોપ
અળાઈ સ્ત્રી૦ ઉનાળામા શરીરે થતી ઝીણી ફોલ્લી [–કરડવી=અળાઈથી કરડવાનુ દુ ખ થવુ –નીકળવી=અળાઈ થવી –બેસવી= અળાઈ મટવી, તેની ફોલ્લી શમી જવી]
અળાવો પુ૦ (કા) ફાસો
અળાયો પુ૦ [અ+લહાવો–'અ' નકામો] ઉપકાર
અળાંસવું સ૦ ક્રિ૦ (કા) [માટીના કોરા વાસણને રસોઈમા વાપરતા પહેલા] અદરની બાજુ તેલ ચોપડવુ
અળુ ન૦ [ન. अड्ड, सं. आलु] અળવી

અળુળુળુ, અળોળોળો અ૦ (રવ૦) હાલરડુ ગાતા બોલાતો શબ્દ
અળુખડું ન૦ [स आलुक] અળવીની ગાઠ
અંક સ્ત્રી૦ [दे अक्किअ] બાથ, આલિંગન, ભેટવું તે [અંકે કરવું=ભેટવુ ]
અંક પુ૦ [सं] આકો, ચિહ્ન (૨) સખ્યાનુ ચિહ્ન, આકડો (૩) ડાઘો, કલક, જેમકે ચદ્રમા (૪) ખોળો (૫) નાટકનો વિભાગ (૬) ટેક [અકે કરવું, બાંધવું = રકમનો આકડો અક્ષરશબ્દમા લખવો (૨) નક્કી કે સાબિત કરવુ. અંકે સો કરવા=કરાર પૂરો કરવો ] ૦ગણિત ન૦ આકડાથી ગણતરી કરવાનુ શાસ્ત્ર, ગણિત ૦ન ન૦ ગાયન વગેરેના સ્વર લિપિબદ્ધ કરવા તે ૦ન-પદ્ધતિ સ્ત્રી૦ અકનની–સ્વરલિપિની રીત. ૦પાશ પુ૦ ગણિતપાશ, 'પરમ્યુટેશન' (ગ) ૦મુખ ન૦ અકના જે ભાગમા નાટકના આખા વસ્તુનુ સૂચન કરવામા આવ્યુ હોય તે ભાગ ૦લિપિ(-પી) સ્ત્રી૦ આકડા લખવાની રીત –કાવતાર પુ૦ આગલા અકને અતે પાત્રો દ્વારા સૂચિત થયેલુ કાર્ય બીજા અકમા લાવી તેનુ અનુસધાન કરવામા આવે તે –કી વિ૦ (સમાસને અતે) અકવાળુ ઉદા૦ પચાકી (નાટક) –કે અ૦ રકમનો આકડો શબ્દોમા ઉદા૦ અકે પચાસ
અંકાઈ સ્ત્રી૦ આકવાનુ કામ (૨) આકવાની કિંમત અથવા મજૂરી –મણ ન૦ –મણી સ્ત્રી૦ આકવાની કિંમત અથવા મજૂરી
અકિત વિ૦ [सं] નિશાની અથવા છાપવાળું (૨) અકાયેલુ, પ્રસિદ્ધ (૩) અવીન
અકુર પુ૦ [सं] કણગો (૨) [લા] મૂળ બીજ (૩) રુઝ [–આવવો, ફૂટવો, બેસવો= કણગો થવો કે નીકળવો, થવુ ઊગવુ ] –રિત વિ૦ જેને કણગા ફૂટયા હોય તેવુ
અંકુશ પુ૦ [सं] દાબ, કાબૂ (૨) હાથીને હાકવાનુ લોઢાનુ સાધન [–રાખવો, અંકુશમાં રાખવું=કાબૂ કે નિયમન મૂકવુ, વશ રહે એમ કરવુ –રહેવો, અકુશમાં રહેવું=નિયમન કે કાબૂને વશ હોવુ કે થવુ ]

અંકૂ(-કો)લ ન૦ [જુઓ અંકોલ] એક વનસ્પતિ – ઔષધિ

અંકોડો પું૦ [हिं अँकुड़ा, स अंकुटक, प्रा॰ अकुडग] બેઉ છેડે વાળેલો ધાતુનો કડી જેવો સળિયો; સાંકળનો આંકડો–કડી (૨) આંકડો; 'હૂક' (૩) સાણસો ચીપિયો –ડાબંધ અ૦ સાંકળના અંકોડા જેમ એકબીજામાં અગ્રાગ્ર બેસતા કર્યા હોય છે તેમ, હારોહાર (૨) સજ્જડ –ડી સ્ત્રી૦ નાનો અંકોડો કે આંકડો (૨) એવા આંકડાવાળી લાંબી લાકડી (૩) ગળ (માછલાં પકડવાની)

અંકોર પું૦+ જુઓ અંકુર, ફણગો

અંકોલ પું૦ [સ] એક વનસ્પતિ, અંકૂલ –લું ન૦ અંકોલનું ફળ

અંગ ન૦ [સ] શરીર (૨) અવયવ (૩) ભાગ (૪) જાત પોતે જાતે (જેમ કે, અંગનું= પોતાનું, જાતનું અંગ ઉપર કૂદવું=જાતની તાકાત પર–પોતે કોઈના આધાર વિના–ઝંપલાવવું. તેમ જ, અંગ ઉપર કરજ કરવું, આણવા=કશી આડ વગર અંગ ઉપર ધીરવું) (૫) [સ] બંગાળના એક ભાગનું પ્રાચીન નામ (૬) [વ્યા] પ્રત્યય પૂર્વેનું શબ્દનું રૂપ [–આપવું=મદદ કરવી –ઉપર આવવું =શરીર પર વસી આવવું, માંગવા તડવું (૨) જવું=શરીર (થાક કે મહેનત-મજૂરીથી) અકડાવું કે દુખવું –ભરાવું=અંગ શરીર જવાની અસર લાગવી–તાવની નિશાની જણાવી –ભારે થવું=શરીરનો ભાર વધવો; મરતી કે સુરતી ચડવી (૨) અંગ ભાંગવું' જુઓ –મરડવું=આળસ ખાવી –વળવું= શરીરના અવયવો કસરતમાં જોઈએ તેમ વળવા–અક્કડ ન હોવા (૨) શરીર પાછું સારું થવું–લોહીનો ભરાવો થવા લાગવો –વાળવું=શરીરના અવયવો વજે એમ કસરત કરવી કે (કામમાં) તેમને હલાવવા –સાચવવું=અંગ ચોરવું, શરીરને શ્રમ ન પડે એ રીતે–શરીર તોડ્યા વિના વર્તવું] ૦ઉઘાર વિ૦ (૨) અ૦ અંગત શાખ ઉપર ધીરેલું. ૦કસરત સ્ત્રી૦ કસરત, વ્યાયામ ૦ગ્રંથ પું૦ બાર મુખ્ય જૈન ધર્મ-ગ્રંથોમાનો હરેક ૦ચાપલ્ય ન૦ શરીરની સ્ફૂર્તિ ૦ચેષ્ટા સ્ત્રી૦ અંગની ચેષ્ટા, ચાળા. ૦જ વિ૦ શરીરમાંથી જન્મેલું (૨) પું૦ પુત્ર ૦જા વિ૦ સ્ત્રી૦ શરીરમાંથી જન્મેલી (૨) સ્ત્રી૦ પુત્રી ૦જ્ઞાન ન૦ શરીરના સ્પર્શથી થતું જ્ઞાન (૨) સહજજ્ઞાન. શરીરના પોષણ– રક્ષણ મળથી પોતામાં જ રહેલું સ્વાભાવિક જ્ઞાન ૦ત વિ૦ [સ अंगगत] ખાનગી,

૦રક્ષણી સ્ત્રી૦ નાનો અંગરખો (૨) એક જાતનું બખ્તર ૦રક્ષા સ્ત્રી૦ શરીરની રક્ષા (૨) રાખડી ૦રખી સ્ત્રી૦ જુઓ અંગરક્ષણી ૦રખું ન૦, ૦રખો પુ૦ જૂની ઢબનો કસ બાંધવાનો ડગલો ૦રસ પુ૦ પાણી ભેળવ્યા વિનાનો ફળનો રસ ૦રંગ પું૦ શરીરની કાંતિ, ચહેરો (૨) ભોગવિલાસ ૦રાગ પુ૦ શરીરે સુગંધી વગેરે ચોળવા તે ૦વસ્ત્ર ન૦ ખેસ, ઉપરણો (૨) [લા] ગુપ્તાંગ ૦વિકાર પુ૦ શારીરિક ખોડ કે રોગ (૨) શરીરના દેખાવમાં થતો ફેરફાર (ખાસ કરીને કામક્રોધાદિની અસરથી) ૦વિન્યાસ, ૦વિક્ષેપ પુ૦ ભાવને વ્યક્ત કરવા શરીરના અવયવોની ચેષ્ટા ૦સંસ્કાર પુ૦ શરીરની ટાપટીપ ૦સ્વભાવ પુ૦ પ્રતિસ્વભાવ (૨) સહજગતિ –ગાઉ વિ૦ અંગને લગતું, આગવું ખાનગી (૨) તત્સુચરણ ઉપરનું, અંગઉધાર –ગાંગિભાવ પુ૦ અંગ અને અંગી—ગૌણ અને મુખ્યનો પરસ્પર સંબંધ –ગે અ૦ –ની બાબતમાં, –ને વિષે –ગોઅંગ અ૦ એકેએક અંગમાં

અંગદ પુ૦ [સં] (સં) વાલીનો પુત્ર ૦દૂદકો પુ૦ ઊંચો કૂદકો, 'હાઈ જંપ' ૦વિષ્ટિ સ્ત્રી૦ અંગદે રામના દૂત તરીકે રાવણ સાથે કરેલી વિષ્ટિ–સમાધાનની મસલત ૦શિષ્ટાઈ સ્ત્રી૦ અંગદના જેવી, દૂતને છાજતી શિષ્ટાઈ–સભ્યતા [–કરવી = અંગદ પેઠે ચતુરાઈથી વાત સમજાવવી ]

અંગના સ્ત્રી૦[સં] સ્ત્રી (૨) સુંદર સ્ત્રી

અંગમેજયત્વ ન૦ [સં] જુઓ 'અંગ'માં

અંગમોડા પુ૦બ૦વ૦ જુઓ 'અંગ'માં

અંગરખી, –ખું, –ખો [સં. अंग+रक्षक] જુઓ 'અંગ'માં

અંગાઉ વિ૦ જુઓ 'અંગ'માં [–કરજ = અંગ પર કરેલું–બીજી આડ વિનાનું કરજ –ખર્ચ = હાથખરચી, જાત અંગેનું ખર્ચ]

અંગાખરુ વિ૦[અંગાર+ખરુ] જુઓ અંગારખું

અંગાર પુ૦[સં]અગ્નિ (૨) સળગતો કોલસો (૩) બળતરા, અગન (૪)[લા]કપૂત ૦ક પુ૦ નાનો અંગારો (૨)[સં]મંગળગ્રહનું એક નામ (૩) એક છોડ ૦વાયુ પુ૦ 'કાર્બોનિક એસિડ ગેસ' ૦વું સ૦ક્રિ૦ દેવતામાં નાખી શુદ્ધ કરવું –રિયું વિ૦ બળીને ખાખ થયેલું (૨) ન૦ આગિયું પડવાથી બળી ગયેલી જુવાર –રી સ્ત્રી૦ નાનો અંગારો, ચિનગારી (૨) શગડી. –રો પુ૦ જુઓ અંગાર [અંગારા ઊઠવા= ખૂબ દાઝ ચડવી, સખત લાગી આવવું અંગારો ઊઠવો = કુલાંગાર નીવડવું કપૂત પાકવો ('દીવો ઊઠવો'નું ઊલટું) (આંખમાંથી) અંગારા ઝરવા=ખૂબ ક્રોધથી આંખ અંગારા જેવી લાલચોળ થવી અંગારો મૂકવો= જુઓ અગ્નિ મૂકવો ]

અંગારખું ન૦ [જુઓ અંગાખરુ] ઝીણા અંગારમાં શેકીને ખરુ કરેલું તે

અંગાંગિભાવ પુ૦ [સં] 'અંગ'માં જુઓ

અંગારી –રિયું, –રો જુઓ 'અંગાર'માં

અંગિત વિ૦[સં]લોહીની સગાઈવાળું (૨)વિશ્વાસુ

અંગિયું ન૦ [સં अंग] ઝભલું –યો પુ૦ બાય વગરનો સ્ત્રીનો કબજો [ઋષિ

અંગિરસ, અંગિરા પુ૦ [સં] (સં) એક વૈદિક

અંગી વિ૦[સં]ખાસ પોતાનું (૨)[સમાસને અંતે] અંગ–અવયવવાળું ઉદા૦ 'ટામલાંગી' (૩) મુખ્ય, પ્રધાન (૪) સ્ત્રી૦ એક ડગલી ૦કરણ ન૦, ૦કાર પુ૦ સ્વીકાર ૦કારવું સ૦ક્રિ૦ [સં अंगीकार] સ્વીકારવું. ૦કાર્ય વિ૦સ્વીકાર્ય. ૦કૃત વિ૦અંગનું–પોતાનું કરેલું, સ્વીકારેલું ૦કૃતક્રમ પું૦ પ્રમાણ–પુરાવા વિના સ્વીકારી લીધેલો સિદ્ધાંત, 'પોસ્ચુલેટ' ૦ભૂત વિ૦ અંગનું થયેલું, અંગરૂપ

અંગી(–ગે)ઠી સ્ત્રી૦ [જુઓ અંગીઠું] શગડી (ખાસ કરીને સોનીની)(૨)પોક પાડવા માટે તૈયાર કરેલી જગા (૩) ઝાળ, અગન [–નો અંગારો=(સોનીની અંગીઠીના અંગાર પેઠે) દેખાવે બહારથી નરમ, પણ ખરેખર જબરું પ્રતાપી હોય તે]

અંગીઠું ન૦ [સં अग्निस्थान] જુઓ અંગીઠી

અંગુર ન૦ પું૦ [સં अंकुर] નવી ચામડી, રૂઝ [અંકુર×] [–આવવો = રુઝાવું]

અંગુલ પુ૦ [સં] આંગળ (૨) આંગળી

અંકૂ(-કો)લ ન૦ [ જુઓ અંકોલ ] એક વનસ્પતિ - ઔષધિ

અંકોડો પુ૦ [हिं अँकुड़ा, सं अंकुटक, प्रा अकुडग] બેઉ છેડે વાળેલો ધાતુનો કડી જેવો સળિયો, સાંકળનો આંકડો-કડી (૨) આંકડો 'હૂક' (૩) સાણસો ચીપિયો -બંધ અ૦ સાંકળના અંકોડા જેમ એકબીજામા બરાબર બેસતા કર્યા હોય છે તેમ, હારોહાર (૨) સજ્જડ -ડી સ્ત્રી૦ નાનો અંકોડો કે આંકડો (૨) એવા આંકડાવાળી લાંબી લાકડી (૩) ગળ (માછલા પકડવાની)

અંકોર પુ૦ + જુઓ અંકુર, ફણગો

અંકોલ પુ૦ [सं] એક વનસ્પતિ, અંકૂલ -લું ન૦ અંકોલનુ ફળ

અંગ ન૦ [सं] શરીર (૨) અવયવ (૩) ભાગ (૪) જાત, પોતે જાતે (જેમ કે, અંગનું = પોતાનુ, જાતનુ અંગ ઉપર કૂદવું = જાતની તાકાત પર-પોતે કોઈના આધાર વિના-ઝપલાવવુ તેમ જ, અંગ ઉપર ફરજ કરવુ, આણવા=કશી આડ વગર અંગ ઉપર ધીરવુ ) (૫) [सं] બંગાળના એક ભાગનું પ્રાચીન નામ (૬) [व्या] પ્રત્યય પૂર્વેનું શબ્દનુ રૂપ [-આપવું = મદદ કરવી -ઉપર આવવું = શરીર પર ધસી આવવુ, મારવા તડવુ (૨) માથે પડવુ પોતાને જાતે કરવાનું કે વેઠવાનું થવું અંગ ઉપર = જાત ઉપર, પોતાની જવું = શરીર (થાક કે મહેનત-મજૂરીથી) અકડાવુ કે દુખવુ -ભરાવું = અંગ લાગી જવાની અસર લાગવી-તાવની નિશાની જણાવી -ભારે થવું = શરીરનો ભાર વધવો; મસ્તી કે સુસ્તી ચડવી (૨) 'અંગ ભરાવું' જુઓ -મરડવું = આળસ ખાવી -વળવું = શરીરના અવયવો કસરતમા જોઈએ તેમ વળવા-અક્કડ ન હોવા (૨) શરીર પાછું સારુ થવુ -લોહીનો ભરાવો થવા લાગવો -વાળવું = શરીરના અવયવો વડે એમ કસરત કરવી કે (કામમા) તેમને હલાવવા -સાચવવું = અંગ ચોરવુ શરીરને શ્રમ ન પડે એ રીતે-શરીર તોડ્યા વિના વર્તવુ ] ૦ઉધાર વિ૦ (૨) અ૦ અંગત શાખ ઉપર ધીરેલુ. ૦કસરત સ્ત્રી૦ કસરત, વ્યાયામ ૦ગ્રંથ પુ૦ બાર મુખ્ય જૈન ધર્મગ્રંથોમાનો દરેક ૦ચાપલ્ય ન૦ શરીરની સ્ફૂર્તિ ૦ચેષ્ટા સ્ત્રી૦ અંગની ચેષ્ટા, ચાળા. ૦જ વિ૦ શરીરમાથી જન્મેલું (૨) પુ૦ પુત્ર ૦જા વિ૦ સ્ત્રી૦ શરીરમાથી જન્મેલી (૨) સ્ત્રી૦ પુત્રી. ૦જ્ઞાન ન૦ શરીરના સ્પર્શથી થતું જ્ઞાન (૨) સહજજ્ઞાન. શરીરના પોષણ-રક્ષણ સંબંધી પોતામા જ રહેલુ સ્વાભાવિક જ્ઞાન ૦ત વિ૦ [सं अंगगत ?] ખાનગી, જાતને લાગતું ૦તું વિ૦ પોતાનુ, અંગત. ખાસ સંબંધ ધરાવનાર (૨) વિશ્વાસુ (૩)

૦રક્ષણી સ્ત્રી૦ નાનો અંગરખો (૨) એક જાતનું બખતર ૦રક્ષા સ્ત્રી૦ શરીરની રક્ષા (૨) રાખડી ૦રખી સ્ત્રી૦ જુઓ અંગરક્ષણી. ૦રખું ન૦, ૦રખો પું૦ જૂની ઢબનો કસ બાંધવાનો ડગલો ૦રસ પું૦ પાણી મેળવ્યા વિનાનો ફળનો રસ ૦રંગ પું૦ શરીરની કાંતિ, ચહેરો (૨) ભોગવિલાસ ૦રાગ પું૦ શરીરે સુગંધી વગેરે ચોળવા તે ૦વસ્ત્ર ન૦ ખેસ, ઉપરણો (૨) [લા] રખાત ૦વિકાર પું૦ શરીરની ખોડ કે રોગ (૨) શરીરના દેખાવમાં થતો ફેરફાર (ખાસ કરીને કામચેષ્ટાદિની અસરથી) ૦વિન્યાસ, ૦વિક્ષેપ પું૦ ભાવને વ્યક્ત કરવા શરીરના અવયવોની ચેષ્ટા ૦સંસ્કાર પું૦ શરીરની ટાપટીપ ૦સ્વભાવ પું૦ જાતિસ્વભાવ (૨) સહજવૃત્તિ -ગાઉ વિ૦ અંગને લગતું, આંગળું ખાનગી (૨) જન્મસૂચકતા ઉપરનું, અંગઉધાર -ગાંગિભાવ પું૦ અંગ અને અંગી—ગૌણ અને મુખ્યનો પરસ્પર સંબંધ -ગે અ૦ -ની બાબતમાં, -ને વિષે -ગોઅંગ અ૦ એકેએક અંગમાં

અંગદ પું૦ [સં] (સં ) વાલીનો પુત્ર ૦કૂદકો પું૦ ઊંચો કૂદકો, 'હાઈ જંપ' ૦વિષ્ટિ સ્ત્રી૦ અંગદે રામના દૂત તરીકે રાવણ સાથે કરેલી વિષ્ટિ—સમાધાનની મસલત ૦શિષ્ટાઈ સ્ત્રી૦ અંગદના જેવી, દૂતને છાજતી શિષ્ટાઈ-સભ્યતા [-કરવી = અંગદ પેઠે ચતુરાઈથી વાત સમજાવવી ]

અંગના સ્ત્રી૦[સં] સ્ત્રી (૨) સુંદર સ્ત્રી

અંગમેજયત્વ ન૦ [સં] જુઓ 'અંગ'માં

અંગમોડા પું૦બ૦વ૦ જુઓ 'અંગ'માં

અંગરખી, -ખું, -ખો [સં अंग+रक्षक] જુઓ 'અંગ'માં

અંગાઉ વિ૦ જુઓ 'અંગ'માં [-કરજ = અંગ પર કરેલું—બીજી આડ વિનાનું કરજ -ખર્ચ = હાથખરચી, જાત અંગેનું ખર્ચ]

અંગાખરું વિ૦[અંગાર+ખરું]જુઓ અંગારખું

અંગાર પું૦[સં]અગ્નિ (૨) સળગતો કોલસો(૩) બળતરા, અગન(૪)[લા]કપૂત ૦ક પું૦ નાનો અંગારો(૨)[સં.]મંગળગ્રહનું એક નામ (૩) એક છોડ. ૦વાયુ પું૦ 'કાર્બોનિક એસિડ ગૅસ'. ૦વું સ૦ક્રિ૦ દેવતામાં નાખી શુદ્ધ કરવું. -રિયું વિ૦ બળીને ખાખ થયેલું (૨) ન૦ આગિયું પડવાથી બળી ગયેલી જુવાર -રી સ્ત્રી૦ નાનો અંગારો, ચિનગારી (૨) શગડી. -રો પું૦ જુઓ અંગાર [અંગારા ઊઠવા= ખૂબ દાઝ ચડવી સખત લાગી આવવું અંગારો ઊઠવો = કુલાંગાર નીવડવું કપૂત પાકવો ('દીવો ઊઠવો'નું ઊલટું) (આંખમાંથી) અંગારા ઝરવા=ખૂબ ક્રોધથી આંખ અંગારા જેવી લાલચોળ થવી અંગારો મૂકવો= જુઓ અગ્નિ મૂકવો ]

અંગારખું ન૦ [જુઓ અંગાખરું] ઝીણા અંગારામાં શેકીને ખરું કરેલું તે

અંગાંગિભાવ પું૦ [સં] 'અંગ'માં જુઓ

અંગારી -રિયું,-રો જુઓ 'અંગાર'માં

અંગિત વિ૦[સં]લોહીની સગાઈવાળું(૨)વિશ્વાસુ

અંગિયું ન૦ [સં अंग] ઝભલું -યો પું૦ બાંય વગરનો સ્ત્રીનો કબજો [ઋષિ

અંગિરસ, અંગિરા પું૦ [સં] (સં ) એક વૈદિક

અંગી વિ૦[સં]ખાસ પોતાનું(૨)[સમાસને અંતે] અંગ-અવયવવાળું ઉદા૦ 'કોમલાંગી' (૩) મુખ્ય, પ્રધાન (૪) સ્ત્રી૦ એક દગલી ૦કરણ ન૦, ૦કાર પું૦ સ્વીકાર ૦કારવું સ૦ક્રિ૦ [સં अंगीकार] સ્વીકારવું ૦કાર્ય વિ૦સ્વીકાર્ય. ૦કૃત વિ૦અંગનું-પોતાનું કરેલું; સ્વીકારેલું ૦કૃતસત્ય પું૦ પ્રમાણ-પુરાવા વિના સ્વીકારી લીધેલો સિદ્ધાંત, 'પૉસ્ચ્યુલેટ' ૦ભૂત વિ૦ અંગનું થયેલું, અંગરૂપ

અંગીઠી સ્ત્રી૦ [જુઓ અંગીઠું] શગડી (ખાસ કરીને સોનીની)(૨)પોંક પાડવા માટે તૈયાર કરેલી જગા (૩) ઝાળ, અગન [-નો અંગારો=(સોનીની અંગીઠીના અંગારા પેઠે) દેખાવે બહારથી નરમ, પણ ખરેખર જબરું પ્રતાપી હોય તે]

અંગીઠું ન૦ [સં अग्निस्थान] જુઓ અંગીઠી

અંગૂર ન૦ પું૦ [સં अंकुर] નવી ચામડી, રૂઝ [અંગૂર×] [-આવવો = રુઝાવું]

અંગુલ પું૦ [સં] આંગળ (૨) આંગળી

અંગુલિ(-લી) સ્ત્રી૦[સં]આંગળી, ૦ત્રાણ ન૦ આગળીના રક્ષણ માટે બાણાવળી વાપરે છે તે ચામડાની અગૂઠી ૦મુદ્રા સ્ત્રી૦સીલની વીટી (૨) એની છાપ, મહોર ૦સંજ્ઞા સ્ત્રી૦ આગળીથી કરેલી નિશાની. ૦નિર્દેશ પુ૦ આંગળીથી નિર્દેશ કરવો – બતાવવું તે

અગુષ્ઠ પુ૦ [સં] અગૂઠો [ટુવાલ

અંગૂછો પુ૦[હિ अंगोछा]અંગ લૂછવાનો કટકો·

અંગૂઠો પુ૦ [સં अगुष्ठ] હાથ અથવા પગનું જાડામા જાડુ—પહેલુ આગળું [અંગૂઠાનો રાવણ કરવો=જગમાથી મોટુ કરવુ; રજનુ ગજ—અતિશયોક્તિ કરવી. અંગૂઠા પકડવા =ઊભા થઈ, નીચા વળી પગના અંગૂઠા ઝાલવા. તેમ કરવાની શિક્ષા થવી (૨) [લા] આગળ માટે શિખામણ લેવી, વાક કબૂલ કરી તેમાથી બોધ લેવો અગૂઠે કમાડ ઠેલવું=માલૂમ ન પડે તેમ, છૂપી રીતે વર્તવુ, કામ કરવું. મદદ કરવી (૨) પોતાનુ કામ બીજા ઉપર સેરવવુ. અંગૂઠો દેખાડવો. બતાવવો=ઠિગો કરવુ. અગૂઠો અમુક ઢબે બતાવી ના સૂચવવી અંગૂઠો આપવો, કરી આપવો, પાડવો= (ખત વગેરેમાં) અગૂઠાની નિશાની કરવી (૨) સહી કરવી – મજૂર રાખવુ.] –ઠાદાવ પુ૦ કુસ્તીનો એક દાવ –ઠાપટી સ્ત્રી૦ અગૂઠા જેટલી જાડી પટી –ઠિયું વિ૦ અગૂઠાના માપનુ (૨) ન૦ અગૂઠાનુ એક ઘરેણુ –ઠી સ્ત્રી૦ પગને અગૂઠે પહેરવાનુ સ્ત્રીનું ઘરેણુ (૨) આગળીના રક્ષણ માટેની ખોળી

અંગૂર સ્ત્રી૦ [ફા] લીલી દ્રાક્ષ

અંગે અ૦ [સં अंग] જુઓ 'અગ'માં

અંગેઠી સ્ત્રી૦ જુઓ અગીઠી

અંગોઅંગ અ૦ જુઓ 'અંગ'મા

અંગોર સ્ત્રી૦ તળાવના સામેના કિનારાની જમીન (૨) ખૂબ પાણી પાયેલી કે અતિશય ફળદ્રુપ જમીન

અંગ્રેજ પું૦ [પો इंग्लेज] ઇગ્લંડનો વતની ૦ણ સ્ત્રી૦ અગ્રેજ સ્ત્રી –જી વિ૦ અગ્રેજ લોકોનુ· અગ્રેજ લોકો સંબધી(૨)સ્ત્રી૦અંગ્રેજોની ભાષા

અંઘેડો પું૦ [જુઓ અઘેડો] એક વનસ્પતિ

અંઘોળ ન૦ [દે अंगोहलि, म] સ્નાન નાહવું તે ૦ડી સ્ત્રી૦ નાનું અઘોળિયુ (૨) અઘોળ કરવાની ઓરડી (૩) તાબાકૂંડી (૪) વરકન્યાને સ્નાન કરાવતા ગવાતું ગીત (૫) વરને સ્નાન કરાવનાર સ્ત્રી ૦વું અ૦ક્રિ૦ નાહવું –ળિયું ન૦ નાહવાનુ પાણી ગરમ કરવાનુ વાસણ (૨) નાહવા બેસવાનું પાટિયુ –ળિયો પું૦ સ્નાન કરાવનાર ચાકર (૨) નાહવાનુ પાણી ગરમ કરવાનું વાસણ

અઘ્રિ પુ૦ [સં] પગ

અચ સ્ત્રી૦ જુઓ આચ (૫)

અંચઈ સ્ત્રી૦જુઓ અણચી.વાકું બોલવું તે જૂઠ

અચલ(-ળ) પું૦ [સં] પાલવ

અંચળવો પુ૦ [સં अंचल] નાના છોકરાને ઓઢાડવાનો ભાતીગળ રૂમાલ(૨)તેલમા બોળી સળગાવેલી દોરડી

અંચળો પુ૦ જુઓ અચળવો

અંજન ન૦ [સં] આજવાનો પદાર્થ, કાજળ; સુરમો [–પાડવું = દીવો કરી તેની મેંશ ભેગી કરવી (અંજન માટે). મેશ પાડવી] ૦શલાકા સ્ત્રી૦ આજવાની સળી

અંજના(-ની) સ્ત્રી૦ [સં] (સ) હનુમાનની માતા ૦પુત્ર, ૦સુત પું૦ (સ) હનુમન –નીગીત ન૦ એક છદ

અંજલિ(-ળિ) સ્ત્રી૦[સં]ખોબો. પોશ(૨)એમા ભરેલું હોય તે (૩)[લા]માન [–આપવી= શ્રાદ્ધ સરાવવુ, તર્પણ કરવુ, મૃતના સ્મરણમા કાઈક કરવુ (૨)યથાશક્તિ ભાગ કે ફાળો આપવો]

અજળ(૦પાણી) ન૦ + જુઓ અન્નજળ, દાણોપાણીનુ નિર્માણ

અંજળિ સ્ત્રી૦ જુઓ અજલિ

અંજામ પુ૦[ફા] અત (૨) પરિણામ

અંજાવવું સ૦ક્રિ૦ 'આંજવુ'નુ પ્રેરક આખમા (અંજન) લગાડાવવુ (૨) 'અજાવુ'નુ પ્રેરક

અંજાવું અ૦ક્રિ૦ તેજને લીધે આખ મીચાઈ જવી (૨) બીજા આગળ ઝાખા પડી જવુ (૩) 'આજવુ'નું કર્મણિ

અંજીર ન૦ [ફા] એક મેવો –રિયું વિ૦ અંજીરના જેવા રંગનું. –રી સ્ત્રી૦અજીરનુ ઝાડ

અંજુમન ન૦ [ફા] મંડળ, સમાજ, જમાત
અંટવાવું અ૦ક્રિ૦ ['આંટો' પરથી ?] વચમાં અવડાયા કરવું (૨) પગમાં દોરડું ભરાવાથી ગબડી પડવું. -ણ સ્ત્રી૦ અંટવાવું તે (૨) અંટવાતી વસ્તુ
અંટસ પું૦ વેર, પાડાખાર
અંટેવાવું અ૦ ક્રિ૦ જુઓ અંટવાવું
અંટેવાળ સ્ત્રી૦ અડચણમાં આવવું તે, નડતર (૨) ગાય ભેંસને દોહતી વખતે પાછલા પગે બાંધવામાં આવતી આંટી [-જો આવવું = (નડાસું) વચ્ચે અડચણમાં આવવું]
અંટોળ વિ૦ જ્યાં ત્યાં અટવાતું, રખડતું (૨) ભારબોજ વિનાનું (૩) નકામું. ૦કાટલું ન૦ ખોટું વજન (૨) [લા] નકામું રખડતું-ક્યાંયે જેનો સમાસ ન થતો હોય એવું માણસ
અંડ ન૦[સં] પેળ, ગોળી (ગુહ્યાંગની) (૨) ઈંડું ૦કટાહ પું૦ સામાન્ય ઈંડાનું અથવા બ્રહ્માંડનું કોચલું. ૦કોશ(-ષ)પું૦ પેળની કોથળી ૦જ વિ૦ ઈંડામાંથી જન્મેલું ૦ભિત્તિ સ્ત્રી૦ ઈંડાનું કોચલું ૦વર્ધ(-ર્ધ)ન ન૦, ૦વૃદ્ધિ સ્ત્રી૦ અંડકોષ મોટો થઈ જવાનો રોગ -ડાકાર, -ડાકૃતિ વિ૦ ઈંડાના આકારનું, લંબગોળ
અંડળ વિ૦ વગર મહેનતનું, હરામનું ૦ગંડળ વિ૦ ખરુંખોટું, એલફેલ
અંડાકાર, અંડાકૃતિ વિ૦[સં] જુઓ 'અંડ'માં
અંડૂસ પું૦ અંડ, ગોળી (ગુહ્યાંગની) (૨) ન૦ સીતાફળ
અંડોળ વિ૦ [સં आंदोल्] ડોલતું, ઝોલા ખાતું (પ)
અંત પું૦ [સં] છેડો, છેવટનો ભાગ (૨) સમાપ્તિ, આખર (૩) હદ, સીમા (૪) મરણ, વિનાશ [-આણવો, લાવવો = પૂરું કરવું (૨) નાશ કરવો -આવવો = પૂરું થવું (૨) નાશ પામવું. -કાઢવો = છેવટ સુધી છોડવું નહિ; બરોબર તપાસીને તાગ મેળવવો (૨) કંટાળો આપવો, પજવવું, દમ કાઢવો -લેવો = અંત કાઢવો (૨) આખર આવે ત્યાં સુધી વળગ્યા રહેવું] ૦ક પું૦ ઘાતક, મારો (૨) કાળ, મરણ (૩) [સં] યમ. ૦કાલ(-ળ) પું૦ આખરનો સમય (૨) મોતની ઘડી ૦કાળિયું વિ૦ અંતકાળ વખતે કામ આવે એવું. ૦વંત વિ૦ નાશવંત ૦વેળા સ્ત્રી૦ મરણકાળ ૦શય્યા સ્ત્રી૦ મરણપથારી
અંતર્ અ૦ [સં] જુઓ 'અંતરો' પછી
અંતર વિ૦[સં] અંદરનું (૨) નજીકનું (૩) ન૦ અંદરનો ભાગ (૪) અંતઃકરણ, મન (૫) અવકાશ, છેટું (૬) વચલો કાળ (૭) તફાવત (૮) ભેદ, જુદાઈ (૯) સમાસને અંતે 'અન્ય', 'બીજું' એવા અર્થમાં ઉદા૦ 'રૂપાંતર' (૧૦) સ્ત્રી૦ ('ખબર' જોડે) સમાચાર ઉદા૦ એની કાંઈ ખબર કે અંતર નથી [-ખોલવું = મનની વાત સાફ કહી દેવી (૨) મનનું ભીતર ઉઘાડું કરવું -પડવું = બે વચ્ચે છેટું રહેવું (૨) તફાવત હોવો (૩) મનમાં જુદાઈ આવવી -રાખવું = જુદાઈ ગણવી, મન મૂકીને ન વર્તવું, પરાયું માનવું ]૦ ચિહ્ન ન૦ બે વચ્ચે અંતર-તફાવતનું ∽ આવું ચિહ્ન ( ∽ ). ૦છાલ સ્ત્રી૦ અંદરની છાલ ૦જકાત સ્ત્રી૦ દેશની અંદર આવતા માલ ઉપર લેવાતી જકાત ૦જામી [સં यामी] વિ૦ (૨) પું૦ જુઓ અંતર્યામી ૦જ્ઞ વિ૦ અંદરની વાત જાણનાર ૦તમ વિ૦ છેક અંદરનું ૦તર વિ૦ વધારે અંદરનું. ૦દૃષ્ટિ સ્ત્રી૦ અંદર-આત્મા તરફ વળેલી દૃષ્ટિ ૦નાદ પું૦ અંતઃકરણનો અવાજ. ૦પટ ન૦ આડું કપડું તે-પડદો ૦બાહ્ય વિ૦ અંદરનું ને બહારનું ૦વાસિયું [સં वासस्] ન૦ શ્રાદ્ધ સરાવતા ખભા ઉપર નાખવાનો લૂગડાનો કકડો. ૦વૃત્તિ સ્ત્રી૦ અંતઃકરણની ઇચ્છા, મનોભાવ -રાઈ સ્ત્રી૦ અંતર, છેટું (૨) જુદાઈ
અંતરવેલ સ્ત્રી૦ એક વેલ, અમરવેલ
અંતરસ ન૦[જુઓ અંતગશ] પાણી કે ખોરાકનું શ્વાસનળીમાં પેસી જવું તે, અંતગશ
અંતરવાસિયું ન૦ જુઓ 'અંતરમાં'
અંતરવાસો ન૦ [સં अंतर+वासस्] વિવાહ વગેરે શુભકામોમાં વિધિ વખતે પાઘડીનો છેડો કાઢવામાં આવે છે તે [-કરવો]
અંતરાઈ સ્ત્રી૦ જુઓ 'અંતર'માં
અંતરાત્મા પું૦ [સં] જુઓ 'અંતર'માં

**અંત**॰ [સ] શબ્દની પૂર્વે 'અંદરનું', 'વચમાં' એવા અર્થમાં **૦કરણ** નં૰ જ્ઞાન, સુખાદિના અનુભવનું સાધન, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર એ પદોથી ઓળખાતી અંદરની ઇંદ્રિય (૨) અંતર, હૃદય, 'કૉન્શ્યન્સ' [–ના ક્ષાળા=અંતરનો બળાપો કે ચિંતા –નો ધક્કો=ભારે જબરો આઘાત, મોટું મર્મસ્પર્શી દુઃખ] **૦કેંદ્ર** નં૰ અંદરનું મધ્યબિંદુ, 'ઇનસેન્ટર' (ગ) **૦કોણ** પું૰ 'ઇન્ટીરિયર ઍન્ગલ' (૨) 'ઇન્ટર્નલ ઍન્ગલ'(ગ) **૦કોપ** પું૰ આંતરિક તોફાન (૨) દિલની અંદરનો ગુસ્સો **૦ક્ષોભ** પું૰ આંતરિક ક્ષોભ–અશાંતિ **૦પંચક** નં૰ મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, અને જીવ એ પાંચનું જૂથ **૦પાત** પું૰ (શબ્દનું) વચ્ચે આવવું–પડવું તે (વ્યા) **૦પાતી** વિ૰ વચ્ચે આવેલું **૦પુર** નં૰ જનાનખાનું **૦પુરિકા** સ્ત્રી૰ અંતઃપુરની સ્ત્રી **૦પ્રવાહ** પું૰ અંદરનો –છૂપો પ્રવાહ **૦પ્રકૃતિ** સ્ત્રી૰ મૂળ સ્વભાવ (૨) રાજાનો ખાનગી વજીર **૦પ્રવેશ** પું૰ અંદરના ભાગમાં દાખલ થવું તે **૦પ્રવેશી** વિ૰ અંતઃપ્રવેશ કરતું. **૦પ્રેરણા** સ્ત્રી૰ જુઓ સહજબુદ્ધિ **૦શત્રુ** પું૰ અંદરનો–ઘરનો માણસ છતાં શત્રુ (૨) હૃદયમાં રહેલો દુશ્મન (કામ ક્રોધાદિ) **૦શલ્ય** પું૰, નં૰ અંદરનું–છૂપું શલ્ય **૦શાસ્તા** પું૰ અંદરનો શાસ્તા–અંતરાત્મા, ધર્મબુદ્ધિ **૦સત્ત્વા** વિ૰ સ્ત્રી૰ સગર્ભા **૦સુખ** નં૰ આંતરિક સુખ **૦સ્થ** વિ૰ જુઓ અંત(–ત)સ્થ **૦સ્થલ** (–ળ) નં૰ અંદરનું—મર્મસ્થળ **૦સ્ફૂર્તિ** (–ર્તિ) સ્ત્રી૰ આંતરિક સ્ફૂર્તિ **૦સ્વરૂપ** નં૰ આંતરિક—અંદરનું સ્વરૂપ

**અંતિક** વ૰ [સ] પાસેનું, નજીકનું

**અંતિમ** વિ૰ [સ] છેલ્લું, છેવટનું (૨) સામે છેડે હોય એવું, જહાલ **૦તા** સ્ત્રી૰

**અંતિયું** વિ૰ [સ અંત] છેલ્લું, છેવટનું અંતે આવેલું (૨)[લા] બહુ જ ખિજાયેલું, મરણિયું; જીવ ઉપર આવેલું [અંતિયાં કરવાં=ખિજાઈ કે કાયર થઈને છાકિયા કરવા (૨) મરણિયા થઈને વર્તવું]

**અંતીપંતી** સ્ત્રી૰ એક રમત

**અંતે** અ૰[સ] છેવટે; આખરે

**અંતેવાસી** વિ૰ [સ] પાસે રહેનારું (૨) પું૰ (ગુરુની સમીપ રહેનાર) શિષ્ય

**અંત્ય** વિ૰[સ] છેવટનું, છેલ્લું. **૦કર્મ** નં૰, **૦ક્રિયા** સ્ત્રી૰ અગ્નિસંસ્કાર **૦ગમન** નં૰ શ્રેષ્ઠ વર્ણની સ્ત્રીનો કનિષ્ઠ વર્ણના પુરુષ સાથેનો સંબંધ. **૦જ** વિ૰ પંચમ વર્ણનું, અસ્પૃશ્ય ગણાતી વર્ણનું (૨) પું૰ એ વર્ણનો માણસ **૦જાશ્રમ** પું૰ અંત્યજોને રહેવા તથા કેળવણી લેવાની સંસ્થા **૦જોદ્ધાર** પું૰ અંત્યજનો ઉદ્ધાર **૦ત્વ** નં૰ **૦પદ** નં૰ ગુણોત્તરનું અંત્ય પદ (ગ) **૦યમક** પું૰ છેવટના અક્ષરોનો યમક–પ્રાસ **–ત્યાક્ષર** પું૰ અંત્ય — છેલ્લો અક્ષર **–ત્યાક્ષરી** સ્ત્રી૰ બોલાયેલી કવિતાના છેલ્લા અક્ષરથી શરૂ થતી બીજી કવિતા બોલવાની રમત **–ત્યાનુપ્રાસ** પું૰ અંતે આવતો અનુપ્રાસ **–ત્યાવસ્થા** સ્ત્રી૰ છેલ્લી–આખરની સ્થિતિ (૨) ઘડપણ **–ત્યાશ્રમ** પું૰ અંત્ય આશ્રમ–સંન્યસ્તાશ્રમ **–ત્યાશ્રમી** વિ૰ સંન્યાસી **–ત્યેષ્ટિ** સ્ત્રી૰ અંત્યક્રિયા [જાળુ

**અંત્ર** નં૰ [સ] આંતરડું. **૦જાળ** સ્ત્રી૰ આંતરડાનું

**અંદર** અ૰ [ફા] માં, મહીં **૦ખાને**, **૦થી** અ૰ અંદરથી, છૂપી રીતે

**અંદાજ** પું૰ [ફા.] અડસટ્ટો, શુમાર, આશરો [–કાઢવો=અડસટ્ટાનો હિસાબ કરવો—તેનો આશરો મેળવવો શુમારે કેટલું તે જોવું, અનુમાન કરવું –લેવો=કસી જોવું, અજમાવવું, જેથી અંદાજ મળે –હોવો=મર્યાદા હોવી, આશરે કાંઈક નક્કી હદ હોવી] **૦પત્ર**, **૦પત્રક** પું૰, નં૰ (વ્યક્તિ કે સંસ્થાના) વાર્ષિક આવક અને ખર્ચનો અંદાજી હિસાબ બતાવતું કાગળિયું, 'બજેટ' **–જી** વિ૰ અંદાજથી નક્કી કરેલું [સાકળ

**અંદુ(–દૂ)ક** સ્ત્રી૰ [સ] હાથીને પગે બાંધવાની

**અંદેશ(–શો)** પું૰ [ફા] સંદેહ, વહેમ [–આવવો, જવો=સંદેહ પેદા થવો, વહેમ પડવો –આણવો, લાવવો=શંકા કરવી,

વહેમાવુ –રાખવો=મનમા વહેમ ધારણ કરવો વહેમાયા કરવુ ]
**અંદોલન** ન૦ [सं] આંદોલન –વું સ૦ક્રિ૦ [सं. अदोलय्: प्रा. अदोल] હીંચોળવુ, ઝુલાવવું
**અંધ** વિ૦ [सं.] આંધળુ (૨) [લા] વગર સમજતુ, વિવેકહીન ૦ક વિ૦ ઝાંખુ, ઝળઝળુ (૨) ફીકું (૩) પુ૦ (સં) એક રાક્ષસ. **૦કાર** પું૦ અંધારુ **૦કૂપ** પુ૦ અંધારો કૂવો (૨) ઝાડ ઝાખર કે બીજે કારણે ન દેખાવાથી ફસાઈ પડાય એવો કૂવો (૩) [સં] એક નરક **૦તા** સ્ત્રી૦, **૦ત્વ** ન૦ આંધળાપણુ **૦તામિસ્ર** પુ૦ પૂર્ણ અંધકાર (૨) અજ્ઞાન **૦પરંપરા** સ્ત્રી૦ આંધળાઓની હાર (જોયા વિચાર્યા વિના ચાલનારાઓની મંડળી) **૦પૂજા** સ્ત્રી૦ આંધળી પૂજા. **૦પરંપરાન્યાય** પુ૦ જોયા વિચાર્યા વિના આંધળાઓની પેઠે એકની પાછળ બીજાએ ગાડરિયા પ્રવાહે ચાલવુ તે ન્યાય **૦પંગુન્યાય** પુ૦ આંધળો ને પાંગળો પરસ્પર સહાયથી કામ ઉકેલે એવો ન્યાય **૦ભક્તિ** સ્ત્રી૦ આંધળી–વગર સમજની ભક્તિ **૦શ્રદ્ધા** સ્ત્રી૦ આંધળી–વગર સમજની શ્રદ્ધા **૦હસ્તીન્યાય** પુ૦ હાથીનો પગ જોનાર આંધળો એને થાંભલા જેવો કલ્પે, કાન જોનાર સૂપડા જેવો કલ્પે, એવો ન્યાય
**અંધરાવું** અ૦ક્રિ૦ જુઓ અંધારવુ
**અંધશ્રદ્ધા** સ્ત્રી૦ [सं] જુઓ 'અંધ'મા
**અંધાધૂની** સ્ત્રી૦ જુઓ અંધાધૂંધી
**અંધાધૂંધ(–ધી)** સ્ત્રી૦ [हि म अंधाधुंध] અરાજકતા, અતિશય અવ્યવસ્થા
**અંધાપો** પુ૦ આંધળાપણુ
**અંધાર** પુ૦ [सं अंधकार] અંધારુ **૦કાળુ** વિ૦ અંધારા જેવું કાળું **૦કોટ** પુ૦ વરસાદનો ગોરંભો, એથી થતુ અંધારું **૦કોટડી** સ્ત્રી૦ અંધારી ઓરડી (૨) તુરંગ કેદખાનુ **૦પછેડી** સ્ત્રી૦, **૦પછેડો** પુ૦ જે ઓઢવાથી અદૃશ્ય કે અછતુ રહેવાય એવું (કાળુ કે જાદુઈ) વસ્ત્ર (૨) [લા] ગુપ્ત કે અજ્ઞાત રહેવુ તે [–ઓઢવી.–વો, **પહેરવો**=ગુપ્ત કે અજ્ઞાત થઈ જવુ (જાદુથી કે કાળું વસ્ત્ર પહેરી લઈને) **–ઓઢાડવો**= સામાને ભૂરકી નાંખવો ભ્રમમા નાખવો કે જેથી બીજુ સૂઝી ન શકે, ખરી સૂઝ પડવા ન દેવી ] **૦પટો** પુ૦ આંખે બાંધવાનો પટો અંધારી (૨) એવી એક રમત **૦પિછોડી** સ્ત્રી૦, **૦પિછેડો** પુ૦ જુઓ અંધારપછેડી **૦વું** અ૦ક્રિ૦ વાદળાથી આકાશ ઘેરાવુ–ઘનઘોર થવુ **–રાં** ન૦ બ૦વ૦ આંખ સ્પષ્ટ ન દેખી શકે તેવુ થવુ તે, ચક્કર તમ્મર [**–આવવાં**=ન દેખાવુ; તમ્મર આવવાં **–ઉલેચવાં**=(પ્રકાશ મેળવવા) મિથ્યા પ્રયત્ન કરવો ] **–રિયુ** વિ૦ અંધારાવાળુ (૨) ન૦ જેમા ચંદ્ર ન દેખાય એવુ પખવાડિયુ, કૃષ્ણપક્ષ **–રિયું અજવાળિયુ** ન૦ એક રમત. **–રી** સ્ત્રી૦ આંખ-ઢાંકણી. આંખનો દાબડો (૨) સોનીનુ એક ઓજાર (૩) ભૂરકી (૪) તમ્મર (૫) જેલની અંધારી કોટડી કે તેમા પૂરી રાખવાની સજા
**અંધારું** ન૦ [सं अंधकार] પ્રકાશનો અભાવ, ન દેખાય તેવી પ્રકાશની સ્થિતિ (૨) [લા] અવ્યવસ્થા, અંધેર (૩) ગુપ્તતા અપ્રસિદ્ધિ (૪) અજ્ઞાન (૫) વિ૦ અંધારાવાળુ પ્રકાશ વિનાનું [**–રામાં કુટાવું**=ન દેખાવા–સમજાવાથી ફોગટ ફાંફાં મારવા, અથડાવુ **–રામાં જવું**= ધ્યાન બહાર કાંઈ બનવુ, જેથી અજાણ રહીએ **–રામા રહેવું**=અજ્ઞાન રહેવુ (૨) જાહેરમા ન આવવું અપ્રસિદ્ધ કે ગુપ્ત રહેવુ (**–રામાં રાખવું** તેના પ્રેરક અર્થમા) **અંધારાં ઉલેચવાં** જુઓ 'અંધાર'મા **–કરવું**=અંધારું થાય કે પડે એમ વર્તવુ **–થવું**=રાત પડવી **–પડવું**=(પ્રકાશ વચ્ચે કાંઈ આવવાથી) અંધારું થવુ. પ્રકાશ આવતો રોકાવો **–મૂકવું**=(પ્રકાશ વચ્ચેથી) ખસવુ જેથી અજવાળુ આવે. **–વળવું**=અંધકાર કે અંધેર ફેલાવુ ]
**અંધારું ઘોર** વિ૦ (૨) ન૦ ખૂબ ઘાડું અંધારું
**અંધું** વિ૦ [सं अंध] આંધળુ **–ધેસૂલ** વિ૦ હૈયાફૂટું
**અંધેર** ન૦ [सं अंधकार] અવ્યવસ્થા, અરાજકતા **–રી (૦નગરી)** સ્ત્રી૦ (સં) અરાજકતાના ધામરૂપ એક કલ્પિત નગરી. સાવ અંધાધૂંધી
**અંબ** ન૦ [सं अंबु] પાણી
**અંબ** સ્ત્રી૦ [सं] અંબા, મા, દેવી

અંબટ વિ૦ [મ ;સ अम्ल] ખાટું
અંબર ન૦ [મ] આકાશ (૨) વસ્ત્ર (૩) કસબી બુટ્ટાવાળી રેશમી સાડી (૪) એક સુગંધી પદાર્થ
અંબરીષ પુ૦ [મ] (સ ) વિષ્ણુના અનન્ય ભક્ત તરીકે પ્રસિદ્ધ સૂર્યવંશી રાજા
અંબષ્ઠ પુ૦ [મ] બ્રાહ્મણથી વાણિયણને થયેલો પુત્ર (૨) મહાવત
અંબળાવું અ૦ ક્રિ૦ જુઓ અમળાવું
અંબા સ્ત્રી૦ [સ] મા (૨) [સ ] દુર્ગા ૦જી સ્ત્રી૦ (સ ) અંબા ભવાની કે એમનું ધામ આબુ ૦ભવાની સ્ત્રી૦ (સ ) એક દેવી
અંબાટ પુ૦ [જુઓ અંબાવું] ખાટા પદાર્થની દાંતને થતી અસર
અંબાડ પુ૦ (કા ) અંબાટ (૨) આંખમાં તીવ્ર ઔષધ નાખ્યા પછી અમુક વખત સુધી તેની જે અસર પહોંચે છે તે
અંબાડાં ન૦બ૦વ૦ [સ. आम्रातक, પ્રા अंबाडग] એક જાતનાં ખાટાં ફળ [કિઆડિયું
અંબાડિયું ન૦ ઝાડાનો ઢગલો (૨) જુઓ
અંબાડી સ્ત્રી૦ [મ] એક (ખાટા પાનની) ભાજી
અંબાડી સ્ત્રી૦ [અ अम्मारी] હાથી ઉપરની બેઠક ૦નશીન વિ૦ અંબાડી પર બેઠેલું
અંબાડો પુ૦ [મ, हि अवडा, જુઓ 'અંબાડા'] ભીડી
અંબાર પુ૦ [અ इंबार] ઢગલો, ભંડાર
અંબાલિકા સ્ત્રી૦ [સ] (મ ) પાંડુ રાજાની માતા ‑કેય પુ૦ (સ ) પાંડુ [ખટાઈ જવું
અંબાવું અ૦ ક્રિ૦ [સ अम्ल, પ્રા अंब]
અંબિકા સ્ત્રી૦ [સ] (સં ) અંબા ભવાની (૨) ધૃતરાષ્ટ્રની માતા ‑કેય પુ૦ (સ ) ધૃતરાષ્ટ્ર
અંબુ ન૦ [સ] પાણી. ૦જ વિ૦ પાણીમાં ઊપજેલું (૨) ન૦ કમળ (૩) પું૦ ચંદ્ર ૦જા સ્ત્રી૦ લક્ષ્મી ૦દ. ૦ધર, ૦વાહ પુ૦ વાદળ ૦ધિ, ૦નિધિ, ૦રાશિ પુ૦ સમુદ્ર ૦રુહ ન૦ કમળ
અંબોટી ન૦ એક વનસ્પતિ
અંબોડિયું ન૦ જુઓ આંબોળિયું
અંબોડો પુ૦ [દે अम्मोड] માથાના કેશની પાછળ વાળવામાં આવતી ગાંઠ [‑લેવો = અંબોડો ગૂંથીને બાંધવો ‑વાળવો = અંબોડાની ગાંઠ બાંધવી ] ‑ડી સ્ત્રી૦ નાનો અંબોડો ‑રડો પુ૦ (૫) અંબોડો
અંબોળવું સ૦ ક્રિ૦ ખટાશ લગાડવી (૨) ઉમેરવું, વધારવું
અંભ ન૦ [સ] અભ્ર, પાણી ‑ભોજ, ‑ભોરુહ ન૦ કમળ ‑ભોદ, ‑ભોધર પુ૦ વાદળ ‑ભોધિ, ‑ભોનિધિ પુ૦ સમુદ્ર, અબ્ધિ
અંભાં અ૦ (રવ૦) (ગાય‑વાછરડાનું બોલવું)
અંભોજ,‑રુહ,‑દ,‑ધર,‑ધિ, ‑નિધિ [સ] જુઓ 'અંભ'માં
અંશ પું૦ [સ] ભાગ (૨) વર્તુલનો ૩૬૦મો ભાગ (૩) અપૂર્ણાંકમાં લીટી ઉપરનો અંક, પૂર્ણ સંખ્યાના છેદમાંથી લીધેલા વિભાગ (૪) વાદી જે હેવો જોઈએ એવો ગ્રહનામક સ્વર (સંગીત) ૦ક પું૦ ભાગિયો (૨) વારસ ૦તઃ અ૦ કાંઈક અંશે, અમુક દરજ્જે ૦પતિ પુ૦ વારસ (૨) અંશાવતાર ૦ભાગી વિ૦ અંશ‑ભાગ લેવાના અધિકારવાળું, ભાગ પડાવનારું (૨) પુ૦ એવો માણસ ૦ભૂત વિ૦ અંશરૂપ ‑શાવતાર પુ૦ જેમાં ઈશ્વરની વિભૂતિનો માત્ર અંશ હોય તેવો અવતાર ‑શાંશ પુ૦ ભાગનો ભાગ ‑શાંશીભાવ પુ૦ અવયવ અને અવયવીનો સંબંધ (વ્યા ) ‑શિક વિ૦ થોડું, થોડા ભાગનું ‑શી વિ૦ અંશવાળું (૨) ભાગ પડાવનારું ભાગિયું (૩) અવયવી, ભાગવાળું ‑શીજન પું૦ દેવાંશી માણસ
અંશુ ન૦ [સ] કિરણ ૦માન(‑લી) પુ૦ સૂર્ય
અંશુક ન૦ [સ] ઝીણું કપડું (૨) રેશમી કપડું
અંસ પુ૦ [સ] ખભો
અંહ અ૦ (રવ૦) કરડાકી, ક્રોધ કે ખુમારીનો ઉદ્ગાર

# આ

**આ** પું૦ [સ] સંસ્કૃત કુટુંબની વર્ણમાળાનો બીજો અક્ષર—એક સ્વર (૨) વ્યંજનથી શરૂ થતા શબ્દની પૂર્વે '–ની શરૂઆતથી' કે '–એટલે સુધી' એવા અર્થમાં અ૦ બનાવે ઉદા૦ 'આજન્મ' 'આકંઠ' (૩) ઉપસર્ગ ઓછાપણું, અલ્પતા બતાવે ઉદા૦ આકંપ ઊલટાપણું બતાવે ઉદા૦ આગમન '–ની તરફ, –ની પાસે' એવા અર્થમાં ઉદા૦ 'આકર્ષણ' 'ચારે તરફ' એવા અર્થમાં ઉદા૦ 'આવર્ત' 'ઉપર એવા અર્થમાં ઉદા૦ આરોહ (૪) સંસ્કૃત વ્યાકરણ પ્રમાણે અકારાન્ત વિ૦નું વિ૦ સ્ત્રી૦ રૂપ બનાવે ઉદા૦ સુશીલ–લા **૦કાર** પું૦ 'આ' અક્ષર કે ઉચ્ચાર **૦કારાન્ત** વિ૦ અંતે આકારવાળું

**આ** સ૦ (૨) વિ૦ [स अयम्] 'નજીકનું', 'બતાવેલું તે'—નિર્દિષ્ટ—એવા અર્થનું દર્શક સર્વનામ કે વિશેષણ

**–આ** અંકને છેડે લાગતાં તે અંકના (પું૦ બ૦ વ૦ માં) 'આંક કે ઘડિયો' એ અર્થ બતાવે છે ઉદા૦ એકા, દૂયા, તરિયા, અગિયારા, વીસા વગેરે

**આ** અ૦ (ર૦) મોઢું ઉઘાડવાનો સામાન્ય અવાજ ('આ આ કરતો રહી ગયો')

**આઇતવાર** પું૦ [જુઓ આદિત્યવાર] રવિવાર

**આઇસ** પું૦ [इं] બરફ **૦ક્રીમ** પું૦ ખાંડ, મસાલો વગેરે નાખીને બરફ વડે ઠારેલા (દૂધ, આમરસ વગેરે) પ્રવાહીની વાની

**આઈ** સ્ત્રી૦ [म, स आर्या?] મા (૨) દાદી (૩) દેવી **૦જી** સ્ત્રી૦ સાસુ

**–આઈ** પ્રત્યય. વિ૦ ઉપરથી (સ્ત્રી૦) ભાવવાચક નામ બનાવે છે ઉદા૦ મોટાઈ, ગરીબાઈ, લંબાઈ (૨) ક્રિ૦ પરથી પણ બનાવે છે ઉદા૦ લડવું–લડાઈ, છાપવું–છપાઈ વગેરે

**આઈન** પું૦ [फा] કાયદો

**આઈન** પું૦ [फा आईनह्] આયનો, અરીસો

**આઈન** પું૦ [म] એક ઝાડ (સાદડો) જેનું ઇમારતી લાકડું થાય છે [स. अर्जुन]

**આઉ** ન૦ બાવલું, અડણ

**આઉ** પ્રત્યય [स आलु?] ક્રિ૦ પરથી (તે ક્રિયાના ગુણવાળું એવા અર્થનું) વિ૦ બનાવે છે ઉદા૦ ટકાઉ, ઉપજાઉ, કમાઉ

**આક, ૦ડો** પું૦ [स. अर्क] એક વનસ્પતિ. **૦ડિયું** વિ૦ આકડાનું (૨) ન૦ આકડાનું રૂ (૩) આકડાનું દૂધ એકઠું કરવાનું શિંગડું **૦ડી** સ્ત્રી૦ આકડાની એક જાત [**આકડાનાં તૂર ઊડી જવાં કે તેની પેઠે ઊડી જવું**= જોતજોતામાં–જરા વારમાં ખગબ કે પાયમાલ થઈ જવું, નાશ પામવું, ખતમ થઈ જવું **આકડા વાવવા**=કજિયો કે અણબનાવ કર્યા કરવો **આકડી પરણાવવી**=ત્રીજી વારનું લગ્ન અશુભ મનાતું હોવાથી ને 'ચોથી ચોક પૂરે' એમ ચોથું શુભ ગણાવાથી. ત્રીજા લગ્ન વખતે તેના અવેજમાં આકડી સાથે નામનું લગ્ન કરવું, જેથી ખરું લગ્ન ચોથે નંબરે આવે]

**આકએકલી** સ્ત્રી૦ (કા) એક રમત

**આકર** પું૦ [स] ખાણ (૨) જથો, સમૂહ **૦ગ્રંથ** પું૦ આકરરૂપ પ્રમાણભૂત ગ્રંથ

**આકરણ** સ્ત્રી૦ [स आकृ?] બૂમ પાડી–ઘાંટો પાડીને બોલાવવું તે

**આકરું** વિ૦ [आ+कटु?] તીવ્ર, સખત, અસહ્ય (૨) કઠણ· મુશ્કેલ (૩) આકળું ગરમ સ્વભાવનું (૪) ભાવમાં આકરું, મોંઘું [**–પડવું**=સખત કે વસમું કે મોંઘું લાગવું **આકરો રૂપિયો**=હલકા ભેગવાળો રૂપિયો]

**આકર્ણ** અ૦ [स] કાન સુધી

**આકર્ષ** પું૦ [स] ખેંચાણ (૨) કસોટી (૩) પાસા રમવા તે, જુગાર (૪) લોહચુંબક **૦ક** વિ૦ ખેંચાણ કરે તેવું (૨) મોહક **૦ણ** ન૦ ખેંચાણ (૨) મોહ **૦ણી** સ્ત્રી૦ અંકોડી આકડાવાળી લાકડી **૦વું** સ૦ ક્રિ૦ ખેંચવું (૨) મોહ પમાડવું **–ર્ષિત** વિ૦ આકર્ષિયેલું **–ર્ષી** વિ૦ આકર્ષક

**આકલન** ન૦ [स] ગ્રહણ કરવું પકડવું તે (૨) કળવું–સમજવું તે (૩) ગણવું તે. **૦શક્તિ**

સ્ત્રી૦ આકલવાની શક્તિ -વું સ૦ ક્રિ૦ [सं आकल्] આકલન કરવું

**આકલિત** વિ૦[सं] જણાયેલું, સમજાયેલું (૨) પકડાયેલું (૩) અટક લીધેલું, ગૂંથાયેલું

**આકલ્પ** અ૦[सं] એક કલ્પ – ચારે યુગ લગી

**આકષ** પુ૦ [सं] કસોટીનો પથરો [કાચુંકોરું

**આકસબાકસ** ન૦ આ તે, ગમે તે, પરચૂરણ(૨)

**આકસ્મિક** વિ૦ [सं] ઓચિંતું, અણધાર્યું, અકસ્માત બનતું [ગભરાયેલું

**આકળવિકળ** વિ૦ [सं आकुलव्याकुल]

**આકળું** વિ૦ [सं आकुल] અધીરું, ઉતાવળું (૨) ઝટ ગુસ્સે થઈ જાય એવા સ્વભાવનું -ળાશ સ્ત્રી૦ આકળાપણું, અધીરાઈ

**આકંઠ** અ૦ [सं] ગળા સુધી

**આકંપ** પુ૦[सं] સહેજ ધ્રુજારી ૦ન ન૦ સહેજ ધ્રૂજવું તે -પિત વિ૦ સહેજ ધ્રૂજતું

**આકા(-ગા)** પુ૦ [अ] શેઠ [ઊકડું

**આકાડો(-ડો)ડી** સ્ત્રી૦ [આક+ડોડી] આકડાનું

**આકાર** પુ૦ [सं] આકૃતિ, ઘાટ (૨) જુઓ 'આ'માં (૩) વિગતી (૪) શુમાર ૦ક વિ૦ [सं] આમંત્રણ આપતું, નોતરનારું ૦ણું સ્ત્રી૦ બોલાવવું તે હાક ૦ણી સ્ત્રી૦ જમાબંધી, આકણી (૨) કિંમત કરવી તે (૩) આક પાડવાનું અંતર ૦વું સ૦ક્રિ૦ મૂલવવું (૨) અડસટ્ટો કાઢવો (૩) જમીનની માપણી કરવી (૪) ઉધારવું ૦સૌષ્ઠવ ન૦ આકારની સુંદરતા -રી વિ૦ આકારવાળું (૨) [લા] દેહધારી

**આકાશ** ન૦[सं] ખાલી શૂન્ય સ્થાન, પોલાણ, 'સ્પેસ'(૨)ગગન, આસમાન [**-ચડી આવવું**= વાદળાં ઘેરાવાં (૨) [લા] દુઃખનાં વાદળ ઘેરાવાં **આકાશના તારા ઉખાડવા, ઉતારવા**= ભારે ઉધમાત કે ઊથલપાથલ કરવી **આકાશના તારા માગવા** = અશક્ય માગણી કરવી **-નાં પંખી ઝાલવાં** = અશક્યને શક્ય કરવું. **-ની સાથે વાતો કરવી, -ને અડવું** = ખૂબ ઊંચું હોવું **-માં ઊડવું**= અલોપ થઈ જવું (૨) નકામું જવું (૩) ખૂબ ફુલાવું (૪) અતિ ઊંચા, અશક્ય, ગગનવિહારી વાત કે કલ્પના કરવી **-મા ચડવું, જઈ પહોંચવું**=ખૂબ ફુલાવું (૨) કલ્પનામાં કે વાતમાં ખૂબ ચગવું–આકાશમાં ઊડવું **આકાશમાં કે આકાશે ચડાવવું**=ખૂબ વધારેપડતાં વખાણ કરવાં **-માં ચંદરવો બાંધવો**= દેશ દેશમાં નામના કરવી. **આકાશ પાતાળ એક કરવું** = મહા ભગીરથ પ્રયત્ન કરવો, કરવામાં કાંઈ બાકી ન રાખવું (૨) ગજબ કરવો, ભારે ઊથલપાથલ કરવી **આકાશ પાતાળ એક થઈ જવું**=પ્રલય થવો (૨) ગજબ થવો, મોટી આફત આવી પડવી **(કોઈને) આકાશ પાતાળ એક હોવું**=ભારે મગરૂર હોવું, જમીનથી અધ્ધર ચાલતા હોવું **આકાશ પાતાળ ફરી વળવું**=દુઃખે ઘેરાઈ જવું, આકાશ પાતાળ એક થઈ જવું **આકાશ હેઠે આવવું**=અશક્ય શક્ય બનવું] **૦કક્ષા** સ્ત્રી૦ ક્ષિતિજરેખા **૦કલ્પ** વિ૦ આકાશ જેવું (૨) પુ૦ બ્રહ્મ **૦કુસુમ** ન૦ (લા) અસંભવિત વાત **૦કુસુમવત્** વિ૦ (૨) અ૦ અસંભવિત **૦ગમન** ન૦ આકાશમાં જવું તે **૦ગંગા** સ્ત્રી૦ આકાશમાં રાતે અસંખ્ય ચાંદરણીઓનો જે લાંબો સફેદ, ચળકતો પટ દેખાય છે તે **૦ગામી** વિ૦ આકાશમાં ફરનારું (૨) દિવ્ય **૦ચલ્લી** સ્ત્રી૦ આકાશમાં ઊંચે જવાથી કોઈ મોટી ચીજ ઘણી જ નાની દેખાય છે તે (૨) મદારીની એક રમત (૩) એક પક્ષી **૦દીપ(-વો)** પુ૦ માણેકઠારી પૂનમથી દેવદિવાળી સુધી ઝાડ ઉપર કે અગાસીમાં ઊંચા થાંભલા ઉપર લટકાવાતો દીવો (૨) અધ્ધર લટકતો દીવો **૦પથ** પુ૦ આકાશનો માર્ગ **૦ભાષણ** ન૦ આકાશ સામું જોઈને ઈશ્વરને ઉદ્દેશી કાંઈ બોલવું તે, ઈશ્વરપ્રાર્થના **૦ભાષિત** ન૦ રંગભૂમિ બહારની કોઈ વ્યક્તિ સાથે જાણે વાત કરતો હોય તે રીતે નટે કરેલી ઉક્તિ **૦મંડલ(-ળ)** ન૦ પૃથ્વી ઉપરથી દેખાતું આખું આકાશ, ખગોળ **૦માર્ગ** પુ૦ આકાશમાંનો રસ્તો **૦મુનિ** પુ૦ ઊંચું મોઢું રાખી તપ કરનાર (૨) ઊંટ **૦યાન** ન૦ વિમાન. **૦વલ્લી** સ્ત્રી૦ એક વનસ્પતિ, અમરવેલ **૦વાણી** સ્ત્રી૦

દેવવાણી (૨) રેડિયોની વાણી. ૦વાસી વિ૦ આકાશમાં રહેનારુ (૨) પુ૦ દેવ ૦વેલ સ્ત્રી૦ આકાશવલ્લી ૦વૃત્તિ વિ૦ વરસાદ ઉપર જ જેના જીવનનો આધાર હોય તેવું (૨) સ્ત્રી૦ અસ્થિર પેદાશવાળો ધંધો (૩) ઈશ્વર આપે તે ઉપર ગુજારો કરવો તે ૦સ્થ વિ૦ આકાશમાં રહેલું ૦સ્ફટિક પુ૦ કરા -શિકા સ્ત્રી૦ અગાસી -શિયું વિ૦ જેના પાકનો આધાર વરસાદ ઉપર હોય એવું (૨) ન૦ ઘઉંની એક જાત -શી વિ૦ આકાશનું (૨) દિવ્ય

**આકાંક્ષા** સ્ત્રી૦ [सं] ઇચ્છા, આશા (૨) [વ્યા] સાંભળનારને બીજા પદની અપેક્ષા રહે એવી પ્રથમ પદની અપૂર્ણતા -ક્ષિત વિ૦ ઇચ્છેલું. -ક્ષી વિ૦ આકાંક્ષા રાખનારુ

**આકીન** પુ૦, ન૦ [अ यक़ीन] શ્રદ્ધા ૦દાર વિ૦ આકીનવાળું

**આકીર્ણ** વિ૦[सं] વ્યાપ્ત, પથરાયેલું (૨) સંકુલ

**આકુલ(-ળ)** વિ૦ [सं] અસ્વસ્થ, ગભરાયેલું ૦તા સ્ત્રી૦ ૦વ્યાકુલ(-ળ) વિ૦ ખૂબ ગભરાયેલું

**આકુંચન** ન૦ [सं] સંકોચ

**આકુંચિત** વિ૦ [सं] સંકુચિત

**આકૂત** ન૦ [सं] ઇરાદો, આશય, વિચાર

**આકૂર** ન૦ (ફા) શક્તિ, તાકાત (૨) સ્ફૂર્તિ, ચેતના

**આકૂલું** ન૦ આકડાનું જીંડવું, આકડોડી

**આકૃત** વિ૦ [सं] (સમાસમાં) આકારનું ઉદા૦ મકરાકૃતકુંડળ -તિ સ્ત્રી૦ આકાર (૨) મૂર્તિ (૩) રેખાથી દોરેલો આકાર

**આકૃષ્ટ** વિ૦ [सं] આકર્ષેલું, ખેંચેલું

**આકેબત** સ્ત્રી૦ [अ. आक़िबत] અંત, આખર

**આકેલ** વિ૦ [अ आक़िल] અક્કલવાળો

**આક્રમ** પું૦ [सं] પરાક્રમ (૨) ચઢવું તે (૩) પગરણ (૪) આગ્રહ (૫) ધોરણસર ચાલવાનો માર્ગ. ૦ક વિ૦ આક્રમણ કરનાર ૦ણ ન૦ ચડાઈ, હુમલો (૨) પરાક્રમ (૩) ઉત્કર્ષ ૦ણશીલ, ૦ણાત્મક વિ૦ આક્રમણ કરવાના સ્વભાવવાળું- 'ઍગ્રેસિવ' [આક્રંદ કરતું

**આક્રંદ** ન૦ [सं] રુદન, વિલાપ -દિત વિ૦

**આક્રાંત** વિ૦ [सं] ઘેરી લીધેલું; જીતી લીધેલું (૨) પગ નીચે ચાંપેલું (૩) ઓળંગેલું

**આક્રોશ** પુ૦ [सं] ઘાંટો પાડીને બોલવું-રડવું તે (૨) આક્ષેપ નિંદા (૩) ગાળ (૪) ઠપકો (૫) શાપ

**આક્ષિપ્ત** વિ૦ [सं] નાખેલું, ફેંકેલું (૨) ઝૂંટવી લીધેલું (૩) મૂંઝાયેલું (૪) નિંદાયેલું (૫) પુ૦ સંગીતમાં એક અલંકાર

**આક્ષેપ** પુ૦[सं] ફેંકવું તે (૨) લગાડવું, ચોપડવું, ઘસવું તે (૩) આરોપ (૪) વાંધો (૫) ઝૂંટવી લેવું તે (૬) નિંદા (૭) એક અલંકાર કે જેમાં જે કહેવા ધાર્યું હોય તે દેખીતી રીતે ખાઈ જવાય છે યા તેનો નિષેધ થાય છે (કા શા). ૦ક પું૦ આરોપ મૂકનાર, નિંદક

**આક્ષોભ** પુ૦ [सं] ક્ષોભ

**આખડવું** અ૦ ક્રિ૦ [सं आस्खल्] ગબડવું (૨) ઠોકર ખાવી, ટિચાવું (૩) લડી પડવું

**આખડિયું** ન૦ [જુઓ આખડવું] ઠોકર ખાઈને પડી જવું તે

**આખડી** સ્ત્રી૦ બાધા, માનતા

**આખર** સ્ત્રી૦ [अ आख़िर] અંત (૨) અ૦ અંતે. [-આવવી=પૂરું થવું, છેડો દેખાવો -કરવી =હદ કરવી, છેલ્લી હદે જઈને વર્તવું] ૦ઘડી સ્ત્રી૦ છેલ્લી ઘડી (૨) મોતનો વખત ૦મોસમ સ્ત્રી૦ મોસમનો પાછલો-છેલ્લો ભાગ ૦સરવાળે અ૦ છેવટે; પરિણામે ૦સાલ સ્ત્રી૦ વર્ષનો છેલ્લો ભાગ અથવા વખત (૨) મરણનો વખત -રી વિ૦ આખરનું અંતિમ -રે અ૦ છેવટે (૨) નિરુપાયે [અવગણ

**આખરવું** સ૦ ક્રિ૦ અધરવું -ણ ન૦ મેળવણ;

**આખલો** પુ૦[सं अक्षत - આખું પરથી ?]સાંઢ. ખસી ન કરેલો બેલ -લાઉધામી સ્ત્રી૦ આખલા જેવું તોફાન ધીંગામસ્તી -લિયું ન૦ નાનો બળદ

**આખવું** સ૦ ક્રિ૦ [सं आख्या] ભાખવું, કહેવું

**આખળ(-ળી)** સ્ત્રી૦ પથ્થર ઘડવાની જગા (કા)

**આખળિયો** પુ૦ આડણી

**આખળી** સ્ત્રી૦ જુઓ આખળ

**આખંડલ** પુ૦ [सं] (સં) ઇંદ્ર

**આખા** પુ૦બ૦વ૦ [सं अक्षत] અક્ષત, વણલાગેલા ચોખા [-જોવડાવવા=ભૂત કે શું વળગ્યું છે તે જોવા ચોખા ન ખાવવા;-નાંખવા

=(જતિ ભૂતાએ) ચોખા નાખી તે વડે વળગણ વિષે તપાસવુ ]
**આખાડ** પુ૦+જુઓ આષાઢ ૦ભૂતી વિ૦ અષાઢમા થયેલું (૨) પુ૦ ધર્મઢોંગી ધુતારો -ડીલું,-ડું વિ૦, અષાઢને લગતું
**આખિયું** ન૦ ચામડાની પખાલનુ ઉપલુ મો(કા)
**આખિર** સ્ત્રી૦ [अ] આખર અંત
**આખી** સ્ત્રી૦ [જુઓ આખા] અક્ષત ઉતારવા તે (૨) દાણા વાળવા તે
**આખુ** પુ૦ [स] ઉંદર ૦કર્ણી સ્ત્રી૦ ઉંદરિયુ
**આખું** વિ૦ [स अक्षत] ભાગ્યા વિનાનુ અખંડ (૨) પૂરું, બધું, સળંગ [**આખા હાડકાનું**=ઊભા હાડકાનુ, હાડકા ન નમાવે એવુ, કામનુ કાયર કે આળસુ **આખી અણીએ**=કશીય ઈજા વગર, પૂરું સહીસલામત **આખુ કોળું શાકમાં જવું**=નજરે દેખાય એવુ હોવા છતા સરતચૂક થવી, ગફલત થવી. **આખો લાડવો**=પૂરેપૂરો લાભ] ૦પાખુ, ૦ભાગ્યુ વિ૦ અધુંપધું, અધકચરું -ખાખાઉ વિ૦ (વગર હક્કે કે કોઈનો હક ડુબાડી-હરામનુ) આખુ ખાઈ જવાની વૃત્તિવાળું, લોભિયુ -ખાબોલુ વિ૦ સાચ વાત કરનારુ (૨) કડવાબોલુ -ખોધડી,-ખોધડીએ અ૦ વારવાર
**આખૂન** [फा], ૦જી, **આખૂદજી** પુ૦ ગુરુ, ઉસ્તાદ (૨) અરબી ભાષાનો શિક્ષક
**આખેટ** પુ૦ [स] શિકાર, મૃગયા ૦ક વિ૦ શિકાર કરનાર (૨) પુ૦ શિકારી (૩) કૂતરો
**આખેપ** પુ૦ [જુઓ ખેપ] સફર
**આખેપ** પુ૦ [म आक्षेप] (કા) ટવ, મહાવરો, વ્યાસંગ [કાળજી, ચટ, ચિંતા
**આખેબ** પુ૦ (સુ) જુઓ આખેપ (કા) (૨)
**આખોધડી**, ૦એ અ૦ જુઓ 'આખુ'મા
**આખ્યા** સ્ત્રી૦[सं] નામ (૨) અટક (૩) નામના (૪) અફવા ૦ત વિ૦ કહેવાયેલુ, વર્ણવાયેલુ (૨)[વ્યા] જેના રૂપાખ્યાન કરવામા આવ્યા છે તેવુ (૩) ન૦ ભાવનુ અભિધાન કરનાર પદ, ક્રિયાપદ ૦તા પુ૦ આખ્યાન કરનાર ૦તિકી વિ૦સ્ત્રી૦ ક્રિયાપદને-ધાતુને લાગતી (વિભક્તિ) ૦ન ન૦ કથા,વૃત્તાંત ૦નક ન૦ ટૂંકુ આખ્યાન ૦નકી પું૦ એક છંદ. ૦યક પું૦ કહેનાર, કથા કહેનાર (૨) દૂત ૦યિકા સ્ત્રી૦ કથા, વાર્તા (૨) વંશાવલીનુ વર્ણન
**આગ** પુ૦ [स आगम्] આવરો, આવવુ તે
**આગ** સ્ત્રી૦ [सं अग्नि] દેવતા (૨) અગન, લાય, બળતરા (૩) અકસ્માત કાંઈ બળી ઊઠે ને ભડકે લાગે તે, લાય (૪) [લા] તાવ, ઝનૂન, દાઝ કે એવા આવેશના ગુસ્સાની લાગણી (૫) આગ પેઠે ઝટ પરચો દઈ દે એવુ શીઘ્રકોપી કે ઉગ્ર સ્વભાવનુ માણસ [-**ઊઠવી**=અગન ઊઠવી, બળતરા બળવી (૨) બળવુ, મરવુ, નાશ પામવુ, એ ભાવનો તિરસ્કાર કે બદદુવા કરતા બોલવામા વપરાય છે જેમ કે, આગ ઊઠી એના પૈસામા=બળ્યા, મૂઆ એના પૈસા (૩) [લા] ક્રોધ ખૂબ ચડવો -**ઝાકવી**=ખૂબ ક્રોધે ભરાવુ -**બળવી**,-**બેસવી**=જુઓ 'અગન બળવી, બેસવી' -**મૂકવી**,-**મેલવી**, -**સળગાવવી**=આગ લગાડવી, બાળવાને માટે સળગાવવુ -**લાગવી**,=આગવી (મકાન, માલ ઇ૦) અકસ્માત બળવુ -**સળગવી**= આગ લાગવી (૨) અગ્નિ પ્રદીપ્ત થવો, લાગવુ -બળવુ -**વરસવી**=ખૂબ તાપ પડવો (૨) ક્રોધથી ભભૂકતી વાગ્ધારા નીકળવી -**લગાડી તાપણુ કરવુ**=તાપણી જોઈએ તે માટે ઘર જ લગાડવાના જેવી બેવકૂફીથી વતવુ ને તે વિષે બેપરવા કે ભાન ન હોવુ] ૦ખેલ પુ૦ આતસબાજી ૦ગાડી સ્ત્રી૦ રેલગાડી ૦દાન ન૦ અગ્નિપાત્ર, આગિયુ (૨) પુણ્યાર્થે અગ્નિસંસ્કાર કરવો વા તેના સાધન પૂરા પાડવા તે ૦બોટ સ્ત્રી૦ આગશક્તિથી ચાલતુ વહાણ, 'સ્ટીમર'
**આગત** વિ૦ [स] આવેલુ -**તાસ્વાગતા** સ્ત્રી૦ આવેલાનો આદરસત્કાર, પરોણાચાકરી -તું વિ૦+આવતુ
**આગ-દાન**,-**બોટ** જુઓ 'આગ'મા
**આગમ** પુ૦ [स] આગમન, જન્મ (૨) શાસ્ત્ર ધર્મશાસ્ત્ર (૩) પ્રાચીન જૈન ધર્મગ્રંથ (૪) મંત્રશાસ્ત્ર (૫) ખત, દસ્તાવેજ, પુરાવામા

મૂકવા લાયક લેખ (૬) પ્રત્યય ૦ન ન૦ આવવું તે ૦નિગમ ન૦ વેદશાસ્ત્ર, શાસ્ત્રો ૦નિર્ગમ પુ૦ આવક-જાવક (૨) આયાત અને નિકાસ ૦રહિત વિ૦ લેખિત દાખલા વગરનુ (૨) શાસ્ત્રના આધાર વિનાનુ -સાપાયી વિ૦[સ]આવતુ ને જતુ, જન્મતુ ને મરતુ (૨) ક્ષણિક [અગાઉ

**આગમચ(-જ)** અ૦ પહેલેથી. આગળથી.

**આગમણ** સ્ત્રી૦ ચૂલાનો આગલો ભાગ (જ્યા અંગારા કાઢી ઓલવાય છે)

**આગમજ** અ૦ જુઓ આગમચ

**આગમાણું** ન૦ વાળભાત

**આગરણ (ણ,)** સ્ત્રી૦ લુહારની કોઢ કે ભઠ્ઠી (૨) સોનીની ભઠ્ઠી (૩) (ફા) હિંદુ ખલાસીની સ્ત્રી

**આગરવું** સ૦ ક્રિ૦ સરખે અંતરે બધ—પાટા નાખવા [એક રોગ

**આગરું** પુ૦ મોમાથી દુર્ગંધ નીકળ્યા કરે એવો

**આગરો** પુ૦ નાણાભીડનો-તંગીનો વખત

**આગલી પાછલી** સ્ત્રી૦ ગઈ ગુજરી જૂની વાત [-કાઢવી=જૂની વાત (કે તેનો ડંખ) તાજી કે યાદ કરવી -ભૂલવી,-કાઢી નાંખવી =જૂની વાત વીસરવું, માફ કરવું]

**આગલુ (લુ)** વિ૦ [સ अग्रिम, प्रा. अग्गिल्लिय] પહેલાનુ; અગાઉ બનેલુ (૨) મુખ્ય, આગળ પડતુ ૦પાછલું વિ૦ (૨) ન૦ આગળ પાછળનુ, કશા સબધી જૂનુ બાકી કે ચૂકતે યા વસૂલ કરવાનુ રહેલુ. (જુઓ આગલી પાછલી)

**આગવાળો** પુ૦ એન્જિન બોઈલરમા આગ સભાળનાર-કોલસા પૂરનારો 'ફાયરમેન'

**આગવું** વિ૦ ઇલાયદુ, પોતીકુ [ભોમિયો

**આગ(-ગુ)વો** પું૦ [જુઓ અગવો] અગ્રણી,

**આગળ** અ૦ [सं अग्रे, हि आगे] અગાઉ, પૂર્વે (૨) પાસે, કને (૩) સન્મુખ, સામે (૪) બહાર. જાહેરમા (૫) [दे अग्गल=અધિક?] ભવિષ્યમા, હવે પછી [-આવવું, =ગરત, પ્રસિદ્ધિ વગેરેમા મોખરે થવુ (બીજાને પાછળ રાખી કે રહે એમ) -પડવું=મોખરે આવવુ, દોરવણી કે પહેલ કરવી, ઝપલાવવુ -થવું=પહેલું અગાઉ ચાલવુ કે જવુ યા મરવું (૨) જુઓ 'આગળ આવવુ' કે 'પડવુ' -પર, ઉપર=ભવિષ્યમા] ૦પડતું વિ૦ જાહેરમા આવતુ (૨) મોખરેનું ૦પાછળ અ૦ આગળ અને પાછળ (સમય ને સ્થળ) (૨) ચારે પાસે ૦વા અ૦ અગાઉથી ૦વેડા પુ૦ બ૦વ૦ વવારેપડતુ આગળપડતુ તે

**આગળિયો, આગળી** જુઓ 'આગળો'મા

**આગળુ** વિ૦ [જુઓ આગલુ] ચડિયાતું શ્રેષ્ઠ

**આગળો,-ળિયો** પુ૦ [स अर्गल प्रा अग्गल] બારણુ ઉઘાડવા વાસવાની કળ, ઉલાળો -ળી સ્ત્રી૦ ઉલાળી (૨) મલમની પટી

**આગંતુક** વિ૦ [स] આવી ચડેલુ, હમેશનુ નહિ એવુ (૨) વગર નોતરે આવેલુ (૩) પુ૦ અતિથિ (૪) મુસાફર

**આગા** પુ૦ [तुर्की] આકા, શેઠ ૦ખાન પુ૦ (સ) ખોજાઓનો ધર્મગુરુ ૦ખાની વિ૦ આગાખાનને લગતુ (૨) આગાખાનના ધર્મને અનુસરતુ [કપડુ

**આગાબાની** સ્ત્રી૦ [म] એક જાતનુ સુતરાઉ

**આગામી,-મિક** વિ૦ [स] આવનારું, ભવિષ્યનુ

**આગાર** ન૦ [स.] ઘર, નિવાસસ્થાન (૨) [જૈન] છૂટ, અપવાદ

**આગાહી** સ્ત્રી૦ [फा] ભવિષ્યનુ સૂચન

**આગિયા** પુ૦ એક પક્ષી

**આગિયા-ખડક** પુ૦ જુઓ 'આગિયુ'મા

**આગિયું** વિ૦ [જુઓ આગ] આગવાળુ (૨) જલદ, તીખુ, મિજાજી (૩) ન૦ જુઓ આગદાન (૪) ઊભા મોલે ડૂંડામાના દાણા બળી જાય તે રોગ (બહુધા જુવારમા) -યાખડક પુ૦ જ્વાળામુખી પર્વત

**આગિયો** પુ૦ ['આગ' પરથી] ખદ્યોત (૨) જુવાર ઇત્યાદિનો એક રોગ, આગિયુ (૩)એક જાતની ધોળી જુવાર (૪) જેને અડકવાથી લાય બળે એવો એક છોડ (૫) (સ) વૈતાલ

**આગુ** વિ૦ + આગલુ

**આગુવો** પુ૦ જુઓ આગવો

**આગે** અ૦[स अग्रे प्रा अग्गे, हि]આગળ,પૂર્વે. [-આગે ગોરખ જાગે=ભવિષ્યની આગળથી

ચિંતા ન કરતા, તે વખતે (દૈવ જોગે) કાંઈક સારું જ થશે કે રસ્તો સૂઝશે એ શ્રદ્ધા રાખવી: આગળ ઉપર વળી કાંઈક કાવતું થઈ જ રહેશે —અત્યારે રોકાવું નહિ (આ ભાવ બતાવે છે) 'આગળ સૌ થઈ રહેશે'] ૦કદમ ન૦, ૦કૂચ સ્ત્રી૦ આગળ ધપવું ને પ્રગતિ ૦વાન વિ૦ આગળ ચાલનાર(૨) પુ૦નેતા સરદાર ૦વાની સ્ત્રી૦ આગેવાનપણું —ગોતર(—રૂ) વિ૦ [સં અગ્રતર ?] શરૂઆતનું, પહેલાનું (૨) નાસેલું

આગોપીછો પુ૦ અંગરખાનો આગલો તથા પાછલો ભાગ

આગ્નિક વિ૦[સં]અગ્નિને લગતું(૨)યજ્ઞને લગતું

આગ્નેય વિ૦ [સં] અગ્નિનું, અગ્નિ વિષેનું (૨) અગ્નિકોણ સંબંધી —યાસ્ત્ર ન૦ અગ્નિ વડે જેનો ઉપયોગ થાય તેવા હથિયારો—તોપ, બંદૂક ઇ૦

આગ્રયણ પુ૦ [સં] યજ્ઞકાલ (૨) ન૦ વર્ષાઋતુને અંતે પહેલા પાકની આહુતિ

આગ્રહ પુ૦ [સં] ધાર્યું કરવાની વૃત્તિ, ખંત, નિશ્ચય (૨) હઠ, જિદ, મમત(૩)ઘણી વિનંતી —હી વિ૦ આગ્રહવાળું, નિશ્ચય, હઠીલું

આગ્રહાયણ પુ૦ [સં] માગશર અગ્રહાયણ

આઘરક પુ૦ એક વનસ્પતિ, ઝાંપટો

આઘરું વિ૦ આઘું [—જજો=ટળજો, મરજો, દીસતું રહો, એવો ભાવ બતાવે છે]

આઘરો પુ૦ જુઓ આગ્રહ

આઘાત પુ૦ [સં]પ્રહાર, ટકો(૨)અવાજ થાય એવી રીતે અથડાવું તે (૩) દુઃખની તીવ્ર લાગણી ૦ક વિ૦ આઘાત પહોંચાડે એવું (૨) પુ૦ મારો ખૂની

આઘું વિ૦ [સં અગ્રે ?] (કાલને અંતરમાં) દૂર, છેટું (૨) ક્રિ૦વિ૦આગળ, પાસે (જેમ કે આવો આવ, આઘું પાછું) [—આવવું=પાસે આવવું —ઓટવું=લાજ કાઢવી, ઘૂમટો તાણવો (૨) [લા]સ્ત્રી પેઠે વર્તવું, બાયલું બનવું —કરવું=(બારી બારણું) વાસવું, બંધ કરવું (૨) દૂર ખસેડવું (૩) (ચૂલામાં લાગતું લાકડું) બહાર કાઢવું)(૪)[લા]મનથી દૂર કરવું, અળખામણું કરવું —મૂકવું=(વસ્તુને) છોડવી, તેને અંગેના ઠેકાણમાંથી મુક્ત થવું(૨) (કામ) પૂરું કરવું, પરવારવું, પાર મૂકવો —બેસવું=દૂર ખસવું; છૂટું—નજીક નજીક નહિ એમ—બેસવું (૨) સ્ત્રીએ વેગળા બેસવું, અટકાવ આવવો —જઈને પાછું પડવું=વધારેપડતા આગળ વધવાની ભૂલ કરી, પછી પાછા પડવાનું થાય ત્યારે પસ્તાવું, ભૂલ કરીને પસ્તાવું, નિષ્ફળતા વહોરવી

આઘું પાછું વિ૦ (સમય કે અંતરમાં) આગળ પાછળ આવતું, અહીં તહીં — આસપાસ ક્યાંક હોય એવું, કે સ્થાનફેર થયેલું (૨)(જગાફેર થયેથી) નજરે ન પડે એવું (૩) ખોટું ખરું, યોગ્યાયોગ્ય [—કરવું=અહીંથી તહીં જગાફેર કરવું(જેમ કે, આઘું પાછું કરી જુઓ તો બધું પેટીમાં માઈ જશે લાકડાં આઘાંપાછાં કર્યાં એટલે સળગ્યું) (૨) સંતાડવું (૩) ભભેરવું, ચાડીચૂગલી કરવી —કહેવું=ખોટું ખરું કે યોગ્યાયોગ્ય યા વધારેપડતું કહેવું,—જોવું= આગળ પાછળનો—બધો વિચાર કરવો પરિણામ વિષે સંભાળવું —થવું=અહીંથી તહીં કે આસપાસ ભમવું, આવવું જવું, ટિચાવું, ફાંફાં મારવું (૨)સંતાવું કે સ્થાનફેર થવું]

આઘે અ૦ દૂર, વેગળે ૦થી અ૦ દૂરથી ૦નું વિ૦ દૂરનું(૨)ભવિષ્યનું ૦રૂં વિ૦ આઘું(૧)

આઘૂકો પુ૦ છોકરાની એક રમત

આઘૂર્ણ વિ૦ [સં] ઘૂમતું, ફરતું ૦માન વિ૦ ચકરચકર ફરતું

આઘોષક વિ૦ [સં] ઘોષણા કરનાર

આઘ્રાણ ન૦ [સં] સૂંઘવું તે (૨) સંતોષ

આચકવું સ૦ક્રિ૦ ખેંચવું આચકા સાથે લઈ લેવું

આચકી સ્ત્રી૦ આચકી તાણ —કો પુ૦ આંચકો, વકો (૨)[લા] સંકોચ, આનાકાની (૩) ધ્રાસકો (૪) ખોટ [—ખાવો=ખમચાવું, આંચકો અનુભવમાં આવવો —આપવો=આંચકો આવે એમ કરવું—અનુભવાવવો —મારવો= જોરથી એકદમ ખેંચવું —આવવો,—લાગવો= આંચકો ખાવો]

આચમન ન૦[સં]જમણી હથેલીમાં થોડું પાણી લઈ પી જવું તે (—કરવું) (૨) પ્રવાહી પ્રસાદ

–ની સ્ત્રી૦ આચમન માટેની ચમચી.–વું ક્રિ૦ [आ+चम्] આચમન કરવું
**આચરકૂચર** વિ૦ પરચૂરણ (૨) ન૦ પરચૂરણ ખાવાનું; કાચું કોરું (૩) પરચૂરણ સરસામાન
**આચરણ** ન૦[સં] ચાલચલગત, વર્તણૂક (૨) ચારિત્ર, લક્ષણ (૩) વ્યવહાર, અમલ –ણીય વિ૦ આચરવા યોગ્ય –વું સ૦ક્રિ૦[स आचर्] કરવું, પાળવું (૨) અ૦ ક્રિ૦ વર્તવું, ચાલવું
**આચાર** પુ૦[સ.]આચરણ, વર્તન (૨)સદાચરણ (૩) વિધિ, સંસ્કાર (૪) ધર્મશાસ્ત્રમાં કહેલા આચરણના નિયમો (૫) શિષ્ટ સંપ્રદાય, રૂઢિ, રિવાજ ૦જડ વિ૦ જડની પેઠે વિચાર વિના માત્ર આચારને વળગી રહેતું (૨) આચારને વળગી રહીને વિચારશૂન્ય બનેલું ૦ભ્રષ્ટ વિ૦ આચારથી ભ્રષ્ટ, પતિત ૦વિચાર પુ૦બ૦વ૦ વર્તન અને વિવેક (૨) ધાર્મિક રીતરિવાજ અને માન્યતાઓ ૦શુદ્ધિ સ્ત્રી૦ આચારની શુદ્ધતા — ધર્મ પ્રમાણે હોવું તે ૦સૂત્ર ન૦ આચારનો પ્રધાન નિયમ –રાગ્રહ પુ૦ આચારનો આગ્રહ –રાગ્રહી વિ૦ આચારનું આગ્રહી –રી વિ૦ આચાર પાળનારું–ચુસ્ત
**આચારજ(–જી)** પુ૦ [स आचार्य + जी]+ આચાર્યજી
**આચાર્ય** પુ૦ [सं] ધર્મ–સંપ્રદાય ચલાવનાર, ધર્માધ્યક્ષ (૨) વેદાદિ વિદ્યા શીખવનાર (૩) મંત્રોપદેશ કરનાર, ધર્મગુરુ (૪)મુખ્ય શિક્ષક, 'પ્રિન્સિપાલ' (૫) ગોર (૬) વિદ્વાન
**આચ્છાદક** વિ૦ [सं] ઢાંકનાર, સંતાડનાર –ન ન૦ ઓઢવાનું કે ઢાંકવાનું જે હોય તે (ચાદર, છાપરું, ચંદરવો ઇત્યાદિ) (૨) સંતાડવું તે. –વું સ૦ક્રિ૦ [स आच्छाद्] ઢાંકવું [સંતાડેલું
**આચ્છાદિત** વિ૦ [સં.] છવાયેલું, ઢંકાયેલું,
**આછ** સ્ત્રી૦ [જુઓ આછું] ઓછાપણું (૨) છાશનું પાણી; પરાછ (૩) પાતળાપણું
**આછકલું** વિ૦ [જુઓ આછું] છીછરા મનનું, નાદાન (૨) મોટાઈ ન કરવી રાજનારું ફૂલણજી –લાઈ સ્ત્રી૦, –લાપણું ન૦, –લાવેડા પુ૦બ૦વ૦ આછકલું વર્તન
**આછટવું** સ૦ક્રિ૦ ખખેરવું (૨) પછાડવું
**આછણલૂછણ** ન૦ ટાપટીપ, વરણાગિયાપણું
**આછર** પુ૦ [જુઓ આછરવું] પોશાક (૨) પાથરણું; આસન (૩) સ્ત્રી૦ ગવેડાની ગૂણ નીચેની ગાદી –રિયું ન૦ પાથરણું (૨) ગવેડાની આછર
**આછરવું** અ૦ક્રિ૦ ['આછું' પરથી ?] ઓસરવું (૨) નરમ પડવું (૩) [स आस्तृ?] પાથરવું
**આછોટવું** સ૦ક્રિ૦ જુઓ આછટવું, પછાડવું
**આછીગરું** વિ૦ મલાક્કા પાસેના 'આછી' નગરનું (સોપારી)
**આછું** વિ૦ છૂટું છૂટું, પાંખું (૨) થોડું ઓછું (૩) પાતળું, છેક ઝીણું (૪) ઝાંખું [**આછા દહાડા** = મુશ્કેલીનો — ગરીબીનો વખત] ૦પાતળું વિ૦ થોડુંઘણું (૨) જેવું તેવું; ફાસફૂસ (જેમ કે, રોટલો, ધંધો આછો પાતળો કહેવાય છે) –છેરું વિ૦ આછું (૫). –છોતરું વિ૦ ઘણું જ આછું, સ્વલ્પ
**આજ** અ૦ [स अद्य]આજે, ચાલુ દિવસે (૨) સ્ત્રી૦ આજનો દિવસ [–ની ઘડી અને કાલનો દિવસ = ગયું તે ગયું (અશક્ય વાયદામાં પડે કે કદી ન બનવાનું લાગે ત્યારે વાયદા અંગે બોલાય છે]
**આજકાલ** અ૦ આજે અથવા કાલે, થોડા વખતમાં (૨) હમણાં, હાલ (૩) સ્ત્રી૦ આજ અને કાલનો દિવસ [–કરવી = વાયદા કરવો, ઢીલ કરવી –કરતાં = આજકાલ એમ વખત ગણતાં, થોડે થોડે, ન જણાય એમ ધીમે ધીમે] ૦નું વિ૦ હમણાંનું જ, થોડા વખતનું (૨) અર્વાચીન (૩) કાચી ઉંમરનું, નાદાન, બિન-અનુભવી ૦માં અ૦ તરતમાં, થોડાક વખતમાં, એકાદ બે દિવસમાં
**આજન્મ** અ૦ [सं] જન્મથી જ (૨) જિંદગી-ભર –ન્માંત અ૦ જન્મથી માંડીને મરણ સુધી, જીવનભર
**આજમ** વિ૦ [अ आज़म]મોટું (૨) માનનીય
**આજાન(–નુ)બાહુ, આજાન(–નુ)ભુજ** વિ૦ ઢીંચણ સુધી પહોંચે તેવા લાંબા હાથવાળું
**આજાર** પુ૦[फा] મંદવાડ (૨) ઉપદ્રવ, મરજ. –રી વિ૦ દરદી, રોગી

**આજી** સ્ત્રી૦ ['આજો'નું સ્ત્રી૦, सं आर्या] માની મા –જા [માનાર્યે], –જો પુ૦ [सं आर्य] માનો બાપ [આગ્રહભરી વિનતી

**આજીજી** સ્ત્રી૦ [अ आजिज़ी] કાલાવાલા,

**આજીવક** પુ૦ [सं] (સં ) મહાવીરનો પ્રતિસ્પર્ધી ગોશાલક (૨) એનો સંપ્રદાય (૩) [લા] ઢોંગી સંન્યાસી

**આજીવન** વિ૦ [सं] જીવન પર્યંતનું (૨) અ૦ જીવન પર્યંત [સાધન

**આજીવિકા** સ્ત્રી૦ [सं] ગુજરાન (૨) ગુજરાનનું

**આજુ(–જૂ)બાજુ(–જૂ)** અ૦ ['બાજુ, –જૂ'નું દ્વિત્વ] આસપાસ, ચારે બાજુ ૦એ, ૦માં અ૦ આસપાસ કે ચોતરફ ૦થી અ૦ આમતેમ કે ચોતરફથી

**આજૂકું** વિ૦ આજનું

**આજે** અ૦ [सं अद्य] આજ, આ દિવસે –રોકડા (ને) કાલે ઉધાર=રોકડા તે ખરા, ઉધારની વાત નહિ (આજે બદલે 'આજ' પણ કહેવાય છે)

**આજો** પુ૦ [सं आर्य] માનો બાપ ૦પડવો તેનું શ્રાદ્ધ કરવાનો દિવસ, આસો સુદિ એકમ

**આજોડાજો** પુ૦ એક જાતની ઔષધિ

**આજ્ઞા** સ્ત્રી૦ [सं] હુકમ (૨) રજા, પરવાનગી [–આપવી=ફરમાવવું (૨) રજા કે પરવાનગી આપવી (–માગવી,–લેવી, મળવી સાથે આવે છે) –ઉઠાવવી, –માનવી, –માથે ચડાવવી=હુકમ પાળવો, માન્ય રાખવો –માં આવવું=આમન્યા કે કાબૂ તળે આવવું, કહ્યામાં આવવું –માં રહેવું= આમન્યા કે કાબૂ માન્ય રાખીને વર્તવું, કહ્યામાં રહેવું] ૦કર વિ૦ હુકમ આપનારું ૦કારિતા સ્ત્રી૦, ૦કારિત્વ ન૦ આજ્ઞાકારી હોવું તે ૦કારી વિ૦ આજ્ઞા પ્રમાણે વર્તનારું, આજ્ઞાંકિત ૦ચક્ર ન૦ તંત્રશાસ્ત્રમાં વર્ણવેલાં ૭ ચક્રોમાંનું એક, એક તાંત્રિક ચક્ર કે આકૃતિ ૦ધારક, ૦ધારી વિ૦ આજ્ઞા માથે ચડાવનાર, આજ્ઞાકારી. ૦ધીન વિ૦ આજ્ઞાને આધીન આજ્ઞા પ્રમાણે જ વર્તનારું. ૦ધીનતા સ્ત્રી૦ ૦નુયાયી, ૦નુવર્તી વિ૦ આજ્ઞા પ્રમાણે વર્તનાર, ૦નુસાર અ૦ આજ્ઞા અનુસાર–પ્રમાણે ૦નુસારી વિ૦ આજ્ઞા પ્રમાણે વર્તનાર ૦પક વિ૦ [सं] આજ્ઞા કરનાર ૦પન ન૦ હુકમ, ફરમાન ૦પત્ર ન૦ રાજાનો લેખી હુકમ કે તેનો કાગળ (૨) હુકમનામું ૦પત્રિકા સ્ત્રી૦ આજ્ઞાપત્ર (૨) (ગાયકવાડનું) સરકારી 'ગૅઝેટ' ૦પાલક વિ૦ આજ્ઞાનું પાલન કરનાર ૦ર્થ પુ૦ આજ્ઞાનો અવ–ક્રિયાપદના રૂપમાંથી આજ્ઞાનો અર્થ નીકળે તે (વ્યા) ૦ર્થક વિ૦ [વ્યા] આજ્ઞાર્થનું,–ને લગતું ૦વર્તી વિ૦ આજ્ઞાનુસારી –જ્ઞાંકિત વિ૦ આજ્ઞા પ્રમાણે વર્તનારું, તાબેદાર

**આજ્ય** ન૦ [सं] ઘી (૨) યજ્ઞદ્રવ્ય

**આઝા** સ્ત્રી૦ [अ ईज़ा] ઈજા

**આઝાદ** વિ૦ [फ़ा] સ્વતંત્ર –દી સ્ત્રી૦ સ્વતંત્રતા

**આઝો** પુ૦ + વિશ્વાસ (૨) હિંમત

**આટ** પુ૦ વણકરનું એક ઓજાર (૨) સ્ત્રી૦ ઉપર મૂકેલું વાસણ પડી ન જાય એવી છાણાની ગોઠવણ (૩) [વ્યા] ક્રિ૦ પરથી નામ બનાવતો એક પ્રત્યય ઉદા૦ મરડાટ, હોંકાટ

**આટઆટલું** વિ૦ ['આટલું'નું દ્વિત્વ] આટલું આટલું, આટલું બધું

**આટ(–ડ)કાટ** પુ૦ [આડ+કાટ] સાગ સિવાયનું બીજું લાકડું

**આટલાંટિક** પુ૦ [इं] (સં ) એક મહાસાગર

**આટલું** વિ૦ [सं.इयत्, यावत् प्रा एत्तिय, इत्तिल] અમુક દેખાડેલા નક્કી કદ, જથ્થા, પ્રમાણ જેટલું (સમય, સ્થળ, અંતર વગેરે) –લામાં અ૦ અમુક મર્યાદિત (પ્રદેશ, સમય)ની અંદર (૨) પાસે જ અહીં–બહુ દૂર નહિ (૩) અમુક થોડા વખતમાં [આટલું ત્યારે તેટલું = અમુક નક્કી હોય તેની સાથે સાથે બાકી રહેલું હોય તેય, પૂરું, બધું]

**આટવું** સ૦ક્રિ૦ [सं अट्] ખૂંદી ખૂંદી એકરસ કરવું (૨) [વ્યા] નામ કે ક્રિ૦ને લગતા 'વારંવાર થવાપણું'ના અર્થનું ક્રિ૦ બનાવે છે ઉદા૦ 'દાબાટવું', 'ગોબાટવું' (૩) [illegible]

**આટવિક** પુ૦ [सं] જંગલનો માણસ

**આટાપાટા** પુ૦બ૦વ૦ આગેપાટ–એક રમત

**આટાપાણી** ન૦બ૦વ૦ જુઓ 'આટો'મા
**આટાર** સ્ત્રી૦ (કા.) રેતી
**આટાલૂણ** ન૦ જુઓ 'આટો'મા
**આટિયાંપાટિયાં** ન૦બ૦વ૦ એક બાળરમત, ('ગણ ગણ મોચલો'-વડોદરા પ્રાતમા)
**આટિયુ** ન૦ [જુઓ આટો] ઘટીમાથી આટો-લોટ વાળવાનુ લૂગડુ અથવા નાળિયેરનુ છોડુ
**આટીકીટી** સ્ત્રી૦ ['કીટો' પરથી 'કીટી'નુ દ્વિત્વ?] (કા) ઘરમાની ઝીણામા ઝીણી વસ્તુનો જેમા સમાવેશ થાય તે
**આટો** પુ૦[हि आटा] લોટ (૨) ભૂકો [-અને આવરદા એક થવાં, -ઊડવો=ખૂબ હેરાન થવુ, થાક, માર કે મહેનતથી ઢીલુ થઈ જવુ (૨) ખરાબ કે પાયમાલ થવુ -કાઢવો=ખૂબ થકવવુ, આટો ઊડે એમ કરવુ -દળવો, પીસવો=વેઠ કે વૈતરુ કરવુ, ધીમુ નીરસ કામ કરવુ -નીકળવો=આટો ઊડવો, ઢૂસ કે દમ નીકળવો -બાંધવો=લોટ બાધવો, કણક તૈયાર કરવી] -ટાપાણી ન૦ બ૦વ૦, ૦પાણી ન૦ લોટ અને પાણી, ખોરાક (૨) [લા] આજીવિકાના સાધન, કમાણી (૩) નસીબ, દાણોપાણી -ટાલૂણ ન૦ આટો ને લૂણ (૨) [લા] ધૂળધાણી [આટાલૂણમાં જવું, ખપવું=નકામુ જવુ, ધૂળધાણી થવુ]
**આટોપ** પુ૦[સ]આડબર (૨) જુઓ 'અટોપ'
**આટોપવું** સ૦ ક્રિ૦ [स आटर्पो] એકઠુ કરવુ, સંકેલવું (૨) પૂરું કરવુ, પતાવવુ (૩) બધ કરવુ
**આઠ** વિ૦ [स अष्ट] ૮ ૦આની સ્ત્રી૦ અડધા રૂપિયાની કિમતનો સિક્કો ૦ડો પુ૦ આઠનો આકડો (૨) વણતી વેળા તાણી એ ચાયેલી રહે તે સારુ કરતો બંધ ૦પેજી વિ૦આઠ પૃષ્ઠ જેટલા કદનુ,'ઓકટેવો' ૦મ (ઠ,) સ્ત્રી૦પખવાડિયાની આઠમી તિથિ -ઠા પુ૦બ૦વ૦ આઠનો ઘડિયો -ઠિયા પુ૦બ૦વ૦ આઠ ઠેકાવાળો રાસનો પ્રકાર -ઠું ન૦ આઠનો સમૂહ (આકમા) -ઠે અગે=પૂરેપૂરુ, સાગોપાગ -ઠે ગાંઠે=સપૂર્ણપણે -ઠે જામ અ૦ આઠે પહોર, આખો દહાડો (૨) બારે માસ, હમેશા -ઠો પુ૦ જુઓ અષ્ટક

**આડાણુ** ન૦ દોરડુ ભાગતા વળ દેવાનુ ઓજાર, અડવાડુ
**આઠિયું** વિ૦ ઠગ, લુચ્ચુ [એક રમત
**આઢી** સ્ત્રી૦ [જુઓ આઠ] એક ઘરેણુ (૨)
**આઠો** પુ૦ જુઓ 'આઠ'મા
**આઢોઢ(-ઢ)** વિ૦ જુઓ આઢોઢ
**આઢોડ** સ્ત્રી૦ છોડ પર ઊભા કણસલા ખખેરી (કાપીને નહિ) એકઠી કરેલી જુવાર
**આઢોઢ** વિ૦ વ્યાપી ગયેલ ઓતપ્રોત
**આડ** (ડ,) સ્ત્રી૦ આડુ તિલક, પિયળ (૨) આડાઈ, હઠ -છોડવી મૂકવી=હઠ જતી કરવી -લેવી, પકડવી=હઠ ધરવી આડે ચડવું=હઠ પર જવુ, હઠે ભરાવુ, ખૂબ હઠ લઈ બેસવુ
**આડ** પુ૦ (કપાસના કાલા ઇ૦ની) વખાર -ડિયો પુ૦કાલા લઈને ફોલાવીકપાસવેચનાર
**આડ** સ્ત્રી૦ [दे अड्ड] બેની આડે-વચ્ચે હોવું તે, કે જે હોય તે વસ્તુ (૨) પ્રતિબધ, હરકત (૩) ગૌણ' અર્થ બતાવતો, 'ઉપ' જેવો પૂર્વગ ઉદા૦ આડકથા [-મા મૂકવું=નાણા ઉપાડવા માટે બાહેધરી તરીકે વસ્તુનો અવેજ આપવો -નું દોઢ કરવું=ઓટનુ ચોડ કરવુ, કાઈનુ કાઈ-અવળુ કે ઊલટુ કરવુ ઊંધું વેતરવુ] ૦કતરાતુ વિ૦ જરા કતરાતુ -વાકુ જતુ ૦કતરુ વિ૦ વાકુચૂકુ (૨) પરોક્ષ, અપ્રત્યક્ષ ૦કથા સ્ત્રી૦ વાતમા આવતી બીજી વાત, ઉપકથા (૨) વાત કરતા વિષયાતર કરવુ તે ૦કાટ(-ડ) પુ૦, ન૦ આટકાટ ૦ખરચ, ૦ખર્ચ ન૦ સામાન્ય ખર્ચ ઉપરાતનુ બીજુ આડુઅવળુ ખર્ચ ૦ખીલ(-લી) સ્ત્રી૦, ૦ખીલો પુ૦ વિઘ્ન (૨) આગળી. ૦ગીરો પુ૦ ગીરવાયેલી વસ્તુ ફરી ગીરવવી તે ૦ઘરેણે અ૦ આડગીરો તરીકે ૦ઘોડો પુ૦ ગેઝ (૨) નાનો ઘોડે; ટટ્ટુ ૦ચૈં સ્ત્રી૦ આડ ૧ જુઓ ૦ચૌતાલ પુ૦ સગીતનો એક તાલ ૦તાળો પું૦ ઊલટી રીતે જવાબ મેળવી જોવો તે ૦ત્રાસુ વિ૦ આડુ અને ત્રાસુ ૦દાવો પુ૦ સામો દાવો ૦ધધો પુ૦ ગૌણ ધધો ૦નામ ન૦ [फा.] અટક, ઉપનામ ૦પડદો પુ૦

અંતરપટ (૨) લાજ ૦પાસું (-સે) અ૦ એક બાજુએ ૦ફેરિયું, ૦ફેરું વિ૦ અવળું, માર્ગ બહારનું ૦બંધ પું૦ બંધ કે હેઠો માથાબંધણી કે બીજા કોઈ વેલાનો ફંદો ગળે પહેરે છે તે ૦ભીંત સ્ત્રી૦ વચમા ચણેલી ભીંત, બારણાની સામે ચણેલી પડદાની દીવાલ ૦ભીંતિયું ન૦ ભીંતની જોડે ભીંત ભરી લઈને બનાવેલો ગુપ્ત કોઠાર – ભંડાર પડદી તિયું ૦રસ્તો પું૦ રાજમાર્ગ નહિ તેવો રસ્તો; ગલીકૂંચીનો રસ્તો (૨) આડો – ખોટો રસ્તો ૦શેરી સ્ત્રી૦ નાની ગલી ૦સર પું૦, સ્ત્રી૦ ન૦ પાણી અટકાવવાની પાળ – ભીંત (૨) આડી પાટડી મેલ ૦સાલ સ્ત્રી૦ એકાંતરુ વર્ષ. ૦સોડ સ્ત્રી૦, ૦સોડિયું ન૦ સોડમા ઘાલવાની ચાદર (૨) છાતીની આડે અવળે એમ કપડું ઓઢવાની રીત ૦હથિયાર ન૦ હથિયારને અભાવે બીજુ જે કોઈ હથિયાર તરીકે કામ આવે તે

**આડણી** સ્ત્રી૦ [स अडणी. कानडी अड्डणिगे] રોટલી ઇત્યાદિ વણવાની ત્રિપાઈ, આખળિયો

**આડત** સ્ત્રી૦ [हि आढत, स अडत्त] માલિકના વતી કામ કરવું તે (૨) હકસાઈ, દલાલી –તિયો પુ૦ પ્રતિનિધિ દલાલ 'એજન્ટ'

**આડતાળો, આડત્રાંસું** જુઓ 'આડ'મા

**આડત્રીસ** વિ૦ [स अष्टत्रिंशत्] ૩૮

**આડદાવો, આડધંધો, આડનામ, આડપાસું** (-સે), **આડફેરું** (-ફેરિયું), **આડભીંત** (-તિયું) જુઓ 'આડ'મા

**આડણુ** ન૦ જુઓ આઠણુ

**આડશ** સ્ત્રી૦ [જુઓ આડ] આતરો, પડદો ભીંત

**આડમર, આડમાલ, આડસોડ**(-ડિયું), **આડહથિયાર** જુઓ 'આડ'મા

**આડંબર** પુ૦ [स] લાંબુ પહોળું છવાઈ રહેવું તે, ખટાટોપ (૨) ઠાઠ, દબદબો (૩) ખોટો ડોળ (૪) અહંકાર –રી વિ૦ આડંબરવાળું

**આડાઈ** સ્ત્રી૦ જુઓ 'આડુ'મા

**આડાઝૂડ** વિ૦ આડુંઅવળું પથરાયેલું, ગીચ

**આડામોઈ** (મો'?) વિ૦ સ્ત્રી૦ [આડુ+મો] હઠીલી, જિદ્દી

**આડિયાકરસણ** સ્ત્રી૦ એક વનસ્પતિ, તનમનિયું

**આડિયું** ન૦ [જુઓ આડું] કમાડ (૨) કરડ રમ્યાં આડ કરવાનું બીબું (૩) લીટ તાણવાને બદલે ગાડાં છોકરા આડો લપેટો કરે છે તે [–કરવું = આડો લપેટો કરી લીટ કરવી]

**આડિયો** પું૦ જુઓ આડ પું૦

**આડિક્સ** પું૦ ફૂલોથી પ્રજ્ઞો ઉચ્ચાર નો મંદ કે મધ્ય સ્વર

**આડી** સ્ત્રી૦ [જુઓ આડ] આડે મૂકવાની વસ્તુ (૨) આડસરથી પાતળું લાકડું (૩) બાવા, આખડી (૪) હઠ (૫) સીમા (૬) કુસ્તીનો એક દાવ (૭) આડ, આડું તિલક

**આડીતર** સ્ત્રી૦ હોડીથી નદી વગેરેની પાર જવું તે

**આડીવાડી** સ્ત્રી૦ કુટુંબકબીલો

**આડું** વિ૦ [જુઓ આડ] સીધું નહિ તેવું (૨) ઊભું નહિ તેવું (૩) વચ્ચે પડતું હોય કે આવે તેવું (૪) હઠીલું (૫) વાંકાબોલિયું (૬) પરોક્ષ, આડકતરું (૭) ખોટું વાંકું (૮) વિરુદ્ધ વચ્ચે આવતું (૯) અ૦ આડી બાજુએ (૧૦) ન૦ ગારાનું ખલવું (૧૧) મેલું ભૂત ઇત્યાદિ [આડી ખીલી = જુઓ આડખીલી નડતર આડી જીભ કરવી = વચ્ચે આડું બોલીને હરકત નાખવી વાંકું બોલવું આડી દોટે (ખાવું) = માગી પેઠે ઊંધું વાળીને (ખાવું) આડી વાટની ધૂળ = ફાંફાં, વ્યર્થતા આડું (-ડે) આવવું = વચ્ચે (વિઘ્ન કે રાહત તરીકે) પડવું આડું (-ડે) ઊતરવું = રસ્તામા કોઈ વચ્ચે આવી તેને પાર કરવો, એમ હરકત કરવી (૨) અપશુકન થવા (બિલાડી માટે ખાસ કરીને) આડું થવું = આડું પડવું, સૂવું (૨) વાંકું કે વિરુદ્ધ કે હઠીલું થવું આડું ફાટવું = વચમાથી ફંટાવું, આડે રસ્તે વળવું (૨) વાંકું બોલી કે બીજી રીતે વચમા વાંધો પાડવો સરળ ચાલતામા વિઘ્ન પાડવું આડું ને ઊભું લેવું = ખૂબ ધમકાવવું, ઊધડું લઈ નાખવું –પડવું = સૂવું (૨) વચ્ચે વાંધો નાખવો, આડું આવવું, વિરોધ કરવો આડો આંક વાળવો = હદ કરવી, છેવટની હદે જઈ વર્તવું, રાજ્ય કરવો આડો હાથ કરવો = રોકવું, અટકાવવું આડો હાથ

૦તુલ્ય વિ૦ જાતના જેવુ પોતાની સમાન ૦તુષ્ટિ સ્ત્રી૦ આત્મસંતોષ ૦તૃપ્ત વિ૦ અનાત્મ વસ્તુઓ તરફનો મોહ દૂર થઈ આત્માના આનંદમા તૃપ્ત થયેલુ ૦તૃપ્તિ સ્ત્રી૦ આત્મતૃપ્ત થવુ તે ૦ત્યાગ પુ૦ સ્વાર્થત્યાગ (૨) આપઘાત ૦ત્યાગી વિ૦ આત્મત્યાગ કરનાર. ૦ત્યાગિની વિ૦ સ્ત્રી૦ આત્મત્યાગ કરનારી ૦ત્વ ન૦ પોતાપણુ, સ્વત્વ ૦દમન ન૦ પોતાની વાસનાઓનુ દમન ૦દર્શન ન૦ આત્મસાક્ષાત્કાર, આત્મજ્ઞાન. ૦દર્શી વિ૦ આત્મદર્શન કરનારુ ૦દાન ન૦ સ્વાર્પણ, આત્મત્યાગ ૦દ્રોહ પુ૦ પોતાની જાતનો દ્રોહ. પોતાની જાતને હાનિ પહોચાડવી તે ૦દ્રોહી વિ૦ આત્મદ્રોહ કરનારુ ૦ધર્મ પું૦ આત્માનો ધર્મ—ગુણ—સ્વભાવ ૦નિગ્રહ પું૦ પોતાની વાસનાઓનો નિગ્રહ—સંયમ ૦નિમગ્ન વિ૦ આત્મરત ૦નિમજ્જન ન૦ આત્મામાં ડુબકી મારવી તે ૦નિરીક્ષણ ન૦ પોતાની જાતનુ નિરીક્ષણ ૦નિર્ણય પુ૦ પોતે જાતે કરવાનો કે કરેલો નિર્ણય ૦નિવેદન ન૦ પોતાની જાતને તથા પોતાનુ બધુ ઈશ્વરના ચરણોમા સમર્પી દેવુ તે, ભક્તિના નવ પ્રકારોમાનો એક (૨) પોતાની તરફનો ખુલાસો ૦નિવેદી વિ૦ પોતાની જાત (ઇષ્ટદેવને) અર્પણ કરનારુ (૨) પોતાનો ખોરાક જાતે રાધી લેવાના નિયમવાળુ ૦નિષ્ઠ વિ૦ આત્મામા જ નિષ્ઠાવાળું, આત્મરત ૦નિષ્ઠા સ્ત્રી૦ આત્મામા નિષ્ઠા ૦નિંદા સ્ત્રી૦ પોતાની જાતને નિંદવી તે ૦પરાજિત વિ૦ આત્માને ખોઈ બેઠેલો ૦પરિતાપ ન૦ અંતરનો પશ્ચાત્તાપ ૦પરીક્ષક વિ૦ (૨) પું૦ આત્મપરીક્ષણ કરનાર ૦પરીક્ષણ ન૦ આત્મપરીક્ષા કરવી તે ૦પરીક્ષા સ્ત્રી૦ પોતાની જાતની પરીક્ષા ૦પ્રકાશ પું૦ અંતરના ભાવોને વ્યક્ત કરવા તે (૨) આત્માનુ તેજ ૦પ્રતિષ્ઠા સ્ત્રી૦ સ્વમાન ૦પ્રત્યય પુ૦, ૦પ્રતીતિ સ્ત્રી૦ જાતને ખાતરી થવી તે, આત્મવિશ્વાસ ૦પ્રબોધ પુ૦ આત્મજ્ઞાન (૨) આત્મભાન ૦પ્રવણ વિ૦ આત્મનિષ્ઠ. ૦પ્રશંસા સ્ત્રી૦ પોતાની જાતના વખાણ

૦પ્રીતિ સ્ત્રી૦ પોતા વિષેની પ્રીતિ ૦બલ(-ળ) ન૦ આત્માનું બળ, મનનુ કે હૃદયનુ બળ ૦બુદ્ધિ સ્ત્રી૦ પોતાની સ્વતંત્ર સમજણ (૨) પોતાપણાની બુદ્ધિ (૩) મતલબિયાપણુ ૦બોધ પુ૦ આત્મજ્ઞાન (૨) જાતને—જીવને ઉપદેશ ૦બંધુ પુ૦ પોતીકુ—એક લોહીનુ સગુ (મામા, માશી કે ફોઈ નો દીકરો) ૦ભાન ન૦ પોતાની જાતનું ભાન—જ્ઞાન ૦ભાવ પુ૦ ગર્વ, હુંપદ (૨) પોતાના રક્ષણ અને ઉન્નતિની ઇચ્છા (૩) આત્મભાવના ૦ભાવના સ્ત્રી૦ પોતાના જેવો જ આત્મા બધામા વસે છે એવી ભાવના ૦ભૂ વિ૦ સ્વયંભૂ (૨) પુ૦ (સં ) બ્રહ્મા (૩) કામદેવ (૪) પુત્ર ૦ભૂત વિ૦ જુઓ આત્મજ (૨) અનુકૂલ (સેવક) ૦ભોગ પુ૦ આપભોગ ૦મંથન ન૦ અંતઃકરણમા અનેક વૃત્તિઓ તથા ભાવોનુ મંથન, મનોમંથન ૦મંથનકાલ(-ળ) પુ૦ આત્મમંથનનો સમય ૦યોગ પુ૦ આત્મા સાથે સંબંધ—જોડાણ ૦રક્ષણ ન૦, ૦રક્ષા સ્ત્રી૦ પોતાનું રક્ષણ—સંભાળ ૦રત વિ૦ આત્મામા જ રમનારુ—નિમગ્ન ૦રતિ સ્ત્રી૦ આત્મામાં પ્રીતિ—આનંદ ૦રામ પુ૦ આત્માને રામ—પ્રભુ માનનાર યોગી (૨) આત્મામા જ રમનાર યોગી ૦લક્ષી વિ૦ પોતાને લક્ષીને રચાયેલુ. સ્વાનુભવરસિક, 'સબ્જેક્ટિવ ૦લગ્ન ન૦ દેહલગ્નથી ભિન્ન એવુ દિલી—બે આત્માઓ વચ્ચેનુ લગ્ન ૦વત્ વિ૦ પોતાના જેવુ ૦વધ પું૦ આપઘાત ૦વંચક વિ૦ જાતને છેતરનાર ૦વંચના સ્ત્રી૦ જાતને છેતરવી તે ૦વાદ પુ૦ આત્મા છે એવો વાદ ૦વાદી વિ૦ આત્મવાદમા માનનાર ૦વાન વિ૦ પોતાની જાત ઉપર કાબૂવાળુ (૨) આત્મજ્ઞ (૩) ચેતનવાળુ; આત્માવાળુ. ૦વિકાસ પું૦ પોતાની જાતનો વિકાસ—ઉન્નતિ ૦વિચાર પુ૦ આત્મચિંતન; આત્મતત્ત્વ વિષે મનન ૦વિડંબના સ્ત્રી૦ પોતાની વિડંબના ૦વિદ પુ૦ આત્માને જાણનાર, બ્રહ્મજ્ઞ ૦વિદ્યા સ્ત્રી૦ અધ્યાત્મવિદ્યા, બ્રહ્મવિદ્યા ૦વિનાશ પું૦ સ્વવિનાશ ૦વિલોપન ન૦ પોતે શૂન્યવત્ થવુ કે તેમ

વર્તવું તે ૦વિશ્વાસ પું૦ જુઓ આત્મશ્રદ્ધા ૦વિસર્જન ન૦ આત્મસમર્પણ, સ્વાર્થત્યાગ (૨) નિરભિમાનપણું. ૦વૃત્ત ન૦, ૦વૃત્તાંત પું૦,ન૦ પોતાનો અહેવાલ, આત્મકથા ૦વેગી વિ૦ આત્માના જેવા વેગવાળું (૨) પોતાની મેળે હાલતું ચાલતું. ૦વેત્તા પું૦ આત્મવિદ ૦શક્તિ સ્ત્રી૦ આત્મબળ ૦શિક્ષણ ન૦ પોતાની જાતનું શિક્ષણ ૦શુદ્ધિ સ્ત્રી૦ આત્માની-પોતાની જાતની શુદ્ધિ ૦શ્રદ્ધા સ્ત્રી૦ આત્માની – પોતાની શક્તિ ઉપરનો વિશ્વાસ ૦શ્લાઘા સ્ત્રી૦ આપવખાણ ૦શ્લાઘી વિ૦ બડાઈખોર ૦સમર્પણ ન૦ જુઓ આત્મનિવેદન ૦સંકોચી વિ૦ સંકોચશીલ ૦સંતુષ્ટ વિ૦ આત્મા અથવા પોતામાં સંતુષ્ટ રહેનારું (૨) બીજાના અભિપ્રાયની પરવા ન કરનારું ૦સંતોષ પું૦ આત્માનો–પોતાનો સંતોષ ૦સંભાષણ ન૦ સ્વગત ઉક્તિ, 'સોલિલોક્વી' ૦સંયમ પું૦ પોતાના ઉપર-મન ઇંદ્રિયો ઉપર સંયમ હોવો તે જાતનો નિગ્રહ ૦સંયમન ન૦ આત્મસંયમ કરવો તે ૦સંરક્ષણ ન૦ આત્મરક્ષા ૦સંસ્કાર પું૦ આત્માની સંસ્કારિતા ૦સંસ્થ વિ૦ આત્મનિષ્ઠ, આત્મામાં સ્થિર. ૦સાક્ષાત્કાર પું૦ આત્માનો સાક્ષાત્કાર-જ્ઞાન થવું તે ૦સાત્ અ૦ તદ્દન પોતાના જેવું – પોતાનું હોય એમ, એકરૂપ ૦સાધન ન૦ આત્માનો સાક્ષાત્કાર કરવાનું સાધન, મોક્ષનું સાધન (કર્મ, ઉપાસના જ્ઞાન, પુણ્યદાન ઇત્યાદિ) ૦સિદ્ધિ સ્ત્રી૦ આત્મસાક્ષાત્કાર, મોક્ષ ૦સુખ ન૦ આત્મામાંથી ઉદ્ભવતું સુખ ૦સ્તુતિ સ્ત્રી૦ આપવખાણ ૦સ્થ વિ૦ જુઓ આત્મસંસ્થ ૦હત્યા સ્ત્રી૦ આપઘાત ૦હત્યારું વિ૦ આપઘાત કરનારું ૦હિત ન૦ આત્માનું – પોતાનું હિત

**આત્મક** વિ૦ [સં] બહુવ્રીહિ સમાસને અંતે '–નું બનેલું' '–ના સ્વભાવનું' '–ના ગુણ–ધર્મવાળું' એવા અર્થમાં ઉદા૦ 'વર્ણનાત્મક,' 'અહિંસાત્મક'

**આત્મનેપદ** ન૦ [સં] સંસ્કૃત ધાતુઓના બે પ્રકારોમાંનો એક –દી વિ૦ આત્મનેપદ વિભાગનું (વ્યા)

**આત્મા** પું૦ [સં] જીવ, જીવનતત્ત્વ (૨) વ્યષ્ટિ જીવ જીવાત્મા (૩) તત્ત્વ – સારભૂત તત્ત્વ (૪) પરમાત્મતત્ત્વ (૫) મૂળ સ્વભાવ, પ્રકૃતિ (૬) અંતઃકરણ (૭) પોતાની જાત ૦દેશ પું૦ આત્માનો આદેશ,સદસદ્ વિવેકબુદ્ધિની આજ્ઞા ૦ધીન વિ૦ આત્માને જ અધીન, સ્વતંત્ર ૦નંદ પું૦ આત્મામાંથી પ્રાપ્ત થતો આનંદ, આત્મજ્ઞાન કે સાક્ષાત્કારને પરિણામે મળતું સુખ ૦નાત્મ ન૦ જડ અને ચેતન તત્ત્વ, આત્મા અને તેથી ભિન્ન બીજું બધું અનાત્મ ૦નાત્મવિચાર પું૦ આત્માનાત્મનો વિચાર ૦નાત્મવિવેક પું૦ આત્માનાત્મ વચ્ચેનો વિવેક – સાચી સમજ ૦નુભવ પું૦, ૦નુભૂતિ સ્ત્રી૦ આત્મસાક્ષાત્કાર. ૦ભિમાન ન૦ હુંપદ (૨) સ્વમાન ૦ભિમુખ વિ૦ આત્મા તરફ વળેલું, અંતર્મુખ ૦ભ્યાસ પું૦ આત્માને ઓળખવાનો અભ્યાસ ૦રામ વિ૦ આત્મા એ જ જેને આનંદનું સ્થાન કે સાધન છે તેવું (૨) પું૦ સાક્ષાત્કાર માટે પ્રયત્ન કરતો યોગી (૩) જીવન્મુક્ત યોગી (૪) આત્મા, પરમાત્મા ૦વલોકન ન૦ આત્મપરીક્ષણ, 'સેલ્ફ-ઇન્ટ્રોસ્પેક્શન' ૦ર્પણ ન૦ સ્વાર્પણ, સ્વાર્થત્યાગ ૦ર્થ પું૦ પોતાનો અર્થ, સ્વાર્થ (૨) આત્માનું હિત ૦ર્થી વિ૦ આત્મકલ્યાણ ઇચ્છનાર ૦શ્રય પું૦ એક ન્યાયદોષ, સાધ્યને પક્ષથી જ સિદ્ધ કરવું તે (ન્યા શા) –ત્મિક, –ત્મીય વિ૦ આત્માનું (૨) પોતાનું, અંગત (૩) સગું –ત્મોત્કર્ષ પું૦ આત્માની-પોતાની ઉન્નતિ –ત્મૈક્ય ન૦ આત્માની એકતા. –ત્મોત્થિત વિ૦ પોતાની મેળે ઉત્થાન પામેલું –ત્મોદય પું૦ આત્મોન્નતિ –ત્મોદ્ભવ વિ૦ (૨) પું૦ જુઓ આત્મજ –ત્મોદ્ભવા સ્ત્રી૦ પુત્રી(૨)બુદ્ધિ –ત્મોદ્રેક પું૦ મનનો ઉભરો –ત્મોન્નતિ સ્ત્રી૦ આત્માની ઉન્નતિ (૨) પોતાની ઉન્નતિ. –ત્મોપજીવી વિ૦ સ્વાશ્રયી –ત્મોપમ વિ૦ પોતાના જેવું –ત્મોપાર્જિત વિ૦સ્વોપાર્જિત –ત્મૌપમ્ય ન૦ બધાને પોતાના જેવા ગણવા તે

**આત્યંતિક** વિ૦ [सं] અનંત, સતત (૨) ખૂબ (૩) સર્વશ્રેષ્ઠ (૪) આખરી, અંતિમ. **–કી** વિ૦ સ્ત્રી૦ આત્યંતિક એવી
**આત્રેયી** સ્ત્રી૦ [सं] (સં) અત્રિ ઋષિની પત્ની, અનસૂયા [આથીપોથી
**આથ(–થા)** સ્ત્રી૦ [सं अर्थ] પૂંજી, થાપણ,
**આથડ** સ્ત્રી૦ [જુઓ અથડાવુ] રખડપટ્ટી, અથડામણ **૦વું** અ૦ક્રિ૦ રખડવું, ભટકવું (૨) આખડવું, લડવું. **આથડિયાં** ન૦બ૦વ૦ ફાંફાં (૨) ગોથાં, લથડિયાં [**–ખાવાં**=લથડવું (૨) ફાંફાં મારવાં]
**આથણુ** ન૦ [જુઓ આથવું] અથાણું (૨) આથવાની ક્રિયા–રીત
**આથમણુ** વિ૦ [જુઓ આથમવું] પશ્ચિમ તરફનું
**આથમવું** અ૦ ક્રિ૦ [सं अस्तमन ?] અસ્ત પામવું, ન દેખાવું (૨) પડતી દશામાં આવવું
**આથર** પું૦ [જુઓ આથરવું] ઘાસનો થર (૨) પછેડી, પાથરણું, મોદ (૩) ગધેડા ઉપર નાખવાની ડળી **૦ણ** ન૦ ચાદર, ઓછાડ (૨) પથારી, બિસ્તરો
**આથરવું** સ૦ક્રિ૦ [सं आस्तृ] પાથરવું (૨) ગંજી કરવી (૩) આચ્છાદન કરવું, ઢાંકવું
**આથર્વણ** વિ૦ [सं] અથર્વવેદને લગતું (૨) પું૦ અથર્વવેદ ભણનાર કે જાણનાર બ્રાહ્મણ (૩) અથર્વવેદ **–ણિક** પું૦ અથર્વવેદ જાણનારો બ્રાહ્મણ
**આથવું** સ૦ક્રિ૦ મીઠું મસાલો ચડે તેમ કરવું (૨) ખમીર ચડાવવું [માલમિલકત
**આથા, આથીપોથી** સ્ત્રી૦ જુઓ આથ, પૂંજી,
**આથો** પું૦ અથાવું–ખમીર ચડવું તે (૨) અથાવા નાખેલી વસ્તુ [**–આવવો, ચડવો**=અથાવું, અથાવાની ક્રિયા થવી, આથાની અસર લાગવી કે થવી **–નાંખવો**=અથાવા મૂકવું ]
**આદ** વિ૦ + આદ્ય, આદિ
**આદત** સ્ત્રી૦ [अ] ટેવ, મહાવરો
**આદમ** પું૦ [अ] સૃષ્ટિનો સૌથી પ્રથમ જન્મેલો પુરુષ (૨) માણસ **૦ખોર** વિ૦ માણસખાઉ **૦જાત** સ્ત્રી૦ માણસજાત
**આદમજીનો ડોરડો** પું૦ એક બાળરમત

**આદમી** પું૦ [अ] માણસ **–મિયત** સ્ત્રી૦ માણસાઈ, સુજનતા
**આદર** પું૦ [सं.] સન્માન **૦ણી** સ્ત્રી૦ વેવિશાળ થયા પછી કન્યાને વરપક્ષ તરફથી લૂગડાં ઘરેણાં ઇત્યાદિની અપાતી ભેટ, વસત [**–ચડાવવી**=વસતની ભેટ કન્યાને આપવી ] **૦ણીય** વિ૦ આદર આપવા યોગ્ય **૦બુદ્ધિ** સ્ત્રી૦ માનબુદ્ધિ, પૂજ્યભાવ **૦ભાવ** પું૦ માનની લાગણી **૦માન** ન૦ આદરસત્કાર **૦વાત** સ્ત્રી૦ આદરયુક્ત વાત, આદર ઉપજાવનારી વાત **૦વું** સ૦ક્રિ૦ [सं आ+दृ] આરંભવું, શરૂ કરવું (૨) સ્વીકારવું, સત્કારવું (૩) સેવન કરવું **૦સત્કાર** પું૦ આદર અને સત્કાર
**આદર્શ** પું૦ [सं] દર્પણ, આરસો (૨) નમૂનો (૩) ધ્યેય, લક્ષ (૪) વિ૦ નમૂનેદાર, ધ્યેયરૂપ **૦જીવી** વિ૦ આદર્શ પ્રમાણે અથવા માટે જીવનાર **૦દર્શી** વિ૦ આદર્શ–ધ્યેયને જોનારું **૦ભૂત** વિ૦ વડો લેવા જેવું, નમૂનેદાર **૦વાદ** પું૦ આદર્શનું જ પરિપાલન કરવું જોઈએ એવો વાદ, 'આઇડિયેલિઝમ' **૦વાદી** વિ૦ (૨) પું૦ આદર્શવાદમાં માનનાર
**આદ(–ધ)વેર** ન૦ મૂળનું–જૂનું વેર (૨) હાડવેર, પાકી દુશ્મનાવટ
**આદાન** ન૦ [सं] સ્વીકાર (૨) પકડવું તે (૩) [રોગનું] નિદાન **૦પ્રદાન** ન૦ લેણદેણ, આપલે
**આદાબ** પું૦ [अ] અદબ, સલામ, વિવેક
**આદાય** પું૦ [सं] સ્વીકાર (૨) નફો. લાભ (૩) ઊપજ, આવક
**આદા(–ધા)શીશી** સ્ત્રી૦ [सं अर्ध-शीर्षम्] અડધું–એક બાજુનું માથું દુખે એ રોગ
**આદિ** વિ૦ [सं] પહેલું, પ્રારંભનું (૨) મુખ્ય, પ્રધાન (૩) જુઓ આદિક (૪) પું૦ પ્રારંભ, શરૂઆત (૫) મૂળ કારણ (૬) [ગ] પહેલું પદ **૦કર્તા(–ર્તા)** પું૦ (સં) બ્રહ્મા **૦કવિ** પું૦ સૌથી પહેલો કવિ (૨) [illegible] બ્રહ્મા (૩) [illegible]

૦કાવ્ય ન૦ સૌથી પહેલું રચાયેલું કાવ્ય(૨) (પ) રામાયણ (સંસ્કૃતમાં) ૦ગ્રંથ પું૦ પહેલો-મૂળ ગ્રંથ(૨)શીખ લોકોનું ધર્મપુસ્તક, ગ્રંથસાહેબ. ૦ઘટક પું૦ મૂળ એકમ, 'યુનિટ' ૦જિન પું૦(સં) ઋષભદેવ, આદિનાથ ૦તાલ પું૦ ગાવામાં સૂરને બળ આપવા માટેનો પહેલો તાલ (૨) એકતાલ(સંગીત) ૦દેવ પું૦ દેવાધિદેવ, પરમાત્મા ૦દૈત્ય પું૦ (સં) હિરણ્યકશિપુ ૦નાથ પું૦ (પ) પહેલા જૈન તીર્થંકર ૦નારાયણ પું૦(સં) વિષ્ણુ ૦પદ ન૦ પ્રથમ પદ (ગ) ૦પર્વ ન૦ પહેલો ભાગ (૨) (સં) મહાભારતનો પ્રથમ ખંડ ૦પુરુષ પું૦ મૂળ પુરુષ (૨) વિષ્ણુ બ્રહ્મા, સર્જનહાર ૦માતા(-યા) સ્ત્રી૦ પ્રકૃતિ (૨) આદ્યભવાની, પાર્વતી ૦મૂળ ન૦ મૂળ પાયો આદિ કારણ ૦યોજક પું૦ મૂળ યોજક (૨) (સં) બ્રહ્મા, વિષ્ણુ નારાયણ ૦રસ પું૦ પ્રથમ અર્થાત્ શૃંગારરસ ૦વર્ણ પું૦ બ્રાહ્મણવર્ણ ૦શક્તિ સ્ત્રી૦ પ્રકૃતિ (૨) દુર્ગા ૦શરીર ન૦ કારણ-શરીર(૨) સૂક્ષ્મ શરીર (૩) અજ્ઞાન -દીશ્વર પું૦ (સં) જૈનોના પ્રથમ તીર્થંકર

**આદિક** વિ૦ [सं] વગેરે, ઇત્યાદિ (બહુવ્રીહિ સમાસને અંતે)

**આદિત્ય** પું૦[सं] સૂર્ય, રવિ (૨)અદિતિના બારે પુત્રોમાંનો કોઈ પણ (૩) બારની સંજ્ઞા ૦વાર પું૦ આતવાર, રવિવાર

**આદિમ** વિ૦ [सं] પ્રારંભનું મૂળ અસલ

**આદિષ્ટ** વિ૦ [सं] આદેશ પામેલું (૨) જેને માટે હુકમ અપાયો હોય એવું

**આદુ** ન૦[सं आर्द्रक] એક કંદ, જેની સૂંઠ બને છે [-કાઢી નાંખવું=જોર કે ગુસ્સો નરમ પાડી દે એમ કરવું -ખાઈને=ખૂબ ખંત અને જહેમતની સાથે, ભારે જોર કરીને આદાની સૂંઠ થવી=શરીરે બહુ સુકાવું-લેવાઈ જવું] -દાપાક પું૦ આદાનો પાક(૨) [લા] માર [-આપવો, દેવો,=મારવું] -દામૂળી સ્ત્રી૦ આદાનું કુમળું મૂળ

**આદે** અ૦ જુઓ તોબા

**આદેશ** પું૦[सं] આજ્ઞા (૨)ઉપદેશ (૩)[વ્યા] ફેરફાર, એકને બદલે બીજો વર્ણ આવે તે (૪) [ગ] ઉત્થાપન, 'સબ્સ્ટિટ્યૂશન' ૦ક પું૦ આદેશ કરનાર ૦મંત્ર પું૦ ઉત્થાપનમંત્ર, 'પ્રિન્સિપલ ઑફ સબ્સ્ટિટ્યૂશન' (ગ)

**આદૌ** અ૦ [सं] આદિમાં પૂર્વે, અગાઉ

**આદોકદમી** વિ૦ [सं आद्य+फा क़दीम] (ગ્રા) અસલનું, જૂના કાળનું

**આદ્ય** વિ૦ [सं] પ્રથમનું, પ્રારંભનું, મૂળ ૦કવિ પું૦ આદિકવિ ૦ગુરુ પું૦ આદ્ય ગુરુ-ઈશ્વર ૦ભવાની સ્ત્રી૦ જગદંબા મૂળ શક્તિ ૦ભૂમિ સ્ત્રી૦ મૂળ ભૂમિ ૦વેર ન૦ જુઓ આદવેર ૦શક્તિ સ્ત્રી૦ મૂળ શક્તિ-અંબાભવાની, દુર્ગા ૦સ્થાન ન૦ સૌથી પહેલાનું -મૂળ સ્થાન

**આદ્યક** પું૦ [सं] ત્રિરાશીનું પહેલું પદ (ગ)

**આદ્યંત** અ૦ [सं] આદિથી તે અંત સુધી

**આદ્યોદાત્ત** વિ૦[सं] જેનો આદિ સ્વર ઉદાત્ત હોય એવું

**આધ** વિ૦ [हिं.] અડધું

**આધ(૦ર)ણ** ન૦[सं आदहन, प्रा. आदाण ?] અનાજને બાફવા માટે એકલું પાણી પહેલેથી તપવા માટે મુકાય છે તે [-આવવું,-થવું= આધણનું પાણી જોઈએ તેવું ગરમ થવું, આધણ તૈયાર થવું -મૂકવું=આધણનું પાણી ચૂલા પર ચઢાવવું (૨) રસોઈની તૈયારી કરવી (૩) નકામું કે બગાડ કરવું વેડફી નાખવું આધણ ઊકળી જવા=વેળા વહી જવી] [અધરકવું

**આધરકણ** ન૦ અવરકણ, મેળવણ -વું સ૦ક્રિ૦

**આધરણ** ન૦ જુઓ આધણ (૨)[सं] આધાર રાખવો તે

**આધાન** ન૦ [सं] મૂકવું તે (૨) ધારણ કરવું તે (૩) ગર્ભધારણ, ગર્ભ (૪) અગ્નિહોત્રીનું પ્રાથમિક કર્મ

**આધાપલીત(-તું)** વિ૦ અડધું ગાંડું દાધારંગું

**આધાર** પું૦ [सं] ટેકો, અવલંબન (૨) આશ્રય, મદદ (૩) પુરાવો સાબિતી (૪) [વ્યા] આધેય કરણ, સાતમી વિભક્તિનો અર્થ ૦ગ્રંથ પું૦ આધારરૂપ-પ્રમાણભૂત ગ્રંથ ૦પાત્ર વિ૦ આધાર રાખવા યોગ્ય ૦ભૂત વિ૦ આધાર

**આત્યંતિક** વિ૦ [સ] અનંત, સતત (૨) ખૂબ (૩) સર્વશ્રેષ્ઠ (૪) આખરી, અંતિમ **–કી** વિ૦ સ્ત્રી૦ આત્યંતિક એવી
**આત્રેયી** સ્ત્રી૦ [સ] (સ) અત્રિ ઋષિની પત્ની, અનસૂયા [આથીપોથી
**આથ(–થા)** સ્ત્રી૦ [સ અર્થ] પૂંજી, થાપણ,
**આથડ** સ્ત્રી૦ [જુઓ અથડાવુ] ખડપટ્ટી, અથડામણ **૦વું** અ૦ક્રિ૦ રખડવુ, ભટકવુ (૨) આખડવુ; લડવુ. **આથડિયાં** ન૦બ૦વ૦ ફાંફાં (૨) ગોથા, લથડિયા [**–ખાવાં**=લથડવુ (૨) ફાંફાં મારવા]
**આથણુ** ન૦ [જુઓ આથવુ] અથાણુ (૨) આથવાની ક્રિયા–રીત
**આથમણુ** વિ૦[જુઓ આથમવુ] પશ્ચિમ તરફનુ
**આથમવું** અ૦ ક્રિ૦ [સ अस्तमन?] અન્ત પામવુ, ન દેખાવુ (૨) પડતી દશામા આવવુ
**આથર** પુ૦ [જુઓ આથરવુ] ઘાસનો થર (૨) પછેડી, પાથરણુ, મોદ (૩) ગધેડા ઉપર નાખવાની ડળી **૦ણ** ન૦ ચાદર, ઓછાડ (૨) પથારી, બિસ્તરો
**આથરવું** સ૦ક્રિ૦ [સ आस्तृ] પાથરવુ (૨) ગજી કરવી (૩) આચ્છાદન કરવુ, ઢાંકવુ
**આથર્વણ** વિ૦ [સ] અથર્વવેદને લગતુ (૨) પુ૦ અથર્વવેદ ભણનાર કે જાણનાર બ્રાહ્મણ (૩) અથર્વવેદ **–ણિક** પુ૦ અથર્વવેદ જાણનારો બ્રાહ્મણ
**આથવું** સ૦ક્રિ૦ મીઠુ મસાલો ચડે તેમ કરવુ (૨) ખમીર ચડાવવુ [માલમિલકત
**આથા, આથીપોથી** સ્ત્રી૦ જુઓ આથ પૂંજી,
**આથો** પુ૦ અથાવુ–ખમીર ચડવું તે(૨)અથાવા નાખેલી વસ્તુ [**–આવવો, ચડવો**=અથાવુ, અથાવાની ક્રિયા થવી, આથાની અસર લાગવી કે થવી **–નાંખવો**=અથાવા મૂકવુ ]
**આદ** વિ૦ + આદ્ય, આદિ
**આદત** સ્ત્રી૦ [અ] ટેવ, મહાવરો
**આદમ** પું૦[અ.] સૃષ્ટિનો સૌથી પ્રથમ જન્મેલો પુરુષ (૨) માણસ **૦ખોર** વિ૦ માણસખાઉ **૦જાત** સ્ત્રી૦ માણસજાત
**આદમજીનો કોરડો** પુ૦ એક બાળરમત
**આદમી** પુ૦ [અ] માણસ **–મિયત** સ્ત્રી૦ માણસાઈ, સુજનતા
**આદર** પુ૦[સં.] સન્માન **૦ણી** સ્ત્રી૦વેવિશાળ થયા પછી કન્યાને વરપક્ષ તરફથી લૂગડા વરેણા ઇત્યાદિની અપાતી ભેટ વસત [**–ચડાવવી**=વસતની ભેટ કન્યાને આપવી ] **૦ણીય** વિ૦ આદર આપવા યોગ્ય **૦બુદ્ધિ** સ્ત્રી૦ માનબુદ્ધિ, પૂજ્યભાવ **૦ભાવ** પુ૦ માનની લાગણી **૦માન** ન૦ આદરસત્કાર **૦વાત** સ્ત્રી૦ આદરયુક્ત વાત, આદર ઉપજાવનારી વાત **૦વું** સ૦ક્રિ૦ [સ आ+दृ] આરંભવુ, શરૂ કરવુ (૨) સ્વીકારવુ, સત્કારવુ (૩) સેવન કરવુ **૦સત્કાર** પુ૦ આદર અને સત્કાર
**આદર્શ** પુ૦ [સ] દર્પણ, આરસો (૨) નમૂનો (૩) ધ્યેય લક્ષ (૪) વિ૦ નમૂનેદાર, ધ્યેયરૂપ **૦જીવી** વિ૦ આદર્શ પ્રમાણે અથવા માટે જીવનાર **૦દર્શી** વિ૦આદર્શ–ધ્યેયને જોનારુ **૦ભૂત** વિ૦ વડો લેવા જેવું, નમૂનેદાર **૦વાદ** પુ૦ આદર્શનુ જ પરિપાલન કરવુ જોઈએ એવો વાદ, 'આઇડિયેલિઝમ' **૦વાદી** વિ૦ (૨) પુ૦ આદર્શવાદમા માનનાર
**આદ(–ધ)વેર** ન૦ મૂળનુ–જૂનુ વેર (૨) હાડવેર, પકી દુશ્મનાવટ
**આદાન** ન૦ [સ] સ્વીકાર (૨) પકડવુ તે (૩) [રોગનુ] નિદાન **૦પ્રદાન** ન૦લેણદેણ,આપલે
**આદાબ** પું૦[અ] અદબ, સલામ, વિવેક
**આદાય** પું૦[સ] સ્વીકાર (૨) નફો લાભ (૩) ઊપજ, આવક
**આદા(–ધા)શીશી** સ્ત્રી૦ [સ अर्ध-शीर्षम्] અડધુ–એક બાજુનુ માથું દુખે એ રોગ
**આદિ** વિ૦ [સ] પહેલુ, પ્રારંભનું (૨) મુખ્ય, પ્રધાન (૩) જુઓ આદિક (૪) પું૦ પ્રારંભ શરૂઆત (૫) મૂળ કારણ (૬)[ગ] પહેલુ પદ **૦કર્તા(–ર્તા)** પુ૦(સ) બ્રહ્મા **૦કવિ** પુ૦સૌથી પહેલો કવિ (૨) [સ] બ્રહ્મા (૩) વાલ્મીકિ **૦કારણ** ન૦ મૂળ કારણ (૨) વિશ્વનુ–સૃષ્ટિનુ મૂળ કારણ સૃષ્ટિનુ બીજ **૦કાલ(–ળ)** પુ૦ આરંભકાલ (૨) સૃષ્ટિની શરૂઆતનો કાળ

૦કાવ્ય ન૦ સૌથી પહેલું રચાયેલું કાવ્ય(૨) (સં) રામાયણ (સંસ્કૃતમાં) ૦ગ્રંથ પુ૦ પહેલો-મૂળ ગ્રંથ(૨)શીખ લોકોનું ધર્મપુસ્તક, ગ્રંથસાહેબ. ૦ઘટક પુ૦ મૂળ એકમ, 'યુનિટ' ૦જિન પુ૦(સં) ઋષભદેવ, આદિનાથ ૦તાલ પુ૦ ગાવામાં સૂરને બળ આપવા માટેનો પહેલો તાલ (૨) એકતાલ(સંગીત) ૦દેવ પુ૦ દેવાધિદેવ પરમાત્મા ૦દૈત્ય પુ૦ (સં) હિરણ્યકશિપુ ૦નાથ પુ૦ (સં) પહેલા જૈન તીર્થંકર ૦નારાયણ પુ૦(સં) વિષ્ણુ ૦પદ ન૦ પ્રથમ પદ (ગ) ૦પર્વ ન૦ પહેલો ભાગ (૨) (સં) મહાભારતનો પ્રથમ ખંડ ૦પુરુષ પુ૦ મૂળ પુરુષ (૨) વિષ્ણુ બ્રહ્મા, સર્જનહાર ૦માતા(-યા) સ્ત્રી૦ પ્રકૃતિ (૨) આદ્યભવાની, પાર્વતી ૦મૂળ ન૦ મૂળ પાયો, આદિ કારણ ૦યોજક પુ૦ મૂળ યોજક (૨) (સં) બ્રહ્મા, વિષ્ણુ નારાયણ ૦રસ પુ૦ પ્રથમ અર્થાત્ શૃંગારરસ ૦વર્ણ પુ૦ બ્રાહ્મણવર્ણ ૦શક્તિ સ્ત્રી૦ પ્રકૃતિ (૨) દુર્ગા ૦શરીર ન૦ કારણ-શરીર(૨) સૂક્ષ્મ શરીર (૩) અજ્ઞાન -દીશ્વર પું૦ (સં) જૈનોના પ્રથમ તીર્થંકર

આદિક વિ૦ [સં] વગેરે, ઇત્યાદિ (બહુવ્રીહિ સમાસને અંતે)

આદિત્ય પુ૦[સં] સૂર્ય, રવિ (૨)અદિતિના બાર પુત્રોમાંનો કોઈ પણ (૩)બારની સંજ્ઞા ૦વાર પુ૦ આતવાર, રવિવાર

આદિમ વિ૦ [સં] પ્રારંભનું મૂળ, અસલ

આદિષ્ટ વિ૦ [સં] આદેશ પામેલું (૨) જેને માટે હુકમ અપાયો હોય એવું

આદુ ન૦[સં आर्द्रक] એક કંદ, જેની સૂંઠ બને છે [-કાઢી નાંખવું=જોર કે જુસ્સો નરમ પાડી દે એમ કરવું -ખાઈને=ખૂબ ખંત અને જહેમતની સાથે, ભારે જોર કરીને આદાની સૂંઠ થવી=રાગીને બહુ મુકાવું-લેવાઈ જવું ]-દાપાક પુ૦ આદાનો પાક(૨) [લા] માર [-આપવો, દેવો,=મારવું ] -દામૂળી સ્ત્રી૦ આદાનું કુમળું મૂળ

આદે અ૦ જુઓ તોબા

આદેશ પુ૦[સં] આજ્ઞા (૨)ઉપદેશ (૩)[વ્યા] ફેરફાર, એકને બદલે બીજો વર્ણ આવે તે (૪) [ગ] ઉત્થાપન, 'સબ્સ્ટિટ્યૂશન' ૦ક પુ૦ આદેશ કરનાર ૦મંત્ર પુ૦ ઉત્થાપનમંત્ર, 'પ્રિન્સિપલ ઓફ સબ્સ્ટિટ્યૂશન' (ગ)

આદૌ અ૦ [સં] આદિમાં, પૂર્વે, અગાઉ

આદોકદમી વિ૦ [સં आद्य + फा कदीम] (ફા) અસલનું, જૂના કાળનું

આદ્ય વિ૦ [સં] પ્રથમનું, પ્રારંભનું, મૂળ ૦કવિ પુ૦ આદિકવિ ૦ગુરુ પું૦ આદ્ય ગુરુ-ઈશ્વર ૦ભવાની સ્ત્રી૦ જગદંબા, મૂળ શક્તિ ૦ભૂમિ સ્ત્રી૦ મૂળ ભૂમિ ૦વેર ન૦ જુઓ આદવેર ૦શક્તિ સ્ત્રી૦ મૂળ શક્તિ-અંબાભવાની, દુર્ગા ૦સ્થાન ન૦ સૌથી પહેલાનું - મૂળ સ્થાન

આદ્યંક પુ૦ [સં] ત્રિરાશીનું પહેલું પદ (ગ)

આદ્યંત અ૦ [સં] આદિથી તે અંત સુધી

આદ્યોદાત્ત વિ૦[સં] જેનો આદિ સ્વર ઉદાત્ત હોય એવું

આધ વિ૦ [હિં] અડધું

આધ(૦ર)ણ ન૦[સં आदहन, प्रा. आदाण ?] અનાજને બાફવા માટે એકલું પાણી પહેલેથી તપવા માટે મુકાય છે તે [-આવવું,-થવું= આધણનું પાણી જોઈએ તેવું ગરમ થવું, આધણ તૈયાર થવું -મૂકવું=આધણનું પાણી ચૂલા પર ચડાવવું (૨) રસોઈની તૈયારી કરવી (૩) નકામું કે બરબાદ કરવું, વેડફી નાખવું આધણ ઊકળી જવાં=વેળા વહી જવી ] [અધરકડું

આધરકણ ન૦અધરકણ, મેળવણ -ણુ સ૦ક્રિ૦

આધરણ ન૦ જુઓ આધણ (૨)[સં]આધાર રાખવો તે

આધાન ન૦ [સં] મૂકવું તે (૨) ધારણ કરવું તે (૩) ગર્ભધારણ, ગર્ભ (૪) અગ્નિહોત્રીનું પ્રાથમિક કર્મ

આધાપલીત(-તું) વિ૦ અડધું ગાંડું હાધારગું

આધાર પુ૦ [સં] ટેકો, અવલંબન (૨) આશ્રય, મદદ (૩) પુરાવો સાબિતી (૪) [વ્યા] અધિકરણ, સાતમી વિભક્તિનો અર્થ ૦ગ્રંથ પુ૦ આધારરૂપ-પ્રમાણભૂત ગ્રંથ ૦પાત્ર વિ૦ આધાર રાખવા યોગ્ય. ૦ભૂત વિ૦ આધાર

બનેલું (૨) પ્રમાણભૂત ૦સ્તંભ પું૦ આધારરૂપ સ્તંભ-થાંભલો -રાધેયભાવ પું૦ આશ્રયાશ્રયીભાવ
આધાશીશી સ્ત્રી૦ જુઓ આદાશીશી
આધિ પું૦[સ] માનસિક પીડા ૦વ્યાધિ પું૦ શરીર ને મનની પીડા [કાઢનાર
આધિક પું૦[સ आधि પરથી ?] ભૂવો, ભૂત-પ્રેત
આધિકારિક વિ૦ [સ] અધિકાર કે સત્તાને લગતું (૨) અધિકારીને લગતું સર્વોપરી (૩) પું૦ પરમાત્મા, પરમેશ્વર
આધિક્ય ન૦ [સ] અધિકતા વધારેપણું (૨) પુષ્કળતા (૩) ચઢિયાતાપણું ૦ચિહ્ન ન૦ (ગ) અધિકતા,-ના કરતાં મોટું એવો અર્થ સૂચવતું (>) આવું ચિહ્ન
આધિદૈવિક વિ૦ [સ.] ઇંદ્રિયોના અધિદેવોને લગતું (૨) ઇંદ્રિયો થકી થયેલું (૩) ભૂતપ્રેતાદિથી ઊપજેલું (દુઃખ) (૪) દૈવકૃત (સુખદુઃખ)
આધિપત્ય ન૦[સ] અધિપતિપણું; ઉપરીપણું
આધિભૌતિક વિ૦ [સં] પ્રાણીઓને લગતું (૨) પંચમહાભૂતો સંબંધી (૩) શારીરિક (પીડા)
આધિરાજ્ય ન૦ [સ] સંપૂર્ણ સ્વામિત્વ
આધીન વિ૦ જુઓ અધીન, વશ ૦તા સ્ત્રી૦, ૦પણું ન૦ [૦તા સ્ત્રી૦
આધુનિક વિ૦ [સ] હમણાંનું, અર્વાચીન
આધે અ૦[સ અર્ધ-જુઓ આધ] અર્ધ ભાગથી (ઢોર સાચવવા આપવું) [-આપવું, મૂકવું, બંધાવવું = ઢોરને અર્ધભાગે સાચવવા આપવું]
આધેડ વિ૦ અડધી ઉંમરે પહોંચેલું, પ્રૌઢ વયનું
આધેય વિ૦[સ] આધાર આપવા લાયક
આધ્યાત્મિક વિ૦ [સ] આત્મા સંબંધી, આત્મતત્ત્વવિષયક
આધ્રેરાયું વિ૦ જુઓ અધવાયું
આન વિ૦ જુઓ અન્ય (૫)
આનક પું૦ [સ] નગારું, મૃદંગ
આનતિ સ્ત્રી૦ [સ] નમવું તે (૨) નમસ્કાર (૩) માન પૂજ્યભાવ ૦પ્રદેશ પું૦ ઢોળાવ કે તળેટીનો પ્રદેશ
આનન ન૦ [સ] મુખ, મોં (૨) ચહેરો
આનમાન વિ૦ + ન માની શકાય એવું ખોટું
આનય પું૦, ૦ન ન૦ [સં] આણવું તે (૨) ઉપનયનસંસ્કાર
આનર્ત(ર્ત્ત) પું૦ [સ] (સ) કાઠિયાવાડનું પ્રાચીન નામ
આનંત્ય ન૦[સ] અનંતતા (૨) શાશ્વતતા (૩) સ્વર્ગ, પરલોકનું સુખ
આનંદ પું૦[સ] હર્ષ, પ્રસન્નતા (૨) પું૦,ન૦ બ્રહ્મ ૦તા સ્ત્રી૦ ૦ક વિ૦ આનંદકારી. ૦કંદ પું૦ આનંદનું મૂળ (૨) બ્રહ્મ. પરમાત્મા ૦કારી વિ૦ આનંદ કરાવનાર ૦ગિરિ પું૦ (સ) શંકરાચાર્યના ભાષ્યો ઉપર ટીકા લખનાર એક વિદ્વાન ૦ઘન વિ૦ આનંદથી ભરપૂર (૨) પું૦ બ્રહ્મ, પરમાત્મા (૩) (સ) જૈનધર્મનો એક સંત ૦પર્યવસાયી વિ૦ જેને અંતે આનંદ હોય એવું; આનંદમાં પરિણમે એવું ૦ભૈરવી સ્ત્રી૦ એક રાગિણી ૦ભૈરવ વિ૦ એકીસાથે આનંદ અને ભય પમાડનારું (૨) પું૦(સ) શંકર, મહાદેવ ૦મય વિ૦ આનંદથી ભરેલું ૦મયકોશ(-ષ) પું૦ અન્ન, પ્રાણ, મન, વિજ્ઞાન અને આનંદ એ પંચકોશોમાંનો એક ૦મીમાંસા સ્ત્રી૦ (કલાના ઉપભોગથી થતા) આનંદ વિષે વિચાર કરનારું શાસ્ત્ર; 'એસ્થેટિક્સ' ૦મૂર્તિ(-ર્ત્તિ) વિ૦ આનંદરૂપ (૨) સ્ત્રી૦ બહુ આનંદી માણસ ૦લહરિ(-રી) સ્ત્રી૦ આનંદનો તરંગ (૨) [સ] શંકરાચાર્યકૃત એક સ્તોત્ર ૦વર્ષી વિ૦ આનંદ વરસાવનારું. ૦વું અ૰ક્રિ૦[સ. आनन्द्] આનંદ કરવો, ખુશ થવું. ૦વૃત્તિ સ્ત્રી૦ આનંદી રહેવાનું વલણ, એવો સ્વભાવ. ૦સમાધિ સ્ત્રી૦ આનંદપૂર્ણ સમાધિ (૨) આનંદથી થયેલી સમાધિ (૩) રજસ્તમોગુણયુક્ત ચિત્તની માત્ર ભાવનાથી સ્થિરતા બને ત્યારે થતી સમાધિ -દા સ્ત્રી૦ ભાગ -દાશ્રુ ન૦ આનંદના આંસુ -દિત વિ૦ ખુશ -દી વિ૦ ખુશમિજાજી મોજી
આનંદદોરો પું૦ જુઓ અનંતદોરો
આનાકાની સ્ત્રી૦ [હિ, મ સ अनाकर्णन ?] હા ના કરવી તે, ટચુપચુ હોવાની દશા
આનાવારી સ્ત્રી૦ કેટલી આની પાક પાક્યો તેનો અડસટ્ટો કાઢવો તે ઉત્પન્નનો અડસટ્ટો.

[-કાઢવી=આનાવારીનો અંદાજ નક્કી કરવો, આનાવારી ગણવી] [પુતળિયું

**આનિયું** ન૦ ['આનો' પરથી] કોટમા નાખવાનું

**આની** સ્ત્રી૦ [જુઓ આનો] એક આનાનો સિક્કો (૨) [લા] સોળમો ભાગ ૦ભાર પુ૦ રૂપિયાના સિક્કાના વજનનો — રૂપિયાભારનો ૧૬મો ભાગ.

**આનુકૂલ્ય** ન૦ [સ] અનુકૂલતા

**આનુપૂર્વી** સ્ત્રી૦ [સં] અનુક્રમ (૨) નિયમ પ્રમાણે દોરેલુ અનુમાન [ન્યા]

**આનુભવિક** વિ૦ [સ] અનુભવને લગતુ

**આનુમાનિક** વિ૦[સ] અનુમાનને લગતું (૨) તર્કસિદ્ધ

**આનુયાંત્રિક** વિ૦[સ] યાન્ત્રિક,યન્ત્રવત એકધારું

**આનુવંશિક** વિ૦ [સ] વંશપરંપરાથી ચાલતુ ૦તા સ્ત્રી૦

**આનુશ્રાવિક** વિ૦ [સ] શ્રવણ દ્વારા જાણેલુ

**આનુષંગિક** વિ૦ [સ] અમુકના સંબંધવાળુ, સહવર્તી (૨) ગૌણ ૦તા સ્ત્રી૦

**આનૃણ્ય** ન૦ [સ] અનૃણ — ઋણમુક્ત થવુ તે

**આનું** (આ'નુ) વિ૦ 'આ' (સ૦)નુ છઠ્ઠી વિ૦નુ રૂપ (બ૦વ૦ આમનુ) (બીજા રૂપો—આનાથી, આને, આનામા) [નાણુ

**આનો** પુ૦ [મ आणक] ચાર પૈસાની કિંમતનુ

**આન્ધ્ર** પુ૦ [સ] જુઓ 'આંધ્ર'

**આન્વીક્ષિકી** સ્ત્રી૦ [સ.] તર્ક — ન્યાયશાસ્ત્ર (૨) આત્મવિદ્યા

**આપ** [સ अप्-आप] પાણી

**આપ** ન૦ [મ आत्मन्, प्रा अप्प] પોતાપણુ, અહંતા (૨) પોતાનુ શરીર (૩) સ૦ તમે [માનાર્થે] (૪) પોતે, ખુદ (સમાસમા) ઉદા૦ આપમહેનત, આપખુશી ઇ૦ [આપ આપ કરવું = અતિ માનથી બોલવુ કે વર્તવું, ખુશામત કરવી] ૦અક્કલ સ્ત્રી૦ આપબુદ્ધિ, પોતાની અક્કલહોશિયારી ૦અખત્યાર વિ૦ પોતાની મરજી પ્રમાણે ચાલનારુ, આપખુદ ૦અખત્યારી સ્ત્રી૦ આપખુદી ૦આપણુ વિ૦ પોતપોતાનુ. ૦આપમાં અ૦ અંદરે-અંદર, માંહોમાંહે ૦કમાઈ સ્ત્રી૦ જાતે કરેલી કમાણી ૦કર્મી વિ૦ પોતાના જ પુરુષાર્થ પર આધાર રાખનારુ. ૦કળા સ્ત્રી૦ આપે આવડે એવી કળા ૦ખુદ વિ૦ સર્વ સત્તા સ્વાધીન રાખી—ગણી વર્તનારુ ૦ખુદી સ્ત્રી૦ આપખુદ વર્તન ૦ખુશી સ્ત્રી૦ પોતાની મરજી ૦ઘાત પુ૦ આત્મહત્યા ૦ઘાતિયું વિ૦ આપઘાત કરનારુ. ૦જણું વિ૦ (કા) આપબળે ટકી રહેતુ; સ્વાશ્રયી ૦ડાહ્યું વિ૦ પોતાને બહુ ડાહ્યુ માનનારું (૨) દોઢડાહ્યુ ૦દૃષ્ટિ સ્ત્રી૦ સ્વાર્થી દૃષ્ટિ ૦પરભાવ પુ૦ ભેદભાવ, મારાતારાપણુ ૦બળ ન૦ પોતાનુ બળ, જાતબળ ૦બુદ્ધિ સ્ત્રી૦ પોતાની બુદ્ધિ (૨) સ્વાર્થબુદ્ધિ ૦ભોગ પુ૦ સ્વાર્થત્યાગ ૦મતલબી(-બિયુ) વિ૦સ્વાર્થી ૦મતિયુ, ૦મતીલુ વિ૦ પોતાની જ મતિ અનુસાર ચાલનારુ (૨) દુરાગ્રહી; જક્કી ૦મુખત્યાર વિ૦પોતાની મરજી પ્રમાણે કરવાની સત્તાવાળુ ૦મુખત્યારી સ્ત્રી૦ પોતાની મરજી પ્રમાણે કરવાનો અધિકાર — સત્તા ૦મેળે અ૦ આપો-આપ, પોતાની મેળે ૦રખુ વિ૦(કા) પોતાનુ જ સાચવી બેસી રહે એવુ, સ્વાર્થી ૦વખાણ ન૦, ૦વડાઈ સ્ત્રી૦ પોતાની વડાઈ — મોટાઈ દેખાડવી — જાતે પોતાના વખાણ કરવા તે, આત્મશ્લાઘા ૦વીતી સ્ત્રી૦ પોતાને વીતેલુ તે, પોતાને થયેલો અનુભવ, આત્મકથા ૦સ્વાર્થ પુ૦પોતાનો સ્વાર્થ, એકલપેટાપણુ ૦સ્વાર્થી વિ૦ આપમતલબી ૦હત્યારું વિ૦ આત્મઘાતી -પે અ૦ પોતાની મેળે -પોઆપ અ૦ ખુદ જાતે, પંડે (૨) પોતાની મેળે સહજ સ્વાભાવિક રીતે

**આપગા** સ્ત્રી૦ [સ] નદી

**આપઘાત,-તિયુ** જુઓ 'આપ'મા

**આપટો** પુ૦ એક ઝાડ

**આપડાહ્યું** વિ૦ જુઓ 'આપ'મા

**આપણ** પુ૦ [મ] બજાર, ચૌટુ

**આપણ** સ૦ [સ आत्मन्, प्रा अप्पण] (સામાન્યત પદ્યમા) હુ કે અમે અને તું કે તમે, બોલનાર ને સાંભળનાર બંને (ગદ્યમા 'આપણે' પ્રાય વપરાય છે) -ણુ સ૦

'આપણે'નું છઠ્ઠી વિભક્તિ ન૦, એ૦ વ૦ રૂપ -ણે સ૦ જુઓ આપણ (૨) હુ (જેમ કે, 'ભાઈ, આપણે એમાં માનતા નથી'.) (૩) તમે આપ ઉદા૦ "આપણે કારભાર કરો ત્યારે સરત રાખજો" (સરસ્વતીચંદ્ર)

આપત સ્ત્રી૦ જુઓ આયપત

આપત સ્ત્રી૦[સ]જુઓ આપત્તિ -ત્કાળ પુ૦ આપત્તિનો સમય [મુશ્કેલી

આપત્તિ સ્ત્રી૦ [સ] આફત, સંકટ (૨) દુઃખ,

આપત્ય ન૦ + જુઓ અપત્ય

આપદ(-દા) સ્ત્રી૦ [સ] જુઓ આપત્તિ [-પડવી = આફત કે દુઃખ થવું-અનુભવમાં આવવું] -દ્ધર્મ પુ૦ આપત્તિના સમયનો ધર્મ, મુશ્કેલીની વેળાએ નછૂટકે જે કરવાની ધર્મશાસ્ત્રે રજા આપી હોય તેવું કામ

આપદૃષ્ટિ સ્ત્રી૦ જુઓ 'આપ'માં

આપન્ન વિ૦ [સ] પ્રાપ્ત, મળેલું (૨) આપત્તિમાં આવી પડેલું [આત્મસંતોષ

આપન્યા સ્ત્રી૦ પોતાની સ્થિતિનું ભાન (૨)

આપપરભાવ, આપબુદ્ધિ, આપભોગ, આપમતલબી(-બિયું), આપમતિયું, આપમતીલું, આપમુખત્યાર, -રી, આપમેળે જુઓ 'આપ'માં

આપલે સ્ત્રી૦ [આપવું + લેવું] આપવું અને લેવું તે, લેવડદેવડ ['આપ'માં

આપરખાણું, આપવડાઈ, આપવીતી જુઓ

આપવું સ૦ક્રિ૦ [સ અર્પ્] અર્પવું, દેવું (૨) સોંપવું, હવાલે કરવું

આપસમાં,-આપસમાં અ૦ [હિં. आपस] આપઆપમાં, પોતપોતામાં, માંહોમાંહે

આ પા અ૦ + આ પાસ, આ બાજુ, આ તરફ

આપાત પુ૦[સ] પડવું તે (૨) ચાલુ ક્ષણ (૩) પ્રથમ દૃષ્ટિ -તઃ અ૦ નજરે પડતાં જ, એકદમ

આપાપર વિ૦ [આપ + અપર] પોતીકું ને પારકું, મારું તારું

આપીત વિ૦ [સ] પીળાશ પડતું (૨) થોડું પાકેલું-ચાખેલું (૩) સ્ત્રી૦ સુવર્ણમાક્ષિક ધાતુ

આપુ ન૦ [જુઓ આપ] + પોતાપણું (૨) સ૦ જુઓ આપ

આપુશાહ પુ૦[આપવું+શાહ] શાહુકાર. પોતાનું દેવું ભરી દે એવો ગૃહસ્થ

આપૂપ ન૦ [સ] જસત

આપૃચ્છા સ્ત્રી૦ [સ] વાતચીત, ખબરઅંતર પૂછવી તે (૨) પડપૂછ (૩) જિજ્ઞાસા

આપે, -પોઆપ અ૦ જુઓ 'આપ'માં

આપો પુ૦ [દે. अप्प] બાપ, પિતા (૨) [લા] વૃદ્ધ માણસ, વડીલ

આપોપું ન૦ પોતાપણું (૨) ટેક (૩) અ૦ એની મેળે, આપોઆપ

આપોશાન ન૦[સ] જમતા પ્હેલા અને પછી બોલવાનો મંત્ર (૨) જુઓ અપૂશણ

આપ્ત વિ૦[સ] નજીકના સંબંધવાળું, સગું (૨) વિશ્વાસપાત્ર [સમાચાર ઇત્યાદિ] (૩) વિશ્વાસુ [માણસ] (૪) પ્રાપ્ત, મેળવેલું (૫) પુ૦ પોતે જે વસ્તુ વિષે કહેતો હોય તે વસ્તુ જાતે જોઈ હોય-જાણી હોય એવો-પ્રમાણભૂત માણસ ૦કામ વિ૦ જેની ઇચ્છા ફળી હોય એવું, સંતુષ્ટ ૦જન પુ૦, ન૦ સગું, સ્નેહી (૨) વિશ્વાસુ માણસ, અંગત માણસ ૦વર્ગ પુ૦ આપ્તજનોનો સમૂહ(૨)પોતાના વિશ્વાસુઓનું મંડળ ૦વાક્ય ન૦ આપ્તનું વાક્ય, વિશ્વાસ મૂકવા યોગ્ય વાક્ય

આપ્તા સ્ત્રી૦ [સ] જટા

આપ્તિ સ્ત્રી૦[સ] પ્રાપ્તિ, લાભ (૨) સંબંધ

આપ્યાયન ન૦ [સ] પ્રેમ (૨) સંતોષ

આફણી સ્ત્રી૦ આપત્તિ (૨) કેણ (૩) (૫) અ૦ જુઓ આફણીએ

આફણીએ અ૦ [સ आत्मन् ? પ્રા आप्पणो = સ્વયં ?] (૫) પોતાની મેળે (૨) એકાએક

આફત સ્ત્રી૦ [અ] જુઓ આપત્તિ

આફતાબ પુ૦ [फ] સૂર્ય ૦ગીરી સ્ત્રી૦ છત્રી. આબદાગીરી

આફરડવું અ૦ક્રિ૦ જુઓ આફરવું

આફરડું અ૦ + જુઓ આફણીએ

આફરવું અ૦ક્રિ૦[જુઓ આફરો] આફરો ચડવો

આફરીન અ૦[फा] કુરબાન, ફિદા, ખુશખુશ, વારી ગયું હોય તેમ (૨) ધન્ય શાબાશ (ઉદ્ગાર) (૩) સ્ત્રી૦ શાબાશી

**આફરો** પુ૦ [सं आपूर्ण, प्रा अप्फण्ण?] પેટ ચડવું તે (૨) ઘણું ખાવાથી થતી અકળામણ [**–ચડવો**=(ઘણું ખાવાથી) પેટ ફૂલવું ને અકળામણ થવી **–ઊતરવો, બેસવો**= આફરો મટી જવો]
**આફલાતૂન** વિ૦ (૨) પુ૦ જુઓ 'અફલાતૂન'
**આફળવું** અ૦ક્રિ૦[सं आस्फाल्, प्रा अप्फाल] ટિચાવું, અફળાવું (૨) અકળ જવું
**આફૂડું(–રું)** અ૦ જુઓ આફણીએ
**આફૂસ** સ્ત્રી૦ [पो आल्फोन्झो] કેરીની એક જાત કે તે જાતની કેરી
**આફોડું** અ૦ જુઓ આફણીએ
**આફ્રિકન** વિ૦ [इं] આફ્રિકાનું (૨) પુ૦ આફ્રિકાનો વતની [ખંડમાંનો એક
**આફ્રિકા** પુ૦, ન૦ [इं] (સં) પૃથ્વીના પાંચ
**આફ્રિદી** વિ૦ [पुश्तु] હિંદની સરહદ ઉપર એ નામની એક ટોળીનું (૨) પુ૦ એ ટોળીનો એક માણસ
**આબ** ન૦[फा] પાણી, જળ (૨) તેજ, નૂર (૩) ધારની તીક્ષ્ણતા **૦કારી** સ્ત્રી૦ [फा] દારૂ ગાળવાનું કામ (૨) દારૂ વગેરે કેફી ચીજો પર લેવાતો કર (૩) વિ૦ એને લગતું **૦ખોરી** સ્ત્રી૦ ['આબખોરો' પરથી] ટાંયલી, લોટી **૦ખોરો** પુ૦ [फा आबखोरह्] લોટો **૦દસ્ત** ન૦ [फा] વજૂ **૦દાર** વિ૦ [फा] પાણીદાર **૦દારખાનું** ન૦ પાણિયારું
**આબકદૂબક** પુ૦ ગિલ્લીદંડાની રમતનો એક દાવ
**આબકારી, આબખોરી,(–રો), આબદસ્ત** જુઓ 'આબ'માં
**આબદા** સ્ત્રી૦ જુઓ આપદા ('આપદા'નો ગ્રામ્ય ઉચ્ચાર) [સુંદર છત્ર
**આબદાગીરી** સ્ત્રી૦ આફતાબગીરી, મોટું અને
**આબદાર, ૦ખાનું** જુઓ 'આબ'માં
**આબદ્ધ** વિ૦[सं] બંધાયેલું જકડાયેલું (૨) સજ્જડ
**આબરૂ** સ્ત્રી૦ [फा] કીર્તિ, શાખ, નામના [**–આપવી**=માન આપવું, પ્રતિષ્ઠા કરવી **–ઉઘાડવી, ઉઘાડી કરવી**=ફજેત કે બેઆબરૂ કરવું **–ઉપર આવવું**=ચારિત્ર્ય કે આબરૂને અંગે આક્ષેપ કરવો, તેના પર હલ્લો કરવો. (–ઉપર જવું પણ કહેવાય છે) **–ઉપર હાથ નાખવો**=આબરૂ ઉપર આવવું (૨) સ્ત્રીની લાજ લેવી-બળાત્કાર, શિયળભંગ કરવો **–ઉપર વાત આવવી**=આબરૂ જવા વારો આવવો, બેઆબરૂ થવા પ્રસંગ આવવો **–કાઢવી**=નામના મેળવવી (૨) (વ્યંગમાં) નામ બોળવું, ફજેત થવું **–જવી**=બેઆબરૂ થવું **–નાકાંકરા**=ફજેતી, બેઆબરૂ **–લૂંટવી, –લેવી**=જુઓ 'આબરૂ ઉપર હાથ નાખવો'] **૦દાર** વિ૦ આબરૂવાળું
**આબ(–બુ)સો** પુ૦ એક વેલો કે તેની શિંગ
**આબા** પુ૦ [अ.] બાપો, પિતા (૨) દાદો
**આબાદ** વિ૦ [फा] વસ્તીવાળું (૨) ભરપૂર, સમૃદ્ધ (૩) ખેડાયેલું, ફળદ્રૂપ [જમીન] (૪) સલામત, સુખી (૫) ભારે, સરસ, ઉત્તમ (૬) અચૂક (૭) અ૦ ચૂક્યા વિના **–દાન** વિ૦ આબાદ **–દાની,–દી** સ્ત્રી૦ આબાદ–સમૃદ્ધ હોવું તે **–દીખાનું** ન૦ આબાદીનું ઘર, આબાદ સ્થળ
**આબાન** પુ૦[फा] પારસી વર્ષનો આઠમો મહિનો
**આબાલવૃદ્ધ** અ૦ [सं] બાળકથી માંડીને વૃદ્ધ પર્યંત [કરનાર
**આબિ(–બે)દ** વિ૦[अ] ધાર્મિક, પવિત્ર પ્રાર્થના
**આબેહયાત** ન૦ [फा] અમૃત
**આબેહૂબ** વિ૦ [अ हूबहू] હૂબહૂ, તાદૃશ
**આબોહવા** સ્ત્રી૦[फा] હવાપાણી
**આબ્દિક** વિ૦ [सं] વાર્ષિક (૨) ન૦ વર્ષે પ્રગટ થતું સામયિક
**આભ** ન૦ [सं अभ्र] આકાશ (૨) વાદળું [**–ઊંડળમાં લેવું, –ની સાથે બાથ ભીડવી કે બાંય ભરવી**=ગજા ઉપરાંત હામ ભીડવી, ખોટું સાહસ ખેડવું, વધારે પડતી હિંમત કરવી **–જમીનનો ફરક કે ફેર**=ઘણો મોટો ફરક **–ના તારા ઉખેડવા કે ઉતારવા**=જુઓ 'આકાશ'માં **–તૂટી પડવું**=અતિશય દુઃખ આવી પડવું **–ના તારા દેખાડવા**=ભૂખ વિતાડવું **–ના તારા દેખવા**=સ્વર્ગનું સુખ જાણે મળ્યું એમ લાગવું–તેનો ગર્વ હોવો, સુખના મનોરાજ્યમાં રમવું. **–ના તારા**

ખરવા=ભારે ખળભળ મચવી ઉલ્કાપાત થવો. **-ને (અને) જમીન (ધરતી) એક થવાં**=આકાશ પાતાળ એક થવા, મોટો અનર્થ થવો -પ્રલય થવો **-પડવું**=જુઓ આભ તૂટી પડવું **-ફાટવું**=ન રોકાય એવું અફાટ કાંઈ થવું. (જેમ કે વરસાદ, દુઃખ, લોકનો સમૂહ) (તે પરથી **આભ ફાટયું ત્યાં થીંગડું દેવું**=અશક્યને શક્ય કરવા વ્યર્થ ફાંફા મારવા] **૰ફાડ** વિ૦ આકાશને ફાડી નાખે એવું **૰લું** ન૦ આકાશ, આભ (૨)વાદળું (૩)દર્પણ(૪) ન૦(ફા )ઝીણો ગોળ કાચ (કાઠી સ્ત્રીઓ વગેરે વસ્ત્રમાં ચોડે છે તે) **-ભાલાડુ** પું૦ (કલ્પી લીધેલો) મોટો નફો -ફાયદો (૨) મોટી વાત, આશા [કલ્પી લીધેલી] (૩) અશક્ય આશા

**આભડછેટ** સ્ત્રી૦ [આભડવું+છેટ-દે. छित्त=અડકેલું] અભડાવું તે (૨) અમુકના સ્પર્શથી અભડાઈ જવાય તેવી માન્યતા (૩) રજસ્રાવ, અટકાવ (૪) પ્રસવ સમયે ઓર, લોહી ઇત્યાદિ નીકળે છે તે

**આભડવું** અ૦ ક્રિ૦ [प्रा अब्भिड=મળવું; સંગ કરવો ઉપરથી ?] અભડાવું (૨) અડવું [**આભડવા જવું**=કોઈ મરી ગયું હોય ત્યાં-તેની ઉત્તર ક્રિયામાં-જવું

**આભરણ** ન૦[सं ]અલંકાર,આભૂષણ,શણગાર

**આભા** સ્ત્રી૦[सं ] તેજ, દીપ્તિ(૨) કાન્તિ, શોભા

**આભાર** પું૦ [सं.] ઉપકાર, અહેસાન **૰દર્શક** વિ૦ આભાર દર્શાવતું **૰દર્શન** ન૦ આભાર માનવો તે **૰સૂચક** વિ૦ આભાર સૂચવતું **-રી** વિ૦ આભારયુક્ત [.. **ને આભારી હોવું**= . ને લઈને થવું,(તે) કારણરૂપ હોવું ...**નું આભારી હોવું**= ના આભાર કે ઉપકાર તળે હોવું,-નું કૃતજ્ઞ હોવું.]

**આભાલાડુ** પું૦ જુઓ 'આભ'માં

**આભાસ** પું૦[सं ]સાદૃશ્ય,બે વસ્તુ વચ્ચે સરખાપણાનો દેખાવ (૨)ભ્રમ,ખોટો દેખાવ (૩)ઝાંખો પ્રકાશ(૪)[न्य ]ભ્રામક હેતુ; હેત્વાભાસ **૰સી** વિ૦ દેખાતું. પ્રકાશતું (૨) ખોટું દેખાતું; આભાસવાળું (૩) -ના સરખું દેખાતું

**આભિચારિક** વિ૦ [सं.] અભિચારને લગતું

**આભિજાત્ય** ન૦[सं ] કુલીનતા, ખાનદાની (૨) શ્રેષ્ઠતા, સૌંદર્ય

**આભિમાનિક** વિ૦ [सं ] અભિમાનને લગતું, અભિમાનયુક્ત **-કી** વિ૦ સ્ત્રી૦

**આભીર** પું૦[सं ] આહીર, ગોવાળિયો; ભરવાડ (૨) એક છંદ **-રી** સ્ત્રી૦ આભીરની સ્ત્રી

**આભું** વિ૦ [सं अद्भुत, प्रा. अब्भुय] ચકિત; દિંગ [**-બનવું**=ચકિત થઈ જવું, સ્તબ્ધ કે દિંગ થવું ]

**આભૂષણ** ન૦[सं ] ઘરેણું

**આભૃત** વિ૦ [सं ] ભરેલું, ભરપૂર સમૃદ્ધ

**આભેસ**[अ.हवस] સઢ [**-કરવું**=સઢ ચડાવવો]

**આભોક** પું૦ [सं आभोग] વાળી લેવું-સમેટી લેવું તે (૨) ધ્રુપદનો ત્રીજો-છેલ્લો ભાગ (૩) કબજો,ભોગવટો [**-વાળવો**=ઉપસંહાર કરવો]

**આભોગ** પું૦ [सं ] ઉપભોગ, ભોગવવું તે (૨) ઘેરાવો, વિસ્તાર (૩) ધ્રુપદના ત્રણ ભાગમાંનો ત્રીજો[सं गीत](૪)સાપની ફેણ [(૨) ખાનગી

**આભ્યંતર(-રિક)** વિ૦ [सं ] અંદરનું ;માંહેલું

**આભ્યાસિક** વિ૦ [सं ] અભ્યાસ-મહાવરામાંથી પરિણમતું (૨) અભ્યાસી **-કી** વિ૦ સ્ત્રી૦

**આમ** પું૦ [सं ] કાચો મળ, જળસ (૨) મરડો **૰રસ** પું૦ પેટનો કાચો મળ. **૰વાત(-યુ)** પું૦ આમને લીધે થતો સંધિવા **-માતિસાર** પું૦ મરડો, સંગ્રહણી **-માશય** ન૦ જ્યાં આમ રહે છે તે પેટનો ભાગ

**આમ** સ્ત્રી૦ [सं आम्र] કેરી **૰ચૂર** ન૦ કેરીનો છૂંદો, એનું અથાણું **૰રસ** કેરીનો રસ **૰રસિયું, ૰રસી** વિ૦ કેરીના રસ જેવું

**આમ** અ૦ આ પ્રમાણે (૨) આ તરફ, અહીં **૰તેમ** અ૦ અવ્યવસ્થિત રીતે, ગમે તેમ(૨) અહીં તહીં **૰તેમથી** અ૦ ગમે તે રીતે (૨) ગમે ત્યાંથી અહીં થી તહીંથી. **૰થી** અ૦ આ બાજુએથી **૰નું** વિ૦ આ બાજુનું [**આમનો સૂરજ આમ ઊગવો**=પૂર્વનો સૂરજ પશ્ચિમમાં ઊગવો, સામાન્યતઃ ન બને એવું બનવું ]

**આમ** વિ[अ ]સામાન્ય,ખાસ નહિ એવું **૰જનતા, ૰પ્રજા** સ્ત્રી૦ સાધારણ લોકો (અમીર ઉમરાવ

નહિ) ૦વર્ગ પું૦ સાધારણ લોકોનો વર્ગ-સમૂહ ૦સભા સ્ત્રી૦ આમવર્ગના લોકોની સભા (૨) તેમના પ્રતિનિધિઓની સભા ૦સરા સ્ત્રી૦ સરાઈ, ધર્મશાળા (૨) મહોલ્લા વચ્ચેની છૂટી સાર્વજનિક જગા

**આમચું** ન૦ આંબોળિયુ (૨) કોકમ (૩) કોઈ પણ ખાટા ફળની સુકવણી

**આમટ** વિ૦ [મ अम्ट] ખાટું **–ટી** સ્ત્રી૦ [મ] (દખણી ઢબની) આમલીના પાણીની કઢી કે દાળ

**આમણ** (ણ) સ્ત્રી૦ આતરડાનો છેડાનો ભાગ, આમળ (૨) પેઢાનો એક ભાગ [**–છટકાવવી**= (સુ) દમ કાઢી નાખવો, ખૂબ રગડવુ]

**આમણુ,–ણી** કૃત્પ્રત્યય ક્રિ૦ પરથી અનુક્રમે ન૦ ને સ્ત્રી૦ બનાવે તે ક્રિયા કે તેની મહેનત મજૂરી એવો અર્થ બતાવે છે ઉદા૦ પીંજામણ,–ણી [હતાશ

**આમણદૂમણ** વિ૦ આભારથી દબાયેલુ (૨)

**આમણ(–લ,–ળ)સારો** ગંધક પું૦ જુઓ આમલસારો ગંધક ['આણે'નુ બ૦ વ૦]

**આમણે** (આ'મ) સ૦ આ માણસે (ત્રીજી વિ૦

**આમદ,૦ની,–દાની** સ્ત્રી૦ [ફા] આવક (૨) પેદાશ ઊપજ [પરમ્પર

**આમનસામન** અ૦ સામસામે, માંહોમાંહે,

**આમનું** વિ૦ જુઓ 'આમ' અ૦ મા (૨) [આ'મ] સ૦ 'આનુ' સ૦નુ બ૦ વ૦ (આમનાથી, આમનામા, આમને રૂપો તેના છે)

**આમન્યા** સ્ત્રી૦ આજ્ઞાપાલન (૨) મર્યાદા, મલાજો [**–પાળવી, માનવી, રાખવી** = આજ્ઞા પ્રમાણે વર્તવું, આજ્ઞા માથે ચડાવવી (૨) મર્યાદાનો ભંગ ન કરવો—તે સંભાળવી **–માં રહેવું**= ની આજ્ઞા કે મર્યાદા ન લોપવી તેને વશ વર્તવુ **–રહેવી** = મર્યાદા બચનાવી, તેનો ભંગ ન થવો]

**આમય** પુ૦ [સ] રોગ

**આમરણ(–ણાત)** અ૦ [સ] જિંદગી પર્યંત (૨) વિ૦ મરણ પર્યંત રહેનાર

**આમલ(–ળ)સારો** ગંધક પુ૦ [हिं आँवलासार गंधक] એક જાતનો ગંધક (જરા ખાટો હોય છે ને આર વધારે હોય છે)

**આમલી** સ્ત્રી૦ [સં आम्लिका] એ નામનું ઝાડ, આંબલી (૨) તેનુ ફળ [**–નો બંધ**=પાકો મજબૂત (આમલીની ડાળ જેવો) બંધ **–નાં પાનમાં સૂઈ જવ**=મગ, ટળ, દીસતો રહે (એવો અર્થ બતાવે છે)] ૦પીપળી સ્ત્રી૦ એક રમત, આંબલીપીપળી [**–રમાડવી**=ઊંધુ-ચત્તુ સમજાવીને ભરમાવવુ, ફાંફા મરાવવા, ગૂંચવવુ]

**આમળ** સ્ત્રી૦, ન૦ આતરડાનો છેક નીચલો ભાગ (૨) જનનનાળ, આંબેલ

**આમળવું** સ૦ક્રિ૦ વળ દેવો, મચડવુ [ગંધક

**આમળસારો** ગંધક પુ૦ જુઓ આમલસારો

**આમળિયું** ન૦ બાળકોનુ પગનુ એક ઘરેણુ (જાડા તારને વળ દીધેલુ – આમળેલુ તે હોય છે)

**આમળી** સ્ત્રી૦ [સ आमलकी] આમળાનુ ઝાડ

**આમળુ** ન૦ [સ आमलक] એક ફળ [**આમળા જેવુ મીઠુ**=મોટો ભમરડો, પૂરી નિર્જળતા]

**આમળુ,–ળિયુ** ન૦ [આમળ પરથી ?] –કાઢવું ખૂબ થકવવુ કે મારવુ

**આમળો** પુ૦ વળ (૨) ટેક, અભિમાન (૩) દ્વેષ ખાર [**–ચડવો**=આમળાઈને વળ આવવો (૨) દ્વેષ કે ખાર નીપજવો **–દેવો**=આમળવુ, વળ ચડાવવો **–રાખવો**=ટેક કે દ્વેષનો દુઃખ હોવું કે મનમા સેવવો]

**આમંત્રણ** ન૦ [સ] બોલાવવુ તે નોતરુ ૦પત્રિકા સ્ત્રી૦ આમંત્રણ આપવા માટે મોકલેલી પત્રિકા – કાગળ **–ણા** સ્ત્રી૦ આમંત્રણ **–ણાજ્ઞાપત્ર** [+ આજ્ઞાપત્ર] ન૦ + (ન્યાયાધીશને ત્યા–અદાલતમા આવવાના) આમંત્રણનુ આજ્ઞાપત્ર – હુકમ 'સમન્સ'. **–વુ** સ૦ક્રિ૦ [સ आमन्त्र] બોલાવવુ, નોતરવુ

**આમંત્રિત** વિ૦ [સ] આમંત્રેલુ

**આમાત્ય** પુ૦ [સ] અમાત્ય

**આમાન્ન** ન૦ [સ] કાચા ચોખા (૨) બ્રાહ્મણને અપાતુ કાચુ અનાજ

**આમિખ** ન૦+ જુઓ આમિષ

**આમિલ** પુ૦ [સ] અમલદાર, અધિકારી (૨) સિંધની એક હિંદુ જાતનો માણસ

**આમિષ** ન૦ [સં.] માંસ (૨) ગલ, લાલચ

આમીન અ૦ [હિબ્રૂ अ] તથાસ્તુ (અંતનુ આશીર્વચન)

આમુખ ન૦ [सं] પ્રસ્તાવના, ઉપોદ્ઘાત

આમુત્રિક, આમુષ્મિક વિ૦ [सं] પારલૌકિક; પરલોકનુ

આમેજ વિ૦ [फा] સામેલ, ભેળવેલુ

આમોદ પું૦ [सं.] આનંદ (૨) સુગંધ

આમ્નાય પુ૦[सं] વેદ, શ્રુતિ (૨) સંપ્રદાય, મત (૩) શિષ્ટાચાર, રૂઢિ [મોરેલી ડાળખી

આમ્ર પુ૦[सं]આંબો ૦મંજરી સ્ત્રી૦ આંબાની

આય ન૦ (પ) જુઓ આયણુ

આય સ૦ (૨) વિ૦ (પારસી) આ

આય પું૦[सं] લાભ;આવક,ફાયદો(૨)પેદાશ(૩) જનાનખાનાનો રક્ષક કે નાજર ૦વ્યય આવક અને ખર્ચ

આય (આંય) સ્ત્રી૦ શક્તિ, આગમણ(૨)હિંમત

આય(-ય)ણું ન૦ [सं आयुष्य] આવરદા

આયડુ પુ૦ આહિયો, ગોવાળિયો. -ડુ ન૦ ઢોરોનુ ચરવા જવુ તે

આયત વિ૦ [सं] લંબચોરસ (૨)લંબાયેલુ (૩) દીર્ઘ (૪)પુ૦(ગ)લાંબચતુષ્કોણ (૫)સમકર્ણ; લાંબચતુરસ્ર,'રેક્ટેન્ગલ' ૦ખાત પુ૦ 'રેક્ટેન્ગુલર પેરેલલોપાઇપ્ડ'

આયત સ્ત્રી૦ [अ] કુરાનનુ વાક્ય

આયતન ન૦ [सं] રહેઠાણ, સ્થાન

આયતુ વિ૦ [सं अयत्न:? आयत्त? के प्रा आयत=આવતુ? म. आयता] અનાયાસે મળેલુ, મફતિયું. [આયતા પર રાચવું= ભેગા કરેલા નાણામાથી ખર્ચવું તે ]-તારામ પુ૦ આયતા - મફતના પર જીવનાર

આયત્ત વિ૦[सं] અધીન-તાબે

આયદો પુ૦ ભાગિયાનો ભાગ - મુકરર હિસ્સો

આયના સ્ત્રી૦+[જુઓ આજ્ઞા] આમન્યા

આયનો પુ૦[फा आइनह्] આઈને અરીસો

આયપત સ્ત્રી૦[न आयपत, पेपत. फा आफियत परथी?] આય આવક. ઊપજ. કમાણી (૨) ન૦ વારસો. ૦વેરો પું૦ આવકવેરો

આયર વિ૦ [सं आहिर] એ નામની જાતિનુ (૨) પુ૦ એ જાતિનો પુરુષ -રાણી સ્ત્રી૦ આયર જાતની સ્ત્રી

આયંદે અ૦ [फा] હવે પછી, ભવિષ્યમાં (૨) સરવાળે

આયા સ્ત્રી૦[पो] છોકરાંને સંભાળવા રાખેલી બાઈ

આયાત વિ૦ [सं] બહારગામથી કે પરદેશથી આવેલુ (૨) સ્ત્રી૦ બહારગામના માલનો આવરો ૦કર,૦વેરો પું૦આયાત ઉપરનો વેરો. -તી વિ૦ આયાતને લગતુ

આયાત [अ] સ્ત્રી૦બ૦વ૦ કુરાનની આયતો

આયાન ન૦ [सं] આગમન [નિયમન

આયામ પુ૦ [सं]લંબાઈ(૨)વિસ્તાર(૩)નિગ્રહ,

આયાસ પુ૦[सं] કષ્ટ; મહેનત (૨) પ્રયત્ન (૩) થાક, પીડા -સી વિ૦ આયાસ કરનારુ, મહેનતુ (૨) દુ:ખપ્રદ, કપરુ (૩) વાટેલું ખિન્ન

આયુ ન૦ [सं] આયુષ્ય (૨) વય, ઉંમર ૦રારોગ્ય ન૦ [सं] આયુષ્ય અને તંદુરસ્તી. નીરોગી લાંબુ જીવન

આયુધ ન૦[सं]હથિયાર ૦શાલા(-ળા) સ્ત્રી૦ -ધાગાર ન૦ [सं] હથિયારો રાખવાનુ કે બનાવવાનું સ્થળ

આયુર્વેદ પુ૦ [सं] આર્યોનું વૈદક શાસ્ત્ર. -દિક વિ૦ આયુર્વેદ સંબંધી કે તેને લગતું

આયુષ(-ષ્ય) ન૦[सं]આવરદા. ૦(-ષ્ય)દોરી સ્ત્રી૦ આયુષ્ય, આવરદા, જીવનદોરી ૦(ષ્ય)મર્યાદા સ્ત્રી૦આયુષ્યની હદ -ષ્માન આયુષ્યવાળુ, જીવત (૨) દીર્ઘાયુષી

આયોજન ન૦[सं] વ્યવસ્થા કરવી તે (૨) તેને માટેની સાધનસામગ્રી -ના સ્ત્રી૦ વ્યવસ્થા, સંગઠન

-આર પ્રત્યય[सं कार]વસ્તુને લાગતા 'તે કરનાર' એ અર્થનુ નામ બનાવે છે ઉદા૦ લુહાર, કુંભાર, ચમાર

આર પુ૦ પાણીનો વેગ - તાણ

આર સ્ત્રી૦ [सं आरा] (લોઢાની) અણી (જેવી કે પરોણાની) (૨) પરોણી (૩) મોચીનુ ટોચણુ [-ઘલાવવી, બેસાડવી =(પરોણા ઇ૦ને) છેડે અણી ઠોકાવવી કે મુકાવવી]

આર [આંર]પુ૦ [सं आहार] કાજી, ખેળ(૨) આહાર [-ઉતારવો, -કાઢવો = કાજી દૂર કરવી -ચરાવવો, -દેવો = કાજી પાવી, કાજવાળુ કરવુ]

આરકુ ન૦ [ક आर्क] કમાન, મહેરાબ
આરક્ત વિ૦ [स] ગતાશ પડતુ (૨) ઘેરુ લાલ
°જ્વર પુ૦ એક પ્રકારનો તાવ, 'સ્કાર્લેટ ફીવર' °તા સ્ત્રી૦
આરગણુ ન૦ આર, મોચીનુ ટોચણુ
આરજા સ્ત્રી૦ [स आर्या] જૈન સાધ્વી, ગરણીજી
આરજૂ સ્ત્રી૦ [फा] અરજ(૨)ઉમેદ,આશા(૩) આતુરતા તીવ્ર ઇચ્છા °મદ વિ૦આરજૂવાળુ
આરજો પુ૦ [अ आरिज़ह] રોગ બીમારી,પીડા
આરડવુ અ૦ક્રિ૦ [स आ+रट् प्रा आरड] ગળામાથી ખેચીને અવાજ કાઢવો (ઢોર ઇત્યાદિનુ) (૨) [લા] મોટો અને બેસૂરો અવાજ કાઢવો
આરણકારણ ન૦ [स 'कारण'नु द्विरुक्त] બહાનુ (૨) વિ૦ અનિશ્ચિત
આરણુ ન૦ અડાયુ છાણુ
આરણ્યક વિ૦ [स] અરણ્યને લગતુ વગડાઉ (૨) પુ૦ વનવાસી (૩) વેદોમાના ધાર્મિક અને તાત્ત્વિક ગ્રંથોનુ નામ
આરત વિ૦ [स आर्त] આર્ત, પીડિત (૨) ભીડમા આવી પડેલુ (૩) અગત્યનુ (૪) આતુર (૫) સ્ત્રી૦ [स आर्ति] પીડા ભીડ, ગરજ(૬)ઓરિયો, કોડ, ઉત્કટ ઇચ્છા °બ ધુ પુ૦ આરત સમયનો બધુ °વાન વિ૦ આરતવાળુ -તિયુ વિ૦ આરતવાળુ
આરતી સ્ત્રી૦ [स आर्ति] દુખ; પીડા (૨) [म आरात्रिक, प्रा आरत्तिय] દેવની મૂર્તિ સમક્ષ દીવો ઉતારવો તે (૩) તે વખતે ગવાતુ પદ (૪) જુઓ આરતિયુ (૫) એક છદ [-ઉતારવી, -કરવી=દેવ આગળ દીવો (તેની પૂજા તરીકે) ફેરવાય છે તે ઢબે ફેરવવો (૨) [લા] માન કે પૂજા કરવી -જેવુ= ઓછણુ -લેવી=દેવને ઉતારેલી આરતીની જ્યોત પર હાથ ફેરવી તે આખે શિર પર લેવુ, એમ તેની આસકા લેવી] -તિયુ ન૦ આરતી ઉતારવાનુ પાત્ર [(૨) રક્ષણ
આરથી પુ૦ હાથીના કુંભસ્થળનો નીચેનો ભાગ
આરદ્રા સ્ત્રી૦ [स आर्द्रा] આર્દ્રા નક્ષત્ર
આરપાર અ૦ [म आर+पार] આ બાજુથી પેલી બાજુ, સોસરુ
આરબ પુ૦ [अ] અરબસ્તાનનો વતની -બી વિ૦ અરબી [કરેલે એવુ કર્મ
આરબ્ધ વિ૦[स] આરભેલુ (૨) ન૦ તત્કાળ
આરભટી સ્ત્રી૦ [स] જેમા રૌદ્ર અને બીભત્સ રસનુ પ્રતિપાદન અતિ પ્રૌઢ સદર્ભથી કર્યુ હોય તેવા પ્રકારની નાટકની શૈલી
આરમાર સ્ત્રી૦ [पो आर्मांडा] મનવાર અરમાર
આરવા પુ૦ [अ अर्वाह] અરવા, આત્મા, મન, જીવ
આરવે [આ']પુ૦બહુ ખાવાથી થતી અકળામણ
આરસ,°પહાણ પુ૦ [स आदर्श-पाषाण] એક જાતનો લીસો ચળકતો પથ્થર સગેમરમર °બધી સ્ત્રી૦ આરસની ફરસબધી
આરસી સ્ત્રી૦ [म आदर्श] નાનો અરીસો °ગરો પુ૦ આરસીનો કારીગર °છલ્લો પુ૦,°છાપુ ન૦ જેમા ખાપ જડી હોય તેવી વીટી-વીટલો -સો પુ૦ અરીસો
આરગ ન૦ નાગ્ર ઓજાર
આરખી વિ૦ સરસ, ઉત્તમ
આરભ પુ૦[स]શરૂઆત, તૈયારી °ક વિ૦ આરભ કરનાર °ણ ન૦ આરભવુ તે °દ્રવ્ય ન૦મૂળ દ્રવ્ય °વાદ પુ૦ પરમાણુઓ વડે જ જગતની ઉત્પત્તિનો નિર્ણય કરનારો વૈશેષિક મત °શૂર(-રુ) વિ૦ ક્ષણિક ઉત્સાહવાળુ, શરૂઆતમા ઉત્સાહ બતાવી પછી શિથિલ થઈ જાય તેવુ
આરભવુ સ૦ક્રિ૦ [स आरभ] શરૂ કરવુ (૨) તૈયારી કરવી
આરાત્રિક ન૦ [स] આરતી કે તે ઉતારવી તે
આરાધક વિ૦ [स] આરાધના કરનાર -ન ન૦ પ્રસન્ન કરવુ તે (૨) આરાધના -ના સ્ત્રી૦ પૂજા સેવા -વુ સ૦ક્રિ૦ [स आराधु] પ્રસન્ન કરવુ (૨) પૂજવુ, ભજવુ
આરાધિકા વિ૦સ્ત્રી૦ [स] આરાધના કરનારી
આરાધ્ય વિ૦ [स] આરાધવા યોગ્ય
આરામ પુ૦ [स] બગીચો -મિક પુ૦ માળી
આરામ પુ૦ [फा] વિશ્રાન્તિ, થાક ખાવો તે (૨) શાન્તિ સુખરૂપતા (૩) (દુ ખ ઇ૦માથી) મુક્તિ નિવૃત્તિ(૪) કવાયતમા આરામથી ઊભા

**આલસાલ** વિ० ['સાલ'નું દ્વિત્વ] (કા) સાલ પોલિયું, ઢીલા–બરાબર નહિ બેઠેલા સાલવાળું

**આલસ્ય** ન० [सं] આળસ, આળસુપણું

**આલંકારિક** વિ० [सं] અલંકાર સંબંધી, અલંકારયુક્ત (૨) પું०અલંકારશાસ્ત્ર જાણનારો, કાવ્યશાસ્ત્રનો અભ્યાસી

**આલંબ** પું० [सं] આધાર, ટેકો (૨) લંબરેખા **०ન** ન० આધાર, ટેકો (૨) જુઓ આલંબન-વિભાવ **०નવિભાવ** પું० રસના આવિર્ભાવનું મૂળભૂત અને મુખ્ય કારણ (કા શા) **०માન** વિ० આલંબતું લટકતું. **०વું** સ० ક્રિ० [सं. आलम्ब्] આધાર લેવો ટંગાવું

**આલા** વિ०[अ] સૌથી આલી–ઊંચું, ઉત્તમ, શ્રેષ્ઠ

**આલાત** ન० [सं] જુઓ અલાત **०ચક્ર** ન० જુઓ અલાતચક્ર

**આલાપ** પું०[सं] વાતચીત (૨) ગાયનની પૂર્વે તેની તૈયારી રૂપે અને વચ્ચે રાગની ધૂનમાં 'આ આ' એમ ગાવામાં આવે છે તે (૩) ગુંજન **०દાર** વિ०આલાપવાળું **०દારી**સ્ત્રી० ગાયન પૂર્વે રાગનું સ્વરૂપ બાંધવા કરાતી સુરાવટ. **०ન** ન० બોલવું તે. **–પિની** વિ० સ્ત્રી० કરુણાશ્રુતિનો એક અવાંતર ભેદ (સંગીત) **–પી** સ્ત્રી० ગાંધાર ગ્રામની એક મૂર્છના

**આલાપવું** સ०ક્રિ० [सं आलाप्] બોલવું (૨) આલાપ સાથે ગાવું

**આલામત** સ્ત્રી० [अ] નિશાની, ઓળખાણ

**આલા(–લુ)લીલું** વિ० [આલું =ભીનું (सं ओल કે आर्द्र પરથી ?) સર० हिं आला+લીલું] લીલું સૂકું

**આલાંબાલાં** ન०બ०વ०['બાલા'નું દ્વિત્વ] બહાનાં

**આલિ(–લી)** સ્ત્રી०[सं] સખી(૨)હાર, આવલી

**આલિમ** વિ० [अ] પંડિત, વિદ્વાન

**આલિંગન** ન० [सं.] છાતી સરસું ચાંપવું તે

**આલિંગમંત્રી** પું० + નાયબ દિવાન

**આલિંગવું** સ० ક્રિ० [सं आलिंग्] ભેટવું, છાતી સરસું ચાંપવું

**આલી** સ્ત્રી० [सं] જુઓ આલિ

**આલી** વિ०[अ] ઉચ્ચ ઊંચું; ભવ્ય **०જનાબ**, **०હજરત** વિ०[फा]મોટી–ઊંચી પદવીવાળું **०જહાં**, **०જાહ** વિ० [फा] મોટા–ઊંચા દરજ્જાવાળું **०શાન** વિ०[फा]આલેશાન જુઓ

**આલીગારું** વિ० આળીગાળું, અટકચાળું તોફાની

**આલીલીલી** વિ०સ્ત્રી० [જુઓ આલાલીલું] તાજી, લીલી, ફળદ્રુપ, સમૃદ્ધ

**આલીશાન** વિ० [फा] જુઓ 'આલી' વિ०માં

**આલુ** ન० [જુઓ આળ] ખોટો આરોપ, આક્ષેપ (૨) જુઓ આલૂ

**આલુંચન** ન०[सं] માથાના વાળ ખૂંટી કાઢવા તે

**આલુંલીલું** વિ० જુઓ આલાલીલું

**આલૂ** ન० [फा] એક મેવો, જરદાળુ (૨)[सं] બટાટો [આલા, ઉત્તમ, શ્રેષ્ઠ

**આલે** વિ० [अ. आला] નજીકનું વધુ પ્રિય (૨)

**આલેક** પું० જુઓ આહલેક કે અહાલેક

**આલેખ** પું० [सं] લખાણ (૨) ખત, દસ્તાવેજ (૩) સનદ (૪) મહોર 'સીલ' (૫) 'ગ્રાફ' (૬) ચિત્ર **०ન** ન० લખવું તે, લખાણ (૨) ચિત્ર, (૩) ચીતરવું તે ચિત્રકામ **०(–ખિ)ની** સ્ત્રી० કલમ (૨) પીંછી

**આલે(–ળે)ખવું** સ०ક્રિ० [सं आलिख्] દોરવું, રેખા કાઢવી (૨) ચીતરવું (૩) લખવું

**આલેખિક** વિ० [सं] આલેખ કરનાર

**આલેખિની** સ્ત્રી० [सं] જુઓ 'આલેખ'માં

**આલેખ્ય** વિ० [सं] આલેખવા યોગ્ય (૨) ન० ચિત્ર (૩) લખાણ [તે (૨) આલેપ

**આલેપ** પું०[सं] લેપ, મલમ **०ન** ન०લેપ કરવો

**આલેશાન** વિ०[अ આલીશાન] પ્રતિષ્ઠિત, ઉત્તમ (૨) ખૂબ મોટું (૩) ભભકાદાર, ભવ્ય

**આલોક** પું० [सं] જોવું તે (૨) દેખાવ, દર્શન (૩) દૃષ્ટિમર્યાદા (૪) તેજ, દીપ્તિ

**આલોકન** ન० [सं] આલોકવું તે

**આલોકવું** સ० ક્રિ० [सं आलोक्] જોવું (૨) અવલોકન કરવું

**આલોચ** પું० [सं] જોવું તે, દર્શન (૨) વિચાર, ચિંતન, મનન (૩) અવલોકન, વિવેચન **०ક** વિ० આલોચન કરનાર, **०ન** ન०, **०ના** સ્ત્રી० અવલોકન, નિરીક્ષણ (૨) જુઓ આલોયણ [–લેવી=(જૈનમાં) સાધુ કે ગોરજી આગળ પાપ કબૂલી પ્રાયશ્ચિત્ત લેવું આલોયણ લેવું]

આલોચવું સ૦ક્રિ૦ [सं आलोच्] જોવું (૨) કલ્પનાથી જોવું, વિચારવું [કરવું
આલોડન ન૦ [सं] હલાવવું, ઘૂમરવું (૨) મિશ્રણ
આલોપાલો પુ૦ ['પાલોનું દ્વિત્વ'] ઝાડનાં પાંદડાં, મૂળિયાં વગેરે વનસ્પતિ (૨) ગાંજાભાંગનો મસાલો ભોગક
આલોયણ ન૦ [प्रा आलोयण] આલોચન, વિચાર (૨) દોષોની કબૂલાત કરીને પ્રાયશ્ચિત્ત લેવું તે, આલોચના (જૈન) (-લેવું)
આલોલ વિ૦ [सं] હાલતું કંપતું (૨) ક્ષુબ્ધ, વ્યગ્ર
આવ સ્ત્રી૦ [सं आय्, प्रा आव=આવક પરથી? કે 'આવવું'?] આવક, આવરો આયાત
આવક સ્ત્રી૦ [જુઓ આવવું] આવવું તે (૨) ઉત્પન્ન, પેદાશ, કમાણી ૦ચિઠ્ઠી સ્ત્રી૦ માલ મોકલ્યાની ખબર પહોંચ આપતી (૨) ભરતિયું ૦જાવક સ્ત્રી૦ આવવું અને જવું તે (૨) ઊપજ ખર્ચ (૩) તેની વહી ૦વેરો પુ૦ કમાણી ઉપરનો કર (૨) આયાત થતા માલ ઉપરની જકાત
આવકાર પુ૦ [આવવું + કાર સ] આવો-પધારો એમ કહેવું તે સ્વાગત, આદરમાન [-આપવો, -દેવો=સ્વાગત કરવું, ભલે પધારો એમ કહેવું, આવકારવું] ૦વું સ૦ક્રિ૦ આવકાર આપવો
આવખું ન૦ [सं आयुष्य] આયુષ
આવગું વિ૦ (કા) જુઓ આગવું
આવચીબાવચી સ્ત્રી૦ એક વનસ્પતિ કે એનાં બીજ, તુકમરિયાં [અને જવું તે
આવજા, ૦વ સ્ત્રી૦ [આવવું + જવું] આવવું
આવજો ક્રિ૦ [આવવું] ફરી પધારજો એવા અર્થનો, જનારને વિદાય આપવાનો બોલ
-આવટ કૃતપ્રત્યય ક્રિ૦ પરથી સ્ત્રી૦ બનાવે ઉદા૦ બનાવટ, છણાવટ
આવટવું અ૦ક્રિ૦ [सं आवृत्, प्रा आवट्ट] નીવડવું (૨) બદલાવું, ફરી જવું (૩) ચોતરફ વીંટળાવું (૪) અજંપો થવો, મૂંઝાવું
આવડ, ૦ત સ્ત્રી૦ [જુઓ આવડવું] કુશળતા ૦જેવડ સ્ત્રી૦ ઘરકામની વેતરણ કરકસર
આવડવું અ૦ક્રિ૦ [सं आपत्, प्रा आवड= આવવું, આવી લાગવું] -ની જાણ હોવી, -નું વાકેફ હોવું. -ની કુશળતા હોવી (જેમ કે, મને ભૂગોળ આવડે છે બાળકને લખતાં આવડે છે ઇ૦)
આવડું વિ૦ [सं इयत्, प्रा एवड?] આ કદનું, અમુકના જેવડું, આટલું
આવતું વિ૦ ['આવવું'નું વ૦ કૃ૦] આવવામાં હોય એવું, આવી રહેલું, હવે પછી આવનાર (આવતી કાલ, આવતો રવિવાર ઇ૦)
આવદાની સ્ત્રી૦ જુઓ આમદની
આવનજાવન ન૦ [हिं] આવજા (૨) જન્મમરણ
આવમ ન૦ + આવકાર
આવરદૂ(-ખૂ)ટો પુ૦ આવરદા ખૂટવો તે, આવરદાનો અંત, મોત (૨) અડતાળો ભાંગીતૂટી જવું તે [અંતરાય, વિઘ્ન
આવરણ ન૦ [सं] આચ્છાદન, પડદો (૨)
આવરદા પુ૦ સ્ત્રી૦, ન૦ [सं आयुर्+दाय] આયુષ્ય (૨) જિંદગાની [આવરદાનું પૂરું, બળિયું = પૂરા આવરદાવાળું, જીવવાને સર્જાયેલું, નસીબદાર -બહુ લાંબો છે = કોઈને સંભારતાં તે આવી પહોંચે ત્યારે બોલાતો ઉદ્ગાર]
આવરદો વિ૦પુ૦ [फा आवर्दह्] આણેલો, આશ્રિત
આવરવું સ૦ક્રિ૦ [सं आवृ, प्रा आवर] ઢાંકવું, આચ્છાદવું (૨) વ્યાપવું (૩) રૂંધવું ઘેરવું
આવરો પુ૦ ['આવવું' પરથી] આવક (૨) [फा आवारह्] માસિક આવકજાવકની ખાતાવાર નોંધપોથી ૦જાવરો પુ૦ ['જવું' પરથી] આવવું અને જવું તે, અવરજવર (૨) આવકજાવક, ઊપજખર્ચ
આવરો (આ'વ) પુ૦ (માંદગીમાંથી ઊઠ્યા બાદ થતો) ખાવાનો ભભડાટ કે લાલસા
આવર્જના સ્ત્રી૦ [सं] રીઝવવું, મનાવવું મન મેળવવું તે, પળશી
આવર્ત પુ૦ [सं] સંગીતમાં એક અલંકાર
આવર્ત,૦ક વિ૦ [सं] ફરી ફરી આવતું -આંટા ખાતું (૨) [ग] 'રિકરિંગ' (૩) પુ૦ ગોળ ફરવું તે, આંટો ચકરાવો (૪) ચકરી, ભમરી (પાણીની) (૫) [सं] ચાર મેઘાધિપોમાંનો એક ૦દશાંશ પુ૦ ફરી ફરી દશાંશ આવે

એવી રકમ, 'રિકરિંગ ડેસિમલ' (ગ) ૦ન ન૦ ગોળ ફરવુ તે (૨) વારવાર ફરી ફરી કરવુ તે (પારાયણ) –ર્તાંક પુ૦ [સ] ફરી ફરી આવનો આકડો –ર્તી વિ૦ [સ] ફરી ફરી આવતુ (૨) ગોળ ફરતુ

**આવર્તવું** અ૦ ક્રિ૦ [સ આવૃત] ફરવું, ચક્રાકારે ઘૂમવુ (૨) ફરી ફરી આવવુ (૩) સ૦ક્રિ૦ ભેટવુ, બાથમાં લેવુ

**આવર્તાંક, આવર્તી** જુઓ 'આવર્ત' વિ૦મા

**આવલ** ન૦ તાજું પીજેલુ રૂ–પોલ

**આવલાં** ન૦ બ૦ વ૦ ફાફા (૨) કોસ, વરત ઇત્યાદિ પાણી ખેચવાના સાધન

**આવલિ(–લી,–ળિ,–ળી)** સ્ત્રી૦ [સ] હાર પક્તિ (૨) પરંપરા

**આવવું** અ૦ક્રિ૦ [સ આયા, પ્રા આવ] દૂર હોય ત્યાથી પાસે જવુ — તેવી ગતિ કરવી, પહોચવુ જેમ કે, તે ગામમા આવ્યો.(૨)હોવુ, –ની સ્થિતિ કે જગા હોવી ઉદા. અમદાવાદ ગુજરાતમા આવ્યુ લડન ક્યા આવ્યુ? (૩) ન હોય ને આવી લાગવુ. કે જણાવુ, કે જન્મવુ કે દેખા દેવી કે ફળવુ ફૂલવુ જેમ કે, આબે કેરી આવી, ઓણ બોરડી સારી આવી, ગુલાબ હવે આવવા લાગ્યો છે. દાદાને તાવ આવ્યો. તેના ધ્યાનમા આવ્યુ (૪) (કપડુ કે પોષાકની ચીજ) બરોબર બેસવુ જેમ કે, તેને મારી ટોપી આવે છે? (૫) (કોઈ વસ્તુ) (બરોબર) ઊતરવી, નીપજવી, બનવી જેમ કે, હવે ખરો ઘાટ આવ્યો આ ચિત્ર બરોબર આવ્યુ નથી. (૬) કોઈ ભાવ ઉત્પન્ન થવો જેમ કે, દયા, ગુસ્સો, ક્રોધ આવવો (૭) વધુ, હિસાબે ઊતરવુ, સમાવુ, ગોઠવાવુ માવુ, વળતરરૂપે મળવુ, એવા ભાવ બતાવે છે જેમ કે, ખર્ચ કેટલુ આવ્યુ? વાસણનુ વજન બશેર આવ્યુ ઊચાઈ ૫" આવી આ કપડામા કેટલું આવશે? રૂપિયાનુ કેટલુ શાક આવ્યુ? (૮) શરીરનુ કોઈ અંગ આવવુ = તે અગ ફૂટવુ કે કામ દેતુ થવુ કે તેનુ દરદ થવુ–એવા અર્થ જુદે જુદે ઠકાણે બતાવે છે (તેને અંગમા જુઓ) જેમ કે, બાળકને દાત આવે છે, પગ આવ્યા જીભ આવી; મોઢું આવવુ ઇ૦ (૯) બીજા ક્રિયાપદના સહાયકારીપણામા તે ક્રિયાનુ ભૂતકાળથી ચાલુપણુ બતાવે છે જેમ કે આ ભૂલ થતી આવી છે, આ રિવાજ ચાલ્યો આવે છે અથવા તે ક્રિયા આવવાની ક્રિયા સાથે સાથે—ભેગાભેગી થઈએમ બતાવે છે જેમ કે, હુ તેમને કહેતો (એટલે ભેગાભેગી કહીને) આવ્યો છુ, ફરી કહેવા જવાની જરૂર નથી એમને કહેતો આવજે (આ પ્રયોગમા પ્રાય વર્તમાન કૃ૦ સાથે યોગ આવે છે) અથવા ક્રિ૦ના અ૦ ભૂત કૃ૦ સાથે, તે ક્રિયા થયા બાદ આવવુ એમ બતાવે છે જેમ કે, તે તેને પૂછી આવ્યો અથવા સપ્તમી વિ૦ના સામાન્ય કૃ૦ જોડે, તે ક્રિયા કરવામા પ્રયાણ કે ગતિ થવી, તે કરાવી, એવો ભાવ ને જાહેરાત કરાતા અર્થની છાયા બતાવે છે જેમ કે, હવેથી ઠરાવવામા આવે છે. ગુનેગારને દડ કરવામા આવશે (૧૦) આવવુ સહાયકારી ક્રિ૦ તરીકે બીજા ક્રિ૦ સાથે આવે છે (ત્યારે કેટલાક ક્રિ૦મા ને અણધારી થવાનો ભાવ અર્પે છે) [–**આવી ચડવું**=એકાએક અણધાર્યું આવવુ, પહોચવુ **આવી ચૂકવું, રહેવું**=પૂરુ થઈ જવુ (૨) ખૂટવુ **આવી જવું**=આવીને ઊભા ઊભા પાછા જવુ, આટો મારી જવુ (૨) આવી પહોચવુ ઉદા૦ તે તરત પાછો આવી ગયો (૩) બધબેસવુ, ગોઠવાઈ જવુ સમાવું ઇ૦ (૪) લડવા તૈયાર થવુ, લડી પડવું **આવી પડવું**=અણધાર્યું આવવુ કે માથે આવી લાગવુ ...નું **આવી બનવું**=ભારે સકટ કે મરણની ઘાટી આવવી **આવી મળવું**=અણધાર્યું એકઠુ થવુ કે પ્રાપ્ત થવુ **આવવું તેવા જવું**=ઊભુ ઊભુ આવી જવુ (૨) જેવા આવવુ તેવા જ (કોઈને કોઈ—બેગર ઇંગદે કે કામ સવાયે–ફોગટ ફેરો ખાઈને, અથવા જે રસ્તે આવવુ તે રસ્તે) પાછા ફરવુ

**આવશ્ય** વિ૦ [સ] અગત્યનુ, અનિવાર્ય (૨) સ્ત્રી૦, ન૦ અગત્ય, અનિવાર્ય વસ્તુ કે ક્રિયા

**આવશ્યક** વિ૦ [સ] જરૂરી ૦તા સ્ત્રી૦

**આવસથ** પુ૦,ન૦ [स] ઘર (૨) ધર્મશાળા (૩) અગ્નિશાળા, અગ્નિહોત્ર કરવાનુ સ્થાન **–થ્ય** પુ૦ અગ્નિહોત્રનો અગ્નિ

**આવહ** વિ૦ [स] આણનારુ, ઉપજાવનારુ (સમાસને છેડે ઉદા૦ 'ભયાવહ')

**આવળ** પુ૦ સ્ત્રી૦ [स आमलक] એક વનસ્પતિ

**આવળગોવળ** સ્ત્રી૦ (કા) બાળબચ્ચા, પરિવાર

**આવળિ(–ળી)** સ્ત્રી૦ જુઓ આવલિ

**આવળિયો** પુ૦ મનની ઇચ્છા, ઓરિયો (૨) એક ઝાડ (આવળ ?)

**આવળી** સ્ત્રી૦ જુઓ આવલિ

**આવંત, –તું** કૃ૦ આવતુ (૫)

**આવાગમન** ન૦ [આવ + ગમન] આવવુ ને જવુ તે (૨) અવતરવુ અને મરવુ તે

**આ વાર** અ૦ આ વખતે–સમયે (૨) આ ફેરા

**આવાલ** ન૦ [स] આલવાલ, ક્યારો

**આવાસ** પુ૦ [सं] ઘર, નિવાસસ્થાન, હવેલી (૨) ખડ, ઓરડો

**આવાહન** ન૦ [स] આમંત્રણ (૨) દેવને મૂર્તિમા આણવા–દેવની પ્રતિષ્ઠા કરવી તે **–વું** સ૦ ક્રિ૦ [स आवाह] આવાહન કરવુ

**આવિદ્ધ** વિ૦ [स] વીધાયેલુ

**આવિર્ભાવ** પુ૦ [स] બહાર નીકળવુ કે પ્રગટવુ તે (૨) અવતાર, જન્મ

**આવિષ્કરણ** ન૦, **આવિષ્કાર** પુ૦ [सं] બહાર કાઢવું, પ્રગટ – ખુલ્લુ કરવુ તે

**આવિષ્કૃત** વિ૦ [स] દેખાડેલુ, બતાવી આપેલુ, ખુલ્લુ કરાયેલુ – થયેલુ

**આવિષ્ટ** વિ૦ [स] પેઠેલુ (૨) વળગેલુ, ભરાયેલુ (ભૂત ઇત્યાદિ) (૩) આવેશયુક્ત

**આવું** (આ'વુ) વિ૦ [स. ईदृश ?] આના જેવુ, આ જાતનુ **૦ક** વિ૦ આવુ કાઈક

**આવૃત** વિ૦ [स] આવરેલું, ઢાંકેલુ (૨) વ્યાપ્ત (૩) ઘેરાયેલુ, રુધાયેલુ

**આવૃતિ** સ્ત્રી૦ [स] ઢાકવુ – છુપાવવુ તે

**આવૃત્ત** વિ૦ [स] ચક્રાકારે ફરેલુ (૨) પાછુ આવેલુ (૩) વારવાર થયેલુ – કરેલુ,

**આવૃત્તિ** સ્ત્રી૦ [स] ચક્રાકારે ફરવુ તે (૨) પાછુ આવવુ તે (૩) વારવાર થવુ – કરવુ તે (૪) પુસ્તકનુ પ્રકાશન, 'એડિશન'

**આવેગ** પુ૦ [स] જુસ્સો, જોર (૨) ક્ષોભ, વ્યગ્રતા, આવેશ (૩) ઉતાવળ, દોડાદોડી

**આવેદન** ન૦ [स] નિવેદન (૨) ફરિયાદ **૦પત્ર** ન૦ ફરિયાદ કે અરજીનો કાગળ

**આવેશ** પુ૦ [स] જુસ્સો ઊભરો (૨) ગુસ્સો **–શી** વિ૦ આવેશવાળુ

**આવેષ્ટન** ન૦ [स] વીંટી વળનારી વસ્તુ, વેષ્ટન (ગલેફ, પરબીડિયુ, કેપર, આચ્છાદન ઇ૦ જે હોય તે) (૨) વાડ, કોટ

**આવેષ્ટિત** વિ૦ [स] ઢાંકેલુ, વીટી લીધેલુ

**આશ** સ્ત્રી૦ (પ) જુઓ આશા (૨) જુઓ આશિષ

**–આશ** પ્રત્યય વિ૦ પરથી સ્ત્રી૦નામ બનાવે છે ઉદા૦ કડવાશ, પીળાશ (તે વિ૦ના આછા-પણાનો કે થોડી છટાનો ભાવ બતાવે છે)

**આશક** [अ आशिक] પ્રેમી (૨) વિ૦ પ્રેમવશ, મોહિત, ફિદા **૦માશૂક** ન૦બ૦વ૦ વહાલો-વહાલી **–કી** [अ आशिकी] આસક્તિ, પ્રેમ

**આશ(–સ)કા** સ્ત્રી૦ દેવની આરતી, ભસ્મ ઇત્યાદિ લેવા તે

**આશકાર(–રા)** વિ૦ [फा] પ્રગટ, સ્પષ્ટ જાહેર

**આશટવું** સ૦ક્રિ૦ (પ) જુઓ આછટવુ, પછાડવુ

**આશના** પુ૦ [फा] ભાઈબંધ, યાર (૨) સ્ત્રી૦ પ્રિયા, માશૂક **૦ઈ** સ્ત્રી૦ ભાઈબંધી, યારી

**આશય** પુ૦ [स] મનની ધારણા, ઇરાદો, હેતુ (૨) ન૦ સ્થાન (૩) પાત્ર (૪) કરેલા કર્મોના સંસ્કાર કે તેમનો સમૂહ

**આશરવું** સ૦ક્રિ૦ [આશરો પરથી] આશરો લેવો

**આશરો** પુ૦ [स आश्रय] આશ્રય, છત્રછાયા (૨) આધાર, ટેકો, આલબન (૩) અડસટ્ટો, અંદાજ, સુમાર [**આશરે જવું** = આશ્રય તળે જવુ, શરણુ લેવું **આશરે બેસવું, રહેવું** = ભરોસો રાખી નિશ્ચિત રહેવુ, આધાર ઉપર બેઠા રહેવુ **આશરો કરવો, લેવો** = આશ્રય કે આધાર તળે જવુ **–કાઢવો** = અંદાજ નક્કી કરવો] **–રાગત(–તિયું,–તી)** વિ૦ આશરે — શરણે આવેલુ **–રાપડતું** વિ૦ અંદાજ કે અટકળ પ્રમાણેનુ **–રે** અ૦ શુમારે, લગભગ

**આશંક** પુ૦ [स] આચકો, શરમાવું તે (૨) આશંકા **–કા** સ્ત્રી૦ શંકા વહેમ, **–કાવું**

અ૰ ક્રિ૰ આશંકા થવી, વહેમાવુ **-કિત** વિ૰ આશંકાવાળું

**આશા(-સા)** સ્ત્રી૰ એક રાગિણી **૰ગોડ** પુ૰ એક રાગ **૰જોગી** પુ૰ એક રાગ **૰માંડ** પું૰ એક રાગ

**આશા** સ્ત્રી૰ [સં] ઉમેદ, ઇચ્છા, ધારણા (૨) વિશ્વાસ,આસ્થા [**-આપવી,-દેવી** = ઇચ્છા ફળશે એવો વિશ્વાસ જાય એમ કરવુ, ઇચ્છાને પોષવી **-પડવી** = આશા ફળવાને માટે કારણ મળવુ, વિશ્વાસ, સંભવ લાગવો, આશા બંધાવી **-બાંધવી, રાખવી, સેવવી** = આશા ફળશે એમ માનવુ, વિશ્વાસ કરવો **-કરવી** = ઇચ્છવું(કાંઈ મળશે એમ)] **૰દર્શી** વિ૰ આશાવાદી **૰પૂરી** વિ૰ સ્ત્રી૰ આશા પૂરનારી (૨) સ્ત્રી૰ (સં) એ નામની માતા **૰બંધ** પું૰ આશાનુ બંધન, આશાનો તંતુ (૨) આકીન, વિશ્વાસ (૩) વિ૰ આશાવાળુ (૪) વિશ્વાસુ **૰બંધુ** વિ૰ આશાબંધ, આશાવાળુ **૰ભર્યું** વિ૰ આશાથી ભરેલુ, આશાવંત **૰ભંગ** પુ૰ આશાનુ ભાગી જવુ તે (૨) વિ૰ ભગ્નાશ, **૰યુક્ત** વિ૰ આશાવંત **૰વંત** વિ૰ આશાવાળુ **૰વાદ** પુ૰ જે થાય છે તે સારા માટે થાય છે – નિરાશ થવાપણુ કદી નથી એવો મત **૰વાદી** વિ૰ આશાવાદમા માનનારુ (૨) પુ૰ એવો પુરુષ **૰હીન** વિ૰ આશા વિનાનું, નિરાશ

**આશા(-ષા)ઢ** પુ૰ [સં आषाढ] વિક્રમ સંવતનો ૯મો મહિનો, અષાઢ. **-ઢા** સ્ત્રી૰ જુઓ આષાઢા **-ઢી** વિ૰ અષાઢમા આવતુ

**આશાવરી** પુ૰ એક રાગ [પ્રસાદ

**આશિકા** સ્ત્રી૰ સાધુ કે દેવનો કે યજ્ઞની રક્ષાનો

**આશિષ** સ્ત્રી૰ [સં] દુવા, આશીર્વાદ

**આશી** સ્ત્રી૰ [સં.]સર્પની દાઢ (૨) જીવલેણ ઝેર (૩) એક ઔષધિ (૪) વિ૰ ખાનારું (સમાસમા નામને અંતે) ઉદા૰ ફલમૂલાશી

**આશીનીશી** અ૰ મનમાનતી રીતે

**આશીર્દાન** ન૰ [સં] આશિષ દેવી તે

**આશીર્વચન** ન૰ [સં] આશીર્વાદ

**આશીર્વાદ** પું૰[સં] દુવા **-દાત્મક** વિ૰ જેમા આશીર્વાદ હોય તેવુ. **-દાર્થ(-ર્થે)** અ૰ આશીર્વાદને માટે

**આશીર્વિષ** પું૰ [સં] સાપ

**આશુ** વિ૰ [સં] શીઘ્ર, ઉતાવળુ **૰તોષ** વિ૰ જલદી સંતુષ્ટ થઈ જાય એવુ (૨) પુ૰ (સં) એવો દેવ–શંકર, મહાદેવ

**આશૂરા** પુ૰ [અ] તાબૂત બુડાડવાનો દિવસ

**આશૌચ** ન૰ [સં.] જુઓ અશૌચ

**આશ્ચર્ય** ન૰[સં] નવાઈ,અચંબો (૨) આશ્ચર્યકારક બનાવ, ચમત્કાર [**-પામવું** = -ને આશ્ચર્ય ઊપજવુ કે થવુ] **૰કારક, ૰જનક** વિ૰ આશ્ચર્ય પમાડે એવુ **૰વત્** અ૰ આશ્ચર્યપૂર્વક, આશ્ચર્ય સાથે

**આશ્મ** વિ૰ [સં] પથ્થરનુ બનેલુ (૨) પુ૰ એવી કોઈ પણ વસ્તુ. **૰રિક** વિ૰ પથરીનુ રોગી (૨) પું૰ પથરીનો રોગ

**આશ્રમ** પુ૰,ન૰[સં] વિસામાનુ સ્થાન,રહેઠાણ (૨) વિશ્રાંતિ (૩) સાધુનો નિવાસ, તપોવન, પર્ણકુટી (૪) જીવનનો વિભાગ (બ્રહ્મચર્ય, ગૃહસ્થાદિ ચાર વિભાગમાંનો કોઈ પણ) (૫) છાત્રાલય સાથેની શાળા–મહાશાળા (૬)રાષ્ટ્રીય યા ધાર્મિક હિલચાલનુ મથક **૰ધર્મ** પું૰ આશ્રમવાસીએ પાળવાના ધર્મ–નિયમો તે(૨) જીવનના ચારમાંના દરેક વિભાગનો વિશિષ્ટ ધર્મ – ફરજ **૰ધર્મી** વિ૰ આશ્રમના ધર્મ પાળનારુ **૰વાસી** વિ૰ આશ્રમમા વસનારુ **૰વ્યવસ્થા** સ્ત્રી૰ આશ્રમની–જીવનના વિભાગની વ્યવસ્થા (૨) આશ્રમની વ્યવસ્થા **૰સંસ્થા** સ્ત્રી૰ ચાર આશ્રમની સંસ્થા **૰સ્થાન** ન૰ વિસામાનુ ઠેકાણુ (૨) મઠ. **-માંતર** ન૰ આશ્રમની ફેરબદલી **-મિક, -મી** વિ૰ આશ્રમને લગતુ (૨) ચારમાંના એક આશ્રમમા રહેનારુ

**આશ્રય** પુ૰[સં.] આશરો (૨)શરણુ **-યાશ્રયીભાવ** પુ૰ આશ્રય અને આશ્રયીનો સંબંધ **-યાસિદ્ધ** પુ૰ આશ્રય–પક્ષ અસિદ્ધ હોય એવો એક હેત્વાભાસ(ન્યા) **-યી** વિ૰આશ્રયવાળુ **આશ્રિત**,વિ૰[સં] આશ્રયે રહેલું

**આશ્લિષ્ટ** વિ૰[સં] આલિંગાયેલુ(૨)ઓતપ્રોત

**આસા, ૦ગૌડ, ૦જોગી, ૦માડ** જુઓ 'આશા(-સા)'મા [વિશ્રાંતિ
**આસાએશ** સ્ત્રી૦ [फा. आसाइश] આરામ,
**આસાન** વિ૦[फा]સહેલુ;નરમ **૦કેદ**સ્ત્રી૦ સાદી કેદ **-ની** સ્ત્રી૦ સહેલાઈ
**આસામ** પુ૦(સ )પૂર્વ હિંદનો એક પ્રાંત **-મી** પુ૦ તે પ્રાંતનો વતની(૨)સ્ત્રી૦ તે પ્રાંતની ભાષા
**આસામી** પુ૦, સ્ત્રી૦ [अ असामी] માણસ, વ્યક્તિ (૨) દેણદાર (૩) પૈસાદાર-પ્રતિષ્ઠિત માણસ(૪)ગ્રાહક,અસીલ **૦જાર**અ૦માથાદીઠ
**આસાર** પુ૦ ફાળકો(૨)[स]ઝાપટું,જોરદાર વૃષ્ટિ
**આસિસ્ટંટ** વિ૦[इ એસિસ્ટંટ]મદદનીશ,હાથ નીચેનું (૨) પુ૦ એવી વ્યક્તિ
**આસીરિયા** પુ૦ [इं એસીરિયા] (સ )પશ્ચિમ એશિયામાનો એક પ્રાચીન દેશ **-યન** વિ૦ [इ]આસીરિયા દેશનુ(૨)પું૦ તે દેશનો વતની
**આસુર(-રી)** વિ૦[स] અસુર સબંધી,રાક્ષસી, જગલી **૦વિવાહ**પુ૦ કન્યાવિક્રયવાળો વિવાહ
**આસૂદા(-દુ)** વિ૦ [फा] નિરાતવાળુ, સુખી
**આસૂં(-સોં)દરો**પુ૦[જુઓ આસત્રો]એક ઝાડ
**આસેધ** પુ૦ [स] અટક, કેદ
**આસેબ** ન૦ [फा] ભૂતપ્રેત
**આસો** પું૦ [स आश्विन्, प्रा. आसोज] વિક્રમ વર્ષનો છેલ્લો મહિનો
**આસોપાલવ** પુ૦ [स अशोक, प्रा आसोअ + पल्लव] એક ઝાડ
**આસોંદ** સ્ત્રી૦ એક ઔષધિ, આસત્ર
**આસોંદરો** પુ૦ [જુઓ આસત્રો] એક ઝાડ
**આસ્કંદ** પુ૦ [स] હલ્લો (૨) યુદ્ધ (૩) તિરસ્કાર, નિંદા
**આસ્તર**પુ૦, **૦ણ**ન૦ [स] પાથરવુ-બિછાવવુ તે (૨) પાથરણુ ગાલીચો (૩) ચાદર (૪) ઢાકણ; ઓઢો
**આસ્તિક** વિ૦ [स] ઈશ્વર અને પરલોકના અસ્તિત્વમા માનનાર(૨)શ્રદ્ધાળુ **૦તા**સ્ત્રી૦, **૦પણું** ન૦, **-ક્ય** ન૦
**આસ્તે** અ૦[फा आहिस्तह] ધીમે(૨) 'ઊભું રાખો' 'ધીમુ કરો' એમ સૂચવનો ઉદ્ગાર. [**-રહીને**=ધીમેથી,સાચવીને(૨)ખાસ જણાય નહિ એવી રીતે કે યુક્તિથી, ચૂપચાપ ]
**આસ્થા** સ્ત્રી૦[स.]આદર;માન(૨)શ્રદ્ધા,આકીન (૩) મૂડી,પૂજી. [**-બેસવી**=શ્રદ્ધા કે વિશ્વાસ આવવા કે થવા. **-ઊઠવી**=શ્રદ્ધા કે વિશ્વાસ ન રહેવા-જતા રહેવા ] **૦વાન, -સ્થિક**વિ૦ આસ્થાવાળુ
**આસ્થાનમંડપ** પુ૦ [स.] સભામડપ
**આસ્પદ** ન૦[स] સ્થાન, જગા (૨) વિ૦ લાયક, પાત્ર (સમાસને અંતે). ઉદા૦શોભાસ્પદ
**આસ્ફાલન** ન૦[सं] અફળાવું કે અફાળવુ તે
**આસ્ફોટ** પુ૦, **૦ણ(-ન)** ન૦[स] થાબડવું-પોલે હાથે (હાથના કોણીના ઉપલા ભાગ પર) ઠોકવુ તે(૨)ઊપણવુ તે(૩) પ્રગટ-જાહેર કરવુ તે(૪)ભડાકા-ધડાકા સાથે ફૂટવુ તે. **૦વું** સ૦ક્રિ૦ જોરથી અફાળવુ
**આસ્ય** ન૦ [स] મુખ (૨) ચહેરો
**આસ્રવ** પુ૦[स ]દુ ખ, પીડા(૨)સ્રાવ(૩)[જૈન] કર્મનુ આત્મામા દાખલ થવુ તે કે તેના નિમિત્તરૂપ પાપપ્રવૃત્તિ
**આસ્વાગત** સ્ત્રી૦ + જુઓ આગતાસ્વાગતા
**આસ્વાદ** પું૦[स.] ચાખવુ-સ્વાદ લેવો તે (૨) માણવું તે. **૦ક** વિ૦ આસ્વાદ લેનારુ **૦ન** ન૦ આસ્વાદ લેવો તે. **૦વું** સ૦ક્રિ૦ [स आस्वाद्] ચાખવુ, સ્વાદ લેવો (૨) ભોગવવુ, માણવુ **-દ્ય** વિ૦ આસ્વાદ લેવા યોગ્ય
**આહ** સ્ત્રી૦ [फा ?] (ગ્રા૦) હાય, નિસાસો (૨) અ૦ અરે!
**આહત** વિ૦ [स] ઈજા પામેલુ, જખમી (૨) હણાયેલુ (૩) વગાડેલુ, વગાડવાથી નીપજતું
**આહતિ** સ્ત્રી૦[स.]હનન, પ્રાણ લેવો તે(૨)મારવુ તે, ફટકો (૩) [ગ] ગુણવું તે
**આહરડવું** સ૦ક્રિ૦ [स आहृत, प्रा. आहड ઉપરથી ? કે દે. आहड=સીત્કાર પરથી ?] આસરડવુ, સડકાની સાથે ખાવુ (પ્રવાહી કે અર્ધપ્રવાહી)
**આહરણ** ન૦[स] હરણ, લઈ લેવુ તે
**આહવ** પુ૦ [स] યજ્ઞ(૨) યુદ્ધ **૦ન** ન૦ યજ્ઞ. **૦નીય** વિ૦ યજ્ઞને યોગ્ય, હોમવા યોગ્ય (૨) પુ૦ હોમનો અગ્નિ [સૂચવનાર ઉદ્ગાર
**આહા, ૦હા** અ૦ આશ્ચર્ય, દુ ખ આદિ

આહાર પું૦[સં] ખોરાક (૨) ખાવું તે, ખાનપાન [–ઊતરી જવો=(તબિયત પર માઠી અસરને લીધે) ઓછું ખવાવું –લેવો=ખાવું] ૦વિહાર પું૦ આહાર અને વિહાર ૦શાસ્ત્ર ન૦ આહારનું શાસ્ત્ર ૦શુદ્ધિ સ્ત્રી૦ આહારની શુદ્ધિ –રી વિ૦ આહાર કરનાર (૨) અકરાંતિયું –ર્ય વિ૦ ખાવા લાયક (૨) કૃત્રિમ વેશ, રચના આદિથી કરેલું (અભિનય માટે)

આહીર પું૦ [સં. આભીર] ભરવાડ, આભીર ૦ડી, ૦ણ, ૦ણી –રાણી સ્ત્રી૦ આહીરની સ્ત્રી ૦જાદો પું૦ ભરવાડનો દીકરો

આહુત વિ૦ [સં] હોમેલું બલિરૂપે અપાયેલું

આહુતિ સ્ત્રી૦[સં] હોમવું તે (૨) હોમવાનું દ્રવ્ય-વસ્તુ, બલિદાન [–આપવી=હોમવું (૨) બલિદાન કરવું –લેવી=ભોગ કે બલિદાન લેવું, ઓહિયા કરી જવું –લઈને ઊભા રહેવું=ખરાબ કરવાનો કે નાશનો લાગ ગોતવો, તેવું કરવા તત્પર રહેવું]

આહૂત વિ૦ [સં] બોલાવેલું, નિમંત્રેલું

આહેડી પું૦[સં આખેટક, પ્રા આહેડ(ગ,ય)] શિકારી; ભીલ

આહોડ સ્ત્રી૦ તરતની ખેડાયેલી જમીન (૨) [ના] તરતનું વાવેતર

આહોનું ન૦ દૈનિક ક્રિયા રોજનું કામ [સં આહ્નિક?] (૨) (ના) ખુશામત

આહ્નિક વિ૦ [સં] દૈનિક (૨) ન૦ નિત્યકર્મ; આહોનું

આહ્લાદ પું૦ [સં] આનંદ, હર્ષ ૦ક વિ૦ આહ્લાદ કરાવે તેવું –દિત વિ૦ આહ્લાદયુક્ત

આહ્વાન ન૦ [સં] આમંત્રણ (૨) પડકાર (૩) આવાહન (૪) હાજર થવાનો હુકમ, 'સમન્સ'

આળ સ્ત્રી૦ [મ =હઠ, છંદ] અટકચાળું

આળ ન૦ [સં અલીક કે આલ? પ્રા આલ? કે દે. અલગ્ગ?] આળું ખોટો આરોપ, તહોમત કલંક, આક્ષેપ [–ઊતરવું=કલંક ટળવું, આક્ષેપ ખોટો પડવો –જવો –ચઢવું, ચોંટવું, બેસવું=કલંક લાગવું, આક્ષેપ આવવો –મૂકવું=આળ ચોટાડવું કે બેસાડવું, આક્ષેપ કરવો]

આળ ન૦ [પ્રા આલ?] ઓઢું, આળપંપાળ

–આળ પ્રત્યય, નામને લાગતાં 'વાળું' અર્થનું વિ૦ બનાવે ઉદા૦ શરમાળ, દયાળ

આળખવું સ૦ક્રિ૦ [સં. આલિખ] આલેખવું (પ) (૨) અડવું; પહોંચવું (?)

આળપંપાળ વિ૦ મિથ્યા (૨) સાચું નહિ એવું, આડું અવળું (૩) પટામણું (૪) ન૦ આશ્વાસન (૫) ભૂતપ્રેતાદિ

આળવણ ન૦ [જુઓ આળ] બહાનું; બદનામી

આળવાળ પું૦, ન૦ [જુઓ આલવાલ] ક્યારો

આળવીતરું વિ૦ મસ્તીખોર, તોફાની –રાઈ સ્ત્રી૦ આળવીતરાપણું

આળવીતું વિ૦ જુઓ આળવીતરું

આળસ સ્ત્રી૦, ન૦ [સં આલસ્ય, પ્રા આલસ્સ] એદીપણું, સુસ્તી [–આવવી(–વું) –ચડવી (–વું)=આળસ થવું, સુસ્તી લાગવી –કરવી (–વું)=આળસવું, મંદ કે સુસ્ત થવું –ખાવી (–વું)=આળસુ પડી રહેવું, થાક ખાવો –મરડવી=આળસ દૂર કરવા શરીર આમતેમ મરડવું, અંગમાંથી સુસ્તી કાઢવી] ૦વું અ૦ક્રિ૦ આળસ કરવી, મંદ પડવું (૨) બંધ પડવું, અટકી જવું –સાઈ સ્ત્રી૦ આળસ –સુ વિ૦ આળસવાળું, મંદ, સુસ્ત [–નો ઢગલો, –નો પીર=જબરું ભારે આળસુ]

આળાસુબો પું૦ મ સાગરના આશા તૃષ્ણા, લાલચ

આળાપવું સ૦ક્રિ૦ જુઓ આલાપવું

આળિયું ન૦ –યો પું૦ બખોલ, ખાડો (ખાસ કરીને કૂવાની દીવાલમાં)

આળી સ્ત્રી૦ [સં આલી] સોનીની અંગીઠી મૂકવાની ઊંચી ઓટલી

આળીગાળું વિ૦ આળીગારું, અટકચાળું [તોફાની

આળું વિ૦ [સં આર્દ્ર પ્રા. અલ્લ] લીલું, ભીનું (૨) તાજું ઊતરડેલું; કાચું (ચામડું) (૩) જરા અડકવાથી દુખાવાય એવું (૪) [કે આલ] નરમ, પોચું

–આળું પ્રત્યય, નામને લાગતાં 'વાળું' અર્થમાં વિ૦ બનાવે છે ઉદા૦ 'દયાળુ' [ન૦ બાળક

આળુભોળું વિ૦ ભોળું; નિષ્પાપ, બાળક (૨)

આળે અ૦ એળે (૨) ન૦ + આલય (પ)

**આસા**, ૦ગૌડ, ૦જોગી, ૦માઠ જુઓ 'આશા (-સા)'માં [વિશ્રાંતિ

**આસાએશ** સ્ત્રી૦ [फा आसाइश] આરામ,

**આસાન** વિ૦[फा ]સહેલું ;નરમ ૦કેદસ્ત્રી૦ સાદી કેદ -ની સ્ત્રી૦ સહેલાઈ

**આસામ** પુ૦(સં ) પૂર્વ હિંદનો એક પ્રાંત -મી પુ૦ તે પ્રાંતનો વતની(૨)સ્ત્રી૦ તે પ્રાંતની ભાષા

'**આસામી** પુ૦, સ્ત્રી૦ [अ असामी] માણસ, વ્યક્તિ (૨) દેણદાર (૩) પૈસાદાર-પ્રતિષ્ઠિત માણસ(૪)ઘરાક,અસીલ ૦દાર અ૦માથાદીઠ

**આસાર** પુ૦ ફાળો(૨)[सं ]ઝાપટું,જોરદાર વૃષ્ટિ

**આસિસ્ટંટ** વિ૦[इं એસિસ્ટંટ] મદદનીશ,હાથ નીચેનું (૨) પુ૦ એવી વ્યક્તિ

**આસીરિયા** પુ૦ [इं એસીરિયા] (સં ) પશ્ચિમ એશિયામાંનો એક પ્રાચીન દેશ -યન વિ૦ [इं ]આસીરિયા દેશનું(૨)પું૦ તે દેશનો વતની

**આસુર(-રી)** વિ૦[सं ] અસુર સંબંધી,રાક્ષસી, જંગલી ૦વિવાહપુ૦ કન્યાવિક્રયવાળો વિવાહ

**આસૂદા(-દું)** વિ૦ [फा ] નિરાતવાળું, સુખી

**આસૂં(-સોં)દરો**પુ૦[જુઓ આસત્રો]એક ઝાડ

**આસેધ** પુ૦ [सं ] અટક, કેદ

**આસેબ** ન૦ [फा ] ભૂતપ્રેત

**આસો** પું૦ [सं आश्विन्, प्रा आसोज] વિક્રમ વર્ષનો છેલ્લો મહિનો

**આસોપાલવ** પુ૦ [सं अशोक, प्रा आसोअ + पल्लव] એક ઝાડ

**આસોંદ** સ્ત્રી૦ એક ઔષધિ, આસવ

**આસોંદરો** પુ૦ [જુઓ આસત્રો] એક ઝાડ

**આસ્કંદ** પુ૦ [सं ] હલ્લો (૨) યુદ્ધ (૩) તિરસ્કાર, નિંદા

**આસ્તર** પુ૦, ૦ણ ન૦ [सं ] પાથરવું-બિછાવવું તે (૨) પાથરણું ગાલીચો (૩) ચાદર (૪) ઢાંકણ, ઓઢો

**આસ્તિક** વિ૦ [सं ] ઈશ્વર અને પરલોકના અસ્તિત્વમાં માનનારું(૨)શ્રદ્ધાળુ ૦તા સ્ત્રી૦, ૦પણું ન૦, -ક્ય ન૦

**આસ્તે** અ૦ [फा आहिस्तह] ધીમે (૨) 'ઊભું રાખો' 'ધીમું કરો' એમ સૂચવતો ઉદ્ગાર. [-રહીને=ધીમેથી,સાચવીને(૨)ખાસ જણાય નહિ એવી રીતે કે યુક્તિથી, ચૂપચાપ]

**આસ્થા** સ્ત્રી૦[सं.]આદર; માન(૨)શ્રદ્ધા,આકીન (૩) મૂડી,પૂંજી. [-બેસવી=શ્રદ્ધા કે વિશ્વાસ આવવો કે થવો. -ઊઠવી=શ્રદ્ધા કે વિશ્વાસ ન રહેવા-જતા રહેવા ] ૦વાન,-સ્થિક વિ૦ આસ્થાવાળું

**આસ્થાનમંડપ** પુ૦ [सं ] સભામંડપ

**આસ્પદ** ન૦[सं ] સ્થાન જગા (૨) વિ૦ લાયક પાત્ર (સમાસને અંતે). ઉદા૦શોભાસ્પદ

**આસ્ફાલન** ન૦[सं ] અફળાવું કે અફાળવું તે

**આસ્ફોટ** પુ૦, ૦ણ(-ન) ન૦[सं ] થાબડવું-પોલે હાથે (હાથના કોણીના ઉપલા ભાગ પર) ઠોકવું તે (૨) ઊપણવું તે (૩) પ્રગટ-જાહેર કરવું તે (૪) ભડાકા-ધડાકા સાથે ફૂટવું તે. ૦વું સ૦ ક્રિ૦ જોરથી અફાળવું

**આસ્ય** ન૦ [सं ] મુખ (૨) ચહેરો

**આસ્રવ** પુ૦[सं ]દુઃખ, પીડા(૨)સ્રાવ(૩)[જૈન] કર્મનું આત્મામાં દાખલ થવું તે કે તેના નિમિત્તરૂપ પાપપ્રવૃત્તિ

**આસ્વાગત** સ્ત્રી૦ + જુઓ આગતાસ્વાગતા

**આસ્વાદ** પુ૦[सं.] ચાખવું -સ્વાદ લેવો તે (૨) માણવું તે. ૦ક વિ૦ આસ્વાદ લેનારું. ૦ન ન૦ આસ્વાદ લેવો તે ૦વું સ૦ક્રિ૦ [सं आस्वाद्] ચાખવું, સ્વાદ લેવો (૨) ભોગવવું, માણવું -દ્ય વિ૦ આસ્વાદ લેવા યોગ્ય

**આહ** સ્ત્રી૦ [फा ?] (ગ્રા૦) હાય, નિસાસો (૨) અ૦ અરે!

**આહત** વિ૦ [सं ] ઈજા પામેલું, જખમી (૨) હણાયેલું (૩) વગાડેલું, વગાડવાથી નીપજતું

**આહતિ** સ્ત્રી૦[सं.]હનન પ્રાણ લેવો તે (૨) મારવું તે ફટકો (૩) [ગ ] ગુણવું તે

**આહરડવું** સ૦ક્રિ૦ [सं आहृत, प्रा. आहड ઉપરથી ? કે दे आहड=સીત્કાર પરથી ?] આસરડવું, સડકાની સાથે ખાવું (પ્રવાહી કે અર્ધપ્રવાહી)

**આહરણ** ન૦ [सं ] હરણ, લઈ લેવું તે

**આહવ** પુ૦ [सं ] યજ્ઞ (૨) યુદ્ધ ૦ન ન૦ યજ્ઞ. ૦નીય વિ૦ યજ્ઞને યોગ્ય, હોમવા યોગ્ય (૨) પુ૦ હોમનો અગ્નિ [સૂચવનાર ઉદ્ગાર

**આહા**,૦હા અ૦ આશ્ચર્ય, દુઃખ આદિ

આહાર પુ૦[સં] ખોરાક (૨) ખાવું તે,ખાનપાન [-ઊતરી જવો=(તબિયત પર માઠી અસરને લીધે)ઓછું ખવાવું -લેવો=ખાવું ]૦વિહાર પુ૦ આહાર અને વિહાર ૦શાસ્ત્ર ન૦ આહારનું શાસ્ત્ર ૦શુદ્ધિ સ્ત્રી૦ આહારની શુદ્ધિ -રી વિ૦ આહાર કરનારું (૨) અકરાંતિયું -ર્ય વિ૦ ખાવાલાયક (૨) કૃત્રિમ વેશ, રચના આદિથી કરેલું (અભિનય માટે)

આહીર પુ૦ [સં આભીર] ભરવાડ, રબારી ૦ડી, ૦ણ, ૦ણી,-રાણી સ્ત્રી૦ આહીરની સ્ત્રી ૦જાદો પુ૦ ભરવાડનો દીકરો

આહુત વિ૦ [સં] હોમેલું, બલિરૂપે અપાયેલું

આહુતિ સ્ત્રી૦[સં]હોમવું તે(૨)હોમવાનું દ્રવ્ય-વસ્તુ બલિદાન [-આપવી=હોમવું (૨) બલિદાન કરવું -લેવી=ભોગ કે બલિદાન લેવું, ઓહિયા કરી જવું -લઈને ઊભા રહેવું=ખરાબ કરવાનો કે નાશનો લાગ ગોતવો, તેવું કરવા તત્પર રહેવું]

આહૂત વિ૦ [સં] બોલાવેલું, નિમંત્રેલું

આહેડી પુ૦[સં આખેટક,પ્રા. આહેડ(ગ,ય)] શિકારી, ભીલ

આહોડ સ્ત્રી૦ તરતની ખેડાયેલી જમીન (૨) [ગા.] તરતનું વાવેતર

આહોનું ન૦ દૈનિક ક્રિયા રોજનું કામ [સં આહ્નિક?] (૨) (કા) ખુશામત

આહ્નિક વિ૦[સં] દૈનિક (૨) ન૦ નિત્યકર્મ, આહોનું

આહ્લાદ પુ૦ [સં] આનંદ, હર્ષ ૦ક વિ૦ આહ્લાદ કરાવે તેવું. -દિત વિ૦ આહ્લાદયુક્ત

આહ્વાન ન૦ [સં] આમંત્રણ (૨) પડકાર (૩) આવાહન (૪) હાજર થવાનો હુકમ, 'સમન્સ'

આળ સ્ત્રી૦ [મ =હઠ, જીદ] અટકચાળું

આળ ન૦ [સં અલીક કે આલ? પ્રા આલ? કે દે અલગ?] આળું ખોટો આરોપ, તહોમત, કલંક; આક્ષેપ [-ઊતરવું=કલંક ટળવું, આક્ષેપ ખોટો પડવો -જવો -ચડવું, ચોંટવું, બેસવું=કલંક લાગવું, આક્ષેપ આવવો -મૂકવું=આળ ચોટાડવું કે બેસાડવું આક્ષેપ કરવો]

આળ ન૦ [પ્રા આલ?] ઓઠું, આળપંપાળ

-આળ પ્રત્યય, નામને લાગતા 'વાળું' અર્થનું વિ૦ બનાવે ઉદા૦ શરમાળ દયાળ

આળખવું સ૦ક્રિ૦ [સં આલિખ્] આલેખવું (પ) (૨) અડવું; પહોંચવું (?)

આળપંપાળ વિ૦ મિથ્યા (૨) સાચું નહિ એવું, આડું અવળું (૩) પટામણું (૪) ન૦ આશ્વાસન (પ) ભૂતપ્રેતાદિ

આળવણ ન૦ [જુઓ આળ] બટ્ટો, બદનામી

આળવાળ પુ૦, ન૦ [જુઓ આલવાલ] ક્યારો

આળવીતરું વિ૦ મસ્તીખોર, તોફાની -રાઈ સ્ત્રી૦ આળવીતરાપણું

આળવીતું વિ૦ જુઓ આળવીતરું

આળસ સ્ત્રી૦, ન૦[સં આલસ્ય, પ્રા આલસ્સ] એદીપણું,સુસ્તી [-આવવી(-વું), -ચડવી (-વું)=આળસ થવું, સુસ્તી લાગવી -કરવી (-વું)=આળસવું મંદ કે સુસ્ત થવું -ખાવી (-વું)=આળસુ પડવા રહેવું, થાક ખાવો -મરડવી=આળસ દૂર કરવા શરીર આમતેમ મરડવું, અંગમાંથી સુસ્તી કાઢવી] ૦વું અ૦ક્રિ૦ આળસ કરવી, મંદ પડવું (૨) બંધ પડવું, અટકી જવું -સાઈ સ્ત્રી૦ આળસ -સુ વિ૦ આળસવાળું, મંદ, સુસ્ત [-નો ઢગલો,-નો પીર=જબરું ભારે આળસુ]

આળાલુંબો પુ૦ સંસારની આશા તૃષ્ણા,લાલચ

આળાપવું સ૦ક્રિ૦ જુઓ આલાપવું

આળિયું ન૦,-યો પુ૦ બખોલ, ખાડો (ખાસ કરીને કૂવાની દીવાલમાં)

આળી સ્ત્રી૦ [સં આલી] સોનીની અંગીઠી મૂકવાની ઊંચી ઓટલી [તોફાની

આળીગાળું વિ૦ આલીગારું, અટકચાળું

આળું વિ૦ [સં આર્દ્ર, પ્રા અલ્લ] લીલું, ભીનું (૨) તાજું ઉતરડેલું, કાચું (ચામડું) (૩) જરા અડકવાથી દુખાવાય એવું (૪) [દે આલ] નરમ; પોચું

-આળું પ્રત્યય, નામને લાગતા 'વાળું' અર્થમાં વિ૦ બનાવે છે ઉદા૦ 'દુધાળું' [ન૦ બાળક

આળુંભોળું વિ૦ ભોળું; નિષ્પાપ, બાલિશ (૨)

આળો અ૦ એળે (૨) ન૦ + આલય (પ)

**આળેખવું** સ૰ક્રિ૰ જુઓ આલેખવું

**આળોટવું** અ૰ક્રિ૰ [સ. आलुट्] સૂઈને એક ઠેકાણેથી બીજે ઠેકાણે એમ ગબડવુ, લોટવુ **-ણુ** વિ૰ આળોટવાની ટેવવાળુ (૨) ન૰ આળોટવુ તે, આળોટવાની તલબ

**આળોવણ** ન૰ જુઓ આલોયણ (જૈન)

**આં (આં')** અ૰ (રવ૰) હા, ઓ (૨) ઠીક, ભલે, વારુ ઇત્યાદિ અર્થ બતાવતો ઉદ્ગાર

**આંઉ** (૦) અ૰ (રવ૰) એક નકાર કે નાપસદગી સૂચક ઉદ્ગાર

**આંક** (૦) પુ૰[સ अक] સખ્યાની નિશાની (૨) ભાવ, મૂલ્ય (૩) જાડાઈ કે પાતળાઈનો હિસાબ [સૂતરનો] (૪) નિશાની (૫) અડસટ્ટો (૬) સીમા, હદ (૭) પુ૰ બ૰વ૰ ઘડિયા; પાડા [**-કરવા** = ઘડિયા ગોખીને તૈયાર કરવા **-કાઢવો** = સૂતરનો આક નક્કી કરવો (૨) આક - ભાવ કે અડસટ્ટો કરવો **-પાડવો, -માંડવો** = આક કે કિમત યા ભાવ નક્કી કરવો **-બોલવા** = ઘડિયા (યાદ કરી જવા તે) બોલવા] **૦ચાળણી** સ્ત્રી૰ ઝીણા છિદ્રવાળી ચાળણી

**આંક** (૦) પુ૰ [સ अक्ष] ધરી

**આંકડિયુ** (૦) વિ૰ આકડાવાળુ, નિશાનીવાળુ

**આંકડી** (૦)સ્ત્રી૰એક અથવા બ ને છેડેથી વાળેલો સળિયો, કડી, 'હૂક' (૨) ગળ (૩) આતરડામા થતી પીડા, ચૂક (૪) તાણ [રોગ] (૫) [લા] સખત વાંધો, વિરોધ, અણગમો [**-આવવી** = તાણ કે ચૂકનુ દરદ થવુ કે હોવુ **-ચડાવવી, દેવી** = કડીથી બારીબારણુ વાસવું (પેટમા) **-રાખવી** = મનમા વાધોવચકો કે ડખની લાગણી સઘરવી, છૂપો વાધો વિરોધ સેવવો] **૦ઘૂકડી** સ્ત્રી૰ આટીઘૂટી

**આંકડો** (૦) પુ૰ [જુઓ અ કોડો] છેડેથી વાકો સળિયો, 'હૂક' (૨) માછલી પકડવાનો ગળ (૩) (વીછી, ભમરી ઇ૰નો) ડખ (૪) (મૂછનો) આકડો પાડેલો વળ [**-અધ્ધર ને અધ્ધર, ઊંચો ને ઊંચો રહેવો** = મિજાજ કે તોર નરમ ન પડવો, મગરૂર રહેવુ. **-મારવો** = ડખ મારવો **-મૂકવો** = મગરૂરી છોડવી, નરમ થવુ. **આંકડાની** સ્ત્રી૰ જલેબી (પુષ્ટિમાર્ગમા) **-નમવો** = નરમ પડવુ, ગર્વ જવો]

**આંકડો** (૦) પુ૰ [સં अक] સખ્યા, સખ્યાની નિશાની (૨) લેણદેણનો હિસાબ-કાગળ (૩) બિલ (૪) (સુ૰) વરને આપવાનો ચાલ્લો, પગઠણ [**-કરવો** = લેણદારની રકમ નક્કી કરવી, હિસાબ કરવો **-પાડવો** = લખવુ (૨) જુઓ આક પાડવો **-મૂકવો** = આકડો કે નક્કી રકમ લખવી, આકડો પાડવો **બે આંકડા** (ભણવા, આવડવા) = થોડુંક સામાન્ય (ભણવુ, આવડવુ)] **-ડાવહી** સ્ત્રી૰ ભરતિયા નોધવાનો ચોપડો **-ડાશાસ્ત્ર** ન૰ હકીકતના આકડા એકત્ર કરવાની, તેનુ વર્ગીકરણ કરવાની અને તેનો ઉપયોગ કરવાની વિદ્યા, 'સ્ટેટિસ્ટિક્સ' **-ડાશાસ્ત્રી** પું૰ આકડાશાસ્ત્રનો વિદ્વાન

**આંકણુ** (૦) ન૰[આકવુ] આકવુ તે(૨)ઊપણતા સારુ સારુ અનાજ જુદુ પાડવુ તે **-ણી** સ્ત્રી૰ આકવાનુ - લીટી દોરવાનુ સાધન (૨) કસ - કિમતનો અડસટ્ટો કાઢવો તે **-ણું** ન૰ આકવાનુ ઓજાર (સુતારી) (૨) દાગીના પર ચીતરવાનુ સોનીનુ ઓજાર

**આંકવું** (૦) સ૰ક્રિ૰ [સ अक्] આકો કે નિશાની પાડવી, (૨) લીટી દોરવી (૩) કસ - કિમતનો અડસટ્ટો કાઢવો (૪) ડામીને નિશાની પાડવી જેથી ઓળખાય (૫) [લા] ખાસ કામ માટે નામ પાડી ફંડ કે રકમ અલગ કરવી ('ઇયર માર્ક'), અકિત કરવુ (ફડ) [**આંકેલો સાંઢ, ગોધો** = ડામની નિશાની કરી છૂટો મૂકેલો - મહાજનિયો આખલો.]

**આંકહ** (૦) વિ૰ + જુઓ અકુશ, દાબ

**આંકિક** વિ૰ [સ] અકને લગતુ

**આંકો** (૦) પુ૰ [સ अक] નિશાનીની લીટી(૨) અડસટ્ટો (૩) હદ, નેક [**-પાડવો** = આકો કે નિશાની કરવી **-રાખવો** = હદ કે મર્યાદા જાળવવી.]

**આંકોશિયાં** (૦) ન૰ બ૰ વ૰ પાસળા (૨) સખત પ્રયત્ન (૩) એથી ઊપજતો શ્વાસ

આખ (૦) સ્રી૦ [સં અક્ષિ] ચક્ષુ,નેત્ર (૨) [લા] જોવાની શક્તિ, નજર (૩)નિદ્રા, ધ્યાન, દેખરેખ (૪)(કોઈ ચીજનું,આખ જેવું)નાનુ કાણું, છિદ્ર (૫)બીજની ગાઠ (જેમ કે શેરડીની) [–આડા કાન કરવા=સાભળ્યુ ન સાભળ્યુ કરવુ, અવગણવુ · ધ્યાન બહાર કરવું. –આવવી = (પશુના બચ્ચાની) આખ કામ કરતી થવી(૨) આખ દુખવી(ગરમીથી લાલ થઈને સૂજી જઈ) (૩) [લા] સમજ કે ગમ પડવી, ભાન થવુ –ઊઘડવી = બરોબર જણાવુ સમજાવુ (૨) સાવધાન કે સતેજ થવુ –ઊઠવી = જુઓ આખ આવવી –ઊંચી કરવી = કામમાથી આખ બીજા તરફ કરવી, હાથ પર હોય તેથી બીજી વાત તરફ ધ્યાન આપવુ (૨) ગુસ્સાથી કે રોષમા ભમર ચડાવવી, ગુસ્સે થવું (૩) આખ ઉઘાડવી (જેમ કે માદાએ) –એકઠી થવી=આખ સાથે આખ મળવી, સામસામે જોવુ, તારામૈત્રક થવુ –કરવી = આખથી સાન કે ઇશારો કરવો (કામ કે ઈશ્કબાજીને અગે) –કહ્યુ કરતી નથી = (ન મનાય કે ન ખમાય એવુ જોવામા આવતા તેનુ આશ્ચર્ય કે ઝેર બતાવે છે) –કાઢવી = આખ ઊંચી કરી ડરાવવુ, ધમકાવતી આખ કરવી –કાણી કરવી પણ દિશા કાણી ન કરવી=ખાઈએ તેનુ ખોદવું નહિ , નિમકહરામ કે કૃતઘ્ન ન બનવું. –ખેચવી, તાણવી = મહેનતથી–આખોના સ્નાયુ ખેચીને–જોવુ. –ઘેરાવી = (ઊંઘ કે બીજે કારણે) આખ ભારે થવી, આખમા ઊંઘ ભરાવી.–ચડી આવવી = આખ સૂજી આવી દુખવી, આખ આવવી –ચડી જવી = ગુસ્સો કે ગર્વ થવો –ચળી જવી=કાટી નજરે જોવું (૧) (૨) જોઈને લલચાવુ, જોઈને મનમા કોઈ વિકાર ઊપજવો –ચોરવી = નજર ચુકાવવી, ન દેખે તેમ કરવુ – ભુલાવામા નાખવુ, થાપ આપવી –ચોળતું કે ચોળીને રહેવું = હારીને, થાકીને રહતું રહેવુ, લાચાર કે અફળ બનવું –ટાઢી થવી = સતોષ કે નિરાત વળવી, જોઈને રાચવુ –ઠરવી = આખ ટાઢી થવી (૨) ગમવુ, પસદ પડવુ –ઠરી જવી = મરી જવુ –ઠરડાવી, તરડાવી = મરતી વખતે આખનો ડોળો બદલાવો, મરવાના ચિહ્ન આંખ પર દેખાવા –તરવી = (તાવથી કે બીજે કારણે) ગોખલામાથી આખ ઉપર કે બહાર આવવી ને તગતગવી. –તળે આવવું = જોવામા – નજર કે ધ્યાન યા નિદ્રા અદર – આવવુ –તળે કાઢવું = જોઈ લેવુ, તપાસી કાટવુ –દબાવી = મરી જવુ –દેખાડવી = જુઓ આખ કાઢવી,બિવડાવવુ –નીકળી પડવી = આખે કહ્યુ ન કરવુ જોયુ ન જવુ – ન ખમાવુ –નું અણિયારું કરવું = વિવેકદૃષ્ટિ સાવ જતી કરવી –નું અણિયારુ ખસવુ=ગુસ્સાથી આખ કરવી –નું ફૂટેલું = આધળુ, અણસમજુ મૂર્ખ –ની કીકી = અતિ પ્રિય –નો પાટો = અતિ અપ્રિય –ફરકવી = સારા માઠા શુકન થવા (જમણી ફરકે તો સારા ને ડાબી તો માઠા મનાય છે) –ફરવી, ફાટવી = ક્રોધ, શૌર્ય, મરણ ઇ૦થી) આખનુ રૂપ બદલાવુ, તે પહોળી થવી –ફૂટવી = આધળુ હોવુ કે થવુ, ન દેખાવું, સમજાવુ, મૂઝવું –ફોડવી = આખ તાણીને કે નકામુ જોવુ – વાચવુ (૨) આખને ઈજા કરી આધળી કરી દેવી –બતાડ(–વ)વી = જુઓ આખ દેખાડવી –ભરવી = આસુ ઢાળવા, આસુ આણવા –ભરાવી = જુઓ આખ ઠરવી –ભારે થવી = (ઊંઘ, શ્રમ, રોગ ઇ૦ થી) આખના સ્નાયુ ભારે લાગવા; આખમા ઊંઘ ઇ૦ ભરાવુ –મળવી = ઊંઘથી આખો મીચાવી – બધ થવી, ઊંઘ આવવી. (૨) જુઓ આખ એકઠી થવી (૩)મરણ થવુ; આખ દબાવી –મારવી = આખ ફેરવી, કટાક્ષ કે ઇશારો કરવો (આખ વડે) –માં આવવું = નજરે ચડવુ, દેખાવુ (૨) અદેખાઈ ઊપજવી –માં આંગળીઓ ઘાલવી = ધ્યાન પર આણીને, સામે જઈને – બેવડક (સામાને) ન ગમતુ કે તેને પજવે કે હેરાન કરે એવુ કરવુ –માં આંજવું = નજરબધી કરવી ભોળવવુ (૨)(પોતાથી રૂપ ગુણમા કમી હોવાથી) ઝાખુ પાડવુ, શરમાવી દેવુ –માં

**કમળો હોવો**=(મનના કોઈ કારણે) જેવું હોય તેવું ન દેખાવું કે સમજાવું, પોતાને દોષે વસ્તુના વાંકે નહિ–કાંઈ અવળું કે ખોટું પ્રતીત થવું **–મા કરકર આવવી,–માં ખૂંચવું**= જોયું ન જવું, અદેખાઈ આવવી **–માં કૂવા પડવા**=આંખો ખૂબ ઊંડી પેસી જવી (નબળાઈ કે કોઈ કારણે) **–માં ચકલાં રમવાં**=ચંચળતાથી આંખ ચમકવી, ચંચળતા જણાઈ આવવી **–માંડવી**=ધાવણું બાળક લગાતાર નજરે જોતું થવું (૨) ધ્યાન દઈને જોવું. **–માં તડતડિયા પડવા**=અદેખાઈથી ખૂંચવું, જોયું ન જવું **–માંથી કાળાં કાઢી જવાં**=જુઓ આંખમાં ધૂળ નાખવી, છેતરી જવું **–માંથી ભાલા કાઢવા**=કરડી નજરે જોવું કાતરિયા નાખવા **–માં ધૂળ નાખવી**= છેતરવું; ઠગવું **–માં પાણી આવવું**=આંસુ આવવાં (ધૂણી, રોગ કે લાગણીથી) **–માં પિયા આવવા**=અદેખાઈ થવી **–માં ભમરીઓ રમવી**=ચકોર તીણી આંખ હોવી જે ઝટ આમ તેમ જોઈ લે **–માં મરચાં લાગવાં**=જુઓ 'આંખમાં તડતડિયા પડવા' **–માં મીઠું આંજવું,નાંખવું કે ભરવું**= રિબાવવું, (લાચાર બનાવી) કનડવું (૨) હરાવવું, ઉતારી પાડવું (૩) થાપ આપવી, છેતરવું **–માં મીઠું પડવું, રાઈ ભરાવી**=અદેખાઈથી બળવું **–માં લહેર આવવી**=ઊંઘ ભગવી, આંખ ઘેનાવી **–માં શનિશ્ચર હોવો**= બીજાનું બગાડવાની (દ્વેષ કે ઝેર) વૃત્તિ હોવી **–માં સાપોલિયાં રમવાં**=આંખ વિષયવિકારવાળી થવી. **–મી(–મીં)ચવી**=(ઊંઘ કે મરણથી) આંખ બીડવી **–મીંચીને અંધારું કરવું**=એકદમ–વગર વિચારે–આંખો મીંચીને વર્તવું **–લાલ થવી, કરવી**= ક્રોધ આવવો, ગુસ્સે થવું. **આંખે અંધારી બાંધવી**=આંખમાં ધૂળ નાખવી, ભમાવવું **આંખે આવવું**=જુઓ આંખમાં આવવું **આંખે આંખ મળવી**=તારામૈત્રક થવું (ઊંડીને) **આંખે બાઝવું**=ખૂબ સુંદર હોવું **આંખે ચડવું**=જોવામાં આવવું, દેખાવું (૨) એવું દેખાવું કે હોવું જેથી અદેખાઈ થાય **આંખે તળાવ પાણિયારાં બાંધવાં**= જરા જરામાં આંસુ પાડવા–રડવું. **આંખે પાટા બાંધવા**=અક્કલ મારી જવી (૨) ભોળવવું છેતરવું **આંખેથી પાટા છોડવા**= સાનસમજ ઠેકાણે આણવી, સાવધાન થવું **આંખો અવળી થવી,ઓચીએ આવવી**= છેક નબળું, થાકીને લોથ થવું, ખૂબ શ્રમ પડવો **આંખો ઊંચી કરાવવી**=અધીરું કરવું (૨) દુઃખ દેવું,પીડવું. **આંખો ઊંચી ચડવી,જવી, જતી રહેવી, ઓચીએ જવી**=ગર્વ થવો, મગરૂરીનો પાર ન રહેવો **આંખો મીંચીને**= ઊંધું ઘાલીને જોયા વિચાર્યા વગર, સડેડાટ એ **આંખની શરમ**=રૂબરૂ જે શેહ કે અસર પડવી તે.] **૦ચાંદલો, ૦ચાલ્લો** પું૦ કોડે અવસરે સ્ત્રીઓને ગાલે કે કપાળમાં લગાડાતી ટીપકી **૦ચોરી** સ્ત્રી૦અણગમતી વસ્તુ ઉપરથી આંખ ખસેડી લેવી તે(૨)જોયું હોય છતાં નથી જોયું તેવો દેખાવ કરવો તે **૦ઢાંકણી** સ્ત્રી૦આંખનો ઢાબલો (ઘોડા વગેરેનો) **૦ની આડ** સ્ત્રી૦ ગિલ્લીદંડાનો એક દાવ, આંખી **૦ફુટમણું** ન૦ આંખફુટામણીનું ફળ. **૦ફુટામણી** સ્ત્રી૦ ઇંદ્રવારણાનો વેલો. **૦મ(–મિ,–મી)ચકારો** પું૦ પલકારો (૨) આંખથી કરેલી ઇશારત **૦મિ(–મી)ચામણું** ન૦ જોયું ન જોયું કરવું તે **૦મિ(–મીં)ચામણાં** ન૦ બ૦ વ૦ એક બાળરમત (૨) જોયું ન જોયું કરવું તે (૩) ઇશારત (આંખ મીંચીને કરેલી) **૦મિ (–મીં) ચામણી** સ્ત્રી૦ જુઓ આંખમીંચામણાં **–ખાળુ** વિ૦ આંખવાળું (૨) જાણનારું, વિદ્વાન [ખળદની)

**આંખિયું** (૦) ન૦ આંખઢાંકણી (બાચીના

**આંખિયાં** (૦) ન૦ બ૦ વ૦ મૂર્છા (૨) ડોળા કાઢવા તે(૩)ઝળઝળિયાં [**–આવવાં**=મૂર્છા કે ઝળઝળિયાં આવવાં **–કાઢવાં**=ડોળા કાઢવા, બિવડાવવું ]

**આંખી**(૦) સ્ત્રી૦ જુઓ 'આંખની આડ', આંખી

**આંગડ**(૦) સ્ત્રી૦[સં૦ અંગ] દાગીના, રોકડ વગેરેનું જોખમ(૨)દાગીના, રોકડ વગેરે કીમતી વસ્તુ

-ડિયો પું૦ આગળ લઈ જનારો માણસ, વિશ્વાસુ નોકર

**આંગડી** (૦) સ્ત્રી૦ [સં અગ] અંગરખી, ઝભલું

**આંગણ(-ણું)** (૦) ન૦ [સં અગણ] ઘરના મુખ્ય દ્વાર સામેની ખુલ્લી જગા [**-ઊઠી જવું**=ઉજ્જડ થવું – નિર્વંશ જવું (૨) પાયમાલ થવું **-ઘસી નાખવું**=ખૂબ વાર ઘેર જવા આવવાનું થવું – જવું આવવું]

**આંગત** (૦) વિ૦ (ફા) જુઓ અંગત, પોતાનું, સ્વતંત્ર માલિકીનું (૨) અંગનું, નજીકનું (સગું)

**આંગમણ** (૦) સ્ત્રી૦ કૌવત, જોર (૨) જુઓ આગમણ [જૂઝવું

**આંગમવું** (૦) સ૦ક્રિ૦ [સં અગ]-ની સામે થવું,

**આંગલું** (૦) ન૦ [સં અગ] ઝબલું [**આંગલાં ટોપી કરવાં**=મોસાળમાંથી ભાણેજ-બાળકને વસ્ત્ર આભૂષણ વગેરે આપવા]

**આંગળ**(૦) ન૦[સં અંગુલ] આંગળી(૨)આંગળી જેટલી લંબાઈ, તસુ, ઇંચ (૩) દસની સંજ્ઞા **૦તોડો** પું૦ આંગળીએ ચોંટી જાય એવો પાણીમાં રહેનારો એક જીવડો **૦વા** અ૦ આંગળ જેટલું

**આંગળિયાત,આંગળિયું** (૦) વિ૦ (૨) ન૦ [જુઓ આંગળી] આગલા ધણીનું (બાળક)

**આંગળી** (૦) સ્ત્રી૦[સં અંગુલિ] હાથપગના પંજા આગળના પાંચ અવયવોમાંનો દરેક અવયવ [**-આપવી**=મદદ કરવી, હાથ દેવો (૨) હનો આપવો, (સાન કરી) ઉશ્કેરવું, પ્રેરવું, ઊભું કરવું **-ઊંચી કરવી**=(સંમતિ દર્શાવવા) આંગળી ઊંચી કરવી, સંમત થવું (૨) ઊંચે એક પરમેશ્વર જ છે એમ બતાવવું. એવી દેવાળા કે લાચારીની સ્થિતિ જણાવવી (૩) (જરા સરખું ય) સામે થવું, વિરોધ કરવો **-આપતાં પહોંચો પકડવો, પહોંચે વળગવું**=થોડી મદદ કરવા આવે તેને આખો જ પોતાના સ્વાર્થમાં કરવા તૈયાર થવું, જરા હાથ દેનારનું બધું જ પચાવી પાડવા મથવું **-કરવી**=સાન કરી ઉશ્કેરવું, ચીડવવું, છંછેડવું (૨) ચીંધવું, આંગળી વડે બતાવવું (૩) નિંદવું, ફજેત કરવું **-ખૂંપવી**=પહોંચ કે પ્રવેશ હોવો ફાવવું કે સમજશક્તિ (સામે) **-ઘસવી**=નિંદવું, (ખરાબ કે નિંદ્ય) ચીંધવું ફજેતી કરવી **-ના વેઢા પર, -ને ટેરવે હોવું**=ફીટ હોવું, બરોબર મોંઢે હોવું, જ્ઞાન કે માહિતી તૈયાર હોવા **-ને વેઢે ગણાય એટલું**=સંખ્યામાં અમુક થોડું જ વેઢે ગણી શકાય એટલું, જૂજ **-ને ટેરવે નચાવવું,-પર નચાવવું**=(કોઈને) કબ્જામાં કે વશ રાખવું, પૂરું અનુકૂળ વર્તે એમ કરવું **-પર રાખવું**=જુઓ 'આંગળી પર નચાવવું' (૨) (સ્નેહથી) પાસે ને પાસે રાખવું, આંખથી વેગળું ન કરવું, લાડ લડાવવા **-બતાવવી**=(આંગળીની સંજ્ઞાથી) ધમકી કે વિરોધનો ઇશારો કરવો, ધમકાવવું મારની ધમકી બતાવવી (૨) (માર્ગદર્શન કરી) મદદ કરવી દા ત "આંગળી બતાવ્યાનું પણ પુણ્ય છે" **આંગળીથી નખ વેગળા**=(નખ આંગળી જોડે હોવા છતાં તે અલગ છે, તેવો ભેદભાવનો સંભવ બતાવે છે) નખ આંગળીની જુદાઈ જેવી જુદાઈ]

**આંગળી-દેખામણું** ન૦ ફજેતો, આંગળી થવી તે

**આંગળું** (૦) ન૦ જુઓ આંગળી [**-ળાં કરડવાં**=(પસ્તાવો, આશ્ચર્ય, વિમાસણ, નિરાશાનો ભાવ બતાવે છે) ચિંતામાં પડવું, આશ્ચર્યચકિત થવું, પસ્તાવું **આંગળાં ચાટી પેટ ભરવું**=જરાતરા વડે આખો સંતોષ મેળવવા મથવું, વ્યર્થ ફાંફાં મારવાં]

**આંગિક** વિ૦ [સં] અંગ – શરીર સંબંધી

**આંગિરસ** વિ૦ [સં] અંગિરસ ઋષિને લગતું (૨) પું૦ (સં) બૃહસ્પતિ

**આંગી** (૦) સ્ત્રી૦ [સં અંગિકા] પરણનાર પુરુષને મોસાળ તરફથી મળતું ઓઢવા વિનાનું કોરું વસ્ત્ર (૨) માતાની મૂર્તિને બદલે મુકાતી રંગબેરંગી ધાતુઓના પતરાની તકતી (૩) હનુમાનની મૂર્તિ ઉપરનું તેલસિંદૂરનું પડ (૪) (જૈન) મૂર્તિના શણગાર (૫) આંધીથી ચડતો ધૂળનો ગોટો [**-ઉતારવી**=હનુમાનજી ઉપરનું પડ હઠાવવું **-ચડાવવી**=આધાને અંગે માતાનું પ્રતીક તેની આગળ મૂકવું **-પહેરાવવી**=આંગી વસ્ત્ર આપવું (જુઓ આંગી ૧)]

**આંગ્રમન્યુ** પું૦ (સ ) અહરિમાન
**આંગ્લ** વિ૦[इं એંગ્લો પરથી सं રૂપ આપ્યુ છે] અંગ્રેજોને લગતું ૦**દેશ** પું૦,૦ **ભૂમિ(-મી)** સ્ત્રી૦ અંગ્રેજોનો દેશ, ઇંગ્લંડ ૦**ભાષા** સ્ત્રી૦ અંગ્રેજી ભાષા
**આંચ** (૦) સ્ત્રી૦[स अर्चिस्, प्रा अच्चि] ઝાળ, ભભૂકો, સખત તાપ(૨)દીપ્તિ. શેહ રૂઆબ(૩) ધમકી, ત્રાસ(૪)ઈજા [**-આપવી**=ગરમ કરવુ **-આવવી,-લાગવી**=ઈજા થવી **-લાગવી**= ઝાળ અડવી, બળવુ **-દેવી**=ત્રાસ આપવો ]
**આંચકવું** (૦) સ૦ક્રિ૦ જોરથી એકદમ ખેંચવુ
**આંચકી** (૦) સ્ત્રી૦ તાણ, આકડી (૨) હેડકી [**-આવવી** = તાણ કે હેડકી ઊપડવી, થવી ] **-કો** પુ૦ જુઓ આચકો
**આંચણી** (૦) સ્ત્રી૦ બોલતા અચકાવુ તે (૨) વાતચીતમા વારે વારે બોલવાની ટેવ હોય એવા નિરર્થક શબ્દો તે (૩) જુઓ અરતાઈ
**આંચલું** (૦) વિ૦ દોઢડાહ્યુ
**આંચળ** (૦) પુ૦[स अंचल] પશુમાદાના આઉનો અગ્રભાગ [**-આવવો** = આચળમા એક રોગ થવો **-ઊડી જવો**=આચળમાથી દૂધ ન નીકળવુ - આવતું અટકવુ. **-ઝરવો**= આચળમાથી દૂધ ટપકવું **-દૂઝવો** = આચળના સડાથી દૂધની સાથે લોહી આવવુ ]
**આંચળી** (૦) સ્ત્રી૦[सं अञ्चल] અચળ, છેડો, પાલવ [આખની છારી
**આંછ** (૦) સ્ત્રી૦ ઝાખ, ઓછુ સૂઝવુ તે (૨)
**આંજણ** (૦) ન૦[જુઓ આજવુ] અજન કાજળ (૨) છેતરપિંડી, છળ
**આંજણિયું** (૦) ન૦[दे अंजणिआ] એક ઝાડ
**આંજણી** (૦) સ્ત્રી૦ [જુઓ આજવુ] પાપણના મૂળ આગળ થતી ફોલ્લી
**આંજણો** (૦) પુ૦ એક જાતનો પાટીદાર
**આંજનેય** પુ૦[स ](સં )અંજનાનો પુત્ર-હનુમાન
**આંજવું**(૦) સ૦ક્રિ૦[स अञ्ज्]આખમા લગાડવુ (૨) અતિ પ્રકાશથી આખનુ તેજ હરી લેવુ (૩)[લા ]શેહમા નાખવુ,ઝાખા પાડી દેવુ, છક કરી દેવું
**આંજિયું** (૦) ન૦ જુવારનો એક રોગ આગિયુ

**આંજો** (૦) પુ૦ કૂવાથભની બે બાજુના સઢ બાધવાના મોટા દોરડા
**આંટ**(૦)સ્ત્રી૦[म अट, आट, हि] આટી, ગૂચ(૨) કીનો, વેર (૩) શાખ. આબરૂ (લેવડદેવડ અંગે મુખ્યત્વે) (૪)હથોટી (૫)હાથકામમા કે બોલવા લખવામા હોશિયારી, ઝડપ (૬) અગૂઠા ને તર્જની વચ્ચેનો ભાગ કે જ્યા કલમ ટેકવીને લખીએ છીએ (૭) તાકોડિયાપણુ, ચોટ. [**-છોડવી** = કીનો કે મમત દૂર કરવા **-જવી, -તૂટવી**=શાખ જવી, બેઆબરૂ થવી **-બેસવી**=હથોટી આવવી(૨)આબરૂ જામવી ]
**આટણ** (૦) ન૦ (ચામડી પર) ઘસારાનુ ચિહ્ન [**-પડવું**=આટણનુ ચિહ્ન ચામડી ઉપર થવુ ]
**આંટવું** સ૦ક્રિ૦ તાકવુ નિશાન માડવુ(૨)ટપી જવુ
**આટિયાળુ** (૦) વિ૦ આટીવાળુ
**આંટી**(૦) સ્ત્રી૦ગઠ, ગાઠ, ગૂંચ(૨)કાતેલ દોરાની કરાતી ગડી(૩) [લા ] કીનો (૪) ફાસો, પેચ, પ્રપચ (૫) ટાયડો (૬) શાખ. આટ આબરૂ [**-આવવી**=ગૂચાવુ **-ઉકેલવી, કાઢવી**= મુશ્કેલી કે મૂઝવણ દૂર કરવી **-નાખવી**= ગૂચવવુ,મૂઝવવુ **-પડવી** = ગઠાઈ જવુ (૨) અણબનાવ થવો, વેર બધાવુ **-માં લેવું, નાંખવું, -ભરાવવી, મારવી**=દાવમા આણવુ, સપડાવવુ **-રાખવી** = મનમા ગાઠ રાખવી, અણબનાવ કે વેરનુ કારણ સેવવુ ] ૦**ઘૂંટિયાળુ** વિ૦ આટીઘૂંટીવાળુ ૦**ઘૂંટી** સ્ત્રી૦ દાવપેચ(૨)છળકપટ ૦**કાટી** સ્ત્રી૦ એક-બાલરમત [એક દાવ
**આંટે ટપ્પો** (૦) પુ૦ લખોટીઓની રમતનો
**આટો** (૦) પુ૦ [म आटा, सं आवृत्त प्रा आवट्ट પરથી ?] વળ, ચકરાવો ફેર (૨) ફેરો, ધક્કો (૩) અટસ [**-ખાવો** =વળ પ્રમાણે કે ચકરાવામા ફરવુ (૨) (કામને ઇરાદે) જવુ, ફરી આવવુ (પ્રાય અફળ) **-મારવો**=આટો ખાવો (૨) આમતેમ ખાલી ફરવુ **-લેવો**=આટો ખાવો, વળ પ્રમાણે ફરવુ (જેમ કે સ્ક્રૂ) **-રાખવો** = જુઓ 'આંટી રાખવી' ] ૦**ફેરો** પુ૦ આટો અને ફેરો (૨) ફેરોફાટો [**-કરવો** = ફેરોફાટો ખાવો, કાંઈ કામકાજ માટે જવુ આવવું]

આંટવા (૦) પુંબ૦વ૦ [हि. फेर] આંટા ફેરા
આંતબાર (૦) પું૦ આંટ વીંટી ફેર
આંતર વિ૦[सं]અંદરનું,અંદરનું,અંદરનું,આંતરિક. ૦ગૃહ ન૦. ૦દર્શન ન૦ અંતર-દર્શન. ૦પ્રતીતિ સ્ત્રી૦ અંદર-મનમાં થતી પ્રતીતિ. ૦પ્રાંતીય વિ૦ બધા પ્રાંતો કે તેમના પરસ્પર સંબંધને લગતું ૦રાષ્ટ્ર(-ષ્ટ્રી)ય વિ૦ સર્વ રાષ્ટ્રોને કે તેમના પરસ્પર સંબંધને લગતું. ૦વિગ્રહ પું૦ ૦યુદ્ધ ન૦ એક સમૂહના કે દેશમાં અંદર અંદર યુદ્ધ 'સિવિલ વૉર'
આંતરડું (૦) ન૦[सं अन्त्र] પેટમાંના અજરસને પચાવી મળને બહાર કાઢનાર નળના આકારનો અવયવ, પેટનો નળ [આંતરડાં ઊંચાં આવવાં, ગળે આવવાં = ખૂબ મહેનત પડવી આંતરડાની (દાઝ, માયા) = ખરા મનની. આતરડાની સગાઈ=એક પેટની — માથી સગાઈ આંતરડાં રંગવાં = ખૂબ મારવુ, સતાવવુ; દુ ખ દેવુ ]
આંતરડી (૦) સ્ત્રી૦[જુઓ 'આતર ] દિલ, હૃદય
આંતર-પ્રાંતીય. -રાષ્ટ્રીય, -વિગ્રહ જુઓ 'આતર' [सं] મા
આંતરવું (૦) સ૦ક્રિ૦ [सं अंतरि-अंतरय्. प्रा अन्तर] (વાડ કરી કે પડદો ભરીને) જુદુ પાડવુ; પડદો ભરવો (૨) ઘેરવુ (૩) અટકાવવું, રસ્તો રોકવો
આનરસી(-સે)વો,આનરસો(૦)પું૦અંદરનુ સીવણ, સીવેલા કપડાને બ વધેસતુ કરવા માટે અંદરથી ભરેલો ટાંકો
આંતરિક વિ૦ [सं] અંદરનુ(૨)અંતરનુ હૃદયનુ
આતરી (૦) સ્ત્રી૦ ધોતિયુ, ખેસ વગેરે કાપડના વગર વણેલા છેડા તે (૨) કોર છેડો પાલવ (૩) કાપડ-ચોપડીઓમા પડતી એક જીવાત (૪) વહાણની કિનાર (૫) ખાવાના પાનની નસ (સુ )(૬) કણસના ચાપાને વળગેલા રેસા (સુ )
આતરો (૦) પું૦[सं अतराय]અંતર;ગાળો(૨) અંતરપટ,પડદો (૩) જુદાઈ, ભેદ (૪) ધ્રુપદનો બીજો ભાગ [-ભરવો=વચ્ચે પડદો કે ભડલી તિયુ ઊભુ કરવુ – ચણી લેવુ, જુદુ પાડવુ -રાખવો = ભેદભાવ રાખવો, મન ખોલીને વાત ન કરવી,પરાયુ માનીને વર્તવુ ]

આંતો (૦) પું૦ નદ પાણીનો ઠેર હાંકતાં જોડી કે ડેરો ફિરતો તે
આંત્ર વિ૦ [सं] આંતરડાને લગતું (૨) ન૦ આંતરડું. ૦જ્વર પું૦ આંતરડાનો તાવ. ૦રસ પું૦ આંતરડાનો રસ
આંદુલમાન વિ૦ [सं. आंदुल]-ચલિત
આંદોલ પું૦ [सं] આંદોલન, ડોલન (૨) વિ૦ કંપયુક્ત (સ્વર) ૦ન ન૦ હાલવું કે ઝૂલવું તે (૨) હિલચાલ, ચળવળ (૩) ગતિમાન (પ્રેરક) બળ -લિત વિ૦ આંદોલન પામેલું
આંધણ (૦) ન૦ [દે.] જુઓ આધણ
આંધળું (૦) વિ૦[सं अंध प्रा अन्ध अंधल] અંધ, ન દેખતુ (૨) વિચારહીન; વિવેકહીન (૩) અંધ ઝ [આંધળા પાટા બાંધવા=છેતરામણ કરવુ, આખે પાટા બધાવવા; છેતરવુ આંધળી ગાય=નિર્દોષ ગરીબ સ્વભાવનો માણસ આંધળું ગૂમડુ =છિદ્ર વગરનુ — મોં ન પડેલું ગૂમડું આંધળે બહેરું કુટાવું = આંધળો ને બહેરો — સરખે સરખા અજ્ઞાન કે ગોટાળામા અથડાવા ગોટાળો વળી જવો ગૂચમા પડવુ આંધળો ધંધો = નફાનુકસાન-ની સૂઝ ન પડે એવો કે મજૂરી વગરનો ધંધો આંધળિયાં કરવાં = આખો મીચીને સાહસમા કૂદી પડવુ, વગર જોયે વિચાર્યે ઝંપલાવવુ ] -ળિયું ન૦ સાહસ, અવિચારી કર્મ -ળિયો પોટ્ટો પુ૦ આંધળો પાટો -ળી ખિસકોલી સ્ત્રી૦ એક રમત -ળી ચાકણ(-ળ,-ળણ) સ્ત્રી૦ બે મુખવાળો એક સાપ ૦ધબ,૦ભીત વિ૦ છેક આંધળુ -ળો પાટો (-ડો), -ળો પોટો પુ૦ એક બાલરમત, હાથીનો ઘોડો -ળો ભોટવો પું૦ એક બાલરમત
આંધી (૦) સ્ત્રી૦ [हि ] દિશાઓ ધૂળથી પુરાઈ જાય એવુ સખત વાવાઝોડુ (૨) અંધાપો [-આવવી,-ચડવી = વાવાઝોડુ થવુ ]
આંધ્ર પુ૦ [सं] (સ ) તેલુગુ પ્રદેશ, તેલગણ
આંબટ વિ૦[म] અંબટ, ખાટુ (૨) સ્ત્રી૦ [सं आम्रातक] એક ઔષધિ
આંબલિયો (૦) પુ૦ (પ ) જુઓ 'આંબો મા

**આંગ્રમન્યુ** પું૰ (સ ) અહરિમાન
**આંગ્લ** વિ૰[ इ એંગ્લો પરથી સં રૂપ આપ્યુ છે] અંગ્રેજોને લગતું **૦દેશ** પું૰,૦ **ભૂમિ(-મી)** સ્ત્રી૰ અંગ્રેજોનો દેશ, ઇંગ્લંડ **૦ભાષા** સ્ત્રી૰ અંગ્રેજી ભાષા
**આંચ** (૦) સ્ત્રી૰[स अर्चिस्, प्रा अच्चि] ઝાળ, ભભૂકો, સખત તાપ(૨)દીપ્તિ, શેહ રૂઆબ(૩) ધમકી, ત્રાસ(૪)ઈજા [**–આપવી**=ગરમ કરવુ **–આવવી,–લાગવી**=ઈજા થવી **–લાગવી**= ઝાળ અડવી, બળવુ **–દેવી**=ત્રાસ આપવો ]
**આંચકવું** (૦) સ૰ક્રિ૰ જોરથી એકદમ ખેંચવું
**આંચકી** (૦) સ્ત્રી૰ તાણ, આકડી (૨) હેડકી [**–આવવી** = તાણ કે હેડકી ઊપડવી, થવી ] **–કો** પુ૰ જુઓ આચકો
**આંચણી** (૦) સ્ત્રી૰ બોલતા અચકાવુ તે (૨) વાતચીતમા વારે વારે બોલવાની ટેવ હોય એવા નિરર્થક શબ્દો તે (૩) જુઓ અસ્તાઈ
**આંચલું** (૦) વિ૰ દોઢડાહ્યું
**આંચળ** (૦) પુ૰[स अञ्चल] પશુમાદાના આઉનો અગ્રભાગ [**–આવવો** = આચળમા એક રોગ થવો **–ઊડી જવો**=આચળમાથી દૂધ ન નીકળવુ – આવતુ અટકવુ. **–ઝરવો**= આંચળમાથી દૂધ ટપકવુ **–દૂઝવો** = આચળના સડાથી દૂધની સાથે લોહી આવવુ ]
**આંચળી** (૦) સ્ત્રી૰[सं अञ्चल] અંચળ, છેડો, પાલવ [આખની છારી
**આંછ** (૦) સ્ત્રી૰ ઝાખ ઓછું સૂઝવું તે (૨)
**આંજણ** (૦) ન૰[જુઓ આજવુ] અંજન કાજળ (૨) છેતરપિંડી, છળ
**આંજણિયું** (૦) ન૰[दे अंजणिआ] એક ઝાડ
**આંજણી** (૦) સ્ત્રી૰ [જુઓ આજવુ] પાંપણના મૂળ આગળ થતી ફોલ્લી
**આંજણો** (૦) પુ૰ એક જાતનો પાટીદાર
**આંજનેય** પુ૰[स ](સ )અંજનાનો પુત્ર–હનુમાન
**આંજવું**(૦) સ૰ક્રિ૰[सं अञ्ज्]આખમા લગાડવુ (૨) અતિ પ્રકાશથી આખનુ તેજ હરી લેવુ (૩)[લા ]શેહમાં નાખવુ,ઝાંખા પાડી દેવુ, છક કરી દેવું
**આંજિયું** (૦) ન૰ જુવારનો એક રોગ આગિયુ
**આંજો** (૦) પુ૰ કૂવાથંભની બે બાજુના સઢ બાંધવાના મોટા દોરડાં
**આંટ**(૦)સ્ત્રી૰[म अट, आट, हिं] આટી ગૂચ(૨) કીનો, વેર (૩) શાખ, આબરૂ (લેવડદેવડ અંગે મુખ્યત્વે) (૪)હથોટી (૫)હાથકામમા કે બોલવા લખવામા હોશિયારી, ઝડપ (૬) અંગૂઠા ને તર્જનીની વચ્ચેનો ભાગ કે જ્યા કલમ ટેકવીને લખીએ છીએ (૭) તાકોડિયાપણું ચોટ. [**–છોડવી** = કીનો કે મમત દૂર કરવા **–જવી, –તૂટવી**=શાખ જવી, બેઆબરૂ થવી **–બેસવી**=હથોટી આવવી(૨)આબરૂ જામવી ]
**આટણ** (૦) ન૰ (ચામડી પર) વસાગનુ ચિહ્ન [**–પડવું**=આટણનુ ચિહ્ન ચામડી ઉપર થવુ ]
**આંટવું** સ૰ક્રિ૰ તાકવુ,નિશાન માડવુ(૨)ટપી જવુ
**આટિયાળુ** (૦) વિ૰ આટીવાળુ
**આંટી**(૦) સ્ત્રી૰ગઢ, ગાઠ, ગૂચ(૨)કાંતેલ દોરાની કરાતી ગડી(૩) [લા ] કીનો (૪) ફાસો, પેચ, પ્રપંચ (૫) ડોચડો (૬) શાખ. આટ આબરૂ [**–આવવી**=ગૂંચાવુ **–ઉકેલવી, કાઢવી** = મુશ્કેલી કે મૂઝવણ દૂર કરવી **–નાખવી** = ગૂંચવવુ,મૂઝવવુ **–પડવી** = ગંઠાઈ જવુ (૨) અણબનાવ થવો, વેર બધાવુ **–માં લેવું, નાંખવું, –ભરાવવી, મારવી**=દાવમા આણવુ, સપડાવવુ **–રાખવી** = મનમા ગાઠ રાખવી, અણબનાવ કે વેરનુ કારણ સેવવુ ] **૦ઘૂંટિયાળુ** વિ૰ આટીઘૂંટીવાળુ **૦ઘૂંટી** સ્ત્રી૰ દાવપેચ(૨)છળકપટ **૦કાંટી** સ્ત્રી૰ એક-બાલરમત [એક દાવ
**આટે ટપ્પો** (૦) પુ૰ લખોટીઓની રમતનો
**આટો** (૦) પુ૰ [म आटा, सं आवृत्त प्रा आवट्ट પરથી ?] વળ, ચકરાવો ફેરો (૨) ફેરો, ધક્કો (૩) અંટસ [**–ખાવો** =વળ પ્રમાણે કે ચકરાવામા ફરવુ (૨) (કામને ઇરાદે) જવુ, ફરી આવવુ (પ્રાય અફળ) **–મારવો**=આટો ખાવો (૨) આમતેમ ખાલી ફરવુ **–લેવો**=આટો ખાવો, વળ પ્રમાણે ફરવુ (જેમ કે સ્ક્રૂ) **–રાખવો** = જુઓ 'આટી રાખવી' ] **૦ફેરો** પુ૰ આટો અને ફેરો (૨) ફેરાફાંટો [**–કરવો** = ફેરોફાંટો ખાવો, કાઈ કામકાજ માટે જવુ આવવુ]

**આંડવા** (૦) પુંબ૰વ૰ [स अंड] અંડ, પેળ
**આંતબાર** (૦) પુ૰ આડખીલી, વિઘ્ન
**આંતર** વિ૰[स ]અંદરનુ,માહોમાહેનુ,આતરિક ૦ત્વ ન૰ ૦દર્શન ન૰ આતર+દર્શન ૦પ્રતીતિ સ્ત્રી૰અંદર–મનમા થતી પ્રતીતિ ૦પ્રાંતીય વિ૰ બધા પ્રાતો કે તેમના પરસ્પર સબધને લગતુ ૦રાષ્ટ્રિ(–ષ્ટ્રી)ય વિ૰ સર્વ રાષ્ટ્રોને કે તેમના પરસ્પર સબધને લગતુ ૦વિગ્રહ પુ૰,૦યુદ્ધ ન૰એકસમૂહના લોકોમા અંદર અંદર યુદ્ધ, 'સિવિલ વૉર'
**આંતર,૦ડુ** (૦) ન૰[स अंत्र] પેટમાના અન્નરસને પચાવી મળને બહાર કાઢનાર નળના આકારનો અવયવ, પેટનો નળ [**આંતરડાં ઊંચાં આવવાં, ગળે આવવાં**=ખૂબ મહેનત પડવી **આંતરડાની** (દાઝ, માયા)=ખરા મનની **આંતરડાની સગાઈ**=એક પેટની — સાચી સગાઈ **આંતરડાં રંગવાં**=ખૂબ મારવુ, સતાવવુ, દુખ દેવુ ]
**આંતરડી** (૦) સ્ત્રી૰[જુઓ 'આંતર'] દિલ, હૃદય
**આંતર–પ્રાંતીય, –રાષ્ટ્રીય, –વિગ્રહ** જુઓ 'આંતર' [स ]મા
**આંતરવું** (૦) સ૰ક્રિ૰ [स अंतरि-अंतरय्, प्रा अंतर] (વાડ કરી કે પડદો ભરીને) જુદુ પાડવુ, પડદો ભરવો (૨) ઘેરવુ (૩) અટકાવવુ, રસ્તો રોકવો
**આંતરસી(–સે)વો,આંતરસો**(૦)પુ૰અંદરનુ સીવણ, સીવેલા કપડાને બંધબેસતુ કરવા માટે અંદરથી ભરેલો દોરો
**આંતરિક** વિ૰ [स ] અંદરનુ(૨)અંતરનુ,હૃદયનુ
**આંતરી** (૦) સ્ત્રી૰ ધોતિયુ, ખેસ વગેરે કાપડના વગર વણેલા છેડા તે (૨) કોર, છેડો, પાલવ (૩) કાપડ–ચોપડીઓમા પડતી એક જીવાત (૪) વહાણની કિનાર (૫) ખાવાના પાનની નસ (સુ )(૬) રણસના ચાપાને વળગેલા રેસા (સુ )
**આંતરો** (૦) પુ૰[स अंतराय] અંતર,ગાળો(૨) અંતરપટ,પડદો (૩) જુદાઈ, ભેદ (૪) ધ્રુપદનો બીજો ભાગ [**–ભરવો**=વચ્ચે પડદો કે ભીંતિયુ ઊભું કરવુ – ચણી લેવુ, જુદુ પાડવુ **–રાખવો**=ભેદભાવ રાખવો, મન ખોલીને વાત ન કરવી,પરાયુ માનીને વર્તવુ ]
**આંતો** (૦) પુ૰ ત્રણ સેરોનો દોર ભાંગતા પહેલાં બે સેરો ઉખેળવી તે
**આંત્ર** વિ૰ [સં.] આંતરડાને લગતુ (૨) ન૰ આંતરડું ૦જ્વર પું૰ આંતરડાનો તાવ ૦રસ પુ૰ આંતરડાનો રસ
**આંદૂલમાન** વિ૰ [स आंदुल्]+ચલિત
**આંદોલ** પુ૰ [स ] આંદોલન, ડોલન (૨) વિ૰ કંપયુક્ત (સ્વર) ૦ન ન૰ હાલવુ તે, ઝૂલવુ તે (૨) હિલચાલ ખળભળાટ (૩) ગતિમાન (પ્રેરક) તત્ત્વ –લિત વિ૰ આંદોલન પામેલું
**આંધણ** (૦) ન૰ [કા ] જુઓ આધણ
**આંધળું** (૦) વિ૰[स अंध, प्रा अंधल, अंधरअ] અંધ, ન દેખતુ (૨) વિચારહીન, જ્ઞાનહીન(૩) અંધારુ [**આંધળા પાટા બાંધવા**=ભરમાવવુ, આંખે પાટા બંધાવવા, છેતરવુ **આંધળી ગાય**=નિર્દોષ ગરીબ સ્વભાવનો માણસ **આંધળું ગૂમડું**=છિદ્ર વગરનુ—મો ન પડેલુ ગૂમડુ **આંધળે બહેરું કુટાણું**=આંધળો ને બહેરો—સરખે સરખા અજ્ઞાન કે ગોટાળામા અથડાવા, ગોટાળો વળી વળવો, ગૂચમા પડવુ **આંધળો ધંધો**=નફાનુકસાનની સૂઝ ન પડે એવો કે મળતર વગરનો ધંધો **આંધળિયાં કરવાં**=આંખો મીચીને સાહસમા કૂદી પડવુ, વગર જોયે વિચાર્યે ઝપલાવવુ ] –ળિયું ન૰ સાહસ, અવિચારી કર્મ –ળિયો પોટ્ટો પુ૰ આંધળો પાટો –ળી ખિસકોલી સ્ત્રી૰ એક રમત –ળી ચાકણ(–ળ,–ળણ) સ્ત્રી૰ બે મુખવાળો એક સાપ ૦ધબ,૦ભીંત વિ૰ છેક આંધળુ –ળો પાટો (–ડો), –ળો પોટો પુ૰ એક બાલરમત, હાહીનો ઘોડો –ળો ભોટવો પું૰ એક બાલરમત .
**આંધી** (૦) સ્ત્રી૰ [हिं ] દિશાઓ ધૂળથી પુરાઈ જાય એવુ સખત વાવાઝોડુ (૨) અંધાપો [**–આવવી,–ચડવી**=વાવાઝોડુ થવુ ]
**આંધ્ર** પુ૰ [स ] (સ ) તેલુગુ પ્રદેશ, તેલંગણ
**આંબટ** વિ૰[म ] અંબટ, ખાટુ (૨) સ્ત્રી૰ [स आम्रातक] એક ઔષધિ
**આંબલિયો** (૦) પુ૰ (૫ ) જુઓ 'આંબો'મા

**આંબલી** (૦) સ્ત્રી૦ [स अम्लिका, प्रा. ? दे. अविलिया] આમલી (૨) [કા] આંબલીનો કચૂકો ૦પીંપળી સ્ત્રી૦ એક રમત

**આંબવું** (૦) સ૦ક્રિ૦ પહોંચવું, પકડી પાડવું (૨) [स अम्ल, प्रा अव] અ૦ક્રિ૦ અંબાવું, ખટાઈ જવું

**આંબળું** (૦) ન૦, **–ળી** સ્ત્રી૦ જુઓ 'આમળું'માં

**આંબળો** (૦) પું૦ જુઓ આમળો

**આંબેલ** ન૦ [प्रा अंबिल, आयंबिल' स आचाम्ल] એક ટંક અલૂણું જમવાનું વ્રત (જૈન)

**આંબો** (૦) પું૦ [स आम्र, प्रा अंब] આમ્રવૃક્ષ; કેરીનું ઝાડ (૨) છોકરાંની એક રમત [**આંબા ગોડી નાખવા** = આંબા ખોદી નાખવા જેવું – જે સામે કોઈ ઇલાજ પછી ન હોય એવું અસહ્ય નુકસાન કરવું, થઈ શકે એટલું (કોઈનું) ખરાબ કરવું **આંબે મોર** (આશા બતાવવા માટે, સારા ફળની આશા તરીકે આનો પ્રયોગ આવી કહેવતોમાં મળે છે) 'આંબે મોર ને વાત કહીશું પોર', 'આંબે મોર ને કલાલે લેણું, જતે દહાડે કાંઈ ન દેખ્યું.' – આશા રાખો, ફળી તો ખરી, નહિ તો કાંઈ નહિ, એમ અર્થ બતાવે છે **આંબો લેવો** = ફરતા ભમરડાને હથેળીમાં લેવો] **–બલિયો** પું૦ આંબો (પ.) **–બાગાળો** પું૦ કેરીની મોસમ **–બામોર** પું૦ આંબાનો મોર (૨) ડાંગરની એક જાત **–બાવાડિયું** ન૦, **–બાવાડી** સ્ત્રી૦ આંબાનું વન, અમરાઈ. **–બાશા(–સા)ખ** સ્ત્રી૦ આંબા ઉપર કુદરતી રીતે પાકેલી કેરી. **–બાહળદર** સ્ત્રી૦ એક જાતની હળદર ૦ળિયું ન૦ કાચી કેરીની સૂકવેલી ચીરી

**આંબોઈ** (૦) સ્ત્રી૦ ડૂંટીની નીચેની રગોની ગાંઠ. [**–કરાવવી, –ચોળવી, બેસાડવી** = આંબોઈની જગાએ ચોળી કરીને તેને ઠેકાણે લાવવી **–ખસવી, –ટળવી** = આંબોઈની ગાંઠ તેને સ્થાનેથી હઠવાનું દર્દ થવું **–બેસવી, ઠેકાણે આવવી** = આંબોઈનું દર્દ મટવું]

**આંબોસું** (૦) ન૦ સૂકું આલૂ (૨) સૂકી દ્રાક્ષ

**આંબોળિયું** (૦) ન૦ જુઓ 'આંબો'માં

**આંસ** (૦) પું૦ [स अक्ष] ધરી

**આંસુ** (૦) ન૦ [स अश्रु, प्रा अंसु] અશ્રુ, આંખોમાંથી દુઃખ કે હર્ષ વખતે ટપકતાં ટીપાં. [**–આવવાં, ખરવાં, પડવાં, વહેવાં** = આંસુ નીકળવાં, રડવું **–લૂછવાં –લોહવાં** = રડતાને શાંત પાડવું (૨) સાંત્વન કે દિલાસો આપવો **–ઢાળવાં** = આંસુ પાડવાં, રડવું] ૦ઢાળ વિ૦ આંખમાંથી આંસુ પાડે એવું (૨) સ્ત્રી૦ ઘોડાની એક જાત ૦પાત પું૦ અશ્રુપાત [ઊંહું

**આંહાં** (૦) અ૦ (રવ૦) નકાર બતાવનો ઉદ્ગાર,

**આંહાંતૂસ** (૦) સ્ત્રી૦ હા ના, ઘડભાગ (?)

**આંહી,** ૦કણે (૦) અ૦ (ગ્રા) અહીંયાં

# ઇ

ઇ સ્ત્રી૦ [सं] સંસ્કૃત કુટુંબની વર્ણમાલાનો ત્રીજો અક્ષર, એક સ્વર (દીર્ઘ રૂપ ઈ) (૨) અ૦ (રવ૦) ક્રોધ, નિંદા, દયા, દુઃખ, દાઝ અને વિસ્મયસૂચક ચિત્કાર **૦કાર** પું૦ [स] 'ઇ' અક્ષર કે ઉચ્ચાર **૦કારાંત** વિ૦ અંતે ઇકારવાળું [ભાગ્ય, આબાદી

**ઇકબાલ** ન૦ [अ] કિસ્મત, નસીબ (૨) સદ્-

**ઇકરાર** પું૦ [अ] હા પાડવી તે, કબૂલાત (૨) કોલ, પ્રતિજ્ઞાપૂર્વક કહેલો અથવા લખાયેલો મજકૂર, એકરાર (જુઓ એકરાર) **૦નામું** ન૦ [फा] પ્રતિજ્ઞાપૂર્વક કબૂલાતનો લેખ, 'એફિડેવિટ'

**ઇકોતરી** સ્ત્રી૦ ગણિતના સોળ આંકમાંનો એક

**ઇકોત(–તે)રો** વિ૦ પું૦ ૭૧નો, ૭૧મો (૨) પું૦ (સં) વિ સં ૧૮૭૧નો દુકાળ

**ઇકોતેર** વિ૦ [स एकसप्तति] ૭૧, એકોતેર [**–કુળ તરવાં** = બધા વડવાઓનો ઉદ્ધાર થવો] **–રો** જુઓ ઇકોતરો

**ઇક્કડ** સ્ત્રી૦ [स इक्कट, प्रा] એક વનસ્પતિ (તે એક કોમળ ઘાસ છે, તેની સાદડી બનાવાય છે)

ઇક્ષુ સ્ત્રી૰ [सं] શેરડી ૦કુંડ પું૰ શેરડીનો સાંઠો (૨) તેની પેરાઈ ૦જ વિ૰ શેરડીમાંથી નીપજતું (ગોળ, ખાંડ ઇ૰) ૦દંડ પું૰ શેરડીનો સાંઠો ૦પાક પું૰ ગોળ ૦યંત્ર ન૰ શેરડી પીલવાનું યંત્ર, કોલુ ૦રસ પું૰ શેરડીનો રસ ૦શર્કરા સ્ત્રી૰ સાકર ૦સાર પું૰ ગોળ

ઇક્ષ્વાકુ પું૰[सं](સં) સૂર્યવંશનો આદિ રાજા

ઇખલાક પું૰ [अ] વિનય, સભ્યતા

ઇખલાસ પું૰ [अ] સાચ દોસ્તી, એખલાસ

ઇખ્તિલાત પું૰ [अ] મૈત્રી સ્નેહ

ઇખ્તિલાફ પું૰ [अ] વિરોધ, જુદાઈ દ્વેષ

ઇખ્તેસાર પું૰[अ इख्तिसार] સંક્ષેપ સાર

ઇચ્છાવું અ૰ક્રિ૰, –વવું સ૰ ક્રિ૰ ઈચ્છવું નું અનુક્રમે કર્મણિ ને પ્રેરક

ઇચ્છવું સ૰ ક્રિ૰ [सं इष्-इच्छ्] ઇચ્છા કરવી (૨) આશા રાખવી (૩) [सं इष्, प्रा इच्छ] મેળવવા આશા રાખવી માગવું

ઇચ્છિનધારા સ્ત્રી૰[सं अविच्छिन्न-धारा] અતૂટ ધારા, ચાલુ પ્રવાહ (૨) અભિષેકપાત્ર

ઇચ્છા સ્ત્રી૰ [सं] મરજી, રુચિ, ખુશી (૨) ઉમેદ, આશા, અભિલાષા (૩) કામના, વાસના [–માં આવવું = ઇચ્છા થવી, ગમવું, પસંદ પડવું] ૦ચાર પું૰ સ્વેચ્છાચાર ૦ચારી વિ૰ સ્વેચ્છાચારી ૦નુરૂપ વિ૰ મરજી પ્રમાણેનું ૦નુસાર અ૰ મરજી મુજબ ૦નુસારી વિ૰ ઇચ્છા પ્રમાણેનું ૦ન્યાય પું૰ મરજી–મનપસંદ ન્યાય ૦પુરઃસર, ૦પૂર્વક અ૰ ઇચ્છા મુજબ (૨) જાણી જોઈને ઇરાદાપૂર્વક ૦ફલ(–ળ) ન૰ ઇચ્છા પ્રમાણે મળવું–થવું તે(૨)[ગ]ત્રિરાશિમાં ઇચ્છિત ચોથું પદ, હિસાબનો જવાબ ૦બલ (–ળ) ન૰ ઇચ્છાની શક્તિ મનોબળ, સંકલ્પબળ ૦ભેદી સ્ત્રી૰ સખત જુલાબની એક ઔષધિ ૦ભોજન ન૰ ભાવતું ભોજન ૦મરણી વિ૰ ઇચ્છાનુસાર મરવાની શક્તિવાળું ૦વર પું૰ જાતે પસંદ કરેલો વર ૦વાચક વિ૰ ઇચ્છા દર્શાવનાર ૦વ્યાપાર પું૰ ઇચ્છાનો વ્યાપાર ઇચ્છાનું કાર્ય ૦શક્તિ સ્ત્રી૰ ઇચ્છાબલ, સંકલ્પબળ –ચ્છાંક પું૰ ઇચ્છારાશિ, ત્રિરાશિનું ત્રીજું પદ (ગ) –ચ્છિત વિ૰ ઇચ્છેલું. –ચ્છુ(૦ક) વિ૰ ઇચ્છાવાળો

ઇજન ન૰ [अ इज़्न] નોતરું, આમંત્રણ

ઇજનેર પું૰[इं ऍन्जिनियर]બાંધકામ ઇત્યાદિની યોજના કરનાર આદમી(૨)યંત્રવિદ્યા જાણનાર આદમી –રી વિ૰ ઇજનેરને – ઇજનેરના કામને લગતું (૨) સ્ત્રી૰ ઇજનેરી કામ કે વિદ્યા

ઇજલાસ સ્ત્રી૰ [अ] જલસો, સભા, બેઠક ૦નિશાન પું૰[फा]સભ્ય(૨)નવાબો તથા એ દરજ્જાના પુરુષોને માટે માનાર્થે વપરાતો શબ્દ

ઇજાજત સ્ત્રી૰ [अ] પરવાનગી રજા

ઇજાફત સ્ત્રી૰[अ]વધારો, ઉમેરો (૨)સમાસ(૩) છઠ્ઠી વિભક્તિ(૪)જોડી દેવું તે,ખાલસા કરવું તે ૦ગામ ન૰ ઇનામી ગામ કે વતન ૦ખાતું ન૰ ભેટ નજરાણાને લગતું ખાતું

ઇજાર સ્ત્રી૰ [अ] સુરવાળ લેંઘો ૦બંધ પું૰ ઇજારનું નાડું, કમરપટો

ઇજારદાર પું૰,–રી સ્ત્રી૰[फा]જુઓ 'ઇજારો'માં

ઇજારવું અ૰ક્રિ૰ દુઃખ, સંતાપ કરવો,દુઃખી થવું

ઇજારો પું૰ [अ] ઠરાવેલી શરત પ્રમાણે કોઈ હકનો એકહથ્થુ ભોગવટો કે એવો પટો,કરાર કે ઠરાવ(૨)મનદી હક [–આપવો = એકહથ્થુ ભોગવટો નક્કી કરીને હક સોંપવો –રાખવો, લેવો = એવો હક મેળવવો, ખરીદવો, કરી લેવો] –રદાર વિ૰ ઇજારો ધરાવનાર –રદારી સ્ત્રી૰ ઇજારદારનું કામ,ઇજારદારપણું –રાપદ્ધતિ સ્ત્રી૰ ઇજારે આપવાની કે ઇજારો આપીને કાર્યવ્યવસ્થા કરવાની પદ્ધતિ

ઇજ્જત સ્ત્રી૰ [अ] આબરૂ (૨) સ્ત્રીનું શિયળ [–આપવી, કરવી = માન આપવું, આબરૂ વધારવી –જવી –ના કાંકરા થવા,–લેવી = જુઓ 'આબરૂ જવી, ' વગેરે ૦(–તે) આસાર, ૦દાર વિ૰ આબરૂદાર, પ્રતિષ્ઠિત

ઇજ્યા સ્ત્રી૰ [सं] યજ્ઞ(૨) પૂજા

ઇઝરાયલ વિ૰ [हिब्रू] યહૂદી લોકોને લગતું (૨) પું૰ (સં) યહૂદી લોકોનો એક મૂળ પુરુષ

ઇઝહાર પું૰ [अ] જાહેર રીતે રજૂ કરેલી હકીકત, જાહેરનામું, 'સ્ટેટમેન્ટ'(૨)જુબાની ૦નવીસ પું૰ ઇઝહાર લખનાર

**ઇટાલિયન** સ્ત્રી૦ [इं] ઇટાલીની ભાષા (૨) પુ૦ તેનો વતની [જુઓ 'અક્કા'મા)

**ઇટ્ટા(–ટ્ટી)** સ્ત્રી૦ કટ્ટી અક્કા (–કરવી,–થવી

**ઇઠ્ઠોતેર** વિ૦[स अष्टसप्तति, प्रा॰ अट्ठुत्तरि]૭૮: અઠ્ઠો(–ઠ્યો)તેર [अट्ठासीइ]૮૮,અઠ્યાશી

**ઇઠ્યાશી(–સી)** વિ૦ [स अष्टाशीति, प्रा

**ઇઙરિયો** વિ૦પુ૦ ઈડરનો(૨)[લા ]ઘણો મજબૂત –જીતવો મુશ્કેલ (ગઢ) [૦ગઢ જીતવો=ન થઈ શકે એવુ પરાક્રમ કરવુ (૨) (કટાક્ષમા) મોટી ધાડ મારવી ]

**ઇડા** સ્ત્રી૦[स ]યોગ શાસ્ત્રઅનુસાર પ્રાણવાયુની ત્રણ નાડીઓમાની શરીરની જમણી બાજુની નાડી (ઇડા, પિંગલા અને સુષુમ્ણા)

**ઇતબાર** પુ૦[अ ]વિશ્વાસ [–કરવો,–રાખવો જુઓ 'વિશ્વાસ'મા ]–**રી** વિ૦ ભરોસા લાયક, પ્રમાણિક [સરંજામ, ગ્સાલો

**ઇતમામ** વિ૦ [अ ] તમામ, પૂરેપૂરુ (૨) પુ૦

**ઇતર** સ૦(૨) વિ૦[स ] અન્ય,બીજુ (૩)નલતુ, ભિન્ન(૪)ક્ષુલ્લક **૦ત** અ૦ બીજેથી,જુદી રીતે **૦ત્ર** અ૦ અન્યત્ર, બીજે ઠેકાણે **૦વાચન** ન૦ અભ્યાસક્રમ ઉપરાતનુ – બહારનુ ફાલતુ કે પાઠ્યપુસ્તક ઉપરાતનુ – વાચન

**ઇતરડી** સ્ત્રી૦ ઢોરના શરીરે વળગતુ એક જંતુ

**ઇતરાઈ** સ્ત્રી૦ [જુઓ ઇતરાવુ] આછકલાઈ, મિથ્યા મોટાઈ

**ઇતરાજ** વિ૦ [अ इअतिराज़] નાખુશ, ખફા –**જી** સ્ત્રી૦ નાખુશી, અવકૃપા, ખોફ

**ઇતરાવવું** સ૦ ક્રિ૦ 'ઇતરાવુ'નુ પ્રેરક

**ઇતરેતર** વિ૦ (૨) સ૦ [स] એકબીજાનુ, પરસ્પરનુ **૦દ્વંદ્વ** પુ૦ દ્વંદ્વસમાસનો એક પ્રકાર ઉદા૦ 'હાથીઘોડા' –**રાશ્રય** પુ૦ અન્યોન્યાશ્રય

**ઇતલાખ** વિ૦ [अ इतलाक़] જુદ, છૂટુ (૨) સરકાર ખર્ચે સરદારો પાસે રહેતો (ફોજનો સિપાઈ) (૩) પુ૦ છૂટુ – મુક્ત કરવુ તે (૪) છૂટાછેડા આપવા તે

**ઇતવાર** પુ૦ જુઓ આતવાર, રવિવાર

**ઇતસ્તતઃ** અ૦ [स ] અહી તહી, આમ તેમ

**ઇતઃ** અ૦ [स.] અહીથી **૦પર** અ૦ હવે પછી

**ઇતિ** અ૦[स ] આ પ્રમાણે(૨) સમાપ્ત,પૂરુ થયુ એમ બતાવે છે (૩)સ્ત્રી૦સમાપ્તિ **૦કર્ત(–ર્ત્ત)–૦વ્ય** વિ૦ વિધિ અનુસાર કરવાયોગ્ય(૨) ફરજ– કર્તવ્ય કરી ચૂકેલ, જેનુ કર્તવ્ય સમાપ્ત થયુ છે એવુ;કૃતકૃત્ય(૩)ન૦ કરવા યોગ્ય કામ,ફરજ **૦કર્ત(–ર્ત્ત)૦વ્યતા** સ્ત્રી૦ અવશ્ય કરવા યોગ્ય કામ(૨)કૃતકૃત્યતા **૦કૃતમ્** અ૦ 'કર્યુ ઈ એફ' (ગ) **૦માત્ર** વિ૦ આટલુ જ **૦વૃત્ત** ન૦ બનેલી હકીકતનુ બયાન,ઇતિહાસ **૦શ્રી** સ્ત્રી૦ સમાપ્તિ **૦સિદ્ધમ્** અ૦ 'કર્યુ ઈ ડી' (ગ) –**ત્યલમ્** અ૦[स ]હવે બસ –**ત્યાદિ(૦ક)** વિ૦ [स ] વગેરે

**ઇતિમાદ** પુ૦ [अ ] વિશ્વાસ, ભરોસો

**ઇતિહાસ** પુ૦ [स ]તવારીખ ભૂતકાળનુ વૃત્તાત **૦ક,૦કાર** પુ૦ ઇતિહાસ લખનાર પુરુષ **૦જ્ઞ,૦વિદ,૦વેત્તા** પુ૦ઇતિહાસનો જાણકાર– વિદ્વાન [બનાવ, સંજોગ

**ઇત્તિફાક** પુ૦ [अ] એકમતી (૨) સંપ (૩)

**ઇત્થમ્** અ૦ [स] આ પ્રકારે. **૦ભૂત** વિ૦ આ પ્રકારે બનેલુ

**ઇત્યલમ્, ઇત્યાદિ(૦ક)** જુઓ 'ઇતિ'મા

**ઇદમ્** સ૦ [स] આ

**ઇદંતા** સ્ત્રી૦ [स] મળતાપણુ, તાદૃશતા

**ઇદંતૃતીયમ્** વિ૦ [स] ધાર્યા કરતા નવુ જ– જુદુ જ (૨) ન૦ ત્રીજુ જ – અવનવુ જ ટીક

**ઇધર** અ૦ [हि ] અહી **૦ઉધર, ૦તિધર** અ૦ [हि ] અહી તહી

**ઇનકાર** પુ૦ [अ इन्कार] ઇન્કાર,નિષેધ, મના (૨) અસ્વીકાર, નામજૂરી [–જવું=નામુકર જવુ, ફરી જવુ, ઇન્કારવુ ] **૦વુ** સ૦ ક્રિ૦ ઇનકાર કરવો –**રિયત** સ્ત્રી૦ ઇનકારવુ તે

**ઇનસાફ,૦દાર,–ફિયો,–ફી** જુઓ 'ઇન્સાફ'મા

**ઇનામ** ન૦ [अ ] બક્ષિસ. યોગ્યતાની કદરમા મળતી ભેટ [–કાઢવું, –રાખવું=ઇનામ આપવાનુ કાયમ કરવુ, ઠરાવવુ ઇનામ આપ- વાનુ સ્થાપવુ ]**૦અકરામ** ન૦ બક્ષિસ (૨) બક્ષિસ અને માન **૦ઇજાકત** ન૦ ઇનામમા વચાર્ગ કરવો તે **૦ચિઠ્ઠી** સ્ત્રી૦ ઇનામની સનદ. **૦ચોથાઈ** સ્ત્રી૦ ઇનામી જમીનના

ઉત્પન્નનો સરકારનો ચોથો હિસ્સો ૦દાર વિ૦ ઇનામ મેળવનાર (૨) ઇનામી જમીન કે ગામ-વાળુ (૩) પુ૦ એક અટક ૦દારી સ્ત્રી૦ ઇનામદારની પદવી ૦પટો(-ટ્ટો) પુ૦,૦પત્ર ન૦ ઇનામી જમીન કે ગામનો લેખ—સનદ. ૦ફેઝાબી સ્ત્રી૦ ઇનામી જમીનનો સરકાર-ધારો. ૦સલામી સ્ત્રી૦ સલામી દાખલ થોડુ મહેસૂલ ભરવુ પડતુ હોય એવી ઇનામી જમીન —મી વિ૦ ઇનામને લગતુ (૨) ઇનામમા મળેલુ (૩) જેમા ઇનામ મળે એવુ

**ઇનાયત** સ્ત્રી૦ [अ] એનાયત, ભેટ, બક્ષિસ. [—કરવું = આપવુ (પદવી, ખિતાબ)]

**ઇનિંગ** સ્ત્રી૦ [इ] ક્રિકેટના કોઈ પક્ષનો રમવાનો દાવ [આવક વેરો

**ઇન્કમ ટેક્સ** પુ૦[इ]આવક પર લેવાતો વેરો—

**ઇન્કાર** [अ], ૦વુ, —રિયત જુઓ 'ઇનકાર'મા

**ઇન્કિલાબ ઝિંદાબાદ** શ૦પ્ર૦ [फा] ક્રાતિ ઘણુ જીવો

**ઇન્શાઅલ્લાહ** શ૦પ્ર૦ [अ] ઈશ્વરેચ્છા

**ઇન્સાન** પુ૦, ન૦ [अ] માણસ (૨) માણસ-જાત —નિયત સ્ત્રી૦ માણસાઈ, સજ્જનતા

**ઇન્માફ** પુ૦[अ]ન્યાય(૨)ચુકાદો [—આપવો= ન્યાય કરવો, બરોબર તોળવુ —માગવો = ન્યાય કરવા કહેવુ—વિનતી કરવી] ૦દાર વિ૦ ઇન્સાફ રાખનારુ (૨) પુ૦ જડજ, ન્યાયાધીશ —ફિયો પુ૦ ઇન્સાફ આપનાર (તુચ્છકારમા) —ફી વિ૦ઇન્સાફને લગતુ (૨) ન્યાયી (૩) સ્ત્રી૦ ઇન્સાફની રીત(૪) અદાલત

**ઇન્સ્પેક્ટર** [इ] નિરીક્ષક, દેખરેખ રાખનાર

**ઇપાણ(—ન)** પુ૦ એક વનસ્પતિ

**ઇપ્પી** સ્ત્રી૦ [તેલુગુ] એક વનસ્પતિ

**ઇબાદત** સ્ત્રી૦ [अ] ભક્તિ, ઉપાસના, સ્તુતિ. ૦ગાહ સ્ત્રી૦, ૦ખાના ન૦ ઉપાસનામદિર—મસ્જિદ, મદિર વગેરે

**ઇબારત** સ્ત્રી૦ [अ] (બોલવા લખવાની) ઢબ, શૈલી [—ગોઠવવી = (દસ્તાવેજ કે કોઈ કાગળનો) સાર કાઢવો (૨) ખરડો તૈયાર કરવો]

**ઇબ્લીસ** પુ૦[अ]શયતાન(૨)(સં)એ નામનુ દુષ્ટ ભૂત (મુસલમાનોમા મનાતુ) (૩) વિ૦ રાક્ષસી નઠારુ

**ઇભ** પુ૦ [स] હાથી

**ઇમલો** પુ૦[જુઓ અમલો]મજલો(૨)બાધકામ

**ઇમામ** પુ૦ [अ] મુસલમાનોનો વડો ધર્મગુરુ, ધર્માધ્યક્ષ (૨) મસીદનો ઉપદેશક યા કુરાન વાચનારો, મુલ્લા, કાજી(૩) તાજિયાની આગળ રાખવામા આવતો ઝુડો (૪) માળાનો મેર ૦દાંડગો પુ૦ધર્મને નામે ધતિંગ ચલાવનારો ૦બારા પુ૦ મોહરમના દિવસોમા તાજિયો રાખવામા આવે કે ઉત્સવ ઊજવાય તે મસીદ ૦હુસેન પુ૦(સ)હજરત મહમદ સાહેબના દોહિત્ર, બાર ઇમામોમા ત્રીજા

**ઇમારત** સ્ત્રી૦ [अ] મોટુ મકાન, હવેલી (૨) [લા] યોજના ૦શાસ્ત્ર ન૦ બાધકામનુ શાસ્ત્ર, સ્થાપત્ય —તી વિ૦ ઇમારતને લગતુ (૨) ઇમારતમા ઉપયોગી

**ઇમ્તિહાન** પુ૦ [अ] પરીક્ષા, તપાસ

**ઇયત્તા** સ્ત્રી૦ [स] આટલાપણુ (૨) પ્રમાણ, પરિમાણ (૩) સીમા

**ઇયળ** સ્ત્રી૦[सं इलिका, प्रा इलिया] એક કીડો

**—ઇયુ** નામ પરથી વિ૦ બનાવતો તદ્ધિત પ્રત્યય. 'વાળુ, —ને લગતુ, —ની ટેવવાળુ' એવા અર્થમા ઉદા૦ ભૂમિયુ, લોભિયુ

**ઇરાક** પુ૦,ન૦ [अ.] (સ) મેસોપોટેમિયા દેશ

**ઇરાદો** પુ૦ [अ] ઉદ્દેશ, આશય —દાપૂર્વક અ૦ જાણીજોઈને

**ઇલકાબ** પુ૦ [अ] ખિતાબ

**ઇલમ** પુ૦ [अ इल्म] વિદ્યા, શાસ્ત્ર કળા (૨) જાદુ (૩) મેલી વિદ્યા (૪) ઉપાય તજવીજ ૦બાજ,—મી વિ૦ ઇલમ જાણનારુ(૨)કાબેલ, હોશિયાર

**ઇલા** સ્ત્રી૦[स]પૃથ્વી(૨)(સ) પુરૂરવાની માતા. ૦વૃત્ત ન૦ (પ્રાચીન આર્ય ભૂગોળ પ્રમાણે) જબુદ્વીપના નવ ખડો પૈકીનો એક ખડ

**ઇલા** અ૦ [अ इलाही] યા ખુદા! ઇલા ઇલા પોકરાવવી=તોબા ત્રાહિ ત્રાહિ પોકરાવવું: જુલમ કરવો

**ઇલાકો(—ખો)** પુ૦ [अ] પ્રાત (૨) હકૂમતનો પ્રદેશ (૩) હક દાવો લાગતુ વળગતુ —કેદાર વિ૦ ઇલાકા ઉપર હકૂમત ચલાવનાર

**ઇલાજ** પુ૦ [अ] ઉપાય (૨) ઉપચાર, દવા [-**લેવો**=ઇલાજ અખતિયાર કરવો, ઉપાય કે દવા કરવી] -**જી** વિ૦ ઇલાજ જાણનારુ (૨) પુ૦ વૈદ્ય, હકીમ

**ઇલાયચી** સ્ત્રી૦ ન૦ [स इला, कानडी-यालक्की, तामिल-एलाची.] એક તેજાનો (૦**નો**)દાણો, ૦**દોડો**=ઇલાયચીનો (છોડા સાથેનો-જીડવા જેવો) કણ કે દાણો

**ઇલાયચો** પુ૦ જુઓ અલાયચો

**ઇલાયદુ** વિ૦ [अ] જુઓ અલાયદુ

**ઇલાહી** વિ૦ [अ] ખુદા-ઈશ્વર સબધી (૨) વદનીય ૦**સન** સ્ત્રી૦ અકબર બાદશાહે શરૂ કરેલો એક સવત (શાહજહાએ તે બધ કરેલો)

**ઇલ્પી** સ્ત્રી૦ એક વનસ્પતિ, ઇપ્પી

**ઇલેક્ટ્રિક** વિ૦ [इ] વીજળીને લગતુ (૨) ઝડપી

**ઇલ્તિમાસ** સ્ત્રી૦ [अ] વિનતી, અરજ

**ઇલ્લા(-લ્લી)** સ્ત્રી૦ એક રમત

**ઇવ** અ૦ [स] -ની પેઠે, જેમ

**ઇશક,૦દારી,૦બાજ, ૦બાજી.-કી** જુઓ 'ઇશ્ક'મા -**કિયુ** વિ૦ ઇશ્કને લગતુ

**ઇશારત** સ્ત્રી૦ [अ] સાન, સકેત

**ઇશારો** પુ૦[अ]ઇશારત(૨)સૂચન [**ઇશારામાં** (કરવુ, કહેવુ, થવુ, સમજવુ)=ઇશારો થતા-વેત, વિલબ કે વધુ તકલીફ વગર, તરત]

**ઇશ્ક** પુ૦[अ]ઇશક, પ્રેમ, સ્નેહ(૨)કામવિકાર (૩)રગ, આવેશ ૦**દારી** સ્ત્રી૦ પ્રેમીપણુ(૨) કામુકતા, કામીપણુ (૩) રઢીબાજી. ૦**બાજ** વિ૦ પ્રેમમાલીન, પ્રણયી ૦**બાજી** સ્ત્રી૦પ્રેમ-મગ્નતા,પ્રણયવ્યાપાર, ભોગવિલાસ ૦**મિજાજી** સ્ત્રી૦લહેરીપણુ, લાલાઈ -**શ્કી** વિ૦ પ્રેમી (૨) કકડ છેલ -**શ્કી ટટ્ટુ** ન૦ ઇશ્કબાજ, વ્યભિચારી કે કામી માણસ -**શ્કેમિજાજી** પુ૦ કેવળ કામવાસના -**શ્કેહકીકી** પુ૦ ખરો-દૈવી પ્રેમ

**ઇશ્તેહાર** ન૦ [अ] જાહેરનામુ; ઘોષણા

**ઇશ્યુ** પુ૦ [इ] (અદાલતમા કેસના) વાદનો મુદ્દો (૨) મુદ્દો, તર્ક

**ઇષિ(-ષી)કા** સ્ત્રી૦ [स] ઘાસનુ રાડુ (૨) તીર (૩) એક જાતની શેરડી (૪) સોનુ પીગળ્યુ કે નહિ તે જોવાની લાકડી અથવા સળિયો (૫) પીછી

**ઇષુ** પુ૦ [स] તીર (૨) પાચની સખ્યા (૩) [ગ] ઉત્ક્રમજ્યા; 'વર્સ્ડ સાઈન'

**ઇષ્ટ** વિ૦ [स] ઇચ્છેલુ (૨) પ્રિય, મનગમતુ (૩) [ગ] કલ્પેલુ (૪) યોગ્ય (૫) હિતાવહ (૬) યજ્ઞ વડે પૂજેલુ (૭) ન૦ ઇચ્છા (૮) અગ્નિહોત્ર (૯) યજ્ઞ ઇત્યાદિનુ પુણ્ય ૦**કર્મ** ન૦ યોગ્ય-સારુ કામ(૨)[ગ] કલ્પિત અક લઈને દાખલો ગણવો તે ૦**જન** પુ૦, ન૦ પ્રિયજન ૦**દેવ** પુ૦, ૦**દેવતા** પુ૦બ૦વ૦ (૨) સ્ત્રી૦ પ્રિય-પોતાની આસ્થાનો દેવ (૨) કુળદેવ ૦**મિત્ર** પુ૦ ઘણો પ્રિય મિત્ર ૦**રાશિ** સ્ત્રી૦ કલ્પેલી સખ્યા ઉપરથી ખરો ઉત્તર કાઢવાની રીત [ગ] ૦**સિદ્ધિ** સ્ત્રી૦ ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ -**ષ્ટાપત્તિ** સ્ત્રી૦ ઇચ્છિત બનવુ તે (૨) [ન્યા] વિરુદ્ધ પક્ષ તરફથી અનુકૂળ કાર્ય કે દલીલ. -**ષ્ટાર્થ** પુ૦ ઇચ્છેલી વસ્તુ (૨) મનપસદ અર્થ. -**ષ્ટાપૂર્ત** ન૦ [स] યજ્ઞયાગ અને વાવ, કૂવા ઇત્યાદિ કરાવવાનુ પુણ્યકર્મ

**ઇષ્ટ(-ષ્ટિ)કા** [स] ઈટ (૨) વેદી ચણવા માટે વપરાતી ઈટ

**ઇષ્ટાવો** પુ૦ કટ્ટાટ, બાવણી ઠગવ

**ઇષ્ટિ** સ્ત્રી૦ [स.] ઇચ્છા (૨) યજ્ઞ (૩) અમાસને દિવસે કરાતુ શ્રાદ્ધ

**ઇષ્ટિકા** સ્ત્રી૦ જુઓ ઇષ્ટકા

**ઇષ્મ** પુ૦ [स] જુઓ ઇધ્મ

**ઇસપત** પુ૦ [फा इस्पद] એક વનસ્પતિ રાઈ

**ઇસપ(-બ)ગોળ** ન૦ [फा इस्पगू(-गो)ल] ઊઠિયુ જીરુ

**ઇસમ** પુ૦ [अ इस्म] માણસ, વ્યક્તિ

**ઇસેસ** પુ૦ એક જાતનો ગુદર

**ઇસોટો** પુ૦ ['ઈસ' પરથી] લાકડાની નિસરણીનુ પડખાનુ લાકડુ, જેમા પગથિયા ઘાલેલા હોય છે

**ઇસ્કામત** સ્ત્રી૦ [अ] માલમતા, મિલકત

**ઇસ્કોતરિયો, ઇસ્કોતરો** પુ૦ [पो. એસ્ક્રિ-ટોરિયા] નાની પેટી

**ઇસ્ક્રૂ** પુ૦ [इ स्क्रू] ગોળ આટાવાળો ખીલો, 'સ્ક્રૂ' [-**મારવો,જડવો,ઠોકવો,બેસાડવો,**

ઘગાવવો=જૂઠી સાંખવું. –હીલો હોવો. ઘાલવો=મગજનું ઠેકાણું ન હોવું કે તેવું પ્રતીત થવું. –ફેરવવો. દાબવો=તપાસ ચલાવવી (પકડાયેલી ચીજ) ચાલતા આવતી કેરવું]

ઇસ્ટાપડી સ્ત્રી૦[हि. स्टॉंप] બારીબારણાં ઇત્યાદિ બંધ કરવા માટે તેના ઉપર જડવામાં આવતી ચાપ–ઠેસી,'સ્ટોપર' [–ખોલવી=ઇસ્ટાપડીથી બંધ કરેલું હોય તે ઉઘાડવું –પાડવી મારવી, વાસવી=ઇસ્ટાપડીથી બારીબારણું બંધ કરવું]

ઇસ્તરી સ્ત્રી૦ [हि. इस्तिरी. न॰ सं स्तर પરથી ?] ઇસ્ત્રી. સફાઈ અથવા કડકપણું લાવવા માટે ધોયેલાં કપડાં પર ફેરવવાનું અગ્નિ ભરેલું પાત્ર [–કરવી=કપડાને ઇસ્તરી વડે કડક, કરચલી વિનાનું સાફ કરવું. –થવી=ઇસ્તરી ફરવી. ઇસ્તરીનું, –વાળું (કપડું)=ઇસ્તરી કરેલું ]

ઇસ્તંબૂલ ન૦ [तुर्की] (સ ) યુરોપીય તુર્કસ્તાનનું મુખ્ય શહેર, 'કૉન્સ્ટન્ટિનોપલ' –લી વિ૦ ઇસ્તંબૂલનું

ઇસ્તિકબાલ પું૦ [अ] સામે લેવા જવું તે, [આદરસત્કાર

ઇસ્તિ(–સ્તી)ફા પું૦[अ]રાજીનામું [બોલવું તે

ઇસ્તિલાહ સ્ત્રી૦ [अ] રૂઢિ પ્રમાણે વિવેકસર

ઇસ્ત્રી સ્ત્રી૦ જુઓ ઇસ્તરી

ઇસ્પિતાલ(–ળ) સ્ત્રી૦[इं હોસ્પિટલ] (રોગીઓને રાખીને ઉપચાર કરવા માટેનું) દવાખાનું

ઇસ્રાયલ વિ૦ (૨) પું૦ [अ] (સં.) જુઓ ઇઝરાયલ

ઇસ્લામ પું૦[अ]મુસલમાની ધર્મ –મી વિ૦ ઇસ્લામને લગતું (૨) ઇસ્લામનું અનુયાયી –મીયત્વ ન૦ ઇસ્લામીપણું [પૃથ્વી

ઇહ અ૦ [स.] અહીં ૦લોક પું૦ આ દુનિયા,

ઇહાં અ૦ + અહીંયાં

ઇંગલીઢિંગલી સ્ત્રી૦ એક રમત

ઇંગળા સ્ત્રી૦ [सं इडा, हि इगला] ઇડા નાડી (યોગ) [અંગારો

ઇંગાર(–રો) પું૦ [स अंगार, प्रा इंगार,–ल]

ઇંગિત ન૦[स]ઇશારો, સંકેત (૨) મનોવિકારનું બાહ્ય ચિહ્ન–ચેષ્ટા (૩) મનની વાત ૦જ્ઞ વિ૦ મનોગત જાણી–કળી શકનાર

ઇંગુદી સ્ત્રી૦ [सं] એક વનસ્પતિ, ઇંગોરી. ૦તેલ ન૦ ઇંગુદીનું તેલ

ઇંગોરી સ્ત્રી૦. –રિયો પું૦ [सं इंगुदी, प्रा. इंगुई] ઇંગુદી. –રું ન૦ ઇંગુદીનું ફળ હિંગોરું

ઇંગ્લિશ વિ૦ [इं] જુઓ અંગ્રેજી

ઇંગ્રેજ પું૦ [पो] અંગ્રેજ. –જી વિ૦(૨) સ્ત્રી૦ જુઓ અંગ્રેજી [વિલાયત

ઇંગ્લંડ પું૦ ન૦ [इं] (સં) અંગ્રેજોનો દેશ –

ઇંચ પું૦[इ.] તસુ જેટલું અંગ્રેજી માપ ફૂટનો ૧૨મો ભાગ. –ચિયું વિ૦ એક ઇંચના માપનું

ઇંજલ પું૦ [अ अंजल] બાઇબલ સમજનારો પાદરી

ઇંજિન ન૦ જુઓ એંજિન

ઇંજીલ ન૦ [अ.] ખ્રિસ્તીઓનો ધર્મગ્રંથ; બાઇબલનો નવો કરાર

ઇંતિ(–તે)ખાબ પું૦ [अ] ચૂંટણી, ચૂંટી ચૂંટીને કરેલો સંગ્રહ (૨) સાર, મતલબ

ઇંતેજામ પું૦ [अ] બંદોબસ્ત

ઇંતેજાર વિ૦ [अ इंतिज़ार] આતુર, અધીર –રી સ્ત્રી૦ આતુરતા

ઇંદિરા સ્ત્રી૦ [स] લક્ષ્મી

ઇંદિ(–દી)વર ન૦[स] વિષ્ણુ (૨) ભૂરું કમળ

ઇંદુ પું૦ [स] ચંદ્ર ૦કલા(–ળા) સ્ત્રી૦ચંદ્રની (સોળ) કળા ૦કાંત પું૦ એક મણિ, ચંદ્રકાંત. ૦કાંતા સ્ત્રી૦ રાત (૨) રોહિણી (નક્ષત્ર) ૦જા સ્ત્રી૦ (સ ) નર્મદા નદી ૦પુત્ર પું૦ (સ ) બુધ (જ્યો ) ૦મતી સ્ત્રી૦ પૂર્ણિમા. ૦મુખી વિ૦ સ્ત્રી૦ ચંદ્રમુખી ૦મૌલી પું૦ (સ ) શંકર, મહાદેવ ૦વાર પું૦ સોમવાર ૦વ્રત ન૦ ચાંદ્રાયણ વ્રત ૦શેખર પું૦ (સ ) ઇંદુમૌલી, મહાદેવ ૦સાર પું૦ અમૃત

ઇંદ્ર પું૦[सं](સ ) દેવોનો રાજા. (૨) સમાસમાં નામને અંતે, તેમાં શ્રેષ્ઠ એવો અર્થ બતાવે છે જેમ કે માનવેન્દ્ર, ગજેન્દ્ર ૦ખીલ પું૦ હાથીના સીધા ધસારાથી નગરદ્વારને બચાવવા આડે રખાતો મજબૂત થાંભલો. ૦ગોપ પું૦ ચોમાસામાં થતું એક જીવડું ૦ચાપ ન૦મેઘધનુષ્ય ૦જવ પું૦ કડુ નામના ઝાડનું બીજ ૦જાલ (–ળ) સ્ત્રી૦ જાદુ, નજરબંધી (૨) હાથચાલાકી

(૩) કાવતરું, છળકપટ. ૦જિત્ પુ૦ (સં.) રાવણનો પુત્ર ૦ધનુ(૦ષ,૦ષ્ય) ન૦ મેઘધનુષ્ય ૦નીલ પુ૦ નીલમણિ, નીલમ (૨) સંગીતમાં એક અલંકાર. ૦પુત્ર પુ૦ (સં.) ઇંદ્રનો પુત્ર, જયંત (૨) અર્જુન. ૦પુરી સ્ત્રી૦ (સં.) અમરાવતી, ઇંદ્રની રાજધાની ૦પ્રસ્થ ન૦ (સં.) પાંડવોનું પાટનગર, પ્રાચીન દિલ્હી ૦લોક પુ૦ સ્વર્ગ ૦વજ્રા સ્ત્રી૦ એક છંદ ૦વંશા સ્ત્રી૦ એક છંદ. ૦વારણું ન૦ [સં. इंद्रवारुणिका] દેખીતું જેટલું સુંદર તેટલું જ કડવું એવું એક ફળ (૨) [લા.] રૂપાળું પણ દુર્ગુણી – કપટી માણસ. ૦વિજય પું૦ એક છંદ. –દ્રાણી સ્ત્રી૦ ઇંદ્રની સ્ત્રી –દ્રાણું ન૦ [સં. इंद्राणी] 'ઇંદ્રવારણું'નો વેલો, એક વેલો. –દ્રાયુધ ન૦ વજ્ર, વીજળી –દ્રાસન ન૦ ઇંદ્રનું સિંહાસન – પદ

ઇંદ્રારણું ન૦ + જુઓ ઇંદ્રવારણું

ઇંદ્રિય સ્ત્રી૦ [સં.] જ્ઞાન તથા કર્મનું (બહારનું કે આંતર) સાધન (ત્વચા, ચક્ષુ, કાન, જીભ અને નાક તથા વાચા, હાથ, પગ, અપાન અને ઉપસ્થેંદ્રિય એ પાંચ અનુક્રમે જ્ઞાનેંદ્રિયો તથા કર્મેંદ્રિયો છે) (૨) જનનેંદ્રિય ૦કર્મ ન૦ ઇંદ્રિયોનું કર્મ – વ્યાપાર ૦ગમ્ય, ૦ગોચર વિ૦ ઇંદ્રિયોથી જાણી – સમજી શકાય તેવું, પ્રત્યક્ષ ૦ગ્રામ પુ૦ ઇંદ્રિયોનો સમૂહ ૦ગ્રાહ્ય વિ૦ ઇંદ્રિયગમ્ય ૦જન્ય વિ૦ ઇંદ્રિયો વડે ઉપજતું – થતું. ૦જિત્ વિ૦ ઇંદ્રિયોને જીતનાર. ૦જ્ઞાન ન૦ ઇંદ્રિયો દ્વારા થતું – સ્થૂલ જ્ઞાન ૦જ્ઞાનવાદ પુ૦ ઇંદ્રિયજ્ઞાન એ જ ખરું જ્ઞાન એવો મત ૦દમન ન૦ ઇંદ્રિયોના રસને મારવા તે. ૦નિગ્રહ પુ૦ ઇંદ્રિયોને વશ રાખવી તે સંયમ ૦નિરપેક્ષ વિ૦ ઇંદ્રિયોની અપેક્ષા રાખ્યા વિનાનું – તેમનાથી સ્વતંત્ર ૦બુદ્ધિ સ્ત્રી૦ ઇંદ્રિયો દ્વારા મળતું જ્ઞાન ૦બોધ સ્ત્રી૦ ઇંદ્રિયો મારફતે થતું જ્ઞાન ૦વિષય પુ૦ ઇંદ્રિયોનો વિષય ૦સુખ ન૦ ઇંદ્રિયો દ્વારા અનુભવાતું સુખ (૨) વિષયસુખ ૦સ્થાન ન૦ ઇંદ્રિયોના સ્થાન –યાતીત વિ૦ ઇંદ્રિયોથી પર, અગોચર –યારામ વિ૦ વિષયાસક્ત. –યાર્થ પુ૦ ઇંદ્રિયવિષય

ઇંદ્રી સ્ત્રી૦ + જુઓ ઇંદ્રિય ૦જુલાબ પુ૦ વારંવાર પેશાબ કરાવે એવી ઔષધિ

ઇંધક ન૦ [સં.] જુઓ ઇંધન

ઇંધન ન૦ [સં.] ઇંધણ, બાળવાનું લાકડું, કાઠી

# ઈ

ઈ સ્ત્રી૦ [સં.] સંસ્કૃત કુટુંબની વર્ણમાળાનો ચોથો અક્ષર – એક સ્વર (૨) પૈસો, સંપત્તિ (૩) અ૦ તિરસ્કાર કે ગુસ્સાનો એવો ઉદ્ગાર ૦કાર પુ૦ ઈ અક્ષર અથવા ઉચ્ચાર ૦કારાંત વિ૦ છેડે ઈકારવાળું

–ઈ [સં.] સ્ત્રી૦ નો પ્રત્યય ઉદા૦ 'ઓઝી, મહેતી' (૨) [સં. इन्] નામને લાગતા, 'ના સંબંધી', 'કરનાર', 'વાળું' એવો અર્થ બતાવતો પ્રત્યય ઉદા૦ 'કપટી' (આ પ્રત્યય એવડા અર્થમાં ભૂલથી પણ વપરાતો મળે છે જેમ કે, નિર્વિકારી, સેશ્વરી, ધંધાદારી ઇ૦) (૩) વિશેષણ પરથી નામ બનાવતો ફારસી પ્રત્યય. ઉદા૦ આપખુદ – આપખુદી

ઈ વિ૦ [પ્રા. ईअ] + આ અથવા એ (૨) (ના) એ (૩) સ૦ (કા.) એ

ઈંકડ પુ૦ [જુઓ ઇક્કડ] એક વનસ્પતિ

ઈક્ષણ ન૦ [સં.] જોવું તે (૨) આંખ

ઈક્ષા સ્ત્રી૦ [સં.] નજર (૨) જોવું – વિચારવું તે

ઈક્ષિત વિ૦ [સં.] જોયેલું – વિચારેલું (૨) ન૦ નજર

ઈકાર, –રાંત [સં.] જુઓ 'ઈ'માં [શેરડીનો રસ

ઈખ સ્ત્રી૦ [સં. इक्षु] ઇક્ષુ શેરડી ૦રસ પુ૦

ઈચકઆંડી સ્ત્રી૦ છોકરાની એક રમત

ઈચવું (ઈં) સ૦ક્રિ૦ હાસીને ખાવું (ન હાથે) (૨) ફંડાથી ગબીમાની સોઈને ઉછાળી દૂર ફેંકવી

ઈજત સ્ત્રી૦, ૦(–તે) આસાર, ૦દાર વિ૦ જુઓ 'ઇજ્જત'માં

ઈજા સ્ત્રી૦ [અ.] પીડા, કષ્ટ (૨) [શારીરિક] નુકસાન – હાનિ [–પહોંચવી = ઈજા થવી]

ઈજાબકબૂલ ન૦ [અ.] મુસલમાનોમાં લગ્ન કબૂલ હોવાની વરકન્યાની લેવામાં આવતી પ્રતિજ્ઞા

ઈંડલીપીડલી સ્ત્રી૦, ઈંડિયું ન૦, ઈંડીપીંડી સ્ત્રી૦ વરકન્યાને નજર ન લાગે તે માટે તેમની પર ઉતારીને ફેંકી દેવાતી લોટની રાખોડીની ગોળીઓ પોખવામાં વપરાતી એક વસ્તુ

ઈતરાવું અ૦ક્રિ૦ [हिं इतराना] દેખાડો કરવો, ફૂલ મારવી [ઉપદ્રવ

ઈતિ સ્ત્રી૦[સ.] પાક વગેરેને નુકસાન પહોંચાડનાર

ઈથર પુ૦ [इं] એક અતિ સૂક્ષ્મ તત્ત્વ જેમાં થઈને પ્રકાશના મોજાંનો સંચાર થાય છે (૨) એક પ્રવાહી રસાયણ

ઈદ સ્ત્રી૦[अ] મુસલમાનોનો એક તહેવાર (૨) ખુશાલીનો દિવસ ૦ગાહ સ્ત્રી૦ ઈદ ઊજવવાની જગા

ઈદડું ન૦ [મદ્રાસી-ઈડલી] ઢોકળું

ઈદૃશ વિ૦ [सं] આવું, આ પ્રકારનું

ઈનમીન ને (૦સાડે)તીન શ૦પ્ર૦[સર૦મ] જૂજ, સંખ્યામાં થોડું, હું તું ને તે જેટલા જ

ઈપ્સા સ્ત્રી૦ [सं] ઇચ્છા

ઈપ્સિત વિ૦ [सं] ઇચ્છેલું, (૨) ન૦ ઇચ્છા

ઈબા અ૦ આ તરફ, અહીં (સુ ગ્રામ્ય)

ઈબક વિ૦ છ આંગળીવાળું (માણસ) [तु] (૨) સ્ત્રી૦ (સુ) હબક, ડર

ઈમ અ૦ + એમ

ઈમાન પુ૦,ન૦ [अ] આસ્થા, શ્રદ્ધા (૨) ધર્મ, દીન (૩) અંતઃકરણ (૪) પ્રમાણિકતા ૦દાર વિ૦ ઈમાનવાળું, પ્રમાણિક ૦દારી સ્ત્રી૦ પ્રમાણિકતા -ની વિ૦ ઈમાનવાળું, પ્રમાણિક

ઈરખા, ઈર્ખા સ્ત્રી૦+ઈર્ષા

ઈરાન પુ૦ [फा] ઈરાન દેશ -ની વિ૦ (૨) પુ૦ ઈરાનનું, ને લગતું

ઈર્ષા(-ર્ષ્યા) સ્ત્રી૦ [सं] અદેખાઈ ૦ખોર વિ૦ ઈર્ષા કરવાની ટેવવાળું ૦ળુ ઈર્ષાવાળું, અદેખું

ઈવ સ્ત્રી૦ [हिब्रू, इ] (સ) (બાઇબલ પ્રમાણે) આદ્ય સ્ત્રી, આદમની જોડિયણ

ઈશ પુ૦ [सं] ધણી, માલેક (૨) પરમેશ્વર (૩) મહાદેવ, શિવ (૪) અગિયારની સંજ્ઞા

ઈશાન સ્ત્રી૦ [सं] ઉત્તર અને પૂર્વ વચ્ચેની દિશા કે ખૂણો (૨) પુ૦ (સ) મહાદેવ ૦કોણ પુ૦ ઈશાન ખૂણો -ની વિ૦ ઈશાન દિશાનું (૨) સ્ત્રી૦(મ) દુર્ગા. -ન્ય વિ૦ ઈશાની

ઈશિતા સ્ત્રી૦ -ત્વ ન૦ [सं] એક મહાસિદ્ધિ (૨) સર્વોપરીપણું [આદિ પુરુષ

ઈશુ(-સુ), ૦ખ્રિસ્ત પુ૦ (સ) ખ્રિસ્તી ધર્મનો

ઈશ્વર પુ૦ [सं] પ્રભુ પરમેશ્વર (૨) સ્વામી, માલેક (૩) રાજા [-ઉપર ચિઠ્ઠી=કેવળ ઈશ્વરાધાર -કરે (તો)=ઈશ્વરની મરજી હોય, થાય કે બને તો સારું, એ ભાવ બતાવે છે ઈશ્વરના ઘરની ચીઠ્ઠી, -ઘરનું તેડું = દેવાઝા થવી, મોત આવવું -ના ઘરની દોરી=આવરદા -ના ઘરનું (માણસ) = ભોળું, સરળ, ચોખ્ખા દિલનું, ઓલિયું માણસ -ના ઘરનો ચોર = ઈશ્વરની દરબારને હિસાબે ગુનેગાર, પાપી (અહીંની માનવ અદાલતમાં ભલે ચોર ન ગણાય છતાં ચોર એ ભાવ બતાવે છે) -નું નામ લો = રામનું નામ લો એટલું જ, બાકી બિલકુલ નહિ, વ્યર્થ – એવો ભાવ બતાવે છે -ને ખોળે બેસવું=ઈશ્વરાધીન થવું, ઈશ્વર લેખે રહેવું -ને સાથે કે વચમાં રાખીને=ઈશ્વર સાક્ષી છે એમ, ઈશ્વરનો ડર રાખીને -ને લેખે, -ના નામ પર, -ને ખાતર=ઈશ્વરના સોગનથી, ઈશ્વરને યાદ કરીને કે તેનો ડર રાખીને, ધર્મ કે દયા કે સત્યને ખાતર ઈશ્વરે સામું જોવું=ઈશ્વરે દયા કે કૃપા કરવી, મદદે આવવું ] ૦કૃત વિ૦ ઈશ્વરનું કરેલું, કુદરતી. ૦કૃતિ સ્ત્રી૦ ઈશ્વરની કૃતિ-રચના ૦તત્ત્વ ન૦ ઈશ્વરરૂપી તત્ત્વ ૦કૃપા સ્ત્રી૦ ઈશ્વરની કૃપા ૦દત્ત વિ૦ ઈશ્વર તરફથી મળેલું, કુદરતી ૦પ્રણિધાન ન૦ ઈશ્વરનું ધ્યાન ધરવું તે (૨) કર્મફળનો ત્યાગ પોતાના કર્મ ઈશ્વરને સમર્પણ કરવાં તે ૦પ્રસાદ પુ૦ ઈશ્વરકૃપા ૦પ્રાપ્તિ સ્ત્રી૦ ઈશ્વરની પ્રાપ્તિ ૦પ્રાર્થના સ્ત્રી૦ ઈશ્વરની પ્રાર્થના. ૦પ્રીત્યર્થ(-ર્થે) અ૦ ઈશ્વરની પ્રીતિ માટે, પોતે ફળપ્રાપ્તિની ઇચ્છા રાખ્યા વિના. ૦પ્રેરણા સ્ત્રી ઈશ્વરની પ્રેરણા, અંતર્જ્ઞાન ૦ભક્તિ સ્ત્રી૦ ઈશ્વરની ભક્તિ ૦ભાવ પુ૦ ઐશ્વર્ય (૨) ઈશ્વરના અસ્તિત્વમાં શ્રદ્ધા

—ડો પુ૰ છાણ અને પૂંજાનો ઢગલો: ઉકેરો (૨) [લા.] ગંદું સ્થાન, ગંદવાડો

ઉકરાંટો પુ૰ ઉકાટો, આવેશ, ઉશ્કેરણી (૨) તાલાવેલી, વિહ્વળતા

ઉકલાવવું સ૰ ક્રિ૰ 'ઊકલવું'નું પ્રેરક

ઉકળાટ(—ટો) પુ૰ [જુઓ ઊકળવું] ઘામ, કઢારો (૨) ગુસ્સો (૩) સંતાપ

ઉકળાવવું સ૰ક્રિ૰ 'ઊકળવું'નું પ્રેરક

ઉકાણવું સ૰ક્રિ૰ ચોરવું, ઉકણાવવું (સોનીઓ વાપરે છે)(પ્રેરક ઉકણાવવું, કર્મણિ ઉકાણાવું)

ઉકાણો પુ૰ ચોરી

ઉકાર, —રાન્ત [सं] જુઓ 'ઉ'માં

ઉકાળ પુ૰ + સુકાળ, આબાદી—ચડતીનો કાળ

ઉકાળવું સ૰ક્રિ૰['ઊકળવું'નું પ્રેરક] ઊકળે એમ કરવું (૨) [લા] લાભ કરવો, સારું કરવું (૩) બગાડવું (કટાક્ષમાં) ઉકાળાવવું સ૰ ક્રિ૰ (પ્રેરક) ઉકાળાવું અ૰ ક્રિ૰ (કર્મણિ)

ઉકાળો પુ૰ [જુઓ ઉકાળવું] ઉકાળવું તે (૨) વનસ્પતિ, ઓસડિયાં કે તેજાનાનો કાવો (૩)[દે उक्कोल?] ઘામ, બાફ (૪) કઢાપો, સંતાપ

ઉકાંચળી વિ૰સ્ત્રી૰[सं उत् + કાંચળી] કાંચળી પહેર્યા વિનાની

ઉકાંટવું અ૰ક્રિ૰ કંપવું, ધ્રૂજવું

ઉકાંટો પુ૰ ઉકરાટો (૨) બકારી (૩) અભાવાની લાગણી (૪) અવાવરુ કિનારો

ઉકાંમણ(—ણું) ન૰ ઉકાસવું તે

ઉકાંસવું સ૰ક્રિ૰ [सं. उत्कृष, प्रा उक्कस] ખોદી કાઢવું, બહાર કાઢવું (૨) [લા] ધ્યાન પર લાવવું, ભુલાયેલું તાજું કરવું (૩)ઉશ્કેરવું ઉકાંસાવું અ૰ક્રિ૰, —વવું સ૰ક્રિ૰ અનુક્રમે કર્મણિ ને પ્રેરક

ઉકેડો [ઢગ] જુઓ ઉકરડો

ઉકેરો પુ૰ [सं उत्कार, प्रा. उक्केर, उक्करड=

ઉકેલ પુ૰, સ્ત્રી૰ સૂઝ, સમજ(૨)નિકાલ, રસ્તો. [—આપવો, —કાઢવો = તોડ કે ફેંસલો કરવો, માર્ગ બતાવવો કે સુઝાડવો; ઉકેલવું —પડવો = સૂઝવું, ઉકેલ દેખાવો કે મળવો, પતવું, ઊકલવું] ૰વું સ૰ક્રિ૰ [सं उत्कल? दे उक्केल्लाविय =ઉકેલાયેલું] ગૂંચ કાઢવી, વળ કાઢવો, બાંધેલું કે ભરેલું યા ગૂંથેલું કે વાળેલું (જેમ કે, ખાટલો, ગાદ, ગડી. ઇ૰) પાછું છૂટું કરવું (૨) વાંચવું (૩) પૂરું કરવું—નિકાલ કરવો (૪) ઉઘાડવું પ્રકટવું કરવું. ૰ણી સ્ત્રી૰ ઉકેલવું—નિકાલ કરવો તે —લાવવું સ૰ક્રિ૰, —લાવું અ૰ક્રિ૰ 'ઉકેલવું'નું અનુક્રમે પ્રેરક અને કર્મણિ

ઉક્ત વિ૰ [सं] કહેલું, બોલેલું. —ક્તિ સ્ત્રી૰ કથન (૨) શબ્દલાલિત્ય, વાક્‌ચાતુર્ય

ઉખડામણ ન૰ ઉખાડવાનું—ખોદવાનું મહેનતાણું

ઉખડાવવું સ૰ક્રિ૰ 'ઉખાડવું'નું પ્રેરક, ઉખેડાવવું

ઉખરડું (—ણું) વિ૰ ઉઘાડું, ખુલ્લું (૨) ન૰ બીજાની વાત ફોડી દેવી તે

ઉખરડો પુ૰ એક જાતનું ઘાસ

ઉખરણું વિ૰ (૨) ન૰ જુઓ ઉખરડું

ઉખરાંડું વિ૰ ઉખરડું; ઢાંક્યા વિનાનું, ઉઘાડું

ઉખરાટો પુ૰ ધાતુના વાસણ પરનો ઓવગળો

ઉખળાવવું સ૰ ક્રિ૰ 'ઊખળવું'નું પ્રેરક

ઉખડિયો પુ૰ [જુઓ 'ઊખડવું'] તવેથો

ઉખાડ પુ૰ ઉખાડેલું હોય તે, પોપડો (૨) ખાડો

ઉખા(—ખે)ડવું સ૰ ક્રિ૰ [सं उत्खन् प्रा उक्खण, उक्खिण] 'ઊખડવું'નું પ્રેરક—ઊખડે એમ કરવું, ચોટેલું જુદું કરવું (૨) મૂળ ખેંચી નાખવું (૩) [લા] પદભ્રષ્ટ કરવું ઉઠાડી મૂકવું (૪) નાશ કરવો

ઉખા(—ખે)ડાવું અ૰ ક્રિ૰, —વવું સ૰ક્રિ૰ 'ઉખા(—ખે)ડવું'નું અનુક્રમે કર્મણિ અને પ્રેરક

ઉખાણું ન૰, —ણો પુ૰ [सं उपाख्यान] સમસ્યા, કોયડો (૨) કહેવત, દૃષ્ટાંત

ઉખાલપખાલ સ્ત્રી૰ ઊલટી અને ઝાડો

ઉખા(—ખે)ળવું સ૰ ક્રિ૰ [सं उत्खन्, प्रा उक्खाल=ઉખેડવું] (૧) ઉખાડવું(૨)ઉકેલવું (૩) [લા.] ભુલાયેલું તાજું કરવું, ઉકાસવું ઉખા(—ખે)ળાવું અ૰ક્રિ૰, —વવું સ૰ક્રિ૰ તેનું અનુક્રમે કર્મણિ અને પ્રેરક

ઉખેડ વિ૰ ખેડવાને અયોગ્ય (૨) અણખેડેલું વેરાન (૩) પુ૰, સ્ત્રી૰ ઉખાડ, પોપડો ૰વું સ૰ક્રિ૰ જુઓ ઉખાડવું —ડાવું અ૰ક્રિ૰ —ડાવવું સ૰ક્રિ૰ જુઓ 'ઉખાડવું'માં

ઉખેળવું, ઉખેળાવું, ઉખેળાવવું જુઓ 'ઉખાળવું'માં

**ઉગટણું** ન૦ પીઠી; ઊગટ
**ઉગમ** પું૦ [સં. उद्गम, પ્રા. उग्गम] ઊગમ; મૂળ (૨) આરંભ; જન્મ (૩) ઊગવું તે, ઉદય
**ઉગમણ** સ્ત્રી૦ પૂર્વદિશા **–ણું** વિ૦ પૂર્વદિશા તરફનું ['ઊગમદાસ્ત'મા
**ઉગમદાસ્ત** વિ૦ **–સ્તી** સ્ત્રી૦ જુઓ
**ઉગાડવું** સ૦ક્રિ૦ 'ઊગવું'નુ પ્રેરક, ઊગે એમ કરવું. ઉગાડાવું અ૦ક્રિ૦, –વવું સ૦ક્રિ૦ 'ઉગાડવું'નુ અનુક્રમે કર્મણિ ને પ્રેરક
**ઉગામવું** સ૦ક્રિ૦ [સં उद्गम्] મારવા ઉપાડવુ ઉગામાવું અ૦ક્રિ૦, –વવું સ૦ક્રિ૦ 'ઉગામવું'નુ અનુક્રમે કર્મણિ ને પ્રેરક
**ઉગાર** પુ૦ [ઉગારવું] બચાવ, છૂટકો (૨) બચત, લાભ. ૦વું સ૦ક્રિ૦ 'ઊગરવું'નુ પ્રેરક, ઊગરે એમ કરવું, રક્ષણ કરવુ; બચાવી લેવુ (૨) બચત કરવી **–રાવું** અ૦ક્રિ૦, **–રાવવું** સ૦ક્રિ૦ 'ઉગારવુ'નુ અનુક્રમે કર્મણિ ને પ્રેરક **–રો** પુ૦ જુઓ ઉગાર (૨) [જુઓ ઊગવું] ચોમાસામા થતા નાના છોડોનો સમૂહ ઉગાવો [ઉગારે પડવું = બચત થવી, ઉગારા ખાતે જવુ ] [ચોમાસાનો ઉગારો
**ઉગાવો** પુ૦ ઊગવુ તે; ફૂલવુ ફાલવુ તે (૨)
**ઉગ્ર** વિ૦ [સં ] આકરુ, જલદ (૨) ક્રોધી (૩) બિહામણું (૪) જબરુ ૦ગંધા સ્ત્રી૦ એક જાતની ઉગ્ર વાસવાળી વનસ્પતિ (૨) હિંગ ૦તા સ્ત્રી૦. ૦રૂપ વિ૦ઉગ્ર રૂપવાળુ ૦શાસન વિ૦ કડક આજ્ઞાઓ આપનારુ કડક અમલવાળું ૦સેન પુ૦ (સં ) કંસના પિતાનુ નામ –ગ્રા વિ૦ સ્ત્રી૦ દીપ્તા શ્રુતિનો અવાતર ભેદ (સંગીત)
**ઉઘડાવવું** સ૦ક્રિ૦ 'ઊઘડવુ'નુ પ્રેરક
**ઉઘરાઈ(–ત)** સ્ત્રી૦ [જુઓ ઉઘરાવવુ] મહેસૂલ, કર, સાથ, દેવું ઇ૦ની વસૂલાત કરવી તે
**ઉઘરાણી** સ્ત્રી૦ લેણાની વસૂલાત (૨) લેણાની માગણી. તકાદો [–ચડવી = ઉઘરાણી વસૂલ કરવાનુ કામ ઘણુ એકઠુ થવુ તે કામ કરવાનુ બાકી હોવુ ] –ણિયો પુ૦ ઉઘરાણી કરનાર ૦પા(–પું) ઘરાણી સ્ત્રી૦ [દ્વિત્વ] ઉઘરાણીનુ કામકાજ. –ણું ન૦ લખાણી કાળો, ફંડ –ત સ્ત્રી૦ ઉઘરાઈ. –તદાર વિ૦ ઉઘરાતનુ કામ કરનાર. –વવું સ૦ક્રિ૦ [સં उद्ग्रह्. પ્રા उग्गाहिय = હાથમા લીધેલું] જુદે જુદે ઠેકાણેથી મેળવી એકઠું કરવુ
**ઉઘલાવવું** સ૦ક્રિ૦ 'ઊઘલવુ'નુ પ્રેરક [વરઘોડો
**ઉઘલામો** પુ૦ આનંદનો ઉછાળો – ઊભરો (૨)
**ઉઘાડ** પુ૦ [સં. उद्घाट, પ્રા. उग्घाड] આકાશ વાદળા વિનાનુ થઈ તડકો નીકળે તે (૨) [લા ] ઉદય, લાભ [–નીકળવો = (વાદળા ઇ૦નું ઢાંકણ ખસીને) તડકો પડવો ] ૦પગું વિ૦ જોડા વિનાનુ. ૦બારુ વિ૦ ચોરને ફાવે એવું, ઉઘાડું (૨) ન૦ નાહાબારી, નાસી છૂટવાનો રસ્તો ૦વાસ સ્ત્રી૦ ઉઘાડવુ અને બંધ કરવું તે ૦વું સ૦ક્રિ૦ [સં. उद्घाट्, પ્રા उग्घाड] ઊઘડે એમ કરવું ઉઘાડું કરવુ, ખોલવુ (જુઓ ઉઘાડુ) –ડાવવુ સ૦ક્રિ૦ 'ઉઘાડવુ'નુ પ્રેરક –ડાવુ અ૦ક્રિ૦ 'ઉઘાડવુ'નુ કર્મણિ
**ઉઘાડું** વિ૦ [પ્રા उग्घाड, જુઓ ઉઘાડવુ] ખુલ્લુ, નહિ ઢાંકેલુ, નહિ વાસેલુ નહિ બિડાવેલુ (૨) નહિ ઓઢેલું પહેરેલુ કે શણગારેલુ – (ઓછુ કે પૂરુ) નાગુ (૩) ચોખ્ખુ સ્પષ્ટ સરળ, સૌને સમજાય તેવુ (૪) પ્રગટ છડેચોક જાહેર, સૌની નજર સામે પડેલુ, ખાનગી નહિ તેવુ (૫) [લા ] નિર્લજ્જ, નાગુ (જેમ કે ઉઘાડી ગાળ) (૬) અરક્ષિત [ઉઘાડા દાંડિયા આપવા = ખાનુંમાનુ કે ઉઘાડુ કાઈ આપવુ (પિરસણ ઇ૦) (૨) મનની બધી વાત કહેવી –કરવું, પાડવું = ખુલ્લું જાહેર કરવુ (૨) જાહેરમા બદનામ થાય કે સૌ જાણે ને વગોવે તેમ કરવુ, ફજેત કરવુ –કહેવું = ખુલ્લુ. શરમ રાખ્યા વિના. સ્પષ્ટ કહેવુ –થવું, પડવું = છતુ થવુ, બહાર આવવુ જણાવુ (૨) ફજેત થવુ, વગોવાવુ –બોલવું = સાફ સાફ, હોય તેવું કહેવુ (૨) બેફામ–ફાટવુ બોલવુ ઉઘાડે ચોક, ઉઘાડે છોગે ઉઘાડે બારણે અ૦ છડેચોક, ખુલ્લી રીતે, જાહેરમા ઉઘાડે બરડે = પોતા ઉપર ઝીલવાની તૈયારીથી, એકલે હાથે; મદદ વિના ઉઘાડે માથે = શરમ કે ડર વગર (સારા નરસા બેઉ ભાવમા) (જેમ કે, ઉઘાડું માથું કરીને ભમવું =

ગરજ વિના (અજાણ્યાને ત્યાં) જમવા બેસવું)
ઉઘાડો હિસાબ=ખુલ્લો, ચોખ્ખો, કશી ગાલ મેલ વગરનો હિસાબ,સૌ જોઈ કે સમજી શકે તેવો સ્પષ્ટ હિસાબ ]
ઉઘાડું પુગાડું વિ૦ ['ઉઘાડું'નું દ્વિત્વ] સાવ ઉઘાડું – નાગું, નાગુંપૂગું
ઉચકામણ ન૦,–ણી સ્ત્રી૦ ઊચકવાનું મહેનતાણું
ઉચકાવવું સ૦ ક્રિ૦ 'ઊચકવું'નું પ્રેરક
ઉચણાવવું સ૦ક્રિ૦ ઊચણવું'નું પ્રેરક
ઉચરાટ વિ૦ [सं उच्च]ઊંચા પ્રકારનું શ્રેષ્ઠ શુદ્ધ
ઉચરાવવું સ૦ક્રિ૦ ઊચરવું'નું પ્રેરક
ઉચલબાંગડી સ્ત્રી૦ ટાંગાટોળી [પ્રેરક
ઉચલા(–ળા)વવું સ૦ ક્રિ૦ 'ઊચલ(–ળ)વું'નું
ઉચાક(–ગ)ર વિ૦ બરતરફ
ઉચાટ પુ૦ [हिं उच्चाड=દિલગીર થવું ? म, हि ]ચિંતા ફિકર (૨)અધીરાઈ[–આ પડવું= ઉચાટ,ચિંતા કે અધીરાઈ થવી ]–ટિયું વિ૦ ઉચાટ કર્યા કરનું
ઉચાપત સ્ત્રી૦ [हिं न =ઉચાર] ખોટી રીતે ઉપાડી – ઉઠાવી જવું તે, ઓળવવું તે
ઉચારવું સ૦ક્રિ૦ જુઓ ઉચ્ચારવું ઉચારાવું અ૦ક્રિ૦ (કર્મણિ), –વવું સ૦ક્રિ૦ (પ્રેરક)
ઉચાળવું સ૦ક્રિ૦[स उत्+चाल ,प्रा.उच्चाल ?] ઊચલવું, તજવું, ખાલી કરવું ઉચાળાવું અ૦ક્રિ૦ (કર્મણિ), –વવું સ૦ ક્રિ૦ (પ્રેરક)
ઉચાળો પુ૦ ઘરવખરો [ઉચાળા ભરવા= ઘરબાર ખાલી કરીને નીકળી જવું કે ભાગવું (૨) જતા રહેવું, (નોકરીમાંથી કે પદથી) ચલતી પકડવી ]
ઉચિત વિ૦[स.] યોગ્ય, ઘટિત
ઉચે(–ખે)ડવું સ૦ક્રિ૦ [स उच्चाटन, प्रा उक्खाडन?] ઉતેડવું,ઉખાડવું,(છાલ)ઉતારવી ઉચે(–ખે)ડાવું અ૦ક્રિ૦ (કર્મણિ), –વવું સ૦ક્રિ૦ (પ્રેરક)
ઉચેલ પુ૦ પાલવ (૨) કંઠીનો છેડો
ઉચેલવું સ૦ક્રિ૦ + જુઓ ઉલેચવું
ઉચ્ચ વિ૦[स ] જુઓ ઊંચું (૨) પુ૦ ગ્રહના માર્ગનું ઊંચામાં ઊંચું બિંદુ ૦ક વિ૦ ઊંધડું, ઊંચક ૦ગામિતા વિ૦ ઉચ્ચગામી હોવું તે ૦ગામી વિ૦ ઉન્નતિ તરફ જનાર ૦ગ્રાહ પુ૦ ઊંચો આદર્શ ૦ગ્રાહિણી વિ૦ સ્ત્રી૦ ઊંચા આદર્શવાળી ૦ગ્રાહી વિ૦ ઉચ્ચગ્રાહવાળું. ૦તમ વિ૦ સૌથી ઉચ્ચ, ઊંચામાં ઊંચું. ૦તર વિ૦ વધારે ઉચ્ચ ૦તા સ્ત્રી૦ ૦ત્વ ન૦ ૦વર્ણ પુ૦ ઊંચી વર્ણ–નાત ૦વર્ણી, ૦વર્ણું વિ૦ ઊંચી વર્ણનું. ૦વિહારિતા સ્ત્રી૦ ઉચ્ચ વિહાર કરવો તે,ઉચ્ચગામિતા
ઉચ્ચરવું સ૦ ક્રિ૦ [स उच्चर् ] ઓચરવું, બોલવું (૨) ઉચ્ચારવું. ઉચ્ચારણ કરવું
ઉચ્ચરિત વિ૦ [स ] ઉચ્ચારેલું
ઉચ્ચાટન ન૦ [स ] એક અભિચાર, (મંત્ર-તંત્રથી) ઉચાટ કરાવવો તે [ઉન્નત અભિલાષ
ઉચ્ચાભિલાષ પુ૦,–ષા સ્ત્રી૦ [स ] ઉચ્ચ –
ઉચ્ચાર પુ૦ [स ] મોમાંથી બોલ કાઢવો તે કે તેમ કરવાની ઢબ [–કાઢવો=ઉચ્ચારવું. –નીકળવો=ઉચ્ચાર થવો, ઉચ્ચારવું ] ૦ણ ન૦ ઉચ્ચાર (૨) કથન ૦વું સ૦ ક્રિ૦ [स उच्चार् ]ઉચ્ચારણ કરવું (૨) બોલવું ૦શાસ્ત્ર ન૦ ઉચ્ચારનું શાસ્ત્ર
ઉચ્ચાલન ન૦ [स ]ઊંચું કરવું તે (૨) વજન ઊંચું કરવાની એક યોજના 'લીવર' (૩) કપ, ભુજારો
ઉચ્ચાવચ વિ૦ [स ] ઊંચુંનીચું, અણસરખું (૨) નાનું મોટું (૩) જુદી જુદી જાતનું
ઉચ્ચીકરણ ન૦ [स ] ઊંચું કરવું તે
ઉચ્ચોચ્ચ વિ૦ [सं] ઉચ્ચતમ
ઉચ્ચૈ:શ્રવા પુ૦ [सं ] (સ ) ઇંદ્રનો ઘોડો (ચૌદ રત્નોમાંનું એક) [લૂગડું, ઓટણું
ઉચ્છણ ન૦ [दे अवअच्छ] (ક ) ઓઢવાનું
ઉચ્છવ પુ૦ [प्रा ]+ઓચ્છવ, જુઓ ઉત્સવ
ઉચ્છ(–છં)ગ પુ૦ [प्रा ] જુઓ ઉત્સંગ, ખોળો –ગી વિ૦ ઉચ્છંગને લગતું
ઉચ્છિન્ન વિ૦[स ] તોડી નાખેલું, નિર્મૂળ કરેલું
ઉચ્છિષ્ટ વિ૦ [स ] એઠું, બોટેલું (૨) ખાતાં વધેલું (૩) ન૦ છાંડણ
ઉચ્છ્રિત વિ૦ [स ] ઊંચું કરેલું –ચડેલું (૨) ઉચ્ચ (૩) આબાદાન (૪) મગરૂર [સ્ત્રી૦
ઉચ્છૃંખલ(–ળ) વિ૦[स ] ઉછાંછળું, ઉદ્ધત ૦તા

**ઉચ્છેદ** પું૰ [સ] જડમૂળથી ઉખાડી નાખવું તે, સમૂળો નાશ ૦ક વિ૰ ઉચ્છેદ કરનાર. ૦ન ઉચ્છેદ કરવો–થવો તે ૦વું સ૰ ક્રિ૰ [સ उच्छिद्] ઉછેદવું; ઉચ્છેદ કરવો –દિયું વિ૰ વંશ કે વારસ વિનાનું (૨) ઉચ્છેદક (૩) ન૰ નિર્વંશની મિલકત [જવું તે

**ઉચ્છોષણ** ન૰ [સં.] શોષણ, સુકાવું–એ ચાઈ

**ઉચ્છ્રાય** પું૰ [સ] ઊંચું જવું (ગ્રહ ઇત્યાદિનું) (૨) ઊભું કરવું–બાંધવું તે (૩) ઊંચાઈ, ઉચ્ચતા (૪) મગરૂરી (૫) [ગ] ત્રિકોણની ઊંચી બાજુ

**ઉચ્છ્વસન** ન૰ [સ] શ્વાસ બહાર મૂકવો તે (૨) વરાળ બહાર કાઢવી તે (૩) ઊંડો શ્વાસ લેવો તે, હાફવું તે [લેવો

**ઉચ્છ્વસવું** સ૰ક્રિ૰ [સં उच्छ्वस्] ઉચ્છ્વાસ

**ઉચ્છ્વસિત** વિ૰[સ] શ્વાસ લેતું–મૂકતું, હાફતું (૨) વરાળ બહાર કાઢતું (૩) ઊઘડેલું, પૂર્ણ ખીલેલું

**ઉચ્છ્વાસ** પું૰ [સ] શ્વાસ લેવો મૂકવો તે (૨) આશા (૩) પ્રકરણ, કાંડ (૪) જાળિયું

**ઉછરંગ** પું૰ [પ્રા उच्छल પરથી ?] આનંદ, આનંદનો ઉછાળો –ગી વિ૰ આનંદી, ઉમંગી, હર્ષઘેલું

**ઉછરાવવું** સ૰ક્રિ૰ 'ઊછરવું'નું પ્રેરક રૂપ

**ઉછળામણી** સ્ત્રી૰ [જુઓ ઊછળવું] હરીફાઈ (૨) લિલામ, હરાજી

**ઉછળાટ** પું૰ ઊછળવું તે, ઉછાળો

**ઉછળાવવું** સ૰ક્રિ૰ 'ઊછળવું'નું પ્રેરક

**ઉછ ક(–ખ)ળ(–ળિત)** વિ૰ [પ્રા उच्छखल]+ જુઓ ઉચ્છૃંખલ

**ઉછંગ** પું૰[સ उत्सग, પ્રા उच्छग] જુઓ ઉત્સંગ –ગી વિ૰ ઉત્સંગી

**ઉછાનીક** ન૰+બાળક પાસું ફેરવતું થાય ત્યારે કરાતી ઉત્સવક્રિયા

**ઉછામણી** સ્ત્રી૰ જુઓ ઉછળામણી

**ઉછાહ** પું૰[સ उत्साह, પ્રા उच्छाह]+ઉત્સાહ, ઉમંગ; હર્ષ

**ઉછાળ** સ્ત્રી૰ [જુઓ ઉછાળવું] ઉછાળો ૦ણી સ્ત્રી૰ ઉછાળવું તે (૨) જુઓ ઉછળામણી ૦વું સ૰ ક્રિ૰ [સં उच्छाल्] ઊંચે ફેંકવું (૨) ઉપરતળે કરવું (જેમ કે શાક ઇ૰) (૩) (ગમે તેમ) ખરચવું, વાપરવું –ળાબંધ અ૰ઉછાળાભેર, ઉછાળા સાથે –ળાવું અ૰ક્રિ૰, –ળાવવું સ૰ક્રિ૰ 'ઉછાળવું'નું અનુક્રમે કર્મણિ ને પ્રેરક –ળિયું વિ૰ગમે તેમ ખરચીને બગાડ કરનારું, (૨) ન૰ બગાડ, ગેરઉપયોગ. [ઉછાળિયાં કરવાં=વેડફી નાખવું, બરબાદ કરવું.] –ળો પું૰ કૂદકો, છલંગ (૨) એકાએક વધારો (૩) આવેશ (૪) હુમલો (૫) ઊબકો, બકારી [–મારવો = જોરથી ઊછળવું –આવવો = એકાએક ઊછળવું, ઊંચે જવું ]

**ઉછાંછળું** વિ૰[દે उच्छुच्छु? કે સ उच्छृखल?] અવિચારી, ઉદ્ધત; તોફાની (૨) લાજ વિનાનું –ળાવેડા પું૰ બ૰ વ૰ ઉછાંછળું વર્તન–રીતભાત

**ઉછીતું(–નું)** વિ૰ થોડા દિવસ પછી પાછું આપવાની શરતે આપેલું–લીધેલું (વ્યાજ ઇત્યાદિ આપ્યા લીધા વિના)[–આપવું=(વગર વ્યાજે) રકમ આપવી (૨) (પાછી વાળવાની શરતે) જણસ ભાવ કે ચીજ આપવી –કરવું=ઉછીતું લેવું, દેવું કરવું –લેવું=(પાછું આપવાની શરતે) મેળવવું ] [કાઢવું

**ઉછેદવું** સ૰ક્રિ૰ જુઓ ઉચ્છેદવું, જડમૂળથી

**ઉછેદિયું** વિ૰ (૨) ન૰ જુઓ ઉચ્છેદિયું

**ઉછેર** પું૰, સ્ત્રી૰ [જુઓ ઉછેરવું] ઉછેરવું તે (૨)તાલીમ,કેળવણી ૦કાળ પું૰ઉછેરનો સમય

**ઉછેરવું** સ૰ ક્રિ૰ [સ उत्+श्री, પ્રા उच्छेर] પાળીપોષી મોટું કરવું (ઝાડ, પશુ, બાળક વગેરે) (૨) સંસ્કારવાળું કરવું; કેળવવું, તાલીમ આપવી **ઉછેરાવવું** સ૰ ક્રિ૰ (પ્રેરક), **ઉછેરાવું** અ૰ ક્રિ૰ (કર્મણિ)

**ઉજડાવવું** સ૰ક્રિ૰ 'ઊજડવું'નું પ્રેરક

**ઉજમ(–વ)ણી** સ્ત્રી૰ [સ उद्यापन, પ્રા उज्जम(–व)ण,उज्जावण]જુઓ ઉજવણી [ઉદ્યાપન

**ઉજમ(–વ)ણું** ન૰ [જુઓ 'ઉજમણી'] વ્રતનું

**ઉજમાવવું** સ૰ ક્રિ૰ 'ઊજમાવું'નું પ્રેરક

**ઉજમાળું** વિ૰ [જુઓ ઊજમ] ઊજમવાળું, ઉમંગી (૨) ઊજળું પ્રકાશમાન

ઉજર નં૦ [अ. उज्र] બહાનું (૨) લાચારી
ઉજરડું નં૦ [જુઓ ઊજળું, हि उजरा, म. उजरणें] ભરભાંખળું ; અરુણોદય
ઉજ(-ઝ)રાવવું સ૦ ક્રિ૦ (કા) 'ઊજ(-ઝ)-રવું'નું પ્રેરક [(૨) ઉજાણી; જાફત
ઉજવણી સ્ત્રી૦ [જુઓ ઉજમણી] ઊજવવું તે
ઉજવણું નં૦ જુઓ ઉજમણું; વ્રતનું ઉદ્યાપન
ઉજવાવવું સ૦ ક્રિ૦ 'ઊજવવું'નું પ્રેરક
ઉજળિયાત વિ૦[જુઓ ઊજળું] ઉચ્ચ વર્ણનું ૦વર્ગ પું૦ ઉચ્ચવર્ણનો લોકસમૂહ
ઉજાગર વિ૦ [हिं] ઉજ્જ્વળ, ભપકાદાર
ઉજાગરો પું૦ [सं उज्जागर, दे उज्जग्गिर?] જાગરણ· નહિ ઊંઘવું તે (૨) ચિંતા, ફિકર -રું વિ૦+લાગતું
ઉજાડ સ્ત્રી૦[दे. उज्जड] ઉજ્જડપણું, પાયમાલી ૦ણ વિ૦ ઉજ્જડ કરનારું (૨)અપશુકનિયું ૦વું સ૦ક્રિ૦[ઉજ્જડ પરથી ? दे उज्जाडिअ= ઉજાડેલું] ઉજ્જડ કરવું, નાશ કરવું, વેરાન કે પાયમાલ કરવું -ડાવવું સ૦ ક્રિ૦, -ડાવું અ૦ ક્રિ૦ 'ઉજાડવું'નું અનુક્રમે પ્રેરક અને કર્મણિ -ડિયું વિ૦ ઉજાડનારુ, ઉચ્છેદિયું
ઉજાણી સ્ત્રી૦[सं औद्यानी? प्रा उज्जाणी=गोष्ठी] વન, મંદિર ઇત્યાદિ સ્થળે ઊજવાતું જમણ, વનભોજન (૨) જાફત, મિજબાની
ઉજાર(-ળ) વિ૦ [सं उज्ज्वल, प्रा उज्जल] ઉજાગર, ઊજળું, સુંદર (૨) ઉમંગી
ઉજાવું અ૦ ક્રિ૦ [सं उद्या?, दे उज्झमण=दोडी जवु ते?] +દોડી જવું
ઉજાશ(-સ) પું૦ [हिं, सं उद्भान? प्रा उज्जास?] અજવાળું, પ્રકાશ (૨) ઉજ્જ્વળતા, તેજ -સવું અ૦ ક્રિ૦ ઉજાસ કરવો-પ્રકાશવું -સાવવું સ૦ ક્રિ૦ 'ઉજાસવું'નું પ્રેરક -સો પું૦ પ્રકાશ, પ્રકાશનો ઝબકારો
ઉજાળવું સ૦ક્રિ૦ [सं उज्ज्वालू, प्रा उज्जाल] ઊજળું કરવું (૨) [લા] સારુ કરવું, શોભાવવું ઉજાળાવું અ૦ ક્રિ૦ કર્મણિ, -વવું સ૦ક્રિ૦ પ્રેરક
ઉજિયાર(-રું) વિ૦ જુઓ ઉજાર
ઉજેરવું સ૦ક્રિ૦ (કા) ઉછેરવું ઉજેરાવું અ૦ ક્રિ૦ (કર્મણિ) ઉજેરાવવું સ૦ક્રિ૦ (પ્રેરક)
ઉજેશ(-સ) પું૦ જુઓ ઉજાશ ૦કાર વિ૦ ઉજેશ-ઉજાસ કરનારુ, દેદીપ્યમાન (૨) પું૦ તેજ, ચળકાટ
ઉજ્જડ વિ૦ [दे] ઊજડ, વેરાન
ઉજ્જન નં૦, ઉજ્જય(-યિ)ની સ્ત્રી૦ [सं] (સ) માળવામાં સિપ્રા નદીના કિનારા ઉપર આવેલું પ્રાચીન હિંદુ રાજનગર
ઉજ્જૃંભણ નં૦ [सं] બગાસું ખાવું તે (૨) વૃદ્ધિ (૩) ઉછાળો, આવેગ, ઉશ્કેરણી
ઉજ્જ્વલ(-ળ) વિ૦[सं] ઊજળું, દેદીપ્યમાન ૦તા સ્ત્રી૦
ઉજ્જ્વલિત વિ૦[सं] ઉજ્જ્વળ કરેલું
ઉજ્જ્વળ વિ૦ જુઓ ઉજ્જ્વલ -ળાછંદ પું૦ એક છંદ ૦તા સ્ત્રી૦
ઉઝરડવું સ૦ ક્રિ૦ [सं उत्सृ?] નખથી કે ધારવાળા હથિયાર કે કશાથી ઘસરડીને ઉખાડવું ઉઝરડાવું અ૦ક્રિ૦કર્મણિ,-વવું સ૦ક્રિ૦પ્રેરક
ઉઝરડો પું૦ ઉઝરડાવાથી થતો કોઈ લિસોટો(૨) શરીર ઉપર નખ, કાંટા વગેરેનો લિસોટો
ઉઝરાવવું સ૦ક્રિ૦ જુઓ (કા) ઉજરાવવું
ઉઝેડવું સ૦ક્રિ૦ જુઓ ઉઝરડવું
ઉઝેડો પું૦ જુઓ ઉઝરડો
ઉઝેલો પું૦ સરળતા(૨)મદદ (સુ) [ઝૂંપડું
ઉટ નં૦ [सं] ઘાસ પાંદડું ૦જ નં૦ પર્ણકુટિ,
ઉટકટો પું૦ [म उत्कटा] એક વનસ્પતિ
ઉટકાઈ સ્ત્રી૦ [ઊટકવું](વાસણ ઇત્યાદિ) અજવાળવાની રીત (૨) ઊટકવાનું મહેનતાણું -મણ નં૦ (વાસણ) અજવાળવામાં વપરાતી વસ્તુ (૨) ઊટકવાનું મહેનતાણું [પ્રેરક
ઉટકાવવું સ૦ક્રિ૦ ઊટકે એમ કરવું, 'ઊટકવું'નું
ઉટજ નં૦ [सं] જુઓ 'ઉટ'માં [જુઓ ઉટંગ
ઉટપટ(-ટાં)ગ વિ૦ (૨) નં૦ [हि उटपटांग]
ઉટવણું નં૦[सं उद्वर्तन, प्रा उव्वट्टण, म उटणें] શરીરે ચોળવાની ખુશબોદાર ચીજોનું મિશ્રણ, ઉટપણું, ઉવટણ
ઉટવાવવું સ૦ક્રિ૦ 'ઊટવાવું'નું પ્રેરક
ઉટં(-ટાં)ગ વિ૦ ઉટપટંગ, આધાર વગરનું, તરંગી (૨) નં૦ આધાર વગરની વાત, ગપ્પું (૩) તરંગ બુટ્ટો

(૩) ઊગેલું (૪) ન૦ પેદાશ, નીપજ (૫) કમાઈ (૬) નફો [કમલાક્ષી

**ઉત્પલ** ન૦ [સં] કમળ **-લાક્ષી** વિ૦ સ્ત્રી૦

**ઉત્પાત** પું૦[સં] કૂદવું તે (૨) તોફાન, ધાંધલ (૩) આપત્તિનું ચિહ્ન (૪) વિનાશકારક આપત્તિ **-તિયું**, **-તી** વિ૦ જંપીને ન બેસે એવું (૨) તોફાની, મસ્તીખોર (૩) ઉત્પાત કરે એવું

**ઉત્પાદક** વિ૦ [સં] ઉત્પન્ન - પેદા કરનારું

**ઉત્પાદન** ન૦[સં] ઉત્પન્ન કરવું તે (૨) પેદાશ; ઉત્પત્તિ (૩) ફળ

**ઉત્પાદિત** વિ૦ [સં] ઉત્પન્ન કરેલું [એવું

**ઉત્પાદ્ય** વિ૦ [સં] ઉત્પન્ન કરવા યોગ્ય કે કરાય

**ઉત્પીડન** ન૦[સં] એકબીજાને દબાવવું તે (૨) પીડા કરવી તે (૩) પીડા (૪) સ્પર્ધા

**ઉત્પ્રેક્ષા** સ્ત્રી૦[સં] ધારણા, કલ્પના (૨) [કા.શા] એક અલંકાર જેમાં ઉપમેય અને ઉપમાન કેટલીક બાબતોમાં મળતાં આવતાં હોવાથી વસ્તુત: એક જ છે એવી સંભાવના કરવામાં આવે છે **-ક્ષિત** વિ૦ ઉત્પ્રેક્ષા કરેલું

**ઉત્પ્લવ** પું૦ [સં] કૂદકો

**ઉત્પ્લુતિ** સ્ત્રી૦[સં] આરોહ, ઉડ્ડયન

**ઉત્ફુલ્લ** વિ૦[સં.] ખીલેલું, પૂર્ણ ખીલેલું (૨) વિકસેલું; પહોળું થયેલું

**ઉત્સર્ગ** પું૦ [સં] તજી દેવું તે, ત્યાગ (૨) સમર્પણ (૩) શરીરમાંથી મળમૂત્રાદિ કાઢવા તે (૪) [વ્યા] સામાન્ય લાગુ પડતો કાયદો કે નિયમ ('અપવાદ'-થી ઊલટું) ૦**કાર્ય** ન૦ મળમૂત્ર ત્યાગ કરવાનું કામ ૦**તંત્ર** ન૦ મળમૂત્રના ત્યાગને માટેના અંગોની શરીરની યોજના, તે બધા અંગોના કામની વ્યવસ્થા **-ર્જન** ન૦ તજી દેવું તે (૨) ઉપવીત બદલવાની વાર્ષિક ક્રિયા (૩) વેદાધ્યયન મુલતવી રાખતી વખતે કરવાની ક્રિયા (૪) મળમૂત્રનો ત્યાગ કરવો તે

**ઉત્સર્પણ** ન૦ [સં] ઊંચે સરવું - જવું તે (૨) ઊલવું, ઊંચાનીચા થવું (૩) ઉદય

**ઉત્સર્પિણી** વિ૦ સ્ત્રી૦ [સં.] ઉત્સર્પણ કરનારી (૨) સ્ત્રી૦ (જૈન) અવસર્પિણીના જેટલો લાંબો પણ તેથી ઊલટો સમય

**ઉત્સવ** પું૦[સં] આનંદનો દિવસ, તહેવાર (૨) આનંદનો મેળાવડો ઓચ્છવ

**ઉત્સંગ** પું૦ [સં] ઉછંગ, ખોળો

**ઉત્સાર** પું૦[સં] ઉત્કેન્દ્રતા, 'એક્સેન્ટ્રિસિટી' (ગ)

**ઉત્સારક** વિ૦ [સં] ખસેડનારું, દૂર કરનારું (૨) પું૦ પોલીસ, ચોકીદાર, દ્વારપાળ **-ણ** ન૦ ખસેડવું - દૂર કરવું તે (૨) મળમૂત્ર, પરસેવો ઇત્યાદિનો ત્યાગ કરવો તે **-ણા** સ્ત્રી૦ ઉત્સારણ (૨) 'ખસો, ખસો' એવો પોકાર (નાટયમાં)

**ઉત્સાહ** પું૦ [સં] હોંશ, ઉમંગ (૨) આનંદ હર્ષ (૩) ખંત (૪) [કા.શા] વીરરસનો એક સ્થાયી ભાવ - દૃઢતા [**-આણવો**, **લાવવો** = ઉત્સાહ પેદા કરવો **-આવવો** = ઉત્સાહ પેદા થવો **-રેડવો** = ઉત્સાહ ફેલાવવો, ઉત્સાહ પેદા કરવો] ૦ક વિ૦ ઉત્સાહી; ખંતીલું ૦**ભંગ** પું૦ ઉત્સાહનો ભંગ (૨) વિ૦ ભગ્નોત્સાહ, નાહિંમત **-હિત** વિ૦ ઉત્સાહવાળું **-હિની** વિ૦ સ્ત્રી૦, **-હી** વિ૦ ઉત્સાહવાળું

**ઉત્સુક** વિ૦[સં] આતુર (૨) અધીરું ૦**તા** સ્ત્રી૦

**ઉત્સેક** પું૦ [સં] છાંટવું તે (૨) -નો વધારો થવો - ઊભરાવું તે **-ચન** ન૦ ઊભરાવું તે (૨) ફુવારાની પેઠે ઊંચે ઊડવું તે

**ઉત્સેધ** પું૦ [સં] ઊંચાઈ (૨) મહત્તા

**ઉત્સ્ફુરણ** ન૦ [સં] સ્ફુરણ

**ઉત્સ્ફોટન** ન૦ [સં] સ્ફોટન, સ્પષ્ટીકરણ

**ઉથડક** વિ૦ અણબેસતું કે ચોટતું ન હોય તેવું

**ઉથડાવવું** સ૦ક્રિ૦ 'ઊથડવું'નું પ્રેરક

**ઉથલાવવું** સ૦ક્રિ૦ 'ઊથલવું'નું પ્રેરક, ગબડાવી દેવું ઊંધુંચત્તું કરી દેવું (૨) પદચ્યુત કરવું (૩) ફેરવવું **ઉથલાવાવું** અ૦ક્રિ૦ (કર્મણિ)

**ઉથાપ** પું૦ [ઉથાપવું] ઉથાપવું-ઉલટાવવું તે (૨) સામી થાપ ૦**ન** ન૦, ૦**ના** સ્ત્રી૦[સં उत्थापन, -ना] ઉઠાડવું - જાગ્રત કરવું તે (૨) મંદિરમાં દેવનું મૂર્તિ ઊઠવું તે (૩) ઉથાપવું તે ૦**વું** સ૦ક્રિ૦ [જુઓ ઉત્થાપવું] બદલી કે કાઢી નાખવું રદ કરવું (૨) ઉલટાવવું (૩) ન માનવું, અનાદર કરવો, સામા થવું [**-પાવવું** સ૦ ક્રિ૦ (પ્રેરક). **-પાવું** અ૦ક્રિ (કર્મણિ)].

**ઉથામવું** સ૦ક્રિ૦ [ઉથાપવું, પ્રા उत्थामिय = ઉથપેલું] આમથી તેમ ઊંચકવું ને મૂકવું,

**ઉદાન** પુ૦ [सं] પચ વાયુમાનો એક, જે ગળા તરફ ઊંચે ચડીને માથામા જાય છે
**ઉદામ** વિ૦ + જુઓ ઉદ્દામ
**ઉદાર** વિ૦ [सं] સખી દિલનુ,દાનશીલ,ત્યાગશીલ (૨) ખુલ્લા મનનુ, નિખાલસ, સરળ. **૦ચરિત** વિ૦ ઉદાર ચરિત્રવાળુ. **૦ચિત્ત** વિ૦ ઉદાર–નિખાલસ ચિત્તવાળુ **૦તા** સ્ત્રી૦. **૦ધી** વિ૦ ઉદારબુદ્ધિવાળુ **૦પણું** ન૦. **૦મતવાદ** પુ૦ સ્થિતિચુસ્ત ન રહેતા નવા સુધારા માટે મન ખુલ્લું રાખવાનો વાદ. 'લિબરલિઝમ' **૦મતવાદી** વિ૦ (૨) પું૦ ઉદારમતવાદમા માનનાર **–રાત્મા** વિ૦ ઉદાર આત્માવાળુ. ઉદારચરિત
**ઉદાસ્ય** ન૦ + ખટાટોપ, ખાલી ભપકો
**ઉદાવર્જ, –ર્ત** [सं.] પુ૦ પેટનો એક રોગ, ગોળો
**ઉદાસ** વિ૦ [सं] નિરપેક્ષ, તટસ્થ, બેફિકર (૨) વૈરાગી; વિષય તરફ અપ્રીતિવાળુ (૩) [दे उद्भास=દુખ,સતાપ?]ગમગીન,ખિન્ન **–સી** વિ૦ ઉદાસ (૩) પું૦ ઉદાસીપથનો સાધુ (૩) સ્ત્રી૦ ઉદાસીનતા **–સીન** વિ૦ [सं] ઉદાસ, રસ ન ધરાવનારું, તટસ્થ **–સીનતા** સ્ત્રી૦, **–સીનપણું** ન૦ **–સીપંથ** પુ૦ શીખધર્મી સાધુઓનો એક પથ
**ઉદાહરણ** ન૦[सं] દાખલો, દૃષ્ટાંત [**–આપવું,** **દેવું,**=દાખલો રજૂ કરવો, કહેવો કે ટાકવો **–લેવું**=ધડો લેવો; દાખલા પરથી શીખવુ, સમજવુ (૨) દાખલા તરીકે ધરવુ, કહેવુ]
**ઉદાહૃત** વિ૦ [सं] કહેવાયેલુ (૨) નામ દઈને બોલાયેલુ (૩) દૃષ્ટાંતરૂપે અપાયેલું
**ઉદિત** વિ૦ [सं] ઊગેલું (૨) ખીલેલુ (૩) જાગ્રત (૪)ચળકતું,પ્રકાશવંતુ (૫)બોલેલું (૬)જન્મેલું
**ઉદીક્ષણતાલ** પુ૦ [सं] વિલબિત ત્રિતાલ
**ઉદીચી** સ્ત્રી૦[सं] ઉત્તરદિશા. **૦ન** વિ૦ ઉત્તર તરફનુ **–ચ્ય** વિ૦ ઉત્તર દિશામા આવેલું (૨) પુ૦ (સ) ઉત્તર ગુજરાતમાં સરસ્વતી નદીની ઉત્તરે અને પશ્ચિમે આવેલો પ્રદેશ
**ઉદીયમાન** વિ૦ [सं] ઊગતુ; ઉદિત થતું
**ઉદુંબર** પું૦[सं] જુઓ ઉદબર (૨)બ્રાહ્મણોની એક જાત (૩) એશી રતીનુ એક વજન

**ઉદે** પું૦ + જુઓ ઉદય
**ઉદેતી** વિ૦સ્ત્રી૦ જે તિથિમા સૂર્યનો ઉદય થતો હોય તેવી, ઉદયાત, ઉદયવાળી (તિથિ)
**ઉદેસાલમ** ન૦[अ उदुल्सलीब?]એક ઔષધિ
**ઉદો ઉદો** શ૦ પ્ર૦ [सं उदय उदय, म. हि] ઉદય હો, ઉદય હો, જય હો, જય હો
**ઉદ્** [सं] ઉત્સર્ગ સ્થાન, કક્ષા, મત્ર ઇ૦મા 'ઊંચે કે ઉપર', અથવા અમુકમાથી 'અલગ' કે 'બહાર', એવો અર્થ બતાવે છે ઉદા૦ ઉદ્‌ગમ. ઉદ્‌ભવ, ઉદ્‌ગ્રીવ(૨)'નઠારુ કે ખોટુ' એવા અર્થમા નામ પૂર્વે ઉદા૦ ઉન્માર્ગ
**ઉદ્‌ગત** વિ૦[सं] ઉપર ગયેલુ, ચડેલુ (૨) બહાર નીકળેલુ (૩) ઊગેલુ (૪) ઊંચુ **–તિ** સ્ત્રી૦ ઊંચે જવુ – ચડવુ તે (૨) બહાર નીકળવુ – ઊગવુ તે
**ઉદ્‌ગમ** પુ૦[सं] ઊંચે જવુ – ચડવુ તે (૨) ઊગવુ–બહાર નીકળવુ તે, ઉત્પત્તિ (૩) ઉત્પત્તિસ્થાન; ઊગમ (૪) ફણગો, પીલો **૦ન** ન૦ ઉદ્‌ગમ થવો – ઊંચે જવુ તે (૨) બહાર નીકળવુ – દેખાય એવુ થવુ તે
**ઉદ્‌ગાતા** પુ૦ [सं] સામવેદની ઋચાઓ ગાનાર બ્રાહ્મણ **–ન** ન૦ સામવેદનુ ગાન
**ઉદ્‌ગામી** વિ૦[सं] ઊંચે જતુ (૨)બહાર નીકળતુ
**ઉદ્‌ગાર** પુ૦[सं] ઉચ્ચાર,બોલ,શબ્દ [**–કાઢવો**= ઉચ્ચારવુ, બોલવુ (ભાવ કે લાગણી સાથે)] **૦ચિહ્ન** ન૦ લાગણીભર્યો ઉદ્‌ગાર સૂચવતુ '!' આવુ ચિહ્ન
**ઉદ્‌ગીત** વિ૦ [सं.] મોટેથી ગાયેલુ (૨) પુ૦ સગીતમા એક અલકાર **–તિ** સ્ત્રી૦ મોટેથી ગાવુ તે(૨)ઉદ્‌ગીથ, સામગાન (૩)આર્યા છદનો એક પ્રકાર **–થ** પુ૦ સામવેદની ઋચાઓ ગાવી તે (૨) સામવેદનો બીજો ભાગ (૩) ઓમ્‌કાર
**ઉદ્‌ગ્રીવ** વિ૦ [सं] ઊંચી ડોકવાળુ, ઉત્કંઠ
**ઉદ્‌ઘાટન** ન૦[सं] ખોલવુ તે,કૂચીથી ઉઘાડવુ તે (૨) સ્પષ્ટ કરવું – સમજાવવુ તે (૩) ઉઘાડવાનુ સાધન (કૂચી વગેરે) (૪) રેંટ **૦ક્રિયા** સ્ત્રી૦ પહેલપ્રથમ કાંઈ ઉઘાડવાની ક્રિયા – વિધિ **૦સમારંભ** પુ૦ તે વિધિને અંગેનો ઉત્સવ

**ઉદ્ઘાટિત** વિ૰[સં] ઉઘાડેલું, ખોલેલું (૨) સ્પષ્ટ કરેલું (૩) પું૰ સંગીતમાં એક અલંકાર

**ઉદ્ઘુષ્ટ** વિ૰ [સં] નીરસ બૂમ પાડી ગાનાર

**ઉદ્ઘોષ** પું૰ [સં] ઘાંટો, પોકાર (૨) ઢંઢેરો (૩) ગોરબકોર, ઘોંઘાટ (૪) લોકોમાં વાત ચાલવી તે ૰ણ નં૰, ૰ણા સ્ત્રી૰ ઉદ્ઘોષ થવો – કરવો તે

**ઉદ્દંડ** વિ૰ [સં] ઉગામેલા દંડવાળું (૨) ભયંકર

**ઉદ્દામ** વિ૰ [સં] અંકુશ કે બંધન વિનાનું (૨) સ્વચ્છંદી, ઉચ્છૃંખલ (૩) ઉગ્ર, જહાલ ૰પક્ષ પું૰ જહાલ પક્ષ

**ઉદ્દાલ** પું૰ [સં] રાતા ઘઉં (૨) ટોદરા

**ઉદ્દાલક** પું૰ [સં] (સં) એક ઋષિનું નામ

**ઉદ્દાંત** વિ૰ [સં.] નરમ, ગરીબ (૨) ઉત્સાહવાળું

**ઉદ્દિષ્ટ** વિ૰ [સં] બતાવેલું (૨) ઉદ્દેશાયેલું, સંબોધાયેલું (૩) ધારેલું, ઇચ્છેલું [કરનારું

**ઉદ્દીપક** વિ૰ [સં] ઉદ્દીપન કરનારું, ઉત્તેજિત

**ઉદ્દીપન** નં૰, –ના સ્ત્રી૰ [સં] સળગાવવું – પ્રજ્વલિત કરવું તે (૨) ઉશ્કેરણી (૩) ઉત્તેજના (૪) ઉદ્દીપન વિભાવ ૰વિભાવ પું૰ રસનું ઉદ્દીપન કરનાર વિભાવ (કા શા)

**ઉદ્દીપિત** વિ૰ [સં] ઉદ્દીપ્ત કરેલું

**ઉદ્દીપ્ત** વિ૰ [સં] સળગાવેલું – પ્રજ્વલિત કરેલું (૨) ઉત્તેજિત થયેલું ઉશ્કેરાયેલું

**ઉદ્દેશ** પું૰[સં] હેતુ ધારણા, ઇરાદો (૨) ઉલ્લેખ, નામ દઈ બતાવવું – કહેવું તે (૩) ઉદાહરણ (૪) પ્રશ્ન–વિચાર, તપાસ, શોધન (૫) [ન્યા] ચર્ચવા કે સમજાવવાના પક્ષ કે વાદનું સ્વરૂપ–કથન ૰ક વિ૰ ઉદ્દેશ બતાવતું ઉદાહરણરૂપ (૨) પું૰ ઉદાહરણ (૩) ઉપદેશક (૪) [ગ] પ્રશ્ન ૰ન નં૰ ઉદ્દેશવું તે ૰વાદ પું૰ કુદરતમાં બધું હેતુપૂર્વક રચાયેલું છે એવો મત, 'ટેલિયોલોજી' ૰વું સ૰ક્રિ૰[સં ઉદ્દિશ્] નામ દઈને – અનુલક્ષીને બોલવું – કહેવું –શ્ય વિ૰ ઉદ્દેશવા – વિચારવા યોગ્ય, લક્ષ્ય (૨) નં૰ (વ્યા) જેને ઉદ્દેશીને કંઈ કહેવાયું હોય તે, કર્તાપદ (૩) હેતુ, પ્રયોજન –શ્યવર્ધક નં૰ ઉદ્દેશ્યના અર્થમાં વધારો કરનાર શબ્દ કે શબ્દસમૂહ (વ્યા)

**ઉદ્ધત** વિ૰ [સં] ઉચ્છૃંખલ (૨) ઊંચું – ઉન્નત (૩) ભવ્ય ૰પણું નં૰, ૰વેડા પું૰બ૰વ૰ ઉદ્ધત જેવું વર્તન –તાઈ સ્ત્રી૰ ઉદ્ધતપણું –તિ સ્ત્રી૰ ઉદ્ગતિ (૨) ઉન્નતિ (૩) ઠોકર

**ઉદ્ધરણ** નં૰[સં] ઉદ્ધાર – છુટકારો કરવો અથવા થવો તે (૨) મોક્ષ –વું અ૰ક્રિ૰ [સં ઉદ્ધૃ] ઊંચકવું અથવા ઉપર જવું (૨) મુક્ત થવું, ઉદ્ધાર થવો (૩) સફળ થવું

**ઉદ્ધર્તા** વિ૰ [સં] ઉદ્ધારક

**ઉદ્ધવ** પું૰ [સં] (સં) કૃષ્ણના કાકા અને ભક્ત

**ઉદ્ધાર** પું૰[સં] મુક્તિ, મોક્ષ (૨) છુટકારો (૩) સારી સ્થિતિ થવી તે ૰ક વિ૰ ઉદ્ધાર કરનારું ૰ણ નં૰ ઉદ્ધારવું તે ૰ણહાર વિ૰ ઉદ્ધારક ૰વું સ૰ ક્રિ૰ [સં ઉદ્ધાર્] ઉદ્ધાર કરવો

**ઉદ્ધૃત** વિ૰ [સં] અવતરણ તરીકે લીધેલું (૨) ઉદ્ધારેલું, ઉગારેલું [ઉજ્જડ

**ઉદ્ધ્વસ્ત** વિ૰ [સં] જડમૂળથી નાશ પામેલું,

**ઉદ્બુદ્ધ** વિ૰[સં] જાગ્રત, જગાડેલું (૨) ઉદ્દીપ્ત, સતેજ થયેલું (૩) સ્મૃતિમાં તાજું કરેલું

**ઉદ્બોધ** પું૰ [સં] જાગ્રત થવું તે (૨) યાદ આવવું તે ૰ક વિ૰ ઉદ્બોધ કરાવનાર ૰ન નં૰ જુઓ ઉદ્બોધ ૰વું સ૰ક્રિ૰[સં ઉદ્બોધ્] જગાડવું (૨) યાદ દેવું

**ઉદ્ભવ** પું૰ [સં] જન્મ, ઉત્પત્તિ પેદાશ (૨) મૂળ (૩) [સં] વિષ્ણુનું એક નામ ૰વું અ૰ ક્રિ૰ [સં ઉદ્ભૂ] ઉત્પન્ન થવું, જન્મવું

**ઉદ્ભાવ** પું૰[સં] ઉત્પન્ન કરવું તે (૨) ઉદારતા ૰ક વિ૰ ઉદ્ભવ કરનારું, સર્જક ૰ન નં૰ કલ્પના કરવી તે (૨) ઉત્પાદન (૩) ચિંતન (૪) ઉત્પ્રેક્ષા કરવી તે ૰વું સ૰ ક્રિ૰ [સં ઉદ્ભાવ્] ઉદ્ભવે એમ કરવું, ઉત્પન્ન કરવું –વિત વિ૰ ઊભું કરેલું, બનાવટી, ઉત્પાદિત (૨) કાલ્પનિક

**ઉદ્ભિજ્જ** નં૰ [સં] વનસ્પતિ ૰વિદ્યા સ્ત્રી૰ વનસ્પતિશાસ્ત્ર ૰વેત્તા પું૰ વનસ્પતિવિદ્યાનો જાણકાર

**ઉદ્ભિદ** પું૰ [સં] ઉદ્ભિજ્જ (૨) ફુવારો (૩) ઝરો –ન્ન વિ૰ ઉત્પન્ન થયેલું, બનેલું (૨) અંકુરરૂપે નીકળેલું (૩) વિકસેલું, ખીલેલું (૪) ભેદીને બહાર આવેલું, દૃશ્યમાન બનેલું

**ઉદ્ભૂત** વિ૰ [સં] જન્મેલું ઉત્પન્ન થયેલું (૨) દેખાય એવું થયેલું –તિ સ્ત્રી૰ [સં] ઉત્પત્તિ, પેદાશ (૨) ઉદય, આબાદાની

**ઉદાન** પું૦ [સં] પંચ વાયુમાંનો એક, જે ગળા તરફ ઊંચે ચડીને માથામાં જાય છે

**ઉદામ** વિ૦ + જુઓ ઉદ્દામ

**ઉદાર** વિ૦ [સં] સખી દિલનું, દાનશીલ, ત્યાગશીલ (૨) ખુલ્લા મનનું; નિખાલસ, સરળ **૦ચરિત** વિ૦ ઉદાર ચરિત્રવાળું. **૦ચિત્ત** વિ૦ ઉદાર–નિખાલસ ચિત્તવાળું **૦તા** સ્ત્રી૦ **૦ધી** વિ૦ ઉદાર બુદ્ધિવાળું **૦પણું** ન૦. **૦મતવાદ** પું૦ સ્થિતિચુસ્ત ન રહેતાં નવા સુધારા માટે મન ખુલ્લું રાખવાનો વાદ, 'લિબરલિઝમ' **૦મતવાદી** વિ૦ (૨) પું૦ ઉદારમતવાદમાં માનનાર **–રાત્મા** વિ૦ ઉદાર આત્માવાળું, ઉદારચરિત

**ઉદાસ્ય** ન૦ + ખટાટોપ, ખાલી ભપકો

**ઉદાવર્ત, –ર્ત** [સં] પું૦ પેટનો એક રોગ, ગોળો

**ઉદાસ** વિ૦ [સં] નિરપેક્ષ, તટસ્થ, બેફિકર (૨) વૈરાગી, વિષય તરફ અપ્રીતિવાળું (૩) [દે ઉદ્ભાસ=દુઃખ, સંતાપ ?] ગમગીન ખિન્ન **–સી** વિ૦ ઉદાસ (૩) પું૦ ઉદાસીપંથનો સાધુ (૩) સ્ત્રી૦ ઉદાસીનતા **–સીન** વિ૦ [સં] ઉદાસ રસ ન ધરાવનારું, તટસ્થ **–સીનતા** સ્ત્રી૦, **–સીનપણું** ન૦. **–સીપંથ** પું૦ શીખધર્મી સાધુઓનો એક પંથ

**ઉદાહરણ** ન૦[સં] દાખલો, દૃષ્ટાંત [–આપવું, દેવું, =દાખલો રજૂ કરવો, કહેવો કે ટાંકવો –લેવું=ધડો લેવો; દાખલા પરથી શીખવું, સમજવું (૨) દાખલા તરીકે ધરવું, કહેવું]

**ઉદાહૃત** વિ૦ [સં] કહેવાયેલું (૨) નામ દઈને બોલાયેલું (૩) દૃષ્ટાંતરૂપે અપાયેલું

**ઉદિત** વિ૦ [સં] ઊગેલું (૨) ખીલેલું (૩) જાગ્રત (૪) ચળકતું; પ્રકાશવંતું (૫) બોલેલું (૬) જન્મેલું

**ઉદીક્ષણતાલ** પું૦ [સં] વિલંબિત ત્રિતાલ

**ઉદીચી** સ્ત્રી૦ [સં] ઉત્તરદિશા. **૦ન** વિ૦ ઉત્તર તરફનું **–ચ્ય** વિ૦ ઉત્તર દિશામાં આવેલું (૨) પું૦ (સં) ઉત્તર ગુજરાતમાં સરસ્વતી નદીની ઉત્તરે અને પશ્ચિમે આવેલો પ્રદેશ

**ઉદીયમાન** વિ૦ [સં] ઊગતું; ઉદિત થતું

**ઉદુંબર** પું૦ [સં] જુઓ ઉદંબર (૨) બ્રાહ્મણોની એક જાત (૩) એંશી રતીનું એક વજન

**ઉદે** પું૦ + જુઓ ઉદય

**ઉદેતી** વિ૦સ્ત્રી૦ જે તિથિમાં સૂર્યનો ઉદય થતો હોય તેવી, ઉદયાત, ઉદયવાળી (તિથિ)

**ઉદેસાલમ** ન૦[અ उदुल्सलीव ?] એક ઔષધિ

**ઉદો ઉદો** શ૦ પ્ર૦ [સં उदयउदय, મ હિં] ઉદય હો, ઉદય હો, જય હો, જય હો

**ઉદ્** [સં] ઉત્સર્ગ સ્થાન, કક્ષા, મંત્ર ઇ૦માં 'ઊંચે કે ઉપર', અથવા અમુકમાંથી 'અલગ' કે 'બહાર', એવો અર્થ બતાવે છે ઉદા૦ ઉદ્ગમ, ઉદ્ભવ, ઉદ્ગ્રીવ (૨) 'નઠારું કે ખોટું' એવા અર્થમાં નામ પૂર્વે. ઉદા૦ ઉન્માર્ગ

**ઉદ્ગત** વિ૦[સં] ઉપર ગયેલું, ચડેલું (૨) બહાર નીકળેલું (૩) ઊગેલું (૪) ઊંચું **–તિ** સ્ત્રી૦ ઊંચે જવું – ચડવું તે (૨) બહાર નીકળવું – ઊગવું તે

**ઉદ્ગમ** પું૦[સં] ઊંચે જવું – ચડવું તે (૨) ઊગવું–બહાર નીકળવું તે, ઉત્પત્તિ (૩) ઉત્પત્તિસ્થાન; ઊગમ (૪) ફણગો, પીલો **૦ન** ન૦ ઉદ્ગમ થવો – ઊંચે જવું તે (૨) બહાર નીકળવું – દેખાય એવું થવું તે

**ઉદ્ગાતા** પું૦ [સં.] સામવેદની ઋચાઓ ગાનાર બ્રાહ્મણ **–ન** ન૦ સામવેદનું ગાન

**ઉદ્ગામી** વિ૦[સં] ઊંચે જતું (૨) બહાર નીકળતું

**ઉદ્ગાર** પું૦[સં] ઉચ્ચાર, બોલ, શબ્દ [–કાઢવો= ઉચ્ચારવું, બોલવું (ભાવ કે લાગણી સાથે)] **૦ચિહ્ન** ન૦ લાગણીભર્યો ઉદ્ગાર સૂચવતું '!' આવું ચિહ્ન

**ઉદ્ગીત** વિ૦ [સં] મોટેથી ગાયેલું (૨) પું૦ સંગીતમાં એક અલંકાર **–તિ** સ્ત્રી૦ મોટેથી ગાવું તે (૨) ઉદ્ગીથ, સામગાન (૩) આર્યા છંદનો એક પ્રકાર **–થ** પું૦ સામવેદની ઋચાઓ ગાવી તે (૨) સામવેદનો બીજો ભાગ (૩) ઓમ્કાર

**ઉદ્ગ્રીવ** વિ૦ [સં] ઊંચી ડોકવાળું, ઉત્કંઠ

**ઉદ્ઘાટન** ન૦[સં] ખોલવું તે કૂંચીથી ઉઘાડવું તે (૨) સ્પષ્ટ કરવું – સમજાવવું તે (૩) ઉઘાડવાનું સાધન (કૂંચી વગેરે) (૪) રેંટ **૦ક્રિયા** સ્ત્રી૦ પહેલપ્રથમ કાંઈ ઉઘાડવાની ક્રિયા – વિધિ **૦સમારંભ** પું૦ તે વિધિને અંગેનો ઉત્સવ

**ઉદ્ઘાટિત** વિ૦[સં.] ઉઘાડેલું,ખોલેલું (૨) સ્પષ્ટ કરેલું (૩) પું૦ સંગીતમાં એક અલંકાર
**ઉદ્ઘુષ્ટ** વિ૦ [સં] નીરસ બૂમ પાડી ગાનાર
**ઉદ્ઘોષ** પું૦ [સં] ઘાંટો, પોકાર (૨) ઢંઢેરો(૩) શોરબકોર, ઘોઘાટ(૪)લોકોમાં વાત ચાલવી તે ૦ણ ન૦, ૦ણા સ્ત્રી૦ ઉદ્ઘોષ થવો – કરવો તે
**ઉદંડ** વિ૦ [સં] ઉગામેલા દંડવાળું (૨) ભયંકર
**ઉદ્દામ** વિ૦ [સં] અંકુશ કે બંધન વિનાનું (૨) સ્વચ્છંદી, ઉચ્છૃંખલ (૩) ઉગ્ર, જહાલ ૦પક્ષ પું૦ જહાલ પક્ષ
**ઉદ્દાલ** પું૦ [સં] ગતા વર્ગ (૨) કોદરા
**ઉદ્દાલક** પું૦ [સં] (સં) એક ઋષિનું નામ
**ઉદ્દાંત** વિ૦[સં.] નમ્ર, ગરીબ (૨) ઉત્સાહવાળું
**ઉદ્દિષ્ટ** વિ૦ [સં] બતાવેલું (૨) ઉદ્દેશાયેલું, સંબોધાયેલું (૩) વાંછેલું, ઇચ્છેલું [કરનારું
**ઉદ્દીપક** વિ૦ [સં] ઉદ્દીપન કરનારું, ઉત્તેજિત
**ઉદ્દીપન** ન૦, –ના સ્ત્રી૦ [સં] સળગાવવું–પ્રજ્વલિત કરવું તે (૨) ઉશ્કેરણી (૩) ઉત્તેજના (૪) ઉદ્દીપન વિભાવ ૦વિભાવ પું૦ રસનું ઉદ્દીપન કરનાર વિભાવ (કા.શા)
**ઉદ્દીપિત** વિ૦ [સં] ઉદ્દીપ્ત કરેલું
**ઉદ્દીપ્ત** વિ૦ [સં] સળગાવેલું–પ્રજ્વલિત કરેલું (૨) ઉત્તેજિત થયેલું ઉશ્કેરાયેલું
**ઉદ્દેશ** પું૦[સં]હેતુ ધારણા,ઇરાદો(૨)ઉલ્લેખ,નામ દઈ બતાવવું – કહેવું તે (૩) ઉદાહરણ(૪)પ્રશ્ન–વિચાર, તપાસ, શોધન (૫) [ન્યા] ચર્ચવા કે સમજાવવાના પક્ષ કે વાદનું સ્વરૂપ–કથન ૦ક વિ૦ ઉદ્દેશ બતાવતું, ઉદાહરણરૂપ (૨) પું૦ ઉદાહરણ(૩)ઉપદેશક(૪)[ગ] પ્રશ્ન ૦ન ન૦ ઉદ્દેશવું તે ૦વાદ પું૦ કુદરતમાં બધું હેતુપૂર્વક રચાયેલું છે એવો મત, ‘ટેલિયોલોજી’ ૦વું સ૦ક્રિ૦[સં ઉદ્દિશ્] નામ દઈને – અનુલક્ષીને બોલવું – કહેવું –શ્ય વિ૦ ઉદ્દેશવા – વિચારવા યોગ્ય,લક્ષ્ય (૨) ન૦ (વ્યા) જેને ઉદ્દેશીને કંઈ કહેવાયું હોય તે, કર્તાપક્ષ (૩) હેતુ, પ્રયોજન –શ્યવર્ધક ન૦ ઉદ્દેશ્યના અર્થમાં વધારો કરનાર શબ્દ કે શબ્દસમૂહ (વ્યા)
**ઉદ્ધત** વિ૦ [સં.] ઉચ્છૃંખલ (૨) ઊંચું – ઉન્નત (૩) ભવ્ય ૦પણું ન૦, ૦વેડા પું૦બ૦વ૦ ઉદ્ધત જેવું વર્તન –તાઈ સ્ત્રી૦ ઉદ્ધતપણું. –તિ સ્ત્રી૦ ઉદ્ગતિ (૨) ઉન્નતિ (૩) ઠોકર
**ઉદ્ધરણ** ન૦[સં] ઉદ્ધાર – છુટકારો કરવો અથવા થવો તે (૨) મોક્ષ –વું અ૦ક્રિ૦ [સં ઉદ્ધૃ] ઊંચકવું અથવા ઉપર જવું (૨) મુક્ત થવું, ઉદ્ધાર થવો (૩) સફળ થવું
**ઉદ્ધર્તા** વિ૦ [સં] ઉદ્ધારક
**ઉદ્ધવ** પું૦ [સં] (સં) કૃષ્ણના કાકા અને ભક્ત
**ઉદ્ધાર** પું૦[સં] મુક્તિ, મોક્ષ(૨) છુટકારો (૩) સારી સ્થિતિ થવી તે ૦ક વિ૦ ઉદ્ધાર કરનાર ૦ણ ન૦ ઉદ્ધારવું તે ૦ણહાર વિ૦ ઉદ્ધારક ૦વું સ૦ ક્રિ૦ [સં ઉદ્ધાર્] ઉદ્ધાર કરવો
**ઉદ્ધૃત** વિ૦ [સં] અવતરણ તરીકે લીધેલું (૨) ઉદ્ધારેલું, ઉગારેલું [ઉખાડ
**ઉદ્ધ્વસ્ત** વિ૦ [સં] જડમૂળથી નાશ પામેલું,
**ઉદ્બુદ્ધ** વિ૦[સં] જાગ્રત, જગાડેલું (૨)ઉદ્દીપ્ત, સતેજ થયેલું (૩) સ્મૃતિમાં તાજું કરેલું
**ઉદ્બોધ** પું૦ [સં] જાગ્રત થવું તે (૨) યાદ આવવું તે ૦ક વિ૦ ઉદ્બોધ કરાવનાર ૦ન ન૦જુઓ ઉદ્બોધ ૦વું સ૦ક્રિ૦[સં ઉદ્બોધ્] જગાડવું (૨) યાદ દેવું
**ઉદ્ભવ** પું૦ [સં] જન્મ, ઉત્પત્તિ પેદાશ (૨) મૂળ (૩) [સં] વિષ્ણુનું એક નામ ૦વું અ૦ ક્રિ૦ [સં ઉદ્ભ] ઉત્પન્ન થવું, જન્મવું
**ઉદ્ભાવ** પું૦[સં.] ઉત્પન્ન કરવું તે(૨)ઉદારતા ૦ક વિ૦ ઉદ્ભવ કરનારું, સર્જક ૦ન ન૦ કલ્પના કરવી તે (૨) ઉત્પાદન (૩)ચિંતન(૪) ઉત્પ્રેક્ષા કરવી તે ૦વું સ૦ ક્રિ૦ [સં ઉદ્ભાવ્] ઉદ્ભવે એમ કરવું, ઉત્પન્ન કરવું –વિત વિ૦ ઊભું કરેલું, બનાવટી, ઉત્પાદિત (૨) કાલ્પનિક
**ઉદ્ભિજ્જ** ન૦ [સં] વનસ્પતિ ૦વિદ્યા સ્ત્રી૦ વનસ્પતિશાસ્ત્ર ૦વેત્તા પું૦ વનસ્પતિવિદ્યાનો જાણકાર
**ઉદ્ભિદ** પું૦ [સં] ઉદ્ભિજ્જ (૨)ફુવારો (૩) ઝરો –જ્ઞ વિ૦ ઉત્પન્ન થયેલું, બનેલું (૨) અંકુરરૂપે નીકળેલું (૩) વિકસેલું, ખીલેલું (૪) ભેદીને બહાર આવેલું, દૃશ્યમાન બનેલું
**ઉદ્ભૂત** વિ૦ [સં] જન્મેલું ઉત્પન્ન થયેલું (૨) દેખાય એવું થયેલું –તિ સ્ત્રી૦ [સં] ઉત્પત્તિ, પેદાશ (૨) ઉદય, આબાદાની

ઉદ્‌ભેદ પું૦ [सं] (ભેદીને) બહાર આવવું તે, ઊગવું તે (૨) વિકસિત થવુ તે (૩) દેખાવુ તે, આવિષ્કાર. ૦ક વિ૦ઉઠાવદાર, ખીલી નીકળતુ

ઉદ્‌ભ્રાંત વિ૦ [सं] ગાભરુ, વ્યાકુળ (૨) બીનેલુ, છળેલુ

ઉદ્‌મસ્ત,-સ્તીખોર વિ૦ [म उदमस्त, स उद्‌+मस्त] તોફાની, અતિ મગ્ન (૨) કામી -સ્તાઈ-સ્તી સ્ત્રી૦ [તત્પર

ઉદ્યત વિ૦[सं]ખતીલુ, ઉદ્યમી(૨)નિશ્ચયવાળુ

ઉદ્યમ પુ૦ [सं.] યત્ન મહેનત (૨) ઉદ્યોગ, ધંધો ૦વંત વિ૦ ઉદ્યમવાળુ -મી વિ૦ મહેનતુ, ખતીલુ (૨) ધંધાદારી

ઉદ્યાન પુ૦ ન૦ [सं] બગીચો, વાડી

ઉદ્યાપન ન૦[सं] ધર્મકર્મ-વ્રતાદિની સમાપ્તિની વિધિ, તેની ઉજવણી [(૨) તત્પર

ઉદ્યુક્ત વિ૦[सं] કામમા પરોવાયેલું, ઉદ્યમી

ઉદ્યોગ પુ૦ [सं] ધંધો, રોજગાર (૨) કામ (૩) મહેનત ૦ધંધો પુ૦ધંધો-રોજગાર, પ્રવૃત્તિ ૦મંદિર ન૦ ઉદ્યોગશાળા ૦શાલા(-ળા) સ્ત્રી૦ જ્યા ઉદ્યોગો શીખવાતા હોય તેવી શાળા; કલાભવન -ગી વિ૦ મહેનતુ, ખતીલું (૨) ધંધાદારી -જક વિ૦ ઉદ્યુક્ત થનાર કે કરનાર

ઉદ્યોત,૦કાર પુ૦ [सं उद्‌+द्योत] પ્રકાશ, તેજ,

ઉદ્રિક્ત પુ૦[सं] અતિશય, અધિક (૨) દેખાય એવુ, સ્પષ્ટ [(૨) ચડિયાતાપણું

ઉદ્રેક પુ૦ [सं] વધારો, પુષ્કળતા, અતિશયતા

ઉદ્‌રુડ વિ૦ ઘેટા જેવુ મો કરી ગાનાર

ઉદ્વર્તન ન૦ [सं] કૂદકો (૨) ખોટુ વર્તન (૩) શરીરે તેલ, લેપ, સુગંધી વગેરે ચોળવુ તે

ઉદ્ધસ(-સ્ત) વિ૦ + જુઓ ઉદ્‌ધ્વસ્ત

ઉદ્વાહ પું૦ [सं] વિવાહ

ઉદ્વેગ પુ૦ [सं] વ્યાકુળતા, ગભરાટ (૨) ચિંતા (૩) દુ ખ ૦કર, -જક વિ૦ ઉદ્વેગ કરાવનારુ

ઉદ્વેલ(-ળ) વિ૦ [सं] હદ બહારનુ અતિશય (૨) છલકાતુ, બહાર ઊછળી જતુ

ઉદ્વેશ વિ૦ [सं] ઉઘાડુંપુગાડું, નવસ્તુ

ઉધડ(-ર)કવુ અ૦ક્રિ (હૃદયનુ) ધડકવુ, વડકવુ ધ્રૂજવુ (૨) ઝબકવુ, ચોકવુ (૩) બી જવુ (૪) ધૂણવુ (ભૂતના પ્રવેશથી)

ઉધડિયુ વિ૦ [જુઓ ઊધડ] ઊધડુ રાખેલુ-આપેલુ (કામ) (૨) ઊધડુ કામ કરનાર (૩) [લા] બેપરવાઈથી કરેલુ ['ઉદમાત'મા

ઉધમાત પુ૦, -તિયુ, -તી વિ૦ જુઓ

ઉધરકવુ અ૦ક્રિ૦ જુઓ ઉધડકવું

ઉધરસ સ્ત્રી૦ [सं उद्घस्?] ઉધરસ ઠાસો કફ, ખાસી [-આવવી = ખાસાવુ ખૂખૂ થવુ -ખાવી = ખાસવુ, (કફ કાઢવા કે ગળુ સાફ કરવા) ખુ અવાજ કરવો -થવી = ઉધરસનુ દરદ થવુ]

ઉધરાવવું સ૦ક્રિ૦ 'ઊધરવુ'નુ પ્રેરક

ઉધરાણો પુ૦ ફિદરવો ઉચાટ

ઉધાન ન૦ [सं उद्दान? म उधाण-न] ઊંચે ચડવુ તે (૨) એક રોગ દમ (૩) મોટી ભરતી (૪) પશુની કામભોગની ઇચ્છા (૫) ત્રણની સંખ્યાનો વેપારી સંકેત [-ચડવુ = મોટી ભરતી આવવી (૨) દમના રોગનો હલ્લો થવો] ૦ચક્કર વિ૦ વાયલ ગાડુ ૦પડી સ્ત્રી૦ ઉધાનરોગની પડી-ઔષધી (૨) તેરની સંખ્યાનો સંકેત ૦પાયુ વિ૦ ત્રણ પાયાનુ, અસ્થિર મનનુ, ગાડા જેવુ

ઉધામો પુ૦ [सं उद्धावन?] પ્રયત્ન (૨) વલખુ, ધમપછાડો [-કરવા = ખૂબ ધમપછાડા કરવા ખરો પ્રયત્ન કરવો, વલખા મારવા]

**ઉદ્‌ભેદ** પું૦ [સં] (ભેદીને) બહાર આવવું તે, ઊગવું તે (૨) વિકસિત થવું તે (૩) દેખાવું તે, આવિષ્કાર ૦ક વિ૦ ઉઠાવદાર, ખીલી નીકળતું

**ઉદ્‌ભ્રાંત** વિ૦ [સં.] ગાભરું; વ્યાકુળ (૨) બીનેલું, છળેલું

**ઉદ્‌મસ્ત,–સ્તીખોર** વિ૦ [મ ઉદમસ્ત, સં ઉદ્‌+મસ્ત] તોફાની, અતિ મગ્ન (૨) કામી –સ્તાઈ,–સ્તી સ્ત્રી૦ [તત્પર

**ઉદ્યત** વિ૦[સં]ખંતીલું, ઉદ્યમી(૨)નિશ્ચયવાળું,

**ઉદ્યમ** પું૦ [સં.] યત્ન મહેનત (૨) ઉદ્યોગ, ધંધો ૦વંત વિ૦ ઉદ્યમવાળું –મી વિ૦ મહેનતુ, ખંતીલું (૨) ધંધાદારી

**ઉદ્યાન** પું૦ ન૦ [સં] બગીચો, વાડી

**ઉદ્યાપન** ન૦[સં] ધર્મકર્મ–વ્રતાદિની સમાપ્તિની વિધિ, તેની ઉજવણી [(૨) તત્પર

**ઉદ્યુક્ત** વિ૦[સં] કામમાં પરોવાયેલું, ઉદ્યમી

**ઉદ્યોગ** પું૦ [સં] ધંધો, રોજગાર (૨) કામ (૩) મહેનત ૦ધંધો પું૦ ધંધો–રોજગાર પ્રવૃત્તિ ૦મંદિર ન૦ ઉદ્યોગશાળા ૦શાલા(-ળા) સ્ત્રી૦ જ્યાં ઉદ્યોગો શીખવાતા હોય તેવી શાળા કલાભવન –ગી વિ૦ મહેનતુ, ખંતીલું (૨) ધંધાદારી –જક વિ૦ ઉદ્યુક્ત થનાર કે કરનાર

**ઉદ્યોત,૦કાર** પું૦ [સં ઉદ્‌+દ્યોત] પ્રકાશ, તેજ

**ઉદ્રિક્ત** પું૦[સં] અતિશય, અધિક (૨) દેખાય એવું, સ્પષ્ટ [(૨) ચઢિયાતાપણું

**ઉદ્રેક** પું૦ [સં] વધારો, પુષ્કળતા, અતિશયતા

**ઉદ્ધડ** વિ૦ ઘેટા જેવું મો કરી ગાનાર

**ઉદ્વર્તન** ન૦[સં] કૂદકો (૨) ખોટું વર્તન (૩) શરીરે તેલ, લેપ, સુગંધી વગેરે ચોળવું તે

**ઉદ્ધસ(–સ્ત)** વિ૦ + જુઓ ઉદ્‌ધ્વસ્ત

**ઉદ્વાહ** પું૦ [સં] વિવાહ, લગ્ન (૨) ઊંચે લઈ જવું તે (૩) એક જગાએથી બીજે લઈ જવું તે ૦ક ઉદ્વાહન કરનાર ૦ન ન૦ ઉદ્વાહ (૨) વિવાહ–લગ્નની ક્રિયા –હિત વિ૦ પરણેલું (૨) ઊંચું કરેલું (૩) પું૦ સંગીતમાં એક અલંકાર

**ઉદ્વાહની** સ્ત્રી૦ [સં.] દોરી

**ઉદ્વિગ્ન** વિ૦ [સં] વ્યાકુળ, ખિન્ન, દુઃખી

**ઉદ્વેગ** પું૦ [સં] વ્યાકુળતા, ગભરાટ (૨) ચિંતા (૩) દુઃખ ૦કર,–જક વિ૦ ઉદ્વેગ કરાવનારું

**ઉદ્વેલ(–ળ)** વિ૦ [સં] હદ બહારનું અતિશય (૨) છલકાતું, બહાર ઊછળી જતું

**ઉદ્વેશ** વિ૦ [સં] ઉઘાડું પુગાડું, નવસ્ત્રું

**ઉધડ(–ર)કવું** અ૦ક્રિ (હૃદયનું) ધડકવું, થડકવું ધ્રૂજવું (૨) ઝબકવું, ચોંકવું (૩) બી જવું (૪) ધૂણવું (ભૂતના પ્રવેશથી)

**ઉધડિયું** વિ૦ [જુઓ ઊધડ] ઊધડ રાખેલું–આપેલું (કામ) (૨) ઊધડું કામ કરનાર (૩) [લા] બેપરવાઈથી કરેલું [‘ઉદમાત’માં

**ઉધમાત** પું૦, **–તિયું, –તી** વિ૦ જુઓ

**ઉધરકવું** અ૦ક્રિ૦ જુઓ ઉધડકવું

**ઉધરસ** સ્ત્રી૦ [સં ઉદ્ગ્રસ્?] ઉધરસ ઠાંસો કફ, ખાંસી [**–આવવી** = ખાંસવું. ખૂખૂ થવું **–ખાવી** = ખાંસવું, (કફ કાઢવા કે ગળું સાફ કરવા) ખું અવાજ કરવો **–થવી** = ઉધરસનું દરદ થવું]

**ઉધરાવવું** સ૦ક્રિ૦ 'ઊધરવું'નું પ્રેરક

**ઉધરાવો** પું૦ ઉદરાવો ઉચાટ

**ઉધાન** ન૦ [સં ઉદ્ધાન? મ ઉધાણ–ન] ઊંચે ચડવું તે (૨) એક રોગ, દમ (૩) મોટી ભરતી (૪) પશુની કામભોગની ઇચ્છા (૫) ત્રણની સંખ્યાનો ગુપ્ત સંકેત [**–ચડવું** = મોટી ભરતી આવવી (૨) દમના રોગનો હલ્લો થવો] **૦ચક્કર** વિ૦ વાયલ ગાંડું. **૦પડી** સ્ત્રી૦ ઉધાનરોગની પડી–ઔષધી (૨) ત્રણની સંખ્યાનો સંકેત **૦પાયું** વિ૦ ત્રણ પાયાનું, અસ્થિર મનનું, ગાંડા જેવું

**ઉધામો** પું૦ [સં ઉદ્ધાવન?] પ્રયત્ન (૨) વલખું, ધમપછાડો [**–કરવા** = ખૂબ ધમપછાડા કરવા. જબરો પ્રયત્ન કરવો, વલખાં મારવાં]

**ઉધાયેલું** વિ૦ (જુઓ ઊધઈ) ઊધઈથી ખવાયેલું

**ઉધારે** પું૦ (સુ) ઉછેર જુઓ ઉધારવું (સુ)

**ઉધાર(–રું)** વિ૦ [પ્રા ઉદ્ધાર] પૈસા આપ્યા વિના નામે લખાવીને, દેવા કરી લીધેલું કે આપેલું (૨) અસ્પષ્ટ નહિ થયેલું એવું [**–આપવું** = રોકડા નાણાં લીધા વિના કિંમત લેવી બાકી નાખી આપવું, વેચવું ધીરવું

જોતુ (૨) આડુ જોતુ નારાજ (૩) તત્પર, તૈયાર (૪) આતુર રાહ જોતુ [નિકંદન

ઉન્મૂલન ન૦ [સં] જડમૂળથી કાઢી નાખવુ તે.

ઉન્મેષ પુ૦, ૦ણ ન૦ [સં] પલકારો, આંખની ઉઘાડવાસ (૨) પ્રકટીકરણ, સ્ફુરણ (૩) વિકાસ ૦પદ્ધતિ સ્ત્રી૦ 'કૉન્સેન્ટ્રિક મેથડ' ૦યોજના સ્ત્રી૦ 'કૉન્સેન્ટ્રિક પ્લૅન'

ઉપ [સં] ઉપસર્ગ 'પાસે, નજીક' એવો અર્થ ('અપ'થી ઊલટો) બતાવે છે ઉદા૦ ઉપગમન (૨) નામની સાથે 'ગૌણ, ઊતરતુ' એવા અર્થમા ઉદા૦ ઉપકથા, ઉપનામ [ભાગ

ઉપઆનો પુ૦ પોણી પાઈ આનાનો સોળમો

ઉપકથા સ્ત્રી૦ [સં] મુખ્ય કથામા આવતી નાની કથા, આડકથા [સાધનસામગ્રી

ઉપકરણ ન૦ [સં] મદદ કરવી તે (૨)

ઉપકરવું સ૦ ક્રિ૦ [સં ઉપકૃ] ઉપકાર કરવો

ઉપકલા(-ળા) સ્ત્રી૦ [સં.] ગૌણ કળા

ઉપકંઠ વિ૦ [સં] નજીકનુ, પડોશનુ (૨) પુ૦ પડોશ, નજીકનો ભાગ (૩) પરવાડ (૪) ગળાની નજીકનો ભાગ (૫) તળેટી

ઉપકાર પું૦ [સં] ભલુ કરવુ તે, કલ્યાણ (૨) મદદ, મદદાય (૩) પાડ (૪) શણગાર (જેમ કે, હાર તોરણ વગેરેથી કરાતો) [-ચડવો = ઉપકાર કર્યાનો ભાર લાગવો કે હોવો તેનુ ઋણ થવું ભાર ચડવો. -માનવો ઉપકાર કર્યા માટે

ઉપક્રોશ પુ૦ [સં] નિંદા (૨) ઠપકો

ઉપક્ષય પુ૦ [સં] ક્ષીણ થવું તે, ઘટાડો

ઉપક્ષેપ પું૦ [સં] શરૂઆત, ઉલ્લેખ સૂચન (૨) ધમકી (૩) આરંભ

ઉપગતિ સ્ત્રી૦, -મન ન૦ [સં] પાસે જવું-મળવું તે (૨) જ્ઞાન (૩) અંગીકાર; સ્વીકાર

ઉપગા સ્ત્રી૦ [સં] આપેલા વાકની પાસે ને પાસે જતી હોવા છતાં, અમુક નિયત કરેલા અંતર સુધીમા વાકને પહોંચે નહિ એવી લીટી 'ઍસિમ્પ્ટોટ' [ગ]

ઉપગામ ન૦ નાનુ ગામ ગામડું

ઉપગામી વિ૦ [સં] ઉપગમન કરનારું

ઉપગીતિ સ્ત્રી૦ [સં] એક છંદ

ઉપગુણ પુ૦ [સં.] મુખ્ય નહિ એવો ગુણ (૨) [ગ.] 'કોએફિશન્ટ'

ઉપગુરુ પુ૦ [સં.] મદદનીશ ગુરુ – શિક્ષક

ઉપગૂહન ન૦ [સં] આલિંગન

ઉપગ્રહ પુ૦ [સં] મુખ્ય ગ્રહની આસપાસ ફરનારો ચંદ્ર જેવો નાનો ગ્રહ (૨) આકાશમા આવેલા નાના ગ્રહોમાનો દરેક (ધૂમકેતુ, રાહુ કેતુ ઇત્યાદિ ઉપગ્રહો કહેવાય છે)

ઉપઘાત પુ૦ [સં] ઈજા, હાનિ (૨) મારી નાખવુ તે (૩) નાશ

ઉપચક્ર ન૦ [સં] મુખ્ય ચક્રને આધારે ફરતુ નાનું ચક્ર (૨) એક પક્ષી

વિ૰ ઉપચાર કરનાર, ચિકિત્સક (૨) પુ૰ સેવક દાસ -રિકા સ્ત્રી૰ ઉપચારક સ્ત્રી, સેવિકા, દાસી -રી વિ૰ ઉપચારક

ઉપચિત વિ૰ [સં] એકઠું કરેલુ, સચિત (૨) વધેલુ, મોટુ થયેલુ (૩) મજબૂત થયેલુ, નાભિમા વધેલુ

ઉપચિત્ર પુ૰ [સં.] એક છંદ

ઉપચીયમાન વિ૰ [સં] એકઠું થતુ, ભેગુ થતુ, વધતુ [ઓળો

ઉપચ્છાયા સ્ત્રી૰ [સં] ઓળાનો ઓળો, ઝાંખો

ઉપછટ(-ત) સ્ત્રી૰ સાધનોની છત-પુષ્કળતા

ઉપજન પુ૰ [સં] પરિવાર (૨) [વ્યા] ઉમેરો

ઉપજાઉ વિ૰ [જુઓ ઉપજવુ] ઊપજ કરનારુ, ઉત્પાદક (૨) ફળદ્રુપ, રસાળ

ઉપજાતિ પુ૰, સ્ત્રી૰ [સં] એક છંદ

ઉપજાવવુ સ૰ક્રિ૰ 'ઊપજવુ'નુ પ્રેરક, પેદા કરવુ જન્મ આપવો (૨) બનાવવુ. ઊભુ કરવુ, કલ્પવુ -ડા(-રા)વવું સ૰ક્રિ૰(પ્રેરક)

ઉપજિહ્વા સ્ત્રી૰ [સં.] જીભના મૂળ પાસેની નાની જીભ

ઉપજીવ પુ૰ [સં] નાનુ જીવડુ

ઉપજીવક વિ૰ [સં] કોઈની ઉપર જેની આજીવિકા ચાલતી હોય એવુ (૨) પુ૰ આશ્રિત માણસ દાસ [જીવિકા, ગુજરાન

ઉપજીવન ન૰, ઉપજીવિકા સ્ત્રી૰ [સં] આ-

ઉપજીવી વિ૰ (૨) પુ૰ [સં] જુઓ ઉપજીવક

ઉપજ્ઞા સ્ત્રી૰ [સં] સ્વય પ્રેરણાથી થતુ જ્ઞાન

ઉપજ્ઞાન ન૰ [સં] ગૌણ જ્ઞાન, સસારજ્ઞાન

ઉપઝૂલણા પુ૰ એક છંદ

ઉપટણ(-ણું) ન૰ [જુઓ ઉટવણુ] નહાતા પહેલા શરીરે ચોપડવાનુ સુગધી દ્રવ્ય, પીઠી, ઉવટણ

ઉપટામણી સ્ત્રી૰ વેવાઈની આગળ વાચવામા આવતી કન્યાના સગાઓની યાદી (૨) લગ્નનો દસ્તાવેજ, લગ્નખત

ઉપટાવવુ સ૰ક્રિ૰ 'ઊપટવુ'નુ પ્રેરક, ઝાખુ કરવુ (૨) દિલગીર કરવુ [ઉપાડવાનુ મહેનતાણુ

ઉપડાઈ સ્ત્રી૰,-મણ ન૰,-મણી સ્ત્રી૰

ઉપડાવવુ સ૰ક્રિ૰ 'ઉપાડવુ', 'ઊપડવુ'નુ પ્રેરક, ઊપડે-ઉપાડે એમ કરવુ; ઉચકાવવુ (૨) ઉપાડવામા મદદ કરવી

ઉપણાવવું સ૰ક્રિ૰ 'ઊપણવુ'નુ પ્રેરક, ઊપણે એમ કરવુ (૨) ઊપણવામા મદદ કરવી

ઉપણિયુ ન૰ ઊપણવાનુ સાધન-ટોપલો, સૂપડુ જે હોય તે

ઉપતટ પુ૰[સં]ભાઠુ,ઓછા વધઘટવાળો કિનારો

ઉપતાપ પુ૰ [સં] ઉતાપો, દુખ. પીડા

ઉપતંત્રી પુ૰ [સં] મદદનીશ તત્રી

ઉપત્યકા સ્ત્રી૰[સં]તળેટીની-નીચાણની જમીન

ઉપદશ પુ૰[સં] કરડવુ તે, ડખ(૨)એક રોગ, ચાદી [થયેલો હોય તેવુ

ઉપદિષ્ટ વિ૰ [સં] ઉપદેશેલુ (૨) જેને ઉપદેશ

ઉપદેવ પુ૰,૰તા પુ૰, સ્ત્રી૰[સં]ગૌણ-નાનો દેવ (યક્ષ, ગધર્વો, અપ્સરા જેવા)

ઉપદેશ પુ૰ [સં]શિક્ષણ(૨)બોધ, શિખામણ, સલાહ (૩) પાસેનો દેશ ૰ક વિ૰ (૨) પુ૰ ઉપદેશ આપનાર ૰કવિતા સ્ત્રી૰ બોધપ્રધાન કવિતા ૰વું સ૰ક્રિ૰ [સં ઉપદિશ્] ઉપદેશ આપવો-કરવો -શામૃત ન૰ અમૃત જેવો ઉત્તમ ઉપદેશ

ઉપદેષ્ટા પુ૰ [સં] ઉપદેશક, ગુરુ, આચાર્ય

ઉપદ્રવ પુ૰ [સં] પજવણી (૨) ઈજા, પીડા (૩) ત્રાસ,ઉપાધિ (૪)સકટ,આપદા ૰કરે, ૰કારક વિ૰ ઉપદ્રવ કરનારુ -વી વિ૰ ઉપદ્રવકારક

ઉપદ્વીપ પુ૰ [સં] નાનો બેટ [ધાતુ

ઉપધાતુ સ્ત્રી૰[સં]હલકી-ગૌણ ધાતુ(૨)મિશ્ર

ઉપધાન ન૰ [સં] ઓશીકુ, તકિયો

ઉપધાન્ય ન૰[સં]ખડધાન,હલકી જાતનુ અનાજ

ઉપધારણા સ્ત્રી૰ [સં] ચિત્તને એકાગ્ર કરવાનો એક પ્રકાર

ઉપધ્માનીય પું૰ [સં] સસ્કૃત વ્યાકરણ અને વર્ણમાળામા प અને फ ની પૂર્વે આવતો મહાપ્રાણ વિસર્ગ

ઉપનક્ષત્ર ન૰ [સં] સત્તાવીસ મુખ્ય નક્ષત્રો સિવાયનુ કોઈ પણ ગૌણ નક્ષત્ર (એ કુલ ૭૨૯ કહેવાય છે.)

ઉપનગર ન૰ [સં] મુખ્ય નગરનુ પરૂં, 'સબર્બ'

ઉપનય પુ૰[સં]ઉપનયન(૨)ન્યાયના પચાવયવ

વાક્યોમાનું ચોથું – જેમા સાધ્યથી (વહ્નિ) વ્યાપેલું સાધન(ધૂમ)પક્ષ(પર્વત)ઉપર છે એમ બતાવવામા આવે છે. ૦ન ન૦જનોઈ દેવું તે, તેનો સંસ્કાર (૨) જનોઈ [મગ્કરી વગેરેનું)
ઉપનામ ન૦ [સં] બીજું નામ (લાડ, અટક
ઉપનાયક પુ૦[સં]વાર્તા,નાટકાદિમા મુખ્ય નાયક પછીનું બીજું પાત્ર (૨) ઉપપતિ, યાર
ઉપનાયિકા સ્ત્રી૦ [સં] મુખ્ય સ્ત્રીપાત્ર પછીનું બીજું પાત્ર
ઉપનાવવું સ૦ક્રિ૦ 'ઊપનવું'નું પ્રેરક
ઉપનિધિ પુ૦ [સં] થાપણ, આડમા મૂકેલી વસ્તુ
ઉપનિયમ પુ૦ [સં] પેટાનિયમ
ઉપનિવેશ પુ૦[સં]સંસ્થાન,વસાહત 'કૉલોની'
ઉપનિષત્કાર પુ૦ [સં] ઉપનિષદનો કર્તા
ઉપનિષદ સ્ત્રી૦, ન૦ [સં] વેદનો અનુગત ગણાતો અને તેના ગૂઢ અર્થોને સ્પષ્ટ કરતો, બ્રહ્મવિદ્યાનું પ્રતિપાદન કરતો તાત્ત્વિક ગ્રંથ (૨) વેદ-રહસ્ય (૩) બ્રહ્મજ્ઞાન (૪) રહસ્ય ૦કાર પું૦ જુઓ 'ઉપનિષત્કાર' [જવાયેલું
ઉપનીત વિ૦[સં]ઉપનયન પામેલું (૨) પાસે લઈ
ઉપનેત્ર ન૦ [સં] ચશ્મું
ઉપન્યાસ પુ૦ [સં] પાસે – જોડાજોડ મૂકવું તે (૨) ઉપનિધિ (૩) લખાણ, સૂચના, દરખાસ્ત (૪) પ્રસ્તાવના, ઉપોદ્ઘાત (૫) ઉલ્લેખ (૬) બયાન આખ્યાન (૭) નવલકથા
ઉપપતિ પુ૦ [સં] યાર (૨) દિયર
ઉપપત્તિ સ્ત્રી૦ [સં] સાબિતીમા પ્રમાણો અને દાખલા બતાવવા તે (૨) સિદ્ધિ, યુક્તિ (૩) પુરાવો પ્રમાણ (૪) ઉપાય, ઇલાજ સાધન
ઉપપત્ની સ્ત્રી૦ [સં] મુખ્ય નહિ એવી પત્ની (૨) રખાત
ઉપપદ ન૦ [સં] પૂર્વે બોલાયેલો અથવા આગળ મુકાયેલો શબ્દ (૨) સમાસનો પહેલો શબ્દ (૩) ઉપાધિ, અટક ૦સમાસ પુ૦ ધાતુસાધિત શબ્દ – કૃદન્તની સાથે થતો નામનો સમાસ ઉદા૦ કુંભકાર, ઘરભેદુ
ઉપપન્ન વિ૦ [સં] મેળવેલું; પ્રાપ્ત કરેલું (૨) –ની સાથે આવેલું (૩) યોગ્ય સુસંગત (૪) સાબિત — સિદ્ધ થયેલું
ઉપપરિણામ ન૦ [સં] ગૌણ પરિણામ
ઉપપંથ પુ૦ [ઉપ+પંથ] સંપ્રદાયનો ફાંટો (૨) નાનો માર્ગ, કેડી
ઉપપાતક ન૦ [સં] ગૌણ પાપ
ઉપપાદક વિ૦ [સં] ઉપપન્ન કરનાર ૦ત્વ. –ન ન૦ ઉપપન્ન હોવું કે કરવું તે
ઉપપુર ન૦ [સં] ઉપનગર, પરું [પુરાણ
ઉપપુરાણ ન૦[સં] મુખ્ય નહિ એવું – ગૌણ
ઉપપ્રમુખ પુ૦ [સં] મદદનીશ પ્રમુખ
ઉપપ્રશ્ન પુ૦, ન૦ [સં] પ્રશ્ન પરથી નીકળતો પ્રશ્ન (૨) ગૌણ પ્રશ્ન
ઉપપ્રદાન ન૦ [સં] ભેટ, નજરાણું (૨) લાંચ
ઉપપ્લવ પુ૦ [સં] સંકટ, આફત ઉત્પાત (૨) જુલમ, પીડા (૩) ગ્રહણ કરવું તે (૪) [સં] રાહુ ૦કારક વિ૦ ઉપપ્લવ કરે એવું –વી વિ૦ ઉપપ્લવવાળું [આલિંગન
ઉપબર્હણ ન૦ [સં] ઓશીકું (૨) ભેટવું તે
ઉપબાહુ પુ૦ [સં] કોણીથી નીચેનો હાથ
ઉપબૃંહણ ન૦ [સં] વધારો, વધારવું તે
ઉપભાષા સ્ત્રી૦ [સં] મુખ્ય ભાષાનો ગૌણ ભેદ બોલી [માલિક (૩) વારસ
ઉપભોક્તા પુ૦ [સં] ઉપભોગ કરનાર (૨)
ઉપભોગ પુ૦ [સં] ભોગવટો (૨) અનુભવ લહાવો (૩) માણવું – મજા લેવી તે. ૦વું સ૦ ક્રિ૦ [ઉપભોગ પરથી] ઉપભોગ કરવો –ગી વિ૦ ઉપભોગ કરનારું –ગ્ય(–જ્ય) વિ૦ ઉપભોગ કરવા યોગ્ય
ઉપમઠ પુ૦ [સં] મુખ્ય મઠની શાખા
ઉપમર્દ પુ૦ [સં] મર્દન કરવું તે (૨) નાશ ૦ક વિ૦ ઉપમર્દ કરનારું
ઉપમંત્રી પુ૦ [સં] મદદનીશ મંત્રી
ઉપમા સ્ત્રી૦[સં]સરખામણી(૨)મળતાપણું(૩) [કા શા]એક અર્થાલંકાર–જેમા ઉપમેય તથા ઉપમાનભેદ કાયમ રાખીને તેમનો સમાન ધર્મ બતાવવામા આવે છે [–આપવી = સરખાવવું (૨)ઉપમા અલંકાર સાધવો –લેવી = દાખલા તરીકે કહેવું.] ૦ન ન૦ જેની સાથે સરખામણી હોય તે (૨) [ન્યા.] ચાર પ્રમાણોમાનું એક – પ્રસિદ્ધ વસ્તુના સાધર્મ્યથી સાધ્ય સિદ્ધ કરવું તે

**ઉપમાતા** સ્ત્રી૦ [સં] ધાત્ર (૨) અપરમા
**ઉપમિત** વિ૦ [સં] સરખાવેલું, ઉપમાવાળુ **૦સમાસ** પુ૦ પૂર્વપદ ઉપમિત અને ઉત્તરપદ ઉપમાન હોય એવો સમાસ ઉદા૦ નરસિંહ **-તિ** સ્ત્રી૦ ઉપમા, સરખામણી (૨) [ન્યા] ઉપમા અથવા સાદૃશ્યથી વસ્તુ જ્ઞાન
**ઉપમેય** ન૦ [સં] જેને ઉપમા આપવામા આવી હોય તે **-યોપમા** સ્ત્રી૦ જેમા ઉપમેયની ઉપમા ઉપમાન હોય અને ઉપમાનની ઉપમા ઉપમેય હોય એવો અર્થાલંકાર(કા શા)
**ઉપયુક્ત** વિ૦ [સં] બરોબર, છાજતુ યોગ્ય, બંધબેસતુ (૨) ઉપયોગી **૦તા** સ્ત્રી૦ **૦તાવાદ** પુ૦ ઉપયોગી તે જ સારું એવો મત, જાહેર સેવાનો એકમાત્ર હેતુ, વધારેમા વધારે સંખ્યાનુ વધારેમા વધારે ભલુ કરવુ, એવો મત, 'યુટિલિટેરિયેનિઝમ'
**ઉપયોગ** પુ૦ [સં] કામ, વાપર, વપરાશ (૨) ખપ, જરૂરિયાત (૩) (જૈન) ધ્યાન, સાવચેતી [**-લેવો**=ઉપયોગ કરવો, વાપરવુ, ખપ કરવો] **૦વાદ**, **-ગિતાવાદ** પુ૦ જુઓ ઉપયુક્તતાવાદ **-ગિતા** સ્ત્રી૦ ઉપયોગીપણુ **-ગી** વિ૦ ઉપયોગમા આવે તેવુ, ખપનુ કામનુ, સાર્થક
**ઉપર** ન૦ + ઉપરાણુ, વહાર
**ઉપર** અ૦ [प्रा उपरि] પર ઊંચે ઉદા૦ 'ઉપર આકાશ ને નીચે ધરતી' (ક્રિ૦ વિ૦ તરીકે) (૨) સ્થાન કે ક્રમથી જોતા નીચે કે પાછળ નહિ પણ એથી ઊલટુ (નામયોગી અ૦ તરીકે) ઉદા૦ 'ઘર ઉપર' (૩) -ના કરતા વધારે ઉપરાંત ઉદા૦ 'સો ઉપર ખર્ચ થશે' (૪) (-ના કરતા) ચડિયાતુ કે આગળ આવે એમ ઉદા૦ 'વર્ગમા તે ઉપર રહે છે' 'વરમા એનો હાથ ઉપર છે' 'તેનુ સ્થાન ઉપર છે' (૫) અગાઉ પૂર્વે ઉદા૦ 'વેદો હજારો વર્ષ ઉપર લખાયા.' 'ઉપર લખ્યા પ્રમાણે' (૬) (કોઈ ભાવની સાથે શ પ્ર મા) -ની પ્રત્યે ઉદા૦ 'પશુ ઉપર દયા, ક્રોધ, ક્રૂરતા' ઇ૦ 'મારી ઉપર રોફ ન માર, ક્રોધ ન કર' (૭) -ના આધારે, -ને લઈને, -ને કારણે ઉદા૦ 'શા ઉપર આ ફૂદાફૂદ છે?' 'બાપના પૈસા ઉપર તાગડધિન્ના ના કરો' 'એના કહ્યા ઉપર આટલુ બધુ લાગી જાય?' (૮) -ની આડવી, -ને આધારે ઉદા૦ 'ઘર કે માલ ઉપર પૈસા ધીરે છે' (૯) કૃ૦ સાથે આવતા, તે ક્રિયા થયે કે થાય ત્યારે કે ત્યાર પછી કે થાય એટલે ઉદા૦ 'ખબર આવ્યા ઉપર હુ જઈ આવીશ' 'નેતાઓ છૂટ્યા ઉપર કાઈ થાય' 'તેના આવવા ઉપર સભા મુલતવી રાખી' (૧૦) વિષે, બાબતમા ઉદા૦ 'ગાય ઉપર નિબંધ લખો' 'એના વ્યાખ્યાન ઉપર મારે કાઈ કહેવાનુ નથી' (૧૧) -ના કિનારા ઉપર, -ને કિનારે ઉદા૦ 'કાશી ગંગા ઉપર છે' 'તે નદી ઉપર ફરવા ગયો' 'તે તળાવ ઉપર બેઠો છે' (૧૩) -ની લગોલગ ઉદા૦ તેઓ મારામારી ઉપર પહોંચ્યા હવે તે પૂરું થવા ઉપર છે (૧૨) -સપાટી ઉપર (પ્રાય પ્રવાહી સાથે) ઉદા૦ 'મલાઈ ઉપર આવી' 'પડયો તેવો તો ઉપર આવ્યો, પછી ડૂબી ગયો' 'છેવટે તે વાત ઉપર આવી' (૧૪) (સાતમી વિભક્તિનો ભાવ બતાવે છે) તે જગાએ સ્થાને ઉદા૦ 'દુકાન ઉપર કોણ બેસે છે?' 'ઘર ઉપર આવજો'. 'મન ઉપર અસર થઈ' 'કામ ઉપર હોઉ ત્યારે' [**-કરવુ**=આગળ પડતુ -પહેલુ કરવુ, જાહેરાતમા આણવુ, જશ ગાવો (૨) ઉપરાણુ લેવુ **-જવુ**=જાત-સ્વભાવ કે ખાનદાનનુ પોત પ્રકાશવુ નીચે પ્રમાણે શ પ્ર મા આવે છે 'આખર ઉપર ગયો', 'મા બહેન ઉપર ના જા,' 'જાત ઉપર ગયા વગર રહે?' **-થઈને**=ઉપરવટ જઈને, ના કહ્યા છતા, અવગણીને **-નીચે કરવું**=તળેઉપર કરવુ, સેળભેળ કરવુ ઉપરનુ નીચે ને નીચેનુ ઉપર કરવુ **-નીચે થવુ**=આતુરતા કે અધીરાઈથી કે ઉત્કટતાથી વર્તવુ, (કાઈ ને કાઈ કરવા) અધીરુ થવુ, ઊંચુનીચુ થવુ. **-બેસવું**, **-ને ઉપર બેસવુ**=દેખરેખ રાખવાનુ કામ હેવુ (કોઈ માણસ કે કામની), તેનુ ધ્યાન રાખી સભાળવુ **-ને ઉપર રાખવું**=ઉપર કરવુ, નીચુ ન પડવા દેવુ

(૨) લાડ લડાવવા, ખૂબ સભાળવું -પગ મૂકવો=ના માનવુ; અવગણવુ (૨) કચડવું -પડવું=હરીફાઈમા ઊતરવુ, વચ્ચે આવવુ (૨) -ને આશરે જવું, ઓજારૂપ થવુ (૩) રૂપ ગુણ ઇ૦મા મળતુ આવવુ ઉદા૦ 'એ એના બાપ ઉપર પડયો છે.' -રહીને=જાત દેખરેખ તળે, જાણી-બૂજીને (-ઊભું રહીને પણ કહેવાય છે.)] ૦ઉપરથી અ૦ ઊડાણમા ઊતર્યા વિના (૨) માત્ર સપાટી ઉપરથી (૩) સહેજસાજ ૦ઉપરનું વિ૦ ઉપરચોટિયુ. ૦ચોટિયુ.-છલું(-લ્લુ) વિ૦ છીછરુ, ઉપલકિયું. ૦ટપકે અ૦ ઉપર ઉપરથી (૨) ચોપડામા રીતસર લખ્યા વિના. ૦દળ ન૦ જમીનતળ પર કરેલુ બાધકામ ૦થી અ૦ ઉપલે સ્થાનેથી કે સપાટી પરથી (૨) બહારથી, બાહ્યત ('અદરથી'થી ઊલટું) ૦મતું વિ૦ ઉપરવટ કરતા મતવાળુ ૦વટ સ્ત્રી૦ અનધિકાર ઉપરીપણુ દાખવવુ તે (૨) ઉલ્લઘન, અવગણના (૩) વિ૦ વિરુદ્ધ, અવગણતુ (૪) ટપે એવુ, સરસાઈ કરતું. (-જવું, થવું=અવગણીને ચાલવુ) ૦વટણો પુ૦ અલનો બત્તો, વાટવાનો પથ્થર ૦વાસ (-સો) પુ૦ મેડાનો વાસ ૦વાસિયો પુ૦ ભગી [ઉપર ઓઢવાનુ વસ્ત્ર

**ઉપરણી** સ્ત્રી૦ [સ प्रावरण, प्रा पाउरण] ઓઢણી,

**ઉપરણુ** ન૦, -ણો પુ૦ [જુઓ 'ઉપરણી'] ખેસ, પિછોડી, અગવસ્ત્ર

**ઉપરત** વિ૦ [स] વૈરાગી, સસારમાથી જેનું ચિત્ત ઊઠી ગયેલુ છે એવુ (૨) અટકી પડેલુ; શાત (૩) નિર્વેદયુક્ત, કટાળેલુ -તિ સ્ત્રી૦, -મ પુ૦ ઉપરત થવુ તે, ઉપરામ

**ઉપરવટ, ઉપરવટણો** જુઓ 'ઉપર'મા

**ઉપરવાડ** સ્ત્રી૦ [सं उपरि + वाट] ઘર, ફળિયુ કે ગામની નજીકનો ભાગ પરવાડ (૨) ઘરની વાડ-સીમાત દીવાલની બે બાજુનો ભાગ -ડિયો પું૦ ઉપરવાડે રહેનારો, આશ્રિત માણસ (૨) પાસેના ગામની ખેતી કરનાર ખેડૂત

**ઉપરવાસ** અ૦ પવન કે પાણીના વહનની વિરુદ્ધ દિશાએ, ઉપલે ભાગે.

**ઉપરવાસ(-સો),-સિયો** જુઓ 'ઉપર'મા

**ઉપરંગ** પું૦ ગમ્મત [એક, લાગલાગટ

**ઉપરાઉપર, ઉપરાઉ(-છા)પરી** અ૦ એક પછી

**ઉપરાજવું** સ૦ ક્રિ૦ [स उपार्ज्] ઉપાર્જન કરવુ, કમાવુ ['ડુમીનિયન'

**ઉપરાજ્ય** ન૦ [सं] મુખ્ય નહિ એવુ રાજ્ય,

**ઉપરાણું(-ણુ)** ન૦ [हिं उपराला, म उपराळा] પક્ષ લેવો તે, તરફદારી [-લેવું=પક્ષમાં જવુ, તરફદારી કરવી]

**ઉપરામ** પું૦ [स.] ઉપરમ, નિવૃત્તિ (૨) વિરામ, અટકવુ તે (૩) સન્યાસ (૪) મૃત્યુ

**ઉપરામણી** સ્ત્રી૦ ['ઉપર' પરથી] તફાવત; ઠરાવેલી કિંમતથી ઉપરનુ જે હોય તે

**ઉપરાળું** ન૦ જુઓ ઉપરાણુ, તરફદારી

**ઉપ(-પ્)રાંટું** (૦) વિ૦ પાસાભેર એવુ (૨) બાજુ ઉપરનુ, સામેનુ (૩) ઊભુ (૪) અવળુ, ઊધું

**ઉપરાંત** અ૦ [हि, म] વધારે, વિશેષમા (૨) સિવાય, વળી બીજું (૩) પછી, ઉપરથી

**ઉપરિતન** વિ૦ [स] ઉપરનુ ઊચેનુ

**ઉપરી** પુ૦ ['ઉપર' પરથી] ઉપરનો અધિકારી (૨) વિ૦ ઉપરનુ ૦પણુ ન૦

**ઉપ(-પ્)રુ** વિ૦ [स उपरि, प्रा. उप्परि] પાસાભેર (૨) ઊભુ (જેમ કે ખાટલો ઉપરો કરવો)

**ઉપરો(-ર્યુ)ક્ત** વિ૦ [स उपरि + उक्त] ઉપર કહેલુ - જણાવેલુ

**ઉપરૂપક** ન૦ [स] નાટકનો એક પ્રકાર

**ઉપર્યુક્ત** વિ૦ [स] ઉપર કહેલું - જણાવેલુ

**ઉપરોધ** પુ૦ [स] રોકાણ, પ્રતિબધ; વિઘ્ન (૨) ઘેરવુ તે (૩) પીડા, દુખ ૦ક, ૦ધી વિ૦ ઉપરોધવાળુ કે કરે એવુ

**ઉપલ** પુ૦ [सं] પથ્થર; શિલા, ખડક (૨) રત્ન

**ઉપલક** વિ૦ ઉપર ઉપરનુ ઉપરચોટિયુ (૨) ફાલતુ; વધારાનુ (૩) ચોપડામા (કોઈ ખાસ ખાતે) નહિ નોંધેલુ એવુ [-માંડવું, -રાખવું=ખાસ કોઈને ખાતે નોધ્યા કે પાડયા વગર ચોપડામા રકમ લખવી કે ટપકાવી રાખવુ]-કિયુ વિ૦ ઉપર ઉપરનુ, ઉપરચોટિયુ, અસપૂર્ણ

**ઉપલક્ષણ** ન૦ [सं] ચિહ્ન, વિશેષ લક્ષણ (૨) ઇશારત સૂચન (૩) [કા શા] એક અર્થાલકાર,

જેમા વસ્તુના એક ભાગ વડે આખી વસ્તુનો બોધ કરાવાય છે
**ઉપલક્ષિત** વિ૰ [સં] ઉપલક્ષણથી સૂચવાયેલુ
**ઉપલક્ષ્ય** વિ૰ [સ] ઉપલક્ષણ કે અનુમાનથી સમજાય એવુ (૨) ન૰ ટેકો, આશ્રયસ્થાન (૩) અનુમાન
**ઉપલબ્ધ** વિ૰ [સ] મળેલુ, મેળવેલુ (૨) જાણેલુ –બ્ધિ સ્ત્રી૰ પ્રાપ્તિ, લાભ (૨) બોધ, જ્ઞાન
**ઉપલભ્ય** વિ૰ [સ] મેળવી–જાણી શકાય એવુ (૨) માનનીય, સ્તુતિપાત્ર ૦માન વિ૰ મળતુ, પ્રાપ્ત થતુ [એક ઔષધિ, અનતમૂલ
**ઉપલસ(–સા)રી** સ્ત્રી૰ [સ उत्पलसारिका]
**ઉપલાણુ** વિ૰ ઉપરનુ, ઉપરના ભાગનુ, ઊંચેનુ (૨) ન૰ ઉપલો ભાગ અથવા બાજુ –ણું ન૰ જુઓ ઉપલાણ
**ઉપલિયુ** ન૰ એક રોગ ઉટાટિયું
**ઉપલી** સ્ત્રી૰ [સ उपल પરથી] જમીનમા દાટેલી ખાડણી, ખાડણિયો
**ઉપલુ** (લુ,) વિ૰ [हिं उपल्ला] ઉપરનુ (૨) આગળ આવેલુ કે જણાવેલું
**ઉપલેટ** ન૰ એક વનસ્પતિ–ઔષધિ [લીપણ
**ઉપલેપ** પુ૰, ૦ન ન૰ [સ] લેપ કરવો તે (૨)
**ઉપવન** ન૰ [સ] બગીચો, વાડી
**ઉપવસ્ત્ર** ન૰ [સ] અગવસ્ત્ર ખેસ
**ઉપવાત** પુ૰ [સ] પવન, વાયુ
**ઉપવાસ** પુ૰ [સ] વ્રત કે નિયમ તરીકે ન ખાવુ–ઇંદ્રિયોના ભોગનો ત્યાગ કરવો તે (૨) ન ખાવુ તે, અનશન –સી વિ૰ ઉપવાસ કરનાર
**ઉપવિદ્યા** સ્ત્રી૰ [સ] ચૌદ મોટી વિદ્યાઓથી ગૌણ વિદ્યા
**ઉપવિરોધ** પુ૰ [સ] બે નિર્દેશોના અમુક અશ વચ્ચેનો વિરોધ, 'સબ–કોન્ટ્રરી ઑપોઝિશન' ઉદા૰ 'કેટલાક માણસ ડાહ્યા છે, કેટલાક માણસો ડાહ્યા નથી' (ન્યા)
**ઉપવિષ** ન૰ [સ] બનાવટી ઝેર (૨) ઘેનનુ ઓસડ
**ઉપવીત** ન૰ [સ] જનોઈ [**–આપવું, દેવું** = જનોઈ પહેરાવવી, તેનો વિધિ ઉત્સવ કરવો **–પહેરવુ** = જનોઈ ધારણ કરવી, તેનો સસ્કાર થવો કે ગ્રહણ કરવો]
**ઉપવેદ** પું૰ [સ] વેદોમાથી નીકળેલી ગૌણ વિદ્યાઓ, જેવી કે, આયુર્વેદ, ધનુર્વેદ, ગાધર્વવેદ અને સ્થાપત્ય શાસ્ત્ર
**ઉપવેશન** ન૰ [સ] બેસવુ તે, બેઠક
**ઉપશમ** પુ૰, ૦ન ન૰ [સ] શાન્ત પડવુ–વિરામ લેવો તે, શમવુ તે (૨) શાંતિ નિવૃત્તિ (૩) સાંત્વન ૦વું અ૰ક્રિ૰ [સ उपशम्] શાંત–નિવૃત્ત થવુ, અટકવુ
**ઉપશય** પુ૰ [સ] અમુક દવા કે ખોરાકની અસર પરથી કરાતુ નિદાન કે ઉપચાર
**ઉપશાખા** સ્ત્રી૰ [સ૰] મુખ્ય શાખાનો ફાંટો
**ઉપશાસ્ત્ર** ન૰ [સ] મુખ્ય શાસ્ત્ર ઉપરથી બનેલુ ગૌણશાસ્ત્ર [(કામક્રોધાદિનુ) શાંત પડવુ તે,
**ઉપશાંત** વિ૰ [સ] શાન્ત –તિ સ્ત્રી૰ શાન્તિ
**ઉપશિક્ષક** પુ૰ [સ] મદદનીશ શિક્ષક
**ઉપશ્રુતિ** સ્ત્રી૰ [સ.] સાભળવુ–કાન માડવા તે (૨) જ્યા સુધી સભળાય તે અતર (૩) એક અલૌકિક વાણી–વનદેવતાની ભવિષ્યસૂચક વાણી (૪) વચન, સ્વીકારનુ વચન
**ઉપસમિતિ** સ્ત્રી૰ [સ] પેટા સમિતિ
**ઉપસર્ગ** પુ૰ [સ] રોગ, માદગી (૨) આફત, ઈતિ (૩) અપશુકન, મરણચિહ્ન (૪) દેવ અને મનુષ્ય વગેરે તરફની કનડગત (જૈન) (૫) [વ્યા] ધાતુઓ કે ધાતુ ઉપરથી બનેલા નામોની આગળ જોડાતો તથા તેમના મૂળ અર્થમા વિશેષતા આણતો શબ્દ કે અવ્યય (પ્ર, પરા, અપ, સમ્, અનુ, અવ, નિસ્ અથવા નિર્, દુસ્ અથવા દુર્, વિ, આ, નિ, અધિ, અપિ, અતિ, સુ, ઉત–દ્, અભિ, પ્રતિ, પરિ, ઉપ)
**ઉપસંગ્રહ** પુ૰ [સ] ખુશ રાખવુ–અનુમોદન આપવુ તે (૨) માન આપવુ તે (૩) લેવુ–સ્વીકારવુ — સઘરવુ તે [દીક્ષા
**ઉપસંપદ(–દા)** સ્ત્રી૰ [સ] બૌદ્ધ ભિક્ષુ થવાની
**ઉપસંહાર** પુ૰ [સ] એકત્ર કરવું તે (૨) સારાશ (૩) ટૂકામા આટોપી લેવુ તે
**ઉપસાગર** પું૰ [સ] પહોળા મુખનો અખાત
**ઉપસાટ** પુ૰ [ઊપસવુ] ઊપસવુ તે (૨) સોજો (૩) ફુલાવો
**ઉપસાવવુ** સ૰ક્રિ૰ 'ઊપસવુ'નુ પ્રેરક

ઉપસિદ્ધાંત પું૦[સં] મુખ્ય સિદ્ધાંતમાંથી સીધી રીતે ફલિત થતો સિદ્ધાંત, 'કોરોલરી'
ઉપસ્કર પું૦[સં] સામગ્રી,સાહિત્ય(૨)વરખટકો (૩)સભાગ, મસાલો (૪)શણગાર, વગેરે (૫) ઠપકો (૬) મારવું-ઈજા કરવી તે ૦ણ ન૦ ભૂષણ-શણગાર સજવા તે (૨) મારવું-ઈજા કરવી તે (૩) સંગ્રહ (૪) વિકાર, ફેરફાર (૫) અધ્યાહાર (૬) ઠપકો
ઉપસ્કાર પું૦[સં] પૂર્તિ, પુરવણી (૨)વગેરે (૩) જુઓ ઉપસ્કરણ અર્થ ૧,૩,૫
ઉપસ્ત્રી સ્ત્રી૦ [સં] રખાત
ઉપસ્તિન પું૦ [સં] અનુચર, સેવક
ઉપસ્થ ન૦[સં]પુરુષ અથવા સ્ત્રીની ગુહ્યેન્દ્રિય ૦પાયુ પું૦ ગુદા
ઉપસ્થાન ન૦ [સં.] દેવની સન્મુખ પૂજા માટે મંત્ર કે સ્તુતિ બોલતા ઊભા રહેવું તે, ઉપાસના, સેવા (૨) અભિવંદન, નમસ્કાર (૩) રહેઠાણ
ઉપસ્થિત વિ૦[સં] નજીક ઊભેલું, હાજર, રજૂ (૨)આવી પડેલું (૩) બનેલું (૪) જ્ઞાત, પ્રાપ્ત -તિ સ્ત્રી૦ ઉપસ્થિત હોવું તે [સ્મૃતિ
ઉપસ્મૃતિ સ્ત્રી૦[સં] મુખ્ય નહિ એવી-ગૌણ
ઉપહત વિ૦[સં]ઈજા પામેલું,નષ્ટ(૨)ભ્રષ્ટ,અશુદ્ધ
ઉપહસનીય વિ૦ [સં] ઉપહાસને પાત્ર
ઉપહાર પું૦[સં] ભેટ, બક્ષિસ (૨) પૂજાનો સામાન (૩) લવાજમ
ઉપહાસ પું૦[સં] મશ્કરી, ઠેકડી ૦ચિત્ર ન૦ ઉપહાસ કરવા દોરાતું ચિત્ર નર્મચિત્ર -સાસ્પદ વિ૦ (૨) ન૦ ઉપહાસ કરવા જેવું -સ્ય વિ૦ ઉપહસનીય
ઉપહિત વિ૦ [સં] ઉપાધિવાળું (વેદાન્ત)
ઉપાકર્મ ન૦[સં.] ચોમાસામાં વેદોનું પારાયણ આરંભતાં પહેલાં કરવાની એક ક્રિયા
ઉપાખ્યાન ન૦[સં] નાનું આખ્યાન
ઉપાઘ્રાણ ન૦ [સં] સૂંઘવું કે ચૂમવું તે
ઉપાચાર્ય પું૦ [સં] મદદનીશ આચાર્ય
ઉપાડ,-ડો પું૦ [ઉપાડવું] ઉપસાટ; સોજો (૨) ભરાઉપણું (૩)જુસ્સો, આવેશ(૪)આરંભ (૫) કોશિશ,પ્રયત્ન(૬)મૂકેલા નાણામાંથી પાછું લેવું તે;પાછી લીધેલી રકમ (૭)ખપત,ઉઠાવ, માગ.
ઉપાડવું સ૦ક્રિ૦ [સં उत्पात् પ્રા उप्पाड] 'ઊપડવું'નું પ્રેરક,ઊંચું કરવું-ઉઠાવવું,નીચેથી ઉપર લેવું(૨)માથે લેવું,વહોરવું (૩)મૂળમાંથી ખેંચી કાઢવું(૪)નાણાં મૂકેલાં હોય ત્યાંથી લેવાં (૫)ચોરી કરવી(૬)શરૂ કરવું માંડવું ઉપારાવવું સ૦ક્રિ૦(પ્રેરક) ઉપાડાવું અ૦ક્રિ૦(કર્મણિ)
ઉપાડો પું૦ જુઓ ઉપાડ (૨) ઝાડના ઝાંખરાંનો વાઢીને કરેલો જથો
ઉપાત્ત વિ૦ [સં] પ્રાપ્ત (૨) ગૃહીત સ્વીકૃત
ઉપાદાન ન૦[સં] અંગીકાર સ્વીકાર(૨)કારણ, સમવાયી કારણ (૩) જેમાંથી કોઈ પણ વસ્તુ બનાવાઈ હોય તે દ્રવ્ય ૦કારણ ન૦ સમવાયી કારણ ૦લક્ષણા સ્ત્રી૦ એક અર્થાલંકાર અજહલ્લક્ષણા (કા શા)
ઉપાદેય વિ૦[સં]લઈ શકાય એવું(૨) સ્વીકાર્ય (૩)પસંદ કરવાનું (૪) ઉત્તમ,વખાણવા જેવું
ઉપાધિ સ્ત્રી૦ [સં] પીડા, આપદા (૨) જંજાળ પંચાત ચિંતા (૩) ચિહ્ન, સંજ્ઞા (૪) ખાસ લક્ષણ, ગુણધર્મ (૫) પદવી. 'ડિગ્રી' (૬) ખિતાબ, ઇલકાબ (૭) અટક, ઉપનામ. [-મા આવવું, આવી પડવું,=પીડા કે પંચાતની દશા થવી -માં પડવું=પીડા કે પંચાતમાં ફસાવું કે તે માથે વહોરવી -વળગવી= ઉપાધિમાં ફસાવું]
ઉપાધ્યક્ષ વિ૦ [સં] ઉપપ્રમુખ
ઉપાધ્યાપક પું૦ [સં] મદદનીશ અધ્યાપક
ઉપાધ્યાય [સં]. ઉપાધ્યો + પું૦ શિક્ષક અધ્યાપક (૨) પુરોહિત, ગોર (૩) બ્રાહ્મણોની એક અટક
ઉપાન ન૦ [સં. उपानह्] પગરખું, જોડો
ઉપાય પું૦ [સં] ઇલાજ, યુક્તિ(૨)સાધન રસ્તો (૩) ચિકિત્સા, ઉપચાર, પ્રયોગ (૪) આરંભ શરૂઆત [-ચાલવો=ઉપાય કાવવો કે સફળ થવો -લેવો=ઉપાય કરવો-અખતિયાર કરવો] [(૨) કમાઈ
ઉપાર્જન ન૦,-ના સ્ત્રી૦[સં] મેળવવું તે, પ્રાપ્તિ
ઉપાર્જિત વિ૦[સં]મેળવેલું(૨)વારસામાં મળેલું
ઉપાર્જવું સ૦ક્રિ૦[સં उपार्ज्]કમાવું(૨)મેળવવું
ઉપાલંભ પું૦ [સં] ઠપકો

**ઉરાઉર** અ૦ ['ઉર' પરથી] (કા) શ્વાસભેર, પૂરપાટ
**ઉરાઉરી** સ્ત્રી૦ + હરીફાઈ
**ઉરાડવું** સ૦ક્રિ૦ [જુઓ ઊડવું] 'ઊડવું'નું પ્રેરક, જુઓ ઉડાડવું **ઉરાડાવવું** સ૦ક્રિ૦ ઉડાડાવવું **ઉરાડાવું** અ૦ ક્રિ૦ (કર્મણિ)
**ઉરાંગઉટાંગ** પું૦ [इ ओरॅन्ग-उटॅन्ग मूग मलय] ઊભો ચાલી શકે તેવો એક જાતનો વાનરો
**ઉરિયાલ** ન૦ એક જાતનું ઘેટું
**ઉરુ** વિ૦ [स] વિશાળ (૨) મોટું (૩) ઊંચું (૪) ઉમદા કીમતી ૦ચક્ષા વિ૦ સ્ત્રી૦ વિશાળ ચક્ષુવાળી
**ઉરૂબરૂ** અ૦ + જુઓ રૂબરૂ સન્મુખ
**ઉરેક-બખડી** સ્ત્રી૦ વણાટની રેખાથી ત્રાંસુ વેતરીને કરતા એક પ્રકારના સીવણવાળી બખડી
**ઉરોગામી** વિ૦ [स] પેટે ચાલતું (૨) ન૦ પેટે ચાલતું પ્રાણી (સર્પાદિ)
**ઉરોગ્રહ ઉરોઘાત** પું૦ [स] છાતીનો એક રોગ
**ઉરોજ** પું૦, ન૦ [स] જુઓ ઉરજ (ઉર'માં)
**ઉરોદેશ** પું૦ [सं] પેટની ઉપરના ખાડાનો ભાગ
**ઉરોનલ** પું૦ [स] ઉરોદેશ આગળના શરીરની નળી
**ઉરોભાગ** પું૦ [स] ઉરોદેશ
**ઉરોવંશ** પું૦ [स] છાતીનો ભાગ
**ઉરોસ્થિ** ન૦ [स] છાતીનું હાડકું
**ઉર્ણ** ન૦ [सं] જુઓ ઊર્ણ ૦નાભ પું૦ કરોળિયો
**ઉર્દૂ** સ્ત્રી૦ [तुर्की] ઉત્તર હિંદની એક ભાષા કે તેની લિપિ
**ઉર્ફે** (-ફે) અ૦ [अ] ઉરફે
**ઉર્વશી** સ્ત્રી૦ [स] (સં) સ્વર્ગની એક અપ્સરા
**ઉર્વારુ** સ્ત્રી૦ [स.] એક જાતની કાકડી
**ઉર્વી** સ્ત્રી૦ [स] પૃથ્વી (૨) જમીન
**ઉર્સ** ન૦ [अ] જુઓ ઉરસ [ગુલાટ
**ઉલગુલાંટ** સ્ત્રી૦ [स उद्+गुलांट] ગુલાટ અવળી
**ઉલટાણી** સ્ત્રી૦ ચામડિયાનું એક ઓજાર
**ઉલટાવવું** સ૦ક્રિ૦ 'ઊલટવું'નું પ્રેરક
**ઉલ(-લે)મા** પું૦ [अ] ઇસ્લામી પંડિત-શાસ્ત્રી
**ઉલસાવવું** સ૦ક્રિ૦ 'ઊલસવું'નું પ્રેરક
**ઉલળાવવું** (લ') સ૦ક્રિ૦ 'ઊલળવું'નું પ્રેરક
**ઉલ(-લ્લ)વવું** સ૦ક્રિ૦ [स उल्लङ्] ઓળંગવું ઉપર થઈને જવું, પાર કરવું (૨) અનાદર કરવો
**ઉલ(-લ્લ)ઘાવું** અ૦ક્રિ૦, -ઘવું સ૦ક્રિ૦ (કર્મણિ ને પ્રેરક)
**ઉલભડો** પું૦ [स. उपालम्भ] ઠપકો મહેણું
**ઉલાણું** (લા') વિ૦ પાછળના ભાગમાં વધારે વજનવાળું [જુઓ ઉલાળ]
**ઉલાળ** (લા') વિ૦ [જુઓ ઊલળવું] ઊલળતું (૨) પું૦ ગાડા ઇત્યાદિના પાછળના ભાગમાં વધારે વજન હોવું તે [-પડવો=વાહનને પાછળ વધારે પડતું વજન થવું કે લાગવું ઉલાળે પડવું = પાછળથી કાંઈ અડચણ આવવાથી (કામ) અટકી જવું, બંધ થવું] ૦વું સ૦ક્રિ૦ ઊલળવું નું પ્રેરક, ઊલળે એમ કરવું (૨) ઉછાળવું (૩) અધવચ મૂકી દેવું (૪) બંધ કરવું, દેવાળું કાઢવું [-ળાવવું સ૦ક્રિ૦(પ્રેરક) -ળાવું અ૦ક્રિ૦(કર્મણિ)] -ળાકૂંચી સ્ત્રી૦ બારણાનો ઉલાળો ઊંચો કરવાની કૂંચી-આંકડી -ળિયું ન૦ ઉલાળવું તે [ઉલાળિયું કરવું=વચ્ચેથી બંધ કરવું, દેવાળું કાઢવું] -ળિયો પું૦ ઉલાળવું તે (૨) જુઓ ઉલાળો (૩) સ્ત્રીઓનું એક ઘરેણું (કા) (૪) દેવાળું કાઢવું તે (૫) વિનાશ [-કરવો=જુઓ 'ઉલાળિયું કરવું']
**ઉલાળો** (લા') પું૦ [ઊલળવું] ઊભો આગળો (જૂની ઢબનો લાકડાનો હોય છે તે) (૨) [प्रा उल्लाल=એક છંદ] કાવ્યના અંતનું વલણ ઊથલો (૩) ઉછાળો, ઊભરો [-પાડવો=ઉલાળો નીચો કરવો (બારણું વાસવું) ઉલાળાથી તાળું બંધ કરવું -ખેંચવો=બારણું ઉઘાડવા ઉલાળો ઊંચો કરવો]
**ઉલાંચો** પું૦ આંચકો ધક્કો
**ઉલાટ** સ્ત્રી૦ ઊલટાઈ જવું -ગુલાટ ખાવી તે ૦ગુલાટ સ્ત્રી૦ ગોટીમડું (૨) એક રમત
**ઉલૂક** પું૦ ન૦ [स] ઘુવડ
**ઉલબલ** પું૦ જુઓ ઊખળ [એક પત્ની
**ઉલૂપી** સ્ત્રી૦ [स] (સં) એક નાગકન્યા, અર્જુનની
**ઉલેખે** અ૦ અલેખે, નકામ [ચિતરવો જન

**ઉશ્કેરવું** સ૦ક્રિ૰[રવ 'હુશ'+કરવું ?]આવેશમાં આવે એમ કરવું, ઉત્તેજિત કરવું (૨)ભંભેરવું, ચડાવવું -ણ ન૦,-ણી સ્ત્રી૦ ઉશ્કેરવું તે

**ઉશ્કેરાટ** પુ૦આવેશ,ઉશ્કેરણી -વવું સ૦ક્રિ૦, -વું અ૦ક્રિ૦ 'ઉશ્કેરવું'નું પ્રેરક અને કર્મણિ

**ઉશ્વાસ** પુ૦ + જુઓ ઉચ્છ્વાસ

**ઉષ** ન૦ [सं] ઉષા ૦બુર્ધ વિ૦ [सं.] મળસકે વહેલું ઊઠનારુ. -ષ કાલ(-ળ) પુ૦ ઉષા-મળસકાનો સમય -ષ:કાલીન વિ૦ઉષ કાળનું -ને લાગતું -ષા સ્ત્રી૦ પરોઢ (૨)મળસકાનું અજવાળું (૩) સારી જમીન(૪)(સં ) ઓખા (૫) એક વૈદિક દેવતા

**ઉષીર** ન૦ [सं] ઉશીર જુઓ

**ઉષ્ટ્ર** ન૦ [सं]ઊંટ -ષ્ટ્રિકા,-ષ્ટ્રી સ્ત્રી૦ ઊંટડી

**ઉષ્ણ** વિ૦ [सं] ગરમ ૦કટિબંધ પુ૦ વિષુવવૃત્તથી ૨૩½ અંશ ઉત્તર અને ૨૩½ અંશ દક્ષિણ વચ્ચેનો ભાગ ૦તા સ્ત્રી૦ગરમી, ઊનાપણું ૦તાનય ન૦ ગરમી વહન કરવાની ક્રિયા ૦તામાન ન૦ ઉષ્ણમાન ૦તામાપક વિ૦ ઉષ્ણતા માપનારું (૨) ન૦ તેવું યંત્ર ૦તાવહન ન૦ગરમી વહનકરવી તે ૦તાવાહક વિ૦(૨)પું૦ ગરમી વહન કરનાર ૦તાવાહી વિ૦ ઉષ્ણતાવાહક ૦ત્વ ન૦ ૦માન ન૦ ગરમીનું માપ, 'ટેમ્પરેચર' -ષ્ણાંશુ પુ૦ સૂર્ય -ષ્ણોદક ન૦ઉષ્ણ પાણી -ષ્ણૌષધિ (-ધી) સ્ત્રી૦ ગરમી આપે એવી દવા

**ઉષ્મા** સ્ત્રી૦ [सं] ગરમી (૨) હૂંફ (૩) વરાળ ૦અક્ષર પુ૦ (વ્યા )શ, ષ, સ, ને હ એમાંનો કોઈ પણ વ્યંજન ૦ભેદ્ય વિ૦ પ્રકાશમાન ગરમી વહન કરવાના ગુણવાળું ૦માન ન૦ ઉષ્ણમાન ૦માપકયંત્ર ન૦ ઉષ્મા માપનારુ યંત્ર -ષ્માંક પુ૦ ગરમીનો આંક, 'કૅલરી'

**ઉસપાવવું** સ૦ક્રિ૦ 'ઊસપવું'નું પ્રેરક

**ઉસરડવું** સ૦ક્રિ૦એકઠું કરવું (૨)કચરો(દૂર કરવા કે ફેંકી દેવા માટે, જેમ કે ગંદકી, એંઠવાડ ઇ૦)વાળી ઝૂડીને એકઠું કરવું **ઉસરડાવવું** સ૦ ક્રિ૦ (પ્રેરક) **ઉસરડાવું** અ૦ક્રિ૦(કર્મણિ)

**ઉસરડો** પું૦ ઉસરડીને એકઠી કરેલી વસ્તુ (૨) કચરપાણ

**ઉસરણ** ન૦ ['ઓસરવું' પરથી] ઘટાડો

**ઉસરાવવું** સ૦ક્રિ૦ 'ઊસરવું'નું પ્રેરક

**ઉસવણ(-ણું)**ન૦ ઊસનું - ખારવાળું પાણી

**ઉસાર** પુ૦+જુઓ ઓસાર, ઓથ (૨)કઠવાનો અવકાશ

**ઉસારવું** સ૦ ક્રિ૦ [सं उत्सृ, प्रा उस्सार] ઉપાડવું(૨)ઘસીને ઉસરડી લેવું **ઉસારાવવું** સ૦ક્રિ૦(પ્રેરક) **ઉસારાવું** અ૦ક્રિ૦(કર્મણિ)

**ઉસાસ** પુ૦[सं उच्छ्वास, प्रा उस्सास] ઊંડો શ્વાસ

**ઉસેટવું** સ૦ ક્રિ૦ જુઓ ઉશેટવું, ફેંકી દેવું **ઉસેટાવવું** સ૦ક્રિ૦(પ્રેરક) **ઉસેટાવું** અ૦ ક્રિ૦ (કર્મણિ) ભેગું કરી લેવું

**ઉસેડવું, ઉસેડાવું, -વવું** જુઓ ઉસરડવું ઉસરડાવું,-વવું ભેગું કરી [ખારેલું પાણી

**ઉસેવણ** ન૦ જુઓ ઉસવણ, ઉસેવવા માટેનું

**ઉસેવવું** સ૦ ક્રિ૦ સૂતર અથવા રેશમને રંગ ચડાવવા માટે પહેલાં ઊસના - ખારવાળા ઉનાગામાં બોળી રાખવું (૨)બાફ આપવો ચોવું (૩)સેવવું,પરિશીલન કરવું **ઉસેવાવવું** સ૦ક્રિ૦ (પ્રેરક) **ઉસેવાવું** અ૦ક્રિ૦ (કર્મણિ)

**ઉસ્તવાર** વિ૦ [अ उस्तुवार]જબરુ(૨)ખાતી-ચનું (૩) દૃઢ -રી સ્ત્રી૦ મજબૂતી,કૌવત (૨) દૃઢતા (૩) [સર૦ म ](સુ ) આવજત, ઉપચાર

**ઉસ્તાદ** વિ૦[फा ] કાબેલ,પહોંચેલું (૨)પું૦ ગુરુ (૩) વિદ્યાગુરુ, આચાર્ય, તજ્જ્ઞ -દી વિ૦ ઉસ્તાદની ઢબનું (૨) સ્ત્રી૦ ઉસ્તાદપણું, કાબેલિયત (૩)ચાલાકી, યુક્તિપ્રયુક્તિ કરવાની હોશિયારી

**ઉળૂખળો** પુ૦ [सं उलूखल] ખાંડણિયો

**ઉકાર** પુ૦ 'ઉ' અક્ષર કે ઉચ્ચાર

**ઉંદર** પુ૦ [सं उंदुर, प्रा ] ઊંદર [ઉંદરને ઉચાળો શો ?=જેને ઘરબાર નથી તેને ચિંતા શી ? 'નાગો નહાય શું ને નિચોવે શું ?' -બિલાડી જેવું હોવું,-નો મેળ કે સંબંધ હોવો=આદવેર હોવું, સાપ નોળિયા પેઠે કુદરતી વેર હોવું] ૦ડિયું , ૦કણી સ્ત્રી૦ ઉંદરિયું ૦ક(-કા)-ની, ૦કરણી [सं कर्णी] સ્ત્રી૦ એક વનસ્પતિ ૦ડી સ્ત્રી૦ ઉંદરની માદા

(૨) નાનો ઉંદર ૦ડો પું૦ નર ઉંદર (૨) મોટો ઉંદર ૦વાઈ સ્ત્રી૦, -રિયું ન૦ ઉંદર પકડવાનું પિંજરું ૦મૂખ= ઢેખરિયો

ઉંબોટિયો પું૦ (કા) પહેરેલા લૂગડાની પેટુ ઉપર વાળેલી ગાંઠ

ઉંબર(-રો) પું૦ [સં उदुंबर, પ્રા उंबर] એક ઝાડ, ઉમરડો (૨) [જુઓ ઊમર] ઘરનો ઉમરો -રી સ્ત્રી૦ ઉમરડો -રું ન૦ ઉમરડું

ઉંબી સ્ત્રી૦ [દે] ઘઉં, જવ ઇત્યાદિ ધાન્યનું ડૂંડું

ઉંમર, ૦દરાજ, ૦લાયક જુઓ 'ઉમર'માં

# ઊ

ઊ પું૦ [સં] વર્ણમાળાનો છઠ્ઠો અક્ષર ૦કાર પું૦ ઊ અક્ષર અથવા ઉચ્ચાર ૦કારાંત વિ૦ છેડે ઊકારવાળું

ઊક(-ગ,-પ)ટો પું૦ દૂખતી આંખની એક દવા

ઊકડુ વિ૦ [સં उत्कुट(-टु)क, પ્રા. उक्कुडुय,-य] (-ડું) જુઓ ઉભડક અધૂકડું

ઊકડો પું૦ [દે उक्कंडा, उक्कोटा=લાંચ પરથી?] વરસૂદ, વર્ષાસન (રોજની રાતબ કે સોનું વરસે ચૂકતે કરવાનો બ દોબસ્ત)

ઊકણવું અ૦ક્રિ૦ (કા) નાસી જવું

ઊકત વિ૦ તૈયાર, હાજર (૨) (કા) ઉમર લાયક વિવાહને યોગ્ય

ઊકલવું અ૦ક્રિ૦ [સં उत्कल्? દે उक्केल्ला-विय=ખોલાયેલું] ગાંઠી કે ગૂંચગાંઠનું ખૂલવું, ગૂંચગાંઠ વિનાનું -સરળ કે સીધું બનવું (૨) (અક્ષરો કે લખેલું) વંચાવું વાચી શકાવું (૩) સીધું ઊતરવું - પાર પડવું, આટોપાવું, સધાવું [(૨) ગુસ્સે થવું

ઊકળવું અ૦ક્રિ૦ [સં उत्कल?] ગરમ થવું

ઊખડવું અ૦ક્રિ [જુઓ ઉખાડવું] (વળગેલું કે ચોટેલું હોય ત્યાંથી) છૂટું પડવું, જુદું થવું (૨) જડમૂળથી નીકળી જવું (૩) [લા] વઠી જવું. [ઊખડી પડવું=ઊખળવું, ગુસ્સે થઈ જવું, લડી પડવું ઊખડી જવું=સાફ થઈ જવું, પાયમાલ થવું, બેહાલ કે દુર્દશા થવી]

ઊખડી સ્ત્રી૦ [જુઓ ઊખળી] લાકડાનો ખલ (૨) જુઓ ઊખર, ખારાટવાળી જમીન

ઊખડેલ વિ૦ [જુઓ ઊખડવું] વઠેલ

ઊખત (કા), -ર સ્ત્રી૦ નવાઈ, આશ્ચર્ય

ઊખર વિ૦ [સં ऊषर] ખારાટવાળું (૨) સ્ત્રી૦ જેમાં કાંઈ પાક નહીં એવી જમીન, ખારાટવાળી જમીન

ઊખળ(-ળી-ળું) ન૦ [સં उलूखल, પ્રા. उक्खल, उक्खल] ખાડણિયો (૨) ચાર બળદવાળા ગાડાના બે આગળના બળદનું ધૂંસરું

ઊખળવું અ૦ક્રિ૦ [સં उत्कल्?] વળનું ઊકલી જવું, ઊખળવું (૨) ઊકળવું, ગુસ્સામાં બોલવું

ઊખળી સ્ત્રી૦, -ળું ન૦ જુઓ ઊખળ

ઊખળો પું૦ [જુઓ ઊખળ] ખાડણિયો (૨) ઊંચા વધવાના ગુણનો-ઉછાર છોકરો

ઊગટ સ્ત્રી૦ ઊભેલા ગાડી-ગાડાના પૈડાની આગળપાછળ મુકાતું અટકણ (૨) ઉગટણું; પીઠી કે તે ચોળવાની ક્રિયા [જુઓ ઊકટો

ઊગટો પું૦ (કા) ઘોડાના તંગની વાધરી (૨)

ઊગમ પું૦ [જુઓ ઉગમ] ઊગવું તે (૨) મૂળ, ઉદ્ભવસ્થાન (૩) શરૂઆત

ઊગમદાસ્ત વિ૦ ખંતીલું (૨) કામગરું -તી સ્ત્રી૦ ખંત, ચીવટ

ઊગર સ્ત્રી૦ [ઊગરવું] ઉગાર બચાવ (૨) બચત. ૦વું અ૦ક્રિ૦ [પ્રા उव्वर?] બચવું (૨) બાકી રહેવું -રાવું અ૦ક્રિ૦ (ભાવે)

ઊગવવું સ૦ક્રિ૦ ઊગે એમ કરવું

ઊગવું અ૦ક્રિ૦ [સં उद्गम्, પ્રા उग्ग] આગળ અંકુર થવા, વધવું ફૂટવું (બીજમાંથી) (૨) ઉદય થવો (જેમ કે સૂરજ, ચંદ્ર) (૩) (મનમાં) સ્ફુરવું-ઉત્પન્ન થવું (૪) [લા] ફળદાયી થવું, પરિણામરૂપે નીપજવું. [ઊગતા સૂરજને પૂજવું=ચડતીના પક્ષમાં રહેવું, તેની ખુશામત કરવી; સત્તાની બાજુએ જવાની વૃત્તિ રાખવી ઊગતાં જ આથમવું= નાનપણમાં (કે ઉદય થવામાં હોય તેવામાં) મરી જવું. ઊગવું તેવું આથમવું=સવારથી સાંજ સુધીમાં કશી ખાસ સ્થિતિ ન દરશે જેવા ને તેવા (કંગાલ) રહેવું (દુખ કે અસ્થિર

બતાવામા પ્રયોગ થાય છે) ઊગ્યા આથ મ્યાની ખબર = શુ બને છે તેની – દુનિયાની ખબર કે સમજ યા ભાન. સામાન્ય સમજ ]

ઊઘડ વિ૦ [ઊઘડવું] ઉઘાડું, સ્પષ્ટ (૨) ન૦ સ્પષ્ટીકરણ, વિવરણ

ઊઘડવું અ૦ક્રિ૦ [स उद्‌घट्, प्रा उग्घड] ઉઘાડું થવું, ખૂલવું (જેમ કે બારણું, શાળા, મકાન, પેટી, વાસણ; [લા] વાત, રહસ્ય, પાપ ઇ૦) (૨) ખીલવું, પ્રફુલ્લ થવું (જેમ કે, ફૂલ, કળી ઇ૦, [લા.] નસીબ) (૩) સાફ – સ્પષ્ટ થવું, નીકળવું (જેમ કે, રંગ, આકાશ ઇ૦) (૪) અર્થ સરવો, કલ્યાણ થવું (જેમ કે, એમા તારું શું ઊઘડ્યું ?) (૫) નવેસર ઊઘડવું (જેમ કે, નિશાળ ઊઘડી)

ઊઘડું વિ૦ ઊઘડ, ઉઘાડું

ઊઘરું વિ૦ [स उद्‌गृह, प्रा उग्घर = સંન્યાસી] ઘર કર્યા વિનાનું, કુંવારું

ઊઘલવું અ૦ક્રિ૦ છલકાવું (૨) પરણવા (વરઘોડામા) નીકળવું (૩) [કટાક્ષમા] ફજેત થવું

ઊચક અ૦ [જુઓ ઉચ્ચક] ઊધડું

ઊચકવું સ૦ક્રિ૦ [स उच्च + कृ ? म उचकणे, हि उचकना] ઊચું કરવું, માથે લેવું (૨) [લા] ઠપકો આપવો, વમકાવવું ઊચકાવું અ૦ક્રિ૦ (કર્મણિ)

ઊચકી સ્ત્રી૦ વાધણી, હેડકી

ઊચકું વિ૦ ઉછીનું લીધેલું (૨) નાદાર

ઊચકો પું૦ ઉચ્ચક લીધેલી – આપેલી રકમ

ઊચક્કો પુ૦ [हि उचक्का, म उचक्या] પારકા માલ ઉપર ચોરની નજર રાખનારો આદમી (૨) ઠગ, બદમાશ માણસ (૩) છકેલો માણસ

ઊચડવું સ૦ક્રિ૦ [જુઓ ઊચેડવું] ઉખાડવું ઊચડાવું અ૦ક્રિ૦(કર્મણિ)

ઊચણવું સ૦ક્રિ૦ છૂટું કરીને ગોઠવવું (રેશમના તાર ઇત્યાદિ)

ઊચણાવું અ૦ક્રિ૦ 'ઊચણવું'નુ કર્મણિ

ઊચભૂચ અ૦ જુઓ અચબૂચ

ઊચરવું સ૦ક્રિ૦ [स उच्चर्] ઉચ્ચારવું, બોલવું ઊચરાવું અ૦ક્રિ૦ (કર્મણિ)

ઊચલ(–ળ)વું સ૦ક્રિ૦ [स. उच्चल्] ઉપાડવું (૨) ઉચાળો લઈ જતા રહેવું ઊચલા(–ળા)વું અ૦ક્રિ૦ (કર્મણિ)

ઊચલાઊચલ(–લી) સ્ત્રી૦ ઊચકાઊચકી (૨) દોડાદોડી (૩) અશાંતિ [ક્રિ૦ (કર્મણિ)

ઊચવવું સ૦ક્રિ૦ ધીરવું, આપવું ઊચવાવું અ૦

ઊચળવું, ઊચળાવું સ૦ક્રિ૦ જુઓ ઊચલવું

ઊચી જવું અ૦ક્રિ૦ (ઢોર) વસૂકવું, દૂધ દેતું બંધ થવું [શક્તિ

ઊછરભાવ પુ૦ ઊછરવાની – વૃદ્ધિ પામવાની

ઊછરવું અ૦ક્રિ૦ [જુઓ ઉછેરવું] પાલનપોષણ ને સંભાળથી મોટા થવું ઊછરાવું (કર્મણિ)

ઊછરેલ પાછરેલ, ઊછર્યું પાછર્યું વિ૦ ઊછરીને મોટું થયેલું (બાળમરણમાંથી બચીને)

ઊછળવું અ૦ક્રિ૦ [स उत् + शल् प्रा उच्छल] ઊંચે જવું – ફેંકાવું (૨) ઉછાળો મારવો (૩) છલંગ મારવી, કૂદવું (૪) પૂરે હાથે વપરાવું (લાકડી, તલવાર, વસ્તુ ઇત્યાદિનું) (૫) ખૂબ વધી જવું (જેમ કે ભાવ) (૬) કોઈ જોશ કે આવેશમા આવવું, મિજાજ – ગુસ્સો કરવો ઉદા૦ 'શું જોઈને આમ ઊછળતો હશે?' 'એ તેના પર બહુ ઊછળ્યો.' [ઊછળી ભાંગવું = વગર વિચાર્યે કૂદી પડવું – સાહસ કરી બેસવું, હાથે કરીને નુકસાનમા પડવું ]

ઊછળાવું અ૦ક્રિ૦ 'ઊછળવું'નું ભાવે

ઊછિયો પુ૦ ઉછીની લીધેલી રકમ કે ઉછીની વસ્તુઓની ભરી આપવાની કિંમત

ઊજડ વિ૦ જુઓ ઉજ્જડ, વેરાન ૦નોમ સ્ત્રી૦ અષાડ સુદ ૯ [ ઉજ્જડ થવું

ઊજડાવું અ૦ક્રિ૦ [જુઓ 'ઊજડ', ઉજાડવું]

ઊજડું ન૦ ઉજરડું, ભળભાખળું પ્રભાત

ઊજમ પુ૦ [स उद्यम, प्रा उज्जम] હોંશ, ઉમંગ (૨) + ઉદ્યમ [ઉમંગમા આવવું

ઊજમાવું અ૦ક્રિ૦[જુઓ ઊજમ] ઊજમમા –

ઊજ(–ઝ)રવું અ૦ક્રિ૦ (કા) જુઓ ઊછરવું

ઊજવવું સ૦ક્રિ૦ [प्रा उज्जवण = ઉદ્યાપન] (વ્રતનું) ઉદ્યાપન કરવું (૨) ઉત્સવ કરવો, કોઈ પ્રસંગ વિધિસર પૂરો કરવો (જેમ કે, લગ્ન, જન્મતિથિ ઇ૦) (૩) ફજેત કરવું (કટાક્ષમા)

ઊજવાવું અ૰ક્રિ૰ 'ઊજવવું'નું (કર્મણિ)

ઊજવું અ૰ક્રિ૰ દોડવું (કા)

ઊજળું વિ૰ [स उज्ज्वल, प्रा. उज्जल] ધોળું (૨) ચકચકતું, તેજસ્વી (૩) ચોખ્ખું, નિષ્કલંક, નિર્મળ (૪) ઊંચ વર્ણનું ઉજળિયાત (૫) રીતભાતે સુઘડ (૬) પૈસેટકે સુખી સારું રૂડું [ઊજળા પગનું, ઊજળા પગલાંનું = જેને આવ્યે ભાગ્ય ઊઘડે એવું શુકનિયાળ (૨) (વ્યંગ્યમાં) અપશુકનિયાળ ઊજળું કરવું = ઉજાળવું દીપાવવું (૨) (વ્યંગ્યમાં) કાળું કરવું, બેઆબરૂ કરવું ઊજળું વાળવું = ડાઘો કાઢવો ઊજળે લૂગડે (આવવું) = નિષ્કલંક–આબરૂભેર, બદનામી વગર (આવવું) ઊજળાં લૂગડાં, કપડાં = શુદ્ધ સારી આબરૂ (જેમ કે, ઊજળે લૂગડે ફરો તો પણ જાળવજો, ઊજળે લૂગડે ડાઘ લાગે] ૰કટ, ૰કટાક, ૰બગ, ૰બગ જેવું વિ૰ એકદમ ઊજળું –ળાઈ સ્ત્રી૰ ઉજાશ ઉજ્જ્વળતા (૨) સ્વચ્છતા (૩) સંસ્કારિતા (૪) પૈસેટકે સુખી હોવાનો દેખાવ –ળાટ પું૰, –ળામણું સ્ત્રી૰ ન૰, –ળાશ સ્ત્રી૰ ઊજળાપણું

ઊઝરવું અ૰ક્રિ૰ (કા) જુઓ ઊજરવું

ઊઝવવું સ૰ક્રિ૰ [सं उज्झ्] ત્યાગ કરવો, છોડવું ઉદા૰ 'તેણે ભણવાનું ઊઝવ્યું છે'

ઊટ(–ડ)કવું સ૰ક્રિ૰ માંજવું, અજવાળવું ઊટ(–ડ)કાવું અ૰ક્રિ૰ (કર્મણિ)

ઊટણું ન૰ જુઓ ઉપટણું, ઉવટણું

ઊટવાવું અ૰ક્રિ૰ [स उद्वृत्, प्रा उव्वट्ट] (ઊટણું) ચોળાવું

ઊટોફૂટો પું૰ ['ફૂટો'નું દ્વિત્વ] અનાજને ખાંડયા, ઝાટકયા પછી રહેલાં કોતર

ઊઠ(–ઠું) વિ૰ [स अर्धचतुर्थ, प्रा अद्धुट्ठ? (हिं हुठ–ठा) के स आवृत्ति? म औंट] સાડાત્રણગણું

ઊઠબેસ સ્ત્રી૰ ઊઠવું અને બેસવું તે (૨) એવી કસરત અથવા શિક્ષા (૩) વારે વારે ઊઠવું અને બેસવું તે (અજંપાથી કે અકળામણથી)

ઊઠવું અ૰ક્રિ૰ [स उत्था, प्रा उट्ठ] ઊભા થવું (૨) જાગવું અને પથારી છોડી ઊભા થવું (૩) જાગવું, સાવધ થવું, તૈયાર કે ખડું થવું (૪) એકાએક ઓચિંતું ખડું થવું, આવી લાગવું બનવું (જેમ કે, બંડ, બૂમ, દરદ, અગન, સણકો, કોલ્લો વગેરે) (૫) પૂરું કરીને ઊભા થવું (જેમ કે, સભા, અદાલત, પંગત, મંડળી ઇ૰) (૬) ખીલવું, બરાબર ઊઘડવું, સ્પષ્ટપણે પરિણમવું (જેમ કે, છાપ, રંગ, સોળ, ભરત ભરવાથી ભાત, દિલમાં ભાવ વગેરે) (૭) (જીવનમાં) નીવડવું, નીકળવું (જેમ કે, છોકરો ખરાબ ઊઠ્યો) (૮) (દિલ) ઊતરી જવું, રાગ કે પ્રેમ જતો રહેવો (૯) (દી કે દિવસ સાથે) જુઓ તે શબ્દમાં [ઊઠતાં બેસતાં અ૰ હરદમ, બધો વખત ઊઠ પહાણા પગ પર = હાથે કરીને — જાતે પોતાનું બગાડવું, પોતે જ પોતાના પગ ભાંગવા ઊઠી ચાલવું = મરી જવું ઊઠી જવું = ચાલ્યું જવું, જતું રહેવું (૨) નિશાળ છોડવી (૩) દેવાળું કાઢવું, પાયમાલ થવું (૪) મરી જવું ઊઠીને બેઠું થવું = મંદવાડમાંથી – ખાટલામાંથી ઊઠવું, સાજું થવું (રૂા )ની ઊ૰ થી = તેટલા રૂા નું નુકસાન થવું ]

ઊઠવેઠ સ્ત્રી૰ [म उठाठ(–ठे)व] સેવાચાકરીમાં આલપાલનો હાજર ને હાજર રહેવામાં પડતો શ્રમ (૨) વેઠરૂપ શ્રમ

ઊઠાં ન૰બ૰વ૰ [જુઓ ઊઠ] સાડાત્રણના ગુણાકારવાળા ઘડિયા [–ભણાવવાં, ભણાવવાં = રમાડી જવું, ભરમાવવું, છેતરવું ] [પતંગ

ઊડ સ્ત્રી૰ [ઊડવું] ઊડવાની શક્તિ–ગતિ ૰ઈ સ્ત્રી૰

ઊડકવું, ઊડકાવું અ૰ જુઓ ઊટકવું

ઊડણ વિ૰ [ઊડવું] ઊડે એવું (૨) ચેપી ૰ખાટલી સ્ત્રી૰ ઊડે એવી ખાટલી, બલૂન ૰ખિસકોલી સ્ત્રી૰ ઊડતી ખિસકોલી ૰ઘો સ્ત્રી૰ ચંદનઘો ૰ઘોડો પું૰ ઉડાણઘોડો ૰દંડ પું૰ ઊડી શકે એવી જાદુઈ લાકડી ૰દાવ પું૰ કુસ્તીનો એક દાવ ૰પાવડી સ્ત્રી૰ (કા) જે પહેરવાથી ઉડાય એવી જાદુઈ પાવડી ૰માછલી સ્ત્રી૰ ઊડતી માછલી ૰રોગ પું૰ ઊડતો–ચેપી રોગ ૰શીહ સ્ત્રી૰ જુઓ ઉડાનશીહ

ઊડઝૂડ અ૰ [ઊડવું + ઝૂડવું?] ઊંધું ઘાલીને, આડું અવળું, વિવેકવિચાર વિના –ડિયું વિ૰ ઊડઝૂડ થતું કે કરનારું

ઊડમૂડ અ૰ એકાએક, છાનુંમાનું [વિના

ઊડસૂડ અ૰ (કા) ભાન રાખ્યા વિના, ખબર આપ્યા

**ઊડવું** અ૦ક્રિ૦ [स उड्डी] હવામા અધ્ધર જવુ (૨) જોરથી ચાલવુ દોડવું(જેમ કે ઘોડો પવનવેગે ઊડ્યો ) (૩) જવુ, ભાગવુ, નાસી જવું (જેમ કે, અત્યારે તે ક્યા ઊડ્યો છે? ઊંઘ ઊડવી = ઊઘ પૂરી થવી) (૪) ફીકુ પડવુ અને જતુ રહેવુ (રગ ઇત્યાદિ) (૫) ખપી જવુ (વસ્તુ માલ ઇત્યાદિ) (૬) કલ્પનામા ચગવુ, ગગનવિહાર કરવો (૭)(વાત, ગપ, ખબર ઇ૦) ફેલાવુ, પ્રસરવું (૮) (તલવાર, લાઠી, બંદૂક, તોપ, ઇ૦ હથિયાર) હવામા બરોબર ચગવુ, વપરાવુ (૯) ચેપ ફેલાવો (જેમ કે આખે શરીરે ચેપ ઊડવો), રોગ ફેલાવો (૧૦) ચડી આવવુ; ધસી જવુ, લડવા કૂદી પડવું (જેમ કે, તેનો શો વાક કે તેના પર તમે ઊડ્યા?) (૧૧) (તકરાર અધ્યાહાર રહીને સ્ત્રી૦મા) ઊડવી = તકરાર કે લડાઈ થવી, વાધો પડવો. (૧૨) (પરીક્ષામા) નાપાસ થવુ [**ઊડતા કાગ પાડે એવું** = 'વડના વાદરા ઉતારે એવુ', ગમે તેમ કરીને પહોચી વળે એવુ. ચકોર, દાવપેચ-વાળું કે યુક્તિબાજ (૨) તોફાની, ઉધમાતિયુ, ખૂબ ચચળ ને અટકચાળુ. **ઊડતાં પક્ષી (પંખી) ઝાલવાં** = ગમે તેમ કરીને કામ પાર પાડવું, પહોચી વળવું **ઊડતી અલ્લા** (થવી, વળગવી) = ઊલટી સામેથી પીડા(આવી પડવી) **ઊડતો રોગ** = ઊડણ–ચેપી રોગ **ઊડીને આંખે બાઝવું** = એકદમ સુંદર લાગવુ. **ઊડી જવું** = અદૃશ્ય થવું, હવામા જતુ રહેવુ (ગધ, દારૂ, કપૂર, પરી, સ્વપ્ન, વાત ઇ૦)(૨)(ઢોર) વસૂકી–ઊચી જવુ **ઊડી પડવું** = લડી પડવું, સામસામે આવી જવુ ]

**ઊડાઊડ(–ડી)** સ્ત્રી૦ ઉપરાછાપરી ઊડવુ તે(૨) દોડાદોડ, ઘણી જ ઉતાવળ (૩) અવ્યવસ્થા; અધાધૂધી, ચિનાભર્યો કાળ કે ગાળો

**ઊડિયા**, સ્ત્રી૦[स औड्र, प्रा उड्डिअ] ઉત્કલની –ઓરિસાની ભાષા, ઉત્કલી

**ઊડી** સ્ત્રી૦ [म उडी] મલખભની એક કસરત

**ઊડેલ(–લું)** વિ૦ ચંચળવૃત્તિનુ(૨)ફાટેલુ, વંઠેલુ (૩) ઢોર પણ ન ખાય એવુ બગડેલુ

**ઊઢ** વિ૦ [स] પરણેલુ (૨) લઈ જવાયેલુ (૩) પુ૦ પરણેલો માણસ **–ઢા** વિ૦સ્ત્રી૦ પરણેલી

**ઊઢણ** ન૦ જુઓ ઉઢાણ

**ઊણ** વિ૦ [स. ऊन] ઊણું (૨) સ્ત્રી૦ ઊણપ **૦પ(–મ)** સ્ત્રી૦ ઓછપ, ખોટ (૨) અપૂર્ણતા (૩) ખોડ **૦વું** સ૦ક્રિ૦ વણાટમા ઊણુ હોય તે પૂરવુ. તૂણવુ **–ણાપણું** ન૦ ઊણા હોવુ તે **–ણા પેટનું** વિ૦ વાત પેટમા ન રાખી શકે એવુ **–ણાશ** સ્ત્રી૦ ઊણાપણુ **–ણું** વિ૦ ઓછુ ભરાયેલુ, અપૂર્ણ, ખૂટતું, કમી

**ઊતડવું** સ૦ક્રિ૦ જુઓ ઉતરડવુ **ઊતડાવું** અ૦ક્રિ૦ (કર્મણિ)

**ઊતરચડ** સ્ત્રી૦ [ ઊતરવુ + ચડવુ ] ઊતરવુ અને ચડવું તે, ચડઊતર

**ઊતરતી ભાંજણી** સ્ત્રી૦ ગણિતની એક રીત, ભારે કિમતની સખ્યાને ઓછી કિમતની સખ્યાનુ રૂપ આપવાની રીત

**ઊતરતી શ્રેઢી** સ્ત્રી૦ ગણિતની એક રીત, જે હારમા એક પછી એક ઊતરતી સંખ્યાની રકમો મુકાય તે

**ઊતરવું** અ૦ક્રિ૦ [स अवतॄ, उद्+तॄ, प्रा उत्तर] ઉપર કે ઊંચેથી નીચે આવવુ [स. अवतॄ] (૨) [स. उद्+तॄ] બહાર આવવુ, નીકળવુ (જેમ કે વાહનમાથી, ગાડીએથી ઊતરવુ; સ્ટેશને ઊતરવુ ઇ૦) (૩) પાર કરવુ, ઓળગવુ (નદી, પૂલ ઇ૦) (૪) નીચે આવવુ, કમી થવુ, ઘટવુ (જેમ કે, વસ્તુના ભાવ) (૫) (આવેશ, અસર, નશો, દર્દ, ભાવ, લાગણી ઇ૦) ઓછુ થવુ કે શમવુ (જેમ કે, ઝેર, તાવ ક્રોધ, મોહ, માગુ ઇ૦) (૬) (ગુણ, સ્થિતિ, સ્વભાવમા) ઘટવુ, ઓછું નીવડવુ, બગડવુ (જેમ કે, ઊતરેલી કેરી ઊતરતી કળા, વેળા 'વખત જતાં દવાનો ગુણ ઊતરે' ભોગમા પડી તે માણસ ઊતરવા લાગ્યો ) (૭) (તોલમા) આવી રહેવુ, બરોબર થવુ ('શેરના ૭ રીગણ ઊતર્યા') (૮) થવુ, નીપજવુ, ફળ તરીકે હાથ આવવુ – મળવુ (જેમ કે, પાક ઊતરવો, 'આ આબે ૧૦ મણ કેરી ઊતરી' 'મણ કપાસમાથી ૧૨ શેર રૂ ઊતર્યું.' 'પૂરી,

જલેબી, માલપૂઆ હવે ઊતરવા લાગ્યાં છે' ઇ૦)(૯) ઉતારો કે મુકામ કરવો (જેમ કે તેઓ બાગમા ઊતર્યા) (૧૦) બરાબર આબેહૂબ થવું, બનવું, આલેખાવું, વટાવું, પાર પડવું (જેમ કે નકલ, છબી, ચૂડો, ઘડો ઇ૦નો ઘાટ, 'આ કામ ઠીક ના ઊતર્યું.') (૧૧) (રમત, સ્પર્ધા, ઝઘડો, નાટક, લડાઈ ઇ૦મા) સામેલ થવું, ભાગ ભજવવો (૧૨) (કોઈ અંગ કે હાડકું) પોતાને સ્થાનેથી ઊતરવું–ચળવું (૧૩) (ગ્રહ કે દશા) -ની અસર (માઠી) જવી, -નો યોગ પૂરો થવો (જેમ કે પનોતી ઊતરી; 'હવે બુધની દશા ઊતરશે') (૧૪) (મો) ફીકું પડવું, વિલાવું (૧૫) (રંગ) ફીકો પડવો, ઊડવો, ધોવાથી નીકળવો (જેમ કે, કપડાનો રંગ ઊતરે છે, જો જો બીજાને ન લાગે) (૧૬) (મન, હૃદય, ધ્યાનમા) બરાબર જવું, સમજાવું, ગમવું, ઠસવું (૧૭) (વાળ માટે) ખરી પડવું, નીકળી જવું [ઊતરતાં પાણી = વળતા પાણી, ઘટનો જતો જોગ, જોસ, ઉતરતી (૨) ઘડપણ ઊતરી જવું = સડી કે બગડી જવું (૨) બરોબર ઊતરવું ('જવું' ક્રિ૦ સાથે આવતા આ સામાન્ય અર્થ છે જુઓ ઊતરવું) ઊતરી પડવું = ઝટ ઊતરવું ('પડવું' સાથે 'ઊતરવું'નો સામાન્ય અર્થ) (૨) ઊડવું, ઊખડી પડવું, ગુસ્સે થઈ લડવા તૈયાર થવું, વઢવું, ઠપકો આપવો ઊતરેલું વિ૦ વાપરમાથી દૂર કરાયેલું (જેમ કે કપડું), 'સેકન્ડ-હેન્ડ' ('ઊતરવું'ના ભૂ૦ કૃ૦ ના સામાન્ય અર્થો માટે તે ક્રિ૦ જુઓ) [('ઊતરવું'નું ભાવે)

**ઊતરાવું** અ૦ ક્રિ૦ ઊતરવાની ક્રિયા થવી

**ઊતરી** સ્ત્રી૦ ગળાનું એક ઘરેણું (૨) વિ૦ કોમળ (સ્વર)

**ઊતર્યુંપાતર્યું** વિ૦ ઊતરેલું, વપરાઈ રહેલું

**ઊતવું** અ૦ ક્રિ૦ પાણી કે હવા લાગવાથી (લાકડું) વાંકુંચૂકું થવું

**ઊતણું** વિ૦ [સ ઉદ્+તલ?] ઊંડું નહિ એવું છીછરું [આડે માર્ગે જવું

**ઊથરવું** અ૦ક્રિ૦ ઉચ્છેદાવું (૨) ટિચાવું (૩)

**ઊથમીછરું** ન૦ એક ઔષધિ

**ઊથમું** વિ૦–ઉત્તમ

**ઊથલ** વિ૦ [દે ઉત્થલિઅ] અસ્થિર, ઊથલેલું

**૦પાથલ** વિ૦ [દે ઉત્થલ્લ પત્થલ્લા] ઊંધુંચત્તું (૨) સ્ત્રી૦ ઊંધુંચત્તું થવું તે, પરિવર્તન ૦ભે વિ૦ભયથી ઊથલેલું–અસ્થિર.૦(–લા)વું અ૦ક્રિ૦ ઊંચા થઈને પડવું, ઊંધુંચત્તું–ઉપરતળે થવું, ઊંધું કે ઊલટું થવું

**ઊથલો** પું૦ [દે ઉત્થલ્લા] ઊંચા થતા થઈને બીજી બાજુ પર પડવું તે (૨) ગયેલો મંદવાડ પાછો આવે તે (૩) વલણ (કાવ્યમા) (૪) સામો જવાબ [–ખાવો = ઊથલવું, ઊથલાઈ પડવું (૨) માંદગીમાથી ઊઠી પાછા પટકાવું –મારવો = ઉથલાવવું (૨) પલટો ખાવો, ઊથલી પડવું, જુઓ ઊથલો ખાવો –વાળવો = સામો જવાબ આપવો ]

**ઊથો** પું૦ (ગ્રા) કોહવાણ, સળો

**ઊથોફૂથો** પું૦ [દ્વિત્વ?] નાની મોટી કચુંબર (૨) નકામી મહેનતનું પરચૂરણ કામ

**ઊદકવું** અ૦ક્રિ૦ [હિં, સ ઉદ્દ્ચ?] + ફૂદવું(પ)

**ઊદબત્તી** સ્ત્રી૦ જુઓ ઉદબત્તી, અગરબત્તી

**ઊદું** વિ૦ [અ. ઊદ, હિં ઊદા, મ ઉદી] ભૂરું, ભૂખરા પડતું

**ઊધ** સ્ત્રી૦ [દે ઉદ્ધિ] ઊધ (ગાડાનો) ધોરિયો

**ઊધઈ** સ્ત્રી૦ જુઓ ઉધેઈ

**ઊધડ** વિ૦ [જુઓ ઉધ્ધડ] ભાવતાલ કે વજન કર્યા વગર એમનું એમ આપેલું –રાખેલું કે અંદાજે ઠરાવેલું (જેમ કે, ઊધડ ભાવ, માપ, ખરીદી) –ડું વિ૦ ઊધડ (૨) ન૦ જુઓ ઉધડો [ઊધડું લેવું = ખૂબ વઢવું, સખત ઠપકો આપવો] –ડો પું૦ ઊધડ કામ

**ઊધરવું** અ૦ક્રિ૦ (સુ) ઊછરવું, મોટું થવું

**ઊધર(–રા)વું** અ૦ક્રિ૦ ઉધાર ખાતે લખાવું (૨) દૂર થવું, ટળવું (૩) જુઓ ઉદ્ધરવું

**ઊધળવું** અ૦ક્રિ૦ નાસી જવું, પોબારા ગણી જવા (યાર સાથે) (જેમ કે, ઊધળી જવું)

**ઊન** વિ૦ [સં] ઊણું (૨) ઊણપવાળું ૦તા સ્ત્રી૦ જુઓ ઊણપ ૦મ સ્ત્રી૦ જુઓ ઊણપ ૦માસિક વિ૦ મહિનો પૂરો ન

થયો હોય ત્યાર પહેલા કરવાનું હોય એવું. ૦માસીસો પું૦મૂએલાના માસીસા પહેલાંની કરવાની એક ક્રિયા

ઊન સ્ત્રી૦,ન૦[સં. ऊर्ण, प्रा. उण्ण] ઘેટાના વાળ –નોત્સાર પું૦ ઊન કાપી લેવું તે

ઊનડ વિ૦ [म उनाड](કા.)રખડતું (૨) કામચોર (૩) લુચ્ચું [જુઓ 'ઊન'[म]મા

ઊનતા(–મ), ઊનમાસિક, ઊન-માસીસો

ઊનવા (ન') પું૦ [ઊનુ+વા–उष्णवात ?] એક મૂત્રરોગ [(૨) ઝૂરવું

ઊનવાવું (ન) અ૦ ક્રિ૦ ઊના શ્વાસ નાખવા

ઊનું (નું') વિ૦ [सं. उष्ण, प्रा उण्ह] ગરમ, તપેલું અડકે દઝાવાય એવું (૨) તાવભર્યું [ઊની આંચ (આવવી, લાગવી)=દાઝવું પડે એવો–કશું નુકસાન, ભય, જોખમ કે બેઆબરૂ કરે તેવો પ્રસગ યા વેળા ઊની વરાળ કાઢવી=હૈયાની બળતરા બહાર જણાવવી, પોતાનું દુઃખ રડવું, દિલની દાઝ કાઢવા બોલવું ઊનું ખાવું=આપકમાઈનું ખાવું ઊનું લોહી=નવો જુસ્સો, નવજુવાનીનું જોમ, ઉત્સાહ ઇ૦. ઊનો વા વાવો=જુઓ 'ઊની આચ . .']–નાઈ સ્ત્રી૦ ઊનું હોવું તે, ઉષ્ણતા

ઊપજ સ્ત્રી૦[ઊપજવું]પેદાશ(૨)આવક,મળતર (૩) નફો ૦નીપજ સ્ત્રી૦ ઉત્પન્ન અને વૃદ્ધિ (૨) પેદાશ (૩)ચોખ્ખી આવક ૦વેરો પું૦ આવકવેરો. ૦વું અ૦ ક્રિ૦ [सं उत्पद्, प्रा उप्पज्ज] ઉત્પન્ન થવું, પેદા થવું, જનમવું (૨) નીપજવું, નીવડવું (૩) મળવું, સધાવું, મળતર કે આવક થવી (૪) કિંમત તરીકે મળવું (જેમ કે, 'આ પેન વેચો તો ૫૦ ઊપજે એમ છે') (૫) સાધી શકાવું, ચલણ હોવું (જેમ કે, 'ઘરમા એનું કાંઈ ઊપજતું નથી')

ઊપટ સ્ત્રી૦ નાણાંનો ઉપાડ, દેવું (૨) જુઓ ઊગટ, ઉપટણું

ઊપટવું અ૦ ક્રિ૦ ઝાંખું પડી જવું

ઊપટો પું૦ જુઓ ઊકટો

ઊપડવું અ૦ ક્રિ૦ [सं उत्पत्, प्रा. उप्पड] ઊપસવું, ઊંચું થવું (૨)ઊંચકાવું (૩) પ્રયાણ કરવું; નીકળવું; ચાલવા માંડવું: જવું (૪) એકાએક શરૂ થવું (દુઃખ, રોગ ઇત્યાદિનું) (૫) ચોગવું, ઉપાડાવું (૬) નાણાં ઉપાડાવાં,ઉપાડ થવો (૭) ખપવું, વેચાવું (જેમ કે,'હમણાં ખાદી ખૂબ ઊપડે છે.') (૮) (એકાએક, ઓચિંતું) શરૂ થવું, ચાલવું (જેમ કે હમણાં શાળાના કામ ઘણાં ઊપડયાં છે ) (૯) એકદમ તત્પર થવું, ધસવું, કૂદી પડવું (ઉદા તે એને મારવા ઊપડયો [ઊપડતીને એણે ગાળ દીધી ઊપડતાંને થપ્પડ મારી=ઓચિંતી એકદમ) ઊપડતા ઘાટ=ઊપસેલો, ઊંડેલો ઘાટ ]

ઊપણવું સ૦ક્રિ૦ [सं उत्-पू, प्रा उप्पण] (અનાજને) પવન નાખી ચોખ્ખું કરવું

ઊપણાવું અ૦ ક્રિ૦ 'ઊપણવું'નું કર્મણિ

ઊપણું(–ણું) ન૦ ખાટલાના માથા અથવા પાગથ આગળનું લાકડું

ઊપનવું અ૦ ક્રિ૦ [सं उत्पन्न, प्रा उप्पण्ण પરથી ?] ઉત્પન્ન થવું (૨) જન્મવું (પ)

ઊપસ(–સા)વું અ૦ક્રિ૦[म उपसणे, उमसणे? सं उत्सृप्, प्रा उस्सप्पण ? ] બહાર નીકળવું ઊંચું થવું (૨) ફૂલવું (૩) સોજો આવવો

ઊપળું ન૦ જુઓ ઊપણું

ઊફણવું અ૦ક્રિ૦ [म उफणणे, प्रा. उप्फण ? के दे उप्फुण्ण ? ] (ઝાડ, છોડ ઇ૦) ફૂલવું વધવું (૨) મનમાં ફૂલવું ઊફણાવું અ૦ક્રિ૦ ઊફણવાની ક્રિયા થવી (ભાવે)

ઊફરું વિ૦ જુઓ ઉપ(–ફ)રું

ઊબ સ્ત્રી૦ [જુઓ ઉબાવું] સૂગ ઉબાટ

ઊબક સ્ત્રી૦,–કો પું૦[म उबक, हिं उबकाना] બકારી, ઊલટી થવાનો ઉછાળો

ઊબટ (–ટું) વિ૦ [म उबट] ઉબાઈ– બગડી ગયેલું (૨) ખોરું

ઊબડ મં'કાંત વળી જવી=બગડી જવું, ખરાબ થવું, પાયમાલ થવું

ઊબડું વિ૦ [वि उबुड] અધૂકડું, અધ્ધર બેઠેલું ઉભડક (૨) (સું) ઊંધું [–રહીને=વાંકું વળીને, જખ મારીને, પોતાની મેળે જ ઠેકાણે આવીને–સમજીને ગરજે]

ઊબવું અ૦ ક્રિ૦ જુઓ ઉબાવું, ઊબ લાગવી

-બળ પુ૦ [ઉદ્ + વળ ?] ઊલટો વળ

ઊબ(-ભ)ળવું અ૦ ક્રિ૦ (વળવું) ઊકળી જવું (૨) (રજ વળ્યા પછી અથવા મટવા આવ્યા પછી) ફરી ઊપડવું, ઊથલો ખાવો

ઊભ,૦ટ વિ૦ જગત ઊંચું હોય એવું ઊભું

ઊભડ પુ૦ મજૂર, દહાડિયો (૨) અસ્થિરવાસવાળો આદમી ૦ભૈયું વિ૦ અસ્થિર; નક્કી કર્યા વિનાનું ૦વેરો પુ૦ બિનખેડૂત ઉપર લેવાતો કર

ઊભડું વિ૦ જુઓ ઊભું

ઊભણી સ્ત્રી૦ [જુઓ ઊભવું] ઘરના પરથારથી મેડા લગીની ઊંચાઈ (૨) ઘરનો પરથાર, ઘરની બેસણી

ઊભર(-રા)વું અ૦ ક્રિ૦ [हिं उभड(-र)ना, म उमरणे, स उद्भृ ?] ગરમીના જોશથી ઊંચે આવીને બહાર નીકળવું (૨) ન માવાથી બહાર આવવું—છલકાવું (જુસ્સો બહુ ઊભરાઈ જાય છે) (૩) અતિ મોટી સંખ્યામાં ટોળે વળવું

ઊભરો પુ૦ ઉભરાણ, ઊભરાવું તે (૨) લાગણીનો ઉછાળો [-આવવો, ચડવો=ઊભરાવું (વસ્તુ કે લાગણી માટે) -કાઢવો, -ઠાલવવો=મનની લાગણીનો જુસ્સો બહાર કાઢવો, મનમાં ઊભરાતી લાગણીને બહાર કહેવી -બેસવો, શમવો = ઊભરાતું અટકવું (૨) મનનો ઊભરો ઠંડો પડવો ]

ઊભવું અ૦ક્રિ૦ [स ऊर्ध्व,प्रा उब्भ=ઊંચું - ઊભું કરવું] ઊભા રહેવું - થવું, ખડું થવું, પગ ઉપર ઊઠવું (૨) થભવું (૩) ટકવું, સામે ઊભા રહેવું - ટક્કર ઝીલવી

ઊભળવું અ૦ક્રિ૦ જુઓ ઊબળવું

ઊભાઊભ સ્ત્રી૦ ઊભા ને ઊભા રહેવું તે (૨) અ૦ બેઠા વિના, નિરાંત વિના; ઊભા ઊભા (૩) ઝપાટામાં [એક જેલશિક્ષા

ઊભાખેડી સ્ત્રી૦ ઊભા જ રહેવું પડે એવી બેડી,

ઊભું વિ૦ [स ऊर्ध्व, प्रा उब्भ] ઊભેલું (૨) થભેલું, થોભેલું, ચાલતું બંધ થયેલું (જેમ કે ગાડી ઊભી છે) (૩) ટટાર, સીધું (૪) સીધા-એકદમ બહુ ઢાળના ચડાણવાળું (જેમ કે ઊભી ભેખડ) (૫) અપૂર્ણ, ચાલુ, આગળ ચાલવાની કે પૂરું થવાની વાટ જોતું કે પૂરું કરવાનું બાકી (જેમ કે, આ કામ તો હજી ઊભું છે: ઊભો પાક=લણવાનો બાકી-ખેતરમાં ઊભેલો પાક) (૬) સીધું, આખું એક લાંબા પટમાં પડેલું (ઊભો રસ્તો. ઊભે બગડે બે લગાવવી જોઈએ) (૭) હયાત મોજૂદ (ઊભો ધણી) (૮) સપાટીને લંબ દિશાએ આવેલું (જેમ કે ઊભી લીટી ઊલટું - આડી લીટી) [ઊભા હાડકાનું=કામમાં હાડકાં ન વાળે એવું, કામનું કાચું ઊભી આબરૂએ= આબરૂભેર, આબરૂ જોખમાયા વિના ઊભી પૂંછડીએ નાસવું=જોરથી (બીકના માર્યા) ભાગવું જીવ લઈને નાસવું (શરીરમાં) ઊભી વાટ પડવી = આખું શરીર મોઢેથી ગુદા સુધી પ્રાણસંચાર માટે એક સીધો રસ્તો બનવો,-મરણની દશામાં આવવું ઊભું કરવું=ખડું કરવું, તૈયાર કરવું, બનાવવું, ઘડવું, ઉપજાવવું, વગેરે (પ્રાય ન હોય ને તેમાંથી કરવાનો ભાવ બતાવે છે જૂઠી કે કૃત્રિમ બનાવટનો ભાવ પણ બતાવે) (૨) ચૂંટણીમાં ચૂંટાવા માટે તત્પર કરવું ઊભું થવું=ઊભું કરાવું (૨) માંદગીમાંથી ઊઠવું (૩) ચૂંટણીમાં ચૂંટાવા દાખલ થવું ઊભું થઈ રહેવું=રાહ જોતા ઊભા રહેવું (૨) ખોટી થવું (૩) અટકી રહેવું, થંભવું (૪) ચકિત થવું, સ્તબ્ધ થઈ ઊભા રહેવું ઊભું ને ઊભું બાળી કે સળગાવી મૂકવું=જેમ હોય તેમ ને તેમ—એકસપાટે બાળી નાખવું (૨) આખે શરીરે ઝાળ ચડે એવું—ખૂબ રીસ કે દાઝ લાગે એવું કહેવું કે કરવું ઊભું ને ઊભું રાખવું=જરા જંપવા ન દેવું, નિરાંત ન વળવા દેવી, આરામ ન લેવા દેવો ઊભું રહેવું= થોભવું, અટકવું (૨) ખોટી થવું (૩) ટકવું, ન ડગવું, ન ઓછું થવું ઊભું રાખવું= ઊભું રહે એમ કરવું (જુઓ ઊભું રહેવું) ઊભું વરસ=આખું વર્ષ. ઊભે ગળે ખાવું=જે આવે તે સીધું ગળામાં ઉતારવું, ખા ખા કરવું (ગમે ત્યારે ને ગમે તેમ કે ગમે તેટલું) ઊભે પગે = ખડું ને ખડું, ઊભું ને ઊભું, બેઠા વગર સતત રોકા

ઉપરની દુનિયા ૦વાયુ પુ૦ શરીરના ઊર્ધ્વ ભાગમાંનો વાયુ (૨) ઓડકાર ૦શાખા સ્ત્રી૦ હાંસડીનું હાડકું -ર્ધ્વાકાંક્ષી વિ૦ ઉચ્ચ આકાંક્ષાવાળું

**ઊર્મિ** સ્ત્રી૦ [સં.] તરંગ, મોજું (૨) પ્રવાહ (૩) લાગણીનો તરંગ-ઉછાળો (૪) સંગીતમાં એક અલંકાર ૦કાવ્ય, ૦ગીત ન૦ ઊર્મિથી ભરેલું-રચાયેલું કાવ્ય કે ગીત, 'લિરિક' ૦મત્, ૦માન વિ૦ ઊર્મિવાળું (૨) મોજા જેવા વાંકાચૂકા આકારનું (કેશ વિષે) ૦લ વિ૦ લાગણીપ્રધાન, તરંગવશ. ૦લગ્ન ન૦ ઊર્મિવશ થઈ-ઝટ કરી નખાતું લગ્ન ૦લા સ્ત્રી૦ (સં) લક્ષ્મણની પત્નીનું નામ

**ઊર્વ** પુ૦ [સં] વાદળ (૨) પિતૃઓનો એક વર્ગ (૩) વડવાનલ (૪) સમુદ્ર

**ઊલ** સ્ત્રી૦ [દે उ(-ओ)ल्ली] જીભ ઉપરનો મેલ કે વળતી છારી [-ઉતારવી=(દાતણની ચીર કે ઊલિયાથી) જીભ પરની છારી દૂર કરવી]

**ઊલક** (લ') સ્ત્રી૦ [हि हुलकी, हुलकना, सं उद्+वम्, प्रा उव्वक्क?] ઊલટી, ઓકવું તે

**ઊલકું** [म उल्का?] ન૦ ખાલી ગુમરાણથી નામભાગ ને ગભરાટ થવો તે [-પડવું= ખાલી ગુમરાણથી નાસભાગ તથા ગભરાટ થવો, હો હા થઈ જવી]

**ઊલકો(-ખો)** (લ') પુ૦[જુઓ હૂકલો વ્યત્યય?] નાળિયેરનો ગર્ભ કે છોતરા વિનાનો, એક કાણાવાળો, ખાલી ગોળો, હૂકાની કાચલી

**ઊલઝવું** અ૦ક્રિ૦ [સર हि उलझाना] ગૂંચવાવું

**ઊલટ** વિ૦ [प्रा उल्ल(-व्व)ट्ट, सं उद्+वृत?] ઊલટું, અવળું, પાછું ૦ટપાલે=વળતી ટપાલે ૦તપાસ સ્ત્રી૦ પ્રતિપક્ષી તરફની (સાક્ષીની) તપાસ ૦પા(-પૂ)લટ વિ૦ અવ્યવસ્થિત, ઊલટસૂલટ (૨) અવ્યવસ્થિત (૩) સ્ત્રી૦ ઊલટપાલટ તપાસ (૪) અવ્યવસ્થા, ગોટાળો ૦સવાલ પુ૦ સામો સવાલ ૦સૂલટ, -ટાસૂલટી વિ૦ અવળાસવળી (૨) ઊંધું ચત્તું; આડું અવળું, તળે ઉપર એવું

**ઊલટ** સ્ત્રી૦ હોંશ, ઉમંગ ૦ભ(-ભે)ર અ૦ ઉમંગભેર, હોંશભેર

**ઊલટવું** અ૦ક્રિ૦ [જુઓ ઊલટ; हि. उलटना, म उलटणें] ઊલટથી કરવું (૨) ધસી આવવું (૩) હુમલો કરવો (૪) ઊંધું થઈ જવું (૫) ફરી થવું પાછું થવું

**ઊલટી** સ્ત્રી૦[हि, જુઓ ઊલટ વિ૦] ઓકવું તે

**ઊલટું** વિ૦ ઊલટ, ઊંધું, અવળું (૨) વિરુદ્ધ, આડું (૩) સામું, વિપરીત [ઊલટી ગંગા વહેવી=સવળાને બદલે અવળું થવું, બાજી બગડવી ઊલટાનું વિ૦ ઊલટું]

**ઊલવું** (લ') અ૦ક્રિ૦ (મોસમનું) ખલાસ થવું

**ઊલસવું** અ૦ક્રિ૦ [सं उल्लस्] જુઓ ઉલ્લાસવું (૨) એકાએક ઊભા થવું, ઊભરાવું

**ઊલળવું** (લ') અ૦ક્રિ૦ [सं उद्+लल्. प्रा उल्लल, हिं उछलना] નમી જવું, લળી પડવું (૨) ગાડા ઇત્યાદિનું આગળથી ઊંચું થઈ જવું (૩) ઊલટાઈ જવું (૪) કૂદવું (૫) જતું રહેવું, નાશ પામવું (૬) [લા] હોનારત ધસવું - ઊંચા ને ઊંચા રહેવું

**ઊલિયું** ન૦ [જુઓ ઊલ] ઊલ ઉતારવાની ચીપ

**ઊવટ** સ્ત્રી૦ આપત્તિ (૨) અડચણ હેરાનગતિ પીડા

**ઊશિયું** ન૦ ઓશીકું

**ઊષર** વિ૦ (૨) સ્ત્રી૦ [સં] જુઓ ઊખર

**ઊષા** સ્ત્રી૦ [સં] જુઓ ઉષા

**ઊષ્મા** સ્ત્રી૦ [સં], ૦ક્ષર પુ૦, ૦ભેદ વિ૦, ૦માપકયંત્ર ન૦, -ષ્માંક પુ૦ જુઓ 'ઉષ્મા'માં

**ઊસ** પું૦ [सं ऊष, प्रा] એક ક્ષાર (૨) સ્ત્રી૦ [हि ऊख; म.] શેરડી

**ઊસટ** વિ૦[सं उद्+સટ] સટનું નહિ એવું, ભિન્ન

**ઊસપવું** સ૦ક્રિ૦ [सं उत्सर्पय् प्रा उस्सप्प, म उसपणें] બહાર કાઢવું, ઉલેચવું, ખાલી કરવું (૨) સ્થાનમાંથી કાઢવું ઊપસાવું અ૦ક્રિ૦ (કર્મણિ)

**ઊસરપાટો** પુ૦ વિનાશ (૨) સંપૂર્ણ નિકંદન

**ઊસરવું** અ૦ ક્રિ૦ [प्रा उस्सर, सं उत्सृ, हि. उसरना] ટળવું, જતા રહેવું (૨) નાશ પામવું, નિકંદન નીકળી જવું (૩) [सं अपसृ प्रा ओसर] ઓસરવું, ઓછું થવું

**ઊહ** અ૦ (રવ૦) સંકટની, ચેષ્ટા તિરસ્કાર અને

ગર્વસૂચક ધ્વનિ(૨)હુ પણાનો ઉદ્ગાર ૦કારો પું૦ દીર્ઘ નિશ્વાસ, નિસાસો (૨) સાભળું છુ, ઠીક છે, સ્વીકારુ છુ, ઇત્યાદિ દર્શાવનારો ધ્વનિ (૩)ગર્વનો અને અનાદર કે તુચ્છકારનો ઉદ્ગાર

ઊહ પું૦ [સં] તર્ક, કલ્પના (૨) પરીક્ષણ (૩) અધ્યાહાર –હાપોહ પું૦ [સં] ચર્ચા

**ઊંઆં** અ૦ (૨) ન૦ (રવ૦) તરત જન્મેલા બાળકના રડવાનો એવો આવાજ

**ઊંઊં** અ૦ (૨) ન૦ (રવ૦) રડવાનો એવો અવાજ

**ઊંકરાંટો** પુ૦ (કા) મનમા થતી ઉત્તેજનાનો અકુર (૨) ટાઢિયા તાવમા ગેમાથ સાથે થતો ઝમઝમાટ

**ઊંકારો** (ઊં') પુ૦ જુઓ ઊહકારો

**ઊંગ(–જ)ણ** ન૦ જુઓ ઊજણ

**ઊગ(–જ)વું, ઊંગા(–જા)ડું, ઊંગા(–જા)વવુ** જુઓ 'ઊજવુ'મા

**ઊંઘ** સ્ત્રી૦ [ઊંઘવુ]ઊંઘવુ તે નિદ્રા [–આવવી = સૂઈ જવાની–ઊંઘવાની વૃત્તિ થવી **–ઊડવી ઊડી જવી** = ઊંઘ જતી રહેવી, જાગવુ (૨) આળસ કે અજ્ઞાન ટળવુ, ભાન આવવુ. **–ઉતારવી** = ચડેલી કે ઉજાગરાથી બાકી ઊંઘ કાઢવી (૨) આળસ કે અજ્ઞાન કાઢવુ **–કાઢવી** = ઊંઘવુ (૨) ઊંઘ ઉતારવી. **–ચડવી** = ઊંઘ આવી લાગવી, ઊંઘ ભરાવી (૨) ઊંઘવાનુ–આરામ કરવાનુ બાકી હોવું **–જવી** = ઊઠવું, જાગવુ, ઊંઘ પૂરી થવી **–ભરાવી** = ઊંઘ આવવાનુ થવુ, ઊંઘ ચડવી **–લેવી** = ઊંઘવું **ઊંઘમાં જવું** = ગફલત કે અજાણમા જવુ **ઊંઘમાં પડવું** = ઊંઘી જવુ, ઊંઘ આવવી **ઊંઘ વેચીને ઉજાગરો કરવો, વહોરવો** = હાથે કરીને દુઃખ કે પચાતમા પડવુ, ડાહ્યું ખોઈને ડહોળ બનવું.]

**ઊંઘટુ,–ટિયું,–રેટું** વિ૦ ઊંઘમા ભરાયેલું

**ઊંઘણ** સ્ત્રી૦ ઊંઘવું તે (૨) બહુ ઊંઘવાની ટેવ **૦રોગ** પુ૦ એક જાતની મધમાખીઓથી ફેલાતો જીવલેણ રોગ **૦શી** વિ૦ ઊંઘ્યા કરવાની ટેવવાળુ (૨) આળસુ, એદી

**ઊંઘવું** અ૦ક્રિ૦[પ્રા ઉંઘ] નિદ્રા લેવી(૨)આળસુ થઈને પડયા રહેવુ (૩) અજાણમા–અજ્ઞાનમા રહ્યા કરવુ [**ઊંઘી જવું** = ઊંઘમા પડવુ સૂઈ જવુ(૨) [લા.] (કોઈ બાબત કે કાર્યમાં અસરકારક થતુ) મટવુ, દીસતુ રહેવુ ('ઊંઘી જાય ન આવે તો')

**ઊંઘાડવુ** સ૦ક્રિ૦ ઊંઘે એમ કરવું (૨) પડતુ મૂકવું, શાંત પાડવું **ઊંઘાવુ** અ૦ ક્રિ૦ ઊંઘવાની ક્રિયા થવી

**ઊંઘાળ,૦વું** વિ૦ ઊંઘણશી બહુ ઊંઘનારું (૨) સહેજ સહેજમા ઊંઘી જાય તેવું

**ઊંઘેટું** વિ૦ ઊંઘટિયુ

**ઊંચ** વિ૦[સં उच्च]ઉચ્ચ ચડિયાતુ (૨)ઉમદા **૦નીચ** વિ૦ ઊંચુ અને નીચુ **૦નીચભાવ** પુ૦ અમુક ઊંચું ને અમુક નીચું એવો ભેદભાવ, અસમાનતાની લાગણી કે માન્યતા **૦વર્ણી(–ર્ણું)** વિ૦ ઉચ્ચવર્ણું

**ઊંચક(–કા)તું** (ક', કા') વિ૦ બહેરુ (૨) થોડુ સાંભળનારુ (૩) સાંભળ્યું ન સાંભળ્યું કરનારુ, બેદરકાર

**ઊંચકવું** સ૦ક્રિ૦ [સં. उच्चीकृ] નીચેથી ઊંચું કરવુ, ઉપાડવુ (૨) હાથ પર લેવું (બોજ) માથા ઉપર લેવુ, ઉઠાવવુ **ઊંચકાવુ** અ૦ ક્રિ૦. **ઊંચકાવવુ** સ૦ ક્રિ૦ 'ઊંચકવું'નુ અનુક્રમે કર્મણિ અને પ્રેરક

**ઊંચકાતું** (કા') જુઓ ઊંચકતુ [મહેનતાણું

**ઊંચકામણ** ન૦, –ણી સ્ત્રી૦ ઊંચકવાનુ

**ઊંચ-નીચ, ઊંચવર્ણી,–ર્ણું** જુઓ 'ઊંચ'મા

**ઊંચાઈ,–ણ,** જુઓ 'ઊંચુ'મા

**ઊંચુ** વિ૦ [સં उच्च] સપાટી કે બેસણીની ઉપર ઊભુ આવેલુ કે ઊઠતુ ('નીચુ'થી ઊલટુ) (૨) ઉચ્ચ ચડિયાતુ, ઉમદા (કદ, પ્રમાણ, ગુણ, દરજ્જો ઇ૦મા વગેરે કે ચડિયાતુ જેમ કે ઊંચો ઢગલો, ઊંચો ભાવ, કિંમત, મત વગેરે) (૩) અતિ તાણેલ, લબાવેલ (સૂર કે અવાજ) ઊંચા સ્વર–સપ્તકનુ (સંગીતમા) (૪) જપ, નિરાંત કે શાંતિ સમાધાન વગરનુ, અણબનાવવાળુ (મન, શ્વાસ, જીવ) [**ઊંચા ડોળા રાખવા** = સામે ન જોતા બીજે કે ઊંચુ જોવું, ધ્યાન ન

રાખવું **ઊંચી આંખ કરવી**=(કામ કે શેકાણમાંથી) ઊંચું જોવું, ધ્યાન બીજે જવા દેવું (૨) (ગુસ્સા કે વિરોધથી) આંખની મુદ્રા ફેરવવી, સામે થવું, વિરોધ કે ક્રોધ બતાવવો **ઊંચી આંખો કરાવવી** =ખૂબ રાહ જોવડાવવી **ઊંચી ચાલ**= એડી ઊંચી રાખી ચાલવું તે **ઊંચી મૂછ**= 'મૂછ'મા જુઓ **ઊંચું આવવું** =(દુઃખ, પીડા, ભાર ઇ૦ માંથી) છૂટવું, કશામા ગરક થયામાંથી બહાર નીકળવું (દા ત 'હાથ પગના કામમાથી ઊંચો આવું ત્યારે નવું લઈ શકું ) **–ઊંચું ચાલવું**=ઊંચી ચાલે ચાલવું (૨) [લા ] ગેક કે ગર્વથી ચાલવું– વર્તવું **–કરવું**=બોજ ચડાવવો, તે માટે હાથ દેવો (૨) ઊભું કે ઉપસ્થિત કરવું, ઉખેળવું **–ચડાવવું**=ખોટા વખાણ કરવા, ગર્વથી ફુલાય એમ કરવું, અતિમાન આપવું **–જવું**= સ્વર્ગમા જવું, મરવું **–જોવું**=કામ કે શેકાણ- માંથી ફુરસદ મળવી કે કાઢવી ('આમાંથી એ ઊંચું જોવા પામે ત્યારે ને ?') (૨) નજર કરવી, સામે જોવું, ધ્યાન પર લેવું (જેમ કે, ભાઈ તો હવે ઊંચુયે જોતા નથી') (૩) ('નીચું જોવું'–શરમાવું –તેથી ઊલટું) શરમમાંથી મુક્ત થવું, સ્વમાન ગમવું (દા ત 'તે દિવસથી તે ચાર માણસમાં ઊંચું જોઈ શકતો નથી ')**–ને ઊંચું માથું રાખવું**=ગર્વથી છકેલું રહેવું **–ને ઊંચું રહેવું**=અસ્થિર આસન કે ચિત્તવાળા હોવું, નિરાંતે ન બેસવું, શાંતિથી નિરાંતે (કામ કે કોઈ બાબતમા) ન ગોઠવાવું (૨) કામમા ઢેકો ન નમાવવો, કામમા ન લાગવું (૩) જુઓ ઊંચું ને ઊંચું માથું રાખવું **–બેસવું**=(સ્ત્રીએ) વેગળી બેસવું (૨)જુઓ ઊંચે બેસવું **–માથું** = જુઓ 'માથું'મા **–મૂકવું, મેલવું**=(પરવારી જવાથી કે વચ્ચેથી કોઈ કારણે) અલગ કે વેગળું કરવું, છોડવું, વિસારે પાડવું ('આ કામ હવે તો ઊંચું મૂકો તો સારું' 'હમણા તો એને ઊંચું મૂક, પછી જોઈશું', 'વાચવાનું હવે ઊંચું મૂક્યું છે કે શું ?' 'લાજ ઊંચી મૂકવી') (૨) સંતાડી કે બચાવી ચા સંઘરી રાખવું **–મોં**= જુઓ 'મો'મા **ઊંચો હાથ**=જુઓ'હાથ'મા] **–ચાઈ** સ્ત્રી૦ ઊંચાપણું (૨)તેનું માપ **–ચાણ** ન૦ ઊંચાઈ (૨) ઊંચી જગા, ટેકરી

**ઊંચુંનીચું** વિ૦ ઊંચું અને નીચું, ખાડાખૈયા વાળું [**–કરવું**=ઠીકઠાક ગોઠવવું, સાફસૂફ કરી વ્યવસ્થિત કરવું ('મહિને ઘેર ગયો એટલે ઊંચું નીચું કરવાનું તો હોય જ ને ?') (૨) [લા ] ખળભળાટ પેદા કરવો, અજંપો ઊભો કરવો, નીચું થાય એમ કરવું **–થવું**=ઊઠવેઠ કરવી, મથવું ('માથે આવ્યા પછી ઊંચાનીચા થયા વગર છૂટકો છે ?') (૨) અધીરું થવું, અજંપો થવો, આતુર બનવું તલપાપડ થવું **ઊંચો-નીચો હાથ પડવો**=ઊંધાચત્તા કરી કમાવું, અન્યાયથી ધન કમાવું ]

**ઊંચે** અ૦ સપાટીથી ઉપર ઊંચી–ઊંચાણ- વાળી જગાએ, ઊંચી દિશામા, માથા ઉપર [**–ચડાવવું** = જુઓ 'ઊંચું ચડાવવું' **–બેસવું**=કામમાથી દૂર કે અલગ બેસવું **–જોવું**=આકાશ તરફ જોવું **–લઈ જવું** =સ્વર્ગમા લઈ જવું ('હત, તને ઊંચે લઈ જાય')] **૦થી** અ૦ અંતર, અદ્ધર વિના (૨) ઉપરથી, ઊંચાણમાથી (૩) ઊંચે અવાજે કે સૂરથી (૪)આકાશમાથી **૦નું** વિ૦ ઊંચે આવેલું

**ઊંજણ** ન૦ [ઊંજવું] ઊંજવું તે (૨) ઊંજવાનું દ્રવ્ય – તેલ, દિવેલ ઇત્યાદિ **–ણી** સ્ત્રી૦ મંત્ર ભણીને કપડાના,સાવરણી ઇ૦ના છેડાથી રોગ કે ભૂતને દૂર કરવાની ક્રિયા [**–નાખવી**= ઊંજવું, તે ક્રિયા કરવી ) (૨) તેલ ઊંજવાની કુપ્પી ]**–ણું** ન૦ રાજકુમારી કે રાણીનો મસાલો

**ઊંજવું** સ૦ક્રિ૦ [सं सिंच्, प्रा उञ्ज=સિંચવું] તેલ નાખવું – પૂરવું (૨) રોગ કે ભૂત કાઢવા ઊંજણી નાખવી **ઊંજાવવું** સ૦ક્રિ૦(પ્રેરક) **ઊંજાવું** અ૦ક્રિ૦ (કર્મણિ)

**ઊંટ** ન૦ [सं उष्ट्र, प्रा उट्ट] રણમા ખૂબ ખપનું એક ઊંચું પશુ [**–જેવું**=ખૂબ ઊંચું (૨) બેવકૂફ, અણસમજુ **ઊંટનાં શીંગડાં** ન૦ બ૦વ૦ વંધ્યાપુત્ર કે આકાશકુસુમ, અશક્ય વાત **ઊંટનાં અઢારે વાંકાં**=સ્વભાવે જ વાંકાપણું, અઢારે અંગો–બધું જ વાંકું હોવું

તે ઊંટનું પગલું જાણવું = સહેલી સીધી કે ઉઘાડી વાતની ખબર હોવી (નકારમાં પ્રાય બોલાય છે) ઊંટે ચડીને આવવું = (લેણું લેવા આવનારે) બધાને દેખાય એમ - છડેચોક આવવું ઊંટે ચડીને ઊંઘવું = એના જેવું અશક્ય કે અજુગતું કરવું (એમાં નુકસાન જ થાય, એવો ભાવ બતાવે છે) ઊંટે કર્યા ઠેકા તો માણસે કર્યા કાઠડા = સહેજે કે સીધી રીતે ન પાર પડે તો તેને પહોંચી વળવા ઘટતી યુક્તિ કરી લેવી, જ્યાં જેવો સંજોગ તેને પહોંચી વળવું] ૦ડી સ્ત્રી૦ સાઢ, સાઢણી, ઊંટની માદા (૨) સોનીનું ઓજાર ૦ડો પુ૦ ઊંટ (૨) જુઓ ઊંટિયો [ઊંટડો કેણી તરફ બેસશે ?= શું નીપજશે? પરિણામ અંતે શું હશે!] ૦વૈદ(-ઘ) પુ૦ ઊંટનો - માણસની દવા કરવાને નાલાયક એવો, લેભાગુ વૈદ ૦વૈદું ન૦ ઊંટવૈદનું કામ, રાક્ષસી ઉપચાર -ટિયો વિ૦ ઊંટ જેવો ઊંચો (૨) પુ૦ ઊંટ (૩) મંદબુદ્ધિ ને આળસુ માણસ (૪) ભારે વજન ઉપાડવાનું (ઊંટની ડોક જેવું લાગતું) યંત્ર (૫) અડો

ઊંટકટો પુ૦ એક વનસ્પતિ

ઊંટિયા(-યું)જીરુ ન૦ એક ઔષધિ

ઊંઠ વિ૦ [જુઓ ઊઠ] સાડાત્રણ, સાડાત્રણ ગણું

ઊંડણિયું વિ૦ [ઊંડાણ] ઊંડાણવાળું, ઊંડું

ઊંડળ સ્ત્રી૦ [? उड्डल = સમૂહ? કે દે अवरुंडण = આલિંગન?] બાથ (૨) બાથમાં ભરાય તેટલી વસ્તુ [ચૂકવું

ઊંડળ સ્ત્રી૦ પેટનો ગોળો-ચૂંક [-વળવી =

ઊંડળગૂંડળ ન૦ ગોળો, પિંડાળો (૨) પેટમાં ગોળો ચડવો-ચૂંક આવવી તે (૩) ઢંગધડા વગર બોલવું તે (૪) અ૦ અવળસવળ, ઢંગધડા વગર, ગોટાળો થાય એમ

ઊંડાઈ,-ણ-પણું જુઓ 'ઊંડું'માં

ઊંડું વિ૦ [દે ઉડ] સપાટીથી નીચે ઊતરતું (૨) છીછરું નહિ એવું, ઘેરું (૩) અંદરથી લાંબું-દૂર સુધી અંદર ને અંદર વિસ્તરતું (૪) ઘાડું, ગીચ (જેમ કે વન) (૫) [લા.] ગહન, ગંભીર, ન પામી શકાય એવું [ઊંડા પાણીમાં ઊતરવું, પેસવું = જોખમ ખેડવું, લબડાઈ કે ફસાઈ પડવાનું વહોરવું ઊંડું ઊતરવું = ઘેરો વિચાર કરવો, અંદર લાંબે સુધી જઈને વિચારવું કે તપાસવું ઊંડાં મૂળ = જુઓ 'મૂળ'માં -ડાઈ સ્ત્રી૦ ઊંડાપણું, ગહનતા (૨) તેનું માપ -ડાણ ન૦ જુઓ ઊંડાઈ (૨) નીચાણ -ડાપણું ન૦

ઊંદર પુ૦ ૦કણિયું, ૦કણી, ૦કની, ૦રણી, ૦કાની, ૦વાઈ સ્ત્રી૦ જુઓ 'ઉંદર'માં

ઊંદરી સ્ત્રી૦ માથાની ચામડીનો એક રોગ

ઊંધ સ્ત્રી૦ અંડા અને માચડાને સાંધતો ગાડાનો ભાગ, ઊધ ✗ [જુઓ 'ઊંધુ'માં

ઊંધકરમું, ઊંધખોદિયું, ઊંધાઈ,-પણું

ઊંધાંધળું વિ૦ ઝાંખું (૨) ચૂંખડું (૩) [લા.] મૂર્ખ (૪) ઉડાઉ

ઊંધિયું ન૦ જુઓ 'ઊંધુ'માં

ઊંધુ વિ૦ [ऊर्ध्व, प्रा उद्ध] અવળું, ઊલટું, નીચે માથું ને ઉપર પગ જેવા આસનનું (૨) [લા.] આડું, અવળું, સીધા કે સવળાથી સાવ ઊલટું — વિરુદ્ધ, ખોટું [ઊંધા પાટા બાંધવા = આડું અવળું સમજાવી ભરમાવવું ઊંધાં પગલાંનું = (ઊલટું 'ઊજળા પગલાનું') કમનસીબ, અપશુકનિયાળ. ઊંધાં વાજાં વાગવાં = બાજી બગડવી, અવળું થવું ઊંધી ઈંટે ચણનાર પુ૦ કડિયો ઊંધી પાઘડી મૂકવી = પાઘડી ફેરવવી, દેવાળું કાઢવું -કરવું = ઊલટું કે અવળું કરવું, ફેરવી નાખવું (૨) જુઓ ઊંધું મારવું -કરી નાખવું = મારીને ગબડાવી દેવું (૨) મૂઠ ઇ૦ મારીને પથારીવશ કરી દેવું -ઘાલવું = નીચું જોવું, શરમાવું -ઘાલીને = બીજે ધ્યાન આપ્યા વગર, કામમાં જ નજર રાખીને (૨) બીજું ત્રીજું જોયા વગર, સાહસપૂર્વક, વિચાર વગર -પડવું, વળવું = ઉપર માથું નીચે પગ કે ઉપલો ભાગ નીચે ને નીચલો ભાગ ઉપર થાય એમ પડવું કે થવું, ઊલટાઈ જવું (૨) બગડવું, કથળવું -મારવું = બગાડવું, કથળાવું -વળી જવું = બગડી જવું (૨) ખૂબ થાકીને લોથ વળીને (ઊંધુ) પડવું -વાળવું = ઊંધુ મારવું (૨) (ઉઠમણાને દિવસે) ઊંધુ વાસીદું વાળવું (૩) (વાસણકૂસણ

સાથે) ખાઈ પરવારી વાસણ માંજીને ઊંધાં પાડવા ખાઈપીને અબોટ ઇ૦ પરવારીને નિરાંતે થવું –વેતરવું=ઓંધનુ ચોંધ કરી બેસવું, ભૂલ કરી બેસવું ઊંધેપાથે=અવળે કે ખોટે ક્રમે ઊંધે મોઢે પડવું=ચતુ નહિ પણ ઊંધુ મોં હોય એ દશામાં પડવું (જેમ કે ઓચિંતા પડતાં), (તાવથી) પથારીવશ થવું મંદવાડ ભોગવવો ] –ધંધરમું વિ૦ અક્કરમી (૨) ઊંધા કામ કરનાર –ધંબોદિયું વિ૦ ઊંધા કામ કરનારું –ધાઈ સ્ત્રી૦, –ધાપણું ન૦ –ધિયું ન૦ અમુક રીતે બાફેલા ગીંગ કરતું ખાણું. –ધી પૂતળીનું વિ૦ જેની

કીકીમાં ઊંધું પ્રતિબિંબ પડતું હોય એવું(૨) [લા ] વિચિત્ર,અવળી જાતનુ (માણસ) ] ૦ચ-(–ચ)તું વિ૦ ઊંધું અને ચતુ, આડુંઅવળું [–કરવું=વાલમેલ કરવી આમનુ તેમ ફેરવવું (૨)ગરબડગોટો વાળવો,બગાડવું] [ખોયણુ
ઊબાડિયું ન૦ [જુઓ ઉબાડિયું] ઉમાડિયું,
ઊબેલો પું૦ ઝાડાની હાજત થાય તે, ચૂંક
ઊબળવું અ૦ક્રિ૦ (ઠા) આમળવું–મ્હોને ઉત્ત્પ્રેપ
ઊહ અ૦(રવ૦)દુખ,તુચ્છકાર કે અભિમાનનો ઉદ્ગાર ૦કારો પું૦ ઊહ એવો ઉદ્ગાર
ઊંહું અ૦ (રવ૦) ઇનકાર કે જીદ દર્શાવતો ઉદ્ગાર

# ઋ

ઋ પું૦ [સં ] વર્ણમાળાનો સાતમો અક્ષર — એક સ્વર (દીર્ઘરૂપ ૠ ) (પ્રાકૃતમાં આ સ્વર નથી.) ૦કાર પું૦ ઋ અક્ષર કે ઉચ્ચાર ૦કારાંત વિ૦ છેડે ઋકારવાળુ
ઋક(–ચ, –ચા ) સ્ત્રી૦ [સં.] ઋગ્વેદ (૨) વેદનો મંત્ર
ઋક્ષ પું૦,ન૦ [સં ] રીંછ (૨) નક્ષત્ર,તારા (૩) પૌરાણિક ભૂગોળના સાત પર્વતમાંનો એક ૦પતિ, ૦રાજ પું૦ રીંછોનો રાજા (૨) ચંદ્ર –ક્ષા પું૦બ૦વ૦ સપ્તર્ષિ (૨) સ્ત્રી૦ ઉત્તર દિશા –ક્ષી સ્ત્રી૦ રીંછડી
ઋક્ષાગ ન૦ એક ઔષધિ
ઋખિ પું૦+ઋષિ, ગુરુ
ઋગ્વેદ પું૦ [સં] (સ ) ચતુર્વેદમાંનો પહેલો વેદ ૦સંહિતા સ્ત્રી૦ ઋગ્વેદની ઋચાઓનો વ્યવસ્થિત સંગ્રહ –દી વિ૦ ઋગ્વેદને જાણનાર (૨) ઋગ્વેદ ભણનાર બ્રાહ્મણોના કુળમાં જન્મેલું (૩) પું૦ ઋગ્વેદી બ્રાહ્મણ
ઋચ(–ચા) સ્ત્રી૦[સં ] જુઓ ઋક
ઋચીક પું૦ [સં] (સ ) જમદગ્નિના પિતા
ઋજુ વિ૦ [સં] સરલ, સીધુ (૨) અનુકૂળ, નરમ, ભલું ૦તા સ્ત્રી૦ ૦યોધી વિ૦ સરળ રીતે–કૂડ વગર લડનારુ
ઋજુજડ પું૦[સં](સ૦) આદિ જૈન તીર્થંકર ઋષભદેવનો સાધુ

ઋણ ન૦ [સં ] દેવું (૨) ભાજ્યનો ભાગ (૩) વિ૦ ઋણાત્મક જુઓ [ગ , પ વિ ] ૦ત્રય ન૦ દેવઋણ, ઋષિઋણ અને પિતૃઋણ,અથવા અતિથિઋણ, મનુષ્યઋણ અને ભૂતઋણ ૦ભૂત વિ૦ ઋણવિદ્યુતથી ભરેલુ (પ વિ ) ૦મુક્ત વિ૦ ઋણ-દેવામાંથી છૂટું થયેલું ૦મુક્તિ સ્ત્રી૦ ઋણમુક્ત થવુ તે ૦વિદ્યુત સ્ત્રી૦ ઋણ વીજળી (પ વિ ) ૦સંબંધ પું૦ પૂર્વ જન્મનો ઋણાનુબંધ –ણાગ્ર પું૦, ન૦ ઋણ છેડો (પ વિ ) –ણાત્મક વિ૦ 'નેગેટિવ' (ગ , પ વિ ) –ણાનુબંધ પું૦ લેણાદેણી –ણાનૃણ્ય ન૦ [ + આનૃણ્ય ] ઋણમાંથી મુક્ત થવુ તે, ઋણમુક્તિ –ણાંત પું૦ (વીજળીના) પ્રવાહનો ઋણ છેડો (પ. વિ ) –ણિયું –ણી વિ૦ ઋણવાળુ
ઋત ન૦ [સં ] સત્ય (૨) નક્કી અચળ નિયમ, દૈવી નિયમ (૩) પાણી –તંભર પું૦ સત્યને ટકાવી રાખનાર તે— ઈશ્વર –તંભરા વિ૦ સ્ત્રી૦ વિપર્યાસ વિનાની, સત્ય (પ્રજ્ઞા)
ઋતિ સ્ત્રી૦ [સં ] કલ્યાણ (૨) માર્ગ (૩) નિંદા (૪) સ્પર્ધા (પ) ગમન (૬) નૈઋત્યનો અધિષ્ઠાતા દેવ
ઋતુ પું૦ [સં ] જુઓ ઋતુકાલ (૨) અટકાવ, રજસ્રાવ (૩) સ્ત્રી૦ બે મહિનાનો નિયત કાળ (ષડ્ઋતુ શબ્દ જુઓ) (૪) [લા ] મોસમ

(૫) હવાપાણી [–ઊતરવી=મોસમ પૂરી થવી –બેસવી=મોસમ આવવી–શરૂ થવી] ૦કાલ(–ળ) પુ૦ ગર્ભાધાનનો સમય. **૦ગામી** વિ૦ ઋતુકાળે જ સંભોગ કરનારુ. **૦દર્શન** ન૦ અડકાવનુ દેખાવુ તે **૦દાન** ન૦ ગર્ભાધાન **૦ધર્મ** પુ૦ ઋતુદર્શન **૦પતિ** પુ૦ ઋતુરાજ, વસંત **૦પર્ણ** પુ૦ (સ ) એક સૂર્યવંશી રાજા **૦પાંડુ** પુ૦ એક રોગ. **૦પ્રાપ્તિ** સ્રી૦ ઋતુદર્શન **૦ભેદ** પુ૦ ઋતુઓનુ બદલાવુ તે **૦મતી** વિ૦સ્રી૦ રજસ્વલા. **૦રાજ** પુ૦ ઋતુઓમા શ્રેષ્ઠ એવી ઋતુ–વસંત **૦વર્ણન** ન૦ ઋતુઓનુ વર્ણન **૦શાંતિ** સ્રી૦ પહેલી વાર ઋતુપ્રાપ્તિ થાય ત્યારે કરવાની વિધિ **૦સંગ્રામ** પુ૦ સુરત સંગ્રામ, કામક્રીડા **૦સ્નાતા** વિ૦ સ્રી૦ ઋતુસ્નાન કરી શુદ્ધ થયેલી **૦સ્નાન** ન૦ અડકાવ પછી (ચોથે દિવસે) નાહવુ તે

ઋતે અ૦ [સં] સિવાય, સિવાય કે [પુરોહિત

ઋત્વિજ પુ૦ [સ] યજ્ઞ કરાવનાર બ્રાહ્મણ,

ઋદ્ધિ સ્રી૦ [સ] વૃદ્ધિ સમૃદ્ધિ (૨) આબાદી ઉત્કર્ષ (૩) સિદ્ધિ (૪) [સ] લક્ષ્મી, પાર્વતી

ઋવાદ પુ૦+બ્રહ્મરાક્ષસ (૫)

ઋષભ પુ૦ [સ] આખલો (૨) સ્વરસપ્તકમાનો બીજો સ્વર (૩) ઉત્તમ, શ્રેષ્ઠ (સમાસમા છેડે) **૦દેવ** પુ૦ (સ ) વિષ્ણુનો એક અવતાર (૨) જૈનોના એક તીર્થંકર

ઋષિ પુ૦ [સ] મંત્રદ્રષ્ટા નવુ દર્શન પામનાર પુરુષ (૨) મુનિ, તપસ્વી, સાધુ **૦ઋણ** ન૦ ઋષિઓ પ્રત્યેનુ ઋણ **૦કુમાર** પુ૦ ઋષિનો પુત્ર **૦કુલ(–ળ)** ન૦ ઋષિઓનો સમૂહ (૨) ઋષિનો આશ્રમ (જેમા પ્રાચીનકાળમાં વિદ્યા અપાતી હતી) (૩) ઋષિનો વંશ **૦તર્પણ** ન૦ ઋષિઓની તૃપ્તિ માટે જળ આપવુ તે **૦પંચમી** સ્રી૦ ભાદરવા સુદ પાચમ, સામાપાચમ **૦પત્ની** સ્રી૦ ઋષિની પત્ની **૦યજ્ઞ** પુ૦ પંચમહાભૂતયજ્ઞમાનો એક જેમા જ્ઞાન દ્વારા ઋષિનુ તર્પણ કરવાનુ હોય છે **૦લોક** પુ૦ સત્યલોકની નજીક કલ્પેલો ઋષિઓનો લોક

ઋષ્યશૃંગ પુ૦ [સ] (સ ) એક ઋષિ

## ૠ, ૡ

[નાગરી વર્ણમાળાના આ બે અક્ષરો સંસ્કૃતમા આવે છે ગુજરાતીમા એમનાથી શરૂ થતો કે તે અક્ષરવાળો શબ્દ નથી પ્રાકૃત ભાષાઓમા તેમનો લોપ થયો છે ]

## એ

એ પુ૦ [સં] વર્ણમાળાનો દસમો અક્ષર — એક સ્વર

એ સ૦ [સ एतत्, प्रा एअ] (દર્શક) તે, પેલુ (૨) વર અથવા વહુની સંજ્ઞા (હિંદુઓમા) ['એણે, એને, એમાથી, એનુ, એનાથી, એમા' ઇ૦ રૂપોમા (ઍ') ઉચ્ચાર થાય છે પણ 'એથી', 'એથી કરીને'મા તેમ નથી થતુ ] (૩) વિ૦ પેલુ (૫) અ૦ [प्रा, सं. ऐ] 'અરે' ઓ, હે' આદિ સૂચક ઉદ્ગાર

એ ત્રીજી ને સાતમી વિભક્તિનો પ્રત્યય (રાજાએ હુકમ કર્યો, છાપરે ચડ્યો)

એઈ સ્રી૦+મર્યાદા, આમન્યા

એક વિ૦ [સં] '૧', સંખ્યામા પહેલુ (૨) અજોડ અદ્વિતીય, (જેમ કે, ઈશ્વર એક છે,' 'તમે જ એક ખરા, બાકીના ખોટા?') (૩) કોઈ અમુક, તદ્દન ચોક્કસ નહિ એવુ ('એક રાજા હતો') (૪) એકસરખુ, સમાન, ભેદ વગરનુ ('તમે અમે સૌ એક છીએ') (૫) એક મતનુ, એકતાવાળુ, સંપીલુ, એકઠું ('બધા પક્ષો એક ન થયા,' નેતાઓ એક ન થાય ત્યા સુધી') (૬) અમુક નિશ્ચિત, બીજુ નહિ (જેમ કે, કહેવુ એક ને કરવુ બીજુ એક વાત કરો તો સમજણ પડે) (૭) સંખ્યા વાચક શબ્દને છેડે આવતા 'આશરે' 'શુમારે'

એવો અર્થ બતાવે છે. ઉદા૦ પાંચેક, સોએક (૮) 'ફક્ત, માત્ર' જેવો ભાવ બતાવે છે જેમ કે, એક પિતાના વચનને સારુ રામ વનમા ગયા [-અગ્રે સૂરવું = (કશા વિવેકવિચાર વિના, બધા જોડે) એકધારુ વર્તવું -આંખ થવી = આંખે આંખ મળવી, એકબીજાની નજર મળવી -આંખ હોવી, આંખે જોવુ = એક તરફી-પક્ષપાતી નજર હોવી -આંખમાં હસાવવાં ને એક આંખમાં રડાવવા = ભય ને પ્રીતિ બેઉ બતાવવા, જરૂર પ્રમાણે હસાવવુ અને રડાવવુ પણ -એકના મોંમા થૂંકે એવાં = કોઈથી ગાજ્યું ન જાય-ઊતરે નહિ એવું, સરખુ પહોંચેલ -ઇંદ્રિયનું જ્ઞાન = એક જ બાજુ કે હેતુનું જ્ઞાન, બધી બાજુનું નહિ-એકતરફી સમજ -કાનથી બીજે કાન જવુ = એક પાસેથી બીજા પાસે થતા થતા વાત ફેલાવી-છાની ન રહેવી -કાને સાંભળી બીજે કાને કાઢી નાખવું = સાંભળ્યુ ન સાંભળ્યુ કરવુ, સલાહ કે શિખામણ ન માનવી -કાંકરે (પથ્થરે) બે પક્ષી (પંખી) મારવા = એક પંથ ને દો કાજ, એક સાથે બે કામ સાધવા -ગાડે જોડાય એવા = બરોબર સરખા, એક જોડીના -ઘાએ બે કકડા = તડ ને ફડ જવાબ કે નિકાલ -ચ દાવા(-વો) ચડે એવું = ટપી જાય એવુ, ચડિયાતુ -ચૂડી ચલાણે ચડી = એક કામ પત્યુ એક જ ગુરુના ચેલા = (પંકાય આવડત ઇ૦મા) કોઈ કોઈથી ઊતરે નહી એવા, સરખેસરખા -જાળામાં સો સાપ = સાવ ઢંગ-ગપ! -નાવમાંનું વિ૦ સરખી હાલત કે સરખા વિચારનું -પછી એક = વારાફરતી અનુક્રમે -પર બે કરવુ = જુઓ એકડા પર બગડો કાઢવો ભણવાનું શરૂ કરવુ -પાણુ બોડી = પોણા આઠ, બાયલું ઢંગધડા વિનાનું -પાયો ઓછો હોવો = જરા ગાંડુ-ઢાધારંગુ હોવુ -ભવમાં બે ભવ કરવા = ધર્મભ્રષ્ટ થવુ, વટલાવુ, નાતબહાર થવુ (૨) નાતરુ કરવુ -મગની (બે) ફાડ = એક જ માબાપના સતાન, સહોદર -માળાના મણકા = સરખેસરખા -મૂઠીએ = એક સાથે, સામટુ, સાથે લાગુ એકના એકવીસ - એકાશી થાઓ = વશવેલો વધો (એવો આશીર્વાદ) એકનું એક, એક ને એક = એકસરખુ, એક જ, ફેરફાર વિનાનુ એકના તેર કરવા = ગપ્પુ ગપ કરવુ, વધારી મૂકવુ એકનું બે ન થવું = મક્કમ રહેવું, હઠ ન છોડવી, પોતાની વાતને વળગી જ રહેવુ -પગ દૂધમા ને એક પગ દહીંમા = દૂધમા ને દહીંમા બને પક્ષમા, બેઉ બાજુની ઢોલકી (મક્કમતા કે નિશ્ચયનો અભાવ બતાવે છે ચાલબાજીની ટેવ) -પંથ દો કાજ = એક સાથે બે કામ સાધવા -મ્યાનમાં બે તલવાર = એક જ ક્ષેત્રમા બે સત્તાનો દાવ કે ચલણ -લાકડીએ હાંકવું = જુઓ એક અગ્રે સૂરવુ (૨) સરખી રીતે દોર ચલાવવો એકસો આઠ પેઢી = બાપદાદાઓ, પૂર્વજો, વડવાઓ -હાથે તાળી ન પડે = (કામ કે સોદો પતવામા કે ઝઘડામા—હરેકમા) એકલાથી કામ ન થઈ શકે, સહકાર જોઈએ -હાથમાં ગોળ અને બીજા હાથમા ઘી = જુઓ 'એક પગ દૂધમા ને બીજો દહીંમા' એકે કોર કાચી ન રહેવી = સુખદુખના-સારામાઠા બધા અનુભવ થઈ જવા એકે કોર કાચી ન રાખવી = મણા ન રાખવી, કશું બાકી ન રહેવા દેવુ] [એક, ક્રમિક

**એક એક** વિ૦ એકીસાથે એક (૨) એક પછી એક

**એકક્ષિક સમીકરણ** ન૦ [સં] 'ઇક્વેશન ઑફ ધી ફર્સ્ટ ઑર્ડર' (ગ)

**એક કતાર** [હિં] કવાયતનો, એક કતાર કે પંક્તિમા થવાનું કહેવાનો, હુકમ કે બોલ [-થવુ = સીધીલીટીમા ગોઠવાવુ (કવાયત માટે)]

**એક કાને** અ૦ એકાગ્ર, એકધ્યાન

**એકકાલિક, એકકાલીન** વિ૦ [સં.] એક જ સમયનુ, સમકાલીન (૨) એકીસાથે બનતુ (૩) માત્ર એક વાર બનતું

**એકકેંદ્ર** વિ૦ [સં.] એક કેંદ્રવાળું

**એકખુરી** વિ૦ [સં] એક આખી ખરીવાળું

(પ્રાણી) (૨) ન૦ શસ્ત્રવૈદનુ એક શસ્ત્ર
એકગર્ભકોશી(-ષી) વિ૦ [સ.] એક જ ગર્ભ-કોશવાળુ
એક ગાંઠ સ્ત્રી૦ સપ મેળ, મૈત્રી [એક્સ્પ્રેશન'
એકઘાતપદી સ્ત્રી૦ [સ ] (ગ ) 'ધી ફ્સ્ટ ડિગ્રી
એકઘાત સમીકરણ ન૦ [સ ] (ગ.) સુરેખ સમીકરણ, 'લીનિયર ઇક્વેશન'
એક(-કે)ચક્કે અ૦ એકચક્કે, એક જ જણના હાથમા બધી સત્તા રાખીને
એકચક્ર વિ૦ [સ ] ચક્રવર્તી. -ક્રી વિ૦ એક પૈડાવાળુ (૨) ચક્રવર્તી (૩) સ્ત્રી૦ એક પૈડાની સાઇકલ -ક્રે અ૦ જુઓ એકચક્કે
એકચિત્ત વિ૦ [સં ] એકાગ્ર, તલ્લીન, ધ્યાનસ્થ (૨) ન૦ ધ્યાન, એકાગ્રતા
એકછત્ર વિ૦ [સ ] એક રાજાવાળુ (૨) ન૦ કુલ અધિકાર એક જ હાથમા હોય એવી શાસનપદ્ધતિ. -ત્રે અ૦ એક જ રાજાના અમલ તળે
એકજથ્થે(-થ્થે) અ૦ એકસાથે, એક ઠેકાણે
એકજાત વિ૦ એક જ જાતનુ-વર્ગનુ સરખુ -તીય વિ૦ [સં ] એક વર્ગનુ કે કુટુબનુ (૨) એક જ જાતિનુ (નર કે માદા)
એકજીવ વિ૦ [સ ] મનમા પરસ્પર ભેદભાવ વગરનુ; એકરૂપ [(૨) લગડુ
એકટંગુ, -ગિયુ વિ૦ [એક+ટાગ] એકપગુ
એકટાણું ન૦ એક ટક જમવુ તે
એકઠું વિ૦ [સ एकस्थ, પ્રા एकट्ठ] એકસાથેનુ, એકત્રિત, ભેગુ (૨) અ૦ એક જગાએ-સાથે [-બેસવું, મળવું=સાથે બેસવુ ઊઠવુ કે મળવુ, મેળ હોવો ]
એકડ વિ૦ કોઈની સાથે ભળે નહિ એવુ: એકલ
એકડિયાં ન૦ બ૦ વ૦ [એકડો] એકડો બગડો શીખવાનો બાળપોથીનો વર્ગ; બાળવર્ગ
એકડો પું૦ [સ एक] એકની સજ્ઞાસૂચક આંકડો -૧ (૨) સહી (૩) કબૂલાત (૪) જ્ઞાતિનો ગોળ [એકડા પર બગડો કાઢવો=ભણવાનુ કાઈક શરૂ કરવુ, કક્કો ઘૂટતા થવુ એકડા વગરનું મીંડું=લેખામા નહિ એવુ, નકામુ એકડે એક પુ૦ બ૦ વ૦ શરૂનું સખ્યાલેખન (૧થી ૧૦૦ સુધીનુ સામાન્ય રીતે), તે આક એકડે એકથી=શરૂઆતથી. -કરવો=એકડો લખવો કે કાઢવો (૨) સહી કે કબૂલાત કે ગોળ કરવો -કાઢવો=એકડો લખવો -કાઢી નાંખવો=ગણતરીમાથી કાઢી નાખવુ સબધ તોડવો (૨) મમત કે હઠ જતી કરવી -કાપવો=ગોળમાથી કે સબધમાથી દૂર કરવુ (૨) ગણતરીમા ન લેવુ. -પાડવો= એકડો કાઢવો(૨)સહી કરવી,સમતિ આપવી -લેવો=સહી કે સમતિ લેવી ]
એકઢાળિયુ વિ૦ એક જ બાજુ ઢળતા છાપરા-વાળુ (૨) ન૦ એવુ મકાન કે ઓસરી
એકતરફી વિ૦ એકપક્ષી, એક બાજુનુ
એકતત વિ૦ આગ્રહી (૨) પું૦ આગ્રહ -તે અ૦ સાથે મળીને, એકરાગથી (૨) લાગુ રહીને, ખત ને આગ્રહથી
એકતંત્ર વિ૦ [સ ] બધાની સમતિવાળુ (૨) તૂટ પડયા વિનાનુ (૩) એક વ્યવસ્થા નીચેનુ (૪) ન૦ એક સરખી વ્યવસ્થા તે(૫)સર્વાનુમતિ
એકતબે અ૦ એકસાથે સપીને, એક જૂથમા [-ઊભુ રહેવું=સપથી સાથ દઈને જૂથમા રહેવુ ]
એકતા સ્ત્રી૦ [સ ] સપ, ઐક્ય
એકતાન વિ૦ (૨) ન૦ [સ ] જુઓ એકચિત્ત ૦ત્વ ન૦, ૦તા સ્ત્રી૦ એકતાન હોવુ તે
એકતાર વિ૦ એક તારવાળુ (૨) એકસરખુ (૩) એકરસ (૪) એકચિત્ત -રું વિ૦ એક તારવાળુ (૨) એકસરખુ -રો પુ૦ એક તારવાળો તંબૂરો
એકતાલ પુ૦ [સ ] જેમા એક જ તાલ આવે એવો રાગ (૨) સગીતનો એક તાલ (૩) ઐક્ય (૪) વિ૦ એક તાલવાળુ
એકતાળીસ વિ૦ [સ एकचत्वारिंशत्] ૪૧
એકતાળો પુ૦ મણના એકતાળીસ શેર થાય એવુ માપ
એકતી(-ત્રી)સ વિ૦ [સ एकत्रिंशत्] ૩૧
એકત્ર અ૦ [સ ] એક જગાએ, સાથે (૨)એક ઠર. -ત્રિત વિ૦ એકત્ર કરેલુ : એકઠુ
એકત્રીસ વિ૦ જુઓ એકતીસ; ૩૧

એકત્વ ન૦ [સં.] એક હોવાપણુ, એકતા
એકથંભુ વિ૦ [એક+થભ] એક થાભલાવાળુ; એક થાભલા ઉપર રચેલુ
એકદમ અ૦[એકકે फा यक+दम] તાબડતોબ (૨) સાવ, તદ્દન (એકદમ કાળુ) [દળતુ
એકદલ(-ળ, -ળિયુ) વિ૦ [સં] એકસરખા
એકદસ્તી સ્ત્રી૦[એક+દસ્ત] કુસ્તીનો એક દાવ
એકદંડિયુ વિ૦ એકથભુ (૨) એકદડા શ્વાસને લગતુ
એકદંડી પુ૦ [સં.] એક પ્રકારનો સન્યાસી, હસ
એકદંડો પુ૦ [એક+દંડ] મરતી વેળા ઊપડતો સાસ, એકદડિયો શ્વાસ
એકદંત વિ૦ [સં.] એક દાતવાળુ (૨) પુ૦ (સ ) ગણેશ (૩) એક દાતવાળો હાથી
એકદા અ૦ [સં] એક વખતે (૨) અગાઉના વખતમા [મણકાની કઠી, મંગળસૂત્ર
એકદાણિયુ ન૦ [એક+દાણો] એકસરખા
એકદાણી વિ૦[એક+દાણો] બધા દાણા સરખા હોય તેવુ (૨) એક કદનુ, એકસરખુ
એકદિલ વિ૦ જેના દિલમા જુદાઈ નથી એવુ, એકજીવ -લી સ્ત્રી૦ એકદિલ હોવુ તે (૨) મનનો મેળ, સપ
એકદૂધ વિ૦ એક જ દૂધ ધાવેલુ, એક વશનુ
એકદૃષ્ટિ વિ૦ [સં] એક આખવાળુ (૨) સ્ત્રી૦ તાકીને જોઈ રહેવુ તે, સામસામી નજર થઈ જવી તે (૩) એક જ-સરખો હેતુ હોવો તે
એકદેશ પુ૦[સં] એક સ્થળ અથવા જગા (૨) એક ભાગ અથવા વિભાગ, એક બાજુ (૩) એક આશય કે મહત્વાકાક્ષા -શાવયવ પું૦ એક ન્યાયદોષ, બે એકદેશી નિર્દેશો પરથી કાઢેલું નિગમન, 'ફેલસી ઓફ પર્ટિક્યુલર પ્રેમિસીસ'
એકદેશી, ૦ય વિ૦[સં]એક જ દેશનુ-વતનનુ (૨) એક દેશ-ભાગને લાગુ પડતુ, એકતરફી; એકેન્દ્રિય (૩) અધૂરુ, સકુચિત, મર્યાદિત -શિતા સ્ત્રી૦, ૦પણુ ન૦ ૦સમાસ પુ૦ ષષ્ઠીતત્પુરુષનો એક પ્રકાર
એકધર્મી વિ૦ [સં.] એક જ-સમાન ગુણધર્મ ધરાવનાર, એક જ જાતનુ (૨) એક જ ધર્મનુ
એકધા અ૦ [સં] એક રીતે (૨) એક હાથે (૩) એકદમ, એક જ વખતે (૪) એક વખતે
એકધારુ વિ૦ [એક+ધારા] એકસરખુ, ફેરફાર વિનાનુ [(૨) ન૦ એકાગ્રતા
એકધ્યાન વિ૦ [સં] એકચિત્ત, ધ્યાનમા એકાગ્ર
એકનસિયુ, એકનસીલુ વિ૦[એક+નસ] જક્કી
એકનિશ્ચયી વિ૦ [સં] કરેલા નિશ્ચયને વળગી રહે તેવુ, દૃઢ (૨) સરખા-સમાન નિશ્ચયવાળુ
એકનિષ્ઠ વિ૦[સં] એકનિષ્ઠાવાળુ. -ષ્ઠા સ્ત્રી૦ એકની જ ઉપર નિષ્ઠા-આસ્થા હોવી તે (૨) વફાદારી (૩) પ્રમાણિકતા
એકપક્ષી વિ૦ [સં] એકતરફી
એકપગુ વિ૦ [એક+પગ] એક પગવાળુ -ગે અ૦ અધીરુ, તલપાપડ થતુ હોય એમ
એકપતિત્વ ન૦[સં] એક જ પતિ હોવો તે(૨) પતિ પ્રત્યેની વફાદારી
એકપત્ની(૦ક)ત્વ ન૦[સં]એક જ પત્ની હોવી તે
એકપત્નીવ્રત ન૦[સં]એક જ પત્ની કરવાનુ વ્રત
એકપદી વિ૦[સં.] એક પદવાળુ, 'મોનોમિયલ' (ગ) (૨) સ્ત્રી૦ કેડી, પગથી
એકપર્ણી વિ૦ [સં] એક પર્ણ-પાદડાવાળુ
એકપાઠી વિ૦ [સં.] એક જ વખત વાચવાથી અથવા સાભળવાથી યાદ રાખી શકે એવુ
એકપુષ્પી વિ૦ [સં] એક બીજકોશવાળું, 'યુનિલોક્યુલર'
એકપ્રાણ વિ૦ [સં.] એકજીવ [ઑપે એવુ
એકફસલી વિ૦[એક+ફસલ]વરસમા એક પાક
એકબારગી અ૦[हिं.]એક રીતે, એક બાજુથી જોતા (૨) એક વાર ['કૉન્કરટ' (ગ)
એકબિંદુક વિ૦ [સં] એક બિંદુમા મળતુ,
એકબીજુ અન્યોન્યવાચક સ૦ (કર્તા વિભક્તિમા વપરાતું નથી) [(૨) સરખા વિચારવાળુ
એકબુદ્ધિ વિ૦ [સં] એક જ પ્રકારની બુદ્ધિવાળુ
એકભાવતા સ્ત્રી૦ [સં] એક સમાન ભાવ કે ભાવના હોવી તે [સરખી કિંમતનુ
એકભાવું વિ૦ [એક+ભાવ] એક જ ભાવનુ,
એકભુક્ત, એકભોજન વિ૦ [સં] એક ટક ખાનારુ (૨) ભેગુ બેસીને ખાનારુ (૩) ન૦ એક ટક ખાવાનુ વ્રત (૪) ભેગુ બેસીને ખાવુ તે

**એકમ** પું૦ ગણતરી વગેરે હેતુઓ માટે એક અને આખી પૂર્ણ માનેલી વસ્તુ અથવા સમૂહ, 'યુનિટ' (૨) એકડો (૩) સંખ્યાલેખનમા જમણા હાથથી પહેલા સ્થાનનો આકડો (૪) સ્ત્રી૦ પડવો

**એક મગ(-ગા)** અ૦ એક બાજુ

**એકમજલી** વિ૦[એક+મજલો] એક મજલા-માળવાળુ

**એકમત** વિ૦ [स] એક અભિપ્રાયવાળુ, સર્વાનુમત (૨) સંમત **-તિયું** વિ૦ એક જ મત કે તતને વળગી રહેનારુ, જિદ્દી **-તી** સ્ત્રી૦ બધાનો સરખો મત હોવો તે

**એકમન** વિ૦ [स] એકચિત્ત (૨) એક વિચારનુ (૩)ન૦ એકમન હોવુ તે, સપ **-નું** વિ૦અનન્ય -એકમનવાળુ (૨) સર્વત્ર સમાન ભાવવાળુ

**એકમય** વિ૦ [स] એકમા લીન, એકરૂપ

**એકમલ્લ** પુ૦ [स] જુઓ એકલમલ્લ

**એકમાત્ર** વિ૦ [स] એકનુ એક, ફક્ત એક જ

**એકમાર્ગી** વિ૦ [सं] એક જ માર્ગને વળગી રહેનારુ (૨) સરળ, સીધે માર્ગે જનારુ

**એકમુલકી** વિ૦ [એક+મુલક] એક જ દેશનુ

**એકમેક** અ૦ [दे एक्केक्कम ? के एक्कमेक्क = પ્રત્યેક ?] પરસ્પર, માહોમાહે (૨) સ૦ જુઓ એકબીજું ૦તા સ્ત્રી૦એકરૂપતા, એકમેક થવુ તે

**એક મેર (મે)** અ૦ એક બાજુ

**એકમેળ** વિ૦ સંપીલુ (૨) પરસ્પર મેળ ખાય એવું, સંવાદી (૩) પુ૦ સંપ, સવાદ, મેળ

**એકર** પુ૦ [इ] ૪૮૪૦ ચોરસવાર જમીનનુ માપ

**એકરસ** વિ૦ [એક+રસ] બરાબર મળી-પીગળી ગયેલુ (૨) ગુલતાન ૦તા સ્ત્રી૦

**એકરંગ(-ગી)** વિ૦ [सं.] એક જ સરખા રંગનું (૨) મળતા સ્વભાવ કે વિચારવાળુ

**એકરાગ** વિ૦ [स] જુઓ એકરંગી (૨) પું૦ એકમતી, સંપ, સવાદ

**એકરાર** પુ૦, **૦નામું** ન૦ જુઓ 'ઇકરાર'માં

**એકરાશ** વિ૦ [એક+રાશિ] એક જાતનુ, એકસરખું, સમાન ગુણવાળું (૨) જેમની મળતી રાશિ હોય એવુ (૩) સ્ત્રી૦ સરખાપણુ, મળતાપણુ (૪) સંપ

**એકરાષ્ટ્ર** પું૦, ન૦ [स] એક અખંડ અવિભક્ત રાષ્ટ્ર, દેશના સૌ મળીને બનેલો એકતાવાળો રાષ્ટ્ર

**એકરૂપ(-પી)** વિ૦ [स.] એક જ રૂપનુ, અભેદ (નૈ) સરખા દેખાવનુ, બહુરૂપીથી ઊલટુ

**એકલ** વિ૦ [प्रा एक्कल्ल] એકાકી, એકલુ **૦ડું** વિ૦ (પ) એકલુ **૦ડો(-દો)કલ** વિ૦ એકલુ, સોબત-સંગાથ વિનાનુ (અથવા એકાદ સંગાથવાળુ) **૦તા** સ્ત્રી૦ એકલાપણુ. **૦પીડું** વિ૦ નિરાળુ, એકલુ **૦પેટુ** વિ૦ આપસ્વાર્થી **૦દોકલ** વિ૦ એકલુ, સાથી વગરનુ (એક બે જણની જ સંખ્યામાં ?) **૦મલ્લ** પુ૦ અદ્વિતીય મલ્લ-કુસ્તીબાજ (૨) વણો જબરો માણસ (૩) એક્કો (૪) વિ૦ અજોડ (૫) એકમાર્ગી **૦સૂડિયુ, ૦સૂડું** વિ૦ સ્ત્રી, પુત્ર આદિ પરિવાર વિનાનુ, એકલે-એકલું **૦વાયું** વિ૦ એકલુ, એકલદોકલ (૨) સ્ત્રી, પુત્રાદિ પરિવાર વિનાનુ(૩)આશ્રય વગરનુ **૦વીર** પુ૦ એકલે હાથે ઝૂઝનાર વીર **૦સૂરું** વિ૦ એકલુ, સોબત વિનાનુ (૨) એકલપેટું, સ્વાર્થી **૦સૂરાપણુ** ન૦ એકલપેટાપણું **૦હથ્થુ** વિ૦ જુઓ એકહથ્થુ

**એકલકટો** પુ૦ એક વેલો, શતાવરી

**એકલકૂટો** પુ૦ જુઓ એકલગા

**એકલક્ષી** વિ૦ [सं] એક જ લક્ષ કે હેતુવાળું

**એકલવાઈ** સ્ત્રી૦ સોનીનુ એક ઓજાર (૨) એક બાજુ ઊચો ચીલો

**એકલવાયું, એકલવીર, એકલસૂરુ, એકલહથ્થુ** જુઓ 'એકલ'મા

**એકલંગા** સ્ત્રી૦ [हि, म एकलगी - એક લગ =પિંડી] કુસ્તીનો એક દાવ [ગોદડું

**એકલિયુ** ન૦[જુઓ એકલ]એકને સૂવાના માપનુ

**એકલિંગ** વિ૦[स.](વ્યા.) એક જ લિંગ-જાતિ બતાવે એવુ (૨) પુ૦ (સ ) મેવાડના રજપૂતો વગેરેના કુલદેવ એવા મહાદેવ (૩) કુબેર **૦જી** પું૦ એકલિંગ મહાદેવ

**એકલું** વિ૦ [જુઓ એકલ] કોઈના સાથ વિનાનું, એકાકી, સાવ છૂટુ કે અલગ

**એકલોહિયું** વિ૦ [એક+લોહી] એક લોહીવાળુ -એક કુળમા જન્મેલુ

**એકવગું** વિ૦(૨)અ૦ [એક+વગો]એકસાથે-એકબાજુએ હોય એવુ (૩) સામટુ, એક જથે (૪) ઓચિતુ

**એકવચન** ન૦ [સં] ફરે નહિ એવુ વચન (૨) [વ્યા] એક જ વસ્તુનો બોધ કરે તે **-ની** વિ૦ બોલ્યુ પાળે એવુ(૨)[વ્યા.]એકવચનવાળું

**એકવટ** વિ૦ વટવાળુ, ટેકીલુ

**એકવડ** વિ૦ [એક+વડ-પડ ?]એકવડુ, એક પડવાળુ **-ડિયુ** વિ૦ નાજુક-નબળા બાંધાનુ, મૂકલા-પાતળા કોઠાનુ **-ડુ** વિ૦ જુઓ એકવડિયુ (૨) એક પડવાળુ

**એકવર્ણ** વિ૦[સ] એક વર્ણનુ-ન્યાતનુ (૨) ન્યાતજાતના ભેદ વિનાનુ(૩)એકરંગી(૪)એક-સરખુ **૦સમીકરણ** ન૦ 'સિમ્પલ ઇકવેશન' (ગ)

**એકવાક્ય** ન૦ [સ] એકસમાન કે સર્વમાન્ય મત કે અભિપ્રાય (૨) વિ૦ એકસમાન મત-વાળું, એકમત **૦તા** સ્રી૦ એકસરખાપણું, સમાનાર્થતા, એકવાક્ય હોવુ કે થવુ તે

**એકવાદ** પુ૦ [સ] એક જાતનુ તબલુ (૨) એકેશ્વરવાદ

**એકવાર, -રે** અ૦[સ]એક, અમુક વખતે(૨) એક ફેરો **૦કું** વિ૦ એક વારનુ, પહેલપ્રથમ **-રિયુ** વિ૦ એક વાર બને એવુ,એક વખતનુ (૨) એક વારના માપનુ (૩) ન૦ એક વાર ખાડેલી હાગર, કરડ

**એકવિધ** વિ૦ [સ] એક પ્રકારનુ

**એકવીતીનું** વિ૦ [એક+વીતી] એક જ વાર બને એવુ (ન્યાતનુ જમણ)

**એકવીસ** વિ૦ [स एकविंशति, प्रा एकवीसा] ૨૧ **-સા** પું૦બ૦વ૦ ૨૧×૧ થી ૧૦નો ઘડિયો

**એકવેણિ(-ણી)** સ્રી૦ [સ] સાદો અંબોડો

**એકવૃંદ** ન૦ [સ] ગળાનો એક રોગ (૨) એક ઢગલો-સમૂહ

**એકશાસન** ન૦ [સ.] એકહથ્થુ અમલ

**એકશ્રુતિ** વિ૦ [સ] ઉદાત્ત, અનુદાત્ત ઇત્યાદિ સ્વરોના વિભાગ કર્યા વિના જ ઉચ્ચારેલુ-ઉચ્ચારાયેલુ [(૨) પુ૦ એક સટ

**એકસટ** વિ૦ [એક+સટ] એક સટ-જથામાનુ

**એકસઠ** વિ૦ [स एकषष्टि, प्रा एकसट्ठि] ૬૧

**એકસત્તાક** વિ૦ [સ] એકહથ્થુ સત્તાવાળુ

**એકસરખુ** વિ૦ સમાન, બધી રીતે સરખુ

**એકસરી** વિ૦ [એક+સર] એક સેરુ (૨)સ્રી૦ એવુ કોટનુ એક ઘરેણુ [માથી બનાવેલુ

**એકસંધિ** વિ૦[સં]સાંધા વિનાનુ, એક આખા-

**એકસંપ** વિ૦ એકસંપીવાળુ (૨) પુ૦ ઐક્ય, સંપ (૩) બધાએ મળી એકસરખો વિચાર-નિશ્ચય કરવો તે **-પી** સ્રી૦ (૨) વિ૦ જુઓ એકસંપ **-પીલુ** વિ૦ એકસંપ

**એકસાથે** અ૦ [એક+સાથ] સૌ સાથે મળીને, જોડે, એકીવખતે [એકરૂપ

**એકસાન** વિ૦ [फा यकसान] એકસરખુ;

**એકસૂત્ર** ન૦ [સ] ડાખલુ, ડમરુ

**એકસૂરુ** વિ૦[એક+સૂર]એક-સમાન સૂરવાળુ

**એકસેરુ** વિ૦ [એક+સેર] એક સેરવાળુ

**એકસો, -સે** વિ૦ ૧૦૦ [મોનોસિલેબિક'

**એકસ્વરી** વિ૦ [સ] એક સ્વરવાળું,

**એકહથ્થુ (-થ્યુ)** વિ૦ [એક+હથ્થુ] એક જ હાથમા હોય એવુ

**એકહરી** પુ૦ [हिं] કુસ્તીનો એક દાવ

**એકંદર** વિ૦ [સર૦ મ]બધુ મળીને થતુ, કુલ **-ર(-રે)** અ૦ સામટી રીતે, બધી બાબતોનો વિચાર કરતા

**એકા** પુ૦ બ૦ વ૦ ૧ થી ૧૦×૧ નો ઘડિયો

**એકાએક** અ૦[हिं ; म एकाएकीं, फा यकायक] ઓચિતુ, એકદમ

**એકાકાર** વિ૦ [સ] એક આકારવાળું, એકરૂપ (૨) સેળભેળ **૦તા** સ્રી૦ **૦પણું** ન૦

**એકાકી** વિ૦ [સ] એકલું(૨) નિરાધાર **-કિતા** સ્રી૦એકાકી હોવુ તે **-કિની** વિ૦સ્રી૦એકાકી

**એકાક્ષ(-ક્ષી)** વિ૦ [સ] એક આંખવાળુ (૨) કાણુ (૩) પું૦ કાગડો

**એકાક્ષર** વિ૦ [સ.] એક અક્ષરવાળુ (૨) પુ૦ એક અક્ષર (૩) એવો ગૂઢ મંત્ર — ॐ. **-રી** વિ૦ એકાક્ષરવાળુ

**એકાક્ષી** જુઓ એકાક્ષ

**એકાગ્ર** વિ૦ [સ.] એકલક્ષી (૨) તલ્લીન. **૦ચિત્ત** વિ૦ એકાગ્ર ચિત્તવાળુ **૦તા** સ્રી૦

એકાચ્ વિ૦ [સં.] એક સ્વરવાળું (વ્યા)
એકાચાર પું૦ [સં] એકસરખો આચાર, એકસરખું વર્તન [૯૧
એકાણુ(-ણું) વિ૦[સં एकनवति,प्रा.एकाणउइ]
એકાત્મ વિ૦ [સં] પોતાના ઉપર જ આધાર રાખનારુ; એકલુ (૨) એક – સમાન આત્માવાળુ. ૦તા સ્ત્રી૦, ૦ભાવ પું૦ આત્મૈક્ય, -ત્મિક વિ૦ પર્યાયિક (ગ.)
એકાદ(-દુ) વિ૦ [સં. એક+અર્ધ] કોઈ એક (૨) એક અથવા બે (૩) ભાગ્યે એક, વિરલ
એકાદશ વિ૦[સં] ૧૧.-શા સ્ત્રી૦અગિયારમું (૨) અગિયારમાની ક્રિયા. -શી સ્ત્રી૦ અગિયારસ
એકાદુ વિ૦ જુઓ એકાદ
એકાધિક ગુણોત્તર પુ૦[સં.]'રેશિયો ઑફ ગ્રેટર ઇન ઇકવૉલિટી (ગ)
એકાનએક અ૦ એકાએક
એકાર્થ(-ર્થી) વિ૦ [સં.] એકસરખા અર્થ કે આશયવાળું. -ર્થ નિર્દેશ પુ૦ સમાન અર્થવાળા શબ્દો કહેવા તે [૫૧
એકાવન વિ૦[સં. एकपंचाशत्, प्रा. एकपन्नास]
એકાવલિ(-લી) સ્ત્રી૦[સં.] એકસરી (૨) એક અર્થાલંકાર – જેમા પૂર્વપદો સાથે ઉત્તરપદોનું વિશેષણ રૂપે સ્થાપન કે નિષેધ દેખાડાય છે
એકાવળ હાર પું૦ [એકાવલિ+હાર] એક ઘરેણુ, એક સેરનો હાર
એકાશ(-સ)ણુ(-ણું) ન૦ [સં. एकाशन, प्रा. एका(-गा)सण] એક ટંક ખાવુ તે
એકા(-ક્યા)શી(-સી) [સં एकाशीति, प्रा. एकासीइ] ૮૧
એકાસણુ(-ણું) ન૦ જુઓ એકાશણ
એકાસન ન૦ [સં] એકસરખું આસન
એકાસૂધ અ૦ દરેકેદરેક; તમામ
એકાંક વિ૦ [સં.] એક આંકડાવાળું (૨) એક અંકવાળું (નાટક) (૩) ન૦ એકમ; 'યુનિટ' -કી વિ૦ જુઓ એકાંક
એકાંગ વિ૦ [સં] એક અંગવાળુ (૨) અપંગ; ખોડવાળુ (૩) પુ૦ અંગરક્ષક (૪) [સં] બુધ નામનો ગ્રહ (૫) ન૦ એક અંગ અથવા ભાગ. ૦વાત પું૦ એક અંગનું રહી જવુ તે, પક્ષાઘાત -ગી વિ૦ જુઓ એકાંગ (૨) એકતરફી. (૩) એકેંદ્રિય, એક વાતને પકડી રાખનારું; હઠીલું. -ગીપણું ન૦
એકાંડ ન૦ [સં] એક જાતનો ઘોડો (તેના અંડ જાણે એક હોય એવું દેખાતો)
એકાંત વિ૦ [સં] કોઈના અવરજવર વિનાનું (૨) એકલું, એકાકી (૩) ખાનગી (૪) એક જ બાજુ અથવા વસ્તુને લગતું, અનેકાંતથી વિરુદ્ધ એવું (૫) ન૦, સ્ત્રી૦ જ્યાં કોઈ ન હોય એવી — કોઈના અવરજવર વગરની – એકાંત જગા ૦વાદ પુ૦ એક અમુક જ સાચુ ને બીજું નહિ એવો આગ્રહ ૦વાસ પું૦ એકાંતમા રહેવુ તે (૨) છૂપી રીતે રહેવુ તે -તિક વિ૦ એક જ હેતુ, માણસ કે સિદ્ધાંતને વળગી રહેનારું (૨) (સિદ્ધાંત જેવું) છેવટનું, 'ઍબ્સોલ્યૂટ' -તિકત્વ ન૦ વ્યાઘાતવાળી બે વસ્તુમાંની એક ખરી અને બીજી ખોટી હોવી જોઈએ એ નિયમ (ન્યા)
એકાંતર વિ૦ [સં.] વચમા એક આંતરો પડે એવુ (૨) દર ત્રીજે દિવસે આવતુ ૦પ્રમાણ ન૦ 'ઑલ્ટરનેન્ડો' (ગ) ૦વૃત્તખંડ પુ૦ 'ઑલ્ટરનેટ સેગ્મેન્ટ ઑફ એ સર્કલ' (ગ)
એકાંતરા(-રે) (૦) અ૦ [એક+આંતરો] એકને આંતરે, વચમા એક મૂકી દઈને -રિયું વિ૦ એકાંતર. -રિયો પુ૦ એક એક દહાડાને આંતરે આવતો તાવ -રું વિ૦ એકાંતર
એકાંતિક, ૦ત્વ [સં] જુઓ 'એકાંત'મા
એકાંશ પુ૦ [સં.] એક અંશ–ભાગ (૨) [ગ] 'એલીકોટ પાર્ટ'
એકી વિ૦ [સં एक] બે વડે નિઃશેષ ન ભાગી શકાય એવી (સંખ્યા) (૨) સ્ત્રી૦ એકતા (૩) [લા] પેશાબની હાજત [-કરવી = પેશાબ કરવો -જવું = પેશાબ કરવા જવુ -થવું = પેશાબની હાજત થવી, પેશાબ કરવાનુ થવુ -લાગવી = પેશાબની હાજત થવી -થવી = પેશાબ થવો.]
એકી વિ૦ એક જ (પ્રાય એકીસાથે જેવા

અ૦ પ્રયોગમા આવે છે જેમ કે—) ૦કલમે અ૦ એકીસાથે ૦ટશે(-સે) અ૦ એકી નજરે, ટગર ટગર ૦વખતે, ૦વારે અ૦ એકે ઝપાટે ૦સાથે અ૦ એક સાથે, સૌ સાથે થઈને
**એકીકરણ** ન૦ [સ] અનેકને એક કરવા તે
**એકીબેકી** સ્ત્રી૦ એક બાળરમત
**એકીભવન** ન૦, **એકીભાવ** પુ૦ [સ] અનેકનુ એકરૂપ થવુ તે
**એકીભૂત** વિ૦ [મ] એકરૂપ બનેલું; એકત્રિત
**એકૂકુ** વિ૦ [જુઓ એકેકું]+એકએક (૨) એક પછી એક
**એકે(-ક્કે)** વિ૦ એક પણ
**એકેક** વિ૦ [એક+એક] એક એક (૨) જૂદું, નોખુ (૩) અ૦ એકીવખતે એક એમ
**એકેકુ** વિ૦ [એકેક] એક પછી એક
**એકેચકચે** અ૦ એકચકવે
**એકેશ્વરવાદ** પું૦ [સ] ઈશ્વર એક જ છે એવો મત -દી વિ૦ (૨) પું૦ તેમા માનનાર
**એકોતેર** વિ૦ જુઓ ઇકોતેર, ૭૧
**એકોદર** વિ૦ [સં] એક પેટનુ, સહોદર
**એકોદિષ્ટ** વિ૦ [સ] એકને ઉદ્દેશાયેલુ (શ્રાદ્ધ)
**એકોનગુણોત્તર** પુ૦ [સં] 'રેશિયો ઓફ લેસ ઇનઇકવૉલિટી' (ગ.)
**એક્કે** વિ૦ જુઓ એકે
**એક્કડ** વિ૦ એકલુ રહેવાના સ્વભાવનુ, એકાતપ્રિય, ઓછુ મિલનસાર
**એક્કો** પુ૦ ['એક' પરથી] રમવાના પાનામાનું એક સજ્ઞાવાળુ પત્તુ (૨) એક બળદ કે ઘોડાથી ખેચાતુ વાહન (૩) એકતા, સપ (૪) [લા] સૌથી બાહોશ અથવા કુશળ આદમી, શ્રેષ્ઠ પુરુષ
**એક્સ્પ્રેસ** વિ૦ [ઇં] ઉતાવળનો (તાર) (૨) સ્ત્રી૦ મેલ પેઠ વેગવાળી ને મોટા સ્ટેશનો જ કરતી ટ્રેન-ગાડી
**એક્યાશી(-સી)** વિ૦ એકાશી, ૮૧
**એખરો (એ)** પુ૦ [સ. इक्षुरक] એક ઔષધિ (૨) એનુ ઝાડ (૩) [લા] કચરાપૂજા જેવો માલ
**એખલાસ** પુ૦ જુઓ ઇખલાસ, દોસ્તી
**એજન** અ૦ [અ] એ જ, ઉપર પ્રમાણે
**એજન્ટ** પુ૦ [ઇ] આડતિયો, મુનીમ (૨) પ્રતિનિધિ, મુખત્યાર -ન્સી સ્ત્રી૦ આડત (૨) આડતની દુકાન (૩) સરકારી એજન્ટની હકૂમત નીચેનો (દેશી રાજ્યમાનો) પ્રદેશ
**એઝવું** સ૦ક્રિ૦ (કા) સ્પર્શ કરવો
**એટએટલુ** વિ૦ એટલુ એટલુ, એટલુ બધું
**એટલું** વિ૦ [સ एतावत्, प्रा एत्तिल] જણાવેલા માપ કે સખ્યાનુ **એટલા માટે** = એ કારણસર; તેથી કરીને -લામા અ૦ એટલા વખતમા
**એટલું બધુ** વિ૦(આગળ આવતા માપનુ) ઘણુ, પુષ્કળ (એટલુ કે જે ઘણુ કે ખૂબ છે એવુ)
**એટલે** અ૦ અર્થાત્ (૨) તેથી, એ ઉપરથી (૩) એ જગાએ, ત્યા સુધી (જેમ કે, વાત હવે એટલે આવી છે) [**એટલેથી** અ૦ ત્યાથી, તે સ્થાનેથી] (૪) (પ.) એ વખતે, એટલામા
**એઠ (એ)** વિ૦ [સ उच्छिष्ट] એઠુ (૨) સ્ત્રી૦ એઠવાડ ૦વાડ(-ડો) પુ૦ ખાવાપીવાથી થતો ગદવાડ (એઠુ વાસણ, છાડણ વગેરે) (૨) કચરોપૂજો, મલિનતા [**-કાઢવો** = એઠુ જૂઠુ લઈને બધુ સાફ કરવુ (૨) એઠા વાસણકૂસણ માજી કરીને પરવારવુ] -ઠું વિ૦ જમતા વધેલુ; ઉચ્છિષ્ટ (૨) ખાઈ પી કે અડીને બોટેલુ કે બોટાય એવુ (૩) એઠવાડથી ગદુ (૪) ન૦ એઠુ કે તેવુ થાય એવુ અન્ન [**એઠે પાણીએ છાંટે તેવું નથી** = ઘણુ જ કજૂસ] -ઠું જૂઠું વિ૦ એઠું (૨) ન૦ છાડણ, એઠવાડ
**એડ(-ડી)** સ્ત્રી૦ જુઓ એડી
**એડક** પું૦ [સ] ઘેટો [હુલાડવુ
**એડવવું** સ૦ક્રિ૦ અડકાડવુ, જોડવુ (૨) હાલવુ,
**એડી** સ્ત્રી૦ [હિં, મ] પાનીનો છેડો (૨) બૂટની એડી (૩) ત્યા લગાડાતી ઘોડાને મારવાની આર-ચકરડી (૪) બીજુ, માનીતુ એક ઓજાર [**-તળે** = કબજામા **-દેવી** = એડીથી દાબવુ (૨) એડી મારવી **-મારવી** = સમતિ બતાવવા એડીથી નિશાની કરવી, હા ભણવાનો ઇશારો એડી લગાવીને કરવો (૨) ઘોડાને એડીની આર મારવી, ઘોડાને દોડાવવા એડી તેને લગાવવી] ૦દાર વિ૦ એડીવાળું
**એડો** વિ૦ પુ૦ આડો, ઊંચો, ખરાબ

એડો (એ') પુ૦ નેડો, સ્નેહ [મોટો વડીલ
એડ્વોકેટ પું૦ [इ.] વકીલ, ધારાશાસ્ત્રી (૨)
એઢ સ્ત્રી૦ જુઓ હેડ
એઢી સ્ત્રી૦ + પેઢીની પરંપરા, ક્રમ
એણુ ન૦ [सं] એક જાતનું કાળું હરણ. -ણી સ્ત્રી૦ એની માદા
એણપ સ્ત્રી૦ મકરરાશિ
એણી સ્ત્રી૦ [सं] એણ હરણની માદા
એણી (એ') દર્શક સ૦ ['એ'નું સ્ત્રી૦] એ, પેલી
એણી પેર(-રે) (એ, પે) અ૦ એ રીતે, એ પ્રમાણે
એણી કોર, ગમ, મગ, પા અ૦ એ બાજુએ ૦થી અ૦ એ તરફથી ૦નું = તે બાજુનું
એણું ન૦ ઢોરનું વસૂકી જવું તે
એણે (એ') સ૦ 'એ'નું ત્રીજી વિભક્તિનું રૂપ (૨) વિ૦ + એ [-અવસર = એ વખતે]
એતદાલ વિ૦ [अ इअतिदाल] માફકસરનું (૨) સમશીતોષ્ણ (હવા, પ્રદેશ)
એતદ્દેશી, ૦ય વિ૦ [सं] એ દેશને લગતું
એતાન પત્રની જૂની શૈલીમાં શરૂમાં વપરાતો શબ્દ. 'એતાન શ્રી ગામ થી લિ૦ .'
એતું વિ૦ [सं. एतावत्, प्रा. एत्तअ] + એટલું
એદી (એ) વિ૦ [अ अहदी, म अयदी, ऐदी] પ્રમાદી, આળસુ, સુસ્ત ૦ખાનું ન૦ આળસનું ઘર, એદીનો અખાડો ૦નું પાથરણું ન૦ એદી પેઠે પડી રહેવું પડે એવી હાલત. ૦નો અખાડો = એદીખાનું (૨) આળસુનો પીર
એધાણ (એ) ન૦, -ણી સ્ત્રી૦ [सं. अभिज्ञान, प्रा अहिण्णाण] (ઓળખવા માટેનું) એંધાણ, સંજ્ઞા, નિશાની, ચિહ્ન [-આપવી, -કહેવી = ઓળખી કે યાદ આવી શકે તે માટે નિશાની કહેવી, ઓળખાણનું ચિહ્ન જણાવવું -માગવી, લેવી = ઓળખાણ માટે નિશાન આપવા કહેવું - પૂછવું -મૂકવી = ઓળખાણનું ચિહ્ન કરવું કે તે સારુ કાંઈક વસ્તુ મૂકવી]
એન (એ) વિ૦ [अ] ખરું, અસલ (૨) ખાસ, મુખ્ય (૩) સરસ, સુંદર (૪) [કા] ઠીકઠીક, સામાન્ય રીતે સારુ (૫) સ્ત્રી૦, ન૦ શોભા, આબરૂ, શાખ (૬) અણીનો વખત ૦ઊપજ સ્ત્રી૦ ખાસ-જમીનની ઊપજ (૨) જમીનનું મહેસૂલ ૦કરજ ન૦ ખરું - અસલ દેવું ૦કિંમત સ્ત્રી૦ ખરી-મૂળ કિંમત. ૦ખરચ, ૦ખર્ચ પું૦, ન૦ ખાસ ખરચ (૨) જમીન પાછળનું ખર્ચ ૦ચોમાસું ન૦ ખરું - ભરચોમાસું ૦જમા સ્ત્રી૦ જમીન-મહેસૂલની આવક ૦જમીન સ્ત્રી૦ ખાસ-વાવેતરવાળી જમીન ૦જુવાની સ્ત્રી૦ ખરી-ભરજુવાની ૦તક સ્ત્રી૦ ખરી તક ૦લાવણી સ્ત્રી૦ ખરી લાવણી. ૦વાવેતર ન૦ ખરું-અન્ન ઉત્પન્ન થાય એવું વાવેતર ૦વેળા સ્ત્રી૦ ખરી - અણીની વેળા
એન (એ) ન૦ [सं० म. अईन, ऐन साद्डा] એક ઝાડ કે તેનું લાકડું
એનઘેન (એ, ઘે) સ્ત્રી૦ છોકરાની એક રમત
એનાથી, એનામાં, એનું, એને (એ) સ૦ 'એ'નું અનુક્રમે ત્રીજી, સાતમી, છઠ્ઠી, ચોથી વિ૦નું રૂપ
એનાયત સ્ત્રી૦ [જુઓ ઇનાયત] આપવું, બક્ષવું તે, બક્ષિસ -કરવું = બક્ષવું (ખિતાબ ઇ૦)
એનિમા સ્ત્રી૦ [इ] બસ્તી, ઝાડો કરવા માટે અપાતી પિચકારી કે તેનું ઓજાર (-આપવી, -લેવી)
એનું (એ') સ૦ 'એ'નું છઠ્ઠી વિ૦નું રૂપ
એપ્રિલ પું૦ [इ] અંગ્રેજી વર્ષનો ચોથો મહિનો
એબ (ઍ) સ્ત્રી૦ [अ] ખોડખાંપણ, ખામી (૨) દૂષણ, કલંક [-ઉઘાડવી = ખોડ ખુલ્લી કરવી - બતાવવી (૨) આબરૂ ઉઘાડવી - ફજેત કરવું -જોવી = ભૂલ કે ખરાબ જોવું - તે ધ્યાન પર લેવું -ઢાંકવી = શરીરનો ગુહ્ય ભાગ ઢાંકવો (૨) એબ ન ઊઘડે એમ કરવું. આબરૂ સાચવવી -લાગવી = કલંક ચોંટવું, આબરૂને દોષ લાગવો] ૦દાર, -બિયલ વિ૦ એબવાળું
એમ પું૦ [इ] છાપકામમાં બીબાના કદનું એક માપ
એમ (એ) અ૦ [सं एवम्, प्रा एव, एम] એ રીતે, એ પ્રમાણે ૦નું વિ૦ એ બાજુનું એ રીતનું, એવું [-કરતાં = એ રીતે, એમ વર્તવાથી કે બનવાથી (૨) + એમ છતાં, તોપણ -છતાં અ૦ તોપણ -નું એમ, એમ ને એમ અ૦ જેમ હોય તેમ, વગર ફેરફારથી]
એમણે (એ') સ૦ 'એણે'નું બ૦વ૦ [નામ
એમન પું૦ [हि, व इमन] સંગીતની એક રીતનું

**એમનું** (એ') સ૦ 'એ'નુ છઠ્ઠી વિ૦, બ૦વ૦ રૂપ (બીજા રૂપો એમને,એમનાથી,એમનામા વગેરે)
**એમાન** ન૦ જુઓ આમાન
**એમાં** (એ') સ૦'એ'નુ સાતમી વિ૦નુ રૂપ ૦થી સ૦ 'એ'નુ પાચમી વિ૦નુ રૂપ
**એરકા** ન૦ [સ] એક વનસ્પતિ
**એર-ગન** સ્ત્રી૦ [ઇ] દારૂ વિના, હવાના દબાણથી ફોડાય એવી એક બદૂક
**એરગેરિયા** વિ૦ નામના કે શૂન્ય સરકારધારાની એવી – ઇનામી (જમીન)
**એરણ,–ણી**(એર') સ્ત્રી૦ [હિં अहरन, –नी म रेरण]અમુક આકારનુ લોખંડનુ ગચિયુ, જેના ઉપર સોની, લુહાર વગેરે ઘડવાનુ વડે છે. [**એરણની ચોરી ને સોયનું દાન**=પાપના પ્રમાણમા,તેના પ્રાયશ્ચિત્ત રૂપે,કરાતુ અલ્પ દાન કે શુભકર્મ **એરણની ચોરી ને સોયનો** ડામ=ગેરઇન્સાફ, અન્યાય]
**એરણકાકડી** સ્ત્રી૦ [સ एरड+કાકડી]પપૈયાનું ઝાડ (૨) તેનુ ફળ
**એરમડી** સ્ત્રી૦ એક ઝાડ **–ડુ** ન૦ એરમડીનુ ફળ(૨)અબોટમા પહેરવાનુ જાડું શણિયું,ચીકટો
**એરવાદસ** ન૦ એક જાતનુ બીજ – ઔષધિ
**એરંગ** સ્ત્રી૦ [સ] એક જાતની માછલી
**એરડો** પુ૦ [સ एरड] દિવેલો **–ડમૂળ** ન૦ દિવેલાનુ મૂળ.**–ડિયું** ન૦ દિવેલ [**–આપવું**= રેચ આપવો,ધમકી કે બીક બતાવવી **–પીવું**= (મો બગડેલુ કે ઊતરેલુ હોય ત્યારે વપરાય છે)મો બગડવુ – ઊતરી જવુ,એરડિયુ પીવાની અસર મો પર દેખાવી] **–ડી** સ્ત્રી૦ નાની જાતનો દિવેલો (૨) દિવેલી
**એરા** પું૦બ૦વ૦ નહોર, પંજા (૨) સ્ત્રી૦ પકડ (૩) કબજો, પહોચ
**એરાવું**(એરા') અ૦ક્રિ૦ હેરાન થવું(૨)ચણિયારામાથી ઊતરી જવુ,હાલી જવુ(૩)વેરાવુ,વીટળાવુ
**એરિંગ** ન૦[ઇ इयररिंग]કાનની બૂટનુ એક ઘરેણું
**એરૂ** (એ') પુ૦[સ अहि+रूप?]સાપ **૦ઝાંઝર** (**–રૂ**') ન૦ સાપ વગેરે ઝેરી જાનવર
**એરો** (એ') પુ૦ અવરજવર (૨) હવાડો
**એરોખેરો** પુ૦ સોનારૂપાનો ભગાર
**એરોડ્રોમ** ન૦ [ઇ] વિમાની મથક, જ્યા વિમાનો ચડે ઊતરે, વિમાનોનુ સ્ટેશન
**એરોપ્લેન** ન૦ [ઇ.] વિમાન, હવાઈ જહાજ
**એલકી** સ્ત્રી૦ (ચ) જુઓ એલ(–ળ)ચી
**એલચી** પું૦ [તુર્કી] એક રાજ્યનો બીજા રાજ્યમા મોકલેલો પ્રતિનિધિ – વકીલ **૦ખાતું** ન૦ એનુ ખાતુ – કાર્યાલય
**એલ(–ળ)ચી** ન૦, સ્ત્રી૦ જુઓ ઇલાયચી **૦ડો(–દો)ડો** પુ૦ ઇલાયચીના દાણાનો પોપટો **–ચો** પુ૦ એક જાતની મોટી એલચી (૨) એક જાતનુ ઝાડ
**એલતેમાસ** સ્ત્રી૦ [જુઓ ઇલ્તિમાસ] વિનતી (૨) ફરમાશ
**એલફેલ** (એ. ફે) વિ૦ [ફેલ પરથી] આડુ-અવળુ, ગમે તેવુ (૨) અવિચારી, ગાડુંઘેલુ (૩) અસભ્ય (૪) ન૦ નખરું; તોફાન (૫) અસબદ્ધ – મિથ્યા પ્રલાપ
**એલરવુ** (એલ') અ૦ક્રિ૦ (ઉપર તરી આવવાને બદલે માખણનુ છાશ સાથે) મિશ્ર પ્રવાહી થઈ જવુ [(હાથ, મીઠું ઇ૦માથી)
**એલળવું** (એલ') અ૦ક્રિ૦ એલરવુ, પાણી છૂટવું
**એલા** સ્ત્રી૦[સં] ઇલાયચીનો છોડ(૨) ઇલાયચી **૦લતા** સ્ત્રી૦ ઇલાયચીનો છોડ – વેલો
**એલા** સ્ત્રી૦+ઇયળ
**એલાડું** (લાં) ન૦ વરસાદની હેલી
**એલાયચી** ન૦, સ્ત્રી૦ જુઓ ઇલાયચી, એલચી
**એલી વાર** અ૦ આ વખતે (૨) ઓણ
**એલોખેલો** પુ૦ (કા) છોકરાની એક રમત
**એલ્યુમિનિયમ** ન૦ [ઇ] એક હલકી ધાતુ (જેના વાસણ બને છે)
**એવ** અ૦ [સ] નિશ્ચિતપણે (૨) જ (૩) ફક્ત
**એવડું** વિ૦ [સં इयत्, प्रा एवड] એટલા કદનુ (૨) એટલુ બધું
**એવણ** સ૦ (પારસી) એ
**એવમ્** અ૦ [સ] આમ, આ રીતે
**એવાન**(એ) ન૦[અ]ખડ, બેસવાઊઠવાનો ખડ
**એવું** (એ') વિ૦ [સં ईदृक्, प्रा. एह?] એ રીતનુ – પ્રકારનુ (૨) એના જેવુ – સરખુ **–વામાં** અ૦ એટલામા **–વે** અ૦ એ વખતે

**એશ** (એ) સ્ત્રી૦ [અ] મોજમજા, સુખચેન, રંગ-બાજી ૦**આરામ** પું૦ ભોગવિલાસ, સુખચેન
**એશિયા** પું૦, ન૦ [इ] (સ) પૃથ્વીનો એક મોટો ખંડ ૦ઈ વિ૦ એશિયાનું
**એષણ** ન૦, –ણા સ્ત્રી૦ [स] ઇચ્છા, વાસના
**એષણી** સ્ત્રી૦ [सं] લોઢાની સળી, ઘા વગેરે તપાસવાનું શસ્ત્રવૈદ્યનું એક ઓજાર (૨) સોનીના નાના ત્રાજવા
**એસણું** ન૦ સોનીની નાની સગડી
**એસરવું** (એ) અ૦ક્રિ૦ એલળવું(૨) ઓસરવું, ઓછું થવું, સુકાવું(૩)પાછું વળવું, ઊતરી જવું
**એસેસર** પું૦ [इ] ફોજદારી કોર્ટને સલાહ આપવા નિમાતો પ્રજાજન
**એસિડ** પું૦, ન૦[इ] એક રસાયની તત્ત્વ,અમ્લ
**એસોસિયેશન** પું૦ [इं] મંડળ
**એસ્કિમો** પું૦ [इं] આ નામની ઉત્તર ધ્રુવ પ્રદેશની વતની જાતનો માણસ
**એસ્તેકબાલ** પું૦ જુઓ ઇસ્તિકબાલ
**એહ** વિ૦ [सं. ईदृक्, प्रा एह?] પેલું (૨) સ૦ એ, તે (પ)
**એહમક** (એ) વિ૦ [अ.] મૂર્ખ
**એહી** સ૦ [જુઓ એહ] + એ (૨) વિ૦ + જે
**એળ** સ્ત્રી૦ (ચ) જુઓ ઇયળ
**એળચી** ન૦, સ્ત્રી૦ જુઓ એલચી
**એળિયો** પું૦ [म. एळिया, हि. एलुवा, इ. (ગ્રીક) એલો, स एलुक?] કુંવારના પાઠાનો સૂકવેલો ગર્ભ, એક ઔષધિ
**એળે, ૦વેળે** (એ, વે) અ૦ ફોકટ; વૃથા (૨) વગર મહેનતે, સહેજમાં [–જવું=નકામું કે ફોગટ થવું]
**એળેસેળે** (એ, સે) અ૦ [કા] જુક્તિથી, બારીકીથી (?)
**એં** (એં') અ૦ (રવ૦) ન સંભળાવાથી ફરી પૂછવા માટે કરવામાં આવતો અવાજ, હે (૨) હા, પછી! (૩) ધમકામણીનો અવાજ (૪) આશ્ચર્ય–ખેદસૂચક ઉદ્ગાર (પ) [ચ] ત્યાં
**એંઘો** (એં૦) પું૦ ['હિંગ' પરથી] વાણિયો (તુચ્છકારમાં)
**એંચણિયો** (એં૦) પું૦ [એંચવું] પતંગ ખેંચનારો (૨) પતંગના પેચ થતાં રીતસર નહિ રમતાં ખેંચી પાડવાની ટેવવાળો માણસ
**એંચવું** (એં૦) સ૦ ક્રિ૦ [सर हि ऐंचना] ઈંચવું, નાખવું, ફેંકવું (લખોટી ઇ૦) (૨) ખેંચવું (પતંગ) (૩) હીંચવું
**એંચએંચા, એંચાએંચી** (એં૦) સ્ત્રી૦ ખેંચ-ખેંચા(૨)ફેંકફેંકા(લખોટીઓની)(૩)હુંસાતુંસી
**એંઠ, ૦વાડ, –ઠું** (એં૦) (ચ.) જુઓ 'એઠ, ૦વાડ,–ઠું' [એવું (૨) બાડું
**એંચાતાણું** વિ૦[हिं ऐंचाताना]'ટૂંકે સુધી દેખે
**એંજિન** (એં) ન૦ [इ] વેગ આપનારું યંત્ર, ઇજિન –**નિયર** પું૦ ઇજનેર
**એંટ** (એં૦) સ્ત્રી૦ [म ऐट, अयट, हि ऐंठ] મમત, જીદ (૨) આંટ, સાખ (૩) ટેક ૦**દાર** વિ૦ એંટવાળું ૦વું અ૦ક્રિ૦ ગર્વ કરવો(૨) જક કરવી –**ટાળ, –ટી** વિ૦ જક્કી, આડું
**એંધરાં** (એં૦) ન૦ બ૦ વ૦ (ચ) ઇંધણ, બળતણ, લાકડાં
**એંધાણ** (એં૦) ન૦,–ણી સ્ત્રી૦જુઓ એધાણ
**એંશી(–સી)** (એં૦) વિ૦ [स अशीति, प्रा· असीइ, म ऐंशी] ૮૦

## ઐ

**ઐ** સ્ત્રી૦ [सं.] વર્ણમાળાનો અગિયારમો વર્ણ – એક સ્વર ૦**કાર** પું૦ ઐ ઉચ્ચાર અથવા અક્ષર. ૦**કારાંત** વિ૦ છેડે ઐકારવાળું
**ઐકમત્ય** ન૦ [स.] એકમતી, એકમત હોવું તે
**ઐકાગ્ર્ય** ન૦ [सं] એકાગ્રતા
**ઐકાત્મ્ય** ન૦ [सं] એકાત્મપણું
**ઐકાંતિક** વિ૦ [सं] એકાંતનું; એકાંતને લગતું (૨) જુઓ એકાંતિક
**ઐક્ય** ન૦ [स] એકતા [મરજિયાત
**ઐચ્છિક** વિ૦ [स] પોતાની ઇચ્છાનું – ખુશીનું;
**ઐડ** વિ૦ [हि ऐंड़ा] આડું, જિદ્દી. ૦**જંતર** વિ૦ સાવ આડું –ઐડ
**ઐતરેય** વિ૦ [स] ઐતરેયને લગતું – સંબંધી (૨) પું૦ ઇતરા (અથવા ઇતર ઋષિ)નો વંશજ,

જેની દ્વારા ઐતરેય બ્રાહ્મણ અને આરણ્યક પ્રગટ થયા હતા (૩) સ્ત્રી૦, ન૦ (સ ) એ નામનુ એક ઉપનિષદ (૪) ન૦ ઋગ્વેદનુ એક બ્રાહ્મણ

ઐતિહાસિક વિ૦ [सं] ઇતિહાસને લગતું ૦તા સ્ત્રી૦ [(એક પ્રમાણ)

ઐતિહ્ય ન૦ [स] પરપરાગત વાત કે વર્ણન

ઐના, ૦છાલ સ્ત્રી૦ એક વનસ્પતિ

ઐયામ પું૦ [अ] સમય, પ્રસંગ (૨) ઋતુ,હવા

ઐયાર વિ૦ [अ] ચાલાક, લુચ્ચુ, ઠગ

ઐયો વિ૦ પું૦ આ, પેલો (એક કહેવતમા 'ઐયો વહાલો ઐયો વહાલો, ત્યારે ધાડે કોને ઘાલો?')

ઐરાવણ(-ત) પુ૦ [स] (સ ) ઇંદ્રનો હાથી (ચૌદમાનુ એક રત્ન)

ઐરાવતી સ્ત્રી૦ [स] વીજળી

ઐલવિલ પુ૦ [स] (સ ) કુબેર

ઐલ વિ૦ [स] ઇલા કે પૃથ્વીનુ(૨)પું૦ઇલાનો પુત્ર

ઐશાની વિ૦ [સં.] ઈશાનકોણ સબધી (૨) સ્ત્રી૦ (સ ) દુર્ગા

ઐશ્વર્ય ન૦ [स] ઈશ્વરપણુ (૨) સર્વોપરીપણુ (૩) મોટાઈ, સાહેબી (૪) વિભૂતિ, સપત્તિ ૦શાલી(-ળી) વિ૦ ઐશ્વર્યવાળુ

ઐષીકાસ્ત્ર ન૦ [सं ऐषीक+अस्त्र] બાણ(ઇષુ) વરસાવતુ અસ્ત્ર (?)

ઐહલૌકિક વિ૦ [स] આ લોક સબધી

ઐહામુષ્મિક વિ૦ [स] આ લોક અને પરલોક સબધી [૦તા સ્ત્રી૦

ઐહિક વિ૦ [स] સાસારિક, આ લોક સબધી

ઐંટ (૦) ન૦ એક વનસ્પતિ

ઐંદ્ર વિ૦ [स] ઇંદ્રનુ, ઇંદ્ર સબધી ૦જાલિક વિ૦ ખોટુ, માયાવી, જાદુઈ -દ્રી સ્ત્રી૦ ઇંદ્રાણી (૨) પૂર્વદિશા [ઇંદ્રિયગમ્ય

ઐંદ્રિય, ૦ક વિ૦ [स] ઇંદ્રિયોને લગતુ (૨)

# ઓ

ઓ પુ૦ [सं] વર્ણમાળાનો બારમો અક્ષર-એક સ્વર ૦કાર પુ૦ ઓ અક્ષર અથવા ઉચ્ચાર ૦કારાંત વિ૦ છેડે ઓકારવાળુ

ઓ નામના બહુવચનનો પ્રત્યય (૨) સ૦ (કા ) તે, પેલુ (૩) અ૦ (રવ) અરેરે, ઓરે

ઓઇયાં (ઓ') અ૦ (રવ૦) ઓડકાર આવતા થતો-કરતો સતોષજનક ઉદ્ગાર (૨) ન૦ ઓડકાર કે તેનો અવાજ (૩)ગટાપ કરી જવુ, પચાવી પડવુ-પાડવું તે [-કરવું = જમ્યાના સતોષનો ઉદ્ગાર કાઢવો, જમી લેવું (૨) લઈ લેવુ, પચાવી પાડવુ ]

ઓક ન૦ [स] ઘર, રહેઠાણ (૨) આશ્રયસ્થાન

ઓક (ઓ) સ્ત્રી૦ [दे ओक्किअ]ઊલટી,બકારી. ૦વુ સ૦ ક્રિ૦ ઊલટી કરવી (૨) [લા.] લીધેલું પાછુ આપવુ (૩) કહી નાખવુ

ઓકળી સ્ત્રી૦[स उत्कलिका,प्रा उक्कलिआ] લહરી (૨) લીપણની એક લહેરી જેવી દેખાતી ભાત [-પાડવી = લીંપણમા ઓકળી જેવી ભાત કાઢવી ]

ઓકા(-ખા)ત (આ) સ્ત્રી૦[अ]જુઓ ઓખાત

ઓકાબ ન૦ [अ उक़ाब] એક પક્ષી-મોટી જાતનુ ગીધ, ગરુડ

ઓકારી (ઓ) સ્ત્રી૦ [જુઓ ઓક સ્ત્રી૦] બકારી, ઊલટી -રો પુ૦ ઓકારી (૨) ઊલટી થતા થતો અવાજ

ઓકાવવું (ઓ) સ૦ક્રિ૦ 'ઓકવુ'નુ પ્રેરક

ઓ.કે. અ૦[इं O K ]આલબેલ,બધું બરોબર

ઓકટોબર પુ૦ [इं] ઈ. સ નો દશમો મહિનો

ઓખડ(-દ) ન૦ [ओषधि]+ઓસડ, દવા (૨) ઇલાજ

ઓખણવું અ૦ક્રિ૦ [सं उत्खन्, प्रा उक्खण] ખોદી કાઢવું, ઊખેડી નાખવુ(૨)વગોવવુ, ખોડો કાઢવી, હેરાન કરવુ (૩)[दे उक्खण] ખાંડવુ

ઓખદ ન૦ + જુઓ ઓખડ

ઓખદિયુ ન૦ જુઓ ઓમડિયુ

ઓખર (ઓ) ન૦ [स अवकर, प्रा ओकरग = વિષ્ઠા] નરક, ગંદવાડ [-કરવું = (ગાય ભેસ ઇ૦ ઢોરે) નરક ખાવુ, ઓખરવુ ] ૦વાડો, -રા(વા)ડો પુ૦ ઉકરડો, ગદવાડ -રાયેલું વિ૦ ઓખર કરેલુ હોય એવુ (ઢોર) ૦વું

એશ (એ) સ્ત્રી૦ [અ] મોજમજા, સુખચેન, રંગ-બાજી ૦આરામ પું૦ ભોગવિલાસ, સુખચેન
એશિયા પુ૦, ન૦ [इ] (સ) પૃથ્વીનો એક મોટો ખંડ. ૦ઈ વિ૦ એશિયાનુ
એષણ ન૦, –ણા સ્ત્રી૦ [સ.] ઇચ્છા, વાસના
એષણી સ્ત્રી૦ [સં] લોઢાની સળી; ઘા વગેરે તપાસવાનુ શસ્ત્રવૈદ્યનુ એક ઓજાર (૨) સોનીના નાના ત્રાજવા
એસણું ન૦ સોનીની નાની સગડી
એસરવું (એ) અ૦ક્રિ૦ એલળવું(૨) ઓસરવું; ઓછુ થવુ, સુકાવું(૩)પાછું વળવું; ઊતરી જવું
એસેસર પુ૦ [इ] ફોજદારી કોર્ટને સલાહ આપવા નિમાતો પ્રજાજન
એસિડ પું૦, ન૦[इ] એક રસાયની તત્ત્વ, અમ્લ
એસોસિયેશન પુ૦ [इं] મંડળ
એસ્કિમો પુ૦ [इ] આ નામની ઉત્તર ધ્રુવ પ્રદેશની વતની જાતનો માણસ
એસ્તેકબાલ પુ૦ જુઓ ઇસ્તિકબાલ
એહ વિ૦ [सं. ईदक्, प्रा एह?] પેલું (૨) સ૦ એ; તે (પ)
એહમક (એ) વિ૦ [अ.] મૂર્ખ
એહી સ૦ [જુઓ એહ] + એ (૨) વિ૦ + જે
એળ સ્ત્રી૦ (ચ) જુઓ ઇયળ
એળચી ન૦, સ્ત્રી૦ જુઓ એલચી
એળિયો પુ૦ [म. एळिया, हि. एलुवा, इं. (ગ્રીક) એલો, स एलुक?] કુવારના પાઠાનો સૂકવેલો ગર્ભ, એક ઔષધિ
એળે, ૦વેળે (એ, વે) અ૦ ફોકટ, વૃથા (૨) વગર મહેનતે, સહેજમા [–જવું = નકામું કે ફોગટ થવુ]

એળેસેળે (એ, સે) અ૦ [કા] જુક્તિથી, બારીકીથી (?)
એં (એં') અ૦ (રવ૦) ન સંભળાવાથી ફરી પૂછવા માટે કરવામા આવતો અવાજ, હે (૨) હા, પછી! (૩) ધમકામણીનો અવાજ (૪) આશ્ચર્ય–ખેદસૂચક ઉદ્ગાર (૫)[ચ.]ત્યા
એંઘો (એં૦) પું૦ ['હિંગ' પરથી] વાણિયો (તુચ્છકારમાં)
એંચણિયો (એં'૦) પુ૦ [એંચવુ] પતંગ ખેચનારો (૨) પતગના પેચ થતા રીતસર નહિ રમતા ખેચી પાડવાની ટેવવાળો માણસ
એંચવું (એં'૦) સ૦ ક્રિ૦ [સર. हि ऐंचना] ઇંચવું, નાખવું, ફેંકવું (લખોટી ઇ૦) (૨) ખેંચવું (પતંગ) (૩) હીંચવું
એંચએંચા, એંચાએંચી (એં'૦) સ્ત્રી૦ ખેંચ-ખેંચા(૨)ફેંકફેંકા(લખોટીઓની)(૩)હુંસાતુસી
એંઠ, ૦વાડ, –હું (એં૦) (ચ.) જુઓ 'એઠ, ૦વાડ,–હું' [એવુ (૨) બાડું
એંચાતાણુ વિ૦[हिं ऐंचाताना]'ટૂંકેસુધીદેખે
એંજિન (એં) ન૦ [इ] વેગ આપનારુ યંત્ર, ઇજિન –નિયર પું૦ ઇજનેર
એંટ (એં૦) સ્ત્રી૦ [म ऐट, अयट, हि ऐंठ] મમત, જીદ (૨) આટ, સાખ (૩) ટેક ૦દાર વિ૦ એંટવાળું. ૦વું અ૦ક્રિ૦ ગર્વ કરવો(૨) જક કરવી –ટાળ, –ટી વિ૦ જક્કી, આડું
એંધરાં (એં૦) ન૦ બ૦ વ૦ (ચ) ઇધણ, બળતણ; લાકડા
એંધાણ (એં૦) ન૦, –ણી સ્ત્રી૦ જુઓ એધાણ
એંશી(–સી) (એં૦) વિ૦ [स. अशीति, प्रा. असीइ, म ऐंशी] ૮૦

## ઐ

ઐ સ્ત્રી૦ [સં] વર્ણમાળાનો અગિયારમો વર્ણ – એક સ્વર ૦કાર પુ૦ ઐ ઉચ્ચાર અથવા અક્ષર ૦કારાંત વિ૦ છેડે ઐકારવાળું
ઐકમત્ય ન૦ [સં.] એકમતી, એકમત હોવુ તે
ઐકાગ્ર્ય ન૦ [સ] એકાગ્રતા
ઐકાત્મ્ય ન૦ [સ] એકાત્મપણુ
ઐકાંતિક વિ૦ [સં.] એકાતનુ, એકાતને લગતુ (૨) જુઓ એકાતિક
ઐક્ય ન૦ [સ] એકતા [મરજિયાત
ઐચ્છિક વિ૦ [સં] પોતાની ઇચ્છાનુ – ખુશીનું,
ઐડ વિ૦ [हि ऐंड़ा] આડુ, જિદ્દી. ૦જંતર વિ૦ સાવ આડુ –ઐડ
ઐતરેય વિ૦ [સ] ઐતરેયને લગતુ – સબધી (૨) પુ૦ ઇતરા (અથવા ઇતર ઋષિ)નો વંશજ,

જેની દ્વારા ઐતરેય બ્રાહ્મણ અને આરણ્યક પ્રગટ થયા હતા (૩) સ્ત્રી૦, ન૦ (સ ) એ નામનુ એક ઉપનિષદ (૪) ન૦ ઋગ્વેદનુ એક બ્રાહ્મણ
ઐતિહાસિક વિ૦ [સ] ઇતિહાસને લગતુ ૦તા સ્ત્રી૦ [(એક પ્રમાણ)
ઐતિહ્ય ન૦ [સ] પરંપરાગત વાત કે વર્ણન
ઐના, ૦છાલ સ્ત્રી૦ એક વનસ્પતિ
ઐયામ પુ૦ [अ] સમય, પ્રસંગ (૨) ઋતુ,હવા
ઐયાર વિ૦ [अ] ચાલાક, લુચ્ચુ, ઠગ
ઐયો વિ૦ પુ૦ આ, પેલો (એક કહેવતમા 'ઐયો વહાલો બૈયો વહાલો, ત્યારે ધાડે કોને ઘાલો?')
ઐરાવણ(-ત) પું૦ [સ] (સ ) ઇંદ્રનો હાથી (ચૌદમાનુ એક રત્ન)
ઐરાવતી સ્ત્રી૦ [સ] વીજળી
ઐલવિલ પુ૦ [સં] (સ ) કુબેર
ઐલ વિ૦ [સ] ઇલા કે પૃથ્વીનુ (૨) પું૦ ઇલાનો પુત્ર
ઐશાની વિ૦ [સં] ઈશાનકોણ સબધી (૨) સ્ત્રી૦ (સ ) દુર્ગા
ઐશ્વર્ય ન૦ [સ] ઈશ્વરપણુ (૨) સર્વોપરીપણુ (૩) મોટાઈ, સાહેબી (૪) વિભૂતિ, સંપત્તિ ૦શાલી(-ળી) વિ૦ ઐશ્વર્યવાળુ
ઐષીકાસ્ત્ર ન૦ [સ ऐषीक+अस्त्र] બાણ (ઇષુ) વરસાવતુ અસ્ત્ર (?)
ઐહલૌકિક વિ૦ [સં] આ લોક સબધી
ઐહામુષ્મિક વિ૦ [સ] આ લોક અને પરલોક સબધી [૦તા સ્ત્રી૦
ઐહિક વિ૦ [સ] સાસારિક, આ લોક સબધી
ઐંટ (૦) ન૦ એક વનસ્પતિ
ઐંદ્ર વિ૦ [સં] ઇંદ્રનુ, ઇંદ્ર સબધી ૦જાલિક વિ૦ ખોટુ, માયાવી, જાદુઈ -દ્રી સ્ત્રી૦ ઇંદ્રાણી (૨) પૂર્વદિશા [ઇંદ્રિયગમ્ય
ઐંદ્રિય,૦ક વિ૦ [સ.] ઇંદ્રિયોને લગતુ (૨)

# ઓ

ઓ પુ૦ [સં.] વર્ણમાળાનો બારમો અક્ષર—એક સ્વર ૦કાર પુ૦ ઓ અક્ષર અથવા ઉચ્ચાર ૦કારાંત વિ૦ છેડે ઓકારવાળુ
ઓ નામના બહુવચનનો પ્રત્યય (૨) સ૦ (કા ) ને, પેલુ (૩) અ૦ (રવ) અરેરે, ઓરે
ઓઇયાં (ઓ') અ૦ (રવ૦) ઓડકાર આવતા થતો-કગતો સતોષજનક ઉદ્ગાર (૨) ન૦ ઓડકાર કે તેનો અવાજ (૩) ગટાપ કરી જવું, પચાવી પડવુ-પાડવું તે [-કરવું = જમ્યાના સતોષનો ઉદ્ગાર કાઢવો, જમી લેવુ (૨) લઈ લેવુ, પચાવી પાડવુ ]
ઓક ન૦ [સ] ઘર, રહેઠાણ (૨) આશ્રયસ્થાન
ઓક (ઓ) સ્ત્રી૦ [दे ओक्किअ] ઊલટી, બકારી. ૦વું સ૦ ક્રિ૦ ઊલટી કરવી (૨) [લા.] લીધેલું ખાધુ આપવું (૩) કહી નાખવુ
ઓકળી સ્ત્રી૦ [સ उत्कलिका, प्रा उक्कलिआ] લહરી (૨) લીંપણની એક લહેરી જેવી દેખાતી ભાત [-પાડવી = લીંપણમા ઓકળી જેવી ભાત કાઢવી ]
ઓકા(-ખા)ત (ઓ) સ્ત્રી૦ [अ] જુઓ ઓખાત
ઓકાબ ન૦ [अ उक़ाब] એક પક્ષી—મોટી જાતનુ ગીધ, ગરુડ
ઓકારી (ઓ) સ્ત્રી૦ [જુઓ ઓક સ્ત્રી૦] બકારી, ઊલટી -રો પુ૦ ઓકારી (૨) ઊલટી થતા થતો અવાજ
ઓકાવવું (ઓ) સ૦ક્રિ૦ 'ઓકવુ'નુ પ્રેરક
ઓ કે. અ૦ [ઇં O K ] આલબેલ, બધું બરોબર
ઓકટોબર પુ૦ [ઇં ] ઈ. સ નો દશમો મહિનો
ઓખડ(-દ) ન૦ [ओषधि]+ઓસડ, દવા (૨) ઇલાજ
ઓખણવું અ૦ક્રિ૦ [સં उत्खन्, प्रा उक्खण] ખોદી કાઢવું, ઉખેડી નાખવુ (૨) વગોવવુ, ખોડો કાઢવી, હેરાન કરવુ (૩) [दे उक्खण] ખાંડવુ
ઓખદ ન૦ + જુઓ ઓખડ
ઓખદિયુ ન૦ જુઓ ઓસડિયુ
ઓખર (ઓ) ન૦ [સ अवकर, प्रा ओकरग = વિષ્ઠા] નરક, ગદવાડ [-કરવુ = (ગાય ભેસ ઇ૦ ઢોરે) નરક ખાવુ, ઓખરવુ ] ૦વાડો, -રા(વા)ડો પુ૦ ઉકરડો, ગદવાડ -રાયેલું વિ૦ ઓખર કરેલુ હોય એવુ (ઢોર) ૦વું

સ૦ક્રિ૦ (ઢોરે) ઓખર કરવું, મળમૂત્રાદિ ગદવાડ ખાવી -રિયું,-રી વિ૦ ઓખર કરનારુ. -રો પુ૦ ઓખર
ઓખરાડ સ્ત્રી૦ એક વનસ્પતિ
ઓખરાયેલું,ઓખરિયું,ઓખરી,ઓખરો (ઓ) જુઓ 'ઓખર'મા
ઓખવવું સ૦ક્રિ૦ છાલ ઉતારવી(૨)એકઠું કરવું
ઓખવાડો (ઓ) પુ૦ જુઓ 'ઓખર'મા
ઓખા (ઓ) સ્ત્રી૦[सं उषा] (સ) અનિરુદ્ધની પત્ની-ઉષા (૨) ન૦ જુઓ ઓખામંડળ
ઓખાઈ (ઓ) વિ૦ ઓખામંડળનુ,-ને લગતુ
ઓખાણું (ઓ) ન૦ જુઓ ઉખાણું
ઓખાત(-દ) (ઓ) સ્ત્રી૦ [જુઓ ઓકાત] ગજુ, તાકાત, ગુંજાશ (૨) મામલત, વિસાત [-બગાડી દેવી, નાખવી = ખૂબ મારવું(૨) ઢોઈને ખરાબ કરી મૂકવુ ]
ઓખામંડળ (ઓ) ન૦ (સ ) કાઠિયાવાડનો [એક ભાગ
ઓખાંગવું અ૦ક્રિ૦ આખલાનુ બરાડવુ; બાધડવુ [સિક્કો
ઓખી (ઓ) સ્ત્રી૦ કાઠિયાવાડનો એક અસલી
ઓગ(-ગા)ટ,-ઠ (ઓ) પું૦, ન૦ ઓગાટ
ઓગણચાળીસ વિ૦ [एकोनचत्वारिंशत प्रा, एगूणचत्तालीस] ૩૯ [प्रा एगूणतीस] ૨૯
ઓગણતી(-ત્રી)સ વિ૦ [स एकोनत्रिंशत्,
ઓગણપચાસ વિ૦ [स एकोनपचाशत्]૪૯
ઓગપહાયો, ઓગણપડો પું૦ પ્રણવમંત્ર,ૐ
ઓગણસાઠ વિ૦ [सं एकोनषष्टि] ૫૯
ઓગણા (ઓ) પું૦ બ૦ વ૦ ધાણી શેકતા કે અનાજ દળતા એમ ને એમ રહી ગયેલા દાણા
ઓગણિયા પુ૦બ૦વ૦ [ઓગણીસ] ૧૯ × ૧ થી ૧૦નો ઘડિયો
ઓગણિયું ન૦ સ્ત્રીઓના કાનનુ એક ઘરેણુ
ઓગણીસ વિ૦[स. एकोनविंशति] ૧૯ -સા પુ૦બ૦વ૦ ઓગણિયા
ઓગણું ન૦ જુઓ ઓગણિયુ
ઓગણોતેર વિ૦ [જુઓ અગણોતેર] ૬૯
ઓગણ્યાએંશી(-સી) વિ૦ [જુઓ અગણ્યાએંશી ] ૭૯
ઓગસ્ટ પું૦ [इं.] ઈંગ્રેજી સનનો ૮મો મહિનો

ઓગલો (ઓ) પુ૦ ગલોફુ (૨) રાંધવામા રહી ગયેલો એક તરફનો કાચો ભાગ
ઓગળવું (ઓ) અ૦ક્રિ૦[स अप(-व)+गल्?] ઘનનુ પ્રવાહી થવુ, પીગળવું (૨) (શરીર) ગળી જવુ સુકાવુ (૩) પ્રવાહીમા પ્રવાહી થઈને ભળવુ, એકરસ થવું (જેમ કે ખાંડ હજી દૂધમા ઓગળી નથી ) (૪) [લા ] નરમ થવુ, દયા લાવવી, અસર થવી
ઓગાટ(-ઠ) (ઓ) પુ૦, ન૦ ઓગટ, ઢોરનુ છાડ્યુ ઘાસ, ઓગાસ
ઓગાન પુ૦ પાણીનુ મોજુ
ઓગા(-ઘા)સ (ઓ) પું૦, ન૦ જુઓ ઓગાટ
ઓગાર (ઓ) પુ૦ [स उद्गार, प्रा. उग्गार] ઓગાટ, ઓગાળ
ઓગાળ (ઓ) પુ૦ [ઓગાળવું] ચાવીને રસ બનાવેલી વસ્તુ (૨)[सं उद्गार, प्रा उग्गाल, ओग्गाल] ઓગાટ
ઓગાળવું (ઓ) સ૦ક્રિ૦ 'ઓગળવું'નુ પ્રેરક (૨) ધીમે ધીમે-વાગોળતા હોય તેમ-ખાઈ જવુ [प्रा ओग्गाल = વાગોળવુ] (ઉદા૦ બેઠો બેઠો બે લાડુ ઓગાળી ગયો ) [જથો
ઓઘ પુ૦[स ]પૂરનુ પાણી, પ્રવાહ (૨) ઢગલો
ઓઘડ (ઓ) વિ૦ [म अवघड] અણઘડ, ભોટ, ઓથડ (૨) લાગણી વગરનુ; ભયના ભાન વગરનુ ૦નાથ પુ૦ ઓઘડ માણસ
ઓઘરાળુ (ઓ) વિ૦ ઓઘરાળાવાળુ -ળો પુ૦ પ્રવાહી ખોરાક પીરસવાનો પહોળા ઊંડા મોંનો અને ટૂંકા દાંડાનો એક ચમચો, ડોયો (૨) ઓગાળનો ડાઘ, રેલા જેવો ડાઘ [म ओघळ प्रा ओग्गाल?] [આતરી, ઝૂલ
ઓઘરી સ્ત્રી૦ કપડાને છેડે છૂટા રહેલા તાતણા
ઓઘલો પુ૦ જુઓ ઓઘો [-ઓઘવો, વાળવો = ઓઘો કરવો ]-વવું, -વું સ૦ક્રિ૦ ઓઘો કરવો, ખડકવુ
ઓઘામણ સ્ત્રી૦ તિરસ્કાર (૨) ત્રાસ
ઓઘાવવું સ૦ક્રિ૦ ઝૂડવુ (ડૂંડા વગેરેને) [કા ] (૨) 'ઓઘાવુ'નુ પ્રેરક [દુઃખી થવુ
ઓઘાવું અ૦ક્રિ૦ અમૂંઝાવુ, ગભરાવુ (૨)પીડાવું;
ઓઘાસ પું૦, ન૦ જુઓ ઓગાટ, ઓગાસ

ઓઘો પુ૦ [સં ઓઘ, દે ઉવ્વાઅ?] ઓઘ, ગચ્છ (૨) ગોટો, ફગફગતા વાળનો જથો (૩) જમણ જમનારાનો મોટો સમૂહ (૪) [જૈન] રજોહરણ

ઓઘોડોઘો પુ૦ છોકરાની એક રમત

ઓચર(-રિયું) (ઓ) ન૦ [ઇં વાઉચર?] જુઓ ઓચરિયું [ઉચ્ચરવું, બોલવું

ઓચરવું (ઓ) સ૦ ક્રિ૦ [સં ઉચ્ચર્] (૫)

ઓચરિયું (ઓ) ન૦ [જુઓ ઓચર] બિલ આધાર-રૂપ (હિસાબી) કાગળ, દસ્તાવેજ 'વાઉચર'

ઓચવું (ઓ) સ૦ ક્રિ૦ [સં અવચય, પ્રા ઓચ્ચય?] ઈચવું, ઠાંસીને ખાવું

ઓચાવું (ઓ) અ૦ ક્રિ૦ 'ઓચવું'નું કર્મણિ, ખાઈ ખાઈને ઠાંસાઈ જવું, વધુ ખાવા ઉપર અણગમો થઈ જવો

ઓચિંતું (ઓ) વિ૦ અણચિંતવ્યું (૨) અ૦ અણધારી રીતે, એકદમ

ઓચ્છવ (ઓ) પુ૦ [સં ઉત્સવ, પ્રા ઉચ્છવ] ઉત્સવ, ઉજવણી (આનંદ કે ખુશાલીના કે સપરમા દિવસની) (૨) (મંજીરા મૃદંગ ઇ૦ ગાજ સાથે કરાતું) ભજનકીર્તન [-થવો = (વ્યંગમાં) આવી બનવું, આફત ઊતરવી]

ઓછ,૦પ સ્ત્રી૦ [ઓછું] ઓછાપણું, ખોટ [ઓછ મૂકવી = કસર કે મણા રાખવી, બાકી છોડવું] [+ઉછંગ, ખોળો

ઓછંગ (ઓ) પુ૦ [સં ઉત્સંગ, પ્રા ઉચ્છંગ]

ઓછાડ (ઓ) પુ૦ ઢાંકવા–પાથરવાનું વસ્ત્ર, ચાદર (૨) ઓઢો ૦વું સ૦ ક્રિ૦ [સં અવચ્છદ્, પ્રા ઓચ્છાય] ઢાંકવું ઓઢાડવું (૨) છાવું, છાયડો થાય એમ કરવું

ઓછાયો (ઓ) પુ૦ [સં અપચ્છાય] છાયો, પડછાયો (૨) સંકોચ, લાજ -વું અ૦ક્રિ૦ ઓછાયો–છાયો કે પડછાયો પાડવો

ઓછાવું અ૦ ક્રિ૦ [ઓછું] ઓછું થવું (૨) હલકું – નઠારું થવું

ઓછાશ સ્ત્રી૦ [ઓછું] ઓછપ, ઓછાપણું

ઓછિયાં ન૦બ૦વ૦ અછોઅછોવાના કરવા તે, લાડ [-કરવાં = લાડ લડાવવા]

ઓછિયો પુ૦ ઓછાયો (૨) મભાળ (૩) લાડ (૪) [ચ] સારા અવસરના શુકન સાચવવા ક્યાંય રોવા–કૂટવા ન જવું તે

ઓછું વિ૦ [દે ઉચ્છ] જોઈએ તેથી થોડું, કમી (૨) અધૂરું, ઊણું (૩) ઊતરતું, હલકું. [-આણવું = 'ઓછું લાવવું' જુઓ -આવવું = ઓછું લાગવું, મન દુભાવું, ખોટું લાગવું (૨) પોતાને વિષે કમી કે ઊતરતાપણું લાગવાની મન પર અસર થવી હીન ભાવ અનુભવવો -થવું = ટળવું દીસતું રહેવું -પડવું = કમી કે ઓછું છે એમ લાગવું તેનું દુઃખ કે અપમાન લાગવું -પાત્ર = હલકી લાયકાતનું કે હલકા કુલનું (૨) પેટમાં વાત ન રહે એવું (૩) અભિમાની, બડાઈખોર -લાગવું = દિલ દુભાવું, ઓછું આવવું -લાવવું = ઓછું આવવું જુઓ ઓછી પાંસળી = જરાક ગાંડપણ ઓછે પાટલે બેસવું = ગાળ ભાંડી બેસવું તપી જવું, જાત ઉપર જવું (૨) સામાની નજરમાં હલકા જણાવું કે ઊતરવું ઓછા ઊતરવું = કસોટીમાં કાચું નીવડવું પાછું પડવું ઓછું ઓછું થઈ જવું = પ્રેમ કે હર્ષના ભાવથી તરબોળ થઈ જવું] ૦અધિકું, ૦વત્તું વિ૦ ઓછું કે વધારે થોડુંઘણું -છા પેટનું વિ૦ જુઓ ઊણા પેટનું -છાબોલું વિ૦ થોડું બોલનારું

ઓજ ન૦ જમીન કે ચણતરમાંનો અંદરથી નીકળતો ભેજ (૨) મરણ સમયે મોમાંથી નીકળી પડતું ફીણ

ઓજ,૦સ ન૦ [સં] જુઓ ઓજસ

ઓજવું અ૦ક્રિ૦ [સં ઓજ્] વધવું

ઓજસ ન૦ [સં] શુક્રધાતુમાંથી તત્ત્વરૂપે બની કાંતિ ને પ્રભાવરૂપે વિરાજતી શરીરની ધાતુ (૨) પ્રકાશ, તેજ (૩) બળ, પ્રતિભા, પરાક્રમ (૪) ચૈતન્ય -સ્વિતા સ્ત્રી૦ -સ્વિની વિ૦ સ્ત્રી૦, -સ્વી વિ૦ ઓજસવાળું

ઓજાર (ઓ) ન૦ [અ] રાચ, હથિયાર, કાંઈ કરવા માટેનું યંત્ર–સાધન

ઓજોગુણ પુ૦ [સં] ઓજસનો ગુણ

ઓઝટ (ઓ) સ્ત્રી૦ તમાચ (સુ)

ઓઝટ (-ડ,-બ) સ્ત્રી૦ ઓછાયો (૨) [દે.

ओज्झ = मेलु ?] ઝપટ, અડફટ (ભૂતપ્રેતની) [-લાગવી = ઓઝટમા આવવુ, ભૂતપ્રેતની ઝપટમા આવવું]

**ઓઝડવા** પુ૦ (ભૂતપ્રેતાદિની) ઝપટનો પવન–અસર [ન દેખાતું

**ઓઝડવાયું** વિ૦ અરધું દેખાતુ અને અરધું

**ઓઝણુ** (ઓ) ન૦ દાયજો, કન્યાને પિતા તરફથી મળતી સંપત્તિ કે દાસદાસી (૨) ગરાસિયાની કન્યાને પરણીને તેડી લાવવા માટે જતી ખાડા સાથેની વહેલ

**ઓઝપવું** અ૦ક્રિ૦ સંકોચ આવવો, શરમાવું

**ઓઝબ** સ્ત્રી૦ જુઓ ઓઝટ

**ઓઝમ** (ઓ) પુ૦ વણછો

**ઓઝરિયું** ન૦ એક જાતનુ રેશમી કાપડ

**ઓઝરી** સ્ત્રી૦, **-રું** ન૦ (ચ) [दे ओज्झरी] હોજરી, પેટ

**ઓઝલ** (ઓ) પુ૦, સ્ત્રી૦, ન૦ [हि] પડદો, બુરખો (૨) જનાનો. [-**પાળવું** = લાજ કે પડદાનો રિવાજ પાળવો, ઓઝલ-પડદામા રહેવુ -**રહેવું** = ઓઝલમા રહેવું, ઓઝલ પાળવું (૨) [લા] શરમાવુ.] ૦પડ(-ર)દો પુંં૦ સ્ત્રી પુરુષની બેઠક જુદી પાડનાર પડદો (૨) ઘૂમટાનો–લાજ કાઢવાનો રિવાજ. ૦વાયું વિ૦ પડદેનશીન

**ઓઝપો** પું૦ સંકોચ, શરમ (૨) અજંપો

**ઓઝા** પુ૦ [स उपाध्याय, प्रा उअज्झाअ, ओज्झाय] બ્રાહ્મણોમા એક અટક

**ઓઝાડ** પુ૦ જુઓ ઓછાયો

**ઓઝો** પુ૦ [दे. वोज्झ? જુઓ म ओझे] કુંભાર -**ઝી** સ્ત્રી૦ કુંભારણ

**ઓટ** પુ૦,સ્ત્રી૦[स अपवर्त्, प्रा ओहट्ट]ભરતીનુ ઊતરી જવુ તે(૨)ઓથુ,પડદો[दे ओहट्ट, हिं] (૩) [લા] પડતી (૪) અ૦ પરત, વળતુ

**ઓટ** ન૦ [इं] એ નામનુ (જવ જેવુ) એક વિલાયતી ધાન્ય [ઓટણ (૨) ઓટાઈ

**ઓટણુ** ન૦ ઓટવું તે (૨) બખિયો -**ણી** સ્ત્રી૦

**ઓટલી** સ્ત્રી૦ નાનો ઓટલો -**લો** પું૦ જુઓ ઓટો [-**ઊઠવો** = ખૂબ નુકસાન થવું,પાયમાલ થવું(૨)વંશ જવો,નિ સંતાન થવુ,ઊમરો ઊખડી જવો. -**ઘસી નાંખવો** = 'ઊમરો ઘસી નાખવો'; વારંવાર ફેરા ખાવા (આજીજી કે ખુશામત કરવા). -**બેસવો** = ઓટલો ઊઠવો -**ભાગવો** = ઘરમાં કંકાસ નિપજાવવો વગ વણસાડવુ(૨)નિંદા કે કૂથલી કરવી -**વળવો** = જુઓ 'ઓટલો ઊઠવો કે બેસવો'(૨)એક એકના છાના ઉઘાડા કરી લડી પડવુ -**વાળવો** = મીંડું વાળવું, ખૂબ બગાડી મૂકવુ ઓટલે બેસવું = (ઉઘરાણી કરવા)ઊમરા વચ્ચે બેસવુ, તગાદો કરવો (૨) ઘરબાર વગરના થવુ, હાલ હવાલ થવા (૩) (વેશ્યાએ) તેનો ધંધો કરવો]

**ઓટવું** સ૦ક્રિ૦ બખિયો દેવો કપડાની કિનારી અંદર વાળીને સીવવુ (૨) [हि औटना] ઉકાળી, ઘસી કે હલાવીને એકરસ કરવુ

**ઓટાઈ**(-**મણી**) સ્ત્રી૦, -**મણ** ન૦ ઓટણ (૨) ઓટવાનુ મહેનતાણુ

**ઓટી** સ્ત્રી૦ [दे उअट्टी, म]કમર ઉપરના વસ્ત્રનુ વાળીને બંધ જેવુ કરાતુ પડ [ઓટીમાં ઘાલવું = બરોબર સંતાડવુ(૨)કાબુમા લેવુ]

**ઓટીગણ** પું૦ ઉટીગણ, એક વનસ્પતિ

**ઓટીવાર** વિ૦ ગુપ્ત વાત બહાર પાડવાની આદતવાળુ,ભડભડિયુ(૨)વાતોડિયું; બહુબોલું

**ઓટો** પુ૦ [हि , म ओटा]ઓટલો,બેઠક તરીકે વપરાય એવી ઘરને અડીને કરાતી ઊંચી જગા

**ઓઠ** (ઓ) પુ૦ [स ओष्ठ, प्रा. ओट्ठ] હોઠ [-**ઊઘડવા** = મો ફાટવું,બોલાવું,શબ્દ નીકળવો -**ઉઘાડવા** = મો ફાડવું,શબ્દ કાઢવો (સામેથી) બોલવુ -**કરડવા** = નિરાશા કે હતાશા યા પસ્તાવાની લાગણીથી તેમ કરવુ,હતાશ થવું, પસ્તાવું -**પીસવા** = (ક્રોધથી) ગુસ્સે થવુ -**સુધી આવવું** = બહાર નીકળવાને માટે–બોલાવા માટે શબ્દો તૈયાર હોવા, હમણા બોલાય એમ હોવુ]

**ઓઠવવું** (ઓ) સ૦ક્રિ૦ ખોટી વસ્તુ ગોઠવી દેવી, જૂઠું બોલવુ(૨)મૂકવુ,ગોઠવવુ(૩)ચાપીને ખાવુ

**ઓઠગવું** સ૦ક્રિ૦[म ओठगणे] જુઓ અઢિંગવુ

**ઓઠગિયુ**,**ઓઢિ**(-**ઠીં**)**ગણુ** ન૦[म ओठगण] જુઓ અઢિંગણ

**ઓઠું** (ઓ) વિ૦ [दे ओत्थअ = खिन्न ?]ભોઠું,

ઝાણુ (૨) ન૦ [प्रा. ओत्थअ=ઢાંકેલું ?] ઓથું; પડદો, આતરો (૩) આતરાને લીધે અધારું અને એકાત હોય તેવી જગા (૪) છુપાવાની કે આશરો લેવાની જગા (૫) છાયા, પડછાયો, ઓળો (૬) ડાઘો, ડઘો (૭) બહાનુ (૮) નમૂનો, બીબુ (૯) પૂતળુ, ઓડુ (૧૦) મહેણુ

ઓડ વિ૦ (૨) પુ૦ [दे उड्ड] (ખોદવાનુ કામ કરનારી) એ નામની જાતનુ (માણસ). -ણ સ્ત્રી૦ ઓડ જાતની સ્ત્રી

ઓડ (ઓ) પું૦ પવન રોકવાનો પડદો, ઓથુ

ઓડ (ઓડ,) સ્ત્રી૦ [दे. अवड्डा] બોચી, ગરદન -ડિયાં ન૦બ૦વ૦ બોચી પરના વાળ

ઓડકાર પુ૦ [સર૦ हिं डकार] પેટનો વાયુ મોમાથી નીકળતા થતો ડકાર

ઓડનું ચોડ (ઓ,ચો) વિ૦ [म ओड=ઊંડુ ?] કેવાનુ કેવુ!, વિચિત્ર, ઊંધુ અવળુ જ [-વેતરવું, ઓડને ઠેકાણે ચોડ વેતરવું = ઓડનુ ચોડ કરવુ; સાવ ઊંધુ કે વિચિત્ર જ કરી મૂકવુ]

ઓડવ વિ૦ [स] પાચસ્વરવાળો (રાગ)

ઓડવું ન૦ એક કળ (૨) હોડકુ (૩) સ૦ક્રિ૦ [म ओडवणे] સામે ધરવુ, રજૂ કરવુ (૪) [हिं ओडना] ખાળવુ, રોકવુ (૫) [म ओढणें] ખેચવું (૬) અ૦ ક્રિ૦ મુસ્કેલીથી બોલવુ-પોતાનો અર્થ સમજાવવો

ઓડાટ (ઓ) પુ૦ (સુ) ઓડામણ, તકલીફ

ઓડામણ વિ૦ ઉદાર, દાતાર, મદદગાર (૨) સ્ત્રી૦ (સુ) તકલીફ

ઓડાવું અ૦ક્રિ૦ આકર્ષાવુ, ઇચ્છતા થવુ (૨) (સુ) તકલીફ વેઠવી (૩) 'ઓડવુ'નુ કર્મણિ

ઓડિયો (ઓ) પુ૦ પ્રતિપક્ષી ગમે તેમ વર્તે તોયે પોતાને જ ફાવે તેવી યુક્તિ કે જાળ -ચાબાજી સ્ત્રી૦ ઓડિયો રચવામા કુશળતા

ઓડું ન૦ [दे अवडअ] ખેતરનો ચાડિયો (૨) રમકડુ, પૂતળુ, કામચલાઉ ખોટી રીતે ઊભુ કરેલુ નકામું માણસ

ઓડો પુ૦ કર ઉઘરાવવાનુ રસ્તા ઉપરનુ થાણું, ચોકી (૨) [કા] કરસણને-ઝાડને બાળી મૂકે એવો દક્ષિણનો પવન

ઓઢણ(-ણું) ન૦ [दे ओड्ढण] (સ્ત્રીઓ અને છોકરીઓનુ) ઓઢવાનુ - પહેરવાનુ એક વસ્ત્ર -ણી સ્ત્રી૦ (છોકરીનુ) ઓઢણું. -ઢું સ૦ ક્રિ૦ શરીર કે માથુ ઢાકવુ, શરીર કે માથા પર ધારણ કરવુ (૨) [લા] વહોરવુ, માથે લેવુ (૩) દેવાળુ કાઢવુ. [(કોઈ વસ્તુને) ઓઢે કે પાથરે ? = શા ખપની છે ? નકામી છે, કશા વેતની નથી - એમ બતાવે છે (વ)]

ઓઢાડ પુ૦ [प्रा ओहाडण ?] આચ્છાદન, ઢાકણ -ડું સ૦ ક્રિ૦ 'ઓઢવુ'નુ પ્રેરક.

ઓઢો પુ૦ જુઓ ઓઢાડ

ઓણ (ઓ') અ૦ આ સાલમા (૨) [स. अधुना, प्रा अहुणा] ચાલુ સમયમા -ણુકુ વિ૦ આ સાલનુ

ઓત અ૦ (ગ્રા૦) ઓત્તારી, આશ્ચર્યનો એક [ઉદ્ગાર

ઓતણી સ્ત્રી૦ [ઓતવુ] ઓતવુ તે (૨) ઓતવાનુ પાત્ર (૩) ઓતવાની કળા, ભરતરનુ કામ (૪) ધાતુ ગાળવાની ભઠ્ઠી (૫) ઓતવાનુ મહેનતાણુ

ઓતપ્રોત વિ૦ [स] એકબીજામા પરોવાયેલુ; એકબીજા સાથે વણાઈ ગયેલુ - મળી ભળી ગયેલુ (૨) તલ્લીન, તન્મય

ઓતરંગ (ઓ) પુ૦, ન૦ [स उत्तरंग] બારસાખનો ઉપલો ભાગ

ઓતરાદુ(-દું) (ઓ) વિ૦ [स उत्तर] ઉત્તર દિશાનું, ઉત્તર તરફનુ

ઓતવું સ૦ક્રિ૦ [म ओतणे] ધાતુનુ ભરતરનુ કામ કરવુ [ઝૂમ થવુ, સરી જવુ

ઓતળવું (ગ્રા૦ [illegible]) ૦ક્રિ૦ ભૂલી જવુ (૨) અ૦ક્રિ૦

ઓતાડુ (ઓ) વિ૦ આડદેઢુ, અપરિચિત

ઓતાર (ઓ ?) પુ૦ [सं अवतार] ઉતાર (૨) [શરીરમા દેવ આવવાથી ઊપજતી] કપ-ધ્રૂજ

ઓતારી પુ૦ [ઓતવુ] ઓતવાનુ કામ કરનાર આદમી

ઓતિયારી પુ૦ મહત, મહાધ્યક્ષ

ઓતુ પુ૦ [स] વાણો (૨) સ્ત્રી૦ બિલાડી

ઓત્તર વિ૦ [सं उत्तर] + ઓતરાદુ (૨) સ્ત્રી૦ ઉત્તરદિશા

ઓત્તારી અ૦ (ગ્રા૦) અહો! વાહ રે!

ઓરિસા પું० [इं, सं ओड्रदेश] (सं.) હિંદુસ્તાનનો એક પૂર્વ પ્રાંત
ઓરિયો (ઓ) પું० જુઓ ઓરતો (૨) કાંઠા ઉપરનો કૂવો
ઓરી સ્ત્રી० [दे उअरी?] એક ચેપી રોગ (બાળકોનો પ્રાય)
ઓરું (રુ') વિ० [सं आरात्?] નજીક, પાસે
ઓ રે અ० (રવ०) દુઃખનો એવો ઉદ્ગાર
ઓરે(-રો) (રે') અ० પાસે
ઓરેરું વિ० (કા.) ઓરથેરુ; ઓરુ
ઓરો પું० ઓરનાર (૨) (રો') અ० જુઓ ઓરે
ઓર્ડર પું० [इं] હુકમ, આજ્ઞા (૨) (માલ કે હોટેલની ચીજ) ખરીદવા જણાવવું તે. [-મૂકવો=ખરીદવા માગણી કરવી-લખી જણાવવુ કે કહેવુ.]
ઓર્ડિનન્સ પું०, ન०[इं] ધારાસભાની સમતિ વગર કરાતો કાયદો-વટહુકમ
ઓલ (ઓ?) સ્ત્રી० નાગર જ્ઞાતિમા વરને માથે બંધાતો રંગિત પટકો (૨) [दे० ओल्ली]જુઓ ઊલ (૩) [सं. ओल्ल] જામિન તરીકે શત્રુનુ માણસ પાસે રાખવું તે
ઓલપાવવુ સ०ક્રિ० (પ.) સંતાડવુ, લપાવવુ, છુપાવવું; ઓળવવુ [હોલવવુ
ઓલવવું (લ') સ०ક્રિ० [प्रा ओल्हव] બૂઝવવુ;
ઓલા પું० કાચું ચામડુ, ખાલ
ઓલાણ(-ણું) (ઓ) ન० [सं औलान] કોસ ખેંચતા બળદોને ઊતરવાનો ઢાળવાળો ખાડો
ઓલાણ(-ણું) (લા') ન० [ઓલવવુ]ઓલવવુ તે; હોલાણ
ઓલાદ (ઓ) સ્ત્રી० [अ]સંતતિ (૨)વંશ,કુળ
ઓલાહો પું० છાયાવાળી જગા, મંડપ, માંડવો
ઓલાં ન०બ०વ० [सं उपल?] કરા
ઓલિયું (ઓ) વિ० [अ] ભોળિયુ,નિખાલસ, ઉદાર (૨) ભક્ત (-યણ વિ० સ્ત્રી०) -યો પું० ઓલિયો આદમી(૨)ખુદાનો બંદો,ભક્ત• ०દોલિયું(દો) વિ० ભોળું અને દોલુ-ઉદાર
ઓલું(-લ્યું) વિ० (કા) પેલુ ०પેલું વિ० આ અને તે, ફૂટકળ
ઓલુદોલું (ઓ દો)વિ० જુઓ ઓલિયુદોલિયું
ઓલો પું० [दे उल्ली] ચૂલાની સાથે જોડેલો નાનો ચૂલો
ઓલ્મા પું० જુઓ ઉલેમા
ઓલ્યું,०પેલુ વિ० જુઓ 'ઓલુ'મા
ઓવરકોટ પું० [इं.] (સૌથી ઉપર પહેરાતો) મોટો લાંબો ડગલો
ઓવરટાઇમ અ० [इं] નક્કી કરેલા (કામ કે રોજના) સમય બહાર કે તે ઉપરાંત (૨) ન० તે રીતે કરાતુ કામ કે તેનુ વધુ મહેનતાણુ
ઓવરણ સ્ત્રી० જુઓ ઓરવણી, વળગણી
ઓવરસિયર પું० [इं] બાંધકામ ઇ०મા દેખરેખ રાખનાર, નાના દરજ્જાનો ઇજનેરી અમલદાર [વડે ચોખ્ખુ કરવુ
ઓવરાળવું સ०ક્રિ० ઓનાળવુ;અનાજને પાણી
ઓવારણું ન० [જુઓ ઓવારવુ] અશુભ અથવા દુઃખનુ વારણ કરવા માટે આશીર્વાદ આપવાની એક રીત
ઓવારવું સ०ક્રિ० [सं अपवारय्, प्रा ओवार] ઓવારણા લેવા (૨) વારી નાખવું: કુરબાન કરવુ (૩) [सं अवतार, प्रा ओआर] [ત્રા० ઉપરનુ સૂતર] ફાળકા પર ઉતારવુ
ઓવારો પું० [सं अवतार, प्रा ओआर] કિનારો, નાહવાધોવાનો ઘાટ
ઓવાળ પું० (કા) નદી કે દરિયાને કિનારે તણાઈ આવેલો કચરો
ઓવાળવું સ०ક્રિ० [म ओवाळणें] દુઃખસંકટનુ વારણ કરવા થાળીમા સળગતી દિવેટો તથા પૈસો મૂકી માણસના માથા ઉપર ઉતારવું (૨) આરતી ઉતારવી (૩) અર્પણ કરવુ
ઓવી સ્ત્રી० [म] મરાઠીમા વપરાતો એક છંદ
ઓવે (વે') અ० હોવે, હા
ઓશ સ્ત્રી० છાતી
ઓશ(-સ)રી (ઓ) સ્ત્રી० [म हिं. ओसारी. दे ओसरिया] અડાળી, માડવી (૨) ઘરનો શરૂનો-પરસાળમા જતા પહેલાનો ખુલ્લો (આગણુ પૂરુ થતા શરૂ થતો) ભાગ
ઓશ(-સ)લો પું० ઓશ, છાતી (૨) રોટલો (તુચ્છકારમા) [-નો ઓશ(-સ)લો કૂટવો=મર, મૂઆ એવી બદદુવા દેવી

-કરવો,ઘડવો,ટીપવો = રોટલો તૈયાર કરવો (૨)રસોઈ કરવી, રાંધવું (૩)ખૂબ મારવું,પીટવું]
**ઓશંક** (ઓ) સ્ત્રી૦ શરમ,સંકોચ ૦વું,-કાવું અ૦ક્રિ૦ શરમાવું,સંકોચાવું -કા સ્ત્રી૦ઓશંક
**ઓશિયાળ** વિ૦ [સં. ओशाळ, સં अवश? કે अवसित, પ્રા ओसिय?] જુઓ ઓશિયાળું (૨) સ્ત્રી૦, ન૦ આશ્રય, ઉપકાર કે ગરજને લીધે પરાધીનતા કે દીનતા. -ળુ વિ૦ આશ્રય, ઉપકાર કે ગરજને લીધે પરાધીન-દબાયેલું (૨) શરમિંદુ (૩) ન૦ ઓશિયાળાપણું. -ળાપણું ન૦
**ઓશિંકળ, ઓશિંગણ** (ઓ) વિ૦ આભારી
**ઓશિં(-શીં,-સિં,-સીં)જાળું** વિ૦ અવડ (૨) ન૦ અવડ જગા (૩) અવડ જગામાં બાઝતું જાળું
**ઓશી(-સી)કું** ન૦[જુઓ ઉશીકું]સૂતી વખતે માથા નીચે મુકાતું ટેકણ [-કરવું = ટેકણ કે ઓશીકા તરીકે વાપરવું. -મૂકવું, રાખવું = ટેકણ તરીકે ઓશીકું ગોઠવવું]
**ઓશીં(-સિં,-સીં)જાળું** વિ૦ (૨) ન૦ જુઓ ઓશિંજાળું
**ઓષધિ(-ધી)** સ્ત્રી૦ [સં] જુઓ ઔષધિ -ધીશ પું૦ (સં) ઔષધિઓનો ઈશ-ચંદ્ર
**ઓષ્ટો** પું૦ [સં आविष्ट] શરીરમાં ભૂતપ્રેત આવ્યું હોય તે
**ઓષ્ઠ** પું૦ [સં] હોઠ -ષ્ઠાધર પું૦બ૦વ૦ ઓષ્ઠ + અધર -ષ્ઠ્ય વિ૦ હોઠ સંબંધી (૨) [વ્યા] હોઠથી જેનો ઉચ્ચાર થતો હોય એવું ('પ'વર્ગનો વ્યંજન)
**ઓસ** પું૦, સ્ત્રી૦ [દે] ઝાકળ (૨) મૃગજળ [-પડવો, -વરસવો]
**ઓસડ** ન૦ [સં औषध-પ્રા ओसढ] દવા (૨) [લા] ઉપાય, ઇલાજ [-કરવું = દવા કે ઇલાજ કરવો (૨) કાંઈ વિઘ્ન ઇ૦ દૂર કરવા-નિવારવા મટાડવાનું કરવું. -વાટવું = શિક્ષા કરવી (૨) ભૂંડું બોલવું] ૦વેસડ ન૦ દવાદારૂ. -ડિયું ન૦ દવાના ગુણવાળી વનસ્પતિ
**ઓસણી** સ્ત્રી૦ ઓસાવવાની ક્રિયા અથવા કળા (૨) ઉસરણું
**ઓસરતી** (ઓ) સ્ત્રી૦ ઓસરવું તે, ઓટ.
**ઓસરવું** (ઓ)અ૦ક્રિ૦[સં अपसृ, પ્રા ओसर] પાછા હઠવું, સંકોચાવું (૨) ઓછું થવું, ઘટવું (૩) સુકાવું (૪) શરમાવું
**ઓસરી** (ઓ) સ્ત્રી૦ જુઓ ઓશરી
**ઓસલો** પું૦ જુઓ ઓશલો
**ઓસ(-સા)વવું** (ઓ ?) સ૦ ક્રિ૦ [ જુઓ ઓસામણ] દાણો ચડી જાય એટલે વધારાનું પાણી નિતારી નાખવું
**ઓસવાવું** (ઓ ?)અ૦ક્રિ૦'ઓસ(-સા)વવું'નું કર્મણિ (૨) (દાણા) ચડવું, બફાવું (૩) ઘટવું, શોષાઈ ઓછું થવું (૪) [લા] મનમાં દુઃખ પામવું; ઓછું લાગવું (૫) શરમાવું, સંકોચાવું [વાણિયાની જાતનું
**ઓસવાળ** વિ૦ (૨) પું૦ એ નામની શ્રાવક
**ઓસવું** અ૦ક્રિ૦ પીગળવું, ટપકવું
**ઓસંગ** (ઓ) પું૦ [સં उत्सङ्ग] ઉચ્છંગ, ખોળો
**ઓસંગાવું** (ઓ) અ૦ક્રિ૦ ઓશકાવું શરમાવું
**ઓસંગો** (ઓ) પું૦ શરમ, સંકોચ, ઓસંગાવું તે
**ઓસાણ(-ન)** (ઓ) ન૦ [સં. अवसान, પ્રા ओसाण] (કટોકટી વેળાની) હિંમત કે જુસ્સો, ધીરતા [યાદ આવવું (?)]
**ઓસાણ(-ન)** ન૦ નિશાન (?) [-આવવું =
**ઓસાક** (ઓ) પું૦ [અ] ઢંગ, લક્ષણ
**ઓસામણ** (ઓ ?) [સં अवस्रावण, પ્રા अवसावण] ઓસાવવાથી નીકળેલું પાણી (૨) દાળના પાણીની એક વાની
**ઓસાર** (ઓ) પું૦[હિં, મ; સં. अवसार, પ્રા ओसार?] ભીંતની જાડાઈ (૨) સ્ત્રી૦[પ્રા ओसार = બખતર ?] ઓથ, આશરો, રક્ષણ -રો પું૦ (ચ.) ઓસરી જેવી મોટી ખુલ્લી અડાળી
**ઓસાર** (ઓ) પું૦[સં अपसार, પ્રા ओसार] ઓસરવું-ઓછું થવું તે, સંકોચાવું તે (૨) પાછા હઠવું તે (૩) ખસેડવું, દૂર કરવું તે(૪) બીક, નબળાઈ, પોચાપણું [-દેવો = પાછા હઠવું, ઓસરવું] -રો પું૦ સંકોચ,શરમથી પાછા પડવું તે

**ઓસારો** (ઓ) પું૦ જુઓ બ ને 'ઓસાર'મા
**ઓસાવવું** સ૦ક્રિ૦ જુઓ ઓસવવું
**ઓસિં(-સીં)જાળું** વિ૦ (૨) ન૦ જુઓ ઓશિંજાળુ
**ઓસીકું(-સુ)** ન૦ જુઓ ઉશીકુ
**ઓસીંજાળું** વિ૦ (૨) ન૦ જુઓ ઓશિજાળુ
**ઑસ્ટ્રેલિયા** પુ૦ [ઇં.] (સ) પૃથ્વીના પાચ ખંડોમાનો એક
**ઑસ્ટ્રેલેશિયા** પુ૦[इ](સ) ઑસ્ટ્રેલિયા અને એની પાસેના ટાપુસમૂહોનો પ્રદેશ
**ઓહિયા** અ૦ (રવ૦) જુઓ ઓઇયા
**ઓહિયો** પુ૦ એક જાતનુ દાતરડુ
**ઓહો** અ૦(રવ૦) આશ્ચર્ય કે ક્ષુદ્રતા દર્શાવનારો એક ઉદ્ગાર [ઓહોમા કાઢવું = અવગણવુ, ઉપેક્ષા કરવી]
**ઓળ** (ળ,) સ્રી૦ [दे ओली] હાર, પંક્તિ (૨) શ્રેણી, વર્ગ (૩) ગલી, શેરી
**ઓળ** સ્રી૦ ઓવાળ, ઉપસાગર અગર અખાતના મો આગળ તણાઈ આવેલો કાદવ
**ઓળ** સ્રી૦ [दे ओल्ली] જુઓ ઓલ, ઊલ કે તે ઉતારવાની ચીપ
**ઓળખ** સ્રી૦ [ઓળખવુ] ઓળખાણ (૨) અડક (૩) ઓળખવાનુ ચિહ્ન – સાધન ૦પાળખ સ્રી૦ ઓળખ અને પરીક્ષા, ઓળખાણ ૦વું સ૦ક્રિ૦ [स अव के उप + लक्ष्? प्रा ओलक्खिअ – उपलक्षित] જાણવુ; પિછાનવુ –ખાણ (૦પાળખાણ) સ્રી૦, ન૦ પિછાન, પરિચય (૨) ઓળખવાનું ચિહ્ન – સાધન (૩) ઓળખીતા માણસની ખાતરી –ખાવવું સ૦ક્રિ૦ 'ઓળખવું'નુ પ્રેરક –ખાવુ અ૦ક્રિ૦ (કર્મણિ) (૨) પરખાવું, સારાખોટા જણાવુ (૩) પ્રસિદ્ધ થવુ (સારે કે ખોટે કારણે) –ખીતું (૦પાળખીતું) વિ૦ ઓળખાણવાળુ. પરિચિત: જાણીતુ
**ઓળગ** સ્રી૦ [दे ओलग्गा या प्रा ओलग्ग] સેવા ચાકરી, ફેરા આટા ખાવા તે (૨) દેવને સંતોષવા તેને સ્થાનકે – પારે જઈ આવવુ તે (૩) આશિષ ૦વુ અ૦ક્રિ૦ [स अवलग्, प्रा ओलग्ग, म ओळगणें, કે 'ઓળગ' પરથી?] ઓળગ કરવી, –ને પારે આટાફેરા ખાવા, સેવા કરવી
**ઓળગાણી** સ્રી૦ ભગિયણ –ણો પુ૦ [स अवलागी, प्रा ओलग्गि = સેવા કરનાર: જુઓ ઓળગવુ] ભગી
**ઓળગુ** પુ૦, સ્રી [જુઓ ઓળગ] + ભક્ત
**ઓળઘોળ** અ૦ (કા) માથે ફેરવીને – ઉતારીને
**ઓળચોળ** (ઓ', બેઉ ળ,) સ્રી૦ ઓળવુ ચોળવુ તે
**ઓળછોળ** અ૦ ઓળેછોળે
**ઓળતો** પુ૦ + જુઓ અળતો
**ઓળપટિયુ** વિ૦ ઢીચણ વાળીને ઢીચણ અને કેડની ફરતે ખેસ બાધીને બેઠેલુ
**ઓળપો** પુ૦ જુઓ ઓરપો, ઓળીપો
**ઓળવવુ** સ૦ક્રિ૦ ખોટી રીતે લઈ લેવુ, પચાવી પાડવુ (૨) છુપાવવુ, સંતાડવુ. **ઓળવાવું** અ૦ક્રિ૦ (કર્મણિ)
**ઓળવુ** (ઓ') સ૦ક્રિ૦ (કેશને) કાસકીથી સાફ અને વ્યવસ્થિત કરવા, હોળવુ ૦ચોળવું સ૦ક્રિ૦ (માથું – કેશ) ચોળીને ધોવું અને કાસકીથી સાફ કરવું
**ઓળવો** પુ૦ ઘર, મકાન (સતાવાની જગા)
**ઓળસવુ** સ૦ક્રિ૦ ઓળાસવુ
**ઓળંગવુ** સ૦ક્રિ૦ [स उल्लङ्घ्] પાર જવું, ઉપર થઈને જવુ, વટાવી જવુ (૨) કૂદી જવુ (૩) ઉલ્લઘવુ, અવગણના કરવી, લોપવુ
**ઓળંડવુ** સ૦ક્રિ૦ [प्रा ओलंड, स उल्लंघ्, म ओलांडणें] (ચ) ઉપર થઈને – ઓળગીને જવુ [કડિયાનુ એક ઓજાર
**ઓળંબો** પુ૦ [सं अवलम्बन. प्रा ओलंबण]
**ઓળંભો** પુ૦ [स उपालम्भ, प्रा ओलम्भ] ઠપકો (૨) ફરિયાદ, રાવ (૩) મશ્કરી, ઠઠ્ઠો
**ઓળા** પુ૦ બ૦વ૦ [हि होला स होलक?] લીલા ચણાના પોપટા, પોપટા સતી એના છોડવાની ઝૂડીઓ (૨) ચણાના શેકેલા પોપટા
**ઓળાઓળ** અ૦ [ઓળ] હારબધ (૨) એક પછી એક હારમા
**ઓળાણી** (ઓ') સ્રી૦ [ઓળવું] કાસકી
**ઓળામણુ** ન૦ ઓવારણુ (૨) વળામણુ

ઓળાયો (ળા')પું૦ આવું ચિહ્ન(')', હોળૈયો જુઓ
ઓળાંડવું સ૦ક્રિ૦ જુઓ ઓળંડવું
ઓળાંસવું (૦) સ૦ક્રિ૦ માલિસ કરવું, ચોળવું (૨) [લા] ખુશામત કરવી
ઓળિયા પું૦ બ૦વ૦ વાલ-કઠોળ
ઓળિયાપટી(-ટ્ટી) સ્ત્રી૦ બૂચ કે ડાટો બરાબર બેસાડવા આજુબાજુ વીંટેલી (કપડાની) પટ્ટી
ઓળિયું ન૦ (ગોળ વીંટાળેલો લાંબો કાગળ), ભૂંગળું (૨) ટીપણું, પંચાગ
ઓળીપો પું૦ [प्रा ओलिप, स. अवलिप् ? કે 'ઓળ' પરથી ?] (કા.) ઓકળી (લીંપણની)
ઓળેછોળે અ૦ સૂપડે ને ટોપલે, છૂટે હાથે
ઓળો પું૦ [જુઓ ઓળા] ચણાના પોપટાનો પોંક, ઓળા [-પાડવો = ઓળાનો પોંક તૈયાર કરવો -બાળવો = વાત ઉઘાડી કરવી]
ઓળો પું૦ પડછાયો (૨) [લા] સહેજ સ્પર્શ કે સંબંધ (૩) (કા) રક્ષણ, આશ્રય [ઓળે ઊતરવું = સહેજ છાયામાં કે સંબંધમાં જવું, ઓળો લેવો -પડવો = નિષિદ્ધનો પડછાયો ઉપર પડવો, એમ થવાથી બગડવું -ન લેવો = જરાય સ્પર્શ સંબંધમાં ન આવવું]
ઓળોળો અ૦ (રવ૦) હાલરડું ગાતાં કરાતો એક અવાજ
ઓંજણું (૦) ન૦ (કા) પડદેનશીન ગરાસિયણ વહેલમાં બેસીને જતી આવતી હોય તે (૨) ઓઝણું, ગરાસિયાની કન્યાને પરણીને તેડી લાવવા માટે જતું ખાડા સાથેનું વહેલડું (૩) ગરાસિયાની પરણેલી કન્યાને તેડી જતું વહેલડું
ઓંતાવું (૦) અ૦ક્રિ૦ ટરડાવું, માપમાંથી આઘુંપાછું થવું (ઉદા૦ ચોમાસામાં ખાટલો ઓંતાઈ ગયો)

# ઔ

ઔ પું૦[सं] સંસ્કૃત કુટુંબની વર્ણમાળાનો તેરમો અક્ષર-એક સ્વર(૨) સ્ત્રી૦ પૃથ્વી ૦કાર પું૦ 'ઔ' અક્ષર અથવા ઉચ્ચાર ૦કારાંત વિ૦ છેડે ઔકારવાળું
ઔચિત્ય ન૦[सं] ઉચિતપણું યોગ્યતા [પ્રકાશ
ઔજ્જ્વલ્ય ન૦[सं] ઉજ્જ્વલતા(૨) અજવાળું,
ઔડવ વિ૦ [सं] પાંચ સ્વરવાળો (રાગ)
ઔઠ વિ૦ [म ओंट, જુઓ ઊઠ] + સાડાત્રણ
ઔત્સુક્ય ન૦[सं] ઉત્સુકતા [અકરાતિયું
ઔદરિક વિ૦ [सं] ઉદર-પેટ સંબંધી (૨)
ઔદાર્ય ન૦ [सं.] ઉદારતા
ઔદાસીન્ય, ઔદાસ્ય ન૦[सं] ઉદાસીનતા
ઔદીચ, -ચ્ય વિ૦[सं] ઉત્તરદિશા તરફનું(૨) પું૦ એ નામની જ્ઞાતિનો બ્રાહ્મણ ૦ણ સ્ત્રી૦ ઔદીચ સ્ત્રી [ઉદુંબરના લાકડાનું
ઔદુંબર વિ૦ [सं] ઉદુંબરનું, -ને લગતું,
ઔદ્યોગિક વિ૦[सं.] ઉદ્યોગને લગતું
ઔદ્ધત્ય ન૦ [सं] ઉદ્ધતપણું
ઔન્નત્ય ન૦ [सं.] ઉન્નતતા
ઔપચારિક વિ૦ [सं] ઉપચારને લગતું (૨) ઉપચાર પૂરતું જ (સાચું નહિ)
ઔપચ્છંદસિક પું૦ [सं] એક વૃત્ત
ઔપદેશિક વિ૦[सं] ઉપદેશનું,-ને લગતું (૨) ઉપદેશ આપીને ગુજરાન ચલાવનાર
ઔપનિષદ વિ૦ [सं] ઉપનિષદને લગતું (૨) બ્રહ્મવિદ્યા સંબંધી (૩) સર્વે ઉપનિષદોએ ગાયેલ-વર્ણવેલ (પરમાત્મા)
ઔપપત્તિક વિ૦ [सं] ઉપપત્તિવાળું, તર્કશુદ્ધ
ઔપશ્લેષિક વિ૦ [सं] ઉપશ્લેષ-અડોઅડ સંબંધને લગતું [ઉપાધિને કારણે થયેલું
ઔપાધિક વિ૦ [सं] ઉપાધિને લગતું (૨)
ઔરસ(-સ્ય) વિ૦[सं] પોતાની પરણેલી સ્ત્રીથી પેદા થયેલું (સંતાન) [ઉચ્ચારાતું
ઔરસ્ય વિ૦ [सं] (વ્યા) ઉરમાંથી-છાતીમાંથી
ઔરંગઝેબ પું૦[फा](સં) એક મોગલ બાદશાહ
ઔર્ણ વિ૦[सं.] ઊનનું, ઊનને લગતું, ઊનમાંથી બનાવેલું -ર્ણી વિ૦સ્ત્રી૦ ઊન જેવા વાળવાળી
ઔર્ધ્વદે(-દૈ)હિક વિ૦ [सं.] ઊર્ધ્વદેહને-મરણક્રિયાને લગતું
ઔશનસ વિ૦ [सं] ઉશનાને લગતું, શુક્રાચાર્યે રચેલ (ગ્રંથ) [(૨) ઉશીરનો લેપ
ઔશીર ન૦ [सं.] પંખાનો-ચમરીનો દાંડો

ઔષધ ન૦[સં.] ઓસડ, દવા ૦શાલા(-ળા) સ્ત્રી૦, -ધાલય ન૦ દવાખાનું (૨) દવાઓનું કારખાનું,'ફાર્મસી' -ધોપચાર પુ૦ઓસડનો ઉપચાર, ઓસડ
ઔષધિ(-ધી) સ્ત્રી૦ [સં.] વનસ્પતિ(૨)ઓસડ; દવા ૦પંચામૃત ન૦ સૂંઠ, કાળી મૂસળી, ગળોનું સત્ત્વ, શતાવરી અને ગોખરુ એ પાંચ ઔષધિઓનું મિશ્રણ
ઔષ્ઠય વિ૦ [સં.] જુઓ ઓષ્ઠય
ઔષ્ણ્ય ન૦ [સં.] ઉષ્ણતા, ગરમી
ઔંસ પું૦ ન૦ [ઇં.]એક અંગ્રેજી વજન [રતલનો સોળમો કે બારમો ભાગ એમ બે જાતનું છે]

## ક

ક પું૦[સં.] કંઠસ્થાની પહેલો વ્યંજન (૨) વિષ્ણુ (૩) પાણી (૪) અગ્નિ (૫) સૂર્ય (૬) (પ્રાય બહુવ્રીહિ સમાસને અંતે, અર્થવૃદ્ધિ કર્યા વગર આવે છે) દા ત હિંસાત્મક, ક્લેશમૂલક, રાગપૂર્વક (૭) નામ કે વિ૦ ને લગતો તદ્ધિત પ્રત્યય-અલ્પતા, વહાલ બતાવે છે, નકામો પણ આવે છે દા. ત. બાલક, થોડુંક, જરાક, ઘડીક, કકડીક ૦કાર પુ૦ 'ક' અક્ષર કે ઉચ્ચાર ૦કારાંત વિ૦ છેડે કકારવાળું ૦વર્ગ પું૦ ક, ખ, ગ, ઘ, ઙ એ પાંચ અક્ષરો
ક [સં કુ]નઠારું, અયોગ્ય ઇત્યાદિ અર્થસૂચક પૂર્વગ ઉદા૦ 'કપૂત', 'કસ્નેહ'
ક (પ્રશ્નાર્થક પદ સાથે બહુધા લાગતો) તેના અર્થમાં અનિશ્ચિતતા સૂચવનો પ્રત્યય ઉદા૦ કોક, ક્યાંક, ક્યારેક, કશુંક [સમય
કઅવસર પુ૦ કવખત, કમોકો-કઢંગો-પ્રતિકૂળ
કઈ સ૦ (૨) વિ૦ સ્ત્રી૦ 'કયું'નું સ્ત્રીલિંગ
કઋતુ સ્ત્રી૦ખરાબ-અયોગ્ય ઋતુ(૨)અસાધારણ કે મોસમ વગરનો સમય
ક(૦ક)કડતું વિ૦(રવ૦) ઘણું જ તપી ગયેલું, ઊકળતું (૨) ચોખ્ખું અને ઇસ્ત્રીવાળું (કપડું) (૩) આકરી - ધ્રુજાવે એવી (ટાઢ)
કકડધજ વિ૦ [જુઓ 'ખખડધજ'] મજબૂત (૨) અક્કડ, ટટાર (૩) મહાન, ભવ્ય
કકડભૂસ અ૦ (રવ૦) કડડડ એવા અવાજ સાથે (તૂટવું, પડવું ઇ૦)
ક(૦ક)કડવું અ૦ક્રિ૦(રવ૦)કડકડ એવો અવાજ કરવો (૨) દાંત કકડે એટલું ધ્રૂજવું (૩) કડકડ થાય એટલું ઊકળવું
ક(૦ક)કડાટ પું૦(રવ૦) કડકડવું તે, કડકડ એવો અવાજ (૨) અ૦ ઝપાટાબંધ, વેગભેર (૩) એકસરખી રીતે અટક્યા વગર -ટી સ્ત્રી૦ કડકડ એવો અવાજ
કકડી સ્ત્રી૦[જુઓ 'કકડો'] છેક નાનો કકડો ૦ક સ્ત્રી૦ કકડી જેટલું, બહુ જ થોડું
ક(૦ક)કડીને અ૦ સખત રીતે (૨) કડકડ થઈને
કકડો પુ૦ [સં खण्डक?] એક ભાગ, ટુકડો -ડે બચકે અ૦ થોડે થોડે કરીને ૦ક પુ૦ નાના કકડા જેટલું, થોડુંક ૦કોર ન૦ કોરના કકડા જેટલું, વણુ થોડું
ક(૦ણ)કણવું, ક(૦ણ)કણાટ(-ટો) જુઓ 'કણકણવું'માં
ક(૦ણ)કણો પુ૦ થથરાટ, કંપ
ક(૦ર)કરાવવું સ૦ક્રિ૦[જુઓ 'કકરુ', 'કાંકર'] કાંકર કઢાવવા
ક(૦ર)કરું વિ૦ [સં कर्कर, પ્રા कक्कर] લીસું નહિ — કરકર લાગે એવું (૨) [લા] આકરા સ્વભાવનું
ક(૦લ,૦ળ)કલા(-ળા)ણ ન૦ [સં कलकल] કળકળવું તે, કલ્પાંત (૨) ઘુમરાણ
ક(૦ળ)કળવું અ૦ક્રિ૦કલ્પાંત કરવું,જીવ બાળવો (૨) [સં कल्] બખડવું, ગણગણવું (૩) ઊકળવું [કકળી ઊઠવું=રડારોળ-ઘુમરાણ કરી મૂકવું (૨)(દિલમાં) બળવું-દુખી થવું]
ક(૦ળ)કળાટ પુ૦, -ણ,-મણ ન૦ કજિયો, ક્લેશ, રડારોળ (૨) ઘુમરાણ -ટિયું વિ૦ કકળાટ કરે-કરાવે એવું, કજિયાખોર
કકાટિયો પું૦ ચકમકનો પથ્થર
કકુભ સ્ત્રી૦ [સં] દિશા (૨) શોભા (૩) એક રાગિણી(૪) પું૦ તંબૂરાનું તૂંબડું (૫) વીણાને છેડે હોતો લાકડાનો વાંકો ભાગ -ભા સ્ત્રી૦ માલકોશની એક રાગિણી

કક્કો પુ૦ ક અક્ષર (૨) મૂળાક્ષરોની આખી યોજના (૩) કક્કાનો દરેક અક્ષર લઈ બનાવેલી કાવ્યની એક રચના (૪) [લા.] પ્રાથમિક જ્ઞાન [-ખરો કરવો = પોતાનો મત કે જીદ બીજા પાસે સ્વીકારાવવા -ઘૂંટવો=મૂળાક્ષર શીખવા, લખેલા અક્ષર ઉપર લખ્યા કરવું (૨) ભણવાનું શરૂ કરવું (૩) કોઈ વાતમાં પ્રારંભિક દશામાં હોવું -ઘૂંટ્યા કરવો=પોતાની જીદ વારે વારે આગળ કરવી -માંડવો=મૂળથી આરંભવું] -ક્કાવારી સ્ત્રી૦ કક્કાનો અનુક્રમ

કક્ષ પુ૦ [સં.] બગલ, કાખ (૨) પાસું, પડખું (૩) [લા.] કછોટો

કક્ષા સ્ત્રી૦ [સં.] ગ્રહનો આકાશમાં ફરવાનો માર્ગ (૨) સ્થિતિ, શ્રેણી (૩) કેડ, પડખું (૪) કાછડી (૫) ઓરડો, ખાનગી ખંડ (૬) અંતઃપુર ૦ધમનિ(-ની) સ્ત્રી૦ કક્ષામાંની-પડખામાંની ધોરી નસ. ૦પટ પુ૦,ન૦ લંગોટ -ક્ષાંશ પુ૦ [+અંશ] ગ્રહના આકાશમાર્ગનો અંશ – ભાગ

કખ સ્ત્રી૦ [સં. કક્ષ] બગલનો એક રોગ (૨) તણખલું, સળી ૦વા પુ૦ કૂખનો એક રોગ

કખડમા(-મા)કડી સ્ત્રી૦ [કુ+ખડ+માકડી] એક જીવડું [બુરાઈ

કખ્યા સ્ત્રી૦ [સં. કુ+ખ્યાતિ, પ્રા. ખાઈ] નિંદા,

કખા,૦ય પુ૦ [સં. કષાય] ઉકાળો, કાઢો (૨) ભગવો રંગ (૩) અસ્વચ્છતા (૪) મનોવિકાર (૫) વિ૦ તૂરું, કસાણું (૬) કષાય, ભગવું

ક(૦ર)ગરવું અ૦ક્રિ૦ અત્યંત દીનતાપૂર્વક આજીજી કરવી – કાલાવાલા કરવા

કગરસ સ્ત્રી૦ ધાતુને છોલતાં પડેલી ઝીણી રજ, કરગસ

કગ્ગો પુ૦ [સં. કાક] કાગડો (પ.)

કઘા પુ૦ [કુ+વા] ખરાબ-અયોગ્ય વા

કચ પુ૦ [સં.] માથાનો કેશ, ચોટલો (૨) પુ૦ (સં.) બૃહસ્પતિનો પુત્ર, જે દેવો તરફથી રાક્ષસોની મૃતસંજીવની વિદ્યા શીખી લેવા ગયો હતો ૦ભાર પુ૦ કેશભાર, ચોટલો, અંબોડો

કચ સ્ત્રી૦ [સં. કચ્] જુઓ કચકચ -ચિયું વિ૦ [+ઇયું] કચકચિયું

કચકચ સ્ત્રી૦ [કચ+કચ] ટકટક, નકામી માથાફોડ (૨) કજિયો, તકરાર ૦વું અ૦ક્રિ૦ કચકચ કરવી (૨) કચકચ એવો અવાજ થવો (ખાસ કરીને કાંઈ ભાગવાનું થવાથી અથવા સાલ ઢીલા થવાથી) -ચાટ પુ૦ કચકચ કરવી તે (૨) 'કચકચ' એવો અવાજ થવો તે -ચાવવું સ૦ક્રિ૦ 'કચકચવું'નું પ્રેરક (૨) [સં. कच्=બાંધવું] જોરથી ખેંચીને બાંધવું (૩) હેરાન કરવું -ચિયું વિ૦ તકરારી, કજિયાખોર (૨) માથાકોડિયું, જિદ્દી (૩) કાદવ કરે એવું, અટક્યા વગર અને ચોડે ચોડે પડતું (પાણી, વરસાદ ઇત્યાદિ) -ચિયો પુ૦ [+ઇયો] એક પક્ષી

કચકડું ન૦, -ડો પુ૦ [कच्छप ઉપરથી] કાચબાની પીઠનું હાડકું, કચબડું [તેમ

કચડકચડ અ૦ (રવ૦) કચડકચડ અવાજ થાય

કચડ(-ર)વું સ૦ક્રિ૦ જુઓ કચરવું

કચડા(-રા)કચડ(-ડી,-રી) સ્ત્રી૦ કચરાઈ જવાય એવી સખત ભીડ

કચડાટ પુ૦ કચડાકચડ, સખત ભીડ

કચડો વિ૦પુ૦ [જુઓ 'કાચું'] (કા.) સુકુમાર, કુમળો

કચપચ સ્ત્રી૦ જુઓ કલબલ (૨) કચકચ -ચિયું વિ૦ કચપચ કર્યા કરનારું

કચબડું ન૦ કેરીનું ગોટલું - ચીરિયું (૨) [જુઓ કચકડું] કાચબાનું હાડકું –

કચ(-ચ્ચ)રકૂટ સ્ત્રી૦ કચરવું અને કૂટવું તે (૨) મહેનત (૩) લડાલડી, મારામારી

કચરપચર વિ૦ કાચું કોરું (૨) અપરિપક્વ (મળ)

કચરવું સ૦ક્રિ૦ [हिं. कचरना] ચગદવું (૨) છૂંદવું (૩) કૂટો કરવો [કચરી નાખવું = છૂંદી નાખવું (૨) સખત દબાણ કે અંકુશ હેઠળ રાખી પાયમાલ કરવું, દબાવી દેવું]

કચરાકચર(-રી) સ્ત્રી૦ કચડાકચડી, સખત ભીડ

કચરાપટી(-ટ્ટી), કચરાપેટી, કચરાવાળો જુઓ 'કચરો'માં [દ્રવ્ય

કચરિયું ન૦ કચરેલું તેલી બીજનો તેલભર્યો

કચરુ ન૦ [સં. कच्चरक ગડ, हिं. कच्चरा, दे. कच्चवार] નકામો કચરો -રો પુ૦ નકામું ફેંકી દેવા જેવું

**ઔષધ** ન૦[સ] ઓસડ, દવા ૦**શાલા(-ળા)** સ્ત્રી૦, **-ધાલય** ન૦ દવાખાનુ (૨) દવાઓનુ કારખાનુ,'ફાર્મસી' **-ધોપચાર** પુ૦ઓસડનો ઉપચાર, ઓસડ

**ઔષધિ(-ધી)** સ્ત્રી૦ [સ.] વનસ્પતિ(૨)ઓસડ, દવા ૦**પંચામૃત** ન૦ સૂઠ, કાળી મૂસળી, ગળોનુ સત્ત્વ, શતાવરી અને ગોખરુ એ પાચ ઔષધિઓનુ મિશ્રણ

**ઔષ્ઠ્ય** વિ૦ [સ] જુઓ ઓષ્ઠ્ય

**ઔષ્ણ્ય** ન૦ [સ.] ઉષ્ણતા, ગરમી

**ઔંસ** પુ૦, ન૦ [ઇં]એક અગ્રેજી વજન[રતલનો સોળમો કે બારમો ભાગ એમ બે જાતનુ છે]

# ક

**ક** પુ૦[સ]કઠસ્થાની પહેલો વ્યજન (૨) વિષ્ણુ (૩) પાણી (૪) અગ્નિ (૫) સૂર્ય (૬) (પ્રાય બહુવ્રીહિ સમાસને અતે, અર્થવૃદ્ધિ કર્યા વગર આવે છે) દા ત હિસાત્મક, ક્લેશ મૂલક, રાગપૂર્વક (૭) નામ કે વિ૦ ને લગતો તદ્ધિત પ્રત્યય–અલ્પતા, વહાલ બતાવે છે, નકામો પણ આવે છે. દા ત. બાલક; થોડુક, જરાક, ઘડીક, કકડીક ૦**કાર** પુ૦ 'ક' અક્ષર કે ઉચ્ચાર ૦**કારાંત** વિ૦ છેડે કકારવાળુ ૦**વર્ગ** પું૦ ક, ખ, ગ, ઘ, ઙ એ પાચ અક્ષરો

**ક** [સ૰ કુ]નઠારુ, અયોગ્ય ઇત્યાદિ અર્થસૂચક પૂર્વગ ઉદા૦ કપૂત', 'કજોડુ'

**ક** (પ્રશ્નાર્થક પદ સાથે બહુધા લાગતા) તેના અર્થમા અનિશ્ચિતતા સૂચવનો પ્રત્યય ઉદા૦ કોક, ક્યાક, ક્યારેક, કશુક [સમય

**કઅવસર** પુ૦ કવખત, કટાણુ–કઢંગો–પ્રતિકૂળ

**કઈ** સ૦ (૨) વિ૦ સ્ત્રી૦ 'કયુ'નુ સ્ત્રીલિંગ

**કઋતુ** સ્ત્રી૦ખરાબ–અયોગ્ય ઋતુ(૨)અસાધારણ કે મોસમ વગરનો સમય

**ક(૦ક)કડતું** વિ૦(રવ૦) ઘણુ જ તપી ગયેલુ, ઊકળતુ (૨) ચોખ્ખુ અને ઇસ્ત્રીવાળુ (કપડુ) (૩) આકરી – ધ્રુજાવે એવી (ટાઢ)

**કકડધજ** વિ૦ [જુઓ 'ખખડધજ'] મજબૂત (૨) અક્કડ, ટટાર (૩) મહાન, ભવ્ય

**કકડભૂસ** અ૦ (રવ૦) કડડડ એવા અવાજ સાથે (તૂટવુ, પડવુ ઇ૦)

**ક(૦ક)કડવું** અ૦ક્રિ૦(રવ૦)કડકડ એવો અવાજ કરવો (૨) દાન કકડે એટલુ ધ્રૂજવુ (૩) કડકડ થાય એટલું ઊકળવુ

**ક(૦ક)કડાટ** પુ૦(રવ૦) કડકડવુ તે, કડકડ એવો અવાજ (૨) અ૦ ઝપાટાબંધ, વેગભેર (૩) એકસરખી રીતે અટક્યા વગર **-ટી** સ્ત્રી૦ કડકડ એવો અવાજ

**કકડી** સ્ત્રી૦[જુઓ 'કકડો']છેક નાનો કકડો ૦ક સ્ત્રી૦ કકડી જેટલુ, બહુ જ થોડુ

**ક(૦ક)કડીને** અ૦ સખત રીતે (૨) કડકડ થઈને

**કકડો** પુ૦ [સ खण्डक?] એક ભાગ, ટુકડો **-ડે બચકે** અ૦ થોડે થોડે કરીને ૦ક પુ૦ નાના કકડા જેટલુ, થોડુક ૦**ટોર** ન૦ કોરના કકડા જેટલુ, ઘણુ થોડુ

**ક(૦ણ)કણવું, ક(૦ણ)કણાટ(-ટો)** જુઓ 'કણકણવુ'મા

**ક(૦ણ)કણો** પુ૦ થથરાટ, કપ

**ક(૦ર)કરાવવું** સ૦ક્રિ૦[જુઓ'કકરુ', 'કાકર'] કાકર કઢાવવા

**ક(૦ર)કરું** વિ૦ [સ कर्कर, प्रा कक्कर] લીસુ નહિ — કરકર લાગે એવુ (૨) [લા] આકરા સ્વભાવનુ

**ક(૦લ,૦ળ)કલા(-ળા)ણ** ન૦ [સ कलकल] કળકળવુ તે, કલ્પાત (૨) બુમરાણ

**ક(૦ળ)કળવું** અ૦ક્રિ૦કલ્પાત કરવુ,જીવ બાળવો (૨) [સં कल्] બબડવુ, ગણગણવુ (૩) ઊકળવુ [કકળી ઊઠવું=રડારોળ–બુમરાણ કરી મૂકવું (૨)(દિલમા) બળવુ–દુ ખી થવુ ]

**ક(૦ળ)કળાટ** પુ૦ **-ણ,-મણ** ન૦ કજિયો, ક્લેશ, રડારોળ (૨) બુમરાણ **-ટિયું** વિ૦ કકળાટ કરે–કરાવે એવુ, કજિયાખોર

**કકાડિયો** પુ૦ ચકમકનો પથ્થર

**કકુભ** સ્ત્રી૦ [સ] દિશા (૨) શોભા (૩) એક રાગિણી(૪) પુ૦ તબૂરાનુ તૂબડું (૫) વીણાને છેડે હોતો લાકડાનો વાંકો ભાગ **-ભા** સ્ત્રી૦ માલકોશની એક રાગિણી

**કક્કો** પું૦ ક અક્ષર (૨) મૂળાક્ષરોની આખી યોજના (૩) કક્કાનો દરેક અક્ષર લઈ બનાવેલી કાવ્યની એક રચના (૪) [લા.] પ્રાથમિક જ્ઞાન [**–ખરો કરવો** = પોતાનો મત કે જીદ બીજા પાસે સ્વીકારાવવાં **–ઘૂંટવો**=મૂળાક્ષર શીખવા, લખેલા અક્ષર ઉપર લખ્યા કરવું (૨) ભણવાનું શરૂ કરવું (૩) કોઈ વાતમાં પ્રારંભિક દશામાં હોવું **–ઘૂંટ્યા કરવો** = પોતાની જીદ વારે વારે આગળ કરવી **–માંડવો** = મૂળથી આરંભવું] **–ક્કાવારી** સ્ત્રી૦ કક્કાનો અનુક્રમ

**કક્ષ** પુ૦ [सं] બગલ, કાખ (૨) પાસું, પડખું (૩) [લા.] કંદોરો

**કક્ષા** સ્ત્રી૦ [सं] ગ્રહનો આકાશમાં ફરવાનો માર્ગ (૨) સ્થિતિ, શ્રેણી (૩) કેડ, પડખું (૪) કાછડી (૫) ઓરડો; ખાનગી ખંડ (૬) અંતઃપુર **૦ધમનિ(–ની)** સ્ત્રી૦ કક્ષામાંની–પડખામાંની ધોરી નસ **૦પટ** પુ૦,ન૦ લંગોટ **–ક્ષાંશ** પુ૦ [+अंश] ગ્રહના આકાશમાર્ગનો અંશ – ભાગ

**કખ** સ્ત્રી૦ [सं कक्ष] બગલનો એક રોગ (૨) તણખલું, સળી **૦વા** પુ૦ કૂખનો એક રોગ

**કખડમા(–માં)કડી** સ્ત્રી૦ [કુ+ખડ+માકડી] એક જીવડું [ખુરાઈ

**કખા** સ્ત્રી૦ [सं कु+ख्याति, प्रा खाई] નિંદા,

**કખા,૦ય** પુ૦ [सं कषाय] ઉકાળો, કાઢો (૨) ભગવો રંગ (૩) અસ્વચ્છતા (૪) મનોવિકાર (૫) વિ૦ તૂરું, કમાણું (૬) કપાય, ભગવું

**ક(૦ર)ગરવું** અ૦ક્રિ૦ અત્યંત દીનતાપૂર્વક આજીજી કરવી – કાલાવાલા કરવા

**કગરસ** સ્ત્રી૦ ધાતુને છોલતાં પડેલી ઝીણી રજ, કંગસ

**કગો** પુ૦ [सं काक] કાગડો (પ)

**કઘા** પુ૦ [કુ+ઘા] ખરાબ–અયોગ્ય ઘા

**કચ** પુ૦ [सं.] માથાનો કેશ, ચોટલો (૨) પુ૦ (સં) બૃહસ્પતિનો પુત્ર, જે દેવો તરફથી રાક્ષસોની મૃતસંજીવની વિદ્યા શીખી લેવા ગયો હતો. **૦ભાર** પુ૦ કેશભાર, ચોટલો, અંબોડો

**કચ** સ્ત્રી૦ [सं कच्] જુઓ કચકચ **–ચિયું** વિ૦ [+ઇયું] કચકચિયું

**કચકચ** સ્ત્રી૦ [કચ+કચ] ટકટક, નકામી માથાફોડ (૨) કજિયો, તકરાર **૦વું** અ૦ક્રિ૦ કચકચ કરવી (૨) કચકચ એવો અવાજ થવો (ખાસ કરીને કાંઈ ભાગવાનું થવાથી અથવા સાલ ઢીલા થવાથી) **–ચાટ** પું૦ કચકચ કરવી તે (૨) 'કચકચ' એવો અવાજ થવો તે **–ચાવવું** સ૦ક્રિ૦ 'કચકચવું'નું પ્રેરક (૨) [सं कच्=બાંધવું] જોરથી ખેંચીને બાંધવું (૩) હેરાન કરવું **–ચિયું** વિ૦ તકરારી, કજિયાખોર (૨) માથાફોડિયું, જિદ્દી (૩) કાદવ કરે એવું, અટક્યા વગર અને થોડે થોડે પડતું (પાણી, વરસાદ ઇત્યાદિ) **–ચિયો** પુ૦ [+ઇયો] એક પક્ષી

**કચકડું** ન૦, **–ડો** પુ૦ [कच्छप ઉપરથી] કાચબાની પીઠનું હાડકું, કચબડું [તેમ

**કચડકચડ** અ૦ (રવ૦) કચડકચડ અવાજ થાય

**કચડ(–ર)વું** સ૦ક્રિ૦ જુઓ કચરવું

**કચડા(–રા)કચડ(–ડી,–રી)** સ્ત્રી૦ કચરાઈ જવાય એવી સખત ભીડ

**કચડાટ** પુ૦ કચડાકચડ, સખત ભીડ

**કચડો** વિ૦પુ૦ [જુઓ 'કાચું'] (કા) સુકુમાર, કુમળો

**કચપચ** સ્ત્રી૦ જુઓ કલબલ (૨) કચકચ **–ચિયું** વિ૦ કચપચ કર્યા કરનારું

**કચબડું** ન૦ કેરીનું ગાબરું – ચીરિયું (૨) [જુઓ કચકડું] કાચબાનું હાડકું –

**કચ(–ચ્ચ)રકૂટ** સ્ત્રી૦ કચરવું અને કૂટવું તે (૨) મહેનત (૩) લડાલડી; મારામારી

**કચરપચર** વિ૦ કાચું કોરું (૨) અપરિપક્વ (મળ)

**કચરવું** સ૦ ક્રિ૦ [हिं. कचरना] ચગદવું (૨) છૂંદવું (૩) કૂટો કરવો [**કચરી નાખવું** = છૂંદી નાખવું (૨) સખત દબાણ કે અંકુશ હેઠળ રાખી પાયમાલ કરવું; દબાવી દેવું]

**કચરાકચર(–રી)** સ્ત્રી૦ કચડાકચડી, સખત ભીડ

**કચરાપટી(–ટ્ટી), કચરાપેટી, કચરાવાળો** જુઓ 'કચરો'માં [કૂટો

**કચરિયું** ન૦ કચરેલું તે, તેલી બીજનો તેલભર્યો

**કચરું** ન૦ [सं कच्चरक गंद, हिं कच्चरा, दे. कच्चवार] નકામો કચરો **–રો** પું૦ નકામું ફેંકી દેવા જેવું

તે (ધૂળ, તરણાં, વિણામણ ઇ) [-કાઢવો, -વાળવો = સાવરણી વગેરે વડે કચરો દૂર કરવો] (૨) [દે. कच्छर] કાદવ(૩) ચણતરની માટી(૪)[લા ]ખરાબમા ખરાબ માણસ,ઉતાર -રાપટી(-ટ્ટી) સ્ત્રી૦ કચરો,પૂંજો(૨)કચરા-પૂંજાનો ઢગલો -રાપેટી સ્ત્રી૦ કચરો નાખવાની-ભેગો કરવાની પેટી. -રાવાળો પુ૦ ઝાડુવાળો, ભંગી [(અસંતોષથી)

**કચવવું** સ૦ ક્રિ૦ [સં कच् ?] દિલ દુખવવુ

**કચવાટ** પુ૦ મનનુ કચવાવુ તે, અસંતોષ (૨) અણબનાવ (૩) કચકચાટ, માથાકૂટ -ટિયું વિ૦ કચવાટ કરનારુ -ણ ન૦ ચૂંથાઈ જવુ તે, ભેળસેળ, ખરાબી (૨) ગભરાટ, અમૂઝણ (૩)મન કચવાવુ તે (૪) વણબોલાવ્યા વચમા બોલવુ તે -વવું સ૦ક્રિ૦ કચવાય તેમ કરવું -વું અ૦ક્રિ૦ દિલગીર થવુ, મનમા મૂઝાવુ [અસંતોષથી) [ગડબડિયુ

**કચવું** વિ૦ સફાઈ વિનાનુ, મેલુ (૨) સેળભેળ,

**કચાકચ** સ્ત્રી૦ જુઓ કચકચ (૨) [રવ૦] કોઈ વસ્તુ કપાયાનો એવો અવાજ(૩)અ૦કચકચ-ઝપાટાબંધ કપાય એમ

**કચાકચિ** અ૦ [સ] સામસામા વાળ ખેંચીને (લડવામા) [તકરાર, લડાલડી

**કચાકચી** સ્ત્રી૦ [જુઓ 'કચાકચિ'] સખત

**કચાટ** વિ૦ [કચ + આટ ?] જિદ્દી(૨)પું૦, સ્ત્રી૦ કચકચ(૩)જીદ (૪) [જુઓ કચવાટ] મૂઝવણ -ટિયું વિ૦ કચાટ કરવાની આદતવાળુ

**કચારો** પુ૦ [कु + चर् ?]ઓથાર, ભયંકર સ્વપ્નુ

**કચાલ** પુ૦ [कु + ચાલ] ખોટો રિવાજ(૨) સ્ત્રી૦ ખરાબ વર્તણૂક(૩) કુટેવ. -લો પુ૦ કુરિવાજ

**કચાશ** સ્ત્રી૦[જુઓ'કાચુ']કાચાપણુ ,અપક્વતા (૨)ન્યૂનતા;કસર [ભેળ(૩) ગંદુ

**કચિત્રું** વિ૦ [कु+चित्र]ચૂંથાઈ ગયેલુ (૨)સેળ-

**કચિયાણ** ન૦ ભીડ, ગરદી

**કચિયારો** પુ૦ [સ कच् ]કચકચાટ(૨)[ કાચુ' ઉપરથી] કાચી ઈંટોનો જથ્થો

**કચિયુ** વિ૦ જુઓ 'કચ'મા, કચકચિયું

**કચુંબર** સ્ત્રી૦,ન૦ [હિં. कचूमर]ઝીણી કકડીઓ -કાતરીઓ, છૂંદો, કચૂમર

**કચૂકો** પુ૦ [જુઓ 'ચિચૂકો] આંબલીનો ઠળિયો

**કચૂડકચૂડ** અ૦ (રવ૦)એવો અવાજ થાય તેમ

**કચૂડો** પુ૦ (રવ૦) હીંચકો, ઝૂલો

**કચૂમર** સ્ત્રી૦ [हि ] કચુંબર

**કચૂ(-ચો)રો** પુ૦ [સ कर्चूरः] ઝેરકચોલુ

**કચૂદવું** સ૦ક્રિ૦[कु + ચૂદવું(છૂંદવુ)]અંદર પાણી નાખીને ચોળવુ-ગૂંદવુ

**કચેરી** સ્ત્રી૦ [સર૦ म, हि कचहरी] કોર્ટ (૨) ઑફિસ,કાર્યાલય(૩)દીવાનખાનુ [કચેરીએ ચઢ(ઢ)વું,જવું = કોરટમા ન્યાય માગવા જવુ કચેરીએ બેસવું = કચેરી પાસે બેસી દાવા અરજી વગેરે લખી આપવાનો ધંધો કરવો ]

**કચોરી** સ્ત્રી૦[हि कचौरी]ખાવાની એક બનાવટ

**કચોરો** પુ૦ [જુઓ કચૂરો] ઝેરકચોલુ

**કચોલુ** ન૦ [प्रा कच्चोल] ચલાણુ, નાનુ પ્યાલુ (૨) કકાવટી

**કચ્ચર** વિ૦ [જુઓ 'કચરવુ'] કચરાઈ-છૂંદાઈ ગયુ હોય એવુ (૨) લોહી ન નીકળ્યુ હોય પણ અંદરથી સખત ઈજા થઈ હોય એવુ ૦કૂટ સ્ત્રી૦ જુઓ કચરકૂટ ૦ઘાણ પુ૦ પૂરેપૂરુ કચરાવુ-છૂંદાવુ તે, પૂર્ણ પાયમાલી. [-નીકળવો, વળવો = પૂરી ખરાબી-પાયમાલી થવી]

**કચ્ચર** પુ૦ સ્ત્રી૦ એક વનસ્પતિ

**કચ્ચું** વિ૦ [हि न कच्चा, द काचा] કાચુ, અનુભવ વિનાનુ (૨) ન૦ કાચકુ -ચ્ચાઈ સ્ત્રી૦ કાચાપણુ, કચ્ચાબાર પુ૦ બ૦ વ૦ પાસાની રમતમા હારના દાવ -ચ્ચાંબચ્ચાં ન૦ બ૦વ૦ છોકરાંછૈયા

**કચ્છ** પુ૦ [સ] કછોટો લંગોટ. [-મારવો, વાળવો] (૨) કાચબો (૩) કિનારો, કિનારા પરનો પ્રદેશ (૪) હમેશ જ્યા પાણી રહે એ દેશ (૫) પુ૦,ન૦ (સ ) કાઠિયાવાડની ઉત્તરનો એ નામનો દેશ ૦પ પુ૦ [सं] કાચબો ૦પી સ્ત્રી૦ કાચબી -ચ્છાવતાર પુ૦ ઈશ્વરના દશમાંનો એક અવતાર -ચ્છી વિ૦ કચ્છ દેશનુ,-ને લગતુ (૨) પુ૦ કચ્છનો રહેવાસી (૩) સ્ત્રી૦ કચ્છની બોલી -ચ્છો પુ૦ લંગોટ, કછોટો

કચ્છપ પું૦ [સ] અર્ક ગાળવાનુ એક યંત્ર (૨) જુઓ 'કચ્છ'માં [(સ) સૂર્ય
કચ્છપ પું૦ (સ.)+કશ્યપ ૦તન, ૦સુત પું૦
કચ્છુ(-ચ્છૂ) સ્ત્રી૦[સ]ખસ,ખૂજળી(૨)ભીંગડું
કચ્છો પું૦એક જાતની માછલી(૨)જુઓ'કચ્છ'માં
કચ્છું વિ૦[મ कच्चर]+દુઃખદાયક,ખરાબ(૨)નીચ
કચ્છું સ૦ક્રિ કચ્છ કે કાછડો મારવો
કછોટી સ્ત્રી૦ [हि कच्छोटी, स कच्छ] લંગોટી (૨)એમાં બંધાતો અવયવ ૦બંધ વિ૦ લંગોટબંધ, બ્રહ્મચારી (૨) પુરુષવાર (નોતરાં) -ટો પું૦ કચ્છો, કાછડો(૨)કચ્છમાં બંધાતો અવયવ
કછોરુ(-રું) ન૦ [ક + છોરુ] નઠારુ છોકરુ
કજક સ્ત્રી૦ [फा] પરોણો, અંકુશ
કજલ સ્ત્રી૦ સોગટાં રમવાની એક રીત(૨)કરામત
કજલી સ્ત્રી૦ જુઓ કજ્જલી
કજલો પું૦ [म कजल] એક પંખી
કજળ(-ળા)વું અ૦ક્રિ૦ ['કાજળ' ઉપરથી] કદરવું, રાખથી ઢાંકવું, ઠરી જવું, ઓલવાવું (અંગારનું) [૦ગરુ વિ૦ યુક્તિબાજ
કજા સ્ત્રી૦ [જુઓ 'કળા'] યુક્તિ, તદબીર.
કજા સ્ત્રી૦ [अ] કિસ્મત (૨) આફત, હાણ (૩) મોત(૪)[ला] અશુભની આશંકા ૦ગરુ વિ૦ નુકસાનકારક (૨) મૃત્યુ નિપજાવે એવું ૦રજા સ્ત્રી૦ દૈવનો કોપ,આફત(૨)મોત [કજારજાએ પાળવું = મોત વખતે અમલમાં આણવું]
કજાક પું૦ [तुर्की] લૂંટારો
કજાત વિ૦ [ક + જાત] હલકા કુટુંબનું, નીચ
કજાવો પું૦ [फा] એક પ્રકારનું ઊંટનું પલાણ, જેની બંને તરફ બેસાય છે
કજિયો પું૦ [फा] કંકાસ, તકરાર, ટંટો [-ચૂકવવો, -પતવવો = કજિયાની માંડવાળ કરવી -મૂલવી લેવો, -વેચાતો લેવો = જાણી જોઈને તકરારમાં પડવું. -હોલવવો = વધેલો કે સળગેલો કજિયો પતવી દેવો કજિયાનું મોં કાળું કરવું = કજિયો હમેશ ખરાબ - કાળા મોંનો હોઈ તેનાથી વેગળા રહેવું - થવું, તે પતવવાની વલણ હોવી] -યાખોર વિ૦ કજિયો કરવાની ટેવવાળું -યાખોરી સ્ત્રી૦ -યાદલાલ પું૦ કોર્ટમાં કજિયા લડવાની ગોઠવણ કરી આપનાર દલાલ (૨) [તિરસ્કારમાં] વકીલ (૩) કજિયા કરાવીને અથવા કરનારાઓનો મધ્યસ્થ બનીને કમાઈ ખાનાર આદમી. -યારજિયા પું૦ બ૦વ૦ કજિયાકંકાસ, લડાઈ ટંટો -યાળું વિ૦ કજિયો કર્યા કરનારું
કજોડ વિ૦ [ક+જોડ] જોડી ન જામે એવું, અણસરખું (૨) સ્ત્રી૦ અયોગ્ય જોડી -ડું ન૦[ક+જોડું]સ્વભાવ, રૂપ કે ઉમ્મર ઇત્યાદિમાં અસમાન—અયોગ્ય જોડું (વરવહુનું)
કજોરુ વિ૦ [ક+જોરુ] ખોટું જોર કરનારું
કજ્જ ન૦ [प्रा] + કાર્ય
કજ્જલ ન૦ [स] મેશ(૨)કાજળ -લી સ્ત્રી૦ ગંધક અને પારાનું એક મિશ્રણ
કટ સ્ત્રી૦ [स] કટિ, કેડ (૨) ઘાસની સાદડી
કટ સ્ત્રી૦ [स कष्ट, प्रा कट्ठ, म] મહેનત, મજૂરી
કટ સ્ત્રી૦ જુઓ કટ્ટા, કટ્ટી
કટ સ્ત્રી૦[स कटक] કંકણ,(૨)પર્વતની ધારબાજુ
કટ અ૦ (રવ૦) [-દઈને, -લઈને = કટ અવાજની સાથે, તરત (ભાગી જવું)]
કટ પું૦ [इ] કાપ, વેતરવાની રીત (પોશાક)
કટક ન૦ [स] સૈન્ય (૨) છાવણી (૩) હુમલો (૪) કટ, કડું, કંકણ(૫) કોટલું (૬) વર(૭) કટ; પર્વતની ધાર -કિયો પું૦ સૈનિક, લડવૈયો -કિયું વિ૦ સૈન્યને લગતું
કટકટ સ્ત્રી૦ (રવ૦) એક કંટાળાભર્યો અવાજ (૨) ટકટક, ચીડ ચડે એવી ટોક, કજિયો(૩) અ૦ (રવ૦) કટકટ અવાજ થાય એમ (૪) વ્યવસ્થિતપણે પણ વેગથી ૦વું અ૦ક્રિ૦ કટકટ એવો અવાજ થવો (૨) કટકટ—ટકટક કરવી તે -ટાવવું સ૦ક્રિ૦ (દાંત) કટકટ કરવા -ટાટ(-રો) પું૦ કટકટ—ટકટક કરવી તે -ટિયું વિ૦ ટકટકિયું (૨) કજિયાખોર
કટકટિયો પું૦ [જુઓ 'કટકટ'] એક પક્ષી (૨) [જુઓ કટકિયો] લડવૈયો
કટકણું વિ૦કટ દઈને-ઝટ ભાગી જાય એવું, બરડ
કટકબટક ન૦ [કટકો+બટકું] કટકોબચકુંથોડુંઘણું કાંઈક (ખાવું તે)

**કટકિયું** વિ૦ કટકણુ, બરડ(૨)જુઓ 'કટક'મા (૩) [सं कटक] ન૦ છાપરુ (૪) માળ, મેડો.
**કટકિયો** પું૦ જુઓ 'કટક'મા
**કટ(-ક)કી** સ્ત્રી૦ ['કટકો' ઉપરથી] નાનો ટુકડો
**કટકું** ન૦['કટકો' ઉપરથી]નાનુ ખેતર (૨)કટક, લશ્કર, છાવણી
**કટ(-ક)કો** પુ૦ [स कृत्तक, प्रा. कट्टक] ટુકડો. **૦કોર** ન૦ કકડોબટકો **૦બટકો** પું૦ ટુકડો, બટકુ ભરતા મોમા આવે એટલો ભાગ
**કટકોલ** પુ૦, સ્ત્રી૦, ન૦ [स ] પિકદાની
**કટખોર** ન૦ એક પક્ષી
**કટર** સ્ત્રી૦ તાડ કે ખજૂરીના થડની બનાવેલી હોડી
**કટલું** ન૦ [स कटक ?] નાનુ ઝૂપડુ (૨) ઝૂપડાનુ બારણુ (૩) કપાસની સાઠીઓનો ગૂથેલો આડપડદો, કડતલુ
**કટવું** અ૦ક્રિ૦ [सं कटु ઉપરથી ?] કટુ થવુ(૨) દુશ્મનાવટ કરવી (૩) ક્રોધે ભરાવુ
**કટાકટ(-ટી)** સ્ત્રી૦[सं. कट ઉપરથી] મારામારી, ઝપાઝપી (૨) જીવલેણ દુશ્મનાવટ (૩) તીવ્ર હરીફાઈ (૪) જુઓ કટોકટી
**કટાક્ષ** પુ૦, ન૦ [स ] પ્રેમ, સકેત કે ક્રોધભરી વક્રદૃષ્ટિ (૨) [લા ] વક્રોક્તિ, કટાક્ષકથન **૦કથન** ન૦કટાક્ષમા—મર્મમા કહેવું તે **-ક્ષિત** વિ૦ કટાક્ષ પામેલુ
**કટાટ** વિ૦ [स कट] કજિયાખોર, તકરારી (કા )
**કટાણું** વિ૦ [જુઓ કાટ] કટાયેલુ (૨) કાટના જેવુ બેસ્વાદ (૩) બગડેલુ (મો), અણગમાભર્યું (૪) ન૦ [ક+ટાણુ ] કવેળા
**કટામણું** વિ૦ [જુઓ કાટ] કાટ ચડાવે એવું(૨) કટાઈ જાય એવુ (૩) બગડેલુ, કટાણુ
**કટાર** સ્ત્રી૦ [अ. कित्तार] વર્તમાનપત્રનુ કોલમ
**કટાર(-રી)** સ્ત્રી૦ [स कट्टार, अप दे कटार] એક બેધારુ શસ્ત્ર (૨)[લા.] કટાક્ષભરી દૃષ્ટિ કે વચન [-કેડે ખોસવી = કેડે કટાર બાધવી ]
**કટાવ** પું૦ [स कर्त्, प्रा. कट्ट, કાટવુ પરથી] એક છદ (૨) પત્તાની રમતમા અમુક પત્તા ન હોવા તે (૩) કોતરણી, કલમ કરવી તે (૪) પતગોના પેચ થવા-કરવા તે **૦દાર** વિ૦ કોતરણીવાળુ, કલમી
**કટાવવું** સ૦ક્રિ૦ ['કાટવુ' ઉપરથી] કપાવવુ (૨) ['કાટ' ઉપરથી] કાટ ચડે એમ કરવું
**કટાવું** અ૦ક્રિ૦ ['કાટ' ઉપરથી] કાટ ચડવો
**કટાસણું** ન૦ [स कटासन] ઊન કે ઘાસ-દર્ભનુ આસન
**કટાહ** પું૦ [सं ] કાચબાની પીઠનુ કોટલુ, ઢાલ (૨) સ્ત્રી૦ પેણી
**કટિ(-ટી)** સ્ત્રી૦ [स ] કેડ, શરીરનો મધ્યભાગ. **૦ત્રાણ** ન૦ કમરબધ (૨) કદોરો **૦દેશ** પુ૦ કેડનો ભાગ. **૦બદ્ધ** વિ૦ કેડ બાધીને ઊભેલું, તૈયાર **૦બંધ** પુ૦ કમરપટો (૨) [ગરમી તથા ઠડીનો ખ્યાલ આવવા] પૃથ્વીના ગોળાના બતાવાતા પાચ ભાગમાનો કોઈ પણ [ભૂ ] (૩) એક છદ; કટાવ **૦મેખલા(-ળા)** સ્ત્રી૦ કદોરો **૦શૂલ(-ળ)** ન૦ કેડનુ શૂળ-દુખાવો. **૦શૃંખલા** સ્ત્રી૦ કમરબધ, કદોરો **૦સૂત્ર** ન૦ કેડે બાવેલો દોરો (૨) કસ્તી **૦સ્નાન** ન૦ કેડ ને તેથી નીચેના ભાગનુ સ્નાન, એક કુદરતી રોગોપચાર
**કટુ,૦ક** વિ૦ [स ] કડવુ (૨) તીખું (૩) [લા ] અપ્રિય **૦તા** સ્ત્રી૦ **૦પત્ર** ન૦ પિતપાપડો. **૦ફલ(-ળ)** ન૦ કડવુ ફળ (૨) કારેલુ (૩) ઇદ્રવારણું (૪) ઝેરી નારિયેળ
**કટેવ** સ્ત્રી૦ જુઓ કુટેવ
**કટેશ(-સ)રી** ન૦ ગળાનુ એક ઘરેણુ
**કટોકટી** સ્ત્રી૦ [स. कट પરથી] અણીનો-બારીક સમય, કટાકટી
**કટોદાન** ન૦ ડબો, દાબડો
**કટોરી** સ્ત્રી૦ [दे कट्टोरग, स. कटोरा] વાડકી (૨) કાપડાનો સ્તનભાગ ઉપર રહેતો કાપલો **-રો** પુ૦ વાડકો
**કટ્ટર** વિ૦ [हिं , प्रा. कट्ट] બહુ સખત (૨) ચુસ્ત, આગ્રહી (૩) જીવલેણ
**કટ્ટા(-ટ્ટી)** સ્ત્રી૦ [म कट्टा, प्रा कट्ट (स कर्त् )] અકા; દોસ્તીનો ભગ
**કટ્ટું** વિ૦ જુઓ કટ્ટર
**કઠ** સ્ત્રી૦ [स कट] તાડછાની કોથળી-સાદડી
**કઠ** સ્ત્રી૦ [જુઓ 'કઠવુ'] કઠારો, બફારો (૨) આતરિક પીડા, અમૂઝણ (૩) કઠણાઈ

કઠ પું૰ [म] (સ) એક ઋષિ (૨) ન૰, સ્ત્રી૰ (સં૰) કઠોપનિષદ

કઠણ વિ૰ [सं कठिन] ઝટ ભાગે કે પોચું નહિ એવું, સખત (૨) અઘરું, મુશ્કેલ (૩) મજબૂત (૪) દુ:ખદાયક (૫) નિર્દય [–છાતીનું = દુ:ખ કે મરણ ખમી શકે તથા તેની સામે થઈ શકે તેવું (છાતી, હૈયું) કઠણ કરવું = દુ:ખની અસર મન પર ન થવા દેતાં તેને દૃઢ કરવું] ૦પણું ન૰, –ણાઈ(–શ) સ્ત્રી૰ કઠણ હોવું તે

કઠપંજર ન૰ [काष्ठ+पञ्जर] કાઠડો, હોદ્દો

કઠરાઈ સ્ત્રી૰ ['કઠવું' ઉપરથી] અકળામણ, મૂંઝવણ

કઠલો પું૰ જુઓ ખટલો ૧,૨

કઠવું અ૰ક્રિ૰ [सं कष्ट, प्रा कट्ठ] દુ:ખ થવું; મૂંઝાવું (૨) અફારો મારવો-લાગવો (૩) કઠણ લાગવું, ખૂંચવું

કઠવો પું૰ ઘી તેલ ભરવાનો ગાડવો (૨)[सं काष्ठ ઉપરથી?] કૂવામાં બેસાડાતું લાકડાનું ચોકઠું

કઠામ ન૰ [ક+ઠામ] જુઓ કઠેકાણું

કઠારો પું૰ ['કઠવું' ઉપરથી] અફારો, ઘામ (૨) જુઓ કઠેડો

કઠિન વિ૰ [सं] કઠણ. ૦તા સ્ત્રી૰

કઠિયારી(–રણ) સ્ત્રી૰ [જુઓ કઠિયારો] કઠિયારાની સ્ત્રી (૨) કઠિયારાનું કામ કરતી સ્ત્રી –રું ન૰ કઠિયારાનો ધંધો –રો પું૰ [सं काष्ठहार, प्रा कट्ठहार] લાકડાં કાપી વેચવાનો ધંધો કરનારો

કઠિયો પું૰ પૈસો, દોઢિયું

કઠેકાણું ન૰ [ક+ઠેકાણું] કુમળી જગા, દુખાડતાં શરમ આવે એવી જગા (શરીરની) (૨) ખરાબ–કથોલી જગા, કઠામ

કઠેડો(–રો) પું૰ [प्रा कट्ठहर? हिं कटहरा? म कठाडा–कठडा] બારી, અગાસી, દાદરો ઇ૰ યાદિ સ્થાનોએ પડી ન જવાય તે માટે કરેલી આડ (૨) ગોખ, ઝરૂખો (૩) ખટારો, મોટું ગાડું –ડી સ્ત્રી૰ નાનો કઠેડો

કઠોડી સ્ત્રી૰, –ડિયું ન૰ નાનું કઠોડું

કઠોડું ન૰[म काष्ठभाण्डक]મસાલો રાખવાની ખાનાવાળી લાકડાની પેટી; લક્કડિયું

કઠોડો પું૰ [જુઓ કઠેરો] ગોખ (૨) વહાણનો પાછલો ભાગ

કઠોદર ન૰ [કઠ (કઠણ, કઠવું)+ઉદર] પેટનો [એ૰ રોગ

કઠોર વિ૰ [सं] કર્કશ (૨) કઠણ(૩) નિર્દય ૦તા, –રાઈ સ્ત્રી૰, ૦પણું ન૰

કઠોળ ન૰ [सं कठोल] દાળ પડે એવું–દ્વિદલ અનાજ

કડ(ડ,) સ્ત્રી૰[सं कटि, प्रा कडि] (કા) કમર, [કેડ –ડિયું ન૰ કેડિયું.

કડ સ્ત્રી૰એક વાર બાંધેલી ડાગર, કરડ (૨)ગણીને અપાતી વસ્તુ ઉપર એ કડે અપાતો વધારો, કરડ

કડ,૦કડ અ૰ (રવ૰) એવો અવાજ કરીને ૦કડતું વિ૰ જુઓ કકડતું ૦કડવું અ૰ક્રિ૰ જુઓ કકડવું ૦કડાટ પું૰ (૨) અ૰ જુઓ કકડાટ ૦કડાટી સ્ત્રી૰ જુઓ કકડાટી (૨) અ૰ કકડાટ કરીને [–બોલાવવી = રૂઆબ બેસાડવો, સખતાઈ કરવી] ૦કડાવવું સ૰ક્રિ૰ કકડાવવું. ૦કડિત વિ૰ કકડેલું, કડક (૨) સજ્જાઈબંધ, ઇસ્ત્રીબંધ ૦કડીને અ૰ જુઓ કકડીને (૨) ધસારાબંધ, ઘણા જ જોશમાં ૦કડવડી સ્ત્રી૰ખાતાં કડકડે એવી વડી ફૂલવડી

કડક વિ૰[રવ૰]બટકો બોલે એવું(૨)[सं कक्खट] કઠણ, આકરું (૩) કાચું, અપરિપક્વ (૪) કડાકાવાળું, ભૂખ્યું, ઉપવાસી(૫) [सं खडक] સ્ત્રી૰ કાનનું એક ઘરેણું (૫) તખતી (બારીની) ૦બંગાળી વિ૰ સાવ ખાલી – નિર્ધન –કાઈ, –કાશ સ્ત્રી૰ કડકતા (૨) નાણાની તાણ

કડકા-બાલૂસ વિ૰ જુઓ 'કડકો'માં

કડકાવવું સ૰ક્રિ૰[રવ૰]વગાડવું(પડઘમ ઇત્યાદિ)

કડકિયું ન૰ [જુઓ 'કડક' ૪થો] પુરુષના કાનનું ઘરેણું

કડકી સ્ત્રી૰ [જુઓ કડકી–કો] કકડી –કો પું૰ કકડો –કાબાલૂસ વિ૰જુઓ કડકબંગાળી

કડ(–ર) કોચલી સ્ત્રી૰ કરચલી, કરચોલી

કડખેદ પું૰ [हिं कटखैत]કડખો બોલનાર ભાટ

કડખો પું૰[हिं]દુહા જેવી એક વીરરસની રચના

કડછી સ્ત્રી૰ [दे. कडच्छु] રસોઈ હલાવવા કે પીરસવાનું છેડે વાડકી જેવું પાણી દાંડીનું એક સાધન –છો પું૰ મોટી કડછી.[–હલાવવો = ઘાલમેલ કરવી, દખલ દેવી; માથું મારવું.]

**કડજીલ** પું૦ [म कडझील] સતાર બીન જેવા વાદ્યોમાં પડખે હોતો તાર [અવાજ
**કડડ,** ૦કડડ અ૦ (રવ૦) ટૂટવા કે કરડવાનો
**કડડડ** અ૦ (રવ૦) ૦ભૂસ જુઓ કકડભૂસ
**કડ(-ઢ)ણુ** સ્ત્રી૦ [स कटक] કરાડ (૨) કાંસની કાંબી(૩)[સ.कट=રૂઢિ ઉપરથી?]આદત,લઢણ
**કડતલ** સ્ત્રી૦જુઓ કરતાલ(૨)[કા ]નકામી કૂથલી
**કડતલું** ન૦ [જુઓ 'કટલુ ']કપાસની સાંઠીઓનો ગૂથેલો પડદો, કટલું
**કડદો** પુ૦ ઓછુ આપવુ તે(૨)સેગ(૩)કાટલુ. [-કરવો=છૂટ મૂકીને ઓછામા આપી દેવું (૨) વાયો પતવી સોદો નક્કી કરવો ]
**કડપ** પુ૦ જુઓ કરપ (૨) સ્ત્રી૦ જુઓ કડબ
**કડપલુ** ન૦ [કડપ+લુ] છોડને કાપી કાપીને ખેતરમા થોડે થોડે અતરે ઢગલા કરવા તે(૨) [?] રાંધેલાનો વાસણમા ચોટેલો પોપડો,ખબડું
**કડબ્** સ્ત્રી૦ [स कडव]જાગબાજરીના સૂકા સાઠા
**કડલી** સ્ત્રી૦[स कटक]હાથનુ એક ઘરેણુ, કલ્લી -લુ ન૦ પગનુ એક ઘરેણુ, કલ્લુ
**કડવું** વિ૦ [स कटुक, प्रा. कडुअ] કરિયાતાના સ્વાદ જેવુ, કટુ (૨) અપ્રિય (૩) ન૦ [स कडवकम्] એક જ રાગના કાવ્યની કેટલીક કડીઓનો સમુદાય [કડવી આંખ=નાપસંદગી કે ઇર્ષાની નજર કડવી જીભ=અપ્રિય લાગે તેવુ બોલવુ તે ]૦ઝેર,૦વખ વિ૦ ઝેર જેવુ - ખૂબ કડવુ -વટિયું ન૦ એક દવા -વાટ પુ૦,સ્ત્રી૦ કડવો સ્વાદ(૨)[લા.]લાગણીઓની -સબંધની કટુતા -વાટવું સ૦ ક્રિ૦ કડવુ ઓસડ આપવુ -વાણી સ્ત્રી૦ કડવી દવા -વાબોલું વિ૦ કડવું બોલતુ, મીઠાબોલું નહિ એવું.-વાશ સ્ત્રી૦[+આશ] કડવાપણુ -વી સ્ત્રી૦ એક વેલ, ગળો [લોટો
**કડવો** પુ૦ [જુઓ 'કરવો']કરવડો,નાળચાવાળો
**કડવો** પું૦ પાટીદારની એક જાતનો માણસ
**કડમલો** પુ૦ પડભીંતિયુ
**કડા** પુ૦ એક જાતની ડાગર-ચોખા (૨) [सं कुटज]કડો ૦છાલ સ્ત્રી૦ ઇદ્રજવના ઝાડની છાલ
**કડા(-ઢા)** સ્ત્રી૦ [सं कटाह, प्रा कडाह] તળવાનુ વાસણ,પેણી(૨)ચરુ ૦ઈ સ્ત્રી૦ પેણી

**કડાક** અ૦(રવ૦) કડાક એવો અવાજ કરીને
**કડાકડ** અ૦(રવ૦) કડાકડ એવા અવાજ સાથે. -ડી સ્ત્રી૦ [જુઓ કટાકટી] હરીફાઈ, ચડસા-ચડસી (૨) સખત બોલાબોલી, તડાતડી (૩) ધડાધડી, મારામારી (૪) શત્રુવટ (૫) જુઓ કડાકો ૨ [માથાફોડિયુ કટાળાભરેલું
**કડાકૂટ** સ્ત્રી૦, -ટો પુ૦ માથાકૂટ -ટિયું વિ૦
**કડાકો** પુ૦[રવ૦]કડાક એવો મોટો અવાજ(૨) નકોરડો ઉપવાસ, લાઘણ [કડાકા ફોડવા= આગળી ખેચી કે વાળીને કડાક અવાજ કરવો કડાકા પડવા, થવા=ખાવા ન મળવુ, ઉપવાસ થવા ] [સજ્જડ
**કડાઝૂડ,** **કડાબીડ** અ૦ અડાબીડ, ધમધોકાર.
**કડાનું** વિ૦ [स कृत, प्रा. कड+नु] (કોઈને માટે)અંકિત કરાયેલુ, -ને યોગ્ય; -ને માટેનુ ઉદા૦'આ અનાજ કૂતરાના કડાનુ છે ' 'કોઈના કડાનુ હોય તો મને ન ખપે ' [ટૂકી બદૂક
**કડા(-રા)બીન** સ્ત્રી૦ [तु करावीन] એક નાની
**કડા(-ઢા)યુ** ન૦ [જુઓ કડા]મોટી કડાઈ,પેણો
**કડાર** વિ૦ [स ] માજરુ (૨) અહકારી
**કડાસન** ન૦ [स कटासन] દર્ભનુ આસનિયુ, ઘાસની ચટાઈ
**કડિયા(-યો)કોટ** પુ૦ મોઈદડાની એક રમત
**કડિયાળી** વિ૦ સ્ત્રી૦ કડીવાળી (ડાગ)
**કડિયું** ન૦ [જુઓ કડ=કેડ]જુઓ કેડિયુ(કા )
**કડિયો** પુ૦ [दे. कडइअ] છોવા ચણવાનુ કામ કરનાર કારીગર. -યણ સ્ત્રી૦ કડિયાની સ્ત્રી -યાકામ ન૦ છોવા ચણવાનુ કામ
**કડિયોકોટ** પું૦ જુઓ કડિયાકોટ
**કડિંગધીન** અ૦ (રવ૦) એવો અવાજ કરીને
**કડી** સ્ત્રી૦ [स कटक, दे कडा] આકડી, 'હૂક' (૨) ગોળ વાળેલો તાર કે સળિયો (૩) કાનનુ એક ઘરેણુ (૪)બેડી(૫)કવિતાનુ પદ,ચરણ(૬) ઓળ, હાર (૭) બારણાની આકડી સાકળ [-કરવી=બેડી પહેરાવવી -દેવી, મારવી =સાકળ વાસવી ] ૦તોડ વિ૦ કડી અથવા સાકળ તોડે એવુ (૨) મજબૂત ૦બદ્ધ,૦બંધ વિ૦ હારબંધ(૨)સાકળરૂપે ગોઠિલુ [ઔષધિ
**કડુ** ન૦ [स. कटुक प्रा कडु] એક વનસ્પતિ-

કડુ નo [सं कटक, प्रा कडक] ગોળ વાળેલો ધાતુનો સળિયો, મોટી કડી (૨) હાથનુ એક ઘરેણુ
કડૂખલો પુo [सं कूटक+લો] ખૂણો, કાલો
કડૂચુ વિo [सं कटु ઉપરથી] કડવાશપડતુ, જરા કડવા જેવા સ્વાદનુ
કડે અo [म] કને, પાસે (૨) તરફ
કડેટાટ અo [રવo] સપાટાબંધ
કડેધડે અo (રવo) ધમધોકાર, બહુ સારી રીતે
કડો પુo [જુઓ 'કડા'] એક વનસ્પતિ, ઇદ્રજવનુ ઝાડ [એક ઓજાર
કડોકડ઼ નo ચકમક અને દોરીનુ દેવતા પાડવાનુ
કડોળ વિo [क+ડોળ] બેડોળ, કદરૂપુ
કઢણ વિo જુઓ કઢણિયુ (૨) સ્ત્રીo જુઓ કઢણ(૩)વાની(મુ) (૪) નo ['કઢવુ' ઉપરથી] મસાલાવાળુ ઓસામણ -ણિયું વિoચીડિયુ, કઢાપો કરવાના સ્વભાવવાળુ -વું સoક્રિo [सं. क्वथ्, प्रा कढ] ખૂબ ઉકાળવુ (૨)અoક્રિo કઢાપો કરવો, ઊકળવું
કઢંગ પુo [क+ઢંગ] કુચાલ, ગેરવર્તણૂક -ગું વિo ઢંગ વગરનુ, બેડોળ
કઢા,oઈ સ્ત્રીo જુઓ 'કડા'મા
કઢાણુ (-યેલુ) વિo ['કઢવુ' ઉપરથી] કઢિયલ (૨) કઢણિયુ
કઢાપો પુo ['કઢવુ' ઉપરથી] કઢારો, ધામ (૨) ક્લેશ, પરિતાપ (૩) કઢી (તિરસ્કારમા)
કઢામ નo ઘોડા અને બળદને પલોટવાનુ લાકડાનુ ત્રિકોણ ચોકઠુ
કઢાયુ નo [सं कटाह] મોટી કઢાઈ
કઢાયેલું વિo જુઓ કઢાણુ
કઢાર નo [જુઓ 'કોઢાર'] ઢોર બાધવાની પડાળી - ઘર, કોઢિયુ
કઢારો પુo ['કાઢવુ' ઉપરથી] ઊચક વસ્તુ લેવી તે ઊધડ ઇજારો
કઢાવવું સoક્રિo 'કઢવુ', 'કાઢવુ'નુ પ્રેરક
કઢાવું અoક્રિo 'કઢવુ', 'કાઢવુ'નુ કર્મણિ
કઢાળ વિo [क+ઢાળ] ખરાબ ઢાળવાળુ (૨) પુo ભીડુ, ખોડીબારુ [ઉકાળેલુ
કઢિયલ વિo ['કઢવુ' ઉપરથી] કઢેલુ, ખૂબ
કઢી સ્ત્રીo [दे कढिअ, જુઓ કઢવુ] ખાવાની એક વાની -ઢો પુoજુઓ કઢાપો ૨,૩(૨)કાઢો
કણ પુo [स] દાણો (૨) ઘણો નાનો ભાગ, પરમાણુ (૩) કાગરી (૪) [લા] બ્રાહ્મણ કે અભ્યાગતને આપેલુ ભિક્ષાન્ન oદાર વિo દાણાદાર(૨)કાગરીવાળું oપીઠ સ્ત્રીoદાણાપીઠ
કણ(-ણું) પ્રત્યય ક્રિoને લાગતા 'તે ક્રિયા કરનારું, તેની ટેવવાળુ' એ અર્થનુ વિo બનાવે ઉદાo બીકણ, -ણું, લડકણુ
કણક વિoકડક,જરા કાચુ (૨)સ્ત્રીo [म कणीक] બાધેલો લોટ (૩) [स कणिकम्]કણ,ભિક્ષાન્ન [-કરાવવી=ભિક્ષાન્ન આપવુ -કેળવવી, ગૂંદવી, ટૂપવી, બાંધવી=(રોટલી પૂરી ઇoનો)લોટ પાણી નાખી, ગૂદીને તૈયાર કરવો]
કણકણ સ્ત્રીo [दे] (રવo) કણકણાટ oવું અoક્રિo દુખ અથવા અસતોષને લીધે ગળામાથી અસ્પષ્ટ અવાજ કાઢવો, ઝીણુ રોવુ -ણા(-ણી) સ્ત્રીo થથરાટ, કપારી, કમકમાટ (૨) કટાળો -ણાટ પુo કણકણવુ તે -ણો પુo થથરાટ, કપ [(હિચકાનુ)
કણકવું અoક્રિo [स कर्ण] કચૂડ કચૂડ થવુ
કણકી સ્ત્રીo [स कणिक]ચોખાનો ભાગ (૨) ઝીણો કણ oદાર વિo [+દાર] કણકીવાળુ, દાણાદાર
કણજી સ્ત્રીo [सं करञ्ज] એક ઝાડ -જુ નo કણજીનુ બી -જિયુ નo કણજીના બીનુ તેલ
કણજો પુo જુઓ કણેજરો
કણ(-ણો,-ણાય)તું નo ['કણ' ઉપરથી] દરમાયા તરીકે અપાતુ અનાજ
કણદાર, કણપીઠ જુઓ 'કણ'મા
કણદિયો પુo[स कण(નાઆંકાનુ)+द्वीप?] સ્ત્રીઓના હાથનુ એક ઘરેણુ
કણબી વિo [स कुटुम्बिन् प्रा कुडुंबि] એ નામની એક જ્ઞાતિનુ (૨) પુo એ જ્ઞાતિનો માણસ (૩) [લા] તાબેદાર આદમી, ગુલામ -બણ સ્ત્રીo કણબીની સ્ત્રી
કણમણવું અoક્રિo જુઓ કણકણવુ
કણમણાટ પુo કણમણવુ તે
કણયરી સ્ત્રીo [स कनक, प्रा कणय પરથી] +સોનાનુ એક ઘરેણુ

તે ૦દાર વિ૦ કદરવાળું ૦વું સ૦ ક્રિ૦ ['કદર' પરથી]કદર કરવી
કદરજ વિ૦ [स कदर्य] કંજૂસ (૨) પાજી, ક્ષુદ્ર [(૩) કદરૂપ(?)
કદરદાર વિ૦, કદરવું સ૦ક્રિ૦ જુઓ 'કદર'માં
કદર(-રા)વું અ૦ક્રિ૦ ['કજળવું' ઉપરથી]ઓલવાવું, બુઝાવું (દીવાનું કે દેવતાનું)
કદરી વિ૦ કદરજ, કૃપણ (૨) કદર જાણનારું
કદરૂપું વિ૦ [स कद्रूप] કૂબડું, બેડોળ
કદવા સ્ત્રી૦ [ક+દુવા] કદુવા, શાપ
કદવાન વિ૦ [કદ+વાન] કદવાળું, કદાવર
કદવું સ૦ ક્રિ૦ [स कद्] મારવું, ઈજા કરવી
કદશના [कद्+अशना] બેદરકારી, ધ્યાન ન આપવું તે (૨) ચિંતા કાળજી
કદલી(-ળી) સ્ત્રી૦ [स] કેળ ૦નાલ(-ળ) સ્ત્રી૦ કેળના થડની અંદરનો સુંવાળો ભાગ ૦પુષ્પ ન૦ કેળનું ફૂલ ૦ફલ(-ળ) ન૦ કેળું. ૦વન ન૦ કેળોનું વન, કેળો જ્યાં ઘણી હોય એવી જગા ૦સ્તંભ પુ૦કેળનો થાંભલો
કદહાડો પુ૦ [ક+દહાડો] કમોસમ(૨) દુઃખનો દહાડો [જુઓ 'કદલી'માં
કદળી, ૦નાળ, ૦પુષ્પ, ૦ફળ, ૦વન, ૦સ્તંભ
કદંબ ન૦ [स] એક ફૂલઝાડ, કદમ
કદા અ૦ [स] ક્યારે (૨) કોઈ સમયે, કદાચ ૦ચ અ૦ દૈવયોગે, રખેને (૨) કોઈ વાર (સંભવ બતાવવા) ૦ચિત્ અ૦ [स] કોઈ વખતે, ક્યારેક, કદી ૦પિ અ૦[सं] કદાચિત (૨) કોઈ દહાડો પણ, હરગિજ
કદાગરો પુ૦ કજિયો (૨) અદાવત, અટસ
કદાવર વિ૦ [फा कद्दावर] મોટા કદ અથવા આકૃતિવાળું (૨) મજબૂત
કદાસણ સ્ત્રી૦ વઢકારી સ્ત્રી
કદી અ૦ [કો+દી ?] કદાપિ, ક્યારેય પણ (૨) કોઈક વેળા ૦ક અ૦ જવલ્લે, કોઈક જ વાર. ૦કદી અ૦ કોઈ કોઈ વાર
કદીમ(-મી) વિ૦ [अ] અસલી, પ્રાચીન, જૂના જમાનાનું [ને કોઈ વાર
કદીમદી અ૦ [કદી+મદી (દ્વિ)] કદી નહિ
કદીમી વિ૦ જુઓ કદીમ
કદીર વિ૦ [अ] શક્તિમાન, સર્વશક્તિમાન
કદુવા સ્ત્રી૦ [ક+દુવા] કદવા, શાપ
કદૂરત સ્ત્રી૦ [अ] મલિનતા, ડહોળાપણું (૨) અસ્વસ્થતા (૩) શંકા
કદૃષ્ટિ સ્ત્રી૦ જુઓ કુદૃષ્ટિ
કદ્દુ પુ૦ [फा कद्दू] દૂધી (૨)[લા] બત્તો, ટૂંકો જાડો ને મજબૂત લાકડાનો દંડો (૩) ધોકણું
કદ્રુ પુ૦ [सं] (સં) કશ્યપ ઋષિની સ્ત્રી-નાગલોકોની માતા ૦કુમાર, ૦સુત પુ૦ નાગ
કદ્રૂપ(-પું) વિ૦ [स] કૂબડું, કદરૂપું
કધાન ન૦ [कु+धान्य] હલકી જાતનું અનાજ (કોદરા, બંટી ઇ૦) (૨) બગડેલું અનાજ
કધોટું,-ણું વિ૦ [ક+ધોટું, ધોણ] કધોયું -ણી સ્ત્રી૦ લાંબો વખત ચીજ ન ધોવાથી થતી એની ગાઢ મેલભરી સ્થિતિ(ખાસ કરીને કપડાની) -ણું,-તું, -વણ વિ૦ ધોયું ધોવાય નહિ એટલું મેલું
કનક ન૦ [स] સોનું (૨) ધન, દોલત (૩) ધંતૂરો ૦પાટી સ્ત્રી૦ સોનાનો પટો ૦ફૂલ ન૦ સોનાનું ફૂલ (૨) કાનનું એક ઘરેણું (૩) ધતૂરાનું ફૂલ ૦મુદ્રા સ્ત્રી૦ સોનામહોર ૦વર્ણું વિ૦ સોનાના રંગનું ૦સારિકા સ્ત્રી૦ એક પક્ષી -કાચલ(-ળ) પુ૦ (સં) સુમેરુ
કનકવી સ્ત્રી૦ [हि कनकौवा] નાની પતંગ -વો પુ૦પતંગ [-અપાવવો,-મુકાવવો = પતંગને ઊડતો કરવા બીજાએ દૂર સુધી લઈ જઈ છોડવો, છૂટ અપાવવી -ચગાવવો પતંગ ઉડાડવો, ઊંચે ચડાવવો]
કનજર સ્ત્રી૦ [ક+નજર] કુદૃષ્ટિ
કનડવું સ૦ક્રિ૦ દુઃખ દેવું, પજવવું -ગત સ્ત્રી૦ કનડવું તે, હેરાનગતિ
કનડાટ પુ૦ કનડવું તે
કનફૂલ ન૦ [स कर्णोत्पल, प्रा कण्णुप्पल ? के કણ + ફૂલ ?] કાનનું એક ઘરેણું, કનકફૂલ(?)
કનવા, ૦ર સ્ત્રી૦ દરકાર, ચિંતા
કન(-ના)સ્તર ન૦ [इ કેનિસ્ટર, हि.] ઘાસ કે ઘાસની ચીપોની ટોપલી કે કંડિયો (૨) શીંકી (પડિયાની) (૩) ટીનના પતરાનો ડબ્બો
કનાઈ (ના') પું૦ [हि कन्हाई, स. कृष्ण] (સં) + કનૈયો, કહાન (પ)

**કનાત** સ્ત્રી૦ [અ] તંબૂની કપડાની ભીંત (૨) જાડા કપડાનો પડદો
**કનાસ્તર** ન૦ જુઓ કનસ્તર
**કનિષ્ઠ** વિ૦ [સ] ઉમ્મરમાં સૌથી નાનું (૨) સૌથી નાનું (૩) છેક ઊતરતું, હલકામાં હલકું. ૦તા સ્ત્રી૦ ૦પક્ષ પું૦ છેક ઊતરતો પક્ષ (૨) હલકી ગત –ષ્ઠિકા સ્ત્રી૦ ટચલી આંગળી (૨) વિ૦ નાની (બહેન) [આવે છે
**કની** અ૦ 'કે નહિ?' એ અર્થમાં વાક્યમાં
**કનીનિકા** સ્ત્રી૦ [સ] આંખની કીકી
**કને** અ૦ [સં कर्णे] પાસે
**કનેરા** સ્ત્રી૦ [સ] વેશ્યા (૨) હાથણી
**કનેરી** સ્ત્રી૦ ['કણ' ઉપરથી] ચોખાની કાંજી (૨) ['કિનારી' ઉપરથી] કિનારી, કોર (૩) કાંગરી (૪) ખારી પૂરી (૫) [इ કેનેરી] એક પક્ષી
**કનેરુ** ન૦ ['કિનારો' ઉપરથી] કિનારો, કોર (૨) અ૦ જુઓ કને, પાસે
**કનેવાળિયો** પું૦ [કને + વાળિયો(વાળો)] (કા) મકાનમાં ઘૂસેલા ચોરનો બહાર ઊભેલો સાથી
**કનોજી** સ્ત્રી૦ [हि कनौज, स. कान्यकुब्ज, प्रा कन्नउज्ज] મધ્ય ગંગાયમુના અને ઉત્તર પ્રદેશની એક હિંદીની બોલી
**કનૈયો** પું૦ [स कृष्ण, प्रा कण्ह – न्ह, हि कन्हैया] (હશ્રુતિ બોલવામાં લોપાઈ ગઈ છે) (સ) કૃષ્ણ કનાઈ
**કનોચાં** ન૦બ૦વ૦ [स कर्ण, प्रा कण्ण – न्न પરથી? के कण्णाञास?] કાનની બૂટો
**કનોછા** ન૦ એક વનસ્પતિ
**કન્ના** સ્ત્રી૦ [हिं, म स. कर्ण, प्रा कन्न પરથી?] કન્યા, (ઊડવા માટે) પતંગના ઢઢ્ઢા અને કમાન સાથે બંધાતી દોરીની યોજના [–ખાવી = પતંગે એક બાજુ કન્નાતું ઊડવું –બાંધવી = કન્નાની યોજના કરવી, તે દોરી બાંધવી] ૦તું અ૦ ક્રિ૦ એક બાજુ નમતું રહેવું, ગિન્નાવું (પતંગનું) –ન્ની સ્ત્રી૦ કન્નાતી ઓછી કરવા માટે પતંગને છેડે ચોડાતી પૂંછડી (૨) [?] નાની પતંગ
**કન્યકા** સ્ત્રી૦ [સ] નાની કુંવારી છોકરી
**કન્યા** સ્ત્રી૦ [સ] કુંવારી છોકરી (૨) પુત્રી, દીકરી (૩) એક રાશિ (૪) મોટી ઇલાયચી (૫) [સં] દુર્ગા, પાર્વતી [–ઊતરવી = કન્યા જવી લગ્નવહેવાર બંધાવો, બેટીવહેવાર હોવો] ૦ઉતાર પું૦ કન્યા ઊતરવી અપાવી તે કે તેનો વ્યવહાર, ૦કેળવણી સ્ત્રી૦ કન્યાઓની કેળવણી; સ્ત્રીકેળવણી ૦કાળ પું૦ કુંવારાપણાનો સમય (૨) કન્યાને પરણાવી દેવાનો સમય ૦કુબ્જ પું૦ (સ) એ નામનો કનોજની આજુબાજુનો એક પ્રાચીન દેશ ૦કુમારી સ્ત્રી૦ (સ) હિંદુસ્તાનના દક્ષિણ છેડાની ભૂશિર (૨) દુર્ગા ૦ગત ન૦ સ્ત્રીવન, પલ્લું (૨) કન્યા રાશિમાં ગ્રહની સ્થિતિ ૦ગ્રહણ ન૦ કન્યાને પરણવું તે, લગ્ન ૦ચૂડી સ્ત્રી૦ પરણતી વખતે કન્યાને પહેરાવવાની ચૂડી ૦દાન ન૦ કન્યાને વિધિપૂર્વક પરણાવવી તે (૨) તે વખતે અપાતી પહેરામણી ૦દાયો પું૦ કન્યાને અપાતો દાયજો – પહેરામણી ૦ધન ન૦ કન્યારૂપી ધન ૦પુત્ર પું૦ કુંવારી કન્યાને થયેલો પુત્ર (૨) ભાણેજ ૦રાશિ વિ૦ સ્ત્રીના જેવા ગુણવાળું, બાયલું (૨) સ્ત્રી૦ એક રાશિ ૦વય ન૦ કન્યા તરીકેની ઉંમર ૦વસ્થા સ્ત્રી૦ કન્યા તરીકેની અવસ્થા ૦વિક્રય પું૦ કન્યા દેવા બદલ પૈસા લેવા તે ૦શાળા સ્ત્રી૦ છોકરીઓની નિશાળ
**કન્યા** સ્ત્રી૦ જુઓ કન્ના
**કન્યાળુ** ન૦ વીરડો
**કપ** પું૦ [म, स कार्पास પરથી?] જામગરી, કફ (૨) [इ] પ્યાલો
**કપચી** સ્ત્રી૦ [म को कपची, स कवच?] સડક પૂરવાનો પથ્થર (૨) પથ્થરનો ભૂકો
**કપટ** ન૦ [સ] છળ, પ્રપંચ (–કરવું, –ખેલવું, –રમવું) ૦કોટ પું૦ ઠગવા માટે ઊભો કરેલો બનાવટી કોટ (૨) ઢોંગનો પડદો ૦ખોર વિ૦ કપટી, ઠગ ૦નિંદા સ્ત્રી૦ છેતરવા માટે કરેલી કોઈની નિંદા ૦પ્રબંધ પું૦ કપટની યોજના ૦બાજ વિ૦ કપટખોર ૦બાજી સ્ત્રી૦ ઠગાઈ, ધૂર્તતા (૨) કપટની જાળ ૦ભાવ પું૦ કપટની વૃત્તિ ૦યુદ્ધ ન૦ કપટભર્યું કે કપટથી લડાતું યુદ્ધ ૦રૂપ વિ૦ કપટી રૂપવાળું, ઠગારું ૦વધ પું૦ કપટ કરીને મારી નાખવું તે ૦વિદ્યા

સ્ત્રી૦ કપટ કરવાની વિદ્યા ૦વેશ પુ૦ જૂઠો–બનાવટી વેશ, સોંગ –ટી વિ૦ કપટવાળુ, કપટભર્યું (૨) કપટ કરનારુ

કપ(–મ)ઠાળ સ્ત્રી૦ જુઓ કમઠાળ

કપડછાણ વિ૦ [हि कपडछान, જુઓ કાપડ+છાણવું] કપડાથી ચાળેલુ (૨) કપડામા સીવી લઈ છાણમાટીથી લીપેલુ (૩) ન૦ કપડાથી ચાળવુ તે

કપડમટ્ટી સ્ત્રી૦ [हि कपडमिट्टी, જુઓ કાપડ+માટી]હવા ન પેસે તે માટે,કપડા અને માટી વડે ડાટો મારવો કે કપડુ લપેટી માટીનો લેપ કરવો તે

કપડું ન૦ [सं कर्पटक, प्रा कप्पड] કાપડ, લૂગડુ (૨)પહેરવાનુ લૂગડું–વસ્ત્ર –ડાંલત્તાં ન૦બ૦વ૦ [म, हि कपडालत्ता] પહેરવાના લૂગડાલત્તા

કપતરું(–ળું) ન૦ છાલ, છોતરુ (કેરી, દૂધી [વગેરેનુ (૨) ગાભચુ, ડગળુ

કપના સ્ત્રી૦ [सं] કીડો

કપરું વિ૦ [दे खप्पर] મુશ્કેલ, અઘરુ (૨) વસમા–કડક સ્વભાવવાળુ (૩) ખાપરુ, ભારે પહોંચેલુ

કપરોડ સ્ત્રી૦ બખોલ, બખોલમા બખોલ

કપર્દિકા સ્ત્રી૦ [सं] કોડી (૨) છેક હલકી કિંમતનુ નાણુ

કપાટ ન૦ [सं] કમાડ, બારણુ (૨) કબાટ ૦પ્રબંધ પુ૦ ચિત્રકાવ્યનો એક પ્રકાર

કપાણ ન૦ લૂ લાગવી તે (૨) [જુઓ કાપવુ–કપાવુ] કાપવુ–કપાવુ તે

કપાતર વિ૦ જુઓ કુપાત્ર

કપાલ(–ળ) ન૦ [सं] ભમરની ઉપરનો અને માથાના વાળની નીચેનો મોઢાનો ભાગ,લલાટ (૨)ખોપરી (૩) [લા] ભાગ્ય ૦પદી વિ૦ (૨) ન૦ કપાળમા પગ હોય એવુ (જીવડુ). –લિકા સ્ત્રી૦ ઠીકરું (૨) દાંતનો મેલ –લી પુ૦ ખોપરીનો હાર રાખનાર–મહાદેવ, શિવ (૨) એક જાતનો અઘોરી બાવો–શિવભક્ત (૩) હલકી વર્ણનો માણસ (માછીથી બ્રાહ્મણીને પેટે ઉત્પન્ન થયેલો) –લી વિદ્યા સ્ત્રી૦ અઘોરીની વિદ્યા

કપાશિ(–સિ)યું વિ૦ [જુઓ કપાસ] જેમા કપાસનો પાક થતો હોય એવું –યો પુ૦ કપાસનુ બી (૨) પાકેલા ગૂમડા, ખીલ ઇત્યાદિમાથી નીકળતો ગંઠાયેલો દાણો

કપાશી(–સી) સ્ત્રી૦ [જુઓ 'કપાશિયો'] (પગની) કણી, આંટણ

કપાસ પુ૦ [सं कार्पास, प्रा कप्पास]કપાસનો છોડ (૨) બી સાથેનુ રૂ

કપાસિયુ, –યો જુઓ 'કપાશિયુ'મા

કપાસી સ્ત્રી૦ જુઓ કપાશી

કપાળ ન૦ જુઓ કપાલ [–કૂટવું=શોક વગેરેના આવેશમા કપાળે હાથ પછાડવા (૨) સખત મગજમારી કરવી (૩) હતાશ થવુ –ધોઈ આવવું=લાયક થવુ, વિધાતાના લેખ દૂર કરવા –ફૂટવું=કમનસીબી થવી, લાંબા વખતની આશા ધૂળ મળવી કપાળે કંકુ=ધનભાગ્ય, જશ –ળે કાજળ,–ળે મેશનો ચાંલ્લો અપજશ –ળે ચોટવું તિરસ્કારમાં આપવુ (૨) માથે પડે તેવી નકામી વસ્તુ આપવી –ળે ચોટવું=માથે પડવુ પાલવે પડવું –ળે હાથ દેવો=કશુ જ ન આપવુ –ળે હાથ દેવો=ખિન્ન નિરાશ થવુ] ૦કૂટ સ્ત્રી૦ માથાફોડ, મગજમારી ૦કૂટિયુ, ૦કૂટું વિ૦ માથાફોડિયું,કટકટ કરતુ (૨)ઘણી મગજમારી કરાવે એવું ૦કૂટો પુ૦ કપાળકૂટ –ળિયો પુ૦ કપાલી (તુચ્છકારથી)

કપિ પુ૦ [सं] વાંદરો (૨)સ્ત્રી૦(કા) એક જાતની ઘોડી ૦ધ્વજ પુ૦(સં) અર્જુન. ૦તાન વિ૦ વાંદરા જેવુ, તોફાની ૦મુખ ન૦ વાંદરાનુ મો (૨) વાંદરાના જેવુ મો

કપિલ વિ૦ [सं] ઘેરા બદામી રંગનુ (૨) પું૦ (સં.) સાંખ્ય દર્શનના પ્રણેતા ઋષિ –લા વિ૦ સ્ત્રી૦ ઘેરા બદામી રંગની(૨) સ્ત્રી૦ ઘેરા બદામી અથવા તદ્દન કાળા રંગની ગાય (૩) તદ્દન એક રંગની ગાય (૪) એક જાતનો લાલ સુગંધી ભૂકો (૫)[सं]ઈશાન કોણના પુંડરીક નામના દિગ્ગજની પત્ની (૬)કામધેનુ –લાષષ્ઠી સ્ત્રી૦ ભાદરવા વદ છઠ, હસ્ત નક્ષત્ર,વ્યતિપાત અને મંગળવાર. એ યોગવાળો દિવસ

**કપિંજલ** ન૦ [સં] તેતર (૨) ચાતક (૩) પુ૦ (સ) [કાદંબરીમાં] શ્વેતકેતુ ઋષિનો પુત્ર **-લા** સ્ત્રી૦ (સ) એક નદી

**કપીથ** ન૦ [सं. कपित्थ] + કોઠું કે કોઠી

**કપીશ** પુ૦ [સં] (સ) કપિ-વાનરનો ઈશ, હનુમાન

**કપૂત** પુ૦ [सं. कुपुत्र] ખરાબ-નામ બોળે [એવો પુત્ર

**કપૂર** ન૦ [सं कर्पूर. प्रा कप्पूर] એક સુગંધી પદાર્થ. **૦નું વૈતરું** ન૦ આનંદદાયક કામકાજ [કપૂરે કોગળા કરવા = સુખવૈભવ માણવો] **૦કાચરી(-લી)** સ્ત્રી૦ [+ (હિં), कचरी] એક સુગંધીદાર મૂળિયું **૦ચીની** સ્ત્રી૦ [म कापूर्चीनी] એક ઔષધી (૨) ચિનાઈ સાકર **૦તેલ** ન૦ કપૂરનું તેલ **૦મધુરી** સ્ત્રી૦ કપૂરની સોડમ મારતો એક છોડ **-રિયાં** ન૦બ૦વ૦ કપૂરી પાન (૨) કાચી કેરીના લાંબા ચીરિયા **-રી** વિ૦ કપૂરના જેવું, સફેદ (૨) એ નામની જાતનું (નાગરવેલનું પાન)

**કપેચાં** ન૦બ૦વ૦ [કપચી (ગાબચું, ચીર)? કે 'કવચા' ઉપરથી?] એક વસાણું

**કપેચું** વિ૦ [ક + પેચ] અટપટું, અઘરું

**કપોટી** સ્ત્રી૦ **-ટું** ન૦ [સરખાવો म. कर्प(-प)टा] પોપડી (રોટલા, રોટલી ઇત્યાદિની) (૨) પાતળી છાલ, ઝીણું પડ

**કપોત** ન૦ [સં] કબૂતર (૨) હોલો **૦ક** ન૦ નાનું કપોત (૨) સાજીખાર (૩) સુરમો **૦ની, -તિની, -તી** સ્ત્રી૦ કપોતની સ્ત્રી

**કપોલ(-ળ)** પુ૦ [म] ગાલ (૨) વાણિયાની એક જાતનું **૦કલ્પિત** વિ૦ બનાવટી, ઓઠવી કાઢેલું, આકાશપુષ્પ જેવું **૦કલ્પના** સ્ત્રી૦ પાયા વિનાની-ખોટી કલ્પના

**કપોળુ** ન૦ કપાળ ઉપરના વાળ બોડાવી કરાતી અર્ધચંદ્રાકાર હજામત

**કપ્તાન** પુ૦ [पो] આગેવાન, વડો-ઉપરી અમલદાર (૨) ટંડેલ, વહાણ કે આગબોટનો ઉપરી (૩) પલટણનો કે કોઈ ટુકડીનો ઉપરી (જેમ કે ક્રિકેટનો)

**કપ્પડ** ન૦ [सं कर्पट, प्रा] કાપડ **૦કણય** [प्रा, सं कनक] ન૦ + ઘણું કીમતી કાપડ

**કપ્પર** સ્ત્રી૦ (ક) ભેખડ, નદીની કરાડ (૨) વિ૦ જુઓ કપરું

**કપ્પી** સ્ત્રી૦, **-પ્પો** પું૦ જુઓ 'કુપ્પી'માં

**કફ** પુ૦ [સં] આયુર્વેદ પ્રમાણે શરીરની ત્રણ ધાતુમાંની એક, શ્લેષ્મ (૨) ખાંસી, ઉધરસ (૩) ગળફો, બળખો (૪) ચકમકના તણખા ઝીલવાનું રૂ, જામગરી, કપ **૦ક્ષય** પુ૦ ફેફસાંનો ક્ષય, એક રોગ **૦જ્વર** પુ૦ કફના વિકારને લીધે આવતો તાવ **૦સ્રાવ** પુ૦ કફનો એક રોગ **-ફોદર** ન૦ [+ उदर] કફના વિકારને લીધે થતો પેટનો એક રોગ

**કફન** ન૦ [अ] શબને ઓઢાડવાનું લૂગડું (૨) [इं કૉફિન] શબ મૂકવાની પેટી **-ની** સ્ત્રી૦ [अ] ફકીરનું કુડતું, ફકીરનો વેશ (૨) ટૂંકી બાંયનું લાંબું પહેરણ

**કફલાત** સ્ત્રી૦ [अ कफालत] ચૂનાની ગાર, છો, [(૨) મરામત

**કફા** વિ૦ [फा खफा] ખફા, ક્રોધાયમાન, નાખુશ **૦મરજી** સ્ત્રી૦ નાખુશી, ઇતરાજી

**કફોત** સ્ત્રી૦ [अ कफ्फारह] ઇસ્લામી શરિયત પ્રમાણે પાપનિવારણાર્થે કરેલું પુણ્યદાન, પ્રાયશ્ચિત્ત (૨) નુકસાન, હાનિ (૩) કજિયો, ટંટો

**કફોડું** વિ૦ [ક + ફોડ (નિકાલ)] વિષમ, વિપરીત (૨) કઢંગું, કલાગું (૩) મુશ્કેલ

**કબક** પુ૦ [फा] એક પક્ષી

**કબજ** વિ૦ [अ कब्ज़] કબજામાં કે તાબામાં હોય એવું (૨) [अ कब्ज] બંધકોશવાળું **-જાગીરો** પુ૦ મિલકતનો કબજો આપીને તે ઉપર વ્યાજે નાણાં લેવાં તે **-જાન** પુ૦ [अ कब्ज़ह] કબજો, હવાલો **-જિય(-યા)ત** સ્ત્રી૦ [अ कब्जियत] રોકાણ અટકાવ (૨) બંધકોશ, મળાવરોધ, એક રોગ **-જેદાર** વિ૦ કબજો ધરાવનારું (૨) પુ૦ તેવો માણસ

**કબજો** પુ૦ [अ] તાબો, હવાલો, ભોગવટો (૨) દબાણ, પકડ (૩) બાંય વગરનું અથવા ટૂંકી બાંયનું બદન (૪) ચોળી [-કરવો = તાબામાં લેવું, હાથ કરવું -મેળવવો, લેવો = કાયદેસર ભોગવટો લેવો] **૦ભોગવટો** પું૦ કબજો તેમ જ ભોગવટો

**કબડ** વિ૦ [प्रा कब्बड = કુનગરનું પરથી?] મૂર્ખ,

ભોટ. ગામઠિયુ (૨) ન૦ [सं कपाट] નાનુ તાકુ, ભંડારિયુ
**કબડવું** સ૦ ક્રિ૦ હેરાન કરવુ
**કબડાવું** અ૦ક્રિ૦ માદુ પડવુ, શરીરનુ કથળવુ
**કબર** સ્રી૦ [अ कब्र] કબ્ર, ઘોર(૨)તેમા મડદું દાટી ઉપર કરેલુ ચણતર [(હાથે)કબર ખોદવી =પોતાનુ મૃત્યુ થાય,કે પોતાને અતિ નુકસાન થાય તેવુ જાતે કરવુ ] ૦સ્તાન ન૦ [+(ફા.) स्तान] મુસલમાનો યા ખ્રિસ્તીઓનુ સ્મશાન
**કબરી** સ્રી૦ [सं ] ચોટલો, વેણી
**કબલ** અ૦ [अ. क़ब्ल] પહેલા
**કબંધ** પું૦,ન૦[सं ]માથા વિનાનુ શરીર(૨)[सं ] રાહુ(૩)એક રાક્ષસ (૪) [ક+બંધ] ખરાબ બંધ
**કબા** સ્રી૦ [अ.] ઝભ્ભો (અમીરી) [કૃત્ય
**કબાજી** સ્રી૦ [ક+બાજી] ઊંધા ધંધા મૂર્ખાઈભર્યું
**કબાટ** પુ૦ન૦ [सं कपाट? સર૦ म, इ कप्बोर्ड?] વસ્તુઓ મૂકવાની ખાનાવાળી એક બનાવટ
**કબાડ** વિ૦ કદરૂપુ, ખરાબ, દુષ્ટ (૨) પુ૦ [સર૦ हि , म ] ઘાસનો ભાર, ગંજી (૩) ન૦ ઇમારતી લાકડુ ૦કષ્ટ સ્રી૦ [+सं कष्ट, म कवाडकष्ट] ખૂબ સખત કે હલકી મજૂરી, ગધ્ધાવૈતરુ -ડિયું વિ૦ જાડુ અને જોરવાળુ (૨) કબાડી -ડી વિ૦ કબાડા કરનારુ (૨) પુ૦ ઇમારતી લાકડાનો વેપારી (૩) કઠિયારો -ડું વિ૦ બેડોળ, કઢંગું, કદરૂપુ (૨) નઠારુ. દુષ્ટ, વ્યભિચારી (૩) ન૦ તેવુ કામ
**કબાબ** પુ૦ [फा ] માસનુ ભૂઠિયુ-ભજિયું ૦ચીની સ્રી૦ એક ઔષધિ
**કબાલો** પુ૦ [अ ] સાટુ (૨) સાટાનો કરાર (૩) વાયદે નાણા આપવાના કરારથી કરેલી ખરીદી
**કબી** અ૦ [हि॰ कभी] કબૂ; કદી
**કબીર** વિ૦ [अ ] મહાન, મોટુ (૨) પુ૦ ભાટ, કવિ (૩) [सं ] પ્રસિદ્ધ ભક્તકવિ અને જ્ઞાની ૦પંથ પુ૦કબીર પાછળ ચાલેલો પંથ ૦પંથી વિ૦ કબીરપંથનુ (૨) પુ૦ તેનો અનુયાયી -રો પુ૦કબીરપંથીઓનુ પહોળા મોનુ ભિક્ષા-પાત્ર; કટોરો (૨) ઇસ્લામી શરેહ પ્રમાણેનો મહા અપરાધ [કબીલાવાળો
**કબીલદાર** વિ૦ [अ कबीलह+दार (फा )]
**કબીલો** પું૦[अ ] બૈરાંછોકરા(૨)કુટુંબ,પરિવાર
**કબીસો** પુ૦ [अ ] પારસી વર્ષ પ્રમાણે છેલ્લા માસના પાંચ દિવસોનો સમૂહ (૨) ચાંદ્રવર્ષ કરતા સૌરવર્ષમા આવતા વધારાના ૧૧ દિવસોનો સમૂહ
**કબુલાવવું** સ૦ ક્રિ૦, **કબુલાવું** અ૦ ક્રિ૦ 'કબૂલવું'નુ પ્રેરક ને કર્મણિ
**કબુદ્ધિ** સ્રી૦ [ક+બુદ્ધિ] કુબુદ્ધિ
**કબૂ** અ૦ [हि कभू] + કદી, કોઈ વાર
**કબૂતર** ન૦ [फा ] એક પખી ૦ખાનું ન૦ કબૂતરો રાખવાનુ પીંજરુ (૨) [લા ] નાના નાના ઘણા ખાનાવાળુ એવુ કબાટ (૩) ગંદી જગા -રી સ્રી૦ કબૂતરની માદા
**કબૂદ** ન૦ [फा ] એક પક્ષી
**કબૂધ** સ્રી૦ કુબુદ્ધિ -ધિયું વિ૦ [+ઇયું] કુબુદ્ધિવાળુ
**કબૂલ** વિ૦[अ ]મંજૂર, માન્ય [-થવું, -રાખવું =કબૂલ કરવુ માનવુ ] ૦ણી સ્રી૦ કબૂલાત ૦(-લા)ત સ્રી૦ કબૂલવુ તે [-આપવી, -કરવી = કબૂલવુ (૨) કબૂલાતપત્ર લખી આપવુ -માગવી = કબૂલ થવા કહેવુ, માન્ય કે મંજૂર છે કે કેમ તે પૂછવુ -લેવી = મંજૂરી કે સ્વીકાર મેળવવો ] ૦(-લા)તનામું ન૦, ૦(-લા)તપત્ર પુ૦ કબૂલાતનો લેખ, કરારનામુ ૦મંજૂર વિ૦ કબૂલેલુ મંજૂર થયેલું -કરેલુ ૦મંજૂરી સ્રી૦ ૦વુ સ૦ક્રિ૦ હા પાડવી સ્વીકારવુ (૨) કબૂલાત આપવી
**કબૂલી** સ્રી૦ [अ ] ચણાની દાળની ખીચડી
**કબેલું** ન૦[જુઓ 'કવલુ'] કાળુ મોટુ નળિયુ, મોભારિયું (૨) ઘાટ વગરનુ ઠીકરુ (૩) મોટી બેડોળ ઠીબ
**કબોલ** પુ૦ [ક+બોલ] કુબોલ, કુવેણ
**કબ્ર** [अ ], ૦સ્તાન [फा ] જુઓ 'કબર'મા
**કભા** પુ૦ [अ. कबा] જરીનો જામો, વાઘો ૦ય પુ૦ કભા (૨) ઓઢો (૩) સ્રી૦ બાય
**કભારજા** સ્રી૦ કુભાર્જા કર્કશા સ્રી
**કભાવ(-વો)** પુ૦ [ક+ભાવ] અપ્રીતિ, કંટાળો, તિરસ્કાર [મેલુ, કદ્રૂપુ
**કભોડું** વિ૦[ક+ભોડું] ધોયુ ધોવાય નહિ એવુ

કમ વિ૦ [फा] ઓછું (૨) ખરાબ ૦અક્કલ વિ૦ ઓછી બુદ્ધિવાળું, મૂર્ખ (૨) સ્ત્રી૦ ઓછી અક્કલ ૦અમલ વિ૦ કમનસીબ, ગરીબ-ગરીબ-ગ ખેલીના પેટનું ૦આવક(૦ત) સ્ત્રી૦ ઓછી આવક ૦કદર વિ૦ કદર વગરનું (૨) સ્ત્રી૦ ઓછી કદર ૦કૌવત વિ૦ કમતાકાત, દુર્બળ ૦કૌવતી સ્ત્રી૦ દુર્બળતા, અશક્તિ ૦ખર્ચ (-રચ) પું૦ ઓછું ખર્ચ ૦ખર્ચી(-રચા)ળ વિ૦ ઓછું ખર્ચાળ ૦જબાં(-બાન) વિ૦ ઓછાબોલું (૨) બહાના કાઢયા વિના હુકમ માનનાર, આજ્ઞાંકિત (૩) નોતડું (૪) ભૂંડાબોલું (૫) સ્ત્રી૦ ગાળ, અપશબ્દ ૦જાત વિ૦ કમઅસલ ૦જાદે વિ૦ ઓછુંવત્ત ૦જોર વિ૦ કમતાકાત, દુર્બળ. ૦જોરી સ્ત્રી૦ અશક્તિ ૦જોશ(-સ) વિ૦ જોશ જુસ્સા વિનાનું (૨) નમાલું ૦તર વિ૦ [+(फा)तर] વધારે ઓછું -ઊતરતું ૦તરીન વિ૦ [-(फा)तरीन] સૌથી ઓછું -ઊતરતું ૦તાકાત વિ૦ કમજોર ૦તાકાતી સ્ત્રી૦ કમજોરી ૦તી વિ૦ [+(फा) ई] ઓછું ૦તોલ વિ૦ તોલમા તોલ કરતા ઓછું (૨) જેનો ઝાઝો ભાર—વજન ન પડે એવું ૦નજર સ્ત્રી૦ મહેરબાનીની ઓછપ, અવકૃપા ૦નસીબ વિ૦ દુર્ભાગી (૨) ન૦ દુર્ભાગ્ય ૦નસીબી સ્ત્રી૦ દુર્ભાગ્ય ૦ફુરસદ વિ૦ ઓછી નવરાશવાળુ (૨) સ્ત્રી૦ કમફુરસદી ૦ફુરસદી સ્ત્રી૦ નવરાશની ઓછપ ૦બખ્ત (-ખત) વિ૦ કમનસીબ (૨) ધૂર્ત, બદમાશ ૦બખ્તી(-ખતી) સ્ત્રી૦ કમનસીબી (૨) ધૂર્તતા, બદમાશી ૦બેશ વિ૦ ઓછુંવત્તુ ૦સમજ વિ૦ ઓછી સમજવાળુ (૨) સ્ત્રી૦ ઓછી સમજ

કમકમવું અ૦ક્રિ૦ [सं कम्प्] ધ્રૂજવું કપારી ખાવી કમકમાટ પું૦, -ટી સ્ત્રી૦ કમકમવુ તે, કમકમી (૨) ત્રાસ (૩) જુગુપ્સા

કમકમાં ન૦બ૦વ૦ ધ્રુજારી, કપારી [-આવવાં, -ખાવાં, -છૂટવાં] -મી સ્ત્રી૦ કપારી (૨) સૂગ

કમખો પું૦ [फा कमखाब પરથી] કાપડું, કાચળી -ખી સ્ત્રી૦ નાનો કમખો -ખાચોળી સ્ત્રી૦ કમખાઘાટની ચોળી

કમચી સ્ત્રી૦ [तु] ચાબુક કોરડો (૨) ચાબુકની દોરી

કમજરે અ૦ [ક + મજરે] એળે, બરબાદ

કમઠ પું૦ [सं] કાચબો (૨) વાસ -ઠી સ્ત્રી૦ કાચબી [કરીને વાસનું]

કમઠાડું ન૦ [सं कमठ ઉપરથી] ખપાટિયું (ખાસ

કમઠાણ ન૦ [सं कर्मस्थान प्रा कम्मट्ठाण ?] મોરો ખટલો, રસાલો (૨) વાખરો, સરસામાન (૩) ઢંગધડા વગરની કે ખાલી મોટી રચના

કમઠાયો પું૦ [सं कर्मठ ? જુઓ કમઠાણ પણ] બાધકામનો સારો અનુભવી મિસ્ત્રી, શિલ્પી

કમઠાળ સ્ત્રી૦ ['કમઠ' ઉપરથી] ચિતાળ, કાઠેલું લાકડુ [કણકણવું

કમણવું અ૦ ક્રિ૦ [જુઓ કણવું] કચવાવું,

કમત સ્ત્રી૦ [જુઓ કુમતિ] કુબુદ્ધિ -તિયું વિ૦ કમતવાળુ ['કમ'મા

કમતર, -રીન, કમતી વિ૦ [फा] જુઓ

કમન ન૦ [ક + મન] અપ્રીતિ, અભાવ

કમનીય વિ૦ [सं] ચાહવા-ઇચ્છવા યોગ્ય (૨) સુંદર મનોનું [કમ'મા

કમબખ્ત, -ખતી, [फा] -ખત, -ખતી જુઓ

કમબેશ [फा] જુઓ 'કમ'મા

કમર સ્ત્રી૦ [फा] કમ્મર, કેડ [-કસવી, -બાધવી = હિંમત ભીડવી, તૈયાર થવું -ભાગવી -તૂટવી=હતાશ થવું, ઢીલા થવું -તોડવી,-બેસવી=સખત મહેનત કરવી (૨) બીજાની હિંમત તૂટી જાય તેમ કરવું -પર કાંકરો મૂકીને (કામ કરવું)=જગાય ચસ્યા વિના] ૦કસ વિ૦ (+કસવું) કમર કસનારુ, જોરનું કામ કરનારુ (૨) પું૦ લડવૈયો, વીરપુરુષ (૩) ન૦ કેડને મજબૂતી આપનાર એક ઔષધિ ૦તૂટ, ૦તોડ વિ૦ કમર તોડી નાખે તેવું અઘરુ (કામ) ૦નું ઢીલું વિ૦ ઢીલી-નબળી કેડનુ (૨) હિંમત વગરનું, પોચુ, કાયર ૦મા જોર પું૦ તાકાત, હિંમત ૦પટી(-ટ્ટી) સ્ત્રી૦ કમર અથવા કોઈ પણ ચીજના મધ્યભાગમા બાધવાની પટ્ટી ૦પટો (-ટ્ટો) પું૦ કેડે બાધવાનો પટો ૦બંધ પું૦ કમરપટો (૨) વિ૦ સુસજ્જ, સાવધ, તત્પર ૦વા પું૦ કમરનો વા, એક રોગ

**કમરક(-ખ)** ન૦ [स कर्मरग] એક ખાટું ફળ. **-ખી** સ્ત્રી૦ એનું ઝાડ

**કમરીક** ન૦ [इ कॅम्ब्रिक] એક જાતનું કાપડ

**કમલ** ન૦ [स] એક ફૂલ, કમળ (૨) ગર્ભસ્થાન **૦જા** સ્ત્રી૦ લક્ષ્મી **૦(-ળ)તંતુ** પુ૦ કમળનો રેસો **૦દલ** ન૦ કમળની પાંદડી **૦(-ળ)નાળ** સ્ત્રી૦ કમળની દાંડી. **૦પત્ર** ન૦ કમલદલ **૦પત્રાક્ષ** વિ૦ [+पत्र+अक्ष] કમળદલ જેવી આંખવાળું **૦ભૂ, ૦યોનિ** પુ૦ બ્રહ્મા **૦મુદ્રા** સ્ત્રી૦ આંગળાંને કમળના આકારે વાળવાં તે **-લા(-ળા)** સ્ત્રી૦ વિષ્ણુની પત્ની, લક્ષ્મી (૨) સુંદરી, સ્ત્રી **-લાકર** પુ૦ [+आकर] કમળોનો સમુદાય (૨) કમળનું તળાવ-સરોવર **-લાક્ષ** વિ૦, **-ક્ષી** વિ૦ સ્ત્રી૦ કમળ જેવી સુંદર આંખવાળું **-લા(-ળા)પતિ** પુ૦ વિષ્ણુ **-લા(-ળા)સન** પું૦ [+आसन] બ્રહ્મા **-લિની** સ્ત્રી૦ કમળની વેલ કે તેથી ભરપૂર તળાવ **-લોદ્ભવ** વિ૦ [+उद्भव] કમળમાંથી ઉત્પન્ન થયેલું (૨) પુ૦ બ્રહ્મા

**કમળ** ન૦ જુઓ કમલ **૦કાકડી** સ્ત્રી૦ કમળનું બીજ **૦કોશ(-ષ)** કમળના ફૂલનો ડોડો **૦તંતુ, ૦નાળ** જુઓ 'કમલ'માં **૦પૂજા** સ્ત્રી૦ કમળ ચડાવીને પૂજા કરવી તે (૨) જેમાં દેવને મસ્તક ચડાવાય છે એવી પૂજા **૦પ્રબંધ, ૦બંધ** પુ૦ એક ચિત્રકાવ્ય **૦ભૂ** વિ૦ કમળમાંથી ઉત્પન્ન થયેલું (૨) પુ૦ બ્રહ્મા. **૦મુદ્રા** સ્ત્રી૦ કમલમુદ્રા **૦વેલ** સ્ત્રી૦ એક વેલ. **-ળા, ળાપતિ, -ળાસન** જુઓ 'કમલ'માં

**કમળી** સ્ત્રી૦ એક ફૂલ (૨) એક રોગ **-ળો** પુ૦ [सं. कमला] એક રોગ (૨) [લા] વિકૃત દૃષ્ટિ

**કમંડલુ(-ળુ)** ન૦ [स] સંન્યાસીનું જલપાત્ર (૨) એક ધાતુપાત્ર (પીરસવાના કામનું)

**કમંડળ** ન૦ જુઓ કમંડલુ [કમાતું

**કમાઈ** સ્ત્રી૦ ['કમાવું'] કમાણી **-ઉ** વિ૦ રળતું,

**કમાચણ** સ્ત્રી૦ [म कामाचारिणी] છિનાળ, વેશ્યા

**કમાડ** ન૦ [स कपाट] બારણું [(**-દેવું, -વાસવું** = બારણું બંધ કરવું **-ભાગવાં** = વારંવાર આવવું-જવું (ઉઘરાણી ઇ૦ માટે)]

**કમાડું** ન૦ ['કમાડ' પરથી] ક્યારામાં પાણી આવવા કે આવતું બંધ કરવા માટે નીકમાં કરાતી-તોડાતી નાની પાળ [વિ૦ કમાઉ

**કમાણી** સ્ત્રી૦ ['કમાવું'] રળતર, કમાઈ **-તલ**

**કમાન** સ્ત્રી૦ [फा] કામઠું, ધનુષ (૨) કામઠાનો આકાર, એ આકારની કોઈ પણ રચના મહેરાબ (૩) સ્થિતિસ્થાપક ગુણવાળું ગૂંચળું, 'સ્પ્રિંગ' [**-કાઢવી** = કમાનનો આકાર કરવો (બાંધકામમાં) **-ચડાવવી** = ધનુષ્ય વાળીને પણછ ચડાવવી. **-છટકવી** = (સ્પ્રિંગ) છૂટી થઈ જવી (૨) મિજાજ જવો **-નાખવી. -બેસાડવી** = છટકેલી કમાનને ફરી ગોઠવવી. કે ન હોય ત્યાં નવેસર મૂકવી] **૦કાંટો** પુ૦ એક જાતનો તોળવાનો કાંટો **૦ગર** પુ૦ કમાન ચણનારો કારીગર (૨) ચિતારો (૩) હાડવૈદ્ય **૦દાર** વિ૦ કમાનવાળું (૨) અર્ધગોળાકાર

**કમાલ** વિ૦ [अ] સંપૂર્ણ (૨) ઉત્કૃષ્ટ ઘણું સરસ (૩) સુંદર (૪) સ્ત્રી૦ હદ, પરાકાષ્ઠા. [**-કરવી** = હદ કરવી, કાંઈક ભારે પરાક્રમ કરવું]

**કમાલિ(-ળિ)યો** પુ૦ ['કમાલ' પરથી] હીજડો ફાતડો (૨) નપુંસક, વ્યંઢળ (૩) [લા] પુરુષના જેવી સ્ત્રી, ઊંચી અને અસુંદર અથવા લજ્જા વિનાની સ્ત્રી

**કમારગ** પું૦ [ક+મારગ] જુઓ કુમાર્ગ

**કમાવતર** ન૦બ૦વ૦ [કુ+માવતર] માબાપના સ્વાભાવિક ગુણ વિનાનાં-છોકરાનું ભૂંડું કરે એવાં માબાપ

**કમાવવું** સ૦ક્રિ૦ [हि कमाना, ब कामान. म कमा-णे] (ચામડું) કેળવવું, સાફ અને સુંવાળું કરવું (૨) 'કમાવું'નું પ્રેરક, કમાણી કરાવવી, રળાવવું **કમાવાવું** અ૦ક્રિ૦ (કર્મણિ)

**કમાવીસદાર** પુ૦ [म] જુઓ કુમાવીસદાર

**કમાવું** સ૦ક્રિ૦ [हिं कमाना] પેદા કરવું, રળવું

**કમાળિયો** પુ૦ જુઓ કમાલિયો

**કમિટી** સ્ત્રી૦ [इं] સમિતિ

**કમિશન** ન૦ [इ] દલાલી, હકસાઈ (૨) નિયુક્ત જન, પંચ, તપાસપંચ (૩) અખત્યારનામું, સનદ (૪) અખત્યાર, અધિકાર **૦ર** પુ૦ અંગ્રેજી

ગન્યનો એક અમલદાર, સગ્મૂઓ (૨) ખાસ કામ માટે નિમાયેલો માણસ ૦એજંટ પું૦ [इ] દલાલ

કમી વિ૦ [फा कम] કમ, ઓછુ (૨) ઊણું, અધૂરું (૩) સ્ત્રી૦ [फा] ઓછપ, ઊણપ [–કરવું = રદ કરવુ (૨) બરતરફ કરવુ] ૦જાસ્તી વિ૦ ઓછુ વત્તુ

કમીન વિ૦ [फा] નીચ, હલકા મનનુ (૨) મેલા મનનુ, કપટી –ના સ્ત્રી૦ [फा] ઓછપ, ખોટ –નું વિ૦ [फा कमीनह] કંગાળ, પામર, હલકુ

કમુરત ન૦ [ક + મુરત] અશુભ મુહૂર્ત, અયોગ્ય સમય –તાં ન૦બ૦વ૦ કમુરતવાળા દિવસો

કમૂળ વિ૦ [ક + મૂળ] ખરાબ મૂળવાળુ (૨) કુળને એબ લગાડે એવુ

કમોત ન૦ [ક + મોત] અસ્વાભાવિક મોત –તિયુ વિ૦ કમોતે મરેલુ (૨) કમોતે મરે તેવુ (૩) [લા] સાહસિક

કમોદ સ્ત્રી૦ [सं कुमुदा ?] એક જાતની ડાંગર [–આપવી = સાંગી પેઠે માર મારવો] ૦ડો પુ૦ એનાથી ઊતરતા પ્રકારની ડાંગર –દિયુ વિ૦ [+ઇયુ] જેમા કમોદ પાકતી હોય એવુ (૨) [લા] સુગંધીદાર

કમોસમ સ્ત્રી૦ [ક + મોસમ] કઋતુ, કવખત

કમ્મર સ્ત્રી૦ જુઓ કમર

કયડો પુ૦ પતંગનો ઢઢ્ઢો (૨) [सं कटक] કરડો, વીટલો (૩) [જુઓ 'કરડુ'] કવાથ, ઉકાળો

કયામત સ્ત્રી૦ [अ] જુઓ કયામત

કયાસ પુ૦ (૫) + જુઓ કયાસ

કયડું ન૦ [જુઓ કરડુ] માદાને કે સુવાવડીને આપવાની એક રાબ

કયુ સ૦ (૨) વિ૦ [म कवन, प्रा कयर ?] (સ્ત્રી૦ કઈ) કોણ, શુ (પ્રશ્નવાચક) [કયે મોઢે = શી આબરૂથી કે હકદાવાથી ?]

કર પુ૦ [सं] હાથ (૨) વેરો, મહેસૂલ, જકાત (૩) લાગો (૪) કિરણ (૫) સૂઢ (૬) બેની સંજ્ઞા [–ઘાલવો, –નાખવો, –બેસાડવો, –ઠોકવો = વેરો લાગુ કરવો –ભરવો = વેરો આપવો] ૦કંકણન્યાય પુ૦ કેડમા છોકરુ ને ગામ ઢૂંઢે એવો ન્યાય. ૦કોશ (–ષ) પુ૦ ખોબો, અંજલિ ૦ગ્રહ પું૦ પાણિગ્રહણ, લગ્ન (૨) આશ્રય આપવો તે ૦ગ્રાહી વિ૦ આશ્રય આપનારું (૨) પુ૦ હાથ ઝાલનાર – પતિ (૩) વેરો ઉઘરાવનાર અમલદાર ૦તલ (–ળિયું) ન૦ હથેળી ૦તલગત વિ૦ હથેળીમા હોય એવું ૦તલભિક્ષા સ્ત્રી૦ હથેળીમા માય તેટલી જ ભિક્ષા લેવાનુ વ્રત ૦તલાસ્થિ ન૦ હથેળીનુ હાડકુ ૦તલી સ્ત્રી૦ હથેળી, ૦તાલ (–ળ) સ્ત્રી૦ હાથ વડે તાળી આપવી તે (૨) કાંસી-જોડા, ઝાંઝ ૦ન્યાસ પુ૦ મંત્ર ભણીને કર આદિ વિભાગો ઉપર જુદા જુદા દેવનુ સ્થાપન કરવુ તે ૦પલ્લવ પુ૦ પંજો, પ્હોંચો (૨) હાથરૂપી પલ્લવ (૩) કોમળ હાથ (૪) આગળી ૦પલ્લવી સ્ત્રી૦ હાથના – આગળીઓના ચાળાથી વિચાર જણાવવા – સમજાવવાની વિદ્યા (૨) હાથનો ઇશારો – સંકેત ૦પીડન ન૦ જુઓ કરગ્રહ ૦પુટ પુ૦ નમસ્કાર માટે હાથ જોડવા તે (૨) ખોબો ૦પૃષ્ઠ ન૦ હાથનો પાછલો – અવળો ભાગ ૦બદર ન૦ હાથમા રહેલુ બોર ૦બદરવત્ અ૦ કરબદર પેઠે બરોબર તપાસી – જાણી શકાય તેવુ ૦ભાગ પુ૦ કર રૂપે આપવાનો રાજ્યનો ભાગ ૦ભાર પુ૦ કરવેરાનો ભાર – બોજો ૦ભૂષણ ન૦ હાથનુ ઘરેણુ (૨) પતિ (૩) દાન ૦માળા સ્ત્રી૦ જપમાળા બેરખો (૨) હાથની આગળીઓ રૂપી જપમાળા ૦લગ્નમણ વિ૦ હાથ લગ્નવે એવુ ૦સંપાત પુ૦ હાથનો ધબ્બો ધોલ. ૦સંપુટ પુ૦, ન૦ જુઓ કરપુટ (૨) વચ્ચે પોલાણ રહે એમ હાથ ઉપર હાથ રાખવો તે ૦સ્રુવ (–વા) પુ૦ નાનો સ્રુવ – ચાટવો

કરકટિયો વિ૦ [सं कर्कट = કઠિન. પરપરવી ?] બખ્તરધારી

કરકટી સ્ત્રી૦ [दे कारकटी = વધ્ય પુરુષને પહેરાવવાનુ વસ્ત્ર] દાદડી [કરોળ

કરકઠોળ ન૦ [કર (ડ) – કઠોળ પરથી ?] પરચૂરણ

કરકડી સ્ત્રી૦ + કકડી –ડો પુ૦ + કકડો

કરકર સ્ત્રી૦ [सं कर्कर] ઝીણી કાંકરી (૨) રેત, ખાર –શવણ સં૦ક્રિ૦ કરકરવુ કાંકર કરાવવા –રુ વિ૦ ઝીણી કાંકરી જેવું લાગતુ, કરકરે

**કરકરિયાવર** પુ૰[કર + કરિયાવર]કન્યાના લગ્ન પ્રસંગે કરેલો આપલેનો ઠરાવ,પહેરામણી, રીત
**કરકશા** વિ૰ સ્ત્રી૰ જુઓ કર્કશા
**કરકસર** સ્ત્રી૰[કર+કસર] જરૂરી ખર્ચ જ કરવું–થવા દેવું તે, ત્રેવડ –**રિયું** વિ૰ કરકસર કરનારું
**કરકાટક** ન૰ [म कर्काटक, स कर्कट] વર્તુલ દોરવાનું જોશીઓનું ઓજાર
**કરકાટિયું** વિ૰ હાડપિંજર જેવું, સુકલકડી
**કરકું** ન૰ [स कर्कर ? करक ?] હાડકું (?)
**કરકોચલી** સ્ત્રી૰[म करकोची]કરચોલી;કરચલી
**કરકોલવું** સ૰ક્રિ૰ ધીમે ધીમે કોતરી ખાવું
**કરકોસ(–સી)ર** સ્ત્રી૰ [કર+કોસર] કરકસર, ત્રેવડ
**કરખ** પુ૰ દુઃખ; શોક (૨) તાણ, મુશ્કેલી
**કરખી** પુ૰ [स कर्षिन्]+ ખેડૂત, કર્ષી
**કરગરવું** અ૰ક્રિ૰ જુઓ કગરવું
**કરગરાટ** પુ૰, સ્ત્રી૰ કરગરવું તે [કરચ
**કરગસ** સ્ત્રી૰ [જુઓ 'કગરસ'] રજ, કરકર (૨)
**કરચ** સ્ત્રી૰[हिं किरच] છેક નાની પાતળી કકડી –**ચાવું** અ૰ક્રિ૰ કરચો પડે એમ થવું–કપાવું, કરચ કરચ થઈ જવું
**કરચલિયો** પુ૰ [ 'કરચલો' ઉપરથી] એક પક્ષી
**કરચ(–ચો)લી(–ળી)** સ્ત્રી૰[स कूर्च ઉપરથી ?] કોઈ સુંવાળી સાફ વસ્તુ સંકોચાવાથી એમાં પડતી રેખા
**કરચલી** સ્ત્રી૰ કરચલાની માદા –**લું** ન૰, –**લો** પુ૰ [दे कुलचिल्ल] એક જળચર પ્રાણી
**કરચળી** સ્ત્રી૰ કરચલી, કરચોલી –**ળિયાળું** વિ૰ કરચળીવાળું ['કરચાવું'નું પ્રેરક
**કરચાવવું** સ૰ક્રિ૰ ચીડવવું, ખીજવવું (૨)
**કરચાવું** અ૰ક્રિ૰ જુઓ 'કરચ'માં
**કરચો** પુ૰ [જુઓ 'કરચ'] સારું ન મૂંડાયાથી આછા કેશ રહી જાય તે, ખૂંપરો (૨) બેવકૂફ – અભણ ગામડિયો
**કરચોલી(–ળી)** સ્ત્રી૰ કરચલી
**કરજ** [अ कर्ज़] દેવું, ઋણ [–**કાઢવું** = કરજ કરવું, કરજે કાઢવું –**ચૂકવવું**, –**પતવવું** = દેવું ભરપાઈ કરવું **કરજે આપવું, લેવું, કાઢવું** = કરજ તરીકે આપવું, લેવું કે કાઢવું] –**દાર**,–**રી** વિ૰ દેવાદાર –**દારી** સ્ત્રી૰ કરજદારપણું –**જાઉ** વિ૰ કરજે લીધેલું, વ્યાજુકું
**કરજાળી** સ્ત્રી૰ [स कज्जल ઉપરથી] મેશ પાડવાનું કોડિયું (૨) ધુમાડિયું
**કરડ** સ્ત્રી૰ [म , का , स कड् = કોતરા કાઢવા] ડાગરનું એકવારિયું – ભરડીને કાઢેલો દાણો તે **૦પાંચમ** સ્ત્રી૰શ્રાવણ સુદ પાંચમ (સ્ત્રીઓ કરડની ખીચડી તે દિવસે જમે છે.)
**કરડ** સ્ત્રી૰ [જુઓ કરડવું] ડંખ, કરડેલું તે(૨) કરડવું તે,ચૂંટ, ખૂજલી
**કરડ** સ્ત્રી૰ ચૂલામાં બળેલી માટી (૨) કેળાં કેરી ઇ૰ની ખરીદી પર સે કડે અપાતો છૂટનો વધારો
**કરડ કરડ** અ૰ (રવ૰) (કરડવાનો અવાજ) [–**ખાવું** = તેવો અવાજ કરતાં કરતાં ખાવું]
**કરડકણું** વિ૰ [કરડવું] કરડવાની ટેવવાળું. –**ણાપણું** ન૰
**કરડવું** સ૰ક્રિ૰[स कर्त्त् ? कड् ?] ડંખવું,બચકું ભરવું; દાંતથી કાપવું (૨) ખાવું (તુચ્છકારમાં) (૩)[લા.] તીવ્રપણે ખૂંચવું [**કરડવા ધાવું** = સામે તડવું – છંછેડાવું
**કરડિયો** પુ૰+જુઓ કરવડો
**કરડાકી(–ગી)** સ્ત્રી૰ [જુઓ 'કરડું'](વાણીની) વક્રતા,કટાક્ષ,માર્મિકતા(૨)છેલાઈ,અક્કડાઈ(૩) કડકાઈ, સખ્તાઈ **૦ખોર** વિ૰ કરડાકીની આદત કે સ્વભાવવાળું. –**ટ** પુ૰, –**શ** સ્ત્રી૰ કરડાપણું [સોનીનું એક ઓજાર
**કરડાપાટી** સ્ત્રી૰ ['કરડો' + પાટી, म करडापट्टी]
**કરડું** વિ૰ [दे कुरुड, તે करडु, म करडा] આકરું,સખત (૨)કઠોર, નિર્દય (૩) [स कटु ઉપરથી] સહેજ કડવું, બેસ્વાદ (૪) ન૰ [स करक ? कुरंट ?]સ્ત્રીઓના કાનનું એક ઘરેણું
**કરડૂઓ** પુ૰+જુઓ કરવડો
**કરડો** પુ૰ [स कटक] આગળીએ વાળવાનો સોનારૂપાનો આમળાવાળો વીંટલો (૨) [म करडा] સોનીનું એક ઓજાર
**કરણ** ન૰+જુઓ કિરણ(૨)જુઓ કર્ણ,કાન(પ.)
**કરણ** ન૰[स] કારણ,હેતુ (૨) કોઈ પણ ક્રિયાનું સાધન (૩)ઇંદ્રિય (૪)[વ્યા.] ત્રીજી વિભક્તિથી સૂચવાતો અર્થ (૫)[જ્યો] ત્રીસ ઘડીનો કાળ

(૬) કરવું તે, કર્મ (૭) 'ઑપરેશન' (ગ) ૦હાર વિ૦ (પ.) કરનાર –ણાર્થક વિ૦ [+સ અર્થક] [વ્યા] કરણના અર્થવાળું

કરણ પું૦ (સ) ગુજરાતનો એક રજપૂત રાજા

કરણાટ ન૦ [સ કર્ણ+વૃત્તિ ઉપરથી?] કાનના ઘાટનું એક વાજું, મોટું તંબૂરું

કરણી [સ કરણ] ક્રિયમાણ, કરતૂક (૨) આચરણ (૩) કડિયાનું એક ઓજાર, થાપી (૪) [ન] ચમત્કાર, જાદુ –ણી (૦ગત) વિ૦ [સ] (ગ) બરાબર મૂળ ન નીકળી શકે એવી, 'સર્ડ' (રકમ) –ણ્યાત્મક વિ૦ મૂલભૂત, 'રૅડિકલ' (ગ)

કરણીય વિ૦ [સ] કરવા જેવું

કરત સ્ત્રી૦ [ક+રત] કરતૂત [કર્તવ્ય(૨)જાદુ

કરતવ ન૦ [હિં करतव, स कर्तव्य] કાર્ય,

કરતાર પું૦ જુઓ કિરતાર, કર્તા

કરતાં અ૦ થી, વડી (તુલના સૂચવવાના અર્થમાં)

કરતું ન૦ + કૃત્ય, કર્મ

કરતુંકારવતું વિ૦ [કરવું–કારવવું] કર્તાહર્તા મુખ્ય, આગેવાન, ચલણવાળું, કારભારી

કરતૂક(–ત) ન૦ [સ कर्तृत्व] કૃત્ય, કરણી (૨) વર્તણૂક, આચરણ (બગાડ)

કરપ(–બ) પું૦ કડપ, દાબ, ધાક, અંકુશ, વજન [–બેસાડવો = ધાક વર્તે એમ કરવું –રાખવો = અંકુશમાં કે કાબૂમાં રાખવું, વશ રહે એવી ધાક બેસાડવી [એનું ફળ

કરપટી સ્ત્રી૦ [સ कर्पटक] એક ઝાડ –ટું ન૦

કરપત્ર ન૦ [સ] કરવત (૨) જળક્રીડા

કરપલું ન૦ ઊંડળ (ભાલમાં)

કરપવું સ૦ક્રિ૦ [સ कॢप्, प्रा कप्प] થોડું થોડું કરડવું, કાપવું કે કોરવું (૨) [જુઓ 'કલપવું' સ૦ક્રિ૦] મરનારના પુણ્યાર્થે પહેલી ઉતરાણ ને દશેરા આઠમે દાન આપવું

કરપી સ્ત્રી૦ [કરપવું] રાપડી

કરપી વિ૦ [સ कृपण] કૃપણ, કંજૂસ

કરપીણ વિ૦ કમકમાટીભર્યું, નિર્દય

કરપીડન ન૦[સ]જુઓ 'કર'માં [કરેલો માળો

કરપો પું૦ (કા) ખેતરમાં પખી ઉડાડવા માટે

કરબ પું૦ [અ कर्ब] જુઓ કરપ

કરબડી સ્ત્રી૦ [જુઓ કરપી] રાપડી (૨) [સ करपत्रिन्?] પખીઓને ચણ નાખવા ટીંગાવેલું શીકું

કરબદર, ૦વત્ [સ] જુઓ 'કર'માં

કરબલું સ૦ક્રિ૦ કરબડી–રાપડી દેવી કળબવું(?)

કરબોરું ન૦ [કર+બરુ] એક જાતનું બરુ

કરભ પું૦ [સ] હાથીનું બચ્ચું, નાનો–જુવાન હાથી (૨) કોણીથી કાંડા સુધીનો હાથનો ભાગ (૩) હથેળીનો પાછલો ભાગ (૪) ઊંટ, ઊંટનું બચ્ચું (૫) હાથીની સૂંઢ (૬) [લા] ઊંટની જેમ ઊંચે ડોકે ગાનાર. –ભોર(–રૂ) સ્ત્રી૦ [+સ. ऊरु(–रू)] સૂંઢના જેવી જાંઘવાળી સ્ત્રી –ભી સ્ત્રી૦ ઊંટડી (૨) નાની–જુવાન હાથણ

કરભીર પું૦ [સ.] સિંહ

કરમ ન૦ [સ कर्म] કર્મ, કૃત્ય (૨) કુકર્મ, ક્રૂર કર્મ (૩) નસીબ, વિધાતા [–ઊઘડવું = નસીબ ખૂલવું, સારા સંજોગો મળવા, –ફૂટવું = કમનસીબી આવવી. કરમના કાળા હાથ = ભૂંડું નસીબ ૦ના ભોગ (પું૦ બ૦ વ૦) પાછલા કર્મના ફળ, અર્જિત ૦નું આગળ વિ૦ ભાગ્યશાળી (૨) [લા] કમનસીબ ૦નું બળિયું વિ૦ નસીબદાર ૦નું ફૂટેલું વિ૦ અભાગિયું –બાંધવાં = આગલા જન્મમાં (ભાગ્ય) ફળ ભોગવવા પડે તેવા કામ કરવાં કરમ કઠણ ને કાયા સુંવાળી = પાછલા કર્મ (નસીબ) આરામ–સુખ આપે તેવા ન હોય, ને શરીર સુકુમાર હોય તેવી સ્થિતિ. (કરમ કહે કોઠીમાં પેસું, ને મન કહે માળવે જાઉં')] ૦કથા, ૦કહાણી સ્ત્રી૦ વીતક કથા ૦કૂટ સ્ત્રી૦ નકામી મહેનત, માથાફોડ (૨) એકની એક વાતનું પીંજણ ૦વેરો પું૦ માથાવેરો, જજિયાવેરો (૨) નસીબમાં લખાયેલી વેઠ –માધર્મી (–રમી) વિ૦ કર્મધર્મ અનુસારનું, ભાગ્યને આધીન –માળું વિ૦ કર્મવાળું –મી વિ૦ નસીબદાર (૨) ધનાઢ્ય

કરમ સ્ત્રી૦ [અ] ઉદારતા (૨) કૃપા, મહેરબાની. ૦બક્ષિસ સ્ત્રી૦ ભાગ્યશાળીપણું (૨) ક્ષમાશીલતા, રહેમિયત (૩) સખાવત, ઉદારતા. ૦બખ્શી સ્ત્રી૦ મહેરબાની કરવી તે

**કરમ(-મિયો)** પુ૦ [જુઓ કિરમ] કૃમિ, પેટમા થતો એક જીવ
**કરમકલ્લો** પુ૦ [फा] એક શાક, કોબી
**કરમજ, -જી** જુઓ 'કિરમજ'માં
**કરમણવું** અ૦ક્રિ૦ જુઓ કણમણવું, કચવાવુ
**કરમદી** સ્રી૦, **-દો** પુ૦ [स करमर्द, प्रा. करमद्द] એક ફળઝાડ **-દુ** ન૦ એનુ ફળ
**કરમલડો, કરમલો(-ળો)** પુ૦ [स कर+मिल्?] સાથવો, કુલેર (૨) જુઓ કરમો
**કરમવેરો** પુ૦ જુઓ 'કરમ'મા
**કરમાણી અજમો** પુ૦ [फा. कर्मान, किर्मान् ઉપરથી] કિરમાણી અજમો, એક વસાણુ
**કરમાવું** અ૦ ક્રિ૦ [स कु+म्लान? हि. कुम्हलाना, म करमणें] ચીમળાવુ, વિલાવુ
**કરમાળું, કરમી** જુઓ 'કરમ'મા
**કરમો** પુ૦ [स करम्म] દહીં તથા જીરૂ મીઠુ નાખેલા ભાતનુ માતાનુ નૈવેદ્ય [કરમોડાવુ]
**કરમોડ** સ્રી૦ કરમોડાવુ તે, લચક [-ખાવી=
**કરમોડ(-ડિયો)** પુ૦ ઢોરનો એક રોગ
**કરમોડવું** સ૦ ક્રિ૦ [કર-મોડવુ] મરડવું; લચકાવવું (૨) કરમોવવુ; સહેજ પલાળવુ
**કરમોડાવું** અ૦ક્રિ૦ લચકાવું, મરડાવું
**કરમોડિયો** પુ૦ જુઓ કરમોડ (રોગ)
**કરમોડી** સ્રી૦ (ચ) ઢોરના શીંગડાનો રોગ
**કરમો(૦વ)વું** સ૦ક્રિ૦ [કર+મોવું] સહેજ પ્રવાહી સાથે ભેળવવું-મસળવુ; કરમોડવુ
**કરલ** ન૦ કાઠીનુ ઝાડ (૨) ચીકણી અને કઠણ માટી
**કરલાઘણ** વિ૦ જુઓ 'કર'મા
**કરલી** સ્રી૦ [स. कुलिका] એક વનસ્પતિ
**કરવડુ** ન૦ [स करक, प्रा. करव] નાળચું **-ડી** સ્રી૦ નાળચાવાળી લોટી, ઝારી **-ડો** પુ૦ એવો લોટો
**કરવત** સ્રી૦, ન૦ [स करपत्र, प्रा करपत्त] લાકડા વહેરવાનુ એક ઓજાર. [-મેલાવવું, મુકાવવું (કાશીમા) = બીજા જન્મમા ઇચ્છેલુ પ્રાપ્ત કરવા, કરવત વડે શરીર વહેરાવીને પ્રાણત્યાગ કરવો] **-તિયો** પુ૦ કરવતથી કામ કરનારો; વહેરણિયો **-તી** સ્રી૦ નાનુ કરવત (૨) સોનીનુ એક ઓજાર (૩) એક જાતની ઘોડાગાડી **-તી દાવ** પું૦ કુસ્તીનો એક દાવ
**કરવરું** વિ૦ ઓછા પાકવાળુ (વર્ષ) (૨) ન૦ ખરડિયુ, નાનો દુકાળ
**કરવાલ** સ્રી૦ [हि ; स करवाल], **-લું** ન૦ તલવાર, ખડ્ગ [(૨) તેનુ ફૂલ
**કરવીર** ન૦ [स] એક ફૂલઝાડ, ધોળી કરેણ
**કરવું** સ૦ક્રિ૦ [सं कृ, प्रा. कर] આચરવુ, બનાવવુ, યોજવુ, ઘડવુ, ઉપજાવવુ વગેરે (૨) અન્ય ક્રિ૦ સાથે આવતા તે ક્રિયામા બીજી આનુષગિક ક્રિયાઓનો ભાવ ઉમેરે. ઉદા૦ 'જોવુ કરવુ', 'પૂછવુ કરવુ' (૩) ક્રિ૦ના ભૂતકાળના રૂપની સાથે વપરાતા સાતત્યનો ભાવ બતાવે ઉદા૦ 'જોયા કરવુ', 'બોલ્યા કરવુ' **કરવું કારવવું** સ૦ક્રિ૦ સાગોપાગ કરવુ (૨) ક્રિયાથી બધી રીતે પરવારવુ [કરી જોવું = અજમાવવુ; પ્રયોગ કરવો કરી લાવવું = તૈયાર કે પૂરું કરીને લાવવુ]
**કરવો** પુ૦ જુઓ કરવડો
**કરવૈયો** પું૦ [કરવુ] કરી જાણનારો, કરનારો
**કરશણ** ન૦ [જુઓ કણસલું] ડૂડુ (૨) વાવેતર, મોલ (૩) [स कर्षण] ખેતી **-ણી** પુ૦ ખેડૂત [ડૂચો-દાટો (૨) ચીથરુ
**કરસક** સ્રી૦ [अ कुर्सफ] શાહીના ખડિયાનો
**કરસંપાત, કરસંપુટ, કરસ્રુવ(-વા)** [स] જુઓ 'કર'મા
**કરસાંઠી** સ્રી૦ કરાંઠી (સુ)
**કરસાંઠો** પુ૦ (સાવરણાના કામનો) કરાંઠીનો ઝૂડો [મડદુ શબ
**કરંક** પુ૦, ન૦ [स] હાડપિંજર (૨) [લા]
**કરંજ** ન૦ [स] એક ઝાડ, કણજી
**કરંજો** પુ૦ [फा कारंज] ફુવારો
**કરંડ,૦ક** સ્રી૦ [स] કરંડિયો **-ડિકા** સ્રી૦ નાનો કરંડિયો **-ડિયો** પુ૦ કંડિયો
**કરંતુ** વિ૦ [प्रा करन्त कृ० ?] કરે એવુ, ઉદ્યોગી
**કરા** પુ૦બ૦વ૦ [स कर. ०क. प्रा करआ] આકાશમાંથી પડતા કુદરતી બરફના કકડા [-પડવા = કરાનો વરસાદ થવો]
**કરાઇયત** સ્રી૦ [अ कराहियत] સૂગ, અણગમો
**કરાઈ** પુ૦ ['કરવત' ઉપરથી, हिं कराती] કરવતિયો (૨) સ્રી૦ [ના] ખોદવાની કોશ (૩) પરાઈ

કરાખી સ્ત્રી૦ સીવણમાં વળાણના ભાગે (જેમકે બગલ)આગળ મુકાતી ત્રિકોણાકાર કાપલી,કાખી
કરાડ સ્ત્રી૦[हिं कगार] ખડક(૨)ઊંડા ખાડાની ઊભી ટેકરી ભેખડ(૩)પર્વતની ધાર (૪)પુ૦ઊંચો કોટ(કા)–ડી સ્ત્રી૦ પર્વતની સાંકડી ને ઊંચી ધાર, ધાર (૨) વરો(૩)નદીનો ભેખડવાળો કાંઠો (૪) સોનીનું એક ઓજાર –ડો પુ૦ જુઓ કરાડ ૧,૨ (૨) જે આડા લાકડા ઉપર વહેરવાનું લાકડું મુકાય છે તે
કરાડા (રાં')પુ૦[म]એક મહારાષ્ટ્રી બ્રાહ્મણ જાતિ
કરાડો (રાં') પુ૦ (સુ) [म कुह्राड] કુહાડી
કરાણી પુ૦ [સરખાવો म करानी] વહાણનો નિરીક્ષક, વહાણનો કારકુન કે ભંડારી (૨) વિ૦ કરનું કારવતું, કરી જાણે એવું
કરાજી સ્ત્રી૦ [ક+રાજી] નાખુશી
કરાબીન સ્ત્રી૦ [तु] જુઓ કડાબીન, બંદૂક
કરામણ નં૦, –ણી સ્ત્રી૦ ['કરવું'] કરવાની મજૂરી (૨) કરવાની આવડત–ખૂબી (૩) ['કામણ' કે 'કરામત' ઉપરથી ?] જાદુ
કરામત સ્ત્રી૦[अ] કારીગરી (૨) કળા કસબ (૩) હિકમત, યુક્તિ (૪) ચાતુરી, ખૂબી (૫) બનાવટ (૬) ચમત્કાર, જાદુ. –તી વિ૦ [+ઈ] કરામતવાળું
કરાયું નં૦ જુઓ કરૈયું–સોનીનું એક ઓજાર
કરાયું (રાં') નં૦ જુઓ કરૈયું–ચણતર
કરાર પુ૦ [अ] કબૂલાત, ઠરાવ (૨) દુઃખની શાંતિ નિરાંત, આરામ ૦દાદ પુ૦ [+फा दाद] કબૂલાતનો કાગળ (૨) સુલેહશાંતિની અરજ ૦નામું, ૦પત્ર નં૦ ઠરાવપત્ર, લખત, દસ્તાવેજ (૨) સંધિપત્ર
કરાલ(–ળ) વિ૦ [स] ભયંકર, બિહામણું (૨) ઉગ્ર, તીવ્ર (૩) ઊંચું (૩) સ્ત્રી૦ કાળી તુળસી (૫) પુ૦ કસ્તુરીમૃગ –લિની સ્ત્રી૦ દુર્ગાનું એક ભયંકર સ્વરૂપ (૨) ભયંકર સ્ત્રી –લી વિ૦ભયંકર મોં કાઢીને ગાનાર (સંગીત)
કરાળિયો પુ૦ [फा स कुलाल] માટીનાં વાસણ વેચનારો, કરોળિયો
કરાંજ સ્ત્રી૦ કરાંજવું તે ૦વું અ૦ક્રિ૦ ઝાડે ફરતાં ગુદાને જોર આપવું (૨) ઘણા જોરથી બોલવું
કરાંઠુ (રાં') નં૦ (ચ) જુઓ કરેઠું, ખરેઠું
કરાંઠી સ્ત્રી૦ સાંઠી; કપાસ તુવેરની સૂકી સોટી –ઠું નં૦ સાંઠી–કરાંઠીનો ભાગ, સાંઠી
કરાંશી સ્ત્રી૦ સુતારનું એક ઓજાર
કરિણી સ્ત્રી૦ [स] હાથણી
કરિયાણું નં૦ [म किराणा, हिं केराना, सं क्रयाण, प्रा किरिआण] ગાંધીને ઘેર મળતું ઓસડ, મસાલો વગેરે (૨) ગાંધિયાટું
કરિયાતું નં૦ [म किरात, हिं किरयात, म किराईत] એક ઔષધિ
કરિયાવર પુ૦ [स वर+क्रिया ?] કરકરિયાવર, પહેરામણી, રીત
કરી પુ૦ [स] હાથી
કરી સ્ત્રી૦ [જુઓ 'ચરી'] પથ્ય, પરહેજ (૨) અણજો (૩) એક વનસ્પતિ [–પાળવી =પરેજ રાખવી] [–કારણે
કરી, ૦ને અ૦ ['કરવુ'પરથી અ૦કૃ૦]–ને લીધે,
કરીને અ૦ જુઓ કરી (૨) નામે (જેમકે દશરથ કરીને એક રાજા હતો)
કરીમ વિ૦ [अ] દયાળુ, ઉદાર
કરીર પુ૦ [स] એક વનસ્પતિ કેરડો
કરુણ વિ૦ [स] દયાજનક, શોકકારક (૨) પુ૦ [કા શા] અષ્ટરસમાંનો એક ૦તા સ્ત્રી૦ ૦પરિણામક વિ૦ 'ટ્રૅજિક', કરુણ પરિણામવાળું ૦પ્રશસ્તિ સ્ત્રી૦ કરુણરસથી ભરેલી પ્રશસ્તિ કાવ્યનો એક પ્રકાર, 'એલીજી' ૦રસિક વિ૦ કરુણરસનું, –વાળું
કરુણા સ્ત્રી૦ [स] દયા, અનુકંપા [–આણવી, –આવવી, –કરવી, –લાવવી] (૨) વિ૦ સ્ત્રી૦ શ્રુતિના પાંચ પ્રકારોમાંનો એક (દીપ્તા, આયતા, મૃદુ, કરુણા, મધ્યા) ૦કર વિ૦ [+आकर] દયાનિધિ, દયાળુ ૦નિધિ પુ૦ દયાનો ભંડાર ૦પાત્ર વિ૦ [+पात्र] દયાયોગ્ય (૨) નં૦ દયાયોગ્ય મનુષ્ય ૦ર્દ્ર વિ૦ [+आर्द्र] કરુણાથી આર્દ્ર, દયાથી ગદ્ગદ્ ૦ળુ, ૦વંત, ૦ળ(–ળુ) વિ૦ દયાળુ
કરુણાશ સ્ત્રી૦ કરુણતા
કરુણાંત વિ૦ [स करुण+अंत] કરુણ અંતવાળું (૨) નં૦ 'ટ્રૅજેડી' ૦ક નં૦ 'ટ્રૅજેડી'

કરુવરુ અ૦ કટકટ કરવુ તે
કરૂપ(-પુ) વિ૦ [ક+રૂપ] કદરૂપુ
કરેડુ(-ઙુ) (રે'?) ન૦ જુઓ ખરેડુ (૨) ઘીમાની છાશ (૩) [स कर ઉપરથી] દેવીને અપાતી વાર્ષિક ભેટ
કરેઠી સ્રી૦ જુઓ કળોઠી
કરેડુ વિ૦ [જુઓ 'કરડુ'] બેસ્વાદ [થાભલી
કરેડો પુ૦ [જુઓ 'કરાડો'] રેંટિયાની ઊભી
કરેણ સ્રી૦, -ણો પુ૦ [स करेणु] એક ફૂલ-ઝાડ. -ણાં ન૦બ૦વ૦ કરેણના ફૂલ
કરેણુ(-ણૂ) પુ૦ [स] હાથી (૨) સ્રી૦ હાથણી
કરેપ પુ૦ [हि करेव, इ क्रेप] એક જાતનુ રેશમી કાપડ – સાડી
કરેળી સ્રી૦ [स कराल ઉપરથી?] મોટી બૂમ; ચીસ (૨) ક્રોધ, ક્રોધની ઝાળ
કરૈયુ (રૈ') ન૦ ['કરો' ઉપરથી] મોભારાની બનેમાની કોઈ પણ એક બાજુના કરાનુ ઢાળપડતુ ચણતર
કરૈયું ન૦ સોનીનુ એક હથિયાર
કરો (રાૅ) પુ૦ [स कट] ઘરની બાજુની દીવાલ
કરોચ પુ૦ + ક્રૌચ (૨) તેતર
કરોચળી સ્રી૦ જુઓ કરચલી
કરોટ(-ટિ) [सं], -ટી સ્રી૦ ખોપરી
કરોઠ સ્રી૦ [हि करौट, करवट] શરીરનુ પાસુ (૨) [જુઓ 'કરોઠી'] બાધા, વ્રત
કરોઠી સ્રી૦ બાધા, વ્રત [આડુ
કરોઠું ન૦ પરપરા, ચાલ, રિવાજ (૨) ગટ્ટ,
કરોડ પુ૦ [हिं, म] કોટિ. સો લાખ ૦(-ડાધિ)પતિ પુ૦ કરોડ રૂપિયાનો આસામી – ધણી
કરોડ સ્રી૦ [स क्रोड] બરડાની ઊભી હાડ-માળા, પૃષ્ઠવશ (૨) બરડો ૦રજ્જુ સ્રી૦ કરોડમાથી પસાર થતું જ્ઞાનતતુનુ દોરડુ
કરોચલ પુ૦ [જુઓ 'કળાયલ'] મોર [ભાલ] (૨) સ્રી૦ જુઓ કોયલ
કરોળિયો પુ૦ [स. कौलिक, दे कोलिअ] એક જીવડુ (૨) ચામડીનો એક રોગ (૩) એક વનસ્પતિ, કાગડોળિયો (૪) [જુઓ કગળિયો] માટીના વાસણ વેચનારો

કર્ક પુ૦ [स] કરચલો (૨) એક રાશિ (૩) ધોળો ઘોડો ૦રેખા સ્રી૦ વિષુવવૃત્તની ઉત્તરે ૨૩° ૨૭' અક્ષાશની ગોળ રેખા ૦વર્તુલ (-ળ), ૦વૃત્ત ન૦ કર્કરેખાનુ વર્તુલ -ર્કાર્ક પુ૦ [+अर्क] કર્કરાશિનો સૂર્ય
કર્કટ ૦ક પુ૦ [स] જુઓ કર્ક ૧ ૨ -ટી (-ટકી) સ્રી૦ કરચલી
કર્કટિ(-ટી) [स] કાકડી
કર્કટી સ્રી૦ [જુઓ કરકટી] ઠાઠડી
કર્કર વિ૦ [स] કઠણ (૨) પું૦ હાડકુ, (ખોપરીનો) હાડકાનો ટુકડો
કર્કશ વિ૦ [स] કઠોર આકરુ (૨) કડવાબોલુ (૩) ઘાતકી, નિર્દય -શા વિ૦સ્રી૦ કકાસિ-યણ, વઢકારી
કર્કધુ(-ધૂ) સ્રી૦ [स] બોરડી ['કર્ક'મા
કર્કાર્ક પુ૦ [स] કર્કરાશિનો સૂર્ય જુઓ
કર્કોટ,૦ક પું૦ [स] (સ) નાગોનો એક નાયક
કર્ણ પુ૦ [स] કાન (૨) [ગ] કાટખૂણ-ત્રિકોણમા કાટખૂણાની સામેની બાજુ (૩) સુકાન (૪) [સ] કુતીનો સૂર્યથી થયેલો પુત્ર ૦કટુ(-ઠોર) વિ૦ કાનને કટુ – કઠોર લાગે એવુ. ૦કડુ(-ડૂ) પુ૦ કાનનો એક રોગ ૦ગોચર વિ૦ સભળાય એવુ ૦છેદ પુ૦ કાન વીધવા કે કાપવા તે ૦ધાર પુ૦ સુકાની, નેતા. ૦પટલ ન૦ કાનનો પડદો, 'ડ્રમ' ૦પાક પુ૦ કાન પાકવો તે, એક રોગ ૦પાલી સ્રી૦ કાનની બૂટ ૦પ્રદેશ પું૦ કાનની આજુબાજુનો શરીરનો ભાગ ૦ફૂલ ન૦ કાનમા પહેરવાનુ ફૂલ સ્રીઓનુ એક ઘરેણુ ૦મૂલ(-ળ) ન૦ કાનના મૂળ આગળનો શરીરનો ભાગ ૦રેખા, ૦લીટી સ્રી૦ જુઓ કર્ણ [ગ] ૦વેધ પુ૦ કાન વીધવો તે ૦શક્તિ સ્રી૦ સાભળવાની શક્તિ ૦શૂલ (-ળ) ન૦ કાનમા થતુ શૂળ – સણકો ૦સ્રાવ પું૦ કાનમાથી પરુ ઝરવુ તે -ર્ણાકર્ણિ અ૦ [स] એક કાનેથી બીજા કાને એમ કરતુ -ર્ણાટ ન૦ કાનના આકારનુ એક વાજિત્ર
કર્ણાટ ન૦ [स] (સ) કર્ણાટક પ્રાત (૨) એક વનસ્પતિ (૩) જુઓ 'કર્ણ'મા

**કર્ણાટક** પુ૦, ન૦ (મ) દક્ષિણ હિંદુસ્તાનનો એક પ્રાંત **-કી** વિ૦ કર્ણાટકનું, તે સંબંધી (૨) સ્ત્રી૦ કર્ણાટકની સ્ત્રી

**કર્ણાશ્મ** પુ૦ [સ] માછલા તથા તેવા પ્રાણીઓના કાનમાંનો એક પથ્થર જેવો અવયવ

**કર્ણાસ્થિ** ન૦ [સ] કાનનું અને કર્ણપ્રદેશનું હાડકું

**કર્ણિકા** સ્ત્રી૦ [સ] કળી, બીજકોશ (૨) હાથીની સૂંઢની અણી (૩) વચલી આંગળી (૪) લેખણ

**કર્ણિકાર** પુ૦ [સ] એક ફૂલઝાડ, કરેણ

**કર્ણિની** સ્ત્રી૦ [સ] ગર્ભાશયનો એક રોગ

**કર્ણેન્દ્રિય** સ્ત્રી૦ [સ] સાંભળવાની ઇંદ્રિય, કાન

**કર્ણોપકર્ણ(-ર્ણિ)** અ૦ [સં] જુઓ કર્ણાકર્ણિ

**કર્તદંતી** વિ૦ [સ] કાપવા માટે જોઈતા તીક્ષ્ણ દાંત કે દાંતાવાળું (૨) ન૦ એક પ્રકારનું પ્રાણી

**કર્તન** ન૦ [સ] કાપવું કે કાતરવું તે (૨) કાંતવું તે

**કર્તરિપ્રયોગ** પુ૦ [સ] જેમાં ક્રિયાપદ કર્તા પ્રમાણે જાતિ અને વચન લેતું હોય તેવો પ્રયોગ [વ્યા]

**કર્તરી** સ્ત્રી૦ [સ] કાતર

**કર્ત(-ર્ત્ત)વ્ય** વિ૦ [સ] કરવા યોગ્ય, કરવાનું (૨) ન૦ કામ; કર્મ (૩) ફરજ (૪) વર્તન **૦તા** સ્ત્રી૦ કર્તવ્યબુદ્ધિ **૦ધુરા** સ્ત્રી૦ કર્તવ્યની ધૂંસરી **૦નિષ્ઠ** વિ૦ કર્તવ્યપરાયણ **૦નિષ્ઠતા, ૦નિષ્ઠા** સ્ત્રી૦ કર્તવ્યમાં નિષ્ઠા, કર્તવ્યપરાયણતા **૦પરાયણ** વિ૦ પોતાના કર્તવ્યોમાં પરાયણ – મચ્યું રહેનાર **૦પરાયણતા** સ્ત્રી૦ **૦પાલન** ન૦ કર્તવ્યનું પાલન **૦બુદ્ધિ** સ્ત્રી૦ કર્તવ્યની ભાવના કે સમજ **૦ભાન** ન૦ કર્તવ્યનું ભાન **૦ભૂમિતિ** સ્ત્રી૦ (ગ) 'પ્રૅક્ટિકલ જ્યૉમેટ્રી'

**કર્તા(-ર્ત્તા)** વિ૦ [સ] કરનારું, બનાવનારું (૨) પુ૦ કરનાર – બનાવનાર માણસ, રચયિતા **૦હર્તા(-ર્ત્તા)** પુ૦ સરજનાર અને નાશ કરનાર (ઈશ્વર) (૨) સર્વોપરી સત્તા વગવનાર પુરુષ, મુખ્ય ધણી **-ર્તાર** પુ૦ કિરતાર, સ્રષ્ટા

**કર્તૃ** વિ૦ (૨) પુ૦ [સ] જુઓ કર્તા **૦ત્વ** ન૦ કરવાની – રચવાની શક્તિ (૨) કર્તાપણું **૦ત્વશક્તિ** સ્ત્રી૦ **૦વાચ્ય** વિ૦ [વ્યા] જેમાં કર્તાનું પ્રાધાન્ય હોય એવું (વાક્ય)

**કર્ત્તવ્ય, ૦તા, ૦ધુરા, ૦નિષ્ઠ, ૦નિષ્ઠતા, ૦નિષ્ઠા, ૦પરાયણ, ૦પરાયણતા, ૦બુદ્ધિ, ૦પાલન, ૦ભાન** ન૦ જુઓ 'કર્તવ્ય'માં

**કર્ત્તા** વિ૦ (૨) પુ૦, **૦હર્ત્તા** પુ૦ [સ] જુઓ 'કર્તા'માં **-ર્ત્રી** સ્ત્રી૦ કર્તાનું સ્ત્રીલિંગ

**કર્દમ** પુ૦ [સ.] કાદવ, કીચડ **૦ભૂમિ** સ્ત્રી૦ કાદવવાળી જમીન [જૂનો ગાભો

**કર્પટ** ન૦ [સ] કાપડ કપડું (૨) ચીથરું;

**કર્પર** ન૦ [સ] ખોપરી (૨) કલેડું ઠીબ, ઠીકરું [(૨) ઠીકરી

**કર્પરી** સ્ત્રી૦ [સ] એક ઔષધિ ખાપરિયું

**કર્પાસ** પુ૦ [સં] કપાસનું ઝાડ (૨) કપાસ

**કર્પૂર** ન૦ [સ] કપૂર

**કર્બુર** વિ૦ [સ] કાબરું, કાબરચીતરું

**કર્મ** ન૦ [સ] ક્રિયા, કાર્ય, કામ (૨) પ્રવૃત્તિ; ધંધો ઉદા૦ વૈશ્યકર્મ (૩) આચરણ, ધર્મ-કર્મ (નિત્યાદિ) (૪) [લા] કરમ, નસીબ, પૂર્વજન્મનાં કર્મ (૫) કર્તવ્ય (૬) કુકર્મ, પાપ (૭) જેની ઉપર ક્રિયા થતી હોય તે (વ્યા) [-બાંધવાં,-બંધાવાં = જેમનું સારું માઠું ફળ ભોગવવું પડે તેવાં કર્મ કરવાં **કર્મના ભોગ** પુ૦ બ૦વ૦ દૈવયોગ, પ્રારબ્ધ **કર્મનાં કાળાં, -ના કુહાડા** ન૦ બ૦વ૦ નસીબના ભૂંડા લેખ] **૦કથા** સ્ત્રી૦ જુઓ કરમકથા **૦કપાટ** ન૦ નસીબનું બારણું **૦કર** વિ૦ કર્મ કરનારું (૨) પુ૦ કામ કરનાર મજૂર **૦કર્તા** પુ૦ કર્મરૂપ કર્તા (વ્યા) **૦કઠા(-ઠ્ઠા)** વિ૦ – મરજીમાં આવે ત્યાં પગલું ભરીને ખોદાવતાં જેનાથી સોનામહોરોની કઢા નીકળે તેવું (માણસ) **૦કાર(-રી)** પુ૦ કામ કરનાર, કાર્યકર્તા (૨) મજૂર (૩) કારીગર (૪) લુહાર (૫) બળદ **૦કાંડ** ન૦ ધર્મક્રિયાઓ અને ધર્મકર્મોને લગતો વેદનો ભાગ (૨) એમાં બતાવેલી ધાર્મિક ક્રિયાઓ અને કર્મો **૦કાંડી** વિ૦ કર્મકાંડને અનુસરનારું **૦કૂટ** સ્ત્રી૦ કર્મકાંડી કડાકૂટ **૦કૌશલ** ન૦ કામ કરવામાં કુશળતા **૦ક્ષેત્ર** ન૦ કર્મભૂમિ (ભારતવર્ષ) **૦ગતિ** સ્ત્રી૦ કર્મની ગતિ, નસીબ **૦ચંડાળ** પુ૦ કર્મનો ચંડાળ;

અધર્મી, દુરાચારી ૦ચોર વિ૦ (૨) પું૦ કામમા ચોરટાનતનું ૦જ વિ૦ કર્મમાથી નીપજેલું (૨) પુ૦ કળિયુગ (૩) વડ ૦ઠ આહ્નિકકર્મમા ચુસ્ત કર્મનિષ્ઠ (૨) કર્મ-કુશળ (૩) બાહ્ય આચારમા આગ્રહી ૦ઠતા સ્ત્રી૦ ૦તન્ત્ર ન૦ કર્મનું તત્ર ૦દંડ પુ૦ કર્મની સજા ૦દોષ પુ૦ કર્મનો દોષ–ભૂલ (૨) કર્મનુ માઠું પરિણામ (૩) પાપ, દુર્ગુણ ૦ધારય પુ૦ [વ્યા] જે તત્પુરુષ સમાસમા બન્ને પદો સમાનાધિકરણ હોય તે સમાસ ઉદા. મહારાજા ૦નિષ્ઠ વિ૦ કર્મકાડમા આસ્થાવાળું–ચુસ્ત(૨)કર્તવ્યપરાયણ ૦નિષ્ઠા સ્ત્રી૦ પોતાના કર્મોમા અથવા શાસ્ત્રવિહિત કર્મોમા નિષ્ઠા ૦ન્યાસ પુ૦ કર્મ ઈશ્વરને અર્પણ કરી દેવા તે ૦પાક પુ૦ કર્મનું પાકવુ તે, કર્મફળ ૦પાશ પુ૦ કર્મબંધન. ૦ફલ(–ળ) ન૦ કર્મનુ ફળ–પરિણામ ૦બાધ પુ૦ કર્મનો બાધ–દોષ ૦બંધ પુ૦ કર્મનુ બંધન ૦ભૂમિ સ્ત્રી૦ કર્મ કરવાનું ક્ષેત્ર (૨) ધર્મકર્મ કરવાનો દેશ (ભારતવર્ષનુ એક વિશેષણ) ૦ભ્રષ્ટ વિ૦ કર્તવ્યકર્મથી ભ્રષ્ટ–વિમુખ થયેલુ ૦માર્ગ પુ૦ કર્તવ્યકર્મથી અથવા કર્મકાડને અનુસરવાથી મોક્ષ મેળવવાનો માર્ગ ૦મીમાંસા સ્ત્રી૦ કર્મની ફિલસૂફી, કર્મ સંબંધી વિચારણા (૨) પૂર્વમીમાસા ૦યોગ પુ૦ કર્મ-માર્ગની સાધના (૨) નસીબનો જોગ ૦યોગી પુ૦ કર્મયોગનો સાધક ૦રેખા સ્ત્રી૦ ભાવિસૂચક રેખા–આંકો (૨) નસીબ ૦વત્તા સ્ત્રી૦ [સં वत्+ता] કર્મ કરનારા હોવુ તે ૦વશ વિ૦ નસીબને આધીન એવુ ૦વાદ પુ૦ કર્મને લગતો વાદ (૨) પ્રારબ્ધવાદ, દૈવવાદ ૦વાદી વિ૦ (૨) પુ૦ કર્મવાદમા માનનાર ૦વિપાક પુ૦ કર્મપાક ૦વીર વિ૦ કર્તવ્ય કર્મ કરવામા વીર — બહાદુર (૨) પુ૦ એવો માણસ ૦વ્યતિહાર પુ૦ ક્રિયાનુ સામસામે થવુ તે (૨) [વ્યા] સમાસની એક જાત ઉદા૦ મુક્કા-મુક્કી ૦વ્યતિહારવાચક વિ૦ કર્મવ્યતિહાર બતાવનાર ૦શીલ વિ૦ પ્રવૃત્તિશીલ, ઉદ્યમી ૦સંગ પુ૦ સાસારિક કર્મો અને તેના ફળો પ્રત્યેની આસક્તિ ૦સંજોગ પુ૦ ભાવિનો યોગ, નસીબનો તાકડો ૦સંન્યાસ પુ૦ કર્મનો ત્યાગ (૨) કર્મફળનો ત્યાગ. ૦સંન્યાસી પુ૦ કર્મસન્યાસ કરનાર ૦સાક્ષી પુ૦ કર્મને જોનાર પુરુષ (૨) કર્મના પરિપાકનો અનુભવ લેનાર પુરુષ ૦સાધન ન૦ કર્મ સિદ્ધ કરવા જરૂરી સાધન ૦સિદ્ધિ સ્ત્રી૦ કર્મફળની પ્રાપ્તિ (૨) કાર્યમા સફળતા ૦સ્થાન ન૦ કાર્યાલય, કામધંધો કરવાની જગા. ૦હીણ(–ણું) વિ૦ અભાગિયું, કમનસીબ –ર્માતીત વિ૦ [+અતીત] કર્મથી અતીત–પર –ર્માધિકાર પુ૦ [+અધિકાર] ધર્મકર્મનો અધિકાર–યોગ્યતા –ર્માધીન વિ૦ [+અધીન] કર્મવશ, દૈવાધીન –ર્માનુરૂપ વિ૦ [+અનુરૂપ] કર્મને અનુરૂપ, જેવા કર્મ કર્યા હોય એ પ્રમાણેનુ, નસીબ પ્રમાણેનુ –ર્માનુષ્ઠાન ન૦ [+અનુષ્ઠાન] પોતાના કર્મધર્મ કરવા તે –ર્માનુસાર અ૦ [+અનુસાર] કર્મને અનુ-સરીને –ર્માનુસારી વિ૦ કર્મને અનુસરતુ. –ર્માંતર ન૦ [+અંતર] શુભ કારજમા અને ખાસ કરીને અઘરણીમા વિધિયુક્ત જે કર્મ ગોર કરાવે છે તે (૨) બીજુ કામ (૩) યજ્ઞાદિ ધર્મવિધિ બંધ હોય ત્યારનો નવરાશનો વખત

**કર્મણિ** વિ૦ [સં] (વ્યા) કર્મ પ્રમાણે જાતિવચન ઇ૦ લેનારુ ૦દ્વિતીયા સ્ત્રી૦ કર્મ અર્થે વપરાતી બીજી વિભક્તિ ૦પ્રયોગ પુ૦ જેમા કર્મ પ્રમાણે ક્રિયાપદ જાતિ અને વચન લેતું હોય એવો પ્રયોગ ૦વાચ્ય વિ૦ કર્મ પ્રમાણે જાતિ અને વચન લેનાર

**કર્મણ્ક** સ્ત્રી૦ [સં] મનોરજન

**કર્મણ્ય** વિ૦ [સં] કુશળ, હોશિયાર (૨) ન૦ ઉદ્યોગ પ્રવૃત્તિ ૦તા સ્ત્રી૦ કુશળતા

**કર્મરી** સ્ત્રી૦ [સં] એક વનસ્પતિ, વંશલોચન

**કર્મિષ્ઠ** વિ૦ [સં] કર્મ કરવા પર પ્રીતિવાળુ (૨) કાર્યકુશળ

**કર્મી** વિ૦ [સં] નસીબદાર (૨) ઉદ્યોગી

**કર્મેંદ્રિય** સ્ત્રી૦ [સં] સ્થૂળ કામો કરવાની ઇંદ્રિય (જુઓ 'ઇંદ્રિય'મા)

**કર્વનક** ન૦ એક પક્ષી

કર્ષ પુ૦ [સ] એક પ્રાચીન તોલ (૨) ખેંચાણ ૦ક વિ૦ [સ] ખેંચે-આકર્ષે એવું (૨) પુ૦ ખેડૂત ૦ણ ન૦ [સ.] ખેડ, ખેતી (૨) ખેંચતાણ (૩) આકર્ષણ [(૨) પું૦ ખેડૂત

કર્ષી વિ૦ [સ] ખેંચનારુ (સમાસમાં અંતે)

કલ પુ૦ [સ.] એક અવાજ, ગુંજન (૨) કળા, માત્રા (પિંગળ) ૦કલ પુ૦ પક્ષીઓનો કલરવ (૨) ગુંજારવ (૩) કલબલ, મનુષ્ય યા પશુપક્ષીઓનો મિશ્ર ધ્વનિ ૦રવ પુ૦ મધુર ધ્વનિ (ખાસ કરીને પખીઓનો)

કલ(-ળ)કલ(-ળ)વું અ૦ક્રિ૦ જુઓ કકળવું

કલકલાટ પુ૦ [સ कल् ઉપરથી] ઘોંઘાટ

કલકલા(-ળા)ણ ન૦ જુઓ કકલાણ

કલકલિયો પુ૦ એક પક્ષી ૦કોરિયો પુ૦ એક પક્ષી

કલકલાણ ન૦ જુઓ કકલાણ

કલકો પુ૦[સ कल् ઉપરથી] ઘોંઘાટ, શોરબકોર

કલખણું વિ૦[જુઓ કુલક્ષણું]અપલક્ષણવાળું

કલખાપરી સ્ત્રી૦, -રો પું૦ [સ कल्य+खर्पर, स] પકવેલી અથવા બાળેલી માટીની એક ઔષધિ (૨) જસતનો એક ક્ષાર

કલખ્ખણ ન૦ જુઓ કુલક્ષણ

કલગી સ્ત્રી૦ [तुर्की] મુગટ અથવા મસ્તક પર મૂકવાનો એક શણગાર; મંજરી (૨) ફૂલોનો ગોટો (૩) એક જાતની લાવણી ૦દાર વિ૦ [फा] કલગીવાળું

કલગેર (ગે?) સ્ત્રી૦ [કલગીદાર?] એક કીમતી રેશમી વસ્ત્ર, બાટ

કલ(-ળ)જુગ પુ૦ જુઓ કળિયુગ

કલ(-ળ)ણ ન૦ ['કળવું' ઉપરથી] કળી-ઊતરી જવાય એવી પાણીપોચી કાદવની જગા

કલત્ર ન૦ [સ] વહુ, પત્ની

કલદાર વિ૦ [કલા+દાર] હુન્નર-કળાવાળું (૨) [हि, म.] અંગ્રેજી ચલણનું (નાણું)

કલન ન૦ [સ] કળી જવું-સમજવું તે (૨) પકડવું-ઝાલવું તે (૩) ગર્ભાધાન થયા પછીની ગર્ભની શરૂઆતની સ્થિતિ, 'ઝાઇગોટ'

કલના સ્ત્રી૦ [સ] સમજણ, ગ્રહણ (૨) અટકળ (૩) પિછાન

કલપ(-ફ) પુ૦ [अ कल्फ़=મોં પર પડતા ડાઘ] વાળ રંગવાની એક બનાવટ

કલપવું અ૦ ક્રિ૦ [સ. कल्? लप्? કે ગુ કલ્પાંત ઉપરથી?] ઝૂરવું (૨) રડવું કલ્પાંત કરવું (૩) સ૦ક્રિ૦ [સ कल्प् ઉપરથી] સારવું (શ્રાદ્ધ), મરનાર વાસ્તે પુણ્ય કરવું કરપવું

કલપાંત પુ૦, ન૦ + જુઓ કલ્પાંત

કલફાત ન૦ [अ] વહાણના પાટિયા બરાબર બેસાડી ક્યાંય હવા કે પાણી પેસી ન શકે એવું કરવાની ક્રિયા

કલબલ સ્ત્રી૦ [સ कल् ઉપરથી] વાતચીતથી થતો આછો ઘોંઘાટ; શોરબકોર (૨) ન સમજાય તેવું બોલવું તે -ક્ષાટ પુ૦ ઘોંઘાટ, શોરબકોર

કલમ સ્ત્રી૦ [अ, स] લેખણ (૨) દસ્કત (૩) ચિત્રકારની પીંછી (૪) [લા] લેખનશક્તિ, ચીતરવાની છટા (૫) કલમની પેઠે ત્રાંસી કાપીને રોપવાને ઉગતી ઝાડની ડાળી (૬) કંડિકા, લખાણમાં પડેલો ક્રમિક ભાગ (જેમ કે, કાયદાની કલમ) (૭) કરારની શરત (૮) [લા] ભાષા કે લિપિ ઉદા૦ ત્રણ કલમ જાણનાર [-કપાવી = આબરૂ જવી (૨) બરતરફ થવું -કરવી = સારી જાતના ઝાડની ડાળી બીજા ઝાડ ઉપર બાંધવી (૨) લાંબી ડાળીને જમીનમાં દાબવી, જેથી ત્યાં મૂળ નાખી નવો છોડ તૈયાર થાય -કરવું = કાપી નાખવું, ખંડિત કરવું -કાપવી = લેખણમાં કાપ મૂકવો (૨) બરતરફ થવું -ઘડવી = લખવા માટે છોલીને તૈયાર કરવી. -ચાલવી, -ચલાવવી = વગર રોકાયે સારી રીતે લખાવું, લખવું -રોપવી = કલમ કરેલી ડાળી જમીનમાં વાવવી -લાગવી = (કાયદાની કલમ) લાગુ પડવી-થવી, તે પ્રમાણે કામ થવું] ૦કશ વિ૦ [फा] લેખણ વાપરી જાણનારુ (૨) પું૦ લહિયો (૩) લેખક, કુશળ લેખક, મુસદ્દી ૦કશી સ્ત્રી૦ કલમ વાપરવી તે, સુંદર છટાદાર લખાણ કરવું તે. ૦કસાઈ પુ૦ કઠોર લેખક ૦ચોર વિ૦ છૂપું લખનાર ૦તરાશ પુ૦ [फा] કલમ ઘડવાનો ચપ્પુ (૨) કલમ ઘડનાર આદમી ૦ત્રાંસ વિ૦

કલમની માફક ત્રાસુ ૦દાન(–નિયુ) ન૦ કલમ રાખવાની ભૂંગળી–પેટી ૦બ દી સ્ત્રી૦ કલમવાર–પેરા પાડીને કરેલુ ચોક્કસ લખાણ (૨) ટાચ, જપ્તી (૩) જપ્ત કરેલી વસ્તુઓની યાદી (૪) કોઈ પણ ભાગની વ્યવસ્થા કે કામકાજનુ ચોગ્ય બતાવતી તપસીલ (૫) કોલકરાર, શરત ૦બાજ વિ૦ કલમ વાપરવામા કુશળ. ૦વાર અ૦ દરેક કલમ–ફકરાના ક્રમથી કે તે પ્રમાણે –મી વિ૦ કલમ કરીને ઉગાડેલુ (ઝાડ)

**કલમલડો, કલમલો** પુ૦ કમ્મલડો (?)

**કલમી** પુ૦ [स प्रा. कल्म] એક જાતના ચોખા (૨) વિ૦ જુઓ 'કલમ'મા

**કલમી,૦ન** સ્ત્રી૦ વહાણની ડોલકાઠી, નાનો સઢ

**કલમેશરીફ** પુ૦ જુઓ કલામેશરીફ, કુરાન, કલ્મેશરીફ

**કલમો** પુ૦ [अ.] કુરાનનુ મૂળ સૂત્ર–ફરમાન, ઇસ્લામનુ દીક્ષા વાક્ય [–પઢવો=(વિધિસર કલમો બોલીને) મુસલમાન થવુ]

**કલરવ** પું૦ [स] મધુર ધ્વનિ, જુઓ 'કલ'મા

**કલરોળ** પુ૦ ઘોંઘાટ, મોટો કલબલાટ (૨) કલરવ, મધુર અવાજનો સમુદાય

**કલવવું** સ૦ક્રિ૦ ખીજવવુ

**કલવાર** સ્ત્રી૦ દૂધિયા સોપારી

**કલવું** સ૦ક્રિ૦ [स कल्] કળવુ, સમજવુ

**કલવો** પું૦ [स कल्यवर्त, प्रा कल्लवत्त] કવલ, કોળિયો (૨) પરણવા આવેલા વરને ઊંઘવતા પહેલા કન્યાપક્ષ તરફથી મોકલાતો કાચો કંસાર–ખાવાનુ

**કલશ** વિ૦ [स] કળશ, લોટો (૨) દહેરા ઉપર મુકાતુ ઘડાના આકારનુ ધાતુ કે છોનુ શિખર–ટોચ [મધુર શોર

**કલશોર** પું૦ [सं कल+फा. शोर] કલરવ,

**કલહ** પુ૦ [स] કજિયો કંકાસ, લડાઈ ૦પ્રિય વિ૦ કલહ જેને વહાલો છે એવુ –હાંતરિતા વિ૦સ્ત્રી૦ [+अंतरिता] ધણી સાથે કલહ કરી રૂસણુ લઈ બેઠેલી (સ્ત્રી) (૨) પતિનો અનાદર કરી રિસાયા પછી શોક કરતી (નાયિકા) [ના શા]

**કલહંસ** પું૦ [स] હંસ (૨) એક છંદ

**કલંક** ન૦ [स] ડાઘ, લાંછન, ખુટ્ટો (૨) આળ [–ઉતારવું, –ધોઈ નાખવું=આળ–બટ્ટો નામી દૂર કરવા –ચડવુ, –ચોટવું, –બેસવું, –લાગવું=લાછન લાગવુ] –કિત વિ૦ [स] કલંકવાળુ, કલંક પામેલુ –કિની વિ૦ સ્ત્રી૦ [स] કલંકવાળી –કી વિ૦ કલંકવાળુ (૨) પુ૦ ચંદ્ર [અવતાર

**કલંકી,–ગી** પુ૦ [स कल्की] જુઓ કલ્કી–

**કલંઠ** વિ૦+જુઓ કલાઠ

**કલંદર** પુ૦ [अ] એક જાતનો ફકીર (૨) નિસ્પૃહ માણસ (૩) મદારી (૪) વણસંગ આદમી

**કલા(–ળા)** સ્ત્રી૦ [स] કોઈ પણ વસ્તુનો એક ભાગ (૨) ચંદ્રનો સોળમો ભાગ (૩) 'મિનિટ', ડિગ્રીનો સાઠમો ભાગ (ગ.) (૪) કાલમાન (૫) યુક્તિ, હિકમત (૬) હુન્નર, કસબ (૭) સૌંદર્ય યુક્ત રચના કે તેવી હિકમત ૦કાર પુ૦ કલાયુક્ત રચના કરનારો પુરુષ (કવિ, ચિત્રકાર, શિલ્પી ઇત્યાદિ) ૦કૌશલ્ય ન૦ કળાની આવડત–હોશિયારી (૨) હુન્નર ઉદ્યોગની આવડત ૦ધર પુ૦ મોર (૨) ચંદ્ર (૩) કલાકાર ૦નાથ પુ૦ ચંદ્ર ૦નિધિ પું૦ જુઓ કલાધર ૦બંધ પુ૦ ઉચ્ચારણના કાલમાનને આધારે રચાતુ પદ કે પ્રબંધ વગેરેનો વર્ગ ૦ભવન ન૦ હુન્નર કળાની શાળા ૦ભંડાર ન૦ કલાકૃતિઓનો ભંડાર કે સંગ્રહસ્થાન ૦રસ પુ૦ કલાનો રસ ૦વતી વિ૦ સ્ત્રી૦ કળા-કાંતિ વાળી (૨) નૃત્યાદિ કળા જાણનારી (૩) સ્ત્રી૦ એક વીણા ૦વંત વિ૦ કલા જાણનાર, ૦વંતી વિ૦ સ્ત્રી૦ નૃત્યાદિ કળા જાણનારી ૦વાન વિ૦ કળા જાણનારુ–કળાવાળુ (૨) પુ૦ ચંદ્ર ૦વિધાન ન૦ કલાની રચના–સર્જન ૦વિધાયક વિ૦ કલાવિધાન કરનારુ

**કલાઈ** સ્ત્રી૦ [स कलाचिका, प्रा कलाइआ=કોણીથી કાંડા જેટલો હાથ हिं कलाई=કાંડુ] મગદળ–જોડીની એક કસરત

**કલાઈ** સ્ત્રી૦ [अ] એક ધાતુ (૨) વાસણ પર ચડાવાતુ કલાઈનુ પાતળુ પડ [–કરાવવી=

[લા.] બધા વાળ મૂંડાવી માથું કલાઈ કરાવ્યા જેવું કરવું] ૦ગરો, ૦ગાર(-રો), ૦વાળો પુ૦ વાસણની કલાઈ કરનારો ૦સફેતો (-દો) પુ૦ કલાઈની રાખ

કલાક પુ૦ [इ क्लॉक ઉપરથી ? म] ૬૦ મિનિટ જેટલો સમય ૦શીશી સ્ત્રી૦ રેતી ગરવા પરથી સમય જોવાની શીશીનું યંત્ર

કલા(-ળા)કાર પુ૦ [स] જુઓ 'કલા'માં

કલાગું વિ૦ [ક+લાગ] સારા લાગ-મોખ વગરનું કઢોલું

કલા(-લે)ડું (લા', લે') ન૦ જુઓ કલેડું -ડી સ્ત્રી૦ નાનું કલાડું

કલાદ પુ૦ [स] સોની [જુઓ 'કલા'માં

કલા(-ળા)૦ધર, ૦નાથ, ૦નિધિ [स]

કલાપ પુ૦ [म] સમૂહ (૨) મોરના પીંછાનો સમૂહ (૩) ભાથો (તીરનો) (૪) ઘરેણું (૫) મ્યાન (૬) ચંદ્ર -પી પુ૦ [स] મોર

કલાપીટ સ્ત્રી૦ [स कल+પીટ (પીટવું)] શોરબકોર (૨) રડારોળ

કલા(-ળા)બધ પું૦ [स] જુઓ 'કલા'માં

કલાફૂલ ન૦ [स कर्ण+ફૂલ ?] કાનનું એક ઘરેણું, કોકરવું

કલાબૂત પુ૦ [फा कलाबतून] કસબ, સોનેરી અથવા રૂપેરી તારથી વીંટેલો રેશમનો તાર

કલાબો પુ૦ [अ. कुलाबह्] બારણાનો કાપ (૨) બે છેડા સાંધવા વચ્ચે નખાતી લોઢાની કડી

કલાભવન, કલાભંડાર જુઓ 'કલા'માં

કલામ સ્ત્રી૦ [अ] વાણી, વાક્ય, શબ્દ (૨) કડી, ફકરો (૩) લખાણ

કલામેશરીફ પુ૦ [फा] કુરાન

કલાર (લા') પુ૦;ન૦ [જેમકે બોડિયો કલાર] એક વનસ્પતિ

કલાલ પુ૦ [दे प्रा कल्लाल, स कल्यपाल] દારૂનો દુકાનદાર ૦ખાનું ન૦ દારૂનું પીઠું (૨) [લા] વ્યસનીઓને ભેગા થવાનું ઠેકાણું ૦ણ (-ણી) સ્ત્રી૦ કલાલની સ્ત્રી -લી સ્ત્રી૦ કલાલનો-દારૂ વેચવાનો ધંધો

કલા(-ળા)વતી [स] જુઓ 'કલા'માં [પટાવવું

કલાવવું, ૦પટાવવું સ૦ ક્રિ૦ કળવી સમજાવવું,

કલાંકલાં અ૦ [स कल् ઉપરથી ?] સંપૂર્ણ ખીલેલું હોય એમ

કલાઠ વિ૦ [ક+લાઠ] લાઠ, તોફાની અને લુચ્ચું

કલાંઠી સ્ત્રી૦ પાંમળી (૨) પાસું, કમેઠી

કલિ(-ળિ) પુ૦ [स] ટંટો; કજિયો (૨) લડાઈ, યુદ્ધ (૩) કળિયુગ (૪) [स] કળિયુગનો અધિષ્ઠાતા પુરુષ-અસુર (૫) [લા] પાપની બુદ્ધિ ૦કાલ(-ળ) પુ૦ કળિયુગનો સમય. ૦મલ પુ૦ કલિનો મેલ-પ્રભાવ અસર, પાપ ૦યુગ પુ૦ ચાર યુગમાંનો છેલ્લો યુગ, અધર્મનો સમય (જુઓ યુગ)

કલિકા સ્ત્રી૦ [स] અણખીલેલું ફૂલ, કળી

કલિત વિ૦ [स] કળાયેલું, જાણેલું, સમજાયેલું

કલિલ વિ૦ [सं] -થી ઢંકાયેલું; -થી ભરેલું (૨) મિશ્રિત (૩) અભેદ્ય (૪) ગહન (૫) ન૦ ગોટાળો

કલિંગ ન૦ [स] એક પક્ષી (૨) પુ૦ (સ) પ્રાચીન ભારતનો એક પ્રાંત, ઓરિસા

કલિં(-ળિં)ગડ(-ડું) ન૦ [स कालिंग] કાલિંગડું તડબૂચ

કલિંદ પુ૦ [स] (સં) એક પર્વત (૨) સૂર્ય (૩) એક વનસ્પતિ ૦કન્યા સ્ત્રી૦ (સં) યમુના, કાલિંદી

કલુષ વિ૦ [सं] કાદવવાળું, મેલું, ગંદુ (૨) દુષ્ટ, ઘાતકી (૩) પાપી (૪) ન૦ કાદવ, મળ (૫) પાપ -ષિત વિ૦ જુઓ કલુષ (૨) કચવાયેલું, ખિસાયેલું [અમલદાર

કલેક્ટર પુ૦ [इ] જિલ્લાનો વડો મહેસૂલી

કલેજું ન૦ [सं कालेय, प्रा कालिज्ज] પિત્ત ઉત્પન્ન કરનારો અને શિરાઓમાંનું લોહી સાફ કરનારો એક મોટો માંસલ અવયવ, કાળજું (૨) [લા] હૃદય (૩) મન, અંતઃકરણ

કલેડી સ્ત્રી૦ [दे काहुगी ? જુઓ કલોડી] કલોડી, એકે વેતર ન થયેલી ગાય કે ભેંસ

કલેડી (લે') સ્ત્રી૦ [दे काहल्ली] નાનું કલેડું, -ડું ન૦ રોટલા શેકવાનું વાસણ - ઠીકરું

કલેવર ન૦ [सं] શરીર, ખોળિયું

કલેસર ન૦ એક પક્ષી

કલેંદુ પુ૦ [स] બીજનો ચંદ્રમા

કલો(-ળો) (લો', ળો') પુ૦[म. काल्हो,-ल्हो] જુઓ કલહ (૫)
કલોચડી સ્ત્રી૦ જુઓ કચ્ચલી કરોચલી
કલોહું ન૦ જુઓ કરોહું [ગાય, કલેડી
કલોડી (લો') સ્ત્રી૦[दे. काल्होडी] વાછડી, નાની
કલોપનતા સ્ત્રી૦ [स कल+उपनता ? हिं] મધ્યમ ગ્રામની એક મૂર્ચ્છના (સંગીત)
કલોલ પું૦ જુઓ કલ્લોલ
કલોંજી સ્ત્રી૦ [हिं कलौंजी] કાળીજીરી
કલ્ક વિ૦[સં.] પાપી (૨) પુ૦ પાપ (૩) દંભ, છેતરપિંડી (૪) કીચડ, કચરો (૫) વાટીને બનાવેલો લોંદો, લૂગદી (ઔષધ વગેરેની) (૬) કાનનો મેલ [છેલ્લો અવતાર
કલ્કિ(-લ્કી) પુ૦ [सं] વિષ્ણુનો દશમો અને
કલ્પ પુ૦ [सं] બ્રહ્માનો એક દહાડો, અર્થાત્ ૪,૩૨૦,૦૦૦,૦૦૦ વર્ષોનો સમય (૨) ધર્મકર્મનો વિધિ (૩) વિહિત વિકલ્પ (૪) આચાર (૫) એક વેદાંગ, જેમાં યજ્ઞક્રિયા ઇત્યાદિનો ઉપદેશ છે (૬) સંકલ્પ (૭) અભિપ્રાય (૮) શબ્દને અંતે 'જેવું, સદૃશ'ના અર્થમાં (ઉદા૦ દીપકલ્પ). ૦ક પુ૦ કલ્પના કરનાર, શોધક ૦કતા સ્ત્રી૦ ૦તરુ,૦દ્રુમ ન૦ કલ્પવૃક્ષ ૦ન ન૦ કલ્પવું તે. ૦ના સ્ત્રી૦ નવું ચિંતવી કે ઉપજાવી કાઢવાની શક્તિ (૨) હરેક વાતની મનમાં જે પ્રથમ રચના થાય તે (૩) ધારણા, ખ્યાલ (૪) તરંગ, બુટ્ટો ૦નાચિત્ર ન૦ કલ્પના વડે ખડું કરેલું ચિત્ર ૦નાબલ(-ળ) ન૦ કલ્પનાનું બળ ૦નાવાદ પું૦ કળા એ અનુભવ કરેલી કલ્પના છે એવો વાદ ૦નાશક્તિ સ્ત્રી૦ નવું ચિંતવી કે ઉપજાવી કાઢવાની શક્તિ. ૦નાશીલ વિ૦ કલ્પના કરવાના વલણ-સ્વભાવવાળું ૦નાસૃષ્ટિ સ્ત્રી૦ કલ્પનાની સૃષ્ટિ,મનોરાજ્ય ૦નીય વિ૦ કલ્પી શકાય એવું ૦લતા સ્ત્રી૦ કલ્પવૃક્ષ ૦વું સ૦ક્રિ૦ કલ્પના કરવી.૦વૃક્ષ ન૦ નીચે બેસનાર જેનો સંકલ્પ કરે તે વસ્તુ આપનારું સ્વર્ગમાંનું એક કાલ્પનિક ઝાડ ૦સૂત્ર ન૦ વૈદિક કર્મોના વિધિઓનું શાસ્ત્ર,એક વેદાંગ(૨) [જૈન] સાધુઓના આચાર વર્ણવતું ધર્મપુસ્તક. -લ્પાંત પુ૦ કલ્પનો અંત,જગતનો પ્રલયકાળ (૨) ન૦ રડારોળ, અતિશય રડવું-શોક કરવો તે -લ્પિત વિ૦ [सं.] કલ્પેલું. (૨) જોડી કાઢેલું, ખોટું (૩)ન૦ કલ્પેલ વસ્તુ, કલ્પના યુક્તિ -લ્પ્ય વિ૦ [सं.] કલ્પનામાં આવે એવું
કલ્મષ પુ૦,ન૦[सं] મેલ,કાળાશ (૨) પાપ (૩) [सं] એક નરક [કલમેશરીફ
કલ્મેશરીફ પુ૦ [अ कलामेशरीफ] કુરાન.
કલ્યાણ ન૦ [सं] સુખ,આબાદી(૨)શ્રેય કુશળ (૩) પુ૦ એક રાગ ૦કર વિ૦ કલ્યાણ કરે એવું ૦કર્તા વિ૦(૨)પું૦ જુઓ કલ્યાણકારી ૦કારી વિ૦ કલ્યાણ કરે એવુ (૨) પુ૦ કલ્યાણ કરનાર પુરુષ ૦મૂર્તિ(-ર્ત્તિ) વિ૦ કલ્યાણની મૂર્તિ જેવું (૨) સ્ત્રી૦ કલ્યાણરૂપ-કલ્યાણની મૂર્તિ -ણી સ્ત્રી૦ કલ્યાણ કરનારી દેવી (૨) સૌભાગ્યવતી સ્ત્રી [આશીર્વાદ
કલ્યાણમસ્તુ [सं] 'કલ્યાણ થાઓ' એવો
કલ્લા પુ૦બ૦વ૦[फा =જડબું ગલોફું,म.]ગાલ લમણા ઉપરના વાળ (ચોભિયાથી જુદા)
કલ્લી સ્ત્રી૦ [જુઓ કડલી,-લું]હાથના કાંડાનું એક ઘરેણું -લ્લું ન૦ સ્ત્રીના પગનું એક ઘરેણું
કલ્લી સ્ત્રી૦ નાનો કલ્લો(૨) હાથની આંગળીઓ વડે (ધોતિયા કે સાડી જેવા કપડાને વાળીને મૂકવા માટે) કરાતી ગડી [-કરવી, -પાડવી=તેમ ગડી કરી કપડું અંગે અંગ લપેટવું-વાળવું] -લ્લો પુ૦ (ઘાસ ઇ૦નો) હાથમાં માય એટલો જથો, ટોળિયું (૨) પ્રસવમાં મદદ કરવા માટે તે વખતે સ્ત્રીની કેડના ભાગ ઉપર હાથથી કે પાટાથી કરવામા આવતું દબાણ [-કરવો=હાથથી ઘાસ ઇ૦ને એકઠું કરવું(૨)પ્રસવમાં કલ્લાથી મદદ કરવી]
કલ્લું ન૦ જુઓ 'કલ્લી'માં
કલ્લો પુ૦ જુઓ 'કલ્લી' (ગડી)માં (૨) [सं. कल्ल्,प्रा कल्ल, म कल्ला]ઘોઘાટ,શોરબકોર
કલ્લોલ પુ૦ [सं] મોજું, ઘોડો (૨) આનંદ, આનંદથી ઊભરાવું તે ૦ક, -લી વિ૦ કલ્લોલ કરનારું,કલ્લોલ કરતું-બોલતું (પક્ષી). ૦વું અ૦ક્રિ૦ કલ્લોલ કરવું -લિની સ્ત્રી૦ નદી

કલ્હાર ન૦ જુઓ કહ્લાર
કવ અ૦ [सं कदा, प्रा कइ, हिं कब]+ક્યારે (પ) [અયોગ્ય – અશુભ સમય
કવખત પુ૦, સ્ત્રી૦ [ક+વખત] ખગબ –
કવગુ઼ં વિ૦ [ક+વગ] વગ -સગવડ વગરનુ (૨) કચોલુ [ખરાબ લત્તો
કવગો પુ૦ ચસક, આકડી (૨) [ક+વગો]
કવચ ન૦[सं] બખતર(૨)તાવીજ,ભૂત પિશાચ કે મૂઠચોટથી શરીરનુ રક્ષણ કરતો મનાતો મત્ર
કવચ સ્ત્રી૦[सं.कपिकच्छु,प्रा कविक(–ग,य)च्छु, म कवच-कुइरी] એક વનસ્પતિ, કૌવચ ૦બીજ, –ચુ઼ં ન૦ એનુ બીજ
કવચન ન૦ [ક+વચન] કુવચન
કવચી ન૦[सं] બખતર જેવી કઠણ ચામડીના કોટલાવાળુ પ્રાણી
કવચુ ન૦ જુઓ કવચ બીજ [સમય
કવછટ સ્ત્રી૦મહેનત,વૈતરુ(૨)ઋતુકાળ અટકાવનો
કવઠવું અ૦ક્રિ૦[ક+વઠવુ(વઠવુ)]બગડવુ,વઠવુ (૨) જુદા પડવુ [રમત(રેવાકાંઠા તરફ)
કવડી સ્ત્રી૦[म, જુઓ કોડી]કોડી(૨)મોઈ-દડાની
કવણ સ૦ [प्रा] જુઓ કોણ, કયુ (પ)
કવન ન૦[सं] કવિતા કરવી તે(૨)કવિતા –ની પુ૦ કવિતા કરનાર પુરુષ, કવિ, ભાટ (૩) સ્ત્રી૦ કહેતી, કહેવાની ઢબ –યિત્રી સ્ત્રી૦ [म] સ્ત્રી કવિ
કવર ન૦ [इ] પરબીડિયુ
કવર ન૦ [सं] મીઠુ (૨) પુ૦ પાઠક, વક્તા (૩) વિ૦ વિચિત્ર; કાબરચીતરુ
કવરક પુ૦ [सं] કેદી, બદીવાન
કવરધુ વિ૦ [सं कु+वृत्त] વાકુ, તીક્ષ્ણ, કટુ (વચન) [હોવી તે
કવરાપ સ્ત્રી૦ [ક+વરાપ] ખેતીમા વરાપ ન
કવરાવવું સ૦ક્રિ૦ કાવરુ – કાયર કરવું, હેરાન કરવુ, (૨) [જુઓ 'કવવુ'] વર્ણન કે કવિતા કરાવવી, 'કવવુ'નુ પ્રેરક
કવરી સ્ત્રી૦ [सं] કબરી [કવર (૧)
કવરુ ન૦ [सं कु+वर ]કજોડુ(૨)વિ૦જુઓ
કવરો પુ૦ [ક+વરો] અણઘટતો વરો – ખર્ચ
કવર્ગ પુ૦ [सं] જુઓ 'ક'મા
કવર્ણ સ્ત્રી૦ [કુ+વર્ણ] હલકી વર્ણ – જાતિ (૨) વિ૦ તેવી જાતિનુ
કવલ(–ળ) પુ૦ [सं] કોળિયો, ગ્રાસ
કવલુ઼ં ન૦ [म कौल, हिं कवेलू] નળિયુ (૨) મોભારિયુ઼ં
કવલે સ્ત્રી૦ [કુ+વલે] ખરાબ વલે – દશા
કવવું સ૦ક્રિ૦ [सं कु, प्रा कव] કવિતા કરવી (૨) સ્તુતિ ગાવી, વખાણવુ (૩) વર્ણવવુ
કવવું અ૦ક્રિ૦ [ફા] કળતર થવુ
કવશ વિ૦ [કુ+વશ] તાબેદાર, પરાધીન (૨) સ્ત્રી૦ આપદા, અડચણ
કવળ પુ૦ જુઓ કવલ, કોળિયો
કવા, ૦યુ પુ૦ [કુ+વાયુ] પ્રતિકૂળ પવન (૨) પ્રતિકૂળ સમય, સજોગ કે વાતાવરણ [–પેસવો (શરીરમા) = શરીર બગડવુ ]
કવાટ સ્ત્રી૦ [કુ+વાટ] કુમાર્ગ
કવાણ ન૦ [ક+વાણો] ખોડખાપણ, લાછન –ણુ઼ં વિ૦ કવાણવાળુ (૨) ન૦ ખોડખાપણ
કવાબ પુ૦ [જુઓ કબાબ] માસનુ ભજિયુ – મૂઠિયુ
કવાયત સ્ત્રી૦ [अ क़वाइद ઉપરથી] ડ્રિલ, લશ્કરી તાલીમ, પરેડ (૨) તરતીબ, તાલીમ
કવાયતી વિ૦ [જુઓ કવાયત] કવાયત પામેલુ, તાલીમવાળુ
કવાયુ પુ૦ જુઓ કવા
કવાયુ઼ં વિ૦ [જુઓ 'કવા'] પ્રતિકૂળ, કવાવાળુ
કવાર પુ૦ [કુ+વાર] અશુભ દિવસ – સમય –રે અ૦ અશુભ દિવસે કે સમયે
કવારી સ્ત્રી૦ અપકીર્તિ
કવા(–વ્વા)લ પુ૦ [જુઓ 'કવ્વાલ'] ગવૈયો (૨) એક રાગ –લી સ્ત્રી૦ ગઝલ (ખાસ કરીને સૂફીવાદની) (૨) ખ્યાલટપ્પાનુ ગાણુ
કવાવું અ૦ક્રિ૦ ['કવા' ઉપરથી] શરીરમા કવા પેસવો, શરીર બગડવુ (૨) કથળવુ, વણસવુ (૩) વસૂકી જવુ (૪) વગોવાવુ, નિદાવુ
કવાવું અ૦ક્રિ૦ 'કવવુ'નુ કર્મણિ
કવાસ પું૦ [કુ+વાસ] કઠેકાણુ઼ં, કુસ્થાન (૨) સ્ત્રી૦ નઠારી વાસ – ગધ [પેય
કવાસ સ્ત્રી૦ જવ, મદ્ય અને મીઠાની મેળવણીનું

**કવિ** પુ૦ [સં.] કાવ્ય – કવિતા કરનાર (૨)ભાટ. **૦કલ્પિત ન્યાય** પું૦ કાવ્યસૃષ્ટિનો ન્યાય **૦જન** પુ૦ બ૦ વ૦ કવિલોક, કવિઓ **૦ત** ન૦ એક જાતની કવિતા, મનહર છંદ **૦તા** સ્ત્રી૦ કાવ્ય (૨) પદબંધ (૩) કાવ્યનો ગુણ **૦ત્વ** ન૦ પદ – કાવ્ય રચવાની શક્તિ (૨) કવિપણું (૩) કાવ્યનો ગુણ **૦ત્વરીતિ** સ્ત્રી૦ કવિતા દ્વારા ભાવ પ્રગટ કરવાની રીતિ **૦ત્વશક્તિ** સ્ત્રી૦ કવિતા રચવાની શક્તિ **૦યણ** સ્ત્રી૦ + કવયિત્રી **૦રાજ** પુ૦ મોટો – ઉત્તમ કવિ **૦વર** પુ૦ શ્રેષ્ઠ – ઉત્તમ કવિ **–વીશ્વર**, [+ईश्वर], **–વીંદ્ર** પું૦ [+ इन्द्र] સૌથી મોટો કવિ **–વીશ્વરતા** સ્ત્રી૦

**કવિદ્યા** સ્ત્રી૦ [કુ + વિદ્યા] ખોટી વિદ્યા, ઠગાઈ (૨) મેલી – મંત્રતંત્રની વિદ્યા

**કવીશ્વર, કવીંદ્ર** પુ૦ [સ ] જુઓ 'કવિ'માં

**કવેણ** ન૦ [કુ + વેણ] ખોટું – અઘટિત વેણ, અપશબ્દ

**કવેળા** સ્ત્રી૦ [કુ + વેળા] કવખત

**કવ્ય** ન૦ [સં ] પિતૃને આપેલ પિંડ, ભોજન ઇ૦

**કવ્વાલ** પુ૦ [अ ] કવાલ, કવાલી ગાનારો **–લી** સ્ત્રી૦ જુઓ કવાલી

**કશ** (શ, ?) સ્ત્રી૦ [સ कुशी, कोश] નરાશ, કોશ (૨) [સ कशा] વરત

**કશ(–સ)** સ્ત્રી૦, **૦ણ** ન૦ [સ कश] અંગરખું, બંડી વગેરે ભીડવાની નાની દોરી હોય છે તે (બટનને બદલે)

**કશ(–સ)ણું** ન૦ જુઓ કણસલું, ડૂંડું

**કશાલો** પુ૦ અચો, ભીડ (જેમ કે, 'ઘરમાં કામનો કશાલો બહુ પડે છે')

**કશી (–સી)દો** પું૦ ઇંટ અથવા નળિયાને ખૂબ તપવીને તેના રસનો બનાવેલો કીટો (૨) [अ ] જરીનું ભરતકામ [**–કાઢવો, –ભરવો** = જરીનું ભરતકામ કરવું ]

**કશું** [हिं कछु; સ कीदृश? किंचित्?] સ૦ (૨) વિ૦ કોઈ, કાંઈ (અનિશ્ચિતાર્થક) **૦ક** સ૦ (૨) વિ૦ કોઈક, કાંઈક

**કશે(–સે)રુ** પુ૦ ન૦, **૦કા** સ્ત્રી૦ [સ ] કરોડ (બરડાની) **૦નલિકા** સ્ત્રી૦ કરોડરજ્જુ

**કશ્મ(–સ્મ)લ** વિ૦ [સ ] ખરાબ, ગંદું (૨) નામોશી ભરેલું (૩) ન૦ પાપ (૪) દુઃખ, ઉદાસી

**કશ્યપ** પુ૦ [સ ] કાચબો, કચ્છપ (૨) (સ ) એક ઋષિ (દેવો, દાનવો ઇ૦ના પિતા) **૦તન, ૦સુત** પુ૦ (સ ) સૂર્ય

**કષ(–સ)ણી** સ્ત્રી૦ [સ कष्, प्रा कस = કસવું] કસોટી (૨) કસોટીની વેળા, આપત્તિ, દુઃખ (૩) [જુઓ 'કશ' (સ્ત્રી૦)] વાસળી, પૈસા ભરવાની લાંબી, કેડે બંધાય એવી કોથળી

**કષાય** વિ૦ [સ ] જુઓ કષાયિત (૨) પુ૦ કાવો, ઉકાળો (૩) કટાણો – કડૂચો સ્વાદ (૪) ગેરુવો – ભગવો રંગ (૫) કાટ, મેલ, કાલપ (૬) પાપ (૭) [જૈન] ક્રોધ, માન, માયા, અને લોભ એ ચારમાંનું કોઈ પણ **–યિત** વિ૦ રંગેલું, રંગવાળું થયેલું (૨) ભગવું (૩) કસાણું, બેસ્વાદ (૪) કષાય – વિકારવાળું

**કષ્ટ** ન૦ [સ ] મહેનત, શ્રમ (૨) દુઃખ, સંતાપ. **૦કથા** સ્ત્રી૦ દુઃખની વાત **૦કારક** વિ૦ કષ્ટ કરે એવું **૦કાલ (–ળ)** પુ૦ કષ્ટનો સમય **૦તા** સ્ત્રી૦ કષ્ટ હોવા તે, તેવી દશા **૦દાયક, ૦પ્રદ** વિ૦ કષ્ટ આપે એવું **૦મોચન** વિ૦ કષ્ટમાંથી ઉગારે એવું (૨) ન૦ કષ્ટમાંથી ઉગારવું તે **૦વું** સ૦ક્રિ૦ કષ્ટ આપવું, પીડવું **૦સાધ્ય** વિ૦ કષ્ટથી સધાય એવું **૦હારી** વિ૦ કષ્ટ હરે એવું **–ષ્ટાર્તવ** ન૦ સ્ત્રીઓનો એક રોગ, જેમાં આર્તવ – રજસ્રાવમાં બહુ કષ્ટ થાય છે **–ષ્ટાવું** અ૦ ક્રિ૦ દુઃખ પામવું, પીડાવું (૨) પ્રસવની પીડ – વેણ આવવી **–ષ્ટિ** સ્ત્રી૦ [સ ] જુઓ કષ્ટ **–ષ્ટિત, –ષ્ટી** વિ૦ કષ્ટવાળું, દુખી

**કષ્ટો** સ્ત્રી૦ [સ काष्ठ ?] લેણા પેટે આપવાનો હપતો

**કસ** પુ૦ [સં कष, प्रा कस] કસોટી ઉપરથી નક્કી કરેલો સોનારૂપાના ભાવનો આંક (૨) કસોટી (૩) [फा कशीदन, સ कर्ष् = ખેંચવું] સાર, માલ સત્ત્વ (૪) બળ, જોર [**–કાઢવો, જોવો, લેવો** = કસવું માપ કે પ્રમાણ કાઢવું કસી જોવું **–કાઢવો** = અડદાળો કાઢવો સખત મહેનત કરાવવી **–ચોરવો** = કસનો પૂરો લાભ ન આપવો **કસ પર આવવું, કસે આવવું, કસે ચડવું, કસે ભરાવું** = ચડસે

ભરાવું, રસાકસીમાં આવી જવું ] ૦દાર વિ૦ કસ–સત્ત્વવાળું (૨) રસાળ (૩) ધનવાન (૪) કસોટીમાંથી પાર ઊતરે એવું, ઓજસ્વી
**કસ** સ્ત્રી૦ જુઓ કશ,૦ણ [**–ચોડવી, ટાંકવી**= કપડાને કસ સીવવી–લગાવવી **–બાંધવી**= કપડું કસ વડે ભીડવું ]
**કસકસ** સ્ત્રી૦ [જુઓ કસવું] ખૂબ ખેંચીને બાંધવાથી થતો અવાજ. ૦તું વિ૦ ખૂબ ખેંચીને બાંધેલું (૨)પગાણે બગબગ બેસતું થતું ૦વું અ૦ક્રિ૦ ખૂબ ખેંચાવું (૨) પગાણે બંધ-બેસતું થવું(૩)સ૦ક્રિ૦ ખૂબ ખેંચીને બાંધવું **–સાવવું** અ૦ક્રિ૦ કસકસે તેમ કરવું
**કસટિયો** પું૦[સં कष्ट?]એકના સવાયા કરનારો –માલ ઘરાણે લઈ પૈસા ધીરનારો આદમી
**કસડો** પું૦ [કસ+ડો] કમરબંધ, કંદોરો
**કસણ** ન૦ [જુઓ કશણ] કસ
**કસણ(–ણી)** સ્ત્રી૦ જુઓ કપણી
**કસણવું** સ૦ક્રિ૦ [સં कषण] ચોળી મસળીને એક કરવું, ગૂંદવું, કેળવવું
**કસણી** સ્ત્રી૦ [સં कास] નાના છોકરાને થતો કફ કે શ્વાસનો એક રોગ
**કસણું** વિ૦ [સં कृश?]નિર્બળ, દુર્બળ (૨) ન૦ [જુઓ 'કણસ'] કશણું, કણસવું
**કસતું** વિ૦ [જુઓ 'કસવું'] પરાણે બેસતું થતું, તણાતું (૨) ઓછું રહેતું
**કસદ** પું૦ [अ कस्द] મકસદ, હેતુ (૨) કોશિશ
**કસદાર** વિ૦ જુઓ કસ' પું૦ માં
**કસબ** પું૦ [अ कस्ब] ધંધો, રોજગાર, કામ(૨) હુન્નર, કળા, કારીગરી(૩)કળાકુશળતા, નિપુણતા (૪) અનીતિનું કામ ૦ચોર પું૦ પોતાનો હુન્નર બીજાને ન દેખાડે એ, આવડ સંતાડનાર આદમી (૨) ધંધામાં ઠગારો ૦ચોરી સ્ત્રી૦ કસબચોરનું કામ ૦ણ,–બાતણ સ્ત્રી૦ વેશ્યા **–બી** વિ૦ કળાકુશળ, નિપુણ (૨) પું૦ હુન્નર-કળા જાણનાર, કારીગર
**કસબ** પું૦ (ભરતકામ, વણાટમાં વપરાતો) સોનારૂપાનો બારીક તાર **–બી** વિ૦ કસબવાળું
**કસબાતી** વિ૦[फा] કસબામાં રહેનાર. **–તણ** સ્ત્રી૦ કસબાતી સ્ત્રી (૨) જુઓ કસબણ
**કસબી** વિ૦ જુઓ 'કસબ' (બેઉ)માં
**કસબો** પું૦[अ] મુસલમાનોની વિશેષ વસતી-વાળું ગામ (૨) મોટું ગામ
**કસમ** પું૦ (બ૦વ૦)[अ]સોગન [**–આપવા, દેવા, ખવડાવવા**=સોગન લેવડાવવા. **–ખાવા** =સોગન લેવા ] ૦નામું ન૦ સોગંદ-નામું, 'એફિડેવિટ' [સમજ
**કસમજ** સ્ત્રી૦ [ક+સમજ] ખોટી–અયોગ્ય
**કસમય** પું૦ [ક+સમય] કસમો, કવખત, કવેળા
**કસમસ** સ્ત્રી૦ ['કસ'નો દ્વિર્ભાવ] કમકસ થવું તે
**કસમો** પું૦ [ક+સમો] કસમય, કવેળા
**કસમોડા** પું૦ બ૦વ૦ [કસવું+મોડવું] અંગ મરોડવાના ઉકાટા આવવા તે(૨)પ્રસવ વખતનું શરીરનું દુખવું ને આકડી–વેણો આવવી તે [**–ખાવા**=કસમોડા આવવા (૨) વંકાવું, વચકાવું ] ૦વું અ૦ક્રિ૦ કસમોડા ખાવા **–ડુ** વિ૦ કસમોડાયુક્ત (૨) વાંકું, ચિડિયલ
**કસર** સ્ત્રી૦ [अ कस्र] વટ, ખોટ (૨) કચાશ, અપૂર્ણતા (૩) ખામી,કસૂર (૪) કરકસર (૫) નુકસાન [**–આપવી**=બિલ ચૂકવતી વખતે થોડી છૂટ મૂકવી
**–કરવી**=કરકસર કરવી, (૨) ઓછું કરવું **–રાખવી**=કમી કે ખામી રહેવા દેવી, બાકી રાખવું **–કાઢવી**=(ભૂલનો કે ખોટનો) ખરા વાળવો–ભરપાઈ કરી લેવી ] **–રિયું** વિ૦ કરકસરિયું
**કસરત** સ્ત્રી૦ [अ कस्रत=બહુલતા', हिं] વ્યાયામ (૨) અભ્યાસ, મહાવરો, તાલીમ [**–આપવી**=(કોઈ અંગને)કસરત કરાવવી ] ૦બાજ વિ૦ કસરતી, કસરતના શોખવાળું ૦બાજી સ્ત્રી૦ ૦શાળા સ્ત્રી૦ કસરત કરવા–શીખવાનું મકાન, વ્યાયામશાળા **–તિયું, –તી** વિ૦ કસરત કરનાર, કસરતબાજ
**કસરાવું** અ૦ક્રિ૦[જુઓ 'કસર']તાવ આવે એવું અથવા માંદા પડાશે એવું લાગવું, અઠીક લાગવું
**કસલી** સ્ત્રી૦ જુઓ કળગલી
**કસલું** ન૦ જુઓ કણસલું
**કસવાટ** ન૦ [કસ+વાટ?] વાણીમાંનું આડાવાળું ચોરસું, જેમાં થઈને તેલ બહાર આવે છે

**કસવાડો** પું૦ હળપૂણીને ચવડામા બરાબર બેસાડવા માટે વપરાતી લાકડાની લાબી મેખ — ફાચર [બેચેની

**કસ(-સુ)વાણ** સ્રી૦ [ક+સવાણ] માદગી,

**કસવું** સ૦ક્રિ૦ [फा कशीदन ? स कष्, प्रा कस ] ખૂબ ખેચવુ, સખત બાધવુ (૨) કસોટી કરવી, અજમાવવુ (૩) મહેનત આપવી, રગડવુ (૪) પીડવુ; સતાવવુ (૫) ઓછું આપવાનો પ્રયત્ન કરવો [**કસીને આપવું-લેવું**=ભાવતોલ વગેરે બાબત બહુ ચકાસીને આપવું-લેવુ. **કસીને કામ લેવું**=બને તેટલુ વધુ કામ કરાવવુ **કસીને કામ પાડવુ**= કસોટી કર્યા પછી કામનો પ્રસગ પાડવો ]

**કસાઈ** પું૦ [स कष्, प्रा कस=ઠાર મારવુ कमि=મારનાર ? સર૦ अ कस्साब]પશુઓને મારીને તેનુ માસ વેચવાનો ધધો કરનાર, ખાટકી (૨) ગળકટ્ટો, ખૂની. ૦**ખાનું** ન૦ કસાઈનુ કર્મ કરવાની જગા ૦**વાડો** પુ૦ કસાઈઓને રહેવાનો લત્તો

**કસાકસ(-સી)** સ્રી૦ [જુઓ 'કસવુ'] ખેંચાકસી, ચડસાચડસી

**કસાણુ** વિ૦ [स कषाय, प्रा कसाय] કાટના સ્વાદવાળુ, કટાણુ, બેસ્વાદ

**કસાયેલું** વિ૦ [જુઓ 'કસવું'] પલોટાયેલુ, અનુભવી (૨) [જુઓ 'કસાણુ'] કટાયેલુ

**કસાર** પું૦ [દે] (ચ) જુઓ કંસાર

**કસાંજણ** ન૦ [કાસું+અજન] આખનુ એક ઔષધ-અજન

**કસીદો** પુ૦ જુઓ કશીદો (૨) [अ.] કાવ્યનો એક પ્રકાર, સ્તુતિ—પ્રશંસા કરવાને માટે લખાયેલુ કાવ્ય

**કસુતર(-રું)** વિ૦ [ક+સુતર(-રુ)] સુતર નહિ એવુ, મુશ્કેલ (૨) કસોજ, બગડી ગયેલું (૩) આડુ, વાકુ [બેચેની

**કસુવાણ** સ્રી૦ [ક+સુવાણ] કસવાણ માદગી,

**કસુવાવડ** સ્રી૦ [ક+સુવાવડ] ગર્ભનુ તેના નિયત સમય પહેલા ગળી જવુ તે

**કસું(-સૂ)બી** વિ૦ [सं कुसुम] કસુબલ (૨) સ્રી૦ કસુબાના ફૂલનો રગ (૩) કસુબાનુ બીજ

-**બગર** પું૦ કસુબાનો રગ ચડાવનાર

-**બલ(-લું)** વિ૦ કસુબાના ફૂલના રગનુ, લાલ

**કસું(-સૂં)બો** પુ૦ [स कुसुम]એક વનસ્પતિ(૨) એના ફૂલમાથી નીકળતો રગ(૩)એ રગનુ કપડુ (૪)પાણીમા ઘોળેલુ અફીણ કે તે મિષે થતો મેળાવડો (જેવો કે, અમુક જ્ઞાતિમા લગ્નવેળા) [**કસુંબાપાણી કરવાં, કસુંબો કરવો**= અફીણ ઘોળીને (લગ્ન વગેરે પ્રસંગે) એકબીજાને પાવુ (૨) (લગ્નનો) મેળાવડો કરવો -**ગાળવો, -ઘોળવો**=અફીણ પલાળીને રસ કરવો -**ચડવો**=અફીણનુ ઘેન ચડવુ -**કાઢવો, ગાળવો**=કસુબાના ફૂલનો રગ કાઢવો -**ચડાવવો, -દેવો, -મૂકવો**=કસુબાનો લાલ રગ ચડાવવો -**પીવો, -લેવો**= કસુબાનુ પાણી પીવું ]

**કસૂઝ** સ્રી૦ [ક+સૂઝ] કસમજ

**કસૂર** સ્રી૦ [अ] ખામી, ભૂલચૂક, વાકગુનો ૦**દાર** વિ૦ કસૂર કરનારું

**કસૂંબલ(-લું), કસૂંબી, કસૂંબો** જુઓ 'કસુબલ,-બી,-બો'

**કસેરુ,**૦**કા** [स] જુઓ કશેરુ

**કસોજ(-જું)** વિ૦ [ક+સજ્જ કે સોજુ ?] બગડી ગયેલ, કસુતર [ઝટકામણ; કચરો

**કસોજણુ** ન૦ ['સોજુ'=ઝાટકવું ઉપરથી]

**કસોટી** સ્રી૦ [स कसपट्टिका, प्रा· कसवट्टिय] સોનાનો કસ જોવાની પથરી(૨)કસ કાઢવાની રીત; પરખ (૩) કડક તપાસ-પરીક્ષા. [**કસોટીએ ચડાવવું, કસોટીમાં લેવું**= (સોનાને) કસોટી ઉપર ઘસી જોઈ તેનો કસ જોવો (૨) આકરી પરીક્ષા-તપાસ કરી જોવી; કસોટી કરવી (૩) કસ કાઢે એમ કામમા લેવું. **કસોટીમાં ઊતરવું**=કસોટી કરાવવા તત્પર થવુ, તેમા દાખલ થવુ ]

**કસ્તર** ન૦ [स कुश+तुल (તણખલું) ઉપરથી ? प्रा कसट्ट ] તણખલુ, રજ, કચરો (૨) [स कस्तीर ઉપરથી, म ] કંસારા લોકો સાધવાના વાસણને જે લેપ કરે છે તે

**કસ્તી** સ્રી૦[फा ]પારસીની જનોઈ કે તે દેવાનો સસ્કાર [-**કરવી**=મત્રો ભણીને અપવિત્રતા

ફૂગ કરવી (પારસી પૂજાવિધિ) –આપવી, દેવી=કસ્તી પહેરાવવાનો સંસ્કાર કરવો]

કસ્તુ(–સ્તૂ)રિકા,૦મૃગ[સં.]જુઓ 'કસ્તૂરી'માં

કસ્તુરીબિલાડી સ્ત્રી૦ [કસ્તુરી+બિલાડી] એક જાતની બિલાડી

કસ્તૂરી, –રિકા સ્ત્રી૦ [સં] અમુક જાતના હરણની ડૂંટીમાંથી મળતો એક સુગંધી પદાર્થ, મૃગમદ ૦મૃગ, –રિકામૃગ પું૦ જેની ડૂંટીમાંથી કસ્તૂરી મળે છે તેવું હરણ

કસ્તરિયો બાંટ પું૦ એક વનસ્પતિ

કસ્તૂરો પું૦ એક પક્ષી

કસ્મલ ન૦ (૨) વિ૦ [મ] જુઓ 'કશ્મલ'

કહાણી (ક્) સ્ત્રી૦ [स कथानक, प्रा. कहाणय, हिं] વાર્તા, દંતકથા (૨) કહેવત

કહાન(–નો) (ક્) પું૦ [स कृष्ण, प्रा कण्ह] (સં) કૃષ્ણ

કહાર વિ૦ [अ] નિષ્ઠુર, ક્રૂર [ઊંચકનારો

કહાર પું૦[हिं, दे. काहार]ભોઈ,મ્યાનો–પાલખી

કહાવવું સ૦ ક્રિ૦ [स कथय्, प्रा कहाव] 'કહેવું'નું પ્રેરક, કહેડાવવું, સંદેશો મોકલવો

કહીં અ૦ [प्रा. कहिं, कहि, (स क्व?) हिं कहाँ] ક્યાં, કયે ઠેકાણે (પ્રશ્નાર્થક) ૦ક અ૦ ક્યાંક ૦કહીં અ૦ કેટલેક સ્થળે, ક્યાંક ક્યાંક

કહેણ(–ણું) (ક્હે) ન૦ [જુઓ 'કહેવું'] કહેવડાવવું તે, સંદેશો (૨) હુકમ (૩) વેણ, વચન (૪) તેડું; નોતરું [–મોકલવું=કહેવરાવવું (સંદેશો, નિમંત્રણ ઇ૦)] –ણી સ્ત્રી૦ કહેવત (૨) કહેવું તે, કહેવાની રીત (૩) કહાણી (૪) લોકાપવાદ, દોષ –તી સ્ત્રી૦ કહેવત (૨) કહાણી (૩) લોકાપવાદ

કહેર અ૦+બેહદ, ભારે, અપાર

કહેવડા(–રા)વવું (ક્હે) સ૦ ક્રિ૦ કહાવવું (૨) 'કહેવું'નું પ્રેરક

કહેવત (ક્હે) સ્ત્રી૦ લોકોક્તિ (૨) દૃષ્ટાંત, ઉદાહરણ (૩) ઉખાણો (૪) કહેવરામણ [દોષ

કહેવરામ(–વા)ણ (ક્હે) ન૦ કહેવાપણું, બદનામી,

કહેવાપણું ન૦ કહેવું પડે એવું હોવું તે, ખામી

કહેવું (ક્હે) સ૦ક્રિ૦ [स कथ्, प्रा कह] બોલવું, જણાવવું (૨) સમજાવવું (૩) શિખામણ આપવી (૪) આજ્ઞા કરવી (૫) ઠપકો આપવો (૬) નામ આપવું [કહી આપવું=તત્કાળ અસર થવી (૨) ગુપ્ત કે ભવિષ્યની વાત કહેવી કહી છૂટવું=માને ન માને પણ કહેવાની ફરજ બજાવવી દેવી કહી દેવું=ગુપ્ત વાત જાહેર કરવી કહી બતાવવું, કહી સંભળાવવું=પહેલાની વાત કે પહેલાનો આભાર કહીને મહેણું મારવું]

કહ્યાગરું વિ૦ [કહ્યું+ગરુ (સ कृ=કરવું)] કહ્યું કરે એવું, આજ્ઞાંકિત

કહ્યું ન૦ કહેલું તે, વચન શિખામણ, આજ્ઞા [–પાળવું=બોલેલું વચન પાળવું –માનવું=કહેલી શિખામણ કે આજ્ઞા પ્રમાણે વર્તવું આજ્ઞાંકિત થવું–હોવું કહ્યામાં રહેવું=ગાંઠવું, માનવું આમન્યામાં રહેવું]

કહ્લાર ન૦ [સં] ધોળું કમળ, કલ્હાર

કળ સ્ત્રી૦ [स कला? कील? हिं, म] પેટી વગેરેને જડેલું યંત્ર, જેમાં કૂંચી ફેરવવાથી તે વસાય ઉઘડાય છે (૨) યંત્રની ચાવી, ચાપ (૩) [લા] લાગ યુક્તિ, કરામત, કીમિયો [–દબાવવી, –દાબવી, –ફેરવવી, –મરડવી=ચાપ દાબવી (જેથી યંત્ર ચાલે કે બંધ થાય) (૨) બરાબર યુક્તિ કરવી જેથી ધાર્યું થાય –બતાવવી=ખરી ચાવી કે ચાપ યા ઉપાય બતાવવો –મારવી, વાસવી=ચાવી કે ચાપ ફેરવી બંધ કરવું]

કળ સ્ત્રી૦[म]એકદમ (વાગવા વગેરેથી) થતું તીક્ષ્ણ કે સતત દુઃખ કે તેથી આવતી મૂર્છા [–આવવી,–ચડવી=એકદમ દુઃખ ઊપડવું, તેથી તમ્મર કે મૂર્છા આવવી –ખાઈને=તમ્મર કે મૂર્છાની સાથે, કળ ચડે એમ (જેમ કે, –પડવું, –રોવું=ખૂબ રોવું –હસવું=ખૂબ હસવું) –ઊતરવી, –વળવી=કળતું દુઃખ બેસવું, નિરાંત કે શાંતિ થવી]

કળ પું૦ [प्रा कल] કાદવ (ઝીણો ચીકણો કાંપ જેવો), કળી જવાય એવી જમીન, કળણ

કળ સ્ત્રી૦ [स कल् જુઓ કળવું] અટકળ, સમજ (૨) (૫) માત્રા (?) [કકલાણ

કળકલા(–ળા)ણ ન૦ [सं कल् ઉપરથી] જુઓ

કળિયું વિ૦ [સ કુલ ઉપરથી] કુળવાળું -યો પુ૦ કુળવાન પુરુષ
કળિયો પુ૦ [જુઓ 'કળી'] ઠળિયો (૨) ડોડો (૩) દાડમનો દાણો (૪) જુઓ 'કળિયું'મા
કળિંગડું ન૦ [જુઓ 'કલિંગડુ '] તડબૂચ
કળી સ્ત્રી૦ [सं कलि] અણખીલ્યું ફૂલ, કલિકા (૨)ચૂરો મોતીચૂર(૩)અંગરખાને કે પહેરણની અમુક ઢબને સીવતા બગલ આગળ કરાતું • સીવણ [-ખીલવી =હૃદયની કળી ઊઘડવી, (માણસે) ખીલવુ – પ્રફુલ્લ થવુ -પાડવી= ચૂરો મોતીચૂર પાડવો, એ નામની ગાગડી આકારની વાની બનાવવી (૨) ગડી પાડવી, ગોઠવવી ]
કળીચૂનો પુ૦ [કળી+ચૂનો] વિશુદ્ધ કરેલો ચૂનો
કળું (-ડું) વિ૦ ['કળવુ' ઉપરથી] માટી-કાદવવાળું [પ્રયુક્તિથી, સમજાવટથી
કળે કળે, કળે વળે અ૦ ['કળ' + 'વળ'] યુક્તિ-
કળેળવું અ૦ક્રિ૦ કળકળવું
કળેળી સ્ત્રી૦ કરેળી, કળેળવુ તે
કળો પુ૦ [જુઓ કલો] કઠાપો (૨) [જુઓ 'કળ' (તમર)] આવેશ
કળોઈ વિ૦ (કા) [જુઓ કળ – કુળ] ગાઢ સંબધવાળું (૨) ન૦ તેવુ માણસ, સંબધી
કળોટી(-ઠી) સ્ત્રી૦ [स कला ( નાનો કણ ) ઉપરથી ?] એક જાતની સફેદ રેતી, સાથિયા પૂરવાની ભૂકી (આરસ વગેરે પથ્થરની)
કંઈ અ૦[જુઓ'કહીં'](ચ )કયા ૦ક અ૦ક્યાક
કંઈ વિ૦ (૨) સ૦ [सं कति, प्रा कइ ?] (અનિશ્ચિતાર્થ, પ્રશ્નાર્થ તથા નકારાર્થમા મુખ્યત્વે વપરાય છે) કાંઈ, અમુક, કશુ ૦ક વિ૦ (૨) સ૦ કશુક, કાઈક [નિશ્ચયાર્થ ને હકારાર્થમા વપરાય] [કંઈ કંઈ થવું =જાત જાતની અવર્ણનીય લાગણીઓ કે મૂઝવણ યા પીડા થવી કંઈ નહિ = ફિકર નહિ, ચિંતા નહિ, એવો ઉદ્ગાર કંઈ નહિ તો = બીજુ કે વધારે નહિ તો; બીજુ બધું જવા દઈને કંઈનું કંઈ = શુંનુ શુ, ધારેલા કે છાજે એવાથી બીજુ – ઊંધું; અવળુ (કંઈનુ કંઈ બોલી જવુ, થઈ જવુ,કરી બેસવુ ઇ૦), કંઈ હોય, હતુ કે હોવું જોઈએ તેને બદલે બીજુ કંઈક. કંઈ ને કાવશ = કશું પણ નહિ ]
કંઈ વિ૦ (૨)સ૦[सं कति, प्रा कइ, हि. कई] અનેક (ઉદા૦ 'તમારા જેવા તો કંઈ આવી ગયા!') ૦ક વિ૦ (૨) સ૦ કેટલુંક. થોડુંક
કંઈ અ૦ [सं. क्वचित्, प्रा कइ ?] વાક્યમાં પ્રશ્નાર્થવાચક ને નકારસૂચક ઉપયોગ ઉદા૦ 'કંઈ માગથી જવાય ?'
કંક પું૦[સ ] જેની પાખમાથી શરપુંખ થાય છે તે પખી (૨)બગલો(૩)પીંછાળુ તીર(૪)નામ-ધારી બ્રાહ્મણ(૫)[સ ] યુધિષ્ઠિરે વિરાટ રાજાને ત્યા ધારણ કરેલું નામ
કંકણ ન૦[સ ] કાંગરાવાળી ચૂડી – બંગડી (૨) કાચની કે સોનાની બંગડી (૩) કંકણદોરો ૦દોરો પું૦લગ્નવિધિ શરૂ કરતા વરકન્યાને કાંડે બધાતુ મીંઢળ અને લાલ દોરો, કંકણ-દોરો -ણાકાર,-ણાકૃતિ વિ૦ [+आकार, आकृति] કંકણના આકારનુ [ખગ્રાસગ્રહણ માટે], 'ઍન્યુલર' -ણી સ્ત્રી૦ કાંગરીવાળી સોનાની બંગડી, કાંકણી (૨) ઘૂઘરીઓવાળો કંદોરો
કંકણી સ્ત્રી૦ [જુઓ 'કણકણી'] કંપારી, કમકમી (૨) જુઓ 'કંકણ'મા
કંકર પુ૦ [स कर्कर, प्रा. कक्कर; हि कंकड, म ] કાંકરો. નાનો પથ્થર (૨) કાકરી, મગરિયો
કંકલોહ ન૦ [प्रा = એક જાતનુ લોઢું] એક પ્રકારનું ઘોડાનુ જીન (?) ('પંચવર્ણ તેજી પાખરિયા,કંકલોહ પ્રમાણ' - પદ્મનાભ )
કંકાયુ પું૦ [स कङ्क, प्रा कंक ઉપરથી ?]એક જાતનો પાણીનો સાપ [કંકોલ કાકળ
કંકાલ(-લી) સ્ત્રી૦ કાટાળી એક વનસ્પતિ,
કંકાલ ન૦[સ ] હાડપિંજર -લી પુ૦ કપાલી· શિવ (૨) શિવભક્ત
કંકાવટી સ્ત્રી૦ [सं कुंकुमवर्ति] કંકુ રાખવાની પ્યાલી (૨) [વ્યંગમા] ગાલે ફૂકવાની ચલમ
કંકાસ પુ૦[फा कगाश ઉપરથી ?]કજિયો,ક્લેશ ૦ણું વિ૦ કંકાસ કરે એવુ. -સિયણ વિ૦ સ્ત્રી૦, કંકાસિયા સ્વભાવની -સિયુ વિ૦ કંકાસણા સ્વભાવનું

**કંકાળી** વિ૦ [स कंकाली]માગણ ભાટની એક જાતનુ (૨) પુ૦ એ જાતનો ભાટ

**કંકાળી** સ્ત્રી૦ જુઓ કંકાલ(-લી) (૨) વિ૦ [કા] કજિયાખોર, નાના કજિયાને મોટું રૂપ આપી ધુમરાણ મચાવી મૂકનારું

**કંકુ** ન૦[स कुंकुम]ચાલ્લા ઇ૦મા વપરાતુ લાલ દ્રવ્ય, કુંકુમ [**-છાંટણું**=કંકુ છાંટીને મગળ કાર્યના શુકન કરવા **કંકુના કરવા**=મગળ કાર્ય આરભવુ (૨) કામમા ફતેહ મેળવવી [લા] **કંકુના કોગળા કરવા**=જીવનમા સુખવૈભવ હોવા **કંકુનાં પગલાં**=સુખવૈભવના શુભ શુકન **કંકુનાં પગલાં કરવાં**=આગમનથી ઘરને સુખી કરવુ **કંકુને પગલે**=ઊભી આબરૂએ] **૦પડી** સ્ત્રી૦ કંકુની પડી-પડીકી **૦પડો** પુ૦ કંકુનો પડો-પડિયો-પડીકું

**કંકૂડો** પુ૦ [જુઓ 'કનકવો'] પતંગ

**કંકેલ** સ્ત્રી૦ [જુઓ 'કંકોલ'] ચિનીકબાલા

**કંકોડી** સ્ત્રી૦ [स कर्कोटकी, प्रा. ककोड] કંકોડાની વેલ(૨) [स. ककोली?] સૂતક કાઢવા માટે સ્નાન વખતે માથામા ન ખાતી એક ભૂકી. **-ડું** ન૦ કંકોડાનુ શાક-ફળ

**કંકોતરી, કંકોત્રી** સ્ત્રી૦ [सं कुंकुमपत्रिका] લગ્નાદિ શુભ પ્રસગની આમંત્રણપત્રિકા (૨) (વ્યગમા)ન ગમતુ નોતરુ કે ખબરની ચિઠ્ઠી

**કંકોલ** પુ૦ [स] એક ઓષધિ, ચિનિકબાલા

**કંકોલું** વિ૦ જુઓ 'કોકરવરણુ'

**કંગણુ,-ન** ન૦, **-ની** સ્ત્રી૦ જુઓ કંકણ

**કંગધર** ન૦ સફેદ કલગીવાળુ બુલબુલ

**કંગન** ન૦ [हि] કંકણ **-ની** સ્ત્રી૦ કાસકી (૨) [हिं] કંગન

**કંગવો** પુ૦ [सं. कंकत, हि. कगुवा, म कगवा] કાસકી

**કંગાલ(-ળ)** વિ૦ [हि स कंकाल ઉપરથી?] છેક ગરીબ, દીન (૨) દરિદ્રી, નિર્માલ્ય, તુચ્છ (૩) રસકસરહિત **૦તા, -લિ(-ળિ)યત** સ્ત્રી૦ અત્યંત ગરીબી, દીનતા(૨)કંગાલ દશા

**કંગુરો** પુ૦ [फा] કાગરો, દાંતો, અણી (૨) [જુઓ 'કંકર'] કાકરો

**કંચન** ન૦ [જુઓ 'કાંચન'] ચોખ્ખુ સોનુ (૨) ધન, દોલત **-ની** વિ૦ સોનાનુ [ગણિકા

**કંચની** સ્ત્રી૦[हि, 'કંચન' ઉપરથી?]કળાવંતણી,

**કંચવો** પુ૦ [स कंचुक] કાચળી

**કંચાવું** અ૦ક્રિ૦ [सं कंच्=બાધવુ ઉપરથી?] ઠગાવું (૨) હેરાન થવુ

**કંચુક** પુંo[स] કાચળી, કુમખો (૨) સાપની કાચળી (૩) બખ્તર **-કી** સ્ત્રી૦ કાચળી (૨) પુ૦ જનાનખાનાનો ચોબદાર

**કંચોલુ(-ળુ)** ન૦ એક સુગધીદાર વનસ્પતિ

**કંજ** પુ૦ [स] બ્રહ્મા (૨) ન૦ કમળ

**કંજક** પુ૦ [स] એક પક્ષી

**કંજન** પુ૦-[स] કામદેવ (૨) સ્ત્રી૦ મેના

**કંજર** પુo[स] બ્રહ્મા (૨) હાથી (૩) ન૦ પેટ

**કંજ(-ઝ)રી** સ્ત્રી૦ એક વનસ્પતિ (૨) [स कजरु (એક પખી)?] એક પંખી (૩) [स झर्झरी] ઝાઝ,ખજરી(૪)[स कंचुली] કાચળી

**કંજૂસ** વિ૦ [हिं, म कजूश(-ष)] અતિશય-વધારેપડતી કરકસર કરે એવુ, કૃપણ; પાજી **-સાઈ** સ્ત્રી૦ કંજૂસપણુ

**કંઝરી** સ્ત્રી૦ જુઓ 'કંજરી'

**કંટક** પુ૦ [स] કાટો, ફાસ (૨) આકડો; ગલ (માછલા પકડવાનો) (૩) રોમાચ (૪) [લા] નડતર, દખલ (૫) દુશ્મન **૦કીટ** પુ૦ શરીરે કાટા કાટા હોય તેવો એક કીડો. **૦ચર્મી** વિ૦ કાટાળી ચામડીવાળુ (પ્રાણી) **-કિત, -કી** વિ૦ કાટાવાળુ (૨) મુશ્કેલ (૩) રોમાચિત **-કીલ** વિ૦ કાટાળુ

**કંટલ** વિ૦ [स] કાટાળુ (૨) પુ૦ કાટાવાળુ ઝાડ (બાવળિયો ઇ૦)

**કંટવાડ** સ્ત્રી૦ [स कट કે કંટક+વાડ] કાંટાની વાડ

**કંટારિયુ** ન૦ [स. कट=સ્મશાન ઉપરથી?] શબ ઉપરનુ કપડુ

**કંટાલુ** સ્ત્રી૦ [स] રીગણી (૨) બાવળ

**કંટાળવું** અ૦ક્રિ૦ [જુઓ 'કંટાળો] કંટાળો ચડવો-આવવો

**કંટાળી** વિ૦ સ્ત્રી૦ [જુઓ 'કંટાળુ'] કાટાવાળી (૨) સ્ત્રી૦ [दे कटाली] હાથિયો થોર, થોરી

કંટાળુ વિ૦ [सं कटालु] કાંટાવાળુ
કંટાળો પુ૦ [म कटाळा, स कट,कटालु પરથી ?] અવિવિવતા કે થાકથી ઊપજતો અણગમો
કંટિયુ ન૦ [જુઓ 'કંટી'] ઠૂંઠું [રહેવું તે
કંટિયો પુ૦ ભારે જમણને બીજે દિવસે ભૂખ્યા
કંટી સ્ત્રી૦ ['કણ' ઉપરથી ?] ડૂંડામાના બારીક કણ (૨) ઠૂંઠું (૩) તાળો ડાઘ
કંટી(-ટે)વાળો પુ૦ [કંઠી+વાળો ?] ચૂલે ચઢાવવાના વાસણને બહારની બાજુએ કરાતો માટીનો લેપ [મિજાજી
કંડુ વિ૦ [स कटु ઉપરથી ?] કડક, ઉગ્ર
કંડુ ન૦ ખરેટુ
કંડ્રિયો પુ૦ બાળકોને રમવાની કુલડી
કંટેવાળો પુ૦ જુઓ 'કંટીવાળો'
કંટેસરી સ્ત્રી૦ [જુઓ 'કંટેસરી'] ગળામા નાખવાનુ એક ઘરેણુ (૨) એક વનસ્પતિ, કાંટાસળિયો
કંટોલિયું ન૦ [કાટિયો (જાજરૂ) ઉપરથી ?] ઉકરડાનો–કચરોપૂંજો નાખવાનો ખાડો (૨) અવાણખાડ [વિલો, કંકોડી
કંટોલી(-ળી) સ્ત્રી૦ [જુઓ 'કંટોલુ'] એક
કંટોલું (-ળુ) ન૦ [दे कटोल] કંકોડુ
કંટ્રાક્ટ,-ટ પુ૦ [इं कॉन्ट्रॅक्ट] કરારથી કરવાનુ કામ, ઠેકો (-આપવો–રાખવો, –લેવો) ૦ર, –ટી પુ૦ કંટ્રાકટ રાખનાર, ઠેકેદાર
કંટ્રોલ પુ૦ [इं] કાબૂ, નિયમન
કંઠ પુ૦ [सं] ગળુ, ડોક (૨) હેડિયો (૩) કંઠમાથી નીકળતો અવાજ, સૂર, સાદ (૪) કાંઠો–કાંઠલો (૫) [दे काठ = મર્યાદા ?] કાંઠો, કિનારો [–ખૂલવો = અવાજ સાફ નીકળવો –ફૂટવો = હેડિયો કે ઘાટી ફૂટવી, અમુક વયનુ થવુ, યુવાવસ્થામા આવવુ (૨) પક્ષીને કાંઠલો આવવો (૩) વાચા આવવી –બેસવો, –બેસી જવો = સ્વર ખુલ્લો ન નીકળવો (કફ વગેરેથી) –ભરાવો = લાગણીથી ગદ્ગદ થઈ જવુ, બોલી ન શકાવુ –રૂંધાવો = રૂંધાવુ –સુકાવો = ખૂબ તરસ લાગવી. કંઠે કરવું = મોઢે કરવુ, ગોખી લેવુ કંઠે કાંટા પડવા, કંઠે સોસ પડવો = પાણી વિના ગળુ સુકાવુ કંઠે પ્રાણ આવવા = મરવાની તૈયારી થવી (૨) ઘણી જ મુસીબત પડવી કંઠે હોવું = મોઢે હોવુ, યાદ હોવુ] ૦ગ્રંથિ સ્ત્રી૦ કંઠમા આવેલી એક ગ્રંથિ, 'થાયરોઇડ ગ્લૅન્ડ'. ૦દ્વાર ન૦ ગળાનુ બાકોરુ ૦નાળ સ્ત્રી૦ ગળાની નળી ૦નીલક પુ૦ મોટો દીવો, મશાલ ૦પાશ પુ૦ ગળામા નાખવાનો દોરડાનો ગાળો–ફાંસો (૨) ગલપટ્ટો (૩) કંઠાશ્લેષ ૦મણિ પુ૦ કંઠીમાનો હીરો (૨) હૈડિયો (૩) [લા] અત્યંત પ્રિયજન ૦મણિન્યાય પુ૦ જુઓ કરકંકણન્યાય ૦માધુર્ય ન૦ કંઠના અવાજની મધુરતા ૦માળ સ્ત્રી૦ ગળાનો એક રોગ ૦સૂત્ર ન૦ કંઠી મ ગળસૂત્ર (૨) ગળામા પહેરવાનુ ઘરેણું ૦સ્થ વિ૦ કંઠે–મોઢે–યાદ હોય તેવુ (૨) કંઠસ્થાની (વ્યંજન) ૦સ્થાન ન૦ કંઠની જગા ૦સ્થાની વિ૦ કંઠમાથી બોલાતો (વ્યંજન) –ઠાગ્ર પુ૦, ન૦ [+અગ્ર] કંઠનો આગળનો ભાગ (૨) અ૦ મોઢે –ઠાભરણ ન૦ [+આભરણ] કંઠનુ ઘરેણુ, ગળચવો, છડો –ઠાવરોધ પુ૦ [+અવરોધ] કંઠ રૂંધાવો તે –ઠાવરોધી વિ૦ કંઠ રૂંધે એવુ –ઠાશ્લેષ પુ૦ [+આશ્લેષ] કંઠે વળગવુ–આલિંગન દેવુ તે
કંઠાર(-ળ) [જુઓ 'કંઠ'] સ્ત્રી૦ દરિયાનો કાંઠો, કિનારો [(૪) [લા] કતલ
કંઠાલ ન૦ [सं] સૂરણ (૨) કોદાળી (૩) લડાઈ યુદ્ધ
કંઠાળ સ્ત્રી૦ જુઓ 'કંઠાર' (૨) [प्रा कण्ठाल = મોટા ગળાવાળુ ?] ઘોડા અથવા ગધેડા ઉપર માલ લાદવાની બેપાસિયા ગૂણ (૩) વામણ ભરવાનો કોથળો (૪) [જુઓ 'કમઠાળ'] ચીતળ (લાકડાની)
કંઠિયું વિ૦ ['કંઠ' ઉપરથી] ગળુ પકડે એવુ, ગળે ઊતરતા વસમુ લાગે એવુ, લૂખુ
કંઠી સ્ત્રી૦ [सं] ડોકનુ એક ઘરેણુ (૨) કંઠમા પહેરવાની ગુરુએ બંધાવેલી માળા (૩) [અંગરખાના] ગળા આગળના ભાગ ઉપરનુ શોભીતુ સીવણ કે ભરતકામ [–બાંધવી = શિષ્ય કરવો કે શિષ્ય થવુ –બંધુ વિ૦ એક કંઠી બાંધનાર–સમાન ગુરુવાળુ (૨) વૈષ્ણવ]

૦પગલું=વિષ્ણુના પગલાની ચકતીવાળી કઠી. –ઠો પુ૦ હાર, મોટા મણકાની માળા (૨) કઠી ૩ જુઓ
કંઠય વિ૦[સં] કઠનુ–સંબધી(૨) કઠસ્થાની
કંડ પુ૦ [કુંડ]કુડ(૨) કૂવો ચણવાની વાકી ઈટ
કંડાર પુ૦ [જુઓ 'કડારવુ'] (કા) નકસી, કોતરણી (૨) આલેખ, ચિત્રકામ
કંડારવું સ૦ ક્રિ૦ [સ.उत्+कृ, प्रा. कडार] કોતરવુ, નકસી કરવી
કંડિકા સ્ત્રી૦ [સં.] નાનુ પ્રકરણ (૨) વેદની ઋચાઓનો સમૂહ (૩) ફકરો
કંડિયો પુ૦ જુઓ 'કરંડિયો'
કંડી પું૦ [સં करंडिन्] વાદી,કરડિયામા સાપ લઈને ફરનારો મદારી
કંડી(–દી)લ ન૦ [જુઓ 'કદીલ']દીવો કરવાનો કાચનો પ્યાલો, હાડી(૨)ફાનસ –લિયું ન૦ દીવાદાડી(૨)દીવાને પવન ન લાગે તેમ રાખવાને બનાવેલુ નાનુ માટીનુ વાસણ [ખૂજલી
કંડુ(–ડૂ) સ્ત્રી૦ [સ] ચળ, ખજવાળ(૨) ખસ,
કંડૂયન ન૦ [સ.] ખંજવાળવુ તે
કંત [સ कान्त,प्रा. कंत] + જુઓ કથ
કંતરેહ પુ૦ [कु + तरेह ?] અણબનાવ, કુસપ
કંતા સ્ત્રી૦ એક છદ
કંતાઈ(–મણી)સ્ત્રી૦,–મણ ન૦[જુઓ 'કાતવુ'] કાતવાનુ મહેનતાણુ
કંતાન ન૦ [अ कता(–त्ता)न=બહુ જ બારીક કપડુ ?] શણનુ કપડુ, શણિયુ (૨) ગૂણપાટ, ટાટિયુ
કંતામણ ન૦, –ણી સ્ત્રી૦ જુઓ 'કતાઈ'
કંતારી પું૦ ખરાદી
કંતાવું અ૦ક્રિ૦ 'કાતવું'નું કર્મણિ (૨) પાતળુ થવું, સુકાવું (૩) ઓછું થવુ [ભરથાર
કંથ પુ૦ [જુઓ 'કંત'] કાન્ત, પિયુ (૨) પતિ,
કંથવો પુ૦ [સ कंथा+वह] કથાધારી, વેરાગી, બાવો (૨) અત્યત ગરીબ–નિર્ધન માણસ (૩) [प्रा कुंथु] ચોમાસામાં થતુ એક નાનુ જીવડુ
કંથા સ્ત્રી૦ [સ] ચીથરાનું બનાવેલું વસ્ત્ર (૨) ગોદડી ૦ધારી પું૦ કથવો, કંથા પહેરનારો, સાધુ, યોગી
કંથાર ન૦, –રી સ્ત્રી૦ [સ], –રો પું૦ એક વનસ્પતિ –રું ન૦ એનુ ફળ–બી
કંથારિયા પુ૦નાગર બ્રાહ્મણની એક નાતમા અટક
કંથાળ સ્ત્રી૦ જુઓ 'કંઠાળ' ૨
કંદ પુ૦, ન૦ [સ] જેમા ખાવાનો ગર હોય તેવુ મૂળ, સૂરણ, બટાટા ઇ૦ (૨) મૂળ, કારણ (સમાસને અતે) ઉદા૦ આનદકંદ. ૦મૂલ(–ળ) ન૦ કદ તથા મૂળ(ખવાય તેવાં)
કંદર ન૦, –રા સ્ત્રી૦ [સ.] ગુફા, ખો; બખોલ
કંદર્પ પુ૦ [સ] કામદેવ
કંદીલ ન૦ [अ], –લિયું ન૦જુઓ 'કડીલ'મા
કંદુક પુ૦ [સ] રમવાનો દડો, દડી
કંદો પુ૦ [જુઓ 'કુંદો'] બદૂકનો હાથો
કંદોઈ પુ૦ [સ कादविक, प्रा कंदविय, कदुइअ] મીઠાઈ બનાવનાર તથા વેચનાર આદમી, સુખડિયો –યણ સ્ત્રી૦ કંદોઈની સ્ત્રી
કંદોરી સ્ત્રી૦ નાનો કદોરો –રો પુ૦ [कटि+ દોરો] કમરે પહેરવાનો કોઈ પણ દોરો કે સેર (સૂતર, સોનારૂપા વગેરેનો) (૨) ભીતમા ચઢેલી ઈટની કિનારી (૩) આંકો, લીટો. –રાબંધ વિ૦ કદોરો પહેરનાર–પુરુષ પૂરતુ (નોતરુ)
કંદ્રપ પુ૦ + [જુઓ કદર્પ] કામદેવ
કંધ સ્ત્રી૦ [સં स्कंध] ખભો (૨) ભાર વહેનાર પશુઓની ખાધ–બોચી (૩) નાગરમોથ
કંધર,–રા સ્ત્રી૦ [સ] ડોક, ગરદન
કંધોડું ન૦ [જુઓ 'કાધુ'] ખેડવા માટે અમુક શરતે ઢોર ભાડે રાખવુ તે
કંધોતર પુ૦ પાટવી પુત્ર
કંધોલુ ન૦ [જુઓ 'કધ'] ખભો(૨)ખાધ,ગરદન
કંપ પુ૦ [સ] કપારો ધ્રુજારો ૦ન ન૦ કપવું તે ૦ના સ્ત્રી૦ કપન (૨) કપસહિત વાદ્ય વગાડવુ તે ૦માન વિ૦ [સ] ધ્રુજતુ; થરથરતું ૦વા, ૦વાયુ પુ૦ જેને લીધે શરીર કે શરીરનો કોઈ ભાગ કપે એવો એક રોગ
કંપની સ્ત્રી૦ [इ] ટોળી, મડળી (૨) ભાગીદારો મેળવીને કાઢેલી પેઢી કે મંડળી ૦સરકાર સ્ત્રી૦ (સં) એક વખત હિંદનો રાજવહીવટ કરતી કપની, 'ઈસ્ટ ઇન્ડિયા કંપની' [બીવું ડરવું
કંપવું અ૦ક્રિ૦ [સ. कप्] ધ્રૂજવું, થરથરવુ (૨)

કંપાઉંડ ન૦ [ઇં, મૂળ મલયી] વગેરે મકાનની ચોતરફની આતરી લીધેલી જમીન, વાડો

કંપાઉંડર પુ૦ [ઇં] દાક્તર કહે તે દવા-દવાનું મિશ્રણ તૈયાર કરી આપનારો તેનો મદદનીશ

કંપાણુ (ણ,) સ્ત્રી૦ [म. कंपण] એક જાતનો કાંટો, ધાતુની તુલા -ણી પું૦ કંપાણથી તોળવાલેખવાનો ધંધો કરનારો આદમી, તોલાટ

કંપાયમાન વિ૦ [सं] ધ્રૂજતું, કાંપતું (૨) અસ્થિર, ચલિત

કંપારી સ્ત્રી૦,-રો પુ૦[सं. कंप] ધ્રુજારી, કમકમી (૨) કમકમાટી [કંપારી આવવી,-છૂટવી, -વછૂટવી=ધ્રુજારી કે કમકમાટી ઊપજવી]

કંપાર્ટમેન્ટ ન૦ [ઇં] આગગાડીના ડબાનું ખાનું

કંપાસ પુ૦[ઇં] હોકાયંત્ર(૨)વર્તુળ દોરવાનું યંત્ર

કંપિત વિ૦ [सं] કંપેલું, કંપમાન

કંપિલો પુ૦ [सं कंपिल्ल] એક ઔષધિ (ગડગૂમડની) [ઢંઢી (૩) જુઓ કંપો

• કંપુ સ્ત્રી, ન૦[इं कंपनी] ટોળી, જૂથ(૨)ફોજની

કંપો પુ૦ [જુઓ 'કૅમ્પ'] પડાવ, કંપુ, છાવણી

કંપોઝીટર પુ૦ [ઇં] છાપખાનામાં બીબાં ગોઠવનારો માણસ [એવું, ચલ

કંપ્ય વિ૦ [सं] કંપિત થાય કે કરી શકાય

કંબલ પુ૦ [सं] કામળી (૨) ગાયબળદની ગોદડી — ગરદન નીચે લટકતી જાડી ચામડી

કંબા સ્ત્રી૦ [सं कंबी] વાંસની ચીપ (૨) સુતારનો ગજ

કંબુ પુ૦, ન૦ [सं] શંખ (૨) શંખની બંગડી (૩) દશ લાખની સંખ્યા

કંબુ(-બો)જ પું૦ જુઓ 'કંબોજ'

કંબૂ વિ૦ [सं] ચોટ્ટું, ઠગારુ [વનસ્પતિ

કંબોઈ સ્ત્રી૦[सं काबोज, प्रा. कबोय?] એક

કંબોજ પુ૦ [सं] શંખ

કંસ પુ૦ [सं] (સં) કૃષ્ણનો મામો

કંસ પુ૦ જુઓ 'કૌંસ'

કંસાર પુ૦[दे.] એક ખાવાની વાની [-ચોળવો=કંસારમાં ઘી મેળવવું (૨) [લા] કંસાર ને કીધું જમણ હોવું]

કંસારિ પુ૦ [सं] કંસનો અરિ-શત્રુ, શ્રીકૃષ્ણ

કંસાગી સ્ત્રી૦ [दे] એક જીવડું

કંસારો પુ૦ [सं कंसकार] ધાતુનું વાસણ ઘડવા-વેચવાનો ધંધો કરનારો પુરુષ -રણ સ્ત્રી૦ કંસારાની સ્ત્રી

કંસીકરણ ન૦ [કંસ ઉપરથી] કંસ-કૌંસમાં મૂકવું તે (ગ)

કાઇ(-ય)દે-આઝમ પુ૦ [फा] મોટો-મહાન નેતા કે આગેવાન

કાઈ સ્ત્રી૦ [જુઓ 'કાયા'] શરીર (૨) પાતળું પડ-આચ્છાદાન, આવરણ

કાઈલિ સ્ત્રી૦ [दे कवल्लि] શેરડીનો રસ કાઢવાની મોટી કઢાઈ

કાઉ પુ૦ [काक? म काउ; प्रा काई=કાગડી, રવ૦?] કાગડો ૰કા(-વા)ઉ અ૦ (રવ૦) ગરબડાટભર્યું અને ન સમજાય તેમ (૨) સ્ત્રી૦ એકસામટા ઘણા માણસો બોલાબોલી કરે તે

કાઉન્સિલ સ્ત્રી૦ [ઇં] ધારાસભા [-માં ઊભું રહેવું=તેના સભ્ય થવા ઉમેદવારી કરવી. -માં જવું=તેનો સભ્ય બનવું]

કાઉવાઉ અ૦ જુઓ 'કાઉ'માં

કાઉસગ્ગ પુ૦ [प्रा, सं कायोत्सर्ग] શારીરિક વ્યાપારો છોડી એક આસને ધ્યાન કરવું તે[જૈન]

કાક પુ૦ [सं] કાગડો ૰ઋષિ પુ૦ એક પક્ષી, કૂકડિયો કુંભાર ૰તાલીય વિ૦ કાગનું તાડ પર બેસવું અને અકસ્માત્ તાડફળનું પડવું થાય એવું, અણધાર્યું, ઓચિંતું ૰તાલીયન્યાય પુ૦ કાકતાલીય એવો ન્યાય ૰દૃષ્ટિ સ્ત્રી૦ કાગડાના જેવી ચંચલ-છિદ્રાન્વેષી દૃષ્ટિ ૰નાસા સ્ત્રી૦ એક ઔષધિ, નસોતર (૨) કાગનું ઝાડ ૰પક્ષ પું૦ વાળેલા વાળનો કાગડાની પાંખ જેવો ગુચ્છો, કાનછેરિયાં ૰પદ(-દ) ન૦ કાગડાના પગના આકારનું ચિહ્ન, હંસપદ (૨) ચાર લઘુ માત્રા જેટલો સમય (સંગીત)

કાકચી સ્ત્રી૦ જુઓ કાચકી -ચુ ન૦ કાચકું

કાકડ ન૦ [જુઓ 'કાકડી'] ચીભડું

કાકડકૂબો પુ૦ છોકરાની એક રમત

કાકડાશીં(-શીં)ગ સ્ત્રી૦ [म काकडशिंगी, हिं. काकडासींगी, सं कर्कटशृंगी] એક ઔષધિ

કાકડિયું ન૦ ['કાકડો'પરથી?] એક જાતનું રેશમ

કાકડી સ્ત્રી૦ [सं कर्कटी, प्रा. कक्कडी]આરિયું, ચીભડુ (૨) [જુઓ 'કાકડો'] ચીથરાને વળ દઈ બનાવેલી દિવેટ [–મૂકવી = કાકડીથી શગડી કે ચૂલો સળગાવવો ] –ડો પું૦ ચીથરાની મોટી કાકડી (૨) [म काकडा, सं कृकाटक (ગળુ)? काकलक?] ગળાની બારીની આસપાસનો એક અવયવ, ચોળિયો (૩) પડજીભ [–ડા ઉતારવા = બળતા કાકડા ફેરવી ભૂત વગેરેની અસર કાઢવી –ડા કરાવવા = ગળાના ફૂલેલા ચોળિયા દબાવી લોહી કઢાવી નાખવુ –ડા કપાવવા = ચોળિયાની વાઢકાપ કરાવવી –ડા નાં(–નાં)ખવા = રમવામા કોણ દાન આપે તે નક્કી કરવા હાથ ચત્તા–ઊંધા કરવાની રમત –ડા કાકવા = મોમા બળતા કાકડા ઘાલવા –ડા ફૂલવા = ચોળિયા સૂજવા –ડા બાળવા, –સળગાવવા = જુઓ કાકડા ઉતારવા –ડા મળી જવા = કાકડા ફૂલી જવા ]

કાકફળ ન૦ કાકમારીનુ ફળ

કાકતાલીય, કાકદૃષ્ટિ, કાકનાસા, કાકપક્ષ, કાકપત્ર [સ.] જુઓ 'કાક'મા

કાકબ પુ૦ [दे कक्कव, म काकवी] ગોળ કે મહુડાની રસી (તમાકુ બાંધવામા વપરાય છે તે)

કાકમ પુ૦ [જુઓ 'કાકબ'] પ્રવાહી ગોળ જેવો થાય ત્યા સુધી ઉકાળેલો શેરડીનો રસ

કાકમારી સ્ત્રી૦ એક વેલ

કાકર પુ૦ [स कर्कर ઉપરથી] દાત, કતૂશળ (મૂષકાદિ પ્રાણીના) (૨) કરવતનો દાતો (૩) ચામડીમા પડેલો કઠણ ચીરો ૦ડી સ્ત્રી૦ ઘણા ઝીણા દાતાની ધાર ૦ણી સ્ત્રી૦ કાનસ, અતરડી ૦વું સ૦ક્રિ૦ કરવતના કાકર કાઢવા–તીક્ષ્ણ કરવા (૨) ઉશ્કેરવુ, મમત પર ચઢાવવું (૩) ધીરે ધીરે ખોતરી ખોતરીને ખાવુ –રી સ્ત્રી૦ નાના દાતાવાળી ધાર

કાકર પુ૦ [स. कर्कर] ઠળિયો (૨) કાકરો –રિયા પુ૦ બ૦ વ૦ અ દર ચણા મગફળી વગેરે રાખી લોટગોળની બનાવેલી એક વાની –ગોળીઓ –રિયું વિ૦ કાકરાળુ –રી સ્ત્રી૦ નાનો કાકરો (૨) કરકર, રેતી

કાકર સ્ત્રી૦ પીજણને છેડે તાતની નીચે રહેતી ચામડાની અક્કડ કકરી પટી

કાકરિયા કુંભાર પુ૦ એક કલગીદાર પક્ષી

કાકરી સ્ત્રી૦ જુઓ બેઉ 'કાકર' પુ૦ મા

કાકરો પુ૦ [જુઓ 'કાકરો'] (ચ ) કાકરો (૨) ડચકુ (જેમ કે ડુ ગળીનુ) [બળિયા કાકા

કાકલિયા પુ૦ બ૦ વ૦ ['કાકા' પરથી] શીતળા,

કાકલી વિ૦ [સ.] કોમળ ને મધુર

કાકલૂદી સ્ત્રી૦ [स काकली પરથી, म काकलूत] દયા ઉપજાવે એવી આજીજી, કાલાવાલા. ૦વેડા પુ૦ બ૦ વ૦ કાકલૂદીભર્યું વર્તન

કાકવઝા, –ધ્યા [स ] સ્ત્રી૦ એક જ વાર ફળનાર વનસ્પતિ (૨) એવી સ્ત્રી

કાકવી સ્ત્રી૦ [જુઓ 'કાકબ'] ગોળની રસી

કાકશિખ ડ પુ૦ [स ] બાબરી [શબ્દ

કાકા (કા–કા) અ૦ (રવ૦) કાગડાની વાણીનો

કાકા પુ૦બ૦વ૦ [फा = મોટો ભાઈ] 'કાકો'નુ માનવાચક રૂપ ૦જી, ૦સસરા પુ૦ સસરાના ભાઈ, કાકોસસરો (માનવાચક) [જાતનો પોપટ

કાકાકૌવો પુ૦ [मलायी काकातुआ] એક

કાકાપુરી વિ૦ [फा काका = ઘરનો ઘરડો ગુલામ + પુરી (ગામનુ ?)] તકલાદી, નિર્માલ્ય (૨) નરજ (૩) પુ૦ ગુલામ [બળિયાકાકા, શીતળા

કાકાબળિયા [ કાકા + બળિયા] પુ૦ બ૦ વ૦

કાકાબાસી ન૦ એક જાતનુ હલકુ મોતી

કાકાભાઈ પું૦ [માનાર્થે] જુઓ 'કાકો' ૨

કાકી વિ૦ [સ.] કાગડા જેવા ક્રૂર અવાજથી ગાનાર [કાકાની સ્ત્રી

કાકી સ્ત્રી૦ કાકાની સ્ત્રી ૦જી, ૦સાસુ સ્ત્રી૦

કાકીડો પુ૦ [दे कक्किड, किक्किड] કાચ ડો

કાકીસાસુ સ્ત્રી૦ જુઓ 'કાકી' સ્ત્રી૦ મા

કાકુ પુ૦ [स ] દુ ખ, ભય, ક્રોધથી સ્વરમા પડતો ફેર (૨) કરડાકીમા કે વ્ય ગમા બોલવું તે

કાકુ પુ૦ કીકો (ભાટિયા લોકોમા)

કાકુત્સ્થ પુ૦ [स] (સ ) રામ

કાકો પું૦ [જુઓ 'કાકા'] બાપનો ભાઈ (૨) ( પિતાને સંબોધન કરવામા વપરાય છે ) પિતા, કાકાભાઈ (૩) [વ્યંગમાં] દુશ્મન. [કાકા મામા કરવા = ખુશામત કરવી કાકો

લાગે છે?=સગો થાય છે જેથી વગ કરશે?] ૦સમરો પુ૦ કાકાજી

કાકોદર કાકોલ પુ૦ [सं] સાપ

કાકોલી વિ૦ [सं] કાગડા જેવો (રવર)

કાખ, ૦લી સ્ત્રી૦ [सं कक्षा, प्रा० कक्खा] બગલ. [કાખમાં રાખવું, -લેવું=મત્તા નીચે રાખવું, પક્ષમા લેવુ કાખલી ફૂટવી=આનંદમા આવી જવુ કાખલીમાં ફૂલ આવવું=હરખ ઊભરાઈ જવો] ૦બલાઈ, ૦બિલાડી સ્ત્રી૦ બગલમા થતુ એક ગૂમડુ બામલી -ખી સ્ત્રી૦ અંગરખા કે કપડાની બગલની કળી -ખું પું૦ કાખનો વાળ -ખોવાઈ સ્ત્રી૦ જુઓ કાખબલાઈ

કાખા સ્ત્રી૦ [सं काक्ष?] નડતર (તાવામા પ્રતિપક્ષને હગવવા માટે આણેલી)

કાખાઈ સ્ત્રી૦ કાસદી (વરમપુર-વાસવાડાના ભીલોમા)

કાખી, -ખુ, -ખોવાઈ જુઓ 'કાખ'મા

કાગ પુ૦ [सं] કાક, કાગડો [-નું પીંછ થવુ, -નો વાઘ કરવો=રજનુ ગજ કરવુ, નજીવી વાતને મોટુ રૂપ આપવુ -નું બેસવું ને તાડનું પડવું=જે બે બનાવો વચ્ચે કાર્ય-કારણ સબધ નથી, તે છે એવો ભ્રમ થાય એવો આકસ્મિક બનાવ બનવો -ને ડોળે રાહ જોવી=ખૂબ આતુરતાથી રાહ જોવી] ૦ડોળ વિ૦ કદરૂપુ ૦ડોળિયુ વિ૦ કાગડાના ડોળા જેવુ, એકાક્ષી (૨) ન૦ એક રેચક વનસ્પતિ ૦ણ સ્ત્રી૦ કાગડી ૦નો વાઘ પુ૦ રજનુ ગજ ૦માળ વિ૦ કાગડાના માળા જેવુ, ખાખાવીખી ૦માળો પુ૦ કાગડાનો માળો ૦વાશ (ગ,) સ્ત્રી૦ [सं काग+वाच्=બોલવુ, બોલાવવુ?] શ્રાદ્ધને દિવસે પિતૃનિમિત્તે કાગડાને બલિ નાખતી વખતનો ઉદ્ગાર (૨) એ બલિ ૦વિદ્યા સ્ત્રી૦ પશુપખીની ભાષા સમજવાની વિદ્યા -ગાનીંદર સ્ત્રી૦ [કાગ+નિદ્રા] કાગડાના જેવી, ઝટ ઊડી જાય એવી ઊંઘ -ગારોળ પુ૦ [કાગ+રોકકળ] રોકકળ(૨) ગરબડાટ

કાગજ, -ઝ [अ] -ળ પુ૦ વાસ, ઘાસ, ધાગા ઇ૦માંથી કરાતી લખવા વગેરેના કામની એક બનાવટ (૨) પત્ર, પત્રિકા

કાગડો પુ૦ [सं काग] કાક, એક કાળુ પક્ષી (૨) (લા) ચાલાક લુચ્ચુ પ્રાણી [કાગડા ઊડવા=ઉજ્જડ ખખ થવુ(૨) નસ તાન જવુ. -ડા કકળવા=સત્યાનાશ જવુ, ખરાબીના ચિહ્ન જણવા -ડાની કોટે રતન=અણઘટતુ જોડાણ, અપાત્રને દાન -ડાની કોટે કાતરી=પેટમા વાત ન રહેવી -ડાની નજરે જોવું=ખૂબ સાવધ રહેવુ -ડો દહીંથરું લઈ ગયો=સારી વસ્તુ નઠારાને હાથ ગઈ] -ડાકામડી સ્ત્રી૦ છેતરાટ (૨) અણવિશ્વાસ -ડાકેરી સ્ત્રી૦ આકડાનુ ડોડવુ -ડાટોપી સ્ત્રી૦ કાગડા જેવી દેખાતી લાબી પૂછડીવાળી ટોપી -ડાસાણગી (-સી) સ્ત્રી૦ વાતુ ગાળવાની કુલડીને પકડવાની સાણસી -ડિયો પુ૦ પતગ, કનકવો -ડી સ્ત્રી૦ કાગડાની માદા (૨) ગાડાની બે ઊંઘોની પિન્જળથી જડેલી અણી

કાગદી વિ૦[फा]પાતળી છાલવાળુ (જેમ કે લીંબુ) (૨)તકલાદી(૩) પુ૦કાગળ બનાવનારો કારીગર (૪) કાગળ વેચનારો અથવા ચોપડા ઇ૦ બાવનારો વેપારી ૦ચલણ ન૦ કાગળનુ ચલણ

કાગળ પુ૦ જુઓ કાગજ [કાગળની કોથળી=બહુ નાજુક, વધુ ભરતા ફાટી જાય એવુ -નાખવો=કાગળ-પત્ર ટપાલમા રવાના કરવો -ફોડવો=પરબીડિયું કાઢી કાગળ કાઢવો (૨) પારકાનુ પરબીડિયું કાઢી અંદરની વાત છૂપી રીતે જાણી લેવી -બીડવો=લખેલો કાગળ પરબીડિયામા બંધ કરવો, અથવા તેમ કરીને ટપાલમા રવાના કરવો -માગવો, -લાવવો=ભલામણ કે ઓળખાણની ચિઠ્ઠી માગવી કે લાવવી -લખવો=ખબર અંતર ટપાલ વગેરે દ્વારા લખી જણાવવા -વાચવો=કાગળમા લખેલુ ઉકેલવુ] ૦દાબણિયું ન૦ કાગળ દાબવાનુ વજન-વસ્તુ ૦પત્ર(-ત્તર) પુ૦ ચિઠ્ઠીચપાટી કે ટપાલનો પત્ર -ળિયું ન૦ કાગળનો કટકો(૨)ચલણી નોટ,લોન,હૂંડી અને

રોર જેવો—જેનાં નાણા થાય તેવો કાગળ [કાગળિયાં કરવાં=લખાણ કે તુમાર કરવો. કાગળિયે ચડવું=અંતરિયાળ મરી જવુ(૨) જાહેરમા આવવુ (૩) કોરટે જવુ (૪) લખાપટી થવી, તેમા પડી અટવાવુ ] -ળિયો પું૰ કાગળ લઈ જનારો કાસદ ['કાગ'મા

**કાગાનીંદર** સ્ત્રી૰, **કાગારોળ** પું૰ જુઓ

**કાચ** પું૰ [સ] રેતી અને ખારવાળી માટી ઓગાળીને બનાવાતો એક પદાર્થ (૨) દર્પણ (૩) પાસાદાર, ચળકતી મિશ્રધાતુ (૪) નિર્મળ કે ક્ષણભંગુર એવી ઉપમા આપતા વપરાય છે, જેમ કે—કાચ જેવું પાણી, કાચનુ વાસણ, કાચનો કૂપો ૰એળિયો પુ૰ શુદ્ધ કરેલો એળિયો. ૰ગૃહ ન૰ કાચનુ બનાવેલુ ઘર ૰મણિ પુ૰ કાચ જેવો એક હલકો મણિ(૨) કાચ ૰રસ પુ૰ કાચનો રસ (૨) આખના ડોળામાનો કાચના રસ જેવો પદાર્થ ૰લવણ ન૰ કાચ બનાવવામા વપરાતો ક્ષાર -ચિયો પથ્થર પુ૰ જેમાથી કાચમણિ નીકળે છે એ પથ્થર

**કાચકી** સ્ત્રી૰ કાકચી, કાકચ એક વનસ્પતિ (૨) ગળાની બારી આગળ થતો એક રોગ (૩) સંકડામણ, મુશ્કેલી -કુ ન૰, -કો પુ૰ કાચકીનુ ફળ, કાકચુ

**કાચડ** સ્ત્રી૰ [કાચું ઉપરથી] ગૂમડાની આજુ બાજુનો સૂજેલો ભાગ

**કાચબી** સ્ત્રી૰ [જુઓ કાચબો] કાચબાની માદા (૨) એક રોગ, કાચકી -બો પું૰[स कच्छप] એક જળચર પ્રાણી [-બાની આંખે જોવું= તીક્ષ્ણ કે ઈર્ષાની આખે જોવુ ]

**કાચર** સ્ત્રી૰ [જુઓ કરચ] કકડી ૰કૂચર ન૰ પરચૂરણ ખાદ્ય વસ્તુઓ (૨) પરચૂરણ ભાગીતૂટી વસ્તુઓનો સમૂહ -રી સ્ત્રી૰ મીઠામા આથેલી કળની -શાકની કાકડી, સુકવણી. -રું ન૰ ચીરિયુ, કકડી

**કાચલી** સ્ત્રી૰ [स. कवच ઉપરથી] નાળિયેરનુ ભાગેલુ કોટલુ (૨) [दे कच्चरा] શાકની— ખાસ કરીને કોઠમડાની સુકવણી [-માં પાણી લઈ ડૂબી મર !=બીજુ શકય ન હોય તો એવા અશકય ઉપાય વડે પણ શરમાઈને મરી જા ! કાચલાં કૂટવાં=મિથ્યા મહેનત કરવી કાચલાં જુદાં થઈ જવાં=કોઈ પણ સખત કોટલાવાળી વસ્તુના બે ફડચાડિયા થઈ જવા (જેમ કે માથાની ખોપરીના પણ) ] -લું ન૰ નદીના ભાઠાની ખેડેલી જમીન (૨) નાળિયેરનુ ભાગેલુ કોટલુ (૩) [લા ] કોઈ પણ ભાગેલુ અર્ધગોળ જેવુ કઠણ કોટલું ઉદા૰ 'ઠીબ' (૪) એવો વાડકો

**કાચંડી** સ્ત્રી૰ કાચંડાની માદા [પ્રાણી

**કાચ(-ચિં,-ચીં)ડો** પુ૰[જુઓ 'કાકીડો'] એક

**કાચું** વિ૰ [જુઓ 'કચ્ચુ'] પાકેલું નહિ એવુ (કાચી કેરી) (૨) બરાબર નહિ સીઝેલું, પકવેલું કે રધાયેલું (કાચી ચાસણી, કાચી માટલી, કાચો ભાત) (૩) શેકેલુ રાંધેલુ નહિ એવુ (કાચી સોપારી, ચણા, અનાજ ઇ૰) (૪) કશા સંસ્કાર ન કરાયેલુ —કુદરતી સ્થિતિમા હોય એવુ (કાચો માલ, કાચી ધાતુ) (૫) તકલાદી, મજબૂત કે ટકાઉ નહિ એવુ ( કાચી સડક, કાચુ સૂતર, કાચો રંગ) (૬) નાદાન, બિનઅનુભવી, અધૂરુ, અધકચરુ (માણસ, જ્ઞાન, આવડત, ઉંમર ઇ૰) (૭) અધૂરુ, અપૂર્ણ (કાચું કામ, કાચી બુદ્ધિ, કાચો વિચાર, કાચી વાત, કાચો ગાઉ ઇ૰ )(૮) કામચલાઉ, છેવટનુ નહિ એવું (કાચો હિસાબ, દસ્તાવેજ, ખરડો ઇ૰) (૯) પોચુ; નરમ ( કાચા કાળજાનુ. હૈયાનુ=બીકણ ) (૧૦) બારદાન ઇ૰ સાથેનુ કામચલાઉ કે અંદાજી (વજન, માપ) (૧૧) પાકુ —બંગાળી નહિ, તેથી અડધા વજનનું (શેર, મણ ઇ૰ વજન). (આમ આ શબ્દ અધૂરાપણુ, અધકચરાપણુ, ઇ૰ અનેક ભાવો લક્ષણાથી બતાવે છે) (૧૨) ન૰ કચાશ, કસર, અધૂરાપણુ [કાચા કાનનું વિ૰ બીજાના કહેવાથી ભરમાઈ શકે તેવુ કાચી કેદ સ્ત્રી૰ આરોપીને કેસ પહેલા ને તે દરમિયાન કરાતી કેદ કાચી બુદ્દી, માયા સ્ત્રી૰ છેતરાઈ જાય એવુ ભોળુ માણસ (નકારમા આવે છે ઉદા૰ 'એ કાંઈ કાચી માયા નથી' 'એને તમે કાચી માયા માનો છો ?') કાચું કઢાવવું=

દેવાળુ કઢાવવુ. –કાપવું=અધૂરી તૈયારીમા કે કચખને કે એવી કોઈ કચાશ છતા વર્તવુ, કાર્ય કરવુ (૨) કામ તેથી કરીને કથાળવુ, બાદવુ (૩) (કામ, વિચાર ઇ૦મા) ઉતાવળ કરી નાખવી –ખાવું=ભીડ કે તગી પડવી. –પાડવું=કાચો ગર્ભ પાડવો, ગર્ભપાત કરવો કાચો કચિયારો, કબીલો=સમજણો ન થયેલો–કાચી કે નાની ઉંમરનો પરિવાર (તે મૂકીને મરી ગયુ, એમ પ્રયોગમા આવે છે) કાચે ઘડે પાણી ભરવું=મિથ્યા પ્રયત્ન કરવો] ૦કુંવારુ વિ૦ કાચી વયનુ અને અવિવાહિત. ૦કોરુ વિ૦ નહિ ગવેલુ અને લૂખુ ૦નચ વિ૦ સાવ કાચુ ૦પાકુ વિ૦ કંઈક કાચુ અને કંઈક પાકુ એવુ, અર્ધદગ્ધ ૦પોચુ વિ૦ અનુભવ અને હિમત વગરનું, ભોળુ, અકુશળ કાચો દૂચો પુ૦ છેવટનો બાકી રહેલો ભાગ

કાછ પુ૦ જુઓ 'કાછડો'

કાછઈ સ્રી૦ [સં કચ્છ=કાંઠો, પ્રા કચ્છ=નદી પાસેની નીચી જમીન (૨) મૂળા ઇ૦ની વાડી] નદીનુ બાહુ (ખેતર કરેલું) (રેવાકાંઠા)

કાછડી સ્રી૦ [જુઓ 'કછોટી', દે. कच्छट्टी] કાછડાની રીતે પાછળ ખોસેલો ધોતિયાનો એક ભાગ [–છૂટી જવી=ડરી જવું. –ઝાલીને, પકડીને દોડવું=બીકથી બાવરા બની દોડવુ કાછડીનો છૂટો=જુઓ 'કાછડી-છૂટો'] ૦છૂટો વિ૦ પુ૦ વ્યભિચારી –ડો પુ૦ ધોતિયુ કે સાલ્લો ઊંચો લઈ બે પગની વચ્ચેથી પાછળ ખોસવો તે, તે રીતે ખોસેલો વસ્ત્રનો ભાગ [–મારવો, –વાળવો=કાછડા-ની રીતે વસ્ત્ર પહેરવુ –મારીને, વાળીને (કામ કરવુ)=કમર કસીને, બધી બાજુ ખતથી ને જોરશોર] –વું અ૦ક્રિ૦+જુઓ 'કછવુ'

કાછરે ન૦ એક જાતનુ ઘાસ (ધરમપુર)

કાછલી સ્રી૦,–લુ ન૦(ચ) જુઓ કાચલી,–લુ

કાછવું અ૦ક્રિ૦ જુઓ 'કાછડી'માં

કાછિયો પુ૦ [हि म काछी, स शाकिक?] શાક વેચવાનો ધંધો કરનાર આદમી (૨) એ જ્ઞાતિનો માણસ –યણ સ્રી૦ કાછિયાની સ્રી

કાછી પુ૦ જુઓ કાછિયો ['કછોટી'

કાછો, ૦ટો પુ૦ જુઓ કછોટો. ૦ટી સ્રી૦ જુઓ

કાજ ન૦ [स कार्य, प्रा कज्ज] કામ (૨) કારણ, પ્રયોજન ૦કારુ વિ૦ કામ કરે એવુ; કાબેલ (૨) કામગરુ ૦ગરું વિ૦ શક્તિવાળુ, કાબેલ (૨) જુવાનજોધ, તરુણ (૩) ઘણું પ્યારું, માનીતું, લાડકું (૪) નાજુક, તકલાદી

કાજળ ન૦ [सं कज्जल] મેશ (૨) આખમા આજવાની મેશ [–આંજવું, –સારવું=આખમા મેશ આજવી –ની કોટડી=સહેજમા કલંક બેસે તેવુ–સભાળથી રહેવા જેવુ સ્થાન] ૦કંકુ ન૦બ૦વ૦(સૌભાગ્યવતીના શણગારના) કાજળ ને કંકુ ૦રાણી સ્રી૦ કાજળી ત્રીજ ૦લટોરી સ્રી૦ એક પક્ષી ૦વું અ૦ ક્રિ૦ [સં कज्जल પરથી, हिं. काज-लाना, म काजळणें] કાજળ–મેશ વળવી (૨) કજળી જવુ, ઓલવાવુ –ળિયો પુ૦ (કા) ખોવાયેલી વસ્તુ શોધી આપવા કે બનેલો બનાવ જણાવવા બીજા માણસને બેસાડી તેલ કે શાહીના ટીપામા બધુ બતાવનાર આદમી

કાજળી સ્રી૦ ['કાજળ' ઉપરથી] મેશ (૨) રાખનુ પડ (૩) કાળી ધ્રુગ (૪) મેશ પાડવાનુ કોડિયુ (૫) ગાય પૂજવાનુ સ્રીઓનુ એક વ્રત (શ્રાવણ માસમા) (૬) [કા] કાજળિયાની વિદ્યા ૦ગોકરેણ ન૦ એક વનસ્પતિ ૦ત્રીજ સ્રી૦ શ્રાવણ વદ ત્રીજ, કાજળગણી

કાજા સ્રી૦ [જુઓ 'કાજ'] કાર્ય, ફરજ, કામ ૦ગરુ વિ૦ કામગરુ (૨) ફાયદાકારક

કાજી,–ઝી [अ.] પું૦ ઇસ્લામી ન્યાયાધીશ (૨) ઇસ્લામી વિદ્વાન–પંડિત ૦જી પુ૦ 'કાજી' [માનાર્થે] [–ની કૂતરી=મોટાની નાની વસ્તુ પણ મોટી ગણવી પડે એ]

કાજુ વિ૦ સારુ, ખાસુ (૨) વિનયી (કા)

કાજુ પુ૦ [मलायी काचु, म काजू] એક સૂકો મેવો ૦કળિયા પુ૦ બ૦ વ૦ કાજુ (૨) સાકરિયા કાજુ

કાજે અ૦ [જુઓ 'કાજ'] માટે, વાસ્તે

કાજો પુ૦ [दे कज्जव] કચરો, પૂજો

કાઝગી સ્રી૦ [म काजगी] લગામ

**કાટ** પુ૦ [प्रा. किट्ट] ધાતુને લાગતો મેલ કે તેનો વિકાર (૨)[લા.] નકામો ભારરૂપ ઉતાર કે મેલ [**–ખાવો, –ચડ(–ઢ)વો, –વળવો** = કટાવુ (૨) નકામુ અવાવરુ પડી રહેવુ, તેથી (વસ્તુ કે માણસનુ) હીર કે પાણી ઊતરી જવુ, બગડવુ **–ઉતારવો, –કાઢવો** = ચડેલો કાટ દૂર કરવો ]

**કાટ** પુ૦ [स काष्ठ, प्रा कट्ठ] ઇમારતી લાકડુ [**–નાખવો** = ઘરનુ છાપરુ મોભ વળી ઇ૦ કાટ વડે જડવું ] ૦**કૂટ** સ્ત્રી૦ તૂટેલોફૂટેલો સરસામાન (૨) મકાનના બાધકામનો માલ ૦**પીઠિયો** પુ૦ [स पीठ ?] ઇમારતી લાકડાનો વેપારી ૦**માળ** પુ૦ જૂનુનવુ પરચૂરણ ઇમારતી લાકડુ (વળી, વાસ ઇ૦)

**કાટ** પુ૦ ['કાટવુ' પરથી ?] (દાવો કાપવા) સામે મડાતો દાવો, પ્રતિકાર (૨)(ટ,)સ્ત્રી૦ ગજીફામા અમુક ભાત ન હોવી – કાપતું હોવુ તે ૦**છાંટ** (ટ,)સ્ત્રી૦ કાપકૂપ **–ટેસર** પુ૦બ૦વ૦ પત્તા રમતા પહેલી જે ભાત કપાય તે પરથી સર પડે એવી સરખાણી

**કાટ** પું૦ ['કાટો પરથી ?]કાટો, નડતર આડ વિઘ્ન [**–કાઢવો** = નડતર દૂર કરવુ (૨)કાસળ કાઢવુ ('જયસિહનો કાટ કાઢયા વગર . .'. 'પછે કાઢો સેનાનો કાટ.'] [–ખાડવુ ટીચવુ તે

**કાટકૂટ** સ્ત્રી૦ [કાટવુ + કૂટવુ] કાપવુ અને કૂટવુ

**કાટકો** પુ૦ [જુઓ કડાકો] મોટી ગર્જના

**કાટખૂણ** પુ૦ નેવુ અશનો ખૂણો (૨) એ માપનુ કડિયા–સુતારનુ ઓજાર ૦**ચોખૂણ** પુ૦ ચાર કાટખૂણાવાળો ચતુષ્કોણ ૦**ત્રિકોણ** પુ૦ કાટખૂણાવાળો ત્રિકોણ **–ણો** પુ૦કાટખૂણ

**કાટછાંટ** સ્ત્રી૦ [દ્વિ ] કાપકૂપ, સુધારોવધારો

**કાટફળ** ન૦ એક વનસ્પતિની છાલ

**કાટરડો** પુ૦ [स किट्टाल]ઠરેલો કચરો, પ્રવાહી વસ્તુનો મેલ (૨)કટાઈ–બગડીને ખરાબ થઈ ગયેલો માલ; નકામો રદ્દી સરસામાન ઈ૦

**કાટલિયો** પુ૦ [જુઓ 'કાયટિયો'] કાટ્ટી

**કાટલુ** ન૦ વજન અમુક નક્કી વજનનુ તોલવાનુ સાધન (૨) સુવાવડમા સ્ત્રીઓને અપાતું ગુદર વગેરેનુ વસાણુ (૩) [हि. काटना 'કાટવુ' પરથી ?] ઓછુ કરવુ તે, કાપી લેવુ તે (૪) કાટ, કાટો; નડતર; બલા. [**કાટલાં કૂટવાં** = વ્યર્થ પ્રયત્ન કરવો, કાચલા કૂટવા **–કૂવામાં નાખવાં** = ગઈ ગૂજરી ભૂલી જવી **કાટલાં સાંખવાં** = જોખ મેળવી જોવા, બરોબર વજન તપાસવું. **કાટલું કાઢવું** = આડખીલી દૂર કરવી(૨)મારી નાખવુ **–કરવું** = જુઓ 'કાટલુ કાઢવુ' (૨) ઓછુ આપી-કરીને પતવવુ, ઓછાથી પતાવટ કરી લેવી ] **–લાંદાસ** પુ૦ વચમા પડી કાટલુ કરનાર – ઓછુ આપનાર આદમી **છાપેલું કાટલું** ન૦ સરકારી છાપવાળુ કાટલુ (૨) તે રીતે બધે નામીચુ માણસ [કરડવુ (૩) છેતરવુ

**કાટવું** સ૦ક્રિ૦[स कर्त्, प्रा कट्ट]કાપવુ, છેદવુ(૨)

**કાટવું** વિ૦ [જુઓ 'કાટ'] કાટના રંગનુ **–વો** પુ૦ શોકનો કાટવો સાલ્લો ['કાટવુ'મા

**કાટવો** પુ૦ એક ઓષધિ – વનસ્પતિ (૨) જુઓ

**કાટાકાટ** સ્ત્રી૦ [જુઓ 'કાટવુ'] કાપાકાપી (૨) કતલ (૩) અટસ, અદાવત

**કાટોડો** પુ૦ ચકમક (૨) જુઓ 'કાટરડો' (૩) કાચી ધાતુમાથી લોઢુ કાઢી લીધા પછી ભઠ્ઠીમા રહેતો અવશેષ [દે करट्ट] કાયટિયો

**કાટ્ટી** સ્ત્રી૦ જુઓ 'કાયટુ' (૨) પુ૦ [स करट;

**કાઠ** વિ૦ ધૂર્ત, પહોચેલ (૨)પુ૦ [स काष्ठ] કાષ્ઠ (૩) ઇમારતી કાટ (૪) કાઠડો (પ) હેડબેડીનુ ચોકઠુ, હેડ ૦**ગઢ** પુ૦ લાકડાનો ગઢ

**કાઠડી** સ્ત્રી૦ નાનો કાઠડો **–ડું** ન૦, **–ડો** પુ૦ ઊટ વગેરે જાનવરની પીઠ પર મુકાતું લાકડાનુ આસન

**કાઠલો** પુ૦ [કઠ + લો] કન્યાને પરણાવતા પહેલા ચડાવાતુ ઘરેણુ [(ઘઉ)

**કાઠા** વિ૦ (બ૦વ૦) લાલાશ પડતા એક જાતના

**કાઠાડલી** સ્ત્રી૦ [જુઓ 'કાઠડો'] કાઠડા પર નાખવાની ધાબળી – ગોદડી [વાળુ (કા)

**કાઠાળું** વિ૦ [જુઓ 'કાઠુ'] કદાવર, કાઠા – બાધા-

**કાઠિન્ય** ન૦ [स ] કઠિનતા (૨) કઠોરતા

**કાઠિયાણી** સ્ત્રી૦ કાઠી સ્ત્રી

**કાઠિયાવાડ** પુ૦ ન૦[કાઠી + [स ]વાટ] (સ્ત્ર) ગુજરાતનો એક ભાગ **–ડી** વિ૦ કાઠિયાવાડનુ, –સબધી (૨) પુ૦ કાઠિયાવાડનો રહીશ

કાઢિયો પું૦[સં काष्ठ પરથી] ગાડાનો લાકડાનો સામાન – ખોખું (કા)

કાઠી વિ૦ (૨) પું૦ કાઠિયાવાડની એક અસલી જાતનું (માણસ)(૩)સ્ત્રી૦ [સં काष्ठ] બાળવાનું લાકડું(૪)જમીનનું એક માપ (૪૦૦ કાઠી= વીઘું) (૫)લાકડી,દંડો,વાસ(૬)કાઠું(શરીરનું)

કાઠું વિ૦ [સં कठिन, प्रा. कढ्ढिण] કઠણ,આકરું (૨)કઠોર (૩)કંજૂસ (૪)ખરાબ, માઠું (૫)ન૦ [સં काष्ठ પરથી] કલેવર,શરીરનો બાંધો(૬) ખોખું (ઢોલ,ઢક ઇત્યાદિનું), આકાર(૭)કાઠડો (૮)ઢોર ઓઢવાની હોય એવું સાહ્લાનું કપડું

કાઢઘાલ (ઢ, લ,) સ્ત્રી૦ કાઢવું ને ઘાલવું તે

કાઢવું સ૦ક્રિ૦ [સં कृष्, प्रा कड्ढ](હોય ત્યાથી કે અંદરથી) બહાર ખેંચવું–લાવવું–લેવું–મોકલવું (જેવા ભાવો બતાવે છે) (૨) અલગ કરવું, દૂર કરવું, છૂટું પાડવું (૩) રદ કરવું ('આ શબ્દ કાઢો તો લખાણ મંજૂર છે') (૪) [प्रा कड्ढ=રેખવું] આલેખવું, દોરવું(જેમ કે અક્ષર, ચિત્ર, વેલ,રંગ ઇ૦) (૫)કહેવું,બોલવું ઉચ્ચારવું (જેમ કે અવાજ, બોલ, વાત, સાદ, ઘાંટો ઇ૦)[प्रा. कड्ढ,સં कथ् ?=કહેવું,ઉચ્ચાર કરવો] (૬) સ્થાપવું, નવું ખોલવું, શરૂ કરવું (જેમ કે, નિશાળ દુકાન, કારખાનું, કંપની,કામ ઇ૦)(૭)ગણી કાઢવું, ગણતરી કરવી (જેમ કે, ભાવ, માપ, વ્યાજ હિસાબ કે તેનો જવાબ, અંદાજ ઇ૦ કાઢવા)(૮)જાહેરમાં બહાર આણવું (જેમ કે નામ, આબરૂ, દેવાળું કાઢવું) (૯) અંદરનો સાર કે અમુક ભાગ અલગ કરવો, મૂકવો કે છૂટો પાડવો [જુઓ અર્થ (૨)] જેમ કે, માગ કાઢવો, મલાઈ કાઢવી,તેલ કાઢવું, ઇ૦, 'તેણે ૫૦૦ રૂ આ ખાતે કાઢ્યા')(૧૦)કમાવું, મેળવવું, જોગ કરવો ('દુકાન ભાડુંય કાઢતી નથી.' 'દુકાનમાથી રોટલો કાઢવાનો છે' 'અધુંય ખર્ચ પગારમાથી જ કાઢવાનું')(૧૧) બીજા ક્રિ૦ સાથે, તે ક્રિયા પૂરી કરી દેવી, પતવવી,એવો ભાવ પ્રેરે છે. જેમ કે,'એણે આખું ખેતર ખોદી કાઢ્યું' 'આટલું જરા જોઈ કાઢશો?' [કાઢી જવું=મડદાને ઘેરથી બહાર કાઢી બાળવા–દાટવા લઈ જવું ('એમને ક્યારે કાઢી ગયા?') કાઢી નાંખવું=રદ કરવું (જેમ કે અરજી,માગણી ઇ૦)(૨)નાપાસ કરવું ('એને પરીક્ષકે શામા કાઢી નાખ્યો?'), ગણતરીમા ન લેવું ('મને તો તમે સાવ કાઢી જ નાખ્યો કે શું ?') કાઢી લેવું=છાનુંમાનું લઈ લેવું (૨) પતાવવું, પાર પાડવું (કામ કાઢી લેવું 'એને ત્યા રકમ છે તે હવે કાઢી લેવી જોઈએ') કાઢી મૂકવું, મેલવું=હાંકી કાઢવું (૨) રજા આપવી, બરતરફ કરવું (૩) કાઢીને મૂકવું–અલગ કરવું(જેમ કે, લૂગડાં),સાચવીને રાખવું (ડોસીએ રૂા પહેલેથી કાઢી મૂક્યા છે') ]

કાઢો પું૦ [સં क्वाथ, प्रा काढ] ઉકાળો, કાવો

કાઢો પું૦['કાઢવું' પરથી] ખેતરમાથી વધારાનું પાણી કાઢી નાખવા કરાતી નીક

કાણ, ૦મોકાણ (ણ,) સ્ત્રી૦ [સં कण्, મહા + कण् ?]મરણ પાછળ રોવું, કૂટવું અથવા લૌકિકે જવું તે [–કરવી, માંડવી=મરનાર પાછળ રોવું–કૂટવું(૨)[લા ]કોઈએ બગાડેલા કામને સંભારવું કાણે જવું=કાણ કરવાને માટે જવું (પરગામ)] –ણિયત, –ણિયું વિ૦ કાણ કરનારું

કાણાંકોડી સ્ત્રી૦ છોકરાની એક રમત

કાણિયત વિ૦ જુઓ 'કાણ'મા

કાણિયું વિ૦ જુઓ 'કાણ'મા (૨) જુઓ ['કાણું'મા

કાણીબગલું ન૦ એક જાતનું બગલું

કાણું વિ૦ [સં काण]વેહ—છિદ્રવાળું (૨)એક આંખવાળું (૩)ન૦વેહ,છિદ્ર,બાકું [–પાડવું= કાણું કરવું] –ણિયું વિ૦ કાણું

કાત સ્ત્રી૦ પેડુ(કા)(૨) તાકાત, કૌવત (૩) [સં. कृत्–कर्तनी] સોનીનું એક ઓજાર

કાતડી સ્ત્રી૦ [મ , સં कृत्ति, प्रा कत्ति] ચામડી

કાતણ સ્ત્રી૦ ['કાતવું' પરથી મ. कातण] કરોળિયા જેવું એક જીવડું

કાતણી સ્ત્રી૦ ['કાતવું' ઉપરથી]કાતેલા સૂતરની [કાકડી (કા)

કાતર વિ૦[સં ]બીકણ,કાયર(૨)દુખી,ભયભીત (૩) કતરાતું, વાંકું

કાતર સ્ત્રી૦ [સં कर्तरी, प्रा कत्तरी] કાતરવાનું ઓજાર(૨)વાળ ખરી પડવાનો જાનવરોનો એક રોગ(૩)કાતરના જેવી ધારવાળી પાતળી ઠીકરી,

પતરુ ઇ૦.[-ચલાવવી,-ફેરવવી,-મૂકવી =કાપકૂપ કરવી] ૦ણી સ્ત્રી૦ કાપવુ તે, કાપવાની રીત (૨) કાતર (૩) કરસણ કાપી લીધા પછી ખળુ કરતી વખતે બ્રાહ્મણોને જે ભાગ આપે છે તે

કાતરવું સ૦ ક્રિ૦ [स कृत्] કાતરથી કાપવું (૨)કાપવુ,કરડવુ(૩)ઓછુ કરવુ (૪) ખોતરવુ, ખણવુ (૫) [લા ]ઘસાતુ બોલવુ

કાતરિયું ન૦ [કાતરવું] છેક છાપરાની નીચેનો નીચો મેડો (૨) લાકડાનુ એક બેધારુ અસ્ત્ર (૩) દીવાલ કોચવાનુ યોગ્ય એક ઓજાર (૪) બે ચૂડીની વચમા પહેરાતુ પાતળી ચીપનુ કકણ (૫) ભેજુ (૬) કટાક્ષ, કરડી આખે જોવુ તે (૭) સ્લેટનો ભાગેલો મોટો ટુકડો [-ગોપ(-બ)=ગાડુ; ચસકેલ -મૂકવું=ઘર ફોડવુ, ચોરી કરવી. કાતરિયાં ખાવાં, -નાખવાં=રીસમા ત્રાસુ જોવુ, ચિડાઈને જોવુ, કટાક્ષ ફેકવા]

કાતરી(-ળી) સ્ત્રી૦ જુઓ 'કાતળી'

કાતરો પુ૦[स कृत=કાતરવું પરથી, સરખાવો 'કાતળી'] ચપટું, લાબું ને વાકુ ફળ ઉદા૦ આમલીનો કાતરો (૨) એને મળતા આકારનુ એક દારૂખાનુ (૩) એક જીવડો [એ ઊગતા અનાજના છોડ કાતરી ખાય છે] (૩) દાઢીની બને બાજુ રખાતા વાળના લાબા કાકડામાનો પ્રત્યેક (૫) [સુ] કેળાની લૂમ [કાતરા પડવા=ખેતરમા કાતરા જીવડા થવા.]

કાતળ સ્ત્રી૦ અફવા, ગપ (કા) (-મારવી)

કાતળિયો પું૦ એક જાતના ચોખા

કાતળી સ્ત્રી૦ [स कृत्त, प्रा कत्तरिअ, म. कातळा] પાતળી, ચપટી કકડી

કાતળું ન૦ [જુઓ 'કાતળી'] જાડી ચીરી-ગાબચુ (૨) ગડેરી (૩) મોટો બેડોળ કકડો

કાતિલ વિ૦ [अ] કતલ કરનારુ-કરે એવું (૨) ઘાતક (૩) મર્મવેધી

કાતી સ્ત્રી૦ [स कृत પરથી] છરી (૨) કરવતી (૩) [લા] દગો [(પેટમા) કાતી હોવી, -રાખવી=મનમા દગો હોવો કે રાખવો]

કાતું ન૦ [જુઓ 'કાતી'] બૂઠી છરી-પાળી

કાત્યાયન પુ૦ [स.] (સ) એક ઋષિ (૨) એક વૈયાકરણી (૩) ન૦ નિકદન [-કાઢવું= નિકદન કાઢવુ]

કાત્યાયની સ્ત્રી૦ [स](સ.) દેવી-દુર્ગા (૨) યાજ્ઞવલ્ક્ય મુનિની પત્ની ૦વ્રત ન૦ ઇચ્છેલો પતિ મેળવવા કન્યાઓ કાત્યાયની દેવીને ઉદ્દેશી કરે છે તે વ્રત

કાથ ન૦ [प्रा कत्थ?] જુઓ 'કથન'

કાથ પુ૦ ન૦ [स क्वाथ] સત્ત્વ, પાણી, દૈવત (૨) [કા] મનખો, જીવતર (૨) સ્વાર્થ

કાથાકૂબલા પુ૦ બ૦વ૦ [કાથ ('કથ' પરથી) કે કબલા (કલબલ?)] કૂથલી, સાચાજૂઠા (૨) નકામી ભાજગડ, નજીવી તકરાર

કાથિયુ વિ૦ [જુઓ 'કાથો'] કાથાના રગનુ (૨) કાથીનુ દોરડુ (૩) કાથીની સાદડી (૪) કાથીનુ બનાવેલુ પગલુછણિયુ

કાથી સ્ત્રી૦ [म काथा, -थ्या] નાળિયેરના છોડાના રેસા કે તેની દોરી (કાથી જેવા રગની)

કાથો પુ૦ [स क्वाथ, हिं. कत्था] ખેરની છાલનુ સત્ત્વ (૨) જુઓ 'કાથી' -થાગોળી સ્ત્રી૦ મસાલાવાળી કાથાની ગોળી -થાદોરી સ્ત્રી૦ કાથાની દોરી

કાદર વિ૦ [अ कादिर] શક્તિમાન

કાદવ પુ૦ [स कर्दम, प्रा कद्दम] ધૂળ-મટોડીમા પાણી મળીને બનતો ગારો, કીચડ [-ઉડા(-ડા)ડવો, -ફેંકવો=ખોટી નિદા કરવી -ખૂદવો=વ્યર્થ મહેનત કરવી]

કાદવ-કીચડ પુ૦ ખૂબ કાદવ [પ્રાચીન કાળથી

કાદોકદમી અ૦ [કાદો (?)+કદમી] અતિ

કાદંબરી સ્ત્રી૦ [स] કોકિલા (૨) મેના (૩) (સ.) સરસ્વતી (૪) બાણકૃત સુપ્રસિદ્ધ કથા (૫) તે કથામા આવતુ એ નામનુ મુખ્ય સ્ત્રીપાત્ર (૬) [લા] નવલકથા

કાન (કા'?) પુ૦[स कर्ण, प्रा कण्ण]સાભળવાની ઇદ્રિય (૨) [લા] લક્ષ, ધ્યાન (૩) નાકુ, છિદ્ર [-આવવું=જુઓ 'કાને આવવુ' -આવવા=સાભળવા-સમજવાની શક્તિ આવવી -આમળવા=(ઠપકો આપવા-શિક્ષા કરવા) કાનપટ્ટી પકડવી -ઉઘાડવા=

ચેતવવું, ખબર પડે કે જાગે એમ કરવું -ઠેરવવા=સાચી સ્થિતિ સમજાવી, ખબર પડવી -ઊભા કરવા=જુઓ 'કાન માંડવા' -કરડવા=ગુસપુસ મસલત કરવી -કાપવા=આકું અવળું સમજાવી લેવું (૨) ના કરતા ચડિયાતા થવું-જીતવું -ખોતરવા =કાનમાંથી સળી વગેરે વડે મેલ કાઢવો (૨) પોતાની ભૂલથી શરમાવું -કાન પકડવા -ખોલવા=જુઓ 'કાન ઉઘાડવા' -ઘણા હોવા =જેનું તેનું સાંભળી ભોળવાવું, કાચા કાનના હોવું -ધરેણે મૂકવા= બહેરું થવું, ન સાંભળવું -ઝાલવા= જુઓ 'કાન પકડવા' -તળે કાઢવું, તળેથી કાઢી નાખવું=સાંભળ્યા ઉપર લક્ષ ન આપવું, સાંભળ્યું ન સાંભળ્યું કરવું -દેવા, ધરવા=ધ્યાનથી સાંભળવા પ્રયત્ન કરવો કાનના કીડા ખદબદવા કે ખરવા= અપશબ્દો સાંભળી કમકમાટી છૂટવી -નીચે કાઢી નાખવું= જુઓ 'કાન તળે કાઢવું' કાનની બૂટ પકડવી=ભૂલ કબૂલ કરવી કાનનું કાચું વિ૦ બહેરું (૨) બીજાનું સાંભળી ઝટ ભરમાઈ જાય તેવું -પકડવો= ભૂલ બતાવવા-સાનમાં લાવવા કાન ઝાલવો (૨) પોતાની ભૂલ કબૂલ કરવી-કાનની બૂટ પકડવી ફૂટવા=(કાન ફૂટી જાય-બહેરા થઈ જાય તેવો) અસહ્ય ઘોંઘાટ લાગવો (૨) (કાનનો પડદો ફૂટતા) બહેરું થવું -ફૂંકવા= જુઓ 'કાનમાં ફૂંક મારવી' (૨) ભંભેરવું (૩) મંત્ર કહીને ચેલો બનાવવો -ફોડવા,-ફોડી નાખવા=ભારે ઘોંઘાટ કરવો -ભરવા, ભંભેરવા=ખોટું કહી ભમાવવું, ચાડીચૂગલી કરી ઉશ્કેરવું -મરડવા=ઠપકો આપવો કાનમાં આંગળીઓ ઘાલવી=ન સાંભળવું કાનમાં કહેવું=છાની રીતે કહેવું (૨) (દવા ઇ૦ની) તત્કાળ અસર થવી -માં કાંકરા ઘાલવા=કાંકરા રાખી કાન ચાંપી જવા (૨) સાંભળ્યું ન સાંભળ્યું કરવું કાનમાં ડૂચા મારવા=ન સાંભળવું (૨) શિખામણ ન માનવી -માં ઝેર રેડવું=કાન ભંભેરવા, ખોટી ઉશ્કેરણી કરવી કાનમાં ફૂંક મારવી= બોધ આપવો (૨) છૂપી મસલત કરવી (૩) ભમાવવું ભંભેરવું કાનમાં મંત્ર મૂકવો= ઉપદેશ કરવો (૨) ભોળવવું; કહ્યું ખરું માને એમ કરવું -માંડવા=સાંભળવા ધ્યાન આપવું -વીંધવા=કાનના અલંકાર પહેરાવવા કાન કોચવા. -વીંધી નાખવા, વીંધાઈ જવા=સાંભળતા હૈયું પીગળી જવું -સૂના થઈ જવા=બહેરું થવું (૨)કઠોર-અપશબ્દ સાંભળવા કાને આવવું=(કોઈ વાતનું) કાન સુધી પહોંચવું, સાંભળવામાં આવવું કાનેથી કાઢી નાખવું=સાંભળ્યું ન સાંભળ્યું કરવું. કાને પડવું=કાને આવવું, સાંભળવામાં આવવું કાને દાટા મારવા=જુઓ 'કાનમાં ડૂચા મારવા' કાને ધરવું=કથા ઉપર લક્ષ આપવું, ધ્યાનમાં લેવું કાને નાખવું= ખબર આપવી, જણાવવું કાને હાથ દેવા, ધરવા, મેલવા, મૂકવા=કંઈ ખબર નથી એમ જણાવવું (૨) ન ગણકારવું, જાણી જોઈને બહેરા થવું ] ૦કટું વિ૦ કપાયેલા કાનવાળું ૦ક(૦ર)ડિયું ન૦ છોકરાની એક રમત (૨) એક જાતનું ચામાચીડિયું ૦કોચિયું ન૦ કાનમાં વેહ પાડવાનું ઓજાર. ૦કોચિયો પું૦ કાન વીંધવાનો ધંધો કરનારો આદમી ૦કોરણી સ્ત્રી૦ કાનમાંનો મેલ કાઢવાનું ઓજાર (૨) કાન કરડવા-છાની ઉશ્કેરણી કરવી તે ૦ખજૂરો પું૦ [સં કર્ણખર્જૂર=વીંછી] ઘણા પગવાળો એક જીવડો ૦ખોતરણી સ્ત્રી૦ મેલ કાઢવાની કાનકોતરણી ૦ચિમોગી ન૦ વાગોળ ૦ચિમડિયું ન૦ વાગોળ (૨) ચામાચીડિયું ૦છે(-શે)રિયાં ન૦ બ૦ વ૦ કાન ઉપરના વાળના ગુચ્છા, કાકપક્ષ [-અમળાવા, -ખરવા=ભૂંડા શબ્દો સહન ન થવાથી કમકમાટી છૂટવી ] ૦ટોપી, ૦ઢાંકણી સ્ત્રી૦ કાન ઢંકાય એવી ટોપી ૦પટી(-ટ્ટી) સ્ત્રી૦ કાનની કોર કે બૂટ [-પકડવી=જુઓ 'કાન પકડવો'] ૦પટો(-ટ્ટો) પું૦ કાન ઢાંકવાનો પટો ૦ફટો પું૦ [કાન+ફટો (ફાટવું પરથી)] કાનમાં

મોટું કુંડળ – કડું પહેરનાર સાધુ, ગોરખપંથી વેરાગી ૦ફૂટું વિ૦ બહેરુ ૦ફૂસિયાં ન૦ બ૦ વ૦ કાનભંભેરણી. ૦ફૂસિયુ વિ૦ ચુગલખોર (૨) કાન ભભેરનારુ (૩) ન૦ એવુ માણસ કે એવી વાત કરવી તે ૦ફોડિયુ વિ૦ [ફોડવુ' પરથી] કાન ફોડે એવુ (૨) ધ્યાન ખેચવા ગરબડ કરનારુ ૦ભભેરણી સ્ત્રી૦ કાન ભભેરવા તે, કાઈનુ કાઈ કહી ઊંધી દોરવણી કરવી તે ૦મૂળિયુ ન૦ કાનના મૂળમા થતો એક રોગ ૦શિયાળ ન૦ એક જીવડુ ૦શિયાં, ૦શેરિયાં, ૦સિયાં ન૦ બ૦ વ૦ કાનછેરિયા ૦શૂલ (–ળ) ન૦ કાનનો દુખાવો –ને(–નો) કાન અ૦ જુદા જુદા કાને થઈને (૨) ખુદ પોતાના કાનથી

કાનડી [स कर्णाट, प्रा कण्णाड = કર્ણાટક] કર્ણાટકનું –ને લગતુ (૨) સ્ત્રી૦ કર્ણાટકી ભાષા

કાનડુ ન૦ વણકરનુ એક ઓજાર [એક રાગ

કાનડો પુ૦ [हि कान्हडा, म. कानडो, કાનડી ?)

કાનઢાંકણી સ્ત્રી૦ જુઓ 'કાન મા

કાનન ન૦ [स] વન, જગલ

કાન ૦પટી, ૦પટ્ટી, ૦ફટો, ૦ફૂટું, ૦ફૂસિયુ (-યાં), ૦ફોડિયું, ૦ભંભેરણી જુઓ 'કાન'મા

કાનમ (ન') સ્ત્રી૦ [स कृष्णभूमि, प्रा कण्हभूम, कान्हम] કાળી જમીન (૨) ન૦ (સં) વડોદરા અને ભરૂચ વચ્ચેનો પ્રદેશ ['કાન'મા

કાન ૦મૂળિયું, ૦શિ(–સિ)યાં, ૦શૂલ જુઓ

કાનસ સ્ત્રી૦ એક ઓજાર, અતરડી [म] (૨) ઘરના મેડાની આગલી પાટડી ઉપર ગોઠવવામા આવતો બીજો નાનો પાટડો

કાનસીલ(–ળ) (કા') પુ૦ [स कर्णशिरस्, म कानशील] કાનનો બહાર પડતો ભાગ (કા)

કાનસૂરી (કા') સ્ત્રી૦ [स कर्णश्री ?] કાનનો વળોટ; કાન રહેવાની સ્વાભાવિક રીત [ડોર

કાની સ્ત્રી૦[ 'કાન' પરથી ]ઊંચા લીધેલા કપડાની

કાનીન વિ૦ [सं] કન્યાનુ, -ને લગતુ

કાનુડો પુ૦[स ]કહાનો, કૃષ્ણ (હશ્રુતિ લોપાઈ છે)

કાનું ન૦ [ગોવા કૉન્નૉ ? म कानून] એક વાજું

કાનૂગો પુ૦ [फा. कानूनगो] કાયદો જાણનાર પુરુષ –ગા પું૦ (બ્રહ્મક્ષત્રિયોમા) એક અટક

કાનૂન પુ૦ [अ] કાયદો, નિયમ (૨) ધારો; રિવાજ ૦ભંગ પું૦ કાનૂનનો–કાયદાનો ભગ. –ની વિ૦ કાનૂનને લગતુ

કાને(–નો)કાન (કા') અ૦ જુઓ કાન'મા

કાનો (કા') પું૦ [सं कर्ण] લિપિમા 'આ'નુ 'ા' આવુ ચિહ્ન (૨) વાસણની કોર ૦કાન અ૦ [વાસણના] કાના સુધી (૨) જુઓ 'કાન'મા. ૦માતર પુ૦બ૦વ૦, ૦માત્રા ન૦ બ૦ વ૦ 'ો' આવુ ચિહ્ન

કાન્યકુબ્જ પું૦, ન૦ [स] (સ ) કનોજ

કાપ પુ૦ [કાપવુ] કાપવુ તે (૨) કાપવાથી પડતો આકો, વાઢ, કાપો (૩) સ્ત્રીઓના કાનનુ એક ઘરેણું (૪) કાપવાની–વેતરવાની રીત, ખૂબી [–કાઢવો = કપડુ વેતરવુ. –મૂકવો = કાપવુ (૨) કાપી લેવું, કમી કરવુ, કાઢી નાખવુ ]૦કૂપ, –પાકૂપ(–પી) સ્ત્રી૦ થોડુ ઘણુ કાપવુ –ઘટાડવુ તે (૨) સુધારોવધારો (૩) કરકસર

કાપટ્ય ન૦ [स] કપટ, કપટતા

કાપડ ન૦ [सं कर्पट, प्रा कप्पड] કોરુ કપડુ –ડિયો પુ૦ કાપડ વેચનાર –ડી વિ૦ કાપડનુ, ને લગતુ (૨) સ્ત્રી૦ નાનુ કાપડુ –ડું ન૦ સ્ત્રીઓનુ છાતીએ પહેરવાનુ એક પ્રકારનુ વસ્ત્ર, કાચળી

કાપડી(–ડિયો) પુ૦[सं कर्पटिक, प्रा कप्पडिअ] કાર્પટિક, સાધુસન્યાસી (૨) જુઓ 'કાપડ'મા

કાપણી સ્ત્રી૦ [स कल्पनी, प्रा कप्पणी] કાપવાની રીત (૨) પાકેલા અનાજને કાપવુ તે, લણણી (૩) પતરા કાપવાનુ ઓજાર, કાતર

કાપતું વિ૦[જુઓ 'કાપવુ'] 'કાપવુ'નુ વ૦ કૃ૦; મોટી રકમમા નાની સમાવીને ગણાતુ (વ્યાજ)

કાપલી સ્ત્રી૦ [કાપવુ] કાગળ કે કપડાનો નાનો કકડો –લો પુ૦ કાગળ કે કપડાનો કકડો –લાકૂપલી સ્ત્રી૦ કાપલા અને કાપલી

કાપવું સ૦ ક્રિ૦ [स कृप् (?) प्रा कप्प, दे कप्परिअ, म कापणें] વાઢવુ, વાઢી જુદુ પાડવુ (૨)ઘટાડવુ (૩) દૂર કરવુ, ફેડવુ (૪) [ગજીફાની રમતમા] ચીપ્યા પછી પાના વહેંચતા પહેલા અધ્ધર અમુક ભાગ ઉઠાવવો (૨) રમાતી ભાતનુ પત્તુ ન હોય તો હુકમનુ પાનુ ઊતરવુ,

કાટલું [કાપ્યું વ્યાજ = જેમા અમુક દિવસોનુ વળતર અપાય છે તેવુ વ્યાજ]

કાપાકાપ(-પી)સ્ત્રી૦[કાપવુ-દ્વિત્વ]એક બીજાને સામસામે કાપી નાખવુ તે, કતલ, ખૂનરેજી

કાપાકૂપ(-પી) સ્ત્રી૦ જુઓ 'કાપ'મા

કાપાલ(-લિક) પુ૦ [स] જુઓ 'કપાલી' ૧,૨

કાપુરુષ પુ૦[स.] બાયલો માણસ(૨) અધમ-તુચ્છ માણસ

કાપો પુ૦ [કાપવુ]આંકો,લીટો,છેકો(૨)ચીરો,કાપ

કાફર વિ૰ [अ काफिर] મુસલમાની ધર્મને નહિ માનનાર, નાસ્તિક, અધર્મી (૨) લુચ્ચુ, હરામખોર (૩) જગલી (૪) પુ૦ આફ્રિકાની મૂળ વતની જાતનો માણસ -રી પુ૦ એબિસીનિયાનો મૂળ વતની, હબસી (૨) સ્ત્રી૦ હબસણ -રો પુ૦ દક્ષિણ આફ્રિકાનો મૂળ વતની કાફર [લડાયક વહાણનો સમૂહ

કાફલો પુ૦ [अ काफिलह]સમુદાય, સઘ(૨)

કાફિયો પુ૦ [अ] અનુપ્રાસ

કાફી સ્ત્રી૦ [हिं, म] એક રાગિણી (૨) [इं. कॉफी, प्रो काफी, अ कहवह પરથી] બુદ દાણામાથી બનાવાતુ એક પીણુ (૩) [अ] વિ૦ પૂરતુ, જરૂર જેટલુ

કાબર સ્ત્રી૦ [म कर्बुर, प्रा कब्बुर ?] એક પખી (૨) [લા] કચકચિયણ સ્ત્રી ૦કલહ સ્ત્રી૦ કાબરોનો કલહ(૨)[લા]બોલાચાલી-ઝઘડો, કચકચાટ ૦ચીતરુ વિ૦ ચિત્રવિચિત્ર, તરેહવાર રગનુ -રિયુ, -રુ વિ૦ [स कर्बुर] રગ બેરગી,કાબરચીતરુ -રી સ્ત્રી૦ કસૂબીનુ (૨) કાબરચીતરા ધોળા અને કાળા રગની તલી

કાબસ પુ૦ તેલનો (તળે ઠરતો) કચરો

કાબા પુ૦[अ कअबह](स)મક્કામા આવેલુ મુસલમાનોનુ એક જાત્રાનુ સ્થાન

કાબિજ પુ૦ [अ] કબજેદાર, માલિક

કાબુલ ન૦ [फा] (स)અફઘાનિસ્તાનનો એક પ્રાત (૨) અફઘાનિસ્તાનનુ પાટનગર -લી વિ૦ કાબુલનુ-ને લગતુ (૨) પુ૦ કાબુલનો વતની, અફઘાન, પઠાણ

કાબૂ પુ૦ [तुर्की] સત્તા, અખત્યાર(૨) અંકુશ (૩) કબજો (૪) વજન, વગ [-જામવો, -ધરાવવો, -માં લેવું, -માં રાખવુ, -રાખવો સાથે શ પ્ર થાય છે] ૦દાર વિ૦ કાબૂ ધરાવનારુ

કાબેલ વિ૦ [अ काबिल] પહોચેલુ હોશિયાર (૨) પ્રવીણ, બાહોશ -લિયત સ્ત્રી૦ [अ काबिलियत] કાબેલ હોવાનો ગુણ -લેબરદાશ(-સ્ત) વિ૦ [+बरदाश्त फा] બરદાસ્ત કરી શકાય-સહી શકાય એવુ

કાબો પુ૦ [प्रा कव्वड = ડુગરનો રહેવાસી તે પરથી ?] કચ્છ તરફ વસતી એક લુટારુ અને ચાચિયા જાતનો આદમી, લૂટારો (૨) વિ૦ પુ૦ [કાબિલ પરથી ?] કાબેલ, પક્કો

કાભા સ્ત્રી૦ જુઓ કુભારજા

કામ પુ૦ [स] ઇચ્છા, વાસના (૨) ચાર પુરુષાર્થોમાનો એક(૩)ઇદ્રિયસુખ, વિષયસુખ, મૈથુનેચ્છા (૪) [स]કામદેવ, મદન (૫) એક છદ ૦કામી વિ૦ વિષયસુખની ઇચ્છાવાળુ ૦કેલિ(-લી), ૦ક્રીડા સ્ત્રી૦સ્ત્રીપુરુષની કામવાસનાપ્રેરિત રમત (૨) સભોગ, મૈથુન ૦કુમાર, ૦કુંવર પુ૦ (स) પ્રદ્યુમ્નનો કુવર-અનિરુદ્ધ ૦ગુણ પુ૦ શબ્દાદિ પાચ વિષય ૦ચર, ૦ચાર(-રી) વિ૦ સ્વચ્છદી (૨) પુ૦ સ્વચ્છદ (૩) સ્વચ્છદી આદમી ૦જિતૂ વિ૦ વિષયવાસનાને જેણે જીતી છે એવુ ૦જ્વર પુ૦ તીવ્ર વિષયવાસના, મૈથુનેચ્છારૂપી જ્વર-તાવ ૦દ વિ૦મનકામના પૂરી કરનારુ (૨) પુ૦ ઈશ્વર (૩) કાર્તિકસ્વામી ૦દા વિ૦ સ્ત્રી૦ કામદ (૨) સ્ત્રી૦ કામધેનુ (૩) નાગરવેલ ૦દુઘા, ૦દુગ્ધા સ્ત્રી૦ કામધેનુ. ૦દૂતી સ્ત્રી૦ મદનદૂતી, કોયલ ૦દૃષ્ટિ સ્ત્રી૦ વિષયવાસનાવાળી નજર ૦દેવ પુ૦ કામવાસનાનો કલ્પિત દેવ, મદન ૦ધુક, ૦ધેનુ સ્ત્રી૦ મનકામના પૂરી કરનારી એક કલ્પિત ગાય ૦બાણ ન૦ કામદેવનુ બાણ (અરવિંદ, અશોક, આમ્ર, નવમલ્લિકા અને નીલોત્પલ) (૨) નેત્રકટાક્ષ ૦ભાવ પુ૦ કામવાસના ૦ભોગ પુ૦ કામવાસના ભોગવવી-પૂરી કરવી તે. ૦મીમાસા સ્ત્રી૦ કામશાસ્ત્ર (૨) એને લગતી તાત્વિક ચર્ચા ૦રૂપ

વિ૰ ઇચ્છામા આવે એવુ રૂપ, વગનારું (૨) સુંદર, મોહક (૩) પુ૰ (સ ) આસામ દેશના એક ભાગનુ પ્રાચીન નામ ૦રૂપી વિ૰ કામરૂપ ૦વતી વિ૰ સ્ત્રી૰ વિષયેચ્છાવાળી – કામી ૦વશ વિ૰કામવાસનાને વશ બનેલું ૦વાસના સ્ત્રી૰ વિષયેચ્છા ૦વિકાર પુ૰ વિષયેચ્છાને લીધે થતો મનોવિકાર ૦વિજ્ઞાન ન૰ કામવાસનાનુ વિજ્ઞાન કામશાસ્ત્ર ૦વૃદ્ધિ સ્ત્રી૰ કામનુ – વિષયેચ્છાનુ વધવું તે ૦શર પું૰;ન૰ કામબાણ, ૦શાસ્ત્ર ન૰ કામભોગનુ શાસ્ત્ર ૦સૂત્ર ન૰(સં.)કામશાસ્ત્ર નિરૂપતો વાત્સ્યાયન મુનિએ રચેલો સૂત્રગ્રંથ ૦હીણુ વિ૰ નપુસક

**કામ** ન૰ [सं कर्म, प्रा कम्म] કર્મ, કૃત્ય (૨) નોકરચાકરનુ કામ જેમ કે કામ કરનારી (૩) કર્તવ્ય (૪) વ્યવસાય, ધંધો (૫) જરૂર, ખપ, ઉપયોગ (૬) કેસ, મુકદ્દમો (ઉદા૰ એના ઉપર કામ ચલાવવુ જોઈએ ) (૭) અ૰ કાજે, માટે (શું કામ ?') [–આવવું = કામમા આવવું, ઉપયોગી થવુ (૨) યુદ્ધમા ખપી જવુ –કરવું, –કરી છૂટવું=બદલાની આશા વિના કામ કરવુ –કાઢી લેવું, કાઢવું = યુક્તિથી સ્વાર્થ સાધી લેવો –ચાલવું = અદાલતમા મુકદ્દમો ચાલવો –થવું = કાર્ય પાર પડવુ –તમામ થવું = મરણ પામવુ –દેવું = ઉપયોગી થવુ કામનું ચોર=જુઓ'કામચોર –પડવું=(નો)ઉપયોગ કે જરૂર હોવા (૨) (–ની સાથે) પ્રસગ પડવો –મળવું = રોજગારે લાગવુ,વંચે ચઢવું કામમાં આવવુ = ઉપયોગી થવુ કામમાં કામ કરી લેવુ = એક કામ કરતા ભેગુ બીજુ કામ કરી લેવુ કામ લાગવું = જુઓ 'કામ આવવુ' –સરવું = કામ સફળ થવું, ધાર્યું પાર પડવુ કામે લાગવું = ઉદ્યોગ કરવા મડી જવુ ] ૦કરુ વિ૰ કામ કરે એવુ, કર્તવ્યનિષ્ઠ (૨) મહેનતુ ૦કાજ ન૰ નાનુમોટુ કોઈ પણ કામ, વ્યવસાય (૨) ધંધો, રોજગાર ૦ગ(–ગી)રી સ્ત્રી૰ નોકરી, ચાકરી (૨) અધિકાર, સત્તા (૩) નોકરીને અગે કરવાનુ કામ ૦ગરું વિ૰ કામમા મચ્યુ રહેનારુ, ઉદ્યોગી ૦ગાર વિ૰ કામ – મહેનત મજૂરી કરનાર(૨)પુ૰ કામદાર, મજૂર. ૦ગીરી સ્ત્રી૰ કામગરી ૦ચલાઉ વિ૰ કામ ચલાવવા પૂરતુ જ હોય એવુ (૨) કાયમીથી ઊલટુ, હગામી ૦ચોર પું૰ પોતાને સોંપાયેલુ કામ બરાબર નહિ કરનાર – હાડકાનો આળો એવો આદમી (૨) કસબચોર ૦ચોરી સ્ત્રી૰ કામચોરનુ કર્મ ૦જોગ(–ગુ) વિ૰ કાર્યપૂરતુ ૦ધંધો પુ૰ કામ અને ધધો, વેપારરોજગાર ૦સર અ૰ કામને માટે – અગે ૦સાધુ વિ૰ સ્વાર્થસાધુ આપમતલબી (૨) પુ૰ તેવો આદમી

**કામઠુ** વિ૰ [सं काम પરથી] + કામી

**કામઠ** પુ૰ [सं कमठ] કાચબો

**કામઠિયો** પું૰ [જુઓ 'કામઠી'] તીર મારનારો પુરુષ, ધનુર્ધારી

**કામઠી** સ્ત્રી૰ [सं कमठ=વાસ] નાનુ કામઠુ; સાદુ ધનુષ્ય (૨) કામઠીવાળો માણસ. ભીલ. –ઠુ ન૰ ધનુષ

**કામડકોટિયું** વિ૰ [કામડ (सं कमठ=વાસ) પરથી] કામડાનુ બનાવેલુ (૨) ભાગુ ભાંગુ થઈ રહેલુ (૩) ન૰કામડા બાધીને બનાવેલુ ઘર

**કામડી(–ડુ)** વિ૰ [सं कमठ=વાસ] નબળા બાધાનુ, સુકલકડી (૨) ['કામ' પરથી] કામ કરતુ –ડી સ્ત્રી૰.–ડુ ન૰[सं कमठ=વાસ] વાસની ચીપ

**કામઢુ** વિ૰ જુઓ કામકરુ'

**કામણ** ન૰ [सं कार्मण प्रा कम्मण] વશીકરણ, મોહિની લગાડવી તે (૨) જતરમતર, ટુચકા. ૦ગારુ વિ૰ [+ ગારુ] કામણ કરે એવુ, મોહક ૦ટૂમણ ન૰ કામણ અને બીજા ટુચકા જતરમતર ૦ટૂમણિયુ વિ૰ કામણટૂમણ કરનારુ ૦વું સ૰ ક્રિ૰ કામણ કરવુ

**કામતાઈ** સ્ત્રી૰[सं काम પરથી]+વિષયલપટતા, કામીપણુ [[सं]'માં

**કામદ, કામદા** વિ૰સ્ત્રી૰ [सं] જુઓ 'કામ

**કામદાની** સ્ત્રી૰ [કામ + દાની (फा)] એક પ્રકારનુ લૂગડુ

**કામદાર** પુ૰ [કામ + દાર (फा)] અમલદાર, અધિકારી (૨) કારભારી દીવાન (૩) કામ કરનાર – નોકરિયાત માણસ અથવા મજૂર.

૦પક્ષ પુ૦ કામ કરનારાઓ – મજૂરોનો પક્ષ
૦સંઘ પુ૦ કામ કરનારાઓનો – કામદારોનો સંઘ –રી સ્ત્રી૦ કામદારપણું
**કામ** ૦દુધા, ૦દુર્ગા, ૦દૂતી, ૦દેવ, ૦ધુક, ૦ધેનુ જુઓ 'કામ [सं]'મા [અભિલાષા
**કામના** સ્ત્રી૦ [सं] વાસના, મનોભાવ (૨) ઇચ્છા,
**કામ(-મિ)ની** સ્ત્રી૦ [सं कमित्री] કામ – પ્રેમ – હેત રાખનારી સ્ત્રી (૨) સુંદરી
**કામરૂ** પુ૦ [सं कामरूप] (મ) કામરૂપ દેશ ૦પ ૫ુ૦ [सं] જુઓ 'કામ [सं]'મા
**કામલેટ** સ્ત્રી૦ [इं कॅमलेट?] એક જાતનું ઊનનું કપડું, કામ્લેટ
**કામવું** સ૦ક્રિ૦ [सं काम પરથી] ઇચ્છા કરવી (૨) મેળવવું, સંપાદન કરવું, કમાવું [મેલ
**કામસ** પુ૦, સ્ત્રી૦ ગેરડીના રસનો કચરો, ગોળનો
**કામળ(-ળી)** સ્ત્રી૦ [જુઓ 'કાબળ'] ઊનની ધાબળી. –ળિયો પુ૦ ચોમાસામા થતો એક રૂવાવાળો જીવડો –ળો પું૦ ધાબળો, મોટી કામળી
**કામા** સ્ત્રી૦ [सं कामिनी] સુંદર સ્ત્રી (૨) [?] પુ૦ એક પારસી અટક
**કામાક્ષી** વિ૦ સ્ત્રી૦ [सं] વિષયી આંખવાળી સ્ત્રી (૨) સ્ત્રી૦ (મ) તંત્રો પ્રમાણે દેવીની એક મૂર્તિ (૩) દુર્ગાનું એક નામ
**કામાગ્નિ** પુ૦ [सं] કામવાસનારૂપી અગ્નિ
**કામાઠી(-ટી)** વિ૦ [म कामाठी] એ નામની હિંદુ જ્ઞાતિનું (૨) પુ૦ એ જ્ઞાતિનો માણસ (૩) ઝાડઝૂડ કરનાર નોકર, પટાવાળો –ઠ(-ઠ)ણ સ્ત્રી૦ કામાઠીની સ્ત્રી
**કામાતુર** વિ૦ [सं] વિષયેચ્છાથી આતુર બનેલું
**કામાદાર** પુ૦ + કામદાર, કારભારી [કામાગ્નિ
**કામાનલ(-ળ)** પુ૦ [सं] કામરૂપી અનલ,
**કામાયુધ** ન૦ [सं] કામદેવનું આયુધ – બાણ
**કામાર્ત(-ર્ત્ત)** વિ૦ [सं] કામવાસનાથી આર્ત – પીડિત [એવું, કામી
**કામાર્થી** વિ૦ [सं] વિષયભોગ જેનો હેતુ છે
**કામાર્થું** વિ૦ [सं काम + અર્થુ (सं अर्थिन्)] કામગરું, ઉદ્યોગી
**કામાવેશ** પુ૦ [सं] વિષયેચ્છાનો આવેશ – જુસ્સો
**કામાસક્ત** વિ૦ [सं] વિષયાસક્ત –ક્તિ સ્ત્રી૦ વિષયાસક્તિ [એક આસન
**કામાસન** ન૦ [सं] કામવાસનાને દબાવવાનું
**કામાસ્ત્ર** ન૦ [सं] કામનું અસ્ત્ર – બાણ
**કામાંધ** વિ૦ [सं] કામાવેશથી આંધળું બનેલું. ૦તા સ્ત્રી૦ [સ્ત્રી૦ કામી
**કામિની** સ્ત્રી૦ [सं] જુઓ 'કામની' (૨) વિ૦
**કામી** વિ૦ [सं] વિષયી, વિષયાસક્ત
**કામુક** વિ૦ [सं] ઇચ્છુક (૨) વિષયી, કામી (૩) પુ૦ યાર (૪) કામી પુરુષ –કા વિ૦ સ્ત્રી૦ કામી (સ્ત્રી) [વ્યાપાર, ક્રિયા
**કામું** ન૦ [જુઓ 'કામ'] કામ, કાર્ય (૨)
**કામેચ્છા** સ્ત્રી૦ [सं] કામની – વિષયભોગની ઇચ્છા –ચ્છુ વિ૦ કામુક
**કામેશ્વર** પુ૦ [सं] વિષયવાસના પર કાબૂ મેળવનાર પુરુષ (૨) [सं] મહાદેવ, શિવ –રી સ્ત્રી૦ એવી સ્ત્રી (૨) [सं] પાર્વતી
**કામો** પુ૦ ['કામ' ઉપરથી] બહાદુરીનું કામ, પરાક્રમ (કા) [એક રાગણી
**કામોદ** પુ૦ [सं] એક રાગ –દી સ્ત્રી૦ દીપકની
**કામોરો** પુ૦ કામદાર (કા)
**કામ્ય** વિ૦ [सं] ઇચ્છા કરવા યોગ્ય (૨) કામનાથી – ઇચ્છાથી કરેલું (૩) સુંદર
**કાય** ન૦ જુઓ 'કાયફળ'
**કાય** સ્ત્રી૦ [सं] શરીર ૦કષ્ટ ન૦ કાયાનું કષ્ટ (૨) તપાદિથી દેહનું દમન કરવું તે (૩) શારીરિક કામ – મહેનત ૦કષ્ટી વિ૦ કાયકષ્ટ કરનારું ૦સ્થ વિ૦ [सं] એ નામની જ્ઞાતિનું, કાયચ (૨) પુ૦ એ જ્ઞાતિનો પુરુષ ૦ચિકિત્સા સ્ત્રી૦ શરીરની ચિકિત્સા – વૈદકીય તપાસ અને સારવાર ૦દંડ પુ૦ દેહદમન ૦રોગ પુ૦ શારીરિક રોગ
**કાયચ** વિ૦ (૨) પુ૦ + કાયસ્થ (જુઓ 'કાય'મા)
**કાય(-ર)ટું** ન૦ [सं कार्ट के करट्ट] મરનારના અગિયારમાને દિવસે કરવામા આવતી ક્રિયા કે જમણ [–કરવું = અગિયારમું કરવું. –બાળવું = અગિયારમું જમાડવું –સરાવવું કાયટાની ક્રિયા કરવી] –ટિયો પુ૦ કાયટું કરાવનાર બ્રાહ્મણ

**કાયદે આઝમ** પું૦ જુઓ કાઇદે આઝમ
**કાયદો** પું૦ [अ] નિયમ, ધારો (૨) સરકારી કાનૂન (૩) ઘોડાના ચોકડા સાથે સબંધ રાખતી દોરી, જે તેની ડોકની હાસડીના આંકડામા ભેરવાય છે [–ઉતારવો, –ચડાવવો = લગામ કાઢવી ઘાલવી –ચલાવવો = કાયદાનો અમલ કરવો (૨) આપખુદી ચલાવવી . કાયદામા લેવું, સપડાવવું=ગુના કે તહોમતસર પકડવું, કાયદાના સકંજામા લેવુ] –દાપાલક વિ૦ કાયદા પાળનારુ, કાયદા અનુસાર વર્તન રાખનારુ –દાબાજ વિ૦ કાયદાની ઝીણવટ જાણનાર, કાયદાની આવડવાળું. –દાભંગ પું૦ કાયદો તોડવો તે. –દાશાસ્ત્રી પું૦કાયદાનો જાણકાર,ધારાશાસ્ત્રી –દા(–દે)સર અ૦ કાયદા મુજબ
**કાયનાત** સ્ત્રી૦ [अ.] પૂજી, વિસાત
**કાયપત્રી** સ્ત્રી૦ એક વનસ્પતિ
**કાયફળ** ન૦ [हि म, स कट्फल,प्रा. कप्फल ?] એક ઔષધિ–ફળ –ળી સ્ત્રી૦ કાયફળનુ ઝાડ
**કાયમ** વિ૦ [अ] સ્થિર, ટકે એવુ (૨) હમેશ માટેનુ: સ્થાયી. કામચલાઉથી ઊલટું (જેમ કે નોકરી) (૨) મજૂર, બહાલ. [–રાખવું= મંજૂર રાખવુ (૨) જેમનુ તેમ રહેવા દેવુ] ૦ખરડો પું૦ ખેતર તથા ખાતેદારને લગતી કાયમની વિગતવાળું તલાટીનું દફતર ૦દાયમ, –મી વિ૦ હમેશ માટેનું, સ્થાયી, નિત્ય
**કાયર** વિ૦ [स. कातर, प्रा.] નાહિંમત, ડરકણ, બાયલુ
**કાયર(–રુ)** (કાં) વિ૦ [अ. काहिल=सुस्त] કામથી કંટાળી જાય એવુ, આળસુ (૨) થાકી–કંટાળી ગયેલુ (૩)[स कातर, प्रा. काहल] નાહિંમતવાન, ડરકણ, બાયલુ [–કરવું=કંટાળો આપવો, પજવીને હેરાન કરવુ –થવું=કંટાળવુ, હેરાન થવુ, ત્રાસવું]
**કાયલી** (કાં) વિ૦ [अ काहिल] કાહલી, માદું; માંદલુ (૨) મદવાડથી કાયર બનેલુ
**કાયા** સ્ત્રી૦ [स काय] શરીર [–કસવી= શરીરનુ પૂરુ બળ વાપરવુ (૨) કસરતથી ખડતલ બનાવવું –વણસવી=શરીર ઘટવું કે બગડવુ, રોગ થવો –દેખાડવી, –ઉઘાડી કરવી, –ઢાંકવી ઇ૦ ક્રિઓમાં કાયા=કાયાનો ગુપ્ત કે વિવેકથી ન દેખાડાય એવો ભાગ, એમ અર્થ થાય છે –પડવી=દેહ જવો મરવુ.] ૦કલ્પ પું૦ વૃદ્ધ કે અશક્ત શરીરને નવું તાજુ કરવાનો એક ઔષધ ને ચિકિત્સાનો વિધિ ૦કષ્ટ ન૦, ૦કષ્ટિ સ્ત્રી૦ તપ, વ્રતાદિ અર્થે શરીરને કષ્ટ આપવુ તે (૨) દુખ પીડા. ૦પલટો પું૦ શરીરની ફેરબદલી, નવો અવતાર લેવો તે (૨) બાહ્ય દેખાવની–વેશની ફેરબદલી
**કાયાફૂટી** સ્ત્રી૦ એક વનસ્પતિ
**કાયિક** વિ૦ [सं] કાયા–શરીરને લગતુ: શારીરિક
**કાયો** પું૦ એક જાતની પીળી માટી (કા)
**કાર** પું૦ [स] ક્રિયા, કાર્ય (૨) નિશ્ચય (૩) યત્ન (૪) સંબધ, વ્યવહાર, (૫) વક્કર, શાખ (૬) ગજુ (૭) ફેરફાર [–જવો=આબરૂ–વક્કર જવા –પડવો=ભાર–શેહ પડવાં –પહોંચવો =શેહ પહોચવી] ૦ક વિ૦ કરનારું–કરાવનારુ (સમાસને છેડે) ઉદા૦ 'સુખકારક' (૨) ન૦ (વ્યા) વાક્યમાં નામ અને ક્રિયાપદ અથવા એની સાથે વિભક્તિનો સબધ ધરાવતા શબ્દો વચ્ચેનો સબધ(૩)પદવિન્યાસ ૦કવિભક્તિ સ્ત્રી૦છઠ્ઠી સિવાયની કોઈ પણ વિભક્તિ
**-કાર** પું૦[स]એક અનુગ નામને અતે 'કરનાર' એવા અર્થમા ઉદા૦ 'ચિત્રકાર' (૨) વર્ણને અતે 'તે વર્ણ કે તેનો ઉચ્ચાર' એવા અર્થમા ઉદા૦'ટકાર',(૩) રવાનુકારી શબ્દ અંતે 'તે રવ' એવા અર્થમા ઉદા૦ હુંકાર, હુકાર, આવકાર
**કાર** પું૦ [फा] કાર્ય, કામ (૨) કામકાજ, ધંધો ૦કર્દગી, ૦કિર્દી સ્ત્રી૦ [फा] કારભાર દરમિયાનનો સમય(૨)અમલ દરમિયાનમા કરેલુ કામ-કાજ,વહીવટ,૦કુન પું૦[फा] ગુમાસ્તો; મહેતો ૦કુની સ્ત્રી૦ કારકુનનુ કામ. ૦ખાનદાર પું૦ કારખાનાનો માલિક. ૦ખાનદારી સ્ત્રી૦ કારખાનાદારપણુ ૦ખાનું ન૦ [फा] જ્યા હુન્નરઉદ્યોગનુ કામ થતુ હોય તે મકાન (૨) કોઈ પણ મોટા કામકાજનું

ખાનુ ૦ચ(-ચો)બી સ્ત્રી૦ [फा] લાકડા ઉપરનુ કોતરકામ (૨) એક જાતનુ જરૂરી ભરત-કામ. ૦સાજ પુ૦ [फा] કામકાજની વ્યવસ્થા કરનારો ૦સાજી સ્ત્રી૦ કારસાજપણુ (૨) કામ સુધારવા માટે મૂકેલો અવેજ, અનામત ફંડ ૦સ્તાન ન૦ [फा] પ્રપચ, લુચ્ચાઈનુ કામ (૨) નોકાન, મસ્તી ૦સ્તાની વિ૦ કારસ્તાન કરનારુ ઉપાવનારુ -રોબાર પુ૦ [फा] કારભાર. -રોબારમંડળી સ્ત્રી૦ કાર્યવાહક સભા -રોબારી વિ૦ કારોબારનુ, -ને લગતુ (૨) સ્ત્રી૦ કારોબારી સમિતિ [પ્રાય]

કાર સ્ત્રી૦ [इं] મોટરગાડી (ખાનગી માલકીની

કારખત સ્ત્રી૦ તન્દ્રી (કા)

કારખાનીસ પુ૦ [फा कारखानु + नवीस] કારખાનાનો-કામકાજના ખાતાનો વડો (૨) એક મરાઠી અટક

કારગત સ્ત્રી૦ શક્તિ, કૌવત (૨) વગ, ચલણ (૩) કામ, અર્થ (૪) કામમાં આવવાપણુ. [-ચાલવી, -પહોંચવી = અસર-વગ પહોચવી]

કારજ ન૦ [स कार्य] કામ, કાર્ય (૨) વિવાહ કે મૃત્યુ સબધી (ખર્ચનો) પ્રસંગ-વરો [-કરવું, -થવુ = તે પ્રસંગનુ ખર્ચ વગેરે કરવુ કે થવુ, તેનો વિધિ ઇ૦ કરવા] ૦કારી વિ૦ સેવાભાવી, પરોપકારી

કારટું ન૦. -ટિયો પુ૦ જુઓ 'કાયટુ, -ટિયો'

કારટૂન ન૦ [इं.] મજાક કે ઠેકડી યા કટાક્ષ ઇ૦ કરવા માટે દોરાતુ-નર્મસૂચક ચિત્ર, ઠઠ્ઠાચિત્ર, નર્મચિત્ર

કારડિયો પુ૦ એ જાતનો એક રજપૂત

કારડો પુ૦ + ક્યારડો (૨) જુઓ 'કરવડો'

કારણ ન૦ [स] કાર્યની ઉત્પત્તિ કે પ્રવૃત્તિનુ મૂળ-બીજ, સબબ (૨) હેતુ, ઉદ્દેશ (૩) જરૂર, ગરજ (૪) ભૂત, પ્રેત, મૂઠ ઇત્યાદિથી જે વ્યથા થાય તે (૫) અ૦ કારણ કે ૦કે અ૦ એટલા વાસ્તે કે, સબબ કે, કેમ કે ૦અવતાર પુ૦ અમુક નિશ્ચિત કાર્ય કરવાને સારુ ઈશ્વર જે અવતાર લે છે તે ૦દેહ, ૦શરીર પુ૦, ન૦ સ્થૂલ-સૂક્ષ્મ શરીરના મૂળ કારણરૂપ (અવિદ્યા શક્તિરૂપ) દેહ (વેદાંત) (૨) લિંગદેહ ૦ભૂત વિ૦ કારણ-સાધનરૂપ બનેલુ ૦રૂપ વિ૦ કારણભૂત (૨) ન૦ બધા રૂપોના મૂળબીજરૂપ શ્રેષ્ઠ રૂપ ૦માલા સ્ત્રી૦ એક અર્થાલંકાર (કા શા) ૦વશાત્ અ૦ કારણને લીધે ૦વાદ પુ૦ કારણ વિના કાર્ય ન જ હોઈ શકે એવો વાદ-મત (૨) ફરિયાદ (૩) અપીલ ૦વાદી વિ૦ કારણ વાદમા માનનારુ (૨) પુ૦ ફરિયાદી. ૦સર અ૦ -ના કારણથી, ને લીધે -ણોત્તર પુ૦ન૦ કારણ દર્શાવતો ઉત્તર (૨) પ્રતિવાદીનો ગદિયો

કારણી વિ૦સ્ત્રી૦ [स कारिणी] યોજનારી, કરનારી

કારતક પુ૦ [स कार्तिक] વિક્રમ સવતનો પહેલો મહિનો -કી વિ૦ એનુ, એને લગતું

કારતૂસ સ્ત્રી૦ [पो] બદૂક ઇ૦મા ભરી ફોડવાની ટોટી જેવી બનાવટ

કારદાન ન૦ [फा कारदान = હુનરમંદ, તદબીર-વાળો ઉપરથી] + તદબીર, યુક્તિ (૨) કળા, યોજના

કારભાર પુ૦ [फा कारोबार, स कार्यभार] કારોબાર, વ્યવસ્થાનુ કામ (૨) એકાદા મોટા કામનો વ્યવસાય ૦ણ સ્ત્રી૦ કારભાર કરનારી સ્ત્રી (૨) કારભારીની સ્ત્રી -રી પુ૦ કારભાર કરનારો, વ્યવસ્થાપક, પ્રધાન -રુ ન૦ કારભારીનુ કામ, પ્રધાનવટુ

કારમું વિ૦ભય કર (૨) [स कार्मिक, दे. कारिम] કૂટ સ્વરૂપવાળુ, અદ્ભુત (૩) દૈવી, સુંદર

કારમોક અ૦ એકદમ, ઓચિંતુ (કા)

કારવ પુ૦ [स] કાગડો -વી સ્ત્રી૦ કાગડી

કારવવું સ૦ક્રિ૦ [स. कारय्, प्रा कारव] બીજા ક્રિ૦ સાથે વપરાતા તેમા ઇત્યાદિનો ભાવ ઉમેરે છે ઉદા૦ જોઈકારવીને, કરીકારવીને

કારવહેવાર પુ૦ [કાર (કાર્ય) + વહેવાર (વ્યવહાર)] કામકાજ અને રીતભાત, સામાજિક વહીવટ અને વ્યવહાર

કારવા પુ૦ આબરૂ, પ્રતિષ્ઠા (૨) જુઓ 'કવા'

કારવી સ્ત્રી૦ જુઓ 'કારવ'મા (૨) [स कारवी = અજમો, સુવા, કાળુ જીરુ, હિંગના ઝાડની છાલ પરથી?] અશ્વગંધા (૩) મેથી (૪) કારેલી

**કારવો** પુ૦ [हि. काहरवा, म. कारवा] એક તરેહનો નાચ–ટેબો (૨) ફેરબા વખતે ગાવાનો રાગ (૩) ['કાર' પરથી?] અવસર, તક

**કારસાજ** પુ૦, –જી સ્ત્રી૦ જુઓ 'કાર[फा.]'મા

**કારસિયો** પુ૦ હીચકાની સાકળ કે સળિયો ભરવવાનો આકડો, કડુ

**કારસી** સ્ત્રી૦ મોટો કાટો, કપાણ [મનસૂબો

**કારસો** પુ૦ યુક્તિ,હિકમત (૨) બેત, પ્રબધ (૩)

**કારસ્તાન** ન૦, –ની વિ૦ જુઓ 'કાર[फा]'માં

**કારંજ, –જો** પુ૦ [म कारंजे] ફુવારો (૨) ફુવારાવાળો બાગ

**કારંડવ** ન૦ [स] એક જળચર પક્ષી–બતક

**કારંડવ્યૂહ** પુ૦ [स] (સ) એક બૌદ્ધ સાધુ કે શાસ્ત્ર

**કારાખડિયો** પુ૦ [स कालाक्षर પરથી] અશુભ ખબર–કાળોતરી લાવનારો માણસ

**કારાગાર** ન૦ [स] કેદખાનુ ૦વાસ પુ૦ કારાગારમા રહેવું તે [કારાગારવાસ

**કારાગૃહ** ન૦ [सं] કારાગાર ૦વાસ પુ૦

**કારાપારા** પુ૦ યૂથાયૂથ (૨) વ કોઈને કોઈનુ ભૂડુ બોલવું તે, જાણીજોઈને દોષ કાઢવા તે, કારીપેરી

**કારાવાસ** પુ૦ [स] જુઓ 'કારાગારવાસ'

**કારિકા** સ્ત્રી૦ [सं] શ્લોકબદ્ધ વ્યાખ્યા કે વિવરણ (૨) નટી

**કારિકા** સ્ત્રી૦ ભોગરીગણી (૨) ઊંટડી, સાંઢણી

**-કારી** વિ૦ [स] 'કરનાર, કરે એવુ' એ અર્થમા સમાસને અને ઉદા૦ સુખકારી –રિણી વિ૦ સ્ત્રી૦ કારી

**કારી** વિ૦ [स कार=ખૂન,કતલ?] કારમુ, દારુણ (૨) ઘાતક, મારક (૩) સ્ત્રી૦ [?] યુક્તિ, તદબીર

**કારીગર** પુ૦[फा] હાથની કારીગરીમા પ્રવીણ માણસ (૨) યત્રાદિ ચલાવી જાણનાર (૩) કોઈ પણ કળામાં કુશળ–હોશિયાર માણસ, ઉસ્તાદ

**કારીગ(–ગી)રી** સ્ત્રી૦[फा]કારીગરનુ કલાત્મક કામ, રચના (૨) કળાકૌશલ્ય, ચતુરાઈ, ઉસ્તાદી

**કારીપા(–પે)રી** સ્ત્રી૦ [કારી(યુક્તિ) ઉપરથી?] દ્વિઅર્થી બોલી, દ્વૈધીભાવ, કહેવુ કઈક ને કરવુ કઈક એવી વર્તણૂક (૨) જ્યા એક જવાબ જોઈએ ત્યા બે જવાબ આપવા તે (૩) જાણી જોઈને દોષ કાઢવો તે, કારાપારા

**કારુ** વિ૦ [स] કરનારું, બનાવનારુ (૨) પુ૦ કારીગર–શિલ્પી (૩) એ કામ કરનારી એક જાત

**કારુણિક** વિ૦[स] કરુણાવાળુ (૨) કરુણાજનક ૦તા સ્ત્રી૦

**કારુણ્ય** ન૦ [स] કારુણિકતા, કરુણા

**કારૂન** પુ૦[अ](સ) એક પ્રખ્યાત કંજૂસ ધનિક

**કારેલી** સ્ત્રી૦ [स कारवेल्ल, दे कारिल्ली] કારેલાનો વેલો –લુ ન૦ [જુઓ 'કારેલી', दे कारेल्लय]શાક તરીકે વપરાતું એક કડવુ ફળ

**-કારો** પુ૦ [स. कार] જુઓ '-કાર'. ઉદા૦ જાકારો, દેકારો, તુંકારો, હુંકારો

**કારોતર** પુ૦[स]દારૂ ગાળવાની વાસની ચીપોની ચાળણી (૨) દારૂનુ ફીણ (૩) કૂચો

**કારોબાર** [फा], ૦મ ડળી, –રી જુઓ 'કાર[फा]'મા

**કાર્ડ** ન૦[इ]ટપાલનુ પત્ત (૨) પોતાના નામનુ પત્તુ

**કાર્ડિનલ** પુ૦ [इ] ખ્રિસ્તીધર્મમા એક ઊંચી પદવી ધરાવતો પાદરી કે ધર્મગુરુ

**કાર્તવીર્ય** પુ૦ [स] (સ) કૃતવીર્યનો પુત્ર. સહસ્રાર્જુન

**કાર્તાંતિક** પુ૦ [स] જોશી

**કાર્તિક** પુ૦, –કી વિ૦[स] જુઓ કારતક, –કી

**કાર્તિકેય** પુ૦ [स.] (સ.) મહાદેવનો પુત્ર

**કાર્પટ** ન૦[स] જૂનો કાપલો, જીર્ણ વસ્ત્ર –ટિક પુ૦ કાનડી, સન્યાસી, ચીથરેહાલ યાત્રી, બાવો

**કાર્પણ્ય** ન૦ [स] કૃપણતા દૈન્ય

**કાર્બન** પુ૦ [इ] એક રસાયણી તત્ત્વ (૨) જુઓ 'કાર્બન–પેપર' ૦પેપર પુ૦[इ] નકલ કરવા માટે વપરાતો શાહીવાળો ખાસ બનાવાતો કાગળ [–મૂકવો = નકલ કરવા માટે બે કોરા કાગળ વચ્ચે કાર્બન ગોઠવવો]

**કાર્બોનિક** વિ૦[इ]કાર્બનનુ, તે સબધી–મિશ્રિત ૦એસિડ ગૅસ પુ૦ [इं] પ્રાણીમાથી બહાર નીકળતો કાર્બોનિક વાયુ

**કાર્બોલિક સાબુ** પુ૦ [इं कार्बोलिक+સાબુ] નાહવાનો એક જતુવિનાશક સાબુ

**કાર્મુક** ન૦[स] ધનુષ્ય (૨) વાસ (૩) ધનરાશિ

**કાર્ય** ન૦[સં] કરવાનું હોય તે, કામકાજ (૨) પ્રયોજન. હેતુ(૩)કુંડળીમાંનું દશમું સ્થાન(૪) કારજ(૫)પાંચ અર્થપ્રકૃતિમાંની છેલ્લી(બીજ, બિંદુ, પતાકા, પ્રકાશ ને કાર્ય) **૦કર, ૦કારી** વિ૦ કામકાજ કરનારું–કરે એવું (૨) અસરકારક **૦કર્તા(–ર્તા)** પુ૦ કામ કરનારો, સંચાલક **૦કારણભાવ** પુ૦ કાર્ય અને કારણ વચ્ચેનો સંબંધ **૦કુશલ(–ળ)** વિ૦ કાર્યનિપુણ **૦(–ર્યાનુ)ક્રમ** પુ૦ કરવાનાં કાર્યોનો અનુક્રમ–નિયતક્રમ **૦ક્ષમ** વિ૦ કામમાં ધીરજ રાખે એવું (૨) કાર્ય કરી શકે એવું, પાવરધું. **૦ક્ષમતા** સ્ત્રી૦ **૦ક્ષેત્ર** ન૦ કામકાજનું ક્ષેત્ર **૦ગ્રાહક, ૦ગ્રાહી** વિ૦ કામગરું **૦ગ્રાહકતા** સ્ત્રી૦ **૦ગ્રાહિણી** વિ૦ સ્ત્રી૦કામગરી **૦દક્ષ** વિ૦ કાર્યનિપુણ **૦દક્ષતા** સ્ત્રી૦ **૦નિપુણ** વિ૦ કાર્યો કરવામાં હોશિયાર–પાવરધું, કામની આવડવાળું **૦નિપુણતા** સ્ત્રી૦ **૦પદ્ધતિ** સ્ત્રી૦ કાર્ય–કામ કરવાની પદ્ધતિ **૦પ્રકાશ** પુ૦ કથા, નાટ્ય વગેરેમાં કાર્યનું આગળ વધવું તે **૦પ્રદેશ** પુ૦ કાર્યક્ષેત્ર **૦પ્રયોજન** ન૦ કાર્ય કે પ્રયોજન, મતલબ (૨) લગ્ન વગેરેનું કાર્ય રૂડો અવસર **૦પ્રવણ** વિ૦ કાર્યમાં લાગેલું **૦પ્રવીણ** વિ૦ કાર્યનિપુણ **૦વાહક** વિ૦ કારોબાર કરનારું (૨) પુ૦ કારભારી **૦વાહકસભા** સ્ત્રી૦ કાર્યવાહકોનું મંડળ **૦વાહી** સ્ત્રી૦ કાર્ય ચલાવવાની રીત, 'પ્રોસીજર'(૨) કાર્યક્રમ **૦વ્યવસ્થિતિ** સ્ત્રી૦ કાર્યો કરવામાં વ્યવસ્થિતતા **૦શક્તિ** સ્ત્રી૦ કાર્ય કરવાની શક્તિ **૦સરણિ(–ણી)** સ્ત્રી૦ કાર્ય કરવાની સરણી–પદ્ધતિ **૦સંજ્ઞા** સ્ત્રી૦ કોઈ બે ભાવની વચ્ચે અમુક સંબંધ, કાર્ય વગેરે બતાવવા નક્કી કરેલી સંજ્ઞાઓ (ન્યા) **૦સાધક** વિ૦ કાર્ય સાધે–પાર પાડે એવું **૦સાધકસંખ્યા** સ્ત્રી૦ મંડળનું કાર્ય કરવાને જરૂરી(સભ્યોની)નાનામાં નાની સંખ્યા, 'કોરમ' **૦સિદ્ધિ** સ્ત્રી૦ કાર્યની સિદ્ધિ, કામ પાર પાડવું તે **૦સૂચિ(–ચી)** સ્ત્રી૦ કામની યાદી **૦સ્થાન** ન૦ કાર્ય કરવાની જગા, કાર્યાલય (૨) કારસ્તાન **–ર્યાનુક્રમ** પુ૦ [+અનુક્રમ] કાર્યક્રમ **–ર્યાર્થી** વિ૦[+અર્થી] કોઈ કામ સારુ આવેલું, કામ કરવા કે કરાવવા ઇચ્છતું **–ર્યાલય** ન૦ [+આલય] કામ કરવાની જગા, 'ઑફિસ' **–ર્યાવલિ(–લી)** સ્ત્રી૦ કામની યાદી, કરવાનાં કાર્યો તે

**કાલ** (લ,) સ્ત્રી૦ [सं कल्य. कल्लि, प्रा कल्ल] ચાલતા દિવસની આગળ કે પાછળનો દિવસ (૨) અ૦ ગઈ કાલે અથવા આવતી કાલે (૩) [લા] હમણાં, થોડા દિવસ ઉપર કે પછી [**–ઊઠીને**=ભવિષ્યમાં,આગળ જતાં **–ઉપર રાખવું**=મુલતવી રાખવું, ઢીલ કરવી ]**–લે** (લે,) અ૦ [सं कल्लि, कल्ये, प्रा कल्लि] જુઓ કાલ અ૦

**કાલ** [સં], **–ળ** પુ૦ સમય,વખત (૨) સમયનું માપ,વેળા (૩)મોત,નાશ (૪)મોસમ, ઋતુ (૫) જ્યાં ઠેકો ન આવે એવું માત્રાનું સ્થાન(સંગીત) **૦કા** સ્ત્રી૦(સં )કાળકા **૦કૂટ** ન૦ હલાહલ ઝેર (૨)અફીણ(૩) સમુદ્રમંથનને અંતે નીકળેલું અને શિવે પીધેલું તે હલાહલ **૦(–લાનુ)ક્રમ** પુ૦ વખતનું જવું–વહેવું તે(૨)કાળગણનાની ક્રમિકતા **૦(–લાનુ) ક્રમદોષ** પુ૦ કાળની ક્રમગણનામાં કે સમજમાં દોષ,'ઍનેક્રોનિઝમ' **૦ક્રમણ** ન૦ વખતનું જવું તે (૨) વખત કાઢવો–આળસમાં વિતાવવો તે **૦ક્ષેપ** પુ૦, **૦ક્ષેપણ, ૦ક્ષેપન** ન૦ વખત ગુમાવવો તે. ઢીલ–વિલંબ કરવો તે **૦ખંડ** પુ૦ પિત્ત પેદા કરનારો અને શિરાઓનું મેલું લોહી શુદ્ધ કરનારો એક મોટો માંસલ અવયવ, યકૃત **૦ખેપન** ન૦ જુઓ કાલક્ષેપણ **૦ગ્રસ્ત** વિ૦ કાળનો ગ્રાસ થઈ ગયેલું, જૂનું થયેલું,'ઑબ્સોલીટ' **૦(–ળ)ચક્ર** ન૦ કાળનું ચક્ર–પૈડું (૨) [લા ]ભાગ્યનું ચક્ર, જિંદગીના વારાફેરા(૩)મોટી આફત **૦(–ળ)ચિહ્ન** ન૦ મોતની–વિનાશની નિશાની **૦જ્ઞ** વિ૦ કાલને–સમયની યોગ્યાયોગ્યતાને જાણનારું (૨) પુ૦ જોશી **૦(–ળ)જ્વર** પુ૦ કાળરૂપ જ્વર,મોત નિપજાવે એવો તાવ **૦ત્રય** ન૦ ત્રણે કાળનો–ભૂત, ભવિષ્ય અને વર્તમાનનો સમૂહ **૦દોષ** પુ૦ સમયનો દોષ(૨)કાળવ્યુત્ક્રમ **૦ધર્મ** પુ૦

સમયને યોગ્ય એવો ધર્મ, કર્તવ્ય કર્મનો માર્ગ (૨) સમયનો ધર્મ – ગુણ – નિયમ (૩) મોત, યમ **૦નિદ્રા** સ્ત્રી૦ મોતની નિદ્રા **૦નિર્ણય** પુ૦ સમયનો નિર્ણય કરવો તે. **૦નેમિ** પુ૦ (સં )એક રાક્ષસ, રાવણનો મામો (૨) હિરણ્યકશિપુનો પુત્ર **૦પાશ** પુ૦ યમનો ફાંસો **૦(–ળ)પુરુષ** પુ૦(સં )યમરાજા. **૦(–ળ)બલ (–ળ)**ન૦ સમયનું બળ **૦બંધ** પુ૦ કાળપાશ **૦માન** ન૦ સમયનું માપ (૨) સમય–સંજોગોની યોગ્યાયોગ્યતાની ગણતરી (૩) ઋતુનું – વાતાવરણનું આકલન કરવું તે **૦માપક** વિ૦ સમયને માપે એવું (૨) ન૦ કાળમાપક યંત્ર **૦(–ળ)યવન** પુ૦ (સં ) દાનવોનો એક રાજા **૦(–ળ)રાત્રિ(–ત્રી)**સ્ત્રી૦ ઘોર અંધારી રાત (૨) કાળરૂપી રાત્રી, જગતના નાશની રાત્રી, બ્રહ્માની રાત (૩) કાળીના જન્મની રાત્રી (૪) ૭૭ વર્ષે આવતી આસો સુદ આઠમ કે શ્રાવણ વદ આઠમની રાત (૫) યમરાજાની બહેન **૦વિપર્યાસ** પું૦ કાલક્રમદોષ **૦વિવર્ત** પુ૦ કાલનું ફરવું – બદલાવું તે, વારોફેરો. **૦વ્યુત્ક્રમ** પુ૦ કાલક્રમદોષ. **૦સિદ્ધ** વિ૦ કાળની કસોટીએ ઊતરેલું **–લાગરુ** પુ૦,ન૦ (+અગરુ) કાળું અગરુ **–લાગ્નિ** પુ૦[+અગ્નિ]કાલરૂપી અગ્નિ, પ્રલયાગ્નિ **–લાતિક્રમદોષ** પું૦ [+અતિક્રમદોષ]કાલક્રમદોષ **–લાતીત** વિ૦[+અતીત] કાલથી અતીત – પર(૨)વીતી ગયેલું (૩)જૂનું થઈ ગયેલું **–લાનુક્રમ** પુ૦ [+અનુક્રમ] કાલક્રમ **–લાવધિ** પુ૦ [+અવધિ] કાલની અવધિ, નક્કી કરેલો સમય **–લાષ્ટમી** સ્ત્રી૦ [+અષ્ટમી] કાર્તક વદ ૮ **–લાંતરે** અ૦ [+અંતરે] કાળાંતરે

**કાલકલાઈ** સ્ત્રી૦ બચપણ, નાનપણ

**કાલચૂરી** ન૦ એક પક્ષી

**કાલપણું** ન૦ કાલાપણું, કાલા થવું તે

**કાલબૂત** ન૦ [फा कालबुद] જોડાની અંદર ઠોકવાનો લાકડાનો પગનો ઘાટ(૨)ઘાટ; બીબું (૩) પાયો, ઓઠું (કડિયાનું)

**કાલરી** સ્ત્રી૦ ઘાસની ચોખડી ચાકી–ગંજી

**કાલવવું** સ૦ક્રિ૦ [दे कल्लविअ, म. काल्वणें] ✻ પ્રવાહી સાથે મેળવી ચૂંટવું ['કાલ' [स]માં

**કાલાગ્નિ, કાલાતિક્રમ, કાલાનુક્રમ,** [स]જુઓ

**કાલાપણું** ન૦ [કાલું] જુઓ કાલપણ

**કાલાવધિ** [स] જુઓ કાલ [स]માં

**કાલાવાલા** પુ૦બ૦વ૦ કરગરવું તે, આજીજી

**કાલાં(–ળાં)તરે** અ૦ [म] જુઓ 'કાલ'માં

**કાલિક** વિ૦ [स] કાલ – સમયને મળતું

**કાલિકા** સ્ત્રી૦ [स] (કાળા)વાદળાનો સમૂહ(૨) [स] ચંડિકા, કાલી **૦છંદ** પુ૦ એક છંદ

**કાલિ(–ળિ)દાસ** પુ૦ [सं] (સં ) સંસ્કૃત ભાષાનો પ્રખ્યાત કવિ [(૪) છાયા

**કાલિમા** સ્ત્રી૦ [स]કાળપ (૨)અંધાર(૩)કલંક

**કાલિય** પુ૦ [स] શ્રીકૃષ્ણે નાથેલો કાળિનાગ

**કાલિ(–લી)ગડું** ન૦ [स कालिंग ઉપરથી] કલિંગડ, તડબૂચ (૨) ભૂરું-કોળું (?)

**કાલિં(–લીં)ગડો** પુ૦ [स कालिंग] એક રાગ

**કાલિંગી** સ્ત્રી૦ [सं] એક જાતની કાકડી (૨) કલિંગ દેશની સ્ત્રી [પટરાણી

**કાલિંદી** સ્ત્રી૦[स]યમુના નદી(૨)કૃષ્ણની એક

**કાલી** સ્ત્રી૦[स] (સં ) કાળી, કાળકા

**-કાલીન** વિ૦ [स] (અમુક) સમય સંબંધી (સમાસમાં) ઉદા૦ તત્કાલીન

**કાલીપાટ** પુ૦ એક વેલો

**કાલીયક** ન૦ [स] કાલાગરનું લાકડું (૨) એક જાતની હળદર (૩) પીળું ચંદન (૪) કાલાગરુ (૫) કેસર

**કાલુ** પુ૦, સ્ત્રી૦ દરિયાઈ ખડક (૨)કાલુમાછલી **૦માછલી** સ્ત્રી૦ એક જાતની માછલી, મોતી બનાવનારી માછલી

**કાલું** વિ૦બાળકની વાણી જેવું, ભાંગ્યુંતૂટ્યું અને મધુરું (૨) તોતળું (૩) બાલિશ, અણસમજુ (૪) [स कलक] કપાસનું જીંડવું **–લાં** ન૦ બ૦વ૦ કાલપણ [–કાઢવાં = કાલપણ કરવું]

**કાલાંબોબડાં** ન૦બ૦વ૦ કાલી ને બોબડી – ભાંગીતૂટી વાણી

**કાલે** (લે,)અ૦ જુઓ 'કાલ' અ૦

**કાલેરો** પુ૦ એક રાગ, કાલિંગડો

**કાલોર** સ્ત્રી૦ ઘાસની ગંજી

કાલ્પનિક વિ૦ [સં] કલ્પનાથી ઉત્પન્ન થયેલું; સાચું નહિ એવું, કલ્પેલું

કાવ પું૦ [મ ?] યુક્તિ, કાવો ? [–કાઢી લેવો= યુક્તિથી (કાવાદાવાથી ?) કામ સાધી લેવું]

કાવડ(–ડી) સ્ત્રી૦ [દે] ખાંધે બોજો ઉપાડવાને બનાવેલી તુલા

કાવડિયું ન૦ [સ कपर्दिका प्रा कवड्डिया ઉપરથી ?] પૈસો

કાવડિયો પું૦ [દે कावड्डिअ] કાવડ ઊંચકનારો

કાવડી સ્ત્રી૦ જુઓ કાવડ –ડું ન૦ કાવડનું લાકડું

કાવડું વિ૦ [દે. काहल] ધૂર્ત; ઠગારું (કા)

કાવતરું ન૦ ['કાવો' સરખાવો] છળ પ્રપંચ, કારસ્તાન (૨) ગુપ્ત અને કપટપૂર્ણ યોજના –રાખોર, –રાબાજ વિ૦ કાવતરું કરનારું

કાવરાન ન૦ [સરખાવો મ. काव(-था)र= નૌકાકામમાં વપરાતી કાચર] વગેરે માલ ભરવાની વહાણની આંતરી ઉપર રાખવાનું પાટિયું [બગડી (સુ)

કાવરી(–લી) સ્ત્રી૦ [જુઓ 'કાવલું'] કાયની

કાવરું ૦બાવરું વિ૦ [મ कावरा, ०बावरा, દે. कावरिअ = અસહિષ્ણુ ? प्रा काहल = કાયર ?], બાવરું, બેબાકળું

કાવલી સ્ત્રી૦ [જુઓ 'કાવલું'] કાવળી, બગડી

કાવલું વિ૦ [સ कोमल ? કે દે काहल ? મ कावल] નાનું નાજુક અને શોભીતું, પણ તકલાદી

કાવશ ન૦ [સ अवकाश] ખાલીપણું, શૂન્યતા

કાવસશા, કાવસિયો પું૦ પક્કો માણસ, ગઠિયો

કાવળ ન૦ [જુઓ 'કાવડું' વિ૦] કપટ, પ્રપંચ

કાવળી સ્ત્રી૦ પાણી, દૂધ ઇત્યાદિ પર તરતું પાતળું પડ (૨) જુઓ 'કાવરી'

કાવાદાની સ્ત્રી૦ [કાવો + દાની, फा कहवहदानी] કાવો કરવાનું વાસણ, કીટલી

કાવાદાવા પું૦ બ૦ વ૦ [મ] છળપ્રપંચ, કપટબાજી

કાવું ન૦ છાપરા ઉપરની નળિયાની ઓળ (૨) [સુ] આટલાની પાટીનો આંટો (૩) અ૦ ક્રિ૦ [મ कावणें] કંટાળવું, કાયર થઈ જવું

કાવેરી પું૦ [સં] એક રાગ (૨) દક્ષિણ હિંદની એક નદી [ઉકાળો, કાઢો

કાવો પું૦ [फा कहवह] સુંદરાણાનો ઉકાળો (૨)

કાવો પું૦ [હિં, મ] ઘોડાને ગોળ ચક્કર ફેરવવો તે (૨) [મ, फा. कावह ?] છળ, પ્રપંચ

કાવ્ય ન૦ [સં] કવિતામાં જે કલાત્મક રસતું તત્ત્વ હોય છે તે (૨) રસાત્મક વાક્ય કે પદબંધ (૩) પદ્ય, કવિતા ૦કલા(–ળા) સ્ત્રી૦ કાવ્યની કળા ૦કાર પું૦ કવિતા કરનાર, કવિ ૦મય વિ૦ કાવ્યથી ઓતપ્રોત થયેલું ૦મીમાંસા સ્ત્રી૦ કાવ્યશાસ્ત્ર (૨) કાવ્યની શાસ્ત્રીય રસચર્ચા. ૦રચના સ્ત્રી૦ કાવ્યની રચના ૦રસ પું૦ કાવ્યથી અનુભવાતો રસ ૦રસિક વિ૦ કાવ્યમાં જેને રસ છે એવું ૦શક્તિ સ્ત્રી૦ કાવ્યની શક્તિ (૨) કાવ્ય કરવાની આવડત – વિદ્યા ૦શાસ્ત્ર કાવ્ય – કવિતાનું શાસ્ત્ર –વ્યાનંદ પું૦ કાવ્યનો આનંદ

કાશ(–સ) પું૦, ન૦ [સં] એક ઘાસ (૨) ન૦ એનું ફૂલ (૩) પું૦ [સ कास] ખાંસી, ઉધરસ

કાશ(–સ) સ્ત્રી૦ [જુઓ 'કાસળ'] આડખીલી [–કાઢવી, –જવી] (૨) [જુઓ કરામ] ચીકણાશ, ચોળાચોળ (ચ) (–કરવી)

કાશડી(–દી, –દ્રી) સ્ત્રી૦ (કાશીની બનાવટનો) મોટા પેટનો પડઘીવાળો લોટો

કાશિયા ન૦ એક પક્ષી

કાશી સ્ત્રી૦ [સં] (ભ) પ્રસિદ્ધ જાત્રાનું સ્થળ, વારાણસી [કાશીએ સંઘ પહોંચવો = કેનેહમ દીથી પાર પડવું, સફળ થવું કાશીનું કરવત = નવા જન્મમાં ઇચ્છિત ફળ મેળવવા કાશીમાં જઈ કરવતથી શરીર વહેરાવવું તે. –નું મરણ = પવિત્ર તીર્થમાં મૃત્યુ થવાથી સદ્ગતિ થવી તે, ઉત્તમ મરણ]

કાશ્મીર સ્ત્રી૦ [સં] એક જાતનું ઊનનું કપડું (૨) ન૦ કેસર (૩) સુખડ (૪) પું૦, ન૦ (સ.) હિંદુસ્તાનની છેક ઉત્તરમાં આવેલો એક દેશ –રી વિ૦ કાશ્મીરનું, કાશ્મીર સંબંધી (૨) કાશ્મીરની ભાષા

કાશ્ય વિ૦ [સં] કાશ ઘાસનું

કાશ્યપ પું૦ [સં] (ભ) એક પ્રસિદ્ધ ઋષિ (૨) કણાદમુનિ –પી સ્ત્રી૦ કશ્યપની કે કાશ્યપ કુળની સ્ત્રી (૨) પૃથ્વી

કાષાય વિ૦ [સં] ભગવું (૨) ન૦ ભગવું વસ્ત્ર

**કાષ્ઠ** ન૦[स] લાકડું (૨) કાઠી, બળતણ [**–ભક્ષ કરવો, –ભક્ષણ કરવું**=ચિતા સળગાવી બળી મરવું, સતી થવું.] **૦કસ્ત્રી૦** છોડવાઓનું નક્કર કાઠું બનાવનાર પદાર્થ (૨) અગરનું લાકડું **૦કીટ** પુ૦ લાકડું કોરી ખાનાર કીડો **૦કૂટ** પુ૦ એક પક્ષી, લક્કડખોદ **૦ઘંટા** સ્ત્રી૦ તોફાની પશુને ગળે બાંધવામાં આવતું લાકડું, ડેરો **૦મય** વિ૦ તદ્દન લાકડાનું, લાકડાથી ભરપૂર (૨) લાકડા જેવું, સુકલકડી (૩)[લા] અસર–લાગણી વગરનું (૪) મજબૂત કઠણ **૦મૌન** ન૦ લાકડાના જેવું મૌન **૦વત્** વિ૦ (૨) અ૦ લાકડાના જેવું

**કાષ્ઠા** સ્ત્રી૦ [स] દિશા, પ્રદેશ (૨) હદ, સીમા (૩) એક નાનું કાલમાન

**કાષ્ઠિક** પુ૦ [स] લાકડાં વહી જનારો; કઠિયારો

**કાષ્ઠૌષધિ(–ધી)** સ્ત્રી૦[स.] વનસ્પતિની દવા

**કાસ** પુ૦ [स.] જુઓ 'કાશ' **૦ડો** પુ૦ કાશ ઘાસ **૦કંદ** પુ૦,ન૦ કાસ–ઠાંસાના રોગ પર વપરાતું એક કંદ–ઔષધિ

**કાસકું** ન૦ કાચટું

**કાસદ** પુ૦ [अ कासिद] સંદેશો–કાગળ લાવનાર લઈ જનાર આદમી, ખેપિયો **–દિયું** ન૦ કાસદ (૨) વિ૦ એ કામ કરનાર (કબૂતર) **–દું** ન૦ કાસદનું કામ

**કાસની** સ્ત્રી૦ [फा.] એક વનસ્પતિ–ઔષધિ

**કાસવાસ** પુ૦ [स काम+श्वास] શ્વાસ, દમ

**કાસળ** ન૦ [सं. कश्मल (પાપ)?] આડખીલી, નડતર, પીડા [**–કાઢવું**=નડતર કે પીડા દૂર કરવી (૨) વચ્ચેથી ખતમ કરવું **–જવું**= પીડા કે બલા વચ્ચેથી ટળવી]

**કાસાર** પું૦ ન૦ [स] સરોવર, તળાવ

**કાસિયું** ન૦ [स कास] એક જાતનું ઘાસ

**કાસીદોરિયો** પુ૦[કાશી+દોરિયો] એક જાતનું સુતરાઉ કાપડ

**કાસૂંદ્રા** સ્ત્રી૦, **–દ્રો** પુ૦ એક વનસ્પતિ

**કાહર** પુ૦ [दे काहार] કહાર, કાવડિયો

**કાહળ** પું૦ ન૦ [स काहल]+રણશીંગું, તતૂડું (૨) ગાયનું શીંગડું (૩) [स काहला] મોટું ઢોલ (લશ્કરનું)

**કાહિલી** વિ૦ [अ काहिल] આળસુ કાયર (૨) આજારી, માંદું (૩) સ્ત્રી૦[फा] આળસુ-પણું, કાયરતા (૪) મંદગી (૫) તજાગરમી

**કાહ્યું** વિ૦[फा काहिल] ચિડાયેલું (૨) થાકેલું, કાયર (૩) આજારી, માંદું

**કાળ** પુ૦ જુઓ 'કાલ' અર્થ ૧ થી ૪ (૫) દુકાળ (૬) ક્રોધ [**–આવવો**=ક્રોધ ચઢવો (૨) મોત આવવું **–કરવો**=દેહત્યાગ કરવો, મરણ પામવું **–કાઢવો**=વખત વિતાવવો (૨) દુકાળનો દોહ્યલો વખત ગાળવો **–ખૂટવો**= આવી બનવું, મરણ પાસે આવવું **–ચડવો** =ગુસ્સો આવવો **–થવો**=મોત થવું **–દેખવો**=યમદૂત જોવો કે યમદૂત જેવો માનવો. **–ધરવો**=ક્રોધે ભરાવું, ગુસ્સે થવું **કાળમાંથી આવવું**=ભૂખે મરતા હોવું, ખાઉ ખાઉ કરવું, ખૂબ ભૂખ્યું હોવું] **૦કરાળ** વિ૦ કાળ જેવું ભયંકર (૨) મૃત્યુ. **૦કૂટ** ન૦ કાલકૂટ **૦ગળામણું** વિ૦ કાળ ગાળવામાં સાધનભૂત એવું **૦ચક્ર** ન૦ કાલચક્ર (**–ફરવું**) **૦ચંદ્ર** પુ૦ નુકસાનકારક–ઘાતક ગણાતી રાશિનો ચંદ્ર **૦ચિહ્ન** ન૦ કાલચિહ્ન **૦ચોઘડિયું** ન૦ નુકસાનકારક–ઘાતક ચોઘડિયું **૦જીભું** વિ૦ કાળ જેવી નુકસાન-કારક–ઘાતક જીભવાળું **૦જૂનું** વિ૦ કાળ જેટલું અતિ જૂનું, પુરાણું **૦જ્વર** પુ૦ કાલજ્વર, જીવલેણ તાવ **૦ઝાળ** વિ૦ કાળની ઝાળ જેવું **૦ના કોદરા** પુ૦બ૦વ૦ ઘણી જૂની બાબત [**–કાઢવા**=નિંદા માટે જૂની વાતો ઉખેળવી **–ખાધા હોવા**= બહુ જીવીને અનુભવથી રીઢા બનેલા હોવું] **૦નું વરસ** ન૦ દુકાળનું વરસ **૦નિદ્રા** સ્ત્રી૦ કાલનિદ્રા (૨) ગાઢ નિદ્રા **૦પુરુષ** પુ૦(સં)યમરાજ **૦બળ** ન૦ કાલબળ **૦ભાતિ** વિ૦ કાળ જેવું યમસ્વરૂપ **૦ભૈરવ** પુ૦ મહાદેવ **૦મીંઢ** વિ૦ ઘણું જ કાળું (૨) નિષ્ઠુર (૩) પુ૦ એક જાતનો ઘણો કઠણ અને કાળો પથ્થર **૦મુખુ** વિ૦ કાળના જેવા મોંવાળું **૦મૂર્તિ(–ર્તિ)** વિ૦ કાળના જેવી મૂર્તિવાળું (૨) સ્ત્રી૦ શરીરધારી કાળ પોતે (૩) કાળના જેવી ભયંકર આકૃતિવાળો આદમી.

કે ડસીલો માણસ **-યો સરસ** પુ૦ એક વનસ્પતિ-ઔષધિ

**કાળિંગું** ન૦ જુઓ કાલિંગડું

**કાળી** વિ૦ સ્ત્રી૦ [કાળુ] કાળા રંગની સ્ત્રી (૨) સ્ત્રી૦ કાળી છાપવાળી ગંજીફાના પત્તાની એક જાત (૩) [સં] કાલિકા **૦કૂટકી** સ્ત્રી૦ એક વનસ્પતિ **૦કંઠી, ૦ગાંઠી** સ્ત્રી૦ [સં कल्य-कठिका] સ્ત્રીઓની કોટનું એક ઘરેણું. **૦ચૌદશ(-સ)** સ્ત્રી૦ આસો વદ ૧૪ [**-નો કકળાટ કાઢવો**=તે દિવસે બધો ગંદવાડો દૂર કરવો] **૦જીરી** સ્ત્રી૦ એક ઔષધિ-બીજ **૦ટીલી** સ્ત્રી૦ કલંક, લાંછન. **૦ધામણી** સ્ત્રી૦ એક વનસ્પતિ **૦નાગ** પુ૦ કાળો નાગ-સાપ (૨) જુઓ કાલિય **૦પરજ** સ્ત્રી૦ દૂબળા વગેરે કાળા રંગની જાતિ **૦પહાડ, ૦પાટ** સ્ત્રી૦ એક વેલો **૦રોટી** સ્ત્રી૦ માલપૂઓ **૦રોળી** સ્ત્રી૦ રોળીકાળી-સાંજનો વખત

**કાળુ** વિ૦ [સં काल] મેશના રંગનું (૨) [લા૦] નઠારું, દુષ્ટ, અઘોર, અનીતિમય (જેમ કે કાળુ કામ, બજાર ઇ૦) (૩) વસમું, સખત, કારમું ઇ૦ ભાવવાળુ (જેમ કે કાળો ચોર, કાળી મજૂરી) [**કાળા અક્ષરને કૂટી મારવા**=છેક અભણ-નિરક્ષર હોવું **કાળા અડદ ચોરવા**=ભયંકર પાપ કરવું **કાળા કાળા મંકોડા**=કેવળ નિરક્ષર (હોવું) **કાળા ગયા ને ધોળા આવ્યા**=જુવાની (કાળા વાળ) ગઈ ને ઘડપણ આવ્યું **કાળો ચોર**=ભારે હોશિયાર-ખૂની કે હાથ આવવો મુશ્કેલ માણસ ('કાળાચોરના લાવી આપ'=ગમે તેમ કરીને માગતું ચૂકવ). **કાળા તલ ચોરવા**=પાપ કરવું **કાળાના ધોળા થયા**=ઘડપણ આવવું. **કાળા પાણીએ કાઢવું**=દેશનિકાલની સજા થવી **કાળા માથાનો માનવી**=માનવજાત, મનુષ્ય (સામાન્યપણું બતાવવા આમ કહેવાય છે) **કાળાં પાણી ઓળંગવાં**=દૂર દરિયાપારના દેશમાં જવું. **કાળી ટીલી**=અપજશ; કલંક (-ચોટવી, -લાગવી) **કાળી નાગણ** સ્ત્રી૦ ઘણી ઝેરીલી સ્ત્રી **કાળી રાત** સ્ત્રી૦ મધરાત, ઘોર-અંધારી રાત. **કાળું કરવું**=કલંકિત કરવું (૨) ટળવું, મોં બાળવું; દીસતા રહેવું **કાળું કૂતરું**=શુદ્રમાં શુદ્ર પ્રાણી-એ ભાવ બતાવે છે. **-ગોરું કહેવું, -ધોળું કહેવું**=ખરાબ હેતુનો આરોપ કરવો **-પડવું**=ઝંખવાઈ જવું **-પહેરવું**=શોકનાં કપડાં પહેરવાં **-મોં કરવું**=મોં સંતાડવું, શરમાવું] **૦કટ** વિ૦ સાવ કાળુ **૦ઠણક, ૦રિબાંગ** વિ૦ અતિશય કાળુ **૦ધોળું** ન૦ ખરાબ કામ **૦બલ્લક** વિ૦ કાળુ કાળુ ભૂત જેવું **૦પાણી** ન૦ દેશનિકાલ, જન્મટીપ **૦બજાર** ન૦ છાનુંમાનું ચાલતું ગેરકાયદે નફાખોરીનું બજાર-વેચાણ ને ખરીદ **૦ભમ્મર** વિ૦ ભમરા જેવું ખૂબ કાળુ **૦મેશ** વિ૦ મેશ જેવું કાળુ

**કાળૂખડો** પુ૦ એક વનસ્પતિ

**કાળો કાયદો** પુ૦ ખૂબ અકારો જુલમી કાયદો

**કાળો કામણગારો** પું૦ (સં) શ્રીકૃષ્ણ

**કાળોતરિયો** પુ૦ [જુઓ 'કાળોતરી'] કાળોતરી લઈ જનારો ખેપિયો

**કાળોતરી, કાળોત્રી** સ્ત્રી૦ [સં कालपत्रिका] મરણના સમાચારની ચિઠ્ઠી **-રું** વિ૦ કાળુ. **-રો** પુ૦ કાળો નાગ, ફણીધર

**કાં** અ૦ જુઓ 'કેમ ?' (૨) કિંવા, કાં તો **કાં કે,** **કાં જે** અ૦ કેમ જે, કારણ કે **કાં તો** અ૦ અથવા, અગર તો **૦રે** અ૦ કેમ રે (ઉદ્ગાર)

**કાંઈ, ૦ક** (૦) જુઓ 'કંઈ, ૦ક' [**કાંઈ ને કાવશ**= ખાલીખમ, કાંઈ કશું ય નહિ]

**કાંઉં** (૦) અ૦ + જુઓ 'કેમ

**કાંકચ** (૦) પું૦, **-ડ** ન૦ કાકચી, એક વનસ્પતિ **-ચિયું** ન૦ કાકચનું ફળ, કાચકું

**કાંકડું** (૦) ન૦ એક પક્ષી [કંકણદોરો **-ણી**

**કાંકણ** (૦) ન૦ [સં कंकण] બંગડી **૦દોરો** પું૦

**કાંકણું** (૦) ન૦ + જુઓ કાગડું (૨) કાગું

**કાંકરી** (૦) ન૦ સ્ત્રી૦ [જુઓ કાંકર, -રી] ઝીણો કાંકરો (૨) રેતી, પથરી (૩) એ નામનો રોગ (૪) કાંકરીદાવની કૂટી [**-મારવી**=દાવની કૂટીને સામાવાળે પકડી પાડી રમતમાં દૂર કરવી-હરાવવી] **-રાળું, -રિયું** વિ૦ કાંકરીવાળુ **-રિયાળુ** વિ૦ કાંકરીવાળુ (૨)

[લા] ખૂંચે એવું. ૦ચાળો પું૦ કોઈના પર મશ્કરીમાં કાકરી નાખવી તે ૦દાવ પું૦ છોકરાની એક રમત

**કાંકરો** (૦) પું૦ [જુઓ 'કાકર'] ઝીણો પથ્થર (૨) કોઈ પણ કઠણ પદાર્થનો નાનો ગાગડો (૩) કંટક, કામ નડતર (૪) શંકા, વહેમ, ખટકો, મનની લાગણી (૫) ખીલ (આંખમાં થતો) [ **કાંકરા પડવા**=કાકરા નંખાવા, જાહેરમાં ફિટકાર થવો **-કાટવો**=પગ કાઢવો, નડતર કાઢવું **-કાઢી નાખવો**=દુઃખ કે સંદેહ કાઢી નાખવો, ખટકો ટાળવો (૨) નડતર દૂર કરવી (૩) ગણતરીમાં ન લેવું **-ખૂંચવો** મનમાં ખૂંચ્યા કરવું ]

**કાંકળ** (૦) સ્ત્રી૦, કાંકોલ(-ળ) [सं कक्कोली] એક કાટાકાટાવાળી વનસ્પતિ

**કાંક્ષા** સ્ત્રી૦ [सं] આકાક્ષા, ઇચ્છા, **-ક્ષિત** વિ૦ ઇચ્છિત **-ક્ષી** વિ૦ ઇચ્છા કરનારું (સમાસમાં અંતે ઉદા૦ દર્શનકાક્ષી)

**કાંગ** પું૦, સ્ત્રી૦ [सं कङ्गु] એક જાતનું ધાન્ય **૦વો** (૦) પું૦ તેની એક વાની

**કાંગડ** (૦) પું૦ વણકરનું એક ઓજાર

**કાંગડું** (૦) ન૦ [प्रा. कक्कडुअ] અનાજમાંનો ગાગડું દાણો, ડોળ

**કાંગણિયું** (૦) ન૦ એક જાતનું સુતરાઉ લૂગડું

**કાંગરવું** (૦) અ૦ક્રિ૦ ગુસ્સે થવું, રીસે ભરાવું(કા)

**કાગરી** (૦) સ્ત્રી૦ [ જુઓ કાગરો ] દાતા જેવી હાર-ભાત (૨) કોર ધાર

**કાંગરો** (૦) પું૦ [फा कगुरा, જુઓ કંગુરો] દાંતો (૨) શિખર (૩) કોટની કોરણ ઉપરનું એક ચણતર(૪)મોટા દાતાની કાગરી(૫) ભરત ભરવાની એક તરેહ **-રાદાર** વિ૦ કાગરાવાળું

**કાંગલું** (૦) વિ૦ જુઓ કાગું

**કાંગવો** (૦) પું૦ જુઓ 'કાગ'માં

**કાંગસી** (૦) સ્ત્રી૦ એક વનસ્પતિ (૨) [सं. कङ्कती, दे कक्कसी] કાસકી

**કાંગારું** ન૦ [इं] એક ચોપગું પ્રાણી

**કાંગું** (૦) વિ૦ ['કંગાલ' ઉપરથી?]નિર્માલ્ય,રાંક (૨)[सं.कागाव] કાયર, બેતડું **-ગાઈ** સ્ત્રી૦, **-ગાવેડા** પું૦ બ૦ વ૦ કાગાપણું

**કાંચન** ન૦[सं]સોનું(૨)ધન,દોલત ૦ક પું૦એક ફૂલઝાડ (૨) એક ધાન્ય (૩) ન૦ હડતાલ, હરિતાલ ૦ગિરિ પું૦(સં)મેરુ પર્વત ૦જાલ સ્ત્રી૦ એક વેલી ૦લતા સ્ત્રી૦ કાચનજાલ. **-ની** વિ૦ સોનાનું, સોનેરી

**કાંચનાર(-લ)** પું૦ [सं.] એક ઝાડ

**કાંચળી** (૦) સ્ત્રી૦ [सं कञ्चुली] કાપડું,કમખો (૨) સાપે ઉતારી દીધેલી ચામડી-ખોળ [**-ઉતારવી, -કાઢી નાખવી**=જૂની ખોળ ઉતારી ફેંકી દેવી **-પહેરવી**=નામર્દાઈ બતાવવી(૨)બૈરીનો વેશ કાઢવો ]**-ળિયાપંથ** પું૦ એક પંથ, જેમાં ધર્મને નામે વ્યભિચાર પોષાય છે **-ળિયો** પું૦ સ્ત્રીપાઠ ભજવનારો ભવૈયો

**કાંચિ(-ચી)** સ્ત્રી૦ [सं] ઘૂઘરીવાળો કંદોરો (૨) [सं] દક્ષિણમાં આવેલું હિંદુઓનું એક પવિત્ર ધામ

**કાંચોળાં**(૦) ન૦ બ૦વ૦ (કા) આતરડાં

**કાંજી** (૦) સ્ત્રી૦[सं] રાબ (૨) લાહી (૩) ખેળ (૪) કાંજીખોરાક. ૦ખોરાક પું૦ ખોરાકમાં અતિ ખારી કાંજી જ મળે તે (એક જેલશિક્ષા)

**કાં જે** (૦) અ૦ કેમ જે, કારણ કે

**કાંટ** (૦ટ,?) સ્ત્રી૦(કા) [જુઓ 'કાંટો']કાટાવાળાં વૃક્ષોની ગીચ ઝાડી [-ઔષધિ

**કાંટાઅશે(-સા)ળિયો** (૦) પું૦ એક વનસ્પતિ

**કાંટાકોળું** ન૦ એક જાતનું કોળું (બલિ તરીકે યજ્ઞમાં વપરાય છે) [પાણીદાર

**કાંટાદાર** (૦) વિ૦ [કાંટો + દાર] ગુસ્સાવાળું,

**કાંટારખું** (૦) ન૦ [કાંટા + રખું (सं रक्ष्)]કાટાથી રક્ષનારું તે-પગરખું [શેળો

**કાંટાસરિ(-ળિ)યો** (૦) પું૦ એક વનસ્પતિ(૨)

**કાંટાળું** (૦) વિ૦ ['કાંટો' ઉપરથી] કાંટાવાળું

**કાંટિયું** (૦) ન૦['કાંટો' ઉપરથી (મડદા ઉપરનું કપડું કાટા ઉપર ભરવવામાં આવતું હોવાથી?) કે सं कट=સ્મશાન ઉપરથી?] મડદા ઉપર નાખવાનું કપડું (૨) [જુઓ કાંઠિયું] સડાસ

**કાંટિયો** (૦) પું૦ [જુઓ કાઠિયો] સંડાસ,જાજરૂ (૨) [ જુઓ કાંટો ] અંટસ-વેર રાખનારો માણસ

**કાંટી** (૦) સ્ત્રી૦ [ 'કાંટો' ઉપરથી] એક જાતની માછલી(૨)નાનો પાતળો કાંટો—કંટક ૦વાળુ વિ૦ નાના—પાતળા કાંટાવાળુ

**કાંઠું** (૦) ન૦ [સં કંઠ પરથી ?] બટનનું કાંસું; નાકુ (૨) દાગીનામાં મૂતી જડવાનું ઘર

**કાંઠું** (૦) ન૦ માલ આપવા લેવાની ગોઠવણ—કરાર; સોદો (પ્રાય ગણોતનો) (૨) કહોળનાં પાદડાં ડાંખળાં ઇત્યાદિનો ભૂકો. ગોતર

**કાંટો** (૦) પુ૦ [સં कण्टक] કેટલીક વનસ્પતિ પર ઊગતો કઠણ અણીદાર સીધો કે વાંકો અંકુર; શૂળ(૨)એના જેવા આકારની કોઈપણ વસ્તુ (વડિયાળનો કાંટો વીંછીનો કાંટો—ડંખ. માછલીનો કાંટો—અણીદાર હાડકું, માછલી પકડવાનો કાંટો—ગલ ઇ૦) (૩) યુરોપી ઢબે જમવા વપરાતુ સાધન, ચમચા ઘાટનુ સાધન. ઉદા૦ છરીકાંટો(૪) તોલ કરવાનુ યંત્ર, કંપાણ ઇ૦(૫)નાકે પહેરવાનુ સ્ત્રીઓનું એક ઘરેણુ(૬) પોપટના ગળામાં થતો એક રોગ (૭) [લા ] રોમાંચ (૮)નડતર,ફાંસ (૯)અટસ,કીનો (૧૦) વહેમ,શંકા(૧૧)ગુસ્સો,પાણી(જેમ કે કાંટાદાર માણસ)(૧૨)ટેક મમત [(કંઠે)કાંટા પડવા= કંઠે શોષ પડવાથી ગળામા કાંટા ભોંકાય એવુ દર્દ થવુ કાંટામાં આવી પડવું=મુશ્કેલીમા ફસાવુ કાંટા વેરવા, વાવવા=દુશ્મનાવટ ઊભી કરવી કાંટો કાઢવો=નડતર દૂર કરવી (૨)મનનો ખટકો દૂર કરવો —મારવો=ડંખ મારવો (વીંછીએ) (૨) અડચણ નાખવી. —વાગવો=કાંટો ભોંકાવો (૨) ડંખ લાગવો ]

**કાંઠલી** (૦)સ્ત્રી૦[સં कंठ ઉપરથી] સ્ત્રીઓના કંઠનુ એક ઘરેણું, હાંસડી (૨)વાણાનો તાર તાણામા નાખવાનુ વણકરનુ એક ઓજાર, કાંઠલો

**કાંઠલો** (૦) પુ૦[સં कंठ] ગળાને બેસતો આવતો અંગરખાનો કાપ (૨) પોપટને કંઠે કાળુ વર્તુલ હોય છે તે (૩) જુઓ કાંઠલી (૪) ઘડા, ગાગર વગેરેના પેટાની ઉપરનો—કંઠના ભાગનો ગોળ ભાગ; કાંઠો (૫) ઘાટ, કિનારો

**કાંઠિયું** (૦)ન૦, —યો પુ૦, કાંઠી સ્ત્રી૦ ['કાંઠો' ઉપરથી ?] એક જાતનુ બાજરૂ. કટણ

**કાંઠો** (૦) પુ૦[દે कंठ=મર્યાદા]કિનારો, તટ, ઘાટ (૨) અંત; છેડો (૩) [સં. कंठ] ઘડો, ગાગર, કૂવો ઇ૦ની છેક ઉપરનો વર્તુલાકાર ભાગ

**કાંઠાડું** (૦) વિ૦ ['કાંઠો' પરથી ] કાંઠા સુધી ભરેલું; શાગ વગરનું

**કાંડ** પું૦ [સં ] પ્રકરણ; વિભાગ (૨) ડાંડની બે ગાંઠ વચ્ચેનો ભાગ. પેરી (૩) ડાળી (૪) તીર

**કાંડણી**, —ની [સં ] સ્ત્રી૦ એક વનસ્પતિ

**કાંડર** ન૦ એક જાતની મધમાખી [માથી ઊગતુ

**કાંડરુહ** વિ૦[સં.] પેગાઈ કે ડાળીની ગાંઠના ભાગ-

**કાંડિયું** (૦) ન૦ ['કાંડું' પરથી] સ્ત્રીઓનુ કાંડે પહેરવાનું ઘરેણું (૨) ખમીસ ઇ૦નો કાંડા આગળનો ભાગ [કાંડિયાં કરવાં=આખે હિસે નાકવાને બદલે માત્ર કાંડા સુધીનો ભાગ જ ધોવો ]

**કાંડી** (૦) સ્ત્રી૦ [સ काण्डी] દીવાસળી કે તેની પેટી (૨) જુઓ કાંડુ

**કાંડું** (૦) ન૦ [સં काण्ड] જ્યા હાથનો પંજો જોડાયેલો છે તે ભાગ [કાંડાં કલમ કરવાં= (ગુનેગારી બદલ) કાંડા કાપી નાખવા કાંડું કાપી આપવું=મરજી કરી આપવી લેખિત કબૂલત આપવી (જેથી ફરી જવાનો રસ્તો બંધ થાય) કાંડું પકડવું=[લા ] પરણવુ (૨) આશ્રય આપવો ] —ઘડિયાળ સ્ત્રી૦ કાંડે પહેરવાની ઘડિયાળ, 'રિસ્ટવૉચ' —છા-(૦વ)છોડ વિ૦ ગમે તેવુ સખત પકડેલું કાંડું છોડવી નાખે એવુ. બળવાન (૨) કાંડાબળની રમત (૩) ચડસાચડસી, હુંસાતુંસી. —બળ ન૦ કાંડાનુ—હાથનુ બળ —બળિયું વિ૦ કાંડાના બળવાળુ, મજબૂત

**કાંત** વિ૦[સં ]ઇચ્છિત, પ્રિય (૨) મનનુ અનુકૂળ (૩) સુંદર, મનોહર (૪) પુ૦ પ્રીતમ (૫) વર; પતિ (૬) ચંદ્ર (૭) કીમતી પથ્થર. હીરો (સમાસમા છેડે) ઉદા૦ સૂર્યકાંત (૮) ઓસડ (૯) ન૦ કેસર (૧૦) કંકુ (૧૧) એક પ્રકારનુ લોઢુ. ૦પક્ષી ન૦ મોર ૦પાષાણ પુ૦ ચકમકનો પથ્થર (૨) લોહચુંબક (૩) એક જાતનુ—ખરુ લોઢુ ૦લોહ ન૦ લોહચુંબક

**કાંત** (૦) સ્ત્રી૦ + ત્રાક

**કાંતણ** (૦) ન૦ કાંતવુ તે, કાંતવાની ક્રિયા

કાંતવું (૦) સ૦ક્રિ૦ [सं कर्त्; प्रा कत्त] વળ દઈને તાર કાઢવો (૨) પાતળું કરવું, ઘટાડવું [કાંતેલું કાંતવું=કરેલું કામ ફરી કરવું, નકામી મહેનત કરવી કાંત્યાં કોકડાં કપાસ થવાં, કાંત્યું પીંજ્યું કપાસ થવું=કર્યું-કારવ્યું ધૂળ મળવું, મહેનત નકામી જવી ]

કાંતા સ્ત્રી૦ [सं ] પ્રિયા (૨) સુંદર સ્ત્રી (૩) પત્ની (૪) પૃથ્વી [દુર્ગમ માર્ગ

કાંતાર ન૦ [सं ] મોટું કે નિર્જન જંગલ (૨)

કાંતિ સ્ત્રી૦ [सं ] શોભા, સૌંદર્ય, મનોહરતા (૨) તેજ, નૂર, દીપ્તિ (૩) ચહેરાનું તેજ ૦મતી વિ૦ સ્ત્રી૦ કાંતિવાળી ૦માન વિ૦ કાંતિવાળું. ૦લોહું ન૦ કલાઈ ચડાવેલું લોઢાનું પતરું (૨) લોહચુંબક

કાં તો (૦) અ૦ અથવા, અગર તો

કાંદડું (૦) ન૦ ચમરણું (?)

કાંદો (૦) પું૦ [सं. कद ] ડુંગળી (૨) કંદ, હરકોઈ વનસ્પતિના મૂળની ગાંઠ—જડ (૩) [લા ] લાભ, ફાયદો (શ પ્ર કાંદો કાઢવો)

કાંધ (૦) સ્ત્રી૦ [सं स्कंध, प्रा कंध] ખભો (૨) ખાંધ, ધૂંસરીનું આટણ [–આપવી=ખાંધે લઈ, ઊંચકવામાં મદદ કરવી –આવવી=ગરદન કે ખાંધ આગળની ચામડી ભોગઈને સોજો આવવો –પડવી=ખાંધ પર જૂંસરું રહેવાથી આટણ પડી ત્યાંની ચામડી રીઢી ને ખડતલ થવી –મારવી=ખાંધે લેવામાં મદદ કરવી ]–ધાખત ન૦ હપતા પ્રમાણે દેવું ભરી દેવાનું લખત –ધાળું વિ૦ મોટું, મોટાઈવાળું –ધાંપાંજરાં ન૦બ૦વ૦ કરેલા કાંધા ચૂકતે ન થાય તો વ્યાજ સાથે તેના ફરી કાંધા કરવા તે –ધિયો પું૦ ખભા ઉપર ભાર ઉપાડનાર મજૂર (૨) બળદ (૩) મુડદું ઊંચકનાર આદમી [કાંધિયા કરવા=કાંધિયાઓને ક્રિયા મર્ણ વખતે જમાડવા ] (૪) કાંધાખતે કરી નાણાં ધીરનાર આદમી (૫) સાગરીત ]–ધી સ્ત્રી૦ પથ્થરની છાજલી (દીવાલમાં કરેલી) –ધું ન૦ હપતા પ્રમાણે ભરી દેવાની રકમ, હપતો [કાંધાં કરવાં=હપતે હપતે રૂપિયા ભરવાની ગોઠવણ કરવી કાંધે કાઢવા (રૂપિયા)=હપતે હપતે આપવાની બોલીથી રૂપિયા લેવા કાંધું ચડવું =હપતાની રકમ ભરવાનો વખત વીતી જવો કાંધું પડવું=હપતાની રકમ વખતસર ન ભરી શકવી કાંધું ભરવું=હપતો ભરવો ]–ધેલી સ્ત્રી૦ ઝૂંસરી –ધેવળિયો પું૦ નાકેદાર, દાણ-ચોકી ઉપરનો અમલદાર. –ધેવાળિયો પું૦ મોટો છોકરો; ઘરનો ભાર વહેનાર દીકરો (૨) સાથી –ધો પું૦ જુઓ કાંધું

કાંપ (૦) પું૦ [सं पंक (વ્યત્યયથી) ? सं कर्दम ?] કાળો–ચીકણો ઠરેલો કાદવ (૨) 'કૅમ્પ' [इं ]

કાંપ (૦) પું૦ કંપ, કંપારો ૦વું અ૦ક્રિ૦ [सं कंप् ] કંપવું, ધ્રૂજવું (૨) ભયથી ધ્રૂજવું

કાંપો (૦) પું૦ ઊંડળ, ઊંડળમાં માય એટલો જથો (૨) એક માણસ ઊંચકી શકે એટલો બોજો (કા )

કાંબ (૦) સ્ત્રી૦ [જુઓ કંબા ] વાંસની ચીપ (૨) વાંસનો ગજ, આંકણી. ૦ડી સ્ત્રી૦ વાંસની ચીપ, કામડી

કાંબલેટ (૦) સ્ત્રી૦ [જુઓ કામલેટ] એક ઊંચી જાતનું ઊનનું કપડું, કામલેટ

કાંબળ(–ળી) (૦) સ્ત્રી૦ [सं कम्बल] કામળી. –ળો પું૦ ધાબળો, કામળો

કાંબી (૦) સ્ત્રી૦ [सं कंबी] સ્ત્રીઓના પગનું એક ઘરેણું (૨) કોસના મોંનો કાંઠલો (૩) ચામડાની ડોલ (૪) સાગણગાંઠ દબાવવાનો કંદોરો

કાંશિયાં (૦) ન૦બ૦વ૦ [જુઓ કાંસીજોડ] મંજીરા

કાંસ (૦) પું૦ [म. कर्ष् ઉપરથી ?] પાણી લઈ જવાને બનાવેલી નાની નહેર (૨) પાણી વહી જવાને માટે કરેલી નીક, ગટર

કાંસકી (૦) સ્ત્રી૦ [सं कंकतिका, दे कंकसी] વાળ ઓળવાનું એક સાધન (૨) એક વનસ્પતિ –કો પું૦ વાળ ઓળવાની મોટી કાંસકી

કાંસડો (૦) પું૦ તળાવનો સામો કાંઠો

કાંસલું (૦) ન૦ [ જુઓ કાંસું ] કાંસાનું એક ખૂબ પહોળા મોંનું વાસણ, તાસળું

કાંસવું (૦) અ૦ ક્રિ૦ [सं कास्] ખાંસવું (૨) ખોંખારવું (૩) હાંફવું, ફેંફેં કરવું (૪) સ૦ ક્રિ૦ [સુ ] હાંસવું, ચગદીને ભરવું

કાંસા (૦) પું૦ બ૦ વ૦ [सं काश ?] નીંદી કાઢેલું ઘાસ

**કાંસાર** (૦) પુ૦+[सं कास्यकार] કાસુ ઘડનારો (૨) કસારો
**કાંસિયો** (૦) પું૦ ['કાસુ' ઉપરથી] પિત્તળની કડછી (૨) જુઓ 'કાસુ'મા (૩) જુઓ કાસકો
**કાંસું** (૦) ન૦ [म कास्य] તાબુ, જસત અને કલાઈથી બનતી એક મિશ્રધાતુ **-સાફૂટ** સ્ત્રી૦ કાસાના વાસણનો ખડખડાટ(૨)કાસાનો ભગાર **-સાળું** ન૦ કાસાનું બનાવેલુ મોટુ ફીગતનિયુ **-સાં** ન૦ બ૦ વ૦ કાસીજોડ. **-સિયો** પુ૦ કાસાનો મોટો વાડકો-તાસળુ **-સી(૦જોડ)** સ્ત્રી૦ **-સીજોડું** ન૦ (બહુ વચનમા) કાસાની બનાવેલી મોટી ઝાઝ, કાસાનું છબછબિયુ. [કાસીજોડાં વગાડવાં=(ધન વગેરેનુ) ખૂટી જવુ(૨)ભીખ માગવી(૩)કામ-ધંધા વિનાના થવુ]
**કાંસ્ય** ન૦ [स] કાસુ **૦કાર** પુ૦ કસારો
**કિકલાવવું** સ૦ ક્રિ૦ 'કીકલાવુ'નુ પ્રેરક
**કિકિયાણુ** ન૦ [રવ૦] એકસામટા ઘણા મોટા તીણા અવાજો થવા તે
**કિકિયારી** સ્ત્રી૦ [રવ૦] તીણી, કારમી ચીસ **-રો** પુ૦ મોટી કિકિયારી [કળિયો
**કિચૂકો** પુ૦ [જુઓ ચિચૂડો] કચૂકો, આમલીનો
**કિચૂડ** અ૦ (રવ૦) તેવો અવાજ થાય તેમ (જેમ કે કોસના ચાકળાનો)
**કિચૂડિયો** પું૦ છોકરાની એક રમત
**કિચૂ(-ચો)ડો** પુ૦ [જુઓ ચિચૂડો] કચૂકો (૨) ['કિચૂડ' ઉપરથી] કિચૂડ કિચૂડ થતો અવાજ (૩) નાનો ચગડોળ
**કિતવ** પુ૦ [स] જુગારી(૨)કપટી, ઠગારો ધુતારો
**કિતાબ** સ્ત્રી૦ [अ] ચોપડી; ગ્રંથ. **૦ખાનું** ન૦ ગ્રથભડાર, પુસ્તકાલય. **૦પરસ્ત** વિ૦ ચોપડીચુંબક
**કિત્તો** પુ૦ [अ कितअह='તેણે કાપ્યુ' ઉપરથી] જાડા કાપની કલમ-લેખણ (૨)સારો લખેલો ખરડો-નમૂનો (૩) ખેતરનો કકડો-વિભાગ (૪) અ૦ એનુ એ જ, એજન
**કિનખાબ** પુ૦ [फा कम्खाब] જરીબુટ્ટાના વણાટનુ એક જાતનુ કાપડ (૨) કસબ
**કિનાર(-રી)** સ્ત્રી૦ [फा] ધારનો ભાગ, કોર (૨) વસ્ત્ર પર મૂકવાની કોર (૩) કિનારો **-રો** પુ૦ કાંઠો, તટ
**કિન્નર** પું૦ [स] એક જાતનો દેવ, કુબેરનો ગણ. **૦કંઠ** વિ૦, **૦કંઠા(-ઠી)** વિ૦ સ્ત્રી૦ કિન્નર જેવા મધુર કંઠવાળી. **-રી** સ્ત્રી૦ કિન્નરની સ્ત્રી (૨) સારગી **-રેશ** પુ૦ (સ) કુબેર
**કિન્નો,-ન્નાખોર** જુઓ કીનો. -નાખોર
**કિફાયત** સ્ત્રી૦ [अ] બચત (૨) વિ૦ જુઓ કિફાયતી [-પડવું=સસ્તુ પડવુ] **-તી** વિ૦ ફાયદો પડતુ, સસ્તુ
**કિમ** અ૦+[स.] જુઓ કેમ **-મે** અ૦+કેમેયે
**કિયું** વિ૦ (૨) સ૦ કયુ ? (ચ) [કિયે મોંઢે=શું જોઈને ? શી આબરૂ કે શોભાથી ?]
**કિરકોલ(-ળ)** વિ૦ [म] પરચૂરણ (૨) અ૦ છૂટક, થોડે થોડે કરીને
**કિરણ** ન૦, પુ૦ [स] તેજની રેખા, રશ્મિ **૦મય** વિ૦ કિરણોથી ભરેલુ, ઝળકતું. **૦માલી** પુ૦ (સ) સૂર્ય **૦વંતુ, -ણાળ** વિ૦ કિરણવાળુ [કર્તાર
**કિરતાર** પુ૦[स कर्ता] સૃષ્ટિનો કરનારો-સ્રષ્ટા;
**કિરપા** સ્ત્રી૦ જુઓ કૃપા (પ)
**કિરપાણ** સ્ત્રી૦ [स कृपाण] (શીખો ધર્મ-ચિહ્ન તરીકે રાખે છે તે) એક હથિયાર
**કિરમ** ન૦[हि, म, स कृमि?, फा किर्म] કરમ
**કિરમજ** પુ૦ [अ किर्मिज, इं क्रिम्झन, स कृमिज?] એક જાતનો કીડો (૨) એમાથી નીકળતો કિરમજ-રાતો રગ અને દવા **-જી** વિ૦ કિરમજના રગનું, ઘેરું લાલ [કરમાણી'
**કિરમાણી(-ની) અજમો** પુ૦ જુઓ 'અજમો
**કિરવાણી** પું૦ પીલુ રાગ
**કિરાત** પુ૦ [स] પહાડી જગલી લોકોની એક જાત (૨) એ જાતનો માણસ, ભીલ. **-તિની** સ્ત્રી૦ એક વનસ્પતિ, જટામાસી **-તી** સ્ત્રી૦ કિરાતની સ્ત્રી; ભીલડી (૨)[स] પાર્વતી, દુર્ગા
**કિરાયું** ન૦ [अ] ભાડું **-યાદાર** વિ૦ ભાડે રહેનારુ-રાખનારુ (૨) પું૦ ભાડૂત
**કિરીટ** પું૦ [स] મુગટ, તાજ(૨)એક નક્ષત્ર **-ટી** વિ૦ કિરીટવાળુ (૨) પું૦ રાજા (૩) [स] અર્જુન

કિરૂં વિ૦ [न, (રવ૦)] વાસની ઝાડીવાળું, ગીચ (૨) અ૦ પક્ષીનો એવો અવાજ
કિલ અ૦ [स] ખરેખર
કિલકાર પુ૦ [सं. किल+कार ?, हिं.] આનંદભર્યો કલબલાટ (૨) આનંદની કિકિયારી ૦વું અ૦ ક્રિ૦ કિલકાર કરવો –રી સ્ત્રી૦ જુઓ કિલકાર (૨) તીણી ચીસ કે પોકાર [કિલકારીઓ કરવી = કોઈની મળવાના આનંદમાં કિલકારવું કિલકારી પાડવી, મારવી = (જોરથી) કિલકારવું – ચીસ પાડવી]
કિલકિલ સ્ત્રી૦ [स] (રવ૦) પક્ષીઓ એકીસાથે બોલવાથી થતો કિલકિલ એવો હર્ષભર્યો અવાજ ૦વું અ૦ ક્રિ૦ [स किलकिलाय्, प्रा किलकिल] કિલકિલ અવાજ કરવો (૨) આનંદમાં આવવું ૦(–લા)ટાર પુ૦ કિલકિલાટ (૨) શોરબકોર, કોલાહલ –લાટ(–ર) પુ૦ પક્ષીઓનું કિલકિલ એમ કરવું તે (૨) હર્ષધ્વનિ
કિલકિંચિત ન૦ [स] નાયિકાના શૃંગારનો એક [હાવભાવ
કિલામના સ્ત્રી૦ [स क्लमना, प्रा किलामणा] પીડા દુઃખ (જૈન)
કિલાવો પુ૦ [फा कलावा] હાથીને ગળે લટકતું દોરડું, જેના ગાળામાં પગ ભેરવીને મહાવત હાથીને ચલાવવા વગેરેનો ઇશારો કરે છે
કિલોવર સ્ત્રી૦ [इं फ्लावर ઉપરથી? સર૦ म किलावर= કાળીનું પત્તું इं क्लब?] ગંજીફાના પાનાની ચારમાંથી ફૂલની જાત
કિલ્બિ(–લ્વિ)ષ [स], કિલ્મિષ(ષ) ન૦ પાપ (૨) અપરાધ, દોષ (૩) રોગ, માંદગી [કિલકાર
કિલ્લાણ ન૦ [રવ૦, म] પક્ષીનો હર્ષધ્વનિ,
કિલ્લી સ્ત્રી૦, ૦દાર પુ૦ જુઓ 'કીલી, ૦દાર'
કિલ્લું ન૦ [स कीट+लु] અનાજમાં પડતું એક જીવડું, ભોટવું
કિલ્લો પુ૦ [अ किलअह] કોટ દુર્ગ –લ્લેદાર પુ૦ કિલ્લાનો ઉપરી અમલદાર (૨) કિલ્લાનો કબજો ધરાવનાર કે તેનું રક્ષણ કરનાર સૈનિક –લ્લેબંદી(–ધી) સ્ત્રી૦ શત્રુની સામે રક્ષણ મળે એવું બાંધકામ – કિલ્લો કરવો તે (૨) કિલ્લાનું બાંધકામ

કિલ્વિષ ન૦ [स.] જુઓ કિલ્બિષ
કિશોર વિ૦ [सं.] નાની ઉંમરનું, સગીર (૨) પુ૦ ૧૧ થી ૧૫ વર્ષ સુધીની ઉંમરનો છોકરો. –રાવસ્થા સ્ત્રી૦ કિશોર વય કે સ્થિતિ –રી સ્ત્રી૦ કુમારી, ૧૧થી ૧૫ વર્ષની છોકરી
કિશોર ગૂગળ પુ૦ એક ઔષધિ
કિશોરી,–રાવસ્થા સ્ત્રી૦[स] જુઓ કિશોરમાં
કિશ્ત(–સ્ત) સ્ત્રી૦[फा] શેતરંજનો એક દાવ, શેહ (૨) ખેતી, વાવેતર
કિશ્તી(–સ્તી) સ્ત્રી૦ [फा] હોડી
કિષ્કિંધા સ્ત્રી૦ [स.](મ) સુગ્રીવની રાજધાની
કિસ સ૦ [हिं] + કોણ? શું? (પ્રાય પ)
કિસબત પુ૦ [आ] મસક ઊંચકતા ભિસ્તીઓ પોતાની ડાબી કેડ અને થાપા ઉપર પહેરે છે એ ચામડું
કિસમ સ્ત્રી૦ [अ क्रिस्म] જાત, પ્રકાર, રીત
કિસમિસ સ્ત્રી૦ [फा किश्मिश] નાના દાણાની એક જાતની સૂકી દ્રાક્ષ
કિસલય ન૦ [स] કૂંપળ
કિસાન પુ૦ [हिं, स कृषाण] ખેડૂત
કિસ્ત સ્ત્રી૦ [फा] મહેસૂલ વગેરેનો હપતો (૨) મહેસૂલ, ફીસ (૩) ખંડણી, કર (૪) જુઓ કિશ્ત ૦બંધી સ્ત્રી૦ હપ્તા કરવા – કિસ્તથી રકમ આપવી તે
કિસ્તી સ્ત્રી૦ જુઓ કિશ્તી
કિસ્મત ન૦ [अ] નસીબ
કિસ્સો પુ૦[अ] કહાણી, અદ્ભુત કથા – બનાવ (૨) કલ્પિત વાર્તા [–ઉઠાવવો, ગોઠવવો = યુક્તિ કરવી, બુટ્ટો કાઢવો –રચવો = યુક્તિ રચવી]
કિહાં અ૦ (પ) જુઓ ક્યાં
કિંકર પુ૦ [स] ચાકર ૦ત્વ ન૦
કિંકરી સ્ત્રી૦ [स] દાસી, ચાકરડી
કિંકર્ત(–ર્ત્ત)વ્યતા સ્ત્રી૦ [स] કર્તવ્ય શું છે તેવો પ્રશ્ન ઊઠે એવી દશા – મૂઢ વિ૦ કિંકર્તવ્યતાથી મૂઢ – મૂંઝાયેલું
કિંકિણી સ્ત્રી૦ [स] નાની ઘંટડી, ઘૂઘરીવાળો કંદોરો, કાંચી (૩) કંકણ, કાંગરાવાળું વલય. –ણાટ પું૦ કિંકિણીના જેવો ખણખણ અવાજ

**કિંગલાવું** અ૦ક્રિ૦ [જુઓ કીકલાવું] આનંદમાં આવી જવું, ખૂબ ખુશી થવું -ણ ન૦ કિંગલવું તે (૨) કિંગલાવાનો હર્ષધ્વનિ [કિંગલાણે ચડવું = આનંદ મસ્તીમાં આવી જવું]

**કિંચિત્** વિ૦[सं] થોડું ક(૨)અ૦ સહેજ,જરા -ત્કર વિ૦ કિંચિત્ કરે એવું ૦માત્ર વિ૦ (૨) અ૦ કિંચિત જ

**કિંડરગાર્ટન** ન૦ [जर्मन] ગમ્મત સાથે જ્ઞાન આપવાની બાળશિક્ષણની એક પદ્ધતિ

**કિંતુ** અ૦ [सं] પરંતુ, તોપણ

**કિંપુરુષ** પું૦[सं.]કિન્નર(૨) પ્રાચીન કાલની એક જંગલી જાતનો પુરુષ (૩)વર્ણસંકર-નીચ-તુચ્છ માણસ

**કિંબહુના** અ૦ [सं.] વિશેષ (કહેવા)થી શું ?

**કિંમત** સ્ત્રી૦ [જુઓ કીમત] મૂલ્ય, બદલો,વળતર (૨) કદર, બૂજ લેખું [-આંકવી = મૂલ્યની અટકળ કે આંકણી કરવી -કરવી = મૂલ્ય ઠેરવવું(૨)કદર કરવી -થવી = પરીક્ષાથી મૂલ્ય નક્કી થવું(૨)[કટાક્ષમાં] આબરૂ ઓછી થવી, પોત જણાઈ આવવું -પડવી,-બેસવી = મૂલ્ય આપવાનું હોવું,કિંમત હોવી -મૂકવી = કિંમત ઠરાવવી કે વસ્તુ પર લખવી, કિંમત પાડવી ]

**કિંવદંતી** સ્ત્રી૦ [सं] લોકવાયકા, અફવા

**કિંવા** અ૦ [सं] અથવા

**કિંશુક** પું૦ [सं] ખાખરો

**કીંકરો** પું૦[म क्किंरो]ફરસી ટાંકણું,વાંજણું[કા]

**કીકરો** પું૦ (રાનીપરજમાં) મહેમાન

**કીકલાવું** અ૦ક્રિ૦[सं किलकिल પરથી] કિંગલાવું

**કીકલી** સ્ત્રી૦, -લો પું૦ નાનો કીકો ને કીકી

**કીકી** સ્ત્રી૦ નાની બાળકી (૨) [सं कीका ? प्रा. कीया]આંખની પૂતળી -કો પું૦ નાનો બાળક

**કીચ,૦ડ** પું૦ [हिं, म किचड, सं चिक्किल ?] કાદવ [રાજાનો સાળો

**કીચક** પું૦ [सं] પોલો વાંસ (૨) [सं.] વિરાટ

**કીચડ** પું૦ [જુઓ કીચ] કાદવ

**કીજે** [सं कृत, प्रा. किज्जिअ] કરવામાં આવે; કરો (વિધ્યર્થ રૂપ) (પ)

**કીટ** વિ૦ [प्रा किट्ट=કહેવું, વર્ણવવું ?] બરાબર પાઠે-મોઢે કરેલું (૨)પૂરું માહિતગાર, કાબેલ (પ્રાય ક્રિ૦વિ૦ કે ક્રિયાપૂર્તિ તરીકે આવે છે. જેમ કે કીટ કરવું; -હોવું,-થવું)

**કીટ** પું૦ [म किट्ट] મેલ,કાટ (૨)કચરો, કસ્તર; કીટું (૩) ગઠ્ઠો, ગાંઠ

**કીટ,૦ક** પું૦[सं]કીડો,જંતુ ૦(-ટ)ખદું વિ૦ કીડાથી ખવાયેલું ૦ઘ્ન વિ૦ કીડાઓનો નાશ કરે એવું ૦ભોજી વિ૦ કીડા ખાઈને જીવનારું (૨)પું૦ તેવું પ્રાણી ૦ભ્રમર(-રી)ન્યાય પું૦ કિંવદંતી પ્રમાણે ભમરીના ડંખના ભયથી કીડો તેનું સ્મરણ કર્યા કરીને ભમરી થઈ જાય છે તે ન્યાય, જે વસ્તુનું વધારે ચિંતન થાય તે વસ્તુના ગુણ આપણામાં આવે જ એ ન્યાય ૦મારી પું૦ જેના ફૂલમાં કીડાઓને મારવાનો ગુણ છે એવી એક વનસ્પતિ

**કીટલી** સ્ત્રી૦ [इं] ચાદાની

**કીટિયું** ન૦ [सं कट ઉપરથી] લાકડાની ચીપટ (૨) વિ૦ જુઓ 'કીટી'માં

**કીટી** સ્ત્રી૦ [જુઓ કીટ प्रा किट्टि] જેમાં જે (કપાસિયાની કચ્ચ કે પાંદડીનો ભૂકો ઇ૦)કસ્તર વળગી રહેલું હોય તે -ટિયું વિ૦ કીટીવાળું

**કીટું** ન૦ [सं किट्ट] ઘીને તાવ્યા પછી નીચે જામતો કચરો

**કીટો,૦ડો** પું૦ [सं क्किट्ट] ઈંટો કે નળિયા પકવતાં પીગળીને ગઠ્ઠો થઈ ગયેલી માટી (૨) બળી-પીગળીને ઠરેલો કોઈ પણ કચરો (૩) ધાતુના પદાર્થો,ઘણા તાપથી રસરૂપ થઈ બહાર જાય છે તે(૪)બાવળના લાકડાનો ગાંઠવાળો કકડો

**કીડ** સ્ત્રી૦ [सं.कीट, प्रा कीड]કીટ,જીવ(૨)એક રોગ, દાદર, ઉંદરી ઇત્યાદિ (૩) ખજવાળ, ચળ ૦ખદું વિ૦ જુઓ 'કીટ'માં

**કીડિયારું** ન૦ [કીડી ઉપરથી] કીડીઓનું દર [-ઊભરાવું= કીડીઓ મોટી સંખ્યામાં એકઠી થવી કે દરની બહાર આવવી (૨) [લા] લોકોના ટોળેટોળાં જામવા -પૂરવું = કીડીઓના દર આગળ લોટ પૂરવો ]

**કીડિયું** ન૦ [કીડી ઉપરથી ? દે चीड પરથી ?] ખૂબ નાનો કાચનો મણકો -યાસેર સ્ત્રી૦

એક -કંઠી -યાહાર પું૦ કીડિયાંનો હાર

કીડી સ્ત્રી૦ [सं कीटिका, प्रा॰ कीडी, कीडिया] એક ઝીણું જીવ-જંતુ [કીડીઓ ઊભરાવી =અસંખ્ય માણસો ટોળે વળવા. કીડીઓ ચટવી=(કામ કરતાં) કંટાળો ચડવો, અણગમો હોવો કીડી ઉપર કટક=નાના હેતુ માટે મોટો આટાટોપ, નકામો ને વધારેપડતો ખોટો પ્રયત્ન કીડીના મોંને(-માં) કાલિંગડું =માથા કરતાં પાઘડી મોટી જેવા અર્થમાં, ગજા બહારનું કીડીને પાંખો આવવી= વરસાદની આગાહી થવી (૨) નવી શક્તિ આવવી કીડીનો કુંજર, વાઘ=રજનું ગજ (કરવું), રાગનો વાઘ કરવો] ૦કંથવો પું૦ કીડી, કંથવો કે તેના જેવો જીવજંતુ ૦મ-(-મ)કોડી સ્ત્રી૦ કીડી, મકોડી ઇત્યાદિ જીવજંતુ ૦વેગ પું૦ કીડીના જેવો-ધીમો વેગ

કીડો પું૦ [सं कीट, प्रा कीड] પેટે ચાલનારો નાનો જીવડો [કીડા પડવા=કીડા પેદા થવા, સડવું કીડા સળવળવા=[લા] બોલ્યા વિના ન રહેવાવું] -ડામાર(-રી) સ્ત્રી૦ એક પક્ષી (૨) એક વનસ્પતિ, કીડમાર

કીધ સ૦ કૃ૦ (પ) જુઓ કીધું, કર્યું

કીધું સ૦ક્રિ૦ [सं. कृत] કર્યું ('કરવું'ના ભૂતકાળનું એક રૂપ, બહુધા સુરત તરફ)

કીધું સ૦ક્રિ૦ [सं कीर्तय्. प्रा कित्त=કહેવું ઉપરથી?] કહ્યું ('કહેવું'ના ભૂતકાળ માટે વપરાતું એક રૂપ [ગમે એવું, દરીલું

કીનો પું૦[फा] વેર,અદાવત -નાખોર વિ૦કીનો

કીબરી સ્ત્રી૦ એક વનસ્પતિ

કીમ ન૦ એક પક્ષી

કીમત સ્ત્રી૦ [अ] જુઓ કિંમત (શ૦ પ્ર૦ ઇ૦ માટે પણ) -તી વિ૦ [फा] ભારે કિંમતનું

કીમિયો પું૦ [अ कीमिया] હલકી ધાતુને કીમતી બનાવવાની ગુપ્ત રસાયણવિદ્યા (૨) [લા] ઇલમ, યુક્તિ(૩)સહેલાઈથી ઘણું દ્રવ્ય મળે અથવા ફાયદો થાય એવો ઇલમ-ધંધો અથવા વસ્તુ -યાગર પું૦ [फा] કીમિયો કરી જાણનારો આદમી (૨) કળાવાન-યુક્તિબાજ આદમી (૩) ધુતારો

કીર પું૦ [सं.,दे.] પોપટ [સંગીન

કીરચ સ્ત્રી૦ [हिं] કરચ, ઘણો નાનો કકડો(૨)

કીરત સ્ત્રી૦ (પ.) જુઓ કીર્તિ ૦ન જુઓ કીર્તન. ૦નિયાં ન૦ બ૦ વ૦ કાંસીજોડ, કીર્તન કરવાના છબછબિયાં ૦નિયો પું૦ કીર્તનકાર

કીરદમન ન૦ [हिं] એક જંગી વનસ્પતિ-ઔષધિ

કીર્ત(-ર્ત્ત)ન ન૦ [सं] યશોગાન, ગુણકીર્તન (૨) ગાયન અને સંગીત સાથેનું ઈશ્વરનું ગુણવર્ણન ૦કાર પું૦કીર્તન કરનારો આદમી, હરદાસ

કીર્તનીય વિ૦ [सं] વખાણવા જેવું

કીર્તિ,-ર્ત્તિ સ્ત્રી૦ [सं] ખ્યાતિ, નામના ૦(-ર્ત્તિ)કર વિ૦ ખ્યાતિ કરનારું ૦ત વિ૦ [सं] પ્રખ્યાત, જાણીતું ૦(-ર્ત્તિ)ધ્વજ પું૦ કીર્તિરૂપી ધ્વજ ૦(-ર્ત્તિ)માન વિ૦ કીર્તિવાળું, નામાંકિત ૦(-ર્તિ)વંત વિ૦ કીર્તિમાન ૦લેખ પું૦ કીર્તિનું સૂચન કે વર્ણન કરતો લેખ ૦(-ર્ત્તિ)સ્થંભ પું૦ કીર્તિ કરવા (કે કાયમ રાખવા) માટે રોપેલો કે ચણેલો સ્તંભ -મિનારો, સ્મરણસ્તંભ

કીલ પું૦ (ગાડાની) મળી (૨) [सं] મેખ, ખૂંટો (૩) ઢોર બાંધવાનો ખીલો. ૦ક ન૦ મેખ, ખૂંટો(૨)ઢોર બાંધવાનો ખીલો(૩)એક તાંત્રિક દેવતા (૪) મંત્રનો મધ્ય ભાગ(૫)સામા મંત્રની શક્તિ કે પ્રભાવનો નાશ કરનારો મંત્ર (૬) જ્યોતિષ પ્રમાણેનો એક સંવત્સર, જેમાં બધા અમંગલોનો નાશ થઈ સર્વત્ર મંગલ અને સુખ થાય છે (૭)એક સ્તોત્ર(૮)ધરી ૦કાસ્થિ ન૦ જેની વચ્ચે કરોડરજ્જુ હોય છે તે કરોડની હાડમાળાનો બીજો મણકો

કીલવો પું૦ [જુઓ કીલ] કીલીદાર

કીલી સ્ત્રી૦ [सं क्रीड्, प्रा कील ઉપરથી?] કીકી -લો પું૦ કીકો

કીલી સ્ત્રી૦ [हिं, सं कील=મેખ ઉપરથી] કૂંચી (૨) તિજોરી, નાણાની પેટી ૦દાર પું૦ જેની પાસે કૂંચી રહેતી હોય (કિલ્લો, તિજોરી, ઇત્યાદિની) તે આદમી, કિલ્લીદાર

**કીશ** પું૰ [સ] વાદરો (૨) સૂર્ય ૦પર્ણ પું૰ એક વનસ્પતિ, અપામાર્ગ [ભગ્નું

**કીસ** સ્ત્રી૰ [જુઓ કિસ્ત] મહેસૂલ, સરકાર

**કુ** અ૰ [સ]નામ પૂર્વે આવતા 'ખરાબ, હલકું, નિંદિત, પાપી' એવો અર્થ સૂચવે ઉદા૰ કુમાર્ગ (૨) સ્ત્રી૰ પૃથ્વી

**કુકરેકૂક** ન૰ જુઓ કૂકરેકુક [કુકર્મ કરનારું

**કુકર્મ** ન૰ [સં] ખોટું-ખરાબ કર્મ **-ર્મી** વિ૰

**કુકલ્પના** સ્ત્રી૰ [સ] ખોટી-ખરાબ કલ્પના

**કુકવિ** પું૰ [સ] ખરાબ કવિ

**કુક્કુટ** પુ૰ [સ] કૂકડો

**કુક્ષ(-ક્ષિ)** સ્ત્રી૰ [સ] કૂખ

**કુખ** પું૰ [જુઓ 'કુશ']+હર્ષ (કૂખ નહિ)

**કુગ્રામ** ન૰ [સ] રાજા, બ્રાહ્મણ, નદી ઇ૰ વિનાનું કે જરૂરિયાતની વસ્તુઓ જ્યાં ન મળે એવું ખરાબ-નકામું ગામ [ઊલટું

**કુઘડ** વિ૰ [कु (સ)+(સ घट्)] સુઘડથી

**કુચ** પુ૰ [સ] સ્ત્રીની છાતી, સ્તન

**કુચકુચ** સ્ત્રી૰(રવ૰)ગુચપુચ કાનમાં વાત કરવી તે

**કુચાલ** સ્ત્રી૰ [કુ+ચાલ] કચાલ, ખરાબ વર્તણૂક

**કુચિત્ર** વિ૰ [સં], **-ત્રું** વિ૰ કદરૂપુ

**કુચુમાર** પું૰[સ](સ.)એક પ્રાચીન કામશાસ્ત્રી

**કુચિયો** પુ૰ [સ. कुच પરથી] સ્તન ઢાંકનારો વસ્ત્રનો ભાગ [ચેષ્ટા

**કુચેષ્ટા** સ્ત્રી૰, **-ષ્ટિત** ન૰ [સં] ખોટી-ખરાબ

**કુચ્છિત, કુછીત** વિ૰+જુઓ કુત્સિત

**કુછંદ** પું૰ [સ] ખરાબ છંદ-વ્યસન કે ચસકો, લંપટપણું **-દાઈ** સ્ત્રી૰+કુછંદીપણું **-દી** વિ૰ કુછંદે ચડેલું

**કુજ** પુ૰ [સ] એક ગ્રહ; મંગળ (૨) ઝાડ(૩) [મં.] નરકાસુર. **૦વાર** પું૰ મંગળવાર

**કુજાગ** સ્ત્રી૰ [કુ+જાગ (જગા)] નઠારી જગા

**કુજોગ** પું૰ [કુ+જોગ] કુયોગ

**કુટજ** પું૰ [સં.] એક ઝાડ

**કુટારો** પુ૰ જુઓ 'કુટાવું'માં

**કુટાવું** અ૰ ક્રિ૰ [જુઓ કૂટવું] 'કૂટવું'નું કર્મણિ (૨) ટિચાવું, અથડાવું (૩) [લા] સૂજ ન પડવી, કુટારો થવો [કુટાઈ જવું=માર ખાવો(૨) અથડાવું ટિચાવું. કુટાઈ મરવું= નકામા અથડાવું-ટિચાવું] **-મણ** ન૰ કુટાવું તે, ટિચામણ **-રો** પું૰ કુટામણ (૨) [લા] માથાકૂટ,પંચાત **-વવું** સ૰ક્રિ૰'કૂટવું'નું પ્રેરક

**કુટિ(-ટી)**, **૦ર** સ્ત્રી૰ [સ] ઝૂંપડી

**કુટિલ** વિ૰ [સ] વાંકુ, વળેલું (૨) હઠીલું (૩) છળવાળુ, કપટી **૦તા, -લાઈ** સ્ત્રી૰, **૦પણું** ન૰

**કુટી, ૦ર** સ્ત્રી૰ [સ] કુટિ· ઝૂંપડી

**કુટુંબ** ન૰ [સ.] એક બાપનો પરિવાર-વંશ (૨) બૈરી, છોકરા વગેરે ઘરના માણસોનો સમૂહ (૩) બૈરીછોકરાનો સમૂહ **૦કબીલો** પુ૰ કુટુંબ અને કબીલો. **૦કલહ** પું૰ કુટુંબમાં કંકાસ **૦પરિવાર** પુ૰ કુટુંબ અને પરિવાર **-બિની** સ્ત્રી૰ [સ] કુટુંબી સ્ત્રી. **-બી** વિ૰ કુટુંબનું (૨) કુટુંબવાળુ (૩) ન૰, પુ૰ કુટુંબનું માણસ

**કુટેવ** સ્ત્રી૰ [કુ+ટેવ] નઠારી ટેવ-આદત

**કુટ્ટણી** [પ્રા],**-ની** [સં] સ્ત્રી૰ કૂટણી

**કુટ્ટમિત** ન૰[સ] પ્રીતમના પ્રેમાલિંગનની ઉપર ઉપરથી અવહેલના કરવી તે

**કુટ્ટિમ** વિ૰[સ] નાના પથરાઓ પૂરી ટીપી પાકું કરેલું (૨) લાદીથી અથવા રંગબેરંગી ચોરસામાં જડેલું (૩) પુ૰, ન૰ એવી રીતે જડેલી જમીન

**કુઠામ** ન૰ [કુ+ઠામ] ખરાબ કે અયોગ્ય ઠામ

**કુઠાર** પુ૰ [સ] કુહાડો(૨) ફરસી. **-રો** પુ૰+ કુહાડાવાળો, કઠિયારો

**કુડ(-ર)તુ** ન૰ [જુઓ કુરતુ] પહેરણ

**કુડપ(-વ)** ન૰ [સ] ૧૨ મૂઠી અથવા ૧૬ તોલાનું એક માપ [ન૰ કુલ્લું

**કુડલી** સ્ત્રી૰[સ कुट, પ્રા कुड]કુલડી,કુલ્લી **-લું**

**કુડવ** ન૰ [સ] જુઓ કુડપ

**કુડંતર** પું૰ [સ कुड्य,પ્રા. कुड्ड+अंतर] ભીતનો આંતરો, કુડાંતરો

**કુડાપો** પું૰ જુઓ કઢાપો

**કુડાંતરો** (૦) પુ૰ જુઓ કુડંતર (જૈન)

**કુડ્મલ** ન૰ [સ] કળી [કઢંગું

**કુઢંગિયુ** [કુ+ઢંગ ઉપરથી] ખરાબ ઢંગવાળુ;

**કુણ** સ૰+જુઓ કોણ? [ગિંડાયેલું

**કુણિત** વિ૰+['કુંઠિત' ઉપરથી] અંતરાયેલું;

કુણિયાટવું સ૦ક્રિ૦ (ચ) જુઓ કોણિયાટવુ
કુત(-દ)કું ન૦ [तु कुतक] ડફણુ,બૂધુ, દડૂકો
કુતરિયું ન૦ એક ઘાસ, કૂતરી
કુતર્ક પું૦ [स] ખોટો તર્ક (૨) ખરાબ વિચાર ૦શાસ્ત્રી પુ૦ કુતર્ક કરવામાં પ્રવીણ પુરુષ ૦વાદી,-ર્કી વિ૦ કુતર્કવાળુ કુતર્ક કર્યા કરનારુ
કુતુબ પુ૦ [अ कुत्ब] ઘંટીનો ખીલડો (૨) ધ્રુવતારો ૦નુમા ન૦ [फा] હોકાયંત્ર
કુતુમરા ન૦ એક પક્ષી
કુતૂહલ ન૦ [स] અમુક વસ્તુ - નવી વસ્તુ જોવા જાણવાની ઉત્કંઠા, કૌતુક (૨) નવાઈભરી વસ્તુ -લી વિ૦ કુતૂહલવાળુ
કુતેલી સ્ત્રી૦ એક વનસ્પતિ, કૂતરી (?)
કુર્તી સ્ત્રી૦ (સુ) તેરની દાતી (૨) જુઓ 'કુત્તો'માં [-દેવી = દાતી કરવી]
કુત્તો પુ૦[हे कुत्त]કૂતરો -ત્તી સ્ત્રી૦[हे] કૂતરી
કુત્સિત વિ૦ [सं] ધિક્કારના યોગ્ય, નિંદ્ય (૨) નીચ, નઠારુ, અધમ (૩) મેલુ, ગંદુ
કુથ પુ૦ [सं.] હાથી ઉપર નાખવાની ઝૂલ (૨) સાદડી, શેતરંજી (૩) કથા
કુથ્થો પુ૦ નાગળ ખાનારો એક જીવડો
કુદકારો પુ૦ ['કૂદવુ' ઉપરથી] કૂદકો
કુદકું ન૦ જુઓ કુતકુ
કુદરત સ્ત્રી૦[अ]ઈશ્વરી શક્તિ, નિસર્ગ પ્રકૃતિ(૨) જાતિસ્વભાવ (૩) જોર, તાકાત -તી વિ૦ કુદરત સબંધી, નૈસર્ગિક, સ્વાભાવિક
કુદાવું અ૦ ક્રિ૦, -વવું સ૦ ક્રિ૦ અનુક્રમે 'કૂદવુ'નુ કર્મણિ અને પ્રેરક
કુદાળિયાં ન૦બ૦વ૦જાનૈયાઓને બપોરે અપાતુ (દાળભાતનુ) ભોજન (૨) ભવૈયાઓને અપાતુ બપોરનુ ભોજન
કુદૃષ્ટિ સ્ત્રી૦ [स] ખોટો મત-કલ્પના (૨) ખોટા-ખરાબ ખ્યાલથી જોવુ તે
કુદ્દ પુ૦ + જુઓ કુદો
કુધાન ન૦ [कु + ધાન્ય] હલકા પ્રકારનુ ધાન્ય
કુધારો પુ૦ [कु + ધારો] ખોટો - ખરાબ રિવાજ (૨) સુધારાથી વિરુદ્ધ એવી ખોટી દિશામાં ગતિ [-પડવો = ખોટો વારો ચાલુ થવો]
કુનક્ષત્ર ન૦[सं] ખરાબ-અપશુકનિયાળ નક્ષત્ર
કુનારી સ્ત્રી૦ [स] ખરાબ કે કજિયાખોર સ્ત્રી
કુનીતિ સ્ત્રી૦ [स] ખરાબ નીતિ-પદ્ધતિ કે આચરણ
કુનેહ સ્ત્રી૦[अ कुन्ह]યુક્તિ,હિકમત(૨)ચતુરાઈ
કુન્ની સ્ત્રી૦ (ક) હાલ્લી
કુપથ પુ૦ [स] ખરાબ-અનીતિનો માર્ગ ૦ગામી વિ૦ કુપથે જનારુ
કુપથ્ય વિ૦[स]પથ્ય નહિ તેવુ,આરોગ્યને માફક ન આવે એવુ(૨)ન૦ પરેજી-કરી ન પાળવી તે
કુપાત્ર વિ૦ [सं] નાલાયક, અનધિકારી (૨) બેઅદબ,છકી ગયેલુ (૩) ન૦ ખરાબ વાસણ (૪) કુપાત્ર માણસ ૦તા સ્ત્રી૦
કુપિત વિ૦ [स] કોપેલુ, ક્રોધે ભરાયેલુ
કુપુત્ર પુ૦ [स] કપૂત,પુત્ર નામને લજવે એવો દીકરો [પુ૦ કુપ્પો
કુપ્પી સ્ત્રી૦ [स कूपी, कुपी]નાનો કુપ્પો -પ્પો
કુફ્ર ન૦ [अ कुफ्र] નાસ્તિકતા, કાફરપણુ
કુફરાન ન૦ [अ] કુફ્ર(૨)ખોટુ તહોમત,આળ (૩) ધાધળ, તોફાન
કુબ્જા સ્ત્રી૦ [જુઓ કુબ્જ] કૂબડી સ્ત્રી (૨) ખરાબ સ્ત્રી
કુબુદ્ધિ સ્ત્રી૦ [स] નઠારી બુદ્ધિ, લુચ્ચાઈ, કપટ
કુબેર પુ૦[स](સ)ઇંદ્રના વનનો ભંડારી-એક દેવ
કુબોધ પુ૦ [स] નઠારી શિખામણ
કુબ્જ વિ૦ [स] ખૂધુ-કૂબડુ -બ્જા વિ૦ સ્ત્રી૦ ખૂંધી-કૂબડી (૨) સ્ત્રી૦ (સ)કૈકેયીની દાસી-મંથરા (૩) કૃષ્ણની કૃપાપાત્ર કંસની એક દાસી
કુભારજા સ્ત્રી૦ [कु+भार्या] નઠારી સ્ત્રી (૨) કજિયાખોર સ્ત્રી, કર્કશા (૩) ફૂવડ
કુભાવ પુ૦ [स] જુઓ કભાવ
કુભાંડ ન૦ [स कु+भंड, ઉપરથી] જૂઠું તહોમત,આળ (૨) તરકટ ૦ખોર'વિ૦ કુભાંડ કર્યા વિના જેને ચેન ન પડે એવુ,કુભાડી -ડી વિ૦ ઢોગી,વેષધારી, તરકટ કરનારુ (૨) ખોટો આરોપ મૂકનારુ
કુમ સ્ત્રી૦ [तुर्की] મદદ [કુમકે આવવું = મદદ કરવા પહોચવુ કુમકે ઊભા રહેવું =

પડખે મદદમા રહેવુ ] ૦પત્ર ન૦ ભલામણ-પત્ર -કી વિ૦ કુમક સબધી
**કુમકુમ** ન૦ જુઓ કુકુમ, કકુ
**કુમતિ** સ્ત્રી૦ [સ] નઠારી મતિ
**કુમરકલા** ન૦ એક પક્ષી
**કુમળુ** વિ૦ [સ કોમલ]જુઓ કોમળ ૦કલાર જેવું=ખૂબ કોમળ -ળાશ સ્ત્રી૦ કુમળાપણું
**કુમાતા** સ્ત્રી૦ [સ] ખરાબ માતા, સતતિ પ્રત્યે વાત્સલ્ય કે ફરજના ભાન વિનાની માતા
**કુમાન** ન૦ [સ] અપમાન
**કુમાર** પુ૦ [સ] પાચ વર્ષની ઉમ્મરનો બાળક (૨)યુવાવસ્થા અથવા એની પહેલાની અવસ્થા-વાળો છોકરો(૩)પુત્ર(૪)રાજપુત્ર ૦પાલ(-ળ) પું૦ (સં) ગુજરાતનો ચાલુક્યવંશી રાજા [આચાર્ય હેમચદ્રના ઉપદેશથી તેણે જૈન ધર્મનો અગીકાર કર્યો હતો] ૦મદિર ન૦ પ્રાથમિક કેળવણીની શાળા -રિકા,-રી સ્ત્રી૦ બાર વર્ષ સુધીની કન્યા (૨)કુવારી કન્યા(૩) રાજકુવરી (૪) પુત્રી
**કુમાર્ગ** પુ૦ [સ.] નઠારો-આડો રસ્તો (૨) અધર્મ(૩)કુછદ -ર્ગી વિ૦ કુમાર્ગે જનાર
**કુમાવિસદાર** પુ૦ [મ કમાવીસદાર] મહેસૂલ ઉઘરાવનાર આદમી, મહેસૂલી અમલદાર, મહાલકારી
**કુમાશ** સ્ત્રી૦[अ]સુવાળપ, નરમાશ (કાપડની) (૨) સફાઈદાર વણાટ
**કુમિત્ર** પુ૦ [સં] નઠારો-મિત્રધર્મથી ઊલટો ચાલનાર મિત્ર
**કુમુદ** ન૦ [સ.] ધોળુ કમળ; પોયણુ ૦નાથ, ૦પતિ, ૦બધુ પુ૦ ચંદ્રમા -દિની સ્ત્રી૦ કુમુદના ફૂલનો વેલો (૨) ઘણા કુમુદવાળી જગા-પુષ્કરિણી ઇ૦.-દ્વતી સ્ત્રી૦ જુઓ કુમુદિની (૨) વિ૦ સ્ત્રી૦ આયતા શ્રુતિનો એક પ્રકાર (સગીત)
**કુમુદ્રા** સ્ત્રી૦ [સં] ખોટો સિક્કો
**કુમેદ** પું૦ [अ कुमैत, हि कुम्मैत, म. कुमाईत,कुमेत] કાળાશ પડતો ઘેરો લાલ ઘોડો
**કુમેરુ** પું૦ [સ] દક્ષિણ ધ્રુવ ૦જ્યોતિ પુ૦, સ્ત્રી૦ દક્ષિણધ્રુવમા જોવામા આવતી જ્યોતિ
**કુયોગ** પું૦[સ](ગ્રહનો) ખરાબ યોગ(૨)કવખત
**કુરકુટ** પુ૦+[જુઓ कुक्कुट] કૂકડો
**કુરકુર** પુ૦[प्रा (૨૪૦)]કુરકુરિયાને બોલાવવાનો ઉદ્ગાર (૨) દાત વડે થોડુ થોડુ કરડવાથી જે અવાજ થાય છે તે -રિયુ ન૦[स कुर्कुर] કૂતરાનુ નાનુ બચ્ચુ, ભટોળિયુ
**કુરઘોડી** સ્ત્રી૦ છોકરાની એક રમત
**કુરતની** સ્ત્રી૦ [જુઓ કુરતુ] મુસલમાન સ્ત્રીઓનુ કુરતુ (૨) મચ્છરદાની
**કુરતુ** ન૦ [हिं] કુરતુ, પહેરણ
**કુરન(-નિ)સ** સ્ત્રી૦ [જુઓ કુર્નિશ] નમીને -ઝૂકીને સલામ કરવી તે
**કુરબ(-વ)ક** ન૦ [સ] એક ફૂલઝાડ
**કુરબાન** વિ૦ [अ] બલિદાન તરીકે સમર્પેલુ (૨) ન્યોછાવર કુલ -ની સ્ત્રી૦ કુરબાન થવુ કે કરવુ તે, બલિદાન [ટિટોડી
**કુરર** પુ૦ [સ] એક પખી, ટિટોડો -રી સ્ત્રી૦
**કુરવક** ન૦ [સ.] એક ફૂલઝાડ, કુરબક
**કુરસીનામું** ન૦ [फा] પેઢીનામું
**કુરગ** પુ૦ [સ] હરણ, મૃગ ૦ણી,-ગી સ્ત્રી૦ હરણી, મૃગી
**કુરાજ,-જ્ય** [સં.] ન૦ ખરાબ રાજ્ય
**કુરાજી** સ્ત્રી૦ [કુ+રાજી] જુઓ કરાજી નાખુશી
**કુરાન** ન૦ [अ]મુસલમાનોનો મુખ્ય ધર્મગ્રથ ૦(-ને)શરીફ ન૦ કુરાન (માનવાચક) ૦ખાની સ્ત્રી૦ કુરાન વાચવુ તે -ની વિ૦ કુરાનનુ, કુરાન સબધી (૨) કુરાન ઉપર વિશ્વાસ કરનાર (૩) પુ૦ મુસલમાન
**કુરીતિ** સ્ત્રી૦ [સ] ખોટી રીત
**કુરુ** પુ૦ [સ] (સ) પાડવકૌરવોનો પૂર્વજ(૨) અર્વાચીન દિલ્હીની આજુબાજુના પ્રદેશનુ પ્રાચીન નામ ૦ક્ષેત્ર ન૦ (સ) દિલ્હીની પાસે આવેલુ એક વિશાળ મેદાન જ્યા પાડવ કૌરવો વચ્ચે યુદ્ધ થયુ હતુ
**કુરૂપ** વિ૦ [સ.] કદરૂપુ. ૦તા સ્ત્રી૦ -પી વિ૦ કુરૂપ [સલામ, કુરનિસ
**કુર્નિશ** સ્ત્રી૦ [तुर्की] નમીને-ઝૂકીને કરેલી
**કુલ** વિ૦ [अ कुल्ल]એકદર, બધુ મળીને થાય એટલુ (૨)તમામ ૦કુલાં વિ૦કુલ અખત્યાર

ભોગવવુ (૨) અંગત, ખાસ (૩) અ૦ કુલ અખત્યાર સમેત ૦ઝપટ અ૦બધુ મળીને કુલ

કુલ [સં],-ળ ન૦ કુટુંબ, વંશ(૨)ખાનદાની, કુલીનતા(૩)ટોળું, જૂથ(૪)અસીલ (વકીલનો) ૦(-ળ)મર્યાદા સ્ત્રી૦ કુલની મર્યાદા-લજ્જા ૦ક્ષય પુ૦ કુળનો નાશ ૦ગુરુ પુ૦ કૌટુંબિક અથવા વંશપરંપરાના ગુરુ ૦ઘ્ન વિ૦ કુળનો નાશ કરે એવુ ૦(-ળ)દીપક પુ૦ કુળને દીપાવનારો પુરુષ (૨) પુત્ર ૦(-ળ)દેવ પુ૦, ૦(-ળ)દેવતા પુ૦ બ૦ વ૦, સ્ત્રી૦ કુળનો ઇષ્ટદેવ ૦(-ળ)દેવી સ્ત્રી૦ કુળની ઇષ્ટદેવી ૦(-ળ)ધર્મ પુ૦ વંશપરંપરાથી ચાલતો આવેલો વિશિષ્ટ ધર્મ-આચાર ૦નાયક પુ૦ કુલપતિથી બીજા નંબરનો વિદ્યાપીઠનો અધિકારી, 'વાઇસ-ચૅન્સેલર.' ૦પતિ કુટુંબનો-કુળનો વડો(૨)૧૦,૦૦૦ શિષ્યોને જમાડનાર અને ભણાવનાર ઋષિ (૩) વિદ્યાપીઠનો મોટામાં મોટો પદવીધારી, 'ચૅન્સેલર' ૦પર્વત પુ૦ જુઓ કુલાચલ. ૦યોગિની સ્ત્રી૦ પત્ની ૦વધૂ સ્ત્રી૦ સારા કુટુંબની વહુ-સ્ત્રી ૦વિજ્ઞાન ન૦ પ્રાણી અથવા વનસ્પતિ-વિગેરેનો જાતીય વિકાસક્રમ અથવા ઇતિહાસ, 'ફાઇલોજેની' ૦મત ન૦ કુળનું વિશિષ્ટ મત ૦સંપ્રદાય પુ૦ કુળમાં વંશપરંપરાથી ચાલતો આવેલો સંપ્રદાય-રીત કે આચાર ૦હીન વિ૦ કુળ વિનાનું, અકુલીન

કુલ(-ળ)કર્ણી પુ૦ [મ] જુઓ કુળકર્ણી

કુલક્ષણ ન૦ [સં] અપલક્ષણ, ખોડ(૨)કુટેવ -ણું વિ૦ કુલક્ષણવાળું

કુલટા સ્ત્રી૦ [સં] ખરાબ ચાલની સ્ત્રી

કુલડી (લ') સ્ત્રી૦ [દે કુલ્લડ] કૂલડી જેવું નાનું માટીનું વાસણ, ચડવો (૨) સોનું રૂપું ગાળવાનું એવું પાત્ર(૩)ગુદાનો ભાગ (જેમાંથી મળ બહાર આવે છે) [કુલડીમાં ગોળ ભાંગવો=માંહોમાંહ્ય સમજી લેવું (ત્રાહિતને ભેળવ્યા વિના)]

કુલફી સ્ત્રી૦ [હિં] ટીન અગર બીજી કોઈ ધાતુ અથવા માટીની ભૂંગળીમાં ભરી બરફમાં ઠારેલું દૂધ, મલાઈ, અથવા શરબત

કુલંગ ન૦ [મ કુલિંગ?] એક પક્ષી

કુલંજન ન૦ એક વનસ્પતિ-ઔષધિ

કુલાચલ(-ળ) પુ૦ [સં] મુખ્ય પર્વત (મહેન્દ્ર, મલય, સહ્ય, શક્તિમાન, ઋક્ષ, વિંધ્ય અને પરિયાત્ર એ સાત)

કુલાચાર પુ૦ [સં] કુલધર્મ, કુળનો આચાર

કુલાધીશ પુ૦ [સં] કુળનો મુખ્ય પુરુષ

કુલાબો પુ૦ [અ ?] ભૂશિરની જમીન(૨)બોયનો કાપ

કુલાભિમાન ન૦ [સં] પોતાના કુળ વિષેનું અભિમાન

કુલાલ પુ૦ [સં] કુંભાર

કુલાંગના સ્ત્રી૦ [સં] કુલીન વરની (સુશીલ) સ્ત્રી

કુલાંગાર પુ૦[સં]કુળમાં અંગાર જેવો નીવડેલ આદમી

કુલિર પુ૦ [સં] કરચલો

કુલિ(-લી)શ ન૦ [સં] ઇંદ્રનું અસ્ત્ર-વજ્ર

કુલી પુ૦ [તુર્કી] ભાર ઊંચકનારો, મજૂર

કુલીન વિ૦ [સં] ઊંચા કુળનું ખાનદાન ૦તા સ્ત્રી૦, ૦પણું ન૦

કુલે(-લ્લે) અ૦ [અ કુલ્લ] જુમલે, મજ્વાળે, એક દરે

કુલેર (લે') સ્ત્રી૦ [દે કુલ્લુરી] ઘીગોળ સાથે ચોળેલો બાજરી વગેરેનો કાચો લોટ-એક ખાદ્ય

કુલોચ્છેદ પુ૦ [સં] કુલનો ઉચ્છેદ-નાશ

કુલોદ્ધાર પુ૦ [સં] કુલનો ઉદ્ધાર-ઉત્કર્ષ

કુલ્યા સ્ત્રી૦ [સં] સુશીલ સ્ત્રી (૨) નાની નદી, નહેર અથવા ઝરણું

કુલ્લી (કુ') સ્ત્રી૦ જુઓ કુલડી (૨) નાનું કુલ્લું -લ્લું ન૦ ઘીતેલ ભરવાનું ચામડાનું મોટું પાત્ર [કુલ્લામાં હાથ મુકાવવો, મેલાવવો=મોટી લાલચો આપી ભોળવવું]

કુલ્લે અ૦ જુઓ 'કુલે'

કુવચન ન૦[સં] અપશબ્દ; ગાળ (૨) કડવું વેણ. -ની વિ૦ કુવચન બોલનારુ

કુવલય ન૦[સં] ભૂરું કમળ-પોયણું -યાપીડ પુ૦(સં) એક રાક્ષસ, જેને કંસે કૃષ્ણ તથા બળરામને મારવા યોજેલો

કુવાક્ય ન૦ [સં] કુવચન, ગાળ

કુવાયરો પુ૦ [કુ+વાયરો] ખરાબ-પ્રતિકૂળ પવન

કુવાલી સ્ત્રી૦ ['કૂવો' પરથી] નાનો કૂવો, કૂઈ

**કુવાશી(-સી)** સ્ત્રી૦ [સં સુવાસિની ઉપરથી બનાવટ ?] કુમારિકા
**કુવાસ** સ્ત્રી૦ [સં] ખરાબ વાસ-ગંધ
**કુવાસના** સ્ત્રી૦ [સં] નઠારી વાસના-ઇચ્છા
**કુવાસી** સ્ત્રી૦ જુઓ કુવાશી
**કુવિચાર** પુ૦ [સં.] ખરાબ વિચાર
**કુવૃત્તિ** સ્ત્રી૦ [સં] ખરાબ આચરણ-વર્તન (૨) હલકો ધંધો (૩) દુષ્ટ ઇચ્છા
**કુવેણ** ન૦ [કુ+વેણ] જુઓ કુવચન
**કુવેણી** સ્ત્રી૦ [સં] માછલા રાખવાનો કંડિયો
**કુવેતર** ન૦ ['કૂવો' પરથી] કૂવાવાળી જમીન
**કુવેતી** પુ૦ ['કૂવો' પરથી] કૂવા પરનો-કોસ હાંકનારો આદમી
**કુંવત** ન૦ [फा]. કૌવત
**કુશ** પુ૦ [સં] એક જાતનું ઘાસ દર્ભ (૨) [સં.] રામનો એક પુત્ર. ૦સ્થલી(-ળી) સ્ત્રી૦ (સં) પ્રાચીન દ્વારકા
**કુશકા** પુ૦ બ૦વ૦ [દે કુકુ(-क्कु)स] ડાંગર, કોદરા ઇત્યાદિના છોડા. [**-કાઢવા** = (માર મારીને કે અતિશય કામ કરાવીને) કૂશ કાઢી નાખવી **-ખાંડવા** નકામો પ્રયત્ન કરવો, અફળ મથવું] **-કી** સ્ત્રી૦ ખાંડેલા ચોખાનું ઝીણું ઝટકામણ
**કુશલ(-ળ)** વિ૦ [સં.] શુભ, કલ્યાણકારી (૨) આરોગ્યવાન (૩) પ્રવીણ, હોશિયાર (૪) ન૦ કુશળતા [**-ઇચ્છવું** = ભલું થાઓ એમ ઇચ્છવું **-પૂછવું** = ક્ષેમકુશળ - ખુશીખબર પૂછવી] ૦તા સ્ત્રી૦ ૦પત્ર પુ૦,ન૦ ક્ષેમકુશળ પૂછવા કે કહેવાનો સામાન્ય પત્ર, 'વેલફેર લેટર' ૦પ્રશ્ન પુ૦, ન૦ ક્ષેમકુશળ પૂછવું તે. ૦ક્ષેમ વિ૦ સુખી અને આરોગ્ય (૨) ન૦ આબાદી અને તંદુરસ્તી **-ળું** વિ૦ + કુશળ
**કુશાગ્રબુદ્ધિ** વિ૦ [સં] તીવ્ર બુદ્ધિવાળું
**કુશાદા** વિ૦ [फा] ખુલ્લું (૨) વિશાળ, સગવડવાળું (૩) નિખાલસ
**કુશાન** પુ૦ (હિંદમાં આવેલી) એક પ્રાચીન જાતના લોક [ખરાબ શીલ
**કુશીલ** વિ૦ [સં] ખરાબ શીલવાળું (૨) ન૦
**કુશીલવ** પુ૦ [સં] ભાટચારણ (૨) ગવૈયા (૩) નટ, નાટકનો ખેલાડી (૪) વાલ્મીકિ (૫) પુ૦ બ૦વ૦ કુશ અને લવ
**કુષ્ઠ** પું૦, ન૦ [સં] કોઢ **-ષ્ઠી** વિ૦ કોઢીલું
**કુષ્માંડ** ન૦ [સં] કોળું [પાણીની નદી
**કુસરિત(-તા)** સ્ત્રી૦ [સં] નાની-ઓછા
**કુસંગ** પુ૦ [સં] નઠારો સંગ, ખરાબ સોબત. [**કુસંગમાં પડવું,કુસંગે ચડવું** = ખરાબ સોબતમાં ફસાવું, લાગવું, જોડાવું] ૦ત(-તિ) સ્ત્રી૦ કુસંગ **-ગી** વિ૦ કુસંગ કરનારું
**કુસંપ** પુ૦ [કુ+સંપ] સંપ નહિ તે, અણબનાવ **-પી** વિ૦ કુસંપવાળું
**કુસુમ** ન૦ [સં] ફૂલ, પુષ્પ ૦ધન્વા, ૦બાણ પુ૦ (સં) કામદેવ **-માકર** પુ૦ [+ આકર] વસંતઋતુ (૨) બાગ બગીચો **-માયુધ** પુ૦ [+આયુધ] (સં) કામદેવ **-માંજલિ** સ્ત્રી૦ [+અંજલિ] કુસુમોની અંજલિ **-મિત** વિ૦ ફૂલવાળું, ફૂલથી ભરેલું
**કુસુંબી,-બો** જુઓ કસૂંબો
**કુસ્તી** સ્ત્રી૦ [फा] અંગકસરતની એક રીત (૨) બથ્થંબથ્થા [**-લડવી, કુસ્તીમાં ઊતરવું** = કુસ્તીની કસરત કે બથ્થંબથ્થા કરવી] ૦બાજ વિ૦ કુસ્તીમાં પ્રવીણ ૦બાજી સ્ત્રી૦ કુસ્તી ખેલવી તે
**કુસ્વપ્ન** ન૦ [સં] ખરાબ સ્વપ્ન
**કુસ્વભાવ** પું૦ [સં] ખરાબ સ્વભાવ
**કુસેવા** સ્ત્રી૦ [સં] ખરાબ સેવા, અસેવા
**કુહર** ન૦ [સં] ગુફા; બખોલ
**કુહાડી** સ્ત્રી૦ [प्रा] નાનો કુહાડો **-ડો** પુ૦ [सं कुठार, प्रा कुहाड] લાકડાં કાપવાનું-ફાડવાનું એક હથિયાર, પરશુ [**કુહાડી(-ડા)નો હાથો** = પારકાનું હથિયાર કે તેનું કામ કાઢી આપનાર]
**કુહુડાં** ન૦ બ૦ વ૦ લાંઘવું પડે - ભૂખે મરવું પડે તે [**-થવાં** = ભૂખે મરવું] [બોલ
**કુહૂ, ૦કુહૂ, ૦કાર** પુ૦ (સ્વ૦) કોયલનો એવો
**કુળ** ન૦ જુઓ કુલ [**-ઉજાળવું** = કુળની આબરૂ વધારવી **-જોવું** = લગ્ન ગોઠવતી વખતે સામા પક્ષના કુળની ઉચ્ચતા નીચતા તપાસવી **-તારવું** = કુળની ચડતી કરવી - ઉદ્ધારવું.

–ખોળવુ = કુળની આબરૂને બટ્ટો લગાડવો.] ૦ગોર પુ૦ વંશપરંપરાનો ગોર, કુલગુરુ ૦તારક વિ૦ કુળને તારે એવુ ૦દીપક, ૦દીવો, ૦દેવ, ૦દેવતા, ૦દેવી, ૦ધર્મ માટે જુઓ 'કુલ[સં]'મા ૦રીત સ્ત્રી૦ કુળની રીત, કુળનો રિવાજ ૦લજામણુ વિ૦ કુળને લજાવે એવુ ૦વંતી વિ૦ સ્ત્રી૦, ૦વંત ૦વાન વિ૦ કુલીન ૦વાટ સ્ત્રી૦ કુળરીત ૦હીણુ(-ણું) વિ૦ જુઓ કુલહીન

કુળકર્ણી પુ૦[મ] તલાટી(૨)મરાઠી એક અટક

કુંકુમ ન૦ [સ] કુમકુમ, કંકુ ૦પત્રિકા સ્ત્રી૦ કંકોતરી

કુંજ સ્ત્રી૦ [સ] ઝાડ અથવા વેલાના પાંદડાથી થયેલી ઘટા, લતામંડપ ૦એકાદશી સ્ત્રી૦ ફાગણ સુદ ૧૧ ૦ગલન [પ], ૦ગલી સ્ત્રી૦ કુંજમા થઈને જતો સાકડો માર્ગ (૨) સાકડો અને છાયાવાળો ગીચ વનમાર્ગ (૩) [સ] વૃંદાવનની પ્રાચીન કુંજગલી, જેનુ સ્થાન યાત્રારૂપ ગણાય છે ૦ભવન ન૦ કુંજરૂપી ભવન ૦મંડપ પુ૦ કુંજરૂપી મંડપ ૦ડી સ્ત્રી૦ એક પક્ષી કૂંજડી (૨) નાની કુંજ, કુંજગલી ૦ડું ન૦ એક પક્ષી ૦ડો પુ૦ [સ, હિં કુંજડા] કાછિયો (૨) માળી (૩) એક પક્ષી ૦બિ(-વિ)હારી વિ૦ કુંજમા વિહાર કરનાર (૨) પુ૦ (સ) કૃષ્ણ

કુંજડો પુ૦ [સ કુંજડા] કંજૂસ આદમી (૨) જુઓ 'કુંજ'મા

કુંજર પુ૦ [સ] હાથી (૨) હસ્ત નક્ષત્ર ૦કાળ પુ૦ કુંજરનો કાળ – સિંહ [ગજપીપર

કુંજરપીપર(-ળી) સ્ત્રી૦ લાબી અને મોટી પીપર,

કુંજરાવું અ૦ક્રિ૦ [સ કુઞ્ચ પરથી?] ખીલતું અટકવુ, બટકુ અને અણખીલ્યુ રહી જવુ (૨) અંતરમા બળવુ

કુંજાર વિ૦ ['કુંજ' પરથી] કુંજ જેવુ, ઘટાદાર

કુંજો પુ૦ [જુઓ કૂજો] લોટવો, ચબુ

કુંઠન ન૦ [સ] કુંઠિત હોવુ તે ૦કારી વિ૦ કુંઠિત કરે એવું [અટકી પડેલુ

કુંઠિત વિ૦ [સ] બૂઠું, ખાડુ (૨) રૂંધાયેલુ,

કુંડ પુ૦ [સ] જમીન ખોદી બાધેલો ખાડો (યજ્ઞ માટેનો), વેદી (૨) પાણી માટેનો પાકો પગથિયાવાળો હોજ (૩) કુંડના આકારનુ પાત્ર (૪) બલિ આપવાની જગા (૫) કૂંડી, નાનો હવાડો (૬) ખાડો ૦કુંવર, ૦પુત્ર પું૦ વ્યભિચારથી ઉત્પન્ન થયેલો પુત્ર

કુંડલ(-ળ) ન૦[સ] કાને પહેરવાનુ એક ઘરેણું –લિની સ્ત્રી૦ મૂલાધારમા સુષુમ્ણા નાડીની જડની નીચે રહેતી મનાતી એક સર્પાકાર શક્તિ, જેને જાગ્રત કરવી એ યોગીઓનો એક મહા પુરુષાર્થ ગણાય છે –લી(-ળી) સ્ત્રી૦ નાનુ કૂંડાળુ (૨) લાકડી ભાલા વગેરેને છેડે વસાતી ધાતુની ખોળી (૩) [જ્યો] ગ્રહ વગેરેની ગણતરીનુ ખાનાવાળુ ચોકઠું કે ચક્કર

કુંડળ ન૦ જુઓ કુંડલ –ળિયો એક છંદ –ળી સ્ત્રી૦ જુઓ કુંડલી

કુંત પુ૦ [સ] ભાલો (૨) જીવડુ

કુંતલ પુ૦[સ]માથાના વાળ,જુલફુ,લટ(૨)હળ

કુંતા સ્ત્રી૦ [હિં; સ કુન્તી] (સ) પાંડુરાજાની સ્ત્રી પાંડવોની માતા

કુંતી સ્ત્રી૦[સ] (સ) કુંતા ૦સુત પુ૦ (સ) કુંતીનો પુત્ર – પાંડવ ૦ભોજ પુ૦(સ)કુંતીનો પાલક પિતા

કુંદ વિ૦ [ફા] તેજ વગરનુ, બૂઠું

કુંદ પુ૦,ન૦[સં] એક જાતનો મોગરો કે એનુ ફૂલ

કુંદ વિ૦[સ] હાંસાઈ–ભરાઈ ગયેલુ, રૂંધાયેલું (૨) તેવો અવાજ કરતુ

કુંદન ન૦ શુદ્ધ સોનુ

કુંદી સ્ત્રી૦[હિં]ધોયેલા કપડાને ટીપીને સફાઈદાર કરવાનુ એક ઓજાર, લાકડાની મોગરી (૨) ધોયેલા કપડાને સફાઈદાર કરવાની ક્રિયા (૩) ટીપવુ – મારવુ તે [–કરવી = ધોયેલા કપડાને સફાઈદાર કરવા(૨)[લા]ધમધમાવવુ, ટીપવુ] ૦ગર પુ૦ કુંદી કરનારો ૦પાક પુ૦ માર, ઠોક. [–આપવો = ખૂબ ઠોકવુ, મારવું. –ખાવો = માર મળવો]

કુંદું ન૦ કુંદો (જરા તુચ્છકારમા)

કુંદુ(-દૂ)ર પુ૦[સં]એક જાતનો ગુંદર(ધૂપ તરીકે વપરાતો?) [બંદૂકનો જાડો છેડો

કુંદો પું૦ [ફા] દંડો,ચોકો (૨) લાકડી અથવા

કુંભ પું૦ [स ] ઘડો (૨) હાથીના માથા ઉપર બે બાજુ ઊપસી આવેલો ભાગ, ગંડસ્થળ (૩) એક રાશિ (૪) ચૌદ શેરનું એક વજન-માપ [-મૂકવો = ઘરમાં વાસ કરતી વખતે પ્રથમ ઘડો નાળિયેર મૂકવા] ૦કર્ણ પું૦ (સં) રાવણનો ભાઈ [૦ની ઊંઘ = લાંબી ને ભારે ગાઢ (છ મહિનાની) ઊંઘ] ૦કાર પુ૦ કુંભાર. ૦મેળો પુ૦ મોટો મેળો (૨) દર બાર વરસે ભરાતો એક હિંદુ મેળો. ૦સ્થલ(-ળ) ન૦ જુઓ કુંભાર [રૂંધી રાખવો તે

કુંભક પું૦ [स ] પ્રાણાયામ કરતાં શ્વાસ લઈને

કુંભાર (૦) પું૦ [सं कुमकार, प्रा ] માટીનાં વાસણ ઘડનાર એક જ્ઞાતિનો માણસ (૨) [લા ] અણઘડ અથવા મૂર્ખ માણસ ૦ણ સ્ત્રી૦ કુંભારની સ્ત્રી ૦વાડો પુ૦ કુંભારો રહેતા હોય તે વાસ -રિયું વિ૦ કુંભારનું; કુંભારના જેવું (૨) માટીનું બનાવેલું, પીઢેરી (૩) ખરાબ, કદરૂપું

કુંભી સ્ત્રી૦ [सं कुंमक] કૂંભી, થાંભલા નીચેની પથ્થર અથવા લાકડાની બેસણી (૨) મકાનનો થાંભલો (૩) ચાર વર્ષે ભરાતો નાનો કુંભમેળો. -ભિયો પુ૦ જુઓ કૂંભિયો

કુંભી સ્ત્રી૦ [स ] નાનો કુંભ-ઘડો (૨) નાનું કુલ્લું (મશાલમાં તેલ પૂરવા માટે) ૦પાક પુ૦ એક નરક (૨) માર, ઠોક

કુંવર પુ૦ [स कुमार] કુંવારો છોકરો (૨) રાજકુમાર (૩) પુત્ર-લાડકો પુત્ર ૦પછેડો પુ૦ (કા) રાજકુટુંબમાં સંતાન જન્મે તે પ્રસંગે રાજ્યને અપાતી ભેટ. -રી સ્ત્રી૦ [सं कुमारी, प्रा कुअरी] કુંવારી કન્યા (૨) રાજકુમારી (૩) દીકરી, લાડકી દીકરી

કુંવાર સ્ત્રી૦ [सं कुमारी, प्रा कुंआरी] એક વનસ્પતિ-ઓષધિ. ૦(૦નું) પાઠું ન૦ એ વનસ્પતિનો બરછી જેવો શેંગો (આમાંથી એળિયો બને છે)

કુંવારકા (૨,) સ્ત્રી૦ [स कुमारिका] કુંવારી કન્યા (૨) સમુદ્રને મળતી ન હોય એવી નદી

કુંવારડું ન૦[स कुमार ઉપરથી] નાના બાળકના મરણ પાછળ બાળકોને અપાતું ભોજન

કુંવારું વિ૦[सं कुमारकं] નહિ પરણેલું -રી વિ૦ સ્ત્રી૦ [स कुमारी] સમુદ્રને નહિ મળતી (નદી)

કૂઈ સ્ત્રી૦[स कूपी, प्रा कूइआ] નાનો કૂવો

કૂક ન૦(રવ૦) કૂકડીકૂક (૨) એંજિનની સિસોટીનો અવાજ ૦ગાડી સ્ત્રી૦ આગગાડી (બાળભાષા)

કૂકટ ન૦[स कुक्कुटी, प्रा कुक्कुडअ] દંભ, ઢોંગ ૦દમ ન૦ જૂઠા સોગન ખાવા તે, જૂઠાણું

કૂકડપાડું ન૦ કૂકડવેલનું ફળ, કૂકડવેલ

કૂકડભાગે અ૦ અર્ધોઅર્ધ - બરાબર સરખે ભાગે

કૂકડવેલ સ્ત્રી૦, -લો પુ૦ [हि कुकड़वेल, प्रा. कुक्कुड ?] એક વેલ -લું ન૦ કૂકડપાડું

કૂકડાં ન૦ બ૦ વ૦ [स कुक्कुट, प्रा कुक्कुड] મરઘાં બતકાં વગેરે

કૂકડીકૂક અ૦ (રવ૦) સંતાકૂકડીની રમતમાં કરાતો અવાજ

કૂકડી સ્ત્રી૦ [स कुक्कुटी, प्रा कुक्कुडी] મરઘી. -ડે(-રે)કૂક ન૦ (રવ૦) કૂકડાના બોલવાનો શબ્દ. -ડો પુ૦ [स कुक्कुट] મરઘો

કૂકર પુ૦ [स कुक्कुर] કૂતરો (૨) [इ ] રાંધવાનું એક ખાસ પાત્ર

કૂકરી સ્ત્રી૦ [स कर्कर] નાનો કૂકો, રમવાની કાંકરી

કૂકરી સ્ત્રી૦ હળમાં મારેલી ફાચર (૨) ગુરખાઓનું એક છરા જેવું શસ્ત્ર

કૂકરેકૂક ન૦ જુઓ કૂકડેકૂક, કુકરેકૂક

કૂકરો પું૦ [स कूक = ગળું ઉપરથી ?] હેડિયો

કૂકવા પુ૦ બ૦ વ૦ + આનાકાનીના અવાજો

કૂકવો પુ૦ (રવ૦) મરનારને નામે પુરુષો શિષ્ટાચાર ખાતર રડે તે [-કરવો = મરનાર પાછળ રડવું (૨) [લા ] અવસરે ખર્ચ કરવા આનાકાની કરવી]

કૂકી સ્ત્રી૦ નાનો કૂકો

કૂકું ન૦, કૂતરું (બાળભાષા)

કૂકો પુ૦ [જુઓ કૂકરી] ઠીકરીનો ગોળ કકડો (૨) પથ્થરનો ગોળ કાંકરો

કૂખ સ્ત્રી૦ [स कुक्षि, प्रा कुक्खि] પેટનું પડખું (૨) [લા ] પેટ, ગર્ભાશય [-ફાટવી = સંતતિ થવી -માંડવી = સ્ત્રીને પ્રથમ ગર્ભ રહેવો. -રહેવી = ગર્ભ રહેવો. -લાજવી = માને એબ લાગવી કૂખે આંગળી કરવી = કૂખમાં ગલીપચી કરવી કૂખો નિચોવવી = મહા દુઃખ

વેઠવું –ખિયો પું૦ સ્ત્રીઓના કબજાનો કૂખો ઢાકનો ભાગ

કૂગલો પું૦ + જુઓ કોગળો

કૂચ સ્ત્રી૦ [फा] રવાના થવું – મુકામ ઉપાડી ચાલતા જવું તે (૨) લશ્કરી ઢબની ચાલ

કૂચ સ્ત્રી૦ છૂપી વાત, રહસ્ય (૨) (૦ડો) પું૦ [જુઓ કૂજો] ભોટવો

કૂચડી સ્ત્રી૦ [सं कूर्च, प्रा कुच्च]નાનો કૂચડો૦ જાડા વાળની પીંછી –ડો પું૦ વાસણને અંદરથી માંજવાનો એક છેડે કૂચાવાળો લાકડાનો કકડો (૨)ધોળવા માટે બનાવેલો ભીંડી કે મુંજના રેસાનો ઝૂડો – સાવરણો(૩) વણાટમાં પવાયત વખતે વપરાતું એક સાધન (૪) [જુઓ કૂચ = કૂજો] ભોટવો [–ઘસવો = વાસણ માંજવા અંદર કૂચડાથી વસ્તુ –ફેરવવો, મારવો = કૂચડા વડે કામ કરવું (જેમ કે વણાટમાં પવાયત ઉપર, ધોળવા માટે)]

કૂચહ પું૦ [फा] મહેલ્લો, ગલી

કૂચાપાણી વિ૦(૨)ન૦બ૦વ૦ જુઓ 'કૂચી'માં

કૂચી સ્ત્રી૦, –ચો [फा] પું૦ જુઓ કૂચહ

કૂચી સ્ત્રી૦ [સં.] કૂચડી –ચો પું૦ [सं कूर्च, प्रा कुच्च ઉપરથી] કચરાવાથી અથવા ચવાવાથી જેના રેસેરેસા જુદા થઈ ગયા હોય એવી વસ્તુ(૨)જુઓ કૂચડો ૧,૨(૩)પ્રવાહીની નીચે ઠરેલો કચરો અથવા અણઓગળેલી કૂચા જેવી વસ્તુ(૪)[લા]વારવાર કહેવાયેલી–સત્વહીન થઈ ગયેલી વાત (૫) પૂરી સમજી વિચારી લીધેલી વસ્તુ (૬)[જુઓ કૂચ = છૂપી વાત]નિંદા [–કરવો =[લા.]એકની એક વાત કર્યા કરવી –કાઢવો = કૂચ કાઢી નાખવી. –વાળવો = (બોલવામાં) લોચા વાળવા, સ્પષ્ટ ન બોલાવું ]–ચાપાણી વિ૦કૂચા અને પાણી જેવું,એકરસ નહિ થયેલું એવું (૨)ન૦બ૦વ૦ કૂચા અને પાણી(૩)[લા ] સત્વહીન વસ્તુઓ

કૂજડો પું૦ ['કૂજો' ઉપરથી] માટીના વાસણ વેચનારો

કૂજન ન૦ [सं] કૂજવું તે –વું અ૦ ક્રિ૦ [सं कूज्] મધુર શબ્દ કરવો, મધુર ગાવું

કૂજિત ન૦ [सं] કૂજન

કૂજો પું૦ [फा] ભોટવો, ચંબુ

કૂટ વિ૦ [सं] ન સમજાય કે ન વંચાય એવું (૨) ભેદ અથવા ગૂંચવણભર્યું (૩) જૂઠું; કૂટભર્યું (૪) (સંગીતમાં) સંપૂર્ણ કે અસંપૂર્ણ મૂર્છનાને ઊલટી રીતે લેવાથી થતું (તાન) (૫) પું૦; ન૦ કૂડ, ઠગાઈ, છેતરપિંડી (૬) પર્વતની ટોચ; શિખર (૭) ટગલો (૮) ન સમજાય એવું જે કાંઈ હોય તે (રહસ્ય, કોયડો ઇત્યાદિ) ૦પ્રશ્ન પું૦ કૂટ એવો પ્રશ્ન, કોયડો ૦યુદ્ધ ન૦જૂઠથી લડાતું – અધર્મ્ય યુદ્ધ, કપટ-યુદ્ધ ૦યોધી વિ૦ કૂટયુદ્ધ લડનાર ૦લિપિ સ્ત્રી૦ન વંચાય સમજાય એવી લિપિ. ૦સમી-કરણ ન૦ 'ઇન્ડિટર્મિનેટ ઇક્વેશન' ૦સ્થ વિ૦ ટોચ પર – ઊંચામાં ઊંચા સ્થળે ઊભેલું (૨) શ્રેષ્ઠ (૩) સર્વકાળે એકરૂપે રહેનાર, અચળ (૪) પું૦ પરમાત્મા

કૂટ સ્ત્રી૦ [જુઓ કૂટવું] કહાકૂટ (૨) બગાડ

કૂટણખાનું ન૦ [કૂટણું + ખાનું] વેશ્યાગૃહ

કૂટણાં ન૦ બ૦ વ૦ ['કૂટવું' ઉપરથી] કૂટતી વખતે બોલવાના બોલ, રાજિયા (૨) માથાઝીક, કડાકૂટ

કૂટણી સ્ત્રી૦ [જુઓ કુટ્ટણી] અનીતિના કામમાં દલાલું કરનાર કે કૂટણખાનું ચલાવનાર સ્ત્રી –ણું ન૦ ભડવાઈ –ણો પું૦ કૂટણીનું કામ કરનાર આદમી

કૂટણું ન૦ [કૂટવું પરથી] મરણ પાછળ કૂટવું તે (૨) તેવો પ્રસંગ (૩) જુઓ 'કૂટણી'માં

કૂટવું સ૦ ક્રિ૦ [सं कुट्ट्] મારવું, ઠોકવું, ટીચવું (૨) ખાંડવું (૩) મૂએલાની પાછળ છાતી પીટવી [કૂટ પાંચશેરી = કર માથાફોડ (૨) કોયડો, ઉખાણું ] [ખૂબ

કૂટાકૂટ સ્ત્રી૦ [કૂટવું]ઠોકાઠોક(૨)મૂએલા પાછળ

કૂટિયું ન૦[કૂટવું]માર, ઠોક(૨)બાજરીને ખાંડીને કરેલી એક વાની [–કરવું, –કાઢવું, –કરી, કાઢી નાંખવું = સારી પેઠે ઠોકવું, પીટવું]

કૂટી સ્ત્રી૦ સોકટી, કૂકરી [–ખાવી, મારવી = બાજીમાં સોકટીને પકડી પાડી તેને રમતમાંથી બાતલ કાઢવી –બેસવી = બાજીમાં રમવાને માટે પ્રવેશ મળવો (પો બેસવાથી)]

**કૂટો** પું૦ ['કૂટવું' ઉપરથી] કચરાયેલું-ખંડાયેલું હોય તે ભંગાર ભૂકો (૨) માર; ઠોક [-કરવો, -વાળવો]

**કૂડ** ન૦ [सं. कूट, प्रा.] કપટ, ઠગાઈ (૨) વાધો; વચકો ૦કપટ ન૦ ઠગોફૂટકો, છલપ્રપંચ. -ડિયું વિ૦ કૂડકપટવાળું -ડું વિ૦ કૂડવાળું, કપટી (૨) વાંકું (૩) ન૦ વાધોવચકો (ખાસ કરીને દેવીને કે માતાને પડે તે)[-પડવું=દેવ દેવીનો અપરાધ થવો, તેવું કામ થવું] -ડાપાડુ વિ૦ વાધાવચકા પાડનારું [છ છેડાવું

**કૂડવું** અ૦ ક્રિ૦ [જુઓ કૂડ] ચિડાવું કંટવું,

**કૂડાપાડુ, કૂડિયું, કૂડું** કૂડ'માં

**કૂણી** (કૂં) સ્ત્રી૦ [દે. कुहणी, हिं. कुहनी] (ચ) જુઓ કોણી

**કૂણું** વિ૦ [જુઓ કૂણું] કુમળું -ણપ,-ણાશ સ્ત્રી૦ કૂણાપણું

**કૂત(-દ)કું** [तुर्की कुत्काह] કુતકું, ડફણું, ખૂંડું દંડૂકો [હિંસ્ર પશુ

**કૂતરખડિયું** ન૦ (કૂતરાં મારી ખાનારું) એક

**કૂતરી** સ્ત્રી૦ એક વનસ્પતિ (૨) એની ચમરી (૩) જુઓ 'કૂતરું'માં

**કૂતરું** ન૦ [सं. कुक्कुर, दे. कुत्ता] એક પશુ, શ્વાન [**કૂતરા જેવું**=ભટકતું (૨) ભસતું ને કરડકણું -**નું મોં બિલાડીએ ચાટ્યું**='જે જૈસેકો મિલા તૈસા'ના અર્થમાં. -**ને નાખવું**=[લા.] ફોગટ ગુમાવવું -**ને મોતે મરવું**=બૂરે હાલે મરવું -**ની ઊંઘ**=ઝટ જાગી જવાય તેવી ઊંઘ -**રાં બિલાડાં જેવું**=સાથે ઊભા રહે ન બને તેવું (૨) નિરાંત વિનાનું, રઘવાયું (જીવન.) **કૂતરું કાન કરે છે**=અપશુકન થાય છે (કૂતરું કાન ફફડાવે તે)] -**રી** સ્ત્રી૦ એની માદા -**રો** પું૦ એનો નર -**રાનો કાન** પું૦, -**રાની ટોપી** સ્ત્રી૦ ઉકરડા અથવા ભીની જગામાં થતી એક છત્રાકાર વનસ્પતિ, શિલીંધ્ર

**કૂથ** વિ૦ (કા.) સુંદર, નાજુક

**કૂથલી** સ્ત્રી૦[सं. कुत्स् પરથી] નિંદા, ખોટી ચકચાર

**કૂથલો, કૂથો** પું૦ ['કથળવું' પરથી] ગરબડગોટો, ગૂંચવાડો (૨) કડાકૂટ (૩) [सं. कुर्च] કૂચો (૪) જુઓ કૂથલી, નિંદા

**કૂદકું** ન૦ જુઓ કુતકું

**કૂદકો** પું૦ ['કૂદવું' ઉપરથી] ઠેકડો, છલંગ

**કૂદન** સ્ત્રી૦ ['કૂદવું' પરથી?] બેઠકની કસરતનો એક પ્રકાર

**કૂદવું** અ૦ક્રિ૦ [सं. कूर्द्? हि. कूदना, म. कूदणें] છલંગ મારવી, ઠેકડો મારવો (૨) [લા.] ગજા ઉપરવટનો ભપકો-ખર્ચ કરવો. [**કૂદી જવું**=ઓળંગી જવું (૨) ગાયભેંસનું દોહતાં દોહતાં વચ્ચેથી દોહવા ન દેવું **કૂદી પડવું**=ઝંપલાવવું (૨) સાહસ કરવું. **કૂદી રહેવું**=તલપાપડ થવું (૨) (આંધળા ખર્ચ કરવા) તત્પર રહેવું]

**કૂદંકૂદા(-દી), કૂદાકૂદ** સ્ત્રી૦ વારવાર કૂદવું તે (૨) [લા.] વલવલાટ (૩) હદથી જ્યાદે ખર્ચવું તે

**કૂન** વિ૦ નવ (વેપારીનો સંકેત)

**કૂપ** પું૦[सं.] કૂવો ૦મંડૂક પું૦ કૂવામાંનો દેડકો (૨) [લા.] ખૂબ સંકુચિત દૃષ્ટિવાળો આદમી

**કૂપી** સ્ત્રી૦[सं.] નાનો કૂપો -**પો** પું૦[सं. कूपक] ફૂલેલા પેટનું અને સાંકડા મોનું ચામડાનું પાત્ર, કુલ્લું (૨) એ ઘાટનો કાચનો શીશો

**કૂબડું** વિ૦ [दे. कुब्बड] કદરૂપું

**કૂબો** પું૦ એક છોડ (૨) [अ. कुब्बह=घुम्मट] પક્ષીએ બાંધેલો માળો (૩) ઘુમ્મટવાળું ઘાસનું ઝૂંપડું (૪) [फा. कूबह=मोगरी] છો-કાંકરેટ-વાળી જમીન, સ્થંડ (૫) તે ટીપવાનું લાકડાના કે લોઢાના વજનદાર ડચકામાં લાકડી ખોસી બનાવેલું સાધન -**બાવાળી** સ્ત્રી૦ કૂબો (વનસ્પતિ) વેચનારી સ્ત્રી (૨) કૂબાથી જમીન ટીપનારી સ્ત્રી

**કૂમચી** સ્ત્રી૦ [જુઓ કમચી] (કા.) ચાબુક

**કૂર** પું૦ [सं.] ભાત, રાંધેલા ચોખા

**કૂરિયો** પું૦ [सं. कूर પરથી] જુવારને મોટી મોટી ભરડીને બનાવાતી એક વાની (૨) જુવારનો પોંક (૩) જુવારના દોદા (૪) ચોખા

**કૂર્ચ** પું૦[सं.] માથું (૨) દાઢી (૩) કૂચડો, પીંછી -**ર્ચો** પું૦ હાડકાના સાંધા પરનો દોરી જેવો બંધ

**કૂર્મ** પું૦[सं.] કાચબો -**ર્માવતાર** પું૦ કાચબા-રૂપે વિષ્ણુનો એક અવતાર

**કૂલ** પું૦ [सं.] કિનારો

**કૂલો** પું૦ [दे. कुल्ल] ધગડો [**કૂલે કોદરા**

ભરડવા=મહા દુઃખ ભોગવવુ કૂલે પાનીઓ વગાડવી=શક્તિ ઉપરાંત ફાળ ભરવી (૨) આનંદમાં આવી જવુ કૂલો ગોઠવવો=ઠગીને બેસવુ કૂલા ભાંગવા=(કૂલા પર) ખૂબ મારવું, ટીપવુ કૂલા ભારે થવા=(બેઠા-બેઠ કે આળસથી) શરીર વધવુ

કૂવત ન૦ + જુઓ કુવ્વત, કૌવત

કૂવાથંભ પું૦ જુઓ 'કૂવો'માં

કૂવો પુ૦ [સં કૂપ, પ્રા કૂવ]જમીનમાંથી પાણી કાઢવા માટે ખોદેલો ખાડો (૨) કૂવાથંભ [-કરવો,-પૂરવો.કૂવોહવાડો કરવો=કૂવા હવાડામાં ડૂબી મરી આપઘાત કરવો કૂવામાં ઉતારવું, કૂવામાં નાખવું=ખોટ નુકસાનમાં ઉતારવુ,ફસાવવુ. કૂવામાંનો દેડકો=પોતાની નાની સંકુચિત દુનિયાને આખું જગત માનનારો મૂર્ખ મિથ્યાભિમાની કૂવે, કૂવામાં પડવું=આપઘાત કરવો (૨)સાહસ કરવુ ]-વાથંભ પુ૦ વહાણના વચલા સઢનો થાંભલો

કૂષ્માંડ ન૦ [સં] કુષ્માંડ; કોળુ

કૂહું ન૦ જુઓ કૂખ(૨)ગર્ભાશય(૩) [સં કુશ ઉપરથી ?] કણગો, પીલો

કૂળુ વિ૦ જુઓ કૂણુ, કૂણું

કૂંકણી વિ૦ [દે. कुंकण=કોકણ]+કોકણનુ

કૂંકણો પુ૦ [જુઓ કૂંકણી](સુ) સુરત નગરની એક રાનીપરજનો માણસ

કૂંચલી સ્ત્રી૦ [સં कञ्चुक=કબજો] બોચલો

કૂંચી સ્ત્રી૦[સં कुञ्चिका]ચાવી (૨) [લા ] ઉપાય (૩) રહસ્ય જાણવાનુ સાધન [-ફેરવવી=તાળુ ઉઘાડવા કૂંચી વાપરવી (૨) [લા ] યુક્તિ કરવી (જેથી કામ આગળ ચાલે કે ઊકલે), ઉપાય કરવો -બેસવી, લાગવી=તાળાને ઉઘાડે એવી કૂંચી હોવી ]

કૂંજડી સ્ત્રી૦ [સં कुञ्ज ઉપરથી] એક પક્ષી, કુંજડી -ડું ન૦ એક પક્ષી, કુંજડું

કૂંજડો પુ૦ [જુઓ કુંજડો] કંજૂસ આદમી

કૂંજરાવું અ૦ક્રિ૦ જુઓ કુંજરાવુ -વવું સ૦ ક્રિ૦ 'કૂંજરાવુ'નુ પ્રેરક રૂપ

કૂંઝડો પુ૦ [મ कुजडा] ચડેલા મોનો-ગુસ્સે થયેલો આદમી (૨) ખારીલો આદમી

કૂંડલી(-ળી) સ્ત્રી૦ જુઓ કુંડલી -ળિયો પુ૦ જુઓ કુંડળિયો

કૂંડાળું ન૦ [સં कुंडलक] વર્તુલ,ગોળ આકૃતિ [કૂંડાળાં કરવાં, -ળાં વાળવાં=ગોટાળા કરવા કૂંડાળું કરવું, કાઢવું=મીંડુ-વર્તુલ કરવુ, દોરવુ -વાળવું=દેવાળું કાઢવુ (૨)વસીને ના કહેવુ ] -ળી સ્ત્રી૦ નાનુ કૂંડાળું

કૂંડી સ્ત્રી૦[સં कुण्ड ઉપરથી]કુંડ જેવો નાનો ખાડો (૨) પહોળા મોનુ નાના કુંડ જેવુ વાસણ (૩) નાનો હવાડો (૪) વીસની સંખ્યાનો સંકેત (૫) ગબી ૦દો પુ૦ ભમરડાની એક રમત -ડું ન૦ કુંડ જેવું પહોળા મોનુ નાનુમોટુ શકોરુ (૨) ફૂલઝાડ વાવવાનુ એવુ પાત્ર (૩) કૂંડાળુ [કૂંડે નાખવું, -પાડવું, ફેરવવું=ગોળ ફેરવવુ (૨) આડે રસ્તે દોરવુ ]

કૂંઢું વિ૦ ગૂંછળા જેવા વળાંકવાળુ (શીંગડું)

કૂંણું વિ૦ જુઓ કૂણુ -ણપ,-ણાશ સ્ત્રી૦

કૂંદલી સ્ત્રી૦ [સં. कुण्डली ઉપરથી] સાંબેલાને છેડે લગાવેલુ ગોળ લોઢુ

કૂંદવું સ૦ક્રિ૦ [જુઓ કુદી] કુદી કરવી (૨) કુંદનથી જડવુ કૂંદાવવું સ૦ ક્રિ૦ (પ્રેરક) કૂંદાવુ અ૦ ક્રિ૦ (કર્મણિ)

કૂંદ(-ધ)ણું ન૦ વાસની ગઠ -ણો પુ૦ કૂંદણુ (૨) લાકડાનો ઢગલો

કૂંપળ સ્ત્રી૦ [સં कुड्मल,प्रा कुपल] કુમળુ-નવુ ફૂટતુ પાંદડુ -ળો પુ૦ કૂંળો ફણગો-પીલો

કૂંપી સ્ત્રી૦ [પ્રા कुपय]જુઓ કૂપી -પો પું૦ જુઓ કૂપો

કૂંભિયો પુ૦[જુઓ કુંભિયો]થાંભલા નીચે મુકાતો ઘડેલો પથ્થર

કૂંભી સ્ત્રી૦ જુઓ કુંભી

કૂંભુ ન૦ લગભગ એકર જેટલુ જમીનનુ માપ

કૂંવળ ન૦ ઘઉંનુ પરાળ

કૂંવાડિયો ન૦ એક વનસ્પતિ-છોડ

કૂંળુ વિ૦ [સં कोमल] કુમળુ, કૂણુ

કૃકલાશ(-સ) પુ૦ [સં] કાચિંડો

કૃચ્છ્ર વિ૦[સં] કષ્ટ પડે એવુ (૨)પુ૦ કષ્ટ (૩) પ્રાયશ્ચિત્ત, વ્રત ૦ચાંદ્રાયણ ન૦ ઘણા કષ્ટે થાય એવુ એક પ્રાયશ્ચિત્ત-વ્રત

**કૃત** વિ૦ [सं] કરેલું, બનાવેલું (૨) પુ૦ કૃતયુગ (૩) ન૦ કર્મફળ (૪) ચારની સંખ્યા **૦ક** વિ૦ કૃત્રિમ. **૦કાર્ય**, **૦કૃત્ય** વિ૦ પોતાનું કાર્ય, પોતાની ફરજ પૂરી કરી ચૂક્યું હોય એવું (૨) તેના સંતોષવાળું **૦ઘ્ન(-ઘ્ની)** વિ૦ કરેલો ઉપકાર ભૂલી જાય એવું, નિમકહરામ **૦ઘ્નતા** સ્ત્રી૦ **૦જ્ઞ(-જ્ઞી)** વિ૦ કરેલા ઉપકારની કદર કરનારું, નિમકહલાલ **૦જ્ઞતા** સ્ત્રી૦ **૦નિશ્ચય** વિ૦ નિશ્ચય કરી બેઠેલું **૦યુગ** પુ૦ સત્યયુગ **૦વર્મા** પુ૦ (સં ) કૌરવ પક્ષનો એક યોદ્ધો **-તાપરાધ** વિ૦ [+અપરાધ] ગુનેગાર **-તાર્થ(-ર્થી)** વિ૦ [+અર્થ(-ર્થી)] કૃતકૃત્ય **-તાર્થતા** સ્ત્રી૦ **-તાંજલિ** વિ૦ [+અર્થતા, +અંજલિ] હાથ જોડી અંજલિ કરેલી હોય એવું **-તાંત** પુ૦ (સં ) [+અંત] યમ (૨) કાળ, મૃત્યુ (૩) [ગ ] કૃત્ય

**કૃતિ** સ્ત્રી૦ [सं] કાર્ય, કામ (૨) રચના, સર્જન (૩) આચરણ, કરણી **૦ચૌર્ય** ન૦ (સાહિત્ય-કળાદિની) કૃતિ ચોરવી તે, તફડંચી, 'પ્લેગિયારિઝમ' **૦સંગ્રહ** પુ૦ લખાણોનો સંગ્રહ

**કૃતી** વિ૦ [सं] કૃતકૃત્ય (૨) ભાગ્યશાળી (૩) પ્રવીણ, કુશળ (૪) વિદ્વાન (૫) ધાર્મિક, ધર્મને અનુસરનારું

**કૃત્પ્રત્યય** પુ૦ [सं] ધાતુને લાગી નવો શબ્દ બનાવતો પ્રત્યય (વ્યા ) જેમ કે, અક (મારક) આમણું (ડરામણું) ઇ૦

**કૃત્તિકા** સ્ત્રી૦ [सं] ત્રીજું નક્ષત્ર

**કૃત્ય** ન૦ [सं] કાર્ય, કામ (૨) આચરણ (૩) ભૂમિતિમાં રચના કરવાને અંગેનો સિદ્ધાંત; 'પ્રૉબ્લેમ' [ગ ]

**કૃત્યા** સ્ત્રી૦ [सं] મેલી દેવી, મેલડી (૨) ડાકણ, વંતરી, ચુડેલ (૩) જાદુ કરનારી સ્ત્રી (૪) કર્કશા, રાંખણી

**કૃત્રિમ** વિ૦ [सं] બનાવટી. **૦તા** સ્ત્રી૦. **૦પણું** ન૦

**કૃત્સ્ન** વિ૦ [सं] બધું: આખું, સમગ્ર

**કૃદંત** પું૦, ન૦ [सं] ધાતુને કાળ કે અર્થવાચક પ્રત્યય લાગવાથી બનતું અપૂર્ણ અર્થવાચક રૂપ જેમ કે કરતું, કરનારું, કરવું, કરેલું ઇ૦

**કૃપ, -પાચાર્ય** પુ૦ [सं] (સં) દ્રોણનો સાળો

**કૃપણ** વિ૦ [सं] કંજૂસ **૦તા** સ્ત્રી૦

**કૃપા** સ્ત્રી૦ [सं] મહેરબાની (૨) દયા **૦દૃષ્ટિ** સ્ત્રી૦ કૃપાની દૃષ્ટિ, રહેમનજર **૦નાથ** પુ૦ કૃપા કરવી જેના હાથની વાત છે એ **૦નિધાન** ન૦, **૦નિધિ** પુ૦ કૃપાનો ભંડાર તે **૦પત્ર** પુ૦, ન૦ (વિવેકની ભાષામાં) પત્ર, કાગળ **૦પાત્ર** વિ૦ (૨) ન૦ કૃપાને યોગ્ય હોય તે **૦વંત**, **૦વાન** વિ૦ કૃપાળુ **૦સિંધુ** પુ૦ કૃપાનો સાગર તે **૦ળ(-ળુ)** વિ૦ દયાળુ

**કૃપાણ** પુ૦ [सं] તરવાર, ખડ્ગ

**કૃમિ** પુ૦ [सं] કીડો (૨) પેટમાંનો એક જીવ, કરમિયો **૦ઘ્ન** વિ૦ કૃમિનો નાશ કરે એવું

**કૃશ** વિ૦ [सं] દુબળું, સૂકું (૨) પાતળું, નાજુક. **૦તા** સ્ત્રી૦ **-શાંગ** વિ૦ [+અંગ] કૃશ અંગ-શરીરવાળું **-શાંગી** વિ૦ સ્ત્રી૦ કૃશ – નાજુક શરીરવાળી

**કૃશ(-સ)ર** પુ૦ [सं] દૂધ, તલ અને ભાતની એક વાની (૨) ખીચડી

**કૃશાનુ** પુ૦ [सं] અગ્નિ

**કૃશાંગ, -ગી** જુઓ 'કૃશ'માં

**કૃશોદરી** વિ૦ સ્ત્રી૦ [सं] પાતળી કેડવાળી

**કૃષિ** સ્ત્રી૦ [सं] ખેતી **૦ક** પુ૦ કૃષિકાર **૦કર્મ** ન૦ ખેતીનું કામ **૦કાર** પુ૦ ખેડૂત **૦દાસ** પુ૦ ખેતીને અંગે રાખેલો ગુલામ, 'સર્ફ' **૦દાસત્વ** ન૦ ખેતીને અંગેની ગુલામી, 'સર્ફડમ' **૦યંત્ર** ન૦ ખેતીનું યંત્ર (હળ ઇત્યાદિ)

**કૃષીવલ** પુ૦ [सं] ખેડૂત

**કૃષ્ટ** વિ૦ [सं] તાણેલું, ખેંચેલું, ખેંચી કાઢેલું (૨) આકર્ષાયેલું (૩) ખેડેલું

**કૃષ્ણ** વિ૦ [सं] શ્યામ, કાળું (૨) પું૦ (સં ) વિષ્ણુનો આઠમો અવતાર **૦પક્ષ** પું૦, ન૦ અંધારિયું **૦પક્ષી** સ્ત્રી૦ એક પક્ષી **૦મંડલ(-ળ)** ન૦ આંખની કીકીની આજુબાજુનો વર્તુલાકાર કાળો ભાગ **૦મુખ** વિ૦ શ્યામ મુખવાળું **૦લવણ** ન૦ એક ક્ષાર, સંચળ **૦વલ્લી** સ્ત્રી૦ કાળી તુલસી **૦શૃંગી** સ્ત્રી૦ કાળા શીંગવાળી તે-ભેંસ **૦સાર** પુ૦ કાળિયાર, મૃગ **-ષ્ણા** સ્ત્રી૦ (સં ) દ્રૌપદી (૨) દક્ષિણ હિંદની એક નદી **-ષ્ણાગર(-રુ)**

[+ અગર (-રુ)], -ષ્ણાગાર ન૦ [+ અગાર] કાળુ અગરુ -ષ્ણાજિન ન૦ [+અજિન] કાળિયારનુ ચામડુ -ષ્ણાર્પણ ન૦[+અર્પણ] કૃષ્ણ ભગવાનને અર્પણ કરવુ તે, ઈશ્વરાર્પણ -ષ્ણાવતાર પુ૦ [+ અવતાર] વિષ્ણુનો આઠમો અવતાર -ષ્ણાષ્ટમી સ્ત્રી૦ [+ અષ્ટમી) કૃષ્ણની જન્મતિથિ, શ્રાવણ વદ ૮

કૃષ્ણલ ન૦ [સં] રતી, ગુંજાફલ

કૃષ્ણસાર, કૃષ્ણા, કૃષ્ણાગાર, કૃષ્ણાજિન, કૃષ્ણાર્પણ, કૃષ્ણાવતાર, કૃષ્ણાષ્ટમી જુઓ 'કૃષ્ણ'મા

કૃષ્ણી સ્ત્રી૦ [મ] અવાજની ગત

કૃસર પુ૦ [મ] જુઓ કૃશર

કે (કે) અ૦ [फा. कि] અથવા, યા, વા (૨) આકાક્ષાસૂચક ઉભયાન્વયી ઉદા૦ 'મે એને કહ્યુ કે આવ, કારણ કે, જેમ કે, કેમ કે' (૩) વાક્યને અંતે આવતા પ્રશ્નાર્થસૂચક. ઉદા૦ કહ્યુ કે? (૪) નિરર્થક મબવક 'જે' સ૦ આગળ આમ વપરાય છે. 'નળ રાજા, કે જેને વનવાસ ભોગવવો પડયો હતો. તે . ' (૫) એટલે, એથી તરત ઉદા૦ 'વહુનુ જરાક કાઈ કહીએ છીએ કે ચાટકો ચડે છે'

કેક સ્ત્રી૦ [इं] વિલાયતી ઢબે કરાતી, કચોળી જેવી એક વાની-મીઠાઈ [રાજા

કેકય પુ૦[સ](સ )એક પ્રાચીન દેશ(૨)તે દેશનો

કેકર વિ૦ [સ] બાડુ

કેકા સ્ત્રી૦ [સ] મોરની વાણી ૦રવ પુ૦ કેકાનો અવાજ, ટહુકાર ૦વલ(-ળ) પુ૦મોર ૦વલિ(-લી) સ્ત્રી૦ મોરના ટહુકારની હાર-પરંપરા.-કિન્,-કી પુ૦ મોર [ઘોડા

કેકાણ પુ૦ [મ म. कॅंकाण] ઘોડો (૨) [રવ૦]

કેટલુ વિ૦ [સ कियत्, प्रा केत्तिल] (માપ, સંખ્યા કે કદમા) શા માપનુ-પ્રમાણનુ ? (પ્રશ્નાર્થક) [કેટલી વીશીએ-કેટલે વીસે સો થાય છે?=કેટલી મહેનત પડે છે, (કોઈ વાતમા) કેટલી પચાત ને શ્રમ કરવાના રહેલા છે તે ખ્યાલ] ૦ક,૦એક વિ૦ અમુક માપ કે પ્રમાણનુ (અનિશ્ચિતાર્થક) કેટલુ બધુ , કેટલુંય વિ૦ થોડુ કે સાધારણ નહિ, પણ અનિશ્ચિત છતા પ્રમાણમા ઘણુ (માપ, સંખ્યા કે કદ)

કેડ (કેડ,) સ્ત્રી૦ [સ. कटि, प्रा कडि] શરીરનો મધ્ય ભાગ, કમર [-ઝાલવી=શરણ લેવુ (૨) કેડે વા આવવો કેડ (-ડો)ના કટકા થવા =કેડમા સખત દુખવુ, ખૂબ થાક લાગવાથી કેડ દુખવી કેડના મકોડા જુદા થઈ જવા, વછૂટી જવા=(મારથી કે થાકથી) કેડો ભાગી જવી કેડપોતિયું કરવું =કેડ સુધી નાહવુ કેડ(-ડો) ભાગવી =ખૂબ મારવુ (૨) (ટટાર રહી ન શકે-ફરી ઊભુ ન થાય તે રીતે) જુસ્સો તોડી નાખવો, મૂળ જોર ન રહેવા દેવુ, ખરુ જોર તોડી નાખવુ (૩) અ૦ક્રિ૦ કેડ નબળી થવી, તેનુ જોર ઘટવુ -મરડવી =નીચા નમવુ -મરડીને ઊભા રહેવુ =નારાજી બતાવવી, પૂઠ ફેરવવી કેડમાં લાકડું ઘાલ્યું હોવું =શરીર વાળી ન શકવુ (જેમ કે થાકથી કે અક્કડાઈ જવાથી) કેડે તેડવું, લેવું =કેડ ઉપર બેસાડવુ, ઊચકવુ (જેમ કે બાળકને) ] ૦ભાગલું, ૦નું(-ડે) ભાંગલું વિ૦ કેડમાથી ભાગી ગયેલું-વળી ગયેલું, ટટાર ન રહી શકે તેવુ(૨)[લા ] સુસ્ત, આળસુ ૦વા અ૦ કેડ સુધી આવે એમ (૨) પુ૦ એક રોગ, કેડનો વા

કેડ સ્ત્રી૦ જુઓ કેડો, પીછો, પૂઠ [-મૂકવી, -પકડવી, -લેવી = જુઓ 'કેડો'મા] ૦વો પુ૦ વારસ, ફરજન -ડે અ૦ પૂઠે, પાછળ

કેડિયું (ડ) ન૦ [કેડ પરથી] કેડ સુધી આવે એવુ બદન, બડી

કેડી સ્ત્રી૦ [કેડો પરથી] સાકડો પગરસ્તો, પગથી

કેડે અ૦ [કેડ પરથી] પૂઠે, પાછળ [-પડવુ, ભાગવું, લાગવું, મંડવું =પાછળ ને પાછળ મંડયા રહેવુ (૨) પજવવુ, સતાવવુ ]

કેડો પુ૦ પગરસ્તો (૨) પીછો, પૂઠ (૩) છેડો, અંત (૪) [લા] સતામણી [-મૂકવો= પાછળ લાગવાનુ જતુ કરવુ, પીછો છોડવો. -પકડવો, લેવો=પીછો પકડવો, પાછળ પડવુ કે લાગવુ (૨) સતાવ્યા કરવુ ]

**કેણી** (કે), ૦મ, ૦પા, ૦મગ(-ગા) અ૦ [જુઓ કોણ] કઈ બાજુ ?
**કેતક** પુ૦ [સં] એક વનસ્પતિ, કેવડો (૨) અંબોડા પર ખોસવાનું એક ઘરેણું **-કી** સ્ત્રી૦ એક ફૂલઝાડ (૨) એ ઝાડનું પાન **-કીપ્રબંધ** પું૦ એક ચિત્રકાવ્ય
**કેતન** ન૦ [સં] ચિહ્ન (૨) ધજા (૩) ઘર; નિવાસસ્થાન
**કેતુ** પુ૦ [સં] એક ગ્રહ; ધૂમકેતુ (૨) ધજા, નિશાન ૦દંડ પુ૦ ધજાનો દાંડો **૦માળ** પુ૦ (સં) નવ ખંડોમાંનો એક, જંબુદ્વીપનો પશ્ચિમ ભાગ (૨) એક છંદ. **૦મુખ** ન૦ ધૂમકેતુનું મોં [+ કેટલું
**કેતુ(-તું)** વિ૦ [સં कियत्, પ્રા केत्त(०अ)]
**કેથલિક** વિ૦ (૨) પુ૦ [ઇં] એ નામના એક ખ્રિસ્તી સંપ્રદાયનું (માણસ)
**કેથાં(-થે)** અ૦ [સં कुत्र, અપ.केत्थु] (સુ) ક્યાં (૨) કોઈ પણ જગ્યાએ (૩) કોક જગાએ
**કેથે** પુ૦ [ઇં] (સં) પૂર્વ ચીનનું પ્રાચીન નામ
**કેદ** (કે) વિ૦ [અ] બંધનયુક્ત (૨) સ્ત્રી૦ એવી સ્થિતિ (-કરવું, પકડવું, -માં ખોસવું, નાખવું) **૦ખાનું** ન૦ જેલ, કારાગાર, તુરંગ **-દી** વિ૦ કેદમાં પડેલું (૨)કેદ કરેલું (૩) પુ૦ કેદ કરેલો માણસ, બંદીવાન
**કેદાર** પું૦,ન૦, [સં] ખેતર(૨)પું૦ હિમાલયનું એક શિખર **૦નાથ** પું૦ (સં.) શિવ (૨) હિમાલયનું એક યાત્રાસ્થાન
**કેદાર(-રો)** પુ૦ [સં] એક રાગ [**કેદારો કરવો** = મોટું પરાક્રમ કરવું; મોટું જોર મારવું (૨) [લા] ભગાના' ભાઈ જેવું કરવું બાફવું]
**કે દી** અ૦ [કે = કયે, દી = દિવસે] (કા ,સુ ) કયે દહાડે? ક્યારે ?
**કેદી** (કે) વિ૦ (૨) પુ૦ જુઓ 'કેદ'માં
**કેનું** વિ૦ કોનું ?
**કેન્વાસ** [ઇં] ન૦ એક જાતનું જાડું કપડું
**કેપ્ટન** પું૦ [ઇં] જુઓ કપ્તાન
**કેફ** (કે)પુ૦ સ્ત્રી૦[ફા]નશો,ઘેન [**-ઊતરવો** = નશો દૂર થવો નશામાંથી પાછું ઠેકાણે આવવું **-કરવો** = કેફી ચીજ ખાવી પીવી (તેની આદત હોવી) **-ચડવો** = નશાની અસર થવી. **કેફમાં પડવું** = કેફી બનવું, તેના બંધાણી થવું] **-ફી** વિ૦કેફવાળું; કેફ ચઢે એવું
**કેફિયત** (કે) સ્ત્રી૦ [અ] અધિકારી આગળ રજૂ કરાતી હકીકત
**કેબાલા** ન૦ [हिब्रू] યહૂદી વિદ્વાનોમાં પ્રચલિત એવું ગુપ્તજ્ઞાન [આગબોટની)
**કેબિન** સ્ત્રી૦ [ઇં] નાની ઓરડી ( જેમ કે
**કેમ** (કે) અ૦ [સં किम्? कथम्? અપ केम] શા કારણે ? શા માટે ? (૨) કેવી રીતે ? (૩) પ્રશ્નાર્થસૂચક અવ્યય. ' તમે જશો કેમ ? " [**કેમે કરતાં, કેમે કરીને** = કોઈ પણ ઉપાયે **કેમ છે?** = શી ખબર છે? (ખબર-અંતર પૂછવાનો સામાન્ય કુશળપ્રશ્ન.)
**કેમ કે, કેમ જે** અ૦ કારણ કે
**કેમ રે** અ૦ (ધમકાવવા માટે) કેમ અલ્યા ?
**કૅમેરા** પુ૦ [ઇં] ફોટો પાડવાનું યંત્ર
**કેયૂર** ન૦ [સં] બાજુબંધ, બેરખો
**કેર** (કે) પુ૦ [અ कह्‌र] મહા નાશ-જુલમ; ગજબ [**-વર્તવો** = જુલમ થવો બધે જુલમ ફેલાવો] [એની હાર
**કેરખી** સ્ત્રી૦ કાગરી (૨)સોનાની ગોળ ટીપકી
**કેરડી** (કે) સ્ત્રી૦, **-ડો** પુ૦ [મ करकर, પ્રા कयर] એક વનસ્પતિ. **-ડું** ન૦ તેનું ફળ કેરું
**કેરબો** (કે) પુ૦ એક નાચ કારવો (૨) એમાં ગવાતું ગાયન (૩) એનો રાગ (૪) [ફા कहरुबा] સુગંધી ગુંદર જેવો એક પદાર્થ (તેના પારા ફકીરો રાખે છે)
**કેરમ** ન૦ [ઇં ?] (લખોટીદાવ જેવી ) પાટિયા પર રમાતી એક રમત
**કેરલ(-ળ)** પુ૦ [સં] (સં ) મલબાર પ્રાંત
**કેશર** સ્ત્રી૦ ઘોડાની એક જાત (૨) ન૦ પૂજા કે દવાના ઉપયોગમાં આવતી વનસ્પતિના તંતુની એક વસ્તુ (૩) પુષ્પની અંદરના તંતુ
**કેરાંબોરાં** (કે) ન૦ બ૦ વ૦[લા] કેરાબોરાં જેવું નજીવું -માલ વગરનું, ભાજીમૂળા (ચ)
**કેરી** (કે) સ્ત્રી૦ [મ कैरी = કાચી કેરી પ્રા कयर = કેરું પરથી ?] આંબાનું ફળ **૦ગાળો** પુ૦ કેરીની મોસમ

કેરું (કે) ન૦ [જુઓ કેરડી] કેરડીનું ફળ

કેરું [हि कर] (પ) નું (છઠ્ઠી વિભક્તિનો અર્થ બતાવે છે)

કેરૂલ ન૦ એક પક્ષી

કેરોસીન ન૦ [ઇં] ગ્યાસતેલ

કેલ વિ૦ એક (વેપારીનો સંકેત) (૨) પુ૦ [म केल्=કેળવવું ઉપરથી] કેળવેલો ચૂનો, છોનો કોલ. [–દેવો=ભીતને ચૂનાનું પડ ચડાવવું. કેલનો પાયો=મજબૂત પાયો]

કેલપડી વિ૦ અગિયાર (વેપારીનો સંકેત)

કેલિ (–લી) સ્ત્રી૦ [સં] ક્રીડા, રમત (૨) રતિક્રીડા, મૈથુન

કેવડુ વિ૦ [सं. कियत्, प्रा केवड्य; अप केवड, म केवढा] (માપ, કદ કે વયમા) કેટલું મોટું? ૦ક વિ૦ આશરે કેવડું? ૦ય વિ૦ અનિશ્ચિત છતાં પ્રમાણમાં મોટું

કેવડો પુ૦ [सं. केतक] એક ઝાડ (૨) એનો ડોડો –ડિયું વિ૦ કેવડામાં ગબેલું, કેવડાની સુગંધીવાળું

કેવરી સ્ત્રી૦ એક પક્ષી

કેવલ(–ળ) વિ૦ [સં.] શુદ્ધ, નિર્મળ (૨) માત્ર, ફક્ત (૩) એકમાત્ર (૪) અ૦ સાવ, છેક ૦જ્ઞાન ન૦ ભ્રાંતિશૂન્ય, વિશુદ્ધ જ્ઞાન ૦ધામ ન૦ મુક્તિપદ. ૦વ્યતિરેકી વિ૦ માત્ર વ્યતિરેકવ્યાપ્તિવાળું (સાધન કે અનુમાન) [ન્યા] –લાદ્વૈત પુ૦ [+ अद्वैत] શંકરાચાર્યે સ્થાપેલો જીવ અને બ્રહ્મના અદ્વૈતનો સિદ્ધાંત –લાદ્વૈતવાદી વિ૦ (૨) પુ૦ કેવલાદ્વૈતમાં માનનાર –લાન્વયી વિ૦ માત્ર અન્વયવ્યાપ્તિવાળું (સાધન કે અનુમાન) [ન્યા]. –લી(–ળી) વિ૦ કેવલાદ્વૈતમાં માનનારુ (૨) [જૈન] કેવલજ્ઞાન જેને પ્રાપ્ત થયું હોય તે (૩) સ્ત્રી૦ ચેતન અને અચેતનની એકતાનો સિદ્ધાંત

કેવળ વિ૦ (૨) અ૦ જુઓ કેવલ ૦પણું ન૦ કૈવલ્ય ૦પ્રયોગી વિ૦ (વ્યા) કેવળ ઉદ્ગાર દર્શાવનો (અવ્યય) –ળી વિ૦ જુઓ કેવલી

કે વારે અ૦ ક્યારે? (સુ)

કેવાળ સ્ત્રી૦ મકાનની મેડીનો નાનો ભેગ

કેવું વિ૦ [स कीदृशम्? अप केह?] ક્યા પ્રકારનું? (પ્રશ્નાર્થક કે ઉદ્ગારવાચક) ૦ક વિ૦ કેવું? (પ્રશ્નાર્થક ને કાંઈક અનિશ્ચિતાર્થવાચક) ૦ય વિ૦ અજ્ઞાત અનિશ્ચિત પ્રકારનું

કેશ પુ૦ બ૦ વ૦ [સં] વાળ [–ઉતરાવવા, કટાવવા=વાળ કપાવી નાખવા મૂંડાવવું –કાપી લેવા=[લા] છેતરી જવું નુકસાન કરવું –રાખવા=વાળ વધારવા (હજામત ન કરાવવી)] ૦કલાપ પુ૦ કેશનો સમૂહ (૨) અંબોડો, વેણી ૦નલિકા સ્ત્રી૦ વાળ જેવી પાતળી રક્તવાહિની, 'કેપિલરી' ૦પાશ પુ૦ વેણી, ચોટલો ૦ભાર પુ૦ કેશભાર, અંબોડો, ચોટલો ૦રંધ્ર ન૦ વાળનું છિદ્ર ૦રાજ પુ૦ એક પક્ષી ૦લુંચન ન૦ વાળ ચૂંટી કાઢવા તે ૦વાહિની સ્ત્રી૦ કેશનલિકા ૦સાધન ન૦ માથું ઓળવું–વેણી ગૂંથવી તે –શાકર્ષણ ન૦ [+આકર્ષણ] કેશવાહિનીમાંનું (પ્રવાહી પદાર્થનું) આકર્ષણ–ખેંચાણ –શાકેશિ અ૦ [સં] સામસામા વાળની ખેંચાખેંચી કરીને –શાળ વિ૦ કેશવાળું –શિની સ્ત્રી૦ [સં] એક વનસ્પતિ, જટામાસી (૨) સુંદર લાંબા કેશવાળી સ્ત્રી (૩) [સં] દુર્ગા. –શી પુ૦ [સં] સિંહ (૨) ઘોડો (૩) [સં] કૃષ્ણે સંહારેલો એક રાક્ષસ

કેશ(–સ)ર ન૦ [સં] જુઓ કેસર –રી વિ૦ (૨) પુ૦ જુઓ કેસરી

કેશવ પુ૦ [સં.] શ્રીકૃષ્ણ

કેશવાહિની સ્ત્રી૦ [સં] જુઓ 'કેશ'માં

કેશવાળી સ્ત્રી૦ સિંહ કે ઘોડાની ગરદન ઉપરના કેશ

કેશાકર્ષણ ન૦ [સં] જુઓ 'કેશ'માં

કેશાકેશિ અ૦ [સં] જુઓ 'કેશ'માં

કેશાળ, કેશિની, કેશી જુઓ 'કેશ'માં

કેસ પુ૦ [इं] મુકદ્દમો, કામ (૨) દરદી કે તેને વિષેની હકીકતનો દવાખાનામાં રખાતો કાગળ (૩) કોઈ અમુક બાબત કે કિસ્સો યા તે સંબંધમાં આવતી વ્યક્તિ [–ચાલવો=મુકદ્દમાનું કામ ચાલવું. –માંડવો=કેસ કરવો, કામ ચલાવવું, ફરિયાદ અદાલતમાં દાખલ કરવી]

કેસર ન૦ [સં] એક વનસ્પતિ (૨) તેના ફૂલની અંદર વચ્ચે ઊગતો સુગંધીદાર રેસો–તંતુ (૩) હરકોઈ ફૂલની અંદર થતો તંતુ (૪) સ્ત્રી૦ યાળ

# ખ

**ખ** પુ૦ [स] કંઠસ્થાની બીજો વ્યંજન (૨) સૂર્ય (૩) ન૦ પોલાણ, આકાશ (૪) શૂન્ય, મીંડું (૫) મીંડાનો સંકેત (પદ્યમાં) (૬) હરકોઈ નક્ષત્રથી દસમું નક્ષત્ર **૦કારાંત** વિ૦ છેડે ખકારવાળું **૦ક્ખું** ન૦ + ખકાર. **૦ક્ખો** પુ૦ ખકાર (૨) (તોછડાઈમાં) બ્રહ્મક્ષત્રિય કોમનો માણસ **૦ગુણ** પુ૦ 'ઝીરો ફેક્ટર' [ગ] **૦પુષ્પ** ન૦ આકાશકુસુમ, મિથ્યા કલ્પના **૦મધ્ય** ન૦ આકાશનું માથા ઉપરનું બિંદુ **૦સ્વસ્તિક** પુ૦ ક્ષિતિજ [ખાઈ

**ખઈ** પું૦ + [स क्षय, प्रा. खय] ક્ષયરોગ (૨) જુઓ

**ખખ** વિ૦ ખખળી ગયેલું, જીર્ણ

**ખખડધજ** વિ૦ [स खक्खड + ધજ] (ખાસ કરીને વૃદ્ધ છતાં) મજબૂત બાંધાનું (૨) દમામદાર, ભવ્ય [અવાજ થવો

**ખ(૦ડ)ખડવું** અ૦ક્રિ૦ (રવ૦) ખડખડ એવો

**ખ(૦ડ)ખડાટ** પુ૦ (રવ૦) ખખડવાથી થતો અવાજ **–વવું** સ૦ક્રિ૦ ખડખડ અવાજ કરવો (૨) [લા] ધમકાવવું (૩) મારવું (જેમ કે ધોલ)

**ખખરવખર** અ૦ [ખખર (ખખળવું) + વખર (स विकिर्=વેરવું)] દોદળું હોય એમ, આમ તેમ પડ્યું હોય એમ

**ખ(૦ર)ખરવું** અ૦ક્રિ૦ લાગવું, બળાપો – શોક થવો, સાલવું (૨) ખૂંચવું (આંખમાં) (૩) ખખળવું ૩ જુઓ (૪) ખરખર એવો અવાજ થવો (૫) સ૦ક્રિ૦ દુઃખ દેવું

**ખ(૦ર)ખરી** સ્ત્રી૦ [રવ૦] ગળામાં બાઝેલો કફ કે ખાધેલી વસ્તુનો ભાગ (જેનાથી અવાજ ખોખરો થાય છે) (૨) ગાતી વખતે સૂર કંપાવવો તે (૩) સૂર, અવાજ (૪) ચિંતા ચટપટી [**–બાઝવી**=ગળામાં કફ ભરાવો]

**ખ(૦ર)ખરો** પુ૦ [રવ૦] શોક, સંતાપ (૨) પસ્તાવો, પશ્ચાત્તાપ (૩) શક, અંદેશો [**–કરવો**=શોક કરવો (૨) લૌકિકે જવું **–કાઢી નાખવો**=સંદેહ દૂર કરવો **–થવો**=પસ્તાવો થવો. **ખખરે જવું**=ખરખરો કરવા જવું, લૌકિકે જવું]

**ખ(૦ળ)ખળતું** વિ૦ ['ખખળવું'નું વ૦કૃ૦] ખૂબ ઊનું, ઊકળતું (૨) ખળ ખળ કરતું વહેતું

**ખ(૦ળ)ખળવું** અ૦ ક્રિ૦ (રવ૦) ખૂબ ઊનું થવું; ઊકળવું (૨) વહેતાં ખળખળ અવાજ કરવો (૩) [स स्खल्, प्रा खल?] બાંધાનું હાલી ઊઠવું: ખખ – જીર્ણ – અશક્ત થવું

**ખખળાવવું** સ૦ક્રિ૦ 'ખખળવું'નું પ્રેરક (૨) (રવ૦) ઘણા પાણીથી ધોવું (૩) (નાણું) કઢાવવું, પટાવી લેવું

**ખખ્ખું** ન૦, **–ખ્ખો** પું૦ જુઓ 'ખ'માં

**ખગ** પુ૦ [स] પક્ષી (૨) ગ્રહ (૩) તારો (૪) સૂર્ય (૫) દેવ (૬) નવની સંજ્ઞા **૦પતિ** પુ૦ પક્ષીઓનો રાજા – ગરુડ (૨) હંસ **૦વાહન** પુ૦ (સં) વિષ્ણુ **–ગાકાર** વિ૦ [+ આકાર] આભું, ચકિત (૨) સુંદર **–ગાધિપ, –ગેશ, –ગેન્દ્ર** પુ૦ (સં) [+ અધિપ, ઈશ ઇન્દ્ર] ગરુડ **–ગાસન** પુ૦ [+ આસન] (સં) ઉદયાચલ (૨) વિષ્ણુ

**ખગુણ** પુ૦ [स] જુઓ 'ખ'માં

**ખગોલ(–ળ)** પુ૦ [स] ગગનમંડળ. **૦ગણિત** ન૦ ખગોળના પદાર્થોની ગતિ વગેરેનું ગણિત. **૦વિદ્યા** સ્ત્રી૦ ગ્રહનક્ષત્ર ઇત્યાદિ સંબંધી શાસ્ત્ર **૦વેત્તા, ૦શાસ્ત્રી** પું૦ ખગોળવિદ્યાનો જાણકાર **૦શાસ્ત્ર** ન૦ ખગોળવિદ્યા [તરવાર

**ખગ્ગ** ન૦ **૦રી** સ્ત્રી૦ [स खड्ग, प्रा खग्ग] + ખડ્ગ,

**ખગ્ગા** પુ૦ + [જુઓ ખગ] પક્ષી (૫) (૨) આકાશ [પૂર્ણ ગ્રહણ

**ખગ્રાસ** પું૦ [स] સૂર્ય, ચંદ્ર કે કોઈ પણ ગ્રહનું

**ખચ(–ચ્ચ)** અ૦ [स खच्=ખેંચી બાંધવું] ખેંચીને, સખત રીતે (૨) [રવ૦] અંદર પેસી જવા કે ભોંકવાનો કે તેથી ઊલટી ક્રિયાનો રવ (ખચ દઈને સંગીન પેસી ગયું, ખચ દઈને ખેંચી કાઢ્યું)

**ખચકાવવું** સ૦ક્રિ૦ [ખચ (રવ૦) ઉપરથી] ખચ દઈને ખોસી દેવું

**ખચકાવું** અ૦ક્રિ૦ ['ખચકો' ઉપરથી]અચકાવું, અટકવું (૨) પાછા પડવું

**ખચકો** પું૦ [ખચ (રવ૦) ઉપરથી]સપાટી પર પડેલો ખાડો – ખાંચો (૨)અટકાવ; અંતરાય

**ખચખચવું** અ૦ ક્રિ૦ [રવ૦] ખચ ખચ એવો અવાજ થવો કે કરવો(૨)[જુઓ ખચ]ખીચોખીચ ભરાવું, ભિડાવું

**ખચર** ન૦ ખચ્ચર **–રી** સ્ત્રી૦ ખચ્ચરની માદા **–રુ** ન૦ નિર્માલ્ય – ખચ્ચર જેવું ઘોડું (૨) વિ૦ ઘરડું, નબળું [જુઓ 'ખચર'માં

**ખચરુ** ન૦ જુવાનનું મરણ (૨) વિ૦ (૩) ન૦

**ખચવું** સ૦ ક્રિ૦ [સં खच् ઉપરથી] જડવું, બેસાડવું (૨) ખીચોખીચ ભરવું – લાદવું

**ખચાખચ** અ૦[રવ૦]ખચ ખચ(૨)ખીચોખીચ

**ખચાખચી** અ૦ ખચીત, અવશ્ય (૨) સ્ત્રી૦ ગિરદી, ભીડ

**ખચિત** વિ૦ [સં] જડેલું, બેસાડેલું

**ખચીત** અ૦ [મ૦ન खचि(–ची)त] જરૂર, અવશ્ય **–તાઈ** સ્ત્રી૦ ખાતરી, ચોકસાઈ

**ખચૂકખચૂક** અ૦ ખટુકખટુક, ઊછળતું અને ધીરું ચાલતું હોય તેમ (ઘોડાની ચાલ માટે)

**ખચોખચ** અ૦ [જુઓ ખચ] ભચોભચ (૨) ખીચોખીચ

**ખચ્ચ** અ૦ જુઓ ખચ

**ખચ્ચર** ન૦[हिं]ઘોડો અને ગધેડું એ બંનેની મિશ્ર જાતિનું પ્રાણી [ખંજવાળવું

**ખજવાળ** સ્ત્રી૦ જુઓ ખંજવાળ **૦વું** સ૦ક્રિ૦

**ખજાનચી** પું૦[फा]ખજાનાનો ઉપરી,કોષાધ્યક્ષ

**ખજાનદાર** વિ૦ ખજાનાવાળો

**ખજા(–જી)નો** પું૦[अ]નાણું રાખવાની જગા, ભંડાર(૨)[લા]ધન,દોલત(૩)હથિયાર ભરવાની ખોલ કે ખાકાવાળો પટો (૪)બંદૂકમાંનું ગોળી ભરવાનું ખાનું (૫) ચલમમાં ગડાકુ મૂકવાનો ખાડો (૬) મીઠું પકવવાનો અગર [**ખજાને પડવું**=વખારે પડવું, કોઈ ભાવ પૂછે નહીં – ચિંતા કરે નહીં તેવી સ્થિતિમાં પડવું(૨)ઠેકાણે પડવું, જગાએ ગોઠવાઈ જવું.]

**ખજૂર** ન૦ [સં खर्जूर, પ્રા खज्जूर] એક ફળ, જે સુકાવાથી ખારેક બને છે [**–ટોપરાં કરવાં**=(બાળકને)પીઠ પર લઈ ખજૂર ટોપરાં વેચતા હોઈએ એમ રમત કે ખેલ કરવો ] **–રી** સ્ત્રી૦ ખજૂરનું ઝાડ (૨) [સુ] ખજૂર **–રી ભાત** સ્ત્રી૦ ખજૂરીના પાંદડાની ભાત **–રું** ન૦ ખજૂરીની જાતનું ઝાડ, જેમાંથી તાડી નીકળે છે

**ખજૂરી** સ્ત્રી૦[સં. खर्जू, પ્રા. खज्जू] ખંજવાળ લાગે એવા નાના નાના કાંટા(૨)ખંજવાળ(૩) ['ખજૂર' ઉપરથી] એક મીઠાઈ (૪) જુઓ 'ખજૂર'માં **ખજૂરું** ન૦ જુઓ 'ખજૂર'માં

**ખજૂરો** પું૦[સં खर्जु· खर्जूरक]+ કાનખજૂરો

**ખટ** વિ૦[સં षट्]૭ **૦કરમ,૦કર્મ** ન૦બ૦ વ૦ બ્રાહ્મણે કરવાના ૭ ધર્મકાર્યો (યજન, યાજન, અધ્યયન, અધ્યાપન, દાન અને પ્રતિગ્રહ) (૨) ધર્મ સંબંધી નિત્યકર્મ

**ખટ** પું૦ [સં शठ, મ]ઠગ,લબાડ આદમી (૨) [મ.] એક રાગ (૩) અ૦ [રવ૦]

**ખટક** સ્ત્રી૦ [જુઓ ખટકવું] ખટકો (૨) ચાનક

**ખટક ખટક** અ૦[રવ૦]ખટ ખટ અવાજ થાય એમ

**ખટકવું** અ૦ક્રિ૦[રવ૦,પ્રા.खटक्कय, हिं खटकना, મ खटकणें] કાંકરીની પેઠે ખૂંચવું, ભોંકાવું, સાલવું (૨) અંદરથી લાગવું, પશ્ચાત્તાપ થવો

**ખટકો** પું૦ [જુઓ ખટકવું] ખટકવું તે કે તેનો અવાજ યા પીડા (૨) હરકત, નડતર (૩) શક, અંદેશો(૪) ચાનક, કાળજી [**–આવવો**=નડવું, ખટકવું.ખટકો લાગવો કે થવો **–રાખવો**= મનમાં અંદેશો કે કશું ખટકે એવું હોવું (૨) ચાનક કે ચિંતા રાખવી ]

**ખટખટ** સ્ત્રી૦ [રવ૦, સર૦ हिं, મ] ખટ ખટ એવો અવાજ (૨) હરકત,નડતર (૩) પંચાત, માથાકૂટ **–ટારો** પું૦ કંટાળો આવે એવી માથાઝીક, કચકચાટ

**ખટગુણ** પું૦ બ૦વ૦ [સં षट्+ગુણ]૭ ગુણ (ઉદ્યોગ, સાહસ, ધૈર્ય, બળ, બુદ્ધિ ને પરાક્રમ)

**ખટચક્ર**, ન૦બ૦વ૦ [સં षट्+चक्र] [ યોગ ] શરીરની અંદરના ૭ ચક્રો ( આધાર, લિંગ નાભિ, અનાહત, કંઠ અને મૂર્દ્ધ)

**ખટદર્શન** ન૦બ૦વ૦ [સ. षट्+दर्शन] જુઓ ખટશાસ્ત્ર [પ્રપંચી
**ખટનટ** વિ૦ [જુઓ ખટ+નટ, મ.] નટખટ,
**ખટપટ** સ્ત્રી૦ [રવ૦? સ. घटपट? સર૦ મ, हिं] યુક્તિપ્રયુક્તિથી કામ સાધી લેવાની તજવીજ, પ્રાપંચિક ગોઠવણ (૨) ગોઠવણ (૩) કડાકૂટ, પંચાત [ખટપટમાં પડવું=ખટપટ કરવામા રોકાવુ કે ફસાવુ યા માથુ મારવુ.] ૦વું અ૦ક્રિ૦ ખટપટ કરવી -ટિયું વિ૦ ખટપટવાળુ, કડાકૂટિયુ (૨) ખટપટી, કારસ્તાની -ટી વિ૦ ખટપટિયું, કારસ્તાની
**ખટપદ** પું૦ [સ षट्+पद) ૭ પગવાળા પ્રાણીઓનો વર્ગ (૨) ભમરો (૩) મધમાખ (૪) જૂ
**ખટબાકી** સ્ત્રી૦ [ખટ-શઠ+બાકી ?] વસૂલ ન આવી શકે એવુ લેણુ (૨) મહેસૂલમાની વસૂલ ન થાય એવી બાકી રકમ
**ખટમધુર(-રુ)** વિ૦ [સ. शट, દે. खट्ट+मधुर] કંઈક ખાટા અને કઈક મીઠા સ્વાદવાળુ
**ખટમલ** પુ૦[हिं, મ, પ્રા खट्टामल्ल પરથી?] માકડ [આવતું, છમાસી
**ખટમાસી** વિ૦ [सं खट्+नाम] ૭ મહિને
**ખટમીઠું** વિ૦ [સં.शट, દે. खट्ट+મીઠુ] ખટમધુરુ
**ખટરસ** પુ૦બ૦વ૦ [સ षट्+રસ] ૭ સ્વાદ (ખાટો, ખારો, કડવો, તૂરો, તીખો અને ગળ્યો) (૨) વિ૦ ૭ રસ-સ્વાદવાળુ, બધા રસવાળુ
**ખટરાગ** પુ૦ [સ षट्+રાગ] ૭ રાગ (એક મત પ્રમાણે ભૈરવ, માલકોશ, હિંડોળ, શ્રીરાગ, કેદાર અને મલાર) (૨) [?] કજિયો, અણબનાવ (૩) સાસારિક જંજાળ, કડાકૂટ -ગી વિ૦ કજિયાખોર (૨) જંજાળી
**ખટલો** પુ૦ [સર૦ મ खटला, खटले, का कटले] કુટુંબકબીલો, પરિવાર, રસાલો (૨) સરસામાન, સરંજામ (૩) મુકદ્દમો (૪) ગૂચવણવાળુ-મુશ્કેલ કામ
**ખટવવું** સ૦ ક્રિ૦ [દે खट्ट='ખાટું' ઉપરથી] ખટાશ ચડે એમ કરવુ (૨) 'ખાટવુ'નુ પ્રેરક, ખટાવવુ [લાભ મેળવવો
**ખટવું** સ૦ક્રિ૦ [સર૦ हिं खटाना]+ખાટવુ,
**ખટશાસ્ત્ર** ન૦બ૦વ૦ [સ षट्+शास्त्र] હિંદુ તત્ત્વજ્ઞાનના ૭ શાસ્ત્રો-દર્શનો (સાખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, મીમાસા અને વેદાત)
**ખટાઈ** સ્ત્રી૦ [દે. खट्ट, हिं., મ] ખાટાપણુ (૨) ખાટી વસ્તુ [કરે એવુ
**ખટાઉ** વિ૦ ['ખાટવુ' ઉપરથી] ખટાવે-લાભ
**ખટાઉ પેદાશ** સ્ત્રી૦ હરાયા ઢોરની હરાજીમાથી થતી પેદાશ
**ખટાખટ** અ૦ [રવ૦].-ટ(-ટી) સ્ત્રી૦ ખટાખટ એવો અવાજ (૨) [લા] કજિયો, તકરાર
**ખટાટોપ** પુ૦ [મ., સ फटाटोप?, ખટ (રવ૦)+સ आटोप?] આડબર, (ખોટો) મોટો દેખાવ, જરા સરખા કામની જગાએ ભારે કડાકૂટનું તોસ્તાન થવુ તે [કજિયો, તકરાર
**ખટાપટી** સ્ત્રી૦ ['ખટપટ' ઉપરથી] ગરબડ (૨)
**ખટારો** પુ૦ [સર૦ મ] ભાર ભરવાનુ ગાડુ (૨) તેના જેવુ મોટુ કોઈ વાહન, ભારની 'મોટર-લોરી' (૩) [લા.] કર્કશ અવાજ કરે એવુ-ખરાબ વાહન (૪) ઘરવાખરો
**ખટાવવુ** સ૦ક્રિ૦ 'ખટાવુ', 'ખાટવુ'નુ પ્રેરક
**ખટાવું** અ૦ક્રિ૦ ['ખાટુ' ઉપરથી] ખટાશ ચડવી, ખાટું થવુ (૨) 'ખાટવુ'નુ કર્મણિ
**ખટાશ** સ્ત્રી૦ [દે खट्ट=ખાટુ ઉપરથી] જુઓ ખટાઈ (૨) [લા] અણબનાવ
**ખટુંબડુ, ખટૂમડુ** પુ૦ ['ખાટુ' ઉપરથી] થોડુક ખાટુ [એક શસ્ત્ર
**ખટ્વાંગ** પુ૦ [સ.] ખોપરીના મૂઠાવાળુ શિવનુ
**ખડ** ન૦ [સ खट-ड, દે] ઘાસ, કડબ (૨) ખેતરમા ઊગેલુ નકામુ ઘાસ નીંદામણ
**ખડક** પુ૦ [સ?] પાણીમાનો કે જમીન ઉપરનો પથ્થરનો ટેકરો (૨) ખરાબો ધારદાર ભેખડ
**ખડક(-ગ)** પુ૦ (ચ) એક પ્રકારની ચૂડી
**ખડકલો** પુ૦ ['ખડકવુ' ઉપરથી] ખડકેલી ચીજોનો જથો; ઢગલો
**ખડકવું** સ૦ ક્રિ૦ ['ખડક' ઉપરથી તેના જેવા આકારે ગોઠવવુ] ઉપરાઉપરી ગોઠવવુ, સીચવુ
**ખડકી** સ્ત્રી૦ [દે સ खडक्की] ઘર આગળની બાંધેલી-બારણાવાળી છૂટી જગા, ડેલી (૨) બે અથવા વધારે ઘર આગળની એક સામાન્ય દરવાજાવાળી ગલી કે શેરી (૩) એવી જાતની-

દરવાજાવાળી રચના અથવા એની ઉપરની ડેલી

**ખડકુ** ન૦ [જુઓ ખડક] નાનો ખડક (૨) પથ્થરનો કે લાકડાનો – શલ્યા કે પાટલા જેવો – લૂગડા ધોવામા વપરાતો નાનો ટકડો [સુ.,કા]

**ખડકો** પુ૦ જુઓ ખડકલો

**ખડખડ** અ૦(રવ૦)[स खटत्खट,प्रा खडक्खड] ખડખડ એવો અવાજ કરીને (હસવુ) (૨) સ્ત્રી૦ એવો અવાજ (૩)ખટખટ, ડખલ, પીડા, ઉપાધિ (૪) તકરાર, ખટપટ ૦ભડભડ અ૦ ખડખડ ભડભડ એવો અવાજ કરીને (૨) સ્ત્રી૦ એવો અવાજ (૩) ગરબડ ૦જોગ પુ૦ ટટાનો પ્રસગ ૦તું વિ૦ ખડખડ અવાજ કરતુ (૨)ન૦ સૂકુ ન ભિયેર(૨)[લા ]બરતરફ થવુ તે [–આપવું=રજા આપવી,કાઢી મૂકવુ. –મળવું] ૦વું અ૦ક્રિ૦ ખડખડ અવાજ થવો –ટાટ પું૦ ખડખડ એવો અવાજ (૨) અ૦ એવો અવાજ કરીને (હસવુ) –ડાવવું સ૦ક્રિ૦ જુઓ ખખડાવવુ –ડિયુ વિ૦ (૨)ન૦ જુઓ ખડખડતુ [–આપવું, –મળવું] (૩) વસાય ખોલાય એવી નાના નાના પાટિયાની બારીબારણામા મુકાતી રચના(૪)એક ખાવાની વાની. –ડિયાં ન૦ બ૦ વ૦ ઝાંઝ

**ખડગ** ન૦ [જુઓ ખડ્ગ] તલવાર (૨) ગેડાનુ શિગડુ (૨) જુઓ ખડક (ચ)

**ખડગુ** ન૦બિલાડીની જાતનુ એક હિસક પ્રાણી

**ખડઘૂમ** ન૦ એક પખી [જાતનો ચપો

**ખડચંપો** પુ૦ [दे खड्ड=મોટુ - ચપો] એક

**ખડણુ** વિ૦ ['ખડવુ' ઉપરથી સર૦ म ] આખા –હરામ હાડકાનુ આળસુ(૨)[?](સુ )ખડતલ

**ખડતર(–લ)** વિ૦ [सं. खरतर ?] દુખ ખમી શકે એવુ ખરવાણ (૨) મહેનતુ (૩) મજબૂત બાધાનું (૪) તુચ્છ

**ખડતાલ** સ્ત્રી૦[स पट्+ताल] છ તાલ [સગીત] (૨)કરતાલ, કાસીજોડ (૩) લાકડાની ફ્ડેતાલ

**ખડતાલ** સ્ત્રી૦[स खुर+ताल?]લાત, પાટુ

**ખડતાલ(–ળ)વું** સ૦ક્રિ૦ [જુઓ 'ખડતાલ'= લાત] ખરી વડે ઠોકવું–ખોદવુ (જમીન)

**ખડતું,–તૂમ** ન૦ ખડખડતુ, રજા, બરતરફી

**ખડદું** ન૦ [दे खड्ड=મોટુ ઉપરથી ?] ખડણુ, પ્રવાહી પદાર્થનું જામેલુ ચોસલુ (૨)[ખણવુ ઉપરથી ?] ખૂતરું, છિદ્ર, દોષ

**ખડધાન** ન૦['ખડ જેવુ 'ધાન' વગર ખેડે ઊગતુ] ખેડ્યા કે વાવ્યા વિના થતુ ધાન(સામો, મણકી વગેરે) (૨) હલકી જાતનુ અન્ન

**ખડધામણી** સ્ત્રી૦ એક વનસ્પતિ

**ખડધાયેલુ, ખડધાલ** વિ૦ [જુઓ ખવગવુ] ચાઠા, ખૂજલી ઇત્યાદિ થવાથી ખરાબ થયેલુ, કીડ પડી હોય તેવુ, ખવાયેલુ (૨) ખરડાયેલુ; મેલુ (૩) ઘસાયેલુ, નબળુ

**ખડ(–ર)પવું** સ૦ક્રિ૦[જુઓ ખડપુ] ખોતરી – ઉખેડી કાઢવુ સોગવુ

**ખડપિચું** ન૦ (ચ ) ગાડાનુ પછીતિયુ

**ખડપુ** ન૦ [જુઓ ખૂરપી] ખડપવાનુ ઓજાર, –પો પુ૦ જુઓ ખરપો, ખરપડો

**ખડ(–ર)બચડું** વિ૦ ખાડાખૈયાવાળુ, ઊચુ-નીચુ –ડાઈ સ્ત્રી૦

**ખડબુ** ન૦ [दे खड्ड=મોટુ ઉપરથી ?] જામી ગયેલા પ્રવાહીનુ ચોસલુ, ખડદુ, –બાદાર વિ૦ ખડબા નીકળે એવુ

**ખડબૂચ(–ચુ )** ન૦[सं. खर्बुज, फा. खर्बुजह]એક ફળ, તરબૂચ –ચી સ્ત્રી૦ તેનો વેલો, તરબૂચી

**ખડભડ** સ્ત્રી૦ [રવ૦] એવો અવાજ(૨)ગરબડ, ધાંધલ(૩)કજિયો, બોલાબોલી (૪)દખલ ૦વું અ૦ ક્રિ૦ ખડભડ અવાજ થવો (૨) બોલાબોલી થવી –ડાટ પુ૦ ખડભડ અવાજ (૨) ગરબડ, ધાંધલ

**ખડમા(–માં)કડી** સ્ત્રી૦ [दे खड्ड=મોટુ + માકડી ? કે ખડ=ઘાસ+માકડી ?]એક જીવડું

**ખડમોસાળ** ન૦[दे खड्ड=મોટુ + મોસાળ] માનુ કે બાપનુ મોસાળ

**ખડવઢુ** વિ૦ [ખડ+વાઢવુ] ઘાસ વાઢનાર

**ખડવેવાઈ** પુ૦ [दे खड्ड=મોટુ + વેવાઈ] વેવાઈનો બાપ –ણ સ્ત્રી૦ વેવાઈની મા

**ખડવું** સ૦ક્રિ૦ ['ખરડવુ' ઉપરથી ?]ચોપડવું,લેપ કરવો(૨) ખરડવું, ડાઘ લગાડવો(૩) સડોવવુ, આળ મૂકવુ(૪)નઠારા કામમા સામેલ કરવુ

**ખડવું** અ૦ ક્રિ૦ [સર૦ हिं खडा, सं खडक= થાણુ, સ્થિર પરથી ?] અટકવુ,રોકાવુ, થભી

જવુ (૨) હાથપગ ઇ૦ અવયવ ફીતરી જવો (૩)આખડી પડવું,પડી જવુ [સર૦ મ खडणें] (૪)(રગ)ઊડી જવો,ઝાખુ પડવુ [**ખડી પડવું, બેસવું**=અટકી પડવુ, રોકાઈ જવુ **ખડતું મૂકવું**=રહેવા દેવું, અવગણવું]
**ખડશિ(-શીં)ગી** ન૦[દે खड्डु=મોટુ +શીગ] એક મોટુ ઝાડ, જેની લાબી લાબી શિગોનુ શાક તથા અથાણુ થાય છે
**ખડશિંબી** સ્ત્રી૦[સ खड्गशिंबी?]એક વનસ્પતિ
**ખડસમેરવો** પુ૦ એક વનસ્પતિ
**ખડસલ** પું૦ મકાનનો પાયો [પાપડો
**ખડસલિ(-ળિ)યો** પુ૦ એક વનસ્પતિ, પિત-
**ખડંગ** અ૦ [રવ૦] ખડગ એવો અવાજ કરીને
**ખડા** સ્ત્રી૦[સર૦ हि. खडाउँ મ खडावा, का कडाव]પાવડી, ચાખડી (૨)[?] જોડાની એડી. ૦**ઉતાર** વિ૦ જોડા ઉતારતા વેત–તરત સ્વીકારાય એવી (હૂડી) ૦**ઉપાડ** વિ૦ ઊભા ખડાનો–ચપસીને બેસતો (જોડો)
**ખડાઈ** સ્ત્રી૦ વાછરડી [કા] (૨) [જુઓ ખટ=શઠ] શઠતા, કામચોરી
**ખડાઉ** સ્ત્રી૦ [જુઓ ખડા]પાવડી, ચાખડી (૨) [જુઓ ખડ] સૂકું ઘાસ [ઉતાવળથી
**ખડાખડ** અ૦[રવ૦]એવો અવાજ થાય એમ(૨)
**ખડાખાટ,-સ્ટ્ટુ** ન૦[સ षट्+अष्ट]જ્યોતિષમા છ અષ્ટકવાળો યોગ(જે બે માણસો વચ્ચે આ યોગ આવે તેમને બને નહિ–અણબનાવ રહે એમ કહેવાય છે)
**ખડાખાષ્ટુ(-ષ્ટકું,-સ્ટુ)** ન૦જુઓ ખડાખાટ
**ખડાયતા** વિ૦બ્રાહ્મણ કે વાણિયાની એ નામની એક જાતનુ **-તો** વિ૦ પુ૦
**ખડારી** સ્ત્રી૦ [સર૦ મ खडारी] ગાવાનીએક બાની–ધ્રુપદ પદ્ધતિ (તે ગાનાર પ્રસિદ્ધ ગાયક રાજા સન્મુખ સિગના ગામ 'ખંડાર' પરથી)
**ખડાવો** પું૦ [જુઓ ખડાઉ] લાકડાનો જોડો
**ખડાસન** પુ૦ એક વનસ્પતિ–ઔષધિ
**ખડિયાખડખડ** વિ૦ [રવ૦] સખળડખળ, ખખળી ગયેલુ, જીર્ણ (૨) સ્ત્રી૦ ભાગીતૂટી હાલત (૩) જ જાળ, માથાફોડ
**ખડિયાટ** પુ૦ તળાવમા ઊતરવાની, ઢાળ પડતી પણ ખસી ન પડાય એવા ચણતરવાળી, ઓકળીબધ રચના
**ખડિયુ** ન૦ [જુઓ ખરડિયુ] સુકવણુ (૨) સુકાવાથી તડો પડી ગઈ હોય તેવી જમીન (૩) ચોમાસામા કેટલાક દિવસ વરસાદ ન પડવાથી જે તાપ પડે છે તે (૪) ['ખડુ' ઉપરથી] બાજીમા છેવટની કૂકી ઘરમા બરાબર પહોચે એથી વધારે દાણા પડતા તેણે બહાર નીકળવુ પડે તે (૫) [જુઓ ખડિયો વાઘ] ચિત્તો, વાઘ (૬) જોટડુ, જુવાન ભેંસ
**ખડિયો** પુ૦ [દે खडिअ] લખવાની શાહી રાખવાનુ પાત્ર (૨) દીવો કરવાનો નાનો ડબો (૩) ઘણા પડવાળી ઝોળી, ખભાની બે તરફ ઝૂલતો નખાય એવો કોથળો (૪) ખલતો,વાટવો [**-ભરવો**=ખડિયામા શાહી ભરવી (૨) ખડિયામા વાસતેલ ભરવુ **ખડિયા ભરવા, ખડિયા પોટલાં બાંધવાં**=ઉચાળા ભરવા, ઉઠાતરી કરવી]
**ખડિયો ખાર** પુ૦ ['ખડિયો'='ખડી' જેવો+ખાર] એક જાતનો ક્ષાર, ટ કણખાર
**ખડિયો વાઘ** પુ૦[સર૦મ खड्या वाघ (खड्या=નાનો)] ચિત્તો દીપડો
**ખડી** સ્ત્રી૦ [सं, प्रा] ખડીમાટી (૨) રસ્તા પર નંખાય છે એવા પથ્થરના કાકરા–મરડિયા (૩) [જુઓ ખડિયુ] વગર વિયાયેલી ભેશ
**ખડી ફોજ** સ્ત્રી૦ ['ખડુ'+ફોજ] કાયમી લશ્કર
**ખડી બોલી** સ્ત્રી૦ ['ખડુ'+બોલી] (દિલ્હી પાસેની—પશ્ચિમી) હિદી–હિદુસ્તાની ભાષા
**ખડી માટી** સ્ત્રી૦ ['ખડી'+માટી] એક જાતની ધોળી માટી, ખડી [સાકર
**ખડી સાકર** સ્ત્રી૦ ['ખડી'+સાકર] એક જાતની
**ખડુ** વિ૦ [हि खडा प्रा खड्डुक्क=પ્રગટવુ; ઊપજવુ પરથી?]ઊભુ (૨) તત્પર (૩) ન૦[મ खडा=નાનુ ઢેફુ (સ खड)] પાણી ચૂસી લે એવુ ઈટનુ ઢેફુ, ઠીકરુ (૪) જુઓ ખડિયુ ૪ અર્થ [**-કરવું**=સામે રજૂ કરવુ, લાવીને સામે ઊભુ કરવું (વસ્તુ, વાત કે માણસ), ઉપસ્થિત કરવુ **-થવું**=ખડુ કરાવુ, સામે આવીને ઊભુ રહેવુ, હાજર થવુ.]

ખડેખાંગ અ૦ ['ખડે ખડ્ગે'?] (કા) ટટાર
ખડેઘાટ વિ૦ ['ખડુ'+ઘાટ] ભઠ્ઠીમા નાખ્યા વગર ધોયેલુ (કપડુ) (૨) અ૦ ટટાર, મગરૂર રીતે (૩) સજ્જ; તત્પર
ખડે ચોક અ૦ [ખડું+ચોક] છડે ચોક; છચોક, જાહેર રીતે [આવતાવેંત તરત
ખડે જોડે અ૦ [ખડુ+જોડો] ઊભે ઊભે,
ખડેલી સ્ત્રી૦ (કા) જાડી લેમ; ખડી
ખડો પુ૦ [જુઓ ખડા] જોડાની ખડા–એડી (૨) કૂકડા કે કબૂતરને ગામવાનુ પિંજરુ
ખડ્ગ ન૦ [सं] જુઓ ખડગ
ખડ્ડુ વિ૦ [दे खड्डु=મોટુ] અનુભવી (૨) હોશિયાર, ચાલાક (૩) વયોવૃદ્ધ (૪) [જુઓ ખાડુ] અપંગ
ખણ સ્ત્રી૦ [ખણવુ] વલૂર, ચળ, ખંજવાળ (૨) [?] એક જાતની ગગેળી (૩) પુ૦ [म] ટેબલનુ કે કબાટનુ ખાનુ
ખણ સ્ત્રી૦ + ક્ષણ, ખણ
ખણકો પુ૦ [રવ૦] એક અવાજ, ગણકો (૨) [જુઓ ખટકો] શૂળના ભોંક જેવી વેદના સણકો
ખણખણ અ૦ [રવ૦] ખણખણ અવાજ થાય એમ ૦વું અ૦ક્રિ૦ [प्रा. खणक्खण] ખણ ખણ અવાજ થવો –ણાટ પુ૦ ખણખણ અવાજ -ણિયાં ન૦બ૦વ૦ ખણખણે એવી નાની નાની ઘૂઘરીઓ કે કાસીજોડ જેવા પતરા (રથ ઇત્યાદિના) (૨) કાસીજોડ, છબછબિયા –ણું વિ૦ખૂબ શેકાયેલુ, ખરુ થયેલુ, ખૂબતપેલું
ખણખોજ(–ત, તર, –દ, –ળ) સ્ત્રી૦ [ખણવુ+ ખોજવુ, ખોતરવુ, ખોદવુ, ખોળવુ] બારીક તપાસ – શોધ (૨) [લા] કોઈના દોષ શોધ્યા–કઢ્યા કરવા તે, નિંદા કર્યા કરવી તે –દિયુ વિ૦ ખણખોદ કરવાની ટેવવાળુ
ખણચલુ ન૦ ['ખણવુ' પરથી ?] પાવડો
ખણજ સ્ત્રી૦ ખંજવાળ, વલૂર, ચળ
ખણવુ સ૦ક્રિ૦ [सं खन्, प्रा खण] ઉઝરડવુ, ખોતરવુ (૨) ખોદવુ (૩) વલૂરવુ, ખંજવાળવુ (૪) ચીમટી ભરવી (ચૂંટી ખણવી)
ખણસ સ્ત્રી૦ [दे खणुसा] શંકા, અંદેશો (૨) અંટસ, વેરઝેર (૩) ખત, હોશ (૪) ઝાડા-પેશાબની શંકા – હાજત (૫) આદત, ટેવ [–થવી=ઝાડાની હાજત થવી ખણસે ભરાવું=ચડસે ભરાવુ, અંટસ ભરાવો] –સાવું અ૦ ક્રિ૦ વહેમાવું (૨) દાઝે બળવુ (૩) હાજત થવી
ખણિક વિ૦ + ક્ષણિક
ખણુ ન૦ + ક્ષણ. ૦ખણુ અ૦ ક્ષણે ક્ષણે
ખણેર પુ૦ એક વનસ્પતિ, ખગણેર
ખત ન૦ [अ] લેખ, લખત, દસ્તાવેજ ૦પત્ર (–ત્તર) ન૦ ખત કે તેને લગતા કાગળિયા [–કરવું=દસ્તાવેજ કરવો, લેખિત કરાર કરવો –ફાટવું=દસ્તાવેજ રદ થવો (૨) બંધન કે ખરચમાથી બચી જવુ (જેમકે કન્યા ગુજરી જવાથી)]
ખતમ અ૦[अ खत्म] ખલાસ, સમાપ્ત [–કરવું = પૂરુ કરવું (૨) મારી નાખવુ –થવું]
ખતરવટ અ૦ આગ્રહપૂર્વક, જીદપૂર્વક (૨) સ્ત્રી૦+ ક્ષત્રીવટ [–થઈને લાગવું=બરાબર કેડે પડવું] ૦વેર ન૦ (સુ) હાડવેર
ખતરણ સ્ત્રી૦ [જુઓ ખતરી] ખતરીની સ્ત્રી
ખતરિયાંવટ સ્ત્રી૦ + જુઓ ક્ષત્રીવટ
ખતરી વિ૦ [स क्षत्रिय] ક્ષત્રિયની એક જાતનુ (૨) કાપડ વણવાનો ધંધો કરતી એક ન્યાતનુ (૩) પુ૦ એ ન્યાતનો માણસ
ખતરું ન૦ [જુઓ ખતરો] અડચણ, આફત (૨) [જુઓ ખૂધરુ] ખોડ, છિદ્ર [ખતરાં ખોળવાં=છિદ્ર ખોળવા – જોવા]
ખતરો પુ૦ [अ] ભય, જોખમ (૨) અંદેશો, સંદેહ [–મટાડવો=શંકા દૂર કરવી (૨) હાજતની શંકા પૂરી કરવી, ઝાડે ફરવા જવુ –પાડવો=વાંધો પાડવો]
ખતવણી સ્ત્રી૦ ખતવવુ તે
ખતવવું સ૦ ક્રિ૦ [જુઓ ખાતુ] (રોજમેળ-માની રકમની) ખાતાવાર નોંધ કરવી
ખતા(–ત્તા)સ્ત્રી૦[अ] નુકસાન, ઠોકર (૨) ચૂક (૩) ભૂલ [–ખાવી=ઠોકર વાગવી, નુકસાન થવુ.]
ખતાબ સ્ત્રી૦[अ खता+ऐब(अ)] ભૂલ, ખામી (૨) આરોપ, દોષ દેવો તે (૩) શાપ, બદદુવા
ખતિયો પુ૦ એક પક્ષી

**ખતીબ** પું૦ [अ] ઉપદેશક, વ્યાખ્યાતા
**ખત્તા** સ્ત્રી૦ જુઓ ખતા
**ખત્તો** પું૦ કામળો ધાબળો [કા] (૨) [જુઓ ખત્તા] ઠોકર (૩) ધપ્પો. [**ખત્તા ખાવા**=ધપ્પા કે ઠોકર વાગવી (૨) ભૂલ કરી નુકસાન વેઠવું]
**ખત્રી** વિ૦ (૨) પું૦ જુઓ ખતરી –**આણી** સ્ત્રી૦ તેની સ્ત્રી, ખતરણ
**ખદખદ** અ૦ (રવ૦) ખદખદ એવો આવજ થાય તેમ ૦**વું** અ૦ ક્રિ૦ ખદખદ થવુ (૨) ખદખદ અવાજ સાથે ઊકળવુ
**ખદ(–દે)ડવું** સ૦ ક્રિ૦ ખૂબ દોડાવવુ, તગેડવુ (૨) ફેરા ખવડાવવા, અથડાવવુ (૩) ખૂબ મહેનત આપવી
**ખદડામણ** સ્ત્રી૦ ખદડવુ કે ખદડાવુ તે
**ખદડુક ખદડુક** અ૦ [રવ૦] એવો અવાજ કરીને (ખૂબ દોડવાનો અવાજ, પ્રાય ઘોડાનો)
**ખદડું** વિ૦ [हिं खदरा=ક્ષુદ્ર, હલકુ, નકામું? કે खद्ध=મોટું, ખૂબ પરથી?] ઘટ પોતવું જાડુ (કપડુ) [રહેવો (કા.)
**ખદડો** પું૦ [हिं खदरा (स क्षुद्र)?] હીજડો;
**ખદબદ** અ૦ (રવ૦) ખદબદ કરતુ સડતુ હોય – કીડાઓથી તળેઉપર થતું હોય એમ ૦**વું** અ૦ક્રિ૦ ખદબદ થવુ [**પૈસા ખદબદવા**= ખૂબ પૈસા હોવા ને તેનો સળવળાટ મનમા લાગવો]
**ખદબદિયાં** ન૦ બ૦વ૦ (સુખી સ્થિતિ, મોજ મજા એ અર્થમા વપરાય છે)
**ખદવું** અ૦ ક્રિ૦ ચાલવુ; આગળ વધવુ (૨) આમતેમ નકામા દોડવું [કાથો
**ખદિર** પું૦ [स] ખેરનુ ઝાડ ૦**સાર** પું૦ ખેરસાર,
**ખદિરિ(–રી)કા** સ્ત્રી૦ ભિસામણીનો વેલો (૨) લાખ [પહેલી પત્ની
**ખદીજા** સ્ત્રી૦ [अ] (સં.) મહંમદ પેગમ્બરની
**ખદુક(–શ) ખદુક(–શ)** અ૦ (રવ૦) ખદડુક ખદડુક; ટૂંક ડગલે ઘોડુ ગવેડુ ચાલે તેમ
**ખદેડવું** સ૦ક્રિ૦ [સર૦ હિં. खदेरना] જુઓ ખદડવુ
**ખદ્દડ** વિ૦ જુઓ ખદડું
**ખદ્યોત** પું૦ [स] આકાશમા તેજ કરે તે– આગિયો, તારો, સૂરજ વગેરે

**ખધરાવું** અ૦ક્રિ૦ [ખાવું, ખાધુ ઉપરથી?] સપાટી પરથી ખવાવુ – ખરબચડુ થવુ
**ખધ્યા** સ્ત્રી૦ [दे खद्ध=ભૂખ્યુ]+ક્ષુધા, ભૂખ (૨) (ચ) વારંવાર ખાવાની વૃત્તિ [–ઊપડવી= ખા ખા કરવાનુ મન થવુ કે ખા ખા કરવુ.]
**ખનક** પું૦ [स] ઘર કાઢનારો (૨) ખાણ ખોદનારો
**ખનખન** સ્ત્રી૦ છ દ, વ્યસન (૨) ખંત (૩) તપાસ; ખણખોદ (૪) શ કા, હાજત (ઝાડાપેશાબની); ખણસ
**ખનન** ન૦ [स] ખોદવુ તે
**ખનિ(–ની)** સ્ત્રી૦ [स] ખાણ. ૦**જ** વિ૦ ખાણમાથી નીકળેલુ, જમીનમાથી ખોદી કાઢેલું (૨) ન૦ તેવી ધાતુ (સોનુ, લોઢુ વગેરે)
**ખનિત્ર** ન૦ [स] ખોદવાનું ઓજાર; કોદાળી
**ખની** સ્ત્રી૦, ૦**જ** વિ૦ (૨) ન૦ [સ.] જુઓ 'ખનિ'મા
**ખન્નું** ન૦ અથાણુ (ભીલોમા)
**ખપ** પું૦ ['ખપવુ' ઉપરથી] વાવર, વપરાશ (૨) ઉપયોગ અગત્ય, જરૂર (૩) તંગી, ખોટ (૪) માલનો ઉપાડ, ખપત [–**આવવું**=ઉપયોગી થવુ (૨) રણમેદાનમા મરાવુ –**જાગવો**= ઉપયોગ શરૂ થવો માગણી વધવી **ખપમાં આવવું**=ઉપયોગી થવુ. **ખપ પડવો**=જરૂર પડવી, ઉપયોગ જણાવો **ખપ લાગવું**= ઉપયોગી થવુ, કામમા આવવુ] ૦**જોગું** વિ૦ ઉપયોગ પૂરતું, જોઈતુ ૦**ત** સ્ત્રી૦ વેચાણ, ઉપાડ ૦**તું** વિ૦ વપરાય એવું ઉપયોગી (૨) વેચાય એવુ (૩) વ્યવહારમા ચાલે એવુ, લેવાય ખવાય એવું ૦**નું** વિ૦ ઉપયોગી
**ખપરડી** સ્ત્રી૦ [प्रा खप्पर=ટુકડો?] નાનો ખપરડો (૨) ખપેડી. –**ડો** પું૦ વાસની ચીપોની સાદડી – ટટ્ટી [નળિયાથી છાયેલુ
**ખપરેલ(–લુ)** વિ૦ [સર૦ हिं खपड़ा=નળિયુ]
**ખપવું** અ૦ક્રિ૦ [स क्षप्] વેચાવુ, ઉપાડ હોવો (૨) વપરાવુ, ખરચાવુ, ખતમ થવું (૩) લેખવુ, ગણાવુ (૪) વહેવારમા ખપતું હોવુ (૫) જોઈવુ, કામ લાગવું [**ખપી જવું**=વેરાઈ જવુ (૨) યુદ્ધમા કામ આવવુ, મરી જવુ –ખલાસ થઈ જવુ (કોઈ કામ કે પ્રયત્નમા)] [શસ્ત્ર
**ખપ(–પૂ)વો** પું૦ [ખાપવું ઉપરથી?] એક જાતનુ

**ખપાટ** સ્ત્રી૦ [સં. कपाट ઉપરથી?] કામઠું, વાંસની-લાકડાની ચીપ -ટિયું ન૦ ખપાટ, વાંસની ચીપ(૨)વાંસનું-લાકડાનું કાઢિયું (૩) એક વનસ્પતિ

**ખપા(-વ)ડું** અ૦ક્રિ૦ 'ખપવું'નું પ્રેરક

**ખપુમાડું,-વડું** 'ખપૂમવું'નું અનુક્રમે કર્મણિ ને પ્રેરક

**ખપુષ્પ** ન૦ [સં.] જુઓ 'ખ'માં

**ખપૂકલી** સ્ત્રી૦ (કા.) ઝૂંપડી -લું વિ૦ નાજુક, સુકલકડી (૨) ન૦ ઝૂંપડું

**ખપૂવો** પું૦ જુઓ ખપવો

**ખપૂ(-ખૂ)મવું** અ૦ક્રિ૦ [દે. खपुसा = જૂતું પરથી?]ખંતથી પાછળ લાગવું -મડવું એકધ્યાન થવું (૨) સ૦ક્રિ૦ મારવું ઝૂડવું (ના.) [**ખાઈ ખપૂ(-ખૂ)સીને લાગવું** = કોઈ કામ પાછળ ખંતથી લાગવું.]

**ખપેડી** સ્ત્રી૦ ઊગતા છોડ ખાઈ જનારું એક જીવડું (૨) છોડું; પોપડો (૩) ગૂગું

**ખપેડો** પું૦ ખપરડો વાંસની ટટ્ટી (૨)પાલખમાં વપરાતો વાંસનો ત્રાંપો

**ખપોટી(-ડી)** સ્ત્રી૦ [દે. खप्पुर = રૂક્ષ? સર૦ મ. खपु(-पो)डी]એક જાતની રેતી(૨)ભિંગડું, પોપડી(૩)કપોટી -ડું ન૦ પાતળું છોડું ભિંગડું

**ખપ્પર** ન૦[સં. खर्पर, પ્રા. खप्पर]જેમાં આવેલું બધું નાશ પામે એવું પાત્ર (દેવીનું) (૨) જોગી નાળિયેરીનું કે બીજું કોઈ પણ ભિક્ષાપાત્ર [**-ભરવું**=(માતાને) ભોગ ધરાવવો ગજી કરવી. **ખપ્પરમાં આવવું** = ભોગ થઈ પડવું,-નો ભોગ બનવું **ખપ્પરમાં લેવું** = ભોગ લેવો]

**ખફગી** સ્ત્રી૦ [ફા.] ખફાપણું, નાખુશી, ઇતરાજી; રોષ (**-વહોરવી; -વેઠવી**)

**ખફા** વિ૦ [અ.] નાખુશ, ક્રોધાયમાન

**ખબકાવવું** સ૦ક્રિ૦ ચોરવું,ઉચાપત કરવું(કા.)

**ખબખબ** અ૦ [રવ૦] ખદૂકખદૂક **૦વું** અ૦ક્રિ૦ ખબખબ અવાજ થાય એમ દોડવું

**ખબ(-બ્બ)ડ** વિ૦ જાડું, ઘટ્ટ (ઉદા૦ દૂધ)

**ખબડ(-ર)દાર** વિ૦જુઓ ખબરદાર.**-રી** સ્ત્રી૦

**ખબડું** ન૦ [જુઓ ખડબું, સર૦ મ. खरवड] જાડું પડ કે થર-ખપોટું (ચ.)

**ખબર** પું૦બ૦વ૦,સ્ત્રી૦[અ.]સમાચાર,બાતમી (૨) સંદેશો, કહેણ (૩) જાણ જ્ઞાન, ભાન (૪) નજર, સંભાળ [**-આપવી** = જાણ કરવી. **-કરવી** = જાણ કરવી (૨) ખબર કાઢવી **-કાઢવી** = ખબર મેળવવી **-પડવી** = જાણવું, માહિતી મળવી (૨) વીતવું અનુભવમાં આવવું **-રાખવી** = સંભાળ રાખવી **-લેવી** = માહિતી મેળવવી (૨) વેર કાઢવું, વિતાડવું **-લઈ નાખવી** = બગબર બનાવી આપવું, વિતાડવું ]**૦અંતર** પું૦બ૦વ૦,સ્ત્રી૦ માહિતી, સમાચાર (૨) તબિયતના સમાચાર **૦દાર** વિ૦ હોશિયાર, કાબેલ (૨) સાવધ (૩) અ૦ 'સાવધ રહો, યાદ રાખો' એવા અર્થનો ઉદ્ગાર **૦દારી** સ્ત્રી૦ **૦પત્ર** પું૦, ખબરઅંતર કે કાગળપત્ર (૨) ખબર દેતો પત્ર **૦પત્રી** પું૦ (છાપામાં) ખબર મોકલનાર

**ખબાખબ** અ૦[રવ૦] ઘોંઘાટ-ઘાંટાઘાંટ થાય એમ (૨) સ્ત્રી૦ ઘોંઘાટ, ધાંધલ (૩) ઘાંટાઘાંટ, તકરાર બોલાબોલી

**ખબુકાવવું** સ૦ક્રિ૦ 'ખબૂકવું'નું પ્રેરક

**ખબુસાવું** અ૦ક્રિ૦,**-વવું** સ૦ક્રિ૦ 'ખબૂસવું'નું કર્મણિ ને પ્રેરક

**ખબૂકવું** અ૦ક્રિ૦[રવ૦?] દીઠા વિના કૂદી પડવું

**ખબૂકિયું** ન૦ ખબૂકવું તે

**ખબૂતર** ન૦ કબૂતર **૦ખાનું** ન૦ કબૂતરખાનું **-રી** સ્ત્રી૦ કબૂતરી

**ખબૂસવું** સ૦ક્રિ૦ જુઓ ખપૂસવું

**ખબેડવું** સ૦ક્રિ૦ (કા.) ગમે તેમ ખૂંદવું

**ખબ્બડ** વિ૦ જુઓ ખબડ

**ખ(૦ળ)ભળવું** અ૦ ક્રિ૦ [રવ૦] ખળભળ અવાજ થવો (૨) હાલી ઊઠવું, તળેઉપર થવું (૩)[લા.] મનમાં અજંપો થવો, ગભરાવું

**ખ(૦ળ)ભળાટ** પું૦ જુઓ ખળભળાટ

**ખભો** પું૦ [દે. खवय?] ધડ ને હાથ જ્યાં જોડાય છે તે અવયવ [**-ચડાવવો** = ના કહેવી; આનાકાની કરવી **-ઠોકવો,-થાબડવો** = શાબાશી આપવી **-દેવો** = ઊંચકવામાં મદદ કરવી]

**ખમ** સ્ત્રી૦ [ફા.] બાહુ (કુસ્તી વખતે જે ભાગ

થાબડવામા આવે છે તે) (૨) તે ભાગનો સ્નાયુ, 'બાઇસેપ્સ' [-ઠોકવી = કુસ્તી પહેલા હાથના સ્નાયુ થાબડવા]
**ખમખમ** અ૦ [રવ૦] ૦વું અ૦ક્રિ૦ ખમખમ અવાજ થવો (૨) ['ખમવુ'નુ દ્વિત્વ] ખમી લેવુ, સહી કે વેઠીને ચૂપ રહેવું -**માટ** પુ૦ ખમખમવાનો અવાજ, (૩) ધનગાજ..., ...
**ખમચ(-ચા)વું** અ૦ક્રિ૦ ખંચાવું, અટકવુ
**ખમણ** ન૦ છીણીને કરેલો છૂંદો (૨) ખમણ ઢોકળા ૦**કાકડી** સ્ત્રી૦ ખમણી શકાય એવી કાકડી (૨) [સ૦ मू] નાળિયેરનુ ખમણ (હાળિયા અને મરીમીઠુ નાખી કરે છે તે) ૦**ઢોકળાં** ન૦બ૦વ૦ એક ખાવાની વાની, ખમણવાળા ઢોકળા ૦**વું** સ૦ક્રિ૦ છીણવુ
**ખમણા** સ્ત્રી૦ + ક્ષમા
**ખમણી** સ્ત્રી૦ ખમણવાનુ ઓજાર, છીણી
**ખમતખામણુ** ન૦[પ્રા खम = ક્ષમવુ + खामणा = માફી માગવી તે] જાણે અજાણે થયેલા દોષની ક્ષમા માગવી તે (જૈન) [કરનારુ
**ખમતલ** વિ૦ ['ખમવુ' ઉપરથી] ખમનારું, સહન
**ખમતીધર** વિ૦ ['ખમવુ' + 'ધરવુ ઉપરથી] ખમતુ (૨) સધ્ધર, પૈસાદાર
**ખમતું** વિ૦ ['ખમવુ' ઉપરથી] ખમી શકે એવુ (૨) ગજા પ્રમાણેનુ (૩) સધ્ધર, પૈસાદાર
**ખમધ્ય** ન૦ [स] આકાશનુ - માથા ઉપ-નુ મધ્યબિંદુ
**ખમલી** સ્ત્રી૦ વ્યાયામમા બેઠકનો એક પ્રકાર
**ખમવુ** સ૦ક્રિ૦ [स क्षम्, प्रा खम] સહન કરવુ, સાખવુ (૨) ક્ષમા કરવી (જૈન) (૩) [કા] ખમણવુ (૪) અ૦ક્રિ૦ થોભવુ [**ખમી જવું** = થોભી જવુ] ૦**ખમાવવું** સ૦ ક્રિ૦ [प्रा खमाविय, स क्षमित] પરસ્પર દોષો માફ કરવા કરાવવા (જૈન)
**ખમા** સ્ત્રી૦ [स क्षमा, प्रा.] ક્ષમા (૨) સબૂરી (૩) અ૦ જુઓ ખમ્મા [રાગ
**ખમાચ(-ચી,-જ)** પુ૦[म. खमाज, -स] એક
**ખમાર** પુ૦ [अ खम्मार] દારૂ ગાળનારો
**ખમાર** પુ૦ જુઓ ખભાર (ઉ ગુ)
**ખમાવવુ** સ૦ક્રિ૦ ['ખમવુ' ઉપરથી] ખમે એમ કરવુ (૨)[प्रा खमावणा] [જૈન]ક્ષમા માગવી
**ખમાસણું** ન૦['ખમાવવુ' પરથી] ક્ષમા માગવી તે (૨) [જૈન] જૈન સાધુને વંદન કરવાની ક્રિયા (૩) તે વખતે બોલાતા સૂત્રનુ નામ
**ખમીર** ન૦ [अ.] ખટાશ કે આથો ચઢાવનારૂ તત્ત્વ (૨) ખટાશવાળુ ઉભરણ (૩) જોશ, તાકાત -**રી** વિ૦ ખમીરવાળુ
**ખમીરો** પુ૦[अ] એક જાતની સુગંધીદાર તમાકુ
**ખમીસ** [अ कमीस] એક જાતનુ પહેરણ
**ખમ્મા** અ૦ 'ક્ષેમકુશળ રહો - દુ ખ ન થાઓ' એવુ બતાવતો ઉદ્ગાર
**ખયાલ** પુ૦[अ] ખ્યાલ
**ખર** પુ૦ [सं] ગધેડો (૨)[स] રાવણનો ભાઈ (૩) વિ૦ ઢોઠ, મૂર્ખ (૪) [રવ૦] ખોખરુ (૫) [स खर] તીક્ષ્ણ (૬) કઠોર
**ખરક(-ખ)લો** પુ૦ [જુઓ ખડકલો] ઢગલો
**ખરખડિયું** ન૦ જુઓ ખડખડિયુ
**ખરખબર** પુ૦બ૦વ૦, સ્ત્રી૦ સમાચાર
**ખરખર** સ્ત્રી૦ જુઓ ખરખરી(૨)અ૦['ખરવુ' ઉપરથી] એક પછી એક ખરતુ હોય એમ (આસુ), સપાટાબંધ
**ખરખરવું** અ૦ ક્રિ૦ જુઓ ખખરવુ
**ખરખરાજાત** સ્ત્રી૦ પરચૂરણ ખર્ચ (૨) ઘટ; ખાધ, નુકસાન [ખખરો
**ખરખરી** સ્ત્રી૦ જુઓ ખખરી -**રો** પુ૦ જુઓ
**ખરખલો** પુ૦ [જુઓ ખડકલો] ખરકલો
**ખરખોટી** સ્ત્રી૦ એક વનસ્પતિ
**ખરગધ** ન૦ જગલી ઘોડો
**ખરગોશ(-સ)** ન૦ [फा] સસલુ
**ખરચ** ન૦, પુ૦[જુઓ ખર્ચ] વાપર(૨) કિંમત; લાગત(૩)મોટી રકમ વાપરવાનો સારો નરસો અવસર [-**કરવું(-વો)** = વાપરવુ(૨)નાતવરો કરવો -**કાઢવું** = ખરચ જોગુ મેળવવુ (૨) નાતવરા જેવા ખર્ચને પહોચી વળવુ -**ખાતે નાખવું** = ખરચના હિસાબમા ગણી લેવુ -**પાડવું** = ખરચ ખાતે નાખવુ] ૦**ખૂટણ** ન૦ પરચૂરણ - ફાલતુ ખર્ચ (૨) અવસર વખતે કરવાનુ ખર્ચ, વરો ૦**પાણી** ન૦ ખરચીપાણી [-**કરવાં** = પ્રસંગ ઊજવવો,

ખરેટો પું૦ ઓઘરાળો; રેલાનો ડાઘ (૨) (સર૦ म खरोंडा] દાઝી ગયેલા અન્નનો પોપડો
ખરેડી સ્ત્રી૦ [જુઓ ગરેડી] ગરગડી
ખરેરી સ્ત્રી૦ [રવ૦] ખખરી (૨) ગળામાં ખરખર થવું તે
ખરેરો (રે') પું૦ [हि खरहरा, खरेरा] ઘોડા, બળદ વગેરેની માલિસ કરવાનું ઓજાર [–કરવો = ખરેરાથી માલિસ કરવી ]
ખરેંટી (૦) સ્ત્રી૦, –ટું નં૦ જુઓ ખરેટી,–ટું
ખરો પું૦ જોડાની એડી
ખરોખર અ૦ જુઓ ખરેખર [જૂની લિપિ
ખરોષ્ઠી સ્ત્રી૦ [સ. ? हि खरोष्ठी, –ष्ठी] એક
ખર્ચ [अ], ૦ખૂટણ, ૦વું, –ર્ચાઉ(–ળ, –ણુ) જુઓ 'ખરચ'માં
ખર્વ પું૦ [स] હજાર કરોડ (૨) વિ૦ ખોડીલું, અપંગ અધૂરું (૩) વામન, ઠીંગણું
ખર્વટ નં૦ [स] પર્વતની તળેટીનું ગામ (૨) આસપાસના નાના ગામો વચ્ચે આવેલું મોટું–બજારનું ગામ
ખલ પું૦ [स] ઔષધ વગેરે કચરવાનો કે ઘૂંટવાનો ખાડાવાળો વડેલો પથરો ૦બત્તો પું૦ ખલનો બત્તો, ઉપરવટણો (૨) ખલ અને બત્તો
ખલ(–ળ) વિ૦ [सं] શઠ, ધૂર્ત
ખલક સ્ત્રી૦ [अ. खल्क] જગત, દુનિયા (૨) માણસજાત, સંસાર
ખલકો પું૦ [अ खिर्क़] ફકીરનો લેબાસ, કથા
ખલખણું પું૦ ગળાનો એક રોગ
ખલતો પું૦ [फा खलीतह] ખાનાખાનાવાળી થેલી, મોટો વાટવો
ખલબત સ્ત્રી૦ [अ खलवत = એકાંત] ખિલવત, છૂપી મસલત; ખાનગી બેઠક
ખલબત્તો પું૦ જુઓ 'ખલ'માં
ખલ(–લે)લ સ્ત્રી૦,નં૦ [अ.]હરકત,અડચણ(૨) નુકસાન [–નાંખવું, પહોંચાડવું, પાડવું = હરકત કે નુકસાન થાય એમ કરવું –પડવું, પહોંચવું = હરકત કે નુકસાન થવું ]
ખલવાં નં૦ બ૦ વ૦ ભજિયાં
ખલવું સ૦ ક્રિ૦ [સર૦ म खलणें, 'ખલ' પરથી] ખળવું, ખલ કરવું, ખલમાં ઘાલીને ઘૂંટવું–બારીક કરવું (૨) નં૦ [?] ગાડાના પાંજરા ટેકવવા માટે ઘલાતો લાકડાનો ઠોયો, આડું (૩) ક્રિકેટમાં રોપાતો દાંડિયો, સ્ટંપ'
ખલા પું૦ [अ] જ્યાં કોઈ ન હોય એવું સ્થળ
ખલા(–ળા)વું અ૦ ક્રિ૦[स स्खल्, प्रा खल] અટકી રહેવું (૨) 'ખલવું'નું કર્મણિ
ખલાસ વિ૦ [अ] સમાપ્ત, પૂરું
ખલાસ(–સી) પું૦ [अ, સર૦ ફ खुल्लासय] ખારવો –સણ સ્ત્રી૦ ખલાસીની સ્ત્રી
ખલિત વિ૦ +સ્ખલિત, ખરી પડેલું
ખલી સ્ત્રી૦ ખિસકોલી (૨)છોકરાની એક રમત
ખલી(–ળી) સ્ત્રી૦[स खल] ખળું (૨)કઠોળની દાળ કરવાની જગા
ખલીચક નં૦ છોકરાની એક રમત, ખલી
ખલીતો પું૦ [फा] લખોટો, પરબીડિયું
ખલીફ(–ફા) પું૦ [अ] મહમદ પેગંબર પછી ઇસ્લામી ધર્મનો વડો, ધર્મરક્ષક –ફાત, –ફી સ્ત્રી૦ ખલીફપણું (૨) ખલીફની ગાદી અથવા સત્તા
ખલુ અ૦ [स] જરૂર, નક્કી
ખલ્લો પું૦ છોકરાની એક રમત, ખલી
ખલેચી સ્ત્રી૦ [फा खलीतह ઉપરથી] ખાનાવાળી કોથળી, થેલી
ખલેડી(–રી) સ્ત્રી૦ ['ખલી' ઉપરથી]ખિસકોલી
ખલેલ સ્ત્રી૦, નં૦ જુઓ ખલલ [ખજૂરી
ખલેલું (–ણું) નં૦ [કા] ખારેક (૨) ખજૂર (૩)
ખલે(ળે)ળવું અ૦ ક્રિ૦ [प्रा खलिर = સ્ખલન કરનાર પરથી ?] (ના) મૂતરવું
ખલો પું૦ [दे खल्लय] જોડો [કા] (૨) [?] એક બાળરમત
ખલ્ક સ્ત્રી૦ [अ] જુઓ ખલક
ખવડા(–રા)વવું સ૦ ક્રિ૦ 'ખાવું'નું પ્રેરક
ખવળવું અ૦ ક્રિ૦[दे खवल्लिअ = क्रुद्ध પરથી ?] લોચ, બિછાના પર આળોટવું (૨) વલૂરવું (૩) ખળભળવું
ખવાડ(–ર)વું સ૦ ક્રિ૦ ખવડાવવું
ખવાબ પું૦ [જુઓ ખ્વાબ] સ્વપ્ન
ખવાવું અ૦ ક્રિ૦ 'ખાવું'નું કર્મણિ (૨) [સં.

ભાગોમાનો એક(એશિયા, અમેરિકા, આફ્રિકા, યુરોપ અને ઓસ્ટ્રેલિયા) (૭) વિ૦ વિભાગવાળુ (૮) નાનુ ટૂકુ [-પાડવા=વિભાગ કરવા (૨) ઓરડા બનાવવા. એકમાથી જુદા ઘર કરવા — આતરા ભગીને કે બીજી રીતે] ૦કથા સ્ત્રી૦ નાની-ટૂકી વાર્તા. ૦કાવ્ય ન૦ નાનુ કાવ્ય(૨)અનેક છદવાળુ કાવ્ય ૦જાતિ સ્ત્રી૦ પાચ કે પચમાશ માત્રાના ખડવાળા તાલની જાતિ. ૦ધારા સ્ત્રી૦ કાતર ૦પરશુ (સં) શિવ. ૦મંડલ વિ૦ બરાબર વર્તુલ નહિ એવુ (ચદ્ર માટે વપરાય છે.). ૦શિખરિણી પુ૦, સ્રી૦ એક છદ ૦હરિગીત ન૦, પુ૦ એક છંદ

**ખંડણી** સ્રી૦ [સ खड्, प्रा. खड्ड = ઠગવવુ, જુઓ ખંડવુ] તાબેદાર રાજ્ય ઉપરી રાજ્યને જે રકમ દર વર્ષે ભરે તે [-ભરવી= ખડણી આપવી, તાબેદારી સ્વીકારી તે પેટે રકમ આપવી]

**ખંડન** ન૦ [સં] તોડવુ તે (૨) દલીલ કે વાદને તોડી પાડવો-રદિયો આપવો તે. પ્રત્યાખ્યાન. ૦મંડન ન૦ તોડવું અને માડવુ તે (૨) ચર્ચામા વાદને તોડવો અને માડવો તે

**ખંડવું** સ૦ક્રિ૦ [સ खण्ड्; प्रा] તોડવુ, કકડા-વિભાગ કરવા (૨) માગતા પેટે અમુક ઓછુ આપી પતાવવુ (૩) સામટો ભાવ ઠરાવીને સોદામા ખરીદવુ. [ખંડી આપવું=જથાબધ માલ ઓછી કિમતે આપવો (૨) દેવા પેટે અમુક કિમત ઠરાવીને વસ્તુ આપવી ખંડી મૂકવું, ખંડી રાખવું=પહેલેથી જથાબધ માલ સસ્તી કિંમતે લઈ રાખવો ખંડી વાળવું =જથાબધ માલ ઊચક કિંમતે લઈ લેવો]

**ખડંખડા** સ્રી૦ ['ખાડવુ' ઉપરથી] ઉપરાઉપરી ખાડવુ તે (૨) ખંડાખડી

**ખંડાખંડી** સ્રી૦[સર૦ प्रा खडाखडि, 'ખડવુ' પરથી] કચરકચરા, ભીડાભીડ

**ખંડાવવું** અ૦ક્રિ૦ 'ખાડવુ', 'ખંડવુ'નુ પ્રેરક

**ખંડાવું** અ૦ક્રિ૦ 'ખાડવુ' 'ખંડવુ'નુ કર્મણિ (૨) નુકસાનમા આવવુ (૩) પીડાવુ, ભીડમા હેરાન થવુ

**ખંડિત** વિ૦ [સં] ભાગેલુ, ખાડુ -તા સ્રી૦ અષ્ટનાયિકામાની એક (પોતાનો પ્રીતમ સપત્નીને ત્યા રહી આવેલો જોઈને મનમા બળી જાય તે)

**ખંડિયું** વિ૦[જુઓ ખડણી, સર૦प्रा खड्डिअ=પરાજિત]ખડણી ભરનારુ; તાબેદાર(૨)ખડિત

**ખડિયેર** ન૦ [સં खण्डित प्रा खडिअ પરથી] ભાગીતૂટી ઇમારત, પડી ગયેલા ઘરનુ ખોખુ

**ખંડુ** વિ૦ + ખડિત

**ખંડૂરિયું** વિ૦ [સ कण्डु ઉપરથી] ખાતા વરળે એવુ -જંગલી (સૂરણ)

**ખંડેર** ન૦ જુઓ ખંડિયેર

**ખત** સ્રી૦ [સં क्षान्ति, प्रा खंति પરથી ?] ચીવટપૂર્વક લાગ્યા-મડ્યા રહેવાનો ગુણ (૨) ચીવટ, કાળજી. -તી, -તીલું વિ૦ ખંતવાળુ

**ખંધ** પુ૦ [સં स्कंध, प्रा खंध] + ખભો ખાવ

**ખંધાઈ** સ્રી૦[જુઓ 'ખધુ'] લુચ્ચાઈ, ધૂર્તતા

**ખંધાડિયો** પુ૦['ખધ'પરથી ?]ઘરજમાઈ (સુ)

**ખધું** વિ૦ [સર૦ म खंदा, फा खंद. ?] લુચ્ચું, ધૂર્ત [ખભો, ખાવ

**ખંધોલુ** ન૦, -લો પુ૦[સ. स्कंध,જુઓ ખધ]

**ખપાલી(-ળી)** સ્રી૦['ખાપાવાળી' કે 'ખાપવુ' ઉપરથી?] ખેતીનુ એક ઓજાર, પજેટી

**ખંભ(-ભો)** પુ૦ [સ स्तंभ, प्रा खंभ] થાભલો, સ્તભ

**ખભાતી** વિ૦ (મૂળ ખભાતમા બનતુ) એક મજબૂત જાતનુ (તાળુ) [-ને ઘેર ખંભાતી તાળુ વસાવું=નખ્ખોદ જવુ]

**ખભાવતી** સ્રી૦ માલકોશની એક રાગિણી

**ખા** અ૦ ['ખાવુ' ઉપરથી] વારતા છતા ન માને ને નિષ્ફળતા મળે ત્યારે કટાક્ષનો બોલ 'લેતો જા' [-લાડવો'=લેતો જા' ખાતો જા' શો ફાયદો કાઢ્યો ?] (૨) સ્રી૦ ખેતરમા જનાવરો પાક ખાઈ જાય તે

**ખાઈ** સ્રી૦ [સ खाति, प्रा खाइ, ०ओ] ખાણ ઊંડો ખાડો (૨) કોટને ફરતી ખાડી (૩) ગામનુ પાણી જવા ખોદેલો કાસ (૪) ['ખાવુ' ઉપરથી, प्रा खाइअ, स खादित]

ખાવાની ચીજ આડવિકાનું સાધન ૦બંધી
સ્ત્રી૦ લક્ષણાયે ખાઈઓ ખોદવી તે
ખાઈખપૂસીને અ૦ ['ખાવુ'+'ખપૂસવુ']
ખત અને એકાગ્રતાથી
ખાઈપીને અ૦ [ખાવુ+પીવુ] ખાઈખપૂસીને
ખાઈબદેલુ વિ૦ [ખાવુ+બદવુ] પહોચેલ,
પાકુ, યુક્તિપ્રયુક્તિ વગેરે પામી ગયેલુ
ખાઉ વિ૦ ['ખાવુ' ઉપરથી] ખાનારું, સહન
કરનારુ, એવા અર્થમા નામને છેડે વપરાય છે
ઉદા૦ 'ભાઉખાઉ', 'મારખાઉ' (૨) ન૦
[સર૦ म खाऊ] ખાવાનુ, ખાવુ ૦કેક(-ણુ)
વિ૦ ખાઉધરુ ૦કી સ્ત્રી૦ લાચ (૨) ઓગાળી -
[-કરવી=ખાવાની ચીજ ચોરવી (૨) લાચ
લેવી] ૦ધર(-રુ) વિ૦ ['ખાવુ'+'ધરાવુ']
ખાખા કરનારુ, ખાતા ધરાય નહિ એવુ (૨)
લાલચુ ૦વરાવેડા પુ૦બ૦વ૦ ખાઉવરાપણું
કરવુ તે ૦પાચ વિ૦ લોભી (૨) લાલચુ
ખાએશ સ્ત્રી૦ [फा खाहिश] ઇચ્છા,અભિલાષા
ખાક(-ખ) સ્ત્રી૦ [फा] રાખ ધૂળ(૨) મારેલી
ધાતુ (૩) નાશ, પાયમાલી
ખાકટી સ્ત્રી૦,-ટુ ન૦ [મર૦ म खाकट,-टा
= કોઈ કુમળું ફળ- મરવો] કેરીનો મરવો,
ખાખઠી
ખાકસાર વિ૦ [फा] પગની રજ જેવુ તાબેદાર,
નમ્ર (૨) પામર, અધમ (૩) પુ૦ (સ) એક
રાજદ્રોહી મુસલમાની સઘનો સભ્ય -રી સ્ત્રી૦
ખાકાન પુ૦[तुर्की]સુલતાન,પાદશાહ -ની વિ૦
બાદશાહી, શાહી
ખાકી(-ખી) વિ૦ [फा] ખાખવાળુ, રાખોડી
ચોળનાર(૨)રાખોડિયા રગનુ (૩)ઘેરા પીળા
રગનુ (૪) [લા] ઐહિક
ખાખ સ્ત્રી૦ જુઓ ખાક
ખાખટી સ્ત્રી૦ એક પક્ષી [મરવો
ખાખઠી સ્ત્રી૦ જુઓ ખાકટી -ઠું ન૦ ખાકટુ,
ખાખણુ ન૦ એક વનસ્પતિ
ખાખર પુ૦ [दे खक्खर]એક ઝાડ,જેના પાનના
પતરાળા થાય છે (૨) (ગોના તરીકે ઢોર ખાય
તે) તુવેરની સૂકી પાદડી -રી સ્ત્રી૦ નાનો
ખાખરો(૨)ગોટલા(૩)તમાકુના સુકાઈ ગયેલા
પાતરા સૂકા -રો પુ૦ જુઓ ખાખર (૨)
[दे. खक्खरग] શેકીને કડક કરેલી રોટલી
ખાખરોટવું સ૦ક્રિ૦[રવ૦ ? કે ખાખર ને જરા
તરા ચોપડે તે પરથી ?] (કા) ખખરોટવુ,
જરાતરા ચોપડવુ
ખાખસૂસ અ૦ [જુઓ ખમૂસ] ખચીત
ખાખાચીખી વિ૦ છિન્નભિન્ન (૨) દુખી, હેરાન
(૩) સ્ત્રી૦ પાયમાલી, ધૂળધાણી
ખાખી વિ૦ જુઓ ખાકી(૨) ખાલી,નિર્ધન(૩)
ન૦ ખાખી રગનુ લૂગડું ૦બગાલી(-ળી)
વિ૦ ખાલી ખિસ્સે ફક્કડ થઈને ફરનારું ૦બાવો
પુ૦ રાખ ચોળનારો બાવો [(માણસ)
ખાચર વિ૦ (૨) પુ૦ કાઠી લોકોની એક જાતનુ
ખાજ ન૦ [स. खाद्य, प्रा खज्ज] ખાદ્ય (૨)
ખાજુ (૩)સ્ત્રી૦[सं खर्जु, प्रा खज्जू ઉપરથી]
ખૂજળી, ખજવાળ
ખાજલી સ્ત્રી૦ [જુઓ ખાજ] નાનુ ખાજુ,
એક ખાવાની વાની -લુ ન૦ ખાજુ (૨)
ચકરડું, ફૂદડુ
ખાજવુ અ૦ ક્રિ૦ [જુઓ ખાજ] ખજવાળ
ઉત્પન્ન કરવી -વણી સ્ત્રી૦ ખજવાળ
ખાજાસરા પુ૦[फा खाजहसरा]હીજડો,વ્યંઢળ
ખાજુ ન૦ [જુઓ ખાજ] એક ખાવાની વાની
ખાટ સ્ત્રી૦ [स खट्वा,प्रा खट्टा] હીંડોળાખાટ
(૨)[જુઓ ખાટવુ] ખાટવુ તે, લાભ
ખાટકી પુ૦ [स खट्टिक] કસાઈ ૦ખાનું ન૦
કતલખાનુ ૦વાડો પુ૦ કસાઈવાડો
ખાટખટુંબો પુ૦ એક વેલો -બડું વિ૦
ખટમધુરુ (૨) ન૦ ખાટખટુંબાનુ ફળ
ખાટખટમડું વિ૦ જુઓ ખાટખટુંબડુ -ડો
પુ૦ ખાટખટુંબો
ખાટલાવશ વિ૦ જુઓ 'ખાટલો'મા
ખાટલી સ્ત્રી૦ [જુઓ ખાટ] નાનો ખાટલો,
માચી (૨) [स खट्टि] ઠાઠડી
ખાટલો પુ૦ સૂવાનો ખાટ, માચો, ચારપાઈ
(૨) [લા] મરવાડ (૩) પ્રસૂતિ [ખાટલે
પડવું=માદા પડવુ ખાટલેથી પાટલે ને
પાટલેથી ખાટલે=ખાવુ અને ઊંઘવા સિવાય
ચીજ કે મહેનત ન લેવી પડે તેવી સ્થિતિ

ખાણું ન૦ [સર૦ हिं. खाना] જમણ, ભોજન (૨) મિજબાની (૩) (ખાવા પીવામા પળાતો) મરણનો શોક [–આપવું=નોતરીને જમાડવુ, માનમાં ભોજન આપવુ. –ખરાબ થવું= આજીવિકા તૂટવી (૨) વચમા વિઘ્ન પડવુ –પાળવું = મરણ પાછળ ખાવાપીવાની બાબતમા શોક પાળવો.]

ખાન વિ૦ [सं] ખોદેલુ ૦મુરત, ૦મુહૂર્ત ન૦ આધકામનો પાયો નાખવાનો મગળ સમય કે તેનો વિધિ [વર્ણન

ખાન સ્ત્રી૦ [सं ख्यात ?] + ઉલ્લેખ, લખાણ,

ખાતમો પુ૦[अ. खातिमह] અત,છેડો(૨)મોત

ખાતર ન૦ [हि खत्त] ખેતર સુધારવા સારુ તેમા નખાતા છાણ, કાપ, લીંડી વગેરે પદાર્થો, તેમ બીજો રસાયણી પદાર્થ. ૦ણી સ્ત્રી૦ છાણાની જગ્યા ગાડી (૨) તેમાથી છાણાં પડી જતા ગોકરા કરેલી આડ, પાજરી [–ઉપર કે પાછળ દિવેલ=નુકસાનમા વધુ નુકસાન –નાખવું=જમીનને ખાતર આપવુ –ભરવું =(ખેતરમા) વાહન વાટે ખાતર વહી જવુ ] ૦પૂજો પુ૦ખાતરમા કામ આવે એવો પૂજો, ઘાસ, છાણ, વાગીદું વગેરે કચરો

ખાતર ન૦ [हि खत्त] ચોરે ભીતમા પાડેલુ બાકુ(૨)ચોરી [–પડવું=ચોરી થવી પાડવું= ચોરી કરવા ભીત કોચવી (૨) ચોરી કરવી ] –પડો, –પાડુ પુ૦ ખાતર પાડનાર, ચોર. –રિયુ ન૦ [સર૦ सं खात्र=ખોદવાનુ હથિયાર] વગ કોચવાનુ ચોરનુ હથિયાર –રી પું૦ ચોર

ખાતર સ્ત્રી૦ [फा खातिर] ચાકરી, બરદાશ, મરજાગ (૨) તરફદારી(૩)અ૦માટે ૦જમા, ૦નિશા સ્ત્રી૦ ખાતરી, સાબિતી ૦દાર વિ૦ ચાકરી બરદાશ કરે એવુ (૨) તરફદાર ૦દારી સ્ત્રી૦ બરદાશ, ચાકરી (૨) તરફદારી, પક્ષ. ૦બરદાશ(–સ) સ્ત્રી૦આગતાસ્વાગતા, સરભરા

ખાતરણી સ્ત્રી૦ જુઓ 'ખાતર' ન૦(પહેલા)મા

ખાતરવુ સ૦ ક્રિ૦[ખાતર' ઉપરથી] જમીનમા ખાતર નાખવુ (૨) ગાળ ભાડવી

ખાતરિયુ ન૦ જુઓ 'ખાતર' ન૦ માં

ખાતરિયો પુ૦ [જુઓ અખતર] મેલી વિદ્યામા પ્રવીણ માણસ, ભૂવાનો સાથી

ખાતરી સ્ત્રી૦[अ खातिर] ભરોસો, પતીજ (૨) નિશંકપણુ, ચોકસાઈ (૩) સાબિતી, પ્રમાણ (૪) પુ૦ જુઓ 'ખાતર' ન૦મા [–પડવી= ખાતરી થવી, વિશ્વાસ ઊપજવો ] ૦દાર વિ૦ ખાતરીવાળુ ૦પૂર્વક, ૦બંધ અ૦ ખાતરીથી

ખાતા પીતાં અ૦ કૃ૦ નિર્વાહનુ ખર્ચ કાઢતા

ખાતું ન૦ [फा खत] આસામીવાર અથવા આવકખર્ચની જાતવાર જમે – ઉધારનો હિસાબ (૨) લેણદેણીનુ લખાણ (૩) વિષય, પ્રકરણ (૪) કામકાજની ફાળવણીનુ અગ ઉદા 'કેળવણીખાતુ' 'ઇન્સાફખાતુ' [–ઉઘાડવું,–ખોલવું=કામકાજનો નવો ભાગ શરૂ કરવો (૨) [બેંકમા કે શરાફને ત્યા] નવુ ખાતુ પાડવુ – શરૂ કરવુ (પૈસા વ્યાજે મૂકીને કે લઈને) –ચલાવવું=લેવડદેવડ રાખવી. –ચાલવુ=લેવડદેવડ હોવી (૨) અલગ ભાગ તરીકે કામ ચલવુ –ચૂકતે કરવું, ચૂકવી દેવુ=કરજ પતવવુ, છેવટનો હિસાબ સમજી, લેણું પતવીદેવુ –પડાવવું.–પડાવી લેવુ= લેણા બાબત દેણદારની કબૂલાત લખાવી લેવી –પાડવુ=ચોપડામા કોઈના નામનો હિસાબ નવેસર ઉઘાડવો (૨) લેણાના કરાર પર સહી કરવી –માંડી વાળવું=બાકીની રકમ નુકસાની ખાતે સમજી, લેણદેણનો હિસાબ બધ કરવો –બંધ કરવુ=લેવડદેવડ બવ કરવી (૨) ખાતામા જે નાણા નીકળતા હોય તે ઉપાડી લઈ, લેવડદેવડ બધ કરવી (૩) છેવટનો હિસાબ કાઢી, નવી ખાતાવહીમા લઈ જઈ, ચાલુ હિસાબ બધ કરવો (૨) કામનુ ખાતુ બધ કરવુ. –સરભર કરવું=જમેઉધારના બને આકડા બરાબર કરવા ]–તાબ ધી સ્ત્રી૦ જમીનમહેસૂલની રૈયતવારી પદ્ધતિ –તાબાકી સ્ત્રી૦ ખાતે બાકી નીકળે તે –તાવહી સ્ત્રી૦ ખાતાવાર હિસાબ નોંધવાનો ચોપડો – ચોપડી. –તાંપીતા ન૦બ૦વ૦ હિસાબકિતાબ ૦પત્રું ન૦ લેવડદેવડ (૨) લેણદેણને લગતુ લખાણ

પું૰ ચાપાનેરનો એક પ્રાચીન,મહા કાબેલ અને ધૂર્ત ઝવેરી (૨) [લા] મહા ઠગ (૩) હીરાનો હોશિયાર પારખ
ખાપવું સ૰ ક્રિ૰ ખાપવુ, થોડું થોડું સોરવું
ખાબ પું૰ [फा ख्वाब] ઊંઘ(૨)સ્વપ્ન ૰ગાહ સ્ત્રી૰ સૂવાની જગા
ખાબકવું અ૰ક્રિ૰[રવ૰](કા)[પાણીમા]ઊંચેથી પડવુ (૨) [લા] વચ્ચે બોલી ઊઠવુ
ખાબડ ન૰ (પ)ખાબડુ ૰ખૂબડ વિ૰ [સર૰ हि, म] ખાડાખૈયાવાળુ —ડુ ન૰ નાનુ ખાબોચિયુ
ખાબોચિયુ ન૰ પાણીથી ભરેલો નાનો ખાડો
ખામ પું૰ [सं स्कम]ટેકો,થાભલો(૨)[स स्कंध] ખભે'(૩) વિ૰ [फा] કાચુ, અધૂરુ
ખામચીસ્ત્રી૰[ખમચાવુ ઉપરથી]ખામોશી(કા)
ખામચું વિ૰ [' ખમચાવુ ' ઉપરથી] (કા) કાળજીવાળુ (૨) અ૰ કાળજીથી
ખામણિયુ ન૰ ['ખામણુ' (કૂવાનુ) પરથી] વરત, નાચે ખામણા પર રહેતુ કોસનુ દોરડુ
ખામણુ ન૰ ['ખામુ' ઉપરથી] (પાણિયારા વગેરેમા) વાસણ મૂકવા સારુ કરેલી બેસણી (૨) છાછરો ક્યારો [ઝાડનો] (૩) ખામુ, કદ
ખામણો પું૰ ખાનુ,ખડ (કચ્છી) (૨) ઠીંગણો માણસ (૩) ભડવો
ખામી સ્ત્રી૰ [फा] ખોડખાપણ, કસર, ઊણપ (૨) ખોટ, વટ (૩) ભૂલ, દોષ [—આવવી= (કશામા)ખોડ કે ખોટ જણાવી, ખૂટતુ રહેવુ —રહેવી=ખોટ કે ઊણપ હોવી, પૂરુ થવામા બાકી રહેવુ ]
ખામુખા અ૰ [फा खाहमख़ाह] ઇચ્છાએ કે અનિચ્છાએ, નાછૂટકે, અવશ્ય (૨) ખાસ કરીને (૩) જાણીજોઈને
ખામું ન૰ આકાર, કદ (૨) અનુકૂળ જગા વા દિશા(કા)(૩)ખાબડુ [અર્થનોઉદ્‌ગાર
ખામોશ અ૰ [फा] સબૂર, ચોભો, શાત ! એ
ખામોશ(—શી) સ્ત્રી૰ [फा] સબૂરી, ધીરજ [—પકડવી, —રાખવી=ધીરજ ધરવી]
ખાયકી સ્ત્રી૰ ['ખાવુ' ઉપરથી] પેદાશ, મળતર (૨) કોઈનુ છાનુ ખાવુ—મેળવવુ તે

ખાયો પું૰ [फा] અડ, વૃષણ
ખાર પું૰ [फा] કાટો (૨) વેર દ્વેષ (૩)ઈર્ષા અદેખાઈ [—રાખવો=વેર રાખવુ ખારે જવું=ઈર્ષ્યાળુ થવુ ખારે બળવું=ઈર્ષ્યાથી બળ્યા કરવુ ]
ખાર પું૰ [स क्षार, प्रा खार] ખારાશવાળો પદાર્થ ક્ષાર ૰પાટ પું૰ ન૰ ખારવાળી— જેમા મીઠુ પાકતુ હોય એવી જમીન ૰પાટિયું વિ૰ખારપાટવાળુ ૰ભજણુ ન૰ ઠૂગણ(૨)મો સ્વાદિષ્ટ કરવાને જે લઈ ખાવુ તે
ખારવાં ન૰બ૰વ૰ વરસાદને અભાવે સુકાઈ જતી જારબાજરીના ખેચી લીધેલા સાઠા
ખારવું ન૰ [સર૰हिं खारुआँ,—ग, म खारवा— 'ખાર' પરથી ? फा. खारा=એક જાતનુ કાપડ ?] ખોળિયું (તળાઈ, ગોદડા ઇત્યાદિનુ લાલ રગેલુ આવે છે તે)
ખારવો પું૰[स क्षार+वह] ખલાસી, વહાણ ચલાવનારો (૨) સચાગ (૩) ખારાટવાળો ગોળ —વણ સ્ત્રી૰ ખારવાની સ્ત્રી
ખારસ્તી વિ૰ [સર૰ म] કઠણ દીલનુ, ક્રૂર
ખારાઈ,—ટ,—શ જુઓ 'ખારુ'મા
ખારિયું વિ૰ ['ખાર' ઉપરથી] ખારવાળુ (૨) ખારીલુ (૩) ન૰ મીઠુ ચડાવેલો ચીભડાનો કકડો (૪) [?] ભૂખે મરવુ તે, ભૂખ્યા રહેવુ પડે તે [ખારિયાં થવાં=ભૂખે મરવુ ]
ખારી સ્ત્રી૰ ['ખાર' ઉપરથી] ખારવાળી માટી કે જમીન (૨) ખારાશવાળી એક ભાજી
ખારી સ્ત્રી૰ [स] એક વજન (દોઢ મણ)
ખારીબ(—વ)લા ન૰એક પક્ષી [રાખનારુ
ખારીલું વિ૰ ['ખાર' ઉપરથી] દ્વેષીલુ, વેરઝેર
ખારીવલા ન૰ જુઓ ખારીબલા
ખારું વિ૰ ['ખાર' ઉપરથી] મીઠા જેવા સ્વાદનું (૨) મીઠામા આથેલુ, મીઠુ ચડાવેલુ (ઉદા૰ ખારી સૂંઠ) (૩) ખારવાળુ ખારીલુ (ઉદા૰ ખારો સ્વભાવ) [ખારી દાઢ થવી=ખાવાની ઇચ્છા કરવી (૨) લાચ લેવી (૩) નફો મેળવવો ખારી પૂરી સ્ત્રી૰ મીઠા મસાલાવાળી પૂરી— એક વાની ખારી માટી થવી=બગડવુ, પાયમાલ થવુ, નાશ પામવુ ખારી માટી=

ખાર જેમા હોય એવી માટી ] ૦અગ્ગર, ૦ઊસ, ૦દવ વિ૦ એકદમ ખારુ -રાઈ સ્ત્રી૦ ખારાપણુ -રાટ પુ૦ સહેજસાજ ખારાઈ. -રાશ સ્ત્રી૦ ખારાટ (૨)[લા] અણબનાવ

**ખારૂઈ** સ્ત્રી૦ [स क्षीरोदक?] વિધવાને પહેરવાનું એક જાતનુ વસ્ત્ર

**ખારેક** સ્ત્રી૦ [दे खारिक्क] સૂકવેલું ખજૂર ૦કોપરાં=ન૦ બ૦ વ૦ હોળીના તહેવારે કન્યાના સાસરેથી કન્યા માટે મોકલાતી ભેટ -કી વિ૦ ખારેક જેવુ કે જેવડુ

**ખારો** પુ૦ [स. क्षार] એક ક્ષાર, સચોરો, પાપડખાર [ઇ૦ માટે)

**ખારોડ** વિ૦ ['ખાર' ઉપરથી] ક્ષારવાળુ (જમીન

**ખારો પાટ** પુ૦ [ખાર (મીઠું) પકવવાનો + પાટ (પટ)] એક રમત, અગરપાટો (૨) ખારપાટ

**ખારોલો** ન૦ (ક) મોળુ લોઢુ

**ખાલ,** ૦ડી સ્ત્રી૦ [દે. खल्ला] ચામડી (૨) છાલ ૦પી સ્ત્રી૦ [ખાલ + સ પૂ=સાફ કરવુ] ચામડિયણ ૦પો પું૦ ચામડિયો

**ખાલવવુ** સ૦ક્રિ૦ ['ખાલી' ઉપરથી] ખાલી કરવું

**ખાલસા** વિ૦ [फा खालिसह] પોતાની કુલ માલિકીનુ, આગવુ (૨) સરકારના વહીવટનું, સરકારી (૩)[સં ] ગુરુ ગોવિંદસિંહે શીખોમા જે નવુ વિધાન પ્રવર્તાવ્યુ તેને અનુસરનારું. [-કરવું -સરકારે કબજે કરવુ, જપ્ત કરવુ -થવું=જપ્ત થવુ ]

**ખાલિક** પુ૦ [अ] સર્જનહાર

**ખાલિસ** વિ૦ [अ] શુદ્ધ (૨) કૂડકપટ વિનાનુ

**ખાલી** વિ૦ [अ , दे खल्ल, खलइअ] ઠાલુ, કશુ ભર્યા વગરનુ (૨) નિર્ધન, ગરીબ [-કરવું= અંદરની વસ્તુ કાઢી લેવી (૨) મકાનમાથી વસવાટ લઈ લેવો (૩) નિર્ધન કરવુ -જગા, જમીન=અંદર કશુ ન હોય તેવી -વપરાશ વિનાની જગા કે જમીન -થવું=વસવાટ કે વાપર વગરનુ થવુ (૨) પૈસે ટકે તંગીમા આવી જવુ -પડવું=વાસ કે વપરાશ વગરનુ થવુ (૨) પુરાયા-ભરાયા વગરનુ રહેવુ (૩) શરીરે નબળું થઈ જવુ -હાથે=કશુ લીધા-કમાયા વિના (જેવા આવ્યા હતા તેવા)] (૩) સ્ત્રી૦ લોહીનુ ફરવુ બંધ પડી જવાથી અંગ ઝણઝણે તે, ઝણઝણી. [-ચડવી= અંગ અકડાતા ઝણઝણાટી થવી.] (૪) સંગીતના તાલમા તાળી ન આપતા હાથ છૂટા પાડવા તે કે તેવુ સ્થાન (૫) અ૦ અમથુ, વ્યર્થ (૬) માત્ર, ફક્ત ૦ખમ, ૦ખંખ વિ૦ તદ્દન ખાલી, ઠાલુઠમ ૦પીલી અ૦ વગર કારણે, અમથુ

**ખાલું** ન૦ ['ખાલ' ઉપરથી] જોડાનુ ઉપલુ ચામડુ (૨)['ખાલી' ઉપરથી] વાણાની કોકડી ભરવાનો નેતર કે બરુનો પોલો કકડો (૩) ખળાના અનાજ ઉપર ઢાકવાનુ ઘાસ [ખાલાં વાળવાં=તેમ ઘાસથી ઢાકવુ ] (૪) પડતર રાખેલુ ખેતર (૫) [प्रा खल्ल] ક્યારો (ઉદા૦ તમાકુનું ખાલુ)

**ખાવટી** સ્ત્રી૦ ['ખાવુ' પરથી] શાહુકાર કે ધણિયામાને ત્યાથી ઉછીનુ લેવાતુ અનાજ (૨) જિવાઈ

**ખાવડી** સ્ત્રી૦ છોકરાની રમત, નિસરણી

**ખાવરું** વિ૦ ['ખાવુ' ઉપરથી] ખાઉધરુ

**ખાવ(-વિં)દ** પુ૦ [फा] માલિક, શેઠ (૨) પતિ (૩) ઈશ્વર

**ખાવું** સ૦ક્રિ૦ [स खाद्, प्रा खा] અન્ન લેવુ, જમવુ (૨) વેઠવુ, ખમવુ (ઉદા૦ માર ખાવો), (૩) વાપરવું, ભોગવવુ (ઉદા૦ હવા ખાવી) (૪) લેવુ, ખર્ચ કરાવવુ, ખર્ચ તરીકે કઢાવવુ (ઉદા૦ 'આ મકાને સો રૂપિયા ખાધા', 'આ કામે બહુ દહાડા ખાધા' (૫) વગર હક્કે લેવુ, ચોરીછૂપીથી લેવુ (ઉદા૦ ઘણા પૈસા ખાઈ ગયો) (૬) 'દમ, છીંક, બગાસુ, ઉદરસ' ઇ૦ સાથે વપરાય છે- શરીરથી તે ક્રિયા કરવી કે થવી, એ અર્થમા (૭) ન૦ પકવાન (૮) ખાવાની ચીજ, ભાથુ- (ઉદા૦ ખાવુ બંધાવવુ) (જુઓ ખાઉ). [ખાઈ જવું=પેટમા ઉતારી દેવુ (૨) ઉચાપત કરી જવુ. ખાઈ જોવું=ખાઈને સ્વાદ તપાસી લેવો ખાઈને ખોદવું=નિમક- હરામ થવુ ખાઈપી ઊતરવું=સંસારના સુખોપભોગ કરીને પરવારવુ ખાઈપીને મંડવું, ખાઈપીને પાછળ પડવું, ખાઈ ખપૂસીને મંડવું=ખંતપૂર્વક મંડવુ, કેડો

માસ [ખાંજરે નાખવું = ખૂણે નાખી મૂકવું, દરકાર ન રાખવી ખાંજરે પડવું = ખૂણામા પડવું, જ્યા કોઈનું તેના ઉપર લક્ષ ન રહે, ઢીલ કે બેપરવાઈમા જવું.]

ખાંટ (૦) સ્ત્રી૦ એક જાતિ (૨) વિ૦ પક્કું, ધૂર્ત

ખાટું (૦) વિ૦ ખાટ, પક્કું, પહોંચેલ

ખાડ (૦) સ્ત્રી૦ [सं खण्ड, प्रा खण्डा] એક ગળ્યો પદાર્થ [–ખાવી = વધારે પડતું સારુ કે ગળી થવા જેવુ માની લેવું ખાંડનું નાળિયેર ન૦ જેમાથી કોઈ ભાગ કાઢી ન નાખવો પડે તેવી વસ્તુ કેવળ –પાથરવી, –પીરસવી, –ભભરાવવી, –ભરવી, –વાપરવી = મીઠું મીઠું બોલી ખુશામત કરવી] ૦ખાજું ન૦ ખાડ પાયેલું ખાજું

ખાડફૂટ (૦) સ્ત્રી૦ ખાડવું ફૂટવું તે, ખાડવા કરવાનું પરચૂરણ કામ (૨) [લા] મૂઝવણ, અકળામણ, અજંપો

ખાડણિયું (૦) ન૦ [ખાડવું ઉપરથી] સાબેલું –યો પુ૦ અનાજ કે બીજી ચીજ ખાડવા માટે બનાવેલું લાકડા કે પથ્થરનું સાધન–પાત્ર [ખાડણિયામાં ઘાલીને ખાંડવું = પોતાના પંજામા લઈ જુલમ ગુજારવો ખાડણિયામાં માથું મૂકીને સૂવું = જોખમ વચ્ચે રહેવું]

ખાંડણી (૦) સ્ત્રી૦ ['ખાડવું' પરથી] ખાડવાનું પાત્ર, નાનો ખાડણિયો ૦પરાઈ સ્ત્રી૦ ખાડણી ને પરાઈ –ણું ન૦ ખાડવું તે (૨) ખાડવાની વસ્તુ, ખાડવાનું કામ (૩) ખાડવાનું સાધન, સાબેલું

ખાડવ ન૦ [सं] (સ) કુરુક્ષેત્ર પાસેનું એક વન, જેને અર્જુને બાળી મૂક્યું હતું

ખાંડવું (૦) સ૦ક્રિ૦ [सं कड्] ફોતરા જુદા કરવા કૂટવું (ડાગર વગેરેને) (૨) [सं खड्] કચરવું, કૂટવું (૩) કકડેકકડા–ચૂરેચૂરા કરવા, નાશ કરવો

ખાંડાજંગી ખાડાધર જુઓ 'ખાડુ'મા

ખાંડિયું (૦) વિ૦ [ખાડું પરથી] ખંડિત થયેલું, ખોડખાપણવાળું, ભાગલા શીંગડાનું (૨) ન૦ ભાગલા શીંગડાવાળું ઢોર (૩) ભેંસ, પાડું [એકવચનમા વપરાય છે]

ખાંડી (૦) સ્ત્રી૦ [दे खडिआ] ૨૦ કાચા મણનું તોલ–માપ ૦બંધ વિ૦ ખાડીને હિસાબે મપાય એવું, પુષ્કળ (૨) અ૦ ખાડીને હિસાબે (૩) જથાબંધ [ભાગેલું

ખાંડું (૦) વિ૦ [सं खण्डित] ખંડિત, ખાણ પડેલું,

ખાંડું (૦) ન૦ [सं खड्ग, अप० खड्ड] સામાન્ય કે બેધારી તલવાર (૨) [લા] વરને બદલે એનું ખાડું લઈને ગયેલી જાન [–મોકલવું = વરને બદલે ખાડું લઈને જાન મોકલવી] –ડાજંગી સ્ત્રી૦ [ખાડું + જંગ] તલવારનું યુદ્ધ–ઝપાઝપી –ડાધર વિ૦ [ખાડું + ધર ('ધારવું')] ખાડું ઝાલનાર અર્થાત્ વાપરી જાણનાર

ખાંડેરું (૦) ન૦ [જુઓ સાઢ] ઊંટ

ખાત (૦, ત,) સ્ત્રી૦ [જુઓ ખત] (૨) હોંશ, ઉમગ (૩) લાલસા, તૃષ્ણા –તીલું વિ૦ ખાતવાળું

ખાંધ (૦) સ્ત્રી૦ [सं स्कन्ध, प्रा खंध] ખભો (૨) પશુની ગરદન (૩) ભાર વહેતા પશુની ગરદન પર પડતુ આટણ [–આવવી = પશુની ગરદન આગળની ચામડી છોલાઈને પાકી જવી –આપવી = કંઈ ઊંચકવામા ખભો ધરી મદદ કરવી –પડવી = ભાર વહેવાથી ગરદન પર આટણ પડવું –મારવી = જુઓ ખભો આપવો] –ધિયો પુ૦ ખાંધે ચડાવી લઈ જનારો, મુડદું ઊંચકનારો (૨) મદદ કરનારો, સાથી (૩) ખુશામતિયો –ધી વિ૦ ખાંધવાળું (૨) પુ૦ બળદ

ખાંધું (૦) ન૦ [ખાધ ઉપરથી] કાંધું હપતો

ખાંધો (૦) પુ૦ જુઓ ટાદવ

ખાંપ (૦) વિ૦ લાબું છટ થઈને પડેલું–સૂતેલું (૨) સ્ત્રી૦ લાબાછટ થઈને પડવું–સૂવું તે, પ્રણામ

ખાપ, ૦ણ (૦) સ્ત્રી૦ ખામી, ખોડ, એબ (૨) નુકસાન (૩) [दे खपगय = વસ્ત્ર, કપડું] મુડદા ઉપર ઓઢાડવાનું કપડું, કફન (૪) દવાના ઉપયોગ માટે રોટલાવાળા અમુક બિયામાથી કાઢેલું તેલ

ખાપવું (૦) સ૦ક્રિ૦ [ખાપો પરથી] મોરવું, ખાપા કાઢી નાખવા (૨) થોડું થોડું ખોદવું, પાવડાથી (ઢગલામાથી લઈ) આમતેમ ફેરવવું

ખાપો (૦) પુ૦ [ખૂપવું પરથી] કાપ્યા પછી રહેલું

ચોકડી [–કાઢવો = મોરી સાફ કરવી ખાળે જવું, ખાળે બેસવું = પેશાબ કે ટટ્ટીએ જવું. ખાળે ડાટા ને દરવાજા કે બારણાં ઉઘાડાં=ખોટી કરકસર,જ્યા ન કરવી જોઈએ ત્યા કરવી અને કરવી જોઈએ ત્યા ન કરવી ] ૦કૂવો પુ૦ ખાળનુ પાણી જેમા છોડાતું હોય તેવો ઊંડો ખાડો–કૂવો (૨) જાજરૂ માટે કરેલો કૂવો ૦કૂડી સ્ત્રી૦ ખાળના મેલા પાણીની કૂડી

**ખાળવું** સ૦ક્રિ૦[स स्खल्, प्रा.खल ઉપરથી?] અટકાવવુ, રોકવુ (ખળવુ નુ પ્રેરક)

**ખાળાચાળા** પું૦(કા) ખટપટ, દાવપેચ, પ્રપચ

**ખાળું** ન૦ જમાની; બાહેધરી (કા)

**ખાળો** પુ૦['ખાળવું' ઉપરથી] અટકાવ, રોકાણ (૨) વાર, વિલબ (૩) બદર (૪) મુકામ; વિસામો [સ્વર

**ખાહૂલ** પું૦ કફદોષથી ઊપજતો કોમળ, મધુર

**ખાં** પુ૦ [જુઓ ખાન] મુસલમાન ગૃહસ્થ વા અમીરને બોલાવવાનો માનવાચક શબ્દ (૨) ઉસ્તાદ, ખૂબ જાણનાર

**ખાંખડિયુ** (૦) વિ૦[સ્વ૦]ઉધરસવાળુ દાસાથી પીડાતુ (૨) ન૦ ઉધરસ, દાસો

**ખાંખણ ૦તેલ** (૦) ન૦ શરીરે ચોળવાની એક ઔષધિ, વરખડીનું તેલ

**ખાંખણી**(૦)સ્ત્રી૦ક્રોધવચન,ક્રોધભરી વાણી(૨) ક્રોધ(૩)[ગ્વ૦][સુ ]ખખડે એવી સૂકી બદામ

**ખાખત(–દ)**(૦)સ્ત્રી૦ [જુઓ ખણખોદ]ઊંડુ, ઝીણુ કુતૂહલ(૨) ચીવટભરી ખત(૩) અણગમો. સૂગ –તી વિ૦ ખાખતવાળુ

**ખાંખનેલ**(૦)ન૦ જુઓ ખાંખણ તેલ

**ખાંખરોટવું** (૦) સ૦ક્રિ૦ [જુઓ ખાખરોટવુ] તેલ થોડુ થોડુ ચોપડવુ

**ખાંખાં** (૦) ન૦ બ૦ વ૦ (કા) ફાંફાં

**ખાંખાંખોળા** (૦) પુ૦બ૦વ૦ [ખાખા + ખોળા (ખોળવુ)]ખૂણેખાચરે ખૂબ ખોળાખોળ કરવી તે –ળુ વિ૦ ખાખાખોળા કરે એવુ

**ખાંગ** (૦) પુ૦ ખાગડો, ફૂકો (૨) અતિ ગરમીથી પીગળી ગયેલો ઈંટ કે નળિયાનો કકડો, ફોટો ૦ડ, ૦ડકો પુ૦ ઈંટ નળિયાનો ભાંગેલો કકડો (૨) જુઓ ખાગ

**ખાંગડિયું**(૦)ન૦ ['ખાગડો' ઉપરથી] ખાગડામા રહેતો જીવડો

**ખાંગડી** (૦) સ્ત્રી૦ નાનો ખાગડો

**ખાંગડો** (૦) પુ૦ સીપ, શખલો, કોડી ઇત્યાદિ જીવડાનું ઘર (૨) ફૂકો (રમવાનો)

**ખાંગુ** (૦) પુ૦ જાણભેદુ, જાસૂસ (૨) ખાડો

**ખાંગું** (૦) વિ૦ કોરવકુ [રમતમા પાસો કે કોડી] (૨) ન૦ (ટેબલનુ) ખાનુ

**ખાંચ**(૦)સ્ત્રી૦ખાચો,નાનો ખાડો–કાપ(૨)સાકડ, ગૂચવણ(૩)ખોટ, તોટો(૪)આચકો(૫)જમે ઉધારનો તાળો નહિ મળવો તે વધઘટ ૦કો પુ૦ ખાચો(૨)આચકો ૦ખૂંચ સ્ત્રી૦ નાની-મોટી ખોડખાપણ (૨) ઝીણવટ ૦ડ સ્ત્રી૦ ટેકરીની પડખેનો સાકડો માર્ગ(૨)ખીણ ૦રો પુ૦ નાનો ખૂણો, ખાચો –ચાખૂચી સ્ત્રી૦ નાનો ખાડોખૈયો ખૂણો - ખાચરો(૨)ગલીકૂચી. –ચાળું વિ૦ ખાચાવાળુ –ચો પુ૦ એકસરખી ધાર, સપાટી અથવા લીટીમા પડતો કાપ, ખાડો કે વાક(૨)સાકડો રસ્તો, ગલી(૩)ખૂણો (૪)[લા ]વાંધો, હરકત,અટકાવ [–આવવો= વાંધો–હરકત આવવા (સૂતક વગેરેથી). –કરવો=સપાટીમા ખાચો કે વાક થાય તેમ કરવુ –કાઢવો=વાધો કાઢવો કે ઊભો કરવો (૨)ખૂણો કે વાક કરવો(શેરી – રસ્તા વગેરેમા) –પડવો=વાધો પડવો(૨)રસ્તો એકદમ વાકમા આવવો (૩) સૂતક વગેરેથી વિઘ્ન આવવુ –પાડવો = વાધો પાડવો (૨) ખાચો કરવો –રાખવો = ખાચો રહે તેમ કરવુ(૨)વાધો કે વહેમ રાખવો ]

**ખાંચવું**(૦) સ૦ક્રિ૦[प्रा खच?]ખેચી રાખવુ, પાછુ હઠાવવુ (૨) અ૦ક્રિ૦ ખમચાવું, અટકવુ

**ખાંજ** (૦) ન૦ [स खज ઉપરથી] લગડાપણુ

**ખાંજણ**(૦) સ્ત્રી [दे. खजण = કાદવ પરથી? સર૦ म खाजण] જ્યા દરિયાનુ પાણી આવી ભરાઈ રહેતુ હોય એવી જગા, ભાઠાની જમીન (૨) (સુ) ખાડી

**ખાંજરું** (૦) ન૦ ખૂણો. ખૂણે પડતુ – જાહેર નહિ તેવુ સ્થળ (૨) ફૂટણીનુ ઘર, ફૂટણખાનુ (૩) [સુ ]અનાજ સઘરવાની જગા,કોઠાર(૪)[કા ]

માસ [ખાંજરે નાખવું = ખૂણે નાખી મૂકવું; દરકાર ન રાખવી ખાંજરે પડવું = ખૂણામા પડવુ, જ્યા કોઈનુ તેના ઉપર લક્ષ ન રહે, ઢીલ કે બેપરવાઈમા જવું]

**ખાંટ** (૦) સ્ત્રી૦ એક જાતિ (૨) વિ૦ પક્કું, ધૂર્ત

**ખાંટુ** (૦) વિ૦ ખાંટ, પક્કુ, પહોંચેલ

**ખાંડ** (૦) સ્ત્રી૦ [सं खण्ड, प्रा खण्डा] એક ગળ્યો પદાર્થ [**–ખાવી** = વધારેપડતુ સારુ કે ગજી થવા જેવુ માની લેવુ **ખાંડનું નાળિયેર** ન૦ જેમાથી કોઈ ભાગ કાઢી ન નાખવો પડે તેવી વસ્તુ કેવળ **–પાથરવી, –પીરસવી, –ભભરાવવી, –ભરવી, –વાપરવી** = મીઠું મીઠુ બોલી ખુશામત કરવી] ૦**ખાજુ** ન૦ ખાંડ પાયેલુ ખાજું

**ખાંડકૂટ** (૦) સ્ત્રી૦ ખાંડવુ કૂટવુ તે, ખાંડવા કરવાનુ પરચૂરણ કામ (૨) [લા] મૂઝવણ, અકળામણ, અજંપો

**ખાંડણિયુ** (૦) ન૦ [ખાંડવુ ઉપરથી] સાંબેલુ **–યો** પુ૦ અનાજ કે બીજી ચીજ ખાંડવા માટે બનાવેલુ લાકડા કે પથ્થરનુ સાધન–પાત્ર [**ખાંડણિયામાં ઘાલીને ખાંડવું** = પોતાના પંજામા લઈ જુલમ ગુજારવો **ખાંડણિયામાં માથુ મૂકીને સૂવું** = જોખમ વચ્ચે રહેવું]

**ખાંડણી** (૦) સ્ત્રી૦ ['ખાંડવુ' પરથી] ખાંડવાનુ પાત્ર નાનો ખાંડણિયો ૦પરાઈ સ્ત્રી૦ ખાંડણી ને પરાઈ **–ણુ** ન૦ ખાંડવુ તે (૨) ખાંડવાની વસ્તુ,ખાંડવાનુ કામ(૩)ખાંડવાનુ સાધન,સાંબેલુ

**ખાંડવ** ન૦ [सं](સં) કુરુક્ષેત્ર પાસેનુ એક વન જેને અર્જુને બાળી મૂક્યુ હતુ

**ખાંડવું** (૦) સ૦ક્રિ૦ [सं कड्] ફોતરા જુદા કરવા કૂટવુ (ડાંગર વગેરેને) (૨) [सं खड्] કચરવુ, કૂટવુ(૩)કકડેકકડા–ચૂરેચૂરા કરવા, નાશ કરવો

**ખાંડાજંગી ખાંડાધર** જુઓ 'ખાંડુ'મા

**ખાંડિયુ** (૦) વિ૦ [ખાંડ પરથી] ખંડિત થયેલુ, ખોડખાંપણવાળુ, ભાંગલા શીંગડાનુ (૨) ન૦ ભાંગલા શીંગડાવાળુ ઢોર (૩) ભેંસ, પાડુ [એકવચનમા વપરાય છે]

**ખાંડી** (૦) સ્ત્રી૦ [दे खंडिआ] ૨૦ કાચા મણનુ તોલ–માપ ૦બંધ વિ૦ ખાંડીને હિસાબે મપાય એવું, પુષ્કળ (૨) અ૦ ખાંડીને હિસાબે (૩) જથાબંધ

**ખાંડુ** (૦) વિ૦ [सं खण्डित] ખંડિત, ખાંપ પડેલુ, [ભાંગેલું

**ખાંડું** (૦) ન૦ [सं खड्ग, अप० खड्ड] સામાન્ય કે બેધારી તલવાર (૨) [લા] વરને બદલે એનુ ખાંડુ લઈને ગયેલી જાન [**–મોકલવું** = વરને બદલે ખાંડુ લઈને જાન મોકલવી] **–ડાજંગી** સ્ત્રી૦ [ખાંડુ + જંગ] તલવારનુ યુદ્ધ–ઝપાઝપી **–ડાધર** વિ૦ [ખાંડું + ધર ('ધારવુ')] ખાંડુ ઝાલનાર અર્થાત્ વાપરી જાણનાર

**ખાંડેરુ** (૦) ન૦ [જુઓ સાઢ] ઈંટ

**ખાંત** (૦,ત,) સ્ત્રી૦ [જુઓ ખંત] (૨) હોંશ, ઉમંગ (૩) લાલસા, તૃષ્ણા **–તીલુ** વિ૦ ખાંતવાળુ

**ખાંધ** (૦) સ્ત્રી૦ [सं स्कंध, प्रा खंध] ખભો (૨) પશુની ગરદન (૩) ભાર વહેતા પશુની ગરદન પર પડતુ આંટણ [**–આવવી** = પશુની ગરદન આગળની ચામડી છોલાઈને પાકી જવી. **–આપવી** = કંઈ ઊંચકવામા ખભો ધરી મદદ કરવી **–પડવી** = ભાર વહેવાથી ગરદન પર આંટણ પડવુ **–મારવી** = જુઓ ખભો આપવો] **–ધિયો** પુ૦ ખાંધે ચડાવી લઈ જનારો, મુડદુ ઊંચકનારો (૨) મદદ કરનારો, સાથી (૩) ખુશામતિયો **–ધી** વિ૦ ખાંધવાળુ (૨) પુ૦ બળદ

**ખાંધુ** (૦) ન૦ [ખાધ ઉપરથી] કાંધુ, હપ્તો

**ખાંધો** (૦) પુ૦ જુઓ કાંધવ

**ખાંપ** (૦) વિ૦ લાંબુ છટ થઈને પડેલુ **–સૂતેલું** (૨) સ્ત્રી૦ લાંબાછટ થઈને પડવુ–સૂવુ તે, પ્રણામ

**ખાંપ, ૦ણુ** (૦) સ્ત્રી૦ ખામી, ખોડ, એબ (૨) નુકસાન (૩) [दे खपणय = वस्त्र, કપડુ] મુડદા ઉપર ઓઢાડવાનુ કપડું, કફન (૪) દવાના ઉપયોગ માટે [illegible]વાળા અમુક બિયામાથી કાઢેલુ તેલ

**ખાંપવું** (૦) સ૦ક્રિ૦ [ખાંપો પરથી] સોરવુ; ખાંપા કાઢી નાખવા (૨) થોડુ થોડુ ખોદવુ, પાવડાથી (ઢગલામાથી લઈ) આમતેમ ફેરવવુ

**ખાંપો** (૦) પુ૦ [ખૂંપવુ પરથી] કાપ્યા પછી રહેલુ

અણખોદાયેલું જડિયું (૨) ભાગેલી ડાખળીનું થડને વળગી રહેલું ઠૂંઠું (૩) કોઈપણ સપાટી ઉપર રહી ગયેલો કરચો, ખૂપરો (૪) ખાંપ, ખોડ, ખામી (૫) [લા] શાભો
**ખાંભ(૦)** પુ૦ [स स्कम्भ, प्रा खम्भ] થાભલો **-ભી** સ્ત્રી૦ પાળિયો, સ્મરણસ્તંભ (૨) ખોભણ, પાટિયા બેસાડવા લાકડામા પાડેલી ખાચ **-ભો** પુ૦ સીમાડાની હદ બતાવતો પથ્થર (૨) ખાભી, પાળિયો
**ખાંભું(૦)** ન૦ ખાતરપૂંજો નાખવાનો ખાડો
**ખાંસવું(૦)** અ૦ક્રિ૦[स कास्,प्रा॰ खास] ખાસી ખાવી - **ખાંસી** સ્ત્રી૦ [प्रा. खासिअ] ઉધરસ, ઠાસો [ભેળસેળ (૨) ખીચડીના કામનું
**ખિચડિયું** વિ૦ ['ખીચડી' ઉપરથી] પચરાઉ,
**ખિજવાટ** પું૦ [જુઓ ખીજવું] ખિજાવું તે, ગુસ્સો, ક્રોધ
**ખિજ(-દ)મત** સ્ત્રી૦[अ खिदमत] સેવાચાકરી; તહેનાત ૦ગાર પુ૦ સેવક, નોકર, ચાકર. ૦ગારી સ્ત્રી૦ ખિદમતગારપણું, સેવા
**ખિજવણી** સ્ત્રી૦ ખીજવવું તે
**ખિજાવું** અ૦ ક્રિ૦, **-વવું** સ૦ ક્રિ૦ [ જુઓ ખીજવું] 'ખીજવું'નું કર્મણિ ને પ્રેરક
**ખિડકી** સ્ત્રી૦ [हि] બારી
**ખિણ** સ્ત્રી૦[हि खिन,म]+ક્ષણ
**ખિતાબ** પું૦ [अ] ઇલકાબ
**ખિદમત** સ્ત્રી૦[अ],૦ગાર પુ૦, ૦ગારી સ્ત્રી૦ જુઓ 'ખિજમત'મા
**ખિન્ન** વિ૦[स] દિલગીર, ગમગીન ૦તા સ્ત્રી૦
**ખિન્ની** સ્ત્રી૦ [स क्षीरिणी, हिं खिरनी] રાયણ
**ખિમા** સ્ત્રી૦ ક્ષમા [જૈન]
**ખિયાનત** સ્ત્રી૦ [अ] બેઈમાની
**ખિરાજ** સ્ત્રી૦ [अ खराज] ખડણી
**ખિરોયું** વિ૦ ન૦ [सं क्षीर=દૂધ]દુવાળ(ઢોર)
**ખિલકોડી** સ્ત્રી૦ [રવ૦ ?] ખિસકોલી, ખિલોડી
**ખિલખિલ** અ૦ (રવ૦) ખિસકોલીનો રવ (૨) ખૂબ હસવાનો રવ [પોશાક, સિરપાવ
**ખિલ(-લ્લ)ત** સ્ત્રી૦ [अ खिलअत] માનનો
**ખિલવટ, -ણી** સ્ત્રી૦ ખીલવવું તે **-ટો** પુ૦ ખીલવનારો
**ખિલવત** સ્ત્રી૦[अ] એકાંત(૨)જુઓ ખલબત
**ખિલાફ** વિ૦[अ]વિરુદ્ધ **-ફી** સ્ત્રી૦ વિરુદ્ધતા
**ખિલાફત** સ્ત્રી૦ [इं.] જુઓ ખલીફાત
**ખિલાવવું** સ૦ક્રિ૦('ખીલવું'નું પ્રેરક)ખીલે એમ કરવું **-ટ** સ્ત્રી૦ ખિલવટ
**ખિલાવું** અ૦ક્રિ૦[જુઓ ખીલો, प्रा. खिल्ल= રોકવું પરથી] ઊંચે અટકી રહેવું,ભરાઈ જવું; ટિંગાવું(૨)અ૦ક્રિ૦'ખીલવું'નું ભાવે ને કર્મણિ
**ખિલોડી** સ્ત્રી૦ જુઓ ખિલકોડી
**ખિલોણું** (લો) ન૦[સર૦ हि खिलौना]રમકડું
**ખિલ્લત** સ્ત્રી૦ જુઓ ખિલત
**ખિસકાવવું** સ૦ ક્રિ૦ 'ખીસકવું'નું પ્રેરક
**ખિસકોલી** સ્ત્રી૦ એક જનાવર, ખિલકોડી
**ખિસિયાણું** વિ૦ [સર૦ हि खिसिआना, म खसाणा] ખસિયાણું, ઝંખવાણું
**ખિસ્સું, -સ્સાકાતરુ -સ્સાખર્ચ(-ર્ચ), -સ્સાભરુ** જુઓ 'ખીસું'મા
**ખિંડ** સ્ત્રી૦ [म] ખીણ
**ખીખી** અ૦(રવ૦)એવો અવાજ કરીને(૨)સ્ત્રી૦ ખીખી હસવું તે (હાસીમા)
**ખીચ** વિ૦ [જુઓ ખીચાખીચ] ગીચ, ભરચક (૨) સ્ત્રી૦ [दे खिच्च] ખીચડી
**ખીચગાલ્લું** ન૦[ખીચ+ગાલ્લું]માલ ભરવાનું મોટું ગાડું, ખટારો
**ખીચડી** સ્ત્રી૦ [स कृशर, दे खिच्च] એક ખાવાની વાની [**-ખવરાવવી**=ભરણપોષણ કરવું **-મૂકવી**=ખીચડી પકવવા માટે ચૂલે ચડાવવી **-ખૂટવી** = ખાવાનું ખૂટવું ]૦ખાઉ વિ૦ ખીચડી ખાનારુ, હલકી પંક્તિનું **-ડું** ન૦ ખીચડી(તુચ્છકારમા) **-ડો** પુ૦ આખા મગ ને ચોખાની અથવા આખા ઘઉ ને દાળની ખીચડી (૨) ખીચડું (૩) [લા] ગોટાળો, સેળભેળ તે
**ખીચા(-ચો)ખીચ** અ૦ [જુઓ ખચાખચ] ગીચોગીચ ભરચક, ઠાસી ઠાસીને
**ખીચી** સ્ત્રી૦ જાર ચોખાનો બાફેલો લોટ
**ખીચોખીચ** અ૦ જુઓ ખીચાખીચ
**ખીજ** સ્ત્રી૦ [दे खिज्जिअ, જુઓ ખીજવું] ચીડ, ગુસ્સો (૨) ખીજવવા માટે પાડેલું નામ;

જેનાથી ખિજાય તે. [-કાઢવી = એક પરનો ગુસ્સો બીજા પર કાઢવો -પડવી = ખીજનુ નામ પડવુ ]
**ખીજડો** પુ૰ [સ. खदिर] એક ઝાડ, સમડો
**ખીજવવું** સ૰ક્રિ૰ [જુઓ ખીજવું] ખીજે એમ કરવું, ચીડવવુ **ખીજવાવુ** અ૰ક્રિ૰ (કર્મણિ)
**ખીજવું** અ૰ક્રિ૰ [સ खिद्, प्रा खिज्ज] ગુસ્સે થવુ (૨) સ૰ક્રિ૰ ડાટવું; વઢવુ
**ખીણ** સ્ત્રી૰ [જુઓ ખિડ] બે ટેકરીઓ વચ્ચે આવેલો સાકડો માર્ગ (૨) પર્વતના બે ઊંચા ભાગ વચ્ચેનો પ્રદેશ
**ખીમણું** ન૰ [ખામુ,-માણુ પરથી ?] નગની બેસણી (૨) વાળી કે નથમાં જડેલુ નગ
**ખીમો** પુ૰ [अ. कीमह] માસનો છૂંદો
**ખીર** વિ૰ [સ क्षर ઉપરથી] સારહીન, નકામુ (૨) સ્ત્રી૰ [म क्षीर, प्रा खीर = દૂધ ઉપરથી, प्रा खीरी] દૂધભાતની એક વાની (૩) + ક્ષીર; દૂધ (૪) ન૰ [?] એક પક્ષી -રુ ન૰ લોટ અને ગળીને અડવાળી કરેલા રગડો (પૂડા, ભજિયા ઇ૰ બનાવવા) (૨) ખમીર ચડાવેલો આથો (જલેબી ઇ૰ નો)(૩)એક જાતની કુમળી કાકડી(૪)એક જાતનુ જાડુ કાપડ -રોદક ન૰ જુઓ ક્ષીરોદક (૨) એક ધોળુ રેશમી વસ્ત્ર
**ખીલ** પુ૰ [દે खिल्ल] જુવાનીમા મો પર થતી ફોલ્લી (૨) [સ कील, प्रा खील] આખના પોપચા પર થતી લોહી માસની ગડી (૩) ઘટીનો ખીલડો ૦**ખીલમાંડવો** પુ૰ છોકરાની એક રમત (૨) ખીલમાકડા ૦**ગોટીલો** પુ૰ છોકરાની એક રમત (૨) ઘટીનો ખીલડો ૦**ડો** પુ૰ [સ कील्क·प्रा खीलय] ઘટીના હેઠલા પડમા વચ્ચોવચ આવેલી ખીલી, જેના પર ઉપલુ પડ ફરે છે. ૦**દડો** પુ૰ છોકરાની એક રમત ૦**મા(-માં)કડાં** ન૰ અ૰વ૰ છોકરાની એક રમત ૦**મા(-માં) કડી** સ્ત્રી૰ ઘટીના ઉપલા પડિયાની વચ્ચોવચનુ લાકડુ, જે ખીલડામા પરોવાય છે(૨) ખીલડો અને માકડી
**ખીલવવું** સ૰ ક્રિ૰ ખીલે એમ કરવુ(૨)ખોલવુ, કાઢવુ, સીવવુ (ધાબળા ચોફાળના બે પાટ પેડે) **ખીલવાવુ** અ૰ ક્રિ૰ (કર્મણિ)
**ખીલવું** અ૰ ક્રિ૰ [हिं. खिलना] ફૂલવુ કાલવુ; વિકસવુ (૨) શોભવુ, દીપવુ (૩) ખુશીમા આવવું ગમ્મતે ચડવુ (૪) ચગવુ, ઉશ્કેરાવુ. વીફરવુ (૫) સ૰ક્રિ૰ [म कील, हिं खीलना] (ચોફાળ, કામળા ઇ૰ને વચ્ચે) બખિયા દઈને સીવવુ, કાઢવુ ખીલવવુ
**ખીલાઉપાડ, ખીલાપાટી, ખીલામૂળ, ખીલારખુ** જુઓ 'ખીલો'મા
**ખીલી** સ્ત્રી૰ [જુઓ ખીલો, प्रा खीलिया] નાનો ખીલો, ચૂક [-ચોડવી,-ઠોકવી,-મારવી = ખીલી પેસાડવી (૨) [લા.] પડાવ નાખવો (૩) વિઘ્ન નાખવુ ] ૦**ખટકો** પુ૰ ખીલી ખૂચવા જેટલી પીડા, ઇજા, હરકત (૨) અડચણ, વિઘ્ન ૦**પખિ(-સિ)યારાં** ન૰ બ૰ વ૰ ખીલી અને પસિયારા (કલ્લા, સાકળાના)
**ખીલો** પુ૰ [સ. कीलक प्रा खीलअ] ખૂટો મેખ (૨)[લા ] છકાપજાના જુગારમા પૈસાની હોડ લાગે તે લેનારો મધ્યસ્થ જુગારી. [-ચોડવો, -ઠોકવો, -મારવો = ખીલો પેસાડવો **ખીલે બાંધવું** = ખીલાની સાથે બાધવુ (૨) કાયમનુ જોડી દેવુ (૩) [લા] પરણાવી દેવુ (ઉદા. છોડી ખીલે બાધી સારી) ] **-લાઉપાડ** અ૰ જડમૂલથી, નિર્વંશ થાય એવી રીતે **-લાપાટી** સ્ત્રી૰ પેચ પાડવાનુ -સ્ક્રૂ બનાવવાનુ ઓજાર **-લામૂળ** ન૰ મુખ્ય મૂળિયુ **-લારખુ** વિ૰ અમુક ખીલે જ બધાવાની આદતવાળુ (૨) બહાર ચરવા નહિ જતા ઘેર ખીલે બાધ્યુ રહેવાની ટેવવાળું (૩) ઊપસેલા – ખીલા જેવા ઘાટનુ
**ખીશ(-સ)ર** પુ૰ [अ खिस्र = ગરદી] ઠંડીનો દિવસ (૨) પુ૰, સ્ત્રી૰ મકરસક્રાંત, ઉતરાણ
**ખીસકવું** અ૰ ક્રિ૰ [ફ. खिस] ખસકવુ, સરકવુ, લપસવુ
**ખીસું** ન૰[फा कीसह]ગજવુ [**-તર હોવું** = પૈસા સાગ હોવા **ખીસાનું તર** વિ૰ સારા પૈસા વાળુ **ખીસામાં ઘાલવું. મૂકવુ** = પોતાની સત્તા હેઠળ મૂકવુ (૨) લેખામા ન લેવુ **ખીસા તર કરવાં** = ખૂબ પૈસા એકઠા કરવા **ખીસુ ભરવુ** = લાગ આપવી કે લેવી **ખીસે**

ખાલી વિ૦ નિર્ધન, ગરીબ] –સાકાતરુ વિ૦ ગજવાકાતરુ, ખીસુ કાપીને ચોરનાર –સાખરચ,–સાખર્ચ પુ૦ સામાન્ય ખરચ માટે ખીસામા રાખવાનુ નાણુ (૨) પસદ પડતી બાબતમા વાપરવા મળેલુ–ખાસ ખરચનુ નાણુ –સાભરુ વિ૦ લાંચિયુ (૨) લોભિયુ

ખીંટી સ્ત્રી૦ નાનો ખીટો (૨) કપડાં ભરવવા ભીતમા જડેલુ (લાકડાનુ) ટેકણ [ખીંટીએ પોતિયું હોવુ =ચિતા કે જવાબદારીમાથી છૂટા હોવુ ખીંટીએ મૂકવું=ઊચુ મૂકવુ, દૂર કરવુ] –ટડિ(-ળિ)યાળુ વિ૦ અણીદાર (૨) આકડીવાળુ (૩) વાકુ વળેલુ –ટો પુ૦ [જુઓ ખૂટો] ખીલો, મેખ

ખુટાડવુ સ૦ ક્રિ૦ [જુઓ ખૂટવુ] ખૂટે એમ કરવુ, ઘટાડવુ (૨) પૂરુ કરવુ

ખુટામણ સ્ત્રી૦ ['ખુટવુ' ઉપરથી] ખોટ, ઘટ (૨) [કા] ફૂટ દગો

ખુદ(-૨)દો પુ૦ [फा. खुर्दह] મોટા સિક્કાની કિમતના નાના સિક્કા તે, પરચૂરણ(૨) [લા] ટકડેકકડા, ભૂકો [–કરવો=ખર્ચીને ખલાસ કરવુ (૨) ભાગીને ભૂકો કરવો. –કાઢવો, –કાઢી નાખવો=ભાગીને ભૂકો કરવો]

ખુડી અ૦ (રવ૦) બાળકને ઉવરસ ચડે ત્યારે વાસે હાથ ફેરવતા બોલાતો શબ્દ

ખુણિયાળુ વિ૦ ['ખૂણો' પરથી] ખૂણાવાળુ

ખુતબો પુ૦ [अ खुतबा] તારીફ, પ્રશસા(૨) જુમાને દિવસે નમાજ વખતે પઢાતો ખાસ સ્તુતિપાઠ [પ્રેરક ને ભાવે

ખુતાડવું સ૦ ક્રિ૦, ખુતાવુ અ૦ક્રિ૦ 'ખૂતવુ'નુ

ખુદ વિ૦ [फा] અસલ, શુદ્ધ(૨)સ૦ પોતે, જાતે ૦અખત્યારી સ્ત્રી૦ પોતાનો કાબૂ હોવો તે ૦કાસ્તા(-સ્તા) વિ૦ [फा] જાતે ખેડેલુ ૦કુશી સ્ત્રી૦ [फा] આપઘાત ૦ગરજી વિ૦ [फा] સ્વાર્થી, આપમતલબી(૨)સ્ત્રી૦ આપગરજીપણુ ૦પસંદગી સ્ત્રી૦ પોતે જ સારા એવો ભાવ, અહકાર

ખુદા પું૦[फा]ઈશ્વર પ્રભુ [–કરે ને=પ્રભુની મરજી હોય તો] ૦ઈ વિ૦ ઈશ્વરનુ –ઈશ્વરને લગતુ (૨) પવિત્ર (૩) કુદરતી, દૈવી (૪) [લા] ભોળુ (૫) સ્ત્રી૦ ઈશ્વરપણું (૬) સૃષ્ટિ ૦તાલા પુ૦[फा.]મહાન પ્રભુ ૦પરસ્ત વિ૦પ્રભુપરાયણ, આસ્તિક ૦વંત(–દ फा)વિ૦ ઈશ્વરતુલ્ય (સાહેબ, અન્નદાતા ઇ૦ જેમ રાજાગણી કે માલિકને સબોધનરૂપે). ૦હાફેજ શ૦પ્ર૦[अ हाफ़िज़=રક્ષણ કરનાર] પ્રભુ તમારુ રક્ષણ કરો

ખુદી સ્ત્રી૦ [फा] હુંપણુ, હુ પદ, ગર્વ

ખુનકી સ્ત્રી૦ [फा] ઘેન, તદ્રા [કાપી

ખુનામરકી સ્ત્રી૦ [ખૂન + મરકી] ખૂનરેજી, કાપા-

ખુન્નસ સ્ત્રી૦,ન૦[જુઓ ખૂનસ]ખૂન કરાવે એવી ઝેરી લાગણી· વેરઝેર [–રાખવું=વેરભાવ· સેવવો. ખુન્નસે ભરાવું=વેર લેવાની લાગણી બરોબર વ્યાપવી કે જાગવી] –સી વિ૦ ખુન્નસવાળુ

ખુપાવુ અ૦ ક્રિ૦, –વવુ સ૦ ક્રિ૦ 'ખૂપવુ'નુ અનુક્રમે કર્મણિ અને પ્રેરક

ખુફિયા વિ૦ [अ] ગુપ્ત, છૂપુ

ખુબાફોડ ન૦ [ખુબા(म =એક છીપ)+ફોડ ('ફોડનારુ')](સીપો ફોડી ખાનારુ)એક પક્ષી

ખુમારી સ્ત્રી૦ [अ]આખમા દેખાતો નશો ઘેન, મસ્તી (૨) ધન, વૈભવ, હોદ્દા વગેરેનો ગર્વ [–રાખવી=ગર્વ ધરવો]

ખુમાવતી વિ૦ [स क्षमावत्] ક્ષમાવત

ખુર [सं], –રી સ્ત્રી૦ ખરી ૦શબ્દ પુ૦ (ચાલતા) ખરીનો અવાજ [અવાજ

ખુરખુર ન૦,–રાટ પુ૦ (રવ૦)ખુર ખુર એવો

ખુરચન ન૦ [हि] ઉખાડીને–ઉઝરડીને એકઠુ કરેલુ ખાવાનુ, ખપોટી (૨) કચુબર, નાચુ કેરુ ખાવ નુ –ની સ્ત્રી૦ મોચીનુ એક ઓજાર (ચામડુ ઉઝરડવાનુ)

ખુરજી સ્ત્રી૦[फा ख़ुरजीन](સવારીમા સાથેનો સરસામાન રાખવાની ઘોડેસવારની) થેલી ઝોળો

ખુરદો પુ૦ [फा] જુઓ ખુદ્દો –દિયો પુ૦ નાણાનો છુટ્ટો–પરચૂરણ વેચનાર આદમી

ખુરબડો પુ૦ એક જાતનો શખલો

ખુરમુ ન૦ [फा] એક જાતની મીઠાઈ

ખુરશી(–સી) સ્ત્રી૦ [अ कुर्सी] એક જાતનુ આસન(૨) [લા]માનનુ કે પદ યા અમલનુ સ્થાન [–આપવી=બેસવાને ખુરશી આપવી,

એ રીતે માન આપવું. -ખાલી કરવી=પદ કે અમલની જગા છોડવી]
**ખુરશેદ** પું૦[ફા] સૂરજ
**ખુરસી** સ્ત્રી૦ જુઓ ખુરશી. -સું ન૦ માટીનું બેસણું, અગીઠી મૂકવાની ઓટલી(૨)ખુરસી (તુચ્છકારમાં)
**ખુરાસાન** પું૦ [સં., ફા] (સ) ઈરાન દેશનો એક ભાગ
**ખુરાસાની** વિ૦ [ફા] ઈરાન દેશમાં આવેલા ખુરાસાન નામના પ્રદેશનું કે તેને લગતું ૦અજમો પું૦ એક ઔષધિ
**ખુરી** સ્ત્રી૦ [જુઓ ખુર] ખરી
**ખુલા(-લ્લા)ણ** ન૦ [જુઓ ખુલ્લું] હવા અજવાળાની છૂટવાળી ખુલ્લી જગા
**ખુલાવું** અ૦ક્રિ૦, -વવું સ૦ક્રિ૦[જુઓ ખૂલવું] 'ખૂલવું'નું ભાવે ને પ્રેરક
**ખુલાસાવાર** અ૦ ખુલાસા સાથે
**ખુલાસો** પું૦ [અ] સ્પષ્ટીકરણ, ચોખવટ (૨) સાર, ભાવાર્થ (૩) નિકાલ, રસ્તો (૩) મોકળાશ (૫) [લા] દસ્ત, ઝાડો [-આપવો, -કરવો=સમજૂતી આપવી -થવો સ્પષ્ટતા થવી (૨) દસ્ત આવવો -પૂછવો, -માગવો, -લેવો=વિગતવાર જવાબ ને સ્પષ્ટીકરણ માગવા ખુલાસીને, ખુલાસે (૦થી) ઝાડો થવો=સાફ ઝાડો આવવો.]
**ખુલ્લું** વિ૦ [अ. खुला] ઉઘાડું (૨) નિખાલસ, ચોખ્ખું (૩) સ્પષ્ટ (૪) નાગું, ઢાંકેલું નહિ તેવું (૫) છૂપું નહિ-જાહેર (૬) અસભ્ય (૭) અણઘેરાયેલું (૮) ઘેરું નહિ-આછું. [ખુલ્લી આંખે=નરી આંખે (૨) દેખતા છતાં, જાણી જોઈને ખુલ્લી રીતે=છડેચોક, ઉઘાડી રીતે ખુલ્લી હવા=ગામ બહારની ચોખ્ખી હવા ખુલ્લું કરવું=ઉઘાડવું (૨) ઉઘાડું પાડવું, પ્રકટ કરવું -પાડવું=છૂપું પ્રગટ કરી દેવું -મૂકવું=ઉઘાડું મૂકવું, ઉદ્‌ઘાટન વિધિ કરવી (૨) ખોલીને કે ખુલ્લામાં મૂકવું ખુલ્લે ચોક(-કે)=ઉઘાડેછોગ ખુલ્લો કાગળ=જાહેરમાં (વર્તમાનપત્રદ્વારા) લખેલો કાગળ (૨) બીડ્યા વગરનો કાગળ] -લ્લં ખુલ્લા અ૦ ખુલ્લેખુલ્લી રીતે -લ્લે-ખુલ્લું વિ૦ સાવ ખુલ્લું
**ખુવાર** વિ૦ [फा ख्वार] અતિ દુર્ખી હેરાન (૨) પાયમાલ -રી સ્ત્રી૦
**ખુશ** વિ૦ [ફા] આનંદી, હર્ષિત, પ્રસન્ન (૨) તદ્દન્ત [-કરવું=પ્રસન્ન કરવું (૨) [લા] બક્ષિસ આપવી -રહેવું=પ્રસન્ન કે તદ્દન્ત રહેવું] ૦ખુશાલ વિ૦ તદ્દન્ત તેમ જ ખુશ, ખૂબ ખુશ ૦ખુશાલી સ્ત્રી૦ ખુશખુશાલપણું ૦દિલી સ્ત્રી૦ આનંદીપણું ૦નવીસ વિ૦ સારા-સુંદર દસ્કત લખનારું ૦નુમા વિ૦ સુંદર, રમણીય ૦બખતી, ૦બખ્તી સ્ત્રી૦ [ફા] સદ્‌ભાગ્ય (૨) ખુશાલીની ભેટ-બક્ષિસ ૦બો(૦ઈ) સ્ત્રી૦ સુગંધી ૦બોદાર વિ૦ સુગંધીદાર ૦મિજાજ પું૦ સારો-આનંદી સ્વભાવ (૨) વિ૦ ખુશમિજાજી ૦મિજાજી વિ૦ ખુશમિજાજવાળું, આનંદી (૨) સ્ત્રી૦ આનંદી હોવું તે -શી સ્ત્રી૦ આનંદમગ્નતા, હર્ષ (૨) મરજી, ઇચ્છા, રુચિ (૩) વિ૦ ખુશ, રાજી [ખુશીની વાત=હર્ષ-ખુશાલીની વાત ખુશીનો સોદો=મરજીની વાત]
**ખુશકી** સ્ત્રી૦ [ફા] જમીનમાર્ગ
**ખુશહાલ** વિ૦,-લીસ્ત્રી૦[ફા]જુઓ'ખુશાલ'માં
**ખુશામત,-દ** [ફા] સ્ત્રી૦ સ્વાર્થ માટે કરેલા હદ બહારના વખાણ, પળશી, હાજી હા [ખુશામતનું ખોળિયું=ભારે ખુશામતિયો] ૦(-દ)ખોર વિ૦ ખુશામતની ટેવવાળું, ખુશામતિયું -તિયું વિ૦ ખુશામત કરનારું -તિયો પું૦ ખુશામતિયો આદમી
**ખુશાલ** વિ૦['ખુશહાલ' ઉપરથી]ખુશ હાલતમાં હોય એવું, સુખી(૨)કુશળ તદ્દુરસ્ત -લી સ્ત્રી૦
**ખુશી** સ્ત્રી૦ [ફા] (૨) વિ૦ જુઓ 'ખુશ'માં
**ખુસરો** વિ૦ પું૦ બડભૂખો
**ખુસિયો** પું૦ [અ] વૃષણ (૨) વિ૦ પું૦ અગ્ની કરેલો [મુકાતી પોક, ઠૂવો
**ખૂખચો** પું૦ [રવ૦] (કા) મરનાર પાછળ
**ખૂજલી(-ળી)** સ્ત્રી૦[सं [illegible] .प्रा [illegible]]ચળ વલૂર, ખજવાળ (૨) ચામડીનો એક રોગ (૩) જે લાગવાથી ખજવાળવું પડે તે, ખાજ

ખૂટ સ્ત્રી૦ ખોટ, ખૂટકો (૨) છાપખાનામા બીબા ગોઠવતા ખૂટતા બીબા ૦કો પું૦ ['ખૂટવુ' ઉપરથી] ખોટ, ઘટ; ઓછપ

ખૂટડું ન૦ ખોરણુ, ખોયણુ -ડો પું૦ અગારો, ખોટારો (૨) ખૂટડું, ખોયણું [સ્ત્રી૦

ખૂટલ વિ૦(કા) અપ્રામાણિક,ખોટાબોલું -લાઈ

ખૂટવું અ૦ક્રિ૦ [દે खुट्ट] ઓછું થવુ, ઘટવું (૨) પૂરુ થવું (૩) [કા] ખૂટલ થવુ

ખૂટેલ(-લુ) વિ૦ ['ખૂટવુ' ઉપરથી] ખાલી થયેલ કગાલ, દેવાળિયું (૨) ફૂટેલુ, વિશ્વાસઘાતી

ખૂડ સ્ત્રી૦ (કા) અગાસી ધાબુ

ખૂણ સ્ત્રી૦ [જુઓ ખૂણો] દિશા (૨) [म] નિશાની, ચિહ્ન -ણિયુ વિ૦ ખૂણાવાળું. -ણેખાંચરે અ૦ કોઈ ખૂણામા-ખૂણાપડતી અપરિચિત જગાએ

ખૂણો પુ૦ [स कोण] જ્યા બે દિશા કે લીટી મળતી હોય તે જગા, કોણ, ખાચો [ખૂણામાં પડી રહેવું=અધારામા - અપ્રગટ પડયા રહેવુ, પ્રકાશમા ન આવવુ ખૂણામાં હોવું, ખૂણે પેસવું, ખૂણે હોવું=તરતના વૈધવ્યને કારણે ઘરખૂણો છોડી બહાર ન નીકળવુ ખૂણો પાળવો=વૈધવ્યનો શોક પાળવો ઘરબહાર ન નીકળવુ -ઝાલીને બેસી કે બેઠા રહેવું= ઘરમા ભરાઈ રહેવુ -પડવો=આકાર કે રચનામા ખૂણાનો ઘાટ આવવો કે થવો -મૂકવો=શોક પાળવાનું પૂરુ કરવુ ]

ખૂણોખાંચરો પુ૦ ખૂણો કે ખાચો, ખૂણા પડતી કે ખાચામા આવી જતી - ઓછી જાહેર-જગા

ખૂત સ્ત્રી૦ ['ખૂતવુ' ઉપરથી] હરકત, અડચણ; વાધો (કા)

ખૂતવું અ૦ક્રિ૦ [दे खुत्त] જુઓ ખૂતવુ

ખૂદ(-ધ)રું ન૦[स क्षुद्र,प्रा खुद्द પરથી?]ખોતરણું, દ્વેષ ખાતર કાઢેલી ભૂલ, વાધોવચકો, છિદ્ર

ખૂન વિ૦[फा]લોહી (૨) ખૂનની-વેરની તરસ, ખૂનસ (૩) જીવથી મારી નાખવુ તે, હત્યા. ૦ખરાબો પુ૦ [+ખરાબો (फा खराबी)] મારફાડ ૦ખાર વિ૦ [फा] લોહી રેડાય એવુ (ઉદા૦ યુદ્ધ) (૨) ઘાતકી, ખૂની ૦રેજી સ્ત્રી૦ [+રેજી (फा. रेज़ी)] લોહી રેડવું તે, કાપાકાપી, કતલ (૨) લોહી રેડાય એવી-ખૂનખાર મારામારી -ની વિ૦ ખૂન કરે એવુ, ઘાતકી (૨) ખૂન કરનારું, હત્યારુ

ખૂનસ સ્ત્રી૦ ન૦ ['ખૂન' ઉપરથી] ખૂનની-વેરની તરસ, ખુન્નસ [ખૂનસે ભરાવું=વેર લેવાની લાગણી બરોબર વ્યાપવી કે જામવી]

ખૂપવવું સ૦ક્રિ૦ [જુઓ ખૂપવુ] બરાબર ગોઠવવુ, જમાવવુ ('દેશ દેશ નવી દુકાન ખૂપવે, ત્યા મુનીમ છે ઘણા'. .)

ખૂપવું અ૦ ક્રિ૦ [प्रा. खुप्प] ખૂપવું; ઊંડુ ઊતરવુ, ભોંકાવુ (૨) ફળી જવુ; અદર ઊતરી ચોટી જવુ, ખૂતવુ.

ખૂબ વિ૦ [फा]સારુ, સુદર (૨) ઘણુ, પુષ્કળ, [-કરી!='ભારે મારું કે જબરું કર્યું', 'વાહવાહ' -એવો પ્રશસાસૂચક ઉદ્ગાર] ૦સૂરત વિ૦ રૂપાળુ,ફૂટડુ ૦સૂરતી સ્ત્રી૦ ફૂટડાપણું,સૌદર્ય. -બી સ્ત્રી૦ ખાસ ગુણ, રહસ્ય (૨) મજા, લિજ્જત (૩) ચતુરાઈ (૪) સૌદર્ય, ચમત્કાર (૫) ભલાઈ -બીદાર વિ૦ ખૂબીવાળું

ખૂમચો પુ૦ [फा. खान्चह] ઢગતા કાનાનો છાછરો થાળ (૨) વેચવાની વસ્તુઓથી ભરેલો ખૂમચો (૩) એમા ભરેલી વસ્તુ, ભેટની વસ્તુ -ચાવાળો પુ૦ ખૂમચામા ભરીને વસ્તુઓ વેચનારો ફેરિયો

ખૂરપી સ્ત્રી૦ [स क्षुरप्र, प्रा खुरप्प] ખરપડી

ખૂલતું વિ૦ [ખૂલવુ] ખુલ્લુ કે પહોળુ, ભીસાતુ-તગ નહિ એવુ (૨) ઊઘડતુ .

ખૂલવું અ૦ક્રિ૦ ['ખુલ્લુ ઉપરથી] ખુલ્લુ થવુ, ઊઘડવુ (૨) ખીલવું [ફૂલ] (૩) દીપવુ, શોભવુ (રગ)

ખૂશર સ્ત્રી૦ ન૦ [हि खूसर] એક પક્ષી, ચીબડી

ખૂંખારવું અ૦ક્રિ૦[રવ૦] ખૂખૂ અવાજ કરવો (૨) (અમુક અવાજ કરી) ગળુ સાફ કરવુ (૩) હણહણવુ (૪) (પોતાની હાજરી મરદાઈ કે બહાદુરી બતાવવા) ખૂખારાથી અવાજ કરવો

ખૂંખારો પુ૦ [રવ૦] ખૂખારવુ તે (૨) ખૂખારવાનો અવાજ [અવાજ

ખૂંખૂં ન૦ [રવ૦] (ખૂખારવાનો કે ખાસીનો)

ખૂંચ, ૦ખાંચ સ્ત્રી૦ ખાચ, ખૂણો, ખાચો (૨) ખૂચવાની અસર; ભોક (૩) [લા.] લાગણી, અસર (૪) મનમા ખૂચવું તે, ખાર, દાઝ, વેર (૫) બારીક સમજ (૬) ખોડખાપણ, વાંધોવચકો

ખૂંચવવું સ૦ક્રિ૦ ['ખેચવુ' ઉપરથી ?] ખેંચીને લઈ લેવુ [બહુધા 'લેવુ' ક્રિ૦ સાથે]

ખૂચવાવું અ૦ ક્રિ૦ 'ખૂચવવુ'નુ કર્મણિ

ખૂચવું અ૦ ક્રિ૦ [જુઓ ખૂપવુ] નડવુ, ભોકાવુ (૨) મનમા ખટકવુ, દુખવુ (૩) લપટાવુ, બ વનમા પડવુ, ખૂપવુ

ખૂચાવવું સ૦ક્રિ૦ ખૂચવી લેવુ, ઝૂંટી લેવુ (૨) 'ખૂચવુ'નુ પ્રેરક

ખૂંટ પુ૦ આખલો, સાઢ (૨) સ્ત્રી૦ [જુઓ ખૂટી] જમીનની હદ બતાવનો પથ્થર, હદનુ નિશાન (૩) અ૦ બરાબર માપસર, પૂરેપૂરુ

ખૂટડી સ્ત્રી૦ [સર૦ મ खुटणी] એક જંગલી ઝાડ (૨) ['ખૂટી' ઉપરથી] પગની આગળીઓ ઉપર વીંટીઓ પહેર્યા પછી તે નીકળી ન જાય તે માટે આગળ પહેરાતી હલકી કિમતની વીટી, ઠેમણિયુ

ખૂંટડુ ન૦ [ખૂટવુ ઉપરથી] ખૂટવાનુ ઓજાર, ખુટણ (૨) [સર૦ ખૂટ] [કા] બળદ (૩) [?] (સુ) ખૂટડુ, ઓરિયું (૪) ઝાડનુ ઠૂઠું, ખૂઠું [ચીપિયો

ખૂંટણુ ન૦ ખૂટવું તે (૨) ખૂટવાનુ ઓજાર,

ખૂટવું સ૦ક્રિ૦ ['ખૂટો' ઉપરથી ? સર૦ મ खूटणें] મૂળ સાથે ખેંચી - ટૂપી કાઢવુ, નિર્મૂળ કરવુ, નિકંદન કાઢવુ (૨) ચૂટવુ, ટૂપવુ

ખૂટાઉ, ખૂંટિયુ ન૦ ખુટડુ; બળતા લાકડાનો કકડો, ઓયાનુ [જાદુગર

ખૂંટિયો પુ૦ ખૂટ, સાઢ(કા)(૨)[સુ]બાજીગર,

ખૂંટી સ્ત્રી૦ [દે खुंटा] ખીટી (૨) લાકડાની મેખ (૨) કપાળની બે બાજુઓથી વાળ ટૂપાવીને કરાવેલો ખૂણો (૪) અગરખાની કળી (૫) [તંતુવાદ્યમા] તાર લપેટવાની ખીટી -ટુ ન૦ ઝાડ કાપતા રહેલુ ઠૂઠું; કરચો -ટો પુ૦ ખીલો (૨) ખૂટ (૩) બ દરમા વહાણો ઉપર લેવાનો કર (૪) ઘટીનો ખીલડો [-ઘાલવો = પગ પેસાડવો (૨) પાયો નાખવો. -જબરો હોવો = પીઠબળ - આધાર સબળ હોવા -ઠોકવો = એક ઠેકાણે ઠરીને રહેવું (૨) તોડ લાવવો (૩) પાયો નાખવો -ઢીલો થવો કે પડવો = મગરૂરી - તોર ઓછા થવા]

ખૂંતવું અ૦ક્રિ૦ [દે खुत्त = નિમગ્ન] ખૂપવુ કાદવમા ઊતરી જવુ ડળવુ (૨) અંદર જઈ ચોટી જવુ

ખૂંતા સ્ત્રી૦ મન શાંતિ, સુખસમાધાન (૨) દદના, ખત (?)

ખૂંતાડવું સ૦ક્રિ૦ 'ખૂતવુ'નુ પ્રેરક

ખૂદણું ન૦ ['ખૂદવુ' ઉપરથી] કૂદતા કૂદતા ફરવુ તે (૨) ધમ્માચકડી, ધિંગાણુ, મસ્તી

ખૂદવું સ૦ક્રિ૦ [શૌર૦ खुंद] પગ વડે ગદડવુ, ગૂદવુ, કચરવુ (૨) કૂદતા કૂદતા ગરબે રમવુ (૩) હેરાન કરવુ વિતાડવુ

ખૂદાખૂંદ સ્ત્રી૦ ['ખૂદવુ' ઉપરથી] ગૂદાગૂદ, ચગદાચગદી (૨) કૂદાકૂદ, ધમ્માચકડી

ખૂંદાવવું સ૦ક્રિ૦, ખૂંદાવું અ૦ક્રિ૦, 'ખૂદવું'નુ અનુક્રમે પ્રેરક અને કર્મણિ

ખૂંદાળવુ અ૦ક્રિ૦ ખાઈપીને મોજ કરવી

ખૂંધ સ્ત્રી૦ [જુઓ ખાધ] (પશુના) વાંસા પર હોતો ઢેકો (૨) વાસો વળી જવાથી થતો ઢેકો (માણસને) -ધિયું, -ધુ વિ૦ વાંસે ખૂધ વાળુ (માણસ)

ખૂંપ પુ૦ [स गुम्फ् ઉપરથી ? દે खुंपा ?] પરણવા જતા વરને પહેરવાનો ફૂલનો એક શણગાર

ખૂપડી સ્ત્રી૦ [દે खुंपा] નાનો ખૂપડો -ડો પુ૦ વરસાદથી બચવા મહુડાના પાદડાનો કરેલો છત્રીનો ઘાટ

ખૂંપરું ન૦ [જુઓ ખૂપરો] ખાપો

ખૂંપરો પુ૦ [જુઓ ખાપો] (ઝાડ - ઝોડ કાપ્યા પછી રહેલુ) જડિયુ, ખાપો (૨) ખીલો કે ખાપો ભગવાથી કપડામા પડેલી ફાટ કે ચીરો (૩) હજામત કરતા રહી ગયેલા ખાપા જેવા વાળ

ખૂપવું સ૦ક્રિ૦ (૨) અ૦ક્રિ૦ જુઓ ખૂપવુ

ખૂંપ(-પા)વવું સ૦ક્રિ૦ (પ્રેરક)

ખે પુ૦ સ્ત્રી૦ [सं क्षय, प्रा...] ... તે ક્ષય (૨) નાશ ૦તિથિ સ્ત્રી૦ ક્ષયતિથિ

**ખેકડો** પુ૦ [म खेकड,डा, -डें, स कर्कटक] ખેકડો, કરચલો (સુ)

**ખેચર** વિ૦ [स] આકાશમાં ફરનારું (૨) ન૦ પક્ષી (૩) ભૂતપ્રેતાદિ (૪) પુ૦ તારા, ચંદ્ર, ગ્રહ ઇત્યાદિ (૫) દેવ **૦દૃષ્ટિ** સ્ત્રી૦ ઊડતી નજર (આકાશમાંથી નાખેલી), 'બર્ડ્ઝ-આઈ-વ્યૂ' **-રી** સ્ત્રી૦ દેવી, ભૂતડી, જોગણી (૨) પંખિણી, સમડી (૩) એક યોગમુદ્રા

**ખેટ** ન૦ [स] ખેડ ગામડું (૨) પુ૦, ન૦ શિકાર **૦ક** પુ૦ શિકારી (૨) ન૦ વ્યસન, ચડસ (૩) વહેમ, વળગાટ (૪) નનું ગામડું. **૦કી** પુ૦ શિકારી (૨) ખેડૂત

**ખેટકી** સ્ત્રી૦ સેથી

**ખેડ** સ્ત્રી૦ ['ખેડવું' ઉપરથી] ખેતી (૨) [?] કાંટાવાળી એક વનસ્પતિ (૩) ન૦ [જુઓ ખેટ] ગામડું **૦ણ** ન૦ ખેડવાની ક્રિયા (૨) વિ૦ ખેડનારું (ઉદા૦ રથખેડણ') **૦ણહાર** પુ૦ ખેડૂત(૨)હાંકેડુ **૦તર** વિ૦ ખેડાય-ખેતી થાય એવું **૦વાયો** પું૦ ખેડૂત **૦વું** સ૦ક્રિ૦ [प्रा खेड] જમીનને હળ વડે ખોદી, ચાસીને પોચી કરવી(૨)[લા.]સુધારવું, કેળવવું(૩)[प्रा खेड्ड=રમવું,ખેલવું પરથી?](સાહસ કે વેપાર-ધંધો)કરવો(૪)[મુસાફરી]કરવી(૫)[स खेट्, प्रा खेड=હાંકવું]ચલાવવું,હાંકવું **૦હક(-ક્ક)** પું૦ ખેડવાનો હક્ક [વનસ્પતિ

**ખેડાકબોઈ** સ્ત્રી૦ [ખેડ+કબોઈ?] એક

**ખેડાણ** વિ૦ ['ખેડવું' ઉપરથી] ખેડેલું, ખેડાતું હોય એવું(૨)ન૦ ખેડેલી-ખેડાતી હોય એવી જમીન (૩) ખેતી (૪) ખેડવું તે [ખેડૂત

**ખેડુ** વિ૦ ['ખેડવું' ઉપરથી] ખેડનારો (૨)પુ૦

**ખેડૂત** પુ૦ [ખેડવું પરથી] ખેડવાનો ધંધો કરનાર (૨) તે વર્ગનો આદમી [(૩) ભાલો

**ખેડું** ન૦ [સં. ख्रेट] ગામડું (૨) ગેંડાની ઢાલ

**ખેડો** પુ૦ [प्रा. खेड्ड, खेड्डा=ક્રીડા] નટ

**ખેત** ન૦ [स क्षेत्र, प्रा खेत्त] ખેતી માટેનો જમીનનો ટુકડો **૦ર** ન૦ ખેત (૨)+ક્ષેત્ર **૦રપાદર** ન૦ સ્થાવર મિલકત **૦રપાળ** પું૦ [+पाल] ખેતરનું રક્ષણ કરનાર દેવ(૨) ગ્રામદેવતા **૦રવા** અ૦ એક ખેતર જેટલે અંતરે. **૦રાઈ** સ્ત્રી૦ એક શેઢે-એકજથ્થે આવેલા ખેતરોનો સમૂહ, પાટ **૦રાઉ(-ઊ)** વિ૦ ખેતરનું-ને લગતું(૨)ખેતર વચ્ચે થઈને જતો (માર્ગ)

**ખેતિચિ** સ્ત્રી૦ 'ખે'માં જુઓ

**ખેતી** સ્ત્રી૦ ['ખેત' ઉપરથી] જમીનમાં અનાજ વગેરે પકવવા માટે કરવાનું કામ **૦કાર** પુ૦ ખેતી કરનાર, ખેડૂત **૦વાડી** સ્ત્રી૦ ખેતર અને શાકભાજી કે ફળબાગાદિની વાડી (૨) ખેડૂતનો કામધંધો

**ખેદ** પુ૦, **૦ના** સ્ત્રી૦[स] શોક,સંતાપ દિલગીરી (૨) થાક **૦યુક્ત, -દિત** વિ૦ ખેદવાળું, ખેદથી ભરેલું

**ખેદાનમેદાન** (ખે મે) વિ૦ તારાજ, પાયમાલ

**ખેદીવ** પુ૦ [इ; अ खदीव] મિસરનો રાજા

**ખેદો(-ધો)** પુ૦ [स खेद=પ્રયત્ન ઉપરથી?] કેડો; પીછો [-છોડવો, -મૂકવો, -લેવો]

**ખેન** (ખે) ન૦ [સર૦ म खेन] ક્ષયરોગ (૨) કંટાળો આપે-માથું ફોડાવે એવું માણસ કે કામ, નડતર, પીડા (૩) મુસીબત, વિપદ. [-પડવું=ભારે મહેનત પડવી, દમ નીકળવો -વળગવું=લપ વળગવી,માથાફોડિયું માણસ કે કામ વળગવું] **૦ખાટલો, ૦નો ખાટલો** પુ૦ ક્ષયરોગ (૨) માથાફોડિયું માણસ

**ખેપ** સ્ત્રી૦ [स क्षेप] ભાર લઈને કોઈ દૂરની જગાએ જઈ આવવું તે, આંટો, ફેરો (૨)લાંબી મુસાફરી, સફર (૩) ફેરાનું મહેનતાણું (૪) ધોબીને ધોવા આપેલા લૂગડાની ગાંસડી (૫) વેપારની વસ્તુનું એક દેશથી બીજે દેશ આવવું તે(૬)પછવાડે લાગવું તે,ખંત(૭)હપતો વારો. [-કરવી=ફેરો કરવો-ખાવો]

**ખેપટ** સ્ત્રી૦ ધૂળ, કચરો [કા](૨)અ૦ મૂઠીઓ વાળીને, ઝપાટાબંધ(જેમ કે દોડવું) [-પડવું, -પડી જવું=મૂઠીઓ વાળીને નાસી જવું, સીધા રસ્તે પડવું]

**ખેપન** ન૦ [स क्षेपन] બહાર કાઢવું-નાખી દેવું તે (૨) દુખ, પીડા

**ખેપાની** (ખે) વિ૦ તોફાની (૨) યુક્તિબાજ

**ખેપિયો** પુ૦ ['ખેપ' ઉપરથી] દૂત, કાસદ

**ખેપી** વિ૦ [सं क्षिप् ઉપરથી] આક્ષેપ કરનારુ (૨) ['ખેપ'=ખત ઉપરથી] ચાનકવાળું

**ખેમકુશળ** (ખે) વિ૦ (૨) ન૦ જુઓ ક્ષેમકુશળ

**ખેમટા** પુ૦[म , हिं](સંગીતમા)એક તાલ(૨) એ તાલમા ગવાતુ ગાયન

**ખેર** (ખે) ન૦ [सं खदिर, प्रा खइर] એક ઝાડ ૦સાર(-લ) પુ૦[+સાર(-લ)=છાલ] ખેરના લાકડામાથી નીકળતો પદાર્થ (૨) કાથો

**ખેર** [ખે] અ૦ [अ] ભલે, હશે, ફિકર નહિ (૨) સ્ત્રી૦ ખેરિયત [-ગુજરી = પીડા ગઈ, બલા ટળી]

**ખેર** સ્ત્રી૦ [સર૦ सं क्षार, ख़ार] ધૂળ, ખેરો

**ખેરખટ** અ૦ એકદમ, જોતજોતામા (કા)

**ખેરખાહ** (ખે) વિ૦ [फा] ભલુ ચાહનારુ, શુભેચ્છક -હી સ્ત્રી૦

**ખેરવવું** સ૦ ક્રિ૦ ['ખરવુ' ઉપરથી] ખરી પડે એમ કરવું, ગેરવવુ (૨) ખસેડવુ, દૂર કરવુ, કાઢી મૂકવુ (૩) પજવવુ, માથુ ફોડાવવુ

**ખેરવેલ** સ્ત્રી૦ એક વનસ્પતિ

**ખેરસલ્લા** (ખે) સ્ત્રી૦[अ खैरसल्लाह]સમાધાન, સુખરૂપતા, સુલેહશાતિ,(૨) અ૦ ખેર, હશે, બન્યુ, એવો મન વાળવાનો ઉદ્ગાર [-કરવું =ઉડાવી દેવુ, ખર્ચી નાખવુ]

**ખેરસાર(-લ)** (ખે) પુ૦ 'ખેર ન૦'મા જુઓ

**ખેરચો(-ટો)** પુ૦ ['ખેર' ઉપરથી] રજ, ધૂળ

**ખેરાત** (ખે) સ્ત્રી૦ [अ] દાન, પુણ્ય, સખવત -તી વિ૦ ખેરાત માટે કાઢેલુ, ધર્માદાનુ (૨) ખેરાત કરે એવુ [હોવુ તે

**ખેરિયત** (ખે) સ્ત્રી૦ [अ.] સુખરૂપ-ક્ષેમકુશળ

**ખેરિયું** (ખે) વિ૦ છિન્નભિન્ન થયેલુ, વીખરાયેલુ (૨) તરત ભુઝાઈ જાય એવુ (૩) [લા]-માલ વગરનુ

**ખેરી** (ખે) વિ૦ ['ખેર' ઉપરથી] ખેરના લાકડા-માથી કાઢેલુ (૨) ખેરના લાકડાનુ બનાવેલું (૩)પુ૦[?]ઘેટો(૪) [हि खैर,-रा, म खैरा ?] એક પક્ષી (૫) સ્ત્રી૦ કંસારી (૬) લૂગડામા - કામળમા પડતી એક જીવાત

**ખેરી** સ્ત્રી૦ ['ખેર' ઉપરથી] ખેરો, રજ (૨) દાત ઉપર બાઝતી પોપડી

**ખેરીચો** પુ૦ [अ खरीज=પરચૂરણ ઉપરથી] પરચૂરણ ચીજોનો ડાબડો

**ખેરીજ** વિ૦ [अ ख़ारिज] વધારાનુ, અદર આવી ગયેલુ ન હોય તેવુ (૨) અ૦ વિના, સિવાય, વધારામા

**ખેરું**, ૦ખેરું વિ૦ જુઓ ખેરિયુ

**ખેરો** (ખે) પુ૦ [સર૦ ખેરીચો] ગૂથીને બનાવેલો દોરીઓનો જાળીદાર થેલો-ઝોળી

**ખેરો** (ખે)પુ૦['ખેળ'ઉપરથી ?]ચોખાના લોટની વડી (૨) ['ખેર'(सं खदिर) ઉપરથી] પોખ પાડવાનો દાડિયો (૩) ['ખેર = ધૂળ ઉપરથી] અહાચાનો ભૂકો, ગોર (૪) ગેરો, ભૂકો (૫) [સર૦ हिं खैरा] ડાગરના ડૂડાનો એક રોગ

**ખેરો** પુ૦ [સર૦ ખેરી પુ૦] બાજ, સિચાણો

**ખેલ** પુ૦ [म] રમત (૨) તમાસો, જોવાનુ નાટક, ભવાઈ (૩) [લા] રચના લીલા [-કરવો = ક્રીડા કરવી,રમત રમવી -કાઢવો=નો તમાસો, -નુ નાટક ભજવુ -ખેલવો = રમત રમવી]

**ખેલખાના** પુ૦ [फा खेल=લશ્કર + खानह, म] લશ્કરનો અસબાબ(૨) અસ્તવ્યસ્ત પડેલો સામાન, ગોટાળો (૩) ખરાબી, પાયમાલી

**ખેલણી** સ્ત્રી૦ ['ખેલવુ' ઉપરથી] ઢીગલી -ણુ (-વણુ) ન૦ રમકડુ, ખિલોણુ

**ખેલદિલી** સ્ત્રી૦ [ખેલ+દિલ+ઈ] દિલમા ખેલ કે રમતનો પ્રસન્ન ભાવ હોવો તે

**ખેલન** ન૦ [सं] ખેલવુ-રમવુ તે (૨) તમાસો, ખેલ -ના સ્ત્રી૦ ખેલવુ તે

**ખેલવણું** ન૦ રમકડું, ખિલોણુ

**ખેલવું** અ૦ ક્રિ૦ [सं खेल्] રમવુ, ગેલગમ્મત કરવી (૨) યુક્તિ કે પ્રપચથી કાર્ય કરવુ

**ખેલાડી** વિ૦ રમતમા કામ કાઢી લે એવુ ચતુર, મુત્સદ્દી (૨) પુ૦ ખેલ કરે-રમત રમે તે, નટ ૦પણુ ન૦ -ડુ વિ૦ ખેલાડીના સ્વભાવનુ

**ખેવ** પુ૦, સ્ત્રી૦ [સર૦ म] +(૫) ક્ષણ, પળ; (૨) અ [सं क्षिप्र, प्रा खिप्प, म खेवी] તતખેવ તરત

**ખેવટ(-ટિયો)** પુ૦[हि] માર્ગદર્શક, નેતા (૨) સુકાની -ટું ન૦ સુકાનીનુ-હોડી હકારવાનુ કામ વહાણવટુ

**ખેવડો** પું૦ [हि खेव?] એક જાતનુ ઘાસ

**ખેવના** સ્ત્રી૦ [स क्षेपण प्रा खेवण પરથી?] કાળજી, ચાનક, સભાળ

**ખેશ બિરાદર** પું૦ [फा] સગુ વહાલુ

**ખેસ** પું૦ [हि खेस, म खेस] ખભે નાખવાનુ વસ્ત્ર, દુપટ્ટો [**-ખ ખેરવો, -ખ ખેરીને ચાલતા થવું -ખંખેરી નાખવો** = જવાબદારીમાથી છૂટો છુ – એમ જાહેર કરવુ, અને ચાલ્યા જવુ **-નાખવો** = ખભે દુપટ્ટો પહેરવો **ખેસે વળગવું, ખેસ પકડવો** = આશરે પડવુ (૨) ન છૂટે એવુ લફરુ વળગવુ ]

**ખેસર** પું૦ [स] ખચ્ચર

**ખેસવવું** સ૦ક્રિ૦ [ 'ખસવુ' ઉપરથી] ખસેડવુ

**ખેસિયું** ન૦ ખેસ તરીકે ચાલે એવુ વસ્ત્ર,ખેસ (૨) જુઓ 'ખેસી'મા

**ખેસી** વિ૦[फा खेश = પોતાનુ]નજીકનુ,અતરનુ. **-સિયું** ન૦ નજીકનુ સગુ

**ખેહ** સ્ત્રી૦[दे]ધૂળ,રજ(૨)પું૦[स क्षय ઉપરથી] [क्षय

**ખેળ** (ખે) સ્ત્રી૦ [स. क्षीर?] લાહી, આર, કાજી

**ખેળો** પું૦ ['ખેલ' ઉપરથી ?] નાટક કે ભવાઈમા સ્ત્રીનો વેષ લેનાર પુરુષ, ભવૈયો

**ખેકડો** પું૦ [જુઓ ખેકડો] કરચલો

**ખેંખલી** (ખેં૦) વિ૦ [ખે ખે ઉપરથી] ખવાઈ – ખળખળી ગયેલુ, અત્યંત અશક્ત

**ખેંખેં** (ખેં૦) અ૦ (૨) સ્ત્રી૦ (રવ૦) ઉધરસનો અવાજ

**ખેંગાણું** ન૦ (કા) બદલો, ખગ

**ખેંગાર** (ખેં૦) પું૦ [प्रा खगार] (સં) જૂનાગઢનો પ્રખ્યાત રાજા(૧૨મી સદીનો)(૨) ગઆગીનુ એક વિશેષ નામ

**ખેંચ** (ખેં૦) સ્ત્રી૦[प्रा खंच = ખેચવું]ખેચાણ, તાણ(૨)આગ્રહ (૩)તગી,તાણ. **૦તાણ** સ્ત્રી૦ ખેંચાખેચ (૨) [લા ]આગ્રહ **૦વું** સ૦ક્રિ૦ [प्रा खंच, स कृष्] પોતા તરફ આણવુ, આકર્ષવુ તાણવું(૨)કસવુ,તગ કરવુ(૩)આગ્રહ કરવો, આગ્રહથી વળગી રહેવુ (૪) શોષી લેવુ, ચૂસવુ [**ખેંચી ઝાલવું, પકડવું, રાખવું** = ખેંચીને સજ્જડ પકડવુ (૨) નમતુ ન મૂકવુ, આગ્રહને વળગી રહેવુ ]**૦તાણ, ૦પકડ** સ્ત્રી૦ ખેચી કે પકડી રાખવુ તે,આગ્રહ **-ચંખેચા** સ્ત્રી૦ તાણંતાણા. **-ચાખેંચ (-ચી)** સ્ત્રી૦ તાણાતાણ (૨) આગ્રહ **-ચાણ** ન૦ જુઓ ખેચ.**-ચાતાણ** સ્ત્રી૦ ખેચાખેચ **-ચેટો** પું૦ એકદમ ખેચવાથી લાગતો આચકો

**ખૈડ** સ્ત્રી૦ [જુઓ ખરડિયુ]પાણી ન પાવુ – સુકાવા દેવુ તે(૨)સુકવણું,સૂક(૩)દોરડીને વળ ચડાવવાનુ ઓજાર [**-વાળવી** = ખેતરમા સૂક ન પડવા દેવી – પાણી પાવુ ] **-ડિયુ** વિ૦ [જુઓ ખરડિયું] પાણી વિનાનુ;નીક કે નહેર ઇત્યાદિથી જેને પાણી ન પવાતુ હોય તેવુ (ખેતર) (૨)ન૦ સુકવણુ ખરડિયુ (-પડવું). **ખૈડિયો ગવાર** = સમજાવ્યો ન સમજે તેવો જડસો આદમી

**ખો** (ખે') સ્ત્રી૦ [फा खू]ટેવ, આદત (૨)ખાર, દ્વેષ,વેર [**-ભુલાવવી** = ટેવ કાઢે તેમ કરવુ, પાઠ શીખવવો **-ભૂલી જવી** =(જિંદગીનો) પાઠ મળવો **-રાખવી** = દ્વેષ કે વેર હોવુ ]

**ખો** (ખો') સ્ત્રી૦ [જુઓ ખોહ]ખાઈ,ખીણ,કોતર

**ખો** સ્ત્રી૦ એક રમત(૨) (ખો') (રવ૦) ખોખો રમતનો બોલ [**-આપવી** = 'ખો' કહી બીજાને રમવા ઉઠાડવો ]

**ખો** (ખો') પું૦ વશ, મૂળ [**-કાઢી નાખવો** = ખોડો કાઢી નાખવો ખલાસ કરી દેવુ, જડ મૂળથી નાશ કરવો ]

**ખોઈ** સ્ત્રી૦ [જુઓ ખોળો] બાળકને સુવાડવા માટે કરેલી કે બાધેલી ઝોળી(૨)[કા ] ખોળો **-ઇયું** ન૦ ઘોડિયાની ખોઈ,ખોયુ (૨)ઘોડિયુ

**ખોખ** ન૦ [જુઓ ખોખુ] મોટા કદનુ પણ ખાલી ખોખુ હોય તે

**ખોખરાટ** પું૦ ખોખરાપણું

**ખોખરી** સ્ત્રી૦ ડાગર (વેપારીઓનો સકેત)

**ખોખરું** વિ૦ [રવ૦] જાડો ને પોલો અવાજ નીકળે એવુ(૨)અડધુ પડધુ ભાગેલુ – ફૂટેલુ [**-કરવું** = માર મારવો **-નાળિયેર** = ફાયદો ન હોય તેવુ – નકામુ કામ ]

**ખોખલી** સ્ત્રી૦ [જુઓ ખોખલુ, સર૦ म खोकड (स क्रोष्टु)] ઘરડી શિયાળ (૨)પડી ગયેલા દાતવાળી વૃદ્ધા **-લું** વિ૦ ['ખોખુ'

ઉપરથી]ખખળી ગયેલુ; વૃદ્ધ(૨)ઉધરસ ખાતુ
–લો પુ૦ [મ ] ઉધરસ, ઠાસો(૨) ['ખોખુ' ઉપરથી] વૃદ્ધ–ખખળી ગયેલો આદમી
–લો પંડચો પું૦ વૃદ્ધ ખખળી ગયેલો ગોર (૨) ઘરડો મહેતાજી
ખોખાવું અ૦ ક્રિ૦ ખો–વેર રાખવું
ખોખું ન૦ [સં शुष्क, હિં खुक्ख] અંદરથી પોલુ ને સાર–ગર કાઢી લીધેલુ જે કાંઈ હોય તે(૨)માલ કાઢી લીધો હોય તેવી ખાલી તકલાદી પેટી,હલકી બનાવટની પેટી (૩) કાગળ અને લૂગડુ લાહીથી ચોપડી બનાવેલો પાઘડીનો આકાર, કકડાઓની બનાવેલી પાઘડી (૪) ભરપાઈ થઈ ગયેલો હૂંડીનો કાગળ(૫)નમૂનો, બીબું (૬)કાચુ લખાણ, મુસદ્દો (૭) કલેવર, હાડપિંજર
ખોખો સ્રી૦ [સર૦ મ.] એક રમત, ખો
ખોગીર ન૦ [फा ] ઘોડા ઉપર મૂકવાની ઊનની ગાદી, જીન
ખોચરુ (ખો) વિ૦ ['કોચવુ' ઉપરથી ? સર૦ મ खोच(–र)णें ] પોલું (૨) ખાચાવાળુ (૩) ન૦ [જુઓ કોતર] ખો (૪) [સં. कुचर] જૂનો જમાનો –રેલ વિ૦ ખાડાખૈયાવાળું જેમ કે તેવો રૂપિયો
ખોચરે (ખો) અ૦ ખૂણે,ઝટ ધ્યાન ન પડે તેવી જગાએ [–પડવું=ઝટ ધ્યાનમા ન આવે તેવી જગાએ પડવુ, ઉવેખાવુ ] - [ખૂણો
ખોચડો પુ૦ ['ખોચરુ' ઉપરથી ?] ઠેકાણું;
ખોજ (ખો) સ્રી૦[अ. खौज, સર૦ હિં खोज] તપાસ, શોધ, ખોળ ૦વું સ૦ ક્રિ૦ [ हिं. खोजना] ખોજ કરવી, ખોળવુ
ખોજો વિ૦[फा ख्वाजह] હિંદુમાથી મુસલમાન બનેલી એક જાતનુ (૨) પુ૦ એ જાતિનો પુરુષ (૩) [फा ख़्वोजह] વ્યંઢળ, હીજડો; જનાનખાનામા સ્રીઓની તહેનાતમા રહેનારો નપુંસક નોકર
ખોટ સ્રી૦ ['ખૂટવુ' ઉપરથી] ઘટ, ઓછાપણુ, અપૂર્ણતા (૨) નુકસાન, ગેરલાભ (૩) ભૂલ, ચૂક (૪) નાની ભરતી (ઉધાનથી ઊલટા પ્રકારની) [–આવવી, જવી =ગેરલાભ થવો, નુકસાન થવું –ખાવી=નુકસાન સહન કરવુ. –પડવી =ની જરૂર–ભીડ પડવી (૨) ઘટ પડવી. –લાગવી=ખોટ પડવી –ભાગવી= ખાધ મેળવી લેવી (૨) ભીડ ભાગવી ખોટનું છોકરું=મોટી ઉંમરે થયેલું બાળક(૨) જેને છોકરા જીવતા ન હોય એનુ જીવેલુ છોકરુ ]
ખોટક(–કા)વુ અ૦ ક્રિ૦ [म. खोट=લગાડાવુ ઉપરથી] અટકવુ, અચકાવુ
ખોટકો પુ૦ [જુઓ ખોટ] ઘટ (૨) ખોટકાવુ તે
ખોટાઈ સ્રી૦ ['ખોટુ' ઉપરથી] જૂઠાપણું, અસત્યતા (૨) હરામીપણુ, આળસુપણુ
ખોટાબોલું વિ૦ ખોટુ બોલે તેવુ, બોલીને ફરી જાય એવુ [ગાભનો ગોટો
ખોટારવો પુ૦ છાણા બળી ગયા પછી રહેલો
ખોટારુ વિ૦ ['ખોટુ'ઉપરથી] જૂઠું (૨) ભૂંડું, ખોટુ (૩) ન૦ જૂઠાણુ (૪) તરકટ
ખોટારો પુ૦ ઝાડનો કકડો, પપૈયો (૨) અંગારો, લાળો (૩) ['ખોટુ' ઉપરથી] નખરુ
ખોટી અ૦ વિલંબ–ઢીલ થાય એમ, નકામુ થોભી રહેવુ પડે–વખત બગડે એમ (૨) સ્રી૦ (સુ )વાર,વિલંબ [–કરવું=રાહ જોવડાવવી, મોડુ કરવુ –થવું=વાટ જોવી, થોભવુ ]
ખોટીપો પુ૦ ખોટી થવુ તે, રોકાણ
ખોટીલું વિ૦ ['ખોટુ' ઉપરથી] આખાબોલકાબુ, આળસુ (૨) ખોડવાળુ (૩) ન૦ નિઃસંતાનને ઘણા વખત બાદ થયેલુ–ખોટીનુ બાળક
ખોટું વિ૦ [સં कूट ઉપરથી ? સર૦ હિં , म खोटा] જૂઠું, અસત્ય (૨) ભૂલભરેલું (૩) ખરાબ, નઠારું (૪) ફરી જાય એવુ, બેવફા (૫) ન૦ નુકસાન, અન્યાય, ખોટુ કામ (ઉદા૦ કોઈનુ ખોટુ કરવામા આપણને શો લાભ ?) [ખોટાં હાડકાંનું વિ૦ આળસુ હરામખોર ખોટી ચાલ=બદચાલ, વ્યભિચાર ખોટી નજર = કુદૃષ્ટિ ખોટું કરવુ = ન કરવા યોગ્ય કરવુ (૨) અન્યાય કરવો (૩) નોકરના પૈસા ન આપવા (૪) ગુમાવવુ –કાટલું = કામમા ન લેવાય તેવુ–ઓછા વજનનું કાટલું (૨) [લા ] મ ઢવાડમાથી ન ઊઠે તેવુ માણસ –થવુ = ખેદજનક બનાવ બનવો (૨) નાહક–

લેણુ ડૂલ થવુ -લાગવુ'=માઠુ લાગવુ ખોટો રૂપિયો=બનાવટી રૂપિયો (૨) જુઓ ખોટુ કાટલુ ]

**ખોડ** (ડ,) સ્ત્રી૦ ખો આદત, કુટેવ (૨) [સ खोड=લગડુ] શારીરિક ખામી (૩) ભૂલ, ખામી, કલક, લાછન (૪) ન૦ [દે खोड] ખોડસુ [-**આવવી**=ખામી-કચાશ રહેવી -**કાઢવી**=ભૂલ કાઢવી, ખામી બતાવવી (૨) નિંદા કરવી -**ભાગવી**=નઠારી ટેવ છોડાવવી. -**ભુલાવવી**=પાઠ શીખવવો, ખો ભુલાવવી -**રહી જવી**=ખામી રહી જવી ] ૦**ખાંપણ** સ્ત્રી૦ ખોડ કે ખામી

**ખોડવું** સ૦ક્રિ૦ [સ क्षोड=હાથી બાધવાનો થાભલો, દે. खोड=સીમાકાષ્ઠ-તે ઉપરથી, સર૦ ખોડસુ] દાટવુ (૨) રોપવુ, ઊભુ કરવુ (૩) ['ખોડુ' ઉપરથી] તોડવુ ભાગવુ [કા] (૪) ખોડુ કરવુ

**ખોડસું** ન૦ [જુઓ 'ખોડ' (ન૦), 'ખોડવુ'] મોટુ લાકડુ-ઠૂઠકુ. ઝાડનુ જૂનુ થડિયુ

**ખોડંગ(-ગા)વું. ખોડાવું** અ૦ક્રિ૦ [સં खोड्] લગડાવુ, ખોડુ ચાલવુ

**ખોડિયું** વિ૦['ખોડ' ઉપરથી]ખોડવાળુ, અપગ -**યો પાડો** પું૦ છોકરાની એક રમત

**ખોડીખમચી** સ્ત્રી૦ ખોડંગતા ચાલીને રમવાની છોકરાની એક રમત

**ખોડીબારું** ન૦ [લાકડા 'ખોડી'ને કરેલુ બારુ] ખેતરમા જવા આવવા માટે બે પાખિયાવાળુ લાકડુ ઘાલી બનાવવામા આવતો રસ્તો-છીંડુ

**ખોડીલું** વિ૦ ખોડવાળુ ખોડિયુ

**ખોડું** વિ૦ [સ खोड] ખોડિયું (૨) લગડુ (૩) સ્વર વિનાનુ (અક્ષર માટે)

**ખોડો** (ખો) પુ૦ [સર૦ મ खवडा, हि खौरा, સ क्ष्विड् ઉપરથી] માથાની ચામડી પર બાઝતો એક મેલ (૨) માથાની ચામડીનો એક રોગ (૩) [?] સહાર; નાશ [-**કાઢવો, -કાઢી નાંખવો**=સંહાર કરવો -**નીકળી જવો**= અતિ સંહાર થવો ]

**ખોણિયું** ન૦ [સં कोण ઉપરથી] (કારીગરનો) કાટખૂણો (૨) [?] ખોયણું

**ખોતરણી** સ્ત્રી૦ ['ખોતરવુ' ઉપરથી] દાત ખોતરવાની સળી (૨) ખરપડી (૩) કોતરવાનુ ઓજાર, ટાકણુ (૪) કોતરણી: નકશીકામ -**ણું** ન૦ ટાકણુ (૨) ખરપડી (૩) ખોતરવાનુ સાધન (૪) ખૂધરુ દોષ

**ખોતરવું** સ૦ક્રિ૦ [જુઓ કોતરવુ] આછુ આછુ ખોદવુ; ખણવુ (૨) [લા] ખાયમાલ કરવુ, (કોઈનુ) ખોદવુ [મહેનતાણુ

**ખોતરામણ** ન૦['ખોતરવુ' ઉપરથી]ખોતરવાનુ

**ખોતરું** ન૦ [ખોતરવુ' પરથી ?] બહાનુ

**ખોદકામ** ન૦ [ 'ખોદવુ' ઉપરથી] ખોદવાનુ કામ (૨) કૂવા, તળાવ વગેરે ખોદવાનુ કામ (૩) કોતરકામ

**ખોદણી** સ્ત્રી૦ ['ખોદવુ' ઉપરથી] [લા ] ખણખોદ, નિંદા; બદબોઈ [-**કરવી,-ખોદવી**= દોષ જોયા કરવા, નિંદા કરવી ]

**ખોદવું** સ૦ક્રિ૦, અ૦ક્રિ૦ [સ क्षोद, પ્રા खोद પરથી? સર૦ हिं खोदना म खोदणें] ભોય ઉખાડવી, ખણવુ (૨) કોતરવુ, નકસી પાડવી (૩) [લા] ખોદણી કરવી

**ખોદાઈ,-મણી** સ્ત્રી૦, -**મણ** ન૦ [ખોદવુ ઉપરથી] ખોદવાનુ મહેનતાણુ

**ખોદાખોદ** સ્ત્રી૦ ['ખોદવુ' ઉપરથી] વારવાર ખૂબ ખોદવુ તે (૨) ખોદણી

**ખોદાણ** ન૦ ['ખોદવુ' ઉપરથી] ખોદાવુ કે ખોદવુ તે, ખોદકામ (૨) પાણીના જોરથી ખોદાયલી જમીન

**ખોદુ** (-ધુ) ન૦ [દે खोड પરથી?] લાકડાનો જાડો-ભારે કકડો (૨) વિ૦ મૂઢ, ઠૂ બેવકૂફ

**ખોપ** પુ૦ નેતર, બરુ [સર૦ મ खोप સ્ત્રી૦] (૨) વાદળુ (૩) [કા] દેવુ [ખોરડુ

**ખોપડું** ન૦ [પ્રા खुप, સર૦ મ खोपट] છાપરી,

**ખોપરી** સ્ત્રી૦[સ खर्पर] માથાનુ પેટી જેવુ હાડકુ, જેમા મગજ છે તે [**ખોપરીમાં પવન ભરાવો, હોવો**=મિજાજ વધવો ગર્વ થવો (એક) **ખોપરી હોવું**=ખાસ વિશેષતાવાળુ મગજ ધરાવવુ (ઉદા૦ 'એ પણ એક ખોપરી જ છે')]

**ખોપી,૦લું** વિ૦ ખટપટિયુ [ભયાનક

**ખોફ** (ખો) પુ૦ [અ] ડર (૨) ગુસ્સો ૦**નાક** વિ૦

**ખોબલો, ખોબો** પું૦ [સં. ख=ખાડો+ ઉભય=બંને હાથ] બે હાથ છતા જોડવાથી બનતો પાત્રનો આકાર, પોશ (૨) તેમાં માય તેટલું માપ [**–ભરવો**=ખોબામાં માય તેટલું લેવું]

**ખોભ** પું૦ [સં क्षोभ, प्रा] + ક્ષોભ

**ખોભણ(–ણી)** (ણ) સ્ત્રી૦ [સં क्षुभ्? म. खोवण] ખો, ગુફા (૨) કોતરની બે બાજુનો ખાંચો (૩) ખાડો (ખાસ કેમ, ચાપ કે ઉલાળો અટકે એવો)

**ખોભના** સ્ત્રી૦ [સં क्षुभ्?] ખોડ, ખાંપણ

**ખોભરણ** સ્ત્રી૦ (કા.) ઢીલ, વિલંબ **–ણું** અ૦ક્રિ૦ ખોટી થવું, રાહ જોતા રહેવું, થોભવું [કા]

**ખોભળો** પું૦ (કા) સળંગ કઠણ પડ

**ખોયણી** (ખો') સ્ત્રી૦ [ખોરવું પરથી? સર૦ दे छोडिअ, फोडिअ=વધારેલું] વઘાર

**ખોયણું** (ખો') ન૦ બળતું લાકડું કે સળેખડું (૨) જામગરી (૩) [લા] ચાડવું, ઉશ્કેરણી

**ખોયલ** ન૦ મોચીનું એક ઓજાર

**ખોયાણ** ન૦ ઊંડી ખો–ખોભણ

**ખોયું** ન૦ જુઓ ખોઇયું

**-ખોર** વિ૦ [फा] 'ખાનારું,' '–ની ટેવવાળું', 'ખાઉ' એવા અર્થમાં પ્રાયઃ નામને અંતે (અનિષ્ટ ભાવ સૂચવે છે) ઉદા૦ હરામખોર, શરાબખોર

**ખોરડ** (પ.), **–ડું** ન૦ [સર૦ म खोरडा, सं कुटीर?] ઝૂંપડું, માટીની ભીંતનું નાનું ઘર

**ખોરડું** ન૦ (સુ) ખોલી, ઓરડી

**ખોરણ** ન૦ ['ખોરવું' ઉપરથી] હોલવાઈ ગયેલું જે હોય તે (૨) ખોરવાનું સાધન

**ખોરણી** સ્ત્રી૦ ['ખોરવું' ઉપરથી] ખોરવું તે (૨) ઉશ્કેરણી (૩) ખોયણી

**ખોરાણું** ન૦ જુઓ ખોયણું

**ખોરવાવું** અ૦ક્રિ૦ ['ખોરવું' ઉપરથી] વેરવિખેર થઈ જવું; તૂટી પડવું

**ખોરવું** સ૦ક્રિ૦ [સર૦ म खोरणे, हिं खोरनी] (દિવતાને સતેજ કરવા કે બળતાને જલદી બળવા) ખંખેરવું–તળે ઉપર કરવું

**ખોરસું** ન૦ [જુઓ ખુરસું] ત્રણ પાયાની ઘોડી, ત્રિપાઈ

**ખોરચે** અ૦ [ખોચરે'? કે 'ખોરંચો' પરથી?] ખૂણેખોચરે, નિકાલ ન થાય એવે ઠેકાણે

**ખોરંચો** પું૦ નડતર, અંતરાય

**ખોરાક** પું૦ [फा खुराक] ખાવાનો પદાર્થ (૨) [લા] જેનાથી કોઈ વાતનો નિર્વાહ થાય તે **–કી** સ્ત્રી૦ ખોરાક, ગુજરાનની વસ્તુ (૨) તેનું ખરચ. **–કીપોશાકી** સ્ત્રી૦ [फा] અન્નવસ્ત્ર (૨) તેનું ખરચ

**ખોરિયું** ન૦ ['ખોરવું' ઉપરથી] ઉબાળિયું; ખોયણું [ચ]

**ખોરીલ** વિ૦ (ખાવામાં) જબરું કે શોખીન

**ખોરું** (ખો) વિ૦ [प्रा खउरिय=મેલું કહોવું?] જૂનું થવાથી બેસ્વાદ **–રાટ** પું૦, **–રાશ** સ્ત્રી૦ ખોરાપણું

**ખોલ** સ્ત્રી૦ [दे खोल, खोल्ल] ખાલી કરચલી, પોલાણ (૨) ઊતરી ગયેલી જીર્ણ ચામડી (૩) સાપની કાંચળી (૪) ખોળી (૫) ખોળ, ગાદી તકિયા વગેરેનું ઉપલું પડ (૬) ન૦ જુઓ ખોયલ [**–આવવી, પડવી**=(ભીંગણ, માદળિયો બાંધવો ઇ૦માં) કપડું ઢીલું રહેવું–તંગ, બેસતું ન આવવું **–ઊતરવી, ઊતરી જવી**=ચામડી કે કાંચળી ઊતરવી–નીકળી જવી **–ચડાવવી**=પડ–ગલેફ ચડાવવા **–ભરવી**=કપડાનો ઢીલો પડતો ભાગ સીવી લેવો]

**ખોલકો** પું૦ [दे खोल] ગવેડો **–ડી** સ્ત્રી૦ ગવેડી **–કું** ન૦ ગવેડાનું નાનું બચ્ચું

**ખોલણહાર(–રું)** વિ૦ ખોલનાર

**ખોલવણ** ન૦ ['ખોલવું' ઉપરથી] કસાઈનું એક ઓજાર (૨) સ્ક્રૂ ફેરવવાનું ઓજાર, પેંચિયું

**ખોલવું** સ૦ક્રિ૦ [જુઓ ખુલ્લું] ઉઘાડવું (૨) કાઢવું, સ્થાપન કરવું

**ખોલી** સ્ત્રી૦ [सं खोलि] ખોળી (૨) [दे खुल्ल=કુટીર] ઓરડી (૩) [જુઓ ખોલકો] ગવેડી **–લો** પું૦ ગવેડો [(ચ)

**ખોલું** (ખો) ન૦ ખીચડી વગેરેનો દાઝેલો પોપડો

**ખોવડા(–રા)વવું** સ૦ક્રિ૦ 'ખોવું'નું પ્રેરક

**ખોવાવું** અ૦ક્રિ૦ 'ખોવું'નું કર્મણિ

**ખોવું** સ૦ક્રિ૦ [सं. क्षप्, प्रा खव] ગુમાવવું (૨) ગેરલાભ થવો [**ખોઈનાંખવું**=ખોવું **ખોઈ બેસવું**=ગુમાવવું (૨) હારી જવું]

**ખોસવું** સ૦ક્રિ૦ [સર૦ म खोचणें] જોરથી દાખલ કરવું, ઘાલવું, ઘોચવું

ખોહ સ્ત્રી૦ [સં. गोह] ખો, કોતર, ખીણ
ખોહાણ પુંં૦ [જુઓ ખોહ] નદીની ભેખડ
ખોહો પુંં૦ ['ખોસવું' ઉપરથી] ખોસનારો (૨) [સં. कुसीद = આળસુ? દે. गोह्=ગમાર કે કોટવાળ જેવો ક્રૂર પરથી?] લઠીગો, લઠ્ઠ પણ આળસુ માણસ [(તેને સ્થાને જુઓ)
ખોળ સ્ત્રી૦ જુઓ ખોલ ૨ થી ૫ -ળિયું ન૦
ખોળ (ખો) પું૦ [દે खोळ] તેલ કાઢી લીધા બાદ રહેતો તેલી બીનો કૂચો
ખોળ (ખો) સ્ત્રી૦ [દે खोल=જાસૂસ પરથી?] તપાસ, શોધ ૦વું સ૦ક્રિ૦ શોધવું, તપાસ કરવી, ઢૂંઢવું. -ળંખોળા, -ળાખોળ(-ળી) સ્ત્રી૦ શોધાશોધ [ખૂબ ઢૂંઢવું તે (?)
ખોળાઢંઢોળા (ખો) પું૦બ૦વ૦ ખોળાખોળ,
ખોળંબો(-ભો) પું૦ [મ खोळंबा] વિલંબ, ઢીલ. [ખોળંબે નાખવું=ઢીલમાં નાખવું ખોળંબે પડવું =ઢીલમાં પડવું]
ખોળાધર (ખો) પું૦ [ખોળો+ધરવો] જામીન -રી સ્ત્રી૦ જામીનગીરી [અધરણી
ખોળાભરણું (ખો) ન૦[ખોળો+ભરવું] સીમંત,
ખોળાંખંખોળાં, ખોળાંખાંખાં (ખો) ન૦બ૦વ૦ ખૂબ બારીક તપાસ
ખોળિયું ન૦ [સ. खोलि] ગોદડા વગેરે ભરવાનો ઓઢો (૨) શરીર, કલેવર [-ચડાવવું=ઓઢો ઘાલવો-પહેરાવવો ખોળિયામાં જીવ આવવો=નિરાત વળવી, ચિંતા દૂર થવી ખોળિયામાંથી જીવ ઊડી જવો=ફાળ પડવી, ભારે ગભરાટ-ચિંતા થવા]
ખોળી સ્ત્રી૦ [સ खोलि॰] વસ્તુના રક્ષણ માટે છેડા ઉપર ગોઠવેલું ઢાકણ (જેમ કે લાકડીને)
ખોળો (ખો) પું૦ [સ क्रोडक॰] પલાઠી મારી બેસતા બંને જાંઘ ઉપરની ઘૂંટણ લગી થતી આસન જેવી જગાનો ભાગ (૨) એ ભાગ ઉપરના વસ્ત્રને (તેમાં કાંઈ લેવા) ઝોળી પેઠે કરાય છે તે [ખોળામાં ઘાલવું=વહાલથી ખોળામાં લેવું (૨) આશ્રય આપવો ખોળે ઘાલવું=દીકરી સાસરે જતી હોય ત્યારે સગાવહાલાએ તેને પૈસા ભેટ આપવા ખોળે બેસાડવું=લગ્ન વખતે કન્યાને સાસુ-સસરાના ખોળામાં બેસાડવી(૨) દત્તક લેવું (૩) વિશ્વાસ આપવો ખોળે માથું મૂકવું=શરણે જવું ખોળે લેવું=દત્તક લેવું (૨) માન્ય કરવું ખોળે સોંપવું=ભાળવણી કરવી. ખોળો પાથરવો=કરગરવું, વિનંતી કરવી -ભરવો=સીમંત કરવું -ધરવો, વાળવો =ખોળાની ઝોળી જેવું કપડું વાળીને કાંઈ તેમાં લેવા માટે તૈયાર થવું (૨) માગવું]
ખોંખારવું (ખો૦) અ૦ક્રિ૦ જુઓ ખૂંખારવું
ખોંખારો પું૦ (ખો૦) જુઓ ખૂંખારો
ખોંચ (ખો૦) સ્ત્રી૦[જુઓ ખાચ] ખાચો, ખોભણ, ખાણ (૨) કમર, કમીના (૩) [જુઓ ખૂંચ] વાંધો, અડચણ (૪) મુશ્કેલી, ગૂંચવણ
ખ્યાત વિ૦ [સં] પંકાયેલું, નામીરું (૨) સ્ત્રી૦ [પ] ખ્યાતિ, કીર્તિ (૩) ન૦ કથન -તિ સ્ત્રી૦ પ્રસિદ્ધિ, કીર્તિ (૨) પ્રતીતિ, જ્ઞાન -પન ન૦, -પના સ્ત્રી૦ જાહેરાત (૨) કબૂલાત
ખ્યાલ પું૦ [જુઓ ખયાલ] તર્ક, વિચાર, કલ્પના સ્મરણ (૨) છાલ, કેડો (૩) એક જાતનું ગાયન [-કરવો=વિચાર-કલ્પના કરવા -છોડવો=વિચાર તજવો (૨) છાલ મૂકવો -બાંધવો=કલ્પના કરવી -રાખવો=ધ્યાન કે સ્મરણ રાખવું ખ્યાલમાં હોવું=વિચારવું, ધ્યાન પર લેવું] ૦ટપ્પો પું૦ ખ્યાલ ને ટપ્પો, ગાયનનો એક પ્રકાર -લિયો પું૦ ખ્યાલટપ્પા ગાનારો -લી વિ૦ તરંગી (૨) ખ્યાલ-લાવણી જોડનારુ
ખ્રિસ્ત પું૦ [ગ્રીક-ख्रिस्टोस] (સ.) જુઓ ઈસુ -સ્તી વિ૦ ઈસુ સંબંધી, ઈસુના ધર્મનું (૨) પું૦ એ ધર્મ માનનારો માણસ
ખ્વાબ પું૦, ન૦ [फा] ખાબ, સ્વપ્ન -બી વિ૦ સ્વપ્નનું, તે સંબંધી (૨) સ્વપ્ન રચ્યા કરનારુ, સ્વપ્નશીલ, તરંગી

# ગ

ગ પુ૦ [સં] કંઠસ્થાની ત્રીજો વ્યંજન(૨)ગંધાર સ્વરની સંજ્ઞા ૦કાર પુ૦ ગ અક્ષર અથવા ઉચ્ચાર. ૦કારાંત વિ૦ [સં] છેડે ગકારવાળુ. ૦ગુ ન૦ + ૦ગો પુ૦ ગકાર

–ગ [સં] [સમાસને અંતે] 'જવુ' ચાલવુ' એવા અર્થમા ઉદા૦ ખગ, ઉરગ

ગ છંદશાસ્ત્રમા 'ગુરુ' અક્ષરનુ ટૂંકુ રૂપ

ગઈ 'જવું'નુ ભૂતકાળનુ સ્ત્રી૦રૂપ(૨)(ભૂ૦કૃ૦)વિ૦ ગયેલી, વીતેલી [–તે ગઈ = જાણે સદાને માટે ચાલી ગઈ, ફરી આવી જ નહિ] ૦કાલ સ્ત્રી૦ આજની પહેલાંનો દિવસ (૨) અ૦ જુઓ 'ગઈ કાલે' ૦કાલે અ૦ આજની પૂર્વેના દિવસે; કાલે (૨) [લા.] હમણા જ ૦ગુજરી સ્ત્રી૦ બની ગયેલી – ભૂતકાળની હકીકત

ગ(૦ડ)ગડવું અ૦ક્રિ૦[સર૦ હિં ગડગડ, રવ૦] ગડગડ અવાજ કરવો, ગાજવુ

ગ(૦ડ)ગડાટ પું૦ ગડગડ એવો અવાજ (૨) અ૦ સપાટાબંધ, વગરહરકતે –વવું સ૦ક્રિ૦ ગડગડે એમ કરવુ (૨) ઝપાટાબંધ – અટક્યા વગર કામ ચલાવવુ (જેમ કે વાચનનુ)

ગ(૦ણ)ગણવું અ૦ક્રિ૦ [રવ૦] ગણગણ એવો અવાજ કરવો (૨) નાકમા બોલવુ (૩) [લા] પોતાની નામરજી અસ્પષ્ટ રીતે બતાવવી (૪) સ૦ક્રિ૦ મનમા બબડવું ગગણના કહેવુ

ગ(૦ણ)ગણાટ પુ૦ ગણગણવુ તે

ગગન ન૦[સં] આકાશ, આભલુ [ગગનનાં કુસુમ વીણવાં, ગગનનાં પક્ષી ઝાલવાં, ગગનનાં ફૂલ વીણવાં = અસંભવિત કામ કરવુ, કે તેમ કરવાનો પ્રયત્ન કરવો ગગનમાં ઊડવુ = અલોપ થઈ જવુ (૨) નિરર્થક જવું (૩) ફુલાવુ ગગનમાં ગાજવુ = ઘણે ઊંચે ગર્જના થવી (૨) મોટાઈમા રહેવુ ગગનમાં ચડાવવું = વખાણ કરી ઊંચે ચડાવવુ ગગને ચડવું = ફુલાવુ, તોર કરવો (૨) પોતાની કિંમત ઘણી વધારી મૂકવી –સાથે વાતો કરવી = બડાઈઓ મારવી(૨)આકાશને અડે તેટલું – ઘણું ઊંચુ હોવુ.]૦ગામી વિ૦ ગગનમા જનારું ૦ગાંઠિયા પુ૦બ૦વ૦ એક મીઠાઈ, ઘઉંના લોટના ચાસણી પાયેલા ગાઠિયા ૦ચર વિ૦ ગગનમા ફરનારું(૨)ન૦ પંખી,દેવ, ભૂત-પિશાચ,નક્ષત્ર,ગ્રહ વગેરે ૦ચુંબિત, ૦ચુંબી વિ૦ આકાશને ચુંબતુ,બહુ ઊંચુ ૦પટ પુ૦ ગગનરૂપી પટ,આકાશનો વિસ્તાર ૦ભેદી વિ૦ ગગનને ભેદે એવુ મોટુ (અવાજ કે નાદ) ૦વિહાર પુ૦ આકાશમા વિહાર (૨) [લા] બહુ ઊંચા ઊંચા ખ્યાલો કરવા તે ૦વિહારી વિ૦ ગગનવિહાર કરનારું ૦સ્પર્શી વિ૦ આકાશને અડે એવુ, બહુ જ ઊંચુ

ગગરી સ્ત્રી૦ [સં गर्गरी, प्रा गग्गरी] નાનો ગગરો

ગગરું વિ૦ [જુઓ કકરુ] ભભરુ, દાણાદાર

ગગરો પુ૦ [જુઓ ગગરી] ધાતુનો ઘડો [–ફેરવવો = ભીખ માગવી (૨) ઉપર ઘી પીરસાય એવો વરો કરવો ]

ગ(૦ળ)ગળવું અ૦ક્રિ૦ ['ગળવુ'? સં गद्गद, प्रा गग्गर?] ઢીલા થઈ જવુ (પ્યારથી, ધમકીથી કે એવી કોઈ લાગણીથી) (૨) ફીકા પડી જવુ

ગ(૦ળ)ગળું વિ૦ [જુઓ ગગળવુ] ઢીલુ. દીન (૨) પાકવા ઉપર આવેલુ. [–થઈ જવું = ગદ્ગદ કે રડુ રડુ થઈ જવુ ]

ગગા સ્ત્રી૦ (બાળભાષા) બાળકનુ ઝભલુ

ગગો પુ૦ છોકરો, દીકરો –ગી સ્ત્રી૦ છોડી,દીકરી

ગગ્ગુ,–ગ્ગો જુઓ 'ગ'મા

ગચ અ૦ [રવ૦? સર૦ હિં] ગચ્ચ [–દઈને = ગચ, ફચ અવાજની સાથે, ઝટ (અંદર ઘૂસી કે પેસી જવુ)] [થવુ]

ગચ ક્રિ૦વિ૦ પસંદ, માફક [–આવવુ = માફક

ગચ સ્ત્રી૦ [फा] ચૂનો, કેલ [તે

ગચકડિયું ન૦ [રવ૦] (ડૂબતા) તરફડિયા મારવા

ગચકડું,ગચકિયું ન૦ [રવ૦] ગચકડિયુ (૨) ગચરકુ [ઠસાઈ ગયેલું

ગચ્ચન વિ૦ ['ગચ' ઉપરથી] મસ્ત (૨) ભરાઈ–

ગચરકું ન૦, –કો પું૦ [જુઓ ગચ] ખાટો

ઉપરી પડતો મુક્કીનો માર(૨)['ગપ ઉપરથી] ગપની પરંપરા [ગપ્પી
ગપાટો પું૦ ગપ -ટી વિ૦ ગપાટા હાંકનારું,
ગપાવું અ૦ક્રિ૦ [स गुप्] ચુપચાપ કે છાનામાના ઘૂસવું -વવું સ૦ક્રિ૦ પ્રેરક [ગપ
ગપાષ્ટક ન૦ [ગપ+स अष्टक] ખોટા તડાકા,
ગપોડશંખ પું૦ ગપ્પીદાસ
ગપોડું ન૦, -ડો પું૦ ['ગપ' ઉપરથી] ગપ્પુ
ગપોલિયું ન૦ [स गुप् ઉપરથી] કશામાથી છટકી જઈને ભરાઈ બેસવું તે (ખાસ કરીને નિશાળમાથી) (૨) વ્યભિચાર -કરવું = (નિશાળમાથી) છટકી જઈ ક્યાંક લપાઈ રહેવુ કે સેરી જવુ
ગપ્પું ન૦ જુઓ ગપ -પ્પી વિ૦ ગપ્પા મારે એવું -પ્પીદાસ પું૦ ગપ મારવાની આદતવાળો માણસ
ગફલત સ્ત્રી૦ [अ] બેદરકારી, અસાવધતા (૨) ભૂલ [ગફલતમાં રહેવું=બેદરકાર રહેવુ, અજાણમા ભૂલ થવી - ભૂલ ખાવી]
ગફલતિયું,-તી વિ૦ ગફલત કરનારું
ગફલું વિ૦ [જુઓ ગભરુ] સુંદર અને હૃષ્ટપુષ્ટ
ગફા સ્ત્રી૦ + ગુફા
ગફૂર વિ૦ [अ] દયાળુ
ગફ્ફો પું૦[રવ૦]ઉતાવળમા - ગપ દઈને ભરેલો મોટો કોળિયો - બૂકડો
ગબ અ૦ [જુઓ ગપ અ૦] ઝટ,ચટ ૦કાવવું સ૦ક્રિ૦ જુઓ ગપકાવવુ ૦ગબ અ૦ ટપોટપ (૨) સ્ત્રી૦ બીજાની વાતચીતમા વચ્ચે બોલવુ તે
ગબડગંડ(-ડુ) વિ૦ [ગરબડિયું + ગાંડુ] દાંધાગરું; મૂર્ખ [અવ્યવસ્થિત
ગબડગંદુ વિ૦ [ગરબડિયું + ગંદુ] ગંદુ અને
ગબડવું અ૦ક્રિ૦ [જુઓ ગડબડવું] તળે ઉપર થતા સરવુ(૨)આળોટવુ(૩)[લા](વગર વાંધે કે વિઘ્ને) ચાલી કે નભી જવુ, આગળ વધવુ
ગબડી(-રડી) સ્ત્રી૦['ગબડવુ' ઉપરથી]એકદમ દોડી જવુ તે [-મારવી]
ગબ(-ભ)રુ વિ૦ [સર૦ हिं. म गबरू; फा खूबरू પરથી?] જુઓ ગભરુ
ગબાગબ અ૦ [રવ૦]ગબગબ,ટપોટપ(૨)સ્ત્રી૦ ધોળાધોળ -બી સ્ત્રી૦ મુક્કામુક્કી(૨)બોલાબોલી
ગબાર સ્ત્રી૦ [स गह्वर, प्रा गब्भर?] ખાડો (૨) બખોલ
ગબારો પું૦ [अ. गुब्बारह] નાનુ બલૂન (૨) હવાઈ, હવામા ઊંચે જઈ ફૂટે એવુ એક જાતનુ દારૂખાનુ
ગબી સ્ત્રી૦ [स गर्भ, प्रा गब्भ?] લખોટી કે મોઈદડાની રમતમા કરાતો નાનો ખાડો
ગબો(-બ્બો) પું૦[अ गबी =મૂરખ?] મૂરખો, રાંસો
ગબોગબ અ૦ [રવ૦] ગબગબ, ઉપરાઉપરી
ગબોળો પું૦ જુઓ ગપગોળો (૨) ભવાડો
ગબ્બર વિ૦ [સર૦ हि म] સંગીન (૨) પૈસાદાર (૩) જબરુ
ગબ્બર પું૦ [स गह्वर, प्रा गब्भर=ગહન વિષમ જગા] (સ) અંબાજી પાસેનો એક (ચડવામા કઠણ) ડુંગરો
ગબ્બો પું૦ મોટી ગબી (૨) [?] શેરડીની ગાંઠ (૩) [રવ૦] ધબ્બો (૪) જુઓ ગબો
ગભરાટ પું૦ ['ગભરાવું' ઉપરથી] ગભરામણ ૦વું અ૦ક્રિ૦ + ગભરાવુ -ટિયું વિ૦ ગભરાટવાળુ, ગભરાટના સ્વભાવનુ -મણ સ્ત્રી૦ અકળામણ, મૂંઝવણ (૨) ભય [-થવી] -વું અ૦ક્રિ૦ [हिं घबराना, म घाबरणें] ગૂંચાવુ, મૂંઝાવુ, કષ્ટાવુ (૨) બીવુ
ગભરુ વિ૦ [જુઓ ગબરુ] ગાભલા જેવુ, ગોરુ અને માંસલ (૨) નિર્દોષ, ભોળુ
ગભસ્તિ પું૦, સ્ત્રી૦ [स] કિરણ
ગભા પું૦બ૦વ૦ [स गर्भ, प्रा गब्भ] ગળફા
ગભા(-મા)ણ સ્ત્રી૦ [स गवादनी] ઢોરના નીરણ માટે, આડુ લાકડુ રાખી કરેલી જગા
ગભાણ ન૦ [स गवादनी] ગામના પાદર પરની ગોચર જમીન, ચરો
ગભાર(-રો) પું૦ [स गर्भागार] મંદિરની અંદરનો ભાગ [ગભીર ૦તા સ્ત્રી૦
ગભીર વિ૦ [स] ઊંડુ (૨) ઘાડુ (૩) જુઓ
ગમ સ્ત્રી૦ [स गम् ઉપરથી] બાજુ (૨) મનનુ વલણ (૩) ગતિ પ્રવેશ (૪) સૂઝ [-પડવી = સૂઝ - સમજ પડવી -હોવી = સૂઝ - સમજ

હોવી] (૫) પું૦ જુઓ ગમા (-ભાગવા)
ગમ સ્ત્રી૦ [અ] શોક, દુખ (૨) ગમખારી [-ખાવી = ખામોશી રાખવી,એકદમ ઊછળી ન જતા રોકાવુ-મનને રોકવું ] ૦ખાર વિ૦ [ફા] ગમ ખાય એવું, ખામોશ સહનશીલ. ૦ખારી સ્ત્રી૦ ખામોશી, ગમ ખાઈ જવી તે ૦ગીન વિ૦ ખિન્ન,ઉદાસ ૦ગીની સ્ત્રી૦ [ફા.] ગમગીનપણુ. ૦ગુસાર વિ૦ [ફા.] દુખ દૂર કરનારું, દિલાસો આપનારુ (૨) પું૦ મિત્ર
ગમક પું૦[સં]સ્વરને કપાવીને ગાવુ તે (સગીત) (૨) એક છદ [ગતાગમ
ગમગત સ્ત્રી૦ [ગમ+ગત (ગતિ)] જુઓ
ગમચાં ન૦બ૦વ૦[રવ૦]બોલતા બોલતા અચકાવુ તે (લાગણી વિચાર કે નામરજીથી) [-ખાવાં = બોલતા અચકાયા કરવુ]
ગમત સ્ત્રી૦ ['ગમવુ' ઉપરથી] વિનોદ, મજા, આનદ. -તી વિ૦ વિનોદી (૨) આનદી
ગમન ન૦ [સં] જવુ-ચાલવુ તે (૨) ચાલ, ગતિ (૩)સ્રીસગ. ૦શીલ વિ૦ 'કાઇનેટિક'- ગતિવાળુ (ગ)
ગમવું અ૦ક્રિ૦ [સં. गम्,स गमर्णे]મનને સારુ લાગવુ; ગોઠવુ (૨) પસદ પડવુ [ગમતું ધરાવવું = ગમતુ(જેમકે ઘરેણું) કરવુ-કરાવવુ (૨)[કટાક્ષમા]ગમાડ્યા સિવાય છૂટકો ન હોવો]
ગમા પું૦બ૦વ૦ શક્તિ (૨) શરીરના સાધા. [-ભાંગવા = પગ ભાગવા, ચાલવાની શક્તિ જતી રહેવી]
ગમાણ સ્ત્રી૦ [સં गवादनिका] જુઓ ગભાણ સ્ત્રી૦. -ણિયુ ન૦ આડુ લાકડુ
ગમાનક ન૦ [જુઓ ગવાનિક] ગોગ્રાસ
ગમાર વિ૦ [દે] અણસમજુ, મૂર્ખ (૨) રોચુ, ગામડિયુ
ગમાવવું સ૦ક્રિ૦ [સ निर्गमय्] ગાળી નાખવું, ખર્ચી નાખવુ (૨) ગુમાવવુ, ખોવુ
ગમી સ્ત્રી૦ [અ ગમ ઉપરથી] દિલગીરી (૨) અ૦ [સ. गम् ઉપરથી] (સુ) તરફ, ભણી
ગમે તે સ૦ (૨) વિ૦ કોઈ કે કશુ પણ (૩) રુચિ કે ઇચ્છા મુજબનુ
ગમે તેમ અ૦ રુચિ મુજબ, ઇચ્છા પ્રમાણે (૨) કાઈ બધન કે મર્યાદા વગર;નિરકુશ, ઉચ્છૃખલ રીતે (૩) અવ્યવસ્થિત રીતે [-કરીને = કોઈ પણ ઉપાયે કે રીતે]
ગમો પું૦ ['ગમવું' ઉપરથી] ગમવુ તે, રુચિ
ગમ્મત સ્ત્રી૦ જુઓ ગમત, ગમત
ગમ્ય વિ૦ [સં] જવાય-પહોચાય એવુ કે જવા ધારેલુ તેવુ (૨) સમજાય એવુ (૩) ઔષધિ ઇત્યાદિથી મટાડી શકાય તેવું, સાધ્ય (૪) સ્રીસગ-ગમનને યોગ્ય ૦માન વિ૦ જણાતુ, સમજાતુ
ગયવર પું૦ [प्रा; स गजवर]+મોટો હાથી
ગયંદ પું૦ [प्रा, स गजेन्द्र]+હાથી
ગયાવ(-વા)ળ પું૦[हिं गयावाल]ગયાનો પડો
ગયુ [સં गत, प्रा गय દે गय = મૃત] 'જવુ'નુ ભૂતકાળનુ રૂપ (૨) વિ૦ ગયેલુ, વીતેલુ, ભૂતકાળનુ (૨) મરી ગયેલુ (જેમ કે ગયુ તે ગયું, ના ગયુ થનાર છે?) -યેલું વિ૦ 'જવુ'નુ ભૂ૦ કૃ૦
ગર પું૦ [સ गर्भ] ફળની કે ઝાડના થડની અદરનો ગર્ભ (૨) [લા] મનનો ભેદ, મમ
ગર પું૦ [સં] ઝેરી અધાર, ગલ
-ગર [फा] 'કરનાર' એવો અર્થ સૂચવતો પ્રત્યય ઉદા૦ 'સોદાગર,' 'કારીગર' -રી સ્ત્રી૦
ગર પું૦ જુઓ ગીર ઉદા૦ કેશવગર
ગરક વિ૦[अ] ડૂબેલુ (૨) મગ્ન, લીન ૦બારી સ્ત્રી૦ છટકવાની બારી ૦વું અ૦ક્રિ૦ કળી-ખૂપી જવુ (૨)ડૂબી જવુ (૩) મગ્ન-લીન થઈ જવુ. -કાવ વિ૦ ગરક, મશગૂલ
ગરગટ પું૦ ગટ્ટો-ઠીગણો આદમી
ગરગટિયું વિ૦ જૂનુ ને જીર્ણ
ગરગડવું અ૦ ક્રિ૦ ['ગડગડ' ઉપરથી] ગડગડ અવાજ થવો (૨) ગબડવુ [રુખસત
ગરગડિયું ન૦ [રવ૦] ખગખડિયુ, પાણીચું,
ગરગડી સ્ત્રી૦ ['ગડગડ' ઉપરથી] ફરે તેવુ નાનુ પૈડું (૨) દોરાની ગગ્ગડી, 'રીલ'
ગરગર અ૦ [રવ૦] ઝપાટાબધ,એક પછી એક ગરે એવી રીતે
ગરજ સ્ત્રી૦[अ]ખપ, જરૂર(૨)સ્વાર્થ. [-પડવી

=જરૂર જણાવી,ખપ હોવો **–સરવી**=સ્વાર્થ પૂરો થવો ]૦**મતલબી** વિ૦ સ્વાર્થી ૦**વંત**, ૦**વાન**, –**જાઉ**, –**જિયું**, –**જી**, –**જીલું**, –**જુ** વિ૦ ગરજવાળુ .૦**સવાદી** વિ૦ગરજમતલબી

**ગરજણ** સ્ત્રી૦ [स गर्जन] એક પખી

**ગરજનતેલ** ન૦ ગર્જન ઝાડમાથી મળતુ તેલ

**ગરજવું** અ૦ક્રિ૦ [સં. गर्ज्] ગર્જના કરવી, ગાજવુ (૨) મોટેથી બરાડવુ, તડૂકવુ

**ગરજ-સવાદી, ગરજાઉ, ગરજિયું, ગરજી** (૦**લું**), **ગરજુ** વિ૦ જુઓ 'ગરજ'મા

**ગરજો** પુ૦ ફણગો,અકુર(૨)કાટો, ઊભો ખીલો (૩) ખૂપગે (૪) એક અણિયાળુ હથિયાર

**ગરડગપ(–ફ)** અ૦ [રવ૦] ગડડગફ, ઝટ દઈને, અચાનક

**ગરડવું** સ૦ક્રિ૦ [જુઓ ઘસડવુ, स घर्ष्] (અક્ષર) ઘૂટવા (૨) અ૦ક્રિ૦ ['ઘરર' ઉપરથી રવ૦] ગળામા બોલવું (૩) અવાજ ખેચવો

**ગરડો** પું૦ [જુઓ ગરડવુ] ઘૂટવાના અક્ષરોનો કાગળ, ખરડો

**ગરણ** ન૦ એક ઝાડ

**ગરણી** સ્ત્રી૦ [સં. गिरिकर्णिका] એક ઔષધિ

**ગરણી** સ્ત્રી૦ [स गुरु ઉપરથી] સ્ત્રી-ગુરુ, (૨) ગરણીજી. ૦**જી** સ્ત્રી૦ [જી માનાર્થે] જૈન સાધ્વી

**ગરણું** ન૦ એક જાતની ધાર્મિક ક્રિયા

**ગરથ** પું૦[स ग्रथ=धन ?]નાણુ, પૈસો [**–વેચી ઘેલા થવું**=ગાઠનુ ખોઈને ગાંડા બનવુ.પૂરી મૂર્ખાઈ કરવી ]

**ગરદ** સ્ત્રી૦ [फा. गर्द] ધૂળ,(૨)વિ૦ ભિડાયેલુ; સાકડમા આવેલુ; દટાયેલુ

**ગરદન** સ્ત્રી૦[फा.]ડોકી,ગળચી,બોચી [**–કાંટા ઉપર ન હોવી**=ઉદ્ધતાઈ ને મગરૂરીનો પાર ન હોવો **–નમવી**=નીચાજોણુ થવુ, આબરૂ જવી (૨) નુકસાન થવું (૩) મરણવેળા ડોક લચી જવી **–નાખી દેવી**=મરણવેળાએ ડોક લચી જવી–ડોકુ લૂલુ પડી જવુ **–મારવી(–વું)**=ડોકું કાપી જુદું કરી નાખવુ (૨) પાયમાલ કરવું ]

**ગરદા** સ્ત્રી૦ [फा गर्द] ધૂળ

**ગરદી** સ્ત્રી૦ ગિરદી, ભીડ

**ગરદો** પું૦[फा. गर्द]તમાકુના પાદડાનો ભૂકો,જરદો

**ગરનાળ** સ્ત્રી૦ [पो गार्नेल, हि. म. गरनाल] છરાના ગોળા ભરવાની, ખાડણી જેવી તોપ

**ગરનાળું** ન૦[ગર(ગળવુ)+નાળુ]પાણી આવવા જવા માટે બાધેલો સાકડો માર્ગ, નાળું

**ગરબડ**, ૦**ગોટો**, ૦**શું**, ૦**સડ(–ર)બડ**, **–ટાટ**, **–ડિયું** જુઓ 'ગડબડ'મા

**ગરબી** સ્ત્રી૦ સ્ત્રીઓના ગગમા ગાવાની એક જાતની કવિતા ૦**ભટ** પુ૦ ગરબીઓ ગાનારો, ભૈરવનો રાગ તાણનારો બ્રાહ્મણ (૨) [લા.] વિ૦ રાડવું

**ગરબો** પું૦ નોરતામા અથવા માતા વાવે છે તે પ્રસગની કાણાવાળી માટલી જેમા ચાલુ ઘીનો દીવો રખાય છે તે (૨) દીવા કે માડવીની આસપાસ ફરતા ફરતા તાળીઓ પાડીને ગાવું તે (૩) મોટી ગરબી, રાસડો [**ગરબા ગાવા** =રાસડા ગાવા (૨) ગરબે રમવું (૩) નાસદનુ કામ કરવું **ગરબે રમવું**= ગરબો ગાતા, નૃત્ય કરતા ગોળ ફરવુ **ગરબો કોરાવવો** =માતાનો માનેલો ગરબો મ ડાવવો **–ખૂદવો**, **–રમવો** = જુઓ ગરબે રમવું ]

**ગરભ** પું૦ [स गरभ, गर्भ] જુઓ 'ગર્ભ'માં. ૦**છાંટ** સ્ત્રી૦ છરા ભરેલો દારૂનો ગોળો (૨) ગરનાળ ૦**સુતરાઉ**, ૦**સૂતર** વિ૦ તાણામા રેશમ અને વાણામા સૂતરના વણાટવાળુ

**ગરભાવું** અ૦ક્રિ૦ [स.गर्भ] ગર્ભાવું, ગરભ રહેવો (૨) બગડવું: બેરવાદ થવું [ડોડો

**ગરભોણું** ન૦ [स गर्भ પરથી] મકાઈનો દૂધિયો

**ગરમ** વિ૦ [फा गर्म] ઊનુ (૨) શરીરમા ઉષ્ણતા પેદા કરે–વધારે તેવુ (૩) [લા ] જોસમા કે ક્રોધમા આવેલુ [**–આગ, લાય**=ઘણું જ ગરમ (૨) બહુ જ તીખુ **–કપડાં**=ઊનનાં કપડા. **–કરવું**=ફટકાવ્વુ(જેલસાષા) **–પડવું** =ગરમીની અસર થવી, શરીરમા ગરમી દાખવવી (ઉદા૦ દવા ગરમ પડી) ] ૦**મસાલો** પુ૦ તજ, લવિગ ઇત્યાદિ ગરમ તેજાનાનો ભૂકો [સેવાચાકરી

**ગરમઠર** સ્ત્રી૦ [ગર (ગડ) + મઠારવુ] બરદાસ;

**ગરમર** સ્ત્રી૦, ન૦ [સર મ] એક વનસ્પતિ (તેના મૂળનુ અથાણુ થાય છે)

**ગરમાગરમ** વિ૦ [ જુઓ ગરમ ] ગરમ ગરમ, ઊનું ઊનું. **-મી** સ્ત્રી૦ ગરમાગરમ હોવું તે

**ગરમાટો(-વો)** પું૦ ગરમી, ઉષ્ણતા, તપારો

**ગરમાળો** પું૦ [સં कृतमालक] એક જાતનો છોડ **-ળાનો ગોળ** પું૦ તેની સીંગમાંથી નીકળતો ગોળ જેવો રેચક પદાર્થ

**ગરમી** સ્ત્રી૦ [फा ] ઉષ્ણતા, તાપ (૨) ગરમી-ચાંદી કે પરમિયાનો રોગ [**-આવવી**= ઉષ્ણતા કે જાગૃતિ આવવી **-થવી**=તાપ થવો (૨) તાપ લાગવો **-નીકળવી,-ફૂટી નીકળવી**=શરીરે તાપોડિયા નીકળવા ]

**ગરમી** સ્ત્રી૦ માપસર આંક પાડવા માટેનું સુતારનું એક ઓજાર (**-મારવી, લગાવવી**)

**ગરમું** ન૦ તપેલી જેવો પહળી વિનાનો મોટો વાડકો [એક વનસ્પતિ

**ગરમેલ** સ્ત્રી૦ [ જુઓ ગરમર, મ गरमल ]

**ગરવ** પું૦ [સં गर्व] ગર્વ, અહંકાર

**ગરલ** ન૦ [म ] વિષ, ઝેર

**ગરવું** વિ૦ [સં गुरुक, प्रा. गरुअ] મોટું,મહાન; ગૌરવવાળું (૨) અ૦ ક્રિ૦ [સં गल्] ખરવું, પડવું (૩) [ જુઓ ગડવું ] વીંધે રહીને અંદર પેસવું

**ગરાડ** વિ૦ [સં गुरु ઉપરથી] મોટું (૨) પું૦ [જુઓ ગરાડો] ખાડો

**ગરાડી** વિ૦ [हिं गराडी (ઘરેડી, ગરગડીનો ખાડાવાળો ભાગ જેના ઉપર દોરડું રહે છે )= ઘરેડમાં પડી ગયેલો ? ] બંધાણી, ભાગ, અફીણ કે ગાંજો વગેરેનો વ્યસની

**ગરા(-રે)ડો** પું૦ [સર૦ म गराडा=ચીલો ] ઇમારતનો પાયો નાખવા માટે ખોદેલો ખાડો

**ગરાશિ(-સ)યો** પું૦['ગરાસ' ઉપરથી] ગરાસ ખાનારો (૨) ગરાસ ખાનારો રજપૂત, રાજવંશી ભાયાત (૩) કોઈ પણ રજપૂત—એક જાત. **-યણ (ણ,)** સ્ત્રી૦ ગરાશિયાની સ્ત્રી

**ગરાસ** પું૦ [સં ग्रास] ગામનું રક્ષણ કરવાના બદલામાં કાઢી આપેલી જમીન અથવા ઊચક રકમ (૨) ગુજરાન માટે આપેલી જમીન (રાજવંશીઓને) [**-જવો** = [ લા ] મોટું નુકસાન થવું **-બંધાવવો,-બંધાવી દેવો**= મોટો લાભ ખટાવવો કે કરી આપવો ]**૦ણુ(ણ)**, **૦ણી** સ્ત્રી૦ ગરાસિયાની સ્ત્રી (૨) ગરાસિયા જાતિની સ્ત્રી. **૦દાર** વિ૦ ગરાસ ધરાવનાર. **૦દારી** સ્ત્રી૦ ગરાસદારપણું **-સિયણ -સિયો** સ્ત્રી૦ જુઓ 'ગરાશિયો'માં

**ગરિમા** સ્ત્રી૦ [સં ] મોટાઈ, પ્રૌઢતા (૨) ઇચ્છા પ્રમાણે ભારે થઈ જવાની યોગની એક સિદ્ધિ

**ગરિયો** પું૦ ['ગરવું' ઉપરથી] ભમરડો (કા)

**ગરિષ્ઠ** વિ૦ [સં ] ભારેમાં ભારે (૨) સૌથી વધુ અગત્યનું [છાણનો ગોળો

**ગરીડું** ન૦ ['ગરવું' (ખરેલું – છાણ) ઉપરથી ?]

**ગરીબ** વિ૦ [अ ] નિર્ધન, કંગાલ (૨) બાપડું, દુખી (૩) [લા ] નમ્ર, સાલસ. **-રાંક** **૦ગ-(-ગુ)રબું** ન૦[अ गरबा -ગરીબનું બ૦વ૦] ગરીબ અને કંગાલ માણસ **૦ન(-નિ)વાજ** વિ૦ [+नवाज (फा )]ગરીબ પર રહેમ રાખે-ગરીબનું પોષણ કરે એવું **૦પરવર** વિ૦ [+ फा परवर] ગરીબને પાળનારું **-બાઈ, -બી** [फा ] સ્ત્રી૦ નિર્ધનતા, કંગાલિયત (૨) નમ્રતા, સાલસાઈ

**ગરીયસી** વિ૦ સ્ત્રી૦ [સં ] ગૌરવશાળી, મહાન

**ગરુડ** પું૦, ન૦ [સં] એક પક્ષી (૨) [સં ] કશ્યપનો વિનતાથી થયેલો પુત્ર, વિષ્ણુનું વાહન. **૦ગામી** પું૦ (સં ) વિષ્ણુ **૦ધ્વજ** પું૦ (સં ) ધ્વજ પર ગરુડના ચિહ્નવાળા વિષ્ણુ **૦વ્યૂહ** પું૦ એક જાતનો વ્યૂહ (યુદ્ધનો) **-ડારૂઢ** વિ૦ [+आरूढ] ગરુડ પર બેઠેલું **-ડાસન** ન૦ [+ आसन] ગરુડના જેવું એક યૌગિક આસન **-ડાસ્ત્ર** ન૦ [+ अस्त्र] ગરુડનું (એક દિવ્ય) અસ્ત્ર

**ગરુડપાંખ્યુ** ન૦ [म ] એક જાતનું લીસમ

**ગરુ(-રે)ડો** પું૦ [સં गुरु પરથી] જુઓ ગરેડો

**-ગરું** [સં कर ? फा गर ? ] વિ૦બનાવતો પ્રત્યય. ઉદા૦ કામગરું, કહ્યાગરું [સ્ત્રી૦ મગરૂરી

**ગરૂર** વિ૦ [अ गुरूर = અભિમાન] મગરૂર **-રી**

**ગરૂવું** વિ૦ + ગરવું

**ગરેડી** સ્ત્રી૦ [રવ૦] ગરગડી [પડેલો ખાડો

**ગરો** પું૦ [જુઓ ગરડ] ચોમાસાના પાણીથી

**ગરેડો** પું૦ [જુઓ ગરુડો] ઢેડનો ગોર

ગરોદર વિ૦ સ્ત્રી૦ [स. गर्भ+उदर] સગર્ભા; ગર્ભિણી [ઊંરી જનાવર
ગરોળી (રો') સ્ત્રી૦ [हिं घरोली] ઘરોળી, એક
ગર્ગ,-ર્ગાચાર્ય પુ૦ [सं] (સં) એક પ્રાચીન ઋષિ (૨) યાદવોના પુરોહિત
ગર્જન ન૦,-ના સ્ત્રી૦[स] ગર્જવુ તે (૨) એથી થતો અવાજ [ગરજન-તેલ
ગર્જન ન૦[સર૦ हिं] એક ઝાડ. ૦તેલ ન૦જુઓ
ગર્જવું અ૦ ક્રિ૦ જુઓ ગરજવુ. -ન્ત વિ૦ ગર્જતુ (પ)
ગર્ડર પુ૦ [इं] લોખડનો પાટડો (નાનો કે મોટો)
ગર્ત પુ૦, ન૦ [सं] ખાડો, ખાણ
ગર્થ પું૦ [स ग्रथ?]+ ગરથ
ગર્દ સ્ત્રી૦ [फा] ધૂળ, રજ
ગર્દભ પુ૦ [स] ગધેડો -ભી સ્ત્રી૦ ગધેડી
ગર્ધવ પુ૦ જુઓ ગર્દભ
ગર્ભ પુ૦ [स] માના પેટમાં રહેલુ જીવતુ રૂપ (૨) ગર, અ દરનો માવો (૩) કોઈપણ વસ્તુનો અ દરનો ભાગ (૪) નાટકની એક સધિ [-પડવો=ગર્ભપાત થવો, કસુવાવડ થવી -પાડવો = ગર્ભપાત કરાવવો -મૂકવો, -મેલવો = ગર્ભાધાન કરવું -રહેવો = સગર્ભા થવુ. -હોવો = સગર્ભા હોવુ ] ૦કાલ (-ળ) પું૦ ગર્ભ ધારણ કરવાનો સમય (૨) ગર્ભ રહે ત્યારથી જન્મ થાય ત્યા સુધીનો સમય (૩) નાટકની પાચ સધિમાની મધ્યની, જ્યારે કથાની ફલપ્રાપ્તિનો નિશ્ચય નથી થતો-ગર્ભમા હોય છે ૦કોશ(-ષ) પુ૦ ગર્ભાશય ૦ગૃહ ન૦ મકાનની અ દરનો ભાગ (૨) ગભાર ૦ઘાતી વિ૦ ગર્ભનો ઘાત કરનારુ, ગભ પાતી ૦ચોર પુ૦ ગર્ભ માથી-જન્મથી ચોર ૦જલ (-ળ) ન૦ ગર્ભ અને ઓર વચ્ચેનુ પાણી ૦જોગી પુ૦ (સ) શુકદેવ ૦દ્વાર ન૦ મ દિરનો છેક અ દરનો ભાગ, ગભાર ૦ધારણ ન૦ ગર્ભ ધારણ કરવો-રહેવો તે ૦નાડી સ્ત્રી૦ ગર્ભાશયની એક નાડી, જેનાથી ગર્ભ ધારણ થાય છે ૦પાત વિ૦ ગર્ભનુ પાડવું-પડવુ તે ૦પાતી વિ૦ ગર્ભપાત કરનારુ ૦મ દિર ન૦ ગભાર ૦યાતના સ્ત્રી૦ જીવને ગર્ભદશામા પડતુ દુ ખ. ૦વચન ન૦ ગર્ભ-યાતનામાથી છૂટવા માટે જીવે ઈશ્વરને આપેલુ વચન(હું તારી ભક્તિ કરીશ ઇ૦) ૦વ(-વ')તી વિ૦ સ્ત્રી૦ સગર્ભા (૨) સ્ત્રી૦ ગર્ભિણી ૦વાસ પુ૦ ગર્ભનો ઉદરમા વાસ ૦વિદ્યા સ્ત્રી૦ ગર્ભ અ ગેની વિદ્યા, 'એમ્બ્રિયોલોજી' ૦શ્રીમત્તા સ્ત્રી૦ ગર્ભશ્રીમ તાઈ ૦શ્રીમ ત વિ૦ ગર્ભથી -જન્મથી પૈસાદાર; શ્રીમતને ઘેર જન્મેલુ ૦શ્રીમ તાઈ સ્ત્રી૦ ગર્ભશ્રીમત હોવુ તે ૦સ્થાન ન૦ ગર્ભાશય ૦સ્રાવ પુ૦ ગર્ભનુ સ્રવી-ગળી જવુ તે, ગર્ભપાત
ગર્ભાગાર પુ૦, ન૦[स.] ગર્ભાશય (૨) અ દરનો ખાનગી-સૂવાનો ઓરડો(૩)મ દિરનો ગભાર -અ દરનો મૂર્તિવાળો ભાગ
ગર્ભાત્મા પુ૦[स.] ગર્ભમાનો જીવ
ગર્ભાધાન ન૦[स.]ગર્ભ મૂકવો તે(૨)ગર્ભધારણ કરવુ તે(૩)એ નામનો એક સ સ્કાર. ૦નિરોધ પુ૦ ગર્ભાધાન થતુ અટકાવવુ તે, 'કોન્ટ્રાસેપ્શન'
ગર્ભાશય ન૦ [स] સ્ત્રીશરીરમા ગર્ભ રહેવાની જગા-તે અવયવ ૦અર્બુદ ન૦ ગર્ભાશયની અ દર થતુ ગૂમડુ-ચાદુ. ૦ગ્ર થિ સ્ત્રી૦ ગર્ભાશયમા થતી ગાઠ ૦ભ્ર શ પુ૦ ગર્ભાશયનુ પડી જવુ-ઊધુ થઈ જવુ તે ૦વક્રતા સ્ત્રી૦ ગર્ભાશયનુ વાકા વળી જવુ તે-એક રોગ ૦વિવર્તન ન૦ ગર્ભાશયને ફેરવી નાખવુ તે
ગર્ભાવું અ૦ક્રિ૦ જુઓ ગરભાવું
ગર્ભિણી સ્ત્રી૦ [स.] સગર્ભા સ્ત્રી
ગર્ભિત વિ૦[सं.]જેના ગર્ભમા-ઊડાણમા કઈ બીજી વસ્તુ, અર્થ કે ભાવ રહેલો હોય તેવુ, છૂપું
ગર્વ પુ૦[स] અભિમાન, ગુમાન [-આવવો, -ચડવો=ગર્વ થવો -ઊતરવો, ગળવો= ગર્વ દૂર થવો,અભિમાન ટળવુ ]-ર્વિત(-ષ્ઠ), -ર્વી,-ર્વીલુ વિ૦ ગર્વવાળુ, અભિમાની
ગર્હણ ન૦,-ણા સ્ત્રી૦[स]નિદા -ણીય વિ૦ નિદ્ય, તિરસ્કરણીય [વિ૦ નિદ્ય
ગર્હા સ્ત્રી૦[स]નિદા -ર્હિત વિ૦ નિદિત -ર્હ્ય
ગલ પુ૦[स गॄ=ગળવુ ઉપરથી] માછલા પકડ-વાનો આકડો(૨)લાચ,લાલચ(૩)[सं गर्भ] ગુપ્ત વાત, બાતમી(૪)ગર, માવો(૫) કૂવામા પડેલી

ચીજ કાઢવા માટેનો આંકડીઓનો ઝૂમખો; બિલાડી(૬)[सं गल्=ખરવું]ગર,ઝેરી અધાર-લાળ(૭)બત્તીનો મોગરો(૮)[સર૦ हिं गुल] પિવાઈ ગયેલી-બળી ગયેલી ચલમમાંની ગડાકુ (૯)[फा गुल] ગુલબાસ [-આપવો=મનની વાત કહેવી (૨)લાલચ આપવી(ફસાવવામાટે)]

ગલકંબલ પુ૦[सं]ગાય-બળદને ગળે લટકતી ગોદડી જેવી ચામડી [ન૦ ગલકીનું ફળ

ગલકી સ્ત્રી૦[प्रा गलई?]શાકનો એક વેલો -કું

ગલખોડ પુ૦ નિવેડો; ઉકેલ, અંત (૨) ગલખોડી

ગલખોડી સ્ત્રી૦[ગળે+ખોડવું?]અછોડે કે ઢોરને ગાળિયે ઘાલેલો મોઈના આકારનો લાકડાનો કકડો

ગલગલામણી સ્ત્રી૦ એક બાળરમત (કા)

ગલગલી સ્ત્રી૦, -લિયાં ન૦ બ૦ વ૦, [રવ૦? સર૦ प्रा गुलगुल] ગલીગલી, ગલીપચી. [-થવાં=ગલીપચી થવી (૨) મનમાં આનંદના તરંગ ઊઠવા]

ગલગંડ ન૦ [सं गलगंड] ગળાનો એક રોગ

ગલઢું વિ૦ (કા) ઘરડું, વૃદ્ધ, મોટું

ગલગોટો પુ૦ [ગલ(ગુલ)+ગોટો]એક ફૂલનો છોડ (૨) તેનું ફૂલ

ગલચશ્મ ન૦ [फा गुल+चश्म] એક પક્ષી

ગલ(-ળ)જીભી સ્ત્રી૦ [सं गोजिह्वा] એક વેલો

ગલઢેરો પુ૦ ['ગલઢું'=મોટું, વૃદ્ધ ઉપરથી] કાઠી ગરાસિયો (કા) [ચૂક

ગલત વિ૦[अ]ભૂલભરેલું જૂઠું -તી સ્ત્રી૦ભૂલ,

ગલતંડાં ન૦ જુઓ ગલગંડ

ગલ(-ળ)તકોઢ,ગલત્કુષ્ઠ [सं] પુ૦ લોહી કે રસ ટપક્યા કરે એવો કોઢનો રોગ

ગલ(-ળ)થૂથી સ્ત્રી૦ [ગલ (सं. गुल = ગોળ) +થૂથી (ચૂચો)=પૂમડું] જુઓ ગળથૂથી

ગલધાણી સ્ત્રી૦ [ગલ (सं गुल=ગોળ)+ધાણી] ગોળ અને ધાણીની બનાવેલી એક વાની

ગલપાપડી સ્ત્રી૦ [सं गुल ગલ (ગોળ)+પાપડી] જુઓ ગોળપાપડી [વીટવાનો પટો,ગલૂબંધ

ગલપટો(-ટ્ટો) પુ૦ [सं गल+પટો] ગળે

ગલબા પુ૦ બ૦ વ૦ [फा गलवा?के गुलबाग? સર૦ म] ફટકા, ટેટા

ગલબું ન૦ [फा., गुलबाग?] ગુલબાન, બૂમ, શોરબકોર (૨) ગુલછું, ગપાટો, ગલબો

ગલબો પું૦ [જુઓ ગલબું] ગપાટો, ગપ (૨) [फा गुलबन] એક ફૂલઝાડ

ગલમેંદી સ્ત્રી૦ [ગુલ (ફા)+મેંદી] એક વનસ્પતિ, મોટી મેંદી

ગલવિદ્રધિ પુ૦ [सं] ગળાનો એક રોગ

ગલવેલ સ્ત્રી૦ [સર૦ म गुळवेल] જુઓ ગળો

ગલશુંડી(-ડિકા) સ્ત્રી૦ [सं] જીભનો પાછલો ભાગ, ગળાનો કાકડો (૨) કાકડા ફૂલવાનો રોગ

ગલસ્તન પુ૦, ન૦ [सं] (બકરીના) ગળાનો આંચળ (૨) [લા] નકામી વસ્તુ -ની સ્ત્રી૦ ગલસ્તનવાળી બકરી

ગલસ્થલ ન૦ [सं] ગળું (૨) [सं गलस्थल] જુઓ ગળસ્થળ [ગળથૂથી

ગલ(-ળ)હૂતી સ્ત્રી૦ [सं गल+हुति] જુઓ

ગલિત વિ૦ [सं] પડેલું,ટપકેલું(૨)ગળી ગયેલું

ગલી સ્ત્રી [સર૦ दे गजोल्लिअ]જુઓ ગલીપચી

ગલી સ્ત્રી૦[हिं]સાંકડી વાટ-શેરી ૦કૂ(-કૂં)ચી સ્ત્રી૦ [+फा कूचह] ગલીઓમાંનો આડોઅવળો અને સાંકડો માર્ગ

ગલીગલી સ્ત્રી૦ [જુઓ ગલી] ગલીપચી

ગલીચ વિ૦ [अ गलीज] ગંદું -અતિ ગંદું. -ચી સ્ત્રી૦ ગલીચપણું, ગંદવાડ

ગલીચો પુ૦ જુઓ ગાલીચો

ગલીપચી સ્ત્રી૦[જુઓ ગલી]શરીરના અમુક ભાગમાં સ્પર્શથી થતા સળવળાટની મજેદાર અસર

ગલૂડ ગલૂડ અ૦ [રવ૦?] જાણે ગબડતું હોય તેમ (ચાલવું-બળદ ઇ૦ નું) [ઘણું નાનું બચ્ચું

ગલૂડિયું ન૦ [જુઓ ગલૂડ ગલૂડ] ભટોળિયું,

ગલૂબંદ(-ધ) પું૦ [फा गुलबंद] ગલપટ્ટો

ગલેગંડ ન૦ [सं] એક પક્ષી

ગલેફ પુ૦[अ गिलाफ]ગાદીતકિયા વગેરેની ખોલ

ગલેફી સ્ત્રી૦ [ગલેફ ઉપરથી] એક જાતનું ભજિયું

ગલેલી સ્ત્રી૦ ['ગર' કે 'ગલ' ઉપરથી] તાડના ફળની અંદરનો ગર-ગર્ભ

ગલોટિયું ન૦ [જુઓ ગુલાટ] ગોટીમડું

ગલોઠું(-ડું) ન૦ ['ગાલ' ઉપરથી?] ગાલ નીચેનો મોંની અંદરનો ભાગ

ગલોલ સ્ત્રી૦ [સર૦ મ गलू(-लो)ल, हिं. गुलेल જુઓ ગલોલો] ગોફણ જેવું ગલોલા ફેંકવાનું એક સાધન (૨) તેના વડે ફેંકાતો ગલોલો -લી સ્ત્રી૦ નાનો ગલોલો -લો પું૦ [अ. गलूलह, हिं गुलेला] ગલોલ વડે મારવાનો ગોળ કાંકરો કે પથરો

ગલ્લ પું૦ [सं] ગાલ ૦સ્થલ(-ળ) ન૦ ગાલ, ગાલનો ભાગ

ગલ્લાંતલ્લાં ન૦બ૦વ૦ [રવ૦] ગાગાતલ્લા; બહાના, આનાકાની [-કરવાં=સીધો જવાબ ન આપવો. છટકવા બહાના બતાવવા; આનાકાની કરવી]

ગલ્લો પું૦[.गुलक (तुर्की) અથવા फा. गुल्लह-दान] નાણું રાખવાનું ઠામ-ખજાનો (૨) પરચૂરણ વકરાનું નાણું નાખવાનું પાત્ર

ગવડા(-રા)વવું સ૦ ક્રિ૦ [જુઓ ગાવું] 'ગાવું'નું પ્રેરક

ગવન ન૦ [इ 'ગાઉન'] એક જાતનો સાલ્લો

ગવન ન [सं गमन] + ગતિ, ચાલ

ગવરાવવું સ ક્રિ. જુઓ ગવડાવવું

ગવરી સ્ત્રી૦ ગાય (૨) વિ૦ સ્ત્રી૦ [स गौरी] ગૌરી, ધોળી ને સહેજ લાલ ધાબાવાળી (ગાય)

ગવરીકંદ પું૦ એક વનસ્પતિ

ગવર્નર પું૦[इं] ઇલાકાનો વડો હાકેમ (૨) સાઇકલનો હાથો ૦જનરલ પું૦ વડો ગવર્નર

ગવલી(-ળી) પું૦ [म गवळी] ગોવાળિયો (૨) ઢોર રાખનાર અને દૂધ વેચનાર (મુંબઈમાં)

ગવંડર પું૦ [पो] ગવર્નર-હાકેમ

ગવાક્ષ પું૦ [सं] બારું, જાળિયું

ગવાડવું સ૦ક્રિ૦ જુઓ ગવડાવવું

ગવાનિ(-ને)ક ન૦ [स गवाह्निक] જમતા પહેલાં ગાયને માટે જુદું કાઢેલું અન્ન

ગવાર પું૦ [दे गवर?] એક વનસ્પતિ, ગુવાર (૨) તેની શીંગ અને બીજ ૦ફળી, ૦શિં (-શીં.-સિં,-સીં)ગ સ્ત્રી૦ ગવારની સીંગ

ગવારા વિ૦ [फा.] કબૂલ કરેલું, ફાવતું

ગવાવું અ૦ક્રિ૦ [જુઓ ગાવું] 'ગાવું'નું કર્મણિ (૨) [લા] નિંદાવું, ફજેત થવું

ગવાલંભ પું૦ [सं.] ગાયનો વધ (યજ્ઞ ઇ૦માં)

ગવાહ પું૦ [फा] સાક્ષી પૂરનાર સાક્ષી -હી સ્ત્રી૦ સાક્ષી, પુરાવો [ગ્રામ્ય જનો

ગવાળાં ન૦બ૦વ૦ [दे गवार, જુઓ ગમાર]

ગવાળો પું૦ [म. गवाळें] સરસામાન વગેરેનો પરચૂરણ ઢગલો (૨) એ ભરવાનો કોથળો

ગવેન્દ્ર પું૦ [सं] (સ) વિષ્ણુ

ગવેષક વિ૦ [सं] અન્વેષક -ણ ન૦, -ણા સ્ત્રી૦ અન્વેષણ

ગવેહ સ્ત્રી૦ વેર, ખાર (કા)

ગવૈયો પું૦ ['ગાવું' ઉપરથી] ગાનારો, ગાવામાં ઉસ્તાદ -યણ સ્ત્રી૦ સ્ત્રી ગવૈયો

ગવ્ય ન૦[सं.] ગાયમાંથી નીપજતું દૂધ, દહીં, ઘી, છાણ, મૂત્ર વગેરે

ગશ્ત(-સ્ત) સ્ત્રી૦ [फा] રોન, ચોકી, પહેરો

ગહન વિ૦ [सं] ઊંડું; ગાઢ (૨) દુર્ગમ; દુર્ભેદ્ય (૩) અકળ, ગૂઢ

ગહિરગંભીર વિ૦ [दे गुहिर=ઊંડું + ગંભીર] ગહન અને ગંભીર, ઊંડાણ અને ગંભીરતાવાળું

ગહેકવું અ૦ક્રિ૦ મહેકવું

ગહ્વર ન૦ [सं] પહાડની અંદરની બખોલ, ગુફા

ગળ સ્ત્રી૦ જુઓ ગલ

ગળકબોળિયું વિ૦ [ગળક (ગળકા)+ બોળિયું (બોળવું')] ગળા સુધી ઊંડું (પાણી)

ગળકાં ન૦બ૦વ૦ [જુઓ ગળું] ડૂબકાં, ડૂબતી વખતના ડસકાં [-ખાવાં=ડૂબકાં ખાવાં]

ગળકેરી સ્ત્રી૦ [स गुड-ગળ (ગોળ)+કેરી] ગોળકેરી, ગોળમાં આથેલી કેરી

ગળકો પું૦ એક વાર ચાખેલી વસ્તુનો રહી ગયેલો સ્વાદ (૨) રુચિ, ભાવ, ચસકો

ગળગળવું અ૦ક્રિ૦ ['ગળગળું' ઉપરથી] ગળગળું થવું (૨) ['ગળવું' ઉપરથી] દદડવું

ગળગળું વિ૦ [सं गल्त्-गल्त्] પાણીપોચું; ઢીલું (૨) [સર૦ प्रा गग्गर-स गद्गद] દુઃખથી કે લાગણીથી હૈયું વા કંઠ ભરાઈ જવાથી થાય એવું -ળિયું વિ૦ ગળગળતું

ગળગોટો, -ટડો, -ટિયો વિ૦પું૦ ગોળમટોળ

ગળચટું ન૦ જુઓ ગચકડું

ગળચટું વિ૦ [ગળ (ગળ્યું) + ચટું (ચાટવું)] જરા ગળપણના સ્વાદવાળું

ગળચુ પકડવુ (૨) [અમુક ખાવાથી] ગળા પર માઠી અસર થવી – ગળુ બેસી જવુ. –પકડવું=ગળુ બેસી જવું(૨)બાળકને ગરમીવી કે ગળુ મચકોડાવાથી થતો એક રોગ. –બંધાવું=ગળુ રૂંધાવું(૨) મુસીબત થવી –બેસી જવું=અવાજ મદ થવો, ગળુ અંદરથી ફૂલી જતા અવાજ બેસી જવો –રહેંસવુ, –રેંસવું=જુઓ 'ગળુ કાપવુ' ગળા ઉપર છરી ફેરવવી=[લા ] વિશ્વાસ-ઘાત કરવો, દગો રમવો ગળાના સમ ખાવા=જીવના સોગન ખાવા ગળામાં જીભ ઘાલવી=બોલતુ અટકવું ગળામાં જોતરું ઘાલવું, વળગાડવું = જજાળમા નાખવું. પીડા વળગાડવી (૨) પરણાવીને દુનિયાદારીની માયા-ફૂટમા નાખવુ ગળા લગી, ગળા સુધી=મનમાન્યુ, પૂરેપૂરુ. ગળે આવવું=જીવ ઉપર આવી જવુ (૨) બાવરુ થઈ જવુ (૩) મુસીબત પડવી ગળે ગળું મળી જવું=તરસથી ગળું સુકાઈ જવુ ગળે ઘાલવું=[કટાક્ષમા] પોતાના ઉપયોગમા લેવુ ઉદા૦ "મારે શુ ગળે ઘાલવુ છે?" (૨) ગળે વળગાડવુ, જવાબદારી ઓઢાડવી ગળે છરી ફેરવવી=જુઓ 'ગળા ઉપર છરી ફેરવવી' ગળે ઝલાવું, (–ઝલાઈ જવું)=મુશ્કેલ સ્થિતિમા મુકાવુ ગળે ટાંટિયા આવવા, ગળે ટાંટિયા ભરાવા=મુશ્કેલ સ્થિતિમા મુકાવુ ગળે દોરી આવવી=ગૂગળાઈ જવુ (૨) મહામુશ્કેલીમા આવી પડવુ ગળેથી દોરી કાઢી નાખવી=માથેથી જોખમ ઉતારી નાખવુ. ગળે નખ દેવો; ગળે નખ મારવો=ગળે ટૂંપો દેવો, ગૂગળાવીને મારી નાખવુ. ગળે નાખવું=માથે નાખવુ, જવાબ-દારી ઓઢાડવી ગળે પડવું=આળ ચડાવવુ; માથે નાખવુ (૨) કાલાવાલાની જબરદસ્તી કરવી ગળે પવિત્રાં આવવાં=જુઓ 'ગળે ટાંટિયા આવવા' ગળે પાણી ન પડવા દેવું=ત્રાસ ગુજારવો ગળે બાઝવું, વળગવું=ગળે પડવુ (૨) ગળે ન ઊતરવુ (શોક આદિથી અન્ન આદિનુ) ગળે વળગાડવું=જુઓ 'ગળે નાખવુ', ગળે હાથ મૂકવો=ગળાના સોગન ખાવા.] –ગૂંબંધ પુ૦ ગળાનુ એક ઘરેણુ –ટૂંપો પુ૦ ગળાટૂંપો –ળેપડુ વિ૦ પારકી વસ્તુ બથાવી પડનારુ (૨) ખોટો આરોપ મૂકનારુ. ગળેચી સ્ત્રી૦ ઢોરનો એક રોગ

ગળો સ્ત્રી૦ [સં. गुडूची, प्रा गळोई] એક વેલ

ગળો પુ૦ ટેવ, લત

ગળ્યું વિ૦ [સં गुल्य] ગોળ સાકરના જેવા સ્વાદવાળુ, મીઠુ ૦મધ, ૦સાકર વિ૦ મધ, સાકર જેવુ — બાુ ગળ્યુ

ગંગ સ્ત્રી૦ [प्रा ; सं. गंगा] (સ ) ગગા નદી(૨) પુ૦ (સ ) એક હિંદી કવિ

ગંગચીલ ન૦ [गंग+चिल्ली (સ )] એક પક્ષી

ગંગમેના સ્ત્રી૦ એક પક્ષી [એક સગડી

ગગરી સ્ત્રી૦ કાશ્મીરમા ઠંડીમાં ગળામા ગખવાની

ગંગા સ્ત્રી૦ [સં.] (સ.) હિદુઓની પવિત્ર નદી, ભાગીરથી (૨) [લા ] ગગાજળ [–કરવી=નાહવુ (બાળભાષા). –નાહવી=છૂટવુ, મુક્ત થવુ (પાપમાથી; તેમ જ (લા ) લપમાથી; જવાબદારીમાથી) ગંગાનો પ્રવાહ=(પવિત્ર ને પાવન કરનારી વસ્તુ માટે વપરાય છે) (૨) નિર્મળ તથા અસ્ખલિત (વાણીનો) પ્રવાહ ] ૦ગોળી સ્ત્રી૦ ગગા જેવી પવિત્ર ગોળી (જે ગોળીમાથી એંટેલે વાસણે જ કાઢીને પાણી પિવાય છે તેને એમ મશ્કરીમા કહે છે) ૦છાપ વિ૦ વચમા મૂળ અને તળે ઉપર ટીકા છાપી હોય તેવુ (મુદ્રણ) ૦જમની વિ૦ બે બાજુ જુદા જુદા રગવાળુ (૨) જુદી જુદી ધાતુઓનુ બનેલુ ૦જળ ન૦ ગગા નદીનુ પાણી જળિયું વિ૦ ગગાજળ જેવુ ૦જળી સ્ત્રી૦ ગગાજળ રાખવાનું વાસણ (૨) તાબા-કૂડી જળું વિ૦ ઘોડાની એક જાતનુ ૦ધર પુ૦ (મ ) શિવ ૦પૂજન ન૦ ગગાયાત્રા કરી ઘેર ગગા લાવે ત્યારે કરાતો પૂજનવિધિ–વરો ૦વતરણ ન૦ [+અવતરણ] ગંગાનો પૃથ્વી પર અવતાર થયો તે ૦સ્નાન ન૦ ગગા નદીનુ (પવિત્ર) સ્નાન ૦સ્વરૂપ વિ૦ પવિત્ર (વિધવાના નામ આગળ માનાર્થે વપરાતુ ગં. સ્વ. વિશેષણ). –ગોદક ન૦ ગગાજળ

(પશુની માદા). [–ઘલોડી જેવી = ખૂબ સુરત અને ભારેવાન (સ્ત્રી)]

**ગાભરુ** વિ૦ [સં૦ म घावरा] ગભરાયેલું

**ગાભલી** સ્ત્રી૦ સોનીનુ એક ઓજાર

**ગાભલું** વિ૦ [सं गर्भ ઉપરથી] નરમ, પોચુ (૨) ન૦ પીંજેલા રૂનો પોલ (૩) વાદળનો જથ્થો

**ગાભાચૂથા** પુ૦બ૦વ૦[ગાભો + ચૂથા (ચૂથવુ)] રદ્દી કાગળ કે કપડાના ડૂચા – ગાભા

**ગાભો** પુ૦ [सं गर्भ, प्रा गब्भ] જેનાથી વસ્તુની અંદરનુ પોલાણ પૂરવામા આવે તે (૨) પાઘડીનુ ખોતાનુ (૩) ઘરેણાની અંદરનો તાંબાપિત્તળનો સળિયો (૪) અંદરનો ગર – ગરભ (૫) રદ્દી કપડુ – ડૂચો [ગાભેગાભા કાઢી નાખવા = સખત માર મારવો (૨) આટો કાઢી નાખવો ગાભા નીકળી જવા = સખત માર પડવો (૨) આટો નીકળી જવો]

**ગામ** ન૦ [सं. ग्राम, प्रा.] માણસના વસવાટનુ સ્થળ (બહુધા શહેરથી નાના પાયા પરનુ) (૨) વતન રહેઠાણ [–આંજુ કે ઘેલુ કરવું = રૂપ-ગુણથી ગામને વશ કરવુ – મોહિત કરવુ **ગામનું પાપ, ગામનો ઉતાર** = ગામનુ સૌથી ખરાબ માણસ **ગામ માથે કરવું** = આખા ગામમા ગોધારોળ કરવી **–રીતે દિવાળી** = સ્થળના રીતરિવાજ મુજબ ચાલવુ **–હલાવી નાખવું કે મારવું** = આખા ગામને તળે ઉપર કરી દેવું – ઉશ્કેરવુ. **ગામે ગામનાં પાણી પીવાં** = ખૂબ મુસાફરી કરી અનુભવી થવુ **ગામમાં ઘર નહીં ને સીમમાં ખેતર નહીં** = કંઈ પણ સ્થાવર મિલકત વિનાનુ – બેજવાબદાર માણસ **ગામ વચ્ચે રહેવું** = સૌની સાથે આબરૂભેર – લોકવ્યવહાર જાળવીને રહેવુ] **૦ઈ** વિ૦ આખા ગામનુ, –ને લગતુ **૦ગરાસ** પુ૦ રાજાએ બક્ષિસ આપેલી જમીન (૨) ગામ કે જમીનની આવકરૂપી આજીવિકા (૩) ગામ કે ગરાસ, માલમિલકત **૦ગરાશિ(–સિ)યો** પુ૦ ગામગરાસવાળો. **૦ઠાણુ** ન૦ [+स्थान] જેની પર ગામ વસ્યુ હોય તે જમીન કે સ્થળ **૦ઠી** વિ૦ [+सं स्थ] ગામડાનુ, –ને લગતુ (૨) [લા] ગ્રામ્ય, ગામડિયું **૦ડિયણ** સ્ત્રી૦ ગામડિયા સ્ત્રી **૦ડિયુ** વિ૦ ગામડાનુ, –ને લગતુ (૨) [લા] તેવી રીતભાતનુ, ગેંચા જેવુ, પ્રાકૃત. **૦ડિયો** પુ૦ ગામડાનો પ્રાકૃત માણસ. **૦ડુ** ન૦ [प्रा गामड] નાનુ ગામ **૦(–મો)તરુ** ન૦ [सं. ग्रामान्तर] એક ગામ છોડી બીજે ગામ જવું – ગ્રામાન્તર કરવુ તે **૦દેવી, ૦દેવતા** સ્ત્રી૦ જુઓ ગ્રામદેવતા. **૦લોક** પુ૦ બ૦વ૦ ગામની બધી વસ્તી – સમાજ **૦વખો** પું૦ [+વખો (વિખૂટા પડવુ)] ગામનો વિયોગ (૨) તેનુ દુખ (૩) આખા ગામ સાથે લડાઈટંટો **૦સ(–સા)રણી** સ્ત્રી૦ આખા ગામને જમાડવુ તે, ગામેરું

**ગામાત** વિ૦ ['ગામ' ઉપરથી] જુઓ ગામઈ

**ગામી** પુ૦ [सं ग्रामिक, प्रा गामिअ] ગામનો માલિક (૨) મુખી (૩) [दे. कन्दिअ] માળી

**ગામી** વિ૦ [सं] (સમાસને અંતે) 'જતુ, પહોંચતુ' એવા અર્થમા ઉદા૦ ક્ષેત્રગામી

**ગામેતી** પુ૦ [सं ग्रामपति] ગામનો મુખ્ય માણસ, મુખી (૨) [કા] ગામનો રખવાળ

**ગામેરું** ન૦(ચ) આખા ગામને જમાડવુ તે – મોટો વરો (૨) ગામ (અમદાવાદ જિલ્લામા)

**ગામોટ** વિ૦ ['ગામ' ઉપરથી] ગામનુ (૨) ગામડિયુ (૩) પું૦ ગામનો ગોર **–ટી** પુ૦ ગામોટ **–ટુ** ન૦ ગામનુ ગોરપદુ

**ગામોતર** પુ૦ [सं ग्राम + उत्तर] ગામનો બહારવટિયો

**ગામોતરુ** ન૦ જુઓ ગામતરુ

**ગાય** સ્ત્રી૦ [सं गो, प्रा गाई] દૂધ દેતુ એક ચોપગુ [–(ઘેર)બાંધવી = ગાય પાળવી **–ના ભાઈ જેવું** = મૂર્ખ, આખલા જેવુ **–પછવાડે વાછડું** = બાળકનુ માની પછવાડે પછવાડે જ ચાલવુ. **–વહેલી વિયાવી** બીજા કરતા પહેલુ જન્મી લેવુ **–વિનાનું વાછરડુ** = અનાથ મા વિનાનુ] **૦વ્રત** ન૦ ગાય પૂજવાનુ કુમારિકાઓનુ એક વ્રત

**ગાયક** પુ૦ [सं] ગાનારો, ગવૈયો **–કા** સ્ત્રી૦ [सं] ગાનારી, ગાયક સ્ત્રી

**ગાયકવાડ** પું૦ (સં.) વડોદરાના રાજાની અટક

કે તે રાજા –ડી વિ૦ ગાયકવાડને લગતુ કે તેના જેવુ

**ગાયત્રી** સ્ત્રી૦ [સં] એક વૈદિક છંદ (૨) એક વૈદિક મંત્ર ૦**પુરશ્ચરણ** ન૦ [સં.] સવા લાખ ગાયત્રીનો વિધિપૂર્વક જપ '

**ગાયન** ન૦ [સં] ગાવુ તે (૨) ગાવાની ચીજ ૦**વાદન** ન૦ ગાવુ બજાવવુ તે ૦**શાસ્ત્ર** ન૦ સંગીતશાસ્ત્ર

**ગાયબ** વિ૦ [अ गाइब] ગેબ અલોપ

**ગાયબગલું** ન૦ [हिं गायबगला] એક પક્ષી (પ્રાય ઢોર પાસે રહી તેના જીવડા ખાય છે)

**ગાયમ** પુ૦વહાણના પાછલા ભાગનો એક થાભલો

**ગાયિકા** સ્ત્રી૦ [सं] ગવૈયણ

**ગાર** (૨,) સ્ત્રી૦ લીપવા માટે બનાવેલો છાણ-માટીનો ગારો [(ઠંડુ ગાર)

**ગાર** વિ૦ [म.] (પ્રાય 'ઠંડુ' સાથે) ઘણુ ઠંડુ

**–ગાર** વિ૦ [फा, સર૦ प्रा गार, सं कार] 'કરનાર' એવા અર્થનો તદ્ધિત – નામને લાગતો પ્રત્યય (ઉદા૦ મદદગાર)

**ગારત(–દ)** વિ૦ [अ.] જેર, મૃત્યુવશ

**ગારદી** પુ૦ [इ गार्ड, સર૦ म., हिं. गारद] ગાર્ડ, પહેરેગીર ચોકીદાર

**ગારવો** પુ૦ [सं गौरव, प्रा गारव=અભિમાન; મહત્તા] + ગર્વ

**ગારા** પુ૦ એક રાગ

**ગારાળુ** વિ૦ ['ગારો' ઉપરથી] ગારાવાળુ

**ગારિયુ** ન૦ ['ગાર' ઉપરથી] ગૂદીને ગાર કરવા છાણમાટીનો કરેલો ગોળો (૨) રાંધેલુ અન્ન ઢાકવાનુ ટોપલા જેવુ માટીનુ ઠામ

**ગારિયો** પુ૦ [ગારો પરથી] ગારો વહેનારો મજૂર

**ગારુડતંત્ર** ન૦ [सं] મદારીની તંત્રવિદ્યા

**ગારુડી** પુ૦ [सं गारुडिक] મદારી (૨) સાપનો મંત્ર જાણનાર (૩) જાદુગર ૦**વિદ્યા** સ્ત્રી૦ ગારુડીની વિદ્યા

**ગારો** પુ૦ [हिं. गारा] કાદવ, કીચડ (૨) ચણતરમા વાપરવા કરેલી તૈયાર માટી (૩) કેલ

**ગાર્ગી** સ્ત્રી૦ [सं] (સં) ઉપનિષદોમા પ્રસિદ્ધ એવી બ્રહ્મવાદિની સ્ત્રી [પટી

**ગાર્ટર** ન૦ [इं] મોજા પગ બાધવાની (રબરની)

**ગાર્ડ** પુ૦ [इं] (લશ્કરી) પહેરેગીર, રક્ષક (૨) આગગાડીને સભાળીને હંકાવી જનાર

**ગાર્ડી** પુ૦ [पो] જુઓ ગારદી (૨) એક પારસી અટક

**ગાર્હપત્ય** પુ૦ [सं] (સં) હિંદુ ધર્મશાસ્ત્ર પ્રમાણે ગૃહસ્થે રાખવાના ત્રણ અગ્નિમાનો એક (૨) ન૦ જુઓ ગૃહસ્થી

**ગાર્હમેધ** પુ૦ [सं] ગૃહસ્થે રોજ કરવાના પાચ મહાયજ્ઞો [ગાર્હમેધ

**ગાર્હસ્થ્ય** ન૦ [सं] ગૃહસ્થાશ્રમ (૨) જુઓ

**ગાલ** પુ૦ માણસના મોની બે બાજુનો ભાગ. [–ઉપર ગાલ ચઢવા = ગાલ બહુ જાડા થવા] ૦**પચોરિ(–ળિ)યાં** ન૦ બ૦ વ૦ કાકડા કે ચોળિયા ફૂલવા તે. ૦**ફાડિયું** ન૦ એક જાતની દળદાર પૂરી ૦**મશૂ(–સૂ)રિયું** ન૦ [+सं. मसूरक=ઓસીકુ] ગાલ તળે રાખવાનુ મશરૂનુ કે કોઈ પણ નાનુ ગોળ ઓશીકુ ૦**માર** વિ૦ બડાઈખોર, ગપાટા હાકનારુ

**ગાલાવેલુ** વિ૦ (કા) અર્ધું ગાડુ, દીવાનુ

**ગાલિ** સ્ત્રી૦ [सं] ગાળ ૦**પ્રદાન** ન૦ ગાળ આપવી – ભાડવી તે

**ગાલીચો** પુ૦[फा] ઊનનુ એક જાતનુ પાથરણુ

**ગાલોડુ** ન૦ ['ગાલ' ઉપરથી] ગલોફુ, ગાલનો અંદરનો ભાગ, ગલોફુ

**ગાલ્લી** સ્ત્રી૦ [જુઓ ગાડલી] નાનુ ગાલ્લુ (ભારનુ કે વાહનનુ) (૨) એક પરિમાણ. ત્રીસ મણનુ માપ –લ્લુ ન૦ ગાડુ

**ગાવડકુ** ન૦ થૂવરનુ પાદડુ

**ગાવડી** સ્ત્રી૦[सं गो, प्रा गावी, સર૦ फा गाव, म गावडी] ગાય ['ટોપ માસ્ટ'

**ગાવડોલ** પુ૦ ['ડોલ' ઉપરથી] મુખ્ય કૂવાસ્થભ;

**ગાવદી** વિ૦ [સર૦ म., हिं] ગોળુ, ગદ્દુ (૨) અણસમજુ, મૂર્ખ (૩) જંગલી

**ગાવલી** સ્ત્રી૦[हिं]દલાલી, કમિશન [–કાઢવી = દલાલી કાઢવી –કાઢી જવું = ગાળિયુ કાઢી જવુ કામ કે જોખમમાથી છટકી જવુ]

**ગાવલુ** (કાઢવુ) ન૦ ગાવલી કાઢી જવુ, માથે આવેલા કામમાથી છટકવુ તે

**ગાવી** પુ૦[हिं, म]ગાવડોલ ઉપર ચડાવેલો સઢ

**ગાવું** સ૦ક્રિ૦ [सं गै, प्रा गा] સુરેલ અવાજ કાઢવો, સંગીતમાં બોલવું (ગીત વગેરે)(૨)[લા] વખાણ કરવા (૩) એકની એક વાત વારવાર કહેવી [**ગાયા કરવું** = (એકની એક વાત) વારવાર કહ્યા કરવી **ગાયું ગાવું** = ગાયા પ્રમાણે ગાવું (૨) આગળનું અનુકરણ કરવું, હાજી હા કરવી]

**ગાશા**, **-શિયો** [अ] પુ૦ ઘોડાની પીઠ ઉપર નાખવાની ઢળી, ઘાસિયો, ગાશિયો **ગુંડાળવો** [म गुंडाळणें] = ઉચાળા ભરવા, ભાણા પોટલા બાંધવા, નાસવું

**ગાસ(-હ)** પુ૦ ['ઘાસવું' ઉપરથી ?] ઘાણીની આસપાસનો બળદ નીચે વટાયેલો કચરો(૨) તુવેર, મગ ઇત્યાદિના ઝીણા છોડા

**ગાળ** પુ૦ ['ગાળવું' ઉપરથી] ગાળતા નીકળેલો કચરો (૨) સ્ત્રી૦ [सं गालि] અપશબ્દ [**-ખાવી** = ગાળ સાંભળવી **-આપવી, ચોપડવી, ચોપડાવવી, દેવી, ભાંડવી, બોલવી, સંભળાવવી** = અપશબ્દ કહેવા **ગાળે ચડવું** = ગાળ ભાંડ્યા કરવી ]**-ળંગાળા** (**-ળી**), **-ળાગાળી** સ્ત્રી૦ પરસ્પર ગાળો દેવી તે. [**-ઉપર આવવું કે ચડવું** = સામસામી ગાળો દેવા માંડવી ]

**ગાળવું** સ૦ક્રિ૦ [सं गाल्य्, प्रा गाल] કચરો કાઢી શુદ્ધ કરવું (દૂધ, પાણી ઇ૦) (૨) આંચ દઈ ઓગાળવું (ધાતુ ઇ૦)(૩) શોધવું, ઓછું કરવું (૪) વિતાવવું; પસાર કરવું

**ગાળિયું** ન૦ [જુઓ ગાળો] ઢોરને બાંધવાનું ગાળાવાળું દોરડું (૨) [લા] કામનો બોજો, જવાબદારી (૩) ગળણી (૪) જુઓ ગાળ ૧

**ગાળી** સ્ત્રી૦ [જુઓ ગાલિ] ગાળ (૨) [ગાળો પરથી] પર્વતો વચ્ચેનો સાંકડો માર્ગ, ખીણ

**ગાળો** પું૦ [જુઓ ગળું] સરકાવી જવાય એવું નાડું; ફાંસો(૨)અમુક સમય(૩)મોસમ ઉદા૦ કેરીગાળો (૪)ઘરનો વિભાગ, ખંડ(૫)બે સ્થળ કે કાળ વચ્ચેનું અંતર (૬) પહોળાઈ, પનો(૭) અમુક જગા,પ્રદેશ (૮)દળણું ઓરવાનું ઘંટીનું મોં (૯)બંગડીનો વ્યાસ (૧૦) શરીરનો બાંધો (૧૧)[સર૦ म गाळा]મોટી ગાળી,ખીણ(૧૨) ['ગાળવું' ઉપરથી] દેર, વટાવ (૧૩) પેટમાં ગળાઈને જામેલો મળ(૧૪)[સર૦ म गाऴा] સ્ત્રીને પહેરવાનું એક જાતનું વસ્ત્ર (ગળણા જેવું બારીક ?) [**ગાળા નરમ થઈ જવા** = હાજા ગગડી જવા **ગાળો ગળી જવો** = શરીર ઊતરી જવું પાતળું થઈ જવું **-કરવો** = દોરડાનો ફાંસો કરવો **-કાઢવો** = ઘંટીના ગાળામાં છેવટે રહેલા વગર દળાયેલા દાણા દળી કાઢવા **-કાઢી નાખવો** = ભાવફેર મટાડી દેવો **-કાઢી લેવો** = વટાવ કાઢવો **-થવો** = પેટમાં મળનો ભરાવો થવો **-પડવો** = (વચમાં) સમયનું અંતર પડવું **-પાડવો** = સમયનો વખસ્લો પાડવો (૨) દોરડાનો ફાંસો કરવો **-રાખવો** = વટાવ રાખવો (૨) વચ્ચે અંતર રાખવું **-વાળવો** = દોરડાનો ફાંસો કરવો ]

**ગાંગડી** (૦) સ્ત્રી૦ જુઓ 'ગાંગડો'માં

**ગાંગડુ** (૦) વિ૦ [सं. काङ्कटुक प्रा कंकडुअ] ન પલળે અને ન બફાય એવું (૨)પુ૦ પલાળવા કે બાફવા છતાં નરમ ન થાય એવો દાણો [**-રહેવું** = બફાવા મૂકેલા દાણાનું કાચું રહેવું (૨)નહિ સુધરવું(૩)બેઉ પક્ષમાં અપ્રિય થવું]

**ગાંગડો** (૦) પું૦ [જુઓ કાંકરો] વસ્તુનો બાઝી ગયેલો નક્કર કકડો–કાંકરો (૨) નહિ ફાટેલું કપાસનું જીંડવું **-ડી** સ્ત્રી૦ નાનો ગાંગડો

**ગાંગરવું** (૦) સ૦ક્રિ૦ [રવ૦, સર૦ म. गागरणें] બરાડવું (ઊંટનું)

**ગાંગલું** (૦) વિ૦ [રવ૦] કાગલું, નકામું(૨)ન૦ ગણગણાટ (૩) આનાકાની (૪) બડબડવું–ફરિયાદ કરવી તે

**ગાંગાંતલ્લાં** (૦) ન૦ બ૦ વ૦ [રવ૦] જુઓ ગલ્લાંતલ્લાં

**ગાંગુ** (૦) વિ૦ [જુઓ ગાંગલું] ઢીલું, નમાલું; [રાંક

**ગાંગેય** પુ૦ [सं] (સં ) ગંગાના પુત્ર–ભીષ્મ

**ગાંગેરિયું** ન૦ એક પક્ષી [આમલીનું બીજ

**ગાંગેરુક** ન૦ [સર૦ हि गांगेरुक] ગોરખ

**ગાંગો** (૦) પુ૦ [गङ्गदास ?] ઘેરઘેર ફરીને તેલ દિવેલ ઇ૦ વેચનારો (૨) ગરીબ–રાંક માણસ

**ગાંગ્ય** વિ૦ [सं] ગંગાને લગતું

**ગાંછો** (૦) પું૦ [સર૦ हिं गाँछना = ગૂંથવું]

વાસફોડો, વાસની ચીપટોના ટોપલા-ટોપલી ગૂંથનારો

**ગાંજવું** (૦) સ૦ક્રિ૦ [स गंजित, प्रा० गंजिअ = ગાજ્યો સર૦ म गांजणें] છેતરવુ, ફોસલાવવુ (૨) હરાવવું [ગાંજ્યું જવું=છેતરાવુ (૨) ગેહમા દબાવુ ] ['ગાંજો'મા

**ગાંજા-કસુ, ૦ખોર(-રિયુ)** (૦) જુઓ

**ગાંડિ(-ડી, -ડિ, -ડી)વધન્વા, ગાંડિ(-ડી, -ડિ, -ડી)વપાણિ** પુ૦ [सं गाडीव धन्वा, -पाणि] (સ.) અર્જુન

**ગાંજો** (૦) પું૦ [स प्रा गंज] એક છોડ અથવા તેની કળી (તેને ચલમમા પીવાથી નશો ચડે છે) **-જાકસુ, -જાખોર(-રિયુ)** વિ૦ ગંજેરી ['એનો ગાજો નાનો છે'

**ગાંજો** (૦) પુ૦ [સર૦ म ] ભાગે, કદ ઉદા૦

**ગાંઠ** (૦ઠ,)સ્ત્રી૦[न ग्रंथि, प्रा गंठि] આટીવાળો બધ, ગ્રથિ (૨) ઝાડને જ્યાથી ડાળા ફૂટે છે તે ભાગ (૩) લાકડામાનો ભમરાવાળો ગઠાઈ ગયેલો ભાગ (૪) મૂળનો ગઠ્ઠા જેવો ભાગ (જેને વાવવાથી ફણગો ફૂટે છે) (૫) શરીરમા લોહી ગઠાઈ જઈ બાઝેલી ગોળી (૬) એક રોગ, પ્લેગની ગાઠ (૭) [લા] અટસ, કીનો (૮) સપ [-ઓગળી જવી=ગાઠ શરીરમાં ને શરીરમા સમાઈ જવી -કરવી=છાના પૈસા સઘરવા (૨) સપ કરવો (૩) અદાવત ઊભી કરવી -થવી=ગાઠ નીકળવી, પ્લેગ થવો (૨) દોસ્તી થવી (૩) સપ થવો -ઘાલવી= લોહી બધાઈ જવુ (૨) વેળ ઘાલવી (૩) કોઈ ભાગ સૂજી આવવો -નીકળવી=પ્લેગ થવો ગાંઠનું ઉમેરવુ=મીઠુ મરચુ ભભરાવીને- પોતા તરફથી વધારીને વાત કહેવી ગાંઠનું ગોપીચદન કરવું કે ઘસવું= પોતાનુ નાણુ ખરચી પોતાના જ ગેરફાયદાનુ કામ કરવુ -પડવી=આટીવાળો બધ પડવો (દોર-દોરીમા) (૨) ગંઠાઈ જવુ (૩) મૈત્રી બધાવી (૪) વેર બધાવુ -પાડવી=ગાઠ મારવી -બાંધવી=ગાંઠ મારવી (૨) નિશ્ચય કરવો (૩) સ્મરણમા રાખવું (૪) અટસ રાખવો (૫) છાનુમાનુ ધન સઘરવુ -બેસી જવી=ગાઠ ઓગળી-બેસી જવી -વાળવી= ગાઠ બાધવી **ગાંઠે કરવું**=જુઓ ગાઠ કરવી **ગાંઠે બાંધવું**=પોતાની પાસે કબજામા લેવુ, પોતાનુ કરવુ.] ૦(-ઠો)ગળફો પુ૦ ગાઠ કે ગનો ફોદો (સૂતરના તારમાનો) (૨) ખટકો, સંશય ૦ડી સ્ત્રી૦ ગાસડી (૨) ધન, સપત્તિ ૦ડો પુ૦ મોટી ગાઠડી, ગાસડો ૦ણુ ન૦ સાંધો (૨) બે તારને જોડતી ગાઠ (૩) ગાઠવાના દોરા (૪) ગાઠવાની ઢબ-કળા ૦દાર, -ઠાળુ, -ઠિયું વિ૦ ગાઠવાળુ ૦નું વિ૦ ખાસ પોતાનુ, પદરનુ -ઠે (ઠે,) અ૦ પાસે, કબજામા

**ગાંઠવું** (૦) સ૦ક્રિ૦ [स ग्रथ्, प्रा गंठ] મણકા કે એવી વેહવાળી વસ્તુને દોરામા પરોવી ગાઠ વાળી એકબીજા સાથે ગૂથવુ (૨) દોરી, તાર વગેરેને એકબીજા સાથે ગાઠ વાળીને બાધવુ (૩) તાબે રહી હુકમ માનવો, બદવુ (૪) ગાઠે કરવુ, મેળવવુ

**ગાંઠાળું, ગાંઠિયું** વિ૦ જુઓ 'ગાઠ'મા

**ગાંઠિયો** (૦) પુ૦ ['ગાઠ' ઉપરથી] સૂકવેલી હળદરનો કાકરો (૨) ચણાના લોટની એક તળેલી વાની (૩) મોટી ગાઠ (૪) વિ૦ ગાઠ સાથે સંબધવાળુ જેમ કે ગાઠિયો તાવ પુ૦ ગાઠ નીકળીને આવતો તાવ ૦વા પુ૦ જેમા શરીરમાં ગાંઠો બાઝી જાય છે એવો વા-એક રોગ

**ગાંઠી** (૦) સ્ત્રી૦ [स कण्ठिका] એક ઘરેણુ

**ગાંઠે** (૦ઠે,) અ૦ જુઓ 'ગાઠ'મા

**ગાંઠો** (૦) પુ૦ ['ગાઠ' પરથી] મોટી ગાઠ, પેરાઈ આગળનો ભાગ ૦ ગળફો પુ૦ જુઓ 'ગાઠ'મા

**ગાંડ** (૦ડ,) સ્ત્રી૦ [दे खडी=નાનુ અપદ્વાર म, हिं] (અશિષ્ટ પ્રયોગ) ગુદા (૨) કશાયની બેસણી-બૂધુ. [-ગોઠવવી=આરામથી બેસવુ **-તળે રેલો હોવો**=પોતાની જાત સડોવાયેલી હોવી, પોતાને પણ લાગુ પડતુ હોવુ **-ના ચેહ લગી**=ઉપરથી નીચે સુધી, પૂરેપૂરુ **-બળવી**=માઠુ લાગવુ **-માં પેસવું કે ભરાવું**=(તિરસ્કારમા) બીજાની ખુશામત કરવી **-માં છાણ હોવું**=તાકાત હોવી, સામર્થ્ય હોવું **-વગરનું ઢોળવું,**

–વિનાનો ગોળો = કશા નક્કી નિર્ણય વગરનુ માણસ, ઝટ ઝટ વિચાર કે પક્ષ બદલે તેવુ –વધારવી = આળસુ પડી રહી જાત વધાર્યા કરવી ગાંડે મરચા લાગવાં = ખોટુ લાગવુ ગાંડે ભમરો હોવો = ઠરીને એક ઠેકાણે સ્થિર ન રહે એવો સ્વભાવ હોવો ] ૦ગમચાં ન૦ બ૦વ૦ [+अ गम्जह] ચામોદિયા, મરડાટ, આનાકાની ૦ગુલામી સ્ત્રી૦ હલકા પ્રકારની ખુશામત

ગાંડછા (૦) સ્ત્રી૦, –પણ ન૦, ગાડાઈ સ્ત્રી૦ ['ગાડુ' ઉપરથી] ગાંડપણ [ગાંડપણ કાઢવું = ઘેલછા કરવી; મૂરખાઈ બતાવવી ]

ગાડિયુ (૦) વિ૰ ગાડુ, ગાડા જેવુ

ગાંડિ(–ડી)વ ન૦ [सं] (સ ) અર્જુનનુ ધનુષ્ય (૨) [લા ] કોઈ પણ ધનુષ્ય. ૦ધન્વા, ૦પાણિ પુ૦ (સ ) અર્જુન

ગાંડી (૦) સ્ત્રી૦ ['ગાડુ'નુ સ્ત્રી૦] બાજીમા અવળી ચાલે ચાલતી કૂટી [–કાઢવી]

ગાંડું (૦) વિ૦ [हिं गड्ड, गाड्] ઘેલુ, અણ-સમજુ, નાદાન, મગજનુ ચસકેલુ (૨) ન૦ ગાડુ કામ કે વર્તન (૩) બાજીમાં અવળી ચાલે કૂટી ચારવાનુ રમવું તે ૦ઘેલું વિ૦ ગાડુ ૦તૂર [+आतुर (स )] છેક ગાંડુ [ગાંડાં કાઢવાં = ગાડાની માફક વર્તવુ ગાંડું ગાંડું થઈ જવું = ખુબ ખુશાલીમા આવી જવુ ગાંડું કાઢવું = ગાડુ વર્તન કરવુ (૨) બાજીમા અવળી ચાલે કૂટી ચારવાનુ રમવુ ]

ગાંદરું (૦) ન૦, –રો પુ૦ [स ग्रामद्वार? ग्रामोत्तर = ગામનો બાહ્ય ભાગ] ગોદરુ, ગામના ઢોર ઊભા રહેવાની ભાગોળ પાસેની જગા (૨) ગામની ભાગોળ

ગાંદણું (૦) ન૦ (કા ) ડગળુ (૨) કોઈ વસ્તુનો વચ્ચે સરખો ને જાડો ભાગ (૩) છૂટુ પડેલુ ડગળુ (ખડક કે ભેખડનુ)

ગાંધર્વ વિ૦ [म] ગધર્વોને લગતુ (૨) પુ૦, ૦નગર ન૦,૦લગ્ન ન૦,૦વિવાહ પુ૦ જુઓ 'ગધર્વ'મા –ર્વી સ્ત્રી૦ ગાધર્વ સ્ત્રી (૨) વિ૦ ગધર્વનુ –ને લગતુ

ગાંધાર પું૦ [सं] સંગીતના સાત સ્વરમાનો એક –'ગ' (૨)(સં ) જુઓ ગંધાર –રી સ્ત્રી૦(સ.) ગાધાર દેશના રાજાની પુત્રી – ધૃતરાષ્ટ્રની પત્ની

ગાંધી (૦) પું૦ [सं गान्धिक] કરિયાણુ વગેરે વેચનારો વેપારી (૨) એક અટક [ગાંધીનો ગાધી ને પોઠીનો પોઠી = શેઠનો શેઠ, ને નોકરનો નોકર, એક પંથ દો કાજ ] –ડિયાટુ (–ણું) ન૦ જુઓ ગાધીવટું (૨) [લા ] ભેળસેળ. ગૂંચવાડો. ૦ટોપી સ્ત્રી૦ ખાદીની મહેદ લાબી ટોપી ૦વટું ન૦,૦વટો પું૦ ગાધીનો ધંધો (૨) [લા ] બધી બાબતોનુ થોડુ થોડુ જ્ઞાન હોવુ તે

ગાંધીવાદ પુ૦ સત્ય અને અહિંસાના પાયા પર આખી સમાજવ્યવસ્થા તથા માનવજીવનની ગાધીજીએ બતાવેલી દૃષ્ટિ કે ફિલસૂફી –દી વિ૦ (૨) પું૦ [દાણો

ગાંનું (૦) ન૦ (ચ.)(ગગાથી) ગઠાઈ ગયેલો તુવેરનો

ગાંભીર્ય ન૦ [स] ગભીરતા

ગાયજો (ગાં'૦) પુ૦ [दे. गंज्ञाओ] વાળદ (૨) [લા ] ટચાક માણસ.–જણ,–જી સ્ત્રી૦ વાળંદણ

ગાંસડી (૦) સ્ત્રી૦ [જુઓ ગાઠડી ] અનેક વસ્તુ એકઠી બાધી કરેલો બોજો, પોટલી –ડો પુ૦ મોટી ગાસડી, પોટલો [ગાંસડાં પોટલાં બાંધવાં = ઉચાળા ભરવા, ઘરવખરી લઈ કરીને ચાલી જવુ ]

ગિગલાવવું મ૦ ક્રિ૦ 'ગીગલાવુ'નુ પ્રેરક

ગિટકીડી સ્ત્રી૦ [રવ૦? हिं. गिटकिरी, म गिटकडी] સ્વરોને જલદી જલદી ઉચ્ચારાતાં ઊપજતો અલકાર [ઘિટાતું બચ્ચુ

ગિદરડું ન૦ [दे गड्डुरी, म गड्डर પરથી ?] (કા )

ગિદ્ધ વિ૦ [स गृद्ध, प्रा गिद्ध = લુબ્ધ] સુસ્ત ભારે (ઘણુ ખાધાથી) (૨) ન૦ [हि गीदड] શિયાળ [હાજરી લેવી તે

ગિનતી સ્ત્રી૦ [हिं, प्रा गिण = ગણવું] ગણતરી,

ગિની સ્ત્રી૦ [इं] જુઓ ગીની

ગિન્નાવું અ૦ ક્રિ૦ ['ગિન્ની' ઉપરથી] (પતંગનુ) એક બાજુ નમતુ – કતરાતુ રહેવુ (૨) ગિસાવુ

ગિન્ની સ્ત્રી૦ [हि] ચક્કર ખાવુ – ખવરાવવુ તે

ગિબાવવું સ૦ ક્રિ૦ 'ગીબવુ'નુ પ્રેરક

ગિબાવું અ૦ક્રિ૦ 'ગીબવુ'નુ કર્મણિ

ગિર(–રિ)જા સ્ત્રી૦ (સ ) પાર્વતી

**ગુણોત્તર** પું૦,ન૦ [स] બે રકમ વચ્ચેનુ પ્રમાણ, 'રેશિયો' (ગ)
**ગુણોપેત** વિ૦ [स] ગુણવાળુ
**ગુણ્ણું** ન૦ ગુલ્લુ, પાપડની કણકનો લૂઓ
**ગુણ્ય** વિ૦ [स] ગુણવાળુ (૨) [ગ.] જેને ગુણવાનુ હોય તે (રકમ), 'મલ્ટિપ્લિકન્ડ' **–ણ્યાંક** પુ૦ ગુણ્ય આકડો (ગ)
**ગુત્તો** પુ૦ [हिं गुत्ता: स गुप्त, प्रा गुत्त પરથી ?] એકહથ્થુ વેપાર, ઇજારો
**ગુદરવું** અ૦ક્રિ૦+[સર૦ हिं. गुदरना, म गुदरणें, फा गुज़र પરથી] ગૂદરવુ, ગુજરવુ [સાલ)
**ગુદસ્ત** વિ૦ [फा गुज़स्तह] ગત, પાછલુ (વરસ,
**ગુદા** સ્ત્રી૦ [स] શરીરમાથી વિષ્ટા નીકળવાનુ દ્વાર **૦વર્ત** [+ आवर्त] પુ૦ ગુદાનો એક રોગ **૦સ્થિ** [+ अस्थि] ન૦ માણસના શરીરમા કરોડને છેડે આવેલુ ત્રિકોણ હાડકુ, 'કોક્સિક્સ' [રાગણી
**ગુનકલી** સ્ત્રી૦ [स गुणकली] માલકોશની એક
**ગુનો** (નો') પુ૦ [फा] અપરાધ, વાક, તકસીર [**ગુનામાં આવવું** = અપરાધી થવુ, વાક કરેલો હોવો] **–નેગાર** વિ૦ ગુનો કરનારુ, અપરાધી **–નેગારી** સ્ત્રી૦ ગુનેગારપણુ [**–કરવી** = ગુનો કરવો, વાકમા આવવુ]
**ગુપ** વિ૦+ગુપ્ત (પ)
**ગુપચુપ** અ૦ [ગુપ+ચુપ] ચુપચાપ, છાનુમાનુ
**ગુપ્ત** વિ૦ [स] છુપાવેલુ; સતાડેલુ (ધન વગેરે) (૨) છાનુ, ગૂઢ (વાત વગેરે). [**–ગંગા** સ્ત્રી૦ જેનુ મન કળી ન શકાય તેવી ઊંડી સ્ત્રી] **૦તા, –માઈ** સ્ત્રી૦ ગુપ્તપણુ. **૦ચર** પુ૦ જાસૂસ **૦ચર્યા** સ્ત્રી૦ જુઓ અજ્ઞાતચર્યા **૦દાન** ન૦ છૂપુ દાન **–પ્તા** સ્ત્રી૦ એક પરકીયા નાયિકાનો ભેદ (પ્રેમીના પ્રેમ, આલિંગન વગેરે ગુપ્ત રાખે તે) **–પ્તિ** સ્ત્રી૦ [स] રક્ષણ
**ગુપ્તી** સ્ત્રી૦ [स गुप्त] લાકડીની અદર ગુપ્ત–છૂપુ રહે એવું એક અણીદાર સળિયા જેવુ હથિયાર
**ગુફા** સ્ત્રી૦ [सं गुहा] પહાડની બખોલ–ઊંડુ કોતર, ગુહા [ગૂજ
**ગુફત(–તે)ગો** સ્ત્રી૦ [फा] વાતચીત, મસલત,
**ગુફતાર** સ્ત્રી૦ [फा] વાણી
**ગુફતેગો** સ્ત્રી૦ જુઓ ગુફતગો
**ગુબારો** પું૦ જુઓ ગબારો
**ગુમ** વિ૦ [फा.] ખોવાયેલું [**–કરવું** = છૂપાવવું, ઉપાડી જવુ **–થવું** = ખોવાવુ] **૦રાહ** વિ૦ રસ્તો ભૂલેલુ [ગુપચુપ
**ગુમસૂમ** અ૦ [ગુમ+સૂમ (स शून्य)] સૂમસામ,
**ગુમાન** ન૦ [फा] અભિમાન, ગર્વ. [**–ધરવું, –રાખવું** = અહકાર કરવો **–ઊતરવું** = અહકાર દૂર થવો **–ઉતારવું** = અહકાર દૂર કરાવવો, નમાવવુ] **–ની** વિ૦ અભિમાની
**ગુમાવડા(–રા)વવું** સ૦ક્રિ૦ [જુઓ ગુમાવવુ] ખોવડાવવુ
**ગુમાવવું** સ૦ ક્રિ૦ [फा गुम ઉપરથી, हिं गुमाना] ખોવુ (૨) ધૂળધાણી કરવુ, ઉડાવી દેવુ
**ગુમાસ્તો** પું૦ [फा गुमाश्तह] કારકુન, મહેતો **–સ્તાગીરી** સ્ત્રી૦ ગુમાસ્તાનુ કામ, મહેતાગીરી. **–સ્તી** સ્ત્રી૦ ગુમાસ્તાગીરી
**ગુમ્મો** પુ૦ [રવ૦] મુક્કી [વતની
**ગુરખો** પુ૦ [સર૦ हिं. गोरखा] નેપાળદેશનો
**ગુરગુરવું** અ૦ક્રિ૦ [રવ૦] ગુરગુર એવો અવાજ કરવો **ગુરગુરાવવું** સ૦ ક્રિ૦ પ્રેરક
**ગુરજ** સ્ત્રી૦ [फा गुर्ज़] ગદા; મુદ્‌ગર
**ગુરથમાની** વિ૦ મરહૂમ, સ્વર્ગવાસી
**ગુરદો** પુ૦ [फा गुर्दः] ગુરજ, લોઢાનો મગદળ (૨) [फा] મૂત્રપિંડ, 'કિડની'
**ગુરાબ** ન૦ [સર૦ हिं, म, फा गुराब, इ ग्रेब] એક જાતનુ વહાણ
**ગુરુ** વિ૦ [सं.] મોટુ (૨) ભારે (૩) દીર્ઘ (૪) પું૦ શિક્ષક (૫) પુરોહિત, ગોર (૬) [स.] એ નામનો ગ્રહ, બૃહસ્પતિ (૭) ગુરુવાર **૦ક્રૉસ** પુ૦ [ ] આવો મોટો ક્રૉસ **૦કિલ્લી** સ્ત્રી૦ ગુરુકૂચી **૦કુલ(–ળ)** ન૦ ગુરુને રહેવાનું ઠેકાણુ, જ્યા વિદ્યાર્થીઓને રાખીને તે શિક્ષણ આપે છે (૨) તે પદ્ધતિને અનુસરતી શિક્ષણસસ્થા **૦કૂંચી** સ્ત્રી૦ અનેક તાળાને લાગુ પડે એવી કૂચી, 'માસ્ટર–કી' (૨) [લા] ગમે તેવા સજોગોમાંય કામ દે એવી યુક્તિ, ઉપાય, સાધન ઇ૦ **૦કોણ** પુ૦ કાટખૂણાથી મોટો ખૂણો, 'ઑબ્ટયૂસ ઍંગલ'

[ગ]. ૦ગમ સ્ત્રી૦ ગુરુ પાસેથી મેળવેલું જ્ઞાન ૦ગમ્ય વિ૦ ગુરુ દ્વારા જ સમજાય એવું. ૦ચર્યા સ્ત્રી૦ ગુરુની સેવા. ૦જન પું૦, ન૦ બ૦વ૦ વડીલવર્ગ (માબાપ, શિક્ષક ઇત્યાદિ) ૦તલ્પગ(-ગામી) વિ૦ ગુરુપત્ની સાથે સંભોગ કરનાર ૦તા સ્ત્રી૦, ૦ત્વ ન૦ ગુરુપણુ (૨) મોટાઈ, ગૌરવ (૩) ભારેપણુ. ૦ત્વકેંદ્ર ન૦ બિંદુથી વજનનુ સમતોલપણુ થતુ હોય તે, 'સેન્ટર ઓફ ગ્રેવિટી' ૦ત્વમધ્યબિંદુ ન૦ જુઓ ગુરુત્વકેન્દ્ર ૦ત્વરેખા(-પા) સ્ત્રી૦ ગુરુત્વકેન્દ્રના આકર્ષણની લીટી યા દિશારેખા ૦ત્વાકર્ષણ ન૦ ભારનુ પૃથ્વીના કેન્દ્ર તરફ ખેંચાવુ તે 'ગ્રેવિટેશન' ૦દક્ષિણા સ્ત્રી૦ અભ્યાસ પૂરો કર્યા પછી ગુરુને આપવાની દક્ષિણા ૦દાસ વિ૦ પુ૦ ભલો બાવો (કટાક્ષમા) ૦દ્રોહ પુ૦ ગુરુનો દ્રોહ ૦દ્રોહી વિ૦ ગુરુનો દ્રોહ કરનારુ ૦પત્ની સ્ત્રી૦ ગુરુની પત્ની. ૦પદ ન૦ ગુરુનુ પદ – પદવી ૦પૂજા સ્ત્રી૦ ગુરુની પૂજા – આદરમાન ૦બંધુ પુ૦ એક ગુરુનો શિષ્ય, ગુરુભાઈ ૦ભક્તિ સ્ત્રી૦ ગુરુ પ્રત્યે ભક્તિ ૦ભાઈ પુ૦ ગુરુબંધુ ૦ભાર પુ૦ ગુરુ તરીકેની જવાબદારી. ૦મંત્ર પું૦ ગુરુએ આપેલો મંત્ર (૨) [લા.] છૂપી સલાહ, શિખવણી [-આપવો, -મૂકવો = છૂપી શિખવણી આપવી -લેવો = કોઈની શીખ સ્વીકારવી, બીજાની શિખવણીમા રહેવું] ૦માન ન૦ વડીલ પ્રત્યેની અદબ (૨) રૂસણુ, રૂસણાનુ કટાક્ષ ૦મુખ વિ૦ ગુરુના મોએથી મળેલુ (૨) મનસ્વી નહિ પણ દીક્ષિત -ગુરુના બેધને અનુસરનારું(૩) ન૦ ગુરુનુ મુખ ૦મુખી વિ૦ ગુરુના મુખનુ (૨) સ્ત્રી૦ શીખોમા શરૂ થયેલી પંજાબની એક લિપિ ૦રેખા સ્ત્રી૦ મહારેખા, (—) આનુ વિરામચિહ્ન ૦વાર પુ૦ અઠવાડિયાનો એક દિવસ ૦વારું વિ૦ ગુરુવારે આવતુ – શરૂ થતુ -રૂપસદન ન૦ [+ उपसदन] ગુરુ પાસે જવુ તે (૨) ગુરુના ચરણોમા પડવુ – શિષ્ય બનવુ તે

ગુર્જર વિ૦ [सं] ગુજરાતનુ (૨) પુ૦ ગુર્જર જાત (૩) ગુજરાત (૪) ગુજરાતનો વતની. -રી સ્ત્રી૦ ગુજરાતણ (૨) રબારણ, ગોવાળણી (૩) એક જૂનો ગુજરાતી રાસ (૪) રાગની એક ઢબ (૫) ગુજરાતી ભાષા કે ગુજરાત રૂપી દેવી (૬) વિ૦ ગુર્જર – ગુજરાત દેશને લગતુ

ગુલ ન૦ [फा] ફૂલ (૨) ગુલાબનુ ફૂલ (૩) [લા.] બત્તી ઉપરનો બળેલો ભાગ, મોગરો [-કરવું = હોલવી નાખવુ, -થવું = હોલવાવુ] ૦કંદ પુ૦ [फा.] ગુલાબની પાખડીઓ ને સાકરનો મુરબ્બો ૦ખાર પુ૦ [फा गुलखैरू] આસમાની લાલ રંગ ૦ખેરી (-ખે) વિ૦ [फा गुलखैरू] ગુલખાર રંગનુ ૦ચશ્મ ન૦ [फा] એક પક્ષી ૦છડી સ્ત્રી૦ એક ફૂલઝાડ (૨) તેનુ ફૂલ (૩) ગુલાબનો ગોટો અથવા તોરો (૪) એક ઘરેણું ૦છબું પુ૦, ન૦ [फा गुलशब्बू] એક ફૂલઝાડ ૦જાન વિ૦ ગુલાબના આત્મા જેવુ, સુંદર, મોહક ૦જા(-ઝા)ર પુ૦ [फा] ગુલાબની વાડી, ફૂલવાડી (૨) વિ૦ મનોહર, સુંદર ૦તરાશ સ્ત્રી૦ [फा.] બત્તીનો મોગરો કાપવાની કાતર ૦તોર પુ૦ [+ (अ.) तुर्रह] એક ફૂલઝાડ ૦તોરો પુ૦ ગુલાબનો ગોટો – ગજરો (૨) એક ફૂલઝાડ ૦દસ્ત પુ૦ [फा] ફૂલનો ગોટો – તોરો ૦દાન ન૦ [फा] ફૂલદાની ૦દાવદી (-રી) સ્ત્રી૦ [फा गुलि(-ले) दाऊदी] એક ફૂલઝાડ (૨) તેનુ ફૂલ ૦નાર ન૦ દાડમ ૦બાસ ન૦ [+ अ. अब्बास] એક ફૂલઝાડ (૨) તેનુ ફૂલ ૦મોર (-મો,) સ્ત્રી૦ [फा गुलेमुह] એક ફૂલઝાડ (૨) એનુ ફૂલ ૦શન ન૦ [फा] ગુલિસ્તાન

ગુલગુલાટ પુ૦ [રવ૦]

ગુલગુલાટિયો પુ૦ છોકરાની એક રમત

ગુલચશ્મ, ગુલછડી, ગુલછબુ, જુઓ 'ગુલ'મા

ગુલછાય ન૦ એક વનસ્પતિ ['ગુલ'મા

ગુલજાન, ગુલજા(-ઝા)ર, ગુલતરાશ જુઓ

ગુલતાન વિ૦ [फा] મશગૂલ, તલ્લીન

ગુલતોર, -રો, ગુલદસ્ત, ગુલદાન, ગુલદાવદી (-રી) જુઓ 'ગુલ'મા

ગુલબકી પુ૦ એક ફૂલ ગુલબાગ = ?

ગુલબાન ન૦ [फा गुलबाग] શોરબકોર (૨) આનંદની – ઠઠ્ઠામશ્કરીની વાત (૩) ગામગપાટા, તડાકા

म. गुंठा] જમીનનુ એક માપ (એકરનો ૪૦ મો ભાગ ૧૧×૧૧ ચોરસ વાર)

ગુંડ,–ડો [સર૦ हिं. गुंडा] વિ૦ જબરદસ્તીના કામ કરનાર બદમાશ દાંડ (૨) પુ૦ એવો આદમી –ડાશાહી સ્ત્રી૦ ગુંડાઓનો અમલ –ડાગીરી સ્ત્રી૦ ગુંડાપણુ, ગુંડા જેવુ વર્તન

ગુંદ,૦ર પુ૦ [हिं. गोंद] કેટલાક ઝાડમાથી ઝરતો ચીકણો રસ (૨) ચોટાડવાનાં કામમા આવતો તેવો બાવળનો રસ ૦રપાક પુ૦ ગુંદર નાખીને બનાવેલું વસાણુ (૨) એક મીઠાઈ (૩) [લા.] માર ૦રિયુ ન૦ પલાળેલો ગુંદર રાખવાનુ પાત્ર(૨)લફરુ,કટાળો આવે તોય ન ખસે એવું–ચોટડૂ વૃત્તિનુ માણસ [–ચોટવું =લપ વળગવી: લફરુ વળગવુ] –દિયુ ન૦ ગુંદરનુ પાત્ર, ગુંદરિયુ [ગૂંથણી

ગુંફ પુ૦ [सं] ગૂંથણ (૨) ગૂંમખું. ૦ના સ્ત્રી૦

ગુંફિત વિ૦ [सं] ગૂંથેલું

ગુંબજ પુ૦ [फा. गुंबज] ઘુમટ

ગૂ ન૦ [सं] વિષ્ઠા, મળ ૦ખાડ(–ડી,–ણુ) સ્ત્રી૦ અવળખાડ

ગૂઈ સ્ત્રી૦ ગળી, બદી (૨) [કા.] અણચી

ગૂખાડ,–ડી,–ણુ જુઓ 'ગૂ'મા

ગૂગળ પુ૦[सं. गुग्गुल] એક ડુંગરી ઝાડનો ગુંદર (તે દવાના તેમ જ ધૂપ કરવાના કામમા આવે છે) –ળિયું વિ૦ ગૂગળને લગતુ ગૂગળવાળુ (૨) ન૦ ગૂગળ રાખવાનુ પાત્ર

ગૂગળી વિ૦(૨)પુ૦ ઓખામંડળના બ્રાહ્મણોની એક જાતનુ(૨)[લા.]કીણુ,કંજૂસ [–જેવું= ગોળું, ગંદુ]

ગૂજ(–ઝ) સ્ત્રી૦[सं. गुह्य, प्रा. गुज्झ]ગુપ્ત વાત, રહસ્ય (૨) બે બાજુ અણીવાળો (પાટિયા જોડવાનો) ખીલો (૩) વિ૦ ગુહ્ય, ગુપ્ત

ગૂજરાત,૦ણ,–તી [सं. गूर्जरत्रा] જુઓ 'ગુજરાત'મા

ગૂઝ સ્ત્રી૦ જુઓ ગુજ [સૂંથણી, લેંઘી

ગૂડકી સ્ત્રી૦ ['ગૂડો'=પગનો નળો પરથી ?]

ગૂડલું ન૦ [सं. गूड=દડો] ગુલ્લુ

ગૂડવું સ૦ક્રિ૦ [सं, प्रा. खुड् ઉપરથી ?] કાપવું, વાઢવુ (૨) [જુઓ ગોડવું] ખોદવુ

ગૂડાલાકડી સ્ત્રી૦ ગોળ લાકડી, એક પ્રકારની જૂની સજા –રિઆમણી [વચલો ભાગ

ગૂડિયા પુ૦ (કા.) ગાડાના પૈડાનો આરાવાળો

ગૂડી સ્ત્રી૦ [म. गुडी (કાનડી 'ગુડિ=ધ્વજ) हि. गुड्डी=પતંગ] ઉત્સવને દિવસે ઊભો કરેલો ઝંડો,માણેકસ્તંભ ૦પડવો પુ૦ ચૈત્ર સુદ પડવો

ગૂઢું વિ૦ [સર૦ म. गुढा] પાકુ લુચ્ચુ, શઠ

ગૂડો પુ૦ [સર૦ म. गुढी=મૃત્યુના સમાચાર] મરનારને રોવા જવુ તે, કાણ

ગૂડો પુ૦[સર૦ दे. गोड=પગ, हि. गुड्डी, म. गुडघा=ઢીંચણી, સિંધી गुड] (ચ.) પગનો નળો (૨) [લા.] બળ, શક્તિ, હામ [ગૂડા ભાંગવા=(અ૦ક્રિ૦) પગ ભાગી જવા, શક્તિ ન રહેવી (૨) સ૦ક્રિ૦ પગ ભાગી નાખવા, શક્તિ ખતમ કરી દેવી]

ગૂઢ વિ૦[सं.]ગુપ્ત,છાનું(૨)ન સમજાય એવુ,ગહન (૩) ઇન્દ્રિયાતીત,'મિસ્ટિક' ૦જત્રુ વિ૦ [सं.] હાંસડી ન દેખાય તેવુ માંસલ, હૃષ્ટપુષ્ટ. ૦તા સ્ત્રી૦, ૦પણુ ન૦ ૦મણિ પુ૦ સંતાડેલી કાંકરી ખોળવાની મળતી એક પ્રાચીન રમત. ૦વાદ પુ૦ વસ્તુ ગૂઢ હોઈ સ્વાનુભવનો જ વિષય છે એવો તત્ત્વજ્ઞાનનો વાદ, 'મિસ્ટિસિઝમ' ૦વાદી વિ૦ (૨) પુ૦ ગૂઢવાદમા માનનાર –ઢાક્ષર પુ૦ ગૂઢ અક્ષર

ગૂણ (ણ,) સ્ત્રી૦ [सं. गोणी] થેલો, કોથળો (૨) છાલકુ (ગધેડા વગેરે ઉપરનુ) (૩) ચાર મણનુ માપ.૦પાટ ન૦ શણ કે સૂતળીનુ વણેલું તાપડું, ટાટિયુ (૨)ન૦બ૦વ૦ તેના વસ્ત્ર કે તે પહેરવાની જેલશિક્ષા –ણિયુ ન૦ ગૂણપાટનો બનાવેલો થેલો. –ણિયો પુ૦ તાપાનો વડો(૨)થેલો,ગૂણ (૩)અમુક વજનનુ માપ(૪)[સર૦ हिं. गु(–गो) निया, म. गुण्या] પુ૦ કાટખૂણો (કારીગરનો)

ગૂણુસુ વિ૦ [જુઓ ગૂણ] જાડુ અને ઠીંગણુ

ગૂણિયું,–યો જુઓ 'ગૂણ'મા

ગૂથ વિ૦[सं. गुध्=રમવુ ઉપરથી] રમતિયાળ (૨)[सं. गृध्=કામવું ઉપરથી] કામી (૩)સ્ત્રી૦ [જુઓ 'ગૂથ', प्रा. गुथ] (ચ.) (ધ,) ગૂમડુ મટ્યે રહેતુ ચિહ્ન –ખાડો

ગૂમડ(–ડુ) ન૦ [सं. गुल्म, प्रा. गुम्म(०ड) ?]

શરીરે ઊઠતો ફોલ્લો – ટેટા જેવો ગઠ્ઠો [ગૂમડે ઘસીને ચોપડવા જેવું = નકામું, જરૂરને વખતે કામ ન આવે તેવું]

**ગૂમૂતર** ન૦[ગૂ+મૂતર] મળમૂત્ર [–**ઉથામવાં, –કરવાં** = મળમૂત્ર સાફ કરવા (૨) માવજત કરવી (બાળક કે માંદાની)]

**ગૂર** સ્ત્રી૦ ['ગર', 'ગર્ભ' ઉપરથી] હાડકાની અંદરનો ગર 'મેરો'

**ગૂરજી** પુ૦ [સર૦ મ. गुरजी]એક જાતનું પુષ્કળ વાળવાળું ઠીંગણું કૂતરું

**ગૂરા** પું૦ બ૦ વ૦ [જુઓ ગૂડા] પગ

**ગૂર્જર** વિ૦(૨)પુ૦,–**રી** સ્ત્રી૦ જુઓ 'ગુર્જર'માં

**ગૂલર** ન૦[हि] ગુલ્લર, ઉમરડો (૨)ઉમરડું(૩) કાનનું એક ઘરેણું –**રું** ન૦ [જુઓ ગૂડલું] પાપડનો લૂઓ (૨) જુઓ ગૂલર (૩) ઘોડિયે લટકાવવાનું એક લાકડાનું રમકડું –**રો** પું૦ ઉમરડો [કાબરું ઘર

**ગૂલી** સ્ત્રી૦ ગળી(૨)જીવડાએ બનાવેલું વોણું કે

**ગૂલું** ન૦ એક પક્ષી

**ગૂવાળણું, ગૂસૈણું** ન૦ [ગૂ+વાળણું (વાળવું), +સૈણું –(ઉસરડવું)] ગૂ ઉસરડવાનું સાધન (ઠીકરું, પતરું)

**ગૂંગણું** વિ૦ [स गुण] નાકમાથી બોલતું

**ગૂંગળાવું** અ૦ક્રિ૦ ['ગૂંગૂ' અવાજ ઉપરથી રવ૦]હવાની ખોટ કે અટકાયતને લીધે અમૂઝાવું,શ્વાસ રૂંધાવો –**મણ** ન૦,સ્ત્રી૦ ગૂંગળાવું તે. –**વવું** સ૦ક્રિ૦ 'ગૂંગળાવું'નું પ્રેરક

**ગૂંગું** વિ૦ [स गुंग]નાકમાથી બોલતું, ગૂંગણું (૨)મૂગું(૩)ન૦ નાકના મળનો બંધાઈ ગયેલો પોપડો –**ગાવેડા** પુ૦ બ૦ વ૦ ગૂંગાના જેવું વર્તન–ચાળા, ગૂંગાપણું (૨) કોઈ કામમા ચીકાશ કર્યા કરવી તે (૩) વગર આવડચે કામમા ચૂંથણાં કરવા તે –**ગો** પું૦(નાકમાંનું) ગૂંગું (૨) એક જાતનો જીવડો

**ગૂંચ** સ્ત્રી૦ [स. गुच्छ, प्रा गुंछ?] (દોરા વગેરેનું) ગંઠાઈ જવું તે (૨) [લા] આંટીઘૂંટી, મુશ્કેલી [–**આવવી** = ગૂંચ પડવી.–**ઉકેલવી** = આંટી ઉકેલવી (૨) મુશ્કેલીનો તોડ કરવો –**પડવી** = આંટી પડવી (૨) ગૂંચવાવું (૩) મૂંઝાવું, મુશ્કેલી પડવી] ૦**વણ**(–**ણી**) સ્ત્રી૦ ગૂંચાઈ જવું તે(૨)જેમાથી ઉકેલ કાઢવો મુશ્કેલ થઈ પડે એવી પરિસ્થિતિ ૦**વણિયું** વિ૦ ગૂંચવણવાળું ૦**વવું** સ૦ ક્રિ૦ ગૂંચવણમા નાખવું ૦**વાડિયું** વિ૦ ગૂંચવાડાવાળું.૦**વાડો** પું૦ જુઓ ગૂંચવણ ૦**વાવું** અ૦ક્રિ૦ ગંઠાવું (દોરા વગેરેનું)(૨)[લા]સપડાવું;ઉકેલ ન સૂઝવો (૩)[લા] મૂંઝાવું, ગભરાવું ૦(–**છ**)**ળિયાળું** વિ૦ ગૂંછળીવાળું ૦(–**છ**)**ળી** સ્ત્રી૦ દોરાની અટેરીને કરેલી આંટી કે ગોળો ૦(–**છ**)**ળું** ન૦ ગોળ આકારમા વળેલું કે વીંટેલું હોય તે

**ગૂંચાવું** અ૦ક્રિ૦ જુઓ ગૂંચવાવું

**ગૂંછળી, –ળિયાળું, –ળું** જુઓ 'ગૂંચ'માં

**ગૂંજિયું** ન૦ [જુઓ ગૂંજું] ગજવું (૨) [?] ધુમાતો દેવતા

**ગૂંજું (–જૂં)** ન૦ [स गुह्य, प्रा गुज्झ] ગજવું

**ગૂંતો** પું૦ [સર૦ म गुंत]ગૂંચ(૨)વાંધો,શંકા(૩) કલંક [–**પડવો** = વાંધો પડવો. –**પાડવો** = વાંધો પાડવો (૨) શક લાવવો (૩) જુદા પડવું, જુદો મત ધરાવવો]

**ગૂંથ (થ,)** સ્ત્રી૦ [જુઓ ગૂંથવું] (કા) ગૂમડાં વગેરે રુઝાતાં ત્યાં ગાંઠ જેવું રહે તે, ગૂંધ

**ગૂંથણ** ન૦['ગૂંથવું' ઉપરથી]ગૂંથવું તે(૨)ગૂંથવાનું કામ (૩) ગૂંથવાની કળા –**ણિયાળું** વિ૦ ગૂંથણવાળું,ગૂંથેલું –**ણી** સ્ત્રી૦ ગૂંથણનું કામ (૨)ગૂંથવાની કળા કે આવડત (૩) ગૂંથામણી

**ગૂંથવું** સ૦ક્રિ૦ [स ग्रथ्, प्रा गुंथ, गुंत्थ પરથી] દોરો કે સેરને આંટી પાડી પાડીને સાંકળવું – જાળીદાર રચના કરવી ગૂંથાવવું (પ્રેરક) ગૂંથાવું (કર્મણિ) [ગૂંથવાનું મહેનતાણું

**ગૂંથામણ** ન૦, –**ણી** સ્ત્રી૦ [ગૂંથવું' ઉપરથી]

**ગૂંદડો** પું૦ [दे गुड?] એક ઘાસ

**ગૂંદરવું** સ૦ ક્રિ૦ [જુઓ ગુંદરવું]+જુઓ ગુંજરવું સ૦ક્રિ૦ [ગુલાબજાંબુ

**ગૂંદવડું** ન૦ [दे गुंदवडय] એક મીઠાઈ;

**ગૂંદવું** સ૦ક્રિ૦[જુઓ ખૂંદવું]પગ તળે કચરવું; ખૂંદવું (૨) દાબી મસળીને નરમ કરવું (૩) [લા] મારવું, ઠોકવું

**ગૂંદા(–દી)પાક** પુ૦ એક મીઠાઈ (૨)[લા]માર

**ગેય** વિ૦ [સ] ગવાય એવું કે ગાવા જેવું **૦તા** સ્ત્રી૦, **૦ત્વ** ન૦

**ગેર(-રો)** પું૦ ['ગરવું' ઉપરથી] ગરેલો ભૂકો

**ગેર** (ગે) [ફા] 'નિષેધ અભાવ,ખોટું'એવો અર્થ દર્શાવનાર પૂર્વગ **૦આબરૂ** સ્ત્રી૦ અપકીર્તિ, બદનામી **૦ઇન્સા(-નસા)ફ** પું૦ અન્યાય **૦ઉપયોગ** પું૦ દુરુપયોગ **૦કાયદે** વિ૦ (૨) અ૦ [ફા] કાયદા વિના; કાયદા વિરુદ્ધ **૦કાયદેપણું** ન૦કાયદા વગર કે સામે હોવું તે **૦કાયદેસર** અ૦ ગેરકાયદે૦ કાયદા પ્રમાણે નહિ **૦ખુશી** સ્ત્રી૦નાગજી **૦ફાયદો** પું૦ગેરલાભ **૦બંદોબસ્ત** પું૦અવ્યવસ્થા **૦મરજી** સ્ત્રી૦ નારાજી **૦મહેરબાની** સ્ત્રી૦ અવકૃપા **૦માહિત(૦ગાર)** વિ૦ અજાણ, બિનવાકેફ **૦માહિતી(-તગારી)** સ્ત્રી૦ અજાણપણું **૦મુનાસ(-સિ)બ** વિ૦ ગેરવાજબી **૦રસ્તે** અ૦ ખોટી રીતે, બેકાયદે **૦રીત** સ્ત્રી૦ ખોટી રીત **૦લાભ** પું૦ ખોટ, નુકસાન (૨) ખોટો લાભ **૦વર્તણૂક** સ્ત્રી૦ ખરાબ રીતભાત-વતન **૦વલ્લે** અ૦ [અ વલા પરથી] જ્યાંથી ન જડે એવી જગાએ, ખોટી જગાએ. [-જવું, -પડવું = યોગ્ય ઠેકાણે ન પહોંચવું(૨)ખોવાવું] **૦વહીવટ** પું૦ અવ્યવસ્થા,અ વેર **૦વાજબી** વિ૦ અયોગ્ય, અઘટિત **૦વાટે** **૦શિરસ્તે** અ૦ આડે-અનીતિને માર્ગે **૦વ્યવસ્થા** સ્ત્રી૦ ગેરવહીવટ, ગોટાળો **૦શિરસ્તો** પું૦ ખોટી રીત **૦સમજ(-જૂત,-જૂતી)** સ્ત્રી૦ ખોટી સમજ **૦સાવધ** વિ૦ અસાવધ, ગાફેલ **૦સોઈ** સ્ત્રી૦ અગવડ, સોઈનો અભાવ **૦હાજર** વિ૦ હાજર નહિ તેવું **૦હાજરી** સ્ત્રી૦

**ગેરત** (ગે) સ્ત્રી૦ [અ] માન-આબરૂનું ભાન, લાજશરમ

**ગેરવવું** સ૦ક્રિ૦['ગરવું' ઉપરથી]પાડવું,ખ ખેરવું

**ગેરવો** પું૦ [જુઓ 'ગેરુ'. સર૦ મ ગેરવા, હિ ગેરુઆ] ઘઉંના ખેતરમાં થતો એક રોગ [-આવવો = એ રોગ લાગુ પડવો]

**ગેરિયત** સ્ત્રી૦ [અ. ગૅરત] જુઓ ગેરત

**ગેરુ** પું૦,ન૦ [સ ગૈરિક, પ્રા ગેરુઅ]એક જાતની લાલ મટોડી (૨) જુઓ ગેરવો

**ગેરુઓ(-વો)** પું૦ ['ગેરુ' જુઓ] ગેરુનો-ભગવો રંગ

**ગેરો** પું૦ ['ગરવું' ઉપરથી] ગરેલો ભૂકો, ગેર

**ગેલ** (ગે) ન૦[સ કેલિ?] લાડ (૨) લાડભર્યો ખેલ, રમત(૩)સ્ત્રી૦ [સર૦ હિં ગૈલ] ગલી, વાટ રસ્તો (૪) [?] શુવરનું પાકું પાન જે સ્લેટ ઉપર ઘસાય છે (૫) (૫) અ૦ કેડે, પાછળ

**ગેલન** પું૦ [ઇં.] પ્રવાહીનું વિલાયતી માપ (આશરે દશ ગેર)

**ગેલરી** સ્ત્રી૦[ઇં.]એક પછી એક હાર ઊંચી ઊંચી ગોઠવી હોય એવી બેઠક (નાટકશાળામાં હોય છે તેવી) (૨) છજું

**ગેલવું** (ગે) અ૦ક્રિ૦ ગેલ કરવું, લાડથી ખેલવું

**ગેલી** સ્ત્રી૦[ઇં](છાપખાનામાં)ગોઠવેલા બીબાંના ચોકઠાને મૂકવાનું લંબચોરસ પતરું કે પાટિયું (૨) [લા] ગેલીપ્રૂફ [-કાઢવી = ગેલીપ્રૂફ છાપીને તૈયાર કરવું] **૦પ્રૂફ** ન૦ ગેલીના બીબાં પરથી કઢાતું પ્રૂફ [-કાઢવું = ગેલી છાપી પ્રૂફ તૈયાર કરવું] [કઢાતો બળે એવો વાયુ

**ગેસ** પું૦[ઇં] વાયુરૂપી પદાર્થ (૨) કોલસામાંથી

**ગેસાળી** સ્ત્રી૦ [જુઓ ગેસુ] ધૂળ

**ગેસુ** પું૦ [ફા. ગેસૂ] વાળની લટ, જુલફું (૨) [?] ગેસુડી **૦ડી** સ્ત્રી૦ ધૂળ, જેહું (ના ચ)

**ગેહ** ન૦ [સ] ઘર **૦ગોધા** સ્ત્રી૦ ગૃહગોધા, ગરોળી **૦પતિ** પું૦ ગૃહપતિ. **૦લક્ષ્મી** પું૦ ગૃહલક્ષ્મી

**ગેહુવાલ** ન૦ એક પક્ષી

**ગેહિની** સ્ત્રી૦ [સં] ગૃહિણી [ગાગું

**ગેંગું** (ગેં૦) વિ૦[રવ૦] સહેજમાં રડી પડે એવું,

**ગેંગાટ** (ગેં૦) પું૦ [રવ૦] ભારે શોક

**ગેંઘટ** (ગેં૦) વિ૦ ચકચૂર, મસ્ત

**ગેંડી** (ગેં૦) સ્ત્રી૦ [જુઓ ગેંડો] ગેંડાની માદા. **-ડો** પું૦ [સ ગંડક, પ્રા ગડય] એક જંગલી જાનવર [ગેંડા જેવું = જાડું અને મજબૂત]

**ગેંદ** (ગેં૦) સ્ત્રી૦ [સ ગેંદુક, પ્રા ગેંદુઅ, હિં] દડી (ખાસ કરીને ફૂલ કે રેશમની) [સમૃદ્ધ

**ગેંદલ** (ગેં૦) વિ૦ [જુઓ ગેદલ] (કા) મોટું,

**ગેંદાલ** (ગેં૦) વિ૦ (ચ) જાડું ભારે બાંધાનું (માણસ) (નામ પણ આ હોય છે)

**ગો** સ્ત્રી૦ [सं] ગાય (૨) ઇંદ્રિય (૩) વાણી (૪) પૃથ્વી (૫) આકાશ ૦કર્ણ પુ૦ ગાયનો કાન (૨) ખચ્ચર (૩) સાપ (૪) અંગૂઠાથી અનામિકા સુધીના વિસ્તારનું પ્રમાણ (૫) એક જાતનો મૃગ (૬) ગાયના કાનના આકારમાં વાળેલો હાથ (૭) ન૦ એક વેણુ ફૂલ (૮) [सं] દક્ષિણમાં આવેલું શિવનું એક પ્રસિદ્ધ તીર્થ ૦કર્ણાસ્થિ ન૦ ગાયના કાનના આકારનું હાડકું, 'સ્ટેપોઇડ બોન' ૦કર્ણી સ્ત્રી૦ એક વનસ્પતિ, મુર્વા ૦કરી સ્ત્રી૦ ગોવવ ૦કળઆઠમ સ્ત્રી૦ શ્રાવણ વદ આઠમ, કૃષ્ણની જન્મતિથિ ૦કળગાય સ્ત્રી૦ ચોમાસામાં થતું એક લાલ અને સુંવાળું જીવડું, ઇંદ્રગોપ (૨) શિંગડાંવાળું એક જીવડું (તેને પરમેશ્વરની ગાય પણ કહે છે) ૦કળિયું ન૦ ગોકુળ (લાલિત્યવાચક) (૨) વિ૦ ગોકુળનું. -ને અંગેનું ૦કળગાંડું વિ૦ ગોકુળની ગોપી જેવું ગાંડું, સાવ ભાન વગરનું ૦કળી પુ૦ ગાયોનો ગોવાળ, રબારી (કા) ૦કિ(-કી)લ ન૦ જુઓ ગોકીલ

**ગોકીરો** પુ૦ ગોરબકોર, ઘોંઘાટ [મુસળ

**ગોકીલ** ન૦ [सं] હળ (૨) ખેતરમાં ઢેફાં ભાગવાનું

**ગોકુલ(-ળ)** ન૦ [सं] ગાયોનું ટોળું (૨) [सं] મથુરા પાસેનું, કૃષ્ણ જ્યાં ઊછર્યા હતા તે ગામ ૦ચંદ, ૦નાથ પુ૦ (સં) કૃષ્ણ ૦પુરી સ્ત્રી૦ (સં) ગોકુળ ગામ (૨) [લા] બધી બાબતોમાં સુખી એવું કુટુંબ કે ગામ (૩) અતિ આનંદ -ળિયો રોગ પુ૦ વિરહને લીધે થતો રોગ

**ગોખ** (ગો) પુ૦ [सं गवाक्ष, प्रा गवक्ख] છજું, ઝરૂખો (૨) ગોખલો

**ગોખણ** ન૦ ['ગોખવું' પરથી] ગોખવું તે ૦પટ્ટી સ્ત્રી૦ ગોખી પાડવું તે -ણિયું વિ૦ ગોખી પાડનારું કે ગોખણપટ્ટીનું

**ગોખર** પુ૦ [सं] ગાયોમાં ઊછરેલો ગવેડો

**ગોખરવા** પુ૦ બ૦ વ૦ ['ગોખરુ' પરથી ?] (ચ) બહુ પાકી ગયેલા ઈંટોના કકડા (ઈંટવાડામાં નીચે હોય છે તેવા)

**ગોખરુ** પુ૦, ન૦ [सं गोक्षुर, प्रा गोक्खुरय] એક વનસ્પતિ (૨) એનું કાંટાવાળું બીજ (૩) એક તરેહની કીન

**ગોખલો** (ગો) પુ૦ [જુઓ ગોખ] ગોખ, તાકું. -લિયું ન૦ મચપૂડાનું ખાનું -લી સ્ત્રી૦ નાનો ગોખલો

**ગોખવું** સ૦ક્રિ૦ [सं घुष्, सर० हिं घोखना, म. घोकणें, गोखणें] (મોઢે કરવા) વાર વાર બોલવું [ગોખણી કાટવું, નાખવું, પાડવું, મારવું = મોઢે કરી દેવું ગોખી રાખવું = મોઢે કરી રાખવું (૨) પાકું યાદ રાખવું] [જન્તુ

**ગોખાટવું** સ૦ક્રિ૦ [ગોખવું પરથી] ગોખ ગોખ

**ગોખો** (ગો?) પુ૦ પક્ષીનો માળો

**ગોગડું** વિ૦ [ગૂંગળું ?] (કા) અસ્પષ્ટ ઉચ્ચારવાળું, તોતડું

**ગોગળો** પુ૦ [ગળું પરથી] (કા) હડપચીની નીચેનો ગળા તરફ લચી પડતો ભાગ (૨) ઊંટ મસ્તીમાં આવે ત્યારે મોંમાંથી ડબલની પાછળથી તાળવાનો ભાગ બહાર કાઢે છે તે

**ગોઘું** વિ૦ માલ વગરનું (૨) આવડ વગરનું

**ગોગ્રાસ** પુ૦ [सं] જમતાં પહેલાં ગાયને માટે જુદું કાઢેલું અન્ન, ગવાનિક

**ગોચર** વિ૦ [सं.] ઇંદ્રિયગમ્ય (૨) ન૦ ગૌચર, ચરો ૦તા સ્ત્રી૦ -રી સ્ત્રી૦ ભિક્ષા

**ગોચલું** ન૦ ['ગૂંછળું' પરથી] વર્તુલાકારમાં એકઠા થવું તે, ટોળું [ગોચલાં ગણવાં = વાંસાટામાં કરવા, ખચકાવું, (કશાનો) પાર ન મૂકવો - ગૂંચવાયા કરવું]

**ગોઘ્ન** વિ૦ [सं] ગોહત્યારું, ગાય મારનાર,

**ગોજું** વિ૦ [फा गोज = વાછૂટ પરથી ?] ગંદું

**ગોઝાર** સ્ત્રી૦ [सं गुह्यागार] જુઓ ગજાર

**ગોઝારું** વિ૦ (सं गो + હત્યારું (सं हत्या)] ગાયની હત્યા કરનાર, પાપી (૨) જ્યાં હત્યા થઈ હોય એવું, અપવિત્ર -રો પુ૦ ગોઘ્ન (૨) હત્યારો

**ગોટ** પુ૦ [प्रा घोट्ट ?] ઘૂંટડો (૨) [જુઓ ગોટો] ગોટો (ધુમાડાનો) (૩) [સર૦ म] બૈરાં તથા છોકરાંને હાથે પહેરવાનું એક ઘરેણું (૪) [हिं] બીજા રંગના કપડાને ઓટીને મૂકેલી કિનાર (જેમ કે, બનૂસ, સ્ત્રીના કબજાને)

**ગોટપીટ** ન૦ [રવ૦] અંગ્રેજી કે તે બોલવું તે (કટાક્ષમાં) [-કરવું = અંગ્રેજી (જરા ગેરફી કે ભાંગ્યું તૂટ્યું) બોલવું]

**ગોત** સ્ત્રી૦ [ 'ગોતવું' ઉપરથી ] શોધ; ખોળ (૨) + ન૦ [જુઓ ગોત્ર, પ્રા. गोत्त] કુળ

**ગોતડી** સ્ત્રી૦ ગળું

**ગોતમ** પું૦ [સં.] (સ ) એક ઋષિ અહલ્યાના પતિ(૨) ન્યાયદર્શનના સંસ્થાપક ઋષિ –**મી** સ્ત્રી૦ (સ ) અહલ્યા

**ગોતર** ન૦ + ગોત્ર, કુળ ૦જ પું૦; સ્ત્રી૦ ગોત્રજ જુઓ ૦ડું ન૦ ગોતરજની પૂજા માટે આણેલી માટી અથવા વસ્તુ કે તે લાવવાનો સમારંભ (લગ્નમા મંગળ તરીકે કરાય છે) –**રી** વિ૦ જુઓ ગોત્રી

**ગોતર** (ગો) ન૦ [સર૦ म, दे गवत्त, स गो + तृण?] કઠોળની શિંગોના ફોતરાં અને પાંદડાનો ભૂકો (ઢોરનુ ખાણ)

**ગોતવું** સ૦ક્રિ૦[દે ગુત્તિअ (ગોવેલુ) ઉપરથી] શોધવું, ખોળવુ. –**વણ** સ્ત્રી૦ ગોત, ખોળ

**ગોતાગોત** સ્ત્રી૦ ખોળંખોળા

**ગોતીત** વિ૦ [સં] અગોચર, ઇંદ્રિયાતીત

**ગોતું** (ગો) ન૦ [દે गवत्त=ઘાસ] ઢોરને માટે બાફેલુ ખાણ (૨) [લા ] ગમે તેમ રાંધેલુ કે ટાઢુ ને સ્વાદ વગરનુ અન્ન

**ગોત્ર** ન૦[સં ] વંશ; કુલ, 'ટ્રાઇબ' (કોઈ ખાસ મુનિથી શરૂ થતુ). ૦**ગમન** ન૦ સગોત્ર સાથે લગ્ન કે શરીરસંબંધ. ૦જ વિ૦ ગોત્રમા જન્મેલુ (૨) પું૦,સ્ત્રી૦ કુલદેવતા, ગોતરજ. [–બેસાડવી(–વા), –માંડવી(–વા) = ગોતરજની સ્થાપના કરવી (લગ્નસમારંભની શરૂઆતમાં)] ૦જ ઘડો પું૦ ગોત્રજનુ જેમા સ્થાપન થાય તે ઘડો ૦**પતિ** પું૦ ગોત્રનો મુખ્ય પુરુષ ૦**સમાસ** પું૦ જુદા જુદા ગોત્રોનુ ભળવુ તે ૦**સ્ખલન** ન૦ ભૂલથી બીજાનુ નામ બોલાઈ જવુ તે. ૦**દ્દા** પું૦ (સં ) ઇંદ્ર –**ત્રી**, ૦**ત્રીય** વિ૦ એક ગોત્રનુ

**ગોથ** વિ૦ ચાર (વેપારી સંકેતની ભાષામા)

**ગોથ** (થ.) સ્ત્રી૦ [જ઼ गोत्तह=ડૂબકી]ઊંધે માથે ફરી જવુ તે;ગુલાટ(પતંગની)(૨)[લા ]ભૂલથાપ, ગોથુ [–ખાવી = ગુલાટ ખાવી, ઊંધે માથે ફરી જવુ(પતંગે)–ખવડાવવી, –મારવી = ગુલાટ ખવડાવવી(પતંગને) –મારીને સૂઈ જવું = ઊંધુ માથુ કરીને પડી રહેવુ ]

**ગોથણો** પું૦ ભૂમરી નાખવાનો ખીલો

**ગોથપડા** વિ૦ [જુઓ 'ગોથ' વિ૦ મા] ચોક (વેપારીઓનો સંકેત)

**ગોથાટવું** સ૦ક્રિ૦ [ જુઓ ગોથુ ] ગોથે ગોથે મારવુ

**ગોથાવું** અ૦ક્રિ૦ [જુઓ ગોથુ] ગોથા ખાવા ગોથા ખાતા રખડવુ

**ગોથિક** સ્ત્રી૦ [ઇં] પ્રાચીન ગોથ લોકની ભાષા

**ગોથુ** ન૦ [જુઓ 'ગોથ સ્ત્રી૦]માથુ નીચે હોય તેવી શરીરની સ્થિતિ(૨)ગુલાટ(૩)માથુ મારવું તે. [ –ખાવું = છેતરાવુ (૨) ગબડી જવું (૩) ઊંધુ ફરી જવુ, ગુલાટ ખાવી –મારવું = માથુ નીચું નમાવીને મારવુ(શીંગાળા પ્રાણીએ)] (૪)[બ૦વ૦]નકામા ફાંફા (૫)[લા ] ભૂલથાપ [–ખાવાં = ફાંફા મારવા ]

**ગોદ** (દ,) સ્ત્રી૦ [સં क्रोड?, સર૦ हि ] ખોળો (૨) [જુઓ 'ગોદવુ'] વારંવાર ટોકયા કરવુ તે (૩) ડખલ, અંતરાય [–ઘાલવી = ડખલ ઊભી કરવી, –ગળગાડવી –માં ઘાલવું, –માં લેવું = ખોળામા બેસાડવુ – સુવાડવુ (૨) સંભાળ કે રક્ષણ હેઠળ લેવુ ]

**ગોદડ** વિ૦ [સર૦ म, 'ગોદડુ' ઉપરથી] ખડબચડુ (૨) ગોસાઈઓની એક જાતનુ

**ગોદડિયું** વિ૦ ['ગોદડુ' ઉપરથી] ખડબચડુ ને જાડુ (૨) ગોદડીમા ટોઈએ ને થતુ –ગાવડુ (ગ્રહણ)(૩)પાસે માત્ર ફાટેલી ગોદડી કે ચીંથરાં રાખનાર (બાવો,સાધુ) (૪) ન૦ એક જાતનો શીતળાનો રોગ – ઓરી

**ગોદાટવું** સ૦ક્રિ૦ ['ગોદો' ઉપરથી] ગોદા મારવા (૨) [લા૦] વારંવાર કહ્યા કરવું, ટોકવું

**ગોદાન** ન૦ [સં૦] ગાયનું દાન (૨) કેશ કપાવવાનો સંસ્કાર-વિધિ

**ગોદામ** સ્ત્રી૦,ન૦ [હિં૦, સર૦ ઇં૦ गोडाउन] ગોદી

**ગોદાવરી** સ્ત્રી૦ [સં૦] (સં૦) દક્ષિણની એક નદી (૨) વિ૦ બાર (સંકેતમાં)

**ગોદાવવું** સ૦ક્રિ૦ 'ગોદવું'નું પ્રેરક (૨) ગોદા મારવો (૩) [લા૦] ટોકીને જાગ્રત કે સતેજ કરવું

**ગોદી** સ્ત્રી૦ [હિં૦, મ૦] અંદર પાણી કઢાય ઘલાય એવી સવડવાળું, વહાણો બાંધવાનું અને ઊભા રાખવાનું બંદર (૨) ગોડાઉન

**ગોદો** પું૦ ગોદાવે-ખૂંચે યા ભોંકાય એવું ઊપસેલું તે (૨) મુક્કો, ઠોસો (૩) [લા૦] ખોટ, નુકસાન [–આવવો –લાગવો,–વાગવો = ખોટ આવવી, નુકસાન થવું –ઘાલવો = જવાબદારી-ખર્ચ કે લપ વળગાડવા –મારવો = ઠોસો મારવો (૨) નુકસાન કરવું]

**ગોધણ** ન૦ [જુઓ ગોધન] ગાયોનું ટોળું

**ગોધન** ન૦ [સં૦] ગાયોરૂપી ધન-દોલત (૨) ગોધણ

**ગોધરિયું** વિ૦ [સં૦ गोघ्र-वर = પર્વત] ગોધરા તરફનું (લાકડું) [–તેલ = ગોધરા તરફનું હલકી જાતનું તેલ –વાળું = મૂર્ખાઓનું ટોળું]

**ગોધલિયું** ન૦ ['ગોધો' ઉપરથી] નાનો બળદ, વાછરડો

**ગોધાઈ** સ્ત્રી૦ એક જાતની ભૂતડી

**ગોધુલગન** ન૦ [જુઓ 'ગોધૂલિક' (લગ્ન)] ગોરજ-સમીસાંજનું લગ્ન

**ગોધુ(–ધૂ)મ** પું૦બ૦વ૦ [સં૦] ઘઉં

**ગોધું** ન૦ જુઓ ગોધલિયું

**ગોધૂમ** પું૦બ૦વ૦ [સં૦] ગોધુમ, ઘઉં

**ગોધૂલિ(–ળિ)ક** વિ૦ [સં૦] ગોરજ-સમીસાંજનું [(લગ્ન)

**ગોધૂળિયું** ન૦ જુઓ ગોધુલગન [ફરેલો બળદ

**ગોધો** પું૦ [સં૦ गो + धव] આંખલો, ખસ્સી નહિ

**ગોપ** પું૦ [જુઓ ગોફ] (પુરુષનું) કોટનું એક ઘરેણું **–હાર** પું૦ (સ્ત્રીનું) તેવું ઘરેણું

**ગોપ** પું૦ [સં૦] ગોવાળિયો **–કાવ્ય** ન૦ ગ્રામજીવન વર્ણવતું કાવ્ય, 'પેસ્ટોરલ' **–જા** સ્ત્રી૦ ગોપકન્યા, ગોપી

**ગોપદ** ન૦ [સં૦] ગાયનું પગલું, ગોખ્ખદ

**ગોપન** ન૦, **–ના** સ્ત્રી૦ [સં૦] સંરક્ષણ (૨) ગુપ્ત રાખવું તે

**ગોપનીય** વિ૦ [સં૦] ગોપ્ય, ગુપ્ત રાખવા યોગ્ય

**ગોપવવું, ગોપવું** સ૦ક્રિ૦ [સં૦ गुप् ઉપરથી] સંતાડવું, છુપાવવું

**ગોપાલ(–ળ), –ક** પું૦ [સં૦] ગોવાળિયો (૨) રાજા (૩) [સં૦] કૃષ્ણ **–લિકા, –લી** સ્ત્રી૦ ગોપી (૨) એક વનસ્પતિ

**ગોપાષ્ટમી** સ્ત્રી૦ [સં૦] કારતક સુદ ૮

**ગોપી, –પિકા** સ્ત્રી૦ [સં૦] ગોવાળણ (૨) વૃંદાવનની કૃષ્ણભક્ત ગોપી **૦જન** સ્ત્રી૦બ૦વ૦ ગોપીલોક

**ગોપીચંદન** ન૦ ટીલું કરવામાં વપરાતી એક પીળી માટી [(ગાંઠનું) ગોપીચંદન કરવું = (ગાંઠના) પૈસા બગાડવા, (જાતે) નુકસાનમાં ઊતરવું] [(૨) મુખ્ય દ્વાર

**ગોપુર** ન૦ [સં૦] શહેરનો કે મંદિરનો દરવાજો

**ગોપ્તા** પું૦ [સં૦] રક્ષક, વાલી

**ગોપ્ય** વિ૦ [સં૦] ગુપ્ત રાખવા યોગ્ય, ગોપનીય

**ગોફ** પું૦ [સં૦ गुम्फ] કોટનું એક ઘરેણું (૨) હાથનું એક ઘરેણું (૩) રાસ રમતાંની સાથે હાથમાંના રંગબેરંગી દોરડાં ગૂંથાતાં જાય છે તે રમત [મ૦ સર૦]

**ગોફણ** સ્ત્રી૦ [દે૦ गुफण, દે૦ गोफणा, સં૦ गो + फणा] ગોળા-પથરા ફેંકવાનું નેતર જેવું સાધન **–ણિયું** વિ૦ ગોફણના કામનું, કઠણ (પથ્થર) (૨) થોડા ઘીના કઠણ (નાના લાડુ) **–ણિયો** પું૦ ગોફણમાં ફેંકવાનો ગોળો (૨) [લા૦] લાડુ (વ્યંગમાં)

**ગોફણડો** પું૦, **ગોફણી** સ્ત્રી૦ [સં૦ गुफ् કે गोफणा પરથી?] અંબોડે લટકાવવાનું સ્ત્રીઓનું એક ઘરેણું

**ગોફણો** પું૦ જુઓ ગોફણી (૨) હુગા પર જડેલો લાકડાનો એક ભાગ [ભૂંડો

**ગોબર** ન૦ [દે૦ गोवर] (ગાયનું) છાણ (૨) છાણાંનો

**ગોબરુ** પું૦ [જુઓ ગોવરુ] ઓરી, એક જાતની શીતળા, ગોદડિયું

**ગોબરુ** વિ૦ ['ગોબર' ઉપરથી] ગંદુ (૨) ન૦ ગોબર

**ગોબરો** પું૦ ધૂંસરી બાંધવાની હળની દાંડી

ગોબાવું અ૦ક્રિ૦ 'ગોબો'મા જુઓ
ગોબો પું૦ પછડાયાથી ધાતુની બનેલી વસ્તુની સપાટીમા પડેલો ખાડો [–ઉપાડવો=ગોબાને બરોબર કરવો –પડવો=ગોબાનો ખાડો થવો] –બાવું અ૦ક્રિ૦ ગોબો પડવો
ગોબ્રાહ્મણપ્રતિપાલ(–ળ) વિ૦(૨) પું૦[સ] ગાય ને બ્રાહ્મણનો રક્ષક (રાજા)
ગોમ સ્ત્રી૦ [સર૦ हि ,म ]ઓડ (ખાસ કરીને ઘોડાની) (૨) આનાકાની
ગોમટો પું૦ [સર૦ म गोमटा] વણાટમા ભેગ પાડવા કરાતી રચના, રાચ
ગોમય(–ળ) ન૦ [स] ગાયનુ છાણ
ગોમંડલ(–ળ) ન૦[स.]પૃથ્વીનો ગોળાકાર–ચક્ર
ગોમાયુ ન૦ [स] શિયાળ
ગોમાંસ ન૦ [स] ગાયનુ માસ
ગોમુખ ન૦ [स] ગાયનુ મોઢું (ખાસ કરીને પથ્થર વગેરેમાથી બનાવેલુ) (૨) એક જાતનુ નગારું. –ખી સ્ત્રી૦ માળા જપવાની ગાયના મુખના આકારની કોથળી
ગોમૂત્ર ન૦[सं] ગાયનુ મૂતર, ગૌમૂત્ર –ત્રિકા સ્ત્રી૦ ગાયના મૂતરની ધાર જેવી આકૃતિ (૨) એક પ્રકારનુ ચિત્રકાવ્ય
ગોમેદ પું૦ [स] એક જાતનો હીરો, પોખરાજ
ગોમેધ પું૦[स.]જેમા ગાયનો ભોગ આપવાનો હોય તેવો યજ્ઞ
ગોયણી (ગો) સ્ત્રી૦ ['ગોર'નુ સ્ત્રીલિગ] ગોરાણી (૨) [स गौरी ઉપરથી]સૌભાગ્યવતી સ્ત્રી(૩) વ્રત નિમિત્તે જમવા બોલાવેલી સૌભાગ્યવતી સ્ત્રી [–કરવી, –જમાડવી=(બાધા અગે) સોહાગણને જમવા બોલાવવી –માનવી સોહાગણને જમાડવાની બાધા રાખવી –વાળવી=ગોયણી જમાડવી]
ગોયરો (ગો) સ્ત્રી૦ [स. गौरी] ગોરમાનુ વ્રત
ગોર (ગો) પું૦ [फा] વિચાર, મનન
ગોર પું૦ ['ગરવુ' ઉપરથી ?] (છાણાનો) ભૂકો, ગેરો (૨) [જુઓ 'ઘોરી'] ઢોરનો સમૂહ
ગોર (ગો) પું૦ [स गुरु] પુરોહિત (૨) પડો (૩)સ્ત્રી૦['ર'મા યશ્રુતિ]જુઓ ગોરમા ૦પદું ન૦ યજમાનવૃત્તિ, ગોરનુ કામ

ગોરક્ષ વિ૦ [स] ગાયોનુ રક્ષણ કરનારુ (૨) ઇન્દ્રિયોને કબજે રાખનારું. ૦ક પું૦ ગાયોનુ રક્ષણ કરનાર,ગોવાળ ૦ણ ન૦, –ક્ષા સ્ત્રી૦ ગાયોનુ રક્ષણ ૦ણી વિ૦ ગૌરક્ષણને લગતુ
ગોરખ વિ૦ [स गोरक्ष] ઇન્દ્રિયોને સ્વાધીન રાખનારુ, સયમી (૨) પું૦ શિવમાર્ગી સાધુઓનો એક પ્રકાર (૩) પું૦ (સ) મત્સ્યેન્દ્રનો પ્રસિદ્ધ શિષ્ય ગોરખનાથ [આગે આગે ગોરખ જાગે=આગળની વાત આગળ જોવાશે 'મો થશે'–વખત આવ્યે કાઈક જડશે–એવો ભાવ] ૦આમલી, ૦આબલી સ્ત્રી૦ એક ઝાડ (૨) એનુ ફળ ૦ધધો પું૦ ગોરખપથી રાખે છે એવુ એક યત્ર (૨) [લા]એકના એક કામનુ નિરર્થક પુનરાવર્તન ૦પંથ પું૦ ગોરખ સાધુઓનો પથ ૦પથી વિ૦ ગોરખપથનો અનુયાયી ૦ગાંજો,૦બુટ્ટી પું૦ એક વનસ્પતિ ૦મૂંડી સ્ત્રી૦ એક વનસ્પતિ
ગોરજ સ્ત્રી૦ [स.] ગાયોના ચાલવાથી ઊડતી રજ–ધૂળ (૨) [લા] સમીસાજ ૦લગ્ન ન૦ સમીસાજનુ લગ્ન [ધર્મોપદેશક
ગોરજી (ગો) પું૦ [स गुरु+જી] જૈન સાધુ–
ગોરટ,–ટિયુ,–ડુ વિ૦ [स गौर, प्रा गोर] ગોરુ, ગોરટ
ગોરડ,–ડિયો બાવળ પું૦ એક વનસ્પતિ
ગોરણી (ગો) સ્ત્રી૦ જુઓ ગોયણી
ગોરતો (ગોર,) પું૦ [स गौरी ઉપરથી] સૌભાગ્યવતી સ્ત્રીઓને જમાડવાનુ એક વ્રત
ગોરધન પું૦ (સ) જુઓ ગોવર્ધન
ગોરપદુ (ગો) ન૦ [म गुरु+पद] જુઓ 'ગોર [ગો]'મા
ગોરબસરો ન૦ એક પક્ષી
ગોરમટી સ્ત્રી૦[स गौरमृत्तिका]લાલ–પીળી માટી, મટોડી
ગોરમા (ગોર,) સ્ત્રી૦[स गौरी+माता] ગૌરી, પાર્વતી (૨) કુમારિકાઓનુ ગૌરીપૂજનનુ વ્રત
ગોરલ વિ૦ વહાલુ, પ્રિય
ગોરવ પું૦[न गौरव, प्रा. गोरव=બહુમાન, આદર] વર અને એના સગાનુ ગૌરવ–માન

વધારવા કન્યાપક્ષ તરફથી કરાતુ જમણ [-દેવા, નોતરવા=ગોરવનુ જમણ આપવુ]

**ગોરસ** ન૦ [સ] દૂધ, દહીં વગેરે (૨) તે રાખવાનુ પાત્ર,ગોરસી ૦ડું ન૦ જુઓ ગોરસુ **૦શાસ્ત્ર** ન૦ ગોરસઅગેની વિદ્યા,'ડેરીઇંગ' **૦શાસ્ત્રી** પુ૦ ગોરસશાસ્ત્રનો વિદ્વાન **-સિયું** વિ૦ ગોરસ વાળુ (૨) ન૦ જુઓ ગોરસ **-સી** સ્ત્રી૦,**-સું** ન૦ દહીં દૂધ રાખવાનુ માટીનુ વાસણ,દોણી

**ગોરંભ(-ભા)વું** અ૦ક્રિ૦ [स घोर+भाव] ઘનઘોર થવુ (વાદળાથી આકાશનુ) (૨)ધુમાવુ (૩)સૂઝ ન પડવાથી ગૂચવાવુ

**ગોરભો** પું૦ ગોરભાવુ તે, ગૂચવણ(૨)ઘેરો(૩) વાદળા ચડી આવવા તે [-ઘાલવો=વાદળ ચડી આવવા (૨) ધૂધવાતુ-ચડેલુ મો કરવુ (૩) મુશ્કેલીમા મૂકવુ]

**ગોરાટ** વિ૦ જુઓ ગોરટ (જમીન)

**ગોરાટ(-ડુ)** વિ૦[स गौर ઉપરથી]પોચી,રેતાળ અને લાલાશ વા પીળાશ મારતી (માટી વા

**ગોરાણી** (ગો) સ્ત્રી૦ [જુઓ 'ગોર' તેનુ સ્ત્રી૦] ગોરની સ્ત્રી (૨) ગુરુપત્ની કે સ્ત્રીગુરુ

**ગોરાંદે,ગોરી** સ્ત્રી૦ [स गौरदेहिनी, गौरी] ગોરા દેહવાળી સ્ત્રી

**ગોરિયો** પુ૦ [स गौर, प्रा गोर ઉપરથી] વાછડો (બહુધા ગોરો)

**ગોરી** સ્ત્રી૦ [स. गौरी, प्रा] જુઓ ગોરાંદે

**ગોરીલો** પુ૦ [इं] એક જાતનો મોટો વાદરો

**ગોરુચંદન** ન૦ જુઓ ગોરોચન

**ગોરું** વિ૦ [स गौर, प्रा गोर] સફેદ-ઊજળા રગનુ **-રાશ** સ્ત્રી૦ ગૌરતા **૦ગફ,૦ગફાક** એકદમ ગોરું. **-રો** પુ૦ ગોરી ચામડીનો પરદેશી(યુરોપ અમેરિકા વગેરે દેશોનો)માણસ

**ગોરોચન** ન૦, **-ના** [स] સ્ત્રી૦ ગાયના માથામાથી મળતી કે તેના પિત્ત યા મૂત્રમાથી બનાવાતી એક ઔષધિ

**ગોલ** પુ૦ [इ](ફૂટબૉલ વગેરે રમતોમા) પોયુ. [-કરવો=તે રમત જીતવી,પોયું કરવુ]

**ગોલ(-ળ)** વિ૦[स]વર્તુલ,ના-દડાના આકારનુ (૨) પુ૦ ગોળ આકાર **-લા(-ળા)ર્ધ** પું૦ [+અર્ધ] અર્ધગોળ (૨) પૃથ્વીનો અર્ધો ગોળો. **-લીય** વિ૦ ગોળાકાર, ગોળને લગતુ, 'સ્ફેરિકલ' [ગ]

**ગોલક** પું૦ [स] ગોળો (૨) વિધવાને જારકર્મથી થયેલો પુત્ર (૩) ગોલો (૪) ન૦ ઇંદ્રિયોનુ અધિષ્ઠાન-જે દ્વારા તેનુ કામ થાય છે તે જગા.

**ગોલક** પું૦ [फा गुल्क] પૈસા નાખવાનો ગલ્લો-પેટી [-માં નાખવું, -માં મૂકવું = ગલ્લામા નાખવુ; સ ઘરો કરવો.]

**ગોલણ,-વાડ** જુઓ 'ગોલો'મા

**ગોલમાલ** પુ૦ [हि] ગરબડગોટો,અવ્યવસ્થા

**ગોલવું** (ગો) સ૦ક્રિ૦ પગ વડે ખૂદી નાખવુ

**ગોલદાજ** પુ૦ [फा] તોપચી

**ગોલાપો** પું૦ જુઓ 'ગોલો'મા

**ગોલાબારૂદ** પુ૦ [फा गोलह+बारूद(શ)] દારૂગોળો [[स]મા

**ગોલા(-ળા)ર્ધ, ગોલીય** [स] જુઓ 'ગોલ'

**ગોલો** પુ૦ [स गोल,-ला] એ નામની જ્ઞાતિનો માણસ(૨)જનાનખાનાનો નોકર(૩)ગજીફાનુ એક પત્તુ **-લણ** સ્ત્રી૦ ગોલાની સ્ત્રી,ગોલી. **-લવાડ** સ્ત્રી૦ ગોલાઓનો વાસ **-લાપો** પુ૦ ગોલાપણુ, દાસત્વ **-લાં** ન૦બ૦વ૦ જનાનખાનાના હલકા દરજ્જાના દાસદાસી **-લી** સ્ત્રી૦ ગોલણ (૨) વહારણ [સ્થાન

**ગોલોક** પુ૦[स](સ)વિષ્ણુ વા કૃષ્ણનુ નિવાસ-

**ગોલ્લૈયો** પુ૦ [જુઓ ઘોલ્લૈયો] વગર નોતરે જમતો ફરતો આદમી

**ગોલ્લો** પું૦ [सं गो ઉપરથી] વાછરડો (૨) માતાનો ચુસ્ત ભક્ત(૩) જુઓ ગોલ્લૈયો (૪) ['ગુલામ' કે 'ગોલો' ઉપરથી] ગજીફાનો ગોલો -એક પાનુ

**ગોવધ** પુ૦ [स] ગાયનો વધ

**ગોવર** પું૦ [दे गोवर] ગોર, છાણાંનો ભૂકો

**ગોવરુ** ન૦ [સર૦ म गोवर,का. गोव्वर](સુ) ગોબરુ, ઓરી, શીતળાની જાતનો એક રોગ [-આવવું=ઓરી નીકળવી]

**ગોવર્ધન** પું૦ [स] (સ) વૃંદાવનમા આવેલો એક ડુગર **૦ધર.૦ધારી** પું૦(સં) કૃષ્ણ

**૦બંગાળી** પું૦ જાદૂગર **૦મલાર** પુ૦ મલાર રાગનો એક પ્રકાર **૦સારંગ** પુ૦ સારંગ રાગનો એક પ્રકાર. **૦સારસ્વત** વિ૦(૨)પુ૦ એ નામની બ્રાહ્મણોની એક જાત **-ડી** સ્ત્રી૦ ગૌડ પ્રાંતની સ્ત્રી(૨)એક બોલી(૩)ગોળમાંથી કાઢેલો દારૂ(૪)એક રાગિણી-ગોડી (૫) [કા. શા.]એક પ્રકારની કાવ્યરીતિ

**ગૌડિયો** પુ૦ ['ગૌડ' ઉપરથી] ગારુડી, મદારી

**ગૌણ** વિ૦[સં]મુખ્ય નહિ એવુ, પેટામા આવતુ **૦ત્વ** ન૦, **૦તા** સ્ત્રી૦

**ગૌતમ** પુ૦[સં](સં)બુદ્ધ ભગવાન (૨) ન્યાયદર્શનના સસ્થાપક (૩)કૃપાચાર્ય **-મી** સ્ત્રી૦ (સં)કૃપી, દ્રોણાચાર્યની પત્ની (૨) ગોદાવરી નદીનુ એક નામ

**ગૌત્રા(-તરા)ટ** ન૦ [સં गो+त्रिरात्र] ત્રણ ગત પાળવાનુ ગૌપૂજનનુ સ્ત્રીઓનુ એક વ્રત (ભાદરવા સુદમા)

**ગૌર** વિ૦ [સં] ગોરું. **૦વર્ણ** વિ૦ ગોરા રંગનુ (શરીર માટે) **-રાંગ** વિ૦ [+अंग] ગોરા અંગવાળુ (૨)પુ૦ (સં) ચૈતન્ય **-રાંગિની** વિ૦સ્ત્રી૦ (૨) સ્ત્રી૦[+अंगिनी] ગોરી સ્ત્રી, યુરોપિયન સ્ત્રી

**ગૌરવ** ન૦[સં]ભાર, વજન(૨)મોટાઈ,મહત્તા(૩) આદર. **૦શાલી(-ળી)** વિ૦ ગૌરવવાળુ

**ગૌરાંગ,-ગિની** [સં] જુઓ 'ગૌર'મા

**ગૌરી** સ્ત્રી૦ [સં] પાર્વતી (૨) આઠ વર્ષની બાળા (૩) સ્ત્રીઓના નામ સાથે માનાર્થે વપરાતો એક શબ્દ ઉદા૦ 'વિમળાગૌરી' (૪) પુ૦ એક રાગ **૦જ** પું૦ (સં) કાર્તિકેય (૨) ન૦ અબરખ **૦નંદન** પુ૦ (સં.) ગણેશ **૦પુત્ર** પુ૦(સં) કાર્તિકેય(૨)ગણેશ **૦પૂજન** ન૦ પાર્વતીની પૂજા (૨)એક વ્રત **૦ફળ** ન૦ એક ફળ. **૦શ** પુ૦ [+ईश] (સં) શિવ **૦શિખર**, **૦શંકર** ન૦ (સં) હિમાલયનુ ઊંચામા ઊંચુ શિખર

**ગૌહત્યા** સ્ત્રી૦ જુઓ ગોહત્યા

**ગ્યાસતેલ** ન૦ જુઓ ઘાસતેલ

**ગ્રથન** ન૦[સં] જુઓ ગ્રંથન(૨)ચાડુ થઈ જવું -ગાઠા પડી જવા તે

**ગ્રથલ** વિ૦ [સં. ग्रथ् ઉપરથી] ચકિત, આભુ

**ગ્રથવું** સ૦ક્રિ૦ [સં. ग्रथ्] ગૂંથવુ, ગાઠવુ (૨) રચવુ, લખવુ

**ગ્રથિત** વિ૦[સં] ગ્રથેલુ

**ગ્રસન** ન૦ [સં] ગ્રસવાની ક્રિયા

**ગ્રસવું** સ૦ક્રિ૦ [સં ग्रस्] પકડવુ(૨) કોળિયો કરવો, ખાવું (૩) સૂર્યચંદ્રને રાહુએ ઘેરવું

**ગ્રસિત** વિ૦ [સં] પકડાયેલુ

**ગ્રસ્ત** વિ૦[સં]ગ્રસાયેલુ **-સ્તાસ્ત** પું૦[+अस्त] ગ્રહણ છૂટ્યા પહેલા સૂર્યચંદ્રનુ આથમી જવું તે **-સ્તોદય** પું૦ [+उदय] ગ્રહણની દશામા સૂર્યચંદ્રનુ ઊગવું તે

**ગ્રહ** પુ૦ [સં] (પ્રાચીન વ્યાખ્યા પ્રમાણે)સૂર્ય, ચંદ્ર,મંગળ,બુધ,ગુરુ, શુક્ર,શનિ,રાહુ અને કેતુ એ નવમાનો એક (૨) [અર્વાચીન વ્યાખ્યા પ્રમાણે] સૂર્યની આસપાસ ફરતો આકાશીય ગોળો (ઉદા૦ બુધ, શુક્ર, પૃથ્વી વગેરે) (૩) ગ્રહવુ તે, ગ્રહણ (૪) પૂર્વગ્રહ (૫) ગીતના આરંભમા જેનો પ્રયોગ થાય તે સ્વર (૬) [લા] ભાગ્ય,નસીબ [**-કઠણ થવા**=ભાગ્ય પ્રતિકૂળ થવુ.**-કઠણ હોવા**=ભાગ્ય પ્રતિકૂળ હોવુ. **-ગામ જવા, -ઘરેણે મૂકવા**= સિતારો પાધરો ન હોવો (૨) અક્કલ કે બુદ્ધિ ન હોવી **-પાધરા હોવા**=નસીબ પાધરુ - અનુકૂળ હોવુ **-મળતા આવવા કે હોવા** =વરકન્યાની ગ્રહદશા મળતી આવવી **-વાંકા હોવા**=નસીબ વાકુ હોવુ **-સીધા હોવા**=નસીબ અનુકૂળ હોવુ] **૦ગણિત** ન૦ ગ્રહોના ચલન ઇ૦નુ ગણિત **૦દશા** સ્ત્રી૦ ગ્રહોની સ્થિતિ(૨)તેને કારણે થતી મનુષ્યની ભલી કે બૂરી અવસ્થા (૩) [લા] દુર્દશા (-બેસવી).**૦દાન** ન૦ ગ્રહની નઠારી અસર મટાડવા માટે અપાતુ દાન **૦નિરીક્ષા** સ્ત્રી૦ ગ્રહોનુ નિરીક્ષણ **૦પીડન** ન૦,**૦પીડા** સ્ત્રી૦ ગ્રહની અસરથી થતુ દુ:ખ **૦બલ(-ળ)** ન૦ ગ્રહનુ જોર-સારી માઠી અસર **૦ભાવ** પું૦ ગ્રહથી થતી અસર, ગ્રહનુ ફળ. **૦મખ** પુ૦ ગ્રહની શાતિ અર્થે કરવાનો યજ્ઞ **૦મંડલ(-ળ)** ન૦ ગ્રહોનુ મંડળ-માળા-ચક્ર **૦યોગ** પુ૦

ઉદા૦ ગુણગ્રાહી (૨) ગુણમાં દસ્ત રોકનારું (૩) પુ૦ એક છંદ

**ગ્રાહ્ય** વિ૦[सं] ગ્રહણ કરવા યોગ્ય ૦તા સ્ત્રી૦

**ગ્રીક** વિ૦[इं] ગ્રીસ દેશનું(૨)પુ૦ ગ્રીસનો વતની (૩) સ્ત્રી૦ ગ્રીસની ભાષા

**ગ્રીવ** પુ૦ સંગીતનો એક અલંકાર

**ગ્રીવા** સ્ત્રી૦ [सं] ગરદન, ડોક

**ગ્રીષ્મ** પુ૦,સ્ત્રી૦[सं] (છ ઋતુમાંની) ગરમીની મોસમ(જેઠ અને અષાઢ) ૦વર્ગ પુ૦ ગ્રીષ્મ -ઉનાળાની રજાઓમાં ચલાવવામાં આવતો શિક્ષણનો વર્ગ [એક જાત

**ગ્રેટ પ્રાઇમર** પુ૦અ૦વ૦[इं] ટાઇપ કે બીબાની

**ગ્રેજ્યુએટ** પુ૦ [इं] યુનિવર્સિટીનો સ્નાતક (બી. એ, બી. કૉમ ઇ૦ કોઈ પદવીવાળો)

**ગ્રેન** પું૦[इं] એક ઘણું નાનું વજન (ચોખા કે જવ-ભાર જેવું)

**ગ્રોસ** ન૦ [इं] બાર ડઝન-૧૪૪ની સંખ્યા

**ગ્લાન** વિ૦[सं] થાકેલું(૨)ઉત્સાહ વિનાનું,ખિન્ન -નિ સ્ત્રી૦ થાક (૨) અનુત્સાહ, ખિન્નતા (૩) ઘૃણા, અણગમો

**ગ્લાસ** પુ૦ [इं] કાચ (૨) કાચનો પ્યાલો (૩) ઊભો અને લાંબો કોઈ પણ પ્યાલો

**ગ્વાલ** પુ૦[हिं] ગોવાળ ૦ન સ્ત્રી૦ ગોવાળણ -ળ પુ૦ ગ્વાલ [ભાષા કે બોલી

**ગ્વાલેરી** વિ૦ ગ્વાલિયરનું(૨)સ્ત્રી૦તે નામની એક

**ગ્વાળ** પુ૦ જુઓ ગ્વાલ

## ઘ

**ઘ** પું૦[सं] કંઠસ્થાની ચોથો વ્યંજન ૦કાર પુ૦ ઘ અક્ષર અથવા ઉચ્ચાર ૦કારાંત વિ૦ છેડે ઘકારવાળું ૦ઘ્ઘુ + ન૦ ઘકાર ૦ઘ્ઘો પું૦ ઘકાર (૨) ઘોઘો-ઠોઠ કે બેવકૂફ માણસ

**ઘઉં** પુ૦બ૦વ૦ [सं गोधूम, फा गंदुम, प्रा गोहूम, हिं.गेहूँ] એક અનાજ ૦લું વિ૦ ઘઉં જેવું (રંગમાં) ૦લો પુ૦ એક જાતનો સુગંધી પદાર્થ (૨) એક ઘાસ ૦વર્ણું વિ૦ ઘઉં જેવા રંગનું

**ઘખવું** સ૦ક્રિ૦ વઢવું

**ઘઘરણું** ન૦ ઘરવરણું, નાતરું. -ણું અ૦ક્રિ૦ ઘરવરવું. નાતરે જવું (૨)[રવ૦ सं घर्घर, प्रा घुग्घर] ગળામાંથી ઘરઘર અવાજ થવો

**ઘઘો** પુ૦ ઝભ્ભો (કા)

**ઘઘ્ઘુ** ન૦,-ઘ્ઘો પુ૦ જુઓ 'ઘ'માં

**ઘચ,** ૦ક અ૦ (રવ૦) ગચ (ભોંકાવાનો રવ) [-દઈને, દેતાકને=ઘચ અવાજ સાથે, ઝટપટ ] [થાય એમ

**ઘચ(-ચા)ઘચ** અ૦ (રવ૦)ગચ ગચ, ઉપરાઉપરી

**ઘચડ ઘચડ** અ૦ (રવ૦) (ઘચડવાનો રવ)

**ઘચ(૦ર)ડવું** સ૦ક્રિ૦ (રવ૦)'ઘચડ ઘચડ' થાય એમ જોરથી દાબી ચોળવું (૨) કચડવું,ભીડવું

**ઘચ(૦ર)ડાઘચ(૦ર)ડ(-ડી)** સ્ત્રી૦ [જુઓ ઘચડવું] ભીડાભીડ, કચડાકચડી (૨) જોરથી દાબી ચોળવાની ક્રિયા

**ઘચરકું** ન૦, -કો પુ૦ જુઓ ગચરકું. -કાવિકાર જુઓ ગચરકાવિકાર

**ઘચરડવું** સ૦ક્રિ૦ જુઓ ઘચડવું

**ઘચરડાઘચરડ(-ડી)** સ્ત્રી૦ જુઓ ઘચડાઘચડ

**ઘચાઘચ** અ૦ (રવ૦) જુઓ ઘચઘચ

**ઘચૂમ** પુ૦ [જુઓ ઘૂમચો] ઘચૂમલો, જૂથ ૦લ વિ૦ ઘચૂમલાવાળું (૨) સ્ત્રી૦ ઘચૂમલો ૦લો પુ૦ જૂથ, ઝોલું (૨) ગૂંચવાડો, અવ્યવસ્થા

**ઘચેટો** પુ૦ જુઓ ગચેટો

**ઘટ** (ટ,) સ્ત્રી૦ ['ઘટવું' ઉપરથી] ઘટવું તે, ઘટાડો (૨) ખોટ [-આવવી, જવી, પડવી = ઘટવું, ઘટાડો કે નુકસાન થવું ]

**ઘટ** વિ૦ જુઓ ઘટ્ટ

**ઘટ** પુ૦[सं]ઘડો(૨)શરીર(૩)હૃદય,મન ૦ક વિ૦ વસ્તુના અંશરૂપ (૨) યોજનારું, રચનારું (૩) પુ૦ વસ્તુનો અંગભૂત અવયવ, 'યુનિટ' ૦કર્પર પુ૦ ઘડાનું ઠીકરું ૦કાવયવ પુ૦ [सं घटक+अवयव] અંગભૂત અવયવ ૦જ વિ૦ ઘડામાંથી જન્મેલું (૨) પુ૦ (સં) અગસ્ત્ય મુનિ ૦ના સ્ત્રી૦ [सं] રચના, બનાવટ (૨) બનાવ (૩) કારીગરી ૦પાટ પું૦ દડ આસન.

**૦માન** વિ૦ [सं ] બનતુ, થતુ (૨) બને એવુ; સંભવિત(૩)યોગ્ય, ઘટતુ. **૦માળ** સ્રી૦ રેટમા ગોઠવેલી ઘડાની હાર (૨) ક્રમ, પ્રણાલી. **૦સ્થાપન** ન૦ નવા ઘરમા વસતા પહેલા ત્યા પાણીનો ઘડો મૂકવાની ક્રિયા (૨) નવરાત્રિના દિવસોમા ઘડા દ્વારા માતાજીની સ્થાપના કરવાની ક્રિયા **૦સ્ફોટ** પુ૦ મડદાને બાળી ચિતા છાટયા પછી છેલ્લી વાર તે તરફ મો ફેરવી ઘડો ફોડી નાખવો તે (૨) [લા ] હમેશ માટે સબધ તોડી નાખવો તે (૩) તોડ, નિકાલ (૪) છૂપી વાતનો ભેદ ભાગી નાખવો તે **–ટાકાશ** ન૦ [+ आकाश ] ઘડામાનુ આકાશ – ખાલી જગા **–ટાટોપ** પુ૦ [+ आटोप] ચારે બાજુ ઢંકાઈ જાય તેવી ઘટા(૨)તેવુ ઢાંકણ(૩)આડંબર,ભપકો

**ઘટક** વિ૦ (૨) સ્રી૦ [सं.] જુઓ 'ઘટ' [सं ]મા (૩) અ૦ (રવ૦) પેય ગળતા થતા અવાજની જેમ [–લઈ ને =એવો અવાજ થાય તેમ (૨) ઝટ, એકદમ ] ૦ઘટક અ૦ (રવ૦) **–કાવવું** સ૦ક્રિ૦ ઘટક ઘટક – ઝટ પી જવું **–કી** સ્રી૦ નાનો ઘૂટડો

**ઘટકો** પુ૦ (રવ૦) સણકો, ખટકો [**ઘટકા નાખવા, ભરવા** =સણકા આવવા ]

**ઘટજ** વિ૦ (૨) પુ૦ [सं], **ઘટના** સ્રી૦ [सं ] જુઓ 'ઘટ' [सं ]મા

**ઘટતું** વિ૦ ['ઘટવું'નુ વ૦કૃ૦] યોગ્ય, વાજબી (૨) કમી, ખૂટતુ

**ઘટપાટ, ઘટમાન, ઘટમાળ** જુઓ 'ઘટ'[सं.]મા

**ઘટવું** અ૦ ક્રિ૦ [सं. घट्, સર૦ म घटणें, हिं घटना ] યોગ્ય હોવુ, છાજવું (૨) બેસતુ આવવુ, લાગુ પડવુ(પ્રેરક ઘટાવવુ)(જેમ કે શ્લોકનો અર્થ)

**ઘટવું** અ૦ક્રિ૦ [સર૦ हिं , म , प्रा. घट्ट=ઘસવુ (૨) ભ્રષ્ટ થવુ,એ ઉપરથી ? ] ઓછુ કે કમી થવું (૨) (કપડુ) ચડી જવું (પ્રેરક ઘટાડવું)

**ઘટસ્થાપન, ઘટસ્ફોટ** [सं ] જુઓ 'ઘટ'[सं ]મા

**ઘટા** સ્રી૦ [सं.]જમાવ, ઝુંડ,સમૂહ (ઝાડ, વાદળા વગરનો **૦દાર** વિ૦

**ઘટાકાશ, ઘટાટોપ** [सं ] જુઓ 'ઘટ '[सं.]મા

**ઘટાડવું** સ૦ક્રિ૦ 'ઘટવુ' (ઓછુ થવુ)નુ પ્રેરક

**ઘટાડો** પું૦ કમીપણું, ઘટ

**ઘટારત** વિ૦ [सं घटितार्थ ] યોગ્ય, ઘટતુ

**ઘટાવવું** સ૦ક્રિ૦ ['ઘટવું'નુ પ્રેરક] બેસતુ કરવુ, લાગુ પાડવુ (ઉદા૦ શ્લોકનો અર્થ ઘટાવવો)

**ઘટિત** વિ૦ [सं] યોગ્ય, ઉચિત

**ઘટી(–ટિકા)** સ્રી૦ [सं ]ઘડી, ૨૪ મિનિટ જેટલો વખત (૨) ઘડી માપવાનો વાડકો **૦યંત્ર** સ્રી૦ ઘડી માપવાનુ યત્ર

**ઘટોત્કચ** પુ૦[सं ](સં.) ભીમસેનને હિડિબાથી થયેલો પુત્ર

**ઘટોદ્ભવ** વિ૦ (૨) પુ૦ [सं ] (સં ) જુઓ ઘટજ

**ઘટ્ટ** વિ૦ [प्रा ] ઘાટ્ટુ, ઘાડુ **૦પણું** ન૦

**ઘડઘડ** અ૦ (રવ૦) **૦વું** અ૦ક્રિ૦'ઘડવડ' એવો અવાજ થવો **–ડાટ** પુ૦ ઘડઘડ અવાજ

**ઘડણ** ન૦['ઘડવુ' ઉપરથી]ઘડતર(૨)વિ૦ઘડનારુ

**ઘડતર** ન૦['ઘડવુ' ઉપરથી] ઘડીને – ટીપીટીપીને કરેલી બનાવટ (૨) ઘડવુ – રચવુ કે બનાવવુ તે કે તેની રીત(૩)ઘડામણ (૪) કેળવાઈને તૈયાર થવુ તે, કેળવણી (૫) વિ૦ ઘડીને–ટીપીને થતુ (સર૦ ભરતર) ( જેમ કે લોખડ)

**ઘડપણ** ન૦ ['ઘરડુ' ઉપરથી] વૃદ્ધાવસ્થા

**ઘડભાંગ(–જ)** સ્રી૦ [ 'ઘડવુ' + 'ભાગવુ'] ઘડવુ અને ભાગવુ તે(૨)[લા ]વિચારોનુ ડામાડોળપણું

**ઘડમથલ** સ્રી૦['ઘડવુ'+'મથવુ']જુઓ ગડમથલ

**ઘડમાંચી** સ્રી૦ [ ઘડો + માચી ] પાણીની ગોળી મૂકવાની ઘોડી

**ઘડવી** સ્રી૦ [ જુઓ ઘડવો ] નાનુ ટાકુ

**ઘડવું** ન૦ [જુઓ ઘડવો] ગોળનો ગાડવો

**ઘડવું** સ૦ક્રિ૦ [सं घट्, प्रा घड] ઘાટ – આકાર આપવો (૨) બનાવવુ, રચવુ, લખવુ (જેમ કે, દાગીનો, ખુરશી ઇ૦) (૩) ગોઠવવુ, સંકલના કરવી(૪) ટીપવુ(જેમ કે ધાતુ)(૫)ખરડો તૈયાર કરવો(જેમ કે ઠરાવ,અરજી,યોજના,મુસદ્દો ઇ૦) (૬) [લા ] કેળવીને તૈયાર કરવુ (૭) મારવું [**ઘડાઈ ને ઠેકાણે આવવું** =અનુભવથી – ખત્તા ખાઈને પાંસરા થવુ **ઘડી નાખવું** = ખૂબ મારવુ **ઘડી કાઢવું** = બનાવી કે ગોઠવીને કે લખીને તૈયાર કરવું ]

**ઘડવો** પુ૦ [सं घट, प्रा घड પરથી] ઘડાના ઘાટનો લોટો

**ઘડાઈ,–મણી** સ્રી૦,**–મણ** ન૦ ['ઘડવુ' ઉપરથી] ઘડવાનુ મહેનતાણુ

ઘડાખૂડ વિ૦ [ઘડો+ખૂડવું] ઘડો ખૂડે એટલું ઊંડું (પાણી) [પાકુ થયેલુ
ઘડાયેલું વિ૦['ઘડવું'નુંભૂ૦કૃ૦][લા]અનુભવથી
ઘડિયાળ સ્ત્રી૦,ન૦ [हिं. घडियाल, म घड्याळ, स घटिकालय, प्रा घडियालय] વખત જણાવનારુ યંત્ર(૨)કાંસાનો ગોળ સપાટ ઘંટ, ઝાલર.[-ચા પીએ છે=ઘડિયાળ કામ નથી કરતી,અથવા ખોટો વખત બતાવે છે] -ળી૦ પુ૦ ઘડિયાળો વેચનાર તથા દુરસ્ત કરનાર -ળું ન૦ અમુક વખતને આંતરે વગાડાતી ઝાલર [(લાબી ડોકનો) ઘડો
ઘડિયું ન૦ ['ઘડો' ઉપરથી] તાડી ઝીલવાનો
ઘડિયો પુ૦ [स. घटित, प्रा घडिअ પરથી ?] આંકનો પાડો, ગડિયો
ઘડી સ્ત્રી૦ [सं घटी, प्रा घडी] જુઓ ઘટી (૨)[લા]ક્ષણ (૩)તક, પ્રસંગ [-માંડવી= વખત ગણવા માંડવો ઘડીઓ ગણવી= (-ની) તૈયારી હોવી (૨)આવી બનવુ, મોતની તૈયારી હોવી ઘડીએ ઘૂંટ ભરાવી= વિલંબ દુસહ હોવો (૨)મરણની અણી ઉપર હોવું ઘડીના છઠ્ઠા ભાગમાં=જોતજોતામા, ક્ષણમા જ ઘડી ઘડીના રંગ=પ્રતિક્ષણ બદલાતા વિચારો કે પરિસ્થિતિ] -ડિયુ લગન ન૦ ગમે તે વખતે થતુ અથવા વિવાહ અને લગ્ન બધુ સાથે થાય તેવુ લગ્ન (બહુધા બહુવચનમા) ઘડી ઘડી અ૦ ઘડીએ ઘડીએ, વારવાર, હરવડી ૦તાળ, ૦સાધ અ૦ મરવાની અણી પર ૦ભર અ૦ એક ઘડી સુધી, થોડી વાર
ઘડુડાટ પુ૦ [રવ૦] ઘડડડ અવાજ
ઘડુ ન૦ ['ઘડો' ઉપરથી] અનાજ કે પાણી ભરવાની મોટી કોઠી
ઘડૂડ ઘડૂડ અ૦ [રવ૦]
ઘડૂડવું અ૦ ક્રિ૦ ઘડૂડ ઘડૂડ અવાજ કરવો
ઘડૂલી સ્ત્રી૦ ['ઘડો' ઉપરથી] નાનો ઘડૂલો -લો(-લિયો) પુ૦ ઘડો (કવિતામા) (૨) ચોથું ચરણ ટૂંકાવેલો દુહો
ઘડો પું૦ [सं घट, प्रा. घड] ધાતુ કે માટીનુ પાણી ભરવાનુ પાત્ર [ઘડાના કળશિયા (કે ઘાણિયા) કરવા=ખોટનો ધંધો કરવો, નકામી ભાગફોડ કરી નુકસાન વેઠવું. ઘડો ગાગર થવી=સારો નરસો નિકાલ આવવો, જે તે પરિણામ આવવું. -ઘાટ કરવો=મારી નાખવુ (૨)પાયમાલ કરવુ -ઢોળવો=જેવુ તેવુ સ્નાન કરવુ (૨) નાહી નાખવું, સગાઈ-સબંધ તોડી નાખવો(૩)-ની જવાબદારી માથે ઓરાડવી -ફૂટવો=ઉઘાડુ પડી જવુ, જાહેર થવુ (૨)મોટુ નુકસાન આવવું (૩) મરી જવુ. -ભરાવો=આવી બનવુ (પ્રાય પાપનો)] ૦ઘાટ પુ૦ નિકાલ, ફેસલો.[-કરવો=મારી નાખવુ (૨) પાયમાલ કરવુ]
ઘડોલાડવો પુ૦ મડદાને બાળ્યા પછી સ્મશાનમા લાડવાવાળો ઘડો ભાગવો તે [-આપવો=શ્રાદ્ધ પછી ઘડા ઉપર લાડવો મૂકી બ્રાહ્મણને દાન કરવુ -કરવો=નિકાલ લાવવો,ગમે તેમ કરી, ઠેકાણુ પાડવુ -થવો= જે તે નિકાલ આવવો(૨)મોત થવુ (૩) મોટુ નુકસાન આવવુ [વાસ
ઘઢાણુ ન૦ [ગાઢુ રાન ?]ગઢાણુ-બીડનુ ઊભુ
ઘણ પુ૦ [स घन, प्रा घण] મોટો ભારે હથોડો (૨) [सं घुण] લાકડામા થતો એક કીડો
ઘણઘણ અ૦ [રવ૦] -ણાટ પુ૦ ઘણણણ અવાજ
ઘણણણ અ૦ [રવ૦] (ધાતુનો કે તેવો અવાજ)
ઘણાઘણ(-ણી) સ્ત્રી૦ ['ઘણુ' ઉપરથી] ઘણો સ્નેહ, ગાઢ સબંધ
ઘણું વિ૦ [म घन, प्रा घण, हिं घना] બહુ, ખૂબ,પુષ્કળ [-કરવું=બનતુ બધુ કરવુ(૨) બહુ બહુ રીતે સમજાવવુ(૩)કરકસરથી બચત કરવી -કરીને=ઘણુ ખરુ, પ્રાય; બહુધા -કહેવું=ખૂબ કહેવુ-સમજાવવું, વીનવવુ, ઠપકો આપવો -થવું=બહુ થવુ પૂરતુ થવુ (કોઈને) -હોવું=મંદવાડ વધારે હોવો ઘણાં ઘણાં વાનાં કરવાં=અનેક ઉપાય લેવા (૨) ખૂબ સમજાવવુ ઘણાં થોડાં કરવાં=કરકસર કરવી] ૦ક વિ૦ ('ઘણુ'થી જરાક ઓછુ એવો અર્થ બતાવે છે). ૦ખરું અ૦ બહુધા,મોટે ભાગે ૦ય વિ૦ ('ઘણુ'થી

**–ભરવું**=(પારકાનુ લૂટીને) પોતાના ઘરને સમૃદ્ધ બનાવવું **–ભલું ને આપણે ભલા**= ઘરની બહાર ન નીકળવુ (૨) પારકી પચાતમા ન પડવું. **–ભાગવું**=પતિપત્ની વચ્ચે કુસપ થવો કે કરાવવો (૨) લગ્ન તૂટવુ કે તોડવું (૩) પત્ની ગુજરી જવી (૪) ઘરના આધારરૂપ માણસ ગુજરી જવુ (૫) ઘરની ખરાબી થવી (૬) કુટુબનુ નિર્વંશ થવું **–મારવું**=ઘરની ખરાબી કરવી (૨) વ્યભિચાર કરવો **–માથે કરવું**=આખા ઘરમા શોધી વળવું **–માંડવું**= લગ્ન કરવુ (૨) ઘરસસાર ચલાવવો **–માં ઘંટ ફરવો, વાગવો**=ઘરમા કોઈ પણ જરૂરી ચીજ ન હોવી, અતિ ગરીબાઈ હોવી **–માં ઘોડા ફેરવવા**=અછકલાઈ કે અવિવેક કરવા **–માં ને ઘરમાં**=ઘરના જ માણસો સાથે (૨) પોતાના જ ઘરમા **–માં બાર હાથનો (૦વાંસ) ફરે, ભૂત ભૂસકા મારે, શખ વાગે, હનુમાન હડીઓ કાઢે, હાંલ્લાં કુસ્તી કરે**=ઘર ખાલીખમ હોવુ, અત્યત ગરીબાઈ હોવી. **–રાખવું**=ઘર વેચાતુ કે ભાડે રાખવુ (૨) પોતાનુ સભાળવુ, સ્વાર્થ સાધવો **–લાગવું**=એકનો એક પુત્ર મરી જવો (૨) ઘરને આગ લાગવી (૩) ઘર પાયમાલ થવુ **–વસાવવું**=ઘર મેળવી, તેનુ સાધન કરવુ (૨) પરણવુ. **–વિચારવું**=પોતાનુ ગજુ તપાસવુ. **–સૌને લાગ્યું છે**=સૌને કુટુબવ્યવહારનો બોજો ઉઠાવવાનો હોય છે **–સંભાળવું**= પોતાનો સ્વાર્થ સભાળવો **ઘરે તાળું દેવાવું**= નિ:સતાન થવું (૨) અદાલતના હુકમથી ઘર ઉપર જપ્તી બેસવી] **૦આંગણુ** ન૦ ઘરનુ આગણુ (૨) [લા] અતિ પરિચિત પાસેનું સ્થાન [**–કરવું**=અતિ આતુરતાથી રાહ જોવી-અદર જવુ ને બહાર આવવુ] **૦કાજ(–મ)** ન૦ ઘરનું સાધારણ કામકાજ **૦કૂકડી(–ડિયું)** વિ૦ઘરમા ને ઘરમા ભરાઈ રહેનારું **૦કૂકડીપણું** ન૦ **૦ખટલો** પું૦ ઘરને લગતો સરસામાન, ઘરવાખરો (૨) સસારવહેવારનુ કામકાજ (૩) સ્ત્રી, છોકરા વગેરે સમુદાય **૦ખરચ, ૦ખર્ચ** પુ૦,ન૦ઘર ચલાવવામા થતો ખર્ચ **૦ખૂણિયું** વિ૦ ઘરકૂકડિયુ (૨) ઘરખૂણે પડી રહેલુ, અપ્રસિદ્ધ (૩) ઘરગથ્થું. **૦ખૂણે** અ૦ ઘરને ખૂણે, ખાનગીમા **૦ખોદું** વિ૦ઘરનું જ બગાડનાર. **૦ખોયું** વિ૦ ઘરનુ ખુએ એવી બુદ્ધિવાળુ **૦ગતુ(–થુ–થ્થુ)** વિ૦ જેની ઉત્પત્તિ કે વપરાશ ઘરમા જ હોય તેવુ (૨) વેચવા માટે નહિ કરેલુ (૩) ખાનગી **૦ગોટી** સ્ત્રી૦ ઘરમા જમતી વખત પહેરવાનુ વસ્ત્ર, અબોટિયુ **૦ઘર** અ૦ ઘેરઘેર **૦ઘરણું** ન૦ [ग्रहण?] નાતરુ, ઘઘરણુ **૦ઘરવુ** અ૦ ક્રિ૦ ઘઘરવુ, નાતરુ કરવું. **૦ઘરાઉ** વિ૦ માહોમાહેનું, ખાનગી **૦ઘાલુ** વિ૦ ઘર ઘાલે એવુ–પોતાના જ ઘરને નુકસાન પહોચાડનારુ (૨) ખરચાળ (૩) દગાબાજ. **૦ચોળું** ન૦ સ્ત્રીઓને પહેરવાનુ એક રેશમી વસ્ત્ર **૦જમાઈ** પુ૦ સસરાને ઘેર સસાર માડી રહેનારો જમાઈ [**–થવું,–થઈ ને રહેવું**=(લા) (અકારા થઈ) માથે પડવુ] **૦ણી** સ્ત્રી૦ ઘરણી, ગૃહિણી **૦ધણિયાણી** સ્ત્રી૦ ઘરધણીની પત્ની (૨) ઘરની માલિક, ઘરવાળી **૦ધણી** પુ૦ ઘર ચલાવનારો મુખ્ય પુરુષ (૨) ઘરનો માલિક. **૦ધંધો** પુ૦ ઘરને લગતુ કામકાજ **૦ધાવડું** વિ૦વડીલોની પૂંજી પર જીવનારુ (૨) નિરુદ્યમી **૦ધોણી** સ્ત્રી૦ ઘરનાં કપડાલત્તા ધોવાનુ કામકાજ **૦નું** વિ૦ પોતીકુ; પોતાના ઘર જેવુ, ખાનગી **૦પ્રવેશ** પુ૦ જુઓ ગૃહપ્રવેશ **૦ફાડુ** વિ૦ ઘર ફાડીને ચોરી કરનારુ, ખાતર પાડનારુ **૦બાર** ન૦ ઘર, રાચરચીલુ, માલમિલકત વગેરે(૨)કુટુબ-કબીલો **૦બારી** વિ૦ઘરબારવાળુ (૨)સસારી **૦બોળુ** વિ૦ ઘરને બોળે–બેઆબરૂ કે પાયમાલ કરે એવુ **૦ભંગ** પું૦(સ્ત્રી મરવાથી) ઘર ભગાવુ તે (૨) વિ૦ તેવી દશામાં આવેલું **૦ભાડુ** પુ૦ઘરનુ ભાડુ **૦ભેદુ** વિ૦પોતાના ઘરનો ભેદ જાણનારુ કે બહાર પાડી દઈ દગો દેનારુ. **૦મેળે** અ૦ માહોમાહે સમજીને (ત્રીજા પક્ષ પાસે ગયા વિના) (૨) મિત્રતાની રીતે **૦મોઢું** વિ૦ઘરકૂકડિયુ **૦મોયું** (મો'?)વિ૦ ઘર તરફ મોવાળુ કે વળેલુ **૦રખુ** વિ૦ ઘરની સંભાળ રાખે એવું. **૦વખરી** સ્ત્રી૦ જુઓ

ઘરવાખરો **૦વખુ** વિ૦ ઘરની ચાહનાવાળુ, ઘરમોહ્યુ **૦વટ** સ્ત્રી૦ એક ઘરના હોય તેવો ગાઢ સબંધ (૨) વિ૦ઘર જેવા સબંધવાળુ **૦વણાઉ** વિ૦ ઘેર વણેલુ **૦વલું** વિ૦ ઘર પ્રત્યે મમતાવાળુ **૦વાખરો** પું૦ઘરને લગતો સરસામાન, રાચરચીલુ **૦વાસ** પુ૦ ઘર કરીને રહેવુ તે, ગૃહસ્થાશ્રમ **૦વાળી** સ્ત્રી૦ ઘરધણિયાણી. **૦વાળો** પુ૦ ઘરવણી **૦વેરો** પુ૦ ઘર ઉપર લેવાતો કર **૦વૈદું** ન૦ ઘરગથુ વૈદુ **૦સંસાર** પુ૦ગૃહસ્થાશ્રમ (૨) સંસાર-વહેવાર **૦સંસારી** વિ૦ ઘરસંસારવાળુ, ગૃહસ્થાશ્રમી (૨)ઘરસંસારને લગતુ **૦સાડી** સ્ત્રી૦ ઘરમા પહેરવાની સાડી **૦સાંતિક** ન૦ જુઓ ગ્રહશાંતિક **૦સૂત્ર** ન૦જુઓ ઘરસંસાર **૦સેવા** સ્ત્રી૦ ઘરના કામકાજ તથા કુટુંબ વગેરેનુ પાલન **-રાઉ** વિ૦ ઘરનુ, ખાનગી, અંદર અંદરનું **-રેબારે** અ૦ ઘરબારવાળુ હોય તેમ(૨)ઘરમા કર્તા હર્તા-આપમુખત્યાર હોય તેમ [**-થવું** (વહુએ કે દીકરીએ) ઘર-બારની બાબતમા સુખી થવું (૨) ઘરબારમા ચલણવાળા થવુ **-હોવું**=સુખી પત્ની અને માતા હોવુ (વહુએ કે દીકરીએ)] **-રેઘર** અ૦ ઘેર ઘેર

**ઘરકવું** સ૦ક્રિ૦ [જુઓ ઘૂરકવુ] ખીજવુ

**ઘરડિયુ** ન૦ છાછિયુ, ઘુરકિયું

**ઘરગતુ(-થુ,-થ્થુ)** વિ૦ જુઓ 'ઘર'મા

**ઘરઘર** અ૦ [રવ૦] **૦વું** સ૦ ક્રિ૦ (ગળામાના જેવો) ઘરઘર અવાજ થવો (૨)જુઓ 'ઘર'મા **-રાટ** પું૦ ઘરઘર અવાજ, ઘરઘરવુ તે

**ઘરડ** સ્ત્રી૦ [દે ઘરટ્ટ પરથી ? સર૦ મ घरड] ચીલો (૨) [લા] ચાલુ પ્રણાલી કે રૂઢિ [**-પડવી**=ચીલો કે રૂઢિ દાખલ થવા **-માં પડવું**=ચીલે પડવુ; એકધારુ ચાલતુ થવુ] (૨) રૂઢિગ્રસ્ત કે ચીલેચાલુ થવુ (૩) [?] આમલીની સૂકી છાલ(૪)અ૦[રવ૦](જેમ કે, ગળામા ઘરડ ઘરડ બોલે છે વ૦ટીનો રવ)

**ઘરડવું** સ૦ ક્રિ૦ [રવ૦] ઘસડાતુ ખેંચવું (૨) જોરથી વલૂરવું, ઘવડવું

**ઘરડાપો** પુ૦ [જુઓ ઘરડુ] ઘડપણ (૨) [લા] ઘરડાના જેવું ડહાપણ, દોઢડહાપણ **-સું** વિ૦ ઘરડુ દેખાય એવુ, ઘરડાને યોગ્ય.

**ઘરડાવું** અ૦ ક્રિ૦ ['ઘરડુ' પરથી] ઘરડુ થવું

**ઘરડિયો** પું૦ [રવ૦] તળાતી વસ્તુ ફેરવવાનુ લાકડાનુ એક સાધન (૨) નાનુ ઘાસ કાપવાનુ એક જાતનુ દાતરડુ (૩) ધાર કાઢવાનો પથ્થર (૪)ગળામા બોલતો શ્વાસ (ખાસ કરીને મરતા માણસનો) (૫) જુઓ 'ઘરડુ'મા

**ઘરડું** વિ૦ [સં जरठ, દે जरड] પાકી ઉમ્મરે પહોચેલુ, મોટી વયનુ (૨) પુરાણુ, જૂનુ (૩) પાકી ગયેલુ, કઠણ [**ઘરડામાં ખપવું**= વૃદ્ધ કે અનુભવી ગણાવુ **ઘરડું પાન**=ઘણુ ઘરડું માણસ (ગમે ત્યારે ગુજરી જાય તેવુ) **ઘરડે ઘડપણ**=ઘડપણમા, વૃદ્ધાવસ્થામા] **૦ખખ** વિ૦ સાવ ઘરડુ - ખખળી ગયેલુ **-ડિયું** વિ૦ ઘરડુ, વૃદ્ધ **-ડિયો** પુ૦ ઘરડો-વડીલ માણસ **૦ઠચ્ચર** વિ૦ સાવ ઘરડું (તિરસ્કારમા) **-ડેરું** વિ૦ ઘરડુ, વડીલ

**ઘરણ** ન૦ [સં ग्रहण] સૂર્યચંદ્રનુ ગ્રહણ (શ૦ પ્ર૦ જુઓ 'ગ્રહણ'મા) **૦ઘેલુ** વિ૦ અર્ધુ ગાડુ (ગર્ભવતી સ્ત્રીએ ગ્રહણ જોયુ હોય તો તેનુ બાળક ગાડુ થાય એવી માન્યતા પરથી)

**ઘર(-રૂ)ણી** સ્ત્રી૦ [પ્રા घर(-री)णी] જુઓ ગૃહિણી

**ઘરધ્ધન** ન૦ ગીધની જાતનુ એક પખી

**ઘરાઉ** વિ૦ જુઓ 'ઘર'મા

**ઘરાક** પુ૦, ન૦ [સ ग्राहक] ખરીદનાર (૨) ખૂબી પિછાનનાર **-કી** સ્ત્રી૦ ઘરાકપણુ (૨) ખરીદનારાનો આવરો (૩) ખપત, ઉઠાવ

**ઘરા(-રે)ણિયાત** વિ૦ [જુઓ ઘરેણે] ઘરેણે લીધેલુ કે આપેલુ

**ઘરાણે** અ૦ જુઓ ઘરેણે

**ઘરું** ન૦ ['ઘર' ઉપરથી] કોઈ વસ્તુ રાખવાનુ [ખોખુ -ઘર

**ઘરૂણી** સ્ત્રી૦ જુઓ ઘરણી, ગૃહિણી

**ઘરેડ** સ્ત્રી૦ જુઓ ઘરડ (૨) કૂવા પરના પથ્થર ઉપર દોરડાના ઘસારાથી પડેલો ખાડો

**ઘરેડી** સ્ત્રી૦ [જુઓ ઘરડવુ] ગગડી (૨) [રવ૦] ઘરડ ઘરડ એમ બોલતો-મરતી વખતનો શ્વાસ, ઘરડિયો

ઘટના બદલામા કઈ મજરે લેવુ -ખાવી=ખોટ ખાવી -જવી, પડવી, લાગવી=ઘટ આવવી, વસારો પડવો ] ૦ચારો પુ૦ ઢોરનુ ઘાસ, ચારો વગેરે ૦દાણો પુ૦ ઘાસ અને દાણો (પશુઓને ખવાડવાનો) (૨) તેવા ઘાસ અને દાણારૂપે લેવાતી ખંડણી ૦પૂંજો પું૦ કચરોપૂંજો, વાસીદું.

**ઘાસણી** સ્ત્રી૦, ['ઘાસવુ' (ઘસાવુ) ઉપરથી ? स कास्=ખાસવુ ઉપરથી ?] ક્ષયરોગ

**ઘાસતેલ** ન૦[इ गॅस+तेल]ગ્યાસતેલ, ઘાસલેટ

**ઘાસલેટ** ન૦ [સર૦ म, 'घासतेल' પરથી] બાળવાનુ એક ખનીજ પ્રવાહી, ગ્યાસતેલ -ટિયુ વિ૦ [લા.] હલકા પ્રકારનુ -ટિયો પું૦ ઘાસલેટ વેચનારો (૨) [લા ] દારૂડિયો

**ઘાસવું** સ૦ક્રિ૦ [प्रा घास, स घृष्, સર૦ म घासणें] જુઓ ઘસવુ(૨)અ૦ક્રિ૦ઘસાવુ [ઘાસી છૂટવું=ઘસાઈ છૂટવુ(૨)કામ કરી છૂટવું ]

[ ઊગેલુ

**ઘાસાળું** વિ૦ ['ઘાસ' પરથી] ઘાસવાળુ, ઘાસ

**ઘાસિયું** વિ૦ ['ઘાસ' ઉપરથી] જેમા ઘાસ નીપજતુ હોય તેવુ (૨) ઘાસમાથી ઉત્પન્ન થતુ (૩) [લા ] સત્ત્વ વગરનુ, હલકુ (જેમ કે, ઘાસિયુ ઘી, સોનુ) (૪) ન૦ એક પક્ષી

**ઘાસિયો** પું૦ ['ઘાસ' ઉપરથી] સાથરો, ઘાસનો પાથરો(૨)ઘાસ કાપનારો(૩)જુઓ 'ગાશિયો'

**ઘાસે(-સો)ટિયું** ન૦['ઘાસવુ' ઉપરથી] ઘરમા પહેરવાની (સામાન્ય) ચૂડી

**ઘાંઘરડવું**(૦) અ૦ક્રિ૦ [રવ૦]ભારે ઘાટો કાઢીને —બૂમ રોવુ (૨) આરડવુ (જેમ કે પાડીનુ) (૩) [લા ] મોટે અવાજે બોલવુ

**ઘાંઘરી**(૦) સ્ત્રી૦ એક જાતનુ વાજુ

**ઘાંઘલું**(૦) ન૦ ઓવારણુ (ઉદા૦ ઘાઘલા લેવા) (૨) [अप घंघल=ગભરાટ ?] ગાડા જેવુ આચરણ (ઉદા૦ ઘાઘલા કાઢવા)

**ઘાંઘું**(૦) વિ૦ [अप घंघल પરથી ?] (કા.) ઉતાવળુ (૨) ગભરાયેલુ

**ઘાંચ** (૦ચ,) સ્ત્રી૦ ['ગૂચ' કે 'ખાચ' ઉપરથી] ચીલામા પડેલો ખાડો, ખાડો(૨)ગૂચ, મુશ્કેલી

**ઘાંચી**(૦) વિ૦[दे घाण(ઘાણી)+ચી(વાળો-કા) અથવા दे घंचिय] ઘાણી ચલાવી તેલ કાઢવાનો ને તેચા દૂધ વેચવાનો ધંધો કરતી ન્યાતનુ (૨) પું૦ તે ન્યાતનો માણસ. [-ખૂટવો=દીવામાં તેલ ખૂટવુ -ની ઘાણી જેવું=ખૂબ મેલુ, ચીકટ -ની ઘાણીએ જોડાવું=કટાળા ભરેલા વૈતરામા જોડાવુ -નો બળદ=કટાળાભર્યું એકનુ એક કામ કૂટનારો (૨) મૂર્ખ માણસ ] -ચણ સ્ત્રી૦ ઘાંચી સ્ત્રી

**ઘાંચો**(૦) પુ૦ વાસફોડો, ટોપલા, સાદડી વગેરે બનાવનાર (૨) ઘાચી (રીસ કે તિરસ્કારમા)

**ઘાંટી**(૦) સ્ત્રી૦ઘાટા કે કઠની-પડજીભની જગા, હૈડિયો(૨)અવાજ; સૂર(૩)ઘાટ, બે પર્વતની કે ડુગરાની વચ્ચેનો સાકડો રસ્તો(૪)[લા ] મુશ્કેલીનો-બારીક સમય(૫)હરકત, અડચણ [-આવવી, પડવી=મુશ્કેલીનો બારીક સમય આવવો. હરકત આવવી -ફૂટવી=જુવાની આવવી (૨) ઘાત આવવી (૩) મુશ્કેલી આવવી]

**ઘાંટીઘૂંટી**(૦) સ્ત્રી૦ [ઘાટી+ઘૂટી] આટીઘૂટીવાળો માર્ગ(૨)[લા ]મુશ્કેલી કે મુશ્કેલીનો સમય

**ઘાંટો**(૦) પુ૦ [स. घट्=બોલવુ ] કંઠ,સાદ (૨) મોટો સાદ, બૂમ (૩) ખિજાઈને કાઢેલો સાદ (૪) [જુઓ ઘાટ] મોટી ઘાટી—ડુગરાળ રસ્તો. [-ઊઘડવો=સારો સ્પષ્ટ સાદ નીકળવો -કાઢવો=તાણીને મોટેથી બોલવુ (૨) ઠપકો દેવો, ધમકાવવું -નીકળવો=અવાજ નીકળવો -ખૂલવો=ઘાટો ઊઘડવો -પાડવો=બૂમ પાડીને બોલાવવું(૨)ખિજાવુ, ધમકાવવુ -બેસવો=સાદ જાડો-ઘોઘરો થવો, ગળાએ કામ ન કરવુ ] -ટાઘાંટ સ્ત્રી૦ બૂમાબૂમ

**ઘાંસી**(૦) સ્ત્રી૦(કા )બોરડી વગેરે કાટાળી વનસ્પતિનો ઢગલો

**ઘિમેલ** સ્ત્રી૦ [स घृतेली ?] એક જાતનુ લાલ રગનુ મકોડાની જાતનુ જીવડુ

**ઘિયાળ** વિ૦, **ઘિયો** પુ૦ જુઓ 'ઘી'મા

**ઘિલેરી** ન૦ એક પક્ષી

**ઘિલોડી** સ્ત્રી૦ જુઓ ઘલોડી -ડું ન૦ઘિલોડીનુ ફળ-ઘલોડું [કર્મણિ ને પ્રેરક

**ઘિસાવું** અ૦ક્રિ૦,-વવું સ૦ક્રિ૦, 'ઘીસવુ'નુ

**ઘિસોડી** સ્ત્રી૦ વૂરિયાનો વેલો. **–ડું** ન૦ વૂરિયું
**ઘિસ્સો** પું૦ ['ઘિસાવું' ઉપરથી]એકદમ જોરથી પડેલો ઘસરકો (–દેવો,–પડવો,–મારવો)
**ઘી** ન૦[सं घृत, प्रा घिअ]ઘૃત, તૂપ [–ઢળ્યું તો ખીચડીમાં=દેખીતું નુકસાન છતાં સરવાળે તેનો ફાયદો જ થઈ રહેવો. **બળતામાં ઘી હોમવું**=ચાલુ ઉશ્કેરણીમાં વધુ કારણ ઉમેરવું] –**ઘિયાળ** વિ૦ વધારે ઘી આપે એવું (ઢોર–ગાયભેંસ) –**ઘિયો** પું૦ ઘી વેચનારો ૦**કાંટો** પું૦ જ્યાં ઘી જોખાતું,વેચાતું હોય એ જગા, ઘીનું બજાર ૦**કેળાં** ન૦બ૦વ૦ઘી અને કેળાં (૨) [લા] ભારે લાભ ૦**ગળણી** સ્ત્રી૦ ઘી વગેરે ગાળવાની ઝીણી ગળણી ૦**ચોપડ** ન૦ ઘી ને તેવો ચીકટ પદાર્થ. ૦**તાવણી** સ્ત્રી૦ માખણ તાવવા માટેનું વાસણ. ૦**તેલું** ન૦ પોયણીના મૂળમાં થતી ગાંઠ (?)
**ઘીચ** વિ૦ જુઓ ગીચ –**ચોઘીચ** વિ૦ગીચોગીચ. ખીચોખીચ
**ઘીમ** પું૦ વહેમ, શંકા [કા] (૨) સ્ત્રી૦[स ग्रीष्म, प्रा. गिं] હોળી પછીને દિવસે કરવામાં આવતી એક ક્રિયા
**ઘીસ** સ્ત્રી૦ [फा गश्त] રોન (૨) [स. ग्रीष्म, प्रा गिंसु પરથી?] હોળીનો વરઘોડો (૩) ['ઘીસવું' ઉપરથી] માર, ઠોક (૪) ['ઘિસાવું' ઉપરથી] ઘિસ્સો (૫) જુઓ ગીસ [**ઘીસનો વરરાજા**=મશ્કરીનું પાત્ર. **ઘીસ મારવી**= ચોરી કરવી –**પડવી**=ફાવવું, લાભ થવો(૨) નુકસાન થવું; પાછું પડવું (૩) માર પડવો]
**ઘીસરું** ન૦ ઘૂસરું [જેંસલો
**ઘીસલું** ન૦ ['ઘીસાવું' ઉપરથી] જુઓ ગીસલું,
**ઘીસવું** સ૦ ક્રિ૦ [स घृष्? म घिसणें] ધુમ્મા લગાવવા, ધીબવું, ઠોકવું (૨) [સર૦ हिं. घिसना] ઘસવું [કજિયો(૩)ધમાચકડી
**ઘીસાઘીસ** સ્ત્રી૦['ઘીસવું' પરથી] ઠોકઠોકા(૨)
**ઘીંઘ,૦ર** સ્ત્રી૦ મોટું, સેંકડોનું ટોળું
**ઘીંસરું** ન૦ જેંસલો, ઘીસરું
**ઘુઘરવટ** સ્ત્રી૦ [ઘૂઘરી+વૃત્તિ] ઘાઘરાના ઘેરની નીચેની ઘૂઘરીઓવાળી ઝૂલ (૨) પું૦ ઝૂલ પર ઘૂઘરીઓની હાર હોય એવો ઘાઘરો
**ઘુઘરાવવું** સ૦ક્રિ૦[રવ૦] 'ઘૂઘરવું', 'ઘૂઘરાવું'નું પ્રેરક
**ઘુઘવાવવું** સ૦ક્રિ૦ [રવ૦] 'ઘૂઘવવું'નું પ્રેરક
**ઘુઘરિયાળું** વિ૦ ઘૂઘરીઓવાળું
**ઘુઘવાટ(–ટો), ઘુઘાટ** પું૦ ઘૂઘવવું તે
**ઘુઘાર** પું૦ + ઘૂઘરો, ઘૂઘરી
**ઘુચ્ચો** પું૦ જુઓ ઘુમ્મો
**ઘુણ** પું૦ [स] લાકડું કોરી ખાનારો એક કીડો. –**ણાક્ષર** પું૦ ઘુણના કોરવાથી લાકડામાં અથવા પોથીના પાનામાં પડેલો અક્ષર જેવો આકાર –**ણાક્ષરન્યાય** પું૦ ઘુણાક્ષરની જેમ વગર ઇરાદે બનાવ બનવો તે
**ઘુમડાવવું** સ૦ક્રિ૦ 'ઘૂમડવું'નું પ્રેરક
**ઘુમરડવું** સ૦ક્રિ૦ ઘુમરડી ખવડાવવી
**ઘુમરડિયો** પું૦ ['ઘુમરડી' ઉપરથી] ગોપીને વેશે ઘેર ઘેર ભિક્ષા માટે ફરતો સાધુ
**ઘુમરડી** સ્ત્રી૦ ['ઘૂમવું' ઉપરથી] ચકાકારે ફરવું-નાચવું તે, ફૂદડી (૨) ફેર, ચક્કર (૩) પકડનારને ચુકાવી દેવા ઘૂમી જવું–ફરી જવું તે (૪) હીંચોળવું તે
**ઘુમરાઈ** સ્ત્રી૦['ઘૂમરાવું' ઉપરથી] મગરૂરી,ગર્વ
**ઘુમરાવવું** સ૦ક્રિ૦ 'ઘૂમરાવું'નું પ્રેરક
**ઘુમાવવું** સ૦ક્રિ૦, **ઘુમાવું** અ૦ક્રિ૦ 'ઘૂમવું'નું પ્રેરક ને ભાવે
**ઘુમ્મર** સ્ત્રી૦ ['ઘૂમવું' ઉપરથી] ચક્રવ્યૂહ
**ઘુમ્મો** પું૦ [રવ૦] ગુમ્મો, ધીબકો, મુક્કો
**ઘુરકાવવું** સ૦ક્રિ૦ 'ઘૂરકવું'નું પ્રેરક
**ઘુરકિયું** ન૦ ['ઘૂરકવું' ઉપરથી] ઘૂરકવાનો અવાજ(૨)છાછિયું, ગુસ્સાનો બોલ (–કરવું)
**ઘુરઘુર** અ૦ [स, રવ૦] –**રાટ** પું૦ તેવો અવાજ
**ઘુરવું** અ૦ક્રિ૦ [स. घुर्] ઘૂરકવું, ભસવું
**ઘુવડ** પું૦, ન૦ [स घूक, प्रा. घूअ, સર૦ म. घुवड] રાત્રે જ દેખી શકતું એક પક્ષી
**ઘુસણિયું** વિ૦ ['ઘૂસવું' ઉપરથી] ગમે તેમ કરીને ઘૂસનારું, તેવા સ્વભાવનું
**ઘુસપુસ** અ૦(૨)સ્ત્રી૦[રવ૦]માંહોમાંહે ગુપચુપ ધીમી વાતો કરવી તે, ગુસપુસ
**ઘુસાડવું** સ૦ ક્રિ૦ ['ઘૂસવું' ઉપરથી] પેસાડવું, દાખલ કરવું (વગર જાણે કે હકે)

**ઘુસાવું** અ૰ ક્રિ૰, **-વવું** સ૰ ક્રિ૰ 'ઘૂસવું'નું ભાવે ને પ્રેરક

**ઘુંમટ** પું૰ [फा. गुंबद] દેરા અથવા મકાન ઉપરનું છત્રાકાર ધાબું, ગુંબજ (૨) ઘુમટ નીચેનો દેરાનો અંદરનો ભાગ

**ઘૂક** ન૰ [सं] ઘુવડ

**ઘૂઘર** સ્ત્રી૰ જુઓ ઘૂઘરી (૫) **૦માળ** સ્ત્રી૰ (બળદને કોટે બાંધવાની) ઘૂઘરાની માળા

**ઘૂઘરવું** અ૰ક્રિ૰ ['ઘૂઘર' ઉપરથી] ફૂલીને મોટા થવું; પાકવું (જેમ કે સૈયડનું)

**ઘૂઘરાવું** અ૰ ક્રિ૰ ['ઘૂઘરો' ઉપરથી] ગુસ્સાથી ડોળા કાઢવા

**ઘૂઘરી** સ્ત્રી૰ [सं घर्घरी] ધાતુના પતરાની પોલી ખણખણતી ગોળી (૨) સ્ત્રીઓના હાથનું ઘુઘરિયાળું એક ઘરેણું (૩) એક રમકડું, નાનો ઘૂઘરો (૪) [સર૰ म घुगरी] બાફેલી જાર-બાજરી વગેરે [**-બાફવી** = જાર બાજરી બાફવી **ઘૂઘરીઓ લટકવી** = પહેરેલાફાટેલા કપડાની ચીંદડીઓ ઘૂઘરીઓ લટકે તેમ ફરફર થવી (કટાક્ષમાં)] **-રો** પું૰ અંદર કાંકરા જેવી વસ્તુ ભરીને કરેલો ખખડે તેવો ધાતુ વગેરેનો પોલો ગોળો (૨) તેવું એક રમકડું (૩) એક મીઠાઈ (૪) ઘૂઘરીઓનો ઝૂમખો (૫) દાળ પાડવા માટે પલાળીને સૂકવેલું કઠોળ (૬) ચૂનો બનાવવા માટે પકવેલા મરડિયા (૭) [ચ] વલોણાનો દાંડો ઘૂઘરા જેવા જે ઘાટમાં ફરે છે, ને જે ગોળીને મોઢે ગોઠવાય છે તે ગોળ ઘાટ. [**ઘૂઘરા જેવું** = સુંદર, મજેનું (૨) ગમતી (૩) બોલકણું **ઘૂઘરા બાંધવા** = નાચવું (૨) નિર્લજ થવું **ઘૂઘરા મુકાવવા** કે **મૂકવા** = ઘૂઘરીઓની શોભા કરવી **ઘૂઘરા બનવું** = રમકડા જેવા થવું (૨) ખુશખુશાલ થવું (૩) વશ થઈ રહેવું (સ્ત્રીને)]

**ઘૂઘવવું** અ૰ ક્રિ૰ [રવ૰] 'ઘૂઘૂ' એવો અવાજ કરવો (૨) ગર્જવું

**ઘૂઘવાવું** અ૰ ક્રિ૰ ઘૂઘૂ અવાજ થવો

**ઘૂઘૂ** અ૰ [રવ૰] (રેલગાડી, સમુદ્ર વગેરેનો રવ)

**ઘૂડ** પું૰; ન૰ જુઓ ઘુવડ

**ઘૂણિયો** પું૰ દેગડો

**ઘૂનો** પું૰ ખાઈ (કા)

**ઘૂમ** અ૰ [फा. गुम, प्रा. गुम्म] (તર્કમાં) ગર્ક-લીન (૨) [નશાથી] ચકચૂર-બેભાન

**ઘૂમચી** સ્ત્રી૰ ['ઘૂમવું' ઉપરથી] ઘુમરડી, ચક્રાકારે ફરી વળવું તે

**ઘૂમચો** પું૰ [फा गुच्छ = પાંદડીઓનો જથો] જથો, સમૂહ

**ઘૂમટ** પું૰ [સર૰ म घुमट] જુઓ ઘુમટ. **-ટી** સ્ત્રી૰ ઘુમટ જેવી નાની આકૃતિ (૨) [લા] માથું અને પીઠ ન પલળે એવી ઘાસ કે વાંસની ચીપો વગેરેની બનાવેલી ઓચલા જેવી છત્રી

**ઘૂમટો** પું૰ [સર૰ हिं घुमटा] ઘૂંઘટ. [**-કરવો, ખેંચવો, તાણવો, વાળવો** = માથા ઉપરનો સાલ્લાનો ભાગ આગળ ખેંચી, લાજ કાઢવી]

**ઘૂમડવું** સ૰ ક્રિ૰ ['ઘૂમવું' ઉપરથી] હીંચોળવું (૨) ચકર ચકર ફેરવવું

**ઘૂમડાવું** અ૰ક્રિ૰ 'ઘૂમડવું'નું કર્મણિ

**ઘૂમડી(-ણી)** સ્ત્રી૰ ['ઘૂમવું' ઉપરથી, प्रा घुम्मण] ઘુમરડી **-ણું** ન૰ ઘૂમવું કે હીંચવું તે

**ઘૂમરાવવું** અ૰ ક્રિ૰ ['ઘૂમવું' ઉપરથી] રીસમાં મો ચડવું, ધૂંધવાવું (૨) ઘૂમરી ખાવી (૩) વરસાદનું ચડી આવવું (૪) ડહોળાવું

**ઘૂમરી** સ્ત્રી૰ ['ઘૂમવું' ઉપરથી] વમળ, ભમરો (૨) ઘૂમડી, ઘુમરડી (૩) તોર કે અભિમાનમાં (મદની પેઠે) આંખો ચકળવકળ થવી. [**-આવવી** = (પાણીમાં) વમળ ચડવો **-ખાવી** = (આંખોનું) તોરમાં ચકળવકળ થવું (૨) ઘુમરડી ખાવી, ચકર ફરવું]

**ઘૂમવું** અ૰ ક્રિ૰ [सं घूर्ण्, प्रा घुम्म] ગોળ ફરવું (૨) રખડવું (૩) [લા] મોટો કારભાર કરવો; મહાલવું (૪) મચ્યા રહેવું

**ઘૂમાઘૂમ(-મી)** સ્ત્રી૰ ['ઘૂમવું' ઉપરથી] હરફર, દોડધામ

**ઘૂરકવું** અ૰ક્રિ૰ [हिं. घुरक्क, (રવ૰)] ઘુરઘુર કરવું (૨) જોરથી ભસવું (૩) [લા] ગુસ્સામાં ધાંટો પાડવો; તડૂકવું

**ઘૂરકાઘૂરકી** સ્ત્રી૰ સામસામે ઘૂરકવું તે

**ઘૂરકાવું** અ૰ ક્રિ૰ ('ઘૂરકવું'નું ભાવે) ઘૂરકવાની ક્રિયા થવી

**ઘૂર્ણાયમાન** વિ૰ [सं.] ચક્રાકારે ઘૂમતું

ઘૂલર,-રું ન૦, -રો પુ૦ જુઓ 'ગૂલરમા
ઘૂસ પુ૦[સ ગુહાશય ? સર૦ હિં , મ ]ઉંદર,ઘોળ
ઘૂસણ ન૦ ઘૂસવુ તે, વગર હકનો પ્રવેશ (૨) વિ૦ ઘૂસણિયુ
ઘૂસવું અ૦ ક્રિ૦ [દે ઘુસિણિઅ=ગવેષેલુ; શોધેલુ પરથી ? સર૦ મ. ઘુસણેં, હિં ઘુસના] જોરથી કે ગમે તેમ કરી પેસી જવુ [ઘૂસી જવું=જોરથી, વગર હકે કે ગમે તેમ કરીને દાખલ થઈ જવું.]
ઘૂસિયું ન૦ ['ઘૂસ'=ઉંદર] ઉંદરિયુ
ઘૂસિયું મધ ન૦['ઘૂસવુ' ઉપરથી](ઝાડ વગેરેની બખોલમા ઘૂસીને બાંધેલા મધપૂડાનુ) એક જાતની ઝીણી માખોએ બનાવેલુ મધ
ઘૂઘટ(-ટો) પુ૦ [હિં ] ઘૂમટો, સ્રીઓ મો પર કપડુ ઢાંકે છે તે
ઘૂટ પું૦ [દે ઘુટ, પ્રા ઘોટ્ટ] ઘૂંટડો (૨)વાટો, ડઠ (૩) સ્રી૦ (ઘૂંટવુ) ઘૂંટાવુ-ગૂગળાવુ તે. [-ભરાવી=ગૂગળાવુ ]ડો પું૦ ગળા વાટે એકી વખતે ઊતરી શકે તેટલો પ્રવાહી પદાર્થ ઘૂંટડે ઘૂંટડે=ધીમે ધીમે, એક પછી એક ઘૂંટડાથી ઘૂંટડો ઊતરવો=ઘૂંટડો ગળામાથી નીચે જવો (૨) સમજાવુ, ગળે ઊતરવુ -ભરવો=ઘૂંટડા જેટલુ મોમા લેવુ-પીવુ.]
ઘૂંટણ,-ણિયું ન૦ [સ ઘુટ] ઢીંચણ. [ઘૂંટણે (-ણિયે) પડવું=બાળકે ઢીંચણ વડે ચાલવું (૨)[લા ]પગે લાગવુ(૩)કરગરવુ ઘૂંટણિયાં ભરવાં=બાળકે ઢીંચણ વડે ચાલવું. -ભાંગવાં, ભાંગી જવાં=પગ નરમ થઈ જવા,(કામમા) પાછા પડવુ-હારવુ -ભાંગી નાંખવાં=હરાવવુ, પાછુ પાડી દેવુ ]
ઘૂંટવું સ૦ક્રિ૦ [સર૦ હિં घोटना, મ घोटणें,દે घुट्ठा=વાસણ પર પડેલું ધાબુ ઘસવાનો પથ્થર]લસોટવુ,પીસવુ(૨)ઘેરવુ,રોધવુ(શ્વાસને) (૩) અભ્યાસથી-પુનરાવર્તનથી પાકુ કરવુ ઉદા૦ અક્ષર ઘૂંટવા, રાગ ઘૂંટવો
ઘૂંટાવું અ૦ ક્રિ૦, -વવું સ૦ ક્રિ૦ 'ઘૂંટવુ'નુ કર્મણિ ને પ્રેરક
ઘૂંટી સ્રી૦ પગની પાટલી અને નળાને જોડનાર સાંધા આગળનુ હાડકુ (૨)['ઘૂંટવુ' ઉપરથી, સર૦ મ घुटी, હિં घुट्टी] ગળથૂથી(૩)[સર૦ 'ઘાટી'] ગૂંચવણ, ભરાઈ પડાય એવી મુસ્કેલી
ઘૂંટો પુ૦ ['ઘૂંટવુ' ઉપરથી] ઘૂંટીને બનાવેલો લોદો (૨) ઘૂંટવાનું-લસોટવાનુ સાધન (૩) ઘૂંટવાથી આવેલો ઓપ
ઘૃણા સ્રી૦[સં.] તિરસ્કાર (૨) દયા, અનુકંપા
ઘૃત ન૦ [સ] ઘી
ઘેઘૂર વિ૦ મસ્ત, ચકચૂર
ઘેટું ન૦ જેના શરીર ઉપર ઊન થાય છે તે પ્રાણી [ઘેટાંનું ટોળું=ગાડરિયો પ્રવાહ. ઘેટાં બકરાં=સામે ન થાય તેવા ગરીબ પ્રાણી.]-ટી સ્રી૦ ઘેટાની માદા -ટો પું૦ ઘેટાનો નર [ઢીંચકુ
ઘેડ સ્રી૦ ['ઘડો' ઉપરથી ?] નાનો ઘડો, લોટુ,
ઘેન (ઘે) ન૦ [अ ग्रैन] નશો,કેફ, સુસ્તી (૨) મદ, અભિમાન [-ઊતરવું=નશો કે મદ જવો -ચડવું=નશાની અસર થવી -માં પડવું=નશા કે સુસ્તીને વશ થવુ ]
ઘેબ(-વ)ર,-રું ન૦[સ. घृतपूर, દે घेउ(-व)र] એક વાની-પકવાન. -રિયું વિ૦ ઘેબરના જેવુ સ્વાદિષ્ટ
ઘેર (ઘે) અ૦ ['ઘર' પરથી] ઘરે, ઘરમા, ઘર તરફ. [(-ને) ઘેર ઊઠવી=-ની અછત કે તાણ પડવી (૨) ખર્ચના ગોદા કે નુકસાનમા પડવુ; -ને ઘેર બેસવી (જેમ કે 'આમા તો એને રૂા. ૧૦૦ને ઘેર ઊઠી'.)-કરવું=(દીવો) ઓલવવો-રાણો કરવો.-કાંટા પડવા=ઘર ઉજ્જડ થવું, નિર્વંશ જવુ -ગોળી બેસવી =નુકસાન થવુ -જવું=(દીવો) ઓલવાવો (૨) કોઈ કામ કે કશામાથી ખસવું, ટળવું, વચ્ચેથી હઠવું, એવા ભાવમા જેમ કે, ન ફાવે તો જાય ઘેર -તાળું દેવાવું=ઘર સત્યાનાશ કે નિસંતાન જવુ (૨) ઘર પર ટાચ આવવી -બેઠાં=ઘર બહાર કે દૂર પરગામ ક્યાય ગયા વિના,ઘરઆગણે (૨) [લા ] વગર ખાસ મહેનતે, સહેજે -બેઠાં ગંગા (આવવી, થવી)=સહેજે-અનાયાસે મોટો લાભ (-ને) ઘેર બેસવી=-નો ગોદો કે નુકસાન આવવુ (૨) (સ્રીએ ની સાથે)

નાતરું કરવું -બેસવું=બેકાર બનવુ (૨) અંતરફ થવુ, રજા મળવી (૩)[તગાદો કરવા] ધરણું લઈને બેસવુ -મૂકવું=સાથે ન રાખવું, દૂર કરવુ (૨) ઘરેણે મૂકવુ]

**ઘેર** પુંં૦ [ 'ઘેરવુ' ઉપરથી ?]ઘેરાવ,'સર્કમ્ફરન્સ' (૨)સમૂહ,ટોળી(૩)(૨,) સ્ત્રી૦ કોર પરનો ભાગ [-બાંધવી] (૪) ચોટલીની આસપાસ રાખેલી ધારી(૫)ઘેરૈયાનુ ટોળું,હોળી ખેલવા નીકળેલી ટોળી ૦કો પુ૦ જથ્થો, સમૂહ ૦ણ સ્ત્રી૦ ઘેરી લેવુ તે, ઘેરો (૨) ધારણ ૦દાર વિ૦ ઘેરવાળુ (કપડુ)(૨)ખૂલતુ,ચપસીને નહિ એવું

**ઘેરગંભીરું, ઘેરગંભીર** વિ૦ ['ગહીર ગંભીર'] ઘેરું અને ગંભીર, અતિ ગાઢ

**ઘેરવું** સ૦ક્રિ૦ [સર૦ हिं घेरना, म घेरणें स ग्रह्, प्रा घे परथी ?] ચારે તરફ વીંટળાઈ વળવુ (૨) (પશુને) પાણી પાવુ [**ઘેરી લેવું**= ઘેરીને કબજામા લેવું, ઘેરો ઘાલવો]

**ઘેરાવ, -વો** પુ૦ ઘેર, ચારે તરફનો વિસ્તાર(૨) ઘેરવું તે, રોકાણ, અટકાયત

**ઘેરાવું** અ૦ક્રિ૦ 'ઘેરવુ'નુ કર્મણિ (૨) સપડાવુ; ઘેરામા આવી જવું(૩)[ઘે']('ઘેરુ' ઉપરથી ?) ઘેરુ થવું, વ્યાપવુ (જેમ કે આખ નશા કે ઊંઘથી, આકાશ કે ચદ્ર વાદળથી, વાદળ કાળાશથી)

**ઘેરિયા** ન૦ એક પક્ષી

**ઘેરી** સ્ત્રી૦ ['ઘેર' ૪ ઉપરથી]માથા પરની ધારી

**ઘેરુ** ન૦ [જુઓ ગેરો, સર૦ म घेरू] કીડાએ કોરવાથી ગરેલો લાકડાનો લોટ

**ઘેરું** (ઘે) વિ૦ [स गभीर, हिं. गहरा] ગાઢ, પાકું (રંગના સંબંધમાં), ઘણી માત્રામા રંગવાળું (જેમ કે ઘેરો લાલ) (૨) ઊંડું, ગહન (૩) ચકચૂર, ખુમારીવાળુ (આંખના સબધમા)

**ઘેરૈયો** પુ૦ ['ઘેર' (૨) ઉપરથી] હોળી ખેલવા નીકળેલો, ઘેરમાનો માણસ [**ઘેરૈયા રમવા**= ઘેર બાંધી હોળીનુ નૃત્ય કરવુ] **-યા ચૌદશ** સ્ત્રી૦ ફાગણ સુદ ચૌદશ

**ઘેરો** પુંં૦ [ 'ઘેરવુ' ઉપરથી ] ઘેરી લેવું તે [**-ઘાલવો, નાખવો, ઊઠવો**] (૨) રોકાણ, અટકાવ (૩) સમૂહ; ઘચૂમલો (જેમ કે ઝાડનો)

**ઘેલચંદ્ર(-દ્રું), ઘેલછા, ઘેલાઈ** જુઓ 'ઘેલુ'માં

**ઘેલું** (ઘે) વિ૦ [स ग्रहिल, प्रा. गहिल] ગાડું; અક્કલ વગરનુ (૨) ન૦ ગાડપણ [**-કરવું**= નાદ કે ધૂન લગાડવી **-થવું**= ગાડા પેઠે વર્તવું, ગાડી વાત કરવી **-લાગવું, -વળગવું**= ગાડપણ વળગવુ (૨) ધૂન લાગવી **ઘેલાં કાઢવાં**= ગાડા કાઢવા **ઘેલીનો ગવાળો**= અવ્યવસ્થિત ગાસડા-પોટલા ] **-લચંદ્ર(-દ્રું)** વિ૦ જેની ઘેલછા ચંદ્રના ક્ષયવૃદ્ધિની પેઠે પાક્ષિક હોય એવું, વખતે ડાહ્યુ અને વખતે ગાડુ થઈ જતુ હોય એવુ **-લછા** સ્ત્રી૦ ગાડપણ (૨) ધૂન [**-આવવી, -લાગવી, -વળગવી**=કશાકની ધૂન વળગવી, **-કરવી, -કાઢવી**=ગાડા પેઠે વર્તવું, ગાડા કાઢવાં ] **-લાઈ** સ્ત્રી૦ ઘેલાપણુ, ગાડપણ ૦તૂર વિ૦ ગાડુતૂર, સાવ ઘેલુ

**ઘેવર** સ્ત્રી૦ + ગહ્વર, ગુફા

**ઘેવર(-રું)** ન૦[દે ] **-રિયુ** વિ૦ જુઓ 'ઘેબર'મા

**ઘેંઘટ** (ઘેં) વિ૦ ઊંઘ કે કેફથી ઘેરાયેલુ (૨) સ્ત્રી૦ વરસાદ અંધાર્યો હોય એવી આકાશની સ્થિતિ

**ઘેંઘાટ** (ઘેં૦) પું૦ + જુઓ ઘોઘાટ

**ઘેંશ(-સ)** (ઘેં૦) સ્ત્રી૦ ખાવાની એક હલકી વાની-ભરડકું [**ઘેંશમાં ઘી**= અઘટિત ખર્ચ ]

**ઘૈયું** ન૦ [स गह्वर] ખાડો, ખાંધરો

**ઘો** સ્ત્રી૦ [स गोधा] ગરોળીના આકારનુ એક ઝેરી પ્રાણી

**ઘોગંધારી** સ્ત્રી૦ એક વનસ્પતિ-ઔષધિ

**ઘોઘર** પું૦ [स घुर्घर ?] ભારે માથાનો જંગલી બિલાડો (૨) બાળકને બિવડાવવાનો હાઉ (૩) ન૦ એક પક્ષી ૦બિલાડો પું૦ જુઓ ઘોઘર અર્થ ૧ ૦રાણો પુ૦ ઘોઘરોનો રાજા, મોટો ઘોઘર (નવરાત્રીમા 'માતાજીનો ઘાચી' નામની એક મોટી અને બિહામણી પુરુષાકૃતિ, જેની આગળ બાળકો રમે છે)

**ઘોઘરુ** વિ૦ [સર૦ म घोघरा, फा. गोग्गर-રવ૦] ખોખરુ-ભારે સાદવાળુ

**ઘોઘરો(-ળો)** પુ૦ [રવ૦] ભારે સાદ, ઘાંટો (૨) ગળાના જે ભાગમાથી અવાજ નીકળે

ઘોડી ઋતુમા આવવી. -ને ઠાણુ દેવું = ઘોડીને ઘોડો દેખાડવો. -પલાણવી = ઘોડી પર સવારી કરવી -પ્રસવી ને વાત પ્રસરી = પાયા વિનાની મોટી ગપ ચાલવી (કાળી) ઘોડી = અફીણ (લીલી) ઘોડી = ભાગ (લાલ) ઘોડી = દારૂ (કાળી, લાલ, કે લીલી) ઘોડીએ ચડવું = નશો કરવો ]

**ઘોડુ** ન૦ [સં. घोट(०क), प्रा. घोड(०ग,०य)] ઘોડો અથવા ઘોડી (૨) નાનુ અથવા દુર્બળ ઘોડુ; ટટ્ટુ (૩) હયદળ, ઘોડાનો સમૂહ **-ડેસવાર** પુ૦ ઘોડા ઉપર સવારી કરનારો માણસ કે સિપાઈ

**ઘોડે** અ૦ (કા) ગોડે, પેઠે

**ઘોડેસવાર** પું૦ જુઓ 'ઘોડુ'મા **-રી** સ્ત્રી૦ ઘોડેસવાર થવુ તે

**ઘોડો** પુ૦ [જુઓ ઘોડુ] સવારીનુ એક પશુ, અશ્વ (૨) નદી કે દરિયાનુ મોટું મોજુ, લોઢ (૩) ઘોડા જેવા આકારની જાડી નકશીદાર ખીટી(૪)ચાપ - કળ (જેમ કે બદૂકનો) (૫) મોટી ઘોડી, કોઈ વસ્તુ મૂકવા માટે બનાવેલુ ઉભેડુ ચોકઠુ(૬)ચાર પાખડીનુ કપાસનુ કાલુ (૭)અગૂઠાની પાસેની આગળી ઉપર પહેરવાનું એક રૂપાનુ ઘરેણુ [(વ્યાજના) ઘોડા પર ઘોડા વધવા = વ્યાજનુ વ્યાજ ચડવુ.-જેવુ = ટટાર, મજબૂત. સ્ફૂર્તિવાળુ -થાકી જવા = થાકી જવુ (૨) હારી જવુ, આગળ વધવાની હિમત ન હોવી -દોડાવવા = ખાલી મનોરથ - શેખચલ્લીના વિચાર દોડાવવા -ગાઉ = ખૂબ લાબા લાબા ગાઉ -નહીં પહોંચવા = પગે કહ્યુ ન કરવુ, થાકી જવુ(૨)શક્તિ કે ગજું ન હોવુ -બાંધવા = જુઓ ઘોડા દોડાવવા ઘોડા લે ! = બહારવટિયા પકડો(એક ધમકી) ઘોડાવેગે = બહુ ઝડપથી. (-નુ) ઘોડું ચડતું હોવુ = જુસ્સામા હોવુ, ચડતો જોશ હોવો ઘોડું દોડવું = યોગ્ય વખતે કામ દેવુ (ઉદા૦ દશરાએ ઘોડું ન દોડે ત્યારે શું કરવાનું ?) ઘોડું પાડવું = બહુ ખરચ કરી નાખવું (કોઈને) બોજારૂપ થવુ ઘોડે ચડવું = આગળ પડવું, અગ્રેસર થવુ (૨)વરરાજા થઈ ઘોડા પર બેસવું(૩)ફતેહ થવું (૪) તત્પર થવુ ઘોડે ચડીને આવવું = ઉતાવળ કરતા આવવુ, (૨) છડે ચોક આવવુ ઘોડે ચડીને ઊતરવું = મૂર્ખ ઠરવુ (૨) પસ્તાવો કરવો ઘોડે પલાણ નાખવું, માંડવુ = ઘોડા પર જીન નાખવુ - બાધવુ (૨)તૈયારી કરવી, તત્પર થવુ(૩) લડવા જવુ. ઘોડે બેસવું = ઘોડા ઉપર સવારી કરવી ઘોડે બેસી ગાંસડી માથે મૂકવી = મૂખ જેવું કામ કરવુ ઘોડે બેસીને આવવું = જુઓ ઘોડે ચડીને આવવુ,ઘોડો ઘ(-ગ )ઠવો = મસલત કરવી, ખાનગી ચર્ચા કરવી -ચડાવવો = બદૂકની કળ ઊચી કરવી (૨) ત્રાજવાની દાડીમા કડી ચડાવવી, જેથી કરીને ઓછુ વત્તું જોખાય -જોર પર હોવો = જુસ્સામા હોવુ (૨) શરતમા જીતે એવું હોવુ -ઝાડ થવો = ઘોડે પાછલા પગ પર ઊભા થઈ જવુ -દેખાડવો (ઘોડીને) = ઘોડા ઘોડીને સંભોગ માટે ભેગા કરવા -પાડવો = બદૂક ફોડવા તેની કળ પાડવી -ફેંકવો = ઘોડો મારી મૂકવો ઘોડો બાંધ !, ઘોડો બાંધી રાખ ! = જરા થોભ, ઉતાવળ ન કર ! -બેસી જવો = થાકી જવુ, હારી જવુ -મારી મૂકવો = ઘોડો પૂરપાટ દોડાવવો (૨) ઉતાવળે નાસી જવુ ]

**ઘોણિયું** ન૦ ઢોલ, બાયુ

**ઘોણિયો** પુ૦ મોટી તાબાની વટલોઈ (કા.)

**ઘોનારવું** સ૦ક્રિ૦ (કા) મારવુ

**ઘોયરુ** (વો) ન૦ ગોતુ બાફવાનો ચૂલો [તિ

**ઘોયુ** ન૦ જખમ(૨)કોઈવાતમા નિરર્થક ભળવુ

**ઘોર** વિ૦ [સં] બિહામણુ (૨) કમકમાટી ઉપજાવે એવુ(૩)ગાઢ, અત્યત (પોતપોતાની માત્રામા) (જેમ કે નિદ્રા,વન,અંધારુ,અજ્ઞાન)

**ઘોર** પુ૦ [સર૦ મ ]ઘોર અવાજ કે રણકો(૨) તબૂરા ઇ૦મા ખરજ સ્વરના તારનો ઘોર અવાજ કે રણકો (૩) (૨,) સ્ત્રી૦ [ઘોરવું પરથી] ઊઘમા નાક બોલવાનો અવાજ. [-બોલાવવી = ઘોરવું, નસકોરા બોલાવવા ]

**ઘોર** સ્ત્રી૦ [फा गोर] મડદું દાટવાનો ખાડો,

સ૦ ક્રિ૦ વારવાર ઘોચવુ –ચાવું અ૦ક્રિ૦ ભોકાવું.
**ઘોંટવુ** (ઘો૦) અ૦ ક્રિ૦ ઘોરવું, ઊઘવુ (તુચ્છકારમા)
**ઘ્ન** વિ૦ [સ] હણનારું–નાશ કરનાર (સમાસને અતે) ઉદા૦ શત્રુઘ્ન
**ઘ્રાણ** ન૦ [સ] વાસ, ગંવ (૨) નાક. **–ણેંદ્રિય** સ્ત્રી૦ [+इद्रिय] વાસ લેવાની ઇદ્રિય–નાક. **–તિ** સ્ત્રી૦ [સ] જુઓ ઘ્રાણ
**ઘ્રાવુ** સ૦ ક્રિ૦ [સ घ्रा] સૂંઘવુ (૨) ચુંબવુ

## ઙ

**ઙ** પું૦ કઠસ્થાની અનુનાસિક (આ વ્યજનથી શરૂ થતો શબ્દ નથી તથા આમેય ગુજરાતીમા તે ઓછો જ દેખાય છે.)

## ચ

**ચ** પું૦ [સં] તાલુસ્થાની પહેલો વ્યજન (૨) અ૦ અને, વળી **૦કાર** પુ૦ ચ અક્ષર કે ઉચ્ચાર **૦કારાંત** વિ૦ છેડે ચકારવાળુ **૦ચ્ચો** પુ૦ ચકાર **૦વર્ગ** પું૦ ચ, છ, જ, ઝ, ઞ, એ પાચ તાલુસ્થાની વ્યજનોનો વર્ગ **૦વર્ગીય** વિ૦ ચવર્ગને લગતુ
**ચક** પુ૦ [चिक (તુર્કી)] બારણા પર નાખવાનો સળીઓનો પડદો, જાળીદાર અતરપટ. [–નાખવો=પડદો નાખવો, અતરપટ કરવો (૨) વેશ્યાનો ધધો કરવો ]
**ચક** પું૦ [સર૦ हिं] (સ્ત્રીઓનુ) એક ઘરેણુ
**ચક** પુ૦ [સ चक्र, प्रा. चक्क] (કચ્છ) કુભારનો ચાક (૨) બચકુ
**ચકચક** અ૦ [જુઓ ચકચકવુ] ચળકતુ હોય તેમ(૨)[રવ૦] (ચકલાનો અવાજ કે નકામો લવારો સૂચવે). **૦વુ** અ૦ક્રિ૦[રવ૦] 'ચકચક' એવો અવાજ કરવો (ચકલાએ) (૨) [સ चक्; प्रा चिकचिकाय] ચળકાટ મારવો; ઝળકવુ **–કાટ** પુ૦ ચળકાટ **–કિત** વિ૦ ચકચકતુ, ચળકતુ (૨) નિર્મળ, સ્વચ્છ
**ચકચાર** સ્ત્રી૦ પડપૂછ, ચર્ચા, વાતની ઊહાપોહ (૨) તપાસ. [–જાગવી=ચર્ચા કે પૂછપરછ ને ઊહાપોહ થવા, વાતની ભારે ચોળાચોળ થવી ]
**ચકચૂર** વિ૦ તલ્લીન, ગરક, મસ્ત (જેમ કે, દારૂ કે કેફથી) (૨) અ૦ [સર૦ મ, हिं चकनाचूर ] ચૂરેચૂરા
**ચકચૂંથ(–ધ)** સ્ત્રી૦ ['ચૂથવુ' ઉપરથી] ચૂથાચૂથ, ચોળાચોળ, નકામી ચર્ચા
**ચક(–ગ)ડોલ(–ળ)** પું૦ [સ चक्र+दोल] પારણા જેવી ડોળીમા બેસીને ગોળ ફરવાનો ફાળકો (૨) ફેર, ચકરી (૩) ન૦ એક પક્ષી. [ચકડોળે ચડવું=ચગડોળમા બેસી હીચવું (૨) કેફ ચડવો (૩) ગોટાવુ, ગૂચવાવું (મન, વાત) (૪) વખતોવખત મુલતવી રહેવુ ]
**ચકતી** સ્ત્રી૦ નાની ચપટી ગોળ તકતી **૦દાર** વિ૦
**ચકતું** વિ૦ ['ચકવુ' ઉપરથી] સાવધ, સાવચેત(૨) ન૦ [સ चक्र? સર हिं, म चकती] ગોળ કે ખૂણાદાર ચોરસ ટેકુ, જાડું દળદાર પડ (૩) [સર૦ हि चकत्ता, म चगदा] [લા] ચકામુ
**ચકબંદૂ(–ધૂ)ક** સ્ત્રી૦ [સં चक्र+બદૂક] એક જાતની જૂના વખતની બદૂક
**ચકભિલ્લુ** ન૦ [સ चक्र+ભિલ્લુ] એક રમત
**ચકભૂલ** સ્ત્રી૦ [સર૦ म] બેશુદ્ધિ
**ચકમક** પુ૦ [તુર્કી] એક જાતનો પથ્થર (તેની સાથે લોખડ અફાળવાથી અગ્નિ ઝરે છે) (૨) સ્ત્રી૦ તણખો (૩) ચમક, ઝલક (૪) [લા] તકરાર, કજિયો [–ઝરવી=કજિયો થવો, તકરાર કરવી ]
**ચકમંડળ** ન૦ [સ. चक्र+मडल] ઉપર ચકર ચકર ફરવુ તે, તેમ ફરતી વસ્તુઓનો સમૂહ (૨) અતિ ખટપટથી વધી ગયેલી અવ્યવસ્થા (૩) મજાક-મશ્કરી કરવાને મળેલી ટોળી
**ચકમો** પું૦ [फा.] જાડું ઊનનું કપડુ; બનાત
**ચકરચકર** અ૦ [સં. चक्र ઉપરથી] ફરતા ચક્રની માફક ગોળ ગોળ

**ચકરડી** સ્ત્રી૦ [સ. चक्र ઉપરથી] ફૂદડી (૨) ફેર, ચકરી (૩) ચક્કર ફરતી ચકતી, ફરકડી (૪) એક ચક્કર ફરે એવું રમકડુ [**-આવવી**=ચકરી આવવી. **-ખાવી**=ફૂદડીએ ફરવું **-ફેરવવી, -રમવી**=ચકરડીના રમકડા વડે રમવુ. **-ખવડાવવી**=ભુલાવવુ, ભમાવવુ **-રમવી**=એ નામની રમત રમવી **-રમાડવી**=ભુલાવવુ, ભમાવવુ ]૦**ભમરડી** સ્ત્રી૦ ફૂદડી ફરવાની એક રમત **-ડુ** ન૦ ચક્ર (૨) ફૂંડાળુ; મીડુ (૩)ચકરી પાઘડી (તિરસ્કારમા) [**ચકરડા જેવો રૂપિયો**=રોકડો કલદાર રૂપિયો **ચકરડું કરવું**=મોટા મીંડા જેવું કરવું, શૂન્ય પરિણામ લાવવુ ]

**ચકરડા** વિ૦ [સ चक्र ઉપરથી] હષ્ટપુષ્ટ, ગોળ મટોળ (પુરુષ માટે)

**ચકરભમર** અ૦ [+भ्रमर] ફરતા ચક્રની જેમ

**ચકરમકર** ન૦ [સર૦ મ, ચક્ર+મકર=ફરેબ ?] કાવતરુ, તરકટ

**ચકરવકર** અ૦ ચકરી આવવાથી બેભાન [(**આખો**) **ચકરવકર થવી**=આખ આમ તેમ ફરવી ને વકાવી ]

**ચકરાવો** પુ૦ [સ चक्र+व्यूह ?] ફેરાવો (૨) ઘેર, પરિઘ (૩) કોઠાયુદ્ધ, ચક્રવ્યૂહ [**-ખાવો, ચકરાવામાં પડવું**=ફેરમા જવું; લાબો રસ્તો પકડવો, વર્તુલાકારે ફરવું ]

**ચકરી** વિ૦ [સ चक्र] ગોળ આકારનુ (જેમ કે ચકરી પાઘડી=ગોળ દક્ષિણી પાઘડી)(૨) સ્ત્રી૦ ફેર, તમ્મર [**-આવવી -ખાવી**=ફેર આવવા, તમ્મર આવવી ] (૩) નાનુ ચક્કર ચકરડી **-રું** ન૦ જાડો રોટલો, રોટલાનો ગોળ કકડો (તિરસ્કારમા) (૨) [તુચ્છકારમા] ચકરી પાઘડી

**ચકલી** સ્ત્રી૦ ['ચક' રવ૦ ઉપરથી અથવા સં. चटका, चटिका] ચકલાની માદા (૨) [લા ] પાણીનો નળ ખોલવાની ચાવી (૩) પાણીનો નળ [**-ખોલવી, -ફેરવવી**=પાણી આવે માટે નળની ચાવી મરડવી **ચકલી નાની ને ફૈડકો મોટો**=ગજા ઉપરાતની વાત-ડફાસ ] ૦**ભટ** પુ૦ ગરીબ બ્રાહ્મણ

**ચકલુ** ન૦ ચકલીનું ન૦ રૂપ (૨) કોઈ નાનુ પખી (જેમ કે, ચકલા બહુ ખાઈ જાય છે) [**-ફરકવુ**=(નકારના ભાવ સાથે વપરાય છે) કોઈ પણ પ્રાણીનો અવરજવર હોવો **ચકલાં ચૂંથવાં**=નજીવા કામમા ખાલી માથુ મારવુ -ચૂથાચૂથ કરવી ] **-લો** પુ૦ નર ચકલુ, એક પખી

**ચકલું** ન૦ [? चक्कल પરથી ?] મહોલ્લા આગળની છૂટી જગા (૨) ચાર રસ્તા મળતા હોય એવુ નાકુ **-લેદાર** પુ૦ ચકલાનો રખવાળ-પોલીસ **-લો** પુ૦ચકલુ કે ચકલામા બેસતુ બજાર [**ચકલામાં જવુ**=વેશ્યાગમન કરવું **ચકલામાં બેસવુ ,ચકલે બેસવું, ચકલે દુકાન કાઢવી કે માંડવી**=વેશ્યાવૃત્તિ કરવી **ચકલે મૂકવુ**=જાહેર કરવુ (૨) ચકલા વચ્ચે ઉતાર મૂકવો **ચકલે વાત થવી**=લોકોમા નિંદા થવી **ચકલો ઠેકાણે ન હોવો**=અક્કલ ન હોવી ]

**ચકવુ** વિ૦ [સ चकृ (ચકિત) ઉપરથી] લાગ જોતુ બેઠેલુ, તત્પર (૨) અ૦ ક્રિ૦ લાગ જોતા બેસવુ (૩) તકાસવુ

**ચકવે** અ૦[સ चक्रवर्ती, પ્રા चक्कई ઉપરથી] ચક્રવર્તીપણે ('એકચકવે' શ પ્ર મા)

**ચકવો** પુ૦ [સ चक्रवाक, પ્રા चक्कवाग(-य)] એક પખી, ચક્રવાક **-વી** સ્ત્રી૦ ચકવાની માદા

**ચકળવ(-વિ)કળ** વિ૦ [સ चकृ (ચકિત)+ વકળ (વ્યાકુળ)] (૨) અ૦ આકુળવ્યાકુળ

**ચકદલ** પુ૦ [સર૦ મ चक्रदळ] કોલ્લો

**ચકડુ** વિ૦ ['ચકવુ' ઉપરથી] કોઈનુ ગાજ્યુ ન જાય એવુ [સચો

**ચકંદો** પુ૦ ચગદીને રૂની ગાસડીઓ બાધવાનો

**ચકા** સ્ત્રી૦ [જુઓ ચક] સરકટ કે સાઠાની ચીપ

**ચકાચક** અ૦ [સ चक्=પરિતૃપ્ત થવુ]ભરપટ્ટે, પેટ ભરીને, ખૂબ [ચાઠુ

**ચકામું(-ચુ)** ન૦ ચામડી પર પડેલુ ચાઠુ કે

**ચકાર** પુ૦[સં ]'ચ' અક્ષર કે ઉચ્ચાર [**-પણ ન બોલવો**=એક અક્ષર પણ ન બોલવુ]

**ચકારી** સ્ત્રી૦ [સર૦ મ] પીઠ પાછળ ભૂડુ બોલવુ તે

**ચક્ષૂરાગ** પું૦ [સ] આખોની લાલાશ (૨) આખો વડે દેખાડાતો રાગ–પ્રેમ
**ચક્ષૂરોગ** પું૦ [સ] આખનો રોગ
**ચખ** ન૦ [સ चक्षु] ચક્ષ૰ આખ (૫)
**ચખાડવું** સ૦ ક્રિ૦ 'ચાખવું'નુ પ્રેરક
**ચખાર** પું૦ દગલબાજ, ચાલાક ? (ચોર સાથે વપરાય છે –'ચોર-ચખાર')
**ચગડોળ** ન૦ જુઓ ચકડોળ
**ચગદવું** સ૦ ક્રિ૦ [સ गद् (ગદા) ઉપરથી ?] પગ તળે કચરવું, જોરથી દાબવુ (૨) 'એને તે ત્યા ચગદવો છે ?'–એવી ઉક્તિમા 'વધ કરવો, ચડાવવો' એવા ભાવમા વપરાય છે
**ચગદાવું** અ૦ ક્રિ૦ 'ચગદવું'નુ કર્મણિ રૂપ
**ચગદોળવુ** સ૦ ક્રિ૦ ચગદવુ, રગદોળવુ
**ચગમગવુ** અ૦ ક્રિ૦ ['ચગવુ' ઉપરથી] ચગવુ; રંગમા આવવું
**ચગવું** અ૦ ક્રિ૦ [સ चक् ઉપરથી] આકાશમા –ઊંચે ઊડવુ (૨) અણસારામાં સમજી જવુ (૩) [લા] રગમા આવવુ, ખીલવુ
**ચગળવું** સ૦ ક્રિ૦ [ચગદવું+ગળવુ ?] ધીમે ધીમે ચાવવુ, મમળાવીને ખાવુ
**ચગુ** વિ૦[સ. चञ्चु ? સર૦ મ चग, चञ्च, हिं चगड=ચાલાક] ચ ચળ, ચાલાક (૨) સજ્ઞાથી –ઇશારામા સમજી જાય એવુ
**ચગું** ન૦ ધસડાઈ આવીને ઠરેલો કાદવ, કાપ
**ચ(૦ણ)ચણવું** અ૦ ક્રિ૦ [રવ૦] બળતરા થવી, લાય બળવી (૨) [સર૦ સ चण्] ચણ ચણ થઈને બળવુ (૩) [લા] મનમા દુ ખી થવુ – બળવું
**ચ(૦ણ)ચણાટ** પુ૦ ચચણવુ તે, લાય
**ચ(૦ર)ચરવું** અ૦ ક્રિ૦ [રવ૦] બળતરા થવી, લાય બળવી
**ચ(૦ર)ચરાટ** પુ૦ ચચરવુ તે, બળતરા
**ચચૂકો(–ડો)**પું૦[સ चिंचा=આબલીઉપરથી] ચિચૂકો, કચૂકો, આબલીનો ઠળિયો
**ચચ્ચાર** વિ૦ ['ચાર' ઉપરથી] ચાર ચાર
**ચટ** પુ૦ [સં कट ઉપરથી ? સર૦ મ] શ્રાદ્ધમા દેવને સ્થળે મુકાતી ગાઠ વાળેલી દાભની સળી (૨) સ્ત્રી૦ [જુઓ ચટક] કાળજી, ચાનક (૩) જીદ, હઠ (૪) અ૦ [રવ૦ ? સ. चट्= પડવું, તૂટવુ પરથી ?] ઝટ, ચપટીની સાથે [–દઈને, લઈને=ઝટ, તરત] (૫) ('કરવુ, કરી જવું' સાથે) (ખાવાનુ) ખતમ, પૂરુ [સર૦ મ, हिं, दे चट्ट=ચાટવુ (૨) ભૂખ ?]
**ચટક** પુ૦ [સ] ચકલો
**ચટક** વિ૦ [સ चट् પરથી ?] (ગનુ ચટક' એમ પ્રયોગમાં આવે છે) ખૂબ રાતુ–આખે બાઝે એવુ દીપતુ [સર૦ મ पिवळाचटक] (૨) સ્ત્રી૦[दे चट्ट=ભૂખ, સર૦ મ] લહેજત, સ્વાદ (૩) [સ चट्=ભોકવુ] ચટકો, ડખ (૪) [લા] ચાનક, લાગણી ૦ચાંદની સ્ત્રી૦ ઘણી સ્વરૂપવાન સ્ત્રી ૦(–કં)તું વિ૦ ભપકાદાર, ચટકદાર ૦દાર વિ૦ સ્વાદિષ્ટ, લહેજતદાર (૨) મોહક, ચિત્તાકર્ષક (૩) મનમા ડખે તેવુ (૪) લાગણી ઉશ્કેરે એવુ (લખાણ, ભાષણ) ૦મટક વિ૦ ફાકડુ, નખરાબાજ (૨) સ્ત્રી૦ વરણાગિયો–નખરાબાજ દેખાવ કે ચાલવાની રીત ૦વું સ૦ ક્રિ૦ ચટકો ભરવો (૨) [લા] મનમા ચટકો લાગવો (૩) અ૦ક્રિ૦ (ચાદનીનુ) દીપવુ, ખીલવુ –કાટવું સ૦ક્રિ૦ ચટકો ભરવો –કાવવું સ૦ક્રિ૦ ડખ મારવો, કરડવુ (૨) મનમા ખૂચવુ [ચટકાવી જવું= ચટ કરી જવુ, બધુ ખાઈ જવુ ]–કી સ્ત્રી૦ તીવ્ર લાગણી (૨) ચૂટી, ચપટી (૩) મોહિની (૪) ખૂલતો લાલ રગ –કીદાર વિ૦ જુઓ ચટકદાર ૧ થી ૩ –કું ન૦ ટીપુ, છાટો –કો પુ૦ દશ, ડખ (૨) [લા] મનની તીવ્ર લાગણી (૩) સ્વાદ, લહેજત, ચસકો [–દેવો, –ભરવો, –મારવો=ચટકાવવુ, ડખવુ –લાગવો=ડખાવું, ડખ બેસવો (૨) મનમાં ચટકો–લાગણી થવી (૩) લહેજત લાગવી, સ્વાદ આવવો]
**ચટ(–ટા,–ટો)ચટ** અ૦ [જુઓ 'ચટ' અ૦] ઝટઝટ, સપાટામા
**ચટણી** સ્ત્રી૦ [दे चट्ट=ચાટવુ ઉપરથી] વાટીને બનાવાતી એક ચટકદાર વાની [–કરવી,–કરી નાખવી=વાટીને લૂગદી જેવુ બનાવવુ (૨) ખચવુ, વાપરી નાખવુ ઉદા૦ 'સો રૂપિયાની

ચટણી કરી ?-થઈ જવું,-ની પેઠે ઊડી જવું =જોતજોતામા ખવાઈ, ખરચાઈ કે વપરાઈ જવુ. -માં કાઢી નાખવું=લેખામા ન લેવુ -માં જવું=ઉપલક ખરચાઈ જવુ (૨) લેખામા ન લેવાવુ.] ૦ખાઉ વિ૦ ચટણીનુ શોખીન

**ચટપટ** અ૦ [રવ૦;સર૦ म , हिं.] તાબડતોબ, ઝટપટ (૨) વિ૦ ચાપલુ, ડાહ્યુ

**ચટ(-ટા)પટી** સ્ત્રી૦ ['ચટપટ' ઉપરથી] અતિ ઉત્સુકતા; તાલાવેલી (૨) અકળામણ, સતાપ

**ચટપટિત** વિ૦ ['ચટાપટા' ઉપરથી] ચટાપટાવાળું

**ચટવું** અ૦ક્રિ૦ [म चट्] દિલ પર ચોટ લાગવી. [ચટી જવું=હૃદયમા ભોકાવુ,બરોબર લાગવુ ]

**ચટાઈ** સ્ત્રી૦ [स कट, हिं ] સાદડી. ૦ની સ્ત્રી૦ વડી (પુષ્ટિમાર્ગીય)

**ચટાકો** પુ૦ [सं चट्,दे चट्ट=ભૂખ] ચટકો; તીવ્ર લાગણી (૨) સ્વાદ

**ચટાચટ** અ૦ ચટચટ, ઝટઝટ

**ચટાડવું** સ૦ક્રિ૦ 'ચાટવુ'નુ પ્રેરક

**ચટાપટા** પુ૦બ૦વ૦ ['પટા' ઉપરથી] રગબેરગી આડાઅવળા પટા

**ચટાપટી** સ્ત્રી૦ જુઓ ચટપટી

**ચટાં** અ૦ જુઓ ચટ્ટા

**ચટિયું** વિ૦ ['ચટ' સ્ત્રી૦ ઉપરથી] જિદ્દી, હઠીલુ. -યણ વિ૦ સ્ત્રી૦ હઠીલી, જિદ્દી

**ચટીલું** વિ૦ [જુઓ ચટિયુ] ચટવાળુ

**ચટ્ટડું** વિ૦ ['ચાટવુ' ઉપરથી] ખાવાનુ લાલચુ (૨) લાચિયુ [તાબડતોબ

**ચટોચટ(-ટ્ટ)** અ૦ ['ચટ' અ૦ ઉપરથી ]

**ચટ્ટ** અ૦ જુઓ ચટ -ટ્ટાં અ૦ જુઓ ચટ, ખતમ, ઓહિયા [જલદીથી

**ચડ** અ૦ ['ચટ' અ૦ ઉપરથી] જોતજોતામા,

**ચડ(-ઢા,-ઢ,-ઢા)ઊતર(-રી)** સ્ત્રી૦ [સર૦ दे चडुत्तरिया] ચડવુ અને ઊતરવુ તે

**ચડચડ** અ૦ [રવ૦, प्रा ] (બળવાનો રવ) ૦વું અ૦ક્રિ૦ તતડવુ (૨) ચડચડ એવા અવાજ સાથે બળવું. -ડાટ પું૦ તતડાટ

**ચડ(-ઢ)ણ(ડ')** ન૦['ચડવુ'ઉપરથી] ચડાવવાળો માર્ગ; ચડાવ -તી સ્ત્રી૦ ઉન્નતિ (૨) બઢતી; વૃદ્ધિ -તી પડતી સ્ત્રી૦ ચડવુ અને પડવું તે, અસ્તોદય -તું વિ૦ વધતુ, ઊંચે જતુ (૨) ચડિયાતુ. [ચડતા દહાડા હોવા= સગર્ભા અવસ્થા હોવી ચડતા પગારે =પગાર ચાલુ રહે એવી રીતે ચડતી કળા, ચડતી કમાન=આબાદીનો વખત ચડતી પાયરી =વધારે ઊંચો હોદ્દો. ચડતી ભાંજણી = નાનામાથી મોટા પરિમાણમા રકમ ફેરવવી તે (ગ૦) ચડતી શ્રેઢી=સરખા ઉત્તરની અથવા સરખા ગુણોત્તરની વધતી સખ્યાઓનો હિસાબ ગણવાની રીત (ગ) ચડતી હાલત=આબાદ સ્થિતિ ચડતું વ્યાજ= ચક્રવૃદ્ધિ વ્યાજ ચડતો દહાડો=વધતો દિવસ (૨) ઊગતો સૂરજ (૩) આબાદીનો વખત (૪) [સ્ત્રીની] સગર્ભા સ્થિતિ ચડતો પહોર=સૂર્યનો તાપ વધતો જતો હોય એવો દિવસનો વખત ચડતો પાસો= આબાદી ] -ન ન૦ ચડવુ તે, ચડતી

**ચડપ**, ૦ચડપ અ૦ ઉતાવળથી, ત્વરાથી ૦વુ સ૦ક્રિ૦ જુઓ ઝડપવુ

**ચડપાટવું** સ૦ક્રિ૦ જુઓ ચપડાવવુ અર્થ (૨)

**ચડભડ** સ્ત્રી૦ [રવ૦, સર૦ म चडफड, दे चडपड] ચડભડવુ તે ૦વુ અ૦ક્રિ૦ ગુસ્સે થવુ, ખીજવુ, લડી પડવુ, ઊંચાનીચા થવુ -ડાટ પુ૦ ચડભડ

**ચડ(-ઢ)વું** સ૦ક્રિ૦, અ૦ક્રિ૦ [प्रा चड-ढ] નીચેથી ઉપર જવુ (ઉદા૦ પગથિયા ચડવા) (૨) વધવુ, ઊચે જવુ (ઉદા૦ ભાવ, રેલ; સૂર, અવાજ, પૂર, સોજો ઇ૦) (૩) સવાર થવુ, બેસવુ (ઉદા૦ ઘોડે ચડવુ) (૪) ચડાઈ કરવી (ઉદા૦ ગુજરાત ઉપર ચડી આવ્યો) (૫) બફાવુ, રધાવુ (ઉદા૦ ભાત ચડી ગયો છે) (૬) ગર્વથી ફૂલવુ (૭) ગુસ્સે થવું (ઉદા૦ ચડી ચડીને બોલે છે) (૮) સકોચાવુ; ટૂકુ થવુ (ઉદા૦ કપડુ ચડી ગયુ) (૯) -ના કરતા શ્રેષ્ઠ ઠરવુ (૧૦) -નો નશો કે ખૂબ અસર કે પાસ લાગવો (ઉદા૦ અફીણ,દારૂ, ઇ૦ તથા થાક, ક્રોધ,ઘેન,ગર્વ, કાટ, રગ ઇ૦ચડવુ) (૧૧) [લા.] (સર૦ અર્થ ૩) -ની લતમા કે નાદમા

ફસાવું (ઉદા૦ નાદે,લતે,ચડસે,હઠે ચડવું)(૧૨) [કોઈ વસ્તુની બાકી] વધવી, ચૂકતે કે અદા કરવાનું એકઠું થવું (ઉદા૦ કામ, ઉઘરાણી, ઊંઘ,થાક,પગાર, રજા,દેવું,ઉપકાર ઇ૦ ચડવા) (૧૩) [સર૦ પ્રા चड्डु=મર્દન કરવું,ચોળવું] લેપ કે અર્ચા થવી (ઉદા૦ હનુમાનને તેલ ચડવું, પીઠી ચડવી) (૧૪) નૈવેદ્ય ઇ૦ તરીકે અપાવું (ઉદા૦ દેવને ફૂલ ,નાળિયેર ચડવું – ચડાવવું)(૧૫) –ના ઉપર ઢાંકણ કે ગલેફ પેઠે આવવું (ઉદા૦ પૂંઠું,ગલેફ, ખોળ ઇ૦ ચડવા) [ચડ ચૂલા ખાઉં=રસોઈ તૈયાર પણ ન થઈ હોય ત્યારથી ખાવાની ઉતાવળ કરવી **ચડી આવવું**=આક્રમણ કરવું, હુમલો લઈ ધસી આવવું. **ચડી જવું**=સંકોચાવું, ટૂંકું થવું (૨)(રડતાં) કળ ન વળતાં શ્વાસ રૂંધાઈ જવો (૩) ગુસ્સે થઈ જવું (૪) [લા ] શરીરે સુકાવું (ઉદા૦ એના વગર શું ચડી ગયો હતો ? )**ચડી બેસવું**=સવાર થવું (૨) સરજોરી કરવી (૩) મર્યાદા મૂકી વર્તવું, આજ્ઞા ઉલ્લંઘવી **ચડી વાગવું**=બહેકી જવું, મર્યાદા ન માનવી **ચડયે ઘોડે આવવું**= અતિશય ઉતાવળ કરતાં – એકશ્વાસે આવવું **ચડયું ખાતું**=અવિવેકી અને અમર્યાદ વર્તન.]

**ચડવો** પું૦ માટીની નાની લોટી

**ચડ(–ર)સ** પું૦ [સર૦ हिं. चरस] એક માદક પદાર્થ (૨) વ્યસન, ચસકો, લત (૩) મમત [ચડસે ચડ(–ઢ)વું=મમતે ચડવું ] –**સા-ચડ(–ર)સી** સ્ત્રી૦ હરીફાઈ –**સીલું** વિ૦ લતવાળું (૨) મમતી, હઠીલું

**ચડસું** ન૦ ['ચડવું' ઉપરથી] પાણી ઊંચે ચડાવવાનું એક યંત્ર

**ચડા(–ઢા)ઈ** (ઢા') સ્ત્રી૦ ['ચડવું' ઉપરથી] લશ્કરી આક્રમણ, હુમલો –**ઉ** વિ૦ ફૂલણજી (૨) ઝટ ગુસ્સે થઈ જાય એવું (૩) જમીનને માફક એવું, ગુણકારી (૪) ચડવા – સવારી કરવા યોગ્ય –**ઊતર(–રી)** સ્ત્રી૦ જુઓ ચડઊતર –**ચડ(–ડી,–ઢ,–ઢી)** સ્ત્રી૦ હુંસા-તુંસી, સરસાઈની સ્પર્ધા –**ણ** ન૦ ચડાવ, ચડાવવાળો માર્ગ. –**વ** પું૦ ઊંચાણ(૨)ચડતા ઊંચાણવાળી જગા (૩) તેવો માર્ગ (૪) વૃદ્ધિ; વધારો(૫) ચડાઈ –**વવું** સ૦ ક્રિ૦ 'ચડવું'નું પ્રેરક [**ચડાવી મારવું, મૂકવું**=ઉશ્કેરી મૂકવું (૨) લાડ લડાવી બહેકાવી મૂકવું. **ચડાવી જવું** [સર૦ પ્રા चड्डु=ખાવું]= ખાઈ જવું, આરોગી જવું] –**વો** પું૦ જુઓ ચડાવ (૨) ઉશ્કેરણી

**ચડિ(–ઢિ)યાતું** (ઢિ') વિ૦ ['ચડવું' ઉપરથી] વધારે સરસ; ચડતું –**તાપણું** ન૦

**ચડી** વિ૦ તીવ્ર (સ્વર)

**ચડીચોટ** અ૦ એકદમ, સપાટાબંધ

**ચડીમાર** પું૦+[हिं. चिडिमार, चिडिया+मार] પારધી

**ચડે(–રે)ડાટ** અ૦ [રવ૦] મોટે અવાજે(ફાટવું)

**ચડ્ડી** સ્ત્રી૦ [फा., સર૦ हिं , म ]અર્ધું પાટલૂન, જાંઘિયો

**ચઢઊતર** સ્ત્રી૦ જુઓ ચડઊતર

**ચઢન** ન૦ જુઓ ચડન –**વું** જુઓ ચડવું

**ચઢાઈ,–ઉ, –ઊતર(–રી), –ચડ(–ઢ, –ઢી), –ણ,–વવું,–વો** જુઓ 'ચડાઈ'માં

**ચઢિયાતું, –તાપણું** જુઓ 'ચડિયાતું'માં

**ચણ** (ણ,) સ્ત્રી૦ પંખીઓને ચણવા માટે નખાતું અનાજ (૨) [જુઓ ચીણ] કરચલી-વાળી કપડાની સીવણી

**ચણક** પું૦ [सं] ચણો

**ચણકચીભડી** સ્ત્રી૦(કા.)છોકરીઓની એક રમત

**ચણકબાબ** પું૦ જુઓ ચિનીકબાલા

**ચણ(–ણા)ખાર** પું૦ જુઓ ચણાખાર

**ચણચણ** અ૦ [રવ૦] 'ચણણ' થાય એમ. ૦**મોગરી** સ્ત્રી૦ એક બેઠી રમત ૦**વું** અ૦ ક્રિ૦ જુઓ ચણણવું –**ણાટ** પું૦ ચચણાટ

**ચણતર** ન૦ ['ચણવું'પરથી]ચણવું તે,ચણવાનું કામ (૨) એની રીત

**ચણભણ** અ૦ ['ચણચણવું'+'ભણવું' પરથી?] ધીમે અવાજે (૨) સ્ત્રી૦ (કા ) ધીમે અવાજે ચાલતી લોકચર્ચા

**ચણવું** સ૦ક્રિ૦ [म चि, प्रा चिण ] (ઈંટ ઇ૦ વડે) દીવાલ, મકાન વગેરે બનાવવું (૨) [सं

ચણ્ ઉપરથી] વીણીને ખાવું (પક્ષી માટે)

**ચણિયારું** (ણિ') ન૦ જે ખાડામા ટેકાવાથી બારણુ ફરે છે તે [**-ખસી જવું**=ડાગળી ચસકી જવી (૨) નુકસાન થવુ (ઉદા૦ એમા તારુ શુ ચણિયારુ ખસી ગયુ ?) **ચણિયારાં ઠેકાણે રાખવાં**=ભાન ન ભૂલવુ, સયમ રાખવો. **ચણિયારાં નચાવવાં**=આખો મારવી, કટાક્ષ નાખવા ]

**ચ(૦ર)ણિયો** પુ૦ [સર૦ स. चलनी, दे चल्लणग] ઘાઘરો

**ચણીકબાલા** પુ૦ જુઓ ચિનીકબાલા

**ચણો** પું૦[स.चणक,प्रा. चण(०अ)]એક કઠોળ [**ચણા કરવા, કરી જવા**=વગર વિચારે ખર્ચવુ (૨) વટાવી ખાવુ, છેતરી જવુ (ઉદા૦ 'મને વેચીને ચણા કરી ગયો') **ચણા ચવરાવવા**=છેતરવુ (૨)સતાપવુ (૩) ત્રાહ્ય ત્રાહ્ય પોકરાવવી (ઉદા૦ 'લોઢાનાચણાચવરાવ્યા'). **ચણાના ઝાડ ઉપરથી કૂદવું**=ખોટી ડફાસ મારવી **ચણા મમરા ફાકીને રહેવું**= લૂખુ સૂકુ ખાઈને જેમ તેમ દહાડા કાઢવા ] **-ણાખાર** પુ૦ ચણાના છોડ ઉપરથી મળતો ક્ષાર **-ણાદાળ** સ્ત્રી૦ ચણાની દાળ **-ણાપણી** સ્ત્રી૦ ચણાનો પોપટાવાળો છોડવો (૨) તેવા છોડની ઝૂડી. **-ણાપાપડી** સ્ત્રી૦ ચણાની દાળમા ચાસણી મેળવી બનાવેલી એક મીઠાઈ.**-ણી** સ્ત્રી૦ નાનો ચણો,ચણાની એક જાત **-ણીબોર** ન૦ચણા જેવું નાનુ બોર

**ચણો(-નો)ઠી** સ્ત્રી૦ [दे. चिणोट्ठी] એક વેલો (૨)તેનુ ફળ (૩) વાલના ત્રીજા ભાગનુ વજન, રતી. **૦ભાર** વિ૦ બહુ થોડું [**-નાં ચીર**= ચળકતા લાલ રંગના વસ્ત્ર ]

**ચતરંગ** વિ૦ જુઓ ચતુરંગ (૨) ન૦ એક જાતનું વાજુ (૩) એક જાતનું ગીત

**ચતરાવવું** સ૦ ક્રિ૦ ચળાવવુ (કા)

**ચતસ્રજાતિ** સ્ત્રી૦[सं]ચાર કે ચતુર્થાશ માત્રાના ખડવાળા તાલની જાતિ

**ચતુર** વિ૦ [स] ચાલાક, હોશિયાર **-રા** સ્ત્રી૦ ચતુરસ્ત્રી **૦પણું** ન૦ **-રાઈ** સ્ત્રી૦ [**-કરવી, ચલાવવી, વાપરવી**=ચાલાકી કે હોશિયારીથી વર્તન કરવું, યુક્તિ લડાવવી ]

**ચતુર્** વિ૦ [स] ચાર (સમાસમા પૂર્વપદ તરીકે) **-રસ્ર** વિ૦ [सं ] ચોખૂણિયુ. **-રસ્રાસ્થિ** ન૦ 'ટ્રૅપેઝૉઇડ બોન'. **-રંગ** વિ૦ [+अग] ચાર અગવાળુ (૨) પુ૦ શેતરજ **-રંગિણી** વિ૦ સ્ત્રી૦ હાથી,ઘોડો, રથ અને પાયદળ એ ચાર અગવાળી (સેના) **-રંગી** વિ૦ ચતુરગ **-રંત** વિ૦ [+અત] ચાર છેડાવાળુ **-રાનન** પુ૦ [+आनन] (સ ) ચાર મુખવાળા– બ્રહ્મા **-રાશ્રમ** પું૦ [+आश्रम] ચાર આશ્રમ (બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સન્યસ્ત) **-ર્ગુણ**વિ૦ચારગણું, ચોગણું **-ર્ઘાત** પુ૦ અમુક સખ્યાને તેની તે જ સખ્યાએ ત્રણ વાર ગુણતા આવે તે ગુણાકાર(૨૪ =૧૬)[ગ ] **-ર્ઘાતસમીકરણ** ન૦ 'બાઈક્વૉડ્રૅટિક ઇક્વેશન' (ગ ) **-ર્થ** વિ૦ [स ] ચોથું **-ર્થક** વિ૦ ચોથુ (૨) પુ૦ ચોથિયો તાવ **-ર્થસમીકરણ** ન૦ જુઓ ચતુર્ઘાતસમીકરણ(ગ ) **-ર્થાશ્રમ** પુ૦ ચોથો આશ્રમ–સંન્યસ્તાશ્રમ **-ર્થાંશ** પુ૦ ચોથો ભાગ **-ર્થી** સ્ત્રી૦ ચોથ (૨) ચોથી વિભક્તિ [વ્યા ] **-ર્થીકર્મ** ન૦ લગ્ન પછી ચોથે દિવસે કરવાનો વિધિ **-ર્દશ** વિ૦ ચૌદ **-ર્દશી** સ્ત્રી૦ ચૌદશ **-ર્દળ** વિ૦ ચાર પાખડીવાળું. **-ર્દિશ** અ૦ ચોતરફ **-ર્દિશા** સ્ત્રી૦ ચારે દિશા **-ર્ધા** અ૦ [स] ચારે પ્રકારે–રીતે **-ર્ભુજ** વિ૦ ચાર હાથવાળુ (૨) હાથ પાછળ આવેલા હોય તેવુ–તેવી રીતે કેદ પકડેલું (૩) ચાર ખૂણા કે બાજુઓવાળુ (૪) પુ૦ ચાર બાજુઓવાળી આકૃતિ (૫) આળસુ માણસ (૬) [सं ] વિષ્ણુ **-ર્માસ** પુ૦ બ૦ વ૦ ચાતુર્માસ (દેવપોઢીથી દેવઊઠી એકાદશી સુધીના) [**-કરવા, -રહેવું**= સાધુસન્યાસીએ ચોમાસાના ચાર માસ એક ઠેકાણે ગાળવા (૨) ચોમાસાનુ વ્રત કરવુ ] **-ર્મુખ** પુ૦ (સ ) બ્રહ્મા **-ર્મૂલ(-ળ)** ન૦ 'ફોર્થ રૂટ' (ગ ) **-ર્યુગ** પુ૦બ૦વ૦ ચાર યુગ (સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિ) **-ર્વર્ગ** પુ૦બ૦વ૦ ચાર પુરુષાર્થ (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ)

-પેસી જવી = ચોંક પેસી જવી ] ૦ચાંદની સ્ત્રી૦ બનીઠનીને રહેતી ફરતી દુશ્ચરિત સ્ત્રી ૦પથ્થર, ૦પહાણ પું૦, ૦બાણ ન૦ લોહચુંબક (૨) ચકમક ૦વા પું૦ એક રોગ ૦વું અ૦ ક્રિ૦ [પ્રા. चमक्क (स चमत्कृ?)] જુઓ ઝબૂકવુ(૨)ચોંકવુ(૩)વઠી જવુ [ચમકી ઊઠવું = ભડકી ઊઠવુ,એકાએક બી જવુ (૨) આશ્ચર્યચકિત થઈ જવુ ] ૦વો પું૦ ચમકવાળુ લટકુ -કાટ પું૦ ચમકારો, ઝબકારો (૨)વાઈ નો આવેશ (૩)વઠી જવુ તે -કાર(-રો) પુ૦ [प्रा चमक्कार, सं चमत्कार] ઝબકારો(૨) ચમક,કપારી (૩) ચમચમ થતો અવાજ -કાવવું સ૦ ક્રિ૦ 'ચમકવુ'નુ પ્રેરક (૨) સપાટવુ, મારવુ -કિત વિ૦ ચમકેલુ, ચકિત(૨)ચમકતુ -કી સ્ત્રી૦ ચમચમે એવી નેતરની સોટી

ચમકળી સ્ત્રી૦[ચંપક + કળી ઉપરથી]સ્ત્રીઓનુ કોટનુ એક ઘરેણુ

ચમચબઝ ન૦ એક પક્ષી

ચમચમ અ૦ [રવ૦] ચમચમે એમ ૦વું અ૦ ક્રિ૦ 'ચમચમ' એવો અવાજ થવો (૨) તીવ્ર બળતરા થવી. -માટ પુ૦ ચમચમવુ તે

ચમચી સ્ત્રી૦ [જુઓ ચમચો] નાનો ચમચો (૨) [म चची] પાનસોપારી ઇ૦ રાખવાની ખાસ કોથળી

ચમચો પુ૦ [तुर्की चुम्चह, स , प्रा चमस] રસોઈમા તથા ખાવાપીવાના કામમા આવતુ એક કડછી જેવુ સાધન

ચમડપોસ પુ૦[ચમડ (ચમ્મડ,ચામડુ)+फा. पोशीदन ] ચામડાનુ ઢાકણ, ઓઢો

ચમડી સ્ત્રી૦ [हिं ] ચામડી [ચમડી તૂટે પણ દમડી ન છૂટે = જીવ જાય પણ પૈસો ન છોડે (તેના સ્વભાવના માણસ માટે )

ચમત્કાર પુ૦ [सं.] આશ્ચર્ય, આશ્ચર્યકારક બનાવ-દેખાવ (૨) કરામત, અલૌકિક ક્રિયા. [-દેખાડવો, બતાવવો = અલૌકિક કે અદ્ભુત કામ કરી દેખાડવુ (૨) પ્રભાવ કે ખબર પડે એમ હાથ કે પરચો બતાવવો ] ૦ક, -રિક,-રી વિ૦ [सं ] ચમત્કારવાળુ

ચમત્કૃતિ સ્ત્રી૦ [सं ] જુઓ ચમત્કાર

ચમન પુ૦, ન૦ [फा ] બાગ(૨)આનંદ, મોજ-મજા. ૦બંદી સ્ત્રી૦ બાગબાની

ચમર પુ૦ ધૈર્ય, હામ (બ૦વ૦મા વપરાય છે. ઉદા૦ ચમરબંધીના ચમર વછોડે તેવુ )

ચમર સ્ત્રી૦ [स चमर = ચમરી] વાળ કે પીછા (૨) સ્ત્રી૦, ન૦ જુઓ ચમ્મર

ચમરકઠા પું૦બ૦વ૦ એ નામના ઘઉં

ચમરખું ન૦ [स चर्म, प्रा चम्म + રાખવુ પરથી સર૦ हिं चमरख] રેંટિયાની ત્રાક જેમા રખાય છે તે (ચામડાનો કકડો) [ચમરખા જેવું શરીર = સુકાયેલુ, ચડી ગયેલુ શરીર]

ચમરબંધ પુ૦[स चर्म + બંધ] ચામડાનો પટો -ધી વિ૦ કેડે ચમરબંધવાળુ (૨) શૂરવીર અને ધૈર્યવાન (૩) પું૦ ચમરબંધી માણસ (૪) સત્તાધીશ, રાજા જેવો માણસ [-ના ચમર વછોડે તેવું = ભારે હિંમતવાળુ ]

ચમરાળ વિ૦ ['ચમર'વાળુ] ચમરબંધી

ચમરી સ્ત્રી૦[स ] રેસાવાળી ફૂલની માંજર મંજરી (૨) ફૂલની મંજરીના આકારની રેશમ કે ઊનની બનાવટ (૩) મચ્છર વગેરે ઉડાડવાની ઘોડાના વાળની બનાવેલી ચામર ૦ગાય સ્ત્રી૦ એક પ્રકારની પહાડી ગાય, જેના પૂંછડાના વાળની ચામર બને છે

ચમસ પુ૦ [सं ] સોમરસ પીવાનો પ્યાલો, એક યજ્ઞપાત્ર

ચમાર વિ૦ [स चर्मकार; प्रा चम्मार] ચામડિયાની જ્ઞાતિનુ (૨) પુ૦ તે જ્ઞાતિનો માણસ, ચામડિયો. ૦કામ ન૦ ચમારનુ કામ ૦ણ સ્ત્રી૦ ચમાર સ્ત્રી. ૦દૂધી સ્ત્રી૦ એક વેલો (ચમાર લોકો તેનો ઉપયોગ ચામડાના વાળ ઉતારવામા કરે છે)

ચમૂ સ્ત્રી૦ [स ] સેના ૦પતિ પું૦ સેનાપતિ

ચમેડ સ્ત્રી૦ એક છોડ - ચિમેડ ૦-ડિયું ન૦ ચમેડ જેવી શીંગોવાળો એક છોડ

ચમેલી સ્ત્રી૦ [स चंपक + वेली? સર૦ हिं, म.] એક ફૂલવેલ, ચંપેલી, જાઈ (?)

ચમ્મડ વિ૦ [स चर्म ઉપરથી] ચામડા જેવુ, ઝટ તૂટેફાટે નહિ એવુ (૨) [લા ] કૃપણ, કંજૂસ ૦તોડ વિ૦ કંજૂસ

પગચંપી ૦રજ સ્ત્રી૦ પગની રજ–ધૂળ [–લેવી=ભક્તિપૂર્વક વંદના કરવી ચરણ-સ્પર્શ કરી, તે હાથ માથે લગાડવો] ૦સેવા સ્ત્રી૦ પગચંપી (૨) ભક્તિનો એક પ્રકાર ૦સ્પર્શ પું૦ પગનો સ્પર્શ. –ણામૃત ન૦ [+अमृत] ચરણોદક (૨) દૂધ, દહીં, ઘી મધ અને પાણી વગેરેનું મિશ્રણ, જેના વડે દેવમૂર્તિને સ્નાન કરાવ્યું હોય તે –ણારવિંદ ન૦ [+अरविंद] ચરણરૂપી અરવિંદ–કમળ –ણોદક ન૦ [+उदक] દેવ, ગુરુ વગેરેના ચરણ ધોયેલું પાણી

**ચરણવું** સ૦ક્રિ૦ [જુઓ ચચરવું] હામવું (૨) અ૦ક્રિ૦ દિલમાં બળવું (૩) દુખનો ટહકારો કરવો (૪) ઊંઘમાં દાંત કચડવા

**ચરણાકુલ(–ળ)** પું૦ એક છંદ [લાવરો

**ચરણું** ન૦,–ણિયો,–ણો પું૦ [જુઓ ચણિયો]

**ચરપણ** ન૦ [सं. कृपण] કૃપણતા, કંજૂસાઈ ૦વેડા પું૦ બ૦ વ૦ કંજૂસના જેવું વર્તન –ણું, ચરપી વિ૦ કંજૂસ

**ચરબી** સ્ત્રી૦ [फा] પ્રાણીઓના માંસમાં રહેલો તેલી પદાર્થ (૨) [લા] મદ, અભિમાન [–કરવી –કરડવી=મદમાં આવી જઈ, ચાહવા કરવા, નિર્લજ યા જોર દાખવવું –ચડવી,–વધવી=મદ–અભિમાનમાં છકી જવું] ૦દાર વિ૦ ચરબીવાળું

**ચરભક્ષ** ન૦ [सं चरुभक्ष] હોમ માટે રાંધેલું અન્ન વરકન્યાએ એકબીજાને ખવડાવવું તે, લગ્નને બીજે દિવસે કરાતી એક ક્રિયા

**ચરમ** ન૦ + [જુઓ ચર્મ] ચામડું

**ચરમ** વિ૦ [सं] અંતિમ, છેવટનું ૦પંથી વિ૦ અંતિમ માર્ગે ચાલનારુ

**ચરમ** ન૦ [?] મુદ્ગર, મગદળ

**ચરર,૦ર** અ૦ [રવ૦] (કપડું વગેરે ફાટવાના અવાજ માટે)

**ચરવાદાર** પું૦ ઘોડાની ચાકરી કરનારો, ગાવત

**ચરવી** સ્ત્રી૦ [सं चरु ઉપરથી] નાનો ચરુ, દેગડી

**ચરવું** અ૦ક્રિ૦ [सं चर्] ચાલવું ફરવું (૨) [सं चर्, फा चरीदन] ઘાસ, દાણો વગેરે ફરીને શોધી ખાવો (પશુ પંખીએ) (૩) રળવું, પેદા કરવું [ચરી ખાવું=રખડી ખાવું, ગમે તે રીતે પેટ ભરવું (૨) લાંચરુશ્વત લેવી]

**ચરસ** –માચરસી,–સીલું જુઓ 'ચડ(–ર)'માં [(૨) ન૦ જાનવર, પશુ

**ચરંદુ** વિ૦[फा चरिंदह]ચરનારુ–ઘાસ ખાનારુ

**ચરાઈ** સ્ત્રી૦ ['ચરાવવું' ઉપરથી] ઢોર વગેરે ચારવાનું મહેનતાણું –ઉ વિ૦ ચરવા માટે યોગ્ય,ચરા તરીકે વાપરવાનું(૨)ન૦ ચરો –કા સ્ત્રી૦ ઢોરને ચરવાની જમીન –ણ ન૦ ચરો, ગોચર(૨)ચરામણ –મણ ન૦,–મણી સ્ત્રી૦ જુઓ ચરાઈ

**ચરાચર** વિ૦[सं]ચર અને અચર, ચેતન અને જડ,સ્થાવર અને જંગમ (૨) ન૦ આખી સૃષ્ટિ

**ચરાણ, –મણ, –મણી** જુઓ 'ચરાઈ'માં

**ચરાવવું** સ૦ક્રિ૦ 'ચરવું'નું પ્રેરક (૨) [લાંચ] આપવી

**ચરાળ** વિ૦ જોઈએ તે કરતાં ઊંચું –ઉભેડું (જેમ કે, હળપૂણી ચરાળ છે) (૨) સ્પર્શની લાગણી ન થાય એવું–જાડું (જેમ કે ચરાળ ચામડી)

**ચરિત** ન૦[सं] આચરણ,વર્તન(૨)જીવનચરિત. –તાર્થ વિ૦ [+अर्थ] કૃતકૃત્ય, કૃતાર્થ (૨) સફળ (૩) પું૦ નિર્વાહ (૪) ભાવાર્થ

**ચરિત્ર** ન૦[सं] જુઓ ચરિત (૨) [લા] કપટ, પાખંડ, કાવાદાવા. ૦કાર પું૦ જીવનચરિત્ર લખનાર ૦કીર્ત(–र्त्त)ન ન૦ (જીવન-)ચરિત્રનું ગુણગાન ૦નિરૂપણ ન૦ જીવનનું વર્ણન, જીવનકથા

**ચરી** સ્ત્રી૦ બેહદ બેઠેલા ઢોરને ઊભું રાખવાની લાકડાની ઘોડી (૨) [सं चर्या] કરી, પરેજી

**ચરુ** પું૦ [सं.] એક પહોળા મોંનું વાસણ, દેગ (૨) હોમનો ચરુ [–ચડાવવો=જમણ આપવું (૨) જમણ આપવાની હરીફાઈમાં ઊતરવું] ૦ભક્ષણ ન૦ હવિષ્યાન્ન ખાવું તે ચરભક્ષ ૦ડી સ્ત્રી૦ નાનો ચરુ, દેગડી ૦રો પું૦ ચડવો, માટીનો લોટો

**ચરેડાટ** અ૦ [રવ૦] જુઓ ચડેડાટ

**ચરેડો(–રો)** પું૦ [રવ૦] ચરડકો, ચાસકો(૨) ચીરો

(ચરોતરમા ખેડૂનો પાક ઇ૦ બાધી લાવવા પણ એ વાપરે છે)

**ચલાણી** સ્ત્રી૦ નાનુ ચલાણુ (૨) 'બાઈ બાઈ ચાળણી'ની રમત **-ણું** ન૦ પડઘીવાળી નાની પ્યાલી

**ચલામણી** સ્ત્રી૦ ['ચાલવુ' ઉપરથી] લગ્ન થઈ રહ્યા બાદ છેલ્લે દિવસે કન્યાપક્ષ તરફથી વરપક્ષને સગપણ પ્રમાણે અપાતી બક્ષિસ

**ચલા(-ળા)યમાન** વિ૦[સં] હાલતુ (૨) ડરતુ, બદલાતુ

**ચલાવવુ** સ૦ક્રિ૦ 'ચાલવુ'નુ પ્રેરક [ભાવે

**ચલાવુ** અ૦ક્રિ૦ ચાલવાની ક્રિયા થવી,'ચાલવુ'નુ

**ચલાતર** ન૦ [સ] 'વેરિયેશન' (ગ)

**ચલિત** વિ૦ [સં] ચળેલુ,સ્થાનભ્રષ્ટ(૨)અસ્થિર (૩) સંગીતનો એક અલંકાર **૦કુ(-કૂં)ડલી(-ળી)** સ્ત્રી૦ ચલિત ગ્રહ બતાવનારી કુંડળી (જ્યો)

**ચલિયુ** ન૦ [જુઓ ચલ્લુ] ચકલુ, એ જાતનું નાનુ પખી [**ચલિયા ઉડાડવાં**=પાકનુ રખોપુ કરવુ, ચકલાને પાક ઉપર ન બેસવા દેવા (૨) રમત કરવી, બેસી રહેવુ **ચલિયું ફરકવું**=કોઈએ પંણ અવરજવર કરવો (પ્રાય નકારના-નિર્જન હોવુ-એ ભાવમા)

**ચલૂડું** ન૦ [સ ચરુ?] કચોલુ, પ્યાલી (૨) માટીના લોટી, લોટુ

**ચલેયો** પુ૦ કડકો (સુ) [(આજ્ઞાર્થરૂપ)

**ચલો** અ૦ ક્રિ૦ [हिं.] ચાલો, તૈયાર થાઓ

**ચલોકો** પુ૦ ખેમ, ઉપરણો

**ચલ્લુક** વિ૦ [સર૦ पाली चुल्ल, दे. चुल्ल=નાનુ, લઘુ]+હલકુ, માલ વગરનુ, ક્ષુલ્લક

**ચલ્લુ** ન૦ [સર૦ दे चिल्ला, स चिल्ली] ચકલાની જાતનુ નાનુ પંખી, ચકલુ. **-લ્લો** પુ૦ ચકલો **-લ્લી** સ્ત્રી૦ ચકલી

**ચલ્લુ** ન૦ [सं. चुलुक] ચાગળું, અંજલિ

**ચવ** પુ૦, સ્ત્રી૦ [म] મોતીનુ એક તોલ, ટકો (રતી=૧૩॥ ટકા)(૨)હોંશ, રામ,સકાર (૩) આવડત,ગમ (૪)ઢંગ, ઠેકાણું (૫)[સર૦ हिं. चाव] સ્વાદ, લહેજત **૦દાર** વિ૦ [म] સ્વાદવાળુ, લહેજતદાર

**ચવક** પુ૦ એક જાતનો ચવડ વેલો

**ચવચવ** વિ૦ [મર૦ म, प्रा =એક રવ રવ૦?] પરચૂરણ,ફુટકળ (૨) સ્ત્રી૦ જુદે જુદે ઠેકાણેથી ચૂટી કાઢેલી-ફુટકળ બાબતો

**ચવડ** વિ૦ [જુઓ ચિવ્વડ] મુશ્કેલીથી તૂટે કાટે કે ચવાય એવુ

**ચવડા(-રા)વવુ** સ૦ક્રિ૦ 'ચાવવુ'નુ પ્રેરક

**ચવડુ** વિ૦ ચવડ (૨) ન૦ હળનો અણીદાર દાતો, જે ભોયમા પેસે છે

**ચવલિયુ, ચવલું** વિ૦ પાપણે વોળા વાળવાળુ (ઉદા૦ 'ચવલિયો બળદ')

**ચવલી** સ્ત્રી૦ [म] બેઆની

**ચવલો(-ળો)** પુ૦ જૈન જતિનો રજોયણો(૨) શેરડીમા થતો એક રોગ

**ચવવુ** સ૦ક્રિ૦ [प्रा चव=કહેવુ (૨) ચ્યવવુ; જન્માતર પામવુ] કહેવુ, વર્ણવવુ (૫) (૨) અ૦ ક્રિ૦ ચ્યવવુ, પડવુ (ઉદા૦ દેવલોકમાથી ચવવુ) (જૈન)

**ચવવેરો** પુ૦ ઘર તથા જમીનનો વેરો

**ચ(૦ળ)વળવું** અ૦ ક્રિ૦ [જુઓ ચળવળવુ] સળવળવુ, ચળ આવવી [તનમનાટ

**ચ(૦ળ)વળાટ** પુ૦ ['ચવળવુ' પરથી] ચળ (૨)

**ચવળો** પુ૦ જુઓ ચવલો

**ચવાઈ** સ્ત્રી૦ મશ્કરી, ઠેકડી

**ચવાણું** ન૦ [स चर्वण] કાચુ કોરુ કે શેકેલુ ખાવાનુ (ધાણી, ચણા, મમરાશેવ વગેરે)

**ચવાવુ** અ૦ક્રિ૦ 'ચાવવુ'નુ કર્મણિ (૨) [સર૦ शौ चव्व=ચર્ચવુ, दे चवेण=લોકાપવાદ. हिं चवाई,-व=બદનામી] [લા] વગોવાવુ; લોકમા ગવાવુ

**ચવૈયા** પુ૦ બ૦ વ૦ ચાળા પાડવા તે

**ચવો** પુ૦ પગને તળિયે થયેલો ફોલ્લો

**ચશ્મ** સ્ત્રી૦ [फा] આખ **૦(-સ્મ)પોશી** સ્ત્રી૦ દીઠુ અદીઠું કરવુ તે,આખ આડા કાન કરવા તે **-શ્મી** વિ૦ સ્ત્રી૦ આખના આકારની (કોર) **-શ્મું** ન૦ આખે બરાબર દેખાય તે માટે પહેરવાનો કાચ (પ્રાય બ૦ વ૦ મા). [**ચશ્માં આવવાં**=થોડુ દેખાવુ, આખને ચશ્માની જરૂર પડે એમ થવુ (૨) અભિમાન

ચડવું. –ઊતરી જવાં=ચશ્માંની જરૂર ન રહેવી –ચડાવવાં, ઘાલવાં=ચશ્માં પહેરવાં –ઠેકાણે ન હોવાં=મિજાજ ઠેકાણે ન હોવો –ફરી જવાં=ગુસ્સે થવું (૨) ખરી વસ્તુ ન દેખાય એવું થવું –બેસવાં, લાગુ પડવાં=જોવા માટે અનુકૂળ (જોઈતા નંબરના) ચશ્માં મળવાં. ચશ્માંનો નંબર કાઢવો=આંખને કયા ચશ્માં બેસશે તે તપાસવું, કયા નંબરનો ચશ્માંનો કાચ જરૂરી છે તે ખોળી કાઢવું ચશ્મે બુલબુલ, ચશ્મે સુલાખ=આંધળું; ઓછું જોતું.] –શ્મેધણ વિ૦ આંધળું ઘબ, સાન ન દેખતું (ચશ્માં વગર ન જ દેખાય એવી આંખોવાળું)

ચશ્મો(–સ્મો) પું૦ [फा] પાણીનો ઝરો

ચષક પું૦ [सं] મદ્ય; દારૂ (૨) તે પીવાનું પ્યાલું

ચસ ન૦ [सं चष्, प्रा. चस=ખાવું; ભાવવું] અતિ ભાવ – પ્રેમ, ચસકો

ચસક સ્ત્રી૦ ['ચસકવું' ઉપરથી, સર૦ हिं] (નસ કે સાંધાના સ્નાયુના એકાએક) ચસકવાથી થતું દુખ. (–આવવી,–મારવી)

ચસકવું અ૦ ક્રિ૦ [સર૦ ખસકવું; રવ૦] પકડમાંથી અથવા એકાદા સ્થાનમાંથી ખસવું છટકવું (૨) ગાંડા થવું, મગજ ઠેકાણે ન રહેવું

ચસકાવું અ૦ક્રિ૦ચસકવું, મરડાવું, ચસક આવવી

ચસકો પું૦ ['ચસકવું' ઉપરથી] ચસક, સળક (૨) [જુઓ ચસ, સર૦ हिं] તલબ, ભાવ, ચડસ (૩) લત, ખો (૪) નખરાબાજી [–આવવો, નાંખવો, મારવો=જુઓ ચસક આવવી –કરવો=સ્વાદ કરવો, શોખ કરવો –પડવો=–નો શોખ થવો, –નો સ્વાદ ખૂબ ગમી જવો –લાગવો=નાદ કે લત પડી જવી]

ચસચસ અ૦ [સર૦ કસવું, રવ૦] ચસે નહિ તેમ ૦વું અ૦ ક્રિ૦ તંગ હોવું, જકડાવું (૨) સ૦ ક્રિ૦ ચસચસાવવું, બરાબર ખેંચીને પીવું –સાટ અ૦ ચસી ન જાય તેમ–તંગ (૨) સપાટાબંધ (પીવું) (૩) પું૦ તંગ હોવું તે. –સાવવું સ૦ ક્રિ૦ તંગ કરવું (૨) ઝપાટામાં કે બરોબર પીવું

ચસમ પું૦ [हिं] રેશમના દોરાની ગૂંછળી

ચસમપોશી સ્ત્રી૦ જુઓ ચશ્મપોશી

ચસમું ન૦ જુઓ ચશ્મું

ચસમો પું૦ જુઓ ચશ્મો

ચસવું અ૦ ક્રિ૦ [સર૦ ચસકવું] ચળવું ખસવું (૨) [સર૦ ચમચસવું, हिं. चसका] દબાઈને બેસી જવું (પૂળા, કડબ) (૩) ઘસી જવું (૪) નુકસાનમાં આવી પડવું

ચસાચસી સ્ત્રી૦ ચડસાચડસી, તકરાર

ચહટાલિ(–ળિ)યું વિ૦ સ્વાદીલું

ચહુ વિ૦ [सं. चतुर्, મ૦ हिं, प चहु, प्रा चउ] + ચાર ૦દા, ૦દિશ અ૦ + ચારે દિશાએ, બધી બાજુ

ચહેબચો પું૦ [फा चाहबच्च] લીલ અને વનસ્પતિથી ભરપૂર હોજ

ચહેરો પું૦ [फा. चहरह] મોંનો ઘાટ, શિકલ, સૂરત (૨) કપાળ પરની એક હજામત. [–ઉતરાવવો, –કઢાવવો, –કરાવવો=કપાળ પરના વાળની હજામત કરાવવી જેથી ચહેરો શોભે –ઊતરવો, ઊતરી જવો=મો લેવાઈ જવું–ફીકું પડી જવું –કાઢવો=ચહેરો કઢાવવો (૨) તેવી હજામત કરી ચહેરો વાટીલો બનાવવો (૨) આકૃતિ પાડવી–ચીતરવી –પડવો, પડી જવો=મો ઊતરી જવું] –રાદાર વિ૦ વાટીલું સુંદર

ચળ વિ૦ [सं चल] અસ્થિર ૦વિચળ વિ૦ જુઓ ચલવિચલ –ળાચળ વિ૦ [+અચળ] ચરાચર, ચળ અચળ

ચળ (ળ) સ્ત્રી૦ ખૂજલી ખજવાળ (૨)[લા] અજંપો ચટપટી [–આવવી, –થવી=ચટપટી થવી (૨) ખૂજલી થવી –કાઢવી –ભાગવી=ચટપટી દૂર કરવી, અજંપો દૂર કરવો –રાખવી=અજંપો સેવવો]

ચળક સ્ત્રી૦ ચળકાટ (૨) ચળકતી ટીકી ૦ચળક અ૦ ચળકે – તેજ મારે તેમ ૦વું અ૦ ક્રિ૦ [સર૦ हिं चलकना] તેજ મારવું, ઝબકવું. –કાટ પું૦ ચકચકાટ, પ્રકાશ [–મારવો=ખૂબ ચળકવું] –કારો પું૦ પ્રકાશનો ચમકારો. ઝબકારો –કી સ્ત્રી૦ ચળકાટ (૨) ચળકાટ મારતી વસ્તુનું છાટણું (ઉદા૦

કપડા ઉપર ચળકી છંટાવી છે –કીબંધ વિ૦ ચળકીવાળુ, ચળકતુ (નવા સિક્કા માટે)
**ચળચળવું** અ૦ક્રિ૦ [સં चल् ઉપરથી] ચળવુ, અસ્થિર થવુ
**ચળવણી** સ્ત્રી૦ જુઓ ચાળવણી
**ચળવળ** સ્ત્રી૦ [स चल्+वल् (स), સર૦ म] ચટપટી, અજંપો, વલોપાત (૨) હિલચાલ, પ્રવૃત્તિ, આંદોલન ૦વું અ૦ક્રિ૦ જરા હાલવુ, સળવળવુ (૨) કંઈક કરવાને ઊંચાનીચા થવુ (૩) મનમા ખૂચવુ –ળાટ પુ૦ ચળવળવુ તે (૨) તલસાટ, વલવલાટ (૩) ખજવાળ –ળિયુ વિ૦ ચળવળ જગાડવાના સ્વભાવનુ, વમાલિયુ
**ચળવું** અ૦ક્રિ૦ [स चल्] ડગવુ, ખસવુ (૨) [લા] પતિત થવુ, ચ્યવવુ
**ચળાઈ** સ્ત્રી૦ ['ચાળવુ' પરથી] ચળામણી –મણ ન૦ ચળામણી (૨) ચાળતા નીકળેલુ ભૂસુ – કચરો –મણી સ્ત્રી૦ ચાળવાનુ મહેનતાણુ
**ચળાયમાન** વિ૦ જુઓ ચલાયમાન
**ચળાવવું** સ૦ક્રિ૦ 'ચળવુ', 'ચાળવુ'નુ પ્રેરક
**ચળાવું** અ૦ક્રિ૦ 'ચાળવુ'નુ કર્મણિ (૨) 'ચળવું'નુ ભાવે
**ચળાંઠ** વિ૦ [સર૦ કળાઠ] વઠી–બહેકી ગયેલુ
**ચળિત** વિ૦ જુઓ ચલિત
**ચળિયાં** ન૦બ૦વ૦ ['ચાળવુ' ઉપરથી] લાડુના ચળામણના કકડા (કા)
**ચળિયાંપુતળિયાં** ન૦બ૦વ૦ [ચલિયુ + પૂતળું] (ઘઉં, જવની) ઊબીઓ
**ચળુ** ન૦ [सं चुलुक, प्रा चुलुअ] હાથમા પાણી લેવા હથેળીને પાત્રાકાર કરવામા આવે છે તે (જમી ઊઠી હાથ મો ધોતી વખતે) [–કરવું =જમીને હાથ મો ધોવા. –લેવું = ચળુ કરવા ચળુમા પાણી લેવુ] ૦પાણી ન૦ ચળુ લેવાનુ પાણી [(૪) પુષ્કળ
**ચંગ** વિ૦ [सं] સ્વસ્થ (૨) મજેદાર (૩) તદુરસ્ત
**ચંગ** પું૦ [फा] મોથી પકડીને વગાડવાનુ એક વાજુ, મોરચગ (૨) વગાડવાની પિત્તળની તકતી, તાળ (૩) પતગનુ પૂછડુ (૪) ગંજીફાની એક રમત (૫) ન૦ ઘટ
**ચંગી,** ૦ભંગી વિ૦ [ચગ + ભગ (ભાગ)] ભાગગાજામા મસ્ત રહેનાર, વ્યસની (૨) કાછડીછૂટો
**ચંગું** વિ૦ [જુઓ ચગ] નીરોગી, તદુરસ્ત
**ચંગૂલ** ન૦ [સર૦ हिं चंगुल, फा चुगल?] પક્ષીનો પજો
**ચંગોટી** સ્ત્રી૦ [સર૦ म चिगुटी] સૂતા મોઢે માથે ઓઢેલુ લૂગડુ [ટોપલી
**ચંગોડી** સ્ત્રી૦ [हं चंगेरी = ફૂલની નાની છાબડી]
**ચંચ**(–ચુ,–ચૂ) [स] સ્ત્રી૦ ચાચ
**ચંચરી** પુ૦ [स] ભમરો (૨) એક છદ (૩) સ્ત્રી૦ ભમરી ૦ક પુ૦ ભમરો
**ચંચલ**(–ળ) વિ૦ [स] ડગમગતુ (૨) અધીરુ (૩) ક્ષણિક, ફાની (૪) ચકોર, ચાલાક. ૦(–ળ)તા સ્ત્રી૦ –લા(–ળા) સ્ત્રી૦ ચચળ સ્ત્રી (૨) લક્ષ્મી (૩) વીજળી (૪) એક છંદ –લાયમાન વિ૦ ચચલ –ળાઈ સ્ત્રી૦ ચચળતા
**ચંચવાળવું** સ૦ક્રિ૦ [ચંચ (स चञ्चु) ઉપરથી] ચાચમા આવે તેટલુ થોડુ થોડુ મોમા લઈને મમળાવવુ (ઉદા૦ મોમા ક્યારનો શાને ચચવાળ્યા કરે છે?) (૨) [લા] ઝટ ખાત્મો ન આણવો (૩) પપાળ્યા કરવુ, હાથ ફેરવવો
**ચંચુ**(–ચૂ) સ્ત્રી૦ [स] ચાચ ૦પાત, ૦પ્રવેશ પુ૦ ચાચ બોળવી તે (૨) [લા.] પ્રવેશમાત્ર, અલ્પ પરિચય ૦સૂચી ન૦ એક પખી
**ચંડ** વિ૦ [स] ગરમ (૨) ક્રોધી (૩) ભયકર. ૦કિરણ પુ૦ (સ) સૂર્ય ૦નેત્રી સ્ત્રી૦ એક જાતની માખ ૦સરટ ન૦ પ્રાચીન કાળનુ વરોળીના આકારનુ એક રાક્ષસી પ્રાણી –ડા(–ડિકા,–ડી) સ્ત્રી૦ ઉગ્ર સ્વભાવની સ્ત્રી (૨) [स] દુર્ગાદેવી –ડાંશુ પુ૦ [+ अंशु] સૂર્ય
**ચંડાલ**(–ળ) વિ૦ [स] નિર્દય, ઘાતકી (૨) પાપી, નીચ (૩) પુ૦ એક જાતનો અત્યજ (૪) મારો, જલ્લાદ (૫) [લા] નીચ–ઘાતકી કર્મ કરનાર પુરુષ –ળચક્ર ન૦ અનર્થની કે અનિષ્ટની પરપરા–ચક્કર, 'વીશિયસ સર્કલ' –ળચોકડી સ્ત્રી૦ કાળા કામ કરનારાઓની ટોળી –ળણ(–ણી) સ્ત્રી૦ ચડાળ સ્ત્રી (૨) ચડાળની સ્ત્રી –ળપણુ ન૦

**ચંડિ,૦કા,–ડી** સ્ત્રી૦ [सं] જુઓ ચંડા
**ચંડીપાઠ** પુ૦[સં.]દુર્ગાદેવીનું સ્તોત્ર–સપ્તશતી. [**–કરાવવો**=(માનતાને અંગે) તે સ્તોત્રનો પાઠ પુરોહિત પાસે કરાવવો]
**ચંડૂલ** પુ૦ [સર૦ हिं चंडूल, म चंडोल] અફીણનું સત્ત્વ (ચલમમાં પિવાય છે)
**ચંડોલ(–ળ)** પું૦ [સર૦ म चंडो(–दो)ल, हिं चंडूल] એક પક્ષી (૨) ચકડોળ
**ચંત** પુ૦ ['ચંતવવું' ઉપરથી] આશક (૨) સ્ત્રી૦ + જુઓ ચિંતા (૩) ન૦ + ચિત્ત
**ચંતવવું**સ૦ક્રિ૦[सं चिंत]ચિંતવવું,વિચારવું(પ)
**ચંતની** સ્ત્રી૦ [જુઓ ચંત] માશૂક, પ્રિયા
**ચંતા** સ્ત્રી૦ + જુઓ ચંત, ચિંતા
**ચંદ** વિ૦ [फा] કેટલુંક, થોડું, જૂજ
**ચંદ** પુ૦[सं;प्रा] ચંદ્ર (૨) ચાંલ્લા તરીકે કપાળે ચોડવાની ટીકી
**ચંદન** ન૦ [सं] સુખડનું ઝાડ–લાકડું (૨) સુખડનો લેપ (૩) ટીલું, તિલક [(ચોખ્ખું) ચંદન જેવું=એકદમ ચોખ્ખું] ૦ગિરિ સ્ત્રી૦ જ્યાં સુખડનાં ઝાડ થાય છે એવો એક પર્વત, મલયાચલ. ૦ઘો પુ૦ [સર૦ हिं. चंदनगोह] જુઓ ઊડણઘો ૦ચૂડી સ્ત્રી૦ [?] નકશીદાર ચૂડી ૦હાર પુ૦ [સર૦ हिं, म चंद्रहार?] સ્ત્રીઓની કોટનું એક ઘરેણું
**ચંદની** સ્ત્રી૦ [दे चंदिण=ચંદ્રિકા, સર૦ दे. चंदणी=ચંદ્રની પત્ની] ચાંદની (૨) [सं. चंद्र ઉપરથી] ચંદરવો, છત (૩) ['ચંદન' ઉપરથી] ચંદન ભરવાની કટોરી (૪) ['चंद्र' ઉપરથી ?] એક વનસ્પતિ–બારમાસી
**ચંદરવું** સ૦ ક્રિ૦ વાત કઢાવી લેવી (૨) છેતરવું
**ચંદરવો** પુ૦ [सं. चंद्र પરથી, સર૦ हिं चँदवा, प्रा चंदाअव, चंदायय] છતનું રંગબેરંગી કપડું (૨) છત; ચંદની [**–બાંધવો**=માંડવો બાંધવો (૨) જાહેર કરવું (૩) ફજેતી ઉડાડવી (૪) કીર્તિ ગજાવવી.]
**ચંદા** સ્ત્રી૦ [सं चंद्र; प्रा. चंदअ] ચંદ્ર (૨) ચાંદની, ચાંદરણું. ૦વત વિ૦ એ નામની ક્ષત્રિયોની એક પેટા નાતનું (૨) પું૦ એ નાતનો માણસ (૩) રાજ્યનો મોટો સામંત ૦વા વિ૦ [+वत (सं.)] ચંદ્રના જેવું–જેટલું (૨) જેની ઉપર ચંદ્રની આકૃતિ કાઢેલી કે ભરેલી હોય તેવું [કોહવાણ લાગવું
**ચંદાવું** અ૦ ક્રિ૦ ['ચાંદુ' ઉપરથી] ચાંદુ પડવું,
**ચંદી** સ્ત્રી૦ [સર૦ म] ઘોડા કે બળદને અપાતો સૂકો દાણો (૨)[લા.] (લશ્કરના વાહનને ચંદી રૂપે) ખંડણી (૩) લાંચરુશવત. [**–ચડવી**=ચંદીનો દાણો કે લાંચ મળવી (૨) ખાઈ પીને ઘોડા જેવા થવું **–આપવી**=ખાવાની ચંદી મૂકવી (૨) ખંડણી આપવી]
**ચંદેરી** સ્ત્રી૦ (૨) વિ૦[दे = એક નગરી સર૦ हिं , म] એ નામનું એક જૂનું ગામ (ગ્વાલિયર રાજ્યમાં) કે ત્યાંનું બનેલું કે તેને લગતું (જેમ કે, ચંદેરી શેલું, પાઘડી ઇ૦ કાપડકામ)
**ચંદેલ** વિ૦ (૨) પુ૦ [सं चंद्र, સર૦ हिं] ક્ષત્રિયોની એ નામની પેટા નાતનું
**ચંદો** પું૦ [सं चंद्र] ચાંદો (૨) ધાતુના પતરા ઉપર લખેલું બક્ષિસનામું (૩) ચહેરો, મુખવટો (૪) ચંદ્રમા જેવો ગોળ આકાર (ટોપીનો ચંદો) (૫) ચાંલ્લો (૬) મહોર, છાપ
**ચંદ્ર** પુ૦ [सं] ચાંદો (૨) ઉપગ્રહ (જેમ કે, શનિને અમુક ચંદ્ર છે) (૩) છૂંદણું, ટપકું (૪) ચાંલ્લો (૫) એકની સંજ્ઞા ૦ક પુ૦ ચાંલ્લો (૨) મોરના પીંછાની ટીલડી (૩) મહોરછાપ વાળો સિક્કો, બિલ્લો (૪) ચંદ્રના જેવો આકાર ૦કલા(–ળા) સ્ત્રી૦ ચંદ્રની કળા, બિંબનો સોળમો ભાગ (૨) એક જાતની સાડી (૩) ચંદ્રનું કિરણ (૪) અંબોડાનું એક ઘરેણું, ચાક ૦કાંત પુ૦ એક જાતનો મણિ, જેના ઉપર ચંદ્રનાં કિરણ પડતાં તેમાંથી પાણી ઝમે છે ૦કાંતા સ્ત્રી૦ રાત્રી (૨) ચાંદની (૩) પુ૦ એક છંદ ૦કીડા પુ૦ એક છંદ ૦ગ્રહણ ન૦ ચંદ્રનું ગ્રહણ ૦ચૂડ(–ડામણિ) પુ૦ (સં.) શિવ ૦જ્યોતિ સ્ત્રી૦ ચાંદની (૨) એક જાતનું દારૂખાનું. ૦દારા સ્ત્રી૦ બ૦ વ૦ [सं] સત્તાવીસ નક્ષત્ર (તે ચંદ્રની પત્નીઓ મનાય છે). ૦નાડી સ્ત્રી૦ ઇડા ૦પ્રભા સ્ત્રી૦ ચાંદની ૦બિંદુ ન૦ અનુનાસિક અવાજની (ઁ)

આવી નિશાની ૦બિંબ પું૦ ચંદ્રનો ગોળો ૦મણિ પું૦ જુઓ ચંદ્રકાંત. ૦મંડલ(-ળ) ન૦ ચંદ્ર અને તેની આસપાસનું કૂંડાળું ૦મુખી વિ૦સ્ત્રી૦ ચંદ્રના જેવા મુખવાળી(૨) સ્ત્રી૦ચંદ્રના પ્રકાશમાં ખીલતા ફૂલની એક વેલ ૦મૌલિ પું૦ (સં) મહાદેવ ૦રે(-લે)ખા સ્ત્રી૦ ચંદ્રની કળા (૨) એક વનસ્પતિ (૩) એક છંદ ૦વર્ત્મ પું૦ એક છંદ ૦વાર પું૦ સોમવાર ૦શાલા(-ળા) સ્ત્રી૦ અગાશી ૦શેખર પું૦ (સં) મહાદેવ ૦હાસ પું૦ ચકચકતી તલવાર (૨) [સં] રાવણની તલવારનું નામ (૩) એક પૌરાણિક રાજા

ચંદ્રમા પું૦ [સં] ચંદ્ર, ચાંદો

ચંદ્ર(-દ્રૂ)સ પું૦ [સર૦ હિં चंद्रस, म चंद्र(-द्रू,-द्रो)स, अ सुंदरूस?] એક જાતનો સુગંધીદાર ગુંદર, ગંધબિરોઝો

ચંદ્રાયન પું૦ [सं चंद्र ઉપરથી] એક છંદ

ચંદ્રાવળા પું૦[सं चंद्र ઉપરથી] એક છંદ (૨) એક જાતની કાવ્યરચના· [ગીત

ચંદ્રાવળી સ્ત્રી૦[सं चंद्र ઉપરથી] એક જાતનું

ચંદ્રિકા સ્ત્રી૦ [सं] ચાંદની

ચંદ્રી સ્ત્રી૦ ચંદ્ર (૫)

ચંદ્રૂસ ન૦ જુઓ ચંદ્રસ [-દવા

ચંદ્રોદય પું૦[सं] ચંદ્રનો ઉદય (૨)એક ઔષધિ

ચંપક પું૦[सं] ચંપો ૦માલા(-ળા) સ્ત્રી૦ એક છંદ ૦વર્ણું વિ૦ જુઓ ચંપાવર્ણું

ચંપત વિ૦ [સર૦ हिं., म, स चप्=જવું] ભાગતું, નાસી છૂટતું [-થવું=નાસી છૂટવું, ચલતી પકડવી.]

ચંપલ પું૦|સ્ત્રી૦, ન૦ [સર૦ हिं, म चप्पल] ઉપર ખોલ વગરનું એક પ્રકારનું પગરખું

ચંપાવવું સ૦ ક્રિ૦ 'ચાંપવું'નું પ્રેરક

ચંપાવું અ૦ ક્રિ૦ 'ચાંપવું'નું કર્મણિ રૂપ (૨) ગદકીમાં પગ પડવો

ચંપી સ્ત્રી૦ ['ચાંપવું' ઉપરથી, દે चंपिअ= આક્રમણ, દબાવ] મસળવું-દબાવવું તે

ચંપૂ સ્ત્રી૦,ન૦ [सं] ગદ્ય અને પદ્ય બંનેવાળી સાહિત્યકૃતિ [ફૂલવેલ

ચંપે(-બે)લી સ્ત્રી૦ [જુઓ ચમેલી] એક

ચંપો પું૦ [सं चंपक, प्रा चंपा] એક ફૂલઝાડ -પાવર્ણું વિ૦ ચંપાના ફૂલના રંગનું

ચંબુ પું૦ [સર૦ हिं, म चंबू, का] લોટવા-ઘાટનું એક વાસણ (૨) કૂંજો, લોટવો

ચંબૂડિયો પું૦ ઊંચા ઘાટનો લોટો

ચંબૂડી સ્ત્રી૦ નાનો ચંબુ

ચંબેલી સ્ત્રી૦ જુઓ ચંપેલી

ચા (ચા') પું૦,સ્ત્રી૦[ચીની-चा,त्शा]એક છોડ (૨)તેના પાનનું પીણું [-પીવી=(ઘડિયાળ) બંધ રહેવું ઉદા૦ઘડિયાળ ચા પીએ છે]૦ખાનું ન૦ ચાની દુકાન, 'હોટેલ' ૦દાની સ્ત્રી૦ ચાની કીટલી ૦પાણી ન૦ બ૦વ૦ ચા કે ચા સાથેનો નાસ્તો [-કરવાં=ચા પીવી, ચા સાથે નાસ્તો કરવો (૨) ચાપાણીની મિજલસ કરવી ચાપાણીમાં=પરચૂરણ ખર્ચમાં (ચાપાણી વગેરેના)]

ચાઉર, ચાઓળ ન૦ [સર૦ म चाव(-हू)र] વાવણી માટે અનાજ ઓરવાનું એક ઓજાર

ચાઊમ પું૦ [तुर्की चावूश] લશ્કરમાં ડંકા, નિશાન વગેરેની ટુકડીનો જમાદાર [-જેવું મોં=સુકાયેલું ને ઊતરી ગયેલું મોં]

ચાક વિ૦ [तुर्की] તંદુરસ્ત,બરોબર તૈયાર(જેમ કે તબિયત એની ચાક છે) [-કરવું=તેજ કરવું,ચડાવવું(જેમ કે દીવો ચાક કરો) -થવું =સ્ફૂર્તિ કે તેજીમાં આવવું,જાગ્રત કે સાવધાન થવું](૨) [फा] ફાટેલું, ચીરેલું (૩) પું૦ [इं चॉक] એક જાતની ધોળી પોચી માટી, ખડી

ચાક પું૦[सं चक्र, प्रा चक्क]પૈડું, ચક્કર (૨) કુંભારનું ચક્ર, ચાકડો (૩) ચક્રની ગોળ ગતિ, ચકર ચકર ફરવું તે, ઘૂમરી (૪) અબોટામાં ઘલાતું એક ગોળાકાર બિલ્લા જેવું ઘરેણું [-આપવો, દેવો=ગોળ ગોળ ફેરવવું, ઘુમાવવું -ચડવો= ચકર ચકર ગતિમાં આવવું -લેવો, ખાવો=ગોળ ગોળ ફરવું ચાકે ચડવું=ચાક ખાવો, ગોળ ગોળ ફરવું (૨) કુંભારના ચાકડા પર ચડવું કે મુકાવું (૩) [લા](વાત) જગબત્રીશીએ ચડવી,ખૂબ ચર્ચા કે ચોળાચોળ થવી, વગોવાવું, ફજેત થવું (૪) મદ કે મસ્તીમાં આવી જવું, માતવું

(જેમ કે, હમણાનો એ બહુ ચાકે ચડ્યો છે )]
**ચાકચકચ** ન૦ [स ] ચકચકાટ, ઉજ્જ્વલતા
**ચાકટ(-ણું,-ળ,-ળણ)** સ્ત્રી૦[दे चक्कुलडा] બે મોઢાનો આંધળો સાપ
**ચાકડો** પુ૦ [स चक्र] કુંભારનો ચાક
**ચાકણ (ણ,)** સ્ત્રી૦ જુઓ ચાકટ
**ચાકબાક** વિ૦ [જુઓ ચાક तुर्की, સર૦ म. चाकपाक] હોશિયાર, ચાલાક, પહોંચેલ
**ચાકર** પુ૦ [फा ] દાસ, નોકર **૦ડી** સ્ત્રી૦ ચાકરનુ કામ કરનાર સ્ત્રી **-રિયાત** વિ૦ ચાકરી કરનારું (૨) ચાકરિયુ (૩) પુ૦ નોકર, ચાકર **-રિયુ** વિ૦ચાકરી પેટે મળેલુ **-રી** સ્ત્રી૦ ચાકરનુ કામ(૨)સેવા, સારવાર (૩) ચાકરનુ મહેનતાણુ (૪) નોકરી [**-ઉઠાવવી** = ચાકરી કરવી, માવજત-સારવાર કરવા **-એ જવુ** =નોકરી કરવા જવું **-એ રહેવું** =નોકર તરીકે રહેવુ ]
**ચાકલો** પુ૦ કાચળી ઉપર પાડેલી રેશમ કે કસબની ભાત
**ચાકળ,૦ણ (ણ,)** સ્ત્રી૦ જુઓ ચાકટ
**ચાકળી** સ્ત્રી૦ નાની ગાગર
**ચાકળો** પુ૦[दे चक्कल] આંખળિયો, આડણી (૨) કાસની મોટી ગરગડી (૩) ગોળ કે ચોરસ નાની ગાદી (ખાસ કરીને ચામડાની)
**ચાકી** સ્ત્રી૦ [स चक्र ઉપરથી] ખીલા સ્ક્રૂ વગેરે સાથે વપરાતી પેચવાળી કે પેચ વિનાની ચકતી (૨) ગોળ ગાઠડી (૩) ગોઠવીને કરેલો ઢગલો [**-કાઢવી**=સ્ક્રૂ ઇ૦ ની ચકતી હઠાવી લેવી ('વાલવી થી ઊલટુ )**-ચઢાવવી, બેસાડવી** =તે ચકતી તેની જગાએ બરોબર ગોઠવવી **-મારવી**=એક પર એક બરોબર ગોઠવીને ઢગલો-ચાકી કરવી ]
**ચાકુ(-કૂ)** પું૦, ન૦ [જુઓ ચાકૂ] ચપ્પુ. [**-ઘસવું** =ચાકુની ધાર કાઢવી **-કાઢવું, -દેખાડવું** = મારવા માટે ચાકુ કાઢી તૈયાર કરવુ. તેમ કરીને ડરાવવુ.]
**ચાકું** ન૦ [स चक्र ઉપરથી] ચકતુ(૨)ગચિયુ (૩) ખજૂરનુ વાઢિયુ-ગૂણ
**ચાકૂ** પુ૦, ન૦ [फा ] ચાકુ, ચપ્પુ
**ચાક્ષુષ** વિ૦ [स.] ચક્ષુ-આંખ સંબંધી (૨) આંખથી થતુ (૩) પ્રત્યક્ષ
**ચાખડી** સ્ત્રી૦ પાવડી
**ચાખણું** ન૦ ['ચાખવુ' ઉપરથી] (મુ )અથાણુ
**ચાખવુ** સ૦ ક્રિ૦ [स चष्, प्रा चक्ख] જીભથી સ્વાદ જોવો (૨) [ ला ] જરા-થોડુ ક ખાવુ
**ચાખળિયો** પુ૦ [જુઓ ચાકળો] આંખળિયો
**ચાખાનું** ન૦ જુઓ 'ચા'મા
**ચાગ** પુ૦ (કા ) લાડ, પ્યાર
**ચાગલું(-લું)** વિ૦['ચાગ' ઉપરથી](કા ) પવિત્ર હોવાનો ઢોંગ કરતુ (૨) મૂર્ખ છતા ચતુર હોવાનો ઢોંગ કરતુ (૩) પ્યાર કે લાડ ચાહતુ
**ચાગાચૂગુ** વિ૦ ['ચાગ' પરથી] બેવકૂફ (કા )
**ચાચર** પુ૦ [स चत्वर, प्रा चच्चर] મંડપની બહારનો ખુલ્લો ચોક (૨) ચાર રસ્તાનુ ચકલુ (૩) દીપચદી તાલ (૪) સ્ત્રી૦ ચકલાની દેવી
**ચાચરિયાં** ન૦બ૦વ૦ ['ચાચર' પરથી] ચકલાની દેવીના ગણ
**ચાચરું** ન૦ [ચાચર ઉપરથી ?] (કા ) કપાળ
**ચાચા** [માનાર્થ], **ચાચો** પુ૦ જુઓ કાકો
**ચાટ** પુ૦ [स ] વિશ્વાસ ઉત્પન્ન કરાવી ચોરી કરનાર (૨) વિ૦ [?] ભોઠુ, શરમિંદુ [**-પડવું,-બનવું** સાથે]
**ચાટ (ટ,)** સ્ત્રી૦ ['ચાટવુ' પરથી ?] કૂતરાને ખાવાનુ નાખવાનુ ઠામ (૨) [दे चट्ट=ભૂખ પરથી ? કે ચાટવુ ?] ખાવાનો ચસકો, લાલસા
**ચાટ** સ્ત્રી૦ [રવ૦ ? स चट् પરથી] લપડાક, તમાચો (૨) મહેણુ, ટોણો
**ચાટકો** પુ૦[જુઓ ચાટ] મનમા લાગતો ચટકો (નવલરામ)
**ચાટણ** ન૦['ચાટવુ પરથી]ચાટવુ તે(૨)ચાટવાની ઔષધિ **-ણિયુ** વિ૦ ચાટવા-ખાવાની લોલુપતાવાળુ **-ણુ** ન૦ જુઓ ચાટણ (૨)
**ચાટલુ** ન૦ દર્પણ **-લો** પુ૦ રૂપિયો(તિરસ્કારમા)
**ચાટવુ** સ૦ ક્રિ૦ [दे चट्ट] જીભ વતી અડીને વસ્તુને સ્પર્શાવી, તે પર ફેરવવી કે તે વડે ચાખવું, ચૂસવુ કે ખાવુ [(૨) હલેસુ
**ચાટવો** પુ૦ [दे चट्टु(०अ)] લાકડાનો કડછો
**ચાટી** સ્ત્રી૦ ['ચાટ' ઉપરથી] લપડાક

**ચાટુ** વિ૰ [म] પ્રિય, મીઠું (વચન) (૨) સ્ત્રી૰ પ્રિય લાગે તેવું વાક્ય – વાત –ટૂક્તિ સ્ત્રી૰ [+स उक्ति] પ્રિય લાગે તેવું કથન

**ચાટૂડી** સ્ત્રી૰ નાનો ચાટવો (૨) કાંટામાં નગ બેસાડવાનું ઘર (૩) કાનનો મેલ કાઢવાનું ઓજાર

**ચાટૂડું** વિ૰ ['ચાટુ' ઉપરથી] દોઢડાહ્યું, ચબાવલું (૨) ['ચાટવું' ઉપરથી] ચાટણિયું (૩) લાંચિયું (સર૰ મ चाट्ट)

**ચાટો** પુ૰ ['ચાટવું' ઉપરથી] ચાટણ, ચાટણું

**ચાઠું** ન૰ ચામઠું, ડાઘ, ચકામું

**ચાડ** સ્ત્રી૰ [સર૰ म चाड, दे चार=ઇચ્છા] ચીવટ, ચાનક, કાળજી (૨) [કા] સ્પર્ધા, ચડસ

**ચાડખુ** ન૰ ['ચાડી' પરથી? स चारक?] જાસૂસ, બાતમીદાર, ચાડીકો (૨) રખવાળ, પગી

**ચાડસરી** સ્ત્રી૰ (કા) તંબૂ બાંધવાની ખૂંટી

**ચાડિયું** વિ૰ [જુઓ ચાડી] ચાડી ખાનારું –યણ વિ૰સ્ત્રી૰ –યો પુ૰ચુકલકડી માણસ (૨) પંખી, વાદરાં વગેરેને બિવરાવવા માટે કરેલો માણસ જેવો આકાર (૩) ગામ-ગેગીનો નઠારો માણસ (૪) નિંદાપાત્ર માણસનું પૂતળું (૫) વિ૰ પુ૰

**ચાડી** સ્ત્રી૰ [સર૰ म चहाड, चाडी, का चाडि, दे चाड=માયાવી] એકની વાત બીજાને કહી દેવી તે [–કરવી, ખાવી] (૨) [જુઓ ચાડુ] જેમાં ગોળો મુકાય છે એ ગોફણનો ભાગ ૦કો પુ૰[स. चारक?] (કો) [લૂંટારા કે બહારવટિયાની ટોળીમાંનો] ગામની ચોકી કરતો માણસ ૦ખોર વિ૰ ચાડિયું, ચાડી ખાવાની આદતવાળું ૦ચુગલી સ્ત્રી૰ [સર૰ म चहाडीचुगली, का चाडिचुकळि] ચાડી, ચુગલી [–કરવી, ખાવી]

**ચાડીલું** વિ૰ [જુઓ ચાડ] (કા) ચાડ રાખનારું, ખબરદાર (૨) ચડસીલું

**ચાડુ** ન૰ [दे चड्डु] ગોફણની ચાડી (૨) ખાડાવાળું દીવો મૂકવાનું ચોકઠું (૩) મોં, ડાચું (તુચ્છકારમાં) (૪) ખામણું

**ચાણક્ય** પું૰ [स] (સ) અર્થશાસ્ત્રનો પ્રસિદ્ધ લેખક – કૌટિલ્ય

**ચાણાક્ષ** વિ૰ [म] ચતુર ચાલાક, પહોંચેલ

**ચાણૂર** પુ૰ [स] (સ.) કંસના દરબારનો મલ્લ

**ચાતક** પુ૰, ન૰ [स] એક પંખી (તેને વિષે એમ કહેવાય છે કે તે વરસાદના ટીપાં જ પીને રહે છે) [ચુકાદો

**ચાતરમ** ન૰(સુ) પંચાયત લવાદી (૨) લવાદીનો

**ચાતરવું** સ૰ક્રિ૰[स चत्-चातयति=ભડકાવી ભગાડી મૂકવું] ચુપચાપ સરકાવી લેવું (૨) છુપાવરાવવું (૩) ખસેડવું [(રે ટિયાની)

**ચાતરી** સ્ત્રી૰ [दे. चत्त=ત્રાક, म चात] ત્રાક

**ચાતુર** વિ૰ [स] ચતુર –રી સ્ત્રી૰[स]ચતુરાઈ

**ચાતુર્માસ** પુ૰ બ૰ વ૰ જુઓ ચતુર્માસ. [–કરવા=એક ઠેકાણે ચોમાસાના ચારમાસ રહેવું (સંન્યાસીએ) (૨) ચોમાસામાં એકટાણાનું વ્રત કરવું] –સું ન૰ ચતુર્માસ, ચોમાસું –સ્ય ન૰ [स] દર ચોથે મહિને – કાર્તક, ફાગણ અને અષાડ માસની શરૂઆતમાં – કરવાનો એક યજ્ઞ

**ચાતુર્ય** ન૰ [स] ચાતુરી, ચતુરાઈ

**ચાતુર્વર્ણ્ય** ન૰[स]ચાર વર્ણ – બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, અને શૂદ્ર (૨) ચારે વર્ણના ધર્મ કે તે પ્રમાણેની સમાજવ્યવસ્થા

**ચાતુર્વેદ** વિ૰ [स] ચાર વેદો કે જ્ઞાનશાખાઓવાળું, –ને લગતું –દી વિ૰ચાર વેદ જાણનારું

**ચાત્ર** ન૰ [स] યજ્ઞનો અગ્નિ પ્રગટાવતાં વપરાતો ખેરના લાકડાનો કકડો

**ચાથી** સ્ત્રી૰ મલમવાળી પટ્ટી

**ચાદર** સ્ત્રી૰ [फा] ઓછાડ (જેમ કે, ઓઢવાની, પથારીની, મડદા કે કબરની) [–ઓઢવી =ચાદર શરીર (માથે) ઓઢાડવી (૨) દેવાળું કાઢવું –ઓઢાડવી=ચાદરથી ઢાંકવું (૨) મહંતના ગુજર્યા પછી તેમના વારસને ગાદીએ સ્થાપવો (૩) પાયમાલ કરવું, દેવાળું કઢાવવું] ૦પાટ પુ૰ ચાદરો કરવા લાયક કપડાનો તાકો –રો ન૰ ચાદરથી મોટું અને રંગેલું પાથરણું કે ઓછાડ

**ચાદાની** (ચા') સ્ત્રી૰ જુઓ 'ચા'માં

**ચાનક** સ્ત્રી૰[म चाणक्य, प्रा चाणक्क પરથી? સર૰ म चुणूक, चाणूक] કાળજી (૨) ચેતવણી (૩) જાગૃતિ, ચાલાકી [–આપવી=ચેતવવું

-આવવી, લાગવી = ચેતવું, કાળજી રાખતા થવું -રાખવી = ચેતતા રહેવું (૨) કાળજી રાખવી ]

**ચાનકી** સ્ત્રી૦ ['ચાદ' ઉપરથી ?] નાનો રોટલો કે ભાખરી

**ચાનકું** ન૦ જુઓ ચાનકી (૨) નાનું છોકરું

**ચાનસ** ન૦ [इं चान्स] પત્તાની એક રમત [-તૂટવું = એ રમતમા જોઈતું પાનું નીકળી આવતા દાવ લાગવો -તોડવું = તેવો દાવ ખેલવો ]

**ચાપ** ન૦ [स] ધનુષ્ય (૨) [ગ] 'આર્ક ઑફ એ સર્કલ', વર્તુલ-ખંડ

**ચાપ(-પા)ચીપ** સ્ત્રી૦ [સર૦ म चापचोप, ચાપ (म चापणे) = ચાપવું + ચીપવું] ટાપટીપ (૨) ચીકણાઈ, દોઢડહાપણ -પિયું વિ૦ ચાપચીપ કરવાવાળું

**ચાપટ** સ્ત્રી૦ [સર૦ म, स चपेट] લપડાક, તમાચો (૨) અ૦ ['ચપટ' ઉપરથી] પલાઠી વાળીને (બેસવું)

**ચાપટિયું** ન૦ ['ચપટ' ઉપરથી] એક જાતનું ચપટું નંગ (બહુવા પીળા રંગનું)

**ચાપડો** પું૦ [સર૦ म चपडा, हि चापना, म चापणें = દાબવું] સજ્જડ રાખે એવો બંધ-પટો (૨) ['ચપટ' ઉપરથી ?] કણકના બે લૂઆને ભેગા કરી એક બનાવેલો લૂઓ (૩) ગોળ નહિ પણ ચપટા પત્તા પર વીંટેલો દોર (પતંગનો)

**ચાપણિયું** ન૦ [જુઓ ચપણિયું] ગમપાતર

**ચાપલ** ન૦ [सं] ચાપલ્ય

**ચાપલૂસી** સ્ત્રી૦ [फा] ખુશામત (૨) ચીપી ચીપીને બોલવું તે ચબાવલાપણું [કામ

**ચાપલ્ય** ન૦ [सं] ચપળતા (૨) સાહસ, અવિચારી

**ચાપવું** ન૦ ચાપું, હાથ કે પગનો આગળીઓ-વાળો ભાગ (૨) કાનની બૂટ (૩) કાનનું એક ઘરેણું

**ચાપાચીપ, -પિયું** જુઓ 'ચાપચીપ'મા

**ચાપાણી** (ચા') ન૦ બ૦ વ૦ જુઓ 'ચા'મા

**ચાપીય** વિ૦ [सं] ધનુષાકાર, ગોળાકાર. ૦કોણ પું૦ 'સ્ફેરિકલ ઍન્ગલ' (ગ)

**ચાપું** ન૦ ચપ્પુ, ચાકુ

**ચાપું** ન૦ પગનું ચાપવું [ચાંપ્પું (ચ)]

**ચાબ(-બુ)ક** પું૦ સ્ત્રી૦ [જુઓ ચાબુક] પાતળી દોરીનો કોરડો

**ચાબખો** પું૦ [फा. चाबुक ઉપરથી] કોરડો (૨) [લા] અસરકારક - માર્મિક વચન [ચાબખા મારવા = માર્મિક વેણ કહેવા ]

**ચાબુક** પું૦ [फा] ચાબક, કોરડો ૦બાજી સ્ત્રી૦ ચાબુકની લડાઈ ૦સવાર પું૦ ઘોડો કેળવનારો

**ચામ** ન૦ [सं. चर्म, प्रा चम्म] ચામડી, ચામડું ૦ચિમડિયું વિ૦ જેની ચામડી ચડી ગઈ હોય એવું (૨) સૂકું - ખખળી ગયેલું (૩) ન્ જૂસ (૪) ન૦ ચામાચીડિયું ૦ચોરી સ્ત્રી૦ વ્યભિચાર ૦જૂ સ્ત્રી૦ ચામડી પર ચોટતી જૂ ૦રસ પું૦ સંભોગસુખ

**ચામખેડું** ન૦ [ચામ + ખેડું (स खेट = ઢાલ કે ચામડું) ?] મદારીની ઝોળી જાદુગરની પેટી

**ચામચોરી, ચામજૂ** જુઓ 'ચામ'મા

**ચામડું** વિ૦ ['ચામડું' કે 'ચામડ' ઉપરથી] ભૂલો જોનારું, વાવાખોરિયું (૨) દોઢડાહ્યું (૩) છદીલું (૪) ન૦ ચાડું, સોળ,

**ચામડ** વિ૦ [ચામડું' ઉપરથી, સર૦ म चामट] ચામડા જેવું ચીકણું

**ચામડિયણ** સ્ત્રી૦ ચામડિયાની સ્ત્રી

**ચામડિયો** પું૦ ['ચામડું' પરથી] ચામડા ઉતારવા - કેળવવાનું કામ કરનારો કે તેની નાતનો, ચમાર

**ચામડી** સ્ત્રી૦ [જુઓ ચામ] ત્વચા (શરીર પરની). [-આવવી = રૂઝ આવવી, ઘા ઉપર નવી ચામડી આવવી -ઊતરડી નાખવી = સખત માર મારવો -કાઢવી = છોલવું, છાલા ઉખેડવા -ચૂંથવી = વગોણું કરવું -જવી = રોગથી ચામડી ઊતરી જવી (૨) ઘણો શ્રમ કે માર પડવો. -તોડી નાખવી = ખૂબ મારવું. -નું નાણું = કન્યાવિક્રયનું નાણું.] ૦ચોર પું૦ કામમા પોતાની જાત સંભાળ્યા કરે તેવું, કામ ન કરનાર

**ચામડું** ન૦ ઢોરની ઉતારેલી ખાલ (કેળવેલી કે ન કેળવેલી) (૨) ચામડી (તુચ્છકારમા). [ચામડાનાં નાણાં ચલાવવાં = જબર-

દસ્તી કરવી અન્યાય કરવો. -ની જીભ છે=જીભમા હાડકું ન હોવાથી અજાણતા ગમે તેમ હાલી-બોલી બેસે। ચામડા નાણું=વેશ્યાવૃત્તિથી કમાણી કરવી(૨)ઉપરી અમલદારને વ્યભિચાર માટે સ્ત્રીઓ પૂરી પાડવારૂપી લાચ ચામડાનું તાળું=જીવતા-જાગતા માણસની રખવાળી (૨) ઘરનુ વરડુ માણસ (જે હંમેશ ઘરમા રહી રખવાળી કરે) ચામડાં રંગવાં=સખત માર મારવો ચામડું ખરાબ થવું=માર ખાવો -ચીરી નાખવું=ખૂબ મારવુ -ચૂ થવુ=ખાલી મહેનત કરવી (૨)વ્યભિચાર કરવો(૩) ફજેતી કરવી -ચૂંથાવુ=રાબ રઝળવુ (૨) વ્યર્થ મહેનતમા પડવુ (૩) [સ્ત્રીની] લાજ જવી (૪) અપકીર્તિ થવી -તોડી ફોડી નાખવુ, રંગી નાખવું=સખત માર મારવો]

ચામર પુ૦,ન૦[सं] ચમ્મર,ચમરી(૨)એક છંદ

ચામરમ પુ૦ જુઓ 'ચામ'મા

ચામાચીડિયુ ન૦[सं. चर्मचटिका? સર૦ हिं चमगादड, प चमचिचडी] વાગોળની જાતનુ એક નાનુ પ્રાણી

ચામાચેણ સ્ત્રી૦ [જુઓ ચેણ] છછુંદર (૨) જુઓ ચામાચીડિયુ

ચામીકર ન૦ [स] સોનુ (૨) ધતૂરો

ચામુંડા સ્ત્રી૦ [स] દુર્ગાનુ એક રુદ્ર સ્વરૂપ

ચામોદિયુ વિ૦ નખરાખોર(૨)અડપલુ ચાળવુ (૩) ન૦ નખરુ (૪) અડપલું

ચામોદી સ્ત્રી૦ નખરાખોરી (૨) ચાળવો સ્વભાવ

ચાર પુ૦ [स] જાસૂસ (૨) ખેપિયો ૦ક વિ૦ ચલાવનાર (૨) પુ૦ ગોવાળ ૦ચક્ષુ પું૦ જાસૂસની આંખે જોતો-રાજા

ચાર (૨.) સ્ત્રી૦ [प्रा. चारि] લીલુ ઘાસ, ચારો

ચાર વિ૦ [स चत्वारि, સર૦ फा चहार] '૪' (૨) થોડુંઘણુ, કાંઇક ગણનામા લેવા જેટલુ (જેમ કે તે ચાર પૈસા કમાયો છે, આટલાથી ચાર માણસમા આબરૂ રહી)(૩)થોડુ, અલ્પ (જેમ કે ચાર દિવસનુ ચાંદરણુ) [-આંખ=ચારે બાજુ જોયા કરતી આખ-હેમખેમ સભાળ -આંખ કરવી=ગુસ્સે થવું, -આંખો થવી=ક્રોધ થવો (૨) સામસામી આખો મળવી (૩) ઘેલછા થવી. -કાનની વાત=બે જણે અંદરોઅંદર કરેલી વાત (જે કાને ન જવી જોઈએ) -ખાણ [सं खानि=આકર]પ્રાણીઓના ચાર મોટા વિભાગ (અંડજ, ઉદ્ભિજ્જ,સ્વેદજ, જરાયુજ) [જૈન] -ખૂટ=ચારે ખૂણા (૨) આખી પૃથ્વી -દહાડાનું=ક્ષણિક -દાણા=થોડુ અનાજ -દાણાય ન હોવા=થોડી પણ અક્કલ ન હોવી -ધામ=હિંદુઓમા ચાર મુખ્ય તીર્થો-જગન્નાથપુરી, સેતુબંધ રામેશ્વર, દ્વારકા, બદરી-કેદાર -પદાર્થ=જીવનના ચાર મુખ્ય પુરુષાર્થ-ધર્મ, અર્થ,કામ મોક્ષ -પૈસા થવા=ઠીક ઠીક પૈસા થવા -બોલ કહેવા=જરા શિખામણ કે ઠપકો આપવા -મુક્તિ=સાલોક્ય,સાયુજ્ય,સારૂપ્ય,સામીપ્ય -લોકમા ગણાવું=સર્વત્ર પ્રતિષ્ઠિત-આબરૂદાર લેખાવુ -વર્ણ=બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર -વાત કહેવી=જુઓ ચાર બોલ કહેવા -હાથ કરવા=કામ કરવામાં હદથી વધારે ઉતાવળ કરવી (ઉતાવળ તારે માટે ચાર હાથ કર ?) ચારે ચૌટે=પ્રસંગ આવ્યે(૨)જ્યારે ત્યારે ચારે હાથ=કૃપાદૃષ્ટિ ચારે હાથ હેઠા પડવા=કંઈ કે આધાર કે ઉપાય ન રહેવો]

ચારકણું ન૦ [ચાર+કણ] ભરડેલુ અનાજ (ઢોરના ખાણ માટે)

ચારખાની સ્ત્રી૦ [फा. चारखानह] એક જાતનુ ચોકડિયા ભાતનુ કપડું

ચારખૂણિયુ વિ૦ ચાર ખૂણાવાળુ

ચારખૂટ વિ૦ (૨) અ૦ ચોખૂટ

ચારચક્ષુ વિ૦ [स]જુઓ 'ચાર[स]'મા

ચારજામો પુ૦ [फा] ઘોડા પર નાખવાની ફૂમતાવાળી ડળી

ચારટ(-ઠ) સ્ત્રી૦ [इं चेरियट?] ચાર પૈડાનો રથ, બગી

ચારણ વિ૦ ['ચારવુ' ઉપરથી] ચારનાર (૨) [सं] રાજાના ગુણકીર્તન અને વખાણ કરવાનો ધંધો કરનારી એક જાતિનુ (૩) પુ૦ એ જાતિનો માણસ ૦કાવ્ય ન૦ 'બેલડ' -ણાઈ

સ્ત્રી૰ ભાટાઈ, ખુશામદ -ણિયાણી સ્ત્રી૰ ચારણ સ્ત્રી -ણી વિ૰ [સ चारण ઉપરથી] ચારણનુ, -ને લગતુ (૨) સ્ત્રી૰ ભાટચારણની કવિતાની ભાષા (૩) ચારણિયાણી (૪) ['ચારવુ' ઉપરથી] ઢોરની ચરામણી. -ણું ન૰ ચારવાનુ સાધન

**ચારપાઈ** સ્ત્રી૰ [हिं] ખાટલો

**ચારવાલી** સ્ત્રી૰ ચાર વાલના વજનનુ માપ

**ચારવું** સ૰ ક્રિ૰ [જુઓ ચરવુ] (ઢોર) ચરાવવુ (૨) સોગઠું ચલાવવુ ['૪૦૦'

**ચારસે'(-સો)** વિ૰ [ચાર + સો (સ. शत)]

**ચારિત્ર(-ત્ર્ય)** ન૰ [स] આચરણ (૨) શીલ, સદાચાર, **૦ગઠન** ન૰ ચારિત્ર ઘડાવુ તે **૦બળ** ચારિત્રનુ બળ **૦મીમાંસા** સ્ત્રી૰ નીતિશાસ્ત્ર 'એથિક્સ' **૦વત્સલ** વિ૰ સદાચાર વિષે અનુરાગવાળુ **૦શીલ** વિ૰ સદાચારી

**ચારિયાળુ** ન૰ [જુઓ ચારિયુ] ચારિયા જમીન; બીડ

**ચારિયું** વિ૰ ['ચાર' ઉપરથી] જેમા માત્ર ચાર થતી હોય તેવું (ખેતર) (૨) ફક્ત ચાર ખાનારા ઢોરનુ [ઘી] (૩) ન૰ ચાર વાઢી લાવનાર માણસ (૪) ચાર બાધવાનુ વસ્ત્ર

**ચારી** સ્ત્રી૰ [જુઓ ચર] ચૂલ

**ચારુ** વિ૰ [स] સુદર, મનોહર. **૦ગાત્રી** વિ૰ સ્ત્રી૰ સુદર અવયવોવાળી. **૦તર** વિ૰ વધારે સુદર. **૦તા** સ્ત્રી૰, **૦ત્વ** ન૰ **૦વ્રતા** વિ૰ સ્ત્રી૰ એક માસ ઉપવાસ કરનારી સ્ત્રી

**ચારું** ન૰ ખોદીને પડતર રાખેલુ ખેતર (૨) વારવાર આર ભોકાવાથી પડેલુ આટણ (૩) ['ચારવુ' ઉપરથી] બીજા ઢોર સાથે ભેગુ ચરવા જતુ પ્રાણી

**ચારે** અ૰ ચારેય, બધુ **૦ગમ,૦તરફ,૦પાસ, ૦બાજુ(-જૂ)** અ૰ ચોતરફ, બધી કોર

**ચારે વેળા** સ્ત્રી૰ દિવસનો ચોથો-છેલ્લો પહોર, સમીસાજ

**ચારો** પુ૰ ['ચરવુ' 'ચારવુ' પરથી] પશુપખીનો ખોરાક ભક્ષ [-ચરવો]

**ચારો** પું૰ [फा] ઇલાજ, ઉપાય (૨) [લા] સત્તા ચલણ [-ચાલવો, હોવો]

**ચારોળી** સ્ત્રી૰ એક સૂકો મેવો. -ળુ ન૰ જેમાથી ચારોળી નીકળે છે તે ફળ (૨) થૂળ

**ચાર્વંગ** વિ૰ [स.] સુદર અગવાળુ -ગા. -ગી વિ૰ સ્ત્રી૰

**ચાર્વાક** પુ૰[स](સ )નાસ્તિક મતનો પ્રવર્તક (૨) દુર્યોધનનો એક મિત્ર-એક **રાક્ષસ**

**ચાર્વી** સ્ત્રી૰ [स] (સ ) કુબેરની પત્ની

**ચાલ** પુ૰ ['ચાલવુ' પરથી] રિવાજ (૨) (લ,) સ્ત્રી૰ ચાલવાની પદ્ધતિ, હીડછા (૩) ચાલવાની ગતિ (૪) [રમતમા] કૂટી વગેરે ચલાવવી તે કે તેનો દાવ (૫) ચાલચલગત, વર્તણૂક (૬) જુઓ ચાલી [-ચલાવવો, -પાડવો, -બાંધવો =રિવાજ, શિરસ્તો શરૂ કરવો-ચાલુ કરવો **-ચાલવી**=કૂટીનો દાવ ખેલવો, કૂટી ચલાવવી (૨) ચાલચલગત રાખવી (૩) હીડછા રાખવી **-ની ચાલે ચાલવું**-ની ગતિ-હીડછા મુજબ ચાલવુ (૨) ને અનુસરવુ] **૦ચલગત** સ્ત્રી૰, **૦ચલણ** ન૰ વર્તણૂક (૨) ચારિત્ર, શીલ **૦ચલણિયું, ૦ચલાઉ** વિ૰ કામચલાઉ **૦ચાલાકી** સ્ત્રી૰ ઝડપ (૨) હોશિયારી **૦બાજી** સ્ત્રી૰ કૂટી ઇ૰ ચલાવવાની રીત કે હોશિયારી (૨)[લા] પ્રપચ, યુક્તિ, ચાલાકી

**ચાલક** વિ૰ [स] ચલાવનારુ, પ્રવર્તક, નિયતા

**ચાલણગાડી** સ્ત્રી૰['ચાલવુ' + 'ગાડી'] છોકરાને ચાલતા શીખવવાની ગાડી

**ચાલણચૂલો** પુ૰['ચાલવુ' + 'ચૂલો'] ફરતો-કામચલાઉ ચૂલો

**ચાલતી** સ્ત્રી૰ ચાલતા થવુ તે [-પકડવી= ચાલવા માડવુ, પલાયન કરવુ] -તું વિ૰ ચાલુ, વર્તમાન (૨) ગતિમાન (૩) કામ દેતુ; ઉપયોગી [**ચાલતી ગાડીએ બેસવું**= ચાલતામા ભળી જવુ ચાલુ કે ચલણવાળી-મોટાની બાજુ પકડવી ચાલતી બાજુ જોઈ ને વર્તવુ.(ઉપરાત જુઓ'ચાલવુ'મા)]-**તા લગી, સુધી** અ૰ બનતા લગી, શક્ય હોય ત્યા સુધી

**ચાલન** ન૰ [स] ચલાવવાની ક્રિયા એક વસ્તુને એક જગાએથી બીજી જગાએ લઈ જવી-મૂકવી તે (૨) હલાવવુ તે **૦હાર** વિ૰ ચલાવનારુ (૨) ચાલનારુ

**ચાલની અસ્થિ** ન૦ [सं चाल्नी+अस्थि] નાકના મૂળમા આવેલુ ચાળણી જેવુ હાડકુ, 'એથમોઇડ બોન'

**ચાલવું** અ૦ ક્રિ૦ [सं चल्] હીડવુ (૨) કોઈ યંત્ર ગતિવાળુ કે ક્રિયાવાન થવુ (જેમ કે, કારખાનુ, સચો, એન્જિન, રેટ ચાલે છે) (૩) નિર્વાહ થવો, નભવુ (ઉદા૦ આમ આપણુ ક્યા સુધી ચાલશે ? તારા વિના મારે ચાલશે) (૪) ટકવુ, પહોચવુ (ઉદા૦ આટલા ઘઉં ઘણા દિવસ ચાલશે) (૫) કહ્યાનો અમલ થવો, સત્તા હોવી (ઉદા૦ એનુ કઈ ચાલતુ નથી] (૬) વર્તવુ, અનુસરવુ (ઉદા૦ મારા કહ્યા પ્રમાણે ચાલશો, તો સુખી થશો.)(૭)ખસ-પૂરતુ થવુ(ઉદા૦ આમા આટલુ દ્રવ્ય ચાલશે)(૮)[લા ]કોઈ પણ પ્રવૃત્તિનુ ગતિમાન થવુ કે હોવુ (ઉદા૦ અહી અત્યારે મસલત ચાલે છે) (૯) વ્યવહારમા-ઉપયોગમા હોવુ (ઉદા૦ અહી આ પુસ્તક નથી ચાલતુ, અહી બાબાશી રૂપિયો ચાલે છે) [**ચાલતો પ્રવાહ**=રૂઢિ, પ્રણાલિ **ચાલતા બળદને આર ખોસવી**=કામ કરતા માણસને ખોટી સતામણી કરવી **ચાલતો રોજગાર**=કમાણી કરતો થયો, ચાલુ થયો **ચાલતાં, રસ્તે ચાલતાં**=વિના કારણે, એમ ને એમ (કજિયો વહોરવો) **ચાલતાંનાં વધામણાં**=પૈસાદારના ગીત ગાવાં, ઊગતા સૂરજને પૂજવો **ચાલતાં બોલતાં**=કોઈ બીમારી વિના-શરીરની ઠીક હાલતમા(મરી જવુ) **ચાલતી ગાડીએ (-વહેલે) બેસવું, બેસી જવું**= મોટાના કે વિજયીના પક્ષમા પેસવુ **ચાલતી સેર**=વહેતો ઝરો (૨) ચાલુ આવક **ચાલતી સેરમાં પગ દેવો**=કોઈની ચાલુ રોજીમાં વિઘ્ન નાખવુ **ચાલતું કરવું**=શરૂ કરવુ (૨) જમવાનુ શરૂ કરવુ **ચાલતું થવું**= ચાલ્યા જવુ (૨) ચાલુ થવુ **ચાલતું વલણ કરવું**=શક્તિ પ્રમાણે કામની વ્યવસ્થા કરવી **ચાલતો કજિયો વહોરવો, સૂલવવો**= પારકો કજિયો માથે વહોરી લેવો.]

**ચાલિત** વિ૦ [सं] સચાલિત, ચલાવાયેલુ

**ચાલાક** વિ૦ [फा] ચતુર, હોશિયાર (૨) ધૂર્ત -કી સ્ત્રી૦ ચાલાકપણુ

**ચાલી** સ્ત્રી૦ [સર૦ म चाळ] ખાયડીખને ખાયેલી અનેક ઓરડીઓવાળી ઇમારત (જેમ કે મુબઈમા) [(૨) ચાલતુ, જારી

**ચાલુ** વિ૦ ['ચાલવુ' ઉપરથી] હાલનુ, વર્તમાન

**ચાવડી** વિ૦ [જુઓ ચાવડો] ચાવડાઓનુ, -ને લગતુ (૨) સ્ત્રી૦ ચાવડા વંશની રજપૂતાણી (૩)[ચાર + વાટ, સર૦म] પોલીસથાણુ ગેટ

**ચાવડુ** વિ૦ [જુઓ ચાવળુ] વાતોડુ (૨) બોલવામા ચતુર (૩) [જુઓ ચાવળ] ન૦ અનાજ વાવવા-ઓરવાનુ સાધન, ચાઊર

**ચાવડો** પુ૦ [सं चामुंड, प्रा चाउंड પરથી?] ચાવડા વંશનો રજપૂત [કે જડબા

**ચાવણિયાં** ન૦બ૦વ૦ ['ચાવવુ' ઉપરથી] દાઢ

'**ચાવણુ** ન૦ કાચુ કોર ખાવાનુ, ચવાણુ

**ચાવરો** પુ૦[म चावर्णे-चावरा પરથી?]માકણ (સુ) [ચોખા

**ચાવલ** પું૦ બ૦વ૦ [दे चाउल, चवल, हिं]

**ચાવલાં** ન૦બ૦વ૦ ['ચાવળુ' ઉપરથી? કે सं. चापल, प्रा चावल?] નખરા, હાવભાવ (૨) મલાવડા

**ચાવવુ** સ૦ ક્રિ૦[सं चर्व, प्रा चाव] (અન્નને) ખાવા માટે દાત વતી કચરવુ [**ચાવીને કૂચો કરવો**=બધો રસકસ ચૂસી લેવો (૨) સારી પેઠે જાણી-સમજી લેવુ, અભ્યાસ કરવો (૩) કટાળો ચડે એટલી લાબી ચર્ચા કરવી **ચાવી ખાવુ, નાખવું**=કરડી ખાવુ (૨) વગોવવુ **ચાવી ચાવીને બોલવું**=ચીપી ચીપીને બોલવુ]

**ચાવળ** પુ૦ [म] દડકો, વાવણિયો

**ચાવળુ** વિ૦ [સર૦ म चावळणें=બોલવુ, બબડવુ, सं चापल, प्रा चावल?]દોઢડહાપણ કરનારુ (૨) ચાપલુ, ચિબાવલુ

**ચાવી** સ્ત્રી૦ [पो] કૂચી (૨) [લા] ઉપાય [**-આપવી**=યત્ર ચાલે તે માટે ચાવી ફેરવવી (ઉદા૦ ઘડિયાળને) (૨)ઉપાય-રહસ્ય બતાવવા (૩) ચાવી ચડાવવી (૪) ચૂટી ખણવી (ચાવી પેઠે આમળીને) **-ઊકલવી, ઊતરવી**

=ચાવી આપી હોય તે નીકળી જવી **-ચડાવવી**=ઉશ્કેરવું, ચડાવવું **-છટકવી** =એકદમ ચાવી ઊતરી જવી, તેથી ચાવી તૂટી જવી. **-જડવી, મળવી**=રહસ્ય કે ઉપાય જડવાં-મળવા **-બેસવી**=ચાવી લાગુ થવી, ચાવી (તાળા વગેરેમાં) અંદર પેસીને કળ ફેરવી શકે તેમ હોવું-થવું **-મરડવી**=યુક્તિ કરવી **-લગાડવી**=ચાવી બેસે છે કે નહીં તે જોવા તેને અંદર (તાળા વગેરેમાં) નાખી -ફેરવી જોવી (૨) યોગ્ય ઉપાય અજમાવવો **-લેવી**=યંત્રને ચાવી આપી શકાય એવું હોવું ]

**ચાષ(-સ)** પું૦ [सं] એક પક્ષી

**ચાસ** પું૦ [दे चास] ખેડવાથી પડતો લાંબો આંકો (૨) સ્ત્રી૦ [?] ખોટ (૩) જુઓ ચાસણી [**-આપવી, દેવી**=ખોટ આપવી **-ખાવી**=ખોટ ખાવી.] [ઘટ૦

**ચાસકો** પું૦(કા૦)બૂમ, રાડ (૨) સ્ત્રી૦ નુકસાન,

**ચાસણી** સ્ત્રી૦[फा. चाशनी=શરબત કે ખાવાની ચીજનો નમૂનો] ઉકાળીને કરાતું ખાંડનું પ્રવાહી (૨) [?] કસોટી (૩) નમૂનો (૪) [ચાસવું' ઉપરથી] ચાસવાની ક્રિયા

**ચાસ(-હ)ન** વિધેય વિ૦(૨)અ૦જુઓ ચાહન

**ચાસવું** અ૦ક્રિ૦[दे चास=ખેડેલી ભૂમિરેખા] ચાસ પાડવા

**ચાસંધ** અ૦ જુઓ ચાહન

**ચાસિયા** વિ૦બ૦વ૦ [ચાસ' ઉપરથી] પાણી પાયા વગર ઊગેલા (ઘઉં)

**ચાહ** પું૦, **૦ના** સ્ત્રી૦['ચાહવું' પરથી]પસંદગી, ઇચ્છા(૨)પ્યાર,હેત **૦ક** વિ૦ચાહનાર,હેતાળ **૦વું** સ૦ ક્રિ૦ [प्रा चाह] ઇચ્છવું (૨) પ્રેમ કરવો. **-હેલું** [કૃદંત] **-હ્યું** [ભૂતકાળ] **૦તું** [વ૦ કૃ૦] [ન૦

**ચાહન** વિ૦ (૨) અ૦ જાહેર-ઉઘાડું **૦પણું**

**ચાહે** [સર૦ हि, ચાહવું પરથી] ઇચ્છા મુજબ, મરજીમાં આવે તેમ ('ચાહે તે કર' ઇ૦ પ્રયોગમાં)

**ચાળ** સ્ત્રી૦ ['ચાળવું' ઉપરથી, સર૦ म.] અંગરખાનો છાતી નીચેનો ઘેર(૨)ચાળવું તે

**ચાળક** ન૦ (કા) ટોળું(બકરાં-ઘેટાં કે ઊંટનું)

**ચાળણ** ન૦ જુઓ ચળામણ

**ચાળણી** સ્ત્રી૦ [सं चालनी; प्रा चालणी] ચાળવાનું બારીક છિદ્રોવાળું સાધન [**-માં પાણી ભરવું**=વ્યર્થ પ્રયત્ન કરવો] **-ણો** પું૦ મોટા છિદ્રવાળી કે મોટી ચાળણી

**ચાળવણી** સ્ત્રી૦ ચાળવવું તે

**ચાળવવું** સ૦ક્રિ૦['ચાળવું'નું પ્રેરક]અવારનવાર ઉથલાવવું-ફેરબદલ કરવું(૨)સંચારવું(છાપરું) (૩) એક ઉપર બીજું ગોઠવાતું આવે એમ ગોઠવવું કે સીવવું(૪)જુદી જુદી રીતે ઉપયોગ કરવો (૫) ચારવું (બાજીમાં), છૂટી ચલાવવી

**ચાળવું** સ૦ ક્રિ૦ [सं चालन] ચાળણી વડે ચોખ્ખું કરવું (૨) [सं चाल(=છાપરું) ઉપરથી ?] સંચારવું (છાપરું) (૩) સારું માઠું વીણી અલગ કરવું જેમ કે ચાળી ચાળીને લેવું

**ચાળા** પું૦બ૦વ૦ મશ્કરી ખાતર કોઈનું અનુકરણ-નકલ કરવી તે (૨) હાવભાવ, નખરાં, અંગચેષ્ટા (૩) અડપલાં, તોફાન [**-કરવા**= મરજી હોવા છતાં આનાકાની કરવી(૨)નખરાં કરવાં(૩) અડપલાં કરવાં **-પાડવા**=કોઈની નકલ કરવી **-માંડવા**=અડપલાં-તોફાન કરવાં(૨)લાડમાં હા-ના કરવી] **૦ખોર** વિ૦ ચાળા પાડવાની આદતવાળું **૦ચસકા** પું૦ બ૦વ૦ નખરાં, હાવભાવ (૨) આનાકાની **૦ચંદૈયાં** ન૦બ૦વ૦ ચાળાચસકા **૦લખણું** વિ૦ ચાળાખોર (?)

**ચાળી** સ્ત્રી૦ બકરી **-ળું** ન૦ બકરું (કા)

**ચાળીસ** વિ૦[सं चत्वारिंशत्, प्रा चालीस(०स)] '૪૦' [**-સું નાહવું**=સ્ત્રીએ પ્રસવને ૪૦મે દિવસે નાહી-ધોઈ શુદ્ધ થવું] **-સાં** ન૦ બ૦વ૦ ચાળીસ વર્ષે આવતા ચશ્માં કે તેવી આંખની સ્થિતિ [**-આવવાં**=તેવા ચશ્માંની જરૂર પડવી,આંખનું તેજ મંદ થવું **-ઊતરવાં** =ચાળીસાં દૂર થવાં-તેની જરૂર મટવી ]

**ચાળો** પું૦ ચાળાનું એ૦વ૦(૨)લક્ષણ,નિશાની, એંધાણ (૩) છાપરું ચાળનારો, સંચારો

**ચાંઈ** (૦) વિ૦ શરમિંદું (૨) સ્ત્રી૦ નાનો ચાલ્લો

**ચાંઉ કરવું, કરી જવું**=પચાવી પાડવું,અયોગ્ય રીતે લઈ લેવું-ખાઈ જવું

**ચાંખડ** (૦) વિ૦ (કા) ગરીબ, દીન -ડાઈ, -ડી સ્ત્રી૦ ગરીબી, નિર્ધનતા (૨) ગરીબીનો ઢોંગ
**ચાંગળું** (૦) ન૦ [ચાર+આંગળા ઉપરથી] ચાર આંગળાની અંજલિ [**ચાંગળું પાણીયે ન પાય એવું**=જરાય ભાવ ન પૂછે-આગતા-સ્વાગતા ન કરે એવું (૨) ખૂબ કંજૂસ.]
**ચાંગી** (૦) વિ૦ [દે चंग] એ નામની ઊંચી જાતનું (ઘોડા માટે)
**ચાંગેરી** (૦) સ્ત્રી૦ એક છોડ
**ચાંચ** (૦) સ્ત્રી૦[स चञ्चु]પક્ષીઓનું અણિયાળું મો(૨)તેના આકારની વસ્તુ ઉદા૦ પાવડીની ચાંચ [**-ઊઘડવી**=ચપચપ બોલવા માડવું. **-ખૂંપવી, ડૂબવી, બૂડવી**=નજર પહોંચવી, સમજ પડવી, કરવા શક્તિમાન થવું. **-બોળવી** =સહેજ ચાખી લેવું.**-મારવી**=સહેજસાજ કરડવું (ઉદા૦ ઉંદરે કપડાંને ચાંચ મારી છે) (૨)ચાંચાટવું(૩)બીજાના કામમાં માથું મારવું (૪) ઉપલક જ્ઞાન મેળવવું **-માં લેવું**= સખત પકડવું, શેહમાં લેવું **ચાંચે ચડવું**= ગવાવું, નિંદાપાત્ર થવું]
**ચાંચડ** (૦) પુ૦ એક જંતુ [**-જેમ ચોળી નાખવું**=નિષ્ઠુરતાથી બગોબર મસળી નાખવું-મારી ખતમ કરવું] ૦**મારી** સ્ત્રી૦ એક વનસ્પતિ (તેની ઉગ્ર વાસથી ચાંચડ નાસી જાય છે) ૦**વત્** અ૦ ચાંચડ પેઠે
**ચાંચલ્ય** ન૦ [स] ચંચળતા
**ચાંચવું** (૦) ન૦ ['ચાંચ' ઉપરથી] ચાંચવાળું, અનાજમાં પડતું એક જીવડું (૨) વિ૦ બહુ બોલ બોલ કરનારું
**ચાંચવો** (૦) પુ૦ ['ચાંચ' ઉપરથી] જમીન ખોદવાનું હથિયાર, તીકમ
**ચાંચાટવું** અ૦ક્રિ૦ ['ચાંચ' પરથી] ચાંચો મારવી
**ચાંચિયું** (૦) વિ૦ ['ચાંચ' પરથી] ચાંચવાળું, ચાંચના આકારનું
**ચાંચિયો** (૦) પુ૦ [ચાચ=અરબી સમુદ્રનો એક બેટ, સર૦ મ ચાંચ, ચાચા, કે सं चचा=ખરાબ માણસ માટે ગાળ ઉપરથી ?] દરિયાઈ લુટારો (૨) ['ચાંચ' ઉપરથી] લાંબી ચાંચની પાવડી પહેરનારો

**ચાંટ** (૦) સ્ત્રી૦ વખલાની કિનારનો ભાગ
**ચાંટી** (૦) સ્ત્રી૦ (કા.)ચૂંટી (૨) ખાલી બડાશ
**ચાંડાલ(-ળ)** વિ૦(૨) પુ૦[स] જુઓ ચંડાળ -ળણ(-ણી) સ્ત્રી૦ ચંડાળણ
**ચાંદ** (૦) પુ૦ [स चंद्र, प्रा चंद] ચાંદો (૨) ચકદ, બિલ્લો ૦બીજ, ૦રાત સ્ત્રી૦સુદ બીજ
**ચાંદની** (૦) સ્ત્રી૦ [જુઓ ચંદની] ચંદ્રનો પ્રકાશ (૨) ચંદરવો [**-ખીલવી**=ચંદ્રનો પ્રકાશ બરાબર પડવો **-નીકળવી**=ચાંદની થાય એમ ચંદ્રનો ઉદય થવો **-ચટકવી**= ચાંદનીની અસર મન પર થવી] ૦**રાત** સ્ત્રી૦ ચાંદનીવાળી-અજવાળી રાત
**ચાંદરમંકોડું** (૦) ન૦ ચાંદરડું (૩) જુઓ
**ચાંદરડું(-ણું)** (૦) ન૦ [स चंद्र ઉપરથી] તારાઓનો ઝાંખો પ્રકાશ (૨) ચાંદની (૩) ઝીણા કાણામાંથી પડતું અજવાળાનું ચાંદું -ણી વિ૦ચાંદરણાવાળી (૨) સ્ત્રી૦તારો (૩) ચાંદરણું
**ચાંદરુ** (૦) વિ૦ ['ચાંદુ' ઉપરથી] ધોળા ચાંદાવાળું (૨) [લા] [स चद्=રાજી થવું, મકલાવું ?] નિરંકુશ, મસ્તાની
**ચાંદલાવહેવાર** (૦) પુ૦ [ચાંદલો+વહેવાર] શુભ પ્રસંગે નાણાંની ભેટ આપવા લેવાનો વહેવાર-સંબંધ, ચાલ્લાવહેવાર
**ચાંદલિયો** (૦) પુ૦['ચાંદો' ઉપરથી]ચાંદો (૫)
**ચાંદલી** (૦) સ્ત્રી૦ ['ચાંદો'વાળી?] (કા) ઘોડીની એક જાત
**ચાંદલો** (૦) પુ૦ ['ચાંદ' ઉપરથી] ચાલ્લો [**ચાંદલે ચોંટવું**=નસીબમાં લખાવું, પાલવે પડવું (ઉપરાંત જુઓ 'ચાલ્લો'માં)]
**ચાંદવું** (૦) વિ૦ [જુઓ ચાંદરુ (૨)] અડપલાખોર, અટકચાળું (૨)ન૦અડપલું અટકચાળું
**ચાંદાયેલું** (૦) વિ૦ ['ચાંદુ' ઉપરથી] કોહવાણ કે ગૂમડાના ચાંદાવાળું
**ચાંદિયો** (૦) વિ૦પું૦['ચાંદુ' ઉપરથી]ચામડી પર ચાંદા પડી જાય એવો (વાનો રોગ)
**ચાંદી** (૦) સ્ત્રી૦ ['ચાંદ' ઉપરથી ? સર૦ મ, हिं] એક ધાતુ, શુદ્ધ રૂપુ (૨) ['ચાંદુ' પરથી ?] એક ચેપી રોગ (૩) જ્યાંથી ખાલ ખસી ગઈ હોય કે ઊપસી હોય એવું

ચાદુ, ધારું [(ચોખ્ખુ) ચાંદી જેવું = તદ્દન ચોખ્ખુ, ડાઘ વગરનુ. –કરવી = સમૂળગો નાશ કરવો, બાળીને ખાખ કરવુ. –થવી = ચાદીનો રોગ થવો (૨) ચાદી પડવી. –પડવી = ખાલ ખસી – ઊપસી જવાથી ચાદું થવુ.] ૦કામ ન૦ ચાદી ઉપરની નકશી

**ચાંદું** (૦) ન૦ ['ચાદ' ઉપરથી ?] ચાદી (૩) જુઓ (૨) ચાદાનો ડાઘ, ચાઠું (૩) [લા] લાછન, ડાઘ (૪) છિદ્ર; દોષ [**ચાંદાં જોવાં, ખોળવાં** = છિદ્ર શોધવા, દોષ ખોળવા.]

**ચાંદૂડિયાં** (૦) ન૦બ૦વ૦ [જુઓ ચાદલુ] ચાદવા

**ચાંદો** (૦) પુ૦ [સં चन्द्र, પ્રા चन्द] ચદ્ર (૨) તેના જેવો ગોળ આકાર

**ચાંદ્ર** વિ૦ [સં.] ચદ્રનુ, ચદ્રને લગતુ **૦માન** ન૦ ચદ્રની ગતિ પરથી કઢાતુ સમયનુ માપ **૦માસ** પુ૦ ચાદ્રમાન પ્રમાણે ગણાતો માસ **૦વર્ષ** ન૦ ચાદ્રમાનથી ગણાતુ વર્ષ **–દ્રાયણ** ન૦ચંદ્રની કળાની વધઘટ પ્રમાણે રોજ ખાવાનો કોળિયો વધારતા ઘટાડતા જવાનુ એક વ્રત

**ચાંપ** (૦) સ્ત્રી૦ [જુઓ ચાપવુ] કોઈ પણ યત્ર કે યુક્તિને ચાલુ કે બધ કરવાની કળ, પેચ (૨) નાનો ઉલાળો (૩) પૈસાનુ પાકીટ (સુ) (૪) [લા] દાબ, ધાક (૫) સાન ચેતવણી (૬) કાળજી [**–ઉઘાડવી** = કળ ભેરવી દીધી હોય તે છૂટી કરવી (જેથી ઢાંકણ ખુલ્લુ થઈ શકે) (૨) [સુ] પૈસા ખરચવા **–કરવી** = દબાણ કરવુ (૨) દાબ બતાવવો **–ચડાવવી** = દાબવા માટે કળનો ઘોડો ઊચો કરવો (૨) ઉશ્કેરણી કરવી **–દેવી** = ચાપ પાડવી, બધ કરવુ (૨) ઉશ્કેરવુ **–દાબવી, –દબાવવી** = કળ ફેરવવી જેથી ક્રિયા ચાલુ થાય **ચાંપથી ચાલવું** = ઉતાવળે ચાલવુ **–મરડવી** = કળ ફેરવવી **–મરડી નાખવી** = કળ વાળી દેવી–બગાડી નાખવી **–રાખવી** = દાબ રાખવો (૨) કાળજી રાખવી **–માં રાખવું, –માં લેવું** = અકુશમા રાખવુ, શેહમા લેવુ] **૦ણુ(–ણી)** સ્ત્રી૦ચાપવું–દાબવુ તે (૨) ઉશ્કેરણી (૩) અકુશ, દાબ (૪) કળ, જેને દાબવાથી ગતિ અટકે તેવી થોભણ, 'બ્રેક' **૦ણિયું** વિ૦ લાચ આપવાની ટેવવાળું (૨) ન૦ બારણાના ચોકઠાનુ ઉપલું લાકડુ. **૦ણું** ન૦ સાળમા તાર ઊંચાનીચા કરવાની પાવડી [ચેતવણી

**ચાંપતી** (૦) સ્ત્રી૦ [જુઓ ચાપવુ] તાકીદ;

**ચાંપતુ** (૦) વિ૦ [જુઓ ચાપવુ] સખત, આકરું (૨) ઝટ અસર કરે તેવ [**ચાંપતી ઉઘરાણી** = ઉપરાછાપરી, કડકપણે કરાતી ઉઘરાણી **ચાપતો ઇલાજ, ઉપાય** = તાકીદનો – કડક ઇલાજ કે ઉપાય]

**ચાંપલુ** (૦) વિ૦ [જુઓ ચાપલૂસી] દોઢડાહ્યુ, ચિબાવલુ. **–લાવેડા** પુ૦ બ૦ વ૦ ચાપલુ વર્તન, દોઢડહાપણ **–લાશ** સ્ત્રી૦

**ચાંપવું** (૦) સ૦ ક્રિ૦ [દે. चप्प] દબાવવુ (૨) લગાડવુ, દઝાડવુ (૩) [લા] લાચ આપવી (૪) હાસવુ [**ચાંપી ઘાલવું** = બળતુ શરીરે લગાડી દેવુ, ડામ દઈ દેવો (૨) ખૂણામા ધકેલી દેવુ, દાબી દેવુ **ચાંપી દેવું** = દઝાડવા કે બાળવા બળતુ લગાડવુ – નાખવુ **ચાંપીને** અ૦ વસાઈને (૨) જલદીથી (ઉદા૦ ચાપીને ચાલવુ) (૩) કડકાઈથી (ઉદા૦ ચાપીને બોલવુ) (૪) દાબી દાબીને અકરાંતિયાપણે (ઉદા૦ ચાપીને ખાવુ)]

**ચાંપાચાંપી** (૦) સ્ત્રી૦ ['ચાપવુ' ઉપરથી] વારવાર દાબવુ તે

**ચાંપું** (૦) ન૦ [સર૦ મ. चांपें] કણસની પેશી (૨) [જુઓ ચાપો] નાકની નથમાનો એક ભાગ (૩) માથાનુ એક ઘરેણુ (૪) ચપાનુ ફૂલ (૫) ચપો

**ચાંપો** (૦) પું૦ [સર૦ મ. चापा] + જુઓ ચપો **–પલિયો** પુ૦ ચપો (લાલિત્યવાચક)

**ચાંભાં** (૦) ન૦ બ૦ વ૦ ચાદા

**ચાંલ્લાવહેવાર** પુ૦ જુઓ ચાદલાવહેવાર

**ચાંલ્લિયો** પું૦ ['ચાલ્લો' ઉપરથી] ચાલ્લો કરી ખાનારો ભિક્ષુક બ્રાહ્મણ (૨) મીનાકારીના ચાલ્લા બનાવનાર (૩) વિ૦ પુ૦ ચાલ્લો આપીને વહોરેલો (વર)

**ચાંલ્લો** પુ૦ [જુઓ ચાદલો] કપાળે કરાતુ (કકુનુ) ગોળ ટપકુ (૨) તેની ઉપર ચોડવાની

ટપકી (૩) શુભ પ્રસંગે અપાતી નાણાંની ભેટ (૪) બરાબર નહીં ગળેલો (દાળનો) દાણો (ઉદા૦ દાળમાં ચાલ્લા રહી ગયા છે) [–અમર રહો = (સ્ત્રીનું) સૌભાગ્ય અખંડ રહો –કરવો = વાગ્દાન કરવું, સગાઈ કરવી (૨) નકામું આપી દેવું (૩) લગ્ન જનોઈ વગેરે શુભ પ્રસંગે ભેટ આપવી (૪) દંડ કરવો, નુકસાન કરવું –ચોટવો, થવો = એટલા રૂપિયાનું નકામું ખર્ચ થવું (૨) એટલા રૂપિયાનો દંડ થવો –ચોડવો = એટલા રૂપિયાના દંડની સજા કરવી (૨) એટલા રૂપિયાના નુકસાનમાં ઉતારવું]

**ચિકટાવવું** સ૦ ક્રિ૦ 'ચીકટાવું'નું પ્રેરક

**ચિકન** [फा चिकिन] ભરતકામ ૦દોજ પું૦ ભરત ભરનારો

**ચિંકાખાઈ** સ્ત્રી૦ જુઓ શિકાકાઈ

**ચિકાર** વિ૦ (૨) અ૦ [સર म] જગા ખાલી ન હોય એવું, ભરપૂર

**ચિકારડું** ન૦ એક જંગલી જાનવર

**ચિકારી** ન૦ [सं चीत्कार, प्रा चिक्कार પરથી?] એક વાજિંત્ર (૨) [म] સતારના સાત તારમાંનો છેલ્લો – સાતમો તાર

**ચિકિત્સક** વિ૦ [सं] ચિકિત્સા કરનાર (૨) પું૦ વૈદ્ય, હકીમ –નીય વિ૦ ચિકિત્સા કરવા યોગ્ય

**ચિકિત્સા** સ્ત્રી૦ [सं] વૈદકનો ઉપચાર (૨) ગુણ-દોષ પારખવાની શક્તિ (૩) ટીકા, દોષદર્શન ૦ખોર વિ૦ ટીકાખોર, ખણખોદ કરનાર. ૦શાસ્ત્ર ન૦ રોગના ઉપચારનું શાસ્ત્ર

**ચિકીર્ષા** સ્ત્રી૦ [सं] (કંઈ પણ) કરવાની ઇચ્છા

**ચિકોટી** સ્ત્રી૦ [म] ચાંદાની પકડ

**ચિકોડી** સ્ત્રી૦ મેથી ઉકાળેલું પાણી (સે.ની કામમાં વપરાય છે)

**ચિકોર** વિ૦ [म.] ઉદ્ધત, બટકબોલું

**ચિકોરવું** સ૦ક્રિ૦ [જુઓ ચિકોર] ટોકવું, ફરી ફરીને કહેવું

**ચિકોરી** સ્ત્રી૦ [इ] બુંદદાણા સાથે દળવામાં આવતું એક છોડનું મૂળિયું (કૉફીને બદલે પણ ચાલે છે) [चिखल] કાદવ

**ચિખ(–ખ્ખ)લ** પું૦ [सं चिकिल, दे चिक्खल,

**ચિગોટી** સ્ત્રી૦ મોઢમાથે ઓઢીને સૂવું તે

**ચિચરવટી** સ્ત્રી૦ [સર૦ म चिरोटी] જમીનનો સાંકડો અને લાંબો કકડો –ટો પું૦ જમીનનો લાંબો કકડો

**ચિચરવટી** સ્ત્રી૦ [રવ૦, જુઓ ચચરાટ] તીખી કે ઠંડી વસ્તુ ખાતાં કે પીતાં પડતો સેરડો (૨) ધ્રાસકો, ફાળ (૩) પ્રીતિનો જુસ્સો. –ટો પું૦ ધ્રાસકો, ફાળ (૨) ગૂંચવણ

**ચિચરડો** [રવ૦?] પિચકારી (૨) હીચકો (૩) ચીચવો [(૨) ટળવળાવવું

**ચિચવાવવું** સ૦ ક્રિ૦ [રવ૦] ચીસ પડાવવી

**ચિચાડી** સ્ત્રી૦ [રવ૦] ચિચિયારી

**ચિચાવવું** સ૦ક્રિ૦ 'ચીચવું'નું પ્રેરક [ઠિઠિયારી

**ચિચિયારી** સ્ત્રી૦ [રવ૦] (દુઃખ કે ભયની) ચીસ,

**ચિચૂકો(–ડો)** પું૦ [सं चिंचा = આમલી પરથી, સર૦ म चिंचोका] આમલીનો ઠળિયો

**ચિચોટિયું** ન૦, **ચિચોટો** પું૦ [રવ૦?] હેડિયો

**ચિચોડો** પું૦ [સર૦ म चिचोग] જુઓ ચિચૂકો (૨) [રવ૦] ગેરડીનું કોલું

**ચિટનવીસ** પું૦ [ચિટ (हिं = ચિઠ્ઠી) + નવીસ (फा.)] જુઓ ચિટનીસ

**ચિટનીસ** પું૦ [જુઓ ચિટનવીસ] મંત્રી, અવલકારકુન –સી સ્ત્રી૦ ચિટનીસનું કામ (૨) તેનું પદ

**ચિઠ્ઠી** સ્ત્રી૦ [સર૦ हिं, म, सं चिट् = નોકરને કામ પર મોકલવો] થોડી મતલબનો નાનો કાગળ કે કાપલી (૨) કાળોતરી (૩) ભલામણ પત્ર [–ઉપાડવી = જુદાં જુદાં નામ નંબર લખેલી અનેક ચિઠ્ઠીઓમાંથી અધ્ધર એક ઉપાડીને તેમાં જે નામ નંબર નસીબજોગે આવે તે પરથી કાંઈ નક્કી કરવાનું હોય તે કરવું –નાખવી = ચિઠ્ઠી ઉપાડવાને ન્યાયે નિર્ણય કરવો કે તે માટે ચિઠ્ઠીઓ લખી ભેગી મૂકવી –નો ચાકર = કેવળ ચિઠ્ઠી લાવનાર લઈ જનાર, તેથી વિશેષ કાંઈ નહિ તે, કહ્યું તેમ ચૂપચાપ કરનાર –ફાટી જવી = કન્યા કુંવારી મરી જવી, તેના લગ્નનું ખર્ચ બચવું –લખવી = કામકાજ અંગે કે કાળોતરીનો પત્ર લખવો] ૦ચપાટી [જુઓ ચપતર],

૦પત્રી સ્ત્રી૦ કાગળપત્ર. ૦દોરો પુ૦ ભૂત પિશાચનુ વળગણ દૂર કરવા બાંધવામાં આવતો મંતરેલો દોરો કે ચિઠ્ઠી. [-કરાવવો= વળગણ દૂર કરાવવા જંતરમંતર કરાવવા.]

ચિડકણું વિ૦ [જુઓ ચિડાવુ] ચીડિયા સ્વભાવનુ

ચિડાવુ અ૦ક્રિ૦ [સર૦ हिं चिढना, म. चिड(-ढ)णें] ખીજવાવું, ગુસ્સે થવુ

ચિડિયલ વિ૦ ચીડિયુ

ચિડિયારું ન૦ (ચ) માટલીમાંથી ઝમતા પાણીને ઝીલવા નીચે મુકાતુ (માટીનુ) વાસણ

ચિડી સ્ત્રી૦ સ્ત્રીઓને પહેરવાનુ એક જાતનુ લૂગડુ (૨) પહેરામણીમાંથી વરપક્ષને મળતો ભાગ (૩) [हिं, म चिडी] ચકલી

ચિઢાણું વિ૦ ચીકટવાળુ અને વાસ મારતુ

ચિણ(-ન)ગી(-ગારી) સ્ત્રી૦ [સર૦ हिं. चिनगी,-गारी, म चिणगी=क्रोधाग्नि, ठिणगी=तणखो] તણખો -ગારો પું૦ મોટી ચિણગારી

ચિણાવું, -વવું સ૦ક્રિ૦ 'ચીણવું'નુ અનુક્રમે કર્મણિ અને પ્રેરક

ચિત ન૦ [सं] જ્ઞાન, ચેતના (૨) ચિત્ત (૩) ચૈતન્ય, જ્ઞાનસ્વરૂપ બ્રહ્મ ૦ચોર પુ૦ ચિત્ત ચોર ૦ડું ન૦ ચિત્ત (પ)

ચિતણિયો પુ૦ [प्रा चित्त, हिं चीतन=ચીતરવુ] ધાતુ પર ઘાટ ચીતરનારો

ચિતરામણ ન૦ ['ચીતરવુ' ઉપરથી] ચિત્ર(૨) ચીતરવાની ક્રિયા (૩) જુઓ ચિતરામણી -ણી સ્ત્રી૦ ચીતરવાનુ મહેનતાણુ

ચિતરાવવું સ૦ક્રિ૦ 'ચીતરવુ'નુ પ્રેરક રૂપ

ચિતવાવવું સ૦ક્રિ૦ 'ચીતવવુ'નુ પ્રેરક

ચિતા સ્ત્રી૦ [सं] મડદુ બાળવા ગોઠવેલી લાકડાની ચોકી, ચેહ [-ખડકવી=ચિતાના લાકડા ગોઠવવા, ચિતા તૈયાર કરવી]૦રોહણ ન૦ ચિતા પર ચડવુ,-મા પ્રવેશ કરવો તે

ચિતાક પુ૦ ગળાનુ એક ઘરેણુ (ખેડાવાળમા પહેરાય છે)

ચિતાર પું૦ ['ચિત્ર' ઉપરથી] ચિત્ર (૨) આબેહૂબ વર્ણન. [-આપવો=આબેહૂબ વર્ણન કરવુ. -આવવો=ખરેખર સમજાવુ, સ્પષ્ટ દેખાવુ]

ચિતારો પું૦ [सं चित्रकार] ચિત્રકામ કરનારો

ચિતાવું અ૦ક્રિ૦, -વવું સ૦ક્રિ૦ 'ચીતવુ'નુ કર્મણિ અને પ્રેરક

ચિતાળ સ્ત્રી૦ ચીરેલા લાકડાનો કકડો, ચીતળ, ફાચરો

ચિત્કાર પુ૦ [सं] ચીસ, ચીત્કાર

ચિત્ત ન૦ [सं.] અંતઃકરણ, મન (૨) [લા] લક્ષ, ધ્યાન (જેમકે, એનુ કશામા ચિત્ત નથી) [-ચાલવું, -ચોંટાડવું, -દેવું, -પરોવવું. -લગાડવું=બરાબર લક્ષ આપવુ -ચોરવું =મન હરણ કરવુ -ઠેકાણે રાખવુ=સ્વસ્થતા જાળવી રાખવી (૨) પૂરેપૂરુ લક્ષ આપવુ -ઠેકાણે હોવું=મનની સ્વસ્થતા હોવી (૨) ભાન હોવુ (૩) ધ્યાન રહેવુ] ૦ક્ષેપ પુ૦ ચિત્તની અસ્વસ્થતા-અજંપો ૦ક્ષોભ પુ૦ ચિત્તનો ક્ષોભ. ૦ગત વિ૦ ચિતનુ ચિત્તની અંદર રહેલુ ૦ચોર પુ૦ ચિત્ત ચોરી જનાર-વશ કરનાર ૦ભ્રમ પુ૦ ઉન્માદ (૨) ભ્રમ ૦વૃત્તિ સ્ત્રી૦ ચિત્તની વૃત્તિ ૦વેધક વિ૦ ચિત્તને વીંધી નાખે તેવુ ૦શુદ્ધિ સ્ત્રી૦ ચિત્તના મેલો-કામાદિ વિકારો તથા વૃત્તિઓની શુદ્ધિ-સફાઈ ૦શાસ્ત્ર ન૦ માનસશાસ્ત્ર; 'સાઇકોલોજી'-ત્તાકર્ષક વિ૦ ચિત્તને આકર્ષે એવુ, મનોહર

ચિત્તો પુ૦ [सं चित्रक प्रा चित्त] એક જાતનો વાઘ

ચિત્ર ન૦[सं]ચીતરેલુ તે, છબી(૨) જે અક્ષરમા જે પ્રશ્ન થયા હોય તેજ અક્ષરોથી તે પ્રશ્નનુ ઉત્તર મળે એ કાવ્યની ખૂબી (કા શા) [-કાઢવું, -ચીતરવું, -દોરવું,-પાડવુ= છબી ચીતરવી -ઊભું કરવુ, -ખડું કરવું =આબેહૂબ-તાદૃશ વર્ણન કરવુ] ૦ક પુ૦ ચિતારો (૨) [ગ] અજ્ઞાત ચિહ્ન, 'અનનોન સાઇન' ૦કલા(-ળા) સ્ત્રી૦ ચિત્ર દોરવાની કળા ૦કંઠ ન૦ કબૂતર ૦કામ ન૦ ચિત્રનુ કામ, ચિતારાનો ધંધો ૦કાર પુ૦ ચિત્ર દોરનારો ૦કાવ્ય ન૦ ચિત્રના આકારમા લખેલી કવિતા ૦કૂટ પુ૦ (સ) પ્રયાગ નજીક આવેલો એક પર્વત ૦ગુપ્ત પુ૦ (સ.) જીવોના કર્મો નોંધી રાખનાર યમરાજાનો સેવક ૦ગ્રીવ ન૦ જુઓ ચિત્રકંઠ

૦ણુ ન૦ ચીતરવું તે ૦પટ પુ૦; ન૦ જેના પર ચિત્ર દોર્યું હોય તે કપડું કે પાટિયું (૨)પડદો(૩)સિનેમાની 'ફિલ્મ' ૦પદા પુ૦ એક છંદ ૦ફલક ન૦ ચિત્ર કાઢવાનું પાટિયું-ફલક ૦ભાનુ પુ૦ સૂર્ય (૨) આકડો (૩) અગ્નિ (૪) એક વનસ્પતિ, ચીતરો ૦મંજૂષા સ્ત્રી૦ ચિત્રોના સંગ્રહની વહી, 'આલ્બમ' ૦લિપિ(-પી) સ્ત્રી૦ સાંકેતિક ચિત્રોની બનેલી લિપિ ૦લેખા સ્ત્રી૦ તસવીર, છબી (૨) વિધાતા (૩) [सं] ઓખાની સખી. ૦વત્ અ૦ ચિત્ર જેવું, સ્તબ્ધ ૦વતી સ્ત્રી૦ ગાંધાર-ગ્રામની એક મૂર્છના ૦વાચન ન૦ ચિત્રને સમજવું કે સમજાવવું તે ૦વિચિત્ર વિ૦ રંગબેરંગી (૨) વિચિત્ર, વિલક્ષણ. ૦વિદ્યા સ્ત્રી૦ ચિત્ર દોરવાની વિદ્યા-કળા ૦શૈલી સ્ત્રી૦ ચિત્ર ખડું કરી દે - ચિત્રની જેમ કામ કરે એવી લેખનની શૈલી ૦શાલા(-ળા) સ્ત્રી૦ ચિત્રો કાઢવાનું અથવા કાઢતા શીખવાનું સ્થાન

ચિત્રા સ્ત્રી૦ [सं] ચૌદમું નક્ષત્ર (૨) એક છંદ (૩) જુઓ ચિત્રવતી

ચિત્રાકાર વિ૦ [सं] ચિત્રવત્, સ્તબ્ધ

ચિત્રાર્પિત વિ૦ [सं] ચીતરેલું, ચિત્રમાં ઉતારેલું

ચિત્રાલય ન૦ [सं] ચિત્રશાળાનું સંગ્રહસ્થાન

ચિત્રાંગદા સ્ત્રી૦ [सं] (મ) અર્જુનની એક પત્ની, બભ્રુવાહનની માતા

ચિત્રિણી સ્ત્રી૦ [सं] ચતુર, સુંદર અને ગુણવાન સ્ત્રી(પદ્મિની, ચિત્રિણી, હસ્તિની અને શંખિની એ ચાર પ્રકારમાંની) [ચિત્રવિચિત્ર

ચિત્રિત વિ૦ [सं] ચીતરેલું (૨) રંગબેરંગી,

ચિત્રો પુ૦ જુઓ ચીતરો

ચિત્પાવન પુ૦[सं.] દક્ષિણી બ્રાહ્મણોનો એક ભેદ

ચિત્શક્તિ સ્ત્રી૦[सं] ચૈતન્ય

ચિત્સ્વરૂપ ન૦ [सं] પરબ્રહ્મ

ચિથરિયું વિ૦ જુઓ ચીથરેહાલ, ચીથરિયું

ચિદાકાશ ન૦ [सं] શુદ્ધ બ્રહ્મ

ચિદાત્મા પુ૦ [सं] ચૈતન્યસ્વરૂપ પરબ્રહ્મ

ચિદાભાસ પુ૦ [सं] જીવ [પુ૦ બ્રહ્મ

ચિદ્ઘન વિ૦ [सं] જ્ઞાનથી ભરેલું જ્ઞાનસ્વરૂપ(૨)

ચિદ્રૂપ વિ૦[सं] જ્ઞાનસ્વરૂપ

ચિદ્વિલાસ વિ૦ [सं] જ્ઞાનમાં જ વિલાસ છે જેનો એવું (૨) પુ૦ પરબ્રહ્મમાં રમણ (૩) ચિત્સ્વરૂપ ઈશ્વરની માયા-લીલા

ચિનગારી સ્ત્રી૦ [हिं] જુઓ ચિણગારી -રો પુ૦ જુઓ ચિણગારો

ચિનગી સ્ત્રી૦ [हिं] જુઓ ચિનગારી

ચિનાઈ વિ૦ ચીનમાં બનાવેલું ચીન દેશનું (૨) ચિનાઈ માટીનું બનાવેલું(૩) તકલાદી, આકર્ષક પણ ટકે નહીં તેવું (૪) સ્ત્રી૦ એક જાતની રેશમી સાડી [-માટી સ્ત્રી૦ એક જાતની સફેદ માટી, જેના વાસણ વગેરે ઘાટ બનાવાય છે -સિં(-સી)ગ સ્ત્રી૦ શેકેલી કે મીઠે પામેલી મગફળી]

ચિનાર પુ૦ [फा] એક જાતનું ઝાડ

ચિનાવું અ૦ ક્રિ૦, -વવું સ૦ ક્રિ૦ 'ચીનવું'નું કર્મણિ ને પ્રેરક

ચિનિકબાલા પુ૦ એક વનસ્પતિના બીજ ઔષધિ

ચિન્મય વિ૦[सं] જ્ઞાનમય, બ્રહ્મમય(૨)ન૦ બ્રહ્મ

ચિન્માત્ર વિ૦ [सं.] જુઓ ચિન્મય (૨) ન૦ શુદ્ધ જ્ઞાન [કર્મણિ ને પ્રેરક

ચિપાવું અ૦ ક્રિ૦, -વવું સ૦ ક્રિ૦ 'ચીપવું'નું

ચિપામિયું વિ૦ કંજૂસ (૨) વાતને ચોળીને ચીકણું કરવાની ટેવવાળું, ચીકણું ને દીર્ઘસૂત્રી

ચિબાવલું વિ૦ જુઓ ચબાવલું -લાશ સ્ત્રી૦ ચિબાવલાપણું

ચિબુક સ્ત્રી૦[सं]હડપચી, દાઢી [ચીંબોળવું

ચિબોળવું સ૦ ક્રિ૦ [સર૦ म चिंवळणें] જુઓ

ચિમરાજ ન૦ એક પક્ષી [પ્રેરક

ચિમળાવવું સ૦ક્રિ૦ 'ચીમળાવું', 'ચીમળવું'નું

ચિમાવું અ૦ક્રિ૦ ચુમાવું, અમુક વસ્તુ પોતાની પાસે નહિ હોવાથી મનમાં બળવું કે શરમાવું (૨)તે મેળવવાની ઇચ્છાથી તાકીતાકીને જોવું -વવું સ૦ક્રિ૦ 'ચિમાવું'નું પ્રેરક

ચિમે(-મો)ડ સ્ત્રી૦ એક વનસ્પતિ - ઔષધિ

ચિમોટી(-ડી) સ્ત્રી૦ ગળચી ડોક, બોચી

ચિમોડ સ્ત્રી૦ જુઓ ચિમેડ

ચિમોડિયું ન૦ જિંગોડો (સુ)

ચિમોડી સ્ત્રી૦ એક જાતના વેલાના બિયા (૨) જુઓ ચિમોટી (૩) જુઓ ચિમોડિયું

**ચિમ્મડ** વિ૦ જુઓ ચમ્મડ

**ચિર** વિ૦ [સં] લાંબુ (સમય માટે) (૨) લાંબા વખતનું (૩) અ૦ લાંબા વખત સુધી **૦કારિતા** સ્ત્રી૦ ચિરકારીપણું **૦કારી** વિ૦ દીર્ઘસૂત્રી, ટાઢું, ધીમું **૦કાલ(-ળ)** પું૦ લાંબો સમય **૦કાલીન** વિ૦ લાંબા વખતનું-જૂનું **૦સ્થાયી** વિ૦ દીર્ઘકાળ સુધી ટકી રહે એવું **૦સ્મરણીય** વિ૦ ચિરકાળ યાદ રાખવા યોગ્ય **-રંજીવ(-વી)** વિ૦ લાંબા આવરદાવાળુ (૨) પું૦ પુત્ર **-રંજીવિની** વિ૦સ્ત્રી૦ લાંબા આવરદાવાળી (૨) સ્ત્રી૦ પુત્રી **-રંતન** વિ૦ ચિરકાલીન, જૂનું, પ્રાચીન **-રાયુ** વિ૦ લાંબા આવરદાવાળું, દીર્ઘાયુ

**ચિરાઈ, -મણી** સ્ત્રી૦, **-મણુ** ન૦ ['ચીરવું' ઉપરથી] ચીરવાનું મહેનતાણું [જ્યોત

**ચિરાગ** પું૦ [फा] દીવો, બત્તી (૨) રાગ, દીવાની

**ચિરાડો** પું૦ જુઓ ચીરો

**ચિરામણ** ન૦, **-ણી** સ્ત્રી૦ જુઓ ચિરાઈ

**ચિરાવું** અ૦ ક્રિ૦, **-વવું** સ૦ ક્રિ૦ 'ચીરવું'નું કર્મણિ અને પ્રેરક

**ચિરૂટ** પું૦, સ્ત્રી૦ [इं] તમાકુના પાનનો જ વાળેલો મોટો ટોટો-એક પ્રકારની બીડી

**ચિરોટી** સ્ત્રી૦ [म] એક પકવાન

**ચિરોડી** પું૦ એક જાતનો પોચો પથ્થર

**ચિલખત** ન૦ [फा चिल्कद] બખતર

**ચિલગોજા** ન૦ [फा] એક મેવો-ફળ

**ચિલાવું** અ૦ ક્રિ૦ [हिं चिल्लाना] વેદનાથી બૂમો પાડવી [चिवट] જુઓ ચવડ

**ચિવ્વડ** વિ૦ [સર૦ ચિમ્મડ-ચમ્મડ, કે म

**ચિશ્ટાં** ન૦બ૦વ૦ [સર૦ છીલટા] નાળિયેરના છોતરાના રેસા [થઈ ગયેલું

**ચિશ્ટું** વિ૦ [સર૦ છીલટું] સુકાઈને ચવડ

**ચિહ્ન** ન૦ [સં] નિશાની (૨) [ગ] 'સાઈન' **૦નિરપેક્ષ** વિ૦ 'ઍબ્સોલ્યૂટ'(ગ) **-હ્નાંતર** ન૦ ચિહ્નોની ફેરફારી, 'ચેન્જ ઑફ સાઈન્સ' (ગ) **-હ્નિત** વિ૦ ચિહ્નવાળું

**ચિંગટ** વિ૦ [જુઓ ચેગટ] ચાપચીપિયું, ચીકણું, ચેગટ [(૨) મીંઢું

**ચિંગુ(-ગૂસ)** વિ૦ બહુ કરકસરિયું, કંજૂસ

**ચિંત(-તા)** સ્ત્રી૦ [જુઓ ચિંતા] ફિકર (૨) વિચાર [વિચારક; ફિલસૂફ

**ચિંતક** વિ૦ [સં] ચિંતન કરનારુ (૨) પું૦

**ચિંતન** ન૦ [સં] વિચાર મનન **૦શીલ** વિ૦ ચિંતન કરવાના સ્વભાવવાળું **-નાત્મક** વિ૦ વિચાર-મનનથી ભરેલું **-નીય** વિ૦ ચિંતન કરવા જેવું

**ચિંતવન** ન૦ [જુઓ ચિંતવવું] ચિંતન

**ચિંતવવું** સ૦ક્રિ૦ [સ चिन्त्, प्रा० चिंतव] મનન કરવું, વિચારવું

**ચિંતા** સ્ત્રી૦ [સં] ફિકર (૨) વિચાર **૦શીલ** વિ૦ ચિંતા કરવાના સ્વભાવવાળું **૦કુલ(-ળ)** વિ૦ ચિંતાથી આકુળ થયેલું - ગભરાયેલું. **૦ચૂરણી** વિ૦સ્ત્રી૦ ચિંતાને ચૂર્ણ કરનારી **૦તુર** વિ૦ [+आतुर] ચિંતાથી વ્યાકુળ. **૦મણિ** પું૦ ચિંતવેલું આપે તેવો મણિ. [**-કરવા** = માટીના શિવ બનાવી તેમને નિત્ય-નિયમથી આરાધવા.] **-ંતિત** વિ૦[સં] વિચારેલું. ધારેલું **-ંત્ય** વિ૦ [સં] ચિંતનીય

**-ચી** [तुर्की] 'વાળું' એ અર્થનો નામને લાગતો પ્રત્યય ઉદા૦ મસાલચી, તોપચી

**ચીક** પું૦, સ્ત્રી૦ [જુઓ ચીકણું, સર म] વનસ્પતિના ફળ, ડાખળા વગેરેમાંથી નીકળતું ચીકણું પાણી અથવા દૂધ

**ચીકટ** વિ૦ [જુઓ ચીકણું] ચીકણુ (૨) તેલ ઇત્યાદિના પાસવાળું (૩) ન૦, સ્ત્રી૦ ચીકાશ (૪) ચીકાશવાળી વસ્તુ (ઘી તેલ વગેરે) કે પદાર્થમાં હોતું તેલી તત્ત્વ 'ફૅટ' **-ટાવું** અ૦ક્રિ૦ ચીકટવાળું થવું, તેલ વગેરેથી ખરડાવું (૨) ચીકટવાળો પદાર્થ ખાવામાં આવવાથી રોગ કે ગૂમડાનું વીફરવું (૩) [સર૦ म. चिकटणे] ચોંટવું **-ટું** વિ૦ ચીકટવાળું

**ચીકટો** પું૦ શણનું કપડું-મુગટો [સર૦ हिं, म. चिकटा] (૨) પચાસ વાર લાંબો કસબી તાર (૩) [સર૦ म चिकटा] એક જાતનું ઘાસ

**ચીકણુ** સ્ત્રી૦ [સર૦ म चिकण काकडी, 'ચીકણું' પરથી?] એક જાતની કાકડી

**ચીકણું** વિ૦ [સ चिक्कण] ચોંટી રહે તેવું (૨) [લા] ચિંગૂસ, કંજૂસ (૩) ચાપચીપિયું,

ચીરીને જવું) (૩) [લા] વરાક પાસેથી ખૂબ ભાવ લેવો [ચીરી નાંખવું = ફાડી–રહેંસી નાખવું (૨) (ચામડું ચીરી નાંખવું) ખૂબ મારવું (૩) ખૂબ ભાવ લઈ પાડવો]

ચીરાબંધ વિ૦ [સર૦ મ. चिरेबदी, चिरा = ઇમારતી પથરો] ઈંટો કે પથ્થરથી જડેલું

ચીરિયું ન૦ [જુઓ ચીર] ફાડ, ચીરી (૨) (પ્રાય કેરીનો) અથાણાનો કકડો –યાં ન૦ બ૦વ૦ કેરીની ચીરીનું અથાણું [–નાખવાં = તે અથાણું તૈયાર કરવું–બનાવવું]

ચીરી સ્ત્રી૦ ચીર, નાની પાતળી ફાડ–કકડો

ચીરો પુ૦ લાંબો પાતળો કકડો (ચીરીને પાડેલો) (૨) ફાટ, તરડ, કાપ (૩) [સર૦ મ चिरा = કાપેલો પથ્થર] ઓવારો, ઘાટ

ચીલ સ્ત્રી૦ [સર૦ મ चिळ = એકદમ ફૂટની દૂધની સેર] વનસ્પતિમાંથી દૂધનો ચીકણો રસ, ચીક (૨) [મ = એક ભાજી] એક વનસ્પતિ (૩) [મ चिल्ल, ફ चिल्ला] એક પખી, સમડી. ૦ઝડપ સ્ત્રી૦ સમડી પેઠે ઝટ ઝડપવું તે

ચીલચીલ ન૦ એક પક્ષી

ચીલો (ચી') પુ૦ [દે चिल्हय] ગાડાવાટ–ચક્રનો ચીલો (૨) [લા] રિવાજ, રૂઢિ [ચીલે ચીલે ચાલવા કરવું = યથાવત્ રૂઢિને આધીન રહી વર્તવું ચીલે પડવું = રસ્તે પડવું, સરાણે ચડવું, ઠેકાણે પડવું ચીલો કાપવો = ગાડાવાટ છોડીને હાંકવું (૨) ચાલુ રિવાજથી જુદા પડવું –પાડવો = નવો શિરસ્તો–પદ્ધતિ શરૂ કરવા]

ચીવટ સ્ત્રી૦ [સર૦ મ चिवटपणा] કાળજી

ચીવર ન૦ [સ] વસ્ત્ર, કપડું (૨) ફાટેલું કપડું, કંથા (૩) ભિક્ષુઓનું અંગવસ્ત્ર –રી પુ૦ બૌદ્ધ ભિક્ષુ

ચીસ સ્ત્રી૦ [દે चीहाडी, हिं चीह] તીણી બૂમ, રાડ [–ખાઈ જવું, –ખાવી = ત્રાસી જવું, ભૂલી જવી, ફરી તેમ કરવાની હિંમત ન રહેવી –નાખવી, પાડવી = બૂમ પાડવી] ૦કાર પુ૦, ૦રાણ ન૦, –ાચીસ સ્ત્રી૦ ઉપરાઉપરી ચીસો પાડવી તે

ચીસપટ્ટી સ્ત્રી૦ સ્ત્રીઓનું કોટનું એક ઘરેણું

ચીસુ વિ૦ દોઢડાહ્યું, ચીકણું (૨) કંજૂસ

ચીંગડી સ્ત્રી૦ વડાની જાતનું એક જીવડું

ચીંચીં અ૦ [રવ૦]

ચીંડોરા ન૦ એક પક્ષી

ચીંથરું ન૦ [જુઓ ચીથરું] ફાટી ગયેલું કપડું કે ટુકડો [ચીંથરાં વીણવાં = તેમ કરવું પડે એવી ગરીબ દશા થવી] –રિયું વિ૦ ફાટયા તૂટ્યા વસ્ત્ર પહેર્યા હોય તેવું (૨) [લા] માલ વગરનું (૩) ન૦ માલ વગરનું વસ્તુ કે લખાણ [ચીંથરિયા મામા = વગડામાં ઝાડ કોઈ કાપી ન જાય તે માટે ઊભું કરાતું ભૂતનું પ્રતીક] –રી સ્ત્રી૦ નાનું ચીથરું, ચીંદરડી. –રેહાલ વિ૦ ફાટયાતૂટયાં વસ્ત્ર પહેર્યાં હોય એવું (૨) [લા] છેક જ ગરીબ

ચીંદરડી સ્ત્રી૦ [જુઓ ચીથરું, સર૦ म चिंधडी, का चिंदी, हिं चिंदी] લૂગડાની લાંબી પટી –ડું ન૦ સાકડો પણ લાંબો લૂગડાનો કાપલો –ડો પુ૦ મોટી ચીંદરડી

ચીંદરી સ્ત્રી૦ જુઓ ચીંદરડી

ચીંધવું સ૦ક્રિ૦ [સ चिह्न, प्रा चिंध] આંગળી કરીને દેખાડવું (૨) ફરમાવવું –ણું ન૦ ચીંધવું તે ચીંધાવું [કર્મણિ], –વવું [પ્રેરક]

ચીંબોળવું સ૦ક્રિ૦ [જુઓ ચીમળવું] આમળવું, ચીમટી દેવી ચીંબોળાવું અ૦ક્રિ૦, –વવું સ૦ક્રિ૦ અનુક્રમે કર્મણિ ને પ્રેરક

ચુકાદો પુ૦ ['ચૂકવવું' ઉપરથી, સર૦ हिं चुकौता] ફેસલો [–આપવો, સંભળાવવો]

ચુકાવું અ૦ ક્રિ૦ –વવું સ૦ ક્રિ૦ 'ચૂકવું'નું કર્મણિ ને પ્રેરક

ચુગલ વિ૦ [તુ चुग़ुल, फा चुग़ल] ચુગલખોર (૨) સ્ત્રી૦ પીઠ પાછળ કરેલી નિંદા ૦ખોર વિ૦ ચુગલી કર્યા કરનારું –લી સ્ત્રી૦ ચુગલ –લીખોર વિ૦ ચુગલખોર

ચુગાવું અ૦ ક્રિ૦ –વવું સ૦ ક્રિ૦ 'ચૂગવું'નું કર્મણિ ને પ્રેરક

ચુચવાવવું સ૦ક્રિ૦ 'ચૂચવવું'નું પ્રેરક

ચુચુક, ચુચૂક [સ] પુ૦; ન૦ સ્તનની ડીંટડી

ચુડિયાલા(–ળા) પુ૦ એક છંદ

ચુડેલ સ્ત્રી૦ [हिं. चुडैल, सं चूडा = શિખા પરથી?] ડાકણ [કર્મણિ અને પ્રેરક

ચુણાવું અ૦ ક્રિ૦, –વવું સ૦ ક્રિ૦ 'ચૂણવું'નું

**ચૂતું** ન૦ [જુઓ 'ચૂન' (૨)] કઠોળ ભરડતા પડેલો ઝીણો ભૂકો

**ચૂનો** પું૦ [જુઓ 'ચૂન' (૨)] મકાનાદિ ચણવામા વપરાતો પથ્થર મરડ વગેરેનો ભૂકો [**ખાટું ચૂનો**=ચૂના જેવુ (અતિશય) ખાટુ **-ચોપડવો**=ધોળવું(૨)જડ કાઢી નાખવી(૩) ખુશામત કરવી **-છાંટવો,-દેવો,-લગાડવો** =ધોળવુ **-મારવો**=ધોળવુ (૨) ચૂનાનુ પ્લાસ્ટર કરવુ] **-નાગરચી(-ચ્છી)** સ્ત્રી૦ ચૂનાના કેલની જમાવટ, ચૂનાનુ મજબૂત ચણતર કે તેની બનાવેલી અગાશી – ધાબુ

**ચૂપ,**૦**કી,**૦**ચાપ,-પાચૂપ** અ૦જુઓ'ચુપ'મા

**ચૂમવું** સ૦ક્રિ૦ [સ चुम्ब्] બચ્ચી કરવી

**ચૂમી** સ્ત્રી૦ બચ્ચી [એક સુગંધીદાર પદાર્થ

**ચૂયો** પું૦[સ શ્રુત,પ્રા चुअ=ટપકવું ઉપરથી?]

**ચૂર** પું૦ ['ચૂરવુ' પરથી] ચૂરો, ભૂકો ૦ણ ન૦ ભૂકો, ચરો (૨) ઔષધિનો ભૂકો ૦મુ ન૦ [दे चूरिम] ભોજનની એક વાની–છૂટો લાડુ ૦વું સ૦ ક્રિ૦ [સ. चूर्ण, પ્રા चूर] ભૂકો કરવો **-રી** સ્ત્રી૦ ચૂર, ઝીણો ચૂરો (જેવી કે સોપારીની) **-રો** પું૦ ભૂકો

**ચૂર્ણ** વિ૦[સ] ચૂરો થયેલુ (૨)ન૦ ચૂરણ [સાર

**ચૂર્ણિકા** સ્ત્રી૦ [સ] કવિતાનો ગદ્યમા સમજાવેલો

**ચૂલ** (ચૂ'લ)સ્ત્રી૦[સ चुल्लि] રસોઈ માટે ખોદેલો મોટો ચૂલો તમણ [લેવાતો કર

**ચૂલાવેરો** (ચૂ') પુ૦ [ચૂલો+વેરો] ચૂલા દીઠ

**ચૂલાશ(-સ)ગ(-ઘ)ડી** (ચૂ') સ્ત્રી૦ [ચૂલો+સગડી] ચૂલાની પણ ગરજ સારે એવી શગડી

**ચૂલિકા** સ્ત્રી૦ [સ] રંગભૂમિ ઉપર ન લવાય તેવા બનાવનુ નેપથ્યમા ઊભેલા પાત્રો દ્વારા સૂચન કરવુ તે (નાટયશાસ્ત્ર)

**ચૂલિકાપૈશાચી** સ્ત્રી૦ [સ] અફઘાનિસ્તાન નેપાળ, બાલ્હિક વગેરે પ્રદેશોમા બોલતી એક પ્રાચીન પ્રાકૃત

**ચૂલિયું** ન૦શાક સમારવાનો નાનો સૂડો,ચુલેતરુ

**ચૂલિ** (ચૂ') સ્ત્રી૦ [સં चुल्लि,-ल्ली] નાનો ચૂલો કે ચૂલ **-લો** પુ૦ રાધવા વગેરે માટે બળતણ ગોઠવવા કરાતી જગા કે ગોઠવણ [**ચૂલા અબોટ કરવાં**=ચૂલાને તથા રાંધણિયાને અબોટ કરવો (૨) રાંધવા જમવામાથી પરવારવુ. **ચૂલા ઉપર (ચૂલે) ચડી બેસવું**= રાંધવાના કામમા અશક્ય ઉતાવળ કરવી કરાવવી **ચૂલાનું કંઈ મોં દુખે છે?**=રાંધતા શી વાર? હમણા ખાવાનુ થઈ જશે **ચૂલામાં ઘાલવું**=ચૂલમા નાખી બાળી નાખવુ (૨) કોઈને રાંધવા બેસાડવુ **ચૂલામાં જા -પડ, -પેસ**=ફાવે તેમ કર – દેવતામા પડ! (ક્રોધોદ્ગાર) **ચૂલામાંથી નીકળવું, પરવારવું**= રાંધવાના કામમાથી નીપટવુ **ચૂલામાં નાખ** =બાળી મૂક (૨) દીસતુ રહે એમ કરવુ (ક્રોધોદ્ગાર.) **ચૂલામાં પેસવું**=રાંધવા પેસવુ **ચૂલામાં બિલાડાં આળોટવાં**=ચૂલો ન સળગાવી શકાય તેવી ગરીબાઈ–તંગી હોવી **ચૂલામાં ટાંટિયો ઘાલુ?**=શેનાથી રાંધુ? બળતણ તો છે નહી! **ચૂલા-મોંનું**=બળ્યા મોનુ, બળેલા સ્વભાવનુ **ચૂલાસગડી સળગવી**=મનમા ભારે ચિંતા થવી **ચૂલે ચરાવવું, મૂકવું**=રંધાવા ચૂલા પર ગોઠવવું **ચૂલો ઠંડો હોવો**=રાંધવાનુ ન હોવુ (૨) ગરીબાઈ હોવી **ચૂલો પાડી નાખવો**= પારકે ઘેર જમવાનુ રાખવુ **ચૂલો ફૂંકવો**= ફૂંકીને ચૂલાનો અગ્નિ સતેજ કરવો(૨) જાતે રાંધવુ (પીડાનો ભાવ બનાવે છે) **ચૂલો ભભડવો**=કોઈ મહેમાન આવશે એવી એંધાણી થવી **ચૂલો સળગાવવો**=ચૂલામા અગ્નિ સળગાવવો. રાંધવાની તૈયારી કરવી]

**ચૂવાચંદન** ન૦ [म चुवा, हिं चौआ ('ચૂવુ' ઉપરથી) + ચંદન] એક જાતની સુખડ

**ચૂવું** અ૦ ક્રિ૦ [સ च्युत्, પ્રા चुअ] ટપકવુ; ગળવુ (છિદ્રમાથી) [**ચૂઈ જવું**=બગડવુ (ઉદા૦ તારુ શુ ચૂઈ જાય છે?)]

**ચૂવો** પુ૦ [हिं चूहा] ચૂઓ, ઉંદર (૨) ['ચૂવુ' ઉપરથી] પાણી ચૂએ એવુ છાપરામાનુ કાણુ (૩) લાકડુ કે કાચલી બાળતા નીકળતો રસ

**ચૂસ** સ્ત્રી૦ ['ચૂસવુ' ઉપરથી] ચૂસી ખાવુ તે, શોષણ, 'એક્સ્પ્લોઇટેશન'

**ચૂસણ** ન૦ ['ચૂસવુ' ઉપરથી] ચૂસ (૨) વિ૦ ચૂસનારુ ૦પદ્ધતિ સ્ત્રી૦ પારકુ ચૂસી ખાવાની

પદ્ધતિ, 'એક્સ્પ્લોઇટેશન' -ણી સ્ત્રી૦ ધાવણી (૨) ચૂસી ખાવુ તે

ચૂસવું સ૦ ક્રિ૦ [સ ચૂષ્] મો વડે રસ ખેચવો (૨) [લા] નિ સત્ત્વ કરવુ [ચૂસી ખાવું = ચૂસીને નિ સત્ત્વ કરવુ]

ચૂ (૦ચૂ) [રવ૦] ઉંદરનો અવાજ ચૂં કે ચા ન કરવું = હરફ સરખો ન બોલવો, તદ્દન ચૂપ રહેવુ, જરા પણ આનાકાની ન કરવી

ચૂક સ્ત્રી૦ [સં चुक्क्] પેટની આકડી (૨) નાની ખીલી,રેખ [-આવવી = પેટમા ચૂકાવુ (૨) માઠુ લાગવુ, વાકુ પડવુ (૩) ગુપ્ત વાંધો હોવો -ઘાલવી = ખીલી જડવી (૨) વિઘ્ન નાખવુ (૩) એ આકારનુ ઘરેણુ નાકે પહેરવુ. -જડવી, ઠોકવી = ખીલી મારવી -મટાડવી = પેટમા થતુ દર્દ દૂર કરવુ (૨) આનાકાનીનુ કારણ - વાંધો દૂર કરવા -મારવી = ખીલી જડવી (૨) ફાસ મારવી, વિઘ્ન નાખવુ (૩) હમેશા માટે બધ કરવુ] -કાવું અ૦ક્રિ૦ (પેટમા) ચૂક આવવી (૨) [લા] મનમા ગુપ્ત વાંધો હોવો - ના ગમવુ ચૂકાવવુ સ૦ક્રિ૦ [પ્રેરક]

ચૂખડુ (-ણુ), ચૂચ(-ચ)ણુ વિ૦ [સર૦ મ चोखळणें = દૂઢવુ, બારીકાઈથી જોવુ, हिं चुधा] (તેજથી અજાઈ જાય તેવી) ઝીણી આખોવાળુ, મદ દૃષ્ટિનુ

ચૂચાં ન૦[રવ૦]ચૂ કે ચા - જરા પણ બોલવુ તે, સામે જવાબ આપવો તે (૨) આનાકાની [-કરવું]

ચૂંચિયાં ન૦બ૦વ૦ [જુઓ ચૂચી] સ્તનની ડીટડીઓ (૨) સ્તનો

ચૂચી સ્ત્રી૦ [સં चुचि = સ્તન, સં चुच्चिक] સ્તનની ડીટડી (૨) સ્તન

ચૂચુ ન૦ [રવ૦] ઉદા૦ ઉદરનુ ચૂચુ (૨)વિ૦ જુઓ ચૂખડુ

ચૂંટ સ્ત્રી૦ [જુઓ ચૂટી] ખજવાળ, વલૂર ૦ણી સ્ત્રી૦ ચૂટવુ તે, પસદગી (૨) પ્રતિનિધિને ચૂટવો તે, 'ઇલેક્શન' ૦લી સ્ત્રી૦ ચૂટી ૦લો પુ૦ મોટી ચૂટી ૦વું સ૦ક્રિ૦ [સં प्रा चुट्] તોડવુ, ટૂપવુ (૨) પસદ કરવુ [ચૂટી કાઢવું = ઘણામાથી વીણી કાઢવું - પસદ કરવુ ચૂંટી ખાવું = એકસામટા ઘણાએ ઠપકો આપવો કે ટીકા કરવી ચૂંટી નાખવું = તોડીને ફેંકી દેવુ ચૂંટી લેવું = તોડી લેવુ(૨)પસદ કરી વીણી લેવુ]-ટાવવું સ૦ક્રિ૦, -ટાવું અ૦ક્રિ૦ 'ચૂટવુ'નુ પ્રેરક ને કર્મણિ -ટિયાટવું સ૦ક્રિ૦ બહુ ચૂટીઓ ખણવી -ટી સ્ત્રી૦[दे चहुतिया, स चुंट् = કાપવુ,છૂટુ પાડવુ]ચીમટી [-ખણવી,-દેવી, -ભરવી, -લેવી]

ચૂથ સ્ત્રી૦ ['ચૂથવુ' ઉપરથી] ચૂથારો - પીડા ૦વું સ૦ક્રિ૦ [સર૦ મ चुथणें] આમ તેમ અસ્તવ્યસ્ત કરીને ચોળી નાખવુ,ફેંદવુ,ક્રમ કે વ્યવસ્થા ઇ૦ બગાડી નાખવા -થાચૂથ સ્ત્રી૦ ફરી ફરીને ચૂથવુ તે -થાણ ન૦ ચૂથાવુ તે, ચૂથારો -થારો પુ૦ ચૂથાઈ ગયેલી વસ્તુ(૨)શરીરમા થતુ કળતર(૩)ચૂથાચૂથ(૪) હૃદય ચૂથાતુ હોય એવી પીડા, ગભરામણ -થાવવું સ૦ ક્રિ૦ 'ચૂથવુ'નુ પ્રેરક -થાવું અ૦ક્રિ૦ 'ચૂથવુ'નુ કર્મણિ રૂપ (૨) [શરીરમા કે મનમા] ચૂથારો થવો -થો પુ૦ રોળાયેલો ચોળાયેલો ડૂચો

ચૂદડી સ્ત્રી૦ [हिं चुनरी, चूँदरी] એક જાતનુ ભાતીગર રેશમી લૂગડુ -દિયાળી વિ૦ સ્ત્રી૦ ચૂદડીવાળી

ચૂધળુ વિ૦[સર૦ हिं चुधा, चुँधलाना] જુઓ ચૂખડુ

ચૂધી સ્ત્રી૦ ખણખોદ, ટીકાખોર દૃષ્ટિ ૦ખોર વિ૦ નકામી ખણખોદ કરવાના સ્વભાવનુ

ચૂંપવું સ૦ ક્રિ૦ [મ चोपणें] (કા) પ્રવાહી પદાર્થને જરા જરા લઈને પીવો

ચૂંવાળ પુ૦(સ) અમદાવાદ, પાટણ અને કડી વચ્ચેનો ૪૦ ગામોનો અમુક જથો - પ્રદેશ

ચૂંવાળાં, -ળીસ, -ળું જુઓ 'ચુમાળા'મા

ચૂંવોતેર વિ૦ [प्रा चउहत्तरि, चोवत्तरि, स चतु सप्तति] ચુમોતેર, '૭૪'

ચેક પુ૦ [ઇ] એક જાતનુ ચોકડી ભાતનુ કાપડ (૨) બેંકમાથી નાણા ઉપાડવાની ચિઠ્ઠી [-કાઢવો,-લખવો = ચેકથી નાણા આપવા -વટાવવો = ચેકના નાણા મેળવવા]

છાણનો હાથ ફેરવી જગા તૈયાર કરવી. **ચોકો દેવો,-વાળવો** = અભોટ થઈ ચોકો કરવો (૨) ગોટાળો કરવો, કામ બગાડવુ ]

**ચોકો(-ક્કો)** (ચો) પુ૦ [સ चतुष्क] ચારની સજ્ઞાવાળુ ગજીફાનુ પત્તુ

**ચોક્કસ, ૦પણું** જુઓ 'ચોકસ'મા

**ચોખ** વિ૦ [सं. चोक्ष, दे चोक्ख] ચોખ્ખુ (૨) સ્ત્રી૦ ચોખ્ખાઈ (૩)[લા ]નિકાલ **૦ડિ(-લિ)યાત** વિ૦ વટાળ વિનાનું **૦ડિ(-લિ)યાવેડા** પુ૦બ૦વ૦ વટાળ બહુ પાળતા હોઈએ એમ બતાવવુ તે **૦ડિ(-લિ)યું** વિ૦ [સર૦ हि चोक्खलि] ચોખલિયાત (૨) શુદ્ધિ કે નીતિનો અતિ આગ્રહ રાખનાર **૦વટ**સ્ત્રી૦ચોખ્ખાઈ, પવિત્રતા(૨)સ્પષ્ટતા(૩)[લા ]નિકાલ, ખુલાસો

**ચોખળુ**(ચો?)ન૦[ચો=ચાર+ખળુ ?]ગામડાનો સમુદાય (૨) પરગણુ

**ચોખંડ** (ચો) વિ૦ જુઓ ચોખંડુ (૨) પુ૦ ચોખડી આકૃતિ (૩) [ચો = ચાર+ખડ] ચારે ખડ (પૃથ્વીના) **-ડું** વિ૦ ચારખૂણિયુ (૨) ચોરસ (૩) ચાર ખડવાળુ

**ચોખા** પુ૦ બ૦ વ૦ [दे चोक्ख પરથી ?] (ડાગર ભરડીને કઢાતુ) એક અનાજ [**-ઓરવા** = રાધવા માટે ચોખા આધણમા નાખવા **-ઊભા રહી જવા**=ભાતમા અમુક દાણા કાચા રહી જવા **-ચડાવવા**=દેવમૂર્તિની ચોખા વડે પૂજા કરવી (૨) ખુશામત કરવી (૩) ચોખા મૂકવા, નોતરુ દેવુ **-ચવરાવવા** = મંતરેલા ચોખા ચવરાવી ગુનેગાર પકડવાનો પ્રયોગ કરવો **-ચોડવા**= કપાળે અક્ષત કંકુ ચોડવા (૨) કલ્યાણ ઇચ્છવું **-નાખવા,-વેરવા** = સ્ત્રીએ નાતરુ કરવુ (૨) ખોળો ભરવો, સીમત કરવુ **-મૂકવા** = આમંત્રણ આપવુ **-મૂકવા જવું** = નોતરું આપવા જવુ **-ભેગી ઇયળ** = મોટા ભેગુ નાનુ **તારા ચોખા ખાઉં,-બાટું,-રાંધુ** = તુ મરે ! (એક ગાળ) ] **૦પૂર** વિ૦ એક ચોખા જેટલુ (માપ કે વજનમા) (૨) [લા ] જરાક **૦ભાર** વિ૦ એક ચોખાના વજન જેટલુ (૨) [લા ] જરાક **૦વા** વિ૦ ચોખા જેટલુ (માપમા). **-ખો** પુ૦ ચોખાનો દાણો

**ચોખાની** (ચો) સ્ત્રી૦ [ચો =ચાર+ખાનુ]એક જાતનુ ભાતીગર લૂગડુ

**ચોખાસું** વિ૦ ['ચોખ્ખુ' ઉપરથી] જુઓ ચોખલિયાત; વટાળ વિનાનુ

**ચોખાળવું** સ૦ ક્રિ૦ ['ચોખ્ખુ' ઉપરથી] સાફ કરવુ (૨) ચોખ્ખું-ખુલ્લુ-સ્પષ્ટ કરવુ

**ચોખિયાત** વિ૦ ચોખલિયાત (?)

**ચોખું** વિ૦, **-ખાઈ** સ્ત્રી૦, **૦ચટ** વિ૦, **૦ફૂલ** વિ૦ જુઓ 'ચોખ્ખુ'મા

**ચોખૂણ(-ણિયુ)** (ચો) વિ૦ [ચો=ચાર+ખૂણો] ચાર ખૂણાવાળુ

**ચોખૂટ** (ચો) વિ૦ [સર૦ प्रा. चउक्कुट्ट हिं. चौखूँट] ચારે દિશાની મર્યાદામા આવતુ - તમામ(૨)અ૦ ચારે ખૂણાઓમા-ચારે બાજુ

**ચોખ્ખું** વિ૦ [दे चोक्ख] સ્વચ્છ (૨) ભેળ વગરનુ(૩)સાચું; પ્રમાણિક (૪) ખુલ્લુ, સ્પષ્ટ. [**-કરવું** =સાફ કરવુ(૨)સ્પષ્ટ કરવુ(૩)ગોટાળો કાઢી નાખવો (૪) ખતમ કરવુ **-કહેવું** = સાફસાફ કહેવુ,બેધડક કહેવુ **ચોખ્ખો હાથ, ચોખ્ખો માણસ** = પ્રમાણિક-ઘાલમેલ ન કરે તેવો માણસ **ચોખ્ખો હિસાબ**= સ્પષ્ટ કે ગોટાળા વિનાનો હિસાબ]. **-ખ્ખાઈ** સ્ત્રી૦ સ્વચ્છતા; શુદ્ધતા (૨) પ્રામાણિકતા, નિખાલસતા **૦ચટ** વિ૦ બિલકુલ ચોખ્ખુ **૦ફૂલ** વિ૦ ફૂલ જેવુ-ખૂબ ચોખ્ખુ

**ચોગઠ** (ચો) સ્ત્રી૦ [ચો=ચાર+ગંઠ (ગાઠ)] ચોરીની આસપાસ બાધેલી દોરીની ગાઠ (૨) ચારે છેડે ગઠાવુ તે, લગનની ગાઠ

**ચોગડો** (ચો) પુ૦ [સ चतुर्, प्रा चउ ઉપરથી] ચારનો આકડો, '૪'

**ચોગણું** (ચો) વિ૦ [સ चतुर्गुण] ચાર ગણુ

**ચોગમ(-રદમ)** (ચો) અ૦ [ચો=ચાર+ગમ, કે ગરદમ (गिर्द फा )] ચારે દિશામા; ચોમેર. **-માં** અ૦ + ચોગમ

¹**ચોગાન** (ચો) ન૦ [फा.] ખુલ્લી જગા, મેદાન

**ચોગો** પુ૦ [तु चूगा? हिं. चोगा] ઝભ્ભો

**ચોઘડિયાં** (ચો) ન૦બ૦વ૦ [ચો=ચાર+ઘડી] ચાર ચાર ઘડીને આતરે વગાડાતા નગારાં.

[-વાગવાં=[લા] -ની તૈયારી થવી· -નુ બનવુ નજીક હોવુ]
ચોઘડિયું (ચો) ન૦ [ચો=ચાર + ઘડી] ચાર ઘડી જેટલો વખત (૨) મુરત [-જોવું=મુરત ખોળવુ-નક્કી કરવુ] [પટેલ(૨)નાતનો પટેલ
ચોઘલો (ચો) પુ૦ [સર૦ મ चौघला] ગામડાનો
ચોચ ન૦ [સં] વલ્કલ, છાલ
ચોજ સ્ત્રી૦ (કા)તર્ક, દલીલ,બુદ્ધિની સૂક્ષ્મતા -જાળું વિ૦ ચોજવાળુ
ચોજાવો (ચો) પુ૦ [ચો=ચાર+જાવા] જાવાથી આવતી ચાર તેજાનાની વસ્તુઓ-લવિંગ, ઇલાયચી,તજ અને જાયફળ(૨)ગરમ મસાલો, તેજાનો
ચોટ સ્ત્રી૦[हिं, सं. चुट्=તોડી પાડવુ]આઘાત; પ્રહાર,મુક્કી(૨)દાવ,લાગ(૩)એક જાતનુ જાદુ-મારણ, મૂઠ (૪) નિશાન (તીર, ગોળીનુ) [-આવવી=વાગવુ, ઘા થવો, મચકોડાવુ -મારવી=ઝડપ મારવી (૨) ઘા કરવો (૩) નિશાન મારવુ (૪)મૂઠ વગેરે મારી જીવ લેવો -વાગવી,-લાગવી=ધાર્યો ઘા થવો, દાવ ફાવવો (૨)જુઓ ચોટ આવવી ]૦દાર વિ૦ ચોટવાળું, તાકેડુ [મળવિકાર રહેવો]
ચોટ (ચૉટ,)સ્ત્રી૦ ચોટવુ તે.[-રહેવી=બાળકને
ચોટડું,-ડૂક,-ણુ (ચૉ) વિ૦ ['ચોટવુ' ઉપરથી] ચોટી રહે- ખસે નહિ એવુ
ચોટણું (ચો) વિ૦ ['ચોટવુ' ઉપરથી] ચોટે એવુ; ચીકણું (૨) ન૦ ચોટેલી વસ્તુ
ચોટલી સ્ત્રી૦ [दे चोट्टी]શિખા(૨)નાળિયેરના ઉપરના રેસા. [-ઊભી થઈ જાય એવું= અતિશય ખાટું કે તીખુ -પકડવી=ખસે નહી એમ કબજામા લેવુ (૨) કાન પકડવો, કબૂલ કરાવવું -મંતરવી=દાવ પેચથી હરાવવુ -લઈ જવી=છેતરવુ -હાથમાં આવવી=બરાબર કબજામા આવવું ]-લો પું૦ વેણી અંબોડો [-ગૂંથવો,-વાળવો]
ચોટવું (ચો) સ૦ ક્રિ૦ [दे चुट्ट=ચોટેલુ] ચીકાશને લીધે વળગવુ (૨)[લા]આગ્રહપૂર્વક વળગવુ અડ્ડો જમાવવો (૩) અ૦ક્રિ૦ બેસવુ (તિરસ્કારમા)
ચોટાડવું સ૦ક્રિ૦ 'ચોટવુ'નુ પ્રેરક રૂપ
ચોટી પું૦ ['ચોટ' ઉપરથી] ચોટ-નિશાન-તાકનાર (૨) સ્ત્રી૦ [दे चोट्टी] ચોટલી (૩) મરણને ત્રીજે દિવસે દિલાસો દેવાની એક વિધિ
ચોટ્ટું વિ૦ [જુઓ ચોરટ્ટુ] ચોરી કરવાની ટેવવાળુ (૨) લુચ્ચુ -ટ્ટાઈ સ્ત્રી૦
ચોડ (ચો) સ્ત્રી૦ [જુઓ ચોડો] વસ્તુઓનો જથ્થો (૨) વિ૦ [જુઓ ચોડુ] પહોળું. [-વળવું=પાયમાલ થવુ ]-ડાઈ સ્ત્રી૦,-ડાણ ન૦ પહોળાઈ
ચોડણ (ચૉડ) ન૦ ['ચોડવુ' ઉપરથી] (ના) ચોડવાનુ તે (ચાંદલો, ટીલડી ઇ૦)
ચોડવવું સ૦ ક્રિ૦ + (?) પકવવુ; ચડવવુ
ચોડવું (ચૉડ') સ૦ ક્રિ૦ [સર૦ 'ચોટવુ'] ચોટાડવુ (૨) જડવુ બેસાડવુ(જેમ કે ખીલી) (૩) લગાવવુ, ઠોકવુ (જેમ કે સોટી, ગોલ) (૪) બરોબર લાગે તેવાં સચોટ આકરો બોલ કહેવો, જેમ કે કડક વેણ, ગાળ
ચોડાવવું (ચૉડા') સ૦ક્રિ૦ 'ચોડવુ'નુ પ્રેરક રૂપ
ચોડું (ચો) વિ૦[हि चौडा] પહોળુ (૨) ચાર પડવાળુ, ચોવડુ
ચોડો (ચો)પુ૦એક ઉપર એક વસ્તુઓનો ખરકલો
ચોતરફ (ચો) અ૦ [ચો=ચાર + તરફ] ચારે બાજુ
ચોતરો (ચો) વિ૦ [सं चत्वर] મોટો ઓટલો, ચબૂતરો (૨) પોલીસચોકી, ચાવડી
ચોતારુ (ચો) વિ૦ [ચો=ચાર+તાર] ચાર તારવાળુ -રો પું૦ ચોતારા વણાટનુ કપડુ
ચોતાલ(-ળ) (ચો)વિ૦[ચો=ચાર+તાલ]ચાર તાલ-ઠોકવાળુ (ગાયન) (૨) પુ૦ સંગીતમા એક તાલ -લું(-ળું) વિ૦ ચોતાલ
ચોત્રીસ (ચો) વિ૦ [सं चतुस्त्रिंशत्, प्रा चउत्तीस] '૩૪' -સા પુ૦બ૦વ૦ ચોત્રીસ સાથે ૧ થી ૧૦ સુધીની સંખ્યાના ગુણાકારનો વડિયો
ચોથ (ચૉથ,)સ્ત્રી૦ [सं चतुर्थ, प्रा चउत्थ] પખવાડિયાની ચોથી તિથિ (૨) વદ ચોથે કરવાનુ એક વ્રત (૩) જુઓ ચોથાઈ (૪) ન૦કહાના પખિયારાનો નાનો ભાગ -થાઈ સ્ત્રી૦ચોથો

ચોરવું સ૦ક્રિ૦ [સં ચુર્] પારકાનું છૂપી રીતે લઈ જવું (૨) પૂરેપૂરું કામ ન દેવું, કસર રાખવી (જેમ કે હાથ પગ કે મન યા કામ ચોરવું)

ચોરસ (ચો) પું૦ [સં ચતુરસ્ર, પ્રા ચઉરસ્સ] ચારે સરખી બાજુ ને સરખા ખૂણાની ચતુષ્કોણ આકૃતિ (૨) વિ૦ તેવા આકારનું, 'સ્ક્વેર' (ગ) –સાવવું સ૦ક્રિ૦ ચોરસ કરવું –સી સ્ત્રી૦ ચોરસ આકારની તખતી (૨) સુતારનું એક ઓજાર (૩) સ્ત્રીઓની કોટનું ઘરેણું–ચોકી (૪) ચોખંડું છજું. –સું ન૦ ચોખંડો ટુકડો –સો પું૦ જાડા કાપડનો ચોરસ કકડો (૨) વિશેષ પહોળી એક પિછોડી

ચોરાઉ વિ૦ ['ચોર' ઉપરથી] ચોરાયેલું

ચોરાચોર(–રી) સ્ત્રી૦ ['ચોરવું' ઉપરથી] ચોર-ચોરા, વારંવાર જ્યાં ત્યાં ચોરવું તે (૨) માંહોમાંહે અરસપરસ ચોરી થયા કરવી તે

ચોરાણું(–ણું) (ચો) વિ૦ [સં ચતુર્ + નવતિ, પ્રા ચઉણઉઇ] '૯૪'

ચોરાસી(–શી) (ચો) વિ૦ [સં ચતુરશીતિ, પ્રા ચઉરાસી] '૮૪' (૨) સ્ત્રી૦ બ્રાહ્મણોની ચોરાશી–બધી નાતોનું જમણ [–કરવી, જમાડવી = બ્રાહ્મણોની બધી નાતોનું જમણ કરવું –નો ફેરો = ૮૪ લાખ યોનિમાં જન્મવાની ઘટમાળ (૨) જેનો છેડો ન આવે એવું કામ –બંદરનો વાવટો = વેપારનું બહુ મોટું મથક. –બંદરનો વાવટો ઊડવો = દેશદેશાવર વેપાર કરી બહુ ધન મેળવવું]

ચોરિયું વિ૦ ['ચોર' ઉપરથી] લૂંટનારું (વહાણોને) –યો પું૦ ચાંચિયો

ચોરી સ્ત્રી૦ ['ચોરવું' ઉપરથી] ચોરવું અથવા ચોરાવું તે (૨) ચોરનો ધંધો [–ઉપર શિરજોરી = જુઓ ચોર કોટવાળને દંડે –નું ધન મોં કાણું = ચોરીના ધનથી તવંગર ન થવાય, છેવટે ચોરીથી નુકસાન જ થાય –નો માલ = ચોરાયેલો માલ] ૦ચપાટી સ્ત્રી૦ ચોરવું–છીનવી લેવું તે (૨) કોઈ જાતની ચોરી અથવા ગુનો ૦છૂપી સ્ત્રી૦ ચોરી કે ગુપ્તતા [જેમ કે ચોરીછૂપીથી]

ચોરી (ચો) સ્ત્રી૦ [દે ચઉરી] માંયરું, વરકન્યા પરણવા બેસે છે તે મંડપ [ચોરીમાંથી દાંત કકડાવવા, કચડવા = લગ્ન થતાં વેંત અણબનાવ થવો (૨) શરૂઆતમાં જ ઝઘડો થવો ચોરીમાંથી રંડાપો = લગ્નમંડપમાં જ પતિ ગુજરી જવો (૨) વેપાર માંડતાં જ દેવાળું નીકળવું] ૦ફેરો પું૦બ૦વ૦ ચોરીમાં વરકન્યાને ફેરવાતા ફેરા

ચોરો (ચો) પું૦ [દે ચઉરય] ગામમાં સહુને બેસવાની જગા (૨) પોલીસથાણું, 'ગેટ' (૩) મોટો ઓટલો

ચોલ સ્ત્રી૦ [સં] મજીઠ (૨) પું૦ (સં) કોરોમંડળ કિનારાના એક પ્રદેશનું પ્રાચીન નામ –લિયું વિ૦ ચોલ તરફ થતું (નાગરવેલનું પાન)

ચોલમોગરો પું૦ એક વનસ્પતિ

ચોવટ (ચો) પું૦,ન૦ [ચો = ચાર + વાટ] ચકલું, બજાર, ખુલ્લી જગા (૨) પંચનો નિર્ણય–ચુકાદો (૩) અ૦ જુઓ ચોવાટ. [–વળવું = બગડવું, પાયમાલ થવું] (૪) સ્ત્રી૦ પંચાત, (લાંબી દોઢડાહી) ચોળાચોળ –ટિયણ વિ૦ સ્ત્રી૦ દોઢડાહી –ટિયું વિ૦ દોઢડાહ્યું (૨) ન૦ પંચનો ચુકાદો –ટિયો પું૦ ચોરે બેસનારો, આગેવાન પુરુષ, પંચ

ચોવટી સ્ત્રી૦ ખુડાની (કા ?)

ચોવડું (ચો) વિ૦ [ચો = ચાર + પડ ?] ચાર પડવાળું (૨) ચાર ગણું

ચોવાટ(–ટે) (ચો) અ૦ [ચો = ચાર + વાટ] ચોતરફ, બધી બાજુએ

ચોવાડ (ચો) વિ૦ [ચો = ચાર + વાડ] ચારે બાજુએ વાડવાળું (૨) પું૦, ન૦ તેવું ખેતર (૩) પું૦ [?] ચોરાશીનું જમણ

ચોવાડો (ચો) પું૦ [જુઓ ચોવાડ] ઢોર બકરાં ચરતાં હોય તે સ્થળ

ચોવિહાર (ચો) સ્ત્રી૦ સૂર્યાસ્ત પછી નહિ જમવાનું વ્રત (જૈન)

ચોવીસ (ચો) વિ૦ [સં ચતુર્વિંશતિ, પ્રા ચઉવ્વીસ] '૨૪'

ચોવું સ૦ક્રિ૦ ધોચવું, ખોસવું (કાઢવામાં કે રૂપકામાં)

ચોશિયું (ચો) ન૦ રાઈના દાણા જેટલું વજન

ચોપ પું૦ [સં] શોષ; દાહ (૨) સોજો (વૈદકમાં) (૩) ચૂસવું તે

ચોષણ નં૦[મ] ચોષવું તે ૦યંત્ર પું૦ ચોષણ કરનારું યંત્ર
ચોષવું સ૦ ક્રિ૦ [સં. चूष्] ચૂસવું
ચોષ્ય વિ૦[મ] ચૂસવા લાયક(૨)ન૦ ચૂસીને ખાવાનું ખાદ્ય ['૬૪'
ચોસઠ (ચો) વિ૦[સં चतु षष्टि, प्रा. चउसट्ठि]
ચોસર (ચો) વિ૦ [દે चउसर] જુઓ ચોસેરુ (૨) સ્ત્રી૦ ચાર દોરીવાળો ગળચવો (૩) ચાર સેરનું ભરત – ગૂંથણ (૪) સોગટાં વડે રમાતી એક બાજી (૫) ચારની જોડ (બળદની)
ચોસલું (ચો) ન૦ ['ચોરસ' ઉપરથી ?] ગચિયું
ચોસિયું (ચો) ન૦ સોળ મણનું વજન (કા)
ચોસેરું (ચો) વિ૦ [જુઓ ચોસર] ચાર સેરવાળું
ચોહદ (ચો) સ્ત્રી૦ [ચો=ચાર+હદ]ચારે હદ
ચોહાણ (ચો) પું૦ [સર૦ हिं चौहाण, प्रा चाहुआण] જુઓ ચૌહાણ
ચોળ વિ૦ [જુઓ ચોલ=મજીઠ] ('રાતું' અને 'લાલ સાથે 'ખૂબ' એ અર્થમાં) (૨) સ્ત્રી૦ ['ચોળવું' ઉપરથી]ચોળવાની ક્રિયા ૦વચોળ સ્ત્રી૦ મનની ચોળાચોળ
ચોળ(-ળાઈ,-ળી) (ચોળ,) સ્ત્રી૦ [જુઓ ચોળા] ચોળાની સીંગ
ચોળવું સ૦ક્રિ૦ ઘસવું – મસળવું (૨) [લા] ચૂંથવું, વારવાર ઉથલાવવું,બગાડવું [ચોળીને ચીકણું કરવું = ચોળાચોળ કરીને બગાડવું – લંબાવવું] ચોળંચોળા સ્ત્રી૦ ચોળાચોળ
ચોળા (ચો) પુંબ૦વ૦ [દે. चवलय] એક કઠોળ ૦ઈ, ૦ફળી, -ળી સ્ત્રી૦ ચોળ
ચોળાઈ (ચો) સ્ત્રી૦ જુઓ ચોળ
ચોળાચોળ(-ળી) સ્ત્રી૦ ['ચોળવું' ઉપરથી] વારવાર ચોળવું – ચૂંથવું તે
ચોળિયા પું૦બ૦વ૦ ગળાના કાકડા (૨) એ ફૂલવાથી થતું દર્દ
ચોળિયું (ચો) ન૦ ['ચોલ'=મજીઠ ઉપરથી] (કા)કાઠિયાવાડી સ્ત્રીઓમાં વપરાતું લાલ કપડું
ચોળિયું (ચો) ન૦ [ચોળા ઉપરથી ?] એક જાતના કાંકરા
ચોળી સ્ત્રી૦[સ. चोली] સ્ત્રીઓનો ટૂંકી બાયનો કબજો [-પહેરવી=[લા] બાયલું થવું] ૦ખંડ પું૦ ચોળીનું લૂગડું. ૦માર્ગ પું૦ કાચળિયો પંથ, વામમાર્ગ. ૦માર્ગી વિ૦(૨) પું૦ વામમાર્ગી
ચોળી (ચો) સ્ત્રી૦ જુઓ ચોળ સીંગ
ચોળીરોટલો પું૦ ['ચોળવું'+રોટલો] [કા.] દૂધમાં ચોળેલો રોટલો
ચોળો પું૦['ચોળવું' ઉપરથી] પ્રવાહીમાં ચોળીને કે ઉકાળીને બનાવેલું પેય (૨) વિચારોની ઘડભાગ (૩) [म चोल, हि चोला] અંગરખાનો કોઠો (૪) (સાધુ ફકીરો ઢીલો ખૂલતો પહેરે છે એવો) એક જાતનો ઝભ્ભો
ચોંક (ચો૦)સ્ત્રી૦[स चमत्क, प्रा चमक्क=ચમકવું, સર૦ हिं. चौंक]ચોંકવું તે.[-ખાવી = ચોંકવું, ચમકી જવું] ૦વું અ૦ક્રિ૦ ભડકવું, ચમકવું
ચોંચલાં ન૦બ૦વ૦ [हि चोचला, चोचला म चोचला] નખરાં (૨) હાંસી, મશ્કરી
ચોંચલું વિ૦ [જુઓ ચોંચલાં] ઉછાંછળું, તોફાની (૨) ચૂંખળું
ચોંટવું (ચો૦) સ૦ક્રિ૦ [જુઓ ચોટવું] વળગવું
ચોંટાડવું (ચો૦) સ૦ક્રિ૦ ચોટાડવું
ચોંટિયો (ચો૦)પું૦,ચોંટી સ્ત્રી૦[दे चहुतिया] ચૂંટી ચોંટિયાટવું સ૦ક્રિ૦ ચૂંટિયાટવું
ચૌક ન૦ [सं चतुर्वर्त्मकम् ?] બજાર
ચૌડ(-લ),૦કર્મ ન૦ [सु] જુઓ ચૂડાકર્મ
ચૌદ વિ૦ [सं. चतुर्दश, प्रा चउद्द(०स)] '૧૪' [-ચોકડીનું રાજ્ય=ચિરકાલ પહોંચે એવું વિશાળ રાજ્ય -ભુવન એક થવાં=ગજબ થવો, પ્રલય થવો] ૦મું વિ૦ ક્રમમાં ૧૩ પછી આવે એવું (૨) ન૦ માણસના મરણને ચૌદમે દિવસે કરાતો જમણવાર ૦મું રત્ન (-તન) ન૦ અમૃત (૨) [લા]માર, દંડ ૦ભ(-ભુ)વન, ૦લોક પું૦બ૦વ૦ ભૂર્લોક, ભુવર્લોક, સ્વર્લોક, મહર્લોક,જનલોક,તપોલોક સત્યલોક વા બ્રહ્મલોક, અતલ, વિતલ, સતલ, રસાતલ, તલાતલ, મહાતલ અને પાતલ (૨) સમગ્ર બ્રહ્માંડ, આખું વિશ્વ ૦રત્ન ન૦બ૦વ૦ સમુદ્રમંથનમાંથી નીકળેલાં ચૌદ રત્ન (લક્ષ્મી, કૌસ્તુભ, પારિજાતક, સુરા, ધન્વંતરી, ચંદ્રમા, કામદુઘા, ઐરાવત, રંભા,

સાતમુખી ઘોડો, ઝેર, સારંગ ધનુષ, પાંચજન્ય શંખ, ને અમૃત) ૦વિદ્યા સ્ત્રી૦ પ્રાચીન ચૌદ વિદ્યાઓ – ચાર વેદ, ૭ વેદાંગ, ધર્મ, પુરાણ, ન્યાય ને મીમાંસા. ૦શ(–સ) સ્ત્રી૦ પખવાડિયાની ચૌદમી તિથિ

ચૌદશિયો પું૦ (ચ. ?) ચિંતસંતોષી માણસ

ચૌર પું૦ [સં] ચોર ૦તા.–રી સ્ત્રી૦, –ર્ય ન૦ ચોરી

ચૌલ, ૦કર્મ ન૦ [સં.] જુઓ ચૌડ

ચૌહાણ પું૦ [જુઓ ચોહાણ] એ નામની રજપૂત શાખાનો પુરુષ

ચ્યવન પું૦ [સં.] (સ.) એક ઋષિ (૨) પતન. ભ્રષ્ટતા

ચ્યવવું અ૦ક્રિ૦ [સં. च्यु] પડવુ, ચ્યુતિ થવી

ચ્યુત વિ૦ [સં] પડેલું; ભ્રષ્ટ થયેલું –તિ સ્ત્રી૦ પતન (૨) ખામી (૩) સ્ખલન, ભૂલ

# છ

છ પું૦ [સં] તાલવ્યાની બીજો વ્યંજન. ૦કાર પું૦ [સં] છ અક્ષર અથવા ઉચ્ચાર ૦કારાંત વિ૦ છેડે છકારવાળું.

છ અ૦ [સર૦ મ] [ગ્રા૦] છિ', 'છટ' એવો તિરસ્કારવાચક ઉદ્ગાર

છ વિ૦ [સં षट्, प्रा. छ] '૬'. [–પાંચ કરી જવું = નાસી – છટકી જવું] ૦આંગળિયું વિ૦ (હાથે કે પગે) છ આંગળીવાળુ. ૦એક વિ૦ આશરે છ ૦કાય સ્ત્રી૦ [प्रा. छक्काय] [જૈન] છ જાતના જીવ (પૃથ્વીકાય, અપકાય, તેજકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય). ૦ખૂણ(–ણિયું)વિ૦છખૂણાવાળું, ષટ્કોણ

છક અ૦ [સર૦ म छक; सं. चकित ?] દિગ્મૂઢ, ચકિત [–કરવું, –થવું] (૨) પું૦ છાક, તોર

છક ન૦ [सं षट्क, प्रा छक] (આંકમાં) છનો સમૂહ (એક છક છ, બે છક બાર)

છકછકાટ પું૦ [સર૦ 'ચકચકાટ'] ભભકો, ઠાઠ (૨) છાક, તોર

છકછૂટું વિ૦ [સર૦ 'ચકચૂથ'] એકઠું કરી [ચૂથી નાખેલું

છકછોળ અ૦ (૨) સ્ત્રી૦ જુઓ છાકમછોળ

છકડી સ્ત્રી૦ [सं षट्, प्रा छक्क પરથી] છ કાગળની ચોકડી –ડું ન૦,–ડો પું૦છનો જથો

છકડો પું૦ [सं शकट, સર૦ म छकडा] ગાડું; ખટારો (૨) જુઓ 'છકડી'માં

છકભૂક સ્ત્રી૦ (કા) લૂટફાટ

છકવું અ૦ક્રિ૦ [सं. चक्, સર૦ हिं. छकना] બહેકી જવુ, વઠી જવુ

છકાઈ સ્ત્રી૦ [सं. षट्क, प्रा. छक्क ઉપરથી] છ ઉપવાસનું એક જૈન વ્રત

છકાય સ્ત્રી૦ જુઓ 'છ'માં

છકાર, –રાન્ત [સં] જુઓ 'છ'માં

છકિયું ન૦ [सं. षट्क, प्रा छक्क ઉપરથી] છ બળદ જોડેલું ગાડું

છક્કડ સ્ત્રી૦[સર૦ म ]તમાચ, થપ્પડ(૨)ભૂલથાપ. (૩) પું૦ છક્કડિયો. [–આપવી, ખવરાવવી = તમાચ મારવી (૨) થાપ ખવરાવવી, છેતરવું –ખાવી = થાપોટ ખાવી (૨) ફસાવું, છેતરાવું –દેવી = જુઓ છક્કડ આપવી –મારવી, લગાવવી = લપ્પડ લગાવવી (૨) નુકસાનમાં ઉતારવું (૩)છેતરવું, થાપ આપવી(૪)સ્પર્ધામાં ચડી જવું.] [છ આંગળીવાળો માણસ

છક્કડિયો પું૦ [सं षट्क, प्रा छक्क પરથી]

છક્કલ સ્ત્રી૦ મોગટા રમવાની એક રીત

છક્કો પું૦ [सं. षट्क, प्रा. छक्क]છ ચિહ્નવાળું ગંજીફાનું પત્તું (૨)છ દાણાવાળો પાસો [છક્કા છૂટી જવા = નાઉમેદ થઈ જવું, નરમ પડી જવું, હિંમત હારી જવુ,(પાંચ જ્ઞાનેંદ્રિય ને મન એ છ ઉપરથી) ૦પંજો પું૦ સટ્ટાનો ખેલ કે ગંજીફાની એક રમત (૨) જુગાર (૩) [લા] દાવપેચ, દગલબાજી [છક્કે પંજે દોઢસો = પારકે પૈસે પરમાનંદ છક્કા પંજા રમવા =

જુગાર–સટ્ટો રમવો –રમી જવો=દાવપેચ કરી જવો, દગલબાજી કરી જવી.]
છખૂણુ, –ણિયું વિ૦ છ ખૂણા કે બાજુવાળુ (ષટ્કોણ)
છગ પુ૦ [સં] બકરો, છાગ [ઢચુપચુ
છગડગ વિ૦ ['ડગવુ' ઉપરથી] સગડગ,અસ્થિર,
છગડો પુ૦ [स षट्, प्रा छ(ग)] છનો આકડો
છગન પુ૦ [સર૦ हि =પ્યારુ નાનુ બાળક] (સ.)એક નામ (પુરુષનુ)
છગલ પું૦ [સ] છગ, બકરો (૨) ન૦ ભૂરુ વસ્ત્ર
છગાર સ્ત્રી૦ ટોચ, મથાળુ
છગોલુ સ્ત્રી૦ છગાર. ટોચ (ચ)
છચોક (ચો) અ૦ છડેચોક, ખુલ્લી રીતે, જાહેરમા
છચોર પુ૦ [સર૦ म छचोर=બદફેલવાળુ, હલકટ, स छित्वर પરથી ?] જાણીતો ચોર
છછઈ સ્ત્રી૦ વાવેતર થાય તેવી દરિયાકાઠાની જમીન
છ(૦ણુ) છણવું અ૦ ક્રિ૦ [રવ૦] છણછણ અવાજ કરવો (૨) ગણગણવું (૩) ઊકળવુ (પાણી) (૪) [લા] ગુસ્સે થવુ [ગુસ્સો
છ(૦ણુ)છણાટ પુ૦ ખણખણાટ (૨) મિજાજ,
છછરુ વિ૦ [જુઓ છીછરુ] ઊડુ નહિ તેવુ
છછું(–છૂં)દર(–રું) ન૦ [સં छछुंदर, दे छच्छुंदर] ઉદરના જેવું એક પ્રાણી (૨) એક જાતનુ દારૂખાનુ (૩) વિ૦ [લા] અડપલાખોર, તોફાની [–છોડવું=ગપ મારવી, ડિંગ હાકવી –જેવું=અડપલાખોર –પકડવું, ગળવું=ના અધવચ મુકાય કે ના પૂરું કરાય, તેવી સ્થિતિમા આવવું (સાપે છછુદર ગળ્યા જેવી સ્થિતિ)] –રી સ્ત્રી૦ છછુદરની માદા. [–નાં છયે સરખાં=કોઈમા કશો ફરક નહી]
છછેકાઈ સ્ત્રી૦ સુઘડતા, ચોખ્ખાઈ
છછોરું વિ૦ છોકરવાદ બાળક બુદ્ધિનું, નાદાન –રાઈ, –રી સ્ત્રી૦
છછ્છો પુ૦ ['છ' ઉપરથી] છકાર છ અક્ષર
છજાવટી સ્ત્રી૦ ['છજુ' ઉપરથી] છજા ઉપરનુ નાનુ છાપરું, વાછટિયુ
છજાવવું સ૦ક્રિ૦ 'છાજવુ'નુ પ્રેરક (૨) છજુ કાઢી ઘરને શોભાવવુ (૩) ['છાજ' ૧ ઉપરથી] છાપરુ બનાવવુ, છાજ નંખાવવુ

છજુ ન૦ [प्रा छज्जू=છાજવુ, શોભવુ, કે दे छज्जिआ=છછરી છાબડી ઉપરથી] ઝરૂખો
છટ અ૦ [રવ૦] ધુત્કારસૂચક ઉદ્ગાર, છીટ
છટ સ્ત્રી૦ [સર૦ છીટ=સૂગ, છટારો=દુર્ગંધ, છટ (ધુત્કાર) ઉપરથી ?] (ક) ગધ ૦કારવું સ૦ ક્રિ૦ છટ કહેવુ, ધુત્કારવુ
છટકવું અ૦ક્રિ૦ [સર૦ हि. छटकना, प्रा छुट्ट, स क्षुट्=છૂટવું ઉપરથી ?] એકદમ છૂટવું – ખસવુ (૨) [લા] નાસી જવુ, સટકવુ
છટકિયું ન૦ ['છડકવુ'=છાટવુ ઉપરથી] ઠંડક માટે રાખવામા આવતો ભીનો રૂમાલ
છટકું ન૦ ['છટકવુ' ઉપરથી] દાવપેચ, જાળ [–માંડવું=જાળ ગોઠવવી, ફસાવવા કાવતરુ રચવુ]
છટા સ્ત્રી૦[સ] શોભા, કાતિ(૨)રીત, ખૂબી (૩) જુઓ અર્ચા ૦દાર વિ૦ છટાવાળુ
છટાછટ અ૦ [રવ૦]
છટારો પુ૦ [જુઓ 'છટ' સ્ત્રી૦] દુર્ગંધ
છટાંક ન૦ [છ + ટાક (स टंक)] નવટાક
છટેલ વિ૦ [સર૦ म, 'છટકવુ' પરથી ?] છકેલ; વ ઠેલ
છઠ સ્ત્રી૦ [જુઓ છઠ્ઠી] પખવાડિયાની છઠ્ઠી તિથિ (૨) પુ૦ [स षष्ठ, प्रा छट्ठ] એકસાથે છ ટક ન ખાવાનુ વ્રત(જૈન) –ઠિયાત પુ૦ છઠનુ વ્રત કરનારો (૨) [લા] તેને અપાતુ જમણ (જૈન) –ઠિયાતી સ્ત્રી૦ છઠનુ વ્રત કરનાર સ્ત્રી (જૈન) –ઠિયું ન૦ ['છઠ્ઠી' ઉપરથી] છઠ્ઠીને દિવસે બાળકને ઓઢાડવામા આવતુ લૂગડુ –ઠ્ઠી સ્ત્રી૦ [સં. षष्ठी, प्रा छट्ठी] બાળકના જન્મ પછીનો છઠ્ઠો દિવસ(૨) તે દિવસે કરવામા આવતી ક્રિયા [છઠ્ઠીના લેખ=વિધાતાના લેખ, ભાવિ, નિર્માણ છઠ્ઠીનું ઊખડેલુ=જન્મથી જ ઉદ્ધત ને વ ઠેલુ છઠ્ઠીનું ધાવણ કાઢવુ, કાઢી નાખવું=ખૂબ ઊલટી થવી (૨) મરણતોલ માર મારવો] –ઠ્ઠુ વિ૦ [स षष्ठ, प्रा. छट्ठ] ક્રમમા પાચ પછીનુ
છડ પુ૦ [हि] લાબો બરુ (૨) ભાલાનો દાડો (૩) વાસ (૪) ['છડવુ', 'છાડવુ' ઉપરથી ?] ઝાડની છાલ (૫) [?] તાણ, પ્રવાહનુ જોર

(કા) (૬) (ડ,) સ્ત્રી૦ ['છડવું' પરથી] છડવુ તે
છડકવું સ૦ક્રિ૦ [हिं छडकना] છાંટવુ
છડવું સ૦ક્રિ૦ [दे छडिय=છડેલું; ખાંડેલુ] ખાંડીને ફોતરાં જુદાં કરવાં (૨) [લા] મારવું, ઠોકવું [છડી નાખવું=મારવુ, ઠોકવું (૨) ખૂબ પૈસા (છેતરીને) લેવા છડ્યાનું છડામણ=મહેનતનો બદલો છડી લેવું=છેતરીને કે બળજબરીથી કઢાવી લેવુ]
છડા પુ૦બ૦વ૦ (કંકુના) થાપા મારવા તે [છડા દેવા=કંકુના થાપા મારવા]
છડા પુ૦બ૦વ૦ [સર૦ प्रा छडा=પરંપરા, म=અછોડો, સાંકળી] (સ્ત્રી કે બાળકનું) પગનું એક ઘરેણુ
છડાણ ન૦ ['છડવું' ઉપરથી] છડતાં નીકળેલો ભૂકો, કુશકી -મણ ન૦ છડવાનું મહેનતાણુ (૨) છડાણ -મણી સ્ત્રી૦ છડવાનું મહેનતાણુ
છડિયાત વિ૦ જુઓ છડુ
છડિયું ન૦ બેલગાડીમાં જનાર, મુસાફર, ઉતારુ
છડી સ્ત્રી૦ [જુઓ છડ, સર૦ म, स यष्टि?] સીધી પાતળી સોટી (૨) રાજચિહ્ન તરીકે રાજા આગળ રખાતો દંડ [-પોકારવી = નેકી પોકારવી] (૩) ગુલછડીનું ફૂલ (૪) સળી ઉપર ફૂલ બાંધી કરેલો ગોટો, કલગી. ૦દાર, ૦ધર, ૦વાન વિ૦ છડી ઝાલનાર (૨) પુ૦ નેકી પોકારનાર, ચોબદાર [એકલી
છડીછાંટ વિ૦ સ્ત્રી૦ [છડુ =છાંડેલું?] છડેછડી,
છડીલો પું૦ [हिं. छडीला, स शैलेय परथी] એક વનસ્પતિ
છડીસવારી સ્ત્રી૦ [છડુ + સવારી] છડા-સાથ કે રસાલા વગર-એકલા જવું તે
છડું વિ૦ [प्रा छड्ड=છોડવુ, તજવુ પરથી] એકલું, સાથ વિનાનું (૨) [લા] કુંવારુ (૩) છોકરાછૈયાં વિનાનું ૦ડેછડુ વિ૦ સાવ છડુ
છડેચોક અ૦ [છડુ (-જતે) + ચોક=જાહેર જગા] ખુલ્લી રીતે, જાહેરમાં
છડો પુ૦'છડા'નુ એ૦વ૦(જુઓ છડા)(૨)મોતીનો કંઠો (૩) [प्रा छड्डु=છોડવુ?] છટકાવ
છણકછણક અ૦ [રવ૦]
છણકછોયું ન૦ (કા) છણકો

છણકપાટુ સ્ત્રી૦, ન૦ છણકો અને પાટુ (૨) [લા] છણકો, તરછોડ
છણકવું, છણકારવું સ૦ક્રિ૦ [રવ૦?] છણકો કરવો, ગુસ્સામાં બોલવું, તરછોડવું (૨) સૂપડા વડે ઝાટકવુ
છણકારો પુ૦ જુઓ ઝણકાર (૨) છણકો; તોર
છણકો પુ૦ [રવ૦] ગરમ તેલમાં પાણીનો છાંટો પડવાથી થતો અવાજ (૨) ગુસ્સાનો બોલ, ગુસ્સો (૩) તુચ્છકાર, તરછોડ (-કરવો) ૦છાંકોટો પુ૦ છણકો, ગુસ્સાનો બોલ, તરછોડ
છણછણ અ૦ [રવ૦] ૦વું અ૦ક્રિ૦ જુઓ 'છછણવું' -ણાટ પુ૦ જુઓ છછણાટ
છણણણ અ૦ [રવ૦]
છણવુ સ૦ક્રિ૦ [दे छाणण=ચાળવુ કે ગાળવુ તે] બારીક કપડાથી ચાળવું કે ગાળવું (૨) [લા] બારીક તપાસ કરવી (૩) [प्रा छण, स क्षण्] ખણવું, નખથી વલૂરવુ (૪) [લા] દબાઈ ગયેલી વાતને ફરી ઉખેળવી-છેડવી
છણણી, છણાવટ સ્ત્રી૦ છણવુ તે
છણુંવણું અ૦ (કા) છિન્નભિન્ન
છત સ્ત્રી૦ [स सत्] હોવાપણું, હસ્તી (૨) પુષ્કળપણુ, ભરતી (૩) [स छत्र प्रा छत्त] ઓરડા કે મકાનના છાપરાનો અંદરનો ભાગ-'સીલિંગ', ચંદરવો, વિતાન (૪) ધાબુ અગાશી [-જડવી=છાપરાની અંદરની છત-'સીલિંગ' (શોભે એવી કારીગરીવાળી) કરવી] ૦રાયું વિ૦ છતું, ખુલ્લું, જાહેર ૦વંત(-તુ) વિ૦ છતવાળું, પુષ્કળ (૨) પૈસાદાર ૦વાડ સ્ત્રી૦ છત હોવી તે, પુષ્કળપણુ -તાળુ વિ૦ છતવાળુ
છતારું વિ૦ [છ + તાર] છ તારવાળુ (૨) ન૦ છ તારવાળું એક વાદ્ય [છતાં પણ
છતાં અ૦ [स सत् ઉપરથી] તોપણ ૦ય અ૦
છતું વિ૦ [स सत् ઉપરથી] જીવતુ, વિદ્યમાન (૨) ચત્તુ, સવળુ (૩) સીધુ પાસરુ (૪) ઉઘાડું, જાહેર [-રાખવું=વંશવેલો ચાલુ રાખવો (૨) બધું ઠીક જાળવી રાખવુ]
છતું(-ત્તા,-ત્તુ)પાટ વિ૦ ચત્તુ, ચત્તુંપાટ
છતે અ૦ એક નકામો વપરાતો શબ્દપ્રયોગ (જેમ કે, છતે તમે ક્યારે આવશો?) (૨)

'છતુ'નુ 'સતિ સપ્તમી' પ્રયોગનુ રૂપ (જેમ કે છતે હાથે લૂલો છુ.)
**છત્તર** ન૦ જુઓ છત્ર
**છત્તા(-ત્તું)પાટ** વિ૦ જુઓ છતુપાટ
**છત્ર** ન૦ [સં] મોટી ભારે છત્રી (૨) રાજચિહ્ન તરીકે વપરાતી છત્રી (૩) [લા] રક્ષણ કરનાર, પાલક. [-ધરવું=(રાજચિહ્ન તરીકે) છત્રને માથા ઉપર રાખવુ-બીજાએ ઓઢાડવુ] ૦ક વિ૦ છત્રીના આકારનુ (૨) ન૦ બિલાડીનો ટોપ, કાગછત્તર ૦છાયા સ્ત્રી૦ છત્રની છાયા (૨) [લા] આશ્રય ૦ધર, ૦ધારી પું૦ માથે છત્રવાળો, રાજા ૦પતિ પું૦ રાજા શહેનશાહ ૦પલંગ પું૦ છપ્પરપલંગ ૦પ્રબંધ, ૦બંધ પુ૦ છત્રના આકારમા વંચાય એવી કાવ્ય-રચના ૦ભંગ પુ૦ રાજ્ય ખોવુ તે (૨) પરતંત્રતા (૩) વિધવાપણુ -ાકાર વિ૦ છત્રના આકારનુ -ત્રી સ્ત્રી૦ તાપ તથા વરસાદથી બચવા માથે ઓઢવાનુ એક સાધન (૨)ગાડી, પલગ વગેરે પર હોતી છત-ઢાકણ [-ધરવી=માથે છત્રી ઓઢાડવી]
**છત્રીશ(-સ)** વિ૦ [સં षट्+त्रिंशत्, પ્રા छत्तीस] ૩૬' -શી(-સી) સ્ત્રી૦ ૩૬ નો સમૂહ -શે(-સે)ક વિ૦ આશરે છત્રીસ
**છદ્મ** ન૦[સં]છળકપટ (૨) બનાવટ, ઢોગ; બહાનુ
**છનછન** અ૦[રવ૦].-નિત વિ૦ છનછન કરતુ
**છનાછની** સ્ત્રી૦ [રવ૦] ઉપરાઉપરી છન છન અવાજ થયા કરવો તે (૨) [લા] પૈસાની રેલ છેલ. [-થઈ રહેવી સાથે પ્રયોગમા]
**છન્ન** વિ૦ [સં] ઢ કાયેલુ
**છન્નુ(-ન્નું)** વિ૦ [સં षण्णवति, પ્રા छण्ण-(-न्न)उ] '૯૬' [વિ૦ પું૦ વ્યભિચારી
**છપગું** [છ+પગ] છ પગવાળું, છપાદ -ગો
**છપડી** સ્ત્રી૦ લુચ્ચાઈ; ઠગાઈ
**છપડું** વિ૦ [છ+પડ] છ પડવાળુ
**છપતરું** વિ૦['પતરુ' ઉપરથી? સર૦ 'ચપતરુ'] છાચરુ (૨) ઘસાઈને પાતળું થઈ ગયેલુ (૩) ન૦ એવું વાસણ કે સિક્કો
**છપ(-પ્પ)ય** પુ૦ [સં षट्पद] છપ્પો
**છપ(-પ્પ)ર** ન૦ [હિં, મ.; દે. छिप्पिर=ઘાસ (છાપરે ઢાકવાનુ) ઉપરથી?] છાપરુ ૦ખાટ સ્ત્રી૦, ૦પલંગ પું૦(મચ્છરદાનીની) છત્રીવાળો પલગ ૦પગું વિ૦ ચાલતા જેનુ જમીન પર આખુ પગલુ પડે એવું (તે અભાગીનુ ચિહ્ન મનાય છે). ૦બંધ વિ૦ [સર૦ હિં छप्परबंद] છાપરાવાળું(૨)પુ૦છાપરુ બાધનારો કે છાનારો
**છપવું** અ૦ક્રિ૦ [સર૦ હિ छपना, મ. छपणें] છુપાવુ, સંતાવુ -વવું સ૦ક્રિ૦ (પ્રેરક)
**છપાઈ(-મણ,-મણી)** સ્ત્રી૦['છાપવુ' ઉપરથી] છાપવાનુ મહેનતાણુ (૨) છાપ, છાપણી. -ણ ન૦ છાપવાની ક્રિયા કે રીત -ણકામ ન૦ છાપકામ
**છપાદ(-યુ)** વિ૦ [છ+પાદ પ્રા छप्पय] છ પગવાળુ [ચોપાનિયું
**છપાનિયું** ન૦ [છ+પાન] છ પાનાનુ પતાકડુ,
**છપાવવું** સ૦ક્રિ૦ 'છપવુ', 'છાપવું'નુ પ્રેરક
**છપાવું** અ૦ ક્રિ૦ 'છાપવુ'નુ કર્મણિ (૨) છપવાની ક્રિયા થવી, 'છપવુ'નુ ભાવે (૩) [પતંગનુ] એકદમ નીચે પડવુ
**છપ્પન** વિ૦ [સં षट्पञ्चाशत्; પ્રા छप्पण्ण-(-न्न)] '૫૬'(૨)(૫૬ દેશ, ૫૬ ભાષા ને ૫૬ સસ્કૃત કોશ છે એ સમજ પરથી)ઘણુ,અનેક, બહુ,બધુ [-ઉપર ભૂંગળો વાગવી=ખૂબ પૈસો હોવો(૨)બિલકુલ ધ્યાન ન જવુ, નચિંત-પણે ઘોરવુ -દેશનું પાણી પીવું=દેશ-દેશાતરમા મુસાફરી કરવી, જાતજાતના અનુભવ હોવા -ના વિતાડવા=ખૂબ પજવવું,ત્રાસ આપવો -ની છિનાળી કાઢવી=બધા છાના કામ ઉઘાડા પાડી ફજેતી કરવી -નો દેવાળિયો =હમેશનો-નામીચો દેવાળિયો -મે પાને અ૦ છેક અજાણી અને ઓતાડી જગાએ -વખારી, -વેપારી=ઘણો વ્યવસાયી માણસ -વેપારી ને ભારે કૂંચી=કશુ કઈ નહી ને દમામ ઘણો -શાહ=જુઓ છપ્પન વેપારી] ૦ભોગ પુ૦ ઠાકોરજીને ધરાવવાની છપ્પન પ્રકારની રસોઈ(૨)[લા] દુનિયાના બધા ભોગવિલાસ -નિયો પુ૦વિ૦ સ. ૧૯૫૬મા પડેલો મોટો કાળ(૨)તે કાળના વખાનો માર્યો વટલાઈને થયેલો ખ્રિસ્તી.

(તુચ્છકારમા )[છપ્પનિયામાંથી આવેલું=અતિ ભૂખ્યુ; દુકાળિયુ ]
છપ્પય પુ૦ જુઓ છપ્પો ['છપર'મા
છપ્પર,૦ખાટ,૦પલંગ,૦પગું,૦બંધ જુઓ
છપ્પો પુ૦ [પ્રા छप्पय] છ પદનો એક છંદ
છપ્પોસાત પુ૦ પાસામા છ ને તેની પો એમ સાત પડે તે
છબ,૦છબ,૦ક છબક અ૦[રવ૦] પાણીમા કાઈ અફળાવાનો અવાજ. ૦છબવું અ૦ક્રિ૦ 'છબછબ અવાજ થવો. ૦છબાવવું સ૦ક્રિ૦ 'છબછબ' કરવુ (૨) તેમ કરતા કપડું ધોવુ ૦છબિયું ન૦ 'છબછબ' કરે એવું એક ખખડાવવાનું વાદ્ય ૦છબુ વિ૦ છછરુ, માત્ર તળિયુ ઢકાય તેટલુ
છબ(-બો)તરું વિ૦ છીછરું(૨)ગડ્ડુ, ચૂંથાયેલુ (૩)ન૦ છપતરું, ઘસાયેલુ પતરુ(૪)ચૂંથાયેલો કાગળનો કકડો, છબોતરુ
છબદાર વિ૦ જુઓ છબીદાર
છબરડો પુ૦ [સ. शबल ઉપરથી ?] ગોટાળો, અવ્યવસ્થા, કામ કે ફળને નામે મીડું [-વાળવો = ગોટાળો કરવો.]
છબલીકાં ન૦બ૦વ૦[રવ૦]કાસા,છબછબિયા [-વગાડવાં=ઢેમેટકે ખાલી થઈ જવુ ]
છબવું અ૦ક્રિ૦ [સ क्षुप्=અડકવુ] પહોચવુ, અડકવુ (૨) [જુઓ છપવુ] છુપાવુ
છબ(-બી) સ્ત્રી૦ [જુઓ છવિ] તસવીર [-ઉતારવી,-પાડવી,-લેવી] (૨) કાતિ, સૌદર્ય ૦દાર વિ૦ ઘાટીલુ, સુંદર -બીલુ વિ૦ મોહક છબીવાળુ, રૂપાળુ
છબોતરું વિ૦ (૨) ન૦ જુઓ છબતરુ
છમ,૦ક છમક અ૦[રવ૦] ૦કલી સ્ત્રી૦(કા) દહી વલોવવાની ગોળી ૦કલું ન૦ અટકચાળુ, ચાદ્દુ (૨) નાનકડુ તોફાન ૦કવું અ૦ક્રિ૦ છમક છમક થવુ (જેમ કે, ઘૂઘરીનુ)(૨)ઠમકો કરીને ચાલવુ ૦કાટ(-ર) પુ૦ છમકવુ તે ૦કારવું સ૦ક્રિ૦ છમ અવાજ કરવો(જેમ કે, ઊની વસ્તુ પાણીમા બોળીને) ૦કારો પુ૦ છમકારવાનો અવાજ ૦કાવવું સ૦ક્રિ૦ ધમકાવવુ (૨)'છમકવુ'નુ પ્રેરક. ૦છમ અ૦ [પ્રા. छमच्छम=છમછમ કરવુ, સર૦ હિં, म ] એવો અવાજ કરીને (૨) [લા ] મદમા. ૦છમતું વિ૦ છમછમાટ કરતુ ૦છમાટ પુ૦ 'છમછમ' અવાજ (૨) [લા] તોર, મદ ૦છમિયાં ન૦બ૦વ૦ કાસીજોડા(૨)ઝાંઝરિયા
છમછરી સ્ત્રી૦ જુઓ સંવત્સરી(૨)પજુસણનો છેલ્લો દિવસ
છમના સ્ત્રી૦ એક જાતની માછલી
છમાસિક વિ૦ [સ षण्मासिक; પ્રા छमासिय] છ મહિને થતુ (ખાસ કરીને પરીક્ષા માટે)
છમાસિયો પુ૦ જુઓ છમાસી
છમાસી સ્ત્રી૦ [જુઓ છમાસિક] મરણ પછી છ માસે કરાતી ક્રિયા [-વાળવી]
છર પુ૦ ['મત્સર' ઉપરથી ?] તોર, મદ (૨) મસ્તી, તાન (૩) [સ क्षुर] અસ્રો (૪) સ્ત્રી૦ [સ. शर] બરુની સોટી. [-ઉતારવો=મદ દૂર કરવો(૨) અસ્રાની ધાર કાઢવી -ઊડવો, ઊઠવો=અસ્રાનો ચેપ લાગવો -આવવો= મદ થવો. -કરવો, -કાઢવો=મદ કરવો, અહેકવુ(૨)અસ્રાન દમા આવી જવુ -ચડવો =મદ આવવો -ફેરવવો = અસ્રાથી બોડી કાઢવુ (૨) નાશ કરવુ -બેમવો=હજામત કરતા અસ્રાનો કાપ થવો ]
છરતું વિ૦ ['છરર' અવાજ કરતુ]આડુ, ઢળતુ (૨) કતરાતુ [થનો અવાજ – સરરર
છરર ૦ર અ૦[રવ૦]વસ્તુ છરતી જતા કે કપાતા
છરવં(-વિં)ગું વિ૦ [છર + વાકુ] છરવાળુ; મદમસ્ત, અભિમાની
છરાયુ(-યેલુ) વિ૦ ['છર' ઉપરથી] માતેલુ, તાટેલુ -વવું સ૦ક્રિ૦ [પ્રેરક], -વું અ૦ક્રિ૦ તોર કે મસ્તીમા આવવુ, કાટવુ
છરી સ્ત્રી૦ [સ. क्षुरिका, પ્રા छुरिआ, छुरी] પાળી, કાતુ [-ઊછળવી=છરીઓ વડે મારામારી થવી -ચાલવી=છેદ મુકાવો, કપાઈ જવુ(૨) છરીથી કપાવાનુ કામ બરાબર થવુ -જેવી જીભ=આકરી-નિષ્ઠુર બોલી; સામાની લાગણીઓની જરા પણ પરવા ન કરે તેવી તાતી વાણી -મૂકવી=કતલ કરવી (૨) ખરાબ કરવુ પાયમાલ કરવુ ]

**છરેલ** વિ૦['છર' ઉપરથી]છર–મદવાળું, છરાયેલુ
**છરો** પુ૦ [सं क्षुर,प्रा छुर] મોટી છરી (૨) સીધો જમૈયો (૩) બંદૂકના બારમા ઊડે એવા ખીલા કાકરા ઇ૦ **–રાવીંટી** સ્ત્રી૦ 'બોલ-બેરિંગ',પૈડું બરાબર ફરવા માટે વીટીમા છરા ગોઠવી તે ધરી કે લાટ પર બેસાડાય છે તે યોજના (જેમ કે સાઇકલમા)
**છર્દિ** સ્ત્રી૦ [सं] અધઓક કે અકારીનો રોગ
**છલ** પુ૦,ન૦ [सं] છળ છેતરપિંડી, કપટ (૨) ખોટો વેશ (૩) બહાનુ. **૦ન** ન૦,**૦ના** સ્ત્રી૦ [सं] છળવુ–છેતરવુ તે **૦બલ** ન૦ ['છલ'નો દ્વિભાવ ?] છળકપટ, પ્રપચ
**છલક** સ્ત્રી૦ ['છલકાવુ' ઉપરથી] છાલક (૨) પાણીનુ બેડું (૩) અ૦ છાલક વાગતી હોય એમ **૦છોઈયાં** અ૦ છલકાતુ હોય એમ **–કાવું** અ૦ક્રિ૦ [સર૦ हिं छलकना, જુઓ છલાછલ](હાલવાથી) પ્રવાહી પદાર્થનુ ઊછળી બહાર પડવુ કે ઊભરાવુ (જેમ કે વરસાદથી તળાવ છલકાઈ ગયા) (૨) [લા] અભિમાનથી ફુલાવુ
**છલર** સ્ત્રી૦ ધ્રો, દૂર્વા [છળકપટ,લુચ્ચાઈ
**છલ(–ળ)નિછલ(–ળ)** સ્ત્રી૦ [જુઓ છલ]
**છલગ** સ્ત્રી૦ [સર૦ हि छलांग]ઠેકડો, ફલગ, ફૂદકો [**–ભરવી, મારવી** = ફૂદવુ]
**છલા** વિ૦ '૬' (સાંકેતિક)
**છલા(–લો)છલ** અ૦ [दे छुल्लुच्छुल=છલકાવુ,ઊછળવુ]છલકાય તેમ–છેક સુધી(ભરેલુ)
**છલાવું** અ૦ક્રિ૦ જુઓ છલકાવુ
**છલિ(–ળિ)ત** વિ૦ [सं] છેતરાયેલુ (૨)['છળવુ' અ૦ ક્રિ૦ ઉપરથી] છળેલુ ચમકેલુ
**છલી** સ્ત્રી૦[दे छल्ली=ત્વચા]ચામડીનો એક રોગ
**છલૂડી** સ્ત્રી૦ [જુઓ છાલુ] નાનુ છાલિયુ, નાની વાડકી
**છલો(–લ્લો)** પું૦ [સર૦ हि, म छल्ला] એક જાતની ઘૂઘરીઓની વીટી (૨) લગ્ન વખતે પહેરવાની વીટી (૩) [?] પૂજાના સામાનની છાબડી [**–ભરવો** = પૂજાપાના સામાનની છાબડી ભરી, દેવીના માનમા ભોજન આપવુ તે]
**છલોછલ** અ૦ જુઓ છલાછલ
**છલ્લા** સ્ત્રી૦ [જુઓ છલો] કાનનો વેહ વધારવા વલાતી કડી (૨) પુંબ૦વ૦ જુઓ છલ્લો
**છલ્લાં** ન૦બ૦વ૦ [જુઓ છલો] છલ્લા–વીટીઓ
**છલ્લો** પુ૦ જુઓ છલો (૧,૨ અર્થો બહુવા બ૦વ૦ તરીકે)
**છલ્લૈયું** ન૦ [दे छल्ली ઉપરથી] સાવ ઘસાઈ ગયેલુ છલ્લુ (૨) છાલ કે લાકડાની ચૂડી
**છવાવું** (છ') અ૦ક્રિ૦ [दे छन्निअ = છવાયેલુ] 'છાવુ'નુ કર્મણિ–ઢંકાવુ, ઘેરાવુ (૨) ફેલાવુ
**છવિ** સ્ત્રી૦ [सं] જુઓ છબી
**છવીંટિયાં** ન૦બ૦વ૦[છ + વીટી]સ્ત્રીઓના પગની આગળીએ ઘાલવાનુ એક ઘરેણુ – જોટવા
**છવ્વીશ(–સ)** વિ૦ [सं षड् + विंशति, प्रा. छव्वीस] '૨૬'
**છસે(–સો)** પુ૦બ૦વ૦ [છ + સો] '૬૦૦
**છળ** પુ૦, ન૦ જુઓ છલ [**–કરવું,–રમવુ**] **૦કપટ** ન૦ પ્રપચ, દગોફટકો **૦નારી** વિ૦ કપટી, દુખ દેનાર **૦ના** સ્ત્રી છલના છળ કરવુ તે. **૦પ્રપંચ** પુ૦ દગોફટકો, છળકપટ **૦ભેદ** પુ૦છળપ્રપચ **૦વિછળ** સ્ત્રી૦છળકપટ, લુચ્ચાઈ **૦વિદ્યા** સ્ત્રી૦ચતુરાઈથી છેતરી જવુ તે
**છળકો** પું૦[જુઓ છલક]પાણીની છોળ – છાલક
**છળવું** સ૦ક્રિ૦ [सं छल्] છેતરવું, ઠગવુ (૨) અ૦ક્રિ૦ [सं. उच्चल्=ઊછળવુ ?] બીકથી ચમકવુ, હબકવુ
**છળિત** વિ૦ જુઓ છલિત
**છળો** (છ) પુ૦ રગડો (દહીં વગેરેનો)
**છછણવું** અ૦ક્રિ૦ જુઓ છણછણવુ
**છછણાટ** પુ૦ જુઓ છણછણાટ
**છછેડવું** સ૦ ક્રિ૦ [જુઓ છેડવુ] ચીડવવુ, સળી કરવી [છાટવુ તે
**છંટકાવ** પું૦[प्रा छट्=છાટવુ,दे छंट=છાટો]
**છંટકોર** પું૦ [જુઓ છંટકાવ] છંટકોરવુ તે **૦વું** સ૦ક્રિ૦ છંટકાવ કરવો, છાટવુ (૨) પાણી છાટી ઓલવવુ
**છંટાવ** પુ૦ જુઓ છંટકાવ
**છંટાવવું** સ૦ક્રિ૦ 'છાટવુ'નુ પ્રેરક
**છંટાવું** અ૦ક્રિ૦ 'છાટવુ'નુ કર્મણિ (૨) છાટા

ઊડવા, છાંટાથી ભીંજાવું (૩) ગાભણું થવું (ગાય ભેંસ ઇત્યાદિનું)

છંડાવવું અ૦ક્રિ૦ 'છાડવું'નું પ્રેરક

છંડાવું અ૦ક્રિ૦ 'છાડવું'નું કર્મણિ (૨) છણાવું, તપાસ થવી, ઇન્સાફ થવો

છંદ પું૦[સં]અક્ષર કે માત્રાના મેળ-નિયમથી બનેલી કવિતા,વૃત્ત(૨)લત,વ્યસન [-લાગવો, છંદે ચડવું=લત કે લેહ લાગવી, વ્યસન વળગવું](૩)અમુક જાતની ચૂડીઓ ૦(-દો)બદ્ધ વિ૦ પદ્યરૂપે ગોઠવેલું-બનાવેલું ૦(-દો)ભંગ પું૦ છંદ-વૃત્તનો ભંગ ૦વૃત્ત ન૦ છંદ કે વૃત્ત, કવિતાનું માપ અથવા રાગ ૦(-દ)શાસ્ત્ર ન૦ વેદના છ અંગમાનું એક (૨) પિંગળ. ૦શાસ્ત્રી સ્ત્રી૦ છંદશાસ્ત્ર જાણનાર -દી,-દીલું વિ૦ મોજી, શોખીન (૨) અમુક લતવાળું. -દોવતી સ્ત્રી૦ [સં] મધ્યા શ્રુતિનો એક અવાન્તર ભેદ (સંગીત)

છંદોબદ્ધ, છંદોભંગ, છંદોવતી [સં] જુઓ 'છંદ'માં

છાક પું૦[સર૦ હિં,મ. छाकणें 'છકવું' પરથી? કે સં शाक्त?] નશો, કેફ(૨)તોર, મિજાજ (૩) સ્ત્રી૦[?] દુર્ગંધ [-મારવી=વાસ નીકળવી, બદબો છૂટવી છાકે ચડવું=છાકટું થવું શરીરનું ભાન ન રહેવું] ૦ટ વિ૦ છાકટું ૦ટાઈ સ્ત્રી૦, ૦ટાપણું ન૦ ૦ટું વિ૦ [જુઓ છાક, મ. छाकटा] દારૂ પીને ભાન ભૂલેલું ૦ટો પું૦ દારૂડિયો

છાકમછોળ અ૦ ['છોળ' ઉપરથી] છોળો ઉપર છોળો વાગે એમ (૨) સ્ત્રી૦ પુષ્કળતા

છાકવું અ૦ક્રિ૦[જુઓ છકવું]છલકાઈ-ફુલાઈ જવું (૨) બહેકી-વઠી જવું

છાકોટો પું૦ [જુઓ છાક] ભારે છાકભર્યો છાકો-તિરસ્કાર, છાછિયું

છાગ પું૦ [સં] બગ, બકરો

છાગળ પું૦[સં छागल]બકરો(૨)સ્ત્રી૦ પાણી ભરવાની ચામડાની બતક

છાગળિયું વિ૦ઉડાઉ(૨)ન૦ (પ્રાય બ૦વ૦માં) ઉડાઉપણું (૩)પાણી ભરવાની બતક, છાગળ

છાગળિયો પું૦ [હિં छागल] ફાટવાળી ઘૂઘરી

છાછર સ્ત્રી૦ ['છાછરું' ઉપરથી?] તાસક (૨) ['છરર' રવ૦ પરથી?] પાણીની સપાટી પર છરરર કરતું જાય એવી રીતે કાંઈ ફેંકવું તે. [-મારવી](૩)વિ૦ છાછરું.-રુ (-રું) વિ૦ જુઓ છીછરું

છાજ ન૦ [સં छाद ઉપરથી] છાપરામાં ઘાસ, પાટિયાં કે વાંસ વગેરેનું કરાતું આચ્છાદન કે તે વસ્તુઓ (૨) ['છજું' ઉપરથી] અભરાઈ

છાજલી સ્ત્રી૦ ['છજું' ઉપરથી] છજા ઉપરની નાની અગાસી (૨) નાનું છજું (૩) અભરાઈ

છાજવું સ૦ક્રિ૦ [સં छाद् ઉપરથી] છાજથી ઢાંકવું છાવું (૨) છવાઈ રહેવું (૩) [સર૦ હિં छाजना, પ્રા छज्ज्] લાયક હોવું (૪) સારું દેખાવું શોભવું(૫) ઘણો વખત નભવું, ટકવું (ઉદા૦'રાંક હાથે રે; રતન ચડ્યું છાજ્યું નહિ.')

છાજિયું ન૦ શોકના આવેશમાં છાતી કૂટવી તે [છાજિયાં લેવાં=મરણ પાછળ નામ લઈ છાતી કૂટવી (૨) [લા] સ્ત્રીઓ ધિક્કારના ઉદ્ગાર તરીકે-મર મૂઆ-એવા ભાવમાં વાપરે છે]

છાજું ન૦ ['છાજ' ઉપરથી] છાજ નાખી કરાતું એકઢાળિયું [લાંબો પહોળો કકડો

છાટ સ્ત્રી૦ ટાંકાની અંદરની છત (૨) પથ્થરનો

છાણ ન૦ [દે] ગાયભેંસનો મળ, ગોબર [-કરવું=(ગાયભેંસે) પોદળો કરવો -દેવું = અબોટ કરવો, લીંપવું -હોવું=દમ હોવો, હિંમત હોવી -પૂંજવું=છાણ એકઠું કરવું -માં તરવાર મારવી=દોરદમામ બહુ પણ કરવું કાંઈ નહિ,કાયર પેઠે વર્તવું]૦પૂંજો પું૦ કચરોપૂંજો -ણિયું વિ૦ છાણ જેવું, પોચું, દમ વગરનું(૨) છાણ ખાઈને રહેનારું(૩)ન૦ છાણમાટીનું બનાવેલું ટોપલું -ણું ન૦ [દે छाणी] બાળવા માટે છાણને થાપીને સૂકવેલું ચકરડું

છાણવું સ૦ક્રિ૦ [સર૦ હિં छानना,મ छानणें, દે छाणण] બારીક રીતે ચાળવું (૨) છણવું

છાત ન૦ [સં छत्र, હિં छाता] (પ) છત્ર, છત્રી

છાતરડ સ્ત્રી૦ મેટો ફૂટકો, કાળ (ઘોડાની)

છાતરવું સ૦ક્રિ૦ ખેચવું, બહાર કાઢવું

**છાતી** સ્ત્રી૦ [સર૦ म ; हिं] શરીરનો પેટથી ઉપરનો પહોળો ભાગ (૨) [લા] હૈયુ, દિલ (૩) હિંમત [**-ઉપર બેસવું**=સામે બેસીને કામ કઢાવવુ, રૂબરૂ હાજર રહી કામની ઉતાવળ કે ચોકસાઈ કરાવવી **-ઉપર મૂકવું**=તદ્દન નજીક કે સામે મૂકવુ (કંટાળાનો ઉદ્ગાર) **-ઉપર હાથ મૂકવો**=હિંમત રાખવી (૨) હિંમત આપવી (૩) છાતીમા રહેલા ઈશ્વરની સામે (સાચુ કહેવુ). **-ઊભરાવી**=શોક કે આનંદથી હૈયુ ભરાઈ આવવુ – ખૂબ લાગણી થવી **-ઊંચી આવવી**=ખૂબ હરખ કે આનંદ યા ગર્વ થવો **છાતીએ ચાંપવું**=વહાલમા હૈયા સરસુ દબાવવુ **-એ ડાઘ લાગવો, રહેવો**=દિલમા દુઃખ કે વેરની લાગણી થવી **-એ ધરવુ**=છાતીસરસુ લેવુ **-એ વળગાડવું**=છાતી સરસુ ચાપવુ(૨)પાસે ને પાસે રાખવુ (૩) ધવરાવવું. **-એ કહ્યું કરવું**=ધીરજ કે હિંમત રહેવી. **-કાઢીને ચાલવું**=હિંમતભેર કે દમામથી ચાલવુ **-કૂટવી**=શોકક્રોધના આવેગમા છાતી ઉપર હાથના પંજા પછાડવા (૨)પસ્તાવો કરવો **-ખાલી કરવી**=જુઓ છાતી હાલવવી **-ચલાવવી**=હિંમત દાખવવી **-ચાલવી**=હિંમત રહેવી **-ટાઢી થવી**=સંતોષનો આનંદ થવો **-ટાઢી હોવી**=દિલમા કંઈ બળતરા કે દુ:ખ ન હોવા. **-ઠરવી**=સંતોષ અને આનંદ થવા **-ઠાલવવી**=હૈયાની વરાળ કાઢવી, સુખદુ:ખના ઊભરા કાઢવા **-ઠોકવી**=હિંમત આપવી (૨) શાબાશી આપવી **-ઠોકીને કહેવું**=વિશ્વાસ ને હિંમતપૂર્વક કહેવુ **-તોડવી**=સખત કામ કરવુ **-થાબડવી**=ઉત્સાહ, હિંમત કે શાબાશી આપવી **છાતીનું આધું**=સાહસિક, હિંમતવાન **-નું કડણ -નું ઘાડું**=છાતીવાળુ, હિંમતવાન **-નો ઘા**=મરમનો ઘા (૨) સ્વપરાક્રમ **-પર પથ્થર મૂકવો**=શોકનો ડૂમો દબાવવો, હિંમતપૂર્વક સહન કરવુ **-પર રાખવું**=લાડથી ઉછેરવુ પાસે જ રાખવુ **-પાકવી**=સ્તન ઉપર ગૂમડુ થવુ (૨) ઠોકરાં નંહાગ નીકળવા (૩) છાતીમા કફ પાકી જવો **-પીગળવી**=લાગણી થવી, દયા આવવી **-ફાટ રડવું**=પુષ્કળ ને મોટેથી રડવુ **-ફાટી જવી**=ભારે દુ:ખથી કાળજુ ચીરાઈ જવુ **-ફૂલવી**=આનંદ કે ગર્વ થવો **-બળવી**=દિલ દાઝવુ (દુ:ખ કે અદેખાઈથી) **-બેસી જવી,-ભાગી જવી**=દુ:ખ શોકથી હિંમત હારી જવુ **-ભરાઈ આવવી**=લાગણીના આવેશથી રડી જવાવુ **-ભેર ચાલવું**=અક્કડ – દમામભેર ચાલવું **-માં ઘાલવું**=વહાલમા છાતી સરસુ ચાપવુ **-સરસું રાખવું**=લાડથી પોતાની પાસે રાખવુ. **-હાથ ન રહેવી**=લાગણીથી ઉશ્કેરાઈ જવુ (૨) હિંમત જતી રહેવી] **૦ઝ્ડુ** વિ૦ બહાદુર, પ્રાણવાન **૦ચલું** વિ૦ હિંમતવાન **૦પૂર** વિ૦ છાતી સુધી આવે એટલુ **૦ફાટ** અ૦ છાતી ફાટી જાય એમ, ખૂબ લાગણીથી **૦ભેર** અ૦ હિંમતથી (૨) [ઊંચુ ચડતા] છાતી ભરાઈ આવે-દમ ચડે તેમ

**છાત્ર** પુ૦ [સં] વિદ્યાર્થી **૦પતિ** પુ૦ ગૃહપતિ **૦વૃત્તિ** સ્ત્રી૦ જુઓ શિષ્યવૃત્તિ. **-ત્રા** સ્ત્રી૦ વિદ્યાર્થિની **-ત્રાલય** ન૦ છાત્રોને રહેવાનુ સ્થળ, 'બોર્ડિંગ,' 'હોસ્ટેલ'

**છાદન** ન૦[સં]ઢાકવુ કે ઓઢવુ તે કે તે ઓઢવાની [વસ્તુ

**છાદિત** વિ૦ [સં] આચ્છાદિત, ઢંકાયેલુ

**છાનગપતિયાં** ન૦બ૦વ૦ [છાનુ+ગુપ્ત] (કા) છાની વાતો [ગુફ્તેગો(૨)અ૦છાની રીતે

**છાનાછાની** સ્ત્રી૦ ['છાનુ' ઉપરથી] છાની વાત,

**છાનું** વિ૦ [સં छन्न] ગુપ્ત (૨) મૂંગુ. [**-રહેવું, -રાખવું** સાથે] **૦છપનું(-નું)** વિ૦ છૂપું,કોઈ જાણે નહિ તેવુ, ગુપ્ત **૦માનું** વિ૦ છાનુછપનુ (૨) ગુપચુપ

**છાપ** સ્ત્રી૦ ['છાપવુ' ઉપરથી] એક વસ્તુ બીજા પર દબાવાથી તેની આકૃતિ પડે તે (૨) આકૃતિ પાડવાનો સિક્કો (૩) પતંગ છપાવી તે (૪) [લા] મન ઉપર થયેલી અસર-બંધાયેલો અભિપ્રાય (૫) રોફ, દાબ, પ્રભાવ (૬) છાપવાની સફાઈ [**-ઊઠવી**=છાપવામાં અગાઉ આકૃતિ પડવી **-ખાવી**=પતંગ

છપાવી – એકદમ નીચે પડવી –**પડવી**= શેહ અસર પડવી –**બેસાડવી**=પ્રભાવ પાડવો (૨) સારી નરસી શાખ બતાવી –**મારવી**=સિક્કો-મહોર દબાવવા (૨) હક-દાવો હોવો ("એ ચીજ ઉપર તમારી છાપ મારી છે શું?") –**વાગવી**=છાપનો સિક્કો પડવો ] **૦ખાનું** ન૦ છપાણ થતુ હોય તે સ્થળ, મુદ્રણાલય **૦ગર** પુ૦ છીપો **૦જ(-યં)ત્ર** પુ૦ છાપવાનુ યત્ર

**છાપટ** સ્ત્રી૦ પાણીની છાલક, છોળ (૨) [દે છપ્પત્તિઆ] થાપટ, લપડાક

**છાપણી** સ્ત્રી૦ ['છાપવુ' ઉપરથી] છાપવાની રીત કે તેની સફાઈ, છાપ

**છાપત** સ્ત્રી૦ [છાપ ઉપરથી] શાખ, આબરૂ

**છાપભૂલ** સ્ત્રી૦ [છાપ + ભૂલ] છાપવામા થયેલી ભૂલ

**છાપર** સ્ત્રી૦ વાટવાનો મોટો ચપટો પથ્થર

**છાપરું** ન૦[જુઓ છાપ૬]મકાન પર કરેલુ ઢાકણ (૨)છાજ(૩)ઝૂપડુ [**છાપરાં ઠેકવાં**=ઉદ્ધત વેડા કરવા (૨) અતિશય આનદ દેખાડવો –**ઉકેલવું**=છાજ બદલવા નળિયા ઉતારવા –**જડવું, ઠોકવું**=ઘર પર છાપરુ બનાવવુ(૨) ઝૂપડુ ઊભુ કરવુ –**વધવું**=કપાળ આગળ કે માથે હજામત વધી જવી –**સડવું**=છાપરાનુ છાજ કોહવુ **છાપરે ચડવું**=મોઘા થવુ મગરૂરીમા ફુલાવુ **છાપરે ચડાવવું**=ખૂબ વખાણ વડે ફુલાવી મૂકવુ **છાપરે બેસવું**= જુઓ છાપરે ચડવુ ] –**રિયું** વિ૦ છાપરાનુ, –ને લગતુ –**રિયો** પુ૦ ભાવનગર તરફની વાણિયાની એક જાતનો માણસ. –**રી** સ્ત્રી૦ નાનુ છાપરુ (૨)[લા ] ઝૂપડી

**છાપવું** સ૦ક્રિ૦ [સર૦ हिं , म , फा. चस्पीदन् કે સં चप्, स्थाप् ઉપરથી ?] બીબા વડે છાપ–આકૃતિ પાડવી

**છાપુ** ન૦ ['છાપવુ' ઉપરથી] વર્તમાનપત્ર (૨) બીબુ (૩) [?] ચામાચીડ

**છાપેલ કાટલુ** ન૦ [છાપેલુ + કાટલુ] [લા ] પહોચેલ, બચા તરીકે પકાયેલો માણસ

**છાપો** પુ૦ [ 'છાપવુ' ઉપરથી] ઓચિતો હુમલો (૨) છાપ વડે કરેલુ ચિહ્ન (૩) લાગો, વેરો (૪)+બધા છાપા, 'ધિ પ્રેસ' [–**મારવો**= એકાએક હુમલો કરવો –**ભરવો**=વેગે ભરવો **છાપાનું ભૂત**=('પ્રિન્ટર્સ ડેવિલ') છપાણમા રહેતી ભૂલ, છાપભૂલ ]

**છાબ ૦ડી** સ્ત્રી૦, –**ડું** ન૦ [દે. छब्ब (ग)] છાબડી, વાસની છાછરી ટોપલી [–**કળપવી** =મૂએલાના શ્રાદ્ધમા કળકળાદિની છાબડી બ્રાહ્મણોને આપવી –**મોકલવી** = ભેટ મોકલવી. –**વાળવી**=સ્ત્રીના મરણ પછી તેના પિયરિયાએ છેલ્લી ક્રિયાના કપડા વગેરે એક છાબડીમા ઘાલીને આપવા.]

**છાયલ** (છા) ન૦ [સર૦ દે. छाइल्ल=સુંદર, प्रा. छायण=વસ્ત્ર]એક જાતનો છાપેલો સાલ્લો

**છાયા** સ્ત્રી૦ [સં ] પડછાયો (૨) [લા ] આશ્રય; ઓથ (૩) અસર, છાપ [–**કરવી**=છાયડો કરવો (૨) ઓથ આપવી –**જેવું**=સદા જોડાયેલુ (૨) પકડતા હાથમા કઈ ન આવે તેવુ, દેખાવમાત્ર –**પડવી**=ઓળો પડવો (૨) શેહ પડવી –**મારવી**=ચિત્રમા પ્રકાશ અને ઓળાનો ઉઠાવ આવવો. **છાયામાં રહેવું**= ઓથ- આશ્રયમા રહેવુ. –**લેવી**=છાયડો લેવો (૨) અમુકને મળતુ આવે એવુ કરવુ –થવુ ] **૦કાવ્ય** ન૦ બીજા કાવ્યની છાયાવાળુ કાવ્ય **૦ચિત્ર** ન૦ કેવળ છાયા–એ બાકૃપે આલેખાયેલુ ચિત્ર **૦નટ** પુ૦ એક રાગ **૦નુવાદ** પુ૦મૂળની છાયા ઉતારતો અનુવાદ, ભાવાનુવાદ **૦પુરુષ** પુ૦ તડકામા અથવા ચાદરણામા ઊભા રહીને પોતાની છાયા તરફ ઘણીવાર જોયા કર્યા પછી એકદમ આકાશમા જોતા ઊચે જે પુરુષઆકૃતિ દેખાય છે તે **૦યત્ર** ન૦ છાયા ઉપરથી વખત જાણવાનુ યત્ર, 'સન-ડાયલ' **૦લગ** વિ૦ રાગને મનોહર બનાવવામા બીજા રાગના સ્વરની છાયાવાળુ

**છાયો** (છા') પુ૦ [સં छाया, प्रा छाहा- (-हिया), फा सायह] છાયો, પડછાયો, ઓળો

**છાર** (છા')પુ૦,સ્ત્રી૦ [સં क्षार, प्रा ] છીંકણીનો ભૂકો (૨) રૂગ (૩) ધૂળ (૪) રાખોડી (૫) છાણ (૬) પુ૦ [પ્રા ] મત્સર, અભિમાન

**છારવું** (છા') સ૦ક્રિ૦ ['છાર' ઉપરથી] બાળીને ખાખ કરવું (૨) છારું દબાવવું (૩) માટી વાળવું, છાવરવું [**છારી વાળવું**=છાવરી વાળવું ] (૪) [ રવ૦] છમકારવું

**છારા(-રોડિયા)** (છા') વિ૦ [सं क्षार,प्रा छार ઉપરથી] (બ૦ વ૦ રૂપ) પિત્તવાળા તીખા (ઓડકાર) [ (તુચ્છકારમાં)

**છારાં** (છા') ન૦બ૦વ૦ છારા જાતિના માણસ

**છારિયું** (છા) ન૦ સાકડા મોંના વાસણ ઘસવા માટે વપરાતો કૂચડો

**છારી** (છા') સ્ત્રી૦ વસ્તુ પર બાઝતો આછો થર [-વળવી ] (૨) છારા જાતની સ્ત્રી

**છારું** (છા') ન૦[જુઓ 'છાર' પુ૦,સ્ત્રી૦] ઈંટો, મટોડી અને ચૂનાવાળો ભૂકો

**છારો** (છા') પુ૦ એ નામની એક જિપ્સી જેવી જાતનો પુરુષ [ (ઓડકાર)

**છારૈયા** (છા') વિ૦ ['છારા' વિ૦ ઉપરથી] છારા

**છારોડિયા** (છા') વિ૦બ૦વ૦ જુઓ છારા **-યાં** ન૦બ૦વ૦ મરનારના તેરમાને દિવસે ચકલામાં પીળુ ઓઢાડીને મુકાતા ત્રણ ઘડા

**છાલ** (લ.) સ્ત્રી૦ [स छाल, दे. छल्लि, छल्ली] ત્વચા (ઝાડની) [**-પાડવી**=ઉપર ઉપરથી મોરવું – છોલવું (૨) મહેણાં મારવાં ]

**છાલ** પું૦ જુઓ ખ્યાલ (૨) કેડો, પીછો [(-નો છાલ) **છોડવો, -મૂકવો**=કેડો મૂકવો, જતું કરવું ]

**છાલક** સ્ત્રી૦ [स क्षाल् ઉપરથી] પાણીની છોળ. [**-વાગવી,-મારવી**] ૦બાજી સ્ત્રી૦ સામસામી પાણીની છાલકો મારી ગભરાવવાની રમત

**છાલકું** વિ૦ ['છાલક' ઉપરથી] છાછરું, ઊનળું (૨)[લા ]આછકલું, પાતળું, હલકું (૩)ન૦ [?] ગધેડા ઉપર નાખવાની બે પાસિયાવાળી ખુલ્લી ગૂણ(૪)ચાર મણનો સતોલો [**છાલકામાં પાણી ભરવું**=ખોટો ડોળ કરવો **છાલકાં પાણીમાં કરવું**=પતરાજી કરવી, છલકાઈ જવું ] **-કાપણું** ન૦

**છાલાં** ન૦ બ૦ વ૦ [दे छल्ली,स छाल] ફોતરાં, છોડાં (૨)ચામડી પરનાં ફોલ્લા [**-ફૂટવાં**=રેસાવાળાં છોડાં ફૂટી રેસા છૂટા પાડવા (૨) પાણી વલોવવું, ફોગટ મહેનત કરવી **-પડવાં**=ફોલ્લા ઊઠવા (જેમ કે જીભ પર છાલાં પડ્યાં છે) **-વીણવાં**=ફોગટ ફાંફાં મારવાં ]

**છાલિયું** ન૦ [સર૦ हिं छालिया] પહોળા મોંની વાડકી, છાલું

**છાલી** સ્ત્રી૦ નાનું છાલું; વાડકી (૨) ચૂડી

**છાલું** ન૦ વાડકો (૨) ['છાલ' સ્ત્રી૦ ઉપરથી] ઘંટીમાંથી લોટ વાળવાનું નાળિયેરનું છોડું (૩) 'છાલાં'નું એ૦વ૦

**છાવણ** (છા') ન૦ [મ૦ प्रा. छायण, 'છાવું' ઉપરથી] છાવાનું સાધન, છાજ

**છાવણી** સ્ત્રી૦[दे. छायणी,छायणिया] (લશ્કરી) પડાવ કે મથક [**-નાખવી**=લશ્કરી મથક કરવું (૨) પડાવ કરવો **-ખોલવી**=(લડતનું કે લશ્કરી) મથક સ્થાપવું ]

**છાવર** (છા) પું૦ [જુઓ છાવું] ઢાંકણ (૨) [લા ] ઢાંકપિછોડો ૦વું સ૦ક્રિ૦ ઢાંકપિછોડો કરવો

**છાવું** (છા') સ૦ક્રિ૦ [स छादय्, प्रा छाय दे छन्निअ=(ढंकित), स च्छाय्] ઢાંકવું (૨) છાજ વડે ઢાંકવું

**છાશ(-સ)** (શ,) સ્ત્રી૦ [दे छासी] દહીં મથી કરાતું પ્રવાહી **-શિ(-સિ)યું** વિ૦ છાશવાળું છાશ જેવું (૨) [લા ] હલકી જાતનું (૩) ન૦ સંચાથી દૂધ પીલતાં છૂટું પડતું પ્રવાહી, 'સેપરેટ' (?). [**-પીવા ટાણું**=(કા ) સવારનો (નાસ્તાનો) વખત **-પીવી**=(કા.) નાસ્તો કરવો **-બાકળા થવું**=ખાટું થઈ જવું, બગડી જવું (૨) [લા ] મોં પડી જવું – ઊતરી જવું.**-માં પાણી ઉમેરવું**=અત્યુક્તિ કરવી; વાત વધારીને કહેવી **-કરવી**=દહીં ભાંગીને છાસ બનાવવી ] [છયાશી

**છાશી,-સી** વિ૦ [स षडशीति, छासीइ] '૮૬'

**છાસટિયો** પું૦ (છાસઠ દિવસમાં તૈયાર થતી) પાણી પાઈને ઉગાડેલી જુવાર

**છાસઠ** વિ૦ [स षट्षष्टि,प्रा छसट्ठि] '૬૬'

**છાસી** વિ૦ જુઓ છાશી

**છાળી** સ્ત્રી૦ [स छागी, प्रा छाली] બકરી **-ળો** પુ૦ [स छाग प्रा. छाल] બકરો

છાંઈ (છાં'૦) સ્ત્રી૦ જુઓ છાયા
છાકુ(-કુ) (૦) વિ૦ તડાકિયુ, ગપ્પી
છાંગળ (૦) પું૦ ઈંટના રસનો ગઠ્ઠો, કીટો
છાંછરું (૦) વિ૦ ઉછાછરુ, ઉદ્ધત (૨) ન૦ છાછિયુ, છણકો [ઉપલકિયુ
છાંછળમાંછળ (૦,૦)વિ૦(૨)અ૦ ઉપર-ઉપરનુ,
છાંછળુ (૦) વિ૦ [જુઓ ઉછાછરુ] છોકરવાદ (૨) આછકલુ [છણકો કે ગુરકિયુ
છાંછિયુ (૦) ન૦ [રવ૦] રોષ કે તિરસ્કારયુક્ત
છાંછું (૦) વિ૦ ગદ્દુ, મેલુ (૨) વગર સમજે માથુ મારે એવુ (૩) મૂછ (૪) ન૦ મંત્ર ભણીને મારેલી ફૂંક
છાંટ (૦) સ્ત્રી૦ [દે છટ્ટ] થોડા ઝીણા ઝીણા છાટા, ફરફર(૨) [?] ઝડપ, ઉતાવળ(૩)['છાટવુ' ઉપરથી]ગપ્પુ, બડાઈ (૪)ઉપર ઉપરથી કાપતા પડેલા કકડા [-નાખવી=પાણીના છાટા નાખી પવિત્ર કરવું -મારવી=ગપ હાકવી (૨) ડફાસ મારવી -લેવી=છાટા નખાવી સ્પર્શદોષથી મુક્ત થવુ -નાં ભજિયાં= મેથીની ભાજી સાથે કેળાના ભેગવાળા ભજિયા (મુ)] ૦ણી સ્ત્રી૦ છાટવુ તે,છાટવાની ક્રિયા ૦ણું ન૦ (કંકુ-કેસર વગેરેથી) છાટવુ તે (૨) [કપડામા,-પર] છાટાની ભાત
છાંટવું (૦) સ૦ ક્રિ૦ ['છાટ' ઉપરથી] વિખેરાઈને પડે એમ નાખવુ (૨) [લા ]ગપ-બડાઈ હાકવી (૩) લાચ આપવી ઉદા૦ જજને છાટવો (૪) [हि छाटना] ઉપર ઉપરથી કાપવુ
છાંટા (૦) પુ૦બ૦વ૦ [જુઓ છાટો] થોડો છાટા જેવો વરસાદ, છાટી [-થવા, પડવા]
છાંટિયું (૦) ન૦ ['છાટો' ઉપરથી] માત્ર છાટા નાખ્યે ચાલે એવુ, દૂરના સગાના મરણનુ સૂતક (૨) સ્ત્રીઓનુ કાટનુ એક ઘરેણુ
છાંટી (૦) સ્ત્રી૦ [દે છટ,-ટા] નાનો છાટો-ટીપુ (૨)વરસાદની ઝીણી ફરફર [-થવી,પડવી]
છાંટુ (૦) વિ૦ ['છાટવુ' ઉપરથી] ગપ્પી; છાકુ
છાંટો (૦) પુ૦ [दे छट्टा]બુંદ, ટીપુ (૨) [લા ] ડાઘ, કલંક (૩) સ્પર્શાસ્પર્શ કે ખાવાપીવાનો સબંધ (૪) થોડુક, ચપટીક (જેમ કે, એનામા છાટો અકલ નથી ) [છાંટા ઊડવા =સ્પર્શ-દોષ લાગે તે જાતના પાણીના છાટા ઊડવા(૨) નઠારી સોબતની અસર થવી -આપવો લેવો =અન્નપાણી આપવા લેવાનો વ્યવહાર હોવો -નાખવો=થોડુ આપવુ - પીરસવુ(૨)થોડુ ઘી - અન્ન પવિત્ર કરવા -પીરસવુ (૩) સ્પર્શ-દોષનુ નિવારણ કરવા, નાહવાને બદલે (સોનુ અડકાડીને) થોડુ પાણી છાટવુ -પીરસવો, મૂકવો=અન્ન પવિત્ર થાય તે માટે થોડુ ઘી પીરસવુ -બંધ થવો, કરવો=અન્ન પાણી આપવા - લેવાનો વ્યવહાર બધ થવો, -કરવો -લેવો=ચોપડ -ઘી લેવુ (૨) -ના પાણીના છાટાનો સ્પર્શદોષ ન હોવો (ઉદા૦ બ્રાહ્મણનો છાટો લેવામા વાણિયાને કઈ વાધો છે?) રોટી-વહેવાર હોવો ] -ટાભાર વિ૦ છાટા જેટલુ - થોડુ. ૦પાણી ન૦ [લા ] દારૂ [-લેવાં ]
છાંડણ (૦) ન૦ છાડવુ તે (૨) છાડેલુ અન્ન
છાંડવુ (૦) સ૦ક્રિ૦ [प्रा छड्डु, छड ] તજવુ (૨) ફારગતી આપવી (૩) ભાણામા પડી રહેવા દેવુ
છાંડી(-ડેલી) (૦) વિ૦ સ્ત્રી૦ ['છાડવુ' ઉપરથી] ધણીએ તજેલી - ફારગતી આપેલી
છાંદસ વિ૦ [स] વેદ ભણેલુ
છાંદવું (૦) સ૦ક્રિ૦ [स छद् =છાદવુ, લેપવુ] છાણાથી લેપવુ - જાડુ લાપવુ (૨) [જુઓ છાડવુ] (ચ) ભાણામા છાડવુ
છાંદો (૦) પુ૦ છાણમાટીનો લોદો, જાડુ લીંપણ. [-દેવો, -મારવો=છાદવુ, લેપવુ ] (૨) જમવાની વાનીઓનો ભેગો ચૂરો. [છાંદો ઘાલવો=બધા પ્રકારનુ ભોજન અડવાળીને ગવાનિક કરવુ અને પછી જાતે જમવુ -મૂકવો=છાદવુ (ભાણામા) ]
છાંય,૦ડી (૦)સ્ત્રી૦, ૦ડો, -યો પુ૦ જુઓ છાયા
છિ. અ૦[स , રવ૦]ધિક્કાર કે તુચ્છકાર બતાવતો ઉદ્ગાર
છિછકલું, છિછલ્લું વિ૦ [જુઓ આછકલુ તથા છીછરુ] આછકલુ, ઉછાછરુ (૨) છોકરવાદ (૩) મસ્તીખોર
છિટ, ૦છિટ અ૦ [રવ૦] જુઓ છટ
છિટકોરવું સ૦ક્રિ૦ [જુઓ છટકોરવુ] આંગળીથી પાણી છાટવુ

છિણાવું અ૰ક્રિ૰, -વવું સ૰ ક્રિ૰ 'છીણવું'નુ કર્મણિ ને પ્રેરક
છિદવું સ૰ક્રિ૰ + જુઓ છેદવુ
છિદ્ર ન૰ [सं] કાણું, બાકુ, નાકુ (૨)[લા.]દોષ, ખામી. [-કાઢવાં, જોવાં, શોધવાં=દોષ શોધવા] -દ્રાન્વેષણ ન૰ [सं.] બીજાના દોષ શોધવા તે. -દ્રાન્વેષી વિ૰ [सं.] બીજાના દોષ શોધનારુ -દ્રાળુ વિ૰ છિદ્રવાળુ -દ્રિત વિ૰ [सं.] છિદ્રવાળુ, છિદ્ર પાડેલુ
છિનવાવવું સ૰ક્રિ૰ 'છીનવવું'નુ પ્રેરક
છિનાવડા(-રા)વવું સ૰ક્રિ૰ 'છિનાવવુ'નુ પ્રેરક
છિનાવવું સ૰ક્રિ૰ જુઓ છીનવવુ (૨) 'છીનવુ'નુ પ્રેરક
છિનાવાવું અ૰ક્રિ૰ 'છિનાવવુ'નુ કર્મણિ
છિનાવુ અ૰ક્રિ૰ 'છીનવુ'નું કર્મણિ
છિનાળ વિ૰[સર૰ મ, हिं छिनाल, दे छिण्णाल =જાર, छिण्णा=કુલટા, દે छिन्नाल=હલકી જાતનુ પરથી] છિનાળવુ (૨)(બ.?) સ્ત્રી૰[दे छिण्णाली] વ્યભિચારિણી, કુલટા ૦વ્યસકા પુ૰બ૰વ૰ છિનાળના (જેવા) ચાળા, અપલક્ષણ ૦વાડો પું૰ વેશ્યાવાડો, ખાજરુ. ૦વું વિ૰ વ્યભિચારી -ળી સ્ત્રી૰,-ળું ન૰ જારકર્મ, વ્યભિચાર
છિન્ન વિ૰ [सं] છેદેલુ, જુદુ પાડેલુ ૦ભિન્ન વિ૰ ભાગીતૂટી ગયેલુ (૨)અસ્તવ્યસ્ત ૦વ્રણ પુ૰ કપાવાથી પડેલો જખમ
છિપકળી સ્ત્રી૰ [સર૰ हिं छिपकली (चिपकना ઉપરથી ?)] એક જાતનો સાપ
છિપાવવું સ૰ક્રિ૰, છિપાવું અ૰ક્રિ૰ 'છીપવુ'નુ કર્મણિ ને પ્રેરક
છિપોલી સ્ત્રી૰ જુઓ છીપ
છિયાડી સ્ત્રી૰ [दे खेह=ધૂળ, રજ] પવનથી ઊડીને પડેલી ધૂળ -ડો પુ૰ પવનથી ઊડીને પડેલો કચરો
છિરકાવવું સ૰ક્રિ૰ 'છીરકવુ'નુ પ્રેરક
છિલાવું અ૰ ક્રિ૰, -વવું સ૰ ક્રિ૰ 'છીલવુ'નુ કર્મણિ ને પ્રેરક
છિલેટું ન૰ [જુઓ છીલટું] છોડું, છોતરુ
છિલ્લર ન૰[दे.]તૂટી ગયેલુ તળાવ(૨)ખાબોચિયું
છિલ્લો પુ૰ [फा. चिल्लइ] પીરનુ સ્મારક
છી સ્ત્રી૰,ન૰ [જુઓ છિ, સર૰ हिं छिया= મળ] ગંદી વસ્તુ (૨) [બાળભાષા] મળ, મળત્યાગ [-ગ ધાવી=બાળક જેવા અણસમજુ થવુ (૨) મેલુ દેખાવુ]
છી,૦છી અ૰[રવ૰] જુઓ છિ (૨)ગંદકીસૂચક ઉદ્ગાર [(વ૰ કા૰)
છીએ અ૰ક્રિ૰ 'હોવુ'નુ પ્રથમ પુરુષ બ૰ વ૰
છીચી સ્ત્રી૰ (ચ.) ખીચડી (બાળભાષા)
છીછરવું અ૰ ક્રિ૰ છીછરુ થવુ
છીછરું વિ૰ [સર૰ दे छिंछोली=નાનો જલપ્રવાહ,हिं छिछला-छिछोरा]થોડી ઊંડાઈવાળુ
છીટ અ૰ [રવ૰] છિટ(૨)સ્ત્રી૰ સૂગ,અણગમો, છીત [છી ટુ
છીટુ ન૰ [सं छिद्र, प्रा छिड्ड?] દોષ, બહાનુ,
છીણવું સ૰ક્રિ૰ [જુઓ છણવું] ગાળવુ(૨) [सं छिद्, छिन्न, प्रा छिण्ण?]છીણી ઉપર ઘસવુ, છૂંદો પાડવો (૩) મોળવુ, સમારવુ (શાક)
છીણી સ્ત્રી૰ ['છીણવુ' ઉપરથી]છીણવાનુ સાધન (૨) લાકડા ફાડવામા વપરાતી લોઢાની ફાચર (૩)ધાતુ કાપવાનુ લોઢાનુ વીંધણુ [-મૂકવી =કાપી નાખવુ(૨)બરબાદ કરવુ -મારવી= કાપી નાખવુ (૨) ફાસ મારવી]
છીત સ્ત્રી૰ [જુઓ છીટ] સૂગ (સુ.)
છીતરી સ્ત્રી૰ બે વર વચ્ચેનુ નવેળિયુ, છીડી
છીતવું અ૰ક્રિ૰ છીછરા પાણીમા વહાણનુ જમીન સાથે ચોટવુ
છીદરી સ્ત્રી૰ [सं छिद्र ઉપરથી]ટીપકી ટીપકીવાળો એક જાતનો સાલ્લો(૨)દાણાનુ વેરાવુ—દરેડો થવો તે [-કરવી=દરેડો કરવો, આમ તેમ વેરાતુ નાખવું]
છીદરું વિ૰ [સર૰ हिं छिदरा] જુઓ છીછરું
છીનકી સ્ત્રી૰ [સર૰ दे छिण्णा] છિનાળ
છીનવવું સ૰ ક્રિ૰ [सं छिद्, हि छीनना] ઝૂટવી લેવુ (૨) છેતરી લેવુ
છીનવાવુ અ૰ ક્રિ૰ 'છીનવવુ'નુ કર્મણિ
છીનવું સ૰ક્રિ૰[सं छिद् ઉપરથી] + કાપવુ,છેદવું
છીપ સ્ત્રી૰ [सं शुक्ति, प्रा सिप्पि, हिं छीप] એક જાતની માછલીનુ કોટલુ-ઘર, સીપ

છીપણી સ્ત્રી૦['છીપવુ' ઉપરથી]પાણી છીપવું-છાંટવું તે -ણું નં૦ પાણી છીપવાનુ લોટી જેવુ પાત્ર

છીપર સ્ત્રી૦ પથ્થરની છાટ, શિલા [છાટ-પથરો

છીપરું વિ૦ ગદું, ગોબુ(૨)નં૦ (કા)ચોખીની

છીપવું અ૦ ક્રિ૦ [પ્રા થિપ્પ્=તૃપ્ત થવુ, સ તૃપ્?] શમવુ, શાત થવુ (તરસનુ) (૨) [હિં છિપના]સંતાવુ, લપાવુ(૩)સ૦ક્રિ૦ [સ ક્ષિપ્] નીપવુ; છાંટવુ (૪) લાગરવુ (વહાણને)

છીપો પુ૦ [દે છિંપય]કપડા છાપનારો, છાપગર -પાનામું નં૦ ગમે તેવો આવડત વિનાનો હિસાબ

છીબું નં૦ [દે છબ્બ] તપેલીનુ ઢાંકણુ, તાસક

છીરકવું સ૦ક્રિ૦[हि छिडकना]છાંટવુ, છટકાવથી નવરાવવુ છીરકાવું અ૦ક્રિ૦ [કર્મણિ]

છીલટું નં૦ [દે छल्ली] છિલટું, છોડુ, છોતરું

છીલવું સ૦ ક્રિ૦ [સર૦ हिं. छीलना] છોડા કાઢવા, છોલવુ

છીં અ૦ [રવ૦] છીંકવાનો અવાજ

છીંક સ્ત્રી૦[દે छिक्का] છી કરીને જોરથી શ્વાસ બહાર ફેંકવો તે [-આવવી=છીંકવાનુ થવુ (૨)[લ ]અપશુકન થવા. -ખાવી=છીંકવુ (૨) છીંકવાથી અપશુકન કરવા છીંકો આવે તેવું=તદ્દન સ્વચ્છ (સ્વચ્છતા બતાવવા)] ૦ણી સ્ત્રી૦ સૂંઘવા માટે ઘૂંટીને તૈયાર કરેલી તમાકુ ૦વું અ૦ક્રિ૦ છીંક ખાવી [છીંકતાં છીંડું પડવું=સહેજસાજમા વાંકુ પડવુ-માઠું લાગવુ છીંકતાં દંડવું=નજીવા કારણસર દંડ કરી પાડવો, આપખુદ-જુલમી અમલ ચલાવવો]

છીંકારડું નં૦ ['છીંક' ઉપરથી] કાચંડા જેવુ એક ઝેરી પ્રાણી, જેની છીંકનો વાયુ ઝેરી માનવામા આવે છે(૨)[?]એક જાતનુ નાનુ હરણ

છીંકારણું નં૦ ['છીંક' પરથી ?]એક જાતનુ હરણ (૨)વિ૦ વારે ઘડીએ-ઘણી છીંકો ખાનારુ

છીંકારું નં૦ છીંકારનું -રી સ્ત્રી૦ છીંકારાની માદા (૨) હરણની ચીસ

છીંટ સ્ત્રી૦ [સર૦ हिं. छींट, म छींट, સં चित्र પરથી ?] એક જાતનુ રંગિત, ભાતીગર કપડુ

છીંટલો પું૦ કાટાનો ભારો ઉપાડવાની બે પાખિયાવાળી લાકડી, છેટલો

છીંડી સ્ત્રી૦ [દે. छेंडी] સાંકડી ગલી-નવેળિયુ (૨) [દે छिंडिआ, छींडी] નાનું છીંડું -ડું નં૦ [જુઓ છીંડી, સર૦ સ छिद्र, प्रा. छिड्ड] વાડમા રાખેલુ બાકુ-માર્ગ (૨) [લા.] દોષ(૩) બહાનુ. [-પાડવું=વાડમા બાકુ કે માર્ગ પાડવો(૨)દોષ કાઢવો(૩)છટકવાનો રસ્તો કરવો છીંડે ચઢવું=છીંડામાથી આવવુ (૨) છીંડામાથી આવતા પકડાવુ (ઉદા૦ છીંડે ચઢ્યો તે ચોર)]

છુકછુક અ૦[રવ૦] એંજિનનો અવાજ ૦ગાડી (બાળભાષામા) રેલગાડી (૨) તેની બાળ રમત

છુછકારવું સ૦ક્રિ૦ [રવ૦, સર૦ प्रा छुच्छुक्कार, हि छुछकारना] કરડવા કે પાછળ પડવા ઉશ્કેરવુ (કૂતરાને) [-લ્લાપણું નં૦

છુછલું વિ૦[જુઓ છિછલુ] આછકલુ, છીછરું

છુટકારો પુ૦['છૂટવુ' ઉપરથી] મુક્તિ, છૂટકો, અંત

છુટાવું અ૦ ક્રિ૦ ['છૂટવુ' ઉપરથી] છૂટવાની ક્રિયા થવી, 'છૂટવુ'નુ ભાવે

છુટ્ટી સ્ત્રી૦['છૂટવુ' ઉપરથી] છૂટી, રજા(૨)નવરાશ. [-પડવી=રજા મળવી]

છુટ્ટું વિ૦ જુઓ છૂટું

છુપછુપામણ સ્ત્રી૦['છુપાવુ' ઉપરથી] સતાકૂકડી જેવી એક રમત [ગુપ્ત રાખવુ

છુપાડ(-વ)વું સ૦ક્રિ૦ ['છૂપવુ' ઉપરથી]સંતાડવુ,

છુપાવું અ૦ક્રિ૦ [જુઓ છૂપવુ] સંતાવુ, છૂપવુ

છુમ,૦છુમ અ૦ [રવ૦] ૦કાર,૦કો પુ૦ છુમ એવો રવ (જેમ કે ઘવારનો)

છુરી(-રિકા) સ્ત્રી૦ [સં] છૂરી, છરી

છુવડાવવું, છુવાડવું સ૦ક્રિ૦ 'છૂવુ'નુ પ્રેરક

છુવારી અજમોદ પુ૦ [સર૦ हिं छुवा(-हारी) अजवायन] એક વનસ્પતિ

છુવાવું અ૦ ક્રિ૦ 'છવુ'નુ કર્મણિ [(વ૦કા૦)

છું અ૦ક્રિ૦ 'હોવુ'નુ પ્રથમ પુરુષ એકવચન

છૂ નં૦ સરકી જવુ-જતા રહેવુ તે [-કરી જવું, થઈ જવું=નાસી જવુ, સરકી જવુ] (૨) અ૦ (રવ૦) કૂતરાને કોઈની પાછળ પડવા ઉશ્કેરવાનો-છુછકારવાનો ઉદ્ગાર

**છૂછ** સ્ત્રી૦ એક છોડ

**છૂટ(ટ)** સ્ત્રી૦ ['છૂટવું' પરથી] મોકળાશ (૨) રજા, પરવાનગી (૩) છોડી દીધેલી-જતી કરેલી રકમ (૪) ઊડવા માટે પતંગને દૂરથી, ઊડે એમ ઊંચી કરી, છોડવી તે (૫) છૂટાપણું, સ્વતંત્રતા (૬) તંગી કે સખતાઈ, સંકોચ યા મનાઈનો અભાવ (શ૦પ્ર૦માં આ ભાવ આવે છે) [**-અપાવવી** = પતંગની છૂટ આપવી **-આપવી** = રજા કે સ્વતંત્રતા યા મોકળાશ આપવી (૨) પતંગની છૂટ આપવી **-કરવી** = બંધી કે મના હોય તે દૂર કરવી, રજા આપવી **-થવી** = રજા મળવી (૨) બંધી કે મના દૂર થવી (૩) તંગી ન રહેવી **-મૂકવી** = મોકળાશ રાખવી (૨) નાણાંની છૂટ આપવી — અમુક રકમ જતી કરવી (૩) જુઓ છૂટ આપવી **-મુકાવવી** = પતંગની છૂટ અપાવવી **-લેવી** = બંધી કે મનાને ન ગાંઠવું, મોકળાશથી વર્તવું (-ની સાથે છૂટ લેવી = -ની જોડે વધારે પડતું કે અઘટિત વર્તન કરવું) (૨) પતંગની છૂટ લેવી ('છૂટ આપવી'થી ઊલટું. ઉડાડનાર છૂટ લે).]

**છૂટક** વિ૦ છૂટું છૂટું (૨) અ૦ જથાબંધ નહિ તેમ **૦બારી** સ્ત્રી૦ નાસી છૂટવાની બારી-રસ્તો **૦બારો** પું૦ છુટકારો, મુક્તિ **-કો** પું૦ છુટકારો, મુક્તિ [**-કરવો** = છોડી મૂકવું, જવા દેવું (૨) નિકાલ કરવો. પાર લાવવો (૩) ગર્ભવતીને બાળકનો પ્રસવ કરાવવો **-થવો** = છૂટવું, મુક્ત થવું (૨) પ્રસવપીડામાંથી છૂટવું, બાળક જન્મવું (૩) નિકાલ થવો] **૦છાટ** સ્ત્રી૦ છૂટ, મોકળાશ

**છૂટવું** અ૦ક્રિ૦ [સં छुट्, પ્રા छुट्ट] બંધનમાંથી છૂટા થવું (૨) (એકાએક કે જોરથી) બહાર નીકળવું (જેમ કે, પરસેવો, દુર્ગંધ, બાણ વા તોપ-બંદૂકનો ભડાકો ઇ૦) (૩) પાસેથી જવું કે નીકળવું (જેમ કે, ચમડી તૂટે, દમડી ન છૂટે) (૪) [જવાને માટે] છૂટ કે રજા મળવી (જેમ કે, ઘોરી, સભા, નિશાળ, કચેરી ઇ૦ છૂટવું) (૫) વછૂટવું, ઊકલવું (જેમ કે ગાંઠ) (૬) કોઈ ભાવ કે લાગણી એકદમ પ્રગટવી (જેમ કે, ગુસ્સો, દયા લાજ, ઝમકમાટી છૂટવી) (૭) બીજા ક્રિ૦ જોડે સહાયમાં આવી, તે ક્રિયા કરી નાખીને તેમાંથી છૂટ્યો, એવો ભાવ બતાવે છે (જેમ કે, લખી છૂટ્યો હું તો કહી છૂટ્યો, તેને ફાવે તે હવે કરે.) [**છૂટી પડવું** = જવાબદારીમાંથી નામુકર જવું — ખસી જવું **છૂટી જવું** = કેદ કે બંધનમાંથી મુક્ત થવું (૨) અદાલતમાં નિર્દોષ ઠરવું]

**છૂટાછેડા** પું૦બ૦વ૦ ફારગતી, લગ્નના બંધનમાંથી છુટકારો [**-આપવા, કરવા, લેવા**] (૨) બાળકનો પ્રસવ [**-થવા**]

**છૂટી** સ્ત્રી૦ જુઓ છુટ્ટી

**છૂટું** વિ૦ [પ્રા छुट्ट જુઓ છૂટવું] બંધન વિનાનું (૨) [નોકરી કે કામ યા કોઈ રોકાણમાંથી] ફારેગ, નવરું, બરતરફ થયેલું યા કરાયેલું (૩) અલગ, જુદું, કોઈ સાથે ભેગું સંધાયેલું કે ગોઠવાયેલું યા મુકાયેલું નહિ એવું (૪) ભભરું (૫) મોકળું, વચમાં અંતર હોય તેવું (૬) ન૦ પરચૂરણ (નાણાંનું) (૭) [લા] (ચ) ચૂરમું [**છૂટી ચાલે** (ચાલવું) = નિરંકુશપણે (વર્તવું) **છૂટું મારવું** = (કશાથી) હાથ વડે ફેંકીને મારવું **-મૂકવું** = બંધનમુક્ત કરવું (૨) રખડતું મૂકવું ('મો છૂટું મૂકવું' = મોટેથી રડવું, 'કોથળી છૂટી મૂકવી' = ખૂબ વાપરવું, ઉડાવવું] **છૂટે છેડે, છૂટે દુપટ્ટે** = નિર્ભયપણે (૨) છડું — એકલું, સરસામાન વિના **છૂટે મોંએ** = મોંને રોક્યા વિના — જેમ બોલાય કે અવાજ કરાય તેમ **છૂટો હાથ** = ઉદારતા ખર્ચાળપણું (૨) વાત વાતમાં મારવાની ટેવ] **-ટાપણું** ન૦ **૦છવાયું** વિ૦ અલગ અલગ, વેરાયેલું, આછું

**છૂતઅછૂત** સ્ત્રી૦ [પ્રા छुत्त (સં छुप्त) = સ્પૃષ્ટ દે छुत्ति = અશૌચ] અમુકને અડાય અમુકને ન અડાય એવી અસ્પૃશ્યતાની માન્યતા

**છૂપવું** અ૦ક્રિ૦ [સં चुप् = ચૂપકીથી સરકવું? સં गुप्?] સંતાવું, છુપાવું

**છૂપાછૂપ** અ૦ છૂપી રીતે

**છૂપું** વિ૦ ગુપ્ત, છાનું [**-રાખવું, -રહેવું**]

**છૂમંતર** ન૦ [છૂ (રવ૦) + મંતર (સં मन्त्र)] જાદુ, જંતરમંતરનો પ્રયોગ [**-કરવું કરી દેવું** = (હાથચાલાકી કે જાદુથી) વસ્તુને છૂ કરી દેવી — ઉડાડી દેવી **-થઈ જવું, થવું** = (તે રીતે) વસ્તુ ઊડી જવી — અદૃશ્ય થવી]

છૂરી(-રિકા) સ્ત્રી૦ [સં] છરી, છુરી
છૂવું સ૦ક્રિ૦ [સર૦ હિ छूना, प्रा. छुअ(-व), स. छुप्] અડવુ, છોવું
છૂંછાં ન૦બ૦વ૦ [જુઓ છૂછુ] કૂચા,વણતા કે બીજે કારણે ચ્હી ગયેલા તારના છેડા [-નીકળવાં=જીર્ણ થઈ ચૂથા નીકળવા]
છૂછું ન૦ [સર૦ રૂક્ષુ, અથવા સં तुच्छ, प्रा. छुच्छ?] ડાચુ, મો (તિરસ્કારમા)
છૂદણી સ્ત્રી૦ [છૂદવુ' પરથી] છૂંદવુ તે -ણું ન૦ [स क्षोदनक?] શરીર પર છૂદીને પાડેલુ ટપકુ - ચાઠુ કે આકૃતિ (-છૂદાવવુ)
છૂદવું સ૦ક્રિ૦ [સં क्षुद्, प्रा क्षुद ઉપરથી] સોય કે તેવા અણીવાળા હથિયાર વડે ટોચવુ (૨) બારીક કચરવુ, છૂદા જેવુ બનાવવુ
છૂદાવું અ૦ક્રિ૦, -વવુ સ૦ક્રિ૦ 'છૂદવું'નુ અનુક્રમે કર્મણિ ને પ્રેરક
છૂંદો પુ૦ ['છૂદવુ' ઉપરથી] છૂદીછૂદીને બનાવેલો લેચો (૨) છીણેલી કેરીનુ અથાણુ
છૂશ સ્ત્રી૦ એક વનસ્પતિ
છે [સ अस्ना રૂપ ઉપરથી] 'હોવુ'નુ ત્રી૦ પુ૦, વ૦ કાળનુ રૂપ
છેક અ૦ [? छेअ(-ग)=અત, પ્રાત, પર્યત] તદ્દન, સાવ (૨) પુ૦ (પ) અંત, હદ
છેકણી સ્ત્રી૦ ['છેકવુ' પરથી]છેકવુ તે (૨)લખેલુ છેકી નાખવાનુ ઓજાર. -ણું ન૦ છેકવાનુ સાધન -વું સ૦ક્રિ૦ [સર૦ મ छेकणे, મ छिद्, प्रा छेअ પરથી?]ચેકવુ, લખેલુ રદ છે એમ જણાવવાને ઉપર લીટો ખેંચવો(૨)લખેલુ કાઢી નાખવું-ભૂસી નાખવું
છેકાછેક(-કી) સ્ત્રી૦ જ્યા ત્યા છેકા-લીટા કરવા તે, ચેરાચેર
છેકાછેક અ૦ [જુઓ છેક] છેક, તદ્દન
છેકાનુપ્રાસ પુ૦ [સ] અનુપ્રાસનો એક પ્રકાર
છેકાપહ્નુતિ સ્ત્રી૦[સ] અપહ્નુતિ અલકારનો એક પ્રકાર (કા શા)
છેકો પું૦ ['છેકવુ' ઉપરથી, સર૦ મ. छेका]છેકવા માટે દોરેલો લીટો [-મૂકવો, -મારવો=છેકવુ, લખેલુ રદ કરવુ.]
છેટાવું અ૦ ક્રિ૦ જુઓ છેટાવુ
છેટી સ્ત્રી૦ નાની પોતડી
છેટું વિ૦ [प्रा छेत्त=क्षेत्र ઉપરથી? સર૦ હિ छेटा] વેગળુ, દૂર (૨) ન૦ બે જગા વચ્ચેનુ અતર(૩)અશક્યતા (પ્રાય બ૦ વ૦મા ઉદા૦ પૃથ્વીમા આના જેવી અન્ય જોવી, તેના તો છેટા જ) [-પડવું=અતર વધવુ (૨) મન જુદા થવા -ભાગવુ=અતર ઓછુ કરવુ -બેસવુ=અડકાવ આવવો]
છેટે અ૦દૂર,આઘે [-બેસવું=(સ્ત્રીએ)અભડાવુ]
છેડ સ્ત્રી૦ ['છેડવુ' ઉપરથી] વાદ્ય પર લેવાનો રાગનો આલાપ, જોડકામ (૨) [ચ] ['છેડો' ઉપરથી] હળમા વચ્ચે હોતો લાબો દાડો
છેડ,ળણી સ્ત્રી૦ ['છેડવુ'ઉપરથી] ખીજવવુ તે-પજવણી (૨) ખીજ
છેડતી સ્ત્રી૦ ['છેડવુ' ઉપરથી] છિદ્ર, દોષ(૨) અડપલુ, અટકચાળુ [-શોધવી=છિદ્ર શોધવું, પજવવાનો લાગ જોવો]
છેડલો પુ૦ છેડો (લાલિત્યવાચક)
છેડવું સ૦ક્રિ૦ [हि छेडना, म छेडणें] અટકચાળુ કરવુ, ખીજવવુ (૨) [સર૦ हि छिडना] ટકોરવું, જરા હળવો સ્પર્શ કરવો (જેમ કે વીણાના તાર છેડવા, વાત છેડવી)
છેડાછેડ(-ડી) સ્ત્રી૦ વારવાર છેડવુ તે,મતામણી
છેડાછેડી સ્ત્રી૦['છેડો' ઉપરથી]વરના જામા સાથે વહુની ઘાટડીની ગાઠ બાધે છે તે
છેડાબાંધણુ,-ણું જુઓ 'છેડો'મા
છેડાવું અ૦ક્રિ૦ [જુઓ 'છેડવુ] ખીજવાવુ
છેડો (છે') પુ૦ [दे छेओ, के स छेप] અતનો ભાગ અત (૨)હદ,સીમા (૩)પાલવ(૪) [લા] આશરો,મદદ (પ)છેડો વાળવો-મરણ પાછળ છેડો વાળીને રોવુ તે [છેડા ગાંઠવા,બાંધવા=વરવધૂના વસ્ત્રોના છેડા એકબીજા સાથે બાધવા, પરણવું(૨)સંબધ બાધવો છેડા છોડીનાખવા =હિંમત હારી જવી(૨)સબધ તોડી નાખવો છેડે ગાંઠ વાળવી=[લા] યાદ રાખવુ, નિશ્ચય કરવો છેડે બાંધવું=શિખામણની વાત યાદ રાખવી (૨) સઘરો કરવો, પોતાના કબજામા લેવુ (૩) બોલ પાછો ખેંચી લેવો (૪) વ્યસન વળગવુ છેડે બાંધી જવું=સાથે

પરલોકમા લઈ જવું. છેડો આવવો=પૂરું થવુ -કાઢવો=લાજ કાઢવી ઘૂંઘટ તાણવો -છોડવવો=નિકાલ કરીને દૂર મૂકવુ -છોડવો=ફારગતી આપવી -ઝાલવો=શરણ લેવુ (૨) સાથે જોડાવુ-બંધાવું (૩) મુદ્દામાલ સાથે પકડવુ(૪)પાછળ પડવુ,આગ્રહ કરી વળગવું -તાણવો=ઘૂંઘટ તાણવો, લાજ કાઢવી (૨) સ્ત્રીની છેડતી કરવી -પાથરવો=કાલાવાલા કરવા, વિનંતિ કરવી -ફાડવો -ફાડી આપવો=છેડો છોડવો, તલાક આપવી -માથે નાખવો=લાજ છોડવી, નિર્લજ્જ થવુ -મૂકવો=સદંતર સંબંધ છોડી દેવો (૨) અંત લાવવો,છોડી દેવુ (૩) મો ઢાંકીને ગેનારે ચુપ થવુ -લાવવો=છેવટ આણવુ -વાળવો=(મરણ બાદ) મોઢે માથે ઓઢીને લાંબે ઘાટે ગડવુ(૨)અંત આણવો -સાધવો, -સાહવો = આશ્રય લેવો -શોધવો=આશ્રય શોધવો ] -ડાગાંઠણ-(-ણુ) ન૦ વરકન્યાના છેડા ગાંઠવાનુ વસ્ત્ર -ડાછૂટકા પુ૦ બ૦ વ૦ છૂટાછેડા, તલાક [-કરવા] -ડાબંધન, -ડાબાંધણ(-ણું) ન૦ જુઓ છેડાગાંઠણ

**છેતરપિંડી,છેતરબાજી** સ્ત્રી૦ ['છેતરવુ' પરથી] છેતરામણી, ઠગાઈ [ઠગવુ, છળવુ

**છેતરવું** સ૦ક્રિ૦ [सं छिन्वर=લુચ્ચો ઉપરથી?]

**છેતરામણ** ન૦, -ણી સ્ત્રી૦ છેતરાવાપણુ -ણું વિ૦ છેતરી લે એવુ

**છેતાળીસ** (છે) વિ૦ [सं षट्चत्वारिंशत्, प्रा छायालीअ, સર૦ चउत्तालीस=૪૪] '૪૬', છેંતાળીસ

**છેદ** પુ૦ [सं.] કાપો, ચીરો (૨) છિદ્ર (૩) [ગ] છેદનારી-ભાગનારી સંખ્યા (અપૂર્ણાંકમા લીટી નીચે લખવામા આવે છે તે) (૪) નાશ [-ઉડાડવો=(ગ) અપૂર્ણાંકના અંશ છેદને સરખા ગુણકથી ભાગી તેને સાદું રૂપ આપવુ (૨) ટૂંક કરવુ (૩) કાપીને વેગળુ કરવુ -કાઢવો=ભાગીને ઓછુ કરવુ (૨) નાશ કરવો -મૂકવો=કાપીને દૂર કરવુ, અંત કે ઉકેલ લાવવો] ૦ક વિ૦ છેદનારુ-કાપનારુ (૨)[ગ] ભાગનારું (૩) પુ૦ જુઓ છેદ ૦ગમ પુ૦ છેદશુદ્ધિ; 'કલીઅરિંગ ઑફ ફ્રેક્શન' (ગ) ૦ન ન૦ છેદવુ-કાપવુ તે ૦નબિંદુ ન૦ જયા બે અથવા વધારે લીટીઓ એક બીજીને કાપતી-મળતી હોય તે બિંદુ (ગ) ૦નભેદન ન૦ પૂરેપૂરો નાશ ૦નરેખા, ૦નલીટી સ્ત્રી૦ વર્તુલને છેદનારી લીટી, 'સીકન્ટ'. ૦શુદ્ધિ સ્ત્રી૦, ૦દાપગમ પુ૦ [+अपगम] છેદ ઉડાડી દેવો તે, છેદગમ (ગ)

**છેદવું** સ૦ક્રિ૦ [सं छिद्] કાપવુ (૨) છિદ્ર-કાણુ પાડવુ (૩) નિકંદન કાઢવુ (૪) [ગ] છેદ રૂપે થઈને ભાગવુ

**છેદશુદ્ધિ, છેદાપગમ** જુઓ 'છેદ'મા

**છેબા** ન૦ બ૦ વ૦ [સર૦ हिं. छेव?] છિદ્ર

**છેર** (છે') સ્ત્રી૦ [સર૦ हिं छेहर=ઘા જખમ] જુઓ છેરંટો; ખેર

**છેરવું** (છે'?) અ૦ક્રિ૦ [રવ૦? સર૦ म छेरणें, हिं छेरना] પાતળુ અઘવુ [છેરી જવું. દેવુ, પડવુ =ડરી જવુ, નાહિંમત થઈ જવુ]

**છેરંટો** (છે'?) પુ૦ છેરામણ, પાતળો ઝાડો (૨) [જુઓ ખેરંટો] ધૂળ,કચરો [પાતળો ઝાડો

**છેરાટો** (છે'?) પુ૦,-મણ ન૦, સ્ત્રી૦ છેરવુ તે,

**છેલ** (છે) પું૦ [सं छेक, छेकिल प्रा छइलः म छेला, हिं. छैल] વરણાગિયો માણસ. ૦કડી સ્ત્રી૦ પુરુષને કાને પહેરવાનુ એક ઘરેણુ ૦કાંટો પું૦ સ્ત્રીને કાને પહેરવાનુ એક ઘરેણું ૦છબીલું વિ૦ મોહક ને રૂપાળુ. ૦છટાકિયું વિ૦ છેલબટાઉ ૦ડ(-ડો) પુ૦ છેલ ૦ડી(-ણુ) સ્ત્રી૦ વરણાગિયણ સ્ત્રી. ૦બટાઉ પુ૦ વરણાગિયો-લહેરી જવાન

**છેલછેલ્લું** વિ૦ ['છેલ્લુ'નો દ્વિર્ભાવ] છેલ્લામાં છેલ્લુ સૌથી છેલ્લુ, છેલવેલ્લુ

**છેલડ, -ડી, -ડો, -ણુ** જુઓ 'છેલ'મા

**છેલપડી** વિ૦ '૧૬' (વેપારીઓનો સંકેત)

**છેલબટાઉ** પુ૦ જુઓ 'છેલ'મા

**છેલવહેલુ, છેલવેલ્લું** વિ૦ જુઓ છેલછેલ્લુ

**છેલાઈ** (છે) સ્ત્રી૦ [જુઓ છેલ] છેલી, છેલપણુ. -ણી પુ૦ છેલ, સહેલાણી

**છેલારવું** સ૦ક્રિ૦ ચોરવું, લૂટવું
**છેલી** (છે) સ્ત્રી૦ જુઓ છેલાઈ
**છેલો** પુ૦ [દે ચેલ્લ] છોકરો, છૈયો
**છેલ્લુ** (છે') વિ૦ [दे छिल्ली(-हेल्ली)=શિખા કે दे छेअ+લુ ઉપરથી ?] છેવટનુ [**છેલ્લા પ્રણામ**=છેવટના રામરામ **છેલ્લા પ્રણામ કરવા**=છેવટની વિદાય લેવી, સદા માટે છૂટા પડવુ મરણ પામવુ **છેલ્લી ઘડી**=મરણની તૈયારીનો સમય (૨) આખરનો સમય **છેલ્લી ઘડી જવી**=મરણ તદ્દન નજીક હોવુ **છેલ્લી સનદ**=છેવટનો જન્મ, મનુષ્યાવતાર **છેલ્લી સલામ**=જુઓ છેલ્લા પ્રણામ. **છેલ્લુ ઘર**=સ્મશાન (૨) બાજીમા છેવટનુ ખાનુ (૩) નાતરિયા નાતમા કોઈને નાતરુ ન થાય એટલી મોટી ઉમરે કરેલો સસાર. **છેલ્લે ક્યારે પાણી**=ઘડપણના છેવટના દહાડા (૨) છેવટની હદ **છેલ્લે પગથિયે**=છેક છેલ્લી હદે **છેલ્લે પાટલે બેસવુ**=જાત કે સ્વભાવ ઉપર જવુ (૨) અતિમ હદે જવુ **છેલ્લે રવિવારે**=કદી નહી (વાયદામા) **છેલ્લે મરવાળે**=છેવટે **છેલ્લો અક્ષર**=છેવટની શિખામણ (૨) રામનામ **છેલ્લો પરોણો**=મરણને કાઠે આવી પહોચેલો માણસ **-શ્વાસ મૂકવો**=મરણની આખરી ઘડી આવવી ]
**છેવટ** (છે') સ્ત્રી૦, ન૦ [दे छेअ+ट ? सं क्षेप ? સર૦ म शेवट, प्रा छेप्प=પૂછડી] અત, છેડો **-ટ(-ટે)** અ૦ અતે, છેડે
**છેવાડું** (છે')વિ૦[જુઓ છેવટ] છેલ્લુ,છેડા ઉપરનુ
**છેવાવું** (છે') અ૦ક્રિ૦ [दे छेअ, છેહ પરથી] છેલ્લુ-મોડા આવવુ-પડવુ (૨) મોડા પડવાથી શરમાવું, છેલ્લા પડવુ
**છેહ** પુ૦ [स क्षेप, प्रा छेह ?] દગો, વિશ્વાસઘાત [**-દેવો**.](૨)ત્યાગ(૩)[दे छेअ] છેવટ, અત
**છેટલી** (છે૦) સ્ત્રી૦ [સર૦ हिं छीटा=વાસની ચીપોનો ગૂંથેલો ટોપલો]છાણ વીણવા કરવાની રદ્દી તૂટીફૂટી ટોપલી (ચ) (૨) [લા ] તેવી ગદી ટોપી (તિરસ્કારમા 'છેટલુ')
**છેંટલો** (છે૦) પુ૦ જુઓ છીટલો
**છેટાવવું** (છે૦) સ૦ક્રિ૦છેટાય એમ કરવુ, છેડવું
**છેંટાવું** (છે૦) અ૦ક્રિ૦ [જુઓ છેટાવુ] રિસાઈને અળગા ચાલવુ, છેડાવુ
**છેતાળીસ** (છે૦) વિ૦ [જુઓ છેતાળીસ] '૪૬'
**છૈયું** ન૦ [સર૦ हिं छैया] છોકરું **-યાંછોકરાં** ન૦બ૦વ૦છોકરાછૈયા,બાળકો,સંતાન કે પરિવાર. ૦છોકરુ =સતાન બાળક **-યો** પુ૦ છોકરો
**છો** (છો') સ્ત્રી૦ [स सुधा, प्रा छुहा] ચૂનાનો લેલ [**-કરવી**, **-દેવી**=છોનુ પડ ચડાવવુ **-ફેરવવી**,**-વાળવી**=ધૂળધાણી કરી નાખવુ, પાણી ફેરવવુ ] ૦બધ વિ૦ છોવાળુ
**છો** [છો] અ૦ક્રિ૦ [स अस् ના રૂપ પરથી आस्ताम्, સર૦ व्रं आछो]'હોવુ'નુ બીજો પુરુષ બ૦વ૦, વર્તમાનનુ રૂપ (૨) અ૦ ભલે
**છોઈ** સ્ત્રી૦ [दे छोइआ] સાઠા ઉપરની પાતળી ચીપ, છાલ (૨) પતરાળા કરવાની સળી (૩) જુઓ છો
**છોકરમત** વિ૦ [ જુઓ છોકરુ ] બાળક જેવી અલ્પ બુદ્ધિનુ કે હઠીલુ(૨)સ્ત્રી૦બાળક જેવી હઠ
**છોકરવાદ** વિ૦[ જુઓ છોકરું ]થોડી અક્કલનુ ઉછાછળુ, અવિવેકી(૨)સ્ત્રી૦ તેવુ વર્તન **-દી** સ્ત્રી૦ છોકરવાદપણુ
**છોકરિયું** વિ૦ છોકરવાદ
**છોકરી** સ્ત્રી૦ [दे छोक्करी] સ્ત્રીજાતિનુ છોકરુ (૨) કન્યા, દીકરી (૩) (વ્યંગમા) નામર્દ [**-આવવી**=કન્યા જનમવી ]
**છોકરુ** ન૦[જુઓ છોકરી] સતાન, બાળક (૨) નાનો છોકરો કે છોકરી. [**-આવવુ**=પ્રસૂતિ થવી, બાળક જનમવુ **-થવું**=જણવાનુ થવુ ]
**છોકરો** પુ૦ [જુઓ છોકરુ, છોરુ] નરજાતિનુ છોકરુ (૨) નાની વયનો-૧૬ વર્ષ સુધીનો માણસ (૩) દીકરો [**-આવવો**=દીકરો જનમવો ]
**છોગડ** ન૦ એક પક્ષી
**છોગલો** પુ૦ ['છોગુ' ઉપરથી] લૂગડાનો કકડો, અગૂછો
**છોગું** ન૦ [स गुच्छक] કલગીની જેમ ખોસેલો ઊડતો કે ઝૂલતો ફેટા-ફાળિયાનો છેડો (૨) પાઘડીમા ખોસેલો ફૂલનો તોરો [ઉઘાડે **છોગે**=જાહેર રીતે, ખુલ્લ ખુલ્લા **-મૂકવુ**=ફેટાનો

છેડો છોગા તરીકે રાખવો ] -ગાળ(-ળુ) વિ૦ છોગા રાખનારું, છેલછબીલુ, ફક્કડ
છોછ સ્ત્રી૦ [स शौच, કે दे. छूत्ति ?] ચોખ્ખાઈ કે આચારની ચટ - તીવ્ર લાગણી; છોત [-ધરવી, -રાખવી = છોછ હોવી ]
છોછત સ્ત્રી૦ જુઓ છોછ (૨) ખણખોદ
છોછુ વિ૦ [स तुच्छ, प्रा छुच्छ] ઊણપવાળુ, ઓછુ (૨) અસહાય, એકલુ
છોટાઘૂંઘ ન૦ એક પક્ષી
છોટું વિ૦ [दे छुट्ट, हि. छोटा] નાનુ
છોટ્ટુ [છો] ન૦ [दे छो(०इ)आ = છોડું + ટ્ટુ] છોડિયુ (૨) ભીડીતુ ફેલુ, રેસાદાર એવી લટ (૩) પેગડાનો ચામડાનો પટો
છોડ પુ૦ [स क्षुद्र, प्रा छुड्डु, दे छोडय = છોટું ?] રોપો, છોડવો
છોડ (છો) ન૦ [दे छवडी = ચામડી, સર૦ दे छउअ = કૃશ] સુકાઈને થયેલુ છોડુ (૨) સુકાઈ ગયેલો ગર્ભ (૩) નાકમા બાઝતુ લીટ ઇ૦નુ સૂકુ પડ (-બાઝવું, વળવું)
છોડણહાર વિ૦ (૨) પુ૦ ['છોડવુ' ઉપરથી] છોડાવનાર - મુક્ત કરનાર
છોડ(-ડા)વવુ સ૦ક્રિ૦ ['છોડવુ' ઉપરથી] - બંધનમાથી છૂટુ કરાવવુ
છોડવળગ સ્ત્રી૦ છોડવુ ને વળગવુ તે
છોડવું સ૦ક્રિ૦ [स छोटय् प्रा छोड] છૂટે એમ કરવુ (જુઓ 'છૂટવુ'ના અર્થો) (૨) તજવુ, ત્યાગ કરવો
છોડવો પુ૦ છોડ, રોપો
છોડિયું (છો) ન૦ [જુઓ છોડુ] છાલ કે તેનો કકડો (૨) લાકડાનો પાતળો કકડો (ભૂકરી) [છોડિયા જેવું = છેક સૂકુ - પાતળું છોડિયાં ઉતારવાં, કાઢવાં, કાઢી નાખવાં, પાડવાં = ઝાટકવુ, ઠપકો આપવો, કડક ટીકા કરવી (૨) મારવું ]
છોડી સ્ત્રી૦ [दे छोडि = નાની] છોકરી
છોડુ (છો) ન૦ [જુઓ છોટું] જુઓ છોડિયુ (૨) જુઓ છોતરું [છોડાં ઉતારવાં, ઉખાડવાં, કાઢી નાખવાં, પાડવાં જુઓ 'છોડિયુ'મા
છોત સ્ત્રી૦ જુઓ છોછ
છોતરું (છો) ન૦ [दे छोअ ?] છોડુ; ફોતરુ, પડ
છોતે(-ત્તે)ર (છો) વિ૦ [स षट्सप्तति, प्रा छहत्तर, छाहत्तरि, छावत्तरि] '૭૬', છોતેર
છોતો (છો) પુ૦ [સર૦ छोट्ठ ન૦] વાસણ ધોવાનો કૂચડો (૨) જુઓ છોયો
છો ને (છો) અ૦ ભલે ને
છોભાવું અ૦ક્રિ૦ [स क्षुभ्, प्रा छुब्भ् પરથી] છોભુ - ખસિયાણું પડવુ -ટ પું૦ છોભાવુ તે
છોભીલું, છોભુ વિ૦ [જુઓ છોભાવુ] ખસિયાણું, ઝખવાણુ, શરમિંદુ
છોયલું ન૦ ['છો' ઉપરથી] ચૂનાવાળી ઇંટ [છોયલું કૂટવુ = નકામુ પિષ્ટપેષણ કર્યા કરવુ છોયલો કૂવો = આડાઅવળા મળતર વિનાનુ -માત્ર મજૂરી મળે તેવુ કામ ]
છોયો પુ૦ [જુઓ છોઈ] શેરડી વગેરેના સાંઠા ઉપરથી ઉતારેલી છાલ
છોર પુ૦ [स क्षुर] છર, અસ્ત્રો
છોરવું સ૦ક્રિ૦ [प्रा छुर् = કાપવુ ઉપરથી] છોરિયા વડે ખોદવુ
છોરિયું ન૦[જુઓ છોરવુ] લાબા હાથાને ફળવાળી કોદાળી (વાવેતરમાથી ઘાસ કાઢવાની)
છોરી સ્ત્રી૦[જુઓ છોરો]છોકરી,છોડી -રુ(-રુ) ન૦ છોકરુ -રો પુ૦ [दे. छोय(-ह)र, हिं. छो(०ह)रा] છોકરો
છોલ [છો] પુ૦,સ્ત્રી૦ [જુઓ છાલ] વનસ્પતિ ઉપરની ત્વચા (સુ)
છોલ પુ૦, સ્ત્રી૦ ['છોલવુ' ઉપરથી] (લાકડાના) છોલવાથી પડતા છોલા, (ફળ, શાક ઇ૦ને) છોલતા પડે તે ૦ણી સ્ત્રી૦ છોલવાનુ ઓજાર (૨) છોલવાની રીત - આવડત
છોલદારી સ્ત્રી૦ [સર૦ म, हि] નાનો તબૂ
છોલવુ સ૦ક્રિ૦ [प्रा छोल्ल्] ઉપર ઉપરથી ઉખેડવુ(૨) [ફળની] છાલ કાઢવી(૩) [લાકડું] ઘડવુ(૪)[વ્યંગમા] અણઆવડતથી કે ખરાબ સાધનથી હજામત કરવી (૫) સખત ઠપકો આપવો, ઝાટકવુ, છોડા ઉતારવા
છોલાટવું સ૦ક્રિ૦ ['છોલવુ' ઉપરથી] ખૂબ છોલ છોલ કરવુ(૨)[લા]સખત ઠપકો આપવો
છોલાણું (છો') ન૦ [જુઓ છો] છોલવ કામ

છોલાવું અ૰ક્રિ૰ 'છોલવું'નું કર્મણિ
છોલાં (છો) ન૰ બ૰ વ૰[જુઓ 'છોડું'(છોડા)] છાલા [પ્રેરક, છો કરાવવી
છોવડા(-રા)વવું (છો') સ૰ક્રિ૰ 'છોવું'નું
છોવાવું (છો') અ૰ ક્રિ૰ 'છોવું'નું કર્મણિ
છોવું સ૰ક્રિ૰ [જુઓ છૂવું] અડકવું, અડકીને અપવિત્ર કરવું (૨) અ૰ક્રિ૰ અડકવાથી અપવિત્ર થવું (૩) (છો') સ૰ક્રિ૰['છો' ઉપરથી] (વર વગેરેને) છો કરવી [વિયોગ
છોહ પું૰[પ્રા છોહ=ફેંકવું તે] જુઓ છેહ (૨)

છોળ (છોળ,) સ્ત્રી૰ ['ઊછળવું' પરથી ?] તરંગ, મોજું (૨) છલકાવું તે, છાલક (૩) [લા ] પુષ્કળ પણું [-મારવી=મોજું ઊછળવું, છલકાવું. -વાગવી=ઊછળવું, છલકાવું (કોઈ વસ્તુની) છોળો વાગવી=તેની પુષ્કળ છત હોવી, છલકાઈ જવું ]
છોળવું (છો) અ૰ક્રિ૰ [જુઓ છોળ] (બાળકે) (વધારેના) ધાવણની ઊલટી કરવી
છોતેર (૦) વિ૰ [જુઓ 'છોતેર'] '૭૬'
છ્યા(-શી)સી વિ૰ જુઓ છાશી, '૮૬'

## જ

જ પું૰ [સં] તાલુસ્થાની ત્રીજો વ્યંજન (૨) સમ અને છેડે 'જન્મેલું, ઉત્પન્ન થયેલું' એવો અર્થ બતાવતું પદ ઉદા૰ 'વશજ' ૦કાર પું૰ જ એવો અક્ષર કે ઉચ્ચાર ૦કારાંત વિ૰ છેડે જકારવાળું ૦ન્જો પું૰ જકાર
જ અ૰ [સર૰ પ્રા ચ્ચિઅ, ચેઅ, જ્જેવ, અપ જિ, ઉદા૰ તાસુ જિ=તેનો જ, શૌ જ્જિઅ, મ च, सं एव] વાક્યના પદ પાછળ આવતા તેને અંગે મહત્ત્વ, અનન્યતા, નિશ્ચય, ખાતરી વગેરે બતાવે છે (અને તેની આગળના શબ્દનો છેલ્લો અક્ષર ભારથી બોલાય છે) ઉદા૰ આવીશ જ', 'ત્યાં જ' (૨) (કાવ્યમાં) પાદપૂર્તિ માટે વપરાય છે
જઈફ વિ૰ [અ] વૃદ્ધ (૨) અશક્ત -ફી સ્ત્રી૰ વડપણ (૨) અશક્તિ
જક (જ') સ્ત્રી૰ [હિ जक, झक] જીદ, હઠ (૨) રકઝક, પચાત (જેમ કે, લેવું હોય તો લે, નકામી જક છોડ)[-પકડવી,-લેવી =હઠ કરવી (ઊલટું) -છોડવી=હઠ કે પચાત મૂકી દેવી ]
જકડ સ્ત્રી૰ [હિં] જકડવું તે, પકડ, સકંજો ૦જસ અ૰ ખૂબ જકડીને, ચસકે નહિ એમ ૦બંધ અ૰ જકડીને (બાંધવું)
જકડવું સ૰ક્રિ૰ [ हि जकडना] ખેચીને - ચસકે નહિ એમ, સખત બાંધવું - પકડવું
જકાત સ્ત્રી૰[અ ]નાકાવેરો દાણ (૨)(ઇસ્લામમાં) દાન, ખેરાત (આવકનો ૪૦ મો ભાગ ધર્માદા કરવાની આજ્ઞા) [-નાંખવી=નાકાવેરો દાખલ કરવો, જકાત લેવાનું કરવું -ભરવી =જકાત આપવી, ચૂકવવી.] ૦દાર પું૰ જકાત લેનારો અમલદાર, નાકાદાર ૦નામું ન૰ દાણ - જકાત - મહેસૂલના દરની યાદી ૦માફી સ્ત્રી૰ જકાત ભરવામાંથી મુક્તિ -તી વિ૰ જકાતનું,-ને લગતું (૨) જકાતને પાત્ર (૩) પું૰ જકાતદાર
જકિયું વિ૰ જક્કી, હઠીલું
જકુ(-ગુ) પું૰ [તિલુગુ ૭ ઉપરથી સર૰ म. अक्क] મોઈદાંડાની રમતનો એક દાવ
જક્કી વિ૰ જક કરનારુ, જકિયું (૨) ન૰ [હિં] એક પક્ષી [યક્ષણી
જક્ષ પું૰ જુઓ યક્ષ ૦(-ક્ષિ)ણી સ્ત્રી૰ જુઓ
જખ (જ') સ્ત્રી૰[સ यक्ष, प्रा जक्ख, म झष= માછલું, કે પ્રા झख्=રડવું એ પરથી ?] ('જખ મારવી'=પસ્તાવું, વાકા રહીને ઠેકાણે આવવું, એવા અર્થમાં શ૰પ્ર૰માં)
જખમ પું૰ [फा ज़ख़्म] ઘા -માવું અ૰ ક્રિ૰ જખમી - ઘાયલ થવું -મી વિ૰ [फा] જખમ થયો હોય એવું, ઘાયલ
જખવું સ૰ક્રિ૰ [सं जक्ष] ખાઈ જવું
જખીરો પું૰ [अ ] જથો, સમૂહ
જખ્ખડ વિ૰ [સર૰ ધખ્ખડ] સહેલાઈથી કાટેતૂટે નહિ એવું-મજબૂત (૨) જડસુ
જગ ન૰[म जगत्, प्रा जग]જગત (૨) સ્ત્રી૰ [ જુઓ જગા ] જગા (૫) [-જીતવું=

પૂરેપૂરું સફળ નીવડવું (ઉદા૦ 'આમ થાય એટલે જગ જીત્યા ')૦કર્તા(-ર્તા)પું૦જગતનો કરનાર – ઈશ્વર ૦જાહેર, ૦પ્રસિદ્ધ વિ૦ જગમાં-બધે જાણીતું ૦જીવન પું૦ જગતના જીવનરૂપ – પરમેશ્વર ૦ત્રય ન૦ સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ એ ત્રણે જગ, જગત્ત્રય ૦પતિ પું૦ જગતનો પતિ – ઈશ્વર ૦બત્રીશી(-સી) સ્ત્રી૦ લોકવાયકા. ૦મોહન વિ૦ (૨) પું૦ જગતને મોહ પમાડનાર (પ્રભુ) ૦મોહના વિ૦ સ્ત્રી૦ (૨) સ્ત્રી૦ જગમોહન (દુર્ગા) ૦રાય પું૦ જગતનો રાજા – પ્રભુ

જગત ન૦ [સં] સૃષ્ટિ, વિશ્વ (૨) દુનિયા, પૃથ્વી (૩) [લા.] લોકો, લોકમત (જેમ કે, જગત જિતાયું નથી )[-જીતવું = જુઓ જગ જીતવું જગતનો વા વાવો = જગતના સુખદુઃખનો અનુભવ થવો (૨) જગતના પ્રપંચનો ચેપ લાગવો] -ચ્ચક્ષુ પું૦ [સં] જગતની આંખરૂપ સૂર્ય -ચ્છાક્ષી પું૦ [સં] સૂર્ય (૨) પરમાત્મા ૦(-જ્) જનની સ્ત્રી૦ જગદંબા – દુર્ગા ૦(-જ્)જેતા પું૦ જગત જીતનાર, આલમગીર ૦જામ પું૦ જગતને નિયમમાં રાખનાર–ઈશ્વર ૦પાણી ન૦ ગાળેલપાણી, રંગપાણી. ૦(-ત્)પ્રસિદ્ધ વિ૦ જુઓ જગજાહેર ૦ભવાડો પું૦ જાહેરમાં ફજેતી કે બદનામી થવી તે -તી સ્ત્રી૦ [સં] જુઓ જગત (૨) એક છંદ -તીસુર પું૦ ભૂદેવ, બ્રાહ્મણ -ત્ત્રય ન૦ ત્રણે જગત — સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ -ત્પતિ પું૦ જગતનો સ્વામી – પરમેશ્વર -ત્પ્રસિદ્ધ પું૦ જગજાહેર -દંબા(-બિકા) સ્ત્રી૦ [+ अंबा] જગતની માતા–દુર્ગા, -દાત્મા પું૦ જગતનો આત્મા – પરમેશ્વર -દાધાર પું૦ જગતનો આધાર – પરમેશ્વર -દાભાસ પું૦ જગતનો આભાસ માત્ર (સાચું નહિ) -દીશ(-શ્વર) પું૦ જગતનો ધણી–પરમેશ્વર -દુદ્ધાર પું૦ જગતનો ઉદ્ધાર -દુદ્ધારક વિ૦ જગદુદ્ધાર કરનાર, તારણહાર -દેકવીર પું૦ [+ एकवीर] જગતમાં એક અજોડ વીર -દ્‌ગુરુ પું૦ આખા જગતનો ગુરુ (૨) શાંકરમતના મુખ્ય આચાર્યની ઉપાધિ (૩) [સં] મહાદેવ -દ્ધર પું૦ [+ धर] જગતને ધારણ કરનાર – પરમેશ્વર. -દ્ધાતુ સ્ત્રી૦ [+ धातु] જેમાંથી જગત ઉત્પન્ન થયું છે એ ધાતુ, મૂળતત્ત્વ -દ્ધાત્રી સ્ત્રી૦ જગતની ધાત્રી – જગદંબા -દ્વંદનીય,-દ્વંદ્ય વિ૦ આખા જગતને વંદન કરવા યોગ્ય -ન્નાથ પું૦ [+ नाथ] જગતનો નાથ – પરમેશ્વર (૨) વિષ્ણુનો એક અવતાર (૩) જગન્નાથપુરીમાં આવેલી એ નામની મૂર્તિ (૪) [સં] એક સંસ્કૃત કવિ [-(૦જી)નો પ્રસાદ = જગન્નાથજીના મંદિરમાં અપાતો પ્રસાદ (૨) વર્ણાશ્રમનો ભેદ મૂકીને ખાઈ શકાય તેવી પ્રસાદી -(૦જી)નો રથ = જગન્નાથજીના જંગી રથની પેઠે આજુબાજુના સૌની પરવા કર્યા વિના આગળ વધતું – ગબડતું કામ કે તંત્ર] -ન્નિયંતા પું૦ જગતનો નિયંતા – પરમેશ્વર. -ન્નિવાસ પું૦ જગતમાં વ્યાપી રહેનાર કે જગતનો નિવાસ – આધારસ્થળ – ઈશ્વર. -ન્નિંદ્ય વિ૦ બધા વડે નિંદાતું કે નિંદાવા યોગ્ય -ન્માન્ય વિ૦[+ मान्य]સૌએ માન્ય કરવા યોગ્ય કે માન્ય કરેલું -ન્મિત્ર પું૦ આખા જગતનો મિત્ર, વિશ્વબંધુ

જગણ પું૦ [સં] 'જ' સંજ્ઞાથી ઓળખાતો બે લઘુ વચ્ચે એક ગુરુ એવા ત્રણ અક્ષરનો ગણ (છંદશાસ્ત્ર)

જગતી, જગદાધાર ઇ૦ જુઓ 'જગત'માં

જગત્ત્ર(-ત્ર)ય જુઓ 'જગ', 'જગત'માં

જગદંબા(-બિકા) જુઓ 'જગત'માં

જગદાત્મા,-ધાર,-ભાસ જુઓ 'જગત'માં

જગદીશ(-શ્વર) જુઓ 'જગત'માં

જગદ્ધર, જગદ્ધાતુ, -ત્રી જુઓ 'જગત'માં

જગધી સ્ત્રી૦[સં जग्ध,-ग्धि ઉપરથી](તિરસ્કારવાચક)છોકરી -ધું ન૦ છોકરું -ધો પું૦ છોકરો

જગન પું૦ જુઓ યજ્ઞ (૨) [લા] અતિ મુશ્કેલ કે મોટું કામ ૦ભડાકો પું૦ અતિ મુશ્કેલ કામ

જગન્નાથ પું૦ [સં] જુઓ 'જગત'માં

જગન્નાથપુરી સ્ત્રી૦ [સં] એક પ્રખ્યાત તીર્થ-

સ્થળ —રિયું વિ૦ ચુસ્ત સનાતની નહિ એવુ બૌદ્ધ અસરવાળું
**જગન્નાથ-રાયજી** પું૦ [લા] (જગન્નાથ જેવુ) સહનશીલ ઢીલુ માણસ [કાપડ
**જગન્નાથી** સ્ત્રી૦ એક જાતનુ ઝીણુ સુતરાઉ
**જગન્નિયન્તા, જગન્નિવાસ, જગન્નિધ, જગન્માન્ય, જગન્મિત્ર** [સ] જુઓ 'જગત'મા
**જગબત્રીશી(–સી)** જુઓ 'જગમા'
**જગબી** ન૦ [સર૦ કે जंगा] ઘાસ ઉગાડવા રાખેલી જમીન, બીડ
**જગર** ન૦ એક પક્ષી (૨) [સ] બખ્તર
**જગા(–ગ્યા)** સ્ત્રી૦ [फा जायगाह] સ્થળ,ઠેકાણુ (૨)ખાલી જગા (૩)નોકરી (૪) સાધુ બાવાનો મઠ [–આપવી = બેસવાનુ સ્થાન આપવુ(૨) નોકરી આપવી –કરવી = બીજાને માટે અવકાશ કરવો (૨) નોકરી ઊભી કરવી –પૂરવી = ખાલી પડેલી જગાએ કોઈને રાખી લેવુ –લેવી = નોકરીમા જોડાવુ (૨) જમીન ખરીદવી(૩)–નુ સ્થાન સભાળવુ ]૦ધારી વિ૦ જગા–મઠવાળુ [વું'નુ પ્રેરક ને ભાવે
**જગાડ(–વ)વું** સ૦ક્રિ૦, **જગાવું** અ૦ક્રિ૦ 'જાગ-
**જગુ** પુ૦ જુઓ જડુ
**જગો** સ્ત્રી૦ જુઓ જગા ૦**જગ** અ૦ ઠેરઠેર, બધી જગાએ, સર્વત્ર [(૨) જાંઘ (?)
**જઘન** સ્ત્રી૦, ન૦ [સ] શરીરનો થાપાનો ભાગ
**જઘન્ય** વિ૦ [સ] હલકુ, કનિષ્ટ (૨) અતિમ, છેલ્લુ (૩) પુ૦ શૂદ્ર
**જઘાત** સ્ત્રી૦, **–તિયાં** ન૦બ૦વ૦ [સં ઘાત ઉપરથી ?]માળકોતથા કુવાગના શ્રાદ્ધની તિથિ, ભાદરવા વદ તેરસ **–તિયું** વિ૦(૨)ન૦ બાળ પણમા અથવા કુંવારુ મરી ગયેલુ માણસ
**જ(૦ડ)જ** પુ૦ [ઇ] ન્યાયાધીશ
**જજમાન** પુ૦ જુઓ યજમાન ૦**વૃત્તિ** સ્ત્રી૦, **–નિયુ** વિ૦, **–નિયો** પુ૦ જુઓ 'યજમાન'માં **–ની** સ્ત્રી૦ જજમાનવૃત્તિ
**જજિયાવેરો, જજિયો** પુ૦ [અ जिज्यह = હેડિયો, હિં, મ जजिया] મુસલમાની રાજ્યમા મોટી ઉમરના (હેડિયાવાળા) પરધર્મીઓ પાસેથી લેવાતો માથાવેરો
**જટ,૦લ** વિ૦[સ जट = પરથી ?]હઠીલુ, અનાડી
**જટા** સ્ત્રી૦ [સ.] બાવાઓ માથે રાખે છે તે કે તેવુ કેશનુ ઝુડ (૨) અવ્યવસ્થિત લાંબા વાળ (૩) વડપીપરના લાંબા લટકતા મૂળિયા, વડવાઈઓ (૪) વેદમંત્ર ભણવાનો–પાઠ કરવાનો ચારમાનો એક પ્રકાર (પદ, ક્રમ, જટા અને ઘન) [–છોડવી = બાંધેલી જટાના વાળ છૂટા કરવા –પછાડવી = ગુસ્સે થવું, ઉશ્કેરાઈ જવુ (બાવાનુ, કે બાવાની પેઠે) (૨) તપ વગેરેને લગતા વ્રતોનો ત્યાગ કરવો –બાંધવી = (વડ વગેરેના દૂધથી) જટા આમળીને વાળની ગાઠ મારવી (૨) પ્રતિજ્ઞા લેવી –રાખવી,–વધારવી = વાળ જટા પેઠે વધારવા ] ૦**જૂટ** પુ૦ [म जटा + स जुटकं] જટાનો ભારો ૦**ધર,**૦**ધારી** વિ૦ માથે જટા હોય એવુ (૨) પું૦ જોગી; તપસ્વી (૩) [સ] શિવ (૪) વડનુ ઝાડ ૦**પાઠી** પુ૦ પદ, ક્રમ અને જટા એટલે સુધીની વેદમંત્રોના પાઠ કરવાની રીતો જાણનાર ૦**માસી** સ્ત્રી૦ [સ] એક વનસ્પતિ–ઔષધિ ૦**ળુ** વિ૦ જટાવાળું
**જટાયુ** પુ૦ [સ] (સ) રામાયણમા આવતો એક ગૃધ્રરાજ
**જટાળું** વિ૦ જુઓ 'જટા'મા
**જટિ(–ટી)** સ્ત્રી૦ [સ] જટા (૨) સમૂહ (૩) જટામાસી –ટિત વિ૦ [સ.] બાઝી–અદર અદર ગૂચવાઈ ગયેલુ –ટિયુ ન૦ વાળની છૂટી કે ગૂંચવાયેલી લટ –ટિલ વિ૦ [સ.] જટાવાળુ (૨) ગૂંચાયેલુ અટપટુ (૩) પુ૦ તપસ્વી (૪) બ્રહ્મચારી –ટિલતા સ્ત્રી૦ અટપટાપણુ
**જઠર** ન૦ [સં] પેટ, હોજરી ૦**રસ** પુ૦ જઠરમા ઝમતો પાચક રસ, 'ગેસ્ટ્રિક જ્યૂસ' –રાગ્નિ પુ૦ [+अग्नि] ખાધેલુ પચાવનારો જઠરનો અગ્નિ—જઠરની શક્તિ
**જડ** વિ૦ [સ] જીવ વિનાનુ (૨) [લા] લાગણી. બુદ્ધિ કે સ્ફૂર્તિ વિનાનુ ૦**તા** સ્ત્રી૦, ૦**ત્વ,** ૦**પણુ** ન૦ ૦**ત્વાકર્ષણ** ન૦ ગુરુત્વાકર્ષણ. ૦**દેહ** પુ૦ સ્થૂળ શરીર ૦**બુદ્ધિ** વિ૦ મંદ બુદ્ધિનુ. ૦**ભરત** વિ૦ અણસમજુ, મૂર્ખ (૨)

પુ૦ (સ.)એ નામનો એક યોગી ૦રૂપ વિ૦ જડ જેવુ, મૂર્ખ, ઠોઠ ૦વાદ પુ૦ જગતનુ મૂળ જડ પદાર્થ છે, ચેતન નહિ, એવો વાદ, 'મટિરિયેલિઝમ' ૦વાદી વિ૦ જડવાદનુ, ને લગતુ (૨) જડવાદમા માનનાર (૩) પુ૦ એવો પુરુષ

**જડ** સ્ત્રી૦ [સર૦ हि ,म ,स जटा, प्रा जड ઉપરથી?] જુઓ જડમૂળ (૨) ખીલી; મેખ(૩)સ્ત્રીઓના નાકનુ એક ઘરેણુ [**–ઉખેડવી, –કાઢવી** =નિકંદન કરવુ, મૂળમાથી કાઢી નાખવુ **–ઘાલવી**=ઊંડે સુધી મૂળિયુ રોપાવુ–ચોટવુ **–ઘાલી બેસવું**=સ્થિર થવુ, ચોટવુ **–નાખવી** =જડ ઘાલવી **–પકડવી**=મુખ્ય મુદ્દો પકડી પાડવો **–પહેરવી**=(નાકમા) જડ (ઘરેણુ) ખોસવી **–બાઝવી**=બરાબર મૂળિયુ લાગવુ, સ્થિર થવુ ] ૦**મૂળ,–ળિયુ** ન૦ મુખ્ય મૂળિયુ

**જડજ** પુ૦ [इं जज] ન્યાયાધીશ, જજ

**જડતર** વિ૦ ['જડવુ' ઉપરથી] જડાવકામનુ,–ને લગતુ (૨) ન૦ જડવુ તે, જડવાની રીત, જડાવકામ (૩) મળતર, પ્રાપ્તિ

**જડતું** વિ૦ ['જડવુ' ઉપરથી] બરાબર જડી શકાય એવુ, બ બબેસતુ [મૂળાડિયુ

**જડથું** ન૦ ['જડ' પરથી] અનેક મૂળવાળુ મોટુ

**જડબુ** ન૦ દાતવાળો મોનો નીચેનો ભાગ (૨) તે ભાગનુ હાડકુ, 'જો બોન' [**–તોડી નાખવું** =મો ઉપર માર મારવો **–ફાટવુ**=મો પહોળુ થવું (૨) બોલાવુ **–બેસાડવું**= બનાવટી દાતનુ ચોકઠુ બેસાડવુ **–ભાગી નાખવું**=મોમા મારવુ **–વધવું**=હદ ઉપરાત બોલવુ, વગર વિચાર્યે બોલવુ ] **–બા(–બા)તોડ** વિ૦ ઉચ્ચાર કરતા મુશ્કેલી પડે તેવુ (૨) જડબુ તોડી નાખે એવુ, સચોટ **–બા(–બા)ફાડ** વિ૦ જુઓ જડબાતોડ (૧)

**જડબેસ(–સુ)લાક(–ખ)** અ૦ [જડ+બે= નહી + સુલાખ (सूराख फा = કાણુ )] સજ્જડ, મક્કમ

**જડવું** સ૦ ક્રિ૦ [प्रा जडिअ (स जटित)= જડાયેલુ. સર૦ हिं जडना, म जडणें] સજ્જડ બેસાડવુ – જોડવુ (જેમ કે, ખીલો, નરમાદા ઇ૦ જડવા, બેસણીમા નગ ગોઠવવુ) (૨) અ૦ક્રિ૦ [સર૦ हिं जुडना] હાથ લાગવુ, મળી જવુ (૩) ખોવાયેલુ ફરી મળવુ

**જડસુ** વિ૦ [स जड] શરીરે મોટુ પણ અક્કલમા ઓછુ **–સાઈ** સ્ત્રી૦ જડસાપણુ

**જડાઈ** સ્ત્રી૦ ['જડવુ' ઉપરથી] જડવાની–બેસાડવાની રીત (૨) જડવાનુ મહેનતાણુ **–ઉ(–વ)** વિ૦ જડેલુ – બેસાડેલુ, જડતર **–મણ(–ણી)** ન૦ જુઓ જડાઈ **–વ** વિ૦ જડાઉ જડિત(૨)પુ૦,ન૦ જેમા હીરામાણેક વગેરે જડયા હોય તેવો દાગીનો

**જડિત(–ત્ર)** વિ૦[જુઓ જડવુ] જડેલુ, બેસાડેલુ

**જડિમા** પુ૦, સ્ત્રી૦ [स] જડતા

**જડિયું** ન૦ ['જડ' ઉપરથી] મુખ્ય મૂળિયુ જડ

**જડિયો** પુ૦ ['જડવુ' ઉપરથી] હીરામાણેક વગેરે જડવાનુ કામ કરનાર, પચ્ચીગર (૨) [કા] બડવો

**જડી** સ્ત્રી૦ ['જડ' ઉપરથી] ઔષધિના ગુણવાળુ મૂળિયુ ૦**બુટ્ટી** સ્ત્રી૦ જાદુઈ ગુણવાળી જડી [**–સૂઘાડવી**=જાદુઈ અસર તળે આણવુ, ભોળવવુ, ભમાવવુ ]

**જડીભૂત** વિ૦ [स] જડ, જડરૂપ બનેલુ

**જણ** પુ૦,ન૦[प्रा ,म जन] પુરુષ વ્યક્તિ,આદમી

**જણતર** ['જણવુ' ઉપરથી] જણવુ તે પ્રસવ (૨)બાળક(૩) ઓલાદ [મા, જનેતા

**જણતી** સ્ત્રી૦['જણવુ' ઉપરથી]જન્મ આપનારી

**જણ(–ણા)વવું** સ૦ક્રિ૦ 'જાણવુ'નુ પ્રેરક (૨) બતાવવુ, દેખાડવુ (૩) ['જણવુ' ઉપરથી] જણવાના કામમા મદદ કરવી, પ્રસવ કરાવવો

**જણવું** સ૦ક્રિ૦ [स जन्, प्रा जण] (બચ્ચાને) જન્મ આપવો

**જણસ** સ્ત્રી૦ [अ जिन्स] વસ્તુ, ચીજ (૨) માલ, સોદો (૩) સિલક (૪) ઘરેણુ (૫) અફીણ (૬) નવની સંજ્ઞા (સકેતની ભાષામા) ૦**ભાવ** સ્ત્રી૦, ન૦ દરદાગીનો, કીમતી સરસામાન **–સાઉ** વિ૦ જણસ ઉપર આપવા લેવાનુ અથવા આપેલુ લીધેલુ **–સી** સ્ત્રી૦ રોકડ નાણુ

**જણાવવુ** સ૦ક્રિ૦ જુઓ જણવવુ

જણાવું અ૦ ક્રિ૦ 'જણવું', 'જાણવું'નું કર્મણિ (૨) દેખાવું (૩) બહાર પડવું
જણી સ્ત્રી૦ [જુઓ જણ, प्रा] સ્ત્રી-વ્યક્તિ -ણું ન૦ મનુષ્ય-વ્યક્તિ
જત અ૦ [સં यत्] 'જત લખવાનું કે' એમ પત્રનો મજકૂર લખતાં શરૂઆતમાં લખાય છે
જતન ન૦, -ના સ્ત્રી૦ [સં यन्त, -तन] સંભાળ સાચવણી
જતરડું ન૦, -ડો પું૦ [જુઓ જંતરડું] સોનારૂપાના તાર ખેંચવાનું એક સાધન (૨) [લા૦] સકંજો, ચુંગલ [જતરડામાં ઘાલવું =ઝસાવવું સકંજામાં લેવું જતરડામાં ઘાલીને ખેંચવું, તાણવું=જંતરડા વડે તાર ખેંચવા (૨) સકંજામાં લઈ કામ કરાવવું જતરડામાંથી નીકળવું = મહાન સંકડામણમાંથી છૂટા થવું,ચુંગલમાંથી છૂટવું]
જતિ પું૦[સં यति] યતિ (૨) જૈન સાધુ, ગોરજી
જતીમતી સ્ત્રી૦ [સર૦ મ, સં युक्तिमति ?] દરેકની જુદી કે સામટી - સહિયારી જે જવાબદારી તે (કાયદામાં)
જતુ સ્ત્રી૦[સં] લાખ. ૦મણિ પું૦લાખ ૦રસ પું૦ જુઓ અળતો ૦વર્ણ વિ૦ લાખના રંગનું; લાલ
જત્રતત્ર અ૦+[સં यत्रतत्र] જ્યાં ત્યાં
જત્રુ ન૦ સ્ત્રી૦ [સં] ગળાની હાંસડી કાંઠલો
જથરપ(-વ)થર વિ૦ જ્યાં ત્યાં, ક્યાંનું ક્યાં હોય એવું આમ તેમ ખસી ગયેલું, અવ્યવસ્થિત
જથા અ૦ [સં यथा] જેવી રીતે
જથારથ વિ૦+,જથાર્થ વિ૦[સં यथार्थ] યોગ્ય
જથો(-થ્થો) પું૦ [સર૦ હિં.,મ जथा, સં यूथ?] જૂથ સમૂહ, સમુદાય -થા(-થ્થા)બંધ અ૦ છૂટક નહિ પણ એકસામટું
જદ(-ધ)પિ અ૦ [સં यद्यपि] જોકે
જદા અ૦ [સં यदा] જે વખતે ૦તદા અ૦ જ્યારે ત્યારે, કોઈ પણ સમયે
જદુ પું૦ [સં यदु] (સં ) યદુ ૦નાથ,૦પતિ, ૦રાય,૦વીર પું૦ (સં ) યાદવોના સ્વામી-કૃષ્ણ ૦વંશ પું૦ યાદવવંશ ૦વંશી વિ૦ યદુવંશનું
જદ્રાતદ્રા અ૦ [સં. यद्वातद्वा] આમ તેમ, ગમે તેમ, બેકામ, ઠેકાણા વગર
જન પું૦[સં] માણસ (એ૦વ૦માં સામાન્ય રીતે સમાસમાં, ઉદા૦ પ્રજાજન, સ્વજન, પ્રિયજન) (૨) જનતા, લોકોનો સમુદાય (જેમ કે, જનને દાબ્યું નહિ, સાંભળીએ જનનું,કરીએ મનનું) (૩) સાત લોક મનાય છે તેમાંનો પમો, જનલોક. ૦કથા સ્ત્રી૦ લોકોમાં ચાલતી આવેલી કે ચાલતી વાત ૦ચર્ચા સ્ત્રી૦ લોકોમાં ચાલતી ચર્ચા-વાત ૦પદ પું૦, ન૦ દેશ ૦પદધર્મ પું૦ દેશાચાર, દેશની રૂઢિ ૦પ્રિય વિ૦ લોકપ્રિય ૦પ્રવાહ પું૦ લોકોનો પ્રવાહ-ટોળું (૨) [લા૦] લોકાચાર, રૂઢિ ૦બુદ્ધિ સ્ત્રી૦ સામાન્ય માણસની બુદ્ધિ ૦ભાષા સ્ત્રી૦ લોકભાષા (નવલરામ) ૦મંડલ(-ળ) પું૦ જનસમુદાય ૦લોક પું૦ પૌરાણિક કલ્પના પ્રમાણેના સાત લોકમાંનો પાંચમો લોક (જુઓ લોક) ૦વાદ પું૦ અફવા(૨)લોકોમાં અપકીર્તિ ૦વાર્તા સ્ત્રી૦ લોકવાર્તા,લોકકથા ૦વિચાર પું૦ લોકોનો-આમ વિચાર ૦વિશેષભાવ પું૦ માણસમાં કોઈ સરખું નથી એવો ભાવ,ઊંચનીચભાવ ૦શ્રુતિ સ્ત્રી૦ અફવા ૦સમાજ પું૦ જનતા, જનસમૂહ ૦સમુદાય, ૦સમૂહ પું૦ લોકોનો સમૂહ ૦સામાન્યભાવ પું૦ બધા મનુષ્યો સરખા છે એવો ભાવ, 'ઇક્વૉલિટી ઑફ મૅન' ૦સુખવાદ પું૦ જનતાના - બને તેટલા મોટા ભાગના લોકનું સુખ સાધવું,એ સામાજિક ઉદ્દેશવાળો વાદ, 'યુટિલિટેરિયનિઝમ' ૦સુખવાદી વિ૦ (૨) પું૦ જનસુખવાદમાં માનનાર ૦સ્વભાવ પું૦ માણસનો કે જનતાનો સ્વભાવ ૦હિત ન૦ લોકોનું હિત. ૦હિતકારી વિ૦ જનહિત કરનારું ૦હિતવાદ પું૦ જુઓ જનસુખવાદ ૦હિતવાદી વિ૦(૨)પું૦ જનહિતવાદમાં માનનાર -નેશ્વર પું૦ [+ईश्वर] રાજા -નોપયોગી વિ૦ [-उपयोगी] લોકોપયોગી
જનક વિ૦[સં] ઉત્પન્ન કરનાર, પેદા કરનાર (પ્રાયઃ સમાસને અંતે) (૨) પું૦ બાપ (૩)

**જમજમા** સ્ત્રી૦ [अ जमजनो द्विर्भाव, સર૦ म] સ્વરોને જલદી જલદી ઉચ્ચારતાં ઊપજતો અલંકાર (સંગીત)
**જમજોહર** ન૦ [हि जमजोहरा] એક પક્ષી
**જમણ** ન૦ ['જમવું' પરથી] જમવું તે, ભોજન (૨) નાતવરો **૦વાર** પું૦, સ્ત્રી૦ નાતવરો (૨) એનો દિવસ
**જમણું** વિ૦ [સર૦ स यामी, प्रा जमी, दे जेमणय] પૂર્વાભિમુખ થતાં દક્ષિણ તરફનું [-અંગ જમણો હાથ = મુખ્ય મદદગાર માણસ જમણો હાથ ઝાલવો, પકડવો = મદદ કરવી ] [આપ
**જમદગ્નિ** પું૦ [स] (સં) એક ઋષિ-પરશુરામના
**જમના** સ્ત્રી૦ [स यमुना] (સ) ગંગાને મળનારી એક નદી, કાલિંદી **-નોત્રી** સ્ત્રી૦ જમના નદીનું મૂળ
**જમરૂખ** ન૦ [સર૦ हिं, म जमरूड] જામફળ **૦ડી,-ખી** સ્ત્રી૦ જમરૂખનું ઝાડ [(૨) અ૦ સાથે
**જમલું** વિ૦[स यमल = જોડું] + -ના સાથવાળું
**જમલો** પું૦ + જુઓ જુમલો
**જમવું** સ૦ક્રિ૦[स जम्]ભોજન કરવું,ખાવું(૨) [લા] લાભવું, ખાટવું (વ્યંગમાં) (ઉદા૦ શું જમવા ત્યાં ગયા'તા) [જમીને જખ મારવી = ખાઈને મુશ્કેલીમાં ઊતરવું (૨) જમ્યા પછી એઠવાડ કાઢવાનું થવું ]
**જમશેદી નવરોજ** પું૦ [फा] એક પારસી તહેવાર (૨૨મી માર્ચે)
**જમા** વિ૦[अ] એકઠું થયેલું, એકઠું (૨) જમા બાજુનું. (૩) સ્ત્રી૦ આવક, ઊપજ, વસૂલ (૪) સગવાળો જુમલો [-આપવું = જમા બાજુ લખવું, (૨) લેણું પાછું આપવું -કરવું = જમા પાસે નોંધવું -થવું = એકઠું થવું (૨) જમા પાસે નોંધાવું -માંડવું = જમા બાજુ લખવું (૨) વ્યાજે રકમો સ્વીકારવી -લેવું = જમા બાજુ લેવું(૨)વસૂલ કરવું ] **૦ઉધાર** ન૦ જમા અને ઉધાર· આવક-જાવકનો હિસાબ [-કરવું = જમા અને ઉધાર બાજુએ રકમો નાખવી, હવાલો નાખવો ] **૦ખર્ચ(-રચ)** પું૦ ન૦ ઊપજ અને ખર્ચ [-નાખવું, પાડવું = આવી-ગઈ-રકમોની વ્યવસ્થા કરી નાખવી (૨) આવકજાવકનું તારણ કાઢવું ] **૦ત** સ્ત્રી૦ (એક નાતના કે પંથના લોકોનો) સમુદાય, સમૂહ (૨) બાવાઓનો સમૂહ **૦તી** વિ૦ જમાતનું -ને લગતું **૦દાર** પું૦ સિપાઈ ઓની નાની ટુકડીનો ઉપરી (૨) [લા] ઉપરી-પણું કે પ્રભાવ દાખવે એવું માણસ (કટાક્ષમાં) **૦દારી** સ્ત્રી૦ જમાદારનું કામ-પદ **૦નોંધ** સ્ત્રી૦ખરીદનો માલ નોંધવાનો ચોપડો **૦પાસું** ન૦ **૦બાજુ(-જૂ)** સ્ત્રી૦ ચોપડામાં (ડાબું) પાસું, જ્યાં જમા રકમ લખાય છે **૦બંદી (-ધી)** સ્ત્રી૦ જમીન માપી જાત વગેરે તપાસી કરીને તેનું સરકાર-ભરત આકારવું તે, 'લૅન્ડ રેવન્યુ-સેટલમેન્ટ' **૦વસૂલ** સ્ત્રી૦, ન૦ મહેસૂલની ઊપજ **૦વહી** સ્ત્રી૦ જમાનોંધ
**જમાઈ** પું૦ [स जामातृ, प्रा जमाइ(-उ), हिं. जमाई] દીકરીનો વર
**જમાડવું** સ૦ ક્રિ૦ 'જમવું'નું પ્રેરક રૂપ
**જમાત** [अ जमाअत], **-તી જમાદાર,-રી** [फा] જુઓ 'જમા'માં
**જમાદિલ અવલ** પું૦ [अ जमादिल अव्वल] અરબી - મુસલમાની પાંચમો મહિનો
**જમાદિલ આખર** પું૦[अ जमादिल आखिरह] અરબી - મુસલમાની છઠ્ઠો મહિનો
**જમાન** પું૦ [अ जामिन] જામીન **૦ખત** ન૦ જામીનખત
**જમાની** સ્ત્રી૦ ['જમાન' ઉપરથી] જામીનગીરી
**જમાનો** પું૦ [फा] યુગ,લાંબો સમય(૨) દેશ-કાળની, આચારવિચારાદિની અમુક સ્થિતિ કે તેનો સમય **-નાજૂનું** વિ૦ જમાનાઓથી ચાલતું આવેલું; પ્રાચીન **-નાનું ખાધેલ** વિ૦ પહોંચેલ, અનુભવી, પાકું
**જમાનોંધ, જમાપાસું, જમાબાજુ, જમા-બંદી(-ધી)** જુઓ 'જમા'માં
**જમાલ** પું૦ [अ] સૌંદર્ય
**જમાલગોટો** પું૦ [हि] જુઓ નેપાળો
**જમાવ** પું૦ [જુઓ જમા, 'જામવું' પરથી] ભરાવો, ભીડ **૦ટ** સ્ત્રી૦ જમાવવું તે (૨) બંધબેસતી મેળવણી - મિશ્રણ

ન૦ પૈસા, ઘરેણા વગેરે કીમતી વસ્તુઓ(૨) કસબી ભરતકામ ૦જોખમ ન૦ પૈસા વગેરે જોખમની વસ્તુઓ. ૦દોજ પુ૦ [फा] કસબ ભરનારો. ૦દોજી સ્ત્રી૦ કસબ ભરવાનુ કામ – વિદ્યા, કસબી ભરતકામ

**જરખ** ન૦ [प्रा जरग्ग; સર૦ हिं. चरख, स. [illegible]रक्ष, प्रा. तरच्छ] ઝરખ, એક જગલી પ્રાણી, ઘોરખોદિયો; તરસ

**જરગો** વિ૦ પુ૦ [सं. जरत्क, प्रा. जरग्ग](કા) ઘરડો, ઠચરો [ ઘસાઈ ગયેલુ

**જરજરિયું** વિ૦ [सं. जर्जर] જીર્ણ થઈ ગયેલુ;

**જરજરિયાન, જરજોખમ** ન૦ જુઓ 'જર'મા

**જરઠ** વિ૦ [सं] વૃદ્ધ, ઘરડું(૨)કઠણ ૦તા સ્ત્રી૦

**જરણુ** વિ૦ [सं] ઘરડું (૨)ન૦ જરણા. –ણા સ્ત્રી૦ વૃદ્ધાવસ્થા [ ધર્મસંસ્થાપક

**જરથુષ્ટ્ર** પુ૦ [અવેસ્તા] (સં.) પારસીઓના

**જરથોસ્તી** વિ૦ જરથુષ્ટ્રનુ, –ને લગતુ (૨) જરથુષ્ટ્રનું અનુયાયી (૩) પુ૦ પારસી

**જરદ** વિ૦ [फा. ज़र्द] પીળું, ઝાખું પીળુ

**જરદાલુ(–ળુ)** ન૦ [फा. ज़र्द પરથી] એક સૂકો મેવો, આલૂ

**જરદી** સ્ત્રી૦ [फा] પીળો પદાર્થ

**જરદો** પુ૦ [फा] તમાકુનો ભૂકો

**જરબ** પું૦ [अ. ज़र्ब] ત્રાસ, દહેશત, ધાક

**જરવજર** વિ૦ [फा. ज़रा ઉપરથી] જરા, સહેજ (૨) અ૦ જરાતરા, સહેજસાજ

**જરવાળિયું** વિ૦ [સર૦ 'જાળાવાળા,–ળિયુ'] પાખું (૨) જીર્ણ (કપડું)

**જરવું** અ૦ક્રિ૦ [सं जॄ, प्रा. जर] જીર્ણ થવું; ઘસાઈ જવું (૨) પચવું, હજમ થવુ (૩) પાખું કે છૂટું થવુ

**જરા** સ્ત્રી૦ [सं] વૃદ્ધાવસ્થા(૨)સાપની કાચળી

**જરા** વિ૦ (૨) અ૦ [अ] લગાર, થોડુ ૦એક, ૦ક વિ૦ (૨) અ૦ થોડું, લગાર. ૦તરા અ૦ થોડું – નહિ જેવુ [ **જરા જરામાં, જરાતરામાં** અ૦ સહેજ સહેજમા, ખાસ કારણ વિના (૨) ઝટ, જરા વખતમા

**જરાયત** વિ૦ [ જુઓ જિરાયત ] વરસાદના પાણીથી થતુ (ખેતી કે પાક માટે) (તેનાથી ઊલટું બાગાયત – કૂવાના પાણીથી થતુ)

**જરાયુ** ન૦ [सं.] ગર્ભને વીટળાયેલુ પાતળું પડ, ઓર. ૦જ વિ૦ જરાયુમાથી જન્મતુ (ઈંડામાથી નહિ) [ સસરો

**જરાસંધ** પું૦ [सं.] મગધદેશનો રાજા; કંસનો

**જરિત** વિ૦ [सं] જીર્ણ, ખખળી ગયેલું

**જરિયાન** વિ૦ [फा. ज़र्रीन] જરીનુ, કસબી (૨) ન૦ સોનારૂપાનાં ઘરેણા

**જરી** સ્ત્રી૦ [फा. ज़र] કસબ, કસબી માલ(૨) વિ૦ કસબ સાથે વણેલુ, કસબી. ૦કામ ન૦ કસબી ભરતકામ. ૦પટકો પું૦ કસબી વાવટો(૨)પેશવાઈમા લશ્કરી સરદારને કમરે બાધવાનો કસબી પટકો

**જરી** વિ૦(૨)અ૦ [જુઓ જરા] થોડુ, લગાર. ૦ક વિ૦(૨)અ૦ સહેજ થોડુક

**જરીપુરાણું** વિ૦ [सं जरिन् + पुराण] જૂનું; ફાટીતૂટી ગયેલુ, ઘણુ જૂનુ

**જરીફ** સ્ત્રી૦ [फा जरीब = જમીન માપવાની સાકળ] જમીનમાપણીનુ કામ(૨) પુ૦ એ કામ કરનારો, મોજણીદાર(૩)વિ૦[अ ज़रीफ़] વિનોદી, મશ્કરૂ (૪) બુદ્ધિવાન સમજદાર. ૦ખરડો પું૦ માપણીનુ પત્રક

**જરીમરી** સ્ત્રી૦ [ સર૦ म; प्रा जर = તાવ + मरक = મરકી ] ભારે ચેપી રોગ, કોગળિયુ; (ખાસ કરીને) કૉલેરા. (આ રોગની દેવી હોવાનુ મનાય છે)

**જરૂખો** પું૦ જુઓ ઝરૂખો

**જરૂર** સ્ત્રી૦ [अ] જુઓ જરૂરત (૨) અ૦ અવશ્ય, નક્કી, અલબત્ત. [–ઊભી થવી, જાગવી, પડવી=જરૂર લાગવી, જરૂરી બનવું] ૦ત, –રિયાત સ્ત્રી૦ અગત્ય, આવશ્યકતા, ગરજ, હાજત –રી વિ૦ જરૂરનુ, અગત્યનુ

**જરેજર** અ૦ [સર૦ अ ज़रा, કે રજેરજ પરથી?] જરા પણ છોડયા વગર, બધું જ, રજેરજ

**જર્જર(–રિત)** વિ૦ [सं] જીર્ણ થઈ ગયેલું

**જર્મન** વિ૦ [इं] જર્મની નામના દેશનુ (૨) પું૦ તે દેશનો વતની (૩) સ્ત્રી૦ ત્યાની ભાષા

**જર્મનસિલ્વર** ન૦ [इं] એક મિશ્ર ધાતુ

**જલ(–ળ)** ન૦ [सं] પાણી ૦કમલ ન૦ કમળ ૦ગરિયો પું૦ મંદિરમા ઠાકોરજીની

પૂજા માટે પાણી લાવી આપનારો ૦ક્રિયા સ્ત્રી૦ જુઓ ઉદકક્રિયા ૦ચર વિ૦ પાણીમા ચાલનારુ(૨)ન૦ પાણીનુ પ્રાણી. ૦જ વિ૦ [સં] પાણીમા ઉત્પન્ન થતુ(૨)ન૦ કમળ (૩)શંખ ૦(-ળ)જલ(-ળ)બંબાકાર અ૦ જુઓ જલમય ૦(-ળ)જંતુ પુ૦, ન૦ પાણીનુ જંતુ (૨) માછલું ૦જા સ્ત્રી૦ [સં.] (સ ) લક્ષ્મી. ૦જાત ન૦ [સં] કમળ,જલજ ૦(-ળ)તરંગ પુ૦ પાણીનુ મોજું (૨) ન૦ (ચલાણામા પાણી. ભરીને યોજાતુ) એક વાદ્ય ૦તાડન ન૦ [સં.] [લા] પાણીને મારવા પેઠે ફોગટ ફાંફાં, અફળ પ્રયત્ન. ૦(-ળ)તુલા સ્ત્રી૦ જળની મદદથી વજન કરવાનુ ત્રાજવું; 'હાઇડ્રોસ્ટેટિક બેલન્સ' ૦દ પુ૦ [સં] વાદળ, મેઘ. ૦દાગમ પુ૦ [जलद + आगम] વર્ષાકાળ, ચોમાસું. ૦(-ળ)દાહ પુ૦ શબને બાળવાને બદલે પાણીમાં વહેતુ મૂકવુ તે ૦(-ળ)દીક્ષા સ્ત્રી૦ જળથી અપાતી ખ્રિસ્તી ધર્મની દીક્ષા; 'બૅપ્ટિઝમ' ૦(-ળ)દેવતા પુ૦ બ૦ વ૦, સ્ત્રી૦ જળની દેવી; પાણીની પરી ૦(-ળ)ધર પુ૦ [સં] મેઘ, વાદળ (૨) સમુદ્ર. ૦(૦નિ)ધિ પુ૦[સં] સમુદ્ર ૦(-ળ)નીલિ(૦કા) સ્ત્રી૦ સેવાળ ૦(-ળ)પતિ પુ૦ [સં] સમુદ્ર (૨) વરુણ ૦(-ળ)પાન ન૦ પાણી પીવુ તે ૦(-ળ)-પ્રપાત પુ૦ પાણીનો ધોધ ૦(-ળ)પ્રલય પું૦ ભારે વરસાદ કે પૂરથી નાશ થવો તે ૦(-ળ) પ્રવાસ પુ૦ જળ ઉપર–વહાણમા કરેલી મુસાફરી ૦(-ળ)મય વિ૦ બધે પાણી પાણી થઈ ગયુ હોય એવુ ૦(-ળ)માર્ગ પુ૦ જળ ઉપર–વહાણમા બેસીને જવાનો રસ્તો (૨) નહેર,વહેળો ૦(-ળ)યંત્ર ન૦ જળના જોરથી ચાલતુ યંત્ર(૨) ફુવારો(૩)રેંટ ૦(-ળ)યાત્રા સ્ત્રી૦ જળપ્રવાસ (૨) એક તહેવાર જ્યારે ઠાકોરજીને જલવિહાર કરાવવામા આવે છે ૦(-ળ)યાન ન૦[સં] જળ પર જવાનુ વાહન, વહાણ, મછવો ૦(-ળ)યુદ્ધ ન૦ પાણી ઉપર –વહાણમા રહીને કરેલુ યુદ્ધ ૦(-ળ)સમાધિ સ્ત્રી૦ પાણીમા કરેલો પ્રાણત્યાગ (જેમ કે સંન્યાસી માટે) (-લેવી). ૦સ્થિતિશાસ્ત્ર ન૦ 'હાઇડ્રોસ્ટેટિક્સ'. -લં(-ળં)દ(-ધ)ર ન૦ [સં જલોદર] એક ઉદરરોગ. -લાગાર ન૦ [સં.] પાણીનો હોજ, ટાંકી -લા(-ળા)શય ન૦[સં] કૂવો, તળાવ વગેરે પાણીનુ સ્થળ. -લાંજલિ સ્ત્રી૦ [સં] પાણીની અંજલિ(૨) પિતૃઓનુ તર્પણ કરવા અપાતી જલાંજલિ. -લો(-ળો)દર ન૦ [સં] જુઓ જલંદર

જલદ વિ૦ [फा. जल्द] ઉગ્ર; આકરુ, તેજ

જલદી સ્ત્રી૦ [फा] ઉતાવળ, ત્વરા (૨) અ૦ ઉતાવળથી, ઝટ, સત્વર

જલસો પુ૦ [अ] આનંદ યા ઉત્સવનો મેળાવડો (૨) સંગીતનો મેળાવડો

જલા(-ળા)ખુ પુ૦[સં.] એક જળચર પ્રાણી

જલાલ વિ૦ [अ] ઝગઝગતુ, ઉજ્જવળ. -લી સ્ત્રી૦ ઝગઝગાટ, ભપકો; ઠાઠમાઠ, પ્રભાવ

જલેબ સ્ત્રી૦ [अ. जलवा ?] ઠાઠમાઠ, ભભકો

જલેબી સ્ત્રી૦ [સર૦ हिं, म. जिलबी (हिं जलाव = આથો, ખીરું)] એક મીઠાઈ

જલ્પ પુ૦ [सं] કથન, કહેવુ તે (૨) બકવાદ, લવારો(૩)[ન્યા ]તત્ત્વનિર્ણયની ઇચ્છાથી નહિ પણ પરપક્ષખંડન અને સ્વપક્ષ-સ્થાપનની ઇચ્છાએ કરેલો વાદ ૦ક વિ૦[સં] બકવાદ–લવારો કરનારુ. ૦વુ અ૦ ક્રિ૦ [सं. जल्प्] બબડવુ–લવારો કરવો

જલ્લાદ પુ૦ [अ.] ગરદન મારનાર, શિરચ્છેદ કરનાર (૨) કસાઈ -દી સ્ત્રી૦ જલ્લાદનુ કામ, જલ્લાદપણુ

જવ પુ૦ [सं यव, प्रा] એક ધાન્ય (૨) જવ જેટલી લબાઈ અથવા વજનનુ માપ [-તલ મૂકવા = શ્રાદ્ધ સરાવવુ -તલ લાવવા = મરણના ચોકાની તૈયારી કરવી ] ૦ખાર પુ૦ [+सं. क्षार] જવનો ખાર–ક્ષાર

જવ પુ૦[સં.] વેગ, ત્વરા, ઝપટ (૨) સંગીતમાં એક અલંકાર

જવ અ૦ [સર૦ [हिं जब] (પ) જ્યારે

જવઈ સ્ત્રી૦ એક જાતનો (બરુનો) છોડ (જવઈના બરુની કલમ થાય છે)

જવખાર પુ૦ જુઓ 'જવ'માં

**જવન** પું૦ જુઓ યવન(૨)ખાટકી **-ની** સ્ત્રી૦
**જવની(-નિકા)** સ્ત્રી૦ [સં] પડદો, ચક
**જવરઅવર** સ્ત્રી૦ [જવુ+આવવું ઉપરથી] વારંવાર જવું આવવું તે, અવરજવર
**જવલો** પું૦ ['જવ' ઉપરથી] જવના આકારનો સોનાનો મણકો (?) [ક્વચિત્; ભાગ્યે
**જંવલ્લું** વિ૦ કોઈક જ, વિરલુ **-લ્લે** અ૦
**જવવું** અ૦ ક્રિ૦ [સ जन्-जा?] (ફળ માટે) બેસવુ, ફળ થવુ; ઉત્પન્ન થવુ જેમ કે, ફૂલ બેસે પછી સીંગ જવે (૨) (ફળ કે કશામા)જીવ પડવા
**જવશીર** પું૦ [સર૦ હિં जवाशीर, फा. जावशीर] એક વનસ્પતિ (ગંધબિરોઝા જેવી)
**જવાન** વિ૦ (૨) પું૦ [फा] જુઓ જુવાન. ૦પટ્ઠો પુ૦ મજબૂત બાંધાનો જવાન **-ની** સ્ત્રી૦જુવાની [**-આવવી, ફૂટવી**=જુવાનીની શરૂઆત થવી-તેનાં ચિહ્ન દેખાવાં.]
**જવાબ** પુ૦ [अ] ઉત્તર [**-આપવો** =ઉત્તર આપવો (૨) ઉપયોગી થઈ પડવું (૩) જવાબદાર થવું (૪) સામું બોલવું (૫) કહી આપવું, સાક્ષી પૂરવી **-આપવા જવું**= ઈશ્વરને પોતાના સુકૃત-દુષ્કૃતનો હિસાબ આપવા જવુ-મરી જવુ **-દેવો**=જુઓ જવાબ આપવો **-લેવો**=ખુલાસો પૂછવો -મેળવવો, તપાસ કરવી (૨) સાક્ષી કહે તે લખી લેવુ] **૦દાર** વિ૦ [फा] જવાબદારી વાળુ **૦દારી** સ્ત્રી૦ જવાબ દેવાનુ જોખમ અથવા ફરજ, જુમ્મેદારી- જોખમદારી **-બી** વિ૦ [फा] જેનો જવાબ માગેલો હોય એવુ (૨) જેના જવાબનુ ખર્ચ ભરેલુ હોય એવુ (જેમ કે, પોસ્ટકાર્ડ, તાર) **-બી હૂંડી** સ્ત્રી૦ સ્વીકારાયાનો જવાબ મળ્યા પછી જ જેનાં નાણા ભરવાના હોય એવી હૂડી
**જવારણ** ન૦ [જવારવુ પરથી] મેળવણ **-વું** સ૦ક્રિ૦ ['જવવુ'નુ પ્રેરક ?] આખરવું
**જવારા** પુ૦બ૦વ૦ [દે जवरय; जव्वारय] જવ વગેરેના નાના-તાજા ઊગેલા અંકુરો [**-વાવવા**=દેવીના પૂજન-અનુષ્ઠાનની જવ વાવી સ્થાપના કરવી]
**જવાવું** અ૦ક્રિ૦ જવાની ક્રિયા થવી, 'જવું'નું ભાવે
**જવાસો** પુ૦ [स यवास, प्रा. जवास] એક વનસ્પતિ
**જવાહિર** ન૦ [अ.] હીરામાણેક વગેરે ઝવેરાત **૦ખાનું** ન૦ રત્નો વગેરે-ઝવેરાત જેમાં રખાતુ હોય તે જગા
**જવાળી** સ્ત્રી૦ ['જવ' ઉપરથી] અગૂઠા ઉપરની જવના આકારની એક રેખા (૨) જવના જેવા સોનાના દાણાની માળા
**જવાંમર્દ** પુ૦ [फा] બહાદુર, વીર **-ર્દી** સ્ત્રી૦ જવામર્દપણુ, વીરતા
**જવું** અ૦ક્રિ૦ [स या, प्रा. जा] (તેના રૂપો-જાઉં, જાય, જા, જાઓ, જતું, ગયુ, ગઈ, જઈશ ઇ૦ થાય છે] ગતિ કરવી, ખસવું (૨) પાસેથી ખસવુ, ઓછું થવું (૩) ઘટવુ; નુકસાન થવુ, નાશ પામવુ(૪)વીતવુ, પસાર થવું (૫) અન્ય ક્રિ૦ સાથે આવતા તે ક્રિયા બરોબર યા ચોક્કસ થવાનો કે ચાલુ રહેવાનો ભાવ બતાવે ઉદા૦ નાસી જવુ, ખાઈ જવું. કરતા જવું વગેરે [**જઈ ચડવું**=અણધાર્યું ઓચિતુ જવુ-પહોચવુ **જઈ મળવું**=પકડી પાડવુ(૨)-ના પક્ષમા સામેલ થઈ જવુ ઉદા૦ પોતાના પિતાના શત્રુને જઈ મળ્યો. **જતું આવતું થવું**=આવવા જવાનો વહેવાર થવો; પરિચિત થવુ. **જતું કરવું**=મૂકી દેવું; માફ કરવુ (૨) છોડી મૂકવુ **જતું રહેવું**=પાસેથી ચલ્યા જવુ, ખોવાવું (૨) નાસી જવુ (૩) પરપુરુષ સાથે સ્ત્રીનું નાસી જવુ (૪) સાધુ-વેરાગી થઈ જવુ **જવા બેસવું**=જવાની તૈયારીમા હોવુ(૨)મરવાની તૈયારી હોવી]
**જશ(-સ)** પું૦ [स यश, प्रा जस] કીર્તિ. [**-ઉપર જૂતિયાં**=કદરને બદલે તિરસ્કાર. **-ગાવા**=સારું બોલવુ, ગુણ ગાવા **જશના થવા**=સ્નેહ મળવી, ડંકા વાગવો; સારુ કહેવાવુ **-મળવો**=વખાણ થવા કદર થવી] **૦નામી** વિ૦ કીર્તિમંત **૦વંત** વિ૦ જશવાળુ, યશવંત
**જશન** ન૦ [फा जश्न] ઉત્સવનો કે આનંદનો દિવસ (પારસી)
**જશનામી, જશવંત** જુઓ 'જશ'માં

**જશો(-સો)દા** સ્ત્રી (સં) યશોદા–શ્રીકૃષ્ણનાં મા
**જસ** પું૦ જુઓ જશ
**જસત** ન૦ [स, प्रा जसद] એક ધાતુ
**જસતા** પું૦બ૦વ૦ ડાઘા
**જસું** વિ૦ [स. याद्दग, प्रा जइस, हिं॰ जस; जैसा] જેવું, મળતું આવતું (પ)
**જહતી** વિ૦ સ્ત્રી૦ [स] તજતી (લક્ષણા). **–ત્સ્વાર્થા** વિ૦ સ્ત્રી૦ (કા. શા) જેમાં શબ્દના વાચ્યાર્થનો ત્યાગ થતો હોય તેવી (લક્ષણા)(૨) સ્ત્રી૦ તેવી લક્ષણા. **–દજહલ્લક્ષણા** સ્ત્રી૦ જેમાં વાચ્યાર્થનો કેટલેક અંશે ત્યાગ તેમ જ કેટલેક અંશે તેનું ગ્રહણ થતું હોય તેવી લક્ષણા (કા શા)
**જહન્નમ** ન૦ [अ] નરક, દોજખ
**જહલ્લક્ષણા** સ્ત્રી૦ [स] જુઓ જહત્સ્વાર્થા
**જહાજ** ન૦ [अ] મોટું વહાણ. **–જી** પું૦ જહાજ ચલાવનારો (૨) વિ૦ જહાજનું,–ને લગતું
**જહાન** સ્ત્રી૦ [फा] જહાં, દુનિયા, આલમ
**જહાનમ** ન૦ [જુઓ જહન્નમ] નરક [**–માં જવું**=દીસતું રહેવું, મરવું, ગમે તેમ (ખરાબ) થવું (શાપ કે ધુત્કાર બતાવવા વપરાય છે)]
**જહાલ** વિ૦ [म, સર૦ अ. जहल, जाहिल= નાદાન] ઉદ્દામ, આકળું (ઊલટું 'મવાલ')
**જહાં** સ્ત્રી૦ [फा] દુનિયા, જહાન **૦ગીર** પું૦ દુનિયાનો જીતનારો (૨) [स] એક મોગલ બાદશાહ **૦ગીરી** વિ૦ જહાંગીરનું,–ને લગતું (૨) [લા] આપખુદ, જોહુકમીવાળું (૩) સ્ત્રી૦ જોહુકમી, આપખુદી (૪) અમીરી **૦દીદા** વિ૦ [फा] દુનિયાના અનુભવવાળું–ચાલાક **૦પના(૦હ)** વિ૦ (૨) પું૦ [फा] જગતનું રક્ષણ કરનાર (બાદશાહ) **૦સોઝ** વિ૦ [फा] દુનિયાને બાળનારું
**જહીં** અ૦ [सं यत्र, प्रा जह(–हिं,–हि), સર૦ हिं जहाँ] જ્યાં, જે ઠેકાણે
**જહુ** સ્ત્રી૦ + જુઓ જેહુ
**જહેજ** ન૦ [अ जिहेज] કન્યાદાન કરવું તે
**જહેમત** સ્ત્રી૦ [अ जहमत] મહેનત, શ્રમ
**જહ્નુ** પું૦ [स] (સ) એક પ્રાચીન રાજા. **૦કન્યા, ૦જા, ૦સુતા** સ્ત્રી૦ (સં.) ગંગા નદી

**જળ** ન૦ [सं. जल] પાણી. [**–જંપવું**=નીરવ શાંતિ ફેલાવી **–પોતિયાં કરવાં**=ધોતિયું માથે બાંધી નાહવું **–મૂકવું**=પ્રતિજ્ઞા કરવી **–ભરવું**=પાણી વહેવું (૨) આંખમાં આંસુ લાવવાં **–રેલવું**=પાણી ફરી વળવાં **–લેવું** =જળ મૂકવું **–શમવું**=રેલનાં પાણી ઓસરી જવાં.] **૦આગિયો** પું૦ એક વનસ્પતિ. **૦આમળું** ન૦ એક જાતનું ફળ **૦કમળ** ન૦ જુઓ જલકમલ. **૦કીડો** પું૦ પાણીનો કીડો **૦કૂકડી** સ્ત્રી૦ એક જળચર પક્ષી **૦કૂંડું** ન૦ ચંદ્રની આજુબાજુ આછાં પાણીભર્યાં વાદળાંને લીધે દેખાતું કૂંડાળું **૦ક્રીડા, ૦કેલિ** સ્ત્રી૦ પાણીમાં ખેલવું તે. **૦ઘોડો** પું૦ એક પ્રાણી, 'હિપોપોટેમસ' **૦ચક્કી** સ્ત્રી૦ પાણીના જોરથી ચાલતી ચક્કી **૦ચર** વિ૦ (૨) ન૦ જુઓ જલચર. **૦જળું** વિ૦ આંસુથી ભરાયેલું (લોચન). **૦જંતુ** પું૦, ન૦ **૦જં(–ય)ત્ર, ૦જાત, ૦જા(ત્રા)** જુઓ 'જલ'માં **૦જાંબુવો** પું૦ નદીના કિનારા પર થતી એક વનસ્પતિ **૦ઝીલણા(–ણી)** વિ૦ સ્ત્રી૦ (ભાદરવા સુદ અગિયારશ) **૦તરણ** પું૦ એક છંદ. **૦તરંગ** પું૦ (૨) ન૦, **૦તુલા, ૦દાહ, ૦દીક્ષા** જુઓ 'જલ'માં **૦દૂધી** સ્ત્રી૦ એક વનસ્પતિ. **૦દેવતા** જુઓ જલદેવતા **૦ધમણ** સ્ત્રી૦ જળના બળથી ચાલતી ધમણ **૦ધર, ૦નીલિ(૦કા)** જુઓ 'જલ'માં **૦નેવરી** સ્ત્રી૦ એક વનસ્પતિ **૦પતિ, ૦પાત્ર, ૦પાન** જુઓ 'જલ'માં. **૦પાલો** પું૦ પાણીમાં ઊગતો પાલો **૦પ્રપાત** પું૦, **૦પ્રલય** પું૦, **૦પ્રવાસ** પું૦ જુઓ 'જલ'માં **૦(૦જળ)બંબાકાર, ૦બંબોળ** વિ૦ (૨) અ૦ જલજલબંબાકાર, જલમય **૦બિલાડી** સ્ત્રી૦ એક જળચર પ્રાણી. **૦મય** જુઓ જલમય **૦માણસ** ન૦ જેનું નીચલું અર્ધું અંગ માછલી જેવું હોય છે તેવું પાતાળનાં પાણીમાં રહેતું મનાતું વેંતિયું માણસ. **૦માર્ગ, ૦યંત્ર, ૦યાત્રા, ૦યાન, ૦યુદ્ધ** જુઓ 'જલ'માં **૦વાસ** પું૦ પાણીમાં ડૂબી મરવું તે. **૦શાયી** વિ૦ [स] પાણીમાં શયન કરનાર–ડૂબી જનાર **૦સમાધ(–ધિ)** જુઓ જલ-

સમાધિ. ૦સંપ્રદાયક પુ૦ જળદીક્ષા આપનાર, 'બેપ્ટિસ્ટ'. ૦સ્થિતિશાસ્ત્ર જુઓ જલસ્થિતિશાસ્ત્ર [(૨) બળતરા થવી
જળજળવું અ૦ક્રિ૦ ['જળવું' ઉપરથી] બળવું
જળજળું વિ૦ જુઓ 'જળ'માં
જળણ ન૦ ['જળવું' ઉપરથી] બળતણ, લાકડાં
જળવાવું અ ક્રિ૦, -વવું સ૦ક્રિ૦ 'જાળવવું'નું અનુક્રમે કર્મણિ ને પ્રેરક [સળગવું
જળવું અ૦ ક્રિ૦ [स ज्वल्, प्रा. जल्] બળવું,
જળસ ન૦ [દે. जलूमग ?] ઝાડા વાટે પડતો પરુ જેવો ચીકણો પદાર્થ [-પડવું=જળસ નીકળવાનો રોગ થવો]
જળસોઈ સ્ત્રી૦ [स जलशयन ? जल+प्रा. सो =સૂવું ?] (બાળવા કે દાટવાને બદલે) જળમાં સુવાડવું-ડુબાડવું તે (સંન્યાસીને) (-કરાવવી.)
જળદ(-ધ)ર જુઓ જલદર [(લાકડું)
જળાઉ વિ૦ ['જળવું' ઉપરથી]બાળવાના કામનું
જળાખુ પુ૦ જુઓ જલાખુ
જળાગાર ન૦[स जलागार]પાણીનો હોજ,ટાંકી
જળાતિસાર પુ૦ [स जल+अतिसार] વારંવાર પેશાબ કરવો પડે તેવો એક રોગ
જળાધારી સ્ત્રી૦ [स जलाधार ઉપરથી] જેમાં શિવલિંગ બેસાડવામાં આવે છે તે ક્યારા જેવો ઘાટ (૨) શિવલિંગ ઉપર ટંગાતું નીચે કાણાવાળું જળપાત્ર
જળાપો પુ૦ ['જળવું' પરથી] બળાપો, કઢાપો
જળાભાસ પું૦ [सं जल+आभास] મૃગજળ
જળાશય ન૦ જુઓ જલાશય
જળો સ્ત્રી૦ [स. जलौका, प्रा जलू(-लो)या.] પાણીમાં રહેતો એક જીવડો(ખરાબ લોહી ચૂસી લેવા તેને ચામડી ઉપર વળગાડવામાં આવે છે) [જળોની પેઠે વળગવું=આગ્રહપૂર્વક ચોંટવું -મૂકવી=જળો વળગાડી નઠારું લોહી ચુસાવી લેવરાવવું] [નાખવું તે
જળોજથા સ્ત્રી૦ સંસારની જંજાળ (૨) વિખેરી
જળોદર ન૦ જુઓ જલદર
જળોયું ન૦ ગૂમડું મટી ગયા પછી રહેલું ચાઠું (૨) મેડો જડતી વખતે પીઢો ઉપર પાટિયા જડે છે ત્યારે તેની તડ પૂરવા નીચે મુકાતી પાતળી ચીપટ
જંઈ પુ૦ પૈસો, દારિદ્ર્ય [જાળું; ગીચ ઝાડી
જંખજાળ સ્ત્રી૦ ['ઝાખરા+જાળું'] ઓશિ-
જંગ પુ૦ [फा] મોટી લડાઈ, યુદ્ધ (૨) [લા.] ઝઘડો, કંકાસ [-મચવો=ખૂબ લડાઈ જામવી] ૦બહાદુર વિ૦ એક ઇલકાબ
જંગડિયો પુ૦ સરકારી તિજોરીના નાણાં એક ગામથી બીજે ગામ લઈ જતી વખતે રક્ષક તરીકે જતો લશ્કરી સિપાઈ
જંગમ વિ૦ [स] એક ઠેકાણેથી બીજે ઠેકાણે ખસી શકે એવું (સ્થાવરથી ઊલટું) (૨) પુ૦ એક પ્રકારનો શિવલિંગપૂજક જોગી
જંગમો પુ૦ લાઠીની એક કસરત
જંગલ ન૦ [स, फा] વન [-જવું=ઝાડે ફરવા-હાજતે જવું -થવું=માણસની વસ્તી વિનાનું થવું-વેરાન થવું -વસાવવું, -સેવવું =વનવાસ કરવો(૨)વાનપ્રસ્થ થવું] -લિયત સ્ત્રી૦જંગલીપણું -લી વિ૦ જંગલનું, રાની(૨) ખેડ્યા વિના ઊગેલું (૩) [લા] સુધારો, સંસ્કાર કે વિવેક વિનાનું [-રોઝ જેવું=સાવ જંગલી] -લીજટ વિ૦ [સર૦ म जंगलाजट] સાવ જંગલી, અણઘડ, રોચું
જંગલો પુ૦ એક રાગ
જંગાલ પું૦ [फा जगार, સર૦ हि, म] તાંબાનો કાટ -લી વિ૦ જંગાલનું,-ને લગતું
જંગી વિ૦ [फा] જંગ-લડાઈને લગતું (૨) [લા] મોટું, જબરું, (૩) સ્ત્રી૦ કિલ્લાની ભીંતમાંનું ત્રાંસું બાકું (૪) પું૦ લડવૈયો
જંગોટો પુ૦ ખાખી બાવાઓની ગોફણ જેવી લંગોટી (?) [જંગોડો
જંગોડો પુ૦ જુઓ જિંગોડો -ડી સ્ત્રી૦ નાનો
જંઘ(-ઘા) [स] સ્ત્રી૦ જાંઘ, સાથળ
જંઘડિયાં ન૦ બ૦ વ૦ ચોઘડિયાવાળા, ઢોલ-ડૂમકાં વગાડનાર
જંઘા સ્ત્રી૦ [स.] જંઘ, જાંઘ ૦સારણ સ્ત્રી૦ જાંઘનો એક રોગ ૦સ્થિ ન૦ [+अस्थि] જાંઘનું હાડકું
જંજાર(-લ) સ્ત્રી૦ [સર૦ म जज्याळ, हिं

જંજાલ] એક જાતની નાની તોપ, જંબૂરો
**જંજાળ** સ્ત્રી૦ [સર૦ हिं. जंजाल (જન કે જગ + જાળ?)] ઉપાધિ; ખટપટ [–માં પડવું =(લગ્ન, કુટુંબ કે ધંધા ઇ૦ની) પંચાત વહોરવી–ફસાવું, જંજાળી થવું –ળી વિ૦ જંજાળવાળું [–થવું=પરણવું, સંસારી થવું (૨) ખૂબ કામધંધામાં રોકાવું]
**જંજીર** સ્ત્રી૦ [फा] સાંકળ (૨) બેડી (૩) ઘડિયાળની કમાન (૪) ઝાંઝર [–દોહવી= પોતાની સચ્ચાઈ સાબિત કરવા લાલ તપાવેલી સાંકળ ઉપર હાથ ફેરવવો, દિવ્યનો એ પ્રયોગ કરવો] ૦નો ગોળો પુ૦ [સર૦ हिं जजीरी गोला] સાંકળથી જોડેલા તોપના ગોળા (તે સાદા ગોળાથી ભયંકર ગણાય છે) –રું ન૦ સાંકળના જેવું ઘરેણું
**જંજીરો** પું૦ [अ जजीरह] પાણીમાં આવેલો કિલ્લો (૨) ટાપુ, બેટ (૩) [જુઓ 'જંજાલ'] જંબૂરો, એક જાતની પૈડાંવાળી નાની તોપ (૪) [?] હનુમાનની સાધનાનો મંત્ર, જંતર (૫) [फा जजीर=સાંકળ (ના આકારનું)] કસબી કિનાર
**જંત** પુ૦ જુઓ જંતુ
**જંતર** પું૦, ન૦ [स यत्र, प्रा. जत] તાન્ત્રિક આકૃતિ (૨) તેવી આકૃતિ કે અક્ષરવાળો કાગળ કે પતરું, તાવીજ (૩) જાદુ
**જંતરડું** ન૦ [सं यत्र, प्रा जंत, સર૦ हिं जंतरी (यंत्र, प्रा जंत=જકડવું) પરથી] જુઓ જંતરડું
**જંતરમંતર** પુ૦, ન૦ જંતર અને મંત્ર
**જંતરવું** સ૦ક્રિ૦ જંતર કરવું, (તાવીજને) જાદુઈ અસર આપવી
**જંતુ** પુ૦, ન૦ [स] નાનું જીવડું. ૦ઘ્ન,૦નાશક વિ૦ જંતુઓનો નાશ કરે એવું ૦વિદ્યા સ્ત્રી૦, ૦શાસ્ત્ર ન૦ 'બૅક્ટીરિયોલોજી'
**જંત્ર** [स. यंत्र] ન૦ જુઓ છાયાયંત્ર (૨) એક જાતનું તતુવાદ્ય (૩) પું૦; ન૦ જુઓ જંતર. જંત્રમધ્યાહ્ન = ખરો બપોર (છાયાયંત્ર પ્રમાણે પૂરેપૂરો)
**જંત્રી** પું૦ ['જંત્ર' ઉપરથી] જંત્ર વગાડનાર(૨) જાદુગર, ખેલાડી (૩) સ્ત્રી૦ [સર૦ म] સૂચિ, અનુક્રમણિકા, સાંકળિયું(૪)જંતરવાનું નાવીજ (૫) તૈયાર ગણતરીનો કોઠો, કોષ્ટક
**જંદો** પુ૦ ફક્કડ પુરુષ (ભવૈયાઓનો એક વેષ) (એ નામના એક છેલ રાજા ઉપરથી જુઓ ઝંડાઝીલણ)
**જંપ** (જં') પુ૦ [प्रा झप्=ઢાંકવું ઉપરથી ? સર૦ हिं झंपना, झपना, म झपणें] શાંતિ, નિરાંત (–વળવો). ૦વું અ૦ ક્રિ૦ નિરાંત વળવી, શાંત પડવું (૨) જરા ઊંઘવું— આંખ મળવી (જંપી જવું) (૩) તોફાન, ધમાચકડી, ઇ૦માંથી રોકાવું, તે બંધ કરી શાંત થવું –પાવું અ૦ક્રિ૦ જંપવાની ક્રિયા થવી
**જંબીર** ન૦ [स] એક વનસ્પતિ, એક જાતની લિંબોઈ [ઝોળી
**જંબીલ** સ્ત્રી૦ [फा] ખજૂરીના પાંદડાંની ગૂંથેલી
**જંબુ(–બૂ)** ન૦ [स] જાંબુ
**જંબુ(–બૂ)ક** પુ૦, ન૦ [स] શિયાળ
**જંબુ(–બૂ)ખંડ, જંબુ(–બૂ)દ્વીપ** પુ૦ [स] (સં) (પૌરાણિક ભૂગોળ પ્રમાણે) મેરુ પર્વતની આજુબાજુ આવેલા સાત ખંડમાંનો એક(૨)[બૌદ્ધોની માન્યતા પ્રમાણે] ભારતવર્ષ
**જંબૂર** ન૦ [સર૦ म जबोरा, हि जबूर(–रा) (अ जंबूर=ભમરો ઉપરથી ?)] ખીલા ખેંચી કાઢવાનું ઓજાર—એક જાતની પકડ
**જંબૂરિયો** પુ૦ ['જંબૂરો' ઉપરથી] નાનો છોકરો
**જંબૂરો** પુ૦ [फा] એક નાની તોપ (૨) [अ. जंबूर=ભ્રમર ? સર૦ हिं झमूरा] બાજીગરનો મદદનીશ છોકરો
**જંબે જંબે** અ૦ 'જય અંબે ! જય અંબે !' એવો પોકાર [–કરવું=બેજવાબદાર નાચકૂદ કે ખર્ચ કરવું (૨) [લા] અવ્યવસ્થિત રીતે ગમે તેમ વર્તવું જેથી કાંઈ ભલીવાર ન આવે
**જાઆવ** સ્ત્રી૦ જવું ને આવવું તે, આવજા
**જાઈ** વિ૦સ્ત્રી૦ ['જાવું'=જન્મવું, 'જાયું' ભૂ૦ કૃ૦ ઉપરથી] જણી, જન્મેલી (૨) સ્ત્રી૦ પુત્રી (૩) [स जाति, प्रा जाइ] એક ફૂલની વેલ (માલતી ?) કે તેનું ફૂલ [બ૦ વ૦
**જાઓ** ('જાવ' જોડણી નહિ) 'જવું'નું આજ્ઞાર્થ

**જાક** પું૦ (ફા) બળનો ધક્કો (૨) ઘસારો (૩) વજનનું દબાણ (૪) વ્યવહારનો બોજો (૫) ખર્ચનો ભાર
**જાકડસીકડ,-ડું** વિ૦ [જકડાવું+સકડાવું ઉપરથી ?] નબળા બાંધાનું. વારવાર માંદું પડયા કરતું
**જાકાર(-રો)** પું૦ ['જા'+કાર] 'જાઓ' એવો ઉદ્ગાર, અસત્કાર [વસ્ત્ર, વાસકોટ
**જાકીટ** ન૦ [इं. जैकेट] એક પ્રકારનું પહેરવાનું
**જાગ** પું૦ [स याग, प्रा] યજ્ઞ (૨) સ્ત્રી૦ [?] રન્નાદે (જવારા) (૩) [જુઓ 'જગા'] જગા (૪) ['જાગવું' પરથી] જાગવું તે, જાગૃતિ [જાગ વાવવા=જવારા વાવવા કે માતા વાવવાં, રન્નાદેનું આઠ દિવસનું અનુષ્ઠાન કરવું]
**જાગતું** વિ૦ ઊંઘતું નહિ તેવું, જાગ્રત(૨)સાવધાન. **-તી જોત** વિ૦ સ્ત્રી૦ જેની જ્યોતિ-શક્તિ જાગ્રત હોય-તરત પારખું બતાવતી હોય તેવી (દેવી) [**-સૂતરવું**=જાણીબૂજીને બગાડવું **જાગતો દહાડો**=આબાદીનો વખત (૨) ખરાબ-લડવાડનો દહાડો] **૰જોધ** વિ૦ તરત પારખું બતાવે-શિક્ષા કરે તેવું (દેવ, દેવી)
**જાગરણ** ન૦[स.] જાગવું તે, ઉજાગરો(૨)જાગૃતિ [**-કરવું**=જાગવું. કોઈ વ્રત કે ભજન નિમિત્તે ઉજાગરો કરવો.] **-ણિયો** પું૦ જાગરણ કરનારો
**જાગરિત** વિ૦ [स] જાગેલું, જાગ્રત
**જાગરિયો** પું૦ [प्रा जागरिअ] જુઓ જાગરણિયો (૨) ભૂવાનો સાથી-ડાકલું વગાડનાર
**જાગરૂક** વિ૦ [स] જાગતું (૨) સાવધ
**જાગર્તિ** સ્ત્રી૦ [सं] જાગવું તે (૨) સાવધપણું
**જાગવું** અ૦ક્રિ૦[स. जागृ, प्रा जग्ग] ઊંઘમાંથી ઊઠવું, જાગ્રત થવું(૨)પ્રમાદમાં ન પડવું, જાગ્રત રહેવું (૩)જાગતા હોવું (૪)ફરી ઊખડવું, તાજું થવું (જેમ કે, વાત પાછી જાગી છે) (૫) અજ્ઞાનમાંથી નીકળવું, જ્ઞાન પામવું [**જાગી જવું**=ઓચિંતા ઊંઘમાંથી જાગવું; જાગ્રત થઈ જવું] **-વવું** સ૦ક્રિ૦+જગાડવું
**જાગામીઠું** વિ૦ થોડું ક જાગતું અને થોડું ક ઊંઘતું
**જાગીર** સ્ત્રી૦ [फा] સરકાર તરફથી બક્ષિસ તરીકે મળેલી જમીન કે ગામ **૰દાર** વિ૦ જાગીર ધરાવનારું (૨) પું૦ જાગીરનો ધણી. **૰દારી** સ્ત્રી૦ જાગીરદારપણું. **-રી** વિ૦ જાગીરને લગતું (૨) સ્ત્રી૦ જાગીરદારી
**જાગૃત** વિ૦ [स. जाग्रत् પરથી અશુદ્ધ રૂપ સર૦ म] જાગેલું, જાગતું, જાગ્રત **૰તા** સ્ત્રી૦, **-તિ** સ્ત્રી૦ જુઓ જાગર્તિ; જાગતાપણું (૨) [લા] ચપળતા, ચેતન
**જાગો** વિ૦ પું૦ ['જાગવું' ઉપરથી] જાગનારો (૨) જાગ્રત, સાવધ, અપ્રમાદી
**જાગ્રત** વિ૦ [स] જાગતું (૨) હોશિયાર, સાવધ. **-દવસ્થા** સ્ત્રી૦ [+अवस्था] જાગૃતિની અવસ્થા (૨) ચિત્તની ત્રણ દશામાંની એક
**જાચક** પું૦ [स. याचक], **૰વૃત્તિ** સ્ત્રી૦, **-ના** સ્ત્રી૦, **-વું** સ૦ક્રિ૦ [सं याच्] જુઓ અનુક્રમે યાચક, યાચકવૃત્તિ યાચના, યાચવું
**જાચું** વિ૦ ['જાચવું' ઉપરથી] કંટાળો આવે તેટલા કાલાવાલા કરનારું (૨) માગેલું. **-ચાવેડા** પું૦ બ૦વ૦ માગણના જેવું વર્તન, દૈન્ય
**જાચું** વિ૦ [स जात्य, प्रा. जच्च=કુલીન, શ્રેષ્ઠ] અભિજાત, ઉત્તમ
**જાજમ** સ્ત્રી૦ [तुर्की, हिं जाजिम, म जाज, जाजीम] પહોળું, જાડું એક પાથરણું
**જાજરમાન** વિ૦ જુઓ જાજ્વલ્યમાન (૨) તરત પારખું દેખાડે એવું (૩) કરડા મિજાજનું, રૂઆબદાર, તેજીલું
**જાજરું** વિ૦ [स जर्जर, प्रा जज्जर] તરત નાશ પામે એવું, બિચારું, પામર (૨) જરી ગયેલું, પાંખા વણાટનું
**જાજરૂ** પું૦,ન૦[फा जायेजरूर]સંડાસ,પાયખાનું
**જાજુલમાન** વિ૦ + [स जाज्वल्यमान] જુઓ જાજરમાન
**જાજ્વલતી** વિ૦સ્ત્રી૦[स]ચળકતી,જાજ્વલ્યમાન
**જાજ્વલ્યમાન** વિ૦ [स] પ્રકાશથી ઝગઝગતું, દેદીપ્યમાન
**જાટ** વિ૦ [प्रा जट्ट, સર૦ हिं, म] રજપૂતોની એક જાતનું (૨) પું૦ તે જાતનો આદમી (૩) સ્ત્રી૦ ઘેટાંબકરાંના વાળ
**જાડ** સ્ત્રી૦, **૰પણું** ન૦, **-ડાઈ**, **-ડાશ** સ્ત્રી૦ [જુઓ 'જાડું'] જાડાપણું. **-ડિયું** વિ૦ જાડું

(જરા કટાક્ષમાં) ૦ધરું વિ૦ જડ, જાડી કે મોંભાગ્ય બુદ્ધિવાળું

જાડું વિ૦[મ जड, પ્રા जड्डु, સર૦મ जाड(–डा)] ળદાર (૨) ચરબીથી ભરેલું (૩) ઘાટું (૪) ઝીણું નહિ એવું (૫) ખોખરું; ભારે (૬) [લા] મંદ બુદ્ધિવાળું (૭) અશિષ્ટ, ગામડિયું (૮) ઓછી ઝીણવટવાળું (જેમ કે, એનું કામ જગ જાડું હોય ખરું.) [–ખદડ=ઠાસીને વણેલું, જાડું (જાડા સૂતરનું). –ધમ્મખડ= જાડું ને મજબૂત –પાતળું=જાડું કે પાતળું ગમે તેવું, જેવું હોય તેવું કે તેટલું –બમ્મખડ વિ૦ જાડું, ઘટ્ટ (દૂધ માટે)] ૦બ(–ભ)મ વિ૦ ખૂબ જાડું. ૦રે(–રો)ડ વિ૦ રગડા જેવું જાડું–ઘટ

જાડેજો પું૦ રજપૂતોની એક જાતનો માણસ

જાડ્ય ન૦ [સ] જડતા (બુદ્ધિની)

જાણ વિ૦ ['જાણવું' ઉપરથી, સ जानत्, પ્રા ] જાણનાર(૨)ઓળખાણવાળું, પરિચિત ૦પણ (–ણું) ન૦ માહિતગારપણું (૨) આવડ, જ્ઞાન

જાણ (ણ,) સ્ત્રી૦ [જાણવું પરથી] જાણવું તે, જ્ઞાન, માહિતી(૨)ઓળખાણ ૦કાર વિ૦ (૨) પું૦ જાણનાર ૦(–ન)પિછાણ(–ન) સ્ત્રી૦ ઓળખાણપિછાન [જાણનાર

જાણણ(–ન)હાર(–રું) વિ૦['જાણવું'ઉપરથી]

જાણતલ વિ૦ ['જાણવું' ઉપરથી] જાણકાર

જાણભેદુ વિ૦ [સ જ્ઞાન, પ્રા. जाण+ભેદુ ?] વાતનો ભેદ જાણનાર, અંદરની વાત જાણતું

જાણવું સ૦ક્રિ૦ [સ. ज्ञा, પ્રા जाण] (કશા વિષે) ખબર, માહિતી, સમજ, જ્ઞાન, આવડ કે પરિચય વગેરે હોવું કે પામવું (૨) [સર૦ हिं जानना] માનવું, કલ્પવું (જેમ કે, હું જાણું કે તે કરશે) [જાણી જોઈ(૦ને), જાણી બૂઝી(૦ને)=જાણતાં છતાં, ઇરાદાથી]

જાણીતું વિ૦ [સં. ज्ञात, પ્રા. जाणिअ] ઓળખીતું (૨) અનુભવી (૩) પ્રસિદ્ધ

જાણે, જાણે કે અ૦ [સર૦ અપ जणि(–णु), મ जणु=સ इव] 'એવું જ હોય ને' એવી ઉત્પ્રેક્ષા બતાવતો શબ્દ (૨) [સ जाने, પ્રા जाणे] 'માનો કે' એવો ભાવ બતાવતો શબ્દ

જાણે(–ણ્યે)અજાણે(–ણ્યે) અ૦ જાણતાં કે અજાણતાં; વગર ઇરાદે

જાત વિ૦ [સ] જન્મેલું, ઉત્પન્ન થયેલું ૦ક ન૦ જાતકર્મ (૨)જન્માક્ષર, જન્મકુંડળી (૩) બુદ્ધ ભગવાનના પૂર્વજન્મની કથા, જાતકકથા ૦કર્મ ન૦(જન્મ વેળા કરાતો)સોળ સંસ્કારમાંનો એક ૦મૃત વિ૦ મરેલું અવતરેલું

જાત (ત,) સ્ત્રી૦ [સ जाति] જાતિ, વર્ગ (૨) ખાનદાન કુલ (ઉદા તું તારી જાત ઉપર ગયો) (૩) નાત, જ્ઞાતિ (૪) પંડ, દેહ [સર૦ અ जात] (૫) [લા] મૂળ સ્વભાવ (૬) [સમાસના પૂર્વપદ તરીકે] 'જાતનું–પોતાનું', 'આપ' એ અર્થમાં [–ઉપર જવું=જાતિસ્વભાવ કે મૂળસ્વભાવ દાખવવો (૨) મિજાજ કરવો –ચોરવી=કામ કરવામાં પૂરી શક્તિ ન વાપરવી (૨)ન્યાત છુપાવવી –જણાવી= મૂળ જાતિ કે કુલના સ્વભાવનું લક્ષણ પ્રગટ થવું, પરખાવું, પોત પ્રકાશવું –જાતનું=વિવિધ, અનેક જાતનું, ચિત્રવિચિત્ર –તોડવી= તનતોડ મહેનત કરવી –નું અડધું=તકલાદી શરીરનું, નબળા બાંધાનું –બોળવી=ભ્રષ્ટાચાર કરવો(૨)વટલાવું –માં લેવાવું=ખાનદાનીની દૃષ્ટિએ પ્રતિષ્ઠાને હાનિ ન પહોંચે માટે નુકસાન વેઠવું જાતે ને જીવે=એક પોતે જ, એકલું, એ ભાવ દર્શાવે જેમ કે, જાતે ને જીવે જે કહો તે એ છે] ૦અનુભવ પું૦ પોતાનો જ અનુભવ. ૦કમાઈ સ્ત્રી૦ પોતે જાતે કરેલી કમાણી ૦જમાત સ્ત્રી૦ આખી નાતની જમાત–સમૂહ ૦નું વિ૦ જાતે, જાતિથી. (ઉદા૦ જાતનો કોણ છે એ ?) ૦બુદ્ધિ સ્ત્રી૦ પોતાની બુદ્ધિ (પારકાની શિખવણી વિનાની) ૦ભાઈ પું૦ જાતિભાઈ ૦મહેનત સ્ત્રી૦ જાતે કરેલી મહેનત, સ્વાશ્રય (૨) શરીરશ્રમ. ૦મુચરકો પું૦ પોતે જ પોતાના જામિન થવું તે ૦રખું વિ૦ જાત સાચવનારું, સ્વાર્થી. ૦લખાણ ન૦ પોતે લખેલું લખાણ ૦વંત, ૦વાન વિ૦ ઊંચા ખાનદાન કે ઓલાદનું ૦સ્વભાવ પું૦ જાતિસ્વભાવ, કુળનો–બાપદાદાનો સ્વભાવ

જાતર સ્ત્રી૦ [स यात्रा] વાઘરી ઇત્યાદિ પાડા, બકરાનો ક્રૂર વધ કરી દેવીનો ઉત્સવ કરે છે તે (૨) [ક] જાત્રા,
જાતકાર પું૦ + ઝાતકાર, ઝગઝગાટ
જાતવેદ(-દા) પું૦ [સં] અગ્નિ
જાતિ સ્ત્રી૦ [स] કુળ, વર્ણ કે નાત તથા યોનિના ભેદસૂચક વર્ગ・સમુદાય ઉદા૦ 'મનુષ્યજાતિ,' 'આર્યજાતિ', 'ક્ષત્રિયજાતિ'(૨)[વ્યા]લિંગભેદ-સૂચક વર્ગ(૩)[ન્યા]અમુક વર્ગની જુદી જુદી વ્યક્તિઓમાં રહેલો સમાન ધર્મ(૪)માત્રામેળના બંધારણવાળો એક છંદવિભાગ ૦દ્વેષ પું૦ જાતિ જાતિ વચ્ચેનો દ્વેષ ૦ધર્મ પું૦ દરેક જાતિની વિશિષ્ટ ફરજ(૨)એક આખી જાતિનો વિશિષ્ટ સ્વભાવ ૦ભાઈ પું૦ એક જ જાતિ કે જ્ઞાતિનો હોઈ ભાઈ ૦ભેદ પું૦ જાતિ જાતિ વચ્ચેનો તફાવત. ૦ભ્રષ્ટ વિ૦ જાતિમાંથી ભ્રષ્ટ થયેલું,ન્યાત બહાર ૦ભ્રંશ પું૦ જાતિભ્રષ્ટ થવું તે ૦મીમાંસા સ્ત્રી૦ જાતિઓના ગુણધર્મ ચર્ચતું શાસ્ત્ર, 'એથ્નોલૉજી' ૦લક્ષણ ન૦ જાતિનું લક્ષણ-વિશિષ્ટતા. ૦વહેવાર પું૦ જ્ઞાતિ જ્ઞાતિ વચ્ચેનો ખાધાપીધાનો વ્યવહાર. ૦વાચક વિ૦ જાતિ બતાવનારું (વ્યા) ૦વાદ પું૦ જાતિ વ્યક્તિથી ભિન્ન રહી શકે છે તેવો વાદ, 'રિયેલિઝમ' (ન્યા) ૦વિશિષ્ટ વિ૦ અમુક વ્યક્તિનો બોધ કરાવવા સાથે જ તે વ્યક્તિમાં રહેલી જાતિનો પણ બોધ કરાવે તેવો (શબ્દ) [ન્યા] ૦વિશિષ્ટત્વ ન૦ જાતિલક્ષણ, 'કૉનોટેશન' [ન્યા] ૦વિશેષ પું૦ (પ્રા વિ) અમુક ખાસ જાતિભેદ, 'સ્પીશીઝ' ૦વેર ન૦ કુદરતી વેર. ૦વ્યવહાર પું૦ જુઓ જાતિ વહેવાર. ૦શબ્દ પું૦ જાતિવાચક શબ્દ, સામાન્ય નામ ૦સ્મર વિ૦[સ]જાતિસ્મરણ-વાળું ૦સ્મરણ ન૦ પૂર્વજન્મનું સ્મરણ ૦સ્વભાવ પું૦ જાતિ કે કોમનો વિશિષ્ટ સ્વભાવ (૨) પોતાનો સ્વભાવ
જાતીય વિ૦[સ.]જાતિનું, -ને લગતું(૨)સ્ત્રીપુરુષ સંબંધને લગતું, 'સેક્સ્યુઅલ' [સ્વજાતીય
જાતીલું વિ૦ ['જાતિ' ઉપરથી] પોતાની જાતિનું,
જાતુધાન પું૦ [સં.] રાક્ષસ
જાતુષ વિ૦[સ]લાખનું બનાવેલું કે તે વડે રસેલું
જાતે (તે,) અ૦ ['જાત' ઉપરથી] પોતે, પંડે (૨) જાતિથી, જાતિ પ્રમાણે (ઉદા૦ તે જાતે કોણ છે?)
જાત્ય વિ૦[સ] મૂલકોણીય,'રાઈટ ઍન્ગલ'(ગ) (૨) જુઓ જાત્યુ ૦પ્રક્ષેપ પું૦ 'ઑર્થૉગોનલ પ્રોજેક્શન' (ગ). ૦પ્રતિષ્ઠાપક પું૦ 'રેક્ટૅંગ્યુલર કો-ઑર્ડિનેટ્સ' (ગ). ૦ચતુષ્કોણ પું૦ લંબચોરસ 'રેક્ટૅન્ગલ
જાત્યંધ વિ૦ [स] જન્મથી આંધળું
જાત્યભિમાન ન૦[સ]પોતાની જાતિનું અભિમાન
જાત્રા સ્ત્રી૦ [સં यात्रा] તીર્થોની મુસાફરીએ જવું તે (૨) દેવ કે મહાપુરુષને નિમિત્તે થતો મોટો સમારંભ કે મેળો (૩) છોકરાપણનો માર્ગ ૦ળુ પું૦ (૨) વિ૦ જાત્રા કરવા જનાર
જાથુ(-થૂક) અ૦[સર૦ म जाथू] હમેશ રહે-ચાલ્યા કરે એમ
જાદર ન૦ [दे जद्दर] એક જાતનું ધોળું રેશમી કપડું [-નું કપડું=કન્યાને પરણાવતાં પહેરાવાય છે તે — જાદર]
જાદરિયું ન૦ જુવાર કે ઘઉંના પોકનો લાડુ
જાદવ પું૦ જુઓ યાદવ ૦રાય પું૦ (સ) શ્રીકૃષ્ણ. -વાસ્થળી સ્ત્રી૦ જાદવોની અંદર અંદર થયેલી લડાઈ (૨) [લા] એક વર્ગનાં માણસોની માંહોમાંહેની લડાઈ -વી સ્ત્રી૦ યાદવી, જાદવાસ્થળી (૨) (સ) દુર્ગા
જાદી સ્ત્રી૦ [फा] દીકરી (જેમ કે, શાહજાદી)
જાદુ,-દૂ [फा] પું૦; ન૦ મંત્રતંત્ર કે હાથ-ચાલાકીનું કામ ૦(-દૂ)ઈ વિ૦ જાદુથી થયેલું, ચમત્કારી, વિલક્ષણ ૦(-દૂ)કપટ ન૦ જાદુ અને કપટ ૦(-દૂ)ખોર(-રો) વિ૦ પું૦ જાદુ જાણનાર, જાદુગર ૦(-દૂ)ગ(-ગી)ર પું૦ જાદુનું કામ કરનાર. ૦(-દૂ)ગ(-ગી)રી સ્ત્રી૦ જાદુની વિદ્યા (૨) જાદુનું કામ ૦(-દૂ)ગારું વિ૦ જાદુઈ અસર કરે એવું, માયાવી, મોહક. ૦(-દૂ)ટોણાં ન૦ બ૦ વ૦ જાદુ-મંતરજંતરના નાના નાના પ્રયોગો ૦(-દૂ)મંતર પું૦ જાદુનો મંત્ર
જાદે વિ૦ [अ ज़ियादह] જ્યાદા, વધારે
જાદો પું૦ [फा] દીકરો (જેમ કે, શાહજાદો)

જાન સ્ત્રી૦ [दे जन्ना, जाणण] લગ્નમા વર સાથે જનારાઓનો સમૂહ [–જોડવી –મેળવવી, –સૂંઢાડવી = જાનને તૈયાર કરી લઈ જવાની ધામધૂમ કરવી જાનમાં જવું, જાને જવું = વર પરણાવવા જવું જાને આવવું = જાનૈયા થઈને આવવુ (૨) [લા] આગતા-સ્વાગતાની અપેક્ષા મનમા રાખવી (જાનૈયા પેઠે) ]

જાન ન૦ [फा ज़ियान? સર૦ म] નુકસાન, હાનિ (–કરવું,–થવું) (૨) પુ૦ [फा] જીવ, પ્રાણ. (૩) [લા] પ્રાણપ્રિય માણસ (૪) દમ; શક્તિ [–આપવો = જીવ આપવો, –ને ખાતર પોતાનો જીવ જતો કરવો જાનથી બેજાન કરવું = મારી નાખવું, ભયકર નુકસાન કરવુ –પર આવવું = જીવ પર જોખમ આવવુ(૨) મરણિયા થવુ –પર કરવું = જીવના જોખમે કરવુ –લેવો = મારી નાખવું ] ૦ગરું વિ૦ નુકસાન કરનાર (૨) જાન દીવે યા નુકસાન ખમ્યે મળે એવું ૦નિસાર વિ૦ [फा] પ્રાણને ભોગે સેવા કે ભક્તિ કરે એવુ ૦ફિશાની સ્ત્રી૦ [फा] પ્રાણાર્પણ ૦માલ પુ૦ જીવ અને માલમતા ૦વર ન૦ [फा] જનાવર, પશુ (૨) [લા] વાઘવરુ જેવુ હિંસ્ર પશુ [શમ

જાનકી સ્ત્રી૦[स](સ ) સીતા ૦નાથ પુ૦(સ )

જાનપદ વિ૦ [सं] ગામડાનુ, –ને લગતુ (૨) પુ૦ ગામડિયો ('પૌર'થી ઊલટો) (૩) દેશ

જાનપિછાણ(–ન) સ્ત્રી૦ જુઓ જાણપિછાણ

જાનફિશાની સ્ત્રી૦ [फा.] જુઓ 'જાન'[फा]મા

જાનરડી સ્ત્રી૦ ['જાન' ઉપરથી] જાનમાની સ્ત્રી

જાનવર ન૦ [फा] જુઓ 'જાન' [फा]મા

જાનાં સ્ત્રી૦ [फा] માશૂક, પ્રિયા

જાની વિ૦ [फा] જાન સમુ પ્રિય (૨) જીવલેણ

જાની પુ૦ [स याज्ञिक] યજ્ઞ કરાવનાર, પુરોહિત (૨) એક બ્રાહ્મણ અટક

જાનીવાસો પુ૦ [જાન + વાસો, સર૦ म जान(–नि)वसा, हिं जनवास] જાનનો ઉતારો. [–કાણો થવો = માગતિયાઓમા કાટકૂટ પડવી, ઘરની એબ બહાર આવવી ]

જાનુ સ્ત્રી૦ [स] ઘૂટણ

જાનેવારી પુ૦ જુઓ જાન્યુઆરી

જાનૈયો પુ૦ ['જાન' ઉપરથી] જાનમાં જનાર પુરુષ

જાનોતર [સર૦ દે जन्नत्ता] સ્ત્રી૦ જાન (લગ્નની)

જાન્યુઆરી પું૦ [इ] ખ્રિસ્તી પહેલો મહિનો

જાન્વસ્થિ ન૦ [म] જાનુનુ હાડકુ, ઢાંકણી, 'ની-કૅપ' [કનારો જપિયો

જાપ પુ૦ [स] જપ ૦ક [सं], –પી પુ૦ જાપ

જાપતો પુ૦ [अ ज़ाब्तह्] પાકો બંદોબસ્ત, જાપ્તો, કાબૂ; તકેદારી [–મૂકવો = ચોકી પહેરો જેવો બંદોબસ્ત કરવો કે ગોઠવવો. –રાખવો = કાબૂમા રાખવુ, બંદોબસ્ત કરી સભાળવુ જાપતામાં રાખવું = અકુશ કે કાબૂમા રાખવું, સાચવવુ ]

જાપાની વિ૦ [इ Japan મૂળ 'निप्पोन = સૂર્યોદય' ઉપરથી] જપાન દેશનુ કે તેને લગતુ (૨) [લા] તકલાદી (૩) સ્ત્રી૦ જાપાનની ભાષા (૪) પું૦ જાપાનનો વતની

જાપી પુ૦ જુઓ 'જપ'મા

જાપ્તો પું૦ જુઓ જાપતો [ઉજાણી

જાફત સ્ત્રી૦ [જુઓ જિયાફત] મિજમાની,

જાફરમાની વિ૦ ['જાફરાન' ઉપરથી, સર૦ म जाफ़रमाना(–नी)] કેસરના રગનુ

જાફરાન ન૦ [अ] કેસર

જાફરાબાદી વિ૦ જાફરાબાદ શહેરનુ કે તેને લગતુ (ભેંસ, ઘી ઇ૦ માટે મુખ્યત્વે વપરાય છે)

જાફરાં(–રિયાં) ન૦બ૦વ૦ ['જાફરાન' (કેસરના તાંતણા) ઉપરથી ?] લાબા કેશ (ખાસ કરીને અવ્યવસ્થિત) (૨) બાબરા –રું,–રિયું, –રિયાળું વિ૦ જાફરાવાળુ

જાફાટ ન૦ બેદરકારી

જાબજા અ૦ [फा.] ઠેકઠેકાણે જહીં તહીં (૨) અતિશય, વધારેપડતુ

જાબર વિ૦ (કા) મરવા પડેલુ, વૃદ્ધ

જાબાલિ પુ૦ [सं] (સ ) એક ઋષિ

જામ પું૦, ન૦ [फा.] પ્યાલો

જામ પુ૦ [फा जामह् પરથી ?] જામસાહેબ-જામનગરના દરબારનો ઇલકાબ(૨)[हिं. याम] એક પહોર (૩) [?] જામફળ

જામગરી સ્ત્રી૦ [સર૦ हिं. जामगी(–गिरी), म०

जामगी, फा जामगी પરથી?] બ દૂક કે તોપના દારૂને સળગાવવા માટેની કાકડી–પલીતો [–ચાંપવી, –મૂકવી, –સળગાવવી = તોપ બદૂકનો પલીતો સળગાવવો (૨) (લા) ઉશ્કેરણી કરવી, –સળગાવવું]

**જામણ** ન૦['જામવુ' ઉપરથી]જામવું–બધાવુ તે (૨) અધકરણ, મેળવણ

**જામદગ્ન્ય** પુ૦[सं](મં.) જમદગ્નિના પુત્ર–[પરશુરામ

**જામદાની** સ્ત્રી૦ [फा. जामह्+दानी(फा)] એક જાતનુ ભાતીગર સુતરાઉ કપડું (૨) ચામડાની થેલી

**જામદાર** પુ૦[फा जामह्+दार(फा)]જામદાર-ખાનાનો ઉપરી. ૦ખાનું ન૦ જવાહિર, દાગીના, રોકડ વગેરે કીમતી વસ્તુઓ રાખવાની જગા

**જામ(–મિ)ની** સ્ત્રી૦[सं. यामिनी, प्रा जामिणी] રાત

**જામફળ** ન૦ એક ફળ–જમરૂખ. –ળી સ્ત્રી૦ [જામફળનુ ઝાડ (૨) તેની વાડી

**જામવું** અ૦ક્રિ૦ [अ जमअ પરથી]એકઠું થવું, છૂટા છૂટા તત્ત્વોનુ એકત્ર થવું (જેમ કે ટોળુ જામ્યુ, કચરો, મેલ જામ્યો) (૨) ઘન થવુ, ઠરવું, બાઝવું, બધાવુ (જેમ કે દૂધ, બરફ જામવાં) (૩) સ્થિર કે દૃઢ થવુ (જેમ કે ખીલો જામવો) (૪) બરોબર ચાલવુ, પૂરુ રંગમા આવવુ, પુરબહાર થવુ, મચવુ (જેમ કે મૈત્રી, ધધો, યુદ્ધ જામવાં) [જામી જવી = ઠરવી, ઝવડો થઈ જવો, લડી પડવુ]

**જામાતા(–તૃ,–ત્ર)** પુ૦ [सं] જમાઈ

**જામિની** સ્ત્રી૦ [सं यामिनी] જામની, રાત્રિ

**જામિ(–મી)ન** પું૦ [अ] બીજાની જોખમદારી પોતા પર લઈ તે વિષે કબૂલાત આપનારો [–આપવા = બાયધરી આપવી –થવું = બીજાની જોખમદારી પોતા પર લેવાની કબૂલાત આપવી –પર છૂટવું = જામીન આપીને (અટકાયતમાથી) છૂટવુ –માગવા, –લેવા = બાયધરી લેવી–માગવી.] ૦ખત ન૦ જામીન તરીકેનો લેખી કરાર. ૦ગીરી, –ની સ્ત્રી૦ જામીન થવુ તે, ખાતરી આપવી તે

**જામો** પુ૦ [फा] મોટા ઘેરવાળો ઘણો જ નીચો એવો એક જાતનો અગરખો

**જાયકો** પુ૦ [अ जाइकह] સ્વાદ; લહેજત

**જાયદાદ** સ્ત્રી૦ [फा] માલમિલકત, જાગીર

**જાયનશીન** પું૦[फा] હકદાર, ગાદીએ બેસનાર

**જાયપત્રી** સ્ત્રી૦ [સર૦ हिं, म., स जातिपत्री] જાયફળ ઉપરનુ સુગંધીદાર છોડું, જાવત્રી

**જાયફળ** ન૦ [स जातिफल] એક ફળ–તેજાનો

**જાયા** સ્ત્રી૦ [स] સ્ત્રી, પત્ની ૦પતિ(–તી) ન૦ બ૦વ૦ પતિપત્ની, દંપતી

**જાયું** વિ૦ ['જાવુ' = જન્મવું ઉપરથી, स जात, प्रा. जाय] જન્મેલુ (સ્ત્રી૦ જાઈ) –યો પું૦ પુત્ર (૨) વિ૦પુ૦ જણ્યો, જન્મેલો

**જાર** (૨,) સ્ત્રી૦ [दे जुआरी, जोवारि] એક અનાજ, જુવાર ૦બાજરી સ્ત્રી૦ [લા] ભરણ-પોષણ [–થઈ જવું = સોંઘુ સસ્તુ થઈ જવું, મહત્ત્વ ઘટી જવું]

**જાર** પુ૦ [स] પરસ્ત્રી સાથે પ્રીતિ કરનાર, યાર ૦કર્મ ન૦ વ્યભિચાર ૦કર્મી વિ૦ વ્યભિચારી. ૦જ વિ૦ વ્યભિચારથી જન્મેલુ ૦પ્રીત સ્ત્રી૦ જાર સાથેની પ્રીતિ

**જારણ(–ણું)** ન૦[स] માણસ રોગી થઈ જાય તેવો મત્ર–પ્રયોગ (૨) વશીકરણ

**જારત** સ્ત્રી૦ [જુઓ જિયારત] મુસલમાનોમા મરણને ત્રીજે દિવસે કરવામાં આવતી ઉઠમણાની ક્રિયા

**જારવું** સ૦ક્રિ૦ [स जृ–जारय પરથી]જીર્ણ કરવું

**જારિણી** સ્ત્રી૦ [स] વ્યભિચારિણી

**જારી(–રુ)** અ૦ [अ] ચાલુ

**જારી** સ્ત્રી૦ [स जार ઉપરથી] જુઓ જારકર્મ. ૦વિજારી સ્ત્રી૦ પકડાય નહિ અથવા શક ન પડે એવો વ્યભિચાર

**જારૂ** અ૦ [अ जारी] જારી, ચાલુ

**જારું** ન૦ [स जार ઉપરથી] જુઓ જારકર્મ

**જાલ(–ળ)** સ્ત્રી૦ [सं] માછલા, પખી વગેરે પકડવા માટેની જાળી (૨) ઘણી વસ્તુઓ ગૂંચવાઈને થયેલુ જાળું (૩) [સર૦ हिं, अ जअल] ફદો, ફરેબ [જાળમાં ફસાવું = છેતરાવું, કપટમા સપડાવું –ગોઠવવી, –નાંખવી, –પાથરવી, –ફેલાવવી, –બિછાવવી = પશુપખી પકડવાને જાળ તૈયાર કરવી (૨)

ફસાવવા માટે પેતરો રચવો, ફાસલો ગોઠવવો ]

જાલગર્દભ ન૦ [સં] એક ચામડીનો રોગ

જાલમ વિ૦ જુઓ જાલિમ ૦ગીર વિ૦ જુલમ કરવામાં પૂરું. –મી સ્ત્રી૦ ક્રૂરતા, જાલમપણું

જાલિમ વિ૦ [અ.] જુલમી, નિર્દય ૦પણું ન૦

જાલી વિ૦ [હિં.; જુઓ 'જાલ' (૩)] કપટી, બનાવટી, જૂઠું

જાવ સ્ત્રી૦ [સં. યાપય, પ્રા. જાવ, જુઓ જવું, સર૦ મ જાવા] જવાની ક્રિયા ૦આવ સ્ત્રી૦ [+ આવવું] જાઆવ

જાવક વિ૦ [જુઓ જાવ] બહાર જતું કે મોકલાતું (૨) સ્ત્રી૦ બહાર મોકલેલું તે (૩) ખરચ, ઉધારેલી રકમ (૪) પું૦ [સં યાવક] (લાખિયો) લાલ રંગ ૦બારનીશી સ્ત્રી૦ [સર૦ મ] જાવક પત્રોની નોંધપોથી [જિંદગી પર્યંત

જાવજ્જીવ અ૦ [સં યાવજ્જીવ પ્રા જાવજ્જીવ]

જાવડભાવડ અ૦ જેવું તેવું, અધૂરું, તકલાદી

જાવત અ૦ [સં યાવત્] જ્યાં સુધી ૦ચંદ્રદિવાકરૌ શ૦ પ્ર૦ જુઓ યાવચ્ચંદ્રદિવાકરૌ

જાવરી સ્ત્રી૦ [સં જ્વર પરી ?] ચોખા અને દાળનું (મગનું પથ્ય) એવું હલકું ખાણું (વૈદ્યો તાવમાં ભલામણ કરે છે)

જાવરું(-ણું) વિ૦ [સં જૂ ?] જીર્ણ, ઘસાઈ ગયેલું (૨) દાઝણગુર (૩) નાજુક

જાવલી સ્ત્રી૦ [જુઓ ઝાવલી] ખજૂરીના પાંદડાની સાદડી [પડ, કાળજી

જાવણું વિ૦ જુઓ જાવરું (૨) ન૦ ગર્ભનું પાણી

જાવત્રી(-તરી) સ્ત્રી૦ [સર૦ હિં જાવિત્રી, મ જાવત્રી] જુઓ જાયપત્રી

જાવા ન૦ (સં) હિંદી મહાસાગરનો એક બેટ

જાવું અ૦ક્રિ૦ [સં યા, પ્રા જા] જવું (કા.)

જાવું અ૦ ક્રિ૦ [સં. જન્, પ્રા જા] જન્મવું (૨) સ૦ક્રિ૦ જન્મ દેવો, જણવું

જાવેદાન વિ૦ [ફા. જાવિદાન] હમેશનું, કાયમી (૨) અ૦ હમેશ (૩) સ્ત્રી૦ પરલોક –ની સ્ત્રી૦ કાયમીપણું, નિત્યતા

જાસક વિ૦ પુષ્કળ, જોઈએ તે કરતા વધુ

જાસ(-હ)કિયાં ન૦બ૦વ૦ પુષ્કળતા [–ઊડવાં = ખૂબ ખાણપાણી થવું.]

જાસલ વિ૦ (કા) માફલું; દુર્બળ, તકલાદી

જાસવેણ સ્ત્રી૦ [સં જપાસુમનસ્, પ્રા જાસુમણ] જુઓ જાસુ

જાસા(-હા)ચિઠ્ઠી સ્ત્રી૦ જાસાનું કારણ દર્શાવતી ચિઠ્ઠી [–બાંધવી = જાસાની ચિઠ્ઠી છાનીમાની ક્યાંય લગાવવી, મૂકવી]

જાસુ, જાસૂદ(-દી) સ્ત્રી૦ [જુઓ જાસવેણ, સર૦ મ જાસુદ(-દી)] એક ફૂલઝાડ

જાસૂસ પું૦ [અ] શત્રુની છૂપી રીતે બાતમી જાણી લાવનાર (૨) કાસદ –સી સ્ત્રી૦ છૂપી બાતમી લાવવાનું કામ

જાસો(-હો) પું૦ અંગત વેર વાળવા લોકો પર કરાતી જબરદસ્તી (૨) તેને માટે અપાતી છૂપી ધમકી (–કરવો)

જાસ્ત વિ૦ [ફા.] જોઈએ તેના કરતા વધારે. –સ્તી વિ૦ જુઓ જાસ્ત (૨) સ્ત્રી૦ જુલમ, જબરદસ્તી [–ગુજારવી = બળાત્કાર–અત્યાચાર કરવો] [જાસૂદીનું ફૂલ

જાસ્વંદ ન૦ [જુઓ જાસવેણ, સર૦ મ]

જાહકિયાં ન૦બ૦વ૦ જુઓ જાસકિયાં, પુષ્કળતા

જાહરે અ૦ + જ્યારે (પ.)

જાહાચિઠ્ઠી સ્ત્રી૦ જુઓ જાસાચિઠ્ઠી

જાહિ(-હે)દ વિ૦(૨)પું૦ [અ] ભક્ત, તપસ્વી

જાહિલ વિ૦ જુઓ જાહેલ

જાહેદ જુઓ જાહિદ

જાહેર વિ૦ [અ જાહિર] ગુપ્ત નહિ એવું, લોકને જાણીતું (૨) સાર્વજનિક [–માં આવવું = પ્રસિદ્ધ કે જાણીતું થવું (૨) ખુલ્લું પડવું, બહાર પડવું] ૦ખબર સ્ત્રી૦ સૌ કોઈની જાણ માટેની ખબર (૨) તેને માટે લખાણ છપાણ વગેરેનું લેવાતું સાધન [–આપવી, –લેવી, –મૂકવી, –મોકલવી (છાપામાં).] ૦દારી સ્ત્રી૦ જાહેરમાં દેખાડો કરવો તે, ઠાઠ, ડોળ. ૦નામું ન૦ જાહેર ખબર, ઢંઢેરો [–કાઢવું = તે બહાર પાડવું, જાહેર કરવું] ૦સભા સ્ત્રી૦ જાહેર જગાએ અને સૌને માટે થતી સભા ૦સેવા સ્ત્રી૦ લોકસેવા

જાહેરાત સ્ત્રી૦ [અ જાહિરાત] જાહેર કરવાની ક્રિયા, પ્રસિદ્ધિ (૨) જાહેરખબર (૩) અ૦

છડેચોક, ચાહુન. ૦દાર પું૦ પ્રસિદ્ધિ કરવાનું કામ કરનાર, 'પબ્લિસિટી ઑફિસર'

જાહેલ વિ૦ [જુઓ જહાલ] ઉગ્ર, આકળું, ઝટ તપી જાય એવું

જાહો પું૦ જુઓ જમો [વૈભવ

જાહોજલાલી સ્ત્રી૦ [ફ़ा.] દબદબો, આબાદી,

જાહ્નવી સ્ત્રી૦ [सं] (સ ) ગંગા નદી

જાળ સ્ત્રી૦ જુઓ જાલ (૨) ભમરડો ફેરવવાની દોરી ૦ખોડ સ્ત્રી૦ જાળાઝાખરાં ઇ૦

જાળક પું૦ ['જાળવવું' ઉપરથી] + જાળવનારો

જાળવણી સ્ત્રી૦ [दे. जालवणी] જાળવવું તે, સંભાળ, સાચવણી [સાચવવું

જાળવવું સ૦ક્રિ૦ [જુઓ જાળવણી] સંભાળવું;

જાળવાળિયું ન૦ વણું જ ઝીણું કપડું (૨) જાળિયું

જાળાવાળા વિ૦ અંગ દેખાય એવા આછા વણાટવાળું (૨) જરી ગયેલું

જાળિયું ન૦ [सं जाल] એક વનસ્પતિ–ઔષધિ (૨) મકાનમાં અજવાળા માટે મૂકેલું બાકું (૩) જાળીદાર ઘુમાડિયું [એક જાળીદાર ઘરેણું

જાળિયો પું૦ [જુઓ જાળિયું] કોટમાં પહેરવાનું

જાળી સ્ત્રી૦ [सं. जाल] વચમાં કાણાં રહે એવી ગૂંથણી કે તેવી બનાવટની વસ્તુ (૨) તેવી ગૂંથણીવાળા વાળાથી કે સળિયાથી ભરેલું બારીબારણાનું કમાડ કે ભીંતનું જાળિયું (૩) ભમરડાની જાળ [–પાડવી, –ભરવી (ભરવા–ગૂંથવામાં), –મૂકવી (ભીંતમાં)] ૦દાર વિ૦ જાળીવાળું

જાળું ન૦ [सं जाल] એકબીજા સાથે ગૂંચવાઈ કે ગૂંથાઈને બનેલું ઝાંકડું, ઝુંડ (જેમ કે છોડ વેલા ઇ૦નું) (૨) કરોળિયાનું બાવું [–બાઝવું (ઘરમાં, કરોળિયાનું)] (૩) આંખની છારી. [–વળવું(આંખમાં)] (૪) જાળ, ફાંસલો (જેમ કે, કપટનું જાળું). –ળાંઝાંખરાં ન૦બ૦વ૦ જાળાં અને ઝાંખરાં

જાંગડ (૦) વિ૦ [म, સર૦ हिं जाकड] જોવા દેખાડવા, મૂલ્ય આપ્યા કે સોદો કર્યા સિવાય, લીધેલું (૨) અ૦ [ગ્રા૦?] ખૂબ ઘેરા અવાજથી

જાંગર (૦) સ્ત્રી૦ [म गृ ઉપરથી ?] શિયાળનું બોલવું તે, લાળી

જાંગલો પું૦ [સર૦ म जागला, सं जांगल પરથી?] ગોરો; ટોપીવાળો (કાંઈક તુચ્છકારમાં) (૨) જંગલી [મોટું ઢોલ (૨) થીચવો

જાંગી સ્ત્રી૦ ['જંગ', 'જંગી' ઉપરથી, સર૦ हिं]

જાંઘ (૦) સ્ત્રી૦ [सं जंघा, સર૦ हिं.] સાથળ, જંઘા [–ઉઘાડી કરવી = હાથે કરીને પોતાની એબ ઉઘાડી કરવી] –ઘિયો પું૦ જાંઘ ઢંકાય એવડો તંગિયો–ચડ્ડી

જાંદર, ૦ણી (૦) સ્ત્રી૦ જુઓ જાનરડી

જાંબુ (૦) ન૦ [सं. जंबु] જાંબુડાનું ફળ ૦ડિયું વિ૦ જાંબુના રંગનું ૦ડું વિ૦ જાંબુના રંગનું (૨) ન૦ જાંબુ ૦ડો પું૦ જાંબુનું ઝાડ ૦વાડિયું ન૦, ૦વાડી સ્ત્રી૦ જાંબુડાની વાડી

જાંબુ(–બૂ)ક પું૦,ન૦ [सं. जंबु(–बू)क] શિયાળ (૨) પું૦ એક જાતની ભૂતયોનિનું માણસ.

જાંબુડી સ્ત્રી૦ લાકડાની ઘાવણી (સુ )

જાંબુવતી સ્ત્રી૦ [सं. जांबवती] (સ ) શ્રીકૃષ્ણની એક રાણી [સેનાનો એક વાનર

જાંબુવાન પું૦ [सं. जांबवान्] (સ ) રામની

જાંબૂક પું૦ (૨) ન૦ જુઓ જાંબુક

જાંબૂનદ ન૦ [सं] સોનું

જિકર સ્ત્રી૦ [જુઓ જક] આગ્રહ, હઠ, મમત (૨) [अ ज़िक्र] કથન, વાતચીત

જિગર ન૦ [फ़ा.] દિલ, હૈયું. (૨) [લા ] દિલોજાન દોસ્ત. [–હોવું = હિંમત હોવી]

જિગીષા સ્ત્રી૦ [सं] જીતવાની ઇચ્છા. –ષુ વિ૦ [सं] જિગીષાવાળું

જિજીવિષા સ્ત્રી૦ [सं] જીવવાની ઇચ્છા

જિજ્ઞાસા સ્ત્રી૦ [सं] જાણવાની ઇચ્છા, જ્ઞાનપ્રાપ્તિની ઇચ્છા –સુ વિ૦ [सं] જિજ્ઞાસાવાળું

જિત વિ૦ [सं जित्] જીતનારું (સમાસને અંતે) ઉદા૦ 'ઇંદ્રજિત'

જિત વિ૦ [सं] જિતાયેલું –તાત્મા વિ૦ જાતને –પોતાની વાસનાઓને જીતી હોય એવું. –તેન્દ્રિય વિ૦ ઇંદ્રિયોને જીતી હોય એવું

જિતાડ(–વ)વું સ૦ ક્રિ૦, જિતાવું અ૦ ક્રિ૦ 'જીતવું'નું કર્મણિ ને પ્રેરક

જિદ્દ સ્ત્રી૦ [अ] જીદ, હઠ. [–પકડવી = હઠ કરવી (ઊલટું –છોડવી)] –દ્દી વિ૦ જક્કી

જિન ન૦ [इं] કપાસ લોઢવાનું કારખાનું
જિન વિ૦[सं] (રાગદ્વેષાદિ ઉપર)જય મેળવનારું (૨)પું૦ બુદ્ધ(૩)જૈન તીર્થંકર(૪)વિષ્ણુ.૦જન પું૦ જૈન ૦ધર્મ પું૦ જૈન ધર્મ. ૦પદ ન૦ જિન તરીકેનું પદ. ૦મંદિર ન૦ જૈન મંદિર. –નેશ્વર,–નેન્દ્ર પું૦ જૈન તીર્થંકર, જિન (૨) બુદ્ધ ભગવાન
જિનત ન૦, ૦નશીન વિ૦ જુઓ 'જનત'મા
જિપ્સી વિ૦ (૨) પું૦ [इं] એ નામની એક રખડાઉ જાતનું માણસ
જિભાળ(–ળું) વિ૦ [જીભ ઉપરથી] બહુબોલું, અસત્ય (૨) ભૂંડું (શબ્દ–ચેણ)
જિમ અ૦ + જેમ (પ.)
જિમખાનું ન૦ [इं. जिमखाना, સર૦ फा. जमूखाना=મોટી શેતરંજી](મેદાની) રમતગમતની મંડળીને ખેલવાની જગા
જિયાફત સ્ત્રી૦ [अ] જાફત, મિજબાની
જિયારત સ્ત્રી૦ [अ] જુઓ જારત
જિયાવર પું૦ વરરાજા
જિરવાવવું સ૦ ક્રિ૦ 'જીરવવું'નું પ્રેરક
જિરાફ ન૦ [इं, अ जराफ़ह] આફ્રિકાનું એક જંગલી પશુ
જિરાયત વિ૦ [अ] જુઓ જરાયત
જિર્ગા પું૦[फा] (સરહદ પ્રાંતની કોમોમાં)પંચ, પરિષદ, સંમેલન
જિલકાદ પું૦ [अ. ज़िल्कअ्दह; સર૦ म जिलकाद] મુસલમાની ૧૧મો મહિનો
જિલહજ પું૦ [अ. ज़िल्हिज्जह, સર૦ म ज़िल्हेज] મુસલમાની ૧૨મો મહિનો
જિલાયત વિ૦ [જુઓ જલ્લો] જિલાનું,–મા હોય એવું [(રસાયણ)
જિલેટીન ન૦[इं] એક પ્રાણિજ ચીકણો પદાર્થ
જિલ્દ સ્ત્રી૦ [अ] પુસ્તકનું ચામડાનું પૂઠું(૨) પુસ્તકનો જુદો બાંધેલો વિભાગ
જિલ્લો પું૦ [अ. ज़िलअ]વિભાગ(૨)કલેક્ટરની હકૂમત નીચે મુકાતો દેશનો ભાગ
જિવાઈ સ્ત્રી૦ [જીવ ઉપરથી] જીવનનિર્વાહ પેટે બાંધી આપેલી રકમ કે જમીન–ગરાસ. ૦દાર વિ૦ જિવાઈ ધરાવનાર
જિવાડણહાર વિ૦ જિવાડનાર [(૨) પોષવું
જિવાડવું સ૦ક્રિ૦ જીવતું કરવું, મરતું બચાવવું
જિવારી સ્ત્રી૦ [સર૦ જિવાળી] તબલું
જિવારો પું૦ [જીવ ઉપરથી] જન્મારો
જિવાવું અ૦ ક્રિ૦ 'જીવવું'નું ભાવે
જિવાળ વિ૦ ['જીવ' ઉપરથી] જીવવાળું, સચેતન (૨) ધનવાળું (૩) દમ–તેજવાળું
જિવાળી સ્ત્રી૦ [સર૦ हिं. जवारी, म जिव्हाळी] તબલાના ચામડા ઉપરનું કાળું વર્તુલ (૨) તંબૂરાના ઝારા પર તારને લગાડાતા દોરા (તેને લઈને સૂર બરોબર મળે ને રણકે છે)
જિષ્ણુ પું૦[सं] (સં) ઇંદ્ર (૨) વિષ્ણુ (૩) વિ૦ ફતેહમંદ, વિજયી
જિસ્મ ન૦ [अ. जिस्म] શરીર
જિસસ, ૦ક્રાઇસ્ટ પું૦ [इं](સં.) ઈશુ ખ્રિસ્ત
જિહાદ સ્ત્રી૦ [अ] જુઓ જેહાદ
જિહાન સ્ત્રી૦ + જહાન
જિહોવા પું૦ [इं] ઈશ્વરનું યહૂદી નામ
જિહ્વા સ્ત્રી૦ [सं]જીભ ૦ગ્ર પું૦,ન૦[+अग्र] જીભનું ટેરવું ૦દોષ પું૦ જીભની–વાચાની ભૂલ ૦મૂલ(–ળ) ન૦ જીભનું મૂળ ૦મૂલીય વિ૦ જીભના મૂળમાંથી બોલાતું ૦લૌલ્ય ન૦ જીભની ચપળતા–લોલુપતા ૦ળી સ્ત્રી૦ શ્વાસ-નળીના આદિમાં આવેલું સૂરનું નિયમન કરનારુ વાચાનું દ્વાર, 'ગ્લોટિસ'
જિંગા ન૦ [सं चिंगट, म झिंगा, हिं झींगा] કાચબાની પેઠે કઠણ કોચલાવાળું એક પ્રાણી
જિંગોડો પું૦ કૂતરા, ગાય, ભેંસ ઇત્યાદિ પશુઓના કાન વગેરે અંગો પર બાઝતો જીવ; જંગોડો –ડી સ્ત્રી૦ નાનો જિંગોડો –ડું ન૦ જિંગોડો (૨) [લા] નાનું છોકરું
જિંજર પું૦[इं] આદુના રસવાળું એક પીણું
જિંદગાની સ્ત્રી૦ [फा] જન્મારો, જિંદગી
જિંદગી સ્ત્રી૦ [फा] જીવન (૨) આયુષ્ય. [–માંથી નીકળી જવું=ખરાબખસ્ત થઈ જવું] ૦ભર અ૦ આખી જિંદગી સુધી
જિંદાન ન૦ [फा] બંદીખાનું [(અડવોળ)
જી પું૦ (ચ) જઈ, પૈસો (જેમ કે બેજી,
જી અ૦ કાવ્યમાં પાદપૂર્તિ માટે વપરાય છે

જી સ્રી૦ [प्रा जीआ, स ज्या ?] માતા, બા

જી અ૦ [सं 'जीव', प्रा. जीअ=ઘણુ જીવો, અથવા स. जयिन्-प्रा जइ ઉપરથી ? સર૦ हिं, म] 'આ રહ્યો', 'વારુ' વગેરે અર્થ બતાવનાર માનવાચક ઉદ્દગાર (પ્રશ્નાર્થક કે 'હા'નો નિશ્ચયાર્થક, જેમ કે, 'જી ?'=શું ?,'જી' =હા, ઠીક) (૨) નામને જોડાતો માનવાચક શબ્દ ઉદા૦ 'પિતાજી'. ૦કાર પુ૦ 'જી' બોલવું તે ૦સાહેબ અ૦ એક માનવાચક ઉદ્દગાર, જી

જીજી સ્રી૦ [જુઓ જી] બા (૨)મોટી મા, દાદી ૦બહેન, ૦બા સ્રી૦ મોટી નણંદ. ૦મા સ્રી૦ ઘરડી મા, દાદી -જો પુ૦ દાદો(૨) [સર૦ हिं जीजा] (સુ) બનેવી

જીણુ સ્રી૦,ન૦ [સર૦ दे झीण=અંગ]કેરીમા ગોટલી પરનુ રુવાટીવાળુ સખત પડ [-બાઝવું =કેરીના મરવાનુ જીણનુ પડ કઠણ થવુ ]

જીત સ્રી૦ ['જીતવુ' ઉપરથી] ફતેહ, વિજય (૨) પુ૦ સંગીતનો એક અલંકાર [રમત

જીતલખોટો પુ૦ [જીતવુ + લખોટો ?] એક બાલ

જીતવું સ૦ ક્રિ૦ [स जि સર૦ प्रा जित्त= જિતાયેલુ] ફતેહ મેળવવી [તેમાનુ બીજ

જીતેલું ન૦ [જુઓ ધીતેલુ] એક ફળ અને

જીદ સ્રી૦ જુઓ જિદ

જીન પુ૦ [अ जिन्न] એક જાતનુ ભૂત (૨)ન૦ [फा. जीन, प्रा जीण] ઘોડાનુ પલાણ ૦ગર પું૦ જીન બનાવનાર ૦પોશ ન૦ જીન ઉપર નાખવાનુ કપડું

જીન ન૦ [સર૦ म ]એક જાતનુ જાડુ મિલનુ કપડુ

જીનો પુ૦[फा ] દાદરબારી, અલગ કાઢેલી સીડી

જીભ સ્રી૦ [स जिह्वा, प्रा जिब्भ] બોલવાની કર્મેન્દ્રિય (૨)વાચા,વાણી (૩) સ્વાદની ઇંદ્રિય (જેમ કે, જીભ ઠેકાણે રાખો )(૪)જોડા પહેરવા માટે એડી આગળ વપરાતી પટીનુ સાધન(૫) ટાંક,અણિયુ [-અટકવી =બોલતા તોતડાવુ -આડી વાળવી=વાંકુ બોલવું (૨) બોલતા અટકવું -આવવી=બોલના આવડવું, જીભ છૂટવી (૨) જીભ ઉપર ગરમી ફૂટી નીકળવી -ઊપડવી=છૂટથી બોલાવું,બોલવાની હિંમત ચાલવી -ઓવારવી=કુરબાન થવુ -કરવી =બહુ બોલવુ, સામુ બોલવું -કઢાવવી= બહુ હેરાન કરવુ (૨) અચંબો ઉપજાવવો. -કરડીને મરવું, મરીજવું=( પ્રાય: શરમના માર્યા) આપઘાત કરવો. -કસોજી કરવી=ગંદા-અપશબ્દ બોલવા. -કાઢવી= ચાળા પાડવા(૨) અચંબો પામવુ -કાપવાના સમાચાર=ઘણા માઠા સમાચાર -કાપવી= જીભે કાપ પડવો (૨) બોલવુ બંધ થવુ (૩) બોલતુ બંધ કરવું -ઘસાઈ જવી=કહી કહીને થાકી જવુ. -ચલાવવી=બહુ બોલવુ, ફાવે તેમ બોલવું -ચોટવી=બોલતા તોતડાવુ -છૂટવી=બોલતા ફાવવુ કે આવડવુ -છૂટી હોવી=ગમે તેમ-બહુ બોલવુ -ઝલાઈ જવી=બોલી ન શકાવુ -ઝાલવી=બોલતુ રોકવુ કે રોકાવુ -ટૂંકી કરવી=ગમ ખાઈ જવી, ન બોલવુ -ટૂંકી થઈ જવી=(મરતા પહેલા)વાચા જતી રહેવી,ન બોલાવુ -દોડવી =ગમે તેમ અંકુશ વગર બોલવુ -ન હોવી= મૂંગુ હોવુ, બોલી ન શકાવુ (૨) બોલતા ન આવડવુ -ના કકડા કરવા=સ્પષ્ટ ઉચ્ચારણનો પ્રયત્ન કરવો -ના કકડે કકડા થઈ જવા=કહી-કહી, સમજાવીને થાકવું -ની છૂટ=વાચાળતા -નું કરડું=આકરુ બોલનાર -નું જૂઠું=જૂઠું બોલનાર -નું સાચુ =સાચું બોલનાર -ને ટેરવે=મોઢે; પાઠે, યાદ -નો કૂચો કરવો, વળવો= કહી કહીને થાકી જવુ -બંધ કરવી= બોલતુ બંધ કરવું-થવુ, નિરુત્તર થવું-કરવું. -મોંમાં ઘાલવી, વાળવી=બોલતા અટકવું -લાંબી હોવી=બોલકણુ હોવુ (૨) નકામુ કડવુ બોલવું -લવવી=બહુ ને નિરર્થક, કે સમજ્યા વિના બોલબોલ કરવુ -વળવી= શુદ્ધ ઉચ્ચાર થવા -વાઢવા જેવી હોવી= ગમે તેવુ ભૂંડુ બોલનાર હોવું -વાળવી= શુદ્ધ ઉચ્ચારનો મહાવરો પાડવો -હલાવવી= બોલવુ(૨)ભલામણ કરવી(૩)માત્ર મોએ હુકમ કર્યા કરવા -હોવી=બોલતા આવડવુ જીભે કાંટા ઊગે, પડે=(આમ ખરાબ બોલનારને શાપ-ગાળ દેવાય છે) જીભે કાંટા પડવા=

તરસથી જીભ સૂકી પડી જવી જીભે કામ દે=જુઓ જીભે કાંટા ઊગે જીભે ચઢવું=મોઢે ચઢી જવું, કંઠસ્થ કે યાદ થવું (૨) ગવાવું, વગોવાવું જીભે લોચા વળવા=સ્પષ્ટ કે જલદી ન બોલી શકાવું,જવાબ આપતાં ગલ્લાં તલ્લાં કરવાં. જીભે સરસ્વતી હોવી=ભારે વિદ્વાન હોવું ] ૦ડી સ્ત્રી૦ જીભ (તુચ્છકાર), [ -કરવી=બહુ બોલ બોલ કરવું ચકાસ કરવો ] ૦લડી સ્ત્રી૦ (કોમળ લલિતભાવ) જીભ -ભાજોડી (-રી,-ળી) સ્ત્રી૦ બોલાબોલી, તકરાર -ભિયા રસ પું૦ બોલાબોલી કરવાની હોંશ -ભી સ્ત્રી૦ જીભના આકારનો વહાણનો આગળનો ભાગ (૨) દેશી વહાણો માંના ત્રણમાંનો વચલો સઢ (૩) ઊલ ઉતારવાની ચીપ કે પટ્ટી, ઊલિયું

જીમી સ્ત્રી૦ (કા) ઘાઘરાને બદલે કાઠી સ્ત્રીઓ કથ્થાઈ રંગનું જે કપડું પહેરે છે તે

જીમૂત પું૦ન૦[સં.] મેઘ,વાદળ. ૦વાહન પું૦ (સં.) ઇંદ્ર

જીરણું વિ૦ જુઓ જીર્ણ

જીરવવું સ૦ક્રિ૦ [પ્રા. जीरव, सं जॄ प्रा जीरनु प्रेरक] પચવવું, હજમ કરવું(૨) સાંખવું, વેઠવું

જીરવાવું અ૦ક્રિ૦ ‘જીરવવું’નું કર્મણિ

જીરું ન૦ [સં. जीर(-रु)क. प्रा जीरय, फा जीरह्] એક મસાલો. -રાકેરી સ્ત્રી૦ જીરા સાથે આથેલી કેરી -રાસાળ સ્ત્રી૦ એક જાતની ડાંગર -રિયા કેરી સ્ત્રી૦ જીરા જેવી વાસવાળી કેરી

જીર્ણ વિ૦ [સં] છેક જૂનું, ઘસાઈ કે ખવાઈ ગયેલું ૦જ્વર પું૦ માલૂમ ન પડે એવો શરીરમાં રહેતો ઝીણો ધીમો તાવ -ર્ણોદ્ધાર પું૦[+उद्धार] જીર્ણ થયેલાને સમરાવવું તે -ર્ણોદ્ધારવું સ૦ક્રિ૦ જીર્ણોદ્ધાર કરવો

જીલબ્બે અ૦ [જી+अ लब्बेक=હાજર છું ઉપરથી?] અતિશય તાબેદારી સૂચવનો ઉદ્ગાર [-કરવું=જી,જી કહીને પડતો બોલ ઉપાડી લેવો, ખુશામત કરવી.]

જીવ પું૦ [સં] શરીરનું ચેતનતત્ત્વ પ્રાણ (૨) પ્રાણી(૩)મન, દિલ (૪)[લા ]પુંજી,દોલત(૫) દમ, સાર(૬)કાળજી, લક્ષ. ઉદા૦ ‘ધંધામાં જીવ રાખવો’,‘જીવ રાખીને કામ કરવું’ [-અકારો કરવો=મરવા સુધીની તત્પરતા દાખવવી -અદધો કરવો=અધમૂઉં-કાયર કરવું(૨) પોતાની બધી શક્તિ ખરચવી -અદધો થઈ જવો=ગાભરું કે બાવરું થઈ જવું (૨) પ્રિયજન માટે ખુશ ખુશ થવું, કુરબાન થવા તત્પર થવું -અડધો થવો (ભય કે થાકથી) અધમૂઆ જેવું થઈ જવું -અધ્ધર થવો=ચિંતાથી વિહ્વળ થવું,મન ન લાગવું -અધ્ધર ફરવો=ધ્યાન ન ચોંટવું (૨) જીવને નિરાંત ન હોવી -અધ્ધર રહેવો=નિરાંત ન હોવી, ઉચાટ હોવો -અધ્ધર લટકી રહેવો=આતુર કે અધીરા થવું. -અર્ધો અર્ધો થઈ જવો=ખુશ ખુશ થઈ જવું, પ્રિયજન માટે ગમે તેટલો ભોગ આપવા તત્પર થવું -આપવો=આપઘાત કરવો (૨) કુરબાન થવું -આવવો=સચેતન થવું (૨) શાંતિ થવી -આવવો ને જવો=મરણકાળની કપાણીઓ આવવી. -ઉપર આવી જવું=મરણિયા થવું -ઉપર આવી પડવું=જાન જોખમમાં મુકાવા -ઊડી જવો=ધ્રાસકો પડવો(૨)મરી જવું. -ઊંચો થવો=ઉચાટ થવો(૨)દિલ ન લાગવું -ઊંચો રહેવો=ઉચાટ-અશાંતિ રહેવા (૨) દિલ ન લાગવું -એક હોવો=મેળ-દિલોજાની હોવી -કઈ પાંખડીએ ગયો છે, કયે કોઠે ગયો છે?=ચિત્ત ક્યાં ભમે છે? મિજાજ ઠેકાણે છે કે નહીં? -કપાઈ જવો=હૃદય વીંધાઈ જવું (દુઃખ-શોકથી) -કહ્યું કરતો નથી=દિલ માનતું નથી -કાઢવો=આપઘાત કરવો (૨)તનતોડ મહેનત કરવી(૩)અત્યંત પજવણી કરવી. -ખાટો થવો=મન ઊઠી જવું, મન બગડી જવું -ખાવો=પજવવું, કંટાળો આપવો -ગભરાવો=મૂંઝાવું (૨) છાતીમાં ચૂંથારો થવો -ઘાલવો=લક્ષ દેવું -ઘાંટીમાં આવી રહેવો=પ્રાણ નીકળવાની તૈયારી હોવી(૨)બાવરું બની જવું -ઘેરાવો=જીવ મળવો, સ્નેહ થવો -ચગડોળે ચઢવો=અસ્વસ્થ થવું, મૂંઝવણમાં પડી જવું

**-ચલાવવો**=હિંમત કરવી **-ચાલવો**= હિંમત ચાલવી (૨)ઉદાર થઈ શકાવું **-જતો રહેવો, -જવો, -નીકળી જવો**=મરી જવું (૨)ખૂબ પજવણી કે વેદના થવી **-જોવો**=મન જોવું **-ઝાલ્યો ન રહેવો**=મન કાબૂમા ન રહેવું, લલચાઈ-ખેંચાઈ જવું **-છોડવો**= કેડો મૂકવો, ન પજવવું **-ટશુમશુ થવો**= મરવાની તૈયારી હોવી (૨) અત્યંત આતુરતા કે આકડીથી બાવરુ થવું. **-ટંગાઈ રહેવો**= આતુર કે બાવરા હોવું - રહેવું **-ટાઢો પડવો** =ઉદ્વેગ શમવો, શાતિ થવી **-ટૂંકો કરવો, થવો**=કરકસરિયા-કંજૂસ થવું. **-ડહોળાવો**=ઊલટી થાય એમ થવું, ખૂબ બેચેની લાગવી. **-ઠરવો, ઠરીઠામ બેસવો**=શાતિ થવી **-ઠેકાણે ન રહેવો**=મન અસ્વસ્થ થવું, ઉચાટ થવો **-ઠેકાણે રાખવો**=મનને કબજે રાખવું(૨)ચિત્તને સ્થિર રાખવું **-તાળવે ટંગાવો**=જાણે હમણા જીવ જશે એવી સ્થિતિમા હોવું(૨)ભારે ઉચાટ થવો **-તોડવો**= જાતને ઘસી નાખવી. **-થર પડવો**=શાતિ થવી **-થવો**=મન થવું(૨)સારી પૂંજી થવી **-થી જવું**=મરણ પામવું **-થી મારવું**= પૂરેપૂરુ મારી નાખવું **-થોડો થોડો થવો**= નબળાઈ આવવી (૨) કાલાવાલા કરવા (૩) નાઉમેદ થવું, હિંમત હારી જવી. **-દાઝવો**= મન બળવું, ચિંતા થવી, લાગણી થવી **-દોરીએ ટંગાવો, વીંટાવો**=જુઓ જીવ તાળવે ટંગાવો. **-ધરવો**=માંદગીમાથી સાજા થવું (૨) ધીરજ રાખવી. **-ધરીને**=જીવ કે લક્ષ રાખીને. **-ના સમ**='હુ મરુ' એવા અર્થના સોગન **-નાખીને**=જીવ લગાડીને **-નાખી દેવો**=કુરબાન થવું. **-નીચે બેસવો**= ટાઢક વળવી, શાતિ થવી **-નું તરસ્યું**=દુઃખ દેનારું, પજવ્યા કરતું. **-ને જનાખ નીકળી જવી**=મહા મુશ્કેલી પડવી. **-ને ટાઢક થવી, વળવી** = મનને શાતિ થવી **-પડીકે બંધાવો**=જીવ નીકળી જવા જેવું થવું, ભારે ઉદ્વેગ થવો, ભારે ચિંતા કે ઉચાટ થવા **-પર આવવું**=મરણિયા થવું (૨) આપઘાત કરવા તત્પર થવું. **-બગાડવો**=મન મેલું કરવું, દાનત બગાડવી. **-બળવો**=સંતાપ થવો. **-ભડકે બળવો**=અતિશય સંતાપ થવો **-ભરાઈ રહેવો**=વાસના રહી જવી. **-મળવો**=મન એક થવાં **-માનવો**=મન કબૂલ થવું **-માં જીવ આવવો**=ચિંતા દૂર થવી, શાતિ થવી **-મોટો કરવો કે રાખવો**= ઉદાર થવું **-રાખવો**=લક્ષ દેવું; ધ્યાન આપવું **-લઈને નાસવું**=જીવ બચાવવા ઘણી જ ઉતાવળે દોડવું **-લગાડવો**=ધ્યાન આપવું. **-લખૂક લખૂક થવો**=બીક કે ડરથી બાવરુ બનવું **-લાગવો**=પ્રીતિ બંધાવી **-લેવો**= કંટાળો આપવો (૨) મારી નાખવું **-વહાલો કરવો**=મરણના ભયથી પાછા પડવું **-હેઠો બેસવો**=નિરાત થવી જીવે ધરવું, જીવે બાંધવું=પ્રાણપ્રિય કરવું જીવે લાગવું= પ્રાણપ્રિય થવું ] ०**ઉકાળો** પું० બળાપો, કલેશ. ०**જંત(-તુ)** પું०; ન० જીવડું ०**જાન** વિ० અત્યંત વહાલું ०**ડું** ન० કદમા નાનું જંતુ ०**ડો** પું० જીવ, આત્મા(૨)કીડો ०**તોડ** વિ० અતિશય મહેનત કરાવે એવું (કામ) ०**દયા** સ્ત્રી० જીવો-પ્રાણીઓ પર દયા ०**દશા** સ્ત્રી० જીવની અજ્ઞાન દશા ०**દાર** વિ० યોગ્ય (૨) ઉમદા(૩) મજબૂત ०**દેહ** પું० સ્થૂળ શરીર ०**ધારી** વિ० જીવવાળુ(૨) પું० પ્રાણી. ०**બલ (-ળ)** ન० જીવવાની શક્તિ, પ્રાણ ०**રખું** વિ० જીવને સાચવનારુ ०**લગ** વિ० પ્રાણપ્રિય ०**લેણુ** વિ० મૃત્યુ નિપજાવે એવું ०**લોક** પું० મૃત્યુલોક. ०**વિદ્યા** સ્ત્રી०, ०**શાસ્ત્ર** ન० જીવોના ભૌતિક જીવનનું શાસ્ત્ર, 'બાયોલોજી' ०**શેષ** વિ० માત્ર જીવ બાકી રહ્યો હોય એવું(૨)પું० ભૂતકાળના પ્રાણી કે વનસ્પતિનો પૃથ્વીના પડમાથી મળી આવતો અવશેષ, 'ફૉસિલ'. ०**સટોસટ** અ० જીવને જોખમે ०**હત્યા** સ્ત્રી० પ્રાણીની હત્યા **-વાણુ** પું०, ન० [+ अणु] અણુ જેવડો જીવ, સૂક્ષ્મ જંતુ **-વાત્મા** પું० જીવ, જીવદશાવાળો આત્મા **-વારોપણ** ન० જીવનું આરોપણ, સજીવારોપણ **-વાંતક** પું० [+ अतक] પારધી (૨) મારો, ખૂની

**જીવણ,૦જી** પું૦ [सं. जीवन, प्रा जीवण] જીવનનો સ્વામી; પતિ

**જીવત** ન૦ [सं जीवत् પરથી ? કે जीवित ?] જીવિત, જીવતર. **૦ક્રિયા, ૦ચરૂ** સ્ત્રી૦ પોતાના મરણ પાછળ કરવાની ક્રિયા(વરો વગેરે)જીવતા જ કરવી તે **૦જાગત** અ૦ હયાતી સુધી **૦દાન** ન૦ આફતમા સપડાયેલાને કે પોતાના સકંજામાં પડેલાને ન મારવો – પ્રાણનુ દાન – રક્ષણ કરવું તે, જીવિતદાન

**જીવતર** ન૦ જન્મારો, જિંદગી

**જીવતું** વિ૦ ['જીવવુ'નુ વ૦કૃ૦] જીવવાળુ, જીવનશક્તિવાળુ, સજીવ ('મરેલુ'થી ઊલટું)(જેમ કે, જીવતો માણસ, નખ, જીવતી પૂછડી ઇ૦) [**જીવતી ડાકણ**=સાક્ષાત્ ડાકણ જેવી ખરાબ સ્ત્રી **જીવતી માખ ગળવી**=(હરામખોરીનુ કે અનૂતનુ લીધેલુ) પાછું ઓકી કાઢવું, ન જીરવાવું. **જીવતું પાણી કાઢવું**=પાતાળ ફોડીને પાણી કાઢવુ. **જીવતું મારવું**=હાલ કરવા, રીબવુ **જીવતો કોયલો, લાળો**=સળગતો અંગારો. **જીવતું જાગતું**=જીવતુ ને પૂરુ સાવધ, જીવંત ને પ્રાણવાન

**જીવન** ન૦[सं] જીવવુ તે(૨) આયુષ્ય, જિંદગી (૩) જીવનશક્તિ, પ્રાણ. **૦કથા** સ્ત્રી૦ જિંદગીનુ વૃત્તાત **૦કલહ** પું૦ જુઓ જીવનસંગ્રામ **૦કલા(–ળા)** સ્ત્રી૦ જીવન જીવવાની કળા **૦કાર્ય** ન૦ જિંદગીનુ મુખ્ય કાર્ય **૦ગાળો** પું૦ જીવન ગાળવાનુ – ગુજારવાનુ સાધન **૦ચરિત(–ત્ર)** ન૦ જિંદગીનુ વૃત્તાત **૦દૃષ્ટિ** સ્ત્રી૦ જીવન વિષેની દૃષ્ટિ – દૃષ્ટિકોણ **૦ દોરી** સ્ત્રી૦ જીવનરૂપી દોરી, આયુષ્ય (૨) [લા] જીવનનો મુખ્ય આધાર **૦નિર્વાહક** વિ૦ જીવનનો નિર્વાહ કરનારુ **૦પલટો** પું૦ આખા જીવનમા થતો પલટો, 'કૉન્વર્ઝન' **૦બુટ્ટી** સ્ત્રી૦ [સર૦ हि. जीवनबूटी] સજીવન કરી દે એવી બુટ્ટી, સજીવની **૦મંત્ર** પું૦ જીવનનો મુખ્ય ધ્યાનમંત્ર **૦મૂળી** સ્ત્રી૦ [સર૦ हि जीवनमूरि] જીવનનુ મૂળ, જીવનાધાર **૦રસાયન** ન૦ પ્રાણીના શરીરની ધાતુઓનું રસાયનશાસ્ત્ર, 'બાયોકેમિસ્ટ્રી' **૦શક્તિ** સ્ત્રી૦ જીવનની મૂળ શક્તિ, 'લાઇફ-એનર્જી' **૦શાસ્ત્ર** પું૦ સમગ્ર જીવનને વિચારતુ શાસ્ત્ર (૨) જીવશાસ્ત્ર, 'બાયોલૉજી' **૦સખી** સ્ત્રી૦ સહધર્મચારિણી, પત્ની **૦સંગ્રામ** પું૦ જીવતા રહેવા માટે પ્રાણીઓને કરવો પડતો સંગ્રામ, 'સ્ટ્રગલ ફૉર એક્ઝિસ્ટન્સ'. **૦સાફલ્ય** ન૦ જિંદગીની સફળતા **૦સિદ્ધાંત** પું૦ જીવનનો ખાસ સિદ્ધાત; જીવનમંત્ર **૦સૂત્ર** ન૦ જુઓ જીવનદોરી (૨) જીવનમંત્ર. **૦સ્મૃતિ** ન૦ સ્મરણરૂપે લખાયેલી આત્મકથા, 'રેમિનિસન્સીઝ.' **–નોપાય** પું૦ [+उपाय] ગુજરાનનુ સાધન

**જીવન્મુક્ત** વિ૦ [सं] છતે દેહે માયાના બંધનોમાથી મુક્ત **–ક્તિ** સ્ત્રી૦ જીવન્મુક્ત દશા

**જીવરુ** વિ૦ ['જીવ' ઉપરથી] (કા) ચાલાક, ચપળ, ચબરાક

**જીવલેણ** વિ૦, **જીવવિદ્યા** સ્ત્રી૦ જુઓ 'જીવ'મા

**જીવવું** અ૦ ક્રિ૦ [सं जीव्] જીવનક્રિયાઓ કરવાની શક્તિ હોવી, પ્રાણ ધરવા, શ્વાસ ચાલવો (૨) જીવતુ હોવુ કે રહેવુ, હયાત હોવું કે રહેવુ (જેમ કે, હજી તે જીવે છે) (૩) જીવન ગુજારવુ (જેમ કે, ગુલામીમા જીવવા કરતા તો મરવુ સારુ)

**જીવશાસ્ત્ર** ન૦, **જીવહત્યા** સ્ત્રી૦ [सं] જુઓ 'જીવ'મા

**જીવંત** વિ૦ [सं] જીવતુ, પ્રાણવાન

**જીવા** સ્ત્રી૦ [सं] ધનુષ્યની દોરી (૨) [ગ] 'કૉર્ડ ઑફ ઍન આર્ક'

**જીવાજીવ** પું૦ [જીવ+જીવ] જીવનો જીવ, જીવનનો આધાર

**જીવાણુ** પું૦, ન૦ [सं] 'જીવ'મા જુઓ

**જીવાત** સ્ત્રી૦ ['જીવ' ઉપરથી] જીવડા કે કીડાનો સમૂહ (જેમ કે, અનાજ કે ઘામા પડતો) [**–પડવી** = સડવુ, સળો પેસવો ] **૦ખાનું** ન૦ પાંજરાપોળમા અનાજ વગેરેમા પડેલા જીવડાના રક્ષણ માટે રાખેલુ સ્થાન

**જીવાતુભૂત** વિ૦ [सं] જીવાતુ–અસ્તિત્વરૂપ બનેલુ, મૂળગત

**જીવાત્મા** પું૦ [सं] જુઓ 'જીવ'મા

**જીવાદોરી** સ્ત્રી૦ [જીવ+દોરી] જુઓ જીવનદોરી

**જીવારોપણ** ન૦, **જીવાંતક** પું૦ [सं] 'જીવ'મા જુઓ

જીવિકા સ્ત્રી૰[સ ]આજીવિકા, ગુજરાનનુ સાધન

જીવિત વિ૰ [સ ] જીવતુ (૨) ન૰ જીવતર, જિંદગી. ૰કાલ(–ળ) પુ૰જિંદગીનો સમય, આયુષ્ય ૰દાન ન૰ જુઓ જીવનદાન –તેશ પુ૰ [+ઈશ] જીવનનો સ્વામી

જીવિતવ્ય વિ૰ [સં ]જીવવા યોગ્ય (૨) જીવી શકે એવુ(૩)ન૰ આવરદા(૪)જીવવાનુ પ્રયોજન

જીવી વિ૰ [સ ] (સમાસને અંતે) જીવનારુ; નભનારું ઉદા૰ ‘શ્રમજીવી’

જીવી સ્ત્રી૰[સ , प्रा जीवा=દોરી (ધનુષ્યની)?] મુંજ વગેરેથી ખાટલો ભરતા વચમા જે બે સેરો વારાફરતી ઝુલાવે છે અને તારે છે તે

જીંડુું ન૰ [दे जिडह=ગોળો; કંદુક પરથી?] છોડનો કોટલાવાળો બીજકોષ(૨)[લા ]જોડકુ. [જીંડવે આવેલું = જોડકામા જન્મેલ જીંડવાનું છોકરું=જોડિયા બાળકોમાનુ એક ]

જીંથરાં ન૰બ૰વ૰ જુઓ ઝીંથરા –રિયું વિ૰ જીંથરાવાળુ

જુઆ(–વા) ન૰[स द्यूत,प्रा जूअ(–व),સર૰ हिं , म ]જુવુ,જૂગટુ ૰ખાનું ન૰ જુગારખાનુ ૰ખોર પુ૰ જુગારી

જુઆ(–વા)રું ન૰ સંયુક્ત કુટુંબમાથી છૂટા પડી નવો માંડેલો ગૃહસંસાર, જુજવારો, જુગલબારુ [ઝાર

જુઆ(–વા)ળ પુ૰[સર૰ हि॰ ज्वार] ભરતી,

જુઓ સ૰ક્રિ૰ ‘જોવુ’નુ આજ્ઞાર્થ બીજો પુરુષ, બ૰વ૰ [અનુકૂળ

જુક્ત(–ગત) વિ૰ [स युक्त] જોડેલુ(૨)યોગ્ય,

જુક્તિ(–ગત,–ગતિ) સ્ત્રી૰[स युक्ति] ઉપાય, કરામત તદબીર (૨) રીત, પ્રકાર

જુગ પુ૰ [स युग] જમાનો(૨)ન૰[स युग्म] જોડ,જુગલ ૰(–ગો)જુગ અ૰ દરેક યુગમા ૰જોર, ૰બળ ન૰ યુગનુ–સમયનુ બળ

જુગટિયું વિ૰ [‘જૂગટુ’ ઉપરથી]જૂગટું રમનારું (૨) ન૰ જૂગટું

જુગટિયો પું૰ [‘જૂગટુ’ ઉપરથી] જુગારી

જુગત વિ૰, –ત(–તી) સ્ત્રી૰ જુઓ જુક્ત, જુક્તિ

જુગતું વિ૰ [स॰ युक्त] બંધબેસતુ, યોગ્ય. –તાઈ સ્ત્રી૰ જુગતુ હોય તે

જુગદાધાર પુ૰ (૫ ) જુઓ જગદાધાર

જુગમ ન૰ [स॰ युग्म] યુગલ, જોડુ

જુગલ ન૰ [स युगल] જોડું ૰કિશોર પું૰ (સ )કૃષ્ણ ૰જોડી સ્ત્રી૰ યુગલ,જોડી ૰બારું ન૰ (કા ) જુઓ જુવારુ

જુગાર પુ૰[જુઓ જુગારી, સર૰ म ] જૂગટુ; ધૂત (–ખેલવો,–રમવો) ૰ખાનું ન૰ જુગાર રમવાનુ સ્થળ–ઘર –રિયો પું૰ જુગારી –રી વિ૰ [स द्यूतकारिन्, प्रा जूआरि] જુગાર રમવાની લતવાળુ (૨) પુ૰ જુગાર રમનારો

જુગુપ્સા સ્ત્રી૰ [स ] નિંદા (૨)ચીતરી, સખત અણગમો –પ્સિત વિ૰ [स ] નિંદિત (૨) ચીતરી ચડે તેવુ

જુગ્મ ન૰ જુઓ જુગમ [જુઆરુ

જુજવારો પુ૰ [‘જૂજવુ’ પરથી?](કા ) જુઓ

જુઠ્ઠું વિ૰ જુઓ જૂઠ્ઠુ ૧ થી ૩

જુત વિ૰[स युत] જોડાયેલુ હોય તેવુ (૨) ન૰ બળદની જોડ [કર્મણિ ને પ્રેરક

જુતાવું અ૰ ક્રિ૰, –વવું સ૰ ક્રિ૰ ‘જૂતવું’નુ

જુદાઈ(–ગીરી) સ્ત્રી૰ [फा] જુદાપણુ

જુદું વિ૰ [फा जुदा]છૂટુ, અલગ, વેગળુ (૨) અનોખુ, અસાધારણ [–કરવું=છૂટુ પાડવુ (૨)તોડી નાખવુ (૩) સહિયારા કે ભેગામાથી આગવુ કરવુ –થવું=નોખુ પડવું, વૂટી જવુ (૨) અલગ વસવાટ કરવો (૩) અળગુ થવુ, આગવુ કરવુ –પડવું=અળગું થવું (૨)વૂટી જવુ (૩) ભિન્ન મત ધરાવવો (૪) આગવુ કરવું –પાડવું=અલગ પાડવુ, છૂટું કરવુ –રહેવું =સ્વતંત્ર વસવાટ કરવો(૨)ન ભળવુ –રાખવું =ન ભેળવવુ ]

જુદ્ધ ન૰ [स युद्ध]લડાઈ. ૰પતિ પું૰ સેનાપતિ

જુધરાણ ન૰ [‘જુદ્ધ’ ઉપરથી ] લડાલડીનુ ઘમસાણ

જુનવટ સ્ત્રી૰ [‘જૂનુ’ ઉપરથી ] જૂનાપણુ, જુનવાણીપણુ

જુનવાણી વિ૰ [‘જૂનુ’ ઉપરથી] જૂનુ (૨)જૂના વિચારનું, ‘ઑર્થોડોક્સ’

જુનાડ વિ૰ જુનવાણી (ચ )

જુબાન સ્ત્રી૦ જુઓ જબાન –ની સ્ત્રી૦ બોલીને જણાવેલી હકીકત, સાક્ષી [(–આપવી, –લેવી.)–પડવી = સાક્ષીમા હકીકત તરીકે રજૂ થવુ.] જુબાં સ્ત્રી૦ જુઓ જબા
જુમલો પુ૦ [अ] એકંદર આંકડો, સરવાળો
જુમા પુ૦ [अ जुमअह] શુક્રવાર ૦મસી-(–સ્જિ)દ સ્ત્રી૦ (શુક્રવારની નમાજ પઢવાની) મોટી મસીદ
જુમેરાત સ્ત્રી૦ [જુમા + ગત] ગુરુવાર
જુમ્મો પું૦ [अ जिम्मह] જોખમદારી, જવાબદારી –મ્મેદા(–વા) ર વિ૦ [फा] જોખમદાર, જવાબદાર –મ્મેદારી સ્ત્રી૦ [फा] જોખમદારી, જવાબદારી
જુરત, જુરિયત સ્ત્રી૦ [अ जुरअत] છાતી, હિમત, ધૈર્ય
જુલફું નં૦ [જુઓ જુલ્ફ] વાળની લટ – ગૂંછળું
જુલમ પુ૦ [अ. जुल्म] જબરદસ્તી, બળાત્કાર (૨) અત્યાચાર, અન્યાય (૩) કોઈ વાતમા અતિશયતા કરવી કે ખબ કરી નાખવુ એવો ભાવ બતાવે છે. ૦ગાર વિ૦ જુલમી. –માટ પુ૦ જુલમ –મી વિ૦ [फा] જુલમ કરનારુ, જુલમગાર (૨) જેમા જુલમ હોય તેવુ, જુલમભરેલુ
જુલાઈ પુ૦[इं] ખ્રિસ્તી સનનો સાતમો મહિનો
જુલાબ પુ૦ [अ जुल्लाब] ઝાડા થાય એવુ ઓસડ, રેચ (૨) દસ્ત, ઝાડો. [–આપવો = ઝાડાનુ ઓસડ આપવુ (૨) [લા] સખત ધમકાવવુ બરોબર ગભરાવવુ. –થઈ જવો = ગભરાઈ જવુ. –લાગવો = રેચની અસર થવી, દસ્ત થવા લાગવો –લેવો = ઝાડાનુ ઓસડ લેવુ]
જુલ્ફ નં૦ [फा] જુઓ જુલફુ
જુલ્મ પુ૦ [अ] જુઓ જુલમ
જુવટું નં૦ + [જુઓ જુવુ] જૂગટુ
જુવતી સ્ત્રી૦ જુઓ યુવતી
જુવા, ૦ખાનું, ૦ખોર જુઓ 'જુઆ'મા
જુવાન વિ૦ (૨) પુ૦ જુઓ જવાન, યુવાન. ૦જોધ વિ૦ ભરજુવાન (૨) મજબૂત, કદાવર –નિયા વાજું નં૦ જુવાન સ્ત્રીપુરુષોનુ ટોળુ (૨) [લા] તોફાની કે અતિ સાહસવાળુ ટોળુ. –નિયુ વિ૦ જુવાન –નિયો પુ૦ જુવાન –ની જુઓ યુવાની
જુવાર સ્ત્રી૦ [दे. जुआरि, जोवारि] એક અનાજ, જાર
જુવારું નં૦, જુવારો પું૦(કા) જુઓ જુઆરું
જુવાળ પુ૦ [જુઓ જુઆળ] ભરતી, ઝાર
જુવું નં૦ [જુઓ જુવા] જૂગટુ, જુગાર
જુસ્તેજુ(–જૂ) સ્ત્રી૦ [फा. जुस्तोजू અથવા जुस्तजू] શોધખોળ, બારીક તપાસ
જુસ્સો પુ૦ [જુઓ જોશ] ઊભરો; જોસ (૨) લાગણીનો જુસ્સો (૩) જોમ, બળ –સ્સાદાર વિ૦ જુસ્સાવાળુ
જુહાર પુ૦ [दे जोहार] 'નમસ્કાર' 'સલામ' એ ભાવ બતાવતો શબ્દ ૦પટોળા નં૦ બ૦ વ૦ બેસતા વર્ષને દિવસે આશીર્વાદ લેવા જુહાર કરવા તે ૦વું સ૦ક્રિ૦ [दे जोहार क्रि०] જુહાર કરવા
જુગાઈ સ્ત્રી૦ [જુઓ જુગુ] મજબૂતી (૨) ચાલાકી, ચતુરાઈ
જુગિત પુ૦[सं] ઉચ્ચ સ્ત્રી સાથે નીચ પુરુષના વ્યભિચારથી જન્મેલો પુરુષ
જુગું વિ૦ જબરુ મજબૂત (૨) [સર૦ म] ચાલાક, ચતુર
જૂ સ્ત્રી૦ [सं. यूका, प्रा जूआ] માથામા કે ચામડી પર પડતુ એક જતુ. [–જેવું = ચોટ્યુ ત્યાથી ઊખડે નહી તેવુ –પડવી = (માથામા વગેરે) જૂઓ થવી]
જૂઈ સ્ત્રી૦[सं यूथिका, प्रा जूहिया, जूहि] એક ફૂલવેલ
જૂગટુ નં૦ જુઓ દ્યૂત, જુગાર
જૂજ વિ૦ [સર૦ फा जुज = ટુકડો, म] બહુ થોડુ, જરા ૦બાજ વિ૦ વધુ થોડુ, જરાતરા
જૂજવું વિ૦ [अप जुअजुअ] જુદુ નોખુ
જૂટ પુ૦ [सं] (વાળનો) જૂડો, સમૂહ(૨) દંડનો એક પ્રકાર (વ્યાયામ)
જૂડી સ્ત્રી૦ [સર૦ म, सं जूट, प्रा जूड] ઝૂડી –ડો પુ૦ સાવરણી (૨) ઝૂડો
જૂઠ નં૦ [दे. जुट्ठ] જૂઠાણુ ૦ણ નં૦ [सं जुष्ट, प्रा जुट्ठ = સેવિત, સર૦ हिं जूठन] એઠુંવાડું એઠુ, છાંડામણ (૨) પુ૦ [જુઓ જૂઠ] રંગલો વિદૂષક (ભવાઈમા) ૦ણવેરા પુ૦ બ૦ વ૦ જૂઠણના જેવુ વર્તન કરવુ તે –ઠાણુ+, –ઠાણું નં૦ જૂઠી વાત

જૂઠાબોલું વિ૦ જૂઠું બોલવાની ટેવવાળું
જૂઠું વિ૦ [જુઓ જૂઠ] અસત્ય, જુઠું (૨) કૃત્રિમ, બનાવટી (૩) રહી ગયેલું–જડ (અંગ) (૪) [સં. જુષ્ટ, પ્રા જુટ્ઠ] અજીઠું, એઠું [–પડવું=અસત્ય ઠરવુ (૨) (અંગ) રહી જવુ] [બળદ વગેરે)
જૂતવું સ૦ ક્રિ૦ [પ્રા જુત્ત] જોડવુ (ગાડું,
જૂતી સ્ત્રી૦ [સ યુક્ત, પ્રા. જુત્ત પરથી?] જૂતિયુ, ખાસડુ –તિયું,–તું ન૦ [સર૦ મ જુતા, હિ જૂતા] જૂતુ, પગરખું, ખાસડુ [જૂતા બરાબર=તુચ્છ, તિરસ્કારને પાત્ર જૂતિયાં પડવાં=માર પડવો (૨) અપમાન કે તિરસ્કાર થવો, કાઢી મુકાવુ જૂતું ખાવું, પડવું=ખાસડાનો માર પડવો (૨) અપમાનિત થવુ –મારવું=ખાસડું મારવુ (૨) કાઢી મૂકવુ, ધુતકારી કાઢવુ. જૂને માર્યું જવું=ગયાની પરવા ન કરવી ('ભલે ગયુ' 'મૂઉ ગયું તો'—એવો ભાવ બતાવે છે)] જૂતીખોર વિ૦ હમેશા ખાસડા–ઠપકા ખાતુ
જૂથ ન૦ [સ યૂથ] ટોળું, સમૂહ
જૂન પુ૦ [ઇં] ખ્રિસ્તી સનનો છઠ્ઠો મહિનો
જૂનાગઢી વિ૦ જૂનાગઢ શહેરનુ,–ને લગતુ
જૂનું વિ૦ [સ જીર્ણ, જૂર્ણ, પ્રા જુણ્ણ] પુરાણુ પ્રાચીન, અગાઉનુ (૨) જર્જરિત, જીર્ણ (૩) ઘણો વખત થયેલુ (જેમ કે જૂનો ગોળ, જૂનો મિત્ર), ઘણો વખત વાપરેલુ (જેમ કે, જૂનુ વાસણ ઇ૦) (૪) [સર૦ દે જુણ્ણ=દક્ષ, નિપુણ] રીઢુ; નામીચુ, અનુભવી (જેમ કે, જૂનો ચોર, જોગી, પાપી ઇ૦) [જૂનો જોગી=(કોઈ ક્ષેત્રમા) જૂનેથી કસાઈને તૈયાર થયેલ વ્યક્તિ (તેને માટે આ પ્રયોગ કરાય છે] ૦ખાખ વિ૦ છેક જૂનુ, ખખળી ગયેલુ ૦પાનું,૦પુરાણું વિ૦ઘણુ જૂનુ ૦પૂનું વિ૦ ગમે તેવુ જૂનુ, ફાટ્યુતૂટ્યુ, જીર્ણ જૂનેથી અ૦ ઘણા જૂના વખતથી, બહુ પહેલેથી [મદદ કરનારું પચ
જૂરી સ્ત્રી૦ [ઇં] ફેસલો આપવામા ન્યાયાધીશને
જૂવો પુ૦ [સં યૂક-] ઢોરના શરીર પર ચોટતુ એક જીવડું

જૂંફવું અ૦ક્રિ૦[સર૦મ. झोंपणे; સં जृंभ्](સુ.) બેઠા બેઠા ઝોકા ખાવા [જૂંફાવવું પ્રેરક]
જૂંહલવું અ૦ ક્રિ૦ ['જૂંસરુ' ઉપરથી] જૂસરી વડે જોડાવુ [જૂંહલાવવું પ્રેરક]
જૃંભકાસ્ત્ર ન૦ [સ] શત્રુને ઊંઘમા નાખી દે તેવુ અસ્ત્ર
જે (જે') સ૦(૨) વિ૦ [સ. यद्, પ્રા. ज પરથી? કે અપ૦ जेह=જેવુ પરથી?] ('તે' સાથે સંબંધમા વપરાય છે) (તેના રૂપો–જેણે, જેને, જેનુ ઇ૦ નો 'જે'('જે')પેઠે ઉચ્ચારાય છે) જે જે સ૦ દરેક, હરકોઈ જે જે તે સ૦ ગમે તે કોઈ
જે અ૦+[પ્રા जे (પાદપૂર્તિ માટેનુ અ૦) પરથી?] કે (વાક્યના બે વિભાગને જોડતુ અપેક્ષાપૂરક અ૦) (ઉદા૦ તેનું કારણ એ છે જે (કે) .)
જે ('જે') પું૦, સ્ત્રી૦ [સં जय]+ક્રિતેહ ૦કરી પુ૦એક છંદ ૦ગોપાલ(–ળ) પુ૦ બ૦વ૦ 'જયગોપાળ' (નમસ્કાર કરવાનો એક વૈષ્ણવ ઉદ્ગાર) ૦જે પુ૦ જય જય, વદન (૨)અ૦ વદનસૂચક ઉદ્ગાર ૦જેકાર પું૦,સ્ત્રી૦જુઓ જયજયકાર ૦જેવંતીપુ૦ સ્ત્રી૦એક રાગિણી
જેઓ (જે') સ૦ ['જે'નુ બ૦ વ૦] [તેના રૂપો–જેમનું,–નાથી ઇ૦ નો 'જે' પહોળો 'જે' (હશ્રુતિ સાથે) બોલાય છે]
જેટલું(જે')વિ૦[સ यावत् પ્રા जत्तिय, जेत्तिअ जेत्तिल, હિં जितना] ('તેટલુ'ના સબધમા વપરાય કદ, સખ્યા, વજન ઇ૦નુ માપ કે મર્યાદા સૂચવે છે) –લે અ૦ ('તેટલે' સાથે સબંધમા) જેટલે અતરે, હદે કે મર્યાદા ઇ૦ મા (૨) જે વખતે, જ્યારે (૫)
જેઠ પુ૦[સ ज्येष्ठ,પ્રા जेट्ठ] વરનો મોટો ભાઈ (૨) વિક્રમ સવતનો આઠમો મહિનો (૩) વિ૦જુઓ જ્યેષ્ઠ –ઠાણી સ્ત્રી૦ [પ્રા. जिट्ठाणी] જેઠની વહુ –ઠી વિ૦ જેઠ મહિનાનુ,–ને લગતુ (૨)સ્ત્રી૦જેઠ મહિનાની પૂનમ.–ઠીપુત્ર પુ૦ પહેલા ખોળાનો અથવા વડો પુત્ર
જેઠીમધ ન૦ [સ यष्टि (પ્રા जट्ठि) मधु] એક વનસ્પતિ; ઔષધિ [–નો શીરો=જેઠી-

મધમાંથી બનાવાતી—તેના સત્ત્વની એક ઔષધિ.]
**જેઠીમલ(–લ્લ)** પું૦ [સ. ज्येष्ठमल्ल] વડો મલ્લ (૨) મોઢ બ્રાહ્મણની એક જાતનો આદમી
**જેઠો** પું૦ ગૂંદી કાઢ્યા પછીનો કસુંબાનો રંગ (૨) જુઓ જેઠીપુત્ર [અપાતું જમણ
**જેઠાણું** ન૦ લગ્ન પછી કન્યાને ત્યાં વરપક્ષને
**જેડલ** સ્ત્રી૦ (ક) સહિયર
**જેણા** સ્ત્રી૦ (ક.) ધીરજ
**જેણી** (જે') સ૦'જે'નું સ્ત્રી૦ ('તેણી' સબંધમાં) (જૂના પદ્યમાં, કે હાલ મુખ્યત્વે પારસીઓમાં) (૨) વિ૦ સ્ત્રી૦ જે ૦ગમ અ૦ જે તરફ
**જેણે** (જે') સ૦ 'જે'નું તૃતીયાનું રૂપ
**જેતશ્રી** (જે) સ્ત્રી૦ [हिं जैतश्री (स. जयतिश्री)] દીપકની એક રાગણી
**જેતા** પું૦ [स] જીત મેળવનાર, વિજેતા
**જેતૂન** (જે) ન૦ [अ] એક તેલી બી, 'ઑલિવ'
**જે તે** સ૦ (૨) વિ૦ ગમે તે કોઈ (૨) કાલતુ; સામાન્ય (ઉદા૦ આ કાંઈ જે તે માણસથી ન બને)
**જેદર** ન૦ ઘેટું
**જેબ** પુ૦,સ્ત્રી૦ [फा] ખીસું (૨) [फा जेब] શોભા,સુંદરતા.[–આપવો(–ધી)=શોભાવવું.]
**જેબ** પુ૦, સ્ત્રી૦ જુલમ (?)
**જેમ** (જે') અ૦ [અપ૦ जिध(–म), जेम, स यथा, સર૦ हिं जिमि] જે રીતે **જેમ કે** અ૦ દાખલા તરીકે ૦**તેમ** અ૦ ગમે તેમ, હરકોઈ રીતે, મુશ્કેલીથી
**જેમનું** (જે') સ૦ બ૦ વ૦ જેઓનુ (–ને, –નાથી, –નામાં ઇ૦ રૂપ પણ 'જેઓ'નાં છે) (૨) વિ૦ જે પ્રમાણેનું, જે રીતનું, જેવું (૩) [જુઓ જેમ] જે બાજુ કે તરફનું
**જેર** અ૦ [फा.] વશ, તાબે, પરાજીત [–કરવું, થવું] ૦**કડી** સ્ત્રી૦ ઘોડાના ચોકડાની કાટાકાટાવાળી કડી. ૦**દસ્ત** વિ૦ [फा] આધીન, કમજોર, નબળુ. ૦**બંદ(–ધ)** પુ૦ [फा] લગામને તંગ સાથે જોડનારી ચામડાની કે જાડી બનાતની પટી(૨)ચામડાનો કોરડો,સાટકો
**જેરકી** સ્ત્રી૦ (સુ.) સવારનો કુમળો તાપ
**જેરણું** (જે?) ન૦ ['જેરો' ઉપરથી?] ઘાસ સાથે મસળીને બનાવેલું છાણું (ચ રૂપ જેયણું)
**જેરો** પું૦[સર૦ 'ગેરો'] ગરેલો ભૂકો, ભૂકો(૨) તબાકુનો ભૂકો, જરદો (૩) ['ઘેરો' પરથી?] ઘચૂમલો, ટોળે વળવું તે (૪) [?] આગ, લાય
**જેલ** સ્ત્રી૦[इं.]કેદખાનું (૨) જેલની સજા, કેદ. [–તોડવી=બંધનો તોડી જેલમાંથી છટકી જવું.–કૂદવી=જેલની દીવાલ કૂદવી (નાસી છૂટવા માટે).] ૦**જાત્ર (–ત્રા)** સ્ત્રી૦ જેલમાં જવું તે ૦(૦નિ)**વાસ** પું૦ જેલમાં જવું તે. ૦**ર** પુ૦ [इं] જેલનો વ્યવસ્થાપક –**લી** વિ૦ જેલનું, –ને લગતું (૨) પુ૦ કેદી
**જેવડું** વિ૦ [अप० जेवड] ('તેવડું' સાથે સંબંધમાં) અમુક કદ કે માપનું
**જેવર** ન૦ [फा] અલંકાર, દાગીના
**જેવરી** સ્ત્રી૦[हिं (सं ज्या, जीवा)]દોરી દોરડી
**જેવાણી** ન૦ ગ્લોહાનું એઠું પાણી
**જેવારો** પુ૦ [જય+વારો]જયનો વારો–વખત
**જેવું** (જે') વિ૦ [अप० जिवँ, जेवँ પરથી?] ('તેવું' સાથે સંબંધમાં વપરાય) અમુક જાત રીત કે ગુણ–લક્ષણનું [**જેવા આવ્યા તેવા ગયા**=(જરાય ફેરફાર પામ્યા વિના,વધ્યાઘટ્યા વિના). **જેવો આવ્યો, તેવો તૂટી પડ્યા**= (આવ્યો કે તરત જ તૂટી પડ્યા)] ૦**તેવું** વિ૦ સાધારણ (૨) ગમે તેવું –**વે** અ૦ જે વખતે, જ્યારે
**જેષ્ટિકા** સ્ત્રી૦ [स] લાકડી, સોટી
**જેહ** સ૦ [સર૦ अप जिह, जेह] (પ) જે
**જેહાદ** સ્ત્રી૦ [अ जिहाद] ધર્મ ખાતર કરેલું યુદ્ધ, 'ક્રુસેડ'
**જેહુ** સ્ત્રી૦ [दे सेह] ધૂળ, રજ
**જેળ** ન૦[स ज्वल? સર૦ જેરો=આગ]તેજ; પ્રભાવ, દૈવત [જેળ ગયું=બધું બગડ્યું]
**જેસલી** (જે૦) સ્ત્રી૦ [સર૦ ઘીંસલું] નાનો જેસલો (૨) ખેતીનું ચાસ પાડવાનું ઓજાર. –**લો** પુ૦ પૈડાં વગરનું બળદ પલોટવાનું વાહન
**જૈન** વિ૦ [स] (સ ) જિને (તીર્થંકરે) પ્રવર્તાવેલું (૨) જૈન ધર્મને લગતું (૩) પુ૦ જિનનો ઉપાસક, શ્રાવક

**જૈનેતર** વિ૦ [સ] જૈન સિવાયનુ બીજું
**જૈમિનિ** પુ૦ [सं] (સ.) પૂર્વમીમાંસાદર્શનના પ્રવર્તક ઋષિ
**જો** અ૦ [સ यदि, प्रा जइ, સર૦ हिं जो] (સંશય કે શરત બતાવે છે 'તો' સાથે વપરાય છે)
**જોઈએ** 'જોઈવું'નુ વ૦કા૦નુ રૂપ ('જોઈએ છે' = જરૂરનુ છે એ અર્થમા વપરાય છે. બાકી અપૂર્ણ ક્રિ૦ છે) (૨) ખપ કે જરૂર યા ઇચ્છા હોય તેમ — એવો ભાવ બતાવે છે [જેમ કે, **–એમ** = ખપ કે જરૂર મુજબ **–ત્યારે** = ખપ પડે તે વખતે **–તેટલું** = માગો તેટલુ, જરૂર હોય તેટલુ **–ત્યાં** = ગમે ત્યા, જ્યા કહો ત્યા — જ્યા જરૂર હોય ત્યા] (૩) ['જોવું'નુ પહેલો પુરુષ બ૦વ૦નુ વ૦કા૦નુ રૂપ]
**જોઈતું** વિ૦ [જોઈવું'નુ વ૦ કૃ૦] જોઈએ તેટલુ, જરૂરી **૦કરતું** **૦કારવતું** વિ૦ જરૂરી, ખપનું
**જોઈવું** અ૦ ક્રિ૦[સ योजय्, प्रा जोअ પરથી?] ખપ જરૂર કે ઇચ્છા હોવી (૨) સામાન્ય કૃદંત જોડે વપરાતા 'તે ક્રિયા કરવાની જરૂર કે ફરજ હોવી' એમ અર્થ થાય છે ઉદા૦ તમારે જવુ જોઈએ [આ ક્રિ૦ અપૂર્ણ છે જોઈએ, જોઈતુ, જોઈશે એ ત્રણ રૂપે જ સામાન્યપણે જોવા મળે છે સુરત બાજુ 'જોઈવાનુ' રૂપ પણ વપરાય છે જેમ કે, કાલે મારે આ ચોપડી જોઈવાની છે = જોઈશે.]
**જોઈશે** 'જોઈવું'નુ ભવિષ્ય કાળનુ રૂપ
**જોક(–ખ)** સ્ત્રી૦ [સ जलौकम्, प्रा जलुगा, हिं जोंक, जोक] જળો (૨) [अ] ઢોરનો વાડો, ઝોક (૩) (ઢોરનુ) જૂથ
**જોકર** પું૦ [इं] ગંજીફામા આવતુ એક પત્તુ
**જોકે** અ૦ [જો+કે] અગરજો (વિરોધી શરત કે વિધાન બતાવે છે) 'છતા' અથવા 'પણ' સાથે સંબંધમા વપરાય છે (જેમ કે, જોકે તમે કહો છો તે ખરું હશે, પરંતુ મને નથી લાગતુ) (૨) 'બલ્કે'થી ઊલટો ભાવ બતાવવા (બે વાક્યો વચ્ચે) વપરાય છે (જેમ કે, તેણે આપવા કહ્યુ, જોકે એનુ મન નથી)
**જોખ** પું૦ [सं जोष] સુખ, આનંદ (૨) સ્ત્રી૦ જુઓ જોક (૩) ન૦ ['જોખવું' ઉપરથી] જોખવાનુ કાટલુ (૪) જોખવાની રીત, તોલ (૫) તાજવું
**જોખમ** ન૦ [સ૦ કિ, મ जोख(–खि) म] ભવિષ્યમા થવાના નુકસાનની ધાસ્તી (૨) નુકસાન, વેઠો (૩) જેમા નુકસાનની ધાસ્તી હોય એ, સાહસ (૪) જુમ્મો, જવાબદારી. [**–ખેડવું** = સાહસ કરવું, જોખમવાળા કામમાં પડવુ **–ઉઠાવવું**, **માથે લેવું**, **વહોરવું** = જોખમવાળુ કામ હાથ ધરવું, જવાબદારી માથે લેવી **–માં ઊતરવું** = નુકસાનીમાં ઊતરવુ, નુકસાનીની ધાસ્તીવાળા કામમાં પડવું **–માં નાખવું**, **મૂકવું** = ખોટ–હાનિના ભયમા મૂકવુ **–વેઠવું** = જોખમ માથે લેવુ (૨) નુકસાન વેઠવુ] **૦કારક**, **૦કારી** વિ૦ જોખમવાળુ, જોખમ પહોચાડે એવું. **૦દાર** વિ૦ જુઓ જવાબદાર **૦દારી** સ્ત્રી૦ જુઓ જવાબદારી
**જોખમાપ** ન૦ જોખવુ અને માપવું તે (૨) જોખવાનુ કાટલુ અને ભરવાનું માપ
**જોખમાવું** અ૦ ક્રિ૦ [જુઓ જોખમ] જોખમમાં આવવુ, જોખમ કે નુકસાન થવુ
**જોખવું** સ૦ ક્રિ૦ [हिं जोखना, सं जुष्–जोषति ઉપરથી?] તોળવુ, વજન કરવુ (૨) [લા] મનમા તોળીને વિચારી લેવુ (જેમ કે, તે શબ્દો જોખીને વાપરે છે)
**જોખસે** (જો?) અ૦[हिं (अ. जौक = ખુશી + हिं से)] અલબત્ત, અવશ્ય, ઘણી ખુશીથી
**જોખામણ** ન૦, **–ણી** સ્ત્રી૦ જોખવાનુ મહેનતાણું
**જોખિયો** પું૦ જોખનારો, તોલાટ
**જોખો** પુ૦ જુઓ જોખિયો (૨) [જુઓ જોખ] સુખ, મજા (૩) ['જોખમ' પરથી] (કા) જોખમ
**જોગ(–ગુ)** વિ૦ [સ योग्य, प्रा जोग्ग] જોગુ; લાયક, છાજતુ (નામ કે ક્રિયા સાથે નામયોગી અ૦ પેઠે વપરાય છે જેમ કે, લખવા જોગ, (બાબત), ખાવા જોગ (ફળ), તમારા જોગ (કામ)) (૨) માટેનુ, –ના તરફનુ (જેમ કે, શાહ જોગ, નામ જોગ (હૂંડી) (૩) અ૦ પ્રતિ, તરફ (જેમ કે, . .ના તંત્રી જોગ इ to પેઠે)

**જોગ** પુ૦ જુઓ યોગ(૨) જોગવાઈ(૩) (વણાટમાં તાણાના) ક્રમવાર તાર તળે ઉપર કરી સધાતી ચોકડી જેવી આટીની યોજના. [–આવવો, –બેસવો = સંજોગ આવવો, લાગ મળવો. –ખાવો = યોગ થવો, મેળાપ થવો –પાડવો = વણાટમાં તાણાના તારમાં જોગ આવે એમ કરવું, જોગ સાધવો –મળતો આવવો = મનાવનો મેળ થવો (૨) ગ્રહો મળતા આવવા –લેવો = સંસારત્યાગ કરી યોગસાધના કરવી –વહેવા = જૈન સાધુને પવિત્રતા અર્પતી એક ક્રિયા કરવી –સાધવો = તકનો લાભ લેવો (૨) યોગની સાધના કરવી ] ૦ડી સ્ત્રી૦ સાધુડી, બાવી (તુચ્છકારમાં) ૦ડો પુ૦ જોગી, બાવો (તુચ્છકારમાં) ૦ણ સ્ત્રી૦ જુઓ યોગિની (૨) બાવાની સ્ત્રી, સાધુડી ૦ણી સ્ત્રી૦ ઈશ્વરશક્તિના કલ્પેલા ૬૪ સ્ત્રીરૂપોમાંનું દરેક ૦દેવ પુ૦ મોટો જોગી–સંન્યાસી ૦નિદ્રા સ્ત્રી૦ યોગયુક્ત નિદ્રા – અર્ધી ઊંઘની ને અર્ધી સમાધિની સ્થિતિ (૨) યુગને અંતે વિષ્ણુની નિદ્રા (૩) બ્રહ્માની નિદ્રા (જે વખતે પ્રલય થાય છે) ૦પતિ પુ૦ (સં ) યોગીશ્વર–શિવ ૦માયા સ્ત્રી૦ સૃષ્ટિને ઉત્પન્ન કરનારી ઈશ્વરની મોટી શક્તિ; જગતના કારણરૂપ ઈશ્વરી માયા (૨) દુર્ગા ૦વટો પું૦ જોગીપણું, સંન્યાસ

**જોગવવું** સ૦ ક્રિ૦ [સર૦ हिं जोगवना, सं योग्य्, प्रा जोअ] જોગ ખવરાવવો મેળ કરાવવો, ગોઠવવું (૨) વિવેકથી ભોગવવું, માણવું, સાચવીને કામમાં લેવું

**જોગવાઈ** સ્ત્રી૦ ગોઠવણ, બંદોબસ્ત

**જોગંદર** પુ૦ [સં. योगी + इन्द्र] યોગીન્દ્ર

**જોગાણ** ન૦ ઘોડા બળદ વગેરેને ખાવાનું અનાજ

**જોગાનજોગ** અ૦ [સં योग + अनुयोग] જોગ આવી મળવાથી, અનવાકાળ હોવાથી, સંજોગ-વશાત્

**જોગિયો** પુ૦ એક જાતનો રાગ(૨) જુઓ 'જોગી'માં

**જોગી** પુ૦ જુઓ યોગી (૨) શૈવપંથી ખાખી બાવો (૩) એક રાગ (૪) એ નામની જાત, રાવળિયો –ગિયો પુ૦ યોગી ૦આશાવરી પુ૦, સ્ત્રી૦ એક રાગિણી

**જોગું** વિ૦ જુઓ 'જોગ' વિ૦

**જોગેશ** પું૦ [સં योगेश] (સં ) મહાદેવ

**જોજન** પુ૦, ન૦ [ सं योजन ] ચાર ગાઉનું અંતર [જુવાન–પહેલવેતરી ભેંસ

**જોટડી** સ્ત્રી૦, –ડું ન૦ [दे झोट्टी] ઝોટડી,

**જોટલાં(–વાં)** ન૦ બ૦ વ૦ [સર૦ म जोडवें, 'જોટો' પરથી ?] પગની આગળીઓ ઉપર પહેરવાના સ્ત્રીઓના ઘરેણાં

**જોટિંગ** પુ૦ [સં] શિવનું એક નામ (૨) આકરામાં આકરી તપસ્યા કરનાર તપસ્વી

**જોટું** ન૦ જુઓ જોટડું

**જોટો** પુ૦ [म योटक, हिं जोटा] બે સરખી વસ્તુની જોડ ઉદા૦ 'વાતીજોટો' (૨) એક વસ્તુને બની રીતે મળતી આવતી બીજી વસ્તુ

**જોડ** સ્ત્રી૦ [अप जोड = જોડી, યુગ્મ, જોટો, સર૦ हिं , म ] બે સરખી વસ્તુઓની જોડી (૨) હરીફાઈ કે સરખામણીમાં બરાબર ઊતરે તેવી બીજી વસ્તુ (૩) તંબૂરના ચાર તારમાંના વચલા બે તાર (૪) સંગતિ, સોબત, જોડાણ ૦કણું ન૦ ગમે તેમ જોડી કાઢેલું ગીત કે કવિતા (૨) જોડી કાઢેલી વાત ૦કામ ન૦ જોડવાનું કામ કે રીત ૦કું ન૦ એકબીજાની સાથે વળગેલી વસ્તુઓ (૨) જોડે અવતરેલાં બે બાળક (બ૦ વ૦ માં)

**જોડણી** સ્ત્રી૦ ['જોડવું' ઉપરથી] જુઓ જોડકામ (૨) શબ્દ લખવા અક્ષરોને જોડવાની રીત, 'સ્પેલિંગ' ૦કોશ પુ૦ જોડણીની શુદ્ધિ અર્થે રચેલો કે શુદ્ધ જોડણીવાળો શબ્દકોશ

**જોડલા** વિ૦ બાર (વેપારીઓનો સંકેત)

**જોડવું** સ૦ ક્રિ૦ [म जुड् = બાંધવું, प्रा जोड (सं योजय्) = સંયુક્ત કરવું] જુદી વસ્તુઓનો સંબંધ કરવો–સાધવો, ભેગું કરવું, વળગાડવું (૨) છૂટા ભાગો કે ઘટકોને ભેગા કરી એક આખી રચના કરવી (જેમ કે, વાક્ય કે કવિતા જોડવી, સાઇકલ કે યંત્ર જોડવું) (૩) (વાહન કે કામમાં) લગાડવું, જોતવું (જેમ કે, ગાડીએ બળદ ઘોડો જોડવો, હળે કે વાણે બળદ જોડવો ) (૪) વાહનને કે ઓજારને બળદ ઘોડો જોતીને

તૈયાર કરવું (જેમ કે, ઘાચી ઘાણી જોડશે, હળ જોડો એટલે જઈએ ગાડા જોડીને સૌ નીકળ્યા) (૫) ખોટ કે નુકસાન આવે ત્યારે ભરી આપવું, ખૂટતુ પૂરુ કરી આપવુ, ભરપાઈ કરવી (જેમ કે, મારે એમા ઘરના સો જોડવા પડ્યા.) (૬) એક સાથે બીજાને તેના અનુસંધાનમા લગાડવુ, સાથે સાધવુ (જેમ કે, ગાડીને એંજિન કે ડબા જોડવા, પુસ્તકને અંતે સૂચિ જોડવી, 'ક' ને 'ષ' જોડવાથી ક્ષ થાય; ઇ૦) (૭) રચવું, ઘડવુ (જેમ કે, પ્રીત જોડવી, વાત જોડવી) (૮) સાથે કરવુ; એકઠું કરવું (જેમ કે, 'તેણે ખૂબ પૈસા જોડ્યો છે,' 'પુણ્ય જોડવું') (૯) એક સાથે બીજાને ભેગું કરવુ (જેમ કે, હાથ જોડવા). [જોડી કાઢવું=કલ્પનાથી રચીને તૈયાર કરવું, બનાવટી કે ખોટું ઊભુ કરવુ]

**જોડવું** ન૦ [જુઓ જોડ, સર૦ हि जोडवाँ, म जोडवे] જોડું · જોડકું

**જોડાક્ષર** પુ૦ [જોડવુ+અક્ષર] બે અથવા વધારે અક્ષરો જોડવાથી બનેલો એક સંયુક્ત અક્ષર

**જોડાજોડ** અ૦ [જોડે જોડે] પાસેપાસે, અડોઅડ

**જોડાણ** ન૦ ['જોડવુ' પરથી] સાંધો, સંધાન (૨) એકઠું કરવુ, ભેગુ કરી દેવું (૩) એકઠા થવુ, જોડાવુ તે (ઉદા૦ બે રાજ્યોનુ જોડાણ) **–મણ** ન૦, **–મણી** સ્ત્રી૦ જોડવાનુ મહેનતાણુ **–વાડો** પું૦ જોડકણુ કરવુ તે

**જોડિયું** વિ૦ ['જોડ' ઉપરથી] સાથે રહેનાર (૨) બેની જોડમાનુ એક (૩) જોડાક્ષરનુ (છાપવાનુ બીબુ) **–યણ** વિ૦ સ્ત્રી૦ જોડે રહેનારી, સાથી **–યો** પુ૦ સાથી

**જોડી** સ્ત્રી૦ [જુઓ જોડ] બે સરખી વસ્તુઓની જોડ (૨) નાના છોકરાનુ –નાનુ પગરખુ **૦દાર** પુ૦ સાથી (૨) બરાબરિયો **–ડું** બે ન૦ વસ્તુઓની જોડી (૨) વરવહુની જોડ (૩) ખાસડુ **–ડે** અ૦ સાથે, જોડમા (૨) પાસે, નજીક **–ડો** પુ૦ પગરખુ (૨) જુઓ જોટો (૨) [જોડા ખાવા = ખાસડાનો માર ખાવો (૨) ઠપકો ખાવો (૩) નુકસાન કે ખોટ વેઠવા. **–ઘસવા** = કોઈને ત્યા વારવાર ધક્કા ખાવા **–ચડાવવા** = જોડા પહેરવા **–પડવા** = જોડાનો માર પડવો (૨) ઠપકો મળવો **–પહેરવા** = પગમાં જોડા ચડાવવા **–ફાટવા** [લા] જોડા ઘસાઈને ફાટે એટલા બધા ફેરા થવા **–મારવા** = ખાસડાનો માર મારવો (૨) સખત ઠપકો આપવો]

**જોડ્યાબોલ** પુ૦ [જોડવું+બોલ]+જોડકણાં

**જોણું** ન૦ [જોવું ઉપરથી] જોવું તે (૨) તમાસો, ફજેતો [શિખા

**જોત** સ્ત્રી૦ [सं ज्योति] તેજ, પ્રકાશ (૨) દીવાની

**જોતજોતાં,–તામાં** અ૦ ક્ષણમા, પલક વારમા

**જોતર,–રું** ન૦ [स योक्त्र, प्रा जोत्त(०य)] ધૂસરીની સાથે બળદને જોડવાનો પટો. [**–ઘાલવું** = બળદને ધૂંસરે જોડવો (૨) નવાસવા કામમા પહેલવહેલુ નાખવું (૩) પીડા વળગાડવી. **–વળગાડવું** = જોતરું ઘાલવું; બેરી પરણાવવી, સંસારની ધૂસરીમા જોડવુ **જોતરે જોડાવું** = કંટાળા ભરેલા કામમાં ગૂથાવુ (૨) સંસારની ધૂસરીમા જોડાવુ]

**જોતર-છાણો** પુ૦ જોતર છોડી બળદને આરામ આપવો તે [સાથે જોડવું

**જોતરવું** સ૦ ક્રિ૦ જોતર વડે પશુને ધૂંસરી

**જોતિક** પુ૦ [स ज्योतिषिक]+જોષી

**જોતી** પુ૦ મદદનીશ પુરોહિત (પારસી)

**જોદ્ધો,–ધ** પુ૦ [જુઓ યોદ્ધો] લડવૈયો. **–ધારમલ(–લ્લ)** પુ૦ [योद्धृ + मल्ल] જબરો અને શૂરવીર મર્દ

**જોબન** ન૦ [स यौवन, प्रा. जोव्वण] જુવાની. **૦વ તું** વિ૦ જોબનવાળુ **૦વેશ** વિ૦ યુવાન **–નિયું** ન૦ જોબન (ન(

**જોબર** પુ૦ [इं] મજૂરો લાવી આપી તેમના કામ પર દેખરેખ રાખનાર મિલનો એક નોકર

**જોબા(–ભા)વું** અ૦ ક્રિ૦ [જુઓ જોબો] જોબો આવવો, મરણઘાટીમા સપડાવુ

**જોબો(–ભો)** (જો') પુ૦ જીવ ઊંડો ઊતરી જવો – બેભાન થઈ જવુ તે, તમ્મર [**–આવવો** = તમ્મર આવવી, બેભાન થઈ જવુ]

**જોમ** ન૦ [સર૦ म, हिं, अ. जअम] જુસ્સો, બળ, શક્તિ **૦દાર,–મી** વિ૦ જોમવાળુ

**જોર** ન૦ [फा] બળ, શક્તિ, કૌવત (૨) શ્રમ, મહેનત (ઉદા૦ એટલુ કરત તો શુ જોર પડત ?) (૩)

વશ, કાબૂ; ચલણ (ઉદા૦ મારુ એના ઉપર કાંઈ જોર છે કે માને ?) (૪) ચડતી, તેજી, જોમ, વેગ (ઉદા૦ ભાઈનુ કામ કાંઈ જોરમા દેખાય છે। તાવનું જોર ઇ૦) (૫) દાબ, ભાર, વજન (ઉદા૦ આ બળદ નાનો હોવાથી તેને વધારે જોર આવે છે) [–કરવું=બળ વાપરવું, મહેનત કરવી (૨) આગ્રહ કરવો; દબાણ કરવુ –કાઢવું=શક્તિ ખરચવી (૨) પૂરો કાબૂ કે અધિકાર યા વેગ વાપરવો (ઉદા૦ ક્યાય નથી ચાલતુ ત્યારે ઘરમા જોર કાઢે છે). –ચઢવું=ચરબી ચડવી, જોરથી માતવુ –ચાલવું=બળ કે શક્તિની અસર થવી, જોર ફાવવુ –પકડવું=જોરાવર–બળવાન થવુ, વધારે મજબૂત થવુ –મારવું=ખૂબ બળ કે શક્તિ વાપરી કાંઈ કરવુ (૨) ઝપાટો કે વેગ કરવો –પર, –માં આવવું=જબરુ થવુ, વધવુ, જોર પકડવું] ૦કસ વિ૦ કસરતી, કસાયેલુ (૨) જોર કરવું પડે–જોરની કસોટી થાય એવુ ૦જબરાઈ; ૦જબરી સ્ત્રી૦[फा] જબરદસ્તી, જુલમ ૦જુલમ પુ૦ બળાત્કાર, જુલમ ૦તલબી સ્ત્રી૦[फा] ખડણી ૦દાર વિ૦ જોરવાળુ. ૦ભેર અ૦ જોરથી. ૦મન વિ૦ જોરવાળુ –રાણ વિ૦ જોરવાન –રાવર વિ૦[फा] જોરવાળુ; બળવાન. –રાવરી સ્ત્રી૦ [फा.] જબરદસ્તી, બળાત્કાર –રાળ(–ળુ) વિ૦ જોરવાળુ –રાળાપણું ન૦

**જોરી** વિ૦ ['જોર' ઉપરથી] જેને બીજાનું જોર–મદદ હોય એવુ (શેતરંજમા) (૨) સ્ત્રી૦ શેતરંજની રમતનો એક પ્રકાર

**જોરુ** સ્ત્રી૦ [हिं.] બૈરી; વહુ

**જોરો**, ૦તોરો પું૦['જોર' ઉપરથી] દાબ, દબાણ, સખતી ['જોવું'નુ પ્રેરક ને કર્મણિ

**જોવડા(–રા)વવું** સ૦ક્રિ૦, **જોવાવું** અ૦ ક્રિ૦

**જોવું** સ૦ ક્રિ૦ [प्रा जो, जोअ, जोव] દેખવું, આખ વડે જાણવું (૨) [ला] તપાસવુ, વિચારવુ, ધ્યાન આપવુ (૩) વાચવુ, અભ્યાસ કરવો (જેમ કે પ્રૂફ જોવા, કામના કાગળો જોવા ઇ૦) (૪) અખતરો કરવો પ્રયોગ કરવો (જેમ કે, જોવું હોય તો આવી જા.) એ અર્થમા બીજા ક્રિયાપદો સાથે સહાયકારક તરીકે વપરાય છે. જેમ કે કહી જોવું, બોલાવી જોવુ, કરી જોવુ. [જોઈ જોઈને=ખૂબ તપાસીને (૨) લાબો વિચાર કરીને જોઈને ચાલવું, ડગલું ભરવું=વિચારીને કાર્ય કરવુ જોઈ લેવું=વિચારી લેવુ (૨) મારવાની ધમકી આપવી; ખબર લેવી જોવા જેવું=જોવા લાયક, સુંદર (૨) ફજેત થવા જેવુ, મારામારી થઈ બેસે એવું, ખરાબ (આ અર્થમા 'જોયા જેવુ' પણ વપરાય છે)]

**જોશ(–ષ)** પુ૦ [स ज्योतिष, प्रा जोइस] જ્યોતિષનુ જ્ઞાન, ગ્રહ, ગ્રહફળ વગેરે જોવુ તે. [–જોવા=ગ્રહ વગેરેના સ્થાન તપાસી ફળ–ભવિષ્ય કહેવુ]

**જોશ(–સ)** પુ૦, ન૦[फा] ઉછાળો ઊભરો (૨) જુસ્સો (૩) વેગ, જોર ૦દાર વિ૦ જોશવાળુ; જોશીલુ

**જોશન** ન૦ [फा जोशन, 'જોશતાન'] ચોપડીઓ વગેરે રાખવાની વિદ્યાર્થીની કોથળી–પાકીટ (૨) હાથે પહેરવાનુ એક ઘરેણુ

**જોશી(–ષી)** પુ૦ [જુઓ જોશ] જોષ જોનારો

**જોશી(–સી)લું** વિ૦ ['જોશ' (फा) ઉપરથી] જોશવાળુ, જોસદાર

**જોષ** પુ૦ જુઓ જોશ –ષી પુ૦ જુઓ જોશી

**જોસતા(–દા)ન** ન૦[अ जुज़दान] જુઓ જોશન

**જોસ્સો** પુ૦ + જુસ્સો

**જોહાકી** સ્ત્રી૦ [अ जह्हाक–એક જુલમી પાદશાહ ઉપરથી] જોહુકમી

**જોહુકમ** પુ૦ જુલમ, દોર (૨) અ૦ હુકમ પ્રમાણે. –મી સ્ત્રી૦ જોહુકમ, આપખુદી (૨) વિ૦ જોહુકમવાળુ

**જોળ** સ્ત્રી૦ [स युगल, प्रा जुअल, जुवल] સાથે અવતરેલા બાળકનુ જોડલુ–જોડકુ –ળિયું વિ૦ સાથે અવતરેલુ હોય એવુ (પ્રાય બ૦ વ૦મા)

**જોંસો(૦)** પુ૦ [જુઓ ઝાંસો] ઠપકો

**જૌહર** ન૦ [अ, स०म. जोहार] સામુદાયિક આત્મહત્યા, જમોર

**જૌહર** ન૦ [अ] જવાહિર, ઝવેરાત

**જ્ઞ** (ગ્ન) પુ૦ [स] જ્, ઞનો જોડાક્ષર (૨) વિ૦ જાણનારું (સમાસને છેડે) ઉદા૦ 'સર્વજ્ઞ'

**જ્ઞપ્તિ** સ્ત્રી૦ [સં] જાણવું તે (૨) બુદ્ધિ
**જ્ઞાત** વિ૦ [સં] જાણેલું ૦વ્ય વિ૦ [સં] જાણવા યોગ્ય -તા પું૦ [સં] જાણનારો
**જ્ઞાતિ** સ્ત્રી૦ [સં] ન્યાત, નાત ૦બંધુ પું૦ નાતભાઈ ૦માસિક ન૦ જ્ઞાતિવિષયક કે જ્ઞાતિનું માસિકપત્ર
**જ્ઞાન** ન૦ [સં] જાણવું તે, જાણ, (૨) ખબર, માહિતી (૩) ભાન; પ્રતીતિ (૪) સમજ કે સમજવા જેવી વસ્તુ ('એ તો જ્ઞાન મને ગમતું નથી ') (૫)બ્રહ્મજ્ઞાન [-આવવું=સમજવું, ભાન થવું -પામવું=જ્ઞાન થવું, ખબર પડવી (૨) બ્રહ્મજ્ઞાન થવું] ૦કાંડ પું૦ જીવાત્મા-પરમાત્મા સંબંધીના તત્ત્વજ્ઞાનને લગતો (વેદનો) વિભાગ. ૦કોશ(-ષ) પું૦ બધી જાતના જ્ઞાનના—માહિતીના સંગ્રહરૂપ મોટો ગ્રંથ, 'એન્સાઇક્લોપીડિયા'. ૦ખળ પું૦ જૂઠો—ઢોંગી પંડિત બની બેઠેલો તે ૦ચક્ષુ વિ૦ જ્ઞાનરૂપી આંખવાળું (૨) ન૦ જ્ઞાનરૂપી ચક્ષુ — આંખ (ચર્મચક્ષુથી ઊલટું) ૦તંતુ પું૦ જ્ઞાનેંદ્રિયોને મગજ સાથે સાંધનો તંતુ, 'નર્વ ' ૦તંતુવ્યવસ્થા સ્ત્રી૦ જ્ઞાનતંતુઓની રચના, કામ વગેરેનું તંત્ર, 'નર્વસ સિસ્ટમ' ૦દગ્ધ વિ૦ અરધાપરધા જ્ઞાનને કારણે વિપરીત બનેલું ૦દીપ(૦ક) પું૦ જ્ઞાનરૂપી દીવો ૦ધન વિ૦ જ્ઞાનરૂપી ધનવાળું (૨) ન૦ જ્ઞાનરૂપી ધન ૦પરંપરા સ્ત્રી૦ એક ઉપરથી બીજું, બીજા ઉપરથી ત્રીજું, એ રીતે મળતી જ્ઞાનની હાર ૦પંચમી, ૦પાંચમ સ્ત્રી૦ કારતક સુદ પાંચમ ૦પ્રક્રિયા સ્ત્રી૦ જ્ઞાન નીપજવાની પ્રક્રિયા, 'એપિસ્ટેમોલૉજી' ૦ભંડાર પું૦ પુસ્તકાલય ૦મય વિ૦ જ્ઞાનથી ભરેલું ૦માર્ગ પું૦ જ્ઞાન દ્વારા મોક્ષ મેળવવાનો રસ્તો. ૦યજ્ઞ પું૦ જ્ઞાનની પ્રાપ્તિ કે દાનરૂપી યજ્ઞ ૦યોગ પું૦ શ્રવણ,મનન ને નિદિધ્યાસનના સાધનવાળો એક યોગ ૦રજ્જુ સ્ત્રી૦ જુઓ જ્ઞાનતંતુ ૦વલ્લી સ્ત્રી૦ એક વેલો (૨) ભાગ ૦વાન વિ૦ જ્ઞાનવાળું ૦વાયુ પું૦ મગજનો એક રોગ (તેથી માણસ મોટી મોટી—જ્ઞાનની વાતો લવ્યા કરે છે) ૦વિજ્ઞાન ન૦ સામાન્ય અને વિશેષ બધું જ્ઞાન (૨) બ્રહ્મજ્ઞાન ૦વૈરાગ્ય પું૦ જ્ઞાન વડે ઉત્પન્ન થયેલો વૈરાગ્ય -ની વિ૦ જ્ઞાનવાળું. -નીશ્વર પું૦ [જ્ઞાની+ईश्वर] શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ જ્ઞાની -નેન્દ્રિય સ્ત્રી૦ [ज्ञान+इन्द्रिय] (જુઓ ઇંદ્રિય) જ્ઞાન ગ્રહણ કરનારી ઇંદ્રિય -નોદય પું૦ [ज्ञान+उदय] જ્ઞાનનો ઉદય, જ્ઞાન પ્રગટવું તે -નોપાસના સ્ત્રી૦ [ज्ञान+उपासना] જ્ઞાનની ઉપાસના
**જ્ઞાપક** વિ૦ [સં] જણાવનારું (૨) પું૦ ગુરુ, શિક્ષક (૩) ન૦ (વ્યા) અપવાદનું સમર્થક. -ન ન૦ જણાવવું તે (૨) જાહેરાત. ઢંઢેરો
**જ્ઞાપિત** વિ૦ [સં] જણાવેલું
**જ્ઞેય** વિ૦ [સં] જાણવા યોગ્ય ૦તા સ્ત્રી૦
**જ્યહાં** અ૦ (પ) જુઓ જહીં, જ્યાં
**જ્યા** સ્ત્રી૦ [સં] ધનુષ્યની પણછ – દોરી (૨) 'સાઇન' (ગ) ૦શ્રેણિ(-ણી) સ્ત્રી૦ 'સાઇન સીરીઝ' (ગ)
**જ્યાદા(-દે)** વિ૦ [અ] વધારે
**જ્યારે** (જ્યાં') અ૦ જે વખતે -રથી અ૦ જે સમયથી -રનું વિ૦ જે સમયનું. -ર લગી અ૦ જે સમય લગી, જ્યાં લગી ૦ ત્યારે અ૦ કોઈને કોઈ વખતે (૨) ગમે તે વખતે
**જ્યાં** (') અ૦[જુઓ જહીં] જે જગાએ ૦ત્યાં અ૦ જહીંતહીં દરેક જગાએ (૨) મુશ્કેલીથી (૩) કોઈ પણ રીતે
**જ્યુબિલી** સ્ત્રી૦ [ઇં] મહોત્સવ (અમુક વર્ષ વીત્યાનો) (૨) [લા] પરીક્ષામાં નાપાસ થઈ તેના તે વર્ગમાં રહેવું તે (-કરવી, થવી)
**જ્યેષ્ઠ** વિ૦ [સં] મોટું. સૌથી મોટું, વડું (૨) પું૦ જેઠ માસ -ષ્ઠા વિ૦ સ્ત્રી૦ જયેષ્ઠ (૨) સ્ત્રી૦ અઢારમું નક્ષત્ર
**જ્યોતિ** પું૦, સ્ત્રી૦[સં] જુઓ જોત (૨) સૂર્ય, ચંદ્ર, તારા વગેરે આકાશના તેજસ્વી પદાર્થ. ૦ર્ધર પું૦ જ્યોતિ ધારણ કરનાર, પ્રકાશ ફેલાવનાર (ખાસ કરીને જ્ઞાનનો). ૦ર્મય વિ૦ તેજસ્વી ૦ર્મંડલ (-ળ) ન૦ તારા નક્ષત્રો વગેરેનો સમૂહ ૦ર્લિંગ ન૦ બાર મુખ્ય શિવલિંગોમાંનું દરેક ૦ર્વિદ પું૦ જ્યોતિર્વિદ્યા જાણનારો ૦ર્વિદ્યા સ્ત્રી૦ જ્યોતિશાસ્ત્ર ૦શ્ચક્ર ન૦ ગ્રહમંડળ, રાશિચક્ર ૦ષ ન૦

જુઓ જ્યોતિ શાસ્ત્ર (૨) વેદના અંગોમાંનું એક ૦ર્જાણ પું૦ જ્યોતિષ જાણનારો, જોશી ૦ર્વિ પું૦ જ્યોતિષ જાણનારો ૦ષ્ટોમ પું૦ [સં.] એક યજ્ઞ ૦ર્મતી વિ૦ સ્ત્રી૦ તારા અને નક્ષત્રોના પ્રકાશવાળી (રાત) ૦ર્માન વિ૦ પ્રકાશમાન, કાંતિમાન -તિઃપુંજ પું૦ નક્ષત્રસમૂહ -તિઃશાસ્ત્ર ન૦ ગ્રહોની મનુષ્યની સ્થિતિ ઉપર થતી શુભાશુભ અસર જાણવાનું શાસ્ત્ર (૨) ખગોળશાસ્ત્ર

જ્યોત્સ્ના(-ત્સ્નિકા) સ્ત્રી૦ [સં] ચાંદની, ચાંદરણું

જ્વર પું૦ [સં] તાવ ૦ઘ્ન વિ૦ જ્વરવિનાશક -રાંકુશ પું૦ [+ अंकुश] તાવની એક દવાનું નામ -રાંશ પું૦ [+ अंश] થોડોવણો- સહેજસાજ તાવ

જ્વલન ન૦ [સં] બળવું તે (૨) પું૦ અગ્નિ

જ્વલંત વિ૦ [સં] બળતું (૨) પ્રકાશમાન, ઝળહળતું (૩) [લા] ઉઘાડું, સ્પષ્ટ

જ્વલિત વિ૦ [સં] સળગેલું (૨) પ્રકાશિત

જ્વાલા(-ળા) સ્ત્રી૦ [સં] અગ્નિની શિખા ૦ગ્રાહી વિ૦ સળગી ઊઠે તેવું ૦મુખ ન૦ જ્વાલામુખી પર્વતનું મોં ૦મુખી વિ૦ (૨) પું૦ જેના મુખમાંથી જ્વાલા નીકળે છે એવો -બળતો (પહાડ)

## ઝ

ઝ પું૦ [સં] તાલુસ્થાની ચોથો વ્યંજન ૦કાર પું૦ ઝ અક્ષર કે ઉચ્ચાર ૦કારાંત વિ૦ જેને છેડે ઝકાર હોય એવું ૦ઝું ન૦ +, ૦ઝો પું૦ ઝકાર

ઝકઝોલ(-ળ)વું સ૦ક્રિ૦ [दे झल्लोज्झलिअ =પરિપૂર્ણ, ભરપૂર, સર૦ हिं. झकझोरना] રેલછેલ કરવી

ઝકઝોળ વિ૦ [જુઓ ઝકઝોળવું] મશગૂલ (૨) સ્ત્રી૦ રેલછેલ (આનંદની) ૦વું સ૦ ક્રિ૦ જુઓ ઝકઝોલવું -

ઝટૂંબ ૦ઝૈયાં અ૦[રવ૦]મૃદંગનો એવો અવાજ

ઝકૂબવું અ૦ક્રિ૦ (કા) ઝૂકવું, લળી પડવું

ઝકોર સ્ત્રી૦ [हिं] પવનમાં ફરફરવું તે (૨) ઝકઝોળ (આનંદની) (૩) ન૦ ગાડું, ખટારો (૪) ગાલ્લી (તારાનું ઝૂમખું)

ઝકોળ સ્ત્રી૦ ઝકોર, ફરફરાટ (૨) પવનનું વાવું તે

ઝક્કી સ્ત્રી૦ એક જાતનું પક્ષી

ઝખ સ્ત્રી૦ [સર૦ म झक] જુઓ જખ. [-મારવી, મારીને રહેવું.] (૨) ન૦ [सं झष] માછલું

ઝગઝ(-મ)ગ અ૦ [प्रा जगजग, हिं जगमग (રવ૦)] ખૂબ તેજ મારતું હોય તેમ ૦વું અ૦ ક્રિ૦ [સર૦ म झगझगायते] ઝગઝગ થવું -ગાટ પું૦ ઝગઝગ થતો પ્રકાશ -ગિયું ન૦ એક જાતનું કસબી કાપડ

ઝગર વિ૦ [सं झ=વિનષ્ટ, વિનાશિત ઉપરથી ?] ઉજ્જડ, નિર્જન

ઝગરણું ન૦ [જુઓ 'ઝગર' અથવા 'ઝઘડવું'] ઝઘડો, પંચાત, ટંટો

ઝગવું અ૦ક્રિ૦ [सं झगझगायते, प्रा जगजग] ઝગમગ થવું

ઝગાર(-રો) પું૦ ઝગઝગાટ [ઝગારે જવું = ઝગઝગવું 'અજવાળાં ઝગારે જાય છે']

ઝઘડવું અ૦ક્રિ૦ [दे ज(-झ)गड] લડવું, ટંટો કરવો, સામે બોલાબોલી કરવી

ઝઘડાઝઘડી સ્ત્રી૦ ખૂબ ઝઘડો

ઝઘડો પું૦ [दे झगड] લડાઈ, ટંટો -ડાખોર વિ૦ ટંટાખોર, ઝઘડવાના સ્વભાવનું

ઝઘ્ઘર વિ૦ [સર૦ 'ઝગર'] ઉચ્ચર (૨) જડ

ઝઝકલું ન૦ [જુઓ ઝળઝળું] સંધ્યાનો પ્રકાશ

ઝ(૦ણ)ઝણાટ પું૦ [જુઓ ઝણઝણાટ] મોટો ઝણકારો (૨) ઝમઝમાટ, બળતરા (૩) ધમધમાટ

ઝ(૦ણ)ઝણી સ્ત્રી૦ [જુઓ ઝણઝણી] ખાલી (૨) ક્રોધ કે રીસની લાગણી, ઝાઝ [-ચડવી]

ઝઝૂમવું અ૦ ક્રિ૦ [दे झुंतणग=પ્રાલંબ, કે झुज्झ=ઝૂઝવું પરથી ?] ઉપર લચી પડવું, બહાર કે ઉપરથી ઝૂકવું (૨) [લા] ટમટમી રહેવું, જોર કર્યા કરવું [પ્રેરક-ઝઝુમાવવું]

ઝટ અ૦ [सं झटिति सर० हिं, म] તરત, તાબડતોબ ૦પટ, -ટોઝટ અ૦ ઝટ ઝટ

ઝમઝમ થવું, રણકવું (૨) ઝીણું ઝીણું બળવું, ચચરવું -માટ પું૦ ઝમઝમવું તે
ઝમર પું૦ જુઓ ઝમોર, જોહર
ઝમર(-રૂ)ખ ન૦ ['જમરૂખ' ઉપરથી શીંવા જમરૂખ જેવા આકારનું] શોભા માટે ટંગાતો બિલોરી કાચના લોલકોવાળો કાચની હાંડીઓનો દીવો; ઝુંમર [થઈ ને બહાર ઝરવું
ઝમવું અ૦ક્રિ૦ [રવ૦?] પ્રવાહીનું જરા જરા
ઝમાઝમી સ્ત્રી૦ [સર૦ म झमाझमी=ઝઘડો] હાથના ચાળા સહિત બોલાબોલી(૨)ઝપાઝપી, ઝઘડો [ઝમોર કરનાર
ઝમોર પું૦ જુઓ જમોર -રિયો પું૦
ઝરખ ન૦ જુઓ જરખ
ઝરડ અ૦ [રવ૦] લૂગડું ફાટતા થતો અવાજ (૨) સ્ત્રી૦ ઝરડાના કકડા ૦કી સ્ત્રી૦ (કા) ધમકી ૦કો પું૦ જુઓ ઝડકો ૦વું સ૦ક્રિ૦ [રવ૦]ઝરડ એવા અવાજ સાથે ફાડવું (કપડું) -ડું ન૦ ઝાખરું, કાંટાવાળું ડાળું [-ઝાલી કે પકડી રાખવું=નજીવી બાબતનો ખોટો આગ્રહ રાખવો (સુ).]
ઝરણ(-ણું) ન૦['ઝરવું' ઉપરથી સર૦ स झर] જમીન કે પહાડમાંથી ઝરતો પાણીનો વહેળો -ણી સ્ત્રી૦ નાનું ઝરણું [ઓગળી જવું
ઝરપવું અ૦ ક્રિ૦ ધીમે ધીમે ઝરવું, ઝમવું (૨)
ઝરમર ન૦ [જુઓ ઝરવું] સ્ત્રીની કોટનું એક સોનાનું ઘરેણું (૨) સ્ત્રીઓના પગનું એક ઘરેણું (૩) એક જાતનું ઝીણું લૂગડું (૪) સ્ત્રી૦ વરસાદની ફરફર (૫) અ૦ ઝીણે ઝીણે છાંટે (વરસવું) ૦ઝરમર અ૦ ઝરમર ૦વું અ૦ ક્રિ૦ ઝરમર ઝરમર પડવું -રિયું ન૦ જુઓ ઝરમર ૧, ૩, ૪
ઝરવું અ૦ક્રિ૦ [सं क्षर्, प्रा झर, કે स झृ?] (પ્રવાહીનું) ધીમે ધીમે બહાર નીકળવું, સ્રવવું
ઝરસ ન૦ એક વનસ્પતિ
ઝરસાટવું સ૦ક્રિ૦(સુ) ઝટેરવું,સખત ઠપકારવું
ઝરા(-રે)ણી સ્ત્રી૦ જુઓ ઝઝણી, ખાલી
ઝરામણ ન૦ ['ઝારવું' ઉપરથી] ઝારવું તે (૨) ઝારવાનું મહેનતાણું (૩) ઝારેલો ભાગ (૪) ['ઝરવું' ઉપરથી] ઝરેલું પ્રવાહી -ણી સ્ત્રી૦ ઝગમણ ૨ જુઓ
ઝરી સ્ત્રી૦ [स] ઘણું નાનું ઝરણ (૨) રેલો
ઝરૂખો પું૦ [સર૦ हि झरोखा, म झरु(-रो)-का(-खा)] બારી બહાર કાઢેલું ઝઝૂમતું બાંધકામ, છજું; જરૂખો
ઝરેર ન૦ એક વનસ્પતિ [(૨) તાવલી
ઝરેળી સ્ત્રી૦ [જુઓ ઝરેલી] ફુલઝરી, ફૂલઝરી, કંપારી
ઝરે(-ળે)ળો પું૦ [સર૦ ઝાળ] ચામડી બળવાથી ઊઠેલો ફોલ્લો [-ઊઠવો=બળવાથી ફોલ્લો થવો] [એક જીવડો
ઝરો પું૦ [स झर] જુઓ ઝરણ (૨) [?]
ઝર્ઝર(-રી) સ્ત્રી૦ [स] એક વાદ્ય
ઝર્દ વિ૦ [फा] પીળું, જરદ (૨) ફીકું -ર્દી સ્ત્રી૦ જુઓ જરદી
ઝલ પું૦; ન૦ [स झला] એક ઊડતો જીવડો
ઝલ(-ળ)ક સ્ત્રી૦ [स झला, सर० म, हि, दे० झलुक्क=ઓચિંતો પ્રકાશ] ઓપ, ચળકાટ. ૦દાર વિ૦ ચળકતું ૦વું અ૦ ક્રિ૦ તેજ મારવું, ચળકવું (૨) [લા] પોત પ્રકાશવું
ઝલકાવું અ૦ ક્રિ૦ ઝલકવું, તેજ મારવું (૨) છલકાવું [ઝળકવું ઝળહળવું
ઝલઝલવું અ૦ક્રિ૦[प्रा झलझल (स जाज्वल्)]
ઝટાવું અ૦ ક્રિ૦ [સર૦ઝલઝલવું] ઝલકવું, શોભવું
ઝલાવું અ૦ક્રિ૦ 'ઝાલવું'નું કર્મણિ (૨) અક્કડ થઈ જવું હલનચલન-બંધ થવું, રહી જવું (જેમ કે, વાથી અંગ ઝલાય છે૦)
ઝલું વિ૦ તૈયાર, તત્પર (સેવા કરવામાં) [ઝલાં ને ઝલાં રહેવું =(સેવામાં) તત્પર રહેવું]
ઝલે સ્ત્રી૦ [अ जिलह? स झला?] ઝલક ૦દાર વિ૦ ઝલકવાળું, તેજ મારતું ૦મલે સ્ત્રી૦ તેજસ્વિતા, શોભા
ઝલો પું૦ (કા) વિટંબણા, મુશ્કેલી
ઝલ્લક ન૦ [सं] કાંસીજોડ
ઝલ્લરી સ્ત્રી૦[सं.]ઝાંઝ,મંજીરા [દાઝવું,બળવું
ઝલ્લાવું અ૦ ક્રિ૦ [स ज्वल्, સર૦ ઝળ]
ઝવલું ન૦ (કા) ઝીણું ટપકું
ઝવવું અ૦ ક્રિ૦ [સર૦ ઝમવું] (કા) ટપકવું
ઝવેર ન૦ [अ जौहर] જવાહિર (૨) [લા]

પાણી,દમ ૦ખાનું ન૦ જુઓ જવાહિરખાનુ –રાત ન૦ [अ जौहारत] હીરા, માણેક, મોતી (૨) જડાવ દાગીના (૩) [લા.] બળ; સત્વ, દમ –રી પુ૦ ઝવેરાતનો વેપારી

ઝષ ન૦ [सं] ઝખ માછલું

ઝહીન વિ૦ [अ] ચાલાક, સમજુ

ઝળક સ્ત્રી૦ [જુઓ ઝલક] ચળકાટ. [–મારવી =ઝળકવુ.]૦વું અ૦ક્રિ૦ જુઓ ઝલકવુ –કાટ પુ૦ ઝળકવુ તે –કારો પુ૦ તેજનો ચળકારો –કી સ્ત્રી૦ ઝળક, ભભક (૨) કોઈ પણ અસર સહેજસાજ જણાવી તે ઉદા૦'તાવની ઝળકી', 'ટાઢની ઝળકી'. –કો પુ૦ ઓપ, ચળકાટ

ઝળઝળ અ૦ [જુઓ ઝલઝલવુ] તેજથી ઝળકતુ હોય તેમ ૦વું અ૦ ક્રિ૦ ઝળઝળ થવુ (૨) [લા ] આજી નાખવુ. –ળાટ પુ૦ ઝગઝગાટ (૨) અ૦ઝળઝળ થઈ રહે તેમ –ળિયું ન૦ આખમા ઝમતુ પાણી–આસુ (૨) ઝળઝળુ. [ઝળઝળિયાં આવવાં (–આવી જવાં)= આખમા આસુ આવી જવા, ભાવવશ થઈ રોવા જેવું થઈ જવુ –ળું ન૦ સૂરજ ઊગ્યા પહેલાનુ અને આથમ્યા પછીનુ ઝાખુ અજવાળુ

ઝળમ(–હ)ળ અ૦ જુઓ ઝળઝળ (૨) વિ૦ ચળકતુ, પ્રકાશમાન ૦વું અ૦ ક્રિ૦ ખૂબ તેજ મારવુ–પ્રકાશવુ –ળાટ પુ૦ ઝળઝળાટ

ઝળળ,૦ળ અ૦ તેજથી ઝળકતુ હોય તેમ

ઝળાંઝ(–મ)ળાં (૦) અ૦ ઝળઝળાટ [–થઈ રહેવું = તેજતેજનો અબાર થઈ રહેવો ] (૨) ન૦ બ૦ વ૦ તેજ તેજનો અબાર

ઝળેળો પુ૦ જુઓ ઝરેલો

ઝંકાર પુ૦, ઝંકૃતિ સ્ત્રી૦[स](રવ૦)ઝણકાર

ઝંખના સ્ત્રી૦ [જુઓ ઝખવુ] આતુરતાપૂર્વક રટન, વારંવાર સ્મરણ (૨) ચિતા, ધખારી

ઝંખવાણું વિ૦ ['ઝાખુ' ઉપરથી ] ભોઠું; ખશિયાણુ [–પડવું=ખશિયાણા થઈ જવુ.]

ઝખવાવું અ૦ ક્રિ૦ [ જુઓ ઝાખુ ] ઝાખુ પડવુ (૨) ભોઠુ પડવુ

ઝંખવું સ૦ ક્રિ૦ [प्रा झख] ઝખના કરવી

ઝંખા સ્ત્રી૦ (પ) ઝંખના

ઝંખાવું અ૦ક્રિ૦ ઝખવાવુ (૨)તેજથી અજાઈ જવુ (૩) 'ઝાખવું', 'ઝખવુ'નું કર્મણિ

ઝંઝટ સ્ત્રી૦ [हि , સર૦ प्रा झञ्झा=ઝઘડો (૨) વ્યગ્રતા] ઝઘડો, પચાત, નકામી પીડા

ઝઝા સ્ત્રી૦ [स] પવનનો ઝપાટો કે પવન સાથે પડતા વરસાદનો સુસવાટ ૦નિલ [+अनिल], ૦વાત પુ૦ વરસાદ ને વંટોળિયાનુ તોફાન

ઝંઝેરો પુ૦ એક વનસ્પતિ, અઘેડો (૨) ['ઝઝેડવુ' ઉપરથી] ઠપકો–ધમકી

ઝંઝેડવું સ૦ક્રિ૦ [સર૦ हि झझोडना, सं. झंझा ઉપરથી ?]ખૂબ હલાવવું કે ઝૂડવું(ઝાડને) (૨) તરછોડી નાખવુ, ખૂબ ધમકાવવુ

ઝંડ પુ૦ [फा जिंद ?] એક ભૂત, જીન(૨) વિ૦ [?] અલમસ્ત, માતેલુ (૩) લુચ્ચુ ; મત્સરવાળું

ઝંડાઝૂલણ સ્ત્રી૦; ન૦ ભવાઈમા (જદાનો) એક વેશ

ઝંડાધારી વિ૦ [ 'ઝડો' ઉપરથી ] હાથમા ઝડાવાળું (૨) [લા ] ઝુ ડો–ઝુ બેશ ઉઠાવનાર

ઝંડિયું વિ૦['ઝંડ' ઉપરથી ? સર૦ દે. झिरिड =જૂનો પુરાણો કૂવો] ખૂબ ઊડું, પહોળુ અને બિહામણુ (કૂવા માટે)

ઝડી સ્ત્રી૦ [જુઓ ઝડો] નાનો ઝંડો

ઝંડો પુ૦ [સર૦ हि, म. झेंडा, स ध्वजदड, प्रा झअदड પરથી ?] ઝુ ડો, ધ્વજ(૨) [લા ] ઝુ બેશ(૩)પક્ષ કે તેની આગેવાની કે દોરવણી. [–ઉઠાવવો,ફરકાવવો=–ની ઝુબેશ ઉપાડવી (૨)–નો વિજયવાવટો ફરકાવવો –ઉઠાવવો= –ની ઝુ બેશ ઉપાડવી –રોપવો=ઝુ બેશનુ મડાણ કરવુ(૨)સત્તા કે આદર્શના પ્રતીકરૂપે ધ્વજ ફરકાવવો –લેવો=આગેવાન થવુ ]

ઝંદ સ્ત્રી૦ [फा.; સર૦ स छंद] ઈરાનીઓની પ્રાચીન ભાષા(જેમા પારસી ધર્મગ્રંથના ભાષ્ય લખાયા છે). ૦અવ(–વે)સ્તા સ્ત્રી૦[+फा. उस्ता] પારસીઓનો મુખ્ય ધર્મગ્રંથ

ઝંપલાવવું અ૦ક્રિ૦ [सं झप्] ચાહોમ કરીને કૂદી પડવુ–સાહસ કરવુ

ઝંપા સ્ત્રી૦ [सं] કૂદકો ૦તાલ પુ૦ ઝપતાલ (સગીત) ૦પાત પુ૦ ઓચિતુ કૂદી પડવું તે (૨) [લા] આધળિયુ

ઝપાન સ્ત્રી૦(?)[हिं ,સર૦ प्रा झपण=ભ્રમણ]

પાણીની ધાર વડે ધોવું કે શેકવું (૨) ધીમે ધીમે સિંચન કરવું (૩) [જુઓ ઝારણ] ઝારણ વડે ધાતુના વાસણને સાધવુ; ઝાળવુ (૪) ['ઝાડવુ' પરથી? સર૦ હિ. झारना] નકામા ડાળા કાપી નાખવા, છાટવુ

**ઝારી** સ્ત્રી૦ ['ઝરવુ' ઉપરથી, સર૦ हिं., म] નાળચાવાળી ટોયલી (૨) પેણામાથી તળેલી વસ્તુઓ કાઢવાનું તવેથા જેવુ કાણાવાળુ ઓજાર

**ઝારું** ન૦ મોટુ ડાળું (૨) ધાડું, ટોળું

**ઝારો** પુ૦ [જુઓ ઝારી] મોટી ઝારી (જુઓ ઝારી ૨) (૨) (બાગમા કે જમીન પર) પાણી છાટવાનુ નાળચાવાળુ વાસણ (૩) [સર૦ म., રવ૦?] તબૂરાના તાર નીચે ઘોડી ઉપર મૂકવામા આવતો દોરો,જિવાળી (૪) તબૂરાનો પિત્તળનો તાર, ખરજ-સ્વરનો તાર

**ઝારોળો** પુ૦ એ નામની બ્રાહ્મણ, વાણિયાની જાતનો આદમી

**ઝાલ** સ્ત્રી૦ કાનનું એક ઘરેણુ

**ઝાલક** સ્ત્રી૦ [સર૦ છાલક] છોળ

**ઝાલ(-ળ)ણ** ન૦ [જુઓ ઝાળ ૬, ઝારવુ] ઝારણ, રેણ (૨) તેનાથી કરેલુ ધાતુનું સાધણ (૩) ['ઝાલવુ' ઉપરથી] મોભ, પાટડી

**ઝાલર** પુ૦ એક કઠોળ-વાલ (૨) સ્ત્રી૦ [સં. झल्लरी, સર૦ हिं., म. झालर] ઝૂલ, કોર (૩) મોગરીથી વગાડવાની ઘડિયાળ(૪)[?]માછલા વગેરે જળચરોનો શ્વાસ લેવાનો અવયવ

**ઝાલરી** સ્ત્રી૦[સં झल्लरी]વગાડવાની નાની ઝાલર

**ઝાલવું** સ૦ક્રિ૦ [સં. धृ-धारय् પરથી ?]હાથમા લેવુ, પકડવુ, ગ્રહવુ(૨)કેદ કરવુ, પકડી રાખવુ, બ ધનમા લેવુ(૩)જડવત્ રહી જાય તેમ કરવુ (જેમ કે વાએ કાલથી કેડ ઝાલી છે) [**ઝાલી રાખવું**=આગ્રહપૂર્વક વળગી રહેવુ, ન માનવુ કે જતુ કરવુ **ઝાલી પડવું**=આગ્રહથી વળગવુ (કોઈ વાતને) વળગી પડવુ.]

**ઝાલાં** ન૦બ૦વ૦ મહેણા, ટોણા [**-ઝાલવાં**= મહેણા વેઢવાં]

**ઝાલા,-લો** પુ૦ [સર૦ हिं] એ નામની જાતનો રજપૂત. **-લી** સ્ત્રી૦ ઝાલાની સ્ત્રી

**ઝાવલી(-ળી)** સ્ત્રી૦ [સર૦ જાવલી, म झावली] નાળિયેરી અને ખજૂરીની સૂકી ડાખળી (૨) પાદડાની ગૂથેલી સાદડી, ટટ્ટી

**ઝાવસોઈ** સ્ત્રી૦ [अ या हुसैन] 'યા હુસેન!' એવો મોહરમમા હુસેનના મૃત્યુના શોકમા કરવામા આવતો પોકાર (૨) [લા] તેવી રીતે ઝનૂનમા કૂદવું અને બૂમો પાડવી તે; હોહા, તોફાન, દગો [**-ઊઠવી**=મારામારી થવી; દગલ મચવી **-કરવી**=ઠેકાણા કે વિચાર વગર ગમે તેમ વર્તવુ **-કૂટવી**='યા હુસેન!' એવા પોકારો સાથે મોહરમમા કૂટવુ (૨) મોટેથી રડારોળ કરતા કૂદવુ]

**ઝાવળી** સ્ત્રી૦ જુઓ ઝાવલી

**ઝાવાં** ન૦ બ૦વ૦ ડૂબતા માણસના તરફડિયા; વલખા [**-નાખવાં**=વલખા મારવા,આધાર કે આશરા માટે આમતેમ ખાલી મથવુ.]

**ઝાવું** ન૦ બચકુ (મોઢાસા તરફ)

**ઝાહી** વિ૦ [प्रा झाइ, (सं ध्यायिन्; જુઓ ઝાઈ)] શુભેચ્છક (૨) હેતાળ

**ઝાળ** સ્ત્રી૦ [सं ज्वाला] જવાલા; તેની આચ (૨)[લા.]ક્રોધનો આવેશ [**-ઊઠવી,લાગવી**= સખત બળતરા થવી(૨)(લા)ખૂબ ગુસ્સો ચડી આવવો, રીસ ચડવી, એકદમ ઉશ્કેરાઈ જવુ

**ઝાળણ** ન૦ જુઓ ઝાલણ

**ઝાળવું** સ૦ક્રિ૦ [જુઓ ઝારવું] રેણ વડે સાધવુ

**ઝાંઈ** (૦) સ્ત્રી૦ [સર૦ हिं] ઝાખી

**ઝાંક(-ખ)ડું** (૦) ન૦ ['ઝાખુ' ઉપરથી]ઝાખો દિવસ (વરસાદ કે ધુમ્મસથી)

**ઝાંખ,૦પ** (૦) સ્ત્રી૦ ['ઝાખુ' ઉપરથી] ઝાખાપણુ (૨) [લા.] બટ્ટો, લાછન [**-આવવી** (**આંખે**)=બરાબર ન સૂઝવુ, ઝાખુ સૂઝવું **-મારવી**=ઝાખું થવુ (૨) ઝાંખ આવવી. **-વળવી**=આખે ઓછુ દેખાવું **ઝાંખપ લાગવી**=બટ્ટો લાગવો] **૦વું** સ૦ક્રિ૦[સર૦ हिं झाँकना, सं. चक्षु ?] ઝાખી કરવી (૨) છાનુમાનુ સતાઈને જોવું(૩)અ૦ક્રિ૦ ['ઝાખુ' ઉપરથી]ઝાખા પડવુ.**-ખાશ** સ્ત્રી૦ ઝાખાપણું **-ખી** સ્ત્રી૦ ['ઝાખવું' (સ૦ ક્રિ૦) ઉપરથી, हिं. झाँकी] ઝાખો ખ્યાલ કે દર્શન(૨)છાનુમાનુ જોવુ તે (૩) ભાવપૂર્વક દર્શન [**-કરવી**=

દર્શન કરવા -થવી=ઝાંખો ખ્યાલ કે દર્શન થવું] -ખું વિ૦ [સર૦ મ. झांक] અસ્પષ્ટ, આછું (૨) ઓછા પ્રકાશવાળું, નિસ્તેજ (-થવું, પડવું)

ઝાંખરું (૦) ન૦ [દે झखर] કાંટાવાળું ડાખળું [ઝાંખરાં ઝીંટવાં = ઝાખરા ખડકવા. ઝાંખરું વળગવું = લફરું લાગવું, લપ વળગવી.]

ઝાંઝ (૦) સ્ત્રી૦ [स झर्झर, प्रा झञ्झर] છબલીકા, કાંસીજોડ (૨) [प्रा. झझा] ગુસ્સો, રીસ [-ચડવી=ગુસ્સે થવું, રીસ ચડવી]

ઝાંઝર (૦) ન૦ [જુઓ ઝાઝ] સ્ત્રીઓનું પગનું એક ઘરેણું, નૂપુર (૨) [લા] બેડી, જંજીર -રિયાળ(-ળું) વિ૦ ઝાઝરવાળું. -રિયાં ન૦ બ૦વ૦ જુઓ ઝાઝ -રી સ્ત્રી૦બાળકનું ઝાઝર (૨) ઘૂઘરી બાંધેલી લાકડી (જે ખખડાવાય છે) (૩) નાનું ઝરણું

ઝાંઝવાં (૦) ન૦ બ૦ વ૦ [स, प्रा झझा] મૃગજળ (૨) તેજથી કે આંસુથી આંખને પડતી ઝાંખપ -વાનું જળ,-વાનું નીર ન૦ મૃગજળ [જાય તેવું -ચીડિયું

ઝાંઝી (૦) વિ૦ ['ઝાઝ' ઉપરથી] ઝટ ચિડાઈ

ઝાંટુ (૦) ન૦ [दे झटी, સર૦ हि., म झांट] ગુહ્ય ભાગનો વાળ (૨) [લા] નકામી તુચ્છ વસ્તુ (ગ્રામ્ય)

ઝાંપ (૦) [प्रा झप=ઢાંકવું] સ્ત્રી૦ ઝાંખ. [-પડવી, વળવી=જુઓ 'ઝાખ'માં] (૨) નાની છાબડી, ઝાબ

ઝાંપડી (૦) સ્ત્રી૦ ['ઝાંપો'=ભાગોળ (ત્યાં રહે તેથી?)] ભંગિયણ (૨) ભૂત થયેલી ભંગડી, એક મલિન ભૂત [-મૂકવી,મેલવી=ઝાપડી (ભૂત) વડે મારણ પ્રયોગ કરવો, મારવા તેની મેલી વિદ્યાનો પ્રયોગ કરવો]-ડો સ્ત્રી૦ ભંગી (૨) ભૂત થયેલો ભંગી

ઝાંપલી સ્ત્રી૦ [જુઓ ઝાપો] નાનો ઝાંપો (પ્રાય વાડ કે ખેતરનો)

ઝાંપી સ્ત્રી૦ [प्रा. झप=ઢાંકવું] ઝાપ, વાસ કે ખજૂરીની પાતરીનો ગૂંથેલો ઢાબડો કે ઢાબડી

ઝાંપો (૦) પુ૦ [प्रा झंप=ઢાકવું] (શેરી, વાડા વગેરેનો) દરવાજો (૨) ગામની ભાગોળ [ઝાંપે નોતરાં = જાહેર-સાર્વત્રિક આમંત્રણ -ઝૂડવો = પોતાની એકની એક વાત લંબાવ્યા કરવી]

ઝાંબક પુ૦ કપાળ, મો અને ગળાની નમો ખેંચાય અને ફૂલે એવી રીતે ગાનાર

ઝાંય (૦) સ્ત્રી૦ [સર૦ ઝાઈ] પ્રતિબિંબ,પડછાયો (૨) ઝલક, તેજ

ઝાંસો (૦) પુ૦[સર૦ हिं झासा]જુઓ જાંસો, જાહો (૨) હઠ, ત્રાગું (૩) મહેણું -સાચિઠ્ઠી સ્ત્રી૦ જુઓ જાંસાચિઠ્ઠી

ઝાંહે (૦) અ૦ [અ झाउअ] નકામું-ખરાબ થાય તેમ [-જવું=નકામું જવું]

ઝિકાવું અ૦ ક્રિ૦,-વવું સ૦ ક્રિ૦ 'ઝીકવું'નું કર્મણિ ને પ્રેરક

ઝિકાળો,-ળવો પુ૦ ઈંટ-રોડાનો ભૂકો, ઝીકો

ઝિપાવું અ૦ ક્રિ૦,-વવું સ૦ ક્રિ૦ 'ઝીપવું'નું કર્મણિ ને પ્રેરક

ઝિમેલ સ્ત્રી૦ જુઓ ધિમેલ

ઝિયાણું,ઝિયા(-રા)યણું ન૦ [स दुहिता (प्रा धीआ)+(आ)नयन?] પહેલી સુવાવડ પછી દીકરીને બાળક સાથે વળાવવી તે કે તે વેળાનું આણું કે કરાની રીત (-કરવું)

ઝિલણિયું વિ૦ (૨) ન૦ ઝીલનાર (?)

ઝિલાવું અ૦ ક્રિ૦,-વવું સ૦ ક્રિ૦ 'ઝીલવું'નું કર્મણિ ને પ્રેરક

ઝિલ્લિ(-લ્લી) સ્ત્રી૦ [सं] તમરું

ઝિંદાદિલી સ્ત્રી૦ [फा] હૃદય જીવતું જાગતું-ઉત્સાહિત હોવું તે

ઝીક સ્ત્રી૦ [સર૦ म] કસબી તારનું ભરત ૦ચળક સ્ત્રી૦ ભરવામાં વપરાતા સોનારૂપાના તાર, ટીપકી વગેરે ૦ટીકડી, ૦ટીકી સ્ત્રી૦ ભરવામાં વપરાતી સોનારૂપાની ગોળ ટીપકી

ઝીક સ્ત્રી૦ ઝીક, ઝીકવું તે-પછાડ [-ખાવી =પછાડ ખાવી -ઝીલવી = ટક્કર ઝીલવી -પડવી=ઝીંકાવું -મારવી=ઝીકવું,ઝીકીને વોવું (કપડું)] ૦ણ ન૦ પજવણી, માથાઝીક ૦ણું ન૦ ઝીકવું-પછાડવું તે (૨) તારેતાર મેળવી સાધવું તે, વણવું તે ૦વું સ૦ ક્રિ૦

દશા. ૦પાદશાહી સ્ત્રી૦ [સર૦ મ] અંધાધૂંધીની રાજદશા

ઝોડુ ન૦ જુઓ 'ઝોટ'મા

ઝોડ (ઝો) ન૦ [દે झोड=જૂનુ ઝાડ. ભૂત ત્યા રહેતુ મનાય તે પરથી?] ઝૂડ, વળગણ ૦ઝપટ સ્ત્રી૦ ભૂતપિશાચાદિની અડફટ, વળગાડ

ઝોબા(-ભા)વું, ઝોબો(-ભો) પુ૦ જુઓ જોબાવુ, જોબો

ઝોયણો પુ૦ (ચ) જુઓ ઝોલણો

ઝોલ સ્ત્રી૦ ['ઝૂલવું' ઉપરથી] ઢીલાશને લીધે તારનુ વચ્ચેથી ઝૂલી જવુ તે

ઝોલ(ળ)ણી સ્ત્રી૦[જુઓ ઝોળી] ખાનાવાળી કોથળી, ખડિયો -ણો પુ૦ મોટી ઝોલણી

ઝોલવું અ૦ ક્રિ૦ [જુઓ ઝૂલવુ] ડોલવુ (૨) ઝોકા ખાવા

ઝોલુ [ઝો] ન૦ ઝુડ, ટોળુ

ઝોલુ ન૦['ઝોલવુ' ઉપરથી] ઝોકુ, ડોલુ. -લો પુ૦ ઝૂલો, હિંડોળો (૨) હેલો, હીંચકાનો એક ઝોક (૩) ઝોલ [ઝોલા ખાવા=હીચવુ (૨) અનિશ્ચિત સ્થિતિમા આમથી તેમ ડગવુ -આથડવુ] [(સુ.) ઝોડ, વળગણ

ઝોળ (ઝો)સ્ત્રી૦[સ ज्वाला]ઝાળ,જવાલા(૨)ન૦

ઝોળણી સ્ત્રી૦, -ણો પુ૦ જુઓ 'ઝોલણી'મા

ઝોળવું સ૦ક્રિ૦[જુઓ ઝોલવુ]ઝુલાવવુ,હાચોળવુ (૨) આમતેમ હલાવી રગડી નાખવુ -રોળવું

ઝોળાવો પુ૦['ઝોલવુ' ઉપરથી]ખાડાખૈયાવાળો જમીનનો ભાગ(૨)ઢોળાવ(૩)ઝૂલેલો -નીચો નમેલો ભાગ

ઝોળાશેક પુ૦ [ઝોળો+શેક] ઔષધિથી ભરેલી કોથળી વડે કરેલો શેક

ઝોળી સ્ત્રી૦ [દે झोलिआ] કપડાના ચાર છેડા પકડીને ઝૂલતુ પાત્રાકાર કરાય છે તે ઉદા૦ 'શાકની,સાબુની ઝોળી'(૨)ઝૂલતી ઝલાતી થેલી (૩) બાળકની ખોઈ [-ફેરવવી = ભિક્ષા માગવી,દાન માગવુ -માંથી ઝડપાવું=છેક બાળપણમાથી સગાઈ થવી -લેવી=ભિખારી થવુ -ભરવી=માગનારને આપીને તેની ઝોળી ભરવી, માગણી પૂરી કરવી] ૦પોળી સ્ત્રી૦ બાળકને નામકરણવિધિ કરતા પારણામા ઘાલી હીંચોળવાની ક્રિયા -ળો પુ૦ ઝોલો, નમી પડવુ તે(૨) મોટી ઝોળી [પટકવુ

ઝોંકવું (૦) સ૦ ક્રિ૦ [हिं झोकना] ઝોકવુ,

ઝોંકો (૦) પુ૦ જુઓ ઝોકો

ઝોંટ (૦)સ્ત્રી૦ ઝૂટ, ઝડપ ૦વું સ૦ક્રિ૦ ઝૂટવુ, ખૂચવી લેવુ

ઝોંસવું (૦) સ૦ ક્રિ૦ [દે झोस=નાખવુ, ફેંકવુ] ગીસથી -અભાવથી આપવુ -નાખવુ કે મૂકવુ -પટકવુ (૨) ઠાસીને ખાવુ -ગળચવુ

ઝોંસો પુ૦ [જુઓ ઝોસવું, સર૦ જોસો] હડસેલો, ધક્કો

## ઞ

ઞ ('ય' (૦) પેઠે બોલાય છે)પુ૦[સં] ચવર્ગ નો અનુનાસિક એથી શરૂ થતો એકે શબ્દ નથી ચઞ્ચલ, જઞ્જાળ જેવા શબ્દોમા સસ્કૃત ઢબે લખવામા આવી શકે પણ ગુજરાતીમા એમ કોઈ ભાગ્યે લખે છે, અનુસ્વાર જ મોટે ભાગે લખાય છે

## ટ

ટ પુ૦ [સ] મૂર્ધસ્થાની પહેલો વ્યજન ૦કાર પુ૦ ટ અક્ષર કે ઉચ્ચાર ,૦કારાંત વિ૦ છેડે ટકારવાળુ ૦કો પુ૦ જુઓ ટકાર

ટઈ પડવું અ૦ ક્રિ૦ ભરચક ભરાઈ જવુ (ખસ, ફોલ્લા ઇ૦ થી)

ટક અ૦ [રવ૦, સર૦ हिं. म] ટકાવાથી થતો અવાજ, યા ખટ દઈને થતો અવાજ (જેમ કે, ઘડિયાળનો, કૅમેરાની કળનો) (૨) [લા] 'ફાવો બન્યો!' એવો ભાવ બતાવતો ઉદ્ગાર (ફોટો પાડવા જેવુ મો થાય તે પરથી) [-પડવું, પડી જવું=બનવું]

ટકટક અ૦ [રવ૦, જુઓ ટક] સતત ટક ટક અવાજ થાય તેમ (જેમ કે ઘડિયાળનો) (૨) ટગર ટગર (જોવુ) (૩) સ્ત્રી૦ જુઓ ટકટકારો

**ટકટકાટ(-રો)** પું૦ ટકટક અવાજ(૨)કંટાળો આવે તેવો નકામો લવારો

**ટકટકિયું** વિ૦ ટકટક કર્યા કરતું

**ટકવું** સ૦ ક્રિ૦ [सं तक्, સર૦ हिं टिकना, म टिकणें, टकणें] લાંબા વખત સુધી ચાલવું-નભવું (૨) એક સ્થળે લાંબો વખત થોભવું

**ટકાઉ** વિ૦ ટકે-રહે તેવું; મજબૂત. **-વ, -વો** પું૦ ટકાઉપણું, મજબૂતાઈ, ટકવું તે

**ટકાર, -રાંત** [सं] જુઓ 'ટ'માં

**ટકાવારી** સ્ત્રી૦ટકા પ્રમાણે ગણતરી,'પર્સેન્ટેજ'; સોએ કેટલા તેનું પ્રમાણ. [**-કાઢવી**=ટકા ગણી કાઢવા]

**ટકો** પું૦ [सं. त्रिक] ત્રણ પૈસા (૨) [सं टक] રૂપિયો, નાણું(૩)સેંકડાના પ્રમાણમાં ગણતરી, 'પર્સેન્ટેજ' (૪) [म टक्कल (ટક ટકોરો વાગે એવું તે પરથી?)] ટકો; સાવ બોડું-કેશરહિત માથું [**ટકા ઉઘરાવવા**=ભીખી ખાવું **ટકા કરવા**=રોકડે વેચી સિક્કાનાણું ભેગું કરવું **ટકા ચડવા**=વ્યાજ વધવું **ટકા ચડાવવા**=વધારી વધારીને કહેવું(૨)અસલ કિંમત ઉપર દલાલી વગેરે ઉમેરી ભાવ વધારવો **ટકાની પીંજારી**=માલ વિનાનું માણસ. **ટકાનું ત્રણ શેર**=તદ્દન સસ્તું **ટકાનું માણસ**=હિસાબમાં ન લેવા જેવું-તુચ્છ માણસ **ટકો કરાવવો**=માથું સાવ બોડું કરાવવું]

**ટકોર** સ્ત્રી૦ [સર૦ हिं, म, सं टकार પરથી? કે દે. टक्कर પરથી?]ટકોરવું-ટોકવું તે,ધીમેથી ગોદાવવું તે (૨) સહેજ ઇશારો કે સૂચના (૩) વ્યંગ કે મરોડમાં કહેવું તે,મીઠી ટીકા,વક્રોક્તિ

**ટકોરખાનું** ન૦[સર૦ हिं टकोर=નગારા પર ડાંડિયો મારવો તે કે તેનો અવાજ. જુઓ ટકોર] ચોઘડિયા કે તે વગાડનારને બેસવાની જગા. [**-બેસાડવું**=ચોઘડિયા વગાડનારા રોકવા, ચોઘડિયા વગડાવવા.]

**ટકોરવું** સ૦ક્રિ૦ [જુઓ ટકોરો] ટકોરો મારવો (૨)[જુઓ ટકોર]ટોકવું, ગોદાવવું, ટકોર કરવી

**ટકોરો** પું૦ [દે. टक्कर, રવ૦] રણકે એમ વાગતો ઠોક (૨)ઠોકનો રણકો. [**-મારવો**=રણકે તેવો ઠોક મારવો **-મારી જોવો**=તપાસ માટે ઠોક મારી ખાતરી કરી લેવી. **-મારે એવું**=આગે તેવું, ચડિયાતું.] **-રી** સ્ત્રી૦ નાનો ટકોરો (૨) નાની ઘડિયાળ (મોગરી વડે વગાડવાની)

**ટક્કર** સ્ત્રી૦ [दे] ઠોકર, પ્રહાર(૨)અથડામણ, સામનો [**-ખાવી**=અથડાવું **-ચડવી**=માથું દુખી તમ્મર આવવી **-ઝીલવી**=હુમલા સામે ટકી રહેવું **-મારવી**=ચડિયાતું હોવું **-લાગવી**=ઠોકર વાગવી. **-લેવી**=પાછા ન પડવું; સામનો કરવો.]

**ટક્કો** પું૦ જુઓ ટકો (૪)

**ટગ ટગ** અ૦ જુઓ ટગર ટગર

**ટગમગ** વિ૦ જુઓ ડગુમગુ, ટગુમગુ (૨)અ૦ ટગર ટગર

**ટગરટ(-મ)ગર** અ૦ [सं टगर ઉપરથી] એકી-નજરે, મીટ માંડીને

**ટગલી** સ્ત્રી૦ (કા) પાતળી ઊંચી ડાળી

**ટગુમગુ** વિ૦ જુઓ ડગુમગુ, ડોલતું (૨)અ૦ ટગુમગુ હોય એમ

**ટચ** વિ૦ ઊંચી જાતનું(૨) પું૦ [इं] સોનાના કસનો આંક (૩) અ૦ [રવ૦; સર૦ म] ટચાકાનો અવાજ (૪) જગી વારમાં, ઝટ (**-લઈને, દઈને**)

**ટચકડી** સ્ત્રી૦ [રવ૦] ચપટી

**ટચકાટવું** સ૦ક્રિ૦ [જુઓ ટચકો] ટચકે ટચકે કાપવું, ટચકાવવું

**ટચકાર** પું૦+[રવ૦] હાડેડુનો ડચકારો

**ટચકારી** સ્ત્રી૦ [રવ૦] ટચાકડી, ચપટી

**ટચકાવવું** સ૦ ક્રિ૦ ['ટચકો' ઉપરથી] ટચકો મારીને કાપવું

**ટચકિયું** ન૦ ઝમ્મરથી રહી જવું તે

**ટચકું** ન૦ [જુઓ ટોચકું] ટેરવું (૨) [જુઓ ટાણુંટચકું] નાનો પ્રસંગ

**ટચકો** પું૦ [दे टच्चक, રવ૦] ઝટકો, ઘા (૨) તેનો અવાજ (**-મારવો, વાગવો, લાગવો**)

**ટચ ટચ** અ૦ [રવ૦] ટચકાનો રવ

**ટચરું** વિ૦ [જુઓ ઠચરું] અતિ ઘરડું-બુઢ્ઢું (તુચ્છકારમાં)

કુંભારનું ટપલું (૩) [લા ] મહેણું, આક્ષેપ (-ખાવો, પડવો, મારવો)

ટપવું સ૦ક્રિ૦ [हि टपना] કૂદી જવું(૨) [લા ] વધવું – ચડિયાતું થવું

ટપસ ટપસ અ૦ [રવ૦] જુઓ ટપૂસ ટપૂસ

પ(-પૂ)સિયાં ન૦ બ૦ વ૦ [ટપ (રવ૦)] ફાટયાતૂટયા – ઘસાઈ ગયેલા ખાસડા

ટપાટપ અ૦ [જુઓ ટપ] ઝટપટ (૨) સ્ત્રી૦, -પી સ્ત્રી૦ બોલાબોલી લડાલડી [-ઉપર આવી જવું = બોલાબોલી કે મારામારી કરવા સુધી જવું ]

ટપા(-પે)રવું સ૦ક્રિ૦ ['ટપ' (રવ૦)] મારવું, ઠોકવું (૨) [લા ] વારવાર કહેવું. ટકોર કરવી

ટપાલ સ્ત્રી૦ ['ટપ્પો' ઉપરથી, સર૦ म टपा (-प्पा)ल]ડાક, પોસ્ટ [-આવવી = કાગળપત્ર વહેચાવા -કાઢવી = રવાના કરવાના પત્રો ઇ૦ (પેટીમાથી) લઈ જવું -નીકળવી = પત્રો ઇ૦ જવું – રવાના થવું -નાંખવી = પત્રો ઇ૦ (ટપાલપેટીમા) નાખવું, તેને સ્થાને પહોચાડવું ] ૦ઑફિસ સ્ત્રી૦ ડાકઘર, પોસ્ટ-ઑફિસ. ૦ખર્ચ ન૦ ટપાલનું ખર્ચ. ૦વાળો પુ૦ ટપાલ વહેચનારો -લી પુ૦ ટપાલવાળો

ટપૂસ ટપૂસ અ૦ [રવ૦] ધીરે ધીરે, ઘસડાતું ઘસડાતું [-કરવું = ધીરે ધીરે કે ઘસડાતા ઘસડાતા કાંઈ કરવું (જેમ કે, ક્રિકેટમા રમનારો બહુ રન ન કરે ને રમ્યા કરે તે)]

ટપૂસિયાં ન૦ બ૦ વ૦ જુઓ ટપસિયા (૨) દક્ષિણી ઘાટની સપાટ (૩) અનાજ ઝાટકતા સૂપડાને મરાતો ઠોક [ઘસડાતું જતું

ટપૂસિયું વિ૦ ટપૂસ ટપૂસ કરતું (૨) ધીરે ધીરે

ટપેરવું સ૦ક્રિ૦ જુઓ ટપારવું

ટપોટપ અ૦ [જુઓ ટપ] એક પછી એક (૨) જલદીથી, તરત જ

ટપ્પાવાળો પુ૦ ટપ્પો ફેરવનારો – હાકનારો

ટપ્પો પુ૦[हि, म., का टप्पा]અમુક લબાઈનો આતરો (૨) મુસાફરી, મજલ, વિસામો (૩) ઘોડા કે બળદનું વાહન (૪) [સર૦ ટાપશી, ટપ] ગપ્પું (ઉદા૦ ટોળટપ્પો) [-મારવો = ગપ ઠોકવી ] (૫) [हि., म टप्पा] સગીતનો એક પ્રકાર (બીજા બે તે ધ્રુપદ ને ખ્યાલ)

ટબ ન૦ [इं] ઘણું પહોળું લાકડાનું અથવા પતરાનું એક વાસણ

ટબકલું ન૦ + ટપકું (૨) વિ૦ જુઓ ટપકલું

ટબકિયું ન૦ જુઓ ટપકિયું

ટબન ન૦ એક વનસ્પતિજન્ય પદાર્થ, ગટાપરચા

ટબાટોચ અ૦ ઠેઠ ટોચ સુધી, છલકાઈ જાય એમ

ટબારો પુ૦ [સર૦ हिं टब्बर(પજાબ) = કુટુબ] ઘરખર્ચ (૨) ઘરગથ્થુ સરસામાન (૩) અચો, ઘચૂમલો

ટબુકડિયું ન૦ ધીમા કાલવેલો જલેબી કે લાહુનો ભૂકો [સાવ નાનું

ટબૂકડું વિ૦ [स वटुक + डुं વ્યત્યય થઈને]

ટબૂકલું ન૦ ટાઢોડું

ટબૂડી સ્ત્રી૦ [જુઓ ટબૂકડું]નાની લોટી, ડસલી

ટબો પુ૦ [सं टिप्पणी, प्रा टिप्पणय ઉપરથી?] પાનાના હાસિયામા લખેલી ટીકા – અર્થ (જૈન)

ટમકવું અ૦ક્રિ૦ [સર૦ ચમકવું, દમકવું, ધમકવું] (કા) ધીમો પ્રકાશ આપવો (૨) દૂરથી ઝીણો પ્રકાશ દેખાવો [પ્રકાશ

ટમકું ન૦ (કા) ટમકવું તે, દૂરથી દેખાતો ઝીણો

ટમટમ સ્ત્રી૦, ન૦ [हिं] (ઉત્તર હિંદની) એક પ્રકારની ઘોડાગાડી [આતુર થઈ જવું

ટમટમવું અ૦ક્રિ૦[રવ૦]પડુ પડુ થઈ રહેવું(૨)

ટમટમાટ પુ૦ ટમટમવું તે, ઉતાવળ

ટમલર ન૦ [इं टम्लर] એક જાતનું (વિલાયતી ઘાટનું) પ્યાલા જેવું વાસણ

ટમેટું ન૦, -ટો પુ૦ [इ] એક શાકફળ

ટર(-ળ)કવું અ૦ક્રિ૦ (૨) વિ૦, -વાયેલ પુ૦ બ૦ વ૦ જુઓ 'ટળકવું'મા [પ્રેરક

ટરકાવવું સ૦ક્રિ૦ જુઓ ટડકાવવું(૨)'ટરકવું'નું

ટરપરવું અ૦ક્રિ૦ [સર૦ हिं तरफर] વસ્તુની લાલચથી ફાંફા મારતા ઊભા રહેવું, આવાપાછા થયા કરવું

ટરપરિયું ન૦ [જુઓ ટરપરવું] તરફડિયું (બહુધા બ૦ વ૦ મા) [બનતું તેલ

ટર્પેન્ટાઇન ન૦ [इ.] અમુક ઝાડોના ગુંદરમાથી

ટલ્લો પું૦ [રવ૦, સર૦ हिं. टल्ला] ધક્કો, આઘાત(૨)ફેરો, આટો; ધક્કો(૩)માથાનો ટકો

[ટહલા ખવરાવવા=ફેરા ખવરાવવા ટહલે ચડાવવું=વારવાર ધક્કા ખાયા કરવા પડે એમ કામને લટકતુ કે ધકેલ્યે રાખવુ,રખડાવવુ ટહલો મારવો=ધક્કો મારવો,આઘાત કરવો (૨) ટહલે ચડાવવુ]

**ટવર્ગ** પુ૦ [સ] ટ,ઠ,ડ ઢ,ણ એ પાચ વ્યજનો

**ટ(ળ)વળવું** અ૦ક્રિ૦ [દે ટલ્વલ] વલખા-તરફડિયા મારવા (૨) આતુરતાથી ઝંખવુ — ઝૂરવુ (૩) પીડાવુ

**ટશ(-સ)** સ્ત્રી૦ મીટ, અનિમેષ નજર (ઉદા૦ એકીટશે, ટશે ને ટશે)

**ટશ(-સ)ર** સ્ત્રી૦ [પ્રા ટસર=એક પ્રકારનુ સૂતર] તસર,'આખમા દેખાતી ઝીણી લાલ રગ (૨) ટશિયો

**ટશિયો** પું૦ [જુઓ ટશર] ઉઝરડામા કે ચીરામાથી લોહી ઝમી આવવુ તે, તેની રેખા

**ટસ** સ્ત્રી૦ જુઓ ટશ. **૦ટસ** અ૦ ટગર ટગર, ટસે ને ટસે

**ટસટસ** અ૦ [રવ૦, મરા૦ હિં. टस] ફાટુ ફાટુ થઈ જાય તેમ **૦વું** અ૦ક્રિ૦ તસતસવુ ફાટું ફાટુ થઈ રહેવુ **-સાટ** પુ૦ ટસટસવુ તે

**ટસર** સ્ત્રી૦ જુઓ ટશર(૨)[સર૦ હિં, મ, ઈં, સ ત્રસર ?]એક જાતનુ રેશમ કે તેનુ કપડુ,તસર

**ટમ જા** સ્ત્રી૦[સ ત્રિ-સંધ્યા] સધ્યાકાળ,સમીસાજ

**ટહકારો** પું૦ [સર૦ હિં. टहक, રવ૦] દુખને લીધે થતો ઉદ્ગાર

**ટહ ટહ** અ૦ [જુઓ ટશ] એકીનજરે. મીટ માડીને, ટશે ને ટશે

**ટહુકો** પુ૦ [દે. टउया] કોયલ કે મોરનો બોલવાનો અવાજ (૨) કોઈને બોલાવવા દીધેલો લાબો સાદ,ટેકો (૩) ચાલતી વાતમા હાજિયો પૂરવો તે,હુ કારો [**-કરવો**=કોયલ કે મોરે બોલવુ (૨) બોલાવવા માટે ઉદ્ગાર કરવો,બોલાવવુ,સાદ પાડવો **-પૂરવો**=હાજિયો ભણવો, હુકારો દેવો ] **-કવું** અ૦ક્રિ૦ (મોર કે કોયલે) બોલવુ. **-કાર** પુ૦ (કોયલ કે મોરનો) ટહુકો

**ટહેલ** સ્ત્રી૦ [જુઓ ટહેલવુ] માગવા જતા જાચક રોજ સભળાવે છે તે ઉક્તિ — કહેણ (૨)[લા.] એકનુ એક વારવાર કહેવુ કે ધ્યા પર નાખવુ તે [**-નાખવી**=એકની એક વા વારવાર કહેતા કહેતા ફર્યા કરવું ] **૦ટકોરે**

**૦ટપ્પો** પુ૦ ટાપુ (૨) દેખરેખ. **૦જાટ(-ટ** પુ૦ ટહેલ નાખનારો ભિક્ષુક બ્રાહ્મણ ૦ અ૦ ક્રિ૦ [હિં. टहलना, न ट(-टे)हलणॅ] આટા મારવા, આમ તેમ કરવુ (૨) ગામમ ટહેલ નાખવી **-લિયો** વિ૦ પુ૦ (૨) પુ ટહેલ નાખનરો

**ટળ** વિ૦ ['ટળવુ' ઉપરથી] ટળનારુ, નાશવત

**ટળકવુ** અ૦ ક્રિ૦ [સર૦ (દાઢનુ) 'સળકવુ' લલચાવુ (૨) વિ૦ લાલચુ **-વાયેડા** પું૦ બ૦ વ૦ લાલચુવેડા [પુ૦ ટળવળવુ તે

**ટળવળવું** અ૦ક્રિ૦ જુઓ ટવળવું **ટળવળાટ**

**ટળવું** અ૦ ક્રિ૦ [મરા૦ हिं टलना दे टलिअ =ટળેલુ] દૂર થવુ, ખસવુ, હઠવુ (૨) આઘા જવુ, મરવુ (તુચ્છકારમા જેમ કે, ટળને અહી થી) (૩) મટવુ, સાજુ થવુ (જેમ કે, એનુ દુખ ટળ્યુ)

**ટળિયેલ** વિ૦ [જુઓ ટળવું] ચસકેલ, ચક્ર

**ટંક** પુ૦ [સ] છાપ મારેલો સિક્કો, ટકો (૨) પૈસાભાર, ટાક (૩) સ્ત્રી૦ નક્કી વેળા-વખત (જેમ કે ખાવાનો કે દોહવાનો). **૦શાળ** સ્ત્રી૦ [+शाला] ચલણી સિક્કા પાડવાનુ કારખાનુ. **૦શાળી** પુ૦ ટકશાળનો ઉપરી,'ટકશાળવાળો

**ટકણખાર** પું૦[સં टंकणक्षार]એક જાતનો ક્ષાર

**ટંકશાળ,-ળી** જુઓ 'ટક'મા

**ટંકામણ** ન૦, **-ણી** સ્ત્રી૦ ['ટાકવુ' ઉપરથી] ટાકવાનુ મહેનતાણુ

**ટંકાર** [સ], **૦વ** પુ૦ ધનુષ્યની પણછનો અવાજ

**ટંકારી** વિ૦ [સ] ટકાર કરે એવુ

**ટંકારો** પુ૦['ટાકવુ' ઉપરથી, સર૦ મ टकारी] ટાકનાર (જેમ કે ઘંટીનો) [નિ પ્રેરક

**ટંકાવું** અ૦ક્રિ૦,**-વવું** સ૦ક્રિ૦ 'ટાકવુ'નુ કર્મણિ

**ટંકિકા** સ્ત્રી૦ [સર૦ હિં टकी, म टंकी(०का)] શ્રીરાગની એક રાગણી

**ટંકો** પું૦ [સં टक] ચલણી સિક્કો, નાણુ (૨) [સર૦ વ. टाका] રૂપિયો

**ટંકિત** વિ૦ [સં] ટાકેલુ

ટંકે(-કો)ટંક અ૦ [જુઓ ટક] દરેક ટંકે(૨) બરાબર નિયત સમયે, યોગ્ય વખતે જ (૩) ટોચ સુધી, છલોછલ
-ટગ સ્ત્રી૦ [સ. टगा] ટાંગો, પગ
ટંગડી સ્ત્રી૦ [જુઓ ટગ] ટાંગો, તગડી (૨) ટાંગાથી મારેલી ઠોકર કે આંટી (કુસ્તીમાં) [-ઊંચી કરવી, કે રાખવી = હાર્યા છતાં ન હાર્યાનો દમામ રાખવો.]
ટંગાડ(-વ)વું સ૦ક્રિ૦ [જુઓ ટાંગવું] લટકાવવું
ટંગાવું અ૦ ક્રિ૦ ['ટાંગવું'નું કર્મણિ] ટિંગાવું; લટકાવું [કે, ટચ માલ એ ખાય)
ટંચ વિ૦ [સર૦ हिं =तैयार] ટચ, ઉત્તમ (જેમ
ટંટો પું૦ [સર૦ हिं टंटा] કજિયો, તકરાર -ટાંખોર વિ૦ ટંટો કરવાની આદતવાળું ૦ફિસાદ પું૦ [+अ. फसाद] ટંટો-તકરાર
ટંડેલ પું૦ [સર૦ हिं. टंड(-डे)ल] વહાણનો મુખ્ય ખલાસી-સુકાની (૨) [લા૦] ઊંચો માણસ કે કાંઈ વધારે ઊંચું લાગે તે (જેમ કે ઊંચી ટંડેલ સ્ત્રી, ખુરશી ઇ૦)
-ટંપાવું અ૦ ક્રિ૦, -વવું સ૦ ક્રિ૦ 'ટાંપવું'નું કર્મણિ ને પ્રેરક
ટાઇપ પું૦ [इं] (છાપવાનું) બીબું. ૦રાઇટર નં૦ [इं] છાપ જેવા અક્ષરોમાં લખવાનું યંત્ર
-ટાઇફૉઇડ પું૦ [इं] એક જાતનો (આંતરડાંને કારણે થતો) મુદતિયો તાવ [શાળાનું ઇ૦)
ટાઇમટેબલ નં૦ [इं] સમયપત્રક (રેલગાડીનું,
ટાઈ સ્ત્રી૦ [इं] જુઓ નેકટાઈ (-બાંધવી)
ટાઉ ટાઉ અ૦ [રવ૦] (૨) નં૦ લવારો, બકવાદ (૨) કૂતરાનું નિરર્થક ભસ ભસ કરવું તે
ટાઉનહૉલ પું૦ [इं] ગામનો સાર્વજનિક હૉલ-સભા ઇ૦ માટેનું મકાન
ટાકર સ્ત્રી૦ [દે टक्कर] હલકો આઘાત-ટકોરી (૨) વિ૦ [સર૦ દે ટેક્કર=પ્રદેશ, म. टक्कल] (ગ્રા.) સાફ ઉજ્જડ, વેરાન ૦ડી સ્ત્રી૦ ટાકર (૨) કઠણ-રણકી જમીન [પરચૂરણ
ટાચકડુચડ વિ૦['ટચકો' ઉપરથી] છૂટું છવાયું,
ટાચકાડુચકી સ્ત્રી૦ ['ડુચકો' ઉપરથી] મતગજ તરના ટુચકા કરવા તે [નારાની મંડળી
ટાચકાટોળી સ્ત્રી૦[ટાચકો+ટોળી] તડાકા માર-

ટાચકો પું૦ [રવ૦] ટચાકો, સાંધાનો કડાકો(૨) ઘોડિયે લટકાવાતું ઝૂમખું-રમકડું(૩) ખોટું લાગવું-રીસ ચડવી તે. [ટાચકા ફોડવા= સાંધાના કડાકા ફોડવા (૨) નિંદા કરવી ટાચકો ચડવો=રીસ ચડવી, ખોટું લાગવું]
ટાટ નં૦ [સર૦ हिं, म टाट, બંગાળી પાટ= શણ] શણની દોરીઓના વણાટનું જાડું કપડું
ટાટ પું૦ [સર૦ म टाट; कानडी तट्टे] મોટી તાસકના ઘાટની છીછરી થાળી (૨) અ૦ સાવ, તદ્દન ઉદા૦ 'લૂખોટાટ', 'નાગુ ટાટ' (૩) વિ૦ [इं. टाइट?] સજ્જડ, કડક, સક્કસ (૪) મસ્ત, ચકચૂર ૦પટી (-ટ્ટી) સ્ત્રી૦ ટાટ (કપડું)
ટાટલું નં૦ [જુઓ ટાટ]વાસણ, ઠામ [-કરવું =એઠાં વાસણ માંજવા]
ટાટવું નં૦ [સર૦ ટટ્ટુ] ટટ્ટુ, હલકી જાતનું ઘોડું
ટાટિયું નં૦ ['ટાટ' ઉપરથી]ટાટનો કકડો(કપડું)
ટાટિયાં નં૦બ૦વ૦ [જુઓ ટાટું] ગાડાના પાંજરા (૨) કામડાંના બારણાં
ટાટું નં૦ [જુઓ ટટ્ટી] કામડાની ચીપોની ગૂંથેલી સાદડી, ભીંત કે ઝાંપો (૨) ટાટાનું બનાવેલું ઝૂંપડું (૩) જુઓ ટાટવું(૪) [ટાટ= અફીણ ઇ૦ના નશામાં ચકચૂર ઉપરથી]રજપૂત કે ગરાશિયો(તુચ્છકારમાં) ઉદા૦ "ભાટા, ટાટા, ને બામણા, વહેંચણ થોડી ને વઢવા ઘણા".
ટાઢ સ્ત્રી૦ [જુઓ ટાઢું] ઠંડી [-ચડવી=ઠંડી લાગવી,ટાઢે ધ્રૂજવું(૨)તાવની કણકણી આવવી (૩) [લા૦] (અમુક કામ કરવાનું આવે ત્યારે) અણગમો થવો -પડવી=ઠંડી પડવી -ફેરા મારે છે=ઠંડીનું કશું ચાલતું નથી -લાગવી, -વાવી=ઠંડી લાગવી, ટાઢથી ધ્રૂજવું]૦ક સ્ત્રી૦ ઠંડક (૨) [લા૦] નિરાંત [-વળવી,-થવી= બળતરા શમવી, શાંતિ થવી]૦કિયું નં૦ ઠંડક માટે વપરાતું ભીનું કપડું કે પીણું (૨) પાણી ઠંડું થાય તેવું વાસણ ૦તડકો=સુખદુઃખ, તડકો છાંયડો -ઢિયો(૦તાવ) પું૦ ટાઢ વાઈને આવતો તાવ -ઢી સ્ત્રી૦ મડદાની રાખ, વાની [-વાળવી=ચિતાની રાખને પાણી છાંટી,વાળી કરીને પાણીમાં પધરાવવી]
ટાઢાશ સ્ત્રી૦ [જુઓ ટાઢું] ટાઢાપણું

**ટાઢી શિયળ, ટાઢી શીળી** સ્ત્રી૦ શ્રાવણ સુદ કે વદ સાતમનો દિવસ, શીતળાસાતમ

**ટાઢું** વિ૦ [પ્રા. ઠ્ઢ્ઢ (સ્તબ્ધ)=કુંઠિત,જડ-સડ ઉપરથી] શીતળ, ઠંડુ (૨) વાસી (૩) [લા] ધીમુ, મંદ (જેમ કે કામમા) (૪) ઝટ ઉશ્કેરાય નહિ એવુ, શાન્ત સ્વભાવનુ [**ટાઢા પહોરનું** વિ૦ નવરાશના વખતનુ, ગપ જેવુ (-ની સ્ત્રી૦ ગપ) **ટાઢા(-ઢે) પાણીએ ખસ જવી**=વગર મહેનતે પીડા ટળવી **ટાઢા સમ**=બહારથી ઉગ્ર ન લાગતા પણ અસરે ઉગ્ર લાગે તેવા સમ (દેવમૂર્તિ આગળના ફૂલ લઈને કે મૂર્તિને પગે હાથ અડકાડીને લીધેલા સમ) **ટાઢાંઊના** ન૦બ૦વ૦ =ઘરવટના ખાનપાન (૨) [લા] સંસારના સુખદુઃખ **ટાઢાં ગાળવાં, ઢાળવાં**=જુઓ ટાઢો ઢાળવો (૨) આળસ કરવી **ટાઢાં પાટિયાં કરવાં**=ખાઈ પીને નિરાત કરવી **ટાઢી રસોઈ**=[લા] બાપદાદાથી ઊતરી આવેલી મિલકત **ટાઢું કરવું**=ઠંડુ પાડવુ (૨) શાંત કરવુ **-ગાર, ઘોર**=વણુ જ ઠંડુ **-ઠમ કરવું**=પચાવી પાડી ઠેકાણે કરવુ **-ટપ**=તદ્દન શાંત કે ઠંડુ **-થવું**=ઠંડુ થવુ (૨) શાંત થવુ **-નાખવું**=મુલતવી રાખવુ, વિલંબ કરવો **-પડવું**=શાંત થવુ **-પડી જવું**=તેજી ઓસરી જવી(૨)શરીરની ગરમી એકદમ ઘટી જવી (મરવાની ઘડીની જેમ) **-પાડવું**=શાંત પાડવુ,શમાવવુ(૨) (આગને) બુઝાવવુ **-પથરા જેવું**=ઘણુ ઠંડા સ્વભાવનુ **-પાડી પલાળવું**=શાંત કરી, સમજાવવુ **-પાણી રેડવું**=આશા કે ઉત્સાહ ઠંડા પડી જાય એમ કરવુ, ના પાડવી **-પેટ**=નિરાત, નિશ્ચિતતા **-બોળ**=ઘણુ ઠંડુ **-લોહી**= નિશ્ચિતતા, શાંતિ **ટાઢો માર**=બહારથી અસર દેખાય નહી પણ અંદરથી સાલે એવો મૂઢ કસ્ચર માર **ટાઢો ડામ**=મહેણુ **ટાઢો ઢાળવો**=આરામ-વિસામો લેવો] **-ઢુ પથરો** વિ૦ કામમા અત્યંત ઢીલ કરનારુ **-ઢુંશીળુ** વિ૦ ટાઢુ અને વાસી **-ઢુ હિમ** વિ૦ હિમ જેવુ ટાઢુ, ઘણું ઠંડુ

**ટાઢો** પુ૦ [ટાઢુ ઉપરથી] ટાઢો ડામ, અંદરથી બાળી મૂકે એવું મર્મવચન

**ટાઢોડિયું** ન૦ ['ટાઢુ' ઉપરથી] જુઓ ટાઢકિયુ (૨) જુઓ ટાઢોડું

**ટાઢોડું** ન૦ ['ટાઢુ' ઉપરથી] ચાલુ વરસાદને લીધે હવામા થયેલી શરદી

**ટાઢોડો** પું૦ જુઓ ટાઢો. [**ટાઢોડા દેવા**= મહેણા મારવા]

**ટાણું** ન૦ [સર૦ મ टाणॅ, સર૦ ટાકણું (ટક)] સારોનરસો પ્રસંગ-અવસર(૨)સંધિ, લાગ [**-આવવું**=અવસર આવવો **-માંડવુ**= મંગળ પ્રસંગ ઊજવવો] **૦ટચકું** ન૦ [સં ટ ઉપરથી? સર૦ ટચૂકડુ] વારતહેવારનો પ્રસંગ-અવસર

**ટાપટીપ** સ્ત્રી૦[સર૦ મ]વ્યવસ્થા, સુઘડતા(૨) મરામત (૩) ઉપરનો ભભકો-શણગાર, ચાપચીપ **-પિયું** વિ૦ ટાપટીપ-શણગાર કર્યા કરવાની ટેવવાળુ

**ટાપલી** સ્ત્રી૦ [રવ૦, સર૦ મ. टापरी] ટપલી

**ટાપશી(-સી)** સ્ત્રી૦ ['ટપ' (રવ૦)] ચાલતી વાતમા પુરાતો હાજિયો (**-પૂરવી**)

**ટાપી** સ્ત્રી૦ [રવ૦] ટપલી (૨) છો બેસાડવા ટીપવાનુ ઓજાર

**ટાપુ** પુ૦ [સર૦ हिं, મ टापू] બેટ, દ્વીપ

**ટાપુવો, ટાપો** પુ૦ ['ટપ' (રવ૦)] રોટલો [**ટાપુવો ટીપવો**=રોટલો ઘડવો **ટાપા ટીપવા**=રોટલા ઘડવા]

**ટાબડો** પુ૦['ટપ' ઉપરથી]બહુ વાચાળ માણસ

**ટાબોટો** પુ૦ ['ટપ' રવ૦] હથેળી પર હથેળી અફાળી કરેલો અવાજ, તાબોટો [**ટાબોટા કૂટવા, પાડવા** = પહોળે પંજે તાળીઓ પાડવી (હીજડાઓ કરે છે તેમ) (૨) [લા] નામર્દ-કાયર બનવુ]

**ટાભાટેભા** પુ૦બ૦વ૦ [જુઓ ટેભો] થાગડ-થીગડ (૨) જખમના ટાકા **-ભી** સ્ત્રી૦ ટાભાટેભા કરવા તે

**ટાયડી** સ્ત્રી૦ [જુઓ ટારડી] નાની ઘોડી **-ડું** ન૦ નાનુ ઘોડું **-ડો** પુ૦ નાનો ઘોડો

**ટાયર** ન૦ [ઇં] સાઇકલ, મોટર વગેરે વાહનને

હોતી ૨ખરની વાટ

**ટાયલું** (ટાં') ન૦[સર૦ ડાઘલુ] વગર જરૂરની દોઢડહાપણની અથવા આપવડાઈની વાત કે વચન (–કરવું)

**ટારડી** સ્ત્રી૦ [ દે ટાર=ટટ્ટુ, હલકી જાતનુ ઘોડુ ] (કા ) નાની–માલ વગરની ઘોડી

**ટાલ** સ્ત્રી૦ વાળ જતા રહ્યા હોય એવો માથાનો ભાગ, તાલ [–પડવી=માથાના વાળ જતા રહી, માથુ સાફ ટાલકી જેવુ થવું ]

**ટાલકી** સ્ત્રી૦ જુઓ તાલકી, તાળવુ ,–કુ ન૦ જુઓ તાલકુ [જુઓ ટાળવુ

**ટાલવુ** સ૦ ક્રિ૦ [સર૦ हि टालना] + (૫ )

**ટાલી** સ્ત્રી૦ [સર૦ हिं, म ] અર્ધો રૂપિયો (વેપારીઓનો સકેત) (૨) [જુઓ તાલુ] ચદરવામા સાંધેલા જુદા જુદા ૨ગના કકડા (૩)['ટાલ' કે ટાળવુ'] દાભડા વગેરેની જડ બાઝવાથી ખેડવામાં ન આવતો ખેતરનો ભાગ

**ટાલુ** ન૦ જુઓ ટાલ

**ટાવર** ન૦ [ इं ] ઊંચા મિનારા જેવુ ( બહુધા વડિયાળવાળુ ) એક બાધકામ

**ટાળ** સ્ત્રી૦ ['ટાળવુ' ઉપરથી] નિવારણ કરવું –ટાળવુ તે ૦ક વિ૦ ટાળનારુ ૦ણુ, ૦ણુટોળણુ ન૦(ચળામણ, ઝટકામણ જેવો) ટાળી મૂકેલો નકામો ભાગ

**ટાળવું** સ૦ ક્રિ૦ [જુઓ ટળવુ] દૂર કરવુ; નિવારવુ (૨) સારુ કાઢી લઈ ખરાબ છોડવુ

**ટાળી** અ૦ ['ટાળવુ' ઉપરથી] વિના, સિવાય

**ટાળો** પું૦ ['ટાળવુ' ઉપરથી] વાયદા કર્યા કરવા તે (૨) જુદાઈ–અતર ગણવુ કે રાખવું તે (૩) ભેદ, ખેલ, ચમત્કાર (૪) [स ताल] સજોગ, તાકડો, તાળો [**ટાળા દેવા**=વાયદે ચડાવવુ **ટાળો મળવો**=જોગ આવવો, તાકડો બેસવો (૨) હિસાબ ખરો હોવો ]

**ટાંક** (૦) પુ૦ [स टंक] ગેરનો ૭૨મો ભાગ(૨) મોતી તોળવાનુ એક વજન–તોલ(૩)['ટાકવુ' –ટાકી (નોંધી)રાખવુ ઉપરથી] લખત, લખાણ (૪) સ્ત્રી૦ ['ટાકવુ'–(ઘડવુ) ઉપરથી] ઘડેલી કલમની અણી (૫) અણિયુ, 'નિબ' (૬) [स टंक ઉપરથી] ટક, વેળા

**ટાંકટ**(–ર) (૦) વિ૦ [स. टाकर] લુચ્ચુ, લફગુ, રડીઆજ

**ટાંકણી** (૦) સ્ત્રી૦ ['ટાકવુ' ઉપરથી] કાગળ ઇત્યાદિમા ખોસવાની માથાદાર ઝીણી સળી(૨) સુતારનુ એક ઓજાર (૩) [જુઓ ટોકણી] વાર-વાર ટોકવું તે [**–ખોસવી**, **મારવી**=ટાકણી ખોસીને (કાગળને બીજા કાગળ સાથે) જોડવું ]

**ટાંકણું** (૦) ન૦[स टंक् ઉપરથી] ટાકવાનુ ઓજાર (૨) જોગ, પ્રસગ (૩) રૂડો અવસર, ટાણુ

**ટાંકલી** (૦) સ્ત્રી૦ [જુઓ ટાકી] નાનુ ટાકુ (૨) ['ટાકવુ' ઉપરથી] ખોસવાની ટાકણી (૩) [જુઓ 'ટાક' અર્થ ૧ ] પણી

**ટાંકવું** (૦) સ૦ ક્રિ૦ [स टंक्] ખણવું, કોતરવુ (૨) ટાકા ભરવા, સાવવુ (૩) સાથે જોડવુ(૪) ઉતારો કરવો, અવતરણ આપવું

**ટાંકાબારી** (૦) સ્ત્રી૦ [જુઓ ટાકુ] કફોડી દશામાથી છટકવાની–નીકળી જવાની બારી

**ટાંકી** (૦) સ્ત્રી૦ [જુઓ ટાકુ] [ दे टंक =ખોદેલુ જલાશય, સર૦ हि , म ]પાણી ભરવાનો છોબ ઘ કે લોખંડનો કોઠો (૨) નાનુ ટાંકુ (પાણીનુ) (૩) [स टृक=ચીરો, કાટ] ચાદીનો રોગ (૪) ['ટાકવુ' ઉપરથી] ટાકવાની–કોતરવાની ક્રિયા (૫) [લા ] ફાયદો–અસર (દવાની). [–લાગવી (દવાની)=અસર થવી ]

**ટાંકુ** (૦) ન૦ [જુઓ ટાકી] વરસાદનુ પાણી ભરી મૂકવાને જમીનની અદર બનાવેલો છોબ વ કોઠો(૨)[જમવા માટે] પાણીથી ઠારેલુ ઘી (૩) [જુઓ તાકુ] મોટો ગોખલો

**ટાંકો** (૦) પુ૦ [સર૦ हि . म टाका, જુઓ ટાંકવુ] બખિયો સીવણ [**–દેવો**, **ભરવો**, **મારવો**=સીવવુ ]

**ટાંગ** (૦)સ્ત્રી૦ [જુઓ ટાગો] પગ [**–મારવી**= કુસ્તીમા ટાંગ ભેરવીને પાડી નાખવાનો–ટગડી દાવ અજમાવવો] ૦તોલ સ્ત્રી૦ બેઠકની કસરતનો એક પ્રકાર

**ટાંગણ** (૦) ન૦ [સર૦ हिं. टागन] ટટ્ટુ, નાનુ ઘોડું (૨) ઘણુ ઠીગણુ માણસ

**ટાંગવું** (૦) સ૦ ક્રિ૦ [स टंक्, हि. टागना; म टागणें] લટકાવવુ, ટગાડવુ

**ટાંગો** (૦) પુ૦ [સં. टंगा] ટાગ, ટાટિયો (૨) [સર૦ हिं, म टागा] ઘોડાગાડી; ટપ્પાગાડી. [**ટાંગા તોડવા**=નકામી રખડપટ્ટી–પગને ચાલવાની પીડા–ઉઠાવવી **ટાંગો કરવો**= ગાડી ભારે કરવી.] **–ગાટોળી** સ્ત્રી૦ [ટાગો+તોળવુ] ટાટિયો અને હાથ ઝાલી લબડતુ ઉપાડવું તે. **–ગાતોડ** સ્ત્રી૦ [ટાંગો+તોડવુ] રખડપટ્ટી

**ટાંચ** (૦) સ્ત્રી૦ [સ टंक्, સર૦ મ] જપતી (૨) [જુઓ ટાચવુ] કલમની અણીનો ત્રાસો કાપ (૩) ટચકો (૪) ઘટ, ખોટ [**–આવવી, –લાવવી, –બેસાડવી**=જપતી કરનારે આવવુ કે તેને આણવો **–ઊઠી જવી**=જપતી દૂર થવી, જપતીમાથી મુક્ત થવું. **–પડવી**=ઘટ પડવી] **૦ણુ** ન૦ [સર૦ म] ટૂકી નોધ **૦ણી** સ્ત્રી૦ [સર૦ म] ટાચણ (૨) ટાકણી. **૦મ** સ્ત્રી૦ ઘટ, ઓછપ **૦વું** સ૦ ક્રિ૦ [સર૦ ટાકવુ, મ टाचणें=ટાકવુ (૨) ટાચ પડવી] ટાકા મારવા (૨) ખોસવુ, ઘોચવુ (૩) કલમની અણી કાપવી (૪) કરકસર કરવી, ખર્ચ કમી કરવુ **–ચુ** વિ૦ ઊણું, ઓછું, ખૂટતુ (૨) ન૦ ઊણપ, ઘટ. [**–પડવું**=ઓછુ પડવુ]

**ટાંટિયો** (૦) પુ૦ પગ (તુચ્છકારમા) [**ટાંટિયા આવવા**=ચાલતા આવડવુ (૨) જાત ઉપર ઊભા રહેવાની કે બીજાનો સામનો કરવાની શક્તિ આવવી **ટાંટિયા કહ્યુ કરતા નથી**= થાકથી પગ ચાલતા નથી **ટાંટિયા કાપવા**= મૂળ કાપવા, આધાર ઉડાવી દેવો **ટાંટિયા ગળે આવવા**=અતિ મુશ્કેલી પડવી **ટાંટિયા જોરમાં હોવા**=ઉમંગ ને ઉત્સાહ હોવો **ટાંટિયા તૂટવા, કાટવા**=પગમાં કળતર થવુ **ટાંટિયાતોડ**=ખૂબ ચાલવુ પડવુ (૨) ફોગટ ધક્કાફેરા **ટાંટિયા તોડવા**=ફોગટ ફેરા ખાવા **ટાંટિયા નરમ થઈ જવા**=થાકી જવુ (૨) નિરુત્સાહ થવુ (૩) પૈસા ખોવા, નુકસાની આવવી **ટાંટિયાનાં તોરણ કરવાં**= અતિશય રખડપટ્ટી કરવી **ટાંટિયાનું આખું**= કામચોર. **ટાંટિયાનું ભાગેલું**=અતિ શ્રમ ન કરી શકે તેવું **ટાંટિયા પહોળા થઈ જવા**= અતિ ખર્ચ કે કામના ભારથી ભાગી પડવું. **ટાંટિયા ભાગવા**=પગે નબળાઈ આવવી (૨) હિંમત હારી જવી (૩) (સામાના) મૂળમા ઘા કરવો **ટાંટિયા મળવા**=હિસાબના પાસા સરખા થવા **ટાંટિયામાં ગજ ઘાલ્યા હોવા, ગજવેલ ઘાલી હોવી**=ગમે તેટલુ ચાલવા છતા થાકે નહીં એવુ હોવું **ટાંટિયા મેળવવા**=હિસાબના બે પાસા સરખા કરવા **ટાંટિયા રહી જવા**=પગે વા આવી પગ અકડાઈ જવા (૨) ખૂબ ચાલવાથી પગ અકડાઈ જવા **ટાંટિયા રંગવા**=ટાટિયામાં માર મારવો (૨) ખૂબ માર મારવો **ટાંટિયા સામાના ગળામાં નાંખવા, ભેરવવા** = સામાને ભિડામણમા – મુશ્કેલીમા મૂકવો. **ટાંટિયો કાઢવો**=અવરજવર બધ કરવો **–ટકવો**=(એક જગ્યાએ) સ્થિર થવુ **–વાળવો**=થાક ખાવો, વિસામો લેવો, જપવુ]

**ટાંડ** (૦) સ્ત્રી૦ [સર૦ हिं.] ટાડુ; ધાડુ

**ટાંડર** (૦) સ્ત્રી૦ તકરાર, કજિયો (૨) ફ્રુતરી, કપ [**–આવવી**=ક્રુતરી ચઢવી] ૨–

**ટાંડી** (૦) સ્ત્રી૦ (ક.) દીવાસળી

**ટાંડું** (૦) ન૦ [સર૦ हि टाडा] પોઠ, વણજાર (૨) ટોળુ, ધાડુ (૩) [स तुड સર૦ ટોડો] ટોચ, શિખર

**ટાંડેમાંડે** (૦) અ૦ લગોલગ, છેડે (?)

**ટાંડો** (૦) પુ૦ દેવતા, અગ્નિ (ક) (૨) [જુઓ ઢાંઢો] બળદ (૩) (સુ) જુઓ ટાડુ ૧, ૨

**ટાંપ** (૦) સ્ત્રી૦, ન૦ [સર૦ म, दे टिप्पी] વાક્યમા આવતુ વિરામચિહ્ન (૨) પૂર્ણ વિરામ;

**ટાંપણી** (૦) સ્ત્રી૦ ટાપી રહેવુ તે **–વું** સ૦ક્રિ૦ [સર૦ हिं. टापना, स तप् ઉપરથી ?] તાકી–તલપી રહેવુ [ઘાટ વિનાનુ થઈ ગયેલુ

**ટાંપાટરડું** (૦) વિ૦ [ટાપું+ટેડુ] સઢ્ઢ, વળીને

**ટાંપું** ન૦ [સર૦ ટપ્પો, हिं. टापा] ભળવા જવુ તે (૨) ફેરો, આટો **૦ટૈયું** ન૦ ફેરો–આટો ખાવાનુ કામ

**ટાંભરવાયું** વિ૦ (કા) સહેજ ભીનાશવાળુ

**ટિકટિકી** ન૦ એક પક્ષી [કર્મણિ ને પ્રેરક

**ટિકાવું** અ૦ ક્રિ૦, **–વવું** સ૦ ક્રિ૦ 'ટીકવુ'નુ

**ટિકા(-લા)યત** વિ૦ [જુઓ ટિક્કો, સર૦ મ. टिकाईत] પાટવી, વડુ (૨) પું૦ પાટવી કુવર

**ટિકિટ** સ્ત્રી૦ [इं] પ્રવેશવા, જવા તથા મોકલવા-કરવાના પરવાનાનો કાગળ કે પૂઠાનો કકડો. **(-કઢાવવી, કરાવવી, કાઢવી, લેવી).** [**-પડવી, બેસવી** = ટિકિટ ખરીદવાની જરૂર હોવી. **-મારવી** = ટિકિટ ચોંટાડવી **-લાગવી** = ટિકિટ પડવી (૨) લોટરીમા ટિકિટ ઊપડવી, ઇનામ મળવું (૩) [લા] નસીબ જોગે લાભ થઈ જવો, ટિક્કી લાગવી ]૦**માસ્તર** પુ૦ટિકિટ આપનાર કામદાર. ૦**કલેક્ટર** પું૦ ટિકિટ લેનાર કે તપાસનાર કામદાર

**ટિક્કડ** પુ૦ [જુઓ ટિક્કો, સર૦ हिं] तिक्कड, જાડો રોટલો [**-ઠોકવા** = રોટલા ઘડવા (૨) રોટલા જમી જવા. **-ચડાવવા**=રોટલા ખાવા ]

**ટિક્કી** સ્ત્રી૦ [સર૦ ટિક્કો, म टिकी] સફળતા (૨) લાગવગ, સિફારસ (૩) ટીપકી–ટીલડી [**-લાગવી** = સફળ થવુ.]

**ટિક્કો** પુ૦ [दे टिक्क] ચાલ્લો, મોટુ ટીલુ (૨) [લા ] ડામ, ઠિંગો. [**-કરવો** = ડામ દેવો (૨) ઠિંગો બતાવવો, ના કહેવા અગૂઠાની એક સૂચક મુદ્રા કરવી, ના પાડવી]

**ટિચકારી** સ્ત્રી૦ [રવ૦, સર૦ ડચકારી]મશ્કરી, મજાક, તોફાન **-રો** પુ૦ ['ટીચવુ' ઉપરથી] ટીચવાનો અવાજ (૨) [જુઓ ટિચકારી] મસ્તી; તોફાન

**ટિચાવવું** સ૦ક્રિ૦ 'ટીચવુ'નુ પ્રેરક

**ટિચાવું** અ૦ક્રિ૦ અકળાવુ, કુટાવુ(૨)નકામા ફેરા ખાવા (૩) 'ટીચવુ'નુ કર્મણિ [ ટિટોડી

**ટિટિ(-ટ્ટિ)ભ** પુ૦[सं] ટિટોડો **-ભી** સ્ત્રી૦

**ટિટિયાણ** ન૦, **-રો** પું૦ [સર૦ दे टिट्टियाव, हिं टिटिहा+रोर,રવ૦]કકલાણ,કકળાટ,કકાસ

**ટિટોડી** સ્ત્રી૦ [स टिट्टिभी, સર૦ म टिटवी] એક પક્ષી **-ડો** પું૦ ટિટોડીનો નર

**ટિટોલી** સ્ત્રી૦ સૂકા તુવેરના દાણાનુ ખૂબ પાણી-વાળું કરાતુ શાક (સુ)

**ટિટ્ટિભ** પુ૦,**-ભી** સ્ત્રી૦ [स.]જુઓ 'ટિટિભ'મા

**ટિણટિણી** સ્ત્રી૦ [રવ૦] એક પક્ષીનો ધીમો અવાજ

**ટિન** ન૦ [इं] એક ધાતુ – કલાઈ (૨) ટિનના પતરાનુ વાસણ ૦**પાટ** [इं पॉट] ન૦ ડબલુ (૨)[લા.]તેના જેવુ તુચ્છ માણસ [**-આપવું** = રજા – રુખસત આપવી ] ૦**પાટિયું** વિ૦ ટિનપાટ જેવુ, તુચ્છ, પામર. નકામુ

**ટિપણિયો** પુ૦ ['ટીપણુ' ઉપરથી]ટીપણુ જોઈ ભવિષ્ય ભાખી ખાનારો

**ટિપાઈ** સ્ત્રી૦ જુઓ ત્રિપાઈ

**ટિપાવું** અ૦ ક્રિ૦, **-વવું** સ૦ ક્રિ૦ 'ટીપવુ'નુ કર્મણિ ને પ્રેરક

**ટિપ્પણ** ન૦, **-ણી(-ની)** સ્ત્રી૦[स] સમજૂતી માટે લખેલી નાની ટીકા(૨) ટાચણ, ટૂંક નોંધ

**ટિપ્પણી(-ની)** સ્ત્રી૦[સર૦ स तिप्, म टिपणें = ટીપે ટીપે પડવુ] પાણીની તાણ પડવી તે(૨) ['ટીપવુ' ઉપરથી] સારી પેઠે ટીપવુ – ટીપી બેસાડવુ તે (૩) [स ] જુઓ ટિપ્પણ

**ટિપ્પો** પુ૦ ['ટીપવુ' ઉપરથી, સર૦ म टिपणें] લખોટી કે ભમરડા વડે રમતમા બીજી લખોટી કે ભમરડાને મારવો તે(૨) ટપલો (૩) મહેણુ (**-મારવો**)

**ટિફિનબૉક્સ** સ્ત્રી૦ [इं] ખાવાનુ લાવવા લઈ જવામા ફાવે તેવું એક પાત્ર [ ટિકાયત

**ટિલાયત** વિ૦ (૨) પુ૦ ['ટીલુ' ઉપરથી] જુઓ

**ટિલોર** ન૦ એક પક્ષી

**ટિળક** પું૦ [म] (स ) લોકમાન્ય તિલક

**ટિંગળાવું** અ૦ક્રિ૦ જુઓ ટિંગાવુ

**ટિંગાટોળી** સ્ત્રી૦ જુઓ ટાંગાટોળી

**ટિંગાડ(-વ)વું** સ૦ક્રિ૦ 'ટિંગાવુ'નુ પ્રેરક

**ટિંગાવું** અ૦ક્રિ૦[જુઓ ટંગાવુ] ટંગાવુ, લટકાવુ

**ટિંબ** પુ૦ [ટિંબો કે स डिंब = ઇંડુ પરથી ?] અનુસ્વાર(૨)ટપકા જેવુ – પૂર્ણ વિરામનુ ચિહ્ન

**ટિંબરુ** ન૦, **-રવો** પુ૦ [दे टिंबरु(०अ)] એક ઝાડ **-રવું** ન૦ તેનુ ફળ

**ટિંબો** પુ૦ [જુઓ ટીંબો] ટેકરો

**ટીકડી** સ્ત્રી૦ [સર૦ ટીકી] નાની ચપટી ચકતી

**ટીકવું** સ૦ક્રિ૦ [स टीक्] તાકી તાકીને જોવુ (૨) ટીકા કરવી

**ટીકા** સ્ત્રી૦[स ]સમજૂતી આપવા કરેલુ વિવરણ (૨)ગુણદોષની સમાલોચના(૩)નિંદા,વગોવણી

૦કાર પું૦ ટીકા કરનાર, વિવેચક ૦ખોર વિ૦ ટીકા–નિંદા કરવાની આદતવાળું

**ટીકી** સ્ત્રી૦ [હિં टिक्की] સોનેરી કે રૂપેરી ટપકી (૨)ઝીણો ચાલ્લો,ટીલડી(૩) નજર [–કરવી = ઝીણો ચાલ્લો કરવો –ચોડવી = ટીલડી ચોટાડવી –મારવી=આંખમીચામણી કરવી]

**ટીકો** પું૦ જુઓ ટિક્કો (–કરવો)

**ટીખળ** ન૦ [સર૦ મ टिक्कल, टिंगल] આનંદ ખાતર કરેલી મશ્કરી–મજાક–તોફાન

**ટીખળી** વિ૦ ટીખળ કરે એવું, મશ્કરું

**ટીચકું** વિ૦ [સર૦ મ टिचका, सं तुच्छक?] ઠીંગણું (૨) ન૦ [જુઓ ટોચકું] નાકનું ટેરવું

**ટીચવું** સ૦ક્રિ૦ [ટચ(રવ૦), મ टिचणें] ઠોકવું, ટીપવું, છૂંદવું

**ટીચો** પું૦ ['ટીચવું' ઉપરથી] ગોબો

**ટીટું** વિ૦ [સર૦ ટાટું, ટટું]-જિદ્દી

**ટીપ** સ્ત્રી૦[સં टिप्पण]યાદી,નોંધ(૨)ઉઘરાણીનો કાગળ,લખણી(૩)['ટીપવું' પરથી]કેદની સજા (૪)પાણીની તંગી, ટિપ્પણી (૫) [?] ઘણો જ ઊંચો સૂર (ગાવામાં) (૬) ['ટીપવું' ઉપરથી] થાબડી, ટીપણી [–કરવી = યાદી કરવી (૨)લખાણી કરવી –દેવી = સાંધાઓમાં ચૂનો પૂરી(ભીંત વગેરે)મજબૂત કરવું –ફેરવવી = ફાળો ઉઘરાવવો, લખણી કરવી –ભરવી = જુઓ ટીપ દેવી (૨)ફાળો કરવો –મારવી = ટીપ દેવી (૨) કેદની સજા ફરમાવવી]

**ટીપકી** સ્ત્રી૦ [હિં टिप्पी]સોનેરી કે રૂપેરી ટપકી

**ટીપણી** સ્ત્રી૦ જુઓ ટિપ્પણી

**ટીપણું** ન૦[મ टिप्पणी]પંચાંગ [–ઉકેલવું = ગઈગુજરી બાબતો કાઢી ઝઘડો વધારવો –જોવું = ટીપણા વડે મુહૂર્ત વગેરે નક્કી કરવા –પાણીમાં બોળવું = ટીપણું જૂઠું પડવાથી તેને નકામું ગણી દેવું (જૂઠા જોશીને મહેણું દેવામાં) –વાંચવું = લાંબું પીંજણ કરવું ] [માપિયું

**ટીપરી** સ્ત્રી૦ [સર૦ મ टिपरी] અર્ધા શેરનું

**ટીપવું** સ૦ક્રિ૦ [સં टिप्=ફેંકવું? સર૦ હિં. टीपना, म. टिपणें] કઠણ વસ્તુથી થાબડી મારવી–ઠોકવું(જેમ કે જમીન ચૂનો ઇ૦)(૨) ઘડીને આકાર બનાવવો(જેમ કે લોઢું ટીપવું, હાલ્લું કુંભાર ટીપે) (૩)મારવું, ઠોકવું(જેમ કે, બધાએ મળીને ચોરને ટીપ્યો)(૪)+ટીપ કરવી, ટાંકી–નોંધી રાખવું (જેથી ભુલાઈ ન જાય) (૫)સજા ઠોકવી,ટીપ મારવી(જેમ કે, એને ૧૦ વર્ષની સજા ટીપી)(૬)[લા ]એકનું એક ઠોક્યે રાખવું,એક પર જ જોર દેવું (જેમ કે, તું તારું જ ટીપ્યે રાખે તો નહિ ફાવે) [ટપકું

**ટીપું** ન૦[જુઓ ટપકું,સર૦મ टिपका] પ્રવાહીનું

**ટીબ** ન૦ એક જાતનું ભરત

**ટીબકું** ન૦[સર૦ ટીમ; ટીમલું](કા )થાભલી ને પાટડા વચ્ચે મુકાતો ઘાટવાળો લાકડાનો કકડો

**ટીમ** ન૦ ગચિયું, ટીમલું (૨) સ્ત્રી૦ [ઇં ] ખેલાડીઓની (જેમ કે ક્રિકેટની) ટુકડી

**ટીમણ** ન૦ [સર૦ પ્રા तीमण] નાસ્તો(૨)ભાથું (૩) લગ્નને આગલે દિવસે સગાસબંધીને અપાતું જમણ

**ટીમર** સ્ત્રી૦ [સર૦ મ टिंबर] ટેબો, ટેકરો

**ટીમરુ** ન૦ (ચ ) જુઓ ટિંબરુ [–ની બીડી = ટીમરુના પાનની વાળેલી બીડી ]

**ટીમલું** ન૦ ગચિયું (૨) (પાપડ ટીપવા માટેનું) લાકડાનું ઢીમચું –ટીમ

**ટીલડી** સ્ત્રી૦ [ જુઓ ટીલું ] કપાળે ચોડવાની ટીપકી (૨) નાનો ચાલ્લો (૩) મોરના પીંછાની આંખ–ચંદ્રક

**ટીલવું** વિ૦ ['ટીલું' ઉપરથી]ટીલાવાળું (૨)ન૦ બ્રાહ્મણ(તિરસ્કારમાં) –વો પું૦ટીલિયો (૨) ટીલાવાળો (જેમ કે ટીલવો કૂતરો) (૩) ટીલા ટપકાં કરનારો (તુચ્છકારમાં જેમ કે બાવો)

**ટીલિયો** પું૦ ટીલું કરનારો, ટીલાવાળો ૦ભગત =(નર્યા ટીલા કરીને)ભક્તિનો આડંબર કરનાર

**ટીલી** સ્ત્રી૦ [જુઓ ટીલું] ટીલડી –લું ન૦ [સં. तिलकम्]તિલક [–ચાટી જવું = સામાનું ખાઈ જવું, જાતે મખ્ખીચૂસ રહેવું ને સામાનું ટીલું પણ ચાટી જવા જેટલું પાજીપણું દાખવવું –તાણવું = લાંબું તિલક કરવું (બહારથી ધાર્મિકતાનો દેખાવ કરવો,અને આચરણ તેથી ઊલટું રાખવું,એ પ્રકારનો તુચ્છકાર બતાવવા) ] –લો પું૦ ઊભું ટીલું

**ટીશી (-સી), ટીસલી** સ્ત્રી૦ [સર૦ हिं टूसी = કળી] અંકુર,ફૂપળ(૨)અણીદાર કળી (ફૂલની) (૩) [?] ટોચ, શિખર (૪) [સર૦ म. टेस] શેખી, પતગજી
**ટીશી(-સી)ખોર** વિ૦ શેખીખોર
**ટીસા** ન૦ એક પક્ષી
**ટીસી,૦ખોર** જુઓ ટીશી,૦ખોર
**ટીસો** પુ૦ ગેડીદડાની એક રમત(સ ખેડા તરફ)
**ટીહો** પુ૦ [રવ૦] જુઓ હિગો ('લેતો જા', 'કેવો બન્યો !' એ ભાવનો ઉદ્ગાર)
**ટીંગળાવું** અ૦ક્રિ૦ [જુઓ ટિંગાવું] લટકવું
**ટીંગાટોળી** સ્ત્રી૦ ટિંગાટોળી, ટાંગાટોળી
**ટીંગાડ(-વ)વું** સ૦ ક્રિ૦ જુઓ ટિંગાડવું
**ટીંગાવું** અ૦ક્રિ૦ જુઓ ટિંગાવું
**ટીંટીં** અ૦ [રવ૦]
**ટીંડોરું** ન૦ એક શાક-ફળ ['ટિંબરું'મા
**ટીંબરું** ન૦, **-રવો** પુ૦, **-રવું** ન૦ જુઓ
**ટીંબો** પુ૦ [સર૦ हि टिबरी, टीवा(-ला), म. टिब्बा] ટિંબો, ટેકરો
**ટુક** પું૦ [सं स्तोक? સર૦ हि., म टुक, का. टूकि=સારાશ)] ટુકડો (૫)
**ટુકડાખાઉ, ટુકડાખોર** વિ૦ [ટુકડો+ખાવું, ખોર] ટુકડા માગીને જીવનારું; ભિખારી
**ટુકડી** સ્ત્રી૦ [જુઓ ટુક] ટોળી
**ટુકડો** પું૦ [જુઓ ટુક સર૦ हि टुकडा, का तुकडि, म. तु(-टु)कडा] નાનો ભાગ, કકડો (૨)[લા ]ખાવાનો કકડો [**ટુકડા ઉઘરાવવા** =ભીખ માગવી **ટુકડો નાખવો, ફેંકવો** = દયાદાનમા ને તુચ્છકારથી આપવુ ]
**ટુક્કલ** સ્ત્રી૦, પુ૦ [हिं तुक्कल] મોટો પતગ
**ટુચકી** સ્ત્રી૦ જુઓ ચપટી (૨) [જુઓ તુક્કો] +નાનો તુક્કો બૂઠું તીર
**ટુચકો** પુ૦ [સર૦ ટચૂકડુ કે ટીચકું] રસ ઊપજે એવી ટૂકી વાત કે વાક્ય (૨) [સર૦ हिं टुटका, टोटका]મતરજંતરને લગતુ નાનુ વાક્ય કે પ્રયોગ(૩)અણસારો,સંકેત [**-કરવો** =મતરજંતરનો પ્રયોગ કરવો ]
**ટુમટુમી** સ્ત્રી૦ [રવ૦] નાનું નગારું કે થાળી (ઢઢેરો પીટવાને)
**ટુવાવું** અ૦ ક્રિ૦ [જુઓ ટૂવો] (રેશમી કે ગરમ કપડાને ટૂવે ખાવાથી] કાણા પડવા
**ટુવાલ** પુ૦ [इं टॉवेल] અગૂછો
**ટુહૂ** અ૦ [રવ૦] કોયલના ટહુકાની જેમ ૦ક (-કાર) પુ૦ જુઓ ટહુકો, ટહુકાર
**ટુંકાર,-રો** (૦) પુ૦ જુઓ તુકાર ૦વું સ૦ક્રિ૦ ટુંકારો કરવો
**ટુંબો** પું૦ [दे टुम्बय] ટોણો, મહેણું
**ટૂક** સ્ત્રી૦ ટોચ; શિખર (૨) [જુઓ ટુક] કવિતાની અમુક કડીઓનો સમૂહ, તૂક
**ટૂટલું** વિ૦ [दे. टुट=ठूंठुं, સર૦ प्रा टुट्ट= તૂટવુ] ઠૂંઠું, હાથની ખોડવાળું
**ટૂથબ્રશ** ન૦[इं ]દાત ઘસવાની પીછી જેવી બનાવટ
**ટૂમણ** ન૦ ['કામણ નો દ્વિર્ભાવ 'કામણટૂમણ'] ધ તરમ તરનો ટુચકો(૨)ઓછપતુ વાકુ પડવું-રીસ ચડવી તે (૩) [જુઓ ટૂપણ] કણક ગદડવાનુ ઘી કે તેલ
**ટૂલું** વિ૦ (ચ) ઢીલુ, પોચુ
**ટૂવો** પુ૦ ['ટોવુ' ઉપરથી] ખાડો, ગોખો(૨)ઊંડું દર, નારુ (૩) ટપકુ, બિદુ (૪) પાણી ટોવુ તે (તમાકુ વગેરેને) (૫) જેના વડે ટૂવા મુકાય તે, પેલ(૬)ચૂટલો(૭)મહેણુ (૮) એક જાતનુ જીવડું (૯)એક પખી [**ટૂવા દેવા**=ચૂટલા ખણવા (૨) મહેણા મારવા. **ટૂવા મૂકવા**=ટીપા પાડવા (૨) દૂધ ઘી ઇત્યાદિના પેલ મૂકવા **ટૂવો પડવો**=ખાડો પડવો; નારુ પડવુ ]
**ટૂ** અ૦ [રવ૦, સર हिं ] વાછૂટનો અવાજ
**ટૂંક** સ્ત્રી૦['ટોકણી'-ટોકવાની અસર]સ્વમાનની ટેક-લાગણી (૨)[જુઓ ટુક] કવિતાની ટૂક (૩) વિ૦ જુઓ ટૂંકુ [**૦ભંડોળિયું** વિ૦ ટૂંક-અલ્પ ભંડોળવાળુ **-કાક્ષરી(૦લિપિ)** સ્ત્રી૦ ટૂંકામા-ઉતાવળે લખવાની લિપિ, "શૉર્ટહેન્ડ". **-કાણ** ન૦ ટૂંકુ કે ટૂંકાવવુ તે **-કાવવું** સ૦ ક્રિ૦ ટૂંકુ કરવુ **-કું** વિ૦ લાબુ કે વિસ્તૃત નહિ એવુ [**-કરવું**=થોડામા પતાવવુ **-પડવું**=પૂરા માપનુ ન હોવું, ખૂટવુ, નાનુ પડવુ ] **-કુંટચ** વિ૦ ખૂબ ટૂકુ
**ટૂંક(-કા)માં** અ૦ થોડામા; સારાશે
**ટૂંકડું** વિ૦ ટૂકું, નાનું

ટૂંકાક્ષરી, ટૂંકાણ, ટૂંકાવવું, ટૂંકું, ટૂંકુટચ જુઓ 'ટૂંક'માં

ટૂંટમૂંટ વિ૦ [જુઓ ટૂટેલું] ભાગેલુંતૂટેલું

ટૂંટેલું(-ળું) વિ૦ [દે ટુંટ] જુઓ ટૂટેલું

ટૂંટિયું ન૦ [સર૦ સ ટુટુક્ક=નાનું; દે ટુંટ =ઠૂંઠો] ટોકડું વળીને સૂવું તે (-વાળવું) (૨) એક પ્રકારનો તાવ, 'ઇન્ફ્લુએન્ઝા' [-વળીને, વાળીને=હાથપગ સંકોચીને -ટોકડું વળી કે વાળીને (સૂવું)]

ટૂંઠું(-ડું) વિ૦ [દે ટુંટ] ટૂટેલું, ઠૂંઠું (૨) [સ ટુટુક્ક] દુષ્ટ, કઠોર, નીચ

ટૂંડી સ્ત્રી૦ ડૂંટાની અંદરની ફૂંડી, કઠવો

ટૂંઢું વિ૦ જુઓ ટૂંઢું [(૨) દુષ્ટ; નીચ

ટૂંડો પુ૦ [જુઓ ટૂંઢું] ટૂંટા હાથવાળો પુરુષ

ટૂંપ, -પેટૂંપ વિ૦ સાંધામાંથી રહી ગયેલું, અકડાઈ ગયેલું (-રહી જવું)

ટૂંપણ ન૦ ['ટૂંપવું' ઉપરથી] મૂળમાંથી ચૂંટી નાખવું તે (૨) નીંદણ (૩) ખૂબ ગૂંદવું-મસળવું તે (૪) ટૂંપવાનું ઘી કે તેલ, ટૂંમણ

ટૂંપણું ન૦ ['ટૂંપવું' ઉપરથી] ટૂંપવું તે (૨) ટૂંપવાનું ઓજાર

ટૂંપવું સ૦ ક્રિ૦ [સર૦ ચૂંટવું, સ. તુપ્=ઈજા કરવી] મૂળમાંથી ખેંચી નાખવું, ખૂંટવું, તોડી નાખવું (૨) રૂને કાલામાંથી ચૂંટી છૂટું કરવું (૩) (મહેણાંથી) પીંખી નાખવું, શરમિંદું કરવું (૪) મસળીને ગદડવું, કણસવું [ટૂંપી ખાવું, ટૂંપી નાખવું=મહેણાં-ટોણાંથી ચૂંટી ખાવું]

ટૂંપામણ ન૦ ટૂંપવું તે કે તેનું મહેનતાણું

ટૂંપાવવું સ૦ ક્રિ૦ 'ટૂંપવું'નું પ્રેરક. ટૂંપાવું અ૦ ક્રિ૦ તેનું કર્મણિ (૨) ગળે ભીંસાવું

ટૂંપિયો પુ૦ ['ટૂંપો' ઉપરથી] ગળામાં પહેરવાનું એક ઘરેણું (૨) ['ટૂંપવું' ઉપરથી] વાળ ટૂંપવાનું ઓજાર

ટૂંપો પુ૦ ['ટૂંપવું' ઉપરથી] ગળું દબાવવું તે, ફાંસો (૨) હેડિયો [-ખાવો=જાતે ફાંસો ખાવો. -દેવો=ગળું દબાવવું]

ટૂંબો પુ૦ [જુઓ ઠૂંબો] મહેણું, ટોણો

ટેક પુ૦, સ્ત્રી૦ [જુઓ ટેકવું, સર૦ हि, म.] પ્રણ, નિશ્ચય (૨) શાખ, આબરૂ (૩) ટેકો (૪) કવિતાનું ધ્રુવપદ. [-છોડવી(-વો)=નિશ્ચય મૂકી દેવો -જવી(-વો)=શાખ જવી. -રહેવી (-વો)=સંકલ્પ જળવાવો (૨) આબરૂ રહેવી -રાખવી(-વો)=નિશ્ચયને વળગી રહેવું, પણ પાળવું (૨) સામાની સાખ કે બોલ રાખવો] [આધાર

ટેકણ ન૦ ['ટેકવું'. સર૦ हि टेकन, म] ટેકો,

ટેકરી સ્ત્રી૦[દે ટેક્કર] ઊંચી જગા (૨) ડુંગરી, નાનો પર્વત -રો પુ૦ મોટી ટેકરી

ટેક(-કા)વવું સ૦ક્રિ૦ ['ટેકો' ઉપરથી] ટેકો-આધાર આપવો

ટેકવું અ૦ક્રિ [સર૦ हि टेकना, म टेकणे, स टीक्?] ટેકો-આધાર લેવો

ટેકાવવું સ૦ક્રિ૦ જુઓ ટેકવવું

ટેકી સ્ત્રી૦ ['ટેકો' ઉપરથી] નાનો ટેકો (૨) જુઓ ટીકી [-લામવી=સારી અસર થવી (૨) સફળ થવું] [૦પણું, ૦લાપણું ન૦

ટેકી, ૦લું વિ૦ ['ટેક' ઉપરથી] ટેક-વટવાળું.

ટેકો પુ૦ [સર૦ म टेका, हिं टेकुआ] આધાર, આશ્રય (૨) આધારની વસ્તુ, થાભલો (૩) ઠરાવનું સમર્થન કે અનુમોદન [-આપવો=આધાર આપવો, મદદ કરવી (૨) અનુમોદન આપવું (ઠરાવને) -કરવો=ઉપડાવવું (૨) મદદ કરવી -દેવો=મદદ કરવી (૨) અઢેલવું,-નો આધાર લેવો -મળવો=આધાર મળવો -રાખવો=આધાર રાખવો, ટેકવાને માટે કાંઈક મૂકવું]

ટેચ સ્ત્રી૦[રવ૦]કચકચ, તકરાર (૨) અહંતા, ગવ

ટેટી સ્ત્રી૦ એક ફળ-સક્કરટેટી (૨) નાનો ટેટો-ફટાકડો

ટેટું ન૦ બરુનું મૂળ (૨) પગની ઘૂંટી અને ઢીંચણ વચ્ચેનો માંસલ અવયવ

ટેટો પુ૦ વડનું ફળ (૨) દારૂખાનાનો ફટાકડો

ટેઠવા પુ૦ બ૦ વ૦ ઠાઠા, ઘૂઘરી, કઠોળનું બાફણું

ટેઢું વિ૦ [સર૦ हि टेढा] વળેલું, વાંકું, આડું (૨) [લા] મિજાજી, આડું -ડાઈ સ્ત્રી૦ ટેડાપણું (૨) [લા] આડાઈ, ગર્વ

ટેનિસ ન૦ [ઇં] એક અંગ્રેજી રમત

ટેન્ક ન૦, સ્ત્રી૦[ઇં]પોલાદી બખતરવાળું, યુદ્ધનું એક નવીન વાહન રણગાડી

ટેબલ ન૦ [ઇં] મેજ (૨) કોઠો, કોષ્ટક ૦ક્લોથ

ન० [इं] ટેબલ પર પાથરવાનો રૂમાલ કે કપડું
**ટેભો** પું० ટાંકો, સાંધો (-દેવો, મારવો)
**ટેમ્પરેચર** ન०, સ્ત્રી० [इं] (તાવ કે હવાની) ગરમીનુ માપ [(૨) ભલામણ કરવી
**ટેરવવું** સ० ક્રિ० [જુઓ ઠેરવવું] બેસતુ કરવું
**ટેરવું** ન० [સર० हिं टेरवा] પાતળો છેડો, અણી (૨) સ० ક્રિ० [?] હરાવવુ
**ટેરો** પું० પડદો, અ તરપટ (૨) પથ્થર જેવી કઠણ ચીજ (૩) વડનો ટેટો [દોરાની એક જાત
**ટેલર** (ટે'લ) ન० [इ Tailor પરથી]પતંગના
**ટેલિગ્રાફ** પું० [इं] વીજળીથી તાર મારફત સંદેશો મોકલવો તે -મ પું० તાર [-કરવો, મૂકવો,મોકલવો=તારથી સ દેશો મોકલવો.]
**ટેલિફોન** પુ०[इं]વીજળી દ્વારા દૂર વાત કરવાનુ યંત્ર કે તે દ્વારા કરાતી વાત [-આવવો= તે યંત્રથી વાત કરનાર કે વાત આવવી -કરવો =ટેલિફોનથી વાત કરવી -પર બોલાવવું= ટેલિફોનથી વાત કરવા બોલવવું]
**ટેવ** સ્ત્રી०[સર० हिं ,म ]લત; ખો [-કાઢવી= ટેવ દૂર કરવી, છોડવી -છૂટવી=આદત ન રહેવી -પડવી=આદત પડવી,મહાવરો થઈ જવો] ०ડા(-રા)વવું સ०ક્રિ० ['ટેવાવુ'નું પ્રેરક] ટેવ પડાવવી
**ટેવરાવવું** સ०ક્રિ० જુઓ 'ટેવ'માં [અટકળ
**ટેવણી** સ્ત્રી० ['ટેવવુ' ઉપરથી] (કા) અનુમાન;
**ટેવવું** સ०ક્રિ० જોયા કરવુ (૨) ધારવું, અટકળ કરવી (૩) ['ટેવ' ઉપરથી] સહવાસ કરાવવો. પરિચયમાં લાવવુ . [પરિચિત થવુ
**ટેવાવું** અ० ક્રિ० ['ટેવ' ઉપરથી] ટેવ પડવી,
**ટેવાળવું** સ० ક્રિ० એકદમ પી જવું [ટેવાળી જવું=ઉતારી જવુ, પી જવુ]
**ટેસ** (ટે) પુ० [इं. टेस्ट ?] સ્વાદ, લિજ્જત(ઉદા० દારૂનો ટેસ) [-પડવો=સ્વાદ આવવો,લિજ્જત આવવી ]०દાર વિ०સ્વાદવાળુ કે લિજ્જતદાર
**ટેસી** (ટે) સ્ત્રી० ટીશી, શેખી (-આરવી)
**ટેસું** વિ० [સર० ટસટસ] પાકીને ફાટું ફાટું થઈ ગયેલુ
**ટૈ** (ટ०) અ० [રવ०] થાકીને લોથપોથ
**ટૈંકાવવું** (ટૈં) સ० ક્રિ० આશા આપી આપીને આતુર-અધીરુ કરવું, ચિચવાવવું (ચ)
**ટૈંગરો** (ટૈં) પુ०[સર० ટૈટૈ] નારાજીથી કટાણું કરેલુ-મોઢુ (૨) પતરાજી [-ઊતરી જવો= શેખી ચાલી જવી, નામોશી લાગવી. -ચડાવવો=મો કટાણુ કરવું]
**ટૈંડું** (ટૈં)વિ०[સર० दे टेंटा=જુગારનો અડ્ડો] ટે -ડે થઈ ગયેલુ(૨)અફીણથી બેહાલ-ચકચૂર (૩) ન० અફીણિયો, દરિદ્રી (૪) રજપૂત (તિરસ્કારમા) (૫) [सं टुडुक] એક ઔષધિ
**ટૈંટૈં** (ટૈં) અ० [રવ०] (૨) સ્ત્રી० પતરાજી (૩) અણગમાનો બબડાટ
**ટૈડ** સ્ત્રી० [સર० ટેડાપણુ, ઠરડ] (ચ) મિજાજ, શેખી, ટેડાપણુ. ०પૈડ સ્ત્રી० જુઓ ટડપડ
**ટૈડકો** પું० [જુઓ ટૈડ] (ચ) ટણકો, રીસ (૨) છણકો [-ચડવો=રીસ ચડવી, છણકાવું]
**ટોક**, ०ણી સ્ત્રી०, ०ણું ન० ['ટોકવુ' ઉપરથી] વારવાર કહેવુ-ઠપકો આપવો તે (૨) નજર લાગવી-ટોકાવુ તે
**ટોકડાર** ન० એક પક્ષી
**ટોકણી** સ્ત્રી०,-ણું ન० જુઓ 'ટોક'મા
**ટોકરી** સ્ત્રી० [સર० दे टक्कर] ઘ ટડી(૨)ઘ ટડીનું લોલક -રો પુ० મોટી ટોકરી, ઘ ટ
**ટોકવું** સ० ક્રિ० [સર० हिं टोकना; ટાકવુ] વારવાર કહેવુ-પૂછવુ-ઠપકો દેવો (૨) નજર લાગે એમ કહેવુ
**ટોકળો** પુ० મોટી જૂ, ટોલો [સિનેમાઘર
**ટોકી** સ્ત્રી० [इं] સિનેમાનુ બોલતુ ચિત્રપટ કે
**ટોચ** સ્ત્રી०છેક ઉપરનો ભાગ, શિખર(૨) [જુઓ ટોચવુ] લોક (૩) મહેણુ, ટૂ બો
**ટોચકી** સ્ત્રી० ['ટોચ' ઉપરથી] નાનુ ટોચકુ
**ટોચકુ**, -ડું ['ટોચ' પરથી] ન० ટોચનો નાનો પાતળો કે ગોળ ભાગ
**ટોચવું** સ० ક્રિ० [જુઓ ટોચવુ સર० म टो-(-टो)चणें] ભોંકવુ (૨) [લા] વારંવાર કહ્યા કરવુ, ઠપકો આપવો [[લા] મહેણું ટૂ બો
**ટોચો** પુ० ['ટોચવુ' ઉપરથી] ગોદો, તેનો ઘા(૨)
**ટોટી** સ્ત્રી० [સર० हिं टोंटी] કોઈ પણ વસ્તુ ઉપર બેસાડવાનો ખોળી જેવો ઘાટ (૨) કાનનુ એક ઘરેણું

ટોટો પું૦ મોટી ટોટી (૨) ગળાનો હૈડિયો (૩) [हि टोटा] એક દારૂખાનું, મોટો ટેટો (૪) વિલાયતી મોટી બીડીનો ટોટો [-ઝાલવો, પકડવો, પીસવો = હૈડિયો દબાવવો -છોડવો, ફોડવો = ટેટો-ફટાકડો ફોડવો]

ટોડર પું૦ [દે. तोडर] ડમરો, ડમરાની મંજરી (૨) કલગી

ટોડલો પું૦ જુઓ ટોલ્લો

ટોડાગરાસ પું૦ ગરાસ પેઠે સરકાર તરફથી ઊચક મળતી વાર્ષિક રકમ

ટોડી સ્ત્રી૦ [સર૦ हिं; म. तोडी. स त्रोटक, प्रा तोडअ પરથી ?] તોડી, એક રાગિણી (૨) ટોડા જાતના રજપૂતની સ્ત્રી

ટોડો પું૦ [સર૦ हिं, म तोडा] તોડો, પગે પહેરવાનું એક ઘરેણું (૨) બંદૂક સળગાવવાની જાડી લાંબી જામગરી (૩) એક હજાર રૂપિયા કે તેની ભરેલી કોથળી (૪) ટોડાગરાસ (૫) ટોલ્લો (૬) મિનારો (૭) મોખરો, ભાગોળ (૮) સતાર ઇ૦ વાદ્યોમાં અલંકાર તરીકે વગાડાતો સ્વરસમૂહ

ટોણ(-ણું) ન૦, ટોણો પું૦ [फा. तानह] મહેણું મર્મવચનનો ઠોક (૨) [સર૦ हि, म टोणा] જાદુટોણાં [ટોણો મારવો, ટોણાં મારવાં = મહેણાં મારવાં. ટોણાટુચકા કરવા = મંતરજંતર કરવા]

ટોપ પું૦ [દે टोपिआ; टोप्पर] લોઢાની લશ્કરી ટોપી (૨) વરસાદ વખતે ઓઢવાની બનાતની ટોપી (૩) મોટી છત્રી (૪) રાંધવાનું મોટું તપેલું (૫) બિલાડીનો ટોપ

ટોપચું(-સુ) ન૦ [જુઓ ટોપ] સાહેબની ટોપી (૨) તે પહેરનારો (તિરસ્કારમાં)

ટોપરું ન૦ જુઓ કોપરું. -રાપાક પું૦ જુઓ કોપરાપાક

ટોપલી સ્ત્રી૦ [સર૦ हि. टोप(-क)री, म टोपली] વાંસ કે ઘાસ ઇ૦ની, પાત્ર જેવી બનાવટ -લો પું૦ મોટી ટોપલી

ટોપસું ન૦ જુઓ ટોપચું

ટોપી સ્ત્રી૦ [દે टोपिआ] માથાનો એક પહેરવેશ. (-પહેરવી, મૂકવી, મેલવી, ઘાલવી, કાઢવી સાથે) [-આવવી, બેસવી = માથે માપસર બંધ બેસવી.] ૦વાળો પું૦ યુરોપિયન, ગોરો (૨) વેરાગી

ટોપું ન૦ આંખની ભમર (૨) ટોપી (તુચ્છકારમાં)

ટોપો પું૦ મોટી ટોપી, ટોપ

ટોયલી સ્ત્રી૦ [સર૦ म डोयली] લોટી; કસલી -લું ન૦ પહોળા મોંનું ધીતેલ ભરવાનું વાસણ

ટોયું ન૦ દાણાનું માપિયું [પંખી ઉડાડનારો

ટોયો પું૦ [‘ટોવું’ ઉપરથી] બૂમો પાડી ખેતરમાંથી

ટોર્ચ સ્ત્રી૦ [ઇં] સાથે રાખી ફરાય એવી વીજળીની એક પ્રકારની બત્તી કે દીવો

ટોર્પીડો સ્ત્રી૦ [ઇ] વહાણ પર ફેંકવાનું એક દરિયાઈ અસ્ત્ર જે તેને અડવે ફૂટે છે

ટોલ પું૦ [ઇ] કર, દાણ, વેરો (૨) એ લેવાનું સ્થળ, નાકું

ટોલ પું૦ (ક) ઘરેણું [ટોળી

ટોલકું ન૦ (સુ) લાકડાનો ફાડયા વિનાનો કકડો,

ટોલકું [ટો] ન૦ બોડું માથું, ટાલકું

ટોલું ન૦, -લો પું૦ (ટો) બોડું માથું. [-કરાવવું(-વો) = માથું બોડું કરાવવું.]

ટોલો પું૦ ટોકળો, મોટી જૂ

ટોલ્લો પું૦ બારસાખના ઉપલા લાકડા આગળ રહેતો છેડો (૨) [જુઓ ટલ્લો સર૦ मं टोला, क्रि० टोलणें] ટલ્લો, વાયદો (૩) ઉડાડવું-ઉછાળવું તે (૪) મોઈને દંડાનો ફટકો મારી ઉડાડવી તે કે તેથી થતો અવાજ [ટોલ્લે ચડાવવું = ટલ્લે ચડાવવું, વાયદે ચડાવવું, ઢીલમાં નાખવું. ટોલ્લે મૂકવું = ઊંચે મૂકવું, વિસારી જવું ટોલ્લો દેવો = ખોટું કહીને ઉડાવવું, ટોલ્લે ચડાવવું -મારવો = જુઓ ટોલ્લો દેવો (૨) દંડાનો ફટકો મારવો (મોઈને)] -લ્લી સ્ત્રી૦ ક્રિકેટમાં બોલને ટોલ્લો મારવો જેથી બે કે વધુ રન મળી જાય, ‘બાઉન્ડરી’

ટોલ્સ્ટોય પું૦ [સ] એક પ્રખ્યાત રશિયન સાહિત્યકાર અને વિચારક

ટોવાવું અ૦ ક્રિ૦ [‘ટોવું’ ઉપરથી] વગોવવું, નિંદાવું (૨) ‘ટોવું’નું કર્મણિ

ટોવું સ૦ ક્રિ૦ [દે टउया (स्त्री०)] બૂમ પાડી પક્ષી ઉડાડવાં (ખેતર સાચવવા) (૨) [?] ટીપે ટીપે પાણી પાડવું

ટોસ્ટ પું૰[इं.] પાઉની કાતળી કરી તેને સેકીને તૈયાર કરાતો કકડો
ટોળ (ટો) પુ૰, સ્ત્રી૰, ન૰ હસવું આવે એવી ક્રિયા અથવા બોલ, મશ્કરીઠઠ્ઠો. ૦ટપ્પો પુ૰ મશ્કરીઠઠ્ઠાની વાત ૦ટીખળ ન૰ ટોળ અને ટીખળ ૦બાજી સ્ત્રી૰ ઠઠ્ઠામશ્કરી
ટોળક,-કિયો પુ૰ એ નામની બ્રાહ્મણની એક જાતનો માણસ
ટોળકી સ્ત્રી૰ ['ટોળુ' ઉપરથી] ટોળી
ટોળટીખળ, ટોળબાજી જુઓ 'ટોળ'મા
ટોળવવું સ૰ ક્રિ૰ ['ટોળુ' ઉપરથી] ટોળે કરવુ
ટોળવાવું અ૰ક્રિ ટોળે વળવુ, એકઠું થવુ
ટોળિયો (ટો) પુ૰ ['ટોળ' ઉપરથી] મશ્કરો, વિદૂષક [જુઓ ટોલકુ (સુ)
ટોળી સ્ત્રી૰ [જુઓ ટોળુ] મ ડળી (૨) [?] (ચ)
ટોળી [ટો] વિ૰ ['ટોળ' ઉપરથી] મશ્કરુ
ટોળું ન૰ [दे टोल] સમુદાય, સમૂહ [ટોળે વળવું = એકઠા થવુ, ટોળુ થવું] -ળાધર્મ પુ૰ પોતાના જ ટોળા - વર્ગ માટે લાગણી કે તે પૂરતી ધર્મભાવના. -ળાધર્મી વિ૰ ટોળા-ધર્મવાળુ -ળાશાહી સ્ત્રી૰ટોળાની ગુ ડાશાહી
ટોળો પુ૰ ['ટોળુ' ઉપરથી] ટોળુ
ટોંચ (ટોં) સ્ત્રી૰[જુઓ ટોચવું]ટોચવાથી પડેલો ખાડો (૨) ફાચર; ફાસ (૩) મહેણુ, ટોણુ (૪) ઠપકો, ગોદ ૦ણું ન૰ટાચવાનુ ઓજાર, ટાકણુ. ૦વું સ૰ક્રિ૰[જુઓ ટાચવુ, સર૰ हिं टोचना પણ] જુઓ ટોચવુ
ટૌકાર(૦વ) પુ૰ જુઓ ટહુકાર
ટૌકો પુ૰ જુઓ ટહુકો
ટ્યૂબ સ્ત્રી૰[इं]ટાયર નીચે રહેતી, હવા ભરવાની રબરની ગોળ નળી જેવી બનાવટ(સાઈકલ,મોટર ઇ૰ ની) (૨) ગોળ નળી જેવી કાચની શીશી
ટ્રસ્ટ ન૰ [इं] ન્યાસ, સુપરત(૨)સાચવણી અને વ્યવસ્થા માટે સુપરત કરેલા પારકા માલ-મિલકત [-કરવું = ટ્રસ્ટી નીમી તેમને કાયદેસર સુપરત કરવું.] -સ્ટી પું૰ જેને ટ્રસ્ટ સોપવામા આવ્યુ હોય તે, વાલી
ટ્રંક સ્ત્રી૰ [इं] (મુસાફરીમા ચાલે એવી)પતરાની [પેટી
ટ્રામ(૦ગાડી) સ્ત્રી૰ [इं] (ઘોડાથી કે ઘણે ભાગે યાન્તિક બળથી ચાલતુ) એક વાહન
ટ્રેક્ટર ન૰ [इं] જમીન ખેડવા માટેનુ યત્ર
ટ્રેડમાર્ક પુ, સ્ત્રી૰ [इ] જે નિયત છાપ કે નિશાની સાથે વેપારી પોતાનો માલ બજારમાં મૂકે છે - ચાલુ કરે છે તે મારકો
ટ્રેન સ્ત્રી૰ [इं] રેલગાડી
ટ્રેનિગ કોલેજ સ્ત્રી૰ [इं] શિક્ષણની તાલીમ આપી શિક્ષકો તૈયાર કરનારી કોલેજ; અધ્યાપન મ દિર

## ઠ

ઠ પુ૰ [स] મૂર્ધસ્થાની બીજો વ્યજન ૦કાર પુ૰ ઠ અક્ષર કે એનો ઉચ્ચાર ૦કારાંત વિ૰ છેડે ઠકારવાળું ૦ઠો પું૰ ઠકાર
ઠઠઠ અ૰ [રવ૰] ઠોકાવાનો રવ
ઠકરાઈ સ્ત્રી૰ [स ठक्कुर ઉપરથી] ઠાકોરપણુ (૨) શેઠાઈ, મોટાઈ -ણાં ન૰બ૰ વ૰ઠાકોરની સ્ત્રી (માનાર્થે) -ણો પુ૰ ઠાકોર -ણી સ્ત્રી૰ ઠાકોરની સ્ત્રી -ત સ્ત્રી૰ જુઓ ઠકરાઈ (૨) ઠાકોરની હકૂમતની જાગીર - ગરાસ -તી વિ૰ ઠકરાતને લગતુ -ણું ન૰ ઠાકોરનુ ગામ કે નાનુ રાજ્ય -ળાં ન૰ બ૰ વ૰ જુઓ ઠકરાણા
ઠકાર,-રાન્ત [સ.] જુઓ 'ઠ'મા
ઠક્કર પુ૰ ભાટિયા કે લોહાણામા એક અટક
ઠક્કુર પુ૰ [स.] ઠાકોર
ઠગ વિ૰[सं स्थग, प्रा ठग, दे ठगिय = ઠગાયેલું] ઠગનારુ (૨) એ નામની લૂટારાની એક જાતનુ (૩) પુ૰ એક જાતનો માણસ (૪) ઠગનાર. ૦ણું વિ૰ ઠગારુ; લુચ્ચુ ૦પાટણ ન૰ [ठग + पत्तन(स)] ઠગોનુ ગામ [-નું રહેવાસી = તે ગામનુ - લુચ્ચું, ધુતારું.] ૦બાજી સ્ત્રી૰ ઠગાઈ, પ્રપચ ૦વિદ્યા સ્ત્રી૰ ઠગવાની વિદ્યા - કળા(૨)ઠગબાજી ૦વું સ૰ક્રિ૰ ભોળવીને છેતરવુ, ધૂતવુ ૦વેડા પુ૰બ૰ વ૰ ઠગ જેવુ વર્તન; ઠગાઈ ૦વૈદ પું૰ જુઠ્ઠો વૈદ -ગાઈ સ્ત્રી૰ઠગવાની ક્રિયા, ઠગબાજી, પ્રપચ -ગારું વિ૰ઠગે એવુ -ગી સ્ત્રી૰ઠગાઈ,ઠગવિદ્યા

ઠગઠગાવવું સ૦ક્રિ૦[રવ૦,સર૦हिं. ठकठकाना, म ठकठकणें ]ગોઠવાઈને વધુ માય તે માટે પાત્રને ઠઠેરવુ

ઠચરી સ્ત્રી૦ [? ढड्ढर=વૃદ્ધ પરથી ?]ઢચરી; ડોસી –રો પુ૦ ડોસો –રુ વિ૦ અતિ વૃદ્ધ, ખખળી ગયેલુ (ત્રણે તિરસ્કારમા વપરાય છે)

ઠચ્ચર વિ૦ [જુઓ ઠચરી] ઢચ્ચર, બહુ ઘરડું

ઠચૂક,૦ઠચૂક અ૦[રવ૦](ખચકાતી મંદ ગતિ સૂચવે છે)

ઠઠ સ્ત્રી૦ [दे थट्ट, સર૦ हिं ठट, –ट्ट] ભીડ; ગિરદી, જમાવ [–જામવી, બાઝવી, ભરાવી, મળવી =ભીડ થવી]

ઠઠકારવું સ૦ક્રિ૦ [રવ૦]ઠપકો દેવો, ધધડાવવુ, ઠપકારવુ [અવાજ થવો

ઠ(૦ણ)ઠણવું અ૦ ક્રિ૦ [રવ૦] ઠણઠણ એવો

ઠઠમ(–ઝે)ઠ સ્ત્રી૦[ઠઠ(ઠાઠ)નો દ્વિર્ભાવ, ઠઠ(ઠાઠ) + વેઠવુ] ચાકરી, બરદાશ, મહેમાનગીરી,ઠાઠો

ઠઠરવું અ૦ક્રિ૦ [જુઓ ઠાઠ, સર૦ हि ठटना] ઠાઠવાળુ –દેખાવડુ બનવુ (૨) [જુઓ થથરવુ, हि. ठिठरना] (ટાઢે) થરથરવુ, ધ્રૂજવુ

ઠઠળવું અ૦ક્રિ૦[રવ૦ ? સર૦ 'ઠાઠા'] ન બફાતા અફળાયા કરવુ [દાણા માટે] (૨) [રવ૦,સર૦ ઠાઠા,हिं ठिट(–ठ)री=હાડપિંજર]ખખળી જવુ

ઠઠાડવું સ૦ક્રિ૦ [સર૦ हिं ठठना =અડી જવુ ठठाना =ઠોકવુ] અડાડી –ઘુસાડી દેવુ

ઠઠારવું સ૦ ક્રિ૦ ['ઠાઠ' ઉપરથી] ઠાઠ કરવો, ખૂબ શણગારવુ ઠઠારો પુ૦ ઠાઠમાઠ

ઠઠોરી(–ળી) સ્ત્રી૦ [स टट्टरी, हि ठठोली] ઠઠોળી; મજાક, મશ્કરી

ઠઠ્ઠો પુ૦ જુઓ 'ઠ'મા (૨)[જુઓ ઠઠાગી, સર૦ म ठठ्ठा, थट्टा] મશ્કરી,ઠેકડી –ઠ્ઠાખોર વિ૦ ઠઠ્ઠામશ્કરી કરવાની આદતવાળું.–ઠ્ઠાચિત્ર ન૦ નર્મચિત્ર,'કૅરિકેચર' –ઠ્ઠાબાજી,–ઠ્ઠામશ્કરી સ્ત્રી૦ ટોળટીખળ

ઠઠ્ઠુ વિ૦ [स स्था](કા ) નિરર્થક રહી ગયેલુ

ઠણક સ્ત્રી૦ [રવ૦] એવો અવાજ –રણકો (૨) પગના ઝાટવા ઠણકે એવી ચાલ ૦વું અ૦ક્રિ૦ ઠણક અવાજ થવો, રણકવુ (૨) રણકે એમ ચાલવું(૩)રહી રહીને રોવુ –કારવું અ૦ક્રિ૦ ઠણક અવાજ કરવો (૨) ઠણકે એમ ચાલવુ –કારો પુ૦ ઠણક અવાજ –કો પુ૦ ઠણકારો (૨) ઠમકો (૩) ટાઢની ધ્રુજારી, કંપ

ઠણઠણ અ૦ [રવ૦] (ખાલી વાસણના જેવો અવાજ )૦પાક પુ૦ માર ૦પાળ [સર૦ મ ], ૦ગોપાળ [સર૦ हिं ठनठनगोपाल] પુ૦ કંઈ પણ સાધન કે બુદ્ધિ વગરનો આદમી ૦વું અ૦ક્રિ૦ જુઓ ઠઠણવુ –ણાટ, ઠણત્કાર [સર૦ म ] પુ૦ ઠણઠણ એવો અવાજ

ઠપ અ૦ [રવ૦] ૦ક(–કા)વું અ૦ક્રિ૦ ઠપ એવો અવાજ થવો(૨)પછડાવુ, ઠોકાવુ ૦કાર પુ૦ઠપકવાનો અવાજ ૦કારવુ સ૦ક્રિ૦ ઠપકે એમ કરવુ, પછાડવુ (૨) ઠપકો દેવો (૩) મારવુ

ઠપકો પુ૦ [સર૦ हिं ठपका=ધક્કો ઠેસ म ठपका =કલંક]દોષ બદલ ધમકાવવુ –વઢવુ તે કે તેના વેણ(૨)[જુઓ ઠપ ]ઉધરસનુ ખાખા, ઉધરસ(ઉધરસનો ઠપકો પણ કહેવાય છે) (૩) દોષ,વાંક, કલંક (જેમ કે, ઠપકો નહિ આવવા દઉ એટલે કશી ઠપકો ઠેસ ન આવે )(૪)[રવ૦, જુઓ ઠપકવુ] ઠપ,ઠબ એવો ઠોકરનો અવાજ [ઠપકામાં આવવું=ઠપકો મળે તેવી સ્થિતિમા –અપરાધમા –આવવું –આપવો, દેવો= દોષ બદલ વઢવુ –ખાવો,મળવો,સાંભળવો =ઠપકાપાત્ર થવુ, ઠપકામા આવવુ ]

ઠબ અ૦[રવ૦]ઠબ એવો અવાજ,ઠપ ૦ક(–કા)-વું અ૦ક્રિ૦ જુઓ ઠપકવુ ૦કાર પુ૦ જુઓ ઠપકાર ૦કારવું સ૦ક્રિ૦[સર૦ म ठपकारणें] જુઓ ઠપકારવુ ૦કો પુ૦ ટકરાવાનો કે ઠોકરનો ઠબ એવો અવાજ, ઠપકો ૦ઠબાવવુ સ૦ક્રિ૦ જુઓ ઠગઠગાવવુ ૦લાવું અ૦ક્રિ૦ કુટાવુ, અફળાવુ, ટિચાવુ

ઠબવું અ૦ ક્રિ૦ [રવ૦, સર૦ प्रा ठव (सं स्थापय् ) ] ઠોકવુ, ઠબકવુ

ઠમ અ૦[રવ૦](ચાલ –ગતિને અંગે વપરાય છે)

ઠમક સ્ત્રી૦ [રવ૦] ચાલવાની છટા (૨) ઠમકની ચાલ ૦ઠમક અ૦(રવ૦)(૨)[લા ]વરણાગી-મા ૦તી વી સ્ત્રી૦ ઠમકતી ચાલની સુંદર સ્ત્રી ૦વુ અ૦ ક્રિ૦ ઠમક ઠમક એવો અવાજ થવો –કવો (૨) તેવો અવાજ થાય તેવી ચાલે

**ઠંઠોળી** સ્રી૦ [જુઓ ઠઠારી] મજાક, હસણી

**ઠંડ(-ડી)** સ્રી૦ [સર૦ प्रा. ठड्ढ=જડસડ(सं स्तब्ध); म थंड, हिं ठंड(-ढ)] ટાઢ (૨) શીતળતા (૩) શરદી

**ઠંડક** સ્રી૦ [જુઓ ઠંડ] શીતળતા (૨) [લા ] શાંતિ [-વળવી = ઠંડું કે શાંત થવું.] -કિયું વિ૦ ઠંડક કરે એવું (૨) ન૦ ઠંડક કરે એવું ભીનું લૂગડું કે પીણું

**ઠંડાઈ** સ્રી૦ [જુઓ ઠંડ] શીતળતા ઠંડાપણું (૨) [સર૦ हिं. ठंढाई] ઠંડકનું પીણું (૩) [લા ] ધીમાશ, સુસ્તી

**ઠંડાશ** સ્રી૦ જુઓ ઠંડાઈ ૧, ૩

**ઠંડિલ** ન૦ [सं स्थंडिल, प्रा. ठंडिल्ल] હવન કરવાની નાની ઓટલી, વેદિ (૨) શૌચ જવાની જગા [જૈન] [-જવું = ઝાડે ફરવા જવું ]

**ઠંડી** સ્રી૦ જુઓ ઠંડ

**ઠંડું** વિ૦ [જુઓ ઠંડ] ટાઢું, શીતળ (૨) વાસી (રસોઈ) (૩) ધીમું, મંદ, સુસ્ત (જેમ કે, સ્વભાવ, બજાર ઇ૦) (૪) શાંત, ઝટ ક્રોધે ન ભરાય એવું (જેમ કે માણસ) (૫) ગતિ, ક્રિયા વેગ ઇ૦માં સામાન્ય કરતાં ઓછું, ઢીલું, નરમ (જેમ કે ઠંડું લોહી) (૬) નિરાંતવાળું (જેમ કે ઠંડું પેટ) [ઠંડી મશ્કરી = ઠાવકું મોં રાખી કરેલી મશ્કરી, બેઠી મશ્કરી. ઠંડું પડવું = શીતળ થવું (૨) ઉકળાટ શમવો, મિજાજ–તોફાન–તકરાર શાંત થવાં -પાણી રેડવું = શાંત પાડવું (૨) નાઉમેદ કરવું, ઉત્સાહ હોલવી નાખવો ઠંડે પેટે = નિરાંતે, જાતે કઈ લાગણી કે સંક્ષોભ અનુભવ્યા વગર.] ૦ગાર વિ૦ ખૂબ ઠંડું

**ઠંસાવું** અ૦ ક્રિ૦, -વવું સ૦ ક્રિ૦ 'ઠાંસવું'નું કર્મણિ ને પ્રેરક [ઠરઠેકાણું

**ઠા** પુ૦ [सं स्था ઉપરથી प्रा ठाय] સ્થિરતા (૨)

**ઠાકઠીક** અ૦ જુઓ ઠીકઠાક

**ઠાકર** પુ૦ [सं ठक्कुर] જુઓ ઠાકોર (૨) એક અડક (બ્રાહ્મણોમાં) ૦ડી સ્રી૦ ઠાકરડાની સ્રી ૦ડો પુ૦ નાનો ઠાકોર (૨) [જરા માનાર્થ] ધારાળો, ઠાકોર -રાં ન૦બ૦ વ૦ રજપૂત, ગરાશિયા, ભીલ વગેરે લોકો (૨) ઠકરાણાં -રિયો પુ૦ ઠાકોર (૨) વરણાગિયો (૩) એક જાતનો વીંછી -રી સ્રી૦ ઠાકોરની સ્રી ઠકરાણી

**ઠાકરી** સ્રી૦ (પ) ઠકરાત (ઉદા૦ 'ધન જોબન ને ઠાકરી')

**ઠાકોર** પુ૦ [सं. ठक्कुर] ગામ કે ગરાસનો ધણી, નાનો રાજા (૨) ઠાકોરજી (૩) એક અટક (જેમ કે, બ્રહ્મક્ષત્રિયમાં) (૪) ઠાકરડો, ધારાળો (માનવાચક). ૦જી પું૦ દેવની – વિષ્ણુની મૂર્તિ

**ઠાગલી** સ્રી૦ ઉછાળેલી મોઈને નીચે પડે તે પહેલાં ડંડો મારવો તે (-મારવી, -વાળવી)

**ઠાગાઠૈયા** પુ૦ બ૦ વ૦ [મર૦ ઠાગું = ઠગાઈ] કામ કરવાનો દેખાવ કરીને વખત ગાળવો તે (-કરવા)

**ઠાગું** ન૦ જુઓ ઠાગું

**ઠાગો** પુ૦ છૂપી રીતે એકઠા થવા કરેલી સંતલસ (૨) ઠગાઈ (૩) જુઓ ઠાગલી (૪) ડાહિયો [ઠાગા રમવા = ડાહિયાગસ રમવો -મારવા = જુઓ ઠાગલી મારવી ]

**ઠાઠ, ૦માઠ** પુ૦ [दे थट्ट = ठाठ ] ભપકો, શોભા (-રચવો, કરવો)

**ઠાઠડી** સ્રી૦ [સર૦ हिं. ठाटर, ઠાઠું ઉપરથી] શબને લઈ જવાની વાંસની એક બનાવટ

**ઠાઠમાઠ** પુ૦ જુઓ ઠાઠ

**ઠાઠિયું** વિ૦ ['ઠાઠું' ઉપરથી] ઠાઠા જેવું – જીર્ણ થઈ ગયેલું, ખખળી ગયેલું (૨) ન૦ તેવું વાહન [-બેસી જવું, -ભાગી જવું = ડગુમગુ ચાલતું ખાતું બંધ પડવું, જેને આધારે કામ નભ્યે જતું હોય તે પડી ભાગવું (૨) કદશામાં આવી જવું ]

**ઠાઠી, ૦લું** વિ૦ ['ઠાઠ' ઉપરથી] ઠાઠવાળું ભપકાદાર (૨) [લા ] બહારનો દેખાવ કરનારું, દાંભિક

**ઠાઠું** ન૦ [સર૦ हिं ठट्ठी, ठठरी = હાડકાંનું માળખું ठाट = ખોખું] હાડપિંજર (૨) છાતી અને થાપાનાં હાડકાં (બ૦ વ૦ માં) (૩) ખોખું, કોઈ પણ જીર્ણ થઈ ગયેલી વસ્તુ (૪) ભાંગીતૂટી ઢાલ (૫) [?] વરસાદની સખત ઠંડી, હીંકળ (૬) બે વાર છડેલી બાજરીના ચોખ્ખા દાણા. [ઠાઠાં બેસવાં, બેસી જવાં = પડતી દશા આવવી (૨) નાઉમેદ થવું ઠાઠાં ભાગવાં,

**રંગવાં, વેરી નાખવાં**=હાડકાં ભાગી જાય તેવો પુષ્કળ માર મારવો.]

**ઠાઠો** સ્ત્રી૦ ઊઠવેઠ; ઠઠમઠ, સેવાચાકરી

**ઠાણ** ન૦[સં स्थान, प्रा. ठाण(–म)]સ્થાન, જગા, ઠામ(૨) [સર૦ म ] તબેલો (૩)[ला ?]ઘોડીની ઋતુ-દશા (જેમ કે, –દેવું =ઘોડીને ઘોડો બતાવવો **ઘોડી ઠાણે આવવી**=ઘોડી ઋતુમાં આવવી ) (૪) સ્ત્રી૦ [સર૦ प्रा ठाण=ગુણ, ધર્મ, म =કાઠું, બાંધો, हिं ठाम=બાંધો (૨) શરીરના હાલવાચાલવાની ઢબ] પ્રકૃતિ, રીત ઢબ, શરીરનો હાવભાવ('ઉતાવળ હોય પણ તું તો તારી ઠાણમાં ને ઠાણમાં')

**ઠાણિયો** પુ૦ તબેલો સાફ કરનારો, રાવત(૨) ઊંચી જાતનો ઘોડો (૩) જાર (માણસ)

**ઠાલ** વિ૦ જાણીતું; માલૂમ હોય એવું

**ઠામ** પુ૦,ન૦[સં स्थान, प्रा थाम, अप ठाम(–य)] (રહેવાનું) સ્થાન, ઠેકાણું (૨) ન૦ આસન, બેસવાની જગા(૩) [સર૦ म ठाय] વાસણ. [**ઠામઠીંકરાં ઉપાડવાં**=ઉચાળા ભરવા, ઘરવખરી ઉપાડીને લઈ જવી. **ઠામઠેકાણા વિનાનું**=ઘરબાર વિનાનું, રખડતું (૨) પાયા વિનાનું (૩) અવ્યવસ્થિત, ગોટાળા ભરેલું. **ઠામ બેસવું**=ખોવાયેલું જડવું (૨) રંડાયેલી સ્ત્રીએ નાતરે જવું (૩) હારી થાકીને બેસવું (૪) થાળે પડવું **–શોધવું**=નાતરે બેસવાનું સ્થાન શોધવું ]૦ણું ન૦ વાસણ **૦પલટો, ૦બદલો** પુ૦ સ્થાનફેર, હવાફેર, રહેવાસૂવાની જગાનો ફેરફાર **૦પાટલો** પું૦ ઠામ, પાટલા મૂકવા વગેરે ભોજનની તૈયારી (૨) ઠામપલટો (?) [**ઠામપાટલા કરવા**=ભોજનની તૈયારી કરવી]

**ઠામ(–મૂ)ઠું** અ૦ [સર૦ म ठाम]સાવ, તદ્દન

**ઠામણું** ન૦ ઠામ, વાસણ [જગાએ, ઠેર ઠેર

**ઠામે(–મો)ઠામ** અ૦ ['ઠામ' ઉપરથી] દરેક

**ઠાયું** વિ૦ [સર૦ म ठावा] ઠરેલ ઠાવકું, ડાહ્યું

**ઠાર** પુ૦ સુતાર (માનાર્થક)

**ઠાર** પુ૦, ન૦[સં ] ઓસ, ઝાકળ(૨)ટાઢી હવા, હીકળ (–પડવો)(૩) [ 'ઠરવું' ઉપરથી ?]ઠામ, ઠેકાણું [પ ] (૪) અ૦ [સર૦ स ] ઠરે–મરે એમ, બરોબર ઉદા૦ 'ઠાર મારવું–કરવું'

**ઠારક** વિ૦ ['ઠારવું' ઉપરથી] ઠારે–શાંતિ પમાડે એવું (૨) સ્ત્રી૦ (કા ) સંતોષ, નિરાંત, ટાઢક –કો પુ૦ સંતોષ, શાંતિ [–ઠારવો=સંતોષ આપવો ]

**ઠારવું** સ૦ ક્રિ૦ ઠરે એમ કરવું [ઠેર ઠેર

**ઠારોઠાર** અ૦ ['ઠાર'=ઠામ–ઠેકાણું ઉપરથી]

**ઠાલવવું** સ૦ ક્રિ૦ ['ઠાલું' ઉપરથી] ખાલી કરવું

**ઠાલિયું** ન૦ ['ઠાલું' ઉપરથી] કપાસ કાઢી લીધેલું કાલું

**ઠાલું** વિ૦ [दे. ठल्ल] ખાલી, નહિ ભરેલું (૨) નકામું, ધંધા વિનાનું (૩) નહિ વાસેલું, ખુલ્લું (૪) અ૦ નાહક, ફોગટ [–**હોવું**=(ભેંસ કે પાડીનું) સગર્ભ ન હોવું ]**૦ઠમ, ૦માલું** વિ૦ તદ્દન ઠાલું–ખાલી

**ઠાવકું** વિ૦ [સર૦म ठाऊक(–का), प्रा ठावय, (सं स्थापक) ?] ગંભીર, ડાહ્યું, વિવેકી –કાઈ સ્ત્રી૦,–કાપણું ન૦ [વાસણ, થાળી

**ઠાંગરુ(–ળું) (૦)** ન૦['ઠાગું' ઉપરથી] ભાણાનું

**ઠાંગું (૦)** ન૦ [સર૦ ઠગવું ] ઠાગું, છળકપટ (૨) [સર૦ ઠામ, म ठाय=ભોજનપાત્ર] જુઓ ઠાગરું

**ઠાંડું (૦)** ન૦ ખીંટી, ખૂંટો

**ઠાંસ** (૦સ,) સ્ત્રી૦ ['ઠાસવું' ઉપરથી] વણાટની ઘટ્ટતા (૨) [સર૦ ઠસ્સો] ખાલી દમ, શેખી, બડાઈ(૩)લૂખી ઉધરસ, ઠાસો [–**મારવી**=શેખી કરવી ] **૦વું** સ૦ક્રિ૦ [સર૦ म हिं. ठाँसना] ઠાસવું. દાબીદાબીને ભરવું(૨)દાબી-દાબીને ખાવુંપીવું (૩) મનમાં ઉતારવું, ઠસાવવું (૪) અ૦ ક્રિ૦ ઉધરસ ખાવી **–સી** સ્ત્રી૦ ખાસી **–સો** પું૦ લૂખી ઉધરસ (૨) ગોદો. મુક્કો, ઠોસો [–**ખાવો**=ઉધરસ આવવી (૨) ઠૂંસો–મુક્કો મળવો **–મારવો, લગાવવો**=મુક્કો–ગોદો મારવો ] [ને પ્રેરક

**ઠિજાવું** અ૦ ક્રિ૦,–**વવું** સ૦ ક્રિ૦'ઠીજવું'નું ભાવે

**ઠિઠિ(–સિ)યારી** સ્ત્રી૦ [રવ૦] મશ્કરી; મજાક

**ઠિઠોળી** સ્ત્રી૦[જુઓ ઠઠોરી] મજાક, ઠ ઠોળી

**ઠિસિયારી** સ્ત્રી૦ જુઓ ઠિઠિયારી

**ઠિંગુજી,–શી** વિ૦ (૨) વિ૦ [સર૦ म ठिंगू, ठेंगू(–गोजी)] વામન, ઠીંગણું (માણસ)

ઠીક વિ૦ [સર૦ હિં, મ] સારું; યોગ્ય, જોઈએ તેવું, બરોબર (૨) બહુ સારું કે નઠારું નહિ એવું (માત્રામાં) સાધારણ (૩) અ૦ 'સારું, વારુ, ભલે,' એવો અર્થ બતાવતો ઉદ્ગાર [–કરવું=જોઈએ તેવું–ઘટતું કરવું (૨) મટાડવું, સુધારવું, દુરસ્ત કરવું, સમારવું (જેમ કે, ઘડિયાળ, ઘર, કપડું, તબિયત ઇ૦ માં જે નઠારું કે અનિષ્ટ હોય તે દૂર કરવું) –થવું=ઠીક કરાવું(જુઓ ઠીક કરવું) –પડવું=પસંદ પડવું,ગમવું,અનુકૂળ આવવું –લાગવું=સારું –યોગ્ય છે એમ જણાવું (૨) સારું દેખાવું; શોભવું (જેમ કે આ ટોપી તમને ઠીક નથી લાગતી.) ઠીક છે='સારું, જોઈશું' અથવા 'જોઈ લઈશ, ખબર લઈ નાખીશ' એવા ભાવનો ઉદ્ગાર]

ઠીકઠાક અ૦ ['ઠીક'નો દ્વિર્ભાવ, સર૦ મ ઠિક-ઠાક, ઠાકઠિક] બરોબર, વ્યવસ્થિત ગોઠવેલું હોય એમ (–કરવું)

ઠીકાઠીક વિ૦(૨)અ૦[ઠીક+અઠીક ? કે 'ઠીક'નો દ્વિર્ભાવ] જેવું તેવું, કામચલાઉ, માંડ નભે એવું

ઠીકરનાથ પુ૦ ગોસાઈની એક જાત

ઠીકરી સ્ત્રી૦ નાનું ઠીકરું

ઠીકરું ન૦ [દે ઠિક્કરિઆ] માટીના વાસણનો ભાંગેલો કકડો (૨) [લા] માટીનું વાસણ [ઠીકરામાં ધૂળ પડવી=ખાધુંપીધું ધૂળ પડવું–વ્યર્થ જવું(૨)ચાલતું ગુજરાન અટકી પડવું ઠીકરામાં ધૂળ નાખવી=ખાધુંપીધું ખરાબ કરવું (૨) ચાલતું ગુજરાન અટકાવવું. ઠીકરાં ફોડવાં=નોકરી છોડી દેવી ઠેર ઠેર ઠીકરાં ફોડવાં=નોકરી મળવા છતાં સ્થિર ન થવું ઠીકરું ફેરવવું=ભીખ માગવી]

ઠીજવું અ૦ક્રિ૦ [જુઓ થીજવું] ઠરી જવું

ઠીઠિયું વિ૦ ['ઠીઠું' ઉપરથી] ભાંગ્યુંતૂટ્યું, જીર્ણ (૨) ન૦ તેવું ઘર

ઠીઠી અ૦ [રવ૦] (મોટેથી હસવાનો અવાજ)

ઠીઠું ન૦ [રવ૦, સર૦ ઠાઠું] ભાગીતૂટી–જીર્ણ અને અવાવરુ ચીજ, ઠોઠું

ઠીબ સ્ત્રી૦ ભાંગેલ હાલ્લાનો તળિયાનો ભાગ, મોટું ઠીકરું

ઠીબું ન૦ માટીનું ઠામ –બડું(–લું) ન૦ ઠીબું (તિરસ્કારમાં)

ઠીલો પું૦ [સં. અષ્ઠીલ] ઠળિયો

ઠીસરું ન૦ [જુઓ ઠિસિયારી] જુઓ ઠીસરો (૨) ઠીઠું –રો પું૦ મશ્કરી, ચેષ્ટા

ઠીંકરું ન૦ જુઓ ઠીકરું –રી સ્ત્રી૦ નાનું ઠીંકરું

ઠીંગણું વિ૦ [હિં ઠિંગના, મ. ઠિં(–ઠેં)गणा] પ્રમાણમાં ઓછી ઊંચાઈનું–ગડ્ડ, ઠિંગુજી

ઠીંગરાવું અ૦ક્રિ૦ [સર૦ ઠીંગરા, ઠિંગુજી] ખૂબ ટાઢ લાગવી–ઠરી જવું (૨) ઠરીને ચોસલું બાઝી જવું (૩) [લા] ગઠાઈ જવું –વધતા અટકી જવું ઠીંગરાવવું સ૦ક્રિ૦ (પ્રેરક)

ઠીંઆઠોળી સ્ત્રી૦ [રવ૦]ઠઠ્ઠાબાજી,અડપલાં કરી મશ્કરી કરવી તે

ઠુઠવાવવું સ૦ક્રિ૦ 'ઠુઠવાવું'નું પ્રેરક

ઠુંગો પુ૦ જુઓ ઠૂંગણ

ઠૂઠવાવું અ૦ ક્રિ૦ [દે ઠુઠ=ઠૂંઠું] ટાઢથી અકડાઈ જવું–ધ્રૂજવું; ઠુઠવાવું

ઠૂઠવો પુ૦ [રવ૦] એકદમ મોટેથી રડી પડવું તે [–મૂકવો=ઠૂઠૂ અવાજ કરી એકદમ જોરથી પોક મૂકી રોવું]

ઠૂણકું ન૦ [સર૦ મ સ્થાણુ પ્રા ઠાણુ, દે ઠુંઠ] ઠીમરું, લાકડાની ભારે ગાંઠ

ઠૂમકી સ્ત્રી૦ [સર૦ હિં] (પતંગને મારેલો) ધીમો આંચકો (–મારવી)

ઠૂમકો પુ૦ [સર૦ હિં] જોરથી મારેલી ઠૂમકી

ઠૂમરી સ્ત્રી૦[સર૦ હિં, મ ठुमरी]એક તરેહની ગાયનપદ્ધતિ [જરદું ભારેકું

ઠૂમરો પુ૦ પથ્થરનો મારો(૨)[સર૦ મ ठुंबरा]

ઠૂશ(–સ) સ્ત્રી૦[રવ૦]દમ,અડદાળો(–કાઢવી; –નીકળવી)(૨)વિ૦ નકામું નબળું નિઃસત્ત્વ

ઠૂસક(–કી) સ્ત્રી૦ [રવ૦, સર૦ હિં. ठुसकी] વાછૂટનો અવાજ [કટાક્ષનું વેણ (–મૂકવું)]

ઠૂસકું ન૦ [રવ૦] ડૂસકાં મૂકીને રોવું તે (૨)

ઠૂંગણ ન૦, –ણી સ્ત્રી૦ (અફીણ ખાધા પછી) કાચુંકોરું ખાવાનું

ઠૂંગવું સ૦ક્રિ૦ ફાકીને ખાવું (૨) ઠૂંગ કરવું. ઠૂંગાવવું સ૦ક્રિ૦ (પ્રેરક) ઠૂંગાવું અ૦ક્રિ૦ (કર્મણિ)

**ઠૂંગાપાણી** ન૦બ૦વ૦ ઠૂંગણ. [**–કરવાં, લેવાં** =ઠૂંગણ કરવું]

**ઠૂંગાર, ઠૂંગો** પું૦ ઠૂંગણ [સ૦ક્રિ૦(પ્રેરક)

**ઠૂંઠવાવું** અ૦ક્રિ૦ જુઓ ઠૂઠવવું **ઠૂંઠવાવવું**

**ઠૂંઠું** વિ૦ [દે. ठुंठ; સર૦ हिं. ठूँठा] આગળાં વિનાના કે થોડાઘણા કપાઈ ગયેલા હાથવાળું (૨)ન૦ ડાળા વગરનું ઝાડનું થડિયું કે એવું નાગું ઝાડ(૩)બીડી પિવાઈ રહ્યા પછી રહેલો ભાગ(૪) [લા.]મૂળનું અપંગ રૂપાંતર [**ઠૂંઠામાં ઠેલવું** =ન લેખવવું, ન ગણકારવું.]

**ઠૂંડી** સ્ત્રી૦ [સર૦ हिं. ठुड्डी, ठोडी] હડપચી

**ઠૂંબરો** પું૦ જુઓ ઠૂમરો

**ઠૂંમસું** વિ૦ પ્રમાણમાં લંબાઈ કરતાં જાડાઈમાં વધુ એવું [(**–મારવી**)

**ઠૂંશ(–સ)** સ્ત્રી૦[જુઓ ઠાસ] ખોટો ગવ ઠાસ

**ઠૂંસો(–સલો)** પું૦ [રવ૦; સર૦ म. ठुसा, ठो(–ठो)सा] ઠાસો, ગોદો મુક્કો

**ઠેક** સ્ત્રી૦ [જુઓ ઠેકો] તાલ (૨)[જુઓ ઠેકવું] કૂદકો, છલંગ, ઠેક [મસ્કરું

**ઠેક,૦ડી** સ્ત્રી૦મશ્કરી.૦ડિયું વિ૦ઠેકડી કરનારું;

**ઠેકઠેકાણે** અ૦ ['ઠેકાણું' ઉપરથી] ઠેકાણે ઠેકાણે, જ્યાં ત્યાં

**ઠેકડો** પું૦ ['ઠેકવું' ઉપરથી]કૂદકો,છલંગ ઠેકડો

**ઠેકવું** સ૦ક્રિ૦ [જુઓ થેકવું] ઠેકડો મારી કૂદી જવું(૨)ઠોકવું(૩)[વસ્ત્ર]બીબાથી છાપવું

**ઠેકાણું** ન૦ [हिं. ठिकाना, म ठिकाण(–णा)] રહેવાની જગા, મુકામ (૨) સ્થાન; સ્થળ (૩) (કાગળનું) સરનામું (જેમ કે કાગળ પર ઠેકાણું કરવાનું–લખવાનું બાકી છે)(૪) કામધંધાની જગા (જેમ કે, ઠેકાણું કરવું, ઠેકાણે પાડવું જુઓ; સારે ઠેકાણે ગોઠવાઈ ગયો)(૫)[લા.] અમુક નક્કી દશા કે સ્થિતિ, સ્થિરતા, નિશ્ચય (જેમ કે,એ માણસનું કશું ઠેકાણું નહિ;રસોઈનું ઠેકાણું નથી) (૬) ઢબ, વ્યવસ્થા, ઢંગધડો. [**–કરવું**=વગે પાડવું, બરોબર ગોઠવવું (૨) કામધંધાની જગા શોધવી (૩)સરનામું લખવું (૪) નુકસાન કરવું કે મારવું; એમ કરી ઘાટ ઘડવો (૫) કન્યાને ઠીક ઘેર–સારી જગાએ પરણાવવી **–પડવું** =બરોબર ગોઠવાવું; થાળે પડવું(૨)ઠરવું, નક્કી કે નિશ્ચિંત થવું **ઠેકાણે આણવું**=જુઓ ઠેકાણે લાવવું **ઠેકાણે આવવું**=પાંશરું થવું, સીધા થવું (૨) સ્થાને આવવું,બરોબર થવું **ઠેકાણે કરવું**=નિયત સ્થળે મૂકવું (૨) સંતાડવું (૩) મારી નાખવું. **ઠેકાણે થવું**=નિશ્ચિત જગાએ જવું **ઠેકાણે પડવું**=નોકરીધંધે વળગવું (૨) મુકામે પહોંચવું(૩)નિયત સ્થળે મુકાવું (જેથી હાથ ન લાગે કે ખોવાય નહીં) **ઠેકાણે પાડવું**=નોકરી ધંધે વળગાડવું(૨)સંતાડી દેવું,ગોઠવી દેવું (૩) મારી નાખવું **ઠેકાણે રહેવું**=વિવેકમર્યાદામાં રહેવું. મિજાજમાં રહેવું **ઠેકાણે રાખવું**= નિયત સ્થળે રાખવું, ગુમ થવા ન દેવું (૨) મર્યાદામાં રાખવું **ઠેકાણે લાવવું** =પાંશરું કરવું, સમજાવીને રસ્તા પર લાવવું, સુધારવું ]

**ઠેકાણે** અ૦ બદલે; જગાએ

**ઠેકો** પું૦ નરઘા કે ડફ ઉપર જોરથી દેવાતો તાલ (૨) ઇજારો **–કેદાર** પું૦ ઇજારદાર

**ઠેઠ** અ૦ [સર૦ हिं.] છેડા લગી [**–પહોંચવું** =ગુજરી જવું (૨) જવાને નિશ્ચિત સ્થાને પહોંચવું. **–પહોંચાડવું**=લઈ જવાની છેલ્લી હદે લઈ જવું.] **૦નું** વિ૦ છેવટ સુધીનું (૨) પૂરું પહોંચેલ, ભેદુ, ધૂર્ત

**ઠેઠુ** પું૦ વાટપાડુ, ચોરનો મળતિયો

**ઠેપવું** સ૦ક્રિ૦ [સર૦ म ठेपणें (सं स्थापय्)] અડાડવું (સુ.). **ઠેપાઠેપ** અ૦ અડોઅડ

**ઠેપું** ન૦ [સર૦ म ठेप] પગની ઠેસ, ઠોકર [**ઠેપે ચડાવવું**=જુઓ ઠેસે ચડાવવું ]

**ઠેર** (ઠે) અ૦[સર૦ ઠરવું; हिं ठैरना, म ठेरणें] ખરી જગાએ; અસલ ઠેકાણે(૨)ઠાર [**–કરવું, મારવું**=જાનથી મારવું ] **૦ઠેર** અ૦ સ્થળે સ્થળે, જ્યાં ત્યાં

**ઠેરવવું** સ૦ક્રિ૦['ઠરવું' ઉપરથી] નક્કી કરાવવું, ઠરાવવું (૨) સ્થિર કરવું, હાલી જાય નહિ એમ કરવું (૩) અટકાવવું, રોકવું

**ઠેરવું** (ઠે) અ૦ ક્રિ૦[સર૦ ઠરવું]બનવું, થવું(૨) રહેવું,થોભવું [લડાઈ **ઠેરવી**=લડાઈ શરૂ થવી –જામવી **ઠેરી જવું**=(સ્ત્રી૦ રૂપમાં) લડાઈ ઠેરવી (જેમ કે, તે બે વચ્ચે ખરી ઠેરી ગઈ)]

**ઠેરાણું** (ઠે) ન૦['ઠરવુ' ઉપરથી] ઠેકાણુ,મુકામ

**ઠેરાવ** પુ૦ ઠરાવ (સુ., પારસી)

**ઠેરાવું** (ઠે) અ૦ ક્રિ૦ ['ઠરવું' ઉપરથી] સ્થિર થવુ (લખવામાં હાથનુ) (૨) નક્કી થવુ

**ઠેલણગાડી** સ્રી૦ [ઠેલવુ+ગાડી] ઠેલીને ચલાવવાની ગાડી, ઠેલો (૨) ચાલણગાડી (૩) બાબાગાડી

**ઠેલ(૦વ)વું** સ૦ક્રિ૦[સર૦ हिं ठेलना]હડસેલવુ, ધકેલવુ (૨) આગળ ધકેલવુ – કરવુ (જેમ કે કેસ કે મુદત ઠેલવી)

**ઠેલંઠેલ(–લા), ઠેલાઠેલ** સ્રી૦['ઠેલવુ' ઉપરથી] ઉપરાઉપરી – સામાસામી ઠેલવુ તે

**ઠેલો** પુ૦ [જુઓ ઠેલવુ] હડસેલો (૨) ઠેલીને લઈ જવાની ગાડી

**ઠેશ(–સ)** સ્રી૦ [સર૦ हिं ठेस,म ठेस, क्रि० અનુક્રમે ठेमना, ठेसणें] ઠોકર (૨)હલકી લાત (૩) નાનુ અટકણ – ઉલાળી (૪) નાની ફાચર [**–ખાવી**=ઠોકર લાગવી (૨) લાત ખાવી(૩) ઠપકો ખવો **–મારવી**=ઠોકર – લાત મારવી (૨) તુચ્છકારવું **–વાગવી**=ઠેસાવુ, ઠોકર લાગવી **ઠેસે ચડાવવું**=લાતે ચડાવવુ(૨)ગમે તેમ નાખવું – રગદોળવુ (૩) ટલ્લે ચડાવવુ – વિલબમા નાખવુ.] **–શી(–સી)** સ્રી૦ ફાચર (૨) ઉલાળી **–સણિયું** ન૦ અટકણ, ઠેસ **–સવું** સ૦ ક્રિ૦ ઠોકર મારવી (૨) ન૦ પગની ઠોકર – લાત [**–ખાવું, –ભરવું**=ફેરો ખાવો, કામ કરવુ]

**ઠેં** (ઠેં૦) અ૦ સ્તબ્ધ, છક (૨) ધરાઈ ગયુ હોય એમ (૩) લોથપોથ, થાકી ગયુ હોય એમ, ટે (–થઈ જવું) [જ્યાના ત્યા

**ઠેંઠણુઠે** (ઠેં૦) અ૦ ઠેરના ઠેર, મૂળ ઠેકાણે,

**ઠોક** પું૦, સ્રી૦ ['ઠોકવુ' ઉપરથી] પ્રહાર, ગદ્દો (૨) ઠપકો (૩) ટોણો [**–દેવા, પાડવા, મારવા**=ઠપકો આપવો, મહેણા મારવા]

**ઠોકઠાક** સ્રી૦ ['ઠોકવુ' ઉપરથી] આમ તેમ ઠોકવુ તે

**ઠોકર** સ્રી૦ [સર૦ दे टक्कर, म, हि ठोकर] ઠેસ, ચાલવામા પગનુ વસ્તુ સાથે ટિચાવુ તે (૨)[લા] ભૂલ(૩)ખોટ [**–ખાવી**=ઠોકરાવુ, અથડાઈ પડવું (૨) ભૂલ કરવી(૩)નુકસાનમા આવવુ **–મારવી**=લાત મારવી(૨)અવગણવું (૩) વચમા ફાચર મારવી – મુસ્કેલી નાખવી **–મારીને**=અડચણ છતા(૨)થોડી મહેનતે, પણ અચૂક **–લાગવી, –વાગવી**=ધક્કો વાગવો, અથડાવુ (૨) નુકસાન પહોચવુ **ઠોકરે ચડવું**=વચ્ચે આવવુ, અફળાવુ (૨) ઢીલમા પડવુ] **–રાવું** અ૦ ક્રિ૦ ઠોકર ખાવી

**ઠોકવું** સ૦ ક્રિ૦ [રવ૦ ? સર૦ प्रा ठुक्क = છોડવુ, हिं ठोकना, म ठोकणें] એક વસ્તુ પર બીજી વસ્તુ જોરથી ટીચવી — અફાળવી (જેમ કે, ખીલો, બારણુ, ઇ૦)(૨)માર મારવો; પીટવુ, લગાવવુ (૩) ગપ મારવી (જેમ કે, આ તો તેણે ઠોકી જ લાગે છે) (૪)ખૂબ ખાવુ (૫) બગબર, સચોટ, ને ધકેલી દેતા હોઈએ એમ કાઈ કરવાનો ભાવ બતાવવા વપરાય છે જેમ કે, તાર ઠોકવો, અરજી કે દાવો ઠોકવો (૬) તબુ ઠોકવો=તબુ બાધવો કે રોપવો [**ઠોકી ઘાલવું**=ઠોકીને ઘાલવુ – અદર દાખલ કરવુ (૨) કેદમા નાખવુ – પૂરી દેવુ **ઠોકી બેસાડવું**=યુક્તિ કે બળથી ગોઠવી દેવુ, બરોબર કે બ વબેસતુ કરવુ (૨) ખોટું માથે ઓઢાડવુ **ઠોકી પાડવું**=બરોબર પૂરુ કરવુ (જેમ કે, કલાકમા એ કામ ઠોકી પાડો) (૨) મારી નાખવુ, ખતમ કરવુ **ઠોકી મારવું**=ગમે તેમ કરીને ધકેલી દેવુ – કરી પાડવુ **ઠોકયે રાખવું**=ગમે તેમ કરીને ધકેલ્યા કરવુ — ચલાવવુ, હાકયે રાખવુ (૨) ગપ્પા હાક્યા કરવા]

**ઠોકઠોકા** સ્રી૦['ઠોકવુ' ઉપરથી] વાર વાર – ઉપરાઉપરી ઠોકવુ તે (૨) તેની ગરબડ

**ઠોકાટ** પુ૦ ['ઠોકવુ' ઉપરથી] ઠોકો, ઠોકવુ તે કે તેનો અવાજ **૦વું** સ૦ક્રિ૦ખૂબ ઠોકવુ,ઠોકારવુ

**ઠોકાઠોક** સ્રી૦ જુઓ ઠોકઠોકા

**ઠોકારવું** સ૦ ક્રિ૦ ['ઠોકવુ' ઉપરથી] ઠોકીને બેસાડવુ, ઠોકવુ [તેનો અવાજ

**ઠોકો** પુ૦ ['ઠોકવુ' ઉપરથી] ઠોક, ફટકો (૨)

**ઠોઠ** વિ૦ [સર૦ हिं ठोट] ઓછી અક્કલ-સમજવાળુ, જડસુ. **૦ડાઈ** સ્રી૦ (કા.)

ઠોઠપણું. ૦ડું વિ૦ (કા) ઠોઠ [તુવેરના)
ઠોઠા પું૦ બ૦ વ૦ ખાફેલા આખા દાણા (ઘઉં
ઠોઠિયું (ઠો) વિ૦ [દે ઠુંઠ પરથી?] જુઓ ઠોઠિયુ (૨) ન૦ કુલ્લાનુ ફડાશિયુ [રદ્દી વસ્તુ
ઠોઠું (ઠો) ન૦ [જુઓ ઠોઠિયુ] જીર્ણ, કમતાકાત
ઠોણ સ્ત્રી૦ વાધો, નુકસાન
ઠોબરુ (-લું) વિ૦ ઘાટ વિનાનુ, કદરૂપું (૨) ન૦ ધાતુ અથવા માટીનુ વાસણ [મૂર્ખ, ઠોઠ
ઠોબારી વિ૦ [સર૦ મ ठोंब, ठोंबा, ठोंब्या]
ઠોયો પું૦ ખાપો, સપાટી પર નીકળેલો ગોદા જેવો ડોયો [ઠોયા જેવું = ઓત જેવુ, હાલ્યા-ચાલ્યા વિનાનુ જડ જેવુ, વચ્ચે સ્થિર ઊભેલું.]
ઠોર (ઠો) પું૦ [हिं] એક મિઠાઈ (૨) ન૦ [हिं ठौर] ઠામ, ઠેકાણુ (૩) અ૦ + ઠેર, ઠાર ૦ખુવા પું૦ બ૦ વ૦ [+ हि खोवा = માવો] માલમલીદા
ઠોરમૂઠી સ્ત્રી૦ નાના છોકરાની એક રમત
ઠોરવું સ૦ક્રિ૦ ઠોગમૂઠીની રમતમા મૂઠી ઉપર મૂઠી માંડવી [ઠોરી લેવું ખૂચવી લેવુ (૨) જીતી લેવુ]
ઠોલવું સ૦ક્રિ૦ ચૂટી-તોડી ખાવું
ઠોલિ(-ળિ)યું (ઠો) વિ૦ [સર૦ મ. ठोल्या (-ळ्या)] જુઓ ઠોળિયુ
ઠોવું સ૦ક્રિ૦ રોકવું -વાવું અ૦ ક્રિ૦, -ઋડાવવું સ૦ ક્રિ૦ 'ઠાવું'નુ કર્મણિ ને પ્રેરક
ઠોળિયું (ઠો) વિ૦ મૂર્ખ; ઠોઠ (૨) ઠગઘડા વગરનુ, અટોળકાટલા જેવું (૩) ન૦ સ્ત્રીઓના કાનનુ એક ઘરેણુ - લોળિયુ
ઠોળિયો પું૦ (ઠો) ['ટોળ' પરથી?] ઠઠ્ઠા કરનારો માણસ (૨) ['ઠોળિયુ' ઉપરથી] ઠોઠ - ઠોળિયો માણસ [ઠોળિયાબાજી = ઠઠ્ઠાબાજી ઠોળિયાવાળું = ઠોળિયાઓની મડળી]
ઠોંઠર (ઠો૦) સ્ત્રી૦ (ચ.) ઈશાનનો પવન
ઠોંસવું (ઠો૦) અ૦ક્રિ૦ ઠાસવુ, ખાસવુ (૨) સ૦ક્રિ૦ ઠાસવુ, ગદડીને ભરવુ
ઠોંસો. (ઠો૦) પું૦ [સર૦ મ. ठो(-ठों)सा] જુઓ ઠાસો [-ખાવો = ગડદો ખાવો (૨) નુકસાન ખમવુ -મારવો, લગાવવો = ગડદો મારવો] -સાઠોકર સ્ત્રી૦ ઠાસો અને ઠોકર -સાબાજી સ્ત્રી૦ સામસામે ઠાસા મારવા તે

## ડ

ડ પું૦ [સં] મૂર્ધસ્થાની ત્રીજો વ્યંજન ૦કાર પું૦ ડડ્ડો, ડ અક્ષર કે એનો ઉચ્ચાર (૨) [રવ૦, સર૦ हि, म] ઓડકાર (-આવવા) ૦કારાંત વિ૦ છેડે ડકારવાળુ ૦ડ્ડો પું૦ ડ અક્ષર
ડકડક અ૦ [રવ૦]
ડકાટી સ્ત્રી૦ [हि डकैती, સર૦ ઈ. ડૅકૉઇટી] ડાકો મારવો તે, લૂટફાટ, ડાકાટી
ડકારી સ્ત્રી૦ [રવ૦] ઓડકાર (૨) [સં ढक्कारी ઉપરથી] વીણાનો અવાજ. [-આવવી, ઊપડવી, થવી = ઓડકાર આવવા - ઊપડવા]
ડકાળ પું૦ + જુઓ દુકાળ
ડક્કો પું૦ [ઇં ડૉક, સર૦ 'ધક્કો' પણ] વહાણનો માલ ચડાવવા ઉતારવા બાંધેલો ઘાટ, ફુરજો (૨) દરિયા કે નદીના પાણી સામે રક્ષણ માટે બાંધેલો બંધ -ક્કાવાળો પું૦ ડક્કાનો માલિક
ડખ ન૦ [ડચ પરથી ઇં ડક; સર૦ हि, म. डक] એક જાતનુ જાડુ કપડુ (તેનો કોટ બનાવે છે)
ડખલ સ્ત્રી૦ જુઓ દખલ -લિયું વિ૦ જુઓ દખલિયુ
ડખળિયું ન૦ ['ડખો' ઉપરથી] શાક નાખીને કરેલી દાળ કે કઢી [કરેલી દાળ
ડખુ ન૦ ['ડખો' ઉપરથી] શાક વગેરે નાખી
ડખો પું૦ [રવ૦?] જુઓ ડખુ (૨) [લા] ગોટાળો, ખીચડો (૩) વાવો, ઝઘડો [-ઘાલવો = વાધો - ઝઘડો નાખવો, ડખો કરવો -પડવો = ઝઘડો પડવો, વાધો પડવો, ડખો થવો] -ખાડખ સ્ત્રી૦ ડખલ, ડખો
ડખોળવું સ૦ક્રિ૦ [રવ૦?] ડહોળી નાખવુ
ડગ સ્ત્રી૦ [જુઓ ડગવુ] ડગવુ તે, અસ્થિરતા
ડગ,૦લું ન૦ [સર૦ हि, म डग] પગલુ (૨) તેનુ અતર [-દેવું, ભરવું = પગલુ ભરવુ - ઉપાડવુ (૨) પગરણ કરવુ -માંડવું = ડગ ભરવુ (૨) ડગલું ભરતા શીખવુ.]

**ડગડગ** વિ૦[સર૦ हि डगडगाना, म डगडगणें] જુઓ ડગમગ, ડગડગવુ ૦વું અ૦ક્રિ૦ આમ તેમ ડોલવુ – હાલવું (૨) [લા ] નિશ્ચયમાંથી ડચુંપચુ થવુ – હાલવુ –ગો પું૦ મનનો ડગમગાટ (૨) દગદગો, શંકા, સંશય (૩) અવિશ્વાસ, વહેમ

**ડગમગ** વિ૦, ૦વું અ૦ક્રિ૦ [दे. डगमग] જુઓ ડગડગ, ૦વુ. –ગાટ પુ૦ ડગડગવુ તે

**ડગર** સ્ત્રી૦ [સર૦ हिं ] વાટ, રાહ (૨) વગડ, ચીલો

**ડગરી** સ્ત્રી૦ જુઓ ડોકરી, ડોશી –રું ન૦ [સર૦ દે टिग्घर, म डगर(धरडुं; ડોસલું –રો પુ૦ ડોકરો, ડોસો

**ડગલી** (ગ'?) સ્ત્રી૦[તુ दग्लह, સર૦ हिं दगला, म डगला,–लें] નાનુ ડગલુ –લું ન૦ પહેરવાનુ કપડું – જાડુ બદન કે અંગરખુ –લો પુ૦ મોટો અંગરખો કે કોટ, ઓવરકોટ

**ડગલી** સ્ત્રી૦[જુઓ 'ડગ' ન૦] નાનુ ડગલુ–પગલુ. –લું ન૦ જુઓ ડગ પગલુ (–દેવું ભરવું, માંડવું) [–ઓળખવું = પગલુ પારખવુ (૨) વલણ કે વૃત્તિ જાણવા ] [ડગમગવુ

**ડગવું** અ૦ક્રિ૦ [સર૦ हि , म ] જુઓ ડગડગવું,

**ડગશ** (શ,) સ્ત્રી૦ (ચ ) [સર૦ दे डगल = ईंट પથ્થરનો ટુકડો] મોટો પથ્થર

**ડગળવું** સ૦ ક્રિ૦ ['ડગળુ' ઉપરથી] જુઓ ચગળવુ (૨) ઈચવુ; જે તે ખાયા કરવું

**ડગળાટવું** સ૦ક્રિ૦ ['ડગળુ ઉપરથી] ડગળે ને ડગળે ખાવુ, બચકાટવુ

**ડગળી** સ્ત્રી૦ નાનુ ડગળું (૨) ડાગળી, સમજશક્તિ. [–ખસવી, ખસી જવી = ગાડું થવુ, ભાન જતુ રહેવુ –મારવી, લગાવવી = ડગળી વડે કાણુ પૂરવુ ]

**ડગળું** ન૦ [ढ डगल = ફળનો ટુકડો] જાડો, મોટો કકડો અથવા ફાડિયું

**ડગુમગુ** વિ૦(૨) અ૦[જુઓ ડગમગ] અસ્થિર

**ડઘાવું** અ૦ ક્રિ૦ ગભરાટથી સ્તબ્ધ થઈ જવું (૨) ['ડાઘ' ઉપરથી] ડાઘ પડવો (ઉદા૦ ડઘાયેલી કેરી)

**ડઘો** પું૦[સર૦ म डग्गा, सं ढक्का, प्रा डक्का] બાયુ નગારાની જોડમાંનુ નાનુ

**ડચ** પું૦ [इं ] વલંદો, હોલેંડનો વતની (૨) સ્ત્રી૦ તેની ભાષા (૩) વિ૦ તે દેશને અંગેનુ

**ડચ** અ૦ [રવ૦] (૨) ટચકો મારતા કપાઈને જુદુ પડવાનો અવાજ (ઉદા૦ 'ડચ દઈને જુદુ પડવુ') (૩) ન૦ જીભ થડકાવીને કરાતો નકાર-સૂચક અવાજ (૪) બળદ વગેરે હાંકતાં કરાતો અવાજ ૦કારવું સ૦ક્રિ૦ ડચ એવો અવાજ કરીને પ્રેરવું – હાકવુ ૦કારી સ્ત્રી૦, ૦કારો પુ૦ ડચ એવો અવાજ (હાકવાનો કે નકારનો) કરીને ઉત્તેજવું, ઉશ્કેરવુ તે [–કરવી,–વો]

**ડચક** અ૦ [રવ૦] –કિયુ,–કુ ન૦ પાણીમાં ગૂંગળાતા કે રડતા કે મુશ્કેલીથી ગળતા ગળાની અંદરથી થતો 'ડચક' એવો અવાજ. [–ખાવું = પાણીમા ગૂંગળાતા ડચક અવાજ કરતો શ્વાસ લેવો, ડૂબકાં ખાવા ]

**ડચકું** ન૦ જુઓ ડચકિયુ (૨) [ જુઓ ડચ ] (ડચ દઈને કપાઈને પડેલુ) ચીર, કકડો (ડુંગળીનો)

**ડચકો** પું૦ [જુઓ ડચકુ = ચીર] ઓગળ્યા વગરનો કે બફાયા વગરનો ગાંગડો, લોદો (૨) ડુંગળીનો કાકરો કે ટુકડો

**ડચૂરો** પુ૦[સર૦ ડૂચો] ગળા કે છાતીમા રૂંધામણ [–બાઝવો, ભરાવો = ગળા કે છાતીમા કાંઈ લાગવાથી રૂંધામણ થવી ]

**ડચ્ચો** પુ૦ [જુઓ ડૂચો] ડૂચો, ડટ્ટો

**ડઝન** વિ૦ [इं ] બાર (૨) ન૦ બારનો સમૂહ (જેમ કે દીવાસળીનુ) ૦બંધ વિ૦ ડઝનોથી ગણતરી થાય એવી સંખ્યાવાળુ

**ડટ(–ટ્ટ)ણુ** વિ૦ [સર૦ દાટવુ] દટાયેલુ; જમીનની અંદરનુ (૨) ન૦ ડટણ, ખાળકૂવો. ૦કૂવો, ૦ખાળ પુ૦ ખાળકૂવો ૦જાજરૂ પુ૦ ડટણકૂવા પર કરેલુ જાજરૂ

**ડટતર** ન૦ ['દાટવુ' ઉપરથી] દુનિયા દટાઈ જાય એવો ઈશ્વરી કોપ, મહાવિનાશ

**ડટ્ટણ** વિ૦ (૨) ન૦ જુઓ ડટણ

**ડટ્ટો** પુ૦ [જુઓ ડાટો] ડાટા તરીકે વાપરેલો ડૂચો (૨) બારણુ ઉઘાડુ રહે માટે સાખ સાથે લગાડાતો મિજાગરાવાળો લાકડાનો ટુકડો — અટકણ (૩) મૉન્ટેસોરી બાળમંદિરના એક

સાહિત્યમાંનો હાટા જેવો દરેક નળાકાર (૪) કૅલેન્ડરની તારીખોની બાવેલી ચોકડી -'બ્લોક'

ડફર વિ૦ [સર૦ हिं. डफ्ड़ार] લાગણી વગરનું, બુઠ્ઠું [-અશક્ત થવું

ડફળવું અ૦ ક્રિ૦ [સર૦ म. डंडळणें] દોડવું

ડફ વિ૦ મૂર્ખ

ડણક સ્ત્રી૦ [રવ૦] (કા.)સિંહની ગર્જના. ૦વું અ૦ ક્રિ૦ (કા) (સિંહે) ગર્જના કરવી

ડણું ન૦ [સર૦ 'ડફણું' અથવા 'ડણક' રવ૦] જાડું ડફણું (૨) તોફાની ગાયભેંસના ગળામાં નખાતું લાકડું, ડેરો

ડપ(-બ)કા પું૦ બ૦ વ૦ [જુઓ ડપકો] દોહવાના અંતમાં કઢાતી સેરો (૨) ચણાના લોટનું એક રસાદાર શાક

ડપ(-બ)કાણું, -મણ(-ણું) ન૦ ['ડપકો' ઉપરથી] દબડાવવું તે -વવું સ૦ક્રિ૦ [સર૦ म दबक्काविणें] દબડાવવું, ધમકાવવું

ડપ(-બ)કી સ્ત્રી૦ [રવ૦] ડૂબકી [-ખાવી, મારવી=ડૂબકી મારવી (૨) એકદમ નજર બહાર ચાલ્યા જવું ] -કું ન૦ ડૂબકું, ડૂબકી (૨) ટપકું

ડપ(-બ)કો પું૦ [રવ૦]પ્રવાહીનો મોટો છાટો (૨)ધાબું, ડાઘો(૩) [લા ]વહેમ, શંકા(૪)કાળ; ત્રાસકો (૫) એકલા લોટનું જ કરેલું ભજિયું [-પડવો=ડાઘો પડવો(૨) મોટું ટપકું પડવું (૩) વહેમ પડવો (૪) કાળ પડવી ]

ડપટ વિ૦ [જુઓ દપટ] બેવડું, દોપટ (૨) સંતાડેલું ૦વું સ૦ક્રિ૦ દપટવું, સંતાડવું (૨) લુચ્ચાઇથી હાથ કરી લેવું, દબાવી બેસવું. [ડપટી દેવું=સંતાડી દેવું ]

ડપેટો પું૦[સર૦ રપેટો (फा रफ्तन) हि डपट] ખૂબ જોરમાં દોડવું તે [પડવાળો ડોયળો

ડપોટો પું૦ [द्वि+पट] ખાદ વગેરે ભરવાનો બે

ડફ સ્ત્રી૦,ન૦[फा. दफ]એક વાદ્ય(૨)અ૦[રવ૦] ઝટ (ઉદા૦ ડફ દઈને, ડફ લઈને)

ડફડાવવું અ૦ક્રિ૦[સર૦ म. डफरावणें]હંકારવું [હોડીવાળાઓની બોલીમાં] (૨) દબડાવવું. ધમકાવવું

ડફડું ન૦ નાનું ડફ (૨) ડફણું

ડફણું ન૦ [દે. डप्फ] નાનો, જાડો દંડૂકો-ધોકો -ણાટવું સ૦ક્રિ૦ ખૂબ ડફણાવવું. -ણાવવું સ૦ક્રિ૦ ડફણા વડે મારવું

ડફલાવવું સ૦ક્રિ૦[ડફ રવ૦? સર૦ ડકડાવવું] હચમચાવી દેવું (૨) હેરાન કરવું

ડફાંસ (સ,) સ્ત્રી૦ ખોટી બડાશ, ડફાસ (-મારવી, હાંકવી)

ડફોળ વિ૦ [સર૦ हिं डपोरसख] જડસું; બેવકૂફ [(એક ગાળ)

ડફોળશંખ પું૦ [સર૦ हिं डपोरसंख] મૂર્ખ

ડફ્ફેલ વિ૦ વાથી ફૂલી ગયેલું

ડબ અ૦ [રવ૦]ડૂબવાનો અવાજ(૨) ટપ, ઝટ ૦ડબ અ૦[રવ૦](૨)ઝટ ઝટ, એક પછી એક (જેમ કે આંસુ પડવાં, કોળિયા મોમાં મૂકવા; ચપચપ લેવું ઇ૦)

ડબકચૂરી સ્ત્રી૦ એક પક્ષી

ડબકડોયાં ન૦બ૦વ૦ [રવ૦] પાણીમાં ડૂબકાં (૨)[માટલીમાં] પીધેલા વાસણની બોળાબોળ

ડબકવું અ૦ક્રિ૦ [રવ૦ સર૦ हि डमकना] ડૂબકાં ખાવાં

ડબકા પું૦ બ૦ વ૦ જુઓ ડપકા [ણું'માં

ડબકાણું, -મણ(-ણું),-વવું જુઓ 'ડપકા-

ડબકી,-કું જુઓ 'ડપકી'માં -કો જુઓ ડપકો ૦ડોળ સ્ત્રી૦, ૦ડોળો પું૦ (કા) ડૂબકી મારવાની રમત

ડબગર પું૦ [फा दफगर. हि डबगर, डब= કુપ્પા બનાવવાનું ચામડું (જુઓ ડબડું)] નગારાં પર ચામડાં મઢનારો(૨)[સર૦ई डोदर] છત્રી ઇત્યાદિ પર રંગરોગાન કરનારો

ડબડબ અ૦ જુઓ 'ડબ'માં. -બાટ પું૦ પેટ ચડવું તે(૨)[કા ] કોઈ બોલતું હોય તેમાં વચ્ચે બોલ બોલ કરવું તે (૩) વગર કામે વધારાપડતું બોલવું તે(૪)મર્યાદા છોડીને સામું બોલવું તે. -બો પું૦ ડબડબાટ; પેટ ચડવું તે

ડબડી(-રી) સ્ત્રી૦ [સર૦ म डबडी]નાનું ડબડું

ડબડું (-રું) ન૦[फा दब्बह, સર૦ हिं डब, म दबडा] ચામડાનું કુલ્લું (ઘી-તેલ ભરવાનું). -ડો પું૦ મોટું ડબડું

ડબરી સ્ત્રી૦ જુઓ ડબડી

ડબરું વિ૰[સર૰ મ डबरा, हि डब्बू–फूलेलु] ફિક્કું, ડેફ્ગયેલુ (૨)મંદ, જડ, સુસ્ત (૩) ન૰ જુઓ ડબડું
ડબરો પુ૰ [જુઓ ડબો] તાબાપિત્તળનો ડબો
ડબલરોટી સ્ત્રી૰['ડબલ' (इ.)+રોટી (हिं )] એક પ્રકારની દડા જેવી ફૂલતી રોટી, પાઉ
ડબલું ન૰ [જુઓ ડબડુ] ચામડાનુ કુલ્લુ(૨) વગર પકવેલુ હાલ્લુ, લોટું (૩)['ડબો' પરથી] પતરાનુ લોટુ, ટિનપાટ
ડબાડબ અ૰ [રવ૰] ડબડબ (આસુ પાડવા) (૨) સ્ત્રી૰ જુઓ ડબડબાટ ૨ અને ૩
ડબી(–બ્બી) સ્ત્રી૰ [જુઓ ડબો] દાબડી
ડબીર પું૰ [अ दबीर, સર૰ म] મહેતો, હિસાબ લખનારો
ડબું ન૰ [સર૰ हि डब्बू] કડછી, ડૂચો
ડબૂક અ૰[રવ૰] ડુબવાનો અવાજ [–દઈને, લઈને=એવા અવાજની સાથે,તરત].૰વું અ૰ ક્રિ૰ ડૂબકું મારવું –કિયું ન૰ ડૂબતાનુ ડૂબકુ [–ખાવુ=ડૂબવુ, ડૂબવામા ઉપર નીચે થવુ ]
ડબૂચો પુ૰ જુઓ ડૂચો
ડબૂસું ન૰, –સો પુ૰[સર૰ म डबुसा, हि, फा दबूसा] વહાણનો પાછગનો ભાગ
ડબો(–બ્બો) પુ૰[फा डब्बह, સર૰ हि , म. डब्बा, म डबा, का डब्बी] વાનુનુ એક પાત્ર, દાબડો (૨) રેલગાડીનો ડબો (૩) ઘડિયાળનો ડબ્બો (૪) એક જાતનુ કાનસ (૫) હરાયા ઢોર પૂરવાનો વાડો (૬) ટીનનો ડબો(૭) પાઘડી (તુચ્છકારમા) (૮) ['ડબ' રવ૰ ઉપરથી ?] ફાળિયો, ગફ્ફો. [–મારવો=એકદમ બૂકડો ભરવો (૨) નાસી જવુ ]
ડબોડબ અ૰ [રવ૰] જુઓ ડબડબ
ડબોવવું સ૰ ક્રિ૰ ['ડબ' રવ૰, हि. डबोना ] ડુબાવવુ, ઝબકોળવુ
ડબોળવું સ૰ક્રિ૰ ['ડબ' રવ૰] જુઓ ડબોવવુ (૨) અપવિત્ર કરવુ [પુ૰ જુઓ ડબો
ડબ્બી સ્ત્રી૰ [જુઓ ડબો] ડબી, દાબડી.–બ્બો
ડભાયણું ન૰ [સર૰ प्रा डभण, ડામવુ] ડામ દેવાનુ ઓજાર–સાધન,(૨) [?] ભયનુ ઠેકાણુ
ડમક અ૰ [રવ૰] ડમરનો રવ ૰વું અ૰ ક્રિ૰ [સર૰ सं डम्] (ડમરનુ) વાગવુ
ડમકો પુ૰ [રવ૰] ડકો (૨) [જુઓ ડબુ] (સુ) ડૂચો –કારો પું૰ ડકાનો અવાજ
ડમખળ ન૰[રવ૰]તોસ્તાન,ધમાલ (સવારીની)
ડમડમ સ્ત્રી૰[રવ૰]ડંકાનો અવાજ(૨)[સર૰म] ગરબડ, તોફાન (૩)[સર૰ म. डम] ડંકા જેવુ એક લશ્કરી વાદ્ય –માક પુ૰ડમડમનો અવાજ
ડમડોળ વિ૰ [જુઓ ડામાડોળ] અસ્થિર (૨) અપૂર્ણ, અધૂરુ
ડમણી સ્ત્રી૰,–ણુ ન૰[સર૰ म डमणी=કપડા ધોવાનો ધોકો, સર૰ ડફણું, ડણુ] નાની લાકડી (૨) શેરડીનો કકડો (૩) ડમણિયુ. –ણિયું ન૰ [સર૰ म डमणी] બે બળદની નાની ગાડી
ડમર(–રી) સ્ત્રી૰ (કા) જુઓ ડમર
ડમરવું અ૰ક્રિ૰ [स. डंबर?] વનસ્પતિનુ ફાલવુ –નવા પાન આવવા
ડમરાણ ન૰ (કા.) જુઓ ડમર
ડમરી સ્ત્રી૰ જુઓ ડમર
ડમરુ ન૰ [सं] એક વાદ્ય, ડાકલુ
ડમરો પુ૰ [સર૰ सं. दमनक, प्रा दमणक (–ग, –य), हिं दौना, म दवणा] એક સુગધીદાર વનસ્પતિ [વિ૰ ડમાકવાળુ
ડમાક પુ૰[अ. दिमाग] રોફ, ભપકો, ઠાઠ ૰દાર
ડયાળ ન૰ એક પક્ષી
ડર પુ૰[स दर,प्रा डर] ભય,બીક [–રાખવો= બીવુ,ડરવુ –લાગવો=ભયની અસર થવી] ૰કણ, ૰કુ, ૰પી, ૰પોક [સર૰ हि, (पोकना =ડરવુ)] વિ૰ બીકણ. ૰પ(–પા)વુ [સર૰ हिं डरपना, डरपाना], ૰વું અ૰ ક્રિ૰ [प्रा डर क्रि॰] બીવુ –રામણી સ્ત્રી૰ ધમકી, બીક, સતામણી –રામણુ વિ૰ ડર લાગે એવુ, ભયાનક (૨) ન૰ ડરામણી –રાવવું સ૰ક્રિ૰ 'ડરવુ'નુ પ્રેરક (૨) દાટી–ધમકી દેખાડવી કે આપવી –રુ વિ૰ ડરી કે બળી ગયેલુ(૨)ડરકણ
ડલી(–ળી) સ્ત્રી૰ [સર૰ हिं. दरी=શેતરજી, म डल्ली] ઘોડાની પીઠ પર જીનની નીચે નાખવાની ઊનની ગોદડી
ડલ્લો પુ૰જુઓ દલ્લો
ડવડ ન૰ એક પક્ષી

**ડવારો** પું૰ [રવ૦] (સુ) ઘોંઘાટ, લવારો
**ડસ** પું૰ [प्रा डस(सं दंश)]દંશ,વેરની લાગણી
**ડસક ડસક** અ૰[રવ૦] ડસકા ખાતુ હોય એમ (૨) રહી રહીને
**ડસકલું** ન૦ ડસકુ (લાલિત્યવાચક)
**ડસકલું** ન૦ બેડી; હેડ (૨) બેડી જેવું-ભારે જાડું હાથપગનુ ઘરેણુ. **-લો** પું૰ ભારે-વજનદાર બેડી [ખાવા
**ડસકવું** અ૦ક્રિ૦ [રવ૦, हिं. डहकाना] ડૂસકા
**ડસકું** ન૦ જુઓ ડૂસકુ (-ખાવું)
**ડસડસવું** અ૰ ક્રિ૦['ડસકુ' ઉપરથી]ડૂસકાથી રૂંધાવું (૨) મનમા અકળાઈ રહેવુ
**ડસવું** સ૦ ક્રિ૦ [प्रा. डस, स दश्] કરડવુ, દશ દેવો **-ણુ** ન૦ ડસવુ તે [છલકાઈ જવુ (?)
**ડહેકવું** અ૦ ક્રિ૦ [हिं. डहकना](કા.)ઊભરાવુ;
**ડહાપણ** (ડ્)ન૦ ['ડાહ્યુ' ઉપરથી] ડાહ્યાપણુ; શાણપણ. [-કરવું, ડહોળવું = વચમા વગર સમજ્યે પોતાની વાત કે ડહાપણ ઉમેરવા] ૦ડાહ્યું(-હ્યુ) વિ૦ દોઢડાહ્યુ. ૦દાર વિ૦ ડહાપણવાળુ
**ડહોળવું** (ડ્હો) સ૦ક્રિ૦ [स ड्वल्? સર૦ म डहुळणे-ढवळणें] (પ્રવાહીને) હલાવવું,ઘુમરડવુ (૨)[આખ લાલ થાય ત્યા સુધી]ચોળવી(૩) [લા] ખૂબ કામોમા પડવુ, અનેકમા માથુ મારવુ (કાઈક નિદાત્મક અર્થમા)
**ડહોળું** (ડ્હો) વિ૦[સર૦ म डहुळा]ડહોળાયેલુ **-ળો** પું૰ ડહોળાયેલુ પ્રવાહી (૨) અફીણનો રસ **-ળાવુ** અ૦ક્રિ૦ 'ડહોળવુ'નુ કર્મણિ(૨) આખ લાલ થવી(જેમ કે ચોળાવાથી)(૩)[લા] હાલી જઈને અવ્યવસ્થિત થવુ, ગૂચવાઈ જવુ, વધારે પડતી ચોળાચોળ થવી [નીકળે એમ
**ડળક ડળક** અ૦[રવ૦]ધોરા રૂપે એક પછી એક
**ડળકવું** અ૦ક્રિ૦['ડળક' 'ડળક' પાણી છૂટવુ-(મોંમા)-એ પરથી?] લલચાવુ, દાઢ સળકવી
**ડળવું** અ૦ક્રિ૦ [સર૦ ડહળવુ]સડી જવુ,ખોખાં થઈ જવા (૨) લાલસામા લીન થઈ જવું (૩) ભાગી પડવુ-ઢગલો થઈ જવુ, ઢળી પડવુ
**ડળી** સ્ત્રી૦ જુઓ ડલી
**ડળું** ન૦ [दे डल, हि, म डला]ડગળી, ઢેફવું
**ડંકવું** અ૦ ક્રિ૦ (કા) પ્રાણ જવામા વિલબ થવો(૨)છેલ્લા શ્વાસ લેવા(૩)[दे डक्क=ડખ] [જોડાનુ] ડખવુ
**ડંકાપલ્લવી** સ્ત્રી૦ [ડંકો+પલ્લવ]ડંકો વગાડી હુકમ આપવાની લશ્કરી સાંકેતિક ભાષા
**ડંકી** સ્ત્રી૦ [इं डोन्की પપ, સર૦ म. डंकीण] પાણી ખેંચવાનો પપ-સંચો
**ડંકો** પું૰ [સર૦ हि, म डका, स ढक्का, प्रा. डक्क] નગારુ, ઢોલ (૨) ઘોડાની પીઠ ઉપર બે બાજુ લટકાવેલા ઢોલ(૩)[કા]ટકોરો(૪)[લા] ફતેહનો અવાજ ફતેહ [ડંકા પડવા=ટકોરા થવા. -કરવો=જયજયકાર કરવો, નામના મેળવવી (૨) લોકોમા જાહેર કરવુ -થવો =ડંકો વાગવો -દેવો=નગારુ વગાડવું (૨) વિજયસવારીએ ચડવુ (૩) ઉત્સાહભેર કોઈ કાર્ય કરવા ઊપડવું -મારવો=ટકોરો વગાડવો. -વાગવો= વિજયટંકાર થવો (૨) નામના નીકળવી(૩ લોકોમા જાહેર થવું. -વગાડવો =જુઓ ડંકો કરવો]
**ડંખ** પું૰ [दे डंक(सं दश)] ચટકો, દંશ (૨) ધાનનો દાણો સડવાથી પડતુ છિદ્ર(૩)આકડો, ઝેરી કાટો-અણી (૪) [લા] કીનો, વેર. [-રહેવો=ડંખ કે વેરની અસર રહેવી -રાખવો=કીનો-વેર રાખવું -લાગવો= દાણામા છિદ્ર પડવા (૨) મનમા ચટકો લાગવો. રીસ ચડવી] ૦વું સ૦ક્રિ૦ ડસવુ, દંશ દેવો; આકડો મારવો, કરડવુ (૨) જોડો ઘસાઈ પગને ઈજા થવી (૩) [લા] મનમા ખટકવુ -ખાવું અ૦ ક્રિ૦ 'ડંખવું'નુ કર્મણિ (૨) ધાનના દાણાને ડંખ લાગવો -ખીલુ વિ૦ ડંખવાળું
**ડંગેલુ** ન૦ હાડવો-એક વાની (સુ)
**ડંગોરિયુ** વિ૦ [ડંગોરો પરથી]ડંગોરાથી કામ લે એવુ, મારામારી કરે એવું
**ડંગોરું** ન૦, **-રો** પું૰ [दे डगा] દાગ જેવી જાડી ટૂકી લાકડી, ધોકો
**ડંડાટવું, ડંડાબાજી** જુઓ 'ડંડો'મા
**ડંડાશણું** ન૦ મોરના પીછાનો બનાવેલો સાવરણો
**ડંડી(-ડૂ)કો** પું૰[જુઓ ડંડો] નાનો ડંડો દંડૂકો
**ડંડો** પું૰ [स दड, प्रा. डंड] જાડી, ટૂકી લાકડી;

ડગોરો -ડાટવું સ૦ ક્રિ૦ ડડે ડડે મારવું
-ડાબાજી સ્ત્રી૦ ડડાથી મારામારી
ડંડો પુ૦ + [दे डंडय] રસ્તો, મહોલ્લો, શેરી
ડંફાણ +, -શ, -સ સ્ત્રી૦ જુઓ ડફાસ
ડફાસિયું વિ૦ ડંફાસ હાંકતુ, બડાશીખોર
ડબક ન૦(?)[સર૦પ્રા डव्व, स दम]+દંભ, ઢોગ
ડંબર પુ૦ [स] આડંબર, બાહ્ય ભભકો
ડંબેલ્સ પુ૦બ૦વ૦ [इं] હાથની કસરતનુ એક સાધન [-કરવા=ડંબેલ્સથી કસરત કરવી]
ડંભારણુ ન૦ [प्रा डभण] ડભાયણું, ડાભવાનુ સાધન(૨)[લ] મર્મમા વાગે એવુ કટાક્ષવચન
ડંભાવવું સ૦ક્રિ૦, ડભાવું અ૦ક્રિ૦ ડાભવું'નું પ્રેરક ને કર્મણિ [ગોટાનો સમૂહ
ડંમર પુ૦[सं डवर](કા)હવામા ઊડતી ધૂળના
ડાઇનેમો પુ૦ [इं] વીજળી ઉત્પન્ન કરવાનું એક પ્રકારનુ યંત્ર [-મૂકવો=તે યંત્ર ગોઠવવું]
ડાઇરેક્ટર પુ૦,-રી સ્ત્રી૦[इं]જુઓ ડિરેક્ટર,-રી
ડાઈ સ્ત્રી૦ સુલેહ, સંધિ (?)
ડાક સ્ત્રી૦ [हि] ટપાલ (૨) મુસાફરો, ટપાલ વગેરે લઈ જવા માટેની ટપ્પાઓની ગોઠવણ (૩) ડાકગાડી (૪) ન૦ [સર૦ म.] જુઓ ડાકલુ. ૦ગાડી સ્ત્રી૦ ટપાલ લઈને જનારી ગાડી, 'મેલ' ૦ઘર ન૦ટપાલઑફિસ ૦ચોકી સ્ત્રી૦ ડાકની સલામતી માટે રાખેલી ચોકી ૦બંગલો પુ૦ (સરકારી) મુસાફરી બગલો
ડાકડમાક પુ૦ [જુઓ ડમાક] ઠાઠમાઠ, ભભકો
ડાકડમાળ પું૦ ઘરનો જૂનો પરચૂરણ સામાન
ડાકણ (ણ,) સ્ત્રી૦ [म डाकिनी] એક જાતની ભૂતડી (૨) મેલી વિદ્યા જાણનારી સ્ત્રી (૩) જેની નજર લાગે એવી સ્ત્રી (૪) ગાજરનુ ડીટું અને અંદરનો કઠણ રેસો. ૦કૂંડાળું, ૦કૂંડું ન૦ઉતારની આસપાસ કરેલુ પાણીનુ કૂંડાળુ ૦કોઠો પુ૦ છોકરીઓ ધૂળની પાળ વડે સાત કોઠા પાડી જે રમત રમે છે તેમાનો દરેક કોઠો. -ણી સ્ત્રી૦ ડાકણ, પિશાચણી. -ણું વિ૦ ડાકણ જેવુ, ખાઈ જાય એવુ -ણો પું૦ એક જાતનુ ભૂત (પુરુષ)
ડાકબંગલો પું૦ જુઓ 'ડાક'મા
ડાક(-ખ)લી સ્ત્રી૦ નાનુ ડાખલુ (૨) સાપનુ બોલવુ(૩) જડબુ [-પહોળી થઈ જવી= મરી જવુ. -વગાડવી=સાપે મો વડે અમુક જાતનો ચાલુ અવાજ કરવો.]-લું ન૦[प्रा डक्क] એક જાતનુ વાદ્ય, ડુગડુગિયુ [-બેસાડવું= ભૂવો ધુણાવવો (૨) નવરાત્રી વખતે માતાના સ્થાન આગળ ડાખલું વગાડાવવું]-લિયો પું૦ ડાખલુ વગાડનારો-ભૂવાનો સાથી
ડાકાટી સ્ત્રી૦ [हिं डकैती] ડાકો, ધાડ
ડાકિની સ્ત્રી૦ [स] ડાકણી [માણસ
ડાકિયુ વિ૦ જુઓ ડાકણું -યો પુ૦ખાઉધરો
ડાકુ પુ૦ [हि] લૂટારો, ધાડપાડુ
ડાકુ વિ૦ અપમાનિત, બટ્ટો લાગેલુ [-પડવુ= ભોઠુ પડવુ અપમાનિત થવુ]
ડાકો પુ૦ [જુઓ, ડાકુ] લૂટારો, ધાડપાડુ (૨) [हिं डाका] ધાડ ['ડાકલી'મા
ડાખલી સ્ત્રી૦, -લિયો પુ૦,-લું ન૦ જુઓ
ડાગવું અ૦ ક્રિ૦ નોધવુ, ટપકાવી કે લખી લેવુ (કોટમા વપરાય છે)
ડાગળી સ્ત્રી૦ [જુઓ ડગળુ] થીગડી, ટગળી (૨) માથુ, મગજ (૩) [લા] સમજશક્તિ. [-દેવી, મારવી=થીગડી મારવી -ખસવી, ચસકવી, છટકવી=મગજ ખસી જવુ -ગાંડા થવુ. -ઠેકાણે હોવી=ભાન હોવુ]
ડાગળો પુ૦ વિદૂષક, રંગલો (૨) [જુઓ ડાગળી] ડાટો, ડૂચો [બાની
ડાગોર સ્ત્રી૦ [સર૦ म डागोर] ગવાની એક
ડાઘ પુ૦ [फा दाग़] (ગંદો દેખાય એવો)ડપકો (૨)[લા] કલંક, બટ્ટો(૩)+[सं दाघ પરથી ?] કીનો, ખાર [-પડવો=ડાઘો-ડપકો પડવો તેથી ગંદુ થવુ. -રાખવો=કીનો રાખવો, -લાગવો=બટ્ટો લાગવો] -ડાઘૂધી સ્ત્રી૦ ડાઘા ડાઘા, ડાઘા પડીને થતી અસ્વચ્છતા -ઘી, -ઘિયું વિ૦ ખારીલુ, વેર રાખે એવું (૨) કાડી ખાય તેવુ, વિકરાળ -ઘિયો પુ૦ ડાઘિયો કૂતરો. -ઘુ પુ૦ [જુઓ દાવ] મડદાને બાળવા લઈ જનારો. ખાધિયો (પ્રાય બ૦ વ૦ મા જથાવાચક અર્થમાં વપરાય છે) ડાઘુમાં જવું=સ્મશાનયાત્રામાં જવુ] -ઘેલ વિ૦ [જુઓ ડાઘ] ડાઘાવાળુ (૨)[દાઝ પરથી ?]

મારીલુ (૩) બળેલું; દઝાયેલુ. -ઘો પુ૦ ડાઘ (૨)જુઓ ડાઘિયો -ઘોડૂઘો પુ૦ રડ્યોખડ્યો એકાદ ડાઘો (એકાદપણુ બતાવવા)

ડાચું નં૦[સર૦'ચાડું'(દે.'चड्ड') તેના ઉપરથી?] જડબુ (૨) મો (તિરસ્કારમા) -ચાકૂટ સ્ત્રી૦ નકામુ બોલ બોલ કરવું તે-લવારો -ચાકૂટિયું વિ૦ ડાચાકૂટ કરે એવુ -ચાબળ ન૦ બોલવાનુ જોર -ચાબળિયું વિ૦ ડાચાબળવાળુ; ડાચાકૂટ કરતો થાકે નહિ તેવું

ડાટ પુ૦ [જુઓ દાટ] ભારે નાશ, ખુવારી [(મોઘુ) ડાટ=ભારે (મોઘુ), ઘણુ (મોઘુ). -વળવો=ભારે ખુવારી થવી ]

ડાટણું ન૦['ડાટવુ' ઉપરથી]બારસાખની ઉપરનુ દાબણિયુ, 'લિન્ટેલ' (૨) ડાટો

ડાટવું સ૦ક્રિ૦ જુઓ દાટવુ (૨) સતાવવુ (૩) [સર૦ हिं डाँटना] ધમકાવવુ

ડાટી સ્ત્રી૦[સર૦મ ढाटी=ભીડ,दाटा=ધમકી] દાટી, ભીડ, ગિર્દી (૨) [જુઓ ડાટવું] ધમકી. [-આપવી, દેવી=ધમકી આપવી.]

ડાટો પું૦[સર૦ म. डाटा, हि. डाट]દાટો,સાંકડા મોના પાત્ર(બરણી, શીશી જેવા)નુ મો બંધ કરવાનુ સાધન,બૂચ [ડાટા કરવા=ઉપવાસને આગલે દિવસે ઠાંસીને ખાવુ ડાટો દેવો, મારવો=ડાટા વડે બંધ કરવુ ]

ડાડવુ અ૦ક્રિ૦['દાદ' ઉપરથી?]આજીજી કરવી

ડાડિયુ ન૦, ડાડુ સ્ત્રી૦ [જુઓ ડાડવુ] આજીજી, વિનંતિ

ડાઢવું સ૦ક્રિ૦ [प्रा डड्ढ (स. दग्ध) પરથી? સર૦ हि. डाढना=બાળવુ](કા )કટાક્ષ કરવો

ડાફર સ્ત્રી૦, -રિયું ન૦, ડાફોળ (ળ,)[જુઓ ડાફુ]નકામુ આમ તેમ જોવુ-બાલાં માગવા તે. [ડાફરો-ડાફોળો મારવી, ડાફરિયાં મારવાં=આમ તેમ જોવુ-બાલા મારવા ]

ડાફાડોળ સ્ત્રી૦ કશામા વચ્ચે પડી ડહાપણ ડહોળવું તે (-કરવી)

ડાફું ન૦ [મો ફાડવાના 'ડફ' રવ૦ પરથી?] કરડવા પહોળું કરેલુ મો. [-મારવું=માથું મારવું (૨) બચકુ ભરવુ.]

ડાફોડિ(-ળિ)યું ન૦ ['ડાફુ' ઉપરથી] ડાફરિયુ

ડાફોળ (ળ,) સ્ત્રી૦ જુઓ 'ડાફર'મા

ડાબકો પું૦ [રવ૦] દાબવાથી થતો અવાજ(૨) ['દાબવુ' ઉપરથી]દાબીને માટીથી લીપવા જેવી સપાટી કરવી તે [સ્ત્રી૦ જુઓ દાબડી

ડાબડો(-લો) પું૦ જુઓ દાબડો -ડી(-લી)

ડાબણિ(-રિ)યું ન૦ [જુઓ દાબવુ] દાબવાના કામમા લેવાતુ વજન;દાબવાનુ યંત્ર(૨)બારસાખના ચોકઠા ઉપરનુ દબાણ રાખનારુ વજન (૩) [ડાબડો, ડબો ઉપરથી?] એક પહોળા મોનુ વાસણ

ડાબલિયાળ(-ળુ) વિ૦ ['દાબવુ' ઉપરથી] જેમા દબાણ માટે 'સ્પ્રિંગ'-કમાન હોય એવું

ડાબલી જુઓ 'ડાબડો'મા -લો પુ૦ જુઓ દાબડો (૨) ઘોડાના પગનો નાળ

ડાબાજમણી(-ણું) અ૦ [ડાબું + જમણું] ડાબી અને જમણી બને બાજુએ(૨)વારાફરતી બને બાજુએ(૩)ડાબાનુ જમણુ ને જમણાનું ડાબુ થાય તેમ(૪) [લા ]પક્ષપાતથી. [ડાબાજમણી કરવુ =પક્ષપાત કરવો (૨) આખ આડા કાન કરવા.]

ડાબિયેળ વિ૦ જુઓ ડાબોડિયુ

ડાબું વિ૦ [दे डव्व, डाव=ડાબો હાથ] જમણાનુ ઊલટું (૨) [લા ] અળખામણું; અળગું [ડાબા પગનો અંગારો=નજર ઉતારવા દીકરાને મા કપાળે ડાબા પગની ધૂળથી જે નિશાની કરે છે તે ડાબી આંખ ફરકવી =પુરુષને માટે અશુભ અને સ્ત્રીને માટે શુભ સૂચવતુ નિમિત્ત થવુ ડાબુ કરવું=ડાબી બાજુએ નાખવુ (૨) ભૂલી જવુ (૩) અળખામણુ કરવુ -મૂકવુ, મેલવુ =ભૂલી જવુ, ન જડવુ (૨) અળખામણુ કરવુ ડાબે હાથે મૂકી દેવું=એવુ મુકાઈ જવું કે જેથી ઝટ જડે નહી ]

ડાબેરી,ડાબો(-બ્બો)ડિયું,ડાબોડી વિ૦[જુઓ ડાબુ] ડાબે હાથે કામ કરવાની આદતવાળુ

ડાભ,૦ડો પુ૦ [सं दर्भ, प्रा डब्भ]એક જાતનુ ઘાસ-દર્ભ ૦સૂળિયું ન૦ એક જાતનુ ઘાસ

ડાભો પુ૦ [સર૦ म डाव, डाभा] એક જાતનુ શાક-ભાજી

ડાભોડિયું વિ૦ જુઓ દાબોડિયું

ડામ (ડાં) પું૦ [સર૦ प्रा. डमण=ડામવાનું ઓજાર, સર૦ हि दाग, म. डाग]ગરમ ગરમ વસ્તુ ચામડી ઉપર ચાંપી દેવી તે; ચપકો (૨) [લા.] ડાઘ, કલંક, લાંછન(૩)કંઈ નહિ; ટીંકો (જેમ કે, લે ડામ!) [-ચાંપવો, દેવો= ડામવું, ચપકો બેસાડવો (૨) કાંઈ ના આપવું; ટીંકો બતાવવો (ઉદા૦ એને શું ડામ દે?).]

ડામઠી વિ૦ [સર૦ દમામ કે દંભ]+આડંબરી, દંભી, બહારની ટાપટીપવાળું

ડામચિયો પું૦ ['માચી' ઉપરથી? સર૦ हिं. डामचा= ખેતરનો માચો]ગોદડાં વગેરે મૂકવાની ઘોડી (૨) ડાસ, મચ્છર

ડામણ ન૦ [જુઓ દામણ] ઘોડાગધેડાં નાસી ન જાય તે માટે તેમના પગને જકડવાનું દોરડું (૨)રેંટિયાના ચૈડાના પાંખિયાં બાંધવાની દોરી (૩)[फा दामन] અંગરખાના છેડાનું ઓટણ (૪)['ડાબું' ઉપરથી?] [વહાણ જમણી તરફ વાળવા] સુકાન ડાબી તરફ ફેરવવું તે

ડામર પું૦[સર૦ हि. म.]કોલટાર,(કોલસામાંથી મળતો) એક કાળો પદાર્થ

ડામરો પું૦ બ૦ વ૦ (ચ) ડોસનો ચાકળો જે બે લાકડાને આધારે બેસાડાય છે તે લાકડાં

ડામરેજ ન૦ [इं डिमॅरज] રેલવેમાં આવેલો માલ વખતસર ન લેવા જવાથી ભરવી પડતી દંડની રકમ [-ચડવું=માલ વખતસર ન લેવાથી દંડ ભરવાનો થવો -ભરવું=તે દંડ ચૂકવવો]

ડામવું (ડાં) સ૦ ક્રિ૦ [જુઓ ડામ] ડામ દેવો (૨) મહેણું મારવું (૩) [જુઓ ડામણ] ડામણ બાંધવું

ડામાડોળ વિ૦ [સર૦ हिं डाँवाडोल (ડોલના) म डामाडुल(-ळ)]અસ્થિર ડોલતું, ડગમગું

ડામીજ(-સ) વિ૦ [इं डॅमेज्ड?] ગુનેગાર તરીકે પંકાયેલું, બદમાશ

ડામું ન૦ ['ડામ' ઉપરથી] ડામ્યાનું કે ડામ્યા જેવું ચિહ્ન (૨) કાળો ડાઘ

ડામેલ (ડાં) વિ૦ ['ડામ' ઉપરથી] ડામેલું

ડાયરી સ્ત્રી૦[इं]રોજનીશી, તે નોંધવાની ચોપડી

ડાયરો પું૦[अ. दाइरह]નાત,જમણ(રજપૂતોમાં) (૨)ઘરડા અને અનુભવી લોકોનો સમુદાય-ગવણું, દાયરો (૩) [કા] અંગત માણસોનું મંડળ, કાઠી-ગરાસિયાનું મંડળ

ડાયલ પું૦ [इं] ઘડિયાળનો અંકવાળો ગોળ ભાગ, જેના પર કાંટા ફરે છે

ડાર ન૦ (કા) ભૂંડનાં બચ્ચાનું ટોળું (૨) પું૦ ['ડર' ઉપરથી] ધમકી ૦વું સ૦ ક્રિ૦ ['ડાર' ઉપરથી]ડરાવવું, ધમકી દેવી(૨) મના કરવી, અટકાવવું -રો પું૦ ધમકી, ઠપકો (-દેવો). -રોડકારો પું૦(કા.)સામાને ધાક રહે એવી ચેષ્ટા

ડાલી સ્ત્રી૦[सं डल्लक,प्रा., दे. डल्ल] ટોપલી(૨) ભેટના ફૂલફળાદિની ટોપલી -લું ન૦ ઢોરનો ખાણનો ભરેલો ટોપલો (૨) વાસ કે ઘાસનો ઊભો કંડિયો

ડાહી વિ૦ સ્ત્રી૦ [अ दाही] 'ડાહ્યું'નું સ્ત્રી૦ ૦નો ઘોડો પું૦ એક બાલરમત

ડાહ્યલું વિ૦ ['ડાહ્યું' ઉપરથી] દોઢડાહ્યું, ચાંપલું

ડાહ્યું વિ૦ [अ दाही] ડહાપણવાળું, સમજુ. ૦ડમ, ૦ડમરું વિ૦ [ડાહ્યું+ડમરુ (દામર-દામોદર-એક ઇતિહાસપ્રસિદ્ધ ડાહ્યો ગુજરાતી રાજપુરુષ)] બહારથી ડાહ્યું અને ઠાવકું દેખાતું (૨) તદ્દન ડાહ્યું, શાણું

ડાળ સ્ત્રી૦, ન૦ [दे डाल] ડાળું. ૦ખી સ્ત્રી૦, ૦ખું ન૦, -ળી સ્ત્રી૦[दे. डाली] નાની ડાળ. -ળું ન૦ મુખ્ય થડનો ફાંટો, શાખા. [ડાળે વળગવું =આશ્રય મળવો (૨) ધંધે વળગવું ડાળાંપાંખડાં જુદાં કરવાં=સાવાસ બધ જુદા પાડી નાખવા, કુટુંબસંબંધીને વેરવિખેર કરી નાખવા, પાયમાલ કરવું (-નું) ડાળું-પાંખડું ન જાણવું=-થી અજ્ઞાત હોવું]

ડાંસ(-ખ) (૦) પું૦ [સર૦ ડાસ] લીલી, મોટી માખ (૨) [સર૦ हि डाँक, म डाक] નંગની નીચે તેનો પ્રકાશ વધે તે માટે મુકાતી ચકચકિત પતરી (૩) [સર૦ म डाक] ધાતુના સાંધા પૂરવામાં વપરાતો પદાર્થ

ડાંખરું (૦) વિ૦ [સુ] હિંમતબાજ, મગરિયું

ડાંખળી (૦) સ્ત્રી૦,-ળું ન૦[સર૦म डाखळ]

ડાળમાંથી ફૂટેલી નાની ડાળી, ડાળખી
**ડાંગ** (૦) સ્ત્રી૦ [दे डगा] લાંબી મજબૂત લાકડી –ગારવું સ૦ ક્રિ૦ ડાંગે ડાંગે મારવું
**ડાંગ** ન૦[સર૦મ डाग,हि डांग, दे डुं(–डो)गर] ઝાડીવાળો ડુંગરી પ્રદેશ(જેમ કે ડાંગનું જંગલ)
**ડાંગ(–ગે)ર** સ્ત્રી૦ [स. कडगर = પરાળ?] એક ધાન્ય, જેમાંથી ચોખા નીકળે છે
**ડાંડું** (૦) ન૦ (કા) કઠણ ડાખળી
**ડાંડ,૦ગું** (૦) વિ૦ [स. दंड, प्रा डड] છડું, બૈરીછોકરાં વિનાનું (૨) ડંડાથી કામ લેનાર, લાઠ (૩) નાગું, લબાડ, લુચ્ચું. ૦ગાઈ, ૦ગી, –ડાઈ સ્ત્રી૦ ડાંડપણું, નાગાઈ, લાઠાઈ
**ડાંડલી** (૦) સ્ત્રી૦ [જુઓ ડાંડી] ઝીણી ડાળી (૨) પાનની ડાખળી (૩) નાનો હાથો –લો પુ૦મોટી ડાંડલી (૨) ઘરેણાનો આંકડો (જેમ કે વાળીનો)
**ડાંડિયારાસ** (૦) પુ૦ ડાંડિયાથી રમવાનો રાસ
**ડાંડિયું** (૦) વિ૦ ['ડાંડ' ઉપરથી]ડાંડાઈ કરનારુ, ડાંડ (૨) ન૦ [दे डड,–डी=સીવેલું જીર્ણ યા જોડિયું વસ્ત્ર] લૂગડાનો જરેલો-ફાટેલો ભાગ વચ્ચેથી કાઢી નાખી બે છેડા સાંધી પહેરવા લાયક કરેલું કપડું
**ડાંડિયો** (૦) પું૦ [જુઓ ડાંડ] ડાંડ આદમી (૨) [જુઓ ડાંડી]દાંડી પીટનાર, રોન ફરનાર (૩) નાનો પાતળો દંડો
**ડાંડી** (૦) સ્ત્રી૦ [स दण्ड, प्रा डंड ઉપરથી, સર૦ हि] દાંડી, નાની લાકડી, હાથો કે દંડો (૨)જેને બે છેડે તાજવાનાં પલ્લાં બંધાય છે તે લાકડી(૩)ડાંડિયાથી વગાડવાનું એક વાદ્ય(૪) વહાણને નિશાની બતાવવા સારુ ઊંચી ટેકરી ઉપર રોપી રાખેલું લાકડું (૫) દીવાદાંડી (૬). [दे डडय=રસ્તો ઉપરથી?] સીધી કિનારી – લીટી(નાકની) –ડો પુ૦ ટૂંકો દંડો(૨) હાથો (૩) ફણગો, ગરજો
**ડાંડે પડવું** [ડાંડો (दे. डडय=રસ્તો)=રસ્તો પકડવો, ચાલતા થવું] [ભરવું તે
**ડાંફ** (૦) સ્ત્રી૦, **ડાંફું** ન૦ (કા) મોટું પગલું
**ડાંભવું** (૦) સ૦ ક્રિ૦ [જુઓ ડામવું] દઝાડવું
**ડાંભો** (૦) પું૦ [જુઓ ડાભો] એક જાતની વનસ્પતિ – ભાજી [અંકુર (૨) હાથો
**ડાંલ્લો** પું૦ ['ડાંડો' ઉપરથી] ડાંડલો, વનસ્પતિનો
**ડાંસ** (૦) સ્ત્રી૦ [प्रा डस(स दंश्)=દાંતથી કાપવું, કરડવું] (કા) માંદા માણસને એકાદ ચીજ ખાવાની રુચિ થવી તે
**ડાંસ** (૦) પુ૦[सं दंश, प्रा डस, સર૦ हिं ,म.] એક જાતનો મચ્છર –સિયા મા(–માં)ખ સ્ત્રી૦ ડાંસ જેવી કરડતી માખ
**ડાંસું** વિ૦ [स दश्, प्रा डस=કરડવું(ગળે ચોટવું)]અપરિપક્વ સ્વાદવાળું (રાયણને માટે)
**ડિક્ટેશન** ન૦ [इं] શ્રુતલેખન
**ડિગ્રી** સ્ત્રી૦ [इं] અંશ (જેમ કે તાપના, ખૂણાના) (૨) પદવી, ઉપાધિ (૩) પ્રેસમાં ટાઇપ સજ્જડ ગોઠવવા નખાતી પતરી
**ડિપોઝિટ** ન૦ [इं] બેન્ક કે કોઈ પાસે મૂકેલી અનામત (૨) બાના તરીકે અપાતી રકમ
**ડિપોટી** પુ૦ [इं डेप्युटी સર૦ म डिपोटी] શાળાઓ તપાસનાર સરકારી નિરીક્ષક(૨)વિ૦ મદદનીશ (જેમ કે ડિપોટી સ્ટેશન-માસ્તર)
**ડિફાવવું** સ૦ક્રિ૦, **ડિફાવું** સ૦ ક્રિ૦ 'ડીફવું'નું પ્રેરક ને કર્મણિ
**ડિમાક** વિ૦ [જુઓ ડમાક] + દંભી, ડામકી
**ડિરેક્ટર** પું૦ [इं] (વેપારી કંપનીનો)સંચાલક, વહીવટદાર(૨) (કેળવણી ખાતાનો) સંચાલક
**ડિરેક્ટરી** સ્ત્રી૦[इं] વ્યક્તિઓ, વેપાર ઇ૦ અંગે નામઠામ વગેરે માહિતી આપતી ચોપડી
**ડિલ** ન૦[સર૦ हिं डील કે फा दिल]શરીર(૨) [फा दिल] + દિલ, મન. [–ઊતરી જવું= શરીર સુકાવું, જાડપણ ઓછું થવું –ભરાવું= તાવ આવવો, તાવની શરૂઆત થવી. –ભારે થવું = જુઓ ડિલ ભરાવું(૨) શરીર વજનદાર થવું –લેવાવું = શરીર સુકાવું –લેવું. ડિલે ભરાવું = શરીરે પુષ્ટ થવું]
**ડિવિડન્ડ** ન૦ [इं] કંપનીના શેર દીઠ મળતો નફાનો ભાગ કે તેની રકમ યા ટકા
**ડિસમિસ** ક્રિ૦વિ૦[इं]બરતરફ, રદ, કાઢી નાખેલું કે મૂકેલું (–કરવું; –થવું)
**ડિસ્ટ્રિક્ટ** પુ૦ [इं] જિલ્લો (૨) સરકારી અમલદારે તપાસ માટે પોતાના વિભાગમાં

ફરવું તે(-માં જવું, નીકળવું). ૦કોર્ટ સ્ત્રી૦ [ઇં.] જિલ્લાની મોટી અદાલત જ્યાં અપીલ ઇ૦ જિલ્લાના કેસ ચાલે છે. ૦જજ પું૦ [ઇં] તે અદાલતનો મુખ્ય ન્યાયાધીશ. ૦મૅજિસ્ટ્રેટ પું૦[ઇં.]જિલ્લાનો મૅજિસ્ટ્રેટ,કલેક્ટર ૦લોકલ બોર્ડ ન૦ [ઇં.] જિલ્લાના રસ્તા, દવાખાના, વગેરેનો વહીવટ કરતું પ્રજાકીય મંડળ ૦સ્કૂલ બોર્ડ ન૦[ઇં] જિલ્લાના શિક્ષણ(પ્રાથમિક)નું કામ કરતું પ્રજાકીય મંડળ

ડિસેંબર પું૦[ઇં ]ખ્રિસ્તી સનનો બારમો મહિનો

ડિંગ સ્ત્રી૦,ન૦[સર૦ हिं डींग]ખોટી-બનાવટી વાત, ગપ [-મારવી=ગપ મારવી ] ૦મારુ વિ૦ ડિંગ મારનારુ, ગપ્પીદાસ

ડિંગરી સ્ત્રી૦ [મ ] મૂળાની શિંગ, મોગરો

ડિંગલું ન૦['ડિંગ'-લઈને (રવ૦)કાપી નખાય તેવો ભાગ]ટોચનો ભાગ-કકડો,નવો ફૂટેલો અંકુર (૨) થોરિયાનો કકડો(૩) [લા ] માથું (૪)[સુ ]સળી કે ડાળખી જેવો લંકડાનો કકડો (જેમ કે, દીવાસળીનું ડિંગલું) [-ઉડાડી મૂકવું=ઝટકામેં કાપીને વેગળું કરવું ]

ડિગળ ન૦ [જુઓ ડિંગ]ઠૂંઠો તડાકો (૨)[સર૦ हिं. टिंगल] પિંગળના ઠેકાણા વિનાનું લાંબું જોડકણું

ડિંગો પું૦ અંગૂઠો બતાવી ના કહેવું તે ઠીંકો. [-બતાવવો = ના કહેવું, ચાટ પાડવું ('લે, ડિંગો'-એમ વપરાય છે)]

ડિંડિમ પું૦, ન૦[સં ] એક જાતનું નાનું નગારુ

ડિંભ ન૦ [સં ] નાનું છોકરુ, બાળક (૨)બચ્ચું

-ડી સ્ત્રી૦ પ્રત્યય(પું૦ ડો, ન૦ ડું)નામને લાગતા (૧) લઘુતા કે લાલિત્ય યા પ્રેમ બતાવે છે-માળીડો, વહાલુડા, નસિંડા(૨)તુચ્છતા બતાવે છે-લુહારડો, ઝમોદડો, હજામડી

ડીચકું ન૦ [જુઓ ડીચકો] ઠીંઠું (૨) ટોચકું, ટેરવું(૩)નાનો ડીચકો -કો પું૦ [જુઓ ડચકો] ઊપસી આવેલો ગાંઠ જેવો ભાગ, ગાંઠિયો

ડીચી સ્ત્રી૦ ['ડીચકું' ઉપરથી]નાનું ઠીંઠું(૨)નાનું ટોચકું (૩) ડીંટી

ડીચું ન૦ જુઓ ડીચકું

ડીચો પું૦ [સર૦ म टीचा] એક જાતનું પક્ષી

ડીટ, ૦ડી,-ટી સ્ત્રી૦ [જુઓ ડીંટું] સ્તનનું ટોચકું, ડીંટડી -ટિયું ન૦ નાનું ડીંટું (૨) ડીંટિયું.રીંગણું -ટું ન૦ જેનાથી ફળ શાખાને વળગી રહે છે તે ભાગ, ડીંટું

ડીકવું સ૦ક્રિ૦ ['ડીકું' ઉપરથી] ડીકાથી મારવું (૨) મહા મુસ્કેલીમા પૂરું કરવું

ડીકું ન૦ [સર૦ ડકલું] નાની જાડી લાકડી ડકણી (૨) [સુ ] લાકડાનું ઠીમચું, ટોલકું.

ડીણું ન૦ [સર૦ स डिंब=ગોળો. प्रा डिंब= વિઘ્ન] ગાંઠ, ઢેકો; ઢીમણું

ડીબો પું૦ [જુઓ ડીણું] ઢૂમો (૨) મોટો લખોટો

ડીમચું ન૦ લાકડાનું ઠૂંઠું ઠીમચું

ડીરિયો પું૦ (ચ ) એ નામનું એક ઝાડ

ડીંચી,-ચું જુઓ ડીચી-ચું ડિચકું, ડીંટી

ડીંટ, ૦ડી, -ટી સ્ત્રી૦ [જુઓ ડીંટું] ડીંટ, સ્તનનું

ડીંટ,-ટું ન૦ [જુઓ ડીંટું] (ફળનું) ડીંટું. [-કાઢવું=મૂળ કાઢવું -જવું=જડમૂળથી નાશ થવો ] ૦ડું ન૦ડીંટું, અગ્ર ભાગ, ટોચકું ૦રડી સ્ત્રી૦ નાનું ડીંટું (૨) ડીંટડી ૦વું સ૦ ક્રિ૦ ડીંટામાંથી તોડવું (૨) [ફળને લાગી રહેલી] ડાખળી પાંખડી તોડી નાખવી -ટિયું ન૦ જુઓ ડીંટિયું

ડીંડવાણું ન૦ ગેરવહીવટ, અવ્યવસ્થા, અંધેર [-ચાલવું,ચલાવવું=અંધેર ચાલવું,ચલાવવું.]

ડીંડવું ન૦ [સર૦ છડવું] આવાવાણું ફળ,ડોડવું

ડુકાવવું સ૦ ક્રિ૦, ડુકાવું અ૦ ક્રિ૦ 'ડૂકવું'નું પ્રેરક ને ભાવે [એક પશુ-ભૂંડ

ડુક્કર ન૦ [સર૦ सं शूकर, म डुक्कर(-क्को)]

ડુગડુગ અ૦ [રવ૦] ડાખલાનો અવાજ -ગિયું ન૦ ડાકલું -ગી સ્ત્રી૦ નાનું ડાકલું

ડુગ્ગી સ્ત્રી૦ [સર૦ हिं] (રવ૦) ડુગડુગી

ડુચાવું અ૦ક્રિ૦,-વવું સ૦ક્રિ૦ 'ડૂચવું'નું કર્મણિ ને પ્રેરક [આવી પ૦

ડુબડુબા અ૦[ડૂબવું ઉપરથી] ડુબ ડૂબું ડૂબવાની

ડુબડુબી સ્ત્રી૦ એક પક્ષી

ડુબાડ(-વ)વું સ૦ ક્રિ૦ 'ડૂબવું'નું પ્રેરક

ડુબાડૂબ વિ૦ ['ડૂબવું' ઉપરથી] ડુબ ડુબ થઈ રહેવું (૨) સ્ત્રી૦ વારંવાર ડૂબવું ને બહાર આવવું તે

**ડુબામણું** વિ૦ ડૂબી જવાય એવું
**ડુબાવવું** સ૦ક્રિ૦, **ડુબાવું** અ૦ક્રિ૦ 'ડૂબવું'નુ પ્રેરક ને ભાવે
**ડુબાસ** પુ૦[પ્રા दु (સ द्वि)+भाषा ?] વહાણનો દલાલ – મારફતિયો (૨) એક પારસી અટક
**ડુબાસી** ન૦ એક પક્ષી
**ડુમકલાસ** ન૦ ભારે વજનો ઊંચકવાનુ યંત્ર
**ડુમકાગડો** પુ૦ [સ. द्रोणकाक] કાગડા જેવુ એક પંખી
**ડુમડુમ** અ૦ [રવ૦] [ઢોલકનો અવાજ]
**ડુમાસ** ન૦ [इं डमास्क ?] એક જાતનુ કાપડ
**ડુલાવવું** સ૦ ક્રિ૦ **ડુલાવું** અ૦ ક્રિ૦ 'ડૂલવુ'નુ પ્રેરક ને ભાવે
**ડુંગર,–રો** પુ૦[દે डुगर, સર૦ (દે )મ. डोंगर, हि डूंगर] નાનો પર્વત (૨) મોટો ઢગ [**ડુંગર ટાઢો પાડવો, નવડાવવો, માનવો**=ડુગર ઉપરની વનસ્પતિ બાળી મૂકવી,દવ લગાડવો (ભીલોની એક બાધા).] **૦વટ** વિ૦ પહાડી, ડુગરાળ (૨) પુ૦ ડુગરમાનો રસ્તો **–રાળ** વિ૦ જેમાં ઠેકઠેકાણે ડુગરા હોય એવુ **–રી** વિ૦ ડુંગરમા થતુ–નીપજતુ (૨) ડુગરને લગતુ (૩) સ્ત્રી૦ નાનો ડુગર, ટેકરી
**ડુંગળી** સ્ત્રી૦ એક શાક–કદ, ડૂગળી
**ડુંગો(–ઘો)** પુ૦ ડૂગો, ચોર, ડૂગો (૨)[જુઓ ડૂઘો] માટીનો હુક્કો
**ડૂકરો** પુ૦ [જુઓ ડુક્કર] ડુક્કરનો નર–ભૂડ **–રી** સ્ત્રી૦ તેની માદા
**ડૂકવું** અ૦ક્રિ૦ થાકવું (૨) રહી જવુ, બધ પડવુ (૩) આવક ખૂટી જવી (૪) હારવુ (૫) [સર૦ हिं डूकना] ભુલાવામા પડવુ
**ડૂઘો** પુ૦ [દે. डुघो, हिं. डूँगा] ટૂંકા દાંડાની એક મોટી કડછી (દૂધપાક વગેરે પીરસવાના કામમા વપરાતી) (૨) [લા ] ઉપસેલો હાડકાવાળો કઠણ ભાગ
**ડૂચવું** સ૦ક્રિ૦ [જુઓ ડૂચો] હોઠ અડકાડી પીવુ (૨) મોટે કોળિયે ખાવુ; ઠાસીને ખાવું (૩) ડૂચો–દાટો દેવો
**ડૂચો** પુ૦ [દે डुज्जय=વસ્ત્રનો ટુકડો] નકામા કાગળ કે કાપડનો પિંડો (૨) એનો દાટો (૩) મોટો કોળિયો (૪) [લા.] અસરકારી માણસ, રાભો (૫) ચોળાઈ કરીને ગમે તેમ ગોટો થઈ ગયેલુ વસ્ત્ર.[**ડૂચા કાઢવા, કાઢી નાખવા**= ઘણી મહેનત કરાવી થકવી દેવુ, ડૂશ કાઢવી. **ડૂચા ઊડી જવા**=કકડે કકડા થઈ નાશ પામવુ, ભાગીને ભૂક્કો થઈ જવુ **ડૂચો મારવો**=ડૂચાથી કાણુ કે મો બધ કરવુ.]
**ડૂબકાં** ન૦બ૦વ૦ ['ડૂબવુ' ઉપરથી] ડબૂકિયા. **–કી** સ્ત્રી૦, **–કું** ન૦ પાણીમાં પેસવું–ડૂબવુ તે. [**ડૂબકી ખાવી, મારવી**=પાણીની અદર પેસવું (૨) નજર ચૂકવી સટકી જવું **ડૂબકી મારી જવું**=અલોપ થઈ જવુ, સટકી જવુ (**ડૂબકું ખાવું,–મારવું,–મારી જવું.**) **ડૂબકું મારી આવવું**=જરા વારમા જઈને પાછા આવવુ ]
**ડૂબવું** અ૦ક્રિ૦ ['બૂડવુ'(પ્રા वुड्ड)નો વ્યત્યય] પાણીની અદર જવુ(૨)ડૂબીને મરણ પામવુ(૩) ક્ષિતિજમા ડૂબી અસ્ત પામવુ(જેમ કે સૂર્ય ચદ્ર ઇ૦)(૪)[લા ]દેવાળુ કાઢવુ (૫) લીન થઈ જવું
**ડૂબાડૂબ** વિ૦ (૨) સ્ત્રી૦ જુઓ ડુબાડૂબ
**ડૂમકો** પુ૦ [રવ૦] નાનુ ઢોલ, નગારુ
**ડૂમચી** સ્ત્રી૦ [फा. दुमचेह्]સાજ ખસી ન જાય એ માટે ઘોડાની પૂછડીમા ભરાવાતી દોરી(૨) ઘોડાનો થાપો
**ડૂમળ** ન૦ [अ दुवल] એક જાતનુ ગૂમડ
**ડૂમી** વિ૦ મીઢુ, કપટી
**ડૂમો** પું૦ [જુઓ ડૂમો] લાગણીના આવેશથી છાતીમા ભરાતો ડચૂરો (**–ભરાવો**)
**ડૂરે** ન૦ પગળ, ડાગરનુ ઘાસ
**ડૂરી** સ્ત્રી૦ એક જાતનુ પક્ષી
**ડૂલ** વિ૦ [સ दुल्, प्रा डुल्]ડૂલેલુ(૨)ન૦ એક કાનનુ ઘરેણુ (૩) એક ઘાસ [**–કરવું**= ઓવારી નાખવુ, ખોવા તૈયાર રહેવુ. **–થવું**= ખોવુ, શરતમા હારવાથી સામાને કબજે જવુ (૨) ફોગટ જવુ ઉદા૦ બાજી ડૂલ થઈ]
**ડૂલવું** અ૦ ક્રિ૦ [જુઓ ડૂલ] ડૂબવુ, ગરક થવુ(૨) ખુવાર થવુ,દેવુ કાઢવુ(૩)કાંઈ વિસાતમા ન હોવુ
**ડૂવો** પુ૦ [સર૦ 'ડોવુ'] રગડો (૨) નીચે ઠરેલો કચરો (૩) જુઓ ડૂઘો

**ડૂશ** સ્ત્રી૦ [જુઓ ડુશ] અડદાવો; ડૂશ (-કાઢવી, કાઢી નાંખવી, નીકળવી, નીકળી જવી)

**ડૂસકું** ન૦ [રવ૦, જુઓ ડસકુ] રડતા રહી રહીને જોરથી ખેંચાતો શ્વાસ

**ડૂખ** સ્ત્રી૦ [સર૦ મ ડૅખ, ડૂખ] કૂંપળ આગળ ફૂટતો ભાગ

**ડૂંખરાવવું** સ૦ ક્રિ૦ વઢવુ, ધમકાવવુ

**ડૂંગળાવું** અ૦ ક્રિ૦ (છોડ, વેલા કે ફળનું) વધતા અટકવુ, કુંજવુ

**ડૂંગળી** સ્ત્રી૦ જુઓ ડુંગળી

**ડૂંગો(-ઘો)** પુ૦ જુઓ ડુંગો

**ડૂંટી** સ્ત્રી૦ [સં તુણ્ડિ] ડૂંટી, નાભિ [-નું હસવું =અંતરનો ભાવ વ્યક્ત કરવુ, હાસ્ય -નો ઉમળકો =હૃદયનો ઉમળકો.] **-ટાળું** વિ૦ ડૂંટાવાળું **-ટો** પુ૦ મોટી ડૂંટી (૨) ડૂંટા જેવો ઊપસી આવેલો ભાગ

**ડૂંડી** સ્ત્રી૦ [સર૦ દે ડુડ્ડુઅ, ડુંડુક્કા, સં ડુડ્મ, ડુડુ] જાહેરાત કરવા વગાડવાની નાની નગારી કે થાળી [-પિટાવવી, -પીટવી =જાહેર કરવુ, પ્રસિદ્ધ કરવુ] [હજામત વધવી]

**ડૂંડું** ન૦ કણનો ડોડો - કણસલુ [ડૂંડાં વધવાં =

**ડૂંડો** પુ૦ [મ] નમૂનો, ફરમો (૨) જુઓ ડૂંટો (૩) મોટું ડૂંડુ [સળગતી સળી

**ડૂંભાગણું** ન૦ [જુઓ ડભાયણું] ઊંબાડિયુ,

**ડેક** ન૦ [ઇ.] વહાણનુ તૂતક

**ડેપ્યુટેશન** ન૦ [ઇં] કશી વાત કહેને માટે યોગ્ય અધિકારી આગળ રજૂ કરવા માટે મોકલવામા આવતુ પ્રતિનિધિ-મંડળ [બુક-ડેપો)

**ડેપો** સ્ત્રી૦ [ઇ] ભંડાર, કોઠાર, વખાર (જેમ કે,

**ડેફરાવું** અ૦ ક્રિ૦ [જુઓ ડેફરુ] પેટ ઊપસવું (૨) ફેફર ચડવી (૩) ફીકું પડી જવુ

**ડેફરું** ન૦ [સર૦ મ ઢમરા, ઢેવરા (સં ડિંબ= ફાદ)] મોટુ ઊપસેલુ પેટ [પીઠનો ભાગ

**ડેબું** ન૦ [સં ડિંબ ઉપરથી] કમરથી નીચેનો

**ડેમી** વિ૦ [ઇં] (છાપવાના) કાગળનુ એક કદ

**ડેર** પુ૦ [જુઓ ડેરો] વલોણાની ગોળીના કાંઠા પરનુ લાકડુ, જેમા રહી રવાઈ ફરે છે

**ડેરાવું** અ૦ક્રિ૦ (આંખોનુ) ઊંઘથી ઘેરાવુ

**ડેરો** પું૦ [હિં ડેરા] તંબૂ (૨) [લા.] પડાવ. [-કરવો =મુકામ કરવો, પડાવ નાખવો] **ડેરાતંબુ** પું૦ બ૦ વ૦ ડેરો કે તંબુ યા નાખેલો પડાવ. [-ઊઠવા =મુકામ ઉપાડવો; પડાવની જગા ખાલી થવી]

**ડેરો** (ડે') પું૦ તોફાની ઢોરને ગળે બંધાતું લાકડુ - ડફણુ

**ડેરી** સ્ત્રી૦ [ઇં] દુગ્ધાલય

**ડેલી** (ડે') સ્ત્રી૦ [જુઓ ડેલુ] ખડકી, પડાળી (૨) પોલીસચોકી

**ડેલું** (ડે') ન૦ [મ ડેહલી ઉપરથી? સર૦ હિં. ડેહરી, -લ] મોટા પહોળા બારણાવાળુ મકાન (૨) મકાનનો ખડકી જેવો મોટો દરવાજો (૩) [ચ.] રાપના દાંડાની લાંબી વળી. **-લો** પુ૦ ડેલુ ૧, ૨ જુઓ [વિરામચિહ્ન

**ડેશ** સ્ત્રી૦, ન૦ [ઇં] (—) આવુ એક (અંગ્રેજી)

**ડેહકાણી** પુ૦ [અ દિહકાન] ગામડિયો, ગલો

**ડેંડું** (ડે૦) ન૦ [સં ડુડુમ? સર૦ હિં ડેડહા] પાણીનો નાનો સાપ (૨) અ૦ક્રિ૦ [રવ૦] જુઓ ડેંડુંમા

**ડેંહુ** (ડે૦) ન૦ [રવ૦] દેડકાનો અવાજ **-હવું** અ૦ક્રિ૦ ડેંહુ કરવુ

**ડૈયું** ન૦ જુઓ ડિંગો

**-ડો** પ્રત્યય પુ૦ અંકને લાગતા તે અંકનો આંકડો કે સંજ્ઞા બતાવે છે જેમ કે, એકડો, નવડો ઇ૦ [ડાંડાનુ એક વાસણ

**ડોઈ** સ્ત્રી૦ [સર૦ હિં, જુઓ ડોયો] લાંબા

**ડોક** સ્ત્રી૦ [જુઓ ડોકુ] ગળુ; કોટ, ગરદન. [-ઊંચી કરવી =કામના દબાણમાથી કે મુશ્કેલ પરિસ્થિતિમાથી બહાર નીકળવુ (૨) માથું ઊંચુ કરવુ, સામા થવુ. -ભાગી જવી, -મરડાઈ જવી =મરણ નજીક આવવુ]

**ડોકર** ન૦ [મ ડોક?] એક જાતનુ પક્ષી

**ડોકરું** વિ૦ (તુચ્છકારમા) ઘરડુ. **-રી** સ્ત્રી૦ [દે ડોક્કરી, સર૦હિં] ડોસી **-રો** પુ૦ડોસો

**ડોક(-ખ)લી** સ્ત્રી૦ [સર૦ ડોકું કે ડોઈ] (ઘી-તેલ કાઢવાની) પળી

**ડોકવું** અ૦ ક્રિ૦ [ડોકું ઉપરથી] ડોકુ કાઢીને જોવુ, ડોકિયુ કરવુ

**ડોકાબારી** સ્ત્રી૦ [ડોકુ+બારી] મોટા દરવાજામા રાખેલી નાની બારી [બહાર કાઢીને જોવુ
**ડોકા(૦૨)વું** અ૦ ક્રિ૦ ['ડોકુ' ઉપરથી] ડોકું
**ડોકિયુ** ન૦ [ડોકુ ઉપરથી] ડોકું બહાર કાઢીને કે લબાવીને જોવુ તે [**-કરવું**=જોવું, નજર નાખવી (૨) [પ્રાય૦ બ૦ વ૦ મા] છૂપી રીતે-છાનુમાનુ જોઈ લેવુ (જેમ કે, પરીક્ષામા આમ તેમ ડોકિયા ન કરવા) (૩) જરા આટો મારતા જવુ — મળતા જવુ(જેમ કે, આ બાજુ આવો તો અમારે ત્યા ડોકિયુ કરતા જજો )]
**ડોકી** સ્ત્રી૦[સર૦ મ ડોકેં] ડોક [**-ધુણાવવી**=ના કહેવુ **-ભાગી જવી,-મરડાઈ જવી**=જુઓ ડોક ભાગી જવી ઇ૦ ] **-કું** ન૦ માથું (૨)ડોકિયુ [**-આપવું**=પ્રાણ આપવા **-ઊંચું કરવું**=જુઓ ડોક ઊંચી કરવી **-કાઢવું**=ઓચિંતા આવીને હાજર થવુ **-કાપવું**=ગળુ કાપવું (૨) વિશ્વાસઘાત કરવો **-ખોવું**=જીવ ખોવો **-ઘાલવું**=વચ્ચે માથું મારવું; દખલ કરવી **-ધરવું**=વચ્ચે અડચણ નાખવી (૨)પ્રાણ આપવા તૈયારી બતાવવી **-ધુણાવવું**=ના કહેવુ **-મૂકવુ**=જીવ જવાની દરકાર ન રાખવી **-પડવું**=નાના છોકરાને થતો એક રોગ થવો ]
**ડોકો** પુ૦ કડબનો સાઠો
**ડોકટર** પુ૦ [ઇં ] દાક્તર, વિલાયતી પદ્ધતિથી વૈદુ કરનાર (૨) વિદ્યાની-પંડિતાઈની પદવી (ટૂંકમા ડૉ૦ લખાય છે) **-રી** વિ૦ દાક્તરને લગતુ કે તેની વિદ્યા સબંધી(૨)સ્ત્રી૦દાક્તરની વિદ્યા કે તેનો ધંધો
**ડોખલ** સ્ત્રી૦ નાના બાળકોનુ ટોળુ, ભૂંજરવાડ
**ડોખલી** સ્ત્રી૦ જુઓ ડોકલી, પળી
**ડોઘલી** સ્ત્રી૦ નાનુ ડોઘલુ, ઢોચકી **-લું** ન૦ પહોળા મોનો ઊંચા ઘાટનો ઘડો, ઢોચકુ (૨) વિ૦ડોઘું [**ડોઘલાં ઊડી જવાં**=સાવ હારવુ -નાસીપાસ થઈ જવુ ]
**ડોઘું** વિ૦ સાબડબોથું, બોથડ, ડોઘલુ
**ડોચકું** ન૦['ડોકુ'ઉપરથી, સર૦મ ડોચની,-કેં] માથુ (૨) ઢોચકુ; ટોચ
**ડોઝ** પું૦ [ઇં ] એક વેળા લેવાની દવાની માત્રા કે તેટલી દવા [**-લેવો**=તેટલી દવા ખાવી કે પીવી ] [પેટ, હોજરુ (તિરસ્કારમા)
**ડોઝું** ન૦ ડોઝરું (૨) જુઓ ઝાલ **-ઝરું** ન૦
**ડોટી** સ્ત્રી૦ [સર૦ મ દુટી, ઇં ડન્ગ્રોટા] એક જાતનુ જાડુ કાપડ
**ડોટો** પુ૦ ફટકો; દડાને ગેડીનો માર
**ડોડ** પુ૦મરડાટ, રીસ(૨)મોટી મોટી ઇચ્છા,કોડ
**ડોડકું** ન૦એક જાતનુ શાકફળ [**ડોડકાં છોલવાં**=કામધંધો ન હોવો (૨) નકામો વખત બગાડવો ]
**ડોડલો** પુ૦ ડોડો (લાલિત્યવાચક)
**ડોડવું** ન૦ [જુઓ ડોડો] ફળ અથવા કણસલા વાળો ગોટો, ડોડો (૨)જીડવુ, કાલુ (૩) એક જાતનુ ડોડકા જેવુ ફળ **-વો** પુ૦ ફળ, ફૂલ કે કણસલાવાળો વગર ખીલેલો ગોટો-ડોડો
**ડોડળવું** ન૦ ['ડોડો' ઉપરથી ] ફૂટી ગયેલુ આખતુ પોપચુ
**ડોડાળુ, ડોડાળુ** જુઓ 'ડોડો'મા
**ડોડી** સ્ત્રી૦ [સર૦ हि ] એક વનસ્પતિ-વેલો **-ડું** ન૦ ડોડીનુ ફળ
**ડોડો** પુ૦ [જુઓ દોડો] ફળફૂલના ગર્ભવાળો નવો ફૂટતો ગોટો (૨) દાણા ભરેલુ મકાઈનુ ડૂંડુ **-ડાવું** અ૦ક્રિ૦ ડોડો આવવો, કણસલુ નીકળવુ **-ડાળુ** વિ૦ ડોડાવાળુ
**ડોઢી** સ્ત્રી૦ [જુઓ દોઢી, हि ड्योढी] પહેરગવાળાને બેસવા કાઢેલી પડાળી-ડેલી
**ડોબરુ** ન૦[ સર૦ 'ઠોબરુ' ] ભાગેલુ-ફૂટેલુ માટીનુ વાસણ (૨) રાનીપરજનુ એક વાદ્ય
**ડોબુ** વિ૦ કઈ ન સમજે એવુ, સાવ બોથડ (૨) ન૦ [સર૦ મ ડોબડ,-ર] ભેસ [**ડોબાં ચારવાં**=અભણ રહેવુ **ડોબાં સૂંડવાં**=ડોડકા છોલવા, નકામો વખત બગાડવો.]**-બો** પુ૦ મૂર્ખ, મંદબુદ્ધિ માણસ
**ડોયણુ** ન૦ [ 'ડોયો' ઉપરથી ] ડોરણુ; ભોઈ બાવવાનુ ઘોડિયાનુ આડુ લાકડુ
**ડોયો** પુ૦ [दे डोअ]નાળિયેરને કોતરીને કરેલુ વાસણ(૨)નાળિયેરનુ ખોપું,જેમા હુકાનો મેર ઘલાય છે (૩) ડોઈ (૪) [સર૦ ઠોયો] મોટો ખીલો, ગરજો

ડોરણું ન૦ ઓરિયું (૨) જુઓ ડોયણુ
ડોલ સ્ત્રી૦ [સં. दुल् ઉપરથી? સર૦ हिं, म] બાલદી, પાણીનુ એક વાસણ (૨) પું૦ વહાણનો કૂવાથભ [કાચડો
ડોલકાચ (-ચિ, -ચીં)ડો પુ૦ રાતા ગળાનો
ડોલકાઠી સ્ત્રી૦ વહાણનો કૂવાથંભ, ડોલ(૨) તે પરના નિશાનની કાઠી
ડોલચી સ્ત્રી૦ [ડોલ+फा ची (ચેહ)] નાની ડોલ (૨) ચામડાની ડોલ (૩) પુ૦ ડોલ વડે વહાણમાથી પાણી ઉલેચનાર
ડોલચુ ન૦ [જુઓ ડોલચી] ડોલ(૨)ચામડાની ડોલ [અસ્થિર
ડોલણ(-ણિયુ) વિ૦ [ડોલવુ' ઉપરથી]ડોલતુ,
ડોલન ન૦ ['ડોલવુ' ઉપરથી, સર૦ म दोलन] ડોલવાની ક્રિયા (૨) તાલ અને ધ્વનિ દ્વારા ડોલાવે એવો શબ્દતાલ કાવ્ય, 'રીધમ' ૦શૈલી સ્ત્રી૦ ડોલન જેની મુખ્ય વસ્તુ છે એવી શૈલી
ડોલંડોલા પું૦અ૦વ૦ ['ડોલવું' ઉપરથી] આમ તેમ ડોલવુ-ઝૂલવુ તે [ચાદીનો સિક્કો
ડોલર પુ૦ [इं] અમેરિકાનો સોનાનો નવા
ડોલર(-રિયો) પુ૦ એક ફૂલઝાડ, મટમોગરો
ડોલવું અ૦ક્રિ૦ [प्रा डोल(सं दोलय्)] ઝૂલવુ, આમતેમ હાલવુ (૨) ડગવુ ચળવુ ડગમગવુ
ડોલું ન૦ [ડોલવુ' ઉપરથી] ઝોકુ (૨) ગોથુ, ધક્કો [ડોલુ ખાવું= ડોલવુ,હાલવુ,ડગવુ(૨) ઊંઘનું ઝોકુ આવવું ડોલાં આવવાં= ઝોકા ખાવા, ઊંઘ આવે એમ થવુ, ઊંઘથી ડોલવુ]
ડોલો પું૦ ['ડોલવુ' ઉપરથી] તબૂત, તાજિયો (૨) [दे डोला] મ્યાનો, પાલખી
ડોવું (ડો') સ૦ક્રિ૦ હલાવી ભેળવી દેવુ, ફીણવુ
ડોવાવું અ૦ ક્રિ૦ 'ડોવુ'નુ કર્મણિ [જીવ ડોવાવો=ચૂથાવુ, ઊલટી થવાની હોય એવી છાતીમા ગભરામણ થવી.] ડોવડાવવું (પ્રેરક)
ડોશી(-સી) સ્ત્રી૦ ઘરડી સ્ત્રી [ડોશી(૦મા)-નો રેંટિયો= ધીરેથી-ધીમી ચાલથી પણ સ્થિર ચાલતુ કામ]
ડોસલાં ન૦બ૦વ૦ પારસીઓમા મરી ગયેલા માટે દરવર્ષે કરાતી ક્રિયા. [ડોસલાં બેસવાં= પડી ભાગવુ, નરમ થઈ જવુ(૨)દેવાળું નીકળવુ.]
ડોસી સ્ત્રી૦ ડોશી. -સુ ન૦ ઘરડુ-નમાલુ માણસ-સુંડગરું ન૦ [ડોસુ+ડગરુ (दे डिग्गर ઘરડુ)]ઘરડુ-વૃદ્ધ માણસ.-સો પુ૦ ઘરડો માણસ
ડોહ પુ૦ [सं द्रह? સર૦ म] ઊડા પાણીનો ખાડો, ધરો
ડોળ પુ૦ [સર૦ म] કઠોળ ભરડતા આખો રહી ગયેલો દાણો (૨) [दे डोल] મહુડાનુ બી [ડોળ કાઢવા=આખા દાણા જુદા કાઢવા (૨) ચકવી નાખવુ, ટગડ કાઢી નાખવી.]
ડોળ,૦વા પુ૦ બ૦વ૦ [જુઓ ડોળ] ધાણીમાં ફૂટયા વગર રહી ગયેલા દાણા
ડોળ [ડૅ]પુ૦,ન૦[સર૦ म, हिं डौल] આકાર, ઘાટ (૨) બહારનો દેખાવ, ઢોંગ ૦વાલુ વિ૦ ડોળી, દભી ૦ડ(-દ)માક પુ૦ ભભકો; ઠાઠ ૦દાર વિ૦ ઘાટીલુ, દેખાવડુ
ડોળચાળણી સ્ત્રી૦ (ભરડયા પછી ડોળ જુદા કાઢવાની) ઠાળ ચાળવાની ચાળણી
ડોળવવું [ડૅ] સ૦ક્રિ૦ [જુઓ ડોળ] આકાર કરવો, ઘાટ લાવવો
ડોળવા પુ૦ બ૦ વ૦ જુઓ 'ડોળ'મા
ડોળવું ન૦ નાનુ લાકડુ-બળતણ
ડોળિયું ન૦ ['ડોળ ઉપરથી] મહુડાના ડોળનુ તેલ [નમૂનો, મુસદ્દો
ડોળિયું [ડૅ] ન૦ ['ડોળ' ઉપરથી] રૂપરેખા;
ડોળિયો વિ૦ પુ૦ લાબા શીગડાવાળો (બળદ)
ડોળિયો પું૦ [ડોળી' ઉપરથી] ડોળી ઊચકનાર, ભોઈ
ડોળી [ડૅ] વિ૦['ડોળ' ઉપરથી] ડોળવાળુ, દભી
ડોળી સ્ત્રી૦ [दे डोला] ઝૂલતી ઝોળી, માચી (જેવી કે માદાને લઈ જવાની-'સ્ટ્રેચર') (૨) માઠી ખબર, મોકાણ. [-આવવી=માઠા સમાચાર આવવા. ડોળીઓ વળવી=ભારે નુકસાન થવુ[(બદદુવા)] (૩) જુઓ મહુડાનો ડોળ
ડોળો પુ૦ [दे. डोल=આખ સર૦ म डोळा] આખનો કાચ-ગોળો (૨) આખ (૩) [લા] નજર, ધ્યાન (૪) મોરના પીછાંનો ચાલ્લો [ડોળા ઊઘડવા=ચ નક લાગવી, અક્કલ

આવવી. -ઊંચે ચડી જવા=તોર કે ગર્વ આવવો (૨) આશ્ચર્ય પામવું. -કાઢવા= ધમકાવવું; ગુસ્સો બતાવવો -ખેંચાવવા= રાહ જોવરાવવી -દેખાડવા=ડોળા કાઢવા -ફાડવા=તાકીને જોવું(૨)ધમકાવવું -ફૂટવા= આંધળું થવું, ન દેખવું -ફેરવવા=જોવું, ધારી ધારીને જોવું ડોળો ખૂંપવો=ફાવવું (૨) લલચાવું -ચસકવો=લલચાવું -ડૂબવો= મન માનવું -ફટકી જવો=આંખ ફાટી જવી, મરણ સમીપ આવવું (૨) આશ્ચર્યચકિત થવું (૩) ઈર્ષા થવી. -ફરવો=ચક્કર આવવા (૨) ગાંડું કે ઘેલું થવું -ફરી જવો=મરણ સમીપ હોવું (૨) ગુસ્સે થવું (૩) ઈર્ષા આવવી -ફેરવવો=ગુસ્સો કરવો -રાખવો=સંભાળ રાખવી, તકેદારી રાખવી]

ડોળો (ડૉ'?) પું૰[सं दोहद, प्रा. डोहल, સર૰ म. डोहळा, हिं डोला] ગર્ભવતીના દોહદ (૨) પહેલું આણું

ડોંચવું સ૰ક્રિ૰(કા.) ખેંચવું, ખેંચીને અટકાવવું (૨) ટોકવું

ડ્રાફ્ટ સ્ત્રી૰ [इं] ડૂકાથી રમાતી એક અંગ્રેજી [બાજી-રમત

ડ્રાઉં, ૦ડ્રાઉં અ૰ [રવ૰] દેડકાનો અવાજ

ડ્રાઇવર પું૰[इं] (રેલવે ઇન્જિન કે મોટર)હાંકનાર

ડ્રામ પું૰ [इं] પ્રવાહીનું એક અંગ્રેજી માપ (જેમ કે, દવામાં ચાલે છે લગભગ એકાદ આનીભાર જેટલું) [કવાયતનો શિક્ષક

ડ્રિલ સ્ત્રી૰ [इं.] કવાયત. ૦માસ્તર પું૰

ડ્રેસ પું૰ [इं] પોશાક, પહેરવેશ

ડ્રેસિંગ ન૰ [इं] ઘા, ફોડા ઇ૰ ધોઈ મલમપટ્ટી ઇ૰ કરવા તે (-કરવું, -કરાવવું)

ડ્રૉઇંગ ન૰ [इं] ચિત્રકામ, રેખાથી આકૃતિ ચીતરવી તે ૦માસ્તર પું૰ ચિત્રકામનો શિક્ષક

## ઢ

ઢ પું૰[सं] મૂર્ધસ્થાની ચોથો વ્યંજન(૨)[સર૰ म] સાવ અજ્ઞાન-ઠોઠ માણસ ૦કાર પું૰ ઢ અક્ષર કે એનો ઉચ્ચાર ૦કારાંત વિ૰[सं] છેડે ઢકારવાળું ૦ઢા પું૰ ઢકાર(૨)ઠોઠ માણસ

ઢકેલ સ્ત્રી૰ [સર૰ हिं ढकेलना, म ढकलणें= ધકેલવું] કુસ્તીમાં એક દાવ

ઢગ પું૰ [સર૰ म ढग, ढीग] ઢગલો, ગંજ [-મારવો=ઢગલો કરવો] (૨) સ્ત્રી૰ (કા) આણું, આણામાં આવેલાં માણસો ૦(૦લા)-બાજી સ્ત્રી૰ પત્તાની એક બાજી

ઢગરુ ન૰, -રો પું૰ [જુઓ ધગડો] ઢૂસો

ઢગરો પું૰ [જુઓ ધગડું] હલકા પગારનો સિપાઈ (૨) જુઓ 'ઢગરુ'માં

ઢગલો પું૰ ['ઢગ' ઉપરથી] પુંજ ખડકલો [-થઈ જવું=સાવ ઢીલું કે અશક્ત થઈ જવું, નાસીપાસ થવું -વળી જવો=એકસામટું ભેગું થઈ જવું(૨)ઢગલો થઈ જવું]-લાબંધ વિ૰(૨)અ૰ ઘણું, પુષ્કળ -લી સ્ત્રી૰ નાનો ઢગલો -લેઢગલા પું૰ બ૰ વ૰ ઢગલા ને ઢગલા, અતિ-ખૂબ હોવું તે

ઢગો પું૰ બળદિયો(૨)ઢ-મૂર્ખ-બેવકૂફ આદમી

ઢચક ઢચક અ૰ [રવ૰, સર૰ दे ढगढगा] જેમ કે પાણી પીવાનો અવાજ

ઢચરો પું૰ [જુઓ ઢચ્ચર સર૰ ટચરો, हिं. ढचर] ડોકરો -રી સ્ત્રી૰ ડોકરી

ઢચુપચુ વિ૰ [રવ૰? સર૰ म ढग(-गा) ढग(-गा)] અનિશ્ચિત, ડગુમગુ

ઢચૂક ૦ઢચૂક અ૰ [રવ૰]

ઢચ્ચર વિ૰[સર૰ हिं ढचर, જુઓ ટચરુ; दे. ढड्ढर=वृद्ध]બહુ ઘરડું, ખોખા જેવું-જીર્ણ

ઢડ અ૰ [રવ૰] ધડ-આઘાતનો અવાજ (ઢડ દઈને ચોડી દીધી)

ઢડકો પું૰ [રવ૰] ઢેકો

ઢ(૦ણ)ઢણવું, ઢ(૦ણ)ઢણાવવું, ઢ(૦ણ)-ઢણાટ જુઓ 'ઢણઢણ'માં

ઢઢુમઢુ વિ૰ [સર૰ મટેલું] ચારે બાજુથી ઓઢેલું એવું (કા) ઉદા૰ ઓઢીને ઢઢુમઢુ થઈને બેઠા.

ઢઢ્ઢો પું૰ જુઓ 'ઢ'માં (૨) [સર૰ हि ठड्डा, ढड्ढा दे ठड्ढ=જડ, સ્તબ્ધ; म. ढड्डा= મોટો પતંગ]પતંગ વચ્ચેની ઊભી જાડી અક્કડ સળી કે ચીપટ (બીજી તે કમાન)

ઢણક(-કા)વું અ૰ ક્રિ૰ [રવ૰, અથડાવા કે

અફળાવાનો અવાજ] વગર કામે રખડવુ,રઝળવું
ઢણુકો પું૦ [સર૦ ઢળવું] (સુ) ઊંઘનુ ઝોકું
ઢણઢણ અ૦ [રવ૦, સર૦ म.] ૦વું અ૦ક્રિ૦ [સર૦ प्रा ढणिय, स ध्वनित; म. ढणढणणें] ઢણઢણ એમ વાગવું(૨)જોરથી બધુ એકસાથે હાલી ઊઠવુ, ધણધણવુ. –ણાટ પુ૦ ઢણઢણ અવાજ. –ણાવવું સ૦ ક્રિ૦ (પ્રેરક)
ઢપ સ્ત્રી૦ + [સર૦ म] ઢબ
ઢફ અ૦ [રવ૦] [પડવાનો અવાજ]
ઢબ સ્ત્રી૦ [સર૦ म, हिं.]રીત, પદ્ધતિ ૦છબ સ્ત્રી૦ રીતભાત,પદ્ધતિ,છટા. ૦દાર વિ૦ ઢબવાળુ (૨) છટાદાર
ઢબ અ૦ [રવ૦] પડવાનો અવાજ [ઢબ દઈને પડવું](૨)શૂન્ય,ધબ ૦ઢબવું અ૦ક્રિ૦ એવો અવાજ કરવો (ઉદા૦ તરવામા) ૦ઢબિયાં ન૦બ૦વ૦ ઢબ ઢબ કરવુ તે. ૦વું અ૦ ક્રિ૦ ઢબ ઢબ એવો અવાજ કરવો (૨) ડૂબવુ, બૂડી જવું (૩) ધબી જવું, મરી જવુ
ઢબુ(–બૂડી) સ્ત્રી૦ [જુઓ ઢબૂલો] ઢીંગલી
ઢબુ(–બ્બુ)પું૦[સર૦ म. ढबू(–ब्बू), का डब्बु, ते डब्बु] ઢબુવો, બેવડિયો પૈસો(૨)જુઓ ઢબો
ઢબુડાવવું સ૦ ક્રિ૦ ઢબૂડવું'નુ પ્રેરક
ઢબુડા(–રા)વવું સ૦ ક્રિ૦, ઢબુડા(–રા)વું અ૦ક્રિ૦ 'ઢબૂડવુ'નુ પ્રેરક ને કર્મણિ
ઢબુવો પું૦ [સર૦ हिं ढबुआ] બેવડિયો પૈસો (૨) [સર૦ म ढब्बो] જુઓ ઢબો
ઢબૂકવું અ૦ ક્રિ૦ [રવ૦] ઢોલનુ વાગવું (૨) પાણીમા ડૂબકા ખાવા
ઢબૂડ(–ર)વું સ૦ ક્રિ૦ ['ઢબ' કરવુ] બરાબર ઓઢાડીને સુવાડવુ(૨)થાબડવુ (વહાલમા)(૩) ઢીબવુ, મારવુ
ઢબૂડી સ્ત્રી૦ [જુઓ 'ઢબુ' સ્ત્રી૦] ઢીંગલી
ઢબૂરવું સ૦ક્રિ૦ જુઓ ઢબૂડવુ
ઢબૂલો પુ૦ [સર૦ म ढबुला] ઢીંગલો(૨) ઢોઢ– ભોટ આદમી
ઢબો(–બ્બો) પું૦ ['ઢબ'=શૂન્ય ઉપરથી ? म. ढब्बो, हिं डप्पू] બેવકૂફ આદમી(૨)બાયલો –નામર્દ આદમી
ઢમ અ૦ [રવ૦] (૨) ન૦ (બાળભાષામા) ઢોલ
ઢમક, ૦ઢમક અ૦ [રવ૦]ઢોલનો અવાજ. ૦વું અ૦ ક્રિ૦ ઢમ ઢમ થવુ –કારો, –કો પું૦ ઢોલનો અવાજ
ઢમઢમ અ૦ [રવ૦] ઢોલનો અવાજ
ઢમઢોલ વિ૦ ઢોલ જેવુ ફૂલેલુ,ખૂબ જાડું દેખાતુ
ઢમાક અ૦ (૨) પુ૦ [રવ૦] ઢોલનો અવાજ
ઢરડકો પું૦ [રવ૦]ઢરડવાનો અવાજ(૨)જુઓ ઢૈડકો [મૂકવો
ઢરડવું સ૦ક્રિ૦ [રવ૦] ઢસડવુ; ઘસડવુ(૨)ઢૈડકો
ઢરડો પુ૦ ['ઢસડવુ' ઉપરથી] ઢસરડો, વેઠ, અરસિક વૈતરુ [વપરાય છે ઢીલુ ઢસ
ઢસ વિ૦ [प्रा ढस=ઢસી પડવુ] 'ઢીલુ' જોડે
ઢસ(૦ર)ડવું સ૦ક્રિ૦ [જુઓ ઢરડવુ] જમીન સાથે ખેંચવુ, ઘસડવુ (૨) [લા] વેઠ ઊતારવી (૩)ગમે તેમ લખી કાઢવું (૪) કોઈ કામ ગમે તેમ ખેંચી નાખવુ
ઢસ(૦ર)ડો પું૦ ['ઢસડવુ' પરથી]-ઢસડાવાથી થયેલો ઘસરકો (૨) જુઓ ઢરડો
ઢસલું(–ળું) વિ૦ [જુઓ ઢસ, સર૦ म ढसळ] આળસુ, સુસ્ત(૨)કાચા કાનનુ –ભોળું
ઢસવું, ઢસળવુ અ૦ક્રિ૦ [प्रा ढंस, સર૦ हि ढहना, म ढसळणें] ઢગલો થઈને (જેમ કે મકાન, ભીત, ભેખડ ઇ૦) પડી જવુ
ઢસું ન૦ દડ, ઝીણી રેતી [ઢસલુ
ઢસોર વિ૦ નઠોર લાગણીહીન(૨)એદી,આળસુ;
ઢળકવું અ૦ક્રિ૦ [જુઓ ઢળવુ] ઢળવુ, નમતુ રહેવુ (૨) નમતુ રહેવાથી સુદર દેખાવુ
ઢળવું અ૦ક્રિ૦ [दे ढल] આડું થવું,એક બાજુ નમવુ(૨) પ્રવાહી પદાર્થનુ બહાર નીકળી જવુ (૩)બીબામાં રેડાઈ તે ઘાટના થવુ (૪) [લા] અમુક વલણ તરફ વળવુ [ઢળી પડવું= બેહોશ થઈ કે મરણ પામી ગબડી પડવુ (૨) એક નિશ્ચયમાથી બીજી બાજુ નમી જવુ]
ઢળાવવું સ૦ક્રિ૦ 'ઢળવુ' અને 'ઢાળવુ'નુ પ્રેરક
ઢળાવું અ૦ક્રિ૦'ઢાળવુ'નુ કર્મણિ ને 'ઢળવુ'નું ભાવે
ઢળિયાં ન૦ બ૦ વ૦ સાદાપાયના આક
ઢળિયુ ન૦ [સર૦ हिं ढेला] ઢેફું (૨) રોડ
ઢળ્યા અ૦ ['ઢળવુ' ઉપરથી] ('મૂઆ'–ની જેમ મા છોકરાને કહે છે)

ઢંકાવું અ૦ ક્રિ૦ [જુઓ ઢાંકવુ] 'ઢાકવું'નું કર્મણિ [ઢંકાયેલો હીરો=પ્રસિદ્ધિમાં ન આવેલો દૈવતવાળો માણસ ઢંકાયેલી પીઠ=દાબડદીબડ નભી રહેલી કીર્તિ] -વવું સ૦ક્રિ૦ 'ઢાકવું'નું પ્રેરક

ઢંગ પુ૦ [સર૦ हिं, म] વર્તન, રીતભાત (૨) ચેનચાળા, ઢાળો (૩) રીત, ઢબ, પ્રકાર [ઢંગે, ઢંગમાં રહેવું=વિવેક મર્યાદામા — ઘટતી ભાનભાનથી વર્તવું, સારો ઢંગ રાખવો. ઢંગમાં આવવું=કાઈક ઠીક કે યોગ્ય ગણાય એવી દશામા આવવુ] ૦ઢાળ પુ૦ ઢંગવડો, ઠેકાણું (૨) ઘાટ, આકાર ૦ધડો પુ૦ઠેકાણુ વિશ્વાસ પડે એવું વર્તન

ઢંઢ વિ૦ [સર૦ दे ढड = દભી] ('પોલુ' જોડે વપરાય છે — પોલુ ઢંઢ) સાવ પોલુ

ઢંઢા(-ઢે)ર વિ૦ ['ઢમઢોલ'ની જેમ પોલાપણાનો રવ૦] ગ જાવર, મોટુ

ઢંઢેરો પું૦[સર૦ म ढाडोरा, हिं ढँढोरा]જાહેરનામુ (૨) સરકારી જાહેરનામુ [-પીટવો=જાહેર કરવું, જાહેરનામુ બહાર પાડવુ]

ઢંઢોળવું સ૦ક્રિ૦ [प्रा ढढोल्ल=ધૂમતુ ફરવુ] (જગાડવા માટે) ખૂબ હલાવવુ

ઢાકઢોળ પુ૦ [સર૦ ઢાળો] ડોળ, ઘાટ

ઢાકળો પુ૦ [જુઓ ઢાળકો] રીતભાત, ઢંગ (૨) ડહાપણ, સમજદારી (૩) વિવેક, નમ્રતા, લાજ (૪) ઢંગ, ભલીવાર

ઢાકોઢું(-ઢૂં)બો, ઢાકોઢૂમો પું૦ ['ઢાકવું' પરથી]ઢાંકેલુ ખાવાનુ કે ઘરમા ઉઘાડું હોય તે તપાસી કરીને ઢાકવું—બધ કરવું તે

ઢાચલું ન૦ ભડકું (રાનીપરજ લોકોનુ)

ઢાઢી પું૦ [हिं] એક જાતનો માગણ (૨) [दे. ढड्ढ = ભેરી] શરણાઈ વગાડનારો

ઢાલ સ્ત્રી૦[सं]પ્રહાર—ઝટકો. ઝીલવાનુ ચામડાનુ એક સાધન (૨) [લા.] રક્ષક વસ્તુ ૦ગર પું૦ ઢાલ બનાવનાર ૦ગરવાડ સ્ત્રી૦, ૦ગરવાડો પુ૦ ઢાલગર લોકોનો મહોલ્લો

ઢાળ પું૦['ઢાળવું' ઉપરથી.સર૦ दे ढाल=ઢાળવુ] ઢોળાવ, ઉતાર (૨) રીત ઢબ ઢાળો, ઢંગ(૩) ગાવાની ઢબ (૪) સબંધ, ઘરોઓ(૫)ખેતરના પાકનો અદાજ [-ઉતારવો=ઘાટ ઉતારવો (૨) બરાબર ઢળતુ રાખવું (૩) ઢળતો રસ્તો પાર કરાવવો (૪) સરખું કરવુ -ઊતરવો=જોગ આવવો (૨) ઢોળાવ ઉપરથી નીચે ઊતરવુ, ઢોળાવ પાર કરવો -પડવો=એક તરફ ઢળતુ રહેવુ ઢાળમાં ગાવું=રાગ પ્રમાણે—ઢંગમા ગાવુ. ઢાળે પાડવું=રાગે પાડવુ વ્યવસ્થિત ચાલે તેમ કરવુ.]

ઢાળકી સ્ત્રી૦ [ઢાળવુ પરથી] ધાતુને ગાળીને પાડેલી લગડી -કો પું૦મોટી ઢાળકી(૨)ઢંગ, વર્તણૂક (૩) કામકાજની સફાઈ—આવડ, ભલીવાર (૪) સમજણ [-આવવો=ભલીવાર આવવો]-ણી સ્ત્રી૦કાપણી(૨)ધાતુ ઢાળવાની ક્રિયા કે રીત (૩) બીબા ઢાળવાની આવડત

ઢાળદાર વિ૦ ઢાળ—ઢોળાવવાળુ

ઢાળવુ સ૦ ક્રિ૦[दे. ढाल =નીચે નાંખવુ (૨) ચામર કે ત્રા ઢોળવો. સર૦ हिं ढालना, म 'ढाळणें']નીચે નાખવુ, નમાવવુ(જેમ કે આખ) (૨) પાથરવું (જેમ કે ખાટલો) (૩) ટીપાં રૂપે પાડવું, ગેરવવું (જેમ કે આસુ) (૪) પાકની કાપણી કરવી (૫) પાકનો અદાજ કાઢવો (૬) ગાળીને ઢાળકી પાડવી, બીબામા રેડવું (૭) ન૦ ડાળી વગેરેના બેરા સાલ્લા ઉપર જે લૂગડુ આવે છે તે

ઢાળિયુ વિ૦ ઢાળદાર (૨) ન૦ ઢાળકી (૩) ઢાળવાળુ ખેતર કે જમીન(૪)એક જ ઢાળ—બાજુવાળુ છાપરુ (૫) ઢાળદાર મેજ. -યો પુ૦ કાપણી કરનારો માણસ (૨) ખેતરમા પાણી લઈ જવાનો આવેલો ઢાળદાર માર્ગ (૩) ઢાળેલો પાસલો—ઘાટ

ઢાળો પુ૦ આરામ વિશ્રાતિ (૨) ઢંગ, રીતભાત (૩) પદ્ધતિ ઢબ [-કરવો=મુસાફરીમા થાક ખાવા મુકામ કરવો(૨)બપોરે જમીને આરામ કરવો (ઉત્તર ગુજરાત).]

ઢાંકણ (૦) ન૦ [જુઓ ઢાંકવુ] ઢાકણુ (૨) સરક્ષણ (૩) ઢાકવુ તે -ણિયું વિ૦ ઢાંકે એવુ (૨) ન૦ જુઓ ઢાકણું -ણી સ્ત્રી૦ નાનું ઢાકણું (ખાસ કરીને હાલ્લીનુ) (૨) ઘૂંટણ ઉપરનુ હાડકું [ઢાંકણીમાં પાણી ઘાલી

બૂડી મરવું=લાજના માર્યા મો ન બતાવવું.]
-ણું નo વસ્તુને ઢાંકવા તેને બેસતો કરેલો કાંઈ પણ ઘાટ (૨) ઢાકનારું કાંઈ પણ
**ઢાંકણિયો** (૦) પુંo જેના પૂછડાના ગુચ્છાની અંદર ધોળા વાળ હોય એવો બળદ
**ઢાંકપછેડો, ઢાંકપિછોડો** (૦) પુંo (ઢાકવું+પછેડો, પિછોડો) દોષ છુપાવવાની યુક્તિ-બહાનું (૨) ટપલાબાજીની છોકરાની એક રમત [-કરવો=છુપાવવું; છુપાવવા માટે બહાનું આગળ કરવું]
**ઢાંકવું** (૦) સo ક્રિo [દે ढक्क] કશા વડે વસ્તુને આવરવી-તેની ઉપર ગોઠવવું, મૂકવું કે પાથરવુ (૨) સંતાડવુ, ગુપ્ત રાખવું. [ઢાંક્યાં ઉઘાડાં જોવાં=સારાનરસાં કાર્યની ખણખોત કરવી.]
**ઢાંકેલઢૂંકેલ** (૦) વિo['ઢાંકવુ' ઉપરથી] ઢાંકેલુ-ઢબૂરેલુ, ગુપ્ત રાખેલુ [ઢાંકોઢૂંબો
**ઢાંકોઢું(-ઢૂં)બો, ઢાંકોઢૂમો** પુંo જુઓ
**ઢાંક્યું** વિo ['ઢાકવું'નુ ભૂo કૃo] ઢાકેલુ, ગુપ્ત (૨)નo ઘેર પહોચાડેલુ પિરસણ.oઘીક્યું વિo અંતરની ગુપ્ત ચિંતાથી બળી રહેલુ-દુખી
**ઢાંગરું** (૦) નo મોટી જાડી કાકડી, આરિયુ
**ઢાંઢું** (૦) નo મરી ગયેલું ઢોર
**ઢાંઢો** (૦) પુo [સરo મ धाडा] મોટો બળદ
**ઢિગાર** પુo [સરo મ] ઢગ; ઢગલો
**ઢિચાવવું** સoક્રિo, **ઢિચાવું** અoક્રિo 'ઢીચવુ'નું પ્રેરક ને કર્મણિ [કર્મણિ ને પ્રેરક
**ઢિબાવું**oઅoક્રિo, **-વવું** સoક્રિo 'ઢીબવુ'નુ
**ઢિમરિયો** પુo જુઓ ઢીમડો ['ઢીંગલી'માં
**ઢિંગલી** સ્રીo, **-લું** નo, **-લો** પુo જુઓ
**ઢીક** સ્રીo, **oણું** વિo જુઓ 'ઢીક'મા
**ઢીકલી** સ્રીo પથરા મારવાનુ ગીંટડા જેવુ એક પ્રાચીન યંત્ર [-કાપાટુ
**ઢીકો** પુo, **-કાપાટુ** સ્રીo, નo જુઓ ઢીકો,
**ઢીચ** વિo મજબૂત, દૃઢ
**ઢીચવું** સo ક્રિo જુઓ ઢીંચવુ
**ઢીબ** પુo મોટો પથરો(૨)અo[રવo] ધીબ oવું સoક્રિo ધીબવું, માર મારવો
**ઢીમ** સ્રીo, નo સોનાની લગડી

**ઢીમચું(-ચુ)** નo [સરo हिं. ढीम] ઢીમચુ (૨) માટીની જાડી કોઠી (૩) [લા] ગટ્ટું છોકરું (૪) માથું
**ઢીમડું(-ણું)** નo[સરoમ.ढिमा]જુઓ ઢીમચું
**ઢીમડો** પુંo એક વનસ્પતિ
**ઢીમણું** નo ગાઠ જેવો કઠણ સોજો (૨) જેના ઉપર મૂકીને છૂંદાય તેવો લાકડાનો કકડો,ઢીમલુ
**ઢીમર** પુંo [સ. धीवर, સરo મ ढि(-ढी)वर] માછી (૨) ખારવો
**ઢીમસું** નo જુઓ ઢીમચુ
**ઢીમું** નo ઢીમણું, ગૂમડું
**ઢીલ** સ્રીo [દે. ढिल्ल, સરo हिं, મ] વાર,વિલંબ (૨) તંગથી ઊલટું-શિથિલ હોવાપણું (૩) [લા] બેદરકારી. [-પડવી=ઢીલુ થવું, તંગ મટી જવું -મૂકવી=ઢીલુ કરવુ, તંગ ન રાખવુ(૨) પતંગની દોરી તે ખમે તેથી વધારે છોડવી **ઢીલમાં પડવું**=વિલબ થવો (૨) બેદરકારીમા જવુ ]oગંઢું વિo બીકણ,બાયલુ
**ઢીલું** વિo [જુઓ ઢીલ] ખેચમા શિથિલ, તંગ ન હોય એવું(૨) કઠણ નહિ એવુ, પોચું (૩) [લા] હિંમત વિનાનુ(૪)કમજોર(૫)સુસ્ત,ધીરું, મંદ [**ઢીલી છાતીનું**=કમજોર, બીકણ **ઢીલી દાળનું ખાનારું**=કમજોર, પોચુ **ઢીલી દોરી મૂકવી**=રહેમ-નજર રાખવી, છૂટછાટ આપવી **ઢીલુ પડવું**=ઢીલુ થવુ. **ઢીલું મૂકવું**=નમતુ મૂકવુ; રાહત આપવી; છૂટછાટ આપવી ] oઢસ વિo સાવ ઢીલુ
**ઢીંક** સ્રીo [રવo] ધીબકો, ધપ્પો (-મારવી)
**ઢીંકણી** સ્રીo [સરo हिं. ढेंकली, ढेंकी] પૈવા ખાડવાની મોટી ખાડણી
**ઢીંકણું** વિo [સરo हि फलाना ढिमका] ફલાણું, અમુક ('ફલાણુ' સાથે એ વપરાય છે, એકલુ નહિ)
**ઢીંકવો** પુo [दे ढेंका] નદી કે તળાવના સૂકા તળિયામા પાણી માટે ખોદેલો ખાડો
**ઢીંકૂડી** સ્રીo નાનો ઢીકવો
**ઢીંકો** પુo [રવo] ઢીકો, મુક્કી; ગદ્દો, ઠાસો. -કાપાટુ નoબoવo [ઢીંકો+પાટુ] ધીબકા અને લાતોથી કરેલી મારામારી, મસ્તી

**ઢીંગઢીંગી** સ્ત્રી૦[રવ૦]એક જાતનું વાદ્ય–નગારું
**ઢીંગલી** સ્ત્રી૦ નારીરૂપની પૂતળી (૨) [લા.] ઢીંગલી પેઠે બનેલી ઠનેલી નાના બાંધાની સ્ત્રી, નાની શણગાર સજેલી સ્ત્રી –**લું** ન૦ પૂતળું–રમકડું. –**લો** પું૦ નરરૂપની પૂતળી
**ઢીંચ** સ્ત્રી૦ [જુઓ ઢીંચવું]પીવાનું અકરાંતિયાપણું
**ઢીંચણ** પું૦ ઘૂંટણ, પગનો ઢાંકણીવાળો સાંધો –ભાગ [–**માંડવા**=(બાળકે)ચાલતાં શીખવું –**ભાગવા** સ૦ક્રિ૦=ઘૂંટણ ઉપર માર મારીને પાંગળું કરવું (૨) અ૦ક્રિ૦ હિંમત હારી જવી (૩) જીવનનો આધાર જવો, પાયમાલ થવું– **ઢીંચણે પડવું**=ઢીંચણથી નમીને પગે લાગવું ] ૦**પૂર** વિ૦ ઢીંચણ સુધી આવે એટલું –**ણિયું** વિ૦ ઢીંચણ જેટલું ઊંચું (૨) જેનું પૂછડું ઢીંચણે અડતું હોય એવું (૩) ન૦ ઢીંચણ નીચે મૂકવાનું ટેકણ (૪). ઢીંચણ, ઘૂંટણિયું
**ઢીંચવું** સ૦ક્રિ૦ [રવ૦ ? સર૦ हिं. ढोकना ] હદથી વધારે પીવું (૨) પીવું (તિરસ્કારમાં). (૩) [લા.] દારૂ પીવો. **ઢીંચાવવું** (પ્રેરક) **ઢીંચાવું** (કર્મણિ)
**ઢીંચાં** ન૦ બ૦ વ૦ [ સર૦ हिं ढौंचा, प्रा अड्ढ=અર્ધ +चउ=ચાર ] સાડા ચારનો આંક, ઢૂંચા
**ઢુકાવવું** સ૦ ક્રિ૦, **ઢુકાવું** અ૦ ક્રિ૦ ' ઢૂકવું'નું [પ્રેરક ને ભાવે
**ઢૂકડું** વિ૦ [જુઓ ઢૂંકડું] નજીક
**ઢૂકવું** સ૦ ક્રિ૦ [ જુઓ ઢૂંકવું ] નજીક જવું
**ઢૂવો** પું૦રણમાં રેતી ઊડીને થતો ઢગલો(૨)ઝાડી
**ઢૂસ** વિ૦ [રવ૦] નકામું, રદ્દી (૨) સ્ત્રી૦ [જુઓ ઠૂસ] દમ
**ઢૂંકઢૂંકાં** અ૦ [જુઓ ઢૂંકડું ] પાસે, બહુ પાસે
**ઢૂંકડું** વિ૦ [ જુઓ ઢૂંકવું] ઢૂકડું, નજીક, દૂર નહિ એવું
**ઢૂંકવું** અ૦ ક્રિ૦ [ सं ढौक्, प्रा॰ ढुक्क ] ઢૂકવું, નજીક જવું. **ઢૂંકાવવું** (પ્રેરક) **ઢૂંકાવું**(ભાવે)
**ઢૂંકું** વિ૦ જુઓ ઢૂકડું ; ઢૂકડું
**ઢૂંગલું** ન૦ [સર૦ ધૂંગું] રોપાની આસપાસ કરાતી વાડ, વાડોલિયું
**ઢૂંગવું** સ૦ક્રિ૦ [સર૦ ઢૂંગવું] ખાવું. **ઢૂંગાવવું** (પ્રેરક). **ઢૂંગાવું** (કર્મણિ)
**ઢૂંગું** ન૦ ( રમતમાં ) બે પક્ષમાંનો એક (૨) ઘાસ કે ચારાનો ભારો (સુ)
**ઢૂંચાં** ન૦ બ૦ વ૦ જુઓ ઢીંચાં
**ઢૂંઢણી** સ્ત્રી૦ એક રમત, ખોળિયો પાડો
**ઢૂંઢવું** સ૦ક્રિ૦[सं ढुंढन; हिं ढूँढ़ना, दे. ढुंढुल्ल] શોધવું, ખોળવું. **ઢૂંઢાવવું** (પ્રેરક). **ઢૂંઢાવું** (કર્મણિ)
**ઢૂંઢ(–ણ)સું** ન૦ કણસલામાંથી બાજરીના દાણા કાઢી લીધા પછી રહેતું ફોતરું, ઢૂંઢું
**ઢૂંઢિયો** પું૦ ['ઢૂંઢવું' ઉપરથી] જૈન ધર્મનો એક સંપ્રદાય (૨) એ સંપ્રદાયનો આદમી
**ઢૂંઢી** સ્ત્રી૦ એક રમત; ઘટીખીલડો
**ઢૂંઢું**(–**ણસું**,–**સું**) ન૦ જુઓ ઢૂંઢસું
**ઢૂંસો** પું૦ વઉંનો જાડો મોટો ભાખરો (૨) ધૂંસો, જાડો કામળો
**ઢેક** વિ૦ ઢેક, છેલ્લું (રમતમાં વપરાય છે)
**ઢેકબગલો** પું૦ [सं ढेंक+બગલો] એક પક્ષી
**ઢેકલી** સ્ત્રી૦ નાનો ઢેકો–ગાંઠ (૨) નાની ટેકરી
**ઢેકલો**(–**વો**) પું૦ મોટી ઢેકલી, ઢેકો, ખૂંધ
**ઢેકવો** પું૦ ઢેકલો (૨) [सं. ढेंक ઉપરથી, हिं. ढेंकली] કૂવામાંથી પાણી ખેંચવાનું એક યંત્ર
**ઢેકાઢળિયા, ઢેકાઢૈયા** પું૦ બ૦ વ૦ [ઢેકા+ઢળિયા (ઢળવું ઉપરથી)] ઊંચીનીચી –અસમાન જમીન, ખાડાટેકરા
**ઢેફૂટ** સ્ત્રી૦ માથાફૂટ, કડાકૂટ
**ઢેફૂડી** સ્ત્રી૦ જુઓ ઢીફૂડી
**ઢેકો** પું૦ઊપસેલો ભાગ, ટેકરો (૨) [શ પ્ર. મા] શરીર પર ઢેકા પેઠે દેખાતો હાડકાવાળો ભાગ (જેમ કે કેડ, પીઠ). [–**નમવો**=હાડકાં વળવાં, નીચું નમી કામ કરવું ]
**ઢેખલો, ઢેખાળો** પું૦ [સર૦ हिं ढेला] ઈંટનો કકડો. રોડું. [**ઢેખલાની પેઠે અથડાવું**=અર્થ વિના અહીં તહીં રખડવું–ટિચાવું ]
**ઢેખાળી** સ્ત્રી૦ નાનો ઢેખાળો (૨) ઈંટનો ભૂકો
**ઢેડ**(–**ઢ**) પું૦ [સર૦ हिं. ढेढ़]એ નામની એક અંત્યજ જાતનો આદમી. ૦**ગુજરાતી** સ્ત્રી૦ અંગ્રેજી મિશ્રણવાળી ગુજરાતી ૦**ણ** સ્ત્રી૦ ઢેડની કે ઢેડ જાતની સ્ત્રી ૦**ફજેતી** સ્ત્રી૦, ૦**ફજેતો** પું૦જાહેર ફજેતી; ખરાબમાં ખરાબ

ફજેતી ૦વાડો પુ૦ ઢેડ લોકોનો લત્તો (૨) [લા.] ગદી–અસ્વચ્છ જગા; ગદકી. –ડા-(–ઢા)ઉ વિ૦ ઢેડનુ,–ને લગતુ (૨) ઢેડનુ વણેલુ.–ડિ(–ઢિ)યું વિ૦ ઢેડાઉ.–ડિ(–ઢિ)યો પુ૦ ઢેડ. –ડી,–ઢ(–ય)ડી સ્ત્રી૦ ઢેડણ –ડું વિ૦ ઢેડાઉ (૨) ન૦ એઠવાડ લૂટી ખાનાર હલકી વર્ણનુ ટોળુ.–ડો પુ૦ઢેડ(તુચ્છકારમા)

ઢેપલી સ્ત્રી૦ [જુઓ ઢેપુ] નાનુ–ચપટુ ઢેફુ; થેપલી –લું ન૦ રોડુ, ઢેપુ (૨) ચોસલુ,દગડુ

ઢેપું(–ફું) ન૦ [સર૦ મ ढेप, हिं. ढेंप] જુઓ ઢેપલું [–કાઢી નાખવું=માર મારી હલકુ કરવુ ઢેપાં ભાંગીને ધૂળ કરવી=નકામા ટાટિયા તોડવા, નકામી મહેનત કરવી.]

ઢેબરું ન૦ ['ઢેપુ' પરથી ? સર૦ મ ढेब(–म)रें] એક ખાવાની વાની. [ઢેબરાં બાંધીને=સાથે ભાથુ લઈને (૨) [લા.] બરોબર નિરાત કરીને. ઢેબરાં બંધાવવાં=રવાના કરવું (૨) રુખસત આપવી –બાંધવાં=જવુ (૨) રુખસત મળવી] –રિયું વિ૦ ઢેબરા બાધીને નીકળેલુ (સઘ માટે)

ઢેબો પુ૦ સોજો, ગડબ, ઢેકો (૨) ઢેસલો

ઢેમણો પુ૦ એક વનસ્પતિ–ઔષધિ

ઢેર પુ૦ [हिं.] ઢગલો –રી સ્ત્રી૦ ઢગલી

ઢેલ,૦ડી સ્ત્રી૦ [प्रा. ढेणियालिया] મોરની માદા

ઢેસકું ન૦ એક ઘરેણું(૨)જાડો રોટલો(૩)પોદળો

ઢેસરો(–લો,–ળો) પુ૦ પોદળો. [–મૂકવો= પોદળો મૂકવા પેઠે અઘવુ]

ઢેક (ઢૅ૦) વિ૦ ઢેક (૨) તદ્દન હલકી કોટિનુ

ઢેંગા (ઢૅ૦) વિ૦ આળસુ, એદી [માદા

ઢેંચલો (ઢૅ૦) પુ૦ એક પખી –લી સ્ત્રી૦ તેની

ઢેંચવો (ઢૅ૦) પુ૦ એક પખી

ઢૈઠ ન૦ [રવ૦] વાછૂટનો અવાજ. ૦કું ન૦, ૦કો પુ૦ ઢૈઠ અવાજ સાથેની વાછટ. [–મૂકવો=ઢૈઠ અવાજથી વાછૂટ કરવી.]

ઢૈયું ન૦ મોટું ઢેફુ

ઢૈયો પુ૦ ઢગલો, ટેકરો

ઢોકળિયું વિ૦ વચનાથી જાડું (વેલણ) (૨) ન૦ પગમા ગોટલા ચડે એવુ દર્દ

ઢોકળી સ્ત્રી૦ ખાવાની એક વાની

ઢોકળું ન૦ [સર૦ મ. ढोकळा] ખાવાની એક બનાવટ–વાની

ઢોચકી સ્ત્રી૦ નાનુ ઢોચકુ

ઢોચકું ન૦ સાકડા મોનો માટીનો ઘડો (૨) [લા] ડોચકુ; માથુ.[–ઊડવું, ઊડી જવું= માથુ કપાઈ જવુ (૨) સાવ હારવુ] (૩) વિ૦ [લા.] ઢોચકા પેઠે અસ્થિર બેસણીનુ કે તેવા મનનું, ઢોળવુ

ઢોટો(–ઠો) પુ૦ વાણો ભરવાની કોકડી

ઢોર ન૦ [સર૦ हिं , म] પશુ, ગાય, ભેસ વગેરે ચોપગું પ્રાણી.[–જેવું=જડ;મૂરખ –ચારી ખાવાં=બુદ્ધિ વાપરવી ન પડે તેવું કામ કર્યા કરવુ] ૦ઢાંક, ૦ઢાક(–ખ)ર ન૦ બ૦વ૦ ઢોર વગેરેનો સમૂહ ૦માર પુ૦ ઢોરને પડે એવો સખત માર. ૦શાઈ વિ૦ ઢોરના જેવુ

ઢોરો પુ૦ [સર૦ ધોરો] ઊપસેલી જમીન, ટેકરો

ઢોલ પુ૦,ન૦ [સં.] એક વાદ્ય, નગારુ [–કૂટવું= ખરુ ખોટું સમજ્યા વિના હાજિયો ભણવો –બોલ્યા કરવુ.(–નું) ઢોલ કૂટ્યા કરવું= –ના વખાણ કર્યા કરવા–ભાટાઈ કર્યા કરવી. –પીટવું, –વગાડવું=જાહેર કરવું.] ૦ક ન૦,૦કી સ્ત્રી૦નાનુ ઢોલ,પખાજ.(–ની)ઢોલકી કૂટવી, બજાવવી=–ની ભાટાઈ–પ્રશંસા કર્યા કરવી (૨) –નો પક્ષ તાણ્યા કરવો;–ની ખુશામત કર્યા કરવી] ૦કું ન૦ ઢોલ. ૦વગાડુ વિ૦ ઢોલકી વગાડનાર, બીજા આગળ કોઈના ગુણગાન કર્યા કરનાર

ઢોલ પુ૦ + ઢોલિયો

ઢોલડી(–ણ,–ણી) સ્ત્રી૦ [સર૦ हिं. ढोलनी] નાનો ખાટલો, પલંગડી

ઢોલણ પુ૦ પહેરવાનુ લૂગડું (૨) સ્ત્રી૦ ઢોલડી

ઢોલિયો પુ૦ ખાટલો, પલગ

ઢોલી પુ૦[સં ढोल] ઢોલ વગાડનારો [(–ને ઘેર) ઢોલી બેસવા, બેસાડવા=મગળપ્રસગ હોવો]

ઢોલો પુ૦ [દે. ढोल्ल; સર૦ हिं. ढोला] વર, ધણી (૨) [ઢોલ=નગારું ઉપરથી] જાડો, એદી, મૂર્ખ માણસ

ઢોળ પુ૦ ઓપ, ધાતુને રસવી તે

**ઢોળનાંખ** સ્ત્રી૦ ઢોળવુ નાખવું તે
**ઢોળફોડ** સ્ત્રી૦ ઢોળવુ ફોડવુ તે
**ઢોળવું** સ૦ ક્રિ૦ [दे. ढल=ઢળવું] રેડવું (૨) ગબડાવવું (૩) [સર૦ दे. ढाल=ચામર ઢોળવુ] પંખો નાખવો (૪) ન૦ બેસણી વગરનુ વાસણ (૫)[લા.] બંને બાજુ ઢળી પડે તેવો માણસ.[(-ને માથે) ઢોળવું, ઢોળી પાડવું= (-ને માથે) જવાબદારી નાખવી ] -વી સ્ત્રી૦ નાનુ ઢોળવું (વાસણ) [ઢાળ
**ઢોળાણ** ન૦, -વ, **ઢોળો** પું૦ [જુઓ ઢળવુ]
**ઢોંગ** (ઢો) પું૦ [સર૦ म., हिं.] ખોટો દેખાવ; દંભ. [-કરવો, ચલાવવો, માંડવો = ખોટો દેખાવ કરવો..] ૦ધતૂરો પું૦ [સર૦ हिं. ढोंगधतूर, म ढोंगधत्तुरा, स धूर्त ? ]ખોટો દંભ ને છેતરપિંડી, ઠગાઈ. ૦રું, -ગીલું-ગી વિ૦ ઢોંગથી ભરેલુ, દંભી
**ઢોંચ** વિ૦ જીર્ણ, ખખળી ગયેલુ
**ઢોંચરું** (ઢો૦) વિ૦ ગોતા જેવુ, બેસ્વાદ (૨) ન૦ ગોતુ; ઢોરનુ ખાણ
**ઢોંડફોડો** (ઢો૦) પું૦ પથ્થર ફોડનારો, સલાટ
**ઢોંડો** (ઢો૦) પુ૦ [म धोंडा] પથ્થર, પહાણો (૨) [લા.] મૂર્ખ-જડસો આદમી
**ઢોંણું** ન૦ જુઓ ડોયણુ
**ઢૈઓ(-વો)** પુ૦[સર૦ म ढवां, स धव =પતિ] બૈરીને કબજે ન રાખી શકે એવો પુરુષ, ભડવો, નામર્દ આદમી -આ(-વા)પણું ન૦

## ણ

**ણ** [सं] ટ વર્ગનો-મૂર્ધસ્થાની અનુનાસિક (આ અક્ષરથી શરૂ થતો શબ્દ ભાષામા નથી). ૦કાર પું૦ ણ અક્ષર કે ઉચ્ચાર. ૦કારાંત વિ૦ છેડે ણકારવાળું
**-ણુ(-ણું)** ન૦બનાવતો કૃત્પ્રત્યય[જુઓ અણ] (આ પ્રત્યય અ તે અ સિવાયના સ્વરવાળા ધાતુને લાગે છે.) ઉદા૦ ખાણુ ,પીણું, લેણદેણ; જોણુ, મોણ ઇ૦
**-ણૂક** કૃત્પ્રત્યય સ્ત્રી૦ બનાવે છે ઉદા૦ વર્તણૂક, નિમણૂક

## ત

**ત** પું૦[સ.] દંતસ્થાની પહેલો વ્યંજન ૦કાર પુ૦ ત અક્ષર કે ઉચ્ચાર ૦કારાંત વિ૦ છેડે તકારવાળું. ૦ત્તો પું૦ તકાર
**તક** સ્ત્રી૦ [સર૦ दे. थक्क =અવસર] અનુકૂળ વખત-પ્રસંગ, લાગ
**તક(-ગ)તક(-ગ)** અ૦ [સર૦ ચકચક, म.] તકતકે એમ ૦વું અ૦ ક્રિ૦ [સર૦ म तकतकणें] ચકચકવુ; તેજ મારવું
**તક(-ખ)તી** સ્ત્રી૦ [જુઓ તખ્તી] કાચ કે ધાતુની ચાર ખૂણાવાળી ચકતી(૨)એક ઘરેણું [-ચૂડવી = દાતાનુ નામ કાયમ રહે તે માટે તેના નામવાળી ચકતી ભીંતમા ચણાવી લેવી ] -તો પુ૦ મોટી તકતી (૨) અરીસો (૩) (ચ ) મઢેલું ચિત્ર કે ફોટો
**તકદીર** ન૦ [अ.] નસીબ, કિસ્મત
**તકબ્બુર** ન૦ [अ ] ડુંપદ, ગર્વ, તકોબરી
**તકમરિયાં** ન૦ બ૦ વ૦ [જુઓ તુકમરિયા] એક જાતના બિયા-ઔષધિ
**તકરાર** સ્ત્રી૦[अ.] ઝઘડો,કજિયો;ટંટો(૨)વાંધો; ખાંચો [-ઉઠાવવી = વાંધો ઉઠાવવો. -ઊભી થવી, -પડવી = તકરાર થવી -સાંભળવી = તકરારનાં કારણો સાંભળી લેવા (ફેસલો કે દાદ આપતા પહેલા) ] -રિયું વિ૦ તકરાર કરવાની ટેવવાળુ (૨) તકરારવાળુ - તકરાર કરવી પડે તેવુ -રી વિ૦ જુઓ તકરારિયું (૨) તકરારને લગતુ, તકરારનો વિષય બનેલુ
**તકલા(-લે)દી** વિ૦ [अ तक्लीदी =નકલી; બનાવટી]મજબૂત અને ટકાઉ નહિ તેવું,નાજુક
**તકલી** સ્ત્રી૦ [सं तर्कु, प्रा तक्कु, સર૦ हि ] નીચે ગોળ ચકતીમા ઊભા સળિયાની દાંડીવાળું કાતવાનુ એક ઓજાર. [-કાંતવી = તકલી વડે કાતવુ ] -લો પુ૦ મોટી તકલી
**તકલીફ** સ્ત્રી૦ [अ ] તસ્દી, શ્રમ; કષ્ટ [-આપવી = તકલીફ વેઠવી પડે એમ કરવું, તસ્દીનુ કામ

કહેવું -ઉઠાવવી, લેવી=કોઈ કામને માટે કષ્ટ વેઠવું. -પડવી=કષ્ટ વેઠવાનું થવું -માં પડવું=કષ્ટમા ફસાવું -ભોગવવી, વેઠવી=દુઃખ સહન કરવું]

**તકલેદી** વિ૦ જુઓ તકલાદી [ભાગીદાર

**તકસીમ** સ્ત્રી૦ [અ] વહેંચણી ૦દાર વિ૦

**તકસીર** સ્ત્રી૦ [અ] ભૂલ; કસૂર ૦વાર વિ૦ તકસીરવાળું [ચાંપતી ઉઘરાણી

**તકાજો(-દો)** પું૦ [अ. तक़ाजह] તગાદો,

**તકાર, -રાંત** [સં] જુઓ 'ત'માં

**તકાવ** પું૦ તાકવાનું લક્ષ્ય, તાક, નેમ

**તકાવવું** સ૦ ક્રિ૦ [જુઓ તાકવું] જુઓ તકાસવું (૨) [નિશાન] 'તાકવું'નું પ્રેરક

**તકા(-ગા)વી** સ્ત્રી૦ [અ.] સરકાર તરફથી ખેડૂતને ધીરવામાં આવતા નાણાં

**તકાસવું** સ૦ક્રિ૦ [જુઓ તકાવવું] લાલચથી તાકીને જોવું (૨) ઇચ્છવું

**તકિયો** પું૦ [फा.] પાછળ અઢેલવાનું મોટું ઓશીકું (૨) ઓટલી પર કરાતું તેવા ઘાટનું ચણતર (૩) ફકીરને રહેવાનું સ્થાન

**તકે(-કો)તક** અ૦ ['તક' ઉપરથી] સંધિ ઉપર જ, બરાબર વખતે

**તકેદારી** સ્ત્રી૦ ચાપ, જાપતો, દેખરેખ

**તકોતક** અ૦ તકેતક, બરોબર ટાંકડે

**તકોબરી** સ્ત્રી૦ [જુઓ તકબ્બુર] અહંકાર, અભિમાન [પું૦ જુઓ તકતો

**તક્તી(-ખ્તી)** સ્ત્રી૦ જુઓ તકતી -ક્તો(-ખ્તો)

**તક્ર** સ્ત્રી૦, ન૦ [સં.] તાક, છાશ ૦પ્રમેહ પું૦ પેશાબનો એક રોગ

**તક્ષક** પું૦ [સં] (નાટકનો) સૂત્રધાર (૨) સુતાર (૩)(સં)નાગલોકનો એક આગેવાન, સર્પસત્ર વખતે આસ્તીકે જેને બચાવ્યો હતો (૪) દેવોનો શિલ્પશાસ્ત્રી

**તક્ષણ** ન૦[સં]ખરાદીકામ-૬૪માની એક કળા

**તક્ષશિલા** સ્ત્રી૦ [સં.] (સં) પંજાબનું એક પ્રાચીન નગર (પ્રસિદ્ધ બૌદ્ધ વિદ્યાપીઠની જગા)

**તખત** ન૦ [જુઓ તખ્ત] સિંહાસન; રાજગાદી

**તખતી** સ્ત્રી૦ જુઓ તકતી. -તો પું૦ જુઓ તકતો (૨) મંચ; રંગભૂમિ, 'પ્લૅટફૉર્મ'

**તખલ્લુસ** ન૦ [અ.] ઉપનામ (જેમ કે, લેખકો ધારણ કરે છે તે, 'કલાપી' 'દ્વિરેફ' ઇ૦)

**તખ્ત** ન૦ [फा] જુઓ તખત. ૦નશીન વિ૦ તખત ઉપર બેઠેલું

**તખ્તી** સ્ત્રી૦, -ખ્તો પું૦[फा.]જુઓ 'તક્તી'માં -ખ્તેતાઊસ ન૦(સં)શાહજહાંનું મયૂરાસન. -ખ્તેશ પું૦ [तख्त+सं ईश] રાજા

**તગડ** સ્ત્રી૦ [फा तगद्व] દોડધામ (૨)રગડપટ્ટી, અથડામણ

**તગ(-ગે)ડવું** સ૦ ક્રિ૦ [જુઓ તગડ, સર૦ म. तगडणें] ખૂબ દોડાવવું(૨)થકવવું-રખડાવવું

**તગડિયું** વિ૦[सं त्रीक, प्रा तिग ઉપરથી] ત્રણ સેરોના ભરતવાળું

**તગડું** વિ૦[સર૦ हिं. तगडा, म दगडा (कानडी 'दक्काड'=મજબૂત)] ખૂબ જાડું, હૃષ્ટપુષ્ટ

**તગડો** પું૦[सं. त्रि, प्रा ति ઉપરથી] ૩-ત્રણની સંજ્ઞા [માત્રાવાળો ગણ

**તગણ** પું૦ [સં.] બે ગુરુ પછી એક લઘુ

**તગણું** વિ૦ [सं त्रि+गुण] ત્રણ ગણું

**તગતગ** અ૦ જુઓ તકતક. ૦વું અ૦ ક્રિ૦ જુઓ તકતકવું

**તગર** સ્ત્રી૦, ન૦ [સં] એક વનસ્પતિ (સુગંધ માટે તથા ઔષધિમા ખપ આવે છે). ૦ગ ઠોડા પું૦ બ૦ વ૦ [ચકચકતું

**તગવું** અ૦ક્રિ૦ [જુઓ તગતગ] તગતગતું;

**તકાદો** પું૦[જુઓ તકાજો] ચાંપતી ઉઘરાણી

**તગારું** ન૦ [फा तगार] છાબડા ઘાટનું લોઢાનું એક પાત્ર, તબાહરુ (૨)[લા] પેટ (તિરસ્કારમા. ઉદા૦ તગારુ ભરવું -વધવું)

**તગાવી** સ્ત્રી૦ જુઓ તકાવી

**તગેડવું** સ૦ ક્રિ૦ જુઓ તગડવું તગેડો પું૦ જુઓ તગડ [(ઝાડની છાલ એ છે)

**તજ** સ્ત્રી૦,ન૦[प्रा. तजा, सं त्वच्] એક તેજાનો

**તજગરો** પું૦[अ. तजकिरह]તપાસ(૨)હિસાબની તપાસ [-લેવો=હિસાબની તપાસ કરવી.]

**તજવીજ** સ્ત્રી૦ [અ.] તપાસ, શોધ (૨) યુક્તિ, કરામત (૩) કોશિશ; પ્રયત્ન (૪) ચોકસી, સંભાળ (૫) વ્યવસ્થા, બંદોબસ્ત, ગોઠવણ. [-રાખવી=તપાસ રાખવી, સંભાળ રાખવી.

–માં રહેવું =જોગવાઈ કરવાના પ્રયત્નમા રહેવું (૨)કોશિશ કરવી ]૦દાર પું૦તજવીજ–તપાસ રાખનાર;અમલદાર. ૦દારી સ્ત્રી૦ તજવીજ-દારનુ કામ–પદ –જિયું વિ૦ તજવીજ કરનારું, સર્વ પ્રકારની તજવીજની શક્તિવાળુ
તજવું સ૦ ક્રિ૦ [स त्यज्] છોડવું; ત્યજવું
તજાગરમી સ્ત્રી૦ [प्रा तजा(स त्वच्)+गरमी] ચામડીનો એક રોગ
તજ્જન્ય વિ૦ [स] તેમાથી ઉત્પન્ન થયેલું
તજ્જ્ઞ વિ૦ [सं] (અમુક વિષયનો) જાણકાર, વિદ્વાન, તદ્વિદ
તટ પું૦ [सं.] કિનારો; કાંઠો ૦સ્થ વિ૦નિષ્પક્ષ (૨) પક્ષપાત રહિત; નિરપેક્ષ. ૦સ્થેશ્વરવાદી પું૦ ઈશ્વર તટસ્થ છે એવા વાદમા માનનાર
તટિની સ્ત્રી૦ [स.] નદી
તડ અ૦[રવ૦, જુઓ તડતડ]તરડાવાનો અવાજ. [–દઈને=તડ અવાજની સાથે, ઝટ.]
તડ સ્ત્રી૦ [રવ૦? સર૦ म. तडा] તરડ; ફાટ, ચીરો [–પડવી=તરડાવું; ફાટવું.]
તડ ન૦[सं तट, प्रा तड, સર૦ म , हि]પક્ષ; ભાગલો (૨) રણમા આવેલી ઝાડપાણીવાળી જગા [–પડવું=ભાગલા પડવા (પ્રાય બ૦ વ૦માં –પડવાં બોલાય છે, બ૦ વ૦ (ચ)‘તડા )] ૦જોડ સ્ત્રી૦ જુઓ તેના ક્રમમા
તડક સ્ત્રી૦ [જુઓ તતડવુ, સર૦ हि ](પાકેલા અંગમાં) તતડાટ; સણકો, ઝાટકો(૨)ફાટ,તડ
તડકવું અ૦ ક્રિ૦ [સર૦ हि तडकना, म तडकणें] તડ–ફાટ પડવી (૨) ડરવું, ગભરાવુ
તડકાવવું સ૦ક્રિ૦ ‘તડકવુ’નું પ્રેરક (૨) (તારને) ગરમ કરી ખેચીને સીધું કરવુ [‘તડકો’ પરથી ?]
તડકું ન૦ (સુ) તડકો
તડકો પું૦ [સર૦ हिं तडका] તાપ, સૂર્યનો ગરમ પ્રકાશ [–ખાવો=તડકામા બેસી તેની ગરમી લેવી –થવો=બપોર થવા, તાપ પડવો. (–આવવો, –પડવો, –જવો)] ૦છાંયડો, ૦છાંયો, ૦શીળો પું૦ તડકો અને છાયડો(૨) છોકરાની એક રમત (૩) [લા ] સુખદુખ –કીછાંયડી સ્ત્રી૦ જુઓ તડકોછાયડો૧, ૩
તડઘેલ વિ૦ ગાડું
તડજોડ સ્ત્રી૦ [તડ+જોડવું, સર૦ म.] તડો વચ્ચે સમાધાન–સલાહસપ
તડતડ અ૦ [રવ૦, સર૦ प्रा.'तडतडा] ફાટવાનો અવાજ (૨) ઝટ ઝટ [–બોલવું=સામું બોલવું, ઝટ સામો જવાબ આપવો (૨) ઝટ ઝટ બોલવું.] ૦વું અ૦ક્રિ૦ તડતડ અવાજ થવો (૨) ફાટુ ફાટું થવું, તસતસવું(૩) [લા ] ગુસ્સાથી બોલવું –ડાટ પું૦ તડતડવાનો અવાજ (૨) અ૦ ઝપાટાબધ. –ડિયું વિ૦ તડતડ અવાજ કરે એવુ (૨) ન૦ બળતા તડતડ અવાજ કરે એવુ લાકડુ –ડિયો પું૦ દેવતાની ચિનગારી (૨) એક દારૂખાનુ(૩)એક જીવડું (૪) તડતડ થઈને પડતી ફાટ
તડ ને ફ(–ભ)ડ શ૦ પ્ર૦ [તડ(તડાક દઈને)+ફડ (ફાટી જાય તેમ), ભડ ભડાક દઈને–ભડાકો થાય તેમ અથવા તડનો દ્વિર્ભાવ] જુઓ તડફડ. [–કરવું=તડ ને ફડ કહી દેવુ, સાફ કહી દેવું; તેમ કરી વાતનો ઝટ ફેંસલો લાવવો ]
તડપડાટ પુ૦ જુઓ ટડપડ(૨)ચાલાકી, ચપળતા
તડપવું અ૦ ક્રિ૦ જુઓ તલપવું
તડફ(–ભ)ડ અ૦ [જુઓ તડ ને ફડ] લાગલું જ, ઝટ (૨) મોઢામોઢ, ખુલ્લેખુલ્લુ
તડ(–ર)ફડવું અ૦ક્રિ૦ [દે. तडफड] તડફડિયા મારવા (૨) હાફવુ (૩) [લા ] વ્યર્થ પ્રયત્ન કરવો—ફાંફા મારવા
તડ(–ર)ફડાટ પું૦ તડફડવુ તે
તડ(–ર)ફડિયાં ન૦ બ૦ વ૦ દુ ખમા હાથપગના પછાડા (૨) વલખા, ફાંફા (–મારવાં)
તડફવુ અ૦ ક્રિ૦ તડફડવુ
તડ(–ર)બૂચ ન૦ [फा. तरबुज] એક ફળ. [–જેવું=પહોળુ–જાડુ–ચ ચળાઈ વગરનુ (૨) જડ, મૂરખ ] –ચી સ્ત્રી૦ તડબૂચનો વેલો
તડભડ અ૦ જુઓ તડફડ
તડવી પુ૦[‘તડ’ ઉપરથી]તડ–પક્ષનો આગેવાન
તડવું અ૦ ક્રિ૦ [स तड्?] મારવા કે ઝઘડવા માટે સામે ધસવુ
તડગ ન૦ તરવારનું મ્યાન(૨)અ૦ જુઓ તડિગ
તડં(–ડિ)ગધૂમ અ૦ [રવ૦] ઢોલકનો અવાજ
તડંતડા સ્ત્રી૦ [‘તડવું’ ઉપરથી] તડાતડી. બોલા-બોલી (૨) મારામારી

**તડાક** અ૦ [રવ૦, સર૦ अ. तराक, हिं. तडाक] તૂટવાનો અવાજ (૨) એકદમ, તરત જ (-દઈને) ૦છીંકણી સ્ત્રી૦ જેનાથી ઉપરાઉપરી છીંકો આવે તેવી સૂંઘવાની ભૂકી] ૦(૦ને)ભડાક અ૦ [સર૦ हिं. तडाकपडाक] જુઓ તડફડ

**તડાકો** પું૦ [રવ૦, સર૦ हिं, म तडाका] જૂઠી વાત-ગપ (૨) એકાએક ધસારો કે વૃદ્ધિ યા લાભ [**તડાકા મારવા**=ગપ્પા મારવા,ડિંગો હાંકવી **તડાકો પડવો**=એકાએક સારો લાભ થવો]-**કાખોર**,-**કિયું**,-**કી** વિ૦ તડાકા મારનારું-તેવી ટેવવાળુ. -**કીદાસ** પું૦ તડાકી-ગપ્પી માણસ

**તડાગ** ન૦ [सं] તળાવ

**તડાઝીક** સ્ત્રી૦[તડવું+ઝીકવું] તડાપીટ,મારપીટ

**તડા(-ડો)તડ** અ૦ [રવ૦] ઝટઝટ, ઉપરાઉપરી

**તડાતડ(-ડી)** સ્ત્રી૦[જુઓ તડતડા]બોલાબોલી; મારામારી (૨) ચડાચડી; સ્પર્ધા (૩) ઉતાવળ, ધમાચકડી

**તડાતૂમ** અ૦ [તડ(તસતસીને તૂટવાનો રવ+ તૂમ (તુમડાની જેમ)? કે अ. तलातुल=મોટું મોળું ઉપરથી?] ફૂલીને તૂટું તૂટું થાય-તસતસે એમ

**તડાપીટ** સ્ત્રી૦ [તડવું+પીટવું] ખૂબ મારપીટ

**તડામાર** અ૦ [તડવુ+મારવું] ધમધોકાર, ઝપાટાબંધ -**ર(-રી)** સ્ત્રી૦ ઉતાવળ; ત્વરા

**તડિત** સ્ત્રી૦ [सं] વીજળી

**તડિયું** વિ૦ [सं तट प्रा. तड] તટ પર આવેલું

**તડિંગ** અ૦[રવ૦] (-દઈને) ૦ધૂમ અ૦[રવ૦] જુઓ તડગધૂમ [જાડો-હૃષ્ટપુષ્ટ

**તડિંગો** વિ૦ પું૦ [તડ (તમતસતુ)+અંગ]

**તડી** સ્ત્રી૦[सं तड् ઉપરથી, સર૦ हिं. तडी=ઘોલ] ઝડી,દરોડો(૨)મારની ઝડી [-**દેવી**=ઉપરાઉપરી સખત ,મારવુ કે ભાડવુ -**પડવી**= માર કે ગાળો યા ઠપકાની ઝડી વરસવી.]

**તડુકાવવું** સ૦ક્રિ૦, **તડુકાવું** અ૦ક્રિ૦ 'તડૂકવું'નુ પ્રેરક ને ભાવે [કર્મણિ ને પ્રેરક

**તડુસાવું** અ૦ક્રિ૦,-**વવું** સ૦ક્રિ૦ 'તડૂસવું'નું

**તડૂકવું** અ૦ક્રિ૦ [રવ૦ સર૦ हिं. तडकना, दे. शुड्डुंक्किय=ગુસ્સાવાળો ચહેરો થવો તે] ઘાંટો કાઢવો, ગર્જવું

**તડૂકો** પું૦ તડૂકવાનો અવાજ

**તડૂશ તડૂશ** અ૦ [રવ, સર૦ ટપૂસ ટપૂસ] ધીમે ધીમે; રહી રહીને

**તડૂસવું** સ૦ક્રિ૦ [सं तड्]મારવું(૨)ખૂબ ખાવું

**તડેડાટ** પું૦ (૨) અ૦ જુઓ તડતડાટ

**તડેમકોડે** અ૦ [તડ(ખેંચાયેલા-તસતસતા) +મકોડા (સાંધા)] એકપગે; આતુરતાથી

**તડોતડ** અ૦ જુઓ તડાતડ

**તડોવડ(-ડી)** સ્ત્રી૦ [सं तुल्यवत् ઉપરથી]+ સરખાપણું, સમાનતા

**તણખ(-છ)** સ્ત્રી૦ [सं तन्, प्रा तण તણાવું ઉપરથી] બળતરા સાથે સણકાની વેદના (૨) ભેંસ બળદની એક ખોડ-લગડાપણું -**ખિ-(-છિ)યો** પું૦ તણછને લીધે લગડો બળદ

**તણ(-ર)ખલું** ન૦[सं तृणक, प्रा तण ઉપરથી] તરણું,ઘાસની સળી.[**તણખલાને તોલે**= તણખલા જેવું તુચ્છ] -**લી** સ્ત્રી૦ નાનું તણખલું, સળી

**તણખી** સ્ત્રી૦ નાનો તણખો

**તણખો** પું૦ દેવતાની ચિનગારી કે અંગારો [**તણખા ઊડવા**=લાગતામાંથી તણખા નીકળવા (૨) થોડીઘણી અસર કે નુકસાની પહોંચવી **તણખા નાખવા**= (શરીરે) ચસકો આવવી (૨) બળતરા થવી (૩) રીસમાં -છણકા કરીને બોલવું]

**તણછ** (છ,)સ્ત્રી૦એક જાતનું લાકડું[सं तनिश?] (૨)એક જાતનો ઊડણ સાપ(૩)જુઓ તણખ. -**છાવું** અ૦ક્રિ૦ અવયવ તણાવો(૨)લંગડાવું (૩) સણકા નાખવા. -**છિયું** વિ૦ તણખ-સણકા નાખતું.-**છિયો** પું૦ જુઓ તણખિયો

**તણાવું** અ૦ક્રિ૦ [सं. तन्, प्रा तण]'તાણવું'નું કર્મણિ; ખેંચાવું (૨) ગજા ઉપરાંતના કામના બોજા તળે કે ખર્ચમાં આવવું.[**તણાઈ જવું**=ખેંચાઈ જવું (૨) તવાઈ જવું (૩) ખર્ચના ખાડામાં ઊતરી પડવું. **તણાઈ મરવું**= ગજા ઉપરાંત ખર્ચ કરવું,વાદે ચડી નુકસાનના ખાડામાં ઊતરવું]

**તણાવો** પું૦ [સ तन् ઉપરથી; સર૦ म तणाव, –वा, ८, हिं. तनाव=દોરી. अ. तनाव=રસ્સી] રથની સાગી નીચેનો દોર
**તણી** સ્ત્રી૦ [જુઓ તણાવો] કુંડાળામાં ફરે તે માટે બળદની નાથે બાંધેલી રાશ–દોરી
**તણું** ન૦,–ણી સ્ત્રી૦,–ણો પું૦ [દે. तणय] છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય (પ.)
**તત્** સ. [સ.] તે –**તકાલ**,–**તક્ષણ**,–**તખેવ** [तत्+ખેવ(प्रा खेव, स क्षेप) કે સં तत्क्षणमेव?] અ૦ તે જ વખતે 'તરત જ (પ)
**તતડવું** અ૦ ક્રિ૦ [રવ૦] જુઓ તડતડવું **તતડાટ** પું૦ તતડવું તે **તતડાવવું** સ૦ક્રિ૦ (પ્રેરક) (૨) [લા] ધમકાવવું
**તતડિયું** વિ૦ ['તતડવું' ઉપરથી] બળતા તડતડિયા ઊડે એવું (લાકડું, કોલસો ઇ૦)
**તતડિયો** પું૦ ['તતડવું' ઉપરથી] તણખો, તડતડિયો
**તતથેઈ** અ૦ [રવ૦, સર૦ हि. ततताथेई] ભવાઈના તાનનો બોલ; તાતાથેઈ
**તતબીર** સ્ત્રી૦ [સર૦ हि, म]+જુઓ તદબીર
**તતવાધ** ન૦ [स.] જુઓ તત્ત્વવાધ
**તતઃ** અ૦ [स.] પછી, તો પછી. ૦**કિંવાદ** પું૦ વસ્તુ કે ઘટનાનું, તત કિં –પછી શું, એમ પૂછી, આગળનું આગળ પરિણામ કે નિષ્પત્તિ શોધવી તે
**તતૂડી** સ્ત્રી૦[રવ૦] નાનું તતૂડું (–ફૂંકવી) –**ડું** ન૦ એક જાતનું રણશિંગું [–ફૂંકવું =જાહેર કરવું (૨) દેવાળું કાઢવું]
**તત્કાલ(–ળ)** અ૦ [સં] તે જ વખતે, તરત જ
**તત્કાલીન** વિ૦ [સં.] તે સમયનું
**તત્ક્ષણ** અ૦[સં]તે જ ક્ષણે, તાબડતોબ, તતક્ષણ
**તત્ત્વ** ન૦ [स.] કોઈ વસ્તુનું મૂળ અસલ કે વાસ્તવિક રૂપ(૨)સાર, રહસ્ય(૩)પંચભૂતમાંનું દરેક(૪)સાંખ્યના ૨૫ તત્ત્વોમાંનું દરેક–પંચમહાભૂત, પંચ વિષયો, દસ ઇંદ્રિયો, મન, બુદ્ધિ, અહંકાર, પ્રકૃતિ અને પુરુષ ૦**ગ્રાહિણી** વિ૦ સ્ત્રી૦, ૦**ગ્રાહી** વિ૦ તત્ત્વ ગ્રહણ કરનારું. ૦**ચિંતન** ન૦ તત્ત્વ વિષે વિચાર કરવો તે ૦**જ્ઞ** વિ૦ તત્ત્વને જાણનારું (૨) પું૦ ફિલસૂફ ૦**જ્ઞાન** ન૦ તત્ત્વ સંબંધી જ્ઞાન, ફિલસૂફી ૦**જ્ઞાની** વિ૦ (૨) પું૦ તત્ત્વજ્ઞ ૦**તઃ** અ૦ તત્ત્વની દૃષ્ટિએ, ખરી રીતે. ૦**દર્શન** ન૦ તત્ત્વજ્ઞાન, ફિલસૂફી ૦**દર્શી** વિ૦ (૨) પું૦ તત્ત્વ જોનાર પુરુષ ૦**દૃષ્ટિ** સ્ત્રી૦ તત્ત્વ તરફ વળેલી તત્ત્વગ્રાહી દૃષ્ટિ ૦**નિર્ણય** પું૦ તત્ત્વનો નિર્ણય; ફિલસૂફી. ૦**નિષ્ઠ** વિ૦ તત્ત્વમાં નિષ્ઠા–આસ્થાવાળું ૦**નિષ્ઠા** સ્ત્રી૦ તત્ત્વ પરની આસ્થા. ૦**ન્યાસ** પું૦ વિષ્ણુપૂજાની એક વિધિ. ૦**મીમાંસા** સ્ત્રી૦ 'મેટાફિઝિક્સ'. ૦**વેત્તા** પું૦ તત્ત્વજ્ઞાની, ફિલસૂફ ૦**શાસ્ત્રી** પું૦ ફિલસૂફ –**ત્ત્વાર્થ** પું૦ મૂળ સત્ય, ખરું તત્ત્વ
**તત્ત્વમસિ** શ૦પ્ર૦ [स.] 'તે(મૂળ તત્ત્વ–બ્રહ્મ) તું જ છે' એવું યજુર્વેદનું એક મહાવાક્ય
**તત્પદ** ન૦[स] તે–બ્રહ્મનું પદ; પરમપદ; મોક્ષ
**તત્પદાર્થ** પું૦ [स] બ્રહ્મ, પરમાત્મા
**તત્પર** વિ૦[स] બરાબર પરોવાયેલું, એકધ્યાન (૨) તૈયાર, સજ્જ (માણસ) ૦**તા** સ્ત્રી૦.
**તત્પરાયણ** વિ૦ [સં] તત્પર
**તત્પુરુષ** પું૦ [स] પરમાત્મા (૨) [વ્યા] સમાસના ચાર મુખ્ય પ્રકારમાંનો એક, જેમાં પૂર્વપદ ઉત્તરપદ સાથે વિભક્તિના સંબંધથી જોડાય છે
**તત્ર** અ૦ [સં.] ત્યાં. ૦**ત્ય** વિ૦ ત્યાંનું–ત્યાં જન્મેલું કે ત્યાંનું વાસી. ૦**સ્થ** વિ૦ ત્યાં રહેતું કે આવેલું, ત્યાંનું –**ત્રાપિ** અ૦ ત્યાં પણ
**તત્સમ** વિ૦ [स] મૂળ પ્રમાણેનું–બરાબર(૨) મૂળભાષામાં અને પ્રાકૃતમાં સરખો એવો(શબ્દ)
**તથા** અ૦[स] અને (૨)તે પ્રમાણે, તેમ ૦**ગત** વિ૦ પરમપદે પહોંચેલું (૨)પું૦(સ.) બુદ્ધ(૩) જ્ઞાની. ૦**પિ** અ૦ [સં] તોપણ ૦**ભૂત** વિ૦ તે પ્રમાણે બનેલું.૦**સ્તુ** શ૦પ્ર૦[+ सं अस्तु] 'તેમ થાઓ', 'એવું હો' –**થ્ય** વિ૦ (૨) ન૦ સત્ય, સાચું
**તથા** સ્ત્રી૦[સં तथा ઉપરથી ? સર૦ दे. तत्ति= ચિંતા, વિચાર(૨) કાર્ય, પ્રયોજન ઇ૦, म. तथा =શંકા] સ્પૃહા, તમા (૨) વિસ્તાર, લંબાણ [–કરવી =સ્પૃહા કરવી, પરવા રાખવી (૨) વિસ્તાર–પીંજણ કરવું]

**તથાસ્તુ, તથ્ય** જુઓ 'તથા' [સં] મા
**તથ્યાંશ** પું૦ [સં] તથ્ય—સત્યનો અંશ, મહત્વનો ભાગ કે સારાંશ
**તદનંતર** અ૦ [સં] ત્યાર પછી, તે પછી
**તદનુરૂપ** વિ૦ [સં.] તેના જેવુ, તેના રૂપનુ
**તદનુસાર** અ૦ [સં.] તે પ્રમાણે
**તદપિ** અ૦ [સં.] તોપણ
**તદબીર** સ્રી૦ [अ] યુક્તિ
**તદર્થે** અ૦ [સં] તેને માટે, તેને ખાતર
**તદંતર્ગત** વિ૦ [સં.] તેમા આવેલુ—સમાયેલુ
**તદા** અ૦ [સં] ત્યારે [(૨) તન્મય, લીન
**તદાકાર** વિ૦ [સં.] તેના જ આકારનુ, તદ્રૂપ
**તદાકાળ** અ૦ + તે વખતે
**તદુપરાંત, તદુપરિ** [સં.] અ૦ તે ઉપરાત, વિશેષ, વળી ['મોનોટોની'
**તદેવતા** સ્રી૦ [સં] એ જ હોયા કરવું તે;
**તદૈક્ય** ન૦ [સં] તાદાત્મ્ય, એકતા
**તદ્ગત** વિ૦[સં] તેને લગતુ; તેમા સમાતુ (૨) તેમા ચિત્તવાળુ; તત્પર
**તદ્ગુણ** વિ૦ [સં] તે કે તેના ગુણવાળું (૨) પું૦ તેનો ગુણ (૩) એક અર્થાલંકાર, જેમા વસ્તુ પોતાના ગુણધર્મ પાસેની બીજી ઉત્તમ વસ્તુના ગુણધર્મ લેતી વર્ણવાય છે (કા શા)
**તદ્દન** અ૦[સર૦મ तदंत] બિલકુલ, છેક,(૨)નર્યું
**તદ્ધિત** પું૦ [સં.] (વ્યા) મૂળ નામ, સર્વનામ, વિશેષણ કે અવ્યયને લાગીને નવો શબ્દ બનાવતો પ્રત્યય (૨) વિ૦ તે પ્રત્યયો લાગીને બનેલુ. —તાંત વિ૦ છેડે તદ્ધિતવાળુ
**તદ્ભવ** વિ૦[સં]તેમાથી થતુ—જન્મતુ(૨)મૂળ ભાષામાથી પ્રાકૃતમા આવેલો અપભ્રષ્ટ (શબ્દ)
**તદ્ભિન્ન** વિ૦ [સં] તેનાથી ભિન્ન
**તદ્રૂપ** વિ૦ [સં] તેના જેવું, તદાકાર ૦તા સ્રી૦
**તદ્વત્** અ૦ [સં.] તેની જેમ
**તદ્વિદ** વિ૦ (૨) પુ૦ [સં] જુઓ તજ્જ્ઞ
**તન** પુ૦ [સં. तनय] પુત્ર, દીકરો(૨)ન૦ [फा, સ. तनु, સર૦ हि, म] શરીર, દેહ [—થી, —તોડીને, —દઈને = ખૂબ મહેનત લઈને, ખરા દિલથી.] ૦મનધન ન૦ બ૦ વ૦ સર્વસ્વ; બધી શક્તિ, સાધન વગેરે
**તનક** વિ૦ [हि. तनिक; फा तनुक; સ. तनु] થોડુ (૨) નાનુ, નાજુક
**તનખ** સ્રી૦ જુઓ તણખ
**તનખાવવું** સ૦ ક્રિ૦ પજવવુ, હેરાન કરવુ (૨) —ની ઉપર ગુસ્સે થવુ
**તનખો** પુ૦ [फा. तनखाह] પગાર
**તનત્રાણ** ન૦ [તન + त्राण(સં)] બખ્તર
**તનબદન** વિ૦ [તન (फा.)+ બદન (फा)] જીવજાન, અતિ પ્રિય (૨) વિશ્વાસુ; વફાદાર
**તનમન** અ૦ [તન + મન] ખૂબ આતુરતાથી—અધીરાઈથી —નાટ પુ૦ આવેશ, જુસ્સો, અધીરાઈ
**તનઅનિયું** ન૦ એક જાતનુ ફૂલ (૨) કાનનુ એક ઘરેણુ
**તનય** પું૦ [સં.] પુત્ર —યા સ્રી૦ પુત્રી
**તનહા** વિ૦ [જુઓ તન્હા] એકલુ(૨)અ૦ ફક્ત
**તનિયો** પું૦ [તન—તનુ ઉપરથી કે तन् (સં) ઉપરથી] વાઘો, અંગરખુ, ઝભલુ
**તની** પુ૦[જુઓ તણાવો]દોરો,તાર(૨)જાદુમંત્ર, ધંતરમંતર [નાનુ (૪) સુંદર
**તનુ** વિ૦ [સં] કૃશ, પાતળું (૨) થોડુ (૩)
**તનુ(—નૂ)** સ્રી૦, ન૦ [સં] શરીર ૦જ પું૦ પુત્ર. ૦જા સ્રી૦ પુત્રી. ૦રુહ પું૦વાળ, રોમ
**તનોડો** પું૦ સ્રીને કાને પહેરવાનુ એક ઘરેણું
**તન્મય** વિ૦ [સં] એકાગ્ર, લીન ૦તા સ્રી૦
**તન્માત્ર** વિ૦ [સં] માત્ર એ જ, શુદ્ધ (૨) અં૦ તલમાત્ર, સહેજસાજ(૩)ન૦ પંચ મહાભૂતોનુ શુદ્ધ—સૂક્ષ્મ રૂપ
**તન્માત્રા** સ્રી૦ જુઓ તન્માત્ર
**તન્વંગી, તન્વી** સ્રી૦[સં]નાજુક સુકુમાર સ્રી
**તન્હા** વિ૦ [फा] જુઓ તનહા
**તપ** ન૦ [સં] ઇંદ્રિયદમન, તપસ્યા (૨) [લા] લાંબો વખત રાહ જોવી કે બેઠા રહેવું પડે તે, તપવું પડે તે (૩) સ્રી૦ તપત ૦ગચ્છ પુ૦ જૈન સાધુઓનો એક વર્ગ ૦ત સ્રી૦ ગરમી; સહેજસાજ તાવ ૦ન ન૦ તપવુ તે (૨) તાપ, ગરમી (૩) પુ૦ સૂર્ય(૪)એક નરક. ૦નચ્છદ ન૦ સૂર્યમુખી ફૂલઝાડ. ૦(—પો)લોક પુ૦ સાત લોકમાંનો છઠો—તપસ્વીઓનો લોક.

૦શ્ચર્યા સ્ત્રી૦ [सं] તપ કરવું તે; તપસ્યા. ૦સી(-સ્વી) વિ૦(૨)પું૦ [सं] તપ કરનાર

તપ(-પા)વવું સ૦ ક્રિ૦ 'તપવું'નું પ્રેરક

તપવું અ૦ ક્રિ૦ [सं. तप्] ઊનું-ગરમ થવું(૨) તપ કરવુ (૩) [લા.] લાંબો વખત રાહ જોતા ઊભા રહેવુ; ખોટી થવું (૪) ગુસ્સે થવું

તપખીર સ્ત્રી૦ [म. तपकीर, -ल, तपखील, सं. क्षारपत्रा] છીંકણી (૨) કંદનો-શિ ગોડાનો લોટ. -રિયું, -રી વિ૦તપખીરના રંગનુ

તપશ્ચર્યા, તપસી જુઓ 'તપ'મા

તપ(-ફ)સીલ સ્ત્રી૦ [જુઓ 'તફસીલ'] વિગત, જુદી જુદી હકીકતનો ફોડ ૦વાર અ૦ વિગતવાર

તપસ્યા સ્ત્રી૦ [सं.] તપ, તપશ્ચર્યા

તપસ્વી વિ૦ (૨) પું૦ [सं] જુઓ 'તપ'મા -સ્વિતા સ્ત્રી૦ -સ્વિની વિ૦ સ્ત્રી૦ (૨) સ્ત્રી૦ 'તપસ્વી'નુ સ્ત્રીલિંગ

તપાડ(-વ)વું સ૦ક્રિ૦ 'તપવું'નું પ્રેરક

તપાસ,૦ણી સ્ત્રી૦ [अ. तफहहुस, म] તપાસવું તે [-મળવી ભાળ મળવી, પત્તો ખાવો.] ૦નીશ(-સ) વિ૦ તપાસનાર

તપાસરાવવું સ૦ ક્રિ૦ તપાસાવવું

તપાસવું સ૦ ક્રિ૦ શોધવું ખોળવુ (૨) ચોકસી કરવી; ઊંડા ઊતરીને જોવું (૩) સંભાળવું; તજવીજ રાખવી

તપાસ-સમિતિ સ્ત્રી૦ તપાસ કરનાર સમિતિ

તપિત૦ વિ૦ [सं] જુઓ તપ્ત

તપિયું વિ૦[ તપ' ઉપરથી] તપ કરનારું,તપસ્વી.

તપી પુ૦ ['તપ' ઉપરથી] તપસ્વી

તપેલી સ્ત્રી૦ [स तप् પરથી? સર૦ हिं पतीली, सं पातिली=માટીનુ વાસણ, म पतेली] પહોળા મોનુ એક વાસણ -લું ન૦ મોટી તપેલી

તપેશરી વિ૦ (૨) પુ૦ [તપ+ઈશ્વર, અથવા [તપસ્વી ?] જુઓ તપસ્વી

તપો- [सं](સમાસમા પૂર્વ પદે ઘોષવ્યંજનપૂર્વે] ૦ધન વિ૦ તપ એ જ જેનુ ધન છે એવું(૨) બ્રાહ્મણોની એ નામેની જાતનુ(૩)પું૦તપસ્વી (૪) તપોવન જ્ઞાતિનો બ્રાહ્મણ. ૦બલ(-ળ) ન૦તપનુ બળ, તપનો પ્રભાવ ૦ભૂમિ(-મી) સ્ત્રી૦ તપથી પવિત્ર થયેલી ભૂમિ, તપોવન. ૦લોક પું૦ જુઓ 'તપ'મા તપલોક. ૦વન ન૦ તપસ્વીનુ નિવાસસ્થાન ૦વૃદ્ધ વિ૦ તપને કારણે શ્રેષ્ઠ

તપ્ત વિ૦ [सं.] તપેલું કે તપાવેલું. ૦મુદ્રા સ્ત્રી૦ વિષ્ણુનાં આયુધોની છાપો તપાવીને દીધેલા ડાઘ

ત(૦ર)ફડવું અ૦ ક્રિ૦ જુઓ તડફડવું

તફડંચી,-આજી સ્ત્રી૦ [જુઓ તફરકે] પારકાના માલ કે કૃતિની ઉચાપત; ચોરી

ત(૦ર)ફડાટ પું૦ જુઓ તડફડાટ

તફડાવવું સ૦ ક્રિ૦ તફડંચી કરવી, ચોરી જવું

તફરકે અ૦ [अ. तफ़कह] ચોગાઈ, વેરાઈ કે ઉચાપત થયુ હોય એમ

તફસીલ [अ], ૦વાર જુઓ 'તપસીલ'માં

તફારીક વિ૦ [अ] વધારાનું, ફાલતુ

તફાવત પું૦[अ]ફરક,ઓછાવત્તાપણું [-કરવો =જુદાઈ ગણવી,ભેદ રાખવો -પડવો=ફરક -અસમાનતા હોવી]

તફો પું૦ [अ ताइफह] જથો, વિભાગ

તબક સ્ત્રી૦[अ]રકાબી, તાસક, છીબુ(૨)માળ, મજલો ૦ચો પુ૦ નાનો થાળ, થાળી ૦ડી સ્ત્રી૦નાની તબક-રકાબી ૦ડું ન૦એક જાતનું છીછરુ વાસણ [પ્રકાશ આવવો

તબકવું અ૦ક્રિ૦(કા)ગાઢ અંધકારમા આછો

તબક્કો પું૦[अ तवकह]મજલો,માળ(૨)સ્થિતિ; દશા (૩) પાયરી, ધોરણ (૪) વિભાગ, ખંડ

તબડક,૦તોઈ અ૦ [રવ૦] [ઘોડાની દોડનો અવાજ] -કી સ્ત્રી૦ ઘોડાની દોડનો પગરવ (૨)દોડ [-મૂકવી=દોટ મૂકવી -વાગવી= ઘોડાના ડાબલાનો અવાજ થવો] -કો પું૦ ઝપાટો, સપાટો વેગ

તબડાવવું સ૦ક્રિ૦ [રવ૦] દોડાવવુ (૨) ખદખદાવવુ (૩) દબડાવવુ, ધમકાવવું

તબડૂક વિ૦['તુબડું' ઉપરથી?]જાડ,કમઅક્કલ (૨)મૂઢ; અવાક (૩)ફૂલેલા શરીરનું, સ્થૂલકાય (૪) તદ્દન નવરનું. ઉદા૦ નાગુ-તબડૂક

તબદીલ વિ૦ [अ] બદલાયેલુ, ફરેલુ

તબલચી પુ૦ [फ़ा.] તબલાં-નરઘા વગાડનાર

**તબલી** સ્ત્રી૦ [अ. तबल; म.] વાઘના તુંબડા ઉપરનો સપાટ લાકડાનો ભાગ
**તબલીઘ** સ્ત્રી૦ [अ.] શુદ્ધિ, ધર્માંતર
**તબલું** ન૦ [अ. तबलह] એક વાદ્ય, નરઘું
**તબરૂક** પું૦ [अ. तबर्रुक] દરગાહ, ધર્મકથા વગેરેમા વહેંચાતો પ્રસાદ
**તબાહરું** ન૦ (ચ) તગારા જેવું એક પાત્ર
**તબિયત** સ્ત્રી૦ [अ.] મનની સ્થિતિ-મિજાજ (૨) શરીરની હાલત (તંદુરસ્તી કે માંદગી બાબતની) [-લાગવી=મન ચોટવું.] -તી વિ૦ તરંગી, ઠેકાણા વગરનું, ધૂની
**તબીબ** પું૦ [अ.] વૈદ્ય, હકીમ. -બી વિ૦ તબીબને લગતુ (૨) સ્ત્રી૦ વૈદું
**તબેલો** પું૦ [अ. तवीलह] ઘોડો, બળદ ઇ૦ કે ગાડી રાખવાનું ડેલું કે મકાન
**તબો** પું૦ [જુઓ તવો] (ગ) ચલમનો તવો
**તબ્બલ** ન૦[अ तवल]તાલકુ,માથુ.[-કરાવવું =માથે ટકો કરાવવો]
**તમ** ન૦[सं] અંધારું(૨) તમોગુણ (૩) પ્રત્યય વિ૦ને લાગતા 'સૌમા શ્રેષ્ઠ' એમ અર્થ બતાવે. ઉદા૦ ગુરુતમ
**તમ** સ૦ તમે (પ)
**તમક** પું૦[सं.]દમના રોગનો એક પ્રકાર ૦શ્વાસ પું૦બહુ ઉતાવળો અને ગૂંચવાતો શ્વાસોચ્છ્વાસ
**તમ(-મે)ણ** સ્ત્રી૦ [दे. तमण] ભોંય ખોદીને કરેલો ચૂલો
**તમણું** વિ૦ [જુઓ તગણું] ત્રણ ગણું,ત્રમણું
**તમતમવું** અ૦ક્રિ૦ [રવ૦] (તમતમનો અવાજ)
**તમતમું** વિ૦[સર૦ हिं. तमतमाना]બહુ તીખું. -માટ વિ૦ તમતમુ (૨) પું૦ તીખાશ
**તમ(-મો)ને** (મ',મો') સ૦ 'તમે(-મો)'નુ બીજી કે ચોથી વિ૦નુ રૂપ
**તમન્ના** સ્ત્રી૦ [अ] ઇચ્છા, આતુરતા
**તમર(-રિયું)** ન૦ એક જાતનુ બાળવાનુ લાકડું
**તમરી** સ્ત્રી૦ [सं. तिमिर] જુઓ તમ્મર
**તમરું** ન૦ [स तिमिर=અંધારું પરથી? કે तैवर?] રાતે તીણા અવાજથી બોલતુ એક જીવડું
**તમસ** ન૦[सं]અંધારું(૨)અજ્ઞાન(૩)તમોગુણ
**તમંચો** પું૦ [तुर्की] પિસ્તોલ
**તમા** સ્ત્રી૦[अ.] પરવા, દરકાર(૨) કમીના, ખોટ
**તમાકુ** સ્ત્રી૦ [पोर्टु० तबुको] તંબાકુ
**તમાચો** પું૦[फ़ा] થપ્પડ, લપડાક. [-ખાવો =ચોલ વાગવી -ખેંચી કાઢવો, ચોડવો, ચોડી દેવો, મારવો=લપડાક લગાવી દેવી. -પડવો, વાગવો=તમાચાનો માર પડવો(૨)ઝકડ ખાવી -મારી મોં કે ગાલ રાતો કે લાલ રાખવો=ન ફાવ્યા છતાં ફાવ્યાનો કે સુખી હોવાનો ઢોંગ કે દેખાડો કરવો]
**તમામ** વિ૦ (૨) અ૦ [अ] બધું; સંપૂર્ણ
**તમામી** સ્ત્રી૦ [फ़ा ? સર૦ हिं ,म.]તમામ-પૂર્ણપણે રેશમ ને કસબની સાડી
**તમારિ** પું૦[सं.] (સ) સૂર્ય ૦તનયા સ્ત્રી૦ (સં) યમુના નદી
**તમારું** (મા') સ૦[अप० तुम्हार, प्रा तुम्हकर] 'તમે'નુ છઠ્ઠી વિભક્તિ નુ રૂપ (બીજાં રૂપો-તમારે, તમારાથી ઇ૦)
**તમાલ** પું૦[सं]એક ઝાડ ૦પત્ર ન૦ તમાલ-વૃક્ષનુ પાંદડુ ૦પત્રી સ્ત્રી૦ તમાલપત્ર
**તમાશો(-સો)** પું૦ [फ़ा. तमाशा] ઘણા લોકો જોવા મળે એવો ખેલ કે રમત(૨)[લા]ફજેતી. જેમ કે, તમાસો કરવો, જોવો. -શ(-સ)ગીર, -શ(-સ)બીન પું૦ તમાશો જોનાર, પ્રેક્ષક (૨) તમાસો કરનાર -શ(-સ)ગીરી, -શ-(-સ)બીની સ્ત્રી૦ તમાશગીરનુ કામ
**તમિસ્ત્ર** ન૦ [सं] અંધકાર
**તમે(-મો)** (મે', મો')[प्रा. तुम्ह]બીજો પુરુષ સ૦, 'તું'નુ બ૦ વ૦
**તમેણ** સ્ત્રી૦ જુઓ તમણ
**તમોગુણ** પું૦[सं]પ્રકૃતિનો એક ગુણ(૨)ક્રોધ; આકળો સ્વભાવ -ણી વિ૦ તમોગુણવાળું
**તમ્મર** સ્ત્રી૦ [म तिमिर]આખે આવતા ચક્કર -અંધારા [-આવવી, ખાવી, ચડવી]
**તર** વિ૦ [फ़ा] રસકસથી ભરેલુ, તાજુ (૨) ધરાયેલું, તૃપ્ત (૩) પૈસાદાર (૪) મસ્ત, ચકચૂર
**તર** સ્ત્રી૦[दे.] દહીંદૂધ પરની મલાઈની પોપડી (૨) [જુઓ તરવુ] નાની ખાડી
**તર** સ્ત્રી૦ [सं] પહોળી હોડી, તરાપો

-તર પ્રત્યય. ક્રિ૦ ને લાગતા ન૦ બનાવે છે ઉદા૦ ઘડતર, ભણતર (૨) [सं ,फा ] વિ૦ ને લાગતા 'તેથી અધિક–વિશેષ' અર્થ સૂચવે ઉદા૦ અધિકતર, બદતર

તરક,૦ડો પું૦,[फा. तुर्क, दे तुरक्क] મુસલમાન (તિરસ્કારમા) ૦ડી સ્ત્રી૦

તરકચો પુ૦ [સર૦ ત્રચકો] ટપકું (૨) ફુવારો

તરકટ ન૦[સર૦ म.] પ્રપચ,કાવતરું. [–રચવું =તરકટ કરવુ ] ૦ખોર વિ૦ તરકટ કરવાની આદતવાળુ –ટી(–ટિયું) વિ૦ [સર૦ म ] તરકટ કરે એવુ પ્રપંચી

તરકડિયો પું૦ [फा तुर्क પરથી ?] એલફેલ બોલનારો, ભાડ, વિદૂષક

તરકડી, તરકડો જુઓ 'તરક'મા

તરકવું અ૦ક્રિ૦ [स. तर्क्] તર્ક કરવો, અટકળ કરવી [તીરનો ભાથો

તરકસ ન૦[સર૦ हिं., म ; फा. त(–ती)रकश]

તરકારી સ્ત્રી૦ [हिं , म ; સર૦ फा तर] શાક-ભાજી, ભાજીપાલો (૨) ખાવા યોગ્ય માસ

તરકીબ સ્ત્રી૦ [अ ] યુક્તિ

તરકોશી ન૦ ત્રણ થાંભલાનું વહાણ

તરખડ સ્ત્રી૦ માવજત, સભાળ (૨) ભાજગડ; પચાત

તરખલી સ્ત્રી૦જુઓ તણખલી –લું ન૦તણખલુ

તરખાટ પું૦ [સર૦ फा तर्स] ડર, ભીતિ,ત્રાસ (–મચવો, મચાવવો) [ખૂણાવાળું

તરખૂણિયું વિ૦ [તર (सं त्रि) + ખૂણો] ત્રણ

તરગાળી સ્ત્રી૦ તરગાળાની સ્ત્રી

તરગાળો પુ૦ ગાવા નાચવાનો ધંધો કરનાર એક ન્યાતનો માણસ

તરઘટ પુ૦ ઊમરો, તળવટ

તરઘાયો પુ૦ પહોળા મોનો જબરો દેગ (૨) મોટું પહોળુ ઢોલ (૩) [લા ] મોટી બેડોળ આકારની વસ્તુ [અહકાર

તરછ સ્ત્રી૦ [फा तर्स=क्रोध પરથી ?] મદ,

તરછટ અ૦ છેક, સાવ, તદ્દન

તરછોડ પુ૦,સ્ત્રી૦જોરથી વીઝવાથી–તરછોડવાથી થતી અસર (૨) તિરસ્કાર; છિટકાર ૦વું સ૦ ક્રિ૦ જોરથી આચકો મારવો(૨)તિરસ્કાર-પૂર્વક કાઢી મૂકવું (૩) તુચ્છકારવુ, ધિક્કારવું –ડો પું૦ તરછોડ

તરજ પું૦ ત્રાસ; ભય (૨) જોર, આવેશ (૩) સ્ત્રી૦ [જુઓ તર્જ] ગાવાની ઢબ

તરજાત વિ૦ હલકી જાતનુ(૨)સ્ત્રી૦ હલકી જાત

તરજુમો પું૦ [अ.] ભાષાતર –મિયું વિ૦ ભાષાની છટા કે ભાવ વિનાનુ, માત્ર શાબ્દિક સમાનતાવાળુ (ભાષાતર)

તરડ સ્ત્રી૦ [રવ૦] તડ, ફાટ, ચીરો ૦(–ડા)વું અ૦ક્રિ૦ તરડ પડવી, ફાટવું (૨) વાકુ–ત્રાસુ થવું (૩) વંકાઈને વિરુદ્ધ ચાલવુ [તરડાઈને બોલવું=ગુસ્સે થઈને બોલવુ ]–ડાટ પું૦ તરડાવુ–ફાટવુ તે (૨) અભિમાન, મરડાટ –ડિયા ગુવાર પુ૦ બ૦ વ૦ અડાઉ ગુવાર

તરડું વિ૦ તરડાયેલું

તરણ ન૦ [स ] તરવાની ક્રિયા (૨) તરવાનું સાધન, હોડી ૦તારણ વિ૦ (૨) પુ૦ તારણતરણ, ઉદ્ધારનાર

તરણ ન૦ + [જુઓ તૃણ] તરણુ

તરણિ પુ૦ [सं ] સૂરજ ૦તનયા સ્ત્રી૦ (सं.) યમુના નદી [હોડી

તરણિ(–ણી) સ્ત્રી૦ [स ] તરવાનું સાધન, ત્રાપો;

તરણું ન૦ [જુઓ તૃણ] તરખલુ [ તરણાને તોલે = તુચ્છ, કશી વિસાતમા નહીં એમ. તરણાનો મેરુ કરવો=રજનુ ગજ કરવુ તરણાં ચૂંથવાં = નજીવી ચૂથાચૂથ કે મહેનત કરવી ] [ ઉપાય

તરણોપાય પુ૦ [स ] તરી જવાનો–બચવાનો

તરત અ૦ [स त्वरित, प्रा तुरंत] એકદમ,ઝટ. ૦બુદ્ધિ વિ૦ હાજરજવાબી બુદ્ધિવાળું (૨) સ્ત્રી૦ શીઘ્ર કામ દે એવી – સમયસૂચક બુદ્ધિ

તરતપાસ સ્ત્રી૦ [ તર (દ્વિર્ભાવ) + તપાસ ] બારીક તપાસ–શોધ

તરતમ વિ૦ [सं , प्रा ] ઓછુવત્તુ

તરતલ ન૦ [ તરત પરથી ? ] સાર, મુખ્ય અર્થ

તરતી સ્ત્રી૦ એક વનસ્પતિ,

તરતીબ સ્ત્રી૦ [अ ] આચાર, રીતભાત વગેરેનુ શિક્ષણ (૨) વ્યવસ્થા, ગોઠવણ (૩) સંભાળ, માવજત

**તરધારું** વિ૦ [તર (ત્રિ) + ધાર] ત્રણ ધારવાળું (૨) ત્રણ સરખા ભાગમા બનેલું

**તરપંખું** વિ૦[તર (ત્રિ) + પાખ] ત્રણ પાખિયા -પાખડીઓવાળું

**તરપં(-પિં)ડી** સ્ત્રી૦ [सं. त्रि + पिंड કે तृप्ति + पिंड] મરનારની વરસીને દિવસે કરાતી શ્રાદ્ધક્રિયા

**તરપલું** વિ૦ દૂબળું, પાતળુ

**તરપિંડી** સ્ત્રી૦ જુઓ તરપંડી

**તરપે(-ભે)ટ** સ્ત્રી૦ જુઓ તરભેટ

**તરફ** સ્ત્રી૦ [अ] બાજુ, પક્ષ (૨) તંતુવાદ્યના મુખ્ય તારની નીચે, ઝણકવા માટે રખાતા તારનો સમૂહ કે પ્રત્યેક તાર (૩) અ૦ બાજુ, ભણી. **૦દાર** વિ૦ તરફેણ કરતુ, પક્ષવાળુ **૦દારી** સ્ત્રી૦ પક્ષપાત, ઉપરાણુ. **-ફી** વિ૦ (સમાસમાં) તરફનું ઉદા૦ એકતરફી

**તરફડવું,તરફડાટ,તરફડિયું** જુઓ 'તડફડવુ'મા

**તરફણ** સ્ત્રી૦ [सं त्रि + फणा] દાણા વાવવાનુ એક ઓજાર, ત્રણ દાંતાનો નાનો વાવણિયો

**તરફાળ** સ્ત્રી૦[તર (ત્રિ) + ફાળ] ત્રણ ફાળવાળી પિછોડી

**તરફીટ** સ્ત્રી૦ ઝીક

**તરફેણ** (ફે) સ્ત્રી૦ [अ. तरफ़नुं બ૦ વ૦ तरफ़ैन] બાજુ; પક્ષ (૨) તરફદારી

**તરફોડવું** સ૦ક્રિ૦[રવ૦] છણકા-છાકોટા કરવા

**તરફોડો** પું૦ [રવ૦] છણકો, છાકોટો; ધુતકાર [**તરફોડા કરવા**]

**તરબડવું** અ૦ ક્રિ૦[રવ૦] ખદખદવુ (૨)લડવુ, તરભડવુ [તરબોળ

**તરબતર** [फा] ખૂબ તર, પ્રવાહીથી ભરેલુ,

**તરબિયત** સ્ત્રી૦ [अ] તાલીમ, કેળવણી

**તરબૂચ** ન૦, **-ચી** સ્ત્રી૦ જુઓ 'તડબૂચ'મા

**તરબોળ** વિ૦ [તર (फा) + બોળ (બોળવુ)] તદ્દન પલળી ગયેલુ

**તરભડ** સ્ત્રી૦ [રવ૦] બોલાબોલી, તકરાર **૦વું** અ૦ ક્રિ૦ આવેશપૂર્વક બોલવું, કજિયો કરવો

**તરભાણું** ન૦ [स ताम्रभाण्ड] ધર્મવિધિમા વપરાતી તાંબાની તાસક **-ણી** સ્ત્રી૦ નાનુ તરભાણું

**તરભેટ(-ટો)** પું૦ [જુઓ ત્રિભેટો] ત્રણ ગામના સીમાડા કે રસ્તા ભેગા થતા હોય એવી જગા

**તરમરિયું** ન૦ જુઓ તનમનિયું

**તરમરી** સ્ત્રી૦ એક જાતનુ ઘરેણું

**તરલ** વિ૦[सं.] ચપલ, અસ્થિર (૨) પું૦ હારનુ વચ્ચેનુ રત્ન **૦તા** સ્ત્રી૦, **૦ત્વ** ન૦ **૦નયન** પું૦એક છંદ **-લિત** વિ૦તરલ થયેલુ,અસ્થિર

**તરવર** અ૦[सं त्वर्, કે तृ ઉપરથી?] ત્વરાથી તળે ઉપર - સળવળ થતુ હોય એમ **૦વું** અ૦ ક્રિ૦ ઉપર તળે થવુ, સળવળવું (૨) ત્વરાથી અધીરા થવું **-રાટ** પું૦ ધમપછાડ; અધીરાઈ, ચંચળતા. **-રિયું** વિ૦ ચંચળ, ચપળ, અધીરું

**તરવક** ન૦ [તર (ત્રિ) + વક (વાકુ)] વક્રતા

**તરવાડી** પું૦ [જુઓ ત્રવાડી] ત્રિવેદી,એક અટક

**તરવાડો** પું૦ [सं. तल (તાડ) + વાડો (વાઢવું)] ખજૂરા છેદનારો, તાડી કાઢનારો (સુ.?)

**તરવાયો** પું૦ [તર (ત્રિ) + પાદ (सं)] ત્રણ પાયાની ઘોડી, માચી

**તર(-લ)વાર** સ્ત્રી૦ [सं तरवारि, फा तलवार] સમશેર, ખડગ [**-ચલાવવી**=તરવાર વડે કાપાકાપી કરવી. **-ઝાલવી, પકડવી** = હાથમાં તલવાર લઈ સામે થવુ **-બાંધવી** = કેડે તલવાર લટકાવવી,લડવૈયા થવુ (૨)યુદ્ધમાં ઊતરવું **તલવારની ધાર ઉપર રહેવું, ચાલવું**=જીવસટોસટ-પૂરી જોખમદારીથી, સાવધાનીથી વર્તવુ] **-રી(-રિયો)** વિ૦ પું૦ સહેજ સહેજમા તરવાર ખેંચે એવો (૨) તરવાર વાપરી જાણનારો; યોદ્ધો

**તરવારડી** સ્ત્રી૦ [दे तरवट्ट? हिं तरवर, म तरवड?] એક વનસ્પતિ

**તરવાવું** અ૦ ક્રિ૦ કાચો ગર્ભ પડવો(ઢોર માટે)

**તરવું** સ૦ ક્રિ૦ [सं तृ,प्रा ] ઓળંગવુ, પાર કરવું (૨) અ૦ ક્રિ૦ ડૂબ્યા વિના પાણીમા ઉપર રહેવુ કે ખસવુ (૩) [લા] બચવું [**તરી ઊતરવું, તરી જવું, તરી પાર ઊતરવું**= સામે પાર જવુ (૨) મુશ્કેલી વટાવી જવી (૩) જિંદગીની જવાબદારી કે બંધનમાંથી મુક્ત થવુ ]

**તરશ(-સ)** સ્ત્રી૦ [स तर्ष, तृषा] પાણી પીવાની ઇચ્છા,પ્યાસ(૨)[લા ]તીવ્ર ઇચ્છા.**-શ્યું(-સ્યું)** વિ૦ તરસવાળુ, પ્યાસુ

**તરસ** સ્ત્રી૦ જુઓ તરશ (૨)ન૦ [सं. तरक्ष,प्रा. तरच्छ, म ] એક જગલી જાનવર — ઝરખ (૩)પુ૦ [સર૦ तरछ] ક્રોધ

**તરસતિયું** ન૦ અધરણિયાત સ્ત્રીએ પહેરવાનુ માથાનુ એક ઘરેણુ

**તરસ(-સા)વું** અ૦ક્રિ૦ ['તરસ' પરથી, સર૦ हिं तरसना] તલસવુ, આતુર રહેવુ

**તરસાડ** સ્ત્રી૦ [स. तल(તાડ)+સાડ (प्रा साड =વસ્ત્ર; અથવા साडण = છેદન)]તાડનાં પાદડાં; જાવલી [તલસાવવુ

**તરસાવવું** સ૦ક્રિ૦ ['તરસવુ' ઉપરથી] ઝુરાવવુ;

**તરસાવું** અ૦ક્રિ૦ જુઓ તરસવું

**તરસાણુ** ન૦ તળિયુ, છેડો (૨) અંદાજ

**તરસાણો** પું૦ તરસાણુ, અંદાજ, તળિયાનો શુમાર—અત

**તરસાંજી** સ્ત્રી૦ [स. त्रिसंध्या ?] (સુ) સાજ

**તરસ્યું** વિ૦ જુઓ તરશ્યુ

**તરંગ** પુ૦ [सं ] પાણીની લહેર, મોજું (૨) કલ્પના, બુટ્ટો **૦વતી** વિ૦ સ્ત્રી૦ તરંગ-મોજાંવાળી **-ગિણી** સ્ત્રી૦ નદી. **-ગિત** વિ૦ લહેરો ખાતુ, હાલતુ **-ગી** વિ૦ મનના તરંગ પ્રમાણે વર્તનારું (૨) તરંગો — કલ્પનાઓ કર્યા કરનારું

**તરંતરા** અ૦ [फा तर ઉપરથી] તરબતર,ખૂબ તર (૨)સ્ત્રી૦ ['તરવું' ઉપરથી] ખૂબ તરવું તે

**તરાઈ** સ્ત્રી૦ [हिं] પહાડની તળેટીનો પ્રદેશ

**તરાડ** પું૦ લાગ, જોગ. [-ખાવો, જામવો, બાઝવો=જોગ બેસવો, લાગ ફાવવો.]

**તરાડ (ડ,)** સ્ત્રી૦ [રવ૦] ફાટ, ચીરો

**તરાણા,તરાનો** પુ૦[फा ] એક તરેહનુ ગાયન

**તરાપ** સ્ત્રી૦ [સર૦ हिं.] છલંગ (૨) એકદમ મારેલી ઝૂટ. (-મારવી)

**તરાપો** પું૦ [સર૦ स तप्र, प्रा. तप्प=નદીમા દૂરથી વહી આવતો કાષ્ઠસમૂહ, हिं तरापा, म. तराफा] વાસ કે લાકડાને એકબીજાની સાથે બાધીને બનાવેલો પાણીમા તરે તેવો પાટ જેવો ઘાટ; ત્રાપો. [-ભાગવો, વેરાવો = કુટુંબ-મંડળ વીખરાઈ જવું (૨) સંસાર ભાગી પડવો, મુખ્ય માણસ જતુ રહેવું ]

**તરામણું** વિ૦ ['તરવુ' ઉપરથી]તરીને જવુ પડે એટલુ (૨) તરી શકાય તેટલુ

**તરિ(-રી)** સ્ત્રી૦ [સ.] હોડી

**તરિયું** વિ૦ [स त्रि ઉપરથી] ત્રણ જાતનુ (૨) ત્રીજુ. **-યા(-યાં?) તોરણ** ન૦ (બ૦વ૦?) ત્રણ જાતના (આસોપાલવ, આબાના પાન, નાળિયેર) તોરણ, જેમા સાથે કસબના તારનુ (કપડાનુ) તોરણ પણ અધિક શોભા માટે હોય છે

**તરિયો** પુ૦ [ જુઓ તરિયું ] એકાતરિયો તાવ (૨)[स तूर्य]ચોથિયો તાવ(૩)ગજીફાનુ ત્રણની સજ્ઞાનુ પત્તુ; તીરી(૪)['તરવુ, તરી આવવુ' ઉપરથી] ચોખામા રહેલો ડાગરનો દાણો

**તરિંગ** ન૦(કા.) ઘોડાનુ ડેળુ – પલાણની પાછળ ખુલ્લો રહેતો પીઠનો ભાગ

**તરી** સ્ત્રી૦ [दे. तरिया, જુઓ તર]મલાઈ(૨) કાપ(૩)ઉપર તરતી કોઈ પોપડી—થર(૪) વિ૦ [सं. त्रि ઉપરથી]ત્રણ ગણું(આકમા)(૫) સ્ત્રી૦ [स.] હોડી, તરિ (૬) [फा.] જળમાર્ગ

**તરીકે** અ૦ [જુઓ તરીકો] —ની માફક,પ્રમાણે, પેઠે, રૂપે

**તરીકો** પુ૦ [अ.] રસ્તો; માગ (૨) રીત

**તરીમતરાક** સ્ત્રી૦ [अ. तुम्तुराक] ધામધૂમ

**તરીર** અ૦ અનુક્રમે

**તરી(-રે)લું** ન૦ વધારાનુ ધૂસરુ (બે જોડ બળદ સાથે જોડાતી વખતે નંખાતુ (૨)[લા.] ઘરસંસારનો બોજો [**તરેલાં તાણવાં**= સંસારનુ ધૂસરું વેઠવુ.]

**તરુ** ન૦ [स.] ઝાડ **૦વર** ન૦ મોટુ ઝાડ

**તરુણ** વિ૦[सं.] જુવાન (૨) પુ૦ જુવાન પુરુષ. **-ણાઈ, -ણાવસ્થા** સ્ત્રી૦ જુવાની. **-ણી** વિ૦ સ્ત્રી૦ યુવાનીમા આવેલી (૨) સ્ત્રી૦ યુવાન સ્ત્રી, યૌવના

**તરેરાટ (રે')** પુ૦ [સર૦ हिं तेरेरना, अ. तर्रार] વાટો તરડાઈ જાય એવી બૂમ (૨) ક્રોધનો આવેશ

**તરેરી** (રે') સ્ત્રી૦ [જુઓ તરેરાટ] ગુસ્સાના આવેશની ધ્રુજારી [–ખાવી=ગુસ્સાથી મૂછી ઊઠવું.] –રું વિ૦ તરેરીથી ભરેલું, કોપાયમાન
**તરેલું** ન૦ જુઓ તરીલું
**તરેહ** સ્ત્રી૦ [अ तरह] રીત; પ્રકાર (૨) ભાત, જાત ૦દા(–વા)ર વિ૦ ભાત ભાતનું; વિવિધ (૨) વિચિત્ર
**તરો** પું૦ (કા) માર્ગ, મોકળાશ
**તરોદત(–દ)** સ્ત્રી૦ [अ तरद्दुद] કળા; હિકમત (જેમ કે ખેતી સુધારવાની. મહેસૂલ ખાતામાં એમ વપરાય છે)
**તરોપણ** ન૦ સુતારનું એક ઓજાર
**તરોપો** પું૦ (સુ.) નાળિયેર
**તરોવડ** વિ૦ સરખેસરખું; સમોવડ (૨) સ્ત્રી૦ ખુલાસો, સમજૂતી, ત્રેવડ
**તરોવું** અ૦ ક્રિ૦ તરવાનું
**તર્ક** પું૦ [સં.] અનુમાન, કલ્પના (૨) વિચાર-પ્રક્રિયા (૩) સંભવિત ખુલાસો, 'હાઇપોથેસીસ' (૪) તર્કશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર [–ઊઠવો=વિચાર આવવો; તુક્કો ઊઠવો; –ચલાવવો=કલ્પના કરવી, બુદ્ધિનો ઉપયોગ કરવો] ૦દોષ પું૦ વિચારદોષ, વિચારપ્રક્રિયાનો દોષ ૦પ્રામાણ્ય ન૦ તર્કમાં – વિચારપ્રક્રિયામાં પ્રમાણબુદ્ધિ ૦પ્રામાણ્યવાદ પું૦ 'રૅશનલિઝમ.' ૦પ્રામાણ્યવાદી વિ૦ (૨) પું૦ રૅશનલિસ્ટ' ૦બાજ વિ૦ તર્કમાં કુશળ ૦વાદ પું૦ તર્કને આધારે સ્થાપેલો વાદ.' ૦વિતર્ક પું૦ ઊહાપોહ (૨) ગમે તેમ વિચાર દોડાવ્યા કરવા તે ૦શક્તિ સ્ત્રી૦ તર્ક કરવાની શક્તિ ૦શાસ્ત્ર ન૦ ન્યાયશાસ્ત્ર, 'લૉજિક' ૦શાસ્ત્રી પું૦ તર્કશાસ્ત્રનો વિદ્વાન ૦શુદ્ધ વિ૦ તર્કદોષ વિનાનું ૦સરણિ(–ણી) સ્ત્રી૦ તર્કોની પરંપરા ૦સિદ્ધ વિ૦ તર્કથી પુરવાર થયેલું –ર્કિત વિ૦ તર્ક કરેલું –ર્કી વિ૦ તર્ક કરનાર
**તર્જ** સ્ત્રી૦ [अ] તરજ, ગાવાની ઢબ
**તર્જન** ન૦,–ના સ્ત્રી૦ [સં] ઠપકો, ધમકી (૨) તરછોડ; તિરસ્કાર
**તર્જની** સ્ત્રી૦ [સં] અંગૂઠા પાસેની આંગળી
**તર્જવું** સ૦ ક્રિ૦ [સં. तर्ज्] ઠપકો આપવો, ધમકાવવું (૨) તરછોડવું, ધુતકારવું
**તર્પણ** ન૦ [સં.] તૃપ્તિ (૨) જુઓ જલાંજલિ. –ણીય વિ૦ તૃપ્ત કરી શકાય કે કરવા યોગ્ય
**તર્પવું** સ૦ ક્રિ૦ [સં तृप्] તૃપ્ત કરવું, સંતોષવું
**તર્પિત** વિ૦ [સં] તૃપ્ત થયેલું
**તલ** પું૦ [સં. तिल] એક તેલી બી કે તેનો છોડ· તિલ (૨) એને મળતો ચામડી ઉપરનો ડાઘો
**તલ(–ળ)** ન૦ [સં] તળિયું (૨) નીચેનો પ્રદેશ, તળેટી (૩) સપાટી ઉદા૦ 'ભૂતલ'
**તલક** અ૦ [हिं] સુધી લગી
**તલકછાંયડો** પું૦ તડકોછાંયડો, એક રમત
**તલખ** વિ૦ [फा तल्ख] તીવ્ર, તીખું, તેજ (૨) સ્ત્રી૦ [જુઓ તલસવું] ઝંખના, ઇંતેજારી (૩) વ્યાકુળતા (૪) તરસ. ૦વલખ અ૦ [સં विलक्ष ઉપરથી] પાણી ન મળવાથી અસ્વસ્થ ૦વું અ૦ ક્રિ૦ [જુઓ તલસવું] ઝંખવું –ખાં ન૦બ૦વ૦ ઝંખના, પ્રાપ્તિ માટેની વ્યાકુળતા. [–મારવાં=ઝંખવું; ઝૂરવું]
**તલપ** સ્ત્રી૦ [સર૦ તરાપ] કૂદકો; છલંગ (૨) [જુઓ તલબ] (પ્રાય વ્યસનની ચીજની) ઉત્કટ ઇચ્છા, તાલાવેલી [–આવવી=તલબ થવી –ચૂકવી=ધારેલી છલંગ ભરવામાં નિષ્ફળ થવું (૨) તલબની વેળા વહી જવી –મારવી=છલંગ મારવી (૨) તલબને દાબી દેવી] ૦વું અ૦ ક્રિ૦ એકદમ તલપ –કૂદકો મારવો ૦(–ફે)વું અ૦ક્રિ૦ [સર૦ हिं. तलफना, म. तलपणें] આતુરતાથી ટમટમવું, તલસવું
**તલપાપડ** વિ૦ ['તળે ઉપર'? તલપવું + પડવું ?] આતુર; અધીરું
**તલપૂર** વિ૦ તલ જેટલું (૨) સહેજ પણ
**તલફવું** અ૦ક્રિ૦ જુઓ 'તલપ'માં
**તલબ** સ્ત્રી૦ [अ] ઉત્કટ ઇચ્છા, તલપ
**તલબાવળ** પું૦ એક વનસ્પતિ [તલપૂર
**તલભાર, તલમાત્ર** વિ૦ તલ જેટલું, સહેજ,
**તલમીજ** પું૦ [अ] શિષ્ય
**તલવટ** પું૦ તલની બનાવેલી એક મીઠાઈ (૨) ઉંબરો; તળવટ
**તલવણી** સ્ત્રી૦ એક વનસ્પતિ
**તલવાર** સ્ત્રી૦ જુઓ તરવાર
**તલસરું** ન૦ તલ ખંખેરી લીધા પછીનો તલનો

છોડ (૨) [प्रा. तिलसगलिया] જેમા તલ થાય છે તે શીંગ
**તલસવલસ** અ૦ જુઓ તલખવલખ
**તલસવું** અ૦ક્રિ૦ [स तृष्]અતિ આતુર હોવું; આતુરતાથી તરફડવુ [તરફડાટ
**તલસાટ** પું૦ [જુઓ તલસવુ] આતુરતા,
**તલસારો** પું૦ ['તલસવુ' ઉપરથી] તલસાટ; તરફડાટ
**તલસાંકળી** સ્રી૦ [प्रा तिलसक्कुलिया (सं. तिलशष्कुलिका)] તલની બનાવેલી એક વાની
**તલસ્પર્શ** પું૦ [स] તળિયાનો સ્પર્શ (૨) સપાટીનો સ્પર્શ **-ર્શિતા** સ્રી૦ **-ર્શી** વિ૦ તલસ્પર્શ કરતુ (૨) મૌલિક, વસ્તુના તળિયા સુધી ઊંડે જઈ વિચારતુ
**તલા(-લ્લા)ક** સ્રી૦ [अ] છૂટાછેડા, ફારગતી. (પ્રાય મુસલમાન લગ્ન અંગે) [**-આપવી**= લગ્નબધમાંથી છૂટું કરવું; છૂટાછેડા કરવા **-મળવી**=છૂટાછેડાના ભોગ બનવું **-મેળવવી, -લેવી**=છૂટાછેડા સાધવા, લગ્નબધનમાથી છૂટું થવુ]
**તલાટી** પું૦[સર૦दे. तलार=કોટવાલ, અથવા दे. तल=ગામડાનો મુખિયો म. तलाठी, तळाटी(-ठी)] મહેસૂલ વસૂલ કરનાર સરકારી મહેતો. **-ટું** ન૦ તલાટીનુ કામકાજ કે પદ
**તલાતલ** ન૦ [स] સાત પાતાળમાનુ એક
**તલાબત** સ્રી૦ [अ तलावत] બરાબરી, સ્પર્ધા
**તલાલીન** વિ૦[सं.]તળિયે જઈ બેઠેલુ(૨)તલ્લીન
**તલા(-ળા)વ** ન૦ [प्रा. तलाव, तलाय, तलाग (सं. तडाग), સર૦ फा. तालाव]એક જળાશય; નાનુ સરોવર [**તળાવ (-વે) જવું**=ઝાડે ફરવા-શૌચ જવુ] **૦ડી** સ્રી૦, **૦ડું** ન૦ નાનુ તળાવ
**તલાશ** સ્રી૦ [फा] શોધ; તપાસ. [**-રાખવી, લેવી**=સંભાળ રાખવી; ધ્યાન રાખવું]
**તલી** સ્રી૦ ઝીણા તલ (૨) શેરડીનો એક રોગ (૩) બરોળની ગાંઠ [કસબી છેડો
**તલો** પુ૦ [अ तला (સોનુ) ઉપરથી] પાઘડીનો
**તલ્પ** ન૦ [सं] શય્યા, પથારી
**તલ્લાક** સ્રી૦ જુઓ તલાક
**તલ્લીન** વિ૦[स.]ગરક; લીન, એકાકાર. **૦તા** સ્રી૦
**તવ** સ૦ (પ) તારુ [सं] (૨) અ૦ [हिं. तब] (પ) ત્યારે
**તવખીર** ન૦ એક વનસ્પતિ
**તવન** ન૦ જુઓ સ્તવન (જૈન)
**તવર** ન૦ એક વનસ્પતિ
**તવરવું** અ૦ક્રિ૦ જુઓ તરવરવું
**તવંગર** વિ૦[फा तुवांगर] પૈસાદાર, તાલેવંત
**તવાઈ** સ્રી૦ ['તવાવું' ઉપરથી, અથવા फा तवाही? સર૦ म. तवई, तवाई] કમબખ્તી; આફત; ધાડ (૨) તાકીદ; ધમકી
**તવાજો** પું૦ [अ. तवाजह] પરોણાચાકરી
**તવારાં** અ૦+તે વારે-વખતે
**તવારીખ** સ્રી૦ [अ] ઇતિહાસ **૦નવીસ** પું૦ ઇતિહાસ લખનારો
**તવાવું** અ૦ક્રિ૦ [स तप्, प्रा. तव] 'તાવવુ'નુ કર્મણિ. [**તવાઈ જવું**=તાપ કે ચિંતાથી શોષાઈ જવું-શરીરે ઓગળી જવુ]
**તવેથો** પું૦[स तप्, प्रा तव પરથી]રસોઈમા ઉપર તળે કરવાનુ કે ઉથલાવવાનુ એક સાધન, તાવેથો
**તવો** પુ૦ [प्रा तवय]રોટલા શેકવાનુ એક પાત્ર, મોટી લોઢી (૨) ચલમમા મૂકવાની ગોળ ચપટી ઠીકરી [**તવા જેવું**=બિલકુલ સાફ, ચોખ્ખુ ચટ (૨) ખાલી કે સાફ થયેલુ, પાયમાલ] **-વી** સ્રી૦નાનો તવો, લોઢી
**તશરીફ** સ્રી૦ [अ] મોટાઈ; મહિમા, શ્રેષ્ઠતા (મોટા માણસને, 'પધારો' એમ કહેવામાં વપરાય છે-તશરીફ લાવો)
**તસ** સ્રી૦ ન દેખાય એવી બારીક ફાટ
**તસકો** પુ૦ ત્રસકો, તુચ્છકાર (૨) ઠોક ઠપકો. [**-તોડવો**=ઠપકો આપવો] [ટસટસવું
**તસતસવું** અ૦ક્રિ૦ [રવ૦] ભચડાવુ; તણાવું;
**તસતસાટ** પું૦ ['તસતસવુ' ઉપરથી]ટસટસાટ
**તસબી(-વી)** સ્રી૦ [अ.] (જપવાની) માળા, બેરખો
**તસમો** પુ૦ [फा] ચામડાનો પટો, તંગ
**તસર** સ્રી૦ [सं त्रसर, प्रा टसर સર૦ हिं, म. तसर] રંગની તીણી રેખા (૨) ન૦ ટસર; એક જાતનુ કપડુ

**તસલમાત** વિ૰ [अ. तस्लीमात] વચગાળાનું; ઉપલકિયું (જેમ કે, તસલમાત-ઉપલક ખાતું) (૨) તાબાનું (૩) સ્ત્રી૰ કબજો, ભોગવટો
**તસલ્લી** સ્ત્રી૰[अ]આશ્વાસન;ભરોસો,વિશ્વાસ
**તસવી** સ્ત્રી૰ જુઓ તસબી
**તસવીર** સ્ત્રી૰ [अ] છબી, ચિત્ર
**તસિયો** પું૰['તસ' ઉપરથી] તરડ,ફાટ(૨)લીટી, આંકો(૩) [આખમા]રાતી રેખા,તસર, ટશિયો
**તસુ** પું૰,સ્ત્રી૰[સર૰ हिं , म तसू, अ. तसव्वह] ઇંચ જેટલું માપ [**તસુ ભોંય ન સૂઝવી**= કશું ન સૂઝવું, મૂઝાઈ જવું.]
**તસું** વિ૰ [अप॰ तइस, सं ताद्दश] (પ.) તેવું
**તસોતસ** અ૰ ['તસતસવું' ઉપરથી] તસતસે એમ, તંગ
**તસ્કર** પું૰[सं]ચોર ૦**વું** સ૰ક્રિ૰ ચોરવું **-રી** સ્ત્રી૰ ચોરવું કામ, ચોરી
**તસ્ત,**૦**રું,-સ્તાલું** ન૰ [फा. तश्त, ०री; સર૰ म. तस्त]મળમૂત્ર ઝીલવાનું વાસણ(૨)કોગળા વગેરેનું પાણી ઝીલવાનું વાસણ
**તસ્દી** સ્ત્રી૰ [अ. तस्दीअ] શ્રમ, મહેનત, તકલીફ [**-લેવી, આપવી**]
**તહ** પું૰, સ્ત્રી૰, ન૰ [फा] સુલેહ, સંધિ.
**તહકીબ** વિ૰ [अ. तहकीक़] ચોક્કસ; નક્કી
**તહકુ(-કૂ)બ** વિ૰ [अ. तवक्कुफ़=ઢીલ, સર૰ म त(०ह)कूब] મોકૂફ; મુલતવી (**-કરવું, રહેવું, રાખવું**). **-બી** સ્ત્રી૰ તહકૂબ રાખવું તે; મોકૂફી
**તહનામું** ન૰ [फा.] સુલેહનો કોલકરાર-લેખ
**તહસીલ** સ્ત્રી૰, ન૰ [अ] જમીનમહેસૂલ (૨) તાલુકો ૦**દાર** પું૰ તાલુકાનું મહેસૂલ વસૂલ કરનાર અમલદાર, મહાલકારી ૦**દારી** સ્ત્રી૰ તહસીલદારનું કામ કે પદ ૦**નામું** ન૰ જમાબધીનો ચોપડો
**તહાં** અ૰ [સર૰ हिं.] (પ) જુઓ તહીં
**તહીં** અ૰ [प्रा तहि, तहिं,] ત્યાં, ત્યહાં
**તહેનાત** (તહે) સ્ત્રી૰[अ. तअय्युनात, સર૰ म. तैनात, हिं तइनात]સેવાચાકરી કરવા માટેની હાજરી (૨) સેવાચાકરી, તાબેદારી
**તહેવાર**(તહે)પું૰[સર૰हिं तेहवार, त्योहार, सं तिथि, प्रा तिहि+वार]ટાણું, ખુશાલીનો દિવસ
**તહોમત** ન૰ (તહો) [अ. तुहमत] આરોપ; આળ [**-આવવું**=આરોપ થવો **-મૂકવું**= આરોપવું; આક્ષેપ કરવો.]૦**દાર** વિ૰આરોપી. ૦**નામું** ન૰ આરોપ મૂક્યા બાબતનું લખાણ
**તળ** ન૰ જુઓ તલ (૨) મૂળ (૩) પાયો (૪) જન્મસ્થાન ૦**ઘટ** પું૰ ઊમરો,ઉંબર ૦**જમીન** સ્ત્રી૰ તળિયાની જમીન ૦**ઘર** વિ૰ દેવાદાર (૨) [લા] દબાયેલું-ઓશિયાળું (૩) પું૰ વસવાયો (૪) સાથી, ખેડૂત. ૦**પદ** ન૰ ગામ-તળની જમીન(૨)અસલ-મૂળ જગા(૩)સપાટ જમીન (૪) જેનું પૂરું મહેસૂલ લેવાતું હોય એવી-ખાલસા જમીન ૦**પદું** વિ૰ સ્થાનિક, મૂળ વતનનું (૨) ગામઠી, દેશી ૦**વટ** સ્ત્રી૰ પગના તળિયાનું તળવાવું તે (૨) તળિયું (૩) જમીનની સપાટી, તળાવટ(૪)ઊમરાનું ઘડેલું લાકડું (૫)[સર૰म. तुळवट=પાટડો] છાપરાના મોભને ટેકવવા સામસામી ભીંતો પર ગોઠવીને રખાતું આડું લાકડું
**તળવાવું** અ૰ ક્રિ૰ [તળવું (તળિયું) પરથી? સર૰ हिं. तरवाना] વધારે પડતા ઘસારાથી કે તાપથી પગના તળિયાનું આળું થવું
**તળવું** સ૰ ક્રિ૰ [प्रा तल] કકડાવેલા ઘીતેલમાં પકવવું (૨) ન૰ [सं. तलं,म तळवा] તળિયું
**તળાઈ** સ્ત્રી૰ [दे. तल, तल्ल=ગોદડું; બિછાનું] ખૂબ રૂ ભરેલું ગાદલું (૨) પું૰ [प्रा. तल= તાડનું ઝાડ] તાડનું (નર) ઝાડ
**તળાતળ** ન૰ જુઓ તલાતલ
**તળાતાંદળા** પું૰બ૰વ૰ [તળા (તળવું)+તાંદળા (स तादूल)] શેકેલા ચોખા-મમરા (૨) અ૰ છૂટેછૂટું; લગારે વળગણ ન રહે એમ
**તળાવ** ન૰,૦**ડી** સ્ત્રી૰,૦**ડું** ન૰ જુઓ 'તલાવ'માં
**તળાવટ** સ્ત્રી૰ ઢોંગ, યુક્તિ (૨) ['તળ', 'તળવટ'] જમીન કે તેની સપાટીનો પ્રકાર
**તળાવિયો** પું૰ એક જાતનો કોળી
**તળાવો** પું૰ [જુઓ 'તળવટ' અર્થ ૪-૫] ગાડાની પીંજણી તળેની આડી
**તળાંસવું**(૦) સ૰ ક્રિ૰ [स तलस्पर्श પરથી?] ધીમે ધીમે ચાપવું, ચંપી કરવી

**તળિયું** ન૦ [સં. तल] છેક નીચેનો ભાગ; તળ (૨) પગનું તળિયું (૩) તડબૂચ. [**-આવવું**=સાવ ખૂટી પડવું. **-ટાઢું કરવું**=જુઓ તળિયારુ ટાઢુ કરવું. **-દેખાવું**=ખૂટી પડવું, પાસેનું પૂરુ થવા આવવું **-ન દેખાવું**=પાર ન પામી શકાવુ **-ઝાડવું**=સાફ કરી નાખવુ, ખાલીખમ કરવું (૨) ખૂબ ધમકાવવું.] **-ચાટ, -ચાઝાટક** અ૦ તળિયું ખુલ્લું થઈ જાય તેમ, ખુલ્લેખુલ્લુ, પૂરેપૂરુ ખુવાર. **-યારું** ન૦ તળિયુ [**-ટાઢું કરવું**=પોતાની સ્થિતિ સ્થિર-નિશ્ચિત કરી લેવી.]

**તળી** સ્રી૦ [જુઓ તળિયું] જોડામા પગના તળિયાને અડીને રહેતી ચામડાની પટ્ટી, સખતળી. [**-પડવી**=ખુલ્લે પગે ચાલવાથી પગના તળિયાની ચામડી કઠણ કે ન દાઝે એવી થઈ જવી ]

**તળું** ન૦ જુઓ તળિયુ [**-આવવું**=તળિયુ [આવવુ]

**તળે** અ૦ [સં. तल] નીચે, તળિયે **૦ઉપર** અ૦ ઊંચુનીચું, તળે કે ઉપર(૨) [લા ] તલપાપડ; અધીરું [બાજુનો નીચાણનો પ્રદેશ

**તળેટી** સ્રી૦ [दे. तलहट्टिया] પર્વતની આજુ-

**તળ્યુંતાવ્યું** વિ૦ તળેલુ અને તાવેલુ(૨) [લા.] અભડાય નહિ એવું-શુદ્ધ

**તંઈ** અ૦ [સં. ततः, प्रा तए, સં तदा, प्रा. तइ] (કા) જુઓ તૈંયે, તો પછી; ત્યારે

**તંગ** વિ૦ [फा] ભિડાવુ, ચપસીને આવી રહેતુ (૨) તાણેલું, કસેલું (૩) છૂટ વગરનું (નાણા કે વેપારની બાબતમા) (૪) કાયર, કંટાળેલુ (૫) પું૦ ઘોડાનું જીન ખસી ન જાય તે માટે પેટને કસીને બાધેલો પટો

**તંગડી** સ્રી૦ [જુઓ ટંગડી] ટાટિયો (૨) [फा तंग, કે तुंगह પરથી ?] ટૂકી ચોરણી-લેંઘો

**તંગલ** ન૦, સ્રી૦છોકરાને કાને પહેરવાનું કુંડળ

**તંગાશ** સ્રી૦ [फा. तंग ઉપરથી] તંગી; અછત

**તંગિયો** પું૦ [જુઓ તંગડી] નાની સૂથણી

**તંગી** સ્રી૦ [फा.] તાણ, ન્યૂનતા, અછત

**તંઝીમ** સ્રી૦ [अ.] એકસૂત્ર કરવું તે, સંગઠન

**તંડુલ** પું૦ [સં] તંદુલ; ચોખા

**તંત** પું૦ [સં तंति કે तंतु] તાર, તાંતણો (૨) કોઈ ઘટના કે વાતની પરંપરા—તેનો લાંબો તાતણો (૩) ચર્ચા, વાદવિવાદ, પંચાત (૪) છાલ, કેડો (૫) મમત, જિદ્દ, હઠ. [**-તાણવો, બાંધવો**=વાદ કે ચર્ચામા ઊતરવું; તંત કરવો. **-પકડવો**=કોઈ વાત કે ઘટનાનું મૂળ રહસ્ય સમજવું, લક્ષમા લેવુ (૨) હઠ લેવી, જીદ પકડવી **-મૂકવો**=હઠ છોડવી; છાલ છોડવો, કોઈ વાતની પંચાત કે ચર્ચા છોડવી **-લેવો**=ચર્ચા ચલાવવી ]

**તંતની** સ્રી૦ [રવ૦] જુઓ તુનતુની

**તંતરવું** સ૦ ક્રિ૦ [સ तंत्र ઉપરથી] છેતરવું; ધૂતી લેવું, ભોળવવું

**તંતુ** પું૦ [સં.] તાર, તાતણો, રેસો કે પાતળી નસ [**-કામે લગાડવા**=બનતુ બધુ કરવુ (કોઈ કામ સાધવા માટે).] **૦કીટ** પું૦રેશમનો કીડો **૦ચક્ર** ન૦ તંતુનુ જાળું. **૦માર્ગ** પું૦ તંતુ જેવો બારીક માર્ગ. **૦વાદ્ય** ન૦ તંતુથી વાગતુ વાજિંત્ર

**તંતે(-તો)તંત** અ૦ [જુઓ તંત, સર૦ म. तंत, तंतोतंत]એક કેડે બીજું એમ, લગાતાર (૨) બરોબર, પૂરેપૂરુ

**તંત્ર** ન૦[સં.] હિંદુઓના એક પ્રકારના શાસ્ત્રો (તેમા મંત્રો, પ્રયોગો અને ક્રિયાઓ ઉપર વધુ ભાર મૂકેલો છે ) (૨)વ્યવસ્થા; પ્રબંધ (૩)તેની યોજનાપૂર્વક ગોઠવણ, આયોજન (૪) [ન્યા.] સિદ્ધાંત **૦નિષ્ઠ** વિ૦ તંત્ર-વ્યવસ્થાને વફાદાર. **૦નિષ્ઠા** સ્રી૦ તંત્ર-વ્યવસ્થા પ્રત્યે વફાદારી **-ત્રી** પું૦ તંત્ર ચલાવનાર, અધિપતિ (૨) છાપાનો સંપાદક (૩) સ્રી૦ તંતુવાદ્યનો તાર (૪) ધનુષ્યની દોરી, પણછ (૫) એક તંતુવાદ્ય

**તંદુરસ્ત** વિ૦ [फा तंदुरुस्त] નીરોગી, સ્વસ્થ **-સ્તી** સ્રી૦ આરોગ્ય

**તંદુલ** પું૦ [જુઓ તંડુલ] ચોખા, તાદુલ

**તંદોડો** પું૦ સ્રીના કાનનુ એક ઘરેણું

**તંદ્રા** સ્રી૦[સં.] આળસ; સુસ્તી, ઘેન(નિદ્રાના). **૦ળુ(-ળુ)** વિ૦ તંદ્રાવાળું

**તંનૂર** પું૦ [अ. तनूर] ચૂલો

**તંબાકુ,-કૂ** સ્રી૦[જુઓ તમાકુ] એક વનસ્પતિ, જેના પાંદડાં એક વ્યસનની ચીજ છે

**તંબુ(-બૂ)** પુ૦ [સર૦ हि, म.] દોરડા અને થાભલાને ટેકે તાણેલુ છત્રીઘાટનુ લૂગડાનુ ઘર [-ઊઠવો=તબુ છોડી નંખાવો. -ઊભો, ખડો કરવો=તબુ બાંધવો. -છોડવો=બાંધેલો તબુ કાઢી નાખવો, તંબુ ઉઠાવી લેવો -ઠોકવો,તાણવો,મારવો=(થાભલા ઠોકી દોરડાં તાણી) તબુ રચવો-બાંધવો કે ખડો કરવો.]

**તંબૂરો** પુ૦ [अ तंबूर]એક તતુવાદ્ય.[તંબૂરા જેવું=સ્થૂળ ને બેડોળ] **-રાપેટી** સ્ત્રી૦ સૂરપેટી **-રી** સ્ત્રી૦ નાનો તબૂરો

**તંબોળ** પુ૦ [फा तबूल, सं. ताम्बूल] નાગરવેલનુ પાન (૨) તેની બીડી-બીડુ (૩) ઘાડો લાલ રગ(૪) ગળાનો એક રોગ [-છાંટવો, -નાખવો=લગ્ન વખતે વરકન્યાએ એકબીજા પર પાનની પિચકારી મારવી -વહેંચવો= લગ્ન જનોઈ વગેરે પ્રસગે સ્ત્રીઓને ખારેક પતાસા વગેરે આપવા ]૦ણ સ્ત્રી૦ તંબોળીની સ્ત્રી -ળિયું વિ૦ તબોળ કે તબોળીને લગતુ **-ળિયો ક્ષય** પુ૦ એક જાતનો ક્ષયરોગ **-ળિયો સાપ** પુ૦ નાગરવેલના પાનમા થતો એક કીડો **-ળી** પું૦ પાનસોપારી વેચનારો (૨) તે ધંધો કરનારી ન્યાતનો માણસ

**-તઃ** [સ.] નામને લાગતા 'માથી' 'ની દૃષ્ટિએ' એવા અર્થનુ અ૦બનાવે. ઉદા૦ મૂલત, તત્ત્વત

**-તા** [सं]ભાવવાચક નામ(સ્ત્રી૦)બનાવતો પ્રત્યય

**તા** પુ૦[फा.] એક કાગળ, તાવ (૨) [સ. ताप, प्रा ताअ] ગરમી

**-તા** 'તારીખ'નુ ટૂકુ રૂપ

**તાઈ** પુ૦ મુસલમાનની એક નાત, પીંજારો, વણકર (૨) સ્ત્રી૦ એક વસ્ત્ર [મિજાજનુ

**તાઉ** વિ૦ [प्रा ताअ પરથી ?] ગરમ-આકળા

**તાઊસ** પુ૦ [अ तावूस] મોર (૨) ન૦ એક છેડે મોરનો આકાર હોય એવુ વાદ્ય. ૦બાજ વિ૦ તાઊસ વગાડી જાણનાર **-સી** વિ૦ મોરના રગનુ (૨) તાઊસબાજ

**તાક** સ્ત્રી૦ [स तक्र, प्रा तक्क, સર૦ म] છાશ

**તાક** સ્ત્રી૦ [જુઓ તાકવુ] નેમ, ચોટ(૨) પુ૦ લાગ, તાકડો ૦ડો પુ૦ તાક, લાગ(૨)[જુઓ ત્રાગડો] તાગડો, દોરો. ૦ણિયું વિ૦ તાકેડું. ૦વું સ૦ક્રિ૦ [स तर्क्, प्रा. तक्क् અથવા स तक्] એકીનજરે જોયા કરવુ (૨) નિશાન બાંધવુ (૩) ઇચ્છવુ [તાકયુ તીર લાગવુ =ધાર્યું થવું.] [એક ઓજાર

**તાકડું** ન૦ ['ત્રાક' ઉપરથી] સોનીનુ ત્રાક જેવુ

**તાક(-કા)ત** સ્ત્રી૦[अ] શક્તિ;સામર્થ્ય,મગદૂર

**તાકીદ** સ્ત્રી૦ [अ] ઉતાવળ(૨)આજ્ઞા, ફરમાન, તરત કરવાની જરૂરિયાત(૩)ચેતવણી, ધમકી. [-કરવી=ઉતાવળ કરવી -આપવી= ચેતવણી આપવી] ૦ચિઠ્ઠી સ્ત્રી૦, ૦પત્ર પુ૦; ન૦ ઉપરી અમલદારના હુકમનો તાકીદનો કાગળ [સર૦ म.]

**તાકું** ન૦ [अ ताक़] ગોખલો, હાટિયુ

**તાકેડુ** વિ૦ ['તાકવુ' ઉપરથી] તાકેલુ નિશાન પાડનાર, તાકણિયુ

**તાકો** પુ૦[अ] ફાડયા વિનાનુ લાબું એકસરખુ લૂગડુ, થાન (૨) [જુઓ તાકુ] ગોખલો

**તાકોડી** વિ૦ જુઓ તાકેડુ

**તાગ** પુ૦ [सं. स्ताघ, दे. थग्घ, સર૦ म तागा, ताज=હોડી ચલાવવાનો વાસ જે દ્વારા ઊંડાણ પણ મપાય છે] છેડો અત, નિવેડો (૨) [सं. त्याग ઉપરથી? સર૦ हिं ताग(-गा)] પરણીને વિદાય થતા વર તરફથી ભાગોળે કન્યાપક્ષના ભાટબ્રાહ્મણોને અપાતી દક્ષિણા કે લાગો [-આણવો, -લાવવો=પાર લાવવો, પરવારવુ. -કાઢવો,-લેવો=ઊંડાઈ માપવી (૨) અંદાજ કાઢવો.]

**તાગડધિન્ના** પુ૦ બ૦ વ૦ [રવ૦] મોજમજા; ચેનબાજી (-કરવા)

**તાગડો** પુ૦ [જુઓ ત્રાગડો] તાતણો (૨) ['તાકવુ' ઉપરથી] તાકડો, લાગ

**તાગવું** અ૦ ક્રિ૦ [જુઓ તાગ] તાગ કાઢવો; માપ કાઢવુ(૨)પરવારવુ, તાગ આણવો, છૂટા થવું (૩) સ૦ ક્રિ૦ [જુઓ ત્યાગવુ] છોડી દેવું

**તાગિયો** પુ૦ [જુઓ તાગડો] રેશમને તાણનાર -સુધારનાર કારીગર

**તાછ** સ્ત્રી૦ [सं तक्ष्] પથ્થર ટાકતા પડતો કચરો -છોલ (૨) (દાગીનાને) છોલતા પડતી કરચો

**તણાવો** પુ૦ [સ तन् ઉપરથી; સર૦ મ तणाव, -वा,હિં. तनाव=દોરી. અ. तनाव=રસ્સી] રથની સાગી નીચેનો દોર

**તણી** સ્ત્રી૦ [જુઓ તણાવો] કુડાળામાં ફરે તે માટે બળદની નાથે બાંધેલી રાશ-દોરી

**તણું** ન૦,-ણી સ્ત્રી૦,-ણો પુ૦ [દે. तणय] છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય (પ.)

**તત્** સ. [સ.] તે -તકાલ,-તક્ષણ,-તખેવ [तत्+ખેવ(પ્રા खेव,સ क्षेप)? સં तत्क्षणमेव?] અ૦ તે જ વખતે 'તરત જ (પ)

**તતડવું** અ૦ ક્રિ૦ [રવ૦] જુઓ તડતડવું **તતડાટ** પુ૦ તતડવુ તે **તતડાવવું** સ૦ક્રિ૦ (પ્રેરક) (૨) [લા] ધમકાવવુ

**તતડિયું** વિ૦ ['તતડવુ' ઉપરથી] બળતા તડતડિયા ઊડે એવુ (લાકડુ, કોલસો ઇ૦)

**તતડિયો** પુ૦ ['તતડવું' ઉપરથી] તણખો, તડતડિયો

**તતથેઈ** અ૦ [રવ૦, સર૦ હિ. ततताथेई] ભવાઈના તાનનો બોલ; તાતાથેઈ

**તતબીર** સ્ત્રી૦ [સર૦ હિ, મ]+જુઓ તદબીર

**તતવાધ** ન૦ [સ.] જુઓ તતુવાધ

**તતઃ** અ૦ [સ.] પછી, તો પછી. **૦કિંવાદ** પુ૦ વસ્તુ કે ઘટનાનુ,તત કિ -પછી શુ, એમ પૂછી, આગળનુ આગળ પરિણામ કે નિષ્પત્તિ શોધવી તે

**તતૂડી** સ્ત્રી૦[રવ૦] નાનુ તતૂડું (-ફૂંકવી) -ડું ન૦ એક જાતનું રણશિગુ [-ફૂંકવું=જાહેર કરવું (૨) દેવાળું કાઢવું]

**તત્કાલ(-ળ)** અ૦ [સં] તે જ વખતે, તરત જ

**તત્કાલીન** વિ૦ [સં.] તે સમયનુ

**તત્ક્ષણ** અ૦[સં]તેજ ક્ષણે,તાબડતોબ,તતક્ષણ

**તત્ત્વ** ન૦ [સ.] કોઈ વસ્તુનુ મૂળ અસલ કે વાસ્તવિક રૂપ(૨)સાર, રહસ્ય(૩)પચભૂતમાનું દરેક(૪)સાંખ્યના ૨૫ તત્ત્વોમાનુ દરેક-પચમહાભૂત, પંચ વિષયો, દસ ઇંદ્રિયો, મન, બુદ્ધિ, અહકાર, પ્રકૃતિ અને પુરુષ **૦ગ્રાહિણી** વિ૦ સ્ત્રી૦, **૦ગ્રાહી** વિ૦ તત્ત્વ ગ્રહણ કરનારુ. **૦ચિંતન** ન૦ તત્ત્વ વિષે વિચાર કરવો તે **૦જ્ઞ** વિ૦ તત્ત્વને જાણનાર (૨) પુ૦ ફિલસૂફ **૦જ્ઞાન** ન૦ તત્ત્વ સબધી જ્ઞાન, ફિલસૂફી **૦જ્ઞાની** વિ૦ (૨) પુ૦ તત્ત્વજ્ઞ **૦તઃ** અ૦ તત્ત્વની દૃષ્ટિએ,ખરી રીતે. **૦દર્શન** ન૦ તત્ત્વજ્ઞાન, ફિલસૂફી **૦દર્શી** વિ૦ (૨) પું૦ તત્ત્વ જોનાર પુરુષ **૦દૃષ્ટિ** સ્ત્રી૦ તત્ત્વ તરફ વળેલી તત્ત્વગ્રાહી દૃષ્ટિ **૦નિર્ણય** પું૦તત્ત્વનો નિર્ણય; ફિલસૂફી. **૦નિષ્ઠ** વિ૦ તત્ત્વમા નિષ્ઠા-આસ્થાવાળુ **૦નિષ્ઠા** સ્ત્રી૦ તત્ત્વ પરની આસ્થા. **૦ન્યાસ** પુ૦ વિષ્ણુપૂજાની એક વિધિ. **૦મીમાંસા** સ્ત્રી૦ 'મેટાફિઝિક્સ'. **૦વેત્તા** પું૦ તત્ત્વજ્ઞાની, ફિલસૂફ **૦શાસ્ત્રી** પું૦ ફિલસૂફ **-ત્ત્વાર્થ** પું૦ મૂળ સત્ય, ખરુ તત્ત્વ

**તત્ત્વમસિ** શ૦પ્ર૦ [સ.] 'તે(મૂળ તત્ત્વ-બ્રહ્મ) તુ જ છે' એવુ યજુર્વેદનુ એક મહાવાક્ય

**તત્પદ** ન૦[સ] તે-બ્રહ્મનું પદ; પરમપદ; મોક્ષ

**તત્પદાર્થ** પું૦ [સ] બ્રહ્મ, પરમાત્મા

**તત્પર** વિ૦[સ] બરાબર પરોવાયેલુ, એકધ્યાન (૨) તૈયાર, સજ્જ (માણસ) **૦તા** સ્ત્રી૦.

**તત્પરાયણ** વિ૦ [સં] તત્પર

**તત્પુરુષ** પું૦ [સ] પરમાત્મા (૨) [વ્યા] સમાસના ચાર મુખ્ય પ્રકારમાનો એક, જેમા પૂર્વપદ ઉત્તરપદ સાથે વિભક્તિના સબંધથી જોડાય છે

**તત્ર** અ૦ [સં.] ત્યા. **૦ત્ય** વિ૦ ત્યાનુ-ત્યાં જન્મેલું કે ત્યાનુ વાસી. **૦સ્થ** વિ૦ ત્યા રહેતુ કે આવેલુ, ત્યાનુ **-ત્રાપિ** અ૦ ત્યાં પણ

**તત્સમ** વિ૦ [સ] મૂળ પ્રમાણેનુ-બરાબર(૨) મૂળભાષામા અને પ્રાકૃતમા સરખો એવો(શબ્દ)

**તથા** અ૦[સ] અને (૨)તે પ્રમાણે, તેમ **૦ગત** વિ૦ પરમપદે પહોચેલુ (૨)પુ૦(સ.) બુદ્ધ(૩) જ્ઞાની. **૦પિ** અ૦ [સં] તોપણ **૦ભૂત** વિ૦ તે પ્રમાણે બનેલુ.**૦સ્તુ** શ૦પ્ર૦[+સં अस्तु] 'તેમ થાઓ', 'એવું હો' **-થ્ય** વિ૦ (૨) ન૦ સત્ય, સાચુ

**તથા** સ્ત્રી૦[સં तथा ઉપરથી ? સર૦ દે. तत्ति=ચિંતા,વિચાર(૨) કાર્ય, પ્રયોજન ઇ૦,મ.तथा =શંકા] સ્પૃહા, તમા (૨) વિસ્તાર, લબાણ [-કરવી=સ્પૃહા કરવી, પરવા રાખવી (૨) વિસ્તાર-પીંજણ કરવુ]

**તથાસ્તુ, તથ્ય** જુઓ 'તથા' [સ] મા
**તથ્યાંશ** પું૦ [સં] તથ્ય—સત્યનો અંશ, મહત્ત્વનો ભાગ કે સારાંશ
**તદનંતર** અ૦ [સં] ત્યાર પછી, તે પછી
**તદનુરૂપ** વિ૦ [સં.] તેના જેવુ, તેના રૂપનુ
**તદનુસાર** અ૦ [સ.] તે પ્રમાણે
**તદપિ** અ૦ [સં.] તોપણ
**તદબીર** સ્ત્રી૦ [अ] યુક્તિ
**તદર્થે** અ૦ [સ] તેને માટે, તેને ખાતર
**તદંતર્ગત** વિ૦ [સં.] તેમા આવેલુ–સમાયેલુ
**તદા** અ૦ [સ] ત્યારે [(૨) તન્મય, લીન
**તદાકાર** વિ૦ [સં.] તેના જ આકારનુ, તદ્રૂપ
**તદાકાળ** અ૦ + તે વખતે
**તદુપરાંત, તદુપરિ** [સં.] અ૦ તે ઉપરાત, વિશેષ, વળી ['મોનોટોની'
**તદેવતા** સ્ત્રી૦ [સં] એ જ હોયા કરવું તે;
**તદૈક્ય** ન૦ [સ] તાદાત્મ્ય, એકતા
**તદ્ગત** વિ૦[સં] તેને લગતુ; તેમા સમાતુ (૨) તેમા ચિત્તવાળુ; તત્પર
**તદ્ગુણ** વિ૦ [સ] તે કે તેના ગુણવાળું (૨) પું૦ તેનો ગુણ (૩) એક અર્થાલંકાર, જેમા વસ્તુ પોતાના ગુણધર્મ પાસેની બીજી ઉત્તમ વસ્તુના ગુણધર્મ લેતી વર્ણવાય છે (કા શા)
**તદ્દન** અ૦[સર૦મ तदंत] બિલકુલ, છેક,(૨)નર્યું
**તદ્ધિત** પું૦ [સં.] (વ્યા) મૂળ નામ, સર્વનામ, વિશેષણ કે અવ્યયને લાગીને નવો શબ્દ બનાવતો પ્રત્યય (૨) વિ૦ તે પ્રત્યયો લાગીને બનેલુ. –તાંત વિ૦ છેડે તદ્ધિતવાળુ
**તદ્ભવ** વિ૦[સ]તેમાથી થતુ–જન્મતુ(૨)મૂળ ભાષામાથી પ્રાકૃતમા આવેલો અપભ્રષ્ટ (શબ્દ)
**તદ્ભિન્ન** વિ૦ [સ] તેનાથી ભિન્ન
**તદ્રૂપ** વિ૦ [સ] તેના જેવું, તદાકાર ૦તા સ્ત્રી૦
**તદ્વત્** અ૦ [સં.] તેની જેમ
**તદ્વિદ** વિ૦ (૨) પુ૦ [સ] જુઓ તજ્જ્ઞ
**તન** પુ૦ [સં. तनय] પુત્ર, દીકરો(૨)ન૦ [फा, સ. तनु, સર૦ हि, म] શરીર, દેહ [–થી, –તોડીને, –દઈને=ખૂબ મહેનત લઈને, ખરા દિલથી.] ૦મનધન ન૦ બ૦ વ૦ સર્વસ્વ; બધી શક્તિ, સાધન વગેરે
**તનક** વિ૦ [हि. तनिक; फा तनुक; સ. तनु] થોડુ (૨) નાનુ, નાજુક
**તનખ** સ્ત્રી૦ જુઓ તણખ
**તનખાવવું** સ૦ ક્રિ૦ પજવવુ, હેરાન કરવુ (૨) –ની ઉપર ગુસ્સે થવુ
**તનખો** પુ૦ [फा. तनख़ाह] પગાર
**તનત્રાણ** ન૦ [તન + त्राण(સં)] બખ્તર
**તનબદન** વિ૦ [તન (फा.)+બદન (फा)] જીવજાન, અતિ પ્રિય (૨) વિશ્વાસુ; વફાદાર
**તનમન** અ૦ [તન + મન] ખૂબ આતુરતાથી–અધીરાઈથી –નાટ પુ૦ આવેશ, જુસ્સો, અધીરાઈ
**તનમનિયું** ન૦ એક જાતનુ ફૂલ (૨) કાનનુ એક ઘરેણુ
**તનય** પું૦ [સ.] પુત્ર –યા સ્ત્રી૦ પુત્રી
**તનહા** વિ૦ [જુઓ તન્હા] એકલુ(૨)અ૦ ફક્ત
**તનિયો** પું૦ [તન–તનુ ઉપરથી કે तन् (સ) ઉપરથી] વાઘો, અંગરખુ, ઝભલુ
**તની** પુ૦[જુઓ તણાવો]દોરો,તાર(૨)જાદૂમંત્ર, ધંતરમંતર [નાનુ (૪) સુંદર
**તનુ** વિ૦ [સં] કૃશ, પાતળું (૨) થોડુ (૩)
**તનુ(–નૂ)** સ્ત્રી૦, ન૦ [સં] શરીર ૦જ પું૦ પુત્ર. ૦જા સ્ત્રી૦ પુત્રી. ૦રુહ પું૦વાળ, રોમ
**તનોડો** પું૦ સ્ત્રીને કાને પહેરવાનુ એક ઘરેણુ
**તન્મય** વિ૦ [સં] એકાગ્ર, લીન ૦તા સ્ત્રી૦
**તન્માત્ર** વિ૦ [સ] માત્ર એ જ, શુદ્ધ (૨) અ૦ તલમાત્ર, સહેજસાજ(૩)ન૦ પંચ મહાભૂતોનુ શુદ્ધ–સૂક્ષ્મ રૂપ
**તન્માત્રા** સ્ત્રી૦ જુઓ તન્માત્ર
**તન્વંગી, તન્વી** સ્ત્રી૦[સ]નાજુક સુકુમાર સ્ત્રી
**તન્હા** વિ૦ [फा] જુઓ તનહા
**તપ** ન૦ [સં] ઇંદ્રિયદમન, તપસ્યા (૨) [લા] લાંબો વખત રાહ જોવી કે બેઠા રહેવું પડે તે, તપવું પડે તે (૩) સ્ત્રી૦ તપત ૦ગચ્છ પુ૦ જૈન સાધુઓનો એક વર્ગ ૦ત સ્ત્રી૦ ગરમી; સહેજસાજ તાવ ૦ન ન૦ તપવુ તે (૨) તાપ, ગરમી (૩) પુ૦ સૂર્ય(૪)એક નરક. ૦નચ્છદ ન૦ સૂર્યમુખી ફૂલઝાડ. ૦(–પો)લોક પુ૦ સાત લોકમાંનો છઠ્ઠો–તપસ્વીઓનો લોક.

**૦શ્ચર્યા** સ્ત્રી૦ [सं] તપ કરવું તે; તપસ્યા. **૦સી(-સ્વી)** વિ૦(૨)પું૦ [सं] તપ કરનાર

**તપ(-પા)વવું** સ૦ ક્રિ૦ 'તપવું'નું પ્રેરક

**તપવું** અ૦ ક્રિ૦ [सं. तप्] ઊનું-ગરમ થવું(૨) તપ કરવું (૩) [લા.] લાબો વખત રાહ જોતા ઊભા રહેવું; ખોટી થવું (૪) ગુસ્સે થવું

**તપખીર** સ્ત્રી૦ [म. तपकीर, -ल, तपखील, सं. क्षारपत्रा] છીંકણી (૨) કંદનો-શિંગોડાનો લોટ. **-રિયું, -રી** વિ૦તપખીરના રંગનું

**તપશ્ચર્યા, તપસી** જુઓ 'તપ'માં

**તપ(-ફ)સીલ** સ્ત્રી૦ [જુઓ 'તફસીલ'] વિગત, જુદી જુદી હકીકતનો ફોડ **૦વાર** અ૦ વિગતવાર

**તપસ્યા** સ્ત્રી૦ [सं.] તપ, તપશ્ચર્યા

**તપસ્વી** વિ૦ (૨) પું૦ [सं] જુઓ 'તપ'માં **-સ્વિતા** સ્ત્રી૦ **-સ્વિની** વિ૦ સ્ત્રી૦ (૨) સ્ત્રી૦ 'તપસ્વી'નું સ્ત્રીલિંગ

**તપાડ(-વ)વું** સ૦ક્રિ૦ 'તપવું'નું પ્રેરક

**તપાસ, ૦ણી** સ્ત્રી૦ [अ. तफहहुस, म] તપાસવું તે [**-મળવી** ભાળ મળવી, પત્તો ખાવો.] **૦નીશ(-સ)** વિ૦ તપાસનાર

**તપાસરાવવું** સ૦ ક્રિ૦ તપાસાવવું

**તપાસવું** સ૦ ક્રિ૦ શોધવું ખોળવું (૨) ચોકસી કરવી; ઊંડા ઊતરીને જોવું (૩) સંભાળવું; તજવીજ રાખવી

**તપાસ-સમિતિ** સ્ત્રી૦ તપાસ કરનાર સમિતિ

**તપિત** વિ૦ [सं] જુઓ તપ્ત

**તપિયું** વિ૦['તપ' ઉપરથી] તપ કરનારું, તપસ્વી

**તપી** પું૦ ['તપ' ઉપરથી] તપસ્વી

**તપેલી** સ્ત્રી૦ [सं तप् પરથી? સર૦ हिं पतीली, सं पातिली = માટીનું વાસણ, म पतेली] પહોળા મોંનું એક વાસણ **-લું** ન૦ મોટી તપેલી

**તપેશરી** વિ૦ (૨) પું૦ [તપ+ઈશ્વર, અથવા [तपस्वी ?] જુઓ તપસ્વી

**તપો-** [सं] (સમાસમાં પૂર્વપદે ઘોષવ્યંજનપૂર્વે] **૦ધન** વિ૦ તપ એ જ જેનું ધન છે એવું (૨) બ્રાહ્મણોની એ નામની જાતનું (૩) પું૦તપસ્વી (૪) તપોધન જ્ઞાતિનો બ્રાહ્મણ. **૦બલ(-ળ)** ન૦તપનું બળ, તપનો પ્રભાવ **૦ભૂમિ(-મી)** સ્ત્રી૦ તપથી પવિત્ર થયેલી ભૂમિ, તપોવન. **૦લોક** પું૦ જુઓ 'તપ'માં તપલોક. **૦વન** ન૦ તપસ્વીનું નિવાસસ્થાન **૦વૃદ્ધ** વિ૦ તપને કારણે શ્રેષ્ઠ

**તપ્ત** વિ૦ [सं.] તપેલું કે તપાવેલું. **૦મુદ્રા** સ્ત્રી૦ વિષ્ણુનાં આયુધોની છાપો તપાવીને દીધેલા ડામ

**ત(૦ર)ફડવું** અ૦ ક્રિ૦ જુઓ તડફડવું

**તફડંચી, -બાજી** સ્ત્રી૦ [જુઓ તફરકે] પારકાના માલ કે કૃતિની ઉચાપત; ચોરી

**ત(૦ર)ફડાટ** પું૦ જુઓ તડફડાટ

**તફડાવવું** સ૦ ક્રિ૦ તફડંચી કરવી, ચોરી જવું

**તફરકે** અ૦ [अ. तफ़क़ह] ચોગઈ, વેરાઈ કે ઉચાપત થયું હોય એમ

**તફસીલ** [अ], **૦વાર** જુઓ 'તપસીલ'માં

**તફારીક** વિ૦ [अ] વધારાનું, ફાલતુ

**તફાવત** પું૦[अ] ફરક, ઓછાવત્તાપણું [**-કરવો** = જુદાઈ ગણવી, ભેદ રાખવો **-પડવો** = ફરક - અસમાનતા હોવી ]

**તફો** પું૦ [अ ताइफह] જથો, વિભાગ

**તબક** સ્ત્રી૦[अ] રકાબી, તાસક, છીબું (૨) માળ, મજલો **૦ચો** પું૦ નાનો થાળ, થાળી **૦ડી** સ્ત્રી૦ નાની તબક-રકાબી **૦ડું** ન૦ એક જાતનું છીછરું વાસણ

**તબકવું** અ૦ક્રિ૦ (કા) ગાઢ અંધકારમાં આછો [પ્રકાશ આવવો

**તબક્કો** પું૦[अ तबकह] મજલો, માળ (૨) સ્થિતિ; દશા (૩) પાયરી, વારણ (૪) વિભાગ, ખંડ

**તબડક, ૦તોઈ** અ૦ [રવ૦] [ઘોડાની દોડનો અવાજ] **-કી** સ્ત્રી૦ ઘોડાની દોડનો પગરવ (૨) દોડ [**-મૂકવી** = દોટ મૂકવી **-વાગવી** = ઘોડાના ડાબલાનો અવાજ થવો ] **-કો** પું૦ ઝપાટો, સપાટો વેગ

**તબડાવવું** સ૦ક્રિ૦ [રવ૦] દોડાવવું (૨) ખદખદાવવું (૩) દબડાવવું, ધમકાવવું

**તબડૂક** વિ૦['તુબડું' ઉપરથી?] મોટ, કમઅક્કલ (૨) મૂઢ; અવાક (૩) ફૂલેલા શરીરનું, સ્થૂલકાય (૪) તદ્દન નવરું. ઉદા૦ નાગું-તબડૂક

**તબદીલ** વિ૦ [अ] બદલાયેલું, ફરેલું

**તબલચી** પું૦ [फा.] તબલાં-નરઘા વગાડનાર

**તબલી** સ્ત્રી૦ [अ. तवल; म.] વાઘના તુંબડા ઉપરનો સપાટ લાકડાનો ભાગ
**તબલીઘ** સ્ત્રી૦ [अ.] શુદ્ધિ, ધર્માંતર
**તબલું** ન૦ [अ. तवलह] એક વાદ્ય, નરઘું
**તબરૂક** પું૦ [अ. तवर्रुक] દરગાહ, ધર્મકથા વગેરેમાં વહેંચાતો પ્રસાદ
**તબાહરું** ન૦ (ચ) તગારા જેવું એક પાત્ર
**તબિયત** સ્ત્રી૦ [अ.] મનની સ્થિતિ—મિજાજ (૨) શરીરની હાલત (તંદુરસ્તી કે માંદગી બાબતની) [—લાગવી = મન ચોટવું.] —તી વિ૦ તરંગી, ઠેકાણા વગરનું, ધૂની
**તબીબ** પું૦ [अ.] વૈદ્ય, હકીમ. —બી વિ૦ તબીબને લગતુ (૨) સ્ત્રી૦ વૈદું
**તબેલો** પું૦ [अ. तवीलह] ઘોડો, બળદ ઇ૦ કે ગાડી રાખવાનું ડેલું કે મકાન
**તબો** પું૦ [જુઓ તવો] (ચ) ચલમનો તવો
**તબ્બલ** ન૦[अ तवल]તાલકુ,માથુ.[—કરાવવું =માથે ટકો કરાવવો ]
**તમ** ન૦[सं ] અંધારું(૨) તમોગુણ (૩) પ્રત્યય વિ૦ને લાગતા 'સૌમા શ્રેષ્ઠ' એમ અર્થ બતાવે. ઉદા૦ ગુરુતમ
**તમ** સ૦ તમે (૫)
**તમક** પું૦[सं.]દમના રોગનો એક પ્રકાર ૦શ્વાસ પું૦બહુ ઉતાવળો અને ગૂંચવાતો શ્વાસોચ્છ્વાસ
**તમ(—મે)ણ** સ્ત્રી૦ [दे. तमण] ભોંય ખોદીને કરેલો ચૂલો
**તમણું** વિ૦ [જુઓ તગણું] ત્રણ ગણું,ત્રમણું
**તમતમવું** અ૦ક્રિ૦ [રવ૦] (તમતમ અવાજ)
**તમતમું** વિ૦[સર૦ हिं.तमतमाना]બહુ તીખું. —માટ વિ૦ તમતમુ (૨) પું૦ તીખાશ
**તમ(—મો)ને** (મ',મો') સ૦ 'તમે(—મો)'નુ બીજી કે ચોથી વિ૦નુ રૂપ
**તમન્ના** સ્ત્રી૦ [अ ] ઇચ્છા, આતુરતા
**તમર(—રિયું)** ન૦ એક જાતનુ બાળવાનુ લાકડું
**તમરી** સ્ત્રી૦ [सं. तिमिर] જુઓ તમ્મર
**તમરું** ન૦ [सं तिमिर = અંધારું પરથી? કે तॆवरु?] રાતે તીણા અવાજથી બોલતુ એક જીવડું
**તમસ** ન૦[सं ]અંધારું(૨)અજ્ઞાન(૩)તમોગુણ
**તમંચો** પું૦ [तुर्की] પિસ્તોલ
**તમા** સ્ત્રી૦[अ.] પરવા, દરકાર(૨) કમીના, ખોટ
**તમાકુ** સ્ત્રી૦ [पोर्ट० तबुको] તંબાકુ
**તમાચો** પું૦ [फा] થપ્પડ, લપડાક. [—ખાવો =ચોલ વાગવી —ખેંચી કાઢવો, ચોડવો, ચોડી દેવો, મારવો=લપડાક લગાવી દેવી. —પડવો, વાગવો=તમાચાનો માર પડવો(૨)છકડ ખાવી —મારી મોં કે ગાલ રાતો કે લાલ રાખવો=ન ફાવ્યા છતાં ફાવ્યાનો કે સુખી હોવાનો ઢોંગ કે દેખાડો કરવો ]
**તમામ** વિ૦ (૨) અ૦ [अ ] બધું; સંપૂર્ણ
**તમામી** સ્ત્રી૦ [फा ? સર૦ हिं ,म.]તમામ—પૂર્ણપણે રેશમ ને કસબની સાડી
**તમારિ** પું૦[सं.] (સ ) સૂર્ય ૦તનયા સ્ત્રી૦ (સં ) યમુના નદી
**તમારું** (મા') સ૦[अप० तुम्हार, प्रा तुम्हकर] 'તમે'નુ છઠ્ઠી વિભક્તિ નુ રૂપ (બીજાં રૂપો—તમારે, તમારાથી ઇ૦)
**તમાલ** પું૦[सं ] એક ઝાડ ૦પત્ર ન૦ તમાલવૃક્ષનુ પાંદડુ ૦પત્રી સ્ત્રી૦ તમાલપત્ર
**તમાશો(—સો)** પું૦ [फा. तमाशा] ઘણા લોકો જોવા મળે એવો ખેલ કે રમત(૨)[લા ]ફજેતી. જેમ કે, તમાસો કરવો, જોવો. —શ(—સ)ગીર, —શ(—સ)બીન પું૦ તમાશો જોનાર, પ્રેક્ષક (૨) તમાસો કરનાર —શ(—સ)ગીરી, —શ(—સ)બીની સ્ત્રી૦ તમાશગીરનુ કામ
**તમિસ્ર** ન૦ [सं ] અંધકાર
**તમે(—મો)** (મે', મો')[प्रा. तुम्ह] બીજો પુરુષ સ૦, 'તું'નુ બ૦ વ૦
**તમેણ** સ્ત્રી૦ જુઓ તમણ
**તમોગુણ** પું૦[सं ]પ્રકૃતિનો એક ગુણ(૨)ક્રોધ; આકળો સ્વભાવ —ણી વિ૦ તમોગુણવાળું
**તમ્મર** સ્ત્રી૦ [म तिमिर]આંખે આવતા ચક્કર —અંધારાં [—આવવી, ખાવી, ચડવી]
**તર** વિ૦ [फा ] ગસકસથી ભરેલુ, તાજુ (૨) ધરાયેલું, તૃપ્ત (૩) પૈસાદાર (૪) મસ્ત, ચકચૂર
**તર** સ્ત્રી૦[दे.] દહીં દૂધ પરની મલાઈની પોપડી (૨) [જુઓ તરવું] નાની ખાડી
**તર** સ્ત્રી૦ [सं ] પહોળી હોડી, તરાપો

-તર પ્રત્યય. ક્રિ૦ ને લાગતા ન૦ બનાવે છે ઉદા૦ ઘડતર, ભણતર (૨) [सं ,फा] વિ૦ ને લાગતા 'તેથી અધિક–વિશેષ' અર્થ સૂચવે ઉદા૦ અધિકતર, બદતર

તરક,૦ડો પું૦,[फा. तुर्क, दे तुरक्क] મુસલમાન (તિરસ્કારમા) ૦ડી સ્ત્રી૦

તરકચો પુ૦ [સર૦ ત્રચકો] ટપકું (૨) ફુવારો

તરકટ ન૦[સર૦ म.] પ્રપંચ,કાવતરું. [–રચવું =તરકટ કરવુ] ૦ખોર વિ૦ તરકટ કરવાની આદતવાળુ –ટી(–ટિયું) વિ૦ [સર૦ म] તરકટ કરે એવુ પ્રપંચી

તરકડિયો પું૦ [फा तुर्क પરથી ?] એલફેલ બોલનારો, ભાંડ, વિદૂષક

તરકડી,તરકડો જુઓ 'તરક'મા

તરકવું અ૦ક્રિ૦ [स. तर्क्] તર્ક કરવો,અટકળ કરવી [તીરનો ભાથો

તરકસ ન૦[સર૦ हिं., म ; फा. त(–ती)रकश]

તરકારી સ્ત્રી૦ [हिं , म ; સર૦ फा तर] શાક-ભાજી, ભાજીપાલો (૨) ખાવા યોગ્ય માસ

તરકીબ સ્ત્રી૦ [अ] યુક્તિ

તરકોશી ન૦ ત્રણ થાંભલાનું વહાણ

તરખડ સ્ત્રી૦ માવજત, સભાળ (૨) ભાજગડ; પચાત

તરખલી સ્ત્રી૦જુઓ તણખલી –લું ન૦તણખલુ

તરખાટ પું૦ [સર૦ फा तर्स] ડર, ભીતિ,ત્રાસ (–મચવો, મચાવવો) [ખૂણાવાળું

તરખૂણિયું વિ૦ [તર (सं त्रि)+ખૂણો] ત્રણ

તરગાળી સ્ત્રી૦ તરગાળાની સ્ત્રી

તરગાળો પુ૦ ગાવા નાચવાનો ધંધો કરનાર એક ન્યાતનો માણસ

તરઘટ પુ૦ ઊમરો, તળવટ

તરઘાયો પુ૦ પહોળા મોનો જબરો દેગ (૨) મોટું પહોળુ ઢોલ (૩) [લા] મોટી બેડોળ આકારની વસ્તુ [અહંકાર

તરછ સ્ત્રી૦ [फा तर्स=ક્રોધ પરથી ?] મદ,

તરછટ અ૦ છેક, સાવ, તદ્દન

તરછોડ પુ૦,સ્ત્રી૦જોરથી વીંઝવાથી–તરછોડવાથી થતી અસર (૨) તિરસ્કાર; છિટ્કાર ૦વું સ૦ ક્રિ૦ જોરથી આચકો મારવો(૨)તિરસ્કાર-પૂર્વક કાઢી મૂકવું (૩) તુચ્છકારવુ, ધિક્કારવું –ડો પું૦ તરછોડ

તરજ પું૦ ત્રાસ; ભય (૨) જોર, આવેશ (૩) સ્ત્રી૦ [જુઓ તર્જ] ગાવાની ઢબ

તરજાત વિ૦ હલકી જાતનુ(૨)સ્ત્રી૦ હલકી જાત

તરજુમો પું૦ [अ.] ભાષાતર –મિયું વિ૦ ભાષાની છટા કે ભાવ વિનાનુ, માત્ર શાબ્દિક સમાનતાવાળુ (ભાષાતર)

તરડ સ્ત્રી૦ [રવ૦] તડ, ફાટ, ચીરો ૦(–ડા)વું અ૦ક્રિ૦ તરડ પડવી, ફાટવું (૨) વાકું–ત્રાસુ થવું (૩) વંકાઈને વિરુદ્ધ ચાલવુ [તરડાઈને બોલવું=ગુસ્સે થઈને બોલવુ] –ડાટ પું૦ તરડાવુ–ફાટવુ તે (૨) અભિમાન, મરડાટ –ડિયા ગુવાર પુ૦ બ૦ વ૦ અડાઉ ગુવાર

તરડું વિ૦ તરડાયેલું

તરણ ન૦ [स] તરવાની ક્રિયા (૨) તરવાનું સાધન, હોડી ૦તારણ વિ૦ (૨) પુ૦ તારણતરણ, ઉદ્ધારનાર

તરણ ન૦ + [જુઓ તૃણ] તરણુ

તરણિ પુ૦ [सं] સૂરજ ૦તનયા સ્ત્રી૦ (स.) યમુના નદી [હોડી

તરણિ(–ણી) સ્ત્રી૦ [स] તરવાનું સાધન, ત્રાપો;

તરણુ ન૦ [જુઓ તૃણ] તરખલુ [ તરણાને તોલે=તુચ્છ, કશી વિસાતમા નહીં એમ. તરણાનો મેરુ કરવો=રજનુ ગજ કરવુ તરણાં ચૂંથવાં=નજીવી ચૂંથાચૂંથ કે મહેનત કરવી ] [ઉપાય

તરણોપાય પુ૦ [स] તરી જવાનો–બચવાનો

તરત અ૦ [स त्वरित, प्रा तुरंत] એકદમ,ઝટ. ૦બુદ્ધિ વિ૦ હાજરજવાબી બુદ્ધિવાળું (૨) સ્ત્રી૦ શીઘ્ર કામ દે એવી–સમયસૂચક બુદ્ધિ

તરતપાસ સ્ત્રી૦ [તર (દ્વિર્ભાવ)+તપાસ] બારીક તપાસ–શોધ

તરતમ વિ૦ [सं , प्रा] ઓછુ વત્તુ

તરતજ ન૦ [તત્ત્વ પરથી ?] સાર, મુખ્ય અર્થ

તરતી સ્ત્રી૦ એક વનસ્પતિ,

તરતીબ સ્ત્રી૦ [अ] આચાર, રીતભાત વગેરેનુ શિક્ષણ (૨) વ્યવસ્થા, ગોઠવણ (૩) સંભાળ, માવજત

તરધારું વિ૦ [તર (ત્રિ)+ધાર] ત્રણ ધારવાળું (૨) ત્રણ સરખા ભાગમાં બનેલું
તરપંખું વિ૦[તર (ત્રિ)+પાખ] ત્રણ પાંખિયા -પાખડીઓવાળું
તરપં(-પિં)ડી સ્ત્રી૦ [સં. ત્રિ+પિંડ કે તૃપ્તિ+પિંડ] મરનારની વરસીને દિવસે કરાતી શ્રાદ્ધક્રિયા
તરપલું વિ૦ દૂબળું, પાતળું
તરપિંડી સ્ત્રી૦ જુઓ તરપંડી
તરપે(-ભે)ટ સ્ત્રી૦ જુઓ તરભેટ
તરફ સ્ત્રી૦ [અ] બાજુ, પક્ષ (૨) તંતુવાદ્યના મુખ્ય તારની નીચે, ગુંજવા માટે રખાતા તારનો સમૂહ કે પ્રત્યેક તાર (૩) અ૦ બાજુ, ભણી. ૦દાર વિ૦ તરફેણ કરતું, પક્ષવાળું ૦દારી સ્ત્રી૦ પક્ષપાત, ઉપરાણું. -ફી વિ૦ (સમાસમાં) તરફનું ઉદા૦ એકતરફી
તરફડવું,તરફડાટ,તરફડિયું જુઓ'તડફડવું'માં
તરફણ સ્ત્રી૦ [સં ત્રિ+फणा] દાણા વાવવાનું એક ઓજાર, ત્રણ દાંતાનો નાનો વાવણિયો
તરફાળ સ્ત્રી૦[તર (ત્રિ)+ફાળ] ત્રણ ફાળવાળી પિછોડી
તરફીટ સ્ત્રી૦ ઝીક
તરફેણ (ફે) સ્ત્રી૦ [અ.તરફનું બ૦ વ૦ तरफ़ैन] બાજુ; પક્ષ (૨) તરફદારી
તરફોડવું સ૦ક્રિ૦ [રવ૦] છણકા-છાકોટા કરવા
તરફોડો પું૦ [રવ૦] છણકો, છાકોટો; ધુતકાર [તરફોડા કરવા]
તરબડવું અ૦ ક્રિ૦[રવ૦] ખદખદવું (૨)લડવું, તરભડવું [તરબોળ
તરબતર [फा] ખૂબ તર, પ્રવાહીથી ભરેલું,
તરબિયત સ્ત્રી૦ [अ] તાલીમ, કેળવણી
તરબૂચ ન૦, -ચી સ્ત્રી૦ જુઓ 'તડબૂચ'માં
તરબોળ વિ૦ [તર (फा)+બોળ (બોળવું)] તદ્દન પલળી ગયેલું
તરભડ સ્ત્રી૦ [રવ૦] બોલાબોલી, તકરાર ૦વું અ૦ ક્રિ૦ આવેશપૂર્વક બોલવું, કજિયો કરવો
તરભાણું ન૦ [સ તામ્રભાંડ] ધર્મવિધિમાં વપરાતી તાંબાની તાસક -ણી સ્ત્રી૦ નાનું તરભાણું
તરભેટ(-ટો) પું૦ [જુઓ ત્રિભેટો] ત્રણ ગામના સીમાડા કે રસ્તા ભેગા થતા હોય એવી જગા
તરમરિયું ન૦ જુઓ તનમનિયું
તરમરી સ્ત્રી૦ એક જાતનું ઘરેણું
તરલ વિ૦[સં.] ચપલ, અસ્થિર (૨) પું૦ હારનું વચ્ચેનું રત્ન ૦તા સ્ત્રી૦, ૦ત્વ ન૦ ૦નયન પું૦એક છંદ -લિત વિ૦તરલ થયેલું,અસ્થિર
તરવર અ૦[સં त्वर्, કે तृ ઉપરથી?] ત્વરાથી તળે ઉપર-સળવળ થતું હોય એમ ૦વું અ૦ ક્રિ૦ ઉપર તળે થવું, સળવળવું (૨) ત્વરાથી અધીરા થવું -રાટ પું૦ ધમપછાડ; અધીરાઈ, ચંચળતા. -રિયું વિ૦ ચંચળ, ચપળ, અધીરું
તરવક ન૦ [તર (ત્રિ)+વક (વાક્)] વક્તા
તરવાડી પું૦ [જુઓ ત્રવાડી] ત્રિવેદી,એક અટક
તરવાડો પું૦ [સ. तल (તાડ)+વાડો (વાઢવું)] ખજૂરા છેદનારો, તાડી કાઢનારો (સુ.?)
તરવાયો પું૦ [તર (ત્રિ)+પાદ (स)] ત્રણ પાયાની ઘોડી, માચી
તર(-લ)વાર સ્ત્રી૦ [સં तरवारि, फा तलवार] સમશેર, ખડ્ગ [-ચલાવવી=તરવાર વડે કાપાકાપી કરવી. -ઝાલવી, પકડવી= હાથમાં તલવાર લઈ સામે થવું -બાંધવી= કેડે તલવાર લટકાવવી,લડવૈયા થવું (૨)યુદ્ધમાં ઊતરવું તલવારની ધાર ઉપર રહેવું, ચાલવું=જીવસટોસટ-પૂરી જોખમદારીથી, સાવધાનીથી વર્તવું] -રી(-રિયો) વિ૦ પું૦ સહેજ સહેજમાં તરવાર ખેંચે એવો (૨) તરવાર વાપરી જાણનારો; યોદ્ધો
તરવારડી સ્ત્રી૦ [દે तरवट्ट? हिं तरवर, म तरवड?] એક વનસ્પતિ
તરવાવું અ૦ ક્રિ૦ કાચો ગર્ભ પડવો(ઢોર માટે)
તરવું સ૦ ક્રિ૦ [સં तृ,प्रा] ઓળંગવું, પાર કરવું (૨) અ૦ ક્રિ૦ ડૂબ્યા વિના પાણીમાં ઉપર રહેવું કે ખસવું (૩) [લા] બચવું [તરી ઊતરવું, તરી જવું, તરી પાર ઊતરવું= સામે પાર જવું (૨) મુશ્કેલી વટાવી જવી (૩) જિંદગીની જવાબદારી કે બંધનમાંથી મુક્ત થવું]

**તરશ(-સ)** સ્ત્રી૦ [स तर्ष, तृषा] પાણી પીવાની ઇચ્છા, પ્યાસ (૨)[લા.]તીવ્રઇચ્છા.-શ્યું(-સ્યું) વિ૦ તરસવાળુ, પ્યાસુ

**તરસ** સ્ત્રી૦ જુઓ તરશ (૨)ન૦ [સં. तरक्ष, પ્રા. तरच्छ, મ ] એક જગલી જાનવર — ઝરખ (૩)પુ૦ [સર૦ તરજી] ક્રોધ

**તરસતિયું** ન૦ અધરણિયાત સ્ત્રીએ પહેરવાનુ માથાનુ એક ઘરેણુ

**તરસ(-સા)વું** અ૦ક્રિ૦ ['તરસ' પરથી, સર૦ હિં तरसना] તલસવુ, આતુર રહેવુ

**તરસાડ** સ્ત્રી૦ [સ. तल(તાડ)+સાડ (प्रा साड =વસ્ત્ર; અથવા साडण = છેદન)]તાડનાં પાંદડાં; જાવલી [તલસાવવુ

**તરસાવવું** સ૦ક્રિ૦ ['તરસવુ' ઉપરથી] ઝુરાવવુ;

**તરસાવું** અ૦ક્રિ૦ જુઓ તરસવું

**તરસાણું** ન૦ તળિયુ, છેડો (૨) અંદાજ

**તરસાળો** પું૦ તરસાણુ, અંદાજ, તળિયાનો શુમાર-અત

**તરસાંજી** સ્ત્રી૦ [સ. त्रिसंध्या ?] (સુ) સાજ

**તરસ્યું** વિ૦ જુઓ તરશ્યુ

**તરગ** પુ૦ [સં] પાણીની લહેર, મોજું (૨) કલ્પના, બુટ્ટો ૦વતી વિ૦ સ્ત્રી૦ તરગ-મોજાંવાળી -ગિણી સ્ત્રી૦ નદી. -ગિત વિ૦ લહેરો ખાતુ, હાલતુ -ગી વિ૦ મનના તરગ પ્રમાણે વર્તનારું (૨) તરગો - કલ્પનાઓ કર્યા કરનારું

**તરંતરા** અ૦ [फा तर ઉપરથી] તરબતર, ખૂબ તર (૨) સ્ત્રી૦ ['તરવુ' ઉપરથી] ખૂબ તરવું તે

**તરાઈ** સ્ત્રી૦ [हिं] પહાડની તળેટીનો પ્રદેશ

**તરાઠ** પું૦ લાગ, જોગ. [-આવો, જામવો, બાઝવો=જોગ બેસવો, લાગ ફાવવો.]

**તરાડ** (ડ,) સ્ત્રી૦ [રવ૦] ફાટ, ચીરો

**તરાણા, તરાનો** પુ૦[फा ] એક તરેહનુ ગાયન

**તરાપ** સ્ત્રી૦ [સર૦ हिं.] છલગ (૨) એકદમ મારેલી ઝૂટ. (-મારવી)

**તરાપો** પું૦ [સર૦ સ तप्र, प्रा. तप्प=નદીમા દૂરથી વહી આવતો કાષ્ઠસમૂહ, हिं तरापा, म. तराफा] વાસ કે લાકડાને એકબીજાની સાથે બાધીને બનાવેલો પાણીમા તરે તેવો પાટ જેવો ઘાટ; ત્રાપો. [-ભાગવો, વેરાવો = કુટુંબ-મંડળ વીખરાઈ જવું (૨) સસાર ભાગી પડવો, મુખ્ય માણસ જતુ રહેવું ]

**તરામણું** વિ૦ ['તરવુ' ઉપરથી] તરીને જવુ પડે એટલુ (૨) તરી શકાય તેટલુ

**તરિ(-રી)** સ્ત્રી૦ [સ.] હોડી

**તરિયું** વિ૦ [સ त्रि ઉપરથી] ત્રણ જાતનુ (૨) ત્રીજુ. -યા(-યાં ?) તોરણ ન૦ (બ૦વ૦?) ત્રણ જાતના (આસોપાલવ, આબાના પાન, નાળિયેર) તોરણ, જેમા સાથે કસબના તારનુ (કપડાનુ) તોરણ પણ અધિક શોભા માટે હોય છે

**તરિયો** પુ૦ [ જુઓ તરિયું ] એકાતરિયો તાવ (૨)[સ तूर्य] ચોથિયો તાવ(૩)ગછીફાનુ ત્રણની સજ્ઞાનુ પત્તુ; તીરી(૪) ['તરવુ, તરી આવવુ' ઉપરથી] ચોખામા રહેલો ડાગરનો દાણો

**તરિંગ** ન૦(ફા.) ઘોડાનુ ડેબુ - પલાણની પાછળ ખુલ્લો રહેતો પીઠનો ભાગ

**તરી** સ્ત્રી૦ [दे. तरिया, જુઓ તર] મલાઈ (૨) કાપ(૩)ઉપર તરતી કોઈ પોપડી-ચર(૪) વિ૦ [સં. त्रि ઉપરથી]ત્રણ ગણું (આકમા)(૫) સ્ત્રી૦ [स.] હોડી, તરિ (૬) [फा.] જળમાર્ગ

**તરીકે** અ૦ [જુઓ તરીકો]-ની માફક, પ્રમાણે, પેઠે, રૂપે

**તરીકો** પુ૦ [अ.] રસ્તો; માગ (૨) રીત

**તરીમતરાક** સ્ત્રી૦ [अ. तुम्तुराक] ધામધૂમ

**તરીર** અ૦ અનુક્રમે

**તરી(-રે)લું** ન૦ વધારાનુ ધૂસરુ (બે જોડ બળદ સાથે જોડાતી વખતે નંખાતુ (૨)[લા.] ઘરસસારનો બોજો [તરેલાં તાણવાં= સસારનુ ધૂસરું વેઠવુ.]

**તરુ** ન૦ [स.] ઝાડ ૦વર ન૦ મોટુ ઝાડ

**તરુણ** વિ૦[सं.] જુવાન (૨) પુ૦ જુવાન પુરુષ. -ણાઈ, -ણાવસ્થા સ્ત્રી૦ જુવાની. -ણી વિ૦ સ્ત્રી૦ યુવાનીમા આવેલી (૨) સ્ત્રી૦ યુવાન સ્ત્રી, યૌવના

**તરેરાટ** (રે') પુ૦ [સર૦ हिं तेरेरना, अ. तर्रार] વારો તરડાઈ જાય એવી બૂમ (૨) ક્રોધનો આવેશ

**તરેરી** (રે') સ્ત્રી૦ [જુઓ તરેરાટ] ગુસ્સાના આવેશની ધ્રુજારી [–**ખાવી**=ગુસ્સાથી ધ્રૂજી ઊઠવું.] –**રું** વિ૦ તરેરીથી ભરેલું, કોપાયમાન

**તરેલું** ન૦ જુઓ તરીલું

**તરેહ** સ્ત્રી૦ [अ तरह] રીત; પ્રકાર (૨) ભાત, જાત ૦**દાર** (–**વા**)**ર** વિ૦ ભાત ભાતનું; વિવિધ (૨) વિચિત્ર

**તરો** પું૦ (કા) માર્ગ, મોકળાશ

**તરોદત**(–**દ**) સ્ત્રી૦ [अ तरद्दुद] કળા; હિકમત (જેમ કે ખેતી સુધારવાની. મહેસૂલ ખાતામાં એમ વપરાય છે)

**તરોપણ** ન૦ સુતારનું એક ઓજાર

**તરોપો** પું૦ (સુ.) નાળિયેર

**તરોવડ** વિ૦ સરખેસરખું; સમોવડ (૨) સ્ત્રી૦ ખુલાસો, સમજૂતી, ત્રેવડ

**તરોવું** અ૦ ક્રિ૦ તરવાનું

**તર્ક** પું૦ [सं.] અનુમાન, કલ્પના (૨) વિચાર-પ્રક્રિયા (૩) સંભવિત ખુલાસો, 'હાઇપોથેસીસ' (૪) તર્કશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર [–**ઊઠવો**=વિચાર આવવો; તુક્કો ઊઠવો; –**ચલાવવો**=કલ્પના કરવી, બુદ્ધિનો ઉપયોગ કરવો] ૦**દોષ** પું૦ વિચારદોષ, વિચારપ્રક્રિયાનો દોષ ૦**પ્રામાણ્ય** ન૦ તર્કમાં – વિચારપ્રક્રિયામાં પ્રમાણબુદ્ધિ ૦**પ્રામાણ્યવાદ** પું૦ 'રૅશનલિઝમ.' ૦**પ્રામાણ્યવાદી** વિ૦ (૨) પું૦ રૅશનલિસ્ટ' ૦**બાજ** વિ૦ તર્કમાં કુશળ ૦**વાદ** પું૦ તર્કને આધારે સ્થાપેલો વાદ.' ૦**વિતર્ક** પું૦ ઊહાપોહ (૨) ગમે તેમ વિચાર દોડાવ્યા કરવા તે ૦**શક્તિ** સ્ત્રી૦ તર્ક કરવાની શક્તિ ૦**શાસ્ત્ર** ન૦ ન્યાયશાસ્ત્ર, 'લૉજિક' ૦**શાસ્ત્રી** પું૦ તર્કશાસ્ત્રનો વિદ્વાન ૦**શુદ્ધ** વિ૦ તર્કદોષ વિનાનું ૦**સરણિ**(–**ણી**) સ્ત્રી૦ તર્કોની પરંપરા ૦**સિદ્ધ** વિ૦ તર્કથી પુરવાર થયેલું –**ર્કિત** વિ૦ તર્ક કરેલું –**ર્કી** વિ૦ તર્ક કરનાર

**તર્જ** સ્ત્રી૦ [अ] તરજ, ગાવાની ઢબ

**તર્જન** ન૦, –**ના** સ્ત્રી૦ [सं] ઠપકો, ધમકી (૨) તરછોડ; તિરસ્કાર

**તર્જની** સ્ત્રી૦ [सं] અંગૂઠા પાસેની આગળી

**તર્જવું** સ૦ ક્રિ૦ [सं. तर्ज्] ઠપકો આપવો, ધમકાવવું (૨) તરછોડવું, ધુતકારવું

**તર્પણ** ન૦ [सं.] તૃપ્તિ (૨) જુઓ જલાંજલિ. –**ણીય** વિ૦ તૃપ્ત કરી શકાય કે કરવા યોગ્ય

**તર્પવું** સ૦ ક્રિ૦ [सं तृप्] તૃપ્ત કરવું, સંતોષવું

**તર્પિત** વિ૦ [सं] તૃપ્ત થયેલું

**તલ** પું૦ [सं. तिल] એક તેલી બી કે તેનો છોડ-તિલ (૨) એને મળતો ચામડી ઉપરનો ડાઘો

**તલ**(–**ળ**) ન૦ [सं] તળિયું (૨) નીચેનો પ્રદેશ, તળેટી (૩) સપાટી ઉદા૦ 'ભૂતલ'

**તલક** અ૦ [हिं] સુધી લગી

**તલકછાંયડો** પું૦ તડકોછાંયડો, એક રમત

**તલખ** વિ૦ [फा तल्ख] તીવ્ર, તીખું, તેજ (૨) સ્ત્રી૦ [જુઓ તલસવું] ઝંખના, ઇંતેજારી (૩) વ્યાકુળતા (૪) તરસ. ૦**વલખ** અ૦ [सं विलक्ष ઉપરથી] પાણી ન મળવાથી અસ્વસ્થ ૦**વું** અ૦ ક્રિ૦ [જુઓ તલસવું] ઝંખવું –**ખાં** ન૦બ૦વ૦ ઝંખના, પ્રાપ્તિ માટેની વ્યાકુળતા. [–**મારવાં**=ઝંખવું; ઝૂરવું]

**તલપ** સ્ત્રી૦ [સર૦ તરાપ] કૂદકો; છલંગ (૨) [જુઓ તલબ] (પ્રાય વ્યસનની ચીજની) ઉત્કટ ઇચ્છા, તાલાવેલી [–**આવવી**=તલબ થવી –**ચૂકવી**=ધારેલી છલંગ ભરવામાં નિષ્ફળ થવું (૨) તલબની વેળા વહી જવી –**મારવી**=છલંગ મારવી (૨) તલબને દાબી દેવી] ૦**વું** અ૦ ક્રિ૦ એકદમ તલપ –કૂદકો મારવો ૦(–**ફે**)**વું** અ૦ક્રિ૦ [સર૦ हिं. तलफना, म. तलपणें] આતુરતાથી ટમટમવું, તલસવું

**તલપાપડ** વિ૦ ['તળે ઉપર'? તલપવું + પડવું ?] આતુર; અધીરું

**તલપૂર** વિ૦ તલ જેટલું (૨) સહેજ પણ

**તલફવું** અ૦ક્રિ૦ જુઓ 'તલપ'માં

**તલબ** સ્ત્રી૦ [अ] ઉત્કટ ઇચ્છા, તલપ

**તલબાવળ** પું૦ એક વનસ્પતિ

**તલભાર, તલમાત્ર** વિ૦ તલ જેટલું, સહેજ, તલપૂર

**તલમીજ** પું૦ [अ] શિષ્ય

**તલવટ** પું૦ તલની બનાવેલી એક મીઠાઈ (૨) ઉંબરો; તળવટ

**તલવણી** સ્ત્રી૦ એક વનસ્પતિ

**તલવાર** સ્ત્રી૦ જુઓ તરવાર

**તલસરું** ન૦ તલ ખંખેરી લીધા પછીનો તલનો

છોડ (૨) [प्रा. तिलसगलिया] જેમા તલ થાય છે તે શીંગ
**તલસવલસ** અ૦ જુઓ તલખવલખ
**તલસવું** અ૦ક્રિ૦ [स तृष्]અતિ આતુર હોવું; આતુરતાથી તરફડવુ [તરફડાટ
**તલસાટ** પું૦ [જુઓ તલસવુ] આતુરતા,
**તલસારો** પું૦ ['તલસવુ' ઉપરથી] તલસાટ; તરફડાટ
**તલસાંકળી** સ્ત્રી૦ [प्रा तिलसक्कुलिया (सं. तिलशष्कुलिका)]તલની બનાવેલી એક વાની
**તલસ્પર્શ** પું૦ [स] તળિયાનો સ્પર્શ (૨) સપાટીનો સ્પર્શ **-ર્શિતા** સ્ત્રી૦ **-ર્શી** વિ૦ તલસ્પર્શ કરતુ (૨) મૌલિક, વસ્તુના તળિયા સુધી ઊંડે જઈ વિચારતુ
**તલા(-લ્લા)ક** સ્ત્રી૦ [अ] છૂટાછેડા, ફારગતી. (પ્રાય મુસલમાન લગ્ન અંગે) [**-આપવી**= લગ્નબંધમાંથી છૂટું કરવું; છૂટાછેડા કરવા **-મળવી**=છૂટાછેડાના ભોગ બનવું **-મેળવવી**, **-લેવી**=છૂટાછેડા સાધવા, લગ્નબંધનમાથી છૂટું થવુ ]
**તલાટી** પું૦[સર૦दे. तलार=કોટવાલ,અથવા दे. तल=ગામડાનો મુખિયો म. तलाठी, तलाटी(-ठी)] મહેસૂલ વસૂલ કરનાર સરકારી મહેતો. **-ટું** ન૦ તલાટીનુ કામકાજ કે પદ
**તલાતલ** ન૦ [स] સાત પાતાળમાનુ એક
**તલાબત** સ્ત્રી૦ [अ तलावत] બરાબરી, સ્પર્ધા
**તલાલીન** વિ૦[सं.]તળિયે જઈ બેઠેલુ(૨)તલ્લીન
**તલા(-ળા)વ** ન૦ [प्रा. तलाव, तलाय, तलाग (सं. तडाग), સર૦ फा. तालाव]એક જળાશય; નાનુ સરોવર [**તળાવ (-વે) જવું**=ઝાડે ફરવા-શૌચ જવુ ] **૦ડી** સ્ત્રી૦, **૦ડું** ન૦ નાનુ તળાવ
**તલાશ** સ્ત્રી૦ [फा] શોધ; તપાસ. [**-રાખવી, લેવી**=સંભાળ રાખવી; ધ્યાન રાખવું ]
**તલી** સ્ત્રી૦ ઝીણા તલ (૨) શેરડીનો એક રોગ (૩) બરોળની ગાઠ [કસબી છેડો
**તલો** પુ૦ [अ तला (સોનુ) ઉપરથી] પાઘડીનો
**તલ્પ** ન૦ [सं] શય્યા, પથારી
**તલ્લાક** સ્ત્રી૦ જુઓ તલાક
**તલ્લીન** વિ૦[स.]ગરક; લીન,એકાકાર.**૦તા** સ્ત્રી૦
**તવ** સ૦ (૫) તારુ [सं] (૨) અ૦ [हिं. तव] (૫) ત્યારે
**તવખીર** ન૦ એક વનસ્પતિ
**તવન** ન૦ જુઓ સ્તવન (જૈન)
**તવર** ન૦ એક વનસ્પતિ
**તવરવું** અ૦ક્રિ૦ જુઓ તરવરવું
**તવંગર** વિ૦[फा तुवांगर] પૈસાદાર, તાલેવંત
**તવાઈ** સ્ત્રી૦ ['તવાવું' ઉપરથી, અથવા फा तवाही? સર૦ म. तवई, तवाई] કમબખ્તી; આફત; ધાડ (૨) તાકીદ; ધમકી
**તવાજો** પું૦ [अ. तवाजह] પરોણાચાકરી
**તવારાં** અ૦+તે વારે-વખતે
**તવારીખ** સ્ત્રી૦ [अ] ઇતિહાસ **૦નવીસ** પું૦ ઇતિહાસ લખનારો
**તવાવું** અ૦ક્રિ૦ [स तप्, प्रा. तव] 'તાવવુ'નુ કર્મણિ. [**તવાઈ જવું**=તાપ કે ચિંતાથી શોષાઈ જવું-શરીરે ઓગળી જવુ ]
**તવેથો** પું૦[स तप्, प्रा तव પરથી]રસોઈમા ઉપર તળે કરવાનુ કે ઉથલાવવાનુ એક સાધન,તાવેથો
**તવો** પુ૦ [प्रा तवय]રોટલા શેકવાનુ એક પાત્ર, મોટી લોઢી (૨) ચલમમા મૂકવાની ગોળ ચપટી ઠીકરી [**તવા જેવું**=બિલકુલ સાફ, ચોખ્ખુ ચટ (૨) ખાલી કે સાફ થયેલુ, પાયમાલ] **-વી** સ્ત્રી૦નાનો તવો, લોઢી
**તશરીફ** સ્ત્રી૦ [अ] મોટાઈ; મહિમા, શ્રેષ્ઠતા (મોટા માણસને, 'પધારો' એમ કહેવામાં વપરાય છે-તશરીફ લાવો)
**તસ** સ્ત્રી૦ ન દેખાય એવી બારીક ફાટ
**તસકો** પુ૦ ત્રસકો, તુચ્છકાર (૨) ઠોક ઠપકો. [**-તોડવો**=ઠપકો આપવો ] [ટસટસવું
**તસતસવું** અ૦ક્રિ૦ [રવ૦] ભચડાવુ; તણાવું;
**તસતસાટ** પું૦ ['તસતસવુ' ઉપરથી]ટસટસાટ
**તસબી(-વી)** સ્ત્રી૦ [अ.] (જપવાની) માળા, બેરખો
**તસમો** પુ૦ [फा] ચામડાનો પટો, તંગ
**તસર** સ્ત્રી૦ [सं त्रसर, प्रा टसर સર૦ हिं, म. तसर] રંગની તીણી રેખા (૨) ન૦ ટસર; એક જાતનુ કપડુ

**તસલમાત** વિ૦ [अ. तस्लीमात] વચગાળાનું; ઉપલકિયુ (જેમ કે, તસલમાત–ઉપલક ખાતુ) (૨) તાબાનુ (૩) સ્ત્રી૦ કબજો, ભોગવટો
**તસલ્લી** સ્ત્રી૦[अ]આશ્વાસન;ભરોસો,વિશ્વાસ
**તસવી** સ્ત્રી૦ જુઓ તસબી
**તસવીર** સ્ત્રી૦ [अ] છબી, ચિત્ર
**તસિયો** પું૦['તસ' ઉપરથી] તરડ,ફાટ(૨)લીટી, આંકો(૩) [આંખમાં]રાતી રેખા,તસર, ટશિયો
**તસુ** પુ૦,સ્ત્રી૦[સર૦ हिं , म तसू, अ. तसव्वुह] ઇંચ જેટલું માપ [તસુ ભોંય ન સૂઝવી= કશું ન સૂઝવુ, મૂઝાઈ જવુ.]
**તસું** વિ૦ [अप० तइस, सं तादृश] (પ.) તેવુ
**તસોતસ** અ૦ ['તસતસવુ' ઉપરથી] તસતસે એમ, તંગ
**તસ્કર** પું૦[सं]ચોર ૦વું સ૦ક્રિ૦ ચોરવુ –રી સ્ત્રી૦ ચોરવુ કામ, ચોરી
**તસ્ત,**૦રું,–સ્તાળું ન૦ [फा. तश्त, ०री; સર૦ म. तस्त]મળમૂત્ર ઝીલવાનુ વાસણ(૨)કોગળા વગેરેનુ પાણી ઝીલવાનુ વાસણ
**તસ્દી** સ્ત્રી૦ [अ. तस्दीअ] શ્રમ, મહેનત, તકલીફ [–લેવી, આપવી]
**તહ** પું૦, સ્ત્રી૦, ન૦ [फा] સુલેહ, સંધિ.
**તહકીક** વિ૦ [अ. तहकीक़] ચોક્કસ; નક્કી
**તહકુ(–કૂ)બ** વિ૦ [अ. तवक्कुफ=ઢીલ, સર૦ म त(०ह)कूब] મોકૂફ; મુલતવી (–કરવું, રહેવું, રાખવું). –બી સ્ત્રી૦ તહકૂબ રાખવું તે; મોકૂફી
**તહનામું** ન૦ [फा.] સુલેહનો કોલકરાર–લેખ
**તહસીલ** સ્ત્રી૦, ન૦ [अ] જમીનમહેસૂલ (૨) તાલુકો ૦દાર પુ૦ તાલુકાનું મહેસૂલ વસૂલ કરનાર અમલદાર, મહાલકારી ૦દારી સ્ત્રી૦ તહસીલદારનુ કામ કે પદ ૦નામું ન૦ જમાબધીનો ચોપડો
**તહાં** અ૦ [સર૦ हिं.] (પ) જુઓ તહીં
**તહીં** અ૦ [प्रा तहि, तहिं,] ત્યાં, ત્યહાં
**તહેનાત** (તહે) સ્ત્રી૦[अ. तअय्युनात, સર૦ म. तैनात, हिं तइनात]સેવાચાકરી કરવા માટેની હાજરી (૨) સેવાચાકરી, તાબેદારી
**તહેવાર**(તહે)પુ૦[સર૦हिं तेहवार, त्योहार, सं तिथि, प्रा तिहि+वार]ટાણું, ખુશાલીનો દિવસ
**તહોમત** ન૦ (તહો) [अ. तुहमत] આરોપ; આળ [–આવવું=આરોપ થવો –મૂકવું= આરોપવું; આક્ષેપ કરવો.]૦દાર વિ૦આરોપી. ૦નામું ન૦ આરોપ મૂક્યા બાબતનુ લખાણ
**તળ** ન૦ જુઓ તલ (૨) મૂળ (૩) પાયો (૪) જન્મસ્થાન ૦ઘટ પું૦ ઊમરો,ઉંબર ૦જમીન સ્ત્રી૦ તળિયાની જમીન ૦પર વિ૦ દેવાદાર (૨) [લા] દબાયેલુ–ઓશિયાળુ (૩) પુ૦ વસવાયો (૪) સાથી, ખેડૂત. ૦પદ ન૦ ગામ- તળની જમીન(૨)અસલ–મૂળજગા(૩)સપાટ જમીન (૪) જેનુ પૂરુ મહેસૂલ લેવાતુ હોય એવી–ખાલસા જમીન ૦પદું વિ૦ સ્થાનિક, મૂળ વતનનુ (૨) ગામઠી, દેશી ૦વટ સ્ત્રી૦ પગના તળિયાનુ તળવાવું તે (૨) તળિયુ (૩) જમીનની સપાટી, તળાવટ(૪)ઊમરાનુ ઘડેલુ લાકડુ (૫)[સર૦ म. तुळवट= પાટડો] છાપરાના મોભને ટેકવવા સામસામી ભીંતો પર ગોઠવીને રખાતુ આડુ લાકડુ
**તળવાવું** અ૦ ક્રિ૦ [તળવું (તળિયુ) પરથી ? સર૦ हिं. तरवाना] વધારેપડતા ઘસારાથી કે તાપથી પગના તળિયાનુ આળુ થવુ
**તળવું** સ૦ ક્રિ૦ [प्रा तल] કકડાવેલા ઘીતેલમા પકવવુ (૨) ન૦ [सं. तलं, म तळवा] તળિયુ
**તળાઈ** સ્ત્રી૦ [दे. तल, तल्ल=ગોદડું; બિછાનુ] ખૂબ રૂ ભરેલુ ગાદલુ (૨) પું૦ [प्रा. तल= તાડનુ ઝાડ] તાડનુ (નર) ઝાડ
**તળાતળ** ન૦ જુઓ તલાતલ
**તળાતાંદળા** પું૦બ૦વ૦ [તળા (તળવું)+તાંદળા (स तांदूल)] શેકેલા ચોખા–મમરા (૨) અ૦ છૂટેછૂટું; લગારે વળગણ ન રહે એમ
**તળાવ** ન૦,૦ડી સ્ત્રી૦,૦ડું ન૦ જુઓ 'તલાવ'મા
**તળાવટ** સ્ત્રી૦ ઢોંગ, યુક્તિ (૨) ['તળ', 'તળવટ'] જમીન કે તેની સપાટીનો પ્રકાર
**તળાવિયો** પુ૦ એક જાતનો કોળી
**તળાવો** પું૦ [જુઓ 'તળવટ' અર્થ ૪–૫] ગાડાની પીંજણી તળેની આડી
**તળાંસવું**(૦) સ૦ ક્રિ૦ [स तलस्पर्श પરથી ?] ધીમે ધીમે ચાપવું, ચંપી કરવી

**તળિયું** ન૦ [સં. તલ] છેક નીચેનો ભાગ; તળ (૨) પગનું તળિયું (૩) તઠબૂચ. [**-આવવું**=સાવ ખૂટી પડવું. **-ટાઢું કરવું**=જુઓ તળિયારું ટાઢું કરવું. **-દેખાવું**=ખૂટી પડવું, પાસેનું પૂરું થવા આવવું **-ન દેખાવું**=પાર ન પામી શકાવું **-ઝાડવું**=સાફ કરી નાખવું, ખાલીખમ કરવું (૨) ખૂબ ધમકાવવું.] **-ચાછંટ, -ચાઝાટક** અ૦ તળિયું ખુલ્લું થઈ જાય તેમ, ખુલ્લેખુલ્લું, પૂરેપૂરું ખુવાર. **-યારું** ન૦ તળિયું [**-ટાઢું કરવું**=પોતાની સ્થિતિ સ્થિર-નિશ્ચિત કરી લેવી.]

**તળી** સ્ત્રી૦ [જુઓ તળિયું] જોડામાં પગના તળિયાને અડીને રહેતી ચામડાની પટ્ટી, સખતળી. [**-પડવી**=ખુલ્લે પગે ચાલવાથી પગના તળિયાની ચામડી કઠણ કે ન દાઝે એવી થઈ જવી] [આવવું]

**તળું** ન૦ જુઓ તળિયું [**-આવવું**=તળિયું

**તળે** અ૦ [સં. તલ] નીચે, તળિયે **૦ઉપર** અ૦ ઊંચુંનીચું, તળે કે ઉપર(૨)[લા.] તલપાપડ; અધીરું [બાજુનો નીચાણનો પ્રદેશ

**તળેટી** સ્ત્રી૦ [દે. તલહટ્ટિયા] પર્વતની આજુ-

**તળ્યુંતાવ્યું** વિ૦ તળેલું અને તાવેલું(૨) [લા.] અભડાય નહિ એવું-શુદ્ધ

**તંઈ** અ૦ [સં. તતઃ, પ્રા તએ, સં તદા, પ્રા. તઇ] (કા) જુઓ તેંયે, તો પછી; ત્યારે

**તંગ** વિ૦ [ફા] ભિડાતું, ચપસીને આવી રહેતું (૨) તાણેલું, કસેલું (૩) છૂટ વગરનું (નાણાં કે વેપારની બાબતમાં) (૪) કાયર, કંટાળેલું (૫) પું૦ ઘોડાનું જીન ખસી ન જાય તે માટે પેટને કસીને બાંધેલો પટો

**તંગડી** સ્ત્રી૦ [જુઓ ટંગડી] ટાટિયો (૨) [ફા તંગ, કે તુંગહ પરથી ?] ટૂંકી ચોરણી-લેંઘો

**તંગલ** ન૦, સ્ત્રી૦છોકરાને કાને પહેરવાનું કુંડળ

**તંગાશ** સ્ત્રી૦ [ફા. તંગ ઉપરથી] તંગી; અછત

**તંગિયો** પું૦ [જુઓ તંગડી] નાની સૂથણી

**તંગી** સ્ત્રી૦ [ફા.] તાણ, ન્યૂનતા, અછત

**તંઝીમ** સ્ત્રી૦ [અ.] એકસૂત્ર કરવું તે, સંગઠન

**તંડુલ** પું૦ [સં] તંદુલ; ચોખા

**તંત** પું૦ [સં તંતિ કે તંતુ] તાર, તાંતણો (૨) કોઈ ઘટના કે વાતની પરંપરા—તેનો લાંબો તાંતણો (૩) ચર્ચા, વાદવિવાદ, પંચાત (૪) છાલ, કેડો (૫) મમત, જિદ્દ, હઠ. [**-તાણવો, બાંધવો**=વાદ કે ચર્ચામાં ઊતરવું; તંત કરવો. **-પકડવો**=કોઈ વાત કે ઘટનાનું મૂળ રહસ્ય સમજવું, લક્ષમાં લેવું (૨) હઠ લેવી, જીદ પકડવી **-મૂકવો**=હઠ છોડવી; છાલ છોડવો, કોઈ વાતની પંચાત કે ચર્ચા છોડવી **-લેવો**=ચર્ચા ચલાવવી]

**તંતની** સ્ત્રી૦ [રવ૦] જુઓ તુનતુની

**તંતરવું** સ૦ ક્રિ૦ [સ તંત્ર ઉપરથી] છેતરવું; ધૂતી લેવું, ભોળવવું

**તંતુ** પું૦ [સં.] તાર, તાંતણો, રેસો કે પાતળી નસ [**-કામે લગાડવા**=બનતું બધું કરવું (કોઈ કામ સાધવા માટે).] **૦કીટ** પું૦રેશમનો કીડો **૦ચક્ર** ન૦ તંતુનું જાળું. **૦માર્ગ** પું૦ તંતુ જેવો બારીક માર્ગ. **૦વાદ્ય** ન૦ તંતુથી વાગતું વાજિંત્ર

**તંતે(-તો)તંત** અ૦ [જુઓ તંત, સર૦ મ. तंत, तंतोतंत]એક કેડે બીજું એમ, લગાતાર (૨) બરોબર, પૂરેપૂરું

**તંત્ર** ન૦[સં.] હિંદુઓના એક પ્રકારના શાસ્ત્રો (તેમાં મંત્રો, પ્રયોગો અને ક્રિયાઓ ઉપર વધુ ભાર મૂકેલો છે) (૨)વ્યવસ્થા; પ્રબંધ (૩)તેની યોજનાપૂર્વક ગોઠવણ, આયોજન (૪) [ન્યા.] સિદ્ધાંત **૦નિષ્ઠ** વિ૦ તંત્ર-વ્યવસ્થાને વફાદાર. **૦નિષ્ઠા** સ્ત્રી૦ તંત્ર-વ્યવસ્થા પ્રત્યે વફાદારી **-ત્રી** પું૦ તંત્ર ચલાવનાર, અધિપતિ (૨) છાપાનો સંપાદક (૩) સ્ત્રી૦ તંતુવાદ્યનો તાર (૪) ધનુષ્યની દોરી, પણછ (૫) એક તંતુવાદ્ય

**તંદુરસ્ત** વિ૦ [ફા तंदुरुस्त] નીરોગી, સ્વસ્થ **-સ્તી** સ્ત્રી૦ આરોગ્ય

**તંદુલ** પું૦ [જુઓ તંડુલ] ચોખા, તાંદુલ

**તંદોડો** પું૦ સ્ત્રીના કાનનું એક ઘરેણું

**તંદ્રા** સ્ત્રી૦[સં.] આળસ; સુસ્તી, ઘેન(નિદ્રાનાં). **૦ળુ(-ળુ)** વિ૦ તંદ્રાવાળું

**તંનૂર** પું૦ [અ. तन्नूर] ચૂલો

**તંબાકુ,-કૂ** સ્ત્રી૦[જુઓ તમાકુ] એક વનસ્પતિ, જેનાં પાંદડાં એક વ્યસનની ચીજ છે

**તંબુ(-બૂ)** પુ૦ [સર૦ हि, म.] દોરડા અને થાભલાને ટેકે તાણેલુ છત્રીઘાટનુ લૂગડાનુ ઘર [-ઊઠવો=તબુ છોડી નંખાવો. -ઊભો, ખડો કરવો=તબુ બાધવો. -છોડવો=બાંધેલો તબુ કાઢી નાખવો, તંબુ ઉઠાવી લેવો -ઠોકવો,તાણવો,મારવો=(થાભલા ઠોકી દોરડાં તાણી) તબુ રચવો-બાધવો કે ખડો કરવો.]

**તંબૂરો** પુ૦ [अ तंबूर]એક તતુવાદ્ય.[તંબૂરા જેવું=સ્થૂળ ને બેડોળ] **-રાપેટી** સ્ત્રી૦ સૂરપેટી **-રી** સ્ત્રી૦ નાનો તબૂરો

**તંબોળ** પુ૦ [फा तबूल, सं. ताम्बूल] નાગરવેલનુ પાન (૨) તેની બીડી-બીડુ (૩) ઘાડો લાલ રગ(૪) ગળાનો એક રોગ [-છાંટવો, -નાખવો=લગ્ન વખતે વરકન્યાએ એકબીજા પર પાનની પિચકારી મારવી -વહેંચવો=લગ્ન જનોઈ વગેરે પ્રસગે સ્ત્રીઓને ખારેક પતાસા વગેરે આપવા ]**૦ણ** સ્ત્રી૦ તંબોળીની સ્ત્રી **-ળિયું** વિ૦ તબોળ કે તબોળીને લગતુ **-ળિયો ક્ષય** પુ૦ એક જાતનો ક્ષયરોગ **-ળિયો સાપ** પુ૦ નાગરવેલના પાનમા થતો એક કીડો **-ળી** પું૦ પાનસોપારી વેચનારો (૨) તે ધંધો કરનારી ન્યાતનો માણસ

**-તઃ** [स.] નામને લાગતા 'માથી' 'ની દૃષ્ટિએ' એવા અર્થનુ અ૦બનાવે. ઉદા૦ મૂલત, તત્ત્વત

**-તા** [सं]ભાવવાચક નામ(સ્ત્રી૦)બનાવતો પ્રત્યય

**તા** પુ૦[फा.] એક કાગળ, તાવ (૨) [स. ताप, प्रा ताअ] ગરમી

**તા** 'તારીખ'નુ ટૂંકુ રૂપ

**તાઈ** પુ૦ મુસલમાનની એક નાત, પીંજારો, વણકર (૨) સ્ત્રી૦ એક વસ્ત્ર [મિજાજનુ

**તાઉ** વિ૦ [प्रा ताअ પરથી ?] ગરમ-આકળા

**તાઊસ** પુ૦ [अ तावूस] મોર (૨) ન૦ એક છેડે મોરનો આકાર હોય એવુ વાદ્ય. **૦બાજ** વિ૦ તાઊસ વગાડી જાણનાર **-સી** વિ૦ મોરના રગનુ (૨) તાઊસબાજ

**તાક** સ્ત્રી૦ [स तक्र, प्रा तक्क, સર૦ म] છાશ

**તાક** સ્ત્રી૦ [જુઓ તાકવુ] નેમ, ચોટ(૨) પુ૦ લાગ, તાકડો **૦ડો** પુ૦ તાક, લાગ(૨)[જુઓ ત્રાગડો] તાગડો, દોરો. **૦ણિયું** વિ૦ તાકેડું. **૦વું** સ૦ક્રિ૦ [स तर्क्, प्रा. तक्क् અથવા स तक्] એકીનજરે જોયા કરવુ (૨) નિશાન બાધવુ (૩) ઇચ્છવુ [તાકયુ તીર લાગવુ =ધાર્યું થવું.] [એક ઓજાર

**તાકડું** ન૦ ['ત્રાક' ઉપરથી] સોનીનુ ત્રાક જેવુ

**તાક(-કા)ત** સ્ત્રી૦[अ] શક્તિ;સામર્થ્ય,મગદૂર

**તાકીદ** સ્ત્રી૦ [अ] ઉતાવળ (૨)આજ્ઞા, ફરમાન, તરત કરવાની જરૂરિયાત(૩)ચેતવણી, ધમકી. [-કરવી=ઉતાવળ કરવી -આપવી=ચેતવણી આપવી] **૦ચિઠ્ઠી** સ્ત્રી૦, **૦પત્ર** પુ૦; ન૦ ઉપરી અમલદારના હુકમનો તાકીદનો કાગળ [સર૦ म.]

**તાકું** ન૦ [अ ताक़] ગોખલો, હાટિયુ

**તાકેડુ** વિ૦ ['તાકવુ' ઉપરથી] તાકેલુ નિશાન પાડનાર, તાકણિયુ

**તાકો** પુ૦[अ] ફાડયા વિનાનુ લાબુ એકસરખુ લૂગડુ, થાન (૨) [જુઓ તાકુ] ગોખલો

**તાકોડી** વિ૦ જુઓ તાકેડુ

**તાગ** પુ૦ [सं. स्याघ, दे. थग्घ, સર૦ म तागा, ताज=હોડી ચલાવવાનો વાસ જે દ્વારા ઊંડાણ પણ મપાય છે] છેડો અત, નિવેડો (૨) [सं. त्याग ઉપરથી? સર૦ हिं ताग(-गा)] પરણીને વિદાય થતા વર તરફથી ભાગોળે કન્યાપક્ષના ભાટબ્રાહ્મણોને અપાતી દક્ષિણા કે લાગો [-આણવો, -લાવવો=પાર લાવવો, પરવારવુ. -કાઢવો,-લેવો=ઊંડાઈ માપવી (૨) અંદાજ કાઢવો.]

**તાગડધિન્ના** પુ૦ બ૦ વ૦ [રવ૦] મોજમજા; ચેનબાજી (-કરવા)

**તાગડો** પુ૦ [જુઓ ત્રાગડો] તાતણો (૨) ['તાકવુ' ઉપરથી] તાકડો, લાગ

**તાગવું** અ૦ ક્રિ૦ [જુઓ તાગ] તાગ કાઢવો; માપ કાઢવુ(૨)પરવારવુ, તાગ આણવો, છૂટા થવું (૩) સ૦ ક્રિ૦ [જુઓ ત્યાગવુ] છોડી દેવું

**તાગિયો** પુ૦ [જુઓ તાગડો] રેશમને તાણનાર -સુધારનાર કારીગર

**તાછ** સ્ત્રી૦ [सं तक्ष] પથ્થર ટાકતા પડતો કચરો -છોલ (૨) (દાગીનાને) છોલતા પડતી કરચો

(૩) ઓપ, ચકચકાટ. [-મારવો=ઓપ દેવો, ચળકી આણવી.] ૦(-સ)વું સ૦ ક્રિ૦ ટાકણાથી છોલવું, છોલીને ચકચકતુ કરવુ (૨) તાછિયુ કરવુ — કાપવુ (સુ.)
તાછું ન૦ જુઓ તાસું
તાછિયું ન૦ [જુઓ તાછ] કલમ જેવો ત્રાસો કાપેલો સાઠાનો ટુકડો (સુ)
તાજ પું૦ જુઓ ત્યાગ (પ.)
તાજ પું૦ [फा.] મુગટ, રાજમુગટ(૨)ગ જીફાનું તેવા ચિહ્નવાળું પાનુ. ૦ખાનું ન૦ સડાસ ૦પોશી સ્ત્રી૦ તાજ પહેરવાની-ગાદીએ આવવાની ક્રિયા. ૦મહાલ પું૦ (સ) આગ્રાની સુપ્રસિદ્ધ ઇમારત
તાજગી સ્ત્રી૦[फा.] તાજાપણું (૨) તેજી,સ્ફૂર્તિ (૩) તંદુરસ્તી
તાજણ સ્ત્રી૦ [જુઓ તાજી] ઘોડી
તાજણો પું૦ [फा. ताजियानह] સાટકો, ચાબુક
તાજમ સ્ત્રી૦ જુઓ તાજીમ (૨) [સુ.]રુચિની બાબતમા વધારેપડતુ ઝીણાપણુ કે આળાપણુ. -મી વિ૦ માન-મોટાઈ આપેલી હોય તેવુ
તાજવું ન૦ જુઓ ત્રાજવું (૨) સ૦ક્રિ૦+(પ.) જુઓ ત્યજવું
તાજા(-જે)કલમ સ્ત્રી૦ [फा] (ટૂંકમા લખાય છે તા.ક) મુખ્ય લખાણ પૂરુ થયા પછી તેની નીચે ઉમેરેલું લખાણ
તાજાતવાના વિ૦ [फा.] તાજું અને શક્તિમાન
તાજિયો પું૦ [अ.] તાબૂત.[તાજિયા કાઢવા= તાબૂત સાથે તેનું સરઘસ કાઢવુ(-નીકળવા). -ડૂબવા, ઠંડા થવા=તાબૂતને પાણીમા ડુબાડવાનો-ઠંડા કરવાનો સમારંભ પૂરો થવો (૨) [લા] હતાશ કે નિરુત્સાહ થવુ. -ઝૂલ થવા=હતાશ થવુ, પાછા પડવુ]
તાજિર પું૦ [अ] વેપારી
તાજી વિ૦[फा]અરબી-ઉત્તમ પ્રકારનો(ઘોડો)
તાજીમ સ્ત્રી૦[अ]વિવેક,અદબ,માન આપવાની રીત [-લેવી=સલામી ભરવી, માન આપવું.]
તાજુબ વિ૦ [अ] આશ્ચર્યચકિત, દંગ -બી સ્ત્રી૦ આશ્ચર્ય
તાજું વિ૦ [फा. ताज़ह] નવું, તરતનું (૨) થાક ઊતરી જઈને સ્ફૂર્તિમા આવેલુ (૩) પૈસાથી ભરેલુ, તર ૦તમ વિ૦ એકદમ તાજું
તાજૂડી સ્ત્રી૦ જુઓ ત્રાજૂડી
તાજેકલમ સ્ત્રી૦ જુઓ તાજાકલમ.
તાજેતર વિ૦[फा.ताज़ह+अ. तर] તાજેતાજુ, તરતનું ૦માં અ૦ હમણા જ, થોડા વખત પર
તાજેસ ન૦ પ્રાયશ્ચિત્ત
તાટ વિ૦ [इं टाइट] તંગ, સક્કસ; અક્કડ (૨) પું૦ [જુઓ ટાટ] છાબડી મોટી થાળી (૩) ન૦ શણનુ કપડુ, ગૂણપાટ
તાટસ્થ્ય ન૦ તટસ્થપણુ
તાટી સ્ત્રી૦ [दे तट्टी] કામઠાનો પડદો; ટટ્ટી
તાટું ન૦ [दे. तट्टी] વાસ-ઘાસની નાની ચટાઈ કે પડદો
તાડ પું૦ [सं.ताल,-डि,-डी, प्रा. ताड, -डी,] એક જાતનુ ઝાડ (૨) [જુઓ તાડો] તતડાટ. [તાડ જેવું, -નો ત્રીજો ભાગ=બહુ ઊંચું, ટડેલ] ૦ગોળ પું૦ તાડ ખજૂરાના તાજા રસ -નીરાનો બનાવાતો ગોળ ૦ગોળો પું૦ તાડનુ ફળ ૦છું, ૦પત્ર ન૦ તાડનુ પાંદડુ. ૦પત્રી સ્ત્રી૦ તાડના પાનનુ છાજ (૨)[સર૦ इं टारपोलिन, म ]વરસાદમા રક્ષણ કરે એવી શણની એક બોદ -ડિયું ન૦ તાડના પાનનો કકડો(૨)રેંટિયાનું પાંખિયુ -ડિયો પું૦ તાડનુ ઝાડ -ડી સ્ત્રી૦ તાડ-ખજૂરા વગેરેનો કેફી રસ
તાડકવું અ૦ક્રિ૦ તડૂકવું (?)
તાડકા સ્ત્રી૦ [सं.] (સં.) એક રાક્ષસી-રાવણની બહેન
તાડગોળ, તાડગોળો જુઓ 'તાડ'મા
તાડછું (તાડ+फा. चेह પરથી) જુઓ 'તાડ'મા
તાડન ન૦ [स] તાડવુ તે; માર -નીય વિ૦ મારને યોગ્ય
તાડપત્ર,-ત્રી સ્ત્રી૦ જુઓ 'તાડ'મા
તાડવું સ૦ક્રિ૦[स. ताड्]મારવુ(૨)જુઓ ત્રાડવુ
તાડિયું, -યો, તાડી જુઓ 'તાડ'મા
તાડુકાવવું સ૦ ક્રિ૦, તાડુકાવું અ૦ ક્રિ૦ 'તાડૂકવુ'નુ પ્રેરક ને કર્મણિ
તાડૂકવું અ૦ક્રિ૦ તડૂકવું, ત્રાડવુ
તાડૂકો પું૦ તડૂકો, ત્રાડ

**તાડો** પું૦ ['તતડવું' ઉપરથી, અથવા स ताड ઉપરથી] સોજાને લીધે ચામડી તણાઈ થતી પીડા, તતડાટ (૨) જૂનો ઝનડો (૩) આગ્રહ, હઠ

**તાણ** (ણ,) સ્ત્રી૦ [તાણવું પરથી] શરીરની –રગોની ખેંચ (૨) તંગી, અછત (૩) આગ્રહ, ખેંચ [–આવવી = વાઈ આવવી (૨) રગો ખેંચાવી. –પડવી = ટાંચ પડવી, અછત પડવી.]

**તાણ** ન૦ પાણીના વહેણનું – તાણી જવાનું જોર

**તાણવું** સ૦ ક્રિ૦ [स तन्, प्रा तण] ખેંચવું (૨) ઘસડવું (૩) લાંબું થાય તેમ ખેંચવું કે કોઈ ક્રિયા ચલાવવી (જેમ કે, રાગડો, લહેકો ઇ૦) (૪) પક્ષ કરવો. ઉદા૦ 'કોઈનું તાણવું'. [તાણી કાઢેલું = દુબળું **તાણી નાખવું** = અવગણવું (૨) મૂઆ પછી યોગ્ય સન્માન ન કરવું, માત્ર મડદું બાળી નાખવું (શ્રાદ્ધ, વરો વગેરે ન કરવા) **તાણીને** = લાંબો અવાજ કરીને, મોટેથી, જોરથી (૨) આગ્રહપૂર્વક **તાણીને લાંબું કરવું** = લંબાવી લંબાવીને બગાડવું **તાણી લાવવું** = આગ્રહ પૂર્વક લઈ આવવું, પકડી લાવવું (૨) વગર હકે ઉપાડી લાવવું (૩) બળજબરીથી ખેંચી લાવવું]

**તાણંતાણ(–ણા), તાણાતાણ** (ણ,) સ્ત્રી૦ ખેંચાખેંચ, આમ ને તેમ કે ઉપરાછાપરી તાણવું કે તણાવું તે

**તાણિયો** પું૦ ધાતુના તાર તાણનારો (૨) છાપરા કડેગ ઇત્યાદિને તાણી ઝાલવા મુકાતો સળિયો (સ્થાપત્યમાં), 'બ્રેકેટ'

**તાણીતૂ(–તો)શી (૦ને, –સી, –સીને)** અ૦ ખૂબ ખેંચીને, મારીમચડીને, મુસીબતથી

**તાણી** સ્ત્રી૦ જુઓ તાણો (૨) વણવા માટે તૈયાર કરેલો તાણો (પવાયત સાથ સાથેનો)

**તાણુ(–ણું)** વિ૦ [જુઓ ત્રાણુ] '૯૩'

**તાણો** પું૦ [જુઓ તાણવું] વણવા માટે તાણેલા લાંબા – ઊભા તાર (આડા તાર તે વાણો). **૦વાણો** પું૦ તાણો અને વાણો

**તાત** પું૦ [सं.] પિતા, બાપ (૨) [ખાસ કરીને હાથ નીચેના માણસો, શિષ્યો કે બાળકો માટે] વહાલનું એક સંબોધન

**તાતા** પું૦ [રવ૦] રોટલો (બાળકોની ભાષામાં)

**તાતાથેઈ** અ૦ [સર૦ हिं] [રવ૦] (૨) સ્ત્રી૦, **તાતાથૈયા** અ૦ (૨) પું૦ અ૦ વ૦ [સર૦ म तातकथय्या] નાચવાના તાનનો એક બોલ, તતથેઈ (૩) નાના બાળકને ઊભું થતા શીખવતાં વપરાતો શબ્દ [કે તેનો વતની

**તાતાર** પું૦ [फा] મધ્ય એશિયાનો એક દેશ

**તાતું** વિ૦ [स तप्त, प्रा. तत्त] ખૂબ ગરમ – તપેલું (૨) આકળા સ્વભાવનું, ગરમ મિજાજનું (૩) તરતનું, તાજું (૪) તેજસ્વી [**તાતે ઘાએ** અ૦ એકે તડાકે, એકદમ.]

**તાતુમાતું** વિ૦ [તાતું + માતું] ભરેલું – પુષ્ટ

**તાત્કાલિ(–ળિ)ક** વિ૦ [सं.] તે કાળ – સમય સંબંધી કે તે પૂરતું (૨) તરતનું

**તાત્ત્વિક** વિ૦ [सं] તત્ત્વને લગતું (૨) યથાર્થ

**તાત્પર્ય** ન૦ [सं.] ભાવાર્થ, મતલબ, સાર (૨) હેતુ, વાગણ

**તાત્પૂરતું** વિ૦ [म. तात्पुरता] તે વખત પૂરતું, તેટલા કે તે કામ પૂરતું

**તાથેઈ** અ૦ જુઓ તાતાથેઈ

**તાદર્થ્ય** ન૦ [सं] 'તેને માટે હોવાપણું' બતાવતો ચોથી વિભક્તિનો અર્થ [વ્યા.] (૨) હેતુ, ધારણા

**તાદાત્મ્ય** ન૦ [सं] સમાનતા, એકતા [સ્ત્રી૦

**તાદૃશ** વિ૦ [सं] તેના જેવું જ, આબેહૂબ **૦તા**

**તાન** સ્ત્રી૦, ન૦ [सं] ગાયનમાં લેવાતા પલટા, આલાપ (૨) ધૂન, લેહ, લગની (૩) મસ્તી, તોફાન [**–ચડવી(–વું)** = ધૂન લાગવી (૨) મસ્તીએ ચડવું **–મારવી** = ગાયનમાં આલાપ-પલટા લેવા **–લાગવી** = ધૂન લાગવી **–લેવી** = જુઓ તાન મારવી. **તાનમાં આવવું** = તાન ચડવી (૨) મસ્તીમાં આવવું] **૦પૂરો** પું૦ [સર૦ हिं] ગાયનમાં તાન પૂરતું વાદ્ય, તંબૂરો [તરાણા

**તાનારીરી** સ્ત્રી૦ [हिं] ગાયનની એક તરેહ;

**તાનાબાજી** સ્ત્રી૦ [फा] તાના મારવા તે

**તાનો** પું૦ [अ] ટોણો, મહેણું. (–મારવો) (૨) ક્રોધ

**તાપ** પું૦ [स] તડકો (૨) ગરમી, આંચ (૩) [સર૦ म] જ્વર, તાવ (૪) રૂઆબ, કડકાઈ (૫) કરપ, ધાક (૬) દુઃખ, સંતાપ [–**કાઢવો, –નીકળવો** = (વરસાદ વાદળાં રહ્યા બાદ)

સૂર્યનો તાપ નીકળવો કે પડવા લાગવો; સૂર્યે ઉઘાડ કાઢવો. –ખાવો=તાપ વેઠવો; તાપમા તપવુ –થવો=સૂરજ તપવો, બપોરનો વખત થવો –પડવો=તપવું; ગરમી થવી –માથે લેવો=બપોરનો તાપ વેઠવો તાપે નાંખવું, મૂકવું=સૂકવવુ ] ૦ટ વિ૦ તેજ, ગરમ મિજાજનો (ઘોડો). ૦(–પો)ડિયું ન૦ જુઓ તાપોડિયુ

**તાપણી** સ્ત્રી૦, **–ણું** ન૦ [જુઓ તાપવું]તાપવા માટે કૂસ વગેરેનો લગાડેલો અગ્નિ

**તાપત્રય** પું૦[સ] આધિ, વ્યાધિ અને ઉપાધિ અથવા આધ્યાત્મિક, આધિભૌતિક, અને આધિદૈવિક એ ત્રણ જાતના દુખ–સંતાપ

**તાપડું** ન૦[સર૦ हिं टापर] શણનુ જાડું કપડું

**તાપવું** અ૦ ક્રિ૦ [म तप्] અગ્નિથી ટાઢ ઉડાવવી (૨) સ૦ક્રિ૦ (તપ સાથે) તપ કરવું

**તાપસ** વિ૦ [સં] તપ કરનાર (૨) પુ૦ તપસ્વી

**તાપસી** સ્ત્રી૦ [સં] તપસ્વી સ્ત્રી

**તાપી** સ્ત્રી૦ [स] (સં.) ગુજરાતની પ્રખ્યાત નદી [–કૂવો કરવો=ડૂબીને આપઘાત કરવો ]

**તાપોટો** પું૦ ['તાપ' પરથી] સખત તાપ, કઠારો (૨) તાપને લીધે થતો ફોલ્લો –ડિયું ન૦ તાપોટો (૨) જુઓ તાપડિયુ [ટાફેટો (?)

**તાફ્તો** પુ૦ [फा] એક જાતનુ રેશમી કાપડ,

**તાબડતોબ** અ૦ [સર૦ हि. तावडतोड, म.] તરત જ; જરા પણ વિલબ વગર

**તાબૂત** પુ૦, ન૦ [अ.] મડદા–પેટી, જનાજો, ખાસ કરીને ઇસ્લામી શહીદ હુસેનની યાદગીરીમા મહોરમના દિવસોમા કબર જેવા ઘાટ કાઢે છે તે, તાજિયો (૨) [લા] બાઘુ કે શૂઢમૂઢ જેવું થયેલુ માણસ (તાબૂત જેવુ=બાઘુ') [–કાઢવું=જુઓ તાજિયા કાઢવા. –કૂટવું=તાબૂતની ચોતરફ ફરતા 'યાહુસેન' કરતા કૂટવું –ડુબાડવું, ઠંડું કરવું=તાબૂતને સરઘસમા ફેરવી છેવટે પાણીમા પધરાવવું –નીકળવું=તાજિયાનુ સરઘસ નીકળવુ ]

**તાબે** અ૦ [ल] તાબામા, હુકમ તળે. ૦દાર વિ૦ હુકમમા રહેનારુ આજ્ઞાંકિત (૨) પરાધીન. ૦દારી સ્ત્રી૦ તાબેદારપણું. [–ઉઠાવવી=તાબામાં રહેવું, પરાધીન થવું ]

**તાબો** પુ૦ [જુઓ તાબે] કબજો, હવાલો

**તાબોટો** પુ૦ જુઓ ટાબોટો

**તામજાન** પું૦ [हिं] એક જાતની પાલખી કે ખુરશીઘાટની ડોળી

**તામડી** સ્ત્રી૦ [सं. ताम्र પરથી] જુઓ તાબડી. –ડો પુ૦ જુઓ તાબડો

**તામરસ** પું૦ [सं] એક છદ

**તામસ** વિ૦ [स] તમોગુણને લગતુ(૨)અંધારુ: તમસનુ બનેલુ(૩)પુ૦ ગરમ મિજાજ, ગુસ્સો. –સિક વિ૦ ક્રોધી,તામસી. –સી વિ૦ ક્રોધી (૨) સ્ત્રી૦ દુર્ગાનુ એક નામ –સી વિદ્યા સ્ત્રી૦ ઊંઘમા નાખવાની વિદ્યા

**તામિસ્ર** ન૦ [सं] ઘોર અંધારવાળુ એક નરક

**તામિલ** સ્ત્રી૦ [સર૦ प्रा. दमिल (स. द्रविड)] તામિલનાડ પ્રાતની, એક દ્રાવિડ ભાષા ૦નાડ-(–ડુ)પુ૦[नाड=દેશ] (સં) મદ્રાસ આસપાસનો તામિલ ભાષાભાષી પ્રદેશ [પણ

**તામીલ** સ્ત્રી૦[अ]હુકમનો અમલ,આજ્ઞાંકિત

**તામ્ર** ન૦ [स] તાબુ ૦કાર, ૦કૂટ પુ૦ તાબા ઉપર કામ કરનારો;કસારો ૦પટ(–ત્ર) પુ૦, ન૦ તાબાનુ પતરું(૨)તેના પર લખેલો લેખ ૦ભસ્મ સ્ત્રી૦ તાબાની ભસ્મ–એક ઔષધિ ૦વર્ણ,૦વર્ણું વિ૦ તાબાના રંગનુ–લાલચોળ

**તાયફો** પુ૦ [अ] ટોળી, સમૂહ. મંડળ (૨) ગાવા બજાવવાનુ કામ કરનાર રામજણી અને તેના સાથીઓનો સમૂહ –ફાવેડા પુ૦બ૦વ૦ જુઓ ઝૌકડા(૨)ઉડાઉપણું,વહી ગયેલા જેવું વર્તન –ફાવાળો પું૦ હિંદુસ્તાન અને અફઘાનિસ્તાનની વચ્ચેના ભાગમા રહેતા તાયફાનો આદમી

**તાયલુ** સ૦ તારુ (૫)

**તાર** પુ૦ (ધાનો) તા, એક કાગળ

**તાર** પુ૦[फा]તતુ,દોરો, રેસો(૨)[सं]ધાતુનો ખેંચીને બનાવેલો તાર (૩) તાર મારફતનો સદેશો(૪)[લા.]કેફની ખુમારી(૫)એકલગન, તલ્લીનતા. [–કરવો=તાર મારફત સદેશો મોકલવો. –કાઢવો=રેસો કાઢવો(૨)કાતીને

રૂમાથી સૂતરનો તાતણો ખેંચવો. –છોડવો, ઠોકવો=એકદમ તાર મૂકવો –તૂટવો= સંપ કે તલ્લીનતા તૂટવી (૨) તારના દોરડા કે સદેશામા ભગાણ પડવું –મળવો=તાર દ્વારા સદેશો મળવો (૨) મેળ ખાવો, સપ રહેવો. –મૂકવો, –મોકલવો=તાર દ્વારા સદેશો મોકલવો –સાંધવો=સબધમા પડેલુ ભંગાણ દૂર કરવું(૨) તૂટેલો તાંતણો સાધવો. **તારમાં ને તારમાં રહેવું**=ધૂનમાં ને ધૂનમા રહેવું ] ૦ઑફિસ સ્ત્રી૦તારથી સદેશો લેવા મોકલવાનુ કાર્યાલય ૦કસ પુ૦[+फा.कश]ધાતુના તાર ખેચનારો (૨) સોનાચાદીનો કસબ કરનારો ૦કસબ પુ૦ સોનાચાદીના તાર તથા કસબ ૦કસબવાળો પું૦ તારકસબનો ધધો કરનાર ૦કીટ પું૦ એક જાતનો વાળા જેવો કીડો ૦ઘર ન૦ તારઑફિસ ૦દાન ન૦ તંતુવાદ્યનો ખૂટીએ વીંટેલો તાર કાણામા થઈને જે પટ્ટી ઉપરથી પસાર થાય છે તે પટ્ટી. ૦માસ્તર પુ૦ તારના સાચા પર સંદેશા લેવામોકલવાનુ કામ કરનાર અધિકારી. ૦વાળો પુ૦ તારનો સંદેશો પહોચાડનારો એપિયો કે પટાવાળો

**તાર** વિ૦[स] ઉત્તમ (૨)તીણો કે ઊંચો (સ્વર) (૩)પુ૦ કિનારો, સામો કાઠો(૪) અત, છેડો, મુક્તિ(૫)તરી શકાય તેવી સ્થિતિ (પાણીની). ૦તમ વિ૦[सं ]વધુમા વધુ તાર (સ્વર). ૦તર વિ૦ [स] તાર સ્વરથી ચડતુ

**તારક** વિ૦[सं ] તારનાર, ઉદ્ધાર કરનાર(૨)પુ૦ તારો(૩)(સ )એક રાક્ષસ ૦તોડી સ્ત્રી૦ એક રાગ ૦મત્સ્ય પુ૦, સ્ત્રી૦, ન૦ એક જાતની માછલી –કા સ્ત્રી૦ તારો. –કિત વિ૦ [सं] તારાઓથી ભરેલુ–ખચેલું

**તારક્ષ** પુ૦ + તાર્ક્ષ્ય; ગરુડ

**તારણ** ન૦[स.] પાર ઉતારવું તે,ઉદ્ધાર(૨)તારવી કાઢેલુ તે,સાર,તાત્પર્ય(૩)કરજ કરવામા મૂકવી પડતી માલની કે રોકડની અનામત (૪)વસ્તુ તારવી કાઢ્યા પછી રહેતુ પ્રવાહી [–આપવું =ખાતરી આપવી (૨) ટૂક સાર આપવો –કાઢવું=ટાચણ તૈયાર કરવું (૨) સારદોહન કરવું **તારણમાં કાઢી આપવું**=જામીનગીરી બદલ આપવું.] (૫) વિ૦. ૦તરણ,૦હાર વિ૦ (૨) પું૦ ઉદ્ધારક

**તારતમ** વિ૦[स ] જુઓ 'તાર' વિ૦માં

**તારતમ્ય** ન૦[स.] ભાવાર્થ, સારાશ (૨) ઓછાવત્તાપણુ; ફેર (૩) ગુણ, પ્રમાણ વગેરેનો પરસ્પર મેળ

**તારતર** વિ૦[सं] જુઓ 'તાર' વિ૦મા

**તારલો,–લિયો** પુ૦(પ ) તારો (લાલિત્યવાચક)

**તારવવું** સ૦ ક્રિ૦ ['તરવુ' ઉપરથી] દબાઈ ગયેલી વસ્તુને ઊચી આણવી (૨) ઉપર ઉપરથી લઈલેવું (૩) છૂટું કરી પાણી સોસરુ કાઢી લેવું – બોળી કાઢવુ (૪) જમાઉધારનો આકડો ખાતાવાર નક્કી કરવો (૫) નફોતોટો કાઢવો. –ણી સ્ત્રી૦ (હિસાબ) તારવવો તે

**તારવું** સ૦ ક્રિ૦ ['તરવુ' ઉપરથી] તરે એમ કરવુ; ઉદ્ધારવુ; ઉગારવુ, ડૂબતુ બચાવવું

**તારા** સ્ત્રી૦ [स.] આકાશમા ઝબૂકતો ગોળો, તારો અથવા ગ્રહ (૨)[स ] વાલીની સ્ત્રી ૦કૃતિ વિ૦[+आकृति] તારાની આકૃતિવાળુ ૦ટપકી સ્ત્રી૦ચાલ્લા તરીકે કે ભરતમાં વપરાતી ધાતુની ચકચકિત ટીપકી ૦પતિ,૦પીઠ પું૦ ચદ્ર ૦મતિ સ્ત્રી૦(સ )એક સતી,રાજા હરિશ્ચદ્રની પત્ની. ૦મંડલ(–ળ) ન૦ બધા તારાઓનો સમૂહ (૨) એક જાતનું દારૂખાનું ૦મૈત્રક, ૦મૈત્રી, ૦લગ્ન ન૦ સ્ત્રી૦ આખેઆંખ મળવી તે, નેત્રપલ્લવી (૨) તેનાથી થયેલી પ્રીતિ. ૦સ્નાન ન૦ મળસ્કે તારા અદૃશ્ય ન થાય તે પહેલાં કરાતુ આકાશ નીચે સ્નાન

**તારાજ** વિ૦[फा.]ખેદાનમેદાન,જમીનદોસ્ત,ફના

**તારા** ૦ટપકી, ૦પતિ, ૦પીઠ, ૦મતિ, ૦મંડલ(–ળ), ૦મૈત્રક, ૦મૈત્રી, ૦લગ્ન, ૦સ્નાન જુઓ 'તારા'મા

**તારિકા** સ્ત્રી૦ [सं ] તારો

**તારીખ** સ્ત્રી૦ [अ.] એક આખો દિવસ (ઈસ્વી કે મુસલમાની મહિનામા) [–નાંખવી=(કશા માટે) તારીખ નક્કી કરવી –પડવી=(મુકદ્દમાની) મુદત પડવી ] –ખિયું ન૦ તારીખનો સિક્કો (૨) તારીખ જાણવા કરેલી યોજના, 'કૅલેન્ડર'

**તારીજ** સ્ત્રી૦[अ ]જમાઉધારનું તારણ [-કાઢવી =તારીજ તૈયાર કરવી ]
**તારીફ** સ્ત્રી૦ [अ.] વખાણ; પ્રશંસા
**તારીમારી** (તા' મા') સ્ત્રી૦ [તારુ + મારુ] અધમ પ્રકારની ગાળાગાળી; મમ્મોચચ્ચો
**તારુણી** સ્ત્રી૦ [सं ] તરુણી; જુવાન સ્ત્રી
**તારુણ્ય** ન૦ [सं ] તરુણાવસ્થા, જુવાની
**તારું** (તા') સ૦ [સર૦ તમારુ, તમે-तुम्ह, અપ૦ तुम्हार, प्रा. तुम्हकेर] (બીજો પુરુષ એ૦વ૦, છઠ્ઠી વિભક્તિ)
**તારો** પું૦ [જુઓ તારા] આકાશમા ઝબૂકતો ગોળો (૨) આખની કીકી (૩) ['તરવું' ઉપરથી] હોશિયાર તરનારો [**-અસ્ત થવો**= પડતી દશા આવવી (૨) મોટા માણસનુ અવસાન થવુ. **-ખરવો**=તારો કોઈ કોઈ વાર ઝબૂકતો નીચે પડતો દેખાય છે તેમ થવું ]
**તારોતાર** અ૦તાતણેતાતણા છૂટા થાય તેમ (૨) [લા ] તદ્દન છિન્નભિન્ન
**તાર્કિક** વિ૦[सं.] તર્કને લગતુ(૨)પુ૦ તર્કશાસ્ત્રી
**તાર્ક્ષ્ય** પુ૦ [सं ] (સ ) ગરુડ
**તાર્તીયીક** વિ૦ [स ] તૃતીયને લગતુ; ત્રીજુ
**તાલ** પું૦ [सं ] ગાયનનાં ઠોકનું માપ (૨) મજા; રંગ, રસ (૩) લાગ, યોગ્ય સમય (૪)તાડ(૫) [સર૦ म ] કાસીજોડ (૬) યુક્તિ, ખેલ, પ્રપંચ [**-આપવો**=સંગીતમા યોગ્ય માપે ઠોક આપવો **-આવવો** = મઝા પડવી (૨) લાગ આવવો **-કરવો**=તમાશો કરવો(૨)ગમ્મતની યોજના કરવી **-દેવો**=તાલ આપવો **-જોવો**= તમાશો જોવો **-પડવો**=મઝા પડવી. **-બેસવો**=લાગ ફાવવો, મેળ આવવો **-મચાવવો**=તાલ કરવો. **-મેળવવો** = સંગીતમા તાલનો ભંગ ન થવા દેવો ]**૦ઘટના** સ્ત્રી૦ તાલની-ઘટના **૦પ્રદાન** ન૦ તાલ આપવો તે **૦બદ્ધ, ૦બંધ** વિ૦ (૨) અ૦ પદ્ધતિસર (૨) સંગીતમા તાલ પ્રમાણે **૦મેળ** પું૦ તાલનુ મળવું તે **૦વાદન** ન૦ વાદ્ય પર તાલ વગાડવો તે. **૦સંચો** પું૦ યુક્તિપ્રયુક્તિ
**તાલ** સ્ત્રી૦ [સર૦ म टाल] માથાની ટાલ. [**-પડવી**=માથાના ઉપલા ભાગના વાળ ખરી જઈ ખાલી જગા થવી (૨) ખૂબ દુ ખ સંકટ વેઠયા હોવા ] **૦કી** સ્ત્રી૦ તાળવું; તાલકુ (૨) છોકરાની એક જાતની ટોપી. **૦કું** ન૦ માથાનો વચલો અને સૌથી ઉપરનો ભાગ; ટાલકુ
**તાલમેલ** સ્ત્રી૦ [તાલ+મેળ, સર૦ म. ताळमेळ, हिं ] ટાપટીપ; અચ્છી તરેહથી કરેલી ગોઠવણ (૨) ઉપર ઉપરનો ભપકો-સફાઈ **-લિયું** વિ૦ તાલમેલવાળુ
**તાલવ્ય** વિ૦ [सं.] જુઓ તાલુસ્થાની
**તાલાવેલી** સ્ત્રી૦ [દે. तल्लोविल्लि, સર૦ हिं तल(-ला)वेली] આતુરતા,ચટપટી, ધાલાવેલી [-થવી, -લાગવી]
**તાલિબ** વિ૦ [अ ] ઇચ્છનારો, ઇચ્છા રાખનાર
**તાલીમ** સ્ત્રી૦ [अ ] કેળવણી; શિક્ષણ (૨) અંગકસરતનુ શિક્ષણ(૩)શિસ્ત [**-આપવી, -લેવી, -મળવી, -પામવું**] **૦ખાનું** ન૦ તાલીમ આપવાનુ સ્થાન **૦બદ્ધ** વિ૦ તાલીમથી વ્યવસ્થિત થયેલુ **૦બદ્ધતા** સ્ત્રી૦ **૦બાજ** વિ૦ કસરત જાણનારો, કસરતી (૨) ધૂર્ત, ખેલાડી **૦બાજી** સ્ત્રી૦ ઠગબાજી, ધૂર્તતા
**તાલીશ(-સ)પત્ર** ન૦ [सं ] એક વનસ્પતિ
**તાલુ** સ્ત્રી. ન૦[सं.]તાળવું **૦પાક** પું૦ તાળવાનો કોઈ ભાગ પાકવો તે **૦સૂલ(-ળ)** ન૦ તાળવાના મૂળનો ભાગ.**૦સ્થાન** ન૦ તાળવાનો પ્રદેશ **૦સ્થાની** વિ૦ તાલુસ્થાનમાથી ઉચ્ચારાતુ, તાલવ્ય
**તાલુક** પું૦ [अ तअ़ल्लुक़ ] સંબંધ, લાગતુ-વળગતુ (૨) માલમિલકત, ગરાસ (૩) તાલુકો. **૦દાર** પું૦ નાના ગરાસનો વણી(૨)તાલુકાનો -ગામનો વહીવટ કરનાર સરકારી અમલદાર **૦દારી** વિ૦ તાલુકદારને લગતુ (૨) સ્ત્રી૦ તાલુકદારનુ કામ કે પદ **-કો** પું૦ જિલ્લાનો નાનો ભાગ, પરગણુ
**તાલુ** ન૦ [अ. तला =સોનુ] કાપડામા મુકાતો [એક કસબી કકડો
**તાલે** ન૦ [अ. ताल्अ़] નસીબ; પ્રારબ્ધ **૦વર, ૦વંત, ૦વાન** વિ૦ નસીબદાર, ભાગ્યશાળી (૨) પૈસાદાર, તવંગર
**તાવ** પું૦ [જુઓ તા] (આખા ઘામાથી) એક [કાગળ
**તાવ** પું૦ [सं ताप, प्रा.] જ્વર; શરીરની ગરમી

વધવાનો એક રોગ [–આવવો=તાવથી શરીર તપવું –ઊતરવો=તાવની ગરમી ઓછી થવી,તાવ જવો –ચઢવો=તાવથી શરીરની ગરમી વધવી –જવો=તાવ મટવો, તાવ ઊતરવો (મૂછ પર) તાવ દેવો=[સર૦ હિં તાવ=અભિમાન, મ તાવ દેણેં]રોફ કે ગર્વમા મૂછ પર હાથ ફેરવવો ]

**તાવડી** સ્ત્રી૦ [તાવવું ઉપરથી] પેણી, કઢાઈ

–ડો પું૦ ખૂબ મોટી પેણી, કઢાયુ

**તાવણ(–ણી)** સ્ત્રી૦ [તાવવુ] તાવવાની–કકડાવીને શુદ્ધ કરવાની ક્રિયા (૨) [લા ] કસોટી [રોગ

**તાવતરિયો** પું૦ [તાવ+તરિયો] તાવ વગેરે

**તાવદાન** ન૦ [फा. तावदान] બારીનો કાચ(૨) [તાવ+દાન] કાગળો રાખવાની ખાનાવાળી પેટી (૩) ખુરસીવાટની પાલખી

**તાવરખું** વિ૦ [તાવ+રખુ=રાખનારુ ?] તામસી, આકળા સ્વભાવનુ

**તાવરસું** ન૦ નવી ખેડાયેલી જમીનનુ પ્રથમ વર્ષ(૨)વિ૦ પ્રથમ ખેડતું (ખેતર)

**તાવેલું** વિ૦ તાવવાળુ (માણસ)

**તાવલી** સ્ત્રી૦ થોડો ધીમો તાવ, ધીકડી

**તાવવું** સ૦ ક્રિ૦ [सं तापृ, प्रा ताव] શુદ્ધ કરવા માટે ખૂબ તપાવવુ (૨) ઓગાળવુ (૩) [લા ] કસવું [શુદ્ધ (૨) કલદાર (નાણું)

**તાવિત** વિ૦ [सं. तापित, प्रा ताविय] તાવેલુ,

**તાવી** સ્ત્રી૦ [જુઓ તવી, प्रा ताविआ] નાનો તવો, લોઢી [માદળિયુ

**તાવીજ** ન૦ [अ] મતરજતરનો દોરો અથવા

**તાવેચો** પું૦ જુઓ તવેચો

**તાસ** સ્ત્રી૦ [अ] તાસક, તાટ (૨) પું૦ (ઘડિયાળ) ઝાલર (૩) કલાક (સર૦ म.) (૪) જુઓ તાસતો (૫) ઓપ, ઓપવાળો કસબ (૬) સ્વાદ, મજા, રંગ (૭) [सं तक्ष्] તાછ (૮) સ૦ (૫) તેનુ [સર૦ हिं ताश]

**તાસક** સ્ત્રી૦ [फा] ધાતુના પતરાની છાછરી થાળી. ૦ડી,–કી સ્ત્રી૦ નાની તાસક, તબકડી

**તાસતો** પુ૦[જુઓ 'તાસ'=કસબ] એક જાતનુ રેશમી કાપડ

**તાસતોપીજન** ન૦ છોકરાની એક રમત

**તાસવું** સ૦ ક્રિ૦ જુઓ તાછવું

**તાસીર** સ્ત્રી૦ [अ] લક્ષણ, ગુણ, છાપ, અસર (૨) રૂપ, ઘાટ –રો પુ૦ તાલ; ઘાટ, મજા

**તાસુબી** સ્ત્રી૦ [अ तअस्सुब] ધર્માન્ધતા

**તાસું** ન૦ [अ तास] એક જાતનુ નગારું

**તાળ** પુ૦, સ્ત્રી૦ [જુઓ તાલ] ઝાઝ, મજીરા

**તાળવું** ન૦ [सं. तालु] મોની બખોલનો ઉપલો ઘુમટ જેવો ભાગ (૨) માથાનુ તાલકુ

**તાળાકૂંચી** સ્ત્રી૦ તાળુ અને કૂંચી (૨) છોકરાની એક રમત.[–કરવી,તાળાકૂંચીમાં મૂકવું, રાખવું=બરાબર બધ કરવું, પાકા કબજામા રાખવુ ]

**તાળાખોલામણી** સ્ત્રી૦[તાળુ+ખોલવુ] કરજે રૂપિયા આપવા પેઢીનુ તાળુ ખોલવાને નામે લેવાતો રાગડી લાગો

**તાળિયું** વિ૦['તાળી' ઉપરથી] તાળી પાડી વેગળુ રહે એવુ (સગું, મિત્ર કે સાથી માટે)

**તાળી** સ્ત્રી૦ [स ताल] બે હાથ અફાળી કરાતો અવાજ યા સંગીતનો અપાતો તાલ [–આપવી =સંમતિ કે હપ દર્શાવવા સામાની હથેલીમા પોતાની હથેલી ઠોકવી (૨) કોલ આપવો (૩) સગીતનો તાલ આપવો. –ઝીલવી=સંગીતમા તાલ જાળવવા તાળીનો અવાજ આપવો –પડવી=તાળીનો અવાજ થવો (અભિનદન કે હર્ષ દર્શાવવા)(૨)ફજેતી થવી –લાગવી=એકતાન થવુ, તાલ મળવો –લેવી=સામાની મશ્કરી કરવી (સોબતીના હાથ વડે પોતાના હાથમા તાળી વગડાવીને) ]

**તાળું** ન૦ [स तालक] બારણા, પેટી વગેરે બધ કરવા માટે વપરાતી કળવાળી એક બનાવટ [–ઠોકવું, દેવું, મારવું, લગાવવું, વાસવું, વાચવવું=તાળા વડે બધ કરવુ –દેવાવું=તાળુ મરાવુ, બધ થવુ (૨) નસતાન જવુ (૩) અવદશા થવી ('નસીબમા') ]

**તાળેબદ(–ધ)** પુ૦ [તાળો+બધ, સર૦ म] ખાના પાડી કરેલી હિસાબની રજૂઆત

**તાળો** પુ૦ [म ताळा (सं. ताल)] મળતુ–બધબેસતુ હોવાપણુ (૨) હિસાબ ખરો છે કે

ખોટો તેની તપાસ [-મળવો, બેસવો = હિસાબ ખરો જણાવો]

**તાળોટા** પુંબ૦વ૦['તાળી' ઉપરથી] વાહવાહની તાળીઓ (૨) તાબોટા [-પાડવા]

**તાંડવ,૦નૃત્ય** ન૦ [સ] શિવનું નૃત્ય

**તાંત** (૦) સ્રી૦ [સ તતુ, સર૦ હિં.] ચીકણા પદાર્થનો તતુ; ચીકણો તાર (૨) આતરડાની બનાવેલી દોરી (૩) એક જાતનો જડાવ દાગીનો [-જેવું = ખૂબ ચીકણુ, તણાતા લાબું થાય પણ તૂટે નહીં તેવું. -તૂટવી = આશાનો કે સંપનો તતુ તૂટવો]

**તાંતણો** (૦)પું૦[જુઓ તતુ]તાર, દોરો [તાંતણે જીવ ટંગાવો = મરણની છેલ્લી ઘડીએ હોવું (૨) જીવ ઊંચો રહેવો, ઘણું જ આતુર રહેવું]

**તાંતરડી** (૦) સ્રી૦[જુઓ તાત] દોરડી જેવુ-સુકલકડી અને બેડોળ શરીર

**તાંતરવું** (૦) સ૦ ક્રિ૦ [જુઓ તતરવુ] વશ કરવુ(૨)['તંતુ' ઉપરથી] તતુ વડે જાળુ કરવુ

**તાંતો** (૦) પુ૦ [સ તંતુ, હિં. તાતા] તાતણો, તાર (૨) પક્તિ, હાર (૩) બેસેરી વણેલી દોરીને ઉકેલી તેમા ત્રીજી સેર મેળવવી તે

**તાંત્રિક** વિ૦ [સ.] તત્રશાસ્ત્રને લગતુ (૨) પુ૦ મંત્રતંત્રાદિ જાણનારો(૩)તત્રશાસ્ત્રને માનનારો

**તાંદળજો** (૦) પું૦ [પ્રા॰ તંદુલેજ્જય, સર૦ મ તાદુળજા] એક જાતની વનસ્પતિ-ભાજી

**તાંદળા** (૦) પુ૦ બ૦ વ૦ [જુઓ તાદુલ] કાગ, બાવટો, કોદરા વગેરેમાથી છડીને કાઢેલા દાણા (૨) ભરડેલા મરી

**તાંદળિયો** (૦) પું૦ જુઓ તાદળજો [તાદળા

**તાંદુલ** પુ૦બ૦વ૦[સ તડુલ] તંદુલ; ચોખા (૨)

**તાંબઠ** ન૦ ['તાબુ' ઉપરથી] તરભાણુ

**તાંબડ(-ડું)** (૦) વિ૦['તાબુ' ઉપરથી, સર૦ મ તાવડા] તાબાના રગનુ, સહેજ રાતુ

**તાંબડી** (૦) સ્રી૦['તાબુ' ઉપરથી]નાનો તાબડો, તામડી, વટલોઈ -ડો પુ૦ તામડો; પાણી ભરવાનું મોટુ વાસણ

**તાંબુ** (૦) ન૦ [સં તામ્ર, પ્રા. તંવ] આછા રાતા રંગની એક ધાતુ. [-ખાવું = તાંબાની ભસ્મ ખાવી, તે ખાઈને શક્તિ મેળવેલી હોવી]

-બાકૂંડી સ્રી૦ નાહવાનુ પાણી લેવા વપરાતું તાબાપીતળનુ પહોળા મોનું એક વાસણ -બાનાણું ન૦ તાબાનો સિક્કો -બામહોર સ્રી૦તાબાની સીલ. -બારાચ સ્રી૦ રેણવા માટે તાંબાની રજની મેળવણી. -બાસાળ સ્રી૦ ડાગરની એક જાત. -બિયો પું૦ તાબાનો લોટો, વાડકો કે સિક્કો

**તાંબૂલ** ન૦ [સં.] નાગરવેલનુ પાન(૨)પાનબીડું -લી સ્રી૦ નાગરવેલ [જાતનુ ઝીણું રેશમ

**તાંસળિયું** (૦) ન૦ [અ. તાસ ઉપરથી?] એક

**તાંસળી** (૦) સ્રી૦ [फा. तश्त? સર૦ હિં तसला, म. तरसाळें, तसराळें] નાનુ તાસળું. -ળું, તાંસિયું ન૦, તાંસિયો (૦) પું૦ કાસાનો પહોળો મોટો વાડકો

**તાંહાં** (૦) અ૦ + (પ.) ત્યા

**તિકડમ** ન૦ [મ तिकडं પરથી] (જેલમા) ચોરી; નિયમ ઇ૦ માથી છટકવાની યુક્તિ કે ચાલાકી

**તિક્કડ** પુ૦ [જુઓ ટિક્કડ] જાડો રોટલો

**તિક્કો** પુ૦ ગજીફાનો તરિયો — તેનુ ત્રણનુ પાનુ

**તિક્ત** વિ૦ [સ] તીખું (૨) કડવું (૩) ન૦ મરી

**તિખારો** પું૦ [તીખુ ઉપરથી?] તણખો

**તિગ્માંશુ** પુ૦ [સં] (સ) સૂર્ય

**તિજોરર** પું૦ [इं. ट्रेझरर કે 'તિજોરી' ઉપરથી] કોષાધ્યક્ષ, ખજાનચી

**તિજોરી** સ્રી૦ [इ ट्रेझरीः સર૦ મ] નાણાં, કીમતી માલમતા ઇ૦ રાખવાની લોખડની મજબૂત પેટી. ૦કારકુન પુ૦ સરકારી તિજોરીનો કારકુન - [છોકરવાદ, નાદાન

**તિતાલી(-લિયુ)** વિ૦ [त्रि + ताल] ઉછાછળુ,

**તિતિક્ષા** સ્રી૦ [સ] સુખદુખ આદિ દ્વદ્વોનુ ધીરજથી સહન, સહનશીલતા -ક્ષુ વિ૦ તિતિક્ષાવાળુ

**તિત્તિર** ન૦ [સં] તેતર પક્ષી

**તિથિ** સ્રી૦ [સ.] હિદુ મહિનાનો દિવસ, મિતિ (૨) સવત્સરીનો દિવસ [-સાચવવી = (શ્રાદ્ધાદિની) ઊજવણીને દિવસે યોગ્ય ઊજવણી કરવી] ૦ક્ષય પુ૦ તિથિનો ક્ષય-ગણતરીમા ન આવવુ તે (બે સૂર્યોદયમા ત્રણ તિથિઓ આવે ત્યારે જે તિથિ સૂર્યના ઉદય-

કાળમાં ન આવે તેનો ક્ષય ગણાય છે.) ૦પત્ર ન૦ જેમાં તિથિઓની વિગત લખેલી હોય એવો કાગળ કે ચોપડી, પચાગ ૦પર્વ ન૦ કોઈ ખાસ તિથિ કે પર્વનો દિવસ ૦વૃદ્ધિ સ્ત્રી૦ તિથિનો વધારો (જે તિથિમા બે સૂર્યોદય આવે તે તિથિ બે વાર ગણાય છે)
તિબ્બતી વિ૦ [हि] તિબ્બત-ટિબેટ દેશનુ
તિબેટ પું૦ (સં.) ટિબેટ, હિમાલયની ઉત્તરનો એક દેશ
તિમંગળ, તિમિંગલ(-ળ)[स] પું૦મગરમચ્છ
તિમિર વિ૦ [स] અધારુ (૨) ન૦ અધકાર
તિરકસ(-સિયું) વિ૦ [સર૦ हिं, म, स. तिर्यक्, प्रा. तिरिक्ख?] ત્રાસુ, તીરછુ (૨) ન૦ ભીતમા આડી-વાકી ઈંટો મૂકીને બનાવેલુ નાનુ જાળિયુ
તિરસ્કરણીય વિ૦ [स] તિરસ્કારને પાત્ર
તિરસ્કરિણી સ્ત્રી૦ [स] પડદો; ચક, કનાત
તિરસ્કાર પુ૦ [स] તુચ્છકાર, અનાદર, ધિક્કાર. ૦પૂર્વક અ૦ તિરસ્કારથી ૦વાચક વિ૦ તિરસ્કાર દર્શાવનારું. ૦વું સ૦ ક્રિ૦ તિરસ્કાર કરવો [અનાદર
તિરસ્ક્રિયા સ્ત્રી૦ [स] તિરસ્કારવુ તે, તિરસ્કાર,
તિરસ્કૃત વિ૦ [सं] તરછોડી કાઢેલુ
તિરોધાન પુ૦[स.]અદૃશ્ય થવુ તે(૨)આચ્છાદન
તિરોભાવ પુ૦ [स] અદૃશ્યતા [ઢકાયેલું
તિરોભૂત, તિરોહિત વિ૦ [स] અદૃશ્ય (૨)
તિર્યક વિ૦ (૨) અ૦[स]વાકુ, ત્રાસુ. -ગ્યોનિ સ્ત્રી૦[+योनि]પશુ, પક્ષી વગેરે જીવો -રેખા સ્ત્રી૦ [+रेखा]આડી લીટી, 'ટ્રાન્સવર્સલ'(ગ)
તિર્યક(-ચ) ન૦ [स] મનુષ્યથી હલકી જાતનાં પ્રાણી
તિલ પું૦[स]જુઓ તલ ૦પર્ણ ન૦'ટર્પેન્ટાઇન', એક તેલ. ૦પૂર, ૦પ્રાય, ૦માત્ર વિ૦ જુઓ તલપૂર, તલમાત્ર
તિલક ન૦ [स] ટીલુ ૦પંચાંગ ન૦ તિલક મહારાજે શરૂ કરેલુ પચાગ. ૦કામોદ પુ૦ એક રાગ -કા સ્ત્રી૦ એક છદ-વૃત્ત -કાલક પુ૦ શરીર પર થતો તલ. -કિયું ન૦ તિલક -ટીલ કરવાનુ બીબુ
તિલવાડો પું૦ [સર૦ म तिलवाडा] એક તાલ (સગીત) [ચચબાની વાત
તિલસ્માત પું૦ [अ. तिलिस्मात] ચમત્કાર,
તિલંગ પુ૦ એક રાગ
તિલાટ વિ૦ [स तिलक પરથી, સર૦ तिल्कायत] ગાદીનુ વારસ
તિલાણો પું૦ [રવ૦? સર૦ हिं तिल्लाना, म तिल्लाणा] જેમા ત, લ, ન, મ, દ, ર એવા કોમળ અને રણકો કરતા અક્ષર કે કોમળ સ્વરો વારે વારે આવ્યા કરે તેવુ ગાયન
તિલાંજલિ સ્ત્રી૦[स]જુઓ તિલોદક(૨)રુખસદ
તિલોત્તમા સ્ત્રી૦ [स] (સ) એક અપ્સરા
તિલોદક ન૦ [स.] મૂએલાંને અર્પાતા તલ અને પાણી [પુ૦ કલિયુગ
તિષ્ય ન૦ [सं.] આઠમુ-પુષ્ય નક્ષત્ર ૦યુગ
તિસમારખાં વિ૦ [સર૦ म तिस्मारखां, तीसमारका. તીસ (ત્રીસ) + મારવુ + ખા] ગરમ મિજાજનુ (૨) બડાઈખોર (૩) પુ૦ મોટાં પરાક્રમોની બડાશો મારનાર આદમી
તિસ્રજાતિ સ્ત્રી૦[स] ત્રણ કે તૃતીયાંશ માત્રાના ખડવાળા તાલની જાતિ
તિહારી સ્ત્રી૦ એક જાતનુ પક્ષી
તિહાં અ૦ (પ) જુઓ ત્યા, ત્યહા [શાક
તિતુડો પુ૦ (સુ) આખા ચણાનુ પાણીવાળુ
તીકમ પું૦ જમીન ખોદવાનુ એક ઓજાર (૨) (સ.) જુઓ ત્રિકમ
તીક્ષ્ણ વિ૦ [स] બારીક ધારવાળુ (૨)આકરુ, તીખું (ભાષણ) (૩) ચકોર, ચપળ, કુશાગ્ર બુદ્ધિનુ ૦તા સ્ત્રી૦
તીખું વિ૦ [प्रा. तिक्ख (स तीक्ष्ण)]ધમધમાટ; જીભ ચચરે એવું (૨) પાણીવાળુ, તેજ, જલદ (૩)ઉગ્ર, ગરમ મિજાજનુ (૪)ન૦ ખરું લોઢુ; પોલાદ [-આગ = આગ જેવુ-ખૂબ તીખુ (૨) ખૂબ ઉગ્ર. -મરિયું, મરી = મરીના જેવુ તીખુ-ગરમ મિજાજનુ] -ખટ વિ૦ તીખા સ્વાદનુ (૨) ન૦ તીખાશ આવે એવો મશાલો -ખાટ પું૦ તીખો સ્વાદ (૨) [લા] સ્વભાવની ઉગ્રતા -ખાશ સ્ત્રી૦ તીખાપણુ -ખાં ન૦ બ૦ વ૦ મરચા (૨)

મરી –ખી સ્ત્રી૦ (કા) ઘોડીની એક જાત
૦તમ(૦તમું) વિ૦ ખૂબ તીખુ [–ણુ
તીજ સ્ત્રી૦, –જુ વિ૦ [प्रा तीज] જુઓ ત્રીજ.
તીટ ન૦ [સર૦ म.] મેશ, કાજળ
તીડ ન૦ [दे तिड्डु] એક જાતનો પાખાળો જીવ [–પડવાં = તીડનુ ટોળુ ચડી આવવું, એક-ઝપાટે હલ્લો થવો.]
તીણુ વિ૦ [सं तीक्ष्ण, प्रा. तिण्ह] ઝીણી ધારવાળુ (૨) ઝીણી અણીવાળું (૩) સૂક્ષ્મ પણ તીવ્ર (સૂર) [(તડકા માટે)
તીત વિ૦ [स तिक्त, प्रा तित्त?] આકરુ; સખત
તીતર પુ૦ [સર૦ हि] જુઓ તિત્તિર, તેતર
તીતી સ્ત્રી૦[રવ૦] ચકલી, પંખી(બાળભાષામા) ૦ઘોડો પુ૦ એક જાતનું પાખાળુ જીવડું. [તીતીઘોડા જેવું = ખાલી ધાધળ કરનારુ (૨) અસ્થિર મનનુ, ચંચળ]
તીનપાંચ સ્ત્રી૦[સર૦ हिं] ટડપડ, શેખી, મિજાજ
તીર ન૦ [सं] કાઠો, કિનારો(૨) [सं, फा] બાણ (૩) [फा] પારસી ચોથો મહિનો (૪) [ला] (છાપરાનો) ઊભો ટેકો ૦કશ પુ૦ બાણનો ભાથો. ૦ગર [फा] બાણ બનાવનારો
તીરછું વિ૦ [स तिरश्चीन, प्रा. तिरिच्छ] વાકું, આડુ; કતરાવુ
તીરથ ન૦, ૦વાસી વિ૦ જુઓ તીર્થ, ૦વાસી
તીરવા અ૦ [તીર + वा] બાણ જાય એટલે અંતરે (૨)બાણ જેટલુ લાંબું કે ઊંચું. –વો પુ૦ તીર જઈ શકે તેટલુ અતર
તીરદાજ વિ૦ [फा] તીર મારવામા કુશળ, નિશાનબાજ. –જી સ્ત્રી૦ તીરંદાજપણુ
તીરબાજ વિ૦ [તીર+फा बाज] તીર મારવામા કુશળ –જી સ્ત્રી૦ તીર મારવાની વિદ્યા (૨) અપરાધીને થોડો જમીનમા દાટીને તીરથી મારવાની એક ક્રૂર શિક્ષા [પતુ
તીરી સ્ત્રી૦[स त्रि પરથી] ત્રણની સગ્નાનું ગંજીફાનુ
તીર્થ ન૦ [सं] ઘાટ, પાર ઊતરવાનો માર્ગ (૨) કોઈ પવિત્ર કે જાત્રાની જગા. [–કરવું = જાત્રાએ જવું તીર્થે મૂંડાવું = જ્યા ઘટિત હોય ત્યા તે કાર્ય કરવું(૨)બીજે નહીં પણ અમુક ઠેકાણે પરવશતા કે લાચારીથી કરવું પડવું.] ૦ગામી વિ૦ તીર્થયાત્રી. ૦યાત્રા સ્ત્રી૦ તીર્થોની યાત્રા ૦રાજ પુ૦ (સ) તીર્થોમા શ્રેષ્ઠ–પ્રયાગ. ૦(૦સ્વ)રૂપ વિ૦ (૨) પુ૦ પૂજ્ય; પવિત્ર (વડીલોને માટે પત્રમા વપરાતો માનસૂચક શબ્દ). ૦વાસી વિ૦ તીર્થસ્થાનમાં રહેનાર. ૦સેવી વિ૦ તીર્થોની યાત્રા કરનારું ૦સ્થાન ન૦ તીર્થ કરવા જેવી–પવિત્ર જગા, યાત્રાનુ ધામ –ર્થંકર પું૦ [सं.] જૈનધર્મનો પ્રવર્તક (તે ૨૪ છે) –ર્થાટન ન૦[+सं अटन]તીર્થ-યાત્રા –ર્થિક પું૦ [सं] તીર્થયાત્રી (૨) સપ્રદાયનો પ્રવર્તક, તીર્થંકર –ર્થોદક ન૦ [+स उदक] તીર્થસ્થાનનુ–પવિત્ર નદી કે ધામનું જળ
તીવ્ર વિ૦ [स] તીક્ષ્ણ (૨) આકરું, સખત. ૦તા સ્ત્રી૦ –વ્રા સ્ત્રી૦ દીપ્તા શ્રુતિનો એક અવાતર ભેદ (સંગીત)
તીસ વિ૦ [स त्रिंशत्, प्रा. तीस] ત્રીસ, ૩૦. –સા પુ૦ બ૦વ૦ ૩૦×૧થી ૧૦નો ઘડિયો
તુ અ૦[स] કિંતુ, પરંતુ [(૩) વંશ, કુળ
તુક(–ખ)મ ન૦ [फा तुख्म] બીજ (૨) વીર્ય
તુકમરિયાં ન૦બ૦ વ૦ [तुख्म (फा.) + रैहान (अ)] તકમરિયા; એક ઔષધિ
તુક્કલ સ્ત્રી૦ [સર૦ म, हिं] ટુક્કલ, મોટી પતગ (૨) પું૦ પતગ ચડાવીને પછી જે કાગળનુ ફાનસ ચડાવે છે તે (અમદાવાદ)
તુક્કો પું૦[સર૦हिं., म तुक्का, फा तुका?] નાની વાત, ટુચકો (૨) મનનો તરંગ (૩) બૂઠું તીર, માથે ધગોરુ ઘાલેલુ તીર [–ઊઠવો = મનમા ઓચિંતો કોઈ ખ્યાલ આવવો. –કે ચડવો, લગાવવો = કોઈ વાત કે ખ્યાલ યા યુક્તિ વહેતી મૂકવી, 'વાગ્યું તો તીર નહિ તો તુક્કો'–એ ભાવથી કોઈ વાત કે કામ કરવુ]
તુખમ ન૦ જુઓ તુકમ
તુચ્છ વિ૦ [स] તુચ્છકારને પાત્ર (૨) નજીવું, માલ વગરનુ (૩) અતિ અલ્પ ૦કાર, ૦કારો પું૦ [+स कार] અનાદર; તિરસ્કાર. ૦કારવું સ૦ક્રિ૦ [તુચ્છકાર ઉપરથી] તુચ્છકાર કરવો [(૫) તને
તુજ સ૦ [સર૦ म] (૫.) તારું ૦ને સ૦

**તુણા(-ના)ઈ** સ્ત્રી૦ તૂણવુ તે કે તેનુ મહેનતાણુ
**તુણા(-ના)વવું** સ૦ ક્રિ૦, **તુણા(-ના)વું** અ૦ક્રિ૦ 'તૂણ(-ન)વુ'નુ પ્રેરક ને કર્મણિ
**તુણિ(-નિ)યાટ(-ર)** પુ૦ જુઓ તુનિયાટ
**તુતંગ** ન૦ [જુઓ તૂત] બનાવટી વાત, તરકટ
**તુનતુની** સ્ત્રી૦ એક પક્ષી (૨) [રવ૦] એક વાદ્ય
**તુનાઈ** સ્ત્રી૦ જુઓ તુણાઈ
**તુનારો** પુ૦ ['તૂનવુ' ઉપરથી] તૂણવાનુ કામ કરનારો, તુનિયાટ ['તુણાવવુ મા
**તુનાવવું** સ૦ ક્રિ૦, **તુનાવું** અ૦ ક્રિ૦ જુઓ
**તુનિયાટ (-ર)** પુ૦ ['તૂનવુ' ઉપરથી] તુનારો (૨) પરચૂરણ વેપાર કરનારો આદમી (૩) [લા] તુચ્છ માણસ
**તુન્ના** સ્ત્રી૦ [ઈં 'ટુન્ની'] એક જાતની માછલી
**તુફંગ** સ્ત્રી૦ [फा] બદૂક
**તુફેલ (કે)** સ્ત્રી૦ [अ] વસીલો, આશરો
**તુમાખી** વિ૦ મિજાજી (૨) સ્ત્રી૦ તુમાખીપણુ. ૦પણું ન૦ [સુરવાળ
**તુમાન** સ્ત્રી૦ [फा तुबान] ચોરણો, મોટી ઢીલી
**તુમાર** પુ૦ [अ तूमार] બે પક્ષ વચ્ચેનો લાબો પત્રવ્યવહાર [-ચાલવો, ચલાવવો=કશાને અગે પત્રવ્યવહાર લબાવો કે લબાવ્યા કરવો **તુમારે ચડવું**=પત્રવ્યવહારના કાગળિયા થયા કરવા, પરતુ નિર્ણય ન આવવો ]-રી વિ૦ તુમારને લગતુ
**તુમુલ** વિ૦ [स] ઘોઘાટ અને ધમાચકડીવાળુ (૨) દારુણ (યુદ્ધ) (૩) ન૦ ઘોઘાટ, ધાધલ
**તુરક** પુ૦[फा तुर्क, સર૦ प्रा तुरुक्क] એ નામની જાતનો માણસ, તુર્કસ્તાનનો રહેવાસી
**તુર(-રં)ગ** પુ૦ [स] ઘોડો
**તુર(-રં)ત** અ૦ [જુઓ તુરત] તરત
**તુરતોતુરત** અ૦ તરતોતરત, તરત જ
**તુરખત** સ્ત્રી૦ [अ.] ઘોર, કબર
**તુરંગ** [पो.] ૦ખાનું ન૦ કેદખાનુ; જેલ (૨) જુઓ 'તુરગ' પુ૦ મા
**તુરંગ** પુ૦[स] ઘોડો(૨)[લા.] વિચાર. ૦ખાનું ન૦ ઘોડાનો તબેલો ૦મ પુ૦ ઘોડો
**તુરંત** અ૦ [प्रा तुर (स त्वर्)નુ વ૦ કૃ૦] તરત
**તુરાઈ** સ્ત્રી૦ [स तूर्य] ફૂકીને વગાડવાનુ એક વાદ્ય; શરણાઈ (૨) [જુઓ તૂરી] સાળવીનુ એક ઓજાર
**તુરાની** વિ૦ [फा] તુરાન દેશનુ કે તેને લગતુ
**તુરિ(-રી)** સ્ત્રી૦ [सं.] તૂરી, સાળવીનો કાઠલો કે કૂચડો (૨) પુ૦ [સર૦ हिं. तुरा, -री, स तुरग, प्रा. तुरय ?] ઘોડો
**તુરીય** વિ૦ [स] ચોથુ (૨) ન૦ ચોથો ભાગ (૩) જુઓ તુર્યાવસ્થા ૦પદ ન૦તુર્યાવસ્થાનુ પદ. -યાતીત વિ૦ ચોથી અવસ્થાને પસાર કરી ગયેલુ (૨) પુ૦ બ્રહ્મ -યાવસ્થા સ્ત્રી૦ જુઓ તુર્યાવસ્થા
**તુર્ક** પુ૦ [फा] જુઓ તુરક ૦સ્તાન પુ૦, ન૦ તુર્ક લોકોનો દેશ -ર્કી વિ૦ તુર્કનુ,-ને લગતુ (૨) ન૦ તુર્કસ્તાન (૩) સ્ત્રી૦ તુર્કી ભાષા -ર્કી ચાલ [સર૦ म] ઘોડાની એક ચાલ
**તુર્ય** વિ૦[स] જુઓ તુરીય -ર્યા, -ર્યાવસ્થા સ્ત્રી૦[+अवस्था] ચોથી અવસ્થા(જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુર્યા) જેમા સમસ્ત ભેદજ્ઞાનનો નાશ થઈ આત્મા બ્રહ્મ બની જાય છે (વેદાત)
**તુલના** સ્ત્રી૦ [सं] સરખામણી. ૦ત્મક વિ૦ [+आत्मक] 'કમ્પેરેટિવ'. ૦વાચક વિ૦ તુલના બતાવનારું. -વું સ૦ ક્રિ૦ + તોલવુ
**તુલ(-ળ)સી** સ્ત્રી૦ [स] એક વનસ્પતિ (૨) તુલસી ૦ક્યારો પુ૦ તુલસીનો ક્યારો ૦પત્ર ન૦ તુલસીનુ પાંદડું (૨) સભામા બે પક્ષના મત સરખા થતા મડાગાઠ ઊભી થાય, ત્યારે પ્રમુખ જે મત આપી શકે છે તે મત; 'કાસ્ટિંગ વોટ'. ૦પાટિયાં ન૦ બ૦ વ૦ જુઓ તુલસીપાટિયા. ૦વિવાહ પુ૦ તુલસીને વિષ્ણુ સાથે પરણાવવાની ક્રિયા (કારતક સુદ ૧૧)
**તુલા** સ્ત્રી૦ [सं.] ત્રાજવુ; કાટો (૨) સાતમી રાશિ (૩) [લા ]તુલના, સમાનતા (૪) જુઓ તુલાદાન [-કરાવવી=તુલાદાન માટે પોતાની ભારોભાર કોઈ કીમતી ચીજ જોખાવવી ]૦દાન ન૦ પોતાની ભારોભાર વસ્તુનુ દાન ૦સંપાત પુ૦ સૂર્યને તુલા રાશિમાં આવવાનો કાળ (ત્યારે દિવસરાત સરખાં થાય છે) -લિત વિ૦ તોળાયેલુ, બરોબરીનુ

તુલ્ય વિ૦[સ] સરખું. ૦જાતિ વિ૦ મળતી-સરખી જાતિનું
તુવ(-વે)ર સ્ત્રી૦ [સ] એક કઠોળ (૨) એનો છોડવો
તુશી સ્ત્રી૦ [સ૦ મ તુશી] સ્ત્રીઓનું એક ઘરેણું? ૦(-સી)પાટિયાં ન૦બ૦વ૦ તુલસી-પાટિયા, સ્ત્રીઓની ડોટનુ એક ઘરેણુ
તુષ પુ૦, ન૦ [સ] ડાગર ચોખા ઉપરનું ફોતરું
તુષમાન વિ૦ તુષ્યમાન
તુષાર ન૦ [સ.] હિમ; બરફ (૨) ઓસ, ઝાકળ. ૦કાલ(-ળ) પું૦ શિયાળો. ૦ગિરિ, ૦પર્વત પું૦ (સં) હિમાલય
તુષિત ન૦ [સં] (સં) એક સ્વર્ગ
તુષ્ટ વિ૦ [સ.] સંતુષ્ટ; પ્રસન્ન થયેલું. -ષ્ટિ સ્ત્રી૦ સંતોષ; તૃપ્તિ, પ્રસન્નતા. -ષ્ટિદાયક, -ષ્ટિપ્રદ વિ૦ તુષ્ટિ આપનારું
તુષ્યમાન વિ૦[સં.]તુષમાન, સંતુષ્ટ, પ્રસન્ન થયેલું
તુહિન વિ૦ [સ] શીતળ (૨) ન૦ હિમ, બરફ (૩) ઝાકળ. -નાચલ(-ળ) પું૦ [+अचल] (સં.) હિમાલય [જુઓ 'તુલસી'મા
તુળસી, ૦ક્યારો, ૦પત્ર, ૦પાટિયાં, ૦વિવાહ
તું સ૦ [સ. त्वम्] (બીજો પુરુષ એ૦ વ૦) ૦કાર(-રો) પું૦ તું કહીને બોલાવવું તે, તુંકારો ૦કારવું સ૦ક્રિ૦ તુંકારો કરવો, તુચ્છકારવું ૦તાં ન૦બ૦વ૦ [સર૦ દે. तुमंतुम] તું તું-તુંકારો કરવો તે
તુંગ વિ૦ [સ] ઊંચું (૨) પુ૦ પર્વત (૩) ટોચ, શિખર. ૦ભદ્રા સ્ત્રી૦ (સં) એક નદી. -ગા પુ૦ એક છંદ. -ગોત્તુંગ વિ૦ [+उत्तुंग] ઉત્તરોત્તર ઊંચું
તુંડું વિ૦ [ફા તુન્દ] જાડું, ભરાઉ, સ્થૂલ (૨) ન૦ચવડા ઉપરનો હળનો જાડો ભાગ (૩) ફૂલેલું પેટ (૪) [લા.] રીસથી ચડેલું મો. [-ઊતરવું = રીસ દૂર થવી; મો પરથી તેનો ભાવ હઠવો. -ચડવું = રીસથી મો ચડવું - મો પર રીસનો ભાવ આવવો. -ભરવું = બરોબર ખાવું.]
તુંડ-ડું, -દ, -દું વિ૦ [ફા तुन्द] ચડાઉ, તુમાખી, ઉદ્ધત. ૦(-દ)મિજાજ પુ૦ ચડાઉ-ગરમ મિજાજ ૦(-દ)મિજાજી વિ૦ તુંડ મિજાજવાળું -ડા(-દા)ઈ સ્ત્રી૦ ઉદ્ધતાઈ, તુમાખી. -ડા(-દા)ઈખોર વિ૦ તુંડાઈની આદતવાળું [-ડી પું૦ ગણપતિ
તુંડ ન૦ [સ] મુખ; મો (૨) ચાંચ (૩) સૂંઢ.
તુંતાં ન૦બ૦વ૦ જુઓ 'તું'માં [જુઓ તુંડ
તુંદ ન૦ [સં] દુંદ, ફૂલેલું પેટ (૨) વિ૦ [ફા.]
તુંદ [फा.], ૦મિજાજ, ૦મિજાજી, -દાઈ, -દાઈખોર, -દું જુઓ 'તુંડ' વિ૦ માં
તુંબ [સ], ૦ડું ન૦ તુંબડીનું ફળ (૨) તેનું બનાવેલું પાણી ભરવાનું પાત્ર (૩) [લા] માથું (તિરસ્કારમાં). [તુંબડાં ચલાવવાં, લડાવવાં = સાચાજૂઠાં કરી, બે પક્ષોને લડાવી મારવા]૦ડી વિ૦ તુંબડા જેવું ગળું ફુલાવી ગાનાર. ૦ડી સ્ત્રી૦ એક વેલો (૨) નાનું તુંબડું. [-ઝાલવી = ભિક્ષુક થવું. -માં કાંકરા = ન સમજાય તેવી ભાષા (૨) અર્થહીન બબડાટ -રહી જવી = ખૂબ બોલાને લીધે ડોક રહી જવી.] ૦રુ એક જાતનું તંતુવાદ્ય
તુંબ(-બુ)રુ પું૦ [સ] (સં) એ નામનો એક ગંધર્વ
તુંબિ(-બી) સ્ત્રી૦ [સં.] તુંબડીનો વેલો (૨) વાદ્યનું તુંબડું ૦પાત્ર ન૦ તુંબડાનું બનાવેલું પાણી ભરવાનું પાત્ર ૦ફલ(-ળ) ન૦ તુંબડું. -બુ ન૦ (તંબૂરાનું) તૂંબડું (પ.)
તુંબુરુ પુ૦ [સ] (સ) જુઓ તુંબરુ
તૂઈ સ્ત્રી૦ [સર૦ હિં., મ तुई] તોઈ, ફીત (૨) [?] એક જાતનું પખી [ફડી
તૂક સ્ત્રી૦ [સર૦ हि तुक, મ., फा] ટૂક, કવિતાની
તૂટ સ્ત્રી૦ [તૂટવું પરથી] તૂટી જવું તે, ભંગાણ (૨) અણબનાવ, વિરોધ (૩) ખોટ, તંગી. [-પડવી] ૦ક વિ૦ છૂટું પડી ગયેલું (૨) ખંડિત, અપૂર્ણ (૩) અ૦ છૂટક, કકડે કકડે. ૦ફાટ સ્ત્રી૦ ફાટફૂટ, અણબનાવ (૨) ફાટ. ૦મૂટ વિ૦ ભાગ્યુતૂટ્યું
તૂટવું અ૦ક્રિ૦ [સં त्रुट्, પ્રા. तुट्ट] ટુકડા થવા, ભાગવું (૨) [લા] ભાગલા પડવા, ભંગ થવો (જેમ કે મૈત્રી, સગાઈ ઇ૦) (૩) દેવાળું કાઢવું (૪) ભંગાણ પડવું, નાસભાગ થવી [-ની ઉપર તૂટી પડવું = (કોઈ કામમાં) જોરથી અને નિશ્ચયથી વળગવું - ઝૂઝવું]

તૂટીચાર વિ૦ નિર્બળ, અશક્ત (૨) પું૦ [તૂટવું+ચાર] પાસાની રમતમા એક દાવ (૩) [તૂટવુ+ચર્યા] અણબનાવ

તૂટ્યુંફૂટ્યું વિ૦ [તૂટવુ+ફૂટવું] તૂટેલુંફૂટેલુ, ભાગ્યુતૂટ્યુ; રેંજીપેંજી [થવું, ત્રૂઠવું

તૂઠવું અ૦ ક્રિ૦ [સ. तुष्, प्रा तुट्ठ] પ્રસન્ન

તૂણ નં૦ [સં.] તીર રાખવાનું ખોખુ, ભાથો

તૂણ(-ન)વું સ૦ ક્રિ૦ [પ્રા. तुण्णण=તૂણવું-રફૂ કરવું તે] કપડામાં જ્યાંથી દોરા ઘસાઈ તણાઈ ગયા હોય ત્યા દોરા ભરી લેવા (૨) [સર૦ સ तुन्न] રૂને પીંખી રેસા તાણી પૂણી બનાવવા માટે હાથથી પીંજવું

તૂણિયો પું૦ ['તૂણવું' ઉપરથી] તૂણવાનુ કામ કરનારો, તૂણિયાર

તૂણીર પું૦ [સં.] તૂણ; ભાથો

તૂત ન૦ બનાવટી વાત, જૂઠાણું; ગપ (૨) તરકટ, પ્રપચ, જાળ (૩) ચેષ્ટા, નખરા. [-ચલાવવું= બનાવટી વાત કે તરકટ ઊભું કરી ફેલાવવુ]

તૂતક સ્ત્રી, ન૦ વહાણના ઉપલા ભાગમા કરેલી સપાટી-અગાસી [આદમી

તૂતિયો પું૦['તૂત' ઉપરથી]કાવતરાખોર, તરકટી

તૂતી સ્ત્રી૦ [फा] પોપટ કે તેની માદા (૨) મેના (૩) જુઓ તતૂડી

તૂતૂ અ૦[રવ૦]કૂતરાને બોલાવવા માટે વપરાતો ઉદ્ગાર (૨) ન૦ કૂતરું (બાળભાષામાં)

તૂતેતૂત ન૦ તૂત પર તૂતની પરંપરા(૨)સાવ તૂત

તૂનવું સ૦ ક્રિ૦ જુઓ તૂણવું

તૂની સ્ત્રી૦ એક પખી

તૂપ ન૦ [સ., દે. तुप्प, म.] ઘી [જુઓ

તૂમડી સ્ત્રી૦, -ડું ન૦ 'તુબ'મા 'તુબડી,-ડું'

તૂર ન૦, સ્ત્રી૦ [સં. तूल] સીમળો, આકડો, ડોડી ઇ૦ના ડૂંડાનો બારીક રૂ જેવો પદાર્થ (૨) [સં.] સ્ત્રી૦ શરણાઈ, તુરાઈ (૩) ન૦ [સર૦ દે. तुर] એક વાદ્ય (કૂબળા લોકનુ)

તૂરા પુ૦ બ૦ વ૦ [अ. तुर्रह] તોરા, છોગા (૨) [स तुवर] તુવેરના દાણા

તૂરાટ પું૦, -શ સ્ત્રી૦ તૂરાપણું

તૂરાવાળો પું૦ તૂરો ગાનારો, તોરાવાળો

તૂરિયું ન૦ [સર૦ हिं. तुरई] એક શાક-ફળ

તૂરી સ્ત્રી૦ [सं तूर्य, प्रा. तुरिअ, तूर] એક વાદ્ય; તુરાઈ (૨) [જુઓ તુરી, સર૦ म. तूर] સાળવીનો કાઠલો કે કૂચડો (૩) બે છેડે અણી-વાળો ખીલો (૪) પુ૦ [જુઓ તુરી] ઘોડો

તૂરું વિ૦ [સં. तुवर] આબળાના જેવા સ્વાદનુ

તૂરો પું૦ જુઓ તોરો (૨) [સર૦ म. तुरा] એક જાતનુ શૃંગારી ગાયન

તૂર્ય ન૦ [સં.] એક જાતનુ વાદ્ય

તૂલ ન૦ [સં.] કરસણ; મોલ (૨) રૂ

તૂલું(-ળું) વિ૦ નિષ્કપટી, ભોળુ

તૂવર સ્ત્રી૦ [स तूवरी; प्रा तूयरी] જુઓ તુવેર

તૂંબડી સ્ત્રી૦ જુઓ તુબડી -ડું ન૦ તુબડુ

તૃણ ન૦ [સ.] તરણુ, ઘાસ; ખડ ૦વત્ અ૦ તરણા જેવુ, હલકુ, લેખા વગરનું ૦સાથરો પું૦ ઘાસની બનાવેલી પથારી

તૃતીય વિ૦[સં.]ત્રીજું ૦મ ન૦જુઓ ઇદંતૃતીયમ્. -યા વિ૦સ્ત્રી૦ ત્રીજી (૨) સ્ત્રી૦ ત્રીજ (૩) ત્રીજી વિભક્તિ (વ્યા.), -યા-તત્પુરુષ પુ૦ તૃતીયાના સબધવાળો તત્પુરુષ સમાસ (વ્યા). -યાંશ પુ૦ [+ अंश] ત્રીજો અશ-ભાગ

તૃપ્ત વિ૦[સ.]ધરાયેલુ,સતુષ્ટ.-પ્તિ સ્ત્રી૦ [સ] ધરાયાપણું, સંતોષ -પ્તિદાયક વિ૦ તૃપ્તિ આપનારુ

તૃષા સ્ત્રી૦[સ.]તરસ,પ્યાસ(૨)[લા]તીવ્ર ઇચ્છા-આકાક્ષા. ૦તુર,૦ર્ત(-ર્ત્ત) વિ૦ [+आतुर, +आर्त] તરસથી પીડાતું; તરસ્યું. ૦લુ(-ળુ), -ષિત [સં] વિ૦ તરસ્યું

તૃષ્ણા સ્ત્રી૦ [સં.] તૃષા, તરસ (૨) ઇચ્છા; કામના ૦ક્ષય પું૦તૃષ્ણાનો ક્ષય. ૦લુ(-ળુ) વિ૦ તૃષ્ણાવાળું [વિ૦ એ

તે સ૦ [સ. तद्] (ત્રીજો પુરુષ એ૦ વ૦) (૨)

તેખ,૦ડ સ્ત્રી૦ તજવીજ; ખોજ (૨) ખંત (૩) ત્રેવડ, કરકસર (૪) જુઓ તેખડુ

તેખડું(-ળું) ન૦ [सं त्रिक ઉપરથી] ત્રણની ટોળી-સમૂહ (૨) ત્રણ જણ વચ્ચે કરાયેલુ કન્યાનું સાટું

તેગ(-ગા) સ્ત્રી૦ [फा] નાની તલવાર, કટાર

તેગાર પું૦ ધન; વિત્ત [ચપળ, સ્ફૂર્તિવાળુ

તેજ વિ૦ [फा.] તીક્ષ્ણ(૨)ઉગ્ર,આકરુ,તીખુ(૩)

તેજ ન૦ [सं. तेज, तेजस्] પ્રકાશ (૨) પ્રભાવ; પરાક્રમ (૩) પંચમહાભૂતોમાંનું અગ્નિતત્ત્વ [-પડવું=પ્રકાશ મારવો (૨) શેહમાં દબાવું -મારવું=પ્રકાશવું (૨) રૂઆબ પડવો] ૦દાર પું૦ તેજસ્વી

તેજણ સ્ત્રી૦ [જુઓ તાજણ] ચપળ ઘોડી

તેજબળ ન૦ એક છોડ

તેજસ્ત્વ ન૦ [સં] તેજનો ગુણ

તેજસ્વિતા સ્ત્રી૦ [સં.] તેજસ્વીપણું

તેજસ્વિની વિ૦ સ્ત્રી૦ [સં] તેજસ્વી (૨) સ્ત્રી૦ તેજસ્વી સ્ત્રી (૩) ચાંદની રાત

તેજસ્વી વિ૦ [સં] પ્રકાશવાળું (૨) પ્રભાવશાળી; પરાક્રમી

તેજઃપુંજ પું૦ [સં] પ્રકાશનો સમૂહ – ઢગલો

તેજાનો પું૦[फा.]તજ, લવિંગ ઇ૦ ગરમ મસાલો

તેજાબ પું૦ [फा] ઍસિડ -બી વિ૦ તેજાબને લગતું કે તેના જેવી અસરવાળું

તેજાળ(-ળું) વિ૦ ['તેજ' ઉપરથી] તેજવાળું

તેજિત વિ૦ [સં.] તેજયુક્ત (૨) ઉત્તેજિત

તેજિષ્ઠ વિ૦ [સં] તેજસ્વી

તેજી સ્ત્રી૦ [फा] તેજસ્વિતા, ચળકાટ (૨) ભાવ – કિંમતમાં વધારો (૩) હોંશ; ઉત્સાહ; સ્ફૂર્તિ (૪) ચડતી, આબાદી (૫) પું૦[જુઓ તાજી] ઘોડો; તેજ સ્વભાવનો ઘોડો (૬) વિ૦ તેજ ૦મંદી સ્ત્રી૦ ભાવની ચડઊતર ૦લું વિ૦ તેજ, તેજીવાળું

તેજો- [સં તેજસ્] (સમાસના પૂર્વપદે, ઘોષવ્યંજનાદિ શબ્દ પહેલાનું અંગ) ૦ભંગ પું૦ તેજ – માનપ્રતિષ્ઠાનો ભંગ ૦મય વિ૦ તેજસ્વી, તેજથી ભરેલું. ૦મંડલ(-ળ) ન૦ તેજનું કૂંડાળું. ૦મૂર્તિ(-ર્તિ) વિ૦ તેજની મૂર્તિ જેવું (૨) પું૦ સૂર્ય. ૦રાશિ પું૦ તેજનો રાશિ, તેજપુંજ. ૦રૂપ ન૦ બ્રહ્મ. ૦વધ પું૦ તેજોભંગ

તેટલું વિ૦ કદ, સંખ્યા, અંતર, જગા, સમય વગેરેમાં અમુક જેટલું–અમુક બરાબર -લે અ૦ તેટલામાં, તે વખતે, જગાએ, અંતરે ઇ૦ (૨) તેટલાથી -લામાં અ૦ તેટલા વખતમાં; દરમિયાન

તેડ (તેડ,) સ્ત્રી૦ [સં તટ, प्रा. तड ? સર૦ મ.] તટ; કાંઠો (૨) બાજુ; તરફ (૩) [ચ] ભાણા કે થાળીની બાજુ જ્યાં શાક ચટણી ઇ૦ મુકાય છે તે કે [લા] તે વસ્તુ

તેડવું સ૦ ક્રિ૦ [દે તેડ] નોતરવું (૨) [?] [બાળકને] ઊંચકવું – કેડે બેસાડવું [તેડવા જવું, તેડી લાવવું = લેવા – બોલાવવા જવું, લઈ આવવું (જેમ કે, વહુને) તેડી જવું = સાથે લઈ જવું]

તેડાગર વિ૦ [તેડું+ગર] તેડી લાવનાર, તેડાં [કરનાર

તેડાતેડ સ્ત્રી૦ ['તેડવું' પરથી] ઉપરાઉપરી – ખૂબ વાર તેડવું તે [બોલાવવું

તેડાવવું સ૦ક્રિ૦ 'તેડવું'નું પ્રેરક (૨) નોતરવું;

તેડું ન૦['તેડવું' પરથી]નોતરું; લેવા-બોલાવવા આવવું તે [-આવવું = નોતરું આવવું, લઈ જવા આવવું -કરવું = નોતરવું; સાથે આવવા કહેવું કે તેમ કહેવા માણસ મોકલવું.] ૦હકારું ન૦ હોકારીને બોલાવવું તે

તેણી (તેં') સ૦ ['તે' ઉપરથી] (ત્રીજો પુરુષ એ૦ વ૦નું સ્ત્રી૦ રૂપ. બહુધા પારસીઓમાં વપરાય છે). ૦ગમ, ૦મેર અ૦ તે તરફ, તે બાજુ ૦વાર અ૦ તે વખતે

તેણે (તેં') સ૦('તે'ની ત્રીજી વિભક્તિનું એ૦વ૦)

તેતર, ૦ડો પું૦ [સં तिति(-त्ति)र, प्रा. तेत्तिर] તીતર; એક જાતનું પક્ષી

તેતાલી(-ળી)સ (તે) વિ૦ જુઓ તેતાળીસ

તેત્રીસ વિ૦ [प्रा तेती(-त्ती)स, સં. त्रयस्त्रिंशत्] '૩૩'.-સો વિ૦પું૦ તેત્રીસની સાલનો (દુકાળ)

તેથી, ૦કરીને અ૦ ['તે'ની તૃતીયા વિભક્તિ] માટે; તે કારણે, તેટલા સારુ

તેનાવું અ૦ક્રિ૦ પાકવું, તૈયાર થવું

તેનું (તેં') સ૦ ('તે'નું છઠ્ઠી વિભક્તિનું એ૦વ૦)

તેપન (તે) વિ૦[प्रा तिपन्न, तेवन्न (સં त्रिपंचाशत्)] '૫૩'; ત્રેપન

તેમ (તે) અ૦ [अप तिम] તે રીતે – પ્રમાણે

તેમણે (તેં') સ૦('તે'નું ત્રીજી વિભક્તિનું બ૦વ૦)

તેમનું (તે') સ૦ ('તે'નું છઠ્ઠી વિભક્તિનું બ૦વ૦)

તેર વિ૦ [સં त्रयोदश, प्रा तेर(०स)] '૧૩'. ૦તાંસળી સ્ત્રી૦ જેને પરસ્પર ભાણાવહેવાર

નથી એવી જુદી જુદી જ્ઞાતિના લોકો. ૦મું વિ૦ ક્રમમા બાર પછીનુ (૨) ન૦ માણસના મૃત્યુનો તેરમો દિવસ કે તે દિવસે કરાતો વરો ૦શ(-સ)(,)સ્રી૦પખવાડિયાની તેરમી તિથિ

**તેરીખ** સ્રી૦ [अ. तारीख?] વ્યાજ ગણવાનો દિવસ (૨) વ્યાજનો દર [-ચઢવી=વ્યાજ વધ્યે જવુ -દેવી=વ્યાજ આપવું -લેવી= વ્યાજ લેવું]

**તેરીજ** સ્રી૦ [સર૦ म.] જુઓ તારીજ

**તેરીમેરી** સ્રી૦ [हिं.; સર૦ અપ तेर+मेर] ગાળાગાળી, તારીમારી [(સં. ૧૯૧૩?)

**તેરો** પું૦ ['તેર' ઉપરથી] તેરની સાલનો દુકાળ

**તેલ** ન૦ [स तैल, प्रा] તલ વગેરેમાથી કઢાતો ચીકણો પ્રવાહી પદાર્થ (૨)તેલમા કાઢેલું સત્વ (૩)[લા.]અડદાળો,દમ.[-ઊંજવું=ઘસારાના ભાગમા તેલ પૂરવું -કાઢવું=ઠૂશ કાઢવી; દમ કાઢવો (૨) સત્વ કાઢવું -જોવું, તેલની ધાર જોવી=પૂરી ચોકસાઈ કરવી -ઘાલવું =મરનાર પછીનો શોક વિધિસર છોડવો (સ્રીઓએ) -નીકળવું=ઠૂશ નીકળવી. તેલપળી કરવી=જેમ તેમ કરીને ગુજરાન ચલાવવું -પૂરવું=તેલ મૂકવુ-આજવુ કેળવવું. -રેડાવું=ફાળ પડવી (૨) અદેખાઈ થવી. તેલમાં માખ બૂડવી=શરમાઈ-સકોચાઈ જવું.] ૦ણ સ્રી૦ તેલીની સ્રી; ઘાંચણ ૦દાણા પુ૦બ૦વ૦તેલી બિયા -લાળુ વિ૦ તેલવાળુ, તેલથી ચીકણુ બનેલુ

**તેલ(-લુ)ગુ** સ્રી૦ તેલગણના લોકોની ભાષા

**તેલંગણ** પુ૦ [प्रा तेल्ग (स. तैलंग)](સં) ઓરિસાથી દક્ષિણના સમુદ્રકિનારા પરના પ્રદેશનુ પ્રાચીન નામ, આંધ્ર દેશ

**તેલાં** ન૦ બ૦ વ૦ ['તેલ' ઉપરથી] નવરાતરના દિવસમા તેલની કરી પાળી કરવાનુ ત્રણ ઉપવાસનુ વ્રત

**તેલિયું** વિ૦ ['તેલ' ઉપરથી] તેલવાળુ, તેલથી ચીકણુ -યા ચક્કી સ્રી૦ તેલ કાઢવાની ચક્કી-મિલ. -યા બાવા ન૦ એક જાતનુ પંખી. -યો રાજા પુ૦ તેલથી નાહનાર-તેલથી તરબોળ વસ્રો પહેરનાર અને તેલમા જોઈ ગુજરેલી વાત કહેનારો-તાન્ત્રિક

**તેલી** વિ૦ ['તેલ' ઉપરથી]તેલવાળુ; તેલિયું(૨) પું૦ ઘાંચી (૩) એક અટક

**તેલુગુ** સ્રી૦ જુઓ તેલગુ [ત્રણનું

**તેલું** ન૦ જુઓ તેલાં (૨) ['ત્રણ' પરથી] ત્રણનું [ઝૂમખુ

**તેવડું** વિ૦ [अप तेवड, સર૦ म तेवढा,-ढा] તેના જેવડું. -તેવડું વિ૦ તેવડુ તેવડું, સરખેસરખુ

**તેવરો** પું૦ [हिं. तेवरा] સગીતનો એક તાલ

**તે વાર(-રે)** અ૦ તે સમયે-પ્રસગે; ત્યારે

**તેવીસ** વિ૦ [प्रा. तेवीस (स त्रयोविंशति)] ૨૩, ત્રેવીસ. -સા પું૦બ૦વ૦ ત્રેવીસા

**તેવું** (') વિ૦ [सं तद् + वत्, સર૦ प्रा. तेत्तं(०इ); अप तेह, म. तेवि (-वी)] અમુકને મળતુ; અમુક જેવું. -વામાં અ૦ તે વખતે -વે અ૦ તે સમયે; ત્યારે (પ.)

**તેસઠ** (તે) વિ૦ [प्रा. तेसट्ठि (स. त्रिषष्टि)] '૬૩'; ત્રેસઠ

**તેહ** સ૦ [સર૦ अप०=તેવું] (પ) તે

**તેં** (તેં') સ૦ ('તુ'નુ ત્રીજી વિભક્તિ, એ૦ વ૦)

**તેંગળ** પું૦, ન૦ એક ઘરેણું

**તેંતાલી(-ળી)સ** (તેં૦) વિ૦ [प्रा तेआलीस (सं त्रिचत्वारिंशत्)] '૪૩'

**તેંસઠ** (તેં૦) વિ૦ જુઓ તેસઠ [(૩) તેજસ્વી

**તૈજસ** વિ૦ [सं] તેજ સંબધી(૨)તેજનુ બનેલુ

**તૈયાર** વિ૦ [अ] રજૂ કરવા કે ઉપયોગમાં લેવા યોગ્ય, પરિપૂર્ણતાએ પહોચેલુ, તરત હાજર કરાય કે કામ દે એવી સ્થિતિવાળુ (૨) સજ્જ, તત્પર -રી સ્રી૦ તત્પરતા, સજ્જ હોવું તે. [(માલ) તૈયારીમાં લઈ જવો=ઉતારુઓની ગાડીમા લગેજ કરવો.]

**તૈલ** ન૦ [सं] તેલ. -લાભ્યંગ પું૦ [+अभ्यग] શરીરે તેલ ચોળવુ તે -લી વિ૦ તેલવાળુ (૨) ચીકટુ (૩) પું૦ તેલી, ઘાંચી

**તૈલગ(ણ)** પુ૦[सं]તેલગણ,પ્રાચીન તેલગદેશ

**તૈલંગી** વિ૦ તૈલગ દેશને લગતુ

**તૈંયે** અ૦ (કા) તઈ, ત્યારે, તો પછી

**તો** અ૦ [स. तदा, प्रा. तो, સર૦ म तों, हिं] ('જો' સાથે કે એકલુ, શરતી વાક્યમાં

વપરાય છે) ઉદા૦ જો આવશે, તો જઈશ.(૨) [સં તુ] 'તોપણ'ના અર્થમા ઉદા૦ હું તો જઈશ. (તુ નહીં આવે તોપણ). (૩) [સર૦ પ્રા. तओ, तो] 'તો પછી' ના અર્થમા. ઉદા૦ તો જા! (૪) 'બીજું કાઈ નહી, તો આટલું તો' એ અર્થમાં'.ઉદા૦ ખાઓ તો ખરા, પાસે તો આવ (૫)ભાર મૂકવા માટે. ઉદા૦ 'તુ ગયો તો નહી જ!' 'ખા તો ખરો.' [તો તો=તો(વિશેષ આગ્રહ સૂચવે છે).તો પછી અ૦તો તો;ત્યારે.]

**તોઈ** સ્ત્રી૦[સર૦ हिं. म.] તુઈ; કસબની કિનારી

**તોક** (તો૦?)સ્ત્રી૦[अ. तौक] ગળામા નાખવાની વજનદાર બેડી (૨) કોશ; હળપૂણી

**તોકવું** સ૦ક્રિ૦ [हि.] ઊંચકવું (૨) જોખવું

**તોકલ** પું૦[अ. तवक्कुल] ઈશ્વર પરની આસ્થા

**તોકીર** સ્ત્રી૦ [अ.] આબરૂ; ઇજ્જત

**તોખમ** ન૦; સ્ત્રી૦+ જુઓ તુખમ

**તોખાર** પું૦ [दे. तुक्खार, तोक्खार] ઘોડો

**તોછડું** વિ૦ [सं. तुच्छ] અસભ્ય, ઉદ્ધત (૨) ટૂંકું; ઓછું. -ડાઈ સ્ત્રી૦ તોછડાપણું

**તોજી** (તો?) સ્ત્રી૦ [अ. तौजी] વિઘોટી, સાંથ (૨) સાર, સત્ત્વ

**તોટક** પું૦ [सं. त्रोटक, प्रा. तोटअ] એક છંદ

**તોટાવું** અ૦ ક્રિ૦ ['તોટો' ઉપરથી] ખૂટી પડવું, તોટો પડવો

**તોટો** પું૦ ['તૂટવું' ઉપરથી (સ. त्रुट्)] ખોટ, નુકસાન (૨) [જુઓ ટોટો] હરડિયો

**તોડ** પું૦ ['તોડવું' ઉપરથી] નિકાલ, ફડચો, ફેંસલો. [-આણવો, -કરવો, -કાઢવો, -પાડવો, -મૂકવો, -લાવવો.] (૨) [સર૦ म.]સોગટામાં સામાની સોગટી પહેલી મારવામાં આવે છે તે, કે જે પછી પોતાની સોગટી ઘરમા લઈ જઈ શકાય [-પડવો=એ રીતે સોગટી મરાય એવો દાવ પડવો ](૩) સ્ત્રી૦ [सं. तोद, प्रा.] પગના માંસલ ભાગમા થતી પીડા ૦જોડ સ્ત્રી૦ તડજોડ, સમાધાન. ૦ફોડ સ્ત્રી૦ તોડવું ફોડવું તે

**તોડણહાર** વિ૦ તોડનાર

**તોડવું** સ૦ક્રિ૦ [સ, प्रा. तोड] જોડાયેલુ કે વળગેલુ યા લાગેલુ હોય તેને જોર વાપરીને છૂટું કરવુ જેમ કે ઝાડની ડાળ;કેરી આમેથી તોડવી (૨) ચૂંટવું; ચૂંટીને અલગ લેવું; ઉતારવું. જેમ કે ફૂલ, શાક ઇ૦ (૩) ભાગવું; ફોડવું. જેમ કે કાચ, લમણો, હાથ ઇ૦ (૪) અલગ બે ભાગ કરવા; ટુકડો કરી નાખવો. જેમ કે વાળ, તાર, દોરો (૫) [લા] ભંગ કરવો; ભંગાણ પાડવું. જેમ કે, વચન, મૈત્રી ઇ૦. [તોડી નાખવું=ભાંગી નાખવું (સબંધ કે કાઈ રચાતુ કે રચાયું હોય તે) (૨) નાસીપાસ-વેરણછેરણ કરી દેવુ તોડી પાડવું= તોડી નાખવું; પાડી નાખવું ]

**તોડી** સ્ત્રી૦ [સર૦ म.] એક રાગિણી-ટોડી (૨) નાનો તોડો-પગનુ સાંકળું (છોકરીનુ)

**તોડેમંકોડે** અ૦ એકપગે

**તોડો** પું૦ [સર૦ हि, म. तोडा, दे. तोडर] ટોડો, પગનુ સાંકળું (૨) હજાર રૂપિયાની થેલી (૩) [જુઓ તોડવુ] પૂણીઓ કાંતતાં પડેલો ફેંદો (૪)કાચુ તોડેલુ ફળ (કેરી, કોઠું વગેરે) (૫) [જુઓ ટોડો] ટોલ્લો (૬) મિનારો; શિખર; કાંગરો (૭) વાવની ઉપરની દીવાલ(૮) ચણતરમા દીવાલની જાડાઈની દિશામા મુકાતી ઈંટ (દીવાલની લબાઈની દિશામાં મુકાતીને 'પટ્ટી' કહે છે ) (૯) [જુઓ ટોટો] બદૂકની જામગરી [બોલતા જીભ ચોટવી

**તોતડા(-ળા)વું** અ૦ ક્રિ૦ ['તોતડુ' ઉપરથી]

**તોતડું** વિ૦[સર૦ हिं. तोतला, म. तोतरा(-ला), રવ૦?] બોલતા તોતડાતુ -ડાપણું ન૦

**તોતરંગી** સ્ત્રી૦ [સર૦ हिं.] એક જાતનું પક્ષી

**તોતલું(-ળું)** વિ૦ જુઓ તોતડું (૨) અડધા અને કાલા બોલ બોલતુ

**તોતળાવું** અ૦ ક્રિ૦ જુઓ તોતડાવુ

**તોતળું** વિ૦ જુઓ તોતડું; તોતલુ

**તોતાચશ્મી** સ્ત્રી૦[फा.]પોપટની આંખની જેમ ફરી બેસવુ તે, બદલાઈ જવુ-સબંધ તોડી નાખવો તે [તોસતાન

**તોતિંગ** વિ૦ (કા) બહુ મોટા કદનુ; મોટું

**તોતેર** (તો') વિ૦ [प्रा. तेव(-हु)त्तरि] '૭૩'; તોતેર

**તોતો** પું૦ [फा.] પોપટ

**તોદરી** સ્ત્રી૦ [फा ; સર૦ हिं ] દીવાલ પર ઊગતું એક જાતનું ફૂલ

**તોપ** સ્ત્રી૦ [तुर्की] દારૂગોળો ફેંકવાનું સાધન(૨) [લા.]મોટી ગપ.[**–ચલાવવી**=તોપ કામમાં લેવી, તોપ ફોડવી, તોપમારો કરવો (૨) ગપ ફેલાવવી **–છોડવી**=તોપ ફોડવી (૨) ગપ લગાવવી (૩) [લા ] વાછૂટ કરવી **–ફોડવી**= તોપ સળગાવવી,તોપનો ગોળો મારવો(૨)[લા ] ભારે કાંઈ પરાક્રમ કરવું **–ભરવી**=તોપમા દારૂગોળો ભરી તે ફોડવા તૈયાર કરવી **–મારવી, –લગાવવી**=તોપ ફોડવી, ગોળો મારવો(૨)ગપ ઠોકવી ] **૦ખાનું** ન૦ તોપ તથા એનો સરંજામ રાખવાની જગા (૨)તોપ અને એનો સરંજામ. **૦ગોળો** પું૦ તોપનો ગોળો (૨)[લા.] મોટી ગપ [**–છોડવો**=તોપ ફોડવી, તોપનો ગોળો મારવો (૨) ગપ ઠોકવી.] **૦ચી** પુ૦ તોપ ફોડનારો માણસ,ગોલંદાજ(૨)[લા ] ગપ્પી માણસ. **૦મારો** પુ૦ તોપના ગોળાનો મારો ચલાવવો – ગોળા પર ગોળા છોડવા તે. [**–ચલાવવો**=તોપના ગોળા ખૂબ છોડવા ]

**તોપણ** (તો) અ૦ છતાં, તેમ છતાં; તથાપિ

**તોફા** વિ૦[अ तुहफह् ]સર્વોત્તમ,સરસ,કીમતી

**તોફાન** ન૦ [अ. तूफान]મસ્તી,ધાધલ(૨)લડાઈ; મારામારી **–ની** વિ૦ તોફાન કરનારુ

**તોફારી** વિ૦ ['તફારીક' પરથી ?] ભેળસેળિયુ, પરચૂરણ, ફુટકળ

**તોબરો** પુ૦ [फा ] ઘોડાને ચંદી ખવડાવવાની ચામડાની કોથળી(૨)[લા ]રીસથી ચડેલુ મો [**–ઊતરવો**=મો પરથી રીસ દૂર થવી. **–ચડવો**=રીસથી મો ચડવું. **–ચડાવવો**= ઘોડાને મોએ તોબરો બાધવો (૨) રીસથી મો ચડાવવુ ]

**તોબા** અ૦ (૨) સ્ત્રી૦[अ.] 'હવે હદ થઈ' એવો અર્થ બતાવતો ત્રાસ કે કંટાળાનો ઉદ્ગાર. [**–પોકારવી**=ત્રાસી જવું, કંટાળવુ **–પોકરાવવી**=ત્રાસી જાય એમ કરવું ] **૦ખત** ન૦ બળજોરીથી લખાવેલુ ખત

**તોમર** ન૦ [सं.] ભાલા જેવું એક આયુધ (૨) એક છંદ

**તોય** ન૦ [सं.] પાણી, જળ. **૦જ** ન૦ પોયણુ; કમળ.**૦દ(–ધર)** પુ૦;ન૦ વાદળ **૦(૦નિ)ધિ** પું૦ સમુદ્ર

**તોર** (તો) પું૦ [अ. तौर ? કે तुर्की तोरह= જુલમી હુકમ ઉપરથી ? ] મિજાજ, અહંકાર (૨) સ્ત્રી૦ [दे. तरिया] તર, મલાઈ

**તોર** (તો) પું૦ સાળનો રોલર; તે ગોળ લાકડું જેની પર કપડું વણાય તેમ વીંટાય છે

**તોરણ** ન૦ [सं.] મુખ્ય દરવાજો; કમાનવાળો દરવાજો(૨) શોભા માટે બંધાતો કાગળ, પાન વગેરેનો હાર [ **તોરણે આવવું, તોરણે ચઢવું**=વરનુ પરણવા ચોરીની નજીક આવી પહોચવું (૨) [લા.] કોઈ કામ તેની છેલ્લી કોટીએ આવી પહોચવુ ] **૦ઘોડો** પું૦ વરનો ઘોડો તોરણે આવે ત્યારે બારોટને અપાતો એક લાગો

**તોરત** ન૦ [જુઓ તૌરાત] યહૂદીઓનુ ધર્મ-પુસ્તક, બાઇબલનો 'જૂનો કરાર'

**તોરાવાળો** પું૦ [જુઓ તોરો] લાવણી ગાનારો, તુરાવાળો (૨) માથે તોરાવાળો માણસ

**તોરી** (તો) વિ૦ તોરવાળું; મિજાજી (૨) સ્ત્રી૦ તોર; મિજાજ (૩) રીસ, ઝાઝ

**તોરી** સ્ત્રી૦ કસારીના જેવુ એક જીવડુ (૨) પું૦ જુઓ તુરી, ઘોડો

**તોરું** વિ૦ તારું (૫)

**તોરો** પું૦[अ तुर्रह्] છોગું, પાલવ, શિરપેચ(૨) પાઘડીનો કસબ(૩)ફૂલનો ગોટો – કલગી (૪) [જુઓ તૂરો] લાવણીનો એક ભેદ

**તોરો** (તો) પુ૦ જુઓ તોર, મિજાજ, દમામ

**તોરોબગલો** પુ૦ એક પક્ષી

**તોલ** પુ૦,ન૦[सं ]વજન(૨)વજન કરવાનુ કાટલું (૩) [લા ] કિંમત, કદર (જેમ કે તોલ કરવો, થવો) (૪) ભારબોજ, વકર, પ્રતિષ્ઠા. **૦દાર** વિ૦ વજનદાર, ભારે

**તોલકું** (તો) ન૦ [જુઓ તોલુ(–લકુ)] માથુ

**તોલડી** સ્ત્રી૦ [જુઓ તોલુ] રાધવાનુ માટીનું વાસણ (૨) સ્મશાનમાં લઈ જવાની દેવતાની હાલ્લી. **–ડું** ન૦ નાનુ માટીનુ વાસણ,હાંલ્લુ (૨) ભિક્ષાપાત્ર

તોલન નo, -ના સ્ત્રીo [સં.]+ તોળવું તે (૨) તુલના, સરખામણી [તોળવું

તોલ(-ળ)વું સoક્રિo[સં तुल्, प्रा. तोल]જુઓ

તોલા(-ળા)ટ પુંo ['તોળવું' પરથી] તોળનારો, તોળવાનુ કામ કરનારો [(૨) ઘીનું પાટૂડું

તોલું નo [दे. तोल(सं. तुल्)]દશ શેર વજન

તોલું,-લકું (તો) નo [સં. तालुकं] માથું

તોલે અo ['તોલ' ઉપરથી] સરખામણીમાં; તુલનામાં, બરોબર

તોલો પુંo [સં. तोल] રૂપિયાભાર

તોશાખાનું નo[फा. तोशह + खानह] ભંડાર, સામાન મૂકવાની જગ્યા

તોષ પુંo[સં.] સંતોષ. oવું સoક્રિo સંતોખવું

તોસ્તાન નo[फा. तोशह + दान પરથી? સરo म. तोसदान, तोस्तान] કોઈ પણ મોટી-તોતિંગ ચીજ કે ઘટના

તોસદાન નo[फा. तोशदान]દારૂગોળો રાખવાની સિપાઈની ખલેચી (૨) દફતર; જોસ્તાન

તોળવું સoક્રિo [જુઓ તોલવું] જોખવું, વજન કરવું(૨)ઉપાડવું;ઊંચકવું(૩)તુલના-વિચાર-કિંમત કરવી [ ફેરવી તોળવું = બોલીને ફરી જવુ; ફેરવી વાળવું ]

તોળા પુંo જુઓ તુલા

તોળાટ પુo જુઓ તોલાટ -મણ નo, -મણી સ્ત્રીo તોળવા-જોખવાનુ મહેનતાણું

તૌંતેર વિo [જુઓ તોંતેર] '૭૩'

તૌરાત નo [हिब्रू तौरत] જુઓ તોરત

તૌહીદ સ્ત્રીo [अ ] (ઈશ્વરનું) એકપણું

ત્યક્ત વિo [સ.] તજાયેલું -ક્તા વિoસ્ત્રીo તજાયેલી (૨) સ્ત્રીo પતિએ તજેલી સ્ત્રી

ત્યજવું સoક્રિo [સં त्यज्] તજવું, છોડવું, ત્યાગ કરવો

ત્યમ અo (૫) જુઓ તેમ; તે પ્રમાણે

ત્યહાં અo (૫) જુઓ ત્યાં

ત્યાગ પુંo[સ.] તજવાની ક્રિયા(૨)સંન્યાસ(૩) દાન (૪)લગ્નાદિ પ્રસંગે અપાતો આરોટનો લાગો, તાગ. oપ્રધાન વિoત્યાગ જેમા પ્રધાન છે તેવું oમૂર્તિ સ્ત્રીo ત્યાગની મૂર્તિરૂપ માણસ (૨) [લા ] હિંદુ વિધવા. oવું સoક્રિo જુઓ ત્યજવુ, oશીલ વિo દાનશીલ. -ગી વિo ત્યાગ કરનારુ (૨) પુo સંન્યાસી (૩) દાતા

ત્યાજ્ય વિo[સ ] તજવા યોગ્ય કે તજી શકાય તેવું

ત્યાર કેડે, ત્યાર પછી અo તે વખત પછી

ત્યારથી અo તે વખતથી

ત્યારે અo [જુઓ તે વારે] તે વખતે (૨) તે સ્થિતિમા તો પછી ['૮૩'

ત્યાશી(-સી) વિo[प्रा. तेयासीइ(स त्र्यशीति)]

ત્યાં (') અo તે ઠેકાણે (૨) તે સંજોગોમા. oકણે(-ણિયે) અo ત્યા (ઉ ગુજરાત) ત્યાં તો અo એટલામા તો, એટલું થયું તેટલામા તો ત્યાં સુધી, લગી અo તે સ્થાન, સમય કે સંજોગ સુધી

ત્રગણું વિo ત્રણ ગણું

ત્રચકો પુંo [ સરo તરકચો, ત્રસકો ( फा. तर्क् = છોડવું + चेह ? ] (કા ) પ્રવાહીનો ડાઘ પડે તેવો જોરથી ઊડેલો છાંટો

ત્રટ(-ઠ) પુંo + તટ

ત્રણ વિo[સ. त्रीणि] '૩'. [-પાયાનું = ઠેકાણા વિનાનુ, ગાડું. -ટકાનું, બદામનું = તુચ્છ; લેખા વિનાનુ ] oપગી સ્ત્રીo બે જણે પોતાનો એકેક પગ સાથે બાંધી દોડવાની રમત.-ણેક વિo આશરે ત્રણ

ત્રપત્રપતું વિo[રવo] તરબોળ;ટપકતુ; ત્રસત્રસતુ

ત્રપા સ્ત્રીo [સં.] લજ્જા, શરમ

ત્રમઝટ, ત્રમઝીક અo પુષ્કળ, ધોધમાર (વરસવું) (૨) સ્ત્રીo ઝડી

ત્રમણું વિo તમણુ, ત્રગણુ

ત્રય વિo [સં ] ત્રણ (૨) નo ત્રણનો સમૂહ. -યાનન પુંo [+आनन] (સ.) ત્રણ મુખવાળા-દત્તાત્રેય -યી સ્ત્રીo[સં ] ત્રણનુ જૂથ (૨) ઋક્, સામ અને યજુર્ એ ત્રણ વેદનો સમૂહ. -યોદશ વિo[સં.] '૧૩' -યોદશા(-શી) સ્ત્રીo તેરશ

ત્રવટું નo [સં. त्रि + वर्त्मन्] જુઓ ત્રિભેટો

ત્રવાડી પુંo [ત્રિ + વેદ ઉપરથી] ત્રિવેદી, એક અટક [પ્રાણીઓનો સમૂહ

ત્રસ વિo[સ ] જંગમ,ચલ (૨) નoવન (૩) ત્રસ

ત્રસકો પુંo છાટો, ડબકો (૨) ફાટ, ચીરો (૩) નિસાસો (૪) નિરાત, જંપ

**ત્રસત્રસવું** અ૦ક્રિ૦ (કા) ઝરવું, નીતરવું,વરસવું
**ત્રસરેણુ** ન૦ [સં] અણુ, પ્રકાશમાં ઊડતુ દેખાતુ રજકણ
**ત્રસિંગ** પું૦ (કા) સિંહ
**ત્રસ્ત** વિ૦ [સં.] ડરેલું; ભડકેલું (૨) બીકણ
**ત્રંબક** પુ૦ [સ.] જુઓ ત્ર્યંબક
**ત્રંબાળું** વિ૦ ['તામ્ર' ઉપરથી] તાંબાનુ (૨) ['ત્રબક' ઉપરથી] ત્રબકનુ (૩) ન૦ મહાદેવે જનકને આપેલુ અને રામે ભાગેલું ધનુષ્ય (૪) એક જાતનુ વાદ્ય [તે સોયો
**ત્રાક** સ્ત્રી૦ [સં. तर्कु] જેના પર સૂતર કતાય છે
**ત્રાગ, ૦ડો** પું૦['ત્રાક' ઉપરથી?] તાગડો, તાતણો
**ત્રાગડ** વિ૦ (૨) પું૦ સોનીની એક જાત
**ત્રાગડું** ન૦ ['ત્રાક' ઉપરથી] તળેલી વસ્તુ પેણીમાથી કાઢવાનુ એક ઓજાર, સોયો
**ત્રાગડો** પુ૦ તાતણો, તતુ (૨) જનોઈ (૩) વળ દેવાની ફરકડી [તાગ] તાગ લેવો
**ત્રાગવું** સ૦ ક્રિ૦ (કા) ત્રાગુ કરવું (૨)[જુઓ
**ત્રાગું** ન૦ [ત્યાગ' ઉપરથી ?] બીજાને ઠેકાણે લાવવા પોતાના ઉપર કરેલી જબરદસ્તી (૨) હઠ, જીદ -ગાળુ વિ૦ ત્રાગું કરનારુ
**ત્રાગો** પું૦ જુઓ ત્રાગડો
**ત્રાજવું** ન૦[फा. तराज़ू] જુઓ ત્રાજૂડુ [**-ઊંચુ ચઢવું**=વધવું; બઢતી થવી **-નીચું નમવું** =લાભ થવો, આબાદીના દિવસો આવવા **-ભારે થવું**=અભિમાન આવવું **ત્રાજવાં ટૂંપાવવાં**=છૂંદણા છૂંદાવવા]
**ત્રાજૂડું** ન૦ જોખવાનું બે પલ્લાવાળુ સાધન; ત્રાજવું (૨) શરીર ઉપર છૂંદાવેલુ છૂંદણુ.**-ડી** સ્ત્રી૦ નાનાં ત્રાજવાં
**ત્રાટક** પું૦ [સં] તાકીને એક જ સ્થાને જોઈ ચિત્ત એકાગ્ર કરવાની યોગની એક ક્રિયા
**ત્રાટકવું** અ૦ક્રિ૦ ['ત્રાટક' કે 'ત્રાડ' ઉપરથી] (કા) અણધાર્યો ધસારો કરવો, છાપો મારવો
**ત્રાટી** સ્ત્રી૦, **-ટું** ન૦ [જુઓ તટ્ટી] તાટું; કામડાનો પડદો, ટટ્ટી
**ત્રાડ** (ત્રા') સ્ત્રી૦ [સર૦ મ त्राहटणें] મોટી બૂમ, ગર્જના (**-નાખવી, પાડવી**). **૦ન** ન૦ ત્રાડવું તે
**ત્રાડવું** (ત્રા') અ૦ ક્રિ૦ ગર્જના કરવી
**ત્રાડો** પું૦ જુઓ તાડો
**ત્રાણ** ન૦ [સં] રક્ષણ, બચાવ (૨) શરણ
**ત્રાણુ(-ણું)** વિ૦ [प्रा. तेणउइ (स त्रिणवति)] તાણુ-'૯૩'
**ત્રાતા** પું૦ [સ] રક્ષણ કરનાર, બચાવનાર
**ત્રાપડ** સ્ત્રી૦ (કા) અકરાતિયાપણું
**ત્રાપો** પુ૦ જુઓ તરાપો
**ત્રાયમાણ(-ન)** ન૦ [સં] એક વનસ્પતિ-વેલ
**ત્રાસ** પુ૦[સ] જુલમ(૨)પજવણી; કટાળો(૩) કમકમાટી (૪) ધાક, બીક [**-આપવો, ઉપજાવવો, કરવો, દેવો**=જુલમ કરવો, સતાપવુ, હેરાન કરવું, પજવવું. **-પામવું**= હેરાન થવું, ત્રાસવું **-વર્તવો**=જુલમ થવો] **૦દાયક, ૦દાયી** વિ૦ ત્રાસ આપનારું. **૦વાદ** પુ૦ ત્રાસ ફેલાય એમ કરવાથી ફાવાય છે એવો રાજકીય મત, 'ટેરરિઝમ'. **૦વાદી** પુ૦ તે મતમા માનનાર **૦વું** અ૦ક્રિ૦ ત્રાસ પામવુ, કટાળવુ (૨) બીવુ
**ત્રાસું** વિ૦ [જુઓ ત્રાસુ] તિરકસ, વાકુ
**ત્રાહિ** અ૦ (૨) સ્ત્રી૦ [સં] 'રક્ષણ કરો-બચાવો' એવો ઉદ્ગાર [**૦ત્રાહિ**=બચાવો! બચાવો! ત્રાય ત્રાહ, એવો ઉદ્ગાર] **૦મામ્** શ૦પ્ર૦ 'મારુ રક્ષણ કરો' એવો ઉદ્ગાર
**ત્રાહિત** વિ૦ [સર૦ મ तिराहीत, तिहाईत] અજાણ્યુ (૨) તટસ્થ (૩) પુ૦ ત્રાહિત આદમી
**ત્રાહ્ય** અ૦(૨)સ્ત્રી૦ જુઓ ત્રાહિ [**૦ત્રાહ્ય**= ત્રાહિ ત્રાહિ **-પોકારવી**=ત્રાસી જવું. **-પોકરાવવી**=ભારે ત્રાસ વર્તાવવો]
**ત્રાંબટ** વિ૦ [સ ताम्र ઉપરથી] તાબાનુ (૨) ન૦ તાંબાનુ પાત્ર, ત્રાસ
**ત્રાંબુ** ન૦ [સ ताम्र] જુઓ તાબુ
**ત્રાંસ** પુ૦ ત્રાસાપણુ, વાક (૨) ફાસ, ફાસો (૩) વજન, કાટલુ (૪) તાબાની રકાબી, તાસક [**-દેવો**=ફાસો દેવો (૨)છેહ દેવો] **-સિયો** પુ૦ જુઓ ત્રાસ (૨) જુઓ તાસિયો **-સું** વિ૦ [સ त्र्यस्र ?] વાકુ, કતરાતુ
**ત્રિ** વિ૦ [સ] ત્રણ **૦ક** ન૦ ત્રણનો સમુદાય. **૦કટુ** ન૦ સૂંઠ મરી અને પીપરનું ચૂર્ણ.

૦ક્રમ પું૦ (સ ) જુઓ ત્રિવિક્રમ
ત્રિકાલ(-ળ) પું૦ [સં.] ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાળ(૨)સવાર, બપોર અને સાંજ એ ત્રણે સમય.૦જ્ઞ(-જ્ઞાની) વિ૦ ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણે કાળનું જ્ઞાન ધરાવનારું ૦દર્શી વિ૦ત્રણ કાળ જોઈ શકનારું; ત્રિકાળજ્ઞાની -લાબાધ(-ધિત) વિ૦ [+ અવાધ(-ધિત)] ત્રણે કાલથી અબાધ એવું, કાલાતીત
ત્રિકાંડ વિ૦ [સં.] ત્રણ કાંડ-વિભાગવાળું
ત્રિકૂટ વિ૦ [સં.] ત્રણ શિખરવાળું -ટાચળ પું૦ (સ ) લંકામા આવેલો એક પર્વત
ત્રિકોણ પું૦[સ ] ત્રણ ખૂણાવાળી આકૃતિ(૨) વિ૦ ત્રણ ખૂણાવાળું ૦મિતિ સ્ત્રી૦ ત્રિકોણનું ગણિત; 'ટ્રિગોનોમેટ્રી' (ગ ) -ણાકાર વિ૦ [+ आकार] ત્રિકોણ -ણાકૃતિ વિ૦ [+आकृति] ત્રિકોણના આકારનું (૨) સ્ત્રી૦ ત્રિકોણ આકૃતિ
ત્રિખૂણિયું વિ૦ ત્રણ ખૂણાવાળું, ત્રિકોણાકાર
ત્રિગણ પું૦ [સ ] સંસારી જીવનના ત્રણ પુરુષાર્થ- ધર્મ, અર્થ અને કામ, ત્રિવર્ગ
ત્રિગર્ત પું૦[સં.] (સ ) પંજાબના એક પ્રદેશનું પ્રાચીન નામ
ત્રિગુણ વિ૦[સ.]ત્રણ ગણું, ત્રેવડું(૨) પું૦બ૦ વ૦ સત્ત્વ,રજ અને તમ એ ત્રણ ગુણો -ણા સ્ત્રી૦ માયા(વેદાંતમા).-ણાત્મક,-ણી વિ૦ ત્રિગુણનું બનેલું
ત્રિઘાતપદી સ્ત્રી૦[સ ]ત્રણ ઘાત સુધીના પદવાળી રકમ, 'ક્યૂબિક એક્સ્પ્રેશન' (ગ )
ત્રિજગત ન૦, ત્રિજગતી સ્ત્રી૦ [સં ] ત્રણે દુનિયા (સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ)
ત્રિજટા સ્ત્રી૦[સ ](સ ) અશોકવનમા સીતાની ચોકી કરનારી રાક્ષસી
ત્રિજ્યા સ્ત્રી૦[સં.]વર્તુલના મધ્યબિંદુથી પરિધના કોઈ બિંદુ સુધીની સુરેખા કે તેનું અંતર, 'રેડિયસ'(ગ ).૦કોણ પું૦મધ્યબિંદુ આગળ ત્રિજ્યા જેવડા ચાપથી થતો ખૂણો;'રેડિયન'(ગ.)
ત્રિતાપ પું૦ બ૦ વ૦ [સં.] જુઓ તાપત્રય
ત્રિતાલ પું૦ [સં ] સંગીતનો એક તાલ
ત્રિદશ પું૦ [સં.] દેવ
ત્રિદંડ પું૦, ન૦ [સ.] વાગ્દંડ, મનોદંડ અને કાયાદંડ એ ત્રણ સંયમ ધારણ કર્યાની નિશાનીરૂપ સંન્યાસીનો દંડ. -ડી પું૦ ત્રિદંડ ધારણ કરનાર, સંન્યાસી
ત્રિદોષ પું૦ [સં ] વાત, પિત્ત અને કફ એ ત્રણ દોષના પ્રકોપથી થતો રોગ, સંનેપાત ૦જ વિ૦ ત્રિદોષમાંથી થયેલું [-શિવ
ત્રિદશ પું૦[સં ] (સ.) ત્રિનેત્ર, ત્રણ આંખવાળા
ત્રિધા અ૦ [સ ] ત્રણ પ્રકારે, ત્રેધા
ત્રિનયન,ત્રિનેત્ર પું૦ [સ ] (સ.) મહાદેવ
ત્રિપક્ષી ન૦ [त्रि+पक्ष] ત્રણ પખવાડિયા બાદ મરનાર પાછળ કરવાનું શ્રાદ્ધ
ત્રિપથ પું૦ બ૦ વ૦ [સ.] સ્વર્ગ, મૃત્યુ અને પાતાલ (૨) ન૦ ત્રણ રસ્તા જ્યાં મળે એ સ્થળ ૦ગા સ્ત્રી૦ [સં ] (સ ) ગંગા
ત્રિપદા સ્ત્રી૦ [સં ] એક છંદ
ત્રિપદી સ્ત્રી૦ [સં.] ત્રણ પાયાની ઘોડી, ત્રિપાઈ (૨) એક છંદ (૩) હાથીનું પલાણ બાંધવાનું દોરડું (૪) વિ૦ ત્રણ પગ કે પદવાળું
ત્રિપરિમાણ ન૦ [સં ] લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈ કે જાડાઈ એ ત્રણ માપ જે દરેક પદાર્થને હોય તે; 'થ્રી ડાઇમેન્શન્સ' (ગ )
ત્રિપાઈ સ્ત્રી૦ [त्रि+पाद] ત્રિપદી,ત્રણ પાયાની ઘોડી; ટિપાઈ
ત્રિપાઠી પું૦ [સ ]વેદનો પાઠ કરવાની સંહિતા, પદ અને ક્રમ એ ત્રણે રીતો જાણનારો બ્રાહ્મણ (૨) એક અડક
ત્રિપાદ વિ૦ [સ ] ત્રણ પગવાળું
ત્રિપિટક પું૦[સં ] સુત્ત,વિનય અને અભિધમ્મ એ ત્રણ પ્રકારના બૌદ્ધ ગ્રંથોનો સમૂહ
ત્રિપુટ વિ૦ [સ ] ત્રણ પુટવાળું. -ટી સ્ત્રી૦ ત્રણનો સમૂહ, ત્રિક
ત્રિપુર ન૦ [સં ] મયે રાક્ષસો માટે આકાશ, અંતરિક્ષ અને પૃથ્વી ઉપર બાંધેલાં સોના, ચાંદી અને લોખંડનાં ત્રણ શહેર (૨) પું૦ (સં.)શિવે મારેલો એક રાક્ષસ -રારિ પું૦ [+સ. अरि] (સં.) શિવ
ત્રિપુંડ,-ડ્ર(૦ક) ન૦ [સ ] ત્રણ લીટીનું તિલક

**ત્રિફલા(-ળા)** સ્ત્રી૦ [સં.] હરડાં, બહેડાં ને આમળાનું ચૂર્ણ-એક ઔષધિ
**ત્રિફળું** વિ૦ ત્રણ ફળા-પાનાવાળું
**ત્રિભંગ(-ગી)** વિ૦ [સં.] ત્રણ ઠેકાણે વળેલું (૨) પું૦ એક છંદ
**ત્રિભાગવું** સ૦ક્રિ૦ ત્રણ સરખા ભાગ કરવા
**ત્રિભાજક** વિ૦ ત્રિભાગનારૂ (૨)'ટ્રાઇસેક્ટર'(ગ)
**ત્રિભુજ** પું૦, ન૦ [સં.] ત્રિકોણ
**ત્રિભુવન** ન૦ [સં] સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ એ ત્રણે ભુવન-લોક ૦પતિ પુ૦(સં)શિવ (૨) ઇંદ્ર
**ત્રિભેટો** પું૦ જ્યાં ત્રણ રસ્તા મળે તે જગા,ત્રિપથ
**ત્રિભોમ** સ્ત્રી૦ [ત્રિ+भूमि] ત્રિભુવન, સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ
**ત્રિભોયું** ન૦ [ત્રિ+भूमि-ભોય] + ત્રીજો માળ
**ત્રિમૂર્તિ(-ર્ત્તિ)** સ્ત્રી૦ [સં] બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનું ત્રિક
**ત્રિયા** સ્ત્રી૦ [સં. स्त्री, સર૦ હિં.] સ્ત્રી ૦રાજ્ય ન૦ સ્ત્રીઓનું રાજ (જુઓ કામરૂ) (૨) સ્ત્રીનું ચલણ હોવું તે
**ત્રિયામા** સ્ત્રી૦ [સં] રાત્રી
**ત્રિરંગી** વિ૦ ત્રણ રંગનું (૨) પું૦ સફેદ, લીલો અને કેસરી એ ત્રણ રંગવાળો રાષ્ટ્રધ્વજ
**ત્રિરાશિ** સ્ત્રી૦ [સં] આપેલી ત્રણ સંખ્યા કે રાશિ યા પદ ઉપરથી ચોથી સંખ્યા કે પદ કાઢવાની રીત (ગ) [-**માંડવી** = દાખલા કે હિસાબને ત્રણ પદોમાં ગોઠવી ત્રિરાશીની રીતે ગણવો, ત્રિરાશીની રીતે ગણતરી કરવી.]
**ત્રિલિંગી** વિ૦[સં त्रिलिंग](વ્યા.)ત્રણ લિંગવાળું (વિશેષણ) [પુ૦ ઇંદ્ર (૨) શિવ
**ત્રિલોક** પું૦, **-કી** સ્ત્રી૦ [સં] ત્રિભુવન. ૦નાથ
**ત્રિલોચન** પું૦ [સં] (સ) શિવ
**ત્રિવટ** પુ૦ [મ] ત્રિતાલ
**ત્રિવર્ગ** પુ૦ [સં] ત્રણનો સમૂહ ધર્મ, અર્થ અને કામ (૨) ક્ષય, સ્થિતિ અને વૃદ્ધિ (૩) સંગીતમાં એક અલંકાર
**ત્રિવર્ણ** પું૦ [સં] સંગીતમાં એક અલંકાર -**ર્ણી** વિ૦ ત્રણ રંગનું, ત્રિરંગી
**ત્રિવલિ(-લી)** સ્ત્રી૦ [સં.] પેટ ઉપર પડતી ત્રણ વલિ-વાટા કે કરચલી
**ત્રિવિક્રમ** પું૦ [સં.] (સ.) વિષ્ણુ
**ત્રિવિધ** વિ૦ [સં] ત્રણ પ્રકારનું
**ત્રિવેણિ(-ણી)** સ્ત્રી૦ [સં] ગંગા, યમુના અને સરસ્વતી (૨) તેમનો જ્યાં સંગમ થાય છે તે ધામ-પ્રયાગ (૩) ઇડા, પિંગલા અને સુષુમ્ણા એ ત્રણ નાડીઓનો સમુદાય (૪) શ્રી રાગની એક રાગણી. ૦**સંગમ** પું૦ જુઓ ત્રિવેણી ૧ અને ૨ [અડક, તરવાડી
**ત્રિવેદી** પું૦ [સં.] ત્રણ વેદ જાણનારો (૨) એક
**ત્રિશંકુ** પુ૦ [સં.] (સ.) અયોધ્યાનો રાજા, હરિશ્ચંદ્રનો બાપ [ત્રિશંકુની સ્થિતિ, દશા = અધવચ-અંતરિયાળ લટકી રહેવું તે, નહીં અહીંનું, નહીં ત્યાંનું એવી સ્થિતિ]
**ત્રિશિખ** ન૦[સં] ત્રિશૂલ (૨) (ત્રણ ટોચવાળો) તાજ; મુગટ, કલગી (૩) કોણી અને ખભા વચ્ચેનો હાથનો એક સ્નાયુ, 'ટ્રાઇસેપ'
**ત્રિશિર** ન૦[સં] જુઓ ત્રિશિખ ૧,૨ -**રા** પું૦ (સ) રામે મારેલો એક રાક્ષસ
**ત્રિશૂલ(-ળ)** ન૦ [સં] ત્રણ અણીઓ-ફળાંવાળું એક હથિયાર. ૦**પાણ(-ણિ)** પું૦ (સ.) હાથમાં ત્રિશૂલવાળા-શિવ
**ત્રિષ્ટુભ** પું૦ [સં] એક છંદ
**ત્રિસંધ્યા** સ્ત્રી૦[ત્રિ+संध्या]સવાર;બપોર અને સાંજ એ ત્રણે સમયનો સંધિકાળ કે તે વેળા કરાતો સંધ્યાવિધિ
**ત્રિસેંથિયા** (સેં૦) પુ૦[ત્રિ+सेंथी] એક ઘરેણું -દામણી [એ ત્રણ ધામ
**ત્રિસ્થલી(-ળી)** સ્ત્રી૦[સં] કાશી, પ્રયાગ, ગયા
**ત્રિસ્વર** વિ૦ [સં.] ત્રણ સ્વરવાળું
**ત્રીજ** સ્ત્રી૦ [સં. तृतीया] તીજ, પખવાડિયાની ત્રીજી તિથિ [પછીનું
**ત્રીજું** વિ૦ [સં तृतीय] તીજું, ક્રમમાં બીજા
**ત્રીઠ** સ્ત્રી૦ પીડા, દુખ
**ત્રીશ(-સ)** વિ૦ જુઓ તીસ -**શા(-સા)** પું૦બ૦વ૦ ૩૦×૧થી ૧૦નો ઘડિયો
**ત્રુટ** સ્ત્રી૦ ત્રુટી ૦**વું** અ૦ક્રિ૦ [સં त्रुट्] તૂટવું -**ટિ(-ટી)** સ્ત્રી૦[સં.]ઊણપ,ખામી,દોષ -**ટો** પુ૦ તોટો, ખોટ

થક(-કા)વવું સ૦ ક્રિ૦ 'થાકવું'નું પ્રેરક
થકવું અ૦ક્રિ૦ [दे थक्क, हिं. थकना]+થાકવું
થકાર, -રાન્ત [सं] જુઓ 'થ'માં
થકાવવું અ૦ ક્રિ૦ જુઓ થકવવું
થકિત વિ૦[स. स्थगित, प्रा थगिय, સર૦ हिं., म] ચકિત; દિગ્મૂઢ (૨) [સર૦ प्रा थक्क] સ્થિર થયેલું (?)
થકી અ૦ [જુઓ થકું] (૫) જુઓ થી
થકું અ૦ [स. स्थित, प्रा. थक्क પરથી ? સર૦ જૂનો એક પ્રત્યય थकउ] -ને લીધે, -ની વતી
થડ ન૦ [दे. थुड] ઝાડનો મૂળ જાડો ભાગ, જેમાંથી આગળ ડાળાંપાંખડાં ફૂટે છે (૨) [લા] વંશવૃક્ષનું થડ (૩) [ભરત કે ગીતમાં] મંડાણ (૪) ઉત્પત્તિસ્થાન, પ્રારંભસ્થાન [-થી પાંખડાં સુધી = આદિથી અંત સુધી થડ બાંધવું = શરૂઆત કરવી, મંડાણ કરવું]
થડ અ૦[રવ૦] ઠોકવાનો, પડવાનો કે અથડાવાનો રવ [-દઈને = થડ અવાજની સાથે]
થડક સ્ત્રી૦ [રવ૦, સર૦ म] બીક, ધ્રુજારી (૨) બોલતાં જીભ ચોટવી તે ૦(-કા)વું અ૦ક્રિ૦ બોલતાં જીભ ચોટવી કે ધ્રૂજવી, થડકા સાથે ઉચ્ચારણ થવું (૨) ધડકવું; ભયથી કંપવું (૩) ઊછળવું, ધબકવું. -કાટ પું૦ થડકવું તે -કાર(-રો) પું૦ થડ એવો અવાજ (૨) થડકો. -કો પું૦ થડકારો (૨) બોલવામાં અક્ષર પર પડતું જોર [(૨) ધ્રૂજવું
થડથડવું અ૦ક્રિ૦ [રવ૦] થડથડ અવાજ થવો
થડથડાટ પું૦ [રવ૦] થડથડવાની ક્રિયા
થડમાં અ૦ નજીક [ઉપર થડ અવાજથી
થડાથડ અ૦ [રવ૦] અથડાવાનો અવાજ, થડ
થડિયું ન૦ ['થડ' ઉપરથી] થડ કે થડનો મૂળ આગળનો ભાગ (૨) વંશવૃક્ષનું (પેટા) થડ
થડી સ્ત્રી૦ [दे थड = જૂથ, સમૂહ, સર૦ म] થપ્પી, ગંજ
થડું ન૦ જુઓ થડિયું
થડોથડ અ૦ અડોઅડ (૨) [રવ૦] જુઓ થડાથડ
થથડાવવું સ૦ક્રિ૦ [રવ૦] ધમકાવવું, ધધડાવવું
થથરડો પું૦ [જુઓ થથેડવું] જાડો લેપ-થર, થથેડો

થ(૦ર)થરવું અ૦ક્રિ૦[दे थरथर] કંપવું, ધ્રૂજવું (૨) [લા.] બીવું, ત્રાસવું થ(૦ર)થરાટ પું૦ થથરવું તે
થ(૦ર)થરાવવું સ૦ક્રિ૦ 'થ(૦ર)થરવું'નું પ્રેરક
થથેડવું સ૦ક્રિ૦ ['થર' ઉપરથી] જાડો થર થાય એમ લપેડવું. થથેડાવું અ૦ક્રિ૦ (કર્મણિ)
થથે(-થૈ)ડો પું૦ જુઓ થથરડો
થથૈયો પું૦ [રવ૦] નાચનારો
થથ્થો પું૦ થકાર
થનક, ૦થનક અ૦ [રવ૦] નાચવાનો અવાજ
થનગન, ૦થનગન અ૦[રવ૦] નાચવાનો અવાજ. [-કરી રહેવું = આનંદમાં કૂદવું (૨) કશું કરવાની કે ઊપડવાની અધીરાઈ દાખવવી] ૦વું અ૦ક્રિ૦ થનગન નાચવું કે ચાલવું -નાટ પું૦ થનગન ચાલવું તે (૨) જુસ્સો; તાન, થનથનાટ
થનથન અ૦ [રવ૦] નાચવાનો અવાજ [-કરી રહેવું = આનંદમાં કૂદવું.] ૦વું અ૦ક્રિ૦ થનથન નાચવું -નાટ પું૦ જુસ્સો, તાન, થનગનાટ
થપડાક, થપાટ સ્ત્રી૦ [રવ૦] લપડાક, તમાચો
થપેલી સ્ત્રી૦ ['થાપવું' ઉપરથી, प्रा. थप्पिअ = સ્થાપિત] થાપીને કરેલી જાડી પૂરી -લો પું૦ થાપીને બનાવેલો રોટલો
થપોડું(-લિયું, -લું) ન૦, -લી સ્ત્રી૦[જુઓ થપેલી] હાથથી થાપીને કરેલી ચીજ-ઘાટ
થપ્પડ સ્ત્રી૦ [રવ૦, અથવા प्रा थप्पण (स स्थापन) = ચોડી ઘાલવું, લગાવવું] તમાચો, થપડાક. [-ખાવી = તમાચ, ખાવી (૨) માર પડવો (૩) નુકસાન થવું, છેતરાવું (૪) પાઠ શીખવો, અનુભવે સાન ઠેકાણે આવવી. -ચોડી દેવી, મારવી, લગાવવી]
થપ્પી સ્ત્રી૦ [प्रा थप्प (स स्थाप्) ઉપરથી] એક ઉપર એક ગોઠવીને કરેલો ગંજ. [-મારવી, લગાવવી = થપ્પી કરવી] ૦થોડી સ્ત્રી૦ એક રમત
થપ્પો પું૦[સર૦ हिं ठप्पा] લપ્પો, (સાડી કબજા પર લગાવાતો) કસબવાળો વણાટ (-મૂકવો)
થબડાક અ૦ [રવ૦] દોડવાનો અવાજ
થબથબવું અ૦ ક્રિ૦ [રવ૦] થબ થબ થવું

**થમણી** સ્ત્રી૦ [સર૦ प्रा. थवणिया] થાપણ,મૂડી
**થયું** અ૦ ક્રિ૦ 'થવું'નું ભૂ૦ કા૦નુ ન૦ (થઈ સ્ત્રી૦, થયો પું૦) (૨) અ૦ બસ, પૂરતુ
**થર** પું૦ [સં. स्तर] પડ, વણું (૨) એકસરખુ બાઝેલુ કે ચોપડેલુ તે,પોપડો [સર. દે थर = દહીંની તર] (૩) [સર૦ દે. थड] ચડતી ઊતરતી ચૂડીઓનો જથો. [–ઉતારવો = ચણતરની એક હાર તોડી પાડવી (૨) પડ કાઢવું (૩) ચડઊતર ગાળાની ચડીઓ બનાવવી. –ચડાવવો = ઊ ચાણમા ચણતરની એક હાર વધારવી (૨) છોં કરવી(૩) ચડઊતર ચૂડીઓ પહેરાવવી –દેવો = થર મારવો. –પહેરવો = ચડઊતર ચૂડીઓ પહેરવી (૨) સ્ત્રીની જેમ વર્તવું –મારવો, દીવાલ વગેરે ઉપર છો કરવી ] –લેવો = ચણતરમાં થર ચડાવવો. (૨) થર મારવો ] [ કંપારી, મુંઝારી
**થરક** સ્ત્રી૦ [સર૦ થરથરવું, થડક] બીક, ધાક (૨)
**થરકવું** અ૦ ક્રિ૦ ધડકવુ; ભયથી કંપવું
**થરકાંકણ** ન૦ બ૦ વ૦ [થર+કાકણ] લગ્ન વખતે કન્યા પહેરે છે તે ચૂડીઓ–થર
**થરથર** અ૦ [દે. थरत्थर, थरथर, थरहर] ધ્રૂજે –કપે એમ ૦વું,–રાટ–રાવવું જુઓ 'થથરવું'મા –રાટી,–રી સ્ત્રી૦ થરથરાટ, કપ
**થરથરી** સ્ત્રી૦ કબૂતરની એક જાત (૨) જુઓ 'થરથર'માં [ધરાવું
**થરપવું** અ૦ ક્રિ૦ [સ. तर्प् ] (કા.) તૃપ્તિ પામવું;
**થરપાનેતર** ન૦ થર અને પાનેતર
**થરમો** પુ૦ એક જાતનુ કપડુ; દપોટો
**થરમોમિટર** ન૦ [ઇં] ગરમી માપક યંત્ર [–મૂકવું = તાવ જોવા તે યત્ર મો કે બગલમા મૂકવું, તેનાથી તાવ માપવો ]
**થરમોસ** ન૦ [ઇં] પોતાની અદરની વસ્તુની ગરમીઠંડી સાચવી રાખે એવી એક કાચની શીશી જેવી બનાવટ
**થરવું** સ૦ ક્રિ૦ ['થર' ઉપરથી] થર ચડાવવો(૨) ખાણમાં અનાજ ન બગડે એ માટે નીચે અને ચોમેર જુવારબાજરીના પૂળા ભરી લેવા (૩) [જડના] છેડાને ટીપીને નીકળી ન જાય એવો કરવો
**થરી** સ્ત્રી૦ કાચી કોઠીના પડની નીચેની સામ સામી બાજુએ હોય છે તે ઊંડા કાપો
**થરેરવું** (રે') અ૦ક્રિ૦ [દે. थरहर] થરથરવું; ત્રાસવું. **થરેરી** (રે') સ્ત્રી૦ થરથરાટ, ત્રાસ
**થવાવું** અ૦ક્રિ૦ 'થવુ'નુ ભાવે રૂપ
**થવું** અ૦ ક્રિ૦ [સ. स्था, प्रा. था ?] બનવું; અસ્તિત્વમા આવવુ, કાંઈ બનવુ–રચાવું કે તેની તૈયારી ચાલવી (કોઈ પદાર્થ, પ્રસગ કે ભાવ માટે વપરાય છે ઉદા૦ રસોઈ થઈ, બળવો, ક્રોધ, મોહ થવો) (૨) નીપજવું, પેદા થવું (જેમ કે, કહ્યે કશું નહિ થાય, ઝાડે ફળ થાય, ઉધરસ થવી ઇ૦)(૩)(અમુક સમય, અંતર, વજન, ઇ૦ પરિમાણ) અસ્તિત્વમા આવવુ, માપમા હોવું; ગુજરવું (સમય); (વજનમા) ઊતરવુ, ઇ૦ (જેમ કે કલાક થયો; વખત થાય છે. એક ગાઉ થાય. શાક મણ થયુ )(૪)લાગવુ, પ્રતીતિ પડવી (જેમ કે, મને એમ થાય છે કે જઈ આવું.) (૫) અનુભવમા આવવું, લાગુ પડવું (જેમ કે, મને દુઃખ થાય છે; એને રોગ થયો ઇ૦) (૬) વર્તમાન કૃ૦ની સહાયથી, તે ક્રિયા કરવા માંડવી એવો અર્થ બતાવે છે (જેમ કે ખાતો થા, ભણતી થા). [થઈ ચૂકવું, રહેવું (જુઓ 'થઈ'મા). થઈ જવું = પૂરુ થવુ (૨) સહેજે – આપોઆપ કે અજાણતા બનવું (ભૂલ થઈ ગઈ. કહ્યુ એટલે થઈ ગયુ !) (૩) થઈને ગુજરવું – વીતી જવુ (અકબર એક રાજા થઈ ગયો ). થતું નથી = બનતુ નથી, બની કે થઈ શકતુ નથી (૨) (સ્ત્રીનુ) અટકાવમા હોવું ] ['થાત,' 'થાય,' 'થા' તેના કેટલાંક રૂપો છે ]
**થળ** ન૦[प्रा थल] જુઓ સ્થળ ૦ચર વિ૦(૨) ન૦ જુઓ સ્થળચર ૦વટ ન૦ જમીનમાર્ગ
**થળવું** અ૦ક્રિ૦ જમીનતળ પર રેતી ફરી વળવી
**થળી** સ્ત્રી૦ સોની–કંસારાનુ એક ઓજાર (૨) [प्रा थली] જુઓ સ્થળી
**થંભ** પું૦ [प्रा.] સ્તભ; થાભલો ૦ન ન૦ થભવુ તે. ૦વું અ૦ક્રિ૦ [સ. स्तम्, प्रा थंभ] થોભવું (૨) વિસામો ખાવો
**થાક** પું૦ [જુઓ થાકવું] શ્રમ; થાકવુ તે. [–ઉતારવો = આરામ લેવો. –ઊતરવો =

આરામ થવો, તાળ ઘવું -ખાવો=આરામ લેવો -ચડવો=શ્રમની અસર થવી ] ૦લો પુ૦ આરામ; વિસામો [-ખાવો, -લેવો=વિસામો લેવો ] ૦વું અ૦ ક્રિ૦ [દે थक्क] કામ કર્યાને લીધે શિથિલ થવુ (૨) [લા.] કંટાળવું હારવુ [થાક્યાના ગાઉ=થાકેલાને અતિશય લાંબા-વસમા લાગતા ગાઉ.] -ક્યુંપાક્યું વિ૦ ઘણુ થાકી ગયેલું

થાગ પું૦ [દે. थाघ]+જુઓ થાહ, તાગ [-લાગવો=અંદાજ યા પત્તો મળવો ]

થાગડથી(-થીં)ગડ ન૦ જુઓ થીંગડથાગડ

થાટ પુ૦ [દે. थट्ट=સમૂહ ?] રાગને ઉત્પન્ન કરવાની શક્તિવાળો સ્વરસમુદાય (સંગીત)

થાણુ(-ણે)દાર પું૦ [થાણુ + દાર (फा)] થાણાનો અમલદાર (૨) ફોજદાર -રી સ્ત્રી૦ થાણદારનુ કામ-હોદ્દો

થાણું ન૦ [सं स्थान, प्रा० थाण] પડાવ કેન્દ્ર (૨) [દે. थाणय=ચોકી થાણુ] પોલીસચોકી, દેવડી (૩) [प्रा. थाणय (स्थानक)=ક્યારો] ખામણુ (વાવવા માટે).-ણેદાર પુ૦ થાણદાર

થાથરવું સ૦ક્રિ૦ જુઓ થથેડવું

થાથડો પું૦ થથેડો

થાથાથાબડી સ્ત્રી૦ [થા, થા (રવ૦)+થાબડવુ] થ બડી-પંપાળીને શાંત રાખવુ તે (૨) [લા] આળપંપાળ, પટામણી

થાન ન૦ [સર૦ न ] તાકો (૨) [प्रा. थण, स स्तन]સ્તન(૩)[स स्थान, प्रा थाण]સ્થાન(૪) ['થાણુ' ઉપરથી]નાકુ.૦ક ન૦ સ્થાન, રહેઠાણ

થાનેલો પું૦ [થાન, સ્તન] (કા) સ્તન, ધાઈ

થાપ સ્ત્રી૦ [રવ૦] થાપટ (૨) ભૂલથાપ, ધાપ, છેતરપિંડી(૩)[स स्थाप्, प्रा थप्प]થેપ, સ્થડ (૪) નરઘાનો વચલો કાળો ભાગ કે તેના પર વગાડાતો ઠોકો (૫)+ દરાવ. [-ખાવી=ભોળવાવું, ભૂલમાં પડવું, છેતરાવુ -દેવી, -મારવી=થાપટ મારવી (૨) છેતરવું (૩) તબલા ઉપર ઠોકો મારવો (૪) થેપ દેવી. -મારી જવું=છેતરી જવુ ]

થાપટ સ્ત્રી૦ [રવ૦] હાથના પંજાનો પ્રહાર ૦થાપટ અ૦ જુઓ થાબડથાબડ

થાપડી સ્ત્રી૦ [થાપવું પરથી] ટીપવા માટેનુ કડિયાનુ એક ઓજાર (૨) થપેલી (૩) થાપટ

થાપડો પુ૦ ['થાપવું' ઉપરથી]હોડીમાં માલ કે જાનવર ચડાવવાનુ પાટિયુ (૨) હોડી (૩) એક જાડી પૂરી (૪) (થોરનો) ફાફડો (૫) જાડો થેપ

થાપણ સ્ત્રી૦ [स. स्थापन, प्रा. थप्पण, थावण] મૂડી,પૂંજી(૨)લીંપણ(૩)ન્યાસ. [-ઓળવવી =કોઈએ મૂકેલી થાપણ ખાઈ જવી.-મૂકવી =ન્યાસ તરીકે સોંપવું -રાખવી=બીજાના ન્યાસ સાચવવા લેવા, તે રીતે કોઈ વસ્તુ રાખવી -સાચવવી ] ૦દાર વિ૦ સ્થાપનાર

થાપન ન૦ [જુઓ થાપણ] સ્થાપન, સ્થાપવું તે

થાપના સ્ત્રી૦ જુઓ સ્થાપના

થાપવું સ૦ક્રિ૦[सं. स्थाप्, प्रा थप्प] સ્થાપવુ(૨) થેપ-સ્થડ કરવો(૩)પહોળા હાથે દાબી દાબીને ચપટો આકાર ઘડવો (૪) [રવ૦]+થાબડવુ

થાપાડૂંડું ન૦(ચ.)(મોટી બેઠક ને પહોળા મોંનુ) રંગરેજનું મોટું ડૂંડું (૨) [લા] તેના જેવો બેહાડુ કે આળસુ માણસ

થાપી સ્ત્રી૦ જુઓ થાપડી [જાડું કપડુ

થાપેડું ન૦ ['થાપો' ઉપરથી] કમ્મરે વીંટવાનુ

થાપો પુ૦ [થાપવુ પરથી] પૂઠનો ભાગ, ઢગરો (૨) સોભાગ્યિુ (૩) કંકુવાળા પંજાની છાપ

થાબડથાબડ અ૦ધીરે ધીરે થાબડીને,થાપટ થાપટ

થાબડવું સ૦ ક્રિ૦ [રવ૦] ધીમે હાથે ઠોકવુ; પંપાળવુ-હળવે હળવે થાપવુ

થાબડી સ્ત્રી૦ થાબડવાની ક્રિયા(૨)જુઓ થાપડી

થાલ પુ૦ (કા.) રકમ વ્યાજે લેતાં આડમાં મુકાતી માલમિલકત

થાવર વિ૦ [प्रा] જુઓ સ્થાવર

થાહ પુ૦ [દે थाघ, સર૦ हिं] ઊંડાઈ કે કોઈ પરિમાણની હદ, તળિયુ, છેડો [-રહેવો=હદ કે માપમાં રહેવુ કે હોવું ]

થાળ પુ૦, સ્ત્રી૦ [स स्थाल, प्रा. थाल] મોટી થાળી(૨)ઠાકોરજીના નૈવેદ્યનો થાળ-પ્રસાદ(૩) એ ધરાવતી વખતનુ સ્તોત્રગાન. [-કરવો, -ધરવો=ઠાકોરજીને પ્રસાદ ધરવો -માનવો =અમુક કામ સિદ્ધ થાય તો નૈવેદ્યનો થાળ ધરવાની બાધા રાખવી ]

**થૂવર** પુ; સ્ત્રી૦ [જુઓ થુવેર] એક કાંટાળી વનસ્પતિ, થુવેર

**થૂળ** વિ૦ જુઓ થૂલ

**થૂંક** ન૦ [પ્રા. થુક્ક, સ. થૂત્કૃત] થૂ કરી મોમાંથી ફેંકાતી લાળ (૨) મોમાં ઝરતી લાળ [–આવવું = મોમાં લાળ ઝરવી –ઉડાડવું = ખાલી બકવાદ – લવારો કરવો] ૦દાની સ્ત્રી૦ થૂંક વગેરે ઝીલવાનું પાત્ર ૦વું સ૦ક્રિ૦ [સ થૂત્ક, પ્રા. થુક્ક] થૂંક બહાર ફેંકવું [થૂંકેલું ગળવું, –ચાટવું = બોલેલું વચન ન પાળવું]

**થેઈ, ૦થેઈ** અ૦ [રવ૦, સર૦ મ थैथै (०या), हिं] નાચનો અવાજ (૨) બાળકને ઊભું કરતાં બોલાતો ઉદ્‌ગાર. ૦કાર પું૦ થૈકાર, નાચના તાનનો ધ્વનિ

**થેક(–ગી)** સ્ત્રી૦ [દે थेग ?] એક છોડના મૂળમાંથી મળતો જુવાર જેવો ખાવાનો પદાર્થ (૨) કૂદકો

**થેકડો** પુ૦ કૂદકો, ઠેકડો

**થેકવું** અ૦ક્રિ૦ થેક – છલંગ મારવી (૨) સ૦ક્રિ૦ ઠેકવું, –ને કૂદી પાર કરવું (૩) બીબાથી ઠેકવું

**થેગી** સ્ત્રી૦ જુઓ થેક

**થેપ** સ્ત્રી૦ ['થાપવું' ઉપરથી] જાડું લીંપણ, જાડો લેપ ૦ડો પુ૦ જાડો થેપ (૨) ઊખડેલા લેપનું પોડું, પોપડો (૩) લાદમાટીનું કુંભારનું ફૂંડું. ૦ણી સ્ત્રી૦ થેપવાની ક્રિયા કે રીત ૦લી સ્ત્રી૦ લોદાને થેપીને બનાવેલી થપોલી ૦લું ન૦ થેપીને બનાવેલી ચીજ, થપોલું (૨) એક વાની. ૦વું સ૦ક્રિ૦ જાડું લીંપવું, થેપ કરવો (૨) લોદાને ધીમે દબાવી દબાવીને ઘાટ કરવો

**થેપાડું** ન૦ [સર૦ મ ठेपाऊ, –वू = પીતાંબર] ધોતિયું (સારી જાતનું) [થપોલી

**થેબડી** સ્ત્રી૦ છાબરી વાડકી (૨) ['થેપવું' ઉપરથી]

**થેભો** પુ૦ થોભિયો (૨) [સ स्तम्, પ્રા थंभ ઉપરથી] થાભલો, ટેકો

**થેર** પુ૦ [પ્રા] જુઓ સ્થવિર, વૃદ્ધ (બૌદ્ધ)

**થેરી** સ્ત્રી૦ [પ્રા.] સ્થવિરા, ભિક્ષુણી (બૌદ્ધ)

**થેરું** અ૦ ભણી, તરફ (૨) પાસે

**થેલી** સ્ત્રી૦ [दे थल्लिया, સર૦ મ थैली] કોથળી

**થેલું** ન૦ [સર૦ દે. थड = ટોળું] ટોળું, ઝોલું

**થેલો** પુ૦ [જુઓ થેલી] મોટી થેલી, કોથળો

**થૈકાર** પું૦ [સં] થેઈકાર

**થોક** પુ૦, સ્ત્રી૦ [દે. थक्क] જથો, ઝૂડો, ખરકલો. ૦ડી સ્ત્રી૦ નાનો ખરકલો ૦ડો પુ૦ મોટો ખરકલો ૦બંધ વિ૦ જથાબંધ, પુષ્કળ –કેથોક(–કે) અ૦ થોકબંધ, જથાબંધ

**થોડું** વિ૦ [સ. स्तोक, પ્રા थोक(–क्क, –न)] અલ્પ ('ઘણું'થી ઊલટું) [થોડા દહાડાનો, થોડી ઘડીનો પરોણો = મરણને કાંઠે પહોંચેલું] –ડાબોલું વિ૦ થોડું બોલનાર. ૦ક વિ૦ જરાક, થોડું ૦ઘણું વિ૦ થોડુંક, ઓછુંવત્તું –ડે થોડે અ૦ ધીમે ધીમે. –ડેરું વિ૦ (પ.) થોડું

**થોથ** સ્ત્રી૦ [સં तुस्तं ? સર૦ હિં थोथ = ખોખું હોવું તે] પોચ, કણ વગરની ડાંગર

**થોથડી** સ્ત્રી૦ અંગારામાં શેકેલી નાની બાટી

**થોથર** સ્ત્રી૦ [સ स्तर ? સર૦ મ थोंत(–थ)ली] મોં પરનો સોજો અને ફિક્કાશ

**થોથવાવું** અ૦ક્રિ૦ [રવ૦] તોતડાવું [થોથું

**થોથારિયું** ન૦ ['થોથું' ઉપરથી] નકામું પુસ્તક;

**થોથું** ન૦ [જુઓ થોથ; હિં. थोथा] પોલો સળેલો કણ (૨) ફાટેલુંતૂટેલું કે લખાણની દૃષ્ટિએ નકામું પુસ્તક (૩) બૂઠું તીર

**થોથો** પું૦ (સુ) પાંદડાં વગરનું કેળનું થડ

**થોભ** પું૦ [સં स्तोम, પ્રા. थोम] અટકવાપણું; અંત ૦ણ સ્ત્રી૦, ન૦ ટેકણ, અઢિંગણ ૦વું અ૦ક્રિ૦ કોઈ ક્રિયા કરતાં અટકવું; વિરામવું (૨) રાહ જોતાં ઊભા રહેવું, ખોટી થવું (૩) વિરામ પામવું, થોભ આવવો

**થોભા(–ભિયા)** પું૦ બ૦ વ૦ [મ. थोंब; (સ. स्तोम)] મૂછના બન્ને છેડા આગળ ગાલના ભાગ ઉપર વધારેલા વાળના ગુચ્છા (૨) સ્ત્રીઓના કલ્લાના ટેકણ

**થોર** (થો') પુ૦ [દે थोहर] એક કાંટાળી વનસ્પતિ, થૂવર –રિયો પું૦ થોરનું એક ફૂંઢું ડિંગલું – ટુકડો [થોરિયા રોપવા = કજિયા કે અણબનાવના બીજ રોપવા, ઝઘડાનું કારણ ઊભું કરવું] –રી સ્ત્રી૦ એક જાતનો થોર; ફાફડો (૨) તે થોરનાં ઝૂંડ કે તે ઊગેલી જગા

**થોરો** પુ૦ [સર૦ સ स्थविर, મ. थोर ?] ઢંગ, રીત

**થોલ** (થો) પુ૦ [સર૦ દે थोल = વસ્ત્રનો એક

**થાળી** સ્ત્રી૦[सं स्थाली, प्रा. थाली] એક વાસણ (૨)ગ્રામોફોનની થાળી [-જેવડું કપાળ = મોટું કપાળ(૨) સદ્ભાગ્ય, નસીબવાન હોવાપણું. -ઠોકવી, -પીટવી=થાળી વગાડીને જાહેર કરવું (૨) જાહેર કરવું. -ફેરવવી= થાળી પીટવી (૨) થાળી લઈને ઉઘરાવવું. -મૂકવી=ભાણું મૂકવું, પીરસવું (૨) ગ્રામોફોન પર વગાડવા થાળી ગોઠવવી.] ૦વાજું ન૦ 'ગ્રામોફોન'

**થાળું** ન૦ [सं. स्थाल, प्रा. थाल પરથી] ઘંટીનું ચોકઠું (૨) કૂવાના મોં ઉપર ચણીને બનાવેલી પાત્રાકાર જગા (૩) ભૂળના ગાંઠાવાળો થડિયાનો ભાગ

**થાળે પડવું**=વ્યવસ્થિત પાયા ઉપર આવવું, બરોબર ગોઠવાઈને ચાલતુ થવુ, રાગે કે ઠેકાણે પડવું ] [સર૦ दे. थाला=ધારા ]

**થાળો** પુ૦ [सं स्थाल] મોટી થાળી; ખૂમચો

**થાંથું** (૦) વિ૦ મંદ, સુસ્ત (૨) મેલું, ગંદુ

**થાંદલો** (૦) પુ૦ ['ફાદલો' ઉપરથી] ફાંદ (૨) [सं. स्तन, प्रा. थण ઉપરથી] ઢોરનું બાવલું

**થાંભલો** (૦) પું૦ [सं स्तंभ] લાકડાનો ઊભો ટેકો, સ્તંભ. -લી સ્ત્રી૦ નાનો થાંભલો

**થાંભો** (૦) પું૦ જુઓ સ્તંભ (૨) વરકન્યાને સ્નાન કરાવતા ચારે બાજુ ચાર દહીથરાં ઉતારે છે તે

**થિજાવવું** સ૦ક્રિ૦, **થિજાવું** અ૦ ક્રિ૦ 'થીજવું'નુ પ્રેરક ને ભાવે

**થિગડિયું** વિ૦ [થીગડું પરથી] થીગડાંવાળું; થીગડિયું

**થિયેટર** ન૦ [इं.] નાટકશાળા, રંગભૂમિ

**થિયોસોફી** સ્ત્રી૦ [इं] ઈશ્વર સબંધી એક જ્ઞાનદષ્ટિ–તત્ત્વવિચાર -ફિસ્ટ પુ૦ [इं] તેમાં માનનાર વ્યક્તિ

**થિરથિરા** સ્ત્રી૦ [સર૦ हिं] એક પક્ષી

**થી** [જુઓ થકુ; अप होन्तउ પરથી ?] ત્રીજી અને પાચમી વિભક્તિનો પ્રત્યય

**થીગડથાગડ** ન૦ જુઓ થીંગડથાગડ

**થીગડી** સ્ત્રી૦ [दे थिग्गल] જુઓ થીંગડી -ડું ન૦ થીગડું [થાબડી દુરસ્ત કરવું તે

**થીગણુ** ન૦ [दे थिग्गल અથવા सं स्थग ]ગાર

**થીજવું** અ૦ ક્રિ૦ [प्रा. थिज्ज थेज्ज, (सं स्थैर्य) પરથી, સર૦ म थिजणें] ઠરી જવું; જામવું

**થીનું** વિ૦[सं स्त्यान, प्रा. थीण्ण, थीण=કઠણ, જામેલું] થીજેલું; ઘટ્ટ

**થીર** વિ૦[प्रा. थिर] સ્થિર ૦તા સ્ત્રી૦ સ્થિરતા. ૦થાવર વિ૦ [થીર+થાવર; સર૦ म.] સ્થિર અને સ્થાવર; અચળ અને અમર

**થીરથૂમડું** ન૦[જુઓ થૂમડું] કણસલાનો જથો

**થીવર** વિ૦ જુઓ સ્થવિર, વૃદ્ધ (જૈન)

**થીંગડું** ન૦ [दे. थिग्गल] ફાટેલી જગા પર મૂકેલો બીજો કકડો [-દેવું, મારવું=થીંગડું લગાવવું, સીવવું ] -ડથાગડ ન૦ ઊખડેલા કે ફાટેલાની દુરસ્તી (૨) [લા ] જેવો તેવો–કામચલાઉ ઉપાય. -ડામારુ વિ૦ થીગડાં મારી ચલાવી લેનાર. -ડિયું વિ૦ જુઓ થિગડિયુ -ડી સ્ત્રી૦ નાનુ થીગડુ

**થુત્કાર** પુ૦ [सं ] થૂ અવાજ (૨)[લા ] ફિટકાર

**થુવેર** પુ૦, સ્ત્રી૦, -રિયો પુ૦ [दे. थोहर] થોરિયો, થૂવર

**થૂ**,૦**થૂ** અ૦ [प्रा , સર૦ दे णिट्ठुहिअ=થૂંક, -રવ૦] થૂંકવાનો અવાજ. [-કરવું=થૂંકવું; તિરસ્કાર દર્શાવવો ]

**થૂઈ** સ્ત્રી૦ [થૂ ઉપરથી] રમતમા, થૂ કરીને, તેમાથી વિરામ બતાવતો ઉદ્ગાર, તેવો વિરામ [-કરવી, -હોવી]

**થૂથો** પું૦ [सं. तुस्त] કૂચો (૨) રૂંછું

**થૂમડું** ન૦[सं स्तव=કણસલું, प्रा. थंव] જુઓ થીરથૂમડુ [સ્થૂળ, જાડું, મોટું

**થૂલ(-ળ)** વિ૦ [सं स्थूल, प्रा. थुल्ल. थूल]

**થૂલ** ન૦ [सं तूल] બાજરી વગેરેના કણસલા ઉપર થતી નાના ફૂલોની રુવાટી

**થૂલિયું** ન૦, -યો પુ૦ [જુઓ થૂલ ન૦] બાળકની જીભ પર થતો એક રોગ

**થૂલી** સ્ત્રી૦ [प्रा थुल्ली, જુઓ થૂલ વિ૦] ઘઉં વગેરેના ભરડેલા કકડા કે તેની વાની

**થૂલું** ન૦[ જુઓ થૂલ ]લોટને ચાળવાથી નીકળેલો છાલા વગેરેનો ભૂકો [-કાઢવું=દાણામાથી છાલા વગેરેનો ભૂકો જુદો કાઢવો(૨) ખૂબ થકવી નાખવું (૩) માર મારી હલકુ કરી નાખવું.]

**થૂવર** પું; સ્ત્રી० [જુઓ થુવેર] એક કાંટાળી વનસ્પતિ, થુવેર
**થૂળ** વિ० જુઓ થૂલ
**થૂક** ન० [प्रा. थुक्क, स. थूत्कृत] થૂ કરી મોમાંથી ફેંકાતી લાળ (૨) મોમાં ઝરતી લાળ [–આવવું = મોમાં લાળ ઝરવી –ઉડાડવું = ખાલી બકવાદ – લવારો કરવો] ૦દાની સ્ત્રી० થૂક વગેરે ઝીલવાનું પાત્ર ૦વું સ०ક્રિ० [सं थूत्कृ, प्रा. थुक्क] થૂ ક બહાર ફેંકવું [થૂંકેલું ગળવું, –ચાટવું = બોલેલું વચન ન પાળવું]
**થેઈ,૦થેઈ** અ०[રવ०, સર० म. थैथै (૦या), हिं ] નાચનો અવાજ (૨) બાળકને ઊભું કરતાં બોલાતો ઉદ્ગાર. ૦કાર પું० થૈકાર, નાચના તાનનો ધ્વનિ
**થેક(–ગી)** સ્ત્રી० [दे थेग ?] એક છોડના મૂળમાંથી મળતો જુવાર જેવો ખાવાનો પદાર્થ (૨) કૂદકો
**થેકડો** પું० કૂદકો, ઠેકડો
**થેકવું** અ०ક્રિ० થેક – છલંગ મારવી (૨) સ०ક્રિ० ઠેકવું, –ને કૂદી પાર કરવું (૩) બીઆથી ઠેકવું
**થેગી** સ્ત્રી० જુઓ થેક
**થેપ** સ્ત્રી० ['થાપવું' ઉપરથી] જાડું લીપણ, જાડો લેપ ૦ડો પું० જાડો થેપ (૨) ઊખડેલા લેપનું પોડું, પોપડો (૩) લાદમાટીનું કુ ભારનું ફૂડું. ૦ણી સ્ત્રી० થેપવાની ક્રિયા કે રીત ૦લી સ્ત્રી० લોદાને થેપીને બનાવેલી થપોલી ૦લું ન० થેપીને બનાવેલી ચીજ, થપોલું (૨) એક વાની. ૦વું સ०ક્રિ० જાડું લીપવું, થેપ કરવો (૨) લોદાને ધીમે દબાવી દબાવીને ઘાટ કરવો
**થેપાડું** ન० [સર० म ठेपाळ,–चू = पीतांबर] ધોતિયું (સારી જાતનું) [થપોલી
**થેબડી** સ્ત્રી० છાછરી વાડકી (૨) ['થેપવું' ઉપરથી]
**થેભો** પું० થાભિયો (૨) [स स्तंभ्, प्रा थंभ ઉપરથી] થાબલો, ટેકો
**થેર** પું० [प्रा.] જુઓ સ્થવિર, વૃદ્ધ (બૌદ્ધ)
**થેરી** સ્ત્રી० [प्रा.] સ્થવિરા, ભિક્ષુણી (બૌદ્ધ)
**થેરૂં** અ० ભણી, તરફ (૨) પાસે
**થેલી** સ્ત્રી० [दे थल्लिया; સર० म थैली] કોથળી
**થેલું** ન० [સર० દે. थड = ટોળું] ટોળું, ઝોલું
**થેલો** પું० [જુઓ થેલી] મોટી થેલી, કોથળો
**થૈકાર** પું० [सं.] થેઈકાર
**થોક** પું०,સ્ત્રી० [દ્દિ. थक्क] જથો, ઝૂડો, ખરકલો. ૦ડી સ્ત્રી० નાનો ખરકલો ૦ડો પું० મોટો ખરકલો. ૦બંધ વિ० જથાબંધ, પુષ્કળ –કેથોક(–કે) અ० થોકબંધ, જથાબંધ
**થોડું** વિ० [स. स्तोक, प्रा थोक(–क्क, –ा)] અલ્પ ('ઘણું'થી ઊલટું) [થોડા દહાડાનો, થોડી ઘડીનો પરોણો = મરણને કાંઠે પહોંચેલું] –ડાબોલું વિ० થોડું બોલનાર. ૦ક વિ० જરાક, થોડું ૦ઘણું વિ० થોડુંક, ઓછુંવત્તું –ડે થોડે અ० ધીમે ધીમે. –ડેરું વિ० (પ.) થોડું
**થોથ** સ્ત્રી० [सं. तुस्त ? સર० हिं थोथ = ખોખું હોવું તે] પોચ, કણ વગરની હાગર
**થોથડી** સ્ત્રી० અંગારામાં શેકેલી નાની બાટી
**થોથર** સ્ત્રી० [स स्तर ? સર० म थोंत(–थ)ली] મો પરનો સોજો અને ફિક્કાશ
**થોથવાવું** અ०ક્રિ० [રવ०] તોતડાવું [થોથું
**થોથારિયું** ન० ['થોથું' ઉપરથી] નકામું પુસ્તક;
**થોથું** ન० [જુઓ થોથ, हि. थोथा] પોલો સળેલો કણ (૨) ફાટેલુંતૂટેલું કે લખાણની દૃષ્ટિએ નકામું પુસ્તક (૩) બૂઠું તીર
**થોથો** પું० (સુ) પાંદડાં વગરનું કેળનું થડ
**થોભ** પું० [सं स्तोभ, प्रा. थोभ] અટકવાપણું; અંત ૦ણ સ્ત્રી०; ન० ટેકણ, અઢિંગણ ૦વું અ० ક્રિ० કોઈ ક્રિયા કરતાં અટકવું, વિરામવું (૨) રાહ જોતાં ઊભા રહેવું, ખોટી થવું (૩) વિરામ પામવું, થોભ આવવો
**થોભા(–ભિયા)** પું० બ० વ० [म. थोब, (सं. स्तोभ)] મૂછના બન્ને છેડા – આગળ ગાલના ભાગ ઉપર વધારેલા વાળના ગુચ્છા (૨) સ્ત્રીઓના કલ્લાંના ટેકણ
**થોર** (થો') પું० [दे थोहर] એક કાંટાળી વનસ્પતિ, થૂવર –રિયો પું० થોરનું એક ઝૂડું ડિગલું – ટુકડો [થોરિયા રોપવા = કજિયા કે અણબનાવના બીજ રોપવા, ઝઘડાનું કારણ ઊભું કરવું] –રી સ્ત્રી० એક જાતનો થોર; ફાફડો (૨) તે થોરના ઝૂંડ કે તે ઊગેલી જગા
**થોરો** પું० [સર० स स्थविर, म. थोर ?] ઢંગ, રીત
**થોલ** (થો) પું० [સર० दे थोल = વસ્ત્રનો એક

**પાવવું** ન૦ સ૦ક્રિ૦ + [सं. प्राप्; प्रा. पाव] મેળવવુ [(૨) વરસાદ

**પાવસ** ન૦ [सं. प्रावृष्; प्रा. पावस] ચોમાસુ

**પાવળું** ન૦ [જુઓ પળી] નાની પળી

**પાવિત્ર્ય** ન૦[स] પવિત્રતા [મેળવવુ,પાવવુ

**પાવું** સ૦ક્રિ૦ [सं. पा] પિવડાવવુ (૨) [हिं.]

**પાવૈ** સ્રી૦, ૦યો પુ૦ હીજડો, નપુસક

**પાવો** પું૦ [દે પાવય] એક જાતની વાસળી (૨) આગબોટનુ ભુગળુ વાગે છે તે-તેની સિસોટી [૦લી સ્રી૦ નાની પાશ

**પાશ** પુ૦ [दे. पास, सर० म पास] પાશિયુ

**પાશ** પુ૦ [स] ફાસો; ગાળો (૨) પશુપક્ષીઓને ફસાવવાનું શિકારીનુ સાધન (૩) [स] વરુણનુ આયુધ (૪) [લા] ફસાવવાની યુક્તિ

**પાશવ(-વી)** વિ૦ [स] પશુનુ; પશુના જેવુ

**પાશં(-સં)ગ** પુ૦ [જુઓ પાસગ] ત્રાજવાનો ધડો કાઢવા એક તરફ રખાતુ વજન

**પાશા** પુ૦ [तुर्की] હાકેમ (૨) તુર્કસ્તાનનો ઊચા દરજ્જાનો અમલદાર

**પાશિયું** ન૦ [दे. पास] પાશ, કરમડી કે શાંપડીમા મુકાતુ ધારવાળુ લોખડનુ ફળ (૨) શાપડી

**પાશુપત** પુ૦ [सं.] એક પ્રાચીન શૈવ સપ્રદાય (૨) તેનો અનુયાયી (૩) ન૦ શકરના તેજનુ દિવ્ય અસ્ત્ર

**પાશેર** પું૦ [પા+શેર] શેરનો ચોથો ભાગ **-રી** સ્રી૦ પાશેરનુ માપિયુ કે વજન **-રો** પું૦ પાશેર વજનનું કાટલુ [**પાશેરામાં પહેલી પૂણી**=તદ્દન શરૂઆત]

**પાશ્ચાત્ય** વિ૦ [सं] પશ્ચિમનુ, પશ્ચિમમા આવેલુ [વનસ્પતિ

**પાષાણ** પું૦ [सं.] પથ્થર ૦ભેદ પું૦ એક

**પાસ** પું૦ [सं स्पर्श, प्रा. फास, पासिय=स्पृष्ट] સ્પર્શથી પટ કે રગ બેસવો તે (૨) [લા] સોબતની અસર (૩) સ્રી૦ [सं पार्श्व, प्रा पास] બાજુ, પાસું (૪) અ૦ (૫) પાસે [**-બેસવો, લાગવો**=સ્પર્શથી રગ લાગવો (૨) સોબતની અસર થવી]

**પાસ** વિ૦ [इं.] પસાર, ફતેહમદ; સફળ (૨) મંજૂર, પસંદ (૩) પું૦ રજા કે મજૂરીની ચિઠ્ઠી [**-કાઢવો**=પાસ લખી આપવો **-પડવું**=ગમવુ, પસંદ આવવુ] ૦પોર્ટ પુ૦ દેશાનર જવા માટેનો પરવાનો ૦બુક સ્રી૦ બેંક સાથેની લેવડદેવડની નોધની ખાનેદારને મળતી ચોપડી

**પાસ(-હ)ટવું** સ૦ક્રિ૦ [स प्र+आ+शद्] પછાડવુ [પાહટી નાખવું=પછાડી નાખવું.]

**પાસલો** પું૦ [सं. पाश, प्रा पास] પાશ, જાળ (૨) [જુઓ પાસો] પાસાના આકારનો ધાતુ વગેરેનો લંબચોરસ કકડો (૩) સોનીનું એક ઓજાર

**પાસવાન** પુ૦ [फा पासवान] હજૂરિયો, નોકર

**પાસવું** સ૦ક્રિ૦ [सं. स्पर्श, प्रा फास, જુઓ પાસ] રગ બેસાડવા સારુ પ્રથમ ખડાશ વગેરેનો પાસ દેવો

**પાસંગ** પુ૦ [फा] જુઓ પાશગ

**પાસાખેલ** પુ૦ [પાસો+ખેલ] જુગાર

**પાસાતાણિયો** પુ૦ [પાસો+તાણવુ] સોનારૂપાના પાસલાને ખેચી ખેચી તાર બનાવનારો

**પાસાબંડી** સ્રી૦ [પાસુ+બડી] બે બાજુ કસો બાધવાની એક જાતની બડી

**પાસાશૂળ** ન૦ [પાસુ+શૂળ] પડખામા ફૂટતુ શૂળ (૨) [લા] હમેશાની નજીકની ઉપાધિ કે નડતર

**પાસિયું** ન૦ જુઓ પાશિયુ

**પાસું** ન૦ [सं. पार्श्व, प्रा. पास] પડખુ, બાજુ (૨) પક્ષ [**પાસામાં ઘાલવું**=ઓળવવું (૨) હૂફ આપવી, આશરો આપવો **પાસું દેવું**=પડખાનો ભાર મૂકવો (૨) સાથ કે મદદ આપવી **-ફેરવવું, બદલવું**=પડખુ બદલવું (૨) પક્ષ બદલવો (૩) ફેરવી તોળવું. **-મરડવું**=પડખુ બદલવુ (૨) વલણ ફેરવવુ **-વાળીને સૂવું**=નિરાતે સૂવુ **-સેવવુ**=તાબેદારી ઉઠાવવી; સેવા ઉઠાવવી]

**પાસે** અ૦ [सं पार्श्वे] નજીક (૨) પડખે, બાજુમાં (૩) તાબામા, કબજામાં (૪) સામે, આગળ

ો પું० [सं पाशक; प्रा पासग] ચોપટ મતામા વપરાતા અંક પડેલા લંબચોરસ કડામાનો એક (૨) ધાતુનો તેવો પાસલો ૩) [સ. पार्श्व] સૂપડામા સોવાની રીત; જુઓ પાહટો (૪) [જુઓ પાહો] ચને (ઢોરે) આંચળમા આવવા દેવુ તે પાસા અવળા પડવા=નસીબ પ્રતિકૂળ થવુ; નિષ્ફળતા મળવી -ઢાળવા=જુગારની મતમાં પાસા નાખવા, શરૂઆત કરવી. નાખવા, ફેંકવા=પાસા ઢાળવા (૨) વ-નસીબ-તરકીબ અજમાવી જોવાં. પોબારપડવા=ધારેલુ સિદ્ધ થવુ, સફળ તું -સવળા પડવા=નસીબ અનુકૂળ વુ, સફળ થવુ પાસે રમવું=જૂગટું મવું પાસો ચડવો=ચડતી કળા થવી; ાગ્યોદય થવો. -જાણવો=કપટયુક્ત ગુપ્ત ાગણા સમજવી -નાખવો=જુઓ પાસા ાખવા. -મૂકવો=જુઓ પાહો-પાગ્સો કરવો. -સમજવો=જુઓ પાસો જાણવો]

ટવું સ०ક્રિ० જુઓ પાસટવુ

ટો પું० [જુઓ પાહટવુ] સૂપડામા સોવાની ઝાટકવાની એક રીત. [-કરવો]

ણુ વિ० (પાકની ઋતુ વીત્યા) પછી, ાડેથી થતુ (પાક માટે)

ચે અ० [स पार्श्वे] બાજુએ, એકતરફ (ચ) ક,०પાહિ શ० પ્ર० [स] 'રક્ષણ કરો' ેવો ઉદ્ગાર

ા પુ० [જુઓ પાહટો] ઝાડકવુ તે. [-કરવો]

ા પુ० (ચ) જુઓ પારસો. [-મૂકવો]

(ળ,) સ્ત્રી० [सं पालि] તળાવ કે સરો- રનો કિનારો (૨) પ્રવાહીને વહી જતુ મટકાવવા કરેલી આડ [-તોડવી=મર્યાદા- ાભંગ કરવો (. પહેલા) પાળ બાંધવી =અગાઉથી ઉપાય કરવો. -બાંધવી= ર્યાદા બાધવી (૨) ઉપાય વિચારવો]

ન० [?] ગાયોના ટોળામા ભળીને આવતુ ાડપાડુઓનુ ટોળું [પારસું

ાણુ ન० [सं. पालन ઉપરથી] પાલણું,

ાવું સ० ક્રિ० [स. पालय्] રક્ષણ કરવુ (૨)ભરણપોષણ કરવુ(૩)પોષવું અને કેળવવું (૪) ભગ ન કરવો,-ની પ્રમાણે વર્તવુ, માનવુ (વચન, આજ્ઞા, વ્રત, રજા અગોજ્ઞે)

**પાળિયું** ન० ['પાળ' ઉપરથી] પાળ બાધી એક વોરિયા વડે પવાતા ક્યારાનો સમુદાય

**પાળિયો** પુ० [स पालि=પ્રશસા (૨) ચિહ્ન] સ્મારક તરીકે ઊભો કરેલો પથરો, ખાભી (૨) ['પાળ' ઉપરથી] ધોરિયો

**પાળી** સ્ત્રી० [स. पालिका] છરી (૨) [स पाली =પંક્તિ] વારો (૩) પાકી (૪) જુઓ પાળ (સ્ત્રી०)

**પાળું** વિ० (૨) ન० [स पाद ઉપરથી] પગે ચાલનારું. -ળો પું० પગપાળો મુસાફર (૨) પેઠળ, મુલકી કે લશ્કરી સિપાઈ (૩)

**પાંઉ** (०) પુ०, ન० [पो], ०રોટી સ્ત્રી० ડબલ રોટી

**પાંકડ(-ડું)** (०) વિ०[स.पक्व પરથી?]ગાભણુ થવાની ઉંમર છતા ન થયુ હોય એવુ (ઢોર)

**પાંકવું** (०) સ०ક્રિ० [સર० म पाग=ઉત્કટ ઇચ્છા] ઇચ્છવુ, ધારવુ (૨) [સર० म पागणे] ધરવુ, પકડવુ

**પાંખ** (०) સ્ત્રી० [स पक्ष] પક્ષીનો ઊડવાનો અવયવ (૨) લશ્કરની બે બાજુમાની એક (૩) છાપરાનો બે તરફનો બહાર પડતો ભાગ (૪)[લા] આશ્રય, પડખુ [**પાંખમાં ઘાલવું**=આશરો આપવો, હૂંફ આપવી **પાંખમાં ભરાવું**=સોડમા ભરાવું, આશરો લેવો. **પાંખમાં લેવું**=પાખમા ઘાલવુ. **પાંખો આવવી**=ઊડતા શીખવુ (૨)પુખ્ત ઉંમરનુ થવું, પોતાનુ સંભાળી શકાય એટલી શક્તિ આવવી(૩)ઊડી જવુ,નાસી જવુ,અદૃશ્ય થવુ. **પાંખો કાપી નાખવી**=અસહાય બનાવી દેવુ **પાંખો ફફડાવવી**=ઊડવાનો પ્રયત્ન કરવો (૨) છૂટવાના ફાંફાં મારવાં. **પાંખો વિસ્તારવી**=ફેલાવુ,પહોળા થવુ(૨)વશવેલો વધવો]

**પાંખડી** (०) સ્ત્રી० [दे. पक्खुडी, સર० हिं. पाखडी, म: पाकळी, पाकळी; का. पकळी] કળી ખીલતા છૂટા પડતા અવયવોમાનો દરેક

**પાવવું** ન૦ સ૦ક્રિ૦ + [सं. प्राप्; प्रा. पाव] મેળવવું [(૨) વરસાદ

**પાવસ** ન૦ [सं प्रावृष्; प्रा. पावस] ચોમાસું

**પાવણું** ન૦ [જુઓ પળી] નાની પળી

**પાવિત્ર્ય** ન૦ [स] પવિત્રતા [મેળવવું,પાવવું

**પાવું** સ૦ક્રિ૦ [स. पा] પિવડાવવું (૨) [हिं.]

**પાવૈ** સ્ત્રી૦, ૦યો પું૦ હીજડો, નપુંસક

**પાવો** પું૦ [दे पावय] એક જાતની વાંસળી (૨) આગબોટનું ભુંગળું વાગે છે તે-તેની સિસોટી [૦ળી સ્ત્રી૦ નાની પાશ

**પાશ** પું૦ [दे. पास, સર૦ म. पास] પાશિયું

**પાશ** પું૦ [स] ફાંસો ગાળો (૨) પશુપક્ષીઓને ફસાવવાનું શિકારીનું સાધન (૩) [स] વરુણનું આયુધ (૪) [લા.] ફસાવવાની યુક્તિ

**પાશવ(-વી)** વિ૦ [स] પશુનું; પશુના જેવું

**પાશં(-સં)ગ** પું૦ [જુઓ પાસંગ] ત્રાજવાનો ધડો કાઢવા એક તરફ રખાતું વજન

**પાશા** પું૦ [तुर्की] હાકેમ (૨) તુર્કસ્તાનનો ઊંચા દરજ્જાનો અમલદાર

**પાશિયું** ન૦ [दे. पास] પાશ, કરમડી કે રાંપડીમાં મુકાતું ધારવાળું લોખંડનું ફળ (૨) રાંપડી

**પાશુપત** પું૦ [सं.] એક પ્રાચીન શૈવ સંપ્રદાય (૨) તેનો અનુયાયી (૩) ન૦ શંકરના તેજનું દિવ્ય અસ્ત્ર

**પાશેર** પું૦ [પા+શેર] શેરનો ચોથો ભાગ **-રી** સ્ત્રી૦ પાશેરનું માપિયું કે વજન. **-રો** પું૦ પાશેર વજનનું કાટલું [**પાશેરામાં પહેલી પૂણી**=તદ્દન શરૂઆત]

**પાશ્ચાત્ય** વિ૦ [स] પશ્ચિમનું, પશ્ચિમમાં આવેલું [વનસ્પતિ

**પાષાણ** પું૦ [सं.] પથ્થર ૦ભેદ પું૦ એક

**પાસ** પું૦ [सं स्पर्श, प्रा फास, पासिय=સ્પૃષ્ટ] સ્પર્શથી પટ કે રંગ બેસવો તે (૨) [લા] સોબતની અસર (૩) સ્ત્રી૦ [सं पार्श्व; प्रा. पास] બાજુ; પાસું (૪) અ૦ (૫) પાસે [**-બેસવો, લાગવો**=સ્પર્શથી રંગ લાગવો (૨) સોબતની અસર થવી]

**પાસ** વિ૦ [इं.] પસાર, ફતેહમંદ; સફળ (૨) મંજૂર, પસંદ (૩) પું૦ રજા કે મંજૂરીની ચિઠ્ઠી. [**-કાઢવો**=પાસ લખી આપવો **-પડવું**=ગમવું. પસંદ આવવું] ૦પોર્ટ પું૦ દેશાનરે જવા માટેનો પરવાનો. ૦બુક સ્ત્રી૦ બેંક સાથેની લેવડદેવડની નોંધની ખાતેદારને મળતી ચોપડી

**પાસ(-હ)ટવું** સ૦ક્રિ૦ [स प्र+आ+शट्] પછાડવું [પાહટી નાખવું=પછાડી નાખવું.]

**પાસલો** પું૦ [स. पाश, प्रा पास] પાશ, જાળ (૨) [જુઓ પાસો] પાસાના આકારનો ધાતુ વગેરેનો લંબચોરસ કકડો (૩) સોનાનું એક ઓજાર

**પાસવાન** પું૦ [फा. पासवान] હજૂરિયો, નોકર

**પાસવું** સ૦ક્રિ૦ [स. स्पर्श, प्रा फास, જુઓ પાસ] રંગ બેસાડવા સારુ પ્રથમ ખટાશ વગેરેનો પાસ દેવો

**પાસંગ** પું૦ [फा] જુઓ પાશંગ

**પાસાખેલ** પું૦ [પાસો+ખેલ] જુગાર

**પાસાતાણિયો** પું૦ [પાસો+તાણવું] સોના-રૂપાના પાસલાને ખેંચી ખેંચી તાર બનાવનારો

**પાસાબંદી** સ્ત્રી૦ [પાસું+બંડી] બે બાજુ કસો બાંધવાની એક જાતની બંડી

**પાસાશૂળ** ન૦ [પાસું+શૂળ] પડખામાં ફૂટતું શૂળ (૨) [લા] હમેશાંની નજીકની ઉપાધિ કે નડતર

**પાસિયું** ન૦ જુઓ પાશિયું

**પાસું** ન૦ [स पार्श्व, प्रा पास] પડખું. બાજુ (૨) પક્ષ [**પાસામાં ઘાલવું**=ઓળવવું (૨) હૂંફ આપવી, આશરો આપવો **પાસું દેવું**=પડખાનો ભાર મૂકવો (૨) સાથ કે મદદ આપવી **-ફેરવવું, બદલવું**=પડખું બદલવું (૨) પક્ષ બદલવો (૩) ફેરવી તોળવું **-મરડવું**=પડખું બદલવું (૨) વલણ ફેરવવું **-વાળીને સૂવું**=નિરાંતે સૂવું. **-સેવવું**=તાબેદારી ઉઠાવવી; સેવા ઉઠાવવી]

**પાસે** અ૦ [स पार्श्व] નજીક (૨) પડખે, બાજુમાં (૩) તાબામાં, કબજામાં (૪) સામે, આગળ

**પાસો** પું૰ [સં पाशक, प्रा पासग] ચોપટ રમવામા વપરાતા અંક પાડેલા લંબચોરસ કકડામાંનો એક (૨) ધાતુનો તેવો પાસલો (૩) [સં. पार्श्व] સૂપડામા સોવાની રીત, જુઓ પાહટો (૪) [જુઓ પાહો] દૂધને (ઢોરે) આચળમા આવવા દેવું તે [**પાસા અવળા પડવા**=નસીબ પ્રતિકૂળ થવુ, નિષ્ફળતા મળવી **-ઢાળવા**=જુગારની રમતમા પાસા નાખવા, શરૂઆત કરવી. **-નાખવા, ફેંકવા**=પાસા ઢાળવા (૨) દાવ-નસીબ-તરકીબ અજમાવી જોવાં **-પોબારપડવા**=ધારેલુ સિદ્ધ થવુ સફળ થવું **-સવળા પડવા**=નસીબ અનુકૂળ થવુ, સફળ થવુ. **પાસે રમવું**=જૂગટુ રમવુ **પાસો ચડવો**=ચડતી કળા થવી; ભાગ્યોદય થવો **-જાણવો**=કપટયુક્ત ગુપ્ત ધારણા સમજવી **-નાખવો**=જુઓ પાસા નાખવા. **-મૂકવો**=જુઓ પાહો - પારસો મૂકવો. **-સમજવો**=જુઓ પાસો જાણવો]

**પાહટવુ** સ૰ક્રિ૰ જુઓ પાસટવુ

**પાહટો** પુ૰ [જુઓ પાહટવુ] સૂપડામા સોવાની -ઝાટકવાની એક રીત [-કરવો]

**પાહણુ** વિ૰ (પાકની ઋતુ વીત્યા) પછી, મોડેથી થતુ (પાક માટે)

**પાહવે** અ૰ [સ पार्श्वे] બાજુએ, એકતરફ (ચ)

**પાહિ,૦પાહિ** શ૰ પ્ર૰ [સ] 'રક્ષણ કરો' એવો ઉદ્ગાર

**પાહો** પુ૰ [જુઓ પાહટો] ઝાટકવુ તે [-કરવો]

**પાહો** પુ૰ (ચ) જુઓ પારસો. [-મૂકવો]

**પાળ (ળ,)** સ્ત્રી૰ [સ पालि] તળાવ કે સરોવરનો કિનારો (૨) પ્રવાહીને વહી જતુ અટકાવવા કરેલી આડ [**-તોડવી**=મર્યાદાનો ભંગ કરવો (.. પહેલા) **પાળ બાંધવી**=અગાઉથી ઉપાય કરવો **-બાંધવી**=મર્યાદા બાધવી (૨) ઉપાય વિચારવો.]

**પાળ** ન૰ [?] ગાયોના ટોળામા ભળીને આવતુ વાછડાવાછરુઓનું ટોળું [પારણું

**પાળણું** ન૰ [સં. पालन ઉપરથી] પાલણુ,

**પાળવું** સ૰ ક્રિ૰ [સ पालय्] રક્ષણ કરવુ (૨) ભરણપોષણ કરવુ (૩) પોષવું અને કેળવવું (૪) ભંગ ન કરવો, -ની પ્રમાણે વર્તવુ; માનવુ (વચન, આજ્ઞા, વ્રત, નિયમ ઇત્યાદિ)

**પાળિયું** ન૰ ['પાળ' ઉપરથી] પાળ બાધી એક ચોરિયા વડે પવાતા ક્યારાનો સમુદાય

**પાળિયો** પું૰ [સ पालि=પ્રશસા (૨) ચિહ્ન] સ્મારક તરીકે ઊભો કરેલો પથરો; ખાંભી (૨) ['પાળ' ઉપરથી] ચોરિયો

**પાળી** સ્ત્રી૰ [સ पालिका] છરી (૨) [સ पाली =પંક્તિ] વારો (૩) પાકી (૪) જુઓ પાળ (સ્ત્રી૰)

**પાળું** વિ૰ (૨) ન૰ [સ पाद ઉપરથી] પગે ચાલનારુ. **-ળો** પું૰ પગપાળો મુસાફર (૨) પેદળ, મુલકી કે લશ્કરી સિપાઈ (૩) પ્યૂ

**પાંઉ** (૦) પું૰, ન૰ [पो], **૦રોટી** સ્ત્રી૰ ડબલ રોટી

**પાંકડ(-ડું)** (૦) વિ૰[સં.पक्व પરથી?] ગાભણુ થવાની ઉંમર છતા ન થયુ હોય એવુ (ઢોર)

**પાંકવું** (૦) સ૰ક્રિ૰ [સર૰ મ पाग=ઉત્કટ ઇચ્છા] ઇચ્છવુ; ધારવુ (૨) [સર૰ મ पागणें] ધરવું, પકડવુ

**પાંખ** (૦) સ્ત્રી૰ [સ पक्ष] પક્ષીનો ઊડવાનો અવયવ (૨) લશ્કરની બે બાજુમાની એક (૩) છાપરાનો બે તરફનો બહાર પડતો ભાગ (૪)[લા] આશ્રય, પડખુ. [**પાંખમાં ઘાલવું**=આશરો આપવો, હૂંફ આપવી **પાંખમાં ભરાવું**=સોડમા ભરાવુ, આશરો લેવો. **પાંખમાં લેવું**=પાખમા ઘાલવુ **પાંખો આવવી**=ઊડતા શીખવુ (૨)પુખ્ત ઉંમરનુ થવું, પોતાનુ સંભાળી શકાય એટલી શક્તિ આવવી(૩)ઊડી જવુ,નાસી જવુ,અદૃશ્ય થવું. **પાંખો કાપી નાખવી**=અસહાય બનાવી દેવુ **પાંખો ફફડાવવી**=ઊડવાનો પ્રયત્ન કરવો (૨) છૂટવાના ફાંફાં મારવા. **પાંખો વિસ્તારવી**=ફેલાવુ, પહોળા થવુ(૨)વધારેલો વધવો]

**પાંખડી** (૦) સ્ત્રી૰ [હિં. पंखुड़ी, સર૰ હિં. पखड़ी, મ पाकळी, पाकळी; का पकळी] કળી ખીલતાં છૂટા પડતા અવયવોમાંનો દરેક

**પાંખડું** (૦) ન૦ [ જુઓ પાંખડી ] ડાળની બાજુએથી ફૂટતી નાની ડાળી (૨) [લા.] કુટુંબની શાખા (૩) ['પાંખ' ઉપરથી] પાખ જેવો અવયવ (માછલાં વગેરેનો)

**પાંખાળી** (૦) સ્ત્રી૦ ['પાખ' ઉપરથી] (કા) ઘોડીની એક જાત

**પાંખાળું** (૦) વિ૦['પાંખ' ઉપરથી]પાખવાળું (૨) દાતાવાળુ (૩) ડાળીવાળું

**પાંખિયું** (૦) ન૦ ['પાખ' ઉપરથી] પક્ષ, તડ (૨) ડાળી, શાખા (૩) દેશી તાળાનો કે કલ્લાનો એક બાજુનો નાનો છૂટો પડતો ભાગ (૪) કાતરનુ પાનુ

**પાંખું** (૦) વિ૦ છૂટું; આછું (૨) ન૦ [પાખ ઉપરથી] ચપ્પુનુ પાનુ **-ખાપણું** ન૦

**પાંગત(-થ)** (૦) સ્ત્રી૦[સર૦ हिं. पाँयँता,-त्ती; પગ - પાગ ઉપરથી ?]સ્ત્રી૦પથારી કે ખાટલાનો પગ તરફનો ભાગ

**પાંગરણ** (૦) ન૦ [स. प्रावरण, प्रा. पंगुरण, સર૦ म पांघरूण] પોતડી, પંચિયુ (૨)ચોળી (૩) ઓઢવાનુ વસ્ત્ર; પછેડી

**પાંગરવું** (૦) અ૦ક્રિ૦ [सं प्र+अंकुर કે प्रा. पंगुर=ઢાંકી દેવુ પરથી ?] અંકુર ફૂટવા

**પાંગરું** (૦) ન૦, **પાંગરો** પું૦ [सं प्रग्रह, प्रा. पग्गह, સર૦ म पांगड, पाग] પારણાને કે ખોઇયાને અધ્ધર ઝીલી રાખનાર દોરી (૨) ત્રાજવાની સેર(૩)ગોફણની બે બાજુની દોરી (૪) સુકાન તરફનો વહાણનો છેડો

**પાંગળું** (૦) વિ૦ [सं. पंगु. સર૦ म. पांगळा] પગે અપંગ (૨) [લા ] અશક્ત, નિર્બળ (૩) આધાર - ટેકા વિનાનુ

**પાંગુ** (૦) વિ૦ [सं पंगु, સર૦ म. पांगुळ] પાંગળું (૨) ન૦ ઢોર

**પાંગોઠું** (૦) ન૦ [સર૦ हिं पँखुडा, स. पक्ष પરથી ?]ખભાથી કોણી સુધીનો હાથનો ભાગ (૨)હાલવા ચાલવાના અવયવોના સાધા - મૂળ [**પાંગોઠાં ચાલવાં** = કામ કરી શકવુ **પાંગોઠાં ભાગવાં** = હાલવા ચાલવાની શક્તિ તૂટવી કે તોડવી(૨)હલાય - ચલાય નહીં તેવો માર પડવો કે મારવો ]

**પાંચ** (૦) વિ૦[सं पञ्चन्]'૫' [**-માણસમાં** = લોકમા; જાહેરમા કે સભામા. **-લોકમાં** = બધે; સૌ સારા માણસોમા. **-વરસનું** = જુવાન, આશાભર્યું ઉદા૦ હજુ પાંચ વરસનો બેઠો છુ **-શેરની** = બહુ ભૂંડી (ગાળ). **પાંચે આંગળીએ** = બધી રીતે, પૂરી ભક્તિથી (દેવ પૂજવા) ] **૦ડો** પું૦ પાંચનો આંકડો - ૫ **૦પટો** પુ૦ પટાદાર મશરૂ. **૦ભૌતિક** વિ૦ [स ] પાંચ મહાભૂત સંબંધી,-નું બનેલુ. **૦મ** સ્ત્રી૦ પખવાડિયાની પાંચમી તિથિ **૦મું** વિ૦ ક્રમમા ચોથા પછીનુ

**પાંચજન્ય** પુ૦ [सं.] (સ ) કૃષ્ણનો શંખ

**પાંચપટો, પાંચભૌતિક** [स ], **પાંચમ** જુઓ 'પાંચ'મા

**પાંચમણવું** (૦) સ૦ક્રિ૦ ખળામા તૈયાર થયેલા દાણાને વધારે સાફ કરવા ઊપણવુ

**પાંચમું** વિ૦ જુઓ 'પાંચ'માં

**પાંચશેરી** (૦) સ્ત્રી૦, **-રો** પું૦ પાંચ શેરનું કાટલુ [**-ફૂટવી** = નકામી માથાફોડ કરવી. **-બાંધવી** = ગળે જોતરું વળગાડવુ જ જાણે મા પડવુ ]

**પાંચાલી(-ળી)** સ્ત્રી૦[स ](સ ) પંચાલ દેશના રાજાની પુત્રી - દ્રૌપદી

**પાંચા** (૦) પુ૦બ૦વ૦['પાંચ' ઉપરથી] પાંચનો ગડિયો. **-ગિયા** પું૦ બ૦ વ૦ રાસનો પાંચ પાંચ ઠેકાવાળો પ્રકાર **-ચું** વિ૦ પાંચ ગણું ઉદા૦ એક પાંચું પાંચ

**પાંચો વાણિયો** (૦) પુ૦ વાણિયાની એક જાત

**પાંજણ, -ણી** (૦) સ્ત્રી૦ [સર૦ म पांजणी, स. पायय्, प्रा पज्ज ઉપરથી] નિયત સમયે જેનુ સેવન કર્યા વિના ન ચાલે તેવી ટેવ, બંધાણ (૨)સૂતરને પાવાની કાંજી કે તે પાવાની ક્રિયા

**પાંજર** (૦) ન૦ [स. प्र+अजिर] પાદર

**પાંજરું** (૦) ન૦ [स पंजर; સર૦ म पांजरा, हिं पाँजर] પશુપક્ષીને પૂરી રાખવા બનાવેલું સળિયાનુ ઘર(૨)તેવો કોઈ પણ ઘાટ(૩)પાંજરી (૪) અદાલતમા ન્યાયાધીશ સામે જવાબ આપવા ઊભા રહેવાની પાંજરા જેવી જગા [**પાંજરાનો પોપટ** = પરાધીન માણસ,જેમ બોલાવે તેમ બોલે એવો તાબેદાર **પાંજરામાં**

ઊભું રહેવું=ગુનેગાર કે સાક્ષી તરીકે કોર્ટની તપાસમાં ઊભા રહેવું. પાંજરામાં બોલાવવું=કોર્ટમાં કાયદેસર તપાસ માટે બોલાવવું] -રાપોળ સ્ત્રી૦ [સર૦ મ. पांजर(रा)पोळ]અગાઉ કે વરડાઢોરને રાખવાનું ધર્માદા સ્થાન ૦રાં ન૦બ૦વ૦ જુઓ કાધા-પાંજગ -રિયું વિ૦ પાંજરીવાળું (૨) ન૦ પાંજરું,બંદીખાનું(પ) -રી સ્ત્રી૦ [સર૦ म] કગંઠી ગૂંથીને કરેલી ગાડાની વાડ

પાંછી (૦) સ્ત્રી૦ પનિહણી, ટેવ

પાંટરું (૦) [જુઓ પાડું] ધોળું ફિક્કું

પાંટવ પું૦ [सं.] (સ) પાડુનો દીકરો

પાંડિત્ય ન૦ [सं] પંડિતાઈ [પિતા

પાંડુ વિ૦ [स] ફીકું (૨) પુ૦ (સ.) પાંડવોના

પાંડુર વિ૦ [सं] ફીકુ; ધોળું. ૦તા સ્ત્રી૦

પાંત (૦ત,) સ્ત્રી૦ [सं. पंक्ति, प्रा पंति सर० म. पाति] હાર; પંગત

પાંતી (૦) સ્ત્રી૦ [सं पंक्ति] પક્ષ; બાજુ (૨) રીત; માર્ગ (૩) ભાગ, હિસ્સો (૪) પરિમાણના વિભાગ પાડીને હિસાબ ગણવાની ગણિતની એક રીત (પ) જુઓ પાથી, ગેથી

પાંત્રીશ(-સ) (૦) વિ૦ [स पंचत्रिंशत्, प्रा पणतीन] '૩પ'

પાંથ પુ૦ [सं] મુસાફર ૦ક વિ૦ મરનારને અપાતો (દાનનો પિંડ)

પાંથી (૦) સ્ત્રી૦ [हि. पंति=કેશરચના] સેંથી [-પાડવી=વાળમાં સેંથી પાડવી.-પૂરવી= સેંથામાં સિંદૂર વગેરે ભરવું]

પાંદડી (૦) સ્ત્રી૦ [स पर्ण] જુઓ પાનડી -ડું ન૦ પર્ણ.[-ફરવું=ભાગ્ય બદલાવું, ભાગ્યોદય થવો. પાંદડે પાણી પાવું=ઘણું દુઃખ આપવું, રિબાવવું]

પાંપણ(૦) સ્ત્રી૦ [સર૦ म. पापण(स पक्ष्मन्?)] પોપચાની કિનારી ઉપરના વાળ -ણિયું ન૦ (કા) આસું (૨) ધઉંના ખેતરના બે શેઢા, જ્યાં ઘઉં સહેજ ઓછા ઊગે છે

પાંપલું(-ળું) વિ૦ [જુઓ પોપલુ] નિર્બળ, પોચું (૨) બાયલું, કાયર, -ળાં ન૦બ૦વ૦ દુર્બળ પ્રયત્ન

પાંશ(-સ)રું (૦) વિ૦ [स शरु=તીર પરથી?] સીધું; ડાહ્યું, પાધરું. [-કરવું=મારીને-ઠોકીને સીધું કરવું -ઊતરવું=અનુકૂળ બનવું -પડવું=અનુકૂળ થવું] ૦દોર વિ૦ [પાશરું + દોર] સીધુંદોર, આડાઈ વગરનું

પાંશુ(-સુ) સ્ત્રી૦ [स] ધૂળ. ૦લ વિ૦ ધૂળવાળુ (૨) ભ્રષ્ટ; દુરાચારી ['૬પ'

પાંસઠ (૦)વિ૦[स पंचषष्टि,प्रा पण्णट्ठि,पणसट्ठि]

પાંસરું,૦દોર જુઓ 'પાશરું'માં

પાંસળી (૦) સ્ત્રી૦ [प्रा पासल्ल (स पार्श्व) हिं. पासुरी] છાતીના માળાના બંને બાજુના હાડકામાંનું દરેક [-ખસવી,-ચસકવી=ઘેલા થવું, ડાગળી ચસકવી. -ઠેકાણે ન હોવી= ચસકેલા હોવું.] -ળું ન૦ જુઓ પાસળી. [પાંસળાં ખોખરાં કરવાં, ભાગવા= સખત માર મારવો.]

પાંસુ,૦લ [सं] જુઓ 'પાશુ'માં

પિક પું૦ [सं] કોકિલ, કોયલનો નર

પિક સ્ત્રી૦ (રવ૦ ?) [સર૦ [हिं पीक] થૂક, પીક (૨) પાનનું થૂક કે તેની પિચકારી. ૦દાની સ્ત્રી૦ થૂકદાની

પિકેટિંગ ન૦ [इं] પહેરો, ચોકી

પિખાડો પું૦ ['પીખવું' ઉપરથી] (સુ) વગોવણી, લોકમાં વાત થવી તે [પ્રેરક

પિખાવું,-વવું 'પીખવું'નું અનુક્રમે કર્મણિ ને

પિગળાવવું સ૦ક્રિ૦ 'પીગળવું'નું પ્રેરક

પિચકારી સ્ત્રી૦ [પિચ (રવ૦)+કારી] પાણીની સેડ (૨) સેડ છોડવાનું ભૂંગળી જેવું એક સાધન [-આપવી=ગુદાવાટે પાણી ચડાવવું; 'એનિમા' આપવો -છોડવી, -મારવી = પિચકારીથી છાંટવું.-લેવી='એનિમા' લેવો]

પિચંડ ન૦ [स] પેટ

પિચોટી સ્ત્રી૦ [फा पेचायेनाफ] આંબોઈ

પિચ્છ ન૦ [स] પીંછું

પિછવાઈ સ્ત્રી૦ [સર૦ हिं] એક જાતનું કપડું

પિછાણ(-ન) સ્ત્રી૦ [स प्रत्यभिज्ञान, हिं. पहिचान] માહિતી (૨) ઓળખાણ ૦વું સ૦ક્રિ૦ ઓળખવું

પિછોડી સ્ત્રી૦ [हिं पिछौरी] જુઓ પછેડી.

[-ઓઢવી=દેવાળું કાઢવું. -ઓઢાડવી= જુઓ 'અંધારપછેડી ઓઢાડવી'. પિછોડીમાં પથરો લઈને કૂટવું = મુદ્દો મૂકી ગમે તેમ બોલવું] -ડો પું૦ જુઓ પછેડો

**પિછોળિયું** ન૦ તીવ્ર દંશવાળું એક ઊડતું ઝીણું જંતુ [કર્મણિ ને પ્રેરક

**પિટાવું** અ૦ક્રિ૦, -વવું સ૦ક્રિ૦ 'પીટવું'નું

**પિતકોડી** સ્ત્રી૦ એક પક્ષી

**પિતપાપડો** પું૦ [સં. पीत (પીળું)+ પાપડી] ખાખરાની શિંગ; પલાશપાપડો

**પિતર** પું૦ [જુઓ પિતૃ] મૃત પૂર્વજ

**પિતરાઈ** પું૦ જુઓ પિત્રાઈ

**પિતરાણુ** સ્ત્રી૦ જુઓ પિત્રાણ

**પિતવાડો** પું૦ [પીત + વાડો] કૂવાના પાણીથી જ્યાં દર વર્ષે શિયાળુ-ઉનાળુ વાવેતર થતું હોય તેવું ખેતર

**પિત(-ત્ત)ળિયું** ન૦ ['પિત્તળ' ઉપરથી] પિત્તળનું નાનું વાસણ; છાલિયું

**પિતા** પું૦[સં.]બાપ ૦જી,૦શ્રી પું૦(માનાર્થે) ૦મહ પું૦ દાદા (૨) બ્રહ્મા. ૦મહી સ્ત્રી૦ દાદી -તુ પું૦ (પ.) પિતા; બાપ

**પિતૃ** પું૦ [સં.] બાપ (૨) પું૦બ૦વ૦ પૂર્વજો; મરી ગયેલા બાપદાદાઓ. ૦ઋણ ન૦ પિતૃઓ પ્રત્યેનું દેવું (જુઓ ઋણત્રય) ૦ઘાત પું૦ પિતાનો વધ. ૦ઘાતક, ૦ઘાતી વિ૦ પિતૃઘાત કરનાર. ૦તર્પણ ન૦ પિતૃઓનું તર્પણ કરવા આપેલી જલાંજલિ. પિતૃયજ્ઞ (૨) તર્જની અને અંગૂઠા વચ્ચેનો મધ્યભાગ ૦દેવ પું૦ પિતરો (૨) વિ૦ પિતાને દેવ તરીકે પૂજનાર ૦પક્ષ પું૦ શ્રાદ્ધપક્ષ (ભાદરવાનું કૃષ્ણપક્ષ) (૨) બાપ તરફનાં સગાસંબંધી. ૦ભક્તિ સ્ત્રી૦ પિતા પ્રત્યેનો ભક્તિભાવ ૦ભૂમિ સ્ત્રી૦ વતન, સ્વદેશ (સરખાવો માતૃભૂમિ) ૦યજ્ઞ પું૦ પિતૃતર્પણ (૨) પાંચ મહાયજ્ઞોમાંનો એક ૦લોક પું૦ મરણ પામેલા પિતૃઓ રહે છે એ સ્થાન ૦વ્ય વિ૦ પિતા સંબંધી (૨) પું૦ પિત્રાઈ (૩) કાકો ૦હત્યા સ્ત્રી૦ જુઓ પિતૃવધ

**પિત્ત** ન૦ [સં.] કલેજામાં પેદા થતો રસ, જે આંતરડામાં ઊતરી ખોરાકને પચાવે છે (૨) વૈદક પ્રમાણે શરીરની ત્રણ ધાતુઓમાંની એક (કફ, પિત્ત અને વાયુ). [-ઊતરવું= જુઓ પિત્ત બેસવું -ચડવું =પિત્ત વધી ગયાની (માથામાં) અસર થવી -માથે ચડવું =માથામાં પિત્ત વધવાની અસર થવી (૨) ગુસ્સે થવું, ચિડાવું. -બેસવું = પિત્તની અસર મટી જવી (૨) ક્રોધ શાંત થવો.] ૦જ્વર પું૦ પિત્તપ્રકોપથી થતો જ્વર. ૦પાપડો પું૦ પિતપાપડો (૨) પિત્તજ્વરને મટાડનાર એક જાતનું ઘાસ ૦પ્રકૃતિ વિ૦ શરીરમાં પિત્તના પ્રાધાન્યવાળું (૨)સ્ત્રી૦ પિત્તનું પ્રાધાન્ય (૩) [લા.] આકળો-ગરમ મિજાજ. -ત્તાશય ન૦ [+આશય] શરીરનો પિત્તનો અવયવ -ત્તો પું૦ [સં. पित्त] પિત્ત (૨) [લા.] ક્રોધની તીવ્ર લાગણી. [-ઊછળવો, ખસવો, હાથમાંથી જવો=ગુસ્સે થઈ જવું]

**પિત્તળ** ન૦ [સં., પ્રા. पित्तल] તાંબા અને જસતની મિશ્ર ધાતુ

**પિત્તળ સ્વભાવનું** વિ૦['પિત્ત' પરથી?]ચીડિયું; સહેજમાં તપી જાય એવું (૨) ઓછું પાત્ર

**પિત્તળિયું** ન૦ છાલિયું, પિતળિયું

**પિત્રાઈ** પું૦ [સં. पितृव्य] કાકાના છોકરા; સાતમી પેઢી સુધીમાં એક બાપનો વંશજ (૨) વિ૦ પિતા સંબંધી -ણ વિ૦ સ્ત્રી૦ પિત્રાઈને ત્યાં જન્મેલી -ણ(-ણી) સ્ત્રી૦ પિત્રાઈની વહુ

**પિત્રી** પું૦ મરણ પામેલો પૂર્વજ, પિતર

**પિધાન** ન૦ [સં.] બંધ કરવું તે (૨) ઢાંકી દેવું તે. ૦યુતિ સ્ત્રી૦, (પૃથ્વી સિવાયના) ગ્રહોનું પરસ્પર ઢંકાવું તે

**પિન** સ્ત્રી૦ [ઇં.] ટાંકણી (૨) સ્ત્રીઓ વેણી કે સાલ્લો સંકેલવામાં વાપરે છે તે બનાવટ

**પિનાક** ન૦ [સં.] (સં.) શિવનું ધનુષ ૦પાણ (-ણિ),-કી પું૦ (સં.) શિવ [મીઠી

**પિપરમીટ** સ્ત્રી૦ [ઇં. पीपरमिन्ट] જુઓ ખાટી-

**પિપાસા** સ્ત્રી૦ [સં.] તરસ -સુ વિ૦ તરસ્યું

**પિપીલિકા** સ્ત્રી૦ [સં.] કીડી ૦માર્ગ પું૦ ધીમે ધીમે પણ ખંતથી અચૂક કામ કરવાની

રીત. ૦વૃત્તિ સ્ત્રી૦ સંગ્રહ કરવાનું વલણ
પિપૂડી સ્ત્રી૦[રવ૦] ફૂંકીને વગાડવાની ભૂંગળી, પીપી [–વગાડવી=પીપી ફૂંકીને વગાડવી (૨) એકની એક વાત કહ્યા કરવી – ગાયા કરવી (૩) ખુશામત દાખલ સૂર પુરાવવો, હા એ હા જણાવી ]
પિપ્પલ પું૦ [સં ] પીપળો [(વર્તમાન કૃ૦)
પિબંતુ વિ૦ [સં. पिबन्त ઉપરથી] + પીતુ
પિમળાટ પું૦ ['પીમળવું' ઉપરથી] સુવાસ
પિમળાવવું સ૦ક્રિ૦ 'પીમળવું'નું પ્રેરક રૂપ
પિય(–યે)ર (પિં')ન૦[સં पितृगृह, प्रा पिइहर] સ્ત્રીના માબાપનું ઘર
પિયરપનોતી (પિં') વિ૦સ્ત્રી૦ પિયરમાં ભાઈ-ભાંડુવાળી –રિયું ન૦ પિયરનું સગું
પિયળ સ્ત્રી૦ [સં. पीत, प्रा. पीअल ઉપરથી ] પીયળ, કપાળમાં કરેલી કંકુની અર્ચા
પિયાજ ન૦ [फा ] કાંજે, ડુંગળી
પિયાણું ન૦ જુઓ પ્રયાણ
પિયાનો પું૦ [इं ] એક વિદેશી વાજિંત્ર
પિયારું વિ૦ [ પ્યારું ઉપરથી] + પ્યારું (૨) [अप पिआर(सं प्रियतर)] પ્યારું [પ.]
પિયાવો પું૦ ['પિવાડવું' ઉપરથી] પાણી પાયાનું ખર્ચ, [illegible]
પિયુ પું૦[अप पिअक्ड(सं प्रीणयितृ)] પતિ
પિયેર, –રિયું (પિં') ન૦ જુઓ 'પિયર'માં
પિરસણું ન૦ [सं परिवेषण, प्रा परिवेसण] પીરસવું તે (૨) પીરસેલું ભાણું (૩) નાત વગેરે અંગે ઘેર ભાણું પીરસવું તે. [–મોકલવું=તે અંગે ઘેર ભાણું દાખવું ]–ણી સ્ત્રી૦ પીરસવું તે. –ણું ન૦ પીરસવાનું પાત્ર કે ચીજ
પિરસાવવું સ૦ક્રિ૦ 'પીરસવું'નું પ્રેરક
પિરાઈ સ્ત્રી૦ જુઓ પેરાઈ
પિરામિડ પું૦ [इं] પ્રાચીન મિસરી રાજાના મૃતદેહ ઉપર બંધાવેલી મોટી શંકુ આકારની સમાધિ–કબર (૨) શંકુ આકાર
પિરિ સ્ત્રી૦ [सं पर्वन्, સર૦ म पेर] + પેર, પ્રકાર (૨) જુઓ પેરી
પિરોજ,–જી(-જું) જુઓ 'પીરોજ'માં
પિલાઈ સ્ત્રી૦ ['પીલવું' ઉપરથી]પીલવું તે (૨) તેનું મહેનતાણું –મણ ન૦, –મણી સ્ત્રી૦ પીલવાનું મહેનતાણું
પિલાવવું સ૦ક્રિ૦, પિલાવું અ૦ક્રિ૦'પીલવું'નું પ્રેરક ને કર્મણિ [નો પીલો
પિલોડિયું ન૦['પીલો' ઉપરથી] જુવારબાજરી-
પિલ્લું ન૦ ['પિંડલું' ઉપરથી] વીંટીને કરેલો દડો–ગોટો [પ્રેરક ને કર્મણિ
પિવડાવવું સ૦ક્રિ૦,પિવાવું અ૦ક્રિ૦ 'પીવું'નું
પિશંગ વિ૦[सं.] બદામી રંગનું
પિશાચ પું૦;ન૦[सं ] અવગતિયો જીવ, પ્રેત (૨) ભૂતપ્રેત જેવી એક હીન યોનિ ૦ણી, –ચી સ્ત્રી૦ પિશાચ સ્ત્રી
પિશિત ન૦ [सं ] માંસ [૦તા સ્ત્રી૦
પિશુન વિ૦[सं.]કઠોર (૨) નીચ (૩) ચાડિયું.
પિષ્ટ વિ૦[सं.] કૂટેલું, પીસેલું (૨) પું૦ ભૂકો, લોટ ૦પશુ પું૦;ન૦ પશુને બદલે લોટની કણકના પિંડનું બળિદાન ૦પેષણ ન૦ પુનરુક્તિ, એકનું એક ફરી ફરી કહેવું તે
પિસર પું૦ [फा ] છોકરો, દીકરો
પિસાવવું સ૦ક્રિ૦,પિસાવું અ૦ક્રિ૦ 'પીસવું'-નું પ્રેરક ને કર્મણિ [पणयालीस] '૪૫'
પિસ્તાળીસ વિ૦ [सं पञ्चचत्वारिंशत्, प्रा.
પિસ્તું ન૦ [फा ] પસ્તુ, એક મેવો
પિસ્તોલ સ્ત્રી૦[पो ] નાની બંદૂક તમંચો
પિહિત વિ૦ [सं ] બંધ કરેલું (૨) ઢાંકેલું; છુપાવેલું
પિહિરણું ન૦ [ જુઓ પહિરાવવું ] + પોશાક
પિહૂડો પું૦ [दे पिहुल] પીહવો
પિહેર ન૦ + પિયેર [પ્રેરક ને કર્મણિ
પિળાવવું સ૦ક્રિ૦, પિળાવું અ૦ક્રિ૦ 'પીળવું'નું
પિંગલ(–ળ) વિ૦ [सं ] લાલાશ પડતા પીળા રંગનું (૨) ન૦ છંદશાસ્ત્ર (૩) [લા ] અત્યંત વિસ્તાર [–કરવું=લાંબું લાંબું ટાયલું કરવું; અતિશયોક્તિથી વધારવું–લંબાણ કરવું ] ૦કાર પું૦ પિંગલ બનાવનાર –લા(–ળા) સ્ત્રી૦ હઠયોગમાં માનેલી ત્રણ પ્રધાન નાડીઓમાંની એક (ઇડા, પિંગળા, અને સુષુમ્ણા) (૨) વિ૦ સ્ત્રી૦ લાલાશ પડતા પીળા રંગની. –ળાક્ષી વિ૦ સ્ત્રી૦ કોવે પિંગળ આંખવાળી

-ળા જોશી(-ષી) પું૦ માત્ર સારું સારું કહે એવો જોશી. -ળું વિ૦ જુઓ પિંગલ

**પિંઆણી** સ્ત્રી૦ [सं. पिंग (કેસર, કંકુ)]કંકાવટી (૨) ધુપેલની વાડકી

**પિંજર** ન૦ [सं] પંજર, પાંજરું

**પિંડ** પું૦ [सं] ગોળો (૨) પિતૃઓ નિમિત્તે લોટ કે ભાતનો વાળેલો ગોળો (૩) શરીર [-આપવો=પિંડ મૂકવો. -પડવો=ગુજરી જવું. -પામવો=મરણ બાદ પોતાની સંતતિ દ્વારા શ્રાદ્ધાદિ ક્રિયામાં પિંડ અપાવો -મૂકવો =મરણ પામેલા પાછળ પિંડ વગેરે વડે શ્રાદ્ધ કરવું.-વહેરવો=શ્રાદ્ધક્રિયામાં પિંડના બે ભાગ કરવા. -વાળવા=શ્રાદ્ધમાં અર્પણ કરવા ભાતના ગોળા બનાવવા. -સ્થાપવો= શ્રાદ્ધક્રિયામાં પિંડનું સ્થાપન કરવું ]૦દાન ન૦ શ્રાદ્ધમાં પિંડ અર્પણ કરવો તે. ૦પોચું વિ૦ સ્વાર્થી. ૦લું ન૦ જુઓ પિંડું. ૦લો પું૦ પિંડો [પિંડર(તુચ્છકારમાં)

**પિંઢાર(-રો)** પું૦[सं] ભરવાડ -રિયો પું૦

**પિંડી** સ્ત્રી૦ [सं पिण्डिका; प्रा पिंडिया] પગના નળાની પાછળનો માંસનો લોચો (૨) શિવલિંગ

**પિંડું** ન૦ [सं पिंड ઉપરથી] પિલ્લું -ડો પું૦ વાટેલો કે વાળેલો ગોળો-ગોટો (કણક, માટી, દોરા ઇ૦નો) [-કરવો, -વાળવો]

**પિંઢોળિયું,પિંઢોરી** વિ૦(૨) ન૦ [प्रा.पिंडघर (सं पिंडगृह)] પીઢેરી, માટીની ભીંતોનું (ઘર)

**પી** અ૦[રવ૦] તિરસ્કારાર્થ ઉદ્ગાર હુરિયો(૨) પિપૂડીનો રવ [-કરવી, -બોલાવવી =હુરિયો કરવો]

**-પીઉ** વિ૦ ['પીવું' ઉપરથી] (સમાસને અંતે) પીનાર

**પીક** ન૦[म] પાક, મોલ (૨) સ્ત્રી૦ જુઓ પિક (૩) તેની પિચકારી

**પીખવું** સ૦ક્રિ૦ [सं. प्रेक्ष्, प्रा पिक्ख (પ્રેક્ષા કરવી)] (સુ.) વગોવણી કરવી, નિંદવું

**પીગળવું** અ૦ક્રિ૦ [सर० म पघळणें (सं. प्रगलन)] ઓગળવું, પ્રવાહી થવું (૨) [લા.] (દયાથી) ઢીલું-નરમ થવું

**પીછ** ન૦ [सं पिच्छ] પીછું. -છી સ્ત્રી૦ [सं. पिच्छिका, प्रा. पिच्छी] વાળ, પીછાં કે તેવી બીજી વસ્તુની હાથાવાળી બનાવટ (માખો ઉરાડવાની,ચીતરવાની,ઘરેણાં ધોવાની વગેરે). -છીઊંજણી સ્ત્રી૦ જુઓ પીંછીઊંજણી -છું ન૦ પીછ (૨) તેની કલમ. [પીછાનું પારેવું કરવું=રજનું ગજ કરવું પીછાંનો કાગડો=રજનું ગજ.]

**પીછેહઠ** સ્ત્રી૦[हिं] પાછા હઠવું કે પડવું તે, હાર

**પીછો** ન૦[સર૦ हिं : प्रा. पिच्छ=પૂંછડું] કેડો, પૂઠ.[-પકડવો, -લેવો=પાછળ પડવું,કેડો લેવો (૨) ખણખોદ કર્યા કરવી (૩) સતાવવું]

**પીટ** સ્ત્રી૦ ['પીટવું' ઉપરથી]માર [-પડવી= માર પડવો (૨) પસ્તાળ પડવી]

**પીટવું** સ૦ક્રિ૦ [प्रा पिट्ट] ખૂબ મારવું (૨) મૂએલાની પાછળ કૂટવું (૩) ઠોકવું, વગાડવું (દાંડી) -ણી સ્ત્રી૦ પીટવું તે, માર (૨) કૂટવું તે **પીટયું** વિ૦ મૂઉં (સ્ત્રીઓમાં ગાળ તરીકે)

**પીઠ** ન૦[सं] (દેવ,આચાર્યાદિનું) સ્થાનક (૨) સ્ત્રી૦ બજાર (૩) બજારભાવ [-ઊઘડવી= બજારભાવ મંડાવો -ટકી રહેવી=બજારભાવ ટકી રહેવો]

**પીઠ** સ્ત્રી૦ [सं. पृष्ठ, प्रा पिट्ठ]વાંસો [-આવવી =વાંસો છોલાઈને પાકવો. -ઉઘાડી પડવી =પીઠબળ ન રહેવું. -ઊપડવી=પીઠ આવવી -ચોરવી=પાછું પડવું; બીવું -ઠોકવી, થાબડવી=પ્રોત્સાહન આપવું, મદદ કરવી -ઢાંકવી=ઉઘાડું ન પડવા દેવું; મદદ કરવી -દેખાડવી=પાછું પડવું, હાર ખાઈ નાસવું -દેવી=મદદ કરવી -ધરવી=મદદ કરવી (૨) માર ખાવા માટે પીઠ રજૂ કરવી. -પર હાથ ફેરવવો=આશ્વાસન આપવું (૨) ઉત્સાહ આપવો. -પાછળ મૂકવું=રાખી મૂકવું, ઉપયોગમાં ન લેવું (૨) સંતાડવું, ઓળખવું -પાડવી = સવારીમાં પળોટવું -પૂરવી= પાછળ રહી મદદ કરવી -ફેરવવી=તજી દેવું; તરછોડવું -બતાવવી=જુઓ પીઠ દેખાડવી -ભાગવી (કામની)=અઘરું કામ કરવા માંડીને તેનું અઘરાપણું તોડી નાખવું.

-લેવી=પૂઠ પકડવી, પાછળ પડવું (૨) આગ્રહથી માગવું (૩) દુખ દેવું (રોગે, બોલએ). પીઠનું જોર=પીઠબળ પીઠે કાળજું હોવું=બહાદુર હોવું પીઠે પેટ ચોટવુ =ભૂખે મરવુ(૨) સુકલકડી થઈ જવું] ૦બળ ન૦ પાછળ રહીને જોર દેવું બળ [-હોવું=પાછળથી બીજા લોકોનું બળ મદદમા હોવું.] ૦મર્દ(-રદ) પુ૦+નાયકને મદદ કરનાર [વાની

પીઠલું ન૦ [म, सं पिष्ट] ચણાના લોટની એક

પીઠિકા સ્ત્રી૦[सं] બાજઠ(૨)મૂર્તિ કે થાભલાની બેઠક-આધાર (૩) વંશાવલિ (૪) ભૂમિકા (૫) પ્રકરણ, ખંડ

પીઠી સ્ત્રી૦ [सं पिष्ट, प्रा. पिट्ठ] લગ્નપ્રસંગે વર કન્યાને શરીરે ચોળવાનો પીળો સુગંધી પદાર્થ. [-ચડવી, -ચોળવી]

પીઠું ન૦[सं पीठ] બજાર કે દુકાન (ખાસ કરીને લાકડાનુ અને દારૂતાડીનુ) (૨) [सं पिष्ट, प्रा. पिट्ठ] અડદની વાટેલી દાળનુ ખીરુ (૩) અડદ, ચણા કે ચોળાના લોટનુ ખીરુ (૪) પીઠલુ

પીડ સ્ત્રી૦ [सं पीडा] પીડા; દુખ (૨) ચૂંક, આંકડી (૩) વેણ, પ્રસવવેદના (૪) દાતે મૂકવાના રંગની લૂગદી

પીડક વિ૦[सं.] પીડા કરનાર [દાબવુ તે

પીડન ન૦[सं] પીડા (૨) પીડવું-પકડવુ કે

પીડવું સ૦ક્રિ૦[सं पीड्] દુખ દેવું (૨) પકડવુ, ઝાલવું (૩) ચાપવું, દાબવું

પીડા સ્ત્રી૦ [सं.] દુખ (૨) નડતર. ૦કારક, ૦કારી વિ૦ પીડા કરનારું. ૦હરણી વિ૦ સ્ત્રી૦ પીડા હરનારી ૦શામક વિ૦ પીડા શાંત કરનાર. -ડિત વિ૦ પીડા પામેલુ

પીડાવુ અ૦ક્રિ૦ 'પીડવુ'નુ કર્મણિ

પીડિત વિ૦ [सं] જુઓ 'પીડા'મા

પીઢ વિ૦ ['પીઢ' સ્ત્રી૦ઉપરથી] મોટી ઉંમરનુ, ઠરેલ (૨) સ્ત્રી૦ [दे. पीढी, सं. पीठिका, प्रा. पीढिआ] જેના ઉપર મેડાના પાટિયા જડવામાં આવે છે તે લાબુ લાકડુ-વળી. -ઢિયું ન૦ પીઢ (૨) દાઢનો દાત (૩) અવાળુ; પેઢુ

પીણું ન૦ ['પીવું' ઉપરથી] પીવાની વસ્તુ, પેય

પીત ન૦[सं पीत] પાણી પાઈને ઉછેરેલો મોલ (૨) વિ૦[सं] પીળુ

પીતળ ન૦ જુઓ પિત્તળ

પીતાંબર ન૦[सं.] પીળું કે કોઈ પણ રેશમી અબોટિયુ (૨) વિ૦ પીળા વસ્ત્રવાળુ -રી સ્ત્રી૦ નાનુ પીતાબર

પીતું ન૦ લખોટી નાખનારને ઊભા રહેવાનું કૂંડાળું (૨) પૈતુ, કાતળી -તો પું૦ પૈતો; પાતળો કકડો, કાતળી

પીથ ન૦, પીથા સ્ત્રી૦ એક પક્ષી

પીધું સ૦ક્રિ૦ 'પીવુ'નુ ભૂતકાળનુ રૂપ. -ધેલ (-લું) તેનુ ભૂ૦ કૃ૦ (૨) વિ૦ દારૂના નશાવાળુ, છાકટુ

પીન વિ૦ [सं.] જાડુ, પુષ્ટ, માતુ

પીનસ ન૦ [सं] સખત સળેખમ

પીપ ન૦ [हिं] ગૂમડાનુ પરુ [વાસણ

પીપ ન૦ [पो पीपा] લાકડાનુ કે ધાતુનુ નળાકાર

પીપર સ્ત્રી૦ [सं पिप्पली] એક વસાણાની ચીજ-વનસ્પતિની સીંગ. -રી(-ળી)મૂળ ન૦ પીપરના છોડના મૂળ, ગંઠોડો

પીપર(-ળ) સ્ત્રી૦ [જુઓ પીપળ] પીપળાની જાતનુ એક ઝાડ

પીપળ(-ળો) પુ૦ [सं. पिप्पल] એક ઝાડ, અશ્વત્થ [પીપળે દીવો કરવો=બધે જાહેર કરી દેવુ પીપળે પરણાવવું=ઉમરડાના ઝાડ સાથે કન્યાના લગ્ન કરી, કુવાગ-મહેણું ભાગવુ પીપળો ઊગવો=નસંતાન જવુ. પીપળો ફાટવો=ઘણા બ્રાહ્મણોનુ એકઠા થવુ (૨) દરોડો પડવો]

પીપળી સ્ત્રી૦ નાનો પીપળો

પીપળીમૂળ ન૦ જુઓ પીપરીમૂળ

પીપળો પુ૦ જુઓ પીપળ [બૂમ

પીપિયો પુ૦ [રવ૦] બૂમ; ચીસ (૨) તંગીની

પીપી અ૦ (રવ૦)(૨) સ્ત્રી૦ ફૂંકીને વગાડવાની ભૂંગળી; (ગાજર કે પાદડાની) પિપૂડી (૩) 'પી' બોલાય તે, ફજેતી (૪) (બાળભાષા) પિપરમીટ જેવી ગોળી [સુગંધ ફેલાવી

પીમળ સ્ત્રી૦ [सं. परिमल] સુગંધ. ૦વું અ૦ક્રિ૦

**પીયળ** સ્ત્રી૦ જુઓ પિયળ

**પીયૂષ** ન૦ [सं] અમૃત

**પીયો** પું૦ [सं पीत, प्रा पीअ=પીળા રંગનું પરથી?]આંખને ખૂણે બાઝતો ચીકણો પદાર્થ

**પીર** પું૦ [फा] મુસલમાનોમાં પવિત્ર ગણાતો પુરુષ [–આવવા=શરીરમાં પીરનો પ્રવેશ થવો (જેથી અગમ્ય વાતો જાણી શકાય છે)] ૦જાદો પું૦ પીરનો છોકરો ૦મર્દ પું૦ ઘરડો માણસ –રાઈ સ્ત્રી૦ પીરપણું. –રાનપીર પું૦ પીરનો પીર, મોટો પીર

**પીરસવું** સ૦ક્રિ૦ [सं परिविष्] જમવા માટે ભાણામાં મૂકવું પીરસાવું અ૦ ક્રિ૦ કર્મણિ

**પીરોજ** પું૦ [फा.] એક રત્ન –જી(–જુ) વિ૦ પીરોજના રંગનું, આસમાની

**પીલવું** સ૦ક્રિ૦ [सं पिड्, प्रा. पील] દબાઈ–કચરાઈ નિચોવાય એમ કરવું (૨) [લા] દુઃખ દેવું; કનડવું (૩) લોઢવું (કપાસ) (૪) અ૦ ક્રિ૦ ['પીલો' ઉપરથી] (સુ) પીલા નીકળવા, પાગરવું

**પીલવો** પું૦ [જુઓ પીલુ] એક ઝાડ

**પીલુ** પું૦ [सं] એક ઝાડ, પીલુડી (૨) એક રાગ (૩) પીલુડું ૦ડી સ્ત્રી૦ પીલુ ઝાડ ૦ડું ન૦ તેનું ફળ

**પીલું** ન૦ [दे पीलुअ=બચ્ચું] મરઘીનું બચ્ચું

**પીલો** પું૦ [જુઓ પીલુ] થડ કે મૂળમાંથી ફૂટેલો ફણગો

**પીવું** સ૦ક્રિ૦[सं पा, प्रा पिव]પ્રવાહી પેટમાં લેવું (૨) પ્રવાહીને પોતામાં શમાવવું કે શોષવું (૩) [ધૂમ્રપાન] કરવું [પી જવું=ન ગાંઠવું (૨) સહન કરી જવું.]

**પીશવી** સ્ત્રી૦ [म.] થેલી

**પીશવી** સ્ત્રી૦મુસલમાન સ્ત્રીનો સુરવાળ,પેશવાજ

**પીસણી** સ્ત્રી૦ ['પીસવું' ઉપરથી] ઘંટી (૨) ચીપવાનો વારો–દાવ

**પીસવું** સ૦ ક્રિ૦ [सं. पिष्; प्रा पिस] દળવું (૨) લસોટવું; ઘૂંટવું (૩) ચીપવું (ગંજીફાને)

**પીસ(–હ)વો** પું૦ સિસોટી [–વગાડવો, –વજાડવો; –તાણવો=મોટેથી રડવું]

**પીહર** ન૦ +[प्रा. पिअहर] પિયર –રિયું ન૦ +પિયરિયું

**પીહુડો** પું૦[दे पिंहुल] જુઓ પીસવો,પિહૂડો

**પીળ** સ્ત્રી૦ જુઓ પિયળ

**પીળું** વિ૦ [सं पीतक; प्रा. पीअल] હળદરના રંગનું, પીત –ળક સ્ત્રી૦ પીળાશ; ફીકાશ. –ળચટું વિ૦ આછું પીળું –ળવું સ૦ક્રિ૦ કંકુથી રંગવું (૨) પીળું કરવું. –ળાશ સ્ત્રી૦ પીળાપણું –ળિયું ન૦ લગ્નપ્રસંગે કન્યાને પહેરવાનું હળદરથી રંગેલું પીળું વસ્ત્ર (૨) પીળી–કાઈક કાચી ઈંટ. ૦ધમ્મક વિ૦+ ધમકદાર પીળું ૦પચ વિ૦સાવ પીળું–ફીકું. ૦રચ્ચક, રહેચક વિ૦ ખૂબ પીળું

**પીંખવું** સ૦ક્રિ૦ વિખેરી નાખવું(૨)ચૂંટી નાખવું. [પીંખી ખાવું=મહેણાંટોણાંથી કાયર કરી દેવું (૨) તોડી–ચૂંથીને ખાઈ જવું પીંખી નાખવું=ફાડી-ચીરી ટૂંપીને છૂટેછૂટું કરી દેવું (૨) મહેણાં-ટોણાંથી કાયર કરી દેવું.] –ખણી સ્ત્રી૦,–ણું ન૦પીંખવું તે, ચૂંથણું

**પીંખાવું** અ૦ ક્રિ૦, –વવું સ૦ક્રિ૦ 'પીંખવું'નું કર્મણિ ને પ્રેરક

**પીંગળું** વિ૦ [सं पिंगल] પીળચટું; માંજરું

**પીંછ** ન૦ [જુઓ પીછ] પીંછું. –છાળું વિ૦ પીંછાવાળું –છી સ્ત્રી૦ જુઓ પીંછી. –છીઊંજણી સ્ત્રી૦ પીંછીથી કરાતી ઊંજણી (જુઓ ઊંજણી ૧) –છું ન૦ જુઓ 'પીછ'માં

**પીંજણ** સ્ત્રી૦[सं पिञ्ज] પીંજવાનું સાધન(૨) ન૦ પીંજવું તે (૩) [લા.] (વાતને) નકામું ચૂંથવું–લંબાવવું તે (૪) પગનું એક ઘરેણું. –ણી સ્ત્રી૦ પીંજણ (૨) પીંજવું તે (૩) પૈડાં પરનું ઢાંકણ (રથના પૈડાં પર હોય છે તે)

**પીંજરું** ન૦ જુઓ પિંજર,પાંજરું –રાગાડી સ્ત્રી૦ પીંજરાવાળી ગાડી

**પીંજવું** સ૦ક્રિ૦ [सं पिञ्ज्] રૂના રેસા છૂટા પાડવા (૨) [લા] પીંજણ કરવું –લંબાવવું

**પીંજામણ** ન૦,–ણી સ્ત્રી૦ પીંજવાની મજૂરી

**પીંજારો** પું૦ પીંજવાનું કામ કરનારો –રણ સ્ત્રી૦ પીંજારાની વહુ(૨)પીંજવાનું કામ કરતી સ્ત્રી –રી સ્ત્રી૦ પીંજારણ (૨) એક જાતનું પક્ષી

**પીંજાવું** અ૦ક્રિ૦, –વવું સ૦ક્રિ૦ 'પીંજવું'નું કર્મણિ ને પ્રેરક [આહીર; ભરવાડ

**પીંડાર(–રો)** પું૦ [सं पिंडार; दे. पेंडार]

**પીંઢાળો** પું૦ જુઓ પિંઢો • [જાતનો માણસ

**પીંઢારો** પું૦ [म पेंढार] લૂંટારુની એક પ્રસિદ્ધ

**પીંઢેરી** વિ૦[જુઓ પિંઢોરી] માટીની ભીંતિવાળું

**પુકાર** પું૦ [प्रा पुक्कार] પોકાર, બૂમ ૦વું સ૦ક્રિ૦ પોકારવું(૨)પોકારીને કહેવું જાહેર કરવું

**પુખ્ત** વિ૦[फा ]પાકું પાકટ(૨)ઠરેલ ૦પણું ન૦ –ખ્તાઈ સ્ત્રી૦

**પુગાડવું** સ૦ક્રિ૦ 'પુગવું'નું પ્રેરક, પહોંચાડવું

**પુગાવું** અ૦ક્રિ૦ 'પુગવું'નું ભાવે

**પુચકારી** સ્ત્રી૦ [રવ૦] બાળકને શાંત કરવા હોઠ વચ્ચેથી કરેલો મૃદુ અવાજ

**પુચ્છ** ન૦ [सं ] પૂંછડી

**પુછડિયું** વિ૦ ['પૂંછડી' ઉપરથી] પૂંછડીવાળું –યો તારો પું૦ ધૂમકેતુ

**પુછાવું** અ૦ક્રિ૦, –વવું સ૦ક્રિ૦ 'પૂછવું'નું કર્મણિ ને પ્રેરક

**પુટ** પું૦ [सं ] પડિયો(૨)પડિયા જેવો કોઈ પણ ઘાટ (૩) આચ્છાદન, ઢાંકણ (૪) કુલડી કે શકોરામાં ધાતુ કે ઔષધ મૂકી ઉપર ઢાંકણ કે બીજું શકોરું મૂકી કપડછાણ કરી કરેલો ઘાટ, સંપુટ(૫)તેને ભઠ્ઠીમાં મૂકી ઔષધને આપેલી આંચ (૬) પટ, પાસ [–આપવો, –દેવો= પાસ આપવો] ૦પાક પું૦ પુટમાં મૂકી ભઠ્ઠીમાં ઔષધિ–ધાતુ પકવવી તે

**પુઠેવાળ** વિ૦ ['પૂઠ' ઉપરથી] પાછલી વયમાં જન્મેલું; પૂઠેવાળ. [પુઠેવાળનું છોકરું= પાછલી વયમાં થયેલું બાળક.]

**પુઢે** અ૦ [म ] (પ) આગળ, મોખરે

**પુણચવડું** વિ૦ [પોણા ચોટ ઉપરથી ?] ફેરી–ફેરવીને બોલેલું, અસત્ય, વાંકું, પોણચવડું

**પુણ્ય** વિ૦ [सं] પવિત્ર (૨) પુણ્ય પ્રાપ્ત થાય એવું (૩) ધર્મ્ય (૪) ન૦ સત્કર્મ (પ)તેનું ફળ [–પરવારવું=પુણ્ય ખૂટી જવું,બગડવા કાળ આવવો] ૦કર્મ ન૦ સત્કર્મ. ૦કાલ(–ળ) પું૦ પવિત્ર સમય ૦તિથિ સ્ત્રી૦ (મહા પુરુષના) મરણની તિથિ કે તેની ઉજવણી ૦દર્શી વિ૦ પુણ્ય વિષે જેની દૃષ્ટિ છે એવું. ૦દાન ન૦ ધર્મદાન. ૦પ્રકોપ પું૦ (પાપ કે અન્યાય સામે) ધર્મબુદ્ધિને લીધે ઊપજેલો ક્રોધ. ૦વરો પું૦ પુણ્યદાનનું ખર્ચ ૦વાન વિ૦ પુણ્યદાન કરનારું,ધર્મિષ્ઠ ૦શાલી(–ળી) વિ૦ પુણ્યવાન (૨) પૂર્વજન્મના સુકૃતવાળું. ૦શ્લોક વિ૦ રૂડી કીર્તિવાળું (૨) જેનું નામ લેવાથી પુણ્ય થાય તેવું (૩) પું૦ તેવો માણસ. –ણ્યાત્મા વિ૦(૨)પું૦ પવિત્ર મનનું(માણસ). –ણ્યાહ ન૦ [+अहन्] 'દિવસ માંગલિક હો,' એવું આશીર્વચન –ણ્યાહવાચન ન૦ પુણ્યકાર્યને આરંભે બ્રાહ્મણોને મુખે ત્રણ વાર 'પુણ્યાહ' એમ કહેવરાવવું તે

**પુતળિયું** ન૦ ['પૂતળી' ઉપરથી] પૂતળીની છાપવાળી સોનામહોર

**પુત્ર** પું૦ [सं ] દીકરો ૦ક પું૦ પુત્ર (વહાલમાં). ૦વતી વિ૦સ્ત્રી૦ પુત્રવાળી ૦વધૂ સ્ત્રી૦ પુત્રની વહુ ૦વાસના સ્ત્રી૦ જુઓ પુત્રૈષણા –ત્રાયિત વિ૦ [सं ] પુત્ર મેળવવાની વાસનાવાળું –ત્રિકા, –ત્રી સ્ત્રી૦ દીકરી –ત્રિણી વિ૦સ્ત્રી૦ પુત્રવતી. –ત્રીજ પું૦ પુત્રીનો પુત્ર; દૌહિત્ર –ત્રેષ્ટિ સ્ત્રી૦ [सं ] પુત્રની કામનાથી કરેલો યજ્ઞ –ત્રૈષણા સ્ત્રી૦ પુત્રપ્રાપ્તિની તીવ્ર કામના–વાસના [(૩) આત્મા

**પુદ્ગલ** ન૦ [सं] પરમાણુ (૨) શરીર (બૌદ્ધ)

**પુનમિયું** વિ૦ ['પૂનમ' ઉપરથી] પૂનમને લગતું (૨) પૂનમથી શરૂ થતું (૩) દર પૂનમે જાત્રાએ જનારું

**પુનર્** અ૦ [सं ]ફરીથી (૨) સમાસમાં પૂર્વપદ તરીકે 'ફરીનું', 'ફરી થતું' એવા અર્થમાં –રપિ અ૦ [+अपि] ફરીને, વળી –રવલોકન ન૦ ફરી જોઈ જવું તે –રાવર્તન ન૦ પાછા કે ફરી આવવું તે (૨) ફરી વાંચી – જોઈ જવું તે (૩) એકની એક વાત ફરી કરવી તે –રાવર્તી વિ૦ પાછું ફરનારું; ફરી ફરી આવનારું –રાવૃત્ત વિ૦ફરીનું પાછું આવેલું (૨) ગોખેલું, વારંવાર યાદ કરેલું. –રાવૃત્તિ સ્ત્રી૦ પુનરાવર્તન (૨) બીજી વારની આવૃત્તિ (પુસ્તકની) –રુક્તિ સ્ત્રી૦ એકની એક વાત

**પુંકેસર** ન૦ [સં] ફૂલની અંદરનો નરબીજવાળો રેસો

**પુંજ** પું૦ [સં] ઢગલો [(સં) વિષ્ણુ

**પુંડરીક** ન૦ [સં] ધોળું કમળ -કાક્ષ પું૦

**પુંડ્ર** પું૦, ન૦ [સં] ચંદન વગેરેનું તિલક

**પુંલિં(-લ્લિં)ગ** ન૦ [સં] નરજાતિ (વ્યા)

**પુંશ્ચલી** સ્ત્રી૦ [સં] વંઠેલ સ્ત્રી

**પુંસવન** ન૦ [સં] પુત્રપ્રજા ઉત્પન્ન કરવા માટે ગર્ભાધાનથી ચોથે મહિને કરવાનો સંસ્કાર

**પુંસ્ત્વ** ન૦ [સં] પુરુષાતન, મરદાઈ

**પૂ** ન૦[રવ૦] પેશાબ (બાળભાષામાં) (૨) અ૦ હુરિયો[-કરવું] ૦કાર પું૦ તિરસ્કારનો ધ્વનિ

**પૂગ** પું૦ [સં] સમૂહ, ઢગલો (૨) મંડળ (૩) સોપારી કે તેનું ઝાડ

**પૂગવું** અ૦ક્રિ૦ પહોંચવું

**પૂગીફલ(-ળ)** ન૦ [સં] સોપારી, પૂગ

**પૂછ,૦ડું** ન૦ [સં : પ્રા पुच्छ] પુચ્છ, પૂંછડું

**પૂછડી** સ્ત્રી૦ જુઓ પૂંછડી

**પૂછડું** ન૦ જુઓ પૂછ. [**પૂછડામાં પેસવું** =ખુશામત કરી વળગતા જવું તાબેદારી ઉઠાવવી **પૂછડાં આમળવાં**=બળદ કે ઢોર હાંકવાં(૨) અણઆવડતનું કામ કરવું **પૂછડાં વધવાં**=[કટાક્ષમાં] નામને છેડે ઇલકાબો કે ઉપાધિઓનું લંબાણ થવું **પૂછડું એકનું ઓછું છે**=ઢેક જાનવર જેવો મૂરખ છે **પૂછડું છૂટી જવું** =ઝાડા થઈ જવા (૨) ડરી જવું **-પકડવું** =કેડે પડવું (૨) હઠ પકડવી. **-પછાડવું** =ગુસ્સાના અખાળા કરવા **-ફાટવું** =ધાસ્તી લાગવી **-બળવું** =રીસ ચડવી, માઠું લાગવું **-મળવું** = (કટાક્ષમાં) ઇલકાબ મળવો. **પૂછડે તણાવું**=કોઈની પાછળ પાછળ ખેંચાવું ]

**પૂછમા(-પા)છ,પૂછપરછ** સ્ત્રી૦, **પૂછંપુછારણ** ન૦ ['પૂછવું' ઉપરથી] (માહિતી ખાતર) પૂછવું કરવું તે

**પૂછવું** સ૦ક્રિ૦[સં पृच्छ्,પ્રા पुच्छ]સવાલ કરવો, જવાબ માગવો (૨) તપાસ કરવી (૩) સલાહ લેવી (૪) લેખામાં લેવું ૦માછવું સ૦ક્રિ૦ પૂછવું કરવું. પૂછીને બરોબર તપાસ કરવી

**પૂછા** સ્ત્રી૦ [સં प्रच्छा, પ્રા पुच्छा] તપાસ.

**પૂછાપૂછ(-છી)** સ્ત્રી૦ [પૂછવું પરથી] વારંવાર કે અનેક જણને પૂછવું તે

**પૂછેવાળ** વિ૦ જુઓ પૂઠેવાળ

**પૂજક** પું૦(૨)વિ૦ [સં] પૂજા કરનાર **-ન** ન૦ પૂજા (૨) સન્માન, સત્કાર **-નિક** વિ૦ પૂજાને પાત્ર **-ની** વિ૦+પૂજનીય **-નીય** વિ૦ પૂજ્ય

**પૂજવું** સ૦ક્રિ૦ [સં पूज्] પૂજા કરવી (૨) સેવવું; ભજવું

**પૂજા** સ્ત્રી૦[સં] પૂજન, આરાધના; ઉપાસના(૨) પૂજનની સાધનસામગ્રી (૩) [લા] માર [**-કરવી** = ઉપાસના કે આરાધના કરવી (૨) સન્માન કરવું(૩)ધમકાવી કાઢવું.માર મારવો. **-લેવી** =દેવપૂજાનું વ્રત સ્વીકારવું (૨) પૂજા-સત્કાર સ્વીકારવા **-વાળવી** =પૂજા કરવાના વ્રતની પૂર્ણાહુતિ કરવી ] ૦પાત્રી સ્ત્રી૦ પૂજા (૨) પૂજાપો (૩) [લા] માર ૦પો પું૦ [સં पूजोपस्कार] પૂજાનો સામાન ૦રણ,૦રિણી સ્ત્રી૦ પૂજા કરનાર સ્ત્રી ૦રી પું૦ પૂજા કરનાર પુરુષ ૦ર્હ વિ૦[+अर्ह]પૂજ્ય ૦વવું સ૦ક્રિ૦ 'પૂજવું'નું પ્રેરક ૦વું અ૦ક્રિ૦ 'પૂજવું'નું કર્મણિ (૨) સત્કાર પામવો **-જિત** વિ૦ [સં] પૂજાયેલું **-જ્ય** વિ૦ પૂજવા યોગ્ય (૨) વડીલ (૩) [લા] જમાઈ કે બનેવી

**પૂજ્યારાધ્ધે(-ધ્ય)** વિ૦ [સં पूज्य+आराध्य] પૂજ્ય અને આરાધ્ય (પત્રની ભાષામાં વડીલને ઉદ્દેશી વપરાય છે)

**પૂઠ** સ્ત્રી૦[સં पृष्ठ, પ્રા पुट्ठ]પૂઠ,શરીરનો પાછલો ભાગ(૨)થાપો (૩)[લા ] કેડો, પીઠ [**-કરવી** =જોનાર તરફ પૂઠ ફેરવવી (૨) અવજ્ઞા કરવી, ન સ્વીકારવું (૩)પીઠ બતાવવી, હારીને નાસી જવું **-જોવી** =છૂપી રીતે તપાસ રાખવી(૨) પાછળ નિંદા કરવી **-દેખાડવી** =હારી નાસી જવું **-પૂરવી** =પાછળ મદદમાં રહેવું (૨) ઉત્તેજન આપવું **-ફેરવવી** =જુઓ પૂઠ કરવી **-બતાવવી** =જુઓ પૂઠ દેખાડવી **-વાળવી** =પાછળ જવું (૨) આરામ લેવો **-વાળીને ન જોવું** =પૂરો વિશ્વાસ રાખવો (૨)થાક ખાવા થોભ્યા વિના કામમાં મચ્યા રહેવું. પૂઠ-

ઠેકાણું=અવળુ ઠેકાણું; શ્વસુરપક્ષ. પૂઠ પાછળ=ગયા પછી, ગેરહાજરીમા પૂઠનો ઘા કરવો, પૂઠ પાછળ ઘા કરવો=વિશ્વાસઘાત કરવો (૨) ઓચિતો પાછળથી હુમલો કરવો.].૦રખું નં૦ જુઓ પૂંઠિયુ ૦ળ અ૦ પાછળ -ઠિયુ નં૦ પૈડાનો ઘેર જે કકડાઓનો બને છે તેમાનો દરેક(૨)પાછોટિયુ (૩)થાપો.[પૂઠિયાં કાઢવાં, વછૂટી જવાં, વેરાવાં=ભીક લાગવી. ગભરાવુ પૂઠિયાં ભગાવાં, રંગાવા=સખત માર પડવો]-ઠું નં૦ કઠોળ ઉપરનુ છોડું (૨) ચોપડીનુ ઢાકણ (૩) થાપો (૪) મૂળનુ બંધારણ કે તેની મજબૂતી (શરીરનુ) [પૂઠાં ચીણવાં=છોડા કાઢી નાખવા, ઝાડકી કાઢવા પૂઠું બંધાવું, બાઝવું=શરીરની મજબૂતી થવી] -ઠે અ૦ પાછળ [-પડવુ, લાગવું=કેડો લેવો (૨)ચીડવવું, પજવવુ (૩) ખોદણી કર્યા કરવી.]

પૂડલો, પૂડો પુ૦ [પ્રા पूअल (સ पूप)] લોટ કે દાળના ખીરાની તળેલી પોળી (૨) મધપૂડો

પૂણવું અ૦ ક્રિ૦ [સં. पू, પ્રા पुण=સાફ કરવુ; ફોતરા ઉસાડી કાઢવા, નાશ કરવો] ફળવુ (માઠી રીતે), નડવું, ખુવાર કરવું

પૂણિયું નં૦ [જુઓ પૂણવું] (ચ) ઘાસ કે ચાર બાધવાનુ લૂગડુ, ચાગિયુ

પૂણી સ્ત્રી૦ [રૂં] કાતવા માટે પીંજેલા રૂનો વણીને બનાવેલો લાબો ગોળ આકાર. [-વાળવી=પૂણી કરવી.]

પૂત પુ૦ [સ. पुत्र, प्रा. पुत्त] પુત્ર (૨) વિ૦ [સં] પવિત્ર

પૂતના સ્ત્રી૦ [સ] (સં) કંસે બાળક કૃષ્ણને મારવા મોકલેલી રાક્ષસી, બકાસુરની બહેન

પૂતનીકરણ નં૦ [સં] દાહી જવું-ગર્વાઈ ઊઠવુ તે

પૂતળવિધાન નં૦ [પૂતળું + વિધાન] શબ મળ્યુ ન હોય અથવા ભ્રષ્ટ થયુ હોય ત્યારે મરનારની સદ્ગતિ માટે અહદન લોટનુ પૂતળું કરી વિધિપૂર્વક અગ્નિસસ્કાર કરવો તે

પૂતળી સ્ત્રી૦ [સં.,प्रा. पुत्तली] માટી, ધાતુ વગેરેનો બનાવેલો સ્ત્રીનો ઘાટ (૨) આખની કીકી (૩) [લા] ખબસૂરત સ્ત્રી

પૂતળું નં૦ [સ. पुत्तलक] ધાતુ, પથ્થર, માટી, લાકડુ વગેરેની બનાવેલી આકૃતિ-મૂર્તિ. [પૂતળા જેવું=જડ જેવું, ભોટ.]

પૂતીકરણ નં૦ [સં] જુઓ પૂતનીકરણ

પૂન નં૦ [સર૦ પુંજ] મીડુ (૨) અનુસ્વાર (?)

પૂનમ સ્ત્રી૦ [સં पूर्णिमा] પૂર્ણ ચદ્ર ઊગવાની તિથિ, પૂર્ણિમા

પૂપ નં૦ [સ पूय, प्रा पूअ] પીપ, પરુ

પૂમ સ્ત્રી૦ [फ़ा पुम्बह] રૂ પીંજતા ઊડતી ઝીણી રજ-રુંવાટી(૨) કાપડ ઉપરની રુવાટી ૦ડી સ્ત્રી૦ છોડને વળગી રહેલુ રૂ (૨) નાનુ પૂમડુ ૦ડું નં૦ રૂનો બહુ નાનો પિંડ (૨) વચ્ચેથી થોડો ઊભો ભાગ વણીને બનાવેલી પૂમડાની વાટ(૩) ફૂલ [પૂમડા જેવડુ=નાનુ ને સુકોમલ પૂમડે પાણી પાવું=બહુ હેરાન કરવુ-ત્રાસ આપવો]

પૂર વિ૦ [સ पूर] પૂરેપૂરુ; સપૂર્ણ (૨) નં૦ નવા પાણીનુ નદીનાળામા જોસબધ આવવુ તે (૩) પૂરણપોળી છંદનુ પૂરણ (૪) અ૦ નામને અંતે 'જેટલુ-ના માપે', 'સુધી, પર્યંત' એવા અર્થમા ઉદા૦ ચોખાપૂર, વાસપૂર

પૂરક વિ૦ [સં] (ખૂટતુ) પૂરુ કરનાર (૨) પુ૦ પ્રાણાયામમા શ્વાસ અદર ખેંચવાની ક્રિયા (૩) પૂરક આકડો કે રકમ (ગ) ૦તા સ્ત્રી૦ ખૂટતુ પૂરુ કરવુ તે ૦કોણ પુ૦'સપ્લિમેંટરી ઍંગલ' (ગ.) [પૂરવુ-ભરવુ તે

પૂરણ વિ૦ [સ] પૂરનાર, પૂર્ણ કરનાર (૨) નં૦

પૂરણ વિ૦ [સં पूर्ण] (પ) પૂર્ણ (૨) સર્વ-વ્યાપી (૩) નં૦ પૂરવાની કે પૂરેલી વસ્તુ (ઉદા૦પોળીનુ પૂરણ, જમીનનું પૂરણ) ૦પોળી સ્ત્રી૦ પૂરણ ભરીને બનાવેલી રોટલી, વેડમી -ણી સ્ત્રી૦ પૂરવુ તે (૨) પૂરવાની વસ્તુ (ઈંટ-રોડા વગેરે) (૩) વધારાનુ કથન; પૂર્તિ (૪) ઉશ્કેરણી. -ત સ્ત્રી૦ પહેરામણીનો અધૂરો અવેજ પૂરો કરનારી રકમ

પૂરતું વિ૦ ['પૂરવુ' પરથી] જોઈએ તેટલું

પૂરપાટ અ૦ પૂરા-અત્યન્ત વેગથી

પૂરવછાયો પું૦ [પૂર્વ + છાયા] પહેલાની

[+આલાપ] ઉપોદ્ઘાત, પ્રસ્તાવના. **-ર્વાવસ્થા** સ્ત્રી૦[+अवस्था]ઘડપણ પહેલાનુ જીવન. **-ર્વાશ્રમ** પુ૦ [+आश्रम] સન્યાસ પહેલાનુ જીવન. **-ર્વાષાઢા** સ્ત્રી૦વીસમુ નક્ષત્ર. **-ર્વાંગ** ન૦ [+अंग] પ્રથમ અગ - ભાગ. **-ર્વે** અ૦ પહેલાં. **-ર્વોક્ત** વિ૦ [+उक्त] પહેલા કહેવાયેલુ. **-ર્વોત્તર** વિ૦ [+उत्तर] પૂર્વ અને ઉત્તર દિશા વચ્ચેનું (ઇશાનખૂણાનું) **-ર્વોપાર્જન** ન૦ [+उपार्जन] પૂર્વની કરેલી કમાણી (૨) પૂર્વજન્મના સરકાર વગેરે **-ર્વોપાર્જિત** વિ૦ [+उपार्जित] પૂર્વે કે પૂર્વજન્મમા કમાયેલુ

**પૂર્વી** સ્ત્રી૦ [सं] એક રાગિણી

**પૂષા** પું૦ [सं] સૂર્ય

**પૂળાછૂટ** વિ૦ અમુક રૂપિયા બદલ અમુક મુદત માટે જમીન પાછી આપવી એવું(ગીરો)

**પૂળિયું** ન૦['પૂળો' ઉપરથી] નાનો પૂળો

**પૂળી** સ્ત્રી૦ [જુઓ પૂળો] ઘાસની ઝૂડી

**પૂળો** પુ૦ [सं पूल] ઘાસ કે કડબનુ મોટુ પૂળિયુ. [-ઊઠવો=સળગી જવું, નાશ પામવું. -મૂકવો=સળગાવી મૂકવું, નાશ કરવો ]

**પૂખ** સ્ત્રી૦ ['પાખ' ઉપરથી] છાપરાનો બે બાજુ બહાર પડતો ભાગ - પાખ. ૦ડું ન૦ પાખડું; નાની ડાળી. ૦લું ન૦ [स. पुंख] તીરનો પીછાવાળો છેડો

**પૂંખવું** સ૦ક્રિ૦ [दे. पुखणग] પોખણાં વડે વરકન્યાને વધાવવા. (૨) વાવવા માટે વેરવું પૂંખાવવું સ૦ ક્રિ૦ (પ્રેરક) પૂંખાવું અ૦ ક્રિ૦ (કર્મણિ)

**પૂંછ,૦ડું** ન૦ પૂછડુ. ૦ડિયું વિ૦ પૂછડીવાળુ. ૦ડી સ્ત્રી૦ [सं पुच्छ] જુઓ પૂછડી [-પટપટાવવી=પૂછડી હલાવવી (૨) [લા.] નમી પડવું, વશ થવું ] ૦લેલ વિ૦ ગળિયો, થાકીને બેસી પડેલો (બળદ)

**પૂંજ** સ્ત્રી૦,ન૦[સર૦મ. पूज्य] મીડુ, અનુસ્વાર [-વળવું=મીડુ વળવું, નાશ પામવુ, રદ થવું.] **પૂંજણી** સ્ત્રી૦ [સર૦ प्रा पुंछ કે पुञ्ज, જુઓ પૂંજવું] ભીડી કે સૂતરની સાવરણી (૨) સાવરણી

**પૂંજવું** સ૦ક્રિ૦ [प्रा पुंज (स पुंजय्)] એકઠું કરવું. ઉદા૦ છાણ પૂંજવું.

**પૂંજી** સ્ત્રી૦ [सं पुंजि] દોલત

**પૂંજુ** ન૦ ['પૂંજો' ઉપરથી કે 'પુંજ' ઉપરથી ?] (સુ.) ડાંગરનું પરાળ

**પૂંજો** પું૦ [दे. पुजय] કચરો, વાસીદુ

**પૂંઠ,** ૦રખું, ૦ળ,-ઠિયું,-ઠું,-ઠે જુઓ 'પૂઠ'માં

**પૂંઠેવાળ** વિ૦ જુઓ પુઠેવાળ

**પૂંધિયું** ન૦ [प्रा बुध (स बुध्न)] કોશ હાકનારે પૂઠના ભાગ ઉપર બાધવાનો ચામડાનો કકડો, પૂઠરણુ (૨) ધોતિયાની વચમા મારેલુ લાબું મોટુ થીગડું (૩) ડાહિયુ ધોતિયુ

**પૂંપરો** પુ૦ દીકરો [પૂમડું

**પૂંભડી** સ્ત્રી૦ જુઓ પૂમડી -ડું ન૦ જુઓ

**પૃચ્છક** વિ૦ (૨) પુ૦ [सं] પૂછનાર માણસ. ૦બુદ્ધિ સ્ત્રી૦ પ્રશ્ન કરીને જાણવાની ઇચ્છા; જિજ્ઞાસા

**પૃચ્છા** સ્ત્રી૦ [स] પ્રશ્ન, તપાસ

**પૃતના** સ્ત્રી૦ [सं] ફોજ

**પૃથક્** અ૦[सं]અલગ,છૂટું. **-ક્કરણ** ન૦ ઘટક તત્ત્વો જુદા પાડવા તે **-ક્કારક** વિ૦ છૂટું પાડનારું. **-ક્કૃતિ** સ્ત્રી૦ પૃથક્કરણ ૦ક્રિયા સ્ત્રી૦ પૃથક્કરણ (૨) પૃથક્ કરવાની રીત **-ક્તા** સ્ત્રી૦, **-ક્ત્વ** ન૦ ભિન્નતા ૦શિક્ષણ ન૦ એકેક વિદ્યાર્થીને છૂટો છૂટો ભણાવવો તે (સમૂહશિક્ષણથી ઊલટું). **-ગ્જન** પું૦ ઇતર સામાન્ય માણસ (૨) નીચ કે મૂર્ખ માણસ. **-ગ્શ્રેણી** પું૦ સંગીતમા એક અલંકાર

**પૃથા** સ્ત્રી૦ [सं.] (સ.) કુંતી

**પૃથિવી** સ્ત્રી૦ [सं.] પૃથ્વી ગ્રહ (૨) પંચમહાભૂતોમાનું એક (૩) જમીન

**પૃથુ,** ૦લ વિ૦ [सं] પહોળું; વિસ્તીર્ણ

**પૃથ્વી** પુ૦ એક છદ

**પૃથ્વી** સ્ત્રી૦ [सं.] જુઓ પૃથિવી [-નો છેડો આવવો=હદ થવી, અજબ થવો. -રસાતલ જવી=ભારે અપકમ સંભવવું ] ૦નાથ, ૦પતિ, ૦પાલ, ૦શ [+ईश] પું૦ રાજા

**પૃષોદરાદિસમાસ** પુ૦ [सं] નિયમવિરુદ્ધ સમાસનો એક વર્ગ. ઉદા૦ 'અશ્વત્થામા'

**પૃષ્ઠ** ન૦[સં.] પીઠ; વાંસો (૨) [પ્ર.થતું] પાન (૩) સપાટી. ૦ફળ ન૦ આકૃતિની સપાટીનું ક્ષેત્રફળ. ૦ભાગ પું૦ આકૃતિની સપાટીનો ભાગ (૨) પાછલો ભાગ. ૦વંશ પું૦ કરોડરજ્જુ. ૦વંશી વિ૦ પૃષ્ઠવંશવાળું (૨) ન૦ તેવું પ્રાણી; 'વર્ટેબ્રેટ'

**પે** (પૅ) અ૦ જુઓ પે

**પેક** (પૅ) વિ૦ [દે પક્ક] પક્કુ; હોશિયાર

**પેકાન** (પૅ) ન૦ [फा. पैकान] બાણનું ફળ

**પેખણું** ન૦ [प्रा पेक्खन (सं प्रेक्षण)] પેખવું તે -ણું ન૦ તમાશો -વું સ૦ ક્રિ૦ જોવું

**પેગંબર** પું૦ જુઓ પયગંબર

**પેગામ** પું૦ જુઓ પયગામ,સંદેશ. ૦ચી પું૦ સંદેશવાહક, દૂત -મી પું૦ દૂત

**પેચ** પું૦[फा.] આંટો; વળ(૨)વળવાળી ખીલી, સ્ક્રૂ (૩)[લા ] યુક્તિ, તદબીર, પ્રપંચ(૪)ફંદો; જાળ, મુશ્કેલી(૫)પતંગની દોરીઓનો કટાવ [-કરવા = પતંગની દોરીઓનો કટાવ કરવો -ખેલવો = જુઓ પેચ રમવો. -છૂટવા = પતંગોની દોરીઓમાં પડેલી આંટી નીકળી જવી. -ઢીલો થવો = ઢાંકણ કે સ્ક્રૂનો આંટો સક્કસ ન રહેવો (૨) દાગળી ખસી જવી -દેવો = આંટો દેવો -નાખવો = જુઓ પેચ કરવા. -ફેરવવા = આંટો ઢીલો કે સખત કરવો -રચવો = છટકું ગોઠવવું, દાવપેચ કરવો. -રમવો = દાવપેચ કરવો, યુક્તિ લડાવવી -લડાવવા = પતંગના પેચ કરવા(૨)દાવપેચ કરવા -લેવા = પેચ કરવા.] ૦દાર વિ૦ યુક્તિબાજ -ચિયું વિ૦ પેચ ખોલવા તથા બેસાડવાનું સાધન -ચી(૦લું) વિ૦ યુક્તિબાજ

**પેજ** સ્ત્રી૦ [प्रा. पेज्जा (स पेया)] ચોખાની કાંજી (૨) પવાત ૦ખાતું ન૦ કપડાંને જ્યાં પવાત કરવામાં આવે છે તે ખાતું

**પેજ** ન૦[ઇં ]પાનું ૦પ્રૂફ ન૦ પેજ પાડીને-પાનાં ગોઠવીને કાઢેલું પ્રૂફ [મોજડી, પગરખું

**પેજાર** (પૅ) સ્ત્રી૦, -રું ન૦[फा पैजार] પેંજાર,

**પેજારી** (પૅ) સ્ત્રી૦ [दे. पेज्जाल = विशाळ] (સુ.) ઘરમાં ભોંયતળિયે પાછળ આવેલો છાપરાવાળો ચોક

**પેટ** ન૦ [દે ] જઠર (૨) જઠર વગેરે ભાગોની શરીરની આખી અખોલ (૩) [લા.] આજીવિકા (૪) ગર્ભાશય (૫) પોતાનું સંતાન; પોતાનો આખો વેલો-વંશ (૬) અંતર, મન (૭) કોઈ વસ્તુનો અંદરનો ભાગ; પેટું [-આપવું = રહસ્ય જણાવી દેવું. -આવવું = ઝાડો થવો (૨) (-ને પેટે આવવું) જન્મવું -ઉઘાડીને જોવું = પારકાના પેટની વાત જાણવી -ઉપર = જુઓ પેટ પર અથવા પેટે (-વાળા પ્રયોગો). -ઊંચું આવવું = પેટ ભરાવું, તૃપ્ત થવું (૨) ન્યાલ થવું (૩) ગર્ભ રહેવો -ખોલવું = દિલની વાત કહેવી -ગળે આવવું = ખાધેલું ગળે આવે ત્યાં સુધી ખાવું -ઘરાણે મૂકવું = ભૂખમરો વેઠવો. -ચડવું = પેટમાં વાયુનો ભરાવો થવો(૨)છૂપી વાત જીરવી ન શકાવાથી, કહી નાખવા અકળામણ થવી -ચાલવું = વાર વાર જુલાબ થવા -ચોટી જવું = અતિશય ભૂખ લાગવી -ચોળીને શૂળ ઉપજાવવું = હાથે કરીને દુઃખ ઊભું કરવું -છૂટી જવું = ઝાડા થઈ જવા (૨) ગભરાઈ જવું -જુદાં થવાં = અણબનાવ થવો -ટાઢું કરવું = જમવું. ભૂખ શાંત કરવી (૨)પારકી મિલકત હજમ કરી જવી(૩)નિરાંત થવી -ટાઢું થવું, ઠંડું થવું, ઠરવું = નિરાંત થવી -તણાવું = હદથી વધારે ખવાવું -તાણીને મરવું = ભૂખમરાથી મરવું -થવું = જુઓ પેટ નીકળવું -દાબીને રહેવું = ખમી રહેવું. -ની આગ = અંતરની ચિંતા (૨) ભૂખ, ક્ષુધાગ્નિ -નીકળવું = પેટ વધીને બહાર દેખાવું (૨) દહાડા રહ્યા છે એવું દેખાવું (૩) પેટું નીકળવું -ની પતરાળી થવી = ભૂખથી પેટ બેસી જવું. -ની પીડા = ભૂખનું દુઃખ (૨) ભરણપોષણનું દુઃખ કે કડાકૂટ -ની પૂજા = પેટ ભરવું-ક્ષુધા શાંત કરવી તે -ની વાત = ખાનગી વાત (૨) મનનો કોડ -ની સગાઈ = પેટ ભરવા પૂરતી સગાઈ(૨) માબાપ અને બાળક વચ્ચેની સગાઈ -નું છોકરું = પોતાનું છોકરું. -નું પાણી ન હાલવું = કશી અસર ન થવી. -નું બળવું = ભૂખ્યું (૨) દૂભાયું

હોય એવું -ને ભાડું આપવું=જીવન ટકાવી રાખવા પૂરતુ ખાવુ (૨) ખાવું -નો પડદો, -નો મેલ=મનની વાત; ગુપ્ત વિચાર. -પડવું=પેટે જન્મવુ-અવતરવુ -પથરો પડવો=જુઓ પેટ પહાણ પડવો. -પર છરી મૂકવી, પગ મૂકવો, પાટુ મારવું=આજીવિકાને નુકસાન પહોચાડવું. -પર પોટલું બાંધવું=હદ કરતા વધારે ખાવુ-માગવું -પહાણ પડવો=સતાન ખરાબ કે પરાક્રમહીન પાકવું (૨) છોડી જન્મવી -પાકવું=પેટ દુઃખવા આવવુ (હસવાથી) (૨) અંતરનુ માણસ દૂટવુ -પાણી ન પડવા દેવું=જપવા ન દેવુ -પેટલાદ (કે પાટણ) જવું=ખૂબ ભૂખ લાગવી. -પોષવું=પોતાની એકલાની ભૂખ ભાગવી. -પોયણી વળી જવું=પેટ ચોટી જવુ -ફાટવું=પેટ તણાવુ (૨) ઘરનુ કે અંતરનું માણસ ફૂટી જવુ -ફૂલવું=વાયુથી પેટ ફૂલવુ (૨) જલોદર થવો (૩) ગર્ભ રહેવો. -ફોડવું=છૂપી વાત કહી દેવી, રહસ્ય બતાવી દેવુ -બળવું=અદેખાઈ થવી (૨) ચિંતા થવી -બાળવું=ભૂખે મરવું -ભરવું = ખાવુ, આજીવિકા ચલાવવી -ભરાવું=તૃપ્તિ થવી, ધરાવુ -માં આગ ઊઠવી=અતિશય ભૂખ લાગવી (૨) અદેખાઈથી બળવુ -માં આગ ઊઠી!=બળ્યો અવતાર! -માં આમળો=કીનો, દિલની આટી (૨) ટેક -માં ઉતારવું=ગળી જવુ; ખાઈ જવું (૨) ધ્યાનમા લેવુ (૩) સહન કરવું (૪) પારકુ હજમ કરવુ (૫) મનમા ઠસાવવુ -માં કરેસ બોલવા, કૂકડાં બોલવાં, કૂવા પડવા=ખૂબ ભૂખ લાગવી -માં કરમિયા આરડવા=ખૂબ ભૂખ લાગવી (૨) પેટમા કરમિયા બોલે ને લેખામા ન લેવાય તેવુ. -માં કાતી=જુઓ પેટમા પાળી -માં કૂવો= અતિશય ભૂખ. -મા ખાડા પડવા=ભૂખ લાગવી -માં ખૂંચવું=લાચની ઇચ્છા હોવી (૨) મનમા કંઈક ગૂચ હોવી. -માં છરી=જુઓ પેટમા પાળી. -માં ટાંટિયા=જુઓ પેટમાં પગ -માં તેલ રેડાવું=ચિંતા-બળતરા થવી -માંથી ઓકી કાઢવું=મનમા હોય તે વિચાર વિના કહી દેવું -માં દાંત હોવા=અંતરમા વેર હોવું -માં દુઃખવું=કશી વાતની વિમાસણ-આટી હોવી (૨) હવે પાસે જ છે-એ અર્થનો ઉદ્ગાર ઉદા૦ હવે અમદાવાદને શુ પેટમા દુખે છે-અર્થાત્ હવે પાસે જ છે -માં ધાડ પડવી=ખૂબ ભૂખ લાગવી -મા ધ્રાસકો પડવો=ધાસ્તીથી ચોકી ઊઠવુ -માં પગ=બહાર ન જણાય પણ અંદરથી પહોચેલું હોવું -માં પાળી=અતરમા વેર: છૂપુ તરકટ -માં પેસવું=વિશ્વાસ ઉપજાવવો (૨) મનની વાત જાણી લેવી. -માં પેસી અંતરસ ખાવું=વિશ્વાસ મેળવીને દગો કરવો -માં પેસી નીકળવું=મનની અંદરની છૂપી વાત જાણી લેવી -માં ફાળ પડવી=પેટમા ધ્રાસકો પડવો -માં બળવું=અંદરખાને દુભાવુ (૨) લાગણી હોવી. -માં બળ્યાની સગાઈ=અતરની સગાઈ. -માં બાર વાગવા, બિલાડાં આળોટવાં કે બોલવાં=કકડીને ભૂખ લાગવી. -માં ભરાઈને બેસવું=શરણ લેવું (૨) ખાનગી વાતચીતથી વાકેફ હોવુ.-માં રાખવું=ગુપ્ત રાખવુ (૨) ખમી લેવુ.-માં રોગ હોવો=દિલમા ખાર કે બૂરી લાગણી હોવી -માં શેરડો પડવો=પેટમા ધ્રાસકો પડવો -માં સમાવવું=જુઓ પેટમા રાખવુ -મોટું રાખવું = દિલ ઉદાર રાખવું -રહેવું, વધવું=ગર્ભ રહેવો. -વાંસા સાથે ચોટવું=ખૂબ ભૂખ્યા થવુ પેટે અવતાર લઈએ એવું=પવિત્ર, ભલુ. પેટે આવવું=જન્મવુ. પેટે ચલાવવું=સાપની જેમ પેટે ચાલવાની ફરજ પાડવી (એક જુલમ). પેટે પડવું=જન્મવુ. પેટે પાન છૂટવાં=બાળકને જોઈને (માને) અતિશય વહાલ આવવું. પેટે પાટા બાંધવા=ભૂખમરો વેઠવો.]૦ખાઈ સ્ત્રી૦ખાધાખરચી; ખોરાકી. ૦પૂજા સ્ત્રી૦ ભોજન ૦પૂર વિ૦ પેટ ભરાય એટલુ ૦બળ્યું વિ૦ અંદરથી

અકળાયેલું–દાઝેલુ. ૦બળ્યો વિ૦ પું૦ માની છોકરાને ગાળ (પેટમા જ કેમ ન મરી ગયો, અથવા પેટ બાળનારો કેવોક નીપજ્યો?) (૨)જેનું અ તર દાઝ્યુ છે દુભાયું છે એવો (૩) અદેખો. ૦બેસાણું નં૦ વારવાર જુલાબ થવો તે, ઝાડો. ૦ભરું વિ૦ પેટ ભરવાની જ કાળજીવાળુ (૨) એકલપેટુ (૩) પેટિયુ. ૦વરો પું૦ ખોરાકીખર્ચ

પેટ(–ટા)વવું સ૦ ક્રિ૦ [સર૦ મ પેટણેં] સળગાવવું પેટ(–ટા)વું અ૦ક્રિ૦ સળગવું

પેટારો પું૦ [દે. पेटाल] પટારો

પેટાવવું,પેટાવું જુઓ 'પેટવવું'મા

પેટાળ ન૦['પેટ' ઉપરથી] પેટ, અ દરનો ભાગ

પેટિયું વિ૦ ['પેટ' ઉપરથી] પેટપૂર અન્ન બદલ નોકરી કરનારુ (૨) ન૦ પેટનું ખર્ચ; રોજનું ખાવાનું (૩) પગાર પેટે આપેલુ પેટપૂર અન્ન (૪) પગાર રોજ. [–આપવું = ખાવા પૂરતુ ખર્ચ કે રોજ આપવો –કાઢવું, ફૂટી કાઢવું = ગુજરાન જેગું કમાવું ]

પેટી સ્ત્રી૦ [सं] કાંઈ મૂકવા માટે કરાતી એક બનાવટ (૨) છાતીને પેટીના જેવુ રક્ષણ આપે એવો એક જાતનો કબજો [–જેવું = ચારે બાજુથી બંધ – સુરક્ષિત.] ૦બાજરૂ ન૦ પેટી જેવી, બાજરૂ માટેની સવડની બનાવટ; 'કોમોડ'

પેટું ન૦ ['પેટ' ઉપરથી] કોઈ પણ ચીજનો વચ્ચેથી પોલો કે દુદની પેઠે ઊપસેલો ભાગ (૨)મોટી ચીજની અંદર સમાતો ભાગ–અંશ (૩)સમાસના પૂર્વપદ તરીકે, 'ગૌણ', 'અંદર સમાતુ' એવા અર્થમા(૪)(તિરસ્કારમા) પેટી [પેટામાં લખવું =પેટાવિભાગ કે પેટાખાનામા લખવું પેટું નીકળવું =પેટ કે તેના જેવો વચ્ચેથી ઊપસેલા જેવો ભાગ નીકળવો –પૂરવું = હિસાબમાં કરેલો પેટાવિભાગ રકમથી બધ કરવો. –પાડવું = હિસાબમા પેટાવિભાગ કરવો ]–ટાખાતું ન૦ પેટામા આવેલુ–ગૌણ ખાતુ –ટાખાનું ન૦ મુખ્ય ખાનાના પેટામા આવેલું તે. –ટાજાતિ સ્ત્રી૦ મોટી જાતિનો એક ફાટો –ટાજ્ઞાતિ સ્ત્રી૦ મુખ્ય જ્ઞાતિનો એક ભાગ. –ટાનિયમ પું૦ મુખ્યના ભાગ તરીકે આવતો–ગૌણ નિયમ, 'બાઈ–લૉ' –ટાપંથ પું૦ સંપ્રદાયનો ફાટો.–ટાબાબત સ્ત્રી૦ પેટામા જણાવેલી બાબત (૨) ગૌણ બાબત. –ટા(૦વિ)ભાગ પુ૦ ભાગનો ભાગ –ટાભાગિયો પું૦ મોટા ભાગીદારોનો હિસ્સેદાર. –ટારકમ સ્ત્રી૦ મુખ્યના પેટામા આવેલી રકમ –ટાસમિતિ સ્ત્રી૦ મોટી સમિતિએ નીમેલી નાની સમિતિ –ટાંફોડ વિ૦ જુઓ કાપતુ; કાપી (વ્યાજ)

પેટૂડું વિ૦['પેટ' ઉપરથી]સ્વાર્થી [બદલામા

પેટે અ૦ ['પેટું' ઉપરથી] બાબતમા (૨) સાટે;

પેટ્રન પું૦[इं] મુરબ્બી, આશ્રયદાતા (૨)મ ડળ કે સ સ્થામાં અમુક સારી મદદ આપનાર સભાસદ; એક માનવાચક હોદ્દો [તેલ

પેટ્રોલ ન૦[इं](મોટરમા વપરાતુ)એક ખનિજ

પેઠ,–ઠે (પે) અ૦ [स पीठिकया] રીતે, માફક

પેઠું (પે) વિ૦ [स प्रविष्ट, प्रा. पइट्ठ] પેઠેલુ ('પેસવુ'નુ ભૂ કૃ ) [પેટનો ભાગ

પેડુ(–ડું) ન૦ [સર૦ हिं पेड़ू] દૂટીની નીચેનો

પેડું ન૦ [प्रा. पेडय (स पेटक)] ટોળુ (૨) ભવૈયાનું ટોળુ (૩)ન૦(કા )દૂધ કે દહીં ભરવાનું માટીનું વાસણ (૪) એક જાતનુ ઘાસ

પેડો પું૦ [सं पिठर, प्रा पिढर] રાંધવાનુ માટીનું મોટું વાસણ

પેઢલી સ્ત્રી૦ છાજલી; 'શેલ્ફ'

પેઢવું સ૦ક્રિ૦ ફળવું(૨)ન૦[જુઓ પેઢુ ]અવાળું

પેઢી સ્ત્રી૦ [सं पीठ, प्रा पीढ] શરાફની દુકાન (૨)વેપારીની કોઠી(૩) વ શપર પરાનું પગથિયું. [–તૂટવી = પેઢીએ દેવાળુ કાઢવું. –પર જવું = દત્તક લેવાવું ] ૦આગત વિ૦ પેઢીઉતાર આવેલું ૦ઉતાર વિ૦ પેઢી દર પેઢી ચાલતુ આવેલુ (૨) અ૦ પેઢી દર પેઢી ૦નામું ન૦ વંશવૃક્ષ. ૦પંચક ન૦ વ શનો નાશ કરનાર

પેઢુ ન૦ જુઓ પેડુ [ઢાકતો ભાગ, અવાળું

પેઢું ન૦ [स पीठक, प्रा पीढय] દાતના મૂળ

પેણ (પે) સ્ત્રી૦ પથ્થરપેન

પેણી (પે) સ્ત્રી૦ તાવડી –ણો પું૦ મોટી પેણી

પેદ સ્ત્રી૦ [स. पर्द्] વાસચાર; પાદ (?)

**પેદળ** (પે) ન૦ જુઓ પાયદલ (૨) અ૦ પગે ચાલીને (૩) વિ૦ પગે ચાલનાર; પગપાળું

**પેદા** (પે) વિ૦ [फा] ઉત્પન્ન (૨) કમાયેલું, મેળવેલું [–કરવું = ઉત્પન્ન કરવું (૨) કમાવું; સંપાડવું.] ૦શ સ્ત્રી૦ [फा. पैदाइश] ઉત્પન્ન, ઊપજ

**પેધવું** (પે) અ૦ક્રિ૦ [જુઓ પેધવું] ટેવાવું; આદત પડવી (૨) લાગ મળવાથી ફાવવું

**પેધું** (પે) વિ૦ [જુઓ પેધવું] પેધેલું (૨) ન૦ પેધવું તે, ટેવ [–પડવું = ટેવ પડવી (૨) વારવાર લાભ લેવા આવતા થવું]

**પેન** સ્ત્રી૦ [ઇં] પથ્થરપેન (૨) અંદર શાહી ભરી રખાય એવી એક જાતની કલમ, 'ફાઉન્ટન પેન'

**પેનસિલ** સ્ત્રી૦ [ઇં] સીસાપેન, પેન્સિલ [–છોલવી, –ઘડવી, –નું અણિયું કાઢવું = પેનસિલનો લાકડાનો ભાગ ઢાળ પડતો છોલી, લખવાનું અણિયું બહાર કાઢવું]

**પેની** સ્ત્રી૦ [ઇં] તાંબાનો અંગ્રેજી ચલણી-સિક્કો

**પેન્શન** ન૦ [ઇં.] નોકરી બદલ, તેમાથી નિવૃત્ત થયે મળતો બેઠો પગાર [–પર ઊતરવું કે જવું, –લેવું.] ૦ર પું૦ પેન્શન મેળવનાર

**પેન્સ** પું૦ [ઇં] પેની

**પેન્સિલ** સ્ત્રી૦ [ઇં] સીસાપેન

**પેપડી** સ્ત્રી૦ [સર૦ 'પેપો'] પીપરનું ફળ

**પેપડું** વિ૦ જુઓ પેપું

**પેપર** ન૦ [ઇં] વર્તમાનપત્ર, છાપું (૨) પું૦, ન૦ પરીક્ષાનો પ્રશ્નપત્ર [કાઢવું = પ્રશ્નપત્ર તૈયાર કરવું. –ફૂટવો = પ્રશ્નપત્ર અગાઉથી જણાઈ જવો]

**પેપલી** સ્ત્રી૦ કોકડું વળેલી ચોખાની પાપડી

**પેપું** વિ૦ [સર૦ 'પોપું'] સ્ફૂર્તિ વગરનું, ઢીલું, પોચું

**પેપો** પું૦ પીપળાનું ફળ

**પેમલું** (પે) વિ૦ જુઓ પોમલું

**પેમાએશ** (પે) સ્ત્રી૦ [फा पैमाइश] જમીન-માપણી

**પેય** વિ૦ [सं] પીવા યોગ્ય, પીવાનું (૨) ન૦ પી શકાય એવું ખાદ્ય (૩) પીણું (ચા, કૉફી વગેરે)

**પેર** (પે) સ્ત્રી૦ [દે. पअर = मार्ग; રસ્તો] પ્રકાર, રીત (૨) ખબર (૩) તદબીર (૪) [हिं] પું૦ પગ

**પેર** સ્ત્રી૦ [सं. पर्वन्] પેરાઈ (૨) ન૦ [સર૦ 'પેરુ'] જામફળ

**પેરવી** (પે) સ્ત્રી૦ [फा पैरवी] તજવીજ, ગોઠવણ; યુક્તિ (૨) પ્રયત્ન (૩) દરજ્જો [–કરવી = તજવીજ –ગોઠવણ કરવી. પેરવીમાં રહેવું = તજવીજ – ગોઠવણ થાય એમ કરતા રહેવું]

**પેરવું** સ૦ક્રિ૦ વાવવું

**પેરાઈ, પેરી** સ્ત્રી૦ પેરિયું, પેરુ ન૦ [सं पर्वन्] સાંઠાની બે ગાંઠ વચ્ચેનો ભાગ

**પેરુ** ન૦ જામફળ, પેર (૨) [ઇં.] (સં.) દક્ષિણ અમેરિકાનો એક દેશ

**પેરે** (પે) અ૦ [दे पअर] પ્રકારે (૨) પેઠે

**પેરા** [ઇં], **–રો** પું૦ ફકરો, કંડિકા

**પેરેફિન** ન૦ [ઇં] એક જાતના પથ્થર, લાકડું વગેરેમાથી ગાળી કાઢવામા આવતો મીણ જેવો પદાર્થ (મીણબત્તીમા તેમ જ જુલાબ તરીકે વપરાય છે)

**પેલ, ૦વું** (પે) ન૦ [दे पिंडली, प्रा पेलु] પીંજેલા રૂની પૂણી, પોલવું

**પેલું** વિ૦ (૨) સ૦ સામે આગળીથી બતાવેલું, ઓલ્યું (૩) આવતા પરમ દિવસ પછીના કે ગયાની પૂર્વનો (દિવસ) [પેલા જન્મમાં, પેલે જન્મ = આવતે અવતાર (૨) કદી નહી]

**પેલ્લો** (પે) પું૦ ઓટલો (કડી પ્રાંત)

**પેશ(–શો)** પું૦ [प्रा. पेशो] ધંધો

**પેશ** અ૦ [फा] આગળ, ઉપરી અધિકારી તરફ (૨) આગળ, ઠેઠ [–કરવું = રજૂ કરવું. –જવું, પહોંચવું = સફળ થવું (ધંધામા) –પહોંચાડવું = ધંધામાં ફતેહ મેળવવી (૨) ઠેઠ પહોંચાડવું, શિકસ્ત આપવી, ઠેકાણે લાવવું.] ૦કદમી સ્ત્રી૦ સામે લેવા જવું તે (૨) આગેકૂચ (૩) ચડાઈ ૦કશ પું૦, ૦કશી સ્ત્રી૦ ખંડણી. ૦કાર પું૦ કારભારી, શિરસ્તેદાર (૨) ખવાસ, હજૂરિયો. ૦ગા સ્ત્રી૦ આગણું (૨) આગણા કે તખ્ત ઉપર પાથરેલું પાથરણું. ૦ગી સ્ત્રી૦ કામ પેટે આગળથી અપેલું લવાજમ, બાનું ૦દસ્તી સ્ત્રી૦ આગળ થઈને કરેલું અનુચિત કામ – જબરદસ્તી

**પેશવા** પું૦ [फा.] પેશ્વા, આગેવાન (૨) સતારાના

મરાઠા રાજાઓનું વંશપરપરાગત પ્રધાનપદું ધરાવનાર બ્રાહ્મણ (૩) મુખ્ય પ્રધાન ૦ઈ વિ૦ પેશવાને લગતુ (૨) સ્ત્રી૦ પેશવાઓનું પ્રધાનપદું-અમલ (૩) પેશવાઓનો રાજ્યકાળ કે તેમનુ સામ્રાજ્ય. [-કરવી=દોર ચલાવવો]

**પેશવાજ** પુ૦ [फा.] બીબીઓનો એક ઘેરદાર જામો

**પેશાની** સ્ત્રી૦ [फा.] નસીબ

**પેશાબ** પુ૦ [फा.] મૂતર [-કરવો=મૂતરવું. -થઈ જવો=ડરી જવું -થવો=મૂતર આવવું, મૂતરાવુ] ૦ખાનું ન મુતરડી

**પેશી** સ્ત્રી૦ [सं] માસનો લોચો, 'ટિશ્યુ' (૨) [ફણસ, ખજૂર જેવાં] ફળના ગરનો પિંડ

**પેશી** સ્ત્રી૦ [फा.] કેસની સુનાવણી, આગળ કેસ ચાલવો તે

**પેશીનગોઈ** સ્ત્રી૦ [फा] ભવિષ્યવાણી

**પેશો** પુ૦ [फा.] પેશ; ધંધો, કસબ

**પેશ્તર** વિ૦ [फा] પેસ્તર, આગામી

**પેશ્વા, ૦ઈ** [फा] જુઓ 'પેશવા'મા

**પેસનીકળ** (પે) સ્ત્રી૦ [પેસવું+નીકળવુ]પેસવુ અને નીકળવુ તે (૨) [લા] કારભાર

**પેસવું** (પે) અ૦ક્રિ૦ [सं प्रविश्; प्रा पइस] દાખલ થવુ, પ્રવેશ કરવો **પેસાડવું** સ૦ ક્રિ૦ (પ્રેરક), **પેસાવું** (કર્મણિ)

**પેસાર(-રો)** (પે) પુ૦[प्रा• पइसर (स प्रविश्)] દાખલ થવુ તે, પ્રવેશ (૨) પરિચય;ગાઢ સબધ

**પેસેન્જર** (પે) સ્ત્રી૦ [इ] ઉતારુઓ લાવતી લઈ જતી રેલગાડી (એ સામાન્ય રીતે દરેક સ્ટેશને ઊભી રહે છે.) (૨) વાહનનો મુસાફર

**પેસ્તર** વિ૦ [જુઓ પેશ્તર] આગામી

**પેળ** પુ૦ [सं. मेल] વૃષણ

**પેં** (પે) અ૦(પ) [सं प्रति, प्रा •पइ] સરખામણીમા, મુકાબલે (૨) ઉપર

**પેંગડું** (પેં)ન૦ ઘોડેસવાર જેમા પગ રાખે છે તે-કડુ; રકાબ [**પેંગડામાં પગ ઘાલવો**=ને પગલે ચાલવુ (૨) -ની સરખુ ઊતરવુ.]

**પેંજાર** (પેં) સ્ત્રી૦,-રુ ન૦[જુઓ પેજાર]પગરખું

**પેંઠ** (પેં) સ્ત્રી૦ હૂંડી ગેરવલ્લે પડ્યાથી બીજી વાર લખી આપવામા આવે છે તે

**પેંડો** (પેં) પું૦[सं पिंड, प्रा. पेंड] પિંડ,(માટીનો) લોદો (૨) દૂધના માવાની બનાવેલી એક મીઠાઈ [-આપવો=મારવુ(૨)બરતરફ કરવું.]

**પેંતરો** (પેં) પુ૦ [સર૦ हिं. पैंतरा] કુસ્તી વગેરેની શરૂઆતમા આગલા પગને જરા વાળીને અને પાછલા પગને ટટાર રાખી ઊભા રહેવુ તે, પવિત્રા (૨) યુક્તિ, પ્રપચ [-કરવો, રચવો=યુક્તિ-પ્રપંચ ગોઠવવા]

**પેતાન** ન૦ ડોળ

**પેંધવું** (પેં) અ૦ક્રિ૦ જુઓ પેધવું

**પેંધુ** (પેં)(વિ૦ (૨) ન૦ જુઓ પેધુ

**પૈ** ન૦ [दे पइअ] + પૈડુ [-માથી

**પૈકી** અ૦ [म. पैकी (फा. पैक=समुदाय)]-માનું;

**પૈડ** સ્ત્રી૦(૨)ચોળાચોળ;પંચાત, પરડ **-ડોતરું** વિ૦ વાતનો કેડો ન મૂકે તેવુ

**પૈડું** ન૦ [જુઓ પૈ] ચક્ર, ચાક [-ફરવું= કામ ચાલુ થવુ કે સિદ્ધ થવુ.]

**પૈતામહક** [सं] વિ૦ પિતામહને લગતુ

**પૈતું** ન૦ પીતુ, પાતળો કકડો, કાતળી

**પૈતૃક** વિ૦ [सं] બાપીકુ, વારસામાં મળેલુ

**પૈશાચ** વિ૦ [सं] રાક્ષસી (૨) પુ૦ લગ્નના આઠ પ્રકારોમાનો એક (જેમા સૂતેલી, મદ્યપાનથી વિહ્વલ બનેલી કે ઉન્મત્ત કન્યા સાથે સભોગ કરી લગ્ન કરવામા આવે છે)

**પૈશાચિક** વિ૦ [स] પૈશાચી

**પૈશાચી** વિ૦ રાક્ષસી (૨) સ્ત્રી૦ [सं] પ્રાકૃત ભાષાનો એક પ્રકાર

**પૈશુન(-ન્ય)** ન૦ [सं] પિશુનતા

**પૈસાદાર** વિ૦ ['પૈસો' ઉપરથી] ધનવાન

**પૈસો** પુ૦[સર૦हिं पैसा]એક તાબાનો સિક્કો, આનાનો ચોથો ભાગ (૨)[લા] દોલત, ધન. [**પૈસા ઉડાવવા**=ઉડાઉપણે પૈસા ખર્ચવા. **-ઉડાવી જવા**=પૈસા ખાઈ જવા,ઓળવવા. **-ઊપજવા**=કિંમત જેટલા કે તેથી વધુ નાણા મળવા **-કૂદવા**=ખૂબ-વધારેપડતા પૈસા હોવા **-ખર્ચવા**=કિંમત તરીકે નાણા આપવા કે તેમનું રોકાણ કરવુ **-ખાવા**= લાચ લેવી(૨)વિશ્વાસઘાત કરી પારકાના પૈસા ઓળવવા **-ખોટા કરવા**=દેવુ કે લેણું ન

ચૂકવવું. **-ખોટા થવા**=ધીરેલું નાણું ન મળવું-ડૂલ થવું **-ખોવા**=વેપારધંધામાં ખોટ આવવી(૨)પૈસા ઉડાવવા. **-ઘલાવા**=બીજાઓ વડે પૈસા ખવાઈ જવા, ધીરેલા પૈસા પાછા ન મળવા **-ચાંપવા**=લાંચ આપવી. **-જોડવા**=સામાની ચીજને નુકસાન થતા તેની કિંમત કે નુકસાની તરીકે નાણાં આપવા **-તોડી પાડવા**=સહેલાઈથી પૈસા કમાવા. **-નાખવા**=ભવિષ્યમા લાભની આશાએ ધંધા-ઉદ્યોગમા નાણાંનુ રોકાણ કરવું. **-પાડવા** = પૈસાના સિક્કા બનાવવા. **-પાણીમાં જવા**=વ્યર્થ ખર્ચ થવો. **-બગાડવા**=પૈસાનું નકામુ ખર્ચ કરવું. **-બચવા**=ખર્ચ જતા પૈસા સિલક રહેવા. **-ભરવા**=કર કે ફાળાની રકમ ચૂકવવી (૨) ફાળાની યાદીમા પોતા તરફથી રકમ લખાવવી (૩)પૈસા જોડવા **-મારવા**=પૈસા ખાઈ જવા, ઓળવવા **-મૂકવા**=વ્યાજે કે થાપણ તરીકે પૈસા આપવા **-વરસવા**=અતિશય કમાણી કે લાભ થવા **-વાપરવા**=ખર્ચ કરવું **-વેડફવા**=નકામું ખર્ચ કરવું, પૈસા ઉડાવવા **-વેરવા**=ચારે તરફ અનેક જણને લાંચ આપવી **પૈસાના કાંકરા કરવા**=પૈસા ઉડાવી દેવા;પૈસાનો ગેરઉપયોગ કરવો **પૈસાના ખેલ, ચાળા**=પૈસાને જોરે કરી શકાય તેવા મોજશોખ કે ખર્ચ **પૈસાની છૂટ**=વાપર માટે ઘણા પૈસા હોવા **પૈસાનું**=પૈસાની કિંમતનું, તુચ્છ. **પૈસાનું પાણી કરવું**=પૈસા નકામા ઉડાવી દેવા ]૦ટકો પુ૦ધન;પૂંજી

**પો** (પો) સ્ત્રી૦, ન૦ [સર૦ મ. पव] પાસાના દાવમા એકનો દાવ (૨) કોડીઓના દાવમા ૧૦, ૨૫ અને ૩૦ જેવા દાણા કે તે પડે ત્યારે લેવાનો એક વધુ દાણો (૩) ચોપટમાં પહેલું ખાનું [**-પડવી**=વધુ દાણો લેવાય તેવા દાણા પડવા. **-ખેસવી**=પો પડવાથી નવું સોગટું અંદર લેવાવું ]

**પો** (પોં) પુ૦, સ્ત્રી૦ [જુઓ પોહ] પરોઢિયું [**-ફાટવું**=પરોઢિયું થવું.]

**પોઈ** સ્ત્રી૦ [સ पोतकी, हिं पोई] એક વેલ

**પોઈસ** અ૦ [फा पोश] 'વાટમાંથી ખસી જાઓ' એવું જણાવનારો ઉદ્ગાર (૨) (સુ.) માત, સીધુ દોગ કરેલુ [**-થઈ જવું**=રવાના થઈ જવું; નાસી જવુ (૨) સીધાદોર થઈ જવુ.]

**પોક** સ્ત્રી૦ [प्रा पोक्क] બૂમ પાડીને રડવું તે. [**-પાડવી**=મરનારનું નામ બોલી મોટેથી રડવું **-મૂકવી**=મોટેથી નામ દઈને રડવુ (૨)કશું વળવાનુ નથી, એમ માની છોડી દેવુ ] **૦રાણ** ન૦ પોકાપોકનો અવાજ. **૦રાવવું** સ૦ક્રિ૦ પોકારે એમ કરવું **૦શ્રાદ્ધ** ન૦ કોઈ મરી ગયું હોય એમ પોક મૂકીને રડવુ તે

**પોકળ** વિ૦ [દે. पोक्क]પોલુ(૨)ખોટું **૦તા** સ્ત્રી૦

**પોકળી** સ્ત્રી૦ ['પોકળ' ઉપરથી] ખાલી જગા

**પોકંડી** ન૦ એક પક્ષી

**પોકાર** પુ૦ [प्रा पुक्कर, पोक्कर] બૂમ (૨) ફરિયાદ. [**-ઉઠાવવો** = બૂમ - ફરિયાદ ઉઠાવવી **-કરવો**=પોકારવુ (૨) ફરિયાદ ઉઠાવવી.] **૦ણ** ન૦ પોકારવુ તે **૦વું** સ૦ક્રિ૦ મોટે સાદે-બૂમ પાડીને બોલવું કે કોઈને બોલાવવું [પોકો પાડીને

**પોકેપોક** અ૦ ['પોક' ઉપરથી] પોકે પોકે,બૂમ

**પોખરાજ** પુ૦ પીળા રંગનુ એક રત્ન

**પોખરો** પું૦ [સર૦ म पोखर=બાકું] (કા.) બાજરૂ કે જુવારડીની બેઠક

**પોખવું** સ૦ક્રિ૦ + જુઓ પોંખવુ (૫)

**પોગળ** ન૦[સર૦પોકળ]ભોપાળુ [-નીકળવું]

**પોગળી** સ્ત્રી૦ ગાસડી

**પોચ** સ્ત્રી૦ [दे पोच्चड] દાણા વગરનું ખોખું (ડાગરનું). **૦કણુ** વિ૦ ['પોચુ' ઉપરથી] પોચું,બીકણ,પચકણ **૦કું** ન૦ છાણનો લોદો. [**પોચકાં નાખવાં**=છાણના પોદળા નાખવા (૨) બી જવું, ગભરાઈ જવુ ] **૦ટ(-ડ)** વિ૦ પોચું **૦રડું** ન૦ [દે. पोच्चड] બીજ ન થયું હોય અથવા અંદર મરી ગયુ હોય એવી સીંગ

**પોચું** વિ૦ [દે. पोच्च]નરમ,દબાયુ દબાય એવું (૨) નબળુ, ઢીલુ, કઠણથી ઊલટું (૩) [લા ] બીકણ,પોચકણ [**પોચા કાળજાનું, પોચી છાતીનું**=ડરી જાય એવું **પોચું પડવું**= નરમ થવુ (૨) ટકી ન શકવું, ગભરાવું.]

**પોટકી(–લી)** સ્ત્રી૦ [જુઓ પોટલી] નાની ગાસડી. –કું(–લું) ન૦ ગાસડી

**પોટર** પું૦ [ઇં. પોર્ટર] રેલવે સ્ટેશનનો પરચૂરણ કામકાજ કરનારો નોકર –મજૂર; કૂલી

**પોટલિયું** વિ૦ ['પોટલી' ઉપરથી] પોટલીના ઘાટનું (૨) પોટલામાં વીંટેલું –યો પું૦ ઘોડાના સામાન સાથે રહી શકે તેવી ચપટા ઘાટની ચામડાની મસક (૨) સોના કે રૂપાનો લંબગોળ મણકો. [પોટલિયે જવું=ઝાડે ફરવા જવું.]

**પોટલી,–લું** [દે પોટ્ટલ, પોટ્ટલિઆ] જુઓ 'પોટકી'માં [પોટલી પકડવી=વૈદનો ધંધો કરવો. પોટલેપોટલાં=ખૂબ, પુષ્કળ]–લો પું૦ મોટું પોટલું [–ક્ષાર

**પોટાશ(–સ)** પું૦ [ઇં] એક રાસાયનિક દ્રવ્ય

**પોટીસ** સ્ત્રી૦ [ઇં પોલ્ટીસ] ગઠગૂમડ પકવવા માટે ઘઉંના લોટ વગેરેની ગરમ લૂગદી [–બાંધવી, મારવી, લગાવવી]

**પોટો** પું૦ [દે૰પોટ્ટ=પેટ (જેવું ઊપસેલું ફૂલેલું)] કાનસનો ગોળો (૨) [સ પોત] ચકલીનું બચ્ચું (૩) [સર૦ મ. પોટા] એક જાતના ઘઉંનો દાણો

**પોટ્ટી** સ્ત્રી૦ પોરટી, છોકરી

**પોટ્ટો** પું૦ [જુઓ પોરટો] છોકરો (સુ.)

**પોઠ** સ્ત્રી૦ [સ પૃષ્ઠ, પ્રા. પુટ્ઠ ઉપરથી] પ્રાણીની પીઠ પર નખાય તેવી બેવડી ગૂણ (૨) વણજાર (૩) પોઠિયો –ઠિયો પું૦ પોઠ ઉપાડનાર બળદ (૨) મહાદેવનો નંદી –ડી પું૦ પોઠનો બળદ (૨) વણજારો

**પોડું** ન૦ [પ્રા. પુડગ (સ૰ પુટ)] લીંપણના જાડા થરનો કકડો (૨) મધપૂડો

**પોઢણ** (પો) ન૦ [દે પવડ્ઢ=પોઢવું] શયન –વું અ૦ ક્રિ૦ સૂવું

**પોઢાડવું** (પો) સ૰ક્રિ૦ 'પોઢવું'નું પ્રેરક

**પોણ** (પો) ન૦+ [જુઓ પણ] પ્રતિજ્ઞા

**પોણચવડું** (પો) વિ૦ [જુઓ પુણચવડું] વાંકું; અસત્ય

**પોણા** (પો) પું૦ બ૦વ૦ [સ પાદોન] પોણાના આંક –ણિયું વિ૦ પોણા ભાગનું –ણિયો વિ૦ પું૦ [લા] બાયલો, રાંડવો –ણીસો વિ૦ સોમાં પા ઓછો, 'લ્લા.'–ણું વિ૦ આખામાં પા ઓછું; '॥'. [પોણુઆઠ વિ૦ પું૦ પોણિયો; નપુંસક.] –ણોસો વિ૦ પંચોતેર

**પોત** ન૦ કસ ખોલવી તે (૨) [સ. આત્મત્વ, પ્રા. અપ્પત્ત] પોતાનું ખરું સ્વરૂપ. [–પ્રકાશવું =અંતરનો સ્વભાવ ખુલ્લો કરવો પોતાના ગુણકર્મ ઉપર જવું]

**પોત** ન૦ [સં] બાળક, બચ્ચું (૨) કપડું (૩) પું૦ મછવો (૪) [લા] વસ્ત્રનો વણાટ (૫) મરનારના નજીકના સગાનો શોક મુકાવવા બીજાં સગા વસ્ત્ર કે તેની કિંમત આપે છે તે. ૦જ વિ૦ પોત–બચ્ચારૂપે અવતરતું (અંડજ નહીં) ૦ડી સ્ત્રી૦ ધોતી –તારો પું૦ ભીનું પોતું (૨) પોતું ફેરવવું તે. પોતિયાદાસ પું૦ [જુઓ પોતિયું] પોતિયું પહેરનારો –ઢીલો માણસ.–તિયું ન૦ [સ પૌતિક પ્રા પોત્તિઅ] નાનું ધોતિયું [પોતિયાં લેવાં, લઈ લેવાં =નુકસાન કરવું (૨) લૂટવું (૩) ગભરાવવું પોતિયાં લેવાઈ જવાં=હિંમત જતી રહેવી, છક્કા છૂટી જવા. પોતિયું કાઢી નાખવું, છૂટી જવું, ફાટી જવું=ગભરાઈ જવું; હિંમત જતી રહેવી. -કાઢીને ઊભા રહેવું =નાગાઈ કરવી] –તી સ્ત્રી૦ [સ, પ્રા] ધોતી

**પોતદાર** પું૦ [ફા પોતહ+દાર] ખજાનચી

**પોતનીસ** પું૦ [ફા પોતહ + નવીસ] ખજાનાનો હિસાબનીસ

**પોતપોતામાં** અ૦ [પોતે પરથી] માહોમાહે

**પોતપોતે** સ૦ [પોતે પરથી] પોતે પોતે, દરેક

**પોતરો** પું૦ [સં પૌત્ર, પ્રા પોત્ત] પૌત્ર

**પોતાપણું** ન૦ [પોતે+પણું] આત્મીયભાવ (૨) વ્યક્તિત્વ (૩) અસ્મિતા, અહંભાવ

**પોતારો, પોતિયાદાસ, પોતિયું, પોતી** જુઓ 'પોત'માં

**પોતીકું** વિ૦ [જુઓ 'પોત' ન૦ (૨)] પોતાનું, સ્વકીય

**પોતું** ન૦ [સ પુસ્ત, પ્રા પુત્થ, પોત્થ] પાણીમાં ભીંજવેલો લૂગડાનો કકડો (૨) ચૂનામાં કે રંગમાં ભીંજવેલો કૂચડો (૩) [ફા પોતહ] સરકારી ખજાનામાં મહેસૂલનું ભરણું (૪) [જુઓ પોતું] પોથું. [–કરવું=રંગવા કે

ધોળવા પોતું ફેરવવું. **-ફેરવવું**=પોતું મારવું (૨) ભૂંસી નાખવું. **-ભરવું**=ભરણું મોકલવું. **-મારવું**=રંગવા કે ધોળવા પોતું ફેરવવું **-મોકલવું**=ભરણું મોકલવું **-વાળવું**= ધૂળમાં મેળવવું, કરેલા પર પાણી ફેરવવું ]

**પોતે** સ૦ [જુઓ પોત ન૦ (૨)] જાતે; પડે. [**પોતાને તૂંબડે તરવું**=આપબળથી જીતવું **પોતાના પગ પર કુહાડી મારવી**= પોતાનું જ ખરાબ થાય તેમ કરવું ]

**પોથકી** સ્ત્રી૦[સ ]એક નેત્રરોગ, જેમાં પોપચાના અંદરના ભાગમાં ફોલ્લીઓ નીકળી આવે છે

**પોથાળવું** અ૦ક્રિ૦ (કા.) પલાયન કરવું

**પોથી** સ્ત્રી૦ [સ पोतकी] પોઈની વેલ (૨) પોઈના રંગમાં કે અળતામાં બોળી રાખેલું રૂનું પોલ [**-મૂકવી**=દાત રંગવા તેના ઉપર રંગનું પોલ મૂકવું ] (૩)[સ पुस्तिका, प्रा पोत्थिया] લાંબા છૂટા પાનાનું પુસ્તક, કે એની પોટકી. [**પોથીમાંનાં રીંગણાં**=બીજાને ઉપદેશવાનું, પણ જાતે તેમ કરવાનું નહી તે ] **-થું** ન૦ મોટી પોથી-પુસ્તક (તુચ્છકારમાં)

**પોદળો** પું૦ [દે. पोट्ट] છાણનો લોદો (એક વારનો-એક સાથે કરેલો ) [**પોદળા જેવું**= ઢગલાની પેઠે પડી રહે તેવું, સ્થૂલ-જડ, હાલે ચાલે નહીં તેવું. **-કરવો, મૂકવો.**]

**પોપ** ન૦ [જુઓ પોપડી] ફૂણગો (૨) પડ, થર

**પોપ** પું૦ [ઇ] રોમમાં રહેતો રોમન કેથલિક સંપ્રદાયનો વડો ધર્માધિકારી

**પોપચું** ન૦ [જુઓ પોપ] આંખનું પાંપણવાળું ઢાંકણ (૨)ખસખસનો દાણા બાઝ્યા વગરનો ડોડો(૩)દાણા બાઝ્યા વગરની શિંગ(૪)પોપડી

**પોપટ** પું૦ [સ पुट्+पुट्=બોલ બોલ કરવું ઉપરથી ?] લીલા જેવા રંગનું એક પક્ષી, શુક [**-કરી નાખવું**=ભણાવીને હોશિયાર કરી દેવું (૨) પોતાનું બોલાવ્યું બોલે તેવું અધીન કરી દેવું **-કરી રાખવું**=પોતાનું બોલાવ્યું બોલે તેવું બનાવી રાખવું. **-બોલવો**= થાકી જવું; ખલાસ થઈ જવું **-પાળવો**= પોપટને પાળવો (૨) પંપાળીને આવજતથી રાખવું(૩)આંગળીએ વાગવા-પાકવાથી હાથના પહોંચાને ઊંચો ને ઊંચો રાખવો.]**-ટિયું** વિ૦ પોપટના જેવા રંગનું (૨) પોપટના નાકના આકારનું (૩) પોપટની પેઠે સમજ્યા વિના ગોખી મારેલું (૪)કેવળ મોઢાનું, બોલવા પૂરતું જ **-ટી** વિ૦પોપટિયું (૨)સ્ત્રી૦ પોપટની માદા

**પોપટી** સ્ત્રી૦ એક છોડ-વેલો(૨)[ચ ]દિવેલામાં પડતો એક રોગ **-ડું** ન૦ પોપટીનું ફળ-દાણો

**પોપટો** પું૦ [દે. पोट्ट=પેટ (પરથી ?)] ચણાની શિંગ [**પોપટા પાડવા**=ચણાનો ઓળો કરવો ]

**પોપડી** સ્ત્રી૦ [प्रा पउप्पड=ઊંચા થવું, કૂદવું (सं. प्र+उत्+पत्)] નાનો પોપડો -પડ **-ડું** ન૦ નાનો પોપડો (૨) માત્ર ઘાસ ઊગે તેવી જમીન. **-ડો** પું૦ ઊપસેલું, ઊખડેલું કે લાગેલું પડ (૨) માત્ર ઘાસ ઊગે તેવી જમીન

**પોપલાં** ન૦બ૦વ૦ [જુઓ પોપલું] અશક્તિના ફાંફાં

**પોપલિન** (પો) ન૦ [ઇં.] એક જાતનું કાપડ

**પોપલું** વિ૦ [દે पोप्पय=હાથ ફેરવ્યા કરવો, પપલાવવું] પોચું, કાંઈ સહન કરી શકે નહિ તેવું (૨) લડાવેલું, લાડકું કરી નાખેલું (૩) નકામા ફાંફાં મારતું

**પોપાંગાળું** વિ૦ જુઓ પોપલું

**પોપાંબાઈનું રાજ્ય** ન૦ ગેરવ્યવસ્થા અને અનાવડતને કારણે ચાલતું અંધેર

**પોપું** વિ૦ [જુઓ પોપલું] કાચું, પોચું (૨)ન૦ કાચાપણું, પોચાપણું

**પોપૈયું** ન૦ (ના ) જુઓ પપૈયું **-યો** પું૦ તેનું ઝાડ, પપૈયો

**પોપો** પું૦ કાજળનું ટપકું, નજરિયું (૨)[સર૦ દે. फोंफा=ડરાવવાનો અવાજ] અજાણ્યો ચોર (બાળકને કહેવામાં)

**પોબાર** (પો)પું૦બ૦વ૦[પો+ બાર]ત્રણ પાસાની રમતમાં છ, છ અને એક, એમ કુલ તેર - દાણાનો દાવ(૨) ફતેહ [**-કરવા, ગણવા**= જુઓ પોબારા ગણવા.**-પડવા** = પાસા અવળા પડવા, ધારેલી યુક્તિમાં ફાવવું; ફતેહ થવી.]

**પોબારા ગણવા** (પો) [સર૦ મ. पो(-पव)बारा] શ૦ પ્ર૦ [જુઓ પોબાર] નાસી જવું

**પોટકી(-લી)** સ્ત્રી૦ [જુઓ પોટલી] નાની ગાસડી. -કું(-લું) ન૦ ગાસડી
**પોટર** પું૦ [ઇં. पोर्टर] રેલવે સ્ટેશનનો પરચૂરણ કામકાજ કરનારો નોકર -મજૂર; કૂલી
**પોટલિયું** વિ૦ ['પોટલી' ઉપરથી] પોટલીના ઘાટનું(૨)પોટલામાં વીંટેલું. -યો પું૦ ઘોડાના સામાન સાથે રહી શકે તેવી ચપટા ઘાટની ચામડાની મસક(૨)સોના કે રૂપાનો લંબગોળ મણકો [પોટલિયે જવું=ઝાડે ફરવા જવું.]
**પોટલી,-લું** [દે पोट्टल, पोट्टलिआ] જુઓ 'પોટકી'માં [પોટલી પકડવી=વૈદ્યનો ધંધો કરવો. પોટલેપોટલાં=ખૂબ, પુષ્કળ]-લો પુ૦ મોટું પોટલું [-ક્ષાર
**પોટાશ(-સ)** પુ૦ [ઇ] એક રાસાયનિક દ્રવ્ય
**પોટીસ** સ્ત્રી૦ [ઇં पोल्टीस] ગઠગૂમડ પકવવા માટે ઘઉંના લોટ વગેરેની ગરમ લૂગદી [-બાંધવી, મારવી, લગાવવી]
**પોટો** પું૦ [દે-पोट्ट=પેટ (જેવું ઊપસેલું ફૂલેલું)] ફાનસનો ગોળો (૨) [સં पोत] ચકલીનું બચ્ચું (૩) [સર૦ મ. पोटा] એક જાતના ઘઉંનો દાણો
**પોટ્ટી** સ્ત્રી૦ પોરી; છોકરી.
**પોટ્ટો** પુ૦ [જુઓ પોરટો] છોકરો (સુ)
**પોઠ** સ્ત્રી૦ [સ पृष्ठ, प्रा पुट्ठ ઉપરથી] પ્રાણીની પીઠ પર નખાય તેવી બેવડી ગૂણ (૨) વણજાર (૩) પોઠિયો. -ઠિયો પું૦ પોઠ ઉપાડનાર બળદ (૨) મહાદેવનો નંદી -ડી પુ૦ પોઠનો બળદ (૨) વણજારો
**પોડું** ન૦ [प्रा. पुडग (स. पुट)] લીંપણના જાડા થરનો કકડો (૨) મધપૂડો
**પોઢણ** (પો) ન૦ [દે पवड्ढ=પોઢવું] શયન -વું અ૦ ક્રિ૦ સૂવું
**પોઢાડવું** (પો) સ૦ક્રિ૦ 'પોઢવું'નું પ્રેરક
**પોણ** (પો) ન૦+ [જુઓ પણ] પ્રતિજ્ઞા
**પોણચવડું** (પો) વિ૦ [જુઓ પુણચવડું] વાંકુ, અસત્ય
**પોણા** (પો) પુ૦બ૦વ૦[સ पादोन] પોણાના આંક -ણિયું વિ૦ પોણા ભાગનું -ણિયો વિ૦ પું૦ [લા] બાયલો, રાંડવો.-ણીસો વિ૦ સોમાં પા ઓછો, '૯૯ાા.'-ણું વિ૦ આખામાં પા ઓછું; '૦ાા'. [પોણાઆઠ વિ૦ પું૦ પોણિયો; નપુંસક] -ણોસો વિ૦ ૫ચોતેર
**પોત** ન૦ ફસ ખોલવી તે (૨) [स आत्मत्व, प्रा. अप्पत्त] પોતાનું ખરું સ્વરૂપ [-પ્રકાશવું =અંતરનો સ્વભાવ ખુલ્લો કરવો પોતાના ગુણકર્મ ઉપર જવું]
**પોત** ન૦ [સં] બાળક, બચ્ચું (૨) કપડું (૩) પુ૦ મછવો (૪) [લા] વસ્ત્રનો વણાટ (૫) મરનારના નજીકના સગાનો શોક મુકાવવા બીજાં સગા વસ્ત્ર કે તેની કિંમત આપે છે તે ०જ વિ૦ પોત-બચ્ચારૂપે અવતરતું (અંડજ નહી) ०ડી સ્ત્રી૦ ધોતી. -તારો પું૦ ભીનું પોતું (૨) પોતું ફેરવવું તે પોતિયાદાસ પું૦ [જુઓ પોતિયું] પોતિયું પહેરનારો -ઢીલો માણસ.-તિયું ન૦[स पौतिक प्रा पोत्तिअ] નાનું ધોતિયું [પોતિયાં લેવાં, લઈ લેવાં =નુકસાન કરવું (૨) લૂટવું (૩) ગભરાવવું પોતિયાં લેવાઈ જવાં=હિંમત જતી રહેવી, છક્કા છૂટી જવા. પોતિયું કાઢી નાખવું, છૂટી જવું, ફાટી જવું =ગભરાઈ જવું, હિંમત જતી રહેવી -કાઢીને ઊભા રહેવું =નાગાઈ કરવી] -તી સ્ત્રી૦ [स, प्रा] ધોતી
**પોતદાર** પું૦ [फा पोतह+दार] ખજાનચી
**પોતનીસ** પુ૦ [फा पोतह + नवीस] ખજાનાનો હિસાબનીસ
**પોતપોતામાં** અ૦ [પોતે પરથી] માહોમાહે
**પોતપોતે** અ૦ [પોતે પરથી] પોતે પોતે, દરેક
**પોતરો** પુ૦ [स पौत्र, प्रा पोत्त] પૌત્ર
**પોતાપણું** ન૦[પોતે+પણું] આત્મીયભાવ (૨) અસ્તિત્વ (૩) અસ્મિતા, અહંભાવ
**પોતારો, પોતિયાદાસ, પોતિયું, પોતી** જુઓ 'પોત'માં
**પોતીકું** વિ૦ [જુઓ 'પોત' ન૦(૨)] પોતાનું, સ્વકીય
**પોતું** ન૦ [स पुस्त, प्रा पुत्थ, पोत्थ] પાણીમાં ભીંજવેલો લૂગડાનો કકડો (૨) ચૂનામાં કે રંગમાં ભીંજવેલો કૂચડો (૩) [फा. पोतह] સરકારી ખજાનામાં મહેસૂલનું ભરણું (૪) [જુઓ પોથું] પોથું. [-કરવું=રંગવા કે

પાળવા પોતુ ફેરવવું. -ફેરવવું=પોતુ મારવું (૨) ભૂસી નાખવું. -ભરવું=ભરણું મોકલવું. -મારવું=રંગવા કે ધોળવા પોતુ ફેરવવું. -મોકલવું=ભરણું મોકલવુ -વાહવું=ધૂળમા મેળવવું, કરેલા પર પાણી ફેરવવું ]

**પોતે** સ૦ [જુઓ પોત ન૦ (૨)] જાતે; પડે. [**પોતાને તૂબડે તરવું**=આપબળથી જીતવું **પોતાના પગ પર કુહાડી મારવી**=પોતાનુ જ ખરાબ થાય તેમ કરવું ]

**પોથકી** સ્ત્રી૦[સ ]એક નેત્રરોગ, જેમા પોપચાના અંદરના ભાગમા ફોલ્લીઓ નીકળી આવે છે

**પોથાળવું** અ૦ક્રિ૦ (કા.) પલાયન કરવું

**પોથી** સ્ત્રી૦ [સ पोतकी] પોઈની વેલ (૨) પોઈના રંગમા કે અળતામાં બોળી રાખેલુ રૂનુ પોલ [**-મૂકવી**=દાત રંગવા તેના ઉપર રંગનુ પોલ મૂકવુ ] (૩)[સ. पुस्तिका, प्रा पोत्थिया] લાબા છૂટા પાનાનુ પુસ્તક, કે એની પોટકી. [**પોથીમાંનાં રીંગણાં**=બીજાને ઉપદેશવાનુ, પણ જાતે તેમ કરવાનુ નહી તે.] **-થું** ન૦ મોટી પોથી-પુસ્તક (તુચ્છકારમા)

**પોદળો** પું૦ [દે पोइ] છાણનો લોદો (એક વારનો-એક સાથે કરેલો.) [**પોદળા જેવું**=ઢગલાની પેઠે પડી રહે તેવું, સ્થૂલ-જડ, હાલે ચાલે નહીં તેવુ. **-કરવો, મૂકવો.**]

**પોપ** ન૦ [જુઓ પોપડી] ફણગો (૨) પડ, થર

**પોપ** પું૦ [इं] રોમમા રહેતો રોમન કેથલિક સંપ્રદાયનો વડો ધર્માધિકારી

**પોપચું** ન૦ [જુઓ પોપ] આખનુ પાપણવાળું ઢાકણ (૨)ખસખસનો દાણા બાઝ્યા વગરનો ડોડો(૩)દાણા બાઝ્યા વગરની શિંગ(૪)પોપડી

**પોપટ** પું૦ [સ पुट्+पुट्=બોલ બોલ કરવુ ઉપરથી ?] લીલા જેવા રંગનુ એક પક્ષી; શુક [**-કરી નાખવુ**=ભણાવીને હોશિયાર કરી દેવુ (૨) પોતાનુ બોલાવ્યું બોલે તેવુ અધીન કરી દેવુ **-કરી રાખવું**=પોતાનુ બોલાવ્યું બોલે તેવુ બનાવી રાખવુ **-બોલવો**=ચાખી જવુ, ખલાસ થઈ જવુ **-પાળવો**=પોપટને પાળવો (૨) પંપાળીને આવજતથી રાખવુ(૩)આગળીએ વાગવા-પાકવાથી હાથના પહોચાને ઊચો ને ઊચો રાખવો.]**-ટિયું** વિ૦ પોપટના જેવા રંગનું (૨) પોપટના નાકના આકારનું (૩) પોપટની પેઠે સમજ્યા વિના ગોખી મારેલુ (૪)કેવળ મોઢાનુ, બોલવા પૂરતુ જ **-ટી** વિ૦પોપટિયું(૨)સ્ત્રી૦ પોપટની માદા

**પોપટી** સ્ત્રી૦ એક છોડ-વેલો(૨)[ચ ]ઢિંચેલામા પડતો એક રોગ **-ડું** ન૦ પોપટીનુ ફળ-દાણો

**પોપટો** પું૦ [દે. पोट्ट=પેટ(પરથી ?)] ચણાની શિંગ [**પોપટા પાડવા**=ચણાનો ઓળો કરવો ]

**પોપડી** સ્ત્રી૦ [प्रा. पडप्पड=ઊચા થવુ, ફૂટવુ (सं. प्र+उत्+पत्)] નાનો પોપડો-પડ **-ડું** ન૦ નાનો પોપડો (૨) માત્ર ઘાસ ઊગે તેવી જમીન **-ડો** પું૦ ઊપસેલુ, ઊખડેલુ કે લાગેલુ પડ(૨)માત્ર ઘાસ ઊગે તેવી જમીન

**પોપલાં** ન૦બ૦વ૦ [જુઓ પોપલુ] અશક્તિના ફાંફાં

**પોપલિન** (પો) ન૦ [इं.] એક જાતનુ કાપડ

**પોપલું** વિ૦ [દે पोप्पय=હાથ ફેરવ્યા કરવો, પપલાવવું] પોચું, કાંઈ સહન કરી શકે નહિ તેવુ (૨) લડાવેલુ, લાડકુ કરી નાખેલુ (૩) નકામા ફાંફાં મારતુ

**પોપાગાળું** વિ૦ જુઓ પોપલુ

**પોપાંબાઈનું રાજ્ય** ન૦ ગેરવ્યવસ્થા અને અનાવડતને કારણે ચાલતુ અંધેર

**પોપું** વિ૦ [જુઓ પોપલુ] કાચુ,પોચુ (૨)ન૦ કાચાપણુ, પોચાપણુ

**પોપૈયું** ન૦ (કા ) જુઓ પપૈયુ **-યો** પું૦ તેનુ ઝાડ, પપૈયો

**પોપો** પું૦ કાજળનું ટપકુ, નજરિયુ (૨)[સર૦ દે. फोंफा=ડરાવવાનો અવાજ] અજાણ્યો ચોર (બાળકને કહેવામા)

**પોબાર** (પો)પું૦બ૦વ૦[પો+બાર]ત્રણ પાસાની રમતમા છ, છ અને એક, એમ કુલ તેર દાણાનો દાવ(૨)ફતેહ [**-કરવા, ગણવા**=જુઓ પોબારા ગણવા **-પડવા**=પાસા સવળા પડવા, ધારેલી યુક્તિમા ફાવવુ; ફતેહ થવી.]

**પોબારા ગણવા** (પો) [સર૦ म. पो(-पव)बारा] રૂ૦ પ્ર૦ [જુઓ પોબાર] નાસી જવું

**પોટકી(-લી)** સ્ત્રી૦ [જુઓ પોટલી] નાની ગાસડી **-કું(-લું)** ન૦ ગાસડી
**પોટર** પું૦ [ઇં. પોર્ટર] રેલવે સ્ટેશનનો પરચૂરણ કામકાજ કરનારો નોકર -મજૂર; કુલી
**પોટલિયું** વિ૦ ['પોટલી' ઉપરથી] પોટલીના ઘાટનું(૨)પોટલામાં વીંટેલું **-યો** પું૦ ઘોડાના સામાન સાથે રહી શકે તેવી ચપટા ઘાટની ચામડાની મસક(૨)સોના કે રૂપાનો લંબગોળ મણકો [પોટલિયે જવું=ઝાડે ફરવા જવું.]
**પોટલી,-લું** [दे पोट्टल, पोट्टलिआ] જુઓ 'પોટકી'માં [પોટલી પકડવી=વૈદનો ધંધો કરવો. પોટલેપોટલાં=ખૂબ, પુષ્કળ]**-લો** પુ૦ મોટું પોટલું [-ક્ષાર
**પોટાશ(-સ)** પું૦ [ઇં] એક રાસાયનિક દ્રવ્ય
**પોટીસ** સ્ત્રી૦ [ઇં. पोल्टीस] ગડગૂમડ પકવવા માટે ઘઉંના લોટ વગેરેની ગરમ લૂગદી [-બાંધવી, મારવી, લગાવવી]
**પોટો** પું૦ [दे.पोट्ट=પેટ (જેવું ઊપસેલું ફૂલેલું)] કાનસનો ગોળો (૨) [स पोत] ચકલીનું બચ્ચું (૩) [સર૦ म पोटा] એક જાતના ઘઉંનો દાણો
**પોટ્ટી** સ્ત્રી૦ પોરટી, છોકરી
**પોટ્ટો** પુ૦ [જુઓ પોરટો] છોકરો (સુ.)
**પોઠ** સ્ત્રી૦ [स पृष्ठ, प्रा पुट्ठ ઉપરથી] પ્રાણીની પીઠ પર નખાય તેવી બેવડી ગૂણ (૨) વણજાર (૩) પોઠિયો **-ઠિયો** પુ૦ પોઠ ઉપાડનાર બળદ (૨) મહાદેવનો નંદી **-ઠી** પુ૦ પોઠનો બળદ (૨) વણજારો
**પોડું** ન૦ [प्रा पुडग (स. पुट)] લીપણના જાડા થરનો કકડો (૨) મધપૂડો
**પોઢણ** (પો) ન૦ [दे पवड्ढ=પોઢવું] શયન **-વું** અ૦ ક્રિ૦ સૂવું
**પોઢાડવું** (પો) સ૦ક્રિ૦ 'પોઢવું'નું પ્રેરક
**પોણ** (પો) ન૦ + [જુઓ પણ] પ્રતિજ્ઞા
**પોણચવડું** (પો) વિ૦ [જુઓ પુણચવડું] વાંકું, અસત્ય
**પોણા** (પો) પું૦ બ૦વ૦ [स पादोन] પોણાના આંક **-ણિયું** વિ૦ પોણા ભાગનું **-ણિયો** વિ૦ પુ૦ [લા] બાયલો, રાંડવો.**-ણીસો** વિ૦ સોમા પા ઓછો, '૯૯ા.'**-ણું** વિ૦ આખામા પા ઓછું; '૦ાા'. [પોણુઆઠ વિ૦ પું૦ પોણિયો; નપુંસક.] **-ણોસો** વિ૦ ૫ ચોતેર
**પોત** ન૦ ફસ ખોલવી તે (૨) [स आत्मत्व, प्रा. अप्पत्त] પોતાનું ખરું સ્વરૂપ [-પ્રકાશવું =અંતરનો સ્વભાવ ખુલ્લો કરવો. પોતાના ગુણકર્મ ઉપર જવું]
**પોત** ન૦ [सं] બાળક, બચ્ચું (૨) કપડું (૩) પું૦ મછવો (૪) [લા] વસ્ત્રનો વણાટ (૫) મરનારના નજીકના સગાનો શોક મુકાવવા બીજાં સગા વસ્ત્ર કે તેની કિંમત આપે છે તે. **૦જ** વિ૦ પોત-બચ્ચારૂપે અવતરેલું (અંડજ નહીં) **૦ડી** સ્ત્રી૦ ધોતી. **-તારો** પું૦ ભીનું પોતું (૨) પોતું ફેરવવું તે **પોતિયાદાસ** પું૦ [જુઓ પોતિયું] પોતિયું પહેરનારો -ઢીલો માણસ **-તિયું** ન૦ [स पौतिक प्रा. पोत्तिअ] નાનું ધોતિયું [પોતિયાં લેવાં, લઈ લેવાં =નુકસાન કરવું (૨) લૂટવું (૩) ગભરાવવું પોતિયાં લેવાઈ જવાં=હિંમત જતી રહેવી; છક્કા છૂટી જવા. પોતિયું કાઢી નાખવું, છૂટી જવું, ફાટી જવું=ગભરાઈ જવું, હિંમત જતી રહેવી.-કાઢીને ઊભા રહેવું =નાગાઈ કરવી] **-તી** સ્ત્રી૦ [स, प्रा] ધોતી
**પોતદાર** પું૦ [फा पोतह+दार] ખજાનચી
**પોતનીસ** પુ૦ [फा पोतह + नवीस] ખજાનાનો હિસાબનીસ
**પોતપોતામાં** અ૦ [પોતે પરથી] માહોમાહે
**પોતપોતે** સ૦ [પોતે પરથી] પોતે પોતે, દરેક
**પોતરો** પું૦ [स पौत्र, प्रा पोत्त] પૌત્ર
**પોતાપણું** ન૦[પોતે+પણું] આત્મીયભાવ (૨) વ્યક્તિત્વ (૩) અસ્મિતા, અહંભાવ
**પોતારો, પોતિયાદાસ, પોતિયું, પોતી** જુઓ 'પોત'માં
**પોતીકું** વિ૦ [જુઓ 'પોત' ન૦ (૨)] પોતાનું, સ્વકીય
**પોતું** ન૦ [स पुस्त, प्रा पुत्थ, पोत्थ] પાણીમાં ભીંજવેલો લૂગડાનો કકડો (૨) ચૂનામાં કે રંગમાં ભીંજવેલો કૂચડો (૩) [फा. पोतह] સરકારી ખજાનામાં મહેસૂલનું ભરણું (૪) [જુઓ પોથું] પોથું. [-કરવું=રંગવા કે

કરવાનું એક વ્રત, પૌષધ. ૦શાળા સ્ત્રી૦ પૌષધ કરવાનું અલગ સ્થાન
પોશાક પુ૦ [फा] પહેરવેશ, લેબાસ (૨) પહેરવાના વસ્ત્ર [–આપવો, પહેરાવવો = રાજસેવાના બદલામા પોશાક આપીને બહુમાન કરવું] –કી સ્ત્રી૦ લૂગડાલત્તા કે તેનું ખરચ
પોશાગીર પુ૦ [फा. पोश (બખતર) + गीर (फा.)] પહેલવાન (૨) [પોશાક+ગીર ?] કાકડો થઈ ફરનારો (૩) ઠગ
પોશાલય ન૦,પોશાળ સ્ત્રી૦ જુઓ પોશધશાળા
પોશિંદું વિ૦ [फा. पोशीन्दह] આશરો–ઉત્તેજન આપનાર, મુરબ્બી (૨) ગુપ્ત
પોષ(–સ) પુ૦ [सं] વિક્રમ સવતનો ત્રીજો મહિનો, પૌષ
પોષક વિ૦ [सं.] પોષણ કરનાર ૦તા સ્ત્રી૦ ૦વાયુ પુ૦ પ્રાણવાયુ; 'ઓક્સિજન'
પોષણ ન૦ [सं.] પોષવું તે(૨)ગુજરાન, નભાવ –ણિયું ન૦ પોષક વસ્તુ
પોષ(–સ)વું સ૦ક્રિ૦ [सं पोषय्, प्रा पोस] ખવરાવી પિવરાવી જતન કરવું (૨) [લા] ઉત્તેજન–મદદ આપવી
પોષા(–સા)વું અ૦ક્રિ૦ 'પોષવું'નું કર્મણિ(૨) પાલવવું; પરવડવું (૩) માગણી થવી, ખપવું
પોષિત વિ૦ [सं] પોષાયેલું, પોષાતું
પોષ્ય વિ૦ [सं] પોષવા યોગ્ય
પોષી(–સી) વિ૦ પોષ માસનું
પોસ પુ૦ [फा पोश्त]નોકરચાકરોને હોળી–દિવાળીની કે આનંદપ્રસંગની બુશખબ્તી(૨) [सं. पोष, प्रा. पोस] પોષ મહિનો
પોસ,૦ટોડો પુ૦ [फा. पोस्त + દોડો] ખસખસનું ખાલી જીંડવું
પોસવું સ૦ક્રિ૦ જુઓ પોષવું
પોસાણ ન૦ પોષાવું તે (૨) માગણી; ખપત –તું વિ૦ પુષ્ટ, મોટું
પોસાવું અ૦ક્રિ૦ જુઓ પોષાવું
પોસી વિ૦ જુઓ પોષી
પોસો પું૦ પોશધ. શ્રાવકનું એક વ્રત
પોસ્ટ સ્ત્રી૦ [इं] ડાક, ટપાલ [–કરવું, પોસ્ટમાં નાખવું=ટપાલમા રવાના કરવું]
૦ઓફિસ સ્ત્રી૦ ટપાલઓફિસ, ડાકઘર. ૦માસ્ટ(–સ્ત)ર પુ૦ ટપાલઓફિસનો વડો અમલદાર. ૦મૅન પું૦ ટપાલી
પોસ્તી વિ૦ [फा.] નશો આણવા પોસના દોડા ઉકાળીને પીનાર (૨) આળસુ, એદી (૩) પોચું, નરમ
પોહ [પો] પુ૦ [दे पउह=દિવસ] મોટું પરોઢિયું, પો [–ફાટવો =પરોઢ થવું]
પોહ અ૦ (ર૦)ઢોરને પાણી પીવાને ઉચ્ચારાતો ઉદ્ગાર
પોહાલ (લ,) સ્ત્રી૦ [स प्र+हल्य] નવી ખેડાયેલી જમીન
પોળ સ્ત્રી૦ [सं. प्रतोली, प्रा पओली, पोली] દરવાજો (૨) દરવાજાવાળો મહોલ્લો (૩) શેરી
પોળવું અ૦ક્રિ૦ (ધરાયાના ચેનથી ઢોરનું) સ્થિર થઈ જવું
પોળિયો પુ૦ ['પોળ' ઉપરથી] દરવાન
પોળી સ્ત્રી૦ [सं पोलिका, पोली, સર૦ म.] પાતળી અને પોચી રોટલી (૨) પૂરણપોળી
પોંક(–ખ) (૦) પુ૦ [स पृथुक, प्रा पहुक] ઠૂંઠે જાગેલા કણસલાને ભૂંજીને કાઢેલા કણ [–પાડવો =કણસલાને તાપણી પર સેકી દાણા છૂટા પાડવા]
પોંક(–ખ)ણું (૦)ન૦ [दे. पुखणाग] પોખવામા વપરાતા–ધૂંસળ, મુસળ, રવૈયો અને ત્રાક–એ ચારમાંનું દરેક (૨) પોખવાની ક્રિયા –વું સ૦ક્રિ૦ પોખણા વડે વરકન્યાને વધાવવાં (૨) પાણી સીંચીને વધાવવું (૩) + પાણી મૂકી પ્રતિજ્ઞા કરવી – સંકલ્પ કરવો (૪) [લા.] મારવું
પોંકિયું (૦) ન૦ [જુઓ પોંક] લીલું કણસલું (જેનો પોંક પડાય છે)
પૌગંડ વિ૦ [सं] બાળવયનું કે બાળક જેવું(૨) ન૦ બાલ્યાવસ્થા. ૦પણું ન૦, ૦વય સ્ત્રી૦, ન૦ –ડાવસ્થા સ્ત્રી૦ [+अवस्था]બાલ્યાવસ્થા
પૌત્ર પુ૦ [सं] દીકરાનો દીકરો –ત્રી સ્ત્રી૦ દીકરાની દીકરી
પૌનઃપુન્ય ન૦ [सं] પુનઃ પુનઃ થવું તે
પૌર પુ૦ [सं.] શહેરી

પોમચો પું૦ સ્ત્રીઓનું એક જાતનું લૂગડું
પોમલું વિ૦ [જુઓ પોમાવું] હગખધેલું (૨) પોપલું [હગખાઈ જવું
પોમાવું અ૦ક્રિ૦[सं. प्रमोद, प्रा. पमोअ ઉપરથી]
પોયણ(-ણી) સ્ત્રી૦ [सं. पद्मिनी, प्रा. पउमिणी, पोमिणी] એક જાતના કમળની વેલ -ણું ન૦ એક જાતનું નાનું કમળ, રાત્રે ખીલતું કમળ
પોલું ન૦ [જુઓ પોવું] ગેડીદડાની રમતમાં જ્યાં દડો પહોંચાડવાથી જીત ગણાય તે મુકરર કરેલી હદ, 'ગોલ' [વિસાહત
પોર (પો)ન૦[दे पोरय]પરુ, ગામ પાસેની નાની
પોર [પો'] અ૦ [सं. परुत्] ગયે વર્ષે કે આવતે વર્ષે
પોરટી સ્ત્રી૦ છોકરી. પોરટો પું૦ [જુઓ પોરિયો] છોકરો (સુ)
પોરવવું સ૦ક્રિ૦ જુઓ પરોવવું (દોરાનું)
પોરસ (પો) પું૦ [सं. प्रहर्ष, प्रा. पहरिस; કે सं. पौरुष, प्रा. पोरिस] ખુશાલીનો ઉકરાટો (૨) શૂરાતન, પાણી [-ચડવો]-સાવવું સ૦ક્રિ૦ 'પોરસાવું'નું પ્રેરક. -સાવું અ૦ક્રિ૦ આનંદથી ઊભરાવું (૨) જુસ્સો ચડવો -સીલું વિ૦ પોરસવાળુ શૂર, પાણીદાર
પોરિયું ન૦[सं. पोत કે पुत्र ઉપરથી]છોકરુ -યો પું૦ છોકરો પોરી સ્ત્રી૦ છોકરી
પોરકું (પો') વિ૦ પોરનું, ગઈ સાલનું
પોરો (પો) પું૦ [प्रा. पोर] પાણીમાં થતો એક બારીક જીવ (૨) [सं. प्रहर, प्रा. पहर] અવસર, સમો (૩) [सं. पारी ઉપરથી ?] કૂવામાંથી પાણી કાઢવાનું લાંબા ઘાટનું પહોળા મોનું વાસણ (૪) જુઓ પોરસ
પોર્ટુગીઝ સ્ત્રી૦ [इं.] પોર્ટુગલ દેશની ભાષા (૨) પું૦ તે દેશનો વતની (૩) વિ૦ તે દેશ કે વતનીને લગતું
પોલ [પો] પું૦ [दे पिउली] પીંજેલું રૂ (૨) ન૦ પોચું ગોદડું (૩) પોલવું
પોલ સ્ત્રી૦, ન૦ [दे पोल्ल] પોલાણ (૨)[લા] મિથ્યા દેખાવ, જૂઠાણું (૩)અંધાધૂંધી, ગોટાળો [-ચલાવવું, હાંકવું=અવ્યવસ્થા ને અંધેર ચલાવવું(૨) જૂઠાણું ચલાવવું] ૦કાર(-રું) ન૦ બાકું. ૦કારવું સ૦ક્રિ૦ કોરી કાઢવું; બાકું પાડવું. ૦કારિયું ન૦ બાકું
પોલકું ન૦ ['પોલું' ઉપરથી?] સ્ત્રીઓ કે બાળકોનું એક જાતનું બદન
પોલરું ન૦[सं. पल्लवक ?] શેરડીની આંખ (૨) ['પોલું' ઉપરથી] પગની પોલી કડલી
પોલંપોલ ન૦ [જુઓ પોલ] સાવ પોલ હોવું તે
પોલવું (પો)ન૦ [જુઓ પેલવું]રૂની નાની થેપલી
પોલાણ ન૦ ['પોલ' ઉપરથી] પોલાપણું (૨) પોલો ભાગ (જેમ કે ઝાડનું)
પોલાદ ન૦ [फा पौलाद] ખરું-તીખું લોઢું, ગજવેલ -દી વિ૦ પોલાદનું (૨) [લા] મજબૂત [-ચોકઠું=કદી તૂટે નહીં એવું ચોકઠું કે બંધારણ (૨) બ્રિટિશ સનંદી નોકરોની જમાત]
પોલાર ન૦['પોલું' ઉપરથી] પોલ, કાણું. ૦વું સ૦ક્રિ૦ કોરવું, કાણું પાડવું. -રિયું ન૦ પોલી અણીવાળું સોનીનું એક ઓજાર -રું, -ળ વિ૦ પોલું
પોલિશ ન૦, સ્ત્રી૦[इं.] પાલીસ, ચળકાટ, ઓપ. [-કરવું=ઘસીને કે વારનીસથી ચળકાટ આપવો]
પોલિસી સ્ત્રી૦ [इं.] વીમાખત (૨) કૂટ નીતિ; યુક્તિ [-કરવી, રમવી=કાવાદાવા કરવા; યુક્તિ લડાવવી -કઢાવવી=વીમો ઉતરાવવો]
પોલીસ પું૦ [इं] સિપાઈ(૨) સ્ત્રી૦ પોલીસની ફોજ ૦કોર્ટ સ્ત્રી૦ નાના નાના ગુનાની ફોજદારી અદાલત. ૦ચોકી સ્ત્રી૦ પોલીસની ચોકી ૦પટેલ પું૦ ગામની પોલીસવ્યવસ્થાનો સત્તાધીશ, મુખી
પોલું વિ૦ [दे. पोल्ल] વચ્ચે પોલાણવાળું-ખાલી (૨) [લા] મિથ્યા દેખાવનું [-ઢંઢ, ભમ=સાવ પોલું]
પો(૦વ)વું સ૦ક્રિ૦ [सं. प्र+वे, प्रा पोअ] પરોવવું (૨) ગળીમાં નાખવું
પોશ (પો) પું૦, સ્ત્રી૦ [सं प्रसृति] ખોબો (૨) વિ૦ (એક કે બંને હાથની) પોશ જેટલું ઉદા૦ પોશ ચોખા ને મૂઠી દાળ
પોશધ પું૦ [सं. उपवसथ, प्रा पोसह] શ્રાવક

કરવાનુ એક વ્રત, પૌષધ. ૦શાળા સ્ત્રી૦ પૌષધ કરવાનુ અલગ સ્થાન

પોશાક પું૦ [फा.] પહેરવેશ; લેબાસ (૨) પહેરવાના વસ્ત્ર. [–આપવો, પહેરાવવો = રાજસેવાના બદલામા પોશાક આપીને બહુમાન કરવુ] –કી સ્ત્રી૦ લૂગડાલત્તા કે તેનુ ખરચ

પોશાગીર પું૦ [फा पोश (બખતર) + गीर (फा)] પહેલવાન (૨) [પોશાક + ગીર ?] ફાકડો થઈ ફરનારો (૩) ઠગ

પોશાલય ન૦, પોશાળ સ્ત્રી૦ જુઓ પોશધશાળા

પોશિંદું વિ૦ [फा. पोशीदह] આશરો–ઉત્તેજન આપનાર; મુરબ્બી (૨) ગુપ્ત

પોષ(–સ) પું૦ [सं] વિક્રમ સંવતનો ત્રીજો મહિનો, પૌષ

પોષક વિ૦ [सं.] પોષણ કરનાર. ૦તા સ્ત્રી૦ ૦વાયુ પું૦ પ્રાણવાયુ; 'ઑક્સિજન'

પોષણ ન૦ [सं.] પોષવુ તે(૨)ગુજરાન, નભાવ –ણિયું ન૦ પોષક વસ્તુ

પોષ(–સ)વું સ૦ક્રિ૦ [सं पोषय्, प्रा. पोस] ખવરાવી પિવરાવી જતન કરવુ (૨) [લા.] ઉત્તેજન–મદદ આપવી

પોષા(–સા)વું અ૦ક્રિ૦ 'પોષવુ'નું કર્મણિ(૨) પાલવવુ; પરવડવુ (૩) માગણી થવી, ખપવુ

પોષિત વિ૦ [सं.] પોષાયેલુ, પોષાતુ

પોષ્ય વિ૦ [सं] પોષવા યોગ્ય

પોષી(–સી) વિ૦ પોષ માસનુ

પોસ પું૦ [फा पोस्त] નોકરચાકરોને હોળી–દિવાળીની કે આનંદપ્રસંગની ખુશબખ્તી(૨) [सं. पौष, प्रा पोस] પોષ મહિનો

પોસ, ૦દોડો પું૦ [फा पोस्त + દોડો] ખસખસનુ ખાલી છોડવુ

પોસવું સ૦ક્રિ૦ જુઓ પોષવું

પોસાણ ન૦ પોષાવું તે (૨) માગણી; ખપત –ણું વિ૦ પુષ્ટ; મોટું

પોસાવું અ૦ક્રિ૦ જુઓ પોષાવું

પોસી વિ૦ જુઓ પોષી

પોસો પું૦ પોશધ: શ્રાવકનુ એક વ્રત

પોસ્ટ સ્ત્રી૦ [इं] ડાક, ટપાલ [–કરવું, પોસ્ટમાં નાખવું = ટપાલમા રવાના કરવુ] ૦ઑફિસ સ્ત્રી૦ ટપાલઑફિસ, ડાકઘર. ૦માસ્ટ(–સ્ત)ર પું૦ ટપાલઑફિસનો વડો અમલદાર. ૦મૅન પું૦ ટપાલી

પોસ્તી વિ૦ [फा] નશો આણવા પોસના દોડા ઉકાળીને પીનાર (૨) આળસુ, એદી (૩) પોચું, નરમ

પોહ [પો] પું૦ [दे. पउस = દિવસ] મોટું પરોઢિયુ, પો [–ફાટવો = પરોઢ થવુ]

પોહ અ૦ (રવ૦) ઢોરને ખાણી પીવાને ઉચ્ચારનો ઉદ્‌ગાર

પોહાલ (લ,) સ્ત્રી૦ [सं प्र + हल्य] નવી ખેડાયેલી જમીન

પોળ સ્ત્રી૦ [सं. प्रतोली, प्रा पओली, पोली] દરવાજો (૨) દરવાજાવાળો મહોલ્લો (૩) શેરી

પોળવું અ૦ક્રિ૦ (ખરાયાના ઘેનથી ઢોરનુ) સ્થિર થઈ જવુ

પોળિયો પું૦ ['પોળ' ઉપરથી] દરવાન

પોળી સ્ત્રી૦ [सं पोलिका, पोली, સર૦ म.] પાતળી અને પોચી રોટલી (૨) પૂરણપોળી

પોંક(–ખ) (૦) પું૦ [सं पृथुक, प्रा पहुक] દૂધ જામેલા કણસલાને ભૂંજીને કાઢેલા કણ [–પાડવો = કણસલાને તાપણી પર સેકી દાણા છૂટા પાડવા]

પોંક(–ખ)ણું (૦) ન૦ [दे. पुखणाग] પોખવામા વપરાતા–ધૂંસળ, મુસળ, રવૈયો અને ત્રાક–એ ચારમાનુ દરેક (૨) પોખવાની ક્રિયા –વું સ૦ક્રિ૦ પોખણા વડે વરકન્યાને વધાવવા (૨) પાણી સીંચીને વધાવવુ (૩) + પાણી મૂકી પ્રતિજ્ઞા કરવી – સંકલ્પ કરવો (૪) [લા] મારવુ

પોંકિયું (૦) ન૦ [જુઓ પોંક] લીલુ કણસલુ (જેનો પોંક પડાય છે)

પૌગંડ વિ૦ [सं] બાળવયનુ કે બાળક જેવુ(૨) ન૦ બાલ્યાવસ્થા. ૦પણું ન૦, ૦વય સ્ત્રી૦, ન૦ –ડાવસ્થા સ્ત્રી૦ [+अवस्था] બાલ્યાવસ્થા

પૌત્ર પું૦ [सं] દીકરાનો દીકરો –ત્રી સ્ત્રી૦ દીકરાની દીકરી

પૌન:પુન્ય ન૦ [सं] પુન: પુન: થવું તે

પૌર પું૦ [सं.] શહેરી

પુંં૦ રાજા ૦પાલન ન૦ પ્રજાનુ પાલન ૦ભાવ પુ૦ રાષ્ટ્રીયતા, ૦વતી સ્ત્રી૦ સતાનવાળી સ્ત્રી ૦શાહી સ્ત્રી૦ લોકશાસન, 'ડેમોક્રસી'. (૨) વિ૦ લોકશાહી સબંધી ૦સત્તાક વિ૦ પ્રજાની સત્તા કે ચલણવાળુ, પ્રજાના વહીવટ-વાળુ. ૦સ્મિતા સ્ત્રી૦ [+ अस्मिता] પ્રજા તરીકેનું અભિમાન–ગૌરવ ૦સ્મિતાવાદ પુ૦ રાષ્ટ્રવાદ, 'નેશનલિઝમ'

પ્રજાળવું સ૦ક્રિ૦ [જુઓ પ્રજળવુ] સળગાવવુ, પ્રજવાળવું

પ્રજેશ પુ૦ [सं] (સ ) પ્રજાપતિ, બ્રહ્મા

પ્રજોત્પત્તિ સ્ત્રી૦ [सं.] સતાનની ઉત્પત્તિ

પ્રજોત્પાદક વિ૦ [स] સતાન ઉપજાવે એવુ

પ્રજોત્પાદન ન૦ [स] પ્રજા ઉત્પન્ન કરવી તે

પ્રજ્ઞ વિ૦ (૨) પું૦ [सं] ઊંડુ જ્ઞાન ધરાવનાર, જ્ઞાની ૦તા સ્ત્રી૦

પ્રજ્ઞા સ્ત્રી૦ [स.] બુદ્ધિ ૦ચક્ષુ વિ૦ અવ (૨) ન૦ જ્ઞાનરૂપ નેત્ર

પ્રજ્વલમાન વિ૦ [सं] પ્રજળતુ, પ્રકાશમાન

પ્રજ્વલિત વિ૦ [सं] પ્રજળતુ; પ્રદીપ્ત

પ્રજ્વળવું અ૦ ક્રિ૦ જુઓ પ્રજળવુ

પ્રજ્વાળવુ સ૦ક્રિ૦ જુઓ પ્રજવાળવુ, પ્રજાળવુ

પ્રણ ન૦ + [જુઓ પણ] હોડ

પ્રણત વિ૦ [सं] પ્રણામ કરતુ, ભક્ત (૨) નમ્ર; વિનયી ૦પાળ વિ૦ (૨) પુ૦ પ્રણત જન–ભક્તજનને પાળનાર–રક્ષનાર (પ્રભુ)

પ્રણમન ન૦ [स.] પ્રણમવુ તે, નમન [કરવા

પ્રણમવું સ૦ક્રિ૦ [सं प्रणम्] નમવુ, નમસ્કાર

પ્રણય પુ૦ [सं] પ્રેમ (સ્ત્રીપુરુષનો). –યિની સ્ત્રી૦ પ્રેમ કરનારી કે પ્રેમનું પાત્ર થયેલી સ્ત્રી (૨) પત્ની –યી વિ૦ પ્રેમ કરનારું કે પ્રેમનુ પાત્ર થયેલો પુરુષ (૨) પુ૦ પતિ (૩) પ્રણયી પુરુષ

પ્રણવ પું૦ [सं] ૐકાર

પ્રણામ પુ૦ [स.] નમસ્કાર [–કરવા] ૦વું સ૦ક્રિ૦ પ્રણામ કરવા, નમવું

પ્રણાલ પું૦; –લિકા, –લી સ્ત્રી૦ [सं] રૂઢિ, પદ્ધતિ

પ્રણાશ પુ૦ [सं] સર્વનાશ, પૂરી ખુવારી

પ્રણિધાન ન૦ [सं] સમાધિ, ધ્યાન (૨) ભક્તિ, ઉપાસના (૩) કર્મફલત્યાગ

પ્રણિધિ પું૦ [सं] છૂપો જાસૂસ

પ્રણિપત સ્ત્રી૦ [सं] કાલાવાલા, આજીજી

પ્રણિપાત પુ૦ [सं] પગે પડવું તે.

પ્રણીત વિ૦ [सं.] રચેલુ

પ્રણેતા પુ૦ [सं] રચનાર

પ્રત સ્ત્રી૦ [સર૦ म प्रत, हिं प्रति (स. प्रतीक?)] ગ્રથની નકલ (૨) મૂળ લખાણ

પ્રતપવું અ૦ક્રિ૦ [स प्रतप्] ખૂબ તપવું

પ્રતાપ પુ૦ [स] સામર્થ્ય; પ્રભાવ (૨) તેજ, કાતિ (૩) રુઆબ. ૦વાન, ૦શાળી, –પી વિ૦ પ્રતાપવાળુ

પ્રતારણા સ્ત્રી૦ [सं] છેતરપિંડી

પ્રતિ સ્ત્રી૦ જુઓ પ્રત (૨) પ્રકાર, વર્ગ, જાત

પ્રતિ અ૦ [स] તરફ (૨) નીચેના અર્થમા વપરાતો એક ઉપસર્ગ વિરુદ્ધ, વિપરીત (ઉદા૦ પ્રતિકાર). સામે (ઉદા૦ પ્રત્યક્ષ), બદલામા (પ્રત્યુપકાર), હરેક, દરેક (ઉદા૦ પ્રત્યેક; પ્રતિક્ષણ), સમાન: સદૃશ (ઉદા૦ પ્રતિકૃતિ)

પ્રતિઉત્તર પુ૦ પ્રત્યુત્તર

પ્રતિકરણ ન૦ [स] પ્રતિકાર

પ્રતિ(–તી)કાર પુ૦ [सं] વિરોધ; સામનો (૨) બદલો (૩) ઉપાય, ઇલાજ ૦ક વિ૦ પ્રતિકાર કરનારું

પ્રતિકાવ્ય ન૦ [स] ઉપહાસ કરવા કરાતી મૂળ કાવ્યની પ્રતિકૃતિ, 'પૅરડી'

પ્રતિકૂલ(–ળ) વિ૦ [स.] અનુકૂળ નહિ તેવુ, વિરુદ્ધ, ઊલટું. ૦તા સ્ત્રી૦

પ્રતિકૃતિ સ્ત્રી૦ [स] છબી (૨) નકલ

પ્રતિકોણ પુ૦ [स] 'ઑપોઝિટ ઍન્ગલ' (ગ.)

પ્રતિક્રમણ ન૦ [सं.] જુઓ પડકમણું

પ્રતિક્રિયા સ્ત્રી૦ [सं] ઉપાય (૨) વિરોધી ક્રિયા–ગતિ, 'રીઍક્શન'

પ્રતિક્ષણ અ૦ [सं] પળે પળે

પ્રતિગામી વિ૦ [सं] સામી કે પાછી ગતિ કરનારું, પ્રગતિથી સામુ

પ્રતિગ્રહ પુ૦ [स] દાન લેવુ તે (૨) સ્વીકાર. –હી વિ૦ દાન લેનાર

પ્રતિઘાત પુ૦ [सं] (માર્યા) સામુ મારવુ તે (૨) જુઓ પ્રત્યાઘાત (૩) રુકાવટ

**પ્રતિઘોર** પું૦ પડઘો, પ્રતિઘોષ
**પ્રતિઘોષ** પું૦ [સં.] પડઘો. **–ષિત** વિ૦ પ્રતિઘોષવાળું
**પ્રતિચિત્ર** ન૦ [સં.] 'ફોટોગ્રાફ'
**પ્રતિચ્છદ** પું૦ [સં.] પડછાયારૂપ આકૃતિ
**પ્રતિચ્છાયા** સ્ત્રી૦ [સં.] પડછાયો, પ્રતિબિંબ
**પ્રતિજ્ઞા** સ્ત્રી૦ [સં.] પણ નિયમ (૨) શપથ (૩) પંચાવયવ વાક્યમાંનું પહેલું, જેમાં સાધ્યનો પક્ષ ઉપર નિર્દેશ કરવામાં આવે છે (ન્યા) [**–કરવી, લેવી** = નિયમ, શપથ, કે નિશ્ચય કરવો.] **૦પત્ર** પું૦; ન૦ પ્રતિજ્ઞાનો લેખ **૦બદ્ધ** વિ૦ પ્રતિજ્ઞાથી બંધાયેલું. **૦ભંગી** વિ૦ પ્રતિજ્ઞાનો ભંગ કરનાર **–જ્ઞાંતર** ન૦ એક નિગ્રહસ્થાન, વાદીએ કરેલા દૂષણનો ઉદ્ધાર કરવા પોતાની પ્રતિજ્ઞા બદલવી તે (ન્યા)
**પ્રતિતાલ** પું૦[સં.] એક પ્રકારનો તાલ(સંગીત)
**પ્રતિદિન, પ્રતિદિવસ** અ૦ [સં.] દરરોજ
**પ્રતિધ્વનિ** પું૦ [સં.] પડઘો
**પ્રતિનમસ્કાર** પું૦ [સં.] નમસ્કાર સામેથી ઝીલવો તે [સામાવાળિયો
**પ્રતિનાયક** પું૦ [સં.]નાટક કે વાર્તામાં નાયકનો
**પ્રતિનિધિ** પું૦ [ ] –ને બદલે, –ના તરફથી કામ કરવા નિયુક્ત કરેલો માણસ **૦ત્વ** ન૦ પ્રતિનિધિપદ (૨) પ્રતિનિધિ ચૂંટવાનો અધિકાર
**પ્રતિપક્ષ** પું૦ [સં.] સામેનો પક્ષ (૨) શત્રુ, સામાવાળિયો (૩) પ્રતિવાદી **–ક્ષી** પું૦ પ્રતિપક્ષનો માણસ; સામાવાળિયો
**પ્રતિપત્તિ** સ્ત્રી૦[સં.] પ્રાપ્તિ (૨) પ્રતીતિ, જ્ઞાન (૩)સંમતિ, સ્વીકાર (૪) નિશ્ચય, ખાતરી (૫) પ્રતિપાદન, નિરૂપણ
**પ્રતિપદ(–દા)** સ્ત્રી૦ [સં.] પડવો, એકમ
**પ્રતિપન્ન** વિ૦[સં.] જાણેલું (૨) સ્વીકારેલું (૩) મળેલું (૪) શરણાગત (૫) સાબિત કરેલું (૬) સમાન–પ્રતિષ્ઠા પામેલું
**પ્રતિપાદક** વિ૦[સં.] પ્રતિપાદન કરનારું **–ન** ન૦ પ્રમાણો આપી પુરવાર કરવું તે.
**પ્રતિપાદિત** વિ૦ [સં.] પ્રતિપાદન કરેલું **–ની** વિ૦સ્ત્રી૦ પ્રતિપાદન કરનારી [હોય તે
**પ્રતિપાદ્ય** વિ૦ [સં.] જેનું પ્રતિપાદન કરવાનું
**પ્રતિપાલક** પું૦ [સં.] ભરણપોષણ કરનાર, રક્ષણ કરનાર
**પ્રતિપાલન** ન૦, **–ના** સ્ત્રી૦ [સં.] ભરણપોષણ; રક્ષણ
**પ્રતિપાળ** પું૦ પ્રતિપાલક (૨) સ્ત્રી૦ સંભાળ; રક્ષણ **૦ક** પું૦ જુઓ પ્રતિપાલક **૦વું** સ૦ક્રિ૦ જુઓ પાળવું [કરેલો પ્રશ્ન
**પ્રતિપ્રશ્ન** પું૦ [સં.] સામો પ્રશ્ન, પ્રશ્ન સામે
**પ્રતિપ્રસવ** પું૦ [સં.] અપવાદનો અપવાદ
**પ્રતિપ્રિય** ન૦ [સં.] રૂડો બદલો, પ્રત્યુપકાર
**પ્રતિફલ(–ળ)** પું૦ [સં.] પ્રતિફલન (૨)સામો બદલો **–લક** પું૦ પ્રતિબિંબ દે કે તેવું ફલક; 'રિફ્લેક્ટર' **–લન** ન૦ પ્રતિબિંબ (૨) પ્રતિક્રિયા, સામેથી બદલો **–લિત** વિ૦ પ્રતિબિંબિત
**પ્રતિબદ્ધ** વિ૦[સં.] બંધાયેલું (૨) પ્રતિબંધ–રુકાવટવાળું (૩) 'કૉન્જયુગેટ' (ગ)
**પ્રતિબંધ** પું૦ [સં.] વિઘ્ન, વાંધો, મનાઈ, રુકાવટ **૦ક** વિ૦ રોકનારું
**પ્રતિબિંબ** ન૦[સં.]પડછાયો,ચળકતી સપાટીમાં પડતી પ્રતિચ્છાયા. **૦વું** સ૦ ક્રિ૦ –નું પ્રતિબિંબ ઝીલવું–ગ્રહણ કરવું **–બિત** વિ૦ જેનું પ્રતિબિંબ પડ્યું હોય એવું
**પ્રતિબોધ** પું૦ [સં.]જાગૃતિ (૨) જ્ઞાન, સમજણ (૩)બોધ, ઉપદેશ(૪)સ્મરણ, યાદ આપવું તે. **૦વું** સ૦ક્રિ૦ ઉપદેશ આપવો, સમજાવવું
**પ્રતિભા** સ્ત્રી૦[સં.] કાંતિ, તેજ (૨) માનસિક શક્તિની ઝળક–છટા (૩) કલ્પના, સર્જન અને શોધખોળના ક્ષેત્રમાં નવું નવું તેજ બતાવનારી અસાધારણ ઈશ્વરદત્ત બુદ્ધિશક્તિ. **૦ન** ન૦ભાન, સૂઝ(૨)તરતબુદ્ધિ (૩)પ્રતિભા (૪) સ્પષ્ટ થવું તે **૦વાન, ૦શાળી** વિ૦ પ્રતિભાવાળું [ઊપજનો)
**પ્રતિભાગ** પું૦ [સં.] ભાગ, અંશ (આવક કે
**પ્રતિભાસ** પું૦ [સં.] આભાસ
**પ્રતિમધ્યમ** પું૦[સં.] તીવ્રતર મ સ્વર(સંગીત)
**પ્રતિમલ્લ** પું૦ [સં.] પ્રતિપક્ષી મલ્લ
**પ્રતિમા** સ્ત્રી૦ [સં.] મૂર્તિ **૦ન** ન૦ પ્રતિમા (૨)પ્રતિબિંબ (૩)દૃષ્ટાંત(૪)'ઍન્ટિલોગેરિધમ' (ગ) **૦વિધાન** ન૦ પ્રતિમા બનાવવી તે.

૦લેખન ન૦ પ્રતિમા જોઈને કરેલું આલેખન; 'મૉડેલ ડ્રૉઇંગ' [એક સંધિ
પ્રતિમુખ ન૦ [સં] નાટકના વસ્તુનો પાચમાનો
પ્રતિરોધ પું૦ [સં.] અટકાવ, રોકાણ ૦ક, -ધી વિ૦ રોકનારું
પ્રતિલિપિ સ્ત્રી૦, પ્રતિલેખ પું૦ [સં.] નકલ
પ્રતિલોમ વિ૦ [સં] ઊલટા ક્રમનું (૨) ઉપલા વર્ણની સ્ત્રી સાથેનું (લગ્ન)
પ્રતિવચન ન૦ [સં.] પરાવર્તન
પ્રતિવર્ષ અ૦ [સં] દર વરસે
પ્રતિવાદ પું૦ [સં] વિરોધ; ખંડન (૨) ઉત્તર; જવાબ ૦ણુ, -દિની સ્ત્રી૦ પ્રતિવાદી સ્ત્રી -દી પું૦ દાવામા બચાવપક્ષનો માણસ
પ્રતિવાય પું૦ જુઓ પ્રત્યવાય
પ્રતિવારણ ન૦ [સં.] નિવારણ
પ્રતિવિધાન ન૦ [સં] ઉપાય, ઇલાજ
પ્રતિશબ્દ પું૦ [સં.] પડઘો [વાળવું તે
પ્રતિશોધ પું૦, ૦ન ન૦ [સં] બદલો લેવો-વેર
પ્રતિષેધ પું૦ [સં] નિષેધ, મના
પ્રતિષ્ઠા સ્ત્રી૦ [સં.] આબરૂ (૨) [મૂર્તિની] વિધિપૂર્વક સ્થાપના (૩) સ્થિરતા; મજબૂતી. ૦ન ન૦ સ્થાન, સ્થળ. ૦પક પું૦ પ્રતિષ્ઠા કરનાર. -ષ્ઠિત વિ૦ પ્રતિષ્ઠાવાળુ, આબરૂદાર (૨) સ્થિર, જામેલું [તે (વ્યા)
પ્રતિસંપ્રસારણ ન૦ [સં.] સંપ્રસારણથી ઊલટું
પ્રતિસંબંધી વિ૦ [સં] વિરુદ્ધ
પ્રતિસિદ્ધાંત પું૦ [સં.] સિદ્ધાંતથી ઊલટો સિદ્ધાંત, 'કૉન્વર્સ થિયરમ' (ગ.)
પ્રતિસ્પર્ધા સ્ત્રી૦ [સં.] હરીફાઈ -ર્ધી પું૦ હરીફ
પ્રતિહત વિ૦ [સં] પ્રતિઘાત-પ્રતિબંધ પામેલુ
પ્રતિ(-તી)હાર પું૦ [સં] દ્વારપાળ. -રી સ્ત્રી૦ સ્ત્રી-દરવાન -રું ન૦ પ્રતિહારનુ કામ
પ્રતિહિંસા સ્ત્રી૦ [સં] હિંસા સામે હિંસા
પ્રતીક ન૦ [સં] પ્રતિમા, મૂર્તિ (૨) ચિહ્ન, નિશાન
પ્રતીકાર, ૦ક વિ૦ [સં] જુઓ 'પ્રતિકાર'મા
પ્રતીક્ષા સ્ત્રી૦ [સં] વાટ જોવી તે
પ્રતીચી સ્ત્રી૦ [સં] પશ્ચિમ દિશા
પ્રતીત વિ૦ [સં] સ્પષ્ટ જણાયેલુ [-થવું=સ્પષ્ટ થવું; સમજાવું (૨) દેખાવું, ભ્રમ થવો] -તિ(-તી) સ્ત્રી૦ ભરોસો; વિશ્વાસ; પતીજ (૨) ખાતરી (૩) સમજ; જ્ઞાન. [-પડવી= વિશ્વાસ-ખાતરી થવાં-હોવાં.]
પ્રતીપ વિ૦ [સં.] વિરુદ્ધ, ઊલટું (૨) પું૦ એક અર્થાલંકાર જેમા ઉપમાનને ઉપમેય સમાન જણાવી તેનો તિરસ્કાર કરવામાં આવે છે (કા શા) ૦ગામી વિ૦ ઊલટું જનાર
પ્રતીહાર, -રી, -રું જુઓ 'પ્રતિહાર'માં
પ્રત્યક્(-ગ્) વિ૦ [સં.] પાછું ફરેલુ, વિમુખ થયેલું (૨) અંતર્મુખ, અંદર વળેલુ (૩) અંતર્વર્તી; આંતર(૪)પશ્ચિમ -ક્ચેતન પું૦ જીવાત્મા (૨) પરમાત્મા
પ્રત્યક્ષ વિ૦ [સં.] નજર સામેનુ (૨) સ્પષ્ટ; ખુલ્લું (૩) ઇંદ્રિયગ્રાહ્ય (૪) ચક્ષુર્ગ્રાહ્ય (૫) ન૦ ઇંદ્રિયો દ્વારા થતુ જ્ઞાન (૬) તેનુ સાધન-પ્રમાણ [-થવું =ખુલ્લુ થવું; આંખે દેખાવું (૨) સ્પષ્ટ પ્રતીતિ થવી] ૦યોગ્યતા સ્ત્રી૦ પ્રત્યક્ષ થવાની યોગ્યતા. ૦વાદ પું૦ પ્રત્યક્ષ પ્રમાણને જ સત્ય માનનારો વાદ; 'પૉઝિટિવિઝમ' ૦વાદી વિ૦ (૨) પું૦ 'પૉઝિટિવિસ્ટ' -ક્ષીકરણ ન૦ પ્રત્યક્ષ કરવું કે કરાવવું તે
પ્રત્યગ્ વિ૦ [સં] જુઓ પ્રત્યક્
પ્રત્યગ્દર્શી વિ૦ [સં] અંતર્મુખ ચક્ષુવાળુ
પ્રત્યગ્ર વિ૦ [સં] તાજું, નૂતન, યુવાન (૨) શુદ્ધ
પ્રત્યપકાર પું૦ [સં] અપકાર સામે કરાતો અપકાર
પ્રત્યભિજ્ઞા સ્ત્રી૦ [સં] ઓળખ (૨) સદૃશ વસ્તુ દેખીને પહેલા દેખેલી વસ્તુનુ સ્મરણ થઈ આવવુ તે. ૦ન ન૦ જુઓ પ્રત્યભિજ્ઞા (૨) ઓળખાણની નિશાની, અભિજ્ઞાન
પ્રત્યભિનંદન ન૦ [સં] અભિનંદનની વસ્તુ કે વાતથી સામેથી રાજી થવું તે કે તે બતાવવા કાંઈ આપવું તે
પ્રત્યય પું૦ [સં] વિશ્વાસ, ભરોસો (૨) ખાતરી; નિશ્ચય (૩) કારણ, હેતુ (૪) અનુભવજન્ય જ્ઞાન (૫) રૂપો કે સાધિત શબ્દો બનાવવા શબ્દને અંતે લગાડવામા આવે છે તે (વ્યા.) ૦રહિતા વિ૦ સ્ત્રી૦ જેમા પ્રત્યય કે પૂર્વગ નથી એવી (ભાષા). ૦સાધિત વિ૦ પ્રત્યયોથી

સધાતો (શબ્દ). ૦લુપ્તા વિ૦ સ્ત્રી૦ જેમાં પ્રત્યયો લોપ પામ્યા છે એવી (ભાષા). –યાત્મિકા વિ૦ સ્ત્રી૦ જેમા પ્રત્યય છે એવી (ભાષા)
પ્રત્યવાય પું૦[સં] વિઘ્ન; નડતર (૨) પાપ, દ્વેષ
પ્રત્યંગ પું૦ [સં.] શરીરનું ગૌણ અંગ–કપાળ, કાન જેવું (૨) ખાલી (સંગીત)
પ્રત્યંચા સ્ત્રી૦ [સં] પણછ
પ્રત્યાખ્યાન ન૦ [સં] પરિત્યાગ, અસ્વીકાર, નિરાકરણ (૨) ઉપેક્ષા (૩) ઠપકો
પ્રત્યાગમન ન૦ [સં] પાછા આવવું તે
પ્રત્યાઘાત પું૦ [સ] સામો આઘાત કે ધક્કો, 'રી-ઍક્શન' (૨) પડઘો [વ્યક્તિ
પ્રત્યાત્મા પું૦ [પ્રતિ + આત્મા] દરેક આત્મા–
પ્રત્યારોપ પું૦ [સ] સામું આળ ૦ણ ન૦ સામેનામા આરોપવું તે(૨)પ્રત્યારોપ કરવો તે
પ્રત્યાસન્ન વિ૦ [સ] પાસેનુ; નજીકનુ
પ્રત્યાહાર પું૦[સ] અષ્ટાગયોગનું એક અંગ – વિષયમાત્રમાથી ઇંદ્રિયોને પાછી હઠાવી એક જગાએ સ્થિર કરવી તે
પ્રત્યુત અ૦ [સં] કિવા; બીજી રીતે(૨)નીકર, નહિ તો (૩) ઊલટી રીતે [જવાબ
પ્રત્યુત્તર પું૦ [સં] સામો જવાબ, જવાબનો
પ્રત્યુત્પન્ન વિ૦ [સ] યોગ્ય સમયે તરત જ ઉત્પન્ન થયેલુ [સામો ઉપકાર
પ્રત્યુપકાર પુ૦ [સં.] ઉપકારના બદલામા
પ્રત્યે અ૦ પ્રતિ, તરફ
પ્રત્યેક વિ૦ [સં] દરેક
પ્રથમ વિ૦ [સં] પહેલુ (૨) અ૦ શરૂઆતમા (૩) પહેલેથી, અગાઉથી ૦તઃ અ૦ મૂળમા, શરૂઆતમા –મા વિ૦સ્ત્રી૦પહેલી(વિભક્તિ). –માશ્રમ પુ૦ [+ આશ્રમ] બ્રહ્મચર્યાશ્રમ
પ્રથા સ્ત્રી૦[સ]ધારો, વહીવટ(૨)રીત.[–પડવી = ધારો કે રીત ચાલુ થવી.]
પ્રથિત વિ૦ [સ] પ્રખ્યાત
પ્રથીનાથ પુ૦ [જુઓ પૃથ્વીનાથ] રાજા
પ્રદ વિ૦[સ] 'આપનાર' એ અર્થમા સમાસમા નામને છેડે. ઉદા૦ 'ફળપ્રદ'
પ્રદક્ષિણા સ્ત્રી૦[સં] કોઈ પણ વસ્તુ કે વ્યક્તિને જમણી બાજુ રાખીને તેની આસપાસ ફરવું તે [–કરવી, –ફરવી]
પ્રદર પું૦; ન૦ [સં.] સ્ત્રીઓનો એક રોગ
પ્રદર્શક વિ૦[સં] બતાવનારું –ન ન૦ નિરૂપણ (૨) હુન્નર, વિદ્યા, કળા વગેરેના દશ્યોને જાહેરમા જોવા મૂકવાની પ્રાસંગિક યોજના
પ્રદર્શિત વિ૦ [સ] બતાવેલું
પ્રદાતા પું૦ [સં] આપનાર, દાતા. –ન ન૦ આપવુ તે –યક વિ૦(સમાસને છેડે)આપનાર. ઉદા૦ બુદ્ધિપ્રદાયક
પ્રદિગ્ધ વિ૦ [સં] ખરડાયેલુ
પ્રદીપ પું૦ [સં.] દીવો ૦ક વિ૦ ઉત્તેજિત કરનાર (૨) સળગાવનાર ૦ન ન૦ સળગવું તે –પ્ત વિ૦ સળગેલું (૨) ઉત્તેજિત
પ્રદુષ્ટ ન૦ [સં] ઘણું દુષ્ટ [દિશાનો એક ભાગ
પ્રદેશ પું૦ [સં]દેશ, મુલક, ભૂમિ (૨) મોટા
પ્રદેશિની સ્ત્રી૦[સં]અંગૂઠાની જોડેની આંગળી
પ્રદોષ પું૦ [સં] સંધ્યાકાળ (૨) તેરશે કરવાનું શિવનુ વ્રત. [–કરવો = પ્રદોષનું વ્રત કરવું, તેરશે એક વાર સાંજે જ જમવુ.]
પ્રદ્યુમ્ન પું૦ [સ] (સ.) કૃષ્ણનો પુત્ર; કામદેવનો અવતાર
પ્રધાન વિ૦[સ]મુખ્ય(૨)પુ૦ વજીર, કારભારી ૦પદ(–દું), ૦વટું ન૦ પ્રધાનનો હોદ્દો, વજીરાઈ [પ્રધ્વંસ કરનાર
પ્રધ્વંસ ન૦ [સં] નાશ; ઉચ્છેદ ૦ક વિ૦
પ્રનાલિકા, પ્રનાલી સ્ત્રી૦ [સં] પ્રણાલિકા
પ્રપત્તિ સ્ત્રી૦ [સં.] શરણ લેવું તે, પ્રણિધાન. ૦યોગ પુ૦ ઈશ્વરપ્રણિધાન દ્વારા સધાતો યોગ. –ન્ન વિ૦ શરણાગત, પ્રપત્તિવાળુ –ન્નાત્મા વિ૦ (૨) પ્રપન્ન આત્માવાળું; ભક્ત; ખુદાપરસ્ત
પ્રપંચ પુ૦ [સં] વિસ્તાર(૨)માયાનો વિસ્તાર, સંસાર (૩) સાંસારિક માયા (૪) છળકપટ. [–રચવો = તરકીબ કરવી, છાકટું ગોઠવવું –રમવો = દગો કરવો;છળકપટ કરવું.]૦વાદ પુ૦ 'મટિરિયલિઝમ' –ચી વિ૦ પ્રપંચથી ભરેલુ, કપટી
પ્રપા સ્ત્રી૦ [સ.] પરબ

પ્રપાત પું૦[સં.]ધોધ(૨)ભૂસકો [ભાગ
પ્રપાઠક પુ૦[સં.](વેદનુ)પ્રકરણ,અધ્યાય;ગ્રંથનો
પ્રપિતા પુ૦ [સં] દાદો, વડવો
પ્રપિતામહ પુ૦ [સં.] બાપનો દાદો, પરદાદો
–હી સ્ત્રી૦ બાપની દાદી
પ્રપુત્ર પું૦ [સં.] દીકરાનો દીકરો, પૌત્ર
પ્રપૌત્ર પુ૦ [સં.] પૌત્રનો પુત્ર. –ત્રી સ્ત્રી૦ પૌત્રની પુત્રી
પ્રફુલ્લ,–લ્લિત વિ૦ [સં] ખીલેલું(૨)આનંદ પામેલુ ૦વું અ૦ક્રિ૦ પ્રફુલ્લ થવું
પ્રબલ(–ળ) વિ૦ [સં] બળવાન (૨) અત્યંત (૩) ન૦ ભારે બલ
પ્રબંધ પુ૦ [સં] ઇતિહાસ અને દંતકથાથી મિશ્રિત લેખ (ઉદા૦ ભોજપ્રબંધ) (૨) ચિત્ર-કાવ્ય (ઉદા૦ છત્રપ્રબંધ, સમુદ્રપ્રબંધ) (૩) ગોઠવણ,બંદોબસ્ત ૦ન ન૦ રચના;ગોઠવણ. ૦સમિતિ સ્ત્રી૦ વ્યવસ્થા કરનારી સમિતિ
પ્રબુદ્ધ વિ૦ [સં.] જાગેલુ (૨) જ્ઞાની; સમજુ
પ્રબોધ પું૦[સં] જાગૃતિ (૨) જ્ઞાન (૩)ઉપદેશ. ૦ક વિ૦ પ્રબોધ કરનાર. ૦કાલ(–ળ) પું૦ સવાર, જાગવાનો સમય ૦ન ન૦ ઉપદેશ, પ્રવચન. ૦(–ધિ)ની સ્ત્રી૦ દેવઊઠી એકાદશી ૦વું સ૦ક્રિ૦ બોલાવવુ; હાંક મારવી (૨) બોધ આપવો [ઉત્પન્ન થવું
પ્રભવ પું૦[સં] ઉત્પત્તિ, જન્મ ૦વું અ૦ક્રિ૦
પ્રભા સ્ત્રી૦[સં.] તેજ, કાંતિ (૨) દમામ. ૦કર પું૦ સૂર્ય. ૦મંડલ(–ળ) ન૦ તેજનું કૂંડાળું
પ્રભાત ન૦ [સં.] સવાર (૨) પું૦ એક રાગ. ૦ફેરી સ્ત્રી૦ પ્રભાતનું નગરકીર્તન કે તે કરનારી મંડળી. –તિયું ન૦ સવારમા ગાવાનુ પદ
પ્રભાવ પુ૦ [સં.] શક્તિ (૨) પ્રતાપ, તેજ (૩) દમામ; રુઆબ(૪)અસર,ગુણ. [–પડવો= તેજની અસર સામા ઉપર થવી; રુઆબ પડવો.] ૦ક, ૦શાળી વિ૦ પ્રભાવવાળું. –વિત વિ૦ પ્રભાવની અસરમા આવેલુ (૨) પ્રભાવવાળું
પ્રભુ પુ૦ [સં.] પરમેશ્વર (૨) માલિક; સ્વામી [પ્રભુનું માણસ=નિષ્પાપ, નિખાલસ, ભોળુ માણસ.] ૦તા સ્ત્રી૦ માલિકી (૨) ગૌરવ (૩) પરમેશ્વરપણું; દેવત્વ. ...માલિકી (૨) કાબૂ ૦મય વિ૦ પરિપૂર્ણ, ઓતપ્રોત; તેની ભક્તિ...
પ્રભૃતિ અ૦ [સં] વગેરે; ઇત્યાદિ
પ્રભેદ પું૦ [સં.] ભિન્નતા, તફાવત (૨) પ્રકાર (૩) ભિન્ન કરવું–જુદું ...
પ્રમત્ત વિ૦ [સં.] પ્રમાદી, ગાફેલ.
પ્રમથ પું૦[સં.] શિવનો એક ગણ. ... વલોવવું(૨) પીડવુ(૩)મારી ... ૦ન ન૦ વલોવવું તે (૨) પીડવું તે(૩)...
પ્રમદ પું૦ [સં] હર્ષ; આનંદ ... રણવાસનો બાગ –દા સ્ત્રી૦ જુવાન...
પ્રમા સ્ત્રી૦ [સં.] યથાર્થ જ્ઞાન (૨)...
પ્રમાણ ન૦ [સં.] યથાર્થ જ્ઞાનનું ... પુરાવો; સાબિતી(૩)માપ, ધોરણ(૪) ... (ગ)(૫)અ૦ (૫) નક્કી (૬) વિ૦ સત્ય,માન્ય કરવા યોગ્ય [–આ... કે પુરાવો આપવો –કરી આ... કરી આપવુ.–લેવું=આધાર તરીકે ...] ૦તા સ્ત્રી૦ ૦ગ્રંથ પું૦ પ્રમ... ગ્રંથ ૦પત્ર ન૦ પદવી, યે... ખાતરીપત્રક, 'સર્ટિફિકેટ' ૦બદ્ધ ... મેળ કે ધોરણ પ્રમાણેનુ. ૦ભૂત વિ૦ ... પાત્ર; માન્ય રાખવું પડે એવું ... પ્રમાણવાળું. ૦વું સ૦ક્રિ૦ જાણવુ(૨) ... ભૂત માનવુ; કબૂલ રાખવું (૩) પુ... ૦શાસ્ત્ર ન૦ યથાર્થ જ્ઞાનના ... ન્યાયશાસ્ત્ર. ૦સર વિ૦ (૨) અ૦ ... –ણિક વિ૦ પ્રામાણિક, સાચું... –ણિકતા સ્ત્રી૦, –ણિકપણું ન૦ ... સ્ત્રી૦ એક છંદ –ણે અ૦ પેઠે,
પ્રમાતા સ્ત્રી૦[સં] માની મા (૨) પુ૦ ... દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરનાર (૩) જ્ઞાન... આત્મા, જ્ઞાનનો દ્રષ્ટા–સાક્ષી. ... માનો દાદો ૦મહી સ્ત્રી૦ માની ...
પ્રમાદ પુ૦[સં]ગફલત (૨) આળસ [... =આળસ કરવુ] –દી વિ૦ પ્રમ...
પ્રમાર્જન ન૦[સં.] વાળવું ઝૂડવું કે ... કરવુ તે

**પ્રમિત** વિ૦[सं] સાબિત, સિદ્ધ (૨) પરિમિત; અલ્પ(૩)પ્રમાણો દ્વારા જેનુ જ્ઞાન થયું હોય તે (૪) [સમાસને અંતે] –ના માપનુ–જેટલું
**પ્રમુખ** પુ૦ [सं] સભાપતિ, અધ્યક્ષ (૨)વિ૦ મુખ્ય, આગેવાન. [–બનવું=અધ્યક્ષ થવુ] ૦સ્થાન, ૦પદ ન૦ પ્રમુખની જગા
**પ્રમુદિત** વિ૦ [सं.] ખૂબ રાજી થયેલુ–મુદિત
**પ્રમેય** વિ૦[सं.] પ્રમાણનો વિષય થઈ શકે તેવુ, જાણી શકાય તેવુ (૨) માપી શકાય તેવું (૩) સિદ્ધ કરી શકાય તેવું (૪) ન૦ પ્રમાણ દ્વારા જેનુ જ્ઞાન કરવાનુ હોય તે (૫) સિદ્ધ કરવાની વસ્તુ, સિદ્ધાન્ત, 'થિયરમ' (ગ.)
**પ્રમેહ** પુ૦ [सं.] એક રોગ–પરમિયો
**પ્રમોદ** પું૦[सं.] આનંદ. ૦વું સ૦ક્રિ૦ આનંદ આપવો. –દી વિ૦ આનંદી, હર્ષયુક્ત (૨) સ્ત્રી૦ (કા) બપોરના નાસ્તાની એક વાની
**…મોશન** ન૦ [इं] શાળામા ઉપલા વર્ગમા ચડાવવુ તે (પ્રાય નાપાસ થનારને) (૨) પગારમા બઢતી કે વધારો. [–આપવું, મળવું]
…ત વિ૦[सं] સયમી (૨) શુદ્ધ, પવિત્ર (૩) પ્રયત્નવાન, ઉત્સાહી
… પું૦ [सं] પ્રયાસ; કોશિશ (૨) [વ્યા] …ના ઉચ્ચારણનો પ્રયત્ન [–કરવો] ૦બંધ … શબ્દોના ઉચ્ચારણ પરથી કરાતી પદ્ય- … ૦વાન વિ૦ પ્રયત્ન કરનારં. ૦શીલ … –નમા મચ્યુ રહેનાર
… [सं.] જવું તે; પ્રસ્થાન
… सं] શ્રમ, મહેનત
… યોજાયેલું, કરાયેલું, પ્રયોજિત
… વિશિષ્ટ યુક્તિ
… દસ લાખ
… । પ્રયોગ કરનાર
… ઉપયોગ, વાપર (૨) અજમાયશ, … ઉપચાર (૩) સાધના, …)[વ્યા] ક્રિયાનાથના … ઉદા૦ કર્મણિ- … કે] ભજવવું તે. … ૦બંધ પુ૦ … પુ૦ નાટ્ય- … પ્રયોગ જાણનાર. ૦શાલા(–ળા) સ્ત્રી૦ વૈજ્ઞાનિક પ્રયોગો કરવાની જગા; 'લૅબોરેટરી'. ૦સિદ્ધ વિ૦ પ્રયોગથી સિદ્ધ કરેલું
**પ્રયોજક** પુ૦[सं] પ્રેરક (૨) લેખક –ન ન૦ સબબ; હેતુ (૨) ઉપયોગ, જરૂર –ના સ્ત્રી૦ ઝીણવટથી યોજના કરવી તે –વું સ૦ક્રિ૦ પ્રયોજિત કરવું
**પ્રયોજિત** વિ૦[सं] યોજેલું, ગોઠવેલુ(૨)કામમા લીધેલુ, પ્રયોગમા આણેલું
**પ્રયોજ્ય** વિ૦[सं]કામમા લેવા યોગ્ય,આચરવા યોગ્ય(૨) કામમા નિયુક્ત–પ્રેરિત કરવા યોગ્ય
**પ્રરૂઢ** વિ૦ [सं] ઉત્પન્ન થયેલુ (૨) વધી ગયેલુ
**પ્રરોચના** સ્ત્રી૦[सं]રુચિ કરાવવી તે, ઉત્તેજના (૨) આગળ આવનાર વસ્તુનુ રુચિ ઉત્પન્ન થાય તેવી રીતે વર્ણન (નાટકમાં)
**પ્રરોહ** પુ૦[सं] અંકુર, ફણગો
**પ્રલપવું** અ૦ ક્રિ૦ પ્રલાપ કરવો
**પ્રલય** પુ૦ [सं] વિનાશ (૨) કલ્પને અંતે જગતનો લય
**પ્રલંબ** વિ૦ [सं] નીચે લબડતુ (૨) લાંબુ. –બાવું અ૦ ક્રિ૦ ખૂબ લંબાવુ
**પ્રલાપ** પુ૦ [सं] આવેશમા મોટેથી અસબદ્ધ બોલવુ તે (૨) વિલાપ [ભારે લાલચ
**પ્રલોભક** વિ૦ [सं.] ભારે લોભાવનાર. –ન ન૦
**પ્રલે(–લ્લે)** પુ૦ + પ્રલય ૦કાર પુ૦ ભયંકર વિનાશ [વ્યાખ્યાન
**પ્રવક્તા** પું૦ [सं] પ્રવચન કરનાર. –ચન ન૦
**પ્રવણ** વિ૦ [सं.] ઢળતુ, નમેલુ (૨) નમ્ર (૩) અભિમુખ, ઉન્મુખ (૪) આસક્ત; રત
**પ્રવદવું** સ૦ક્રિ૦ [सं प्रवद्] વદવું, બોલવુ
**પ્રવર** વિ૦[सं] શ્રેષ્ઠ, મુખ્ય (૨) ન૦ ગોત્ર (૩) ગોત્રમા થયેલ શ્રેષ્ઠ પુરુષ (૪) અગરુ
**પ્રવર્ત(–ર્ત્ત)ક** વિ૦ [सं] પ્રેરક, પ્રવૃત્ત કરનાર (૨) પું૦ પ્રવર્તાવનાર (૩) સંસ્થાપક –ન ન૦ પ્રચાર, પ્રસાર –ના સ્ત્રી૦ પ્રવર્તવું તે (૨)પ્રવૃત્ત થવું તે –માન વિ૦પ્રવર્તતુ ફેલાતુ
**પ્રવર્તવું** અ૦ ક્રિ૦ [सं. प्रवृत्] ફેલાવુ (૨) ચાલવુ, પ્રચલિત હોવુ
**પ્રવર્ત્તક,–ન,–ના,–માન** જુઓ 'પ્રવર્તક'માં

**પ્રપાત** પું૰[સં.]ધોધ(૨)ભૂસકો [ભાગ
**પ્રપાઠક** પું૰[સં.](વેદનું)પ્રકરણ,અધ્યાય;ગ્રંથનો
**પ્રપિતા** પું૰ [સં] દાદો, વડવો
**પ્રપિતામહ** પું૰ [સં.] બાપનો દાદો; પરદાદો –હી સ્ત્રી૰ બાપની દાદી
**પ્રપુત્ર** પું૰ [સં.] દીકરાનો દીકરો, પૌત્ર
**પ્રપૌત્ર** પું૰ [સં] પૌત્રનો પુત્ર. –ત્રી સ્ત્રી૰ પૌત્રની પુત્રી
**પ્રફુલ્લ,–લ્લિત** વિ૰ [સં] ખીલેલું (૨)આનંદ પામેલું. ૦વું અ૰ક્રિ૰ પ્રફુલ્લ થવું
**પ્રબલ(–ળ)** વિ૰ [સં] બળવાન (૨) અત્યંત (૩) ન૰ ભારે બલ
**પ્રબંધ** પું૰ [સં] ઇતિહાસ અને દંતકથાથી મિશ્રિત લેખ (ઉદા૰ ભોજપ્રબંધ) (૨) ચિત્ર-કાવ્ય (ઉદા૰ છત્રપ્રબંધ, સમુદ્રપ્રબંધ) (૩) ગોઠવણ, બંદોબસ્ત. ૦ન ન૰ રચના, ગોઠવણ ૦સમિતિ સ્ત્રી૰ વ્યવસ્થા કરનારી સમિતિ
**પ્રબુદ્ધ** વિ૰ [સં] જાગેલું (૨) જ્ઞાની; સમજુ
**પ્રબોધ** પું૰[સં] જાગૃતિ (૨) જ્ઞાન (૩)ઉપદેશ. ૦ક વિ૰ પ્રબોધ કરનાર ૦કાલ(–ળ) પું૰ સવાર; જાગવાનો સમય ૦ન ન૰ ઉપદેશ, પ્રવચન. ૦(–ધિ)ની સ્ત્રી૰ દેવઊઠી એકાદશી ૦વું સ૰ક્રિ૰ બોલાવવું; હાંક મારવી (૨) બોધ આપવો [ઉત્પન્ન થવું
**પ્રભવ** પું૰[સં] ઉત્પત્તિ, જન્મ ૦વું અ૰ક્રિ૰
**પ્રભા** સ્ત્રી૰[સં.] તેજ, કાંતિ (૨) દમામ ૦કર પું૰ સૂર્ય. ૦મંડલ(–ળ) ન૰ તેજનું કૂંડાળું
**પ્રભાત** ન૰ [સં.] સવાર (૨) પું૰ એક રાગ ૦ફેરી સ્ત્રી૰ પ્રભાતનું નગરકીર્તન કે તે કરનારી મંડળી. –તિયું ન૰ સવારમાં ગાવાનું પદ
**પ્રભાવ** પું૰ [સં] શક્તિ (૨) પ્રતાપ; તેજ (૩) દમામ; રુઆબ(૪)અસર, ગુણ. [–પડવો = તેજની અસર સામા ઉપર થવી, રુઆબ પડવો.] ૦ક, ૦શાળી વિ૰ પ્રભાવવાળું. –વિત વિ૰ પ્રભાવની અસરમાં આવેલું (૨) પ્રભાવવાળું
**પ્રભુ** પું૰ [સં.] પરમેશ્વર (૨) માલિક; સ્વામી. [પ્રભુનું માણસ=નિષ્પાપ, નિખાલસ, ભોળું માણસ.] ૦તા સ્ત્રી૰ માલિકી (૨) ગૌરવ (૩) પરમેશ્વરપણું; દેવત્વ. ૦ત્વ ન૰ માલિકી (૨) કાબૂ. ૦મય વિ૰ પ્રભુથી પરિપૂર્ણ, ઓતપ્રોત; તેની ભક્તિથી તરબોળ
**પ્રભૃતિ** અ૰ [સં] વગેરે, ઇત્યાદિ
**પ્રભેદ** પું૰ [સં] ભિન્નતા, તફાવત (૨) ભેદ; પ્રકાર (૩) ભિન્ન કરવું–જુદું પાડવું તે
**પ્રમત્ત** વિ૰ [સં] પ્રમાદી; ગાફેલ. ૦તા સ્ત્રી૰
**પ્રમથ** પું૰[સં] શિવનો એક ગણ ૦વું સ૰ક્રિ૰ વલોવવું(૨) પીડવું(૩)મારી નાખવું, નાશ કરવો. ૦ન ન૰ વલોવવું તે (૨) પીડવું તે (૩) વધ, નાશ
**પ્રમદ** પું૰ [સં] હર્ષ; આનંદ ૦વન ન૰ રણવાસનો બાગ –દા સ્ત્રી૰ જુવાન, સુંદર સ્ત્રી
**પ્રમા** સ્ત્રી૰ [સં.] યથાર્થ જ્ઞાન (૨) માપ
**પ્રમાણ** ન૰ [સં] યથાર્થ જ્ઞાનનું સાધન (૨) પુરાવો, સાબિતી(૩)માપ, ધોરણ(૪) ગુણોત્તર (ગ)(૫)અ૰(પ) નક્કી(૬) વિ૰ પ્રમાણભૂત, સત્ય,માન્ય કરવા યોગ્ય [–આપવું=આધાર કે પુરાવો આપવો –કરી આપવું=સાબિત કરી આપવું.–લેવું=આધાર તરીકે સ્વીકારવું] ૦તા સ્ત્રી૰ ૦ગ્રંથ પું૰ પ્રમાણરૂપ મનાતો ગ્રંથ ૦પત્ર ન૰ પદવી, યોગ્યતા વગેરેનું ખાતરીપત્રક, 'સર્ટિફિકેટ' ૦બદ્ધ વિ૰ માપ, મેળ કે ધોરણ પ્રમાણેનું ૦ભૂત વિ૰ વિશ્વાસ-પાત્ર; માન્ય રાખવું પડે એવું ૦વાન વિ૰ પ્રમાણવાળું ૦વું સ૰ક્રિ૰ જાણવું(૨)પ્રમાણ-ભૂત માનવું; કબૂલ રાખવું (૩) પુરવાર કરવું. ૦શાસ્ત્ર ન૰ યથાર્થ જ્ઞાનના સાધનનું શાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર ૦સર વિ૰ (૨) અ૰ માપસર. –ણિક વિ૰ પ્રામાણિક, સાચું, ઈમાનદાર. –ણિકતા સ્ત્રી૰, –ણિકપણું ન૰ –ણિકા સ્ત્રી૰ એક છંદ –ણે અ૰ પેઠે, અનુસાર
**પ્રમાતા** સ્ત્રી૰[સં] માની મા (૨) પું૰ પ્રમાણો દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરનાર (૩) જ્ઞાનનો કર્તા–આત્મા, જ્ઞાનનો દ્રષ્ટા–સાક્ષી ૦મહ પું૰ માનો દાદો ૦મહી સ્ત્રી૰ માની દાદી
**પ્રમાદ** પું૰[સં]ગફલત(૨)આળસ [–કરવો =આળસ કરવું] –દી વિ૰ પ્રમાદવાળું
**પ્રમાર્જન** ન૰[સં.] વાળવું ઝૂડવું કે માજીને સાફ કરવું તે

**પ્રમિત** વિ૦[સં] સાબિત; સિદ્ધ (૨) પરિમિત; અલ્પ(૩)પ્રમાણો દ્વારા જેનું જ્ઞાન થયું હોય તે (૪) [સમાસને અંતે] –ના માપનું – જેટલું
**પ્રમુખ** પું૦ [સં] સભાપતિ, અધ્યક્ષ (૨) વિ૦ મુખ્ય, આગેવાન. [–બનવું=અધ્યક્ષ થવું.] ૦સ્થાન, ૦પદ ન૦ પ્રમુખની જગા
**પ્રમુદિત** વિ૦ [સં.] ખૂબ ગેલમાં આવેલું – મુદિત
**પ્રમેય** વિ૦[સં] પ્રમાણનો વિષય થઈ શકે તેવું, જાણી શકાય તેવું (૨) માપી શકાય તેવું (૩) સિદ્ધ કરી શકાય તેવું (૪) ન૦ પ્રમાણ દ્વારા જેનું જ્ઞાન કરવાનું હોય તે (૫) સિદ્ધ કરવાની વસ્તુ, સિદ્ધાંત, 'થિયરમ' (ગ.)
**પ્રમેહ** પું૦ [સં.] એક રોગ – પરમિયો
**પ્રમોદ** પું૦[સં] આનંદ. ૦વું સ૦ક્રિ૦ આનંદ આપવો. –દી વિ૦ આનંદી, હર્ષયુક્ત (૨) સ્ત્રી૦ (કા) બપોરના નાસ્તાની એક વાની
**પ્રમોશન** ન૦ [ઇં] શાળામાં ઉપલા વર્ગમાં ચડાવવું તે (પ્રાય નાપાસ થનારને) (૨) પગારમાં બઢતી કે વધારો. [–આપવું, મળવું]
**પ્રયત** વિ૦[સં] સંયમી (૨) શુદ્ધ, પવિત્ર (૩) પ્રયત્નવાન, ઉત્સાહી
**પ્રયત્ન** પું૦[સં] પ્રયાસ; કોશિશ (૨) [વ્યા] વર્ણના ઉચ્ચારણનો પ્રયત્ન [–કરવો] ૦બંધ પું૦ શબ્દોના ઉચ્ચારણ પરથી કરાતી પદ્યરચના ૦વાન વિ૦ પ્રયત્ન કરનાર ૦શીલ વિ૦ પ્રયત્નમાં મચ્યું રહેનાર
**પ્રયાણ** ન૦ [સં] જવું તે, પ્રસ્થાન
**પ્રયાસ** પું૦ [સં] શ્રમ, મહેનત
**પ્રયુક્ત** વિ૦[સં.] યોજાયેલું, કરાયેલું, પ્રયોજિત. –ક્તિ સ્ત્રી૦ વિશિષ્ટ યુક્તિ
**પ્રયુત** વિ૦ [સં] દસ લાખ
**પ્રયોક્તા** પું૦ [સં.] પ્રયોગ કરનાર
**પ્રયોગ** પું૦ [સં] ઉપયોગ; વાપર (૨) જારણ, મારણ વગેરે તાંત્રિક ઉપચાર (૩) સાધના, અનુષ્ઠાન(૪) અખતરો (૫)[વ્યા.] ક્રિયાનાયના અન્વયે ક્રિયાપદની યોજના ઉદા૦ કર્મણિપ્રયોગ(૬)ધારો, કાનૂન(૭)[નાટક] ભજવવું તે. [–કરવો=અખતરો કરવો] ૦બંધ પું૦ નાટકના રૂપમાં લખાણ ૦વિદ પું૦ નાટ્યપ્રયોગ જાણનાર. ૦શાલા(–ળા) સ્ત્રી૦ વૈજ્ઞાનિક પ્રયોગો કરવાની જગા, 'લેબોરેટરી'. ૦સિદ્ધ વિ૦ પ્રયોગથી સિદ્ધ કરેલું
**પ્રયોજક** પું૦[સં] પ્રેરક (૨) લેખક –ન ન૦ સબબ; હેતુ (૨) ઉપયોગ, જરૂર –ના સ્ત્રી૦ ઝીણવટથી યોજના કરવી તે. –વું સ૦ક્રિ૦ પ્રયોજિત કરવું
**પ્રયોજિત** વિ૦[સં] યોજેલું, ગોઠવેલું (૨)કામમાં લીધેલું, પ્રયોગમાં આણેલું
**પ્રયોજ્ય** વિ૦[સં]કામમાં લેવા યોગ્ય, આચરવા યોગ્ય(૨) કામમાં નિયુક્ત–પ્રેરિત કરવા યોગ્ય
**પ્રરૂઢ** વિ૦ [સં] ઉત્પન્ન થયેલું (૨) વધી ગયેલું
**પ્રરોચના** સ્ત્રી૦[સં]રુચિ કરાવવી તે, ઉત્તેજના (૨) આગળ આવનાર વસ્તુનું રુચિ ઉત્પન્ન થાય તેવી રીતે વર્ણન (નાટકમાં)
**પ્રરોહ** પું૦[સં.] અંકુર, ફણગો
**પ્રલપવું** અ૦ ક્રિ૦ પ્રલાપ કરવો
**પ્રલય** પું૦ [સં] વિનાશ (૨) કલ્પને અંતે જગતનો લય
**પ્રલંબ** વિ૦ [સં.] નીચે લબડતું (૨) લાંબુ. –બાવું અ૦ ક્રિ૦ ખૂબ લંબાવું
**પ્રલાપ** પું૦ [સં] આવેશમાં મોટેથી અસંબદ્ધ બોલવું તે (૨) વિલાપ [ભારે લાલચ
**પ્રલોભક** વિ૦ [સં.] ભારે લોભાવનાર. –ન ન૦
**પ્રલે(–લ્લે)** પું૦ + પ્રલય ૦કાર પું૦ક્ષયકર વિનાશ [વ્યાખ્યાન
**પ્રવક્તા** પું૦[સં] પ્રવચન કરનાર. –ચન ન૦
**પ્રવણ** વિ૦ [સં.] ઢળતું, નમેલું (૨) નમ્ર (૩) અભિમુખ, ઉન્મુખ (૪) આસક્ત, રત
**પ્રવદવું** સ૦ક્રિ૦ [સં પ્રવદ્] વદવું, બોલવું
**પ્રવર** વિ૦[સં.] શ્રેષ્ઠ, મુખ્ય (૨) ન૦ ગોત્ર (૩) ગોત્રમાં થયેલ શ્રેષ્ઠ પુરુષ (૪) અગરુ
**પ્રવર્ત(–ર્ત્ત)ક** વિ૦ [સં] પ્રેરક, પ્રવૃત્ત કરનાર (૨) પું૦ પ્રવર્તાવનાર (૩) સંસ્થાપક –ન ન૦ પ્રચાર, પ્રસાર –ના સ્ત્રી૦ પ્રવર્તવું તે (૨)પ્રવૃત્ત થવું તે –માન વિ૦પ્રવર્તતું ફેલાતું
**પ્રવર્તવું** અ૦ ક્રિ૦ [સં પ્રવૃત્] ફેલાવું (૨) ચાલવું, પ્રચલિત હોવું
**પ્રવર્ત્તક,–ન,–ના,–માન** જુઓ 'પ્રવર્તક'માં

**પ્રવર્ષણ** ન૦ [સં] પ્રવર્ષવું તે. **-વું** અ૦ ક્રિ૦ જોરથી વરસવું
**પ્રવાત** પું૦ [સં.] પવનનો ઝપાટો
**પ્રવાદ** પું૦ [સં] પરસ્પર વાતચીત (૨) લોકોમાં ચાલેલી વાત(૩)અફવા (૪) વાદ્ય વગાડવું તે
**પ્રવાલ(-ળ)** ન૦ [સં] સમુદ્રમાં એક જાતનાં જીવડાએ બનાવેલું ઘર; પરવાળું.**-લી(-ળી)** વિ૦ પ્રવાલનું કે તેના જેવું (૨) ગુલાબી રંગનું
**પ્રવાસ** પું૦ [સં] મુસાફરી **-સી** પું૦ મુસાફર
**પ્રવાહ** પું૦[સં.]વહેણ **૦પતિત** વિ૦ પ્રવાહમાં પડેલું. **-હિત** વિ૦ વહેતા પ્રવાહરૂપ. **-હી** વિ૦ રેલો ચાલે એવું (૨) ન૦ તેવી વસ્તુ **-હોત્થ** વિ૦ [+उत्थ] પ્રવાહમાંથી પ્રગટતું, પ્રવાહને લગતું
**પ્રવાળ** ન૦ પ્રવાલ **-ળી** વિ૦ જુઓ પ્રવાલી (૨) સ્ત્રી૦ પરવાળાની ડાખળી
**પ્રવિષ્ટ** વિ૦ [સં] પેઠેલું
**પ્રવીણ** વિ૦[સં] કુશળ **૦તા** સ્ત્રી૦,**૦પણું** ન૦
**પ્રવૃત્ત** વિ૦ [સં] ચાલુ, વર્તમાન (૨) પ્રવૃત્તિમાં મચેલું કે લાગેલું યા રોકાયેલું
**પ્રવૃત્તિ** સ્ત્રી૦[સં] ઉદ્યોગ,વ્યવસાય(૨)હિલચાલ (૩) સાંસારિક વિષયોમાં મચ્યા રહેવું તે **૦ધર્મ, ૦માર્ગ** પું૦ સાંસારિક પ્રવૃત્તિનો માર્ગ (૨) ઈશ્વરપ્રીત્યર્થે પ્રવૃત્તિ કરીને મોક્ષ પામવાનો માર્ગ
**પ્રવૃદ્ધ** વિ૦ [સં] વધેલું. **-દ્ધિ** સ્ત્રી૦ વધારો
**પ્રવેશ** પું૦ [સં] પેસવું કે દાખલ થવું તે (૨) નાટકમાં અંકનો પેટાવિભાગ **૦ક** વિ૦ પ્રવેશ કરાવનાર કે કરનારું (૨) પું૦ નાટકમાં તે સ્થળ, જ્યાં વચ્ચે બની ગયેલી પણ રંગભૂમિ ઉપર ન આણેલી વાત કોઈ પાત્ર વાર્તાલાપ દ્વારા જણાવી દે છે **૦દ્વાર** ન૦ દાખલ થવાનો દરવાજો કે બારણું **૦વું** અ૦ ક્રિ૦ [સં प्रविश्] પ્રવેશ કરવો, દાખલ થવું. **૦ન** ન૦ પ્રવેશ કરવો તે **-શિકા** સ્ત્રી૦ કોઈ પણ વિષયમાં પ્રવેશ કરાવનારી ચોપડી
**પ્રવ્રજિત** વિ૦ [સં] પ્રવ્રજ્યા લીધી હોય તેવું
**પ્રવ્રજ્યા** સ્ત્રી૦ [સં] સંન્યાસ [-લેવી]
**પ્રશમ** પું૦[સં.] ઉપશમ, શાંતિ(૨)નિવૃત્તિ નાશ **૦ન** ન૦ શાંત કરવું-શમાવવું તે **-મિત** વિ૦ શાંત કરેલું કે થયેલું; શમેલું
**પ્રશસ્ત** વિ૦[સં] વખણાયેલું;ઉત્તમ(૨)વિહિત. **-સ્તિ** સ્ત્રી૦ પ્રશંસા, વાહવાહ(૨)પ્રશંસાની કવિતા કે લેખ **-સ્ય** વિ૦ વખાણવા લાયક
**પ્રશંસક** વિ૦[સં.]વખાણનાર **-નીય** વિ૦જુઓ પ્રશસ્ય **-વું** સ૦ક્રિ૦ [સં प्रशंस्] વખાણવું
**પ્રશંસા** સ્ત્રી૦ [સં.]વખાણ [પ્રશાખાઓવાળું
**પ્રશાખા** સ્ત્રી૦[સં] નાની શાખા. **-ખી** વિ૦
**પ્રશાંત** વિ૦[સં]ખૂબ શાંત **-તિ** સ્ત્રી૦ ખૂબ શાંતિ
**પ્રશ્ન** પું૦, ન૦[સં.] સવાલ (૨)બાબત, જાણવા વિચારવાની કે ચર્ચવાની વસ્તુ. 'પ્રૉબ્લેમ'. [-ઊઠવો=સવાલ થવો, શંકા જાગવી **-મૂકવો**=કોયડો રજૂ કરવો(૨)જોશી આગળ પોતાના ભાવી વિષે પૂછવું.] **૦કાર** પું૦ પ્રશ્ન પૂછનાર **૦પત્ર** પું૦; ન૦ સવાલપત્રક **૦પરંપરા** સ્ત્રી૦ ઉપરાઉપરી પ્રશ્નો પૂછવા તે. **૦માલા(-ળા)** સ્ત્રી૦ પ્રશ્નાવલિ **૦વિરામ** ન૦ લખાણમાં (?) આવું પ્રશ્નસૂચક વિરામચિહ્ન **-શ્નાર્થ** વિ૦[+अर्थ](વ્યા૦)પ્રશ્નવાચક (૨) પું૦ વાક્યની પ્રશ્નસૂચક-પ્રશ્નનો અર્થ નીકળે એવી રચના (૩) સમસ્યા પૂછવાની ને તેનો ઉત્તર આપવાની એક રમત **-શ્નાર્થક** વિ૦ પ્રશ્નાર્થ. **-શ્નાવલિ(-લી,-ળિ,-ળી)** સ્ત્રી૦ [+आवलि]પ્રશ્નમાળા, પ્રશ્નોની હાર **-શ્નોતરી** સ્ત્રી૦ જન્મલગ્નને અભાવે પ્રશ્નના મુહૂર્ત પરથી ગણતરી કરી કરેલી જન્મોતરી **-શ્નોત્તર** વિ૦ સવાલજવાબના રૂપમાં લખાયેલું (૨) પું૦બ૦વ૦ સવાલો ને જવાબો **-શ્નોત્તરી** સ્ત્રી૦ સવાલજવાબરૂપે થતું વિવેચન
**પ્રશ્વાસ** પું૦ [સં] હાંફ
**પ્રસક્ત** વિ૦ [સં.] વળગેલું (૨) આસક્ત (૩) પ્રસ્તુત; મુદ્દાને લગતું
**પ્રસન્ન** વિ૦[સં] ખુશ, આનંદી (૨) સંતુષ્ટ(૩) સરળ, અર્થ તરત સમજાય તેવું (૪) નિર્મળ, પારદર્શક **૦તા** સ્ત્રી૦
**પ્રસર** પું૦[સં] પ્રસાર, ફેલાવો. **૦ણ** ન૦ પ્રસરવું - ફેલાવું તે. **૦વું** અ૦ક્રિ૦ [સં प्रसृ] ફેલાવું

**પ્રસવ** પું૦ [સં.] જન્મ આપવો કે થવો તે (૨) જન્મ, ઉત્પત્તિ ૦વું સ૦ક્રિ૦ [સં પ્રસૂ] જણવું (૨) અ૦ક્રિ૦ જન્મવુ

**પ્રસવ્યા** સ્ત્રી૦ [સં.] ઊલટી પ્રદક્ષિણા (?)

**પ્રસંખ્યાન** ન૦ [સં] (યોગમા) સારુ જ્ઞાન-વિવેક, વિવેકખ્યાતિ

**પ્રસંગ** પું૦[સં] જુઓ અવસર (૨) સહવાસ, સંગ (૩) પ્રકરણ; વિષય (૪) બનાવ, ઘટના [**-આવવો**=અવસર આવવો **-પડવો**= પરિચય થવો, મળવાનું થવું. **-પાડવો**=પરિચય કરવો] ૦**ભૂત** વિ૦ પ્રસંગને લગતુ, પ્રસ્તુત ૦**સેવી** વિ૦ લાગ સાધી લે તેવુ. ૦**વશાત્** અ૦ પ્રસંગને લીધે, પ્રસંગોપાત્ત. **-ગાવધાન** ન૦ [+અવધાન] સમયસૂચકતા **-ગાંતરતા** સ્ત્રી૦ વિષયાતર થવુ તે **-ગોચિત** વિ૦ [+ઉચિત] પ્રસંગને યોગ્ય. **-ગોપાત્ત** અ૦ પ્રસંગે, પ્રસંગ આવ્યેથી

**પ્રસાદ** પું૦[સં] પ્રસન્નતા (૨) મહેરબાની (૩) નિર્મળતા (૪) પરસાદ (૫) સાંભળવાની સાથે જ ભાવ સ્ફુરે અને હૃદયમા ઊતરી જાય તેવો કાવ્યનો એક ગુણ (૬) સંગીતમા એક અલંકાર. [**-આપવો**=દેવ, ગુરુને અર્પણ કરેલા નૈવેદ્યમાથી વહેંચવુ (૨) માર મારવો **-આરોગવો**=જમવું. **-કરવો**=દેવને ધરવા નૈવેદ્ય તૈયાર કરવુ અથવા ધરવુ. **-ચખાડવો** =માર મારવો. **-ધરાવવો**=નૈવેદ્ય અર્પવું. **-લેવો**=જમવુ.] ૦ક વિ૦પ્રસન્ન કરનારું(૨) પ્રસાદ કરનારુ. **-દાત્મક** વિ૦ નિર્મળ (૨) પ્રસાદગુણવાળુ **-દી** સ્ત્રી૦ દેવને ધરાવેલી સામગ્રી (૨) દેવ, ગુરુએ પ્રસન્ન થઈ આપેલી ચીજ (૩) [લા.] માર

**પ્રસાધન** ન૦ [સં] શણગાર કે તે સજવાની સાધનસામગ્રી; 'ટોઇલેટ' (૨) સાધવુ કે ઠીક કરવુ તે

**પ્રસાર** પું૦ [સં] ફેલાવો ૦ક વિ૦ ફેલાવનારુ. ૦ણ ન૦ જુઓ પ્રસરણ ૦વું સ૦ક્રિ૦ પ્રસરે એમ કરવું **-રિત** વિ૦ ફેલાવેલુ. **-રી** પું૦ ફેલાવનાર (૨) શરીરને ફેલાવી ગાનાર

**પ્રસિદ્ધ** વિ૦[સં.] વિખ્યાત,જાહેર(૨) પ્રકાશિત; બહાર પડેલુ (પુસ્તક). ૦**કર્તા(-ર્તા)** પું૦ પ્રસિદ્ધ કરનાર. **-દ્ધિ** સ્ત્રી૦ખ્યાતિ(૨)છપાવી પ્રસિદ્ધ કરવું તે, પ્રકાશન (૩) જાહેરાત **-દ્ધિપત્ર** ન૦ જાહેરખબર

**પ્રસુપ્ત** વિ૦[સં.]સુપ્ત,સૂતેલું(૨)ઘસઘસાટ ઊંઘેલું

**પ્રસૂત** વિ૦ [સં] જણેલું, જન્મેલુ (૨) ન૦ સતાન, પ્રજા. **-તા** સ્ત્રી૦ જેને તરતમા પ્રસવ થયો હોય એવી સ્ત્રી

**પ્રસૂતિ** સ્ત્રી૦ [સં] પ્રસવ(૨)સુવાવડ(૩)સંતતિ. [**-આવવી**=સુવાવડ આવવી,**-થવી**=પ્રસવ થવો.] ૦**કાલ(-ળ)** પું૦ સુવાવડનો સમય. ૦**ગૃહ** ન૦ સુવાવડ માટેનુ સ્થાન – દવાખાનુ. ૦**જ્વર** પું૦ સુવાવડીનો તાવ ૦**શાસ્ત્ર** ન૦ સુવાવડનુ શાસ્ત્ર

**પ્રસૂન** ન૦ [સં] કળી (૨) ફૂલ (૩) ફળ

**પ્રસ્તર** પું૦[સં] તૃણ, પર્ણ વગેરેની પથારી (૨) પથારી (૩) પથ્થર (૪) દર્ભનો કલ્લો (૫) સપાટી, સપાટ તળ

**પ્રસ્તાર** પું૦ [સં] અમુક માત્રા અથવા વર્ણના છદના શક્ય રૂપોનો કોઠો (૨) પ્રસ્તર (૩) ફેલાવ, વિસ્તાર

**પ્રસ્તાવ** પું૦ [સં] આરંભ(૨)પ્રસંગ, બાબત (૩) દરખાસ્ત, ઠરાવ. [**-આવવો**=દરખાસ્ત રજૂ થવી. **-ઊડી જવો**=ઠરાવ નાપાસ થવો **-મૂકવો, રજૂ કરવો**=દરખાસ્ત આણવી-દાખલ કરવી] ૦ક વિ૦ (૨) પું૦ દરખાસ્ત મૂકનાર. ૦**ના** સ્ત્રી૦ ઉપોદ્‌ઘાત, આમુખ (૨) નાટકના વાસ્તવિક આરંભની પૂર્વે તે વિષે માહિતી આપનારો સૂત્રધાર વગેરેનો પ્રવેશ **-વિક** વિ૦ જુઓ પ્રાસ્તાવિક

**પ્રસ્તુત** વિ૦ [સં] કહેવામા આવેલુ, ચર્ચાતું (૨) ન૦ જેને વિષે કહેવાનુ કે કહેવાતુ હોય તે (૩) ટાણું [**-હોવું**=જેની ચર્ચા ચાલતી હોય તેને લગતુ હોવુ]

**પ્રસ્થાન** ન૦ [સં] પ્રવાસે જવા ઊપડવુ તે; પ્રયાણ (૨) જુઓ પસ્તાનુ(૩) માર્ગ [**-કરવું** =પ્રયાણ કરવુ] ૦**ત્રય** ન૦, ૦**ત્રયી** સ્ત્રી૦ વેદધર્મના પાયારૂપ ઉપનિષદ, બ્રહ્મસૂત્ર અને ભગવદ્‌ગીતા એ ત્રણ ૦**બિંદુ** ન૦ ઊપડવાનું

–શરૂઆત કરવાનું સ્થળ પ્રસ્થાપિત વિ૦ [સં] સ્થાપિત કરેલું; સિદ્ધ કરેલું
પ્રસ્નવ પું૦ [સં] ધારા; પ્રવાહ (જેમકે દૂધનો)
પ્રસ્ફુરિત વિ૦ [સં.] પ્રગટ જણાઈ આવતું (૨) ધ્રૂજતું; કંપતું
પ્રસ્રવ પું૦, ૦ણ ન૦, પ્રસ્રાવ પું૦ [સં.] સ્રવવું તે (૨) ધારા; વહેણ (૩) સ્તન કે આંચળમાંથી સ્રવતું દૂધ [તિનું અસ્ત્ર
પ્રસ્વાપન વિ૦ [સં] નિદ્રા આણનારું (૨) ન૦
પ્રસ્વેદ પું૦ [સં] પરસેવો
પ્રહર પું૦ [સં] ત્રણ કલાક, પહોર –રી પું૦ પહેરેગીર
પ્રહરણ ન૦ [સં.] પ્રહાર કરવો તે (૨) શસ્ત્ર
પ્રહરવું સ૦ ક્રિ૦ [સં. प्र + हृ] ઘા કરવો, મારવું
પ્રહર્ષ પું૦ [સં] અતિ આનંદ ૦(–ર્ષિ)ણી સ્ત્રી૦ એક છંદ
પ્રહસન ન૦ [સં] દુર્ગુણની ફજેતી કરનારું એક કે બે અંકનું હાસ્યરસપ્રધાન નાટક
પ્રહસ્થ પું૦[સં](સં.)રાવણનો એક સેનાપતિ (૨) આગળીઓ ફેલાવેલા હાથનો પંજો
પ્રહાણ ન૦ [સં] નાશ, હાનિ
પ્રહાર પું૦ [સં.] ઘા [પ્રસિદ્ધ વિષ્ણુભક્ત
પ્રહ્લાદ પું૦ [સં] (સં.) હિરણ્યકશિપુનો પુત્ર–
પ્રાક્(–ગ્) અ૦ [સં] પહેલાં; અગાઉ
પ્રાકટ્ય ન૦ [સં] પ્રગટવું તે, અવતાર (૨) પ્રસિદ્ધિ (પુસ્તકની)
પ્રાકાર પું૦[સં]કોટ,કિલ્લો ૦બંધ પું૦એક છંદ
પ્રાકૃત વિ૦ [સં.] જુઓ પ્રાકૃતિક (૨) સામાન્ય વર્ગનું; મામૂલી (૩) સામાન્ય જનસમુદાયને લગતું (૪) અશિષ્ટ, સંસ્કાર વિનાનું (૫) સ્ત્રી૦; ન૦ (સંસ્કૃત ઉપરથી ઊપજેલી) એક પ્રાચીન લોકભાષા (૬) સંસ્કૃત પરથી અપભ્રંશ થઈને આવેલી કોઈ (પ્રાચીન અર્વાચીન) ભાષા –તિક વિ૦ કુદરતને લગતું, લૌકિક (૨) સ્વાભાવિક (૩) લૌકિક [ભાગ્ય, દૈવ
પ્રાક્તન વિ૦ [સં] પૂર્વજન્મનું (૨) ન૦ [સં]
પ્રાક્રમ ન૦ (પ) પરાક્રમ –મી વિ૦ (પ) પરાક્રમી
પ્રાગ્ અ૦ [સં.] જુઓ પ્રાક્
પ્રાગડ સ્ત્રી૦ મળસકું, પરોઢિયું. [–વાસવી = સવાર થવી.] ૦વાસે અ૦ (કા.) સવારે
પ્રાગલ્ભ્ય ન૦ [સં] પ્રગલ્ભતા
પ્રાગટ્ય ન૦ જુઓ પ્રાકટ્ય
પ્રાગતિક વિ૦ [સં.]પ્રગતિ કરનાર, પ્રગતિશીલ
પ્રાઘુણ પું૦ [સં.] પરોણો, મહેમાન
પ્રાચી સ્ત્રી૦ [સં] પૂર્વ દિશા
પ્રાચીન વિ૦ [સં.] જૂનું ૦તા સ્ત્રી૦. ૦પંથી વિ૦ (૨)પું૦ જૂનાનું આગ્રહી, ઑર્થોડૉક્સ
પ્રાચ્ય વિ૦ [સં] પૂર્વનું
પ્રાજાપત્ય વિ૦ [સં.] પ્રજાપતિ સંબંધી (૨) પું૦ વિવાહના આઠ પ્રકારોમાંનો એક, જેમાં કન્યાનો પિતા વર પાસેથી કાંઈ પણ લીધા વિના, બંને ધર્મપૂર્વક આચરણ કરી સુખી થાય એ ઇચ્છાથી જ, કન્યા આપે છે
પ્રાજું વિ૦ [સં प्राज्य]+ મોટું (૨) ઊંચું
પ્રાજે પું૦ + પરાજય [પિછાણનાર
પ્રાજ્ઞ વિ૦ [સં] બુદ્ધિશાળી, ચતુર (૨) જ્ઞાતા,
પ્રાણ પું૦[સં.] શ્વાસ,શ્વાસનો વાયુ(૨)જીવ(૩) જીવનશક્તિ; બળ [–ઊડી જવા, નીકળી જવા = મૃત્યુ થવું. –કાઢી નાખવો = ઘણું દિલગીર થવું(૨) પ્રાણ પાથરવા (૩) સતાવવું. –ખરચવા = પોતાની જિંદગીનો ભોગ આપવો –પડીકે બંધાવા = 'હવે શું થશે' એવી ઇંતેજારી કે અમૂંઝણથી જીવ નીકળી જાય તેમ થવું –પાથરવા = પોતાની જિંદગીને કુરબાન કરવી પ્રાણથી જવું = જીવથી જવું; મરી જવું.] ૦ઘાત પું૦ વધ. ૦ઘાતક વિ૦ જીવલેણ ૦ઘોષ પું૦ નાદ કાન રૂંધતાં સંભળાતો શરીરમાં પ્રાણચલનનો ઘોષ ૦જીવન વિ૦ પ્રાણને જીવનરૂપ(૨)પું૦ પ્રીતમ; પતિ ૦ધારણ ન૦ જીવ ટકાવી રાખવો તે ૦ધારી વિ૦ પ્રાણ ધારણ કરનારું (૨) પું૦, ન૦ માણસ (૩) પ્રાણી ૦નાથ પું૦ પ્રાણનો નાથ પતિ ૦પણ ન૦ પ્રાણ હોડમાં મૂકવા તે ૦પણે અ૦ જાનને જોખમે. ૦પથારી સ્ત્રી૦ પ્રાણ પાથરવા તે, પ્રાણાર્પણ ૦પૂર્ણ વિ૦ પ્રાણથી ભરેલું; ચૈતન્યવાળું. ૦પ્યારું વિ૦ પ્રાણસમાન પ્રિય ૦પ્રતિષ્ઠા સ્ત્રી૦ પ્રાણ ફૂંકવો

તે(૨)મૂર્તિની સ્થાપના કરતા પહેલા મંત્રો દ્વારા તેમાં પ્રાણનો આરોપ કરવો તે. ૦પ્રદ વિ૦ પ્રાણ આપનાર ૦પ્રિય વિ૦ પ્રાણપ્યારું. ૦પ્રિયા સ્ત્રી૦ પ્રાણ સમાન પ્રિય સ્ત્રી. ૦મય કોશ (-ષ) જીવના પાંચ કોષોમાંનો બીજો (જુઓ આનંદમયકોશ). ૦યાત્રા સ્ત્રી૦ જીવન ૦વલ્લભ પું૦ પ્રાણ સમાન વહાલો પુરુષ ૦વલ્લભા સ્ત્રી૦ પ્રાણ સમાન વહાલી સ્ત્રી ૦વાન વિ૦ પ્રાણવાળું. ૦વાયુ પું૦ 'ઑક્સિજન'. ૦વિધાન ન૦ સજીવન કરવું તે ૦વિનિમય પું૦ 'મેસ્મેરિઝમ'. ૦સખા પું૦ પ્રાણપ્રિય મિત્ર. ૦હારક,૦હારી વિ૦ જીવ લેનાર -ણાયામ પું૦[+આયામ]યોગના આઠ અંગમાંનું એક -ણાર્પણ ન૦[+अर्पण] જીવ આપવો તે -ણાંત પું૦ [+अंत] મૃત્યુ -ણાંતક વિ૦ મૃત્યુ ઉપજાવનાર -ણિજ વિ૦ 'ઑર્ગેનિક' (પ વિ.) -ણિત વિ૦પ્રાણયુક્ત -ણિયો પું૦ પ્રાણી, જીવ (૫) -ણી ન૦ જીવ -ણીવિદ્યા સ્ત્રી૦ 'ઝૂલૉજી'. -ણેશ પું૦ [+ईश] પ્રાણનાથ.-ણેશ્વરી સ્ત્રી૦ [+ ईश्वरी] પ્રાણની માલિક, પ્રાણપ્રિયા

પ્રાત પું૦, ન૦ [सं प्रातस्] પરોઢિયું; સવાર -તઃકર્મ ન૦[सं ] સ્નાન, સંધ્યા વગેરે સવારે કરવાનું કર્મ -તઃકાળ પું૦ સવાર. -તઃસંધ્યા સ્ત્રી૦ [सं] સવારની સંધ્યા. -તઃસામગ્રી સ્ત્રી૦ [सं ] પ્રાતઃકર્મ પરવાગ્વાની સામગ્રી. -તઃસ્નાન ન૦ [सं] સવારનું સ્નાન [નામનું મૂળ સ્વરૂપ(વ્યા)

પ્રાતિપદિક ન૦ [सं ] વિભક્તિ લાગ્યા પહેલાંનું

પ્રાતિશાખ્ય ન૦ [सं ] વેદની જુદી જુદી શાખાઓનો ઉચ્ચારણ વગેરેના નિયમોને લગતો વ્યાકરણગ્રંથ

પ્રાથમિક વિ૦[सं.] આરંભનું(૨)આરંભ દશાનું

પ્રાદિ વિ૦ [सं ] (વ્યા) આદિમાં 'પ્ર' વગેરે ઉપસર્ગવાળી. ૦બહુવ્રીહિ પું૦ બહુવ્રીહિ સમાસનો એક પ્રકાર ઉદા૦ 'વિધવા'. ૦સમાસ પું૦ તત્પુરુષ સમાસનો એક પ્રકાર ઉદા૦ અતીન્દ્રિય

પ્રાદુર્ભાવ પું૦ [सं.] ઉત્પત્તિ, પ્રગટ થવું તે

પ્રાદુર્ભૂત વિ૦ [सं] પ્રાદુર્ભાવ પામેલું, પ્રગટેલું

પ્રાદેશિક વિ૦ [सं] પ્રદેશનું, પ્રદેશ સંબંધી

પ્રાધાન્ય ન૦ [सं] પ્રધાનપણું; મુખ્યત્વ

પ્રાધ્યાપક પું૦ [सं.; સર૦ म] અધ્યાપક; પ્રોફેસર [વહેવારને લગતું

પ્રાપંચિક વિ૦ [सं] પ્રપંચ સંબંધી, સંસાર-

પ્રાપ્ત વિ૦ [सं] મેળવાયેલું કે મળેલું (૨) ઉપસ્થિત; રજૂ ૦કામ વિ૦ જેની કામના પૂર્ણ થઈ છે એવું. ૦કાલ(-ળ) વિ૦ જેનો યોગ્ય સમય પ્રાપ્ત થયો છે તેવું ૦વ્ય વિ૦ (૨)ન૦ પ્રાપ્ત કરવા યોગ્ય -પ્તિ સ્ત્રી૦ લાભ (૨) શક્તિ

પ્રાપ્ય વિ૦ [सं] લભ્ય, મળે એવું

પ્રાબલ્ય ન૦ [सं] પ્રબળપણું; જોર

પ્રામાણિક વિ૦ [सं] પ્રમાણો દ્વારા સાબિત થયેલું(૨) પ્રમાણભૂત: વિશ્વાસપાત્ર (૩)સાચું; ઈમાનદાર પ્રમાણિક ૦તા સ્ત્રી૦, ૦પણું ન૦

પ્રામાણ્ય ન૦[सं ] પ્રમાણભૂત - માન્ય હોવાપણું(૨)પ્રમાણ; પુરાવો. ૦બુદ્ધિ સ્ત્રી૦ (અમુક ગ્રંથ કે વચન) પ્રામાણિક છે એવી બુદ્ધિ

પ્રાય વિ૦[सं ] લગભગ સરખું (સમાસને અંતે) ઉદા૦ મૃતપ્રાય (૨) અ૦ જુઓ પ્રાયઃ

પ્રાયશઃ અ૦ [सं] મોટે ભાગે; ઘણુંખરું

પ્રાયશ્ચિત્ત ન૦ [सं.] પાપના નિવારણ માટેનું તપ.[-કરવું = પાપનિવારણ માટે તપ કે વિધિ કરવાં -લાગવું = પ્રાયશ્ચિત્ત કરવું પડે તેવું થવું ]

પ્રાયઃ અ૦[सं ] બહુધા,મોટે ભાગે(૨)બધી રીતે

પ્રાયોગિક વિ૦[सं ] પ્રયોગને લગતું, તે સંબંધી (૨) પ્રયોગ કરી શકાય એવું

પ્રાયોપવેશન ન૦[सं.] અન્નજળનો ત્યાગ કરી મરવા માટે તૈયાર થઈ બેસવું તે

પ્રારબ્ધ વિ૦ [सं ] શરૂ કરેલું (૨) ન૦ નસીબ ૦વાદ પું૦ દૈવવાદ ૦વાદી વિ૦ (૨) પું૦ દૈવવાદી

પ્રારંભ પું૦ [सं ] શરૂઆત ૦ક વિ૦ આરંભ કરનાર (૨) પું૦ નવો આરંભ કરનાર, 'પાયોનિયર' ૦શૂર(-રું) વિ૦ શરૂઆતમાં જ ખૂબ ઉત્સાહ બતાવનાર. -ભિક વિ૦આરંભનું; પ્રાથમિક

**પ્રાર્થન** ન૦ [સં.] પ્રાર્થના કરવી તે
**પ્રાર્થના** સ્ત્રી૦ [સં.] અરજ (૨) ઈશ્વરસ્તુતિ. **૦સમાજ** પુંo; સ્ત્રી૦ એક અર્વાચીન ધર્મ-સમાજ **૦સમાજી** વિ૦ (૨) પું૦ પ્રાર્થના-સમાજનુ કે તેનો અનુયાયી
**પ્રાર્થયિતા** પું૦ [સં] પ્રાર્થના – માગણી કરનાર, પ્રાર્થનાર
**પ્રાર્થવું** સ૦ક્રિ૦ [સં. प्रार्थ्] પ્રાર્થના કરવી, વીનવવું; માગવું
**પ્રાર્થિત** વિ૦ [સં] અરજ કરીને માગેલુ
**પ્રાવરણ** ન૦ [સં.] ઢાંકણ
**પ્રાવીણ્ય** ન૦ [સં] કુશળતા [વર્ષાઋતુ
**પ્રાવૃષ** પું૦ [સં.] ચોમાસુ; અષાડ – શ્રાવણની
**પ્રાવેશિક** વિ૦ [સં] પ્રવેશ કરવામા સાધનરૂપ
**પ્રાશ** પું૦;**૦ન** ન૦ [સં] અશન,ખાવું તે. **૦વું** સ૦ક્રિ૦ [સં. प्राश्] ખાવુ
**પ્રાશંસિક** વિ૦ [સં] પ્રશંસાને લગતુ
**પ્રાસ** પું૦ [સં. अनुप्रास] કવિતાની તૂકને અંતે અક્ષર મળતા આવવા તે [–બેસવો, –મળવો=અક્ષરોનો પ્રાસ બરોબર થવો]
**પ્રાસ** પું૦ [સં] ભાલો
**પ્રાસંગિક** વિ૦ [સં] પ્રસ્તુત,પ્રસંગને અનુકૂલ (૨) વારવાર નહિ પણ કોઈક વખતનું
**પ્રાસાદ** પું૦ [સં] મહેલ
**પ્રાસાદિક** વિ૦ [સં] પ્રસાદગુણવાળુ (૨) અનુગ્રહરૂપ, કલ્યાણકારી (૩) ઈશ્વરની કૃપાથી મળેલું [વિ૦ પ્રાસાનુપ્રાસવાળુ
**પ્રાસાનુપ્રાસ** પું૦ પ્રાસ અને અનુપ્રાસ **–સી**
**પ્રાસ્તાવિક** વિ૦ [સં] પ્રસ્તાવનાને લગતુ, પ્રસ્તાવનારૂપ,પ્રાવેશિક(૨)પ્રસ્તુત [મહેમાન
**પ્રાહુણો** પું૦ [સં. प्राघुणक, પ્રા पाहुणग]+
**પ્રાંગણ** ન૦ [સં.] આગણું [હોય એવું
**પ્રાંજલિ** વિ૦ [સં] અંજલિ – હાથ જોડયા
**પ્રાંત** પુ૦ [સં] છેડો(૨)દેશનો વિભાગ,જિલ્લાઓ મળી બનતો વિભાગ **૦ક** પું૦ એક નવો શોધાયેલો ગ્રહ; 'પ્લૂટો' **–તિક,–તીય** વિ૦ પ્રાંતને લગતુ **–તીયતા** સ્ત્રી૦, **–તીયત્વ** ન૦ પોતાના પ્રાંતનો જ વિચાર કરવાની સંકુચિતતા. **–ત્ય** વિ૦ પ્રાંતનુ; પ્રાંતિક

**પ્રિય** વિ૦ [સં] વહાલું; ગમતુ (૨) પું૦ પિયુ; કાંત (૩) ન૦ હિત; કલ્યાણ (૪) મિષ્ટ વચન. **૦કર** વિ૦ હિતકર. **૦જન** પું૦ પ્રેમપાત્ર માણસ. **૦તમ** વિ૦ સૌથી વધારે વહાલુ (૨) પું૦ કાન્ત, પ્રીતમ (૩) પતિ. **૦તમા** સ્ત્રી૦ કાંતા, પ્રિયા (૨) પત્ની. **૦દર્શન** વિ૦ જોતા પ્રિય લાગે એવું (૨) ન૦ પ્રિયજનનુ દર્શન. **૦દર્શી** વિ૦ સર્વ પ્રત્યે પ્રેમથી જોનાર (૨) પું૦(સં) અશોક રાજા **–ંવદા** સ્ત્રી૦પ્રિય બોલનારી (૨) પુ૦, સ્ત્રી૦ એક છંદ. **–યા** સ્ત્રી૦ વહાલી સ્ત્રી
**પ્રિયંગુ** સ્ત્રી૦ [સં] એક વેલ
**પ્રિયંવદા, પ્રિયા** જુઓ "પ્રિય'મા
**પ્રીછ** સ્ત્રી૦ [સં प्रेक्ष्, પ્રા पिच्छ्] ઓળખ [–પડવી]. **૦વવું** સ૦ ક્રિ૦ સમજાવવું. **૦વું** સ૦ ક્રિ૦ ઓળખવું (૨) સમજવું, જાણવુ
**પ્રીત** સ્ત્રી૦ પ્રીતિ; પ્રેમ [–કરવી. –જોડવી, –બાંધવી=પ્રેમસબંધ કરવો. –ચોરવી= પ્રેમમા દ્રોહ કરવો –લગાડવી=પ્રેમ ઉપજાવવો] **૦મ** પું૦ [જુઓ પ્રિયતમ] પતિ (૨) પ્રભુ. **–તાળ** વિ૦ પ્રેમાળ
**પ્રીતિ** સ્ત્રી૦ [સં] પ્રેમ (૨) મૃદુ શ્રુતિનો એક પ્રકાર **૦દાન** ન૦ પ્રેમનુ દાન કે પ્રીતિથી ભેટ કે કાંઈક આપવુ તે. **૦ભોજન** ન૦ (વર્ણ કે નાતની સૂગ વિનાનું) સામુદાયિક ભોજન
**પ્રીમિયમ** ન૦ [ઇં] વીમાનો હપ્તો (૨) શેરની મૂળ આંકેલી કિંમતમા થતો વધારો
**પ્રૂફ** ન૦[ઇં] ગોઠવાયેલા બીબાની શુદ્ધિ તપાસવા લેવાતી અજમાયશની છાપ કે તેનો કાગળ. [–જોવું, –વાંચવું=ગોઠવેલા બીબાની શુદ્ધિ માટે તેમની છાપવાળો કાગળ વાચી જોવો]
**પ્રેકિટસ** સ્ત્રી૦[ઇં] વકીલાત કે ડાક્તરીનું કામકાજ
**પ્રેક્ષક** પું૦ [સં] જોનારો (૨) પરિષદ, સભા વગેરેમા માત્ર જોવા સાભળવા આવનાર
**પ્રેક્ષણીય** વિ૦ [સં] જોવા જેવુ **૦ક** ન૦ જોવા જેવું દૃશ્ય, તમાશો
**પ્રેક્ષવુ** સ૦ક્રિ૦ [સં प्रेक्ष्] જોવુ ['થિયેટર'
**પ્રેક્ષાગાર, પ્રેક્ષાગૃહ** ન૦ [સં] નાટકશાલા;
**પ્રેત** ન૦ [સં] શબ (૨) સપિંડીકરણ પર્યંત

મરનારને મળતુ એક કલ્પિત શરીર (૩) અવગતિયો જીવ (૪) પિશાચ જેવી એક યોનિ. ૦કર્મ, ૦કાર્ય ન૦ મરેલાના દહનથી માંડીને સપિંડીકરણ સુધી કરવામાં આવતુ કર્મ. ૦દહન ન૦ શબને બાળવું તે. ૦ભૂમિ(-મી) સ્ત્રી૦ સ્મશાન. ૦ભોજન ન૦ પ્રેતને ધરાવાતુ ભોજન (૨)આગ્નું, મરણ પાછળ કરાતી નાત ૦લોક પું૦પ્રેતોને રહેવાનો લોક.-તાવાહન ન૦ [+આવાહન] પ્રેતને બોલાવવુ તે

પ્રેમ પું૦ [સં.] હેત; પ્રીતિ (૨) ચાહ; રુચિ ૦દા સ્ત્રી૦ જુઓ પ્રમદા. ૦ધર્મ પું૦ પ્રેમનો ધર્મ; અહિંસાધર્મ. ૦પત્ર ન૦, ૦પત્રિકા સ્ત્રી૦ પ્રેમ દર્શાવતો કે પ્રેમીનો પત્ર. ૦પાશ પું૦પ્રેમરૂપી બંધન. ૦બળ ન૦ પ્રેમનું બળ, અહિંસબળ ૦ભક્તિ સ્ત્રી૦ 'પ્રેમલક્ષણા ભક્તિ. ૦રસ પું૦ પ્રેમરૂપી રસ ૦લ(-ળ) વિ૦ પ્રેમવાળુ, પ્રેમાળ ૦લક્ષણાભક્તિ સ્ત્રી૦ નવધા ભક્તિનો એક પ્રકાર, શ્રેષ્ઠ ભક્તિ ૦શૌર્ય ન૦ પ્રેમ અને શૌર્ય, 'શિવલ્રી.' ૦ળતા સ્ત્રી૦. -માનંદ પું૦ પ્રેમ અને આનંદ (૨) પ્રેમનો આનંદ (૩) બ્રહ્માનંદ (૪) (સં) જાણીતો ગુજરાતી કવિ. -માનંદી વિ૦ પ્રેમાનંદ માણનાર. -માર્દ્ર વિ૦ [+આર્દ્ર] પ્રેમથી ભીંજાયેલું -માસ્પદ ન૦ [+આસ્પદ] પ્રેમનુ સ્થાન, પ્રેમપાત્ર -માળ વિ૦ હેતાળ, વહાલસોયુ. -માંશી વિ૦ [+અંશી] પ્રેમના અંશવાળું, પ્રેમી -મી વિ૦ પ્રેમવાળુ; પ્રેમ કરનારું

પ્રેય ન૦ [સં] ઐહિક-પાર્થિવ સુખ

પ્રેયસી સ્ત્રી૦ [સં.] પ્રિય સ્ત્રી (૨) વિ૦ સ્ત્રી૦ વધારે પ્રિય, અતિ પ્રિય

પ્રેરક વિ૦[સં] પ્રેરણા, ગતિ કે ઉત્તેજન આપનારું (૨)[વ્યા] બીજાના તરફની પ્રેરણા બતાવનારું (ક્રિ૦નુ ૨૫) -ણા સ્ત્રી૦ પ્રેરવું તે(૨)પ્રોત્સાહન (૩) આદેશ, આજ્ઞા (૪) ખાનગી સલાહ

પ્રેરવું સ૦ક્રિ૦ [સં પ્રેર્] મોકલવુ (૨) ગતિ, પ્રોત્સાહન, આજ્ઞા કે ખાનગી સલાહ આપવી

પ્રેરિત વિ૦ [સં] પ્રેરાયેલું

પ્રેષણા સ્ત્રી૦ [સં] મોકલવું તે

પ્રેષિત વિ૦ [સં] મોકલેલુ

પ્રેષ્ઠ વિ૦ [સં.] વહાલામા વહાલું [હાસ

પ્રેષ્ય વિ૦[સં.] મોકલવા લાયક (૨) પું૦ નોકર;

પ્રેસ ન૦ [ઇં] દાબવાનું યંત્ર (૨) રૂ વગેરેને દાબી ગાંસડીઓ બાંધવાનો સંચો (૩) છાપવાનું યંત્ર (૪) છાપખાનુ (૫) [લા.] છાપાં

પ્રેંખ પું૦ [સં.] ઝૂલો; આંદોલન (૨) સંગીતનો એક અલંકાર ૦ણ ન૦ ઝૂલો; આંદોલન -ખિત વિ૦ ડોલતુ, આંદોલનયુક્ત (૨) ન૦ સંગીતનો એક અલંકાર

પ્રોક્ત વિ૦, -ક્તા વિ૦સ્ત્રી૦[સં] ઉક્ત, બોલાયેલુ

પ્રોક્ષણ ન૦[સં] પવિત્ર કરવા મંત્રપૂર્વક પાણી છાંટવુ તે

પ્રોગ્રામ ન૦, પું૦ [ઇં.] કાર્યક્રમ

પ્રોચ્છ્રિત વિ૦ [સં] ઊંચુ [પ્રકાશ મારતુ

પ્રોજ્જ્વલ વિ૦ [સં] પૂર્ણ ઉજ્જ્વલ, બરોબર

પ્રોટીન ન૦ [ઇં] ખાદ્યનુ માંસપોષક એક અંગ

પ્રોઢું વિ૦ + પ્રૌઢ

પ્રોત્સાહક વિ૦ [સં.] પ્રોત્સાહન આપતુ -ન ન૦ ખૂબ ઉત્સાહ-ઉત્તેજન આપવું તે

પ્રોત્સાહિત વિ૦ [સં] પ્રોત્સાહન પામેલુ

પ્રોવું સ૦ક્રિ૦ [સં પ્રોત=પરોવેલુ]પરોવવું(પ.)

પ્રોષિત વિ૦ [સં] વિદેશ ગયેલું. ૦પતિકા, ૦ભર્તૃકા સ્ત્રી૦ જેનો પતિ વિદેશ ગયો હોય તેવી (નાયિકા) ૦પત્નીક વિ૦ જેની પત્ની વિદેશ ગઈ હોય એવો (પુરુષ)

પ્રૌઢ વિ૦[સં] પુખ્ત, આધેડ (૨) ગંભીર (૩) વિશાળ; ભવ્ય (૪) પ્રૌઢિવાળુ. ૦તા સ્ત્રી૦, ૦પણું ન૦ -ઢા સ્ત્રી૦ ત્રીસથી પચાવન વરસની નાયિકા, પ્રગલ્ભા -ઢિ સ્ત્રી૦ પ્રૌઢપણુ (૨) વિચાર અને ભાષાની પ્રૌઢતા (૩) ચમત્કારિક, સંક્ષેપ કે વિસ્તારવાળું અને સાભિપ્રાય લખાણ -ઢું વિ૦ પ્રૌઢ (૨) અત્યંત

પ્લવંગ પું૦ [સં.] વાંદરો ૦મ પું૦ વાંદરો (૨) એક છંદ

પ્લાવિત વિ૦ [સં] ડુબાડેલુ, તરબોળ

પ્લાસ્ટર(-સ્ત)ર ન૦ [ઇં.] ચણતર ઉપર લગાવવાનો ચૂના વગેરેનો લેપ (૨) ઔષધનો લેપ (૩)તેવા લેપવાળી પટ્ટી [બનાવટી પદાર્થ

પ્લાસ્ટિક ન૦ [ઇં] કચકડા જેવો એક નવો

પ્લીહા સ્ત્રી૦ [સં.] બરોળ
પ્લુત વિ૦[સં.]દીર્ઘ સ્વરથી રોઢા લાબા ઉચ્ચારનું (૨) ડૂબેલું; તરબોળ. -તિ સ્ત્રી૦ કૂદકો (૨) પૂર (૩) ઘોડાની એક ચાલ (૪) સ્વર ત્રણ માત્રા સુધી લબાવવો તે
પ્લેગ પુ૦ [ઇં.] એક ચેપી રોગ; મરકી; મહામારી. [-ચાલવો, -ફાટી નીકળવો = એ રોગ ચારે બાજુ શરૂ થવો]
પ્લૅટફૉર્મ ન૦ [ઇં.] ફલાટ; સ્ટેશન પરનો લાબો ઓટલો, જેના પર રહીને રેલગાડીમાં ચડઊતર થાય છે (૨) વ્યાસપીઠ; સભાનો મચ

## ફ

ફ પું૦ [સ.] ઓષ્ઠ્ય વ્યંજન. ૦કાર પું૦ ફ અક્ષર કે તેનો ઉચ્ચાર. ૦કારાંત વિ૦ છેડે ફકારવાળું [૦જી સ્ત્રી૦ ફોઈજી
ફઈ, ૦બા સ્ત્રી૦ જુઓ ફોઈ, બાપની બહેન.
ફઉડી સ્ત્રી૦ જુઓ ફાલુ, ફાઉડી
ફકત અ૦ [अ.] ફક્ત, માત્ર; કેવળ
ફક(-ગ)દંડ વિ૦ ['ફાગ,' 'ફગવુ' ઉપરથી] ઉડાઉ (૨) લુચ્ચું (૩) બેફિકરું
ફકરો પું૦ [अ. फिक्रह] કંડિકા, પેરા
ફકાડ(-વ)વું સ૦ક્રિ૦, ફકાવું અ૦ક્રિ૦'ફાકવું'નુ પ્રેરક ને કર્મણિ
ફકીર પુ૦ [अ.] ત્યાગી, વૈરાગી (મુસલમાન) ૦ણ,-રાણી સ્ત્રી૦ ફકીરની કે ફકીર સ્ત્રી. ૦ફકરું ન૦ માગણ; બાવા જેવું માગણ -રી સ્ત્રી૦ ફકીરપણુ
ફકોડો પું૦ જુઓ ફાકો, ફાળિયો
ફક્કડ [स फक्क् અથવા 'ફગવુ' ઉપરથી] લોકલાજની પરવા વિનાનુ; સ્વચ્છદી (૨) વરણાગિયું, છેલ (૩) સુંદર (૪) ઉડાઉ, બેફિકરુ (૫) રગલો (ભવાઈમા) -ડાઈ સ્ત્રી૦
ફક્કંફક્કા પુ૦ બ૦ વ૦['ફાકવું' ઉપરથી] ખાઈ પી ઉડાવી દેવુ તે (૨) ખાલીપણુ
ફક્ત અ૦ જુઓ ફકત, માત્ર, કેવળ
ફગડણુ વિ૦ જુઓ ફગદડ
ફગ(-હ)ફગ(-હ) અ૦ [રવ૦] છૂટથી, પુષ્કળ
ફગફગવું અ૦ ક્રિ૦ [રવ૦] ફરફરવુ, હવામા ઊડવુ (૨) રખડવું, રઝળવું (૩) ફફડવુ
ફગદંડ વિ૦ જુઓ ફકદડ
ફગર સ્ત્રી૦ ['ફગવુ' ઉપરથી?] પરાગ(૨)[જુઓ પગર] ફાલ, ઢગ
ફગ(-ગા)વવું સ૦ક્રિ૦ [જુઓ ફગવું] છેતરવું (૨) ખોટુ સમજાવવુ (૩) 'ફગવુ'નુ પ્રેરક (૪) ફેંકવું, ઉછેટવુ
ફગવું અ૦ક્રિ૦ [દે. फग्गु = ફાગનો ઉત્સવ] વાકું બોલવુ, બોલીને ફરી જવુ (૨) નિયત્રણમા ન રહેવુ, છકવુ
ફગવો પુ૦ [જુઓ ફાગ] જુઓ ઘેરૈયો
ફગાવવું સ૦ક્રિ૦ જુઓ ફગવવુ [ફજેતી
ફગેરો પુ૦ ['ફાગ' પરથી] પજવણી (૨) ઉઘાડી
ફગોટ(-ળ)વું સ૦ક્રિ૦ જુઓ ફગવવુ,ફેકી દેવું
ફગોડું વિ૦ ['ફગવુ' ઉપરથી] ઢોંગી
ફગોળિયું વિ૦ ['ફગોળવુ' ઉપરથી] ધારણા વિના ફેંકેલું [ફસકી ફાટી જવાનો રવ
ફચ,૦ફચ અ૦ [રવ૦] ભોકાયાનો કે એકદમ
ફજર સ્ત્રી૦ [अ फज्र] મળસકું
ફજલ વિ૦ સુખી; આનંદી(૨) સ્ત્રી૦[अ.] કૃપા, મહેરબાની (૩) આબાદી
ફજેટવું સ૦ક્રિ૦ ['ફગોટવુ' પરથી](ચ.) ફેંકવુ
ફજેત વિ૦ [अ फज़ीहत] ફજેતીવાળું, બદનામ [-કરવું, -થવું] ૦ખોર વિ૦ નઠોર, નફટ, ફજેતીનુ બેફિકર(૨) બીજાની ફજેતી કરવાની કુટેવવાળુ. -તી સ્ત્રી૦ ભવાડો (૨) બદનામી, અપકીર્તિ. [ફજેતીનો ફાળકો = ફજેતો; ભવાડો] -તો પુ૦ ફજેતી (૨) કેરીના ગોટલા, છોતરા વગેરે ધોઈ કરાતી કઢી
ફટ અ૦ [રવ૦] તિરસ્કારનો ઉદ્ગાર (૨) કશુ ફાટવાનો કે ફફડવાનો અવાજ (૩) [स स्फुट्, प्रा. फुट] ફાટેલુ - ખુલ્લુ એ અર્થમા (ઉઘાડુ ફટ) [-કહેવું = તિરસ્કાર કરવો; 'ધિક્કાર છે' એમ કહેવુ]
ફટક અ૦ [રવ૦] [ફફડવાનો રવ] (૨) સ્ત્રી૦ બીક; ચમક (૩) અનાજ ઊપણવાની ચાદર;

ફડકિયુ. ૦ફટક અ૦ [રવ૦]
ફટક સ્રી૦ [જુઓ સ્ફટિક] બિલોર
ફટકડી સ્રી૦ [સં. स्फटिका] એક જાતનો ખાર
ફટક દેવાળિયો પું૦[ફટક('ફટકિયુ' કે 'ફટ'–ખુલ્લુ ઉપરથી) + દેવાળિયો] પાકો દેવાળિયો
ફટકવું અ૦ક્રિ૦ ['ફીટવું' (प्रा. फिट्ट, स भ्रंश्) ઉપરથી] ખસવું, ચસકવું (ડાગળી, બુદ્ધિનુ) (૨) વઠી જવુ (૩) ઊડી જવુ (રંગનુ) (૪) બીજી વાત પર ઊતરી પડવુ
ફટકાર(–ર)વું સ૦ ક્રિ૦ ['ફટકો' ઉપરથી] મારવુ, ચાબુક–સોટીથી મારવુ
ફટકારુ વિ૦ ['ફટકવુ' ઉપરથી] ઘેલુ, દીવાનુ, બેફામ (૨) ચોકેલુ (૩) ખુલ્લુ
ફટકારો પુ૦ ['ફટકો' ઉપરથી] ફટકો કે તેનો અવાજ (૨) ['ફટકવુ' ઉપરથી] ચિત્તભ્રમ(૩) ['ફટક' ઉપરથી] ધ્રાસકો
ફટકાવવું સ૦ક્રિ૦ જુઓ ફટકારવુ
ફટકાસાળ સ્રી૦ [ફટકો + સાળ] ફટકો મારી વાણાનો કાઠલો ફેકાય એવી યોજનાવાળી સાળ
ફટકિયું વિ૦ ['ફટકવુ' ઉપરથી] ઝટ ફૂટી જાય તેવુ (૨) માથે જોખમ ન ગણે તેવું, ફરી જાય તેવુ (દલાલ) (૩) [રવ૦] અવાજ કરતુ (૪) ન૦ આખુ એક બારણુ ફડકિયુ
ફટકી સ્રી૦ ['ફટક' ઉપરથી] ફટાકડી (૨) એક પક્ષી (૩) પારવીની જાત (૪) (સુ) ફટકડી
ફટકો પુ૦ [રવ૦] ચાબુક કે સોટીનો પ્રહાર (૨)[લા] ખોટ હાનિ, શિક્ષા લાગે એવો ઘોકો [–પડવો, –લાગવો = પ્રહાર થવો (૨) નુકસાનમા ઊતરવુ, પાછા પડવુ]
ફટકો પું૦ [જુઓ પટકો] ટુવાલ, અગૂછો
ફટફટ અ૦ [રવ૦] ફટાકડા વગેરેનો અવાજ (૨) વિક્‌વિક્ (૩) ઝટ ઝટ, વગર વિચારે –ટી સ્રી૦ મોટરસાઇકલ
ફટ(–ટા)રવું સ૦ક્રિ૦ જુઓ ફટાવવું
ફટાક અ૦ [રવ૦] ફટ દઈને ખૂલે એમ
ફટાકડી સ્રી૦ [રવ૦] પાણી લાગવાથી 'ફટ' અવાજ કરતુ એક છોડનુ ફીડવુ (૨) બદૂકડી (૩) ટચાકડી
ફટાકડો પું૦ [રવ૦] ટેટો; એક જાતનું દારૂખાનુ
ફટાકિયો પુ૦ [રવ૦] ફટાકડો (૨) એક છોડ
ફટાકો પુ૦ ફટાકિયો, ફટાકડો
ફટાટોપ પુ૦ [સં] ઊચી કરેલી ફેણ [સાપની] (૨) ફૂફાડો; આડંબર, દમામ
ફટાડવું સ૦ક્રિ૦ ['ફાટવુ' ઉપરથી] વધારેપડતી છૂટ આપીને બહેકાવવુ, ફટાવવું
ફટાણું ન૦ ['ફટ' ઉપરથી] ભૂડુ–બીભત્સ ગીત કે બોલ [ઉપરાઉપરી
ફટા(–ટો)ફટ અ૦ [રવ૦] ફટફટ; ઝપાટાબધ,
ફટાબાર વિ૦ [ફટા (ફાટેલુ) + બાર (દ્વાર)] તદ્દન ખુલ્લું – ઉઘાડુ; ફટાર
ફટાયો પુ૦ [स स्फट्, प्रा फट्ट] વારસાનો ભાગ લઈ ભાઈથી જુદો પડેલો ઠાકોર
ફટાર વિ૦ ['ફાટવુ' ઉપરથી] તદ્દન ખુલ્લુ, ફટાબાર (૨) ફાટેલું; નફ્ફટ ૦વું સ૦ ક્રિ૦ (ડોળા કે આખ) ફાડવી –રી સ્રી૦ બડાઈ –રું વિ૦ ફટાર
ફટાવવું સ૦ ક્રિ૦ ['ફાટવું' પરથી] ફટાડવુ (૨) ફોડવું, સમજાવી પોતાના પક્ષમા લેવુ
ફટૈયો પુ૦ જુઓ ફટાયો
ફટો વિ૦ પુ૦ ['ફાટવુ' ઉપરથી] વીધાયેલા કાનવાળો (બાવાનો સપ્રદાય)
ફટોફટ અ૦ [રવ૦] જુઓ ફટાફટ
ફટોર વિ૦['ફાટવુ' ઉપરથી] (સુ) ફાટેલુ, ફટકેલ
ફટોર(–ળ) વિ૦ ['ફાટવુ' ઉપરથી] પોચુ ને મીઠું (સોપારી)(૨)ન૦પવનથી તૂટી પડેલી કેરી
ફડ ન૦ દારૂ ગાળવાનુ સ્થાન–ભઠ્ઠી (૨) [म] બજાર (૩) થાણુ (૪) ગાનાર–નાચનારનુ ટોળું (૫) એક પક્ષનુ ટોળુ (લાવણી ગાવામા) (૬) અ૦ [રવ૦] (૭) ઉતાવળથી
ફડક સ્રી૦ [રવ૦] ફટક, બીક (૨) પહેરેલા કપડાનો ઝૂલતો છેડો ૦વું સ૦ ક્રિ૦ ફડકથી ઝાટકવુ –કાર(–વ)વું સ૦ક્રિ૦ ફટકારવુ (૨) સબડકા મારીને ખાવુ –કિયુ ન૦છૂટો છેડો, ફડક (૨) દાણા ઊપણવા ચાદર પકડીને કરેલો પખો, ફટક –કો પુ૦ કપડાની ફડકનો અવાજ(૨)ઊડવા માડતા થતો પાખનો અવાજ (જેમ કે ચકલીનો) (૩) ખેતરમા અનાજ ઓરવાનું ઓજાર (૪) સબડકો (૫) ફડક (૬)

હવા ખાવા ટહેલવું(૩)ગતિ કરવી(૪)બદલાવું. [–હરવું=મનગમાડા માટે આમ તેમ ચાલવુ, બહાર ફરવા નીકળવુ. ફરવા જવું=ચાલવાની કસરત કરવા કે બહાર ટહેલવા અથવા હવા ખાવા નીકળવું ફરી જવું=ઉપર થઈ જવુ; ફરી વળવું (૨)ફરી બેસવુ (૩) બદલાઈ જવુ. ફરી બેસવું=વચનભંગ કરવો,આડુ બોલવું (૨) પક્ષફેર કરવો (૩) દિશા બદલીને બેસવું. ફરી વળવું=આસપાસ–ચોગરદમ જઈ આવવુ કે પહોચી જવું (૨) ચારે બાજુના બધા કામકાજને પહોચી વળવું (૩) આસપાસ–ઉપર બધે થઈ જવુ.]

**ફરશી(–સી)** સ્ત્રી૦ [સ. परशु, પ્રા फरसु] સુતારનુ એક ઓજાર (૨) કુહાડીના ઘાટનુ એક હથિયાર

**ફરસ** સ્ત્રી૦ [फा फर्श] છાટ, તખતી. ૦બંધી સ્ત્રી૦ પથ્થર બેસાડેલી જમીન

**ફરસાટ** પુંં૦ ['ફરસુ' ઉપરથી] ફરસો સ્વાદ –ણુ ન૦ કોઈ પણ ફરસી વાની

**ફરસી** સ્ત્રી૦ જુઓ ફરશી

**ફરસીપૂરી** સ્ત્રી૦ [ફરસું+પૂરી] એક જાતની પૂરી

**ફરસીબ** સ્ત્રી૦ આજ્ઞા, કાનૂન; ધારો

**ફરસું** વિ૦ [સં परुष, પ્રા फरुस] ચણા, વટાણા વગેરે કઠોળ ખાતા લાગતા સ્વાદનુ

**ફરહંગ** પુંં૦ [फा.] શબ્દાર્થકોશ

**ફરંગટી** સ્ત્રી૦ ['ફરવું' ઉપરથી] (કા) ફેર, ચકરી (૨) પાણીનુ વમળ, ઘૂમરી (૩) ગોથું

**ફરંદુ** વિ૦ ['ફરવુ' ઉપરથી] પહોચેલુ, કાબેલ (૨) હરાયુ, ભટકેલ [એક વસ્ત્ર

**ફરાક** ન૦ [इं. फ्रॉक] છોકરીઓને પહેરવાનુ

**ફરાગત** સ્ત્રી૦ [अ] નવરાશ; ફુરસદ (૨) વિ૦ નવરુ; ફારગ, છુટ્ટુ

**ફરામોશી(–સી)** સ્ત્રી૦ [फा] ભુલકણાપણું

**ફરાવી** ન૦ [સ. फेरव, फेरु ઉપરથી] શિયાળ જેવું એક પ્રાણી

**ફરાશી** સ્ત્રી૦ ઊંચી જાતનુ લોખડ, ફરાશી

**ફરાસ** પુંં૦ [अ फर्राश] દીવાબત્તી તથા સાફસફનુ કામ કરનાર ચાકર કે પટાવાળો.૦ખાનું ન૦ પાથરણા, દીવા વગેરે સામાનનો ઓરડો

**ફરાળ** ન૦ [સં. फलाहार] ઉપવાસનો ખાસ ખોરાક, ફલહાર –ળી વિ૦ ફરાળ તરીકે ખવાય તેવું

**ફરાંશી** સ્ત્રી૦ (ચ) જુઓ ફરાશી

**ફરિયાદ** સ્ત્રી૦ [फा फर्याद] અરજ(૨)જુલમ કે અન્યાય સામેનો પોકાર (૩) દાવો [–માંડવી=દાવો કરવો] ૦ણ સ્ત્રી૦ ફરિયાદ કરનાર સ્રી –દી પું૦ ફરિયાદ કરનાર, વાદી (૨) સ્ત્રી૦ ફરિયાદ

**ફરી,** ૦થી(–ને) અ૦ ['ફરવુ' ઉપરથી] પુન, પાછુ,વળી બીજી વાર ૦ફરીને અ૦ વારવાર ૦પાછું અ૦ વળી, બીજી વાર [અવાજ

**ફરૂર** અ૦ [રવ૦] ફરરર.એવો ઊડી જવાનો

**ફરરફશ** અ૦[રવ૦] એવા અવાજ સાથે (એકાએક કે સહેલાઈથી તૂટી પડવું કે ગબડી જવુ)

**ફરેડી** સ્ત્રી૦ ['ફરવુ' ઉપરથી] ઉઘાડવાસ થઈ શકે એવી ચીપોવાળી બારી (૨) લશ્કરની કવાયત પછી કરવામા આવતા બદૂકના બાર [ફરેડી મારી આવવી=જલદી જઈ આવવુ]

**ફરેબ** પુંં૦, સ્ત્રી૦ [फा] દગો, ધોખો, ઠગબાજી. –બી વિ૦ દગલબાજ [પાયમાલ

**ફરે મુકામ** અ૦ [ફરવું+મુકામ] ખલાસ,

**ફરેલ(–લુ)** વિ૦ ['ફરવુ' ઉપરથી] બદલાયેલુ (૨) અનુભવી (૩) મિજાજી, અવિચારી

**ફરો** પુ૦ [સર૦ म. फरा] સોળ પાલીનુ માપ

**ફરોદસ્ત** પુ૦ [સર૦ म, हिं; (फा ?)] સગીતનો એક તાલ [રાચરચીલુ

**ફર્નિચર** ન૦ [इं] ખુરશી ટેબલ વગેરે જેવું

**ફર્શ** સ્ત્રી૦ [फा.] જુઓ ફરસ

**ફલ(–ળ)** ન૦ [સં] વનસ્પતિનુ ફળ(૨)પરિણામ (૩)ફાયદો(૪)પાનુ (હથિયાર કે ઓજારનુ)(૫) [ગ] 'ફક્ષન'. [–આવવું, બેસવું=વનસ્પતિને ફળ થવું –મળવું=પરિણામ ભોગવવાનું થવુ] ૦જ્યોતિષ ન૦ ભવિષ્ય જોવાનુ જ્યોતિષનું અંગ ૦ત્યાગ પુ૦(કર્મના) ફળનો ત્યાગ. ૦દ, ૦દાયક, ૦દાતા વિ૦ ફળદાયી ૦દાયિત્વ ન૦ [સ.] ફળદાયીપણું. ૦દાયી વિ૦ ફળ દેનારું(૨) ફાયદાકારક. –લન

ન૦ ફળવું તે(૨)પાક(૩)પરિણામ. ૦પ્રદ વિ૦ ફળદાયી. ૦વત્ વિ૦ ફળવાળું,સફળ ૦શ્રુતિ સ્ત્રી૦ કર્મનું ફળ જણાવનારું કથન. ૦સિદ્ધિ સ્ત્રી૦ પરિણામ; ફળની પ્રાપ્તિ

ફલક ન૦ [અ] આસમાન (૨) સ્વર્ગ

ફલક ન૦ [સં] સપાટ પાટિયું (૨) પાનું (૩) થર; પડ,સપાટી(૪)ભાણનું ફણુ. ૦દંતી ન૦ એક જાનવર ૦યંત્ર ન૦ ભાસ્કરાચાર્યે યોજેલું ખગોળશાસ્ત્રનું એક યંત્ર

ફલફૂડી વિ૦ ભોળું, વખાણથી ફુલાઈ જાય તેવું (૨) સ્ત્રી૦ દોલત (ગુપ્ત ભાષામાં)

ફલન ન૦ [સં] જુઓ 'ફલ'માં

ફલંગ સ્ત્રી૦ [સર૦ हिं फलाग, प्रा फाला; स प्रलंघ] ફાળ, કૂદકો [-ભરવી, મારવી]

ફલાગમ પું૦[સ.] ફલનો આગમ,ફળ આવવું તે

ફલાટ ન૦ જુઓ પ્લેટફોર્મ

ફલાણું વિ૦ [અ. फुलाँ] અમુક ૦ઢીકણું વિ૦ આ ને તે; અમકડું ને તમકડું

ફલાદેશ પું૦ [સં.] ફળ કહેવું તે (જ્યો)

ફલાભિસંધિ સ્ત્રી૦ [સ.] (કર્મના) ફળનો ઉદ્દેશ કે હેતુ [ઊનનું કાપડ

ફલાલીન સ્ત્રી૦, ન૦ [इ. फ्लॅनल] એક જાતનું

ફલાસક્તિ સ્ત્રી૦[સં](કર્મના) ફળમાં આસક્તિ

ફલા(-ળા)હાર પું૦ [स] ફળનો ખોરાક (૨) ફરાળ -રી વિ૦ ફળાહાર કરનાર

ફલિત વિ૦[સં] ફળેલું,નીપજેલું (૨)ન૦ (ગ.) ફળ, 'રિઝલ્ટ' -તાર્થ પું૦ પરિણામ (૨) ઉત્પન્ન થતો – નીપજી આવતો અર્થ

ફલી(-ળી)ભૂત વિ૦[સં.] સાર્થક(૨)ફળવાળું

ફલેચ્છા સ્ત્રી૦ [સ] (કર્મનાં) ફળની ઇચ્છા

ફલોન્મુખ વિ૦ [સં] ફળ દેવાને ઉન્મુખ – તૈયાર (કર્મ)

ફલ્ગુ વિ૦[સં] તુચ્છ (૨) સુંદર (૩) પું૦ વસંત (૪) ગુલાલ (૫) સ્ત્રી૦ (સં.) ગયાક્ષેત્ર પાસેની નદી [એક નક્ષત્ર

ફલ્ગુન પું૦ [સ.] જુઓ ફાલ્ગુન -ની સ્ત્રી૦

ફલ્લું વિ૦[સં. फुल्ल] પહોળું,વલ્લું (૨) નિખાલસ [-થઈ જવું = ખૂબ આનંદમાં આવવું. -થઈને ફરવું = વરણાગિયા થઈને ચાલવું]

ફશ(-સ) (સ,)સ્ત્રી૦[फा. फश (વશ) કે રવ૦?] પરાજય, હાર [-થઈ જવી, બોલવી]

ફસ સ્ત્રી૦[अ. फस्द] નસ, નાડી [-ખોલવી = અમુક નસમાં કાપ મૂકી ઉપચાર અર્થે થોડું લોહી કાઢી નાખવું] (૨) ['સ'માં ચશ્રુતિ] જુઓ ફશ(૩)અ૦ (રવ૦) ફસકવાનો અવાજ

ફસકવું અ૦ક્રિ૦ [ફસ (રવ૦) + कृ(सं), સર૦ अ फस्ख = વિચાર છોડી દેવો કે બદલવો] છટકવું, નાહિંમત થવું (૨) તૂટી પડવું (૩) ફસ લઈને ફાટવું

ફૂસકી સ્ત્રી૦ જુઓ ફસ, હાર

ફસડાવું અ૦ક્રિ૦ [दे. फेल्लुस, हिं. फिसलना] (ચ) તૂટી –ખસી પડવું, ફાસાઈ જવું

ફસલ સ્ત્રી૦ [अ. फस्ल] મોસમ (૨) પાક. [-આવવી, જવી. -ભરવી = આખું વરસ ચાલે તેટલો પાક મોસમમાં સંઘરી લેવો] -લી વિ૦ [फा.] મોસમનું

ફસ(-સા)વું અ૦ક્રિ૦[प्रा फंस (सं विसवद्)] સપડાવું, ભરાવું(૨) ઠગાવું [ફસાઈ પડવું = ઠગાઈને ભરાઇ પડવું] ફસામણ(-ણી)સ્ત્રી૦ ફસાવું તે. ફસાવવું સ૦ક્રિ૦ 'ફસવું' પ્રેરક

ફહફહ અ૦ [રવ૦] હસવાનો રવ, ફગફગ

ફળ ન૦ જુઓ ફલ [-આવવું = ફળ બેસવું (૨) પરિણામ મળવું -ઊતરવું = ઝાડ ઉપર તૈયાર ફળ મળવું -કાઢવું = ફાયદો મેળવવો -બેસવું = ઝાડ ઉપરથી ફળ થવું -મળવું = પરિણામ મળવું, બદલો મળવો] ૦ઝાડ ન૦ ખાઈ શકાય એવાં ફળ આપનાર ઝાડ. ૦દાયક, ૦દાયી વિ૦ જુઓ ફલદાયક. ૦દુ(-દ્રૂ)પ વિ૦ રસાળ, સારો પાક – ફળ આપે એવું. ૦દુ(-દ્રૂ)પતા સ્ત્રી૦. ૦વંત,૦વાન વિ૦ ફળવાળું ૦વું અ૦ક્રિ૦ [स फल्] ફળ આવવાં (૨) સિદ્ધ થવું. ૦સિદ્ધિ, -ળાહાર, -ળાહારી જુઓ 'ફલ'માં -ળાઉ વિ૦ ફળ આપતું

ફળિયું ન૦ [प्रा फलिह (स परिघ = આગળો)] મહોલ્લો (૨) [सं फल] પાનું, ફળ

ફળિયેલ વિ૦['ફળવુ' ઉપરથી] + ફળ ઉ (૨)ફળેલું

ફળી સ્ત્રી૦ [જુઓ ફળિયું] નાનું ફળિયું (૨)

**ફાવો** પું૦ જુઓ ફાવ, ફાવટ
**ફાશી(-સી)વાદ** પું૦ [इ फेसिझम] એક રાજદ્વારી રાષ્ટ્રીય વાદ **-દી** વિ૦ (૨) પું૦ તે વાદને લગતુ કે તેમા માનનાર
**ફાસફૂસ** સ્ત્રી૦ [રવ૦, સર૦ म. फूसफास] નકામો રદ્દી માલ [**-ની તાપણી** = કાયર માણસોની ઉપદ્રવકારક ટોળી (પહેલાં ગમે તેટલુ જોર બતાવી નબળી પડી જાય છે)] **-સિયુ** વિ૦ નકામું, નબળું
**ફાસલો** પું૦ [अ फासिलह] સમય, અંતર, કે વિસ્તારનો ફરક. [**-પડવો**]
**ફાસિસ્ટ** વિ૦ (૨) પું૦ [इ.] જુઓ ફાસીવાદી
**ફાસીવાદ,-દી** જુઓ, 'ફાશીવાદ'માં
**ફાસ્ટ** પું૦ [इं] ઉતારુઓની ઝડપી રેલવે ગાડી
**ફાળ** સ્ત્રી૦ [प्रा. फाला] ફલંગ(૨)ધ્રાસકો (૩) [सं. फाल, प्रा. फल्ल સુતરાઉ કપડું] કપડાનો લાંબો ટુકડો,ચીરો.[**-પડવી** = ધ્રાસકો પડવો. **-ભરવી** = ફલંગ મારવી (૨)સાહસ કરવુ]
**ફાળકી** સ્ત્રી૦ [स स्फार, प्रा फार (ફેલાવેલુ) ઉપરથી ?] નાનો ફાળકો (૨) [લા.] દોરાની આટી **-કું** ન૦ દોરા ઉતારવાનો ફાળકો-પરવીંટો **-કો** પું૦ ફાળકુ (૨) અગડોળ
**ફાળકો** પું૦ [જુઓ ફાળકી, અથવા फलक (सं.) પરથી ?]સ્ટીમરમા ત્રીજા વર્ગના ઉતારુઓને બેસવાની એક જગા. (એનાં પાટિયાં ઉપાડી લેવાથી સ્ટીમરના છેક નીચેના ભાગ સુધીની જગા ખુલ્લી થાય છે)
**ફાળવવું** સ૦ ક્રિ૦ [स. फाल (માથાના વાળને પાતી પાડી વહેંચી નાખવા તે), અથવા प्रा. फाल (सं स्फाट्य्) = ચીરવુ, ભાગલા પાડવા] વહેંચવું **-ણી** સ્ત્રી૦ વહેંચણી
**ફાળવું** ન૦[सं. फाल] (ચ.) વાવણિયાના દાંતાની અણીએ લગાડેલુ લોઢું
**ફાળસી, ફાળસું** જુઓ ફાલસી
**ફાળિયું** ન૦ ['ફાળ' ઉપરથી] ફેંટો (૨)પંચિયુ [**-બાંધવું** = માથે ફેંટો બાંધવો. **-મૂકવું** = માથે તે પહેરવુ] [લૂગડાનો ફાળ
**ફાળી** સ્ત્રી૦ ['ફાળ' ઉપરથી] સાડી (૨) લાંબો
**ફાળું** ન૦ જુઓ ફાળકુ
**ફાળો** પું૦ ['ફાળવવું' ઉપરથી] હિસ્સો (૨) વહેંચણી (૩) ઉઘરાણુ, ટીપ [**-નાંખવો** = ઉઘરાવવા માટે સૌનો હિસ્સો નક્કી કરવો **-પાડવો** = ફાળવવું. **-ભરવો** = પોતાને હિસ્સે આવતું ભરણુ ભરવુ **ફાળે પડતું** = ભાગે આવવુ, ભાગે પડવુ]
**ફાંક** (૦) સ્ત્રી૦ [हिं] ચીર, કાટ [**-ભરવી, મારવી** = કપડાને દોરો ભરવો, સાંધવું]
**ફાંકડું** (૦) વિ૦ ['ફક્કડ' ઉપરથી] રસિક (૨) ફક્કડ. **-ડાઈ** સ્ત્રી૦ વરણાગી, છેલબટાઉપણુ
**ફાંકવું** (૦)સ૦ક્રિ૦['ફાક'પરથી]ઓટવુ,ફાકભરવી
**ફાંકું** (૦) ન૦ જાડુ (૨) લીટો (૩) છિદ્ર
**ફાંકો** (૦) પુ૦ ['બાંકુ' ઉપરથી] તોર, અભિમાન [**-રાખવો** = તોર કે અભિમાન હોવુ]
**ફાંગ** (૦) સ્ત્રી૦ એક છોડ
**ફાંગડું(-ણું)** (૦) ન૦ પ્રપચ, જાળ. [**ફાંગડામાં નાખવું** = ફસાવવુ]
**ફાંગુ** (૦) વિ૦ આંખે ત્રાસું જોનાર, બાડુ
**ફાંજેટિયું** (૦) ન૦ લૂગડાના છેડાની કરી લેવાની કામચલાઉ ઝોળી જેવું તે (ચ) [પેચ
**ફાંટ** (૦)પું૦[सं.] દવાને પલાળી રાખી બનાવેલુ
**ફાંટ** (૦) સ્ત્રી૦ ['ફાટો' (છેડો) પરથી] લૂગડાનો છેડો કે તેની કામચલાઉ કરી લેવાતી ઝોળી જેવુ તે (૨) ફાક કે તે ભરી લેવી તે-ફાટિયો (૩) ખાંઈ, પરિખા (૪) એક ભાજી (૫) ફાટો; કીનો. [**-ભરવી** = દોરા દેવા; ફાક મારવી **ફાંટમાં ફરવું** = કીનો રાખવો] **૦વવું** સ૦ક્રિ૦ દોરવવુ, કાચા દોરા ભરી લેવા (બખિયા દેવા કે ઓટવા)
**ફાંટિયો** (૦) પુ૦ [જુઓ ફાંટ] (કા) આછો દોરો ભરવો તે, ટાકો (૨) ફાટો (૩) તડ, પક્ષ
**ફાંટું** (૦) ન૦ [प्रा फट्ट (सं स्फट्)] ફાટો, શાખા (૨) વિ૦ ફાટેલુ
**ફાંટો** (૦) પુ૦ [જુઓ કાટુ] શાખા, ભાગ (૨) કીનો (૩) તરંગ [**-ઊઠવો** = તરંગ ઊઠવો. **-રાખવો** = કીનો હોવો]
**ફાંદ** (૦)સ્ત્રી૦[सं फाड]પેટનો ઝૂલતો ભાગ (૨) એક વેલો. [**-વધારી જાણવું** = માત્ર ખાવાનુ ભાન હોવુ, બીજી કશી ફિકર ન રાખવી]

**ફંદો** (૦) પું૦ [જુઓ ફંદ] પ્રપંચ; જાળ
**ફંફરડવું** (૦) સ૦ક્રિ૦ [સર૦ મ ફાંપર] ફરડી ખાવું; પીંખી નાખવું (બહુધા 'ખાવું' સાથે)
**ફંફળ** (૦) ન૦ (કા.) ખુલ્લી જગા. ફાસલો
**ફાંફાં** (૦) ન૦ બ૦વ૦ [રવ૦] ડાફોરિયાં (૨) વલખાં, મિથ્યા પ્રયત્ન
**ફાંસ** (૦) સ્ત્રી૦[સર૦हिं ]લાકડાની ઝીણી કરચ, ફાચર (૨)[લા.] આડખીલી (૩)[જુઓ ફાંસો] ગાળો [–કાઢવી=અંગમાં પેઠેલી ઝીણી કરચ કે ફાચર એંચી કાઢવી (૨) અડચણ દૂર કરવી (૩) નડતરરૂપ હોય તેને મારી નાખવું –નાખવી, મારવી=અડચણ ઊભી કરવી ]
**ફાંસલો** (૦)પું૦[જુઓ ફાંસ]ઢાળખુ (૨)શિકાર પકડવા ગોઠવાતી એક યુક્તિપૂર્ણ રચના,ફાંદો
**ફાંસવું** (૦)સ૦ક્રિ૦[જુઓ ફાંસો]ગાળો ઘાલવો (૨) ફાંસો નાખવો (૩) તોડવું; ઉતરડી નાખવું (૪) ખોદવું, ખેડવું
**ફાંસિયું** (૦)વિ૦['ફાંસો' ઉપરથી]કપટી, ફસાવે એવું (૨) ફાંસો દઈ મારે એવું –યો પું૦ ફાંસો દઈ મારનાર; જલ્લાદ
**ફાંસી** (૦) સ્ત્રી૦ [ફાંસો પરથી] ફાંસો દઈ મારી નાખવાની શિક્ષા કે યુક્તિ [–દેવી, ફાંસીએ ચડાવવું (લટકાવવું)] ૦ખો(–ગ)રો પું૦ ફાંસિયો. ૦ખોલી સ્ત્રી૦ ફાંસીના કેદી માટેની જેલની ખાસ ઓરડી
**ફાંસુ** (૦) અ૦ અમસ્તુ, ફોગટ
**ફાંસું** (૦) વિ૦['ફાંસો' પરથી]ફાંસિયું; કપટી
**ફાંસો** (૦) પું૦[स पाशक] ફાંદો (૨) દોરડાનો ગાળો [–ખાવો=ગળાને ગાળામાં ભેરવી આપઘાત કરવો –દેવો=ગળામાં ગાળો ભેરવી મોત નિપજાવવું ]
**ફાંસોટિયું** ન૦ ['ફાંસો' ઉપરથી] ફાટ, ઝોળી (૨) કહ્યામાં આવે એટલો જથો
**ફિકર** સ્ત્રી૦[अ. फ़िक्र]ચિંતા; કાળજી[–કરવી, –થવી,–રહેવી,–રાખવી,–હોવી]. ૦મંદ વિ૦ ફિકરવાળું. ૦મંદી સ્ત્રી૦ કાળજી
**ફિક્કું** વિ૦ [हिं. फिका (सं पीतक ?)] નિસ્તેજ (૨) નીરસ, મોળું [–પડવું=ફીકું થઈ જવું (૨) સ્વાદમાં ફીકું લાગવું ] –ક્કાશ સ્ત્રી૦ ફિક્કાપણું [–મારવી=ફીકું પડેલું દેખાવું ] ૦ફચ(–સ) વિ૦ સાવ ફિક્કું
**ફિટકાર** પું૦ [प्रा. फिट्ट(स. भ्रष्ट) નષ્ટ, ધ્વસ્ત + કાર (स कृ)] ધિક્કાર; અનાદર. [–વર-સાવવો]. ૦વું સ૦ક્રિ૦ ફિટકાર કરવો
**ફિટફિટ** અ૦ [જુઓ ફિટકાર] ફટફટ, ધિક્ ધિક્ (૨) સ્ત્રી૦ ધિક્કાર
**ફિટાડ(–વ)વું** સ૦ક્રિ૦ [प्रा फिट्ट(स. भ्रष्ट) નષ્ટ –ધ્વસ્ત] 'ફીટવું'નું પ્રેરક
**ફિડલ** સ્ત્રી૦ [इं.] એક વિદેશી તતુવાદ્ય
**ફિણાવવું** સ૦ક્રિ૦,**ફિણાવું** અ૦ક્રિ૦ 'ફીણવું'નું પ્રેરક ને કર્મણિ
**ફિતનો** પું૦ [अ ] જુઓ ફિતૂર
**ફિતૂર** ન૦ [अ फ़ुतूर] ફેલ, ઢોગ (૨) બળવો; દગો (૩) તોફાન [–જાગવું=દગો થવો ] –રી વિ૦ ફિતૂરવાળું, તે કરનારુ
**ફિદવી** પુ૦ [अ.] ચાકર, દાસ
**ફિદા** વિ૦ [अ ] ખૂબ ખુશ (૨) અતિ આસક્ત
**ફિનાઈલ** ન૦ [इं ] ખાળ ઇ૦ માટે જતુનાશક એક દવા
**ફિબાદ** સ્ત્રી૦ [अ फीलवदीह] નકામી વાતો, બડબડાટ –દી વિ૦ વાતોડિયું; બબડાટિયું
**ફિયો** પું૦ [सं प्लीहा] બરોળ
**ફિરકો** પું૦[अ ] કોમ (૨) ટોળી, વર્ગ (૩) એક રાષ્ટ્રની પ્રજા
**ફિરદોસ** સ્ત્રી૦ [अ.] સ્વર્ગ. –સી પું૦ (સ ) [એક ફારસી કવિ
**ફિરસ્તો** પું૦[फा फ़िरिश्तह]દેવદૂત(૨)પેગંબર
**ફિરંગી** પુ૦ [फा , सं फ़िरंगिन्] પોર્ટુગલ દેશનો વતની (૨) ગોરો [માથાનું ફરેલું
**ફિશાવન** વિ૦ [अ फिरअवन्] મિજાજી, હઠીલું,
**ફિલસૂફ** પુ૦ [अ. फ़ैलसूफ़] તત્ત્વજ્ઞાની –ફિક વિ૦ ફિલસૂફી સંબંધી –ફી સ્ત્રી૦ તત્ત્વજ્ઞાન [–ડહોળવી, હાંકવી=તત્ત્વજ્ઞાનની નિરર્થક લાંબીચોડી વાતો કહેવી ]
**ફિલ્ડિંગ** સ્ત્રી૦ [इं ] ક્રિકેટમાં બેટ રમનાર પક્ષ સામેના પક્ષનું કામ
**ફિશિ(–સિ)યારી** સ્ત્રી૦[રવ૦,સર૦म फुशमी] બડાઈ, પતરાજી.[–મારવી=બડાઈ હાંકવી ]

-વું અ૦ક્રિ૦ 'ફૂલવું'નુ ભાવે
ફુલેકું ન૦ ['ફૂલ' ઉપરથી ?] વરઘોડો
ફુલેલ ન૦ [ફૂલ+તેલ ?] સુગંધીદાર તેલ
ફુલેવર વિ૦ [इं फ्लावर] ફૂલની ભાતવાળું (૨) ન૦ તેવું કપડું (૩) જુઓ ફુલ્લી, ફિલેવર (૪) [इं. कॉली फ्लावर] એક શાક
ફુલ્લ વિ૦ [सं.] ફૂલેલુ (૨) ખીલેલુ (૩) ઊઘડેલું
ફુલ્લસ પું૦ [अ फुलस] નાણું
ફુલ્લી સ્ત્રી૦ ['ફૂલ' ઉપરથી] જુઓ ફિલેવર
ફુવારો પું૦ [फा. फव्वारह] પાણી ઊડતુ પડે એવી રચના (૨) ઝરો [-ઊડવો]
ફુંઅરાવવું સ૦ક્રિ૦ ['ફૂંકાર' ઉપરથી] ગમે તેમ ભરવીને ઉશ્કેરવું; બહેકાવવુ
ફૂ અ૦ [રવ૦] ફૂંફાડાનો એવો અવાજ [-કરવું = ફૂંક મારવી (૨) ફૂંફાડો મારવો (૩) ઉડાવી દેવુ; અલોપ કરવુ (૪) ખરચી નાખવુ -થઈ જવું = હવામાં ઊડી જવું (૨) ખરચાઈ જવુ, ખલાસ થઈ જવુ (૩) અદૃશ્ય-લુપ્ત થઈ જવું ]
ફૂગ સ્ત્રી૦ ['ફૂગવુ' ઉપરથી] ઊબ. [-વળવી = ઊબ ચડવી ] ૦વવું સ૦ ક્રિ૦ ફુગાવવુ. ૦વું અ૦ક્રિ૦ [सं फक्क्, અથવા दे. फुग्गफुग्ग (વીખરાયેલા ફૂલેલા વાળવાળુ)] ઊબ વળવી (૨) ફૂલવું (૩) બહેકવુ
ફૂટ પું૦ [इं] બાર ઇંચનુ માપ કે તેવડી પટી
ફૂટ સ્ત્રી૦[સર૦મ ] ફૂટવું તે(૨) ફાટ(૩) ભ ગાણ; કુસંપ (૪) ન૦ સક્કરટેટી જેવુ ફળ; ચીભડું
ફૂટડું વિ૦ [सं. स्फुट, प्रा. फुड] સુંદર, રૂપાળું
ફૂટપાથ પું૦ [इं] પગે જનારા માટે શહેરી રસ્તાની બાજુ પર હોતી પગથી
ફૂટબૉલ પું૦ [इं] હવા ભરેલો મોટો દડો કે એથી રમવાની અંગ્રેજી રમત
ફૂટવું અ૦ક્રિ૦[प्रा फुट्ट]ખીલવું,વિકસવું,ઊગવુ; પલ્લવિત થવુ (૨) તૂટવુ, ભાગી જવુ(૩) જોરથી ફાટવુ (૪) ખુલ્લુ થવુ,ઉઘાડું પડી જવું (૫) ફરી જવુ; દગો દેવો [ફૂટી બદામ ન હોવી = કશું પણ ન હોવુ. ફૂટી બદામનું = તદ્દન માલ વિનાનું, કિંમત વિનાનુ ફૂટેલા કપાળનું = કમનસીબ; દુર્ભાગી ફૂટેલા કાળજાનું = હૈયાસૂનુ; ખબરદારી વિનાનુ ]
ફૂટાફૂટ સ્ત્રી૦ ['ફૂટવુ' ઉપરથી] ઉપરાઉપરી ફૂટવું તે (૨) કુસંપ (૩) ભ ગાણ
ફૂણગી સ્ત્રી૦ [જુઓ ફણગી] ઝીણી ફોલ્લી (૨) નાનો પરપોટો
ફૂદડી સ્ત્રી૦ [अप फुडिअ (सं. स्फुरित)] ગોળ ગોળ ફરવું તે(૨)તારાના કે ફૂલના(*)જેવુ ચિહ્ન
ફૂદડો પું૦ જુઓ ફુદેડો
ફૂદું ન૦ [ જુઓ ફુદેડો ] પાંખોવાળું નાનુ જીવડું (૨) પતંગિયુ
ફૂમકું (-તું) ન૦ [प्रा. फुम (सं भ्रम्)] છોગુ; કલગી -તી સ્ત્રી૦ એક ઘરેણુ (૨)નાનુ ફૂમતુ
ફૂર્તિ સ્ત્રી૦ [स स्फूर्ति] જાગૃતિ (૨) ઉત્સાહ ૦લું વિ૦ ફૂર્તિવાળું
ફૂલ ન૦ [अप. फुल; प्रा फुल्ल (सं. फुल्ल)] પુષ્પ, તેના આકારની વસ્તુ (૨) આંખનો રોગ (૩) કાતરેલી સોપારી (૪)એક ઘરેણુ (૫)ફૂલકોબી (૬) [જુઓ ફુલાશે] સ્ત્રી૦ પતરાજી, ગર્વ. [-આવવું = ફૂલ બેસવું (૨) સ્ત્રીને અડકાવ આવવો (૩) આશા બંધાવી. -ગૂંથવાં = નવરા બેસી રહેવું. -ચડાવવાં = દેવ વગેરેને પુષ્પ અર્પણ કરવા -થવું = ફૂલ બેસવુ. -પડવું = આંખની કીકીમા ધોળો ડાઘ પડવો -એ જાતનો રોગ થવો -બેસવું = પુષ્પ થવુ -મારવી = બડાઈ હાંકવી ફૂલની પાંખડી = નજીવી ભેટ ફૂલને ઘોડે ચડવું = ખોટો ભપકો મારવો ફૂલે વધાવવું = દેવની પેઠે માન - ભાવપૂર્વક આવકાર આપવો.] ૦ક-(૦ટ)ણી સ્ત્રી૦ એક જાતનુ દારૂખાનુ ૦કો પું૦ નાની ફુલાવેલી રોટલી (૨) કોઈ પણ વસ્તુનુ ફૂલવુ તે (૩) ફુલાવીને રમવાની રબરની ટોટી, ફુક્કો ૦કોબી(૦જ) સ્ત્રી૦ એક શાક, ફૂલ ૦ખર, ૦ગર ન૦, ૦ખરણી સ્ત્રી૦ ફૂલકણી. ૦ખડી સ્ત્રી૦ એક જાતનુ દારૂખાનુ ૦ગજરો પું૦ ફૂલની કલગી ૦ગૂંથણિયું વિ૦ એક બેકમા સંકળાયેલુ ૦ગૂંથણી સ્ત્રી૦ ફૂલ ગૂથવા તે (૨) [લા ] વસ્તુની બંધબેસતી સંકલના ૦ચુંગી સ્ત્રી૦ એક પક્ષી ૦છોડ પું૦ ફૂલ માટે ઉછેરાતો છોડ ૦ઝાડ ન૦ ફૂલને જ માટે ઉગાડાતુ ઝાડ કે છોડ ૦ડું ન૦

ફૂલ (૨) ધાણીનો દાણો ૦ણજી(-શી) વિ૦ (૨) પું૦ વખાણ કર્યાથી ફુલાઈ જાય તેવું ૦ડોલ પું૦ એક ઉત્સવ. ૦તોડો પુ૦ સ્ત્રીનું એક ઘરેણું ૦દાન ન૦ ફૂલ મૂકવાનું પાત્ર ૦દાર પુ૦ સખત દારૂ(૨)દારૂનો અર્ક,મદ્યાર્ક ૦ધાર વિ૦ પ્રમાણિક(૨)શાખવાળું ૦ફટાક (-કિયું) વિ૦ વરણાગિયું(૨)નાજુક,તકલાદી. -ફૂલું વિ૦ ફૂલની જેમ ખીલેલું, કોમળ ૦બરેડો પું૦ એક જાતની સોપારી ૦બાગ પુ૦ ફૂલનો બાગ ૦માલ સ્ત્રી૦ ફૂલની માળા (૨) ઘોડીની એક જાત ૦લતા સ્ત્રી૦ ફૂલ માટે ઉછેરાતી લતા ૦વડી સ્ત્રી૦ એક જાતની વડી ૦વવું સ૦ક્રિ૦ ફુલાવવું. ૦વાડી સ્ત્રી૦ ફૂલઝાડની વાડી ૦વેલ સ્ત્રી૦ ફૂલલતા

ફૂલવું અ૦ ક્રિ૦ [પ્રા. फुल्ल] ઊપસવું (૨) પલ્લવિત થવું, ખીલવું (૩) [લા ] હરખાવું (૪) બડાઈ મારવી (૫) બહેકવું [ફૂલીને ટેટો થવું=ટેટા જેવું ફૂલવું; ખૂબ ફૂલવું ફૂલીને દેડકો થવું=મદાંધ થવું, અભિમાનમાં છકી જવું ફૂલીને ફાળકો થવું=ફૂલણજી થવું, મોટી બડાશો મારવી] ૦ફાલવું અ૦ક્રિ૦ બરોબર ખીલવું ને વધવું

ફૂલસાંકળું ન૦ ફૂલની ભાતવાળું સાંકળું

ફૂલસૂંઘણું ન૦ [ફૂલ+સૂંઘવું પરથી] નાક

ફૂલિયું વિ૦ [ફૂલ' ઉપરથી] ખીલેલું (૨) ન૦ એક વનસ્પતિ (૩) નાનું પ્યાલું (૪) મથાળું

ફૂલી સ્ત્રી૦ ['ફૂલ' ઉપરથી] સેંથાનું એક ઘરેણું

ફૂલું ન૦ ['ફૂલ' ઉપરથી] આંખનો એક રોગ [-પડવું = એ રોગ થવો.]

ફૂલ્સકેપ પુ૦[ઇં] અમુક વિશિષ્ટ કદનો કાગળ

ફૂવડ વિ૦ આળસુ (૨) ગંદું ૦તા,-ડાઈ ૦વેડો સ્ત્રી૦ ફૂવડપણું

ફૂસ સ્ત્રી૦ કસ (૨) વિ૦ રદ્દી (૩) અ૦ [રવ૦] થાક કે પરાજયનો ફુત્કાર (૪) ન૦ ઘાસ (સૂકું), ખડ ૦ફાસ, ૦ફાસિયું, -સિયું વિ૦ હલકું, નિર્માલ્ય, ફાસફૂસિયું

ફૂં અ૦ [રવ૦] એવો અવાજ, ફૂ

ફૂંક સ્ત્રી૦ [દે. फुंका] મોંથી પવન ફેંકવો તે (૨) પ્રાણ. [-નીકળી જવી=પ્રાણ નીકળી જવા. -મારવી=ફૂંકવું (૨) ખાનગી ચેતવણી આપવી (૩) ઉશ્કેરવું (૪) ભૂરકી નાખવી, ભરમાવવું (૫) ફૂંકથી હોલવવું (૬) ફૂંકથી ઠડક વળે એમ કરવું ફૂંકે ફાટવું=શબ્દ માત્રથી બી જવું ] ૦ણી સ્ત્રી૦ ફૂંકવાની રીત કે ભૂંગળી

ફૂંકવું સ૦ ક્રિ૦ [प्रा फुक्क (स फुत्+कृ)] ફૂંક મારવી (૨) ફૂંકીને વગાડવું (૩) [લા] દેવાળું કાઢવું (૪) પંપાળવું. [ફૂંકી ખાવું=ઉડાવી દેવું, વાપરી નાખવું. ફૂંકી દેવું, મૂકવું=બાળી મૂકવું (૨) ગમે તે હલકા ભાવે વેચી નાખવું ફૂંકી ફૂંકીને=બહુ સાવચેતીથી ફૂંકી ફૂંકીને કરડવું=કરડે છે એવું ન જણાય તે રીતે કરડવું ફૂંકી ફૂંકીને ખાવું=સામો ન જાણે તે રીતે તેનું ઉડાવી જવું, તેનું ઓતરી ખાવું ફૂંકી બેસવું=જુઓ ફૂંકી ખાવું ફૂંકી રાખવું=પંપાળવું, લાડ લડાવવા ]

ફૂંકાર,-રો પુ૦[प्रा फुक्कार(स फुत्कार)] ફૂંક (૨) ફૂંફવાટો ૦વું સ૦ક્રિ૦મોમાં પાણી ભરી ફૂંકથી છાંટવું (૨) ફૂંક કે ફૂંફાડો મારવો

ફૂંગર સ્ત્રી૦ [ફૂં (રવ૦)+કૂ] નસકોરું

ફૂંદોટો પુ૦ [प्रा फुंद (स स्पन्द)] ફિસોટો

ફૂંફવવું અ૦ ક્રિ૦ ફૂંફાડો મારવો

ફૂંફવાટો(-ડો), ફૂંફાટો(-ડો) પુ૦ ફુફવાટો. [-મારવો=ફૂં એમ અવાજ કરવો.]

ફે (ફે) અ૦ શ્વાસ નીકળી ગયો હોય તેમ (ડરથી કે થાકથી) (૨) સ્ત્રી૦ (કા) હાક, ડર [-ફાટવી = હાક વાગવી ]

ફેકન સ્ત્રી૦ મગદળની જોડીની એક કસરત

ફેચો (-ચ્ચો) પું૦ જુઓ ફીચ [ફેચા રહી જવા=થાકથી જાંઘો ભરાઈ જવી-દુખવા લાગવી ફેચા નીકળી જવા = (સ્નાયુ વગેરેના) લોચેલોચા નીકળી પડવા કે ઊડી જવા, છિન્ન ભિન્ન થઈ જવું ]

ફેજ પુ૦ [અ] ખરાબી, દુર્દશા (૨) શિક્ષા (૩) સ્ત્રી૦ [સર૦ ફ્રૈ, तुर्की પરથી] એક જાતની મુસલમાની ટોપી [-કરવો, -થવો]

ફેડ(ફે) અ૦ [રવ૦] એવા અવાજ સાથે [ફેડ

દઈને=ફેડ એવા અવાજ સાથે (મારવું)]
ફેટન સ્ત્રી૦ [ઇં.] બગી
ફેડણ વિ૦ [ફેડવું પરથી] ફેડનારુ -વું સ૦ ક્રિ૦ [प्रा. फेड (सं स्फेटय्)] દૂર કરવુ, ટાળવુ, મટાડવું (૨) અદા કરવુ, વાળવું
ફેણ (ફે) સ્ત્રી૦ જુઓ ફણા (૨) વાઘાના કોઠિયા ઉપરની છાલ [-માંડવી=ફણા ઊંચી કરવી; હુમલાની તૈયારી કરવી]
ફેણ (ફે) ન૦ [स फेन] ફીણ
ફેણીની (ફે) સ્ત્રી૦ [दे फिणिया] સૂતરફેણી (પુષ્ટિમાર્ગીય)
ફેદા પુ૦ ['ફદફદવું' ઉપરથી?] લોચા. [ફેદા ઊડી જવા=લોચા નીકળી જવા, છિન્નભિન્ન થઈ જવું]
ફેન ન૦ [स] ફીણ -નિલ વિ૦ ફીણવાળુ
ફેફર સ્ત્રી૦[प्रा. फुर (स स्फुर्) ઉપરથી] થોથર [-આવવી] -રાવું અ૦ક્રિ૦ ફેફર આવવી
ફેફરી સ્ત્રી૦, -રું ન૦ [प्रा. फुर (सं स्फुर्) ઉપરથી] વાઈ [કાઢવાનુ અંગ
ફેફસુ ન૦ [स फुफ्फुस] શરીરનુ હવા લેવા
ફેબ્રુઆરી પું૦ [ઇં.] ઈસ્વી સનનો બીજો માસ
ફેર (ફે) પું૦ [इं. फायर, हिं फैर] ગોળીબાર
ફેર પુ૦[हिं. फेर] ફરક, તફાવત (૨) તમ્મર (૩) પેચ (૪) ઘેરાવો (૫) લૂગડાની કડક (૬) ચક્કર, વધારે પડતુ ફરવાનુ થવું તે (૭) ફેરવવાની ખીલી ઉદા૦ લવિંગિયાનો ફેર (૮) અ૦ ફરીથી [-આવવા=ચક્કર આવવા -ખાવો=લાગે ફરને-ચક્કર ખાઈ ને-આવવું -ચઢવા=ફેર આવવા -પડવો=ફરક પડવો (૨) સુધારો થવો -પાડવા=પેચ પાડવા. ફેરમાં આવવું=લાગે ફરને આવવુ] ૦કૂંડાળું ન૦ ચક્કર (૨) ગૂંચવાડો ૦ણી સ્ત્રી૦ ફેરી (૨) રખડપટ્ટી ૦તપાસ સ્ત્રી૦ ફરીથી તપાસ. ૦પાઘડી સ્ત્રી૦ ફરી જવુ તે [-બાંધવી=બોલીને ફરી જવું (૨) સામા પક્ષમા જવું (૩) ખોટી ટેવમા પડવુ.] ૦પાળી સ્ત્રી૦ ફેરફાર (૨) વારાફરતી જુદા પાક ઉગાડવો તે ૦ફટક અ૦ આડુંઅવળુ ભમતુ હોય એમ ૦ફરક વિ૦ ઊલટું; ઊંધુ (૨) અ૦ ગમે તેમ ૦ફાર પું૦ ફરક; તફાવત (૨) સુધારો (૩) બદલી. ૦બદલ વિ૦ ફેરબદલીવાળું. ૦બદલી સ્ત્રી૦, ૦બદલો પુ૦ અરસપરસ ફેરફાર; અદલાબદલી ૦વણી સ્ત્રી૦ ફેરવવું તે. ૦વવું સ૦ક્રિ૦ 'ફરવું'નુ પ્રેરક ૦વાદી વિ૦ ફેરવવાના વિચારનું (૨) પું૦ તેવો આદમી. ૦વાફેરવ સ્ત્રી૦ ઉપરાઉપરી ફેરવવું તે ૦વાળું વિ૦ પેચદાર (૨) ચક્કર ખાવું પડે તેવું લાંબું (૩) ફરકવાળું
ફેરવો પું૦ ['ફેર' પરથી] (કા.) હાથે પહેરવાનો વેઢ
ફેરાવો પુ૦['ફેર' પરથી] ફેર; ઘેરાવો (૨) ચક્કર
ફેરિયો પુ૦ [ફેર ઉપરથી] ફેરી કરનાર
ફેરિસ્ત સ્ત્રી૦[अ फिहिस्त, સર૦મ] યાદી, ટીપ
ફેરી સ્ત્રી૦ ['ફેર' ઉપરથી] ચક્કર; આંટો (૨) વખત; વાર (૩) કોઈ પણ વસ્તુ વેચવા માટે ફરવું તે. [-કરવી, ફરવી=ઘેર કે લત્તે લત્તે ફરીને વેચવુ] -રો પુ૦ આંટો (૨) વારો (૩) ચક્કર [ફેરા ફરવા=આંટા મારવા (૨) અગ્નિની પ્રદક્ષિણા કરવી (લગ્નવિધિમા) (૩) લગ્નવિધિ પૂરો કરવો ફેરા ફેરવી દેવા=ઝટપટ પરણાવી દેવુ ફેરે જવું=બજાર જવું. ફેરો ખાવો=આંટો ખાવો, જઈ આવવુ (૨) વ્યર્થ આંટો મારવો -થવો=નકામો ફેરો પડવો (૨) દસ્ત થઈ જવા -પડવો=જવાનો અર્થ ન સરવો -ફળવો=જવાનો અર્થ સરવો. -ફેરો કરવો, ખાવો=અહીં તહીં કામસર જવુ-આવવુ -લાગવો=દસ્ત થઈ જવા]
ફેલ (ફે) પું૦ [अ फअल] ઢોંગ ૦ખોર વિ૦ ઢોંગી ૦જામિ(-મી)ન પું૦ સારી ચાલચલગતનો જામીન
ફેલ (ફે) સ્ત્રી૦ [જુઓ ફેલું] લટ; સેર. [-ગૂંથવી=છૂટી સેરે ગૂંથવુ]
ફેલાવ(-વો) (ફે) પુ૦ [प्रा पयल्ल (सं प्रसृ) ફેલાવુ; પસરવુ] વિસ્તાર, પ્રસાર (૨) વૃદ્ધિ; પ્રગતિ -વું અ૦ક્રિ૦ પ્રસરવુ (૨) વધવું
ફેલી (ફે) વિ૦ ફેલ-ઢોંગ કરનારું
ફેલું (ફે) ન૦[प्रा पयल (स प्रचल) લટકવુ, ફરકવુ] (દોરડું ભાગતા મુકાતી) તારની લટ (૨) ફાસ

(૩) મુશ્કેલી; ગૂચ [–સૂઝવું=ફાસ નાખવી.]
ફેલો પું૦ [ઇં] કૉલેજમા ગ્રેજ્યુએટ થયા બાદ આગળ અભ્યાસ માટે અપાતુ એક પદ
ફૅશન સ્ત્રી૦ [ઇ] આચારવિચારમા અમુક ખાસ લક્ષણ–ઝોક કે વિશેષતા. [–ચાલવી, નીકળવી, પડવી] –નેબલ વિ૦ ફૅશનવાળુ
ફૈસલ વિ૦ [અ] છેવટનુ (૨) નિકાલ થયેલુ, ફૈંસલ
ફૈસલો (ફૈં) પું૦ [અ] નિકાલ, ફૈંસલો; અંત. [–આણવો=પતવવુ, પૂરુ કરવું –આપવો =ચુકાદો આપવો –સૂકવો=અંત આણવો –લાવવો=અંત લાવવો.]
ફેસવું સ૦ક્રિ૦ [સર૦ મ फेसणें] તોડવું (૨) ઉતારી પાડવું; નીચે આણવું
ફેસ્તો પું૦ [પો फेस्ता, મ फेस्त પરથી?] (સુ.) ફેજ, ફજેતો
ફેળ અ૦ (કા) ચારે બાજુથી ખુલ્લુ (૨) રક્ષણ વગરનુ, નધણિયાતુ [સ્ત્રી૦ હાહાકાર
ફેં અ૦ (ફેં૦) [રવ૦] થાકની હાફનો અવાજ (૨)
ફેંકવું (ફેં૦) સ૦ક્રિ૦ [સર૦ हि, મ] નાખવું (૨) [લા.] ગપ મારવી
ફેંકંફેંકા, ફેંકાફેંક(–કી) (ફેં૦) સ્ત્રી૦ સામાસામી ફેંકવુ તે
ફેંકારવું (ફેં૦) સ૦ક્રિ૦ ફેદી કે વીખીને લાબુ નાખવું ઉદા૦ વાળ ફેંકારીને બેઠી છે ,
ફેંટ (ફેં૦) સ્ત્રી૦ [हिं] કમરની આજુબાજુનો લૂગડાનો બંધ (૨) [રવ૦] થપાડ, ધબ્બો [–પકડવી=કમરબંધ ઝાલીને પકડી રાખવું –મારવી=થપાડ–ધબ્બો લગાવી દેવો ]
ફેંટો (ફેં૦) પું૦ [જુઓ ફેંટ] માથે બાધવાનું લૂગડું, ફાળિયું (૨) તાડ અને તરસાડનાં પાદડાની વચલી નસ (૩) ઠગાઈ
ફેંદવું (ફેં૦) સ૦ક્રિ૦ ફીદવું; ચૂથવુ (૨) વિખેરી નાખવુ ફેંદંફેંદા, ફેંદાફેંદ(–દી) સ્ત્રી૦ ચૂથાચૂથ, વારંવાર ફેંદવુ તે
ફેંદાવું (ફેં૦) અ૦ક્રિ૦ 'ફેંદવુ'નુ કર્મણિ
ફેંફાટ (ફેં૦) અ૦ [(રવ૦) ફે + ફાટ] પૂરપાટ (૨) બેફાટ (૩) ચારેગમ
ફેંફેં (ફેં૦) અ૦ જુઓ ફેં
ફેંસલ,–લો (ફેં૦) જુઓ 'ફૈસલ'મા

ફૈંસવું (ફેં૦) સ૦ક્રિ૦ જુઓ ફેસવુ
ફૈડકો પું૦ [રવ૦; જુઓ ફડકો] ફટકો, લૂગડાની ઝપટ (૨) ઉતાવળે જવું આવવુ તે, ધૂમાધૂમ (૩) ખેડૂતનુ એક ઓજાર. [–મારવો=ધૂમવુ, ઝપાટાબંધ અહીં તહીં જઈ આવવુ ]
ફૈડાફૈડ સ્ત્રી૦ [રવ૦] આમ ને તેમ જવું, હૈડૈડ
ફૈણ સ્ત્રી૦ દરદનું શમવું તે
ફોઇયાત વિ૦ [ફોઈ ઉપરથી] ફોઈનુ, –ને લગતુ –રું વિ૦ ફોઈ તરફનુ (૨) ન૦ ફોઈએ આપેલી બક્ષિસ
ફોઈ, ૦બા સ્ત્રી૦ [ જુઓ ફુઈ ] બાપની બહેન. ૦જી સ્ત્રી૦ [માનાર્થે] ફોઈ (૨) ફોઈસાસુ. ૦સાસુ સ્ત્રી૦ પતિ કે પત્નીની ફોઈ
ફોક વિ૦ [દે. फुक्का (મિથ્યા)] ફોગટ; રદ ૦(–ગ)ટ વિ૦ (૨) અ૦ નકામુ; વ્યર્થ [–જવું] ૦(–ગ)ટિયું વિ૦ મફતિયુ (૨) નકામુ
ફોકસ ન૦ [ઇં] દુરબીન કૅમેરા ઇ૦નું અમુક ખાસ કેન્દ્ર કે બિન્દુ જ્યાં પ્રતિબિંબ બરોબર સાફ હોય છે [–મળવું=તેવુ બિંદુ ગોઠવાવુ –મેળવવું,=તેવુ બિંદુ ગોઠવવુ ]
ફોકિયત સ્ત્રી૦ [अ.] ગર્વ, અહંકાર
ફોકો પું૦ ભરવાડ
ફોગટ,–ટિયુ જુઓ 'ફોક'મા
ફોજ (ફો) સ્ત્રી૦ [फा.] સેના. ૦ખાતું ન૦ લશ્કરી ખાતુ ૦દાર પું૦ એક પોલીસ અમલદાર. ૦દારી વિ૦ કાયદાથી શિક્ષાપાત્ર ગુના સબંધી 'ક્રિમિનલ' (૨) સ્ત્રી૦ ફોજદારનુ કામ કે પદ (૩) ફોજદારી અદાલત. [–કરવી, માંડવી = ફોજદારી ગુનાની ફરિયાદ કરવી ]
ફોટ પું૦ [स स्फुट्] +સ્ફોટ, જોરથી ફૂટવું તે
ફોટો, ૦ગ્રાફ પું૦ [ઇં.] છબી [–પાડવો, –લેવો] ૦ગ્રાફર પું૦ છબી પાડનાર કે તેનો ધંધાદારી ૦ગ્રાફી સ્ત્રી૦ છબી પાડવાની કળા
ફોડ પું૦, સ્ત્રી૦ [प्रा. फोड (स स्फोटय्)] ફોડવુ તે (૨) વિગત (૩) નિકાલ (૪) વહેંચણી. [–પાડવો=છૂટેછૂટુ કરીને બતાવવુ, વિગતે સમજાવવું ] ૦ણી સ્ત્રી૦ ફોડવાની ક્રિયા (૨) [સર૦ म] વધાર

**બખાળિયું** વિ० ['બખાળો' ઉપરથી] બખાળા પાડ્યા કરતું—તેવી ટેવવાળું

**બખિયો** પું० [फा. बख्यह] આંટી દઈને ભરેલો દોરાનો ટાંકો [–દેવો, મારવો]

**બખીલ** વિ० [अ.] કંજૂસ (૨) કંગાલ ०પણું ન०, ०તા, –લાઈ સ્ત્રી० કંજૂસાઈ (૨) કંગાલિયત

**બખું** ન० [જુઓ બખારુ] બાકોરુ, બગુ (ચ)

**બખેડો** પું० [સર० हिं. बखेडा (सं. व्याक्षेप, प्रा. वक्खेव ?)] મારામારી, ટંટો

**બખોલ** સ્ત્રી० ['બખુ' ઉપરથી] બાકુ—પોલાણ (ઝાડ, પહાડ, જમીન વગેરેમા)

**બખ્ખડ** વિ० [જુઓ ખખ્ખડ] જાડું, ઘટ્ટ

**બખ્ત** ન० [फा.] નસીબ

**બખ્તલીતર** ન० એક પક્ષી

**બખ્તર, –રિયો** જુઓ 'બખતર'મા

**બખ્તાવર** વિ० [फा] જુઓ બખતાવર

**બગ** પું० [सं वक, प्रा ] બગલો

**બગડવું** અ० ક્રિ० [સર० हिं बिगडना, म. बिगडणें, જુઓ બગાડ] કથળવું; વણસવું, ખરાબ થવું (૨) ભ્રષ્ટ થવું (૩) અણબનાવ હોવો કે થવો

**બગડિયું** વિ० ['બગડો' ઉપરથી] જોડીવાળું, જોડીનું (૨) બને બાજુ ઢળી પડે તેવું (૩) ન० એક જાતની રાપડી

**બગડિયો** પું० [જુઓ બગડિયું] બે સેરો જુડાડીને અને બે તાગીને ભરેલો ખાટલો

**બગડો** પું० [सं द्विक] બેનો આંકડો [બગડે બે = છૈયાછોકરા વિનાના, વર ને વહુ (૨) માલ વિનાનું; નપુંસક (૩) બે ભેગા થાય એટલે કામ બગડે—એ અર્થની ઉક્તિ બગડે બે થવું = નિર્વંશ જવું (૨) ધબાય નમ ]

**બગદો** પું० [સર० हिं. बगदना, જુઓ બગડવું] કચરો. પૂજો

**બગદોઈ** સ્ત્રી० + જુઓ બદગોઈ

**બગધ્યાન, –ની** વિ० જુઓ 'બકધ્યાન'મા

**બગબગું** ન० [સર० म बघणें = જોવું અથવા म वगें = બહાવરાપણું ]ભળભાખળું, મળસકું

**બગભગત** પું० બગલા જેવો ઢોંગી ભગત

**બગરી** સ્ત્રી०, –રું ન० [प्रा वग्ग (सं वल्ग्) = ઉપર કૂદી—તરી આવવું ? સર० हिं. बगरना ફેલાવું, વીખરાવું] ઘી તાવવાથી ઉપર તરી આવતો કચરો (૨) ઘીતેલનો રગડો

**બગલ** સ્ત્રી० [फा ] ખભા તળેનો હાથના મૂળ આગળનો ખાડો. [–લેવી = બગલના વાળ મૂંડવા –વધવી = બગલના વાળ વધવા. **બગલમાં ઘાલવું** = જુઓ બગલમા લેવું **બગલમાં ઘાલી ઊંડી જવું** = છેતરીને સટકી જવું, ધૂતી જવું **બગલમાંથી વાત કરવી** = ગપ મારવી **બગલમાં મારવું** = બગલમા દબાવાય તેમ પકડવું (૨) કબજે કરવું **બગલમાં રાખવું** = કબજામા રાખવું (૨) આશરામા રાખવું **બગલમાં લેવું** = બગલમા દબાવાય તેમ પકડવું (૨) આશરો આપવો. **બગલમાં હોવું** = કબજામા હોવું (૨) સભાળ નીચે હોવું **બગલો ઉઘાડી થવી** = આજુબાજુની ઓથ ચાલી જવી (૨) પાસેનું બધું જતું રહેવું, માલમતા ઊડી જવી (૩) કામમાથી છૂટા થવું, નિરાત થવી **બગલો ઉઘાડી મૂકવી** = શરમ નેવે મૂકવી, નફટ થવું **બગલો ઊંચી કરવી** = દેવાળુ કાઢવું **બગલો ફૂટવી** = એક હાથને સામી બગલમા ઘાલી અવાજ કરવો, કાખલીઓ ફૂટવી (૨) રાજી રાજી થઈ જવું **બગલો દેખાડવી** = દેવાળુ કાઢવું **બગલો વગાડવી** = જુઓ બગલો ફૂટવી.] ०ગીર વિ० આલિંગન આપનારુ ०ગીરી સ્ત્રી० આલિંગન. ०થેલી સ્ત્રી० ખભા પર ભેરવતા બગલ નીચે લટકતી રહે તેવી થેલી ०બચ્ચું વિ० બગલમા સમાઈ રહે તેવું. નાગલુ, ગઠ્ઠું. ०મો પું० લાઠીની એક કસરત –લિયો પું० ગમે ત્યારે ગમે તેવુ કામ દે એવો માણસ

**બગલદાણા** પું० બ०વ० ['બકલ' ઉપરથી ?] છૂટી કડીઓનાં સાંકળા

**બગલબચ્ચું, બગલમો** જુઓ 'બગલ'મા

**બગલિયો** પું० જુઓ 'બગલ'મા

**બગલી** સ્ત્રી० ['બગલ' ઉપરથી] મગદળજોડીની કે મલખંભની એક કસરત

**બગલી** સ્ત્રી० [सं वक, प्रा वग ઉપરથી] બગલાની માદા. –લું ન० એક પંખી –લો પું० નર·

# બ

બ પું૦ [सं.] ત્રીજો ઓષ્ઠ્ય વ્યંજન ૦કાર પુ૦ બ અક્ષર કે ઉચ્ચાર ૦કારાંત વિ૦ છેડે બકારવાળું

બક પુ૦[सं.] બગ, બગલો (૨) [सं.] કૃષ્ણે મારેલો એક રાક્ષસ ૦(-ગ)ધ્યાન ન૦ બગલા જેવું દંભી ધ્યાન–ધ્યાનનો ઢોંગ, ધૂર્તતા ૦(-ગ)ધ્યાની વિ૦ ધૂર્ત

બકડિયું ન૦ [બે + કડું] એક વાસણ

બકબક સ્ત્રી૦, -કાટ(-ટો,-રો) પુ૦ [प्रा. बुक्क, हिं. बकना = ભૂકવું કે ગર્જવું] નકામો લવારો–ડાચાકૂટ, બકવાટ [કરનારું

બકબકિયું વિ૦ ['બકબક' ઉપરથી] બકબક

બકરકૂદી સ્ત્રી૦ [બકરો + કૂદવું ? સર૦ म] તોફાન, મસ્તી, મકરકૂદી

બકરી સ્ત્રી૦ [सं वर्कर] બકરાની માદા [-બે થઈ જવું = સાવ નરમ થઈ જવું] -રું ન૦ એક ચોપગું. -રો પું૦ બકરાનો નર (૨) રેલવેના વૅગનોને ધકેલવા માટે પૈડાં નીચે રેલ પર મૂકીને વાપરવાનું એક લાંબું કોશ જેવું સાધન

બકરી ઈદ સ્ત્રી૦[अ वकर् + ईद] મુસલમાનોનો એક કુરબાનીનો તહેવાર

બકલ ન૦ [इं] કમરપટો તંગ કરવા–ખોસવા વપરાતી અણીદાર જીભોવાળી કડી

બકવા, ૦ટ(-દ) પું૦ [જુઓ બકવું, हिं, म] બકબકાટ, લવારો [-કરવો]

બકવું સ૦ ક્રિ૦ [प्रा. बुक्क ? સર૦ हिं वकना, म वकणें] નકામો લવારો કરવો (૨) બોલવું (તિરસ્કારમાં) (૩) હોડ –શરત લગાવવી

બકવૃત્તિ સ્ત્રી૦ [सं.] બગલા જેવી વૃત્તિ, બક ધ્યાનીની દંભી સ્વાર્થસાધુ વૃત્તિ

બકાઈ સ્ત્રી૦ જુઓ બગાસું [-ખાવી]

બકાત વિ૦ [अ. बाकियात] વાપરતાં વધેલું, બાકી બચેલું, બચત (૨) બાકી, બાદ [-રાખવું = બાકી રાખવું, બાદ કરવું]

બકાન ન૦ [हिं वकायन, म. वकाण] એક વનસ્પતિ [(-આવવી)

બકારી સ્ત્રી૦ ઊલટીનો ઊબકો–ઉકરાટો

બકા(-ખા)રો પું૦ [दे बुक्कार] બૂમ, બરકો (૨) બકવાદ. [-પાડવો = બૂમ પાડવી.]

બકાલ પુ૦ [अ. बक्काल] કાછિયો (૨) વાણિયો (તુચ્છકારમાં) ૦વેડા પું૦ બ૦ વ૦ હલકા પ્રકારના વાણિયાવેડા -લાપીઠ સ્ત્રી૦ શાક બજાર -લી પું૦ બકાલ, કાછિયો -લું ન૦ લીલોતરી; શાક (૨) બકાલનો ધંધો, (૩) ...

બકી સ્ત્રી૦ [सं] બગલી (૨) (सं) પૂતના (૩) ['બચી' ઉપરથી] બોકી, ચુંબન (બાળભાષા)

બકુલ ન૦, -લી સ્ત્રી૦ [सं] બોરસલીનું ઝાડ (૨) તેનું ફૂલ [છોકરો (લાડમાં)

બકૂડી સ્ત્રી૦ [જુઓ બચું] છોકરી –ડો પુ૦

બકોર પુ૦ [दे. बुक्कार] ઘોંઘાટ, કોલાહલ ૦વું સ૦ક્રિ૦ બૂમ પાડી બોલાવવું

બક્ષવું સ૦ક્રિ૦ [फा वख्शीदन] ભેટ તરીકે આપવું (૨) આપવું

બક્ષિશ(-સ) સ્ત્રી૦ [फा] ભેટ ૦પત્ર ન૦ બક્ષિસ આપ્યા બાબતનું લખાણ–દસ્તાવેજ

બક્ષી પુ૦ [फा.] લશ્કરને પગાર આપનાર અમલદાર (૨) નાગરોમાં એક અટક

બખડિયું ન૦ (ચ) જુઓ બકડિયું

બખતર ન૦[फा. बक्तर] લોઢાનો પોશાક, કવચ; બખ્તર. -રિયો પું૦ બખતરવાળો યોદ્ધો

બખતાવર વિ૦ [फा] બખ્તાવર, ભાગ્યશાળી; સુખી. ૦કદમ વિ૦ શુભ પગલાંનું

બખર સ્ત્રી૦; ન૦ [જુઓ ખબર, સર૦ म.] વૃત્તાંત (૨) ઇતિહાસ, તવારીખ

બખરવું અ૦ક્રિ૦ [જુઓ બખર] સાલવું, લાગવું (૨) [फा वख़र, हिं वखरा = હિસ્સો] પચવું; ભોગવી શકાવું

બખાબખી સ્ત્રી૦[જુઓ બખેડો] લડાલડી, ટંટો (૨) બખેડો, ફિસાદ [ગાબડું

બખારું ન૦ ['લગ' ઉપરથી] બાકોરું, કાણું,

બખારો(-ળો) પુ૦ [જુઓ બકારો] મોટો ઘાંટો, બુમાટો, હોહા [બખાળા કાઢવા = દિલની દાઝ બોલીને બહાર પાડવી બખાળા પાડવા = ઘાંટા–બરાડા પાડવા]

બખાળિયુ વિ૦ ['બખાળો' ઉપરથી] બખાળા પાડયા કરતુ—તેવી ટેવવાળુ
બખિયો પુ૰ [फा. वख्यह] આટી દઈને ભરેલો દોરાનો ટાંકો [–દેવો, મારવો]
બખીલ વિ૦ [अ.] કંજૂસ (૨) કંગાલ ૦પણું ન૦, ૦તા, –લાઈ સ્ત્રી૰ કંજૂસાઈ (૨) કંગાલિયત
બખુ ન૦ [જુઓ બખારુ] બાકોરુ, બગુ (ચ)
બખેડો પુ૦ [સર૦ हिं. वखेडा (स व्याक्षेप, प्रा. वक्खेव?)] મારામારી, ટંટો
બખોલ સ્ત્રી૦ ['બખુ' ઉપરથી] બાકુ –પોલાણ (ઝાડ, પહાડ, જમીન વગેરેમા)
બખ્ખડ વિ૦ [જુઓ ખબ્બડ] જાડુ, ઘટ્ટ
બખ્ત ન૦ [फा.] નસીબ
બખ્તતીતર ન૦ એક પક્ષી
બખ્તર, –રિયો જુઓ 'બખતર'મા
બખ્તાવર વિ૦ [फा.] જુઓ બખતાવર
બગ પુ૦ [सं वक, प्रा] બગલો
બગડવુ અ૦ ક્રિ૦ [સર૦ हिं बिगडना, म. बिगडणें, જુઓ બગાડ] કચળવુ,વણસવુ,ખરાબ થવુ (૨) ભ્રષ્ટ થવુ (૩) અણબનાવ હોવો કે થવો
બગડિયું વિ૦ ['બગડો' ઉપરથી] જોડીવાળુ, જોડીનુ (૨) બને બાજુ ઢળી પડે તેવુ (૩) ન૦ એક જાતની રાપડી
બગડિયો પુ૦ [જુઓ બગડિયુ] બે સેરો બુડાડીને અને બે તારીને ભરેલો ખાટલો
બગડો પુ૦ [सं द्विक] બેનો આકડો [બગડે બે = છૈયાછોકરાં વિનાના, વર ને વહુ (૨) માલ વિનાનું, નપુસક (૩) બે ભેગા થાય એટલે કામ બગડે – એ અર્થની ઉક્તિ. બગડે બે થવુ = નિર્વંશ જવુ (૨) ધબાય નમ ]
બગદો પુ૦ [સર૦ हिं. बगदना, જુઓ બગડવુ] કચરો, પૂંજો
બગદોઈ સ્ત્રી૦ + જુઓ બદગોઈ
બગધ્યાન, –ની વિ૦ જુઓ 'બકધ્યાન'મા
બગબગું ન૦ [સર૦ म. बघणें = જોવુ અથવા म वगें = બહાવરાપણુ ]ભળભાંખળુ, મળસકુ
બગભગત પુ૦ બગલા જેવો ઢોંગી ભગત
બગરી સ્ત્રી૦, –રું ન૦ [प्रा वग्ग(स वल्ग्) = ઉપર કૂદી – તરી આવવુ ? સર૦ हिं. बगरना ફેલાવું, ખીખરવુ] ઘી તાવવાથી ઉપર તરી આવતો કચરો (૨) ઘીતેલનો રગડો
બગલ સ્ત્રી૦ [फा ] ખભા તળેનો હાથના મૂળ આગળનો ખાડો [–લેવી = બગલના વાળ મૂડવા –વધવી = બગલના વાળ વધવા બગલમાં ઘાલવું = જુઓ બગલમા લેવુ બગલમાં ઘાલી ઊડી જવું = છેતરીને સટકી જવુ,ધૂતી જવુ બગલમાંથી વાત કરવી = ગપ મારવી બગલમાં મારવું = બગલમાં દબાવાય તેમ પકડવુ (૨) કબજે કરવું બગલમાં રાખવું = કબજામા રાખવુ (૨) આશરામા રાખવુ બગલમાં લેવું = બગલમા દબાવાય તેમ પકડવુ (૨) આશરો આપવો. બગલમાં હોવું = કબજામા હોવુ (૨) સભાળ નીચે હોવુ બગલો ઉઘાડી થવી = આજુ બાજુની ઓથ ચાલી જવી (૨) પાસેનુ બધું જતુ રહેવું, માલમતા ઊડી જવી (૩) કામમાથી છૂટા થવુ,નિરાત થવી. બગલો ઉઘાડી મૂકવી = શરમ નેવે મૂકવી, નફ્ટ થવુ બગલો ઊંચી કરવી = દેવાળુ કાઢવુ બગલો ફૂટવી = એક હાથને સામી બગલમા ઘાલી અવાજ કરવો, કાખલીઓ ફૂટવી (૨) રાજી રાજી થઈ જવુ બગલો દેખાડવી = દેવાળુ કાઢવુ બગલો વગાડવી = જુઓ બગલો ફૂટવી ] ૦ગીર વિ૦ આલિંગન આપનારુ ૦ગીરી સ્ત્રી૦ આલિંગન. ૦થેલી સ્ત્રી૦ ખભા પર ભેરવતાં બગલ નીચે લટકતી રહે તેવી થેલી ૦બચ્ચું વિ૦ બગલમા સમાઈ રહે તેવુ, ઠીંગણું, ગઢું. ૦મો પુ૦ લાઠીની એક કસરત –લિયો પુ૦ ગમે ત્યારે ગમે તેવુ કામ દે એવો માણસ
બગલદાણા પુ૦ બ૦વ૦ ['બકલ' ઉપરથી ?] છૂટી કડીઓનાં સાંકળા
બગલબચ્ચું, બગલમો જુઓ 'બગલ'મા
બગલિયો પુ૦ જુઓ 'બગલ'મા
બગલી સ્ત્રી૦ ['બગલ' ઉપરથી]મગદળ જોડીની કે મલખંભની એક કસરત
બગલી સ્ત્રી૦[सं वक, प्रा वग उपरथी]બગલાની માદા. –લું ન૦ એક પખી –લો પું૦ નર-

બગલું, બક. [બગલ-ભાવાર્થી=બગલાની જેમ આપમતલબી–ધૂર્ત બગલો પાવશ (પ્રાવટ) બેસવો=બગલાની જેમ ઢોંગ કરવો (૨) દેવાળું કાઢવું] [વપરાય છે)

**બગવા** પું૰ કાનનો મેલ (બ૦૨૦ રૂપમા

**બગવાવું** અ૰ક્રિ૰[સર૰ म वगे=બાવરાપણું] બાવરા થવું, બાધા જેવું થવું (ઊંઘમાથી ઊઠતા)

**બગા, ૦ઈ** સ્ત્રી૰ [दे. बिग्गाइआ; विग्गाइ] ઢોર કે કૂતરાં ઉપર બેસતી એક જાતની માખ (૨) કાનનો એક રોગ

**બગાડ,–ડો** પું૰ [हिं; बिगाड, म. बिगड, विघड (स विघटन)] નુકસાન, ખરાબી (૨) વિકાર, સડો (૩) અણબનાવ (૪) ભ્રષ્ટતા [–કરવો, –થવો].૦વું સ૰ક્રિ૰ બગાડ કરવો

**બગાવત** સ્ત્રી૰ [સર૰ म. वघणे=જોવું] ચીવટ; નિષ્ઠા (૨) [अ.] બડ

**બગાસું** ન૰ [सं. विकस्, प्रा.विगस] ઊંઘ ભરાતા કે કંટાળાને વખતે દીર્ઘ શ્વાસ લેતા મો ફાડવું તે. [–આવવું, ખાવું]

**બગી** સ્ત્રી૰ [इं. बग्गी] એક જાતની ઘોડાગાડી (૨) [સર૰ म वघणें] નજર (૩) [?] ઉચ્ચારનું સ્થાન; મો. ૦ખાનું ન૰ ઘોડા કે ગાડીઓ રાખવાનો તબેલો

**બગીચો** પું૰ [फा. बाग्चह] બાગ [બાકું

**બગું** ન૰ જુઓ બખું; બાકું (૨)દીવાલમા પડેલું

**બગો** પું૰ ['બગ' ઉપરથી?] (શોકને પ્રસગે પહેરવાનો) વચ્ચે તથા કિનારીમા ધોળી ધોળી ભાતવાળો ગળીના રગનો સાલ્લો

**બગ્ગો** પું૰ [सं वक] (પ) બગલો

**બ(૦ઢ)ઘડાટી** સ્ત્રી૰ [રવ૰] (કા) ત્રમઝટ (૨) ટંકારો (૩) ધમાલ (૪) મારામાર

**બઘાર** વિ૰['બાઘું'ઉપરથી]હેબતાયેલું, બેબાકળું

**બચક બચક** અ૰ [રવ૰] ધાવવાનો અવાજ

**બચકવા** પું૰ ['બચકું' ઉપરથી] જેને તેને બચકા ભરે એવો એક વાયુરોગ

**બચકંબચકા, બચકાબચકી** સ્ત્રી૰ ['બચકું' ઉપરથી] સામસામે બચકા ભરવા તે

**બચકાટવું** સ૰ક્રિ૰ [બચકું' ઉપરથી] બચકે બચકે ખાવું કે કરડવું

**બચકારવું** સ૰ક્રિ૰ [રવ૰] વહાલનો 'બુચ્ચ' અવાજ કરવો; તેમ કરી લાડ લડાવવું

**બચકારો** પું૰ [રવ૰] બચબચ અવાજ (જેમ કે, અમુક લોક ખાતા કરે છે) [પોટલી

**બચકી** સ્ત્રી૰ [तुर्की बुकचह, हिं बुकचा] નાની

**બચકું** ન૰ [જુઓ 'બચકારો' તથા 'બચકી'] કરડવું તે, ડાકું (૨) બચકામા માય એટલો ટુકડો (૩) પોટકું [–ભરવું=કરડવું, ડાકું ભરવું] [પોટલું

**બચકો** પું૰ [જુઓ બચકી] મોટી બચકી;

**બચકોરવું** સ૰ક્રિ૰ [રવ૰, સર૰ म बुचकळणें] બોળવું (૨) ['બચકારો' ઉપરથી] ઢોરને બચકારા વડે શાત કરવું કે હાંકવું

**બચકોરું** ન૰ [જુઓ બચકોરવું] ડૂબકી

**બચગી** સ્ત્રી૰ [फा. बच्चह ઉપરથી] બાળપણ

**બચત** વિ૰ ['બચવું' ઉપરથી, સર૰ हि] બચેલું; વધેલું (૨) સ્ત્રી૰ બચેલું –વધેલું તે (૩) બચાવેલી રકમ ૦ખાતું ન૰ બચત પૈસાનું ખાતું

**બચપણ** ન૰['બચ્ચુ' ઉપરથી સર૰हिं बचपन] બાળપણ

**બચબચ** અ૰[રવ૰]ધાવવાનો અવાજ **–ચાટ** પું૰ બચબચ અવાજ [વસ્તારી

**બચરવાળ** વિ૰[બચ્ચુ+વાળું]છોકરાછૈયાવાળું,

**બચવું** અ૰ક્રિ૰ [सं वञ्च्; સર૰ हिं बचना] ઊગરવું (૨) વધવું, સિલક રહેવું

**બચાઈ** સ્ત્રી૰ ['બચવું' ઉપરથી] બચત, ઉગારો –ઉ વિ૰ બચત કરનારુ

**બચારવું** સ૰ક્રિ૰ [રવ૰] બચકોરવું (હાંકતા)

**બચારું** વિ૰ જુઓ બીચારુ

**બચાવ** પું૰ [જુઓ બચવું, हिं, म] સંરક્ષણ (૨) ઉગારો,બચત [–કરવો=દોષિત નથી એમ સાબિત કરવું] ૦પક્ષ પું૰ બચાવ કરનારો પક્ષ, પ્રતિવાદીનો પક્ષ ૦વું સ૰ક્રિ૰ 'બચવું'નું પ્રેરક –વો પું૰ +બચાવ

**બચી** સ્ત્રી૰ ['બચ્ચુ' ઉપરથી] છોકરી, દીકરી

**બચી(–ચ્ચી)** સ્ત્રી૰ ['બચ' રવ૰] ચુંબન

**બચુ** પું૰, (૨) સ્ત્રી૰ [જુઓ બચ્ચું] છોકરા કે છોકરીને માટે લાડવાચક શબ્દ

**બચેરી** સ્ત્રી૰ [म] (સુ.) કૂંપળી, નિંદાં

**બચોળિયુ** નં૦ ['બચ્ચુ' ઉપરથી] નાનુ બાળક
**બચ્ચાંકચ્ચાં** નં૦ બ૦વ૦ ['બચ્ચુ'નો દ્વિર્ભાવ] નાના છોકરા; છૈયાંછોકરા
**બચ્ચી** સ્ત્રી૦ જુઓ બચી
**બચ્ચુ** નં૦ [फ़ा. बच्चाह, हिं., म. बच्चा (सं वत्स ?)] બાળક (પ્રાય પશુનુ). –ચ્ચો પું૦ છોકરો(૨)[લા ]માણસ –'એની માનો દીકરો,' એવો ભાવ બતાવે છે ઉદા૦ બચ્ચો હોય તે હવે આવે –ચ્ચમજી, –ચ્ચાજી પું૦ [સર૦ म] (બચ્ચો ૨ અર્થમા. પ્રાય સબોધનમા વપરાય છે)
**બચ્છડ** વિ૦ બરછટ, ખરબચડુ ૦પણુ નં૦
**બજર** પું૦, સ્ત્રી૦ તમાકુ, છીંકણી [–દેવી (દાતે)=દાતે છીંકણી ઘસવી.]
**બજરબટુ(–ટ્ટુ)** નં૦ [સર૦ हिं वजरबट्ट, सि हल मचर वट्ट] પોયણીનું ફળ (૨) રીંછના મોમા ઘાલીને કાઢી લીધેલો કાળો મણકો (નજર ન લાગે માટે બાળકને કોટે બાધવાનો)
**બજરંગ(–ગી)** પું૦ [सं वज्राङ्ग, हिं] (સ.) હનુમાન ૦દંડ પું૦એક પ્રકારની દડની કસરત
**બજરિયુ** નં૦ ['બજર' ઉપરથી] બજર–છીંકણીની દાબલી
**બજ(–જા)વણી** સ્ત્રી૦ ['બજાવવુ' ઉપરથી] અમલમા મૂકવું – મુકાવું તે
**બજવું** અ૦ક્રિ૦ [प्रा वज्ज (सं वद्), सर० हिं. वजना] અમલમા આવવું – મુકાવુ (૨) વાગવું (વાદ્યનુ; કલાકનુ). –વૈયો પું૦ [સર૦ हिं.; म वजवय्या] કુશળ વાદ્ય વગાડનારો
**બજાક(–ખ)** વિ૦ [म] બેવકૂફ
**બજાજ** પું૦ [अ वज्जाज] કાપડિયો (૨) એક મારવાડી અટક –જી સ્ત્રી૦ વેચવાની ચતુરાઈ (૨) વેચનાર અને ખરીદનાર વચ્ચેની રકઝક
**બજાણિયો** પું૦ ['બજાવવુ' ઉપરથી ?] નટ, દોરડા ઉપર નાચનાર
**બજાર** પું૦;સ્ત્રી૦; નં૦ [फ़ा बाज़ार] ચૌટુ,હાટ (૨) ગુજરી (૩) ભાવ, દર (૪) ખપત, ખરીદ [–કરવું=બજારમાં ખરીદી કરવા જવું –બેસી જવુ=ભાવ બેસી જવા – ઓછા થઈ જવા. –માંડવુ=વસ્તુઓ લઈ વેચવા બેસવુ. –વધી જવું=ભાવ વધી જવા. –વહોરવું, હોરવું=બજારમાથી જરૂરી ખરીદ કરવી.] ૦ગપ સ્ત્રી૦બજારમા ચાલતી–જાહેર ઊડતી વાત ૦ણ સ્ત્રી૦દુકાનદાર વેશ્યા ૦પૂતળી સ્ત્રી૦ બનીઠનીને ફર્યા કરનારી સ્ત્રી. ૦ભાવ પું૦ બજારમા ચાલતો ભાવ –રી વિ૦ બજારનું –ને લગતુ –રુ વિ૦ બજારનુ; સાધારણ, હલકુ (૨) બજારમા ચાલતુ, ઊડતુ, સત્તાવાર નહિ એવુ (૩) સ્ત્રી૦ દુકાનદાર વેશ્યા; બજાગણ ['બજવું'નુ પ્રેરક
**બજાવણી** સ્ત્રી૦જુઓ બજવણી –વુ સ૦ક્રિ૦
**બજીદ** વિ૦ [फ़ा वज़िद] આગ્રહી, હઠીલુ
**બજેટો** પું૦ લોટો
**બજેઠો** પું૦[हिं. विजायठ ?] હાથનુ એક ઘરેણુ
**બઝ** નં૦ એક પક્ષી
**બઝાડવુ** સ૦ ક્રિ૦ 'બાઝવુ'નુ પ્રેરક (૨) [લા ] માથે નાખવું, ગળે વળગાડવુ
**બઝૂ(–ઝો)ડવુ** સ૦ક્રિ૦[બ (सं वि) + ઝૂડવું] ઉપરાઉપરી સારી પેઠે ઝૂડવુ – મારવુ
**બટ** વિ૦ [सं वट्ट, के वृत्त (प्रा वट्ट), सर० म.] ભરાવદાર (૨) નક્કર, ઘટ(૩)પું૦, નં૦ ઠીંગણુ, મજબૂત ટટ્ટુ (૪) [?] નં૦ ઊંચામા ઊચી જાતનુ લોઢુ (૫) અ૦ સાવ, તદ્દન
**બટક** વિ૦ [રવ૦] બરડ (૨) ['બટકુ' ઉપરથી અથવા 'બટુક' ઉપરથી] ખરાબોલુ, તીખુ, કડક ૦ણુ(–ણું) વિ૦ બરડ; બટકી જાય એવું (૨) કરડકણું ૦બોલુ વિ૦ ટીખળ કરનાર, વિનોદી(૨)રોકડુ પરખાવી દેનારુ – કહી દેનારુ
**બટકવુ** અ૦ ક્રિ૦ ['બટક' રવ પરથી] ભાગી જવુ (૨) ખરી જવુ બટકાવુ અ૦ ક્રિ૦ ફાસાઈ જવુ (૨) ફેદ ફેદ ફાટી જવું (કપડા માટે)
**બટકી** સ્ત્રી૦ [જુઓ બટ] ઠીગણી, ભરાવદાર સ્ત્રી (૨) [म ]ચાકરડી, લૂડી(૩)રખાત, વેશ્યા
**બટકુ** નં૦ [सं वटक=ખડ, ટુકડો] બચકુ; ડાકુ (૨) કડકો (૩) વિ૦ ['બટુક' ઉપરથી] ઠીગણુ [–ભરવું=(ટુકડો મોમા આવે તેમ) બચકુ ભરવુ ]
**બટણ** પું૦ એક પક્ષી
**બટન** નં૦ [इं] બોરિયુ, બુતાન (૨) વી ૦૯

ચલાવવા દાબવાની ઓરિયા જેવી કળ [–ઘાલવું, ભીડવું=ઓરિયું ગાજમાં ઘાલી પહેરવું. –ચોડવું, લગાવવું=કપડા પર તેની જગાએ બટન ટાંકવું –દબાવવું=વીજળીની કળ ચાલુ કરવી કે બંધ કરવી]

**બટમોગરો** પું૦ [બટ + મોગરો, સર૦ म] ઘણી પાંખડીઓવાળો મોગરો

**બટવો** પું૦ [સર૦ हिं बटुवा (स. वृत्त; प्रा वट्ट)] વાટવો (૨) એઠા ઘાટનો લોટો

**બટહજારી** સ્ત્રી૦ [બટ + હજારી] એક ફૂલઝાડ

**બટા** ન૦ એક પક્ષી

**બટાઉ** વિ૦ [सं वंट्=વહેંચી નાખવું] ઉડાઉ (૨) [म] છેલ, રંડીબાજ

**બટાકિયું** ન૦ ['બટાકો' ઉપરથી?] એક જાતનું ખોટું મોતી (૨) કેરીનું એક અથાણું

**બટાકીદાસ** પું૦ ['બટાકો' ઉપરથી] નાનો ગાઠિયા જેવો માણસ

**બટાકો(–ટો)** પું૦ [पो. बटाटा] એક કંદ

**બટાવું** અ૦ક્રિ૦[दे वट्ट=હાનિ,બટ્ટો](અનાજ કે ખાવાનું) ઘણો વખત પડી રહેવાથી વાસ મારવી – પાછું વળવું

**બટાશિયાં** ન૦બ૦વ૦દાણાના ઓખા [–ભીડવાં=ધનધાન્ય બધું વપરાઈ જવું, તદ્દન ખાલીખમ થવું]

**બટુ** પું૦ [सं] નાનો છોકરો ૦ક પું૦ જનોઈ દીધા વગરનો છોકરો (૨) ઠીંગણો માણસ

**બટેર** ન૦ [प्रा वट्टय (स वर्तक), સર૦ हिं, म.] એક પક્ષી

**બટેરું** ન૦ [दे वट्ट के वट्टु=પાત્રવિશેષ; સર૦ हिं बटेरा] મોટું કાંડિયું, રામપાતર –રો પું૦ માટીનો વાડકો

**બટ્ટો** પું૦ [दे वट्ट=હાનિ] આળ, તહોમત (૨) ડાઘ, લાંછન. [–લાગવો=આબરૂને હાનિ પહોંચવી] (૩) [इं. बॉटल] શીશો (દારૂનો)

**બઠ** વિ૦ [दे] મોટું (૨) જુઓ બરડ

**બડઘડાટી** સ્ત્રી૦ (કા) જુઓ બધડાટી

**બડઘા** પું૦બ૦વ૦[સર૦ म बडगा=સોટા] મોલ કાપી લીધા બાદ રહેલા ઠૂંઠા (કપાસ, તુવેર ઇ૦નાં)

**બડઘો** પું૦ [સર૦ બડઘા કે दे. वड्डु=મોટું] જાડો લઠ્ઠ માણસ

**બડજંગી** વિ૦ [બડ + જંગ] બહાદુર

**બડદ** ન૦ (કા) સારો લાભ

**બડકું** ન૦ [બબડવું + ફફડવું?] છણકો, તરછોડી નાખવું તે [**બડકાં નાખવાં**=છણકા કરવા **બડકાં હાંકવાં**=ગપ મારવી]

**બડફો** પું૦(સુ)જાડી બુદ્ધિનો,અડબંગ માણસ

**બડબડ** સ્ત્રી૦ (૨) અ૦ [प्रा. वडवड] બકબક, લવલવ ૦વું અ૦ક્રિ૦ બડબડવું, બડબડ કરવું (૨) અણગમાને કારણે મનમાં ગણગણવું (૩) [सु] વઢવું. –ડાટ પું૦ બડબડવું તે, બડબડાટ –ડાટિયું, –ડિયું વિ૦ બબડાટિયું, બડબડાટ કરનારું

**બડબડો** પું૦ [જુઓ 'બદબો' કે 'બદ'] (ચ) ફદફદતો ગદવાડો

**બડબવું** સ૦ક્રિ૦ [સર૦ म बडवणें] મારવું, ઝાપટવું (૨) દબાવવું; ગડબવું (૩) કણસલા ઉપર બૂધા મારી દાણા છૂટા પાડવા

**બડભાગી** વિ૦ [हिं., (બડ + ભાગ્ય)] મહા ભાગ્યશાળી, ભારે નસીબદાર

**બડમૂછો, –છિયો** વિ૦પું૦ મૂછો વગરનો

**બડવું** સ૦ક્રિ૦[सं वट्, हिं. बटना]સૂતર ઠરડવું

**બ(૦ર)ડવું** ન૦ મિજાગરું [રવ૦?]

**બડવો** વિ૦ પું૦ [प्रा वडुअ (स वटुक)] માથું મૂંડાવેલો, કદરૂપો (૨)પું૦ જેને જનોઈ દેવામાં આવતું હોય તે છોકરો (૩) છોલેલી શેરડી કે સાંઠાનો કકડો [–ઉડાડવો, દોડાવવો, રૂઠવો, મનાવવો=જનોઈ પહેરાવ્યા પછી ગુરુઘેર અભ્યાસ માટે જવાનો દેખાવ કરવાની વિધિમાં કરાતી ક્રિયાઓ –કરવો=છોલેલી શેરડીનો નાનો કકડો કરવો]

**બડહંસ** સ્ત્રી૦ મેઘરાગની એક રાગણી

**બડાઈ** સ્ત્રી૦ ['બડુ' ઉપરથી] મોટાઈ (૨) મગરૂરી (૩) ફૂલ. [–મારવી, હાંકવી=શેખી કરવી, આપવખાણ કરવા] ૦ખોર વિ૦ બડાઈ હાંકનાર

**બડાફેંગ** સ્ત્રી૦ એક પક્ષી

**બડાબૂટ** અ૦ ભડાભૂટ,વેરણછેરણ,અવ્યવસ્થિત

**બડાશ** સ્ત્રી૦ ['બડું' ઉપરથી] બડાઈ, ફૂલ
**બડીકો** પું૦ [સર૦ म. बडी = લાકડી; ગોઠી] (કા) ડ્ડૂકો; દાંડિયો
**બડી ફજર** સ્ત્રી૦ [હિં] મળસકું
**બડું** વિ૦ [हि बड़] મોટું ભારે
**બડૂકો** પું૦ [રવ૦] કઠણ વસ્તુ ભાગતાં કે ચાવતાં થતો અવાજ [–બોલવો = કઠણ વસ્તુ ભાગતાં એવો અવાજ થવો બડૂકા બોલાવવા = બડૂકા બોલાવી – બોલાવીને – આરામથી ખાવું.]
**બડેખાં** વિ૦ [म, हिं. बडे खाँ] મહાન, શ્રીમંત (૨) અ૦ ઘણું જોરથી, ચડતી કળા પામ્યો, એવો ઉદ્‌ગાર
**બડેશી** સ્ત્રી૦ જુઓ બડાશ
**બઢતી** સ્ત્રી૦ [હિં.; म; જુઓ બઢવું] આબાદી, વૃદ્ધિ (૨) પગારમાં વધારો
**બઢવું** અ૦ક્રિ૦ [प्रा वड्ढ (सं वृध्), हिं बढ़ना] બઢતી થવી
**બણગું** ન૦ [સં. वण] રણશિંગું (૨) ભુલ્લડ (૩) [લા] વખાણ, ગપગોળો [બણગાં ફૂંકવાં = વખાણ કરવાં બણગું ફૂંકવું = ઢેરે ઢેર જાહેર કરવું (૨) ગુણ ગાથા કરવા (૩) બળવો જગાવવો]
**બણબણ** અ૦ [રવ૦] (૨) ન૦ બણબણાટ ૦વું અ૦ક્રિ૦ બણબણાટ કરવો –ણાટ પું૦ બણબણ અવાજ (માખી ઇ૦નો)
**બણવું** અ૦ક્રિ૦ જુઓ બનવું ૦ઠણવું જુઓ બનવુંઠનવું
**બતક** ન૦, સ્ત્રી૦ [अ] એક પક્ષી (૨) બતકના આકારનું પાણી ભરવાનું પાત્ર –ડી સ્ત્રી૦ નાની બેઠા ઘાટની કુલ્લી
**બતાડ(–વ)વું** સ૦ક્રિ૦ [સર૦हिं बताना, प्रा वत्त (सं. व्यक्त) = ખુલ્લું ઉપરથી] દેખાડવું
**બતાલું** વિ૦ [બે + તાવ] બેધારું
**બતેલો** પું૦ [पो वातेलो] એક જાતનું વહાણ
**બત્તી** સ્ત્રી૦ [प्रा. वत्ति (सं वर्ति)] દિવેટ (૨) દીવો (૩) [લા] ઉશ્કેરણી, ઉત્તેજન [–આપવી = ઉશ્કેરવું –કરવી = દીવો પ્રગટાવવો –ફાટવી = ભેજ ઊપડવી –બતાવવી = પ્રકાશ ફેંકવો, અજવાળું નાખવું. –મૂકવી = જખમમાં દિવેટ નાખવી (૨) પલીતો ચાંપવો. –લાગો ! = બળો ! ટળો ! દીસતું રહે !]
**બત્તો** પું૦ [સર૦ हिं. बट्टा, म बत्ता, –त्त्या] દસ્તો (ખલ વગેરેનો)
**બત્રીશ(–સ)** વિ૦ [स द्वात्रिंशत्, प्रा बत्तिस] '૩૨'. [–કોઠે = બધી બાજુથી; ચોતરફ બત્રીસે કોઠે દીવા થવા = અંતરમાં ચોતરફથી નિરાંત વળવી – તૃપ્તિ થવી] ૦લક્ષ(–ખ)ણું વિ૦ સંપૂર્ણ માણસનાં બત્રીસ લક્ષણવાળું (૨) [લા] લુચ્ચું, પેક. –શી(–સી) સ્ત્રી૦ બત્રીસ દાંત (૨) બત્રીસ વસ્તુઓનો સમૂહ (૩) સ્વાદિષ્ટ ભોજન. [બત્રીશીએ ચડવું = લોકચર્ચાનો વિષય બનવું, વગોવાવું, ગવાવું બત્રીશી બતાવવી = દાંત કાઢવા, હસવું (૨) હસી કાઢવું (૩) ધમકી આપવી (૪) અમર્યાદ બનવું] –સું ન૦ બત્રીસ વસાણાંનું ચૂર્ણ (સુવાવડીનું)
**બથ** સ્ત્રી૦ (કા) જુઓ બાથ
**બથવો** પું૦ [स वस्तुल प्रा वत्थुल, हिं बथुआ, म बथवा] ચીલની ભાજી
**બથામણી** સ્ત્રી૦ ['બથાવવું' ઉપરથી] પચાવી પડવું તે –ણિયું વિ૦ બથામણીને લગતું, –ના ગુણવાળું
**બથાવવું** સ૦ક્રિ૦ [જુઓ બાથ] થકવી નાખવું (૨) પચાવી પડવું [બથાવી પાડવું = પચાવી પાડવું; અયોગ્ય રીતે લઈ લેવું]
**બથ્થંબથ્થા** સ્ત્રી૦ ['બાથ' ઉપરથી] બાથમાં જકડી પકડીને લડવું તે, બાથંબાથા
**બદ** સ્ત્રી૦ [સર૦ हिं, म (सं. वर्ध्म?), જુઓ 'બદબદવું'] જાંઘના ખૂણામાં થતું ગરમીનું એક દરદ (૨) [રૂ] પાંચનો સંકેત (વેપારીઓનો)
**બદ** વિ૦ [फा.] ખરાબ, હીન (સમાસમાં પૂર્વપદ તરીકે પ્રાય વપરાય છે). ૦કામ ન૦ ખરાબ કામ (૨) વ્યભિચાર ૦કાર વિ૦ ખરાબ; દુષ્ટ ૦ખસલત સ્ત્રી૦ ખરાબ ચાલચલગત (૨) વિ૦ બદખસલતવાળું. ૦ગોઈ સ્ત્રી૦ [फा] નિંદા, કૂથલી. ૦ચલન ન૦ ખરાબ ચાલચલગત, દુરાચરણ ૦ચાલ સ્ત્રી૦ દુરાચરણ

(૨)વિ૦ દુરાચરણી ૦જબાન, ૦જબાં વિ૦ ગાળો બોલનારું (૨) સ્ત્રી૦ ગાળ ૦દાનત સ્ત્રી૦ હરામ દાનત, બેઈમાની ૦દુઆ(-વા) સ્ત્રી૦ શાપ ૦નક્ષી સ્ત્રી૦ બદનામી ૦નજર સ્ત્રી૦ કુદૃષ્ટિ ૦નસીબ વિ૦ ભાગ્યહીન; અભાગિયુ (૨) ન૦ દુર્ભાગ્ય ૦નસીબી સ્ત્રી૦ દુર્ભાગ્ય ૦નામ વિ૦ બદનામી પામેલુ (૨) ન૦, ૦નામી સ્ત્રી૦ બટ્ટો, લાંછન; નામોશી

બદન ન૦ [फा.] શરીર (૨) કુડતુ; પહેરણ

બદનું ન૦, -નો પુ૦ [સર૦ हिं. बधना] પાણીનુ કૂંડુ કે કુલડું (કહિયાકામનુ) (૨) બાજરૂમા લઈ જવાનુ ડબલુ

બદફેલ વિ૦[फा.] દુરાચારી, અનીતિમાન -લી સ્ત્રી૦ અનીતિ, દુરાચરણ

બદબખ્ત વિ૦ [फा] કમનસીબ, અભાગિયુ. -ખ્તી સ્ત્રી૦ દુર્ભાગ્ય (૨) હરામખોરી

બદબદવું અ૦ક્રિ૦[રવ૦?] જંતુઓથી ખદબદ થવુ, કોહવાવું [બદબદી જવુ]

બદબો, ૦ઈ સ્ત્રી૦ [फा.] દુર્ગંધ (૨) બદનામી

બદમાશ(-સ) વિ૦[फा.] કાળા કર્મ કરનાર, લુચ્ચુ, દુરાચારી -શી(-સી) સ્ત્રી૦ નીચતા, લુચ્ચાઈ (૨) દુરાચાર; વ્યભિચાર

બદર ન૦ [सं.] બોર -રિ, -રિકા સ્ત્રી૦ બોરડી -રિકાશ્રમ પું૦ (સં.) હિમાલયમા અલકનંદાને તીરે આવેલું એક તીર્થ; ત્યા આવેલો નરનારાયણનો આશ્રમ -રી સ્ત્રી૦ બોરડી (૨) કપાસનો છોડ; વેણ -રીનાથ, -રીનારાયણ પું૦ (સં) બદરિકાશ્રમના દેવ કે તેમનુ ધામ [કુમાર્ગ

બદરસ્તો પુ૦ [બદ + રસ્તો] ખરાબ રસ્તો,

બદરંજ ન૦ એક જાતનુ લિબુ

બદરિ, -રિકા, -રિકાશ્રમ, -રી, -રીનાથ, -રીનારાયણ જુઓ 'બદર'મા

બદલ અ૦ [अ] સાટે, અવેજમા ૦વું સ૦ક્રિ૦ ફેરફાર કરવો (૨) -ને બદલે બીજું આપવુ -લેવું -લાવું અ૦ક્રિ૦ 'બદલવુ'નુ કર્મણિ (૨) પલટો થવો, ફરવું. -લી સ્ત્રી૦ બદલાવુ કે બદલવુ તે, ફેરફાર. (૨) નોકરીનુ કે કામનુ સ્થાન કે પ્રકાર ફેરવવાં તે. બદલીમાં હોવું = અવેજીમાં હોવું ] -લે અ૦ બદલ -લો પુ૦ સાટુ; અવેજ (૨) ફેરફાર (૩) [हिं.] વેર; પ્રતિકાર [-આપવો = નુકસાની ભરી આપવી (૨) સામો ઉપકાર કરવો -કરવો = અદલબદલ કરવુ, એકને સાટે બીજું આપવું -લેવું -મળવો = નુકસાનીના સાટામાં મળવુ (૨) બદલામા સામુ ફળ મળવું -લેવો = વેર લેવું, પોતાને થયેલ નુકસાનનો ખંગ વાળવો -વાળવો = જુઓ બદલો આપવો ]

બદવું અ૦ક્રિ૦ [સર૦ हिं. बदना, म. बधणें] ગાઠવુ, હુકમ માનવો, મચક દેવી

બદશિ(-સિ)કલ વિ૦[બદ+શિકલ] વરવું, બેડોળ

બદસલાહ સ્ત્રી૦ [फा.] ખરાબ કે ખોટી સલાહ

બદસૂરત વિ૦ [फा.] વરવું, કદરૂપું

બદહજમી સ્ત્રી૦ [फा] અપચો

બદહવા સ્ત્રી૦ [फा.] ખરાબ-બગડેલી હવા

બદામ સ્ત્રી૦ [फा बादाम] એક સૂકો મેવો (૨) હિસાબમા એક હલકુ ચલણ [ફૂટી બદામ = (મિલકતમાં) કશું નહીં ] ૦ડી સ્ત્રી૦ બદામનુ ઝાડ ૦ની પૂરી સ્ત્રી૦, ૦પાક પું૦ બદામની મીઠાઈ, વસાણુ -મિયું વિ૦ બદામી રંગનુ -મી વિ૦ ભૂખરું લાલ (૨) બદામનું; બદામ સબંધી (૩) સ્ત્રી૦ બદામડી

બદિયાન ન૦ [फा वदन ઉપરથી] બદન; કુડતુ

બદી સ્ત્રી૦ [સર૦ म वद्] ગમી (૨) [फा] દુરાચરણ, અનીતિ (૩) કુટેવ (૪) નિદા

બદુ વિ૦ [સર૦ म वद्, हिं वदू = અરબસ્તાનની એક અસભ્ય જાતિ] માલ વગરનુ, ગંદુ

બદૂકું ન૦ (કા) ગાયનુ નાનુ બચ્ચું [પડેલું

બદ્ધ વિ૦ [सं] બાંધેલું (૨) બંધાયેલુ; બંધનમા

બધિર વિ૦ [सं] બહેરુ. ૦તા સ્ત્રી૦

બધું વિ૦ સઘળું, સર્વ -ધે અ૦ સઘળે ઠેકાણે, સર્વત્ર

બનડી સ્ત્રી૦ [જુઓ બનો] નવી વહુ -ડો પું૦ નવશાહ; વરરાજા (૨) વિવાહમા ગાવાનું ગીત

બનત સ્ત્રી૦ ['બનવુ' ઉપરથી] મેળ, સ્નેહ, બનતુ આવવુ તે

બનફ્શા ન૦ [फा] દવા માટે વપરાતુ એક ઘાસ

બનવા ન૦ [સર૦ हिं] એક પક્ષી

**બનવું** અ૰ક્રિ૰ [स सपन्न(?), हिं. बनना, म. बनणें] થવું; રચાવું, સધાવું (૨) બનાવ–મેળ હોવો (૩) રૂપ લેવું; વેશ ધારણ કરવો (૪) [લા.] ફજેતી થવી; ચાટ પડવું (૫) ઠાઠ કરવો (૬) રંગમાં આવવું (નશાનો) [બનતા લગી કે સુધી = શક્ય હશે ત્યાં સુધી (૨) ઘણુંખરું બનતી રાશ = બનાવ મેળ; મળતી પાંતી બનવા કાળ = ભાવી બનવા જોગ = સંભવિત બને તેવું = શક્ય, થઈ શકે તેવું] ૦ઠનવું અ૰ક્રિ૰ શણગાર સજી ઠાઠ કરવો

**બનસરાહ** ન૰ એક પક્ષી

**બનાત** સ્ત્રી૰[સર૰ हिं.]એક જાતનું ઊનનું કપડું

**બનારસ** ન૰એક પક્ષી (૨) [सं वाराणसी; इं.] (સં) કાશી; વારાણસી –સી વિ૰ બનારસનું કે તેને લગતું

**બનાવ** પું૰ ['બનવું' ઉપરથી] બીના; પ્રસંગ; ઘટના (૨) જુઓ બનત

**બનાવટ** સ્ત્રી૰ ['બનાવવું' ઉપરથી] બનાવવાની રીત; ઘડતર, રચના (૨) તરકટ (૩) ફજેતી, મશ્કરી –ટી વિ૰ કૃત્રિમ; ખોટું; નકલી

**બનાવવું** સ૰ક્રિ૰ ['બનવું'નું પ્રેરક] રચવું; કરવું (૨) મશ્કરી કરવી; ચાટ પાડવું

**બનાં** સ્ત્રી૰ લાજ (૨) ઇજ્જત [ધાબળો

**બનૂ(–ન્નૂ)સ** ન૰ [अ. बुर्नुस] ઊનનો જાડો

**બનેટી** સ્ત્રી૰ [સર૰हिं. बनेठी] બ ને છેડે મોટા લખોટાવાળા માથાની લાકડી કે તેની કસરત

**બનેવી** (ને') પું૰[सं. भगिनीपति, प्रा. बहिणी वइ] બહેનનો વર

**બનો** પું૰[हिं बना ('बनना' ઉપરથી)] બનડો

**બન્નૂસ** ન૰ જુઓ બનૂસ

**બન્ને(–ન્નો)** વિ૰[प्रा बिन्नि (प्रा. बि; स द्वि)+ ऍत्र (स एव) અથવા बिन्नि + यावि (च + अपि)] બેઉ જણ

**બપડું** વિ૰ [બે + પડ] બે પડવાળું (૨) ન૰ લાકડાનું ગોળ રમકડું

**બપા(–પ્પા)ઈ** સ્ત્રી૰ [બાપ + આઈ?] (સુ) બાપની મા, દાદી. –વો પું૰બાપનો બાપ, દાદો

**બપૈયો** પું૰ [हि बप्पीह] ચાતક

**બપોર** પું૰ [प्रा वि (सं द्वि)+ मा पहर (स. प्रहर)] મધ્યાહ્ન. –રા પું૰ બ૰વ૰ (કા) બપોરનું ભોજન –રિયું વિ૰ બપોરનું (૨) ન૰ બપોરે ખીલતું એક ફૂલ (૩) બપોરે કરવાનું કામ (૪) બપોર સુધી કામ કરનારું માણસ (૫) આતશબાજીની એક બનાવટ. –રિયો પું૰ બપોરિયા ફૂલનો છોડ (૨) એક જાતનું દારૂખાનું. –રી વિ૰ બપોરનું (૨) સ્ત્રી૰ બપોરનો સમય [–કરવી = બપોરના સમયે આરામ કરવો –ગાળવી = બપોરનો સમય પસાર કરવો]

**બપ્પાઈ, –વો** જુઓ 'બપાઈ'માં

**બફાણું** ન૰ ['બાફવું' પરથી] કોઈ પણ બાફેલી વસ્તુ (૨) બાફેલી કેરીનું અથાણું –રો પું૰ ઘામ, બાફ –વવું સ૰ક્રિ૰ 'બાફવું'નું પ્રેરક –વું અ૰ક્રિ૰ 'બાફવું'નું કર્મણિ (૨) ઘામથી અકળાવું [બફાઈ જવું = કંઈને સાટે કંઈ કહેવાઈ જવાથી ઘાટ બગડી જવો.]

**બબડ** સ્ત્રી૰ [રવ૰] બબડવું તે; બડબડાટ ૦વું, –ડાટ, –ડાટિયું જુઓ 'બડબડવું'માં

**બબરચી** પું૰ [फा बावर्ची] રસોઇયો (મુસલમાન કે ગોરાનો) ૦ખાનું ન૰ બબરચીનું રસોડું (૨) [લા.] ગંદકી

**બબીલા** ન૰ એક પક્ષી

**બબૂચક** વિ૰ [સર૰ બૂઝક] મૂર્ખ

**બબ્બે** વિ૰ [જુઓ બે] બે બે

**બબ્બો** પું૰ બ અક્ષર, બકાર

**બમ** અ૰ [प्रा बम्ह, बम(स. ब्रह्मन्)] [રવ૰] ઠસોઠસ ભરાયેલું હોવાનો અવાજ ('સજ્જડ'ની પછી વપરાય છે સજ્જડ બમ કર્યું છે) (૨) મહાદેવને સંબોધનરૂપે કરાતો અવાજ ૦બમ અ૰ (શિવદર્શન કરતાં બોલાય છે) ૦ભોળા, ૦મહાદેવ પું૰ શિવજીનું સંબોધન

**બમઠસ** વિ૰ [બમ + ઠાસવું] ઠાસી ઠાસીને ભરેલું (૨) ખોખરું [કરવું–થવું તે

**બમણખેપો** પું૰ ['બમણું' ઉપરથી] બમણું

**બમણવું** અ૰ક્રિ૰[રવ૰ જુઓ બમ] પાંખોનો ગણગણાટ કરવો (૨) તેવી રીતે આજુબાજુ ઊડયા કરવું–ભમવું (પ્રાય માખ જેવાં પાંખાળાં જીવડાંએ)

બરાત સ્ત્રી૦ [हिं (सं. वर+यात्रा)] વરની જાન (૨) વરઘોડો. -તી પું૦ જાનૈયો
બરા(-રો)બર વિ૦ (૨) અ૦ [फा बराबर] સમાન, સરખું (૩) ખરું, વાજબી (૪) જોઈએ તેવુ, ભૂલચૂક વિનાનુ -રિયું વિ૦ સમોવડિયું· સરખેસરખું -રિયો પું૦ સમોવડિયો. -રી સ્ત્રી૦ સમાનતા [-કરવી =સ્પર્ધા કરવી, હરીફાઈમા ઊતરવું.]
બરાસ ન૦ [हिं] કપૂરમા મસાલો નાખી બનાવેલો એક સુગંધીદાર પદાર્થ (૨) [પો, સરખામ.]સો ઘનકૂટ [જેવી સળગતી વસ્તુ
બરિયાન સ્ત્રી૦, ન૦ [फा. बिर्यान ?] જામગરી
બરી સ્ત્રી૦[फा. बर=છાતી પરથી] અંગરખાનો એક ભાગ (૨) [?] ખરેટું
બરુ પુ૦, ન૦ [दे. बरुअ] નેતરની જાતનુ ઘાસ
બરો પું૦ [ सं. ज्वर ?] તોર, મગરૂરી (૨) ચામોદી, પતરાજી (૩) ઘણા તાવને લીધે હોઠના ખૂણા આગળ થતી ઝીણી ફોલ્લીઓ. [-ઊઠયો, ઊડયો; મૂતરયો=હોઠના ખૂણા ઉપર ઝીણી ફોલ્લીઓ થઈ આવવી (માંદગીના અંત ભાગમા) -ઉતારવો=મગરૂરી ઉતારવી બરા ભાગવા=મદ ઉતારવો.]
બરોડું ન૦ જુઓ બરુ (૨) જુવારબાજરીનું સરોડું ['બરાબર'મા
બરોબર [फा.] -રિયું, -રિયો, -રી જુઓ
બરોળ સ્ત્રી૦ પેટને ડાબે પડખે આવેલો એક અવયવ; પ્લીહા [વ-યેનો ગાળો
બર્જક,-ખ [अ] ન૦ મરણ અને ક્યામત
બર્બજ ન૦ એ નામનુ એક ઘાસ
બર્બત ન૦ [फा] એક તંતુવાદ્ય
બર્બર ન૦ [सं.] મૂર્ખ; અસંસ્કારી (૨) પુ૦ અનાર્યોની એક જાતનો માણસ
બર્મી વિ૦ [स ब्रह्मा, ई-बर्मा] બ્રહ્મદેશનુ (૨) સ્ત્રી૦ ત્યાંની ભાષા (૩) પું૦ બર્માનો વતની
બર્હી પું૦ [सं] મોર
બલ(-ળ) ન૦ [सं] જોર, શક્તિ (૨) લશ્કર ૦દાયી, ૦પ્રદ વિ૦ બળ આપનાર. ૦વતી વિ૦ સ્ત્રી૦ બળવાળી ૦વંત, ૦વાન વિ૦ બળવાળું ૦હીન વિ૦ બળ વગરનુ
બલકે અ૦ [फा.] બલ્કે; એટલુ જ નહિ પણ
બલગમ પું; ન૦ [अ.] ગળફો; કફ
બલગરી સ્ત્રી૦ સ્ત્રીઓનુ ગળાનુ ઘરેણુ
બલ જાવું અ૦ ક્રિ૦ [हिं.] વારી જવુ
બલદાણા પુ૦ એક વનસ્પતિ અને તેના બીજ
બલમ સ્ત્રી૦ બાંકી ડાગર
બલવણ ન૦ જુઓ બિડલવણ
બલવવું સ૦ક્રિ૦ ['બલ' ઉપરથી] બળવાળુ કરવુ, પોષવુ; વનારવું [બોલવું
બલવુ સ૦ક્રિ૦[જુઓ બરલવુ](ઊંઘમા)બબડવું;
બલા સ્ત્રી૦[अ.]પીડા કરતુ વળગણ-ભૂત (૨) [લા] તેવુ માણસ (૩) દુઃખ, મુસીબત. [-જવી, ટળવી=આફત કે પીડા દૂર થવી (૨) આફત કે પીડારૂપ માણસ દૂર થવું. -લેવી=દુઃખ દૂર કરવું; દુખડા લેવાં. -વહોરવી=આફત કે સંકટરૂપ કામ કે માણસ સ્વીકારવુ-નોતરવું -જાણે!, -રાત જાણે!=કોણ જાણે; હુ જાણતો નથી!]
બલાઈ સ્ત્રી૦ ['બલા' ઉપરથી]ગાંઠનો એક રોગ (૨) [જુઓ બરી] એક વાની
બલાક પુ૦ [सं.] બગલો. -કા સ્ત્રી૦ બગલી
બલા(-ળા)ત્કાર પુ૦[स] બળજોરી,જોરજુલમ (૨) સ્ત્રી પર અત્યાચાર
બલા(-ળા)બલ(-ળ) ન૦ [सं] શક્તિ અને અશક્તિ કે તેનું માપ કે પ્રમાણ
બલારાત સ્ત્રી૦ [बला (अ.)+अराति (स)] દર્દરાત (શ૦ પ્ર૦ માં વપરાય છે. ઉદા૦ મારે દર્દરાત-બલાગત ત્યા જાય છે)
બલાલ વિ૦ [अ] હલકું; નીચ
બલાસ સ્ત્રી૦ [स] એક રોગ, જેમા ગળામાં તથા ફેફસામા સોજા આવી પીડા થાય છે
બલાહક પુ૦ [सं.] મેઘ, વાદળ
બલિ(-ળિ) પુ૦ [सं] ભોગ,દેવને માટે કાઢેલો ભાગ (૨) [सं] પ્રહ્લાદનો પૌત્ર-દાનવોનો રાજા. [બલિરાજાનો ગોર=કાણો માણસ (શુક્રાચાર્ય)]૦દાન ન૦ બલિ-ભોગ આપવો તે, ત્યાગ; કુરબાની
બલિયો પુ૦ [दे. वलय] (સુ.) બળદ
બલિ(-લી)વર્દ પું૦ [सं.] બળદ

**બલિષ્ઠ** વિ૦ [सं.] સૌથી બળવાન
**બલિહારી** સ્ત્રી૦ [हिं] ખૂબી (૨) વાહવાહ
**બલીયસી** વિ૦ સ્ત્રી૦ [सं] વધારે બળવાન
**બલીવર્દ** પું૦ [सं] બલિવર્દ; બળદ
**બલૂચ(-ચી)** વિ૦ [तू बलूच] બલૂચિસ્તાનનું (૨) પું૦ ત્યાંનો રહેવાસી
**બલૂચિસ્તાન** ન૦ [फा.] (સ.) સિંધ અને અફઘાનિસ્તાન પાસેનો એક મુલક
**બલૂન** ન૦ [इं] વાયુથી આકાશમાં ઊડતી એક બનાવટ (૨) વિમાન [નિરાવર
**બલેકું** વિ૦ ['બલ' ઉપરથી] (પ) બળવાળું,
**બલેસ(-સા)ન** ન૦[अ. वल्सान] એક જાતનો છોડ કે તેનું ફળ
**બલૈ(-લો,-લ્લૈ)યું** ન૦ [स. वलयकं] ચૂડી. [**બલૈયાં ખેંચવાં**=કારગતી આપવી (૨) હિસાબ માંડી વાળવો. **બલૈયાં -પહેરવાં**= સ્ત્રીએ પરણવું કે નાતરું કરવું(૨) બાયલું બનવું ]
**બલ્કે** અ૦ [फा.] જુઓ બલકે
**બલ્ય** વિ૦ [सं.] બળવાન; વીર્યવાન(૨) બળપ્રદ
**બલ્લૈયાં** ન૦ બ૦ વ૦ બલાઓ. [**-લેવાં**= દુખડાં લેવાં ]
**બલ્લૈયું** ન૦ જુઓ બલૈયું, ચૂડી
**બવાડું** ન૦ ['બે' ઉપરથી] નવી ખેડાયેલી જમીનનું બીજું વરસ
**બવારું** વિ૦ ['બે' ઉપરથી] (કા) બેવડું
**બવાસીર** ન૦ [अ] મસાને લગતો રોગ, હરસ
**બવો** પું૦ (ચ.) બાવો, લાડવો (બાળભાષા)
**બશરા** ન૦ એક પક્ષી
**બશીન** ન૦ એક પક્ષી
**બશેર** વિ૦ [બે + શેર] બે શેર જેટલા માપનું **-રિયો** પું૦, **-રી** સ્ત્રી૦ બશેર વજનનું કાટલું
**બસ** અ૦ [फा.] થયું; પૂરતું (૨) ભાર - નિશ્ચય જણાવતો શબ્દ [**-કરવું**=બંધ કરવું **-થવું** =પૂરતું થવું.]
**બસ** સ્ત્રી૦ [इं] એક વાહન - મોટરનો ખટારો
**બસળાં** ન૦બ૦વ૦[सं वत्स કે वत्सल ઉપરથી?] નાનાં છોકરાં
**બસી** સ્ત્રી૦ [पो., સર૦ म ]. રકાબી
**બસૂરું** વિ૦ જુઓ બેસુરું (ખોટો શબ્દપ્રયોગ)

**બસેં(-સો)** (સં૦) પું૦ [બે + સો] '૨૦૦'
**બસ્તિ** સ્ત્રી૦ [सं] નાભિની નીચેનો ભાગ, પેડુ (૨) મૂત્રાશય (૩) ગુદા વાટે પાણી ચડાવવાની ક્રિયા કે તેની પિચકારી. [**-કરવી**=તે ક્રિયા કરવી.] ૦**પ્રદેશ** પું૦ બસ્તિવાળો શરીરનો ભાગ
**બસ્તો** પું૦ [फा] ગાંસડી [બેવડું
**બહુરું** વિ૦ [બે + સળ અથવા બે + સર] (ચ),
**બહલાવવું** સ૦ક્રિ૦ [સર૦ हिं. बहला(-ला)ना] મજબૂત કરવું; ખીલવવું (૨) ફેલાવવું (૩)[લા.] આનંદિત કરવું [વહેવડાવવું
**બહવવું** સ૦ક્રિ૦ [જુઓ વહવવું] બહાવવું,
**બહાઉ** પું૦[प्रा विह (स. भी) ઉપરથી કે રવ૦] (સુ ) બાઉ, હાઉ
**બહાદુર** વિ૦ [फा ] શૂરવીર, હિંમતવાન **-રી** સ્ત્રી૦ પરાક્રમ. [**-દેખાડવી, બતાવવી**= બહાદુરીનું કામ કરી બતાવવું (૨) ખાલી બહાદુરીનો દેખાવ કરવો. **-મારવી** = ભારે બહાદુરી કર્યાની બેડશી હાંકવી ]
**બહાનું** ન૦ [फा. बहानह] મિષ; ખોટું કારણ [**-આપવું**=બહાનું કાઢી શકાય એવું કારણ આપવું **-કાઢવું**=મિષ - ખોટું કારણ બતાવવું. **-ખોળવું, -શોધવું, -જડવું**]
**બહાર** પું૦; સ્ત્રી૦ [फा] ભભકો; રંગ; શોભા (૨) આનંદ, મજા (૩) વસંતઋતુ, તેનો રંગભર્યો ઉન્માદક સમય (૪) પું૦ એક રાગ [**-આવવી** = મજા આવવી આનંદ અનુભવવો ]
**બહાર** અ૦[सं. वहिर्, સર૦ हिं बाहर, म बाहेर] અંદરનહિ [**-આવવું**=પ્રગટ થવું **-એટલું અંદર**=બહુ પહોંચેલું બહારથી ભોળું દેખાય પરંતુ અંદરથી પાકું. **-કાઢવું**= અંદરથી બહાર હાંકી કાઢવું **-જવું**=બહાર ફરવા જવું (૨) ઝાડાપેશાબની હાજતે જવું **-નીકળવું**=પ્રગટ થવું **-પડવું**=જાહેર થવું (૨) પ્રસિદ્ધ થવું (પુસ્તક)] ૦**કોટ** પું૦ કોટ બહારનો ભાગ ૦**ચલી** સ્ત્રી૦ [+ ચાલવું] વ્યભિચારિણી ૦**વટિયો** પું૦ [+प्रा वट्ट (स. वृत्)=વર્તવું, આચરણ કરવું] રાજાથી નારાજ થઈ તેને સતાવવા કાયદા તોડનારો કે

પ્રજાને રંજાડવા નીકળેલો માણસ (૨) બહાર રહી લૂંટફાટ કરનારો, લૂટારો ૦વટું ન૦, ૦વટો પું૦ બહારવટિયાનું કામ ૦વાસ પું૦ ગામ કે ઘર વિનાનું રહેઠાણ કે જગા ૦વાસિયો પું૦ ગામ બહાર રહેનારો-ભંગી

બહારણ ન૦ ['બહારવું' ઉપરથી] સોનીની દુકાનનો કચરો -ણિયો પું૦ ધૂળધોયો

બહા(-હો)રવું સ૦ક્રિ૦ [દે વડ્ઢારી, વડ્ઢુઆરી =સાવરણી; સર૦ હિં. વહારના] ઝાડુ કાઢવું

બહાલ વિ૦[फा.] મંજૂર, કાયમ (૨) પ્રસન્ન, સ્વસ્થ [-રાખવું=મંજૂર રાખવું] -લી સ્ત્રી૦ મંજૂરી, કાયમ રાખવું તે [-આપવી, -મળવી,-હોવી] (૨) વિ૦ કાયમી

બહાવવું સ૦ ક્રિ૦ [प्रा वहाव (स. वाहय्)] ફેલાવવું, પસારવું

બહિર્ અ૦ [सं.] બહાર [પ્રાય સમાસમાં] -રંગ વિ૦ બહારનું, અંતરંગ નહિ એવું (૨) ન૦ કોઈ પણ વિધિનો પ્રારંભનો ભાગ (૩) બહારનો અવયવ, બહારનું સ્વરૂપ -રિન્દ્રિય સ્ત્રી૦ બહારની (પાંચ) ઇંદ્રિય -ર્ગોળ વિ૦ બહાર પડતી ગોળ સપાટીવાળું; 'કૉન્વેક્સ' -ર્દૃષ્ટિ સ્ત્રી૦ બાહ્યદૃષ્ટિ (અંતરદૃષ્ટિથી ઊલટું). -ર્ભૂત વિ૦બહાર થયેલું; બહિષ્કૃત -ર્મુખ વિ૦ વિમુખ, પરાઙ્મુખ (૨) બાહ્ય વિષયોમાં આસક્ત -ર્લાપિકા સ્ત્રી૦ એક જાતનો ઉખાણો, જેના જવાબનો શબ્દ તેની પોતાની અંદર સમાયેલો ન હોય (અંતર્લાપિકાથી ઊલટું) -ર્વૃત્ત ન૦'એસ્ક્રાઇબ્ડ સર્કલ'(ગ) -ષ્કાર પું૦ અસ્વીકાર, ત્યાગ (૨) નાત કે મહાજન કે કોઈ સંઘની બહાર મૂકવું તે (૩) આવિષ્કાર -ષ્કૃત વિ૦ બહિષ્કાર પામેલું -ષ્કેંદ્ર ન૦ 'એક્સસેન્ટર' (ગ) -ષ્કોણ પું૦ 'એક્સ્ટર્નલ ઍન્ગલ' (ગ)

બહિશ્ત(-સ્ત) ન૦ [फा] જન્નત સ્વર્ગ

બહિષ્કાર, બહિષ્કૃત, બહિષ્કેન્દ્ર, બહિષ્કોણ જુઓ 'બહિર્'માં

બહિઃસ્થિત વિ૦ [सं] બહાર ઊભેલું

બહિઃસ્વરૂપ ન૦ [सं.] બાહ્ય સ્વરૂપ

બહુ વિ૦ (૨) અ૦ [सं] ખૂબ (સંખ્યા કે માપમાં). [-કરી ! = કમાલ કરી ! -થયું ! =હવે બસ (૨) હદ થઈ. -સારું =ઠીક; ભલે] ૦કો(-ખૂ)ણ વિ૦ (ગ) અનેક કોણવાળું (૨) પું૦ તેવી આકૃતિ, 'પોલિગોન' ૦ખૂણિયું વિ૦ બહુકોણ. ૦ગંધા સ્ત્રી૦ પીળી જૂઈ (૨) ચંપાની કળી (૩) બાહુજરુ ૦ત્વ ન૦ ૦ધા અ૦ અનેક રીતે (૨) ઘણું કરીને ૦નામી વિ૦ અનેક નામોવાળું (૨) પું૦ (સં) ઈશ્વર ૦પગી સ્ત્રી૦ અદ્વા ૦પત્નીત્વ ન૦અનેક પત્નીઓ હોવી તે ૦પત્રી વિ૦(૨)ન૦ ઘણા પાનવાળું. ૦પદ વિ૦ ઘણા પગવાળું ૦ફળી વિ૦ બહુ વાર ફળનારું(૨)સ્ત્રી૦એક છોડ ૦બોલું વિ૦ વાચાળ (૨) દોઢડાહ્યું ૦મત પું૦; ન૦ મોટા ભાગનો મત ૦મતી સ્ત્રી૦ [બહુમત + ઈ] બહુમત (૨) એક પક્ષ કરતાં બીજાના મતની સંખ્યાની વિશેષતા ૦માન ન૦ આદર; સમ્માન ૦માન્ય વિ૦ ઘણા લોકોએ કબૂલ કરેલું. ૦મૂલું, ૦મૂલ્ય વિ૦ ભારે કિંમતનું ૦રત્ના વિ૦ સ્ત્રી૦ ઘણાં રત્નોવાળી ૦રંગી વિ૦ ઘણા રંગવાળું. ૦રૂપી વિ૦ ઘણા રૂપવાળું (૨)પું૦ અનેક વેશ ધારણ કરનારો ૦લ વિ૦ ઘણું, અધિક ૦લતા સ્ત્રી૦ ૦વચન ન૦ એકથી વધારેને માટે વપરાતું વચન (વ્યા) ૦વિધ વિ૦ અનેક પ્રકારનું ૦વ્રીહિ પું૦ જેમાં પૂર્વપદ વિશેષણ હોય અને ઉત્તરપદ વિશેષ્ય હોય તેમ જ આખું સમસ્ત પદ પાછું અન્ય પદનું વિશેષણ હોય તેવો સમાસ(વ્યા). ૦શાસન ન૦ ઘણા જણની સત્તાથી ચાલતું રાજતંત્ર ૦શ્રુત વિ૦ વિદ્વાન ૦સૂત્રી વિ૦ સુતર નહિ એવું, ગૂંચવાયેલું, 'કૉમ્પ્લેક્સ'

બહુચર(-રા,-રાજી,-રી) [સ્ત્રી૦ सं बर्हिन् (પીંછાવાળો – કૂકડો ?) + चर કૂકડાના વાહનથી ફરનારી ?] (સં) એક દેવી

બહેક સ્ત્રી૦ [सं वह् ઉપરથી ?] સુગંધ ૦વું અ૦ક્રિ૦ મઘમઘવું, મહેકવું(૨) [हिं वहकना (सं वह्), સર૦ 'વહી જવું'] ફાટવું, છકી જવું; વઠી જવું -કાટ પું૦ બહેકવું તે -કાવવું સ૦ક્રિ૦ 'બહેકવું'નું પ્રેરક

**બહેડું** ન૦[सं विभीतक, प्रा. वहेडय, સર૦ हिं. वहेडा, म. वेह(–हे)डा] એક ફળ **–ડો** પું૦ બહેડાનું ઝાડ
**બહેડો** પું૦ જુઓ 'બહેડું'માં (૨) [दे. वहल અથવા दे महेड्डु=કાદવ] (ચ) કાદવકીચડ
**બહેતર** વિ૦ [फा. विहतर] ઠીક, સારું; વધારે સારું
**બહેન** સ્ત્રી૦ [सं. भगिनी, प्रा. वहिणिआ, સર૦ हि वह(–हि)न] એક માતા પિતાની કે કાકા, મામા, માસી વગેરેની દીકરી (૨) કોઈ પણ સ્ત્રી (૩) સ્ત્રીના નામ અને તેનો આદરવાચક અનુગ **૦જી** સ્ત્રી૦ [માનાર્થે] બહેન **૦પણાં** ન૦બ૦વ૦ (સ્ત્રીઓની) મિત્રાચારી **૦પણી** સ્ત્રી૦ સાહેલી; સ્ત્રીમિત્ર. **–નાં(–ની)** સ્ત્રી૦ બહેન (પ્યારદર્શક)
**બહેર** સ્ત્રી૦ બહેરાટ (૨) ચેતન ન હોવું તે [**–મારવી**=બહેરું કે જડ થવું]
**બહેરાટ** પું૦, **–શ** સ્ત્રી૦ 'બહેરું' પરથી] બહેરાપણું [**–દાખવવો, મારવો**=બહેરાપણાની અસર હોવી કે લાગવી]
**બહેરું** વિ૦ [सं बधिर, प्रा. वहिर] ન સાભળી શકે તેવું; ઓછું સાભળનારું (૨) ખખડવામાં કસરવાળું (જેમ કે રૂપિયો)(૩)વેદના ન થાય તેવું ઉદા૦ ચામડી બહેરી થઈ જવી(૪)[સુ.] ધમધમાટની કસરવાળી (વાની)
**બહોત, –તાળ** વિ૦ [सं. प्रभूत, प्रा. वहुत्त સર૦ हिं, म. वहुत] પુષ્કળ, વધારે
**બહોરવું** સ૦ક્રિ૦ જુઓ બહારવું, ઝાડુ કાઢવું
**બહોળું** વિ૦ [सं बहुल] મોટું; વિસ્તારવાળું. [**બહોળે હાથે**=છૂટે હાથે; ઉદારતાથી]
**બળ** ન૦ [જુઓ બલ] જોર (૨) લશ્કર [**–આવવું, પકડવું**=બળ મળવું, બળવાળું થવું **–પૂરવું**=બળ ઉમેરવું, મદદ આપવી **–મારવું**=જોર ચાલ્યું જવું] **૦કટ** વિ૦ બળવાન **૦જબરાઈ, ૦જબરી, ૦જોરી** સ્ત્રી૦ જબરદસ્તી. **૦તુલા** સ્ત્રી૦ બળની સમતોલ ગોઠવણી **૦દાયી** વિ૦ બલદાયી **૦ભંગ** પું૦ બળનો ભંગ (૨) વિ૦ બળનું ભાંગેલું **૦વતી** વિ૦ સ્ત્રી૦ બળવાળી **૦વંત, ૦વાન** વિ૦ બળવાળું, સબળ **૦હીણુ(–ન)** વિ૦ બળ વગરનું; નિર્બળ
**બળકણું** વિ૦ ['બળવું' પરથી] બળવાના–બળી ઊઠવાના ગુણવાળું (૨) (લાગણી કે દાઝથી) મનમા બળ્યા કરતા સ્વભાવનું
**બળખો** પું૦ [જુઓ બલગમ; સર૦ म वढका] ગળફો. [**–પડવો**=ગળફો નીકળવો.]
**બળજબરી, –રાઈ, બળજોરી** જુઓ 'બળ'મા
**બળણ** ન૦ [જુઓ બળ઼] બળવું તે **–તણ** ન૦ બાળવાના લાકડા **–તર** સ્ત્રી૦ + બળતરા. **–તરા** સ્ત્રી૦ દાઝવાથી થતી પીડા (૨) મનમાં થતી તેવી લાગણી [**–કરવી**=ચિંતા કરવી (૨) અદેખાઈ કરવી] **–તું** વિ૦ સળગતું (૨) ન૦ સળગતી વસ્તુ (૩) બળતરા (૪) તાપણી કે તાપણું
**બળતુલા** જુઓ 'બળ'મા
**બળદ, –દિયો** પું૦ [दे. वलद्द, સર૦ म. वल्द, –त, हिं वलद] એક ચોપગું (૨) [લા] મૂર્ખ; ગમાર **૦ગાડી** સ્ત્રી૦ બેલગાડી
**બળદાયી** જુઓ 'બળ'મા
**બળદિયો** પું૦ જુઓ બળદ
**બળપારી** વિ૦ [બળ+અપાર] ઘણું મજબૂત
**બળબળ** સ્ત્રી૦ ['બળવું' ઉપરથી] ચિતા (૨) દાઝ (૩) ઈર્ષા **૦તું** વિ૦ બાળે - દઝાડે એવું (૨) પીડાતું
**બળબિંબ** ન૦ એક જાતનું ફળ
**બળબીજ** ન૦ એક ઔષધિ
**બળભંગ** પું૦ જુઓ 'બળ'મા
**બળવતી, બળવંત, બળવાન** જુઓ 'બળ'માં
**બળવું** અ૦ક્રિ૦ [प्रा वल (सं. ज्वल्)] સળગવું (૨) બળતરા થવી(૩)[લા.] ઈર્ષા કરવી. [**બળી એ વાત**=એ વાત પડતી મૂકો **બળ્યું**=મૂઉં; ઉપેક્ષા કે, એ અર્થનો ઉદ્ગાર]
**બળવો** પું૦ [अ वल्वा] બંડ [**–ઊઠવો, જાગવો**=બંડ થવું] **–વાખોર** વિ૦ બંડખોર
**બળહીણુ(–ન)** જુઓ 'બળ'મા
**બળાત્કાર** જુઓ બલાત્કાર
**બળાબળ** જુઓ બલાબલ
**બળાપો** પું૦ ['બળવું' ઉપરથી] કદાપો. સંતાપ.

[-કાઢવો=પોતાના દિલની બળતરા બીજા આગળ કહેવી કે તેની ઉપર કાઢવી—તેને તેનો ભોગ બનાવવો.]
બળિ પું૦ જુઓ બલિ
બળિયા, ૦કાકા ૦બાપજી પું૦ બ૦ વ૦ [બળિયું+કાકા] સૈયડ (૨) એના દેવ (૩) [લા] જરા જરામાં વાંકુ પાડે કે ગુસ્સો કરે એવું માણસ [-આવવા, નીકળવા, પધારવા=સૈયડ નીકળવા. -કાઢવા, ટાંકવા=શીતળાની રસી મૂકવી]
બળિયું વિ૦['બળ' ઉપરથી, દે વલિઅ]જોરાવર
બળિયેલ વિ૦ ['બળવું' ઉપરથી] અદેખું
બળી સ્ત્રી૦ કરાંટાની કરાતી એક વાની
બળૂકું વિ૦ ['બળ' ઉપરથી] બળવાળું
બળેવ સ્ત્રી૦['બલિ' ઉપરથી] શ્રાવણી પૂર્ણિમા
બળોતિયું ન૦ જુઓ બાળોતિયું
બળ્યુંજળ્યું વિ૦ [બળવું+જળવું] ગુસ્સે થયેલું (૨) સંતાપ પામેલું (૩) અદેખું
બંકું વિ૦ [સં वंक ઉપરથી; સર૦ हिं वंका] વાંકું, અટપટું
બંકેરાવ પું૦ [બંકું+રાવ], બંકો વિ૦ પું૦ ['બંકું' ઉપરથી] છેલબટાઉ
બંખારવું સ૦ક્રિ૦ [જુઓ બખારો] બૂમ પાડવી
બંખારો પું૦ [જુઓ બખારો] ઘાંટો; બુમાટો (૨) [બંગ+ખારો] એક જાતનો ખાર
બંગ સ્ત્રી૦ [સં. वङ्ग] કલાઈ (૨) બંગભસ્મ (૩) પું૦ સીસાનો એક ક્ષાર ૦ભસ્મ સ્ત્રી૦ કલાઈની ભસ્મ
બંગ પું૦ [સં वङ्ग, प्रा. वङ्ग] (સં) બંગાળ પ્રાંત. ૦ભંગ પું૦ ઈ. સ. ૧૯૦૫ આદિ સરકારે બંગાળાના ભાગલા કરેલા તે. -ગીય વિ૦ બંગાળનું
બંગ પું૦ રીત; તરેહ (૨) તર્ક; બુટ્ટો (૩) નમૂનો; જાત (૪) વિ૦ નાગું, નિર્લજ્જ
બંગડી સ્ત્રી૦ [સર૦ हिं. बँगली; म. बांगडी] સ્ત્રીઓનું કાંડે પહેરવાનું કાચનું કે ધાતુનું ઘરેણું. [-પહેરવી=નામર્દ બનવું] ૦ખાર પું૦ એક જાતનો ક્ષાર
બંગલી સ્ત્રી૦ [સર૦ हिं., म. बंगला, 'बंगाल' પરથી?] નાનો બંગલો. -લો પું૦એક વિશિષ્ટ જાતનું મકાન
બંગાળ, -ળા પું૦[प्रा वंगाल] (સં.)એ નામનો પૂર્વ હિંદનો પ્રાંત. -ળી વિ૦ બંગાળનું (૨) સ્ત્રી૦બંગાળની ભાષા(૩)પું૦બંગાળનો વતની. [ખાખી બંગાળી=છેક ખાલીખમ, તદ્દન ગરીબ. બંગાળી ઠગ=પાકો ઠગ. -તોલ= ૮૦ રૂપિયાભારના શેર પ્રમાણેનું તોલ.]
બંગાળું ન૦ ['બંગી' ઉપરથી?] એક જાતનો ઘાવગપાટ
બંગી સ્ત્રી૦ નાની ટીલડી; ટપકી
બંગીડો પું૦ ['બંગી' પરથી?] એક જાતનો સાલ્લો
બંટ(-ટિયો) પું૦ ડાંગર સાથે ઊગતું એક હલકું અનાજ
બંટી સ્ત્રી૦ [સર૦ म] એક જાતનું અનાજ
બંઠ વિ૦ [સર૦ म वठ्ठ प्रा. वठ्ठ] બૂઠું (૨) અક્કલ વગરનું
[ભરેલું (૨) કર્કશ
બંઠસ વિ૦ [જુઓ બમઠસ] દાબી દાબીને
બંડ ન૦ [સર૦ म.] હુલ્લડ, બળવો [-ઊઠવું, જાગવું] ૦ખોર વિ૦ બંડ કરનાર
બંડિયું ન૦ ['બંડી' ઉપરથી] બદન, પહેરણ
બંડી સ્ત્રી૦ [સર૦ हिं., म.; જુઓ બાંડું] એક જાતનું બદન
[બંડ કરનાર
બંડિયો પું૦ ['બંડ' ઉપરથી, સર૦ म बंड्या]
બંદગી સ્ત્રી૦[फा.]પ્રાર્થના, ઇબાદત [-ઉઠાવવી =હુકમનું પાલન કરવું -કરવી=પ્રાર્થના કરવી (૨) સલામ ભરવી -ગુજારવી= વિનતિ કરવી, અરજ કરવી.]
બંદર ન૦ [फा, દે वंदिर] દરિયા કે નદીને કિનારે આવેલું વહાણોની આવજા થઈ શકે તેવું સ્થાન(૨)એવા સ્થાનવાળું ગામ. [-કરવું બંદરે આગળ (વહાણે) થોડા વખત માટે લાગરવું કે થોભવું] -રી વિ૦ બંદરને લગતું (૨) ન૦ એક જાતનું ઝીણું કાપડ
બંદલો પું૦ જુઓ બનડો
બંદવો પું૦ [फा वंद ઉપરથી] દેદી
બંદિ(-દી) પું૦[સં]કેદી(૨)જુઓ બંદી,મના
બંદી, ૦જન પું૦[સં] વખાણ કરનાર; ચારણ
બંદી સ્ત્રી૦ [સં] બાંદી, ગુલામડી, બળાત્કારે

પકડી આણેલી સ્ત્રી (૨) સ્ત્રી૦ જુઓ બંધી; મના

**બંદી** પું૦ [सं., फा] કેદી. ૦ખાનું ન૦ કેદખાનું; તુરંગ ૦વાન પું૦ કેદી

**બંદૂ(-ધૂ)ક** સ્ત્રી૦ [अ] દારૂથી ગોળી મારવાનું એક શસ્ત્ર [-છોડવી, ફોડવી = બંદૂકનો બાર કરવો. -તાકવી = બંદૂક વડે નિશાન કરવું -ફૂટવી = બંદૂક છોડવાનો ભડાકો થવો -બતાવવી = બંદૂકથી મારી નાખવાની ધમકી આપવી. -મારવી = બંદૂકનો ગોળીબાર કરવો -ભરવી = બંદૂકમાં દારૂ, ગોળી કે કારતૂસ વગેરે ભરી ફોડવા માટે તૈયાર કરવી.] ૦ચી પું૦ બંદૂકવાળો -કિયું વિ૦ બંદૂકના જેવું -કિયો પુ૦ બંદૂકવાળો, સિપાઈ

**બંદેગાર** પું૦ [फा. वन्द + गार] સેવક; ચાકર, ગુલામ [(એક સંબોધન)

**બંદેનવાજ** વિ૦ [फा.] સેવક ઉપર કૃપા કરનાર

**બંદો** પું૦ [फा.] સેવક; દાસ (૨) પોતે (બડાઈ બતાવવા વપરાય છે) [જાપતો

**બંદોબસ્ત** પું૦ [फा.] વ્યવસ્થા; તજવીજ (૨)

**બંધ** વિ૦ [સર૦ हिं. वंद] વાસેલું; ઉઘાડું નહિ તેવું (૨) અટકેલું ચાલુ નહિ તેવું (૩) નામને અંતે સમાસમાં 'સાથે', 'સહિત', 'વાળું', '-પ્રમાણે, ક્રમથી' એવા અર્થમાં ઉદા૦ ચોકબંધ, ઝપાટાબંધ, હથિયારબંધ. [-પડવું = બંધ થવું, અટકવું]

**બંધ** પું૦ [सं] બાંધવું તે કે તેનું સાધન (૨) તેની ગાંઠ-પકડ (૩) બંધન; કેદ (૪) રચના; ગૂંથણી (૫) પાળ (૬) મુદ્રા (યોગ) (૭) પ્રતિબંધ; અટકાવ. [-નાખવો, બાંધવો, મારવો = બાંધણ વડે જકડવું -બાંધવો = (નદી ઇ૦માં પાણીના રોક માટે) પાળ બાંધવી]

**બંધક** વિ૦ [सं] બંધનકારક

**બંધકી** સ્ત્રી૦ [सं] વેશ્યા [કબજિયાત

**બંધકોશ(-ષ)** પુ૦ [બંધ + કોશ (કોષ્ઠ)]

**બંધણી** સ્ત્રી૦ [सं. बंध् ઉપરથી] કરાર (૨) પાટો

**બંધન** ન૦ [सं] અટકાવ; પ્રતિબંધ (૨) કેદ (૩) બાંધનારી વસ્તુ, તેની પકડ-ગાંઠ ૦કારક, ૦કારી વિ૦ બંધનકારક ૦મુક્ત વિ૦ બંધનમાંથી છૂટેલું

**બંધપેશાબ** પું૦ પેશાબ બંધ થઈ જવાનો રોગ

**બંધબેસતું** વિ૦ [બંધ + બેસવું] બેસતું, ગોઠતું (૨) માફક; અનુકૂળ -વું અ૦ક્રિ૦ બંધબેસતું થવું (૨) કામમાં આવવું; ઠેકાણે પડવું

**બંધવ,-વો** પુ૦ [सं बांधव] ભાઈ

**બંધાણ** ન૦ [બાંધવું પરથી] બંધારણ (પેટ બાંધવાનું) (૨) બાંધવાની વસ્તુ; તેની ગાંઠ-પકડ (૩) પ્રતિબંધ, અટકાવ (૪) વ્યસન. -ણી વિ૦ વ્યસની

**બંધામણ** ન૦, -ણી સ્ત્રી૦ [બાંધવું પરથી] બાંધવાની મજૂરી (૨) બાંધવાની રીત (૩) કરાર

**બંધારણ** ન૦ [બાંધવું પરથી] બાંધણી; રચના (૨) વ્યસન, આદત (૩) પેટે બાંધવાની ઔષધની થેપ (૪) ધારાધોરણ, 'કૉન્સ્ટિટ્યૂશન્'. ૦સભા સ્ત્રી૦ દેશનું બંધારણ ઘડવા માટેની ખાસ પ્રજાકીય સભા; 'કૉન્સ્ટિટ્યુઅન્ટ એસેમ્બ્લી'. -ણીય વિ૦ બંધારણનું કે તેને લગતું કે તેની રીત પ્રમાણેનું

**બંધારો** પુ૦ [બાંધવું પરથી] રંગવાનો ભાગ જુદો બાંધી જુદા જુદા રંગ કરનાર, બાંધણીગર (૨) રેશમી કપડાં ધોઈ કુંદી કરી આપનાર (૩) તમાકુના પડા બાંધનાર (૪) [સુ] પાણીનો બાંધ

**બંધાવવું** સ૦ક્રિ૦ 'બાંધવું'નું પ્રેરક (૨) સાથે લઈ જવા કાંઈક આપવું ઉદા૦ રસ્તા માટે નાસ્તો બંધાવ્યો છે (૩) [લા] કદર કરી બક્ષિસ આપવી ઉદા તેમણે તને શું બંધાવ્યું?

**બંધાવું** અ૦ક્રિ૦ [જુઓ બાંધવું] 'બાંધવું'નું કર્મણિ

**બંધિયાર** વિ૦ [બાંધવું પરથી] હવા અજવાળા વગરનું (સ્થાન) (૨) વહેતું નહિ તેવું (પાણી) [-થઈ જવું = હાથપગ બંધાઈ ગયા હોય તેવું થવું, હરતુંફરતું બંધ થવું (૨) અવાવરું કે સ્થગિત થઈ જવું -પડવું, રહેવું = અવાવરું કે અણવહેતું રહેવું] ૦ખાનું ન૦ બંદીખાનું; કેદ જેવી જગા

**બંધિયો** પું૦ [બાંધવું પરથી] બાંધવાનું દોરડું

**બંધી** સ્ત્રી૦ [सं बंध] મના (૨) પરેજી (૩) પાકી (૪) કરાર (૫) [ચ] દામણી

**બંધુ** પુ૦ [सं.] ભાઈ (૨) સગો. ૦કૃત્ય ન૦

ભાઈચારાનું કામ, મિત્રકાર્ય. ૦જન પું૦સગો; કુટુંબી ૦તા સ્ત્રી૦, ૦ત્વ ન૦ બંધુપણું (૨) ભાઈચારો, મિત્રતા ૦ભાવ પું૦ભાઈના જેટલી પ્રીતિ. ૦વર્ગ પું૦ સગાંસંબંધી. ૦હીન વિ૦ સગાસંબંધી વિનાનું

**બંધુર** વિ૦ [સં.] રમ્ય, મનોહર

**બંધૂક** સ્ત્રી૦, ૦ચી પું૦, -કિયું વિ૦, -કિયો પું૦ જુઓ 'બંદૂક'માં

**બંધે** વિ૦+ જુઓ બંને, બેઉ

**બંને** વિ૦ જુઓ બન્ને; બેઉ

**બંબ** વિ૦ [સર૦ મ] મોટું; કદાવર (૨) પું૦ [સર૦ हिं ; રવ૦] બાયું, મૃદંગનો ને ભાગ (૩) ડંકો (૪) [?] બાવળ [-બજાવવો = માર મારવો -બાજરી આપવી = માર મારવો -વાગવો = ખાલીખમ થઈ જવું, ધનદોલત ન રહેવાં]

**બંબબંબ** વિ૦ ['બંબ' ઉપરથી] જૂઠેજૂઠું; અવેર [-ચલાવવું, ઠોકવું = ડિંગ માર્યા કરવી; ગપ ચલાવવી.]

**બંબો** પું૦ [સર૦ हिं बंबा; મ बंब; સ. बंबा; पो. पोंपा] પાણી કાઢવાનું યંત્ર (૨) આગ ઓલવવા માટે પાણી ફેંકવાનું યંત્ર (૩) પાણી ગરમ કરવાનું એક પ્રકારનું વાસણ (૪) પાણીનો મોટો નળ -બાખાનું ન૦ આગનો બંબો રાખવાનું સ્થળ. -બાવાળો પું૦ બંબો લઈ આગ ઓલવનાર માણસ

**બંસરી** સ્ત્રી૦ [બંસી ઉપરથી] વાંસળી, વેણુ

**બંસી** સ્ત્રી૦ [સં वंशी, પ્રા वंसी] બંસરી વાંસળી. ૦ધર પું૦ (સં.) શ્રીકૃષ્ણ ૦બ(-વ)ટ પું૦ (સં) ગોકુળનો એક પ્રખ્યાત વડ

**બા** સ્ત્રી૦ [સર૦ મ, દે वाइया] મા (૨) વડીલ સ્ત્રીના નામ પાછળ લગાડાતો શબ્દ; જેમ કે કસ્તૂરબા (૩) અ૦[સર૦ દે. वाअ] વહાલનો એક ઉદ્ગાર ૦ઘેલું વિ૦ માઘેલું

**બાઇબલ** ન૦ [इं] ખ્રિસ્તી લોકોનો ધર્મગ્રંથ

**બાઇસ** પું૦ [अ] કારણ; બાયસ (૨) [सु] ખોટું બહાનું [પાયગાડી

**બાઇસિકલ** સ્ત્રી૦ [इं] બે પૈડાંની સાઇકલ,

**બાઈ** સ્ત્રી૦ [દે. वाइया] કોઈ પણ સ્ત્રી, બાઈડી (૨) સ્ત્રીનાં નામ પાછળ લગાડાતો માનસૂચક શબ્દ (૩) સાસુ (૪) નોકરડી. [બાઈ બાઈ ઓબલે ધાણી = ભીખ માગવી એક જાતની રમત] ૦કલ્યાણી વિ૦ બાયલું; નમાલું (૨) સ્ત્રી૦ ભીખ (૩) આજીજી, કાલાવાલા. [-કરવી = ભીખ માગવી] ૦જી સ્ત્રી૦ સાસુ. ૦(-ય)ડી સ્ત્રી૦ કોઈ પણ સ્ત્રી (૨) પત્ની. [-કરવી. = પરણવું -રાખવી = રખાત રાખવી બાયડીઓ બેસવી=મોકાણ મંડાવી; કુસંપ થવો.] ૦બાઈ ચાલ(-ળ)ણી સ્ત્રી૦ એક રમત, ચલકચલાણું. ૦માણસ ન૦ બૈરું

**બાઉ, ૦વો** પું૦ [રવ૦] લાડવો (બાળભાષા)

**બાઉ** (બાં') પું૦ [સર૦ મ] (સુ) બહાઉ; હાઉ

**બાઉ(-વ)લું** ન૦ પશુનો આંચળવાળો અવયવ

**બાકરવડી** સ્ત્રી૦ [સર૦ મ] એક પકવાન

**બાકરી** સ્ત્રી૦ હઠથી સામે ઝઘડવું તે; મમતભર્યું વેર. [-બાંધવી = મમત પર ચડી સામું થવું, વેર કરવું] [(દીવાસળી કે સાબુની)

**બાકસ** ન૦ [इं बॉक्स, સર૦ हिं, म] પેટી

**બાકળા** પું૦ બ૦ વ૦ [अ बाकला] આખું બાફેલું કઠોળ [-આપવા, નાખવા = બાકળાનો બલિ આપવો (૨) લાંચ આપવી]

**'બાકાત** વિ૦ જુઓ બકાત

**બાકી** વિ૦ [अ] ખૂટતું(૨)વધેલું(૩)ગણતરીમાં લેવામાં રહેલું (જેમ કે સરવાળા ઇ૦ ગણતાં), શેષ (૪) સ્ત્રી૦ સિલક, ગણતાં છેવટે રહેતું જમા તે (૫) પત્યા વગર રહેલી કે ચૂકતે કરવામાં ચડેલી રકમ (૬) અ૦ નહિ તો. [-કાઢવી = છેવટે રહેતી સિલક ગણી કાઢવી -ને નકકી કરવી (૨) ચડેલી બાકી ગોધી કાઢીને કહેવી કે માગવી -ખેંચવી, તાણવી = હિસાબે નીકળતી બાકી કે સિલક રકમ આગળ ખાતામાં લઈ જવી] ૦તાકી વિ૦ બાકી રહેલું (૨) સ્ત્રી૦ માગતું, લહેણું

**બાકું(-ખું, -કોરું)** ન૦ [જુઓ બખું] કાણું. [-પાડવું = કાણું કરવું]

**બાખડવું** અ૦ક્રિ૦ [જુઓ બખેડો] આખડવું; વઢવું; કજિયો કરવો

**બાખડું** વિ૦ [સં वष्कयिणि, સર૦ મ. बाकड़,

हिं वाकरी] વિયાયાને જેને ઘણો વખત થઈ ગયો હોય તેવું (ઢોર)

**બાખાબોલું** વિ૦ આખાબોલું; તડ ને ફડ કહી દેનારું, નિખાલસ [જુઓ બાકું

**બાખું** વિ૦ [જુઓ બાકું] રંગીલું (૨) ન૦

**બાગ** પું૦ [फा.] બગીચો **૦વાન** પું૦ [+ फा. वान] માળી. **–ગાયત** સ્ત્રી૦ [फा. वागात] બગીચામાં થતી ખેતી, શાકભાજી (૨) વિ૦ કૂવાના પાણીથી થતી (ખેતી) **–ગાયતી** વિ૦ ફળફૂલના ઝાડ ઉછેરવા લાયક (જમીન)

**બાગડોર** સ્ત્રી૦ [हि.; वाग=લગામ + દોર] લગામ [વાગેશ્રી રાગ કે તેનું ગીત

**બાગેસરી** પું૦ [જુઓ વાગેશ્રી, સર૦ हिं., म.]

**બાઘડ(–ડું)** વિ૦ જુઓ બાઘું (૨) બિહામણું **–ડો** પું૦ તેવો માણસ

**બાઘું** વિ૦ [सं व्यग्र, प्रा. वग्ग? સર૦ म. वाग्या] મૂઢ, ગતાગમ વિનાનું **–ઘાઈ** સ્ત્રી૦ બાઘાપણું. **–ઘાં** ન૦બ૦વ૦ [સર૦ म. वर्वे = જોવું] બાવાં; ફાંફાં [**–મારવાં**]

**બાચકો** પું૦ [બચકો પરથી? સર૦ म वाचकें] મૂઠી કે કલ્લો યા તેમાં આવે એટલું તે (૨) પાંચે આગળાં વડે ભરેલો ચીમટો–વલૂરો. [**બાચકા ભરવા**=મૂઠે ને મૂઠે લેવું (૨) પંજાના ચીમટા–વલૂર ભરવા]

**બાજ** પું૦ [फा] એક શિકારી પક્ષી, શકરો (૨)[લા.] ઘોડો (૩) વિ૦ [फा. वाज (वाख्तन)] નામને લાગતા 'વાળું', 'અનુરક્ત' વગેરે અર્થો બનાવતો પ્રત્યય. ઉદા૦ દગલબાજ, રંડીબાજ

**બાજ** પું૦ [सं वाज, સર૦ म] સતારનો પહેલો તાર, જેના પર આંગળીઓ રાખી વગાડવામાં આવે છે

**બાજ** સ્ત્રી૦; ન૦, **૦ઠું**, **૦ણું** ન૦ [सं व्यजन, प्रा वीजण=પંખો] પતરાળું [**–માંડવી**= પીરસવા પતરાળું મૂકવું]

**બાજખેડાવાળ** પું૦ [सं वाज+ખેડાવાળ] ખેડાવાળ બ્રાહ્મણનો એક ભેદ

**બાજઠ** પું૦ [सं पादपृष्ठ, प्रा पायपीढ; સર૦ म वाजट] ચારપાયાવાળું એક જાતનું આસન

**બાજઠું, –ણું** ન૦ જુઓ 'બાજ'માં

**બાજરી** સ્ત્રી૦ [સર૦ हिं वाजरा] એક અનાજ. **–રિયું** ન૦ બાજરીનું ડૂંડું (૨) એક ઘરેણું. [**–વધવું**=હજામત વધવી] **–રિયો** પું૦ બાજરીના લોટનો કંસાર (૨) બાજરીને છાશમાં રાંધી બનાવેલી એક વાની **–રો** પું૦ મોટા દાણાની બાજરી

**બાજંદ** પું૦ (સં ) બલખ બુખારાનો એક ખાન (તેનું વહાલું ઊંટ મરી જતાં તે ફકીર થઈ ગયેલો)

**બાજંદું** વિ૦ [फा वाजंदह] ધૂર્ત, કાબું; પહોંચેલું. **–દાઈ** સ્ત્રી૦ બાજંદાપણું. **–દાવેડા** પું૦બ૦વ૦ ધૂર્તતા; દોંગાઈ

**બાજિયાકાર** પું૦ ભવાડો, ફજેતો [**–ગવાવા** =ભવાડા થવા (સ્ત્રીઓમાં)]

**બાજી** સ્ત્રી૦ [फा] જે પાટિયા કે કપડા ઉપર રમત મંડાય તે (૨) સોગટાં કે ગંજીફાની રમત (૩) હાથ (ગંજીફામાં) (૪) યુક્તિ, પ્રપંચ. [**–ખેલવી**=જુઓ બાજી રમવી **–ગોઠવવી** =જુઓ બાજી રચવી **–જવી**=જુઓ બાજી બગડવી **–જીતવી**=ફાવવું, યશસ્વી રીતે કામ પાર પાડવું **–બગડવી**=યોજના નિષ્ફળ જવી **–માંડવી**=સોગટાબાજી ઢાળવી–ખેલવી (૨) કાર્યસાધક યોજના યોજવી. **–રચવી**=બાજીનો સરંજામ ગોઠવવો (૨) યુક્તિ કરવી **–રમવી**=બાજીની રમત રમવી (૨) દાવપેચ રમવા. **–હાથથી જવી**= યોજના ધૂળ મળવી, યોજનાનો દોર હાથમાંથી ચાલ્યો જવો **–હારવી**=બાજીમાં હાર ખાવી (૨) યુક્તિ કે દાવપેચ નિષ્ફળ જવાં] **૦ગર** પું૦ મદારી, જાદુગર [**બાજીગરનું રમકડું**= સ્વતંત્ર વ્યક્તિત્વ વિનાનું–બીજાનું નચવ્યું નાચે તેવું માણસ] **૦ગરી** બાજીગરપણું (૨) ખેલ, તમાસો (૩) યુક્તિપ્રયુક્તિ, પ્રપંચ

**બાજુ,–જૂ** [फा] સ્ત્રી૦ છેડો; અંત (૨) દિશા, પાસું, પડખું (૩) પક્ષ; તરફેણ [**બાજુએ બેસવું**=સ્ત્રીને અડકાવ આવવો (૨) કામમાંથી ખસી જવું, તટસ્થ રહેવું **બાજુ લેવી**=પક્ષ લેવો.] **૦(–જૂ)બંધ** પું૦ હાથનું એક ઘરેણું

**બાજે** વિ૦ [अ वअज, સર૦ म] એકાદું, ગમે તે કોઈ એક

બાજોઠ પું૦ [સર૦ મ. बाजोट] જુઓ બાજઠ. -ઠી સ્ત્રી૦ નાનો બાજઠ
બાજોઠિયું ન૦ એક વનસ્પતિ; ગગેટી
બાઝવું સ૦ક્રિ૦ [સં. बद्ध, प्रा. बज्झ ઉપરથી] વળગવું (૨) અ૦ક્રિ૦ લડવું; ટંટો કરવો
બાઝંબાઝા(-ઝી), બાઝાબાઝ(-ઝી) સ્ત્રી૦ [જુઓ બાઝવું] લડાઈ; ટંટો
બાટ પું૦ [સં. पिष्ट?] બાફેલો લોટ કે સાર (૨) ન૦ [હિ बांट, म बाट] કાટલાનો સટ, બાટ
બાટકવું અ૦ક્રિ૦ ['બટકું' ઉપરથી] વળગવુ (૨) ઝઘડવું
બાટલી સ્ત્રી૦ [इ बॉटल, સર૦ हिं., म]શીશી [-પીવી=દારૂ પીવો. -ભગત=દારૂનો વ્યસની]-લો પું૦ શીશો. [બાટલા ભરવા =શીશામાં ભરવું (૨) રોજ દવા લાવવી - તેવી જરૂર પડવી, હમેશના દર્દી હોવું]
બાટાચૂર અ૦ ખૂબ
બાટી સ્ત્રી૦ [સર૦ हिं., म] છાણાની આંચથી શેકેલો કણકનો ગોળો કે જાડી ભાખરી
બાડું ન૦ [જુઓ બાટું; સર૦ મ. बाटुक] નીચવ્યા વિનાનો જરખાજરીનો સાઠો
બાઠું વિ૦ [સં. वंठ] (સુ) બાઠ, ઠીંગણું,વામન
બાડું વિ૦ ત્રાસા ડોળાવાળુ કે નજરવાળુ [બાડી આંખે (નજરે) જોવું=પોતે જોતા નથી એવો દેખાવ રહે તેમ આખ ત્રાસી કરીને છાનુમાનું જોવુ (૨) ઉપેક્ષાની નજર રાખવી બાડું જોવું=બાડી આખ હોવી,બાડુ હોવુ]
બાઢ(-ઢુ)ણું વિ૦ [સ वट्टक, प्रा वड्डअ]+ બાપડું, ગરુ, ઠચામણુ
બાઢમ્ અ૦[સં.] ભલે; ઠીક(૨)+બધ -મ ન૦ [લા] મીડું, શૂન્યતા (વ્યગમા)
બાઢુવું વિ૦ જુઓ બાડુવુ
બાણ ન૦[સં] તીર(૨)એક આતશબાજી (૩) લઅગોળ પથ્થર (શિવલિંગ)(૪)જ્યા ભરતીનુ પાણી આવતું હોય તે ખાડીની જમીન (૫) ખેતરની હદ બતાવવા દાટેલો પથ્થર કે બીજી વસ્તુ(૬)પગલુ(૭)[સં] બાણાસુર [-કાઢવું =પગલુ ખોળી કાઢવુ -ચઢાવવું, તાણવું= પણછ ઉપર બાણ ગોઠવી છોડવાની તૈયારી કરવી -છોડવું, મારવું, મૂકવું=ધનુષથી બાણને જવા દેવુ] -ણાકાર વિ૦ બાણના ફળના આકારનું -ણાસુર પું૦ (સં.) એક રાક્ષસ; ઓખાનો પિતા. -ણાવળી પુ૦ બાણ મારવામા હોશિયાર યોદ્ધો
બાણવું અ૦ક્રિ૦ ['બાણી' ઉપરથી] સાટું કે કબાલો કરવો ['બાણ'માં
બાણાકાર, બાણાસુર, બાણાવળી જુઓ
બાણી સ્ત્રી૦ [સ वाणी] ઠરાવેલી મુદત (૨) શરત; કબૂલાત (૩) [જુઓ બોણી] શુકનમા અપાતી ભેટ(૪)[સર૦ हिं. वाना=કાપડ;સં. वयन?] એક જાતનુ કાપડ [-કરવી=શરત-કબૂલાત કરવી -કરાવવી=માલ ખરીદી શુકન કરાવવા -આપવી=શુકનની ભેટ આપવી] ['૯૨'
બાણુ(-ણું) વિ૦ [સં द्वानवति, प्रा वाणउइ]
બાતમી સ્ત્રી૦[अ वातिनी, સર૦ म] સમાચાર (૨)ભાળ ૦દાર વિ૦(૩) પુ૦ખબર લાવનાર ૦ખાતું ન૦ બાતમી મેળવનાર ખાતુ
બાતલ વિ૦ [अ वातिल] રદ, નકામુ (૨) કાઢી મૂકેલુ
બાતી સ્ત્રી૦ [हिं] બત્તી
બાતેન વિ૦ [फा वातिन] ગુપ્ત, છાનુ
બાથ સ્ત્રી૦ [બે+હાવ?] બે હાથ પહોળા કરી દીધેલી પકડ (૨) ટક્કર. [-ભરવી, ભીડવી, લેવી=બાથમા લેવુ, ભેટવુ (૨) મોટું કામ હિંમતભેર ઉપાડવું (૩) ટક્કર ઝીલવી. બાથમાં ઘાલવું, લેવું=બે હાથ પહોળા કરી, વચમાં ભીડવુ-પકડવું (૨) આશ્રયમા લેવું] [ગુસલખાનું
બાથરૂમ સ્ત્રી૦ [इं] નાહવાની ઓરડી,
બાથંબાથા(-થી) સ્ત્રી૦ ['બાથ' ઉપરથી] સામાસામી બાઝવુ તે
બાથોડિયું ન૦ ['બાથ' ઉપરથી] વલખાં (૨) પ્રયત્ન [બાથોડિયાં ભરવાં, મારવાં]
બાદ વિ૦ [अ] બાતલ; કમ [-કરવું] (૨) અ૦ પછી ૦બાકી સ્ત્રી૦ બાદ કરવાની રીત (ગ) (૨) બાદ કરતા રહેલી રકમ
બાદરાયણ પું૦ [સં.] (સ) વેદવ્યાસ

हि वाकरी] વિયાયાને જેને ઘણો વખત થઈ ગયો હોય તેવુ (ઢોર)

**બાખાબોલું** વિ૦ આખાબોલું; તડ ને ફડ કહી દેનારું; નિખાલસ [જુઓ બાકું

**બાણું** વિ૦ [જુઓ બાકુ] રગીલુ (૨) ન૦

**બાગ** પુ૦ [फा] બગીચો **૦વાન** પું૦ [+ फा वान] માળી. **–ાયત** સ્ત્રી૦ [फा. बागात] બગીચામાં થતી ખેતી, શાકભાજી (૨) વિ૦ કૂવાના પાણીથી થતી (ખેતી) **–ાયતી** વિ૦ ફળફૂલના ઝાડ ઉછેરવા લાયક (જમીન)

**બાગડોર** સ્ત્રી૦ [हि., वाग=લગામ + દોર] લગામ [વાગેશ્રી રાગ કે તેનું ગીત

**બાગેસરી** પુ૦ [જુઓ વાગેશ્રી, સર૦ हि., म]

**બાઘડ(–ડું)** વિ૦ જુઓ બાઘું(૨)બિહામણું **–ડો** પુ૦ તેવો માણસ

**બાઘું** વિ૦ [सं. व्यग्र, प्रा. वग्ग? સર૦ म. वाग्या] મૂઢ, ગતાગમ વિનાનુ **–ઘાઈ** સ્ત્રી૦ બાઘાપણું. **–ઘાં** ન૦બ૦વ૦ [સર૦ म वर्णे =જોવું] બાઘા; ફાંફાં [**–મારવાં**]

**બાચકો** પું૦ [બચકા પરથી? સર૦ म. वाचकें] મૂઠી કે કલ્લો યા તેમાં આવે તેટલુ તે (૨) પાંચે આગળા વડે ભરેલો ચીમટો–વલૂરો [**બાચકા ભરવા**=મૂઠે ને મૂઠે લેવુ(૨)પંજાના ચીમટા–વલૂરા ભરવા]

**બાજ** પું૦ [फा] એક શિકારી પક્ષી, શકરો (૨)[લા.] ઘોડો(૩) વિ૦ [फा. बाज (वाख्तन)] નામને લાગતા 'વાળું', 'અનુરક્ત' વગેરે અર્થો બનાવતો પ્રત્યય. ઉદા૦ દગલબાજ, રડીબાજ

**બાજ** પુ૦ [सं. वाज, સર૦ म] સતારનો પહેલો તાર, જેના પર આગળીઓ રાખી વગાડવામા આવે છે

**બાજ** સ્ત્રી૦; ન૦, **૦ઠું**, **૦ણું** ન૦ [स व्यजन, प्रा वीजण=પખો] પતરાળું [**–માંડવી**= પીરસવા પતરાળું મૂકવું]

**બાજખેડાવાળ** પુ૦ [सं वाज+ ખેડાવાળ] ખેડાવાળ બ્રાહ્મણનો એક ભેદ

**બાજઠ** પું૦ [स. पादपृष्ठ, प्रा पायपीढ; સર૦ म वाजट]ચાર પાયાવાળુ એક જાતનું આસન

**બાજઠું,–ણું** ન૦ જુઓ 'બાજ'માં

**બાજરી** સ્ત્રી૦ [સર૦ हिं. वाजरा] એક અનાજ **–રિયું** ન૦ બાજરીનું ડૂડું (૨) એક ઘરેણું. [**–વધવું**=હજામત વધવી.] **–રિયો** પુ૦ બાજરીના લોટનો કે સાર(૨) બાજરીને છાશમાં રાધી બનાવેલી એક વાની **–રો** પુ૦ મોટા દાણાની બાજરી

**બાજંદ** પું૦ (स ) બલખ બુખારાનો એક ખાન (તેનુ રૂપાળું ઊંટ મરી જતા તે ફકીર થઈ ગયેલો)

**બાજંદું** વિ૦ [फा बाजदह] ધૂર્ત, લોંગું, પહોંચેલુ **–દાઈ** સ્ત્રી૦ બાજંદાપણું.**–દાપો** પુ૦બ૦વ૦ ધૂર્તતા, લોગાઈ

**બાજિયાકાર** પુ૦ ભવાડો, ફજેતો [**–ગવાવા** =ભવાડા થવા (સ્ત્રીઓમા)]

**બાજી** સ્ત્રી૦ [फा] જે પાટિયા કે કપડા ઉપર રમત મડાય તે (૨) સોગટા કે ગજીફાની રમત (૩) હાથ (ગંજીફામા) (૪) યુક્તિ, પ્રપચ [**–ખેલવી**=જુઓ બાજી રમવી **–ગોઠવવી** =જુઓ બાજી રચવી **–જવી**=જુઓ બાજી બગડવી. **–જીતવી**=ફાવવુ, યશસ્વી રીતે કામ પાર પાડવુ **–બગડવી**=યોજના નિષ્ફળ જવી **–માંડવી**=સોગટાબાજી ઢાળવી–ખેલવી (૨) કાર્યસાધક યોજના યોજવી. **–રચવી**=બાજીનો સરંજામ ગોઠવવો (૨) યુક્તિ કરવી **–રમવી**=બાજીની રમત રમવી (૨) દાવપેચ રમવા **–હાથથી જવી**= યોજના ધૂળ મળવી,યોજનાનો દોર હાથમાથી ચાલ્યો જવો **–હારવી**=બાજીમા હાર ખાવી (૨) યુક્તિ કે દાવપેચ નિષ્ફળ જવા] **૦ગર** પુ૦ મદારી,જાદુગર [**બાજીગરનું રમકડું**= સ્વતંત્ર વ્યક્તિત્વ વિનાનુ–બીજાનુ નચવ્યુ નાચે તેવુ માણસ] **૦ગરી** બાજીગરપણું (૨) ખેલ, તમાસો (૩) યુક્તિપ્રયુક્તિ, પ્રપંચ

**બાજુ,–જૂ** [फा] સ્ત્રી૦ છેડો; અત (૨) દિશા; પાસુ; પડખુ (૩) પક્ષ; તરફેણ [**બાજુએ બેસવું**=સ્ત્રીને અડકાવ આવવો(૨)કામમાથી ખસી જવુ,તટસ્થ રહેવુ. **બાજુ લેવી**=પક્ષ લેવો.] **૦(–જૂ)બધ** પું૦ હાથનુ એક ઘરેણું

**બાજે** વિ૦ [अ बअ्ज़, સર૦ म] એકાદું;ગમે તે કોઈ એક

બાજોઠ પુ૦ [સર૦ મ. वाजोट] જુઓ બાજઠ. -ઠી સ્ત્રી૦ નાનો બાજઠ
બાજોઠિયું ન૦ એક વનસ્પતિ; ગંગેટી
બાઝવું સ૦ક્રિ૦ [સ वद्ध, प्रा. वज्झ ઉપરથી] વળગવું (૨) અ૦ક્રિ૦ લડવું; ટંટો કરવો
બાઝંબાઝા(-ઝી), બાઝાબાઝ(-ઝી) સ્ત્રી૦ [જુઓ બાઝવું] લડાઈ; ટંટો
બાટ પુ૦ [સં पिष्ट?] બાફેલો લોટ-કસાર (૨) ન૦ [હિ. बाट, म. बाट] કાટલાનો સટ; બાટ
બાટકવું અ૦ક્રિ૦ ['બટકું' ઉપરથી] વળગવું (૨) ઝઘડવું
બાટલી સ્ત્રી૦ [इ बॉटल; સર૦ हिं, म.]શીશી [-પીવી = દારૂ પીવો -ભગત = દારૂનો વ્યસની ]-લો પુ૦ શીશો [બાટલા ભરવા = શીશામા ભરવું (૨) રોજ દવા લાવવી - તેવી જરૂર પડવી; હમેશના દર્દી હોવું ]
બાટાચૂર અ૦ ખૂબ
બાટી સ્ત્રી૦ [સર૦ हिं., म ] છાણાની આંચથી શેકેલો કણકનો ગોળો કે જાડી ભાખરી
બાડુ ન૦ [ જુઓ બાઢું; સર૦ म. वाडुक ] નીઘલ્યા વિનાનો જારબાજરીનો સાંઠો
બાઢું વિ૦ [સં वठ] (સુ.) બાઠ, ઠીંગણું;વામન
બાડું વિ૦ ત્રાસા ડોળાવાળું કે નજરવાળું [બાડી આંખે (નજરે) જોવું =પોતે જોતા નથી એવો દેખાવ રહે તેમ આખ ત્રાસી કરીને છાનુમાનુ જોવુ (૨) ઉપેક્ષાની નજર રાખવી. બાડું જોવું = બાડી આખ હોવી;બાડું હોવું ]
બાડુ(-ઢુ)વું વિ૦ [स वट्टक, प्रा. वडुअ] + બાપડું; રાંક, દયામણું
બાઢમ્ અ૦[સ.] ભલે; ઠીક(૨) + બધ -મ ન૦ [લા ] મીડું, શૂન્યતા (વ્યગમા)
બાઢુવું વિ૦ જુઓ બાડુવું
બાણ ન૦[સં.] તીર(૨)એક આતશબાજી (૩) લબગોળ પથ્થર (શિવલિંગ)(૪)જ્યા ભરતીનુ પાણી આવતુ હોય તે ખાડીની જમીન (૫) ખેતરની હદ બતાવવા દાટેલો પથ્થર કે બીજી વસ્તુ(૬)પગલુ (૭)[સં ] બાણાસુર [-કાઢવું = પગલુ ખોળી કાઢવું -ચડાવવું, તાણવું = પણછ ઉપર બાણ ગોઠવી છોડવાની તૈયારી કરવી -છોડવું, મારવું, મૂકવું = ધનુષથી બાણને જવા દેવુ ] -ણાકાર વિ૦ બાણના ફળના આકારનું. -ણાસુર પું૦ (સં.) એક રાક્ષસ; ઓખાનો પિતા. -ણાવળી પુ૦ બાણ મારવામા હોશિયાર યોદ્ધો
બાણવું અ૦ક્રિ૦ ['બાણી' ઉપરથી] સાટું કે કબાલો કરવો ['બાણ'મા
બાણાકાર, બાણાસુર, બાણાવળી જુઓ
બાણી સ્ત્રી૦ [સ वाणी] ઠરાવેલી મુદત (૨) શરત, કબૂલાત (૩) [જુઓ બોણી] શુકનમા અપાતી ભેટ(૪) [સર૦ हिं. बाना = કાપડ; સં. वयन?] એક જાતનુ કાપડ [-કરવી = શરત-કબૂલાત કરવી. -કરાવવી = માલ ખરીદી શુકન કરાવવા -આપવી = શુકનની ભેટ આપવી ] ['દર'
બાણું(-ણુ ) વિ૦ [સ द्वानवति, प्रा वाणउइ]
બાતમી સ્ત્રી૦[अ वातिनी, સર૦ म ] સમાચાર (૨)બાળ ૦દાર વિ૦(૩) પુ૦ખબર લાવનાર. ૦ખાતું ન૦ બાતમી મેળવનારુ ખાતુ
બાતલ વિ૦ [अ वातिल] રદ, નકામુ (૨) કાઢી મૂકેલું
બાતી સ્ત્રી૦ [हिं] બત્તી
બાતેન વિ૦ [फा वातिन] ગુપ્ત, છાનુ
બાથ સ્ત્રી૦ [બે + હાથ?] બે હાથ પહોળા કરી દીધેલી પકડ (૨) ટક્કર [-ભરવી, ભીડવી, લેવી = બાથમા લેવુ, ભેટવુ (૨) મોટું કામ હિંમતભેર ઉપાડવું (૩) ટક્કર ઝીલવી. બાથમાં ઘાલવુ, લેવું = બે હાથ પહોળા કરી, વચમા ભીડવુ - પકડવુ (૨) આશ્રયમા લેવું ] [ગુસલખાનું
બાથરૂમ સ્ત્રી૦ [इं.] નાહવાની ઓરડી;
બાથંબાથા(-થી) સ્ત્રી૦ [ 'બાથ' ઉપરથી ] સામાસામી બાઝવુ તે
બાથોડિયું ન૦ ['બાથ' ઉપરથી] વલખા (૨) પ્રયત્ન [બાથોડિયાં ભરવાં, મારવાં]
બાદ વિ૦ [अ ] બાતલ, કમ [-કરવું] (૨) અ૦ પછી ૦બાદી સ્ત્રી૦ બાદ કરવાની રીત (ગ ) (૨) બાદ કરતા રહેલી રકમ
બાદરાયણ પું૦ [સં] (સ ) વેદવ્યાસ

(માનવાચક) (૨) [કૃષ્ણની માસી પૂતના પરથી?] ડાકણ. [–વળગવી=ડાકણ વળગવી.]

**બામ્બુ** પુ૦ [ઇં.] વાંસ; બાંબુ

**બાયડ** વિ૦ [સં वाह्य] જુઓ બહિષ્કૃત

**બાયડી** સ્રી૦ [દે वाइया] બાઈડી;સ્રી(૨)ની

**બાયલું** વિ૦ [બાઈ+લું] નામર્દ, બીકણ (૨) બૈરીને વશ. –લાઈ સ્રી૦ –લાવેડા પુ૦ બ૦ વ૦ બાયલા જેવું વર્તન

**બાયસ** પુ૦ [જુઓ બાઇસ] સબબ

**બાયું** ન૦[સર૦ हिं. वार्या, म. वाया] નરઘાંની જોડમાનું નાનું [વગેરેનો અવાજ

**બાર** પું૦ [સર૦ म. वार=જખમ] બંદૂક

**બાર** ન૦ [સં द्वार, वार, प्रा.] બારણું (૨) આગણું (૩) ડેલી [–ઉઘાડવાં=બારણાં ખોલવા –દેવું=બારણું બંધ કરવું –ભિડાવવાં=બારણાં વાસી દેવા ]

**બાર** વિ૦ [સં. द्वादशन्, प्रा. बार] '૧૨'. [–કોળાં ને તેર લાગા=માલની કિંમત કરતા લાગા–જકાતવેરા વધારે હોવા તે. **બારનું ચોથ કરવું**=અણઘડપણાથી કામ ઊંધું મારવું. –નું ચોથ (કરતાં) આવડવું=કાંઈ પણ આવડવું. –**પાદશાહી**=બાર બાદશાહી –**બંદરનાં પાણી પીધાં હોવાં**=ઘણી મુસાફરી કરીને ચતુર તથા પાવરધા થયા હોવું. –**બાદશાહી**=સંપૂર્ણ સુખચેન –**બાપની ચેલ**=એક એકથી જુદા મતના–પરસ્પર મેળ ન ખાય એવા માણસોનો સમૂહ; જેમાં બધા હક કરનારા હોય પણ કામ કરનાર કોઈ ન હોય –**ભૈયા ને તેર ચોકા**=વર્ણભેદ –આભડછેટની અતિશયતા –**મણની બાજરી** = પૂરતું હોવું તે, સુખચેન; નિશ્ચિંતપણું. –**મણની સંભળાવવી**= મોટી ખરાબ ગાળ ભાંડવી. –**વરસનું**= જુવાન ને જોમભર્યું (ઉદા૦ બાર વરસનો બેઠા છે). –**વરસે**=ઘણે લાંબે વખતે–ગાળે. –**વાગવા**=આવી બનવું, આફત આવી પડવી. **બારે દરવાજા ખુલ્લા**= ઘરમાં ગમે ત્યા જઈ શકાવું,ગમે ત્યાં જવાની છૂટ હોવી **બારે દહાડા ને બત્રીસે ઘડી** =હરહમેશ **બારે ને ચારે**=સદાકાળ. **બારે બાગોળો મોકળી**=પૂરી છૂટ, પૂરી સ્વતંત્રતા **બારે મહિના ને તેરે કાળ**= હંમેશા, આખું વર્ષ **બારે મેહ ઊલટવા** =ભારે વરસાદ થવો **બારે મેહ વરસવા**= ભારે વરસાદ થવો (૨) સર્વ પ્રકારે રિદ્ધિસિદ્ધિ પ્રાપ્ત થવી. **બારે વાટ ખુલ્લી**=જુઓ બારે દરવાજા ખુલ્લા ] ૦**પેજી** વિ૦ [બાર+પેજ (ઇં)] બાર પૃષ્ઠવાળું ૦**માસી** વિ૦ બાર માસનું(૨)સ્રી૦ બારે માસ ફૂલ આપતો એક છોડ. ૦**મું** વિ૦ ક્રમમા અગિયાર પછીનું (૨) ન૦ મરનારનો બારમો દિવસ કે તે દિવસે કરાતી ક્રિયા–વરો [–કરવું.=કાંઈ નહિ ઉદા૦એ શું આપતું બારમું કરવાનો છે?) ] –**મો ચંદ્રમા** પુ૦ [લા ] અણબનાવ, વિરોધ [–હોવો]. ૦**શ(–સ)** સ્રી૦ [સં. द्वादश, प्रा बारस= ૧૨મું] બારમી તિથિ, દ્વાદશી [–નાખવી= સગવણીને દહાડે સંબંધીઓ તરફથી રકમ આપવી –**બેસવી**=દુર્દશા થવી.–**વહેંચવી** =સગાસંબંધીને સગવણીને દહાડે નાણાં વહેંચવાં –**હોવી**=કામ કરવાનો કંટાળો હોવો ]

**બારકસ** ન૦ [फा वारकश] માલ લઈ જનાર [વહાણ

**બારખલી(–ળી)** વિ૦ ઓછી આંકણીનું–મહેસૂલનું (૨) સ્રી૦ માફી જમીન [હજૂર

**બારગાહ** સ્રી૦ [फा.] દરબાર, મોટા માણસની

**બારગીર** પું૦ [फा.] ઘોડેસવાર સૈનિક (શિલેદારથી ઊલટો–જેનો ઘોડો, સામાન વગેરે માલિક પૂરા પાડે છે)

**બારડ** પું૦, –ડી સ્રી૦ [સર૦ म.] નેતર

**બારણું** ન૦ [સં वार; प्रा. वार] દ્વાર, દરવાજો [**બારણાં ઉઘાડાં ને ખાળે ડૂચા**=ખોટી કસર કરવી, પૈસાનું નુકસાન વેઠવું, અને પાઈને બચાવવી **બારણાં ઉઘાડાં રહેવાં** =ઘર ચાલુ રહેવું, વંશવેલો ચાલતો રહેવો **બારણાં(–ણું) ઠોકતા આવવું**=ઘર પૂછીને આવવું, વગર નોતર્યે આપમેળે આવવું **બારણાં ઠોકવાં, બારણાં તોડી**

પાડવાં =તકાદો કરવો; ચાપતી–વારંવાર ઉઘરાણી કરવી (એનું) બારણું કાળું કરવું=(એના) ઘરમાં જવું (ગુસ્સામાં ને નકાર બતાવવા). બારણે જવું=ઘર બહાર જવું (૨) ટટ્ટી પેસાબની હાજતે જવું બારણે તાળાં દેવાવાં=નસંતાન જવું, સત્યાનાશ જવું બારણે દીવો રહેવો =વંશ રહેવો (૨) ઘરની કીર્તિ વગેરે રહેવી બારણે પહોર દહાડો ચડવો, બારણે બપોર ચડવા=બહાર દિવસ ક્યારનો શરૂ થઈ જવો ને ઘરમાં હજુ સૂઈ રહેવું બારણે બેસવું=ચાપીને ઉઘરાણી કરવી,તકાદો કરવો બારણે હાથી ઝૂલવા=ઘણા શ્રીમંત હોવું]

**બારદાન** ન૦ [फा] જેમાં માલ ભર્યો હોય તે ખાલી બાધણ કે પાત્ર, અથવા તેનું તોલ. [–ભારે થવું=મિજાજ વધવો]

**બારનીશ(–સ)** પું૦[સર૦ म]બારનીશીનું કામ કરનારો કારકુન –**શી(–સી)** [સર૦ म.] સ્ત્રી૦કાગળોની આવકજાવક નોંધવાની ચોપડી (૨) તે નોંધવાનું કામ

**બારપેજી, બારમાસી, બારમું, બારશ (–સ)** જુઓ બાર વિ૦ માં

**બારશીં(–સીં)ગું** ન૦ [બાર+शृंग, સર૦ हिं. बारहसिंगा] એક જાતનું હરણ

**બારસાખ** સ્ત્રી૦ [બાર (બારણું)+ સાખ] બારણાનું ચોકઠું

**બારસીંગું** ન૦ જુઓ બારશીંગું

**બારાક્ષરી, બારાખડી** સ્ત્રી૦ [બાર+अक्षर, સર૦ हिं. बारहखडी] દરેક વ્યંજનમાં બાર સ્વર ઉમેરી બનાવેલાં પદ

**બારિયો** પું૦ એક જાતનો ભીલ

**બારિસ્ટર** પું૦ [इं. बॅरिस्टर] વિલાયતની પદવીવાળો વકીલ –**રી** સ્ત્રી૦ બારિસ્ટરનો ધંધો કે કામકાજ

**બારી** સ્ત્રી૦ [द्वार, બાર] નાનું બારણું (૨) [લા.] છટકવાનું બારું, બહાનું

**બારીક** વિ૦ [फा] ઝીણું; સૂક્ષ્મ (૨) પાતળું (જેમ કે સૂતર, કપડું)(૩)કદમાં નાનું (જેમ કે સોપારી, દાણો ઇ૦) (૪) [લા.] કટોકટીનું, અગત્યનું. [–કામ=ઝીણું કારીગરીનું કામ. –નજર=ઊંડી ને ચારે તરફ ફરતી દૃષ્ટિ. –વખત,સમય=કટોકટીનો સમય;અણીનો પ્રસંગ] –**કાઈ, –કી** સ્ત્રી૦ બારીકપણું

**બારીગર** વિ૦ લુચ્ચું; ખટપટી, ઉઠાવગીર

**બારું** ન૦ [द्वार, બાર]બંદરમાં પેસવાનો માર્ગ (૨) બારણું, રસ્તો (૩) છટકવાની બારી; બહાનું [દારૂ રાખવાનું શિંગડું

**બારૂત** પું૦ [फा] ફોડવાનો દારૂ. ૦**દાન** ન૦

**બારે વફાત** પું૦ [બાર+अ. वफात] મહંમદ પેગંબરની પુણ્યતિથિ—એક તહેવાર

**બારેવાટ** અ૦ [બાર+વાટ] અસ્તવ્યસ્ત, ઠેકાણા કે ઢંગધડા વગર(૨)બારે રસ્તે, બધી રીતે

**બારૈયો** પું૦ [બાર વિ૦ પરથી] બાર હાથનો સાકટો

**બારૈયો(રૈ')** પું૦ [બહાર+રહેવું ?] બહાર રખડતો રહી ચોરી કે લૂટ કરનાર (૨) ઠાકરડાની એક જાત (૩) [જુઓ બહારવું] ઝાડુ દેનાર તથા સંડાસ વાળનાર–ભંગી

**બારોટ (રો')** પું૦ એ નામની એક જાત કે તેમની અટક (૨) પું૦ ભાટચારણ માટે વપરાતો એક માનવાચક શબ્દ

**બારોત(–તે)રસો** વિ૦ [प्रा. वारसुत्तरसय (सं. द्वादशोत्तरशत)] ૧૧૨

**બારોત્રા** ન૦ [બાર+उत्तर (सं)] બાર ટકા કરતા વધારે વ્યાજ, ઘણું ભારે વ્યાજ

**બારોબાર** અ૦ [બાર=બારણું પરથી ?] પરભારું, લાગલું જ, વગર પૂછ્યે કે કહ્યે કર્યે. –**રિયું** વિ૦ બારોબાર –પૂછ્યા વિનાનું

**બાલ** પું૦ [सं] વાળ. ૦**તોડ(–ડો)** પું૦ વાળ તૂટવાથી થયેલો ફોલ્લો

**બાલ(–ળ)** વિ૦ [सं.] ઉંમરમાં નાનું (૨)નાદાન, છોકરવાદ (૩) પું૦ છોકરો (૪) ન૦ બાળક. ૦**ક** ન૦ નાનું છોકરું (૨) પું૦ છોકરો. ૦**કબુદ્ધિ** વિ૦ બાળકબુદ્ધિ. ૦**ગોપાલ** પું૦ ગોવાળનો છોકરો (૨) [सं] શ્રીકૃષ્ણ ૦**બુદ્ધિ** વિ૦ (૨) સ્ત્રી૦ જુઓ છોકરમત (૩) બાળકની કાચી બુદ્ધિ ૦**ભાવ** પું૦ બાલપણું ૦**મંદિર** જુઓ બાળમંદિર. ૦**માનસ** ન૦ બાળકનું માનસ-

મનોવ્યાપાર વગેરે, 'ચાઇલ્ડ-સાઇકૉલૉજી.' **૦માસિક** ન૦ બાલોપયોગી માસિક. **૦વાર્તા** સ્ત્રી૦ બાળકો માટેની વાર્તા. **૦વ્યાકરણ** ન૦ બાલોપયોગી વ્યાકરણ. **૦શાલા(-ળા)** સ્ત્રી૦ બાળકો માટેની – પ્રાથમિક શાળા, બાળમંદિર **૦શિક્ષણ** ન૦ બાળકોનુ – બાળબુદ્ધિને અનુરૂપ શિક્ષણ **૦સખા** પુ૦ બાલસ્નેહી (૨) બાળકોનો મિત્ર **૦સાહિત્ય** ન૦ બાળકને યોગ્ય– બાલોપયોગી સાહિત્ય

**બાલગીર** પું૦ [જુઓ બારગીર] (ઘોડેસ્વાર સૈનિક જેવો)ઉત્સાહી બહાદુર બાળક (પ્રશંસા માટે વપરાય છે ઉદા૦ 'ખરો બાલગીર છે' ઇ૦)

**બાલછડ** ન૦ [हिं] જુઓ જટામાસી

**બાલટી(-દી)** સ્ત્રી૦[पो. Balde, हिं, म] ડોલ

**બાલમ** પું૦ [हिं] વહાલમ, આશક(૨) પતિ **૦પેચ** પુ૦ ફાકડા દેખાવા પાઘડી ઉપર રાખેલો વાંકો પેચ – આંટો [અંદરની સ્ત્રી

**બાલા(-ળા)** સ્ત્રી૦ [सं.] છોકરી (૨)૧૬ વર્ષની

**બાલાગોલુ** વિ૦[બાલ પરથી?] રાંક,દયામણુ(મો)

**બાલાજી** પું૦ [सं. वाल] કૃષ્ણના બાળસ્વરૂપની – બાળગોપાળની મૂર્તિ

**બાલાતપ** પુ૦ [सं] સવારનો તાપ [પટો

**બાલાતંગ** પુ૦ [फा] જીનને ખેચી બાધવાનો

**બાલાબર** ન૦ [फा.] એક જાતનુ અંગરખુ

**બાલાર્ક** પું૦ [स] બાલસૂર્ય, ઊગતો સૂર્ય

**બાલાશ(-શી)** સ્ત્રી૦ [फा वालाइश=વધવું; મોટા થવુ તે] સંભાળ, બરદાસ્ત [**-કરવી, રાખવી, લેવી**] [માટેનો આશ્રમ

**બાલા(-ળા)શ્રમ** પું૦; ન૦ [स] બાળકો

**બાલાસ્ટ** સ્ત્રી૦ [इं बॅलास्ट. સર૦ हिं. वालिस-ट्रेन] રેલની સડક સમારવા સામાન લઈ જતી ખાસ ગાડી — ભારખાનુ

**બાલાં** ન૦બ૦વ૦ ઠાકરિયા, ફાંફા (૨) આલા-બાલા, બહાના [**-કાઢવાં, બતાવવાં** =બહાના બનાવવા — કાઢવા [**-મારવાં** = આમ તેમ નકામુ જોવું, ફાંફા મારવા.]

**બાલિકા** સ્ત્રી૦ [स] બાળા, છોકરી

**બાલિશ** વિ૦ [स] બાળકના જેવુ, છોકરવાદ, નાદાન; બેસમજ. **૦તા** સ્ત્રી૦

**બાલેશરી** સ્ત્રી૦ જુઓ બોરસલ્લી

**બાલેંદુ** પું૦ [सं.] બાળ-ચંદ્ર, બીજનો ચદ્રમા

**બાલોદ્યાન** પુ૦ [स., સર૦ म.] બાળકોને ખેલવાનું ઉદ્યાન–બગીચો ('કિન્ડરગાર્ટન' ?)

**બાલ્ય** ન૦, **-લ્યાવસ્થા** સ્ત્રી૦ [सं] બાળપણ'

**બાલ્લુ** ન૦[જુઓ બાદલુ]ખોટા કસબનુ ગૂંચળુ

**બાવચણ** સ્ત્રી૦ જુઓ 'બાવચો'મા

**બાવચી** સ્ત્રી૦[स वाकुची,સર૦म.]એક વનસ્પતિ

**બાવચો** પુ૦ એ નામની જાતનો પુરુષ **-ચણ** સ્ત્રી૦ તેની સ્ત્રી

**બાવટો** પુ૦ એક અનાજ

**બાવડું** ન૦ [सं. वाहु, સર૦ म बावटा] ખભા અને કોણી વચ્ચેનો ભાગ

**બાવણ** સ્ત્રી૦ બાવી ('બાવો'નુ સ્ત્રી૦)

**બાવન** વિ૦[प्रा. वावन्न (सं द्वापञ्चाशत्)] '૫૨'. **૦વીર** વિ૦ બહાદુર, બળવાન **-ની** સ્ત્રી૦ બાવનનો સમુદાય (૨) ગુજરાતી મૂળાક્ષરો (૩) શરૂઆતમા ક્રમસર ગુજરાતી મૂળાક્ષરો-વાળા બાવન શ્લોકનો સમૂહ

**બાવનાચંદન** [पावन (स) + चंदन (स)] ન૦ એક જાતની સુખડ

**બાવની** સ્ત્રી૦ જુઓ 'બાવન'મા

**બાવરું** (બા') વિ૦ [प्रा वाउल (सं व्याकुल), સર૦ हिं, म बावरा] બેબાકળુ

**બાવલું** (બા') ન૦ [दे वाउल्लिआ] પૂતળુ (૨) [?] બાઉલુ, અડણ [**-ખોલવું**=પૂતળાને ઉઘાડવાની ક્રિયા કરવી. **-મૂકવું**=સ્મારક તરીકે પૂતળુ સ્થાપવું]

**બાવળ, -ળિયો** પું૦ [स वब्बुल, वर्बुर] એક કાંટાવાળુ વૃક્ષ [**-ખોવો. વાવવો**=કજિયાનાં બી વાવવા] **૦કાંટ** સ્ત્રી૦ બાવળી **-ળી** સ્ત્રી૦ અનેક બાવળોવાળી જગા કે બાવળનુ જંગલ

**બાવળો** વિ૦ (કા') કાળા અને ધોળા અથવા લાલ અને ધોળા રંગનો ઘોડો

**બાવી** સ્ત્રી૦[જુઓ બાવો] સાધુડી, બાવાની સ્ત્રી

**બાવીશ(-સ)** વિ૦[प्रा वावीस,स द्वाविंशति]'૨૨'

**બાવું** ન૦ કરોળિયાનુ જાળુ. [**-પાડવુ**=બાવુ બાઝ્યુ હોય તે સાફ કરવું **-બાઝવું**=મકાનમા બાવુ થવુ.]

**બાવો** પું૦ [જુઓ બાપો] સાધુ (૨) બાપ [બાવા આદમ = ઘણો વૃદ્ધ પુરુષ (૨) મૂળ પુરુષ (ખ્રિસ્તી માન્યતા પ્રમાણે). બાવા આદમનો વખત = ઘણો જૂનો જમાનો. બાવા-ટોપી = બાવાઓ પહેરે છે તેવી કાન ને કપાળ ઢંકાય તેવી ટોપી. બાવા કે બાવો થવું = સંન્યાસી થવું (૨) જંજાળ છોડી નિશ્ચિંત થવું. બાવો શીઠયો બગલમાં હાથ = બાવાને ચિંતા શી? -નાસ્યો એટલે ઓઢણી નાખી = એકે કર્યું એટલે બીજાએ કર્યું; મોટાએ કર્યું એટલે નાનાએ કર્યું; દેખાદેખી કરવું તે.]

**બાવો બકરો** પું૦ સુકાન ફેરવવાનો દાંડો, વીંઝો

**બાષ્કલ(-ળ)** વિ૦ [સં] ફરંડું, વઠેલ (૨) ખાઉધરુ

**બાષ્પ** ન૦ [સં] બાફ, વરાળ (૨) ધુમ્મસ (૩) આંસુ

**બાષ્પીભવન** ન૦ [સં] વરાળ થવી તે

**બાસ** સ્ત્રી૦ [હિં.] વાસ, ગંધ (૨) દુર્ગંધ. [-આવવી, મારવી = સોઢવુ, ગંધાવું.]

**બાસટી,**૦લ સ્ત્રી૦ [ઇં બેસ્ટિયન?] બેસવાની લાંબી પાટલી

**બાસઠ** વિ૦ [પ્રા. बासट्ठि (સં द्वाषष्टि)] ૬૨

**બાસમતી** પું૦બ૦વ૦ ચોખા કે ડાંગરની એક સારી ગણાતી જાત

**બાસા** પું૦ સાર, તત્ત્વ

**બાસું(-સૂ)દી** સ્ત્રી૦ [સર૦ મ હિં बसौंधी] ઉકાળીને કરાતી દૂધની એક વાની

**બાસ્તો** પું૦ [ઇં बटिस्ट] એક જાતનું સુતરાઉ કાપડ [બાસ્તા જેવું = ખૂબ ધોળું -સ્વચ્છ]

**બાહિ(-હી,-હે)ર** અ૦ + [પ્રા. बाहिर (સં बहिस्), સર૦ મ, હિં.] બહાર

**બાહુ** પું૦ [સં] બાવડું (૨) હાથ (૩) [ગ.] આકૃતિની બાજુ ૦બલ(-ળ) ન૦ હાથનું જોર

**બાહુક** પું૦ [સં] વાંદરો (૨) ગઠિયો -વગ્વો- બિહામણો માણસ (૩) (સ.) કર્કોટકે કરડયા પછી નળે ધારણ કરેલું નામ (૪) (લા) બાહુક જેવું -બાઘું માણસ

**બાહુલ્ય** ન૦ [સં] બહુપણું, બહુલતા

**બાહેર** અ૦ + [જુઓ બાહિર] બહાર

**બાહોશ** વિ૦ [फा.] ચાલાક, હોશિયાર -શી સ્ત્રી૦ ચાલાકી; હોશિયારી

**બાહ્ય** વિ૦[સં.] બહારનું ૦ગોળ વિ૦ જુઓ બહિર્ગોળ ૦ત્વ ન૦ -હ્યાચાર પું૦ [+आचार] બહારનો આચાર -હ્યાંતર અ૦ [+अंतर] બહાર અને અંદર. -હ્યાંતર્લાપિકા સ્ત્રી૦ [+अंतर्लापिका] બહિર્લાપિકા અને અંતર્લાપિકા બંને હોય તેવો ઉખાણો (જુઓ બહિર્લાપિકા) -હ્યોપચાર પું૦ [+उपचार] બહારનો ઉપચાર

**બાળ** વિ૦ (૨) પું૦, ન૦ જુઓ બાલ(-ળ). ૦ઉછેર પું૦ બાળકોને ઉછેરવા તે ૦ક પું૦, ન૦ બાલક ૦કબુદ્ધિ સ્ત્રી૦ અપરિપક્વ બુદ્ધિ, અણસમજુપણું. ૦કી સ્ત્રી૦ નાની છોકરી ૦કુંવારું વિ૦ નાનપણથી કુંવારું. ૦કેળવણી સ્ત્રી૦ બાળકોની કેળવણી ૦ક્રીડા સ્ત્રી૦, ૦ખેલ પું૦ બાળકની રમત ૦ગોપાળ ન૦ બ૦ વ૦ છોકરાંછૈયાં ૦નિશાળ સ્ત્રી૦ બાળમંદિર ૦પ સ્ત્રી૦ બાળક પર અમીદૃષ્ટિ. [-લેવી = (કા) છ એક માસ સુધી બાળકે હૃષ્ટપુષ્ટ ઊછરવું] ૦પણ(-ણું) ન૦ બચપણ, નાનપણ ૦પિયાં ન૦ બ૦ વ૦ (કા) બાળકને કલાઈ કે એવી ધાતુના હાથે પહેરાવાતા કડાં. ૦પોથી સ્ત્રી૦ બાળકને વાચતાં શીખવવા માટેનું પ્રથમ પુસ્તક (૨) [લા] કોઈ પણ વિષયનું પ્રાથમિક જ્ઞાન આપનાર પુસ્તક. ૦બચ્ચાં ન૦ બ૦ વ૦ છોકરાંછૈયાં ૦બુદ્ધિ વિ૦ (૨) સ્ત્રી૦ જુઓ બાલબુદ્ધિ ૦બોધ વિ૦ બાળકોને બોધ આપવા જેવું (૨) ઝટ સમજાય તેવું (૩) સ્ત્રી૦ દેવનાગરી લિપિ. ૦બોધી વિ૦ ઝટ સમજાય તેવું, સહેલું (૨) દેવનાગરીમાં લખેલું ૦બ્રહ્મચારી પું૦ બાળપણથી બ્રહ્મચર્ય પાળનારો ૦ભાવ પું૦ બાળપણું ૦ભાષા સ્ત્રી૦ બાળકની ભાષા ૦ભોગ પું૦ સવારની પૂજા પછી ઠાકોરજીને ધરાવાતી પ્રસાદી ૦મરણ ન૦ બાળક-અવસ્થામાં મરણ ૦મંદિર ન૦ બાળકોને તાલીમ આપવાની શાળા ૦માસિક ન૦ બાલમાસિક ૦મિત્ર પું૦ બાળકોનો મિત્ર

(૨)બાળપણથી થયેલો કે બાળપણમાંનો મિત્ર. ૦રંડ(-ડા) વિ૦સ્ત્રી૦ (૨) સ્ત્રી૦ બાલવિધવા ૦રંડાપો પું૦ નાનપણમા પ્રાપ્ત થયેલું વિધવાપણુ ૦રાજા પું૦ રાજપદને પામેલો બાળક. ૦લગ્ન ન૦ બાળપણમા થતુ લગ્ન ૦લીલા સ્ત્રી૦ નાનપણની રમતગમત ૦વધૂ સ્ત્રી૦બાળક ઉમરની વહુ. ૦વર્ગ પુ૦બાળકોને શીખવવાનો વર્ગ. ૦વાર્તા સ્ત્રી૦ બાલવાર્તા ૦વિધવા સ્ત્રી૦ બાળપણમાં થયેલી વિધવા ૦વિવાહ પું૦ બાળલગ્ન. ૦વૈદ(-દ્ય) પુ૦ નાના છોકરાનો વૈદ. ૦શાળા સ્ત્રી૦ બાલમંદિર. ૦શિક્ષક પું૦ બાળકનો શિક્ષક. ૦સખા પું૦ જુઓ બાલસખા. ૦સહિયર સ્ત્રી૦ બાળપણની અથવા બાળપણથી થયેલી સહિયર. ૦સંગાથી, ૦સંઘાતી વિ૦ (૨) પું૦ બાળપણથી સાથે હોય એવુ; બાળસખા ૦સ્નેહ પું૦ નાનપણમા બધાયેલો પરસ્પર સ્નેહ. ૦સ્નેહી પુ૦ બાળપણનો સ્નેહી ૦હઠ સ્ત્રી૦ બાળકની કે બાળકના જેવી હઠ

**બાળવું** સ૦ક્રિ૦ [જુઓ બળવું; તેનુ પ્રેરક] બળે એમ કરવુ, લગાડવું

**બાળા** સ્ત્રી૦ જુઓ બાલા

**બાળાપણુ** ન૦ [બાળ + પણું] બાળકપણુ; અજ્ઞાનતા (૨) બાળા - કુમારી હોવાપણુ

**બાળાબંધ** પું૦ [બાળ + બંધ] બાળકનો ફેંટો

**બાળારાજા** પું૦ [બાળ + રાજા] બાળક માટે વપરાય છે [વર

**બાળાવર** પું૦ [બાળ + વર] બાળક ઉમરનો

**બાળી** સ્ત્રી૦ બાળા (પ્રેમવાચક)

**બાળુંભોળું** વિ૦ [બાળ+ભોળું; મ. वाळेभोळे] બાળક જેવું અણસમજુ ને ભોળુ. [બાળાંભોળાં જમાડવાં=નાના બાળકના શ્રાદ્ધ દિવસે બાળકોને જમાડવાં (ભાદરવા વદ ૧૩)]

**બાળેરું** વિ૦ ['બાળ' ઉપરથી] જુવાન; નાની ઉંમરનું

**બાળોતિયું** ન૦ [બાળ + उत्तरीय?] બળોતિયુ, બાળક નીચે રખાતુ કપડુ (ઝાડો પેશાબ કરે તે માટે) (૨) [લા.] સાવ ગંદું કપડું

**બાંક, ૦ડો** (૦) પુ૦ [સર૦ મ, पो. Banco પરથી] બેસવાની પાટલી

**બાંકવું** (૦) સ૦ક્રિ૦ + જુઓ બકવુ

**બાંકુ** (૦) વિ૦ [हिं] છેલ, ફાંકડું (૨) [प्रा वंक (सं. वक्र)] ટેડુ, વિચિત્ર મિજાજનું (૩) સાહસિક (૪) નાજુક (કામ) -કાઈ સ્ત્રી૦ બાંકાપણુ -કેરાવ, -કેલાલ પુ૦ છેલબટાઉ

**બાંગ** સ્ત્રી૦ [फ़ा.] નમાજનો સમય સૂચવવા મુલ્લાંએ કરેલો પોકાર [-પોકારવી]

**બાંગડ** (૦)વિ૦ [જુઓ બાંકુ] લુચ્ચુ, ખંધું(૨) સાહસિક [બાળવાનુ તલસરું

**બાંગરું** (૦) ન૦ (ચ) તલના છોડનું સૂકું રાડું;

**બાંગી** પુ૦ [फा] બાગ પોકારનાર મુલ્લા

**બાંગુ** (૦) વિ૦ [सं व्यंगक?] (સુ) જુઠા પડી ગયેલા હાથવાળુ, ટૂંટલુ

**બાંગો** (૦) પું૦ પાણી વહેવાની કાવડ (૨) મોઈદંડાનો છઠ્ઠો દાવ [આરડવું

**બાંઘ(-ઘે)ડવું, બાંઘાટવું** (૦) અ૦ક્રિ૦ [રવ૦]

**બાંટ** (૦) ન૦ સ્ત્રીઓને પહેરવાનું એક જાતનુ રેશમી વસ્ત્ર (૨) [हिं] બાટ, કાટલાનો સટ (૩) [प्रा. वट(सं वृन्त)] કાટા, ખૂપરા (૪) પુ૦ [જુઓ બાટ] એક મીઠી વાની, બાટ

**બાંટવું** (૦) ન૦['બાટું' ઉપરથી] એક ઝાડવું (૨) સ૦ક્રિ૦ [सं वंट्, સર૦ हिं. बाँटना] વહેંચવુ

**બાંઠું** (૦) વિ૦ [જુઓ બાઠ, સર૦ म. वांड] બરાબર ન વધેલુ, કણસલા બધાયેલ નહિ તેવું (૨) ન૦ થોડા વરસાદને લીધે તેવો રહેલો જુવારબાજરીનો છોડ

**બાંઠ** (૦) વિ૦ [सं., प्रा. वंठ] ઠીંગણુ; ગઠ્ઠું; બાઠું

**બાંડિયું** (૦) વિ૦ જુઓ બાડું (૨) ન૦ ટૂકી બાયનું પહેરણ -યો પુ૦ જુઓ બાંડો

**બાંડું** (૦) વિ૦ [સર૦ हिं. बाँडा] પૂછડી વગરનું (૨) વરવુ (કાંઈક અપૂર્ણતાને લીધે) (૩) ખુલ્લુ; ઉઘાડુ (તરવાર) -ડો પું૦[સર૦ म. वाडा] મુસલમાન (તુચ્છકારવાચક)

**બાંદડી, બાંદી** (૦) સ્ત્રી૦ [સર૦ हिं., म (सं., प्रा. वंदी, फा. वंदह)] ગુલામડી

**બાંધ** (૦) પુ૦ [જુઓ બાંધવુ] પુસ્તો, પાળ (૨) બંધ ૦કામ ન૦ બાંધવા-ચણવાનુ કામ.

**બિડાવવું** સ૦ક્રિ૦, **બિડાવું** અ૦ક્રિ૦ 'બીડવું'નું પ્રેરક ને કર્મણિ

**બિન** પું૦ [फा] દીકરો (કોનો દીકરો એ કહેવા માટે પ્રાય આ વપરાય છે જેમ કે, હરિલાલ છગનલાલ બિન કૃષ્ણદાસ, મહમદ બિન કાસિમ)

**બિન** અ૦ [સર૦ हिं , म ; स. विना, प्रा. विणा] વિણ, વિના (૨) સમાસમા પૂર્વપદ તરીકે નિષેધ કે અભાવ સૂચવે છે **૦અટકાવ** વિ૦ પ્રતિબંધ કે રોકાણ વિનાનું **૦અનુભવી** વિ૦ અનુભવરહિત. **૦આવડત** સ્ત્રી૦ આવડતનો અભાવ, અનાવડત **૦ઉપજાઉ** વિ૦ ઉપજાઉ નહિ એવું **૦કાયદેસર** વિ૦ (૨) અ૦ કાયદેસર નહિ એવુ. **૦ખબરદારી** સ્ત્રી૦ અસાવધતા **૦ચૂક** અ૦ અચૂક. **૦જકાતી** વિ૦ જકાત વિનાનું **૦જરૂરિયાત** સ્ત્રી૦ જરૂરિયાતનો અભાવ **૦જરૂરી** વિ૦ જરૂર વગરનું, નકામુ. **૦તકરાર** વિ૦ (૨) અ૦ તકરાર વગર **૦તૈયારી** સ્ત્રી૦ તૈયારીનો અભાવ. **૦પાય(-યે)દાર** વિ૦ અધ્ધર, પાયા વિનાનું **૦લશ્કરી** વિ૦ લશ્કરી નહિ એવુ. **૦વાકેફ** વિ૦ અણવાકેફ **૦શરતી** વિ૦ શરત વિનાનું **૦સલામત** વિ૦ સલામતી વગરનું **૦હથિયારી** વિ૦ અશસ્ત્ર, હથિયાર વગરનુ

**બિના** સ્ત્રી૦ [अ] બીના, હકીકત (૨) બનાવ

**બિબ્બોક** પુ૦ [सं] એક કામચેષ્ટા—ગમતા છતા અગમો કે અનાદર યા છણકો બતાવવો તે

**બિભાસ** પુ૦ [સર૦ म] એક રાગ

**બિભીષિકા** સ્ત્રી૦ [सं.] ધમકી

**બિમોઈ** સ્ત્રી૦ [બે + મો પરથી?] આંધળી ચાકણ

**બિયાબાન** ન૦ [फा] બિયાબા, પાણી વગરનો પ્રદેશ, જંગલ

**બિયાબારું** ન૦ [प्रा. बा (सं. द्वा, द्वि) + प्रा. बार (सं द्वादशन्)] જ્યોતિષમા સાચી પ્રીત દાખવતો બે અને બારનો જોગ(૨) સામી પ્રીત, અણબનાવ. [બિયાબારાની પ્રીત = અણબનાવ, સામી પ્રીત]

**બિયાબાં** ન૦ જુઓ બિયાબાન

**બિયારુ (-ણું)** ન૦ [प्रा. बीअ; स बीज] અનેક બીજનો સમૂહ, વાવવા માટેના બી

**બિયું** ન૦ [प्रा. बीअ, स बीज] બી, બીજ: —યો પુ૦ ઠળિયો (૨) એક ઝાડ

**બિરદ** ન૦ [જુઓ બિરુદ] પ્રતિજ્ઞા, ટેક (૨) યશ; ખ્યાતિ (૩) ગદ્યપદ્યમય રાજસ્તુતિ. **૦દાર** વિ૦ બિરદ રાખનાર—પાળનાર —**દાઈ** સ્ત્રી૦ ટેકીલાપણું (?) (૨) પુ૦ બિરદ ગાનારો, બારોટ —**દાલ (-ળ)** વિ૦ પોતાનો ટેક સાચવે તેવુ —**દાવલિ (-લી,-ળિ,-ળી)** સ્ત્રી૦ યશની કથા, પ્રશસાના ગીત

**બિરમંડી** સ્ત્રી૦ ઉટકંટાનું મૂળ

**બિરમોલા** સ્ત્રી૦ [સર૦ म विरंबोळा] એક જગલી વનસ્પતિ

**બિરયાની** સ્ત્રી૦ [फा.] એક મુસલમાની વાની

**બિરંજ** પુ૦ [फा. ? સર૦ हिं.] કેસરી ભાત(૨) [વ્યંગમા] ખીચડી

**બિરાજવું** અ૦ક્રિ૦ [स विराज्; સર૦ हिं. विराजना] બેસવુ (માનવાચક) (૨) શોભવુ

**બિરાજમાન** વિ૦ [सं. विराजमान] બિરાજતુ; બિરાજેલુ

**બિરાદર** પુ૦[फा] ભાઈ (૨) સાથી, ભાઈબંધ. —**રી** સ્ત્રી૦ ભાઈચારો (૨) ન્યાત (૩) ભાઈચારાવાળો સમાજ

**બિરાનું** વિ૦ [સર૦ हिं , म. विराना] પારકું

**બિરુદ** ન૦ [सं विरुद, प्रा] બિરદ, ટેક

**બિલ** ન૦ [सं.] ગુફા, કોતર (૨) દર

**બિલ** ન૦ [इं] ભરતિયુ. આપેલા માલની કે કરેલી સેવાની કિંમતનો આંકડો (૨) નવા કાયદાનો ખરડો. [—આવવું = ખરીદીનો કે ખર્ચનો આકડો નક્કી થવો (૨) બિલના નાણા ભરવાની માગણી આવવી (૩) નવા કાયદાનો ખરડો ધારાસભામાં દાખલ થવો. —ફાડવું = બિલનો આકડો કાગળ પર મૂકીને તે બિલ બુકમાથી ફાડી આપવો.] —બનાવવું = બિલ લખવુ.] **૦બુક** સ્ત્રી૦ [इ] બિલનો કાગળ કરી આપવાની તેની બાંધેલી થોકડી કે ચોપડી

**બિલકુલ** અ૦ [अ.] જરા પણ (નકારાત્મક વાક્યમા) (૨) સંપૂર્ણત; સાવ

**બિલંદી** પુ૦ [સર૦ म ; फा बुलंदी પરથી ?] દીપચદી તાલ

બિલંબી સ્ત્રી૦ [સર૦ म] એક ફળ
બિલાડી સ્ત્રી૦ [प्रा. विलाड (सं. विडाल)] બિલાડાની માદા કે કોઈ બિલાડું (૨) કૂવામાં પડેલું વાસણ કાઢવાનું આંકડાવાળું એક સાધન (૩) વહાણનું લંગર. [–આડી ઊતરવી = અપશુકન થવા. –જેવી આંખ = માંજરી આંખ –ના પેટમાં ખીર ન ટકવી = ખાનગી વાત મનમાં રાખવાની સ્વાભાવિક અશક્તિ હોવી –નું બચોળિયું = સાથે ને સાથે રાખી, સાચવવી પડતી વસ્તુ. –ને દૂધ ભળાવવું = હાથે કરીને ખોવું; ચોરને ઘેર ગાડાં છોડવાં –મૂકવી = કૂવામાં તે નામનું સાધન મૂકી શોધવું (૨) તે પ્રમાણે ભારે જહેમતથી કોઈ માણસને શોધવું કાળી બિલાડી = દુષ્ટ અપશુકનિયાળ સ્ત્રી બીકણ બિલાડી = છેક જ બીકણ] ૦નો ટોપ પુ૦ વરસાદમાં ઊગતી ધોળાગપડતી છત્રી જેવી વસ્તુ [બિલાડીના ટોપની જેમ (ઊગી નીકળવું) = મોટી સંખ્યામાં પણ ક્ષણજીવી હોય એ રીતે (ફૂટી નીકળવું)] –ડું ન૦ એક ચોપગું. બિડાલ. [બિલાડાં આવવાં = આંખે મેશનાં લપરડાં થવાં બિલાડાં ખેંચવાં, ચીતરવાં, તાણવાં = ગમે તેમ લખવું કે લીટા તાણવા બિલાડાં થવાં = જુઓ બિલાડાં આવવાં. બિલાડાં બોલવાં (પેટમાં) = કકડીને ભૂખ લાગવી (કોથળામાંથી) બિલાડું કાઢવું = કાંઈક અણધારી વાત કાઢવી કે જેથી રંગમાં ભંગ જેવું થાય] –ડો પુ૦ નરજાતિનું બિલાડું
બિલાવલ પું૦ [म] એક રાગ
બિલિયર્ડ ન૦ [इं] એક વિલાયતી રમત
બિલિયાન ન૦ પાસા પાડેલો હીરો
બિલોર પુ૦ [अ बिल्लूर; સર૦ हिं बिलौ (–ल्लौ) र, म] એક જાતનો પાસાદાર જાડો કાચ. –રી વિ૦ બિલોરનું બનેલું. –રી કાચ પુ૦ બિલોર
બિલ્લસ ન૦ [સર૦ हिं. बिलस्त (फा. बालिश्त), म बिल्ल(–ल्ला)स] વેંત
બિલ્લી સ્ત્રી૦ [हिं] બિલાડી
બિલ્લું વિ૦ [જુઓ બિલ્લી] ચાલાક; લુચ્ચું (૨) ન૦ [सं बिल् = જુદું પાડવું] એક ઈંટના ઓસારની ભીંત [–ભરી લેવું = વચમાં પાતળી દીવાલ ચણી લેવી]
બિલ્લો પુ૦ [સર૦ हिं., म बिल्ला] ચાંદ (૨) [લા] ઉપાધિ; પદવી [પાન
બિલ્વ ન૦ [सं.] બીલીનું ઝાડ. ૦પત્ર ન૦ તેનું
બિવડા(–રા)વવું (બિ') સ૦ક્રિ૦ 'બીવું'નું પ્રેરક
બિશપ પુ૦ [इं] એક ખ્રિસ્તી ધર્માધિકારી
બિસ ન૦ [सं.] કમળનો રેસો કે રેસાવાળો દાંડો
બિસમાર વિ૦ [સર૦ हिं बिसँभार बिसमरना; (सं विस्मृ)] વિસ્મૃત· વિસારી મૂકેલું
બિસાત સ્ત્રી૦ [अ.] વિસાત, પૂંજી
બિસ્કિ(–સ્કુ)ટ સ્ત્રી૦ [इं] એક નાસ્તાની વાની
બિસ્તરો, બિસ્ત્રો પુ૦ [फा बिस्तर] બિછાનું; પથારી.[–બાંધવો = જવા-ઊપડવા તૈયાર થવું]
બિસ્મિલ વિ૦ [अ.] ઘાયલ, તરફડતું
બિસ્મિલ્લા ઉ૦પ્ર૦ [अ] અલ્લાના નામથી. [–કરવું = બિસ્મિલ્લાનો મંત્ર બોલી શરૂ કરવું (૨) આરોગવું]
બિહાગ પુ૦ [સર૦ हिं, म] એક રાગ ૦ડો પુ૦ [સર૦ हिं बिहागडा, म बिहागरा] એક રાગ [ભયંકર
બિહામણું વિ૦ [प्रा. वीह् (सं भी) ઉપરથી]
બિહારી વિ૦ જુઓ વિહારી (૨) બિહાર પ્રાંતનું (૩) સ્ત્રી૦ બિહારની બોલી
બિહાવવું સ૦ક્રિ૦ [प्रा वीह् (सं भी) ઉપરથી] + બિવડાવવું
બિંદી સ્ત્રી૦ [सं. बिंदु ઉપરથી] બીનકી, ચાંઈ (૨) અનુસ્વારનું ટપકું, બિંદુ
બિંદુ ન૦[सं.] ટીપું ટપકું (૨) મીંડું (૩) નાટકમાં અવાંતર કથાનું બીજ (૪) પુ૦ સંગીતનો એક અલંકાર [–નો સિંધુ = રજનું ગજ.] ૦પથ પુ૦ 'લોકસ' (ગ.)
બિંબ ન૦ [सं] જેનું પ્રતિબિંબ પડ્યું હોય તે (૨) સૂર્યચંદ્રનું મંડળ (૩) ઘિલોડું (૪) છાયા, પ્રતિમા –બ પુ૦ એક છંદ –બાકાર વિ૦ [+ आकार] ગોળ (૨) પુ૦ ગોળ આકાર –બાકૃતિ સ્ત્રી૦ [+ आकृति] બિંબાકાર.

–બિત વિ૦ જેનું બિંબ પડ્યું હોય તેવું. –બો(–બૌ)ષ્ઠા(–ષ્ઠી) વિ૦ સ્ત્રી૦ બિંબ–બિલોડા જેવા હોઠવાળી

બી ન૦ [प्रा. बीअ (सं बीज)] બિયું, બીજ (૨) [લા] મૂળ, મૂળ કારણ (૩) અ૦ [સર૦ हिं भी] પણ; વળી [–ઊગી નીકળવું = ફળવું; ફાયદાકારક નીવડવું. –નાખવું = જુઓ બી રોપવું –મોડવું = પાયો ઉખેડી નાખવો (૨) નાશ કરવો, અંત આણવો –રોપવું, વાવવું = મૂળ ઘાલવું, પાયો નાખવો]

બીક (બી') સ્ત્રી૦ ['બીવું' ઉપરથી, સર૦ म. बिहीक]ભય; દહેશત [–બતાવવી, રાખવી] ૦ણ(–ણું) વિ૦ બી જાય તેવું; ડરપોક. [બીકણ બિલાડી = સાવ બીકણ]

બીચ અ૦ [दे. विच्च, સર૦ हिं, म] વચ્ચે

બીચવો પું૦ [સર૦ हिं. बिछुआ, म विंचवा (सं वृश्चिक)] એક જાતનું ખંજર

બીચારું વિ૦ [फा.] જુઓ બિચારું

બીછ(–છુ)વા પું૦ બ૦ વ૦ [જુઓ વીછુવા; સર૦ हिं. बिछुआ(–वा)] સ્ત્રીઓનું પગના અંગૂઠાનું ઘરેણું

બીજ ન૦[सं.] જુઓ બી (૨) મનુષ્યદેહનું બીજ –વીર્યનું બિંદુ (૩) [લા] ઓલાદ (૪) વર્ણ, અક્ષર(૫) બીજમંત્ર(૬) સમીકરણનું બીજ – 'રૂટ' [ગ](૭)નાટકના કે કથાના વસ્તુનું મૂળ. ૦ક ન૦ બિલ, ભરતિયું (૨) (સં) કબીરનો એક ભજનસંગ્રહ ૦કોશ(–ષ) પું૦ બીજનો અણુ (૨) બીજની કોથળી. ૦ગણિત ન૦ અક્ષરગણિત, 'એલ્જિબ્રા' ૦ડું ન૦ નાની થેલી(૨)તેના આકારનો પ્રાણી કે વનસ્પતિના શરીરનો કોશ ૦પત્ર ન૦ બીજ ઉપરનું પાંદડું. ૦ભૂમિતિ સ્ત્રી૦ 'ઍનેલિટિકલ જ્યોમેટ્રી' (ગ) ૦મંત્ર પું૦ ગૂઢ મંત્ર, જેમાં કોઈ દેવને પ્રસન્ન કરવાની શક્તિ માનેલી હોય છે. ૦માર્ગ પું૦ વામમાર્ગનો એક ભેદ. ૦માર્ગી વિ૦ બીજમાર્ગનું અનુયાયી ૦રૂપ વિ૦ બીજ જેવું ૦લ વિ૦ બીવાળું(૨)સ્ત્રી૦ [સર૦हिं] તલવાર (ઠાકરડાઓમાં વિશેષનામમાં આવે છે)

બીજ સ્ત્રી૦[प्रा. बिइआ, बिइज्जा (सं. द्वितीया)] પડવા પછીની – બીજી તિથિ (૨) [લા] સુદ બીજનો ચંદ્ર. [–જોવી = સુદ બીજનો ચંદ્ર જોવો (૨) મંગળ શુકન થવા –નો ચંદ્ર = મંગળ શુકન, ચડતીનું પ્રથમ પદ] ૦વર પું૦ [સર૦ म. बिजवर] બીજી વાર પરણનાર વર [તે(ગ)

બીજાનયન ન૦[सं] સમીકરણનું બીજ ખોળવું

બીજાંકુર પું૦ [सं.] બીમાંથી ફૂટેલો ફણગો

બીજું વિ૦ [प्रा. विइज्ज(सं द्वितीय)] દ્વિતીય (૨) જુદી જાતનું (૩) અ૦ વળી, વધારામાં. [બીજે બેસાડવું = નાતરે દેવું (બૈરાને).] –જૂડું વિ૦ જોડિયું

બીટ ન૦ [સર૦ हिं. (सं विष्ठा, प्रा. विट्ठा)] છાણ (૨) પક્ષીની અઘાર (૩) [इ] એક કંદ

બીડ ન૦ [સર૦ म] ઘાસની જમીન; ચરો(૨) કાચું ભરતનું લોઢું

બીડવું સ૦ક્રિ૦ [સર૦ બીડી, हिं. भीडना ?]બંધ કરવું (૨) પરબીડિયામાં મૂકી તે બંધ કરવું

બીડી સ્ત્રી૦ [प्रा. वीडी(सं वीटी)] પાનબીડી (૨) તમાકુની બીડી [–આપવી = રજા આપવી –ખાવી = પાનબીડી ખાવી –પીવી = તમાકુની બીડી ફૂંકવી –વાળવી = પાન બીડી બનાવવી(૨)તમાકુની બીડી બનાવવી] –ડું ન૦મોટી પાનબીડી [–ઉપાડવું, ઝડપવું = ભારે કામ કરવાનું માથે લેવું. –ફેરવવું = અમુક કામ કરવાનું આહ્વાન કરવા બધાની સામે બીડું ધરવું, જે તે કામ કરવાનું માથે લે તે એ બીડું ઉપાડે] –ડો પું૦ ['બીડું' ઉપરથી] કાગળો ઘાલેલું મોટું પરબીડિયું

બીધુ [सं भीत, प्रा बीहिअ] 'બીવું'નું ભૂતકાળ, બીન્યું(૨)વિ૦ બીવેલું [ડરેલું. બીનેલ

બીધેલ(–લું) (બી') વિ૦ ['બીધુ' ઉપરથી]

બીન ન૦, સ્ત્રી૦ [स वीणा સર૦ हिं, म]એક વાદ્ય; વીણા. ૦કાર પું૦બીન વગાડનાર ઉસ્તાદ

બીનકી સ્ત્રી૦['બિંદુ' ઉપરથી] બિંદી,ટપકી, ચાંઈ

બીનગો પું૦[સર૦ म विनगा]વાટુનું નાનું પ્યાલું

બીનવું (બી') અ૦ ક્રિ૦ [જુઓ બીવું, સર૦ दे बुण्ण = બીનેલું] બીવું

બીના સ્ત્રી૦ જુઓ બિના

**બીની** સ્ત્રી૦ [फा.] લશ્કરનો મોખરાનો ભાગ. **૦વાળો** પુ૦ બીનીનો ઉપરી અમલદાર
**બીનેલ(-લું)** (બી') વિ૦ ડરેલુ, બીધેલ
**બીન્યું** 'બીનવું'નુ ભૂ૦ કા૦
**બીબડી**સ્ત્રી૦એક ફૂલવેલ(૨)બીબી(તુચ્છકારમા)
**બીબી** સ્ત્રી૦ [फा.] મુસલમાનની સ્ત્રી (૨) ખાનદાન મુસલમાન સ્ત્રી.**૦જાયું** વિ૦ બીબીના પેટનુ, ખાનદાન ઘરનુ
**બીબું** ન૦ [सं बिंब] કોઈ આકૃતિ ઢાળવાનું ચોકઠુ (૨) કોઈ આકૃતિ છાપવાનું કોતરેલુ સાધન (૩) છાપવાનો સીસાનો અક્ષર, 'ટાઇપ' (૪) [લા] નમૂનો; પ્રતિકૃતિ [**બીબાં ગોઠવવાં**=છાપવા માટેના સીસાના અક્ષર (ટાઈપ) ગોઠવવા; 'કંપોઝ કરવું'. **-છોડવાં** =ગોઠવેલા બીબાને તેમના ખાનામા પાછા મૂકી દેવા **બીબું પડવું**=બીબા પ્રમાણે આકૃતિ છપાવી કે ઊઠવી ] **-બાછાપ** સ્ત્રી૦ બીબા ઢાળવા તે **-બાપાડ** પુ૦બીબા પાડનાર **-બાંશાળા** સ્ત્રી૦ છાપખાનાના બીબા ઢાળવાનુ કારખાનુ
**બીભત્સ** વિ૦ [सं] ચીતરી ચડે તેવુ (૨) બિહામણુ; ઘોર (૩) ભૂંડું; શરમભરેલુ. **૦તા** સ્ત્રી૦, **૦પણું** ન૦
**બીમાર** વિ૦[फा ]માંદુ [**-પડવું**=માંદુ થવુ ] **૦ખાનું** ન૦ ઇસ્પિતાલ **-રી** સ્ત્રી૦ માંદગી [**-આવવી**=માંદું થવું **-વળગવી** = રોગ વળગવો (૨) બલા-પીડા વળગવી ]
**બીર** સ્ત્રી૦ [इं ] એક વિલાયતી (પીવાનો) દારૂ
**બીલ** ન૦ જુઓ 'બિલ' [इं.]
**બીલી** સ્ત્રી૦ [प्रा बिल्ल (स. बिल्व)] એક ઝાડ કે એના પાદડા. **૦પત્ર** ન૦ બીલીનું પાન **-લું** ન૦ બીલીનું ફળ
**બીવું** (બી') અ૦ક્રિ૦[प्रा बीह (स.भी)] ડરવું, બીનવુ (૨) ચોકવુ, ગભરાવુ
**બુક** સ્ત્રી૦ [इं.] પુસ્તક, ચોપડી **૦બાઇન્ડર** પુ૦ ચોપડીઓ બાંધવાનુ કામ કરનારો **૦બાઇન્ડિંગ** ન૦ ચોપડીઓ બાંધવાનું કામ **૦સેલર** પું૦ ચોપડીઓ વેચનાર
**બુકાટવું** સ૦ક્રિ૦ ['બૂકો' ઉપરથી] બૂકે બૂકે ખાવું કે ફાકવું
**બુકાની** સ્ત્રી૦ દાઢી અને ગાલ ઉપર આવી રહે તેમ માથે કપડુ બાંધવું તે [**-બાંધવી**]
**બુકાવું** અ૦ ક્રિ૦, **-વવું** સ૦ ક્રિ૦ 'બૂકવુ'નું કર્મણિ ને પ્રેરક [ધમાલ
**બુકાવેક** ન૦[સર૦ प्रा. बुक्क=ગર્જવું]તૈયારીની
**બુકિંગ** ન૦ [इं.] રેલવેમા ટિકિટ આપવી કે રવાના કરવાનો માલ લેવો તે
**બુક્કો** પુ૦ [दे. बुक्का, સર૦ हिं., म बुक्का] ફાકો, કોળિયો [**-ભરવો, મારવો**=ફાકો મારવો.]
**બુખાર** પુ૦ [अ ] તાવ, જ્વર
**બુજદિલ** વિ૦ [फा ] બીકણ
**બુજરગ** વિ૦ [જુઓ બુઝુર્ગ] ઘરડું, વયોવૃદ્ધ (૨) અનુભવી **-ગી** સ્ત્રી૦ બુઝુર્ગ હોવુ તે
**બુઝારુ** ન૦ [दे. बुज्झण=ઢાંકણ] પાણીના માટલા ઉપર ઢાકવાનુ પાત્ર
**બુઝાવવું** સ૦ક્રિ૦ [સર૦ दे बुज्झण=ઢાકવું તે; हिं बुझाना, म. बुझविणें] બૂઝવવુ, ઓલવવુ
**બુઝાવું** અ૦ક્રિ૦ [જુઓ બુઝાવવુ] ઓલાવું
**બુઝુર્ગ** વિ૦,**-ર્ગી** સ્ત્રી૦[फा ]જુઓ 'બુજરગ'મા
**બુટલેલ** પું૦ [इ बटलर?] બટલર, ગોરાનો રંધવારો (૨)['બૂટ' ઉપરથી] બૂટ વગેરે ચડાવી જાગલા જેવો થઈને ફરતો માણસ
**બુટ્ટાદાર** વિ૦ બુટ્ટીદાર; નકશી-ભાતવાળું
**બુટ્ટી** સ્ત્રી૦ [જુઓ બૂટ] (કાનની) બૂટ (૨) [हिं बूटी, म बुटी] નાનો બુટ્ટો-ભાત (૩) [સર૦ हिं बूटी, म. बुटी, -ट्टी] વિચિત્ર-ચમત્કારિક ગુણવાળી વનસ્પતિ (૪) [લા] અકસીર ઉપાય (૫) મહાચતુર અને પહોચેલ માણસ [**-સૂંઘાડવી** = સમજાવી દેવું; યુક્તિથી પોતાના મતનું કરી લેવુ (૨) પલીતો ચાપવો; ઉશ્કેરવુ.] **૦દાર** વિ૦ બુટ્ટા-ભરતવાળું
**બુટ્ટો** પુ૦ [સર૦ हिं. बूटा, म बुंट,-टा] ભરત કે વણાટમા ફૂલના જેવો આકાર (૨) [લા ] મનનો તરગ [**-ઊઠવો, સૂઝવો**=મનમા તરગ થવો. કલ્પના જાગવી ]
**બુઠ્ઠું** વિ૦ [સર૦ म बुठा (सं. वठ=ગર્દુ ઉપરથી ?)] ધાર વગરનુ (૨) [લા.] જાડી બુદ્ધિનું (૩) લાગણી વગરનું

**બુક્કો** પું૦[સર૦ हिं.,म. मुक्का] બુક્કો, મુકાઈ ઠોંડો (૨) ['બુઠ્ઠું' ઉપરથી] બુઠ્ઠો માણસ

**બુડથલ** વિ૦ [સર૦ म वथ्थड] બેવકૂફ; મૂર્ખ

**બુડાડવું** અ૦ક્રિ૦, –ડ(–વ)વું સ૦ક્રિ૦ 'બૂડવું'નું ભાવે ને પ્રેરક

**બુડિયાળ** વિ૦ [दे. बुड्डिर=પાડો પરથી?] બુડથલ

**બુઢ્ઢું** વિ૦ [स वृद्ध, प्रा वुड्ढ] બૂઢું; ઘરડું. –ઢાપો પું૦ ઘડપણ

**બુત** ન૦ [फा] મૂર્તિ,પ્રતિમા ૦કું ન૦ કાળી ને લઠ્ઠ સ્ત્રી, હબસણ ૦ખાનું ન૦ મંદિર, દેવાલય. ૦પરસ્ત વિ૦ મૂર્તિપૂજક.૦પરસ્તી સ્ત્રી૦ મૂર્તિપૂજા ૦શકની સ્ત્રી૦ [फा शिकनी] મૂર્તિખંડન [[બટન પરથી?] બોરિયું

**બુતાન** ન૦ [अ बुहतान] બોતાન, આળ (૨)

**બુતાનું** ન૦ [अं. वतानह] બુતાનો (૨) [લા] મેલી ફાટેલી પાઘડી(૩)[अ बुहतान] બુતાન, આળ. [પાઘડીનો ટુકડો, બોતાનું

**બુતાનો** પું૦ [अ दत्तानह] ઝીણી ફાટેલી

**બુતારો** પું૦ [સર૦ म] સાવરણો

**બુદબુદ** પું૦ [सं बुद्बुद] પરપોટો

**બુદ્ધ** વિ૦ [स] જ્ઞાતા, સમજુ (૨) જાગેલું (૩) જ્ઞાન પામેલું(૪)પું૦(સં.)ગૌતમબુદ્ધ,બુદ્ધાવતાર (૫) સ્ત્રી૦ (૫) બુદ્ધિ. ૦ત્વ ન૦. ૦શાસન ન૦ બુદ્ધનો ઉપદેશ–શિક્ષણ; બુદ્ધધર્મ. –દ્ધાવતાર પું૦[+अवतार] વિષ્ણુનો નવમો અવતાર [–ઘરવો=ચૂપ રહેવું; બોલ્યા ચાલ્યા વિના જોયા કરવું]

**બુદ્ધિ** સ્ત્રી૦ [सं] વસ્તુને જાણવાની ચિત્તની આકલન-કે સમજ-શક્તિ, અક્કલ, ચિત્તની એક વિભૂતિ(૨)સમજ, જ્ઞાન; વિવેક, ડહાપણ (૩) વિચાર [–ખીલવી=બુદ્ધિનો વિકાસ થવો. –ચલાવવી=સમજવા પ્રયત્ન કરવો, અટકળ–અનુમાન કે તર્કશક્તિનો ઉપયોગ કરવો –ચાલવી=સમજ પડવી;પહોંચ જવી –દોડાવવી=જુઓ બુદ્ધિ ચલાવવી –ની ખાઈ, –નો આગળો=બેવકૂફ –નો ભંડાર, સાગર=ઘણો બુદ્ધિશાળી માણસ (૨) મૂર્ખશિરોમણિ (કટાક્ષમા) –ફરવી, ફરી જવી=અવળી બુદ્ધિ થવી –બતાવવી =સલાહ આપવી (૨) ચાલાકી દેખાડવી.] ૦ઉજાગર વિ૦ બુદ્ધિશાળી, કુશાગ્ર બુદ્ધિનું. ૦ગમ્ય,૦ગ્રાહ્ય વિ૦ બુદ્ધિથી સમજી શકાય તેવું ૦જીવી વિ૦ બુદ્ધિ ઉપર ગુજારો કરનાર (શ્રમજીવીથી ઊલટું) ૦તત્ત્વ ન૦ પ્રકૃતિનું પ્રથમ પરિણામ(સાંખ્ય) ૦પુરઃસર, ૦પૂર્વક અ૦ બુદ્ધિથી; જાણીજોઈને ૦પ્રયોગ પું૦ બુદ્ધિનો ઉપયોગ. ૦પ્રામાણ્ય ન૦ બુદ્ધિને જ પ્રમાણ માનવી તે; બુદ્ધિગ્રાહ્ય તેટલું જ સત્ય એમ માનવું તે ૦પ્રામાણ્યવાદ પું૦ બુદ્ધિ પ્રામાણ્યનો વાદ, 'રૅશનલિઝમ' ૦પ્રામાણ્યવાદી વિ૦ (૨) પું૦ બુદ્ધિપ્રામાણ્યવાદમાં માનનાર ૦બલ(–ળ) ન૦ સમજશક્તિ (૨) શેતરંજની રમત ૦ભેદ પું૦ બુદ્ધિનું ડામાડોળપણું. ૦ભ્રમ પું૦ બુદ્ધિ ભ્રમિત–વિપરીત થઈ જવી તે ૦ભ્રંશ પું૦ બુદ્ધિનો નાશ ૦મત્તા સ્ત્રી૦, ૦મત્ત્વ ન૦ બુદ્ધિમાન હોવાપણું ૦માન વિ૦ બુદ્ધિશાળી,અક્કલમંદ ૦લક્ષણ ન૦ બુદ્ધિની નિશાની ૦વાદ પું૦ 'રૅશનલિઝમ' ૦વ્યાપાર પું૦ બુદ્ધિનો ઉપયોગ ૦શાળી વિ૦ બુદ્ધિવાળું ૦સંપન્ન વિ૦ બુદ્ધિવાળું. ૦હીન વિ૦ બુદ્ધિ વગરનું

**બુદ્બુદ** પું૦ [स] બુદબુદ, પરપોટો

**બુધ** વિ૦ [सं.] ડાહ્યું, વિદ્વાન (૨) પું૦ એ નામનો ગ્રહ (૩) બુધવાર (૪) વિદ્વાન; ડાહ્યો માણસ. ૦વાર પું૦ અઠવાડિયાનો ચોથો દિવસ [બાપનો બુધવાર=કશું નહિ, કાંઈ જ નહિ!] ૦વારિયું વિ૦ બુધવારનું; બુધવારનું (૨) ન૦ બુધવારે નીકળતું છાપું. ૦વારુ વિ૦ બુધવારે આવતું કે શરૂ થતું

**બુનિયાદ** વિ૦ [फा] કુલીન, ખાનદાન.(૨)સ્ત્રી૦ પાયો, મૂળ –દી સ્ત્રી૦ કુલીનતા; ખાનદાની (૨) વિ૦ પાયાનું, મૂળનું

**બુનસ** ન૦ [अ बुर्नुस] જુઓ બનૂસ

**બુભુક્ષા** સ્ત્રી૦[सं.]ભૂખ(૨)ભોગવવાની ઇચ્છા –ક્ષિત વિ૦ ભૂખ્યું –ક્ષુ વિ૦ [सं] ભૂખ્યું (૨) ભોગની ઇચ્છાવાળું [ઘાટ, પોકાર

**બુમરાણ** ન૦ ['બૂમ' ઉપરથી] બૂમાબૂમ. ઘાટા-

**બુમાટ** સ્ત્રી૦; ન૦ ['બૂમ' ઉપરથી] વાયકા,

અફવા (૨) પોકાર, બૂમ. -ટો પું૦ બુમાટ

**બુરખેપોશ** વિ૦ [બુરખો + फा पोश] બુરખો પહેરનાર

**બુરખો** પું૦ [अ. बुर्कअ] ચહેરો ઢાંકવાનું જાળીવાળું કપડું (૨) આખું શરીર ઢંકાય તેવું પડદો કરવાનું સીવેલું વસ્ત્ર. [-નાખવો, પહેરવો = બુરખો ઓઢવો.]

**બુરજ** પું૦ [अ बुर्ज] કિલ્લાના મથાળા પર તોપ ગોઠવવા કાઢેલી અગાશી જેવી રાવઠી (૨) પુસ્તો; હાથણી

**બુરજી** સ્ત્રી૦ ['બુરજ' ઉપરથી] શેતરંજની રમતમાં એક પ્રકારની જીત

**બુરાક** સ્ત્રી૦ જુઓ બરાક (૨) [अ.] તાબૂતના દિવસોમાં કઢાતી પરી [બુલાખ

**બુરાખ** સ્ત્રી૦ જુઓ બુરાક [अ.] (૨) જુઓ

**બુરાનકોટ** પું૦ [इं ब्राउनकोट] એક જાતનો મોટો ડગલો-ઓવરકોટ

**બુરાવવું** સ૦ક્રિ૦, **બુરાવું** અ૦ ક્રિ૦ 'બૂરવું'નું પ્રેરક ને કર્મણિ

**બુરાસ** ન૦ [इं ब्रश, सर० हिं बुरुश] બ્રશ

**બુરીચુરી** સ્ત્રી૦ એક પક્ષી

**બુલડોગ** પું૦ [इं] એક જાતનો મોટો જબરો ગણાતો કૂતરો [બુલબુલના જેવો રવ

**બુલબુલ** ન૦ [फा.] એક પક્ષી. -લાટ પું૦

**બુલંદ** વિ૦ [फा.] ભવ્ય (૨) ઊંચી યોગ્યતાવાળું (૩) મોટો, ઊંચો (અવાજ)

**બુલાખ** સ્ત્રી૦ [तु बुलाक] બે નસકોરા વચ્ચેનો પડદો (૨) તેનો વેહ (૩) તેમાં ઘાલેલી વાળી

**બુસટિયો** પું૦ ['બૂસટ' ઉપરથી] બૂસટ મારનાર, ઠિયેર

**બુહારવું** સ૦ક્રિ૦ ['બુહારી' ઉપરથી] બહોરવું

**બુહારી** સ્ત્રી૦ [दि. वउहारी, बोहारी] સાવરણી

**બુંદ** પું૦ [सं. बिंदु] એક બી, જેની ફોડી બને છે (૨) ન૦ ટીપું. ૦દાણો પું૦બ૦વ૦ જુઓ બુંદ પું૦ [બુંદેલખંડની બોલી

**બુંદેલી** સ્ત્રી૦ પશ્ચિમ હિંદની એક બોલી;

**બુંબ** સ્ત્રી૦ [दि. बुंबा] + બૂમ -બાણ ન૦, -બાપાત, -બારવ પું૦ ઘોંઘાટ, શોરબકોર -બિયો પું૦ મોટા અવાજવાળુ ઢોલ

**બૂ** સ્ત્રી૦ [फा.] બો, ગંધ (૨) મુસલમાન સ્ત્રીના નામ પાછળ લગાડાય છે. ઉદા૦ મરિયમબૂ

**બૂક** પું૦ [दि. बुक्का] કોળિયો, બૂકડો

**બૂક(-ગ)ડી** સ્ત્રી૦ [સર૦ म बुगडी ઉપરથી] સ્ત્રીઓના કાનનું એક ઝૂલતું ઘરેણું

**બૂકડો** પું૦ ['બૂકો' ઉપરથી] કોળિયો

**બૂકણી** સ્ત્રી૦ [સર૦ हिं. बुकनी, म बुकणी, बोकणी] ભૂકી

**બૂકવું** સ૦ ક્રિ૦ [સર૦ म बुकणें, हिं. बूकणें = ભૂકો કરવો] ફાકવું (૨) ઝટ ઝટ ખાવું

**બૂકો** પું૦ [दि बुक्का = મૂઠી ? કે ભૂકો પરથી ?] બૂક, મોટો કોળિયો, ફાકો

**બૂગડી** સ્ત્રી૦ જુઓ બૂકડી

**બૂગણ** ન૦ [જુઓ બૂગણ] અનાજના ગાડામાં પાથરવાની મોદ

**બૂઘલી** સ્ત્રી૦ [જુઓ બોઘરણું] બરણી

**બૂચ** પું૦ [સર૦ म ; हिं ]ડાટો(૨)[સર૦ म बूच] પાનાની એક રમત. [-મારવો = ડાટો ઘાલવો, બૂચ વડે બંધ કરવું -ઉઘાડવો, કાઢવો, ખોલવો = બૂચ દૂર કરી મો ઉઘાડવું ]

**બૂચગ** ન૦ એક પક્ષી

**બૂચટ** વિ૦ મૂર્ખ (૨) છોકરવાદ

**બૂચિયું** વિ૦ જુઓ બૂચું (૨) કાન વગરનું

**બૂચી** સ્ત્રી૦ ['બચ્ચુ' ઉપરથી ?] છોકરી -ચો પું૦ છોકરો (લાડમાં)

**બૂચું** વિ૦ [જુઓ ચીબું (सं चिपिट); સર૦ हिं बूचा, म बुचा] બેઠેલા કે ટેરવા વિનાના નાકનું (૨) કાન વગરનું (૩) [લા ] ઘરેણાં વગરનું(કાન કે નાક) [બૂચો કારભાર = સત્તા કે દબદબા વગરનો કારભાર (૨) કમાઈ ઝાઝી ન થાય તેવો બેઠો રોજગાર ]

**બૂજ** સ્ત્રી૦ [प्रा. बुज्झ (सं बुध्)] સમજ કે કદર. ૦વું સ૦ ક્રિ૦ સમજવું; કદર કરવી

**બૂઝવવું** સ૦ ક્રિ૦ [જુઓ બુઝાવવું] ઓલવવું

**બૂટ** પું૦ [इं] વિલાયતી જોડો

**બૂટ** સ્ત્રી૦ બુટ્ટી, કાનની નીચેની ચામડી, લાળી. [-પકડવી = કબૂલ કરવું, ગુનો કે ભૂલ સ્વીકારવા ]-ટિયું ન૦ લાકડાનું લોળિયું (બૂટનો વેહ પહોળો કરવાનું)(૨)બૂટે પહેરવાનું ઘરે

**બૂઠું** વિ૦ જુઓ બુઠ્ઠું

**બૂડકી** સ્ત્રી૦['બૂડવુ' ઉપરથી] ડૂબકી [**-ખાવી** =ડૂબકી મારવી; પાણીમા પેસી જવુ. **-મારવી** =પાણીમા પેસી જવુ (૨) નાસી જવુ,છટકી જવુ, દેખા ન દેવી.] **-વું** અ૦ક્રિ૦ [प्रा. वुड्ड (सं ब्रुड्, वुड्), સર૦ हिं बुडना, म बुडणें] ડૂબવુ (૨) ખુવાર થવું; દેવાળુ કાઢવુ, નુકસાનમા ઊતરવું [ગોળ ભાગ

**બૂડી** સ્ત્રી૦ [સર૦ म ] (કા) ભાલાના છેડાનો

**બૂઢ(-ઢિયો)** પુ૦ [प्रा वुड्ढ,बुड्ढ (सं. वृद्ध) =મોટું ઉપરથી] મોટો વાદરો

**બૂઢું (-ઢિયું)** વિ૦ [જુઓ બુડ્ઢું] ઘરડું

**બૂધ** સ્ત્રી૦ [सं बुद्धि] બુદ્ધિ, સમજ (પ)

**બૂધું** ન૦ ['ધીબવું' ઉપરથી ?] જાડો ડગોરો (૨) [सं बुध्न, प्रा बुंध] તળિયુ (વાસણને આચથી પડે છે તે કે તેની બેઠક) (૩) (ચ ) મહુડાનો મોર

**બૂબક** વિ૦ [સર૦ म. वंबू] બુદ્ધિ વિનાનું; જડ

**બૂમ** સ્ત્રી૦ [दे. बुंबा, સર૦ म. बोंब, बोम] વાટો; બરાડો, પોકાર(૨)અફવા [**-ઊઠવી** =બુમાટો થવો, પોકાર થવો(૨)અફવા ફેલાવી **-પડવી** =પોકાર થવો (૨) ધા નાખતો અવાજ થવો. **-પાડવી, મારવી** =ઘાટો પાડવો; બોલાવવુ (૨) ફરિયાદ કરવી ] **-બૂમ** સ્ત્રી૦ ઘાટાઘાટ, બુમરાણ **-શોર** પુ૦ બુમરાણ

**બૂમલું** ન૦ સુકવેલી માછલી

**બૂરવું** સ૦ક્રિ૦ [सं मृ ઉપરથી] પૂરવુ

**બૂરી** સ્ત્રી૦ (ચ ) બાવટાને છડવાથી નીકળતો છોડાનો ભૂકો

**બૂરું** વિ૦ [સર૦ हिं., म बुरा] ખરાબ. **-રાઈ (-શ)** સ્ત્રી૦ દુષ્ટતા (૨) અણબનાવ

**બૂરું** ન૦ [સર૦ हिं. बूरा] ધોયેલી ઝીણી ખાડ

**બૂલું** (બૂં) ન૦ [સર૦ हिं. बुरा, स. उल्व] ગુદા (૨) ફૂલો; ધગડો (અશિષ્ટ પ્રયોગ). [**-છટકી જવું, વછૂટી જવું** = ઝાડા થઈ જવા (૨) ભારે પડી જવુ, ધારતી લાગી જવી **-તોડી,વછોડી નાખવું**=સખત માર મારવો ]

**બૂસકું** ન૦ [स. भृश] વરસાદનુ ઝાપટું

**બૂસટ** સ્ત્રી૦ ઘેણને ગાલે દિયર તમાચો મારે તે, સીમંતને અંગેનો એક વિધિ

**બૂહલું** ન૦ [જુઓ બૂહો] (ચ.) ધોકણુ (૨) [प्रा. पोस, फोस=ગુદા] જુઓ બૂલુ

**બૂહું** વિ૦ [प्रा. वूह (स. वृंह्)=જાડું કરવુ, વધારવુ ઉપરથી] જડ, જાડું; અરસિક

**બૂહો** પું૦[જુઓ બૂહું] આડો જડેલો લાકડાનો કકડો (૨) મૂર્ખ [મોદ, બૂગણ

**બૂંગણ** ન૦ [જુઓ બૂંગવુ] ગાડામાં પાથરવાની

**બૂંગવું** સ૦ક્રિ૦ [दे बुज्जण = ઢાકવું] આવરણ કરવુ (૨) વધારેપડતુ બોલવું

**બૂંગિયો** પું૦ [રવ૦ ?] શૂરાતન ચઢાવવા વગાડવામા આવતો ઢોલ

**બૂંઠ** વિ૦ [જુઓ બૂઠું] મૂર્ખ; જડ

**બૂંદ** ન૦ (બાજીમા) કૂટી પાકવાનું છેલ્લુ ઘર. **-દિયાળ** વિ૦ બેસે ત્યાંથી ઊઠે નહિ એવું, બૂંદમા પડેલ સોગઠી જેવુ

**બૂંધી** વિ૦ [स. बुध्न=તળિયુ ઉપરથી ? સર૦ म बुधेला, हिं बुध्धू] મૂર્ખ, કમ અક્કલનું

**બૃહત** વિ૦[सं ] મોટું; વિશાળ **-દ ગુ(-ગૂ)જરાત** પુ૦, સ્ત્રી૦, ન૦ ગૂજરાત તેમ જ બહાર જ્યા ગૂજરાતીઓ રહેતા હોય એવા વસાહતી પ્રદેશોનો એક સમૂહ

**બૃહસ્પતિ** પુ૦ [सं ] (સ ) દેવોના ગુરુ (૨) એક ગ્રહ **-ત(-તિ)વાર** પુ૦ ગુરુવાર

**બે** (બે) વિ૦[प्रा. वि(सं द्वि)] '૨'.[**-આંખની શરમ** =રૂબરૂ હાજરીની અસર **-આંગળ ચડે તેવું** =ચડિયાતુ,સવાયુ **-આંગળ સ્વર્ગ બાકી રહેવું** =ગર્વ ને મગરૂરીનો પાર ન હોવો. **-કાન વચ્ચે માથું કરવુ** =(નાના બાળકને અપાતી) ખાલી ધમકી **-ગોળીનો ચડવો** =અડૂકદડૂકિયો; બે બાજુ ઢોલકી બજાવનાર **-ઘોડે ચડવું** =એકસાથે ન થઈ શકે એવા બે કામ સાથે ઉપાડવા **-છાંટા નાખી લેવા** =ઝટ ઝટ નાહી લેવુ (૨) ઝટ,ઝટ સધ્યાપૂજા કે શ્રાદ્ધક્રિયા કરી લેવા **-છીપનું મોતી** =મોટું, ગોળ અને નમૂનેદાર મોતી (૨) આદર્શ - નિષ્કલંક માણસ **-ઘડીનો પરોણો** = મરવાને બે ઘડીની જ વાર હોય એવુ માણસ **-તરફની (બાજુની) ઢોલકી વગાડવી** =

દૂધમા ને દહીમા પગ રાખવો, બંને બાજુનુ ગાવુ **-દાણા**=જરા પણ (અક્કલ ન હોવી) **-ધારની (બેધારી) તલવારે રમવું**=બે બાજુ ઢોલકી વગાડવી, બને પક્ષ તરફ ઢળવુ (એકનું)બે ન થવું=પોતાની વાતને આગ્રહથી વળગી રહેવું. **-પેટ કરવાં**=હદ ઉપરાંત જમવુ. **-પૈસા છાંટવા**=લાચ આપવી **-બાપનું**=છિનાળના પેટનુ (સતાન) **-બોલ**=થોડાક વચન; થોડીક પ્રસ્તાવના કે થોડુક વ્યાખ્યાન **-ભાગ** = વધારેપડતો-બમણા જેટલો ભાગ (જેમ કે, બળિયાના બે ભાગ) **-માથાં હોવાં**=મગજનુ ફાટેલું હોવુ,ગર્વિષ્ઠ ને તુમાખી હોવુ **-મોઢાની ચાકળણ**=આધળી ચાકળણ (૨) અબી બોલ્યા, અબી ફોક કરનાર માણસ **-મોઢાં હોવાં**=બે-વચની હોવુ **-હાથ જોડવા**=વીનવવું **-હાથ વચ્ચે પેટ**=સમદૃષ્ટિ ને નિષ્પક્ષ **-હાથે જમવું**=સારી પેઠે ખાવુ(૨)સારી પેઠ કમાવુ. **-હાથે પાઘડી ઝાલીને હીંડવું**=વિચારી વિચારી-સાવધ રહી વર્તવુ **-હાથે પેટ બતાવવું**=ભૂખ લાગી છે-એવી સજ્ઞા કરવી ] ૦**આની** સ્રી૦ બે આનાનો સિક્કો ૦ઉ (બે) વિ૦ બંને ૦ઉથા અ૦ + બેઉ સાથે

**બે** (બે) અ૦ [फा] નિષેધ કે અભાવ અર્થનો ઉપસર્ગ ૦**અક્કલ** વિ૦ અક્કલ વગરનુ ૦**અખત્યાર** વિ૦ સત્તાહીન ૦**અખત્યારી** સ્રી૦ અખત્યારીનો અભાવ.૦**અદબ** વિ૦અવિવેકી, અસભ્ય ૦**અદબી** સ્રી૦ અવિવેક,અસભ્યતા ૦**આબરૂ**, ૦**ઇજ્જત** વિ૦ આબરૂ વગરનુ (૨) સ્રી૦ અપકીર્તિ ૦**આરામ** વિ૦ માંદુ; નાદુરસ્ત ૦**ઇજ્જતી** સ્રી૦ બેઆબરૂ ૦**ઇન્સાફ** વિ૦ અન્યાયી, ગેરકાયદેસર ૦**ઇન્સાફી** સ્રી૦ ૦**ઇલાજ** વિ૦ ઉપાય વગરનુ, લાચાર ૦**ઈમાન** વિ૦ વિશ્વાસઘાતી, અપ્રમાણિક (૨) કૃતઘ્ન, નિમકહરામ (૩) આસ્થા વગરનુ ૦**ઈમાની** સ્રી૦ બેઈમાનપણુ. ૦**ઉમેદ** વિ૦ નાઉમેદ, નિરાશ ૦**ઉમેદી** સ્રી૦ નિરાશા. ૦**કદર** વિ૦ કદર વિનાનુ ૦**કરાર** વિ૦ બેચેન ૦**કરારી** સ્રી૦ અસુખ, બેચેની ૦**કસૂર** વિ૦ વાક વિનાનુ. ૦**કાયદે** અ૦ ગેરકાયદે. ૦**કાર** વિ૦ નવરૂ (૨)નકામુ. ૦**કારી** સ્રી૦ કામધધાનો અભાવ. ૦**કાળજી** સ્રી૦ બેદરકારી ૦**કેદ** વિ૦ બધનરહિત; સ્વતંત્ર; નિરંકુશ; અમર્યાદ. ૦**કેદી** સ્રી૦ બેકેદપણું. ૦**કોલ(-લી)** વિ૦ કોલ ન પાળનારું. ૦**ખબર** વિ૦ અજાણ્યુ. ૦**ખુદા** વિ૦ ઈશ્વરવિમુખ

**બેક** (બે) વિ૦ [બે + એક ?] થોડુંક; કેટલુક(ચ)

**બેકી** સ્રી૦ ['બે' ઉપરથી] બેની જોડી(૨)બેથી ભાગી શકાય એવી સંખ્યા (૩) આગળીની સજ્ઞાથી (બતાવાતી) ટટ્ટીની હાજત [-કરવા જવું, -જવું=ઝાડે ફરવા-દિશાએ જવુ. -થવું, લાગવી=ટટ્ટીની હાજત થવી ]

**બેગ** સ્રી૦ [इं.] થેલી(૨) ટૂંકઘાટની પેટી (પ્રાયઃ ચામડાની) [પતરું

**બેગડ** ન૦ [म., (का वेगडे)] કલાઈનુ રંગેલુ

**બેગણિયું** ન૦ એક જાતનુ સુતરાઉ લૂગડુ

**બેગમ** સ્રી૦ [तुर्की] મોટા દરજ્જાની મુસલમાન સ્રી [વિનાનુ -જી સ્રી૦

**બેગરજ(-જાઉ,-જુ)** (બે) વિ૦ [फा] ગરજ

**બેગાના** વિ૦ [फा] ત્રાહિત [(૨) મજૂર

**બેગાર** પુ૦; સ્રી૦ [हि] વેઠ -રી પું૦ વેઠિયો

**બેગુના(૦હ)** (બે), વિ૦ [फा] નિર્દોષ

**બેઘાઘ ડુ** વિ૦[મિશ્ર + स घट् ?]મિશ્ર,ભેળસેળ, ન સમજાય તેવુ

**બેચાર,-રેક** (બે) વિ૦ [બે + ચાર] આશરે બેથી ચાર (૨) (સખ્યામા) થોડુક

**બેચેન** (બેચે) વિ૦ [फा वे + ચેન] અસ્વસ્થ, અજ પાવાળુ -ની સ્રી૦ બેચેનપણુ

**બેજફા** (બે) વિ૦ [फा.] જુલમી નહિ એવુ, રહેમવાળું

**બેજા** (બે) વિ૦ [फा] અસ્થાને એવું, અઘટિત, અયોગ્ય [કટાળેલુ

**બેજાજ(-ર)** (બે) વિ૦[फा वेज़ार] અકળાયેલુ,

**બેજાન** (બે) વિ૦ [फा] જીવ વિનાનુ, મૂર્છિત

**બેજાર** (બે) વિ૦[फा] જુઓ બેજાજ -રી સ્રી૦

**બેજીવવાળી, બેજીવસોતી** (બે) (સો) વિ૦ સ્રી૦ [બે + જીવ + સોતી(સહિત)] ગર્ભવતી

**બેટ** પું૦ [સર૦ हिं वेठ; का. व्यट्ट, सिं. वेट्ट (सं. वेष्टित, प्रा. वेट्ठिअ?)] ચારે બાજુએ પાણીથી વીંટળાયેલી જમીન, દ્વીપ

**બેટરી** સ્ત્રી૦ [इं] જુઓ ટૉર્ચ (૨) વીજળી રાખવાનું એક સાધન (જેમ કે મોટરની, રેડિયોની)

**બેટી** સ્ત્રી૦ [दे बिट्टी] દીકરી **૦જી** સ્ત્રી૦(સં) ગોસાઇજીની પુત્રી **૦વહેવાર** પું૦ કન્યા આપવા લેવાનો સંબંધ **-ટો** પું૦[दे बिट्ट] દીકરો **-ટમજી** પું૦ (વ્યંગમાં) બેટો

**બેઠક** (બે) સ્ત્રી૦ [બેસવું ઉપરથી, अप वइट्ठ, दे विट्ठ (બેઠેલું)(सं उपविष्ट; प्रा उवइट्ठ)] બેસવું તે (૨) બેસવાની જગા; આસન (૩) બેસવા ઊઠવાનો ઓરડો (૪) ઘણા જણનું એકઠા થઈ બેસવું તે (૫) બેસણી (૬) એક કસરત (૭) વ્યવસ્થિત સભા કે મંડળનું અધિવેશન ભરાવું તે, 'સેશન' [**-કરવી** = ઊભા થઈ બેસવાની કસરત કરવી (શિક્ષા તરીકે પણ) (૨) બેસી પડવું (૩) રોજ બેસવા જવું. **-થવી** = ભેગા મળી બેસવું ઉદા૦ પહેલાં તે બન્નેની ત્યાં ચાર કલાકની બેઠક થતી **-ભરવી** = અધિવેશન-સભા ભરવી **-ભરાવી** = સભા મંડળી જામવી. **-હોવી** = ને ત્યાં રોજ બેસવા જવું હોવું ઉદા૦ તેની ત્યાં રોજની બેઠક છે]

**બેઠઅલિયું** (બે) વિ૦ [બેઠ (બેસવું)+મલિયું (मल्ल?)] (કા) બેઠાડુ રહી નાજુક થઈ ગયેલું

**બેઠાખાઉ** (બે) વિ૦ [બેઠું + ખાવું પરથી)] શ્રમ કર્યા વિના ખાનાર, નિરુદ્યમી, આળસુ

**બેઠાગરું**, **બેઠાડુ** (બે) વિ૦ [બેઠું ઉપરથી] ઘણું બેસી રહેનાર, બેઠાબેઠ થઈ ગયેલું

**બેઠાબેઠ** (બે) સ્ત્રી૦ ['બેઠું' ઉપરથી] રોજગાર વિના બેસી રહેવું તે (૨) નફાખોટ વગરનું હોવું તે (૩) અ૦ બેઠેલું ને બેઠેલું હોય તેમ. **-ઠી** સ્ત્રી૦ જુઓ બેઠાબેઠ

**બેઠી** (બે) સ્ત્રી૦ ['બેઠું' ઉપરથી] બેઠી મશ્કરી કે મજાક [**-ચલાવવી, હાંકવી** = ઠંડે પેટે અથવા સામાને ખબર ન પડે તેવી મજાક ઉડાવવી (૨) ઠંડા પહોરની ગપ-ડિંગ મારવી] **૦રમત** સ્ત્રી૦ બેઠા બેઠા રમવાની રમત **-ઠું** 'બેસવું'નું ભૂતકાળ (૨) વિ૦ બેઠેલું (૩) નીચું (ઘાટમાં) (૪) [લા] ધાંધલિયા દેખાવ વિના શાંતિથી-સ્થિર ગતિથી કે ઠંડે પેટે થતું ઉદા૦ બેઠું કામ, બેઠો બળવો [**બેઠા થવું** = આડા પડ્યા હોઈએ તેમાંથી ટટાર થવું બેસવું (૨) માંદગીમાંથી છૂટી જવું, સાજા થવું (૩) ફરી સતેજ થવું. **બેઠાની ડાળ કાપવી** = પોતાનું જ આધારસ્થાન તોડવા મથવું, પોતાનો જ પગ કાપવો **બેઠી દડીનું** = ઊંચું-દમામદાર નહિ, પણ મજબૂત ઘાટીલું, શાંત. **બેઠું કરવું** = (પથારીવશ હોય ત્યાંથી) સાજું કરવું; મદદ આપી બેસાડવું **બેઠું ચડવું** = પાણીની કાઢવાલ કર્યા વિના તેમ જ હલાવ્યા વગર રંધાવું (ખોરાકનું) **બેઠું પાણી ચલાવવું** = પાયા-આધાર વિનાની ડફાસ મારવી **બેઠું પાણી પડવું** = ધીમે ધીમે પણ સતત પાણી પડ્યા કરવું **બેઠે આમળે હોવું** = કડમાં બેઠેલું-ગઠું હોવું **બેઠેલો પોપડો ઉખાડવો** = શાંત થયેલો ઝઘડો કે વાત ફરી ઉપાડવા **બેઠો બળવો** = શાંત, અહિંસક બળવો. **બેઠો ભાત** = પહેલેથી જ જોઈતું પાણી મૂકી, ઓસાવ્યા વિના રાંધેલો ભાત **બેઠો ભાવ** = વધઘટ ન થાય તેવો ભાવ, ટકી રહેલો ભાવ (૨) ઘેર બેઠા મળતો-આવતો ભાવ **બેઠો હાથી** = નવી કમાણી વિના ઘરમાં હોય તે જ પૂરું કરનાર માણસ] **-ઠેલ(-લું)** વિ૦ બેઠાગરું (૨) બેઠું; નીચું (૩) દબાયેલું (૪) પડી રહ્યાથી બગડેલું. **-ઠો પગાર** પું૦ કામ કર્યા વગર મળતો પગાર (-આપવો)

**બેડ** સ્ત્રી૦ [સર૦ हिं वेढन (सं वेष्टन)] જુઓ બેળ, ચૂલાનો ઉપરનો છૂટો ભાગ

**બેડકું** ન૦ [સર૦ म वेडकी; સર૦ બરડવું, બરડ? કે 'બેડો' ઉપરથી?] આગળીનો સાંધો (૨) આખલીનો કચૂકાવાળો ભાગ (૩) (બે?) [જુઓ બહેડો] વરસાદથી થયેલો કીચડ

**બેડલી** સ્ત્રી૦ [दे. वेड वेडा] હોડી, નાનો બેડો

**બેડશી(-સી)**, **બેડસાઈ** સ્ત્રી૦ [જુઓ બડાશ] હુંપદ, ગર્વ (**-મારવી, હાંકવી**)

**બેડાચડ(-ઢ)**, **બેડાફોડ** વિ૦ [બેડું' ઉપરથી]

ઉપર નાનું અને નીચે મોટું એવું, બેડાના ઘાટનું; શંકુ જેવું (૨) કપાળમાં એવી બે ભમરીઓવાળું (ઘોડું)

**બેડિયાત** પું૦ ['બેડો' ઉપરથી] ખલાસી

**બેડિયું** ન૦ ['વેડવું' ઉપરથી] આંબેથી કેરીઓ અધ્ધર વેડવાની જાળીદાર ઝોળી (૨) [બે (સં. द्वि.)+સં अनड्वाह ?] બે બળદનું ગાડું (૩) (બે બળદ ખેંચી શકે – બેડિયામાં માય એટલું) બત્રીસ મણનું માપ (૪) ['બે' ઉપરથી] શેરડીના બીનો બે આંખોવાળો કકડો [બેડિયે હાંકવું = બદલ્યા સિવાય બંને બળદને પોતપોતાની બાજુએ આખો વખત હાંકવા]

**બેડી** સ્ત્રી૦[સર૦ हिं. (हिं बेढना = वींटळावुं, घेरवुं; सं. वेष्टन)] જંજીર; કેદીને બાંધવાની સાંકળ (૨) [લા] બંધન, જંજાળ, પ્રતિબંધ (૩) પગનું રૂપાનું ઘરેણું (૪) બે આગળીએ પહેરવાની જોડેલી વીંટી (–નાખવી, ઘાલવી, પહેરાવવી)

**બેડું** (બે') ન૦ ઘડો ને દેગડો, હિલ્લરડ

**બેડો** પું૦ [हिं बेड, बेडा] વહાણ (૨) [સર૦ हिं, सं बेडा] ટોળી; ટુકડી (૩) [સર૦ हिं. बेडा = આડું, ટેડું] છેડો ખોસવો તે [–પાર કરવો, થવો = વિજય મળવો, સિદ્ધિ થવી –વાળવો = છેડો ખોસવો] [વાણું(વહાણ)

**બેડોલી** (બે) વિ૦ [બે + ડોલ] બે ડોલ – કૂવા

**બેડોળ** (બે) વિ૦ [બે (फा) + ડોળ] કદરૂપું

**બેઢબ** (બે) વિ૦ [બે (फा) + ઢબ] બેડોળ (૨) બેઅદબ (૩) ધોરણ – પદ્ધતિ વિનાનું (૪) ફાયદા વગરનું

**બેઢંગ(–ગું)** (બે) વિ૦ [બે (फा) + ઢંગ] ઢંગ વગરનું, કઢંગું [છાપરું

**બેઢાળિયું** (બે) ન૦ [બે + ઢાળ] બે ઢાળવાળું

**બેણું** (બે') ન૦ [सं वहन ?] નદીનો પટ

**બેત** (બે) પું૦ [જુઓ વેંત] મનસૂબો (૨) વેંત, યુક્તિ, તજવીજ (૩) [सं वेतस्, प्रा वेत्त] નેતર. [–ઉતારવો = તજવીજ કરવી (૨) યોજના પાર પાડવી –કરવો, ઘડવો, રચવો, લગાડવો = યુક્તિ – યોજના કે તજવીજ કરવા]

**બેત** સ્ત્રી૦ [अ] બે ટૂકની ફારસી કવિતા

**બેતકસીર** (બે) વિ૦ [फा] નિર્દોષ

**બેતબાજી** સ્ત્રી૦ [फा] બેત – કવિતાઓ કરવી અને ગાવી તે

**બેતમા** (બે) વિ૦ [फा] બેદરકાર

**બેતમીજ** (બે) વિ૦ [फा] અવિવેકી; અસભ્ય

**બેતરફી** (બે) વિ૦ [બે + તરફ] બે બાજુનું

**બેતલબ** (બે) વિ૦ [फा] માગી શકે નહિ એવું

**બેતાલ(–લું)** (બે) વિ૦ [બે (फा) + તાલ] તાલ વગરનું (૨) [લા] મેળ કે ગોઠવણ વગરનું (૩) વહી ગયેલું, હાથથી ગયેલું

**બેતાળાં** (બે) ન૦બ૦વ૦ ['બેતાળીસ' ઉપરથી] બેતાળીસ વર્ષની ઉમ્મરે આંખે આવતી ઝાંખ કે ત્યારે પહેરાતા ચશ્મા [–આવવાં = તે ઉમરની ઝાંખ કે ચશ્મા આવવા] –ળીસ વિ૦ [सं द्विचत्वारिंशत्, प्रा बायालीस] '૪૨' –ળું વિ૦ બેતાળીસ શેરના મણનું (તોલ)

**બેદ** સ્ત્રી૦ જુઓ બેન (अ.)

**બેદરકાર** (બે) વિ૦ [फा] કાળજી વગરનું –રી સ્ત્રી૦ બેદરકારપણું [–દી સ્ત્રી૦

**બેદર્દ** (બે) વિ૦ [फा] લાગણી વિનાનું, નિષ્ઠુર.

**બેદસ્તૂર** (બે) વિ૦ [फा] શિરસ્તાથી ઊલટું

**બેદાણા** (બે) પું૦ બ૦વ૦ [हिं.] એક ઔષધિ

**બેદાદ** (બે) વિ૦ [फा.] ગેરવાજબી (૨) દાદ – ફરિયાદ ન સંભળાતી હોય તેવું –દી સ્ત્રી૦ અન્યાય

**બેદિલ** (બે) વિ૦ [फा] મન ઊઠી ગયું હોય તેવું; નાખુશ. –લી સ્ત્રી૦ નાખુશી (૨) અણબનાવ

**બેદું** (બે) ન૦ [अ बैजह] ઈંડું

**બેધડક** (બે) અ૦ [બે (फा.) + ધડક] ડર વગર હિંમતભેર

**બેધારું** (બે) વિ૦ [બે + ધાર] બે ધારવાળું (૨) ગોળ ગોળ, દ્વિઅર્થી. [બેધારી તરવાર = સામાને તેમ જ વાપરનારને – બંનેને નુકસાન કરનારી વસ્તુ]

**બેનમૂન** (બે) વિ૦ [फा] અજોડ સર્વોત્તમ

**બેધ્યાન** (બે) વિ૦ ધ્યાન વગરનું. વ્યગ્ર

**બેનવા** (બે) વિ૦ [फा] નિર્ધન, ગરીબ (૨) પું૦ ફકીરનો એક વર્ગ [સ્ત્રી૦ દુર્ભાગ્ય

**બેનસીબ** (બે) વિ૦ [फा.] અભાગિયું –બી

**બૅન્ક** સ્ત્રી૦ [इं.] જુઓ બૅંક
**બૅન્ડ** વિ૦ [इं] સમૂહમા અનેક વડે વગાડાતુ. ઉદા૦ બૅન્ડ વાજાં મ ગાવ્યા છે (૨) ન૦ વાજાં-વાળાનો સમૂહ. ૦વાજાં ન૦ બ૦ વ૦
**બેપગું,–ગાળું** (બે) વિ૦ [બે+પગ]બે પગવાળું
**બેપડિયું** (બે) વિ૦ [બે+પડ] બે પડવાળું
**બેપરવા** (બે) વિ૦ [फा] કોઈની પરવા ન રાખે તેવું; સ્વતંત્ર. ૦ઈ સ્ત્રી૦ પરવા ન રાખવી તે (–કરવી, રાખવી)
**બેફાક(–ગ,–ટ)** (બે) વિ૦ ['ફાટવું' ઉપરથી] ખુલ્લું; અમર્યાદ (૨) અ૦ ઉઘાડે છોગે (૩) 'પુરપાટ ઉદા૦ 'ઘોડો બેફાટ મારી મૂક્યો'
**બેફામ** (બે) વિ૦ [फा. बेफ़हम] ધ્યાન–લક્ષ વિનાનું(૨) ગાફેલ (–થઈ જવું, બની જવું)
**બેફિકર(–રું)** (બે) વિ૦ [फा.] ફિકર વગરનું –રાઈ સ્ત્રી૦ બેફિકરાપણું
**બેબંધ** (બે) વિ૦ [બે (फा)+બંધ]બંધ વિનાનું, બેફાક; નિરંકુશ. ૦શાહી સ્ત્રી૦ નિરંકુશ રાજ્યવહીવટ [તેવું (૨) નીડર
**બેબાક** (બે) વિ૦[फा.] કાંઈ બાકી ન રહ્યું હોય
**બેબાકળું** (બે) વિ૦ [બે (सं. भय)+બાકળું (स व्याकुल)] બાવરું, ગાભરું
**બેબી** સ્ત્રી૦ [इं] નાની બાળકી (૨) નાની બાળકી માટે લાડનું નામ
**બેબુનિયાદ** (બે) વિ૦ [फा.] કમજાત; નીચ (૨) પાયા–આધાર વિનાનું
**બેબોલ** (બે) પું૦બ૦વ૦ [બે+બોલ] થોડુંક બોલવું કે કહેવું – નિવેદન કરવું તે [–કહેવા= થોડુંક કહેવું (૨) શિખામણરૂપે કંઈક કહેવું]
**બેબોલું** (બે) વિ૦ [બે+બોલવાળું] જૂઠું; બોલીને ફરી જાય એવું, બેવચની
**બેભાતું(–થું)** (બે) વિ૦ [બે+ભાત] બે જાતનું (૨) સેળભેળવાળું
**બેભરમું** (બે) વિ૦ [બે+ભ્રમવાળું] બેસ્વાદ
**બેભાન** (બે) વિ૦ [બે (फा)+ભાન] બેશુદ્ધ. –ની સ્ત્રી૦ બેશુદ્ધિ
**બેમના** (બે) સ્ત્રી૦ [બે+મન] બે બાજુની મનોદશા: સંકલ્પવિકલ્પ(૨)નારાજી, દિલગીરી
**બેમરજાદ** (બે) વિ૦ [બે (फा.)+મરજાદા (મર્યાદા)] અમર્યાદ; લાજ વિનાનું
**બેમિસલ** (બે) વિ૦ [બે (फा.)+अ मिस्ल] અણસરખું; નિરાળું, ભિન્ન
**બેમાલૂમ** (બે) વિ૦ [फा] ગુપ્ત, અજ્ઞાત (૨) અ૦ ગુપ્તપણે
**બેમુનાસબ, બેમુનાસિબ** [फा] (બે) વિ૦ જુઓ નામુનાસિબ
**બેમુરવત** (બે) વિ૦ [બે (फा.)+अ मुरव्वत] નિમકહરામ; નિર્ગુણિયું
**બેરખ** ['બે'મા હશ્રુતિ] સ્ત્રી૦ [फा. बैरक़] નગારુ, વાવટો અને ડંકાવાળી ટુકડી
**બેરખ** (બે) અ૦[हिं वेरोक?] વારંવાર,હમેશ
**બેરખી** (બે') સ્ત્રી૦ [सं बाहु+रक्षा? हिं बैराखी] સ્ત્રીઓનું કાંડાનું એક ઘરેણું
**બેરખો** (બે) પું૦ [જુઓ બેરખી] રુદ્રાક્ષના મોટા મણકાની માળા
**બેરજો** પુ૦ [સર૦ हिं. बिरोजा; म. बेरोजा] પર્વતમા થતા એક ઝાડનો ગુંદર
**બેરડું** વિ૦ [સર૦ म. वेरड, का. वड्डुर] હઠીલું (૨) ખંધું. –ડાઈ સ્ત્રી૦
**બેરત** વિ૦ [સર૦ म बेरका (का.)=લુચ્ચું; ચાલાક, તથા म बेरसा=ઢાંડ, અવિચારી] લુચ્ચુ (૨) ચડાઉ, ઉદ્ધત (૩) [બે (फा)+ રત (ઋતુ)] કવખતનું (૪) સ્ત્રી૦ કવખત
**બેરહમ** (બે) વિ૦ [બે (फा)+अ रह्म] રહેમ વગરનું; નિર્દય,
**બેરંગ(–ગી)** (બે) વિ૦ [फा] ઊડી કે બગડી ગયેલા રંગવાળું (૨) [લા.] અનિશ્ચિત મનનું
**બેરાગી** (બે) વિ૦ [બે+રાગ] બેરંગી, બે રાગવાળું; અનિશ્ચિત મનનું (૨) પું૦ [हिं] વેરાગી; બાવો [બારિસ્ટરી
**બૅરિસ્ટર** પું૦ [इं] બારિસ્ટર. –રી સ્ત્રી૦
**બેરિયું** ન૦ એક પક્ષી
**બેરી** સ્ત્રી૦ (કા) ઘોડીની એક જાત
**બેરીજ** સ્ત્રી૦ [સર૦ म, हिं बेरिज] સરવાળો, સરવાળાની રકમ
**બેરોજગાર** (બે) વિ૦ [फा] રોજગાર વગરનું. –રી સ્ત્રી૦ રોજગારનો અભાવ, બેકારી
**બેરોનક** (બે) વિ૦ [फा.] નિસ્તેજ

બૅરોનેટ પુ૦ [इं] 'સર'નો વંશપરંપરાગત ઇલકાબ ધરાવનાર [બળદગાડી
બેલ (બે) પુ૦ [दे वइल्ल] બળદ. ૦ગાડી સ્ત્રી૦
બેલ,૦ડી સ્ત્રી૦ ['બે' ઉપરથી ?] બે જણની જોડી કે તેમાંનો એક–જોડીદાર; સાથી
બેલગામ (બે) વિ૦ [फा.] નિરંકુશ
બેલડી સ્ત્રી૦ [જુઓ બેલ] જોડી
બેલડું વિ૦ ['લડવું' ઉપરથી ?] લડવાડિયું
બેલતેલ ન૦ [બેલ (इं बॉइल्ड)+તેલ] લાકડા ઉપર લગાવવાનું એક તેલ
બેલદાર પુ૦ [फा.] કડિયાને મદદ કરનાર મજૂર (૨) ચાચવાથી જમીન ખોદનારો
બેલપ સ્ત્રી૦ [જુઓ બેલી] બેલીપણું, સહાય
બેલાખું ન૦ [સર૦ म वेला] બે પાંખિયાવાળું લાકડું (મોભ કે એવું ઊંચું કરવા–ટેકવવાનું)
બેલાશક (બે) અ૦ [अ विलाशक] સંકોચ રાખ્યા વિના [સિપાઈ
બેલિફ પુ૦ [इं] અદાલતના હુકમ બજાવનાર
બેલિયું ન૦ ['બેલું'–બેવડું થવું ?] આગળાનું અકડાઈ જવું તે (૨) [म वेलिया हिं वेला (सं. मल्लिका ?)] એક ફૂલ અને તેનું અત્તર
બેલી પુ૦ [दे. वेलि=સ્તંભ કે 'વાલી' પરથી ?] ધણી, મુરબ્બી, સહાયતા કરનાર (૨) સ્ત્રી૦ [?] સોનીનું એક ઓજાર
બેલું ['બે' ઉપરથી ?] ન૦ પૂણીનું જોડકું (૨) જોડકું (૩) ધોળો રેતાળ પથ્થર
બેવક(–ક્ક)ર (બે) વિ૦ [बे (फा)+अ. वक्र] ભાર–બોજ વિનાનું
બેવકૂફ વિ૦ [फा] મૂર્ખ. –ફી સ્ત્રી૦ મૂર્ખાઈ
બેવખત (બે) અ૦ [बे (फा.)+વખત] અયોગ્ય વખતે, કવખતે [જનાર ૦પણું ન૦
બેવચની (બ) વિ૦ [બે+વચન] બોલીને ફરી
બેવડ વિ૦ [બે+પડ] બેવડેલું હોય તેવું (૨) સ્ત્રી૦ બેવડું પડ [–વળી જવું, –વળવું =બેવડું થઈ જાય તેમ વળી જવું] ૦વું સ૦ક્રિ૦ બેવડું કરવું. –ડાવું અ૦ ક્રિ૦ બેવડું કે બમણું થવું. –ડિયું વિ૦ બે પડવાળું (૨) બેવડા બાંધાનું –ડું વિ૦ બે પડવાળું (૨) બમણું [બેવડિયા કોઠાનું, બેવડા કોઠાનું, બેવડી પાંસળીનું=મજબૂત બાંધાનું] [બહાર કાઢેલું
બેવતન (બે) વિ૦ [फा.] વતન વગરનું (૨) વતન
બેવફા (બે) વિ૦ [फा.] નિમકહરામ, બેઈમાન ૦ઈ સ્ત્રી૦ બેવફાપણું
બેવારસ (બે) વિ૦ [बे (फा.)+वारिस(अ.)] નવારસું, વારસ વગરનું
બેશ (બે) વિ૦ [फा] સારુ, ખાસું; મજેનું
બેશક (બે) અ૦ [फा] શક વગર
બેશરમ(–મું) (બે) વિ૦ [फा. वेशर्म] નિર્લજ્જ. –મી સ્ત્રી૦ નિર્લજ્જતા
બેશુદ્ધ (બે) વિ૦ [बे (फा)+શુદ્ધ] બેભાન. –દ્ધિ સ્ત્રી૦ મૂર્છા [વગરનું, બેહદ
બેશુ(–સુ)માર (બે) વિ૦ [फा.] સુમાર
બેસઊઠ (બે) સ્ત્રી૦ [બેસવું+ઊઠવું] બેસવું-ઊઠવું તે (૨) [લા] મૈત્રી, સંબંધ
બેસડા(–રા)મણ (બે) ન૦,–ણી સ્ત્રી૦ ['બેસવું' ઉપરથી] બેસાડવાની–જડાવવાની કિંમત
બેસણી (બે) સ્ત્રી૦ ['બેસવું' ઉપરથી] જેના ઉપર વસ્તુ ચપટ બેસીને સ્થિર રહે છે તે ભાગ (૨) બેઠક, આસન
બેસણું (બે) ન૦ ['બેસવું' ઉપરથી] બેસણી; બેઠક (૨) બેસવાની રીત (૩) ઉઠમણું
બેસતમ (બે) વિ૦ [फा वेशतम] પુષ્કળ
બેસતી (બે) સ્ત્રી૦ ['બેસવું' ઉપરથી] ગાઢ મૈત્રી. –તું વિ૦ 'બેસવું'નું વ. કૃ (૨) ગોઠતું આવતું (૩) નવું શરૂ થતું (૪) બરોબર હોય એવું; માફકસરનું [–આવવું=(પહેરવામાં) બરોબર આવવું (૨) કામમાં–વપરાશમાં આવી જવું; નકામું ન રહેવું. –ઊઠવું=હળવું મળવું, પ્રીતિને લીધે આવતું જતું –થવું=ઉપયોગમાં આવી જવું (૨) જરાય વધવું કે ઘટવું નહીં, જોઈએ તેટલું થઈ રહેવું. –પડવું=(પહેરવામાં) ચુસાતું—ભીડાતું રહેવું. –વર્ષ=નવું વર્ષ. બેસતો પાયો=મેળ, બનતી રાશ. બેસતાં શીખવું=લપસી પડવું (મજાકમાં).]
બેસબૂર (બે) વિ૦ [फा वेसब्र] અધીરું –રી સ્ત્રી૦ અધીરાઈ [વગરનું
બેસમજ (બે) વિ૦ [बे (फा)+સમજ] સમજ

**બેસર** (બે) વિ૦ [બે + સર] અડધી કાળી અને અડધી રેતાળ (જમીન)

**બેસરણુ** (બે) ન૦ [ 'બેસવું' ઉપરથી] કડિયા સુતારોને ભેગા થવાનુ ઠેકાણું (૨) ખર્ચ, કિંમત બેસવી તે

**બેસરામણ, -ણી** જુઓ 'બેસડામણ'માં

**બેસવું** (બે) અ૦ક્રિ૦[अप. वइस, वईस, प्रा वेस] આસન માડવું (ઊભા હોય કે સૂતા હોય તેમાથી)(૨)નીચે આવવું,ઊતરવું(ભાવ,કચરો) (૩) બંધબેસતું આવવુ (ડગલો) (૪) શરૂ થવુ (ઋતુ, વર્ષ) (૫) [ફળફૂલનુ ] આવવું (૬) કિંમત લાગવી; મૂલ પડવું(૭) લાગવું, ચોટવુ; (પાસ, ડાઘ, રંગ, વાસ) (૮) પેસી જવુ; વાગવુ; લાગવું ઉદા૦ હાથમા ચપ્પુ બેઠો (૯) સ્થાપિત થવું; જારી થવુ ઉદા૦ જપ્તી બેઠી; કોર્ટ બેઠી, દશા બેઠી (૧૦) અર્થ સમજાવો, રીત પ્રમાણે ગોઠવાવુ (હિસાબ, કોયડો, વાક્ય) (૧૧) વળવુ, સ્થિર થવું ઉદા૦ ચીતરવામા તેનો હાથ બેઠો છે (૧૨) કામકાજ વિના પડી રહેવું ઉદા૦ ભાઈ શું કરે છે? – બેઠા છે (૧૩) જાડુ – ખોખરું થવુ ઉદા૦ ગળું બેસી ગયુ (૧૪) રાહ જોવી, ખોટી થવું ઉદા૦ બેસીને હુ તો થાક્યો (૧૫) કસ કે તીક્ષ્ણતા દૂર થવા (કપડુ; ધાર)(૧૬) આધાર વિનાનું – તેજ વિનાનું થઈ જવુ; ભાગી પડવુ ઉદા૦ઘર બેઠું=પતિ, પત્ની, કે છોકરા વિનાનુ, ટેકા કે માલ વિનાનુ થયું.(૧૭) વ્યાપવુ; જામવુ ઉદા૦ કંપ બેસવો (૧૮)બીજા ક્રિયાપદ સાથે આવતાં તે ક્રિયા શરૂ કરવી, વળગવુ – મંડવુ એવો અર્થ બતાવે છે ઉદા૦ રડવા – ખાવા – ગાવા – ભાગવા બેઠો અથવા અચાનક કે ભૂલથી તે કરી નાખવું એવો અર્થ બતાવે છે. ઉદા૦ લખી બેઠો, બોલી બેઠો [**બેસ બેસ!**=રહેવા દે! જોયુ તારુ ડહાપણ! **બેસવા ઊઠવાની જગા**=દીવાનખાનુ (૨) વાતચીત કરવાનુ પાત્ર, મેળાપી માણસ **બેસવા જવું**=નાત જમતી હોય ત્યારે પાટે બેસવા જવું(૨)ખરખરો કરવા જવુ, ઉઠમણે જવું (૩) મળવા જવુ **બેસવાની ડાળ**= આધારસ્થાન. **બેસી જવું**=પડતી દશા આવવી (૨) ચપટ થઈ જવુ (જેમ કે ભૂખથી પેટ કે ગાલ બેસી જાય) (૩) પડી ભાગવું (જેમ કે ઘર, સંસ્થા) (૪) (દુકાનમા) કમાણી ન થવી (૫) દેવાળું કાઢવું (૬) નખોદ જવું (૭) કસ ઊતરી જવો (જેમ કે સૂતર, કપડુ ) (૮) થાકી કે હારી જવું (જેમકે છાતી) **બેસી પડવું**=ચાલવામાથી એકદમ થાકીને બેસી જવુ (૨) ધંધામાથી કે માથે લીધેલ કામમાથી (થાકીને) અધવચ ખસી જવું. **ખૂણે બેસવું** =(સ્ત્રીએ પતિના મૃત્યુને કારણે)શોક પાળવો **ગાદીએ બેસવું**=રાજ્યાભિષેક થવો. **ઘેર બેસવું** = નોકરીમાથી કાઢી મુકાવું. **બેસી રહેવું**=કાંઈ ઉદ્યમ-પ્રવૃત્તિ ન કરવા દૂર, **વેગળું બેસવું**=(સ્ત્રીએ)રજસ્વલા થવુ **નિશાળે બેસવું**=ભણવા નિશાળે જવુ **બારણે બેસવું** = ઉઘરાણી વગેરેનો તગાદો કરવો. **રોજે બેસવું**=રોજની મજૂરીથી કામે લાગવું]

**બેસાડ(-ર)વું** (બે) સ૦ક્રિ૦ ('બેસવુ'નુ પ્રેરક) બેસે તેમ કરવુ (જુઓ બેસવુ ) (૨) બેસતુ આવે તેમ કરવુ, જડવુ. ઉદા૦ નંગ વીંટીમા બેસાડવું (૩) પૂરી દેવુ ઉદા૦ જેલમા બેસાડી દીધો (૪) નાખવું, ઠરાવવુ. ઉદા૦ લાગો બેસાડી દીધો (૫) વ્યાપી-જામી જાય તેમ કરવુ. ઉદા૦ કંપ બેસાડવો, રોફ બેસાડવો [ **ઘેર બેસાડવું**=નોકરીમાથી કાઢી મૂકવુ **ઠામ બેસાડવું** (બૈરીને)= નાતરું કરાવવું ]

**બેસાસણ** (બે) ન૦['બેસવુ' ઉપરથી] બેસવાનુ ભાડુ (૨) રોગને લીધે ઢોરથી ઊભું ન થવાવુ, બેહક બેસવુ તે [**-પડવું**=જુઓ બેહક પડવુ] **-ણી** સ્ત્રી૦ મૂલ બેસવુ તે **-ણું** ન૦ ઉઠમણું (૨) મૂલ્ય

**બેસારવું** સ૦ક્રિ૦ જુઓ બેસાડવું

**બેસારુ** (બે) પું૦ ['બેસવુ' પરથી] ઉતારુ (વાહનનો), 'પેસેન્જર'

**બેસાવું** (બે) અ૦ક્રિ૦ બેસવાની ક્રિયા થવી ('બેસવુ'નુ ભાવે), બેસી શકાવુ

**બેસૂરું** (બે) વિ૦[બે (જુદા જુદા) + સૂર અથવા બે (फा ) + સૂર] ખોટા કે ખરાબ સૂરનુ, બસૂરું

બેસ્વાદ (બે) વિ૦ [બે (फा) + સ્વાદ; અથવા બે (મૂળ કરતા જુદા) + સ્વાદ] સ્વાદ વગરનુ કે ખગળ યા બગડેલા સ્વાદનુ

બેહક, -ક્ક (બે) વિ૦ [फा] હક વગરનુ (૨) અ૦ હક વગર, અકારણ

બેહુક (બે) અ૦ ['બેસવું' ઉપરથી] ફરી ન ઉઠાય તેમ (બેસવુ, ઢોરનુ) (-પડવું, બેસવું)

બેહજૂર (બે) અ૦ [બે + હજૂર(હાજર)] બંને (પક્ષ)ની હાજરીમા (૨) [બે (फा) + હજૂર] ગેરહાજરીમા

બેહદ (બે) વિ૦ [फा] હદ વગરનુ

બેહયા (બે) વિ૦ [फा.] બેશરમ ૦ઈ સ્ત્રી૦ બેહયાપણુ

બેહાલ (બે) વિ૦ [फा] ભૂંડી હાલતમા આવી પડેલું (૨) પુ૦ બ૦ વ૦ દુર્દશા -લી સ્ત્રી૦ ખરાબ સ્થિતિ; દુર્દશા

બેહુરમત (બે) વિ૦ [फा] બેઆબરૂ. -તી સ્ત્રી૦ આબરૂ જવી તે

બેહૂદગી [फा.], બેહૂદી (બે) સ્ત્રી૦ બેહૂદાપણું

બેહૂદું (બે) વિ૦ [फा.] બેવકૂફીભરેલુ, નકામું; અઘટિત

બેહેસ્ત (બે) ન૦ [फा विहिश्त] સ્વર્ગ ૦નશીન, -સ્તી વિ૦ સ્વર્ગવાસી

બેહોશ (બે) વિ૦ [फा] બેભાન, બેશુદ્ધ -શી [સ્ત્રી૦

બેગ (ળ,) સ્ત્રી૦ બેડ, ચૂલાનો ઉપરનો છૂટો ભાગ

બેળેબેળે (બેગે,) અ૦ [स. वलात्?] ગહા મુશ્કેલીએ; પરાણે

બેં, ૦બેં (બેં૦) અ૦ [રવ૦] (બકરાઘેટાંનો)

બેંક સ્ત્રી૦ [ઇં] બૅન્ક, શરાફી કામ કરતી પેઢી કે મંડળ ૦ર પુ૦ બેંકનુ કામકાજ કરનારો કે સંભાળનારો માણસ, શરાફ (૨) એક અટક. -કિંગ ન૦ [ઇં] બૅન્કનુ કામકાજ; શરાફી

બેંગી (બે?) સ્ત્રી૦ [सं. व्यंग्य = ઢાકવા લાયક પરથી?] સીવેલી નાની પોટલી (ટપાલમા મોકલવાની)

બૈજિક વિ૦ [सं] બીજ સંબંધી (૨) મૂળભૂત (૩) 'ઍલ્જિબ્રેઇકલ' (ગ) (૪) ન૦ મૂળ, કારણ

બૈડકબોલું વિ૦ જુઓ બટકબોલુ

બૈડૂકી સ્ત્રી૦ એક વેલો (તેનુ ફળ ઢોરને ખવરાવાય છે)

બૈયર સ્ત્રી૦ જુઓ બૈરી

બૈરક વિ૦ ['બૈરું' ઉપરથી] બૈરા જેવું ૦બુદ્ધિ સ્ત્રી૦ બૈરાના જેવી બુદ્ધિ (૨) બૈરીની સલાહ. ૦શાસ્ત્ર ન૦ બૈરામાં ચાલતા કે તેઓ સમજે કે રસ લે એવા રીતરિવાજ ને ધારાધોરણ

બૈરી સ્ત્રી૦ [દે. વાઇચા (सं. भार्या?)] સ્ત્રી (૨) પત્ની, વહુ [-કરવી = પરણવુ કે નાતરે લાવવુ.] ૦વખો વિ૦ પું૦ વહુનો પક્ષ લેનાર; વહુઘેલો. -રું ન૦ બૈરી (-કરવું)

બો સ્ત્રી૦ [फा] બૂ, ગંધ, વાસ (૨) [લા.] અભિમાન. [-આવવી = દુર્ગંધ આવવી -રાખવી = ઘમંડ રાખવુ]

બો [ઇં], ૦દોરી સ્ત્રી૦ બીડો ઇ૦ બાધવામાં વપરાતી એક જાતની દોરી, 'ટ્વાઇન'

બોઈ સ્ત્રી૦ એક માછલી

બોઇલર ન૦ [ઇં] જેમા પાણીની વરાળ થાય છે તે (એંજિનનો) ભાગ

બોકડી સ્ત્રી૦ [દે] બકરી -ડું ન૦ બકરું. -ડો પુ૦ બકરો [બોકડાને મોતે મરવું = હલકી રીતે તરત માર્યા જવુ બોકડો બનાવવો = (વધેરાવા-માર વેઠવા) આગળ કરવો (૨) મશ્કરીનો ભોગ બનાવવો.]

બોકાસું ન૦, -સો પુ૦ [प्रा. वोक्कार, दे. वुक्कार] (કા) બૂમ, ચીસ, રાડ

બોકી સ્ત્રી૦ [फा. वोसी? કે સર૦ બૂકડો] બચ્ચી [-ભરવી = બોકી કરવી.] ૦લું ન૦ [प्रा. वुक्क = ભસવુ] ભોટીલુ

બોખ સ્ત્રી૦ ['બખુ', 'બખોલ' ઉપરથી] પાણી કાઢવાની ચામડાની ડોલ (૨) ભગદાળું, મોટો ખાડો ઉદા૦ ઊંડો કૂવો ને ફાટી બોખ(બખો). ૦લું વિ૦ દાત પડી ગયા હોય તેવું (૨) ન૦ [લા.] ચાટ પડી જવુ - બનવુ તે [-પડવું = ચાટ પડવુ - બનવુ] -ખું વિ૦ બોખલુ

બોગદું ન૦ [म बोगदा; पोर्तु आगोगदा] ભગદાળુ (૨) ભોંયરું, 'ટનલ' (રેલવેનુ)

બોઘરણું ન૦ [સર૦ म वोघणी] પહોળા મોની વટલોઈ

બોઘરો પું૦ [दे. वोहारी] મોટો સાવરણો

**ઓઘલું, ઓઘું** વિ૦ ['બાઘું' ઉપરથી ? કે प्रा वुग्गह(स. व्युद्ग्रह) = ભ્રાંતચિત્તના ઉપરથી ?] ઓલિયુ, મૂર્ખ

**ઓચ** વિ૦ [સર૦ म वोचा] સાદુ (૨) મૂર્ખ (૩) પુ૦ [फा चोव ?] જુવારનો રસદાર સાંઠો

**ઓચલો** પુ૦ ['ઓચી' ઉપરથી] વાળની કિનારીવાળી બાળકોની ટોપી (૨) પીઠ સુધી પહોંચે તેવી છોકરીઓની ટોપી (૩) અંબોડો

**ઓચિયું** ન૦ [સર૦ ઓચલો] વાસની હલકી ટોપલી (૨) [લા] ઢીલો માણસ

**ઓચી** સ્ત્રી૦ ગરદન [–પર કાંકરો મૂકવો = કડક નિયમન રાખવું, સતત એકધારો પરિશ્રમ કરાવવો. –પર ચડી બેસવું = ઉપર હાજર રહીને ચાંપીને કામ લેવું.] –ચું ન૦ ઓચી (તુચ્છકારમાં)

**ઓજ** (ઓ) સ્ત્રી૦ ટેવ, આદત (ચ) (–પડવી)

**ઓજ** પું૦ [दे. वोज्झ (स. वह्), हिं. वोझ, म वोजा] ભાર (૨) [ઓજ = ભાર પરથી કે બૂજ = કદર ઉપરથી ? સર૦ म वोज] મોભો (૩) પોત, કુમાશ. [–પડવો = ભાર–તકલીફ પડવા (૨) વકર પડવો] ૦દાર વિ૦ ઓજવાળું. ૦વું અ૦ક્રિ૦ પાલવવું, પરવડવું –જો પું૦ ભાર (૨) જવાબદારી, જોખમ

**ઓટ** સ્ત્રી૦ [इ] હોડી, મછવો (૨) સ્ટીમર (૩) ન૦ જુઓ અખોટ

**ઓટણ** ન૦ ['ઓટવું' ઉપરથી] બાળકને પહેલ વહેલું અન્ન ખવરાવવું તે

**ઓટણી** સ્ત્રી૦ [दे वोंटण] સ્તનની ડીંટડી (૨) ડીંટડીના આકારની ચૂસણી

**ઓટવું** સ૦ક્રિ૦ [दे. वोट्ट] ખાઈને કે પીને કે સ્પર્શ વગેરેથી એઠું કરવું, હીન કરવું, અભડાવવું (૨) રોકવું, પહેલેથી કબજો કરવો. [ઓટી રાખવું, લેવું (જગા) = પહેલેથી રોકી લેવું, કબજો કરી રાખવો]

**ઓટિયું** ન૦ જુઓ અખોટિયું: મુગટો

**ઓટી** સ્ત્રી૦ (કા.) માસનો નાનો ટુકડો (૨) રવું (?)

**ઓટું** ન૦ ઓટિયું (?)

**ઓડ** (ઓ,) સ્ત્રી૦ [प्रा. वुड (सं पुट) = આચ્છાદન, ઢાંકણ] બખોલ, ગુફા (પશુ રહેવા કરે છે તે) (–કરવી)

**ઓડકું** વિ૦ જુઓ ઓડું. –કી સ્ત્રી૦ ઓડી; વિધવા (તુચ્છકારમાં કે ગાળ તરીકે)

**ઓડર** ન૦ એક પક્ષી

**ઓડવું** સ૦ક્રિ૦ [दे. वोडिय = ઓડેલું] મૂંડવું

**ઓડિયું** વિ૦ જુઓ ઓડું [ઓડિયા અક્ષર = કાનોમાત્રા વગર કે મથાળું બાંધ્યા વગર લખાતા અક્ષર.] ૦તકોડિયું વિ૦ સાવ ઓડું

**ઓડિયો કલાર** પું૦ એક વનસ્પતિ, કલાર

**ઓડી** સ્ત્રી૦ જુઓ ઓડકી

**ઓડી અજમો** પુ૦ એક વનસ્પતિ

**ઓડી બામણી** સ્ત્રી૦ જુઓ બામણી

**ઓડું** વિ૦ [दे. वोड्ड] માથે વાળ વિનાનું (૨) [લા] ઉઘાડું; ખુલ્લું; સાફ (માથું, ખેતર, મથાળા વગરનો અક્ષર, લૂંટી લીધેલો માણસ વગેરે). [ઓડા અક્ષર = જુઓ ઓડિયા અક્ષર. ઓડું કરવું = (વાળ, પાન વગેરે વિનાનું) ખુલ્લું–સાફ કરવું (૨) લૂંટીને સાફ કરવું. ઓડો ભાત = ઘી વગરનો લૂખો ભાત] ૦તકોડું (જુઓ ટકો), ૦રણકું = છેક જ ઓડું. ૦રોડું વિ૦ તદ્દન ઓડું

**ઓણવું** (ઓ) સ૦ક્રિ૦ [જુઓ ઓણી] ઓણી કરાવવી, કમાણી કરાવવી (૨) ગાળ દેવી

**ઓણાટ(–વ)વું** (ઓ) સ૦ક્રિ૦ [ઓણવું પરથી] ગાળો ભાંડવી

**ઓણી** (ઓ) સ્ત્રી૦ [प्रा वोहण (स वोधन) ઉપરથી; સર૦ हिं. वोहनी, म] પહેલો વકરો (૨) બેસતા વર્ષની બક્ષિશ (૩) [લા.] ઠપકો, ગાળ [–કરાવવી = પહેલો સોદો કરીને શુકન કરાવવા]

**ઓત** (ઓ) પુ૦ [फा. वुत = જડ મૂર્તિ] બાઘો; મૂર્ખ. [–જેવું = જડ; સ્તબ્ધ]

**ઓતડો** પું૦ [हिं वोता (स. पोत)] નાનું ઊંટ

**ઓતાન(–નું)** ન૦ [જુઓ બુતાનું] પાઘડીની અંદરનો ગાભો (૨) કલંક, આળ (–મૂકવું)

**ઓતે(–ત્તે)ર** (ઓ) વિ૦ [अप. वाहत्तर, प्रा. वावत्तरि, वाहत्तरि (स द्वासप्तति)] '૭૨'

**ઓથડ** વિ૦ [સર૦ म वोंथट] જડ, ઠોઠ (૨) સુસ્ત

**ઓથું** ન૦ [જુઓ ઓતાનું] પાઘડું (તિરસ્કારમાં)

**ઓદલી** સ્ત્રી૦ (કા.) ઘોડીની એક જાત

(૨) [illegible]

**બોદલું** વિ૰ જુઓ બોદું, (૨) મૂર્ખ
**બોદલો** પું૰ લખોટાની રમતની સમાપ્તિ
**બોદારકાંકરો** પું૰, **બોદારશિં(શી,-સિં,-સીં)ગ** સ્ત્રી૰ એક દવા
**બોદાવું** અ૰ ક્રિ૰ [જુઓ બોદું] પાણી પીને તર થવું (૨) પાણીથી કોવાઈ બગડી જવું
**બોદું** વિ૰ [સ. वोदक, સર૰ हिं. वोदा] બોદાઈ ગયેલું (૨) બોખરું (૩) ઢીલું, કાચું (૪) ન૰ તડવાળું કે બરાબર નહિ પકવેલું માટીનું વાસણ
**બોધ** પું૰ [સં] ઉપદેશ (૨) જ્ઞાન (૩) [લા.] શાણે. [**-થવો**=જ્ઞાન થવું, સમજાવું **-લેવો**=ધડો લેવો, શીખવું ]**૰ક** વિ૰ બોધ આપનારું. **૰કતા** સ્ત્રી૰ **૰દાયક**, **૰દાયી** વિ૰ બોધ આપનારું, જેમાંથી બોધ મળે એવું. **૰ન** ન૰ બોધ થવો કે આપવો તે (૨) જણાવવું તે **૰પત્ર** ન૰ માહિતી આપનારી ચોપડી (વિદ્યાપીઠ કે તેવી સંસ્થાઓની). **૰પરાયણ** વિ૰ બોધથી ભરેલું. **૰પાઠ** પું૰ પદાર્થપાઠ (૨) નમૂના તરીકેનો પાઠ (૩) શિખામણ, ધડો. **૰વચન** ન૰ શિખામણનું વચન **૰વું** સ૰ક્રિ૰ ઉપદેશ આપવો; સમજાવવું
**બોધલું** વિ૰ [જુઓ બોદલું] બોઘલું, ભોળું, અણસમજુ [‘હિંડકિટક’
**બોધાત્મક** વિ૰ [સં] બોધના લક્ષણવાળું,
**બોધિ** સ્ત્રી૰ [સં] સંપૂર્ણ જ્ઞાન (બૌદ્ધ). **૰વૃક્ષ** ન૰(સં )ગયામાં આવેલું પીપળાનું ઝાડ, જેની જગાએ પૂર્વે બુદ્ધદેવને જ્ઞાન થયું હતું **૰સત્ત્વ** પું૰ જે પૂર્ણ જ્ઞાન મેળવવાના માર્ગ ઉપર છે અને થોડા જન્મમાં એ સ્થાને પહોંચનાર છે એવો (બૌદ્ધ) સાધક
**બોધિત** વિ૰ [સં] બોધ પામેલું
**બોપાગાળું** વિ૰ પોપલું. **-ળો** પું૰ બ૰ વ૰ જાણે બહુ દુઃખ પડી જતું હોય એવો ઢોંગ
**બોબડી** સ્ત્રી૰ [‘બોબડું’ પરથી] બોલતી; જીભ [**-વળવી**=બહુ બોલવું; અમર્યાદ બોલવું ].
**બોબડું** વિ૰ [બ-બ-બ રવ૰] તોતડું
**બોબાટ** પું૰ [સર૰ म. वोमाट-टा (सं हे)] વિરોધનો પોકાર [તારની ભૂંગળી
**બોબિન** ન૰ [ઇં] સાળમાં વપરાતી વાણાના
**બોબું** વિ૰ [જુઓ બોબડું] બોબડું (૨) ન૰ બોખું; કેકું
**બોબો** પું૰ [સર૰ हिं. वोवा] સ્તન
**બોમ્બ(૰ગોળો)**,**૰ર** [ઇં] જુઓ ‘બૉબ’માં
**બોયકોટ** પું૰ [ઇં] બહિષ્કાર
**બોયું** (બો’) ન૰ [સર૰ म. वोरू=બરૂ (प्रा. वरुअ)] જેમાંથી બીડી થાય છે તે છોડનો (બીડી ઉતારી લીધેલો) સાંઠો
**બોયું** ન૰ [ઇં ‘वोई’] પાણીમાંના ખરાબાની ચેતવણી આપવા માટે દરિયામાં તરતો રાખેલો લોઢાનો ગોળો
**બોર** ન૰ [प्रा., (सं वदर)] બોરડીનું ફળ (૨) સ્ત્રીઓનું એક ઘરેણું. [**-નું ડીંટ** (ન જાણવું)=કશું નહીં **-જેવડાં** (આંસુ)=મોટાં મોટાં.] **૰કૂટો** પું૰ [+ કૂટવું] કચ્ચરઘાણ, પાયમાલી. [**-કરવો**, **વાળવો**=મારી મારીને બોખરું કરી નાખવું (૨) પાયમાલ કરવું ] **૰ડી** સ્ત્રી૰ [प्रा वोरी, वदरी] બોરનું ઝાડ [**-ખંખેરવી**, **ઝંઝેડવી**, **ઝૂડવી**=સારી પેઠે માર મારવો (૨) મારીને પરાણે બધું પડાવી લેવું.] **૰માળા** સ્ત્રી૰ બોર જેવા મણકાની માળા – એક ઘરેણું
**બોરદ** સ્ત્રી૰ [म वोरद(इं वोर्डर)] બાજુ, કોર
**બોરસલ્લી(-ળી)** સ્ત્રી૰ [प्रा वउलसिरी (सं. वकुलश्री)] એક ફૂલઝાડ
**બોરિયું** ન૰ [‘બોર’ ઉપરથી] બટન (૨) એક છોડ; તેનું ફૂલ (૩) એક ઘરેણું
**બોરી** સ્ત્રી૰ જુવાર, બાજરી ઇ૰ના કણસલાની રજ (૨) [‘બોરો’ ઉપરથી] ગાસડી, ગૂણ
**બોરું** ન૰ [સર૰ म वोरा] જેમાં એકેકો કણ રહે છે તે કણસલાનું બોખું
**બોરો** પું૰ [સર૰ म, हिं वोरा (फा बुर्दह? बुरिया)] ધાબળો, બન્નૂસ
**બોર્ડ** ન૰ [ઇં.] પાટિયું (૨) મંડળ ઉદા૰ સ્કૂલ બોર્ડ, લોકલ બોર્ડ
**બોર્ડિંગ** સ્ત્રી૰ [ઇં] છાત્રાલય
**બૉલ** પું૰ [ઇં] દડો **૰બૅટ** ન૰ ક્રિકેટની રમત. **-લિંગ** સ્ત્રી૰ ક્રિકેટની રમતમાં બૉલ નાખવા તે
**બોલ** પું૰ [‘બોલવું’ ઉપરથી] શબ્દ, વચન (૨) કડી, ટૂક (૩) [લા.] મહેણું. [**-આપવો**=

કોલ આપવો, વચન આપવું (૨) મોઢે કરવા માટે (બીજાને) ચરણ કે પદ કહી સંભળાવવું. –કાઢવો=હુકમ કાઢવો, જરા પણ બોલવું. –દે એવું=જરૂરને પ્રસંગે કામમાં આવે તેવું –દેવો=જવાબ દેવો; હોંકારો પૂરવો (૨) કામમાં આવવું –બોલવા=શબ્દો કહેવા (૨) ગુસ્સાના વેણ કહેવા. –મારવો=ટાણો મારવો –માં બોલ ન હોવો=બોલવામાં ઢંગધડો ન હોવો (૨) બોલવામાં સચ્ચાઈ ન હોવી. –લેવા=મોઢે કરવા અમુક પદ કે ચરણ બીજા પાસેથી સાંભળી લાવવું બોલે બંધ ન હોવા=એકવચની ન હોવું, વારે ઘડીએ બોલેલું ફેરવી નાખવું. બોલે બોલે મોતી ખરવાં=બોલવામાં અદ્ભુત માધુર્ય અને હિતકારિતા હોવા ]૦કણું, ૦કું વિ૦ વાચાળ; વાતોડિયું (૨) લડકણું. ૦ચાલ સ્ત્રી૦ બોલવું ચાલવું તે, વાતચીતનો વહેવાર, મેળાપ (૨) તકરાર (૩) સાટું; કરાર ૦છા સ્ત્રી૦ બોલવાની ઢબ. ૦તી સ્ત્રી૦ જીભ. [–બંધ કરાવવી=ચૂપ કરી દેવું.] ૦પટ ન૦ બોલતું ચિત્રપટ–સિનેમા ૦બંધ પું૦ કરાર. ૦બાલા સ્ત્રી૦ ચલતી કે ચડતી કળા હોવી તે; ફતેહ.

બોલવું સ૦ક્રિ૦ [प्रा. बुल्ल, वोल्ल] વાચા કાઢવી, ઓચરવું (૨) કહેવું; વાત કરવી (૩) [લા ] વઢવું; ગુસ્સો કે અણગમો બતાવવા કહેવું (૪) કજિયો કરવો, વઢવાડ કરતા બોલવું. [બોલતું ચાલતું = જીવતું, સાજુંસમું. બોલવું ચાલવું=વાતચીત કરવી; સંબંધ હોવો. –થવું=બોલાબોલી–તકરાર થવી સામું બોલવું=વિરુદ્ધ બોલવું (૨) સામા થવું, ઉદ્ધતાઈ કરવી (–ને મારી વતી) બોલાવજે!=–ની મારી વતી ખબર પૂછજે, મારું સ્નેહસ્મરણ કહેજે. બોલાવ્યું બોલ દે એવું=જવાબ આપે એવું, અણીને વખતે કામ દે એવું બોલી ઊઠવું=વચમાં કે ઉતાવળે બોલવા માંડવું. બોલી જવું=મોઢે કરેલું સંભળાવી જવું (૨) ઉતાવળમાં કે વગર વિચાર્યે બોલી નાખવું કે બોલાઈ જવું. બોલી નાખવું=સંકોચ રાખ્યા વિના કે છુપાવ્યા વિના કહી દેવું (૨) કબૂલ કરી દેવું; જણાવી દેવું બોલી બગાડવું=ન બોલવાનું બોલીને કે બોલવા-માત્રે કામ કે સંબંધ બગાડવો બોલી બતાવવું=કહી બતાવવું. બોલી બેસવું=ઉતાવળમાં કે વગર વિચાર્યે બોલી નાખવું. બોલી રહેવું=બોલવાનું પૂરું કરવું બોલ્યા સામું ન જોવું=અણુગતું બોલાયું હોય તેને મનમાં ન લાવવું, તેનું દુખ ન લગાડવું]

બોલબોલા, બોલાબોલ સ્ત્રી૦ સામસામે બોલવું તે, તકરાર.

બોલાચાલી સ્ત્રી૦ તકરાર (૨) બોલવા ચાલવાનો સંબંધ–દોસ્તી [–થવી=તકરાર થવી –હોવી=બોલવા ચાલવાનો સંબંધ હોવો.]

બોલી સ્ત્રી૦ ભાષા કે ગૌણ ભાષા જે બોલવામાં જ ચાલતી હોય (૨) મહેણું (૩) કબૂલાત [–કરવી=શરત કરવી, કરાર કરવો.] ૦ચાલી સ્ત્રી૦ બોલવા ચાલવાની રીતભાત

બોલઝેટ, બોલિંગ જુઓ 'બોલ'માં

બોલ્ટ પું૦ [ઇં.] એક બાજુ ચાકી ચઢાવવાનો માથાદાર ખીલો (–મારવો, લગાવવો)

બોલ્શેવિક વિ૦ [ઇં] રશિયાના એ નામના એક સામ્યવાદી મંડળનું –ઝમ ન૦ તે મંડળની ફિલસૂફી

બોવું સ૦ ક્રિ૦ [हिं बोना (सं वप्)] વાવવું [(૨) ગુમાવવું

બોસ (બો) સ્ત્રી૦ [अ वह्स] ચર્ચા; વાદવિવાદ (૨) હઠ (૩) બળાત્કાર (૪) પતરાજી

બોસડું વિ૦ ગંધાતું; વાસ મારતું

બોસવું સ૦ક્રિ૦ [फा. बोसीदन] બચ્ચી કરવી

બોસો પું૦ [फा ] બચ્ચી

બોળ પું૦ [सं बोल] એક જાતનો ગુંદર (૨) [સર૦ म ] દાણાનો કચરો (૩) [?] સ્ત્રી૦ એક છોડ (જેના સાવરણા થાય છે). [–ઘાલવો =બોલી બોલીને પેટમાં દુ:ખાડવું –ફેરવવો =બગાડી મૂકવું, નકામું કરી મૂકવું.]

બોળકેરી પું૦ [બોળ(બોળવું?)+કેરી] મીઠામાં આથેલી આખી કેરી–એક અથાણું

બોળવું સ૦ક્રિ૦ [सं बुड्, प्रा बोळ] પ્રવાહીમાં ડુબાવવું (૨) [લા ] ડૂલ કરવું; ગુમાવવું, વણસાડવું [બોળી કાઢવું=ઝટપટ ગમેતેમ

ધોવું, બોળીને જ કાઢવું, બરોબર ન ધોવું ]

**બોળંબોળ** અ૰ ['બોળવું' ઉપરથી] છલોછલ

**બોળાચાડો** પુ૰ ભ્રષ્ટતા, વટાળ; અડાઅડ

**બોળિયા** વિ૰ ['બોળવું' ઉપરથી] મીઠાના પાણીમાં રાખી મૂકેલ (કેરી લીંબુ ઇ૰)

**બોળુ** વિ૰ ['બોળવું' ઉપરથી] બોળનાર (સમાસને અંતે). ઉદા૰ ઘરબોળુ

**બોળો** પુ૰ ['બોળવું' ઉપરથી] પલાળી રાખેલો લોટ (૨) મીઠામાં આથેલા લીલા ફળ (૩) [કા] ભરડકા જેવી એક સાદી વાની

**બૉંબ(૰ગોળો)** પું૰ [ઇં] દારૂગોળાનું એક હિંસક અસ્ત્ર ૰મારો પુ૰ બૉંબથી મારો ચલાવવો તે, બૉંબ મારવા તે ૰ર ન૰ બૉંબ નાખવા વપરાતુ લડાયક વિમાન

**બૉંબક** પુ૰ [દિ કુંજા+પોકાર,ચીસ] વાયુદોષથી ઊપજતો જાડો કઠોર સ્વર (સંગીત)

**બૉંબગોળો, બૉંબમારો, બૉંબર** જુઓ 'બૉંબ'માં

**બોંશ** (બો૰) સ્ત્રી૰ જુઓ બોસ (–ચડાવવી, બાંધવી)

**બૌદ્ધ** વિ૰ [સં] બુદ્ધને લગતુ (૨) બુદ્ધનું અનુયાયી. ૰ધર્મ, ૰માર્ગ પુ૰ બુદ્ધે ચલાવેલો ધર્મ–માર્ગ. ૰ધર્મી, ૰માર્ગી વિ૰ (૨) પુ૰ બૌદ્ધમાર્ગનુ કે તેનુ અનુયાયી

**બ્યાન** ન૰ [જુઓ બયાન] વર્ણન

**બ્યૂગલ** ન૰ [ઇં] એક વિલાયતી રણવાદ્ય [–ફૂંકવું, મારવું, વગાડવું]

**બ્યાશી(–સી)** વિ૰ [પ્રા વાસી (સં. દ્વયશીતિ)] '૮૨'

**બ્રશ** ન૰ [ઇં] વાળ, તંતુ કે વાળાની, કશાને ઘસીને સાફ કરવા માટેની એક બનાવટ

**બ્રહ્મ** ન૰ [સં] સચ્ચિદાનંદસ્વરૂપ જગતનું મૂળતત્ત્વ (૨) વેદ (૩) પરમાત્મા (૪) પું૰ બ્રહ્મા (૫) બ્રાહ્મણ. ૰કુમાર પુ૰ (સં) નારદ ૰ક્ષત્રિય પુ૰ (સં) એ નામની નાતનો માણસ ૰ગાંઠ સ્ત્રી૰ જનોઈમાં વળાતી ગાંઠ ૰ગિરા સ્ત્રી૰ આકાશવાણી. ૰ચર્ય ન૰ બ્રહ્મના સાક્ષાત્કારની સાધના (૨) ઇંદ્રિયનો નિગ્રહ. ૰ચર્યાશ્રમ પુ૰ ચાર આશ્રમાનો પ્રથમ આશ્રમ – જેમાં બ્રહ્મચર્ય સેવીને માણસ વિદ્યાભ્યાસ કરે છે. ૰ચારિણી સ્ત્રી૰ બ્રહ્મચર્ય પાળનાર સ્ત્રી. ૰ચારી પું૰ બ્રહ્મચર્ય પાળનાર માણસ (૨) વિદ્યાર્થી ૰જિજ્ઞાસા સ્ત્રી૰ બ્રહ્મજ્ઞાનની ઇચ્છા–ઉત્કંઠા (૨) બ્રહ્મવિષયક વિચારણા, તે કરતુ શાસ્ત્ર ૰જ્ઞ વિ૰ બ્રહ્મને જાણનારું. ૰જ્ઞાન ન૰ બ્રહ્મનુ જ્ઞાન ૰જ્ઞાની વિ૰ બ્રહ્મજ્ઞ. ૰ઠગ પું૰ મોટો ઠગ ૰ણ્ય વિ૰ બ્રહ્મ સબંધી (૨) બ્રાહ્મણો પર આસ્થા રાખનારું ૰તાલ પુ૰ એક જાતનો તાલ (સંગીત). ૰તેજ ન૰ બ્રહ્મચર્યનું કે બ્રહ્મ-જ્ઞાનનું તેજ. ૰ત્વ ન૰ બ્રહ્મપણું, બ્રહ્મ સાથે અભેદ (૨) બ્રાહ્મણપણું. ૰દંડી સ્ત્રી૰ એક વનસ્પતિ. ૰દીક્ષા સ્ત્રી૰ બ્રહ્મને પામવા માટે લેવાતી દીક્ષા ૰દેવ પુ૰ બ્રહ્મા (૨) પૂજ્ય બ્રાહ્મણ. ૰નિર્વાણ ન૰ મોક્ષપદ ૰નિષ્ઠ વિ૰ બ્રહ્મના ધ્યાનમાં લીન, બ્રહ્મજ્ઞ ૰બંધુ પુ૰ નામનો જ બ્રાહ્મણ ૰ભટ્ટ વિ૰ (૨) પુ૰ એ નામની જાતિનું ૰ભાષી વિ૰ બ્રહ્મની વાતો જ કરનાર. ૰ભોજન ન૰ બ્રાહ્મણને જમાડવા તે. ૰યજ્ઞ પું૰ પાંચ મહાયજ્ઞોમાંનો એક – વેદનું અધ્યયન અને અધ્યાપન ૰રંધ્ર ન૰ મનુષ્યના મસ્તકમાં માનેલું એક છિદ્ર, જ્યાંથી બ્રહ્મ-લોકમાં જનારના પ્રાણ નીકળે છે એમ કહેવાય છે ૰રાક્ષસ પુ૰ ભૂત થયેલો બ્રાહ્મણ ૰ર્ષિ પુ૰ બ્રાહ્મણ ઋષિ ૰લોક પુ૰ બ્રહ્માનો–ઊંચામાં ઊંચો લોક ૰વર્ચસ ન૰ બ્રહ્મચર્યથી કે બ્રહ્મના જ્ઞાનથી પ્રગટતી તેજસ્વિતા (૨) બ્રહ્મતેજ. ૰વાદ પુ૰ વેદાંતવાદ; અદ્વૈતવાદ (૨) વેદનું પઠનપાઠન ૰વાદિની સ્ત્રી૰ ગાયત્રી (૨) અવિવાહિત રહી વેદાભ્યાસ કરનારી સ્ત્રી. ૰વાદી વિ૰ બ્રહ્મવાદનુ અનુયાયી (૨) વેદનું પઠનપાઠન કરનારુ ૰વિદ્યા સ્ત્રી૰ બ્રહ્મ સંબંધી વિદ્યા. ૰વેદી સ્ત્રી૰ બ્રહ્મયજ્ઞની વેદી ૰વેત્તા પુ૰ બ્રહ્મને જાણનાર. ૰સમર્પણ ન૰ એક વૈષ્ણવ વિધિ, બ્રહ્મસંબંધ ૰સંબંધ પુ૰ બ્રહ્મની સાથે સંબંધ (૨) પુષ્ટિમાર્ગીઓનો એક વિધિ ૰સૂત્ર ન૰ જનોઈ (૨) (સં) બાદરાયણે રચેલા વેદાંતના સૂત્ર. [–ની ગાંઠ = લગ્ને કે

નસીએ બાંધેલી મજબૂત ગાંઠ] ૦સ્વ ન૦ બ્રાહ્મણની માલમિલકત–ધન ૦હત્યા સ્ત્રી૦ બ્રાહ્મણની હત્યા. ૦હૃદય ન૦(સં)એક તારો.

બ્રહ્મા પું૦ [સં બ્રહ્મન્] સૃષ્ટિની ઉત્પત્તિ કરનાર વેદધર્મની ત્રિમૂર્તિમાંના એક દેવ. [–ના લેખ =ટાળ્યા ન ટળે તેવા લેખ. –નો દહાડો =ઘણો લાંબો ને કંટાળાભરેલો દિવસ] –હ્માક્ષર પું૦ [+અક્ષર] ઓમકાર, પ્રણવ. [–પાણુ ન આવડવો = કશુ ન આવડવું] –હ્માણી સ્ત્રી૦ બ્રહ્માના પત્ની (૨) દુર્ગા. –હ્માનંદ પું૦[બ્રહ્મ+આનંદ] બ્રહ્મ સાથે અભેદનો આનંદ –હ્માર્પણ ન૦ [બ્રહ્મ+ અર્પણ] બ્રહ્મને –ઈશ્વરને અર્પણ –હ્માસ્ત્ર ન૦ [+અસ્ત્ર] બ્રહ્માનું અસ્ત્ર (૨) બ્રાહ્મણનો શાપ –હ્માંડ ન૦ [બ્રહ્મ+અંડ] વિશ્વ. [–ની આશા=મોટી અને કદી પાર ન પડી શકે તેવી આશા –માં ચઢી જવું = પાણી વગેરેનું પીતા અંતરિક્ષમા ચડી જવુ] –હ્મિષ્ઠ વિ૦ સંપૂર્ણ વેદ જાણનાર (૨) બ્રહ્મમા તદ્દન લીન –હ્મોદકિયું વિ૦ [+ઉદક] બ્રાહ્મણિયા પાણીથી રંધાયેલુ; ન અભડાયેલુ

બ્રાહ્મ વિ૦ [સં] બ્રહ્મનું,–ને લગતું ૦મુહૂર્ત ન૦, ૦વેળા સ્ત્રી૦ સૂર્યોદય પહેલાંની બે ઘડીનો સમય ૦(–હ્મો)સમાજ પું૦; સ્ત્રી૦ (સં.)બંગાળાનો એક અર્વાચીન ધર્મસમાજ. ૦(–હ્મો)સમાજી વિ૦ એ સમાજનુ –ને લગતુ (૨) પું૦ એનો સભ્ય ૦(–હ્મો)ધર્મ પું૦ ૦(–હ્મો)મત પું૦. ન૦ બ્રાહ્મસમાજી ધર્મ કે પંથ ૦વિવાહ પું૦ વિવાહના આઠ પ્રકારોમાંનો એક, જેમા કન્યાને શણગારી વગેરે કશુ લીધા વિના આપવામા આવે છે

બ્રાહ્મણ પું૦ [સં.] હિંદુઓની ચાર વર્ણોમાંની પહેલી વર્ણનો માણસ (૨) (સં.) મંત્રોનો જુદા જુદા કર્મોમા વિનિયોગ જણાવનારો વેદનો ભાગ ૦તા સ્ત્રી૦, ૦ત્વ ન૦ બ્રાહ્મણપણું, બ્રાહ્મણના સદ્ગુણ. ૦ધર્મ પું૦ હિંદુ વેદધર્મ. ૦શાહી સ્ત્રી૦ બ્રાહ્મણોની સત્તા કે જેમા તે હોય તેવુ સમાજતંત્ર –ણિયું વિ૦ બ્રાહ્મણ સંબંધી (૨) બ્રાહ્મણના હાથનુ કે તેને ખપે તેવું. –ણી સ્ત્રી૦ બ્રાહ્મણ સ્ત્રી (૨) વિ૦ બ્રાહ્મણનું, –ને લગતું

બ્રાહ્મ મુહૂર્ત, ૦(–હ્મો)સમાજ, ૦(–હ્મો)-સમાજી, ૦(–હ્મો)ધર્મ, ૦વિવાહ જુઓ 'બ્રાહ્મ'માં

બ્રાહ્મી સ્ત્રી૦ [સં] એક વનસ્પતિ (૨) સરસ્વતી(૩) વાણી (૪) વિ૦ બ્રહ્મને લગતુ

બ્રિટન પું૦; ન૦ [ઇં] ઇંગ્લંડ દેશ

બ્રિટિશ વિ૦[ઇં] બ્રિટન દેશનુ કે તેને લગતુ

બ્રિજ સ્ત્રી૦ [ઇં] પાનાની એક રમત (૨) પું૦ પુલ

બ્રિજ +, ૦ભાષા, ૦વાસી (૫) [સર૦ હિં] . જુઓ 'વ્રજ'માં ૦વર પું૦ (સં) કૃષ્ણ

બ્રીફ સ્ત્રી૦ [ઇં] અસીલની વકીલાત કરવાને અંગેનું સંક્ષિપ્ત ટાચણ કે તેના કાગળ [–લેવી =નો વકીલ થવું (૨) બ્રીફનું ટાચણ કરવુ]

બ્રેઇલપદ્ધતિ સ્ત્રી૦આંધળા માટે બ્રેઇલ નામના માણસે શોધેલી લખવા વાંચવાની પદ્ધતિ. બ્રેઇલપાટી સ્ત્રી૦ તે પદ્ધતિ પ્રમાણે લખવા માટેની એક ખાસ પાટી

બ્રેક સ્ત્રી૦ [ઇં] ગતિમાન ચક્રને થોભાવવાની ચાંપ (૨) રેલવેમા ગાર્ડનો ડબ્બો, કે જેમાં લગેજ સામાન ભરવામાં આવે છે [–મારવી, લગાડવી = ગતિમાન ચક્રને રોકવાની ચાંપ લાગુ કરવી; ચાલુ હોય તે રોકવુ –વાગવી= બ્રેક લાગવી]

બ્રેડ સ્ત્રી૦ [ઇં] ડબલરોટી, પાંઉ

બ્રૉડકાસ્ટ વિ૦ [ઇં] વાયરલેસ ધ્વનિવર્ધક યંત્ર દ્વારા પ્રસારિત કરેલુ, રેડિયો પર કહેલું. [–કરવું = રેડિયો સ્ટેશનેથી બોલવુ-પ્રસારિત કરવુ]

બ્લાઉઝ ન૦ [ઇં] વિલાયતી ફૅશનનો કબજો

બ્લૉક પું૦ [ઇં] ચિત્ર કે છબી છાપવાનુ તૈયાર કરેલુ બીબુ(૨)ચાલ જેવા એક મોટા મકાનમા, એક કુટુંબ સ્વતંત્ર રહી શકે એવી અલગ બધી સગવડવાળો તેનો ભાગ, મોટા મકાનનો સ્વતંત્ર ઘર થાય એવો નાનો ભાગ

# ભ

**ભ** પું૦ [સં.] ઓષ્ઠ્ય ચોથો વ્યંજન (૨) નક્ષત્ર (૩) તેજ. ૦કાર પું૦ ભ અક્ષર કે તેનો ઉચ્ચાર ૦કારાંત વિ૦ છેડે ભકારવાળું

**ભકભક** અ૦ [રવ૦; સર૦ हिं. भक] ભગભગ (૨) ભભકતું હોય એમ

**ભક્કાબોલું** વિ૦ ['ભાખ' (લઈને બોલનાર) અથવા સર૦ म. भक्कम (अ मुह्कम) = દૃઢ + બોલવું] આખાબોલું

**ભક્ત** વિ૦ [સં] જુદું પડેલું કે પાડેલું (૨) લાગેલું (૩) -ના પર આશક. -ની ભક્તિવાળું (૪) ભક્તિ કરનાર, ભજનારું (૫) પું૦ તેવો આદમી, ભગત ૦વત્સલ વિ૦ ભક્ત પર પ્રેમ રાખનાર ૦વત્સલતા સ્રી૦ -ક્તા(-ગતા)-ણી સ્રી૦ ભક્ત સ્રી (૨) ભક્તની સ્રી -ક્તાધીન વિ૦ [+ अधीन] ભક્તને વશ (પ્રભુ)

**ભક્તિ** સ્રી૦ [સં.] ભજવું તે, ભજન (૨) પ્રેમ; આદર (૩) નવની સંજ્ઞા (ભક્તિના નવ પ્રકાર પરથી શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય, આત્મનિવેદન). ૦કાવ્ય ન૦ ભક્તિરસનું કાવ્ય, ભજન, 'સામ'. ૦પૂર્વક અ૦ ભક્તિથી ૦ભાવ પું૦ ભક્તિનો ભાવ, આદર, પ્રેમ ૦ભીનું વિ૦ ખૂબ ભક્તિવાળું ૦માન વિ૦ ભક્તિવાળું ૦માર્ગ પું૦ ભક્તિ દ્વારા સાધનાનો માર્ગ ૦માર્ગી વિ૦ ભક્તિમાર્ગને લગતું કે તે અનુસરનારું. ૦યોગ પું૦ ભક્તિ જેમાં પ્રધાન છે એવો યોગ

**ભક્ષ** પું૦ [સં] ભખ; ખોરાક (૨) શિકાર ૦ક વિ૦ ભક્ષ કરનાર, ખાનાર ૦ણ ન૦ ખાવું તે. ૦ણીય વિ૦ ખાવાને યોગ્ય

**ભક્ષ(-ખ)વું** સ૦ ક્રિ૦ [સં भक्ष्] ખાવું

**ભક્ષિત** વિ૦ [સં] ખાધેલું

**ભક્ષી** વિ૦ [સં] ભક્ષનારું (સમાસને અંતે. ઉદા૦ માંસભક્ષી) [ખાવાનું

**ભક્ષ્ય** વિ૦ [સં] ખાવા યોગ્ય (૨) ન૦ ભક્ષ,

**ભખ** પું૦ ભક્ષ (૨) અ૦ [રવ૦, સર૦ हिं भक] એવા અવાજથી (૩) તરત [-દઈને]

**ભખવું** સ૦ ક્રિ૦ [સં भक्ष्, प्रा. भक्ख, हिं. भखना] ભક્ષવું, ખાવું (૨) [જુઓ ભાખવું] કહેવું (૩) બકવું

**ભખળ,-ળેલ** વિ૦ જુઓ ભખળેલ

**ભખળવું** અ૦ ક્રિ૦ [સં वि + स्खल्, प्रा खल ઉપરથી ?] આચારભ્રષ્ટ થવું (૨) [સં भक्ष्] ખાઉં ખાઉં કરવું, ભભડવું

**ભખળેલ** વિ૦ [જુઓ ભખળવું] આચારવિચારમાં અડધુંપડધું ભ્રષ્ટ

**ભખ્ખડ** વિ૦ [સર૦ म भक्कम (अ. मुह्कम) = દૃઢ, મજબૂત] જાડું (૨) નીડર (૩) ગાસડિયું (૪) [જુઓ ભખળ] ભખળેલ

**ભગ** ન૦ [સં.] નસીબ, સદ્ભાગ્ય (૨) ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ છનો સમૂહ (૩) છિદ્ર, કાણું (૪) સ્રીની ગુહ્યેંદ્રિય (૫) ક્ષત વ્રણ (૬) પું૦ સૂર્યના બાર રૂપોમાંનું એક, સૂર્ય ૦ભજ્ઞુ વિ૦ [+ ભજવું] વિષયી, કામી [બે હ્રસ્વ માત્રાવાળો ગણ

**ભગણ** પું૦ [સં] પહેલી દીર્ઘ અને પછીની

**ભગત** વિ૦ (૨) પું૦ ['ભક્ત' પરથી] ભજન કરનાર. ૦માણસ પું૦ સીધો સાદો અને ઈશ્વરથી ડરીને ચાલનારો માણસ [(રૂપિયો) ભગત હોવો = રૂપિયો બોદલો-ખોટો હોવો] ૦ડું વિ૦ (૨) ન૦ ભગત (તિરસ્કારમાં). -તાઈ સ્રી૦ ભક્તિ (૨) ભગત હોવાપણું. -તાણી સ્રી૦ જુઓ ભક્તાણી -તું ન૦ પૂજાપાઠ વગેરે આચારની અતિ કાળજી

**ભગદળ** ન૦ [સર૦ म જુઓ ભગ] (કા.). ભગદાળું ન૦ [સર૦ म भगदाड] મોટું બાકોરું

**ભગદંડી** પું૦ [સર૦ ભાગેડુ] ઠેકાણા વિનાનો-ભટકેલ માણસ (સુ)

**ભગભગ** અ૦ [રવ૦] એવા અવાજ સાથે (૨) જોરથી -ગાવવું સ૦ક્રિ૦ ભગભગ થાય એમ-મોટી ધારે કે જોરથી રેડવું

**ભગભજુ** વિ૦ જુઓ 'ભગ'માં

**ભગરું** વિ૦ [प्रा भग्ग, मुग्ग (सं भग्न, मुग्न), સર૦ हिं भगरना = સડવું; म. भगरा, मुगा] ભૂખરું (૨) છૂંછું; ચીકાશ-વાક વગરનું

(૩) બરડ (૪) ઊડી ગયેલા રંગનું. -રો પું૦ છૂટો ભૂકો, ઘસિયો

**ભગલ(-ળ)** ન૦ [સર૦ हिं] ઢોંગ; ઠગાઈ. ૦આચાર્થી=કપટી, બગભગત

**ભગવતી** વિ૦ [सं भगवत् ઉપરથી] ભગવાનનું, ભક્ત; ઓલિયું (૨) સ્ત્રી૦ [सं] દેવી -૦પરાયણ વિ૦ ઈશ્વરભક્તિમા પરોવાયેલું. -દ્દગીતા સ્ત્રી૦ (સં.) હિંદુઓનું એક મુખ્ય ધર્મપુસ્તક -ગીતા -દ્દભક્તિ સ્ત્રી૦ ભગવાનની ભક્તિ

**ભગ(-આ)વવું** સ૦ક્રિ૦ જુઓ ભગાવવું

**ભગવંત** વિ૦ [स. भगवत्] શ્રીમંત, ભગવાળું (૨) પું૦ તેવો માણસ (૩) ઈશ્વર

**ભગવાન** વિ૦ (૨) પું૦ [सं] જુઓ ભગવંત [-કરે ને . . . થાય=ભગવાનની મરજીથી-એવો જોગ બેસે ને થાય -જુએ! પૂછે!=જેવા કર્મ તેવી ભગવાન શિક્ષા કરે! -ના ઘરનું, -નું માણસ=ભલું ઓલિયું માણસ -મળ્યા! =જોઈતું બધું-પૂરો આશરો મળ્યાં.]

**ભગવું** વિ૦ ['ભગવાન' ઉપરથી? કે સર૦ हिं., म. भगवा (स मृगु)] ગેરવા રંગનું. [ભગવાં કરવાં, પહેરવાં, લેવાં=સાધુ થવું; ભગવા વસ્ત્ર પહેરી સંન્યાસી થવું]

**ભગળ** ન૦ [જુઓ ભગલ] ભોપાળું ૦આચાર્થી વિ૦ બગભગત

**ભગંદર** ન૦ [सं] ગુદાની પાસે છિદ્ર-વ્રણ થવાનો એક રોગ (૨) બાકું

**ભગાડવું** સ૦ક્રિ૦ નસાડવું (૨) છેતરી ભોળવીને લઈ જવું કે મૂળ સ્થળ તજાવવું

**ભગાવવું** સ૦ક્રિ૦, ભગાવું અ૦ક્રિ૦ 'ભાગવું'નું પ્રેરક ને કર્મણિ

**ભગિની** સ્ત્રી૦ [सं] બહેન. ૦સમાજ પું૦, સ્ત્રી૦ સ્ત્રીઓનું મંડળ

**ભગીરથ** પું૦ [सं] (સ.) આકાશમાથી ગંગાને પૃથ્વી પર લાવનાર રાજા (૨) વિ૦ [લા] મહામુશ્કેલ [-પ્રયત્ન=(આકાશમાથી ગંગા ઉતારવા જેવો) ભારે મોટો ઉદ્યમ.]

**ભગુવો** વિ૦ પું૦ [જુઓ ભગવું; સર૦ हिं., म. भगवा] (પ) સંન્યાસી

**ભગોટું** ન૦ રેશમનો કોશેટો. [ભગોટાં પાડવાં =વણવા માટે રેશમના તાર તૈયાર કરવા]

**ભગ્ન** વિ૦ [सं] ભાંગેલું; નાશ પામેલું (૨) હારેલું; હતાશ. -ગ્નાશ વિ૦ [+आशा] નિરાશ, હતાશ -ગ્નોત્સાહ વિ૦ [+उत्साह] જેનો ઉત્સાહ ઊડી ગયો હોય તેવું

**ભચ, ૦ભચ** અ૦ [રવ૦] ભોંકવા-ભોંકાવાનો કે અથડાવાનો રવ [-દઈને]

**ભચકવું** અ૦ ક્રિ૦ [રવ૦] પછડાવું

**ભચકાવવું** સ૦ક્રિ૦ [ભચ રવ૦] ભચ દઈને ખોસી દેવું (૨) અથડાવવું. [ભચકાવી દેવું=ખોસી દેવું]

**ભચકાવું** અ૦ ક્રિ૦ 'ભચકવું'નું ભાવે (૨) ભટકવું, રખડવું, અથડાવું, ટલ્લા ખાવા

**ભચડ, ૦ભચડ** અ૦ [રવ૦] ચાવવાના કે કચડાવાના અવાજથી [ભચડ ભચડ ચાવી જવું=એવો અવાજ કરતા કરતા ચાવી જવું.] ૦(-રડ)વું સ૦ક્રિ૦ [રવ૦] દાબવું, કચડવું (૨) ભગડવું -ડંભચડા, -ડાભચડી સ્ત્રી૦ ખૂબ ભચડાવું તે, સખત ભીડ

**ભચાં** અ૦ [प्रा. भुज्ज (सं भूयस्)=ખૂબ; પૂરતું] બસ, પૂરતું [ઉપરાઉપરી

**ભચોભચ(-ચ્ચ)** અ૦ [રવ૦] ભચ ભચ (૨)

**ભચ્ચ** અ૦ [રવ૦] જુઓ ભચ [-દઈને]

**ભજન** ન૦ [स.] નામસ્મરણ; ભક્તિ (૨) ભક્તિનું ગીત. [-કરવું=ઈશ્વરસ્મરણ કે સ્તવન કરવું (૨) કામકાજમાથી નિવૃત્ત થવું (૩) એક ને એક વાતનું રટણ કર્યા કરવું] ૦મંડળી સ્ત્રી૦ ભજન ગાનારાઓની મંડળી -નિક વિ૦ ભજન કરનાર કે ગાનાર. -નિયાં ન૦ બ૦ વ૦ ભજનો (૨) કરતાલ (૩) [લા.] ગાળો. [-સંભળાવવાં=ગાળો દેવી.] -નિયો પું૦ ભજનિક; ભજન કરનારો માણસ

**ભજવવું** સ૦ક્રિ૦ [सं भज्] નાટક કરવું; તેનો ખેલ કરી દેખાડવો; વેશ કાઢી બતાવવો

**ભજવું** સ૦ક્રિ૦ [स भज्] ભજન કરવું (૨) જપવું (૩) સેવવું (૪) લાગ આપવી, ઉદા૦ તેને કંઈક ભજ્યું કે શું? (૫) પહેરવું, ધારણ કરવું (વસ્ત્રાભૂષણ), ઉદા૦ 'મણિ મુકુટ ભજે ભગવાન' (૬) અ૦ક્રિ૦ [प्रा भाज (स भ्राज्)=

ચમકવું] શોભવું. ઉદા૦ વર્ણે થી ચંપક ભાજ્યું
ભજિયું ન૦ [प्रा भज्जिअ (सं भर्जित)] તળીને કરેલી એક વાની [છેડે કે પદમા)
ભજુ વિ૦[સં. भज् ઉપરથી] ભજનાર(સમાસમાં
ભટ પું૦ [सं] યોદ્ધો
ભટ પુ૦ [જુઓ भट्ट] પંડિત (૨) ભિક્ષુક બ્રાહ્મણ(૩)રસોઇયો(૪)બ્રાહ્મણની એક અટક. ૦જી પુ૦(માનાર્થે કે વ્યંગમા) ભટ્ટ ૦મેવાડો પુ૦ એ નામની જાતનો બ્રાહ્મણ
ભટ અ૦ [રવ૦] તરત જ (૨) અથડાય તેમ (૩) [સર૦ ભઠ, ફટ] ધિક્કાર છે! ઉદા૦ ભટ પડો તારા જીવતરમા! [ભટકનારુ, રખડેલ
ભટકણ(-ણું) વિ૦ ['ભટકવું' ઉપરથી]
ભટકબોલું વિ૦ જુઓ બટકબોલુ
ભટકભવાની સ્ત્રી૦ [ભટકવુ+ભવાની] વગર-કામે રખડનારી સ્ત્રી [માણસ
ભટકબોલો પુ૦ [જુઓ બટકબોલો] વાચાળ
ભટકવું અ૦ક્રિ૦ [सं अट् ઉપરથી? કે भ्रष्ट (प्रा.भट्ट)=રખડવુ, ભૂલુ પડેલુ ઉપરથી? સર૦ हिं. भटकना, म भटकणें] રખડવુ (૨) [જુઓ ભટકા] કંઈ તાકયા કરવું
ભટકાટવું સ૦ક્રિ૦ [જુઓ ભટકો, ભતકું] મારવુ; ઝૂડવું (૨) [સુ] કણસલાંમાથી દાણા કાઢવા ઝૂડવું
ભટકારો પુ૦ ['ભટકવું' ઉપરથી] ભટકવું-રખડવુ તે [-કરવો,-થવો]
ભટકાવું અ૦ક્રિ૦ [ભટ (રવ૦)] અથડાવું (૨) આડે આવવુ (૩) ભટકવુ, રખડવુ (૪) [લા.] અણધાર્યું મળવુ (૫) લડાઈ કે કજિયો થવો
ભટકાં(-કિયાં) ન૦ બ૦વ૦ [ભટકવુ ઉપરથી] વલખા (૨) ફેરાઆટા. [-મારવાં=લલુતાથી ફાંફા મારવા (૨) રખડવું.]
ભટકુ વિ૦ ['ભટકવું' ઉપરથી] (સુ) ભટકેલ
ભટકો પું૦ જુઓ ભટકારો (૨) [જુઓ ભતકું] લાકડીનો પ્રહાર. [ભટકા ભાગવા=લાકડી ભાગે કે બરડો ભાગે તેટલો માર પડવો-મારવો]
ભટાઈ સ્ત્રી૦ જુઓ ભાટાઈ
ભટાણી સ્ત્રી૦ જુઓ ભટ્ટિની
ભટિયો પું૦ ['ભટ્ટ' ઉપરથી] ગોસાઈજીના મંદિરમાં રહેતો, તેમની નાતનો આશ્રિત
ભટૂરિયું ન૦ દૂઝણા ઢોરનું એક ખાણ
ભટૂરિયું, ભટોળિયું ન૦ [सं बटु?] કૂતરાનું બચ્ચુ [બ્રાહ્મણની એક અટક
ભટ્ટ પું૦ [सं] વિદ્વાન બ્રાહ્મણ, ભટ (૨)
ભટ્ટાર(૦ક) વિ૦ [सं] માનનીય; નામવર
ભટ્ટિની સ્ત્રી૦ [सं] રાણી (૨) શેઠાણી (૩) ભટ્ટની સ્ત્રી
ભટ્ટો પુ૦ [हिं भटा (दे भंड)] ગોળ દડા જેવી જાતનુ વેંગણ (૨) પુ૦ [सं भट्टक] બ્રાહ્મણ (તિરસ્કારમા)
ભઠ(-ઠ્ઠ) અ૦ [प्रा भट्ठ (सं भ्रष्ट)] ધિક્ (૨) [જુઓ ભટ (રવ૦)] ઝટ
ભઠવું સ૦ક્રિ૦ [प्रा भट्ठ=ભઠ્ઠી ઉપર શેકવાનું પાત્ર (તેની પેઠે તપવુ)] ધમકાવવું; ઠપકો આપવો (૨) અ૦ ક્રિ૦ ચિડાવું, મનમાં ને મનમાં ધખવુ
ભઠિયારખાનું ન૦ ['ભઠ્ઠી' ઉપરથી] રસોડું (૨) [લા] રસોડાનુ કામકાજ.
ભઠિયારી (-રણ) [જુઓ ભઠિયારો; हिं. भठियारी, भठियारिन] ભઠિયારુ કરનાર સ્ત્રી (૨) ભઠિયારાની સ્ત્રી -રુ ન૦ ભઠિયારાનું - રાધવાનુ કામ (૨) [લા.] રસોડું. -રો પું૦ [ભઠ્ઠી પરથી, સર૦ हिं भठियारा] ભઠ્ઠી પર શેકનારો (૨) રાધનારો
ભઠોરું ન૦ [સર૦ ભાઠુ; ચાંદું. સ૦ म. भढोळ] જમીનમા પડતી ફાટ - ચીરો
ભઠ્ઠી સ્ત્રી૦ [प्रा भट्ठ (सं भ्रस्ज्), સર૦ हिं. भट्ठी; म. भट्टी] નીચેથી આંચ કે પવન દઈ શકાય એવો થાપી કરી કરેલો ચૂલો (જેમ કે ભાડભૂજાની, હલવાઈની, લુહારની, ધોબીની) (૨) ચૂનો, ઈંટ જેવું પકવવાની રચના (૩) દારૂ ગાળવાનુ ફંદ (૪) [લા.] ભઠ્ઠી પર રાખેલું વાસણ ને તેમાની વસ્તુ (જેમ કે વૈદની, ધાતુ વગેરે મારવા માટે) [-કરવી,ચઢાવવી, -ઉતારવી, -માં નાખવું.] [૦આળવી= દારૂ ગાળવો] -ઠ્ઠો પુ૦ મોટી ભઠ્ઠી
ભડ વિ૦ [प्रा भड, सं भट] બળવાન (૨) સમૃદ્ધિમાન (૩) પુ૦ યોદ્ધો (૪) શ્રીમત (૫)

સ્ત્રી૦ ['ભીડવું' પરથી ?] લૈડ (૬) કોશની વરતની ખીલી (૭) ન૦ કૂવામાંથી પાણી ખેંચવાની સવડનું ચણતર કે લાકડું (૮) [લા] ભોપાળું (૯)[સર૦ म. भडवळ] સુકાઈ ગયેલી જમીનની ફાટ; ભડૅાર (૧૦) અ૦ (રવ૦) [-કાઢી નાખવી = ભોપાળું બહાર પાડી દેવું -નીકળી જવી, વેરાઈ જવી = ભોપાળું બહાર પડી જવું. -બાંધવું = મથાળું -મોઢું બાંધવું (કૂવાનું, વાતનું વગેરે)]

ભડક સ્ત્રી૦ [ભડકવું ઉપરથી] ચમક, બીક; ડર [-કાઢવી=ડર દૂર કરવો -પેસવી = ડરવા લાગવું, બીવું -ભાગવી = ડર જવો કે કાઢવો.] ૦ણ(-ણું) વિ૦ બીકણ, ચમકનારું

ભડકવું અ૦ક્રિ૦ [સર૦ म. भडकणें, हिं. भड़कना, ભડ રવ૦ ઉપરથી] ચમકવું. ઓચિંતું ડરવું

ભડકિયું વિ૦ ['ભડકો' ઉપરથી] ભડકે બળે તેવું (૨) ['ભડક' પરથી] ભડકે એવું ભડકણ (૩) ન૦ [ભડકો ઉપરથી; સર૦ म. भडकी] ગંધક ને ઘીનો ચૂવો (૪) [જુઓ ભળકિયું] દર્શનિયું

ભડકી સ્ત્રી૦ [જુઓ ભરડકી] રાબડી કે કાંજી જેવી એક વાની -કું ન૦ ઘટ રાબ જેવી એક વાની. ભરડકું

ભડકું ન૦, -કો પું૦ [ભડ (રવ૦) ઉપરથી] અગ્નિનો ભભૂકો(૨)ઝાળ લંય [ભડકે બળવું = ખૂબ જોરથી-ભડ ભડ બળવું ભડકો ઊઠવો = ભારે દુઃખ થવું, દિલમાં બળી ઊઠવું (૨) વ્યર્થ જવું -થવો = અગ્નિનો ભભૂકો થવો. મોટી ઝાળે બળવું (૨) કજિયો થવો.]

ભડત ન૦ [ભડથાવું ઉપરથી] ભડથાવીને તૈયાર કરેલું શાક (રીંગણ)

ભડથાવું અ૦ક્રિ૦ [જુઓ ભડથું] ભડસાળમાં ચડવું-બફાવું-સીઝવું

ભડથિયું, ભડથું ન૦[प्रा भडित्त = શૂળ ઉપર સેકેલું માંસ] ભડથાયેલો પદાર્થ [કેરી

ભડદું ન૦ [સર૦ભડથું] જાળી પડી ગયેલી કાચી

ભડભડ અ૦ [રવ૦] એવા અવાજથી (૨) જોરથી, ઝટ ૦વું અ૦ ક્રિ૦ વગર વિચાર્યું બોલવું (૨) ભડભડ સળગવું; ઓચિંતું સળગવું (૩) ભભડવું; ખાવાનું મન થવું [ભડભડી ઊઠવું = ધૂંધવાઈને એકદમ સળગી ઊઠવું (૨) મનમાં ભરાયેલો ગુસ્સો એકદમ કાઢવો] -ાટ પું૦ ભડભડવું તે (૨)ભડભડ એવો અવાજ (૩) અ૦ એવા અવાજથી. -િયું વિ૦ મનમાં જે હોય તે કહી દેનાર, ગુસ્સે ન રાખી શકે એવું

ભડભાગણું વિ૦ [ભડ (દે वड्ड) + ભાગણું सं भागिन्] બડભાગી, ભારે ભાગ્યશાળી

ભડભાદર વિ૦ [ભડ (દે. वड्ड)+ ભાદર (सं. भद्रक)] મોટું; ભર્યુંભાદર્યું (૨) આબરૂદાર

ભડલી-(ળી) સ્ત્રી૦ (સં.) ઋતુ, વરસાદ વગેરે ભાખનારી એક વ્યક્તિ. ૦વાક્ય ન૦ ભડલીનું ભાખેલું વાક્ય -એવી લોકોક્તિ

ભડવાઈ જુઓ 'ભડવો'માં [બહાદુર, જબરું

ભડવાડ વિ૦ [જુઓ ભડવું] + ભડ. લડાયક;

ભડવીર પું૦ [(દે वड्ड ? કે सं भट) + વીર] બહાદુર યોદ્ધો [ઝૂઝવું; લડવું

ભડવું અ૦ ક્રિ૦ [જુઓ ભીડવું (લડવું)]

ભડવો પું૦[સર૦ हिं.; म. भडवा (सं. भड, કે भट् = ભાડે આપવું પરથી કે 'ભડ'+વા(નિંદાત્મક)] પોતાની સ્ત્રીના વ્યભિચાર ઉપર જીવનાર (૨) વેશ્યાનો સાથી (૩) સ્ત્રીવશ પતિ -વાઈ સ્ત્રી૦ ભડવાનું કામ કે કમાઈ (૨) બાયલાપણું. [-કૂટવી = વેશ્યાઓ મેળવી આપવાનો ધંધો કરવો]

ભડસાળ સ્ત્રી૦ [ભડ (દે भाड = ભઠ્ઠી) + સાળ (शाला કે છાર ?); સર૦ म भडस = ભાડ સાટેનું કુટકળ બળતણ] ચૂલા કે સગડીનો ઊની રાખવાળો ભાગ

ભડળી જુઓ ભડલી

ભડંગ અ૦ [રવ૦] (કાંઈ પડવાનો અવાજ)

ભડાક અ૦[રવ૦] ભડાકા સાથે (૨) તરત

ભડાકો પું૦ [જુઓ ભડાક] ધડાકો (૨) બંદૂક ફૂટવાનો અવાજ (૩) ગપગોળો [-કરવો, થવો = બંદૂક ફૂટવાનો અવાજ કરવો-થવો, બાર કરવો-થવો (૨) ચોંકી ઉઠાય તેવું કંઈ કામ કે તકરાર કરવા-

થવા –મારવો=ગુસ્સાથી કામ કરી નાખવું (૨) નિસ્કોચ બોલવું (૩) ગપગોળો છોડવો ]

ભડાભડ અ૦ [રવ૦] એવા અવાજ સાથે (૨) એકદમ –ડ(–ડી) સ્ત્રી૦ ભડાભડ અવાજ (૨) ધાધલ, ધમપછાડા

ભડાભૂટ સ્ત્રી૦;ન૦[રવ૦] ધાધલ(૨)વેરણછેરણ

ભડું ન૦ [प्रा. भित्तग (सं. भित्तक)] ઘરની આગલી દીવાલ(૨)પડદા તરીકે કરાતી પાતળી દીવાલ [ભડે બેસવું=પડી ભાગવું, વણસવું (૨) દેવાળું કાઢવું (૩) નસંતાન જવું (૪) કમાણી ન ચાલવી ]

ભડોભડ અ૦ [રવ૦] જુઓ ભડાભડ

ભણકાર(–રો), ભણકો પું૦ [सं. भण् ઉપરથી? (રવ૦)]કશાના અવાજની આગાહી કે ગુંજારવ [(–ો)ભણકારા થવા,વાગવા= આવવાની કે બનવાની આગાહી થવી ]

ભણતર ન૦['ભણવું' ઉપરથી]ભણેલું તે શિક્ષણ

ભણભણવું અ૦ક્રિ૦ [રવ૦] ભણભણ એવો અવાજ થવો

ભણવું સ૦ક્રિ૦ [सं. भण्] શીખવું(૨)બોલવું, કહેવું ઉદા૦ ભાણે નરસૈંયો (૩) વાચવું [ભણવું ગણવું=અભ્યાસ કરવો તેમ જ તેનો ઉપયોગ–અમલ કરી જાણવો ભણીગણીને= અભ્યાસ કરીને તેમ જ પાવરધા–હોશિયાર થઈને (અગિયારા) ભણી જવા=પોબારા ગણી જવા, (લઈને) નાસી જવું ]

ભણામણ ન૦,–ણી સ્ત્રી૦ ['ભણવું' ઉપરથી] ભણવાની ફી કે તેનું ખરચ

ભણાવવું સ૦ક્રિ૦(ભણવું'નું પ્રેરક)શીખવવું(૨) પાઠ કરાવવો, ઉચ્ચારાવવું [ભણાવી મૂકવું =શીખવી–સમજાવી રાખવું ]

ભણી અ૦ [प्रा. पेहण (सं. प्रेक्षण) ઉપરથી ? સર૦ म. पाहणें] તરફ, બાજુએ

ભતડું ન૦, ભતકો પું૦ [સર૦ म.; (રવ૦)] (સુ ) લાકડીનો સપાટો–પ્રહાર (૨) [લા ] ફાસ, આડખીલી [ભતડું મૂકવું, મેલવું, ભતકો મારવો =ચબો મારવો,પ્રહાર કરવો (૨) [લા ] ફાસ મારવી, આડખીલી કરવી ]

ભત્તું (–થ્થું ) ન૦[સર૦ हिं , म. भत्ता (सं. भक्त, प्रा. भत्त)] ભાતું કે તે બદલ અપાતા પૈસા (૨) ખાસ કામ માટે પગાર ઉપરાંત અપાતું મહેનતાણું કે ખરચી

ભત્રીજો પું૦ [प्रा. भत्तिज्ज (सं भ्रातृव्य); हिं भतीजा] ભાઈનો કે પતિપત્નીના ભાઈનો દીકરો –જાવહુ સ્ત્રી૦ ભત્રીજાની વહુ –જજમાઈ પું૦ ભત્રીજીનો વર. –જી સ્ત્રી૦ ભાઈની કે પતિપત્નીના ભાઈની દીકરી

ભથ સ્ત્રી૦ [સર૦ બઠોર ] (કા ) જમીનની, પાણી ભરેલી કે પાણી ભરાઈ થયેલી ફાટ

ભથવારું વિ૦ ['ભાથું' ઉપરથી] (ખેતરમાં) ભાતું લઈ જનારું (માણસ) –રી સ્ત્રી૦

ભથવું અ૦ક્રિ૦ મોઈદાંડિયામાં બીજાની આગળ જવું

ભથાયણું ન૦ ['ભાથું' ઉપરથી] ભાથું લઈ [જવાનું વાસણ કે કપડું

ભદલ ન૦ [જુઓ ભદ્દર] મુંડન, ભદ્ર

ભદલું ન૦ નાનો માટીનો ઘડો, ઠોચકું

ભદંત પું૦ [सं.] માનવાચક સંબોધન (બૌદ્ધ) (૨) બૌદ્ધ સાધુ

ભદ્દર, ભદ્ર ન૦ [सं. भद्र] મોટા કોટની અંદરનો નાનો કોટ (૨) [સર૦ ભદ્રાકરણ] મુંડન. [ભદ્દર કરાવવું=ટોલું કરાવવું ]

ભદ્ર વિ૦[सं.] કલ્યાણકારી (૨) મંગલિક (૩) ભાગ્યશાળી (૪) ન૦ કલ્યાણ (૫) સોનું (૬) સંગીતમાં એક અલંકાર (૭) જુઓ ભદ્દર ૦ક વિ૦ શુભ (૨) પું૦ એક છંદ (૩) ન૦ કલ્યાણ ૦કટ પું૦ મોટો ગોખરુ. ૦કાલી (–ળી) સ્ત્રી૦ (सं.) એક દેવી

ભદ્રા સ્ત્રી૦ [सं.] ગાય (૨) (સં ) દુર્ગા (૩) કૃષ્ણની એક પટરાણી (૪) બીજ, સાતમ કે બારશ (૫) ગળી (૬) ગોકર્ણી

ભદ્રાકરણ ન૦ [सं.] હજામત, મુંડન

ભદ્રાક્ષ પું૦[सं.] એક ઝાડ જેનાં બીના માળાના મણકા બને છે

ભપ(–ભ)કાદાર, ભપ(–ભ)કાબંધ જુઓ 'ભપ(–ભ)કો' માં

ભપ(–ભ)કાવવું સ૦ક્રિ૦ જોરથી કે ખૂબ રેડવું ઉદા૦ કૂવામાં પાણી ભપકાવી દેવું

ભપ(–ભ)કી સ્ત્રી૦ ['ભપ' રવ૦] (પતંગના

પેચમા) એકદમ જોરની છૂટ મૂકવી [–દેવી, –મૂકવી] (૨) [જુઓ ભપકો] રોફ; દમ, ધમકી (સુ)

**ભપ(–ભ)કો, –કાદાર, –કાબંધ** જુઓ ભભકો,–કાદાર,–કાબંધ [**–મારવો**=ઝળકવું (૨) રોફ મારવો, શેખી કરવી]

**ભપૂડો** પું૦ જુઓ ભપકો

**ભપ્પ** અ૦ [રવ૦] એવા અવાજથી (૨) ઝપાટાબંધ (૩) ઊંધુ ઘાલીને

**ભપ્પલ** વિ૦ [રવ૦] સ્થૂલ, જાડું

**ભભક** સ્ત્રી૦ [જુઓ ભભકવું] ચળકાટ, ઝળક. [**–મારવી**=ચળકાટ મારવો, ઝળકવુ (૨) ભભકવુ, શોભવુ.]

**ભભકવું** અ૦ક્રિ૦ ['ભપ્પ' (રવ૦) સળગવુ, સર૦ हिं. भभकना, म. भवकणें (सं. वह्?)] ભભૂકા મારવા (૨) શોભવુ (૩) [લા.] ગુસ્સે થવુ [**ભભકી ઊઠવું**=શોભી ઊઠવુ (૨) ગુસ્સે થઈ જવું]

**ભભકાદાર, ભભકાબંધ** જુઓ 'ભભકો'મા

**ભભકી** સ્ત્રી૦ જુઓ ભપકી

**ભભકો** પું૦[જુઓ ભભકવુ]ભપકો; રોફ; આડંબર (૨)ધમકી [**–કરવો**=ઠાઠ–આડબર, શોભા કરવા **–મારવો, લગાવવો**=ભભકો કરવો (૨) રોફ મારવો, શેખી કરવી] **–કાદાર** વિ૦ ભભકાવાળુ. **–કાબંધ** વિ૦ ભભકાવાળું (૨) અ૦ ભભકાથી

**ભભડવું** અ૦ક્રિ૦ [જુઓ ભડભડવું] ખાઉં ખઉ થવુ (૨) મોટો સાદ કાઢવો

**ભભડાટ** પું૦ ભભડવું તે

**ભભડો** પું૦ જુઓ ભભડાટ (૨) ઉકાળો (મરી, હીંગ, સચળ વગેરેનો)

**ભભરાવવુ** સ૦ક્રિ૦['ભભરુ' પરથી]ભૂકો છૂટો છૂટો નાખવો

**ભભરી દાળ** સ્ત્રી૦ [જુઓ ભભરુ] ભભરી રહે તેવી રીતે રાંધેલી દાળ

**ભભરું** વિ૦ [જુઓ ભગરું; म भरभरीत] વેરાઈ જાય એવુ, ભૂગરું

**ભભુકાવવું** સ૦ક્રિ૦ 'ભભૂકવુ'નુ પ્રેરક

**ભભૂકવું** અ૦ક્રિ૦ [જુઓ ભભક] ભભૂકો થવો. [**ભભૂકી ઊઠવું**=સળગી ઊઠવું (૨) ચળકાટ મારવો; પ્રકાશી ઊઠવુ]

**ભભૂકો** પું૦[જુઓ ભભૂકવું] ભડકો (૨) પ્રકાશ (૩) [લા] ભારે તીખાટ

**ભભૂત(–તી)** સ્ત્રી૦ [सं. विभूति; हिं. भभूत] ભસ્મ. [**–ચોળવી, લગાવવી**=(રાખ ચોપડી) બાવા થવું. સંન્યાસ લેવો.]

**ભભ્ભ** અ૦ [રવ૦] ભપ્પ

**ભભ્ભો** પું૦ ભ અક્ષર, ભકાર

**ભમ** (રવ૦)જાડાપણાનું કે પોલાપણાનું વધારાપણું બતાવવા શબ્દની આગળ કે પાછળ વપરાતો શબ્દ ઉદા૦ 'જાડુંભમ'; 'ભમપોલ'.

**ભમગરો** પું૦ [प्रा. मम्म (स भ्रम्)+ગરો(सं. कृ)?] સરાણિયો; ખરાદી

**ભમતારામ** પુ૦ [ભમવું+રામ] ભમતો ફરનાર–રખડેલ માણસ

**ભમર** સ્ત્રી૦[प्रा. भमया (सं. भ्रू), म. भंवई] ભ્રુકુટિ,ભવું (૨) [सं. भ्रमि, प्रा. भमि] વમળ (૩) અ૦ ગોળ ગોળ–ચક્કર ફરે તેમ (૪) પું૦ [सं. भ्रमर] ભમરો ૦ડી સ્ત્રી૦ [सं भ्रमर ઉપરથી]નાનો ભમરડો(૨)ચકરડી. ૦ડો પું૦ એક રમકડું–ગરિયો (૨) એક ફળ (૩) [લા] કાંઈ નહીં! ઉદા૦ ભમરડો આવડે છે! [**ભમરડા જેવું**=મૂર્ખ (૨) અસ્થિર. **–ફેરવવો**=ગમે તેમ સહી કરવી] **–રાળી** સ્ત્રી૦ એક માખી. **–રાળું** વિ૦ સુંદર ભમ્મરવાળું (૨) દુર્ભાગી, અમગળ (૩) [જુઓ ભમર અ૦] ભમર ભમર ફરતાં ચક્રોવાળું–ભીષણ **–રિયું** વિ૦ ગોળ ગોળ કરતુ (૨) ભમરીનુ,–ને લગતુ (૩) ન૦ ભમરી ભાતનુ સ્ત્રીઓનુ એક વસ્ત્ર (૪) ચકરીનો રોગ

**ભમરી** સ્ત્રી૦ [सं. भ्रमरी] ભમરાની માદા, કરડે એવી એક માખી (૨) [જુઓ 'ભમર' (૨)] ઘૂમરી, ચકરી (૩) માથાનુ એક ઘરેણું [**–ખાવી**=ચકરી ખાવી **–રો** પુ૦ ભ્રમર (૨) વમળ (૩) વાળનું ફૂંડાળુ [**–ભૂંસાઈ જવો**=નસીબ ફૂટી જવુ (ઘણુ ખરું સ્ત્રીનુ રાંડવુ). **પૂંછડે ભમરો હોવો**=એક ઠેકાણે બેઠા વિના ફર્યા કરવુ]

**ભમરછાલ** સ્ત્રી૰ એક વનસ્પતિ
**ભમ(-મ્મ)રભોળું** વિ૰ [ભમર(ચિત્તભ્રમ ? કે સં भ्रमर?)+ભોળું] નિખાલસ (૨) પ્રેમાળ; સ્નેહાળ
**ભમવું** અ૰ક્રિ૰ [प्रा भम (सं. भ्रम्)]ચક્રાકારે ફરવું(૨)રખડવુ (૩) તમ્મર આવવા. [ભમતું ભૂત=આખો વખત રખડ્યા કરતુ માણસ]
**ભમાડ(-વ)વું** સ૰ક્રિ૰[प्रा. भमाड (सं. भ्रमय्)] 'ભમવું'નુ પ્રેરક(૨) ભુલાવામા નાખવુ; છેતરવું
**ભમ્મ** અ૰ [રવ૰] એવા અવાજથી.[-પાંચ શેરી કરવી=ગુપ્ત માર મારવો.]
**ભમ્મર** સ્ત્રી૰[જુઓ ભમર] ભવું [-ચડાવવી =ગુસ્સો કરવો ગુસ્સાથી જોવું]
**ભય** પુ૰,ન૰[સં.]બીક. [-દેખાડવો=બીક દેખાડવી,ડરાવવું -પામવું, લાગવો=ડરવુ. -પેસવો=ડર લાગવો.-પેસી જવો= (અમુક બાબતનો ડર) મનમા સ્થિર થવો. -રાખવો=મનમાં ડર સેવવો] ૦કારી વિ૰ ભય કર. ૦દર્શી વિ૰ ભયસ્થાન જોનાર -સમજનાર. ૦ભીત વિ૰ [સં] બીધેલુ -યંકર વિ૰ [સં] ભય ઉપજાવે એવુ -યાનક વિ૰ [સં] ભયકર (૨) પું૰ કાવ્યના આઠ રસમાંનો એક -યાવહ વિ૰ [સં] ભયંકર
**ભયા** પું૰ [प्रा भाइअ (सं. भ्रातृ), સર૰ મ., हिं. भय्या)]ભાઈ,ભિયા(પુરુષ માટે સંબોધન) (૨) કેટલીક નાતોમા જમાઈ માટે સબોધન
**ભયું** [हिं;सं भूत, प्रा. भूअ] (પ) થયુ, બન્યુ [ભૂ૰ કાળનુ રૂપ]
**ભયો** પુ૰ [જુઓ ભયુ] માનતા પૂરી કર્યા પછી પૂજારીની આશિષ મેળવવી તે (૨)અ૰ કૃતાર્થતાનો સતોષ થયો હોય એમ, સતુષ્ટ. [-કરવો=ભયો કરાવવા જેવુ મોટું બહાદુરીનુ કામ કરવુ -કરાવવો=માનતા પૂરી કર્યા પછી પૂજારીની આશિષ મેળવવા પોતા પર કંકુના થાપા મરાવવા(૨) બહાદુરી મારવી.] ૦ભયો અ૰ સારી પેઠે ભયો. [-થવું= પૂરતુ થવું; સતુષ્ટ થવાય તેટલું બધું થવું]
**ભર** [સં ભૃ; પ્રા ભર ઉપરથી] નામને અતે લાગતા 'તેના જેટલુ, તે બધું-આખું' એવો અર્થ થાય છે ઉદા૰ ક્ષણભર,દિવસભર (૨) વિ૰ બરોબર જામેલુ, ભરપૂર; પરિપૂર્ણ. ઉદા૰ ભર જુવાની, ભર ઊંઘ [-દોરીએ કપાવું, જવું=કનકવાનુ ચગી દોરી સાથે કપાવુ-જવુ -દોરીએ જવુ=ગર્ભાવસ્થાના છેલ્લા દિવસોમા સ્વધાતર કરવુ કે બહાર જવુ (૨) આબરૂભેર મરી જવું]
**ભરકૂચ(-શ,-સ)** સ્ત્રી૰ [ભર+સં कूर्च તથા કુશ] પરચૂરણ નકામી વસ્તુઓ કે છોકરા ને માણસોનો સમૂહ
**ભરખ** પુ૰ [સં. भक्ष, प्रा. भक्ख] ભક્ષ ૦વું સ૰ક્રિ૰ ખાવું (૨) કરડવુ
**ભરગચ્છી** સ્ત્રી૰ [સર૰ म. भरगच्छी (सं. मृगुकच्छ ઉપરથી?)] સ્ત્રીઓને પહેરવાનુ એક જાતનુ કપડું [(૨)ભાર,વજન
**ભરગત** ન૰ [म] ભરી કાઢેલી સ્થિતિ, પૂર્ણતા
**ભરચક(-ટ)** વિ૰ [ભર+ચક (सं खच्; કે चक्र?); સર૰ म मरचक्का] પુષ્કળ (૨) ખીચોખીચ [પાણીની પુષ્કળતા
**ભરચંદી** સ્ત્રી૰ [ભર+ચદી] ચદી-ચાસ-
**ભરડકી** સ્ત્રી૰, -કું ન૰ ['ભરડવુ' ઉપરથી, સર૰ म. भरडी] જુઓ 'ભરડી'મા
**ભરડ ભરડ** અ૰[રવ૰] એ અવાજથી(૨)સતત
**ભરડવું** સ૰ ક્રિ૰ [રવ૰; સર૰ म भरडणें (सं अमिन्त्रद्?)] અનાજને જાડુ જાડુ દળવુ, બે ફાડ પડે એમ દળવુ (૨) [લા] ગમે તેમ બકવું [અનાજની એક વાની
**ભરડિયું** ન૰ ['ભરડવુ' ઉપરથી] ભરડેલા
**ભરડો** પુ૰ ['ભરડવુ' ઉપરથી] ભરડેલું તે (૨) ભરડાઈ જાય એમ આજુબાજુ જોરથી વીંટવુ -વીંટાવુ તે (અજગરનુ) (૩) છાપરાની વળીઓ કબજામા લેવાનો બધ (૪) શેરડીમા થતો એક રોગ [-દેવો=(અજગરે) પોતાના શિકારની આસપાસ જોરથી વીંટાવુ]
**ભરડો** પું૰ [સં भरट] તપોધન (તુચ્છકારમા)
**ભરઢોળ** ન૰ [ભરવુ+ઢોળવું] નફોતોટો (૨) આવકજાવક
**ભરણ** ન૰ [સં] ગુજરાન (૨) આંખમાં

ખાપરિયુ ભગ્વું તે (૩) બદુગરનો ટુચકો [-ભરણું (આખમા)] ૦પોષણ ન૦ ગુજરાન

**ભરણી** સ્ત્રી૦ [સં.] બીજું નક્ષત્ર ગાલ્લી

**ભરણી** સ્ત્રી૦ ['ભરવુ' ઉપરથી] ભરવું તે (૨) ઉમેરો (૩) [શાક] રાવવાનું વ સણ -ણું ન૦ભરણી ઉમેરો, ભગ્વું તે (૨) ભરેલુ નાણુ (૩) સગ્રહ (૪) [સ૨૦ મ. मरण] થાભલા અને ભાલ વચ્ચેનુ લાકડું [-કરવું, ભરવું = તિજોરીમા નાણા ભરવા-આપવાં. પોતુ મોકલી આપવુ]

**ભરત** ન૦ ['ભરવુ' ઉપરથી] માપ; પ્રમાણ (૨) લૂગડા ઉપર વેલ, બુટ્ટી વગેરે ભરવી તે (૩) બીઆમા રસ રેડી ઘાટ બનાવવો તે (૪) [સ૨૦ મ भरीत; हिं. भरता] મસાલો ભરી કરેલુ શાક [-ભરવું] ૦કામ ન૦ ભરત ભરવુ તે ૦ગૂથણ ન૦ ભરતકામ અને ગૂથણકામ ૦ર(-લ) વિ૦ ઢાળેલું, ભરતનું (૨) ન૦ ભરત (૩) માપ

**ભરત** પું૦ [સં.] (સં) રામનો ભાઈ (૨) દુષ્યતનો પુત્ર-જેના પરથી ભારતદેશ કહેવાય છે (૩) જડભરત (૪) એક મુનિ; ભારતીય નાટ્યશાસ્ત્રના કર્તા. ૦ખંડ, ૦ભૂમિ પુ૦ (સ) હિંદુસ્તાન. ૦વાક્ય ન૦ સંસ્કૃત નાટકમા અંતે મુકાતો આશીર્વાદનો શ્લોક

**ભરતા(-થા)ર** પુ૦ [प्रा. भत्तार (स. भर्तृ), સ૨૦ हिं. भरतार] પતિ, ભર્તા

**ભરતિયું** ન૦ ['ભરવુ' ઉપરથી, સ૨૦ મ भरतपत्र] માલની કિંમતની વિગતવાર યાદી; બિલ (૨) કોઈમા માય તેટલુ માપ (૩) એક વાસણ

**ભરતિયો** પું૦ ['ભરવુ' ઉપરથી] ભરતરનુ કામ કરનારો (૨) નાણા ભરે ત્યારે કન્યા મળે એવા કુળનો માણસ

**ભરતી** સ્ત્રી૦ ['ભરવુ' ઉપરથી; સ૨૦ हिं, म] ભરવું કે ભરાવુ તે, ઉમેરણ (૨) જુવાળ (૩) [લા.] પુષ્કળતા, આવરો. [-આવવી = જુવાળ ચડવો. -કરવી = ભરી દેવું (૨) [લશ્કરમા] સામેલ કરવુ, જોડવુ -થવી = પુષ્કળ આવરો થવો -થવું = (લશ્કરમા) જોડાવુ]

**ભરથ** પું૦ [સં] દેવ (૨) રાજા

**ભરથરી** [સં. भर्तृहरि] એકતારો વગાડી માગનાર જોગીની એક જાત (૨) (સ) ભર્તૃહરિ રાજા

**ભરથાર** પુ૦ [જુઓ ભરતાર] પતિ

**ભરનીંગળ** ન૦ [ભરાવુ + નીગળવુ (સ नि+गल)] ભરાવુ ને ઢલવાવું તે (૨) ચડતીપડતી (૩) ગુમડાનો એક રોગ [ખૂબ

**ભરપટ્ટે** અ૦ [સ૨૦ મ भरपेट] જોઈએ તેટલું;

**ભરપાઈ** સ્ત્રી૦ [સ૨૦ हिं., म (हिं भरपाना; म भरून पावलों)] સંપૂર્ણ પતાવટ (લેણું, ખાતુ હૂંડી વગેરેની)

**ભરપૂર** વિ૦ [ભર + પૂરેલુ; સ૨૦ हिं., म.] પુષ્કળ (૨) પૂરેપૂરુ ભરેલુ (૩) અ૦ પૂરેપૂરી રીતે

**ભરભરું** વિ૦ [જુઓ ભગરુ; સ૨૦ हिं. भुरभुरा; म भरभरीत] કોરુ, ચીકટ વગરનું (૨) કરકરુ કણદાર

**ભર(-ળ)ભાંખળું** ન૦ [ભાળવું + ઝાખુ ? કે प्रा. भक्खर (स भास्कर = સૂર્ય) ઉપરથી ? સ૨૦ म. भल्याँ = પ્રભાત] મોસુઝણું; પરોઢિયું, મળસકુ [-થવું.]

**ભરમ** પું૦ [સ भ्रम] ભ્રમ, ભ્રાંતિ; વહેમ (૨) ભેદ; રહસ્ય (૩) કાંઈક રહસ્ય હોવાનો ખ્યાલ કે માન્યતા. ઉદા૦ભરમ ભારી, ખિસ્સા ખાલી [-ખોલવો = ભેદ પ્રગટ કરવો -બગડવો = સ્વાદ બગડવો, મજા ચાલી જવી. -ભાગવો = રહસ્ય ખુલ્લુ થવુ કે કરવુ.] -માવું અ૦ક્રિ૦ છેતરાવું (૨) વહેમાવું, ભ્રાંતિમા પડવુ

**ભરમાર** સ્ત્રી૦ [हिं; સ૨૦ મ. भडमार (ભડ+માર)] ખૂબ હોવુ તે, અતિશય

**ભરમાવું** અ૦ ક્રિ૦ જુઓ 'ભરમ'માં

**ભરમી** સ્ત્રી૦ [જુઓ બ્રાહ્મી] એક વનસ્પતિ

**ભરવ** સ્ત્રી૦ ['ભરવુ' (પેટ) ઉપરથી ?] (કા) ભૂખ (૨) ભૂખનો આભાસ-ખોટી ભૂખ

**ભરવવું** સ૦ક્રિ૦ [સ૨૦ ભેરવવુ] ટગાડવુ; લટકાવવુ (૨) જોડવુ, સાથે કરવુ (૩) [લા.] ભંભેરણી કરવી

**ભરવાડ** પુ૦ [સ૨૦ म. भरा(-रवा)ड (स. भरटक)] ઢોર રાખી ગુજરાન ચલાવનારી એક જાતનો માણસ. ૦ણ(-ણી) સ્ત્રી૦

ભરવાડ જાતની કે ભરવાડની સ્ત્રી. -ડી સ્ત્રી૦ [લા.] ઘસઘસાટ ઊંઘ [-તાણવી=નિરાંતે, ઘસઘસાટ ઊંઘવું] -ડું ન૦ ભરવાડનો ધંધો (૨) કાને ઘાલવાનું મોતીનું એક ઘરેણું. -ડો પું૦ ભરવાડ (૨) ભરવાડવાડો (૩) [?] એક ઝાડ

**ભરવું** સ૦ ક્રિ૦ [प्रा. भर (सं. भृ)] ખાલી હોય તેમાં મૂકવું, રેડવું, લખવું વગેરે (જેમ કે વાસણમાં પાણી, પાનામાં લખાણ, બંદૂકમાં દારૂ ઇ૦) (૨) સંઘરવું (અનાજ) (૩) ભરપાઈ કરવું ઉદા૦ નુકસાની ભરવી (૪) ફળરૂપે મળવું, લણવું. ઉદા૦ કરશો તેવું ભરશો. (૫) જમે કરાવવું કે માગતા પેટે આપવું (જેમ કે, ટોલ, વેરો, ભાડું, કર, નાણાં, વીમો ઇ૦) (૬) ટીપ કે ફાળામાં આપવું-લખાવવું. ઉદા૦ પાંચ રૂપિયા ભર્યા (૭) મેળવવું-એકઠું કરવું-ભેગું કરવું (સભા, મિજલસ, પ્રદર્શન, બજાર પરિષદ, ઠઠ ઇ૦) (૮) ગૂંથવું ઉદા૦ માથા ઉપર વાદી ભરવી ખાટલાની પાટી ભરવી (૯) ભરતકામ કરવું (૧૦) માપવું (માપિયા કે પાટી વગેરેથી) (૧૧) પૂરવું; ચોપડવું ઉદા૦ ચિત્રમાં રંગ ભર્યા (૧૨) પૂર્ણ-સમૃદ્ધ-છતવાળું કરવું ઉદા૦ બાપનું ઘર ભરે છે. (૧૩) લાદવું; ગોઠવવું. ઉદા૦ ભાર ભરવો, સામાન ભરવો (૧૪) ખાલી પદ કે નોકરી ઉપર સ્થાપવું; નીમવું ઉદા૦ જગાઓ ભરવી (૧૫) જુદા જુદા શબ્દો સાથે વપરાઈને જુદા જુદા અર્થ થાય છે, તે તે શબ્દોમાં જુઓ. જેમ કે, આંખ ભરવી=આંસુ આણવાં, ડગલું ભરવું=પગલું માંડવું, આગળ ચાલવું. દોરો ભરવો=સાંધવું, સીવવું પાણી ભરવું=ઘરમાં વાપરવાનું પાણી લાવવું પેટ ભરવું=આજીવિકા કરવી બચકું ભરવું=કરડવું, દાંત બેસાડવા. મો ભરવું=લાંચ આપવી. દિવસ ભરવા=રોજીએ કામ કરવું [**ભરતામાં ભરવું**=જ્યાં પુષ્કળ હોય ત્યાં વધારો કરવો. **ભરી આપવું**=નુકસાની કે કિંમત ભરપાઈ કરવી (૨) ટીપમાં લખી આપવું (૩) માપી આપવું **ભરી કાઢવું**=ભરેલું કરી દેવું (૨) સ્થાપી દેવું; નીમી દેવું **ભરી પીવું**=ન ગણવું; ન ગાંઠવું **ભરી મૂકવું**=સંઘરી રાખવું. **ભરી લેવું**=નુકસાનીનો પૂરો બદલો લેવો (૨) માપી લેવું ]

**ભરસાડ** સ્ત્રી૦ [સર૦ हिं भरसाई=ભાડ] જુઓ ભડસાળ

**ભરાઈ** સ્ત્રી૦ ['ભરવું' ઉપરથી] ભરામણ (૨) ભરવાની રીત -ઉ વિ૦ ભરેલું. પુષ્ટ

**ભરાડી** વિ૦ ['ભરાવવું' ઉપરથી] ઊંધી વાચના કરનારું, ખેપાની (૨) ચોર, ઉઠાઉગીર

**ભરામણ** ન૦, -ણી સ્ત્રી૦ ['ભરવું' ઉપરથી] ભરવાનું મહેનતાણું

**ભરાવ, -વો** પું૦ ['ભરાવું ઉપરથી] ભરાવું—જમા જવું તે, જથો, જમાવ (૨) પૂર્ણતા, ભરપૂરતા [ભરાવો થવો=(પેટમાં કચરાની) જમાવટ થવી (૨) (થાક, તાવ વગેરે ભરાવાથી શરીરની અકડાટભરી તંગ સ્થિતિ થવી.] ૦દાર વિ૦ ભરાવવાળું

**ભરાવવું** સ૦ ક્રિ૦ 'ભરવું' 'ભરાવું'નું પ્રેરક. [**ભરાવી મારવું**=ભભેરવું ]

**ભરાવું** અ૦ ક્રિ૦ 'ભરવું'નું કર્મણિ (૨) સંતાવું (૩) તાવ દાખલ થવો, તપવું ઉદા૦ આજે શરીર ભરાયું છે (૪) થાકથી અકડાવું ઉદા૦ ચાલી ચાલીને પગ ભરાઈ ગયા (૫) પકડાવું, ઝલાવું. ઉદા૦ છેડો કયાં ભરાયો છે ? (૬) સપડાવું; ફસાવું (૭) વ્યાપવું ઉદા૦ મો ફોલ્લાથી ભરાઈ ગયું (૮) પુરાવું, રૂઝ આવવી ઉદા૦ ઘા ભરાતો જાય છે (૯) પુષ્ટ થવું ઉદા૦ ગાલ ભરાતા જાય છે (૧૦) પૂરું થવું, અંત આવવો ઉદા૦ તેના દિવસ ભરાઈ ચૂક્યા (૧૧) જામવું, એકઠું થવું. ઉદા૦ મેળો ભરાયો, બજાર ભરાયું. [**ભરાઈ આવવું**=(શરીર) તાવે ભરાવું (૨) (દિલ) ગળગળું થવું (૩) (આંખ) આંસુથી છલકાવું. **ભરાઈ જવું**=સપડાવું (૨) સંતાવું (૩) (અંગ) થાકથી અકડાઈ જવું (૪) પુરાઈ જવું, બાકી કે ખાલી ન રહેવું (જેમ કે, નોકરી, ફાળો, ટીપ, લોન ઇ૦). **ભરાઈ પડવું**=ફસાવું, સપડાવું. **ભરાઈ બેસવું**=સંતાવું, છુપાવું ]

**ભરિત** વિ૦ [सं] -થી ભરેલું (સમાસમાં)

**ભરિયું** ન૦ ['ભરવું' કે 'ભરાવવું' ઉપરથી?] કાંઠાનું ઝીંડિયાનું (બાળકનું) ઘરેણું

**ભરીપૂરી** અ૦ [ભરવું+પૂરવું; સર૦ हिं., म. भरापूरा] પૂરેપૂરી રીતે

**ભરૂચ** ન૦ [सं भृगुकच्छ] (સં) નર્મદા નદીના મુખ આગળ આવેલું શહેર. **-ચા** પું૦ એક અટક **-ચી** વિ૦ ભરૂચનું કે તેને લગતું (૨) ભરૂચ તરફનું (જેમ કે રૂ)

**ભર (-રો,-રાં)સો** પું૦ [સર૦, हिं. भरोसा, म भरंवसा, भरोसा (सं. विश्रम?] વિશ્વાસ; ખાતરી [**-આપવો**=સધ્યારો કે આશ્વાસન આપવું (૨) વિશ્વાસ આપવો. **-કરવો**= વિશ્વાસ મૂકવો. **-થવો, પડવો**=વિશ્વાસ કે આશા બંધાવી **-મૂકવો**=કોઈનો આધાર કે ખાતરી રાખવી.] **-સાદાર, -સાપાત્ર** વિ૦ ભરોસાવાળું, વિશ્વાસપાત્ર

**ભરેડી** સ્ત્રી૦ ['ભરવું' 'ભરાવું' ઉપરથી] વાન; કાંતિ. [**-વળવી**=વાન વળવા]

**ભરોઠ** પું૦ ['ભરાવું' ઉપરથી] સંતોષ

**ભરોળ** સ્ત્રી૦ (કા.) સોટી કે બીજાથી પડતો સોળ

**ભર્ગ** ન૦ [स] તેજ

**ભર્તા(-ર્તા)** પું૦ [स] સ્વામી (૨) પોષણ કરનાર

**ભર્ત્રી** સ્ત્રી૦ [स] મા (૨) પોષણ કરનારી (૩) રાણી (૪) શેઠાણી

**ભર્યુંપૂર્યું** વિ૦ [ભરવું+પૂરવું] ભરેલું, પૂરેપૂરું; પુષ્કળ. [**ભર્યાપૂર્યા પહોંચવા**=માગતું પૂરેપૂરું મળવું.] [સમૃદ્ધ, આબાદ

**ભર્યુંભાદર્યું** વિ૦ [ભરવું+ભદ્ર] ખૂબ ભરેલું;

**ભલકારો** પું૦ [ભલે+કાર] (કા) ભલે ભલે -વાહ વાહ-શાબાશ કહેવું તે

**ભલકી** સ્ત્રી૦ [सं मल्ल, मल्ली] તીર (૨) નાનો ભાલો (કા) **-કું** ન૦ ભળકું; ભાલાનું પાનું-ફળ **-કો** પું૦ ભાલો [**ભલકા જેવું**= મોટું (૨) ભાલા જેવું મોટું અને તીક્ષ્ણ]

**ભલતું** વિ૦ [સર૦ म, 'ભળવું ઉપરથી? કે ભલું ઉપરથી?] ગમે તેવું, ઠામઠેકાણા વગરનું (૨) ફાલતુ, અચોક્કસ; અપ્રસ્તુત

**ભલપણ** ન૦ ['ભલું' ઉપરથી] ભલાઈ

**ભલ(-લું)ભલું** વિ૦ [જુઓ ભલું] કંઈ કંઈ ભલાઈ કે મોટાઈવાળું કે મહત્ત્વનું, ભારે વજનવકરવાળું. ઉદા૦ ભલભલા કુંવારા ને ખોળાને બે બાયડી

**ભલમનસાઈ** સ્ત્રી૦ [ભલું+માણસાઈ, हिं. भलमनसाहत; म भलमाणसाई] ભલાઈ [**-દાખવવી, બતાવવી**]

**ભલા** અ૦ [જુઓ ભલું] 'ભલા ભાઈ' કે 'ભાઈલા' એવો સંબોધનનો ઉદ્‌ગાર.

**ભલાઈ, -શ** [જુઓ ભલું] સ્ત્રી૦ સારાપણું, સુજનતા (૨) નેકી; સાલસાઈ. (૩) ભલા તરીકેની પ્રશંસા [**ભલાશ લેવી**=ભલા તરીકેનો જશ લેવો **ભાઈભલાશે, ભલી ભલાશે**=ભાઈ કહીને અને ભલાશ આપીને; સારાસારી રાખીને]

**ભલાભલી** સ્ત્રી૦ સારાસારી **-લું** વિ૦ જુઓ ભલભલું [**ભલાભલી પૃથ્વી છે**=બહુરત્ના વસુંધરા; આવડી મોટી પૃથ્વીમાં સારાં માણસોય ઘણાં હોય (૨) આવડી મોટી પૃથ્વી છે (ગમે ત્યાં જઈશ!).]

**ભલામણ,-ણી** સ્ત્રી૦ [સર૦ म; જુઓ ભળામણ] સિફારસ (૨) સોંપણ; ભાળવણી. **૦પત્ર** પું૦; ન૦ ભલામણનો કાગળ

**ભલીભૂંડી** સ્ત્રી૦ [ભલું+ભૂંડું] સારી અથવા ખરાબ વાત; ટીકા [**-ઉકેલવી**=સારી યા નરસી બાબતની ચર્ચા કરવી, ટીકા કરવી. **-કહેવી**=સારી-નરસી વાતો સંભળાવવી (૨) ગાળ ભાંડવી]

**ભલીવાર** પું૦, સ્ત્રી૦ [સર૦ म मलीवरी] સત્ત્વ, સાર, બરકત (૨) આવડત, હોશિયારી. [**-આવવો**=(કામકાજમાં) સાર કે સારાપણું આવવું, સફળતા થવી]

**ભલું** વિ૦ [प्रा. मल्ल (सं भद्र)] સારું (૨) માયાળુ (૩) સભ્ય (૪) પ્રામાણિક [**ભલા ભાઈની પ્રીત**=હું સારો તું સારો, એમ ઉપરછલી સારાશ **ભલી પૃથ્વી**= જુઓ ભલાભલી પૃથ્વી **ભલું હશે તો**=સંભવત, ઘણુંખરું. **ભલો આવ્યો**=ઠીક આવ્યો, આવશે એમ નહોતું માન્યું **ભલો ધનેતર, ભૂપ**=ગમે તેવો મોટો પૈસાદાર કે સત્તાધીશ

માણસ; મોટો આધાતા. ભલાની દુનિયા નથી = દુનિયા એવી છે કે ભલાને દુઃખ પડે] ૦ભલું વિ૦ જુઓ ભલભલું
ભલે અ૦ ['ભલુ' ઉપરથી; સર૦ हिं.] ઠીક, સારું; અસ્તુ [ભલે પધાર્યા! = ઠીક થયું, જે આવ્યા (સ્વાગત કરતા વપરાય છે).] ૦ભલે અ૦ ઠીક ઠીક; બહુ સારુ. ૦રું વિ૦ ભલુ (પ.)
ભલ્લ પુ૦, ન૦ [સં] ભાલો (૨) રીંછ
ભલ્લુ(-લ્લૂ)ક પુ૦; ન૦ [સં] રીંછ
ભવ પુ૦ [સં]સંસાર(૨)જન્મ(૩)જન્મારો(૪) [સં]મહાદેવ [-બગડવો,બળવો = સંસાર બગડવો, જીવન ધૂળ મળવુ, જન્મ એળે જવો ભવની ભાવટ ભાગવી = જિંદગીભરની જંજાળ દૂર થવી. એક ભવમાં બે ભવ કરવા = પતિ પ્રત્યે બેવફાઈ કરવી (૨) ધર્માંતરથી કે અનીતિથી કુલાચાર તોડવો (૩) બીજું લગ્ન કરવુ (સ્ત્રીએ). -સુધારવો = જિંદગી સુધરવી; જીવનમા કંઈક ઉપયોગી કે મહત્ત્વનો અર્થ સરવો -હારી છૂટવું = જિંદગીભરની પીડા વેઠવી] ૦ચક્ર ન૦ સંસારરૂપી ચક્ર. ૦તાણ સ્ત્રી૦ પુનર્જન્મ માટેની તૈયારી(૨)ઐહિક વસ્તુઓની વાછના ૦તારણ વિ૦સંસારમાથી તારનાર ૦તૃષ્ણા સ્ત્રી૦ સારા ભવની — સારા લોકમા જન્મવાની તૃષ્ણા (૨) સંસારની વાસના
ભવતી સ્ત્રી૦ [સર૦ सं., म. भवति-न-भवति] વાદવિવાદ; તકરાર(૨)[સં.] ઝેર દીધેલુ બાણ
ભવતી સ્ત્રી૦ [સં] આપ, તમે
ભવદીય વિ૦ [સં] આપનુ
ભવન ન૦ [સં] રહેઠાણ, મકાન(૨) અસ્તિત્વ. [-ઠેકાણે હોવું = મગજ કે યાદદાસ્ત દુરસ્ત હોવા]
ભવભૂતિ પું૦ [સં] (સં ) એક સંસ્કૃત કવિ
ભવસાગર, ભવસિંધુ પુ૦ [સં] સંસારરૂપી સમુદ્ર; સાગર જેવો આ સંસાર
ભવાઈ સ્ત્રી૦ [સં. भव = શંકર, भवा = પાર્વતી -ઉપરથી કે भाव = નટ ઉપરથી; સર૦ म] હલકા પ્રકારનુ એક જાતનુ નાટક (૨) [લા] ફજેતી. [ભૂંગળ વિનાની ભવાઈ = ખાલી ભવાડો, ફજેતી.]
ભવાટવિ(-વી) સ્ત્રી૦ [સં.] સંસારરૂપી વન
ભવાડો પું૦[જુઓ ભવાઈ, સં भटवाद?]ફજેતો. [નાગો ભવાડો = નકામી ફજેતી.]
ભવાની સ્ત્રી૦ [સં] (સં ) પાર્વતી
ભવાબ્ધિ (-ર્ણવ) પુ૦[સં.] સંસારરૂપી સમુદ્ર
ભવા(-વૈ)યો પુ૦ [જુઓ ભવાઈ] ભવાઈનો નટ (૨)[લા] નિર્લજ્જ કે ફજેતી કરે એવો માણસ
ભવિક વિ૦ [સં] લાભદાયી; ઉપયોગી (૨) સુખી, આબાદ (૩) ન૦ આબાદી; કલ્યાણ
ભવિતવ્ય વિ૦ [સં] ભવિષ્યમા થનારું (૨) ન૦ ભવિષ્ય. ૦તા સ્ત્રી૦ નસીબ
ભવિષ્ય વિ૦ [સં] આવતા કાળનુ (૨) ન૦ નસીબ (૩) દોલત; વારસો (૪) ભવિષ્યકાળ. [-આપી દેવું = ભારે મોટી રકમ કે કીમતી વસ્તુ આપી દેવી (પ્રશ્નાર્થમા નિષેધ બતાવે છે) -કહેવું, વર્તવું = નસીબની વાત કહી બતાવવી. -ખાવું = વારસો ભોગવવો. -થવું = (કા) મરી જવુ -બંધાવવું = ભવિષ્ય આપી દેવું] ૦કાલ(-ળ) પુ૦ આવનાર સમય (૨)[વ્યા.] ક્રિ૦નો એક કાળ ૦કૃદંત ન૦ [વ્યા] ભવિષ્યકાળસૂચક કૃદંત ૦વ્ વિ૦ બનનાર, ભવિષ્યનુ ૦વાણી સ્ત્રી૦ ભવિષ્ય ભાખતી વાણી ૦વાદી પુ૦ભવિષ્ય કહેનાર ૦વેત્તા પુ૦ ભવિષ્ય જાણનાર
ભવી સ્ત્રી૦+ભવિષ્ય (૨) ભવાઈ
ભવું ન૦ [अप. भउहा (सं भ्रू)] ભમ્મર. [ભવાં ચઢાવવાં = ગુસ્સે થવુ]
ભવૈયો પું૦ જુઓ ભવાયો [જન્મમાં
ભવોભવ અ૦ [જુઓ ભવ] ભવે ભવે, દરેક
ભવ્ય વિ૦[સં] પ્રૌઢ, ગૌરવશાળી, પ્રભાવશાળી (૨) મોક્ષનુ અધિકારી (જૈન) (૩) ભવિષ્ય. ૦તા સ્ત્રી૦
ભશ(-સ)કો પું૦ [मागधी भुश्का, दे. भुक्खा (सं बुभुक्षा), સર૦ म. भस = જમણ, हिं भप = ભોજન] ઇચ્છા, ભારે આતુરતા
ભસ સ્ત્રી૦ [સં भूयिष्ठ?] લીલાલહેર (૨) ન૦ +[प्रा. भस्स (सं भस्मन्)] રાખ ભસ્મ
ભસકુ ન૦ [જુઓ ભસ] વરસાદનુ નાનું ઝાપટું

**ભસવું** અ૦ક્રિ૦ [प्रा. भस (स भष्)] કૂતરાનું બોલવું (૨) [લા.] નકામો બકવાટ કરવો

**ભસ્તું** ન૦,**-સ્તો** પુ૦[સ. भस्त्रा =ધમણ, સર૦ ભિસ્તી] પેટ (૨) ચામડાની થેલી (૩) [फा. वहिश्त; સર૦ हिं. भिश्त] દખસું

**ભસ્મ** સ્રી૦ [सं] રાખોડી (૨) યજ્ઞની કે મંત્રેલી રાખ (૩) ધાતુની વૈદકીય રાખ; માત્રા.[**-કરી દેવું, કરી નાખવું**] ૦ક વિ૦ બાળીને ભસ્મ કરી દે એવું (૨) પું૦ ખાય તેટલું બળી જાય-ગુણ ન દે એવો પેટનો એક રોગ. ૦ગંધા સ્રી૦ એક વનસ્પતિ (૨) એક જાતનું અત્તર ૦સાત્ અ૦ રાખોડીરૂપ **-સ્માવશેષ** વિ૦ [+अवशेष] રાખોડીના રૂપમા બાકી રહેલું; નાશ પામેલું **-સ્માસુર, -સ્માંગદ** પુ૦ (સં.) [+असुर, अंगद] એક રાક્ષસ **-સ્મીભૂત** વિ૦ [सं] ભસ્મ બનેલું

**ભળ** સ્રી૦ ['ભળવું' ઉપરથી] ભળી જવું તે (૨) પ્રથમ ભળતા થતો સંકોચ [**-ભાગવી** = શરમ તૂટવી]

**ભળકડું** ન૦ [સર૦ म. भल्या =પ્રભાત] (કા.) જુઓ ભરભાખળું. **-ડિયો** પું૦(સં)સવારે દેખાતો તેજસ્વી ગ્રહ; શુક્ર

**ભળકિયું** ન૦ [सं. भद्र; प्रा. भल्लय? કે 'ભાળવું' ઉપરથી?] બાળકના કાંડાનું દર્શનિયું, ભડકિયું

**ભળકુ(-કૂ)ડું** વિ૦ ['ભળવું' ઉપરથી; સર૦ म भल्ल] ભોળું; નિખાલસ

**ભળકું** વિ૦ ['ભળવું' ઉપરથી] મળતાવડું (૨) ન૦ [सं. भल्लक; प्रा. भल्लय] ભાલો, ભલકું

**ભળકૂડું** વિ૦ જુઓ ભળકુડું

**ભળતું** વિ૦ ['ભળવું' ઉપરથી] ભળી જાય-મળતું આવે એવું (૨) જુઓ ભલતું

**ભળભળિયું** વિ૦ જુઓ ભડભડિયું

**ભળભાંખળું** ન૦ જુઓ ભરભાખળું

**ભળવું** અ૦ક્રિ૦ [જુઓ મેળવવું (प्रा मेल, स मेलय्)] ભેગું મળી જવું (૨) અમુકના જેવા હોવું, મળતું આવવું (૩) [?] છોળવું, ધાવણ ઓકવું (બાળકે)

**ભળામણ(-ણી)** સ્રી૦ જુઓ ભલામણ (૨) ['ભળાવવું' ઉપરથી] ભળાવવું તે, સોંપણ

**ભળાવવું** સ૦ ક્રિ૦ [प्रा. भलाविअ(स. भल्)] ભલામણ કરવી (૨) સોંપવું (૩) ઢોરને ગોવારામા હળતું કરવું

**ભંગ** પુ૦ [सं.] તૂટવું કે ભાગી પડવું તે (૨) તોડવું તે (૩) નાશ (૪) વિઘ્ન (૫) વાંક, વળાંક. [**-પડવો** = વિઘ્ન થવું, તૂટવું, બગડવું. **-પાડવો** = વિઘ્ન કરવું; અટકાવવું.]

**ભંગ** સ્રી૦ [स] ભાંગ. ૦ડ વિ૦ભાંગનો વ્યસની ૦ડખાનું ન૦ભાંગનું પીઠું **-ગી** વિ૦ ભંગડ

**ભંગડો** પુ૦ જુઓ ભંગિયો (તુચ્છકારમા) **-ડી** સ્રી૦ ભંગિયા કે ભંગિયાની સ્રી

**ભંગાણ** ન૦ [ભાગવું, ભંગાવું ઉપરથી] ભંગ (૨) તૂટ [**-પડવું**]

**ભંગાર** પું૦ ['ભંગ' પુ૦ ઉપરથી] ભાંગેલા વાસણ કે બીજો સરસામાન. **-રો** પું૦ભંગાર ખરીદી લેનાર [કર્મણિ અને પ્રેરક

**ભંગાવું** અ૦ક્રિ૦, **-વવું** સ૦ક્રિ૦ 'ભાગવું'નું

**ભંગિ(-ગી)** સ્રી૦ [सं] વ્યંગ, વાચાની ચાતુરી (૨) રીત, ઢબ (૩) અંગોનો મરોડ (૪) પગથિયું

**ભંગિયો** પુ૦ [ભંગી પરથી] બહોરવાનું કામ કરનાર જાતનો માણસ [**ભંગિયાને જા!** =હલકામાં હલકા ઠેકાણે નાતરું કર! (૨) દીસતી રહે!] **-યણ** સ્રી૦ ભંગડી

**ભંગી** વિ૦ [सं] ભંગડ (૨) પુ૦ [સર૦ हिं.] ભંગિયો (૩)સ્રી૦ જુઓ ભંગિ.૦જંગી વિ૦ ભંગડ (૨) ઢંગધડા વગરનું [અસ્થાયી

**ભંગુર** વિ૦[सं.] ભાગી જાય એવું(૨)નાશવંત;

**ભંગોરું** ન૦[સર૦ हिं भंगुरा]એક જાતનું ઘાસ

**ભંજક** વિ૦ [स.] ભાગનાર, ટાળનાર **-ન** ન ભોગવું તે (૨) નાશ (૩) વિ૦ ભંજક જેમ કે, પરદુખભંજન **-વું** સ૦ ક્રિ૦ [स. भञ्ज्] ભાગવું (૫)

**ભંજાડ** પુ૦ [स भञ्ज् પરથી] ભાંગફોડ; વિનાશ

**ભંટ(-ઠ)** ન૦ ઘાસ પર થતું એક કાંટાળું બીજ (એ લૂગડે ચોટી જાય છે)

**ભંઠિયો** પુ૦ જુઓ ભંટ

**ભંડક** [प्रा. भंडग] ભોંયરું (૨) સ્ટીમરમા ફાળકાની ફરતે આવેલી ત્રીજા વર્ગના

મુસાફરોની જગા. -કિયું ન૦ નાનું ભોંયરું
ભંડાર પું૦ [प्रा. (सं भाण्डागार); સર૦ हिं.; म.] ધનધાન્ય વગેરે ભરી રાખવાની જગા (૨) ખજાનો, સંગ્રહ (૩) વહાણના તૂતકની નીચેનો ભાગ (૪) દુકાન જેમ કે, ખાદી-ભંડાર, સ્વદેશી ભંડાર. ૦વું સ૦ક્રિ૦ ભંડારમા મૂકવું (૨) છુપાવવું -રિયું ન૦ ભીંતમા ઓરણાવાળો ગોખલો (૨) ગાડા નીચેની પેટી જેવી ગોઠવણ (૩) ઘરમા ઓરડાની પાછળનો નાનો ખંડ -રી પું૦ ખજાનચી (૨) કોઠારી (૩)એક અટક (૪) [સર૦ म] તાડી અને દારૂ ગાળવાનો ધંધો કરનારી એક જાતનો માણસ -રો પું૦ [સર૦ हिं., म भंडारा] ગામ કે નાતના તમામ માણસોને અપાતું જમણ (૨) સાધુઓનું જમણ
ભંડોળ ન૦ [प्रा. भंड (सं भाण्ड्)=એકઠું કરવું, સર૦ म भांडवल] ભેગી કરેલી કોઈ પણ મૂડી -ળિયું વિ૦ ખજાનાને કે ભંડોળને લગતું (૨) સૌના વાપરતું; મિશ્ર -ળિયો પું૦ ભંડોળવાળો માણસ
ભંપાડું વિ૦ [ભમ (જાડું)+પાડું ? સર૦ म. भंपाळ] પાડા જેવું જાડું
ભંપોલ(-ળ) વિ૦ [ભમ+પોલું, સર૦ પોલું-ભમ] અંદરથી પોલું, બોદું
ભંભલી સ્ત્રી૦ [दे. भंभा=ભેરી (તેના જેવો ઘાટ)] (કા.) સાંકડા મોની બદામના ઘાટની બતક
ભંભારવ પું૦ [सं.] ગાય, બળદનો અવાજ (૨) મોટો પોલો લાગતો અવાજ
ભંભેરવું સ૦ક્રિ૦ ['ભેરવવું' ઉપરથી; સર૦ हिं. भभरना (हिं. भभेरि=ડર)] ભંભેરણી કરવી. -ણી સ્ત્રી૦ સાચાજૂઠા, ખોટી ઉશ્કેરણી
ભંભો પું૦ [જુઓ ભંભલી] પાણી રાખવાનું માટીનું વાસણ [ફાંફાં મારવા
ભંભોળવું સ૦ક્રિ૦ [સર૦ ફંફોળવું] શોધવું,
ભા સ્ત્રી૦ [सं] કાંતિ; તેજ
ભા પું૦ ['ભાઈ' ઉપરથી] વડીલ માટે સંબોધન (૨) દાદા, બાપ કે મોટાભાઈ [-પાસે જવું = મરી જવું]
ભાઈ પું૦ [प्रा. भाइ (स. भ्रातृ)] માજણ્યો; સહોદર (૨) કાકા, મામા, માસી વગેરેનો દીકરો (૩) કોઈ પણ માણસ માટે વિવેકયુક્ત સંબોધન ૦બાપા પું૦ બ૦વ૦ 'ભાઈ, બાપા' એવી નમ્ર વિનવણી ને આજીજી-સૂચક શબ્દો [-કરવા=કાલાવાલા કરવા (૨) નરમાશથી – સમજાવીને કામ લેવું] ૦ચારો પું૦ ભાઈ જેવું વર્તન, દોસ્તી ૦જી પું૦ જેઠ ૦દાવો પું૦ ભાઈ તરીકેનો હક કે સંબંધ ૦બીજ સ્ત્રી૦ કારતક સુદ બીજ ૦ભાંડુ ન૦બ૦વ૦ એક માબાપના છોકરા ૦બંધ પું૦ મિત્ર ૦બંધી સ્ત્રી૦ મિત્રાચારી ૦લો પું૦ ભાઈ (લાડમા) (૨) નાનો છોકરો ૦શ્રી પું૦બ૦વ૦ (લખાણમા) વિવેકનું સંબોધન ૦સલામ સ્ત્રી૦ 'ભાઈ, સલામ' એમ કહીને નમ્ર વિનવણી અને આજીજી [-કરવી] ૦સંગ પું૦ બ૦વ૦ [+સિંહ ?] બચ્ચાજી, બેટમજી (તુચ્છકારમા). ૦સાહેબ પું૦ બ૦વ૦ મોટા ભાઈ ! સાહેબજી ! [-કહેવા, કહેવડાવવા = તોબા પોકારવી, પોકારાવવી, હાર્યા કહેવું કે કહેવરાવવું.]
ભાઉ પું૦ [प्रा., म (सं. भ्रातृ)] ભાઈ ૦સાહેબ પું૦ [म] પેશ્વાઈનો એક ઇલકાબ
ભાએ(-ય,-યે)ગ ન૦ + જુઓ ભાગ્ય (૫)
ભાકડ વિ૦ [સર૦ म, જુઓ બાખડું] વાઝિયું (૨) દૂધ દેતું બંધ થયેલું, ઊગી ગયેલું. ૦કથા સ્ત્રી૦ અશક્ય વાત
ભાખર(-રો) પું૦ [સર૦म भाकर, (स भ्रस्ज्= શેકવું ઉપરથી] મોટો જાડો રોટલો -રી સ્ત્રી૦ જાડી કઠણ રોટલી [કહેવું
ભાખવું સ૦ક્રિ૦ [स भाष्] બોલવું (૨) ભવિષ્ય
ભાખા સ્ત્રી૦ + ભાષા
ભાગ પું૦ [सं] અંશ, હિસ્સો (૨) પુસ્તકનો હિસ્સો ઉદા૦ ભાગ પહેલો (૩) ભાગાકાર (ગ) [-કાઢી નાખવો = ભાગિયા મટવું -ચાલવો = (ગ.) ભાગી શકાવું ઉદા૦ ૨૦ની સંખ્યાનો પાંચ વડે ભાગ ચાલશે -પડવો = વહેંચાવું, કશાનો હિસ્સો થવો -રાખવો = કોઈ કામધંધામાં ભાગિયા તરીકે જોડાવું, ભાગિયા બનવું] ૦ચિહ્ન ન૦ ભાગાકારનું

(–) ચિહ્ન (ગ.) ૦બટાઈ સ્ત્રી૦ [ हिं. बाटना (स. वट्)] મહેસૂલ તરીકે ખેતીની ઊપજનો ભાગ આપવો તે ૦લું વિ૦ ભાગેલું; તૂટેલુ (૨) ખોખરું, ફાટવાળું (માટીનુ વાસણ) [ભાગલા પગ = નાઉમેદી; નિરાશા. ભાગલાં હાડકાં = હરામ હાડકા; આળસુપણું. હાથપગનું ભાગલુ = આળસુ, ઢીલુ. ભાગલે પગે = ડરતા ડરતા (૨) નિરાશ થઈને.] ૦લો પું૦ ભાગ, ટુકડો [ભાગલા પાડવા = ભાગ કરવા ] (૨) માતાના નૈવેદ્યનો થાળ

ભાગવત વિ૦ [સં.] ભગવાનને લગતુ (૨) ન૦ (સં ) અઢાર પુરાણોમાનુ એક

ભાગવું અ૦ક્રિ૦ [જુઓ ભાંગવું] તૂટવું, કકડા થવા, નાશ પામવું (૨) દૂર થવુ (જેમ કે ભો ભાગવો) (૩) દેવાળું કાઢવુ (જેમ કે પેઢી ભાગી) (૪) [સર૦ हिं. भागना] નાસવું. (૫) સ૦ ક્રિ૦ કકડા કરવા, તોડવુ (૬) લૂટીને પાયમાલ કરવું (જેમ કે ગામ) (૭) અદા ન કરવું; પાછું ન વાળવુ (જેમ કે ઋણ, વ્યાજ) (૮) ભાગ કરવા, ભાગાકાર કરવો (ગ ) (૯) [સં भञ्ज्] વણવુ (દોરડું) [ભાગી જવું = નાસી જવુ (૨) તૂટી જવુ. ભાગી રાત = પાછલી રાત; મધ્યરાત્રિ પછીનો સમય.]

ભાગળ સ્ત્રી૦ જુઓ ભાગોળ –ળિયો પું૦ દુકાનદાર (૨) ભાગોળનો–શહેરના દરવાજાનો કારકુન [રકમ (ગ )

ભાગાકાર પુ૦ [સં ] ભાગવુ તે કે તેથી આવતી

ભાગાડ પુ૦ ઢોરનો હાડકાંવાળો ભાગ(પૂઠનો?)

ભાગાનુબંધ ન૦[સં.] પૂર્ણાંક સહિત અપૂર્ણાંક આંકડો (ગ.) [નાસાનાસ

ભાગાભાગ(–ગી) સ્ત્રી૦ ['ભાગવું' ઉપરથી]

ભાગિયું વિ૦['ભાગ' ઉપરથી] ભાગીદાર –યણ સ્ત્રી૦ ભાગીદાર સ્ત્રી. –યો પું૦ ભાગીદાર

ભાગીદાર પુ૦ [ભાગ + फा. दार] ભાગવાળો; હિસ્સેદાર (૨) ગોઠિયો; સાથી –રી સ્ત્રી૦ ભાગીદારપણું; પંતિયાળુ

ભાગીરથી સ્ત્રી૦ [સં ] (સ ) ગગા નદી

ભાગુ વિ૦ ['ભાગવું' ઉપરથી] મહેનતથી કંટાળનારું, આળસુ (૨) મુશ્કેલ; મહેનતનું

ભાગું વિ૦ ['ભાગ' ઉપરથી] –ને કારણે, લીધે, ઉદા૦ દુ ખ ભાગા કરો નહિ

ભાગેડુ પુ૦ [ભાગવુ ઉપરથી] નાસી જનાર

ભાગોવટ વિ૦['ભાગ' ઉપરથી] વચલા વાંધાનું

ભાગોળ સ્ત્રી૦ [સર૦ सं आ-भोग, म भागणी = વાવ્યા વિના રાખેલો ભાગ] શહેરના કોટનો દરવાજો (૨) ગામનુ પાદર (૩) બજાર, ચકલુ [ભાગોળ જેવુ = પહોળું, વકાસેલું (મો). ભાગોળે જવું = ઝાડે ફરવા જવું. ભાગોળે દીવા કરવા = બધે જાહેર કરવુ.]

ભાગ્ય ન૦ [સં ] નસીબ [–ઊઘડવું, ફળવું = ભાગ્યવાન – સુખી થવું –ફરવું = દુર્ભાગ્યની દશા બદલાઈને સારી દશા શરૂ થવી, સુખપ્રાપ્તિ થવા લાગવી –ફૂટી જવુ, –ફૂટવુ = અવદશા થવી ] ૦વશાત્ અ૦ નસીબજોગે ૦વંત, ૦વાન, ૦શાળી વિ૦ નસીબદાર. ૦હીન વિ૦ કમનસીબ

ભાગ્યુંતૂટ્યું વિ૦ [ભાગવું + તૂટવુ] ભાગેલુ તૂટેલુ (૨) સળગ કે અટક્યા વગર નહિ એવુ; તૂટક

ભાગ્યે અ૦ [સં ] કદાચ, ક્વચિત્

ભાચરો પુ૦ [સર૦ म भाचर = ભઠ્ઠી] એક માટીનુ વાસણ [ભાચરા જેવું = મોટું, પહોળુ ને બેડોળ ]

ભાજક પું૦ [સં ] ભાગનાર સખ્યા (ગ.)

ભાજન ન૦ [સં ] વાસણ; પાત્ર (૨) (સમાસને અંતે) આધારસ્થાન, અધિકારી, એવો અર્થ બતાવે છે. ઉદા૦ દયાભાજન

ભાજવું અ૦ક્રિ૦ (૨) સ૦ ક્રિ૦ જુઓ ભાંજવુ

ભાજી સ્ત્રી૦ [प्रा भज्जिआ, સર૦हिं , म ] શાક લાયક કુમળા છોડ કે તેનુ શાક. ૦ખાઉ વિ૦ ભાજી ખાનાર (૨)[લા ]તાકાત વગરનુ ૦પાલો પુ૦ ભાજી પાલો વગેરે ૦મૂળા પું૦ બ૦વ૦ મૂળો અને તેવી ભાજી(૨)[લા.] તુચ્છ–લેખામા ન લેવા જેવી વસ્તુ [ભાગવાની રકમ

ભાજ્ય વિ૦ [સ ] ભાગી શકાય તેવું (૨) ન૦

ભાટ પુ૦ [सं , प्रा भट्ट; સર૦ हिं , म ] રાજાઓના ગુણગાન ગાનાર એક જ્ઞાતિનો માણસ

(૨) [લા ] ખુશામતિયો. ૦ડી સ્ત્રી૦ ભાટણ (તિરસ્કારમા). ૦ણુ સ્ત્રી૦ ભાટ કે ભાટની સ્ત્રી. ૦વેડા પું૦ બ૦ વ૦ ભાટની પેઠે અતિશયોક્તિથી વખાણ કરવા તે –ટાઈ સ્ત્રી૦ ભાટનુ કામ–પદ (૨) ભાટવેડા

ભાટિયો પું૦ [સં. भट्ट પરથી; हिं भाटिया, म. भाट्या] એ નામની એક જ્ઞાતિનો માણસ (૨)[સં. भाट=ભાડું; અથવા ભાઠું ઉપરથી ?] દૂધ વેચનાર, ઘાંચી (૩) કાછિયો (ગામડામા). –યણ સ્ત્રી૦ભાટિયાની કે ભાટિયા જ્ઞાતિની સ્ત્રી

ભાઠ સ્ત્રી૦, –ઠું ન૦[પ્રા. भट्ठ (સં. भृष्ट)]ચામડી છોલાઈ પડેલુ ચાઠું

ભાઠું ન૦ [સ૦હિં. भाठ, हिं , म भाट, સર૦ દે. भट्ठी=ધૂળ વિનાની સપાટ જમીન] નદીકાઠાની રેતાળ જમીન (૨) છીછરા પાણીવાળી જગા (૩) શેરડીનો મૂળવાળો કકડો(૪)જુઓ 'ભાઠ'મા (૫) કપડા પર પડેલો ચીકટો કે સહેલાઈથી ન ધોવાય તેવો ડાઘ

ભાઠેલો પું૦અનાવિલ બ્રાહ્મણનો એક પેટા ભાગ

ભાડ સ્ત્રી૦[દે.] અનાજ શેકવાની ભઠ્ઠી (૨) ભાડભૂજાનુ કલેડું(૩)મોટો કૂવો(૪)[स भाटि] વેશ્યાઓની દલાલી કે ભડવાઈની કમાઈ ૦ભૂંજણ સ્ત્રી૦ [+ભૂજવુ પરથી ] ભાડભૂજાની સ્ત્રી ૦ભૂજો પું૦ ભઠ્ઠીથી ધાણી-ચણા ઇ૦ શેકવાનો ધંધો કરનાર

ભાડવાત પુ૦ ['ભાડુ' ઉપરથી] જુઓ ભાડૂત

ભાડાખત ન૦; ભાડાચિઠ્ઠી સ્ત્રી૦ [ભાડુ+ખત, ચિઠ્ઠી] ભાડા સબધી દસ્તાવેજ

ભાડિયો પું૦ ['ભાડ' ઉપરથી] અનાજ શેકવાનુ કાણાવાળુ હાલ્લુ

ભાડું ન૦ [स भाटक, प्रा भाडय, हि भाडा, म भाडें] કોઈ પણ વસ્તુ વાપર્યા બદલ આપવાનુ નાણુ [ભાડાની બહેલ= [લા ] ગમે ત્યારે ઉલાળી મેલાય — તજી દેવાય તેવી વસ્તુ ભાડાનું ઘર=[લા ]પોતાની ન હોવાથી ગમે ત્યારે પાછી સોપવી પડે તેવી વસ્તુ ભાડું ભરવુ=ભાડા તરીકે આપવું ભાડે આપવું =ભાડાની રકમ લઈ વાપરવા આપવુ ભાડે રાખવું,લેવું=ભાડુ આપી વાપરવા રાખવુ ]

–ડૂત પું૦ ભાડે રહેનાર –ડૂતી વિ૦ ભાડે રાખેલું(૨)પૈસા ખાતર કામ કરતુ, 'મર્સિનરી'

ભાણ પુ૦ [प्रा (सं. भानु)] સૂર્ય (૨) [स] નાટકનો એક પ્રકાર, જેમા એક પાત્ર જ રગભૂમિ પર આવે છે

ભાણાવહેવાર પુ૦ [ભાણું+વહેવાર] સાથે બેસી જમવાનો સંબધ, રોટીવહેવાર

ભાણાભેદ પુ૦, ભાણાંતર ન૦ ભાણું પીરસવામા ફરક–પક્ષપાત. [ભાણાભેદ કરવો, રાખવો. ભાણાંતર કરવું.]

ભાણિયો પુ૦ જુઓ ભાણેજ (૨) [લા ] વીંટાળવી પડે એવી વસ્તુ–સોગાત

ભાણી સ્ત્રી૦ જુઓ ભાણેજી

ભાણું ન૦ [प्रा भाण, भायण (स भाजन); म भाणें]પીરસેલી થાળી [ભાણા ઉપરથી ઉઠાડવું=જમતા જમતા ઉઠાડવુ (૨) ગુજરાનના સાધન ઝટી લેવા. ભાણામાં ધૂળ નાખવી=ખાણું ખરાબ કરવુ, ચાલતા ગુજરાનને નુકસાન કરવુ ભાણાં ખડખડ =જમતી વખતે કંકાસ (૨) ઠાલા ભાણા ખખડવા–ગરીબાઈને લીધે ભૂખમરો ભાણું માંડવું=ખાવાનુ પીરસવુ (૨) ખાવા બેસવુ ]

ભાણેજ પુ૦ [प्रा. भाइणेज्ज (सं भागिनेय), हिं भानजा, म. भाचा] ભાણો, બહેનનો દીકરો ૦વહુ સ્ત્રી૦ ભાણેજની વહુ –જાં ન૦ બ૦ વ૦ બહેનના છોકરા –જી સ્ત્રી૦ બહેનની છોકરી, ભાણી (૨) દોહિત્રી

ભાણો પુ૦ [જુઓ ભાણેજ] ભાણિયો

ભાત પુ૦[प्रा भत्त(स भक्त), हिं., म ]રાંધેલા ચોખા (૨) ભાતુ (કામગીરીની જગા ઉપર લઈ જવાનુ) (૩) પુ૦. ન૦ ડાગર ૦ખાઉ વિ૦ વધારે પ્રમાણમા ભાત ખાનારું(૨)[લા ] ઢીલુ, પોચુ. ૦લું ન૦ (કા ) ગરમ રોટલો, દૂધ, ઘી વગેરેનુ સવારનુ ભોજન –તિયું ન૦ ભાત કાઢવાનો તાવેથો કે ઝારો (૨) ભાત ઓસાવવાનો કાણાવાળો ટોપલો(૩)એક પક્ષી –તું(–થું) ન૦ મુસાફરીમા સાથે લીધેલુ ખાવાનુ (૨) ભથ્થુ [બાંધવું, બંધાવવું]

ભાત (ત,)સ્ત્રી૦[प्रा. भत्ति (सं. भक्ति) हिं.भाँति]

વેલ બુટ્ટીવાળી છાપ(૫) રીત,પ્રકાર [-ઊઠવી, **પડવી**=છાપ ઊઠવી, આકૃતિ છપાવી -**પાડવી**=આકૃતિ પાડવી (૨) નોખું તરી આવવુ (૩) ઠોક દઈ-નિંદા કરી હલકું પાડવું ] ૦ભાતલું, -**તીગર(-ળ)**, -**તીલુ** વિ૦ રંગબેરંગી; તરેહવાર
**ભાથી,-થિયો** પુ૦ ['ભાથો' પરથી ] બહાદુર લડવૈયો. -**થિયા દાદા** પુ૦ બ૦ વ૦, ૦**ખતરી** પુ૦(સં.) સાપ, વીંછી વગેરેનું ઝેર ઉતારવા જેની આણ દેવાય છે તે દેવપુરુષ
**ભાથું** ન૦ જુઓ ભાતુ (૨) [જુઓ ભાથો] બાણ રાખવાની કોથળી
**ભાથો** પુ૦ [દે भत्थ, भत्था (सं भस्त्रा), हिं. भाथा, म भाता] બાણ રાખવાની કોથળી(૨) ધમણ (૩) રાંધવાનો સામાન રાખવાની થેલી
**ભાદરવો** પું૦ [स भाद्रपद, प्रा. भाद्दवअ; हिं भादो, म भादवा, भादवज] પુ૦ વિક્રમ સંવતનો અગિયારમો માસ [**ભાદરવાની ભેંસ**=સારી પેઠે ખાઈ પી મસ્ત થયેલી વ્યક્તિ. **ભાદરવાનો ભીંડો**=થોડા વખતની મોટાઈથી છકી ગયેલી વ્યક્તિ ]
**ભાદ્રપદ** પુ૦[સં.] ભાદરવો -**દા** સ્ત્રી૦પચીસમુ અને છવ્વીસમુ નક્ષત્ર (પૂર્વા અને ઉત્તરા)
**ભાન** ન૦ [સં.] શુદ્ધિ; હોશ (૨) સ્મરણ (૩) સમજ; અક્કલ (૪) કલ્પના; ભાસ (૫) સાવચેતી;કાળજી. [-**આવવું, થવું**=શુદ્ધિમા આવવુ (૨) યાદ આવવું (૩) સમજ પડવી -**કરાવવું**=ભાન થાય એમ કરવું.] ૦**ભૂલું** વિ૦ ભાન ભૂલેલુ
**ભાબાપાપણું** ન૦ [ભા (ભાઈ)+બાપા+પણું] (કા.) ભાઈબાપા કરવા તે [એક નામ
**ભાનુ** પું૦ [સં] સૂર્ય. ૦**મતી** સ્ત્રી૦ (સં.)
**ભાભી** સ્ત્રી૦ [प्रा.भाउज्जाइया(स भ्रातृ+जाया), સર૦हिं., म भावी] ભાઈની સ્ત્રી ૦**જી** સ્ત્રી૦ ભાઈજીની પત્ની, જેઠાણી(૨)ભાભી (માનાર્થે)
**ભાભુ** સ્ત્રી૦ [સર૦ ભાભી] બાપની મા (૨) ભાભી (૩) મોટા કાકાની વહુ
**ભાભો** પુ૦ ['ભા' ઉપરથી, સર૦ म. भावडा, भाव्या] કણબી (૨)જડસો [**ભાભા પાડવી** [સર૦ म.] =અશક્ત ને બાયલો પુરુષ. **ભાભા ભૂત**=જડસું; મૂર્ખ ]
**ભામ** પુ૦ ચામડા ઉપરનો વેરો (૨) [જુઓ ભ્રમ; સર૦ म. माद] + ભ્રમ [૫ ] (૩) સ્ત્રી૦ , જુઓ ભામા
**ભામટો** પુ૦ ['ભમવું' ઉપરથી, સ૦ म. मामटा, हिं. मामतीय]રખડેલ, ઉઠાવગીર; ભમતો ચોર
**ભામણાં** ન૦બ૦વ૦ [प्रा भांमण (सं भ्रमण)= (હાથ) ફેરવવા તે પરથી] ઓવારણા [-લેવાં]
**ભામા** સ્ત્રી૦ [सं ] ભામિની
**ભામાં** ન૦ બ૦ વ૦ ['ભમવુ' ઉપરથી] ફાંફાં(૨) [प्रा. भाम, भमाड (स भ्रमय्)] પાખંડ (૩) ભ્રમણા, વહેમ
**ભામિની** સ્ત્રી૦ [सं ] સ્ત્રી (૨) રૂપાળી જુવાન સ્ત્રી (૩) કામાતુર કે કોપે ભરાયેલી સ્ત્રી
**ભામું** ન૦ ['ભ્રમ' ઉપરથી, સર૦ म. मात्र] ખોટો વહેમ, ગાંડપણ. -**મો** પું૦ભ્રમણા,મેંઢ
**ભાય(-યે)ગ** ન૦ [प्रा. भाअ (सं. भाग)]+ ભાએગ, ભાગ્ય (૫ )
**ભાયડો** પું૦ ['ભાઈ' પરથી; સર૦ हिं. भाय] પુરુષ (૨) પતિ [**ઊભે, છતે ભાયડે**=ભાયડો જીવતો હોવા છતાં (સ્ત્રીએ નાતરે જવુ )]
**ભાયાત** પુ૦ ['ભાઈ' ઉપરથી] પિત્રાઈ (૨) રાજાનો પિત્રાઈ. -**તી** વિ૦ ભાયાતને લગતું
**ભાયો** પુ૦ [ ભાઈ' ઉપરથી] ભાઈ (લાડમા)
**ભાર** પુ૦ [सं ] વજન (૨) ચોવીસ મણનુ વજન (૩) ૨૦૨૧૭૪૦૦૦ની સંખ્યા (૪) વીસ તોલાનુ કે એક તોલાનું વજન(૫)અપચો; અજીર્ણ (૬) [લા ] જવાબદારી (૭) વિસ્તાર (૮) વજન; વકર, વટ (૯) આભાર, પાડ (૧૦) અમુક તોલ જેટલુ તે ઉદા૦ પૈસાભાર રતિભાર (૧૧) (ઘણુંખરુ પુ૦બ૦વ૦)ગજું, ગુંજાશ ઉદા૦ તારા તે બોલવાના શા ભાર? (૧૨) ગ્રહ, દશા કે મંતરજંતરની અસર (૧૩) જથો, સમૂહ [-**આવવો**=બોજો લાગવો (૨) તકલીફ પડવી -**ઉપાડવો**= બોજો કે જવાબદારી ઉઠાવવા -**કરવો**= વજન-બોજ નાખવા -**ખોવો, ગુમાવવો** =વટ, વકર ખોવાં; હલકા પડી જવુ -**ચડવો**

=અસર પડવી (૨) પાડ ચડવો; અહેશાન ચડવુ. -છાંડવો=માન ઊતરી જવું -જવો =ભાર ઓવો;હલકા પડવુ. -તાણવો=બોજો કે જવાબદારી ઉપાડવા. -પડવો=જુઓ ભાર આવવો -ભરવો=જુઓ ભાર લાદવો. -ભાગવો=નિસકોચ બોલાય એવો સબધ થવો (૨) પ્રતિષ્ઠા ઓછી થવી, માન ગુમાવવું -માં રહેવું=પોતાનુ માન-વટ સાચવીને વર્તવુ,તેને આચ ન આવે તેની પેરવીમા રહેવુ -મૂકવો=વજન કે બોજ મૂકવા (૨) જવાબદારી નાખવી-સોપવી (૩) ઉપકાર ચડાવવો (૪) મહત્ત્વ આપવું (૫) આગ્રહ કરવો -રહેવો=બાદી કે અપચાથી પેટ ભારે થવુ (૨) માન-વકર સચવાવા -રાખવો =માન સાચવવું ભારે મારવું = મોટો ભાર વહેવરાવવો (૨) નાહક ભાર વહોરાવવો, હેરાન કરવું ] ૦ખમું વિ૦ ભાર ખમી શકે તેવું. ૦ખાનું ન૦ ભાર ભરવાનું વાહન (૨) માલગાડી. ૦ગોળી સ્ત્રી૦ બાળકોને પેટમા રહેતા ભાર માટે એક ઔષધિ ૦વાહક,૦વાહી વિ૦ ભાર વહન કરનારું (૨) જવાબદારી ઉઠાવનારું

**ભારજા** સ્ત્રી૦ જુઓ ભાર્યા [પીઠ

**ભારઝલું** વિ૦ [ભાર+ઝીલવુ] ભારેખમ,પુખ્ત;

**ભાર(-રો)ટિયું** ન૦, -યો પુ૦ જુઓ ભારવટિયો, મોભ; પાટડો

**ભારણ** ન૦ ['ભારવુ' ઉપરથી] દબાણ, વજન (૨) ભારવું-રાખમા દાબવું તે (૩) વશીકરણ; જાદુ

**ભારત** પું૦. ન૦ [સં.] હિંદુસ્તાન (૨) ન૦ (૩) વિ૦ જુઓ મહાભારત [-ચલાવવું=લબાણ કરવુ (૨) લાબું લાબુ ટાયલું કરવુ.] ૦બળિયા પું૦બ૦વ૦ ખૂબ જોરથી નીકળેલા બળિયા ૦વર્ષ પુ૦; ન૦ હિંદ, ભારત દેશ

**ભારતી** સ્ત્રી૦ [સં.] વાણી, સરસ્વતી (૨) સંન્યાસીઓના દસ વર્ગોમાંનો એક (૩)(સં.) ભારત માતા

**ભારતીય** વિ૦ [સં] ભારતવર્ષનું કે તેને લગતુ

**ભારથી** વિ૦ ['ભારત' ઉપરથી, સર૦ हिं भारथी = યોદ્ધો] બહાદુર (૨) ['ભારતી' પરથી, જુઓ ભારતી (૨)] ગોસાઈની એક અટક

**ભારદોરી** સ્ત્રી૦ [ભાર (મ भारणें=મંતરવુ) + દોરી, સર૦ મ ] ગર્ભસ્રાવ ન થાય તે માટે ગર્ભિણીની કેડે બધાતી મતરેલી નાડાછડી

**ભારદ્વાજ** પુ૦ [સં] (સં.) અગસ્ત્ય ઋષિ (૨) દ્રોણાચાર્ય (૩) સપ્તર્ષિમાના એક (૪) ભરદ્વાજના વંશમા ઉત્પન્ન થયેલો (૫) એક પક્ષી

**ભારબરદારી** વિ૦ [फा. बारबरदारी, म ] ભાર વહેનારુ (૨) સ્ત્રી૦ ભાર વહેવો તે

**ભારબોજ** પું૦ [ભાર+બોજો] ભાર, વજન (૨) [લા] જવાબદારી (૩) વકર

**ભારવકર** પુ૦[ભાર + વકર] ભારબોજ; વજન; વકર, મોભો

**ભારવટ(-ટિયો)** પુ૦ [सं भारवत् કે भारवह्, સર૦ म. भारवट, भारोट] જુઓ ભારટિયો

**ભારવું** સ૦ક્રિ૦ ['ભાર' પરથી, સર૦ हिं. भारना] રાખમા દાબી રાખવુ (દેવતા) (૨) વશીકરણ કરવુ, મોહિત કરવુ

**ભારંડ** ન૦ [સં] એક પક્ષી

**ભારી** વિ૦ [સં.] ભારે (૨) સ્ત્રી૦ [જુઓ ભારો, મ.] મોટી ઝૂડી કે નાનો ભારો

**ભારે** વિ૦ [प्रा. भारिअ (सं भारिक)] વજનદાર (૨) મુશ્કેલ (૩) કીમતી (૪) પચવામા મુશ્કેલ એવું (ખોરાક પાણી ઇ૦) (૫) અ૦ અતિ; ખૂબ [-કરી!=કમાલ કરી! -કરવું=કોઈ વાતને અતિશયોક્તિથી મોટી-મોઘી કરવી. -છેડે=ગર્ભાવસ્થાના અતિમ દિવસો ચાલતા હોય એવી સ્થિતિએ -થઈ!=કમાલ થઈ! -થવું=માન માગવુ, મોટાઈ ધારણ કરવી (૨) વજનમા વધવુ (૩) મુશ્કેલ થવુ. -દિલે=ખિન્ન હૃદયે -પગે હોવું=સગર્ભા હોવુ -પડવું=બોજા જેવું લાગવુ; ન સહેવાવુ (૨) મોઘું પડવું. -મિજાજ=ઉગ્ર મિજાજ. -લાગવું=(શરીર) સુસ્ત જણાવુ, બીમારીની બેચેની લાગવી] ૦ખમ વિ૦ [सं भारक्षम; કે ભાર+ખંભ(સ્તંભ)] આબરૂદાર, મોભાવાળું (૨) ગંભીર (૩) મોટાઈના ડોળવાળુ ૦વાઈ સ્ત્રી૦ [सं. भारवाहिका] સગર્ભા

**ભારો** પું૦ [सं मारक, हिं., म भारा] ઘાસ લાકડા વગેરેને એકત્રિત બાંધતા થતો બોજ, ઝૂડો; મોટું વજન (૨) [?] ખુલ્લા સઢનો છેડો **૦ટિયું** ન૦, **૦ટિયો** પું૦ જુઓ ભારટિયો. **૦ટી** સ્ત્રી૦ લાકડાની ભારી **૦ભાર** અ૦ ['ભાર' ઉપરથી] સરખે વજને (૨) પૂરેપૂરું; ભરપૂર

**ભાર્ગવ** પું૦[सं] (સ.) પરશુરામ(૨)શુક્રાચાર્ય (૩) વિ૦ પું૦ ભૃગુના વંશમાં ઉત્પન્ન થયેલો

**ભાર્યા** સ્ત્રી૦ [सं] પત્ની

**ભાલ** ન૦ [प्रा. भल्ल, भल्लय (स. भद्र)? के स. भाल=લલાટ(જેવું સપાટ)?] ભાઠાની જમીન (૨) [सं] કપાળ (૩) પું૦ [સર૦ म.] પાટડો (૪) સંગીતમાં એક અલંકાર (૫) પું૦; ન૦ (સ.) ધોળકાની આજુબાજુનો પ્રદેશ. **–લિયા** પું૦ બ૦વ૦ (ભાલના) ઘઉંની એક જાત

**ભાલદાર** પું૦ [સર૦ म, ભાલો+દાર (फा)] મોટા માણસની આગળ ચાલનારો ચોપદાર

**ભાલિયા** પું૦ બ૦ વ૦ જુઓ 'ભાલ'માં

**ભાલિ(–ળિ)યો** પું૦ ગાગર

**ભાલુ** ન૦ [सं.] રીંછ (૨) શિયાળ

**ભાલું, –લો** પું૦ [सं., प्रा. भल्ल, हि, म भाला] એક હથિયાર **–લોડું** ન૦ [સર૦ દે. भल्लोड] તીર કે તેનું પાનું

**ભાવ** પું૦ [सं.] અસ્તિત્વ, હોવાપણું (૨)પ્રકૃતિ; સ્વભાવ (૩) ઇરાદો; મતલબ(૪)વૃત્તિ; લાગણી (૫) તાત્પર્ય; અભિપ્રાય (૬) ચેષ્ટા, અભિનય (૭)હેત, પ્રીતિ, ગમો(૮) આસ્થા (૯) કિંમત; દર(૧૦)આર્ય ! પૂજ્ય ! (નાટકમાં સંબોધન) (૧૧) સ્થિતિ; સ્વરૂપ ઉદા૦ શિષ્યભાવ, પુરુષભાવ ) [**–આવવો, ઊપજવો**=સારી કિંમત મળવી(૨) હેત આવવું **–ઊછળવા**=ભાવ વધી–ચડી જવા **–કરવો**=દર ઠરાવવો, કિંમત નક્કી કરવી (૨) વેષ ભજવવો (૩) હેત બતાવવું **–કરવું –ખાવો**=માન માગવું (૨) નખરાં કરવાં ખાઈને વેચવું **–ચડવો**=ભાવમાં–કિંમતમાં વધારો થવો. **–છોડવો**=મરણ પામવું **–થવો**=ઇચ્છા થવી (૨) લાગણી થવી; હેત આવવું **–નું ભૂખ્યું**=પ્રીતિ–હેત માટે આતુર. **–પડવો**=ભાવ–કિંમત નક્કી થવી; ભાવ આકારાવો (૨) ભાવ નીચે જવો. **–પડાવવો**=ભાવ–કિંમત નક્કી કરાવવી (૨) બરોબર કિંમત લેવી, ભાવ ખાવો **–પૂછવો**=લેખવવું, પત કરવી (૨) દર વિષે પૂછપરછ કરવી. **–ભજવવો**=પોત પ્રકાશવું; સ્વભાવ પ્રમાણે વર્તવું **–માં ચીરી નાખવું**= ખૂબ કિંમત લેવી. **– રાખવો** =ચાહવું; હેતપ્રીતિ રાખવા **–લેવો**=કિંમત લેવી (૨) કિંમત પૂછવી (૩) મન પારખવું. **ભાવે કુભાવે**=મનથી કે ના મનથી ]**૦ગંભીર** વિ૦ ગંભીર ભાવોવાળું **૦ગ્રાહી** વિ૦ તાત્પર્યને ગ્રહણ કરનાર. **૦ગીત** ન૦ ભાવ વ્યક્ત કરતું – ભાવપ્રધાન ગીત **૦જ** સ્ત્રી૦ ભાવ. હેત. **૦પ્રધાન** વિ૦ ભાવ જેમાં પ્રધાન છે એવું. **૦ભક્તિ** સ્ત્રી૦ ભક્તિભાવ; પ્રેમશ્રદ્ધા. **૦ભીનું** વિ૦ ભાવથી ગળગળું, ભાવમય **૦રૂપ** વિ૦ અસ્તિવાચક, 'પૉઝિટિવ'. **૦વાચક** (વ્યા) ભાવ બતાવનારું (નામ). **૦શૂન્ય** વિ૦ ભાવ વગરનું, શુષ્ક

**ભાવટ(–ઠ)** સ્ત્રી૦ [सं. भवाटवी] ઉપાધિ,જંજાળ (૨)['ભાવ' પરથી] વિચાર [**–જવી, ટળવી, ભાંગવી**=જંજાળમાંથી છૂટવું ]

**ભાવત(–ન)બીજ** સ્ત્રી૦ +જુઓ ભાઈબીજ

**ભાવન** ન૦ ભાવના, ધ્યાન [सं.](૨)મહેણું (૩) વિ૦ [સર૦ हिं ; 'ભાવવું' પરથી]ભાવતું, ગમતું. [**–પાડવાં**=મહેણાં મારવાં; ઉતારી પાડવું.]

**ભાવના** સ્ત્રી૦ [सं.] કલ્પના; ધારણા(૨)આસ્થા (૩) અભિલાષા, કામના, લાગણી(૪)પટ,પુટ (૫) અનુશીલન; ધ્યાન. ચિંતન [**–આપવી, દેવી**=પુટ આપવો, પાસ આપવો ] **૦પ્રધાન** વિ૦ સ્વભાવે વિશેષ લાગણીવાળું કે લાગણી ભરેલું. **૦વાદી** પું૦ ભાવનાનું જીવનદૃષ્ટિમાં મહત્ત્વ માનનાર. 'આઇડિયલિસ્ટ'

**ભાવર** પું૦ [સર૦ हिं भाँवर – વિવાહઅગ્નિની આસપાસ ફેરા]ગૃહસ્થાશ્રમ [(૨)પસ્તાવો પડવું

**ભાવવું** અ૦ક્રિ૦ [सं. भाव પરથી]ગમવું (જીભને)

**ભાવસાર** પું૦ ['ભાવના'='પાસ' ઉપરથી ?] (લૂગડાં છાપવાનો ધંધો કરનાર) એક જ્ઞાતિનો

માણસ ૦ણ(સ્ત્રી૦ ભાવસારની કે તે જ્ઞાતિની સ્ત્રી
**ભાવાત્મક** વિ૦[સં.] સત્ય (૨) અસ્તિવાચક
**ભાવાનુવાદ** પું૦ [સં.] શબ્દશઃ નહિ પરંતુ તાત્પર્યસૂચક અનુવાદ
**ભાવાભાસ** પું૦[સં.]લાગણી, વૃત્તિનો આભાસ —અસ્થાને ભાવ આરોપવો તે [ભાસ
**ભાવારોપણ** ન૦[સં.]ભાવનું આરોપણ, ભાવા-
**ભાવાવેશ** પું૦[સં.] ભાવનો આવેશ—ઉમળકો
**ભાવાર્થ** પું૦ [સં.] મતલબ, તાત્પર્ય
**ભાવિ(-વી)** વિ૦[સં.] ભવિષ્યનું કે ભવિષ્યમાં થનારું (૨) ન૦ ભવિષ્ય, નસીબ
**ભાવિક** વિ૦[સં.]આસ્થાવાળું (૨)મર્મજ્ઞ, ભાવુક
**ભાવિત** વિ૦[સં.] ચિંતવેલું (૨) પાસ દીધેલું(૩) ભાવિક; ભાવનાવાળું(૪)શુદ્ધ નિર્દોષ —તાત્મા પું૦ [+આત્મા] સ્થિર પ્રજ્ઞાવાળો, સ્થિતપ્રજ્ઞ
**ભાવી** [સં.] જુઓ ભાવિ
**ભાવુક** વિ૦[સં.] થવાની તૈયારીમાં હોય તેવું (૨) વિચારશીલ (૩) રસજ્ઞ, સહૃદય(૪) પું૦ બનેવી (નાટકમાં)
**ભાવેપ્રયોગ** પું૦ [સં.] જેમાં ક્રિયાપદનો ભાવ એ જ કર્તા હોય તેવો પ્રયોગ (વ્યા.)
**ભાષક** પું૦ [સં.] બોલનાર, વક્તા —ણ ન૦ બોલવું તે(૨)વ્યાખ્યાન. —ણિયું વિ૦(ભાષણના ગુનાથી)સત્યાગ્રહમાં પકડાયેલું (જેલશબ્દ)
**ભાષા** સ્ત્રી૦ [સં.] બોલી; વાણી, જબાન (૨) વ્રજભાષા **૦કવિ** પું૦વ્રજભાષાનો કવિ **૦દોષ** પું૦ભાષાના પ્રયોગમાં કે તેની અર્થવાહિતામાં દોષ **૦પ્રયોગ** પું૦ભાષાનો પ્રયોગ—ઉપયોગ. **૦ફેર** પું૦ ભાષાનો ફેરફાર (૨) વિ૦ ભાષાના ફરકવાળું **૦રૂઢિ** સ્ત્રી૦ ભાષામાં રૂઢ થયેલો શબ્દપ્રયોગ **૦લક્ષી** વિ૦ અર્થના નહિ પણ ભાષાના લક્ષવાળું. **૦શાસ્ત્ર** ન૦ ભાષાનું શાસ્ત્ર, 'ફાઇલોલોજી'. **૦શાસ્ત્રી** પું૦ભાષાશાસ્ત્ર જાણનાર **૦શાસ્ત્રીય** વિ૦ભાષાશાસ્ત્ર સંબંધી. **—ષાંતર** ન૦[+અંતર] અનુવાદ, તરજુમો **—ષાંતરકાર** પું૦ અનુવાદક. **—ષિત** વિ૦ બોલેલું **—ષી** વિ૦ બોલનાર (સમાસમાં ઉત્તરપદ તરીકે). ઉદા૦ 'પરભાષા—ભાષી'
**ભાષ્ય** ન૦ [સં] વિસ્તૃત વિવરણ. **૦કાર** પું૦ ભાષ્ય કરનાર — રચનાર
**ભાસ** પું૦ [સં.] ખ્યાલ, છાપ (૨) આભાસ, ભ્રાંતિ (૩) સરખાપણું, —ના જેવું દેખાવું તે (૪) ઝાંખો પ્રકાશ (૫) [સં.] એક સંસ્કૃત નાટકકાર. **૦માન** વિ૦ ભાસતું
**ભાસવું** અ૦ક્રિ૦ [સં. ભાસ્] દેખાવું (૨) સમજાવું, લાગવું (૩) પ્રકાશવું
**ભાસુર** વિ૦ [સં] દેદીપ્યમાન (૨) ભયંકર
**ભાસુરી** સ્ત્રી૦ એક જાતની માખ (જેના ડંખથી ઘોડા કૂતરા મરી જાય છે)
**ભાસ્કર** પું૦ [સં] સૂર્ય —રાચાર્ય પું૦(સં.) પ્રસિદ્ધ ગણિતી અને ખગોળશાસ્ત્રી
**ભાસ્વર** વિ૦ [સં.] ઝળકતું, તેજસ્વી (૨) પું૦ સૂર્ય (૩) દિવસ
**ભાળ** સ્ત્રી૦ [જુઓ ભાળવું] પત્તો; ખબર (૨) સંભાળ. [**—આપવી, દેવી**=પત્તો બતાવવો. **—કાઢવી**=શોધ કરવી, ખોળવું (૨) સંભાળ લેવી **—દેવી**=ભાળ આપવી **—પડવી,મળવી** =ખબર કે પત્તો મળવો. **—રાખવી, લેવી** = સંભાળ લેવી] **૦વણ(—ણી)** સ્ત્રી૦ સુપરત. **૦વવું** સ૦ક્રિ૦ ['ભાળ' પરથી] ભાળ રાખવા સોંપવું (૨) સિફારસ કરવી **૦વું** સ૦ક્રિ૦ [સં. ભલ્] જોવું; અવલોકવું
**ભાળિયો** પું૦ જુઓ ભાલિયો; ગાગર
**ભાણું** અ૦ ભલે, ઠીક, વારુ
**ભાં** અ૦[રવ૦]ગાયનો કે મોટરના જેવો અવાજ
**ભાંખવું** (૦) સ૦ક્રિ૦ + જુઓ ભાખવું
**ભાંખોડ**(૦) સ્ત્રી૦, —ડિયું ન૦ ઘૂંટણિયું, ઢીંચણ
**ભાંગ**(૦ગ,) સ્ત્રી૦ [સં. ભઙ્ગા] ગાંજાની કળી તથા પાંદડાં (૨) તેનું બનાવેલું પીણું. [**—ચડવી** =ભાંગના કેફની અસર વ્યાપવી (૨) મદ, અહંકાર થવો **—પીવી**=ભાંગનું પીણું પીવું (૨) વગર વિચારે—જાણે કે કેફમાં—બોલવું **—વાટવી**=ભાંગને લસોટી તેનું પીણું બનાવવું]
**ભાંગણું(-રું)**(૦) વિ૦ ['ભાંગવું' ઉપરથી] ખાંડતાં ભૂકો થઈ જાય તેવું (ચોખા)
**ભાંગતોડ,ભાંગફોડ** સ્ત્રી૦(૦)[ભાંગવું+તોડવું, ફોડવું] ભાંગવું અને તોડવું ફોડવું તે
**ભાંગરું** (૦) વિ૦ જુઓ ભાંગણું

**ભાંગરો** (૦) પું૦ [सं भृङ्गरज, प्रा. भंगरय,हिं. भगरा] એક વનસ્પતિ (૨) [ભાગરું કે ભાગ ઉપરથી] ગાજાના પાકટ પાન, કળીઓ અને બિયાંનો ભૂકો [-વાટવો = છૂપી વાત ખુલ્લી કરી દેવી, વાતચીતમાં બાફવું (ભાંગરો જેમ વટાય તેમ ગંધ મારે છે તે ઉપરથી)]

**ભાંગવું** (૦) અ૦ક્રિ૦ [સં.भञ्ज પરથી] કકડા થવા (૨) સ૦ક્રિ૦ કકડા કરવા; તોડવું(૩)[ગામને] લૂટી-બાળી પાયમાલ કરવું (કા) [**ભાંગતું તોલ** = ઓછું વજન **ભાંગ્યાનો ભીરુ** = અણીને વખતે મદદ કરનાર **ભાંગ્યું ભાંગ્યું તોયે ભરૂચ** = પડતી અવસ્થામાં પણ પોતાની મૂળ શાન કંઈ કે કાયમ હોવી કે રાખવી **ભાંગી પડવું** = તૂટી જવું.] **ભાંગ્યું-તૂટ્યું** વિ૦ જુઓ ભાગ્યુતૂટ્યું

**ભાંજગ(-ઘ)ડ**(૦)સ્ત્રી૦ [ભાગવું+ઘડવું] તકરાર (૨) પંચાત [-કરવી,-થવી,-ચાલવી] **-ડિયું** વિ૦ ગૂંચવણભરેલું; ગોટાળાભરેલું (૨) ભાંજગડ કરનાર

**ભાંજણી**(૦)સ્ત્રી૦ ['ભાજવું' ઉપરથી] વહેંચણી (૨) ભાગ; હિસ્સો (૩) મોટામાંથી નાના અને નાનામાંથી મોટા પરિમાણમાં રકમને ફેરવવાની રીત (ગ) (૪)દોરડું ભાગવાની ક્રિયા

**ભાંજવું**(૦) [સં भञ्ज्] જુઓ ભાગવું ૧, ૪, ૫

**ભાંડ** [સં.] પું૦ મસ્કરો (૨) બીભત્સ બોલ, ચાળા વગેરેથી હસાવી ખેલ કરનારી જાતનો માણસ (૩) ન૦ વાસણ (૪) (૦) વિ૦ [સં भण्ड] અસભ્ય; નિલ જ્જ.[-બોલવું = ગાળો કાઢવી અપશબ્દ બોલવા]

**ભાંડણ**(૦) ન૦ ['ભાંડવું' ઉપરથી] ગાળાગાળ, ભાંડવું તે (૨) વિ૦ ભાંડણવાળું, ભાંડતું **-ણું** ન૦ ભાંડણ

**ભાંડરાં**(૦) ન૦બ૦વ૦ [જુઓ ભાંડુ] ભાંડુઓ

**ભાંડવું** (૦) સ૦ક્રિ૦ [સં. भण्ड्] ગાળ દેવી (૨) બદગોઈ કરવી (૩) ઠપકો આપવો

**ભાંડંભાંડા, ભાંડાભાંડ(-ડી)** (૦) સ્ત્રી૦ ['ભાંડવું' ઉપરથી] સામાસામી ભાંડવું તે

**ભાંડુ** ન૦ [દે. भाइल्ल (સં भ्रातृभाण्ड), સર૦ મ. भावंड,-डें] ભાઈ બહેન વગેરે સ્વજન

**ભાંડું** ન૦ [સં. भाण्ड, સર૦ મ. भांडी] વાસણ. **-ડો** પું૦ બોઘરણું; પહોળા મોઢાની તાંબડી

**ભાંભ(-ભે)ર** (૦) સ્ત્રી૦ કપાળના ઉપલા બંને ખૂણાના ઝીણા વાળ. [-કઢાવવી = તે વાળ ખૂંટી કઢાવવા.]

**ભાંભરભોળું** વિ૦[(દે.भमल = પાગલ;બેવકૂફ; મ. भावडा = સરળ,સીધું) + ભોળું]સાવ ભોળું

**ભાંભરવું** (૦) અ૦ ક્રિ૦ ગાયનું બરાડવું

**ભાંભરું(-ળું)**(૦) વિ૦ [દે. भंभल = અપ્રિય; અનિષ્ટ ?] ખરસૂરું, ખારું (૨) સ્વાદ વગરનું (૩) [રવ૦] ભારે-ખોખરા સાદવાળું

**ભાંભેર** (૦) સ્ત્રી૦ જુઓ ભાભર

**ભિક્ષા** સ્ત્રી૦ [સં] ભીખ (૨) ભિક્ષામાં મળેલી વસ્તુ [-આપવી, મળવી, માગવી, લેવી] **૦ટન** ન૦ [+ अटन] ભિક્ષાને માટે ફરવું તે **૦ન્ન** ન૦[+अन्न] ભીખી આણેલું અન્ન **૦પાત્ર** ન૦ ભીખ માગવાનું વાસણ **૦ર્થી** વિ૦ [+अर्थी] ભિક્ષા માગનાર **૦વૃત્તિ** સ્ત્રી૦ ભિક્ષાથી ચલાવેલું ગુજરાન, ભિક્ષાનો ધંધો

**ભિક્ષુ, ૦ક** પું૦ [સં] માગણ (૨) ભિક્ષા ઉપર નભનાર (૩) બૌદ્ધ સાધુ **૦કી, ૦ણી** સ્ત્રી૦ સ્ત્રી ભિક્ષુ **૦ત્વ** ન૦

**ભિખાડ(-વ)વું** સ૦ક્રિ૦ 'ભીખવું'નું પ્રેરક

**ભિખારચોટ** વિ૦ [જુઓ ભિખારી] ભિખારી જેવું (૨) ભૂખડું

**ભિખારણ** સ્ત્રી૦ [જુઓ ભિખારી] માગણ સ્ત્રી. **-ણું** વિ૦ (૨) ન૦ ભિખારી (તુચ્છકારમાં).

**ભિખાર(-રી)વેડા** પું૦ બ૦ વ૦ ભિખારીના જેવું વર્તન

**ભિખારી** વિ૦ (૨) પું૦ [અપ૦, (સં भिक्षा-कारिन्), हिं] ભીખ માગનાર. **-રું** વિ૦ (૨) ન૦ ભિખારી (તુચ્છકારમાં)

**ભિખાવવું** અ૦ ક્રિ૦ જુઓ ભિખાડવું

**ભિખાવું** અ૦ક્રિ૦ 'ભીખવું'નું કર્મણિ

**ભિખ્ખુ** પું૦ [પાલી] બૌદ્ધ સાધુ-ભિક્ષુક

**ભિજાવવું** સ૦ક્રિ૦, **ભિજાવું** અ૦ક્રિ૦ 'ભીજવું'નું અનુક્રમે પ્રેરક ને કર્મણિ

**ભિડાવવું** સ૦ક્રિ૦ 'ભીડવું'નું પ્રેરક (૨) કસવું,

બાંધવું. ઉદા૦ બટન ભિડાવ્યા નથી(૩)દબાવવું, ભેટવું (૪) ગૂંચવાડામાં નાખવું, અભરાવવું (૫) અંટસ પડાવવો (૬) ધમકાવવું

**ભિડાવું** અ૦ક્રિ૦ 'ભીડવું'નું કર્મણિ(૨)ભીડમાં આવવું (૩) સંકડાવું, દબાવું

**ભિતરિયો** પું૦['ભીતર' ઉપરથી, हिं भीतरिया] મંદિરમાં છેક મૂર્તિ પાસે રહેનારો સેવક

**ભિત્તિ** સ્ત્રી૦ [સં.] ભીંત. ૦ચિત્ર ન૦ ભીંત પરનું ચિત્ર, 'ફ્રેસ્કો'

**ભિનાવું** અ૦ ક્રિ૦ [ 'ભીનું' પરથી સર૦ म भिनर्णे] (સુ ) પલળવું, ભીંજાવું. -વવું સ૦ક્રિ૦ (પ્રેરક) ભીનવવું.

**ભિન્ન** વિ૦ [સં.]જુદું; ફેરવાળું (૨) ભાંગેલું ૦તા સ્ત્રી૦ જુદાપણું ૦ભાવ પું૦ જુદાઈ. ૦રુચિ વિ૦ જુદી રુચિવાળું -ન્નાંગ ન૦ [+ अंग] 'મૅન્ટિસા' (ગ )

**ભિયા** પું૦ જુઓ ભયા

**ભિલામું** ન૦,-મો પું૦ [सं भल्लातक; સર૦ हिं. भिलावाँ, म. भिलावा] એક બી [ **ભિલામો ઉરાડવો** = દુશ્મનાવટ વહોરવી, ઠેર ઠેર કજિયાના મૂળ રોપવા. **-મારવો** = ભિલામાનું તેલ કાઢવું (૨) ભિલામાનું તેલ ચોપડવું ]

**ભિલ્લુ** પું૦ [જુઓ ભીરુ પું૦] રમતનો સાથી

**ભિષક(-ગ, -જ)** પું૦ [સં ] વૈદ્ય

**ભિસ્તી** પું૦ [સર૦ हिं भिश्ती, म. भिस्ती, फा बहिश्त = વિશ્વાસ ઉપરથી ?] પખાલી

**ભિંગડું** ન૦ [प्रा. भिंग = બળેલો ભાગ] છાલ કે ચામડીનું કઠણ છોડું; ભીંગડું

**ભિંગારો** પું૦ [स भृङ्ग, प्रा भिंग] ભમરો. -રી સ્ત્રી૦ ભમરી

**ભિંદ(-ડિ)માળ** સ્ત્રી૦ [सं भिंदिपाल, प्रा भिंडिमाल, भिंडिवाल; સર૦ हिं. भिंडिपाल, म. भिंडी, भिंडीपा (-मा) ल], **ભિંદિપાલ** પું૦ [સં.] ગોફણ

**ભીખ** સ્ત્રી૦[प्रा भिक्ख(स. भैक्ष); સર૦ हिं , म भीक] ભીખવું તે (૨) ભીખીને મેળવેલી વસ્તુ. [-**માગવી** ] ૦નું છોકરું = ભીખીને મેળવેલા કપડા વગેરે પહેરાવીને જ ઉછેરવાની માનતાવાળું - ન જીવતાનું જીવતું છોકરું.

**ભીખવું** સ૦ ક્રિ૦ [स भिक्ष्, प्रा भिक्ख] ખેરાત માગવી (૨) અ૦ ક્રિ૦ ભિખારી થવું

**ભીછરું** વિ૦ [જુઓ ભીંછાં] ભૂંડના જેવા બરછટ અને ઊભા (વાળ) (૨)ન૦જુઓ ભીંછાં

**ભીજવવું** સ૦ક્રિ૦ [જુઓ ભીજવું] ભીંજવવું; ભીનું કરવું; પલાળવું

**ભીજવું** અ૦ક્રિ૦ [हिं भिजाना (म अभ्यज्) સર૦ દે. भिजा = અભ્યંગ, માલિશ] ભીંજવું; ભીનું થવું; પલળવું

**ભીડ** સ્ત્રી૦ [दे. भिड = ભીડવું, સર૦ हिं.; म. भिड] ગિરદી (૨) તંગી (૩) પું૦ ભીડો. [-**ટાળવી, ભાંગવી** = મુશ્કેલીમાં મદદ કરવી. **-પડવી** = જરૂર પડવી, તંગી જણાવી (૨) મુશ્કેલીમાં આવવું ] ૦વું સ૦ ક્રિ૦ [दे. भिड] વાસવું, બંધ કરવું (૨) કસવું, બાંધવું (૩) દબાવવું, ભેટવું (૪) અ૦ક્રિ૦ + ભીડવું; ઝૂઝવું -ડંભીડા,-ડાભીડ સ્ત્રી૦ કચડા-કચડી, ખૂબ ગિરદી (૨) લડાઈ -ડો પું૦ લાકડું ભીડવા માટેનું સુથારનું એક ઓજાર. [-**ઘાલવો** = ફાંસ મારવી, વચ્ચે અડચણ નાખવી ]

**ભીત** વિ૦ [સં ] ભય પામેલું

**ભીતર** ન૦ [दे. भित्तर; સર૦ म. भितर, हिं ] અંદરનો ભાગ (૨) દિલ, હૈયું (૩) અ૦ અંદર. [-**દાઝવું** = મનમાં દુખ થવું કાળજું બળવું ]

**ભીતરા** વિ૦ ખેડાવાળ બ્રાહ્મણનો એક ભેદ

**ભીતિ** સ્ત્રી૦ [સં.] બીક

**ભીતો** પું૦ ['ભીંત' ઉપરથી] ભીંતમાં કે તેને અડીને ગોઠવેલો થાંભલો

**ભીનવવું** સ૦ક્રિ૦['ભીનું' ઉપરથી]ભીંજવવું(સુ )

**ભીનાશ** સ્ત્રી૦ ['ભીનું' ઉપરથી] ભીનાપણું. ૦ભૂમિ સ્ત્રી૦ ભીનાશવાળી ભૂમિ; 'માર્શ'

**ભીનું** વિ૦ [सं. भिन्न = ભીનું થયેલું, ખરડાયેલું; સર૦ म भिनर्णे, भिदर्णे] પલળેલું (૨) [સર૦ દે. भिंग = કાળું]શ્યામ ઉદા૦ ભીનેવાન. [**ભીના ઘઉં દળવા** = બદલાના પ્રમાણમાં સખત વૈતરું કરવું **ભીનું સંકેલવું** = કોઈ પણ કામ કે તપાસને આગળ વધતાં અટકાવવા અધવચથી અટકાવી દેવા - છુપાવવા ] ૦મદ-

ઠક વિ૦ સાવ ભીનું [એવું, શ્યામ
ભીનેવાન વિ૦ [ભીનું + વાન] પાકે રંગે હોય
ભીમ વિ૦ [सं.] ભયંકર, વિકરાળ (૨) પું૦ (સં.) પાંચ પાંડવોમાંનો બીજો. ૦અગિયારશ (-સ) સ્ત્રી૦ જેઠ સુદ અગિયારસ, નિર્જલા એકાદશી [ફફડાવી થૂંક ઉરાડે છે તે
ભીઅડાં ન૦ બ૦ વ૦ બાળક મોં બીડી હોઠ
ભીમપલાસ(-સી) પું૦ [हिं; म] એક રાગ
ભીમા સ્ત્રી૦ [सं.] (સં ) દુર્ગા
ભીરયા સ્ત્રી૦ [सं भीरुता] બીક, ભય
ભીરિરી સ્ત્રી૦ એક પક્ષી
ભીરુ વિ૦[सं.] બીકણ ૦તા સ્ત્રી૦
ભીરુ પું૦ [સર૦ म मिळू; प्रा मिल्लिअ = આખામાંથી પાડેલો ટુકડો] ભિલ્લુ ભેરુ
ભીલ પું૦[सं भिल्ल] એક રાની પ્રજાનો માણસ. ૦ડી સ્ત્રી૦ ભીલ જાતિની કે ભીલની સ્ત્રી -લી વિ૦ ભીલનું કે ભીલ સંબંધી [+ ધૂળધાણી
ભીલું ન૦[प्रा भिल्लिअ = ભાગેલું, તોડેલું][લા]
ભીષણ વિ૦ [सं] ભયંકર
ભીષ્મ વિ૦ [सं] ભયંકર (૨) પું૦ (સં.) શાંતનુ અને ગંગાના પુત્ર
ભીંગડું ન૦ ભિંગડું; છોડું
ભીંછાં ન૦બ૦વ૦ [સર૦ म भीस, भीस (सं. पिच्छ કે वृषी, प्रा भिसिआ?] (કા) [કપાવવાના થયેલા] મોટા વાળ
ભીંજ(-જા)વું અ૦ ક્રિ૦ [જુઓ ભીજવું] પલળવું -વવું સ૦ક્રિ૦ (પ્રેરક)
ભીંડી સ્ત્રી૦ [સર૦ हिं भिंडी] એક છોડ (૨) એની છાલના કઢાતા રેસા
ભીંડો પું૦[सं. भिण्ड,मेण्डा] એક શાક કે તેનો છોડ (૨)[ભીંડો કે ભીંડી પરથી] ફેલું, હરકત (૨) [ભીંડી કે લિંડમાળ પરથી?] ગપ, તોપ (લા) [-ઘાલવો, મારવો, મેલવો = મશ્કરો મૂકવો, ગપ મારવી (૨) હરકત ઊભી કરવી]
ભીંત સ્ત્રી૦[सं भित्ति. हिं भीत, म भित, भित] દીવાલ. [ભીંતને કાન હોવા = ભીંત પાછળ છુપાઈને સાંભળનારનો સંભવ હોવો -ભૂલવી = છેક જ માર્ગ ચૂકવો, તદ્દન અવળે રસ્તે ચડી જવું ભીંતે ચડવું = નામ - કામ ભીંત ઉપર લખાઈ જાહેર થવું, ચારે બાજુ ફજેત થવું.] ૦પત્ર ન૦ સમાચાર વગેરેની જાહેરાત માટે ભીંત પર કરાતું લખાણ ૦રડી સ્ત્રી૦ ભીંત (૫ મા લાલિત્યવાચક) -તિયું ન૦ નાની પાતળી ભીંત
ભીંતરાશિયો પું૦ એક વનસ્પતિ
ભીંભર સ્ત્રી૦ [સર૦ ભાભર] (કા) ચોટલાની આજુબાજુના ઝીણા કોમળ વાળ
ભીંસ સ્ત્રી૦ [सं. पिष् ઉપરથી] ભીંસાવું તે; દબાણ,ધક્કો [ભીંસમાં આવવું = ભીંસાવું. ભીંસમાં લેવું = ભીંસવું] ૦વું સ૦ક્રિ૦ દાબવું, પીલવું (૨) ભેટવું, ચાંપવું. -સાવવું સ૦ક્રિ૦ (પ્રેરક). -સાવું અ૦ક્રિ૦ (કર્મણિ)
ભુક્ત વિ૦[सं] ખાવેલું; ભોગવેલું ૦વું સ૦ક્રિ૦ ખાવું; જમવું, ભોગવવું (પ.) -ક્તાવવું સ૦ક્રિ૦ તેનું પ્રેરક
ભુક્તિ સ્ત્રી૦[सं] ભોગ, સંસારસુખ (૨) ભોજન
ભુખાળવું વિ૦ ['ભૂખ' ઉપરથી] ખાઉધરું
ભુજ પું૦ [सं] ખભાથી કોણી સુધીનો ભાગ (૨) હાથ (૩) બાજુ (ગ) (૪) 'ઑર્ડિનેટ' (ગ)(૫) કાટખૂણ ત્રિકોણની કર્ણ સિવાયની એક બાજુ (ગ) (૬) બેની સંજ્ઞા ૦દંડ પું૦ દંડ જેવો હાથ ૦બલ(-ળ) ન૦ બાહુબળ
ભુજંગ,૦મ પું૦ [सं.] સાપ (૨) સ્ત્રીનો યાર. -ગી(૦પ્રયાત) પું૦ એક છંદ
ભુજા સ્ત્રી૦[सं] ભુજ,હાથ ૦ક્ષ પું૦ આલેખનો એક અક્ષ, 'ઍક્સિસ ઑફ વાય'-(ગ)
ભુટ્ટો(-ટ્ઠો) પું૦ [सं. मृष्ट ઉપરથી, સર૦ हिं, म भुट्टा] મકાઈ ડોડો (૨) ગોળ વતાક -ટ્ટા(-ટ્ઠા)ચોર પું૦ હલકી ચોરીઓ કરનાર
ભુડ(-ર)કસ સ્ત્રી૦ [સર૦ हिं. भुरकुस = ચૂરો, म भुरकूट = જલદી સળગે તેવા ઝાંખરા-લાકડાં વગેરે] જુઓ ભરકૂચ
ભુડકાવવું સ૦ક્રિ૦ 'ભૂડકવું'નું પ્રેરક
ભુપાલી પું૦ [સર૦ हिं भूपाली, म भु(-भू)-पाळी] એક રાગ ભૂપાલી
ભુયંગ પું૦ + જુઓ ભુજંગ
ભુરકસ સ્ત્રી૦ જુઓ ભુડકસ
ભુરકાવવું સ૦ ક્રિ૦ 'ભૂરકવું'નું પ્રેરક

પૃથ્વી પરનું પ્રાણી [ચંપાની એક જાત
ભૂચંપો પું૦ [સર૦ म भुइन्‌चापा, हिं. भुइँचंपा]
ભૂચિયું વિ૦ બરડ
ભૂઠ(-ર)કવું અ૦ક્રિ૦ જુઓ ભડકવું(૨)સ૦ક્રિ૦ ['ભૂરકી' ઉપરથી] છેતરવું(૩)ભ્રમમુગ્ધ કરવું
ભૂઠ(-ર)કાવું અ૦ક્રિ૦ (કર્મણિ)
ભૂત વિ૦ [સં] થઈ ગયેલું, વીતેલું (૨) 'થયેલું; બનેલું' એ અર્થમાં સમાસને અંતે (ઉદા૦ અગભૂત; પ્રાણભૂત) (૩) ન૦ પંચમહાભૂતોમાંનું એક (૪) પ્રાણી (૫) પ્રેત, પિશાચ (૬) ભૂતની જેમ પાછળ ફરનાર માણસ (બાતમીદાર ઇ૦) (૭) વહેમ; ધૂન. [-આવવું=ભૂત વળગવું (૨) ભૂત વળગ્યું હોય તેવી ધૂન કે જકવાળું થવું -કાઢવું=ભૂતનો વળગાડ દૂર કરવો (૨) વળગેલા જક, ધૂન કે વહેમ દૂર કરવા. -મર્યું ને પલિત જાગ્યું=ઓલામાથી ચૂલામાં પડવા જેવું થયું, (ઉપાય કરવા જતા) તેવી જ કે તેથી પણ ખરાબ સ્થિતિ થવી. ભૂતનું ઠેકાણું (આમલી), ભૂતનો વાસ (પીપળો)=હંમેશનું રહેઠાણ, જયાં વારંવાર જતો કે રહેતો હોવાથી માણસ ત્યાંથી ઘણું ખરું મળી આવે તે -પર ચિઠ્ઠી=જુઠ્ઠો વાયદો. -ભમવાં=બાતમીદારોનું પાછળ પાછળ ભમ્યા કરવું (૨) ઇચ્છા રાખતા ઘણા ઉમેદવારો પાછળ પાછળ ફરતા હોવા (૩) દુઃખ આવી પડવાનો ભય હોવો. -ભરાવું=ધુંધવાટ, ધૂન, કે વહેમ વળગવા. ભૂત(-તા) ભાઈ જાણે=કોણ જાણે? -ભૂસકા મારે (એવું ઘર)=શૂન્ય-ખાલી કે સરસામાન વિનાનું (ગરીબ ઘર) -વળગવું=ભૂતની ઝપટ લાગવી, ભૂત શરીરમાં દાખલ થવું (૨) ધૂન ભરાવી. -વળગાડવું-લપ કે ધૂન વળગાડવી] ૦કાલ(-ળ) પું૦ ગયેલો વખત. (૨) [વ્યા.] ક્રિ૦નો ભૂતકાળ ૦કાલીન વિ૦ ભૂતકાળનું, -ને લગતું. ૦કૃદંત ન૦ [વ્યા] ભૂતકાળના અર્થનું કૃદંત ૦ખાનું ન૦પિશાચોનું સ્થાન. ૦ગ્રસ્ત વિ૦ જેને ભૂત વળગ્યું હોય તેવું ૦દયા સ્ત્રી૦ સર્વ જીવો પ્રત્યેની દયા, જીવદયા. ૦પતિ પું૦ (સં) શિવ, મહાદેવ. ૦પલીત ન૦ પ્રેત (૨) બેડોળ માણસ. ૦પૂર્વ વિ૦ પહેલાં થયેલું (૨) માજી. ૦પ્રેત ન૦ ભૂત; પિશાચ ૦ભાવન વિ૦ પ્રાણીઓને સર્જનાર, પાળનાર ૦બલિ(-ળિ) પું૦પ્રાણીઓને નિત્ય આપવાનો બલિ. ૦ભાઈ પું૦બલારાત ઉદા૦ ભૂતભાઈ જાણે ૦યજ્ઞ પું૦ પાંચ યજ્ઞોમાંનો એક, ભૂતબલિ ૦યોનિ સ્ત્રી૦ ભૂતપ્રેતની જાતિ(૨) ભૂતમાત્રનું ઉત્પત્તિસ્થાન. ૦વિદ્યા સ્ત્રી૦ પ્રેત વિષેની વિદ્યા
ભૂતલ(-ળ) ન૦ [સં] પૃથ્વીની સપાટી ૦વિદ્યા સ્ત્રી૦ ભૂતળની લૌતિક સ્થિતિ સંબંધી વિદ્યા. ૦વેત્તા પું૦ તે વિદ્યા જાણનાર
ભૂતાર્થ પું૦ [સં.] સત્ય; સાચી બીના
ભૂતાવળ(-ળી) સ્ત્રી૦[सं भूतावलि]ભૂતોનું ટોળું
ભૂતાળું વિ૦ ['ભૂત' ઉપરથી] ભૂતવાળું
ભૂતિ સ્ત્રી૦ [સં] અસ્તિત્વ (૨) ઉત્પત્તિ (૩) આબાદી, સમૃદ્ધિ (૪) ભલું; કલ્યાણ (૫) ઐશ્વર્ય (૬) ભસ્મ [-નાખવી=વશીકરણ કરવું, ભરમાવી નાખવું]
ભૂદેવ પું૦ [સં.] બ્રાહ્મણ, ભૂસુર
ભૂધર પું૦ [સં] પર્વત (૨) રાજા (૩) નાગ (૪) (સં) કૃષ્ણ (૫) [સં] શિવ [ફળ
ભૂનું ન૦[प्रा. भुण्ण, (सं.भ्रूण) गर्भ ?] પીપળાનું
ભૂપ પું૦ [સં] રાજા (૨) એક રાગ ૦કલ્યાણ પું૦ કલ્યાણ રાગનો એક પ્રકાર ૦તિ, -પાલ (-ળ) પું૦ રાજા
ભૂપાલી પું૦ [જુઓ ભુપાલી] એક રાગ
ભૂપૃષ્ઠ ન૦ [સં] જુઓ ભૂતલ ૦વિદ્યા સ્ત્રી૦ ભૂતલવિદ્યા
ભૂમધ્યરેખા(-ષા) સ્ત્રી૦ [સં] વિષુવવૃત્ત
ભૂમધ્યસમુદ્ર પું૦ [સં] (સં.) યુરોપ આફ્રિકા વચ્ચેનો સમુદ્ર
ભૂમંડલ(-ળ) ન૦ [સં] આખી પૃથ્વી
ભૂમા પું૦ [સં] અનંતતા, વિશાળતા
ભૂમિ(-મી) સ્ત્રી૦[સં] પૃથ્વી (૨) જમીન (૩) દેશ; પ્રદેશ (૪) + માળ. મેડો. -મિકા સ્ત્રી૦ જમીન (૨) સ્થળ (૩) પાયરી (૪) ભૂળ, ઊગમ (૫) નાટકનું પાત્ર કે તેનો ભાગ કે શણગાર (૬) પ્રસ્તાવના. ૦ગત વિ૦ ભૂમિમાં

ભૂસ્તરવિદ્યા સ્ત્રી૦, ભૂસ્તરશાસ્ત્ર ન૦ પૃથ્વીના પડ સંબંધી વિદ્યા. ભૂસ્તરવેત્તા, ભૂસ્તરશાસ્ત્રી પું૦ તે જાણનાર

ભૂઆં ન૦ બ૦ વ૦ [સર૦ ભૂ] પાણી

ભૂંક સ્ત્રી૦ ભૂંકવુ તે

ભૂંકવું અ૦ક્રિ૦ [પ્રા. बुक्क (सं. बुक्क्), સર૦ हिं. भूंकना, म. भुंकणे] ગધેડાનું ભોં ભો કરવું. ભૂંકાવું અ૦ક્રિ૦, ભૂંકાવવું સ૦ક્રિ૦ 'ભૂંકવું'નું અનુક્રમે કર્મણિ અને પ્રેરક

ભૂંગરા પું૦ બ૦વ૦ ['ભૂંજવું' ઉપરથી] શેકેલા વડી ચણા વગેરે

ભૂંગરેટ સ્ત્રી૦ ['ભૂંજવું' પરથી, સર૦ म. भुगा, -गी = રાખ] ગરમ રાખ

ભૂંગળ સ્ત્રી૦,ન૦ [ભુંગળી પરથી ?] ગજ, બારણું બંધ રાખવાનો લાંબો આડો દંડો (૨) [दे भुगल, સર૦ हिं. भुंगाल, म भोंगळ] એક વાજિંત્ર [-બિહામણી = નિર્ંશ થવું -વગરની ભવાઈ = ખાલી ફજેતો] ૦ભટિયું ન૦ [ભૂંગળું + ભટ] ટીપણું (૨) લાંબું લખાણ. [-મળવું = રલ મળવી, ઘેર બેસવું] ૦ભટિયો પું૦ [ભૂંગળું (ટીપણું) + ભટ] હાથ જોનાર બ્રાહ્મણ -ળિયો પું૦ ભૂંગળ વગાડનાર (૨) એક ઔષધિ -ળી સ્ત્રી૦ [સર૦ म. भोंगळी (सं मूक)] પોથી નળી (૨) ફૂંકણી (૩) ભૂંગળી (૪) કાનમાં ઘાલી તપાસવાની ડાક્તરની નળી. [-મૂકવી = ને નળી લગાવવી] -ળું ન૦ નળાકાર કોઈ પણ ઘાટ (૨) નળાકાર ધુમાડિયું [-ફૂંકવું = બણગાં ફૂંકવાં, વખાણ કરવાં (૨) દેવાળું કાઢ

ભૂંજર સ્ત્રી૦ ભૂંડણ ને તેનાં બચ્ચાં (૨) નાનાં છોકરાંનું ધાડું. ૦વાડ સ્ત્રી૦, ૦વાડો પું૦ જુઓ ભૂંજર (૨) [લા] ગંદવાડ

ભૂંજવું સ૦ ક્રિ૦ [સર૦ दे भुजिय = ભૂંજેલું ધાન, हिं. भूंजना, म भुंजणे (सं भ्रस्ज्)] શેકવું. [ભૂંજ્યો પાપડ પણ ન ભાંગવો = સહેલું કામ પણ ન થવું, અતિ નાજુક કે હરામ હાડકાનું હોવું.] ભૂંજાવવું સ૦ ક્રિ૦ (પ્રેરક) ભૂંજાવું અ૦ ક્રિ૦ (કર્મણિ)

ભૂંડ,૦ડું ન૦[दे. भुंड] ડુક્કર, સૂવર ૦ણ(-ણી) સ્ત્રી૦ ભૂંડની માદા. [-ની ભૂંજર = એક સ્ત્રીનાં ઘણાં (નાનાં નાનાં) છોકરાં]

ભૂંડમશેળિયું વિ૦ ['ભૂંડું' ઉપરથી ?] ભૂંડું (૨) કપટી, લુચ્ચું

ભૂંડું વિ૦[સર૦ન, हिं. भुंडा] ખરાબ (૨) દ્વેષી (૩) બીભત્સ [-તાકવું = ભૂંડું થાય એમ ઇચ્છવું -બોલવું = નિંદા કરવી (૨) ગાળ બોલવી.] -ડાઈ(-શ) સ્ત્રી૦ ભૂંડાપણું (૨) અણબનાવ. -ડાપો પું૦ ભૂંડાપણું (૨) ભૂંડાપણાનું કલંક. -ડાબોલું વિ૦ ભૂંડું બોલનાર -ડાણું ન૦ ગાળ (૨) ગંદી ચેષ્ટા કે વ્યભિચાર [-કરવું ગંદી ચેષ્ટા કે વ્યભિચાર કરવાં]

ભૂંભવવું સ૦ ક્રિ૦ ['ભૂંભૂ' ઉપરથી] ભૂંભૂં અવાજ કરવો

ભૂંભૂં અ૦ [રવ૦] એવો અવાજ

ભૂંય સ્ત્રી૦ [सं भूमि, અપ૦ भुंहडि, म. भुईं, हिं भुँइ, भुइँ] જમીન; ભૂમિ (ગ્રામ્ય)

ભૂંસવું સ૦ ક્રિ૦ [જુઓ ભૂસવું] લૂસવું; કાઢી નાખવું. [ભૂંસી વાળવું = રદ કરવું, ઝાડી વાળવું (૨) દરગુજર કરવું; જાણે થયું ન હોય એમ માનવું] ભૂંસાડવું સ૦ ક્રિ૦ ભૂસવું ભૂસાવવું સ૦ક્રિ૦, ભૂંસાવું અ૦ક્રિ૦ 'ભૂસવું'નું પ્રેરક ને કર્મણિ

ભૃકુટિ(-ટી) સ્ત્રી૦ [सं] ભમ્મર

ભૃગુ પું૦ [सं] એક ઋષિ (૨) શુક્ર (૩) જમદગ્નિ ૦પાત પું૦ ઊંચેથી પડતું મૂકી આપઘાત કરવો ૦લાંછન પું૦ (સં.) કૃષ્ણ. ૦વાર પું૦ શુક્રવાર

ભૃત્ય પું૦ [सं] નોકર [ભૃંગાર

ભૃંગ પું૦ [सं] ભમરો (૨) એક પક્ષી (૩)

ભૃંગાર પું૦; ન૦ [सं] સોનાનું ઝારી કે લોટા જેવું વાસણ

ભૃંગી સ્ત્રી૦ [सं] ભમરી (૨) ભૃંગ પક્ષીની માદા (૩) એક ઝેરી વનસ્પતિ; અતિવિષા (૪) પું૦ (સં.) શિવનો એક ગણ

ભે (-ય) પું૦ [सं भय, સર૦ म. भें] જુઓ ભય (૨) જોખમ. [-ભાગવો = ભય દૂર કરવો કે થવો] ૦ભીત વિ૦ ભયભીત, ભયથી ઊપજેલું - વ્યગ્ર. ૦કાર વિ૦ ભયંકર, ભેંકાર (૫)

**ભેખ** પું૦; સ્ત્રી૦ [સર૦ हिं.] જુઓ વેષ (૨) સંન્યાસનો વેષ, સંન્યાસની દીક્ષા (૩) જુઓ ભેખડ; કરાડ. [-ઉતારવો=જોગીવેશ કાઢી નાખવો-ફરી સંસારી થવું. -ધરવો=સર્વસ્વ છોડી સંન્યાસી થવું: સન્યાસીનો વેષ ધારણ કરવો. -લેવો = જુઓ ભેખ ધરવો (૨) કોઈ ધ્યેયની પાછળ સર્વસ્વ છોડીને પડવું.] ૦ધારી વિ૦ ભેખ ધારણ કરનાર. ૦વટો પું૦ ભેખ; સંન્યાસ

**ભેખડ** સ્ત્રી૦ [સર૦ म सेकड] ઢેફું (૨) ઝઝૂમતો ટેકરાનો ખૂણો, કરાડ (૩)[લા.]નાણાંનો ઢગલો. [-પડવી=(ભેખડ પડવાથી નીચેનું દટાયેલું ગુપ્ત ધન મળે તેમ) અચાનક નાણાંનો ઢગલો મળવો ]-ડાવવું સ૦ક્રિ૦ 'ભેખડાવું'નું પ્રેરક. -ડાવું અ૦ક્રિ૦ ભેખડનું ઢસડાઈ પડવું (૨) ભટકાવું, અથડાવું

**ભેખધારી, ભેખવટો** જુઓ 'ભેખ'માં

**ભેગ** પું૦ [प्रा भेअ (स. भेद) भिन्न=मिश्रित ?] મિશ્રણ ૦વડું વિ૦ ભેગું. -ભાભેગું અ૦ સાથે સાથે -ગું વિ૦ એકઠું: સાથે (૨) મિશ્ર

**ભેચક** વિ૦ [सं. भयचकित]+ગાભરું; આભું

**ભેચો** પું૦ જુઓ ભેંચો

**ભેજ** પું૦ ['ભીંજવું' ઉપરથી] ભીનાશ. [-આવવો, લાગવો=જમીન કે હવાની અંદરની ભીનાશ પસરવી-લાગવી ]

**ભેજવું** સ૦ક્રિ૦ [हिं भेजना] મોકલવું

**ભેજાગેબ** (ગે) વિ૦ [ભેજું+ગેબ] જુઓ 'ભેજું'માં

**ભેજું** ન૦[हिं. भेजा]મગજ [ભેજાનું દહીં થવું=સખત શ્રમથી મગજ થાકી જવું ભેજાનો ભૂંજેલો=કાળજી વગરનો બેદરકાર. ભેજામાં ઊતરવું=સમજવું ભેજામાં વહેર ભરવો=મગરૂર-પતરાજીવાળા થવું. -ખસવું=ગાંડપણ આવવું (૨) વિચારશક્તિ જતી રહેવી. -ખવાઈ જવું=મગજ કામ કરતું બંધ થવું -ખાઈ જવું=કંટાળો આપવો; કાયર કરવું. -ઠેકાણે ન હોવું=ચસકેલ થવું, વિવેકમર્યાદાનું ભાન ન હોવું (૨) મિજાજ ઠેકાણે ન હોવો. -ફાટી જવું=ઘેલું થવું; અવિવેકી થવું.] -જાગેબ વિ૦ ગેબ થયેલા ભેજાવાળું; ચસકેલું

**ભેટ** સ્ત્રી૦ [दे भिट्ट, भिट्टा; सर० हिं., म.] મેળાપ; મુલાકાત (૨) બક્ષિસ (૩) [કા.] કમ્મરે તાણી બાંધેલું કપડું. [-આપવી=બક્ષિસ આપવી. -થવી=ભેટો થવો; મળવું. -બાંધવી=કમર બાંધવી. -લેવી=બક્ષિસ લેવી (૨) મુલાકાત લેવી. ભેટે જવું=મળવા જવું (૨) બક્ષિસ તરીકે મોકલાવું.] ૦વું સ૦ક્રિ૦ [ભેટ પરથી] આલિંગન આપવું (૨) મુલાકાત થવી (૩) લડવા માટે ભેગા થવું -ટંભેટા, -ટાભેટી સ્ત્રી૦ ઉપરાછાપરી કે સામસામા ભેટવું તે -ટાડ(-વ)વું સ૦ક્રિ૦ 'ભેટવું'નું પ્રેરક. -ટામણું ન૦, -ટામણી સ્ત્રી૦ ભેટો, મેળાપ (૨) તે પ્રસંગે આપેલી ભેટ. -ટાવું અ૦ક્રિ૦ 'ભેટવું'નું કર્મણિ. -ટિયો પું૦ ભેટ કરાવનારો (૨) મંદિરનો ભટિયો. -ટો પું૦ મેળાપ (૨) આલિંગન

**ભેડ** ન૦ [सं] ઘેટું

**ભેડ** (ભે) અ૦ [રવ૦] મારવાનો અવાજ. [-દઈને=ભેડ અવાજ થાય તેમ (મારવું) ]

**ભેડવવું** સ૦ક્રિ૦ [दे भिड, सर० हिं भिडाना] (કા) શરતમાં ઉતારવું [વગ, ભેડનો કાળ

**ભેડિયો** પું૦ ['ભેડ' પરથી, સર૦ हिं. भेडिया]

**ભેડો** પું૦ (કા) ભેખડ

**ભેણું** (ભે) ન૦ [प्रा. भायण(सं भाजन)] ઘી તાવવાનું માટીનું વાસણ

**ભેદ** પું૦ [सं] તફાવત, જુદાપણું (૨) વર્ગ; વિભાગ; પ્રકાર (૩) છાની વાત (૪) છળભેદ (૫) ફૂટ પાડવી તે (૬) ચીરો; બાકું. [-આપવો=રહસ્ય જણાવવું. -ઉઘાડો પાડવો, ખોલવો=રહસ્ય પ્રગટ કરવું. -જાણવો, પામવો=છૂપી વાત જાણી લેવી. -ફોડવો=છૂપી વાત ઉઘાડી પાડવી. -લેવો=છૂપી વાત જાણી લેવી. -રાખવો=વહેરોઆંતરો કરવો (૨) છાની વાત કે રહસ્ય સાચવવું] ૦ક વિ૦ ભેદનારું (૨) રેચક. ૦દૃષ્ટિ સ્ત્રી૦ ભેદભાવ; જુદાપણું. ૦ન ન૦ ભેદવું તે. ૦બુદ્ધિ સ્ત્રી૦ જુઓ ભેદદૃષ્ટિ.

૦ભાવ પું૦ જુદાપણું, અંતર (૨) કપટ. ૦વું સ૦ક્રિ૦ છેદ પાડવો, તોડવું. –દિયો પું૦ ભેદ–રહસ્ય જાણનાર માણસ. –દી વિ૦ રહસ્યમય; ફૂટ. –દુ પું૦ ભેદ–રહસ્ય જાણનાર (૨) જાસૂસ (૩) ફૂટ પડાવનાર. –દ્ય વિ૦ ભેદી શકાય તેવું (૨) ભેદવા યોગ્ય

**ભેભટ** સ્રી૦[प्रा. भट्ठ, 'ભઠ્ઠી' ઉપરથી] ઊની રાખ; ભડસાળ

**ભેર** સ્રી૦[જુઓ ભેરુ]મદદ; વહાર(૨)[सं.]ભેરી

**ભેર** (ભે)[प्रा. भरिअ (स. भृत, भरित)] શબ્દને લાગતા '–તે સાથે, સહિત' એ અર્થનું અ૦ બનાવે. ઉદા૦ હોસભેર. કેટલીક જગાએ 'માત્ર તે સાથે' એવો અર્થ પણ થાય છે. ઉદા૦ પોતિયાભેર

**ભેરવ** (ભે) વિ૦ [प्रा. भेरव (स. भैरव)] ભૈરવ સંબંધી (૨) ભયંકર (૩) પું૦ શિવનું એક સ્વરૂપ (૪) ચીબડી (૫) એક રાગ. ૦જપ પું૦ [सं झंपा = કૂદકો] મોક્ષ માટે જપ કરતાં કરતા પર્વત ઉપરથી પડતુ મૂકવું તે (૨) [લા.] જોખમના કે વિકટ કામમા આંધળિયા કરી પડવું તે. [–ખાવો]. –વી સ્રી૦ એક રાગિણી

**ભેરવવું** સ૦ ક્રિ૦ [સર૦ हिं. भिडाना]ભરવવું; વળગાડવું (૨) ભંભેરવું; ભમાવવું

**ભેરવાવું** અ૦ક્રિ૦ 'ભેરવવું'નું કર્મણિ (૨) ગૂંચવાઈ જવું, સંડોવાવું

**ભેરિ(–રી)** સ્રી૦ [सं ] નોબત; નગારું; ભેર

**ભેરુ** પું૦ [જુઓ ભીરુ, સર૦ म. भिडू] સાથી, ભિલ્લુ

**ભેલા(–ળા)દ** પું૦[स मेलय्, प्रा मेल ઉપરથી, સર૦ म. मेलण] બગાડ; નુકસાન ૦વું સ૦ક્રિ૦ બગાડવું; વણસાડવું

**ભેવ** પું૦ +[જુઓ ભેદ] મર્મ

**ભેષજ** ન૦ [सं.] ઓસડ

**ભેળ** પું૦ [सं मेलय्, प्रा. मेल; म.] ભેગ; મિશ્રણ (૨) ભેલાડ; બગાડ (૩) ભગાણ; લૂટ (૪) સ્રી૦ એક ચવાણું (મુંબઈ). ૦વણ ન૦, ૦વણી સ્રી૦ ભેળવણી; મિશ્રણ ૦વવું સ૦ક્રિ૦ ભેળવવું, મિશ્ર કરવું (૨) સામેલ કરવું ૦વું સ૦ક્રિ૦ સામેલ રાખવું (૨) ભેળવવું; મિશ્રિત કરવું (૩) ભેળવવું. ૦સેળ વિ૦ એકઠું; મિશ્રિત (૨) સ્રી૦ મિશ્રણ. ૦સેળિયું વિ૦ ભેળસેળવાળું. –ળાડ, –ળાડવું જુઓ 'ભેલાડ'મા. –ળામણ ન૦, –ળામણી સ્રી૦ ભેળવવાની વસ્તુ (૨) ભેળવવું તે (૩) ભેળવવાનું મહેનતાણું. –ળી સ્રી૦ ખીચડી (પુષ્ટિમાર્ગીય). –ળીસાડો પું૦ (કા.) ભેળો વસવાટ (૨) સમાગમ, પરસ્પર સારો સંબંધ. –ળું વિ૦ (૨) અ૦ ભેગુ; સાથે

**ભેં** (ભેં૦) ન૦ (૨) અ૦ [રવ૦] રડવાનો અવાજ ૦કડો, ૦કાર પું૦ લાંબે સાદે રડવું તે કે તેનો સાદ. [ભેંકડો મૂકવો, મેલવો, તાણવો = ભેં કરવું.] ૦કવું અ૦ક્રિ૦ [રવ૦; સર૦ म. भेंकणे] ભેંકડો મૂકવો; ભેં ભેં કરવું. ૦ભેં અ૦ ભે [(૨) જુઓ 'ભે'મા

**ભેંકાર** (ભેં૦) વિ૦ +[જુઓ ભેકાર] ભયંકર

**ભેંચો** (ભેં૦) પું૦ ['ભચ્ચ' રવ૦ ઉપરથી?] છૂંદાયેલો લોચો; માસનો લોચો(૨) છૂંદાયેલી વસ્તુ (૩) [લા.] કસ, દમ. [–કાઢવો = જુઓ ભેંચો ઉડાડવો (૨) દમ કાઢવો. –ઉડાડવો = છૂંદો કરી નાખવો; કચરી–પીલી નાખવું. –ઊડવો, ઊડી જવો, નીકળી જવો = કચરાઈ–પિલાઈ જવું; કચરાઈને લોદો થઈ જવુ (૨) દમ નીકળી જવો.]

**ભેંશ(–સ)** (ભેં૦) સ્રી૦ [सं महिषी, प्रा. महिसी; हिं भैंस] દૂધ દેનારું એક ઢોર; ડોબું. [–આગળ ભાગવત = નકામી શિખામણ; મૂરખને શિખામણ; –પહેલાં ખૂંટા, –ભાગોળે ને ઘેર ઝેરડકા, –ભાગોળે ને છાશ છાગોળે = શેખચલ્લીવેડા જેવી ખોટી ધમાલ.] ૦મૂડું વિ૦ [+મૂડવું] ડોબામૂડ; મંદબુદ્ધિ –સર પું૦ પાડો –સલું વિ૦ (કા.) નમાલુ પાડા જેવું ઠંડું –સલો પું૦ બે ચીલાની વચમાનો ઊંચો ભાગ. –સાસણ પું૦ [+અસુર?] મોટો પાડો. –સાસુર પું૦ ભયંકર માણસ(૨) (સં.) પાડાના આકારનો એક રાક્ષસ; મહિષાસુર. –સાસૂર પું૦ ભેંસ જેવો જાડો સૂર. –સું ન૦[સર૦ हिं भैंसोरी] ભેંસનુ આણુ ચામડું

ભેંસો ((લે૦) પું૦ [જુઓ ભીસ] દબાણ; પડખાથી જોર દેવું તે [ જાતનો ગૂગળ

ભેંસોગૂગળ (ભે૦)પું૦[સ મહિષાક્ષગુગ્ગુલ]એક

ભેડ સ્ત્રી૦[ 'ભીડવું' ઉપરથી ](ર )કોસની વરત અને ઝૂંસરાના દોરડાને સાંધવાની લાકડાની મેખ. [–કાઢી નાખવી, નીકળી જવી, વેરાઈ જવી = જુઓ ભડ સ્ત્રી૦. –ઘાલવી આફત વળગાડવી; તેવી સ્થિતિમા મૂકી દેવુ.]

ભૈયો પુ૦ [પ્રા भाउअ (सं भ्रातृ), हिं भैया, म. भैय्या] ભાઈ (૨) ઉત્તર હિંદનો વતની –યાશાઈ વિ૦ ભૈયાની ઢબનુ

ભૈરવ વિ૦ (૨) પું૦ [सं ] જુઓ ભેરવ ૦ઘાટી સ્ત્રી૦ ઊંચા શિખરની ભયંકર કરાડનું સ્થાન. ૦જપ પુ૦ જુઓ ભેરવજપ. –વી સ્ત્રી૦ ભેરવી રાગિણી (૨) (સં.) દુર્ગાનું એક સ્વરૂપ

ભો (ભૉ) પુ૦ ['भय' ઉપરથી] ભય

ભો અ૦ [सं.] ઓ! ઓ! (સંબોધનનો ઉદ્‌ગાર)

ભોઈ પુ૦ [दे. भोइ = મુખી, નાયક; સર૦ हिं., म.] પાલખી ઉપાડવાનો ધંધો કરનાર

ભોક પું૦ ['ભોકવુ' ઉપરથી] જુઓ ભોંક

ભોકવું સ૦ક્રિ૦ [सं. मूक (म. मोक) = છિદ્ર, કાણું, म मोकणे हिं. मोंकना] ઘોંચવું; ભોંકવું

ભોકારું ન૦ [सं. मूक, म. मोक = પોલ, છિદ્ર] ભોપાળું; પોગળ [ભોક્તાપણુ

ભોક્તા પું૦. [सं ] ભોગવનાર. –ક્તૃત્વ ન૦

ભોગ પું૦ [सं.] ભોગવવું તે (૨) ભોગવવાની સામગ્રી (૩) દેવને ધરાવવાનો પ્રસાદ (૪) [લા.] માઠી દશા (૫) બલિદાન. [–આપવો = બલિદાન આપવું, ત્યાગ કરવું. –આવવું = ઉપભોગમા આવવુ (૨) રુચવું અનુકૂળ આવવું –ચડાવવો, ધરાવવો = નૈવેદ્ય અર્પણ કરવુ; બલિદાન આપવુ. –થવું, થઈ પડવું = હોમાઈ જવુ, બલિ થવુ (૨) નો શિકાર બનવુ; સોસવુ પડવા ; હાલતમા આવવુ –ના જોગ = માઠી દશાનો યોગ –પડવું = ની માલકી – ભોગવટા હેઠળ જવું –ફરી વળવા, મળવા, લાગવા = આવી બનવું; કમનસીબ હોવું (૨) આફત આવવી –લેવો = બલિ લેવો (૨) જાન લેવો ] ૦જોગે અ૦ દૈવયોગે; સંજોગવશાત્; કદાચ. ૦ણી સ્ત્રી૦ + ભોગ કરનારી કે લેનારી સ્ત્રી. ૦ભૂમિ સ્ત્રી૦ (કર્મભૂમિથી ઊલટી) જ્યાં નવો પુરુષાર્થ નથી થઈ શકતો, પણ જૂના પુરુષાર્થના ફળ જ ભોગવવાનાં હોય છે, તેવી સ્વર્ગ વગેરે જગા. ૦વટો પું૦ ઉપયોગ, માલિકી. ૦વવું સ૦ક્રિ૦ ઉપભોગ કરવો (૨) સહન કરવું. ૦વિલાસ પુ૦ અમનચમન

ભોગળ સ્ત્રી૦ જુઓ ભૂંગળ(૧) [ભોગવનાર

ભોગિયો પું૦ ['ભોગી' ઉપરથી] ભોગી પુરુષ;

ભોગી વિ૦ [सं ] ભોગવનાર (૨) પુ૦ ભોગિયો (૩) આશક, પ્રીતમ (૪) ભમરો (૫) સાપ. –ઈંદ્ર પું૦ [+ इंद्र] (સં ) શેષનાગ

ભોગ્ય વિ૦ [सं ] ભોગવવા લાયક (૨) ન૦ ધન; પૂંજી

ભોજ પુ૦ [सं.] યાદવોની એક જાતનો માણસ (૨) (સં.) એક દાનવીર પ્રાચીન રાજા ૦પતિ પુ૦ (સં.) કંસ [ ગવૈયો

ભોજક પું૦ [सं ] ભોગવનાર (૨) જૈન મંદિરનો

ભોજન ન૦ [सं ] જમણ. [–આપવું, કરાવવું = જમાડવું –કરવું, લેવું = જમવું ] ૦ગૃહ, –નાલય ન૦, ૦શાલા(–ળા) સ્ત્રી૦ જમવાનુ સ્થાન (૨) વીશી. ૦દક્ષિણા સ્ત્રી૦ જમાડયા પછી આપવામા આવતી દક્ષિણા

ભોજનીય વિ૦ [सं ] ખાવા કે ભોગવવા યોગ્ય

ભોજપત્ર [સર૦ हिं ; म.] જુઓ ભૂર્જપત્ર

ભોજપરું ન૦ (કા.) અસલ ભોજપરા ગામની બનાવટનો ફેંટો [બોલી

ભોજપુરી સ્ત્રી૦ [हिं ] બિહારના એક ભાગની

ભોજલું ન૦ [फा बूझ़नह] માકડુ

ભોજાઈ સ્ત્રી૦ [दे. भाउज्जा] ભાભી

-ભોજી વિ૦ [सं ] ખાનાર (સમાસમા છેડે). ઉદા૦ 'માંસભોજી'. –જ્ય વિ૦ ભોજનીય (૨) ન૦ ખાવા કે ભોગવવાની વસ્તુ

ભોટ વિ૦ (૨) પું૦ [સર૦ म ] મૂઢ, બેવકૂફ

ભોટવો પુ૦ માટીનો ચંબુ

ભોટંગડી સ્ત્રી૦ [सं. भण्टाकी] એક વનસ્પતિ

ભોટી સ્ત્રી૦ કૂતરી (કા )

**ભોટીલું** ન૦ [सं. भूत=બચ્ચું?] કુરકુરિયું

**ભોઠું** (ભોં) વિ૦ જુઓ ભોંઠું. -ઠપ સ્ત્રી૦, -ઠામણ ન૦ જુઓ ભોંઠપ

**ભોઢ** વિ૦ [प्रा. पोढ(सं. प्रौढ)] (ચ.) પાકવા પર આવેલી-સાખ જેવી (આમલી)

**ભોડું** ન૦ [दे. वोड=મૂંડેલું માથું (सं. मुंड)] માથું [શેરડી વગેરેના)

**ભોથું** ન૦ [सं. वृंहित?] મૂળિયાંનો ઝૂંડો (હાલ,

**ભોદો** પું૦ [સર૦ ફ્રાહ, રવ૦?] પેટ (તિરસ્કારમાં)

**ભોપાળું** ન૦ [સર૦ म. भोपळा=તુંબડું] પોલ; પોકળ (૨) ઢોંગ. [-કાઢવું=એવું કરવું જેથી પોલ કે ઢોંગ પકડાઈ જાય. -નીકળવું=પોલ પ્રગટ થવું.]

**ભોપી** પું૦ [સર૦ का. वोप्पी, म. भोपी-प्या] ભરડો; શિવનો પૂજારી

**ભોપો** વિ૦ પું૦ [સર૦ हिं. भोपा=ફૂંકીને વગાડાતી તુરઈ (૨) મૂર્ખ] બેવકૂફ; મૂર્ખ

**ભોમ** પું૦ [प्रा.(सं. भौम)] જુઓ ભૌમ ૩, ૪. ૦વા(૦સ)ર પું૦ મંગળવાર

**ભોમ,** ૦કા સ્ત્રી૦ ['ભૂમિ' ઉપરથી] ભૂમિ

**ભોમિયું** વિ૦ ['ભૂમિ' ઉપરથી? म. भोयाळ અથવા સર૦ म. भोवणें (सं. भ्रमण)] જાણકાર. -યણ સ્ત્રી૦ જાણકાર સ્ત્રી. -યો પું૦ જાણકાર માણસ (૨) વાટ બતાવનાર

**ભોર** પું૦; સ્ત્રી૦ [प्रा. परोह (सं. प्ररोह)? हिं] પરોઢિયું (૨) પું૦ જુઓ ભોળ (૩) અ૦ ભોરભોર -રંભોર અ૦ સમાપ્ત; ખલાસ. [-કરવું, કરી મૂકવું=પૈસા ઉડાવી દેવા; વાપરી દેવું]

**ભોર** [ભોં] પું૦ [सं. भृ ઉપરથી?] ઘાસના પૂળાથી ભરેલું ગાડું (૨) ગાડું ભરાય તેટલો જથ્થો ઉદા૦ ભોર લાકડાં

**ભોરા** ન૦ [हिं.] એક પક્ષી

**ભોરિંગ** પું૦ [સર૦ ભોગીન્દ્ર] મોટો નાગ

**ભોરિંગડી** સ્ત્રી૦[જુઓ ભોટંગડી] એક વનસ્પતિ

**ભોરો** (ભો?) પું૦ [प्रा. भवर, हिं. भौंरा, म. भोरा (सं. भ्रमर)] ભમરો [ભોલ

**ભોલ** વિ૦ [दे. पोल्ल] પોલું; ફૂલેલું ઉદા૦ જાડું

**ભોલુ** પું૦ વાદરો

**ભોહુ** ન૦ ઈંઢોણી (વેલાની)

**ભોળ** (ભો?) પું૦[સર૦ म. भोवळ(सं भ्रमण)] તમ્મર (૨) તમ્મરથી આવતી ઊલટી

**ભોળું,** -ળિયું વિ૦ [दे. भोल; हिं. भोला] કપટમાં ન સમજે તેવું; સાલસ ૦ભટ, ૦ભટાક, ૦ભાળું વિ૦ સાવ ભોળું -ળપ સ્ત્રી૦, -ળપણ ન૦, -ળાઈ સ્ત્રી૦ ભોળાપણું. -ળવણી સ્ત્રી૦ ભોળવવું તે. -ળવવું સ૦ક્રિ૦ ભરમાવવું. -ળાનાથ પું૦ (સ.) મહાદેવ -ળા રાજા, શંકર પું૦ બ૦ વ૦, -ળું બ્રહ્મા, ભાલું વિ૦ [+ ભલું?] ભોળું અને ભલું, નિખાલસ ને ખુલ્લા દિલનો માણસ (૨) છેતરાઈ જાય એવું મૂરખ માણસ. -ળિયો પું૦ એક જાતનો ભિખારી

**ભોં** (ભોં૦) સ્ત્રી૦ [सं भूमि] ભોંય. ૦પાથરી [ભોંય+પથરાવું] ગળજીભી

**ભોં** (ભોં૦) ન૦ (૨) અ૦ [રવ૦] ભૂંગળ કે ગાયના બરાડવાનો અવાજ

**ભોંક** (ભોં૦) ન૦ [જુઓ ભોક] છિદ્ર; કાણું (૨) ભોંકાવાની અસર. ૦વું અ૦ ક્રિ૦ ભોંકવું

**ભોંકોળું** (ભોં૦) ન૦ જુઓ ભોંયકોળું

**ભોંઠું** (ભોં૦) વિ૦ [प्रा भट्ठ(सं. भ्रष्ट)] ભોંઠપ વાળું. [-પડવું=શરમાવા જેવું થવું; ઝાંખું પડવું] -ઠપ સ્ત્રી૦, -ઠામણ ન૦ શરમ; શરમિંદાપણું, નીચાજોણું

**ભોંણ** (ભોં૦) ન૦ [ભોં ઉપરથી?] (કા) દર

**ભોંણિયું** (ભોં૦) ન૦ [રવ૦] બાયું

**ભોંય** (ભોં૦) સ્ત્રી૦[सं भूमि] જમીન [-આવવી=નવી ચામડી આવવી, રૂઝ આવવી. -કરવી=માટીથી સપાટી કરવી -કૂંડાળી લખવી=મરણસ્થાનનું નિર્માણ કરવું -ખણવી, ખોતરવી=શરમની એવી ચેષ્ટા કરવી; શરમાવું; નીચું જોવું (૨) આળસુપણાની એવી ચેષ્ટા કરવી -ઘાલ્યા!=ભોંય નાખ્યા! 'મૂઆ' એ અર્થની છોકરાને વડીલ સ્ત્રીની ગાળ. -ન ખાવું=મરવા પડવું (૨) બહુ ભૂખ લાગવી. -નાખવું=મરનારને ચોકે ઉતારવો. -નાખ્યા!=જુઓ ભોંય ઘાલ્યા! -પર પગે ન મૂકવો=ગર્વ કે મિજાજનો પાર ન હોવો.

**-ભરવી**=ફોગટ ફેરો ખાવો **-બરાબર કરવું, ભેગું કરવું**=મારી મારીને સુવાડી દેવુ (૨) જમીનદોસ્ત કરવું **-ભારે પડવી** (નાસતા)=નાસી પણ ન જઈ શકાય એવી રીતે ઘેરાઈ જવું **-ભાગવી**=ચામડી ફાટવાથી સડી જવી **-માં ઊગવું, હોવું**=ઊગતી ઉમ્મર હોવી (નાની ઉમ્મર છતા યુક્તિબાજ કે તરકટી હોય તેને માટે બોલાય છે) **-માંથી ભભૂકો નીકળવો**=અણધારી જગાએથી હુમલો થવો (૨) એકાએક લડાઈ જાગવી (૩) એકાએક સળગી ઊઠવુ; એકદમ ક્રોધાવેશ પ્રગટવો **-માં પગ હોવા**=જુઓ ભોંયમા ઊગવુ. (૨) ખબ કપટી ને રહસ્યવાળા હોવું **-માં પેસતું જવું**=ઠીંગણું રહેવું; ઉંમર વધવા છતા ઊંચું ન વધવું **-માં પેસવું**=ખબ શરમાવું; લાજવું **-માં મૂળિયાં હોવાં**=બહાર ન દેખાય પણ અંદરખાનેથી ખૂબ પાકું હોવું **-સૂંઘવી**=મરવાની અણી પર આવવુ **ભોંયે ઉતારવું, નાખવું, લેવું**=ચોકે ઉતારવું; મરવાની તૈયારી હોવી. **ભોંયે પડવું**=મરવાની તૈયારી પર હોવુ, થાકને લીધે જમીન ઉપર લાબા થઈ સૂઈ રહેવુ.] **૦આમલી, ૦આંબલી** સ્ત્રી૦ એક વનસ્પતિ. **૦આવળ** પું૦; સ્ત્રી૦ એક વનસ્પતિ. **૦ઈંકિડ** સ્ત્રી૦ એક વનસ્પતિ **૦કંદ** પુ૦ એક વનસ્પતિ અને એનો કંદ **૦કોસકી** સ્ત્રી૦ એક વનસ્પતિ. **૦કોળું** ન૦ ભોંકોળું; એક જાતનું કોળું. **૦ચપો** પું૦ એક જાતનો ચપો. **૦તરવડ** સ્ત્રી૦ સોનામુખી. **૦તળિયું** ન૦ ઘરનો છેક નીચેનો ભાગ **૦ભાડું** ન૦ ભોંય કે ભાડું, જમીન **૦ભાડું** ન૦ જમીનનું ભાડું કે મહેસૂલ (૨) સ્મશાનમા બાળવાની જગાનું ભાડુ. **૦રસો** પુ૦ લીંપણના પોપડાનો રસ **૦રીંગણી** સ્ત્રી૦ એક વનસ્પતિ. **૦રું** ન૦ જમીનની અંદર કરેલુ ઘર (૨) ભોંયની અંદર કરેલો રસ્તો [**ભોંયરામાં રાખવું**=અત્યન્ત ગુપ્ત રાખવુ-સંતાડી રાખવુ] **૦શિં(-શીં,-સિં, -સીં)ગ** સ્ત્રી૦ મગફળી

**ભૌગોલિક** વિ૦ [સં] ભૂગોળ સબંધી

**ભૌહું** ન૦ [સર૦ હિં. मौंही] આખુનો ભીલ

**ભૌતિક** વિ૦ [સં] પંચમહાભૂત સંબંધી-તેમનુ બનેલુ, સ્થૂળ, જડ (૨) ભૂતયોનિ સબંધી. **૦વિદ્યા** સ્ત્રી૦ ભૂતપ્રેત સંબંધી વિદ્યા (૨) ભૌતિકશાસ્ત્ર **૦શાસ્ત્ર** ન૦ ભૌતિક પદાર્થોને લગતુ શાસ્ત્ર, 'ફીઝિક્સ' **૦શાસ્ત્રી** પુ૦ ભૌતિકશાસ્ત્ર જાણનાર

**ભૌમ** વિ૦ [સં.] પૃથ્વી સંબંધી (૨) મંગળનું (૩) પું૦ મંગળગ્રહ (૪) મંગળવાર (૫) સાટોડીનો છોડ. **૦વા(૦સ્ત્ર)ર** પુ૦ મંગળવાર

**ભૌમિતિક** વિ૦ [સં] ભૂમિતિનુ, ભૂમિતિને અંગેનુ

**ભ્રમ** પુ૦ [સં] સંદેહ (૨) ભ્રાન્તિ (૩) ગોળ ફરવું તે. [-ભાગવો=સંદેહ કે ભ્રમ દૂર કરવો કે થવો.] **૦ણ** ન૦ ફરવું-રખડવું તે. (૨) જુઓ ભ્રમ (૩) **૦ણા** સ્ત્રી૦ ભ્રમ, ભ્રાંતિ

**ભ્રમર** પું૦ [સં.] ભમરો

**ભ્રમિત** વિ૦ [સં.] ભ્રમ પામેલુ, ભ્રમમાં પડેલું

**ભ્રષ્ટ** વિ૦ [સં] ઊંચેથી પડેલુ (૨) પાપી, દુરાચારી (૩) અપવિત્ર થયેલું. **૦તા** સ્ત્રી૦ **-ષ્ટાચાર** પું૦ [+आचार] દુરાચાર; પાપ

**ભ્રંશ(-સ)** પું૦ [સં] નીચે પડવુ તે, અધઃપાત

**ભ્રાત,-તા** [સં.] પુ૦ ભાઈ. **-તૃજાયા** સ્ત્રી૦ ભાભી **-તૃતા** સ્ત્રી૦, **-તૃત્વ** ન૦, **-તૃભાવ** પુ૦ ભાઈચારો

**ભ્રામક** વિ૦ [સં] ભ્રમમા નાખે એવું

**ભ્રામરી** સ્ત્રી૦ [સં] (સ.) પાર્વતી

**ભ્રાંત** વિ૦ [સં] ભ્રમિત; ભ્રાંતિવાળુ. **-ત(-તિ)** સ્ત્રી૦ ભ્રમ; મોહ, ખોટો ખ્યાલ, ખોટું જ્ઞાન (૨) શક; અંદેશો. **-તિકર,-તિકારક** વિ૦ ભ્રાંતિ ઉપજાવનારુ. **-તિમત** પુ૦ એક અલંકાર, જેમા બે વસ્તુ વચ્ચેના સામ્યને લીધે એકબીજામાં ભ્રાંતિ થાય છે

**ભ્રૂ** સ્ત્રી૦; ન૦, **૦કુટિ(-ટી)** સ્ત્રી૦ [સં.] ભવું; ભમ્મર

**ભ્રૂણ** પુ૦ [સં] કાચો ગર્ભ. **૦હત્યા** સ્ત્રી૦ ગર્ભની હત્યા, ગર્ભપાત કે ગર્ભનાશ કરવો તે (એક મહાપાપ)

**ભ્રૂભંગ, ભ્રૂવિકાર** પું૦ [સં] ભવા ચડાવવા તે

# મ

**મ** પું૦[सं.] પ વર્ગનો અનુનાસિક. ૦કાર પું૦ મ અક્ષર કે ઉચ્ચાર. ૦કારાંત વિ૦ છેડે મકારવાળુ
**મ** પું૦ સંગીતના મધ્યમ સ્વરનો સંકેત (૨) અ૦ [प्रा. (स. मा)] મા; નહિ
**મઉ** વિ૦ [दे. मउअ] ઘણા દિવસનું ભૂખ્યું, ભૂખથી ટળવળતુ (૨) [प्रा (सं. मृदु); म] પોચું (૩) કંજૂસ (૪) પું૦ ભૂખ્યા અને દુઃખી લોકોનું ટોળું [–થવું=દુભાવું; નમવું (૨) કંગાળ થવુ (૩) કંજૂસ થવું (૪) હેરાવું; આગળ જવું.] ૦હાવેડા પુ૦બ૦વ૦ ભિખારીવેડા ૦હું વિ૦ મઉ; ભૂખ્યુ,
**મકતબ** સ્ત્રી૦ [अ.] નિશાળ
**મકતો** પું૦ [अ.] ગઝલની છેલ્લી ટૂંક
**મક(–ગ)દૂર** સ્ત્રી૦ [अ.] જુઓ મગદૂર
**મકનું** વિ૦ [સર૦ हिं. मकुना; सं मनाका=હાથણી]મસ્ત;મનસ્વી [મકનો હાથી=મદમસ્ત હાથી (૨) કહ્યામા ન રહે તેવો છકી ગયેલો આદમી (૩) ઠીગણો ને ભરાવદાર આદમી ]
**મકબરો** પું૦ [अ.] કબરસ્તાન (૨) રોજો
**મકર** પુ૦ [अ. मक्र] મક્કર; છળકપટ; ફેલ. ૦જના સ્ત્રી૦ [फा. झनान] સ્ત્રી૦ સ્ત્રીચરિત્ર; સ્ત્રીઓનો પ્રપચ ૦બાજ વિ૦ કાવતરાખોર, દગાબાજ, કપટી
**મકર** પુ૦ [सं.] મગરમચ્છ (૨) જુઓ મગર (૩) દશમી રાશિ. ૦ક સ્ત્રી૦ એક જાતની માછલી. ૦કેતન, ૦કેતુ, ૦ધ્વજ, પું૦ (સં) કામદેવ. ૦રાશિ સ્ત્રી૦ મકર; દશમી રાશિ. ૦સંક્રમણ ન૦, ૦સંક્રાંતિ સ્ત્રી૦ સૂર્યનું મકર રાશિમા જવું તે; ઉત્તરાયણ
**મકરકૂદી** સ્ત્રી૦[મકર (सं. मर्क=વાદર)+કૂદવું? કે अ. मक्र ઉપરથી?] ચરબી, તોફાન
**મકરજના, મકરબાજ** જુઓ 'મકર'મા
**મકરબો** પું૦ જુઓ મકબરો
**મકરવો** પુ૦ શેરડીનો ટુકડો, બડવો (પ્રાયઃ બ૦વ૦માં વપરાય છે)
**મકર-સંક્રમણ, મકરસંક્રાતિ** જુઓ 'મકર'મા
**મકરંદ** પુ૦ [सं] ફૂલનું મધ (૨) ફૂલની રજ (૩) ભમરો (૪) કોકિલ
**મકરાકર** પુ૦ [सं] સમુદ્ર
**મકરાકૃત** વિ૦ [सं.] માછલીના આકારનું
**મકરાણી** પુ૦ સિંધની વાયવ્યે આવેલા મકરાણ દેશનો રહેવાસી
**મકરાર્ક** પુ૦ [स] મકર રાશિનો સૂર્ય
**મકરી** સ્ત્રી૦ [सं.] મગરની માદા; મગરી
**મકલાવું** અ૦ક્રિ૦ [स मुकुलय् પરથી?] મલકાવું, સ્મિત કરવુ (૨) ખૂબ હરખાવું
**મકવાણો** પું૦ એ જાત કે અટકનો માણસ
**મકસદ** સ્ત્રી૦ [अ] મુરાદ, ધારણા
**મકસૂદ** અ૦ [अ] જાણી જોઈને; હેતુપુરઃસર
**મકાઈ** સ્ત્રી૦, પુ૦[સર૦ हिं. मक्का; म मका, मकई] એક અનાજ. ૦ડોડો, ૦દોડો પું૦ મકાઈનો ડોડો
**મકાત** સ્ત્રી૦ [अ मुक़ातिअ] દાણ, જકાત (૨) ઇજારો. –તી પું૦ દાણી (૨) ઇજારદાર
**મકાન** ન૦ [अ.; સર૦ म मकाण, हिं] ઘર; ઇમારત [(૨) જુઓ ['મ'મા]
**મકાર** પુ૦ [सं] મણની સંજ્ઞા (વેપારીઓમા)
**મકાયતું** વિ૦ મલકાતુ
**મકોડી,–ડો** પું૦ [दे. मक्कोड; हिं. मकोडा, म. माकोडा] જુઓ 'મંકોડી'મા [૦પણું ન૦
**મક્કમ** વિ૦ [अ मुहकम] દૃઢ ૦તા સ્ત્રી૦,
**મક્કર** પું૦ [જુઓ મકર; સર૦ हिं.] છળ
**મક્કલ** ન૦ [सं.] પ્રસૂતાનો એક રોગ
**મક્કા** ન૦ [अ] (સ) એક નગર–મહંમદ પેગંબરનું જન્મસ્થાન (અરબસ્તાનમા)
**મક્તો** પું૦ [अ. मक्तअ] ઇજારો; ઠેકો
**મક્ષિ(–ક્ષી)કા** સ્ત્રી૦ [सं] માખ
**મખ** પુ૦ [सं.] યજ્ઞ
**મખમલ** ન૦; સ્ત્રી૦ [अ.] એક જાતનું રેશમી કાપડ. –લી વિ૦ મખમલનુ(૨)મખમલ જેવું
**મખમૂર** પું૦ [अ.] દારૂ પી ગાંડો બનેલો
**મખાંતર** ન૦ [स मिषांतर] નિમિત્ત, બહાનું
**મખિયરડું, મખિયારું** ન૦ [प्रा मक्खिआ

(સં. મક્ષિકા)] ઘોડાની આંખ પર માખીઓ બેસતી અટકાવવાની લટકતી દોરીઓવાળી પટી

**મખ્ખીચૂસ** વિ૦ [हिं.] કંજૂસ

**મગ** પું૦ [प्रा. मुग (सं मुद्ग)] એક કઠોળ [**મગ કંસાર બાફણાં**=જુઓ મગબાફણાં (૨). **મગનું નામ મરી (ન દેવું, પાડવું)**= બોલવું નહીં (યુક્તિ ખાતર કે કંઈ રહસ્યથી). **–ને અઠ્ઠ ભેગા ભરડવા**=ખીચડો કરવો; જેમ આવ્યું તેમ ખરુંખોટું – સેળભેળ બોલવું. (**અમુક પાણીએ**) **મગ ચઢવા**=કામ પાર પડવું (**મોમા**)**મગ ઓરવા, ભરવા**=(બોલવું ઘટે છતાં) ન બોલવું; મૌન ધારણ કરવું. (**–ના**) **મગ વેરાઈ જવા**=મોતિયા મરી જવા (૨) ખિલખિલ હસી પડવું.] ૦**બાફણાં** ન૦બ૦વ૦ મનમાં ને મનમાં મૂંઝાવું કે બળવું તે (૨) રિસાવું કે અણમના રહેવું તે (૩) લાકડાં છાણાં ફરાઠી વગેરે બળતણ

**મગ** પુ૦ [प्रा मग्ग (सं. मार्ग)] માર્ગ [પ.] (૨) સ્ત્રી૦ [दे मग्गा, मग्ग] બાજુ; તરફ (૩) અ૦ ભણી; તરફ

**મગજ** પું૦ [સર૦ हिं. मगद (सं मुद्ग= મગ)] ચણાના લોટની એક મીઠાઈ

**મગજ** ન૦ [फा. मग्ज, સર૦ म ; हिं ] ખોપરીની અંદરનો નરમ ભાગ, ભેજું (૨) પું૦ ફળની મીજ.[**–ઉપર છારી વળવી** = મગજ બહેર મરી જવું **–ઊંધુંચત્તું થઈ જવું**=બુદ્ધિ ઠેકાણે ન રહેવી **–કહ્યું કરતું નથી**=બુદ્ધિ ચાલતી નથી (૨) મગજ ભમે છે (૩) મિજાજ જાય છે **–ખસી જવું**=ગાંડા થઈ જવું **–ખાવું, ખાઈ જવું** =માથાફોડ કરાવવી, કંટાળો આપવો **–ચસકી જવું**=ગાંડા થવું **–ઠેકાણે ન હોવું** = વ્યગ્ર કે ગુસ્સે હોવું (૨) ગાંડપણ હોવું; ભાન ખસી જવું **મગજનાં બારણાં ઊઘડવાં**=અક્કલ આવવી, ગમ પડવી **મગજનું ખસેલું, ચસકેલું**=ગાંડું **મગજનું ફરેલું, ફાટેલું**=ઉચ્છૃંખલ; ભારે મિજાજી **મગજનો ખીમો કરવો**=મગજને ખૂબ ત્રાસ આપવો **–પાકી જવું**=માથાફોડથી કંટાળવું; માથામાં દુઃખાવો થવા આવવો. **–ફરવું, ફરી જવું**=ક્રોધ, તાપ કે ગુસ્સાથી માથું ભમી જવું **–ફોડવું**=મગજને કંટાળો–શ્રમ આપવા. **–બહેર મારી જવું**=મગજ શૂન્યવત્– જડ થઈ જવું, વિચારશક્તિ હણાઈ જવી **–ભમી જવું**=વ્યગ્રચિત્ત થઈ જવું, બુદ્ધિ ઠેકાણે ન રહેવી **–માં આવવું, ઊતરવું**= ધ્યાનમાં આવવું, સમજાવું. **–માં ઠસવું, બેસવું**=બરાબર ધ્યાનમાં આવવું–વસી જવું. **–માંથી ખસવું**= ભૂલવું કે ભુલાવું **–માં પવન ભરાવો**=મિજાજ વધી જવો. **–માં રાઈ હોવી**=મિજાજ કે અભિમાન હોવાં.] ૦**તરી** સ્ત્રી૦ [फा मग्ज+तरी (તર કરનાર)] વસાણામાં નંખાતા અમુક મીંજવાળાં બીજ. ૦**મારી** સ્ત્રી૦ માથાફોડ. **–જિયું** ન૦મગજને પુષ્ટિ આપનાર એક વસાણું

**મગજી** સ્ત્રી૦ [સર૦ हिं., म.] જુઓ મુગજી. ૦**દાર** વિ૦ મગજીવાળું

**મગડો** પુ૦ ['મગ' ઉપરથી ?] ગુલબાસનું બી

**મગણ** પું૦ [सं ] ત્રણ ગુરુ અક્ષરનો ગણ

**મગતરું** ન૦ [प्रा. मसग (सं मशक) ?] મચ્છર; ડાંસ [**મગતરા જેવું**=તુચ્છ ]

**મગતું** વિ૦ [सं मुक्त के प्रा मग्ग (सं मार्ग) ?] મોકળું; પહોળું, છૂટાશવાળું

**મગદળ** પું૦ [મગ+દળ, हिं. मगदल] મગના લોટનો લાડુ (૨) ન૦ [स. मुद्गर] મગદળિયો. ૦**વું** સ૦ક્રિ૦ કચડી નાખવું **–ળિયું** વિ૦ મગદળવાળું (૨) મગદળ ભાવતો હોય તેવું (૩) ન૦ મગદળિયો. **–ળિયો** પું૦ કસરત માટે હાથથી ફેરવવાની લાકડાની બનાવટ

**મગદૂર** સ્ત્રી૦ [જુઓ મકદૂર, સર૦ हिं ; म ] તાકાત (૨) હિંમત

**મગન** વિ૦ [જુઓ મગ્ન] રાજી (૨) (ચ ) [प्रा. मग्ग (सं मार्ग)] માગ; મગા

**મગફળી** સ્ત્રી૦[સર૦ हिं. मूँगफली, म मुंगफल्ली] તેલી બીની એક શીંગ, ભોંયશીંગ

**મગમાળા** સ્ત્રી૦ [મગ+માળા] મગ જેવડા સોનાના મણકાની માળા

**મગર** અ૦ [फा.] પરંતુ

**મગર** પું૦ [प्रा. (सं. मकर)] એક જલચર

માછલી. ૦મચ્છ પું૦ એક જાતનો મોટો મચ્છ —માછલું. ૦મસ્ત વિ૦ [+મત્સ્ય કે મસ્ત ?] હૃષ્ટપુષ્ટ, જોરાવર

**મગરિબ** સ્ત્રી૦[અ.]સંધ્યાકાળ(૨)સાંજની નમાજ (૩) પશ્ચિમ દિશા

**મગરિયું** ન૦ ['મગર' ઉપરથી] છાપરા ઉપર જવાનું બાકું

**મગરી** સ્ત્રી૦ મગરની માદા

**મગરી** સ્ત્રી૦ [સર૦ म.] ડુંગરી. —રો પું૦ ડુંગરો

**મગરૂબ.—ર** [અ.] વિ૦ અભિમાની —બી,—રી સ્ત્રી૦ અભિમાન

**મગા** સ્ત્રી૦ [प्रा मग्ग (सं. मार्ग)] જગા

**મગાવવું** સ૦ક્રિ૦, 'માગવું'નું પ્રેરક(૨)મંગાવવું

**મગાવું** અ૦ક્રિ૦ 'માગવું'નું કર્મણિ

**મગિયું** વિ૦ ['મગ' ઉપરથી] મગ જેવડું (૨) ન૦ સ્ત્રીઓનું એક જાતનું સુતરાઉ લૂગડું

**મગિયો** પું૦ ['મગ' ઉપરથી ?] એક જાતનો પથ્થર; મજિયો

**મગી** સ્ત્રી૦ ['મગ' ઉપરથી] એક વનસ્પતિ (૨) ઝીણા દાણાના મગ

**મગોડું** ન૦ ['મગ' ઉપરથી] મગનું ગોતર

**મગ્ન** વિ૦ [सं ]તલ્લીન;ગરક થયેલું(૨)મગન;રાજી

**મઘમઘવું** અ૦ ક્રિ૦ [प्रा. मघमघ] ખુશબો ફેલાવવી, મહેકવું

**મઘમઘાટ** પું૦ મઘમઘવું તે

**મઘવા** પું૦ [सं.] ઇંદ્ર

**મઘા** સ્ત્રી૦ [सं ] દસમું નક્ષત્ર [—ની ઓરણી = મઘા નક્ષત્રમાં કરેલી ઓરણી ]

**મચક** સ્ત્રી૦ [प्रा मज्ज् (सं. मस्ज्) ? સર૦ हिं ] પાછું હઠવું — ડગવું તે [—આપવી = નમતું આપવું, પાછું હઠવું ]

**મચકળિયું** ન૦ [જુઓ મચકો] કોકરવું (૨) વિ૦ તે નામની વાણિયાની નાતનું

**મચકારવું** સ૦ક્રિ૦ જુઓ મીચકારવું

**મચકારો** પું૦ ['મચકારવું' ઉપરથી] આંખ મીંચવી (ઉઘાડવી) તે [—મારવો]

**મચકો** પું૦[प्रा. मच्च् (सं.मद्)=ગર્વ કરવો કે જુઓ 'મચક'] લટકો, લહેકો. —કાળું વિ૦ લટકાળું

**મચકોડ** પું૦ [જુઓ મચકો] ઠેલો, હડસેલો (૨) તિરસ્કાર (૩) સ્ત્રી૦ મચડાવું, અમળાવું કે ઊતરી જવું તે. [—આપવી = મચકોડાવું] ૦વું સ૦ક્રિ૦ મરડવું, આંબળવું. —ડાવું અ૦ક્રિ૦ (કર્મણિ)

**મચડવું** સ૦ક્રિ૦ [प्रा. चड्ड (सं. मृद्) મસળવું કે दे. चमढ (ચીબોળવું)] મરડવું, આમળવું (૨) મસળવું. **મચડાવું** અ૦ ક્રિ૦ (કર્મણિ)

**મચમચાવવું** સ૦ ક્રિ૦ [જુઓ મચકારવું] મટમટાવવું (૨) [રવ૦] છબછબાવવું

**મચવું** અ૦ક્રિ૦ [सं. मस्ज्, प्रा. मज्ज्=ડૂબવું, લીન થવું हिं मचना. म मचणें] મચાઈ જવું (૨) તલ્લીન થઈ જવું, મંડવું (૩) જામવું, જોરમાં આવવું (જેમ કે તોફાન)

**મચાણ** પું૦ એક રોગ

**મચિયેર** સ્ત્રી૦ દરિયાકિનારે ઊગતો એક છોડ

**મૂચે(—ચૈ)ડવું** સ૦ક્રિ૦(ચ ), **મચોડવું** સ૦ક્રિ૦ (સુ.) [જુઓ મચડવું] મચકોડવું, મરડવું

**મચ્છ** પું૦; ન૦ [सं ] માછલું (૨) મેઘધનુષ. [—તાણવો = મેઘધનુષ્ય રચાવું, દેખાવું ] (૩) જુઓ મત્સ્યાવતાર

**મચ્છર** પું૦ [सं. मत्सर] ડાંસ (૨) મત્સર, ગુમાન [—ધરવો,રાખવો = ગુમાન હોવું] ૦દાની સ્ત્રી૦ મચ્છરને અટકાવવા કરાતી જાળીદાર કપડાની બનાવટ. [—બાંધવી, લગાડવી = પથારી પર મચ્છરદાની ગોઠવવી ]

**મચ્છરિયો** પું૦ એક પક્ષી

**મચ્છા મિ દોકડો** શ૦પ્ર૦[જૈન] જુઓ મિચ્છા મિ દુક્કડમ્

**મચ્છી** સ્ત્રી૦[જુઓ મચ્છ] માછલી. ૦ખાનું ન૦ મચ્છીબજાર (૨) મચ્છીમારનું રહેઠાણ. ૦બજાર ન૦ માછલીઓનું બજાર (૨) [લા ] ખૂબ કોલાહલનું સ્થાન. ૦માર પું૦ માછી. ૦વાઘ પું૦ એક પક્ષી

**મછણ(—ન)** ન૦[सं मृश्, के मृज्] જમ્યા પછી મો સાફ કરવું તે — આચમન કરવું તે. [—દેવું= જમ્યા પછી મો સાફ કરવું—આચમન કરવું તે.]

**મછરાળ** વિ૦ ['મચ્છર' ઉપરથી] મચ્છરવાળું; ગુમાની (૨) મચ્છરોથી ભરપૂર

**મછરું** ન૦ [જુઓ મચ્છર] મગતરું; ડાંસ

**મછવો** પું૦ [सं. मत्स्यवाह, સર૦ म मचवा, हिं मछवा] હોડી

**મજ** સ૦ [જુઓ મુજ] મારું
**મજકૂર** વિ૦ [अ] સદર, આગળ જણાવેલું (૨) પુ૦ હેવાલ; બીના; હકીકત
**મજદૂર** પુ૦ [फा.] જુઓ મજૂર
**મજનૂ** વિ૦ [अ. मजनून] પ્રેમઘેલું (૨) પુ૦ (સં) ફારસી સાહિત્યમાં આવતો એક પ્રખ્યાત પ્રેમઘેલો માણસ
**મજબૂત** વિ૦ [अ.] દૃઢ; હાલે નહીં તેવું (૨) સબળું, શક્તિવાળું (૩) સજ્જડ; સકસ (૪) નક્કૂર, સહેજે તૂટે નહીં તેવું **-તી** સ્ત્રી૦ મજબૂતપણું [**-આપવી** = મજબૂત કરવું]
**મજબૂર** વિ૦ [अ.] નિરુપાય, લાચાર
**મજમલે** અ૦ [अ. मिन्जुम्लह] એકંદરે
**મજમુ(-મૂ)** વિ૦ [अ. मज्मूअ] મજિયારું. ૦**દાર** પું૦ [સર૦ મ मजमू = જમીન ઉપર કર વસૂલ કરવાનો અધિકાર] પરગણાનો હિસાબ રાખનારો અમલદાર; હિસાબ તપાસનાર (૨) ભાગીદાર (૩) એક અટક. ૦**દારી** સ્ત્રી૦ મજમુદારનું કામ અને હોદ્દો
**મજમૂન** પુ૦ [अ] વિષય, બીના
**મજરે** અ૦ [अ. मुज्रा] પેટે, સાટે [**-આપવું** = હિસાબમાં ચૂકતે ગણી આપવું. **-લેવું** = હિસાબમાં ચૂકતે વાળી લેવું]
**મજરો** પું૦ [अ. मुज्रा] મુજરો, સલામ [**-કરવો** = સલામ કરવી] (૨) બદલો [**-આપવો** = બદલો આપવો.]
**મજલ** સ્ત્રી૦ [अ. मंजिल, સર૦ हिं., म] એક દિવસની મુસાફરી જેટલું અંતર (૨) મજલ પૂરી થાય તે ઠેકાણું; મુકામ (૩) મુસાફરી, ટપ્પો [**-કરવી, કાપવી, ખેડવી, ખેંચવી, મારવી** = મુસાફરી કરવી]
**મજલિસ** સ્ત્રી૦ [अ, સર૦મ मजलस] મિજલસ (૨) સભા, મંડળી [ભોગ બનેલ
**મજલૂમ** પુ૦ [अ.] જુલમથી પીડિત-તેનુ
**મજલો** પું૦ [अ मंजिल; म मजला] માળ, મેડો
**મજહબ** પુ૦ [अ.] ધર્મ, પંથ. **-બી** વિ૦ મજહબનું કે તેને લગતું
**મજા(-ઝા)** સ્ત્રી૦ [फा. मज़ा, સર૦ म. मजा] આનંદ; લહેર. [**-ઉડાવવી, કરવી, માણવી, મારવી** = આનંદ કરવો-ભોગવવો. **-પડવી** = આનંદ થવો. **-માં રહેવું** મસ્ત-આનંદમાં હોવું **-માં હોવું** = બધી વાતે કુશળ હોવું; આનંદમાં હોવું] ૦**દારી** વિ૦ મજેદારી. ૦**નું** વિ૦ આનંદ પડે એવું; મનોહર, ખાસું
**મજાક** સ્ત્રી૦ [अ] મશ્કરી **-કી** વિ૦ મશ્કરીખોર
**મજાગરું** ન૦ [જુઓ મિજાગરું] બરડવું
**મજાત** અ૦ (સુ.) સુધ્ધાં, પણ
**મજારવાડો** પુ૦ [अ. मज़ार + વાડો] કબરસ્તાન
**મજાલ** સ્ત્રી૦ [अ.] મગદૂર
**મજિયારું** વિ૦ [दे. मज्झआर (स मध्य) = વચ, મધ્ય] સહિયારું, પતિયાળું (૨) ન૦ ભાગિયાભાગ, ભાગીદારી **-રો** પુ૦ સંયુક્ત વહીવટ
**મજિયો** પુ૦ [જુઓ મગિયો] એક જાતનો પથ્થર
**મજીઠ** સ્ત્રી૦ [स. मंजिष्ठा, प्रा. मजिट्ठा] એક વનસ્પતિનું મૂળિયું. **-ઠિયું** વિ૦ મજીઠના રંગનું, પાકા લાલ રંગનું
**મજૂર** પુ૦ [फा मज़दूर, સર૦ म, हिं] રોજિંદા દામ લઈ મહેનત કરનાર, શ્રમજીવી. ૦**મહાજન** ન૦, ૦**સંઘ** પુ૦ મજૂરોનું મંડળ, 'ટ્રેડ યુનિયન' ૦**ણ** સ્ત્રી૦ મજૂરી કરનાર સ્ત્રી **-રી** સ્ત્રી૦ વૈતરું, મહેનત (૨) તેના બદલામાં મળતું નાણું [પેટી, પટારો
**મજૂસ** સ્ત્રી૦ [स मन्जूषा, प्रा मंजूसा] મોટી
**મજે,-ઝે** સ્ત્રી૦ જુઓ મઝા. ૦**દાર** વિ૦ મજેનું. ૦**દારી** સ્ત્રી૦ મજા ૦**નું** વિ૦ મજાનું **-જો(-ઝો)** સ્ત્રી૦ મજા
**મજ્જન** ન૦ [सं.] ડૂબકી (૨) સ્નાન
**મજ્જા** સ્ત્રી૦ [सं] હાડકામાંનો માવો
**મઝધાર** સ્ત્રી૦ [हिं, (सं. मध्य, प्रा मज्झ) + धारा (सं.)] પ્રવાહની મધ્ય ધારા-ભરધારા
**મઝલું** વિ૦ [प्रा. मज्झिल्ल (स माध्यिक)] વચલું; મધ્યનું
**મઝા** સ્ત્રી૦, ૦**દારી**, ૦**નું** જુઓ 'મજા'માં
**મઝે**, ૦**દાર**, ૦**દારી**, ૦**નું**, **-ઝો** જુઓ 'મજે'માં
**મટ** સ્ત્રી૦ [જુઓ મટવું] જંપ; નિરાંત (૨) [સર૦

हि. मटक (सं. मट)] મટકો, ચાળો (૩) [हिं] મટકું; માટલું ૦ક સ્ત્રી૦ મટકો; ચાળો. ૦કાવવું સ૦ ક્રિ૦ આંખ મટકાવી વાત કરવી

**મટકું** ન૦ [સર૦ हिं मटका] આંખનો પલકારો (૨) જુઓ 'મટકી'મા **–કો** પું૦ ચાળો; હાવ-ભાવ; ચેષ્ટા

**મટકી** સ્ત્રી૦, **–કું** ન૦ [हिं (માટી ઉપરથી), સર૦ दे मडक्क, म मडक्कें] માટલી; હાલ્લી

**મટન** ન૦ [इं.] માસ (ઘેટાબકરાનું)

**મટમટાવવું** સ૦ક્રિ૦ [સર૦ हिं. मटकाना] આંખના પલકારા મારવા

**મટર** ન૦[हिं.;સર૦म मटार]એક કઠોળ – વટાણા

**મટવું** અ૦ ક્રિ૦ [સર૦ दे. मिट = મિટાવવું] દૂર થવું, ટળવુ (૨) રોગમુક્ત થવુ, સાજું થવુ

**મટુકી** સ્ત્રી૦ જુઓ મટકી (લાલિત્યવાચક)

**મટોડી** સ્ત્રી૦ [प्रा मट्टी (सं मृत्तिका)] માટી. **–ડું** ન૦ માટી, કચરો વગેરે રહી–કચરું [**–ફેરી વળવું** = દખાઈ જવુ; નિરર્થક જવુ]

**મઠ** પુ૦ [સર૦ म.; हिं. मोठ] એક કઠોળ. [**–નો છાંયડો**=નહિ જેવો આધાર કે આશરો.] **–ઠિયું** ન૦ તેના લોટની વાની. **–ઠિયો** પુ૦ કપાસની એક જાત

**મઠ** પુ૦ [सं] સાધુનો આશ્રમ (૨) વિદ્યાનું મથક. **–ઠાધિકારી, –ઠાધિપતિ, –ઠાધ્યક્ષ** પું૦ મઠનો વડો

**મઠતાલ** પું૦[સર૦ म. मठ]એક તાલ (સંગીત)

**મઠા(–ઠે)રવું** સ૦ક્રિ૦ [प्रा. मट्ठ, (सं मृष्ट), સર૦ हि. मठोरना, म. मठारणें] ગૂંદવું (૨) ટીપીને કે રંદો ફેરવીને ઘાટદાર બનાવવું (૩) ટાપટીપ કરવી (૪) મારવું; ટીપવુ (૫) વૃત્તિથી સ્વાદપૂર્વક ખાવુ

**મઠાણો** પું૦ ['મઠારવુ' ઉપરથી'] મઠારવાનું સોનીનુ ઓજાર (સુ)

**મઠિયું** ન૦, **–યો** પુ૦ જુઓ 'મઠ'મા

**મઠેરવું** સ૦ક્રિ૦ જુઓ મઠારવુ. **–ણી** સ્ત્રી૦ મઠેરવુ તે (૨) રંદો (૩) સોનીનું એક ઓજાર. **–ણું** ન૦ કંસારાનું એક ઓજાર (વાસણના ગોબા ઉપાડવા વગેરે માટે)

**મઠો** પુ૦ [प्रा. मट्ठ (सं. मृष्ट); સર૦ हिं., मठा,–ट्ठा] દહીં ભાગીને બનાવેલી જાડી છાશ (૨) તેની એક વાની

**મડદાલ** વિ૦ ['મડદું' પરથી] જુઓ મુડદાલ

**મડદું** ન૦ [दे मड, प्रा. मडय (सं. मृतक); फा मुर्दह] મુડદું; શબ [**મડદાના તાળવા-માંથી લોહી ખાનારો** = ઘણો કંજૂસ ને લોભી **મડદાની પેઠે વળગવું** = મજબૂતીથી – મડાગાઠની રીતે વળગી રહેવું. **મડદાને મીંઢળ બાંધવાં** = વૃદ્ધ સાથે કન્યાનું લગ્ન કરવું. **મડદું ચીરવું** = મડદુ ચીરીને મરણના કારણની શોધ કરવી, 'પોસ્ટ-મોર્ટેમ'.]

**મડધો** પું૦ [फा. मीरदेह] કાસદનો ઉપરી (૨) મોટો મલ્લ જાડો હૃષ્ટપુષ્ટ માણસ

**મડપ** પુ૦ એક ભાજી

**મડમ** સ્ત્રી૦ [इं मॅडम] યુરોપિયન – ગોરી સ્ત્રી

**મડાગાંઠ** સ્ત્રી૦ [મડું+ગાંઠ] છોડી છૂટે નહીં તેવી ગાંઠ [**–પડવી**]

**મડિયાં** ન૦બ૦ વ૦ ['મરડવું' ઉપરથી] મરડીને ઘાલવાના પોલા કલ્લા (૨) ઘૂંટણ (સુ)[**–ભાગી જવાં**=(માર કે આઘાતથી) ટાટિયા ઢીલા થઈ જવા, ચાલવાને અશક્ત થઈ જવુ]

**મડું** ન૦[दे मड, प्रा. मडय (स मृतक)] મડદું. [**મડાની પેઠે** = સજ્જડ રીતે (વળગવું)]

**મઢ** પું૦ [प्रा. मढ (सं मठ)] દરબારગઢનો આગલો ઊંચો મેડાદાર ભાગ (૨) ડેલુ (૩) પોળ (૪) માતાનું સ્થાન

**મઢવું** સ૦ ક્રિ૦ [दे. मढिअ = મઢેલું; સર૦ हिं. मढना, म मढणें] લપેટી કે આવરીને જડી દેવુ (૨) [લા] છેતરવું, બનાવવું

**મઢી, –ઢૂડી(–લી)** સ્ત્રી૦ [प्रा. मढी (सं. मठिका), સર૦ म, हिं.] કુટિર, છાપરી

**મણ** પુ૦[अ. मन्न, हिं., म.] ચાળીસ સેરનું તોલ. [**મણનું પાંચશેર કરવું** = ખૂબ મારવું]

**મણકો** પુ૦[स मणि, સર૦म मणका] વેહવાળો ગોળ દાણો (૨) અંકોડો. [**મણકા મૂકવા** = માળાના દાણા ફેરવવા.]

**મણમણિયું** વિ૦ ['મણ' ઉપરથી] એક એક મણના વજનવાળું

**મણા** સ્ત્રી૦ [प्रा. मणा (सं मनाग्) = થોડું] ઊણપ, ખામી; ખોટ [**–રહેવી, –રાખવી**]

**મણારાજ** પું૦ (કા.) જુઓ માણારાજ

**મણિ** પું૦ [સં.] કીમતી પથરો; રત્ન ૦કર્ણિકા, ૦કર્ણી સ્ત્રી૦ (સં.) કાશીનો એક ગંગાઘાટ. ૦કાર પું૦ ઝવેરી. ૦ધર પું૦ નાગ ૦બંધ પું૦ કાંડુ (૨) એક છંદ ૦મહોત્સવ પું૦ ૬૦ વર્ષે ઊજવાતો—હીરક મહોત્સવ. ૦મંડપ પું૦ શેષનાગને રહેવાનું સ્થાન (૨) મણિ જડેલો મંડપ; અતિ સુશોભિત સ્થાન

**મણિયાર** પું૦ [प्रा मणिआर (सं मणिकार) સર૦મ मण्यार] મનિયાર, અંગડીનો બનાવનાર એક જાતનો માણસ. —રું ન૦ મણિયારનો ધંધો

**મણિયું** વિ૦ ['મણ' ઉપરથી] મણ વજનનું —યો પું૦ મણ વજનનું કાટલું [—ઢીલો કરવો = સખત મહેનત કરાવી, નસો ઢીલી કરી નાખવી ]

**મણીકું** ન૦ ['મણ' ઉપરથી] નાનો મણીકો —કો પું૦ મણનું કાટલું કે માપ

**—મત્** વિ૦[सं] નામને લગતા 'વાળું' એવા અર્થમાં. ઉદા૦ 'નીતિમત્' (સ્ત્રી૦ મતી)

**મત** સ્ત્રી૦+[જુઓ મતિ] બુદ્ધિ(૨)અ૦[ हिं ] મા, નહિ

**મત** પું૦, ન૦ [सं.] અભિપ્રાય, (૨) સંપ્રદાય (૩) હઠ, મમત (૪) પું૦ ચૂંટણી અંગે બતાવવામાં આવતો અભિપ્રાય, 'વોટ'. [—આપવો=અભિપ્રાય આપવો (૨) 'વોટ' આપવો —ઉચ્ચારવો=અભિપ્રાય કહેવો. —પર આવવું, —બાંધવો=અભિપ્રાય નક્કી કરવો —માં આવી જવું=મમતમાં આવું —લેવો=અભિપ્રાય પૂછવો.—લેવા='વોટ'ની ગણતરીથી અભિપ્રાય જાણવો.] ૦દાર પું૦ મત આપવાના અધિકારવાળો ૦દારમંડળ ન૦ મતદારોનું મંડળ, ચૂંટણી માટે મતદારોનો નક્કી કરાતો તરો — સમૂહ ૦પત્ર પું૦; ન૦ મત લખવાનો કાગળ ૦પેટી સ્ત્રી૦ ચૂંટણીમાં મતપત્ર નાખવાની પેટી ૦ફેર, ૦ભેદ પું૦ મત ભિન્ન હોવા તે ૦મતાંતર પું૦; ન૦ મતોની ભિન્નતા; મતભેદ ૦મતાંતરક્ષમા સ્ત્રી૦ જુઓ મતાંતરક્ષમા. ૦વાદ પું૦ પોતાના જ મત વિષેનો આગ્રહ. ૦વાદી વિ૦ પોતાના મતનું આગ્રહી

**મતલબ** સ્ત્રી૦ [अ.] હેતુ, આશય (૨) ભાવ; તાત્પર્ય. —બિયું, —બી સ્વાર્થી, પોતાની મતલબ સાધનારું

**મતવાલું** વિ૦ [दे मत्तवाल, સર૦ हिं., म. मतवाला (स मत्त ઉપરથી)] માતેલું; મદમસ્ત (૨) નશામાં ચકચૂર, છાકટું

**મતસરવણી** સ્ત્રી૦[મત (મત્ત)+ શ્રાવણી(स )] અષાડ વદ અગિયારશથી શ્રાવણ સુદ ત્રીજ સુધીનું છોકરીઓનું એક વ્રત, મસવણી

**મતંગ**, ૦જ પું૦ [सं.] માતંગ, હાથી

**મતા** સ્ત્રી૦ [अ., સર૦ हिं , म मत्ता] માલ-મિલકત, દોલત. ૦દાર પું૦ [फा.] ગામમાંથી સરકારને ભરણું ભરાય તેની સહીસાખ કરનારો ૦દારી સ્ત્રી૦ મતાદારપણું

**મતાગ્રહ** પું૦[सं.] મતની જીદ—આગ્રહ. —હી વિ૦ પોતાના મતનો આગ્રહ રાખનાર

**મતાધિકાર** પું૦[सं ] ચૂંટણીમાં મત આપવાનો અધિકાર —રી વિ૦ મતાધિકારવાળું

**મતાભિમાન** ન૦ [सं ] પોતાના મત માટેનું અભિમાન —ની વિ૦ મતાભિમાનવાળું

**મતારો** (મ'?) પું૦ [सं. महत्तर; સર૦ म. म्हातारा] ડોસો કે ખાધેલપીધેલ ડોસો

**મતાલો** પું૦['મત્ત' ઉપરથી]આળસના કસમોડા

**મતાંતર** ન૦, પું૦ [सं] અન્ય મત—પંથ. ૦ક્ષમા સ્ત્રી૦ અન્ય મતો માટે સહિષ્ણુતા, 'ટૉલરેશન' ૦સહિષ્ણુ વિ૦ મતાંતર સહન કરનાર ૦સહિષ્ણુતા સ્ત્રી૦ મતાંતરક્ષમા

**મતાંધ** વિ૦ [सं ] પોતાના મત પાછળ અંધ બનેલું ૦તા સ્ત્રી૦

**મતિ** સ્ત્રી૦ [सं ] બુદ્ધિ [—કરવી=બુદ્ધિ કરવી; વિચાર કરવો —બગડવી=બુદ્ધિ ભ્રષ્ટ થવી —સૂઝવી=વિચાર સૂઝવો ] ૦ભ્રમ પું૦ જુઓ બુદ્ધિભ્રમ ૦મંદ વિ૦ મંદ મતિનું. ૦માન વિ૦ બુદ્ધિમાન

**મતિયું** વિ૦ ['મત' ઉપરથી] પોતાના મતને છોડે નહિ તેવું, હઠીલું

**—મતી** વિ૦ સ્ત્રી૦ [सं ] 'મત્'નું સ્ત્રી૦રૂપ (જુઓ ['મત્'])

**મતી** સ્ત્રી૦ [म ] વણાટમાં કપડાનો પનો સરખો

તણાઈને રહેવા માટે આંકવાળી લાકડીની રખાતી યોજના
મતીરું ન૦ [સર૦ હિં. मतीरा] ચીભડું
મતીલું વિ૦['મત' ઉપરથી] મતિયું; હઠીલું
મતું ન૦ ['મત' ઉપરથી] શાખ કે કબૂલાતની સહી. [-કરવું, મારવું=સહી કરવી 'અત્ર મતુ તત્ર સાખ'=દસ્તાવેજમાં કરતા પેજ કરનારે ને સાક્ષી રહેનારે સહીઓ કર્યાનું સ્થાન જણાવતો પ્રયોગ.]
મત્કુણ પું૦ [સં] માકણ
મત્ત વિ૦ [સં] મદ ચડ્યો હોય એવું; ઉન્મત્ત, ગાંડું, મસ્ત ૦ગયંદ પું૦ એક છંદ ૦મયૂર પું૦ એક છંદ
મત્વર્થક વિ૦[સં.](વ્યા) 'મત-વાળું'ના અર્થનું
મત્સર પું૦ [સં] ઈર્ષા; અદેખાઈ (૨) મચ્છર, ગુમાન. -રી વિ૦મત્સરવાળું -રીકૃતા સ્ત્રી૦ ષડ્જગ્રામની એક મૂર્છના (સંગીત)
મત્સ્ય ન૦ [સં.] માછલું ૦ગંધા સ્ત્રી૦ (સં.) સત્યવતી, શાંતનુની પત્ની ૦રંગ સ્ત્રી૦ એક પક્ષી -ત્સ્યાવતાર પું૦ વિષ્ણુનો પહેલો અવતાર [મુખ્ય સ્થાન
મથક ન૦ [प्रा मत्थग (सं मस्तक); સર૦ म.]
મથન ન૦ [સં] વલોવવું તે (૨) માથાકૂટ; ગડમથલ; મહેનત. -નાચલ(-ળ) પું૦ [+सं अचल] (સં.) મંદર પર્વત (સમુદ્રમંથનનો રવૈયો) -ની સ્ત્રી૦ વલોણાની ગોળી. -વું સ૦ક્રિ૦ [सं मथ्; સર૦ म मथणें, हिं. मथना] વલોવવું (૨) અ૦ક્રિ૦ મહેનત કરવી
મથામણ સ્ત્રી૦['મથવું' પરથી] મથન, મથવું તે (૨) મહેનત. -થ સ્ત્રી૦ વારવાર કે સ્વપ્નેદ મથામણ કરવી તે [પાઘડી
મથાસરું ન૦ ['માથું' ઉપરથી] શિરોવેષ્ટન,
મથાસરો પું૦ ['મથાસરું' ઉપરથી] તોડ્યો તોડાય નહીં તેવો સબંધ (-જડાવો.)
મથાળી સ્ત્રી૦ ['માથું' ઉપરથી] પાઘડી. -ળું ન૦ [સર૦ म मथळा] ટોચ (૨) લખાણનું માથું- શીર્ષક(૩)પાઘડી(૪)અંદાજ, આશરો. [-આપવું, કરવું=લખાણનું મથાળું બાંધવું. -ઘાલવું, પહેરવું=પાઘડી માથે મૂકવી. -બાંધવું=માથા દીઠ લેણદેણ ઠરાવવું (૨) છાપાણનું શીર્ષક લખવું કે ઠગવવું (૩) અંદાજ કરવો (૪) મહેરવનો ભાગ લખી નાખવો.]
મથિત વિ૦[સં.] વલોવેલું.-તાર્થ પું૦નવનીત; નિચોડ; સાર [એક તીર્થ
મથુ(-થૂ)રા સ્ત્રી૦; ન૦ [સં.] (સં.)હિન્દુઓનું
મથૂરિયું ન૦ ['મથૂરાં' ઉપરથી] (ચ) [સ્ત્રીઓને પહેરવાની] એક જાતની સાડી
મથોટી સ્ત્રી૦['માથું'ઉપરથી] ઢોરના શિંગડાનો મૂળમાંનો ભાગ (૨)સાલ્લાના માથા આગળના ભાગ ઉપર ચીકટનો કે વપરાશનો ડાઘ પડે તે, માથાવટી (-પડવી) -ડું ન૦ માણસની ઊંચાઈ જેટલું (ઊંડાણ) (૨) તેટલું માપ. -મથ ન૦ માથા સુધી પૂરું ભરેલું
મદ પું૦ [સં.] કેફ; કેફની ખુમારી (૨) ગર્વ; તોર (૩) હાથીના ગંડસ્થળમાંથી ઝરતો રસ [-ઊતરવો=કેફ કે ગર્વ દૂર થવા -ચડવો =ગર્વ કરવો -માં આવવું=ગર્વિષ્ઠ થવું(૨) તોફાને ચડવું (૩) (હાથીનું) એવી અવસ્થામાં આવવું કે જ્યારે તેના ગંડસ્થળમાંથી મદ નામનો રસ ઝરે] ૦કલ વિ૦ મદથી ઉન્મત્ત બનેલું. ૦ગળ પું૦ હાથી. ૦ગળતો વિ૦પું૦ ગંડસ્થળમાંથી મદ ઝરતો હોય તેવો (હાથી). ૦ઘેંઘટ (ઘેં૦) પું૦ મદોન્મત્ત ૦ઝર વિ૦ મદગળતો. ૦મત્ત, ૦માતું વિ૦ મદથી ગરત બનેલું ૦મસ્ત વિ૦ મદમાં મસ્ત. મદમત્ત. ૦લેખા પું૦ એક છંદ. ૦લોલ વિ૦ મદમાતું. ૦વિકાર પું૦ કેફની ખુમારી; ઉન્મત્તતા (૨) મદ ઝરવો તે
મદઈ પું૦ [अ मुद्दइ] દુશ્મન; મુદ્દઈ
મદદ સ્ત્રી૦ [अ.; સર૦ हिं.; म. मदत] સહાયતા. ૦ગાર, ૦નીશ, -દિયું વિ૦ મદદ કરનાર
મદન પું૦[સં] કામ; કામદેવ. ૦ગ્રહ પું૦એક છંદ. ૦ચોર પું૦એક પક્ષી. ૦ફળ ન૦મીંઢળ ૦બાણ ન૦ કામદેવનું બાણ (૨) એક સુગંધીદાર ફૂલ ૦ભેર ન૦, ૦ભેરિ(-રી) સ્ત્રી૦ એક લાંબું રણશિંગું

**મદનિયું** ન૦ (કા.) હાથીનું બચ્ચું
**મદમત્ત, મદમસ્ત, મદમાતું** જુઓ 'મદ'માં
**મદરેસા** સ્ત્રી૦ [अ. मद्रसा; हिं. मदरसा] નિશાળ (મુસલમાની)
**મદલેખા, મદલોલ, મદવિકાર** જુઓ 'મદ'માં
**મદવું** અ૦ક્રિ૦ [સં. मद्] મદ-અહંકાર કરવો
**મદંતી** સ્ત્રી૦[સં.]કરુણા શ્રુતિનો એક અવાંતરભેદ
**મદાર** પું૦; સ્ત્રી૦ [अ] આધાર, ભરોસો (-બાંધવો રાખવો)
**મદારમુખ** પું૦ [સં.] (સ.) કુક્કરમુખા-નારદ
**મદારત** સ્ત્રી૦ [ अ मुदारात] પરોણાચાકરી
**મદારી** પુ૦ [સર૦ हि , म (स मंत्रकार ? કે अ मुदारी=ઢોંગી)] રીંછ, માંકડાં કે સાપ કેળવી ખેલ કરી બતાવનાર
**મદાંધ** વિ૦ [સં ] મદથી અંધ બનેલું
**મદિયો** પુ૦ ['મદ' કે 'મધ' ઉપરથી] (ચ.) આંબા કે કપાસને મધ જેવો પદાર્થ લાગવાનો રોગ [આંખવાળી
**મદિરા** સ્ત્રી૦ [સં ] દારૂ **૦ક્ષી** વિ૦ સ્ત્રી૦મોહક
**મદી** વિ૦ ['મદ' ઉપરથી] મદવાળું; મસ્ત
**મદીના** ન૦ [अ] (સં.) અરબસ્તાનનું એક શહેર, જ્યાં મહંમદ પેગંબરની કબર છે
**મદોન્મત્ત** વિ૦ [સં.] મદથી ઉન્મત્ત બનેલું
**મદ્ગુ** ન૦ [સં ] એક દરિયાઈ પક્ષી
**મદ્દેનજર** સ્ત્રી૦ [अ.] નજરમાં કે ધ્યાનમાં લેવા જેવું તે (૨) જાહેરખબર
**મદ્ય** ન૦ [સં ] મદિરા, દારૂ **૦નિષેધ** પુ૦ દારૂનિષેધ **૦નિષેધક** વિ૦ મદ્યનિષેધ કરનારું **૦પ(-પી)** પું૦[સં.] દારૂડિયો. **૦પા** વિ૦સ્ત્રી૦ [સ.] દારૂ પીનારી **૦પાન** ન૦ દારૂ પીવો તે. **૦પાની** વિ૦ મદ્યપાન કરનાર **-દ્યાર્ક** પુ૦ [+अर्क] મદ્યનો અર્ક, 'આલ્કોહોલ'
**મદ્રાસી** વિ૦ મદ્રાસનું (૨) પુ૦ મદ્રાસ તરફના પ્રદેશનો રહેવાસી(૩)ન૦એક જાતનું લાલ કાપડ
**મધ** અ૦['મધ્ય' પરથી. સર૦મ , हिं ]મધ્યમાં; વચ્ચે (૫) **૦રાત** સ્ત્રી૦ અરધી રાત
**મધ** ન૦ [સં मधु, સર૦ म.] મધમાખીઓએ એકઠો કરેલો ફૂલનો રસ (૨) મધ જેવી મીઠાશ. ઉદા૦ મધવાળી જીભ. [**-ઉપર માખ** =સ્વાર્થમાં કે લાલચમાં કોઈની પાછળ ભમ્યા કરવું તે. **-માં હાથ મુકાવવો**=લાલચમાં લલચાય તેમ કરવું **-મૂકીને ચાટવું**= નિરર્થક સંઘરવું-રાખી મૂકવું] **૦પૂડો** પું૦ મધમાખીઓનું ઘર **૦માખ(-ખી)** સ્ત્રી૦ મધ બનાવનારી માખી **૦લાળ** સ્ત્રી૦ લાલચ
**મધવો** વિ૦ પુ૦['મધ' ઉપરથી] હૃષ્ટપુષ્ટ, જાડો (૨) પું૦ એક પક્ષી
**મધિયો** પુ૦ (સુ.) જુઓ મદિયો
**મધુ** વિ૦ [સં.]મીઠું. ગળ્યું (૨) ન૦ મધ (૩) પું૦ દારૂ (૪) વસંત(૫)અશોક વૃક્ષ (૬) એક છંદ (૭) ચૈત્રમાસ. **૦કર** પુ૦ ભમરો (૨) મધમાખ. **૦કરશાસ્ત્રી** પું૦ મધમાખનું શાસ્ત્ર જાણનાર 'એપિયરિસ્ટ'. **૦કરવૃત્તિ** સ્ત્રી૦ મધુકરના જેવી સારું સારું વીણી સંગ્રહ કરવાની વૃત્તિ **૦કરી** સ્ત્રી૦ ભમરી, મધમાખ (૨) જુઓ માધુકરી **૦ગંધિ (-ધી)** વિ૦ મધની ગંધવાળું, સુગંધીદાર. **૦પ** પુ૦ ભમરો (૨) મધમાખ (૩) દારૂડિયો. **૦પર્ક** પુ૦ દહીં, ઘી, પાણી, મધ અને ખાંડ એ પાંચનું મિશ્રણ (સત્કાર, પૂજનમાં વપરાતું) **૦પાન** ન૦ મદ્યપાન **૦પુર** ન૦ (સ.) મથુરા નગરી. **૦પ્રમેહ** પુ૦ પેશાબમાં સાકર જવાનો રોગ. **૦ભાર** પુ૦ એક છંદ. **૦મક્ષિકા** સ્ત્રી૦ મધમાખી **૦માધ** સ્ત્રી૦મેઘરાગની એકરાગણી **૦માલતી** સ્ત્રી૦ [સ., સર૦ हिं , म.] એક ફૂલવેલ **૦માસ** પુ૦ ચૈત્ર મહિનો **૦મેહ** પુ૦ જુઓ મધુપ્રમેહ **૦રવું** વિ૦ મધુર રવવાળું. **૦લિહ** પુ૦ [સં] મધમાખ. **૦વન** ન૦ (સં.) વૃંદાવન. **૦સૂદન** પુ૦[સં.](સ.) મધુ દૈત્યને મારનાર - કૃષ્ણ
**મધુયા** ન૦ એક પક્ષી
**મધુર** વિ૦ વિ૦[સં ] મધુર, ગળ્યું (૨) મીઠું; પ્રિય (૩) સુંદર, મનોરંજક (૪) શાંત, સૌમ્ય. **૦ગંધા** વિ૦ મધુરગંધવાળું **૦તા** સ્ત્રી૦. **-રી** સ્ત્રી૦ સાકર (૨) જેઠીમધ (૩) મીઠી કાકડી (૪) સુવા. **-રું** વિ૦ જુઓ મધુર
**મધુલિહ, મધુવન, મધુસૂદન** જુઓ 'મધુ'માં
**મધે** અ૦ + મધ્યે. **-ધોમધ** અ૦વચ્ચોવચ,વચ્ચે

**મધ્ય** વિ૦ [સં.] વચ્ચેનું (૨) ન૦ વચલો ભાગ (૩) પું૦ મધ્યમસર અવાજ કે સ્વર (સંગીત જુઓ મંદ્ર). ૦**કાલ(-ળ)** પું૦ મધ્યયુગ. ૦**કાલીન** વિ૦ મધ્યયુગનું. ૦**ગા** સ્ત્રી૦ 'મીડિયન' (ગ.) ૦**ગુણક** પું૦ ઘાતક, 'મોડયુલસ' (ગ). ૦**ઘન** ન૦ ચયશ્રેઢીના પહેલા અને છેલ્લા પદની સરેરાશ (ગ). ૦**બિંદુ** ન૦ કેન્દ્ર. ૦**મ** વિ૦ વચલું (૨) મધ્યમસરનું (૩) પું૦ સંગીતના સ્વરસપ્તકમાંનો ચોથો સૂર -ંમ (૪) ન૦ 'મીન' (ગ). ૦**મપદ** ન૦ વચલું પદ ૦**મપદલોપી** પું૦ જેનું મધ્યમ પદ લોપાય છે એ સમાસ. ઉદા૦ પર્ણ(નિર્મિત)શાલા. ૦**મમાર્ગ** પું૦ બુદ્ધે બતાવેલો સાધનાનો મધ્યમ માર્ગ (૨) કોઈ બાજુના અતિપણા વગરનો-વચલો, સોનેરી માર્ગ. ૦**મમાર્ગી** વિ૦ મધ્યમમાર્ગનું કે તે પસંદ કરનાર (૨) મવાલપક્ષનું; 'લિબરલ-મોડરેટ' ૦**મસર** અ૦ મધ્યમ રીતે; મર્યાદિત પ્રમાણમાં ૦**મા** સ્ત્રી૦ વચલી આંગળી (૨) મધ્યમિકા (૩) વાણીની ત્રીજી સ્થિતિ (જુઓ પરા) (૪) નાયિકાનો એક પ્રકાર. ૦**માન** ન૦ સરાસરી; સરેરાશ. સમમિતિ; 'ઍવરેજ'(ગ). ૦**મિકા** વિ૦ સ્ત્રી૦ રજસ્વલા થવા લાગેલી કન્યા. ૦**રાત્ર(-ત્રિ, -ત્રી)** સ્ત્રી૦ મધરાત. ૦**રેખા(-ષા)** સ્ત્રી૦ વિષુવવૃત્ત. ૦**લય** સ્ત્રી૦ સંગીતનો એક લય. ૦**વર્તી** વિ૦ મધ્યસ્થ. ૦**સ્થ** વિ૦ વચમાં આવેલું (૨) તટસ્થ (૩) બે પક્ષનું સમાધાન કરનાર કે ન્યાય તોળનાર. ૦**સ્થતા**, ૦**સ્થી** સ્ત્રી૦ મધ્યસ્થ હોવું તે. **-ધ્યા** વિ૦ સ્ત્રી૦ (૨) સ્ત્રી૦ શ્રુતિના પાંચ પ્રકારમાંનો એક (દીપ્તા, આયતા, મૃદુ, કરુણા, મધ્યા) (૩) વચલી આંગળી (૪) જુઓ મધ્યમિકા (૫) મુગ્ધા અને પ્રૌઢાની વચ્ચેની સ્ત્રી કે નાયિકા **-ધ્યાન(-હ્ન)** [સં.] પું૦ બપોર. **-ધ્યે** અ૦ વચ્ચે, મધ્યમાં (૨) માં, અંદર

**મધ્વાચાર્ય** પું૦ [સં.] (સં.) વેદાંતસૂત્રના એક ભાષ્યકાર - એક આચાર્ય

**મન** ન૦ [સં.] સંકલ્પવિકલ્પ વગેરે કરનારી ઇંદ્રિય (૨) દિલ (૩) ઇચ્છા. [**-આપવું** = મનનો ભેદ બતાવવો (૨) ધ્યાન આપવો. **-આંધળું થવું** = કશું ન સૂઝવું. **-ઉપરથી કાઢી નાખવું** = મનમાંથી દૂર કરવું **-ઉપર લેવું** = ધ્યાનમાં લેવું **-ઊઠવું, ઊતરવું, ઓસરવું** = (-ની ઉપર) અપ્રીતિ થવી, રુચિ ન રહેવી. **-કરવું** = ઇચ્છા કરવી. **-કહ્યું કરતું નથી** = મન માનતું નથી - સંતુષ્ટ થતું નથી (૨) આશ્ચર્યમુગ્ધ થવું. **કાચું, ડગુમગુ મન** = નિશ્ચય વિનાનું મન. **ખરા મનથી** = સાચા દિલથી; અંતઃકરણપૂર્વક. **-ખાટું કરવું** = દિલ નારાજ કરવું. **ખુલ્લું મન** = નિખાલસ - કશા કપટ કે પૂર્વગ્રહ વિનાનું મન. **-ખોલવું** = મનમાં જે હોય તે ખુલ્લું કરવું - કહી દેવું. **-ગળવું** = મન પીગળવું. **-ઘાલવું** = ધ્યાન આપવું; કાળજીપૂર્વક સંભાળવું. **-ચકડોળે ચડવું** = મન અસ્થિર થવું; કોઈ નિશ્ચય ન થાય તેવી સ્થિતિમાં મન મુકાવું. **-ચોખ્ખું રાખવું** = મનમાં કપટ કે પાપ ન પેસવા દેવું. **-ચોરવું** = મનની વાત ન કહેવી (૨) ધ્યાન ન આપવું (૩) સામાનું મન મુગ્ધ કરવું **-ચોળવું** = આનાકાની કરવી. **-ચોંટવું** = ધ્યાન લાગવું (૨) ગમવું **-જોડે વાત કરવી** = દિલમાં વિચારવું; એકલા વિચાર કરવો **-જોવું** = મરજી જાણવી (૨) મનમાં શું છે તે તપાસવું. **-ટાઢું કરવું** = મનને તૃપ્ત કરવું. **-થવું** = ઇચ્છા થવી **-થી ઊતરી જવું** = પ્રેમ ઓછો થવો કે ન રહેવો **-થી મૂંઝાવું** = મનમાં મૂંઝાવું. **-દેવું** = ધ્યાન આપવું; કાળજી રાખવી. **-દોડવું** = તીવ્ર ઇચ્છા થવી (૨) મન કલ્પનાએ ચડવું. **-નીચું થવું** = નીચ વૃત્તિ થવી. **-નું પોચું** = આઘાત ન સહી શકે તેવા નરમ દિલવાળું (૨) બીકણ **-નું મનમાં રહી જવું** = અંતરેચ્છા પૂર્ણ ન થવી (૨) મનની વાત બહાર ન કાઢી શકાવી **-નું મેલું** = પોતાના મનની ખરી વાત ન જાણવા દે એવું (૨) કપટી **-નું સૂઝયું** = મનમાં આવ્યું તે **-નો આંબળો, દાઘ** = અંટસ, દુખ. **-નો પાર પામવો** = મનની અંદરની ગુપ્ત વાત જાણવી. **-નો ભરમ** = વહેમ; શંકા **-નો મેલ**

= અંતરની ગુપ્ત વાત (૨) કપટ. –નો મોજી =સ્વેચ્છાચારી. –પર લેવું= જુઓ મન ઘાલવુ. –પરોવવું = એકધ્યાન થવું.–પીગળવું=દિલમાં દયા આવવી –બળવું = સંતાપ થવો, જીવ બળવો.–બેસવું = ગમવુ,પ્રીતિ થવી –ભમવું = મન અસ્થિર થવુ. –ભરવુ = સંતોષવું, તૃપ્ત કરવું મનોમન સાક્ષી = એકબીજાના મનમા સરખા વિચાર આવવા તે –માનવું = દિલને ગમવું, પસંદ પડવું –માન્યું = પુષ્કળ, મન ધરાય તેટલું –મારવું = મનમા આવેગને કે વૃત્તિને રોકવા–દબાવવા. –માં આણવું = લેખામા લેવુ, દરકાર કરવી (૨) લાગણી થવા દેવી –માં આવવુ = ઇચ્છા થવી –માં ઊગવું = આપોઆપ સ્ફુરણા થવી, મનને સૂઝવુ –માં ઊતરવું= સમજાવુ –માં ગાંઠ વાળવી = યાદ રાખવું (૨) નિશ્ચય કરવો –માં ઘોળાવું = મનમાં આવ્યા કરવું –ગૂચવાયા કરવું. –માંથી કાઢી નાખવું = મનમાથી દૂર કરવું; ભૂલી જવું. –માં ધારવું = અંતરમા વિચારવુ – નિશ્ચય કરવો. –માં પેસી નીકળવું = સામાના મનની તમામ વાત જાણી લેવી (–‘કાંઈ પેસી નીકળાય છે’ એમ નિષેધાર્થક ઉત્તરની અપેક્ષાએ પૂછવામા વપરાય છે.) –માં ફૂલવું, ફૂલાવું = હરખાવુ; ખોટો હરખ આવવો, મનમા ને મનમા હરખાવું. –માં બળવું = દિલમા બળતરા થવી, અદેખાઈ થવી –માં મૂંઝાવું = દિલમા ગૂચવાયા કરવું, નિશ્ચય ન થવો –માં લાવવું = લાગણી થવા દેવી, દરકાર કરવી –મૂકીને, મેલીને = પૂરા મનથી, મનમા કંઈ કપટ કે ભેદ રાખ્યા વિના મેલા મનનું = અપ્રમાણિક–કપટી મનવાળું –મોકળું રાખવું, મોટું રાખવું = ઉદાર થવુ મોટા મનનું = ઉદાર. –લગાડવું = ધ્યાન આપવું. –વર્તવું = મનમાં શુ છે તે જાણવુ – પારખવું –વળવું = સંતોષ થવો, શાંતિ થવી –વાળવુ = સંતોષ માનવો; શાંત થવુ –સાંકડું કરવું = કંજૂસપણુ – સંકુચિતપણું દાખવવું. –સાથે વાત કરવી = વિચારી જોવુ અંતરમા પૂછવુ ] ૦ઉકાળો પું૦ ઉદ્વેગ જીવઉકાળો. ૦કામના સ્ત્રી૦ મનની ઇચ્છા. ૦ગમતુ વિ૦ મનને ગમતુ. ૦ગમાડો પું૦ મનોરંજન; મનરમાડો ૦ગમો પું૦ મનની રુચિ ૦દુરસ્ત વિ૦ આરોગ્યપૂર્ણ મનવાળું; સ્વસ્થચિત્ત, ૦ન ન૦ ચિંતન (૨) તર્કવિતર્ક. ૦નશીલ વિ૦ ચિંતન કરવાના સ્વભાવવાળું. ૦નીય વિ૦ મનન કરવા જેવુ ૦પતીજ વિ૦ સંતોષકારક. ૦પસંદ વિ૦ મનને ગમતુ ૦ફેર વિ૦ જરાક ફેરવાળુ (૨) પું૦ અકળાયેલુ, થાકેલુ મન બીજે ફેરવવુ તે ૦ભર વિ૦ સાચા મનનુ. ૦ભંગ વિ૦ નિરાશ (૨) પું૦ નિરાશા ૦ભાવતું, ૦ભાવિત વિ૦ મનપસંદ ૦માનતું, ૦માન્યું વિ૦ મન માને તેવુ કે તેટલું, યથેચ્છ. ૦મુખ વિ૦ મનસ્વી, ગુરુમુખથી ઊલટું. ૦મેળાપી વિ૦ મળતાવડુ. ૦મોજી વિ૦ મનસ્વી, તરંગી. ૦મોદ પું૦ આનંદ ૦મોહન વિ૦ મોહ પમાડે તેવું. ૦રમાડો પું૦ મનનો આનંદ. ૦રંજન વિ૦ મનને આનંદ આપનાર (૨) ન૦ મનોરંજન. ૦વાંછિત વિ૦ જુઓ મનોવાંછિત. ૦વેગી વિ૦ મનના જેટલા વેગવાળું; ખૂબ ત્વરિત

**મનખો** પું૦ [મનુષ્ય + આયખું ?] મનુષ્ય તરીકેની જિંદગી. [–બગાડવો = જીવતર એળે ગુમાવવુ. –લેવો = જીવ લેવો, ત્રાસ આપવો (૨) પ્રતિષ્ઠા ધૂળ મેળવવી ] –ખાદેહ પું૦; સ્ત્રી૦ [મનુષ્ય + દેહ] મનુષ્યનુ શરીર, દેહની

**મન-ગમતું, મન-ગમાડો, મન-ગમો, મન-દુરસ્ત** જુઓ ‘મન’મા

**મનન, ૦શીલ, –નીય** જુઓ ‘મન’માં

**મન, –પતીજ, –પસંદ, –ફેર, –ભર, –ભંગ, –ભાવતું, –ભાવિત, –માનતું, –માન્યું, –મુખ, –મેળાપી, –મોજી, –મોદ, –મોહન, –રમાડો, –રંજન** જુઓ ‘મન’મા

**મનવણિયું** વિ૦ [‘મનાવવું’ ઉપરથી] મનને મનાવવા જેવું [આકરી

**મનવ્હાર** સ્ત્રી૦ [સર૦ हिं मनुहार = સત્કાર] પરોણા-

**મન(–ના)વવુ** સ૦ ક્રિ૦ [સં. मन्] માને તેમ કરવુ

**મનવાર** સ્ત્રી૦ [इं. 'मॅन ऑफ् वॉर', सर० म. मनावर] લશ્કરી વહાણ
**મન વાંછિત, મન-વેગી** જુઓ 'મન'માં
**મનવો** પું૦ [प्रा. मणुअ (स मनुज)] (પ.) મનુષ્ય (૨) ['મન' ઉપરથી] મન
**મનસબ** પું૦ [अ. मन्सिब] પદવી; દરજ્જો. ૦દાર પું૦ લશ્કરની ટુકડીનો અમલદાર. ૦દારી, –બી સ્ત્રી૦ મનસબદારનું કામ કે હોદ્દો
**મનસા** સ્ત્રી૦ [જુઓ મનીષા] + ઇચ્છા
**મનસા** અ૦ [सं] મનથી. [–વાચા કર્મણા =મન, વચન ને કર્મથી ]
**મનસિજ** પું૦ [सं] કામદેવ
**મનસૂબો** પું૦ [अ.] વિચાર, ધારણા; ઇરાદો
**મનસૂર** પું૦ [अ.] (સ.) 'અનલહક' બોલવા માટે દેહાંતદંડ પામનાર મુસલમાન સંત
**મનસ્વી** વિ૦,–સ્વિની વિ૦સ્ત્રી૦[सं.]સ્વચ્છંદી; તરંગી (૨) ઉદાર–શ્રેષ્ઠ ચિત્તવાળું (૩) ધીર–સ્થિર ચિત્તવાળું (૪) માની. –સ્વિતા સ્ત્રી૦ મનસ્વીપણું [પું૦ એક છંદ
**મનહર** વિ૦ [મન+હર (હરવું)] મનોહર (૨)
**મનઃપૂત** વિ૦ [सं] મન વડે વિચારી જોયેલું; અંતઃકરણે કબૂલ રાખેલું
**મનઃશિલ** પું૦ [सं.] એક ખનિજ પદાર્થ
**મનઃસ્વાસ્થ્ય** ન૦ [सं.] મનની સ્વસ્થતા
**મના** [अ.], ૦ઈ સ્ત્રી૦ બંધી. નિષેધ(–કરવી) ૦ઈ-હુકમ પું૦ મનાઈ કરતો કે જણાવનારો હુકમ (–કાઢવો, –નીકળવો)
**મનાતીત** વિ૦ [મન+અતીત] મનથી પર એવું (૨) ન૦ મનથી પર રહેલું તત્ત્વ
**મનામ(–વ)ણું** ન૦['મનાવવું'ઉપરથી]મનાવવું તે
**મનાવવું** સ૦ક્રિ૦ [सर० म. मनाविणें; हिं. मनाना], **મનાવું** અ૦ક્રિ૦ માનવું'નું પ્રેરક અને કર્મણિ
**મનિયાર,–રું** જુઓ 'મણિયાર'માં
**મની** સ્ત્રી૦ [રવ૦] મીની; બિલાડી
**મનીઑર્ડર** પું૦ [इं] ટપાલઑફિસ મારફતે મોકલાતાં નાણાંની હૂંડી (–કરવો)
**મનીષા** સ્ત્રી૦ [सं.] ઇચ્છા(૨)બુદ્ધિ,જ્ઞાન. –ષી વિ૦ બુદ્ધિમાન (૨) પું૦ ડાહ્યો પુરુષ; વિદ્વાન

**મનુ** પું૦ [सं] (સ.) વિવસ્વતના પુત્ર આદિ-માનવ; માનવકુળના ઉત્પાદક (૨) બ્રહ્માના ૧૪ પુત્રમાંના દરેક, જેમનાથી મન્વંતર ગણાય છે. ૦કુલ ન૦ માનવકુટુંબ, મનુષ્ય-જાતિ ૦જ પું૦ મનુષ્ય. ૦સંહિતા, ૦સ્મૃતિ સ્ત્રી૦ મનુએ રચેલી સ્મૃતિ
**મનુષ્ય** પું૦, ન૦ [सं.] માણસ. ૦જાતિ સ્ત્રી૦ માણસજાત ૦તા સ્ત્રી૦, ૦ત્વ ન૦ માણસાઈ. ૦યજ્ઞ પું૦ અતિથિ સત્કાર, નૃયજ્ઞ ૦લોક પું૦ મૃત્યુલોક; પૃથ્વી. ૦વિજ્ઞાન ન૦ મનુષ્ય વિષેનું વિજ્ઞાન; 'ઍન્થ્રોપોલૉજી'. –ષ્યાહારી વિ૦ [+आहारी] મનુષ્યનો આહાર કરનારું. –ષ્યેતર વિ૦ [+इतर] મનુષ્યથી જુદું
**મનુ-સંહિતા, મનુ-સ્મૃતિ** જુઓ 'મનુ'માં
**મનુહાર** પું૦ [हिं.] મનામણી; વિનંતી. –રી મનામણી કરનાર [એક વચન
**મને** [મ'] સ૦ 'હું'નું બીજી કે ચોથી વિભક્તિ,
**મનો-** [सं] સમાસમાં ઘોષ વ્યંજન પૂર્વેનું સંસ્કૃત રૂપ. ૦ગત વિ૦ મનમાં રહેલું (૨) ન૦વિચાર; અભિપ્રાય ૦ગતિ સ્ત્રી૦ મનની ઇચ્છા (૨) ગતિ–વેગ. ૦ગમ વિ૦ મનપસંદ ૦ગમતા સ્ત્રી૦. ૦ગ્રહ પું૦ મનનું બંધાઈ ગયેલું વલણ. ૦ગ્રાહ્ય વિ૦ મનને ગમે તેવું (૨) બુદ્ધિગ્રાહ્ય. ૦જ વિ૦મનમાં ઉત્પન્ન થયેલું(૨)પું૦કામદેવ. ૦જ્ઞ વિ૦ મનપસંદ, સુંદર. ૦દ્વાર ન૦મનનું બારણું: સુપ્ત ચિત્તમાંથી સંસ્કારોને જાગ્રત થવાનો થવાનો દરવાજો, 'મૉનિટર'. ૦ધર્મ પું૦ મનનો ધર્મ ૦ધર્મવિદ્યા સ્ત્રી૦ માનસશાસ્ત્ર ૦નાશ પું૦ મનનો–તર્કવિતર્કાદિનો નાશ; ચિત્તવૃત્તિનિરોધ. ૦નિગ્રહ પું૦મનનો સંયમ. ૦બળ ન૦ માનસિક બળ;મનનું બળ ૦ભવ પું૦ મનોજ કામદેવ ૦ભંગ પું૦ નિરાશા. ૦ભાવ પું૦ મનની વૃત્તિ ૦ભૂ પું૦મનોભવ, કામદેવ ૦મય વિ૦ માનસિક, મન સંબંધી. ૦મયકોશ(–ષ) પું૦ પાંચ કોશ પૈકી ત્રીજો (જુઓ આનંદમયકોશ). ૦મયી વિ૦ સ્ત્રી૦ 'મનોમય'નું સ્ત્રીલિંગ ૦મંથન ન૦ મનમાં ચાલતું મથન. ૦મૂર્તિ(ર્ત્તિ) સ્ત્રી૦ ધ્યાનમૂર્તિ. ૦યત્ન પું૦; ન૦ મનની મહેનત

(૨) અભ્યાસપાઠ (ખાસ કરીને ગણિતમાં) ૦યોગ પું૦ [સં.] મનની એકાગ્રતા, લક્ષ ૦રચના સ્ત્રી૦ માનસિક બંધારણ. ૦રથ પું૦ મનની ધારણા; મુરાદ. ૦રમ વિ૦ મનોરંજક. ૦રમા સ્ત્રી૦ સુન્દર સ્ત્રી (૨) પીળી જૂઈ (૩) ગોરોચન. ૦રંજક વિ૦ મનને આનંદ આપનાર ૦રંજન ન૦ મજા, આનંદ ૦રાગ પું૦ મનનો આનંદ ૦રાજ્ય ન૦ કલ્પનાવિહાર, શેખચલ્લીના તરંગ. ૦વાંછા સ્ત્રી૦ મનની ઇચ્છા ૦વાંછિત વિ૦ મનથી ઇચ્છેલું. ૦વિકાર પું૦ ભાવ, લાગણી. ૦વિજ્ઞાન પું૦ મનની ક્રિયા-પ્રક્રિયા નિરૂપતું શાસ્ત્ર; 'સાઇકૉલૉજી'. ૦વૃત્તિ સ્ત્રી૦ મનની વૃત્તિ ૦વેગ પું૦ મનનો આવેશ ૦વેધક વિ૦ મનને વીંધનારુ, મન પર ભારે અસર કરનારું. ૦વ્યથા સ્ત્રી૦ માનસિક વેદના ૦વ્યાપાર પું૦ મનની ક્રિયા; સંકલ્પવિકલ્પ ૦હર(-રું)વિ૦ મોહક, સુન્દર (૨) ન૦ [સર૦ 'મયાસરુ'] માથાનો પહેરવેશ, શણગારરૂપ શિરોવેષ્ટન. ઉદા૦ માથા કરતા મનોહર મોટુ. ૦હારી વિ૦ મનોહર (૨) સ્ત્રી૦ મનુહાર

**મનોરદા** પું૦ [हिं. मनोरा (सं मनोहर)] દિવાળી બાદ દીવાલ ઉપર છાણથી કરાતુ ચિત્ર, જેને સ્ત્રીઓ અને કન્યાઓ રંગબેરંગી ફૂલપાનથી શણગારી રોજ સાંજે દીવો સળગાવી પૂજે છે અને ગીત ગાય છે [-પૂરવા = દગધડા વિનાનુ ભીંડ કરે તેવુ ફેલાવવુ - ચીતરવું.]

**મન્મથ** પું૦ [સં.] કામદેવ

**-મન્ય** વિ૦[સં.] સમાસને અંતે, 'આભાસવાળુ' 'માનતુ' એવા અર્થમા. દા૦ત૦ 'પંડિતંમન્ય'

**મન્યુ** પું૦ [સં] ગુસ્સો

**મન્વંતર** પું૦ [સં.] એક મનુની કારકિર્દીનો સમય, ૩૦૬,૭૨૦,૦૦૦ વર્ષ (જુઓ મનુ)

**મપારેરૈ** પું૦ ['માપવુ' ઉપરથી] જોખો (૨) કુડિયો (૩) એ નામની નાતનો બ્રાહ્મણ

**મપાવવું** સ૦ક્રિ૦, **મપાવું** અ૦ક્રિ૦ 'માપવુ'નુ પ્રેરક ને કર્મણિ

**મફત** અ૦ [अ मुफ्त] વગરપૈસે, કાંઈ ખર્ચ કે મળતર વિના, ફોગટ. ૦નું, -તિયું વિ૦ ફોગટિયું (૨) મફત લેનાર - વાપરનાર

**મફલર** ન૦[इं ] ગળપટ્ટા જેવું વિલાયતી ઠબનુ વસ્ત્ર

**મફેર** સ્ત્રી૦[अ. मुफर्रिह] મનને ખુશ કરનાર દવા

**મબલક** (-ખ) વિ૦ [अ.; સર૦ મ सुबलक] અતિશય, પુષ્કળ [એક રોગ

**મબારખી** સ્ત્રી૦ નાના છોકરા તથા ઢોરને થતો

**મભમ** વિ૦ [अ मुब्हम] મોઘમ, અસ્પષ્ટ

**મમ** પું૦બ૦વ૦ ચાવણું (બાળભાષામાં) ૦મમ પું૦ [સર૦ મ. मर्म] ખાવાનું, ખોરાક ઉદા૦ મમમમની પડી છે, ટપટપની નહીં

**મમ** સ૦ [સં.] મારું. ૦ત પું૦, ન૦[प्रा ममत्त (स ममत्व)] હઠ, દુરાગ્રહ (૨) ચડસ. [-પર આવવું, જવું, ચડવું, -માંડવો = મમત કરવી. -મૂકવો = હઠ છોડવી. મમતે ચડવું = હઠ કરવી.] ૦તા સ્ત્રી૦ જુઓ મમત્વ (-રાખવી). ૦તામમતી સ્ત્રી૦ ચડસાચડસી (સુ) ૦તાળુ વિ૦ હેતાળ; માયાળુ. ૦તી(૦લું) વિ૦ હઠીલું; આગ્રહી. ૦ત્વ ન૦ મારાપણું; હુંપદ (૨) હેત; સ્નેહ (૩) જુઓ મમત [માની મા (સુ)

**મમઈ** સ્ત્રી૦ [प्रा मायामही (स मातामही)]

**મમરી** સ્ત્રી૦ [જુઓ મમરો] મમરા જેવા નાના કણ. [-મૂકવી = જુઓ મમરો મૂકવો]

**મમરો** પું૦ [प्रा मम्मर (सं मर्मर), સર૦ म. मुरमुरा] ચોખાની ધાણીનો દાણો (૨) તેના જેવા આકારની ઈડાળ (જેમ કે આમલી વગેરેમા) (૩) [स मुर्मुर = ભસ્મમિશ્રિત અગ્નિકણ] ઉશ્કેરણી, ફંદ. [-મૂકવો = ઉશ્કેરવું, ભભેરવું.] [આમ તેમ ફેરવવું

**મમળાવવું** સ૦ક્રિ૦ ઓગાળવા માટે મોમાં

**મમાવો** પું૦ [स. मातामह] (સુ) માનો બાપ

**મમી** સ્ત્રી૦,ન૦[इं.] સંઘરી રાખેલુ મડદુ (મિસર)

**મમૂલા** ન૦ એક પક્ષી

**મમ્મો** પું૦ મ અક્ષર ૦ચચ્ચો પું૦ મ અને ચથી શરૂ થતી (મા બહેન સમાણી) ગાળ

**મય** પું૦ [સં] (સ) દાનવોનો શિલ્પી (૨) નામને લાગતા '-થી ભરપૂર', '-નું બનેલુ', 'તે-રૂપ' એવા અર્થનુ વિ૦ બનાવે ઉદા૦ સુખમય [દુકાન

**મય** પું૦ [फा.] શરાબ. ૦ખાનું ન૦ શરાબની

**મયગલ** પું૦ [प्रा. (सं. मदकल)] જુઓ **મેગલ**
**મયણ** પું૦ + [જુઓ મદન] કામદેવ
**મયણું** ન૦ + [જુઓ મરણ] મૃત્યુ
**મયંક** પું૦ [प्रा. (सं मृगाङ्क)] મૃગ; ચંદ્ર
**મયા** સ્ત્રી૦ ['માયા' ઉપરથી કે प्रा. ममया (सं. ममता) ઉપરથી ?] દયા; કૃપા(૨) માયા; સ્નેહ
**મયાળ** પું૦ [સર૦ दे. मयाली = निद्राकरी लता] એક વેલો
**મયૂખ** ન૦ [सं.] કિરણ
**મયૂર** પું૦ [सं] મોર. ૦**દંડ** પું૦ દંડની કસરતનો એક પ્રકાર ૦**ધ્વજ** પું૦ (સં.) એક પૌરાણિક રાજા **-રાસન** ન૦ યોગનું એક આસન **-રી** સ્ત્રી૦ ઢેલ
**મર(૦ને)** અ૦ ['મરવું' ઉપરથી] હશે,છોને,ભલે
**મરકટ** વિ૦ ['મરવું' ઉપરથી] સુકલકડી; દુર્બળ
**મરકડો** પું૦ [જુઓ મરકવું] મરકવું તે, સ્મિત
**મરકત** ન૦ [सं] લીલમ
**મરક મરક** અ૦ [જુઓ મરકવું] મદ મદ હસતું હોય એમ. [**-થવું(મોં), -હસવું** = મદ મદ હસવું] [મંદ હાસ્ય
**મરકલડું, મરકલું** ન૦ ['મરકવું' ઉપરથી]
**મરકવું** અ૦ક્રિ૦ (કા.) જુઓ મલકવું
**મરકી** સ્ત્રી૦ ['મરવું' ઉપરથી, સર૦ म] મહામારી, ઘણા લોક મરે તેવો રોગ, કોગળિયું, પ્લેગ વગેરે (**-ચાલવી, ફાટી નીકળવી.**) (૨) [?] એક મીઠાઈ
**મરખ** સ્ત્રી૦ પરખાણ ખેંચવાની નાની દોરી
**મરગ** પું૦ [सं. मृग] + મૃગ **-માનેણી** વિ૦ + મૃગનયની [**-ઘો** પું૦ કૂકડો
**મરઘી** સ્ત્રી૦ [फा मुर्ग़ी] કૂકડી. **-ઘું** ન૦ કૂકડું
**મરચી** સ્ત્રી૦ [सं. मरीच] મરચાંનો છોડ (૨) કાનનું એક ઘરેણું (૩) એક દારૂખાનું. **-ચું** ન૦ મરચીની તીખી શિંગ (૨) [લા.] મરચા જેવું નાનું પણ તીખું માણસ. [**મરચું મીઠું ભભરાવવું** = વધારીને અતિશયોક્તિ કરવી. **મરચાં ઊઠવાં, લાગવાં** = ખોટું લાગવું; રીસ ચડવી.]
**મરજ** પું૦ [अ.] રોગ, વાવડ
**મરજાદ** સ્ત્રી૦ [જુઓ મર્યાદા] અદબ;સભ્યતા (૨) જુઓ મરજાદી. ૦**વેલ** સ્ત્રી૦ દરિયાકિનારે થતી એક વેલ. **-દા** સ્ત્રી૦ મર્યાદા; સભ્યતા (**-જાળવવી, રાખવી, સાચવવી.**) **-દી** વિ૦ પુષ્ટિમાર્ગના ખાસ આચાર પ્રમાણે ચાલનારું (૨) સ્ત્રી૦ પુષ્ટિમાર્ગની આચાર-પ્રણાલી
**મરજિયાત** વિ૦ ['મરજી' ઉપરથી] મરજી પર આધાર રાખતું, મરજી હોય તો કરવાનું; 'ફરજિયાત'થી ઊલટું
**મરજી** સ્ત્રી૦ [अ] ઇચ્છા, ખુશી [**-રાખવી, સાચવવી** = ઇચ્છાને અનુકૂળ રહીને વર્તવું.]
**મરજીવો** પું૦ [दे मरजीवय, સર૦ हिं.] દરિયામાંથી મોતી કાઢનાર (૨) [લા.] મરણિયો
**મરડ** પું૦; સ્ત્રી૦ જુઓ મરડાટ ૦**વું** સ૦ક્રિ૦ [સર૦ हिं. मरोडना, म. मुरडणें (का० मुरि= વાળવું)] વાંકું વાળવું, આમળવું **-ડાટ** પું૦ ['મરડાવું' ઉપરથી] મરડાવું તે (૨) વક્રતા, રીસ (૩) ગર્વ (૪) લટકો, ચાળો. **-ડાવું** અ૦ક્રિ૦ 'મરડવું'નું કર્મણિ (૨) વંકાવું, રિસાવું (૩) લટકા કરવા **-ડાશિ(-શીં, -શિં, -સીં)ગ** સ્ત્રી૦ [સર૦ म. मुरडशेंग, हिं मरोडफली] આમળાવાળી એક શીંગ
**મરડ** પું૦; સ્ત્રી૦ [સર૦ म (का० मळर)] મરડિયો (૨) મરડિયા (પદાર્થવાચક નામ). **-ડિયો** પું૦ એક જાતનો કાંકરો, જેને પકવ્યાથી ચૂનો બને છે
**મરડો** પું૦ ['મરડાવું' ઉપરથી; સર૦ म मुरडा, हिं. मरोडा] એક રોગ જેમાં ઝાડા વાટે આમ તથા લોહી પડે છે
**મરણ** ન૦ [सं] મોત, મૃત્યુ (૨) નાશ; ખુવારી; અંત. [**-આવવું, થવું, નીપજવું** = મોત આવવું. **-બગડવું** = મરતી વેળા સુખ ન પડવું; દુઃખી થઈને મરવું (૨) ઉત્તરક્રિયા બરાબર ન થવી **-સાચવવું** = મરતાની સારવાર કે ઉત્તરક્રિયા બરાબર કરવા **-સુધરવું** = મરતી વેળા સુખ કે પુણ્ય થવા (૨) ઉત્તરક્રિયા બરાબર થવી] ૦**કાલ(-ળ)** પું૦ મરવાનો સમય ૦**ઘાત** સ્ત્રી૦ મરણ થાય એવો પ્રસંગ. ૦**તોલ** વિ૦ મરી જાય તેવું-તેટલું ૦**ધર્મી** વિ૦ મર્ત્ય, નાશવંત ૦**પથારી** સ્ત્રી૦ મરણની

કહેરાતવાળો મંદવાડ કે તેવી દશા.૦પોક સ્ત્રી૦ મરણ થતાં સગો તરત મૂકે છે તે પોક. ૦લાકડાં ન૦બ૦વ૦ શબને બાળવાનાં લાકડાં. ૦શીલ વિ૦ મરણ પામે તેવું,મર્ત્ય –ણાગત સ્ત્રી૦ [+ आगत] મરણકાળ (૨) અ૦ જીવને જોખમે –ણાભિમુખ, –ણોન્મુખ વિ૦ [+ अभिमुख, उन्मुख] દેહ છોડવાની તૈયારીમા હોય તેવુ –ણાંત વિ૦ (૨) અ૦ [+ अंत] મરણ સુધીનુ –ણિયું વિ૦ જીવ પર આવ્યું હોય એવુ, મોતની પરવા વિનાનું –ણીય વિ૦ મર્ત્ય –ણું ન૦ મરણ

**મરત** ન૦ + જુઓ મૃત્યુ. ૦ક ન૦ + [જુઓ મૃતક] મડદું

**મરતબો** પુ૦[अ.] દરજ્જો; મોભો [–રાખવો, સાચવવો=સામાના દરજ્જાને આચ ન આવે તે રીતે વર્તવું ]

**મરદ** પુ૦ [જુઓ મદ] પુરુષ (૨) વીર પુરુષ (૩) વિ૦ બહાદુર. વીર –દાઈ, –દાનગી સ્ત્રી૦ પુરુષાતન(૨) વીરતા –દાના,–દાની વિ૦ મરદને લગતુ;મરદ માટેનું,મરદને છાજે એવું –દા(–દુ)મી, –દી સ્ત્રી૦ મરદાઈ (–દાખવવી, –બતાવવી.)

**મરદવું** સ૦ક્રિ૦ જુઓ મર્દવું [જાણનાર

**મરમ** પુ૦ જુઓ મર્મ (૫) –મી વિ૦ મર્મ

**મરમ્મત** સ્ત્રી૦ [अ] મરામત, જીર્ણોદ્ધાર, સમારકામ [જાતનુ વાજું

**મરફો** પુ૦ [अ मुरफ्फह, સર૦ म] એક

**મરવું** અ૦ક્રિ૦ [प्रा मर, स मृ] મરણ પામવું, નાશ પામવું (૨) ખુવાર થવું. હાનિ ભોગવવી (૩)[ધાતુની]ભસ્મ થવી(૪) (પ્રવાહી કે ફળનુ દૂધ) અંદર ઊતરી કે શોષાઈ કે સમાઈ જવું (૫) ટળવું, દૂર ખસવુ કે જવું (તુચ્છકારમા) (૬) ઠેકાણેથી ઊઠી જવું ઉદા૦ સોગઠી મરી ગઈ (૭) અન્ય ક્રિયાપદ સાથે 'થાકી જવું' એવા અર્થમાં વપરાય છે ઉદા૦ આખો દહાડો નાહક ચાલી મર્યા અથવા ગુસ્સામા 'છૂટી છૂટવું' એવા અર્થમા વપરાય છે. ઉદા૦ બોલી મર! ભસી મર! [મરતાને મર કહેવું=તિરસ્કાર કરવો કે કડવુ વેણ કહેવું (સામાન્ય રીતે નકારમા વપરાય છે. ઉદા૦ મરતાને મર કહે તેવો નથી) **મરતાં જીવતાં**=(ભવિષ્યમા) કોઈ દહાડો પણ **મરતાં મરતાં ઊઠવું**=ગભીર માદગીમાથી સાજુ થવુ **મરવા?**=નાહક શા માટે? ઉદા૦ ત્યા મરવા ગયો હતો? **મરી જવું**=શાત પડવુ; બધ પડવું (જુસ્સો, ભૂખ)(૨)કરમાવું,રસકસ જતો રહેવો ઉદા૦ અહીંથી છાપ મરી ગઈ છે (૩) સ્થાનેથી ઊઠી જવું (રમતમા ઉદા૦ તેની સોગઠી મરી ગઈ (૪) મરવા જેવું દુખ કે સ્થિતિ થયેલી બતાવતા ઉદ્ગાર તરીકે વપરાય છે ઉદા૦ મરી ગયો બાપલા!(૫)બીજી ક્રિયા સાથે 'થાક્યો, કંટાળ્યો' એવા અર્થમા વપરાય છે ઉદા૦ ના કહી કહીને મરી ગયો. **મરી પડવું**=પોતાનુ સઘળુ જોર વાપરવુ (૨) વારી જવું **મરી પરવારવું**=(બધાય) મરીને ખલાસ થવુ **મરીફીટવું**=જુઓ મરી પડવું. **મરી મથીને**=જેમ તેમ કરીને,મહામુશ્કેલીએ

**મરવો** પુ૦ [સર૦ म मुरवा=કૂમળા ભાજી-પાલાનો સમુદાય] નાની કાચી કેરી (૨)[જુઓ મરૂવો] એક છોડ; ડમરો (કા)

**મરસિયો** પુ૦ [अ.] રાજિયો

**મરહઠા** પું૦ [प्रा. मरहट्ट (सं महाराष्ट्र)=એક છંદ] એક છંદ.

**મરહબા** અ૦ [अ] ભલે પધાર્યા

**મરહમ** પુ૦ [अ] મલમ, લેપ

**મરહૂમ** વિ૦ [अ] મરણ પામેલુ, સ્વર્ગસ્થ

**મરા(–રે)ઠણ** સ્ત્રી૦[જુઓ મગડી] મરાઠા સ્ત્રી

**મરા(–રે)ઠી** વિ૦[प्रा मरहट्ठी (सं महाराष्ट्री)] મહારાષ્ટ્રનુ (૨) સ્ત્રી૦ મહારાષ્ટ્રની ભાષા –ઠો પુ૦ મહારાષ્ટ્રનો રહેવાસી

**મરામત** સ્ત્રી૦ જુઓ મરમ્મત –તી વિ૦મરામત કરાવવી પડે તેવુ (૨) પુ૦ મરામત કરનાર માણસ [સ્ત્રી૦ હંસી

**મરાલ(–ળ)** પું૦[सं]હસ –લા,–લી(–ળી)

**મરિયું** ન૦ ['મરી' ઉપરથી] મરી (૨) [લા] મરી જેવું તીખુ – ક્રોધી માણસ

**મરી** ન૦ [सं मरिच, मरीच] એક તેજાનો [–ફાકવાં=ચડચુ ચડચુ બોલવું; મગરૂરીમાં

બકયા કરવું.] ૦મસાલો પુંo ગરમ મસાલો (૨) [લા.] અતિશયોક્તિ (-ભભરાવવો)

**મરીચકંકોલ** નo એક છોડ

**મરીચિ** પુંo [સં.] (સં.) દશ પ્રજાપતિમાના એક (૨) સ્ત્રીo કિરણ

**મરીચિકા** સ્ત્રીo [સં.] મૃગજળ

**મરીચી** પુo [સં] સૂર્ય

**મરીનો** પુo [સ્પૅo मॅरिनो] એક જાતના ઊનનું કાપડ (૨) એ ઊન પેદા કરનાર ઘેટાની જાત

**મરુ, ૦દેશ** પુંo, **૦ભૂમિ(-મી), ૦સ્થલી** સ્ત્રીo [સં] રણ (૨) મારવાડ

**મરુડી** સ્ત્રીo [સરo મઢુલી] ઝાડની બખોલમા બનાવેલો ગોખલો (૨) નાની ઝૂપડી

**મરુત** પુંo [સં] પવન [ગનિયાર

**મરુડિયો** પુંo ['મરોડવુ' ઉપરથી ?] જુઓ

**મરુઠ** નંo એક છોડ

**મરૂદ** સ્ત્રીo દરિયામા પાણીની ઊંડાઈ તથા તળિયાની જમીન પારખવાનુ સીસાનું દોરી બાંધેલું સાધન

**મરવો** પુo [સ मरुवक, प्रा मरुअ, हिं मरुआ, मरुवा, म. मरवा] એક છોડ, મરવો

**મરે** અo ['મરવું' ઉપરથી] (૫) મર, ભલે, છોને

**મરેઠણ** સ્ત્રીo જુઓ મરાઠણ

**મરેઠી** સ્ત્રીo એક વનસ્પતિ

**મરેઠી, -ઠણ, -ઠો** જુઓ 'મરાઠી'મા

**મરો** પુo ['મરવું' ઉપરથી] મોત (૨) મોતના જેવુ દુઃખ; હેરાનગતિ

**મરોડ** પુંo ['મરડવુ' ઉપરથી] વાંક; વલણ; (અક્ષરનો) આકાર (૨) જુઓ મરડાટ. ૦દાર વિo મરોડવાળો (અક્ષર). ૦વું સo ક્રિo જુઓ મરડવું -ડી સ્ત્રીo બૂચ ઉઘાડવાનો સ્ક્રૂ

**મર્કટ** પુંo [સ.] વાદરો

**મર્ત્ય** વિo [સ] નાશવંત, મરવાના નસીબવાળું (૨) પુંo માણસ. ૦ત્વ નo. ૦લોક પુo મૃત્યુલોક

**મર્દ** પુંo [फा] જુઓ મરદ

**મર્દન** નo [સ.] ચોળવું તે (૨) દમન; નાશ

**મર્દવું** સo ક્રિo [સ मृद् – मर्दय्] મર્દન કરવું

**મર્દાઈ, -નગી, -ના, -ની, -મી, મર્દી, મર્દુમી** [फा.] જુઓ 'મરદ'મા

**મર્મ** પુo [સં] છૂપી વાતઃ ભેદ (૨) રહસ્ય; તાત્પર્ય (૩) મર્મસ્થાન ૦ખાર પુંo એક શાગ (?) ૦ગ્રાહી વિo રહસ્યનુ ગ્રહણ કરનારું ૦જ્ઞ વિo મર્મ જાણનાર, ચતુર, ૦ભેદ પુo, ૦ભેદન નo બીજાની છૂપી વાતો બહાર પાડવી તે ૦ભેદી વિo મર્મસ્થાનને ભેદનાર ૦વચન નo મહેણું. ૦વિદ પુંo મર્મજ્ઞ. ૦વેધક, ૦વેધી વિo મર્મભેદી. ૦વેધકતા, ૦વેધિતા સ્ત્રીo. ૦સ્થલ(-ળ), ૦સ્થાન નo જ્યાં ઇજા થવાથી મૃત્યુ થાય તેવો શરીરનો કોમળ ભાગ

**મર્મર** વિo [રવo] મર્મર અવાજ કરતુ (૨) પુંo [સં] અવાજ (પાદડા વગેરેનો). -રંત વિo મર્મર કરતુ -રાટ પુo મર્મર અવાજ

**મર્માળ(-ળું)** વિo ['મર્મ' ઉપરથી] મર્મવાળુ

**મર્યાદ, -દા** [સં] સ્ત્રીo હદ (૨) અદબ; વિવેક. [મર્યાદા આંકવી, દોરવી = હદ ઠરાવવી. -ઉલ્લંઘવી, છોડવી, મૂકવી = અદબ કે સભ્યતા તજવી. -રાખવી, સાચવવી = અદબ જાળવવી] ૦વેલ સ્ત્રીo મરજાદવેલ. ૦(-દા)શીલ વિo વિનયી; અદબવાળું. -દિંત વિo [સં.] મર્યાદાવાળુ

**મલ(-લ્લ)** પુંo [સ मल्ल] કુસ્તીબાજ, પહેલવાન. ૦કુસ્તી સ્ત્રીo મલ્લયુદ્ધ

**મલ(-ળ)** પુo [સ] મેલ (૨) વિષ્ટા

**મલકટ** પુંo [મલ, મેલ + કટકો] કાચળીનો છાતી ઉપરનો ભાગ

**મલક મલક** અo [સં. मुकुल પરથી ?] મંદ મદ હસતુ હોય એમ ઉદાo મો મલક મલક થાય છે

**મલક(-કા)વું** અo ક્રિo [જુઓ મલક મલક] મલક મલક થવું, મલકાવું, મદ મંદ હસવુ

**મલકાટ** પુo ['મલકવુ' ઉપરથી] મંદ સ્મિત (૨) હર્ષ, આનંદ -વું અo ક્રિo મલકવું

**મલકૂડું** વિo ['મલકવુ' ઉપરથી] સહેજમાં મલકાઈ જાય તેવુ (૨) [સરo મોળુ] મળગૂગળું (૩) નo [સરo મટકું; સરo दे. मल्लिअ = કુંડ] દોણી

**મલકૂત** પુo [अ] દેવલોક

**મલખમ, મલખંભ** પુંo [મલ્લ + સ્તમ્ભ, સરo

હિં, મ. મलखाब] કસરત માટેનો લાકડાનો લીસો એક ખાસ થાંભલો [ચક્ર
મલચક્ર ન૦ [सं] મલ-પાપરૂપ શરીરનું કલ્પિત
મલત્યાગ પું૦ [सं.] ઝાડે ફરવું તે
મલપતું વિ૦ [દે मलपिअ=ગર્વમાં આવેલું, સર૦ મ मलपणें] ઉમંગમાં ઠાઠથી ધીમે ધીમે ચાલતું
મલબારી વિ૦ [द्राविडी मलइ=પર્વત+બાર (મ वार=ખંડ, स वार=પ્રદેશ)=ડુંગરાળ પ્રદેશ] મલબાર પ્રાંતનું
મલમ પું૦ [अ. मर्हम, સર૦ મ.] ગડગૂમડ ઉપર ચોપડવાનું ઔષધ ૦પટી(-ટ્ટી) સ્ત્રી૦, ૦પટો(-ટ્ટો) પું૦ મલમવાળી લૂગડાની પટી કે પટો [(-કરવી(-વો), મારવી(-વો), લગાવવી(-વો)]
મલમલ ન૦ સ્ત્રી૦[हिं.(सं मलमल्लक=લંગોટીનું પાતળું વસ્ત્ર)] એક જાતનું બારીક કાપડ -લી વિ૦ મલમલના પોતનું. ઘણું બારીક
મલ(-ળ)માસ પું૦ [सं] અધિક માસ
મલય, ૦ગિરિ, ૦પર્વત પું૦ [सं] (સં) દક્ષિણમાં આવેલો ચંદનના જંગલવાળો પર્વત. -યાગરુ ન૦ [+अगरु] સારામાં સારી સુખડ -યાચલ(-ળ), -યાદ્રિ પું૦ [+अचल, अद्रि] (સં) મલયગિરિ -યાનિલ પું૦ [+अनिल] મલય પર્વતમાંથી આવતો પવન
મલવું સ૦ક્રિ૦[सं मिल्] મળવું (૨) [प्रा मल (सं मृद्), સર૦ हिं. मलना] મસળવું, દબાવવું
મલ(-ળ)શુદ્ધિ સ્ત્રી૦ [सं] ઝાડે ફરવા જવું કે ઝાડો સાફ આવવો તે
મલયાલમ સ્ત્રી૦ કેરળ પ્રાંતની ભાષા
મલંગ વિ૦ [हिं] મસ્ત (ફકીર)
મલાઈ સ્ત્રી૦ [फा बालाइ, સર૦ हिं, म.] દૂધની તર (૨) વધારે ઘી-તત્ત્વવાળો, દૂધનો જુદો કરાતો ભાગ,'ક્રીમ' [-નો ઉતારો=મલાઈનું ઉત્પન્ન-દૂધમાંથી ઊતરતો જથો.]
મલાખું વિ૦ [सं मल (?)+अक्षि] બાડું
મલાજો પું૦ [જુઓ મુલાજો] મર્યાદા, અદબ (૨) એ ખાતર પળાતી લાજ કાઢવાની કે પડદો રાખવાની ક્રિયા (-પાળવો, રાખવો)
મલામણી (લા') સ્ત્રી૦ મલાવવું તે (?)
મલાર (લા') પું૦[સર૦ हिं., म मल्हार] એક રાગ -રી સ્ત્રી૦ મેઘરાગની એક રાગણી
મલાવડાં (લા') ન૦ બ૦વ૦ [જુઓ મલાવવું] મીઠું મીઠું બોલી સારુ લગાડવું તે -ડો પું૦ મલાવો
મલા(-ળા)વરોધ પું૦ [सं] બંધકોષ
મલાવવું (લા') સ૦ક્રિ૦ [જુઓ મહાલવું તેનું પ્રેરક] બહલાવવું, દીપાવવું (૨) લંબાવવું, અતિશયોક્તિ કરવી.
મલાવો (લા') પું૦ મલાવવું તે
મલા(-ળા)શય ન૦ [सं] શરીરમાં મળને રહેવાનું સ્થાન [રાજકર્ત્રી
મલિક પું૦ [अ] રાજા -કા સ્ત્રી૦ રાણી,
મલિન વિ૦ [सं] મેલું ૦તા સ્ત્રી૦
મલીદો પું૦ [फा मालीदह; સર૦ મ मलिदा, हिं मलीदा] ચૂરમું (૨) સત્ત્વવાળો ખોરાક (૩) [લા.] માર
મલીર ન૦ (કા) ઝીણા પોતનું અને કાળા રંગનું કાઠિયાણીનું એક જાતનું ઓઢણું
મલૂક વિ૦ [अ] ઉત્તમ
મલેક પું૦ [अ. मलिक] મુસલમાનોની એક જાતનો માણસ [ટાઢિયો તાવ
મલેરિયા પું૦ [इं] મચ્છર કરડી આવતો-
મલોખું ન૦ [માલ+રખું] રેંટિયાની માળ ન ખસી જાય માટે બે ઢીંગલીની વચ્ચે ઘલાતી સળીઓમાંની દરેક [મલોખાં મીઠાં કરવાં =મલોખામાંથી સ્વાદ શોધવા જેવો મિથ્યા પ્રયત્ન કરવો]
મલો(-ળો)ત્સર્ગ પું૦ [सं] મળત્યાગ
મલ્લ વિ૦[सं] મજબૂત અને કસરતી (૨) પું૦ પહેલવાન (૩) બૌદ્ધકાલીન એક પ્રજા ૦યુદ્ધ ન૦ કુસ્તી ૦રંગ પું૦ અખાડો ૦વિદ્યા સ્ત્રી૦ કુસ્તીની કળા અને શાસ્ત્ર
મલ્લિકા સ્ત્રી૦[सं.] એક વેલ અને તેનું ફૂલ (૨) એક છંદ ૦ક્ષ પું૦ હંસની એક જાત
મવડાવવું,મવાડવું સ૦ક્રિ૦ ['માવું' ઉપરથી] માય તેમ કરવું; સમાવવું
મવાલ(-ળ) વિ૦ [म मवाळ (सं. मृदुल)]

(જહાલથી ઊલટું) મોળું, નરમ, 'મૉડરેટ'. ૦પક્ષ પું૦ નરમ 'મૉડરેટ' લોકનો પક્ષ
**મવાલી** પું૦ [फा.] કંગાળ; ભિખારી (૨) [સર૦ म] ગુંડો
**મશ(-સ)** ન૦ [જુઓ મિષ] બહાનું
**મશક** સ્ત્રી૦ [सं., फा. સર૦ म मसक]પાણી ભરવાની ચામડાની કોથળી (૨) મચ્છર
**મશ(-સ)કલો** પું૦ જુઓ મસકલો
**મશગૂલ** વિ૦ [अ.] નિમગ્ન; લીન
**મશર(-રિ)ક** સ્ત્રી૦ [अ.] પૂર્વ દિશા
**મશરૂ** પું૦ [अ. मश्रू; સર૦ हिं. मशरू; म. मश्रु] રેશમ તથા સૂતરનું ઘણા રંગના પટાવાળું કપડું
**મશહૂર** વિ૦ [अ] પ્રખ્યાત, જાણીતું
**મશાગત** સ્ત્રી૦ [अ मशक्क़त; સર૦ म.] મહેનત (૨) રોજ, મજૂરી
**મશાલ** સ્ત્રી૦[अ] લાકડી ઉપર ચીંથરાં વીંટેલો સળગાવવાનો કાકડો ૦ચી, -લી પું૦ મશાલ ધરનારો
**મશિ(-સિ)યાઈ** વિ૦ ['માશી' ઉપરથી] માસીનું કે માસી તરફનું
**મશી** પું૦ [सं मशी કે मशक ઉપરથી; સર૦ म] (ચ) ગવારમાં પડતો રોગ
**મશી(-સી)** સ્ત્રી૦ [सं] કાજળ, મેશ (૨) દાત ઘસવાનો કે કાળા કરવાનો ભૂકો (૩) [सं. मशक, मश] મચ્છર જેવું કરડતું નાનું જંતુ
**મશીનગન** સ્ત્રી૦ [इं] યંત્રથી ઝપાટાબંધ ગોળીઓ વરસાવતી એક ખાસ બંદૂક
**મશ્કરી** સ્ત્રી૦ [फा. मस्खर्गी; સર૦ म. मस्करी, हिं. मसखरी] મજાક, ઠઠ્ઠો; ટોળ. ૦ખોર વિ૦ મશ્કરીમાં રાચનારુ -રો પું૦ મશ્કરી કરનારો (૨) વિદૂષક; રંગલો
**મસ** વિ૦ [સર૦ म. (फा मस्त)] પુષ્કળ (૨) ન૦ [જુઓ મશ] મિષ (૩) પું૦ જુઓ મસો
**મસકલો** પું૦ [अ. मिस्क़लह; સર૦ हिं.] (સુ.) ઓપવાનું લોઢાનું ઓજાર
**મસકો** પું૦ [फा.] માખણ (૨) શિખંડ માટે દહીંનું પાણી કાઢી નાખી તૈયાર કરેલો લોદો (૩)[લા.] ખુશામત [-મારવો, લગાડવો = ખુશામત કરવી] [ગાદીએ બેઠેલું
**મસનદ** સ્ત્રી૦ [अ.] ગાદી, તખ્ત. ૦નશીન વિ૦
**મસનવી** સ્ત્રી૦ [अ.] કાવ્યનો એક પ્રકાર
**મસમસવું** અ૦ક્રિ૦ [प्रा. मघमघ] મઘમઘવું
**મસરકો** પું૦ [दे. मसरक्क=સમેટવું, સં કોચવું? કે अ. मसर्रत=આનંદ] કરડાકીનો બોલ; મર્મવચન
**મસલત** સ્ત્રી૦ [अ मस्लहत] સાથે મળીને થતી વિચારણા, સંતલસ; સલાહ ૦સમિતિ વિષય વિચારિણી સમિતિ -તિયો પું૦ સલાહ આપનાર
**મસવણી** સ્ત્રી૦[જુઓ મતસરવણી]ગૌરીપૂજન
**મસવાડી** સ્ત્રી૦ [अ. मवाश=ઢોર ઉપરથી] ભરવાડ પાસેથી ઢોર ચરાવવા બદલ લેવાતો કર
**મસવાડું** ન૦ [अ मवाश=ઢોર + વાડો] ઘરની પાછળનો વાડાનો ભાગ
**મસવાડો** પું૦[જુઓ મસવાડું]ગામનું પછવાડું; ભાગોળ (૨) ['માસ' ઉપરથી] મહિનો -ડા પું૦બ૦વ૦ ગર્ભાવસ્થાના મહિના
**મસળવું** સ૦ક્રિ૦[दे. मसार=સુંવાળું કરવાનો પથ્થર; કે प्रा मसिणिअ (सं म्रसृणित)=સુંવાળું કરેલું; સર૦हिं. मसलना, म. मसंडणें] ઘસીને ચોળવું, ગહડવું, મર્દન કરવું
**મસાણ** ન૦ [प्रा. (सं श्मशान)] સ્મશાન. [-જગાડવું = અઘોરી પગાડે તેવું કામ કરવા પિશાચ વગેરેને બોલાવવા -માં જવું=મરી જવું (ઉદા૦ મસાણમાં જા!=મરી જા!-ગુસ્સાનો ઉદ્‌ગાર) (૨)મરી ગયેલાને બાળવા કે દાટવા સ્મશાનમાં જવું -માંથી ખેંચી કાઢેલું=તદ્દન અશક્ત ને નિર્વીય] -ણિયું વિ૦ મસાણનું(૨)સ્મશાનમાં જઈ આવેલું(૩) [લા.] કંગાળ, અપશુકનિયું [મસાણિયા લાડુ=થોડા ઘીના લાડુ (૨) દિલગીરીનું મિષ્ટાન્ન; પ્રેતાન્ન] -ણિયો પું૦ મડદા સાથે સ્મશાનમાં ગયેલો માણસ(૨)મસાણનો ભંગી. -ણી વિ૦ મસાણિયું;કંગાળ(૨) પું૦ બાળતી કે દાટતી વખતે ધાર્મિક ક્રિયા કરાવનાર (૩) મરણક્રિયા માટેનો સામાન વેચનાર (૪)

એક પારસી અટક (૫) [सं. महासाधनिक] મોટો સાધક
**મસાત** સ્ત્રી૦ [अ मिसाहत, સર૦ મ. मसाद] ખેડવાની જમીનની માપણી (૨) મહેસૂલ
**મસાલો** પુ૦ [अ. मसालह] રસોઈ ધમધમાટવાળી કે સ્વાદિષ્ટ કરવા નાખવાનો તેજાનો (૨) કોઈ ચીજ બનાવવા જોઈતી સામગ્રી (૩) ચણવા માટે રેતી ચૂનો વગેરેનો કાલવેલો માલ. [**–કાઢવો**=અડદાળો કાઢવો, ખૂબ મારવું, કૂટવું, કે થકવવું **–ચડવો, થવો**=મસાલાની અસર થવી **–પૂરવો**=ઉશ્કેરવુ (૨) અતિશયોક્તિ કરવી, રસિક કરવુ **–ભભરાવવો**=વધારવુ, બહલાવવુ, રસિક કરવું.] **–લા(–લે)દાર** વિ૦ મસાલાવાળુ
**મસિ(–સી)** સ્ત્રી૦ [सं] જુઓ મશી
**મસિયાઈ, મસિયેણુ** વિ૦ જુઓ મશિયાઈ
**મસી** સ્ત્રી૦ [सं.] જુઓ મશી (૨) શેરડીનો એક રોગ (૩) પું૦ જુઓ મસીહ
**મસી(–સ્જિ)દ** સ્ત્રી૦ [अ. मस्जिद; સર૦ મ. मशीद] મુસલમાનોનુ બંદગી કરવાનું જાહેર મકાન, નિમાજ પઢવાનુ સ્થાન. [(નિમાજ પઢતા) **મસીદ કોટે વળગવી**=ભલું કરવા જતા પંચાતમા ફસાવાનુ થવુ – બલા વળગવી.]
**મસીહ(–હા)** પુ૦ [अ] ઈસા મસીહ
**મસુ(–સૂ)ર** સ્ત્રી૦ [सं.] એક જાતની દાળ
**મસૂદો** પું૦ [સર૦ म मसुदा; જુઓ મુસદ્દો] ખરડો; 'ડ્રાફ્ટ' (–ઘડવો)
**મસૂર** સ્ત્રી૦ જુઓ મસુર
**મસૂરિયું** ન૦ [प्रा मसूरय (सं. मसूरक)] ગોળ ઓશિકું. ઉદા૦ ગાલમસૂરિયુ
**મસો** પું૦ [हिं मसा, प्रा मस (सं मश)] ચામડી ઉપર બાઝેલી ગોળ ગાંઠ (૨) અર્શ; હરસ [મહિના (ચ. ગ્રામ્ય)
**મસોઢા** પુ૦બ૦વ૦ [જુઓ મસવાડા] ગર્ભના
**મસોડું** ન૦[हिं. मसूड़ा] દાતનુ પેઢવું;અવાળું
**મસોતું** ન૦ [सं. मशी+પોતુ] ચૂલા ઉપરના ગરમ વાસણ પકડવા વપરાતુ ચીંથરુ
**મસ્કતી** વિ૦ [फा] મસ્કત બંદરનુ
**મસ્જિદ** સ્ત્રી૦ [अ.] જુઓ મસીદ

**મસ્ત, –સ્તાન** વિ૦ [फा.] મદમાતુ, ઉન્મત્ત; ચકચૂર **–સ્તાઈ** સ્ત્રી૦ મસ્તપણું, મસ્તી
**મસ્તક** ન૦ [सं.] માથું. [**મસ્તકપૂજા કરવી**= કમળપૂજા કરવી (૨) માથાફોડ કરવી]
**મસ્તાઈ, –ન(–નું)** [फा.] જુઓ 'મસ્ત'માં
**મસ્તિક(–ષ્ક)** ન૦ [सं.] માથુ (૨) મગજ. **૦વિદ્યા** સ્ત્રી૦ માથાના ઘાટ પરથી માનસિક શક્તિઓ પારખવાની વિદ્યા, 'ફ્રેનોલોજી'
**મસ્તી** સ્ત્રી૦ [फा] તોફાન (૨) મસ્ત હાલત. **૦ખોર** વિ૦ તોફાની
**મસ્તૂલ** સ્ત્રી૦; ન૦ સાળમા વપરાતી રેશમની કોકડી (૨) પુ૦ [पो.] વહાણનો કૂવાસ્તંભ
**મસ્નદ** સ્ત્રી૦ [अ; સર૦ म, हिं. मसनद] મસનદ, પાટ, ગાદી; સિંહાસન
**મસ્લહત** સ્ત્રી૦ [अ] મસલત; સલાહ આપવી લેવી તે [**–બી** સ્ત્રી૦ મહફૂબપણુ
**મહફૂબ** વિ૦ [म, જુઓ મોકૂફ] મુલતવી
**મહત** વિ૦ [सं] મોટુ. **–તી** વિ૦ સ્ત્રી૦ મોટી (૨) સ્ત્રી૦ મહત્તા (૩) એક જાતની વીણા. **–ત્તા** સ્ત્રી૦, **–ત્ત્વ** ન૦ મોટાપણુ; મહિમા (૨) અગત્ય, પ્રતિષ્ઠા. **–ત્ત્વાકાંક્ષા** સ્ત્રી૦ [+आकांक्षा] મહાકાક્ષા, મોટાઈ મેળવવાની ઇચ્છા **–ત્ત્વાકાંક્ષી** વિ૦ મહત્ત્વાકાક્ષાવાળુ **–ત્ત્વૈષણા** સ્ત્રી૦ [+एषणा] મહત્ત્વાકાક્ષા
**મહ(–હે)તાબ** પુ૦ [फा] ચંદ્ર (૨) સ્ત્રી૦ ચાદની (૩) એક દારૂખાનુ
**મહ(–હે)બૂબ** વિ૦ [अ] પ્રિય
**મહ(–હં)મદ** પુ૦ [જુઓ મહમદ] (સં.) ઇસ્લામના પેગબર **–દી** વિ૦ મહંમદનું; તેમનુ અનુયાયી
**મહમદિયાન** વિ૦ [જુઓ મહમદી] મુસલમાન
**મહર્લોક** પુ૦ [सं] (પૌરાણિક ભૂગોળના) ઉપરના સાત લોકમાનો ચોથો લોક
**મહર્ષિ** પુ૦ [सं.] મોટો ઋષિ
**મહંત** પું૦[सं महत् પરથી, સર૦हिं,म]મોટો સાધુ, મઠાધિકારી **–તાઈ** સ્ત્રી૦ મહંતપણું
**મહંમદ, મહમદી** પુ૦[अ.]જુઓ 'મહમદ'મા
**મહા** પુ૦ [प्रा माह (सं. माघ)] માઘ–માહ મહિનો

મહા વિ૦ [સં.] (સમાસમાં) મોટું (કર્મધારય અને બહુવ્રીહિ સમાસ તથા કેટલાક અનિયમિત શબ્દોના આદિમાં આવતું 'મહત્'નું રૂપ) ૦કવિ પું૦ મોટો કવિ ૦કાય વિ૦ મોટા શરીરવાળું. ૦કાલ(-ળ) પું૦(સં.)મહાદેવ. ૦કાલી(-ળી) સ્ત્રી૦(સં.)ભયંકર સ્વરૂપવાળી દુર્ગા. ૦કાલે(-ળે)શ્વર પું૦ (સં) બાર જ્યોતિર્લિંગમાંનું એક ૦કાવ્ય ન૦ મોટું કે મહાન કાવ્ય. ૦કાંક્ષી વિ૦ મહત્વાકાંક્ષી ૦જન ન૦ મોટો પ્રતિષ્ઠિત માણસ કે ગામના તેવાઓનું મંડળ (૨) સરખા ધંધાદારીઓનું મંડળ કે સંઘ ૦જનિયું વિ૦ મહાજનને લગતું (૨) ઘણી જગરનું; રખડાઉ ૦જની સ્ત્રી૦ નાગરી લિપિનો જૂના ચોપડાઓમાં વપરાતો એક પ્રકાર. ૦તલ(-ળ) ન૦ સાતમાંનું પાંચમું પાતાળ. ૦ત્મતા સ્ત્રી૦ મહાત્માપણું. ૦ત્મા વિ૦મહાન આત્માવાળું (૨) પું૦ તેવો પુરુષ; સંત ૦દશા સ્ત્રી૦ મુખ્ય ગ્રહની અસર. ૦દેવ પું૦(સં) શિવ. ૦દ્વાર ન૦ મુખ્ય દરવાજો. ૦ન વિ૦ મોટું, મહત. ૦નુભાવ વિ૦ મોટા મનનું; ઉદાર; મહાશય (૨) પું૦ તેવો પુરુષ (૩) (સં) તે નામનો એક ધર્મ-સંપ્રદાય. ૦નુભાવિતા સ્ત્રી૦. ૦પદ્મ ન૦ સો અબજ (૨) ધોળું કમળ ૦પાતક ન૦ મોટું પાપ (બ્રહ્મહત્યા, સુરાપાન, ચોરી, ગુરુપત્ની સાથે વ્યભિચાર, અને એ ચાર સાથે સંગ, એ પાંચ) ૦પાતકી વિ૦ મહાપાતક કરનાર ૦પુરુષ પું૦સજ્જન, સત્પુરુષ. ૦પૂજા સ્ત્રી૦ ખાસ પ્રસંગે કરાતી મોટી પૂજા. ૦પ્રજ્ઞ વિ૦ મહાનુભાવ; મહાપુરુષ. ૦પ્રભુ(૦જી) પું૦(સં.)વલ્લભાચાર્ય. ૦પ્રલય પું૦ ચારસો બત્રીસ કરોડ વર્ષોને અંતે થતો મનાતો સૃષ્ટિનો સમૂળગો નાશ. ૦પ્રસાદ પું૦ દેવનું નૈવેદ્ય (૨) જગન્નાથજીને ચઢેલો ભાત ૦પ્રસ્થાન ન૦ મૃત્યુ. ૦પ્રાજ્ઞ વિ૦ મહાન પ્રજ્ઞાવાળું; 'માસ્ટર-માઇન્ડ.' ૦પ્રાણ વિ૦ (વ્યા) જેનો ઉચ્ચાર કરતાં વધારે પ્રાણ વપરાય છે તે—કવર્ગ વગેરે દરેક વર્ગનો બીજો અને ચોથો વ્યંજન, તથા શ, ષ, સ અને હ ૦પ્રાણત્વ ન૦. ૦બલા સ્ત્રી૦ એક વનસ્પતિ. ૦બાહુ વિ૦ મોટી ભુજાવાળું (૨) શૂરવીર, બળવાન. ૦બોધિ પું૦ [સં] ભગવાન બુદ્ધ (૨) શ્રેષ્ઠ જ્ઞાન. ૦ભાગ વિ૦ ભાગ્યશાળી (૨) સદાચારી. ૦ભારત વિ૦ બહુ મોટું અને ગુંચવાળું (૨) ન૦ (સં.) એ નામનું પ્રસિદ્ધ મહાકાવ્ય. ૦ભાવ વિ૦ મોટા ભાવ કે ભાવનાવાળું ૦ભિનિષ્ક્રમણ ન૦ [+ अभिनिष्क्रमण] મહાન ત્યાગ કે સંન્યાસ (બુદ્ધનો) ૦ભૂત ન૦ મૂળતત્ત્વ; પંચમહાભૂતમાંનું દરેક. ૦મતિ વિ૦ બુદ્ધિશાળી (૨) ઉદાર દિલવાળું. ૦મન વિ૦ મોટા-ઉદાર મનવાળું. ૦મહોપાધ્યાય પું૦ બહુ મોટા ઉપાધ્યાય (૨) અંગ્રેજ રાજ્ય તરફથી સંસ્કૃતના પંડિતને મળતો એક ઇલકાબ. ૦મંત્રી પું૦ પ્રધાન મંત્રી. ૦માત્ર પું૦ વડો અમાત્ય (૨) વિદ્યાપીઠનો મંત્રી, 'રજિસ્ટ્રાર' (૩) મહાવત. ૦માયા સ્ત્રી૦ (સં) જગતની કારણભૂત અવિદ્યાની અધિષ્ઠાત્રી, દુર્ગા (૨) બુદ્ધ ભગવાનની માતાનું નામ (૩) લક્ષ્મી (૪) જેનાથી લૌકિક જગત સત્ય જણાય છે તે માયા. ૦મારી સ્ત્રી૦ મરકી; કૉલેરા ૦યજ્ઞ પું૦ નિત્ય કરવાના પાંચ યજ્ઞ (બ્રહ્મ-દેવ પિતૃ ભૂત નૃ૦)માંનો દરેક. ૦યાન પું૦(સં.)એક બૌદ્ધ સંપ્રદાય. ૦રજત ન૦ સોનું ૦રથી પું૦ એકલો દશ હજાર યોદ્ધાઓ સામે લડી શકે તેવો પરાક્રમી લડવૈયો. ૦રાજ પું૦ મોટો રાજા; સમ્રાટ (૨) વૈષ્ણવોના આચાર્ય (૩) બ્રાહ્મણ, સંત, રાજા વગેરેના સંબોધન તરીકે વપરાય છે (૪) બ્રાહ્મણ રસોઇયો. ૦રાજા(-યા) પું૦સમ્રાટ. ૦રાજાધિરાજ પું૦સર્વોપરી સમ્રાટ. ૦રાણી સ્ત્રી૦ વડી રાણી ૦રાત્રિ(-ત્રી) સ્ત્રી૦ શિવરાત્રી; મહા વદ ૧૪ની રાત્રી (૨) મહાપ્રલયની રાત્રી, કાળરાત્રી (૩) મધરાત પછી બે મુહૂર્તનો સમય. ૦રાષ્ટ્ર પું૦; ન૦ (સં.) ગુજરાતની દક્ષિણે અને કર્ણાટકની ઉત્તરે આવેલો અરબી સમુદ્રના કિનારા પરનો પ્રદેશ. ૦રાષ્ટ્રી વિ૦ મહારાષ્ટ્રનું, -ને લગતું (૨) પું૦ મહારાષ્ટ્રનો રહેવાસી (૩) સ્ત્રી૦ મહારાષ્ટ્રની પ્રાકૃત

ભાષા **૦રેખા** સ્ત્રી૦ (—)આવું વિરામચિહ્ન (વ્યા.) **૦રૂપક** ન૦'એલેગરી'. **૦રૌરવ** ન૦ એક નરકનું નામ, રૌરવથીય ભયંકર નરક **૦લક્ષ્મી** સ્ત્રી૦ નારાયણની શક્તિ (૨) અપાર સંપત્તિ (૩) એક છંદ. **૦લય** ન૦ મહેલ (૨) પવિત્ર ધામ, મંદિર (૩) ભાદરવા વદમાં કરવાનું મોટું શ્રાદ્ધ (૪) મોટો વિનાશ **૦રાજ** પું૦ સંગીતમાં એક અલંકાર. **૦વાક્ય** ન૦ 'તત્ત્વમસિ' વગેરે જેવું બ્રહ્મપ્રતિપાદક ઉપનિષદનું વાક્ય. **૦વિદ્યાલય** ન૦ ઊંચો અભ્યાસ કરવાની વડી શાળા, કૉલેજ. **૦વિરામ** ન૦( )આવું મહાવિરામનું ચિહ્ન (વ્યા.), 'કોલન'. **૦વીર** પું૦ મોટો પરાક્રમી પુરુષ (૨) [સં.] ચોવીસમા જૈન તીર્થંકર (૩) હનુમાન (૪) ગરુડ. **૦વ્યથા** સ્ત્રી૦ ભારે વેદના. **૦વ્રત** ન૦ મોટું—ખૂબ કઠણ વ્રત (૨) પાંચ મોટા વ્રત (અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ) તેમાંનું દરેક (૩) જીવનની અનિવાર્ય ફરજ. **૦શય** વિ૦ [+ आशय] ઉચ્ચ આશયવાળું; સજ્જન (૨) પું૦ તેવો માણસ (૩) જી જેવું એક માનવાચક. ઉદા૦ માસ્તર મહાશય. **૦શયી** વિ૦ મહાશય **૦શંકુ** ન૦ દસ મહાપદ્મ (સંખ્યા) **૦શાળા** સ્ત્રી૦ 'કૉલેજ' **૦સભા** સ્ત્રી૦ મોટી વિશાળ સભા (૨) (સં.) 'કૉંગ્રેસ' **૦સમિતિ** સ્ત્રી૦ મોટી સમિતિ(૨)(સં.)'ઑલ ઇંડિયા કૉંગ્રેસ કમિટી' **૦સંસ્કૃત** ન૦ વેદનું સંસ્કૃત **૦સાગર** પું૦ મોટો સમુદ્ર **૦સ્થવિર** પું૦ ૨૦ વર્ષ જૂનો બૌદ્ધ ભિક્ષુ

**મહાજરીન** વિ૦ પું૦ [फा मुहाजरीन]હિજરત કરનારો, હિજરતી

**મહાન** વિ૦ જુઓ 'મહા'માં મોટું, ભવ્ય, [મહત્તાવાળું

**મહાબો** પું૦ [फा. महावा] ભાર; વકર

**મહાર** પું૦ [म] એક અંત્યજ જાતનો માણસ—ભંગી

**મહારત** પું૦ [अ] માહેરપણું; ઉસ્તાદી, [આવડત

**મહાલ** પું૦[अ] તાલુકો,પરગણાનો એક ભાગ. **૦ક(-કા)રી** પું૦ મહાલનો વહીવટદાર

**મહાલવું** અ૦ક્રિ૦ [दे. मल्ह] ઠાઠમાઠથી ને આનંદમાં અહીં તહીં ફરવું (૨) મોજ કરવી, લહેર કરવી

**મહાવત** પું૦ [स. महामात्र सर० म महात, माहूत. हिं] હાથીનો હાંકનાર

**મહાવરો** પું૦ [अ] અભ્યાસ; ટેવ (૨) શિરસ્તો, ચાલુ વહીવટ. [-કરવો, -પાડવો = અભ્યાસ-ટેવ પાડવા]

**મહાસબો** પું૦ [अ मुहास्व़ह] હિસાબ

**મહાસરટી** સ્ત્રી૦[सं महा + स. सरट= ગરોળી] પૃથ્વી પરથી નાબૂદ થયેલું એક મોટું પ્રાણી

**મહાંત** વિ૦ [स. महत्] + મોટું, મહાન

**મહિ(-હી)** સ્ત્રી૦ [सं] પૃથ્વી. **૦તલ(-ળ)** ન૦ પૃથ્વીની સપાટી **૦ધર** પું૦ પર્વત **૦નાથ, ૦પતિ, ૦પાલ(-ળ)** પું૦ રાજા

**મહિના, ૦દાર** જુઓ 'મહિનો'માં

**મહિનો** પું૦ [सर० हिं महीना, फा माह; सं मास] માસ, વરસના બાર ભાગમાંનો એક કે તેટલો સમય (૨) [લા] માસિક પગાર. [**-આવવો, થવો**=(સ્ત્રીને) અભડાવું, ઋતુ આવવાની મુદત પૂરી થવી (૨) માસિક પગાર આવવો **-કરવો, ઠરાવવો, બાંધવો**= માસિક પગાર ઠરાવવો **-ચડવો**=મહિના જેટલી મુદત વીતી જવી (૨) અટકાવનો વખત થઈ જવો; ગર્ભ રહેવો] **-ના** પું૦ બ૦વ૦ [લા] ગર્ભ રહેવો તે (**-રહેવા, -હોવા**) (૨) કાવ્યનો એક પ્રકાર, જેમાં બારે મહિનાને અનુલક્ષતો વિષય હોય છે. **-નાદાર** પું૦ માસિક પગારે નોકરી કરનાર **૦માસ** પું૦ લગભગ એક માસ જેટલો સમય

**મહિમા** પું૦ [सं] પ્રતાપ, યશ (**-કહેવો, -ગાવો,-બોલાવો**) (૨) સ્ત્રી૦ મોટું સ્વરૂપ લેવાની યોગની એક સિદ્ધિ **૦વાન** વિ૦ મહિમાવાળું

**મહિયર** ન૦ [सं मातृ + गृह, प्रा माइ + हर; सर० म माहेर] પિયર

**મહિયારી** સ્ત્રી૦ ['મહી' ઉપરથી] ભરવાડણ, ગોપી (૨) ગોત્રજની પૂજા કરનાર સ્ત્રી

**મહિલા** સ્ત્રી૦[सं.]સ્ત્રી (૨) રાણી. **૦શ્રમ** પું૦; ન૦[+ आश्रम] સ્ત્રીઓ માટેની આશ્રમ સંસ્થા.

મહા વિ૰ [સં.] (સમાસમા) મોટું (કર્મધારય અને બહુવ્રીહિ સમાસ તથા કેટલાક અનિયમિત શબ્દોના આદિમા આવતુ 'મહત્'નું રૂપ) ૦કવિ પુ૰ મોટો કવિ. ૦કાય વિ૰ મોટા શરીરવાળું. ૦કાલ(-ળ) પું૰(સં.)મહાદેવ. ૦કાલી(-ળી) સ્ત્રી૰(સં.)ભયંકર સ્વરૂપવાળી દુર્ગા ૦કાલે(-ળે)શ્વર પુ૰ (સં.) બાર જ્યોતિર્લિંગમાનું એક. ૦કાવ્ય ન૰ મોટુ કે મહાન કાવ્ય ૦કાંક્ષી વિ૰ મહત્ત્વાકાંક્ષી ૦જન ન૰ મોટો પ્રતિષ્ઠિત માણસ કે ગામના તેવાઓનુ મડળ (૨) સરખા ધંધાદારીઓનુ મડળ કે સઘ ૦જનિયું વિ૰ મહાજનને લગતુ (૨) ધણી વગરનુ, રખડાઉ. ૦જની સ્ત્રી૰ નાગરી લિપિનો રજપૂતાનામા વપરાતો એક પ્રકાર. ૦તલ(-ળ) ન૰ સાતમાંનું પાચમુ પાતાળ. ૦ત્મતા સ્ત્રી૰ મહાત્માપણું. ૦ત્મા વિ૰મહાન્ આત્માવાળુ (૨) પુ૰ તેવો પુરુષ, સત ૦દશા સ્ત્રી૰. મુખ્ય ગ્રહની અસર ૦દેવ પું૰(સં) શિવ ૦દ્વાર ન૰ મુખ્ય દરવાજો. ૦ન વિ૰ મોટુ, મહત ૦નુભાવ વિ૰ મોટા મનનુ; ઉદાર,મહાશય (૨) પુ૰ તેવો પુરુષ (૩) (સં.) તે નામનો એક ધર્મ-સંપ્રદાય ૦નુભાવિતા સ્ત્રી૰. ૦પદ્મ ન૰ સો અબજ(૨)ધોળું કમળ ૦પાતક ન૰ મોટુ પાપ (બ્રહ્મહત્યા, સુરાપાન, ચોરી, ગુરુપત્ની સાથે વ્યભિચાર, અને એ ચાર સાથે સંગ, એ પાચ) ૦પાતકી વિ૰ મહાપાતક કરનાર ૦પુરુષ પું૰સજ્જન,સત્પુરુષ ૦પૂજા સ્ત્રી૰ ખાસ પ્રસગે કરાતી મોટી પૂજા. ૦પ્રજ્ઞ વિ૰ મહાનુભાવ; મહાપુરુષ. ૦પ્રભુ(૦જી) પું૰ (સં.) વલ્લભાચાર્ય. ૦પ્રલય પું૰ ચારસો બત્રીસ કરોડ વર્ષોને અતે થતો મનાતો સૃષ્ટિનો સમૂળગો નાશ. ૦પ્રસાદ પુ૰ દેવનું નૈવેદ્ય (૨)જગન્નાથજીને ચઢેલો ભાત ૦પ્રસ્થાન ન૰ મૃત્યુ ૦પ્રાજ્ઞ વિ૰ મહાન પ્રજ્ઞાવાળુ, 'માસ્ટરમાઇન્ડ.' ૦પ્રાણ વિ૰ (વ્યા) જેનો ઉચ્ચાર કરતા વધારે પ્રાણ વપરાય છે તે – કવર્ગ વગેરે દરેક વર્ગનો બીજો અને ચોથો વ્યજન, તથા શ, ષ, સ અને હ. ૦પ્રાણત્વ ન૰. ૦બલા સ્ત્રી૰ એક વનસ્પતિ ૦બાહુ વિ૰ મોટી ભુજાવાળુ (૨) શૂરવીર, બળવાન ૦બોધિ પું૰ [સં.] ભગવાન બુદ્ધ (૨) શ્રેષ્ઠ જ્ઞાન ૦ભાગ વિ૰ ભાગ્યશાળી (૨) સદાચારી. ૦ભારત વિ૰ બહુ મોટું અને મુશ્કેલ (૨) ન૰ (સં) તે નામનું પ્રસિદ્ધ મહાકાવ્ય. ૦ભાવ વિ૰ મોટા ભાવ કે ભાવનાવાળુ. ૦ભિનિષ્ક્રમણ ન૰ [+अभिनिष्क्रमण] મહાન ત્યાગ કે સન્યાસ (બુદ્ધનો) ૦ભૂત ન૰ મૂળતત્ત્વ; પંચમહાભૂતમાંનું દરેક. ૦મતિ વિ૰ બુદ્ધિશાળી (૨) ઉદાર ચિત્તવાળું ૦મન વિ૰ મોટા – ઉદાર મનવાળું. ૦મહોપાધ્યાય પુ૰ બહુ મોટા ઉપાધ્યાય (૨) અગ્રેજી રાજ્ય તરફથી સંસ્કૃતના પડિતને મળતો એક ઇલકાબ. ૦મંત્રી પુ૰ પ્રધાન મત્રી ૦માત્ર પુ૰ વડો અમાત્ય (૨) વિદ્યાપીઠનો મત્રી, 'રજિસ્ટ્રાર' (૩) મહાવત. ૦માયા સ્ત્રી૰ (સં.) જગતની કારણભૂત અવિદ્યાની અધિષ્ઠાત્રી, દુર્ગા (૨) બુદ્ધ ભગવાનની માતાનું નામ (૩) લક્ષ્મી (૪) જેનાથી ભૌતિક જગત સત્ય જણાય છે તે માયા ૦મારી સ્ત્રી૰ મરકી; કૉલેરા ૦યજ્ઞ પુ૰ નિત્ય કરવાના પાચ યજ્ઞ (બ્રહ્મ-દેવ-પિતૃ ભૂત નૃ૦)માંનો દરેક. ૦યાન પુ૰ (સં.)એક બૌદ્ધ સંપ્રદાય ૦રજત ન૰ સોનું ૦રથી પુ૰ એકલો દશ હજાર યોદ્ધાઓ સામે લડી શકે તેવો પરાક્રમી લડવૈયો. ૦રાજ પુ૰ મોટો રાજા, સમ્રાટ (૨) વૈષ્ણવોના આચાર્ય (૩) બ્રાહ્મણ, સંત, રાજા વગેરેના સંબોધન તરીકે વપરાય છે(૪)બ્રાહ્મણ રસોઇયો. ૦રાજા(-યા) પું૰સમ્રાટ. ૦રાજાધિરાજ પુ૰સર્વોપરી સમ્રાટ ૦રાણી સ્ત્રી૰ વડી રાણી. ૦રાત્રિ(-ત્રી) સ્ત્રી૰ શિવરાત્રી; મહા વદ ૧૪ની રાત્રી (૨) મહાપ્રલયની રાત્રી, કાળરાત્રી (૩) મધરાત પછી બે મુહૂર્તનો સમય. ૦રાષ્ટ્ર પુ૰, ન૰ (સં.) ગુજરાતની દક્ષિણ અને કર્ણાટકની ઉત્તરે આવેલો અરબી સમુદ્રના કિનારા પરનો પ્રદેશ ૦રાષ્ટ્રી વિ૰ મહારાષ્ટ્રનુ, -ને લગતુ (૨) પુ૰ મહારાષ્ટ્રનો રહેવાસી (૩) સ્ત્રી૰ મહારાષ્ટ્રની પ્રાકૃત

ભાવ્યા ૦રેખા સ્ત્રી૦ (—)આવું વિરામચિહ્ન (વ્યા.). ૦રૂપક ન૦ 'એલેગરી'. ૦રૌરવ ન૦ એક નરકનું નામ, રૌરવથીય ભયંકર નરક ૦લક્ષ્મી સ્ત્રી૦ નારાયણની શક્તિ (૨) અપાર સંપત્તિ (૩) એક છંદ. ૦લય ન૦ મહેલ (૨) પવિત્ર ધામ, મંદિર (૩) ભાદરવા વદમાં કરવાનું મોટું શ્રાદ્ધ (૪) મોટો વિનાશ ૦વજ્ર પું૦ સંગીતમાં એક અલંકાર. ૦વાક્ય ન૦ 'તત્ત્વમસિ' વગેરે જેવું બ્રહ્મપ્રતિપાદક ઉપનિષદનું વાક્ય. ૦વિદ્યાલય ન૦ ઊંચો અભ્યાસ કરવાની વડી શાળા, કૉલેજ ૦વિરામ ન૦(.) આવું મહાવિરામનું ચિહ્ન (વ્યા.); 'કોલન'. ૦વીર પું૦ મોટો પરાક્રમી પુરુષ (૨) [સં] ચોવીસમા જૈન તીર્થંકર (૩) હનુમાન (૪) ગરુડ. ૦વ્યથા સ્ત્રી૦ ભારે વેદના ૦વ્રત ન૦ મોટું—ખૂબ કઠણ વ્રત (૨) પાંચ મોટા વ્રત (અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ) તેમાંનું દરેક (૩) જીવનની અનિવાર્ય ફરજ. ૦શય વિ૦ [+ आशय] ઉચ્ચ આશયવાળું; સજ્જન (૨) પું૦ તેવો માણસ (૩) જી જેવું એક માનવાચક ઉદા૦ માસ્તર મહાશય. ૦શયી વિ૦ મહાશય. ૦શંકુ ન૦ દસ મહાપદ્મ (સંખ્યા) ૦શાળા સ્ત્રી૦ 'કૉલેજ' ૦સભા સ્ત્રી૦ મોટી વિશાળ સભા (૨) (સ.) 'કૉંગ્રેસ.' ૦સમિતિ સ્ત્રી૦ મોટી સમિતિ(૨)(સ.)'ઑલ ઇંડિયા કૉંગ્રેસ કમિટી' ૦સંસ્કૃત ન૦ વેદનું સંસ્કૃત. ૦સાગર પું૦ મોટો સમુદ્ર ૦સ્થવિર પું૦ ૨૦ વર્ષ જૂનો બૌદ્ધ ભિક્ષુ

**મહાજરીન** વિ૦ પું૦ [फा मुहाजरीन]હિજરત કરનારો, હિજરતી [મહત્તાવાળું

**મહાન** વિ૦ જુઓ 'મહા'માં મોટું, ભવ્ય;

**મહાબો** પું૦ [फा महावा] ભાર; વકર

**મહાર** પું૦ [म.] એક અંત્યજ જાતનો માણસ—ભંગી [આવડત

**મહારત** પું૦ [अ] માહેરપણું; ઉસ્તાદી,

**મહાલ** પું૦[अ] તાલુકો, પરગણાનો એક ભાગ ૦ક(-કા)રી પું૦ મહાલનો વહીવટદાર

**મહાલવું** અ૦ક્રિ૦ [दे. मल्ह] ઠાઠમાઠથી ને આનંદમાં અહીં તહીં ફરવું (૨) મોજ કરવી; લહેર કરવી

**મહાવત** પું૦ [सं महामात्र, સર૦ म महात, माहूत; हिं] હાથીનો હાંકનાર

**મહાવરો** પું૦ [अ] અભ્યાસ; ટેવ (૨) શિરસ્તો, ચાલુ વહીવટ. [-કરવો, -પાડવો = અભ્યાસ – ટેવ પાડવા]

**મહાસબો** પું૦ [अ मुहास्बह] હિસાબ

**મહાસરટી** સ્ત્રી૦[सं महा + म. सरट = ગરોળી] પૃથ્વી પરથી નાબૂદ થયેલું એક મોટું પ્રાણી

**મહાંત** વિ૦ [सं. महत्] + મોટું, મહાન

**મહિ(-હી)** સ્ત્રી૦ [सं] પૃથ્વી ૦તલ(-ળ) ન૦ પૃથ્વીની સપાટી ૦ધર પું૦ પર્વત ૦નાથ, ૦પતિ, ૦પાલ(-ળ) પું૦ રાજા

**મહિના, ૦દાર** જુઓ 'મહિનો'માં

**મહિનો** પું૦ [સર૦ हिं महीना, फा माह, सं मास] માસ, વરસના બાર ભાગમાંનો એક કે તેટલો સમય (૨) [લા] માસિક પગાર. [-આવવો, થવો = (સ્ત્રીને) અભડાવું, ઋતુ આવવાની મુદત પૂરી થવી (૨) માસિક પગાર આવવો -કરવો, ઠરાવવો, બાંધવો = માસિક પગાર ઠરાવવો -ચડવો = મહિના જેટલી મુદત વીતી જવી (૨) અટકાવનો વખત થઈ જવો, ગર્ભ રહેવો] -ના પું૦ બ૦વ૦ [લા] ગર્ભ રહેવો તે (-રહેવા, -હોવા) (૨) કાવ્યનો એક પ્રકાર, જેમાં બારે મહિનાને અનુલક્ષતો વિષય હોય છે. -નાદાર પું૦ માસિક પગારે નોકરી કરનાર ૦માસ પું૦ લગભગ એક માસ જેટલો સમય

**મહિમા** પું૦ [सं] પ્રતાપ, યશ (-કહેવો, -ગાવો, -બોલાવો) (૨) સ્ત્રી૦ મોટું સ્વરૂપ લેવાની યોગની એક સિદ્ધિ ૦વાન વિ૦ મહિમાવાળું

**મહિયર** ન૦ [सं मातृ + गृह, प्रा माइ + हर; સર૦ म माहेर] પિયર

**મહિયારી** સ્ત્રી૦ ['મહી' ઉપરથી] ભરવાડણ; ગોપી (૨) ગોત્રજની પૂજા કરનાર સ્ત્રી

**મહિલા** સ્ત્રી૦ [सं] સ્ત્રી (૨) રાણી. ૦શ્રમ પું૦; ન૦[+ आश्रम] સ્ત્રીઓ માટેની આશ્રમ સંસ્થા.

**મહેસૂલ** (હે)સ્રી૦[अ. मह्सूल]જમીન ઉપરનો કર (૨) જકાત; દાણ (૩) રાજ્યની કુલ આવક -લી વિ૦ મહેસૂલને લગતું
**મહેંદ્ર** પુ૦ [सं.] (સં.) ઇંદ્ર
**મહોકા** ન૦ [સર૦ हिं महोक, महोखा (सं. मधूक)] એક પક્ષી
**મહોચ્છવ, મહોત્સવ** [सं.]પું૦ મોટો ઉત્સવ
**મહોદધિ** પુ૦ [सं.] મહાસાગર
**મહોદય** વિ૦(૨)પુ૦ [सं.]મહાનુભાવ, મહાશય
**મહોબત** (હો)સ્રી૦[अ महब्बत]પિછાન, દોસ્તી (૨) પ્રેમ, પ્યાર. -તી વિ૦ મહોબતવાળું
**મહોર** (હો) સ્રી૦ [फा. मुह्र] ગીની (૨) છાપ, સિક્કો (૩) ચલણી સિક્કો (ઉદા૦ રૂપામહોર). [-મારવી, લગાવવી=છાપ મારવી (૨) ખાસ કદર કરવી કે વિશિષ્ટતા આપવી.] ૦દાર સ્રી૦ બેગમ; સ્રી
**મહોરવું** (હો) સ૦ક્રિ૦ (ખળામાં ઊપણતાં દાણા જોડે ડૂંસા પડે તેને) વાળીને દૂર કરવું
**મહોરું** (હો)ન૦ [फा मुहरह, સર૦ म मोहरा] શેતરંજનું સોગઠું.-રો પુ૦ સાપના તાળવામાં થતો ગોળ ચપટો પદાર્થ (૨) ઘસીને ચળકાટ આપવો તે (૩) જેથી ચળકાટ અપાય તે (૪) અસ્તાઈની કડી (૫) નગારું વગાડવાની એક રીત (૬) [સર૦ हिं मुहरा (प्रा. मुह, स मुख ઉપરથી)] કુસ્તીની શરૂઆતમાં આમ તેમ ફરવું તે (૭) તરવારનો ઘા
**મહોલ, -લાત** (હો) જુઓ 'મહેલ'માં
**મહોલ્લો, -લ્લાદાર** (હો) જુઓ 'મહેલ્લો'માં
**મળ** પું૦ [सं मल] મેલ, કચરો, વિષ્ટા [-કરવો =મલોત્સર્ગ કરવો.]
**મળકું** વિ૦ ['મોળું' ઉપરથી] જરા મોળું
**મળખ્ગળું** વિ૦ [જુઓ મળકું] જરા મોળું (૨) [सं मल ઉપરથી] ગંદું; મેલું
**મળણ** ન૦ ['મળવું' ઉપરથી] મળવું તે, મેળાપ, સ્નેહ -તર ન૦ નશો; કમાણી. -તાવડું વિ૦ મિલનસાર. -તાવશેક પું૦ ગ્રહ મળતા આવવા તે; મેળ (પતિપત્ની માટે) -તિયું વિ૦ સાથે મળી કામ કરનાર; સાથી (૨) અમુક પક્ષમાં મળી ગયેલું; પક્ષકાર -તિયણ, -તી સ્રી૦ મળતિયા સ્રી
**મળમાસ** પુ૦ જુઓ મલમાસ
**મળવિકાર** પું૦ બંધકોશથી થયેલો રોગ
**મળવું** અ૦ક્રિ૦ [सं मिल्] જોડાવું, ભેગું થવું; ભળવું (૨) એકરૂપ બનવું, સંપ કરવો (૩) મુલાકાત થવી; એકઠા થવું (૪) સમાન હોવું (૫) મેળ હોવો (૬) પ્રાપ્ત થવું (૭) જડવું, હાથ લાગવું [મળતાવશેક=જુઓ મળતી પાતી મળતી પાંતી=બનતી રાશ, મેળ મળતું આવવું=સરખું હોવું (૨) બંધ બેસતું આવવું મળતું કરવું=સમાધાન કરવું (૨) બંધબેસાડવું. મળી જવું=એક થઈ જવું ભળી જવું. મળ્યા ભાઈની પ્રીત =નામની પ્રીત; માત્ર ભેગા થવાય ત્યારે બતાવાતી પ્રીત.]
**મળશુદ્ધિ** સ્રી૦ જુઓ મલશુદ્ધિ
**મળસકું** ન૦ પરોઢિયું
**મળાવડો** પુ૦ મળાવવું તે મળાવડો
**મળાવરોધ** પુ૦ જુઓ મલાવરોધ
**મળાશય** ન૦ જુઓ મલાશય
**મળિયાગર(-રુ)** પું૦ જુઓ મલયાગરુ
**મળોત્સર્ગ** પુ૦ જુઓ મલોત્સર્ગ
**મળી** સ્રી૦[प्रा. मलिअ(सं मृदित=પિલાયેલું)] પૈડામાં ઊંજેલા દિવેલ તથા ચીચરાનો થતો મેલ (૨) હનુમાનની મૂર્તિ ઉપરનો તેલ અને સિંદૂરનો મેલ
**મંકોડા** પુ૦ બ૦વ૦ [सं मणि, मणिक] કંઠના અંકોડા-મણકા [નાનો મંકોડો
**મંકોડો** પુ૦ [दे मक्कोड] એક જંતુ -ડી સ્રી૦
**મંગ(૦રો)** પું૦ [સર૦ सं. मङ्ग=વહાણનો ફૂવારથંભ; જુઓ મગરો] ડુંગરો, ટેકરો
**મંગણ(-ન)** પુ૦[प्रा मग्गण (सं मार्गण); સર૦ हिं मगन] જુઓ માગણ
**મંગરો** પુ૦ [જુઓ મંગ] ડુંગરો, ટેકરો
**મંગલ(-ળ)** વિ૦ [सं.] શુભ; કલ્યાણકારક (૨) પુ૦ એ નામનો ગ્રહ (૩) મંગળવાર (૪) ન૦ કલ્યાણ; સુખ (૫) ખુશાલીનો અવસર (૬) આશીર્વાદ કે ખુશાલીનું ગીત (૭) ગ્રંથને આરંભે કરાતી સ્તુતિ. [-આરાં=વોળમંગળ

**મહેસૂલ** (હે) સ્ત્રી૦[अ. महसूल] જમીન ઉપરનો કર (૨) જકાત; દાણ (૩) રાજ્યની કુલ આવક. **-લી** વિ૦ મહેસૂલને લગતું

**મહેંદ્ર** પુ૦ [म.] (સં) ઇંદ્ર

**મહોકા** ન૦ [સર૦ हिं महोक, महोखा (स. मधूक)] એક પક્ષી

**મહોચ્છવ, મહોત્સવ** [સં] પુ૦ મોટો ઉત્સવ

**મહોદધિ** પું૦ [સં] મહાસાગર

**મહોદય** વિ૦(૨)પુ૦ [સં.] મહાનુભાવ; મહાશય

**મહોબત** (હો) સ્ત્રી૦[अ महब्बत] પિછાન, દોસ્તી (૨) પ્રેમ, પ્યાર. **-તી** વિ૦ મહોબતવાળું

**મહોર** (હો) સ્ત્રી૦ [फा मुह्र] ગીની (૨) છાપ, સિક્કો (૩) ચલણી સિક્કો (ઉદા૦ રૂપામહોર). [**-મારવી, લગાવવી**=છાપ મારવી (૨) ખાસ કદર કરવી કે વિશિષ્ટતા આપવી ] **૦દાર** સ્ત્રી૦ બેગમ, સ્ત્રી

**મહોરવું** (હો) સ૦ક્રિ૦ (ખળામાં ઊપણતાં દાણા જોડે ઢૂણસા પડે તેને) ચાળીને દૂર કરવું

**મહોરું** (હો) ન૦ [फा. मुहह, સર૦ न मोहरा] શેતરંજનું મોગઠું **-રો** પુ૦ સાપના તાળવામાં થતો ગોળ ચપટો પદાર્થ (૨) ઘસીને ચળકાટ આપવો તે (૩) જેથી ચળકાટ અપાય તે (૪) અસ્તાઈની કડી (૫) નગારું વગાડવાની એક રીત (૬) [સર૦ हिं मुहरा (प्रा. मुह, स मुख ઉપરથી)] કુસ્તીની શરૂઆતમાં આમ તેમ ફરવું તે (૭) તરવારનો ઘા

**મહોલ, -લાત** (હો) જુઓ 'મહેલ'માં

**મહોલ્લો, -લ્લાદાર** (હો) જુઓ 'મહેલ્લો'માં

**મળ** પુ૦ [સં. मल] મેલ, કચરો, વિષ્ટા. [**-કરવો**=મલોત્સર્ગ કરવો.]

**મળકું** વિ૦ ['મોળું' ઉપરથી] જરા મોળું

**મળગૂગળું** વિ૦ [જુઓ મળકું] જરા મોળું (૨) [स. मल ઉપરથી] ગંદું; મેલું

**મળણ** ન૦ ['મળવું' ઉપરથી] મળવું તે, મેળાપ; સ્નેહ **-તર** ન૦ નફો કમાણી. **-તાવડું** વિ૦ મિલનસાર. **-તાવશેક** પું૦ ગ્રહ મળતા આવવા તે, મેળ (પતિપત્ની માટે) **-તિયું** વિ૦ સાથે મળી કામ કરનાર; સાથી (૨) અમુક પક્ષમાં મળી ગયેલું; પક્ષકાર. **-તિયણ, -તી** સ્ત્રી૦ મળતિયા સ્ત્રી

**મળમાસ** પુ૦ જુઓ મલમાસ

**મળવિકાર** પુ૦ બંધકોશથી થયેલો રોગ

**મળવું** અ૦ક્રિ૦ [સં. मिल्] જોડાવું, ભેગું થવું; ભળવું (૨) એકરૂપ બનવું; સંપ કરવો (૩) મુલાકાત થવી; એકઠા થવું (૪) સમાન હોવું (૫) મેળ હોવો (૬) પ્રાપ્ત થવું (૭) જડવું; હાથ લાગવું [**મળતાવશેક**=જુઓ મળતી પાતી **મળતી પાંતી**=બનતી રાશ, મેળ **મળતું આવવું**=સરખું હોવું (૨) બંધ બેસતું આવવું. **મળતું કરવું**=સમાધાન કરવું (૨) બંધબેસાડવું **મળી જવું**=એક થઈ જવું ભળી જવું. **મળ્યા ભાઈની પ્રીત**=નામની પ્રીત; માત્ર ભેગા થવાય ત્યારે બતાવાતી પ્રીત.]

**મળશુદ્ધિ** સ્ત્રી૦ જુઓ મલશુદ્ધિ

**મળસકું** ન૦ પરોઢિયું

**મળાવરો** પુ૦ મલાવવું તે મલાવડો

**મળાવરોધ** પુ૦ જુઓ મલાવરોધ

**મળાશય** ન૦ જુઓ મલાશય

**મળિયાગર(-રુ)** પુ૦ જુઓ મલયાગરુ

**મળોત્સર્ગ** પું૦ જુઓ મલોત્સર્ગ

**મળી** સ્ત્રી૦[प्रा. मलिअ(सं. मृदित=પિલાયેલું)] પૈડામાં ઊંજેલા દિવેલ તથા ચીપરાનો થતો મેલ (૨) હનુમાનની મૂર્તિ ઉપરનો તેલ અને સિંદૂરનો મેલ

**મંકોડા** પુ૦ બ૦વ૦ [स मणि, मणिक] ડોકના આ ડોકા - મણકા [નાનો મંકોડો

**મંકોડો** પુ૦ [दे मक्कोड] એક જંતુ **-ડી** સ્ત્રી૦

**મંગ(૦રો)** પું૦ [સર૦ सं. मङ्ग=વહાણનો ફૂવારતંભ, જુઓ મગરો] ડુંગરો; ટેકરો

**મંગણ(-ન)** પું૦[प्रा मग्गण (सं.मार्गण); સર૦ हिं. मंगन] જુઓ માગણ

**મંગરો** પું૦ [જુઓ મગ] ડુંગરો, ટેકરો

**મંગલ(-ળ)** વિ૦ [સં] શુભ; કલ્યાણકારક (૨) પુ૦ એ નામનો ગ્રહ (૩) મંગળવાર (૪) ન૦ કલ્યાણ; સુખ (૫) ખુશાલીનો અવસર (૬) આશીર્વાદ કે ખુશાલીનું ગીત (૭) ગ્રંથને આરંભે કરાતી સ્તુતિ. [**-આવાં**=વોળમંગળ

મહેસૂલ (હે) સ્ત્રી૦[अ. महसूल] જમીન ઉપરનો કર (૨) જકાત; દાણ (૩) રાજ્યની કુલ આવક. -લી વિ૦ મહેસૂલને લગતું
મહેંદ્ર પુ૦ [સં.] (સં ) ઇંદ્ર
મહોકા ન૦ [સર૦ हिं महोक, महोखा (सं. मघूक)] એક પક્ષી
મહોચ્છવ, મહોત્સવ [સં.] પું૦ મોટો ઉત્સવ
મહોદધિ પુ૦ [સં] મહાસાગર
મહોદય વિ૦(૨)પું૦ [સં.]મહાનુભાવ, મહાશય
મહોબત (હો)સ્ત્રી૦[अ महब्बत] પિછાન, દોસ્તી (૨) પ્રેમ, પ્યાર. -તી વિ૦ મહોબતવાળુ
મહોર (હો) સ્ત્રી૦ [फा. मुह्र] ગીની (૨) છાપ, સિક્કો (૩) ચલણી સિક્કો (ઉદા૦ રૂપામહોર). [-મારવી, લગાવવી=છાપ મારવી (૨) ખાસ કદર કરવી કે વિશિષ્ટતા આપવી ] ૦દાર સ્ત્રી૦ બેગમ, સ્ત્રી
મહોરવું (હો) સ૦ક્રિ૦ (ખળામા ઊપણતા દાણા ભેગે ઢૂસા પડે તેને) ચાળીને દૂર કરવું
મહોરું (હો) ન૦ [फा. मुहह्र, સર૦મ मोहरा] શેતરંજનુ મોગરું. -રો પું૦ સાપના તાળવામા થતો ગોળ ચપટો પદાર્થ (૨) ઘસીને ચળકાટ આપવો તે (૩) જેથી ચળકાટ અપાય તે (૪) અસ્તાઈની કડી (૫) નગારું વગાડવાની એક રીત (૬) [સર૦ हिं. मुहरा (प्रा. मुह, स मुख ઉપરથી)] કુસ્તીની શરૂઆતમાં આમ તેમ ફરવુ તે (૭) તરવારનો ઘા
મહોલ, -લાત (હો) જુઓ 'મહેલ'મા
મહોલ્લો, -લ્લાદાર (હો) જુઓ મહેલ્લો'મા
મળ પુ૦ [સં. मल] મેલ, કચરો, વિષ્ટા. [-કરવો =મલોત્સર્ગ કરવો.]
મળકું વિ૦ ['મોળુ' ઉપરથી] જરા મોળું
મળગૂગળું વિ૦ [જુઓ મળકુ] જરા મોળુ (૨) [સં मल ઉપરથી] ગંદું; મેલું
મળણ ન૦ ['મળવુ' ઉપરથી] મળવુ તે, મેળાપ, સ્નેહ -તર ન૦ નફો; કમાણી. -તાવડું વિ૦ મિલનસાર. -તાવશેક પું૦ ગ્રહ મળતા આવવા તે, મેળ (પતિપત્ની માટે) -તિયું વિ૦ સાથે મળી કામ કરનાર; સાથી (૨) અમુક પક્ષમા મળી ગયેલુ; પક્ષકાર. -તિયણ, -તી સ્ત્રી૦ મળતિયા સ્ત્રી
મળમાસ પું૦ જુઓ મલમાસ
મળવિકાર પું૦ બંધકોશથી થયેલો રોગ
મળવું અ૦ક્રિ૦ [સં. मिल] જોડાવુ, ભેગું થવું; ભળવુ (૨) એકરૂપ બનવું, સપ કરવો (૩) મુલાકાત થવી; એકઠા થવુ (૪) સમાન હોવુ (૫) મેળ હોવો (૬) પ્રાપ્ત થવુ (૭) જડવુ; હાથ લાગવુ [મળતાવશેક=જુઓ મળતી પાતી મળતી પાંતી=બનતી રાશ, મેળ મળતુ આવવું=સરખું હોવુ (૨) બંધ બેસતુ આવવુ. મળતું કરવું=સમાધાન કરવુ (૨) બંધબેસાડવુ મળી જવું = એક થઈ જવુ ભળી જવુ. મળ્યા ભાઈની પ્રીત =નામની પ્રીત; માત્ર ભેગા થવાય ત્યારે બતાવાતી પ્રીત.]
મળશુદ્ધિ સ્ત્રી૦ જુઓ મલશુદ્ધિ
મળસકું ન૦ પરોઢિયુ
મળાવડો પુ૦ મલાવડુ તે મલાવડો
મળાવરોધ પુ૦ જુઓ મલાવરોધ
મળાશય ન૦ જુઓ મલાશય
મળિયાગર(-રુ) પુ૦ જુઓ મલયાગરુ
મળોત્સર્ગ પુ૦ જુઓ મલોત્સર્ગ
મળી સ્ત્રી૦[प्रा. मलिअ(सं. मृदित=પિલાયેલુ)] પૈડામા ઊંજેલા દિવેલ તથા ચીયરાનો થતો મેલ (૨) હનુમાનની મૂર્તિ ઉપરનો તેલ અને સિંદૂરનો મેલ
મંકોડા પુ૦ બ૦વ૦ [સં मणि, मणिक] ડોકના અંકોડા-મણકા [નાનો મંકોડો
મંકોડો પુ૦ [दे मक्कोड] એક જંતુ -ડી સ્ત્રી૦
મંગ(૦રો) પુ૦ [સર૦ સં. मङ्ग=વહાણનો ફૂવારતંભ; જુઓ મગરી] ડુંગરો, ટેકરો
મંગણ(-ન) પુ૦[प्रा. मग्गण (सं.मार्गण); સર૦ हिं. मंगन] જુઓ માગણ
મંગરો પુ૦ [જુઓ મંગ] ડુંગરો; ટેકરો
મંગલ(-ળ) વિ૦ [સં.] શુભ; કલ્યાણકારક (૨) પું૦ એ નામનો ગ્રહ (૩) મંગળવાર (૪) ન૦ કલ્યાણ; સુખ (૫) ખુશાલીનો અવસર (૬) આશીર્વાદ કે ખુશાલીનુ ગીત (૭) ગ્રંથને આરંભે કરાતી સ્તુતિ. [-આવાં=ધોળમંગળ

ગાવા.] ૦કારક,૦કારી વિ૦ મંગળ કરનારું; શુભ. -લા(-ળા)ચરણ ન૦ ગ્રંથ કે કોઈ કામને આરંભે કરાતી ઈશ્વરસ્તુતિ (૨) [લા] શરૂઆત.-લા(-ળા)ષ્ટક ન૦લગ્ન વગેરે પ્રસંગે અંતે બોલાતા આશીર્વાદના આઠ શ્લોક -ળફેરા પું૦ બ૦ વ૦ પરણી ઊઠી વરવહુ ચોરીની આસપાસ ચાર વાર ફરે છે તે [-ફરવા=પરણવું.]-ળમય વિ૦મંગળકારી. કલ્યાણકારી. -ળમૂર્તિ(-ર્તિ) સ્ત્રી૦ જેનું દર્શનસ્મરણાદિ મંગળકારી છે તે (૨) [સ.] ગણપતિ -ળવાર પું૦ અઠવાડિયાનો ત્રીજો વાર -ળવારું વિ૦ મંગળવારે આવતું કે શરૂ થતું. -ળસૂત્ર ન૦લગ્ન વખતે વર તરફથી કન્યાના ગળામાં દોરો પહેરાવાય છે તે, જેને કન્યા ધણીની હયાતી સુધી પહેરી રાખે છે (૨) સ્ત્રીના ગળાનું એક ઘરેણું -ળા સ્ત્રી૦ વૈષ્ણવ મંદિરમાં ઠાકોરજીના પ્રભાતના પહેલાં દર્શન (૨) [સં.] દુર્ગા (૩) હળદર (૪) દુર્વા

મંગાવવું સ૦ ક્રિ૦ ['માગવું' ઉપરથી, સર૦ હિં. મંગવાના] લાવવાને કહેવું, લખવું ઇ૦

મંગાળો પું૦ [જુઓ મંગ] પથ્થર ગોઠવીને કરેલો કામચલાઉ ચૂલો

મંચ,૦ક પું૦[સં] પલંગ(૨)માચડો, વ્યાસપીઠ, 'દાયસ' (૩) ખેતરમાં બાંધેલો માળો

મંછા સ્ત્રી૦ [સં. મનીષા; અ. મંશા, મનશા] ઇચ્છા ઉમેદ; વિચાર [-ભૂત ને શંકા ડાકણ = ભૂત અને ડાકણ એ આપણી જ મનીષાઓ અને શંકાઓ છે.]

મંજન ન૦ [સં] માંજવું તે (૨) દાંત ઘસવાની ભૂકી (૩) દાંતે પીડ-રગની લૂગદી મૂકવી તે

મંજરિ(-રી) સ્ત્રી૦[સં] મોર, ફૂલની કળીઓનું ઝૂમખું-ડાળખી(૨) કૂંપળ -રિત,-રિયાળું વિ૦ મંજરીવાળું

મંજાર પું૦[પ્રા (સં.માર્જાર)] માંજાર બિલાડો. -રી સ્ત્રી૦ બિલાડી. માજારી

મંજિલ સ્ત્રી૦ [અ] મકાન. ૦ગાહ સ્ત્રી૦ ઉતારો; ધર્મશાળા

મંજિષ્ઠ સ્ત્રી૦ [સં.] મજીઠ

મંજીર ન૦[સં] ઝાંઝર, નૂપુર. -રાં પું૦બ૦વ૦ [સર૦ મ મંજિરી] કાંસીજોડાં; કરતાલ

મંજુ વિ૦ [સં] કોમળ, મધુર. ૦કેશ(-શી) વિ૦ સુંદર વાળવાળું ૦ભાષિણી વિ૦ સ્ત્રી૦ મધુર બોલનારી (૨) સ્ત્રી૦ એક છંદ. ૦ભાષી, ૦વાદી વિ૦ મધુર બોલનાર. ૦લ વિ૦ મંજુ

મંજૂર વિ૦ [અ] કબૂલ; માન્ય; સંમત, બહાલ. [-રાખવું = માન્ય કરવું] -રી સ્ત્રી૦ બહાલી, હા પાડવી તે, સંમતિ

મંજૂષા સ્ત્રી૦ [સં] પેટી, મજૂસ

મંજો પું૦ [સર૦ મ મંજ્યા] ગંજીફાનો લખોટો. [મંજે રમવું, મંજા ટીચવા = લખોટાની રમત રમવી.]

મંટોડું ન૦ મટોડું (સુ)

મંઠતાલ પું૦[જુઓ મઠતાલ]એક તાલ(સંગીત)

મંઠ પું૦, ન૦[સં] ભાતનું જાડુ ઓસામણ

મંડન ન૦ [સં] શણગાર (૨) [મતનું] સ્થાપન

મંડપ પું૦[સં] માંડવો

મંડલ(-ળ) ન૦ [સં] ગોળ ઘેરાવ, કૂંડાળું (૨) ટોળું; સંઘ (૩) પ્રદેશ, પ્રાંત (૪) બાર રાજ્યોનો સમૂહ (૫) ઋગ્વેદના દશ ખંડમાનો દરેક. -લા(-ળા) કાર વિ૦ ચક્રાકાર, ગોળ -લિ (-લી,-ળિ. -ળી)ક પું૦ સામંત; ખંડિયો રાજા -લી(-ળી) સ્ત્રી૦ ટોળી, મંડળ. -લે(-ળે)શ(-શ્વર) પું૦ એક મંડળ -૧૨ રાજ્યોનો અધિપતિ

મંડવું અ૦ ક્રિ૦ [દે મંદ્દ] ખંતથી વળગવું, લાગવું, મચવું [મંડ્યા રહેવું = મચ્યા રહેવું; વળગ્યા રહેવું મંડાઈ ચૂકવું=નાદાર થવું (૨) નિર્વંશ થવું]

મંડળ, -ળાકાર, -ળિ(-ળી)ક,-ળી, -ળેશ (-શ્વર) જુઓ 'મંડલ'માં

મંડાઈ,-મણી સ્ત્રી૦, -મણ ન૦ ['માંડવું' ઉપરથી] નાણું ધીરનાર વ્યાજ ઉપરાંત ચોપડામાં ખાતું પાડવા બદલ બક્ષિસ લે છે તે -ણ ન૦ આરંભ, પાયો (૨) કૂવા પરના જે લાકડાં સાથે ચાક હોય છે તે [-કરવું, માંડવું=આરંભ કરવો]

મંડાવવું, સ૦ક્રિ૦, મંડાવું અ૦ક્રિ૦ 'માંડવું' નું પ્રેરક ને કર્મણિ [ઘર મંડાવું = પરણીને

ગૃહસંસાર શરૂ થવો. (તેથી ઊલટું – ઘર ભંગાવું)]

**મંડિત** વિ૦ [સં] શણગારેલું

**મંડીલ** ન૦ જુઓ મંદીલ

**મંડૂક** પું૦ [સં.] દેડકો ૦પ્લુતિ સ્ત્રી૦ દેડકાનો કૂદકો (૨) વ્યાકરણમાં કેટલાક સૂત્ર વચ્ચે મૂકી દઈ ત્યાર પછીના સૂત્રમાંથી પદ લેવું તે

**મંડૂર** ન૦ [સં] લોઢાનો કાટ (૨) તેનું રસાયણ

**મંતર** પું૦ જુઓ મંત્ર [**–મારવા** = મંતરવું. જાદુ કરવું **–મૂકવો, મેલવો** = છૂપી સલાહ આપવી] ૦વું સ૦ક્રિ૦ મંત્રથી કાબૂમાં લેવું કે અસર કરવી (૨) ભરમાવવું, શીખવી રાખવું [મંતરી જવું = ભરમાવીને લઈ જવું. ઉદા૦ મારા રૂપિયા મંતરી ગયો]

**મંતવ્ય** વિ૦ [સં] મનન કરવા યોગ્ય (૨) ન૦ મત; માન્યતા

**મંત્ર** પું૦[સં] દેવ કે કોઈ શક્તિ સાધ્ય કરવાનો ગૂઢ શબ્દ કે શબ્દો (૨) મંત્રણા. [**–આપવો** = દીક્ષા આપવી(૨)સમજાવી દેવું **–પુષ્પાંજલી કરવી** = ખૂબ ઠપકો આપવો, તથા ઠોકવું (૨) ગાળો દેવી(૩)શાપ આપવો **–ફૂંકવો**(કાનમાં) = સમજાવવું, ચેતવવું (૨) મંત્રપ્રયોગ કરી શક્તિ પૂરવી **–મૂકવો, મેલવો** = છૂપી સલાહ આપવી. **–મારવો** = મંતરવું ] ૦ણા સ્ત્રી૦ ખાનગી મસલત ૦મુગ્ધ વિ૦ મંત્રથી મોહ પામેલું કે બીજા કશાથી તેના જેવી અસર પામેલું ૦શાસ્ત્ર ન૦ મંત્રો તથા તેમના વિધિનું શાસ્ત્ર ૦શાળા સ્ત્રી૦ મંત્રણા કરવાનો ખંડ. ૦સાધન ન૦ મંત્ર સાધવો તે. ૦સિદ્ધિ સ્ત્રી૦ મંત્ર સિદ્ધ થવો – મંત્રની કાર્યસાધક શક્તિ પ્રાપ્ત કરવી તે **–ત્રિત્વ** ન૦ મંત્રીપણું. **–ત્રી** પું૦ સલાહકાર, પ્રધાન (૨) પ્રધાન કાર્યકર્તા, સંસ્થાનું તંત્ર સંભાળનાર, 'સેક્રેટરી'. **–ત્રીપદ** ન૦ મંત્રીનો હોદ્દો. **–ત્રીવટ** સ્ત્રી૦ [+પ્રા વટ્ટ (સં. વૃત્ત)] મંત્રીનું કામ **–ત્રીશ** (**–શ્વર**) પું૦ [+ઈશ(–શ્વર)] પ્રધાન મંત્રી

**મંથન** ન૦ [સં] વલોવવું કે વલોવાવું તે (૨) [લા.]ઊથલપાથલ, ગડમથલ ૦કાલ(–ળ) પું૦ મંથનનો સમય. ૦શાલા(–ળા) સ્ત્રી૦ વલોણું કરવાની જગા. **–ની** સ્ત્રી૦ મથની, ગોળી

**મંથર** વિ૦ [સં] મંદ, સુસ્ત; જડ

**મંથાચલ(–ળ)** પું૦ [સં.] (સં.) મંદરાચળ

**–મંદ** [ફા] પ્રત્યય નામને લાગતાં 'વાળું' એવો અર્થ બતાવે ઉદા૦ અક્કલમંદ ફતેહમંદ

**મંદ** વિ૦ [સં] ધીમું, ધીરું, થોડું. [**–પડવું** = ધીરું થવું, વેગ ઓછો થવો] ૦ગતિ વિ૦ ધીમી ગતિવાળું (૨) સ્ત્રી૦ ધીમી ગતિ ૦ગામી વિ૦ મંદગતિથી જનારું. ૦તા સ્ત્રી૦ ૦બુદ્ધિ વિ૦ કમઅક્કલ, મૂર્ખ (૨) સ્ત્રી૦ જડતા, મૂર્ખતા ૦ભાગી વિ૦ કમનસીબ. ૦ભાગ્ય વિ૦ મંદભાગી (૨) ન૦ દુર્ભાગ્ય ૦મતિ વિ૦ (૨) સ્ત્રી૦ જુઓ મંદબુદ્ધિ ૦હાસ્ય ન૦ સ્મિત; જરાક મલકાઈને હસવું તે

**મંદરાચલ(–ળ)** પું૦ [સં] એક પૌરાણિક પર્વત (સમુદ્રમંથનનો રવૈયો)

**મંદવાડ** પું૦ [ 'માંદું' ઉપરથી] બીમારી; રોગ **–ડિયું** વિ૦ રોગી, માંદું ને માંદું રહેતું **–ડિયો** પું૦ મંદવાડિયો વાર – શનિવાર

**મંદા** વિ૦ સ્ત્રી૦ [સં] મૃદુ શ્રુતિનો એક પ્રકાર

**મંદાકિની** સ્ત્રી૦ [સં.] (સં.) ગંગા (૨) આકાશગંગા

**મંદાક્રાંતા** પું૦[સં]એક છંદ [શરમ, લાજ

**મંદાક્ષ** વિ૦[સં.] નબળી આંખોવાળું (૨) ન૦

**મંદાગ્નિ** પું૦ [સં] પાચનશક્તિની મંદતા કે તેવો રોગ [(૨) તેનું ફૂલ

**મંદાર** ન૦ [સં] સ્વર્ગનાં પાંચ વૃક્ષોમાંનું એક

**મંદિર** ન૦[સં] દેવાલય(૨)ઘર(૩)વિદ્યાનું ધામ. ૦પ્રવેશ પું૦ મંદિરમાં પ્રવેશવાની છૂટ **–રિયું** ન૦ મંદિર (પ.) (૨) વિ૦ મંદિરનું (ઉદા૦ મંદિરિયું ખેતર = મંદિરની માલકીનું ખેતર.)

**મંદી** સ્ત્રી૦ ['મંદ' ઉપરથી] મંદતા, કમીપણું (૨) ભાવની પડતી [કે ફેંટો

**મંદીલ** ન૦[અ]કસબી બારીક વણાટની પાઘડી

**મંદું** વિ૦ જુઓ મંદ

**મંદ્ર** વિ૦[સં]ધીમો,ગંભીર(સ્વર)(૨)સંગીતના ત્રણ પ્રકારના સ્વરોમાંનો એક ૦તા સ્ત્રી૦. ૦મધ્ય પું૦ સ્વરોની અમુક જાતની ગૂંથણી –એક વર્ણાલંકાર (સંગીત). **–દ્રાદિ** પું૦

[+ आदि] એક વર્ણાલંકાર (સંગીત)

**મંમાયા** સ્ત્રી૦ [सं. महामाया] માતા; દેવી

**મા** અ૦ [सं.] ના, નહિ

**મા** સ્ત્રી૦ [सं.] માતા મા [–નું જણ્યું = સહોદર; એક માનું સંતાન] **૦ઈ** સ્ત્રી૦ મા. **૦ઈકાંગલું** વિ૦ માવડિયું (૨) બાયલું, નબળું. **૦ઘેલું** વિ૦ મા પાછળ ઘેલું ઘેલું થાય એવું **૦જી** સ્ત્રી૦ દાદી (૨) અંબા માતા કે કોઈ દેવી (૩) વૃદ્ધ સ્ત્રીનું માનવાચક સંબોધન

**માઆઝમા** વિ૦ [अ. मुअज्जम] મોટું, મહાન

**માઈક, –ક્રોફોન** ન૦, પું૦ [इं.] ધ્વનિવર્ધક યંત્ર [અંતર

**માઈલ** પું૦ [इं.] બાવનસો એંશી ફૂટ જેટલું

**માકડ(–ણ)** પું૦ [प्रा. मंकण (सं. मत्कुण)] એક જીવડું, માંકડ. **–ડિ(–ણિ)યું** વિ૦ માકણવાળું (૨) ન૦ માકણ ભરાઈ રહે તેવું કાણાંવાળું પાટિયું (૩) માકણ જેવી ગંધવાળું એક જીવડું

**માકૂલ** વિ૦ [अ.] યોગ્ય

**માકો** પું૦ [सं. मार्कव, सर० म. माका] ભાંગરો

**માક્ષિ(–ક્ષી)ક** ન૦ [सं.] મધ (૨) એક ઉપધાતુ – ઔષધિમાં વપરાય છે

**માખ(–ખી)** સ્ત્રી૦ [प्रा. मक्खिआ (सं. मक्षिका)] એક ઊડતું જીવડું. [**–છીંકવી** = અપશુકન થવાં **–ડૂબી જવી** (તેલમાં) = ઢીલું થઈ ચૂપ ઊભું રહેવું, ઢીલું પડી જવું **–મારીને નિચોવવી** = ભારે કંજૂસાઈ દાખવવી **માખો મારવી** = આળસમાં વખત વિતાવવો, બેકાર હોવું] **૦ખેસણું** ન૦ કંગાલિયત (૨) લાંછન

**માખણ** ન૦ [प्रा. मक्खण (सं. म्रक्षण) सर० हिं.; माखन, म.] દહીં વલોવવાથી નીકળતું સત્ત્વ નવનીત (૨) [લા.] ખુશામત [**–ચોપડવું. લગાવવું** = ખુશામત કરવી] **૦ચોર** પું૦ (સં.) શ્રીકૃષ્ણ. **–ણિયું** વિ૦ માખણ ભેળવેલું (ચૂનો) (૨) માખણ જેવું નરમ (૩) [લા.] ખુશામતિયું. [**માખણિયો ભગત** = ખુશામતિયો]

**માખળ** પું૦ [सं. मा (માપવું. નક્કી કરવું) + ખળું ?] ખળીમાં આણેલા પાકનો સરકારી ભાગ માટે કાઢવામાં આવતો અંદાજ

**માખી** સ્ત્રી૦ જુઓ માખ. **૦ઘોયું** ન૦ ભમરડાની એક રમત. **૦બાઘ** પું૦ માખી પકડનારો જીવડો. **–ખો** પું૦ મોટી લીલી માખ

**માગ** પું૦ [सं. मार्ग, प्रा. मग्ग] રસ્તો (૨) જગા; આસન (૩) અંતર મોકળાશ [**–આપવો, દેવો** = જગા કરી આપવી (૨) સત્કારવું. **–કરવો** = રસ્તો કરવો (૨) અવકાશ કરવો. **–મૂકવો** (–ની આગળ) = –થી ઊતરતું હોવું. **–મુકાવવો** (–ની પાસે) = ચડિયાતાપણું કબૂલ કરાવવું; પ્રતિષ્ઠાનું પદ પ્રાપ્ત કરવું]

**માગ (ગ)** સ્ત્રી૦ ['માગવું' ઉપરથી] માગ; માગણી, ખપત (૨) ઉઘરાણી **૦ણ** પું૦ માગનાર; ભિખારી (૨) ન૦ માગવું તે. **૦ણિયાત** વિ૦ [प्रा. मग्गण (सं. मार्गण)] ભિખારી **૦ણી** સ્ત્રી૦ માગવું તે (૨) માગ; ખપત. [**–આવવી** = –ની માગ થવી, માગવું. **–કરવી** = માગવું. **–માં ચડવું** = વધારે કિંમતે માગણી કરવી] **૦ણું** ન૦ માગણી, માગવું તે (૨) લેણું (૩) પરહદમાંથી આરોપી કે ગુનેગારને કોર્ટમાં હાજર કરવાની માગણી. 'એક્સ્ટ્રૅડિશન' [**–કરવું** = માગવું] **૦તું** વિ૦ માગણી કરતું (૨) ન૦ લેણું

**માગધ** પું૦ [सं.] વંશની કીર્તિ ગાનાર, વહીવંચો

**માગધી** વિ૦ [सं.] મગધ દેશનું (૨) સ્ત્રી૦ એની ભાષા (ચારમાંની એક પ્રાકૃત)

**માગરણું** ન૦ વરને પીઠી ચોળવી તે

**માગવું** સ૦ક્રિ૦ [सं. मार्गय्, प्रा. मग्ग, सर० म. मागणें हिं. माँगना] આપવા માટે કહેવું (૨) પાછું આપવા કહેવું. [**માગી ખાવું** = ભીખ વડે જીવવું. **માગી લેવું** = માગીને લેવું. **માગ્યા મેહ** = માગ કે જરૂર પ્રમાણે મેહ (વરસવા)] [બીજો મહિનો

**માગશર** પું૦ [सं. मार्गशिर] વિક્રમ સંવતનો

**માગી તાગી(૦ને)** અ૦ [માગવું + તાગવું] આમથી તેમથી – ગમે તેમ કરીને મેળવીને

**માગું** ન૦ ['માગવું' ઉપરથી] માગણી (બહુધા લગ્નવિષયક). [**–આવવું** = સગાઈ માટે માગણી કે કહેણ આવવું. **–કરવું, મોકલવું**

=સગાઈ માટે કહેણ મોકલવું. **–ઝીલવું** =સગાઈનું કહેણ સ્વીકારવું.]

**માઘ** પું૦ [સં] માહ; વિક્રમ સંવતનો ચોથો મહિનો. ૦**મેળો** પું૦ પ્રયાગમાં માઘમાં ભરાતો એક મોટો મેળો ૦**વટો** પું૦ [+ પ્રા. वट्ट (સં वृत्त)], ૦**સ્નાન** ન૦ પોષ સુદ પૂનમથી મહા સુદ પૂનમ સુધી સૂર્યોદય પહેલાં સ્નાન કરવાનું એક વ્રત

**માછણ** સ્ત્રી૦ ['માછી' ઉપરથી] માછીની સ્ત્રી

**માછલી** સ્ત્રી૦, **–લું** ન૦ [સં. मत्स्य, પ્રા. मच्छ, માગધી – मश्चली] એક જળચર પ્રાણી

**માછલો** પું૦ જુઓ માસલો

**માછી** પું૦ [પ્રા मच्छिअ (સં मात्स्यिक)] માછીમાર (૨) ખલાસી. ૦**માર** પું૦ [પ્રા मच्छ (સં. मत्स्य) + માર (મારવું)] માછલાં પકડવાનો ધંધો કરનાર [માજાયું

**માજણ્યું** વિ૦ [મા + જણવું] એક માનું, સહોદર;

**માજન** ન૦ ['માઝા' (પ્રા. मज्झ = મધ્ય) ઉપરથી? અથવા ફા मिज़ान? સર૦ મ माज, દે मज्जा = મર્યાદા] હદ; અંકુશ. [**માજને રહેવું** = મર્યાદામાં રહેવું ]

**માજમ** સ્ત્રી૦ [અા. ममजून, સર૦ હિં. माजून, મ. माजूम] ભાગના સત્ત્વમાં બીજાં વસાણાં નાખી બનાવેલો કેફી પદાર્થ

**માજરવેલ** સ્ત્રી૦ એક જાતની ડાભર

**માજરો** પું૦ [અ. माजरा] હકીકત; વર્ણન

**માજલ** ન૦ એક પખી [માજવું

**માજવું** સ૦ ક્રિ૦ [પ્રા. मज्ज (मृज्)] જુઓ

**માજાયું** વિ૦ [મા + જાયું] માજણ્યું **–ઈ** સ્ત્રી૦ બહેન **–યો** પું૦ ભાઈ

**માજિસ્ટ્રેટ** પું૦ જુઓ મેજિસ્ટ્રેટ

**માજી** વિ૦ [અ] પૂર્વનું, અગાઉ થઈ ગયેલું (૨) મરહૂમ (૩) સ્ત્રી૦ જુઓ 'મા'માં

**માજુફળ** ન૦ [સં मायाफल, સર૦ હિં., મ.] માયું **–ળી** સ્ત્રી૦ માજુફળનો છોડ

**માજુમી** વિ૦ [જુઓ માજમ; સર૦ મ] માજમનું બંધાણી

**માજૂર** વિ૦ [અ] આખળું (૨) ઉન્મત્ત ગર્વિષ્ઠ

**માઝમ** વિ૦ [પ્રા मज्झिम (સં मध्यम)] મધ્યમ

**માઝર** સ્ત્રી૦ [પ્રા मंजीर = નૂપુર (અવાજ કરે તે) ઉપરથી? કે પ્રા मज्झ = વચ્ચેનું ઉપરથી?] (સુ) સખતળી; માજર

**માઝા** સ્ત્રી૦ [દે. मज्जा, પ્રા मज्जाया (સં. मर्यादा)] મર્યાદા. [**–છોડવી, –મૂકવી** = મર્યાદા તજવી; હદ ઓળંગવી **–રાખવી** = મર્યાદા સાચવવી ]

**માટ** અ૦ [સં मात्रा કે निमित्ते ઉપરથી?] (પ.) માટે **–ટે, –ટે કરી** (૦**ને**) અ૦ વાસ્તે; સારુ (૨) તેથી, તે કારણે

**માટ** ન૦ [પ્રા. मट्टिआ (સં. मृत्तिका) ઉપરથી] માટલું (૨) [જુઓ માટી (માસ)] ખોરાકમાં વપરાયેલું માસ. ૦**રિયો** વિ૦ પું૦ ['માટી' ઉપરથી?] થાળું બાંધ્યા વિનાનો (કૂવો)

**માટલી** સ્ત્રી૦ [જુઓ માટ (માટલું), સર૦ મ माथुली] નાનું માટલું. [**–આવવી** = ખાવું ભરેલી માટલી વર કે કન્યા પક્ષ તરફથી આવવી] **–લું** ન૦ માટીનું એક વાસણ [**–પૂરવું** = પાપડ વગેરેથી ભરીને લગ્ન-પ્રસંગે માટલું આપવું.]

**માટી** વિ૦ [સં. माठित = બખ્તરિયો પરથી?] બહાદુર (૨) પું૦ માટી, ધણી (૩) મરદ (૪) સ્ત્રી૦ [પ્રા. मट्टिआ (સં. मृत्तिका)] મરોડી (૫) માસ [**–ખોદવી** = જમીન ખોદી માટી કાઢવી **–ઢાંકવી** = છુપાવવું; દોષની ચર્ચા ન થાય તેમ કરવું. **–થવું** = બગડી જવું, ધૂળધાણી થવું **–માં મળી જવું** = ધૂળભેગું થવું, ફના થવું, મટી જવું] ૦**ડો** પું૦ પુરુષ (૨) ધણી

**માટે, ૦કરી(૦ને)** અ૦ જુઓ 'માટ' અ૦ માં

**માઠ** સ્ત્રી૦ [સર૦ મ (સં मारिश)] એક ભાજી

**માઠી** સ્ત્રી૦ [સર૦ મ] હાથનું એક ઘરેણું

**માઠું** વિ૦ [સં मृष्ट?] ખરાબ, બૂરું; અશુભ (૨) [લા] કંઈક ઓછું [**–કરવું** = ભૂંડું કરવું **–તોળવું** = કંઈક ઓછું તોળવું **–થવું** = ભૂંડું અશુભ થવું **–લાગવું** = ખોટું લાગવું; લાગણી દુખાવી ] **–ઠેરું** વિ૦ થોડું; લગાર

**માઠ** ન૦ [સર૦ મ] નાળિયેરી

**માડ** (મા') ન૦ [જુઓ માઢ] બાજઠ ઉપર કેળ બાંધી બનાવેલું રન્નાદેવનું સ્થાન, દેવોનો મંડપ

(૨) પું૦ જુઓ માઢ

**માડણ** ન૦ [सं मण्ड्=શણગારવું, સર૦ हि. माडना] તારાટપકીની પિયળ (૨) [?] ગામને પાદરે પાણી ભરાયેલો ખાડો (જેમા ભેસો પડી રહે છે)

**માડા** પુ૦ [જુઓ માડે] જુવાર અને ઘઉની મિશ્રિત, હાથે ઘડેલી રોટલી

**માડી** સ્ત્રી૦ [प्रा माइ (सं. मातृ); સર૦ म.] મા (૨) માતા; દેવી (ભક્તિમા). ૦જાયો પુ૦ માનો બેટો; બચ્ચો: બહાદુર માણસ

**માડું** પુ૦ [જુઓ માઢુ] (ક) માણસ

**માડો** પુ૦ [हिं मांडा (सं. मट्)] રોટલાનો પોપડો, રોટલીનુ પડ (૨) પૂડો (૩) ઘણી મોટી અને પાતળી રોટલી (૪) કૂકડો

**માઢ** પુ૦ [सं. माढि, दे माढिअ, સર૦ हिं माढा, माढी, म. माडा] મહેલ; મેડીવાળુ સુદર મકાન (૨) વાસ; મહોલ્લો (૩) માઢ; એક રાગ ૦મેડી સ્ત્રી૦ દરવાજા પર બાંધેલી મેડી

**માઢુઆં(-ડાં)** ન૦ બ૦ વ૦ [स माधव्य (मधु ઉપરથી) ?] લાડકાં બાળક

**માઢું** ન૦ [સર૦ માઢુઆ] (ક.) માડું; માણસ

**માણ** સ્ત્રી૦ [सं मणि=પાણી ભરવા નું વાસણ; સર૦ म.] (ણ,) ગાગર (૨) [જુઓ માડણી] ઉતરડ (૩) [सं. मड] ખમીર, ખટાશ (૪) ન૦ ['મોવુ' ઉપરથી] મોવણ (૫) [प्रा. (सं मान)] હદ, સીમા (૬) ['મીણો' ઉપરથી] કેફ (૭) ['માણવુ' ઉપરથી] માણવુ તે, મોજ (૮) અ૦ જુઓ માણ માણ

**માણકમાઉ** વિ૦ [માણ+કમાઉ] કઈ કમાતુ ન હોય તેવું (૨) આળસુ, સુસ્ત

**માણકી** સ્ત્રી૦ ['માણેક' ઉપરથી] એક જાતની ઘોડી

**માણભટ(-ટ્ટ)** પુ૦ [માણ+ભટ્ટ] માણ ખખડાવી કથા કહેનાર વ્યાસ

**માણ માણ(-ણે)** અ૦ [प्रा मणा मणा (सं. मनाक् मनाक्)] + માડ માડ; જેમ તેમ કરીને, પરાણે (૨) મંદ મંદ, ધીરે ધીરે [છદ

**માણવક** પુ૦ [स] અગ્કરો; વિદૂષક (૨) એક

**માણવું** સ૦ ક્રિ૦ [प्रा. माण (स मानय्)= અનુભવવું] અનુભવવુ, ભોગવવુ (૨) અ૦ ક્રિ૦ રાજી થવુ, મજા કરવી

**માણસ** પુ૦; ન૦ [प्रा माणुस (सं मानुष)] મનુષ્ય [-ની ઓળમાં હોવું=માણસાઈ ધરાવવી. -ની વર્ણમાંથી ઊઠી જવું, નીકળી જવું, માણસમાંથી નીકળી જવું =માણસાઈ ગુમાવવી (૨) મરદાઈ ગુમાવવી.] -સાઈ સ્ત્રી૦ માણસને યોગ્ય ગુણ કે વર્તન

**માણારાજ** પું૦ મોટુ માણસ, વહાલુ માણસ (લોકગીતમા)

**માણિક્ય** ન૦ [स] માણેક

**માણિયો** પુ૦ ['માણ' ઉપરથી] ગાડવો, ઘડો (૨) ['મણ' ઉપરથી] એક મણ પ્રવાહી માય એવું પાત્ર (૩) મણનુ કાટલુ, મણિયો

**માણી** સ્ત્રી૦ [સર૦ सं माणिका] બાર મણનુ તોલ

**માણીગર** પું૦ ['માણવુ' ઉપરથી] રસિક, ભોગી

**માણીતલ** ન૦ ['માણવુ' ઉપરથી] વિશ્રાંતિસ્થાન

**માણું** ન૦ [दे. माण] અનાજની નવ શેરના માપની પાલી (૨) વિ૦ તેટલા માપનું (અનાજ)

**માણેક** ન૦ [सं. माणिक्य] રાતો મણિ ૦ચોક પુ૦ [म. माणीकचौक (स माणिक्य ઉપરથી)] દરબારી લોકોના મકાનો વચ્ચેનુ મેદાન (૨) (સં) અમદાવાદમાં માણેકનાથના સ્થાનક પાસેનુ બજારનુ સ્થાન ૦જમાની સ્ત્રી૦ ધણી આપે તો આપુ એવી શરતે કરેલી જમાની. ૦ઠારી સ્ત્રી૦ શરદપૂનમ ૦થંભ પુ૦ વિજયસ્તંભ (૨) લગ્ન વખતે મંડપ માટે રોપાતો થભ ૦નોતરું ન૦ માનને ખાતર આપેલું નામનુ નોતરું

**માણો** પું૦ ['માણવુ' ઉપરથી] આનંદ, ભોગ (૨) [स मान, સર૦ માણુ] એક માપ

**માત** સ્ત્રી૦ [सं मातृ] (પ) માતા ૦કી જય માતાની જય, એવો પોકાર ઉદા૦ અબે માતકી જય ૦પિતા ન૦ બ૦ વ૦ માબાપ

**માત** (મા') વિ૦ [अ; સર૦ म, हि] હારી ગયેલુ, જેર વિનાનું થયેલુ

**માતબર** વિ૦ [अ मुअतबर] સમૃદ્ધ. તાલેવાન; શ્રીમત -રી સ્ત્રી૦ ધનાઢ્યતા

**માતમ** ન૦ [फा.] શોક; રડાકૂટ

**માતરિશ્વા** પું૦ [सं] પવન

**માતરું** ન૦ [સ અમત્ર, માત્ર (પાત્ર)=પેશાબનું વાસણ; દે મત્તગ=પેશાબ] પેશાબ (જૈન)
**માતલિ** પું૦ [સ] (સં.) ઇંદ્રનો સારથિ
**માતવું** અ૦ક્રિ૦ [સં મત્ત પરથી, સર૦ હિં માતના, મ. માતણેં] ફાલવું, હૃષ્ટપુષ્ટ થવું (૨) મસ્તીમા આવવું; ચરબી વધવી
**માતહત** વિ૦ [અ] તાબેદાર
**માતંગ** પું૦ [સં] હાથી **–ગી** સ્ત્રી૦ હાથણી (૨) હાથીના વાહનવાળી દેવી
**માતા** સ્ત્રી૦ [સં] જનની (૨) દેવી (૩) શીતળા-માતા. [**–આવવાં**=શરીરમા દેવીનો પ્રવેશ–આવેશ થવો. **–ખાય,શોધે**=મર, મુઓ એ ભાવનો ઉદ્ગાર. **–નો કૂકડો**=બહુ બોલકણો માણસ. **–નો ભગત**=હીજડો. **પધારવાં**=ઓરી નીકળવા **–વળાવવાં**=બાજઠ ઉપર વસ્ત્રથી દેરા જેવો આકાર કરી, તેમાં જવારા લઈ તેને વાજતે ગાજતે માતાને દેરે લઈ જવું. **–વાવવાં**=જવારા વાવી માતાનુ સ્થાપન કરવું.] **૦જી** સ્ત્રી૦ માતા (માનવાચક) **૦પિતા** ન૦બ૦વ૦ માતપિતા. **૦મહ** પું૦ [સં.] માનો બાપ **૦મહી** સ્ત્રી૦ માની મા
**માતુ** સ્ત્રી૦ [સં માતૃ] મા **૦લ** પું૦ [સં] મામો. **૦લી** વિ૦ માતાનું (૨) સ્ત્રી૦ મામી. **૦શ્રી** સ્ત્રી૦ મા (માનસૂચક)
**માતું, ૦તાનું** વિ૦ ['માતવું' ઉપરથી] માતેલું
**માતૃ** સ્ત્રી૦[સં]માતા **૦ક** વિ૦માસંબધી **૦કા** સ્ત્રી૦ મા (૨) દાઈ (૩) વર્ણમાળા; બારાખડી (૪) માગળિક કૃત્યો વખતે બ્રાહ્મી, માહેશ્વરી, વૈષ્ણવી, વગેરે (સાત કે આઠ) દેવીઓનું પૂજન થાય છે તેમાની દરેક. **૦ઘાત** પું૦ માનો વધ **૦ઘાતી** વિ૦ માનો વધ કરનારું. **૦ત્વ** ન૦ માતા તરીકેનો ધર્મ; માતાપણું. **૦દેવ** વિ૦ માતાને દેવ તરીકે પૂજનાર **૦દેશ** પું૦ જન્મભૂમિ **૦દ્રોહી** વિ૦ માતાનો દ્રોહ કરનારુ. **૦પક્ષ** પું૦ મા તરફના સગાંવહાલા **૦પદ** ન૦ માતા થવુ તે (૨) માતા તરીકેનુ સ્થાન –ગૌરવ (૩) માતા તરીકેનો ધર્મ, માતા-પણુ. **૦ભાષા** સ્ત્રી૦ સ્વભાષા. **૦ભૂમિ(–મી)** સ્ત્રી૦ જન્મભૂમિ **૦વધ** પું૦, **૦હત્યા** સ્ત્રી૦ માનો વધ, માની હત્યા

**માત્ર** [સં.] નામને લાગતાં 'તે બધું; સઘળુ' એવો સમગ્રતા વાચક અર્થ બનાવે છે. ઉદા૦ માણસમાત્ર (૨) અ૦ ફક્ત, કેવળ (૩) વિ૦ [સ] બહુવ્રીહિ સમાસમાં ઉત્તરપદ તરીકે '–માપ કે પ્રમાણનુ' એ અર્થમા ઉદા૦ અગુલીમાત્ર; રજમાત્ર
**માત્રા** સ્ત્રી૦ [સ.] બારાખડીમાં ઉપર મુકાતુ (ે) આવું ચિહ્ન (૨) કાવ્ય કે સગીતમા સમયની ગણનાનો એકમ (૩) ધાતુની ભસ્મ; રસાયણ (૪) માપ, પ્રમાણ **૦કવિતા** સ્ત્રી૦ માત્રામેળવાળી કવિતા. **૦છંદ, ૦બંધ** પું૦ માત્રામેળ છંદ. **૦મેળ** વિ૦ જેમા ઓછી વધારે માત્રા ઉપર પદબંધનો આધાર હોય તેવું **૦વૃત્ત** ન૦ માત્રાછંદ **૦સમક** પું૦ સરખી માત્રાના છંદોનો વર્ગ. **–ત્રિક** વિ૦ [સં] માત્રાને લગતુ (૨) માત્રામેળવાળુ
**માત્સર્ય** ન૦ [સં] બીજાનુ સુખ દેખી બળવું તે, ઈર્ષા [ખાય એ ન્યાય
**માત્સ્યન્યાય** પું૦ [સં] મોટું માછલું નાનાને
**માથાતોડ** વિ૦ [માથુ + તોડવું] માથું તૂટી જાય કે તોડી નાખે એવું – ખૂબ, સખત (મહેનત મજૂરી ઇ૦)
**માથું** ન૦ શરીરનો ખોપરીવાળો ભાગ (૨) ધડની ઉપરનો ભાગ; ડોકું (૩) કોઈ પણ વસ્તુના મથાળાનો ભાગ; ટોચ (૪) [લા] મગજ, બુદ્ધિ. [**માથા ઉપર (હોવુ)**=મુરબ્બી હોવું (૨) એકદમ નજીક – લગભગ માથા ઉપર હોવું (૩) સમાન્ય — આવકારવા યોગ્ય હોવું ઉદા. 'આવ્યા તો માથા ઉપર' **માથા ઊતરતું કામ**=માથાઉતાર કરેલુ કામ. બેકાળજીથી કરેલું કામ. **માથાથી જવું**=કાબૂ બહાર જવુ (૨) વંઠી જવું. **માથાના કકડા થવા**=સખત માથુ દુઃખવું. **માથાના કપાસિયા કાઢી નાખવા**=ખોપરી તોડી નાખવી; માથાનાં કાછલાં જુદાં કરવા (૨) ખૂબ મારવુ–ધમકાવવું **માથાના વાળ ખરે તેવું**=ઘણું જ ભૂડું, અસહ્ય **માથાના વાળ ઘસાઈ જવા**=ઘણું દુઃખ સહન કરવું પડવું (૨) બહુ કામ કરવું પડવું **માથાની ગુબડી**

**રહી જવી**=મનમાં બહુ ચિંતા રહેવી (૨) બહુ ભાર વહેવો. **માથાની પાઘડી**= અગ્રેસર, આગેવાન પુરુષ. **માથાનું**=પહોંચી વળે તેવું; સવાયું. **માથાનું છત્ર**=આશ્રય આપનાર વડીલ, ગુરુજન. **માથાનું ફરેલ, ફાટેલ**=કોઈનું કહ્યું ન માને તેવું; મિજાજી ને હઠીલું. **માથાનો ઘા**=વસમુ ને અસહ્ય (કટુ વચન, ફટકો ઇ૦) **માથાનો મણિ, મુગટ**=શોભા આપનાર વડીલ (૨) પતિ. **માથા પર**=જુઓ માથા ઉપર. **માથા પર કલેડું ઊંધું પાડયું હોવું**=હિંમત બહુ વધી હોવી. **માથા પર થન થન નાચવું, માથા પર નાચવું**=બહેકી જઈ દુઃખ દેવું; ન ગાઠવું; શિરજોરી કરવી **માથા ઉપર જામવું, લટકવું**=નિરંતર ધાક કે ભય રહેવો. **માથામાં ગજ ઘાલ્યા હોવા**= માથામાર હોવું **માથામાં ટપલા વાગવા** =ઠોકરો ખાવી; દુઃખ મુશ્કેલીનો અનુભવ થવો. **માથામાં તેલ ઘાલવું**=માથામા તેલ માલીસ કરવું (૨) [સ્ત્રીઓએ] શોક મૂકવો. **માથામાં ધુમાડો ભરાવો**=અણસમજ કે ગેરસમજ હોવા. **માથામાં ધુમાડો રાખવો** = મિજાજ કે ગુમાન રાખવા **માથામાં ધૂળ ઘાલવી**=આબરૂ ઉપર પાણી ફેરવવું **માથામાં પવન ભરાવો**=ગર્વ કે મિજાજથી ફાટયા ફાટયા ફરવું (૨) માથું ભમી જવું; ફેર આવવા. **માથામાં ભૂસું ભરાવું**=ગેરસમજ કે હઠ વ્યાપવી. **માથામાં મારવું**= ક્રોધ, ગર્વ કે તુચ્છકારથી આપવુ કે પરત કરવુ. **માથામાં વહેર ભરાવો** = મગરૂરી આવવી, પતરાજખોર થવું **માથા વગરનું**=નીડર, જીવનની દરકાર વિનાનું **માથા હરા(સરતા, સરસા) જડયા હોવા** = પાનું પડયું હોવું; મરતા લગીનો સબંધ બંધાયો હોવો. **માથા સાટે માથું**=પૂરેપૂરો બદલો **માથું આપવું**=જીવ જતાં લગી (તે માટે) ઝૂઝવું. **-ઉઘાડું રાખવું**=માથે સાલ્લો ન રાખવો; લાજ-મર્યાદા ન જાળવવા **-ઉઠાવવું**=જુઓ માથું ઊંચકવું. **-ઊતરવું**=માથું દુઃખવુ મટી જવું **-ઊંચકવું**=સામે થવું. **-ઊંચું કરવું**=સામે થવું (૨) કામમાંથી ફારગત થવું. **-ઊંચું રાખવું**= સ્વાભિમાન, વડાઈ કે મગરૂરી રાખવા. **-ઓળવું**= જુઓ માથું હોળવું **-કાપવું**=ઘણુ જ નુકસાન પહોંચાડવું (૨) દગો કરવો. **-કૂટવું** =નકામી મગજમારી કરવી (૨) શોક કે ગુસ્સામા માથુ અફાળવું કે તેના પર આઘાત કરવા. **-કોરાણે મૂકવું**=જીવની પરવા ન કરવી, જાનનું જોખમ ખેડવા તૈયાર થવુ. **-ખજવાળવું, ખણવું**=વિચારમા પડી જવુ (૨) શરમથી કે કાંઈ કારણ ન હોવાને લીધે આળસની નિશાની તરીકે એમ કરવું. **-ખાઈ જવું, ખાવું**=બડબડાટ કે ગડબડથી હેરાન કરવું. **-ગૂંથવું**=માથાના વાળ ગૂથવા. **-ઘરાણે મૂકવું**=મોતનો ભય ન રાખવો, ભારે સાહસ કરવું **-ઘાલવું**= જુઓ માથુ મારવુ **-ઘૂમ થવું, -ચડવું** =માથું દુઃખવુ. **-ચડાવવું**=નકામી માથાફોડ કરી હેરાન કરવુ. **-ચાકે ચડવું**=માથું ભમવું; ચક્કર આવવા. **-ચોળવું**=માથાના વાળ ધોવા. **-જોવું**=માથામા જૂ વગેરેની તપાસ કરવી **-ઝીકવું**=માથાઝીક કરવી. **-ધુણાવવું**=માથું હલાવી હા કે ના -ની નિશાની કરવી **-ઢાંકવું**=સ્ત્રીએ અદબથી સાડીનો છેડો માથે ઓઢવો. **-નમવું**=આદર કે ભક્તિ થવા; પ્રણામ કરવા. **-નમાવવું**= તાબે થવુ **-નીકળી પડવું**=સખત માથું દુઃખવું **-નીચું કરવું**=માથુ નમાવવું; શરણે જવું **-પકાવવું**=માથાઝીક કરીને હેરાન કરવું. **-પટકવું**=માથાઝીક કરવી. **-પાકવું, પાકી જવું**=માથાફોડથી અકળાઈ જવું (૨) મગજ થાકી જવુ, માથુ દુઃખવા આવવુ. **-ફરવું**=ચક્કર આવવા (૨) મિજાજ જવો, ગુસ્સો ચડવો **-ફાટી જવું**= તાપ, દરદ કે બદબોથી માથુ દુઃખી આવવુ (૨) ગુસ્સો ચડવો. **-ફેરવવું**=ગુસ્સામા કે જોશમા આવવું.**-ફોડવું**=માથાફોડ કરવી **-બોડવું** =ધંધા વિનાના હોવુ કે રહેવુ (૨) કાંઈ જ ન

આવડવું -બોડાવવું=માથાના વાળ અસ્ત્રાથી મૂડાવી નાખવા (૨) અભણ રહેવું, કાંઈ પણ ન આવડવું -ભાંગવું=નાદ-ગર્વ ઉતારવો (૨) નુકસાન કરવું -ભાંગે એવું=પહોંચી વળે એવું, માથાનું -ભારે થવું=ગર્વ કે મિજાજ વધી જવો (૨) માથું દુઃખવા આવવું (૩)માર માગવો.-ભોંયમા ઘાલવું=ગુનામા આવવાથી શરમાવું-શરમાઈને નીચું જોવું. -મારવું=કોઈબાબતમા મન ઘાલવું, મહેનત આડવી (૨) વચમા પડવું, વચમા ડહાપણ કરવું -રંગવું=માથામા મારી લોહી કાઢવું -વેગળું મૂકવું=મરવાથી ડર્યા વિના ઝંપલાવવું. -શાનું છે?=માથાઝીક કરતા ન થાકે એવું માથું છે (એમ સૂચવે છે). -સોંપવું=શરણે જવું (૨) જીવ આપવો -હોળવું=કાંસકી વડે કેશને વ્યવસ્થિત કરવા તારું માથું?=કાંઈ જ નહીં (બે કાન વચ્ચે) માથું કરવું=બાળકને અપાતી (પોલી) ધમકી. બે માથાં હોવાં=ગાંઠે નહીં તેવું હોવું. બે માથાંનો ખર્ચ=બે માણસનું ખર્ચ (૨) દાવામા બેઉ પક્ષકારોનો ખર્ચ ] -થાઉતાર વિ૦ દરકાર કે લક્ષ વિનાનું (૨) અ૦ બેદરકારીથી. -થાઓળ સ્ત્રી૦ [માથું + ઓળવું કે ઓઢવું] સંયુક્ત કુટુંબમા જેઠ દિયેર વગેરે પાસેથી ખોરાકી પોશાકી માગવાનો વિધવાનો હક. -થાકૂટ સ્ત્રી૦ ભાંજગડ, પંચાત (૨) નકામી મહેનત, પીડા. -થાકૂટિયું વિ૦ માથાકૂટ કરાવે એવું. -થાઝીક સ્ત્રી૦ માથાકૂટ -થાઝીકિયું વિ૦ માથાકૂટિયું -થાતૂટ વિ૦ માથું તૂટે એટલો સખત (પ્રયત્ન) -થાતોડ સ્ત્રી૦ માથાકૂટ -થાતોડિયું વિ૦ માથાકૂટિયું. -થા દીઠ અ૦ જણ દીઠ, દરેક માણસે -થાફરેલ(-લું) વિ૦ મિજાજી, ક્રોધી, માથાનું ફરેલું -થાફોડ સ્ત્રી૦ માથાકૂટ -થાફોડિયું વિ૦માથાકૂટિયું -થાબધાણું, -થાબાંધણ(-ણું) ન૦ માથે બાંધવાનું કપડું -થાબૂડ વિ૦માથા સુધી બૂડી જવાય એટલું ઊંડું. -થાબોળ અ૦ માથું અને શરીર પલાળીને. -થાભારે વિ૦ મોટી નામના કે હોદ્દાવાળું; પ્રતિષ્ઠિત(૨)મિજાજી, તુમાખીવાળું. -થાભાર વિ૦ માથામાં મારે એવું; ગાજ્યું ન જાય એવું, વસમું -થામેલી વિ૦ સ્ત્રી૦ અભડાયેલી; અટકાવવાળી -થાવટી સ્ત્રી૦ [માથું+ વૃત્તિ(સં )ગોળ ભાગ] સાલ્લો ન બગડે માટે તેના માથા ઉપરના ભાગ નીચે સીવેલો અસ્તરનો કકડો (૨) માથાના કપડા પર પડેલા તેલના ડાઘા (૩) માથાનો ભાગ (૪) આબરૂ. [-પડવી=સાલ્લાના માથા ઉપર રહેતા ભાગને તેલના ડાઘા પડવા -હલકી પડવી=આબરૂ હલકી પડવી ] -થા વહોણું વિ૦ ઢંગધડા-વગરનું -થાવાઢ વિ૦[માથું+ વાઢવું] માથું વાઢે એવું, કારમું -થાવેરો પુ૦ માથા દીઠ લેવાતો કર

માથે અ૦ (કા ) ઉપર. ઉદા૦ ઘા માથે પાટો બાંધ્યો (૨) 'માથું'નું સપ્તમીનું રૂપ [માથે અંકુશ હોવો=ઉપરનો દાબ કે રોક હોવો -આવવું=અડકાવ આવવો (૨) જવાબદારી તળે આવવું (૩) માથા ઉપર ઊંચે આવવું (કનકવાનું, સૂર્યનું ઇ૦) -ઓઢવું=સાલ્લો બરાબર માથે રાખવો (લાજ-આમન્યા સારુ) (૨) જોખમ લેવું (૩) દેવાળું કાઢવું. -ઓરાઢવું=અન્યાયપૂર્વક બીજા ઉપર જવાબદારી-જોખમ નાખવા(૨) ભોળવીને માલ ચોટાડવો-વેચી દેવો -ખેંચી લેવું=(પોતા ઉપર) જવાબદારી વહોરી લેવી. -ગાળ ચડવી=આળ ચડવું -ગાળ મૂકવી =આળ મૂકવું, કલંક ચઢાવવું -ઘંટીનું પડ હોવું=ભારે ને મુશ્કેલ જવાબદારીનું કામ સોંપાવું -ઘાલવું=માથે નાખવું -ઘૂઘરી મૂકી ઘૂમવું=મોટાભા થઈ ઘાલમેલ કરવી -ચઢાવવું=માન્ય કરવું, સ્વીકારવું (આજ્ઞા કે સલાહને) (૨) હક ઉપરાત અહેકાવવું (લા૦ લડાવીને), બહુ નહીં એવું કરવું. -ચડી બેસવું, ચડી વાગવું=હુકમ ન માનવો, અતિ લાડથી નફટ થઈ જવું (૨) કોઈની સત્તા ખૂંચવી લેવી (૩) ચડિયાતું થવું -ચપટી ભભરાવવી=મમત કે મદ કરવામા કોઈનાથી

વધી જવું -અમ્મર હોળાવાં=રાજવંશી વૈભવ હોવો. -ચોટવું=માથે પડવું -છાણાં થાપવાં=ન બહવું -છાપરું વધવું=માથે હજામત વધી જવી -છીણી મૂકવી=બગાડી નાખવુ (૨) ગેરફાયદો કરવો -છેડો નાખવો =માથુ ઢાકવુ(૨)નિર્લજ્જવેડા કરવા.-છોગાં મૂકે એવું=મમત કે સરસાઈમા વધી જાય એવુ (૨) સુદર -ઝાડ ઊગવાં, ઝાડ ઊગવાં બાકી હોવાં=ઘણા જ દુઃખ પડવાં -ટાલ પડવી=જોખમ-ભાર ઊંચકી ઊચકીને કે અનુભવના ખૂબ ટપલા ખાઈ ખાઈને માથાના વાળ ઘસાઈ જવા -ઢોળવું=માથે પાડવુ -તાણી લેવું=પોતા પર જવાબદારી-ભાર લઈ લેવા -તેલ ઘાલવુ=જુઓ માથામા તેલ ઘાલવું -થવું=અડકાવ આવવો (૨) સૌની આગળ જવુ. -થી ઉતારી નાખવું =જવાબદારી કાઢી નાખવી. -થી ટપલો ઉતારવો=મહેણું-કહેતી દૂર કરવા. -થી ટોપલો ઉતારવો=જવાબદારી કાઢી નાખવી -દુશ્મન ગાજવા=દુશ્મનનો ભય ઝઝૂમવો -ધૂળ ઘાલવી=કજિયો ઊભો કરવો (૨) પોતાને માથે ઠપકો લેવો (૩) પોતાની જાતને કલકિત કરવી; ફજેત થવુ. -નાખવું =જવાબદારી ઓરાઢવી (૨) જવાબદારી પર છોડવું -પડવું=જવાબદારી આવી પડવી (૨) -ને કારણે નુકસાન વેઠવું પડે એવી હાલતમા આવવું (જેમ કે અમુક માલ માથે પડવો) -પાડવું=જવાબદારી ઓરાઢવી -પાણી ઘાલવું=માદગીમા નાહ્યા ધોયા વિના ખાધુ હોય તે માટે સાજા થયા પછી પ્રાયશ્ચિત્ત કરી બ્રાહ્મણ જમાડવા (૨) માદગી પછી ઘણે દહાડે નાહવું; મદવાડમાથી ઊઠવુ -પાણી ફરી વળવું=ડૂબી જવું (૨) એળે જવુ (૩) કંગાલ સ્થિતિમાં આવી પડવું. -પાણી ફેરવવું=નિષ્ફળ કરવું, ધૂળમા મેળવવું (૨) પાછુ પાડવુ; ચડી જવુ; ટપી જવુ -ભાગવું નુકસાની કે ખોડખાપણવાળુ કે પ્રતિકૂળ એવું કાઈ પણ કોઈ માણસને વળગાડવુ, ભોગવવું પડે એવું કરવુ -મારવું=માથે ભાગવું (૨) અધૂરો ન રહેવા દેતાં મોલ સુધી (જરો) ચણી લેવો -મોડ હોવો=આગેવાની -જવાબદારી હોવા. -મોત ભમવું=મરણ-કાળ આવી પહોચવો, આવી બનવું -રાખવું જવાબદારી લેવી; જુમ્મો રાખવો. -લેવું= જવાબદારી લેવી (૨) પોતા પર વ્હોરી લેવું (લડાઈ, નુકસાની વગેરે). -લોહી ચડવું= માથામા લોહી ભરાવું (૨) નિર્દોષ થવો (૩) બેભાન થવું -વહોરવું=જુઓ માથે લેવુ. -શીંગડાં=દેખીતુ નિશાન -હાથ=આશ્રય, કૃપા -હાથ ફેરવવો. મૂકવો=પોતાના ગુણ-સ્વભાવ બીજાને આપવો (૨) આશીર્વાદ આપવો -હાથ દેવો=નિરાશા કે ખેદનો અભિનય (૨) આશ્વાસન આપવું -હોવું= અડકાવમા હોવુ (૨) જવાબદારી હોવી (૩) માથા પર હોય એમ આવકારપાત્ર થવુ; ભલે પધારો એમ હોવું] [ઊંડાણ

**માથોડું** ન૦ [માથું+ઊડું?] માથુ ડૂબે તેટલુ

**માદ** પુ૦ [સં.] કેફ (૨) મદ, અહકાર ૦ક વિ૦ કેફી [માતૃભાષા

**માદર** સ્ત્રી૦ [फा.] મા ૦જબાન ૦જબાં સ્ત્રી૦

**માદરપાટ** પુ૦ [સર૦ म, (मद्रीपोलम् स्थानें तैयार यतु)] એક જાતનું સુતરાઉ કાપડ

**માદરી** વિ૦ [फा] માનુ, -ને લગતું

**માદરે વતન** ન૦ [फा.] માતૃભૂમિ

**માદલ(-ળ)** ન૦ [सं मर्दल?] + એક વાદ્ય

**માદળિયું** ન૦ [સર૦ म. मादळ=મૃદંગ ઉપરથી (તેવા ઘાટનુ)] દોરો, ચિઠ્ઠી કે તાવીજવાળો ધાતુનો નળી જેવો કે ચપટો ઘાટ

**માદણું** ન૦ ભેંસનું પાણીના ખાડામા પડી આળોટવુ તે

**માદા** સ્ત્રી૦ [फा, म मादी] પશુ કે પખીમાં સ્ત્રીજાત (૨) બરડવાની જોડમા ખાડાવાળું બરડવુ

**માધવ** પુ૦ [सं] (સં) વિષ્ણુ, શ્રીકૃષ્ણ (૨) વૈશાખ માસ -વિકા સ્ત્રી૦ માધવી વેલ. -વી સ્ત્રી૦ એક ફૂલવેલ (૨) પૃથ્વીમાતા (૩) વિ૦ વૈશાખ માસનુ; વસંતઋતુનુ [તિ

**માધુકરી** સ્ત્રી૦[सं] ઘેર ઘેર ફરી ભિક્ષા માગવી

**માધુરી** સ્ત્રી० મહેસૂલ ભરાઈ ન શકાતું હોવાથી જમીન સરકારને પાછી સોંપવી તે

**માધુરી** સ્ત્રી०[सं.] માધુર્ય; મીઠાશ (૨) ભલાઈ

**માધુર્ય** ન० [सं.] મધુરતા

**માધ્યમ** વિ० [सं.] વચલું (૨) ન० સંચાર કે વિનિમય વગેરે માટે વચ્ચે વાપરવાનું સાધન કે વાહન, 'મીડિયમ'. **–મિક** વિ० વચલું; મધ્યમાં આવેલું (૨) પ્રાથમિકથી આગળનું, 'સેકંડરી'. **–મિક શાળા** સ્ત્રી० પ્રાથમિક પછીની શાળા, વિનયમંદિર, 'હાઈસ્કૂલ'

**માધ્યસ્થ** વિ० [सं.] તટસ્થ; પક્ષપાત વિનાનું (૨) ન० માધ્યસ્થ્ય. **–સ્થી** સ્ત્રી०, **–સ્થ્ય** ન० માધ્યસ્થપણું

**માધ્વ** પું० [सं.] મધ્વાચાર્યનો અનુયાયી

**માન** ન० [सं.] આબરૂ, પ્રતિષ્ઠા (૨) સદ્ભાવ, આદર (૩) અભિમાન (૪) તોલ, માપ (૫) 'લોગેરીધમ'(ગ.).[–આપવું, દેવું = સત્કારવું –ઊતરવું (બહુધા બ०વ०માં) = માનપ્રતિષ્ઠા ઓછાં થવાં. –મળવું = સત્કાર થવો (૨) વિદાય વખતે સમારંભથી સત્કાર કરવો. –માગવું = વિશેષ દાજીજીની અપેક્ષા રાખવી, અંદરથી ગમતું હોવા છતાં, બહારથી ના ના કરીને કાલાવાલા કરાવવા –માં રહેવું = અભિમાનમાં રહેવું, મોટાઈમાં રહેવું –મૂકવું = અભિમાન છોડવું, નમતું જવું –મોડવું = અભિમાન ઉતારવું –રાખવું = પ્રતિષ્ઠા જાળવવી (૨) સામાનું માન રહે તે ખાતર તે કહે તે કરવું] ૦અકરામ ન० ખિતાબ વગેરેથી ગૌરવ આપવું તે ૦ક(–કા)રી પું० માનને લાયક પુરુષ ૦ચિત્ર ન० પ્રદેશના માપસર ઉપસાવીને કરેલો નકશો, 'રિલીફ–મેપ'. ૦દ વિ० માનપ્રદ, માન આપતું (૨) વેતન લીધા વગર કામ કરનારું, 'ઓનરરી' ૦દી સ્ત્રી० + જુઓ માનિની ૦નીય વિ० માનને યોગ્ય, માન્ય ૦પત્ર ન० વખાણ કે ધન્યવાદનો જાહેર રીતે અર્પણ થતો લેખ ૦પાન ન० માન; આદર (૨) આબરૂ, પ્રતિષ્ઠા ૦બુદ્ધિ સ્ત્રી० માન-આબરૂની લાગણી–ભાવના. ૦ભંગ પું० અપમાન (૨) વિ० અપમાનિત. ૦ભોગ પું० શીરો (પુષ્ટિમાર્ગીય) ૦મરતબો પું० મોભો; પ્રતિષ્ઠા. ૦મર્યાદા સ્ત્રી० અદબ વિવેક. ૦વતી વિ० સ્ત્રી० માનવાળી (૨) સ્ત્રી० પ્રિય ઉપર રિસાયેલી પ્રિયા ૦વંતું વિ० માનયુક્ત, માનભર્યું. ૦હાનિ સ્ત્રી० અપમાન

**માનણહાર** વિ० માનનારું (પ)

**માનત(–તા)** સ્ત્રી० ['માનવું' પરથી, સર० हिं., म.] બાધા, આખડી [–કરવી = બાધા આખડી રાખ્યાં હોય તે પૂરાં કરવાં –માનવી, રાખવી = બાધા રાખવી –મૂકવી = પ્રતિજ્ઞાથી મુક્ત થવું, માનતા પૂરી કરવી]

**માનભાવ** પું०[म.] મહારાષ્ટ્રનો એક સંપ્રદાય; મહાનુભાવ –વી વિ० માનભાવનું, –ને અનુસરતું કે લગતું

**માનવ** વિ०[सं.] મનુ સંબંધી(૨) પું० માણસ ૦જાતિ સ્ત્રી० મનુષ્યજાતિ ૦તા સ્ત્રી० મનુષ્ય ઉપર પ્રેમ, હિતબુદ્ધિ (૨) માણસાઈ ૦તાવાદ પું० માનવકલ્યાણ એ શ્રેષ્ઠ કર્તવ્ય છે તેવો વાદ, 'હ્યૂમેનિઝમ' ૦દોષદર્શી વિ० માનવી દોષ–અપૂર્ણતા જ જોવાની ટેવવાળું કે તેનું ટીકાશીલ, 'સિનિકલ' ૦ધર્મશાસ્ત્ર ન०(सं.) મનુસ્મૃતિ ૦પતિ પું० રાજા ૦બંધુ પું० માનવ સંબંધથી ભાઈ, મનુષ્ય. ૦બંધુત્વ ન० સૌ માણસ ભાઈ છીએ એવી ભાવના ૦શાસ્ત્ર પું० 'એન્થ્રોપોલોજી'. ૦હિતવાદ પું० 'હ્યુમેનિઝમ'. –વી વિ० મનુષ્ય સંબંધી (૨) પું० માણસ –વેંદ્ર પું० [+इंद्र] માનવપતિ, રાજા

**માનવું** સ०क्रि० [सं. मन्; સર० म. मानणें, हिं. मानना] કબૂલ કરવું; સ્વીકારવું (૨) [सं. मानय्] માન આપવું; ગણવું, લેખવું (૩) માનતા રાખવી

**માનવ્ય** ન० [सं.] માનવજાતિ (૨) માનવતા

**માનશુકન** પું० બ०વ० [શુકન ઉપરથી] શુભાશુભ ચિહ્ન; લક્ષણ

**માનસ** વિ०[सं.] મન સંબંધી (૨) ન० મન (૩) [सं.] જુઓ માનસસર. ૦પુત્ર પું० (सं.) બ્રહ્માએ મનથી ઉત્પન્ન કરેલો પુત્ર જેમ કે, નારદ. ૦પૂજા સ્ત્રી० બાહ્ય પૂજાપા વગર મનની

**માસ** ન૦ ગ્રસ; ખાવાનું. [–ના વાંધા = અત્યંત ગરીબાઈ.]

**માસણમૂંડો** પું૦ એક ધોળો છીવડો [છોડ

**માસફળ** ન૦ માસફળીનું ફળ. –ળી સ્ત્રી૦ એક

**મામલત** સ્ત્રી૦ [અ. मुआमलात; म.]માલમત્તા; પૂંજી, વિસાત (૨) મામલતદારનું કામ. ૦દાર પું૦ તાલુકાની વસૂલાત સંબંધી કામ કરનાર અમલદાર; વહીવટદાર ૦દારી સ્ત્રી૦ મામલતદારનું કામ કે હોદ્દો

**મામલો** પું૦ [અ. मुआमलह] પરિસ્થિતિ(૨) કટોકટીનો સમય. [–કાબૂમાં આવવો = પરિસ્થિતિ પર અંકુશ આવવો –બગડવો, વીફરવો = પરિસ્થિતિ બગડવી – હાથથી જવી –લૂંટાવો = ભારે નુકસાન થવું.]

**મામા** પુ૦ બ૦વ૦[દે माम]મામો (માનાર્થે) (૨) [લા.] શત્રુ, ચોર. [–જમના = દોઢડાહ્યું. –મળવા = ચોર મળવા. –મામીનું કરવું = તગાસ્તાગવાનો પક્ષ કરવો. –લગનિયા = ઠઠારો કરનાર પુરુષ]; ૦જી પું૦ મામા (૨) મામોજી (માનવાચક)

**મામી** સ્ત્રી૦ [દે] મામાની વહુ. ૦જી મામી (માનાર્થે)(૨)મામીસાસુ. ૦સાસુ સ્ત્રી૦ પતિ કે પત્નીની મામી [સાધારણ

**મામૂલ** ન૦ [अ] રિવાજ –લી વિ૦ સામાન્ય,

**મામેજવો** પું૦ [सं मामेजक] એક છોડ

**મામેરું** (મા'?) ન૦ [મામા + કેરુ ?] મોસાળું

**મામો** પુ૦ [दे माम, मामग] માનો ભાઈ (૨) [લા.] શત્રુ, ચોર. ૦જી(–સસરો) પું૦ પતિ કે પત્નીનો મામો

**માયકાંક(–ગ)લું** વિ૦ [માયા(मातृ કે माया) + કાગલું] નમાલું; બાયલું

**માયનો** પું૦ [अ. मअ़नी] અર્થ હેતુ, ઇરાદો

**માયફળ** ન૦ જુઓ માજુફળ. –ળી સ્ત્રી૦ માજુફળી

**માયલું** વિ૦ + માંહ્ય [ભાગવું પાણી

**માયા** સ્ત્રી૦ [સર૦ મ.] ભાંગ. ૦પાણી ન૦

**માયા** સ્ત્રી૦ [सं.] જેનાથી બ્રહ્માંડ રચાયું છે કે ભાસમાન થાય છે તે આદિશક્તિ–અવિદ્યા (૨) છળ; પ્રપંચ; ઇંદ્રજાળ (૩) [લા.] મમતા, સ્નેહ (૪) મમતાનો કોઈ પણ વિષય (૫) ધન; દોલત (૬) [સં.] લક્ષ્મી (૭) બુદ્ધની માતા. [કાચી માયા = છેતરાય તેવું માણસ. પહોંચેલી માયા = હોશિયાર–કોઈથી ન છેતરાય તેવું માણસ. –કરવી = સ્નેહ કરવો; પ્રીત કરવી. –થવી = સ્નેહ થવો. –માં રહેવું = સંસાર સંબંધમાં ખૂંચી રહેવું. –માં લપટાવું = સંસાર વહેવારમાં મૂઢ થઈ જવું(૨)પ્રપંચમાં ફસાવું –મૂકવી = સ્નેહ–મમતા છોડવાં. –રાખવી = મમતા – પ્રીત રાખવાં.]૦મમતા સ્ત્રી૦ દયા; માયા, સ્નેહ; પ્રીતિ. ૦મય વિ૦ માયાથી ભરેલું. ૦મૃગ પુ૦,ન૦ બનાવટી મૃગ. ૦મોસો પુ૦ [सं. मृषा] (જૈન) કપટથી જૂઠું બોલવું તે ૦વણું વિ૦(કા.) માયાળુ. ૦વાદ પું૦ બ્રહ્મથી ભિન્ન જગતનો અનુભવ માયા – ભ્રમ છે એવો વાદ (વેદાંત) ૦વિની વિ૦સ્ત્રી૦ માયાવાળી; ઠગનારી. ૦વી વિ૦ જુઓ માયિક. ૦ળુ વિ૦ સ્નેહાળ; હેતાળ

**માયિક** વિ૦ [म.] માયાથી ઊપજેલું, મિથ્યા (૨) માયાવી, પ્રપંચથી ભરેલું [માજુફળ

**માયું** ન૦ [સર૦ म मायफल, हिं मायाफल]

**માયો** પું૦ [फा.] પૂંજી, ધનનો જમાવ

**માર** પુ૦ [सं] મારવું તે, તાડન (૨) મરણ; મૃત્યુ (૩) [લા.] મારો, વિપુલતા(૪)કામદેવ (૫) [બૌદ્ધ] આસુરી સંપત્તિઓની અધ્યક્ષ કલ્પેલી શક્તિ, સેતાન. [–ખાવો = માર સહન કરવો (૨) નુકસાન વેઠવું. –પડવો = માર ખાવાનું થવું (૨) ફટકો લાગવો, નુકસાન થવું. –માર કરવું = વારવાર મારવું (૨) તાકીદ કરવી; ઉતાવળ કરવી –મારવો = મારવું; પ્રહાર કરવો (૨) નુકસાન પહોંચાડવું કામનો માર ચાલવો = કામ પર કામ આવવું; બહુ કામ હોવું મૂઢ માર, મૂંગો માર = બહાર દેખાય નહીં પણ અંદરથી બહુ દુઃખે એવો માર. હસતો માર = હસતાંમાં મારવું તે.] ૦ક વિ૦મારનારું, નાશ કરનારું ૦કણું, ૦કું + વિ૦ મારવાની ટેવવાળું. [મારકણી આંખ = હૃદયભેદક નજર (૨) ભય પ્રેરતી નજર.] ૦કૂટ સ્ત્રી૦ મારપીટ. ૦કો પુ૦ મારો;

વિપુલતા ૦ખાઉ વિ૦ માર ખાયા કરે તેવું. ૦ઝપાટ, ૦ઝૂડ સ્ત્રી૦ મારવુ અને ઝૂડવુ તે ૦ણુ ન૦ મારવાનો તાન્ત્રિક પ્રયોગ (૨) મારવું તે ૦દડી સ્ત્રી૦ દડીથી રમવાની એક રમત. ૦પછાડ, ૦પીટ સ્ત્રી૦ મારવું અને પછાડવું કે પીટવુ તે

**મારકો** પું૦ [इं. मार्क] નિશાન (૨)વેચાઉ માલ પર હોતી છાપ(૩)જુઓ'માર'માં.[**મારકાનો માલ**=ઊંચો ને એકધારો પ્રમાણિત માલ. **મારકો કરવો** = નિશાન કરવું. **–ચોઢવો** = છાપ ચોઢવી ]

**મારગ** પું૦જુઓ માર્ગ. **–ગી** વિ૦જુઓ માર્ગી

**મારફત** અ૦ [अ. मअरिफ़त] દ્વારા; વચમા રાખીને(૨)સ્ત્રી૦આડતિયા કે દલાલની મારફત કામ કરવાની રીત (૩) દલાલી, હકસાઈ [**–આપવી, લેવી**=દલાલી–હકસાઈ આપવી –લેવી **–કરવી** = વચમા રહેવુ (૨) દલાલીનો ધધો કરવો.] **–તિયણ** સ્ત્રી૦ મારફત કરનાર સ્ત્રી (૨) મારફતિયાની વહુ **–તિયું** વિ૦ મારફતથી થયેલું – કરવાનુ. **–તિયો** પું૦ વચમા રહીને સોદા ગોઠવી આપનારો; દલાલ

**મારફાડ** સ્ત્રી૦ [મારવું + ફાડવુ] મારપીટ

**મારફો** પું૦એક સુતારી ઓજાર–લાકડાની કાનસ

**મારમાર** ન૦ ['મારવુ' ઉપરથી] વારે વારે મારવું તે(૨)અ૦ પુષ્કળ જોરથી(૩)મુશ્કેલીથી. [**–કરવું** = ઉપરાઉપરી માર મારવો (૨) ઘણી જ તાકીદ કરવી. **–નો તડાકો** = ભારે તડાકો; ગભરાવી નાખે – ન પહોચી શકાય એવો તડાકો.]

**મારવણ** ન૦ ['મારવું' ઉપરથી] ધાતુ વગેરે મારવી તે

**મારવા** પું૦ [हिं.] એક રાગ; માલવ

**મારવાડ** પું૦ [सं मरु, સર૦ हिं, म] (સં.) રજપૂતાનામા આવેલો એક પ્રદેશ [**–ની મઉ**=કગાળ ને દીન માણસ ] **૦ણ** સ્ત્રી૦ મારવાડી સ્ત્રી **–ડી** વિ૦ મારવાડનુ (૨) [લા.] કજૂસ (૩) પું૦ મારવાડનો રહેવાસી (૪) સ્ત્રી૦ માર- વાડની ભાષા

**મારવું** સ૦ક્રિ૦ [सं. मारय्; સર૦ हिं. मारना; म. मारणें] પ્રહાર કરવો; ઠોકવું (૨) ઠાર કરવું (૩) પાછું હઠાવવું; જેર કરવું (ધાડ)(૪) ગુણ-ધર્મનો નાશ કરવો (ચામડી, સાક્ષી)(૫)લૂંટવું; હુમલો કરીને લઈ લેવું (ગામ, નફો, ખજાનો) (૬) વીઝવું; અફાળવું; નાખવું, ભરવું (હાથ, ફાકો, બાથોડિયા) (૭) અસર થાય તેમ પ્રયોગ કરવો (બોલ, ટોણો, આંખ, મૂઠ, ગપ્પું, તડાકો) (૮) [પ્રહાર કરવા માટે] છોડવું; વાપરવું, ચલાવવું (તીર, તરવાર, ભાલો) (૯) ઝડપ ને જોરથી કોઈ ક્રિયા કરવી (ફાંદો, વલખાં, ઝપાટો, હાથ) (૧૦) રોકવુ; દબાવવુ; રૂંધવુ (ભૂખ, મન) (૧૧) [લા.]ધાતુની ભસ્મ કરવી (૧૨) તફડાવવું, ચોરવું (૧૩) લગાડવું; ચોડવું, ખોસવુ (ડૂચો, ખીલો, થીંગડુ, બૂચ, તાળું, લચકો) (૧૪) જોરથી નાખવું, ફેંકવું, આપવું. ઉદા૦ માથામા મારવું (૧૫) –ની અસર–ભાસ–વેદના દેખાવા (જેમ કે, ફીકાશ, ચળકાટ, ઝાખ, બાફ મારવા) (૧૬) પરાણે કે ઠગીને વળગાડવું ઉદા૦ માથે મારવું (૧૭) અન્ય ક્રિયાપદ સાથે આવતા ઉતાવળ કે બેદર-કારીનો ભાવ બતાવે ઉદા૦ લખી મારવું [**મારી ખાવું** = ઓળવવું; તફડાવી જવુ **મારી નાખવું** = જાનથી મારવુ (૨) લાચ રુશવતથી પોતાનુ કરવુ. **માથામાં મારીને** = પરાણે; બળાત્કારે. ઉદા૦ માથામા મારીને લઈશ. **મારીને હાથ ન ધોવા** = અત્યંત ક્રૂર અને નિર્દય હોવું. **મારી પાડવું** = મારી નાખવું (૨) એકીસપાટે મેળવવું કે તફડાવવુ **મારી મૂકવું** = પૂરપાટ દોડાવી મૂકવું. **માર્યું જવું** = યુદ્ધમા હણાવુ (૨) નુકસાની કે હાનિમાં આવી પડવુ **માર્યું માર્યું ફરવું** = ગાભરુ કે કાયર થઈને અહીં તહીં રખડવું. **માર્યું ફરવું** = –ની ખોટ હોવી; ન મળવું (૨) –ની ખોટ ન હોવી; પુષ્કળ મળવુ; જ્યા ત્યા સામું મળવું. **મારેલું ઘી** = રસોઈ ચડતા નાખેલુ ઘી. **મારેલું માણસ** = વશ – કબજે કરેલું માણસ.]

**મારંમારા** સ્ત્રી૦ ['મારવુ' ઉપરથી]સામાસામી [મારવુ તે, લડાઈ

**મારા** પું૦ બ૦ વ૦ ['મારવું' ઉપરથી] નિશાન' મારવા કિલ્લાની દીવાલમા રખાતા બાકાં,ગોખા

**મારામાર(-રી)** સ્ત્રી૦ ['મારવુ' ઉપરથી]લડાઈ, ધિંગાણુ (૨) તંગી, તાણ
**મારિફત** સ્ત્રી૦ [અ.] પરમેશ્વરને ઓળખવો તે
**મારીચ** પુ૦ [સં] એક રાક્ષસ (એણે સીતા-હરણમા મદદ કરવા કનકમૃગનુ રૂપ લીધુ હતુ)
**મારીતારી** (મા'તા') સ્ત્રી૦ [મારું+તારું] ગાળાગાળી (૨) નિંદા
**મારુ** વિ૦ ['મારવું' ઉપરથી, હિં. મારૂ] [સમાસમા અંતે] મારી નાખે – વીંધી નાખે તેવુ ઉદા૦ વાઘમારુ (૨) પુ૦ (સં.) મરુ, મારવાડ (૩) એક રાગ
**મારુ,** ૦જી પુ૦ [સર૦ હિં.] પ્રીતમ; પતિ
**મારુત** પુ૦[સં] પવન **-તિ** પું૦[સં]હનુમાન
**મારું** (મા') સ૦ [અપ૦ મહારિય,(સં મદીય)] 'હું'ની છઠ્ઠી વિ૦નું એ૦ વ૦.[**-તારું કરવું**= ભેદભાવ રાખવો **-મારું કરવું**=મિથ્યા અહબુદ્ધિ તથા મમત્વ બુદ્ધિ રાખવી **મારે જાણે મેઘજીભાઈ, બલારાત**=હું શું કરવા જાણુ ? કોણ જાણે! **મારો રહ્યો!** [સ્ત્રીઓમા] મૂઓ! (તે મરે ને હું તેને રડું!)]
**મારો** પું૦[મારવું]મારી નાખનારો, જલ્લાદ(૨) [સર૦ મ મારા] ઉપરાઉપરી પ્રહાર(૩)[લા] રમઝટ,વિપુલતા. [**-ચલાવવો**=ઉપરાઉપરી પ્રહાર કરવો(૨)[લા.]સારી પેઠે હાથ ચલાવવો (જેમ કે, જમણ ઉપર) (૩) મોટા પ્રમાણમા રમઝટ ચલાવવી(ઉદા૦ આગ ઉપર પાણીની).]
**માર્ક** પું૦ [ઇં] ચિહ્ન, (ટ્રેડમાર્ક) મારકો (૨) ગુણ, પરીક્ષામા પરિણામરૂપે અપાતો ગુણાંક
**માર્કંડ(-ડેય)** પુ૦ [સં] (સં) એક ઋષિ **-ડેયપુરાણ** ન૦ એક પુરાણ
**માર્ગ** પું૦[સં] રસ્તો(૨)રૂઢિ (૩)મત; સંપ્રદાય (૪)સંગીતનો એક પ્રકાર,જૂનું ને શિષ્ટ સંગીત. [**-કરવો**=જગા કરવી (૨) ઉપાય કરવો, અંતરાય દૂર કરવો(૩)રસ્તો બનાવવો **-કાઢવો** =તોડ કાઢવો, ગૂંચવણીમાથી રસ્તો–ઉપાય કાઢવો. **-દેખાડવો, બતાવવો**=રસ્તો–ઉપાય–ઉકેલ બતાવવો(૨) ખરો રસ્તો બતાવવો.**-પાડવો**=નવો રસ્તો કાઢવો–બનાવવો **-લેવો**=રસ્તો પકડવો(૨)રીત ગ્રહણ કરવી (૩)ઉપાય લેવો ]**૦દર્શક** વિ૦રસ્તો બતાવનાર. **૦દર્શન** ન૦ માર્ગ બતાવવો તે **૦દર્શિકા** સ્ત્રી૦ માર્ગ દર્શાવનાર–પ્રવેશ કરાવનાર પુસ્તક. **૦દ્રષ્ટા** પુ૦ માર્ગ જોયો હોય તેવો માણસ. **૦શિર, ૦શીર્ષ** પુ૦ માગસુર. **૦સ્તંભ** પુ૦ માર્ગદર્શક સ્તંભ કે ચિહ્ન કે વસ્તુ, 'માઈલ સ્ટોન' **૦સ્થ** વિ૦ માર્ગમાં ઊભેલુ (૨) પું૦ વટેમાર્ગુ **-ર્ગી** વિ૦ માર્ગનુ –પથનુ અનુયાયી (સમાસમા અંતે) ઉદા૦ 'શિવમાર્ગી'(૨)એ નામના કાઠિયાવાડના એક પથનું(૩)માર્ગ નામના સંગીત પ્રકારને લગતુ (૪)પુ૦ મુસાફર(૫) માર્ગી પથનો અનુયાયી (૬) સ્ત્રી૦ મધ્યમ ગ્રામની એક મૂર્છના. **-ર્ગોપદેશક** પુ૦[+ उपदेशक] માર્ગ બતાવનાર **-ર્ગોપદેશિકા** સ્ત્રી૦જુઓ માર્ગદર્શિકા
**માર્ચ** પુ૦[ઇં.] ખ્રિસ્તી સવતનો ત્રીજો મહિનો
**માર્જન** ન૦[સં] સાફ કરવું તે (૨) શુદ્ધ કરવા મંત્ર ભણી પાણી છાંટવુ તે **-ની** સ્ત્રી૦ સાવરણી (૨) એક શ્રુતિ
**માર્જાર** પુ૦[સં] બિલાડો. **-રી** સ્ત્રી૦ બિલાડી
**માર્જિત** વિ૦ [સં] માર્જન કરેલુ
**માર્તંડ** પુ૦ [સં] સૂર્ય
**માર્દવ** ન૦ [સં] મૃદુતા [સ્ત્રી૦, ૦પણું ન૦
**માર્મિક** વિ૦[સં]મર્મજ્ઞ (૨) મર્મભેદી **૦તા**
**માર્યું** વિ૦ [જુઓ 'મારવું'નું કૃ૦] ઘવાયેલુ; ત્રાસેલુ ઉદા૦ વખાનો માર્યો, દુઃખનુ માર્યું
**માલ** પું૦[અ] સામાન(૨) વિસાત, પૂંજી (૩) [લા] સત્ત્વ, દમ (૪) ગાલ્લે [**-મારવો**= (ખોટી રીતે) ભારે લાભ કરી,વિસાત ભેગી કરવી ] **માલામાલ** વિ૦ [અ] ભર્યું પૂર્યું; ન્યાલ [**-થઈ જવું**=ન્યાલ થઈ જવુ (૨) [લા] પાયમાલ –ખાખાવીખી થઈ જવુ ]
**માલ** પુ૦ [સં] ઊંચાણનો પ્રદેશ
**માલકા** સ્ત્રી૦ [અ. मलिकह, સર૦ મ, હિં. मलिका] રાણી
**માલકાલેરો** પું૦ એક રાગ
**માલકાંક(-ગ)ણી** સ્ત્રી૦[સર૦ સં कुड्मनी, હિં. मालकगुनी, મ. मालकंगुणी] એક બી
**માલ(-લિ)કી** સ્ત્રી૦ [જુઓ માલિકી] માલિક-

પણું; સત્તા. ૦હક(-ક્ક) પું૦ માલકીનો હક
**માલકું** વિ૦ બાડું,ત્રાંસું,માલું(-લેવું,ભાળવું)
**માલકોશ** પું૦ [सं. मालकौश; સર૦ हिं., म मालकंस] એક રાગ
**માલ(-ળ)ખું** ન૦ [सं मालकं (હારડો), સર૦ हिं. मालका] સળિયા કે દોરામાં પરોવી રાખેલો કાગળો તથા ચિઠ્ઠીઓનો સમૂહ(૨) હારડો(૩) ['માળો', કે 'માળખું' ઉપરથી] (લા.) ખાલી આળો કે પાંજરા જેવું ખોખું (જેમ કે, શરીર હાડકાનું માળખું બની ગયું) (૪)[?] બાવટાનું ઘાસ [માળખામાં, માળખે નાખવું= કાગળ માળખામા પરોવી-ભરવી દેવો (૨) કાગળની હકીકત ઉપર ધ્યાન ન આપવું(તે માટે તેને સામેથી દૂર કરી,માળખામા ભરવી દેવો).]
**માલગાડી** સ્ત્રી૦ [માલ+ગાડી; સર૦ हिं.] ભારખાનું, માલ લાવતી લઈ જતી આગગાડી
**માલગુજારી** સ્ત્રી૦ [फा, સર૦ हिं] જમીન-મહેસૂલ (૨) જમીનદારે ઉઘરાવી આપેલી મહેસૂલ
**મામજાદી** સ્ત્રી૦ [फा ,સર૦ म.] દલાલણ;વેશ્યા
**માલજામિ(-મી)ન** પું૦[अ.] સારાખોટા માલ માટેનો જામીન
**માલડો** પું૦ ['માલ' ઉપરથી] (કા) ગોદડા ભરી રાખવાનો મોટો કોથળો
**માલ(-ળ)ણ** સ્ત્રી૦ ['માળી' પરથી,सं मालिनी; સર૦हिं.मालन] માળીની સ્ત્રી. માળીનો ધંધો કરનાર સ્ત્રી (૨) [?] નાકમા થતી ફોલ્લી
**માલતિ(-તી)** સ્ત્રી૦[सं.] એક વેલ(૨) એક છંદ
**માલદાર** [फा ] ધનવાન; તવંગર
**માલધણી, માલધારી** પું૦[માલ+ધણી, ધારવું; સર૦ म. मालधनी] માલિક
**માલપાણી** ન૦બ૦વ૦ [માલ+પાણી] મિષ્ટાન્ન; ભારે જમણ [-કરવાં=મિષ્ટાન્ન જમવું (૨) પારકી મિલકત ઓળવી ન્યાલ થઈ જવું. -ઉડાવવાં=મિષ્ટાન્ન જમવું; મોજ ઉડાવવી.]
**માલપૂઓ(-ડો)** પું૦ [માલ (દે. मल्लय =પૂડો) + પૂઓ (सं अपूप), સર૦ हिं. मालपूआ. म. मालपुवा] ગળ્યો પૂડો; એક મિષ્ટાન્ન
**માલમ(-મી)** પું૦ [अ. मुअल्लिम, સર૦ म. मालीम] વહાણમાંના માલનો હિસાબ રાખનાર (૨) વહાણનો દોરનાર; 'પાઇલટ'
**માલમતા** સ્ત્રી૦[માલ+મતા;સર૦म मालमत्ता] સ્થાવર અને જંગમ મિલકત
**માલમલીદો** પું૦ [માલ+મલીદો] ભારે મિષ્ટાન્ન [સાધનસામગ્રી
**માલમસાલો** પું૦ મિષ્ટાન્ન (૨) ઉપયોગની
**માલમસ્ત** વિ૦ [માલ+મસ્ત; સર૦ म.] ધન-દોલતના મદમા છકી ગયેલુ કે તેમાં જ સુખ માનનાર [માલમતા
**માલમિલકત** સ્ત્રી૦ [માલ+મિલકત] જુઓ
**માલમી** પું૦ જુઓ માલમ. ૦હોકો પું૦[સર૦ म. मालमी=હોકાયંત્ર] હોકાયંત્ર
**માલવ** પું૦ [सं.] એક રાગ (૨) માળવા દેશ. ૦શ્રી,-વી સ્ત્રી૦ શ્રીરાગની એક રાગણી
**માલવણ** સ્ત્રી૦ ખાવાની જુવારની એક જાત
**માલવું** ન૦ [दे. मल्लय ઉપરથી ?]છાશ ભરવાની દોણી
**માલશ્રી** પું૦ [सं.] એક રાગ
**માલા** સ્ત્રી૦ [सं.] માળા, મણકા વગેરે પરોવી કરેલો હાર(૨)જપમાળા (૩) કોઈ પણ વસ્તુની એને મળતી એકત્રિત સંકલના ઉદા૦ ગ્રંથ-માલા ૦કાર પું૦ માળી. ૦નુમાન ન૦ એક અનુમાનનુ સાધ્ય તે બીજા અનુમાનનું સાધન બની એક જ પક્ષ વિષેની અનુમાનપરંપરા (ન્યા) [શેખી
**માલાફૂલ** સ્ત્રી૦ [માલા+ફૂલ](કા )આપવડાઈ;
**માલાળું** વિ૦['માલ' ઉપરથી] માલ-સત્ત્વવાળું; માલદાર
**માલિક** પું૦ [अ ; सं. मलिक=રાજા (स. मल्लि =ભોગવટો, કબજો), સર૦ हिं.] માલેક સ્વામી, શેઠ (૨) પરમેશ્વર. -કી સ્ત્રી૦ માલકી
**માલિકા** સ્ત્રી૦ [स ] માળા
**માલિની** સ્ત્રી૦ [सं ] એક છંદ
**માલિન્ય** ન૦ [स ] મલિનતા
**માલિય(-યા)ત** ન૦ [अ] ઊંચી જાતનો બાગાયત તૂલ [ચાપવું તે
**માલિશ(-સ)** સ્ત્રી૦ [फा.] ચોળવું, રગડવું,
**માલી** પું૦ [सं.] જુઓ માળી

**માલુકાર** પું૦ વણકર; ઢેઢ [એક વેલ
**માલુવા** સ્ત્રી૦ [प्रा. मालुया; (सं मालुका)]
**માલુ઼ં** વિ૦ માલકુ, બાડું
**માલૂમ** વિ૦ [अ. मअलूम सर० हिं, म] ખબર પડેલું; જાણેલું [–કરવું =જણાવવું –થવું, પડવું =જણાવું]
**માલેક** પું૦ જુઓ માલિક
**માલેતુજા(–જ્જા)ર** ન૦[अ मलिकु–तुज्जार] વેપારીઓનો વડો, મોટો વેપારી (૨) વિ૦ ખૂબ પૈસાદાર [એક ઓજાર
**માલો** પું૦ પ્લાસ્ટર લીસું કરવાનું કડિયાનું
**માલોપમા** સ્ત્રી૦ [सं] ઉપમાનો એક પ્રકાર, જેમાં એક ઉપમેયને અનેક ઉપમાનો સાથે સરખાવાય છે (કા. શા)
**માલ્યભારા, –રિણી** સ્ત્રી૦ [सं] એક વૃત્ત
**માવ** (મા') પું૦ [सं. माधव, प्रा. माहव] પતિ, વહાલમ. ૦જી,–વો પું૦(સં)માધવ, શ્રીકૃષ્ણ
**માવજત** (મા') સ્ત્રી૦[अ मुहाफिजत सर० म. माफ(–व)जत] બરદાસ્ત, સંભાળ, સારવાર
**માવઠું** ન૦[स. माघ+वृष्टि] કઋતુનો વરસાદ
**માવડી** સ્ત્રી૦[सं मातृ, प्रा माई, सर०म.मावली] મા. –ડિયું વિ૦ જુઓ માવડીમુખુ. –ડિયો પું૦ માના જ કહ્યામાં રહેનાર છોકરો ૦મુખું વિ૦ માની સોડમાં કે માના કહ્યામાં જ રહેનાર (૨) બીકણ, બાયલું [માબાપ
**માવ(–વી)તર** ન૦ બ૦ વ૦ [सं मातृ+पितृ]
**માવાદાર** વિ૦ ['માવો' ઉપરથી] માવાવાળું
**માવાલ** વિ૦['મા' પરથી] (કા.) જુઓ માવડિયું
**માવીતર** ન૦બ૦વ૦ જુઓ માવતર; માબાપ (૨)[કા] પિયર ?
**માવું**. અ૦ક્રિ૦ [न मा, प्रा माअ, सर० म. मावणें; हिं. माना] સમાવું, બરાબર આવી રહેવું – ગોઠવાઈ જવું
**માવો** પું૦ [सर० हिं, म. मावा] દૂધ ઉકાળી કરાતો ઘટ્ટ પદાર્થ (૨) ગર (જેમ કે ફળનો), કે તેના જેવું કાંઈ પણ(૩) સત્ત્વ (૪) [सं. माधव, प्रा. माहव] જુઓ 'માવ'માં
**માશી(–સી)** સ્ત્રી૦ [प्रा. माउसी, मातृष्वसा (सं.मातृ+स्वसृ); सर०हिं. मासी, मौसी, म. मावशी] માની બહેન. ૦જી સ્ત્રી૦ માસી (માનાર્થક) (૨) માશીસાસુ ૦સાસુ સ્ત્રી૦ પતિ કે પત્નીની માસી
**માશૂક** સ્ત્રી૦ પ્રિયા
**માષ** પું૦[सं.]અડદ. –ધાન્ય ન૦ અડદનું ભોજન
**માસ** પું૦[सं.] મહિનો [નમૂનો (૨) ઘાટ
**માસલો** પું૦ [सर० म मासला (अ. मसल)]
**માસાજી** પું૦['માસી' ઉપરથી]માસો કે માસો-સસરો (માનાર્થક)
**માસિક** વિ૦[सं.]માસને લગતું (૨) ન૦ માસિક પત્ર.(૩) અ૦ દર માસે ઉદા૦ માસિક શું મળે છે? ૦માંદગી સ્ત્રી૦ રજોદર્શનનો સમય; અડકાવ આવવો તે. ૦પત્ર ન૦ દર મહિને પ્રગટ થતું પત્ર–સામયિક
**માસિયો** પું૦ ['માસ' ઉપરથી]મરણ પામેલાનું એક વરસ સુધી દર માસે કરવામાં આવતું શ્રાદ્ધ (૨) એક પ્રેતભોજન
**માસી,૦જી,૦સાસુ** સ્ત્રી૦ જુઓ 'માશી'માં
**માસીસો** પું૦ જુઓ માસિયો
**માસો** પું૦ ['માસી' ઉપરથી] માસીનો પતિ (૨) [सर० हिं. मासा] તોલાનો બારમો ભાગ. ૦સસરો, ૦જી પું૦ વર કે વહુનો માસો
**માસ્તર** પું૦ [इं. मास्टर; सर० म] મહેતાજી, શિક્ષક (૨) અમલદાર (પોસ્ટ, રેલવે, મિલ ઇ૦ માં)
**માહ** પું૦[प्रा (सं माघ), सर० हिं] માઘ માસ (૨) [फा ; सर० हिं., म.] માસ. ૦વારી વિ૦ [सर० हिं ; म] મહિનાનું, મહિનાવાર
**માહાત્મિક** વિ૦ [सं.] મહાત્માનું, મહાત્મા સંબંધી, – જેવું
**માહાત્મ્ય** ન૦ [सं] મહિમા; મહત્ત્વ
**માહિત** વિ૦ [अ. माहिय्यत] વાકેફ ૦ગાર વિ૦ વાકેફગાર, જાણીતું, પરિચયવાળું. ૦ગારી સ્ત્રી૦ વાકેફગારી –તી સ્ત્રી૦ વાકેફગારી; જાણ (૨) ખબર; હકીકત
**માહી** સ્ત્રી૦[फा] માછલી ૦ગીર પું૦ માછી ૦મરાતબ વિ૦ બાદશાહી વખતમાં અમીરોની એક પદવી
**માહે** અ૦ ['માહ [फा] ઉપરથી; સર૦ म ]

અમુક 'મહિનો' એ અર્થ ગા. ઉદા૦ માહે ફાગણ
**માહેર** વિ૦ [અ. माहिर] માહિતગાર
**માહેશ્વર** વિ૦[સં.] મહેશ્વરનું, -ને લગતું (૨) મહેશ્વરનું પૂજક. -રી સ્ત્રી૦ (સં.) પાર્વતી
**માંહ્યરું** ન૦ [સં. मातृगृह, प्रा. माइहर; સર૦ મ. माहेर] લગ્નવિધિ કરવાનો મંડપ
**માહ્યામાટલું** ન૦ [માહ્યરું + માટલું ?] કન્યાને વળાવતાં રીત પ્રમાણે અપાતું ખાવાનું માટલું [-પૂરવું]
**માળ** પુ૦ [દે. माल; સર૦ મ.] મેડો, મજલો (૨) [સં. माल] નિર્જન વેરાન ભીડનો પ્રદેશ (૩) (સં.) ઉત્તર ગુજરાતનો એક પ્રદેશ (૪) સ્ત્રી૦ [સં. माला] માળા (૫) રેંટિયાના ચક્કર અને ત્રાક ઉપર ફરતી ગરી [-ઝાટકવો = વેરાન ભીડ જેવા પ્રદેશને ખેડી, ખેતીના ઉપયોગમાં લાવવો]
**માળખું** ન૦ જુઓ માળખું
**માળણ** સ્ત્રી૦ જુઓ માલણ (૨) ['માળવું' ઉપરથી] છાજ રેડણ
**માળવા** પુ૦ [સં. मालव] (સં.) મધ્ય હિંદુસ્તાનમાં આવેલો એક પ્રદેશ -વી વિ૦ માળવાનું (૨) સ્ત્રી૦ માળવાની પ્રાંતિક બોલી
**માળવું** સ૦ક્રિ૦ [જુઓ માળ] છાજવું, સેંદવું (છાપરું)
**માળા** સ્ત્રી૦ જુઓ માલા. [-જપવી = હરિભજન કરવું (૨) [-ના નામની] વાટ જોવી, વારંવાર યાદ કરવું, રટણ કરવું; (૩) ખાલી બાવા થવું, કામધંધા કે પૈસાટકા વગરના થવું. -ઝાલવી = વિરક્ત થવું; સાધુ થવું (૨) દેવાળું કાઢવું -ના મૂળમાં જવા = એક લેવા જતાં હોય તેય ગુમાવવું -નો મણકો = પ્રિય પુત્ર. -નો મેર = ટોળી કે મંડળીનો આગેવાન. -ફેરવવી = જુઓ માળા જપવી -લેવી = જુઓ માળા ઝાલવી.]
**માળિયું** ન૦ ['માળ' ઉપરથી] મેડો (૨) સરસામાન રાખવા છાપરા નજીક કરેલો નાનો માળ
**માળિયું** ન૦ ['માળ' ઉપરથી] વાડો કે ભીંતો વિનાનું છાપરું
**માળી** પું૦ [સં. मालिन्; प्रा. मालि; સર૦ હિં. माली, म.] ફૂલઝાડ ઉછેરનાર (૨) ફૂલ વેચનાર
**માળું** વિ૦ ['મારું વહાલું' ?] (કા.) વહાલમાં કે નિરર્થક, નામ સાથે વપરાય છે
**માળો** પુ૦ [જુઓ માળ, સર૦ મ. माळा] પંખીનું ઘર (૨) ઘણાં કુટુંબો રહી શકે એવું ઘણા માળવાળું મકાન (૩) ખેતરનો માંચડો
**માં** (૦) [સં. स्मिन्, प्रा. म्मि; સર૦ હિં. में] સાતમી વિભક્તિનો પ્રત્યય
**માંકડ(-ણ)** (૦) પુ૦ [સં. मत्कुण, प्रा. मंकुण] માકણ, માકડ. ૦મારી સ્ત્રી૦ એક વનસ્પતિ
**માંકડમુખું** (૦) વિ૦ [માંકડું + મુખ] માંકડાના જેવા લાલ મોંનું [મૂછોવાળું
**માંકડમૂછું** (૦) વિ૦ [માંકડું + મૂછ] ભૂરી
**માંકડિ(-ણિ)યું** (૦) ન૦ જુઓ માકડિયું
**માંકડી** (૦) સ્ત્રી૦ [प्रा मक्कडी (સં. मर्कटी)] માંકડાની માદા (૨) ઘંટીના ઉપલા પડમાં બેસાડેલો લાકડાનો કકડો (૩) નેવેયાનો તે ભાગ, જે વડે ગોળી ઉપર તે ચપસીને બંધાય છે (૪) ઢોર બાંધવાના દોરડાના ગાળામાંની મોઈ (૫) હળ ઉપર ચોડેલું મોઈના આકારનું લાકડું, જેના પર ખેડૂત ખેડતી વખતે ભાર મૂકે છે (૬) ભૂરી ભેંસ (૭) માંકડીકૂકડી (૮) ચામડીનો એક રોગ (૯) ઘોડીની એક જાત. ૦કૂકડી સ્ત્રી૦ એક જીવડું, જેનું મૂતર અડવેથી ફોલ્લા થાય છે. -ડું ન૦ [प्रा. मक्कड (સં मर्कट)] લાલ મોંનું વાંદરું. -ડો પું૦ લાલ મોંનો વાંદરો
**માંકણ, ૦મારી** જુઓ 'માકડ'માં -ણિયું ન૦ જુઓ માકડિયું
**માંખ** (૦ખ,) સ્ત્રી૦ જુઓ માખી
**માંગ** (૦) વિ૦ આઠ (વેપારી સંકેત) [સર૦ મ. मागी] (૨) (ગ,) સ્ત્રી૦ [હિં.; જુઓ માગવું] માગ, માગણી (૩) [प्रा. मग्ग (સં मार्ग) ?] સેંથો (૪) ચોટલાની સમણા તરફની લટો; સમણા આગળ પાડેલા પટિયા [-લખાવવા = (વડનગરા નાગરોમાં કોઈ અવસરે કાંસાની થાળીમાં) દેડ તથા તેના બે છોકરાનું ચિત્ર પાડવું.]
**માંગ** પુ૦ [સર૦ મ.; प्रा मायग (સં. मातंग) ચાંડાળ, ડોમ] મધ્ય પ્રાંતની એક હરિજન જાતનો માણસ.
**માંગપડી** (૦) વિ૦ '૧૮' (વેપારી સંકેત)

**માંગલિ(-ળિ)ક** વિ૰ [સં.] શુભ. **માંગલ્ય** ન૰ [સં.] શુભ, કલ્યાણ

**માંગવું** (૦) સ૰ક્રિ૰ જુઓ માગવું

**માંચડો** (૦) પું૰[સં मञ्च, સર૰ हिं , म. माच] માચો; ઊંચી બેઠક: તખ્ત, પાટ (૨) ગાડાની ધરી ઉપરનો પાટલો (૩) સોકટાની બાજીમાનુ ફૂલ. **-ડી** સ્ત્રી૰ નાનો માચડો

**માંચી** (૦)સ્ત્રી૰[સં मञ्च, સર૰ म , हिं माची] ખાટલી (૨)નાનો માચો, આસન જેવી બેઠક **-ચો** પું૰ જુઓ માચડો (૨) ખાટલો (વાણ કે કાથીનો).[**-મૂકવો**=સાજુ-ત દુરસ્ત થવું.]

**માંજર** (૦) સ્ત્રી૰ [જુઓ મંજરી]તુલસી, ડમરા ઇ૰ની બિયાવાળી ડાખળી (૨) લોઢાની સખતળી (૩) ચંપલની સીવણીમા પગ તળે રહેતુ પાતળુ પડ (૪) મરઘાના માથા ઉપરની કલગી [ભૂરી ઝીણીવાળું

**માંજરું** (૦) વિ૰ [प्रा. मंजर (सं मार्जार)પરથી]

**માંજવું** (૦) સ૰ક્રિ૰[સં मृज्, मञ्ज्, સર૰ म मांजणें, हिं मांजना]ઘસીને સાફ કરવુ(વાસણ)

**માંજાર** પું૰ [સં. मार्जार, સર૰ म माजर] બિલાડો. **-રી** સ્ત્રી૰ બિલાડી **-રીનો ટોપ** પું૰ બિલાડીનો ટોપ એક વનસ્પતિ

**માંજી** (૦) પું૰ [સર૰ हिं मांझी (સં मध्य, प्रा. मज्झ,)] કાશ્મીરનો હોડીવાળો

**માંજો** (૦) પું૰[જુઓ માજવું,સર૰ हिं. मांझा, म. मांजा] કાચ પાયેલો દોર (પતંગનો)

**માંઝલ** (૦ ?) ન૰ એક ઘાસ

**માંટી** (૦) પુ૰ [જુઓ માટી] ધણી (૨) મરદ

**માંડ** (૦) અ૰ [प्रा मणयं (सं. मनाक्), સર૰ માણમાણ] માડ માંડ (૨) પુ૰ [?] એક રાગ (૩) ['માડવું' ઉપરથી, સર૰ म ; हिं.] શોભા માટે ગોઠવેલી ઉતરડો

**માંડણ** (૦) ન૰ જુઓ માડણ

**માંડણી** (૦) સ્ત્રી૰ ['માડવુ' ઉપરથી] માળની ઊંચાઈ, ઊભણી(૨)મડાણ કરવુ તે, ગોઠવણી

**માંડછાંડ** (૦,૦)સ્ત્રી૰[માડવુ+છાડવું](કા )ઘરના રાચરચીલાની શોભે તેવી ગોઠવણી (૨)[સર૰ म माडपूस] નામુઠામુ નક્કી કરી લખી લેવુ તે

**માંડમાંડ** (૦) અ૰ [જુઓ માડ] માણ માણ; જેમ તેમ કરીને, મહા મુશ્કેલીએ

**માંડલિ(-ળિ)ક** વિ૰[સં ] મડળનુ (૨) મડળમાનું, ખડિયુ (૩) પું૰ ખડિયો રાજા, સામત

**માંડલિયું** ન૰ ગુસ્સાવાળી નજર

**માંડવ** (૦) પુ૰[प्रा मडव (सं मडप),સર૰ हिं , म ] વરપક્ષને પહેરામણી આપવાનો છેલ્લો વિધિ (૨) સ્ત્રી૰ નવરાત્રીની માડવી

**માંડવાળ** (૦) સ્ત્રી૰ [માડવુ + વાળવું] માડી વાળવુ તે, તોડ, સમાધાન [માણસ

**માંડવિયો** (૦)પું૰['માડવો' પરથી]કન્યાપક્ષનો

**માંડવી** સ્ત્રી૰[प्रा मडव (सं मंडप), સર૰ म ] ઘર આગળની ઊંચી બેઠક (૨) રવેશી (૩) નવરાત્રીમા દીવા મૂકવા માટે બનાવેલી મંડપ જેવી રચના (૪) જકાત લેવાની જગ્યા (૫) ચકલુ બજાર (૬) [?] ભોંયશિંગ

**માંડવું** (૦) સ૰ક્રિ૰ શરૂ કરવું (૨) લખવું; નોંધવુ (૩) [સં मड्, સર૰ हिं मांडना, म माडणें] ગોઠવવું-મૂકવુ (૪) યોજવું; સ્થાપવુ (૫) બીજી ક્રિયાની સહાયથી તે ક્રિયા કરવાનુ શરૂ કરવું, તેમા લાગવુ, વળગવું એવો ભાવ બતાવે છે ઉદા૰ લખવા માડો. [**માંડી વાળવું**=પતાવટ કરવી(૨)ખાતામાં ચાલતુ લેણુ લખી વાળવુ-પતવી દેવુ, જતુ કરવું(૩)બંધ રાખવું, મોકૂફ રાખવુ.]

**માંડવો** (૦) પું૰ [સં मडप, સર૰ हिं. मांडव, म माडव] મડપ, ચદરવો બાધી બનાવેલી બેઠક કે સ્થાન (૨) [લા ] છોડી; કન્યા. [**-આવવો**=છોડી જન્મવી **-ઊભો થવો** =છોડી પરણાવવા જોગ થવી **-ચૂકવવો**= વરપક્ષ વિદાય થતા પહેલા કન્યાપક્ષના માંડવે આવે ત્યારે રીતના નાણાંની લેણ-દેણ ચૂકવવી. **-બાંધવો**=મડપ રચવો (૨)[લા ] ફજેત કરવું **માંડવે બેસવું**=વરપક્ષનુ માંડવો ચૂકવવા કન્યાપક્ષને માંડવે આવવું ] **-વા-ખર્ચ(-રચ)** પું૰ લગ્નની એક બાબત,કન્યાપક્ષનુ માંડવો બાંધવાને અંગેનુ ખર્ચ. **-વામહુરત, -વામુરત** ન૰ કન્યાને ત્યાં લગ્નમડપ બાંધવાના શરૂમા કરાતો વિધિ કે તેનું મુહૂર્ત

(૨) સ્ત્રી૦ પ્રસ્તાવનારૂપે બે બોલ -તાહાર પું૦ [+આહાર] પ્રમાણસર-પોષણ માટે જોઈએ તેટલો ખોરાક. -તાહારી વિ૦ મિતાહાર કરનારું
**મિતિ** સ્ત્રી૦ [સં.] તિથિ, તારીખ (૨) માપ
**મિત્ર** પું૦ [સં] પું૦ ભાઈબંધ (૨) સૂર્ય. ૦કાર્ય, ૦કૃત્ય ન૦ મિત્ર તરીકે કરેલું કામ. ૦જન ન૦ મિત્ર. ૦જા, ૦તનયા સ્ત્રી૦ (સ.) યમુના નદી. ૦તા સ્ત્રી૦ દોસ્તી, ભાઈબંધી. ૦દ્રોહ પું૦ મિત્રનો દ્રોહ. ૦દ્રોહી વિ૦ મિત્રદ્રોહ કરનારું ૦ભાવ પું૦ મિત્રાચારી. ૦મંડળ ન૦ મિત્રોનું મંડળ. ૦રાજ્ય ન૦ મિત્રનું કે મિત્રાચારી રાખનાર રાજ્ય ૦વિંદા સ્ત્રી૦ (સં.) કૃષ્ણની આઠ પટરાણીઓમાંની એક. -ત્રાઈ સ્ત્રી૦ મિત્રતા -ત્રાચાર પું૦ મિત્રાચારી -ત્રાચારી સ્ત્રી૦ ભાઈબંધી,દોસ્તી
**મિથ:શિષ્યા** સ્ત્રી૦ [સં.] ગુપ્ત શિષ્યા-પત્ની
**મિથુન** ન૦ [સં] જોડું, જોડ (૨) મૈથુન (૩) સ્ત્રી૦ ત્રીજી રાશિ -ની વિ૦ જુઓ મૈથુની
**મિથ્યા** વિ૦(૨)અ૦[સં]અસત્ય, અવાસ્તવિક (૩) ફોગટ. [-દુક્કડં(-ડું)=દુષ્કૃત મિથ્યા થાઓ, એમ દુષ્કૃત્યની માફી-પશ્ચાત્તાપ સૂચવતું વાક્ય (જૈન).] ૦ત્વ ન૦ મિથ્યાપણું. ૦ચાર પું૦ [+આચાર] મિથ્યા આચાર(૨) દંભ ૦ચારી વિ૦ મિથ્યા આચરણવાળું (૨) દંભી. ૦દૃષ્ટિ સ્ત્રી૦ ખોટી સમજ ૦પવાદ પું૦ [+અપવાદ] ખોટું તહોમત. ૦પવાદી વિ૦ખોટું તહોમત મૂકનાર.૦બુદ્ધિ સ્ત્રી૦ભ્રાંતિ. ૦ભાષી વિ૦ જૂઠું બોલનારું. ૦ભિમાન ન૦ [+અભિમાન] ખોટું અભિમાન. ૦ભિમાની વિ૦ મિથ્યાભિમાન કરનારું. ૦રોપ પું૦ [+આરોપ] ખોટો આરોપ ૦વાદ પું૦ જૂઠાણું. ૦વાદી વિ૦ જૂઠું બોલનારું
**મિનહૂન** વિ૦ [અ. મિન્હુ;સર૦ મ મિનહુ]ચાલુ ('અહે મિનહૂન' એટલે ચાલુ માસ, એમ ખતમાં વપરાય છે)
**મિનાકસો** પું૦[અ. મુનાકશહ] ખાર, દ્વેષ,કીનો
**મિનાર(-રો)** પું૦[અ મનાર; સર૦ મ મનોરા, હિં. મિનારા, મીનાર] થાંભલાના આકારનું એક જાતનું બાંધકામ
**મિનિટ** સ્ત્રી૦ [ઇં] કલાકનો સાઠમો ભાગ
**મિનિસ્ટર** પું૦ [ઇં.] વજીર, પ્રધાન
**મિનોઈ** વિ૦ [જુઓ મીનોઈ]પરલોક સંબંધી
**મિન્નતજારી** સ્ત્રી૦ [ફા. મિન્નતોજારી; સર૦ મ મિનતવારી,હિં. મિન્નત] આજીજી,કાલાવાલા
**મિયાઉં** ન૦[રવ૦] બિલાડીનો અવાજ, મ્યાઉં. [તને પણ મિયાઉં =જેણે પ્રપંચ શીખવ્યો હોય તેની ઉપર જ તેનો પ્રયોગ કરાતો બતાવવાના અર્થમાં વપરાય છે]
**મિયાણો** પું૦[ફા. મિયાનહ, સર૦મ મિઆના] એ નામની એક જાતનો માણસ
**મિયાન** ન૦ [ફા નિયામ, સર૦ હિં ; મ ન] તલવાર વગેરેનું ઘર
**મિયાં** પું૦ [હિં] મુસલમાન ગૃહસ્થ (૨) તેનું સંબોધન [-ની મીનડી = બીકણ માણસ -મહાદેવનો મેળ = બે વિરોધી બાબતોનો સંબંધ (કદી ન ઘટે, એ અર્થમાં)]
**મિરજાન** ન૦ [અ. મર્જાન, સર૦ હિં. મિરજાન =પ્રવાસ] સાળાનો એક ભાગ
**મિરાત** સ્ત્રી૦ [જુઓ અમીરાત, અ મિરાસ =વારસો] પૂંજી, દોલત
**મિલ** સ્ત્રી૦ [ઇં.] યંત્રથી ચાલતું કારખાનું(બહુધા મોટું ને વસ્ત્રનું) ૦એજંટ પું૦ મિલના શેરહોલ્ડરો (ભાગીદારો) તરફથી મિલનો સમગ્ર વહીવટ સંભાળવા નિમાતો વડો ભાગીદાર ૦કામદાર,૦મજૂર પું૦ મિલમાં કામ કરતો મજૂર. ૦માલિ(-લે)ક પું૦ મિલનો વહીવટદાર એજંટ (જેને સામાન્ય રીતે માલિક કહેવામાં આવે છે) ૦માલિ(-લે)ક મંડળ ન૦ મિલએજંટોનું મહાજન-મંડળ
**મિલકત** સ્ત્રી૦ [અ] ધનમાલ વગેરે, પૂંજી
**મિલન** ન૦ [સં.] મુલાકાત; મિલાપ, મળવું તે ૦સાર વિ૦ મળતાવડું ૦સારી સ્ત્રી૦ મળતાવડાપણું
**મિલમાલિ(-લે)ક** પું૦; ૦મંડળ ન૦ જુઓ 'મિલ'માં [મિલ
**મિલાપ** પું૦[સર૦ હિં , મ (સં. મિલ્)]મેલાપ;
**મિલાવટ** સ્ત્રી૦ [હિં (સં મિલ્)] મેળવણી;

મિશ્રણ. –ણું સ૦ક્રિ૦ મેળવવું, ભેગું–મિશ્ર કરવું
મિલિત વિ૦[સં.] મળેલું, એકઠું થયેલું
મિલિંદ પું૦[સં.]ભમરો. –દાયમાન વિ૦[સં.] આસક્ત, લીન, મગ્ન [આની પ્રત્યેક
મિલ્લું ન૦[જુઓ મીલ્લી] બે પાસિયા વેણી-
મિશ્ર વિ૦ [સં.] ભેળસેળવાળું, મિશ્રિત, એકઠું (૨) પું૦માન આપવા યોગ્ય પુરુષના નામને અંતે લાગે છે. ઉદા૦ મંડનમિશ્ર. ૦જાતિ સ્ત્રી૦ સાત કે સત્તરમાંશ માત્રાના ખંડવાળા તાલની જાતિ. ૦ણ ન૦ મેળવણી, ઉમેરો(૨) મેળવણીથી થયેલી વસ્તુ (૩) 'એલિગેશન' (ગ) ૦ધાતુ સ્ત્રી૦ મિશ્રણવાળી ધાતુ (૨) બે ધાતુઓના મિશ્રણથી બનેલી ધાતુ ૦પદી પું૦ 'કૉમ્પાઉંડ એક્સ્પ્રેશન' (ગ) ૦રાશિ પું૦ 'કૉમ્પાઉંડ ક્વૉન્ટિટી' (ગ). ૦વાક્ય ન૦ (વ્યા.) એક મુખ્ય ને બીજાં એક કે અનેક ગૌણ વાક્યોવાળું મોટું વાક્ય –શ્રિત વિ૦ મિશ્ર [બહાનું કાઢીને.]
મિષ ન૦ [સં.] બહાનું, મસ. [(–ને) મિષે =–નું
મિષ્ટ વિ૦ [સં.] મીઠું; મધુર. ૦તા સ્ત્રી૦, ૦પણું ન૦. –ષ્ટાન્ન ન૦[+ अन्न]ગળી ને પૌષ્ટિક વાની
મિશન ન૦ [ઇં.] પ્રચારનું, જીવનધ્યેય જેવી મહત્તાવાળું લક્ષ્ય (૨) ખ્રિસ્તી ધર્મપ્રચારકનું તેવું કામ કે તેનું ધામ. ૦રી વિ૦ મિશનને લગતું (૨) પું૦ મિશનનો કે મિશનવાળો માણસ
મિસર ન૦ [अ. मिस्र, સર૦ हिं., म] (સં) આફ્રિકાનો એક પ્રસિદ્ધ દેશ, ઇજિપ્ત –રી વિ૦ મિસરનું
મિસરી સ્ત્રી૦[સર૦हिं.,म (अ मिस्र ઉપરથી)] સાકર (૨) વિ૦ જુઓ 'મિસર'માં
મિસરો પું૦ [अ.] કવિતાની ટૂક
મિસલ સ્ત્રી૦ [अ. मसल, સર૦म.] રીત; તરેહ ૦સર અ૦ રીતસર
મિસાલ સ્ત્રી૦ [अ] ઉદાહરણ; દૃષ્ટાંત (–આપવી) (૨) અ૦ પેઠે, –ની જેમ
મિસી(–સ્સી) સ્ત્રી૦ [सं. मसि (–सी), સર૦ म॰ हिं.]દાંત કાળા રંગવાની ભૂકી [–લગાડવી =ઉંમર લાયક છોકરીને પહેલી વારની વેશ્યાના ધંધામાં વાળવી.]
મિસ્કાલ પું૦[अ]હીરામોતીનો એક તોલ–વજન
મિસ્કીન વિ૦ [अ.; સર૦ हिं., म निसकीन] મુફલિસ; ગરીબ
મિસ્ટર પું૦ [ઇં.] પુરુષના નામ આગળ અંગ્રેજી ભાષામાં વપરાતો 'શ્રી' એવો સન્માન સૂચક શબ્દ (૨) 'ભાઈ' અર્થનું સંબોધન
મિસ્તર ન૦ છોની સપાટી સરખી કરવાનું ઓજાર (૨) પું૦ જુઓ મિસ્ટર
મિસ્ત્રી પું૦ [સર૦म., हिं मिस्तरी(ઇં मास्टर; पो. मेस्त्र)] હોશિયાર કારીગર (ખાસ કરીને સુતાર, કડિયો) (૨) એક અટક
મિહમેજ સ્ત્રી૦ [अ. महमेज] ઘોડેસવારના બૂટની એડીએ લગાડાતું ઘોડાને ગોદાવવાનું એક સાધન; 'સ્પર'
મિહિર પું૦ [સં.] સૂર્ય
મિહિરામણ પું૦ [જુઓ મહેરામણ]+સમુદ્ર
મિહીણું ન૦+જુઓ મહેણું
મીચવું સ૦ક્રિ૦[જુઓ મીંચવું]બીડવું, બંધ કરવું
મીજ સ્ત્રી૦ [प्रा मिंज (सं मज्जा)] મીંજ; બિયાનો ગર
મીજાન ન૦[अ; સર૦म. मिजान, हिं ]અંદાજ; માપ. ૦સર અ૦ માપસર, મીજાનમાં
મીટ સ્ત્રી૦ [સર૦ हिं. मीटना, म. मीट] નજર, અનિમેષ દૃષ્ટિ. [–મારવી = આંખ બંધ કરવી. –મારીને સૂઈ જવું = શાંતિથી સૂઈ જવું. –માંડવી = અનિમેષ દૃષ્ટિથી જોવું(૨) [લા] (–ની પાસે) તીવ્રપણે ઇચ્છવું; આશા રાખવી –મેળાપો = આંખે આંખ મળવી, દૃષ્ટિમિલન.] –ટામીટ સ્ત્રી૦ સામસામી મંડાયેલી નજર
મીટર ન૦ [ઇં] (વીજળી, ગરમી, પાણીનો વાપર વગેરે) માપવા માટેનું યંત્ર (૨) પું૦ લંબાઈનું એક માપ (ફ્રેન્ચ)
મીટવું અ૦ક્રિ૦ [दे. मिट, સર૦ हिं. मिटना; म. मिटणें] ભૂંસાઈ જવું, નાબૂદ થવું(૨)મટવું,
મીઠું વિ૦[प्रा. मिट्ठ (सं. मिष्ट), સર૦ हिं मीठा, म मिठा] મધુર (૨) ગળ્યું (૩) ન૦[સર૦ म. मीठ] લવણ નિમક [મીઠાં ઝાડનાં મૂળ કાપવાં = ભલાઈ બતાવ્યા કરનાર–હિત

કરનારને જ નુકસાન થાય તેટલો બવો તેનો લાભ લેવો **મીઠા વિનાનું**=દમ વિનાનું, બીકણ. **મીઠી જમીન**=ઊખર નહી એવી ખેતીને લાયક જમીન **મીઠી જીભ**=ખુશામતિયા–સારું લગાડે તેવી વાણી (૨) તેવું માણસ. **મીઠું મરચું ભભરાવવું**=વધારીને વાત કહેવી. **મીઠું લાગવું**=ચચરવું, રીસ ચડવી. (આંખમાં) **મીઠું પડવું**=અદેખાઈ આવવી ] **–ઠડાં** ન૦બ૦વ૦ વહાલના આલિંગન(૨)દુખણાં, ઓવારણાં [**–કરવાં**=મીઠડાં લેવાં **–ઢાળવાં**=બહારથી હેત બતાવવું પણ અંદરથી ઈર્ષ્યા કરવી **–લેવાં**=ઓવારણાં લેવાં ] **–ઠડું** વિ૦ (પ) મીઠું (૨) મીઠું મીઠું બોલનારું (૩)ન૦ જુઓ મીઠડાં **–ઠાઈ** સ્ત્રી૦ સુખડિયાને ત્યાં વેચાતી કે એવી કોઈ પણ ગળી વાની (૨) મીઠાશ, મધુરતા **–ઠાઈવાળો** પું૦ મીઠાઈ વેચનાર, સુખડિયો **–ઠાચરું** વિ૦ ગળી વસ્તુઓ ખાનારું **–ઠાણ** ન૦ જુઓ ગળપણ **–ઠાબોલું** વિ૦ મીઠું બોલનારું. **–ઠાશ** સ્ત્રી૦ મીઠાપણું. **–ઠી** સ્ત્રી૦ બચ્ચી (૨) સ્નેહાલિંગન [**–મારવી**=હૈયા સરસું ચાંપવું (૨) હોઠે ચુંબન લેવું (ગ્રામ્ય) **–લેવી**=બચી કરવી ] ૦**દરાખ** વિ૦ દ્રાક્ષ જેવું મીઠું ૦**કૂતરું** ન૦ હડકાયેલું નહી તેવું સારું કૂતરું ૦**લીંબુ** ન૦ મોસંબી જેવું એક ફળ **–ઠો ભાત** પું૦ એક જાતનો ચિરજ **–ઠો લીમડો, –ડો લીંબડો** પું૦ એક વનસ્પતિ, જેનાં પાન કઢીમાં નાખે છે

**મીડચો** પું૦ [જુઓ મડચો, સર૦ મ મિરધા] હૃષ્ટપુષ્ટ માણસ (૨) કસદ, ખેપિયો (૩) મુખી અગ્રેસર [ગૂંથેલી લટ(–લેવી)

**મીડલી** સ્ત્રી૦ [જુઓ મીંડલી] સ્ત્રીના કેશની

**મીઢિયો** વિ૦ પું૦ ['મીઢું' ઉપરથી ?] વળેલાં શિંગડાંવાળો (બળદ, બકરો)

**મીડું** ન૦ [સ. बिंदु ઉપરથી ?] શૂન્ય, બિંદુ ટપકું [**–ફેરવવું, મૂકવું, વાળવું**=રદ કરવું છોડી દેવું **–વળવું**=રદ થવું(૨)ખલાસ થવું(૩) નિર્વંશ જવું **એકડા વગરનાં મીડાં**=(મુખ્યને અભાવે) કશી કિંમત વગરની કે તાકાત વગરની વસ્તુઓ કે માણસો. **મીડું મૂકવું**=કાઢી નાખવું, રદ કરવું(માણસમાંથી) ]

**મીંઢળ** ન૦ [સં. मदनफल, हिं मैनफल, मैढल] મીંઢળ, એક ફળ (લગ્ન જેવી ક્રિયાઓ વખતે કાંડે બાંધે છે) [**–બાંધવાં, છોડવાં. (હાથે) મીંઢળ બાંધ્યાં હોવાં**=કામ ન કરી શકાવું (ઠપકામાં) ] [સોનામુખી

**મીંઢી, ૦આવળ** સ્ત્રી૦ [સર૦ મ मेंधीअवळी]

**મીણ** ન૦ [प्रा. मयण (સ मदन), हिं मैन, म मेण (फा मोम ?)] મધપૂડો જેનો બનેલો હોય છે તે ચીકણો પદાર્થ (૨) અ૦ [?] જુઓ મીનાં (**–કહેવી, –કહેવરાવવી**) [**–કાઢવું**=મારી મારીને નરમ કરી નાખવું (૨) મહેનત કરાવી અડદાળો કાઢવો **–નું કરી નાખવું**=નરમઘેંશ અથવા ગરીબ સ્વભાવનું બનાવી દેવું (માણસને) **–મીણ થઈ જવું**=મીણ જેવું નરમ થઈ જવું ] ૦**કપડ, ૦કાપડ** ન૦ પાણી ન શોષે તે સારુ મીણ કે એવો પદાર્થ ચડાવીને બનાવેલું એક જાતનું કાપડ; મીણિયું ૦**બત્તી** સ્ત્રી૦ જેમાં વાટ ઘાલેલી હોય એવી મીણ જેવા પદાર્થની બનાવટ

**મીણાકારી** વિ૦ (૨) સ્ત્રી૦ + જુઓ મીનાકારી

**મીણિયું** વિ૦ ['મીણ' ઉપરથી] મીણવાળું (૨) જુઓ 'મીણ'માં (૩) ન૦ મીણકપડ

**મીણું, –ણિયું** વિ૦['મીણો' ઉપરથી] નશામાં પડેલું **–ણો** પું૦ [प्रा मयण (स मदन)=માદક] કેફ, નશો (૨) કેફ ચડે તેવો ઝેરી પદાર્થ (**–ચડવો**)

**મીન** સ્ત્રી૦ [सं] બારમી રાશિ (૨) ન૦ માછલું ૦**કેતન** પું૦ (સ ) મકરકેતુ, કામદેવ ૦**મેખ(–ષ)** સ્ત્રી૦ વાંધે, હરકત, શંકા કરવાપણું (૨) વધારોઘટાડો કરવાપણું (૩) અ૦ ઓછું વત્તું હોય તેમ (**–ન હોવાં, ન કરાવાં**)

**મીનડી** સ્ત્રી૦ [જુઓ મીની] મીંદડી, બિલાડી. **–ડું** ન૦ બિલાડું

**મીનાકારી** વિ૦[फा, સર૦ हिं, म मिनाकारी] ભાતવાળું (૨) સ્ત્રી૦ સોનાચાંદી પર રંગીન કામ – કારીગરી

**મીનાં** અ૦ [સર૦મીણ(૨)] હાર્યાની કબૂલાતનો

સ કેતશબ્દ [-કહેલું =હાર કબૂલ કરવી.]
**મીની** સ્ત્રી૦ [રવ૦] મીનડી; બિલાડી
**મીનો** પુ૦[फा. मीना] સોનાચાંદી પરનુ રંગિત ચિત્રકામ, મીનાકારી
**મીનોઈ** વિ૦ [फा] સ્વર્ગીય
**મીમાંસા** સ્ત્રી૦ [स.] વિચારણા; તપાસ; સમાલોચના (૨) જૈમિનિપ્રણીત પૂર્વમીમાંસા-દર્શન (-કરવી). **-સક** પુ૦ મીમાંસા કરનાર (૨) મીમાંસાદર્શન જાણનાર કે માનનાર
**મીર** પું૦ [फा] અમીર (૨) એ નામની એક જાતિનો માણસ. ૦અદલ પુ૦ ન્યાયાધીશ ૦જા(-ઝા)દ વિ૦[+जाद(फा)=જન્મેલુ] મીરના કુળનું
**મીરજા** પુ૦ [फा] મુસલમાનોનો એક ખિતાબ, અમીર, ઉમરાવ (૨) મુસલમાનોની એક જાતનો માણસ
**મીરાસ** સ્ત્રી૦ [अ.; સર૦ हिं; म मिरास] વારસો. **-સી** સ્ત્રી૦ વારસામાં મળેલી દોલત (૨) એક મુસલમાની માગણ જાતનો માણસ
**મીલ** સ્ત્રી૦ [सं मिल् ઉપરથી? સર૦ म मीळ] પ્રતિપક્ષ; વિરોધી જમાવટ (તકરાર કે ટંટામાં) [-બાંધવી=વિરોધી ટોળી જમાવવી]
**મીલન** ન૦ [सं] બંધ કરવું - બીડવું તે
**મીલિત** વિ૦ [स] બંધ કરેલુ - બીડેલું
**મીં** સ૦ [સર૦ म.] મેં (ઉત્તર ગુજરાત)
**મીંચવું** સ૦ક્રિ૦[दे मिंचण; સર૦ हिं. मीचना, म मिचकणें] જુઓ મીચવું **મીંચાવવું** સ૦ક્રિ૦ (પ્રેરક) **મીંચાવું** અ૦ ક્રિ૦ (કર્મણિ)
**મીંચામણાં** ન૦બ૦વ૦ જુઓ મિચામણાં
**મીંજ** સ્ત્રી૦ જુઓ મીજ
**મીંડ** સ્ત્રી૦ [सं. मीडम्=ધીમે અવાજે, સર૦ हिं.; म मेंड] (સંગીત) એક શ્રુતિ યા સ્વર ઉપરથી બીજી શ્રુતિ યા સ્વર જવાનો એક મધુર પ્રકાર, ઘસીટ
**મીંડલી(-ળી)** સ્ત્રી૦ [સર૦ म मेंडणें=બે સેરને એકઠો વળ આપી ભેગી કરવી; हिं मींडना=હાથ વડે મસળવું, અથવા મેઢી=નાક્ષ સરમાં ગૂંથેલી વેણી.] કપાળ ઉપર ગોઠવેલી ચોટલાની લટ. [-લેવી, **મીંડલો** લેવી (કા.)=કપાળ ઉપર ચોટલાની લટ ગૂંથવી.]
**મીંડુ** ન૦ જુઓ મીડું
**મીંઢળ** ન૦ જુઓ મીઢળ
**મીંઢું** વિ૦ [સર૦ म. मैंढा=વાંકુ] મનમાં સમજે પણ બહાર દેખાવા ન દે તેવું (૨) ખંધુ; ધૂર્ત. **-ઢાઈ** સ્ત્રી૦. **-ઢાપણું** ન૦ મીંઢું હોવું તે
**મીંઢી,** ૦આવળ સ્ત્રી૦ જુઓ મીંઢી
**મીંદડી** સ્ત્રી૦ [જુઓ મીની] મીનડી, બિલાડી. **-ડું** ન૦મીનડું, બિલાડું. **-ડો** પુ૦ બિલાડો
**મુક(-ગ)ટો** પુ૦ જુઓ મુગટો [મુકાદમી
**મુકદ્દમ** પુ૦ [अ.] જુઓ મુકાદમ **-મી** સ્ત્રી૦
**મુકદ્દમો** પુ૦ [अ; સર૦ हिं, म. मुकदमा] દાવો
**મુકદ્દર** ન૦ [अ.] નસીબ
**મુકનો** પુ૦ [अ निक्नअह] બુરખો
**મુકમ્મલ** વિ૦[अ]પૂરેપૂરૂ, સંપૂર્ણ. ૦આઝાદી સ્ત્રી૦ પૂર્ણ સ્વાતંત્ર્ય
**મુકરદમ** પું૦ જુઓ મુકાદમ
**મુકરદમો** પુ૦ જુઓ મુકદ્દમો
**મુકરર** વિ૦ [अ मुकर्रर] નિયત, નક્કી કરેલુ
**મુકરવું, મુકરી જવું** અ૦ ક્રિ૦ [સર૦ हिं. मुकरना, म मुकरणें, अ मुक्रिर ઉપરથી?] નામુકર જવુ, કહીને ફરી જવું
**મુકરી** સ્ત્રી૦ [हिं] પ્રાય: ચાર ચરણની કવિતાનો એક પ્રકાર, જેમાં ત્રણ ચરણનો અર્થ છેલ્લા ચરણથી મુકરી જાય છે
**મુકાણ** ન૦ ['મૂકવું' ઉપરથી] મૂકવું તે
**મુકાદમ** પું૦ [अ. मुकद्दम, સર૦ म मुकदम] નાયક; જમાદાર **-મી** સ્ત્રી૦ મુકાદમનુ કામ
**મુકાબલ, મુકાબિલ** [अ] વિ૦ મુકાબલામાં આવતુ **-લો** પું૦ [अ] સરખામણી (૨) સામસામી ભેટ
**મુકામ** પું૦ [अ] રહેઠાણ (૨) પડાવ; ઉતારો. [-ઉઠાવવો=બીજી જગાએ જવા મુકામની જગા હોય તે ખાલી કરવી. -ઉપાડવો =મુકામ એક જગાએથી બીજે લઈ જવો. -કરવો, નાખવો=પડાવ નાખવો; ઉતારો કરવો.] [કર્મણિ ને પ્રેરક
**મુકાવું** અ૦ ક્રિ૦, **-વવું** સ૦ ક્રિ૦ 'મૂકવું'નું

**મુકુટ** પુ૦ [સં.] જુઓ મુગુટ

**મુકુર** પુ૦ [સં ] આયનો

**મુકુલ** ન૦ [સં ] ખીલતી કળી **-લિત** વિ૦ [સં ] કળીઓવાળુ (૨) અડધું ઊઘડેલુ, અડધું બંધ

**મુકુંદ** પુ૦ [સં.] (સં ) વિષ્ણુ

**મુક્રર** વિ૦ [જુઓ મુકરર] ઠરાવેલું (૨) અ૦ જરૂર, ખચીત

**મુક્કી** સ્ત્રી૦ [दे वुक्का=मुष्टि, સર૦ प्रा मुट्ठि(सं. मुष्टि), સર૦ हिं, म] ઠોસો (**-ઠોકવી, -મારવી, -લગાવવી**). **-ક્કાટક્કું** સ૦ક્રિ૦ મુક્કે મુક્કે મારવું. **-ક્કો** પુ૦ ઠોસો; ગડદો

**મુક્ત** વિ૦ [સં ] બંધનરહિત; છૂટું (૨) મુક્તિ પામેલુ. ૦**ક** ન૦ એક અસ્ત્ર (૨) પૂર્ણ અથવાળો સ્વતંત્ર શ્લોક ૦**કંઠ** વિ૦ જોરથી કે બેધડક બોલનારું કે ગાનારું. ૦**વ્યાપાર** પું૦ અબાધિત વ્યાપાર, 'ફ્રી ટ્રેડ'. ૦**હસ્ત** વિ૦ છૂટે હાથે દાન કરનારુ

**મુક્તાદ** ન૦ [જુઓ મુખતાદ] વાર્ષિક શ્રાદ્ધ

**મુક્તા**, ૦**ફલ(-ળ)** ન૦[સં ]મોતી ૦**વલિ(-લી, -ળિ,-ળી)** સ્ત્રી૦, ૦**હાર** પુ૦મોતીનો હાર

**મુક્તિ** સ્ત્રી૦[સં ]મોક્ષ(૨)છુટકારો (**-આપવી, મળવી**). ૦**પદ** ન૦ મુક્તાવસ્થા, મોક્ષ ૦**પુરી** સ્ત્રી૦ જ્યા જવાથી મુક્તિ મળે તેવી નગરી (દ્વારકા, અયોધ્યા, મથુરા વગેરે) ૦**ફોજ** સ્ત્રી૦ લશ્કરી ઢબે સંગઠિત કરવામા આવેલુ એક ખ્રિસ્તી મિશન. ૦**માર્ગ** પુ૦ મુક્તિનો માર્ગ

**મુખ** ન૦ [સં.] મો (૨) ચહેરો (૩) આગલો કે ઉપરનો ભાગ (૪) નદી જ્યા દરિયાને મળે તે સ્થાન (૫) નાટકનું મૂળ કારણ કે બીજ, એક સંધિ (કા શા ). [**-નાં મલોખાં કરવાં**=ઉપર ઉપરથી મીઠું મીઠું બોલી ખુશ કરવુ ] ૦**કમલ(-ળ)** ન૦ મુખરૂપી૦ કમળ ૦**કળા** સ્ત્રી૦ મોની શિકલ, શોભા, છટા ઇ૦. ૦**ચંદ્ર** પુ૦ મુખરૂપી ચંદ્ર ૦**ચિત્ર** ન૦ ગ્રંથ સામયિક વગેરેનુ પ્રારંભમા મુકાતુ ચિત્ર. ૦**જ(-જુ)બાની** સ્ત્રી૦ મોઢાની સાક્ષી ૦**પટ** ન૦, પુ૦ ઘૂમટો. ૦**પત્ર** ન૦ અમુક મંડળનુ છાપુ ૦**પરીક્ષા** સ્ત્રી૦ લેખિત નહિ પણ મૌખિક પરીક્ષા. ૦**પાક** પુ૦ મોનો એક રોગ ૦**પાઠ** પું૦ ગોખવુ -યાદ કરવું તે, મોઢે બોલવાનુ તે ૦**પૃષ્ઠ** ન૦ ગ્રંથ કે સામયિકના પૂઠાનુ પાનું ૦**બંધ** પુ૦ પ્રસ્તાવના. ૦**ભંગ** વિ૦પડી ગયેલા – નૂર વગરના, હતાશ મોવાળું. ૦**મુદ્રા** સ્ત્રી૦ચહેરો, મોનો દેખાવ. ૦**ર(-રિત)** વિ૦ ખખડતુ; અવાજ કરતુ (૨) વાચાળ ૦**રતા** સ્ત્રી ૦**વાચન** ન૦ ઉચ્ચાર કરીને વાચવુ તે. ૦**વાદ્ય** ન૦ ફૂંકીને વગાડવાનુ વાદ્ય ૦**વાસ** પુ૦ જમ્યા પછી મો સુવાસિત કરવા ખાવાની વસ્તુ ૦**સંધિ** પુ૦ જેમા બીજનું ફલિત થવા તરફ વલણ જણાય છે(નાટકનો એક સંધિ) ૦**સામુદ્રિક** પુ૦ ચહેરા પરથી ચારિત્ર્ય જોવાની વિદ્યા, 'ફિઝિયોગ્નોમી'

**મુખતાદ** ન૦ વાર્ષિક શ્રાદ્ધ (પારસીઓમા)

**મુખતેસર** વિ૦ [अ. मुख्तसर] ટૂંકું, સંક્ષિપ્ત

**મુખત્યાર** વિ૦ [अ मुख्तार]પોતાની મરજીમા આવે તેમ કરવાને સત્તા અપાયેલુ (૨) પુ૦ એલચી, વકીલ, પ્રતિનિધિ ૦**નામું** ન૦ પોતા તરફથી કામ કરવાની સત્તા આપનારુ લખાણ (**-આપવું, કરી આપવું, લખી આપવુ**). ૦**વારસ** પુ૦ મુખત્યારીથી નીમેલો વારસ **-રી** સ્ત્રી૦ સદર પરવાનગી, કુલ સત્તા (**-આપવી, લખી આપવી**)

**મુખારવિંદ** ન૦ [સં ] મુખકમળ, કમળ જેવું સુંદર મો

**મુખિયું** ન૦ ['મુખ' ઉપરથી] છાલકાના મો સીવવાની સૂતળી (૨) વિ૦ મુખ્ય **-યો** પું૦ ['મુખ્ય' ઉપરથી]મુખ્ય માણસ(૨)ઠાકોરજીની સેવાપૂજા કરનારાઓનો મુખી

**મુખી** પુ૦ ['મુખ' ઉપરથી, સર૦ हिं मुखिया] અગ્રેસર, નાયક (૨) ગામનો વડો (એક સરકારી અધિકારી) **-પદુ** ન૦ મુખીનુ પદ-કામ

**મુખોમુખ** અ૦ ['મુખ' ઉપરથી] મોઢામોઢ

**મુખ્ય** વિ૦[સં ] પ્રધાન, પહેલુ ૦**ત**: અ૦ ખાસ કરીને ૦**ત્વે**, ૦**ત્વે કરીને** અ૦ વિશેષે કરીને, ઘણું કરીને **-ખ્યાર્થ** પુ૦ પ્રધાન અર્થ

**મુગજી** સ્ત્રી૦ [જુઓ મગજી] (કોઈ વસ્ત્રને લગાડાતી બીજા રંગની ઝીણી પાતળી કિનાર

**મુગટ** પું૦ [सं. मुकुटः સર૦ म. मुगुट] પાઘડી પર સજવાનો એક શણગાર (૨) રાજાનો તાજ

**મુગટી** સ્ત્રી૦ [જુઓ મુગટો] નાનો મુગટો

**–ટો** પું૦ [सं. मुक्तक (કીડો નીકળી ગયા પછીના રેશમમાંથી વણેલું), સર૦ म मुकटा, मुगटा] અબોટિયું–એક રેશમી વસ્ત્ર· મુકટો

**મુગલ** વિ૦ (૨) પું૦ [तुर्की] જુઓ મોગલ

**–લાઈ** વિ૦ મુગલ સંબંધી (૨) સ્ત્રી૦ મુગલનો અમલ–રાજ્ય (૩) [લા] ઠાઠમાઠ; ભપકો (૪) સ્વેચ્છાચારી રાજ્ય અંધાધૂંધી કે જુલમ. [–ચલાવવી=આપખુદ અમલ ચલાવવો (૨) અંધેર ને અવ્યવસ્થા ચલાવવા] **–લાણી** સ્ત્રી૦ મુગલ સ્ત્રી, મોગલાણી

**મુગાસાડી** સ્ત્રી૦ [મુગટો પરથી? સર૦ म मुगा=લૂગડાનો એક પ્રકાર] સ્ત્રીઓનું અબોટમાં પહેરવાનું એક રેશમી વસ્ત્ર

**મુગ્ધ** વિ૦ [सं] મોહ પામેલું (૨) અણસમજુ, અજ્ઞ (૩) સાલસ, નિષ્પાપ (૪) સુંદર, મોહક. **૦તા** સ્ત્રી૦, **૦ત્વ** ન૦ **–ગ્ધા** સ્ત્રી૦ જેને જુવાની તરતની ફૂટી હોય તેવી સ્ત્રી (૨) કાવ્યમાં ત્રણ પ્રકારની નાયિકામાંની એક (મુગ્ધા મધ્યા અને પ્રૌઢા) **–ગ્ધાપણું** ન૦

**મુચ(–ચુ)કુંદ** પું૦ [सं] એક ફૂલઝાડ (૨) [સં.] એક પ્રાચીન રાજા

**મુચરકો** પું૦ [तुर्की मुचल्कह; સર૦ हिं, म. मुचलका] જમીનખત (ગુનેગારનું) [–આપવો]

**મુચુકુંદ** પું૦ [सं] જુઓ મુચકુંદ

**મુછાળો** વિ૦ પું૦ ['મૂછ' ઉપરથી] મૂછવાળો મરદ

**મુજ** સ૦ [સર૦ हिं मुझ] (પ) મારું (૨) 'હું'ના અર્થમાં વિભક્તિના પ્રત્યય સાથે પણ વપરાય છે. ઉદા૦ મુજને, મુજથી, મુજમાં

**મુજબ** અ૦ [अ. मूजिब] પ્રમાણે. પેઠે

**મુજરે** અ૦ [अ मुज्रा] મજરે વળતરમાં

**મુજરો** પું૦ [સર૦ हिं, म (अ मुज्रा?)] સલામ; મજરો.

**મુજાહમત** સ્ત્રી૦ [अ मुज़ाहमत] અટકાવ; પ્રતિબંધ (૨) ચર્ચા, વિવેચન (૩) ખોતરણા

**મુજાખો** પું૦ [अ मुजायकह, સર૦ म मुजाखा] હિસાબ; ગણના; મહત્ત્વ

**મુજાફત** વિ૦ [अ मुआफ़त; સર૦ म] અમથું

**મુજાવર** પું૦ [अ मुजाविर· સર૦ म, हिं] પૂજારી જેવો કબરનો રખેવાળ

**મુઝવણ** સ્ત્રી૦ ['મુઝાવું' ઉપરથી] મૂઝવણી; અકળામણ; બેચેની

**મુઝાર** અ૦ + જુઓ મોઝાર

**મુઝારી** સ્ત્રી૦, **–રો** પું૦ ['મુઝાવું' ઉપરથી] ત્રિદોષ (૨) ગભરામણ; અકળામણ (૩) કોદિયા જેવો એક ઘાટ

**મુઝાવું** અ૦ક્રિ૦ [प्रा मुज्झ् (सं. मुह्)] ગૂગળાવું, ગૂંચવાવું (૨) ગભરાવું; અકળાવું

**મુઠ્ઠી** સ્ત્રી૦ [प्रा. मुट्ठि (सं मुष्टि), સર૦ हिं मुट्ठी, म मूठ–मुठी] આંગળાં હથેળી સાથે વાળવાથી થતો ઘાટ (૨) ધર્માદા લેખે અપાતો મૂઠીભર લોટ કે અનાજ [–આપવી=પુણ્યાર્થે મૂઠી ભરીને લોટ કે અનાજ આપવા **–ચાંપવી, દાબવી**=હાથ દાબવો, સંકેત કરવો (૨) લાંચ આપવી **–જેટે એવું**=મોટું અને નક્કર, દળદાર. **–બંધ થઈ જવી**=આપવાનું બંધ કરવું (૨) ધર્માદાની મૂઠી અપાતી કે મળતી બંધ થવી **–ભરાય એટલું**=પુષ્કળ, ખૂબ **–માં રાખવું**=હાથમાં–કબજામાં રાખવું **–માં માય એટલું**=થોડું, જૂજ **–વાળવી**=આંગળીઓ હથેળી સાથે ભીડવી (૨) આપવાની ના પાડવી **–વાળીને બેસી જવું**=હાથ મારીને અળગા થવું] **૦ભર** વિ૦ મુઠ્ઠીમાં માય તેટલું (૨) થોડું. **–ઠ્ઠો** પું૦ મોટી મુઠ્ઠી· બાચકો

**મુડદારશિં(–શી,–સિં,–સીં)ગ** સ્ત્રી૦ [સર૦ म; हिं मुरदार्सिंगी] જુઓ મરદારશીંગ

**મુડદાલ** વિ૦ [फा मुर्दार; સર૦ हिं मुरदार, म मुडदार] મુડદા જેવું (૨) નિર્બળ, નિર્માલ્ય (૩) મડદાનું (માંસ)

**મુડદું** ન૦ [फा. मुर्दह, સર૦ हिं मुरदा, म मुड्दा] મડદું, શબ

**મુતરડી** સ્ત્રી૦ ['મૂતરવું' ઉપરથી, સર૦ म मुतरी, मुतारी] મૂતરવાની જગ્યા; પેશાબખાનું **–ણું** ન૦ મૂત્રેન્દ્રિય **મુતરાણું** વિ૦ [સર૦ म मुतरा] મૂતરવાની હાજતવાળું. **મુતરાવવું**

સ૦ક્રિ૦ 'મૂતરવું'નું પ્રેરકરૂપ મુતરાણું વિ૦ મૂતરવાળું. મુતરિયું ન૦ મૂતરવાનું વાસણ (૨) બળદનો મૂતરવાવાળો ભાગ

**મુતલક(-ગ)** અ૦ [अ] બિલકુલ, તદ્દન

**મુતવલ્લી** પુ૦ [अ, સર૦ म मुतवली, हिं] નિયામક, વ્યવસ્થાપક [પ્રમ વે

**મુતાબિક** વિ૦[अ] અનુકૂળ(૨)અ૦ અનુસાર.

**મુતારો** પુ૦ + ડંગોરો

**મુતાલિક** પું૦ [अ. मुतअ़ल्लिक़, સર૦ म मुतालीक़] નાયબ દીવાન

**મુત્સદ્દી** પુ૦ [अ, સર૦ म, हिं. मुतसद्दी] હિસાબ રાખનાર, મુનીમ(૨) રાજદ્વારી પુરુષ; રાજનીતિમાં પ્રવીણ (૩) [લા] ખટપટિયો, દાવપેચ જાણનાર. ૦પણું ન૦

**મુદ(-દા)** સ્ત્રી૦ [सं] આનંદ

**મુદત** સ્ત્રી૦ [જુઓ મુદ્દત] સમય (૨) મુકરર કરેલો સમય [-થવી=સમય થવો (૨) મુદત પાકવી -બાંધવી=મુદત ઠરાવવી -પાકવી =ઠરાવેલો સમય થવો.-પડવી=(અદાલતમાં) ફરિયાદની સુનાવણી માટે બીજો દિવસ ઠરાવવો.-મારવી=મુદત ઠરાવવી]-તિયું, -તી વિ૦ મુદત ઠરાવી હોય તેવું -તિયો તાવ પુ૦ અમુક મુદતે ઊતરનો એવો એક તાવ, 'ટાઇફૉઈડ' [અ નદિત

**મુદમાતું** [सं मुद्+માતું], **મુદિત** [सं] વિ૦

**મુદિતા** સ્ત્રી૦ [सं.] મુદા, આનંદ (૨) એક પ્રકારની નાયિકા [હથિયાર

**મુદ્ગર** પુ૦ [सं] મગદળ (૨) એક પ્રાચીન

**મુદ્દત** સ્ત્રી૦ [अ, સર૦ हिं, म] જુઓ મુદત

**મુદ્દલ** ન૦ [સર૦ सं मूल्द, कानडी मैदलु, तेलुगु मोंदलु, કે अ मुदल्लल ઉપરથી ? સર૦ म] મૂળ થાપણ મૂડી (૨) અ૦ બિલકુલ, તદ્દન [-પર આવવું=પોત પ્રકાશવું, જાતિ-સ્વભાવ ઉપર આવવું]

**મુદ્દામ** વિ૦ [अ मुदाम; સર૦ हिं, म. मुदाम] ઘણા વખતનું; ચાલુ (૨) અ૦ [સર૦ म (अ. अम्दन)] વિશેષે કરીને, ખાસ (૩) નિ:સંદેહ, નક્કી (૪) સાફ; ખુલ્લું

**મુદ્દામાલ** પુ૦ [મુદ્દો + માલ] મુદ્દાનો ખાસ મહત્ત્વનો માલ, (૨) ગુનાની સાબિતી રૂપ - પુરાવા તરીકેનો માલ; મૂળ માલ

**મુદ્દો** પુ૦ [अ. मद्दआ, સર૦ म मुद्दा, हिं मुद्दा] પુરાવો, પ્રમાણ(૨) મહત્ત્વની બાબત(૩)મૂળ, પાયો, તાત્પર્ય

**મુદ્રક** પુ૦ [सं] છાપનાર -ણ ન૦ છાપવું તે -ણયંત્ર ન૦ છાપવાનું યંત્ર -ણાલય ન૦ [+ आलय] છાપખાનું

**મુદ્રા** સ્ત્રી૦[सं]છાપ, મહોર(૨) વીંટી(૩) સિક્કો (નાણું) (૪) ગોસાઈઓની કાનની કડી (૫) છાતીએ કે હાથે મારેલો ડામ કે છાપ (૬) મુખાકૃતિ, ચહેરાનો દેખાવ(૭)અમુક પ્રકારનો અંગવિન્યાસ(હઠયોગ) (૮)સંધ્યા વખતે હાથ કે આંગળાનો બનાવાતો આકાર ૦ક્ષર પુ૦ [+ अक्षर] અક્ષરનું બીબું. ૦યંત્ર ન૦ જુઓ મુદ્રણયંત્ર ૦રાક્ષસ પુ૦ (સ) [મુદ્રા વડે હાથ આવેલો રાક્ષસ-એ વસ્તુવાળું] એક સંસ્કૃત નાટક(૨)છાપભૂલ; 'પ્રિન્ટર્સ ડેવિલ'. ૦લેખ પુ૦ અગ્રલેખ (૨) આદર્શસૂચક વાક્ય, 'મોટો'. ૦લેખન ન૦ ટાઈપરાઈટરથી લખવું તે -દ્રાંકિત વિ૦[+ अंकित] છાપેલું. -દ્રાંકન ન૦ [+ अंकन] મુદ્રાંકિત થવું તે, છાપકામ. -દ્રિકા સ્ત્રી૦ મુદ્રા, વીંટી (૨) સિક્કો -દ્રિત વિ૦ છાપેલું

**મુધા** અ૦ [सं] વ્યર્થ, ફોગટ

**મુનક્કા** સ્ત્રી૦ [अ मुनक्क़ह, સર૦ हिं] એક પ્રકારની મોટી સૂકી દ્રાક્ષ

**મુનશી** પુ૦ [अ.] લેખક, ગ્રંથકાર(૨)લહિયો, લખવાનું કામ કરનાર (૩) ફારસી, અરબી કે ઉર્દૂનો શિક્ષક (૪) એક અટક

**મુનસફ** પુ૦ [अ मुन्सिफ] દીવાની કજિયા સાંભળી ન્યાય આપનાર -ફી સ્ત્રી૦ મુનસફનું કામ (૨) અધિકાર, સત્તા

**મુનાસબ, મુનાસિબ** [अ] વિ૦ [સર૦ हिं, म मुनासब] યોગ્ય, વાજબી

**મુનિ** પુ૦ [सं] ઋષિ, તપસ્વી (૨) મુનિવ્રત ધારણ કરનાર સાધુ (૩) સાતની સંજ્ઞા ૦વર પું૦ મોટો મુનિ. ૦વ્રત ન૦ મૌન વ્રત. [-ધારણ કરવું, લેવું=ચૂપ રહેવું, ન બોલવું]

૦શેખર પું૦ એક છંદ
**મુનીમ** પું૦ [अ.मुनीब; સર૦ हिं ,म ] પેઢીનો મુખ્ય ગુમાસ્તો. ૦ગીરી, –મી સ્ત્રી૦ મુનીમનું કામ કે હોદ્દો
**મુનીશ્વર, મુનીંદ્ર** પું૦ [सं ] શ્રેષ્ઠ મુનિ
**મુને** સ૦ (પ.) મને
**મુફતી** પું૦[अ.; સર૦ म , हिं मुफ्ती]મુસલમાન ધર્મશાસ્ત્રી [ગરીબી
**મુફલિસ** વિ૦ [अ.]ગરીબ; બેહાલ. –સી સ્ત્રી૦
**મુફસિલ** ન૦[अ मुफस्सल,સર૦ म.मुफशील] પાટનગર સિવાયનો પ્રદેશ; મોફસલ
**મુફાસલો** પું૦ [अ मुफासलह, સર૦ म. मुफासला]અંતર, છેટું, ફાસલો
**મુફ્ત** વિ૦ [फा.] મફત
**મુબારક** વિ૦[अ ] આબાદ, ભાગ્યશાળી; શુભ; ધન્ય [(–ને) મુબારક હો, રહો=ની પાસે ભલે રહો, અમારે એ ન જોઈએ !] ૦બાદી સ્ત્રી૦ અભિનંદન, ધન્યવાદ
**મુમકિન** વિ૦ [अ ] શક્ય; સંભવિત
**મુમનો** પું૦ [જુઓ મોમનો] મુસલમાન થયેલી એક મૂળ હિંદુ જાતનો માણસ
**મુમાનિયત** સ્ત્રી૦[अ.मुमानअत]મના;પ્રતિબંધ
**મુમુક્ષા** સ્ત્રી૦ [सं ] મોક્ષની ઇચ્છા. –ક્ષુ વિ૦ મોક્ષની ઇચ્છાવાળું
**મુમૂર્ષા** સ્ત્રી૦ [सं ] મરવાની ઇચ્છા. –ર્ષુ વિ૦ મરવાની તૈયારીમાં હોય એવું
**મુરઘાબી** સ્ત્રી૦ [फा मुरग़ाबी] જળકૂકડી
**મુરઘી** સ્ત્રી૦ [फा. मुर्ग़ ઉપરથી; સર૦ म.मुर्गी; हिं मुरगी]મરઘી –ઘો પું૦ મરઘો
**મુરજ** પું૦ [सं ] એક જાતનું ઢોલ
**મુરત** ન૦ [જુઓ मुहूर्त] શુભ સમય
**મુરતિયો** પું૦ ['મુરત' ઉપરથી] વરરાજા, કન્યા માટે શોધાતો કે શોધેલો વર (૨) હળના તુંગામાં કોશને સજ્જડ રાખનારી મેખ
**મુરબ્બી** વિ૦ (૨) પું૦ [अ.] વડીલ (૨) કદરદાન; આશ્રય આપનાર, 'પેટ્રન'
**મુરબ્બો** પું૦ [अ ] ચાસણીમાં રાખેલો કેરી વગેરે ફળનો પાક [(સં.) શ્રીકૃષ્ણ
**મુરલી** સ્ત્રી૦ [सं ]વાંસળી; મોરલી. ૦ધર પું૦

**મુરલી** સ્ત્રી૦ [म. मुरळी (सं. मैराल=દેવ; ઈશ્વર તેમને પરણાવેલી તે मैराली)] દેવદાસી
**મુરવ્વત, મુરવ્વત** [अ ] સ્ત્રી૦ સંકોચ, લાજ; અદબ.(૨) ભલમનસાઈ
**મુરશિદ** પું૦ [अ ] ગુરુ; ધર્મોપદેશક
**મુરાતબ** સ્ત્રી૦[अ. मरातब]આબરૂ, પ્રતિષ્ઠા, માન
**મુરાદ** સ્ત્રી૦ [अ.] ઇચ્છા, ઉમેદ
**મુરારિ** પું૦[सं.](સં )મુર રાક્ષસના શત્રુ–વિષ્ણુ
**મુરીદ** પું૦ [अ ] શિષ્ય –દી સ્ત્રી૦ શિષ્યપણું. –દે શયતાન પું૦ [फा ] સેતાનનો શિષ્ય, બદમાશ
**મુલક** પું૦ [अ मुल्क] દેશ, પ્રદેશ ૦ગીર પું૦ દેશને જીતનાર; (૨) દેશનો વડો. ૦ગીરી સ્ત્રી૦ [સર૦ हिं. मुल्कगीरी, म. मुलूकगीरी] દેશ જીતવો તે (૨) દેશના વડાએ વસૂલાત તેમ જ બંદોબસ્ત માટે મુલકમાં ફરવું તે (૩) દેશાટન, મુસાફરી –કી વિ૦ [फा ] મુલકને લગતું; દીવાની; વસૂલાતી
**મુલતવી** વિ૦ [अ मुल्तवी] મોકૂફ [–રહેવું, –રાખવું]
**મુલતાની** વિ૦ [સર૦ हिं., म.] મુલતાનનું (૨) સ્ત્રી૦ એક રાગિણી (૩)એક બોલી ૦માટી સ્ત્રી૦ એક જાતની માટી(સ્ત્રીઓમાં માથું ધોવા કામમાં વપરાય છે)
**મુલવણી** સ્ત્રી૦ ['મૂલવવું' ઉપરથી] મૂલવવું તે
**મુલવાવવું** સ૦ક્રિ૦ મૂલવવું'નું પ્રેરક
**મુલાકાત** સ્ત્રી૦ [अ.] મેળાપ [–આપવી, ગોઠવવી, યોજવી, લેવી]. –તી વિ૦ મુલાકાતને અંગેનું (૨) પું૦ મુલાકાત લેનાર
**મુલાખું** વિ૦ [જુઓ મલોખું] બાકું
**મુલાજો** (લા') પું૦ [अ. मुलाहजह, સર૦ म. मुलाजा, हिं मुलाहजा] જુઓ મલાજો
**મુલામ** વિ૦[જુઓ મુલામો, સર૦ म मुलामी; हिं. मुलम्मा] સરસ, સુંદર
**મુલામ(–મો)** પું૦ [अ. मुलम्मअ; સર૦ हिं. मुलम्मा. म. मुलामा] ઢોળ
**મુલાયમ** વિ૦ [अ. मुलाइम] નરમ, સુંવાળું
**મુલ્કમશહૂર** વિ૦ [अ. मुल्क + मशहूर] જગવિખ્યાત, આખા દેશમાં મશહૂર

મુલ્લા(-લ્લાં) પું૦[अ.] મુસલમાનોનો આચાર્ય કે પુરોહિત
મુલ્લો પું૦ [स. मूल ઉપરથી, प्रा मूलिय (सं मौलिक) = મૂળ ધન, પૂંજી, જુઓ મુદ્દલ] પૂંજી
મુવાજેબ પું૦[अ मवाजिव]બદલો,મહેનતાણું
મુવાડું ન૦ [दे मउअ (સર૦ म. मोव)=દીન, મૃદુ + વાડો] નાનું ગામડું; પરું
મુવાળો પું૦ [સર૦ म मोवळा] વાળ, મોવાળો
મુશ(-સ)ળ ન૦ [स मुसल] સાબેલું ૦ધાર વિ૦ જાડી ધારમા જોરથી પડતો (વરસાદ)
મુશાયરો પું૦ [अ मुशाइरह] કવિઓની પરિષદ, જ્યા દરેક કવિ પોતપોતાની કવિતાઓ બોલી બતાવે છે
મુશ્ક સ્ત્રી૦ [સર૦ हिं मुश्क = ખભો અને કોણીની વચલો ભાગ (फा. मुश्त)] મુશ્કો [-બાંધવું = મુશ્કેટાટ કરવું.](૨)[फा]કસ્તૂરી
મુશ્કિલ વિ૦ [अ] જુઓ મુશ્કેલ
મુશ્કેટાટ વિ૦ [જુઓ મુશ્ક + ટાટ (इं टाईट)] વાંસા પાછળ હાથ બાંધેલા હોય એવુ [-કરવુ, બાંધવું]
મુશ્કેલ વિ૦[જુઓ મુશ્કિલ] અઘરુ, કઠણ; દુષ્કર [-પડવું] -લી સ્ત્રી૦ મુસીબત [-આવવી, પડવી]
મુશ્ફિક વિ૦ [अ.] દોસ્ત, મિત્ર
મુષક પું૦ [स] ઉંદર
મુષ્ટિ સ્ત્રી૦ [सं] મૂઠી ૦ક પું૦ (સ) કંસનો એક મલ્લ. ૦પાત પું૦ મૂઠીની મારામારી, ૦યુદ્ધ ન૦ મૂઠીથી લડવુ તે
મુસદ્દી વિ૦(૨)પું૦ જુઓ મુત્સદ્દી ૦પણુ ન૦
મુસદ્દો પું૦ [अ मुसव्वसदह, સર૦ हिं. मसविदा. मसौदा; म मसुदा, मसोदा] ખરડો, કાચુ લખાણ (૨) ઊંડા અર્થવાળી શૈલીનુ લખાણ [-ઘડવો, તૈયાર કરવો]
મુસરીચી સ્ત્રી૦; ન૦ એક પંખી
મુસલ(-ળ) ન૦[सं]મુશળ, સાબેલું ૦સ્નાન ન૦ જુઓ મુસળસ્નાન
મુસલમાન પું૦ [फा] ઇસ્લામનો અનુયાયી -ની વિ૦ તેનુ કે તેને લગતુ (૨) સ્ત્રી૦ મુસલમાન સ્ત્રી
મુસલ્લો પું૦ [अ मुसल्ला] નમાજ પઢવાની ચટાઈ (૨) [તુચ્છકારમા; સર૦ म. मुसल्या, हिं] મુસલમાન
મુસળ ન૦[स मुसल] મુશળ, સાબેલું ૦ખંડી પું૦ ચોખા (૨) ખાંડવુ તે ૦ધાર વિ૦ જુઓ મુશળધાર ૦સ્નાન ન૦ જેવું તેવુ નાહી લેવુ તે. -ળુ ન૦ મુસળ
મુસાફર પું૦ [अ मुसाफिर] વટેમાર્ગુ ૦ખાનું ન૦ પ્રવાસીઓને પડાવ નાખવાનુ સ્થાન; ધર્મશાળા -રી સ્ત્રી૦ પ્રવાસ, પર્યટન -રી બંગલો પું૦ સવારીમા ફરતા અમલદારો માટે રખાતો સરકારી બંગલો, ડાકબંગલો
મુસાર(-રો) પું૦ [अ मुशाहिरह, સર૦ म. मुशारा] પગાર -રિયુ વિ૦ પગારદાર, ભાડૂતી
મુસાહિ(-હે)બ પું૦ [अ.] સાથે રહેનાર, સાથી
મુસીબત સ્ત્રી૦ [अ] અડચણ, તકલીફ (૨) વિપત્તિ, સંકટ [-આવવી, પડવી]
મુસ્કાવુ અ૦ ક્રિ૦ [स स्मि ઉપરથી, हिं मुसकाना, मुसकराना] મલકાવુ, મંદહાસ્ય-સ્મિત કરવું (૨) રાચવુ, રાજી થવું
મુસ્તકીમ વિ૦ [अ मुस्तकीम] મક્કમ, મજબૂત, મુસ્તાક
મુસ્તનદ વિ૦[अ] આધારભૂત, માનવાલાયક
મુસ્તાક વિ૦ [अ मुश्ताक] આતુર (૨) દઢ, મક્કમ [-રહેવું = મક્કમ રહેવુ]
મુસ્લિમ વિ૦ [अ] ઇસ્લામનું કે તેનુ અનુયાયી (૨) પું૦ મુસલમાન [વ્યવસ્થાપક
મુહતમિમ પું૦ [अ] બંદોબસ્ત કરનાર;
મુહાજિર પું૦ [अ] હિજરત કરનાર, બીજે દેશ જઈ રહેનાર
મુહૂર્ત ન૦ [सं] બે ઘડી જેટલો સમય; ૪૮ મિનિટ (૨) કોઈ કામ શરૂ કરવાનો શુભ સમય; મુરત. [-જોવું = કાર્યસમારંભ માટેનો મંગળ સમય પંચાગ વગેરેથી નક્કી કરવો -જવું, વીતવું, -જાળવવું, સાચવવું.]
મુંજ ન૦ [स] દાભ જેવુ એક ઘાસ (૨) [सं] એક પ્રસિદ્ધ પ્રાચીન રાજા ૦બંધ પું૦ મુંજનો કંદોરો (જનોઈ દેતી વખતે પહેરાવે છે) ૦બંધન ન૦ જનોઈ દેવાનો વિધિ -જિયો

પું૰ તરતમાં જનોઈ દીધેલો બ્રહ્મચારી. [–કરવો =જનોઈ દેવી. –દોડાવવો, મનાવવો= જનોઈ દેતી વખતે બટુકને અમુક અંતર સુધી દોડવા દઈ, તેને વાજતેગાજતે ઘેર લાવવો; સમાવર્તન વિધિ કરવો –રાખવો=જનોઈ ને સમાવર્તન વચ્ચે બટુકને જે વિધિએ રાખવામા આવે છે તે કરવો ]

**મુંડ** ન૰ [સં.] માથુ (૨) પું૰ સાધુ. ૦ક પું૰ મૂંડેલા માથાવાળો સાધુ (૨) સ્ત્રી૰, ન૰ (સં.) એ નામનુ ઉપનિષદ ૦ન ન૰ માથુ મૂંડાવવુ તે. ૦માળા સ્ત્રી૰ માથાની કે ખોપરીઓની માળા –ડી વિ૰ બોડાવેલા માથાવાળુ (૨) પું૰ હજામ (૩) સન્યાસી –ડો પું૰ મદારી જેવો ભિખારી

**મુંબઈ** સ્ત્રી૰, ન૰ (સં) એ નામની નગરી. ૦ગરું વિ૰ મુંબઈનું (૨) કલદાર (રૂપિયો)

**મુંબ(–આ)ઈ** સ્ત્રી૰ [अ. मूमियाइ? સર૰ म. मुंबई (इजिप्त - ममी ઉપરથી?)] કચ્ચર વાગેલા માટેની એક ઔષધિ

**મૂઉં** વિ૰ [प्रा. मुअ, मूअ (स. मृत)] મૂએલું, મરેલુ (૨) ક્રોધ કે વહાલમા અપાતુ વિશેષણ –ઉદ્‌ગાર –ઈ વિ૰સ્ત્રી૰. –એલું વિ૰ મરેલુ –ઓ વિ૰પું૰ [**મૂઆ નહીં ને પાછા થયા, મૂઆ નહીં ને માંદા પડ્યા**=કાંઈ ખાસ ફરક ન પડવો, ઠેરના ઠેર રહ્યા. એકનુ એક જ. **મૂઆ પડ્યા છો**=માર્યા જશો (૨) [પ્રશ્નાર્થ] શક્તિ મારી ગઈ છે? મરી ગયા છો? **મૂઆ પહેલાં ઘોર, મૂઆ પહેલાં મોકાણ**= શરૂઆતનું ઠેકાણુ નહિ ને અંતની તૈયારી કરવી. **મૂઈ માને ધાવવું**=નિષ્ફળ પ્રયત્ન કરવો, અશક્ય આશા રાખવી. **મૂએલા માણસ પર બેસીને ખાય તેવું**=ઘણુ ક્રૂર ને લાગણી વિનાનું. **મૂઓ વર ને બળી જાન**=બળી એ વાત! મારે શી પીડા?]

**મૂક** વિ૰ [સં.] મૂગુ. ૦તા સ્ત્રી૰, ૦ત્વ ન૰, ૦ભાવ પું૰ મૂગાપણુ. ૦વાચન ન૰ મનમા વાચવું તે (૨) ચિઠ્ઠી કે પાટિયા પરની આજ્ઞા વાચી બાળક તે પ્રમાણે કરવું તે

**મૂકવવું** સ૰ક્રિ૰ ['મૂકવું' ઉપરથી] મૂકે એમ કરવું; મેલાવવું; છોડાવવું

**મૂકવું** સ૰ ક્રિ૰ [अप० मुक्क (स. मुच्)] છોડવું તજવુ; મુક્ત કરવુ (૨) [અમુક સ્થાને] નીમવુ, સ્થાપવું કે ગોઠવવુ; મેલવુ (૩) પહેરવું; ઘાલવુ (ટોપી, પાઘડી) (૪) રધાવા –ચડવા માટે ચૂલા ઉપર મેલવું (ખીચડી, શાક, ભાત) (૫) [વ્યાજે કે ગીરો] રાખવા અથવા સાચવવા સોંપવું ઉદા૰ તેને ત્યાં સો રૂપિયા મૂક્યા છે (૬) શીખવા મોકલવા માંડવુ ઉદા૰ શરાફની દુકાને–નિશાળે–મૂક્યો (૭) બાકી રાખવું, છોડવુ ઉદા૰ ચાર લીટી મૂકી દીધી (૮) –ને જુમ્મે નાખવું –રાખવું (૯) જોરથી–મોટે સાદે કાઢવું (પોક, રાડ ઇ૰) અન્ય ક્રિયા સાથે આવતા તે ક્રિયાની પૂર્ણતા સૂચવે છે. ઉદા૰ ભગાડી મૂકવું [ઊંચું મૂકવું =પૂરું કરવું (૨) રહેવા દેવુ **પાણી મૂકવું** =નીમ લેવો, સંકલ્પ કરવો (કરવાનો અથવા ન કરવાનો) (૨) ગરમ થવા પાણી ચૂલે મૂકવુ. **વાત મૂકવી**=ચર્ચા કે ઉલ્લેખ છોડવા (૨) વાત રજૂ કરવી **મૂકી દેવું**= છોડી દેવુ; જવા દેવુ (૨) મૂકવાની ક્રિયા પૂરી કરવી. **મૂકી છાંડવું, રાખવું**=રાખી મૂકવુ ]

**મૂગડી** સ્ત્રી૰ [સર૰ म मुगडी (सं. मुकुट)] સ્ત્રીઓનુ કાનનુ એક ઘરેણુ

**મૂગડું** વિ૰ મૂગુ (કાંઈક તુચ્છકારમા)

**મૂગણી** સ્ત્રી૰ ભાતની બનાવેલી પૂરી જેવી વાની

**મૂગું** વિ૰ [म मूक] બોલી ન શકે તેવુ, અવાચક (૨) શાંત [**મૂગો માર**=ગુપ્ત માર; કચ્ચર માર ]

**મૂછ** સ્ત્રી૰ [प्रा. मंसु (स श्मश्रु), સર૰ म मुच्छी, हिं. मूँछ] ઉપલા હોઠ ઉપર ઊગતા વાળ. [**–આવવી, ઊગવી** = છોકરાના ઉપલા હોઠ ઉપર મૂછના વાળ ઊગવા (૨) છોકરાએ જુવાનીમાં આવવું. **–ઊંચી રહેવી**=ટેક આબરૂ સચવાવાં **–ઊંચી રાખવી**=ટેક આબરૂ સાચવવા, નીચાજોણું ન થાય તેવુ વર્તન રાખવું **–ના આંકડા વાળવા**=ફાંકડાપણું કે મર્દાઈ બતાવવા મૂછના બે છેડા ઊભા રહે તેમ આમળવા **–નીચી થઈ જવી** =નીચાજોણુ થવું; ટેક આબરૂ જવા **–નો આંકડો**

નમવા ન દેવો=ગર્વ રાખવો, મૂછ ઊંચી ને ઊંચી રાખવી –નો દોરો દેખાવો=જુવાનો મૂછ આવવી –નો વાળ=મરદને મૂછના વાળ જેવું પ્રિય હોય તે. –પર તા (૦વ, ૦લ) દેવો=મગરૂરીમાં મૂછના વાળ ઊંચા ચઢાવવા. –પર લીંબુ ઠરાવવાં, નચાવવાં, રાખવાં=મૂછનો આંકડો નમવા ન દેવો. –પર હાથ દેવો=મૂછે હાથ દેવો –પહેલાં આંટવો=પુખ્ત નાની ઉંમરમાં કન્યાના બાપ થવું –ફૂટવી=મૂછના વાળ ઊગવા. –મરડવી=મૂછના આંકડા વાળવા. –માં હસવું=મોં મલકાવવું; સ્મિત કરવું. મૂછે હાથ દેવો, ફેરવવો=ફાંકડાઈ કે મર્દાઈ દેખાડવા મૂછના વાળ પર આંગળીઓ ફેરવવી] [વગરનું જડ

મૂછો વિ૦ [ઞ.] કંજૂસ (૨) અક્કલ કે હોશ

મૂઠ સ્ત્રી૦ [સં મુષ્ટિ, પ્રા મુટ્ઠિ. સર૦ હિં, મ] મૂઠી (૨) જ્યાંથી તરવાર વગેર પકડાય છે તે હાથો (૩) પીડા કરવાને કે મારી નાખવાનો એક તાંત્રિક પ્રયોગ (૪) [સર૦ મ મુઠ=ત્રણ (તેલુગુ મુટ્ટુ)] ગિલ્લીદંડાની રમતમાં એક દાવ [–ઉતારવી =મારણ મંત્રનું નિવારણ કરવું –ઉપર હાથ મૂકવો=તરવાર ખેંચવાની તૈયારી કરવી. –મારવી=મારણ મંત્રનો પ્રયોગ કરવો, મંત્ર-પ્રયોગ અજમાવવો –મોઢે લઈને ઝંટવું=ઊંડે પડવું, ખંતથી પીછો પકડવો –વારવી=મૂઠ ઉતારવી]–ઠિયું ન૦ કણકને મૂઠી વડે વાળી બનાવેલી એક વાની

મૂઠી સ્ત્રી૦ જુઓ મુઠ્ઠી (–ઉઘાડવી, ખોલવી, બંધ કરવી, વાળવી). [–ભરવી=મૂઠીમાં માય તેટલું લેવું (પાણીમાં) મૂઠીઓ ભરાવવી=નિષ્ફળ પ્રયત્ન કે માથાકૂટ કરાવવા, જેમાંથી કાંઈ ન નીપજે એવી મહેનત કે કામમાં જોડવું –વાળવી=કંજૂસાઈ કરવી (૨) છાનો સંગ્રહ કરવો (૩) છાનું રાખવું –વાળીને (નાસવું, દોડવું)=બનતા બળ જોરથી, ઉતાવળે, પાછું જોયા વિના દોડવું. બાંધી મૂઠી=જેનો ભેદ બહાર ન પડી ગયો હોય એવું જે તે, ઓથમ રાખેલું (૨) જળવાઈ રહેલો વકર–પ્રતિષ્ઠા.] –ઠો પુ૦ મોટી મૂઠી [–ભરવો=મૂઠામાં માય તેટલું લેવું]

મૂંડકું ન૦ [સં. મુણ્ડ] માથું –કાવેરો પુ૦ માથા દીઠ લેવાનો વેરો

મૂડી સ્ત્રી૦ [પ્રા. મૂલિય (સં મૌલિક)] પૂંજી, ધન (૨) વેપાર ઉદ્યોગમાં રોકાતી થાપણ–દ્રવ્ય. [–અંતરવી =છેતરીને કાઢી લેવું –હાથમાં હોવી=દાવ કે કબજામાં હોવું] ૦દાર વિ૦ (૨) પુ૦ મૂડીવાળો, પૈસાદાર ૦વાદ પુ૦, ૦શાહી સ્ત્રી૦ મૂડીદારોની સત્તા, 'કૅપિટૅલિઝમ' ૦વાદી વિ૦ (૨) પુ૦ મૂડીવાદને લગતું કે તેમાં માનતું

મૂંડી સ્ત્રી૦ [પ્રા મુહ (સં મુખ)+ડી, કે સં મુણ્ડ =માથું] મોં અથવા માથાનો ભાગ [–નીચી કરવી=ટેક આબરૂ જતા કરવા. –નીચી થવી=ટેક આબરૂ જવા. નીચી મૂંડીએ=માન–શરમ ગળી જઈને મૂંડીમોચન કરવું=નીચું જોવરાવવું, માનભંગ કરવું]

મૂંડો પુ૦ [હિં મૂડ] સો મણનું વજન (૨) [મ મુડ, મ મુડા] ઘાણીનું ભારવાળું ગોળ પાનું (૩) [સર૦ હિં મોંઢા, મોઢા] સરકટ કે નેતરની એક જાતની ગોળ ખુરસી કે માચી જેવું આસન

મૂઢ વિ૦ [સં] મૂર્ખ ઠોઠ (૨) સ્તબ્ધ, નિશ્ચેષ્ટ (૩) મોહવશ, વિવેકરહિત, મોહમાં પડેલું ૦ગર્ભ પુ૦ બગડેલો ગર્ભ, જેથી ગર્ભસ્રાવ થાય કે પ્રસવમાં વિઘ્ન આવે ૦ગ્રાહ પુ૦ મૂઢતામાં પકડી રાખેલી માન્યતા. ૦તા સ્ત્રી૦. ૦મતિ વિ૦ બેવકૂફ, મૂર્ખ –ઢાગ્રહ પુ૦ [+આગ્રહ] મૂઢતાભેર રખાતો આગ્રહ; મૂઢગ્રાહ, 'ડૉગ્મેટિઝમ' –ઢાત્મા પુ૦ મૂઢ પુરુષ

મૂતર ન૦ [જુઓ મૂત્ર] પેશાબ [–કરવું=(ઢોરે) પેશાબ કરવો] ૦ગદો પુ૦ મૂતરના ભેજની મટકી ૦વું અ૦ક્રિ૦ પેશાબ કરવો [મૂતરી પડવું=બી જવું–ગભરાઈ જવું] –રાવું અ૦ક્રિ૦ 'મૂતરવું'નું ભાવે

મૂત્ર ન૦[સં] મૂતર, પેશાબ ૦કૃચ્છ્ર ન૦ પીડા સાથે પેશાબ થવાનો રોગ. ૦પરીક્ષા સ્ત્રી૦

મૂત્રની પરીક્ષા. ૦પિંડ પું૦ શુદ્ધ લોહી તથા મૂત્રને જુદા પાડનાર અવયવ; 'કિડની' ૦રોગ પું૦ પેશાબનો રોગ. ૦લ, ૦વર્ધક વિ૦ વધારે મૂત્ર કરાવે તેવું -ત્રાશય પું૦; ન૦ [+ आशय] મૂત્રને એકઠું થવા માટેનું અવયવ; ફુક્કો; 'બ્લૅડર'. -ત્રોત્સર્ગ પું૦ [+ उत्सर्ग] પેશાબ કરવો તે

મૂદઈ ન૦ [જુઓ મદઈ] શત્રુ પ્રતિપક્ષી

મૂનિયું ન૦ જુઓ મોનિયું

મૂમતી સ્ત્રી૦ [प्रा. मुहपत्ती (सं. मुखपत्री?)] જૈન યતિઓ મોં ઉપર બાંધે છે તે લૂગડાનો કકડો

મૂરકી સ્ત્રી૦ [સર૦ म. मुरकी] સ્વરોને જલદી જલદી ગાતા ઊપજતો એક અલંકાર (સંગીત)

મૂરખ વિ૦ (૨) પું૦ મૂર્ખ. [-માથે શીંગડાં =મૂર્ખતાની બાહ્ય નિશાની (ન હોય એવા અર્થમાં)] -ખાઈ(-મી) સ્ત્રી૦ મૂર્ખાઈ. -ખું વિ૦ મૂરખ [નિંગ, 'ફૂલિશ'

મૂરછી સ્ત્રી૦ [જુઓ મૂર્છા] બેશુદ્ધિ (૨) એક

મૂરઝાવું અ૦ક્રિ૦ [हिं. मुरझाना (सं मूर्च्छन)] કરમાવું; ચીમળાવું

મૂરત સ્ત્રી૦ [सं मूर्ति. સર૦ हिं.] મૂર્તિ (૫)

મૂરમ પું૦[સર૦ म. मुरूम] રસ્તામાં વપરાતા રોડા કે પથ્થરના ટુકડા

મૂર્ખ વિ૦ (૨) પું૦ [सं] અજ્ઞાન; બેવકૂફ; અક્કલહીન ૦તા, -ર્ખાઈ સ્ત્રી૦, ૦ત્વ ન૦

મૂર્છક(-ર્ચ્છ)ક વિ૦ [सं.] મૂર્છા પમાડનાર

મૂર્છ(-ચ્છ)ના સ્ત્રી૦ [सं] મૂર્છા (૨) સાત સ્વરોનો ક્રમસર આરોહઅવરોહ-થાટ (૩) રાગપ્રતિપાદક-વાદી સ્વરને તેની જોડેના સ્વર સુધી લઈ જવો તે, તેને કંપાવવો તે (સંગીત)

મૂર્છા(-ર્ચ્છા) સ્ત્રી૦[सं] બેશુદ્ધિ (-આવવી, વળવી). ૦ઈ સ્ત્રી૦ બડાઈ, મૂર્છામાં આવી છાટવું તે ૦વું અ૦ક્રિ૦ મૂર્છામાં પડવું. -ર્છાં(-ર્ચ્છાં)ગત,-ર્છિ(-ર્ચ્છિ)ત વિ૦ મૂર્છા પામેલું

મૂર્ત વિ૦[सं.] મૂર્તિમાન, સાકાર. ૦ત્વ ન૦

મૂર્તિ(-ર્ત્તિ) સ્ત્રી૦ [सं.] પ્રતિમા, આકૃતિ (દેવ-દેવીની) (૨) સાધુ (વ્યક્તિ). ૦કાર પું૦ ઘડનાર; શિલ્પી. ૦પૂજક વિ૦ મૂર્તિને પૂજનાર ૦પૂજા સ્ત્રી૦ મૂર્તિની પૂજા. ૦ભંજક વિ૦ મૂર્તિને ભાંગનાર. ૦મતી વિ૦ સ્ત્રી૦, ૦મંત, ૦માન વિ૦ શરીરવાળું; સાક્ષાત્ મૂર્ત. ૦શાસ્ત્ર ન૦ મૂર્તિઓ બનાવવાનું શાસ્ત્ર; શિલ્પ

મૂર્ધન્ય વિ૦[सं.] મૂર્ધસ્થાનથી ઉચ્ચારાતું (૨) માથાને લગતું (૩) [લા.] મુખ્ય (૪) પું૦ મૂર્ધસ્થાની વર્ણ. ૦તર વિ૦ વધારે મૂર્ધન્ય

મૂર્ધસ્થાન ન૦ [सं.] તાળવાની વચ્ચેનો ભાગ. -ની વિ૦ મૂર્ધસ્થાનનું

મૂર્ધા પું૦ [सं] માથું (૨) દાતના મૂળ અને તાળવાની વચ્ચેનો ભાગ (વ્યા.)

મૂલ(-લ્ય) ન૦[सं. मूल्य, સર૦ म , हिं. मोल] કિંમત [-બેસવું=કિંમત પડવી, ભાવ-દામ આપવાનું હોવું.]

મૂલ(-ળ) ન૦ [सं] વનસ્પતિની જડ (૨) પાયો, મંડાણ (૩) નદીનું ઉત્પત્તિસ્થાન (૪) [લા.] મૂળ કારણ (૫) ૧૯મું નક્ષત્ર (૬) રૂટ (મૂલવિધિમાં) [ગ] -લક વિ૦[सं] (બહુવ્રીહિ સમાસને અંતે) મૂળવાળું. ઉદા૦ દંતકથામૂલક. -લકારણ ન૦ મુખ્ય કારણ. -લકેન્દ્ર ન૦ 'રૅડિકલ સેન્ટર' (ગ) -લકોણ પું૦ કાટખૂણો (ગ.) ૦ગત વિ૦ મૂળમાં રહેલું ૦ગું વિ૦ (૨) અ૦ જુઓ મૂળગું. ૦ગ્રંથ પું૦ અસલ ગ્રંથ (જેનાં ભાષાંતર, ટીકા વગેરે થયાં હોય) ૦ચિહ્ન ન૦ ($\sqrt{}$) આણ સંખ્યાનું મૂળ સૂચવતું ચિહ્ન. 'રૅડિકલ સાઈન' (ગ) -લજ વિ૦ મૂળ નક્ષત્રમાં જન્મેલું ૦તત્ત્વ ન૦ પાંચ મહાભૂતોમાંનું એક (૨) કોઈ ચીજનું મૂળ-પ્રાથમિક ઘટક તત્ત્વ (૩) ન૦ બ૦ વ૦ શાસ્ત્ર કે કળાના પ્રાથમિક સિદ્ધાંતો ૦તાલ પું૦ ત્રિતાલ -લદ વિ૦ જેનું મૂળ બરાબર નીકળે એવી (રકમ), 'રૅશનલ' (ગ) ૦પુરુષ પું૦ વંશનો આદિપુરુષ (૨) કુટુંબનો મુખ્ય માણસ ૦પ્રકૃતિ સ્ત્રી૦ પ્રકૃતિ, જગતનું આદિ કારણ (સાંખ્ય) ૦પ્રત સ્ત્રી૦ છાપવાનું મૂળ લખાણ; 'પ્રેસકૉપી' ૦ભૂત વિ૦ મૂળરૂપ; મૂળનું. -લવિધિ પું૦ 'ઇવોલ્યુશન' [ગ.]. (૨) મૂળ નક્ષત્રમાં જન્મેલા બાળક તથા તેના માબાપ ઉપર કરવામાં આવતો વિધિ

**મૂલદાર** વિ૦ [મૂલ્ય+દાર] મૂલ્યવાન કીમતી

**મૂલપડી** વિ૦ પંદર (વેપારી સંકેત)

**મૂલવવું** સ૦ક્રિ૦ ['મૂલ્ય' ઉપરથી] મૂલ્ય નક્કી કરવું (૨) ખરીદવું (૩) આંકવું કદર કરવી. **મૂલવાવું** અ૦ક્રિ૦ (કર્મણિ)

**મૂલાક્ષ** પુ૦ [સં] 'રૅડિકલ એક્સિસ' (ગ)

**મૂલા(-ળા)ક્ષર** પું૦ [સં] જુઓ મૂળાક્ષર

**મૂલાજ્ઞાન** ન૦[સં] મૂળ–દેહના કારણરૂપ અજ્ઞાન

**મૂલા(-ળા)ધાર** પુ૦[સં] મૂળ આધાર(૨)ન૦ ગુદા ને ઉપસ્થની વચમાં આવેલું ચક્ર

**મૂલ્ય** ન૦[સં]મૂલ, કિંમત. ૦વાન વિ૦ કીમતી

**મૂષક, મૂષિક** પુ૦ [સં] ઉંદર **મૂષિકા** સ્ત્રી૦ ઉંદરડી

**મૂસ** સ્ત્રી૦ [સં મુષા, મુષી, પ્રા મૂસા; સર૦ મ. હિં મૂષી] ધાતુ ગાળવાની કુલડી (૨) બીબું

**મૂસળી** સ્ત્રી૦ [સં મુસલ?, સર૦ મ મુસળી; હિં મૂસલી] ઔષધિ–વસાણાના કામનું એક મૂળ (૨) પરાઈ

**મૂસા** પુ૦ [અ] (સં) યહૂદી ધર્મનો પ્રવર્તક [**મૂસાભાઈ ને વા પાણી** = પોતાને ભાગ કશું ખરચ નહીં કે કશી મિલકત નહીં]

**મૂળ** વિ૦ [જુઓ મૂલ] અસલ પહેલાનું; મૂળભૂત (૨) ન૦ જુઓ મૂલ [સં] [**–ઊખડી જવાં** = (વૃક્ષ) નિર્મૂળ થવું (૨) અસર કે અવશેષ ન રહે તેમ ખતમ થવું **–ઊંડાં હોવાં** = મૂળ મજબૂત હોવાં (૨) મૂળ કારણ લાંબી મુદતનાં કે કળી ન શકાય તેવાં ગહન હોવાં (૩) પારખી ન શકાય તેવું યુક્તિબાજ કે ગૂઢ હોવું **–કાપવું** = જડ કાઢવી; સમૂળો નાશ કરવો. **–ઘાલવું, નાખવું** = મૂળ ફૂટવાં અને જમીનમાં ચોંટવાં(૨)કાયમ થવું અચળ થવું **મૂળમાં, મૂળે** = પહેલું, અસલ (૨) મહાણમાં, શરૂઆતમાં **–શોધવું** = ઉત્પત્તિસ્થાન કે આદિકારણ શોધવું] **૦કારણ, ૦ગત** જુઓ 'મૂલ'માં **૦ગું** વિ૦ (૨) અ૦ મૂળ, અસલ (૩) તમામ, બધું **૦ગેથું** અ૦+મૂળથી **૦ગ્રંથ, ૦તત્ત્વ, ૦તાલ, ૦પુરુષ, ૦પ્રકૃતિ, ૦પ્રત, ૦ભૂત** જુઓ 'મૂલ' માં. **–ળાક્ષર** પું૦ [+અક્ષર] વર્ણમાળાના મૂળ અક્ષરો. **–ળાદિયું, –ળાડું** ન૦ મૂળ. **–ળાધાર** જુઓ મૂલાધાર. **–ળિયું** ન૦ મૂળ, જડ **–ળી** સ્ત્રી૦ મૂળના ઝીણા ઝીણા ફણગા (૨) [પ] મૂળ [**–સૂંઘાડવી** = જડીબુટ્ટી સુંઘાડવી, જાદુ કરવું (૨) વશ કરવું જમાઈને પોતા તરફી કરવું] **–ળીદંડા** પું૦બ૦વ૦ ગિલ્લીદંડાની રમત **–ળો** પુ૦ શાકમાં વપરાતું એક મૂળ [**મૂળાના ચોરને મુશકાનો માર** = ગુનાના પ્રમાણમાં વધારે-પડતી સજા **મૂળાના પતીકા જેવા** = નગદ; કલદાર (રૂપિયા) **મૂળાનાં પાણી હોવું** = દમ–શૌર્ય કે ગુસ્સા વિનાનું હોવું **મૂળામાં મીઠું ને કેળામાં ખાંડ** = દરેક વસ્તુ પોત-પોતાને સ્થાને શોભે **ધોયેલા મૂળા જેવું** = કોરુંકટ – જેવું હતું તેવું (ખાલી કે સિદ્ધિ વિનાનું) (૨) શરમથી ફીકું પડી ગયેલું]

**મૂઆસાડી** સ્ત્રી૦ જુઓ મુગાસાડી

**મૂંગું** વિ૦ જુઓ મૂગું

**મૂજી** વિ૦ જુઓ મૂજી

**મૂંઝડો** પું૦ [સર૦ મ મુંજી] મોઢે કાળા અને શરીરે પીળા વાળવાળો વાછડો

**મૂંઝવણ(–ણી)** સ્ત્રી૦ [જુઓ મુઝાવું] અકળામણ, ગભરામણ વ્યગ્રતા, ઉચાટ **–વું** સ૦ક્રિ૦ મૂંઝવણ કરવી, મૂંઝાવવું

**મૂંઝારી, –રો** જુઓ 'મુઝારી'માં [(પ્રેરક)

**મૂંઝાવું** અ૦ક્રિ૦ જુઓ મુંઝાવું **–વવું** સ૦ક્રિ૦

**મૂંડકા(–કી)** સ્ત્રી૦ ['મૂંડવું' ઉપરથી]બોડી સ્ત્રી.

**મૂંડકી** સ્ત્રી૦ [સં મુંડક] (કા) ઘોડા કે ઊંટના પલાણના કાઠાના આગલા ભાગનું માથું (૨) જુઓ મૂંડકા

**મૂંડણ** ન૦ જુઓ મુંડન

**મૂંડવું** સ૦ક્રિ૦ [સં મુંડ્] મુંડન કરવું, બોડવું (૨) [લા] છેતરવું, ધૂતવું (૩) ચેલો બનાવવો. **મૂંડામણ** ન૦મૂંડવાનું મહેનતાણું **મૂંડાવવું** સ૦ક્રિ૦ (પ્રેરક). **મૂંડાવું** અ૦ક્રિ૦ (કર્મણિ)

**મૂંડિયો** પું૦ મુંડી; સંન્યાસી

**મૂંડી** સ્ત્રી૦ ['મૂંડવું' ઉપરથી] મૂંડકી, બોડી સ્ત્રી (૨) [સં મુંડ ઉપરથી] માથું; જણ [**–હલાવવી** = ન કહેવું **નીચી મૂંડીએ**

મેનો (મે) પું૦ જુઓ મ્યાનો

મેન્ડેટ પું૦[ઇં] હકૂમત ચલાવવાના કે અમુક કાર્ય કરવાના અધિકારની સોંપણ

મેમણ (મે) પુ૦ [અ. मोमिन?] એક મુસલમાન જાતનો માણસ

મેમનો પું૦ નાનું એક ઘેટું

મેમોરિયલ ન૦[ઇં] યાદગીરી માટેનું તે માટે ઊભું કરેલું બાવલું વગેરે, સ્મારક (૩) સરકારને કારણો વગેરે સાથે કરેલી અરજી

મેમ્બર પું૦ [ઇં] સભાસદ, સભ્ય

મેયર પુ૦ [ઇં] મોટા નગરની ખાસ અલગ કાયદાથી રચાતી (કૉર્પોરેશન) સુધરાઈનો પ્રમુખ

મેર પુ૦ [સં मेरु, સર૦ हिं, म. मेरु]માળાનો ગરઆતનો મોટો મણકો(૨) શિરોમણિ, મુગટ (૩) જેના ઉપર ચલમ રહે છે તે હુક્કાનો ડોયો (૪)[સં.] (પ.) મેરુ પર્વત (૫) તાંબાનું એક મોટું વાસણ (૬) [?] એક છોડ (૭) સોરઠમાં વસતી એક જાતિ

મેર સ્ત્રી૦ બાજુ; દિશા (૨)(મે)['મરવું ઉપરથી] (ચ.) મર'

મેરમેરા(-રૈ)યું ન૦['મેરુ' ઉપરથી] દિવાળીમાં છોકરા ઊભાડિયા જેવો, હાથમાં ઝાલવાના ડોયાવાળો દીવો કરે છે તે

મેરાઈ પુ૦ દરજી

મેરા(-રિ,-રૈ)યું ન૦ જુઓ મેરમેરાયું

મેરી સ્ત્રી૦[हिं. मेहरी;સર૦ दे. मेहरी=ગાનારી સ્ત્રી] નારી, સ્ત્રી

મેરુ પું૦[સં] (સં.) એક પર્વત (સોનાનો),જેને આધારે પૃથ્વી રહે છે તથા ગ્રહો વગેરે જેની આસપાસ ફરે છે એમ મનાય છે (૨) મિત્ર, સોબતી (૩) તાંબાનું એક મોટું વાસણ (૪) હુક્કાનો મેર (૫) માળાનો મેર ૦દંડ પુ૦કરોડ

મેરૈયું ન૦ જુઓ મેરાયું

મેલ(-ળ) પું૦[સં]મિલન,મેળાપ (૨)[સર૦ म] જુઓ ઘાટ (સંગીત)

મેલ પુ૦; સ્ત્રી૦ [ઇં],૦ગાડી સ્ત્રી૦ ડાકગાડી, ટપાલ લઈને જતી ઝડપી ટ્રેન

મેલ (મે) પુ૦ ['મેલું' ઉપરથી] કચરો, ગંદકી, મેલું તે. [-કાઢવો=શુદ્ધ કરવું -કાપવો =મેલ દૂર કરવો-ઉખેડી નાખવો. -મૂકવો (અંતરનો, મનનો) કપટ ન રાખવું (કપટ રાખ્યા વિના ખુલ્લું કહેવું) ]૦ખાઉ વિ૦ મેલ ડાળી શકે એવી જાતનું. ૦ડી સ્ત્રી૦ ગહાળ ભૂતડી (૨) એક દેવી. [-મૂકવી=મારવા કે હેરાન કરવા મંત્રથી મેલડી દેવતા શત્રુને વળગાડવી ] ૦પણુ ન૦ મેલાપણું

મેલન ન૦[સં.] મિલન, એકત્ર થવું તે

મેલવું (મે')સ૦ ક્રિ૦ [પ્રા मिल्ल (સં मुच्)] મૂકવું -ણુ ન૦ મેલવું તે

મેલાણુ (મે )ન૦['મેલવું' ઉપરથી]મુકામ, પડાવ (૨) છુટકારો, મુક્તિ (૩) ડગલું, કદમ [-થવું =(ગ્રહણમાંથી) છુટકારો થવો, છૂટવું ]

મેલાવું (મે')અ૦ક્રિ૦,,-વવું સ૦ક્રિ૦ 'મેલવું'નું કર્મણિ ને પ્રેરક

મેલી (મે) સ્ત્રી૦ ['મેલું' ઉપરથી] ઓર, જગ્યું. ૦વિદ્યા સ્ત્રી૦ મારણ,મરણ કે ભૂતપલીત વશ કરવાની વિદ્યા

મેલું (મે) વિ૦ [પ્રા. मइल (સં मलिन)] ગંદુ (૨) કપટી (૩) ન૦ મળમૂત્રાદિ (૪) ભૂતપ્રેત વગેરે. [-ઉપાડવું, વાળવું=મળમૂત્રાદિ ઉપાડી લઈ જવું-નાખી આવવું -વળગવું =ભૂતપ્રેતાદિ વળગવું.]

મેલો(-ળો) પું૦ [સં. मेल] મેળાપ

મેવલો,-લિયો પુ૦ [જુઓ મેહુલો] વરસાદ (૨) મેઘસ્તુતિનું ગીત

મેવાડી સ્ત્રી૦[પ્રા मेवाड, मेअवाडय (સ मेदपाटक)= મેવાડ દેશ ઉપરથી] રાજસ્થાનની એક પ્રાંતિક બોલી (૨) વિ૦ મેવાડનું, -તે સંબંધી. -ડો પુ૦ મેવાડથી આવીને વસેલો (બ્રાહ્મણ, વાણિયો કે સુતાર) (૨) એક રાગ

મેવાત(-સ) પું૦ [સં महीवास]ચોરલૂંટારાના વસવાટવાળો જંગલી પ્રદેશ (૨) મહીકાંઠાનો પ્રદેશ. -તી(-સી) વિ૦ મેવાસનું

મેવાળો પુ૦ ['મેળાવો' ઉપરથી] સાથે મળવું કે મેળવવું, એકઠું થવું - કરવું તે

મેવો પુ૦ [फा.] લીલા કે સૂકા ફળ

મેશ(-સ) (મે) સ્ત્રી૦ [સં. मषी(-सि)] કાજળ. [-આંજવી, ઘાલવી, ચોપડવી, સારવી

=(આંખમાં) કાજળ ચોપડવું–ભરવું.-ઘસવી (મોઢે)=અપજશ લેવો, ભૂંડું કરવું -નો 'ચાંલ્લો=અપકીર્તિ'] [જાતનું

**મેશરી** વિ૦ [હિં. माहेश्वरी] વાણિયાની એક

**મેશી** વિ૦ [સર૦ મ मेशी=આળસુ] કંજૂસ

**મેષ** પું૦ [સં] ઘેટો (૨) પહેલી રાશિ. ૦પાલ (-ળ) પું૦ ભરવાડ [પલકારો

**મેષોન્મેષ** પું૦ [સં] આંખ પટપટાવવી તે,

**મેસ** (મે) સ્ત્રી૦ જુઓ મેશ

**મેસૂર** (મે) પું૦ [પ્રા मिस्साकूर?] એક મીઠાઈ

**મેસ્મેરિઝમ** ન૦ [इं] પોતાના સંકલ્પબળથી સામાનામાં ઊભી કરાતી નિદ્રા જેવી સ્થિતિ (૨) એ સ્થિતિ ઊભી કરવાની શક્તિ (૩) એ સ્થિતિ, તેના કાયદા વગેરેનું વિજ્ઞાન

**મેહ** પું૦ [પ્રા. (સં. मेघ), સર૦ हिं] વરસાદ [**માગ્યા મેહ વરસવા**=જોઈએ તે પ્રમાણે વરસાદ પડવો; રામરાજ્ય પ્રવર્તવું.]

**મેહ(-હુ)લો** પું૦ [જુઓ મેહ] વરસાદ, મેવલો

**મેળ** પું૦ [સં. मेल, સર૦ म.] રોજનો આવક ખરચનો હિસાબ (૨) હિસાબ, લેણું. ઉદા૦ અત્યારે ત્યાં જવાનો શો મેળ છે? (૩)મળતાપણું, બંધબેસતું હોવું તે (૪) બનાવ, સંપ (૫) એકઠા થવું તે(૬)મેલ, થાટ(૭)સગવડ, સંજોગ ઉદા૦ હમણાં મને ત્યાં આવવાનો મેળ નથી. [**-આવવો**=એકમન થવું સંપ થવો (૨) બંધબેસતું આવવું(૩)જોગ મળવો **-કરવો**= સંપ કરવો, સમાધાન કરવું. **-કાઢવો, મેળવવો, બેસાડવો**=હિસાબના ટાળિયા મેળવવા, જમે ઉધાર સરખું કરવું (૨) સિલક કાઢવી(૩)બંધબેસતું કરવું **-ખાવો, બેસવો** =એકરસ થવું,મળતે મળતું આવવું,ભળી જવું (૨)જોગ ખાવો, મળવું(૩)બંધબેસતું આવવું **-થવો**=સંપ થવો; બનાવ થવો, બનતી રાશ આવવી **-બેસવો, મળવો**=હિસાબ મળવો, સિલક મળવી (૨) બનતી રાશ આવવી. **-રાખવો**=બનાવ-સંપ-સદ્ભાવ રાખવો **-રહેવો**=બનાવ રહેવો, બનતી રાશ રહેવી **-લાવવો**=જોગ ખવરાવવો, બંધબેસતું કરવું (૨) સમાધાન કરાવવું]

**મેળવણ** ન૦ ['મેળવવું' પરથી] મિશ્રણ (૨) અખરામણ [**-કરવું**=મિશ્રણ કરવું **-નાખવું**=અખરામણ ઉમેરવું] **-ણી** સ્ત્રી૦ મેળવવું-ઉમેરવું તે (૨) મેળવવાની ચીજ; ઉમેરણ (૩) તુલના, મુકાબલો. **-ણું** ન૦ મેળવણી માટે નાખવાની ચીજ (જેમ કે, દાળમાં અમુક શાક). **-વું** સ૦ક્રિ૦ ['મેળ' પરથી]એકઠું કરવું, મિશ્ર કરવું (૨) પ્રાપ્ત કરવું (૩) સરખાવી જોવું (૪) આખરવું (૫) વાદ્યને સૂરમાં આણવું-તેના તાર વગેરે બરાબર ગોઠવવા

**મેળા** સ્ત્રી૦ [જુઓ મહિલા] સ્ત્રી

**મેળાપ** પું૦ [પ્રા. मेलाव (સં मेल), સર૦ म] મળવું-એકઠા થવું તે, સમાગમ (૨) [લા.] સદ્ભાવ, બનાવ (**-થવો**) **-પી** પું૦ એકંદર ઊઠકવાળો માણસ મિત્ર **-વડો** પું૦ જમાવડો ટોળું (૨) સભા,મિજલસ; પરિષદ (**-કરવો, ભરવો**) **-વો** પું૦ [સર૦ म] મેળાવડો (૨) મેળાપ, મુલાકાત [રાજીખુશીથી

**મેળે** (મે)અ૦[સર૦મેને] જાતે,પોતે(૨)પોતાની

**મેળો** પું૦ [સં मेलक, પ્રા मेलय, દે मेली, हिं. मेला, म मेळा] મેળાપ; ભેટો (૨) ઘણાં માણસનું એકઠા થવું તે (ઉત્સવ, યાત્રા વગેરે નિમિત્તે) [**-ભરવો**=(લા.) ઘણાં માણસ એકઠાં કરવાં **-ભરાવો**=ઘણા માણસો ઉત્સવ -યાત્રા નિમિત્તે એકઠા થવા **-માગવો**= વધ્યું ઘટ્યું ખાવાનું ઉઘરાવવું (ગામડાંમાં ભંગીઓ મેળો માગે છે)]

**મેં** (મેં) સ૦[સં मया; પ્રા मि, मे (બ૦વ૦ अम्हे)] 'હું'નું ત્રીજી વિભક્તિનું એકવચન(૨) [સં स्मिन्, પ્રા सि, म्मि, સર૦ हिं. में]+માં

**મેંડક** (મેં૦) પું૦ [જુઓ મેડક] દેડકો **-કી** સ્ત્રી૦ દેડકી

**મેંઢી** (મેં૦) સ્ત્રી૦ [પ્રા (સં मेंढ=ઘેટો), સર૦ म] ઘેટી. **-ઢું** ન૦ ઘેટું **-ઢો** પું૦ ઘેટો

**મેંદાલકડી** (મેં૦) સ્ત્રી૦ [સર૦ हिं, म. मैदालकडी] એક ઔષધિ

**મેંદી** (મેં૦) સ્ત્રી૦ [જુઓ મેદી] એક વનસ્પતિ

**મેંદો** (મેં૦) પું૦ જુઓ મેદો

**મૈત્રી** સ્ત્રી૦ [સં.] ભાઈબંધી. [**–જામવી**=સારી પેઠે દોસ્તી થવી]

**મૈથડ** ન૦ ઊંટનું ટોળું

**મૈથિલી** સ્ત્રી૦[સં.] (સં.) સીતા (૨) બિહારના (દરભંગા પાસેના) એક ભાગની બોલી

**મૈથુન** ન૦[સં] નરમાદાનો સંભોગ. **–ની** વિ૦ મૈથુનથી ઉત્પન્ન થયેલું (૨) મૈથુન સંબંધી

**મૈનાક** પું૦[સં.] (સં.) એક પૌરાણિક પર્વત

**મૈયત** સ્ત્રી૦ [અ] મરણ (૨) મોકાણ (૩) વિ૦ મરણ પામેલું. ૦ખર્ચ(–રચ) પું૦; ન૦ મરનાર પાછળ કરાતું ખર્ચ

**મૈયા** સ્ત્રી૦ [હિં] માતા [આબરૂદાર

**મોઅજિમ** પું૦ [અ. मुअज्जम] પ્રતિષ્ઠિત;

**મોઈ** સ્ત્રી૦ મોઈદંડાની રમતમાં નાનો લાકડાનો કકડો. ૦દંડા પું૦બ૦વ૦ મોઈ અને દંડા વડે રમવાની રમત ૦લું ન૦ એ આકારનો કોઈ પણ કકડો

**મોઈ** વિ૦સ્ત્રી૦ જુઓ મૂઈ (૨) ભલે ફિકર નહીં એવા અર્થમાં સ્ત્રીલિંગી શબ્દો સાથે. ઉદા૦ મોઈ, પડી ગઈ તો!

**મોકમ** (મો) વિ૦ [અ. मुह्कम, સર૦ મ मोहकम, હિં मुहकम] + મોહકમ; સખત

**મોકલવું** સ૦ક્રિ૦ [દે. मोकल्ल] રવાના કરવું. જવા કહેવું (૨) પહોંચાડવું

**મોકલામણી** સ્ત્રી૦ ['મોકલાવવું' ઉપરથી] મોકલવાની ક્રિયા કે મહેનતાણું

**મોકલાવવું** સ૦ક્રિ૦ 'મોકલવું'નું પ્રેરક

**મોકળું** (મો) વિ૦[દ. मुक्कल (प्रा. मुक्क, सं. मुक्त); સર૦ હિં मोकला; म. मोकळा] મોકળાશવાળું (૨) ખુલ્લું (૩) [લા.] નિખાલસ (૪) ઉદાર. [**–મહાલવું**=છૂટથી હરવું ફરવું (૨) સગાસંબંધીથી છૂટા પડી સ્વચ્છંદે ફરવું **–મૂકવું**=મોઢેથી રડવું] **–ળાશ(–શ)** સ્ત્રી૦ જગાની છૂટ. ખુલ્લું હોવું તે

**મોકાણ** (મો‘ણ,) સ્ત્રી૦ [दे मुह + विक्कोणो = મો મરડવું તે, અથવા મૂઉં + કાણ] મરણના સમાચાર (૨) મરનાર પાછળ શોક કરવા ભેગું થવું તે (૩) [લા.] પીડા, આફત [**–ના સમાચાર**=માઠા સમાચાર **–માંડવી**=મરણ પાછળ શોક કરવા બૈરાંએ ભેગા થવું (૨) ભારે નુકસાન થયું કે થવું હોય એવી હાલત કરવી (૩) એક ક્રોધોદ્‌ગાર]

**મોકાસદાર** પું૦ [फा. मुकास्दार, સર૦ म.] રસ્તે જનારા પાસેથી લેવાનો કર વસૂલ કરનાર

**મોકૂફ** વિ૦ [अ] બંધ પાડેલું; રહેવા દીધેલું; મુલતવી (–રહેવું, રાખવું). **–ફી** સ્ત્રી૦ મોકૂફ રાખવું તે

**મોકો** પું૦ [अ.] પ્રસંગ; લાગ (**–આવવો, જોવો, મળવો, સાધવો**)

**મોક્ષ** પું૦ [સં] મુક્તિ, છુટકારો [**–આપવો**=મુક્તિ આપવી (૨) જિંદગી બચાવવી (૩) મારી નાખવું **–થવો, –મળવો**=મુક્તિ મળવી (૨) મરી જવું; સ્વધામ પહોંચવું **–દેવો**=જુઓ મોક્ષ આપવો **–પામવું**=મુક્તિ મળવી (૨) મરી જવું **મોક્ષે જવું**=મરી જવું] ૦કાલ(–ળ) પું૦ (ગ્રહણ) છૂટવાનો સમય ૦દા **એકાદશી** સ્ત્રી૦ માગસર સુદ ૧૧ ૦દ્વાર ન૦ મોક્ષનું દ્વાર ૦પદ ન૦ મુક્તિ, મોક્ષ ૦પુરી સ્ત્રી૦ મોક્ષ આપનારી નગરી. **–ક્ષાર્થી** પું૦ (૨) વિ૦ [+ अर्थी] મુમુક્ષુ

**મોખ** પું૦[જુઓ મોકો] પ્રસંગ, લાગ (૨) સારો મોખરો; વિશિષ્ટ સ્થાન ઉદા૦ ઘરના પૈસા નથી, મોખના પૈસા છે. ઘર સારા મોખમાં આવેલું છે (૩) વેંત; અનુકૂળતા, ગોઠવણ ઉદા૦ હમણાં મોખ નથી, મોખ આવશે ત્યારે પૈસા આપીશ [**–આવવો**=અનુકૂળતા મળવી; લાગ હોવો; પ્રસંગ મેળવવો **–ધારવો**=ક્રમે વળગાડવું; ઠેકાણે પાડવું (૨) સગવડ કરવી. **–માં ફરવું**=લાગમાં કે વેંતમાં ફરવું **–સાધવો**=તકનો લાભ ઉઠાવવો (૨) લાગ શોધવો.]

**મોખ** પું૦ [સર૦ म. मोखा] તંબૂનો વાંસ

**મોખરો** (મો) પું૦[સં मुख ઉપરથી] આગળનો ભાગ, બહાર પડતો ભાગ [**મોખરે કરવું**=આગળ કરવું–ધરવું (૨) આગેવાન કરવું **મોખરે ધરવું**=આગળ કરવું **મોખરે જવું**=આગળ જવું–ચાલવું (૨) આગેવાની લેવી. **મોખરે બેસવું**=આગળની જગાએ બેસવું

(૨) માનયોગ્ય ગણાવું. **મોખરો તોડવો, બાગવો**=સફળતાપૂર્વક પહેલ કરવી; બહાદુરીપૂર્વક સામનો કરવો. **-સાચવવો** બહાદુરીપૂર્વક મોખરે લડવાનું કામ સંભાળવું ]

**મોખા** પું૦ બ૦વ૦ [सं. मुख, સર૦हिं. मोखा =બાકું; જાળી] જુઓ માગ

**મોગ** પું૦, સ્ત્રી૦ [સર૦ म. मोग=કૂણગો, અંકુર] બન્ને લમણા ઉપરની લટો (૨) પું૦ [सं. मुद्ग] મગ

**મોગર** વિ૦ ['મોગરી' (ખાંડવાની) ઉપરથી ?] છોડાં કાઢી નાખેલી (દાળ)

**મોગરી** સ્ત્રી૦ [સર૦ म. मोग=કૂણગો] એક જાતનું શાક (૨) [सं. मुद्गर, प्रा. मोग्गर] હથોડી જેવું લાકડાનું ખાંડવાનું કે ઘટ વગાડવાનું ઓજાર [મોગરાનું તેલ

**મોગરેલ** ન૦ [મોગરો+તેલ પરથી, સર૦ म]

**મોગરો** પું૦ [प्रा. मोग्गर (सं मुद्गर) સર૦ हिं, म. मोगरा]એક ફૂલઝાડ(૨)મોટી મોગરી – હથોડી (૩) નાના ઘૂમટ કે શિખર જેવો આકાર; કાગરો (૪) એક ઘરેણું (૫) દીવાની વાટનો ઉપરનો બળી ગયેલો છેડો (૬) [જુઓ મોગરી] એક શાક

**મોગ(-ઘ)લ** વિ૦ (૨) પું૦ [જુઓ મુગલ, તુ. मुग्गल] મોગોલિયાના મુસલમાનની એક જાત; મુગલ **-લાઈ,-લાણી** જુઓ મુગલાઈ,-ણી

**મોઘ** વિ૦ [सं] નકામું, વ્યર્થ; નિષ્ફળ

**મોઘમ** (મો) વિ૦ (૨) અ૦ [अ मुब्हम ? સર૦ हिं मुघम, म] સામાન્ય, અસ્પષ્ટ, અનિશ્ચિત

**મોઘલ,-લાઈ,-લાણી** જુઓ 'મોગલ'માં

**મોઘું** (મો)વિ૦[सं महार्घ, प्रा महग्घ, સર૦ हिं महँगा] મોંઘું, કીમતી; વધારે કિંમત પડે તેવું (૨) [લા ] અતિપ્રિય (૩) દુર્લભ (૪) આદરમાનને પાત્ર (૫) ખાસ માન કે લાડ યા પ્રેમ ચાહતું, મનાવવું પડે એવું [**-સોંઘું કરવું**=માન આપવું, મનાવવું **-સોંઘું થવું** =માન માગવું.]**-ઘવારી** સ્ત્રી૦ જુઓ મોંઘાઈ (૨) મોંઘવારીને કારણે પગાર કે રોજીમાં મળતું વિશેષ ભથ્થું. **-ઘાઈ, -ઘારત** સ્ત્રી૦ મોંઘું હોવું કે મળવું તે. [**મોંઘાઈ કરવી** =જુઓ મોંઘુંસોંઘું કરવું **મોંઘાઈમાં રહેવું** =માન માગવું.] **૦દા (-ડા)ટ** વિ૦ અતિશય મોંઘું **-ઘેરું** વિ૦ (લાલિત્યવાચક) મોંઘું

**મોચક** વિ૦ [सं.]મુક્ત કરનાર **-ન** ન૦ મુક્ત કરવું તે (૨) પનરાજી, ખાલી ભપકો, દંભ (૩) વિ૦ મોચક (પ્રાય૦ સમાસમાં અંતે આવતાં)

**મોચણ** સ્ત્રી૦ [જુઓ મોચી] મોચીની સ્ત્રી

**મોચમ** પું૦ [सं मुच् ઉપરથી] ખેતરમાં ખેડ્યા વગર બાકી રહેલી જગ્યા

**મોચરસ** પું૦ [सं ]એક ઝાડનો ગુંદર

**મોચવવું** સ૦ ક્રિ૦ [प्रा. मोच (सं मोचय्) =છોડાવવું] કરમોડાય કે અંબળાઈ જાય તેમ કરવું [(૨) ટાળવું, દૂર કરવું

**મોચવું** સ૦ક્રિ૦ [सं मुच्] છોડવું, મુક્ત કરવું

**મોચી** પું૦ [दे मोच=એક પ્રકારનું પગરખું, સર૦ सं मोचन=ચામડું ઉતારવું] પગરખાં સીવવાનો ધંધો કરનાર

**મોજ** (મો) સ્ત્રી૦ [अ.] આનંદ (૨) મરજી. [**-માણવી, મારવી**=લહેર કરવી **-પડવી** =મજા પડવી (૨) મરજી થવી **-માં આવે તેમ**=મરજી પડે તેમ ]

**મોજડી** સ્ત્રી૦[दे मोच=એક પ્રકારનું પગરખું] નાજુક કે કસબી પગરખું. **-ડું** ન૦ પગરખું

**મોજણી** સ્ત્રી૦ [म ] માપણી (જમીનની). **૦દાર** પું૦ તે કરનાર [સુખચેન

**મોજમજા** (મો) સ્ત્રી૦[મોજ+મજા] આનંદ;

**મોજવું** સ૦ક્રિ૦ [म. मोजणें] માપવું(૨)જાણવું; સમજવું [વિલાસ

**મોજશોખ** (મો) પું૦ [મોજ+શોખ] ભોગ-

**મોજાબંધ** પું૦ [મોજું+બાંધવું] મોજાંને બાંધવાનું સાધન

**મોજી** (મો) [फा ], **૦લું** વિ૦ આનંદી, લહેરી (૨) વિલાસી (૩) મનસ્વી

**મોજું** ન૦ [अ. मौज] પાણીનો તરંગ(૨)[फा ] હાથપગનું ગૂંથેલું ઢાંકણ

**મોજૂદ** વિ૦ [अ ] હયાત, હાજર, તૈયાર

**મોજે** (મો) અ૦ [अ मौज़] (અમુક) મુકામે, સ્થાને, ગામે. ઉદા૦ મોજે કડોદ [બનાવ

**મોજેજો** પું૦[अ मुअजिज़ह]ચમત્કાર, અદ્ભુત

**મોજો** પું૦ [फा.] જુઓ મોજું
**મોજો** પું૦ ['મોજું' ઉપરથી ?] રેલમાં તણાઈ આવેલો કાપ (૨) [જુઓ મોજે] વાટો; જમીનનો ટુકડો
**મોઝાર** અ૦ [दे. मज्झझार] (૫) માં, મધ્યે
**મોઝિન** (મો) પું૦ [अ. मुवज्जिन] મસીદમાં બાંગ પોકારનાર
**મોટ** સ્ત્રી૦ [સર૦ हिं., म ] પોટલું; ગાસડી
**મોટપ,-મ** સ્ત્રી૦ [दे. मुट्टिम, સર૦ हिं मोटापा] મોટાપણું, પ્રતિષ્ઠા, આબરૂ **-પણું** ન૦ મોટાઈ (૨) મોટી ઉમ્મર **-મોટું** વિ૦ મોટું મોટું
**મોટર** સ્ત્રી૦ [इं ] વીજળી વગેરેના બળથી જાતે ફરનારું યંત્ર,જે પછી બીજા સંચાકામને ચલાવે છે (૨) મોટરગાડી. **૦ગાડી** સ્ત્રી૦ પેટ્રોલ વગેરેથી ચાલતી ગાડી–એક યાન્ત્રિક વાહન **૦બસ** સ્ત્રી૦ [इं ] જુઓ બસ **૦સાઇકલ** સ્ત્રી૦ [इं.] પેટ્રોલથી ચાલતી સાઇકલ, ફટફટી
**મોટલિયો** પુ૦ ['મોટલી' ઉપરથી સર૦ म मोटगार; हिं. मोटिया] વૈતરો; મોટિયો
**મોટલી** સ્ત્રી૦, **-લું** ન૦ ['મોટ' ઉપરથી] + અનાજ ભરવાનો કોથળો (૨) પોટલું
**મોટવડાઈ** (મો') સ્ત્રી૦ [મોટું + વડાઈ] + મોટાઓ પ્રત્યેનું માન
**મોટવવું** (મો') સ૦ક૦ ['મોટું' પરથી] મોટું કરવું. **-વણી** સ્ત્રી૦ મોટું કરવું તે
**મોટાઈ,-શ** (મો') સ્ત્રી૦ ['મોટું' પરથી; સર૦ हिं., म मोटाई] જુઓ મોટપ. **૦ખોર** વિ૦ મોટાઈ મેળવવા કે દાખવવાની આદતવાળું
**મોટાભા** (મો')પુ૦ બ૦ વ૦ [ મોટું + ભાઈ ] આગળપડતી માનપાત્ર વ્યક્તિ [**-કરવું**= પંચાતિયાનું કે આગળપડતો ભાગ ભજવવાનું માન કે સ્થાન આપવું **-થવું**=પંચાતિયા થવું (૨) શાબાશી મેળવવા આગળ પડીને કામ કરવું ] [મોટલું
**મોટિયું** ન૦ ['મોટ' ઉપરથી] અનાજનો થેલો,
**મોટિયાર** (મો') પું૦ [ 'મોટું' પરથી ] મોટો કે જુવાન છોકરો [ વૈતરો; મોટલિયો
**મોટિયો** પું૦ ['મોટ' પરથી] ભાર ઊંચકનારો;
**મોટું** (મો') વિ૦[सं. महत्, સર૦ हिं., म. मोटा] નાનાથી ઊલટું (૨) [લા ] ઉદાર, સખી (૩) પ્રતિષ્ઠિત, આબરૂદાર (૪) મુખ્ય; અગત્યનું. ઉદા૦ મોટી મોટી બાબત [**મોટા લોક**= ધનવાન–આબરૂદાર માણસ. **મોટાં જોટાં** =ઉંમર લાયક; વયે પહોંચેલ **મોટી ખાટનો માંકડ**=મોટાને આશરે રહેનારો –તે કારણે મગરૂરી દાખવતો માણસ. **મોટું કપાળ** = ભાગ્યશાળીનું કપાળ. **-કરવું**=ઉછેરવું (૨) મહત્તા આપવી, માન આપવું **-પેટ**=ક્ષમાશીલ કે સહનશીલ સ્વભાવ (૨) ગુપ્ત વાત સાચવી જાણે તેવો સ્વભાવ (૩) લાલચુ સ્વભાવ **-મન**=ઉદારતા; દરગુજર કરે એવું કે પરોપકારી મન. **-માથું** =કરતુંકારવતું કે વડીલ માણસ **-મોં**=લાલચુ કે ખાઉધરો સ્વભાવ (૨) રિસાઈને ચડેલું મોં. **મોટે પાટલે બેસાડવું**=વધારે માન આપવું; વખાણ કરવા, ફુલાવવું. **મોટે પાટલે બેસવું** =માન માગવું, કાલાવાલા કરાવવા.] **-ટેથી** અ૦ મોટે અવાજે. **-ટેરું** વિ૦ મોટું,વડીલ. **-ટો પૈસો** પુ૦ દોઢ પૈસો
**મોઠી** (મો) સ્ત્રી૦ ભોજન (૨) [લા ] નિર્વાહ (સુ ) [**-મારવી**=ખાવું, જમવું ]**૦પાણી**= ખાણીપીણી **૦દાસ** પું૦ ખાવાપીવાનો શોખી
**મોડ** (મો) પુ૦ [प्रा. मउड (सं मुकुट)] લગ્ન વગેરે શુભ પ્રસંગે સ્ત્રીને માથે મુકાતો સુથાડિયાની સળીઓ વગેરેનો એક ઘાટ (૨) [લા.] જોખમદારી,ભાર(૩)['મોડું' ઉપરથી]વિલંબ. [**-મૂકવો**=જવાબદારીનો ભાર ઉઠાવવો.]
**મોડ** પુ૦ [જુઓ મોડવું] વળાંક (રસ્તા ઇ૦નો) (૨) મરડાટ, ગર્વ (૩) જીદ, ટેક (૪) હાવભાવ; નખરા (૫) ઢબ, મરોડ, ઇમારત (૬) ખેતરમાં ભાગી પડેલા કણસલા
**મોડછી** સ્ત્રી૦ [જુઓ મૂરછી] કોલેરા
**મોડબંધો** (મો) વિ૦ [મોડ + બાંધવું] મોડ બાંધનાર, બહાદુર (૨) પુ૦ વરરાજા
**મોડવું** સ૦ક્રિ૦ [प्रा मोड (सं मोटय्), સર૦ हिं. मोडना, म मोडणें] મરડવું; મરડી–તોડી નાખવું

**મોડામોડ** અ૦ [જુઓ મોડ] વરણાગીમા-મરડાતું હોય એમ

**મોડી** સ્ત્રી૦ ['મોડવું' ઉપરથી] મરાઠી ભાષાની હાથે લખવામા વપરાતી લિપિ

**મોડું** (મો) વિ૦ ['મોડવું' પરથી? સર૦ મ મોડા] મુકરર વખત પછીનું; અસૂર (૨) ન૦ વેળા વહી જવી તે (૩) ઢીલ, કાળક્ષેપ

**મોઢ** પુ૦ [પ્રા] (મોઢેરાનો રહીશ) બ્રાહ્મણ, વાણિયા, સુતાર તથા ઘાંચીમાં એ નામની પેટા ન્યાતનો માણસ

**મોઢવુ** ન૦ છાણા કે ઘાસનો ઢગલો

**મોઢામોઢ** (મો) અ૦ ['મોઢુ' ઉપરથી] રૂબરૂ, સમક્ષ (૨) એક મોઢેથી બીજે મોઢે એમ

**મોઢિયું** (મો) ન૦ ['મોઢુ' ઉપરથી] મોઢાનો-સૌથી ઉપરનો ભાગ (૨) ફાનસમા બત્તી જેમા રહે છે તે ભાગ (૩) રેંટિયામા ત્રાક તથા ચમરખા જેમા રહે છે તે ચોકઠુ (૪) પશુના મો ઉપર બાંધવામા આવતી જાળી

**મોઢું** (મો) ન૦ [સ મુખ, પ્રા. મુહ] મો; મુખ [**મોઢા ઉપર (પર) મૂતરવું**=અપમાન કરવુ, ન ગાંઠવું **મોઢા ઉપર (પર) મૂતરે એવુ**=–ના કરતા વધારે ખરાબ, સવાયું ખરાબ. **મોઢા જેવુ**=ખગબ, ઠીક નહિ એવુ **મોઢાની મીઠાશ**=અંતરની નહીં, પણ ઉપર ઉપરથી–સારુ કે મીઠુ બોલવા જેટલી મીઠાશ **મોઢાની વાત**=લેખિત નહી, પણ માત્ર મોઢે મોઢે કરેલી વાત. **મોઢાની વાતો**=માત્ર કહેવાનું, કરવાનુ નહિ, ખાલી ડફાસ **મોઢાનું જૂઠુ**=જેના બોલવા ઉપર વિશ્વાસ ન રખાય એવુ–જૂઠું બોલનારુ. **મોઢાનું છૂટુ**=વાચાળ, બહુબોલુ (૨) નિખાલસપણે મો ઉપર જ સ્પષ્ટ વાત સંભળાવી દે તેવુ **મોઢાનું સાચું**=એકવચની, પ્રમાણિક **મોઢા પર આવવું**=યાદ આવવુ (૨) બોલુ બોલુ થવુ **મોઢા પર કહેવું**=શરમ રાખ્યા વિના મો સામે જ કહેવુ **મોઢા પર થૂંકવું**=તુચ્છ ગણવુ; ધિક્કારવું **મોઢા પર થૂંકું પણ નહિ**=સામે પણ ન જોઉ, કેવળ અવગણના કરુ **મોઢા પરથી માખ પણ ન ઊડવી**=જેનાથી કંઈ પણ બને નહીં એવું હોવું, નિબંળ દમ વિનાનુ હોવું. **મોઢા પર મારવું**=સાફ સાફ સામુ સંભળાવવુ, રોકડુ પરખાવવુ **મોઢા પર શાહી ઢોળાવી–રેડાવી**=ભોંઠા પડી જવું (૨) આબરૂને કલંક લાગવું. **મોઢા ભણી હાથ કરવા**=ખાવું; જમવુ **મોઢામાં આવે તેમ**=વગર વિચાર્યે; જેમ બોલાય તેમ. **મોઢામાં આંગળી ઘાલવી**=આશ્ચર્યમૂઢ થવું (૨) બોલવાની ફરજ પાડવી **મોઢામાં ખીલો ઠોકયો હોવો**=ન બોલવુ, ચૂપ રહેવું **મોઢામાં જીભ ઘાલવી**=બોલ બોલ કરતા બંધ થવુ; શાંત થવુ. **મોઢામાં જીભ ન હોવી**=મૂગુ બેસી રહેવુ. **મોઢામાં ડૂચો દેવો કે ભરવો**=બોલતુ અટકાવવુ (૨) બહુ મોટો બૂકડો ભરવો **મોઢામાં થૂ કે એવું**=પરવા ન કરે એવુ (૨) ટપી જાય એવુ, સવાયુ. **મોઢામાં દાંત નથી?**=શૌર્ય–દમ–જુસ્સો નથી? **મોઢામાં ધૂળ નાખવી**=હરાવી કે ભોંઠુ પાડીને બોલતુ બંધ કરી દેવુ. **મોઢામાં પાણી આવવુ, છૂટવુ**=સ્વાદ કરવાની તીવ્ર ઇચ્છા થવી. **મોઢામાં મગ ઓરવા**=જવાબ આપ્યા વિના ચૂપ રહેવુ (કટાક્ષમા પ્રશ્ન તરીકે). **મોઢામાં માખણેય ન ઓગળવું**=દમ વગરનુ કે નિર્દોષ હોવું **મોઢામાં માય એવું**=વિવેક મર્યાદા જણાય એવુ, શોભે એવુ **મોઢામાં મારવુ**=જુઓ મોઢા પર મારવુ **મોઢામાં લીલું તરણું ઘાલવું**=લાચારી, દીનતા કે અશક્તિ બતાવવી **મોઢામાં લીલું તરણું લેવરાવવુ**=જીભથી કહેવરાવવુ, હારેલા કે શરણે આવેલા કહેવરાવવુ **મોઢામાં સાકર!**=તમારુ કહેવુ ફળો, તમારી અમારા પ્રત્યેની શુભેચ્છા ફળો, જેથી તમને સાકર ખાવાની થાય–એવા અર્થનો ઉદ્ગાર **મોઢામાંથી દાંત પાડી નાખવા**=હરાવવું, બોલતુ બંધ થાય તેમ કરવુ **મોઢાં લાલ થવા**=જશ મળવો; સફળતાનો આનંદ થવો **મોઢું અવળું કરી નાખવું**=ઘણો સખત માર મારવો (ધમકી બતાવવા ભવિષ્યકાળમા વપરાય છે) –આપવુ

=સામો જવાબ આપવો; વાતચીતમા ઊતરવું. -આવડું થઈ જવું=મો ઊતરી જવું, ખસિયાણુ પડી જવું. -આવવું=મોં સૂજવું ને તેમાથી લાળ પડવી; મોમા ચાંદી પડવી -ઉઘાડવું=મો પહોળું કે ખુલ્લુ કરવું (૨) બોલવુ (૩) બોલે એમ કરવું. -ઉપાડવું=હદ છોડીને બોલવું; ગાળ દેવી -ઊઘડવું =બોલવાની શક્તિ કે હિંમત આવવી (૨) સામે બોલવું (૩) ખાવાની રુચિ થવી -ઊતરી જવું=ખસિયાણા પડી જવુ; દિલગીર થવુ. -ઊપડવું=બડબડ કર્યા કરવુ (૨) બોલવાની શક્તિ કે હિંમત આવવી. -કરવું=છિદ્ર પાડવુ, બહાર નીકળવાનો માર્ગ કરવો. -કાઢવું =જાહેરમા આબરૂભેર ફરી શકાવુ -કાળુ કરવું=દીસતુ રહેવું (તુચ્છકારમા-સામાને આજ્ઞાર્થમા) (૨) કીર્તિને લાછન લગાડવુ. -કાળું મેશ(કાળું ધબ કે કાળુ શાહી જેવું) થઈ જવું=અપજશ કે અપકૃત્યથી ઝાખું પડી જવું -ખાય ને આંખ લાજે =વિવેકથી કામ કરવુ. -ગંધાવું=ખરાબ દેખાવું; નિંદાવું -ચટાડવું=અતિશય લાડ લડાવવા -ચડવું=રિસાવુ -ચલાવવું= સામુ બોલવુ (૨) ગાળો દેવી (૩) ખાવું -ચાલવું=વારે વારે ખા ખા કરવું (૨) બોલ બોલ કરવુ, બોલવામા હદ ન સાચવવી -ચળવળવું=ખાવાની ઇચ્છા થવી. -ચુકાવવું=નજર ટાળવી, મળવાનુ ટાળવું. -છુપાવવું=શરમાવવુ (૨) ન મળવુ -છાંડવું=મોટાનુ વેણ ન રાખવુ — કહ્યું ન માનવુ (૨) જુઓ મોઢું ચુકાવવું -જોઈને લપડાક મારવી=ઘટે એવો વ્યવહાર રાખવો. -જોવા=અંતિમ મુલાકાત લેવા. -ઠેકાણે રાખવું=અંદરનો ભાવ પરખાઈ ન જાય તેમ ગંભીર ચહેરો રાખવો -ઢાંકવું=શરમાવું, લાજ કાઢવી (૨) રોવુ (મરણ પાછળ, બૈરાંનું, રિવાજ મુજબ.) -તપાસીને બોલ!=મર્યાદા સભાળીને બોલ! -તોડી લેવું=વઢી કે ધમકાવી ચૂપ કરી દેવુ (૨) બોલવા ન દેવુ -ધોઈને આવ!=લાયક થઈને આવ! -ધોઈ જવું=હઠી જવું; ફરી જવુ (૨) રડી ઊઠવુ; અવસર આવ્યે ખર્ચ ન કરવો. -નીચું ઘાલવું=શરમથી નીચુ જોવું, મો સંતાડવું. -પડવું, પડી જવું=મો ફીકુ પડી જવું, ઝખવાણુ થવું -પહોળું કરવું=આશ્ચર્યચકિત થવું (૨) આતુરતાથી રાહ જોવી -પહોળું થઈ જવું= આશ્ચર્યચકિત થઈ જવું (૨) મરી જવું. -પૂરવું, ભરવું=કાંઈ આપીને સમજાવવું; લાચ આપવી.-ફફડાવવું=ગુસ્સામા બોલવુ -બબડવું. -ફિક્કું પડી જવું=ચહેરાનો રંગ ઊડી જવો(રોગ, શરમ કે ખેદથી) -ફેરવવું =રીસ કે કંટાળો બતાવવા -ફેરવી નાખીશ =સખત તમાચો કે માર મારીશ (ધમકીમા) -ફેરવીને=ગુસ્સે થઈ જઈને, સામાની પરવા કર્યા વિના. -બગાડવું=મો ઉપર અણગમો લાવવો (૨) મોઢું બેસ્વાદ કરવું. -બતાવવું=રૂબરૂ થવુ; મળવું. -બતાવાય એવું=મોઢુ બહાર કઢાય એવુ -બહાર કાઢવું=જાહેરમા આવવું-દેખા દેવી.-બંધ કરવું=બોલવા ન દેવુ(૨)લાચ આપી પોતાના પક્ષમા લેવુ -બાળવું=તિરસ્કારમા આપવું; ઝોસવુ (૨) દીસતા રહેવું; મોઢું કાળુ કરવું (બહુધા આજ્ઞાર્થમા). -ભડભડવું, ભભડવું =ખાવાની તીવ્ર ઇચ્છા થવી -ભરવું= કોળિયા જેટલુ લેવુ(ખાવુ) (૨) લાચ આપવી. -ભરાઈ જવું=ધરાવું,સંતુષ્ટ થવું -ભાંગવું કાંઈ આપીને સમજાવવું, દાબવું. -ભાંગી જવું=(વધારેપડતા ગળપણથી) ગળપણની રુચિ મરી જવી -ભોંયમાં ઘાલવું=શરમથી નીચુ જોવું -મલકાવવું=હસવું, સ્મિત કરવું. -રહી જવું=મોઢું થાકી જવું. -રાખવું=માન રાખવું. -લઈને આવવું =લાયકાત લઈને-તેને આધારે આવવું (પ્રશ્નાર્થમા: શું મોઢું લઈને આવ્યો છે?). -લેવડાવવું=દવા આપી મો ગળતુ રખાવવુ -લેવાઈ જવું=મોઢુ ઊતરી જવું, ખસિયાણુ પડી જવું -વકાસીને રહેવું

=આશ્ચર્ય કે નિરાધારીમા મો પહોળું કરીને બેસવું -વટાળવું=કંઈક ખાવું -વશ રાખવું=સ્વાદ કે બોલવા ઉપર અંકુશ રાખવો. -વાઘનું હોવું=દેખાવે બહાદુર હોવું. -વાળવું=મો ઢાંકવું, કાણમા બેરાએ બેસીને રડવું -સંતાડવું=શરમાવું (૨) ન મળવું; સંતાવું ફરવું. -સિવાઈ જવું=ન બોલવું -સીવી લેવું=મો બંધ કરવું, બોલવા નહિ દેવું (૨) છિદ્ર-કાણું પૂરી લેવું. -હલાવવું=ખાવું(૨) ચાવવું(૩) બોલવું(૪) ડોકું ધુણાવી હા કે ના કહેવી. મોઢે કરવું=ગોખવું; પાઠે કરવું. મોઢે કહેવું=રૂબરૂમા ને ખુલ્લી રીતે કહેવું (૨) લેખિત આધારે નહીં-એમ સ્મરણમાથી કહેવું મોઢે ચડવું=યાદ થઈ જવું, પાઠે થઈ જવું મોઢે ચડાવવું=અતિશય લાડથી બહેકાવવું કે સામુ બોલતુ કરવું. મોઢે ચડીને=રૂબરૂ, સામે આવીને-જાતે જ મોઢે તાળું દેવું =બોલવાનો પ્રતિબંધ કરવો. મોઢે થવું, થઈ જવું=યાદ થઈ જવું મોઢે થવું, થઈ આવવું=(કા) મળવું, મળી આવવું મોઢે દૂધ ગંધાવું, દૂધ સુકાવું ન હોવું =છેક બાળક કે નાદાન હોવું મોઢે બપોર રમવા=મોઢા પર મોહક ચકચકાટ હોવો મોઢે બોલવું=માત્ર કહેવું, કાંઈ કરવું નહીં (૨)(બીક વિના) રૂબરૂમાં કહેવું મોઢે બોલી જવું=ગોખેલું કહી જવું મોઢે માગવું=રૂબરૂમાં જાતે માગવું મોઢે માથે ઓઢવું=દેવાળું કાઢવું(૨)માથું ઢાંકી શોક કરવો (૩) નિરાશ થવું, હારવું મોઢે માથે હાથ દઈને =ચુમાઈને, નાછૂટકે. મોઢે લાગવું=સ્વાદ પડવો, ભાવવું મોઢે સાકર પીરસવી=મીઠી વાણીથી પિગળાવી દેવું-ખુશ કરી નાખવું અવળું મોઢું કરીને બેસવું=પીઠ ફેરવવી, ધ્યાન ન દેવું શું મોઢું લઈને બોલે? કયે મોઢે બોલે?=શું બોલી શકે? બોલતા લજવાય કાળું મોઢું=કલંક, શરમ જરા જેટલું મોઢું થઈ જવું=લાજીને ધૂળ થઈ જવું (૨) મોઢું સાવ સુકાઈ જવું બાળ તારું મોઢું!=જતુ રહે, દીસતુ રહે લોહિયાળું કે લોહીભર્યું મોઢું હોવું=વહાલા સગાનું મૃત્યુ થયું હોવું]

મોઢો (મો) પું० ['મોઢું' ઉપરથી] મોઢિયું

મો(૦વ)ણ ન० [જુઓ મોવણ] મોવું તે કે તે માટે વપરાતું ચીકટ

મોણવેલ સ્ત્રી० એક ઘરેણું

મોત (મો) ન० [અ] મૃત્યુ [-આવવું=મરણ પામવું -ને બારણે હોવું=મરણપથારીએ હોવું, મરવાની તૈયારીમા હોવું.-ફરી વળવું =અકસ્માત આવી બનવું, મરણ થવું -માથે આવવું=ઘણું થાકી જઈ મરવા જેવું થવું. -માથે ભમવું=માથે મોત ઝઝૂમી રહેવું]

મોતાળો પું० એ નામની જાતનો બ્રાહ્મણ (સુ)

મોતિયું (મો) ન० છાપરાના નેવ તરફ સાકટાના છેડાઓમા ઘાલેલું પાટિયું

મોતિયો પું० ['મોતી' ઉપરથી] એક જાતનો મોગરો (૨) આંખની કીકી ઉપર થતું પડ (૩) હોસ, હિંમત [-આવવો=કીકી પર છારી આવવી, પડળ આવવા.-કાઢવો=પડળ ઉતારવા,કીકી ઉપરનું છારીનું પડ દૂર કરવું મોતિયા છૂટવા=અતિ શ્રમ કે ભયથી પરસેવો છૂટવો (૨) અંતકાળે ખૂબ પરસેવો વળી શીત વ્યાપવી મોતિયા મરી જવા, લેવાવા=ટાંટિયા ભાગી જવા, નાહિંમત થઈ જવું]

મોતી ન० [सं मौक्तिक, प्रा मुत्तिअ]છીપમાંથી નીકળતી એક દરિયાઈ પેદાશ [-એ ચોક પૂરવા=ચોકમા મોતી વડે શણગાર કરવા, સ્વાગત માટે ચોક અને આગણું શણગારવાં (૨) હવાઈ કિલ્લા બાંધવા, સફળતાની ભારે આશાઓ બાંધવી -એ વધાવવું=ઉમળકાથી આવકાર આપવો, પ્રિયજનના આગમનથી અત્યાનંદ થવો -ના ચોક પૂરવા=મોટા મોટા મનોરથ ઘડવા, હવામા કિલ્લા બાંધવા -ના દાણા જેવા=ગોળ મરોડદાર ને દેખાવડા અક્ષર -ના મેહ વરસવા=આનંદ-વૃષ્ટિ થવી, આનંદ આનંદ થઈ રહેવો. -નાં પાણી ઉતારવાં=માન ઉતારવું, ભાર ભાગી નાખવો -પરોવવાં=મોતી પરોવવા જેવું

ઝીણું–બારીક કામ કરવું] ૦ચૂર પું૦કળીના લાડુ. ૦ચૂરમું ન૦ મોતીચૂર બનાવવાનું ચૂરમું. ૦જ(–ઝ)રો પું૦ [+ ઝરો (સં. ज्वर? કે 'ઝળેળો' = ફોલ્લો) સર૦ હિં. मोतीझिरा] બળિયા જેવો એક રોગ, જેમાં શરીરે મોતી જેવા ફોલ્લા થઈ આવે છે

મોતીદામ પું૦ [सं. मौक्तिकदामन्] એક છંદ

મોથ (થ,) સ્ત્રી૦ [प्रा मुत्थ (सं. मुस्त) સર૦ हिं. मोथा; म] ચીડ નામના ઘાસનો કંદ [–મારવી = ભારે પરાક્રમ કરવું]

મોદ પું૦ [सं.] આનંદ ૦ક પું૦ લાડુ (૨) એક છંદ [–જમવા = લાભ ખાટવો (લા).] ૦ન ન૦ આનંદ ૦વું અ૦ક્રિ૦ ખુશી થવું, રાચવું; આનંદવું

મોદ (દ,) સ્ત્રી૦, –દિયું ન૦જાડી મોટી ચાદર

મોદી પું૦ [સર૦ हिं, म ;(अ मुवद्दी?)]અનાજ ઘી, મસાલો વગેરેનો વેપારી, નેસ્તી(૨)કોઠારી, ભંડારી (૩) એક અટક. ૦ખાનું ન૦ મોદીની દુકાન (૨) દાણાનો કોઠાર (૩) લશ્કરને ખોરાકી પોશાકી પૂરી પાડનાર ખાતું

મોનલ ન૦ [સર૦ हिं. मोनाल] એક પક્ષી

મૉનિટર પું૦ [इं] વડો વિદ્યાર્થી

મોનિયું ન૦ મોઢાનું – ઉપરચોટિયું આમંત્રણ

મૉન્ટેસોરી સ્ત્રી૦ (સં.) બાળકેળવણીની એક પદ્ધતિના યોજક ઇટાલિયન બાઈ. ૦પદ્ધતિ સ્ત્રી૦ તેમણે યોજેલી બાળકેળવણીની પદ્ધતિ. ૦શાળા સ્ત્રી૦ તે પદ્ધતિ પ્રમાણે ચલાવાતી શાળા. ૦શિક્ષક પું૦ તે પદ્ધતિનો શિક્ષક

મોપલો પું૦ [महापिलाइ (पिलाइ=બહાદુર तेलुगु?)] મલબારમાં વસતી મુસલમાનોની એક જાતનો આદમી

મોફસલ ન૦ જુઓ મુફસીલ

મોબદલો (મો) પું૦ [अ. मुबादला, સર૦ म. मोब(–बा)दला] જુઓ મોઅદલો

મોબેદ પું૦ [अ. मुअब्बिद] પારસીઓનો ધર્મક્રિયા કરાવનાર ગોર (૨) ભક્તિ કરનાર (૩) સ્ત્રી૦ [अ. मुअब्बद] ભક્તિ કરવાનું સ્થાન

મોભ પું૦ [दे. मुम्भ, मोम्भ] છાપરાના ટેકારૂપ મુખ્ય આડું લાકડું

મોભણ સ્ત્રી૦ ['મોભ' ઉપરથી] કુટુંબની મુખ્ય સ્ત્રી

મોભાગ્ર ન૦ [મોભ+અગ્ર] મોભનો છેડો. ૦બુદ્ધિ વિ૦ તેના જેવી – બૂઠી બુદ્ધિવાળું (૨) સ્ત્રી૦ તેવી જાડી બુદ્ધિ [પ્રતિષ્ઠિત

મોભાદાર વિ૦ [મોભો+દાર] વજનદાર;

મોભારિયું ન૦ ['મોભ' ઉપરથી] મોભ ઉપર ઢાંકવાનું મોટું નળિયું [મોભવાળો ભાગ

મોભારો પું૦ ['મોભ' ઉપરથી] છાપરાનો

મોભિયું ન૦ મોભ

મોભી પું૦ ['મોભ' ઉપરથી] ઘરનો વડો માણસ

મોભો પું૦ [अ. मुहाबा] દરજ્જો; આબરૂ, પ્રતિષ્ઠા, ઇજ્જત

મોમ ન૦ [फा] મીણ ૦બત્તી સ્ત્રી૦મીણબત્તી

મોમનો (મો) પું૦[જુઓ મુમનો]મુસલમાનોની એક જાતનો માણસ

મોયરું (મો') ન૦ જુઓ માયરું

મોયલું (મો') વિ૦ [सं मुख ઉપરથી] (કા.) આગલા ભાગનું

-મોયું (મો') વિ૦ [सं मुख ઉપરથી] નામને અંતે '–ની તરફ મોંવાળું' '–ની આહનાવાળું' એમ અર્થ બતાવતો અનુગ. ઉદા૦ ઘરમોયું

મોર પું૦ [प्रा (सं मयूर), સર૦ हिं, म] એક પક્ષી, મયૂર (૨) [?] બરડાના બે ભાગમાંનો કોઈ એક (૩) [(ડિંગળ)] સૈન્યની આગલી હરોળ [–મારવો = પરાક્રમ કરવું, યશસ્વી કામ કરવું. મોરે મોરનું કહેવું કે સંભળાવવું = કાળજું કાપી નાખે તેવા વેણ કહેવા]

મોર [મો] પું૦ [प्रा मउर (सं मुकुर)], સર૦ न मोह(–हो)र] આંબા, આંબલી વગેરેના ફૂલ-મંજરી. [–આવવો = ફૂલ-મંજરી થવી.] (૨) ઘોડાના માથાનો એક શણગાર

મોર (મો'ર,) અ૦ [સર૦ म. मोहर (सं. मुख, प्रा मुह)] આગળ; પૂર્વે; મોખરે

મોર, ૦ડા (મો'?) સ્ત્રી૦ [જુઓ મોર અ૦] મુખમુદ્રા, ચહેરાનો દેખાવ

મોરખાઈ (મો') સ્ત્રી૦ [મોર+ખાવું] ચોરેલો માલ (ઢોર વગેરે) પાછો અપાવવા પહેલાં ખવાતી દલાલી. –યો પું૦ તે ખાનાર માણસ

મોરચંગ પું૦ [સર૦ हिं., म.] એક વાજું
મોરચી સ્ત્રી૦ [જુઓ મૂરછી] મોડછી
મોરચો પું૦ [फा.] લશ્કરની મોખરાની વ્યૂહ-રચના (૨) બુરજ ઉપર જ્યાં તોપ ગોઠવવામાં આવે છે તે ભાગ [–તોડવો = જુઓ મોરચો ભાગવો. –પકડવો,માંડવો = મોરચા પર કાયમ રહેવું, ખંત અને અડગતાથી કોઈ કામ પાછળ લાગુ રહેવું. –બાંધવો = યુદ્ધની તૈયારી કરવી –ભાગવો, મારવો = વિજયી થવું, પહેલી હરોળમાં ભંગાણ પાડવું] –ચાબ વિ૦ મોરચા બાંધેલું(૨)મોરચા સાથે
મોરછ ન૦ દૂધી વગેરેનું ભજિયું
મોરડી સ્ત્રી૦ [જુઓ મોર] ઢેલ
મોરડી સ્ત્રી૦ –ડો (મો') [મો પરથી, સર૦ म. मोहरकी, मोहळा] પશુને મોઢે બાંધવાનું દોરડાનું ગાળિયું
મોરથૂથુ ન૦[सं मयूरतुत्थ, સર૦ म मोरचूत, हिं. मोरथुथिया] એક ઝેરી ઔષધ
મોરધ્વજ પું૦ (સં.) જુઓ મયૂરધ્વજ
મોરપખી પુ૦ એક શોભાનો છોડ
મોરબુટ્ટી સ્ત્રી૦ [મોર+બુટ્ટો] મોરના બુટ્ટાવાળી રેશમી સાડી
મોરબ્બો પું૦ [સર૦ म. मोर(–रा)वा] જુઓ મુરબ્બો
મોરમોર (મો) અ૦[दे मुरिअ = તૂટેલું,ભાગેલું] (ખાદ્ય) મોમાં ઘાલતાં છૂટેછૂટું થઈ જાય એમ
મોરલી સ્ત્રી૦ [જુઓ મુરલી] વાંસળી
મોરલો પુ૦ મોર (લાલિત્યવાચક)
મોરવણ ન૦[प्रा मूर, दे मुरिअ]છાણાનો ગોર (૨) [જુઓ મોરવવું] અખરામણ
મોરવવું સ૦ક્રિ૦ [स मोरण = ખાટી છાશ; સર૦ म. मुरवणें]આખરવું (૨)[જુઓ મોરવું] ટોચ પરથી છોલી નાખવું
મોરવાયો પુ૦ [સર૦ म मोहर (सं मुख,प्रा. मुह)] ટોચનો ભાગ
મોરવાવું અ૦ક્રિ૦ [प्रा मुर, दे मुरिअ]ઉપર ઉપરથી તૂટી જવું, કપાવું
મોરવી સ્ત્રી૦ એક જાતનું કાપડ
મોરવું (મો) અ૦ક્રિ૦ ['મોર' ઉપરથી] (ઝાડને) મોર આવવો (૨) સ૦ક્રિ૦ [प्रा. मुड्] કાપવું; સમારવું (શાક ઇ૦ને)
મોરવેલ સ્ત્રી૦ [સર૦ म.] એક વનસ્પતિ
મોરશિખા સ્ત્રી૦[प्रा. मोरसिहा (+सं शिखा); સર૦ म , हिं )] એક વનસ્પતિ
મોરસ સ્ત્રી૦ [इं नोरिशियस ટાપુના નામ ઉપરથી] દાણાદાર ખાંડ (૨) [સર૦ म.] એક જાતની ભાજી
મોરસો પુ૦ ખેડાણમાં ઢાળપડતી ટેકરી
મોરંઘી સ્ત્રી૦ એક પક્ષી
મોરાખી વિ૦ [મો + રાખવું ?] શરમ રાખીને કહેલી વાત (૨) પુ૦ જુઓ મોરાપી
મોરાણી વિ૦ [જુઓ મોર અ૦] મુખ્ય, મોખરેનું
મોરાપી પું૦ [સર૦ મોરખાઈ] બાતમીદાર (૨) ગુનેગારને શોધી કાઢનાર
મોરાર પું૦ [જુઓ મુરારિ] શ્રીકૃષ્ણ [પાઘડી
મોરિયું ન૦ [સર૦ મોળિયું] એક પ્રકારની
મોરિયો પું૦ [સર૦ म मोरवा] ખડો (૨) [?] સામા જેવું એક અણખેડ્યું ધાન્ય
મોરી સ્ત્રી૦ [फा मूरी] ખાળ, ગંદા પાણીની નીક, ગટર
મોરી (મો') સ્ત્રી૦ જુઓ મોરડી – મોરડો
મોરુ (મો') વિ૦ [જુઓ મોર અ૦, સર૦ म. मोहरा] આગળ પડતું, મોર – મોખરેનું (૨) ન૦ (રૂપ ગુણ વગેરેમાં) મોરુ માણસ (૩) મહોરું (શેતરંજનું)
મોરું સ૦ [સર૦ हिं. मोर] મારું (પ.)
મોરે (મો') અ૦ [જુઓ મોર અ૦] આગળ
મોરો પુ૦ ['મો' ઉપરથી ?] + દસ્તૂસળ વડે હુમલો (૨) [दे. मुरवि] આભરણ વિશેષ (૩) સંમુખ થવું તે (–માંડવો). ૦વંઢાર અ૦ મોંથી છેડા સુધી [પાક
મોલ (મો) પું૦ [सं मुकुल,प्रा मउल = કળી)]
મોલડી સ્ત્રી૦ એક ઘાસ
મોલડું (મો) ન૦ [प्रा मउलि (स. मौलि) = એક પ્રકારની પાઘડી] માથાનો એક પોશાક
મોલદ (મો) વિ૦ [अ ] બીજા દેશનું પણ અરબસ્તાનમાં ઊછરેલું (૨) આરબ બાપથી હિંદની સ્ત્રીને થયેલી (પ્રજા)

ઝીણું–બારીક કામ કરવું ] ૦ચૂર પું૦કળીના લાડુ. ૦ચૂરનું ન૦ મોતીચૂર બનાવવાનું ચરનું. ૦જ(–ઝ)રો પું૦ [+ ઝરો (સં. ज्वर? કે 'ઝળેળો' = ફોલ્લો) સર૦ હિં. मोतीझिरा] બળિયા જેવો એક રોગ, જેમા શરીરે મોતી જેવા ફોલ્લા થઈ આવે છે

મોતીદામ પું૦ [સં. मौक्तिकदामन्] એક છંદ

મોથ (થ,) સ્ત્રી૦ [प्रा मुत्थ (सं. मुस्त) સર૦ हिं. मोथा; म.] ચીડ નામના ઘાસનો કંદ. [–મારવી = ભારે પરાક્રમ કરવું ]

મોદ પું૦ [સં.] આનંદ ૦ક પું૦ લાડુ (૨) એક છંદ. [–જમવા = લાભ ખાટવો (લા ).] ૦ન ન૦ આનંદ ૦વું અ૦ક્રિ૦ ખુશી થવું; રાચવું; આનંદવું

મોદ (દ,) સ્ત્રી૦, –દિયું ન૦જાડી મોટી ચાદર

મોદી પું૦ [સર૦ हिं, म ;(अ मुवद्दी?)]અનાજ ઘી, મસાલો વગેરેનો વેપારી, નેસ્તી(૨)કોઠારી; ભંડારી (૩) એક અટક ૦ખાનું ન૦ મોદીની દુકાન (૨) દાણાનો કોઠાર (૩) લશ્કરને ખોરાકી પોશાકી પૂરી પાડનાર ખાતું

મોનલ ન૦ [સર૦ हिं. मोनाल] એક પક્ષી

મોનિટર પું૦ [इ] વડો વિદ્યાર્થી

મોનિયું ન૦ મોઢાનું – ઉપરચોટિયુ આમંત્રણ

મોન્ટેસોરી સ્ત્રી૦ (સં.) બાળકેળવણીની એક પદ્ધતિના યોજક ઇટાલિયન બાઈ. ૦પદ્ધતિ સ્ત્રી૦ તેમણે યોજેલી બાળકેળવણીની પદ્ધતિ. ૦શાળા સ્ત્રી૦ તે પદ્ધતિ પ્રમાણે ચલાવાતી શાળા. ૦શિક્ષક પું૦ તે પદ્ધતિનો શિક્ષક

મોપલો પું૦ [महापिलाइ (पिलाइ = બહાદુર તેલુગુ?)] મલબારમા વસતી મુસલમાનોની એક જાતનો આદમી

મોફસલ ન૦ જુઓ મુફસીલ

મોબદલો (મો) પુ૦ [अ. मुबादला, સર૦ म. मोब(–बा)दला] જુઓ મોંબદલો

મોબેદ પું૦ [अ. मुअब्बिद] પારસીઓનો ધર્મ-ક્રિયા કરાવનાર ગોર (૨) ભક્તિ કરનાર (૩) સ્ત્રી૦ [अ मुअब्बद] ભક્તિ કરવાનું સ્થાન

મોભ પું૦ [दे. मुब्भ, मोब्म] છાપરાના ટેકારૂપ મુખ્ય આડું લાકડું

મોભણ સ્ત્રી૦ ['મોભ' ઉપરથી] કુટુંબની મુખ્ય સ્ત્રી

મોભાગ્ર ન૦ [મોભ + અગ્ર] મોભનો છેડો. ૦બુદ્ધિ વિ૦ તેના જેવી–બૂઠી બુદ્ધિવાળુ (૨) સ્ત્રી૦ તેવી જાડી બુદ્ધિ [પ્રતિષ્ઠિત

મોભાદાર વિ૦ [ મોભો + દાર ] વજનદાર;

મોભારિયું ન૦ ['મોભ' ઉપરથી] મોભ ઉપર ઢાકવાનું મોટું નળિયુ [મોભવાળો ભાગ

મોભારો પું૦ ['મોભ' ઉપરથી] છાપરાનો

મોભિયું ન૦ મોભ

મોભી પું૦ ['મોભ' ઉપરથી] ઘરનો વડો માણસ

મોભો પું૦ [अ. मुहाबा] દરજ્જો; આબરૂ, પ્રતિષ્ઠા, ઇજ્જત

મોમ ન૦ [फा.] મીણ ૦બત્તી સ્ત્રી૦મીણબત્તી

મોમનો (મો) પું૦[જુઓ મુમનો]મુસલમાનોની એક જાતનો માણસ

મોયરું (મો) ન૦ જુઓ માયરું

મોયલું (મો) વિ૦ [स मुख ઉપરથી] (કા.) આગલા ભાગનું

-મોવું (મો) વિ૦ [सं मुख ઉપરથી] નામને અ તે '–ની તરફ મોવાળુ' '–ની ચાહનાવાળુ' એમ અર્થ બતાવતો અનુગ. ઉદા૦ ઘરમોયું

મોર પું૦ [प्रा (सं मयूर), સર૦ हिं, म ] એક પક્ષી, મયૂર (૨) [?] બરડાના બે ભાગમાનો કોઈ એક (૩) [(ડિંગળ)] સૈન્યની આગલી હરોળ [–મારવો = પરાક્રમ કરવું, યશસ્વી કામ કરવું. મોર મોરનું કહેવું કે સંભળાવવું = કાળજું કાપી નાખે તેવા વેણ કહેવા.]

મોર [મો] પુ૦ [प्रा मउर (सं. मुकुर)], સર૦ न मोह(–हो)र] આંબા, આંબલી વગેરેનાં ફૂલ-મંજરી [–આવવો = ફૂલ-મંજરી થવી.] (૨) ઘોડાના માથાનો એક શણગાર

મોર (મો'ર,) અ૦ [સર૦ म. मोहर (सं. मुख, प्रा. मुह)] આગળ; પૂર્વે, મોખરે

મોર, ૦છા (મો'?) સ્ત્રી૦ [જુઓ મોર અ૦] મુખમુદ્રા, ચહેરાનો દેખાવ

મોરખાઈ (મો') સ્ત્રી૦ [મોર + ખાવું] ચોરેલો માલ (ઢોર વગેરે) પાછો અપાવવા પહેલાં ખવાતી દલાલી. –યો પુ૦ તે ખાનાર માણસ

મોરચંગ પું૦ [સર૦ हिं., म] એક વાજું
મોરચી સ્ત્રી૦ [જુઓ મૂરછી] મોડછી
મોરચો પું૦ [फा.] લશ્કરની મોખરાની વ્યૂહ- રચના (૨) બુરજ ઉપર જ્યાં તોપ ગોઠવવામાં આવે છે ને ભાગ [–તોડવો = જુઓ મોરચો ભાગવો –પકડવો, માંડવો = મોરચા પર કાયમ રહેવું, ખંત અને અડગતાથી કોઈ કામ પાછળ લાગુ રહેવું. –બાંધવો = યુદ્ધની તૈયારી કરવી –ભાગવો, મારવો = વિજયી થવું, પહેલી હરોળમાં ભંગાણ પાડવું] –ચાબંધ વિ૦ મોરચા બાંધેલું (૨) મોરચા સાથે
મોરઠ ન૦ દૂધી વગેરેનું ભજિયું
મોરડી સ્ત્રી૦ [જુઓ મોર] વેલ
મોરડી સ્ત્રી૦ –ડો (મો') [મો પરથી, સર૦ म. मोहरकी, मोहळा] પશુને મોઢે બાંધવાનું દોરડાનું ગાળિયું
મોરથુથુ ન૦ [सं मयूरतुल्य, સર૦ म मोरचूत, हिं. मोरथुथिया] એક ઝેરી ઔષધ
મોરધ્વજ પું૦ (સ.) જુઓ મયૂરધ્વજ
મોરપંખી પું૦ એક શોભાનો છોડ
મોરબુટ્ટી સ્ત્રી૦ [મોર+બુટ્ટો] મોરના બુટ્ટાવાળી રેશમી સાડી
મોરબ્બો પું૦ [સર૦ म. मोरं(–रां)बा] જુઓ મુરબ્બો
મોરમોર (મો) અ૦[दे मुरिअ = તૂટેલું,ભાગેલું] (ખાદ્ય) મોંમાં ઘાલતા છૂટેછૂટું થઈ જાય એમ
મોરલી સ્ત્રી૦ [જુઓ મુરલી] વાંસળી
મોરલો પું૦ મોર (લાલિત્યવાચક)
મોરવણ ન૦ [प्रा मूर, दे मुरिअ]છાણાનો ગોર (૨) [જુઓ મોરવવું] અખરામણ
મોરવવું સ૦ક્રિ૦ [स मोरण = ખાટી છાશ; સર૦ म. मुरवणें]આખરવું (૨)[જુઓ મોરવું] ટોચ પરથી છોલી નાખવું
મોરવાયો પું૦ [સર૦ म मोहर(सं मुख,प्रा. मुह)] ટોચનો ભાગ
મોરવાવું અ૦ક્રિ૦ [प्रा मुर, दे. मुरिअ]ઉપર ઉપરથી તૂટી જવું, કપાવું
મોરવી સ્ત્રી૦ એક જાતનું કાપડ
મોરવું (મો) અ૦ક્રિ૦ ['મોર' ઉપરથી] (ઝાડને) મોર આવવો (૨) સ૦ક્રિ૦ [प्रा. मुर्] કાપવું; સમારવું (શાક ઇ૦ને)
મોરવેલ સ્ત્રી૦ [સર૦ म.] એક વનસ્પતિ
મોરશિખા સ્ત્રી૦[प्रा मोरसिहा(+सं शिखा); સર૦ म ; हिं)] એક વનસ્પતિ
મોરસ સ્ત્રી૦ [इं. नोरिशियम ટાપુના નામ ઉપરથી] દાણાદાર ખાંડ (૨) [સર૦ म.] એક જાતની ભાજી
મોરસો પું૦ ખેડાણમાં ઢાળપડતી ટેકરી
મોરંઘી સ્ત્રી૦ એક પક્ષી
મોરાખી વિ૦ [મો + રાખવું ?] શરમ રાખીને કહેલી વાત (૨) પું૦ જુઓ મોરાપી
મોરાણી વિ૦ [જુઓ મોર અ૦] મુખ્ય, મોરનું
મોરાપી પું૦ [સર૦ મોરખાઈ] બાતમીદાર (૨) ગુનેગારને શોધી કાઢનાર
મોરાર પું૦[જુઓ મુરારિ] શ્રીકૃષ્ણ [પાઘડી
મોરિયું ન૦ [સર૦ મોળિયું] એક પ્રકારની
મોરિયો પું૦ [સર૦ म मोरवा] ઘડો (૨) [?] સામા જેવું એક અણખેડ્યું ધાન્ય
મોરી સ્ત્રી૦ [फा मूरी] ખાળ, ગંદા પાણીની નીક, ગટર
મોરી (મો') સ્ત્રી૦ જુઓ મોરડી – મોરડો
મોરું (મો') વિ૦ [જુઓ મોર અ૦, સર૦ म. मोहरा] આગળ પડતું, મોર – મોખરેનું (૨) ન૦ (રૂપ ગુણ વગેરેમાં) મોરું માણસ (૩) મહોરું (શેતરંજનું)
મોરું સ૦ [સર૦ हिं. मोर] મારું (પ.)
મોરે (મો') અ૦ [જુઓ મોર અ૦] આગળ
મોરો પું૦ ['મો' ઉપરથી ?]+ દતૂસળ વડે હુમલો (૨) [दे. मुरवि] આભરણ વિશેષ (૩) સંમુખ થવું તે (–માંડવો) ૦વંટાર અ૦ મોંથી છેડા સુધી [પાક
મોલ (મો) પું૦ [सं मुकुल, प्रा. मउल = કળી)]
મોલડી સ્ત્રી૦ એક ઘાસ
મોલડું (મો) ન૦ [प्रा मउलि (सं. मौलि) = એક પ્રકારની પાઘડી] માથાનો એક પોશાક
મોલદ (મો) વિ૦ [अ] બીજા દેશનું પણ અરબ- સ્તાનમાં ઊછરેલું (૨) આરબ બાપથી હિંદની સ્ત્રીને થયેલી (પ્રજા)

ઝીણું – બારીક કામ કરવું ] ૦ચૂર પું૦ કળીના લાડુ. ૦ચૂરમું ન૦ મોતીચૂર બનાવવાનું ચૂરમું. ૦જ(–ઝ)રો પું૦ [+ ઝરો (सं. ज्वर? કે 'ઝળેળો' = ફોલ્લો) સર૦ हिं. मोतीझिरा] બળિયા જેવો એક રોગ, જેમા શરીરે મોતી જેવા ફોલ્લા થઈ આવે છે

મોતીદામ પું૦ [सं. मौक्तिकदामन्] એક છંદ

મોથ (થ,) સ્ત્રી૦ [प्रा मुत्थ (सं मुस्त) સર૦ हिं. मोथा; म ] ચીડ નામના ઘાસનો કંદ [–મારવી = ભારે પરાક્રમ કરવું ]

મોદ પું૦ [सं.] આનંદ ૦ક પુ૦ લાડુ (૨) એક છંદ [–જમવા = લાભ ખાટવો (લા) ] ૦ન ન૦ આનંદ ૦વું અ૦ક્રિ૦ ખુશી થવું; રાચવું; આનંદવું

મોદ (દ,) સ્ત્રી૦, –દિયું ન૦ જાડી મોટી ચાદર

મોદી પું૦ [સર૦ हिं, म ;(अ मुवद्दी ?)] અનાજ ઘી, મસાલો વગેરેનો વેપારી, નેસ્તી (૨) કોઠારી; ભંડારી (૩) એક અટક ૦ખાનું ન૦ મોદીની દુકાન (૨) દાણાનો કોઠાર (૩) લશ્કરને ખોરાકી પોશાકી પૂરી પાડનાર ખાતું

મોનલ ન૦ [સર૦ हिं. मोनाल] એક પક્ષી

મૉનિટર પું૦ [इं] વડો વિદ્યાર્થી

મોનિયું ન૦ મોઢાનું – ઉપરચોટિયું આમંત્રણ

મૉન્ટેસોરી સ્ત્રી૦ (સ) બાળકેળવણીની એક પદ્ધતિના યોજક ઇટાલિયન બાઈ. ૦પદ્ધતિ સ્ત્રી૦ તેમણે યોજેલી બાળકેળવણીની પદ્ધતિ. ૦શાળા સ્ત્રી૦ તે પદ્ધતિ પ્રમાણે ચલાવાતી શાળા. ૦શિક્ષક પુ૦ તે પદ્ધતિનો શિક્ષક

મોપલો પું૦ [महापिलाइ (पिलाइ = બહાદુર तेलुगु?)] મલબારમાં વસતી મુસલમાનોની એક જાતનો આદમી

મોફસલ ન૦ જુઓ મુફસીલ

મોબદલો (મો) પું૦ [अ. मुबादला, સર૦ म. मोब(–बा)दला] જુઓ મોબદલો

મોબેદ પું૦ [अ. मुअब्बिद] પારસીઓનો ધર્મ-ક્રિયા કરાવનાર ગોર (૨) ભક્તિ કરનાર (૩) સ્ત્રી૦ [अ मुअब्बद] ભક્તિ કરવાનું સ્થાન

મોભ પું૦ [દે. मुम्भ, मोम्भ] છાપરાના ટેકારૂપ મુખ્ય આડું લાકડું

મોભણ સ્ત્રી૦ ['મોભ' ઉપરથી] કુટુંબની મુખ્ય સ્ત્રી

મોભાગ્ર ન૦ [મોભ + અગ્ર] મોભનો છેડો. ૦બુદ્ધિ વિ૦ તેના જેવી – બૂઠી બુદ્ધિવાળું (૨) સ્ત્રી૦ તેવી જાડી બુદ્ધિ [પ્રતિષ્ઠિત

મોભાદાર વિ૦ [મોભો + દાર] વજનદાર;

મોભારિયું ન૦ ['મોભ' ઉપરથી] મોભ ઉપર ઢાંકવાનું મોટું નળિયું [મોભવાળો ભાગ

મોભારો પું૦ ['મોભ' ઉપરથી] છાપરાનો

મોભિયું ન૦ મોભ

મોભી પું૦ ['મોભ' ઉપરથી] ઘરનો વડો માણસ

મોભો પું૦ [अ. मुहाबा] દરજ્જો, આબરૂ, પ્રતિષ્ઠા, ઇજ્જત

મોમ ન૦ [फा] મીણ. ૦બત્તી સ્ત્રી૦ મીણબત્તી

મોમનો (મો) પું૦ [જુઓ મુમનો] મુસલમાનોની એક જાતનો માણસ

મોયરું (મો') ન૦ જુઓ માયરું

મોયલું (મો') વિ૦ [स मुख ઉપરથી] (કા.) આગલા ભાગનું

-મોયું (મો') વિ૦ [सं. मुख ઉપરથી] નામને અંતે '–ની તરફ મોવાળું' '–ની ચાહનાવાળું' એમ અર્થ બતાવતો અનુગ ઉદા૦ ઘરમોયું

મોર પું૦ [प्रा (सं मयूर), સર૦ हिं, म ] એક પક્ષી; મયૂર (૨) [?] બરડાના બે ભાગમાંનો કોઈ એક (૩) [(ડિંગળ)] સૈન્યની આગલી હરોળ [–મારવો = પરાક્રમ કરવું, યશસ્વી કામ કરવું. મોર મોરનું કહેવું કે સંભળાવવું = કાળજું કાપી નાખે તેવા વેણ કહેવા.]

મોર [મો] પુ૦ [प्रा मउर (सं. मुकुर)], સર૦ न मोह(–हो)र] આંબા, આંબલી વગેરેનાં ફૂલ-મંજરી [–આવવો = ફૂલ-મંજરી થવી ] (૨) ઘોડાના માથાનો એક શણગાર

મોર (મો'ર,) અ૦ [સર૦ म मोहर (सं मुख, प्रा. मुह)] આગળ; પૂર્વે, મોખરે

મોર, ૦છા (મો'?) સ્ત્રી૦ [જુઓ મોર અ૦] મુખમુદ્રા, ચહેરાનો દેખાવ

મોરખાઈ (મો') સ્ત્રી૦ [મોર + ખાવું] ચોરેલો માલ (ઢોર વગેરે) પાછો અપાવવા પહેલાં ખવાતી દલાલી. –યો પું૦ તે ખાનાર માણસ

મોરચંગ પું૦ [સર૦ हिं., म] એક વાજું
મોરચી સ્ત્રી૦ [જુઓ મૂરછી] મોડછી
મોરચો પું૦ [फा.] લશ્કરની મોખરાની વ્યૂહ-રચના (૨) બુરજ ઉપર જ્યા તોપ ગોઠવવામા આવે છે તે ભાગ [-તોડવો = જુઓ મોરચો ભાગવો. -પકડવો,માંડવો = મોરચા પર કાયમ રહેવું; ખંત અને અડગતાથી કોઈ કામ પાછળ લાગુ રહેવું. -બાંધવો = યુદ્ધની તૈયારી કરવી. -ભાગવો, મારવો = વિજયી થવું; પહેલી હરોળમા ભંગાણ પાડવું] -ચાબંધ વિ૦ મોરચા બાંધેલું(૨)મોરચા સાથે
મોરડ ન૦ દૂધી વગેરેનું ભજિયું
મોરડી સ્ત્રી૦ [જુઓ મોર] ઢેલ
મોરડી સ્ત્રી૦ -ડો (મોં') [મો પરથી, સર૦ म. मोहरकी, मोहळा] પશુને મોઢે બાંધવાનું દોરડાનું ગાળિયું
મોરથૂથુ ન૦[सं मयूरतुत्थ, સર૦ म मोरचूत; हिं. मोरथुथिया] એક ઝેરી ઔષધ
મોરધ્વજ પું૦ (સ.) જુઓ મયૂરધ્વજ
મોરપખી પુ૦ એક શોભાનો છોડ
મોરબુટ્ટી સ્ત્રી૦ [મોર+બુટ્ટો] મોરના બુટ્ટાવાળી રેશમી સાડી
મોરબો પું૦ [સર૦ म. मोरं(-रा)वा] જુઓ મુરબ્બો
મોરમોર (મો) અ૦[दे मुरिअ = તૂટેલું,ભાંગેલું] (ખાદ્ય) મોમા ઘાલતા છૂટેછૂટ થઈ જાય એમ
મોરલી સ્ત્રી૦ [જુઓ મુરલી] વાંસળી
મોરલો પું૦ મોર (લાલિત્યવાચક)
મોરવણ ન૦ [प्रा मूर, दे मुरिअ]છાણાનો ગોર (૨) [જુઓ મોરવવું] અખરામણ
મોરવવું સ૦ક્રિ૦ [सं. मोरण = ખાટી છાશ; સર૦ म. मुरवणें]આખરવું (૨)[જુઓ મોરવું] ટોચ પરથી છોલી નાખવું
મોરવાયો પું૦ [સર૦ म मोहर (सं मुख,प्रा. मुह)] ટોચનો ભાગ
મોરવાવું અ૦ક્રિ૦ [प्रा मुर, दे. मुरिअ]ઉપર ઉપરથી તૂટી જવું, કપાવું
મોરવી સ્ત્રી૦ એક જાતનું કાપડ
મોરવું (મો) અ૦ક્રિ૦ ['મોર' ઉપરથી] (ઝાડને) મોર આવવો (૨) સ૦ક્રિ૦ [प्रा. मुर्] કાપવું; સમારવું (શાક ઇ૦ને)
મોરવેલ સ્ત્રી૦ [સર૦ म] એક વનસ્પતિ
મોરશિખા સ્ત્રી૦[प्रा. मोरसिहा (+ सं शिखा), સર૦ म , हिं )] એક વનસ્પતિ
મોરસ સ્ત્રી૦ [इं नोरिशियस ટાપુના નામ ઉપરથી] દાણાદાર ખાંડ (૨) [સર૦ म.] એક જાતની ભાજી
મોરસો પુ૦ ખેડાણમા ઢાળપડતી ટેકરી
મોરંધી સ્ત્રી૦ એક પક્ષી
મોરાખી વિ૦ [મો + રાખવું ?] શરમ રાખીને કહેલી વાત (૨) પુ૦ જુઓ મોરાપી
મોરાણી વિ૦ [જુઓ મોર અ૦] મુખ્ય, મોરનું
મોરાપી પું૦ [સર૦ મોરખાઈ] બાતમીદાર (૨) ગુનેગારને શોધી કાઢનાર
મોરાર પું૦ [જુઓ મુરારિ] શ્રીકૃષ્ણ [પાઘડી
મોરિયું ન૦ [સર૦ મોળિયું] એક પ્રકારની
મોરિયો પું૦ [સર૦ म मोरवा] ઘડો (૨) [?] સામા જેવું એક અણખેડ્યું ધાન્ય
મોરી સ્ત્રી૦ [फा मूरी] ખાળ, ગંદા પાણીની નીક, ગટર
મોરી (મોં') સ્ત્રી૦ જુઓ મોરડી - મોરડો
મોરુ (મોં') વિ૦ [જુઓ મોર અ૦, સર૦ म. मोहरा] આગળ પડતુ, મોર - મોખરેનુ (૨) ન૦ (રૂપ ગુણ વગેરેમા) મોરુ માણસ (૩) મહોરું (શેતરંજનુ)
મોરું સ૦ [સર૦ हिं. मोर] મારું (પ.)
મોરે (મોં') અ૦ [જુઓ મોર અ૦] આગળ
મોરો પુ૦ ['મો' ઉપરથી ?]+દ વૂસળ વડે હુમલો (૨) [दे मुरवि] આભરણ વિશેષ (૩) સંમુખ થવું તે (-માંડવો). ૦વંઢાર અ૦ મોથી છેડા સુધી [પાક
મોલ (મો) પું૦ [सं. मुकुल, प्रा. मउल = કળી)]
મોલડી સ્ત્રી૦ એક ઘાસ
મોલડું (મો) ન૦ [प्रा मउलि (सं मौलि) = એક પ્રકારની પાઘડી] માથાનો એક પોશાક
મોલદ (મો) વિ૦ [अ ] બીજા દેશનુ પણ અરબસ્તાનમા ઊછરેલું (૨) આરબ બાપથી હિંદની સ્ત્રીને થયેલી (પ્રજા)

**મોલવી** (મો) પું૦ [અ.] મુસલમાન વિદ્વાન (૨) મુસલમાની કાયદા પ્રમાણે ન્યાય આપનાર
**મોલિંગ** (મો) સ્ત્રી૦ [इं मोर्ल्डिंग ઉપરથી] સાખ ઇત્યાદિની ધાર પર ઊભી બે લીટીઓની કઢાતી ભાત
**મોલેરી** સ્ત્રી૦ એક ઘાસ
**મોલેસલામ** (મો) પું૦ [अ. मवला-इ-इस्लाम] એક જાતનો મુસલમાન
**મોલો** (મો) પું૦ ['મોલ' ઉપરથી ?] વનસ્પતિ પર પડતો એક જીવ, એક રોગ
**મોલ્લું** ન૦ ભૂતને બોલાવતી વખતે વગાડાતું નગારું [ફટાકડો
**મોલ્લો** પું૦ [જુઓ મોઈ] શકુના આકારનો
**મોવડ** પું૦ ['મો' ઉપરથી] મોખરો, અગ્ર ભાગ (૨) [કા.] ઘોડાને મોઢા ઉપર પહેરાવવાનું ઘરેણું (૩) અ૦ (કા) આગળ
**મોવડી** વિ૦ [જુઓ મોવડ] આગળનું, મોખરાનું (૨) પું૦ અગ્રેસર; આગેવાન
**મોવણ** (મો) ન૦ ['મોવું' ઉપરથી, हिं. मोयन. म मोवाण, मोंवण] જુઓ મોણ
**મોવાસો** (મો) પું૦ ['મો' ઉપરથી] ઢોરના મોમા થતો એક રોગ [દોરતી
**મોવાળ** પું૦ [મો + વળવું ?] ઘરવટ, ઘરોબો,
**મોવાળો** પું૦ [જુઓ મુવાળો] વાળ
**મોવું** સ૦ક્રિ૦ [સર૦ हिं. मोना, म मोत्र = मृदु–તે ઉપરથી मोवान = मृदुता લાવનારો પદાર્થ] કરમોવવું; ચીકટવાળું કરવું
**મોસમ** (મો) સ્ત્રી૦ [अ मौसिम] ઋતુ –મી વિ૦ મોસમનું [ફૂટતી મૂછ
**મોસર** સ્ત્રી૦ [दे. मासुरी (स श्मश्रु)] (કા)
**મોસરિયું** ન૦ [જુઓ મોસર] (કા.) છુકાની
**મોસલ** પું૦ [अ मुहस्सिल, સર૦ म मोहसली] સરકારના હુકમથી તેડવા આવેલો ને તાકીદ કરનાર બેલિફ (?)
**મોસંબી** સ્ત્રી૦ [पो मोझाबिक માંથી પ્રથમ આવેલું માટે] એક ફળ
**મોસાળ** (મો) ન૦ [सं. मातृशाला] માનું પિયેર ૦સાસરી સ્ત્રી૦, ૦સાસરું ન૦ પતિ કે પત્નીનું મોસાળ –ળિયું ન૦ મોસાળપક્ષનું માણસ. –ળું ન૦ માબાપ તરફથી છોકરીને સીમંત વખતે અને તેના છોકરાને જનોઈ કે લગ્ન વખતે જે રીત આપવામાં આવે છે તે (૨) મોસાળામા ગાવાનું ગીત. (૩) મોસાળાની રીત કરવા જતું સરઘસ (૪) [લા.] નાની મોટી વસ્તુઓનો અસ્તવ્યસ્ત સમૂહ. ઉદા૦ હવે આ બધું મોસાળું લઈ જા! [–કરવું, ભરવું = સીમંત વખતે દીકરીને રીત આપવી, તેનો વિધિ કરવો. –નીકળવું = મોસાળાનું સરઘસ નીકળવું]
**મોસિયાત** (મો) વિ૦ [प्रा माउसी (मातृष्वसा) ઉપરથી] (સુ) જુઓ મસિયાઈ
**મોહ** પું૦ [સં.] અજ્ઞાન, ભ્રમ (૨) મૂર્છા; બેહોશી (૩) આસક્તિ, પ્યાર [–ઊપજવો, થવો, પામવું, મોહમાં પડવું = આસક્ત થવું] ૦ક વિ૦ મોહ પમાડનારું ૦કતા સ્ત્રી૦ મોહકપણું ૦કૂપ પું૦ મોહરૂપી કૂપ. ૦જાળ સ્ત્રી૦ મોહની જાળ ૦ન વિ૦ મોહક (૨) ન૦ મોહવું તે (૩) વશીકરણ, કામણ; એક અભિચાર (૪) [સ ] કૃષ્ણ. ૦નમાળા સ્ત્રી૦ અમુક ઘાટના સોનાના મણકાની ગળે પહેરવાની માળા ૦નાસ્ત્ર ન૦ [मोहन + अस्त्र] બેહોશ કરી નાખે એવું અસ્ત્ર. ૦નિદ્રા સ્ત્રી૦ મોહરૂપી નિદ્રા. ૦નિયું ન૦ એક પ્રકારની સાડી. ૦ની સ્ત્રી૦ મોહ; ભૂરકી (૨) [સ.] મોહિની, એક અપ્સરા. ૦નીય ન૦ કર્મ (જૈન). ૦ફંદ પું૦ મોહરૂપી ફંદ ૦બાણ ન૦ મોહનું બાણ ૦મંત્ર પું૦ મોહ પમાડે એવો મંત્ર
**મોહકમ** (મો) વિ૦ [अ. मुह्कम, સર૦ म] મોકમ; દૃઢ, સખત (૨) ઘણું, પુષ્કળ
**મોહતાજ** (મો) વિ૦ [अ मुहताज] ગરીબ, ઓશિયાળું
**મોહનઠાર, મોહનથાળ** પું૦ એક પ્રકારનું મિષ્ટાન્ન
**મોહરમ** (મો) પું૦ [अ मुहर्रम] હિજરી સનનો પહેલો મહિનો (જેમા તાજિયા નીકળે છે)
**મોહવું** અ૦ક્રિ૦ [स मुह् ઉપરથી; સર૦ हिं. मोहना, म मोहणें] મોહ પામવું (૨) સ૦ક્રિ૦ મોહ પમાડવું. **મોહાવું** અ૦ક્રિ૦ મોહ પામવું
**મોહાંધ** વિ૦ [સં.] મોહથી અંધ બનેલું
**મોહિત** વિ૦ [સં.] મોહ પામેલું

**મોહિની** સ્ત્રી૦ [સં] જુઓ મોહની (૨) મોહ પમાડે તેવી સ્ત્રી (૩) વૈશાખ સુદ અગિયારસ

**મોળ** (મૉળ,) સ્ત્રી૦ ['મોળુ' ઉપરથી] શરીરમા વાયુનું જોર થવાથી મોઢામા લાળ છૂટે તે (૨) મદી. [–આવવી, છૂટવી, વછૂટવી = મોઢામા લાળ છૂટવી.]

**મોળ** સ્ત્રી૦ [સર૦ મોડ] ઊઠણ (૨) [?] ઝીડિયારું (૩) ચણતરનું ઈંટપથ્થરનું પડ

**મોળપ** (મૉ) સ્ત્રી૦ ['મોળુ' ઉપરથી] મોળાપણું

**મોળવું** સ૦ક્રિ૦ [જુઓ મોરવું] સમારવુ (શાક)

**મોળાઈ(–ત)** (મૉ) વિ૦ ['મોસાળ' ઉપરથી] મોસાળનુ, મામાનુ [મોળાપણુ

**મોળાશ** (મૉ) સ્ત્રી૦ ['મોળુ' પરથી] મોળપ,

**મોળિયું** (મૉ') ન૦ [સર૦ મહોરા, મહોરો] કાપડાની બાયે ચોડાતો (કસબી) પટો (૨) કસબી ફેંટો (૩) (મૉ) ['મોળુ' પરથી] મીઠા વગરનો રોટલો (૪) શોકમા પહેરવાનો સાલ્લો

**મોળી** (મૉ) સ્ત્રી૦ ['મોળું' ઉપરથી] સળી જેવી મીઠા વિનાની લાબી સેવ

**મોળું** (મૉ) વિ૦ [સં મૃદુ કે સ મ્લાન?] ફિક્કુ, સ્વાદ વગરનું (૨) [લા] ઢીલુ, પોચુ ૦મચ વિ૦ સાવ મોળુ

**મોં** (મોં') ન૦ [प्रा मुह (सं. मुख)] મુખ, મોઢું (૨) [લા.] આબરૂ, લાજશરમ (પ્રયોગો મોઢુ શબ્દ જેવા જ લગભગ છે) [–ઉપર દેવતા મૂકનાર=મરનારનો નજીકનો સંબધી –ઢાંકવું=બોલતુ બધ થવુ(૨)રડવુ,છાનુ છાનું રડવુ (૩) મરણ પાછળ સ્ત્રીએ લૌકિક કરવુ –નું પાન=ઘણુ જ પ્યારુ (૨) જેના વડે શોભા રહે તેવુ. –ને ચોકઠુ નથી= મો ઉપર અંકુશ નથી; ગમે તેમ બોલે છે –નો ટાળો કરવો=સામુ ન જોવુ, ઉડાવ્યા કરવુ –પડી જવું=શરમિદું થઈ જવું (૨) દિલગીર થઈ જવુ (–નુ) મોં બાળવું= –ને સંતાપીને દીસતુ કરવું. –માં આંગળાં ઘાલવાં=દંગ થઈ જવુ. –માં ડૂચો દેવો, મારવો=બોલતુ અટકાવવુ (૨) ગૂગળાવવુ. –માં થૂંકવું=ટોળાઈ વગેરેમા ચડી જવું –માં થૂંકે એવું=ટપી જાય તેવું. –મુકાવવું=રડતુ અટકાવવુ; શોક કરનારને આશ્વાસન આપવું. –મૂકીને=માન, આબરૂ કે શરમ છોડીને (૨) છૂટે મોએ; મુક્ત કઠે –વાળવું = મરણ પછી છેડો વાળવો. –સંતાડવું = શરમાવું, સંકોચ કરવો ઊજળું મોં=માનપૂર્વક છુટકારો ઊંચું મોં કરવું, રાખવું=આબરૂ વટ જાળવવા. ગળ્યું મોં કરવું, કરાવવું=શુભ સમાચારની વધાઈ બદલ ગળ્યુ ગળ્યું ખાવુ-ખવરાવવુ. રોજ ઊઠીને મોં જોવાનું=રોજ કામ પડવાનુ, રોજનો સબંધ હોવો શું મોં લઈને આવે'=અતિશય શરમાવું પડે તેવુ થવાથી કેવી રીતે આવે?] ૦કળા સ્ત્રી૦ ચહેરાનો ઘાટ ૦જો(૦ય)ણું સ્ત્રી૦ પહેલી વાર વર કે કન્યાને મો જોઈને ભેટ આપવી તે ૦જોયું વિ૦ એકનું એક, લાડકું. ૦જોરી સ્ત્રી૦ બોલાચાલી, તકરાર ૦પાઠ પુ૦ મોઢેથી બોલીને ગોખવુ તે ૦પાઠિયું વિ૦ મોપાઠ કરનાર. ૦ફાડ સ્ત્રી૦ બે હોઠને લાંબે ચીરા જેવો દેખાતો મોનો બાહ્ય ભાગ ૦બળ્યું વિ૦ બળ્યા મોનુ, મૂઉં ૦માગ્યું વિ૦ માગે એટલુ, ખૂબ ૦માથું ન૦ [લા] મો કે માથુ, કશાના ઢગ કે રૂપરગ વિષે નઈ સાધારણ જાણ કે પતો ૦માર વિ૦ બોલવે નીડર અને પ્રભાવશાળી ૦રખું વિ૦ વિનયી, શરમાળ (૨) પક્ષપાતી; એકતરફી

**મોંઘું,–વવારી,–વાઈ,–વારત** જુઓ 'મોઘું'માં

**મોંબદલો** (મોં૦) પુ૦ [જુઓ મોબદલો] કંઈ કર્યા કે આપ્યાના અવેજમા મળે તે; વળતર (૨) જમીન ખરીદનારને વેચનારે સરકારમા તેની નોધ કરાવી આપવી તે

**મોંવાસો** પુ૦ જુઓ મોવાસો (–આવવો)

**મોંસૂઝણું** ન૦ [મો+સૂઝવુ] પરોઢિયુ

**મૌખિક** વિ૦ [સં] મુખનુ, મુખને લગતુ

**મૌક્તિક** ન૦ [સં] મોતી

**મૌગ્ધ્ય** ન૦ [સં] મુગ્ધતા

**મૌન** ન૦ [સં] ન બોલવું તે (૨) વિ૦ મૂક, ચૂપ ૦ધારી વિ૦ મૌન ધારણ કરનાર ૦વ્રત ન૦ મૌન રહેવાનું વ્રત. –ની વિ૦ મૌનધારી

મૌખ્યર્ય ન૦ [સં.] મૂર્ખતા
મૌર્ય પું૦ [સં.] એક પ્રાચીન હિન્દુ રાજવંશ
મૌર્વી સ્ત્રી૦ [સં.] પણછ
મૌલવી પું૦ જુઓ મોલવી
મૌલા પું૦ [અ.] ધણી, માલિક
મૌલાના પું૦ [ફા.] મોટો મોલવી
મૌલિ ન૦ [સં.] માથું (૨) ટોચ (૩) છોગું; કલગી
મૌલિક વિ૦ [સં.] મૂળ; મુખ્ય, 'ઓરિજિનલ'. ૦તા સ્ત્રી૦
મૌલી વિ૦ [સં] મૌલિ – મુગટવાળું
મૌલ્ય ન૦ [સં.] મૂલ્ય
મૌંજી સ્ત્રી૦ [સં] મુંજનો કદોરો
મ્યાઉં ન૦ [રવ૦] મિયાંઉ, બિલાડીનો અવાજ
મ્યાન ન૦ [જુઓ મિયાન; સર૦ हिं, म.] ધારવાળા હથિયારનું ઘર. [–કરવું = મ્યાનમાં માલવું (૨) [લા.] કબજામા રાખવુ –માં રાખવું = અંકુશમા રાખવું.]
મ્યાનો પું૦ [फा मियानह; સર૦ हिं म्याना] એક જાતની પાલખી, મેનો
મ્યુનિસિપલ વિ૦ [ઇં] મ્યુનિસિપાલિટીનું કે તેને લગતુ
મ્યુનિસિપાલિટી સ્ત્રી૦ [ઇં.] શહેર કે કસબાનું સુધરાઈખાતુ [નિસ્તેજતા; ગ્લાનિ
મ્લાન સ્ત્રી૦ [સ] કરમાયેલું; ખિન્ન –નિ સ્ત્રી૦
મ્લેચ્છ પું૦ [સ.] આર્યોની સંસ્કૃતિથી ભિન્ન સંસ્કૃતિનો માણસ. –ચ્છાઈ સ્ત્રી૦

## ય

ય પું૦ [સ.] ચાર અર્ધસ્વરોમાં પહેલો (૨) (વ્યા) વિ૦ પરથી ભાવવાચક (ન૦) નામ બનાવતો પ્રત્યય. જેમ કે દૈન્ય ૦કાર પું૦ ય અક્ષર કે તેનો ઉચ્ચાર ૦કારશ્રુતિ, ૦શ્રુતિ સ્ત્રી૦ ઉચ્ચારણમા યકાર સંભળાવો તે જેમ કે, 'આખ' ના 'ખ' મા. ૦કારાંત વિ૦ છેડે યવાળુ
ય પદને અંતે લાગતા 'પણ, અપિ, વળી'નો અર્થ બતાવે. ઉદા૦ તમેય; મકાનેય (૨) પ્રશ્નાર્થક સ૦ને લગતા અનિશ્ચિનાર્થક ઘણાપણાનો ભાવ બતાવે. ઉદા૦ કેવુય, કેટલુય. એ 'ય' જેમ જ અર્થ સૂચવે, કાંઈક વિશેષ માનાથી
યકીન ન૦ [અ] વિશ્વાસ
યકૃત ન૦ [સં] કાળજું; 'લીવર'
યક્ષ પું૦ [સં.] એક દેવયોનિ, કુબેરનો અનુચર. ૦કર્દમ પુ૦ કેસર, સુખડ, કસ્તૂરી અને કપૂર મેળવીને બનાવેલો સુગંધીદાર અંગલેપ ૦(–ક્ષિ)ણી સ્ત્રી૦ યક્ષ સ્ત્રી; યક્ષની સ્ત્રી ૦રાજ પુ૦ (સં.) કુબેર ૦રાત્રિ(–ત્રી) સ્ત્રી૦ દિવાળી [ક્ષયવાળું
યક્ષ્મ(–ક્ષ્મા) પું૦ [સં] ક્ષયરોગ –ક્ષ્મી વિ૦
યખ પું૦ [ફા] બરફ
યગણ પું૦ [સં] પહેલો લઘુ અને બીજો તથા ત્રીજો ગુરુ અક્ષર હોય એવો ગણ (પિંગળ)
યજદાં પું૦ [ફા] પરમેશ્વર (પારસી)
યજન ન૦ [સ] યજ્ઞ કરવો તે (૨) પૂજન. ૦યાજન ન૦ જાતે યજ્ઞ કરવા તથા બીજા પાસે કરાવવા રૂપી (બ્રાહ્મણનું) કર્મ
યજમાન પું૦ [સં.] યજ્ઞ કરનાર (૨) ગોર કે બ્રાહ્મણને દક્ષિણા આપી ધાર્મિક ક્રિયા કરાવનાર (૩) આશ્રય આપનાર; દાતા ૦વૃત્તિ સ્ત્રી૦ યજમાનના દાનદક્ષિણા વડે આજીવિકા કરવી તે. –નિયું વિ૦ યજમાનવૃત્તિવાળું. –નિયો પુ૦ જેને પેઢી દર પેઢીથી યજમાનવૃત્તિ ચાલતી આવી હોય તેવો બ્રાહ્મણ [કરવો
યજવું સ૦ક્રિ૦ [સં यज्] પૂજા કરવી (૨) યજ્ઞ
યજુર, –ર્વેદ પું૦ [સં.] (સં.) ચાર વેદમાંનો એક. –ર્વેદી વિ૦ યજુર્વેદનુ (૨) પું૦ યજુર્વેદ ભણેલો કે યજુર્વેદ પ્રમાણે ક્રિયાઓ કરનારો બ્રાહ્મણ
યજ્ઞ પું૦ [સં] એક વેદોક્ત કર્મ; યાગ (૨) લોકસંગ્રહ કે સેવા અર્થે કરેલુ કર્મ ૦કુંડ પુ૦ યજ્ઞની વેદી. ૦ક્રિયા સ્ત્રી૦ યજ્ઞનો વિધિ. ૦દ્રવ્ય ન૦ યજ્ઞમા વપરાતો પદાર્થ. ૦પશુ પું૦;ન૦ યજ્ઞમા હોમવાનું પશુ. ૦પુરુષ પુ૦

(સં.) વિષ્ણુ ૦ભાગ પું૦ યજ્ઞના બળિદાનનો ભાગ. ૦ભૂમિ(-મી) સ્ત્રી૦ યજ્ઞ કરવાનું સ્થાન. ૦યાગ પું૦ હોમહવન. ૦વાટ પું૦; સ્ત્રી૦ યજ્ઞ માટે તૈયાર કરેલી કે આંતરેલી જમીન. ૦વૃક્ષ ન૦ જેનું લાકડું યજ્ઞમાં વપરાય છે તે ઝાડ. ૦વેદિ(-દી) સ્ત્રી૦ યજ્ઞની વેદી. ૦શાલા(-ળા) સ્ત્રી૦ યજ્ઞ કરવાનો ઓરડો. ૦શિષ્ટાશી વિ૦ યજ્ઞ કરતાં શેષ રહેલું ખાનાર. -જ્ઞોપવીત ન૦ ઉપવીત, જનોઈ

યઙ્‌ન્ત વિ૦ [સં.] ક્રિયાની આવૃત્તિ કે તીવ્રતા બતાવનારું (રૂપ) [વ્યા.] ઉદા૦ લાતાટવું

યતમાન વિ૦[સં.] યત્ન કરતું, મથતું, પ્રયત્નશીલ

યતિ પું૦ [સં.] જિતેંદ્રિય પુરુષ, સંન્યાસી (૨) જૈન સાધુ (૩) સ્ત્રી૦ છંદમાં આવતો વિરામ (૪) વાક્યમાં આવતી ટાપ ૦ભંગ પું૦ યોગ્ય સ્થાને યતિ ન હોવી તે. ૦લગ્ન પું૦ સંગીતમાં એક તાલ

યતી પું૦ [સં.] યતિ; સંયમી [અનાથાશ્રમ

યતીમ ન૦ [અ.] અનાથ બાળ ૦ખાનું ન૦

યત્કિંચિત્ અ૦ [સં.] જરા પણ

યત્ન પું૦ [સં.] પ્રયત્ન, મહેનત, ઉદ્યોગ ૦પૂર્વક અ૦ મહેનત લઈને ૦શીલ વિ૦ યત્ન કરતું રહેનારું [ઠેકઠેકાણે

યત્ર અ૦ [સં.] જ્યાં ૦તત્ર અ૦ જ્યાં ત્યાં;

યથા અ૦ [સં.] જેવી રીતે; જે પ્રમાણે (૨) અવ્યયીભાવ સમાસમાં '-ની પ્રમાણે', 'અનુસાર' એવા અર્થમાં ૦ઋતુ અ૦ ઋતુ પ્રમાણે ૦કામ અ૦ ઇચ્છા પ્રમાણે ૦ક્રમ અ૦ ક્રમ પ્રમાણે ૦કાલ(-ળ) અ૦ સમય અનુસાર, યોગ્ય વખતે ૦જ્ઞાન અ૦ જુઓ યથામતિ ૦તથ અ૦ જેમ હોય તેમ, સાચેસાચું. ૦દર્શન ન૦ 'પર્સ્પેક્ટિવ' (ચિત્રકળા) ૦તુરૂપ અ૦ યોગ્ય રીતે ૦ન્યાય અ૦ ન્યાય પ્રમાણે; યથાયોગ્ય ૦પૂર્વ અ૦ પહેલાંની પેઠે ૦પૂર્વવાદી વિ૦ પહેલાં જેમ હતું એમ હોવું જોઈએ એવા મતનું ૦પ્રસંગ અ૦ પ્રસંગ પ્રમાણે. ૦બુદ્ધિ, ૦મતિ અ૦ બુદ્ધિ અનુસાર. ૦યુક્ત, ૦યોગ્ય અ૦ યોગ્ય હોય તેમ ૦રીતિ અ૦ રીત પ્રમાણે ૦રુચિ પ્રમાણે ૦રુચિ અ૦ રુચિ પ્રમાણે. ૦ર્થ વિ૦ [+અર્થ] સાચું, ખરું; વાસ્તવિક (૨) અ૦ વાસ્તવિક રીતે. ૦ર્થતા સ્ત્રી૦ સાચાપણું, ખરાપણું. ૦ર્થદર્શન ન૦ પ્રત્યક્ષ-ઇંદ્રિયોથી દેખાય તે, 'રિયાલિઝમ'. ૦ર્થદર્શી વિ૦ યથાર્થ દર્શનવાળું; 'રિયાલિસ્ટિક' ૦ર્થબુદ્ધિ સ્ત્રી૦ રાગદ્વેષ વિના, વસ્તુને તત્ત્વતઃ સમજી શકે તેવી બુદ્ધિ ૦ર્થવાદી વિ૦ (૨) પું૦ ખરું બોલનાર, સત્યવાદી ૦વકાશ અ૦ [+अवकाश] ફુરસદ હોય તે પ્રમાણે. ૦વત્ અ૦ જેમ હોય તેમ ૦વસર અ૦ પ્રસંગાનુસાર. ૦વિધિ અ૦ વિધિ પ્રમાણે ૦શક્ય અ૦ શક્યતા પ્રમાણે, બનતા સુધી ૦શક્તિ અ૦ શક્તિ પ્રમાણે ૦શાસ્ત્ર અ૦ શાસ્ત્ર પ્રમાણે ૦શ્રુત અ૦ સાંભળ્યા પ્રમાણે. ૦સમય અ૦ યોગ્ય સમયે, સમય મુજબ. ૦સંભવ અ૦ શક્યતા મુજબ. ૦સામર્થ્ય અ૦ શક્તિ મુજબ ૦સાંગ અ૦ યથાર્થ રીતે. ૦સ્થાન અ૦ યોગ્ય સ્થાને, સ્થાન પ્રમાણે. ૦સ્થિત વિ૦ (૨) અ૦ તાદૃશ, હોય એવું, બરાબર, યોગ્ય -થેચ્છ(-ષ્ટ) વિ૦ [સં.] મરજી મુજબનું (૨) અ૦ ઇચ્છા પ્રમાણે. -થોક્ત વિ૦ [+उक्त (સં.)] કહ્યા પ્રમાણેનું -થોચિત વિ૦ [+उचित (સં.)] યોગ્ય

યદપિ અ૦ [સં.] જોકે, યદ્યપિ

યદા અ૦ [સં.] જ્યારે

યદિ અ૦ [સં.] જો

યદુ પું૦ [સં.] (સં.) યયાતિ અને દેવયાનીનો પુત્ર અને યાદવોનો પૂર્વજ. ૦નંદન, ૦વર પું૦ (સં.) કૃષ્ણ

યદૃચ્છા સ્ત્રી૦ [સં.] સ્વેચ્છા (૨) અકસ્માત

યદ્યપિ અ૦ [સં.] જોકે; યદપિ

યદ્વાતદ્વા અ૦ [સં.] ગમે તેમ, એલફેલ

યમ પું૦ [સં.] નિગ્રહ, સંયમ (૨) અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ અને અસ્તેય એ પાંચ (૩) [સં.] મૃત્યુનો દેવ. [-નો દૂત=જમના દૂત જેવો નિર્દય કે કઠોર માણસ] ૦ક પું૦ ભિન્ન અર્થના સમાન

શબ્દોની પુનરાવૃત્તિ–એક શબ્દાલંકાર (કા.શા) (૨) પ્રાસ; 'રાઈમ'. ૦કિત વિ૦ યમકવાળું. ૦કિંકર પું૦ યમનો દૂત. ૦દંડ પું૦ યમે કરેલી શિક્ષા. ૦દૂત પું૦ યમનો નોકર. ૦દ્વિતીયા સ્ત્રી૦ ભાઈબીજ ૦ન પું૦ કલ્યાણ રાગનો એક ભેદ (૨) ન૦ સંયમ, નિગ્રહ ૦નકલ્યાણ પું૦ કલ્યાણ રાગનો એક પ્રકાર. ૦નિયમ પું૦બ૦વ૦ અષ્ટાંગ યોગના પહેલા બે અંગ (પાંચ મહાવ્રતરૂપી યમ; તથા શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય, ઈશ્વરપ્રણિધાન એ પાંચ નિયમ) ૦પાશ પું૦ યમનો ફાંસો. ૦પુરી સ્ત્રી૦ યમરાજાની નગરી (૨) નરક. ૦પુરુષ પું૦ યમનો માણસ–દૂત ૦રાત્રિ(–ત્રી) સ્ત્રી૦ મૃત્યુરૂપી રાત્રી ૦લ ન૦ જોડકું. ૦સદન ન૦ યમ લોક; યમનું સ્થાન. [–પહોંચાડવું=ઠાર મારવું.] [(સ.) યમુના નદી

યમી વિ૦ (૨) પું૦ [સં] સંયમી (૩) સ્ત્રી૦

યયાતિ પું૦ [સં] (સ) એક ચંદ્રવંશી રાજા

યવ પું૦ [સં] જવ ૦ક્ષાર, ૦જ પું૦ જવખાર

યવન પું૦ [સં] (પ્રાચીન) યુનાન દેશનો રહેવાસી (૨) આર્યસંસ્કૃતિ બહારનો માણસ, મ્લેચ્છ. –નિકા સ્ત્રી૦ જવનિકા, પડદો (૨) યવની. –ની સ્ત્રી૦ યવનની કે યવન સ્ત્રી

યવાગૂ સ્ત્રી૦ [સં.] ઓસામણ (૨) રાબ, કાંજી

યશ પું૦ [સં] કીર્તિ (૨) [લા] ફતેહ, સિદ્ધિ ૦સ્વિની વિ૦ સ્ત્રી૦, ૦સ્વી વિ૦ નામાંકિત (૨) ફતેહમંદ. –શઃશરીર ન૦ યશરૂપી શરીર –શાળું વિ૦ યશવાળું –શોગાન ન૦ યશનું ગાન; યશ ગાવો તે –શોદા સ્ત્રી૦ (સ) શ્રીકૃષ્ણને ઉછેરનાર નંદની પત્ની –શોધન ન૦ યશરૂપી ધન; કીર્તિરૂપી સંપત્તિ (૨) વિ૦ યશસ્વી –શોલાભ પું૦ યશનો લાભ

યશદ ન૦ [સં.] એક ખનિજ ધાતુ

યશ્રુતિ સ્ત્રી૦ [સં] જુઓ 'યં'માં

યષ્ટિ, ૦કા, –ષ્ટી સ્ત્રી૦ [સં] લાકડી

યહૂદી વિ૦ (૨) પું૦ [फा] પેલેસ્ટાઇનનો મૂળ વતની; મૂસા પેગંબરનો અનુયાયી

યંત્ર ન૦ [સં.] સંચો (૨) જુઓ જંતર ૦ક ન૦ ઘા વગેરે પર બંધાતો પાટો (૨) સંચાડો (૩) પું૦ જુઓ યંત્રજ્ઞ. ૦જ્ઞ પું૦ યંત્રવિદ્યા જાણનાર, 'મિકેનિક'. ૦ગતિ સ્ત્રી૦ યંત્રની ગતિ (૨) યંત્રવત્ સતત ગતિ ૦ણા સ્ત્રી૦ કલેશ; વેદના (૨) નિયંત્રણ. ૦બળ ન૦યાંત્રિક બળ. ૦રચના સ્ત્રી૦ યંત્રની રચના; યંત્રની ગોઠવણી. ૦વત્ અ૦ યંત્રની પેઠે, એકધારું ૦વિદ્યા સ્ત્રી૦ યંત્રોની વિદ્યા ૦શાસ્ત્ર ન૦ યંત્રોનું શાસ્ત્ર; 'મિકેનિક્સ' ૦શાસ્ત્રી પું૦ યંત્રજ્ઞ –ત્રિત વિ૦ નિયંત્રિત –ત્રોદ્યોગ પું૦ [+उद्योग] યંત્રો દ્વારા થતો કારખાનાનો ધંધોરોજગાર. –ત્રોદ્યોગવાદ પું૦ યંત્રોદ્યોગો વધવાથી દેશની આબાદી છે એવો વાદ, 'ઇન્ડસ્ટ્રિયલિઝમ' [=હે પ્રભુ!]

યા અ૦[फा.] હે! (૨) અથવા, યાને [–અલ્લા!

યાકૂત ન૦ [अ] માણેક, એક રત્ન. –તી સ્ત્રી૦ ભાંગના ધીમા મસાલા ભેળવી બનાવેલો એક માદક પાક

યાગ પું૦ [સં] યજ્ઞ

યાચક પું૦ [સં] માગણ –ના સ્ત્રી૦ વિનંતિ, પ્રાર્થના (૨) માગણી ભીખ

યાચવું સ૦ક્રિ૦ [સં याच्] યાચના કરવી. જાચવું

યાચિત વિ૦ [સં] માગેલું [ઋત્વિજ

યાજક પું૦ [સં] યજ્ઞ કરનાર, યજ્ઞકર્મ ચલાવનાર

યાજન ન૦ [સં.] યજ્ઞ કરાવવો તે, પુરોહિતપણું

યાજ્ઞવલ્ક્ય પું૦ [સં] (સ) એક પ્રાચીન ઋષિ–સ્મૃતિકાર

યાજ્ઞસેની સ્ત્રી૦ [સં] (સં) દ્રૌપદી

યાજ્ઞિક વિ૦ [સં] યજ્ઞ સંબંધી (૨) પું૦ યજ્ઞ કરનાર કે કરાવનાર (૩) એક અટક

યાજ્ય વિ૦ [સં] યજ્ઞમાં હોમવાનું;યજ્ઞ સંબંધી

યાતના સ્ત્રી૦ [સં.] દુઃખ; કષ્ટ; પીડા

યાતાયાત સ્ત્રી૦ [સં] જવું ને આવવું તે; ફેરો-ફેરો (૨) જન્મમરણનું દુઃખ

યાતુધાન પું૦ [સં] રાક્ષસ

યાત્રા સ્ત્રી૦ [સં] જુઓ જાત્રા ૦ળુ પું૦ યાત્રા કરનારો. –ત્રિક,–ત્રી વિ૦ યાત્રા કરનારું (૨) પું૦ યાત્રાળુ

યાતૃ સ્ત્રી૦ [સં] દેરાણી
યાથાતથ્ય ન૦ [સં.] સત્ય
યાથાત્મ્ય ન૦ [સં.] તત્ત્વ. સ્વરૂપ
યાથાર્થ્ય ન૦ [સં] યથાર્થપણું
યાદ સ્ત્રી૦ [फा] સ્મરણ (૨) યાદી, ટાચણ [-આવવું, કરવું, કરાવવું, રહેવું, રાખવું, લાવવું.] ૦ગાર વિ૦ યાદ કરાવે તેવું (સ્મારક) (૨) યાદ રહી જાય તેવું ૦ગીરી સ્ત્રી૦ યાદદાસ્ત, સ્મરણ (૨) સંભારણું; સ્મારક ૦દાસ્ત (-સ્તી) સ્ત્રી૦ [फा दाश्तन] સ્મરણશક્તિ
યાદવ પું૦ [સં] યદુનો વંશજ (૨) [સં] કૃષ્ણ. -વાસ્થળી, -વી સ્ત્રી૦ યાદવોની અંદર અંદરની લડાઈ અને કતલ (૨) [લા] અંદર અંદરની લડાઈ
યાદી સ્ત્રી૦ [फा] ટીપ· વિગતવાર ટાચણ (૨) તે નોંધવાની ચોપડી (૩) યાદ, સ્મરણ
યાદચ્છિક વિ૦[સં] મરજિયાત, ઐચ્છિક (૨) અણચિંતવ્યું, આકસ્મિક
યાદૃશ વિ૦ [સં] જેવું, જેના જેવું
યાદોગણ પું૦ [સં.] દરિયાઈ કે જળચર પ્રાણીઓનો સમુદાય
યાન ન૦ [સં] વાહન (૨) શત્રુ સામે આક્રમણ
યાને અ૦ [अ. यानी] અથવા, યા
યાબૂ પું૦ [तुर्की] એક જાતનો ઘોડો
યામ પું૦ [સં] ત્રણ કલાક, પહોર
યામમત્સ્ય ન૦[સં] દક્ષિણનો એક તારાસમૂહ
યામિની સ્ત્રી૦ [સં.] રાત્રી
યામ્ય વિ૦[સં] યમ સંબંધી (૨) દક્ષિણ દિશાનું -મ્યોત્તર વિ૦ દક્ષિણમાંથી ઉત્તરમાં જતું
યાર પું૦[फा.] દોસ્ત (૨) આશક; જાર ૦બાજ વિ૦ કામુક, વિષયી ૦બાજી સ્ત્રી૦ વ્યભિચારી, દોસ્તી (૨) જારકર્મ -રી સ્ત્રી૦ દોસ્તી, પ્યાર (૨) સ્ત્રીપુરુષનો અનુચિત પ્રેમ કે સંબંધ (૩) સૂઢ છૂટો મૂકવાનો દોર (૪) મદદ. [-આપવી, દેવી (નસીબે) = નસીબ યારી આપવું, પ્રયત્ન સફળ થવો.] -રું ન૦ યારકર્મ (?)
યાર્ડ પું૦ [इं] વાર, ત્રણ ફૂટનું માપ (૨) વાડો; વાડા જેવી જગા. ઉદા૦ રેલને યાર્ડ.

યાલ(-ળ) સ્ત્રી૦ [तुर्की] સિંહની ગરદન પરના વાળ
યાવક પું૦, ન૦ [સં] અળતો
યાવચ્ચંદ્રદિવાકરૌ અ૦ [સં] સૂર્ય અને ચંદ્ર હોય ત્યાં સુધી, હમેશને માટે
યાવજ્જીવન અ૦ [સં] આખી જિંદગી સુધી
યાવત્ અ૦ [સં] જ્યાં સુધી
યાવની વિ૦ સ્ત્રી૦ [સં] યવનની
યાહોમ અ૦ [अवस्ता: ओहाम] ફુરબાનીનો પોકાર [-કરવું, -કરીને ઝુકાવવું = મરણિયા થઈને પડવું]
યાળ સ્ત્રી૦ જુઓ યાલ
યાંત્રિક વિ૦ [સં] યંત્રનું, યંત્ર સંબંધી, યંત્ર જેવું (૨) પું૦ યંત્રશાસ્ત્રી
યુક્ત વિ૦[સં] જોડાયેલું (૨) યોગ્ય, ઘટતું (૩) [સમાસને અંતે] 'વાળું' અર્થમાં. ઉદા૦ અપમાનયુક્ત -ક્તાક્ષર પું૦ [+ अक्षर] જોડાક્ષર -ક્તાત્મા પું૦ [+ आत्मा] યુક્ત આત્માવાળો – યોગી -ક્તાયુક્ત વિ૦ [+ अयुक्त] સારું નરસું, યોગ્યાયોગ્ય
યુક્તિ સ્ત્રી૦ [સં] તદબીર, કરામત (૨) ન્યાય, તર્ક (૩) હેતુવાળું યુક્તિપૂર્વક સાંકેતિક કે ગર્ભિત સૂચન (કા. શા) ૦પ્રયુક્તિ સ્ત્રી૦ સારાનરસા ઉપાય કરવા તે, વિવિધ યુક્તિઓ અજમાવવી તે ૦પ્રામાણ્યવાદ પું૦ તર્કથી જે સૂઝે તે જ ખરું માનવાનો વાદ; બુદ્ધિવાદ, 'રૅશનલિઝમ'. ૦પ્રામાણ્યવાદી પું૦ યુક્તિપ્રામાણ્યવાદમાં માનનાર ૦બાજ, ૦માન વિ૦ ચતુર, હોશિયાર (૨) શોધક; કરામતી
યુગ પું૦ [સં.] પૌરાણિક રીતે પાડેલા કાળના લાંબા ચાર વિભાગોમાંનો દરેક (સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિ) (૨) [લા.] જમાનો (૩) યુગલ; યુગ્મ. ૦ધર્મ પું૦ યુગનો પ્રધાન ધર્મ. ૦પદ્ અ૦ એકીસાથે. ૦પ્રવર્તક વિ૦ યુગ પ્રવર્તાવનાર, યુગ બદલનાર (૨) પું૦ જેના મહાન પુરુષાર્થથી જગતમાં યુગાંતર થાય તે (પુરુષ). ૦લ ન૦ જોડું. -ગંધર પું૦ યુગ પ્રવર્તક. -ગાચાર પું૦ [+ आचार] યુગનો ખાસ આચાર; યુગધર્મ. -ગાંત પું૦

યુગનો છેડો (૨) પ્રલયકાળ. -ગાંતર ન૦ [+अंतर] બીજો યુગ; બીજો જમાનો
યુગ્મ ન૦ [सं] જોડું. ૦ક ન૦ યુગ્મ; જોડું. ૦કોણ પું૦ 'ઑલ્ટર્નેટ ઍન્ગલ' (ગ)
યુટોપિયા પું૦ [इं] આદર્શ સમાજવ્યવસ્થા અને સુખ સંપત્તિવાળો કાલ્પનિક બેટ કે તેવો પ્રદેશ યા સ્થિતિ
યુત વિ૦ [सं] યુક્ત; સહિત -તિ સ્ત્રી૦ યોગ, મિલન, મેળાપ [સૌથી મોટો
યુધિષ્ઠિર પું૦ [सं.] (સ) પાંચ પાંડવોમાં
યુદ્ધ ન૦ [सं] લડાઈ; સંગ્રામ ૦નિષેધ પું૦ યુદ્ધનો સર્વથા નિષેધ ૦વાદ પું૦ યુદ્ધ સારી કે આવશ્યક વસ્તુ છે અને માન્ય છે એવો વાદ; 'મિલિટેરિઝમ' ૦વાંછુ વિ૦ યુદ્ધની ઇચ્છા રાખનાર ૦વિદ્યા સ્ત્રી૦ લડવાની કળા અને શાસ્ત્ર ૦વિશ્રાંતિ સ્ત્રી૦ થોડા સમય માટે યુદ્ધની મોકૂફી. ૦શાસ્ત્ર ન૦ યુદ્ધનું શાસ્ત્ર. -દ્ધોત્તર વિ૦ [+उत्तर] યુદ્ધ પછીનું, યુદ્ધ પત્યા પછીના શાંતિના કાળમાં કરવાનું- હાથ ધરવાનું, જેમ કે યુદ્ધોત્તર યોજનાઓ
યુનાન પું૦ [फा.] (સ.) ગ્રીસ. -ની વિ૦ યુનાનનું કે તેને લગતું [જાતનો જથો
યુનિટ પું૦ [इं] એકમ; મૂળ ઘટક (૨) એક
યુનિવર્સિટી સ્ત્રી૦[इं] વિદ્યાપીઠ, વિશ્વવિદ્યાલય
યુરોપ [इं] (સ) પૃથ્વીના પાંચ ખંડમાંનો એક -પિયન વિ૦ યુરોપીય (૨) પું૦ યુરોપનો રહેવાસી. -પીય વિ૦ યુરોપનું
યુવક પું૦ [सं.] યુવાન ૦મંડળ ન૦, ૦સંઘ પું૦ યુવકોનો સંગઠિત સમૂહ કે સંસ્થા
યુવતી સ્ત્રી૦ [सं.] જુવાન સ્ત્રી
યુવરાજ પું૦ [सं] પાટવી કુંવર -જ્ઞી સ્ત્રી૦ પાટવી કુંવરની સ્ત્રી
યુવા પું૦ [सं.] યુવાન. ૦ન વિ૦ યુવાવસ્થામાં આવેલું જુવાન (૨) પું૦ તેવો પુરુષ. ૦વસ્થા સ્ત્રી૦ [+अवस्था] જુવાની
યૂકા સ્ત્રી૦ [सं.] જૂ
યૂથ ન૦ [सं] ટોળું
યૂપ પું૦ [सं] યજ્ઞના પશુને બાંધવાનો થાંભલો-
યે જુઓ 'ય'માં

યેન કેન પ્રકારેણ શ૦પ્ર૦ [सं] ગમે તે પ્રકારે; ગમે તેમ કરીને
યોગ પું૦ [सं.] મેળાપ, સંગમ (૨) ઉપાય; ઇલાજ (૩) પરમાત્મા સાથે સંબંધ કરવાનો ઉપાય (૪) ચિત્તવૃત્તિનો નિરોધ (૫) યોગ-દર્શન (૬) અવસર; પ્રસંગ; લાગ (૭) સૂર્ય કે ચંદ્રના અમુક સ્થાનમાં આવવાથી થતા ૨૭ વિશિષ્ટ અવસરમાંનો દરેક (જ્યો) (૮) વ્યુત્પત્તિ (વ્યા) (૯) મન, વાણી અને કાયાની પ્રવૃત્તિ (જૈન).[-આવવો, ખાવો, બનવો, બેસવો = જોગ ખાવો, તાકડો મળવો -સાધવો=તકનો ઉપયોગ કરવો (૨) યોગવિદ્યા પ્રમાણે ચિત્તવૃત્તિનો નિરોધ કરવાનો અભ્યાસ કરવો (-ને) યોગે, (-ના) યોગથી = તે લીધે (૨) ની સાથેના સંબંધથી] ૦ક્ષેમ પું૦; ન૦ જે વસ્તુ ન હોય તે મેળવવી અને હોય તેનું રક્ષણ કરવું તે (૨) કુશળતા; આબાદી ૦ચિહ્ન ન૦ વત્તાની (+) આવી નિશાની (ગ.) ૦દર્શન ન૦ પતંજલિપ્રણીત યોગશાસ્ત્ર. ૦દશા સ્ત્રી૦ ધ્યાનાવસ્થા. ૦નિદ્રા સ્ત્રી૦ અર્ધી નિદ્રા અને અર્ધી સમાધિની સ્થિતિ (૨) બે યુગના અંતમાં વિષ્ણુની નિદ્રા (૩) હિપ્નોટિઝમ વગેરેના પ્રયોગથી આણેલી નિદ્રા જેવી સ્થિતિ (૪) [सं] દુર્ગા ૦નિષ્ઠા સ્ત્રી૦ યોગ-પરાયણતા ૦પ્રમાણ ન૦'ટ્રૅમ્પોનેન્ડો'(ગ) ૦બલ(-ળ) ન૦ યોગથી પ્રાપ્ત થતી શક્તિ. ૦બૂડ વિ૦ યોગમાં બૂડેલું-મગ્ન ૦ભૂમિકા સ્ત્રી૦ યોગની વિશિષ્ટ અવસ્થા-સ્થિતિ ૦ભ્રષ્ટ વિ૦ યોગમાંથી ચળેલું ૦માયા સ્ત્રી૦ યોગની જાદુઈ શક્તિ (૨) સૃષ્ટિની ઉત્પત્તિ કરનારી ઈશ્વરની શક્તિ (૩) [सं.] દુર્ગા ૦મુદ્રા સ્ત્રી૦ ખેચરી વગેરે પાંચ મુદ્રાઓમાંની દરેક, યોગની વિશિષ્ટ ક્રિયા ૦રાજ ગૂગળ પું૦ વિવિધ ઔષધિઓના યોગથી તૈયાર કરેલો ગૂગળ; એક ઔષધ ૦રૂઢ વિ૦ [વ્યા] યોગ રૂઢિથી પ્રાપ્ત થયેલા અર્થવાળો શબ્દ (ઉદા૦ પંકજ). ૦રૂઢિ સ્ત્રી૦શબ્દની ત્રણ પ્રકારની અર્થબોધક વૃત્તિ-શક્તિમાંની એક, (યોગ, રૂઢિ અને

યોગરૂઢિ), જેમા યોગ–વ્યુત્પત્તિ–તેમ જ રૂઢિ બનેથી શબ્દનો અર્થ નક્કી થાય છે (વ્યા) ૦વિયોગચિહ્ન ન૦ વત્તાઓછાનું (±) આવુ ચિહ્ન (ગ). ૦વિયોગપ્રમાણુ ન૦ 'કૉમ્પો-નેન્ડો' અને 'ડિવિડૅન્ડો' (ગ). ૦શાસ્ત્ર ન૦ યોગનુ નિરૂપણ કરનારુ શાસ્ત્ર ૦સમાધિ સ્ત્રી૦ પૂર્ણ ધ્યાનમા જીવનુ લીન થઈ જવુ તે. ૦સાધના સ્ત્રી૦ યોગની સાધના ૦સિદ્ધ પુ૦ યોગની સિદ્ધિ પ્રાપ્ત કરનારો, યોગી ૦સૂત્ર ન૦ (સ.) પતંજલિએ રચેલો યોગશાસ્ત્રનો પ્રસિદ્ધ ગ્રંથ ૦સ્થ વિ૦ યોગમા સ્થિર થયેલું. ૦હઠ સ્ત્રી૦ યોગીની હઠ –ગાનંદ પુ૦ [+आनंद] યોગાભ્યાસથી મળતો પરમ આનંદ –ગાનુયોગે અ૦ [+अनुयोग] જુઓ જોગાનજોગ. –ગાભ્યાસ પુ૦ [+अभ्यास] યોગનો અભ્યાસ –ગાયોગ પુ૦ [+अयोग] અનુકૂળ અને પ્રતિકૂળ સંજોગ –ગારૂઢ વિ૦ [+आरूढ] યોગમા સ્થિર થયેલુ. –ગાર્થ પુ૦ [+अर्थ] (વ્યા.) શબ્દનો યોગ અથવા વ્યુત્પત્તિ પરથી થતો અર્થ. –ગાસન ન૦ [+आसन] યોગાભ્યાસને અનુકૂળ આસન–શરીરની બેઠક (૨) તેવા યોગના ૮૪ આસનોમાંનું દરેક –ગિની સ્ત્રી૦ યોગાભ્યાસ કરનારી સ્ત્રી, તાપસી (૨) દુર્ગા અને શિવની તહેનાતમા રહેતી આઠ ઉપદેવીઓમાની દરેક –ગી પુ૦ યોગસાધના કરનાર, તપસ્વી –ગીરાજ, –ગીશ્વર, –ગીંદ્ર, –ગેશ્વર, –ગેન્દ્ર પુ૦ [योगी+ईश्वर, इन्द्र, योग+ईश्वर, इन्द्र] યોગીઓમા શ્રેષ્ઠ (૨) [सं] મહાદેવ

યોગ્ય વિ૦ [सं.] છાજતુ, ઘટતુ, લાયક. ૦તા સ્ત્રી૦ યોગ્ય હોવું તે (૨) ધારેલો અર્થ કહેવાનું સામર્થ્ય (ન્યાય). –ગ્યાયોગ્ય વિ૦ [+अयोग्य] યોગ્ય અને અયોગ્ય

યોજક વિ૦ (૨) પુ૦ [सं] યોજના કરનાર ૦તા સ્ત્રી૦ યોજવાની શક્તિ

યોજન પું૦[स] ચાર ગાઉ ૦ગંધા સ્ત્રી૦ કસ્તૂરી (૨) (સં) મત્સ્યગંધા

યોજના સ્ત્રી૦[स] ગોઠવણ, વ્યવસ્થા (૨) કાર્ય પરત્વે રીત, વસ્તુ, ઉદ્દેશ વગેરેનો પહેલેથી કરેલો વિચાર સંકલના વગેરે તે [–કરવી, રચવી] –નીય વિ૦ યોજવા યોગ્ય કે યોજી શકાય એવુ

યોજવું સ૦ક્રિ૦ [सं युज्] જોડે સાંધવું, જોડવું (૨) યોજના કરવી, રચવું, ગોઠવવુ (૩) નીમવુ; મૂકવુ; –મા પ્રવૃત્ત કરવુ; લગાડવુ

યોદ્ધો, યોધ પુ૦ [स] લડવૈયો

યોનિ(–ની) સ્ત્રી૦ [स] સ્ત્રીની જનનેન્દ્રિય (૨) ઉત્પત્તિસ્થાન, આદિ કારણ (૩) દેવ, મનુષ્ય, પશુ વગેરે જેવી જીવની જાત

યોષિત, –તા સ્ત્રી૦ [सं] જુવાન સ્ત્રી

યૌગિક વિ૦ [सं] યોગ સબધી, (૨) [व्या.] વ્યુત્પત્તિસિદ્ધ, યોગાર્થવાળું

યૌન વિ૦ [सं] યોનિ સબધી, યોનિમાથી જન્મેલુ (૨) લોહીના સબંધવાળુ, લગ્ન-સબધમાથી થતુ

યૌવન ન૦ [सं] જુવાની ૦વેશ(–ષ) વિ૦ જુવાન –ના સ્ત્રી૦યુવતી(અશુદ્ધ શબ્દરચના)

યૌવરાજ્ય ન૦ [सं.] યુવરાજની પદવી કે સ્થાન. –જ્યાભિષેક પુ૦ [+अभिषेक] યુવરાજને પદે વિધિસર સ્થાપવુ તે

## ર

ર પુ૦ [सं] ચાર અધ સ્વરોમાંનો બીજો ૦કાર પુ૦ ર અક્ષર કે ઉચ્ચાર ૦કારાંત વિ૦ છેડે રકારવાળુ

રકઝક સ્ત્રી૦ ['જક'નો દ્વિર્ભાવ] ખેચાખેચી, તકરાર

રકબો પુ૦ [अ] ખેતરની આસપાસની ખેડયા વિનાની જમા (૨) ક્ષેત્રફળ (૩) ગામ, ખેતર, પરગણુ વગેરેની હદ અથવા પ્રદેશ

રકમ સ્ત્રી૦ [अ.] ચીજ (૨) દાગીનો, ઘરેણુ (૩) મોટી સંખ્યામા નાણુ (૪) સખ્યા (ગ.) (૫) ગણિતનો હિસાબ મડાવે છે તે લખાણ [–ઉપાડવી = નાણા ઉછીના લેવા (૨) કોઈ ચીજ કે દાગીનો ચોરવા –માંડવી, લખવી = ગણિતના દાખલાનુ લખાણ લખવુ ] ૦બંધ

વિ૦ જથાબંધ (૨) અ૦ એકજુમલે; સામટુ (૩) રકમવાર, એક પછી એક

**રકાન** પું૦ [अ. रुक्न] ધારો; કાનૂન

**રકાબ** પુ૦ [अ रिकाव] પેગડું. ૦દાર પું૦ ખિજમતગાર

**રકા(-કે)બી** સ્ત્રી૦ [फा.] નાનું, છીછરું એક વાસણ

**રકીબ** વિ૦ [अ ] પોતાની જ માશૂકને ચાહનાર બીજો (આશક)

**રકેબી** સ્ત્રી૦ જુઓ રકાબી

**રક્ત** વિ૦[सं.] રાતુ; લાલ (૨) રાગવાળુ (૩) ન૦ લોહી. ૦કણ પુ૦ લોહીમા હોતો (રાતો ને ધોળો) સૂક્ષ્મ અણુ; 'કોર્પસલ'. ૦કોઢ પું૦ લોહીવાળી રસી ઝર્યા કરે તેવો એક કોઢ ૦ક્ષય પું૦ લોહી સુકાતુ જાય એવો રોગ. ૦ચંદન ન૦ રાતા રંગની સુખડ ૦પાત પુ૦ લોહીનુ પડવું–વહેવું તે. ૦પાતી વિ૦ રક્તપાતવાળુ. ૦પિત્ત ન૦ [સર૦ म रक्त-पीति] જુઓ રક્તકોઢ (૨)[सं ]જેમા નાક–મો ઇત્યાદિમાથી લોહી પડે છે અથવા લોહી-મિશ્રિત કાંઈ પડે છે એવો એક રોગ ૦પ્રમેહ પું૦ પેશાબમા લોહી આવે એવો એક રોગ ૦બીજ પું૦ (સં.) [પોતાનુ] લોહી જ્યા પડે ત્યાથી ફરી ફરીને ઉત્પન્ન થાય એવો એક રાક્ષસ(૨)પું૦ માકણ ૦મેહ પું૦ રક્તપ્રમેહ. ૦વાહિની સ્ત્રી૦ રક્ત વહેનારી નસ ૦વિકાર પું૦ લોહીનો બગાડ ૦સ્રાવ પું૦ લોહીતું વહેવું ને(૨)ઝાડા વાટે લોહીનુ જવુ તે–એક રોગ.–ક્તા સ્ત્રી૦ મધ્યા શ્રુતિનો એક અવાંતર ભેદ (સગીત)

**રક્તાતિસાર** પું૦[रक्त(स )+ अतिसार(सं )] લોહીના ઝાડા થાય એવો એક રોગ

**રક્તાશય** ન૦[रक्त (स )+ आशय(सं )]ફેફસા, હૃદય,કાળજુ વગેરે લોહીનાં આશયોમાનુ દરેક

**રક્તિ** સ્ત્રી૦ [स ] રાગ, આસક્તિ. ૦મા પું૦; સ્ત્રી૦ લાલાશ ૦માન વિ૦ સાભળનાર ખુશ થાય તેવો (કઠ)

**રક્ષક** વિ૦ (૨) પુ૦ [स.] રક્ષણ કરનાર –ણ ન૦ રખવાળી, બચાવ, પાલન –ણાત્મક વિ૦ રક્ષણ પર ધ્યાનવાળુ; 'ડિફેન્સિવ; પ્રોટેક્ટિવ'

**રક્ષવું** સ૦ક્રિ૦ [सं. रक्ष् ] રક્ષણ કરવું

**રક્ષા** સ્ત્રી૦[सं ] રક્ષણ(૨) રાખડી (૩) રાખોડી. ૦બંધન ન૦ રાખડી બાધવાની ક્રિયા (શ્રાવણી પૂર્ણિમાને દિવસે)

**રક્ષિત** વિ૦[सं.]રક્ષાયેલુ.–ણી સ્ત્રી૦ રક્ષક સ્ત્રી

**રખ** વિ૦ ત્રણ (વેપારી સંકેત (૨) પું૦ [प्रा. रक्ख (सं. रक्ष)] જૈન યતિ

**રખડ**, ૦પટ્ટી, ૦પાટ સ્ત્રી૦, ૦પાટો પુ૦[જુઓ રખડવુ] રખડવુ તે, ફેરા, ધક્કા.

**રખડવું** અ૦ ક્રિ૦ [सं. रख्+अट्? સર૦ म. रखडणें] રઝળવુ; નકામા ફેરા ખાવા (૨) [લા.] ઠેકાણે ન પડવુ (૩) અધવચથી વાણસી જવું

**રખડાઉ** વિ૦ ['રખડવુ' પરથી] ભટકતુ, રખડતું (૨) હરાયુ. –ટ પુ૦ રખડપટ્ટી

**રખડામણ** ન૦,–ણી સ્ત્રી૦ અથડામણ;નકામી રખડપટ્ટી

**રખડુ**, –ડેલ વિ૦ જુઓ રખડાઉ

**રખતી** સ્ત્રી૦ ['રાખવુ' ઉપરથી] ચાન; શરમ

**રખ(-ખા)પત** સ્ત્રી૦ ['રાખવું' + પત] પત – આબરૂ સાચવવી તે

**રખરખ** ન૦ [રવ૦, સર૦ म.] તલપવુ –તલસવું તે(૨) [માંદગીથી] ચેન નપડવુ તે (–કરવુ)

**રખરખડી** સ્ત્રી૦ [રક્ષા + રાખ ?] અશુભ ટાળવા ખાતર બાળકના કપાળમાં ચોપડવા ગામની સીમા ઉપરથી લીધેલી રાખ કે ધૂળ

**રખરખવુ** અ૦ક્રિ૦ [જુઓ રખરખ] રખરખ કરવુ (૨) અ૦ક્રિ૦ (કા ) ધીકવુ

**રખ(-ખે)વાળ** પું૦ [दे. रक्खवाल(स रक्ष्, प्रा रक्ख ઉપરથી), સર૦ हिं रखवाला] રક્ષક; ચોકીદાર ૦ણ સ્ત્રી૦ રખેવાળની કે રખેવાળ સ્ત્રી –ળી સ્ત્રી૦, –ળુ ન૦ રક્ષણ, ચોકી (૨)તે બદલ અપાતુ મહેનતાણુ

**રખાત** સ્ત્રી૦ ['રાખવુ' ઉપરથી, સર૦ दे. रक्खणिया=રખાત; हिं रखनी, म. रखेली] વગર પરણ્યે રાખેલી સ્ત્રી

**રખાપત** સ્ત્રી૦ જુઓ રખપત

**રખાયતું** વિ૦ [स रक्ष् ઉપરથી] વાડ વાવેતર ભેળાયા ન હોય એવુ (ખેતર)

**રખાવટ** સ્ત્રી૦ ['રાખવું' + વટ] રખપત, કોઈનું માન સાચવવું તે (૨) તરફદારી

**રખાવું** અ૦ક્રિ૦, **-વવું** સ૦ક્રિ૦ 'રાખવું' નું કર્મણિ ને પ્રેરક

**રખી,૦(-ખે)સર** પું૦ [સ. ऋषि ?] ભંગી (કા)

**-રખું** વિ૦ [સં रक्ष्, प्रा. रक्ख ઉપરથી] રાખનાર રક્ષનાર, સાચવનાર, સંભાળનાર' એવા અર્થમા નામને અંતે ઉદા૦ ઘરરખું; દેહરખું

**રખે,૦ને** અ૦ [સં रक्षे (रक्ष् નું કર્મણિ આજ્ઞાર્થ)?] કદાચ, કદાપિ

**રખેવાળ, -ળી, -ળું** ન૦ જુઓ 'રખવાળ'મા

**રખેસર** પું૦ જુઓ રખીસર, ભંગી

**રખેળવું** સ૦ક્રિ૦ ['રખ્યા' પરથી] રાખવાળું કરવું, રાખ ભેળવવી

**રખો, ૦પિયો** પું૦ [સં. रक्ष् ઉપરથી] ગામ કે ખેતરની ચોકી કરનાર **૦પું, ૦લું** ન૦ જુઓ રખવાળું

**રખોટવું** સ૦ ક્રિ૦ [રાખ' ઉપરથી] રખેળવું (૨) આંકો – નિશાન દોરવું

**રખોપિયો, રખોપું(-લું)** જુઓ 'રખો'મા

**રખ્યા** સ્ત્રી૦ [प्रा रक्खा (सं रक्षा), સર૦ म. रखा] રાખ, ભસ્મ. [-પાડવી = ભસ્મ કરી રાખ બનાવવી. -વળવી = બળતા કોલસા ઉપર રાખનું પડ આવવું]

**રગ** સ્ત્રી૦ [फ़ा.] નસ (૨) [લા] મનોવૃત્તિ, વલણ (૩) હઠ (૪) પું૦, ન૦ [इं] રૅનૂસ [-ઓળખવી, જાણવી, તપાસવી, પારખવી = મનોવૃત્તિ પારખવી -ઝાલવી, પકડવી = મનોવૃત્તિ સમજી લઈ તે દ્વારા કામ લેવું. **રગે આવવું** = આવેશમા આવવું (ક્રોધના) **રગેરગનો ભોમિયો** = પૂરો જાણકાર. **રગે રગે રાઈ ચોપડવી** = નખશિખ દુઃખ થાય – માઠું લાગે તેમ કરવું **રગે રગે** = આખા શરીરમા]

**રગડ** પું૦ [જુઓ રગડવું, રગડો] બટાકાના કકડા, ચણા, દાળ વગેરેની એક વાની (૨) સ્ત્રી૦ [સર૦ हिं] માલિસ, રગડવું તે (૩) સખત મહેનત. **૦દગડ** અ૦ જેમ તેમ કરીને, જેમ તેમ **૦પટ્ટી** સ્ત્રી૦ [સર૦ म] ખૂબ રગડવું તે. **૦બુઝારું** ન૦ જાડી બુદ્ધિનું કે ભલીવાર વિનાનું માણસ કે વસ્તુ. **૦મલ(-લ્લ)** પું૦ [સર૦ म] કસરતી જુવાન

**રગડવું** સ૦ક્રિ૦ [સર૦ हिं. रगडना, म रगडणें (स. घृष्)] ઘૂંટવું (૨) ચોળવું (૩) [લા] ખૂબ મહેનત કરાવવી; હેરાન કરવું

**રગડાટ** પું૦ ['રગડવું' પરથી] વૈતરું, સખત મજૂરી

**રગડો** પું૦ ['રગડવું' પરથી] જાડો પ્રવાહી પદાર્થ (૨) પ્રવાહી નીચે ઠરતો કચરો, કાંપ (૩) [हिं.] ખટપટ, ઝઘડો, પંચાત. **-ડાઝઘડા** પું૦ બ૦વ૦ [સર૦ म.] ઝઘડાટંટા

**રગણ** પું૦ [સં] વચલો લઘુ અને પહેલો ત્રીજો ગુરુ એવા ત્રણ અક્ષરનો ગણ (પિંગળ)

**રગત** ન૦ [સર૦ हिं; म., જુઓ રક્ત] લોહી. **૦પીતિયું** વિ૦ પતનું રોગી **૦રોટી** સ્ત્રી૦ લશ્કરી નોકરી **૦રોયડો** પું૦ [સં रक्त-रोहितक] એક વનસ્પતિ

**રગદોળવું** સ૦ક્રિ૦ ['રગડો' કે 'ગરદો' (= ધૂળ) ઉપરથી ? કે રજ + રોળવું ?] ધૂળમા રગડવું, ખરડાય એમ કરવું

**રગરગ** સ્ત્રી૦ [સર૦ રખરખ] કાલાવાલા. **૦વું** અ૦ક્રિ૦ કરગરવું, કાલાવાલા કરવા **-ગાવવું** સ૦ક્રિ૦ 'રગરગવું'નું પ્રેરક (૨) આશા આપી દુખી કરવું (૩) ટેકાવવું, વલખા મરાવવા

**રગવું** અ૦ક્રિ૦ જુઓ રગરગવું

**રગશિયું** વિ૦ [સં. घृष् (ઘસડાવું) ઉપરથી ?] ધીરું, ધીમું, સુસ્ત **૦ગાડું** ન૦ [લા] અત્યંત ધીમે ને મુશ્કેલીથી ચાલતું કામ

**રગિયું, રગીલું** વિ૦ ['રગ' ઉપરથી; સર૦ म. रगेल, हिं रगी, रगीला] હઠીલું (૨) અમુક રગ – મનના વલણવાળું

**રઘલાં** ન૦ બ૦ વ૦ લગ્નને આગલે દિવસે અપાતું જમણ (સુ.) (-જમાડવાં)

**રઘવાટ** પું૦ [સ गृहीत + वत् ?] ઉતાવળનો ગભરાટ, બાવરાપણું. **-ટિયણ** વિ૦ સ્ત્રી૦ રઘવાટ કરનારી **-ટિયાપણું, -યાપણું** ન૦. **-ટિયાવેડા, -યાવેડા** પું૦ બ૦ વ૦ રઘવાટ કરવો તે. **-ટિયું, -યું** વિ૦ રઘવાટ કરનારું [-કૂતરું, ઢોર = રઘવાયા કૂતરા

કે ઢોર જેવું માણસ -ભૂત = અસ્વસ્થ-ગભરાયેલુ માણસ ]

**રઘુ** પુ૦ [સં ] (સ ) એક સૂર્યવંશી રાજા-રામના પ્રપિતામહ. **૦નંદન, ૦નાથ, ૦પતિ, ૦વીર** પું૦ (સં ) રામચંદ્ર

**રચન** ન૦, **-ના** સ્ત્રી૦[સં.] રચવું-બનાવવું તે (૨) ગોઠવણ, વ્યવસ્થા. **-નાકાર્ય** ન૦ રચનાત્મક કામ. **-નાત્મક** વિ૦ [+ आत्मक] જેમાં કાંઈક નવું રચવાનું હોય તેવું.[**-કાર્યક્રમ** પુ૦ રચનાત્મક કામોની યોજના. જેમ કે ગાંધીજીએ બતાવેલી ] **-યિતા** પું૦ રચનાર

**રચવું** સ૦ક્રિ૦ [सं रच्] રચના કરવી; બનાવવું (૨) અ૦ક્રિ૦ [दे. रच्च] (પ્રવાહીનુ) જમીનમાં ઊતરવું-પચવું (૩) રાચવું. આસક્ત થવું

**રચામણી** સ્ત્રી૦ ['રચવુ' પરથી] રચવાનુ મહેનતાણુ

**રચપચ** અ૦ [રચવું + પચવુ] તરબોળ

**રચિત** વિ૦ [स.] રચેલું

**રચેલુંપચેલું, રચ્યુંપચ્યું** વિ૦ [રચવું + પચવુ] રત; તલ્લીન; મશગૂલ

**રજ** વિ૦ [રજ = ધૂળનો કણ, તેના જેટલું ? કે 'જરા'નો વ્યત્યય ?] થોડું; જરાક (૨) સ્ત્રી૦ [सं ] અણુ; ધૂળનો કણ (૩) ધૂળ; કસ્તર (૪) ન૦ સ્ત્રીનો માસિક અટકાવ [**-નાખવી, ભભરાવવી** = લખેલુ સૂકવવા લખેલા પર ધૂળ કે રેતી ભભરાવવી. **-નું ગજ કરવું** = નજીવી બાબતને મોટું સ્વરૂપ આપવું. **માથે રજ ભભરાવે તેવું** = લુચ્ચાઈમાં ચડિયાતુ ] **૦કણ** સ્ત્રી૦; પુ૦ ધૂળનો કણ. **૦માત્ર** વિ૦ રજ જેટલુ, જરાક જ

**રજક** ન૦ [अ रिज़्क़, સર૦ हि. रिजक] દાણો-પાણી: અન્નજળ [**-ઊઠવું** = દાણોપાણી વણસી જવા. **-લખ્યું હોવું** = દાણોપાણી નસીબમાં દર્શાવ્યુ હોવું.]

**રજક** પું૦ [सं.] ધોબી

**રજકો** પું૦ મેથીની જાતનુ ઘાસ

**રજત** વિ૦[सं ] રૂપાનું (૨) ધોળાશપડતુ (૩) ન૦ રૂપું. **૦મહોત્સવ** પું૦ પચીસ વર્ષ પૂરાં થતા ઊજવાતો ઉત્સવ; 'સિલ્વર જ્યુબિલી'

**રજનિ(-ની)** સ્ત્રી૦[सं ] રાત્રી. **૦કર** પું૦ ચંદ્ર. **૦ચર** પું૦ નિશાચર. **૦નાથ, ૦પતિ** પું૦ ચંદ્ર

**રજની** સ્ત્રી૦ મૂર્ચ્છનાનો એક પ્રકાર (૨) જુઓ રજનિ

**રજપૂત** વિ૦(૨)પું૦ [स राजपुत्र] રજપૂતાનાના ક્ષત્રિય રાજવંશનો આદમી કે તેને લગતુ **૦વટ** સ્ત્રી૦ રજપૂતનો ધર્મ-ટેક. **-તાઈ** સ્ત્રી૦ રજપૂતપણું [**-રંડાવી** = રજપૂતાઈ ન રહેવી-નિસ્તેજ થઈ જવી ] **-તાણી** સ્ત્રી૦ રજપૂત સ્ત્રી. **-તાના** પું૦ (સ,) હિંદનો એ નામનો પ્રદેશ; રાજસ્થાન **-તી** સ્ત્રી૦ રજપૂતપણુ

**રજબ** પું૦[अ ] હિજરી સનનો સાતમો મહિનો

**રજવાડી** વિ૦ [જુઓ રજવાડુ] રજવાડાનુ

**રજવાડું** ન૦ [રાજ + વાડો, સર૦ हि. रजवाडा] દેશી રાજ્ય **-ડો** પુ૦ દેશી રાજ્ય (૨) રજપૂતો રહેતા હોય તે પ્રાંત-સંસ્થાન (૩) [સર૦ म राजवाडा] રાજાનો મહેલ

**રજસ** પું૦[स.] જુઓ રજોગુણ (૨) જુઓ રજ. **-સ્વલા(-ળા)** સ્ત્રી૦[स ] અટકાવવાળી સ્ત્રી

**રજા** સ્ત્રી૦ [अ. रिज़ा] પરવાનગી, સંમતિ (૨) છૂટી (૩) રુખસદ. [**-ઉપર ઊતરવું, જવું** = (કામકાજ કે નોકરીમાથી) છૂટી લઈને જવું **-પડવી** = છૂટીનો સમય મળવો, છૂટી થવી. (**-મળવી, માગવી, આપવી, લેવી**). **૦અરજી** સ્ત્રી૦ રજાની અરજી. **૦ચિઠ્ઠી** સ્ત્રી૦ રજા આપતી કે માગતી ચિઠ્ઠી **૦મંદી** સ્ત્રી૦ [फा. रिज़ामदी] રજા; અનુજ્ઞા; અવિરોધ

**રજાઈ** સ્ત્રી૦[સર૦ हिं , म ] ચોડારૂની ઓઢવાની અમુક પ્રકારની ગોદડી

**રજાકજા** સ્ત્રી૦ [अ. रिज़ाकज़ा] માંદગી (૨) અણધારી આફત (૩) મૃત્યુ

**રજાળ** સ્ત્રી૦ [स राज् ઉપરથી] (સુ ) પ્રકાશ; અજવાળુ. **-ળિયું** ન૦ છાપરામાથી રજાળ આવે તે માટે મુકાતુ ખાસ નળિયુ કે બાકુ

**રજાળુ** વિ૦ [अ. रिज़ालह; रज़ील] નીચ, હલકટ; બેશરમ (૨) હલકી જાતનુ, ઝટ કજળાઈ જાય તેવુ (લાકડું કે કોયલો)

**રજિયું** ન૦ ['રજ' ઉપરથી] રેતદાની

રજિસ્ટર ન૦ [ઇં] પત્રક, નોંધપત્રક (૨) [ઇં રજિસ્ટર્ડ ઉપરથી] પોસ્ટ ઑફિસમાં નોંધાવી પાવતી લઈને વિશેષ સુરક્ષિતપણે મોકલાતો કાગળપત્ર (૩) સરકારમાં નોંધવું નોંધાવવું તે (-કરવું -કરાવવું)

રજી સ્ત્રી૦ ['રજ' ઉપરથી, સર૦ म] રેતી

રજૂ વિ૦ [અ रुजूअ] નજર સામે રાખેલું, હાજર કરેલું ૦આત સ્ત્રી૦ રજૂ કરવું કે થવું તે

રજોગુણ પુ૦ [સં] પ્રકૃતિના ત્રણ ગુણોમાંનો બીજો (પ્રવૃત્તિનો હેતુભૂત ગુણ) (૨) [લા] ક્રોધ, તામસ -ણી વિ૦ રજોગુણવાળું કે તેને લગતું (૨) તામસી

રજોટી સ્ત્રી૦ ['રજ' ઉપરથી] ઝીણી ધૂળ. -ટાવું અ૦ક્રિ૦ (કપડું) રોળાવું ને ધૂળ ખાવી

રજોઠિયું ન૦ માળિયું; કાતરિયું

રજો(૦ય)ણો પુ૦ [સં रजस् + हरण] જૈન સાધુની પૂંજણી - ઓઘો

રજોદર્શન ન૦[સં]પહેલી વાર રજસ્વલા થવું તે

રજોયણો પુ૦ જુઓ રજોણો

રજ્જુ સ્ત્રી૦ [સં.] દોરી, દોરડું

રઝળપટ્ટી, રઝળપાટ સ્ત્રી૦ રઝળ્યા કરવું તે (૨) રઝળવાની ધમાલ કે મહેનત

રઝળવું અ૦ક્રિ૦ [સર૦ म रंझळणें] નકામું કે કામધંધા વગર રખડવું - ભટકવું [(કામ) રઝળી જવું = ગેરવલ્લે કે ખોરંભે પડી જવું]

રઝળાટ પુ૦ રઝળવું તે

રટણ,-ન [સં] ન૦, -ણા,-ના [સં] સ્ત્રી૦ રટવું તે -વું સ૦ક્રિ૦ [સં रट्] વારે વારે યાદ કરવું - બોલવું

રદ્દણ(-લ) વિ૦ ['રદ' ઉપરથી? કે ઇં રૉટન ઉપરથી? સર૦ मृ. रटाला, रटेल] તદ્દન નકામું

રદ્દૂસ વિ૦ [રદ+ઠૂસ?] રદ્દી, સાવ હલકી જાતનું

રડકણ(-ણું), રડકું (કા) વિ૦ ['રડવું' ઉપરથી] જરાકમાં કે વાર વાર રડ્યા કરતું, રોતલ

રડજી વિ૦ પું૦ રડયો

રડતા લાડુ પું૦ બ૦ વ૦ ઘણા ઘીના લચપચ થતા લાડુ

રડતી રાધા સ્ત્રી૦ જુઓ 'રડવું'માં

રડતી સૂરત વિ૦ [રડવું + સૂરત] રડતા - ઉદાસી ચહેરાનું

રડથડ પું૦ જુઓ રથડ

રડબ(-વ)ડવું અ૦ક્રિ૦ [રડ (દે. रड्डु = ખસી પડેલું) + ગબડવું] રખડવું, રઝળવું, રવડવું

રડવડ સ્ત્રી૦ રડવડવું તે ૦વું અ૦ક્રિ૦ [જુઓ૦ રડબડવું] રખડવું, કુટાવું [રડવડી મરવું = રખડી રખડીને અધું થઈ જવું]

રડવું અ૦ક્રિ૦ [પ્રા रड (સં रट्)] રુદન કરવું [રડી ઊઠવું = ઊંઘમાંથી ઝબકીને રોવું (૨) ખોટમાં આવી જવું (૩) હારી - થાકી જવું રડી જવું, રડી દેવું, રડી પડવું = એકાએક રડવું રડી મરવું = રડી રડીને મરવા જેવા થવું; ખૂબ રડવું] (૨) [દે रड्डु = ગબડેલું] (કા) ગબડી જવું (૩) સ૦ક્રિ૦ -ને ઉદ્દેશીને દુખી થવું -નું દુઃખ રોયા કરવું (પૈસાને) (૪) દયા આવે તે રીતે વર્ણવવું - કહી બતાવવું [રડતા લાડુ = ઘણા ઘીવાળા - લચપચતા લાડુ (તેથી ઊલટા તે થોડા ઘીવાળા - હાથ લાગતાં વીખરાઈ જાય તેવા 'હસતા' લાડુ) રડતી રાધા = રાધા જેવી રડતી સ્ત્રીને માટે મજાકમાં કહેવાય છે. રડતું ગોત્ર હોવું = શોકાતુર ચહેરાનું - હમેશ નિસાસા નાખતું હોવું]

રડાકૂટ સ્ત્રી૦, -ટો પું૦ [રડવું + કૂટવું] રે વું કૂટવું - શોક કરવો તે (૨) બળાપો, કંકાસ (૩) [લા] નિષ્ફળ મહેનત

રડાપીટ સ્ત્રી૦ [રડવું + પીટવું] રડાકૂટ, રોકકળ

રડારડ સ્ત્રી૦ ['રડવું' ઉપરથી] ઉપરાઉપરી વા અનેક જણ એકીસાથે રડે તે

રડારોળ સ્ત્રી૦ [રડવું + રોળ (દે रोल = કોલાહલ)] પોકેપોક મૂકીને રડવું તે

રડ્યું વિ૦ ['રડવું' ઉપરથી] રડજી, અણગમો બતાવતા (કદીક લાડમાં) સ્ત્રીઓ વાપરે છે

રડ્યુંખડ્યું વિ૦ [રડવું (દે रड्डु) + ખડવું] વિખૂટું - ભૂલું પડેલું (૨) ભાગ્યે કોઈક (૩) વેરાયેલું, વીખરાયેલું

રઢ સ્ત્રી૦ [પ્રા. रड (સં रट्), સર૦ हिं रढना, म रड] લગની (૨) હઠ, આગ્રહ [-લાગવી = લગની લાગવી -લેવી = હઠ કરવી]

રઢિયાર વિ૦ [જુઓ રેઢિયાળ દે रड्डु = ખસી પડેલું] નધણિયાતું; રખડાઉ (ઢોર)

રઢિયાળું વિ૦ [સં. राढा ઉપરથી]સુંદર;મોહક

રણ ન૦ [प्रा. रण (स अरण्य)] રેતીનું મેદાન કે પ્રદેશ (૨) રાન, વગડો (૩) [લા] સખત તાપ ૦વખત, ૦વેળા = સખત તાપની વેળા; ઉનાળાના બપોરની વેળા. ૦વગડો પું૦ વેરાન નિર્જન જેવો પ્રદેશ.[રણ વગડે મૂકવું=રણ-વગડામાં–નિરાધાર સ્થિતિમાં તજી દેવું.]૦વાસો પું૦ રણવગડામાં રહેઠાણ; વનવાસ

રણ ન૦ [स ऋण] દેવું

રણ ન૦ [सं] યુદ્ધ (૨) લડાઈનું મેદાન [રણે રાખવું=લડાઈમાં રક્ષણ કરવું,' સંકટવેળા અણીને વખતે રક્ષણ કરવું કે બચાવી લેવું] ૦ક્ષેત્ર ન૦ રણભૂમિ ૦ગાડી સ્ત્રી૦ લોઢાના બખ્તર વગેરેથી સુસજ્જ, તથા ખાડાખૈયા વટાવી શકે તેવા પૈડાની રચનાવાળી તોપ વગેરેવાળી યાન્ત્રિક ગાડી, 'ટૅન્ક' ૦ગીત ન૦ લડાઈનું ગીત ૦ગોટીલો, ૦ગોળીટો (કા) પું૦ મુરચ્ચેટાટ બાધી શત્રુને દડા પેઠે ગબડાવવો કે આવવો તે. ૦છોડ પું૦ [सं रण+हिं. छोडना; સર૦ हिं.] (સં) શ્રીકૃષ્ણનું એક નામ (જરાસંધ સાથેના યુદ્ધમાંથી રણભૂમિ છોડીને દ્વારકા નાસી ગયા હોવાથી) ૦છોડરાય પું૦ બ૦વ૦(સં.) ડાકોરના પ્રસિદ્ધ મંદિરમાં સ્થાપિત (ભગવત્–) સ્વરૂપનું નામ. ૦જંગ પું૦ મોટું યુદ્ધ; સખત ઝપાઝપી. ૦જિત વિ૦ યુદ્ધમાં જીતનાર ૦ઝીક સ્ત્રી૦ યુદ્ધનો ઝપાટો કે શસ્ત્રાસ્ત્રની ઝડી ૦તૂર ન૦ લડાઈનું વાજું; તુરાઈ. ૦થં(–સ્ત)ભ પું૦ યુદ્ધમાં મેળવેલી જીતનો સ્મરણસ્તંભ ૦ધીર(–રું) પું૦ યુદ્ધમાં ધીર–અડગ ૦ધ્વજ પું૦ યુદ્ધનો વાવટો. ૦બંકો પું૦ રણશૂરો. ૦ભૂમિ(–મી) સ્ત્રી૦ લડાઈનું મેદાન. ૦ભેરી સ્ત્રી૦ રણશિંગા જેવું રણવાદ્ય. ૦રંગ પું૦લડાઈનો રસ–ઉત્સાહ (૨) યુદ્ધ કે તેનું મેદાન. ૦લક્ષ્મી સ્ત્રી૦ (સં.) યુદ્ધની દેવી, જે વિજય અપાવે છે. વિજયલક્ષ્મી. ૦વટ સ્ત્રી૦ રણક્ષેત્રમાં યોદ્ધાનો ધર્મ–ટેક. ૦વાટ સ્ત્રી૦ રણક્ષેત્રનો રસ્તો (૨) બહારવટું. ૦વાદ્ય ન૦ લડાઈનું વાજું. ૦શિંગડું, ૦શિંગું ન૦ યુદ્ધમાં વગાડવાનું તતૂડું. ૦શૂર(–રું) વિ૦ યુદ્ધમાં બહાદુર. ૦સંગ્રામ પું૦ મોટું યુદ્ધ (૨) રણભૂમિ. ૦સ્તંભ પું૦ રણસ્તંભ ૦સ્થલ ન૦ લડાઈનું મેદાન, રણભૂમિ ૦હાક સ્ત્રી૦ લડાઈની કિકિયારી - હાકલ કે ગર્જના(–થવી, વાગવી)

રણકવું અ૦ક્રિ૦ [રવ૦; प्रा रणक्कार (सं. रणत्कार)] રણકારો થવો – કરવો (૨) [ઢા] પાડાનું બોલવું

રણકાર(–રો), રણકો પું૦ [જુઓ રણકવું] ધાતુની વસ્તુ ખખડવાનો અવાજ (૨) તે અવાજ થઈ ગયા બાદ નીકળ્યા કરતો કંપતો–ગૂંજતો સૂર

રણકું વિ૦['રણકો' ઉપરથી? કે 'રણ' ઉપરથી?] ધૂળ વગરનું; ચોખ્ખી કઠણ સપાટીવાળું

રણઝણ અ૦[રવ૦ प्रा. रणझण(सं.रणझणाय्)] (૨) સ્ત્રી૦ ગણઝણાટ; ખણખણાટ (–કરવું, –થવું). ૦વું અ૦ ક્રિ૦ (નૂપુર વગેરેનું) ઝણઝણવું –ખણખણવું –ણાટ પું૦ રણઝણવાનો અવાજ

રણત્કાર પું૦ [सं]રણકો

રણરણવું અ૦ ક્રિ૦ [રવ૦; प्रा. रणरण (सं. रणरणाय्)] હવા વીંધી જોરથી થતી ગતિનો અવાજ. રણરણાટ પું૦ રણરણવું તે

રણવાસ પું૦[રાણી + વાસ, સર૦ हिं रनवास] રાણીઓને રહેવાનું સ્થાન; અંતઃપુર.

રણવાસો પું૦ જુઓ 'રણ' (રેતીનું મેદાન)માં

રણાંગણ ન૦ [सं] રણભૂમિ

રણિત વિ૦ [सं.] રણકાર કરતું

રણી, –ણિયું વિ૦[રણ(सं. ऋण)પરથી]દેવાદાર; રણવાળું (૨) [स. रण પરથી] રણશૂરું

રણી સ્ત્રી૦ સોનાનો કકડો(ઘરેણું કરવા આપેલો) [–પાડવી = સોનું રૂપું ગાળી તેના કણ પાડવા.]

રણો પું૦ એ નામની એક જાતનો માણસ (૨) [રાણો? કે 'રણ'=યુદ્ધ પરથી?] એક અટક

રત (ત,) સ્ત્રી૦ ['ઋતુ' ઉપરથી] (પ) ઋતુ

રત વિ૦ [सं] લીન (૨) આસક્ત

રતન ન૦ જુઓ રત્ન (૨) આંખની કીકી. [–પાકવું=રત્ન નીપજવું (૨) રતન જેવું ગુણવંતું નીવડવું (માણસ માટે); એવા

ગુણવતાનો જન્મ થવો (૩) [કટાક્ષમા] બદમાસ પાકવુ] ૦જોત સ્ત્રી૦ [સ ज्योति, સર૦ म, हिं] એક વનસ્પતિ -નાગર પુ૦ જુઓ રત્નાકર, -નાળુ' વિ૦ તેજસ્વી, રતનાળુ

**રતનકાષ્ઠ** ન૦ એક છોડ

**રતબાવળિયો** પુ૦ [રત (સ. रक्त) + બાવળ] બાવળની એક જાત

**રતલ** પુ૦ [अ रत्ल] લગભગ સાડી આડત્રીસ રૂપિયાભાર જેટલુ એક અગ્રેજી વજન -લી વિ૦ રતલનુ.(સખ્યાવાચક જોડે)અમુક રતલનુ

**રતવા** પું૦ [सं रक्तवात] ચામડીનો એક રોગ

**રતાશ** સ્ત્રી૦['રાતુ' ઉપરથી] લાલાશ

**રતાળુ** ન૦ [सं. रक्तालु] એક કદ

**રતાંજ(-દ)લી (-ળી)** સ્ત્રી૦ [सं रक्तचंदन, સર૦ म] રાતી સુખડ

**રતાંધળુ'** વિ૦ [રાત + આધળુ ; प्रा. रत्तिंध (सं रात्र्यन्ध), સર૦ हिं रतौंधी] રાતે ન દેખે તેવુ

**રતિ** સ્ત્રી૦ [સ] આસક્તિ, અનુરાગ (૨) પ્રીતિ, આનદ (૩) કામક્રીડા, સંભોગ (૪) (સ) કામદેવની સ્ત્રી ૦નાથ, ૦પતિ પું૦ (સં) કામદેવ

**રતિકા** સ્ત્રી૦ [સ] મૃદુ શ્રુતિનો એક પ્રકાર

**રતી** સ્ત્રી૦ [સ रक्तिका] ચનોઠી જેટલુ કદ કે વજન (૨) વાલ, તોલાથી નાનું એક વજન ૦પૂર, ૦ભાર વિ૦ રતી જેટલુ (૨) જરાક

**રતુબડુ, રતૂમડુ** વિ૦ ['રાતુ' ઉપરથી] લાલાશપડતુ

**રતોવ(-વા)ઈ** અ૦['રાત' ઉપરથી]રાતે ને રાતે

**રત્ન** ન૦ [सं] કીમતી પથ્થર (મણિ વગેરે) (૨) દરેક જાતિમા ઉત્કૃષ્ટ વસ્તુ (૩) સમુદ્ર વલોવતા નીકળેલી ૧૪ વસ્તુઓમાની દરેક (લક્ષ્મી, કૌસ્તુભ, પારિજાતક, સુરા, ધન્વતરી, ચદ્રમા, કામદુઘા, ઐરાવત, રભા વગેરે દેવાગનાઓ, ઉચ્ચૈ:શ્રવા, અમૃત, સાર ગધનુષ, પાચજન્ય શખ અને હલાહલ). ૦કરા પુ૦ એક છદ ૦ગર્ભા સ્ત્રી૦ પૃથ્વી ૦ચિતામણિ પુ૦ચિતામણિ. ૦જડિત વિ૦રત્નોથી જડેલું ૦માલા સ્ત્રી૦ [सं] મણિઓની માળા કે હાર -ત્નાકર પુ૦[+आकर] રત્નોની ખાણ, સમુદ્ર -ત્નાવલી સ્ત્રી૦ [+ आवली] રત્ન-માલા. -ત્નાળું વિ૦ રત્નવાળુ

**રથ** પુ૦ [सं] ઉપર ઘુમ્મટ જેવા છત્રવાળુ એક વાહન (૨) લડાઈની ગાડી [-જોડવો = બળદ કે ઘોડા જોડીને રથને સવારી માટે તૈયાર કરવો] ૦કાર, ૦ઘડો પુ૦ રથ બનાવનાર, સુતાર ૦જા(-યા)ત્રા સ્ત્રી૦ અષાડ સુદ બીજનો તહેવાર, જ્યારે દેવને રથમા બેસાડી ફેરવે છે -થાંગ ન૦[सं] રથનું પૈડુ-ચક્ર -થાંગપાણિ પુ૦ [सं] (સ) હાથમા ચક્ર ધારણ કરનાર - વિષ્ણુ -થી પું૦ રથમા બેસી લડનાર યોદ્ધો (૨) એક હજાર યોદ્ધાઓ સાથે એકલો લડનાર યોદ્ધો

**રથોદ્ધતા** સ્ત્રી૦ [सं.] એક છદ

**રથ્થડ** પું૦ [सं स्तर ઉપરથી] મીંઢી અને છાણનુ જાડુ લીપણ (૨) રેચળ

**રથ્યા** સ્ત્રી૦ [સ] ધોરી રસ્તો, રાજમાર્ગ

**રદ(૦ન)** પુ૦ [सं] દાત

**રદ** વિ૦ [अ रद्द] નકામુ, બાતલ કરેલુ [-કરવું, જવુ, થવું]. ૦બદલ(-લી) સ્ત્રી૦ એક રદ કરી બીજું પસદ કરવુ કે બદલવુ તે. ૦બાતલ વિ૦ નકામુ

**રદિયો** પુ૦ ['રદ' ઉપરથી] કહેલી વાતને રદ કરે તેવો સામો જવાબ (-આપવો)

**રદીફ** સ્ત્રી૦[अ] ગઝલમા દરેક બેતની પાછળ વારંવાર આવતો શબ્દ

**રદ્દી** વિ૦ [જુઓ રદ, સર૦ हिं, म] નકામુ

**રનવન** વિ૦ [રન ('રાન', 'વેરાન') + વન] અસ્તવ્યસ્ત, છૂટુ છવાયુ [-થવું = અસ્તવ્યસ્ત થવુ, ખેદાનમેદાન થવુ (૨) હિંમત છૂટી જવી]

**રનોડી** વિ૦ ['રાન' ઉપરથી] રાની, જગલી

**રન્નાદે** સ્ત્રી૦ [सं रन्दला] (સ) સૂર્યની પત્ની (૨) ટોપલીમા જવારા વાવીને દેવી બેસાડે છે તે (જનોઈ કે લગ્ન વખતે)

**રપા(-પે)ટી** સ્ત્રી૦, -ટો પુ૦ [જુઓ રપેટવુ, સર૦ म. रपाटा, हिं रपट्टा] આટો, ફેરો (૨) લાબી દોડ, ગબડી (૩) રપેટવુ - ધકવવું તે [-મારવી, દેવી, લગાવવી = દોડી જવુ (૨) આટો ખાવો, ફેરો મારવો. -માં લેવું = બરાબર કામમા લેવુ - રગડવુ]

**રપેટવું** સ૦ક્રિ૦ [प्रा. रप्प (सं आक्रम्), સર૦ हिं. रपटना, म. रपटणें] ખૂબ જોસથી દોડાવવું (૨) ખૂબ મહેનત કરાવી થકવવું
**રપેટી** સ્ત્રી૦,–ટો પું૦ જુઓ રપાટી (રપેટો મારવો, દેવો, લગાવવો)
**રફત** સ્ત્રી૦ [अ रव्त: સર૦ म रफ्त] પ્રીતિ; સ્નેહ (૨) મહાવરો
**રફતે રફતે** અ૦ [फा] ધીરે ધીરે; થોડે થોડે
**રફાઈ** સ્ત્રી૦ [अ रफअ] ઉન્નતિ; ઉત્કર્ષ (૨) [જ્ઞાનોન્મુખ થવા] આત્મબલિદાન (૩) મુસલમાન ફકીર ચપ્પુ, સોયો વગેરે શરીરમા ભોંકે છે તે
**રફીક** પું૦ [अ.] ભાઈબંધ
**રફુ** વિ૦ [अ. रफ़अ] નાઠેલુ, પલાયન કરી ગયેલું [–થઈ જવું]. ૦ચક્કર વિ૦ [સર૦ म , हिं. रफूचक्कर] પલાયન કરી ગયેલુ (૨) ન૦ શત્રુએ કરેલુ નુકસાન (૩) પ્રપંચ; કાવતરું [–કરી જવું, થઈ જવું=નાસી જવુ]
**રફૂ** પુ૦ [अ.] તૂણવાનુ કામ ૦ગર પું૦ તૂણનાર, તૂણિયો ૦ગરી સ્ત્રી૦ તૂણવાનો ધંધો
**રફેદફે** અ૦ [अ. रफ़अदफ़अ, સર૦ हिं. रफादफा म.] ખરાબખસ્ત ફનાફાતિયા, અસ્તવ્યસ્ત
**રબ** પું૦ [अ रव्व] પરમેશ્વર, પરવરદિગાર
**રબડી** સ્ત્રી૦ [हिं] બાસૂદી
**રબર** ન૦ [इं] એક ઝાડના રસનો બનતો પદાર્થ
**રબાબ** ન૦ [अ] એક તંતુવાદ્ય; રવાબ
**રબારી** પું૦ [સર૦ दे. रव्वारी=दूत; સંદેશવાહક, સર૦ फा राहबर] ભરવાડ જેવી એક નાતનો માણસ –રણ સ્ત્રી૦ રબારી નાતની સ્ત્રી
**રબી(–વી)** પુ૦ [अ] વસંતઋતુ કે ત્યારનો રબીપાક. ૦પાક પું૦ શિયાળુ પાક ૦ઉલઅવ્વલ પુ૦ [+उलअव्वल (अ.)] હિજરી સનનો ત્રીજો મહિનો ૦ઉલઆખર પું૦ [+उलआखिर (अ)] હિજરી સનનો ચોથો મહિનો
**રબ્બડ(–ર)** ન૦ જુઓ રબર
**રભસ** પુ૦ [सं.] ઉતાવળ, વેગ
**રમકઝમક** સ્ત્રી૦ [રમક (हिं रमकना=झूलतु ઝૂલતુ ચાલવું) + ઝમક] ઝાંઝર રમઝૂમ ઠમકે તેમ લટકાથી ચાલવું તે
**રમકડું** ન૦ ['રમવું' ઉપરથી, (सं. रमक)] નાના છોકરાને રમવાની વસ્તુ [–થઈ રહેવું, બની જવું=રમકડા જેવું પરવશ - નચાવે તેમ નાચનાર થવું] [લગાવવું
**રમકાવવું** સ૦ક્રિ૦ [રવ૦] જોરથી મારવુ–
**રમખાણ** ન૦ મારફાડ; તોફાન, ધિંગાણું. [–મચાવવું, માંડવું, વાળવું=મોટુ તોફાન –કોળાહળ કે કેર કરવા] –ણિયું વિ૦ રમખાણ મચાવે તેવુ
**રમચિ(–જિ)યું** ન૦ ['રમચી' ઉપરથી] રમચી પલાળવાનુ લાકડાનુ ખામણુ (સુતારનુ)
**રમચી(–જી)** સ્ત્રી૦ [सं रंज्=લાલ રંગ થવો ઉપરથી ?] સોનાગેરુ, એક જાતની લાલ માટી
**રમજાન** પું૦ [अ] હિજરી સનનો નવમો માસ. –નિયું વિ૦ રમજાન માસમા ઉપવાસ કરનારું
**રમજિયું, રમજી** જુઓ રમચિયુ, રમચી
**રમજોડ** સ્ત્રી૦ [સર૦ हि. रमझोला=ઝાંઝર] સ્ત્રીના પગનુ એક ઘરેણું
**રમઝટ** સ્ત્રી૦ ['રમ' રવ૦ ઉપરથી ?] તડામાર ઝડી
**રમઝમ** સ્ત્રી૦ [રવ૦] નૂપુરનો અવાજ (૨) અ૦ રમઝૂમ. ૦વુ અ૦ક્રિ૦ રમઝમ અવાજ થવો. –માટ પુ૦ (ઉતાવળી ચાલથી થતો) ઝાંઝરનો રમઝમ અવાજ
**રમણ** પુ૦ [सं.] કાંત, પતિ (૨) ન૦ રમવુ તે; વિલાસ, ક્રીડા. [રમણે ચડવું=રમતમાં ઘેલું થવું (૨) (ઘેલછા જેવુ લાગે ત્યા સુધી) જોશમા આવવું, ઊડેલ કે વાયેલ તબિયતનુ થવુ]
**રમણઝારું** ન૦ [સર૦ म. रगडमल्ल=જાડું –મોટું, ઢગવડા વિનાનું પાત્ર] માટીનુ જાડુ ઢાંકણ (૨) [લા] તેના જેવુ બેડોળ, ઢગવડા વિનાનુ કાંઈ પણ [વિરણખેરણ
**રમણભમણ** અ૦[રમવુ+ભમવુ] અસ્તવ્યસ્ત;
**રમણા,–ણી** સ્ત્રી૦ [सं] સ્ત્રી (૨) સુંદર સ્ત્રી
**રમણીક,–ય** [सं] વિ૦ મનોહર –યતા સ્ત્રી૦
**રમણું** ન૦ [सं. रम् ઉપરથી, સર૦ म. रमणा] ખુલ્લી જગા, ચોગાન (૨) દાદર બે કડકે હોય ત્યારે વચ્ચે મુકાતુ પહોળુ પગથિયુ (૩)

આરસાખનો એક ભાગ (૪) ક્રીડા

**રમત** સ્ત્રી૦ ['રમવું' ઉપરથી] ખેલ; ક્રીડા; ગમ્મત (૨) રમવાની રીત (ગિલ્લીદંડો, શેતરંજ વગેરે) [**–રમવા બોલાવવું** = (જમાઈને) પરણ્યા પછી પહેલી વાર જમવા બોલાવવું (એક રીત) **–કરવી** = કામની રીતે કામ ન કરતા તેની સાથે ખાલી ખેલવું–વખત બગાડવો **–રમવી** = રમવું, ખેલવું (૨) ખેલ ખેલવો, દાવ નાખવા (૩) યુક્તિ કરીને છેતરવું] ૦ગમત સ્ત્રી૦ જુદી જુદી જાતની રમતો, ખેલ, ક્રીડા. ૦રોળિયું, ૦રોળું ન૦ નકામી રખડપટ્ટી ૦વાત સ્ત્રી૦ સાવ સહેલી, રમત જેવી વસ્તુ કે કામ, રમતા રમતા થઈ જાય એવું તે. **–તારામ** પું૦ [સર૦ મ] એક ઠેકાણે ટકીને ન રહેનાર, અવેરખડ્યા કરનાર **–તિયાળ, –તીલું** વિ૦ રમતમાં જ ચિત્તવાળું **–તું** વિ૦ 'રમવું'નું વ૦કૃ૦ (૨) છૂટું, બંધનરહિત (૩) મોકળું, ખુલ્લું (૪) ઢીલું, તંગ નહિ એવું [**–કરવું** = તંગ નહી એવું બનાવવું (૨) કાણું મોટું બનાવવું (૩) મારવું **–પડવું** = જોઈએ તેથી વધુ મોટું થવું. **–મૂકવું, મેલવું** = છૂટું મૂકવું (૨) બાધામાં વધ કરવાને બદલે પ્રાણીને દેવીના સ્થાનકે છૂટું મૂકવું **–રહેવું** = તંગ નહીં એવું રહેવું **–રાખવું** = તંગ નહીં એવું રાખવું] [લીન

**રમમાણ** વિ૦[સં] રમી રહેલું; આનંદ માનતું,

**રમરમ** પું૦ [રવ૦] એવો અવાજ (૨) જીભ ઉપર થતો ચવચવાટ (૩) અ૦ એવો અવાજ થાય તેમ (૪) જીભ ઉપર ચવચવે તેમ. ૦વું અ૦ક્રિ૦ રમરમ અવાજ કરવો (૨) જીભ ઉપર ચવચવાટ કરવો **–માટ** પું૦ રમરમવું તે **–માવવું** સ૦ક્રિ૦ 'રમરમવું'નું પ્રેરક (૨) જોરથી મારવું

**રમલ(–ળ)** પું૦ [અ रम्ल, સ रमल] પાસા ફેંકી ભવિષ્ય જોવાની વિદ્યા (૨) તેના પાંચ ધાતુના પાસા **–લી(–ળી)** પું૦ રમળ ફેંકી ભવિષ્ય કહેનાર

**રમવું** અ૦ક્રિ૦ [સ रम्] ખેલવું (૨) આનંદ માનવો (૩) મનમાં કે યાદદાસ્ત પર સતત હોવું–ત્યાંથી ન ખસવું કે ભુલાવું જેમ કે, વાત રમ્યા કરવી, રમી રહેવી (૪) કામક્રીડા કરવી (૫) તમાશો–ખેલ કરવો (ભવૈયા) (૬) દાવ ખેલવો (પાસા, પત્તા) (૭) લાડ કરવું (૮) નકામું રખડવું, રસળવું [**રંગે રમવું** = ક્રીડા કરવી (૨) કામક્રીડા કરવી **દાવ રમવો** = યુક્તિ કરવી, પેતરો રચવો **રામ રમી જવા** = મરણ સુધીનું સંકટ આવવું, આવી બનવું **રમી રહેવું, રમ્યા કરવું** = (મનમાં–દિલમાં) હમેશ વ્યાપી રહેવું, ન ભુલાવું.]

**રમસ્તળ, રમસ્તાન** ન૦ રમખાણ; તોફાન (**–કરી મૂકવું, મચાવવું**)

**રમા** સ્ત્રી૦ [સં] સુંદર સ્ત્રી (૨) [સં] લક્ષ્મી. ૦કાંત, ૦નાથ, ૦પતિ પું૦ (સ) વિષ્ણુ પ્રભુ

**રમાડવું** સ૦ક્રિ૦ 'રમવું'નું પ્રેરક (૨) [લા] પટાવવું, ફોસલાવવું, છેતરવું [**રમાડી જવું** = છેતરી જવું. **રમાડી દેવું** = મારી નાખવું]

**રમાડો** પું૦ ['રમાડવું' ઉપરથી] ગમ્મત; વિનોદ, આનંદ

**રમૂજ** સ્ત્રી૦ [અ. रमूज] મન ખુશ થાય તેવી ગમ્મત (૨) મશ્કરી વિનોદ [**–આવવી, પડવી**] ૦દાર વિ૦ રમૂજવાળું **–જી** વિ૦ ગમતી, વિનોદી

**રમેશ** પું૦ [સં] જુઓ રમાપતિ

**રમ્ય** વિ૦[સ] રમણીય **–મ્યા** સ્ત્રી૦ રાત્રિ (૨) મધ્યશ્રુતિનો એક અવાંતર ભેદ

**રયણ(–ણી–ની)** સ્ત્રી૦[પ્રા रयणी(સં रजनी)] + રાત્રી [ગરમીની અસર

**રવ** પું૦ [કા] તાન, ઉમંગ (૨) સ્ત્રી૦ (કા) ગરમી,

**રવ** પું૦ [સ] અવાજ [રવૈયો

**રવઈ** સ્ત્રી૦ [દે रवय, સર૦ મ रवी] નાનો

**રવડવું** અ૦ક્રિ૦ [જુઓ રડવડવું] આથડવું; રખડવું [**રવડી જવું, રવડી પડવું** = રખડતા રહી જવું, નિષ્ફળતા મળવી, ઠેકાણું ન પડવું (નોકરી ઇ૦) **રવડી મરવું** = (નિરર્થક) રખડી રખડીને થાકી જવું]

**રવ(–વ્ર)દ** સ્ત્રી૦, ન૦ [સર૦ हिं रवकना = જલદીથી આગળ નીકળવું] (કા) હોડ, શરત

**રવરવ** અ૦[સર૦ મ] રવરવે તેમ. ૦વું અ૦ક્રિ૦

ચચરવું (૨) અવાજ સાથે (જ્વાળાની જેમ) ગતિમાન દેખાવું. **–વાટ** પું૦ રવરવવું તે
**રવલીચંપક** વિ૦ [રવલી (રેવતી નક્ષત્ર)+ પંચક (તે નક્ષત્રમા જન્મેલુ)] હાથારંગું; ઘેલું (૨) ઉધમાતિયુ, વતીપાતિયુ
**રવવું** અ૦ક્રિ૦ [સં. रव ઉપરથી] અવાજ કરવો
•**રવંડા** પું૦ બ૦ વ૦ [फा. रवंदह] ('પકડવું' જોડે શ૦ પ્ર૦મા) ચાલ્યુ જવું, અગિયારા ગણવા તે [ચાલુ; પ્રચલિત
**રવા** વિ૦ [फा.] યોગ્ય, ઘટિત (૨) [फा. रवाँ]
**રવાજ** પું૦ [જુઓ રબાબ] રવાબ, એક તતુવાદ્ય
**રવાડો** પુ૦ [फा. रवाँ ઉપરથી] ખોટી આદત; છંદ (૨) એક છંદ (?)
**રવાદાર** વિ૦ [રવો +દાર] દાણાદાર
**રવાદાર** વિ૦ [फा.] યોગ્ય તરીકે સ્વીકારનાર – કબૂલ રાખનાર (૨) સંબંધી, હિતૈષી. **૦ગી, –રી** સ્રી૦ તરફદારી (૨) સોંપેલી ચીજમાથી થોડું કાઢી લેવું તે, છૂપી દલાલી
**રવાનગી** સ્રી૦ [फा] જવું–રવાના થવું તે, વિદાયગીરી (૨) તે વખતે આપેલી ભેટ (૩) પરગામ રવાના કરવું – મોકલવું તે
**રવાના(–ને)** અ૦[अ.] મોકલેલુ, વિદાય કરેલું [**–કરવું** = મોકલવું (૨) વિદાય કરવું. **–થવું** = મોકલાવું (૨) જવુ ]**–નાચિઠ્ઠી** સ્રી૦ માલ બહાર લઈ જવાની પાવતી [થતો (શબ્દ)
**રવાનુકારી** વિ૦ [सं] અવાજના અનુકરણથી
**રવાને** અ૦ જુઓ રવાના
**રવાબ** પુ૦ [સર૦ फा. रवाँ = ચાલુ, પ્રચલિત] શિરસ્તો; ધારો (૨) જુઓ રબાબ
**રવાલ** સ્રી૦ [फा. रहवार, સર૦ हिं रहवाल] ઘોડા તથા બળદની (અમુક એકધારા વેગવાળી) એક પ્રકારની ચાલ (૨) [જુઓ રવો] ઢાળકી પાડયા પછી રેજીમા રહેલો ભૂકો. **૦દાર** વિ૦ રવાલમા ચાલનાર
**રવાશ** સ્રી૦['રવ' ઉપરથી ?](કા.)કારમી ચીસ
**રવિ** પું૦ [स] સૂર્ય (૨) રવિવાર. **૦કાંત** પું૦ સૂર્યકાંત મણિ (તેના ઉપર સૂર્યના કિરણ પડતાં કેંદ્રિત થઈ નીચેની વસ્તુમા આગ લાગે છે). **૦વાર** પું૦ (સં.) અઠવાડિયાનો એક દિવસ **૦વારું** વિ૦ રવિવારે આવતુ કે શરૂ થતું
**રવી** વિ૦ જુઓ રબી
**રવેશ** પું૦ [फा. रविश] માળનો બહાર પડતો ભાગ; ઝરૂખો (૨) રિવાજ; ધારો **–શી** સ્રી૦ મકાનનો રવેશ નીચેનો પરસાળ પહેલાનો અડાળી જેવો ભાગ (ચ.)
**રવેળા** વિ૦ સ્રી૦ ['રવડવું' ઉપરથી ?] નવરી અને ઘેર ઘેર ભટકતી (સ્રી)
**રવૈયું** ન૦ ઘણુ નાનું વેગણ (૨) ઉપરથી થોડું ચીરી, મસાલો ભરી કરાતુ – ભરતનું શાક
**રવૈયો** પુ૦ [જુઓ રવઈ] દહી વલોવવાનો વાસ (૨) [फा. रवियह] શિરસ્તો
**રવો** પું૦[સર૦ हिं ,મ रवा (सं. लव ?)] દાણાદાર લોટ (૨) ધાતુનો રસ જામી જઈ બનેલો દાણો (૩) ગોળની ચાકી
**ર૦બદ** સ્રી૦; ન૦ (કા ) જુઓ રવદ
**રશ(–સ)ના** સ્રી૦ [सं ] જીભ (૨) દોરડુ (૩) લગામ, રાશ (૪) મેખળા, કદોરો
**રશિયા** પું૦(સ ) યુરોપની પૂર્વે અને એશિયાની ઉત્તરે સળંગ પથરાયેલો દેશ **–યન** વિ૦ [इं ] રશિયાનું કે તેને લગતુ (૨) પુ૦ તેનો વતની (૩) સ્રી૦ તેની ભાષા
**રશ્મિ** પું૦, ન૦ [स ] કિરણ (૨) લગામ, રાશ
**રસ** પુ૦ [सं] જીભથી માલૂમ પડતો સ્વાદ (ખાટો, ખારો, ગળ્યો તીખો, કડવો, તૂરો. એ ૭ ) (૨) શરીરની સાત ધાતુઓમાની પ્રથમ અન્નનુ પ્રથમ રૂપાતર (જેમાથી પછી માંસ, મેદ, વીર્ય વગેરે સાત બને છે ) (૩) કાવ્ય જોવા સાભળવાથી સ્થાયી ભાવોનો ઉદ્રેક થતાં થતો અલૌકિક આનદ (શૃગાર, હાસ્ય, કરુણ, વીર, રૌદ્ર, ભયાનક, અદ્ભુત, બીભત્સ, અને શાત એ નવ પ્રકારનો) (૪) પ્રીતિ, આનદ (૫) મમત, સરસાઈ (૬) દ્રવ, પ્રવાહી (૭) વનસ્પતિ કે ફળનુ પ્રવાહી (૮) સાર, સત્વ (૯) લાભ, નફો (૧૦) સોનુ રૂપું વગેરે ધાતુને ઓગાળીને કરેલુ પ્રવાહી (૧૧) પારો (૧૨) પારા, ધાતુઓ વગેરેની ભસ્મ [**–આવવો** = જુઓ રસ પડવો **–ઉતારવો** = (હાથનો) માર મારી ઠંડા પડવુ, મારની ચળ ભાગવી (૨)

[પગનો] ફોગટ ધક્કો ખાઈ પાછુ આવવું (૩) ઘણા વખત સુધી ઊભુ રહેવુ (૪) [જીભનો] હદથી જ્યારે બોલવુ, જેમ તેમ બક્યા કરવું (૫) બહદુવા દેવી. –ઊતરવો = અતિશયોક્તિ કરવી (૨) સોજો ચડવો [પગે] (૩) વૃષણમા પાણી ભરાવું કે તેનો સોજો આવવો (૪) બહુ ચાલવાથી કે ઊભા રહેવાથી થાકી જવુ(૫)'રસ ઉતારવો'નુ કર્મણિ –કાઢવો = વનસ્પતિ કે ફળનુ પ્રવાહી નિચોવી લેવુ(૨)તત્ત્વ જાણી લેવુ –ચડવો = મમતે ચડવુ, જીદે ચડવુ –જામવો = કાવ્યરસની જમાવટ થવી(૨) મજા પડવી(૩) રસ ઠરી જવો –પડવો = સ્વાદ લાગવો (૨) મજા પડવી (૩) પ્રવાહીનુ પડવુ –મૂકવો = રસિક બનાવવું **રસે ચડવું, રસે ભરાવુ** = મમતે ચડવું, કસે ભરાવુ ] ૦કપૂર ન૦ સફેદ રંગની એક ઉપધાતુ (વૈદક) (૨) પારો મારીને કરેલુ એક રસાયન. ૦કસ પુ૦ સાર, સત્ત્વ, કસ. ૦કેલિ સ્ત્રી૦ વિહાર, ક્રીડા ૦ક્ષતિ સ્ત્રી૦ રસની ક્ષતિ–ભંગ ૦ગુલ્લું ન૦,૦ગુલ્લો પું૦ એક બંગાળી મીઠાઈ(૨)[લા ]તેના જેવો, ગોળ મટોળ માણસ ૦ઘેલું વિ૦ ભાવ કે આનદથી કે તે માટે ઘેલુ બનેલું. ૦જ ન૦ આથો, દહી ઇ૦મા જન્મતો જીવનો પ્રકાર ૦જ્ઞ વિ૦ રસ ઓળખનાર – સમજનાર (૨) પુ૦ તેવો માણસ (૩)રસાયની વૈદ્ય ૦જ્ઞતા સ્ત્રી૦ ૦જ્ઞત્વ ન૦, ૦જ્ઞાન ન૦ રસનું જ્ઞાન–સમજ ૦ણિયો પુ૦ ઢોળ ચઢાવનાર; રસનાર ૦દાર વિ૦ રસવાળુ ૦દૃષ્ટિ સ્ત્રી૦ રસની–કાવ્યાનદની દૃષ્ટિ ૦ધર પુ૦ મેઘ ૦ના સ્ત્રી૦ જુઓ રસના. ૦નિષ્પત્તિ સ્ત્રી૦ રસની ઉત્પત્તિ ૦નેંદ્રિય સ્ત્રી૦ [रसना + इंद्रिय] જીભ ૦પોચણી સ્ત્રી૦ બાળકોને થતુ એક જાતના ઝાડાનુ દર્દ ૦બસ વિ૦ રસથી પરિપૂર્ણ ૦બસવું અ૦ ક્રિ૦ રસબસ થવુ ૦બીજ ન૦ રસનિષ્પત્તિનુ બીજ ૦બુદ્ધિ સ્ત્રી૦ રસ સમજવાની શક્તિ – ભાવના, રસજ્ઞતા, 'એસ્થેટિક સેન્સ'. ૦બોળ વિ૦ રસબસ ૦ભર્યું વિ૦ રસથી ભરેલુ ૦ભંગ પુ૦ રસમા ભંગ પડવો તે, રસક્ષતિ ૦ભેર અ૦ રસપૂર્વક, હોશભેર. ૦મય વિ૦ રસરૂપ;રસથી પરિપૂર્ણ. ૦મીમાંસા સ્ત્રી૦ રસના અગો લક્ષણાદિનુ નિરૂપણ ૦રાજ પું૦ શૃંગાર રસ (૨) પારો (૩) (સ.) કામદેવ ૦વતી વિ૦ સ્ત્રી૦ રસપૂર્ણ, રસભરી (૨) સ્ત્રી૦ જીભ ૦વંતી સ્ત્રી૦ એક ઔષધિ ૦વાદ પું૦ ઈર્ષા, સરસાઈ ૦વાહિની સ્ત્રી૦ અન્નના રસને લઈ જનારી નાડી ૦વાહિની વિ૦ સ્ત્રી૦, ૦વાહી વિ૦ રસનુ વહન કરતુ, રસિક ૦વિકાર પુ૦ એક રોગ ૦વૃત્તિ સ્ત્રી૦ જુઓ રસબુદ્ધિ ૦શાસ્ત્ર ન૦ રસાયન-શાસ્ત્ર (૨) કાવ્યાદિ કલાના રસનું શાસ્ત્ર; રસમીમાંસા ૦શાલા( ળા) સ્ત્રી૦ રસાયની પ્રયોગશાળા, 'કેમિકલ લેબોરેટરી' ૦સિંદૂર ન૦ પારાનુ એક રસાયન

**રસદ** સ્ત્રી૦ [फा ] પાકનો હિસ્સો (૨) લશ્કરની ખોરાકી કે તેની સામગ્રી

**રસના, –નેંદ્રિય** જુઓ 'રસ'મા

**રસમ** સ્ત્રી૦ [अ रस्म] રીત, રિવાજ

**રસવટ** સ્ત્રી૦[રસ(= મમત) + વટ્ટ ]વેર,અદાવત

**રસવુ** સ૦ક્રિ૦ [सं रस] ઢોળ – ઓપ ચડાવવો (૨) સુશોભિત કરવુ

**રસસિંદૂર** ન૦ જુઓ 'રસ'મા

**રસળવુ** અ૦ક્રિ૦ [જુઓ રઝળવુ] ઢીલ કરવા નકામા આમ તેમ ફર્યા કરવુ

**રસળાગી(–ગી)** સ્ત્રી૦, –ટ પું૦ રસળવુ તે, નકામો વખત કાઢવો તે

**રસા** સ્ત્રી૦ [स ] પૃથ્વી

**રસાકશી(–સી)** સ્ત્રી૦ [રસો (દોરડુ) + કસવુ (ખેચવુ)] ખડસપૂર્વક ખેચાખેચી; ગજગ્રાહ જેવી સ્પર્ધા

**રસાતલ(–ળ)** ન૦ [स ] પાચમું પાતાળ [–ઘાલવું = ખરાબખસ્ત કરવુ, પૂરી પાય માલી કરવી. –જવું, **વળી જવુ** = વિનાશ થવો (૨) નિર્વંશ જવો **પૃથ્વી રસાતળ જવી** = ગજબ થવો, દુનિયા ઊંધીચત્તી થવી ]

**રસાત્મક** વિ૦ [स] રસવાળુ (૨) પ્રવાહી

**રસાત્મા** પુ૦ [सं ] રસસ્વરૂપ ઈશ્વર

**રસાદાર** વિ૦ [રસો + દાર] રસાવાળુ

**રસાખોળ** સ્ત્રી૦ પૃથ્વી ડૂબે – રસાતળ જાય તેમ [**–ઘાલવું**=ખરાબખસ્ત કરવું]
**રસાભાસ** પું૦ [सं] કાવ્યમા અનુચિત વિષય કે સ્થાનને લક્ષીને ઉપજાવેલો રસ (જેમ કે, ગુરુપત્ની સાથેના વ્યભિચારનો)
**રસાયણ,–ન** ન૦ [सं.] ધાતુ, પારા વગેરેની ભસ્મવાળી ઔષધિ (૨) જરા અને વ્યાધિ દૂર કરનાર ઔષધ (૩) રસાયનવિદ્યા ૦(**–ન**)**વિદ્યા** સ્ત્રી૦ ધાતુ, પારો વગેરે મારવાની કે તાંબુ વગેરે હલકી ધાતુઓનુ સોનુ બનાવવાની વિદ્યા (૨) રસાયણશાસ્ત્ર. ૦(**–ન**)**શાસ્ત્ર** ન૦ ભૌતિક પદાર્થોના તત્ત્વો તથા તેમના પરિવર્તનનાં પરિણામોની ચર્ચા કરતુ શાસ્ત્ર, 'કેમિસ્ટ્રી' (૨) રસાયનવિદ્યા **–ણી**(**–ની**) વિ૦ રસાયણ સબધી (૨) પું૦ રસાયનશાસ્ત્રી
**રસાલ** પું૦ [स] આંબો (૨) સ્વાદવર્ધક ચીજ કે મસાલો (૩) વિ૦ જુઓ રસાળ
**રસાલદાર** પુ૦ [જુઓ રિસાલદાર] ઘોડેસવાર ટુકડીનો નાયક
**રસાલો** પું૦ [अ रिसालह] ઘોડેસવાર પલટન (૨) અમલદાર કે શ્રીમતના પરિજન, પરિવાર વગેરે (૩) નિબધ, પુસ્તક
**રસાવહ** વિ૦ [सं] રસ ઉત્પન્ન કરે એવું
**રસાસ્વાદ** પું૦ [सं] રસ ચાખવો તે
**રસાળ** સ્ત્રી૦ ['રસ' ઉપરથી ?] કૂવાના પાણીના માપનો આંક (૨) પું૦ જુઓ રસાલ
**રસાળ(–ળુ)** વિ૦ ['રસ' ઉપરથી] રસવાળુ (૨) ફળદ્રુપ
**રસિક** વિ૦ [स] રસવાળુ ; રસપૂર્ણ (૨) રસિયું, ભાવુક, રસજ્ઞ (૩) પુ૦ તેવો માણસ ૦**તા** સ્ત્રી૦. **–કા** સ્ત્રી૦ રસજ્ઞ સ્ત્રી (૨) રસીલી સ્ત્રી (૩) જીભ
**રસિત** વિ૦ [सं.] ચાખેલું (૨) રસયુક્ત (૩) અવાજ કરતુ, ગાજતુ (૪) રસેલુ, ઢોળવાળુ
**રસિયું** વિ૦ [प्रा रसिअ (स रसिक)] રસે ઊભરાતુ, રસ માણવાને ઉત્સુક (૨) રસ અનુભવનારુ (૩) રસે ચડનારું, ચટસીલુ **–યણ** વિ૦ સ્ત્રી૦. **–યોજી** પું૦ (સ ) કૃષ્ણ
**રસી** સ્ત્રી૦ [दे. रसिआ] પરુ, તેના જેવું પાણી (૨) રોગના જંતુઓની બનાવેલી દવા (જેને સોયવાળી પિચકારી વડે શરીરમાં દાખલ કરે છે) [**–મૂકવી**]. (૩) [प्रा. रस्सि] દોરડી
**રસીદ** સ્ત્રી૦ [फा.] પહોચ, પાવતી [**–આપવી, ફાડવી**=પહોચ લખી આપવી **–બનાવવી**=રસીદ લખીને તૈયાર કરવી **–લખવી**=પહોચ્યાની લેખિત ખબર આપવી]
**રસીલું** વિ૦ ['રસ' ઉપરથી, સર૦ हिं रसीला] રસ ભોગવવા ઉત્સુક, રસિયુ (૨) છબીલુ; સુદર (૩) રસથી ભરેલુ, સ્વાદિષ્ટ
**રસૂલ** પુ૦ [अ] પેગંબર **–લેખુદા** પુ૦ ખુદાનો પેગબર
**રસેંદ્રિય** સ્ત્રી૦ [स] જીભ
**રસેશ(–શ્વર)** પું૦ [सं] (સ ) શ્રીકૃષ્ણ
**રસો** પુ૦ ['રસ' ઉપરથી, સર૦ हिं रसा] અથાણું, શાક, મુરબ્બા વગેરેનો મસાલાવાળો જાડો રસ (૨) [प्रा. रस्सि] જાડું દોરડુ
**રસોઇયો** પુ૦ ['રસોઈ' ઉપરથી, સર૦ हिं. रसोइया] રસોઈનો ધધો કરનારો પુરુષ. **–યણ** સ્ત્રી૦ સ્ત્રી રસોઇયો
**રસોઈ** સ્ત્રી૦ [अप० रसोइ; प्रा रसवई (सं. रसवती)] રાંધણુ (૨) રાંધેલુ અન્ન ભોજન. ૦**પાણી** ન૦ ભોજન કે તેને લગતુ કામ. **–ડું** ન૦ રસોઈ કરવાની જગા
**રસોળી** સ્ત્રી૦ ['રસ' ઉપરથી, સર૦ हि रसौली] શરીરની સપાટી ઉપર ઊપસી આવેલી ગાંઠ (**–થવી, –નીકળવી**)
**રસ્તો** પુ૦ [फा रास्तह, સર૦ हिं, म रस्ता] માર્ગ; રાહ (૨) [ला] ઉપાય, ઇલાજ. [**રસ્તામાંની ધૂળ**=કાંઈ નહી, ફાલ્તુ. **રસ્તામાં પડવું**=ઝટ મળી જાય તેવી દશામા કે નકામુ યા અરક્ષિત હોવુ **રસ્તે ચડવું**=માર્ગ પર આવવુ, માર્ગે પડવું (૨) રાગે પડવું. બરાબર ચાલુ થવુ **રસ્તે પડવું**=ચાલવા માડવુ, જતા રહેવુ (૨) રીતમા આવવુ, નોકરીધધે લાગી જવુ (૩) સરાડે ચડવુ, રાગે પડવુ **રસ્તે પાડવું**, લગાડવું=દિશા બતાવવી (૨) ઉદ્યમે વળગાડવુ. **રસ્તો કાઢવો**=ઉપાય કરવો, માર્ગ કાઢવો. **–કાપવો**=અંતર વટાવવુ, મજલ કરવી.

-ખુલ્લો હોવો=ચાલી જવાની સરળતા હોવી; જવામા અતરાય ન હોવો -ચીરવો =રસ્તો ઓળંગવો, રસ્તાની આરપાર જવુ -ચૂકવો=આડે રસ્તે ચડી જવુ -પકડવો =ચાલ્યા જવુ (૨) માર્ગ સ્વીકારવો -પાડવો =માર્ગ બનાવવો (૨) રિવાજ પાડવો -લેવો =જવુ, -ને માર્ગે જવું ]

**રસ્સી** સ્રી૦[प्रा. रस्सि (सं.रश्मि), સર૦ हिं , म ] રસી, દોરડી -સ્સો પુ૦ રસો, જાડું દોરડુ

**રહસ** ન૦ [सं ] એકાત, નિર્જનસ્થાન -સ્ય ન૦ છૂપો ભેદ (૨) મર્મ, તત્વ

**રહાણુ** (ણ,) સ્રી૦ [स रश्मि પરથી ?] (ચ ) સવારનો હળવો તાપ [માડીને રહેવુ તે

**રહાવટ** સ્રી૦ ['રહેવુ' પરથી] પતિપત્નીએ નર

**રહિત** વિ૦ [म ] વગરનુ

**રહીમ** વિ૦ [अ ] કૃપાળુ (૨) પુ૦ પરમેશ્વર

**રહીશ** વિ૦ [ રહેવુ' ઉપરથી] રહેવાસી

**રહેઠાણ** (ર્હે) ન૦ [રહેવુ + સ્થાન] રહેવાનુ સ્થાન, વાસ, મુકામ

**રહેણાક** (ર્હે) પુ૦; સ્રી૦, ન૦ ['રહેવું' ઉપરથી] જુઓ રહેઠાણ (૨) વિ૦ રહેવામા વપરાતુ-મુખ્ય ઘર ઉદા૦ રહેણાક ઘર

**રહેણી** (ર્હે) સ્રી૦ ['રહેવુ' ઉપરથી, સર૦ हिं रहँनी] રહેવાની રીત ૦કરણી સ્રી૦ [રહેણી + કરણી] વર્તન, રીતભાત

**રહેમ** (ર્હે) [अ रह्म], ૦ત સ્રી૦ [अ रह्मत] દયા, કૃપા, મહેરબાની. ૦દિલ વિ૦ કૃપાળુ ૦દિલી સ્રી૦ કૃપાળુતા ૦નજર, -મિયત સ્રી૦ કૃપાદૃષ્ટિ -માન પુ૦ પરમ કૃપાળુ પરમેશ્વર [રાહબર

**રહેવર** (ર્હે) પુ૦ [फा रहवर] ભોમિયો,

**રહેવાશી(-સી)** (ર્હે) વિ૦ [રહેવુ + વસવુ, સર૦ म रहिवासी] રહીશ, રહેનારુ -સ પુ૦ [સર૦ म रहिवास] રહેઠાણ(૨) રહેવુ-વસવુ તે

**રહેવુ** (ર્હે) અ૦ક્રિ૦ [दे रह, સર૦ हिं. रहना, म राहणें] વસવુ (૨) ટકવુ, ઠરવુ (૩) માવું, સમાવુ (૪) અટકવુ, ચોભવુ (૫) બાકી હોવુ (૬) જીવવુ, જીવતા રહેવુ (૭) શાત પડવુ, સ્વસ્થ થવુ (૮) નોકરીએ લાગવુ (૯) ગર્ભ રહેવો (૧૦) હોવુ (બીજા શબ્દો સાથે. ઉદા૦ ઢીલા રહેવુ) (૧૧) બીજા ક્રિયાપદના ભૂ૦ કૃદત સાથે 'તે ક્રિયા પૂરી કરવી' એ અર્થમાં ઉદા૦ તે બોલી રહ્યો (૧૨) [हिं] ભૂત કૃદંત સાથે 'તે ક્રિયા ચાલુ હોવી' એ અર્થમા ઉદા૦ હુ વિચારી રહ્યો છુ કે હવે મારે શુ કરવુ (૧૩) વર્તમાન કૃદત સાથે 'તે ક્રિયા ચાલતી રહે છે' એ અર્થમા ઉદા૦ તે ઘેર કાગળ લખતો રહે છે [રહી જવું=(અગનુ) જૂઠુ પડી જવુ વાના રોગથી ઝલાઈ જવુ (૨) મરી જવુ (૩) ચૂકી જવુ; બચી જવુ (૪) અટકી પડવુ (૫) મુકામ કરી પાડવો (૬) બાકી રહી જવુ (૭) [ગ્રામ્ય] ગર્ભાધાન થઈ જવુ રહી રહીને =અટકતા-અટકતા, સતત ચાલુ નહીં એમ ક્યાં રહે ?=ક્યા જાય ? શી રીતે બચે ? (ઉદા૦ ગાળ ભાડીને ક્યા રહે ?) રહેવા દેવું=અટકાવવુ, બધ પાડવુ (૨) તજવુ, છોડવુ (૩) રહેવાની પરવાનગી આપવી.] -વાવું અ૦ક્રિ૦ રહી શકાવુ (૨) ચેન પડવુ ઉદા૦ દુઃખે રહેવાતુ નથી

**રહેંટ** (ર્હે૦) પુ૦ [सं अरघट्ट, प्रा अरहट्ट, रहट्ट] જુઓ રેંટ [નાખવુ, કતલ કરવું

**રહેંસવું** (ર્હે૦) સ૦ક્રિ૦ [જુઓ રેંસવુ] ચીરી

**રહ્યું** વિ૦ (૨) અ૦ ('રહેવુ'નુ ભૂ૦ કૃ૦) નકારવાચક વાક્ય પછી, 'તો ભલે એટલે શોભતુ', 'ભલે એટલે વાત અટકે', 'ભલે એમ ન કરે' એવા ભાવનો ઉદ્ગાર ઉદા૦ ના આવો તો રહ્યુ ન આવે તો રહ્યો,-હી ૦સહ્યું વિ૦ બાકી બચેલુ

**રળતર** ન૦ [રળવુ પરથી] કમાણી

**રળવું** સ૦ક્રિ૦ કમાવુ [રળી ખપીને ઊતરવું =મેળવીને ખોવુ (૨) નફાનુકસાનમા શક્તિ ખરચાઈ જવી, સંસારવહેવારમા પરોવાઈ જવુ (૩) નિવૃત્તિનો વખત આવવો ]

**રળાઉ** વિ૦ ['રળવુ' ઉપરથી] રળતુ, કમાતુ (૨) નફો થાય તેવુ

**રળિયાત** વિ૦ [જુઓ રળી] ખુશી, પ્રસન્ન

**રળિયામણુ** વિ૦ ['રળી' ઉપરથી] સુદર

**રળી** સ્રી૦ [સર૦ हिं. रली (म ललित), प्रा.

ક્લિઅ] ખુશી, હરખ (૨) હોસ; કોડ ૦રાશે અ૦ વગર તકરારે; સીધી રીતે, ખુશીથી

**રળો** પું૦ ['રળવું' ઉપરથી] કમાણી

**રંક** વિ૦ [સં.] ગરીબ

**રંગ** પું૦ [સં.,ફા.] લાલ, પીળો વગેરે વર્ણ કે તેની ભૂકી કે પ્રવાહી (૨) [લા.] પટ, અસર (૩) આનંદ, મસ્તી, તાન (૪) કેફ; નશો (૫) પ્રીતિ, સ્નેહ (૬) આબરૂ, વટ (૭) રંગભૂમિ (૮) રણાંગણ [**–આવવો**=તાલ, આનંદ કે મજા જામવી, જામવું **–ઊઘડવો**=બરોબર રંગ લાગેલો દેખાવો. **–ઊડી જવો**=રંગ જતો રહેવો, ઝાંખું પડી જવું **–ઊતરવો**=રંગ ધોવાઈ જવો; રંગ ઝાંખો પડી જવો (૨) ધોતાં રંગ નીકળવાથી તેના સ્પર્શથી બીજા કપડાને રંગ ચોંટવો. **–કરવો**=રંગ લગાવવો, રંગવું (૨) વિજયી થવું (૩) જશ કે ખ્યાતિ મેળવવાં **–ચડાવવો**=રંગવું; રોગાન કરવો. **–જમાવવો**=રંગ જામે એમ કરવું (૨) સફળ કરવું **–જામવો**=મજા આવવી, મજા આવે એવી કક્ષાએ પહોંચવું (૨) રંગનું એક જગામાં ચોંટી જવું **–દેવો**=રંગ ચડાવવો (૨) શાબાશી આપવી. **–નાંખવો**=કોઈ ઉપર (જેમ કે હોળીમાં) રંગ ફેંકવો (૨) કોઈ પદાર્થને રંગવા માટે તેને પટ દેવો, તેને રંગવો **–ની રેળ**=અતિ આનંદ. **–પૂરવો**=ચિત્રમાં રંગ કરવો (૨) અતિશયોક્તિ કરવી (૩) આનંદ કે રસનો ઉમેરો કરવો **–ફરવો, બદલાવો**=મૂળ રંગ ન રહેવો (૨) (ભય કે સંકડામણને લઈને) ચહેરાનો રંગ ફીકો પડી જવો **–બેસવો**=રંગ લાગવો **–મચાવવો**=આનંદ જમાવવો **–કરવો. –મારવો લગાડ(–વ)વો**=રંગવું. **–માં આવવું**=ઉત્કટ આનંદની સ્થિતિમાં આવવું; તાનમાં આવવું. **–રાખવો**=આબરૂ રાખવી, વટ સાચવવો **–લાગવો**=રંગ ચડી જવો, રંગનો ડાઘ પડવો કે પાસ બેસવો (૨) –ની અસર થવી (૩) –ની લત લાગવી **રંગે રમવું**=આનંદમાં રમવું, આનંદક્રીડા કરવી] ૦**કામ** ન૦ રંગવાનું કામ. ૦**દ** વિ૦ વિષયી, કામાસક્ત (૨) વ્યસની (૩) પું૦ + તરુણ, બાંકો અને સાહસિક રજપૂત ૦**ડખાનું** ન૦ વ્યસની લોકોને એકઠા થવાની જગ્યા. ૦**ઢંગ** પું૦ (પ્રાય બ૦વ૦) બાહ્ય દેખાવ, રીતભાત; ચાળા ૦**ણું** ન૦ રંગવાનું કામ (૨) રંગવાની પીંછી ૦**ત** વિ૦ રંગેલું (૨) સુશોભિત (૩) સ્ત્રી૦ રંગની છટા. ઉદા૦ આ કપડાની રંગત સારી નથી (૪) મજા, આનંદ. ૦**તાળી** સ્ત્રી૦ હરખના ઊભરાની તાળી (–દેવી,–લેવી). ૦**દા** સ્ત્રી૦ ફટકડી ૦**દાર** વિ૦ [ફા.] રંગવાળું, રંગિત ૦**દ્વેષ** પું૦ જુદા રંગના લોકો પ્રત્યેનો દ્વેષ ૦**દ્વેષી** વિ૦ રંગદ્વેષવાળું. ૦**નાશક** વિ૦ રંગ દૂર કરનાર. ૦**પંચમી** સ્ત્રી૦ વસંતપંચમી ૦**પાણી** ન૦ કેફી પીણું [**–ઉડાવવાં**=કસૂંબો પીવો (૨) નશાબાજી કરવી (૩) મજા કરવી] ૦**બહાર** સ્ત્રી૦ આનંદની રેલારેલ ૦**બાજી** સ્ત્રી૦ [ફા.] મોજમઝા (૨) ગંજીફાની એક રમત ૦**બેરંગી** વિ૦ વિવિધ રંગનું. ૦**ભંગ** પું૦ આનંદમાં ભંગ પડવો) ૦**ભૂમિ(–મી)** સ્ત્રી૦ જેના ઉપર નાટક થાય છે તે ઊંચી જગા (૨) નાટકશાળા ૦**ભેદ** પું૦ જુદા વર્ણના લોકો પ્રત્યે ભેદભાવ ૦**ભેર** અ૦ હરખભેર, ઉલ્લાસથી ૦**ભોગ** પું૦ વિષયભોગ. ૦**મહેલ** પું૦ ભોગવિલાસ માટે બાંધેલું સુંદર મકાન (૨) મહેલનો મુખ્ય બેઠકનો ખંડ; દીવાનખાનું ૦**મંડપ** પું૦ ઉત્સવ નિમિત્તે શણગારેલો મંડપ (૨) રંગભૂમિ (૩) દેવમંદિરનો ખુલ્લો ચોક, ચાચર ૦**રસ** પું૦ ભોગવિલાસ, પ્રેમરસ (૨) કંકુનો રંગ ૦**રસિયું** વિ૦ ભોગવિલાસ કરનારું, વિલાસી ૦**રાગ** પું૦ ગાનતાન, મોજમઝા ૦**રાતું** વિ૦ રંગીલું ૦**રૂપ** ન૦ ઘાટ, દેખાવ, સુન્દરતા. ૦**રેજ** પું૦ [ફા.] કપડાં રંગનાર ૦**રોગાન** ન૦ (પ્રાયઃ બ૦વ૦) રંગ અને રોગાન (વગેરેની સુશોભિતતા) ૦**રોળ** પું૦ અતિ આનંદ (૨) વિ૦ રંગથી તરબોળ – રોળાયેલું. ૦**લો** પું૦ મશ્કરો, વિદૂષક, હસાવનારો (ભવાઈ કે નાટકમાં) ૦**શાલા(–ળા)** સ્ત્રી૦ નાટકશાળા (૨) રંગવાનું કારખાનું

રંગરૂટ પું૦ [ઇં રિક્રૂટ]લશ્કરમાં નવો ભરતી થનાર
રંગરેજ, રંગલો જુઓ 'રંગ'માં
રંગવું સ૦ક્રિ૦ રંગ ચડાવવો (ઉપર ચોપડીને કે તેમાં બોળીને). [રંગી નાખવું = રંગરંગ કરી દેવું (૨) માર મારી લોહી નીગળતું કરી દેવું ]
રંગાઈ સ્ત્રી૦ ['રંગવું' ઉપરથી] રંગામણી (૨) રંગવાની સફાઈ કે કળા
રંગાટ પું૦['રંગ' ઉપરથી] રંગવાનું કામ અને કળા ૦કામ ન૦ રંગવાનું કામ -ટિયું વિ૦ રંગાટ સંબંધી -ટી સ્ત્રી૦ રંગાટ (૨) રંગરેજ (૩) રંગવાનું કારખાનું. -ડું ન૦ રંગ ઓગાળવાનું કૂંડું -મણ ન૦, -મણી સ્ત્રી૦ રંગવાની મજૂરી -રો પું૦[સર૦ મ રંગારી] રંગરેજ
રંગિત વિ૦['રંગ' ઉપરથી] રંગેલું, રંગત
રંગી વિ૦ [સં રઙ્ગિન્] રંગતું શોખીન (૨) [સમાસમાં છેડે] રંગવાળું ઉદા૦ 'બહુરંગી' (૩) સ્ત્રી૦ એક જાતની લાલ માટી
રંગીતિયું ન૦ સુતારનું રંગીનું ચોરસ ખાનું
રંગીન વિ૦ [ફા.] રંગેલું; રંગિત
રંગીભંગી વિ૦[રંગ+ભાંગ, સર૦ મ રંગીઢંગી, ચંગીભંગી] વ્યસની (૨) રંગરસિયું, વિલાસી
રંગીલું વિ૦ [પ્રા રંગિલ્લ, સર૦ હિં , મ. રંગીલા] આનંદી, મોજી, રસિયું (૨) સુંદર, ખૂબસૂરત
રંગેચંગે અ૦ [રંગ+ચંગ] વિના તકરારે, હસતે મને, ખુશીથી
રંગેડું ન૦ જુઓ રંગાડું
રંગોળી સ્ત્રી૦ [રંગ+ઓળ] જમીન પર રંગ પૂરી પાડેલી ભાત કે તે પાડવાનું એક ઓજાર -ળિયું ન૦ રંગોળી પૂરવાનું સાધન (૨) રમચી પલાળવાનું ખામણું (૩) કંકાવટી
રંચ વિ૦ [સર૦ હિં રંચ, રંચક] રજ, જરા, થોડું (૨)તુચ્છ, હલકું ૦ક વિ૦ થોડું; લગાર
રંજ સ્ત્રી૦[ફા.]દુઃખ, ખેદ, દિલગીરી [-એંચવી = મહેનત કરવી. -થવી = દિલગીરી થવી ]
રંજક વિ૦ [સર૦ રંચ] રંચક, રજ (૨) સ્ત્રી૦ [સર૦ હિં , મ] બંદૂક ફોડવા માટે તેના કાન પર મૂકેલો જરા જેટલો દારૂ (૩) [લા.] પલીતો, ઉશ્કેરણી. [-ઊડવી = લડાઈ થવી. -ખાઈ જવી = ન ઉશ્કેરાવું, ફૂસ થઈ જવું. -મૂકવી = પલીતો મૂકવો (૨) ઉશ્કેરણી કરવી ]
રંજક વિ૦[સં ] ખુશ કરે તેવું [સમાસને છેડે] ઉદા૦ મનોરંજક (૨) પું૦ રંગનાર, રંગરેજ (૩) ન૦ હિંગળોક. ૦તા ન૦ -ન ન૦ ખુશ કરવું તે (૨) રંગવું તે (૩) વિ૦ મનોરંજક -ની સ્ત્રી૦ મધ્યશ્રુતિનો એક અવાંતર ભેદ
રંજવું અ૦ક્રિ૦ [જુઓ રંજ] રંજ થવી, દુઃખ પામવું (૨) સ૦ક્રિ૦ પીડવું, કનડવું (૩) [ સં. રંજ્] ખુશ કરવું (૪) રંગવું
રંજાડ પું૦,સ્ત્રી૦ [રંજ ફા. ઉપરથી] બગાડ; નુકસાન (૨) તોફાન; મસ્તી (૩) કનડગત, સંતાપ, ક્લેશ. ૦વું સ૦ક્રિ૦ રંજાડ કરવી; રંજવું
રંજિત વિ૦[સં ] રંગિત (૨) પ્રસન્ન, આનંદિત (૩) આસક્ત, અનુરક્ત (૪) પું૦ સંગીતમાં એક અલંકાર
રંજીદા વિ૦[ફા ] રંજ પામેલું, દુઃખિત, ખિન્ન
રંડ વિ૦ [સં] વાઝિયું, વિફળ ૦વો પું૦ રાંડેલો; વિધુર (૨) બાયલો, નામરદ; રાંડવો
રંડા સ્ત્રી૦[સં ] રાંડ, રંડી (એક ગાળ). ૦પો પું૦ વિધવાપણું ૦વવું સ૦ક્રિ૦, ૦વું અ૦ ક્રિ૦ 'રાંડવું'નું પ્રેરક ને કર્મણિ
રંડી સ્ત્રી૦ [સં રંડા, સર૦ હિં , મ.] નાચવા ગાવાનો ધંધો કરતી સ્ત્રી (૨) વેશ્યા (૩) ગંજીફાનું રાણીનું પત્તું. ૦બાજ વિ૦ વેશ્યાના છંદમાં પડેલું; વ્યભિચારી ૦બાજી સ્ત્રી૦ રંડીબાજપણું [રાજા
રંતિદેવ પું૦[સ ] (સં ) પ્રસિદ્ધ દાની ચંદ્રવંશી
રંદવું સ૦ક્રિ૦ ['રંદો' ઉપરથી] રંદો મારી સાફ કરવું. રંદામણ ન૦, -ણી સ્ત્રી૦ રંદો ફેરવવાની મજૂરી(૨)રંદો ફેરવવાની રીત-સફાઈ
રંદો(-ધો) પું૦[ફા., સર૦ પ્રા રન્દ્ = છોલવું, પાતળું કરવું; સં રદ્ = કાપવું, મ રંધા, હિં. રંદા] લાકડું છોલી લીસું કરવાનું એક સુતારી ઓજાર [-દેવો, ફેરવવો, મારવો, લગાવવો = રંદાથી સીધું ને લીસું કરવું ]
રંધવારી સ્ત્રી૦ ['રાંધવું' ઉપરથી] રસોઇયણ -રો પું૦ રસોઇયો

**રંધામણ** ન૦, **-ણી** સ્ત્રી૦ ['રાંધવું' ઉપરથી] રાંધવાની મજૂરી (૨) રાંધવાની રીત

**રંધાવવું** સ૦ક્રિ૦ 'રાંધવું'નું પ્રેરક **રંધાવું** અ૦ક્રિ૦ 'રાંધવું'નું કર્મણિ (૨) [લા.] કામ સિદ્ધ થવું; ફાવવું, લાભવું

**રંધો** પું૦ જુઓ રંદો

**રંધ્ર** ન૦ [સં.] છિદ્ર, કાણું (૨) [લા.] દોષ

**રંભણ(-ન)** ન૦[સં. रम्]ચુંબન(૨)આલિંગન

**રંભા** સ્ત્રી૦[સં.] એક અપ્સરા (૨) સુંદર સ્ત્રી (૩) કેળ. ૦ફળ ન૦ કેળું. **-ભોરુ** વિ૦સ્ત્રી૦ [+ऊरु] કેળ જેવા સાથળવાળી સુંદર (સ્ત્રી)

**રંભો** પું૦ હાથાવાળું ખોદવાનું (કોશ જેવું) ઓજાર (ચ)

**રા** પું૦ [સં राजन्] રાજા (૨)ઈશ્વર (૩) સ્ત્રી૦ [સં रै] ધન; લક્ષ્મી(૪) [જુઓ રાવ] ફરિયાદ

**રા** છઠ્ઠી વિભક્તિનો (મારવાડી) પ્રત્યય. ઉદા૦ 'નડિયાદરા', 'સાઠોદરા'

**રાઇફલ** સ્ત્રી૦ [ઇં] એક જાતની બંદૂક

**રાઈ** સ્ત્રી૦[प्रा. राइआ (सं राजिका),સર૦हिं, म] એક જાતના મસાલાનાં બી (૨) [સર૦ म. राई (सं. रक्त=તાજું ઉપરથી)] જુઓ રાવતી (૩) [प्रा. राइ (सं राजि) (સમાસમા) શ્રેણી. પંક્તિ. ઉદા૦ વનરાઈ [**-ચડવી, -લાગવી**=રાઈની બરાબર અસર થવી (૨) ગુસ્સે થવું; ઉશ્કેરાવું **-હોવી** (મગજ કે માથામા)=ગુમાન હોવું,ફાકો હોવો **-મરચાં પડવાં**(આંખમા)=દેખી ન શકાવું, અદેખાઈ થવી, ઈર્ષા આવવી **-મરચાં લાગવાં**=માઠું લાગવું; ગુસ્સો આવવો] ૦(-ય)તી કેરી સ્ત્રી૦ રાઈ ચડાવેલી કેરી ૦(-ય)તું ન૦ રાઈ ચડાવેલા દહીંમા ફળની બારીક કચુંબર નાખી બનાવેલી વાની. [**-કરવું**=[લા] ધૂંટી નાખવું (૨) પોતાની પાસે નિરર્થક સાચવી રાખવું (વધાર કરજો ! —એ અર્થમા વપરાય છે.)] ૦મીઠું ન૦ નજર ઉતારવા રાઈમીઠું ઉતારી અગ્નિમા નાખવા તે [**-ઉતારવું**=નજર ઉતારવી **-પડવું**=(આંખમા) ઈર્ષા જાગવી]

**રાઈરોગ** પું૦બ૦વ૦ જુઓ રોગરાઈ

**રાઉત** પું૦ [प्रा. राउत्त (सं. राजपुत्र); સર૦ म, हिं.] વીર પુરુષ; બહાદુર

**રાઉસ** વિ૦ વાજબી; યોગ્ય (૨) [સુ] ગાત; કહ્યાગરું [પૂર્ણિમાનો ચન્દ્ર

**રાકા** સ્ત્રી૦ [સં] પૂનમની રાત. ૦પતિ પું૦

**રાકિમ** પું૦ [અ.] લખનારો

**રાક્ષસ** પું૦ [સં.] દાનવ, દૈત્ય, અસુર (૨) [લા] રાક્ષસ જેવા લક્ષણવાળો માણસ ૦ગણ પું૦ રાક્ષસના સ્વભાવવાળા—કૃત્તિકા, અશ્લેષા, મઘા, ચિત્રા, વિશાખા, જ્યેષ્ઠા, મૂળ, ધનિષ્ઠા અને શતતારા-નક્ષત્રોનો સમૂહ ૦ણી સ્ત્રી૦ રાક્ષસી. **-સી** વિ૦ રાક્ષસનું (૨) રાક્ષસના જેવું, ગંજાવર; વિકરાળ; ક્રૂર (૩) સ્ત્રી૦ રાક્ષસ સ્ત્રી; રાક્ષસની સ્ત્રી (૪) ફૂતરિયો દાંત

**રાખ** સ્ત્રી૦ [प्रा. रक्खा(सं रक्षा), સર૦ हिं, म]રાખોડી(૨)['રાખવું'પરથી,સર૦ म]રખાત (૩) રાખવું તે [**-ખાવી**=નમ્ર થવું;તાબેદાર થવું. **-ચાળવી**=ભોગી થઈ જવું(૨)દેવાળિયા થવું (૩) ભીખ માગવી (૪) પાયમાલ થવું. **-ચોળાવવી**=પૈસાટકા ધૂતી લેવા; નિર્ધન કરવું (૨) દેવાળું કઢાવવું. **-ધૂળ**=નકામું એવું જે કાંઈ તે. **-ધૂળ થઈ જવું**=નકામું થઈ જવું **-માથે ઘાલવી**=માથામાં રાખ ભરવી (૨) દુષ્ટ કે નિંદ્ય કામમા આગેવાની કરવી.]

**રાખડી** સ્ત્રી૦ [सं रक्षा, સર૦ हिं., म. राखी] અનિષ્ટથી બચવા કાંડે બાંધવામાં આવતો દોરો (બળેવને દિવસે) (૨) ગર્ભિણીને પાચમે કે સાતમે મહિને નણંદ બાંધે છે તે દોરો

**રાખણહાર(-રું)** વિ૦ ['રાખવું' ઉપરથી] રાખનાર, રક્ષણ કરનારું

**રાખપત** સ્ત્રી૦ [રાખવું+પત] કોઈની જતી આબરૂ સાચવવી તે, રખપત

**રાખરખાવટ** સ્ત્રી૦[રાખવું+રખાવવું]પક્ષપાત; રખાવટ (૨) અન્યોન્ય મદદ કરવાનો વ્યવહાર

**રાખવું** સ૦ક્રિ૦ [प्रा रक्ख(सं रक्ष्), સર૦ म राखणें, हिं. राखना] રક્ષવું, પાળવું, બચાવવું; સંભાળવું (બોલ વચન કો. માન) (૨) સંઘરવું(૩)સેવવું. પોષવું(ઉમેદ, ચિંતા,આશા) (૪) ધારણ કરવું, બતાવવું (દયા, મહેરબાની

ભાવ, જોર) (૫) બરાબર રહે તેમ કરવું, તેવી ચીવટ બતાવવી (અંકુશ, કાબૂ, દાબ, ધ્યાન, ચોકસાઈ, પગ, કબજો, હક) (૬) હોવા દેવું, રહેવા દેવું (ઉદા૦ કાયમ રાખવું, બહાલ રાખવું છૂટ રાખવી, ઢીલું રાખવું) (૭) સ્વીકારવું, લેવું (ઉદા૦ ગીરો રાખવું, જમે રાખવું) (૮) સંઘરવું (૯) ખરીદવું, કબજે લેવું (૧૦) ઉપયોગ માટે પાસે રહે એમ કરવું (૧૧) આડા સંબંધ માટે પોતાનું કરવું (પર સ્ત્રી કે પર પુરુષને) (૧૨) અન્ય ક્રિયાપદના (ભૂતકાળના) રૂપ સાથે સાતત્યનો અર્થ બતાવે (ઉદા૦ ઝાલી રાખવું; લખ્યે રાખવું) (૧૩) [સં राख्=અટકાવવું ?] પડ્યું મૂકવું, છોડવું (૧૪) ઊભું રાખવું, અટકાવવું (૧૫) જવા ન દેવું, જેમનું તેમ રહે એમ કરવું. [**રાખ રાખ**=હવે રહેવા દે (જોયું તારું કામ શક્તિ, ડહાપણ ઇ૦ એ અર્થમાં) **રાખી જોવું**=અખતરા ખાતર રાખવું **રાખી મૂકવું**=સંઘરી મૂકવું (૨) બાકી રાખવું. **રાખી રહેવું**=કબજે રાખી મૂકવું (૨) જાળવી રહેવું, ચાલુ રાખ્યા કરવું **રાખી લેવું**=ખરીદી લેવું (૨) રોકી લેવું]

**રાખેલી** વિ૦ સ્ત્રી૦ (૨) સ્ત્રી૦ ['રાખવું' ઉપરથી સર૦ દે रक्खणिआ] રખાત, આડા વહેવાર માટે રાખેલી સ્ત્રી. **-લો** વિ૦ પું૦ (૨) પું૦ આડા વહેવાર માટે રાખેલો પુરુષ

**રાખોડી** સ્ત્રી૦, **-ડો** પું૦ [સર૦ મ राखाडी, राखुडी, राखोंडी, જુઓ રાખ] ભસ્મ **-ડિયું** વિ૦ રાખોડીના રંગનું

**રાગ** પું૦ [સં.] મોહ, મમતા, આસક્તિ (૨) ગમો, મેળ; બનતી (૩) ક્રોધ, ગુસ્સો (૪) લાલ રંગ (૫) મનોરંજન થાય તેવી ગાવાની રીત સંગીતમાં મુખ્ય છ ગણાય છે (જુઓ ખટરાગ) (૬) અવાજ, સૂર. [**-આવવો**=બનવું; મેળ મળવો **-કાઢવો**=ગાવું, મોટેથી ગાવું. (૨) મોઢેથી કે લાંબા વખત સુધી રડવું [કટાક્ષમાં] **૦ખાવો**=ઠીક ગોઠવાવું, મેળ થવો **-ગાવો**=સંગીતના રાગ મુજબ ગાવું (૨) -ના કહ્યા મુજબ ચાલવું, -ની વાત પ્રમાણવી **-ઘૂંટવો**=રાગ બેસાડવા અવાજને લબાવવો (૨) એકનો એક રાગ સુરની જુદી જુદી જમાવટથી ગાવો (૩) એક રાગ વારંવાર ગાવો (પાકો કરવા માટે) **-થવો**=મેળ થવો, સંપ થવો **-નું ઘર**=રાગના સુર **-લાવવો**=મેળ કરવો કે કરાવવો (૨) જોગ ખવરાવવો. **રાગે પડવું**=બરાબર ચાલુ થવું, સરાડે ચડવું (૨) ઠેકાણે પડવું; કામધંધે લાગુ થઈ જવું] **૦કવિતા** સ્ત્રી૦ જુઓ ગીતકવિતા **૦ડો** પું૦ લાંબો સાદ (ગાવાનો કે રડવાનો) [**-ખેંચવો, તાણવો**=મોટેથી ગાવું (૨) ભેંકડો તાણવો] **૦(-ગિ)ણી** સ્ત્રી૦ રાગની સ્ત્રી (દરેક રાગની છ મનાય છે). **૦દારી** સ્ત્રી૦ રાગયુક્ત હોવું તે, ગેયતા **૦મય, -આત્મક** વિ૦ [+आत्मक] રાગવાળું. **-ગિણી** સ્ત્રી૦ જુઓ રાગણી **-ગી** વિ૦ રંગેલું (૨) લાલ (૩) સંસારસુખમાં આસક્તિવાળું (૪) પ્રેમી, અનુરક્ત (૫) ક્રોધી. **-ગોટવું** અ૦ક્રિ૦ રાગડો તાણ્યા કરવો (૨) ફરી ફરી ગાયા કરવું **-ગોટો** પું૦ રાગડો

**રાઘવ** પું૦ [સં] રઘુનો વંશજ (૨) (સં) રામ

**રાઘુ** પું૦ [म राघू-घो] પોપટ (કાંઠલો ફૂટ્યો હોય તેવો)

**રાઘો** વિ૦ પું૦ દાધારંગો

**રાચ** ન૦ ['રચવું' ઉપરથી? સર૦ हिं राछ] ઓજાર (૨) રાચરચીલું (૩) વાસણ (૪) પું૦ સાળમાં જેના વતી તાણો ઊંચોનીચો થાય છે તે, દોરીથી ગૂંથેલી બનાવટ **૦રચીલું** ન૦ ['રચવું' ઉપરથી] ઘરનો સરસામાન

**રાચવું** અ૦ ક્રિ૦ [દે रच्च, સં रज्, સર૦ हिं. राचना] રાજી થવું (૨) શોભવું

**રાજ** અ૦ [જુઓ રાણું, રાણો] ઓલવાઈ જાય તેમ [**-કરવો** (દીવો)=ઓલવી નાખવો **-થવો** (દીવો) ઓલવાઈ જવો]

**રાજ** પું૦ [फा] ભેદ, રહસ્ય

**રાજ** પું૦ રાજા (૨) ન૦ રાજ્ય (૩) [સં] સમાસમાં પૂર્વપદનું સંસ્કૃત રૂપ. [**-આવવું**=રાજાની પેઠે બેઠા બેઠા ખાવાનું મળવું; કામકાજમાંથી ફારગત મળવી (૨) કુલ સત્તા

મળવી. -કરવું=રાજા તરીકે સત્તા ચલાવવી (૨) રાજાના જેવો અમલ ચલાવવો, નિયમન કરવુ,શાસન કરવુ -ચાલવું=અમલ ચાલવો, સત્તા ચાલવી -બેસવું=રાજ્ય શરૂ થવું; અમલ શરૂ થવો] ૦કદૈવક ન૦ રાજ્યનો તથા ઈશ્વરી કોપ, આસમાની સુલતાની. ૦કન્યા સ્ત્રી૦ રાજકુવરી. ૦કર્તા પુ૦ રાજ્ય કરનાર, રાજા. ૦કવિ પુ૦ રાજાનો માનીતો અને આશ્રિત કવિ. ૦કાજ પુ૦ રાજ્યને લગતુ કામકાજ (૨) રાજનીતિ ૦કારણ ન૦ રાજવહીવટ; 'પૉલિટિક્સ' ૦કારણી વિ૦ રાજકારણને લગતું (૨) પું૦ રાજકારણમા ભાગ લેનાર માણસ ૦કારભાર પુ૦ રાજકાજ. ૦કારભારી પું૦ પ્રધાન, વજીર (૨) મુત્સદ્દી. ૦કીય વિ૦ રાજા કે રાજ્ય સંબંધી ૦કીય કેદી પુ૦ રાજદ્રોહને કારણે કેદમા પૂરવામા આવેલો રાજકારણી પુરુષ ૦કુમાર પુ૦ રાજાનો દીકરો. ૦કુમારી સ્ત્રી૦ રાજાની દીકરી. ૦કુલ(-ળ) ન૦ રાજાનું કુટુબ ૦કુંવર પુ૦ રાજકુમાર. ૦કુંવરી સ્ત્રી૦ રાજકુમારી ૦કેદી પુ૦ જુઓ રાજકીય કેદી (૨) રાજા કે રાજાના જેવા વિધિથી પૂરવામાં આવેલો કેદી. -ક્રાંતિ સ્ત્રી૦ રાજસત્તાની ઊથલપાથલ-ફેરબદલી ૦ગઢ પુ૦ રાજાના મહેલની આસપાસનો કિલ્લો ૦ગર પું૦ એક જાતનો બ્રાહ્મણ ૦ગાદી સ્ત્રી૦ રાજાનુ સિંહાસન. ૦ગુરુ પુ૦ રાજાનો ગોર ૦ગુહ્ય ન૦ શ્રેષ્ઠમા શ્રેષ્ઠ ગુહ્ય (૨) રાજ્યની ગુપ્ત વાત. ૦ગોર પું૦ જુઓ રાજગુરુ (૨) રાજગર ૦ચિહ્ન ન૦ મુગટ, છત્ર, ચામર, દંડ વગેરે રાજાનાં ચિહ્ન (૨) ભવિષ્યમાં રાજા થશે એવુ સૂચવતા કેટલાક સામુદ્રિક ચિહ્ન (૩) રાજાના સિક્કાની છાપ ૦તિલક ન૦ રાજ્યાભિષેક વખતે રાજાને કરવામા આવતુ ટીલુ. ૦તેજ ન૦ રાજાનુ તેજ -પ્રભાવ-ઐશ્વર્ય. ૦ત્વ ન૦ રાજાપણું. ૦દરબાર પુ૦ રાજાને રહેવાનુ અને દરબાર ભરવાનું મોટું મકાન ૦દરબારી વિ૦ રાજા કે રાજ્ય સંબંધી. ૦દંડ પું૦ રાજાનો દંડ; એક રાજચિહ્ન (૨) રાજાએ કરેલી શિક્ષા(૩) રાજાની સત્તા. ૦દૂત પું૦ રાજાનો એલચી. ૦દ્રોહ પું૦ રાજા કે રાજ્યનો દ્રોહ. ૦દ્રોહી વિ૦ (૨) પુ૦ રાજદ્રોહ કરનાર ૦દ્વાર ન૦ રાજાના મહેલનો દરવાજો (૨) રાજદરબાર. ૦દ્વારી વિ૦ રાજા કે રાજ્ય સબંધી; રાજકીય. ૦ધર્મ પું૦ રાજાનો ધર્મ ૦ધાની સ્ત્રી૦ રાજા રહેતો હોય તે મુખ્ય શહેર; પાટનગર. ૦ન પું૦ રાજા (સંબોધન) (૨) [પ] રાજા. ૦નગર ન૦ રાજધાની, મુખ્ય શહેર ૦નિષ્ઠા સ્ત્રી૦ રાજા કે રાજ્ય પ્રત્યે નિષ્ઠા ૦નીતિ સ્ત્રી૦ રાજશાસનની નીતિ કે વિદ્યા. ૦નૈતિક વિ૦ રાજનીતિને લગતુ ૦ન્ય પુ૦ ક્ષત્રિય; રાજકુટુંબનો માણસ ૦ન્યા સ્ત્રી૦ ક્ષત્રિયાણી; રાજકુટુંબની સ્ત્રી. ૦પખું ન૦ રાજાનુ રક્ષણ. ૦પદ ન૦ રાજાની પદવી. ૦(-જ્ય)પ્રકરણ ન૦ રાજકારણ ૦(-જ્ય)પ્રકરણી વિ૦ રાજપ્રકરણને લગતુ, રાજકારણી. ૦પાટ ન૦ રાજગાદી ૦પુત્ર પું૦ રાજકુમાર ૦પુત્રી સ્ત્રી૦ રાજકુમારી ૦પુરુષ પું૦ રાજાનો નોકર કે અમલદાર ૦(-જ્ય)બંધારણ ન૦ રાજ્યનુ બંધારણ ૦બીજ વિ૦ રાજાના વંશમા જન્મેલું (૨) ન૦ તેવુ માણસ ૦ભક્ત વિ૦ (૨) પું૦ રાજાનો ભક્ત. ૦ભક્તિ સ્ત્રી૦ રાજા પ્રત્યેની ભક્તિ ૦ભવન ન૦ રાજાનો મહેલ ૦ભંડાર પુ૦ રાજા કે રાજ્યનો ખજાનો-ભંડાર. ૦ભાગ પુ૦ રાજા કે તાલુકદારે ખેડૂત પાસેથી લેવાનો ખેતીની ઊપજનો ભાગ. ૦ભોગ પુ૦ વૈષ્ણવ મંદિરમા બપોરનો એક ભોગ તથા દર્શન. ૦મહેલ, પુ૦ રાજાનો મહેલ ૦મંડળ ન૦ રાજાઓનો સમુદાય (૨) રાજાના અમીર ઉમરાવો-કારભારીઓ વગેરેનો સમુદાય (૩) કોઈ રાજ્યની આસપાસ આવેલા રાજ્ય. ૦મંત્રી પુ૦ રાજાનો મંત્રી ૦મંદિર ન૦ રાજમહેલ ૦માર્ગ પુ૦ ધોરી રસ્તો (૨) સાર્વજનિક રસ્તો. ૦માતા સ્ત્રી૦ રાજાની મા. ૦માન્ય વિ૦ રાજાએ માનેલુ, પ્રતિષ્ઠિત (૨) રાજ્યબંધારણથી માન્ય; 'કૉન્સ્ટિટ્યુશનલ' ૦માર્ગ પુ૦ ધોરી રસ્તો. ૦મુદ્રા સ્ત્રી૦ રાજાની મહોર. ૦મેધ પુ૦

રાજાનો વધ. ૦યક્ષ્મા પું૦ રાજરોગ, ક્ષય. ૦યોગ પું૦ પતંજલિએ વર્ણવેલો અષ્ટાંગયોગ (૨) રાજા થાય તેવો ગ્રહોનો યોગ (જન્મ કુંડળીમાં). ૦રક્ષક પું૦ રાજાની સગીર અવસ્થામાં તેના તરફથી રાજ ચલાવનાર અધિકારી; 'રીજન્ટ'. ૦રઢ સ્ત્રી૦ રાજાની રઢ. ૦રત્ન પું૦ રાજ્યના રત્ન જેવો પુરુષ—એક ઈલકાબ ૦રમત સ્ત્રી૦ રાજકારણી દાવપેચ, યુક્તિપ્રયુક્તિ ૦રાજેશ્વર પું૦ (સ ) રાજાઓનો રાજા; મહારાજાધિરાજ. ૦રાણી સ્ત્રી૦ રાજાની સ્ત્રી, પટ્ટરાણી. ૦રીત(-તિ) સ્ત્રી૦ રાજાના દરબારની રીતભાત ૦રેખ સ્ત્રી૦ રાજાના હાથપગ ઉપરની રેખા; રાજચિહ્ન. ૦રોગ પું૦ ક્ષય. ૦ર્ષિ પું૦ ક્ષત્રિય વંશનો ઋષિ (૨) ઋષિના જેવા આચારવાળો રાજા ૦લક્ષણ નં૦ રાજચિહ્ન. ૦લક્ષ્મી સ્ત્રી૦ રાજાની સમૃદ્ધિ ૦લેખ પું૦ રાજાનો લેખ—ઢંઢેરો—આજ્ઞાપત્ર. ૦વટ સ્ત્રી૦ રાજાપણાની વટ—ટેક (૨) રાજદરબારી રીતભાત. ૦વટું નં૦ જુઓ રાજવટ (૨) રાજાનું કામકાજ—રાજાપણું. ૦વણ સ્ત્રી૦ રાણી (૨) રાણી જેવી ભાગ્યશાળી સ્ત્રી. ૦વણું નં૦ રાજા પાસેના દરબારી હજૂરિયા વગેરે, રાજાની કચેરી ૦વંશ પું૦ રાજાનું કુળ ૦વંશી વિ૦ રાજવંશનું, ખાનદાન ૦વિદ્યા સ્ત્રી૦ રાજનીતિ (૨) સર્વ વિદ્યાઓમાં ઉત્તમ વિદ્યા. ૦વી પું૦ [સં. राजस्व પરથી ?] રાજા (૨) રાજા જેવો ભાગ્યશાળી માણસ (૩) વિ૦ રાજાને છાજે તેવું, રાજસી ૦વૈદ(-દ્ય) પું૦ રાજાનો વૈદ્ય. ૦વૈભવ પું૦ રાજાનો વૈભવ. ૦શાસન નં૦ રાજાની આજ્ઞા(૨)રાજ્ય ચલાવવું તે (૩) રાજા મારફતે ચાલતો રાજવહીવટ; 'મોનર્કી'. ૦શાહી સ્ત્રી૦ રાજાની મરજી પ્રમાણે ચાલતું રાજ્ય ૦સત્તા સ્ત્રી૦ રાજાની સત્તા (૨) રાજ્ય ચલાવનાર સત્તા. ૦સત્તાક વિ૦ જેમાં રાજાની સત્તા ચાલતી હોય તે ૦સભા સ્ત્રી૦ રાજાની સભા (૨) રાજાઓનો દરબાર (૩) ખાસ વર્ગના લોકોના પ્રતિનિધિઓની ધારાસભા; 'કાઉન્સિલ ઑફ સ્ટેટ'. ૦સી વિ૦ [સર૦ हिं.] રાજાને યોગ્ય ઉદા૦ રાજસી ઠાઠ (૨) જુઓ રાજસ. ૦સૂય પું૦ સર્વોપરી રાજા વડે પોતાના રાજ્યાભિષેક વખતે કરાતો એક યજ્ઞ. ૦સ્થાન નં૦ દેશીરાજ્ય (૨) [સ ] રજપૂતાના ૦સ્થાની વિ૦ રાજસ્થાનનું (૨) સ્ત્રી૦ રાજસ્થાનની ભાષા ૦હત્યા સ્ત્રી૦ રાજાનો વધ કે તેથી લાગતું પાપ. ૦હંસ પું૦ લાલ ચાંચ અને પગવાળો એક જાતનો હંસ

**રાજગરી** સ્ત્રી૦ [स राजगिरी ?] ડુંગળી

**રાજગરો** પું૦ [म राजगीरा (सं राजगिरी ?)] એક જાતનું ફરાળનું અનાજ

**રાજત** નં૦ [स ] રૂપું

**રાજન** નં૦ [સર૦ इ रेझीन] એક ઝાડમાંથી નીકળતો રસ, બેરજો (૨) [સં.] રાજા

**રાજમાન, ૦રાજેશ્રી** વિ૦ [રાજમાન્ય, રાજશ્રી ? કે રાજમાન (વિરાજમાન), રાજ્યશ્રી ? સર૦ म. राजमान्य, राजश्री] (સંક્ષેપમાં રા રા ) જે પુરુષને કાગળ લખાતો હોય તેને ઉદ્દેશીને વપરાતું વિશેષણ

**રાજવું** અ૦ક્રિ૦ [સં. राज्] પ્રકાશવું; શોભવું

**રાજસ(-સી)** વિ૦[સં.] રજોગુણવાળું કે તેને લગતું (૨) જુઓ રાજમાં

**રાજા** અ૦ [જુઓ 'રાજ' અ૦] ઓલવાઈ જાય તેમ. [-કરવો (દીવો)=ઓલવી નાખવો.]

**રાજા** પું૦ [સ.] રાજ્ય કરનાર આદમી (૨) રાજાની સંજ્ઞાનું પત્તું (ગંજીફામાં) (૩) ભોળો ને ઉદાર સ્વભાવનો માણસ [-કરણનો વખત= પું૦ પરોઢિયું -કરવો=રાજાના પદ ઉપર સ્થાપવું -ભોજ=ભોજ નામનો રાજા(૨)[લા ] ઉદાર ને દાનેશરી માણસ. -માણસ=રાજાના જેવા વૈભવ અને આચારવાળો માણસ (૨) ભોળો—ઢીલા દિલનો માણસ (૩) જેનો વિશ્વાસ ન રખાય તેવો નિરુદ્યમી વા કામ ન કરે એવો માણસ -લોક (પું૦બ૦વ૦) બધી સત્તા પોતાને હાથ ધરાવનાર માણસ (૨) ઉદાર અને ઢીલા દિલનો માણસ (૩) જેને કામ કરવાની જરૂર નથી અને જે ગમે તેમ ખર્ચ કરી શકે છે, તેવો માણસ] ૦જ્ઞા સ્ત્રી૦ [+आज्ञा] રાજાનો હુકમ ૦ધિરાજ પું૦ [ अधिराज]

રાજાઓનો રાજા; મહારાજા
**રાજિ(-જી)** સ્ત્રી० [સં] હાર; ઓળ; પંક્તિ
**રાજિત** વિ० [સં.] ચકચકતું, શોભતુ
**રાજિયો** પું० રાજા (પ.) (૨) મરેલાને ઉદ્દેશી કૂટતી વખતે ગાવાનુ ગીત; મરસિયો
**રાજી** સ્ત્રી० [સં.] જુઓ રાજિ
**રાજી** વિ०[અ] ખુશ (૨) સંમત. [-કરવું=(ભેટ કે ઇનામ યા ઇચ્છિત આપીને) ખુશ કરવું.] ०**ખુશી** સ્ત્રી० કુશળતા; સહીસલામતી (૨) સ્વેચ્છા, હોંસ ०**નામું** ન० નોકરીમાથી છૂટા થવાની અથવા દાવા વગેરેમા કોઈ પણ બાબતમાથી હઠી જવાની રાજીખુશી દર્શાવતું લખાણ (-આપવું). ०**પો** પું० રાજીપણું; ખુશી. ०**રજામં(-વં)દી** સ્ત્રી० પૂરેપૂરી રાજીખુશી (દસ્તાવેજમા) ०**રમ** વિ० ખૂબ રાજી
**રાજીવ** ન०[સં.] કમળ ०**લોચન** વિ० કમળ જેવી આંખોવાળું
**રાજેશ્વર, રાજેંદ્ર** પું० [સં.] રાજાધિરાજ
**રાજ્ય** ન० [સં] રાજાની હકૂમતનો પ્રદેશ (૨) સત્તા; ચલણ ०**કર્તા(-ર્તા)** પું० રાજ્ય કરનાર; રાજા. ०**કર્ત્રી** વિ० સ્ત્રી० રાજ્ય કરનારી; રાણી. ०**કૌશલ(-લ્ય)** ન० રાજ્ય ચલાવવાની કુશળતા ०**ક્રાંતિ** સ્ત્રી० રાજ્ય કે રાજસત્તાની ઊથલપાથલ. ०**તંત્ર** ન० રાજ્યનું તંત્ર. ०**તંત્રી** પું० રાજ્યતંત્ર ચલાવનાર. ०**ધુરા** સ્ત્રી० રાજ્યની જવાબદારી ०**નીતિ** સ્ત્રી० રાજ્ય ચલાવવાની વિદ્યા; દંડનીતિ. ०**પ્રકરણ** ન० રાજકારણ. ०**પ્રકરણી** વિ० રાજ્યપ્રકરણ સંબંધી. ०**બંધારણ** ન० રાજતંત્રનુ બંધારણ – તે ચલાવવાનાં ધારાધોરણ કે તેનો કાયદો. ०**ભ્રષ્ટ** વિ० રાજગાદી ઉપરથી ઉઠાડી મૂકેલુ. ०**લક્ષ્મી** સ્ત્રી० રાજાની શોભા–વૈભવ–ઐશ્વર્ય (૨) વિજયની કીર્તિ–ગૌરવ ०**વ્યવસ્થા** સ્ત્રી० જુઓ રાજ્યબંધારણ (૨) રાજકારભાર ०**વ્યવહાર** પું० રાજ્યનુ કામકાજ. ०**શાસ્ત્ર** ન० રાજ્ય સંબંધી શાસ્ત્ર, 'પૉલિટિક્સ'. ०**સભા** સ્ત્રી० જુઓ રાજસભા. ०**શ્રી** વિ० રાજલક્ષ્મીવાળું; રાજાના જેવા વૈભવવાળુ. -**જ્યાધિકાર** પું० [+ अधिकार] રાજ્ય પરનો અધિકાર. -**જ્યાભિષેક** પું० [+ अभिषेक] રાજગાદી ઉપર બેસાડવું તે કે તેનો વિધિ -**જ્યારોહણ** ન० [+ आरोहण] રાજ્ય ઉપર બેસવું તે. -**જ્યાસન** ન० [+ आसन] રાજગાદી
**રાજ્ઞી** સ્ત્રી० [સં.] રાણી
**રાઠોડ** પું० [प्रा. रट्ठउड (સં. राष्ट्रकूट?); સર० हिं. राठौर] રજપૂતોની એક જાતનો આદમી
**રાડ** (ડ,) સ્ત્રી० [प्रा. राडि (सं राटि); हिं राढ, म ] ચીસ, બૂમ (૨) કજિયો (૩) ફરિયાદ (૪) [प्रा रड (सं रट्)] આસક્તિ, રઢ. [-ઊઠવી = બૂમ કે ફરિયાદ થવી -**કરવી** = ફરિયાદ કરવી (૨) કજિયો કરવો (૩) હઠ કરવી. -**નાખવી, પાડવી** = ચીસ પાડવી (૨) ફરિયાદ કરવી -**લાગવી** = લગની લાગવી ]
**રાડારૂડી** સ્ત્રી० એક વનસ્પતિ
**રાડું** ન० [સર० हिं. राढी] જુવાર, બાજરી કે સરકટનો સાંઠો (૨) તીર (૩) બરુ (૪) કડિયાનુ એક ઓજાર
**રાડો** પું० [જુઓ રાડુ] જુવારબાજરીનો સાંઠો
**રાઢ** સ્ત્રી० શેરડીનાં સૂકાં પાન (સુ)
**રાણ** (ણ,) સ્ત્રી० (ચ) રાયણનું ઝાડ ०**માળા** સ્ત્રી० રાયણ માળા
**રાણી** સ્ત્રી० [प्रा (सं. राज्ञी)] રાજાની સ્ત્રી (૨) રાણીની સંજ્ઞાનું ગંજીફાનું પાનું. [**રાણીનો સાળો** = અંધેર કારભારમા જૂઠો સત્તાસંબંધ બતાવી દમામ કરનાર માણસ.] ०**જાઈ** સ્ત્રી० ['જાવું' – જન્મવું ઉપરથી] રાણીની દીકરી ०**જાયું** ન० રાણીનુ છોકરું. ०**જાયો** પું० રાણીનો દીકરો ०**વાસ** પું० જુઓ રણવાસ [સલાહ; સંપ
**રાણીપ** સ્ત્રી० [જુઓ રાજીપો] રાજીખુશી (૨)
**રાણું** વિ० [सं निर्वाण] બુઝાયેલુ (દીવા માટે). [(દીવો) **રાણો કરવો** = દીવો ઓલવવો ] ०**ધબ** વિ० સાવ રાણું· તદ્દન અંધારુ
**રાણો** પું० [प्रा राण, राणय (सं राजन्, राजक)] રજપૂત રાજા (૨) [લા] ગોલો (૩) એક અટક
**રાત** પું० [दे. रत्तीअ] હજામ; વાળંદ (વાળંદનું માનવાચક સંબોધન)

**રાત**(ત,)સ્ત્રી૦ જુઓ રાત્રિ [**–આપણા બાપની છે**=રાતનો વખત આપણા હાથમાં છે. (તે વખતે કામ પૂરું કરીશું) **–કાઢવી**=રાતનો સમય પસાર કરવો. **–થવી**=જુઓ રાત પડવી. **–દહાડાની ખબર ન હોવી**=સંસારવહેવારની સમજ ન હોવી–ભાન ન હોવું **–નો રાજા**=ચોર (૨) ઘુવડ (૩) દિવસે સૂઈ રાતે કામ કરનાર માણસ. **–નો પહોર**=રાત્રિનો સમય. **–માથે લેવી**=રાતના જાગીને કામ કરવું, ઉજાગરો કરવો **–પડવી**=રાતનો સમય શરૂ થવો ] **૦દહાડો, ૦દિવસ** અ૦ રાત્રે ને દિવસે, હમેશા **૦પાળી** સ્ત્રી૦ રાતની પાળી; રાતે પણ કામ ચાલતું તે **૦રાજા** પું૦ ઘુવડ **૦રેઢા** અ૦ [રાત + રેઢું] રાતે વહેલામોડા **૦લડી** સ્ત્રી૦ રાત (લાલિત્યવાચક). **૦વરત** અ૦ [+ 'વગતવું'–હોવું] રાતે ગમે તે વખતે. **૦વાસો** પું૦ રાતે ક્યાંક મુકામ કરવો કે ખેતરમાં ચોકી માટે રહેવું તે

**રાતડ** સ્ત્રી૦ ['રાતું' ઉપરથી] લાલાશ (૨) [સર૦ म. रातडी] રાતડિયો (૩) ગાજર (૪) ન૦ સુવાળી, ખડખડિયા. **–ડિયું** ન૦ ગાજર (૨) એક જાતનો તાવ, 'સ્કારલેટ ફીવર' (૩) અનાજના છોડનો એક રોગ, 'રસ્ટિંગ.' **–ડિયો** પું૦ રાતી જુવાર, રાતડ

**રાતડું** ન૦ એક ઘાસ

**રાતબ** સ્ત્રી૦ [अ., સર૦ म रतवा, हिं. रातिब] રોજ નિયમિત પૂરું પાડવાનું કે લેવાનું સીધું (૨) જુઓ રાતમ

**રાતમ** સ્ત્રી૦ [જુઓ રાતબ] (સુ ) વિદ્યાર્થીને ઘર માટે અપાતું લેસન

**રાતવું** સ૦ ક્રિ૦ ['રાત' પરથી? અથવા સર૦ हिं रातना, म रातणॅ (सं रत, रक्त ઉપરથી)] સાથે રાતવાસો રહેવું (સ્ત્રી પુરુષે)

**રાતું** વિ૦ [प्रा रत्त (सं. रक्त), हिं. राता, म रात–त्ता] લાલ રંગનું (૨) આસક્ત, રત (સમાસને છેડે. ઉદા૦ રંગરાતું). [**રાતી રાયણ જેવું**=મજબૂત ને તંદુરસ્ત ] **૦ચટક, ૦ચોળ** [सं चोल] વિ૦ ખૂબ રાતું **૦પીળું** વિ૦ (લા ) ઉશ્કેરાયેલું, આકળું; ખ છેડાયેલું. **૦માતું** વિ૦ [सं मत्त] હૃષ્ટપુષ્ટ ને આનંદનું

**રાતોડિયું** ન૦ જુઓ રાતડિયું (૨), (૩)

**રાતોરાત** અ૦ ['રાત' ઉપરથી, સર૦ म ] રાત્રે ને રાત્રે, રતોવર્ષ

**રાત્રિ**(–ત્રી) સ્ત્રી૦ [सं ] સૂર્ય આથમે ને ઊગે તેની વચ્ચેનો સમય, રાત **૦ચર્યા** સ્ત્રી૦ રાત્રે ફરવું તે (૨) રાતે કરવાની ક્રિયા. **૦શાલા** (–ળા) સ્ત્રી૦ રાતે કામ કરતી નિશાળ (ધંધાદારી મોટા માટે)

**રાત્રે** અ૦ રાતે, રાત્રિએ

**રાધા**(–ધિકા) સ્ત્રી૦ [सं ](સ ) એક ગોપકન્યા (શ્રીકૃષ્ણની પરમ અનુરાગિણી). **૦કાંત, ૦વલ્લભ** પું૦ (સ ) શ્રીકૃષ્ણ. **૦ઘેલું** વિ૦ રાધા જેવું ગાંડું; પ્રેમવિહ્વળ, ઘેલું; પ્રેમાળ

**રાધેય** પું૦ [सं ] (સ )કર્ણ (ધૃતરાષ્ટ્રના સારથિ અધિરથની પત્ની રાધા દ્વારા પાલિત)

**રાન** સ્ત્રી૦ [फा ] જાંઘ

**રાન** ન૦ [प्रा. रण्ण (सं अरण्य) ] જંગલ (૨) ઉજ્જડ પ્રદેશ [**–રાન ને પાન પાન થઈ જવું**=પાયમાલ ને હેરાન થઈ જવું; ખરાબખસ્ત થઈ જવું ] **૦ટી**(–ટી,–ટું) વિ૦ જંગલી (૨) અસભ્ય (૩) ગમાર (૪) વનેરું. **–ની** વિ૦ [સર૦ म. रान्या] જંગલી **–ની પરજ** સ્ત્રી૦ [+सं प्रजा] રાન પ્રદેશમાં વસતી આદિવાસી જાત

**રાપતો** પું૦ + [જુઓ રાબેતો] રિવાજ

**રાફડો** પું૦ [दे. रप्फ] સાપ કે ઉંદરનું દર (૨) કીડી, ઊધઈ વગેરેનું ઉપર પોચી માટીના ઢગલાવાળું દર. [**રાફડો ફાટવો**=ઘણી મોટી સંખ્યામાં બહાર આવવું.]

**રાબ** સ્ત્રી૦ [दे रब्बा, સર૦ हिं ] ભરડકું, કાંજી, ઘેંસ (૨) ઉકાળીને જાડો રાબ જેવો કરાતો શેરડીનો રસ **૦ડ** સ્ત્રી૦ રાબ જેવો કાદવ (૨) વિ૦ [સર૦ રાંજો] જાડી બુદ્ધિનું, ગમાર. **૦ડિયું** વિ૦ રાબ જેવું, ઢીલું **૦ડી** સ્ત્રી૦ રાબ. **૦ડું** ન૦ રાબ (૨) વિ૦ ગામડિયું

**રાબેતો** પું૦ [अ. राबितह] ધારો, રિવાજ

**રાભું** વિ૦ [सं. रासभ પરથી, સર૦ म रावत, रामस] ગામડિયું; અણઘડ

**રામ** પું૦ [સં.] (સં.) દશરથ રાજાના પુત્ર, વિષ્ણુનો એક અવતાર (૨) પરશુરામ (૩) બળરામ (૪) પરમેશ્વરનું એક નામ (૫) [સર૦ म. राम=તથ્ય; જીવ] જીવ; દમ; હોશ (૬) વ૦કૃ૦ ને અંતે લાગતાં 'તે ક્રિયા કરવાની ટેવવાળુ – મસ્ત માણસ' એવો અર્થ સૂચવે છે ઉદા૦ ભમતારામ (૭) [સર૦ म. राम=રૂપિયો; सीता=અધેલી] આનો (વ્યાજ) (૮) 'તે વર્ગમાં મોટું' એ અર્થ બતાવવા નામની પહેલાં મુકાય છે ઉદા૦ રામકુંડાળું ઇ૦ [–ઊડી જવા=ઉચ્ચ તત્ત્વ, સારપણ કે હિંમત જતાં રહેવાં –કૃષ્ણના વારાનું=ઘણું પ્રાચીન –જાણે!=ભગવાન જાણે (કંઈ ખબર નથી એવા ભાવમાં). –નામ જપો=છાનામાના બેસી રહો, બેઠા બેઠા ચૂપચાપ જોયા કરો. –નામની આપવી=મરણતોલ માર મારવો. –નું નામ દો=ભગવાનનું ભજન કરો; કંઈ સારું કામ કરો (૨) જુઓ રામ રામ કરો –નું બાણ=જુઓ રામબાણ –નું રાજ= જુઓ રામરાજ્ય. –નું રામાયણ=નહીં સરખી વાતનું મોટું પીંજણ; વાતનું વતેસર. –બોલવા=મરી જવું. –બોલો થવું=મરી જવું (૨) પડી ભાગવું –બોલો ભાઈ રામ! =મડદાને સ્મશાને લઈ જતી વખતે બોલાતો બોલ (૨) [લા] થઈ રહ્યું! સત્યાનાશની પાટી! –રૂસી જવા=મરી જવું (૨) ભાગીને ચૂરેચૂરા થઈ જવું (૩) પાયમાલ થવું (૪) ટાઢું પડી જવું; સત્ત્વહીન થઈ જવું (૫) [પાલનપુર – ઈડર તરફ] ઊંઘી જવું –રામ!=જે જે, નમસ્કારનો એક બોલ (મેળાપ કે વિદાય વખતનો પુરુષોમાં) (–કરવા) (૨) [લા] છેલ્લા પ્રણામ –રામ કરો=એ વાત જવા દો; હવે કંઈ વળવાનું નથી –રોટલો થવો =ભાગી જવું, ચૂરા થઈ જવા (૨) [કનકવાનો] પેચ થવો. –લક્ષ્મણની જોડ=રામલક્ષ્મણના જેવી સરખેસરખાની કે અરસપરસ હેત-પ્રીતિવાળાની જોડી –શરણ થવું=મરી જવું. –શરણ પહોંચાડવું=મારી નાખવું. અરે રામ!, હે રામ!=અરેરે; હે ભગવાન!] ૦કલી(–ળી) સ્ત્રી૦ એક રાગણી. ૦કહાણી સ્ત્રી૦ વીતકકથા; દુઃખની કહાણી. [–થવી =આફત આવવી; વીતવું.] ૦ડી સ્ત્રી૦ [હિં] બાવી; સાધુની બાયડી. ૦કુંડાળું ન૦ મોટું કુંડાળું. ૦ગલોલો પું૦ હૃષ્ટપુષ્ટ ચિંતા વગરનો માણસ ૦ગાંઠિયું વિ૦ ઢંગધડા વિનાનું, ગાંઠિયું. ૦ગોટીલો પું૦ મોટો દડો. [–કરવો=ગોળ દડાને આકારે બાંધવું.] ૦ગોવાળિયો પું૦ નાગો નાગો ફરતો નાનો છોકરો ૦ચક્કર, ૦ચક્ર ન૦ મોટું કુંડાળું (૨) મોટો રોટલો. ૦ચંદ્ર પું૦ (સં) દશરથના પુત્ર રામ ૦ઠાઠિયું ન૦ ભાગી તૂટી જૂની વસ્તુ ૦ડોળી સ્ત્રી૦ ઠાઠડી. ૦ઢોલ પું૦ મોટું નગારું ૦તુલસી સ્ત્રી૦ (કૃષ્ણ=કાળીથી જુદી એવી) એક તુલસી. ૦દ્વારો પું૦ [સં. द्वार] રામનું મંદિર (૨) ધર્મશાળા ૦દાસ પું૦ (સં) મહારાષ્ટ્રના સુપ્રસિદ્ધ સંત. ૦દાસી વિ૦ રામદાસના સંપ્રદાયનું.૦દાસિયું વિ૦ ગરીબ; કંગાલ, દીન; દુઃખી. ૦દુવાઈ સ્ત્રી૦ રામની આણ ૦દૂત પું૦ વાનર (૨) [સં] હનુમાન. ૦ધૂન સ્ત્રી૦ રામનામની ધૂન – જોરથી જપ કે લહે ૦નવમી સ્ત્રી૦ ચૈત્ર સુદ નોમ, રામચંદ્રજીનો જન્મદિવસ ૦નામ ન૦ રામનું – પ્રભુનું નામ. ૦નામિયું ન૦ રામનામવાળું ગળાનું એક ઘરેણું ૦નામી જેના ઉપર રામનામ છાપ્યાં હોય તેવી પિછોડી ૦નોમ (નો) સ્ત્રી૦ [+સં नवमी] જુઓ રામનવમી. ૦પગલું ન૦ રામનાં પગલાંવાળું મીનાકારી ઘરેણું. ૦પાત્ર(–તર) ન૦બટેરું, શકોરું. ૦ફળ ન૦ એક ફળ ૦બાણ ન૦ કદી નિષ્ફળ ન જાય તેવું રામનું બાણ (૨) વિ૦ નિષ્ફળ ન નીવડે તેવું, અમોઘ. ૦ભરોંસો પું૦ રામનો ભરોસો, ઈશ્વરાધાર ૦રસ પું૦ મીઠું (૨) રામની ભક્તિનો રસ ૦રાજ-(–જ્ય) ન૦ રામચંદ્રજીનું રાજ્ય (૨) તેના જેવું ન્યાયથી ચલાવાતું સુખી રાજ્ય. ૦રામિયું વિ૦ (કા.) 'રામ રામ' નમસ્કાર ૦રોટી

સ્ત્રી૦ રાંધેલા અન્નની ભિક્ષા (૨) માલપૂઓ. ૦લીલા સ્ત્રી૦ રામની કથાનું ભવાઈ જેવું નાટક
**રામમંઆ** સ્ત્રી૦ એક પક્ષી
**રામજણી(-ની)** સ્ત્રી૦ [हिं, सं रामा+जनी] નાચનારી, ગણિકા
**રામશ્રી** પું૦ એક રાગ
**રામણ** સ્ત્રી૦['રામાયણ' ઉપરથી]પીડા,આપદા. [-થવી = પીડા થવી;આપદા આવવી -ચેરી નાખવી = નુકસાન કરવું, અતિશય દુઃખ પમાડવું.]
**રામણદીવો(-વડો)** પું૦ [જુઓ લામણદીવો] વરઘોડામાં વરની મા મંગળનો દીવો લે છે તે
**રામણઝુઝારું** ન૦ જુઓ રમણઝુઝાર
**રામા** સ્ત્રી૦ [सं.] સ્ત્રી (૨) સુંદર સ્ત્રી
**રામાનંદ** પું૦ [सं ] (સં.) રામાવત સંપ્રદાયના સ્થાપક, પ્રસિદ્ધ વૈષ્ણવ આચાર્ય (વિ સં. ૧૩૫૬-૧૪૬૭).-દી વિ૦ રામાનંદનું અનુયાયી
**રામાનુજ,-આચાર્ય** પું૦ [सं.] (સં.) વિશિષ્ટાદ્વૈતના પ્રવર્તક પ્રસિદ્ધ વૈષ્ણવ આચાર્ય (વિ. સં. ૧૦૭૩-૧૧૯૪). -જી વિ૦ એમના સંપ્રદાયનું,-ને લગતું
**રામાયણ** ન૦[सं.] રામની જીવનકથા (૨) [લા ] વીતકકથા (૩) લાંબી વાત; ટાયલું (૪) સ્ત્રી૦ મુશ્કેલ કામ; રામણ [-ઉકેલવું =વાત વધારીને કહેવી -થવી=રામણ થવી ]
**રામાંટામાં** ન૦ બ૦વ૦ વામાટામાં [-કરવાં =નિરર્થક કાળક્ષેપ કરવો.]
**રામિશગર** પું૦ [फा.] ગાનાર, વગાડનાર -રી સ્ત્રી૦ તેનો ધંધો
**રામી** પું૦ [सं. आराम=બગીચો પરથી] માળી (૨) [सं. राम ઉપરથી] વિધવાઓને પહેરવાનું એક વસ્ત્ર (૩) સ્ત્રી૦ સ્ત્રીઓનું એક નામ
**રામૈયું** ન૦ [सं राम ઉપરથી] રામપાત્ર;શકોરું
**રામૈયો** વિ૦ પું૦ (૨) પું૦ [સર૦ રામૈયું] સૂઢ વિનાનો કોસ [નોકર, 'ઘાટી' (મુંબઈ)
**રામો** પું૦ [सं राम ઉપરથી] ઘરકામ કરનાર
**રામોશી(-સી)** પું૦[म.] પહેરેગીર,ચોકિયાત (૨) સિપાઈ, પટાવાળો (૩) એક જંગલી જાતનો માણસ (પશ્ચિમ સહ્યાદ્રિમાં)

**રાય** સ્ત્રી૦ [फा.] ધારણા, અભિપ્રાય, મત
**રાય** પું૦ [प्रा (सं राजन्)] રાજા (૨) ધનવાન માણસ (૩) કેટલાક વિશેષનામોના અંતમાં આવે છે. ઉદા૦ કલ્યાણરાય. ૦આમળું, ૦આંબળું ન૦ [સર૦ म. रायआवळा] મોટું આમળું. ૦કો પું૦ રખારી ૦ચંપો પું૦ એક જાતનો ચંપો અને એનું ફૂલ ૦જંગ પું૦ રાજસૂય યજ્ઞ (૨) [લા ] મોટો કોઈ પણ સમારંભ. ૦જાદી સ્ત્રી૦ રાજકુંવરી ૦જાદું વિ૦ રાયજાદા જેવું (૨) ઉત્તમ પ્રકારનું ૦જાદો પું૦ રાજકુંવર ૦બહાદુર,૦સાહેબ પું૦ અંગ્રેજી રાજ્યમાં તાલુકદારો,સરદારો, શ્રીમંતો અને અમલદાર વગેરેને અપાતો ઇલકાબ
**રાયકવાળ** પું૦ બ્રાહ્મણોની એક જાતનો આદમી
**રાયકો** પું૦ જુઓ 'રાય'માં
**રાયચંપો, રાયજંગ, રાયજાદી,-દું -દો,** જુઓ 'રાય'માં
**રાયણ** સ્ત્રી૦[प्रा. रायणी (सं. राजादनी), સર૦ म. रायणी] એક ઝાડ અને તેનું ફળ.૦કોકડી સ્ત્રી૦ સૂકવેલું રાયણું. ૦માળા સ્ત્રી૦ રાયણ જેવા સોનાના મણકાની માળા -ણું ન૦ રાયણનું ફળ
**રાયત** સ્ત્રી૦ [अ. रिआयत, સર૦ म रायत] રાહત, આસાએશ (૨) પક્ષપાત, વગ
**રાયત** ન૦ [अ.] લશ્કરનો વાવટો
**રાયતું,-તીકેરી** જુઓ 'રાઇતું'માં
**રાયવર** પું૦ [રાય+વર] વરરાજા(લગ્નગીતમાં)
**રાય(-વ)લું** વિ૦ ['રાય' ઉપરથી, સર૦ हिं. रावर] આપ નામદારનું (૨) ન૦ ગોદડું
**રાયુંરતું** વિ૦ સારી હાલતમાં હોય એવું (દસ્તાવેજમાં) ઉદા૦ રાયુંરતું ઘર ભાડે આપ્યું છે
**રાલ(-ળ)** સ્ત્રી૦ [सं ] જુઓ રાળ
**રાવ** પું૦ [प्रा राव=રંજન કરવું] જુઓ રાગ (૨) [સર૦ રાય] મહારાષ્ટ્રમાં નામને લગાડાતો સન્માનસૂચક શબ્દ કે પદવી (૩) જુઓ રાવજી, બારોટ (૪) સ્ત્રી૦ [सं. राव] ફરિયાદ (૫) સહાયતા માટેની આજીજી (૬) ચાડી [-કરવી, ખાવી = ફરિયાદ કરવી ] ૦બહાદુર, ૦સાહેબ = અંગ્રેજી રાજ્યનો એ૦ ઇલકાબ

**રામ** પું૦ [सं.] (સં.) દશરથ રાજાના પુત્ર; વિષ્ણુનો એક અવતાર (૨) પરશુરામ (૩) બળરામ (૪) પરમેશ્વરનું એક નામ (૫) [સર૦ म. राम=તથ્ય; જીવ] જીવ; દમ; હોશ (૬) વ૦ કૃ૦ ને અંતે લાગતાં 'તે ક્રિયા કરવાની ટેવવાળું-મસ્ત માણસ' એવો અર્થ સૂચવે છે. ઉદા૦ ભમતારામ (૭) [સર૦ म. राम=રૂપિયો; सीता=અધેલી] આનો (વ્યાજ) (૮) 'તે વર્ગમાં મોટું' એ અર્થ બતાવવા નામની પહેલાં મુકાય છે. ઉદા૦ રામકુંડાળું ઇ૦. [-ઊડી જવા=ઉચ્ચ તત્ત્વ, સારપણ કે હિંમત જતાં રહેવાં. -કૃષ્ણના વારાનું=ઘણું પ્રાચીન. -જાણે!=ભગવાન જાણે (કંઈ ખબર નથી એવા ભાવમાં). -નામ જપો=છાનામાના બેસી રહો; બેઠા બેઠા ચૂપચાપ જોયા કરો. -નામની આપવી=મરણતોલ માર મારવો. -નું નામ દો=ભગવાનનું ભજન કરો; કંઈ સારું કામ કરો (૨) જુઓ રામ રામ કરો. -નું બાણ=જુઓ રામબાણ. -નું રાજ=જુઓ રામરાજ્ય. -નું રામાયણ=નહીં સરખી વાતનું મોટું પીંજણ; વાતનું વતેસર. -બોલવા=મરી જવું. -બોલો થવું=મરી જવું (૨) પડી ભાગવું. -બોલો ભાઈ રામ! =મડદાને સ્મશાને લઈ જતી વખતે બોલાતો બોલ (૨) [લા.] થઈ રહ્યું! સત્યાનાશની પાટી! -રમી જવા=મરી જવું (૨) ભાગીને ચૂરેચૂરા થઈ જવું (૩) પાયમાલ થવું (૪) ટાઢું પડી જવું; સત્વહીન થઈ જવું(૫)[પાલનપુર-ઈડર તરફ] ઊંઘી જવું. -રામ!=જે જે; નમસ્કારનો એક બોલ (મેળાપ કે વિદાય વખતનો પુરુષોમાં) (-કરવા) (૨) [લા.] છેલ્લા પ્રણામ. -રામ કરો=એ વાત જવા દો; હવે કંઈ વળવાનું નથી. -રોટલો થવો =ભાંગી જવું; ચૂરા થઈ જવા (૨) [કનકવાનો] પેચ થવો. -લક્ષ્મણની જોડ=રામલક્ષ્મણના જેવી સરખેસરખાની કે અરસપરસ હેત-પ્રીતિવાળાની જોડી. -શરણ થવું=મરી જવું. -શરણ પહોંચાડવું=મારી નાખવું. અરે રામ!, હે રામ!=અરેરે; હે ભગવાન!] ૦કલી(-ળી) સ્ત્રી૦ એક રાગણી. ૦કહાણી સ્ત્રી૦ વીતકકથા; દુઃખની કહાણી. [-થવી =આફત આવવી; વીતવું.] ૦કી સ્ત્રી૦ [हिं.] બાવી; સાધુની બાયડી. ૦કૂંડાળું ન૦ મોટું કુંડાળું. ૦ગલોલો પું૦ હૃષ્ટપુષ્ટ ચિંતા વગરનો માણસ. ૦ગાંઠિયું વિ૦ ઢંગધડા વિનાનું; ગાંઠિયું. ૦ગોટીલો પું૦ મોટો દડો. [-કરવો=ગોળ દડાને આકારે બાંધવું.] ૦ગોવાળિયો પું૦ નાગો નાગો ફરતો નાનો છોકરો. ૦ચક્કર, ૦ચક ન૦ મોટું કૂંડાળું (૨) મોટો રોટલો. ૦ચંદ્ર પું૦ (સં.) દશરથના પુત્ર રામ. ૦ઠાઠિયું ન૦ ભાગી તૂટી જૂની વસ્તુ. ૦ડોળી સ્ત્રી૦ ઠાઠડી. ૦ઢોલ પું૦ મોટું નગારું. ૦તુલસી સ્ત્રી૦ (કૃષ્ણ=કાળીથી જુદી એવી) એક તુલસી. ૦દ્વારો પું૦ [सं. द्वार] રામનું મંદિર (૨) ધર્મશાળા. ૦દાસ પું૦ (સં.) મહારાષ્ટ્રના સુપ્રસિદ્ધ સંત. ૦દાસી વિ૦ રામદાસના સંપ્રદાયનું. ૦દાસિયું વિ૦ ગરીબ; કંગાલ; દીન; દુઃખી. ૦દુવાઈ સ્ત્રી૦ રામની આણ. ૦દૂત પું૦ વાનર (૨) [સં.] હનુમાન. ૦ધૂન સ્ત્રી૦ રામનામની ધૂન-જોરથી જપ કે લહે. ૦નવમી સ્ત્રી૦ ચૈત્ર સુદ નોમ; રામચંદ્રજીનો જન્મદિવસ. ૦નામ ન૦ રામનું-પ્રભુનું નામ. ૦નામિયું ન૦ રામનામવાળું ગળાનું એક ઘરેણું. ૦નામી જેના ઉપર રામનામ છાપ્યાં હોય તેવી પિછોડી. ૦નોમ (નો) સ્ત્રી૦ [+सं. नवमी] જુઓ રામનવમી. ૦પગલું ન૦ રામનાં પગલાંવાળું મીનાકારી ઘરેણું. ૦પાત્ર(-તર) ન૦બટેરું; શકોરું. ૦ફળ ન૦ એક ફળ. ૦બાણ ન૦ કદી નિષ્ફળ ન જાય તેવું રામનું બાણ (૨) વિ૦ નિષ્ફળ ન નીવડે તેવું; અમોઘ. ૦ભરોસો પું૦ રામનો ભરોસો; ઈશ્વરાધાર. ૦રસ પું૦ મીઠું (૨) રામની ભક્તિનો રસ. ૦રાજ-(-જ્ય) ન૦ રામચંદ્રજીનું રાજ્ય (૨) તેના જેવું ન્યાયથી ચલાવાતું સુખી રાજ્ય. ૦રામિયું વિ૦ (કા.) 'રામ રામ' નમસ્કાર. ૦રોટી

સ્ત્રી૦ રાચેલા અજનની શિક્ષા (૨) માલપૂઓ. ૦લીલા સ્ત્રી૦ રામની કથાનું ભવાઈ જેવું નાટક
**રામગંગા** સ્ત્રી૦ એક પક્ષી
**રામજણી(-ની)** સ્ત્રી૦ [हिं; सं. रामा+जनी] નાચનારી, ગણિકા
**રામશ્રી** પું૦ એક રાગ
**રામણ** સ્ત્રી૦['રામાયણ' ઉપરથી]પીડા,આપદા. [-થવી=પીડા થવી;આપદા આવવી. -વેરી નાખવી=નુકસાન કરવું; અતિશય દુઃખ પમાડવું]
**રામણદીવો(-વડો)** પું૦ [જુઓ લામણદીવો] વરઘોડામાં વગની મા મંગળનો દીવો લે છે તે
**રામણઝારું** ન૦ જુઓ રમણઝાર
**રામા** સ્ત્રી૦ [सं] સ્ત્રી (૨) સુંદર સ્ત્રી
**રામાનંદ** પું૦[सं](સં.) રામાવત સંપ્રદાયના સ્થાપક, પ્રસિદ્ધ વૈષ્ણવ આચાર્ય (વિ. સં. ૧૩૫૬-૧૪૬૭).-દી વિ૦ રામાનંદનુ અનુયાયી
**રામાનુજ,-આચાર્ય** પું૦ [सं.](સં.)વિશિષ્ટાદ્વૈતના પ્રવર્તક પ્રસિદ્ધ વૈષ્ણવ આચાર્ય (વિ. સં. ૧૦૭૩-૧૧૯૪).-જી વિ૦ એમના સંપ્રદાયનું,-ને લગતુ
**રામાયણ** ન૦[सं.] રામની જીવનકથા(૨) [લા.] વીતકકથા (૩) લાંબી વાત; ટાયલું (૪) સ્ત્રી૦ મુસ્કેલ કામ; ગમણ. [-ઉકેલવું=વાત વધારીને કહેવી -થવી=રામણ થવી]
**રામાંટામાં** ન૦બ૦વ૦ વામાટામા. [-કરવાં =નિરર્થક કાળક્ષેપ કરવો.]
**રામિશગર** પું૦ [फा.] ગાનાર, વગાડનાર -રી સ્ત્રી૦ તેનો ધંધો
**રામી** પું૦ [सं. आराम=બગીચો પરથી] માળી (૨) [सं. राम ઉપરથી] વિધવાઓને પહેરવાનું એક વસ્ત્ર (૩) સ્ત્રી૦ સ્ત્રીઓનુ એક નામ
**રામૈયું** ન૦ [सं राम ઉપરથી] રામપાત્ર;શકોરું
**રામૈયો** વિ૦પું૦ (૨) પું૦ [સર૦ રામૈયું] મુંડ વિનાનો ફાસ [નોકર, 'ઘાટી' (મુંબઈ)
**રામો** પું૦ [सं राम ઉપરથી] ઘરકામ કરનાર
**રામોશી(-સી)** પું૦[म.] પહેરેગીર, ચોકિયાત (૨) સિપાઈ, પટાવાળો (૩) એક જંગલી જાતનો માણસ (પશ્ચિમ સહ્યાદ્રિમા)
**રાય** સ્ત્રી૦ [फा.] ધારણા; અભિપ્રાય; મત
**રાય** પું૦ [प्रा (सं राजन्)] રાજા (૨) ધનવાન માણસ (૩) કેટલાક વિશેષનામોના અંતમાં આવે છે. ઉદા૦ કલ્યાણરાય. ૦આમળું, ૦આંબળું ન૦[સર૦ म. रायआवळा] મોટું આમળું. ૦કો પું૦ રબારી. ૦ચંપો પું૦ એક જાતનો ચંપો અને એનું ફૂલ ૦જસ પું૦ રાજસૂય યજ્ઞ (૨) [લા.] મોટો કોઈ પણ સમારંભ. ૦જાદી સ્ત્રી૦ રાજકુંવરી. ૦જાદું વિ૦ રાયજાદા જેવુ (૨)ઉત્તમ પ્રકારનું ૦જાદો પું૦ રાજકુંવર. ૦બહાદુર,૦સાહેબ પું૦ અંગ્રેજી રાજ્યમા તાલુકદારો,સરદારો, શ્રીમંતો અને અમલદાર વગેરેને અપાતો ઇલકાબ
**રાયકવાળ** પું૦ બ્રાહ્મણોની એક જાતનો આદમી
**રાયકો** પું૦ જુઓ 'રાય'માં
**રાયચંપો, રાયજંસ, રાયજાદી, -દું -દો,** જુઓ 'રાય'મા
**રાયણ** સ્ત્રી૦[प्रा. रायणी (सं राजादनी),સર૦ म. रायणी] એક ઝાડ અને તેનુ ફળ.૦ડોકડી સ્ત્રી૦ સૂકવેલું રાયણું. ૦માળા સ્ત્રી૦ રાયણ જેવા સોનાના મણકાની માળા -ણું ન૦ રાયણનું ફળ
**રાયત** સ્ત્રી૦ [अ. रिआयत, સર૦ म रायत] રાહત; આસાએશ (૨) પક્ષપાત; વગ
**રાયત** ન૦ [अ.] લશ્કરનો વાવટો
**રાયતું, -તીકેરી** જુઓ 'રાઈતુ'મા
**રાયવર** પું૦ [રાય+વર] વરરાજા(લગ્નગીતમાં)
**રાય(-વ)લું** વિ૦ ['રાય' ઉપરથી, સર૦ हिं रावर] આપ નામદારનુ (૨) ન૦ ગોંદરું
**રાયું રતું** વિ૦ સારી હાલતમાં હોય એવુ (દસ્તાવેજમા) ઉદા૦ રાયુરતુ ઘર ભાડે આપ્યુ છે
**રાલ(-ળ)** સ્ત્રી૦ [सं] જુઓ રાળ
**રાવ** પું૦ [प्रा राव=રંજન કરવું] જુઓ રાગ (૨) [સર૦ राय] મહારાષ્ટ્રમાં નામને લગાડાતો સન્માનસૂચક શબ્દ કે પદવી (૩) જુઓ રાવજી, બારોટ (૪) સ્ત્રી૦ [सं राव] ફરિયાદ (૫) સહાયતા માટેની આજીજી (૬)ચાડી [-કરવી, ખાવી=ફરિયાદ કરવી] ૦બહાદુર, ૦સાહેબ=અંગ્રેજી રાજ્યનો એક ઇલકાબ.

**રામ** પું૦ [સં.] (સં.) દશરથ રાજાના પુત્ર, વિષ્ણુનો એક અવતાર (૨) પરશુરામ (૩) બળરામ (૪) પરમેશ્વરનું એક નામ (૫) [સર૦ म. राम=तथ्य, जीव] જીવ, દમ, હોશ (૬) વ૦ કૃ૦ ને અંતે લાગતા 'તે ક્રિયા કરવાની ટેવવાળુ – મસ્ત માણસ' એવો અર્થ સૂચવે છે ઉદા૦ ભમતારામ (૭) [સર૦ म. राम=રૂપિયો; मीता=અધેલી] આનો (વ્યાજ) (૮) 'તે વર્ગમાં મોટું' એ અર્થ બતાવવા નામની પહેલા મુકાય છે ઉદા૦ રામકુંડાળું ઇ૦ [**–ઊડીજવા**=ઉચ્ચ તત્ત્વ, સારપણ કે હિંમત જતા રહેવા. **–કૃષ્ણના વારાનું**=ઘણું પ્રાચીન. **–જાણે!**=ભગવાન જાણે (કંઈ ખબર નથી એવા ભાવમાં). **–નામ જપો**=છાનામાના બેસી રહો, બેઠા બેઠા ચૂપચાપ જોયા કરો. **–નામની આપવી**=મરણતોલ માર મારવો. **–નું નામ દો**=ભગવાનનું ભજન કરો; કંઈ સારું કામ કરો (૨) જુઓ રામ રામ કરો. **–નું બાણ**=જુઓ રામબાણ. **–નું રાજ**=જુઓ રામરાજ્ય **–નું રામાયણ**=નહીં સરખી વાતનું મોટું પીંજણ; વાતનું વતેસર. **–બોલવા**=મરી જવું. **–બોલો થવું**=મરી જવું (૨) પડી ભાગવું **–બોલો ભાઈ રામ!** =મડદાને સ્મશાને લઈ જતી વખતે બોલાતો બોલ (૨) [લા.] થઈ રહ્યું! સત્યાનાશની પાટી! **–રમી જવા**=મરી જવું (૨) ભાગીને ચૂરેચૂરા થઈ જવું (૩) પાયમાલ થવું (૪) ટાઢું પડી જવું, સત્ત્વહીન થઈ જવું (૫) [પાલનપુર – ઈડર તરફ] ઊંઘી જવું **–રામ!**=જે જે, નમસ્કારનો એક બોલ (મેળાપ કે વિદાય વખતનો પુરુષોમાં) (**–કરવા**) (૨) [લા.] છેલ્લા પ્રણામ **–રામ કરો**=એ વાત જવા દો; હવે કંઈ વળવાનું નથી. **–રોટલો થવો** =ભાગી જવું, ચૂરા થઈ જવા (૨) [કનકવાનો] પેચ થવો. **–લક્ષ્મણની જોડ**=રામલક્ષ્મણના જેવી સરખેસરખાની કે અરસપરસ હેત-પ્રીતિવાળાની જોડી. **–શરણ થવું**=મરી જવું. **–શરણ પહોંચાડવું**=મારી નાખવું. **અરે રામ!, હે રામ!**=અરેરે; હે ભગવાન!] ૦**કલી(–ળી)** સ્ત્રી૦ એક રાગણી. ૦**કહાણી** સ્ત્રી૦ વીતકકથા; દુઃખની કહાણી. [**–થવી** =આફત આવવી; વીતવું] ૦**ણી** સ્ત્રી૦ [હિં.] બાવી; સાધુની બાયડી. ૦**કુંડાળું** ન૦ મોટું કુંડાળું. ૦**ગલોલો** પું૦ હૃષ્ટપુષ્ટ ચિંતા વગરનો માણસ ૦**ગાંડિયું** વિ૦ ઢંગધડા વિનાનું; ગાંડિયું. ૦**ગોટીલો** પું૦ મોટો દડો. [**–કરવો**=ગોળ દડાને આકારે બાંધવું.] ૦**ગોવાળિયો** પું૦ નાગો નાગો ફરતો નાનો છોકરો ૦**ચક્કર**, ૦**ચક** ન૦ મોટું કુંડાળું (૨) મોટો રોટલો. ૦**ચંદ્ર** પું૦ (સં.) દશરથના પુત્ર રામ ૦**ઠાઠિયું** ન૦ ભાગી તૂટી જૂની વસ્તુ ૦**ડોળી** સ્ત્રી૦ ઠાઠડી. ૦**ઢોલ** પું૦ મોટું નગારું. ૦**તુલસી** સ્ત્રી૦ (કૃષ્ણ=કાળીથી જુદી એવી) એક તુલસી. ૦**દવારો** પું૦ [સં द्वार] રામનું મંદિર (૨) ધર્મશાળા ૦**દાસ** પું૦ (સં.) મહારાષ્ટ્રના સુપ્રસિદ્ધ સંત. ૦**દાસી** વિ૦ રામદાસના સંપ્રદાયનું. ૦**દાસિયું** વિ૦ ગરીબ; કંગાલ, દીન, દુઃખી. ૦**દુવાઈ** સ્ત્રી૦ રામની આણ ૦**દૂત** પું૦ વાનર (૨) [સં.] હનુમાન. ૦**ધૂન** સ્ત્રી૦ રામનામની ધૂન – જોરથી જપ કે લહે ૦**નવમી** સ્ત્રી૦ ચૈત્ર સુદ નોમ, રામચંદ્રજીનો જન્મદિવસ ૦**નામ** ન૦ રામનું – પ્રભુનું નામ. ૦**નામિયું** ન૦ રામનામવાળું ગળાનું એક ઘરેણું. ૦**નામી** જેના ઉપર રામનામ છાપ્યા હોય તેવી પિછોડી ૦**નોમ** (નો) સ્ત્રી૦ [+સં. नवमी] જુઓ રામનવમી. ૦**પગલું** ન૦ રામનાં પગલાંવાળું મીનાકારી ઘરેણું. ૦**પાત્ર(–તર)** ન૦ બટેરું, શકોરું. ૦**ફળ** ન૦ એક ફળ ૦**બાણ** ન૦ કદી નિષ્ફળ ન જાય તેવું રામનું બાણ (૨) વિ૦ નિષ્ફળ ન નીવડે તેવું, અમોઘ. ૦**ભરોસો** પું૦ રામનો ભરોસો, ઈશ્વરાધાર ૦**રસ** પું૦ મીઠું (૨) રામની ભક્તિનો રસ ૦**રાજ-(–જ્ય)** ન૦ રામચંદ્રજીનું રાજ્ય (૨) તેના જેવું ન્યાયથી ચલાવાતું સુખી રાજ્ય. ૦**રામિયું** વિ૦ (કા.) 'રામ રામ' નમસ્કાર ૦**રોટી**

સ્ત્રી૦ રાંધેલા અન્નની ભિક્ષા (૨) માલપૂઓ. ૦લીલા સ્ત્રી૦ રામની કથાનું ભવાઈ જેવું નાટક
**રામગંગા** સ્ત્રી૦ એક પક્ષી
**રામજણી(-ની)** સ્ત્રી૦ [हिं; सं रामा+जनी] નાચનારી, ગણિકા
**રામશ્રી** પું૦ એક રાગ
**રામણ** સ્ત્રી૦['રામાયણ' ઉપરથી]પીડા,આપદા. [-થવી=પીડા થવી,આપદા આવવી. -વેરી નાખવી=નુકસાન કરવું, અતિશય દુઃખ પમાડવું]
**રામણદીવો(-વડો)** પું૦ [જુઓ લામણદીવો] વરઘોડામા વગેરેમા મંગળનો દીવો લે છે તે
**રામણુઝારું** ન૦ જુઓ રમણઝારુ
**રામા** સ્ત્રી૦ [सं] સ્ત્રી (૨) સુદર સ્ત્રી
**રામાનંદ** પું૦[सं](સં) રામાવત સપ્રદાયના સ્થાપક, પ્રસિદ્ધ વૈષ્ણવ આચાર્ય (વિ સં ૧૩૫૬-૧૪૬૭).-દી વિ૦ રામાનદનુ અનુયાયી
**રામાનુજ,-આચાર્ય** પું૦ [सं.](સં) વિશિષ્ટાદ્વૈતના પ્રવર્તક પ્રસિદ્ધ વૈષ્ણવ આચાર્ય (વિ. સ. ૧૦૭૩-૧૧૯૪). -જી વિ૦ એમના સંપ્રદાયનું,-ને લગતુ
**રામાયણ** ન૦[सं.] રામની જીવનકથા (૨) [લા] વીતકકથા (૩) લાંબી વાત, ટાયલું (૪) સ્ત્રી૦ મુશ્કેલ કામ; રામણ. [-ઉકેલવું=વાત વધારીને કહેવી -થવી=રામણ થવી]
**રામાંટામાં** ન૦બ૦વ૦ વામાટામા [-કરવાં =નિરર્થક કાળક્ષેપ કરવો.]
**રામિશગર** પું૦ [फा] ગાનાર, વગાડનાર -રી સ્ત્રી૦ તેનો ધંધો
**રામી** પું૦ [स आराम=બગીચો પરથી] માળી (૨) [सं. राम ઉપરથી] વિધવાઓને પહેરવાનું એક વસ્ત્ર (૩) સ્ત્રી૦ સ્ત્રીઓનુ એક નામ
**રામૈયું** ન૦ [स राम ઉપરથી] રામપાત્ર;શકોરું
**રામૈયો** વિ૦ પું૦ (૨) પું૦ [સર૦ રામૈયુ] મૂઢ વિનાનો કોસ [નોકર, 'ઘાટી' (મુબઈ)
**રામો** પું૦ [सं राम ઉપરથી] ઘરકામ કરનાર
**રામોશી(-સી)** પું૦[म.] પહેરેગીર, ચોકિયાત (૨) સિપાઈ, પટાવાળો (૩) એક જંગલી જાતનો માણસ (પશ્ચિમ સહ્યાદ્રિમા)
**રાય** સ્ત્રી૦ [फा] ધારણા; અભિપ્રાય, મત
**રાય** પું૦ [प्रा (सं. राजन्)] રાજા (૨) ધનવાન માણસ (૩) કેટલાક વિશેષનામોના અંતમાં આવે છે. ઉદા૦ કલ્યાણરાય. ૦આમળું, ૦આંબળું ન૦ [સર૦ म. रायआवळा] મોટું આમળું. ૦કો પું૦ રબારી. ૦ચંપો પું૦ એક જાતનો ચંપો અને એનુ ફૂલ ૦જગ પું૦ રાજસૂય યજ્ઞ (૨) [લા.] મોટો કોઈ પણ સમારભ. ૦જાદી સ્ત્રી૦ રાજકુવરી ૦જાદું વિ૦ રાયજાદા જેવુ (૨) ઉત્તમ પ્રકારનું ૦જાદો પું૦ રાજકુવર. ૦બહાદુર,૦સાહેબ પું૦ અંગ્રેજી રાજ્યમા તાલુકદારો,સરદારો, શ્રીમતો અને અમલદાર વગેરેને અપાતો ઇલકાબ
**રાયકવાળ** પું૦ બ્રાહ્મણોની એક જાતનો આદમી
**રાયકો** પું૦ જુઓ 'રાય'મા
**રાયચંપો, રાયજંગ, રાયજાદી, -દું -દો,** જુઓ 'રાય'મા
**રાયણ** સ્ત્રી૦[प्रा रायणी (स. राजादनी), સર૦ म रायणी] એક ઝાડ અને તેનું ફળ ૦કોકડી સ્ત્રી૦ સૂકવેલું રાયણું. ૦માળા સ્ત્રી૦ રાયણ જેવા સોનાના મણકાની માળા -ણું ન૦ રાયણનું ફળ
**રાયત** સ્ત્રી૦ [अ. रिआयत, સર૦ म रायत] રાહત, આસાએશ (૨) પક્ષપાત, વગ
**રાયત** ન૦ [अ.] લશ્કરનો વાવટો
**રાયતું, -તીકેરી** જુઓ 'રાઈતુ'મા
**રાયવર** પું૦ [રાય+વર] વરરાજા(લગ્નગીતમાં)
**રાય(-વ)લું** વિ૦ ['રાય' ઉપરથી, સર૦ हिं. रावर] આપ નામદારનુ (૨) ન૦ ગોદડુ
**રાયુરતું** વિ૦ સારી હાલતમા હોય એવું (દસ્તાવેજમા) ઉદા૦ રાયુરતું ઘર ભાડે આપ્યુ છે
**રાલ(-ળ)** સ્ત્રી૦ [सं.] જુઓ રાળ
**રાવ** પું૦ [प्रा. राव=રંજન કરવું] જુઓ રાગ (૨) [સર૦ રાય] મહારાષ્ટ્રમાં નામને લગાડાતો સન્માનસૂચક શબ્દ કે પદવી (૩) જુઓ રાવજી; બારોટ (૪) સ્ત્રી૦ [सं राव] ફરિયાદ (૫) સહાયતા માટેની આજીજી (૬) ચાડી [-કરવી, ખાવી=ફરિયાદ કરવી.] ૦બહાદુર, ૦સાહેબ=અંગ્રેજી રાજ્યનો એક ઇલકાબ

**રાવજી** પું૦ [જુઓ રાય, રાજા, સર૦ प्रा राव =રંજન કરવું] બારોટ (માનાર્થ સંબોધન)
**રાવજી** પું૦ [अ. राफ़िज़ी] મુસલમાની ધર્મનો એક ફાંટો; તેનો અનુયાયી
**રાવટી(-ઠી)** સ્ત્રી૦ ગોળ છજું, અગાશી (૨) [हिं] નાનો તંબૂ [**-ઊભી કરવી, નાખવી** =નાનો તંબૂ તાણવો]
**રાવણ** પું૦[सं] (સ.) દશ માથાવાળો લંકાનો રાજા (૨) વિ૦ ચીસો પાડતુ. [**-જેવું મોઢું** = ચડેલું–રિસાયેલુ મો (૨) સૂજીને મોટુ થયેલુ મો **-જેવું રૂપ થવું**=તોબરો ચડાવવો, મોં ચડાવવું.] ૦**ચિતા** સ્ત્રી૦ સતત બળતી ચિતા. ૦**રાજ(-જ્ય)** ન૦ રાવણનું રાજ્ય (૨) [લા] અધર્મ અને અન્યાયપૂર્ણ–રાક્ષસી રાજ્ય (રામરાજ્યથી ઊલટું)
**રાવણહથ્થો** પું૦ [રાવણ (प्रा. राव=રોવું; કકળવું, અવાજ કરવો)+હથ્થો (હાથ)] ભરથરીનું તંતુવાદ્ય
**રાવણિ** પું૦ [सं] (સ.) ઇંદ્રજિત
**રાવણિયો** પું૦ ['રાવણુ' ઉપરથી] ગામનો ચોકીદાર; ગામના ચોરાનો હવાલદાર
**રાવણું** ન૦[प्रा. राउल(सं. राजकुल)=રાજગૃહ, દરબાર] રજપૂત ઠાકોરની મિજલસ (૨) ગામની નાત કે પચ ભેગુ થવું તે (૩) સિપાઈઓને રહેવાનું ઠેકાણું. [**-કરવું**= કસૂબાપાણી નિમિત્તે મિજલસ ભરવી (૨) પંચ બોલાવવું **-ભરાવું**=ઠાકોર–દરબારને ત્યાં મિજલસ ભેગી થવી (૨) તેવુ ખટપટી કે તડાકિયા ટોળુ ભેગુ થવું]
**રાવત** વિ૦ [प्रा. राउत्त(सं. राजपुत्र)=રજપૂત; ક્ષત્રિય] બહાદુર ચાલાક (૨) શૂરવીર (૩) પું૦ ઘોડાવાળો (૪) ઘોડેસવાર યોદ્ધો
**રાવતા** સ્ત્રી૦ ['રાવ' ઉપરથી] રાજાની રીત; રાવ–રાજાપણું
**રાવતી** સ્ત્રી૦ [જુઓ રાઈ] ઘરેણામાં વપરાતુ રેણ. [**-કાઢવી**=ઘરેણા બનાવતા ધાતુકણો ચોરવા (૨) ચોરીછૂપીથી કાંઈ ઓળવી લેવું.]
**રાવલ** પું૦ [જુઓ રાવ] રજપૂતાનાના કેટલાક રાજાઓને માટે વપરાતો માનસૂચક શબ્દ (૨) નાનો રજપૂત જાગીરદાર (૩) બદરીનારાયણનો પૂજારી (૪) એક માગણની જાતનો માણસ [રાજદરબાર, રજવાડો
**રાવલું** વિ૦ (૨) ન૦ જુઓ રાયલુ (૩) રાવળુ;
**રાવળ** પું૦ [प्रा राउल = રાજકીય, રાજ સબંધી] (કા.) કુળની વંશાવળીના ચોપડા લખી રાખવાનો ધંધો કરનાર (૨) બ્રાહ્મણોમા એક અટક [૦**જીનાં પત્તાનાં**=ઠેકાણા કે સાન વિનાનુ માણસ]
**રાવળકાહી** ન૦ એક પક્ષી
**રાવળિયો** પું૦[प्रा राउल(सं. राजकुल ઉપરથી)] એ નામની જાતનો આદમી
**રાવળું** ન૦ [જુઓ રાવણું] રાવણુ (૨) રાજદરબાર રજવાડો (૩) [સર૦ हिं. रावरा] જનાનખાનુ (૪) વિ૦ રાયલું, રાવલુ
**રાશ** (શ.) સ્ત્રી૦ [प्रा. रस्सि (सं रश्मि)] દોરડું (૧૬ હાથનુ) (૨) લગામ, અછોડો (૩) [म राशि] ભાગીદારી (૪) [સર૦ म रास] વ્યાજમુદ્દલ (૫) સરાસરી (૬) [सं. राशि] રાશિથી મળતી જાતિ, ગુણ, સ્વભાવ વગેરે (૭) પું૦ ઢગલો. [**-પડવું** = (કામ) રાગે પડવું – વ્યવસ્થિત થવુ **-ભાગવી**=વળ આપીને દોરડુ બનાવવું **બનતી રાશે આવવી**=મેળ થાય એવા રૂ જોગ હોવા, મેળ ખાવો] ૦**વા** વિ૦ રાશ જેટલુ (સોળ હાથ)
**રાશિ** પું૦[सं] ઢગલો (૨) ગણિતનો આંકડો (૩) સ્ત્રી૦ નક્ષત્રના બાર ઝૂમખામાનુ પ્રત્યેક (મેષ, વૃષભ, મિથુન, કર્ક, સિંહ, કન્યા, તુલા, વૃશ્ચિક, ધન, મકર, કુંભ અને મીન) ૦**ચક્ર** ન૦ રાશિમડળ ૦**નામ** ન૦ રાશિ પ્રમાણે પડેલું નામ
**રાશી** વિ૦ [अ., સર૦ हिं., म] ખરાબ
**રાષ્ટ્ર** ન૦[सं] દેશ, રાજ્ય ૦**ગીત** ન૦ રાષ્ટ્રનું ગીત. ૦**ધર્મ** પું૦ પ્રજાનો રાષ્ટ્ર પ્રત્યેનો ધર્મ ૦**ધ્વજ** પું૦ રાષ્ટ્રનો વાવટો. ૦**પતિ** પું૦ સમગ્ર રાષ્ટ્રની મહાસભાનો પ્રમુખ ૦**પિતા** પું૦ રાષ્ટ્રની આઝાદી ને ઉન્નતિનો પિતા – ઘડવૈયો (૨)(સ.) મહાત્મા ગાંધીને લગાડવામા

આવેલો સન્માનસૂચક શબ્દ. ૦પૂજા સ્ત્રી૦ રાષ્ટ્રવાદ; રાષ્ટ્રની એકાંતિક પૂજા ૦ભાષા સ્ત્રી૦ આખા રાષ્ટ્રમાં ચાલે એવી ભાષા. ૦માન્ય વિ૦ રાષ્ટ્રે માન્ય કરેલું ૦વાદ પું૦ રાષ્ટ્ર એક સ્વતંત્ર ઘટક છે માટે તેનું હિત સાધવું એવો વાદ; રાષ્ટ્રપૂજા, 'નૅશનલિઝમ'. ૦સંઘ પું૦ રાષ્ટ્રોનો સંઘ, 'લીગ ઑફ નેશન્સ' –ષ્ટ્રિ(–ષ્ટ્રી)ય વિ૦ રાષ્ટ્રનું, –ને લગતું –ષ્ટ્રિ(–ષ્ટ્રી)યકરણ ન૦ રાષ્ટ્રની માલકીનું કરવું તે, 'નૅશનલાઇઝેશન'. [–શાળા સ્ત્રી૦ પરદેશી સરકારથી સ્વતંત્ર રીતે અને રાષ્ટ્રીયતાની દૃષ્ટિએ ચલાવાતી શાળા –શિક્ષણ ન૦રાષ્ટ્રની દૃષ્ટિએ અપાતું કે પરદેશી સરકારથી સ્વતંત્રપણે યોજેલું શિક્ષણ] –ષ્ટ્રોપયોગી વિ૦ રાષ્ટ્રને ઉપયોગી, રાષ્ટ્રનું હિતકર

**રાસ** પું૦ (૨) સ્ત્રી૦ જુઓ રાશ (૩) સ્ત્રી૦ [अ] ભૂશિર (૪) પું૦ [सं] ગાતા ગાતા ગોળાકારે ફરતાં કરાતો નાચ કે તેમાં ગવાય એવું ગીત. (–રમવા) ૦ક્રીડા સ્ત્રી૦ જુઓ રાસલીલા ૦ડી સ્ત્રી૦ દોરી (૨) ગળે પહેરવાની રૂપાની સાંકળી કે દોરો ૦ડો પું૦ એક જાતનો ગરબો (બનેલો બનાવ વર્ણવતો) ૦પૂર્ણિમા સ્ત્રી૦ (સં) માગશર મહિનાની પૂનમ (જ્યારે શ્રીકૃષ્ણે રાસક્રીડા આરંભી હતી) ૦મંડલ(–ળ) ન૦, ૦મંડલી(–ળી) સ્ત્રી૦ રાસ રમનારાઓનું મંડળ ૦લીલા સ્ત્રી૦ શ્રીકૃષ્ણે ગોપીઓ સાથે કરેલી રાસની ક્રીડા

**રાસભ** પું૦ [सं] ગધેડો. –ભી સ્ત્રી૦ ગધેડી

**રાસાયણિક, રાસાયનિક** [सं] વિ૦ રસાયનને લગતું; રસાયણી

**રાસુદું** વિ૦ સંધ્યાકાળે નહિ પણ રાત્રિના પાછલા ભાગમાં દેખી શકે એવું (૨) આંધળું

**રાસેશ્વર** પું૦ [सं] (સં) શ્રીકૃષ્ણ –રી સ્ત્રી૦ (સં.) રાધા

**રાસો** પું૦ [हिं] એક પ્રકારનું વીરરસનું કાવ્ય

**રાસ્ત** વિ૦ [फा.] વાજબી, યોગ્ય, સાચું (૨) સરખું; સપાટ. –સ્તી વિ૦ રાસ્ત (૨) સ્ત્રી૦ રાસ્તપણું; ઈમાનદારી

**રાસ્ના** સ્ત્રી૦ [सं] એક વનસ્પતિ – ઔષધિ

**રાહ** પું૦ [फा.] રસ્તો (૨) સ્ત્રી૦ રીત; તરેહ; ચાલ (૩) વાટ, પ્રતીક્ષા [–જોવી = વાટ જોવી –મારવો = વણસાડવું] ૦દાર વિ૦ રસ્તે ચાલતું (૨) પું૦ દોરનાર, રાહબર ૦દારી પું૦ વટેમાર્ગુ (૨) સ્ત્રી૦ રસ્તા ઉપરથી લઈ જવાતા માલ ઉપર લેવાતો કર, તેની રજાચિઠ્ઠી (૩) રાહબરી ૦બર પું૦ ભોમિયો ૦બરી સ્ત્રી૦ ભોમિયા થવું – હોવું તે ૦રસમ સ્ત્રી૦ રિવાજ; દસ્તૂર [દુઃખમાં દિલસોજી – મદદ

**રાહત** સ્ત્રી૦ [अ] સુખ, આરામ, વિસામો,

**રાહુ** પું૦ [सं](સં)પુરાણાનુસાર નવ ગ્રહમાંનો એક, સૂર્યચંદ્રને ગ્રહણ વખતે ગ્રસનાર પીડાકારી ગ્રહ ૦ડું વિ૦ મેલા રંગનું (કાચ)

**રાહુડો** પું૦ એક ઘાસ

**રાળ** પું૦ [स्पे० रियल] એક સિક્કો, 'ડૉલર' (૨) સ્ત્રી૦ [सं. राल] ઝટ સળગી ઊડે તેવો એક વૃક્ષમાંથી મળતો પદાર્થ

**રાળવું** સ૦ક્રિ૦ ['રાળ' (सं राल) ઉપરથી] લીસું કરવું (૨) અંદર અંદર પતાવવું (૩) રાળવાળું કરવું, રાળ ભરવી [રાળી ભૂસી વાળવું = રોળી મારવું; ખાનગી રાહે પતાવી દેવું.]

**રાળવું** સ૦ક્રિ૦ [સર૦ हिं रार (प्रा. राडि)= ટંટો, ઝઘડો] (કા) બકવાદ કરવો

**રાંક(–કું)** (૦) વિ૦ [सं रंक, दे. रोंकण, સર૦ हिं, म. राक] ગરીબ, સાલસ ૦દાવો પું૦ રાંક માણસની માગણી

**રાંગ** સ્ત્રી૦ (૦)[સર૦ म राग = પંક્તિ, ઓળ, (सं. राजि)] કોટની દીવાલની બાજુ (૨) સવારી

**રાંગડું(–ણું), રાંગું** (૦) વિ૦ [सं रिंग्; સર૦ म रांगणें] ધીરે ચાલતું; નબળું

**રાંઝણ(–ણી)** (૦ણ,) સ્ત્રી૦ [दे रंजण, म. रांजण, राझण = કુંભ ઉપરથી] પગનો એક રોગ

**રાંટ** સ્ત્રી૦ (૦) [સર૦ म. राठ] વાંક; વલણ (૨) અણબનાવ, વિરોધ –ટું વિ૦ રાંટવાળું

**રાંડ** (૦) સ્ત્રી૦ [सं रण्डा] રાંડેલી, વિધવા (૨) વેશ્યા ૦બાજ વિ૦ રંડીબાજ ૦વું અ૦ક્રિ૦ વિધુર કે વિધવા થવું [રાંડીને બેસવું = રાંડેલીની પેઠે હતાશ કે લાચાર થઈને બેસવું.]

(૨) વિ૦ બાયલું. ૦વો પું૦ બાયલો, નામર્દ. –ડીકૂંડી સ્ત્રી૦ રાંડીરાંડ. –ડીછાંડી સ્ત્રી૦ રાંડેલી અથવા પતિએ તજેલી સ્ત્રી –ડીરાંડ સ્ત્રી૦ વિધવા (૨) નિરાશ્રિત વિધવા. –ડેલી વિ૦ સ્ત્રી૦ વિધવા

**રાંઢવું** (૦) ન૦ [दे रंढुअ] દોરડું

**રાંદેર(–લ)** (૦) સ્ત્રી૦ [सं रंदला] (સં.) રન્નાદે

**રાંધણ** (૦) ન૦ ['રાંધવું' પરથી; સર૦ म.] રાંધવાનું કામ. ૦છઠ સ્ત્રી૦ શ્રાવણ સુદ કે વદ છઠ. –ણિયું ન૦ રસોડું –ણિયો પું૦ રસોઇયો –ણી સ્ત્રી૦ રસોડું (૨) રાંધવાની રીત. –ણું ન૦ રાંધવાની ક્રિયા (૨) રાંધેલી રસોઈ (૩) રાંધવાની રીત

**રાંધવું** (૦) સ૦ ક્રિ૦ [स. रन्ध्; સર૦ हिं. राधना, म. रांधणें] ખોરાક પકાવવો (૨) [લા.] સાધવું; ફળ મેળવવું. [–સીધવું = રાંધવું]

**રાંપ** (૦) પું૦ [જુઓ રાંપી] મોટી રાંપડી ૦ડી સ્ત્રી૦ કરસણમાં ઊગેલું નકામું ઘાસ કાઢી નાંખવાનું ખેતીનું ઓજાર

**રાંપ(૦લ)વું** (૦) [प्रा रंप] સ૦ક્રિ૦ રાંપડી ફેરવવી [મોચીનું એક ઓજાર

**રાંપી** સ્ત્રી૦ [प्रा रंप પરથી, સર૦ हिं., म रांपा]

**રાંભો** (૦) પું૦ [प्रा. रंभ; સર૦ म राबा] ખોદવાનું એક ઓજાર (૨) રાભો

**રિકાબ** [અ.], ૦દાર પું૦ જુઓ રકાબ. રકાબદાર

**રિકાબી** સ્ત્રી૦ [જુઓ રકાબી, સર૦ हिं., म.] છીબા જેવું એક પાત્ર

**રિક્ત** વિ૦ [सं] ખાલી, શૂન્ય. –ક્તા(૦તિથિ) સ્ત્રી૦ ચોથ, નોમ ને ચૌદશમાંની દરેક તિથિ

**રિક્થ** ન૦ [सं] વારસો

**રિક્ષા (૦ગાડી)** સ્ત્રી૦ [इं.] માણસથી ખેંચાતી નાની, બે પૈડાની ગાડી

**રિખબ** પું૦ [हिं.(सं. ऋषभ)] ઋષભસ્વર

**રિખવદેવ** પું૦ [सं. ऋषभदेव] (સ.) ઋષભદેવ –આદિ જૈન તીર્થંકર

**રિઝવટ(–ણ)** સ્ત્રી૦ ['રીઝવું' ઉપરથી] રીઝવું તે; રીઝવવાની કળા [રાખેલું

**રિઝર્વ્ડ** વિ૦ [इं.] ખાસ અલાયદું રાખેલું, ઓઠી

**રિઝામણું** ન૦ ['રીઝવવું' ઉપરથી] રીઝવવું તે કે તે માટે અપાતી વસ્તુ

**રિઝાવવું** સ૦ ક્રિ૦ જુઓ રીઝવવું

**રિઝાવું** અ૦ક્રિ૦ જુઓ રીઝવું

**રિટાયર્ડ** વિ૦ [इं.] નિવૃત્ત થયેલું (નોકરી પરથી)

**રિણાવટ,–ર** પું૦ [सं. अर्णव ઉપરથી ?] + દરિયો

**રિદ્ધિ** સ્ત્રી૦ [જુઓ ઋદ્ધિ] સમૃદ્ધિ. ૦સિદ્ધિ સ્ત્રી૦ રિદ્ધિ અને સિદ્ધિ

**રિપુ** પું૦ [सं.] શત્રુ

**રિપોર્ટ** પું૦ [इं.] સવિસ્તર હેવાલ [(–ની સામે) રિપોર્ટ કરવો = સવિસ્તર લેખિત ફરિયાદ કરવી ] [રિબાવાની પીડા

**રિબામણ(–ણી)** સ્ત્રી૦ ['રિબાવું' ઉપરથી]

**રિબાવું** અ૦ક્રિ૦, –વવું સ૦ક્રિ૦ 'રીબવું'નું કર્મણિ ને પ્રેરક

**રિયાસત** સ્ત્રી૦ [अ] રાજ્ય, હકૂમત (૨) જાગીર (૩) દેશી રાજ્ય –તી વિ૦

**રિવાજ** પું૦ [अ रवाज] ચાલ, ધારો. [–પડવો = ચાલ કે ધારો થવો ] [પુનરાવર્તન

**રિવિઝન** ન૦ [इं.] ફરી જોઈ–તપાસી જવું તે;

**રિવેટ** પું૦ [इं.] એક બાજુ માથાવાળો અને બીજી બાજુ જોડવાની વસ્તુમાં પરોવ્યા પછી ટીપીને જડી દેવાય તેવો ખીલો. [–કરવું = રિવેટથી જોડવું.]

**રિવૉલ્વર** સ્ત્રી૦ [इं] એક વખત ભર્યે અનેક બાર કરી શકાય એવી કળવાળી પિસ્તોલ

**રિશ્તેદાર** વિ૦ [फा.] સગું; સંબંધી –રી સ્ત્રી૦ સગપણ [વિ૦ લાંચિયું

**રિશ્વત** સ્ત્રી૦ [अ.] લાંચ; રુશવત ૦ખોર,–તી

**રિષ્ટ** વિ૦ [सं] નષ્ટ; બરબાદ (૨) પાપજનક (૩) અમંગળ કરનારું, (૪) ન૦ અશુભ; અમંગળ (૫) નાશ (૬) પાપ

**રિસામણી** સ્ત્રી૦ ['રિસાવું' ઉપરથી] એક જાતનો છોડ (૨) રિસાવું તે –ણું વિ૦ જરાકમાં રિસાઈ જાય એવું (૨) ન૦ રીસ [રિસામણાં મનામણાં કરવાં = સહેજમાં રિસાવું ને સહેજમાં મનાવું ]

**રિસાવું** અ૦ક્રિ૦ [प्रा. रूस (सं. रुष्)] ક્રોધથી નારાજ થવું, ક્રોધે ભરાવું –વવું સ૦ક્રિ૦ [પ્રેરક]. –ળ(૦વું) વિ૦ રિસામણું

**રિસીવર** પું૦ [इं] સગીરની કે કજિયાની

મિલકતની વ્યવસ્થા માટે નિમાતો સરકારી અમલદાર (૨) સંદેશો ઝીલવાનું યાન્ત્રિક સાધન (ટેલિફોન, વાયરલેસ ઇ૦નુ)

**રિહર્સલ** સ્ત્રી૦[ઇં] નાટ્ય–સંવાદ વગેરે અગાઉથી અભ્યાસ માટે ભજવવા તે; પૂર્વાવર્તન

**રિંગ** સ્ત્રી૦ [ઇં] વીંટી (૨) રમતગમત કે અખાડાની યા શેરબજારની અંદરની જગા

**રી** પુ૦ ઋષભ સ્વરની સંજ્ઞા [તે (બાળકનું)

**રીખણું** ન૦ [રીખવુ પરથી] ઘૂંટણિયે ચાલવું

**રીખવું** અ૦ક્રિ૦ [स रिंख्, प्रा रिक्ख]રખડવું, ભટકવુ (૨) ઘૂંટણિયે ચાલવુ (બાળકનું)

**રીઝ** સ્ત્રી૦ [રીઝવું ઉપરથી] ખુશી; આનંદ

**રીઝવુ** અ૦ક્રિ૦ [प्रा. रिज्झ (स ऋध्) = ખુશી થવું, સર૦ हिं रीझना] ખુશ થવુ, સંતુષ્ટ થવુ, –**વવું** સ૦ક્રિ૦ રીઝે એમ કરવું

**રીડ** સ્ત્રી૦ [प्रा. राढि] ગડ, બૂમ, પોકાર. –**ડિયારમણ** સ્ત્રી૦ (કા.) બૂમાબૂમ, હોકારા

**રીઢું** વિ૦ [दे. रिढ़ = પાકુ] વપરાઈને મજબૂત થયેલુ (૨) દુઃખ વેઠી કઠણ થયેલુ (૩) નઘરોળ, સુધરે નહિ એવું (ગુનેગાર)

**રીત(ત,)** સ્ત્રી૦ જુઓ રીતિ (૨) કરકરિયાવર [–**કરવી** = વિધિ કે રિવાજ પ્રમાણે કરવું (૨) માત્ર વિધિ દાખલ કરવું (૩) કરિયાવર કરવો. –**પડવી** = રિવાજ બનવો. –**માં આવવું** = ઠરેલ કે ઠાવકું થવુ. –**માં રહેવું** = રૂઢિ પ્રમાણે વર્તવું; વ્યવહાર સાચવવો. –**રાખવી** = રિવાજ પ્રમાણે વર્તવુ (૨) વ્યવહાર સાચવવો, લેવડદેવડમા સાચું રહેવુ] ૦**ભાત** સ્ત્રી૦ ચાલચલણ; વર્તણૂક (૨) કરકરિયાવર. ૦**રિવાજ** પું૦ બ૦ વ૦ રીત અને રિવાજ. ૦**સર** અ૦ રીત પ્રમાણે –તે અ૦ પ્રમાણે, પેઠે (૨) + તરીકે (૩) રિવાજ –પદ્ધતિ પ્રમાણે

**રીતિ** સ્ત્રી૦[सं]પ્રકાર, તરેહ (૨) પદ્ધતિ, રૂઢિ, ધારો (૩) શૈલી (કાવ્યશા૦) –**ત્યા** અ૦ [सं] રીતથી

**રીધ** સ્ત્રી૦ + રિદ્ધિ. ૦**સીધ** સ્ત્રી૦ રિદ્ધિસિદ્ધિ

**રીબવું** સ૦ક્રિ૦ [स रिप्] કનડવુ; ખૂબ દુઃખ આપવુ

**રીમ** ન૦ [इं] વીસ દસ્તા (કાગળ)

**રીર** સ્ત્રી૦ [सं. री ઉપરથી] + રાડ; બૂમ

**રીલ** સ્ત્રી૦; ન૦ [इं] દોરો વીંટેલી ગરગડી કે ભૂંગળી (૨) સિનેમાના દશ્યોની લાંબી પટ્ટી

**રીસ** સ્ત્રી૦ [प्रा. रूसा; જુઓ રિસાવુ] રિસાવું તે; રોષ, ગુસ્સો [–**કરવી** = ગુસ્સો કરવો (૨) માઠું લાગવુ –**ચડવી, રીસે ભરાવું** = ખોટું લાગવું; ગુસ્સે થવું –**નું જાળું** = કજિયા કે કાસથી કોઈને કામ સૂઝવા દે નહીં એવું, વાતવાતમા રિસાઈ જવુ.] [રિસાવુ

**રીસવું** અ૦ક્રિ૦ [સર૦ हिं रीसना] જુઓ

**રીંગણ, –ણું** ન૦ રીંગણીનુ ફળ–એક શાક

**રીંગણી** સ્ત્રી૦ [दे रिंगणी] રીંગણાનો છોડ

**રીંગવુ** અ૦ક્રિ૦ [स. रिंग्; प्रा रिंग, સર૦ हिं. रिंगना, म. रिंगणें] (સુ) પસાર થવુ, નીકળવુ. **રીંગાડવું** અ૦ક્રિ૦ (પ્રેરક)

**રીંછ** ન૦ [अप० रिछ, प्रा. रिच्छ (स ऋक्ष)] એક રાની હિંસ્ર પ્રાણી ૦**સુતા** સ્ત્રી૦ (સં) જાંબુવતી (કૃષ્ણની એક રાણી) ૦**ડી** સ્ત્રી૦ રીંછની માદા. ૦**ડું** ન૦ રીંછનું બચ્ચુ

**રુઆબ** પુ૦ [अ. रुअब] જુઓ રોફ [–**કરવો** = રોફ કરવો –**પડવો** = રોફ પડવો, સામા ઉપર શેહ કે રોફની અસર થવી –**રાખવો** = રોફથી રહેવુ કે વર્તવુ] ૦**દાર** વિ૦ રુઆબવાળુ

**રુકાર** પુ૦[म (फा रु + सं कार)] હા, સ્વીકાર

**રુકાવટ** સ્ત્રી૦ [हिं, સર૦ म] રોકાણ

**રુક્કો** પુ૦[अ रुक्कअह,] ટૂંકી ચિઠ્ઠી [–**કરવો, કરી આપવો** = કોઈ કામસર ચિઠ્ઠી લખી આપવી]

**રુક્માંગદ** પુ૦ [सं] (સં) એક વિષ્ણુભક્ત

**રુક્મિણી** સ્ત્રી૦ [सं] (સં) શ્રીકૃષ્ણના પટરાણી

**રુક્મી** [सं], **રુકમૈયો** પુ૦(સં.) રુક્મિણીનો ભાઈ

**રુક્ષ** વિ૦ [सं] રૂક્ષ, લૂખુ, શુષ્ક (૨) કઠોર. ૦**તા** સ્ત્રી૦ [પક્ષપાત, વલણ

**રુખ** પુ૦ [फा] ગાલ (૨) ચહેરો, શિકલ (૩)

**રુખસત(–દ)** સ્ત્રી૦ [अ] બરતરફી, રજા [–**આપવી** = નોકરી કે કામ ઉપરથી કાઢી મૂકવુ –**લેવી** = રજા લેવી, છૂટા થવુ]

**રુગેલ** ન૦ એક પંખી

**રુગ્ણ** વિ૦ [सं.] માંદું. –**ગ્ણાલય** ન૦ [+ आलय] દવાખાનુ

**રુચવું** અ૦ક્રિ૦ [सं. रुच्] ગમવું

**રુચિ** સ્ત્રી૦ [सं] ઇચ્છા, ભાવ (૨) ભૂખ. ૦**કર**

વિ૦ રુચિ ઉત્પન્ન કરે તેવું (૨) ગમે એવું; સુંદર ૦કરતા સ્ત્રી૦ ૦ભંગ પું૦ રસબુદ્ધિને ન ગમવું તે ૦ર વિ૦ તેજસ્વી; સુંદર; મનોહર (૨) રુચિ થાય એવું. ૦રા સ્ત્રી૦ એક છંદ

**રુજ(-જા)** સ્ત્રી૦ [सं] પીડા; રોગ

**રુઝાવવું** સ૦ક્રિ૦ 'રુઝવું'નું પ્રેરક

**રુઝાવું** અ૦ક્રિ૦ 'રુઝવું'નું ભાવે; ઘા પુરાઈ ઉપર નવી ચામડી – રુઝ આવવી

**રુદન** ન૦ [सं] રડવું તે; રોદણું

**રુદિત** ન૦ [सं] રુદન (૨) વિ૦ રડેલું

**રુદ્ધ** વિ૦ [सं] રોકાયેલું; રૂંધાયેલું

**રુદ્ર** વિ૦[सं] ભયંકર, ભયાનક (૨) પું૦ (સં.) મહાદેવ (૩) એ નામના અગિયાર દેવોમાંનો દરેક ૦તાલ પું૦ સંગીતનો એક તાલ. –દ્રાક્ષ પું૦; સ્ત્રી૦ એક વૃક્ષ અને તેનું બી. –દ્રાણી સ્ત્રી૦(સં.)પાર્વતી –દ્રાવતાર પું૦ (+अवतार) રુદ્રનો અવતાર, રુદ્ર જેવું ક્રોધી રૂપ [–ધરવો, ધારણ કરવો=ગુસ્સે થવું.] –દ્રી સ્ત્રી૦ શિવની સ્તુતિનું એક વૈદિક સૂક્ત કે તેનો અગિયાર વાર પાઠ. [–કરાવવી=(માનતા તરીકે) રુદ્રીનો પાઠ કરવા બ્રાહ્મણને બેસાડવો]

**રુધિર** ન૦ [सं] લોહી. ૦વાહિની સ્ત્રી૦ લોહીની નસ –રાભિસરણ ન૦ [+अभिसरण] શરીરમાં રુધિરનું ફરવું તે

**રુબાબ** ન૦ [જુઓ રબાબ] એક જાતની સારંગી

**રુબાયત** સ્ત્રી૦ [अ. रुबाइ, સર૦ म रुबाइयात] ચોપાઈ (અરબી, ફારસી કે ઉર્દૂ)

**રુમલાવવું (રુ')** સ૦ક્રિ૦ 'રૂમલાવું'નું પ્રેરક

**રુમાડો (રુ')** પું૦ ['રૂમવું' પરથી] બૂમાબૂમ; શોરબકોર ['રૂમવું'નું પ્રેરક ને કર્મણિ

**રુમાવવું (રુ')** સ૦ક્રિ૦, **રુમાવું** અ૦ક્રિ૦

**રુવાન** ન૦ [फा. रवान] શબ

**રુવાંટી** સ્ત્રી૦ ['રૂવું' ઉપરથી] કુમળા અને ઝીણા વાળ. –વું ન૦ રૂંવું [–ફરકવું=જરા પણ અસર થવી (બહુધા નકાર સાથે). –બદલાવું=સ્વભાવ કે વિચારમાં ફેરફાર થવો.]

**રુવેલ(-લું)** વિ૦ ['રૂ' ઉપરથી] રૂથી ભરેલું

**રુરુદિષા** સ્ત્રી૦[सं] રડવાની ઇચ્છા;રોતલપણું

**રુશનાઈ** સ્ત્રી૦ [જુઓ રોશનાઈ] શાહી

**રુશવત, ૦ખોર** જુઓ રિશ્વત, ૦ખોર

**રુષ્ટ** વિ૦ [सं.] ગુસ્સે થયેલું

**રુસ્વા** વિ૦ [फा.; સર૦ हिं.] ફજેત, બદનામ. ૦ઈ સ્ત્રી૦ ફજેતી, બદનામી

**રુંડ** ન૦ [सं] માથું, ડોકું (૨) વિ૦ બોડું; અપંગ. ૦મુંડ વિ૦ ગોળમટોળ ૦માળ સ્ત્રી૦ માણસના માથાની ખોપરીઓનો હાર

**રુંધન** ન૦ [सं.] રોકવું, રોકાવું કે ગૂંગળાવું તે

**રૂ** ન૦ [दे. रूअ, સર૦ म , हिं. रूई] બી કાઢી લીધેલો કપાસ. ૦ઇયો પું૦ [સર૦ हिं. रूईया =રૂનો વેપારી] પીંજારો

**રૂએ** અ૦[फा. रू, रूए સ્ત્રી૦=કારણ] પ્રમાણે; –ને આધારે કે ક્રમે યા કારણે

**રૂકવું** સ૦ક્રિ૦ + જુઓ રોકવું

**રૂક્ષ** વિ૦ [सं] જુઓ રુક્ષ ૦તા સ્ત્રી૦

**રૂખ** સ્ત્રી૦ જુઓ રુખ (૨) અટકળ (૩) વિચાર; અભિપ્રાય (૪) બજારનું વલણ; ભાવતાલ (૫) યોગ્ય પ્રસંગ, મોખ. [–જોવી=મોખ કે તક છે કે કેમ તે તપાસવું –બાંધવી=વલણ તપાસવી (૨) અટકળ કરવી]

**રૂખ,૦ડું** ન૦ [सं वृक्ष, प्रा रुक्ख; સર૦ हिं. रूखड़ा] એક નાનું ઝાડ – છોડ

**રૂખડો** પું૦ [જુઓ રૂખડું] એક છોડ

**રૂચકું** ન૦ જુઓ રૂછું

**રૂઝ** સ્ત્રી૦ [જુઓ રૂઝવું] રુઝાવું તે [–આવવી=રુઝાવું] ૦વું અ૦ક્રિ૦ [प्रा. रुज्झ (स रुह्); સર૦ हिं रुझना; म रुजणें] રુઝાવું

**રૂઠવું** અ૦ક્રિ૦ [प्रा रुट्ठ (सं रुष्ट) પરથી] કોપવું

**રૂડપ** સ્ત્રી૦ ['રૂડું' પરથી] રૂપાળાપણું; સુંદરતા (૨) સારાપણું (૩) ભલાપણું

**રૂડું** વિ૦ [સર૦ हिं रुरा (प्रा. रूव सं. रूप ઉપરથી)] સારું; ઉત્તમ, સુંદર. [રૂડાં વાનાં થવાં=સારું–શુભ થવું.] –ડેરું વિ૦ રૂડું (લાલિત્યવાચક)

**રૂઢ** વિ૦ [सं] ઘણા કાળથી પ્રચાર કે વપરાશમાં હોવાથી દૃઢ થયેલું –ઢાચાર પું૦ [+आचार] રૂઢ બની ગયેલો આચાર –ઢાર્થ પું૦ [+अर्थ] શબ્દનો રૂઢ અર્થ (યોગાર્થથી ઊલટો)

રૂઢિ સ્ત્રી૦ [સં ] રૂઢ થયેલી રીતિ કે રિવાજ (૨) જે કારણથી શબ્દનો અમુક અર્થ બોધ કરાવવાની શક્તિ (જુઓ યોગરૂઢિ) ૦પ્રયોગ પુ૦ ભાષામા રૂઢ – રૂઢિથી જેનો વિશેષ અર્થ થતો હોય એવો શબ્દપ્રયોગ. ૦સ્થ વિ૦ રૂઢ (૨) મૂળ રૂપમા ચાલતો આવતો – સાધિત નહિ એવો (શબ્દ)

રૂત ન૦ [સં ?] (કા) ઋતુ

રૂતવું અ૦ ક્રિ૦ [સર૦ મ रुतणें] (કા) ખૂંચવું, અડપવું

રૂપ ન૦ [સં ] આકાર, દેખાવ, સ્વરૂપ (૨) સૌંદર્ય (૩) વેશ (૪) રૂપક, નાટક (૫) વાક્યમા વાપરવા પ્રત્યય વગેરે લગાડીને તૈયાર કરેલો શબ્દ – પદ (વ્યા ) (૬) વિ૦ (સમાસને અતે) સરખુ, સમાન (ઉદા૦ દુઃખરૂપ) [–વરસી જવું = અતિશય રૂપાળુ હોવુ (બહુધા પ્રશ્નાર્થ સાથે નકાર બતાવવા ) –રૂપનો અવતાર, અંબાર = ખૂબ સુંદર હોવું તે –રૂપની મણિ = અતિ સુદર સ્ત્રી] ૦ક ન૦ એક પ્રકારનું નાટક (૨) એક અર્થાલંકાર, જેમા ઉપમેયને ઉપમાન સાથે તદ્રૂપ કે અભિન્ન બતાવી વર્ણન કરેલું હોય છે (કા શા.) (૩) સંગીતનો એક તાલ (૪) ગાયન (સંગીત) (૫) પું૦ રૂપ – નાટક કરનાર, નટ ૦કસંજ્ઞી સ્ત્રી૦ રૂપકના અવયવોને છૂટા પાડનારો આલાપ. ૦ચોકી સ્ત્રી૦ દેવળ ઉપર નાના ઘૂમટથી કરાતો ચોરસ ૦જીવા, ૦જીવિની સ્ત્રી૦ વેશ્યા. ૦ણુ ન૦ રૂપ ભજવવુ તે; અભિનય. ૦બધ પુ૦ લઘુગુરુના આધારે જે છદ રચાય તે. ૦માળી પુ૦ એક છદ. ૦રેખા સ્ત્રી૦ માત્ર રૂપ બતાવનારી રેખા (૨) આછો ખ્યાલ, ટૂંકુ બ્યાન. ૦વતી વિ૦ સ્ત્રી૦ રૂપાળી ૦વાન વિ૦ રૂપવાળુ, સુદર –પાખ્યાન ન૦ (વ્યા) ધાતુના રૂપો બનાવવા તે –પામહોર સ્ત્રી૦ રૂપિયો –પાળું વિ૦ સુદર –પાંખુરી સ્ત્રી૦ (૦) (ગાયના) પગની રૂપાની ઝાંઝરી –પાંતર ન૦ રૂપમા ફેરફાર, અન્ય રૂપ. –પાંદે (૦) સ્ત્રી૦ રૂપાળા દેહવાળી સ્ત્રી

રૂપિયો પું૦ ['રૂપુ' ઉપરથી, सं रूप्यक, સર૦ हिं., म रुपया] સોળ આનાની કિંમતનો રૂપાનો સિક્કો [–રોડો = લગભગ રૂપિયો. રૂપિયા ખાવા = રૂપિયાનો ખર્ચ થવો ઉદા. આ મકાને બહુ રૂપિયા ખાધા (૨) લાચરુશ્વત લેવી, નાણા ઓળવવા ] –યાભાર વિ૦ (૨) પુ૦ એક રૂપિયાના વજન જેટલુ, તોલા જેટલું

-રૂપી વિ૦ રૂપનુ; રૂપવાળું (સમાસને અતે)

રૂપું ન૦ [સં रूप्यकं, સર૦ મ. रूप्य, हिं. रूपा] એક ધાતુ –પેરી વિ૦ રૂપાનુ, રૂપા જેવુ [–બંધ છૂટવા = મરણની તૈયારી ઉપર આવવુ.] –પૈડી સ્ત્રી૦ રૂપિયો (તિરસ્કારમા)

રૂબરૂ અ૦ [फा ] સમક્ષ [–થવું = સમક્ષ જાતે હાજર થવુ ] ૦માં અ૦ સમક્ષ, મોઢામોઢ

રૂબલ પુ૦ [इ] રશિયાનો રૂપિયા જેવો સિક્કો

રૂમ ન૦ [अ.] (સ ) યુરોપી તુર્કસ્તાન, પ્રાચીન રોમનો પ્રદેશ (૨) સ્ત્રી૦ [इ] ઓરડી

રૂમઝૂમ અ૦ [રવ૦] ઝાંઝર કે વરસાદનો અવાજ

રૂમડી સ્ત્રી૦ ['રોમ' ઉપરથી ?] શરીરમાથી લોહી ખેચી કાઢવાની નળી. [–રૂમવી = દુઃખ દેવુ ]

રૂમઝાવું (રૂં) અ૦ક્રિ૦ ['રૂમવું' પરથી] રૂમવા પર ચડવુ, ગાડપણથી રૂમવુ (ઢોરનુ)

રૂમવું (રૂં) અ૦ક્રિ૦ [प्रा रुम्ह, सं म्लापय् ) = મલિન કરવુ, સર૦ हिं. रूमना] જોરથી ઘૂમવુ (યુદ્ધમા) (૨) ભટકવુ, ફરવુ (૩) સ૦ક્રિ૦ [सं लुंब् = રિબાવવુ] હેરાન કરવુ

રૂમશામ ન૦ [फा. रूम + फा शाम] (સ.) તુર્કસ્તાન

રૂમાલ પુ૦ [फा ] (હાથમો લૂછવાનો) લૂગડાનો કકડો. –લી સ્ત્રી૦ નાનો રૂમાલ કે લૂગડાનો કકડો (૨) મુસલમાન સ્ત્રીઓનુ ઘરમા માથે ઓઢવાનુ નાનું ઓઢણું (૩) એક પ્રકારનો લંગોટ

રૂમાલી સ્ત્રી૦ [हिं (फा रू ઉપરથી)] મગદળ-જોડીની એક કસરત (૨) જુઓ 'રૂમાલ'માં

રૂમી વિ૦ રૂમ, રોમનું – ને લગતુ

રૂમેમસ્તકી સ્ત્રી૦ [अ रूमीमुस्तकी, સર૦ हिं. रूमीमस्तगी] એક ઓષધિ એક – જાતનો ગુંદર

રૂવું ન૦ [सं रोमक, સર૦ हिं रूआं] રૂવુ; શરીર ઉપરનો નાનો વાળ, રોમ, રુવાંટું. [રૂવાં ઊભાં થવાં = રોમાંચ થવો (ભયથી, આશ્ચર્યથી, આનંદથી) રૂવું ન ફરકવું = જરા

પણ અસર ન થવી. રૂવે રૂવે જીવ રાખવો =અત્યંત કાળજી રાખવી.]

**રૂવો** પું૦ ચણિયારાની અણી જેમાં ફરતી રહે છે તે ખાડાવાળો લોઢાનો ડટ્ટો (૨) ઘંટીનું ઉપલું પડ જેની પર ફરે છે તે ખીલો

**રૂસ** પું૦; ન૦ [फा.] (સં ) યુરોપએશિયામાં સળંગ ફેલાયેલો એક દેશ, 'રશિયા'

**રૂસણું** ન૦ ['રૂસવું' પરથી] રિસાવું તે

**રૂસવું** અ૦ક્રિ૦ [सं. रुष्; प्रा. रूस; સર૦ म रुसणें; हिं. रूसना] + રિસાવું

**રૂસી** વિ૦ [फा.] રશિયાનું – ને લગતું

**રૂહ** પું૦; ન૦ [अ.] આત્મા, જીવાત્મા. -હાની વિ૦ [फा.] જીવાત્મા કે આત્મા સંબંધી

**રૂંગું** ન૦ [રવ૦] રુદન

**રૂંછડું, રૂંછું** ન૦ [જુઓ રૂંવું, સર૦ हिं. रोंगटा] ટૂંકો વાળ કે તાતણો

**રૂંઢો** પું૦ જુઓ રોઢો, રોઢો

**રૂંધ** સ્ત્રી૦, ૦ણ(-ન) ન૦ [રૂંધવું પરથી] રૂંધાવું તે; રોકાણ, પ્રતિબંધ (૨) આડી, અકળામણ

**રૂંધવું** સ૦ક્રિ૦ [प्रा रुंध (सं रुध्)] રોકવું (૨) ગૂંગળાવવું

**રૂંધામણ** સ્ત્રી૦ રૂંધાવું તે; ગૂંગળામણ

**રૂંધાવું** અ૦ક્રિ૦, **-વવું** સ૦ક્રિ૦ 'રૂંધવું'નું કર્મણિ ને પ્રેરક [આતુરતાથી દોડવું તે

**રૂંબ** સ્ત્રી૦, **રૂંબાડો** પું૦ (કા ) કોઈની પાછળ

**રૂંવાડું, રૂંવું** ન૦ [જુઓ રૂવું] રુવાંટું

**રૂંહણું** ન૦ [જુઓ રૂસણું] + રીસ

**રે** અ૦ [सं ] એ ! ઓ ! [સંબોધનનો ઉદ્ગાર] (૨) કવિતામાં પાદપૂર્તિ માટે નિરર્થક મુકાય છે

**રેકર્ડ** ન૦ [इं ] નોંધ (૨) દફતર, ફાઈલ (૩) સ્ત્રી૦ ગ્રામોફોન વાજાની થાળી – ચૂડી (૪) પું૦; ન૦ પરાકાષ્ઠા; આંક; છેલ્લી હદ. [-ઉતારવી, લેવી = ગાયન વગેરેના અવાજને રેકર્ડ ઉપર યંત્ર વડે ઉતારવો (જેથી તેને વગાડતાં ફરી સંભળાય). -કરવો = શક્તિના કોઈ પ્રયોગમાં ટોચની હદે પહોંચવું -તોડવો = જે છેવટની હદ આ કાંઈ હોય તેથી આગળ વધવું.-મૂકવી = ગ્રામોફોન પર રેકર્ડ ગોઠવવી, તેમ કરીને તે વગાડવી -વાગવી = ગ્રામોફોન વાજું વાગવું.

**રેકેટ** ન૦ [इं] ટેનિસનું બેટ

**રેખ** સ્ત્રી૦ [सं. रेखा; સર૦ हिं.; म.] રેખા (૨) દાંતે જડાવેલી સોનાની ટપકી (૩) નાની ખીલી (૪) અ૦ (પ.) જરાયે. ૦લું અ૦ક્રિ૦ રેખા દોરવી [એક ઢાળ

**રેખતો** પું૦ [फा ] ફારસી અને ઉર્દૂ કવિતાનો

**રેખમાલ** પું૦ ધાતુ વગેરેનો કઠણ ભૂકો (પૉલિશ કરવા માટે), 'એમરી' [-નો કાગળ = એ ભૂકો ચોંટાડેલો કાગળ ]

**રેખવું** અ૦ક્રિ૦ જુઓ 'રેખ'માં

**રેખા** સ્ત્રી૦ [सं ] લીટી; આંકો. [-જોવી = ભાગ્યરેખા – નસીબ જોવું – વાંચવું -પડવી = આંક – લીટી દોરાવા – અંકાવા ] ૦કંસ પું૦ ઉપર રેખા દોરી કરેલો કંસ (ગ). ૦ગણિત ન૦ ભૂમિતિ ૦ચિત્ર ન૦ રેખાઓથી દોરેલું ચિત્ર (૨) કોઈના જીવનનું ટૂંકું નિરૂપણ; 'સ્કેચ'. ૦ચિત્રણ ન૦ રેખાથી જ ચિત્ર દોરવું તે

**રેખાંશ** પું૦ [सं.] ઉત્તર અને દક્ષિણ ધ્રુવમાંથી પસાર થતી પૃથ્વીના ગોળા ઉપરની લીટી; 'લૉન્જિટ્યૂડ'. ૦વૃત્ત ન૦ રેખાંશનું વર્તુળ

**રેખિક** વિ૦ [सं.] રેખાગણિત સંબંધી; 'જ્યોમેટ્રિકલ' (ગ.) ૦ઉપપત્તિ સ્ત્રી૦ રેખાગણિતની રીતે સાબિતી. 'જ્યોમેટ્રિકલ પ્રૂફ' (ગ )

**રેખીલું** વિ૦ ['રેખ' ઉપરથી] સુરેખ; સ્પષ્ટ

**રેગિસ્તાન** પું૦; ન૦ [फा.] રેતાળ પ્રદેશ; રણ; મરુભૂમિ

**રેગી** સ્ત્રી૦ એક પંખી

**રેચ** પું૦ [सं ] જુલાબ [-આપવો = જુલાબની દવા આપવી (૨) ધમકી આપવી. -થવો = જુલાબની દવાની અસર થવી. -લાગવો = રેચ થવો (૨) ધમકીની અસર થવી -લેવો = જુલાબનું ઔષધ લેવું ] ૦ક વિ૦ જુલાબ કરે એવું [ત્રીજાની ઉશ્કેરણી

**રેચકું** ન૦ ['રેચક' ઉપરથી ?] બેની લડવાડમાં

**રેજ** અ૦ [જુઓ જેર] તાબે

**રેજગી** સ્ત્રી૦ [સર૦ म (फा ?)] છૂટું – પરચૂરણ; મોટા નાણાનું નાનું નાણું

**રેજી** વિ૦ ['રેજું' ઉપરથી] રેજાંવાળું (પાસાની રમતમાં) (૨) સ્ત્રી૦ [જુઓ રેજો] નાનો રેજો

રેજુ઼ં ન૦[ફા. रज्ह] પાસાની રમતમા એક એક દાણાનુ જોડકુ (૨) ફેંટાનું છોગું (૩) ભાલા ઉપરનો વાવટો. [રેજા ઉડાવવા=મોજ ઉડાવવી; ગમ્મત કરવી.]

રેજો પુ૦ [ફા,સર૦ હિં, મ रेजा] કાચળીમા વપરાતો સુતરાઉ કે રેશમી કાપડનો કકડો (૨) [સર૦ હિં., મ रेजा] ધાતુ ગાળવાની કુલડી

રેટો પું૦ [જુઓ રેટો] નાની પાઘડી

રેઢ (રે) વિ૦ [જુઓ રોડ] જાડુ રગડા જેવું (૨) સ્ત્રી૦ [સર૦ રઢ] પૂઠ, કેડો

રેઢબેઢ અ૦ ['રેઢ' ઉપરથી] (કા) રગડાની જેમ

રેઢવવું સ૦ક્રિ૦ [દે. रड्ड=ગબડેલુ] રોડવવુ, નિભાવી લેવુ (૨) ગબડાવવુ

રેડવું સ૦ક્રિ૦ [સર૦ રેલવુ (સ प्रेर्), મ रेडणें] પ્રવાહીની ધાર કરવી (૨) ધાગ ચલાવીને ભરવું, અંદર નાખવુ

રેડવો પુ૦[દે. रड्ड?, સર૦ હિં. रेहड़, रहड़] એક જાતનું ગાડુ [ધાતુ

રેડિયમ ન૦ [ઇં] વિદ્યુતશક્તિવાળી એક વિરલ

રેડિયો પુ૦ [ઇં] તાર વગર, અવાજ દૂર સંભળાવવાનું કે સાંભળવાનુ યંત્ર કે તે ક્રિયા. [-માં આવવું=રેડિયો ઉપરથી કહેવાવુ -માં, પર બોલવું=યંત્ર દ્વારા ચારે તરફ જાય તે રીતે તેના મુખ્ય મથકે યંત્રમા બોલવુ. -મૂકવો=રેડિયો ઉપરથી કાર્યક્રમ સંભળાય તે રીતે તેને શરૂ કરવો. -લેવો=રેડિયો મૂકી તેનો કાર્યક્રમ સાંભળવો]

રેડી સ્ત્રી૦ (કા.) એક જાતની ઘોડી

રેડો પું૦ [સર૦ મ. रेढा] વાછડો; રેડલો

રેઢિયાળ (રે) વિ૦ [દે. रीढ=અવગણના, અનાદર?] રઢિયાર, રવડતુ, ધણી વિનાનું (૨) નકામુ, નમાલુ. [-ગાડું=જોઈતી ઝડપે ન થતુ કામ]

રેઢિયું (રે) વિ૦ ['રેઢ' ઉપરથી] જાડું, ઘટ્ટ

રેઢું (રે) વિ૦[જુઓ રેઢિયાળ] રખડતુ, સંભાળ વિનાનુ (૨) [જુઓ રેડ] ગાઢુ, રેઢિયુ. [-પડવું=વીલુ-રખડતુ હોવુ કે થવુ]

રેણ (રે) સ્ત્રી૦ [પ્રા. रयणी(સં रजनी), સર૦ હિં रैन] +રાત્રિ (૨) [જુઓ रेणु] રજ

રેણ (રે) ન૦ [સર૦ હિં. रेना, મ रेवण, रेवणें] ધાતુની સાથ કરવાનુ ઝારણ [-કરવું, દેવું]. ૦વું સ૦ ક્રિ૦ રેણ દેવુ

રેણી (રે) સ્ત્રી૦ [જુઓ રેણ] +રાત્રિ

રેણુ પુ૦, સ્ત્રી૦ [સ] ધૂળ, રજ

રેણુક સ્ત્રી૦[સં रेणुका, સર૦હિં] એક વનસ્પતિ -ઔષધિ ૦બીજ ન૦ એક ઔષધ

રેણુકા સ્ત્રી૦ [સં] (સ) પરશુરામની માતા

રેત ન૦ [સં.] વીર્ય

રેત સ્ત્રી૦ [સ रेतजा? જુઓ રેતડી, સર૦ હિં, મ] ઝીણી રેતી. ૦દાની સ્ત્રી૦લખાણની શાહી સૂકવવા ભભરાવવાની રેત રાખવાનુ પાત્ર

રેતડી સ્ત્રી૦ [હિં. रेती (સ. री)] નાની કાનસ -ડો પું૦ મોટી કાનસ

રેતલ પુ૦ [સર૦ હિં.] એક પક્ષી

રેતની વિ૦ ['રેત' ઉપરથી] રેતાળ

રેતદો પુ૦ ['રેતી' ઉપરથી] (કા) ઝીણી રેતી જેવી ધૂળ (૨) ખોદતા બહુ રેતી નીકળે એવો કૂવો

રેતાળ વિ૦ ['રેત' ઉપરથી, સર૦ મ रेताड] રેતીવાળુ [રેતીનુ

રેતિયું ન૦ ['રેત' ઉપરથી] રેતદાની (૨) વિ૦

રેતી સ્ત્રી૦ [જુઓ રેત] પથ્થરનો ઝીણો ભૂકો, વાલુકા. [-માં નાવ ચલાવવું=પોલ પોલ ચલાવવુ (૨) મિથ્યા પ્રયત્ન કરવો (૩) અશક્ય કામ સિદ્ધ કરવુ, મહાપરાક્રમ કરવુ] ૦કાગળ પું૦ રેતી કે કાચની ભૂકી ચોટાડેલો કાગળ

રેથળ પું૦ [જુઓ રથ્થડ] કાકરેટનો રથ્થડ

રેન (રે) સ્ત્રી૦ [જુઓ રેણ=રજની] રાત (૨) [ઇં. रेइन?] લગામ

રેપ સ્ત્રી૦ આરોહની મીડ (સંગીત) [ચિહ્ન

રેફ પુ૦[સ.]અક્ષર ઉપર કરાતુ રૂનુ (ˆ) આવું

રેફુ પુ૦ બાતમીદાર, જાસૂસ

રેફું સ્ત્રી૦ (કા) રેતવાનો ઢગલો

રેફ્રિજરેટર પું૦ [ઇં] જેની અંદર મૂકેલી વસ્તુઓ ઠંડી થઈ સારી રહે અથવા ઠરી જાય તેવુ એક યંત્ર-સાધન

રેબચો (રે) પુ૦ [જુઓ ચહેબચો, સર૦ મ. रेव, रेवट] પાણીની અત્યંત ઢોળાઢોળ, તેથી થયેલો કીચડ

**રોગ** પું૦ [સં] બગાડ; વિકાર, તંદુરસ્તીમા બગાડો, વ્યાધિ [**-ઊપડવો**=રોગ થવો રોગ-ચાળો થવો **-ઊડવો**=રોગનો ચેપ લાગવો; રોગ લાગવો **-કાઢવો**=વ્યાધિ દૂર કરવો **-કાઢી નાખવો**=રીસ કે ધૂંધવાટ કાઢી નાખવો (૨) ઠેકાણે આણવુ; પાશરું કરવું. **-ચડવો**=રોગનો ચેપ લાગવો. **-ચાલવો**= રોગચાળો થવો. **-થવો**=વ્યાધિ લાગુ પડવો (૨) બગડવું **-થવો, ભરાવો**= માઠું લાગવુ **-નો ચાળો** = રોગચાળો, રોગ ફાટી નીકળવો તે **રોગમાં બોલવું**= રીસમા બોલવુ.] **૦ચાળો** પું૦ રોગનો ફેલાવો. **૦દોગ** પું૦, **૦રાઈ** સ્ત્રી૦ ન૦ રોગ, વળગાડ વગેરેની પીડા. **૦શય્યા** સ્ત્રી૦ રોગીની પથારી (૨) [લા.] મદવાડ, ખાટલો

**રોગાન** પુ૦, ન૦ [फा. रौग़न] તેલ, મીણ, લાખ વગેરેનું એક જાતનુ મિશ્રણ (લાકડાં, લૂગડા વગેરે ઉપર ચડાવે છે). [**-કરવો, ચડાવવો** = રોગાનનો લેપ કરવો (૨) ટાપટીપ કરવી (૩) ઉશ્કેરવું **-ફરવો**=બગડવું, નુકસાન થવુ ] **-ની** વિ૦ રોગાન ચડાવેલુ (૨) પુ૦ રોગાન ચડાવનાર

**રોગિયું, રોગિષ્ઠ, રોગી** [સં], **રોગીલું** વિ૦ માંદું, રોગવાળુ [માન; નર્યું

**રોગું** વિ૦ [સર૦ રોકડુ] (કા) નકર; કેવળ;

**રોગો** પું૦ ચૂનો

**રોચક** વિ૦ [સ] રુચિ કરાવે તેવુ; ગમતુ

**રોચ(-ત)ડી** સ્ત્રી૦ [જુઓ રોતડ] અણચી; અંચઈ

**રોચન** ન૦ [સં] રચવું તે (૨) ભપકો; મનોહર દેખાવ (૩) રોચના. **-ના** સ્ત્રી૦ લાલસા, ઇચ્છા (૨) સુદર સ્ત્રી (૩) ગોરોચન

**રોચિ** ન૦; સ્ત્રી૦ [સં] પ્રભા, તેજ

**રોચું** વિ૦ [प्रा रोंच, रोच्च=પીસવુ પરથી ?] કરચલીઓ પડી ગઈહોય એવુ (૨) (રો) [સર૦ म. रोंचणें=ભોકાવું] રોચુ

**રોજ** પું૦ [फा.] દિવસ (૨) એક દિવસની મજૂરી (૩) અ૦ હમેશ [**-ઊઠીને** અ૦ દરરોજ **-પડવો**=રોજ ન ભરાવો, એક દિવસનું મહેનતાણું જવું **-ભરવો**=રોજિંદા મહેનતાણે કામ કરવું; દહાડિયા તરીકે કામે જવું. **રોજે જવું**=જુઓ રોજ ભરવો. **રોજે રાખવું**=દહાડિયા તરીકે રાખવું ] **૦ગાર** પું૦ ગુજરાન માટે કરવાનો ધધો, નોકરી કે ઉદ્યમ. [**-ચાલવો**=ધધા કે ઉદ્યમમાં ફાયદો રહેવો, ગુજરાન પૂરતો ઉદ્યમ-ધંધો ચાલવો-મળવો] **૦ગારી** સ્ત્રી૦ રોજગાર; કામધધો **૦દાર** પું૦ દહાડિયો. **૦નામું** ન૦ જુઓ રોજમેળ. **૦નીશી** સ્ત્રી૦ દરરોજના કામની નોંધપોથી; ડાયરી. **૦બરોજ** અ૦ [फा.] રોજ રોજ, દરરોજ. **૦મેળ** પું૦ દરરોજનો હિસાબ (૨) રોજનો હિસાબ (૩) રોજનો હિસાબ લખવાનો ચોપડો **૦રોજ, -જ** દા અ૦ હમેશ. **-જિંદાર** વિ૦ (૨) પું૦ રોજથી કામ કરનાર **-જિંદારી** સ્ત્રી૦ રોજગાર (૨) રોજની મજૂરી (૩) કમાણી. **-જિંદુ** વિ૦ રોજનુ. **-જી** સ્ત્રી૦ રોજગાર (૨) ગુજરાન (૩) રોજની આવક, પેદાશ

**રોજડી** સ્ત્રી૦ ફજેતી (સુ) (**-થવી, કુટાવી**)

**રોજો** પું૦ [अ] મોટા અને ધાર્મિક મુસલમાનની કબર (૨) મુસલમાનનો દિવસનો ઉપવાસ (**-કરવો, રાખવો**)

**રોઝ** ન૦ [दे. रोज्झ] ઘોડાને મળતુ એક જગલી પશુ **૦ડી** સ્ત્રી૦ રોઝની માદા **૦ડું** ન૦ રોઝ. **-ઝી** સ્ત્રી૦ (કા) એક જાતની ઘોડી

**રોઝી, -ઝિયો** વિ૦ [इ रोझी ઉપરથી ?] એક જાતનો (કપાસ)

**રોટલી** સ્ત્રી૦ [सं रोट, दे. रुट्टिया, रोट्टग] ઘઉંના લોટની પાતળી ગોળ વાની. **-લો** પુ૦ હાથે થાપીને બનાવેલી જાડી ભાખરી (૨) [લા.] આજીવિકા [**રોટલા થવા**=(બે કનકવા) પેચમાં એકઠા થઈ જવા **રોટલાનું ભૂખ્યું**=આજીવિકા વિનાનું, કગાળ **રોટલા ભેગું થવું**=ભોજન મળવું (૨) આજીવિકા મળવી **રોટલા-વેળા**=રોટલા ખાવાનો-ભોજનનો સમય (૨) બપોરના ભોજનનો સમય. **રોટલા-સ્નાન કરવું**= ભાણા પર બેસવાના સમયે જ નાહવુ **રોટલે**

રઝળવું=રોટલા વિના ટળવળવું; કંગાળ **રોટલો કરવો**=રોટલો બનાવવો (૨) મારી મારીને ભેવડ વાળી દેવું (૩) કચડી નાખવું **-ખોવરાવવો, ટાળવો, પડાવવો**=આજીવિકા ખોવરાવવી; ચાલુ ગુજરાન બંધ કરાવવું **-ઘડવો**=જુઓ રોટલો કરવો (૨) કોઈનું નામ દઈને રડવું; છેડો વાળવો **-જવો, તૂટવો**=આજીવિકા જવી; રોજી બંધ થવી **-થઈ જવું**=ચગદાઈને ચપટ થઈ જવું **-બગાડવો**=રોજી કે ગુજરાનને ખલેલ પહોંચાડવું **-વાળવો**=(કામ) બગાડી નાખવું, ચૂંથી નાખવું **અડધો, આછો પાતળો, જાડો કે સૂકો રોટલો**=હલકું પાતળું ખાવાનું, ગુજારા જોગ અન્ન **રળીને રોટલો ખાવો**=મહેનત કરીને પ્રમાણિક રોજી મેળવીને ખાવું (૨) પૈસાદાર નહીં છતાં દેવાદાર ન હોવું ]

**રોટી** સ્ત્રી૦[સર૦ हिं ] જુઓ રોટલી(૨)પાઉરોટી **૦વહેવાર** પુ૦સાથે જમવા જમાડવાનો સંબંધ

**રોઠું** (રો) ન૦ [મ ] બરાબર પાકતા પહેલા સુકાઈને ચીમળાઈ ગયેલું બેસ્વાદ સોપારી (૨)[લા.][સર૦ म रोठा] રાભુ જડ માણસ

**રોડો** પુ૦ [સ रूढ ?] રૂઝ

**રોડ** વિ૦ (ગ્રા) રેડ, ગાઢું (જાડુ સાથે વપરાય છે)

**રોડ** પુ૦ [इ ] રસ્તો, માર્ગ (૨) [?](સુ ) ચડાવ, ઊંચાણવાળો રસ્તો [(કા ) ગબડાવવું

**રોડવવું** અ૦ક્રિ૦ [प्रा रुल (सं. लुट् दे लुल)]

**રોડા(-ડા)** પુ૦ [જુઓ રોલા] એક છંદ

**રોડા** પુ૦ બ૦ વ૦ [જુઓ રોડવવું] દોટ, ગબરડી **-ડી** સ્ત્રી૦ દોટ; રોડા (**-કાઢવી**) [કકડો

**રોડું** ન૦ [सं. लोष्ठ, સર૦ हिं., म रोडा] ઈંટનો

**રોઢવાળ** વિ૦ બ્રાહ્મણની એક જાતનું

**રોઢું** ન૦ [જુઓ રોડું ] મોટું ઝાડું (૨) રોડું

**રોઢો** પુ૦ [જુઓ રોઢું] મોટું છાણું (૨) [જુઓ રોઢો] [કા ] ત્રીજા પહોરનું ભોજન

**રોણ** ન૦ [સર૦ રુસણું કે 'રોવું' ઉપરથી ?] બખેડો, ફિસાદ, તોફાન [**-માંડવું, લેવું**=હઠપૂર્વક રડવું, રડીને કજિયો કરવો ]

**રોણ** સ્ત્રી૦[જુઓ રોન] રાતની ચોકી [**-ફરવી. મારવી**=રાતે ચોકી માટે ફરવું ]

**રોણ** (રો') સ્ત્રી૦ [सं रोहिणी] રોહિણી નક્ષત્ર. [**-દાઝવી**=રોહિણી નક્ષત્ર વરસાદ વગરનું જવું **-રેલવી**=રોહિણી નક્ષત્રમાં ખૂબ વરસાદ થવો ]

**રોણું** ન૦ [प्रा. रोवण (सं रोदन)] રુદન

**રોતડ, -ડું, -લ** વિ૦ ['રોવું' ઉપરથી] ઝટ રોઈ પડે એવું

**રોતડી** સ્ત્રી૦ જુઓ રોંચડી

**રોતું** વિ૦ ['રોવું'નું વ૦ કૃ૦] રડતું, રડયા કરતું. [**રોતી સૂરત** [સર૦ म रोती सुरत], **શિકલ**=રોતલ, ઉદાસી કે શોકાર્ત ચહેરો ]

**રોદણું(-ણું)** ન૦ [જુઓ રોદન] વીતકની કથની (૨) રુદન [**રોદણાં રડવાં**=હતાશ થઈ દુઃખની વાત કહ્યા કરવી ]

**રોદન** ન૦ [स ] રુદન [પડેલો)

**રોદો** પુ૦ [स रोध ઉપરથી] ખાડો (ચીલામાં

**રોધ** પુ૦ [सं ] અટકાવ. **૦ક** વિ૦રોધ કરનારું. **૦ન** ન૦રોધવું તે **૦વું** સ૦ક્રિ૦રોકવું, અટકાવવું

**રોન** સ્ત્રી૦ [इं राउन्ड] રાતની ચોકી માટે ફરવું તે [**-ફરવી, મારવી**] [રોનકવાળું

**રોનક** સ્ત્રી૦ [अ ] તેજ, ભપકો **૦દાર** વિ૦

**રોપ** પુ૦ [રોપવું પરથી] રોપો, છોડ **૦ણ** ન૦ [सं ] રોપવું તે **૦ણહાર** વિ૦ રોપનાર **૦ણી** સ્ત્રી૦ રોપણ; વાવણી

**રોપવું** સ૦ક્રિ૦ [स. रोप्] વાવવું (૨) ખોડવું

**રોપાણ** ન૦ [રોપવું પરથી] જુઓ રોપણ

**રોપિત** વિ૦ [सं ] રોપેલું

**રોપીટ** સ્ત્રી૦ [રોવું + પીટવું] રોકૂટ; રોવું ને છાતી પીટવી તે

**રોપો** પુ૦ જુઓ રોપ

**રોફ(-બ)** (રો) પુ૦[જુઓ રુઆબ;સર૦ हिं.,म. रोब] ભપકો, દબદબો (૨) પ્રતાપ, તેજ, દાબ. [**-કરવો, મારવો**=ડોળદમામથી રહેવું. (૨) ઉપરીપણું દાખવવું; દાબ પાડવા જેવું વર્તન કરવું **-ચલાવવો, પાડવો, રાખવો** દાબ પાડવો, રોફમાં રાખવું. **-બેસાડવો**=ધાક બેસાડવી, રોફ પાડવી.] **૦દાર** વિ૦ રોફવાળું. **-ફી(-બી)** વિ૦ રોફવાળું

**રોખડ** વિ૦ [જુઓ રોખું; ડોબું] જડ; મૂર્ખ; અરસિક [ધરેણું
**રોખડી** સ્ત્રી૦ [સર૦ મ. डोबर] સ્ત્રીઓનુ એક
**રોખ, ૦દાર, -ખી** જુઓ 'રોફ'મા
**રોમ** પું૦, ન૦ [સં.] રુવાટું; રૂવું, શરીર ઉપરના વાળ. ૦કૂપ, ૦ગર્ત પું૦ રોમવાળું ચામડીનું છિદ્ર. ૦શત્રુ પુ૦ હજામ. ૦હર્ષ પુ૦ રોમાંચ (૨) વિ૦ રોમાંચ કરે એવું
**રોમ** ન૦ [ઇં] (સં.) ઇટાલીનું જાણીતું શહેર. ૦ન વિ૦ રોમનુ કે તેને લગતું કે તેનું રહેવાસી
**રોમંથ** પું૦ [સ] વાગોળવું તે
**રોમાવલિ** (-લી, -ળિ, -ળી) સ્ત્રી૦ [સં.] રુવાંટીની હાર
**રોમાંચ** પું૦[સં.] (લાગણીથી) શરીર ઉપરનાં રૂંવા ઊભા થવા તે. ૦ક રોમાંચ કરે એવું, રોમહર્ષ -ચિત વિ૦ રોમાચ થયો હોય તેવું
**રોયણ** (રો') સ્ત્રી૦ (સં) રોહિણી
**રોયણ** ન૦ [સં रुदन, પ્રા रोअण] + રુદન
**રોયલ** વિ૦ [ઇં] એક ખાસ કદનો (છાપવાનો કાગળ) (૨) શાહી; દરબારી
**રોયલી** સ્ત્રી૦ [મ] નાનુ લ ગર (મછવાનુ)
**રોયલ્ટી** સ્ત્રી૦ [ઇં.] લેખક વગેરેને તેમની કૃતિના વેચાણ ઉપર જે મહેનતાણુ ઠરાવી આપવામાં આવે તે [(સ્ત્રીઓની ગાળ)
**રોયુ** વિ૦ ['રોવું' ઉપરથી] પીટયું; રડયું
**રોલ** પું૦ [ઇં. रोल] (વહાણમા બેસતા આવતા) ચક્કર, તમ્મર (૨) એક જાતનુ રેશમી કાપડ
**રોલ** પું૦[ઇં.]આંકણી, ૦ર પું૦ગબડે તેવો ગોળ ઘાટ (જેમ કે, છાપખાનાનો; જમીન દાબવાનો)
**રોલા** (-ળા) પું૦ [સં] એક છંદ
**રોલું** (રો?) વિ૦ બાઘુ, મૂર્ખ, મૂઢ
**રોવું** અ૦ ક્રિ૦ [પ્રા. रोव (સં. रुद्)] રડવું (૨) સ૦ક્રિ૦ -ને રડવું; -નુ દુઃખ કરવું, ગાવું (૩) ન૦ રડવું તે, રોણું -વડાવવું સ૦ક્રિ૦ [પ્રેરક]. -વાવું અ૦ ક્રિ૦ [ભાવે]
**રોશન** વિ૦ [फा] ચળકતુ (૨) જાહેર [-થવું = જાણ થવી. -વાળવું = નુકસાન કરવુ, ધૂળધાણી કરવી.] -નાઈ, -ની સ્ત્રી૦ (ઘણા દીવાઓનો) સામટો પ્રકાશ (૨) રૂશનાઈ
**રોષ** પું૦ [સ.] ગુસ્સો. [-કરવો, રાખવો, રોષે ભરાવું = ગુસ્સે થવું.] ૦વવું સ૦ ક્રિ૦ રોષ ચડાવવો; ગુસ્સે કરવું -ષાવું અ૦ ક્રિ૦ રોષ ચડવો; ગુસ્સે થવુ. -ષિત વિ૦ રોષવાળું
**રોહ** પું૦ [સં.] કળી (૨) અંકુર
**રોહ** ન૦ [સં रोहिष] એક ઘાસ ૦ડો પું૦ એક ઘાસ (૨) [સં. रोहितक?] એક ઝાડ. ૦ણી સ્ત્રી૦ એક વનસ્પતિ
**રોહિણી** સ્ત્રી૦ [સ.] (સ.) ચોથુ નક્ષત્ર (૨) વીજળી (૩) [સ.] બળરામની માતા (૪) [સં.] ચંદ્રની પટરાણી (૫) આયતા શ્રુતિનો એક પ્રકાર
**રોહિત** વિ૦[સં.] રાતું (૨) પું૦ (સ.) હરિશ્ચંદ્ર રાજાનો પુત્ર. -તાશ્વ પુ૦ અગ્નિ
**રોહિલા** પું૦ [સર૦ हिं रुहेला; મ] પઠાણોની એક જાતિ. -લખંડ પું૦ (સ.) યુ પ્રાન્તનો એક પ્રદેશ જ્યા રોહિલાની વસ્તી છે
**રોળ** પું૦ [રોળવું પરથી ? પ્રા. रुल (સ. लुठ्) આળોટવું] અધઓક; મરકી (૨) ગજબ; દાટ; પાયમાલી (૩) [સર૦ મ. रोळा] મોટો જથ્થો (૪) [દે. रोल] ગભરાટ; શોરબકોર (૫) ઝઘડો, કલહ. [-ચાલવો = મરકી ફેલાવી -વળવો = ઘાણ નીકળી જવો, ખૂબ નુકસાન થવુ, ખૂબ વપરાઈ જવુ -વાળવો = ભય ફેલાવવો (૨) અતિશય નુકસાન કરવુ (૩) ઘાણ કાઢી નાખવો (૪) ખૂબ ખરચી નાખવુ ]
**રોળવવું** સ૦ક્રિ૦ ['રોળવુ' ઉપરથી] રોળે એમ કરવું
**રોળવાવું** અ૦ક્રિ૦ ચિડાવું. ખિજાવુ
**રોળવું** સ૦ક્રિ૦ [પ્રા. रुल (સં. लुठ्) ઉપરથી] ચોળવું; મસળવુ (૨) રગદોળવું; મેલુ કરવું (૩) [લા.] કચરી મારી નાખવું
**રોળા** પુ૦ [જુઓ રોલા] એક છંદ
**રોળીકોળી** (રો કો?) વિ૦ સ્ત્રી૦ સાંજની (વેળા)
**રોળું** (રો?) વિ૦ [જુઓ રોળવુ] અધોગવાળુ (૨) મેલુ; રોળાયેલુ (૩) જુઓ રોલુ (૪) ન૦ જુઓ રોળો; કજિયો. તોફાન; વિગાડ
**રોળો** (રો?) પુ૦ [દે रोल] ભાંજગડ (૨) ઘોંઘાટ; બૂમ (૩) ['રળવું' ઉપરથી] કમાઈ

**રોંક(-ખ)ણી** (રો૰) સ્ત્રી૰ [મ.] રોખડી; રવો. **-ણું** સ૰ક્રિ૰ રંધો ફેરવવો, સાફ કરવું

**રોંખણું** (રો૰) ન૰ [સર૰ म रोंचणें] પથ્થર લાકડા વગેરે પર આંકા પાડવાનું ઓજાર, ટાંકણું

**રોંખવું** (રો૰) સ૰ક્રિ૰ જુઓ 'રોકણી'માં, રોકવું

**રોંચુ** (રો૰) વિ૰ [જુઓ રોચુ] ગામડિયું, જંગલી, અસભ્ય **-ચો** પું૰ રાંભો, જડસો

**રોંઢું** (રો૰) ન૰ [જુઓ રોઢો] ત્રીજો પહોર, સમીસાંજનો વખત **-ઢો** પું૰ [સં. रोमंथ ઉપરથી ?] ત્રીજા પહોરનું જમણ (૨) વાળુ (૩) રોંઢું

**રૌદ્ર** વિ૰ [સં] રુદ્ર સંબંધી (૨) ભયંકર; ઉગ્ર (૩) પું૰ રૌદ્રપણું, રુદ્રતા (૪) કાવ્યના નવ રસમાંનો એક **-દ્રી** સ્ત્રી૰ દીપ્તા શ્રુતિનો એક અવાંતર ભેદ

**રૌપ્ય** વિ૰ [સં] રૂપાનું (૨) રૂપા જેવું

**રૌરવ** ન૰ [સં] એક નરક

## લ

**લ** પું૰ [સં] ચાર અર્ધ સ્વરોમાંનો ત્રીજો. **૰કાર** પું૰ લ અક્ષર કે તેનો ઉચ્ચાર. **૰કારાંત** વિ૰ છેડે લકારવાળું

**લઈ** 'લેવું'નું કૃ૰ રૂપ જેમ કે લઈ આવવું; લઈ જવું ઇ૰ [લઈને'

**લઈને** અ૰ ['લેવું'નું અ૰ કૃ૰] ઉદા૰ 'એને

**લઉઓ** પું૰ [प्रा. लव (सं लप्) ઉપરથી] રાજાની પાસે રહેતો મશ્કરો, લેવો

**લકડધક્કડ** અ૰ [લક્કડ+ધક્કો કે ધોકો ? કે રગડવું+ધકેલવું ?] લક્કડધક્કડ, ધમધોકાર; ઝપાટાબંધ

**લક(-ક્ક)ડિયું** વિ૰ [જુઓ લક્કડ] લાકડાનું (૨) કઠણ (૩) ઝાડને પણ બાળી દે એવું (હિમ) (૪) ન૰ જુઓ કઠોડું (૫) ગડાકુ બનાવવાનું લાકડાનું ખામણાવાળું ગચિયું. **-યો દાવ** પું૰ એક રમત

**લકવો** પું૰ [अ लक्वह] શરીરનું એકાદ અંગ રહી જવાનો રોગ, પક્ષાઘાત

**લકીર** સ્ત્રી૰ [हिं . म] લીટી, રેખા

**લકુ(-કૂ)બો** [अ लुकमह] કોળિયો. લાડવો, ફાયદો (કટાક્ષમાં) (-લેવો)

**લકૂટી** સ્ત્રી૰ [सं लकुट, સર૰ हिं.] લાકડી

**લકૂંદરું** વિ૰ [સર૰ म लक्क=ઉઘાડું, નાગું અથવા लतकुटा-लतकोडगा = નિર્લજ્જ.] રઝીઆજ, વંઠેલ

**લક્કડ** ન૰ [स लकुट, प्रा लक्कुड, સર૰ हिं., म.] લાકડું (બહુધા સમાસમાં વપરાય છે) **૰કામ** ન૰ લાકડાનું કામ, સુતારીકામ. **૰કોટ** પું૰ લાકડાનો કોટ કે આંતરો (૨) વહાણમાંથી જ્યાં લાકડાં ઊતરે છે તે ડક્કો **૰ખોદ** પું૰ એક પક્ષી **૰ધક્કડ** અ૰ જુઓ લકડધક્કડ **૰ધક્કે** અ૰ સખત રીતે; જોરથી. [-લેવું=સખત ઠપકો આપવો] **૰પીઠ** સ્ત્રી૰ લાટી, લાકડાનું પીઠું. **૰ફોડો** પું૰ લાકડાં ફાડનારો **૰શી(-સી)** વિ૰ લાકડા જેવું કઠણ (૨) પું૰ બ૰વ૰ જુઓ લક્કડશી લાડુ **૰શી લાડુ** પું૰ એક મીઠાઈ **-ડિયું** વિ૰ (૨) ન૰ જુઓ લકડિયું

**લક્કી કબૂતર** ન૰ [अ लक्का, સર૰ हिं. लक्का, ૰कबूतर] એક જાતનું કબૂતર

**લક્ષ** પું૰ [સં] લાખની સંખ્યા (૨) ધ્યાન (૩) ઉદ્દેશ (૪) [તાકવાનું] નિશાન [-આપવું, દેવું=ધ્યાન આપવું -ખેંચવું, દોરવું=ધ્યાન પર આણવું -પર, -માં આવવું, -માં ઊતરવું=લક્ષ જવું -પર, -માં લેવું=ધ્યાન આપવું -માં રાખવું=ધ્યાનમાં રાખવું -રાખવું=સરત રાખવી -સાધવું=ઉદ્દેશ સિદ્ધ કરવો (૨) નિશાન બરાબર તોડવું] **૰ક** વિ૰ સૂચક; લક્ષ ખેંચે એવું. **૰ચોરાશી** સ્ત્રી૰ જુઓ લખચોરાશી

**લક્ષણ** ન૰ [સં] ચિહ્ન, નિશાની (૨) ગુણ; બીજી વસ્તુથી જુદો પાડનાર ખાસ ધર્મ (૩) તેના ધર્મનું કથન, વ્યાખ્યા [ન્યા.] (૪) ઢંગ; આચરણ. **૰વંતું** વિ૰ સુલક્ષણું (૨) [કટાક્ષમાં] નઠારાં લક્ષણવાળું

**લક્ષણા** સ્ત્રી૰ [સં.] લક્ષ્યાર્થનો બોધ કરાવનાર શબ્દની શક્તિ (વ્યા)

**લક્ષણીય** વિ૰ [સં] લક્ષમાં લેવા જેવું

**લક્ષધા** અ૦ [સં] લાખ રીતે
**લક્ષ વસ્યા** અ૦ અવશ્ય; જરૂર
**લક્ષવું** સ૦ક્રિ૦ [સં લક્ષ્] તાકવું (૨) તાકીને બેસવું (૩) અટકળ કરવી (૪) શોધી કાઢવું, જોઈ જવું
**લક્ષ(-ક્ષ્ય)વેધી** વિ૦ ધારેલું નિશાન પાડનાર
**લક્ષાધિપતિ** પુ૦ [સં.] લાખ રૂપિયાની પૂંજીવાળો, લખપતિ
**લક્ષાલક્ષ** ન૦+લક્ષ્ય
**લક્ષાવધિ** અ૦ [સં] લાખે લેખાં હોય તેમ
**લક્ષિત** વિ૦ [સં] દેખાડેલું (૨) દેખેલું (૩) લક્ષણાથી જાણેલું (વ્યા).
**લક્ષી** વિ૦ [સં] લક્ષવાળું; લક્ષતું (સામાન્ય રીતે સમાસને અંતે. ઉદા૦ 'એકલક્ષી')
**લક્ષ્મણ** પુ૦ [સં] (સં.) રામનો નાનો ભાઈ; સુમિત્રાનો પુત્ર [પટરાણીઓમાની એક
**લક્ષ્મણા** સ્ત્રી૦ [સં] (સં) કૃષ્ણની આઠ
**લક્ષ્મી** સ્ત્રી૦ [સં.] (સં) વિષ્ણુની પત્ની, ધનની અધિષ્ઠાત્રી દેવી ચૌદ રત્નમાનું એક (૨) ધન, દોલત. ૦કાંત, ૦નાથ, ૦પતિ, ૦વર પુ૦ (સં.) વિષ્ણુ. ૦તાલ પુ૦ એક જાતનો તાલ (સંગીત) ૦ધર પુ૦ એક છંદ ૦પૂજન ન૦; ૦પૂજા સ્ત્રી૦ આસો વદ તેરસને દિવસે કરાતી લક્ષ્મીની પૂજા. ૦વંત(-તું), ૦વાન વિ૦ પૈસાદાર
**લક્ષ્ય** વિ૦ [સં.] લક્ષ આપવા જેવું (૨) તાકવાનું; તાકી શકાય તેવું (૩) જોઈ શકાય-જાણી શકાય તેવું, દૃશ્ય (૪) ન૦ ધ્યેય (૫) લક્ષ, હેતુ (૬) નિશાન (તાકવાનું) (૭) લક્ષ્યાર્થ (૮) જેનું લક્ષણ બાંધવાનું હોય તે (ન્યા). ૦બિંદુ ન૦ લક્ષ્ય, ધ્યેય ૦વેધ પુ૦ ધારેલા નિશાનને તોડી પાડવું તે ૦વેધિત્વ ન૦ લક્ષવેધીપણું. ૦વેધી વિ૦ જુઓ લક્ષવેધી -ક્ષ્યાર્થ પુ૦ [+અર્થ] મુખ્યાર્થનો બાધ થયે તેનો સંબંધી એવો જે બીજો અર્થ લેવો પડે છે તે (વ્યા)
**લખ** વિ૦ [જુઓ લક્ષ] લાખ (૫)(૨) [જુઓ લક્ષ્ય] દૃશ્ય (જગત માટે) (૩) સ્ત્રી [જુઓ લખલખવું અર્થ ૫] લત, છંદ (૪) જુઓ લક્ષ્મી. ૦ચોરાશી સ્ત્રી૦ ચોરાસી લાખ જન્મનું ચક્ર. ૦પતિ પુ૦ લક્ષાધિપતિ
**લખ(-ખ)ણ** ન૦ [સં લક્ષણ]+ લક્ષણ, ચિહ્ન
**લખણી** ન૦ ['લખવું' પરથી] ટીપ, યાદી (દાન કે ઉઘરાણાની). [-કરવી=ઉઘરાણું કરવું.] -ણું ન૦ લખવાનું વતરણું; લેખણ (૨) લખણી. -ત ન૦ કરારઃ સહી સાથેનું લખાણ (૨) નસીબના લેખ. -ત પત્તર ન૦ કાગળિયા ઉપરનું લખાણ (૨) ગમે તેવું (કાચું કે અચોક્કસ) લખાણ
**લખપતિ** જુઓ 'લખ'માં
**લખલખ** વિ૦ [સં. લક્ષ્ ઉપરથી, અથવા રવ૦] ચળકતું; સ્વચ્છ (૨) અ૦ [રવ૦] લખલખે એમ. [-થવું=લખલખવું.] ૦વું અ૦ક્રિ૦ ફાટવું; પીડા થવી (૨) ચકચકવું; ઝળકવું (૩) લખલખ એવો અવાજ થવો (પાણી ઊછળવાથી, કૂતરું પાણી પીએ ત્યારે) (૪) લવલવવું (૫)[સં. લષ્; સર૦મ लखलखणें] તીવ્ર ભૂખ લાગવી, તીવ્ર અભિલાષા થવી -ખાટ પુ૦ ઝગઝગાટ (૨) લવારો (૩) સણકો; પીડા (૪) ધારતી, ડર (૫) ધોધાટ, ધમાલ (૬) ધખણા; ભૂખ. -ખાટો પું૦ લખલખાટ, ઝગઝગાટ
**લખલૂટ** વિ૦ [લખ (લક્ષ)+લૂટ (લૂંટવું, કે લોટવું), સર૦ મ.] પુષ્કળ, બેશુમાર
**લખવું** સ૦ક્રિ૦ [સં लिख्; સર૦ હિં. लिखना, મ लिहणें] લખાણ કરવું (૨) આલેખવું (૩) [સં. लक्ष्, પ્રા लक्ख] અવલોકવું, જોવું [લખી આપવું=લખત કરી આપવું, લેખિત કબૂલાત આપવી લખી કાઢવું=જલદી લખી નાખવું. (નામ) લખી જવું=ગુનો કર્યા બદલ નામ નોંધી જવું (૨) આવીને લખી લેવું લખી દેવું=લખી આપવું (૨) લખી કાઢવું. લખી નાખવું=જલદી લખી કાઢવું. લખી પાડવું=જલદી લખી નાખવું લખી મારવું=હોય તેનાથી જુદું (ઉતાવળમાં કે ભૂલથી) લખી નાખવું લખી મૂકવું, રાખવું=લખાણ કરી રાખવું લખી લેવું= (યાદ રહે તે માટે) ઉતારી લેવું-લખવું.

લખી વાળવું=હિસાબમા માંડી વાળવું.]
લખંલખા સ્ત્રી૦ ['લખવું' ઉપરથી] ઉપરાઉપરી કે સામસામી લખવું તે
લખાઈ સ્ત્રી૦ ['લખવું' ઉપરથી] લખવાનુ મહેનતાણું. –ણ ન૦ લખવુ તે (૨) લખેલુ તે –ણપઢાણ ન૦ [લખવુ + પઢવુ] લેખિત પુરાવો –પટ્ટી(–ડી) સ્ત્રી૦[સર૦મ लखापढी, લખવું + પઢવુ હિં. लिखापढी, લખવુ + પટ્ટી (સ पत्=વાર વાર પડવુ–વળગવુ)] લખ લખા કરવુ–વારવાર લખવુ તે. –મણ ન૦, –મણી સ્ત્રી૦ લખવાનુ મહેનતાણુ; લખાઈ
લખારો પુ૦ [લખલખ, રવ૦] લવારો, નકામી ટકટક (૨) ['લાખ' ઉપરથી, સર૦ હિં., મ लखेरा] લાખની ચૂડી વગેરે બનાવનારો (૩) લાખ ચડાવવાનુ કામ કરનારો
લખાલખ સ્ત્રી૦['લખવુ'પરથી]જુઓ લખલખા
લખાવટ સ્ત્રી૦ ['લખવુ' ઉપરથી] સર૦ હિં, મ लिखावट] લખાણ (૨) લખવાની ઢબ (૩) [લખલખ, રવ૦] ધાસ્તી (૪) લવારો
લખિતંગ વિ૦ [સ लिखितम् (ત્રીજી વિભક્તિમા કર્તા સાથે)] (પત્ર) લખનાર, લિખિતગ
લખિયારા પુ૦[લાખ પરથી, સર૦ હિં. लखेरा] લાખનુ કામ કરનાર એક જાતનો માણસ (૨) એક અટક
લખી સ્ત્રી૦ [સં लक्ष्मी?] (કા) ઘોડીની એક જાત [પુ૦ લખપતિ
લખેશરી વિ૦ [સ लक्षेश्वर] તાલેવંત (૨)
લખોટવું સ૦ક્રિ૦ [લાખ પરથી, સર૦ મ लाखटणें] લાખ ચડાવવી (માટીના વાસણને)
લખોટી સ્ત્રી૦ [સ. लाक्षा+वृत्तक] કાચ કે પથ્થરની (રમવાની) નાની ગોળી
લખોટો પુ૦ [સં लाक्षा ઉપરથી, સર૦ હિં. लखौटा, મ लाखोटा, लखोटा] અગત્યના કે સરકારી કાગળોનો સીલબંધ બીડો (૨) [જુઓ લખોટી] મોટી લખોટી
લખ્ખણ ન૦ જુઓ લખણ, લક્ષણ
લખ્યા લેખ પું૦ બ૦ વ૦ [લખ્યુ+લેખ] વિધિએ લખેલો લેખ, નસીબ, વિધિ
લખ્યા, ['લખવુ' ઉપરથી] ૦પતરાં [સં पत्र] ન૦બ૦વ૦ લખત, દસ્તાવેજ [–કરવાં, કરી આપવાં]
લગ સ્ત્રી૦ [સ. लग्, સર૦ લાગ, સર૦ મ ] ટેકણ, ટેકો (મોભનો) (૨) સૂતરની આંટી (૩) અ૦+લગી [માથાટેકો
લગઝૂડ સ્ત્રી૦ [લાગવું + ઝૂડવુ] મગજમારી,
લગટ વિ૦ (૨) અ૦ [સર૦ લગી, મ] સળંગ, એકધારુ
લગડ સ્ત્રી૦[મ] એક પક્ષી [કે ચાંદીની પાટ
લગડી સ્ત્રી૦ [સર૦ મ. लगड, મ लगुड?] સોના
લગડું ન૦ [સર૦ મ लगट સ लग् ઉપરથી] ગવેડાનુ છાલકુ કે ચોકઠું (૨) બોજો [–લાગવું = ભાર, બોજો કે જવાબદારી ચોટવા.]
લગણ પુ૦ [સં लग् ઉપરથી] બોજો (૨) અ૦ લગી, સુધી
લગત વિ૦ [સં लग्, સર૦ મ] લગતુ; નજીકનું (૨) સ્ત્રી૦ [સર૦ મ लागता] સબંધ, વહેવાર (૩) અ૦ પાસે, જોડે, લાગીને –તી સ્ત્રી૦ [સર૦ મ] વગ, શરમ –તું વિ૦ સબંધી; લાગુ પડતુ, નજીકનુ
લગદી સ્ત્રી૦ [સ लग् ઉપરથી, સર૦ મ लगदा] જુઓ લૂગદી –દો પુ૦ લચકો, લોદો
લગન ન૦ [સ लग्न] જુઓ લગ્ન (૨) સ્ત્રી૦ [હિં] લગની. [–ઉકેલવું=લગ્નની જવાબદારી કે બોજામાંથી પરવારવું. –લખાવવું= લગ્નમિતિ નક્કી કર્યાની લેખિત ખબર આપવી –લાગવી = લગની લાગવી] ૦ગાળો પું૦ લગનની મોસમ ૦ઘડી સ્ત્રી૦ લગનની મુખ્ય ક્રિયા કરવાની ઘડી–મુરત તે ૦પડો પુ૦ વરના તરફથી કન્યાને ત્યા લગ્નનો શુભ દિવસ લખી, મોકલાતુ કંકુનુ પડીકુ. ૦સરા સ્ત્રી૦ લગનગાળો –નિયો પુ૦ વરને તેડવા જનારો કન્યા તરફનો સગો. [સામો લગનિયો = ઠઠારો કરનાર માણસ ]–ની સ્ત્રી૦ રઢ, લહે, લત (–લાગવી)
લગભગ અ૦[દે. लग (દ્વિર્ભાવ), હિં., મ] પાસે; અડોઅડ (૨) આશરે
લગરીક વિ૦(૨)અ૦ [જુઓ લગીર]+લગીરેક
લગલગ ન૦[સર૦ હિં, अ लक्लक]એક પંખી

**લગવાડ** સ્ત્રી૦ [સં. लग् ઉપરથી] સંબંધ,પ્રીતિ
**લગડું** ન૦ [સં लग्] નક્કી કરેલા ભાવે દરરોજ અમુક વસ્તુ લેવી તે (૨) સ૦ક્રિ૦ (૫) લાગવું; વળગવું (૩) પહોંચવું
**લગાડવું** સ૦ ક્રિ૦ ['લાગવું'નું પ્રેરક] અડકાડવું (૨) ચોપડવું (૩) વળગાડવું, લાગુ કરવું (૪) સળગાવવું [લાગલાગટ
**લગાતાર** અ૦ [હિં.; સર૦ મ. लगेतार] સતત,
**લગામ** સ્ત્રી૦[फा.] ઘોડાના મોંનું લોઢાનું ચોકઠું (૨) તેને બાંધેલી હાંકનારના હાથમાં રહેતી દોરી (૩)[લા.] અંકુશ. [–આપવી=લગામ ઢીલી મૂકવી (૨) છૂટ આપવી, દાબ, અંકુશ કે બંધન વિનાનું રાખવું. –ખેંચવી, ઝાલવી, પકડવી=જતું અટકાવવું; કાબૂમાં લેવું. –છૂટી મૂકવી=સ્વતંત્રતા આપવી (૨) બહેકી જવા દેવું –તંગ કરવી=અંકુશ મૂકવો; ખેંચી પકડવું.]
**લગાર,–રેક** વિ૦ [જુઓ લગીર] થોડું (૨) અ૦ થોડા વખત માટે
**લગાવ** પું૦ [સં लग् ઉપરથી ?] મીણ
**લગાવવું** સ૦ ક્રિ૦ ['લાગવું'નું પ્રેરક, સર૦ હિં लगावना, મ लगावणें] જુઓ લગાડવું ૧, ૨, ૩ (૨) મારવું, ઠોકવું [લગણ, સુધી
**લગી** અ૦ [જુઓ લગ.સર૦હિં लगी, મ लगू]
**લગીર,–રેક** વિ૦ [હિં. लकीर=પાતળી લીટી ઉપરથી ?] જુઓ લગાર
**લગે** અ૦ [સં लग्, સર૦ મ. હિં] લાગ્યા! ફાવ્યા! હું! (એક ઉત્તેજનનો ઉદ્ગાર) (૨) +લગી. ૦લગે અ૦ લગે ૧ જુઓ
**લગેજ** ન૦ [ઇં] (રેલવે) ઉતારુનો સામાન. [–કરવું સ૦ક્રિ૦ ઉતારુનો સામાન લગેજના ખાસ ડબામાં મોકલવો (૨) સરસામાન જોખાવી રસીદ કઢાવવી] ૦ઑફિસ સ્ત્રી૦ જ્યાં ઉતારુનો સામાન લગેજ કરવામાં આવે તે ઑફિસ. ૦પાર્સલ ન૦ લગેજના ખાસ જુદા ડબામાં મોકલાતું પાર્સલ
**લગોલગ** અ૦ [દે. लग = નજીક; સર૦ મ.] છેક પાસે, અડીને (૨) લગભગ, પાસે
**લગ્ગુ** અ૦ જુઓ લગોલગ (૨) વિ૦ [સં लग् ઉપરથી] છિનાળવું, પરસ્ત્રી પાછળ ફર્યા કરનાર
**લગ્ન** વિ૦ [સં] લાગેલું, વળગેલું (૨) લીન, આસક્ત (૩) ન૦ જેટલો સમય પૃથ્વી એક રાશિમાં રહે તેટલો વખત (૪) કોઈ શુભ કાર્ય કરવાનું મુહૂર્ત (૫) પરણવાનું મુહૂર્ત (૬) લગન, પરણવું તે, વિવાહ [–કરવું=પરણવું –જોવું =લગ્નનું મુહૂર્ત જોવું.–માંડવું=લગ્નની તૈયારી કરવી. –લેવું(–વાં)=લગ્નનું મુહૂર્ત ઠરાવવું (૨) લગ્નની તૈયારી કરવી લગ્ને લગ્ને કુંવારા=હમેશાં અને હર વખતે તૈયાર.] ૦કાર્ય ન૦ લગ્નનું કામકાજ ૦કાલ(–ળ) પું૦ લગ્ન કે બીજા શુભ કાર્યનું મુહૂર્ત ૦કું(–કું)ડળી સ્ત્રી૦[સર૦ હિં, મ. लग्नकुंडली] જન્મ સમયે કયો ગ્રહ કઈ રાશિમાં હતો તે બતાવનાર કુંડળી, જન્મકુંડળી. ૦તિથિ સ્ત્રી૦ લગ્નનો દિવસ. ૦નક્ષત્ર ન૦ લગ્ન માટે શુભ નક્ષત્ર. ૦મંડપ પું૦ લગ્ન માટે તૈયાર કરેલો મંડપ ૦મુહૂર્ત ન૦ લગ્નકાળ. ૦વેળા સ્ત્રી૦ લગ્નકાળ. –ગ્નોત્સવ પું૦ [+ उत्सव] લગ્નનો ઉત્સવ–ઉજવણી
**લઘરવઘર** વિ૦[જુઓ લઘરા] (કા) ચીંથરેહાલ
**લઘરા** પું૦બ૦વ૦ ['લકીર ઉપરથી ?]લૂગડાના ડૂચા; ચીંથરા. **લઘરિયું** વિ૦ લઘરવઘર
**લઘિમા** સ્ત્રી૦[સં] લઘુપણું (૨) આઠ સિદ્ધિઓમાંની એક–અતિ લઘુ થઈ જવું તે
**લઘુ** વિ૦ [સં.] નાનું (૨) હલકું (૩) સહેલું (૪) હ્રસ્વ, એક માત્રાનું (૫)પું૦ હસ્ત, પુષ્ય અને અશ્વિની નક્ષત્રોનું નામ ૦કથા સ્ત્રી૦ નાની વાર્તા, સાહિત્યકૃતિનો એક પ્રકાર ૦કંસ પું૦ ()આવો કૌંસ ૦કોણ પું૦૯૦°થી નાનો કોણ, 'એક્યૂટ એન્ગલ'(ગ) ૦જન પું૦(ગુરુજનનો વિપર્યાય) નાનો કે હલકો માણસ ૦તમ વિ૦ સૌથી નાનું (૨) પું૦ અમુક રકમોમાંની દરેકથી જેને શેષ વિના ભાગી શકાય એવી નાનામાં નાની રકમ (ગ). ૦તમ સમચ્છેદ પું૦ અમુક અપૂર્ણાંક રકમોના દરેકના છેદથી બરાબર ભાગી શકાય એવી નાનામાં નાની સંખ્યા (ગ) ૦તમ સાધારણ અવયવી, ૦તમ સાધારણ ભાજ્ય પું૦

[સર૦ મ] જુઓ લઘુતમ. ૦તા સ્રી૦. ૦તાવાચક વિ૦ લઘુતા બતાવનાર ૦તાઈ સ્રી૦ + લઘુતા ૦ત્વ ન૦. ૦પ્રયત્ન વિ૦ થોડા પ્રયત્નથી ઉચ્ચારાય તેવો (વર્ણ) (૨) આળસુ. ૦મતી સ્રી૦ થોડા મત ધરાવતો પક્ષ કે એવા લોકો (૨) થોડા મત હોવા કે ધરાવવા તે ૦રેખા સ્રી૦ (—) આવું એક વિરામચિહ્ન ૦લાઘવતા, ૦લાઘવી સ્રી૦ ચાલાકી; પેચ; યુક્તિ ૦લિપિ સ્રી૦ બોલેલું જલદી લખી શકાય તેવી ટૂંકા સંકેતોવાળી લિપિ 'શૉર્ટહેન્ડ'. ૦લેખન ન૦ લઘુલિપિમાં લખવું તે. ૦વયી વિ૦ નાની-ઓછી ઉમ્મરનું ૦વાર્તા સ્રી૦ લઘુકથા. ૦શંકા સ્રી૦ પેશાબની હાજત. ૦શેખર પું૦ સંગીતનો એક તાલ

લઘૂકરણ ન૦ [સં.] લઘુ-ઓછું કે ટૂંકું કરવું તે (૨) હલકું પાડવું કે તિરસ્કાર કરવો તે

લચક સ્રી૦ [જુઓ લચકવું, સર૦ હિં; મ] મચકોડ (૨) લચકાતી ચાલ. [-આવવી, -ખાવી = મચકોડાવું]

લચક લચક અ૦ ['લચકો' ઉપરથી] લચકે ને લચકે, મોટે મોટે કોળિયે, ઉતાવળથી (-ખાવું)

લચકવું અ૦ક્રિ૦ [રવ૦ સ લસ્ज् ઉપરથી? સર૦ હિં. लचकना, મ लचकणें] લચી જવું (૨) કરમોડાવું, સાવામાથી ઊતરી જવું (૩) સહથી ચાલતા કમ્મરેથી જરા મરડાવું

લચકો પું૦ ['લચકવું' ઉપરથી, સર૦ હિ., મ] લોચો (૨) લચકો દાળ ૦દાળ સ્રી૦ ઢીલી દાળ (પ્રવાહી અને ભસરી વચ્ચેની)

લચડવું સ૦ક્રિ૦ ['લોચો', 'લચકો' ઉપરથી] ચોપડવું, લપેડવું

લચપચ અ૦ [રવ૦] પ્રવાહીથી તરબોળ અને લોદા જેવું હોય તેમ ૦વું અ૦ક્રિ૦ લચપચ થવું

લચલચવું અ૦ક્રિ૦ જુઓ લચકવું

લચવું અ૦ક્રિ૦ [સં लस्ज्? हि लचना, म. लचणें] ભારથી નમી જવું [લચી જવું, પડવું = નમી જવું (૨) કાલાવાલા કરવા]

લચં(-ચાં)ડ વિ૦ [સર૦ મ. लच्चाड] માથાફોડિયું (૨) ન૦ [મ] પીડા; લપ, બલા

લચ્છ પું૦ લચ્છો ૧ જુઓ (૨) સ્રી૦ [સર૦ હિં] + લાછ, લક્ષ્મી

લચ્છન ન૦ [સર૦ હિં] + લક્ષણ

લચ્છો પું૦ [સર૦ હિ. लच्छा] માળો, પાયેલા દોરની આટી (૨) પગનાં આગળાનું એક ઘરેણું

લછ સ્રી૦ [જુઓ લચ્છ] + લક્ષ્મી (૨) ન૦ [સર૦ હિં. लच्छ (સં लक्ष्य)] લક્ષ, ધ્યાન

લજવવું સ૦ક્રિ૦ [સં लज्; સર૦ હિં लजाना] લાજે તેમ કરવું. લજાવવું

લજાડ(-વ)વું સ૦ક્રિ૦ 'લાજવું'નું પ્રેરક

લજામણી સ્રી૦ ['લાજ' ઉપરથી, સર૦ હે. लज्जालुइणी, સર૦ મ. लाजाळू, મ लज्जावती, હિં लजारु(-लू)] એક છોડ (અડવાથી તેના પાન સંકોચાઈ જાય છે) -ણું વિ૦ લાજ પમાડે તેવું; લાજ આવે તેવું, શરમજનક

લજાવવું સ૦ક્રિ૦ જુઓ લજાડવું [પડવી)

લજ્જત સ્રી૦ [અ] મજા, લિજ્જત (-આવવી,

લજ્જા સ્રી૦ [સં] લાજ, શરમ (૨) અપકીર્તિ. [-આવવી, પામવું = શરમાવું] ૦ન્વિત વિ૦ [+ अन्वित] શરમિંદુ ૦યમાન વિ૦ લાજતું, શરમાતું ૦લુ(-ળુ) વિ૦ લજ્જાશીલ; શરમાળ ૦વતી વિ૦ સ્રી૦ શરમવાળી ૦વાન, ૦શીલ વિ૦ શરમવાળું ૦શૂન્ય, ૦હીન વિ૦ શરમ વિનાનું; બેશરમ -જ્જિત વિ૦ લજ્જા પામેલું; શરમાયેલું

લટ સ્રી૦ [સ लट्वा, સર૦ હિં, મ] થોડા વાળની સેર (૨) વડની મૂળી (૩) અમુક (સૂતરના) તાર કે દોરાની આટી (૪) મોતીની સેર [-ગૂંથવી, બાંધવી, સમારવી = વાળની છૂટી સેરને ગૂંથી-બાંધીને ઠીક કરવી. -પાડવી = આટીના અમુક તારની લટ અલગ બાંધવી]

લટક સ્રી૦ ['લટકવું' ઉપરથી, સર૦ મ, હિં] લચકાવું તે, મચકોડ (૨) લટકો (૩) છટા, ખૂબી, શૈલી ૦છટક સ્રી૦ છટા, ખૂબી ૦ણ(-ણિયું) વિ૦ ['લટકવું' ઉપરથી] લટકતું, ઝૂલતું (૨) ન૦ કાનનું એક લટકતું રહેતું ઘરેણું (૩) [લા.] (વગર બોલાવ્યે સાથે આવેલું) છોકરું. ૦ણિયાળું વિ૦ લચકાતું; લચકવાળું

**લટકવું** અ૦ક્રિ૦ [સર૦ हिं. लटकना, म. लटकणें (स. लट्, लड्)] ઝૂલવું; લબડવું, ટંગાવું (૨) [લા.]આધારરહિત થવું, વચ્ચે રખડી જવું
**લટક-સલામ** સ્ત્રી૦ [લટકવું + સલામ] ખરા દિલથી ન કરેલી, ખાલી સલામ
**લટકાવવું** સ૦ક્રિ૦ 'લટકવું'નું પ્રેરક
**લટકાળું** વિ૦ [સર૦ हि. लटकीला] લટકાવાળું (૨) લટકા કરનારું
**લટકિત** વિ૦ [લટકો પરથી] લટકાળું; લટકાવાળું
**લટકું** ન૦ લટકો; નખરું
**લટકો** પું૦ ['લટકવું' ઉપરથી, સર૦ दे लडह= સુંદર હાવભાવ] શરીરનો મોહક હાવભાવ-ચાળો; નખરું ૦ઝટકો પું૦ સહેજસાજ નવરાશનો સમય (૨) અ૦ દૈવયોગે, અણધાર્યું ૦મટકો પું૦ આંખ અને શરીરનો ચાળો, નખરું
**લટપટ** વિ૦ [રવ૦, સર૦ हिं लटपटा, म लटपट्या] સંચળ; ચપળ (૨) [સ. लिप्त ?] પ્રેમાસક્ત; એકબીજાને વળગેલું-ચોટેલું (૩) સ્ત્રી૦ [સર૦ म] ચંચળતા, ચપળતા (૪) મેળ; સંબંધ (૫) પ્રેમાસક્તિ (૬) ઘાલમેલ, ખટપટ (૭) અ૦ ઝટપટ; જલદી [-કરવી= સામાને ભોળવવા ચાલાકી, ખટપટ, ધમાલ કરવી. -બનવું=પ્રેમાસક્ત થવું] ૦વું અ૦ક્રિ૦ સ્નેહમાં અડોઅડ થવું, એકબીજાને વળગવું-ચોટવું -ટિયું વિ૦ ચપળ, ચંચળ (૨) ન૦ હજામની અસ્ત્રો ઘસવાની ચામડાની પટ્ટી [લટપટિયાં લેવાં=હજામનો ધંધો કરવો (૨) કામધંધા વિના રખડવું કે પડયા રહેવું.]
**લટર** સ્ત્રી૦ [જુઓ લટ] (ફૂલમાંની) રેખા (૨) [જુઓ લટાર] આંટો [-મારવી]
**લટવું** અ૦ક્રિ૦ [સર૦ हिं. लटना] નમી પડવું. [લટી પડવું=નમી પડવું(૨)કાલાવાલા કરવા]
**લટાક** સ્ત્રી૦ લટક (?)
**લટાકો** પું૦ (કા) પચાત
**લટાર** સ્ત્રી૦ [સં. अट् ઉપરથી ? કે 'લટકવું' ઉપરથી ?] આંટો, ફેરો, ચક્કર [-મારવી]
**લટિયર** વિ૦ ['લટ' કે 'લટકો' ઉપરથી] (કા.) શોખીન, છબકાદાર
**લટિયું** ન૦ [જુઓ લટ] વાળ (જરા તુચ્છકાર-દર્શક). [લટિયાં ઊડવાં, ફરફરવાં= અવ્યવસ્થિતપણે વાળ ઊડવાથી કદ ગું દેખાવું. -ગૂંથાવાં=(લા) નિકટ સંબંધમાં આવવું. -પીંખવાં=મારી નાખવું (૨) ફજેતી કરવી. -ફેંસાવવાં=મારી નાખવું ]
**લટી** સ્ત્રી૦ [સર૦ हिं.(स लट=દોષ; लटक=દુષ્ટ, બદમાસ] વેશ્યા; રંડી (૨) ગપ, જૂઠી વાત
**લટૂરી** સ્ત્રી૦ ['લટ' ઉપરથી] વાળનું એક ઘરેણું (૨) કેશની લટ
**લટોઝટો** અ૦ ['ઝટ' દ્વિર્ભાવ] ઉતાવળે (૨) ['લટ' ઉપરથી] સહેજસાજ
**લટોરો** પું૦ [જુઓ લટ] લટર, લટ (૨) ડાળાનું ઝુંડ (૩) [સર૦ हि. लटोरा] એક પખી
**લટ્ટુ** વિ૦ [સર૦ हिं (सं लुट् ઉપરથી?)] નરમઘેંશ (૨) પરવશ (૩) સ્તબ્ધ (૪) પું૦ ભમરડો [-થઈ જવું= ખૂબ આસક્ત થઈ જવું (૨) પરવશ-નરમઘેંશ થઈ જવું ]
**લઠ(-ઠ્ઠ)** વિ૦ [प्रा. लट्ठि(स यष्टि)=લાઠી; સર૦ हिं, म] જાડું ને મજબૂત (૨) પું૦ ડગોરો. [-નિરંજન. ભારતી=મજબૂત બાંધાનો ને રખડેલ માણસ] -ઠિયું વિ૦ લઠ્ઠ (૨) ન૦ ગાડાનો નીચલો ભાગ જેમાં લઠ્ઠો રહે છે. -ઠિં(-ઠી)ગું વિ૦ [સર૦ म लठिंगा] લઠ; મજબૂત (૨) લુચ્ચું. -ઠ્ઠી સ્ત્રી૦ નાનો લઠ્ઠો. -ઠ્ઠું વિ૦ [સર૦ हिं लट्ठा] લઠ્ઠ. -ઠ્ઠો પું૦ ગાડી કે ગાડાના પૈડાની લોઢાની ધરી-લઠ્ઠ દાંડો હોય છે તે (૨) જાડો માદરપાટ (૩) લઠ્ઠ માણસ (૪) (સુ) ડગોરો
**લડકણ(-ણું)** (લ') વિ૦ ['લડવું' ઉપરથી] ટંટાખોર; લડવાના સ્વભાવનું
**લડત** (લ') સ્ત્રી૦ ['લડવું' ઉપરથી] લડાઈ
**લડથડવું** અ૦ક્રિ૦ [प्रा ल्हस(स स्रस्)= લપસી પડવું + આથડવું, અથડાવું ?] લથડવું
**લડથડિયું** ન૦ [લડથડવું પરથી] લથડિયું; આડબડિયું [-આવવું, ખાવું]
**લડધું** વિ૦ [સર૦ हिं लढैत, म लढैव] લઠ્ઠ; અલમસ્ત (૨) ન૦ [સર૦ हिं लडैता, 'લડ' ઉપરથી] લાડકું તે-છોકરું

**લડબડવું** અ૰ક્રિ૰ [સર૰ हिं लड़बड़ाना, म. लड़बडणें] લડબડિયું ખાવું. **લડબડિયું** ન૰ ઠોકર ખાઈ લથડી પડવું તે [–આવવું, ખાવું]

**લડવા(–વે)ડ** (લ') સ્ત્રી૰ ['લડવું' પરથી] ઝઘડો; કજિયો, વઢવાડ [કરવાના સ્વભાવવાળું

**લડવાડિયું** (લ') વિ૰ ['લડવું' પરથી] લડયા

**લડવું** (લ') સ૰ક્રિ૰[સં लड्, સર૰ हिं लडना, म लडणें] વઢવું; ઠપકો દેવો (૨) અ૰ક્રિ૰ સામસામે વાદવિવાદ, ટંટો, બોલાબોલી, મારામારી કે યુદ્ધ–લડાઈ કરવી (૩) કોર્ટે ચડવું (૪) [લા ] અણબનાવ થવો (૫) [?] સ૰ક્રિ૰ લસોટવું –વૈયો પુ૰ યોદ્ધો

**લડસડ** અ૰ [લટક સટક (દ્વિર્ભાવ) ઉપરથી] લહેરમાં કે મદમાં અડબડિયાવાળી ગતિએ. ૦વું અ૰ક્રિ૰ લડસડ ચાલવું

**લડલડા(–ડી)** (લ) સ્ત્રી૰ ['લડવું' પરથી] લટાલડ

**લડાઈ** (લ') સ્ત્રી૰ ['લડવું' પરથી, સર૰ हिं , म ] યુદ્ધ; જંગ (૨) ટંટો, ઝઘડો. [–વેચાતી લેવી =પારકો કજિયો વહોરી લેવો –માં ઊતરવું=લડાઈમાં સામેલ થવું ] ૦ખોર, –કું'–કુ) વિ૰ લડકણું

**લડાક(–કુ)** વિ૰ [સં लड्] લડાકુ (૨) (લ') [સર૰ हिं. लडाका. लडाकू] જુઓ 'લડાઈ' માં. –મણી સ્ત્રી૰ [લડાવવું પરથી] લડાવવું તે

**લડાયક** (લ')વિ૰[લડવું પરથી,સર૰हि लडाका] લડી શકે તેવું(૨) લડાઈના ખપનું (૩) લડકણું

**લડાલડ(–ડી)** (લ') સ્ત્રી૰ ['લડવું' ઉપરથી] લડાઈ, ટંટો, લડલડા

**લડાવવું** ['લાડ ઉપરથી, સર૰ हिं लडाना] લાડ કરવા (૨) (લ') સ૰ક્રિ૰ 'લડવું'નું પ્રેરક

**લડાવું** (લ') અ૰ક્રિ૰ 'લડવું'નું કર્મણિ ને ભાવે

**લડી** સ્ત્રી૰ ['લટ' ઉપરથી, સર૰ हि , म ] એક જાતની વસ્તુઓની પંક્તિ કે માળા (૨) દોરાની લટ [ઓળાર (૨) દોરાની આટી

**લડું** ન૰ ['લડી' ઉપરથી] તાર વીંટવાનું સોનીનું

**લડુ** પુ૰ [સં] લાડુ

**લઢણ** સ્ત્રી૰ [સર૰ म लढण, प्रा. लढ्(सं स्मृ) =યાદ કરવું] લત, ટેવ (૨) પદ્ધતિ [–પડવી]

**લણણી** સ્ત્રી૰ ['લણવું' ઉપરથી] લણવાની ક્રિયા કે તેની મોસમ

**લણવું** સ૰ક્રિ૰ [સં. लू] કણસલાં કાપી લેવાં, પાક ઊતરવો (૨) [લા ] ફળ મેળવવું

**લત(ત,)** સ્ત્રી૰ [સં रति કે प्रा लित्ता (सं लिप्) ઉપરથી ? સર૰ हि , म ] લગની (૨) ટેવ; વ્યસન [–પડવી, લાગવી]

**લતા** સ્ત્રી૰ [સં.] વેલ ૦કુંજ વેલનો માંડવો. ૦ગૃહ ન૰, ૦મંડપ પુ૰ લતાઓનો માંડવો

**લતાડ** સ્ત્રી૰, પુ૰ [ લતાડવું ઉપરથી ] લાત, પાટું (૨) [જુઓ લથડવું] ફેરવી તોળવું તે ફરી જવું તે (૩) ગોથ, ગોથું (૪) પુ૰ ઉપવાસ કે થાકથી ક્ષીણ થવું તે – સુસ્તી. [–ખવરાવવી, મારવી =લાત મારવી, ભૂલ ખવરાવવી (૨) નુકસાન કરવું –ખાવી= લાત ખાવી(૨)ખોટે રસ્તે દોરવાવું (૩) નુકસાન વેઠવું (૪) ગોથ ખાવી –ખાઈ જવું= યુક્તિથી ફરી જવું (૨) ગુલાંટ ખાઈ જવી –વાગવી,લાગવી = લાત વાગવી(૨)નુકસાની આવવી(૩)માંદગી પછીની પીડાથી પીડાવું ]

**લતાડવું** અ૰ક્રિ૰ [ દે लत्ता = લત પરથી; સર૰ हिं लताडना. म लथाडणें] ખરાબ કરવું, માઠી હાલતમાં આણવું નુકસાન કરવું

**લતિકા** સ્ત્રી૰ [સં] લતા.

**લતીફ** વિ૰ [અ ] સદ્‌ગુણી; સારું, સરસ –ફો પુ૰ [સર૰ हिं लतीफा] હસવું આવે એવી વાતચીત, ટોળટપ્પો [લાતો મારવી તે

**લત્તા** સ્ત્રી૰ [દે] લાત. ૦પ્રહાર પુ૰ લાત કે

**લત્તાં** ન૰બ૰વ૰ [સં लत्तक કે फा लत्तह] લૂગડાં [–લેવાઈ જવાં,લેવાવાં =લૂંટાવું(૨) નુકસાનમાં આવી જવું (૩) હિંમત ખોઈ બેસવું. –લેવાં=ખામી કે નબળાઈ ઉઘાડી પાડવી ]

**લત્તો** પુ૰[फा ] શહેરનો ભાગ મહોલ્લો ફળિયું

**લથડપથડ** અ૰ [રવ૰; સર૰ हिं लथरपथर, लथपथ,लतपत] પાણીથી ભીંજાઈને તરબોળ હોય તેમ (૨) જુઓ લથરપથર

**લથડવું** અ૰ક્રિ૰ [જુઓ લડથડવું, સર૰ हिं लथाड़ना] ઠોકરથી ગોથું ખાવું (૨) બોલતાં અચકાવું (૩) દૂબળું પડી જવું (માંદગીથી)

**લથડિયું** ન૦ [જુઓ લથડવું] ગોથું; અડબડિયું [–ખાવું]
**લથબથ** અ૦ [સ શ્લિષ્ + બાથ] એકબીજાને સ્નેહથી વળગ્યા હોય તેમ
**લથરપથર** અ૦ [જુઓ લથડપથડ] ઢીલું લબડતુ હોય એમ; અસ્તવ્યસ્ત
**લદબદ** અ૦ [રવ૦ કે સં लस् ઉપરથી; સર૦ હિં. लदलद] પ્રવાહીથી ભરપૂર લચકા જેવું હોય તેમ (૨) ઢીલા પદાર્થમા પડી ખરડાયેલું હોય એમ (૩) લીન, ચકચૂર
**લદાવું** અ૦ક્રિ૦, **–વવું** સ૦ક્રિ૦ 'લાદવુ'નુ કર્મણિ ને પ્રેરક
**લપ** સ્રી૦ [स लिप् ઉપરથી] પીડા; ઉપાધિ, લફરું (૨) અ૦ [રવ૦] જલદી; ચટ [–દઈ ને]
**લપક લપક** અ૦ [રવ૦] લપલપ, લપકે લપકે (૨) લપકારા મારતુ હોય એમ; લબકલબક, રહી રહીને વેદના થાય એમ (જેમ કે, ગૂમડામા)
**લપકવું** અ૦ક્રિ૦ [રવ૦, સર૦ હિં. लपकना; म लपकणें] લપકારા થવા–મારવા
**લપ(–બ)કારો** પું૦ ['લપકવુ' ઉપરથી] જીભને લબૂક લબૂક બહાર કાઢવી તે (૨) વેદનાથી કે ભયથી કોઈ પણ અવયવનુ લબૂક લબૂક થવું તે (૩) [स. लप्] તોછડાઈથી વધારેપડતુ બોલવું તે, લપકો
**લપ(–બ)કાવવું** સ૦ક્રિ૦ [સં. लप् કે રવ૦] ખિજવાવવું (૨) લપક લપક ખાવુ ચટ કરી જવું
**લપ(–બ)કો** પું૦ [सं लिप्; સર૦ म लपका] ગરા પદાર્થનો લચકો (૨) ડામ (૩) લપકારો ૨, ૩ જુઓ. [–કરવો=તોછડાઈથી વધારેપડતુ બોલવું. **લપકા કરવા**=મહેણા મારવા. **લપકા ખાવા**=મહેણા ટૂણા સહેવા **લપકા ચોંટાડવા, દેવા**=ડામ દેવા **લપકા તોડવા**=બોલચાલમા ને કામકાજમાં દોષ કાઢયા કરવા (૨) ટોણા મારવાં **લપકા લેવા**=ફાળ પડવી (૨) બહુ કળતર થવુ ]
**લપકોઝબકો** પું૦ [લપકવું+ઝબૂકવું? સર૦ હિં लपझप=ચપલ] ઝટોઝટ; સહેજસાજમાં બનવું તે
**લપછપ** સ્રી૦[લપાવું+છુપાવું]ધાલમેલ,કાવતરું
**લપટ** સ્રી૦ [રવ૦, સર૦ હિં (सं. लिप्)] ઝડપ; ઝપટ (૨) ['લપટાવું' ઉપરથી] અડફટ (૩) ['લપટાવવું' ઉપરથી] પેચ, ફંદો (૪) [स लिप्] ગંધ; મહેક (૫) વિ૦ તલ્લીન; મશગૂલ; લપટાયેલું [–મારવી=ઝૂટવી લેવું.] **૦ઝપટ** સ્રી૦ ઓચિંતી ઝૂટ મારવી તે
**લપટવું** અ૦ક્રિ૦ [જુઓ લપસવું] સરકવુ(કા.)
**લપટાવવું** સ૦ ક્રિ૦ 'લપટવું', 'લપટાવુ'નુ પ્રેરક
**લપટાવું** અ૦ક્રિ૦[સર૦ હિં. लपटाना, लिपटाना; स लिप्] ચીકટમા ખરડાવું (૨) લલચાવું; ફસાવું
**લપટું** વિ૦ [જુઓ લપટવું] સજ્જડ નહિ તેવું; ઢીલુ (૨) લાલચુ [–પડવું=ઢીલું હોવુ કે થવું.]
**લપડાક** સ્રી૦ [રવ૦, જુઓ લપ્પડ, સર૦ म.] લપ્પડ; તમાચો (૨) [લા ] ઠપકો કે ખત્તા ખાવી તે. [–ખાવી=તમાચો ખાવો (૨) ઠગાવુ, છેતરાવું (૩) ઠોકર ખાવી, નુકસાનમાં આવવું. –ચોડવી, ઠોકવી, દેવી=તમાચો મારવો. –પડવી, મળવી=લપડાક વાગવી (૨) ઠપકો મળવો, પાછુ પડવાનુ થવુ. –મારવી = તમાચો મારવો (૨) ધુતવુ, નુકસાનમા ઉતારવું (૩) મહેણું મારવુ.]
**લપડં(–ડિં)બ** વિ૦ ખૂબ ઊંચું
**લપડાવવું** સ૦ક્રિ૦ લપડાકે લપડાકે મારવું
**લપરડવું** સ૦ક્રિ૦ [सं लिप्] લપેડવું, લપરડો કરવો **લપરડો** પુ૦ જાડો લેપ; લપેડો
**લપલપ** સ્રી૦ [રવ૦, स. लप्] બકબક, લવારો (૨) અ૦ [રવ૦] ચપચપ; ઝડપથી (૩) લબૂક લબૂક. **–પાટ** પુ૦, સ્રી૦ લવારો, બકવાટ (૨) ઉતાવળ, ધાંધલ. **–પિયું** વિ૦ લપલપાટ કરનારુ
**લપ(–પા)વું** અ૦ક્રિ૦ [सं लिप, लुप्, સર૦ म लपणें] સતાવુ
**લપસણી** સ્રી૦ [લપસવુ પરથી] ઉપર ચડી નીચે લપસવાની એક બાળરમત કે તેનું સાધન
**લપસણું** વિ૦ [લપસવુ પરથી] લપસી પડાય એવું (૨) ન૦ લપસી પડાય એવી જગ્યા.
**લપસવું** અ૦ક્રિ૦ [प्रा. ल्हस ( सं. स्रस्) પરથી?] ખસી પડવું; સરી જવું (૨) પતન થવું

**લપસિંદર** ન૦ ['લપસવું' ઉપરથી ?] નકામી લાંબી વાત

**લપાટ** સ્ત્રી૦ [રવ૦; સર૦ સ चपेट] થપાટ, લપડાક -ટિયો પું૦ લપડાક માગનાર—ખુસટિયો

**લપાવું** અ૦ક્રિ૦ [જુઓ લપવું] સંતાવું (૨) સોડમાં ભરાવું; અડોઅડ દબીને ગોઠવાવું

**લપિયું** વિ૦ [સં. लप्] વાતોડિયું (૨) માથાઝીકિયું

**લપુ લપુ, લપૂક લપૂક** અ૦ જુઓ લબલબ

**લપૂકો** પું૦, **લપૂકિયું** ન૦ જુઓ લબૂકિયું

**લપૂડું** વિ૦ [સં लप्] લપલપિયું, વાતોડિયું (૨) પેટમાં વાત ન રહે તેવું

**લપેટ** સ્ત્રી૦ [જુઓ લપેટવું] મગદળ જોડીની એક કસરત

**લપેટવું** સ૦ક્રિ૦ [સં लिप्, हिं लपेटना, म लपेटणें अ लफ=વીંટાળેલું ?] વીંટવું (૨) [લા૦] સંડોવવું

**લપેટો** પું૦ [લપેટવું પરથી, સર૦ हिं, म लपेटा] ઢાંકણ, આવરણ (૨) [જુઓ લપ્પો] ખૂબ કસબવાળું રેશમી વણાટનું કપડું

**લપેડવું** સ૦ક્રિ૦ જુઓ લપરડવું

**લપેડો** પું૦ [સં लिप्] લપરડો; જાડો લેપ

**લપોડશંખ** વિ૦ પું૦ [સર૦ म लपो(-वो)ड-शंख] ખોટાં વચન આપનાર ખોટી ડંફાસ મારનાર, લબાડી

**લપ્પટ** વિ૦ [સં लिप्] બરોબર સજ્જડ ચોંટેલું

**લપ્પડ** સ્ત્રી૦ [રવ૦, સર૦ हिं, म] લપડાક

**લપ્પનછપ્પન** સ્ત્રી૦ ન૦ [સર૦ म लपंछपं, लपञ्छप्प (લપવું + છપવું)] પચાત છૂપી ચાલ-મેલ (૨) કોઢહાપણ તીનપાંચ [(-ની સાથે) લપ્પનછપ્પન રાખવી = -ની સાથે ખાનગી કે ચાલમેલનો સંબંધ રાખવો] -નિયું વિ૦ લપ્પનછપ્પન કરનારું

**લપ્પાદાર** વિ૦ [લપ્પો + દાર] લપ્પાની કોરવાળું (૨) ખૂબ જરીવાળું

**લપ્પી** વિ૦ [સં लप्] જુઓ લપિયું

**લપ્પો** પું૦ [अ. लफ=વીંટાળેલું, ગડી કરેલું, સર૦ हिं. लप्पा, म लफ्फा] ભરચક કસબવાળો લપેટો (૨) [લા૦] મોટું ઢંગધડા વગરનું થીંગડું [-મારવો, લગાડવો]

**લપ્પો(-ફ્ફો)** પું૦ [જુઓ લપ, લફ] મોટો ફાકો કે કોળિયો [જલદીથી.]

**લફ** અ૦ [સર૦ લપ, લબ] [-લઈને =

**લફડખધું** વિ૦ [લફડ (રવ૦) + ખધું] લેધું - દાધારંગું પણ સ્વભાવે ધૂર્ત

**લફડ(-ર)ફડ(-ર)** અ૦ [રવ૦] લબડતું, આમ તેમ ઊડ્યા કરતું તથા પગે અટવાતું હોય તેમ, અવ્યવસ્થિત

**લફડ(-ર)વું** અ૦ક્રિ૦ [રવ૦] લફડફફડ થવું

**લફરું** ન૦ [રવ૦, સર૦ म लफडा] લીંટનો લબકો (૨) [લા૦] (વસ્તુ કે કામ કે માણસ વળગવાથી થતું) નડતર, પીડા ઉપાધિ. [-લેવું = નાકની લીંટ સાફ કરવી. -વળગવું = પીડ લાગુ થવી]

**લફંગું** વિ૦ [તુર્કી લપ(-ફં)ગ, સર૦ हिं, म. लफंगा] કપટી, દગલબાજ (૨) લંપટ, વ્યભિચારી (૩) નફ્ફટ, નિર્લજ્જ -ગાઈ સ્ત્રી૦, -ગાવેડા પું૦ બ૦વ૦ લફંગાપણું

**લફાફો** પું૦ [अ लिफाफा] પરબીડિયું, કવર

**લફ્(-ફ્)જ** પું૦ [फा] શબ્દ [કોળિયો

**લફ્ફો** પું૦ [જુઓ લપ્પો] મોટો કાકડો કે

**લબ** પું૦ [फा] હોઠ (૨) સ્ત્રી૦ લાળ

**લબ** અ૦ [રવ૦] એવા અવાજ સાથે (મોંમાં મૂકવું) (૨) લપ, જલદી -કલબક અ૦ [સર૦ म. लवकर्णे] જુઓ લપકલપક -કારો પું૦ જુઓ લપકારો -કાવવું સ૦ક્રિ૦ જુઓ લ-કાવવું -કો પું૦ [સર૦ म लवका] જુઓ લપકો

**લબડધક્કે** અ૦ [સર૦ લકડધક્કે, લપડાક + ધક્કો, हिं लवडधोवो] દમથી, ધમકાવીને; બળાત્કારે. [-લેવું = લપડાકો અને ધક્કા મારતા લઈ જવું (૨) દમદાટીથી ટાળ લેવું, દમથી કામમાં ઉપયોગ કરાવવો]

**લબડવું** અ૦ક્રિ૦ [સં लम्] જુઓ લટકવું. [લબડતું મૂકવું = લટકતું મૂકવું (૨) ધ્યાન ન આપવું. લબડી જવું = માંદા - નબળા થઈ જવું લેવાઈ જવું (૨) રહી જવું, પાર ન થવું]

**લબદણ** સ્ત્રી૦ [રવ૦] બીક કે મૂંઝવણથી લબ લબ થવું તે [-થવી = ગભરાવું, ગૂંચવાવું]

**લબ(-બો)તરું** વિ૦ ['લબડવું' ઉપરથી] નમણું ક્ષીણ (૨) નરમ, પોચું

**લબદાવું** અ૦ ક્રિ૦ [જુઓ લદબદ; સર૦ મ लब्दा] પ્રવાહીથી તરબોળ થવું કે ખરડાવું (૨) [લા.] સંડોવાવું; ફસાવું

**લબરકો** પુ૦ [स लप्] તોછડાઈથી વધારેપડતું બોલવું તે, લપકારો (**લબરકા કરવા**)

**લબલબ** અ૦ [રવ૦, સર૦ म.] એવો અવાજ થાય તેમ (જેમ કે, કૂતરાના ચાટવાનો) (૨) ઉતાવળે (૩) લબુલબુ. **-બાટ** પુ૦ લબલબ અવાજ [ચીંથરિયું

**લબાચિયું** વિ૦ ['લબાચો' ઉપરથી] ચીંથરેહાલ,

**લબાચો** પુ૦ [लबाद (फा)+ चो (चेह फा.); સર૦ हिं लबादा] મેલા ફાટેલા લૂગડાનો જથો (૨) ભાગ્યાતૂટ્યા સરસામાનનો જથો (૩) (બહુ કીમતી નહિ એવો) ઘરવાખરો (તિરસ્કારમાં ને બહુધા બ૦વ૦માં) [**લબાચા ઉઠાવવા**=મુકામ ઉઠાવવો, બીજે ઠેકાણે જવું]

**લબાડ(-ડી)** વિ૦ [स लप्, સર૦ हि, म] જૂઠું બોલવાની ટેવવાળું **-ડાઈ,-ડી** સ્ત્રી૦ જૂઠાણું

**લબુઢબુ, લબુઢલબુ, લબૂકલબૂક** અ૦ [રવ૦] બીકથી લપ લપ થાય તેમ [**-થવું**]

**લબૂકિયું** ન૦, **લબૂકો** પુ૦ [રવ૦] બીકથી લબુલબુ થવું તે. [**લબૂકિયાં લેવાં, લબૂકા લેવા** = ગભરાવું]

**લબોચું** ન૦ [લબ (હોઠ) + ડાચું કે બોચું] મોં, ડાચું (તુચ્છકારદર્શક) [**-તોડી નાખવું, ભાગી નાખવું** (ધમકી બતાવતાં) = મોં પર સખત મારવું] **-ચો** પુ૦ તમાચો [**-ઠોકવો, -મારવો, -લગાવવો**]

**લબોતરું** વિ૦ જુઓ લબતરું

**લબ્ધ** વિ૦ [स] મળેલું **૦પ્રતિષ્ઠ** [स.; સર૦ हिं, म.] જેની પ્રતિષ્ઠા જામેલી છે તેવું; પ્રતિષ્ઠિત. **-બ્ધા** સ્ત્રી૦ જુઓ વિપ્રલબ્ધા (૨) દુગ્ધા, પીડા; બૈરાંછોકરાંની જંજાળ **-બ્ધિ** સ્ત્રી૦ પ્રાપ્તિ, સિદ્ધિ (૨) 'ગિફ્ટ' (ગ)

**લબ્બૈક** અ૦ [अ. लब्बैक] 'સેવામાં હાજર છું', 'જી સાહેબ' એવા અર્થનો ઉદ્ગાર

**લભ્ય** વિ૦ [स] મળી શકે એવું

**લમણું** ન૦, **-ણો** પું૦ [સર૦ म. लवणा, -णॊ, हिं. नौना] ગાલની ઉપરનો કાન આગળનો માથાનો ભાગ. [**લમણા ઝીકવા, લેવા** = લમણાઝીક કરવી **લમણા શેકાઈ જવા** = બહુ તાપથી માથું - લમણાં તપી જવાં. **લમણું ફૂટી જવું** = લમણાનો ભાગ તૂટી જવો (૨) તેવી વેદના થવી. **લમણે હાથ દેવા, લમણે હાથ દઈને બેસવું** = હતાશ થઈ જવું] **-ણા(-ણાં)ઝીક** સ્ત્રી૦ જુઓ માથાઝીક **-ણા(-ણાં)તોડ** વિ૦ (૨) સ્ત્રી૦ માથાફોડ

**લય** પું૦[स.] નાશ, પ્રલય(૨) લીનતા, એકતાર થઈ જવું તે (૩) વિરામ, વિશ્રામ (સંગીતમાં) (૪) નૃત્ય, ગીત અને વાદ્યની સમતા (સંગીતમાં) (૫) કોઈ સ્વર કાઢવામાં લાગતો સમય (દ્રુત, મધ્ય અને વિલંબિત) (૬) ગાવાનો ઢંગ, સ્વર કાઢવાનો ઢંગ. [**-પામવું** = લીન થઈ જવું (૨) ભળી જવું (૩) નાશ પામવું] **૦વાદ્ય** ન૦ લય પ્રકટ કરતું વાદ્ય. જેમ કે તબલું

**લયલા** સ્ત્રી૦ [अ.] (સં) ફારસી સાહિત્યની એક પ્રસિદ્ધ માશૂક. **૦મજનૂન** ન૦બ૦વ૦ લયલા અને તેનો આશક મજનૂન: ફારસી સાહિત્યમાં આશકમાશૂકની એક પ્રસિદ્ધ જોડી

**લયાકત** સ્ત્રી૦ [अ लियाकत] લાયકી, યોગ્યતા

**લયાનત** સ્ત્રી૦ [જુઓ લાનત] લ્યાનત, શરમ; નામોશી (૨) ધિક્કાર, ફિટકાર, ફટવા

**લલક** સ્ત્રી૦ [स लल्, સર૦ हि] લાલસા (૨) લાડ, લાલન **૦વું** સ૦ક્રિ૦ લાલસા કરવી (૨) ઝૂલવું, લટકવું (૩) + જુઓ લળકવું **-કાયમાન** વિ૦ લલકતું

**લલકાર** પુ૦ [રવ૦, सं लल्+कृ] લલકારવું તે (૨) લલકારેલું ગાન **૦વું** સ૦ક્રિ૦ લાંબે સ્વરે ગાવું (૨) બૂમ પાડવી (૩) હાકવા - જલદી ચલાવવા ઉશ્કેરવું - ઉત્તેજિત કરવું (૪) [हिं ललक्क, સર૦ हिं ललकारना] લડાઈનું આહ્વાન કરવું, પડકારવું

**લલચાવું** અ૦ક્રિ૦ [જુઓ લાલચ. સર૦ हिं ललचाना] લાલચમાં ફસાવું (૨) મોહિત થવું (૩) લાલસા કરવી **-વવું** સ૦ક્રિ૦ (પ્રેરક)

**લલના** સ્ત્રી૦ [स.] સુંદર સ્ત્રી

**લલંતિકા** સ્ત્રી૦ [सं] નાભિ સુધી પહોંચે

એવી લાબી માળા-હાર

**લલાટ** ન૦[સં ]કપાળ. ૦રેખા સ્ત્રી૦ વિધાતાએ લલાટે લખેલા નસીબના લેખ -ટિકા સ્ત્રી૦ કપાળનું એક ઘરેણુ

**લલામ** વિ૦ [સં ] સુદર, રમણીય (૨) ન૦ કપાળનું એક ઘરેણુ

**લલિત** વિ૦ [સં ] મનોહર, સુદર (૨) પ્રિય ગમે એવુ (૩) નાજુક, કોમળ (૪) પુ૦ એક છદ (૫) એક રાગ ૦કલા(-ળા) સ્ત્રી૦ 'ફાઈન આર્ટ', મન અને કલ્પનાના શ્રમ પર મુખ્ય આધાર રાખનાર કલા-ચિત્રકળા, સગીત જેવી. ૦તિલકા પુ૦ એક છદ ૦સ્વર પુ૦ એક અલંકાર (સગીત) -તા, -તાંગી સ્ત્રી૦ જુવાન સુદર સ્ત્રી

**લલુતા** સ્ત્રી૦ [સં લલ્] જુઓ લોલુપતા

**લલેડું** ન૦ [રવ૦] એક પખી

**લલોપતાં** ન૦બ૦વ૦ [સં લલ, સર૦ દે લલ્હિ =ખુશામત, મ લ્લોપતા] સવાસલા, ખુશામત [-કરવાં]

**લલ્લો** પુ૦ લકાર ૦પચ્ચો સ્ત્રી૦ [દે લલ્હિ, સં લલ: સર૦ મ લલ્લુપત્તુ, હિં લલ્લોચપ્પો, લ્લોંપત્તો] ખુશામત, સવાસલા (-કરવી)

**લવ** વિ૦[સં.] થોડુ (૨) પુ૦ અશ (૩) નિમેષનો છઠ્ઠો ભાગ (૪) થાટ તથા થાપની વચ્ચેનો તબલાનો ભાગ (૫) [સં ] રામનો પુત્ર

**લવ** સ્ત્રી૦ [સં લપ્, પ્રા લવ] લવારો [નરમ

**લવચીક** વિ૦ [મ.] ભાગે નહિ પણ વળે એવુ

**લવણ** ન૦[સં ]મીઠું. ૦સમુદ્ર પું૦ (સં ) ખારા પાણીનો — પુરાણોક્ત સાત સમુદ્રમાંનો એક

**લવથવ** સ્ત્રી૦ [સં. લપ્+સં સ્તવ્, પ્રા લવ +થવ ? સર૦ મ લવથવણેં=મૃદુ-નરમ થવુ] (કા ) મીઠાશ કે વિવેકભરી વાણી

**લવરી** સ્ત્રી૦ [જુઓ લવવુ] લવારો [-એ ચઢવું=ગમે તેમ વગર વિચાર્યે બોલ્યા કરવુ, બકવુ; લવારો કર્યા કરવો ]

**લવલવ** સ્ત્રી૦ [જુઓ લવવુ] લવારો, બકબકાટ (૨) અ૦ લવલવ કરે તેમ ૦વું અ૦ક્રિ૦ લવલવ કરવુ -વાટ(-રો) પું૦ લવારો

**લવલી** સ્ત્રી૦ [સં.] એક વેલી

**લવલેશ** વિ૦ [સં ] થોડુ (૨) અ૦ જરા પણ; તલમાત્ર (૩) પુ૦ બહુ જ થોડો અશ

**લવવું** અ૦ક્રિ૦ [પ્રા લવ (સં. લપ્)] લવારો કરવો. [લવી જવુ=બેદરકારીમા રહસ્ય કહી દેવુ (૨) ગમે તેમ બોલી નાખવુ ]

**લવગ** ન૦ [સં.] લવિગ. એક તેજાનો. -ગિયુ વિ૦ લવગ જેવુ કે જેવડું (૨) ન૦ કાનનુ એક ઘરેણુ [-મરચું, -ચો ટેટો=(લવગ જેવુ નાનુ, પણ તીખુ-જોરદાર )]

**લવં(-વિં)ગી** સ્ત્રી૦ [જુઓ લવવુ] લવરી

**લવાજણ** સ્ત્રી૦ [સર૦ મ લ્વણેં=નમવુ]વિવેક અને મીઠાશ (વાણીમા)

**લવાજમ** ન૦ [અ. લ્વાજિમ, સર૦ હિં , મ લ્વાજમા] અમુક મુદતે આપવાની રકમ (જેમ કે, પગારની, વર્તમાનપત્રની) [-ભરવુ= છાપા માસિક ઇ૦નું લવાજમ આપવુ, તેના ઘરાક થવુ ] [લુહાણો

**લવાણો** (ણા') પુ૦ [સર૦ મ લ્હાણા] જુઓ

**લવાદ** પું૦ [અ લિવાજ, સર૦ મ ] પચ (૨) પચાતિયો ૦નામું ન૦ જુઓ પચાતનામુ -દી વિ૦લવાદ સબંધી (૨) સ્ત્રી૦લવાદનુ કામ

**લવાર** (વા) પુ૦ [જુઓ લુહાર, સર૦ મ. લ્હાર] (ગ્રામ્ય) લુહાર -રિયાં ન૦બ૦વ૦ લુહારનુ કામ કરતી જિપ્સી જેવી એક જાત

**લવારું** ન૦[સં લવ કે 'લવવુ' પરથી ? સર૦ હિં લ્વાગ]બકરીનું બચ્ચુ (૨) ધાવણુ બાળક

**લવારો** પુ૦ [જુઓ લવવું] લવરી, બકવાટ

**લવિગ** ન૦ જુઓ લવગ (૨) એ આકારનો (બટુક, સ્ટવ વગેરેનો) નાનો ભાગ ૦લતા પુ૦ એક છદ -ગિયુ વિ૦ (૨) ન૦ જુઓ લવગિયુ -ગી સ્ત્રી૦ લવિંગનો છોડ

**લવિંગી** સ્ત્રી૦ [જુઓ લવગી] લવરી

**લવૂરો** (વૂ') પુ૦, -રિયુ ન૦ [સર૦ પ્રા લવ= કાપવું ? મોર કે લોહી (હિં લહુ) ? મ લ્હા =તરવાર કે ડાભ જેવુ તૃણ ઉપરથી ?] નખ કે નારથી ભરેલો ઉઝરડો [-મારવો, ભરવો]

**લશ્જ(-ઝ)** પું૦ [જુઓ લફ્જ] શબ્દ

**લવ્વો** પુ૦ [લવવુ પરથી ?] જીભનો લોળો. [-વળવો=સ્પષ્ટ ઉચ્ચારણ થવુ ]

**લશ્કર** ન૦ [ફા.] સૈન્ય (૨) [લા.] ટોળું; કાફિયુ. ઉદા૦ આખું લશ્કર લઈને ના જતા [–નાં વાજાં=ઢંગધડા કે ભલીવાર વિનાનું જે કાંઈ તે.] –રી વિ૦ લશ્કરનું, –ને લગતું
**લસણ** ન૦ [સ લશુન; સર૦ હિં લસુન, મ લસૂણ] એક કંદ –ણિયું વિ૦ લસણવાળું (૨) લસણ જેવું (જેમ કે મૂળો) (૩) [લા] માલ વિનાનું –ણિયો પું૦ લસણની નાની કળી જેટલો તપખીરિયા રંગનો એક મણિ
**લસત** વિ૦ [સ] લસતું હોય એવું
**લસબસ** અ૦[રવ૦](રસમા)તરબોળ હોય તેમ
**લસરક લસરક** અ૦ [રવ૦] ઝપાટાબંધ, લસરકાભેર [–ચાટવું=જીભના લસરકા કરીને ચાટવું. –ચાલવું=લાંબે પગલે ને જોડાના લસરકા કરતા ઉતાવળે ચાલવું]
**લસરકો** પું૦ [રવ૦] ઝપાટાથી ખેંચવું કે ઘસડવું તે; ઘસરકો, ઉઝરડો [–મારવો]
**લસલસ** અ૦ [સં લસ્] લસલસતું હોય એમ. ૦વું અ૦ક્રિ૦ ચળકવું; તેજ મારવું (૨) ઘી ટેલથી તરબોળ હોવું(૩) આનંદમા ખેલવું કે નાચવું. –સાટ અ૦ ઘસઘસાટ
**લસવું** અ૦ક્રિ૦ [સ લસ્] ચળકવું, શોભવું (૨) રમવું, નાચવું (૩) લપસવું
**લસંતી** વિ૦ સ્રી૦ [સ] શોભતી, ચળકતી
**લસોટવું** સ૦ક્રિ૦ લસરકે ઘૂંટવું–વાટવું
**લસ્સી** સ્રી૦ [સં લસ્ ઉપરથી, સર૦ હિં, મ] દૂધ અને પાણીનું શરબત
**લહકવું** અ૦ક્રિ૦ જુઓ લહેકવું (૫)
**લહર(–રા)વું** અ૦ ક્રિ૦ ['લહરી' ઉપરથી] લહરીઓ ઊઠવી
**લહરિ(–રી)** સ્રી૦ [સ] તરંગ, મોજું
**લહાણુ** (લ્) ન૦ [પ્રા. लह (सं लभ्); સર૦ હિં. लहनी] લાભ, નફો [–કાઢવું, નીકળવું=લાભ–નફો કરવા; ફાયદો મળવો] –ણી સ્રી૦ [જુઓ લહાવું; સર૦ દે. लाहण=ખાદ્ય વસ્તુની ભેટ] ખુશાલીને પ્રસંગે ભેટની વહેંચણી –ણું ન૦ શુભાશુભ પ્રસંગે નાતીલા વગેરેમા કરાતી વહેંચણી
**લહાવ(–વો)** (લ) પું૦ [પ્રા लह(स लभ्)] જુઓ લહાવો
**લહાવું** સ૦ક્રિ૦[સર૦પ્રા लहाविअ(स लम्भित)] લહાણી કરવી(૨)અ૦ક્રિ૦[જુઓ લાય]દાઝવું
**લહાવો** (લ્) પુ૦ [જુઓ લહાવ] આનંદનો ઉપભોગ (૨) ઓરતો, ઓરિયો
**લહિયો** પુ૦ [પ્રા लिह(सं लिख्)] લખવાનું કામ કરનારો માણસ
**લહે** (લ્હે) સ્રી૦['લહેવું' કે 'લહેકવું'] લગની; તાન (૨) લહેજત, આનંદ
**લહેકવું** (લ્હે) અ૦ક્રિ૦ [સ लम्, સર૦ હિં लहकना] લેહેકું ઝૂલવું (૨) લહેકાથી ચાલવું, બોલવું વગેરે જેવી ક્રિયા કરવી (૩) ફરફરવું
**લહેકો** (લ્હે) પું૦ [જુઓ લહેકવું] શરીરનો મોહક ચાળો કે મરોડ (૨) [અ. लह्‌ज़ह्=બોલવાનો લહેકો] વર્ણ લંબાવીને કે રાગડો તાણીને બોલવું તે (–કરવો, કાઢવો)
**લહેજત** (લ્હે) સ્રી૦ [જુઓ લજ્જત] મજા(૨) રસ, સ્વાદ ૦દાર વિ૦ લહેજતવાળું
**લહેજો** (લ્હે) પુ૦ [અ] પળ, ક્ષણ
**લહેર** (લ્હે) સ્રી૦ [સ लहरि ઉપરથી] તરંગ, મોજું (પાણી, પવન કે વિચારનું) (૨) ઊંઘ કે કેફની અસર (૩) લીલાલહેર (૪) મજા ચમન [–આવવી=મજા પડવી (૨) મોજાની માફક આવવું (૩) તાણ કે વાઈ આવવી (૪) કેફ કે વિષની અસરથી ઘેન આવવું. –ઉડાવવી, કરવી, મારવી=મજા કરવી –પડવી= મજા લાગવી –માં હોવું=ખુશ હોવું લહેરે ચડવું=તરંગમા ઊડવું (૨) ગમ્મતમા ઉત્સાહથી ઊભરાવું (૩) સ્વચ્છંદે બોલવું, ચાલવું કે વિહરવું રત્નાકર સાગરની લહેર છે=બધી શુભ સંપન્ન છે.] ૦વું અ૦ક્રિ૦ તરંગ ઊઠવો, મોજાની લહરી ચાલવી –રિયું ન૦ મોજાની ભાતનો સાલ્લો (૨) સ્રીઓનું કોટનું એક ઘરેણું (૩) જોકું. –રી વિ૦ આનંદી (૨) તરંગી (૩) ઇશ્કી (૪) ઉડાઉ (૫) સ્રી૦ લહેર, મોજું
**લહેવું** (લ્હે) સ૦ક્રિ૦[પ્રા लह(सं लभ्)]ધ્યાનપૂર્વક સાંભળવું(૨) ગણવું; માનવું, સમજવું; પિછાનવું (૩) ભાળવું (૪) પ્રાપ્ત કરવું; મેળવવું

**લળકવું** અ૰ ક્રિ૰ [सं लल्] ચમકારા મારવા. ચળકવું (૨) ઉમંગથી ડોલતા ડોલતા આવવું (૩) લાલસા કરવી

**લળવું** અ૰ક્રિ૰ [सं लुल्; लल्; સર૰ म लळणें] નમવું (૨) [सं लल्] પ્રેમથી ઉમળકામા આવવું (૩) જુઓ લળકવું [**લળી પડવું** = નમી જવું. **લળી લળીને** = નીચા નમી નમીને ]

**લંક** વિ૰ [सं. लक् = મેળવવું, સર૰ हिं लाँक] પૈસાદાર (૨) પું૰ ઢગલો (૩) [સર૰ हिं लंक = કમર, કટિ] પાતળી કમ્મરનો લાંક; મરોડ [**–લાગવો** = શ્રીમંત થવું (૨) સફળ થવું, પાર પડી જવું ] [લંકા નગરી

**લંક, ૰પુરી** સ્ત્રી૰[જુઓ લંકા, સર૰ हिं ](સં.)

**લંકા** સ્ત્રી૰ [सं] (સં.) રાવણની નગરી (૨) સિલોન [**–કરવી** = સળગાવી મૂકવું, મોટી આગ લગાડવી (૨)ટેટાના સડસૂડિયા ભાગીને ગોળાકારે ગોઠવી સળગાવવા **–જીતવી** = મોટો વિજય મેળવવો **–ની લાડી** = ઘણે દૂરની કન્યા **–બાળવી** = ગુપ્ત વાત બહાર કાઢી દેવી **–લૂંટવી** = ઘણો મોટો ખજાનો હાથ કરવો.]**૰લીલા** સ્ત્રી૰(લંકાની પેઠે)બાળી મૂકવું તે. **–કેશ** પું૰ [+ईश] (સં) રાવણ

**લંગડ, –ડું** વિ૰ [सं लग्; फा लग] લૂલું, ખોડું; પાંગળું **૰ખો** પું૰ લંગડો માણસ (જરાક મજાકમાં) **–ડાવું** અ૰ક્રિ૰ લંગડું ચાલવું **–ડી(૰ઘોડી)** સ્ત્રી૰ એક રમત

**લંગડો** પું૰ [સર૰ हिं लँगडा] એ નામની જાતની કેરી કે આંબો **–ડા કેરી** સ્ત્રી૰ એ જાતની કેરી

**લંગર** ન૰[फा., दे णंगर]વહાણ થોભાવી રાખવા જમીનમાં ભરાય તેમ નાખવાનું વાંકા અંકોડાવાળું એક સાધન (૨) સદાવ્રત, લંગરખાનું (૩) સ્ત્રીઓનું પગનું એક ઘરેણું (૪) એક છેડે વજન બાંધેલી દોરી, લંગીસ (૫)[લા ]લાંબી હાર લંગાર [**–ઉપાડવું, ઊંચકવું** = વહાણનું લંગર જમીનમાંથી ખેંચી લેવું જેથી વહાણ મુસાફરી કરી શકે **–નાખવું,ફાંસવું** = નાંગરવું. **–લડાવવાં** = લંગીસ લડાવવું (૨)માહોમાંહે કજિયો કરાવવો.]**૰ખાનું** ન૰ લંગર(૨)જુઓ **૰વા** ન૰ એક છેડે વજન બાંધેલી દોરી (૨) અ૰ લંગર જાય તેટલું **૰વાર** વિ૰ લંગરેલું. [**–કરવું** = હારબંધ ગોઠવવું ] **૰વું** સ૰ક્રિ૰ લંગારવું; લંગર નાખી વહાણ થોભાવવું (૨) એકને બીજું વળગાડી સાંકળ કે હાર કરવી (૩)[લા.] ફંદામાં નાખવું **–રિયું** ન૰ ઝાંઝર. **–રી** સ્ત્રી૰ નાનું ઝાંઝર

**લંગાર** સ્ત્રી૰ [જુઓ લંગર] લાંબી હાર, પંક્તિ (૨) સાંકળ **૰વું** સ૰ક્રિ૰ જુઓ લંગરવું

**લંગાવું** અ૰ક્રિ૰ [सं लग्] લંગડાવું

**લંગીસ** ન૰ પતંગના દિવસોમાં રમાતું લંગર (**–લડાવવું**)

**લંગૂર** ન૰ [જુઓ લંગૂલ] પૂછડું. **–ર(–રિયો)** પું૰ વાંદરો **૰વા** પું૰ કેડો; પીછો

**લંગૂલ** ન૰ [सं] લાંગૂલ પૂછડી

**લંગોટ** પું૰ [सं लिंग + पट्ट; प्रा लिंगवट्टो? સર૰ कानडी लगुटी, हिं, म.] લંગોટી જેવી લંબી પટ્ટીવાળું તથા લંગોટીની પેઠે પહેરાતું શરૂઆતમાં ત્રિકોણ કકડાવાળું એક વસ્ત્ર. [**–પહેરવો** = કચ્છ ભીડવો **–મારવો** = લંગોટ પહેરવો (૨) સાધુ કે જોગી થવું (૩) પાસે હોય તે ઉડાવી દઈ કંગાલ થવું ] **૰બંધ** વિ૰ લંગોટ પહેરેલું (૨) બ્રહ્મચારી. [**–રહેવું** = બ્રહ્મચર્ય પાળવું ] **–ટિયું** વિ૰ લંગોટી પહેરતું, નાની ઉંમરનું **–ટિયો** પું૰ બાળપણનો મિત્ર (૨) બાવો **–ટી** સ્ત્રી૰ માત્ર ઇંદ્રી ઢંકાય તેમ કમ્મરે બાંધેલી પટ્ટી કે દોરી સાથે ખેંચીને બાંધવાની લૂગડાની પટ્ટી [**–મારવી, વાળવી** = લંગોટીથી અંગ ઢાંકવું (૨) પાસેની માલમતા ઉડાવી દઈ ભિખારી થવું (૩) વૈરાગી થવું ] **–ટો** પું૰ મોટો લંગોટ (૨) જુઓ લંગોટિયો [**–મારવો** = કચ્છ ભીડવો ]

**લંઘન** ન૰ [सं] જુઓ ઉલ્લંઘન (૨) લાંઘણ **–નીય** વિ૰ ઓળંગી કે ઉથાપી શકાય એવું. **–વું** સ૰ક્રિ૰ જુઓ ઉલ્લંઘવું (૨) લાંઘવું

**લંઘાવું** અ૰ક્રિ૰ જુઓ લંગાવું, લંઘવું (૨) ઓસવાઈ જવું ઉદા૰ શાક લંઘાઈ ગયું

**લંઘી** સ્ત્રી૰ રાજિયા ગાઈ કુટાવનારી સ્ત્રી (૨) જુઓ પડારણ

**લંધો** પું૦ શરણાઈ વગાડવાનો ધંધો કરનાર
**લંધોરુ** સ્ત્રી૦ [સર૦ રંભોરુ] + સુંદર જાંઘવાળી –રૂપાળી સ્ત્રી
**લંધ્ય** વિ૦ [सं.] જુઓ લઘનીય
**લંચાવું** અ૦ક્રિ૦ [स. लुंच्] ઓસવાવું
**લંઠ(–ઠ)** વિ૦ [प्रा. लट्ठि (स यष्टि)=ડાંગ. લાઠી ઉપરથી; સર૦ म. लड] + લાંઠ, બદમાશ
**લંપ** ન૦ જુઓ લાપડુ
**લંપટ** વિ૦ [सं] લપટાઈ લટ્ટુ બની ગયેલું (૨) વ્યભિચારી, વિષયી ૦તા, –ટાઈ સ્ત્રી૦
**લંબ** વિ૦ (૨) પું૦ [सं] 'પર્પેન્ડિક્યુલર' [ગ] (૩) વિ૦ લાંબું (૪) પું૦ ઓળંબો (૫) દરિયાનું પાણી માપવાની દોરી ૦ક પું૦ લંબ (ગ.) (૨) પરિચ્છેદ, અધ્યાય ૦કર્ણ વિ૦ લાંબા કાનવાળું (૨) પું૦ ગધેડો ૦ગોળ વિ૦(૨) પું૦ અંડાકાર, 'ઇલિપ્સોઇડ' (ગ), ૦ચોરસ વિ૦ (૨) પું૦ 'રેક્ટેન્ગલ' (ગ) ૦ન ન૦ લટકવું તે (૨) આલંબન; આશ્રય. ૦રેખા સ્ત્રી૦ લંબ લીટી (ગ) (૨) ઓળંબાની લીટી. ૦વર્તુલ(–ળ) ન૦ જુઓ લંબવૃત્ત. ૦વું સ૦ક્રિ૦ લટકવું; વળગવું. ૦વૃત્ત ન૦ 'ઇલિપ્સ' (ગ). ૦સંગમ પું૦ 'ઓર્થોસેન્ટર' (ગ) ૦સ્તની વિ૦ સ્ત્રી૦ લાંબા સ્તનવાળી. –બાઈ સ્ત્રી૦ લાંબાપણું કે તેનું માપ –બાણ ન૦ લાંબાપણું, દૂરતા (૨) લંબાવવું તે. –બાવવું સ૦ક્રિ૦ 'લંબાવું'નું પ્રેરક. –બાવું અ૦ક્રિ૦ લાંબું થવું (૨) ઘણો વખત ચાલવું
**લંબૂશ(–સ)** વિ૦ [લંબ, લાંબું ઉપરથી] સાધારણથી વધારે લાંબું કે ઊંચું (૨) પું૦ તેવું માણસ
**લંબોચાઈ** સ્ત્રી૦ [લંબ+ઊંચાઈ] સીધી–લંબ પ્રમાણે ઊંચાઈ [ગણપતિ
**લંબોદર** વિ૦ [सं] દુંદાળું (૨) પું૦ (સ.)
**લા** (') સ્ત્રી૦ + [જુઓ લાય] જ્વાળા
**લા** [अ.] નકારદર્શક પૂર્વગ. ઉદા૦ લાઇલાજ
**લાઇલાજ** વિ૦ [अ.] નિરુપાય; લાચાર. –જી સ્ત્રી૦ નિરુપાયપણું, લાચારી
**લાઇલાહ ઇલ્લલ્લાહ મુહંમદર્રસૂલુલ્લાહ** શ૦પ્ર૦ [अ.] 'અલ્લા સિવાય કોઈ અલ્લા નથી ને મહંમદ એના રસૂલ છે' એ કલમો–ઇસ્લામનો મુખ્ય સિદ્ધાંત
**લાઇસન્સ** ન૦[इ] પરવાનો [–આપવું, લેવું]
**લાઓલાદ (ઓ)** વિ૦ [अ.] વાંઝિયું
**લાકડ** ન૦ [સર૦ म.] જુઓ લક્કડ ૦કામ ન૦ લક્કડકામ ૦ફૂંકડ ન૦ લાકડાના ટુકડા વગેરે પરચૂરણ સામાન. ૦શી(–સી) વિ૦ જુઓ લક્કડશી ૦શી લાડુ પું૦ એક મીઠાઈ. –ડિયું વિ૦ લાકડાનું, –ના જેવું (૨) દગાબાજ, લાકડીથી કામ લેતું (૩) ન૦ જુઓ લક્કડિયું –ડી સ્ત્રી૦ સોટી; લાઠી [–ઉગામવી = મારવા માટે લાકડી ઊંચી કરવી –એ પાણી સીંચવું = પોતાને કરવાનું કામ બીજાને સોંપવું (જેથી તે બરાબર થાય નહીં) લાકડીઓ ઊડવી = લાકડીઓ વડે મારામારી થવી –કરવી = આગળી કરવી, ઉશ્કેરવું (૨) લાકડી વડે મારવું, દુઃખ દેવું –ઝાલવી = મારવા માટે હાથમાં લાકડી લેવી (૨) પ્રહાર કરે તે પહેલાં લાકડી પકડી લેવી (૩) દોરવું (૪) વૃદ્ધાવસ્થા આવવી. લાકડીથી પૂજા કરવી = લાકડી લઈને મારવું; દુઃખ દેવું –બતાવવી = લાકડી મારવાની બીક બતાવવી. –મારવી લાકડી વડે પ્રહાર કરવો. –રાખવી = લાકડી પાસે રાખવી (૨) માર મારવાની તૈયારી રાખવી –લેવી = મારવા માટે હાથમાં લાકડી લેવી (૨) ગુસ્સે થવું (૩) ઘડપણ કે અશક્તિને કારણે લાકડીનો ટેકો રાખવો એક લાકડીએ હાંકવું = બધા પર એકસરખો દોર રાખવો]
**લાકડું** ન૦ [स लक्कुट, प्रा लक्कुड, સર૦ म. लाकूड, हिं. लकडी] ઝાડના સૂકા થડ ડાળ વગેરે (૨) [લા] આડખીલી; નડતર, ગોદ (૩) બળતણ. [લાકડાની તલવારે લડવું = પૂરતા સાધન વિના લડવું (૨) એવી રીતે ખોટો આડંબર કરી વ્યવહાર ચલાવ્યે રાખવો લાકડાની તરવારે મહિનો ખાવો = ખોટો આડંબર કરી ચલાવ્યે રાખવું. લાકડાં કાપવાં = લક્ષમાં ન લેવા જેવું કામ કરવું. લાકડાં જોવાં = ઘર કે કુળ જોવું. લાકડાં પહોંચવાં = ચિતા માટે લાકડાં સ્મશાનમાં જવાં (એટલા

વૃદ્ધ કે મરવાની તૈયારીમા હોવુ) (૨) 'મરી જા' (એમ કહેવાને બદલે તારા લાકડા પહોચે એમ કહેવાય છે) લાકડાંમાંય પૈસા મળવાના નથી = મરશે તોય મળવાના નથી લાકડાં લડાવવાં = સાચાજૂઠા કરી ટંટો કરાવવો. લાકડાં સંકોરવાં = ભેગ્રી ઉશ્કેરણી કરવી, શાંત પડેલી લડાઈને પાછી જગાવવી. લાકડું ઘાલવું, ઘાલી દેવું, ઘુસાડવું, ઘુસાડી દેવું = લાગો, કર કે હંમેશા નડે એવો રિવાજ ઘુસાડી દેવો (૨) સ્વાર્થની વાત વચમા અડાવી દેવી (૩) આડખીલી ઊભી કરવી (૪) (-કેડમા) કેડ અક્કડ થઈ જવી -પેસવું, પેસી જવું = જુઓ લાકડું ઘાલવું ૧, ૩ લાકડે માંકડું વળગાડવુ = યોગ્યતા જોયા વિના સબધ જોડી દેવો (૨) બે જણ વચ્ચે તકરાર થાય એવુ કરવુ]

લાક્ષણિક વિ० [સં] લક્ષણા સંબધી, લક્ષણાથી સૂચિત થતુ (૨) લક્ષણ સંબંધી (૩) ખાસ લક્ષણ સૂચવનાર, આખા વર્ગનુ સૂચક ०તા સ્ત્રી०

લાક્ષા સ્ત્રી० [સં] લાખ ०(-ખા)ગૃહ ન० લાખનું બનાવેલું ઘર ०રસ પુ०લાખનો રસ, અળતો

લાખ પુ० [સં લક્ષ] સો હજાર (૨) સ્ત્રી० [સ लाक्षा] ખાખરો પીપળો બોરડી વગેરે પર થતા કીડાઓએ બનાવેલો એક પદાર્થ. [-ટકાનું = ભારે કીમતી કે અગત્યનુ -નો પાલનહાર = મોટો અમીર કે આશ્રયદાતા -રૂપિયાનું = લાખ ટકાનુ (૨) ઘણુ જ પ્રમાણિક અને ભલુ (માણસ) -વાતની એક વાત = ટૂંકમા, સારાશ કે -રે વાનાં કરવાં = બહુ બહુ રીતે ઠોક દેવા, સરભિંદુ કરી ઘણી રીતે સમજાવવુ લાખે લેખા લેવાવાં = લાખોની લેવડદેવડ કરવી (૨) મોટી મોટી વાત થવી (કટાક્ષમા)] ०લાખેણું વિ० ખૂબ લખેણુ ०પસાય પું०(૨)સ્ત્રી० [प्रा (सं. प्रसाद)] એક ગામ, એક હાથી ને લાખ રૂપિયા કે બીજી કોઈ લાખ વસ્તુઓનો રાજાએ આપેલો સરપાવ (૨) [લા] મોટામા મોટો સરપાવ ०પંચોતરી વિ० [પંચોતેર અથવ પચ + ઉત્તર] વધારીને વાત કહેનાર, લબાડી (૨) સ્ત્રી० લિંગ (૩) ખોટો ડોળ

લાખવું સ०ક્રિ० ['લાખ' ઉપરથી] લાખવાળું કરવું, લાખ ચડાવવી

લાખાગૃહ ન० જુઓ લાક્ષાગૃહ

લાખિયું વિ०['લાખ' ઉપરથી] લાખનુ બનાવેલુ કે લાખેલુ (૨) ન० લાખનુ કકણ

લાખી વિ० ['લાખ' ઉપરથી] લાખ જેવા રગવાળું (૨) લાખનુ બનાવેલુ (૩) ધનવાન, ઉદાર (૪) અસંખ્ય

લાખું ન० [સ लक्ष्मन्, સર० મ लाखा] શરીર ઉપરનુ જન્મથી પડેલું ચાઠું

લાખેણું વિ० [प्रा लक्खणिय (સ लाक्षण्य) લક્ષણવતુ] પ્રતિષ્ઠિત, આબરૂદાર, સુલક્ષણુ (૨) ['લાખ' ઉપરથી] લાખ રૂપિયાનુ, કીમતી

લાખો પુ० [જુઓ લાખેણુ] (પ.) સુલક્ષણવતો લાખેણો માણસ [-ફુલાણી = પોતાની શક્તિ વિષે મોટી ડંફાસ મારનારો માણસ. -વણજારો = લાખ પોઠ રાખનારો -મોટી વણજારનો ધણી.]

લાખોટવું સ०ક્રિ० જુઓ લાખવુ લાખોટું વિ० લાખેલુ

લાગ પુ० [સ लग्न, સર० हिं, म] તાકડો; દાવ, પ્રસગ (૨) આધાર, ટેકણ (૩) યુક્તિ (૪) વચાળ [-આવવો, ખોવો, ગુમાવવો, જવો] [-ખાવો = તક મળવી (૨) બરાબર કબજામા આવવુ -તાકવો = દાવ સાધવો. (અમુક) લાગનું હોવું = અમુકને યોગ્ય હોવુ, અમુક દાવનુ હોવુ.]

લાગટ અ० [સ लग्] સતત, ચાલુ, લગાતાર

લાગણ ન० [સ लग्] ગાઢો સંબધ (૨) પરાયાં સ્ત્રીપુરુષનો સંબધ

લાગણી સ્ત્રી० ['લાગવુ' ઉપરથી] મનની વૃત્તિ કે ભાવ (૨) દયા, સમભાવ ०પ્રધાન વિ० વિચાર કે તર્ક નહિ પણ લાગણી જેમા મુખ્ય હોય તેવુ, ભાવપ્રધાન

લાગત સ્ત્રી० ['લાગવુ' પરથી; સર० हिं, म.] થયેલુ ખર્ચ, મૂળ કિંમત (૨) દાણ, જકાત

લાગતું વળગતું વિ० [લાગતુ + વળગતું] કુટુંબી

**લંઘો** પું૦ શરણાઈ વગાડવાનો ધંધો કરનાર
**લંઘોરૂ** સ્ત્રી૦ [સર૦ રંભોરુ] + સુંદર જાંઘવાળી –રૂપાળી સ્ત્રી
**લંઘ્ય** વિ૦ [સં.] જુઓ લંઘનીય
**લંચાવું** અ૦ક્રિ૦ [સં. लुंच्] ઓસવાવું
**લંડ(–ઠ)** વિ૦ [प्रा. लट्ठि (सं यष्टि)=ડાંગ, લાઠી ઉપરથી; સર૦ म. लड] + લઠ, બદમાશ
**લંપ** ન૦ જુઓ લાંપડું
**લંપટ** વિ૦ [સં.] લપટાઈ ગયેલું બની ગયેલું (૨) વ્યભિચારી, વિષયી. **૦તા, –ટાઈ** સ્ત્રી૦
**લંબ** વિ૦ (૨) પું૦ [સં.] 'પર્પેન્ડિક્યુલર' [ગ] (૩) વિ૦ લાંબું (૪) પું૦ ઓળંબો (૫) હળિયાનું ચાણી આપવાની દોરી **૦ક** પું૦ લંબ (ગ) (૨) પરિચ્છેદ, અધ્યાય. **૦કર્ણ** વિ૦ લાંબા કાનવાળું (૨) પું૦ ગધેડો. **૦ગોળ** વિ૦(૨) પું૦ અંડાકાર, 'ઇલિપ્સોઇડ' (ગ), **૦ચોરસ** વિ૦ (૨) પું૦ 'રેક્ટૅન્ગલ' (ગ) **૦ન** ન૦ લટકવું તે (૨) આલંબન; આશ્રય. **૦રેખા** સ્ત્રી૦ લંબ લીટી (ગ) (૨) ઓળંબાની લીટી. **૦વર્તુલ(–ળ)** ન૦ જુઓ લંબવૃત્ત. **૦વું** સ૦ક્રિ૦ લટકવું; લંબાવું. **૦વૃત્ત** ન૦ 'ઇલિપ્સ' (ગ) **૦સંગમ** પું૦ 'ઑર્થોસેન્ટર' (ગ.) **૦સ્તની** વિ૦ સ્ત્રી૦ લાંબા સ્તનવાળી **–બાઈ** સ્ત્રી૦ લાંબાપણું કે તેનું માપ **–બાણ** ન૦ લાંબાપણું, દૂરતા (૨) લંબાવવું તે **–બાવવું** સ૦ક્રિ૦ 'લંબાવું'નું પ્રેરક. **–બાવું** અ૦ક્રિ૦ લાંબું થવું (૨) ઘણો વખત ચાલવું
**લંબૂશ(–સ)** વિ૦ [લંબ, લાંબું ઉપરથી] સાધારણથી વધારે લાંબું કે ઊંચું (૨) પું૦ તેવું માણસ
**લંબોચાઈ** સ્ત્રી૦ [લંબ + ઊંચાઈ] સીધી–લંબ પ્રમાણે ઊંચાઈ [ગણપતિ
**લંબોદર** વિ૦ [સં] ફૂંદાળું (૨) પું૦ (સં.)
**લા (')** સ્ત્રી૦ + [જુઓ લાય] જ્વાળા
**લા** [અ.] નકારદર્શક પૂર્વગ ઉદા૦ લાઇલાજ
**લાઇલાજ** વિ૦ [અ.] નિરુપાય; લાચાર. **–જી** સ્ત્રી૦ નિરુપાયપણું, લાચારી
**લાઇલાહ ઇલ્લલ્લાહ મુહંમદર્રસૂલુલ્લાહ** શ૦પ્ર૦ [અ] 'અલ્લા સિવાય કોઈ અલ્લા નથી ને મહંમદ એના રસૂલ છે' એ કલમો–ઇસ્લામનો મુખ્ય સિદ્ધાંત
**લાઇસન્સ** ન૦[ઇં.] પરવાનો [–આપવું, લેવું]
**લાઓલાદ (–ઓ)** વિ૦ [અ.] વાંઝિયું
**લાકડ** ન૦ [સર૦ म] જુઓ લક્કડ **૦કામ** ન૦ લક્કડકામ. **૦ફૂંકદ** ન૦ લાકડાના ટુકડા વગેરે પરચૂરણ સામાન. **૦શી(–સી)** વિ૦ જુઓ લક્કડશી. **૦શી લાડુ** પું૦ એક મીઠાઈ. **–ડિયું** વિ૦ લાકડાનું, –ના જેવું (૨) ડંડાબાજ; લાકડીથી કામ લેતું (૩) ન૦ જુઓ લક્કડિયું **–ડી** સ્ત્રી૦ સોટી, લાઠી [**–ઉગામવી** = મારવા માટે લાકડી ઊંચી કરવી **–એ પાણી સીંચવું** = પોતાને કરવાનું કામ બીજાને સોંપવું (જેથી તે બરાબર થાય નહીં) **લાકડીઓ ઊડવી** = લાકડીઓ વડે મારામારી થવી **–કરવી** = આગળી કરવી, ઉશ્કેરવું (૨) લાકડી વડે મારવું, દુઃખ દેવું **–ઝાલવી** = મારવા માટે હાથમાં લાકડી લેવી (૨) પ્રહાર કરે તે પહેલાં લાકડી પકડી લેવી (૩) દોરવું (૪) વૃદ્ધાવસ્થા આવવી **લાકડીથી પૂજા કરવી** = લાકડી લઈને મારવું; દુઃખ દેવું. **–બતાવવી** = લાકડી મારવાની બીક બતાવવી. **–મારવી** લાકડી વડે પ્રહાર કરવો. **–રાખવી** = લાકડી પાસે રાખવી (૨) માર મારવાની તૈયારી રાખવી **–લેવી** = મારવા માટે હાથમાં લાકડી લેવી (૨) ગુસ્સે થવું (૩) ઘડપણ કે અશક્તિને કારણે લાકડીનો ટેકો રાખવો **એક લાકડીએ હાંકવું** = બધા પર એકસરખો દોર રાખવો']
**લાકડું** ન૦ [सं लक्कुट, प्रा लक्कुड, सं लाकूड, हिं लकडी] ઝાડના સૂકા ધ
વગેરે (૨)[લા.] આડખીલી; નડતર
બળતણ [**લાકડાની તલવારે લ**
સાધન વિના લડવું(૨)એવી રીતે
કરી વ્યવહાર ચલાવ્યે રાખ
**તરવારે મહિનો ખાવો** =
કરી ચલાવ્યે રાખવું. ૯
લક્ષમાં ન લેવા જેવું કામ
= ઘર કે કુળ જોવું.'
ચિતા માટે લાકડાં ર

વૃદ્ધ કે મરવાની તૈયારીમા હોવુ) (૨) 'મરી જા' (એમ કહેવાને બદલે તારા લાકડા પહોચે એમ કહેવાય છે.) **લાકડાંમાંય પૈસા મળવાના નથી**= મરશે તોય મળવાના નથી. **લાકડાં લડાવવાં**=સાચાજૂઠા કરી ટંટો કરાવવો **લાકડાં સંકોરવાં**=ખોટી ઉશ્કેરણી કરવી, શાત પડેલી લડાઈને પાછી જગાવવી **લાકડું ઘાલવું, ઘાલી દેવું, ઘુસાડવું, ઘુસાડી દેવું**=લાગો, કર કે હંમેશા નડે એવો રિવાજ ઘુસાડી દેવો (૨) સ્વાર્થની વાત વચમા અડાવી દેવી (૩) આડખીલી ઊભી કરવી (૪) (-કેડમા) કેડ અક્કડ થઈ જવી **-પેસવું, પેસી જવું**=જુઓ લાકડુ ઘાલવુ ૧, ૩. **લાકડે માંકડું વળગાડવું**=યોગ્યતા જોયા વિના સબધ જોડી દેવો (૨) બે જણ વચ્ચે તકરાર થાય એવુ કરવુ ]

**લાક્ષણિક** વિ૦ [સ] લક્ષણા સંબધી, લક્ષણાથી સૂચિત થતુ (૨) લક્ષણ સંબધી (૩) ખાસ લક્ષણ સૂચવનારુ, આખા વર્ગનુ સૂચક **૦તા** સ્ત્રી૦

**લાક્ષા** સ્ત્રી૦ [સં] લાખ **૦(-ક્ષા)ગૃહ** ન૦ લાખનુ બનાવેલુ ઘર. **૦રસ** પુ૦ લાખનો રસ, અળતો

**લાખ** પુ૦ [સં લક્ષ] સો હજાર (૨) સ્ત્રી૦ [સ લાક્ષા] ખાખરો પીપળો બોરડી વગેરે પર થતા કીડાઓએ બનાવેલો એક પદાર્થ. [**-ટકાનું** = ભારે કીમતી કે અગત્યનુ **-નો પાલનહાર** = મોટો અમીર કે આશ્રયદાતા **-રૂપિયાનું** = લાખ ટકાનુ (૨) ઘણુ જ પ્રમાણિક અને ભલુ (માણસ) **-વાતની એક વાત**=ટૂંકમા, સારાંશ કે **-સે વાનાં કરવાં**=બહુ બહુ રીતે ઠોક દેવા, શરબિડ કરી ઘણી રીતે સમજાવવુ **લાખે લેખાં લેવાવાં**=લાખોની લેવડદેવડ કરવી (૨) મોટી મોટી વાત થવી (કટાક્ષમા) ] **૦લાખેણુ** વિ૦ ખૂબ લાખેણુ **૦પસાય** પુ૦(૨)સ્ત્રી૦ [પ્રા. (સં પ્રસાદ)] એક ગામ, એક હાથી ને લાખ રૂપિયા કે બીજી કોઈ લાખ વસ્તુઓનો રાજાએ આપેલો સરપાવ (૨) [લા ] મોટામા મોટો સરપાવ. **૦પંચોતરી** વિ૦ [પચોતેર અથવ' પચ+ઉત્તર] વધારીને વાત કહેનાર, લબાડી (૨) સ્ત્રી૦ ઢિંગ (૩) ખોટો ડોળ

**લાખવું** સ૦ક્રિ૦ ['લાખ' ઉપરથી] લાખવાળું કરવુ, લાખ ચડાવવી

**લાખાગૃહ** ન૦ જુઓ લાક્ષાગૃહ

**લાખિયું** વિ૦['લાખ' ઉપરથી] લાખનુ બનાવેલું કે લાખેલુ (૨) ન૦ લાખનુ કકણ

**લાખી** વિ૦ ['લાખ' ઉપરથી] લાખ જેવા રગવાળુ (૨) લાખનું બનાવેલુ (૩) ધનવાન્, ઉદાર (૪) અસંખ્ય

**લાખું** ન૦ [સ લક્ષ્મન્; સર૦ મ. लाखा] શરીર ઉપરનુ જન્મથી પડેલું ચાઠું

**લાખેણું** વિ૦ [પ્રા લક્ખણિય (સ लाक्षण्य) લક્ષણવતુ] પ્રતિષ્ઠિત, આબરૂદાર, સુલક્ષણુ (૨) ['લાખ' ઉપરથી] લાખ રૂપિયાનું, કીમતી

**લાખો** પુ૦ [જુઓ લાખેણુ] (પ.) સુલક્ષણવતો લાખેણો માણસ [**-ફુલાણી** =પોતાની શક્તિ વિષે મોટી ડફાસ મારનારો માણસ. **-વણજારો**=લાખ પોઠ રાખનારો - મોટો વણજારનો ધણી ]

**લાખોટવું** સ૦ક્રિ૦ જુઓ લાખવું **લાખોડું** વિ૦ લાખેલુ

**લાગ** પુ૦ [સ लग्न, સર૦ हिं, म ] તાકડો; દાવ, પ્રસગ (૨) આધાર, ટેકણ (૩) યુક્તિ (૪) વચાળ [**-આવવો, ખોવો, ગુમાવવો, જવો** ] [**-ખાવો** =તક મળવી (૨) બરાબર કબજામા આવવુ **-તાકવો**=દાવ સાધવો. (અમુક) **લાગનું હોવું**=અમુકને યોગ્ય હોવુ, અમુક દાવનું હોવુ.,]

**લાગટ** અ૦ [સ लग्] સતત, ચાલુ, લગાતાર

**લાગવું** ન૦ [સ लग्] ગાઢો સંબધ (૨) પરાયાં સ્ત્રીપુરુષનો સંબધ

**લાગણી** સ્ત્રી૦ ['લાગવું' ઉપરથી] મનની વૃત્તિ કે ભાવ (૨) દયા, સમભાવ. **૦પ્રધાન** વિ૦ વિચાર કે તર્ક નહિ પણ લાગણી જેમા મુખ્ય હોય તેવું; ભાવપ્રધાન

**લાગત** સ્ત્રી૦ ['લાગવુ' પરથી, સર૦ हिं., म.] થયેલુ ખર્ચ, મૂળ કિંમત (૨) દાણ, જકાત

**લાગતું વળગતું** વિ૦ [લાગવું + વળગવું] કુટુંબી

કે કોઈ બીજી રીતે સબંધી

**લાગભાગ** પું૦ [લાગવું + ભાગ] સંબંધી તરીકેનો હિસ્સો [લાગટ

**લાગલાગટ** અ૦ [જુઓ લાગટ] સતત; ચાલુ,

**લાગલું** અ૦ [સં લગ્] તરત જ

**લાગવગ** સ્ત્રી૦ લાગ અને વગ, વગવસીલો

**લાગવું** સ૦ક્રિ૦ [સં લગ્; સર૦ हिं. लगना, म. लागणें] સંબંધ કે સ્પર્શ થવો (૨) સંબંધ કે સગાઈ હોવી (૩) લાગણી કે અસર થવી (૪) જણાવું, સમજાવું અનુભવ થવો (૫) દેખાવું, ભાસવું (૬) ઇચ્છા–હાજત થવી (ભૂખ–તરસ) (૭) મંડવું; વળગવું; બાઝવું, મચ્યા રહેવું (૮) લાગુ થવું; શરૂ કરી દેવું ઉદા૦ નોકરીએ–ધંધે–કામે લાગ્યો છે (૯) લાગુ પડવું, બેસવું આવવું; અનુકૂળ નીવડવું (કૂંચી, કાયદાની કલમ, દવા) (૧૦) લાગુ પડીને નડવું ઉદા૦ ઉજાગરો લાગવો; પાણી લાગવું (૧૧) અથડાવું, ઝપટાવું; વાગવું (૧૨) મીંચાવું ઉદા૦ હમણા જ આંખ લાગી છે (૧૩) કિંમત પડવી; ખર્ચ થવું (૧૪) શરૂ કરીને જારી રહેવું. ઉદા૦ રડવા લાગ્યું (૧૫) સ્ત્રી કે પુરુષનો ખરાબ સંબંધ બાંધવો (૧૬) બીજા ક્રિયાપદ સાથે આવતા તે ક્રિયા કરવામા હાથ કે મદદ દેવાં અથવા તેમાં મંડવું એવો અર્થ બતાવે. ઉદા૦ કરવા લાગ, નાખવા લાગ (૧૭) અ૦ક્રિ૦ સળગવું. [કાને લાગવું=કાનમા ગુસપુસ કરવું. કામે લાગવું=નોકરીધંધે ચડી જવું (૨) ઉપયોગમાં આવવું. પૂઠે લાગવું=–ની પાછળ પડવું (હેરાન કરવા) (૨) ને વળગવું. હાથ લાગવું=જડવું. લાગ્યું ફોડી લેવું, ભોગવવું=માથે પડેલું ભોગવવું. લાગ્યો-ભાગ્યો દિવાળી=નફો થાઓ કે નુકસાન, કામ તો કરવું જ.]

**લાગુ** વિ૦ [જુઓ લાગવું] સંબંધ હોય તેવું, વળગેલું, લાગેલું (૨) બંધબેસતું, અનુકૂલ આવતું (૩) અ૦ ચાલુ, જારી. [–કરવું=બંધબેસતું કરવું (૨) જોડવું. –થવું. પડવું=પાછળ પાછળ જવું (૨) બંધબેસતું આવવું (૩) આડો સબંધ બાંધવો (સ્ત્રી–પુરુષ) (૪) [રોગ] વળગવો, ચોટવો (૫) [દવાની] અસર થવી –રહેવું=વળગ્યા રહેવું (૨) પાછળ પાછળ જવું –રાખવું=પાછળ પાછળ જવું–વળગેલું રાખવું. –હોવું=વળગેલું હોવું; પાછળ પાછળ જતું હોવું (૨) આડો સંબંધ ધરાવવો (સ્ત્રી–પુરુષે)]

**લાગો** પું૦ [દે. लाग, સર૦ हिं. लगान] દાપું; હકસાઈ (૨) કર; વેરો (૩) ['લાગવું' ઉપરથી સર૦ म. लगा, लग्गा] સંબંધ; સગપણ (૪) પીછો, કેડો. [–ઘાલવો, નાખવો=વેરો દાખલ કરવો, હકસાઈ લેવાનો રિવાજ દાખલ કરવો]

**લાઘવ** ન૦ [સં.] લઘુતા (૨) ચપળતા, કુશળતા (૩) નાનમ (૪) ક્ષુલ્લકપણું (૫) તર્કનો એક ગુણ–થોડાથી ઘણાનો ખુલાસો થવો તે (તેથી ઊલટો ગૌરવદોષ છે) [ન્યા]

**લાચાર** વિ૦ [ફા] નિરુપાય, વિવશ (૨) ગરીબ, દીન –રી સ્ત્રી૦ લાચારપણું, વિવશતા

**લાછ** સ્ત્રી૦ + [જુઓ લક્ષ્મી] લચ્છ. ૦વર પું૦ પૈસાદાર પતિ (૨) [સં.] શ્રીકૃષ્ણ –છાકુંવર પું૦ ધનવાનનો પુત્ર (૨) લાછવર

**લાછાં** ન૦બ૦વ૦ [જુઓ લાછન] પગને તળિયે તેમ જ હથેળીમા લીમડાનાં પાનથી છાશ છાંટી, તાવેથાથી ઝડપથી વારંવાર ડામવું તે [–લેવડાવવાં=ડામ વડે ચિકિત્સા કરાવવી (૨) [લા.] ત્રાસ આપવો (૩)ગરમ રેતી ઉપર ચલાવવું. –લેવાવાં=ચાલતા પગ શેકાઈ જવા. –લેવાં=ડામ વડે ચિકિત્સા કરવી કે કરાવવી (૨) ત્રાસ આપવો.]

**લાછો** પું૦ [જુઓ લચ્છો] હીરની મોટી આંટી

**લાજ** સ્ત્રી૦ [જુઓ લજ્જા] શરમ (૨) મર્યાદા; મલાજો (૩) આબરૂ; પત. [–આવવી=શરમાવું –કાઢવી=ઘૂંઘટો તાણવો; સ્ત્રીએ અદબ દાખલ મોં ઢાંકવું –મૂકવી=લાજનો રિવાજ તજવો (૨) નફ્ફટ થવું. –રાખવી=આબરૂ જાળવવી (મદદ કરીને).] ૦લજામણી સ્ત્રી૦ શરમ, સંકોચ (૨) લજામણી. ૦વું અ૦ક્રિ૦ શરમાવું

**લાજમ** વિ૦ જુઓ લાજિમ

**લાજવું** અ૦ક્રિ૦ [सं लज्ज्, प्रा. लज्ज] શરમાવું

**લાજા** સ્ત્રી૦ [सं.] ડાંગરની ધાણી ૦હોમ પું૦ લગ્નના વિધિ દરમ્યાન વરકન્યા વેદીમાં ડાંગર હોમે છે તે

**લાજાળી** સ્ત્રી૦ [सं लज्जालु] જુઓ લજામણી -ળું વિ૦ શરમાળ

**લાજિમ** વિ૦ [अ] લાજમ; ઘટિત; છાજે એવું

**લાજુ લાડી** વિ૦ [प्रा लज्जु + લાડી] શરમાળ (૨) સ્ત્રી૦ શરમાળ છોકરી

**લાટ** પું૦ [सं] (સ) ભરૂચ આસપાસના પ્રદેશનું પ્રાચીન નામ

**લાટ** પું૦ [સર૦મ.] લાટો, મોજો, તરંગ (૨) (૯,) સ્ત્રી૦ [प्रा लट्ठि (सं यष्टि), સર૦ हिं, म.] ઘાણીનું ઊભું લાકડું (૩) ધરી (જેમ કે, ગાડાની, રેંટિયા કે ચરખાની)

**લાટ** પું૦ [સર૦ हिं, म, इ लॉर्ड] જથો (૨) [इं लॉर्ड] મોટો સાહેબ – સત્તાધીશ. ૦બંધ અ૦ જથાબંધ ૦સાહેબ પું૦ મોટો સાહેબ, 'લૉર્ડ

**લાટાનુપ્રાસ** પું૦ [सं.] ભિન્ન અન્વયવાળા સમાન અર્થના સમાન શબ્દોની આવૃત્તિ, એ શબ્દાલંકાર (કા શા)

**લાટી** સ્ત્રી૦ [प्रा. लट्ठि (सं यष्टि) ઉપરથી કે લાટ = જથો પરથી? સર૦ म] લાકડાનું પીઠું

**લાટો** પું૦ [જુઓ લાટ = મોજો] મોજો, તરંગ (૨) [प्रा लट्ठि (सं.यष्टि)] સાગનું કે કોઈ ધાતુનો લાંબો ટુકડો [લાટા કાઢવા = ફાયદો મેળવવો].

**લાઠી** સ્ત્રી૦ [प्रा. लट्ठि (सं यष्टि)] જાડી લાકડી; ડાંગ [-ચલાવવી = લાઠી વીંઝી મારવા માંડવું.] ૦બાજ વિ૦ લાઠી ચલાવવામાં કુશળ. ૦બાજી સ્ત્રી૦ ૦રાજ્ય ન૦ લાઠીના જોરથી રાજ્ય કરવું તે

**લાડ** ન૦ [दे लड्डिय, સર૦ हिं., म] હસાવી ખેલાવી રાજી રાખવું તે (૨) તેવું વર્તન કે ચેષ્ટા (-કરવાં, લડાવવાં) [-પહોંચવાં = લાડ બહુ થયાં – હવે બસ કરો (એ અર્થમાં) -પહોંચાડવાં, ભુલાવી દેવાં = ખબર લઈ નાખવી, ખૂબ ધમકાવવું કે મારવું.] ૦કણું વિ૦ લાડકું ૦કવાયું વિ૦ જુઓ લાડવાયું ૦કાલાડુ પું૦બ૦વ૦ જનોઈ કે લગ્ન વખતે સગાં તરફથી જે મીઠાઈ કે નાણું ભેટ આપવામાં આવે છે તે ૦કું વિ૦ [સર૦ म. लाडका] જુઓ લાડવાયું ૦ઘેલું વિ૦ ઘણા લાડથી વહી ગયેલું ૦ણું(-લું) વિ૦ જુઓ લાડવાયું. ૦લાડુ પું૦બ૦વ૦ જુઓ લાડકાલાડુ ૦લું વિ૦[સર૦ हिं, म लाडला] લાડણું; લાડકવાયું ૦વણ સ્ત્રી૦ માનીતી સ્ત્રી ૦વાયું વિ૦ લાડમાં ઊછરેલું, વહાલું ૦વું અ૦ક્રિ૦ લાડ કરવા (૨) લાડમાં રિસાવું

**લાડવો** પું૦ જુઓ લાડુ. [-ખાવાનું કામ નથી = સહેલું ને સુતરું કામ નથી -ખાવો, જમવો = ફાયદો કાઢવો – મેળવવો -હાથમાં હોવો = ફાયદો મળે તેમ હોવું]

**લાડસઘેલું** વિ૦ જુઓ લાડઘેલું

**લાડાલાડ** સ્ત્રી૦ ['લાડ' ઉપરથી?] લાડમાં રિસાવું તે

**લાડિયું** વિ૦ ['લાડ' ઉપરથી] લાડવાયું (૨) ન૦ લાડવાયું છોકરું

**લાડી** સ્ત્રી૦ ['લાડ' કે दे लडह = રમ્ય ઉપરથી] કોમળ કન્યા (૨) નવી પરણેલી વહુ

**લાડીલું** વિ૦ (૨) જુઓ લાડિયું

**લાડુ** પું૦ [सं लड्डु, સર૦ हिं, म लाडू] મોદક; એક મીઠી વાની (૨) પિંડો, ગોળો. [-ખાવાનું કામ = સહેલું સટ કામ -ભટ્ટ = લાડુપ્રિય કે આહારપ્રિય નાલાયક કે જાડો બ્રાહ્મણ -રજા માગે છે = લાડુ પીરસવાનું હવે બંધ થાય છે.]

**લાડો** પું૦ [જુઓ લાડી] વર (૨) લાડવાયો [છોકરો

**લાણી** સ્ત્રી૦ [જુઓ લણણી, સર૦ म] કાપણી ('લહાણી' અર્થમાં આ જોડણી નહિ)

**લાત** સ્ત્રી૦ [दे. लत्ता] પગથી મારવું તે – કરેલો આઘાત, પાટું [-ખાવી, વાગવી = લાતનો પ્રહાર સહન કરવો (૨) નુકસાન થવું. -મારવી, લગાવવી = લાત વડે પ્રહાર કરવો (૨) નુકસાન કરવું] -તંલાતા સ્ત્રી૦ સામસામી લાત મારવી તે -તાટવું સ૦ક્રિ૦ લાતે લાતે મારવું

**લાતરવું** અ૦ક્રિ૦ નિચોવાવું (ઈડર, પાલનપુર [તરફ)

**લાતી** સ્ત્રી૦ [સર૦ લાટી] બંદર ઉપરની વખાર; કોઠી

લાદ (દ,) સ્ત્રી० [दे. लद्दी, સર० हिं., म लीद] ઘોડા ગધેડાનુ છાણ

લાદવું સ०क्रि० [दे. लद्द; સર०हिं. लादना] (ઊંટ, ગધેડા વગેરેની પીઠ પર) સામાન ભરવો, ખડકવું [શું લાદવું પલાણવું છે ? = શી વાર છે ?]

લાદી સ્ત્રી० [સર० म ] પથ્થરની પાતળી અને નાની તખતી (૨) ફરસબંધી [-જડાવવી, -નાખવી, -બેસાડવી]

લાદે(-દો)ડો પુ० ['લાદવું' ઉપરથી] ધોબીના પોઠિયા પર લાદેલો ગાસડો (૨) મોટો ભાર

લાધવું સ०क्रि० [प्रा लध्ध (सं लब्ध), સર० म. लाधणें, हिं लाधना] પ્રાપ્ત થવુ, મળવું(૨) અ०क्रि० જમીન સાથે વહાણનુ ચોટી જવું

લાનત સ્ત્રી० [अ] લયાનત લ્યાનત, શરમ

લાપ(-પો)ટ સ્ત્રી० [રવ०] તમાચો [-ખાવી, ચોડવી,મારવી,લગાવવી].०ઝાપ(-પો)ટ સ્ત્રી०જુઓ ધોલધાપટ [-કરવી] -ટિયું न० લાપોટિયું, ગાલ સૂજી આવી થતુ ગૂમડું -ટિયો પું० લાપોટિયો; બુસટિયો

લાપન न० [सं.] અન્વય પાડી અર્થ કહેવો ને

લાપરવા વિ० [फा] બેપરવા ०ઈ સ્ત્રી० બેપરવાઈ

લાપશી(-સી) સ્ત્રી० [दे लप्पसिया] ઘઉંની એક મીઠી વાની

લાપી(-બી) સ્ત્રી० [સર० म. लावी] સફેદો અને એલતેલની બનાવેલી લૂગદી; લાંપી

લાપોટ, ०ઝાપોટ, -ટિયું, -ટિયો જુઓ 'લાપટ'માં

લાફો પું० [फा. लाफ] તમાચો(૨) [सं लंफ = કૂદકો ઉપરથી ?] ઉડાઉ માણસ (૩) [સર० લપ્પો] બારીબારણાં બંધ કરવાનો લાકડાનો આડો કકડો; ભૂગળ (૪) નોધ ૪ જુઓ. -ફાલાફ(-ફી) સ્ત્રી०, -ફાવેડા પું०બ०વ० ઉડાઉપણુ

લાબડી સ્ત્રી० [જુઓ લાવરી] એક પંખી

લાબરું વિ० [સર० લબતરું] સુકોમળ, નાજુક

લાબી સ્ત્રી० જુઓ લાપી, લાબી

લાબું न० [સર० લાબરું] કુંવારનું પાન

લાભ પું० [सं] ફાયદો [-ખાટવો = લાભ કરવો; ફાયદો લેવો. લાભ તે સવાયાં = 'સવાયો નફો થજો' એવા ભાવની વેપારીઓની શુભેચ્છાદર્શક ઉક્તિ.] ०કર(-ર્તા), ०કારક, ०કારી વિ० લાભ કરે તેવું ०દાયી, ०પ્રદ વિ० લાભ આપનાર ०પાંચમ સ્ત્રી० કાર્તક સુદ ૫ ०વું સ०क्रि० મળવું; પ્રાપ્ત થવુ, ખાટવું. -ભાલાભ પુ०[+अलाभ] નફો અને નુકસાન -ભોજી પું० તોલતા તોલાટ 'એક'ને બદલે બોલે છે -ભોજીલાભ પુ० તોલતાં પ્રથમ ધારણ વખતે બોલાતો શબ્દ (૨) ઉડાઉપણું. [-ન કરવા = પહેલી ધારણની જેમ બધી ધારણો મોટે મને ભરી ઉડાવી ન દેવું]

લામણદીવો પું० [લામણ (सं अवलंबमान) +દીવો;સર०म लामणदिवा]જુઓ રામણદીવો

લામા પુ० [इं, टिबेटी ल्लाम)] તિબેટનો વડો બૌદ્ધ આચાર્ય

લાય(-હ) (લા'હ,) સ્ત્રી० [प्रा. अलाय (सं अलात) કે स दाह? સર० हिं लाय, म लाही, लाह्य] આગ (૨) બળતરા (૩) [?] એક જાતનું રેશમી કપડુ [-થવી,લાગવી = આગ સળગવી પેટમાં લાય લાગવી = સખત ભૂખ લાગવી (૨) બળતરા થવી.]

લાયક વિ० [अ. लाइक] યોગ્ય; ઉચિત (૨) લાયકાતવાળું, પાત્ર (૩) બંધબેસતુ, છાજતુ; અનુકૂળ. -કાત, -કી સ્ત્રી० યોગ્યતા; પાત્રતા

લાયરી (લા') સ્ત્રી० [सं लप्] બહુ બોલવું તે (૨) પતરાજી, શેખી, ડફાસ. ०ખોર વિ० લાયરી કરનાર

લાયલેપા (લા')સ્ત્રી० [લાય + વલેપાત?] મુશ્કેલી, ત્રાસ [-થવી]

લાર (લા') સ્ત્રી० [સર० हिं. (सं लहरी ?)] લાબી હાર. [-લાગવી = લાબી હાર થવી.] -રોલાર અ० હારબંધ

લારણી સ્ત્રી० ['લાર' ઉપરથી ?] (સુ ) રોજ લેવાના દૂધની બાંધણી - ઠરાવ

લારી (લા')સ્ત્રી० [इं लॉरी] રેલના પાટા પર ઠેલીને ચલાવવાની ગાડી (૨) માલ વહી જવાની ગાડી (હાથની કે મોટર)

લારું (લા') न० [જુઓ લાર] ઝાખરું, થરું (૨) ધાડુ; ટોળુ (૩) [લા ] આડો સબંધ

લાલ વિ૦ [ફા. લાલ ઉપરથી, સર૦ હિં, મ.] રાતા રંગનું (૨) પુ૦ [સં લલ્ ઉપરથી, સર૦ હિં, મ] છેલ, રગીલો બાંકો (૩) છોકરો, પુત્ર (૪) + લાલસા (૫) સ્ત્રી૦ [ફા] માણેક (૬) ન૦ [હિં] એક પક્ષી [-ઘોડીએ ચઢવું = દારૂ કે અફીણના કેફમા હોવું -થઈ જવું = ક્રોધથી તપી જવું -મોઢાં કરવાં = પાન ખાવું (૨) યશ મળવો. -સાહેબ = ઈશ્કી માણસ, છેલ] ૦કસ્તૂરી સ્ત્રી૦ એક પક્ષી ૦ઘૂમ [સં ઘૂર્ણ], ૦ચટક, ૦ચબક, ૦ચોળ [સં ચોલ] વિ૦ ખૂબ લાલ ૦જી પુ૦ (સં) કૃષ્ણના બાળસ્વરૂપની મૂર્તિ (૨, ગોસાઈજીનો પુત્ર ૦પાણી સ્ત્રી૦ [લા] દારૂ. ૦બમ વિ૦ લાલચોળ ૦બાઈ સ્ત્રી૦ અ.ગ. લાય [-ની ચોકી ફરવી = ચોમેર લાય લાગવી -મેલવી, લગાડવી = આગ સળગાવવી] ૦મતિયા ન૦ એક પખી ૦મલાલ વિ૦ ખૂબ લાલ (૨) [લા] ફાકડુ, મનોરંજક. ૦શિર ન૦ એક પખી

લાલચ સ્ત્રી૦[સં લુભ્, લાલસા, સર૦ હિં, મ] લલચાવુ તે, લાલસા, લોભ (૨) લલચાવે તે, લાલચમા નાખે તેવી વસ્તુ, લાચ. -ચુ વિ૦ [સર૦ હિં., મ લાલચી] લાલચવાળુ, લોભી

લાલન ન૦ [સં.] લાડ લડાવવા તે. ૦પાલન ન૦, -પાલ સ્ત્રી૦ લાડમા ઊછરવુ તે

લાલપાણી, લાલબાઈ, લાલમતિયા, લાલમલાલ, લાલશિર જુઓ 'લાલ'મા

લાલસા સ્ત્રી૦ [સં] ઉત્કટ ઇચ્છા, તૃષ્ણા -સી વિ૦ લાલચુ

લાલા ન૦ [ફા લાલહ] એક ફૂલ, ગુલાલા

લાલા પુ૦ [સં લલ્, સર૦ હિં] લહેરી, છેલ, ફક્કડ (૨) ઉત્તરમા અમુક જાતિના લોકના નામ પૂર્વે આદરનો શબ્દ. જેમ કે, લાલા લજપતરાય (૩) બાપને માટે સબોધન શબ્દ (કોઈ ઠેકાણે) ૦ઈ સ્ત્રી૦ છેલાઈ; રગીલાપણુ ૦જી પુ૦ છેલ, ફક્કડ [-કરવું = માર મારવો (૨) રડાવવુ] ૦તાણુ સ્ત્રી૦ (હે લાલા! તુ તાણીને ઉપર લે તો બચાય! એવા વાર્તા પ્રસગ ઉપરથી) નાલેશીભરી મુશ્કેલ સ્થિતિ. [-થવી = એવી સ્થિતિમા મુકાવુ]

લાલા સ્ત્રી૦ [સં] લાળ ૦મેહ પુ૦ એક પ્રકારનો પ્રમેહ. ૦યિત વિ૦ સ્વાદથી મોમાં પાણીવાળુ (૨) આતુર, ઉત્કટ

લાલાશ સ્ત્રી૦ [લાલ = રાતુ ઉપરથી] લાલી, રતાશ

લાલિત્ય ન૦ [સં.] લલિતપણુ

લાલિમા સ્ત્રી૦ [લાલ = રાતુ ઉપરથી] લાલાશ

લાલિયો પુ૦ [જુઓ લાલો] બબરચી - ઢેડ [સુ] (૨) લાલ કૂતરો કે બળદ -યા ઇંગ્લિશ (સુ) ન૦ બબરચીનુ ભાગ્યુતૂટ્યુ અગ્રેજી. -યા પરાપડ સ્ત્રી૦ (સુ.) ફડફડ બોલવુ તે

લાલી સ્ત્રી૦ [લાલ = રાતુ ઉપરથી] રતાશ (૨) [સં લોલા = જીભ] ઘટની જીભ - લોલક

લાલો પુ૦ [લાલ = છેલ ઉપરથી] લાલ, ફાકડો (૨) પડાણ

લાવણી સ્ત્રી૦ [સં લાપન ઉપરથી, સર૦ મ, હિં લાવની] એક રાગ કે ઢાળ, લલકારાય એવી કવિતા (૨) સગીતનો એક તાલ

લાવણીપત્રક ન૦ [મ] સરકારી લેણાનુ આસામીવાર પત્રક

લાવણ્ય ન૦ [સં] સૌન્દર્ય ૦મય વિ૦, ૦મયી વિ૦ સ્ત્રી૦ સુદર

લાવરી સ્ત્રી૦ [પ્રા, સં] એક પંખી

લાવરુ (લા') ન૦[પ્રા. લાવિર(સં લવિતૃ) કાપનાર ઉપરથી, સર૦ મ લાવા = માસનો ટુકડો] ફૂતગતુ કરડવુ તે (૨) કૂતરાનુ ભસવુ તે. [-નાખવું, ભરવુ = ડાકુ મારવુ, કૂતરાએ કરડવુ (૨) ગુસ્સામા બોલવું - તડવુ]

લાવલદ વિ૦ [અ.] નિર્વંશ

લાવલશ્કર ન૦ [સર૦ મ] સરજામ સાથેનુ મોટું લશ્કર [-લઈને, સાથે = (લા) બધા પરિવાર તથા સરજામ સાથે]

લાવવું સ૦ક્રિ૦ [સં લા, અપ૦ લાવિય = લાવેલુ; સર૦ હિં લાવના, લાના] લઈ આવવુ, આણવુ. [લાવી નાખવું = (સામટુ) આણી દેવુ લાવી મૂકવુ, રાખવું = પહેલેથી લાવી રાખવું]

લાવા પુ૦ [ઇં.] જ્વાળામુખીમાથી નીકળતો [ગરમ રસ

લાવુ (લા') ન૦ [સં લા] કૂતરાનું ડાકું; લવરું

લાશ(-સ) વિ૰ [तुर्की] બરબાદ; પાયમાલ (૨) સ્ત્રી૰ [फा.] મડદું. [-જવું = પાયમાલ થવું.]
લાસર સ્ત્રી૰ [सं. लासक] ઢીલ; રસળાઈ. -રિયું વિ૰ રસળાઈવાળું; કહે પણ કરે નહીં એવું. -રિયાપણું ન૰, -રિયાવેડા પું૰ બ૰ વ૰ રસળાઈ
લાસાની વિ૰ [अ.] અજોડ; અદ્વિતીય
લાસુ વિ૰ [प्रा. लूह (सं. रूक्ष)] લૂખું; ઘી કે ચીકટ વિનાનું (૨) ન૰ કઠોળ સિવાયનું અનાજ
લાસ્ય ન૰ [सं] સંગીત સાથેનું નૃત્ય
લાહ (હ,) સ્ત્રી૰ જુઓ લાય [લોટની ખેળ
લાહી સ્ત્રી૰ [सं. लिह् ઉપરથી? लेह्य?] ઘઉંના
લાળ સ્ત્રી૰ [सं. लाला; સર૰ म; हि. लार] મોઢાનો ચીકણો પ્રવાહી [-પડવી]. -ળિયું વિ૰ ઘણી લાળ પડતી હોય તેવું (છોકરું) (૨) લાળથી બદન પલળે નહિ તે માટે બાળકને ગળે બંધાતું કપડું (૩) કણ ભરાતું કણસલું (૪) રાખેલા વાસી અન્નમાં થતા લાળ જેવા જંતુ. -ળિયો પું૰ કપાસની એક જાત -ળી સ્ત્રી૰ રજસ્રાવ (પશુનો) [-કરવી = પશુનું ઋતુમાં આવવું.]
લાળી સ્ત્રી૰ [सं लोला] કાનની નીચે લબડતી ચામડી (૨) લાલી. ઘંટની જીભ (૩) બૂમ (પશુપંખી-ખાસ કરીને શિયાળની).[-કરવી =(શિયાળે) હૂકા હૂકા એવી બૂમ પાડવી.]
લાળો (લાં) પું૰ [सं. अलात] અંગારો [લાળા ઊઠવા (અંતરમાં)= અતિશય બળતરા-ચિંતા થવી. તને શું આપે? લાળા?= તને કશુંય ન અપાય]
લાંક (૦)પું૰[સર૰हिं. लंक, लाँक = કમર, કટિ] લંક; કમરનો વાંક-મરોડ
લાંગ પું૰ [सं. लंका] વટાણા જેવું એક કઠોળ
લાંગર (૦)ન૰જુઓ લંગર. ૰વું સ૰ક્રિ૰જુઓ લંગારવું; લંગર નાંખી થોભવું
લાંગુ(-ગૂ)લ ન૰ [सं.] પૂંછડું
લાંઘ,૰ણ (૦)ન૰,સ્ત્રી૰[प्रा. लंघण (सं. लंघन)] લાંઘો; ઉપવાસ. ૰ણું ન૰ હેતુ સાધવા લાંઘણ લઈ બેસવું તે (કોઈની સામે) ૰વું અ૰ક્રિ૰ [सं. लंघ्].લાંઘો કરવો -ઘો પું૰ લાંઘણ ઉપવાસ (૨) લાંઘણું (૩) લાંબી મોટી ફાળ; મોટું ડગલું [મૂકવાની ઘોડી
લાંઘણી સ્ત્રી૰ [सं. लंघ्] ગાડીના ધૂંસરા નીચે
લાંચ (૦) સ્ત્રી૰[सं. लंचा] અમલદાર કે સત્તાધારીને છૂપી રીતે અપાતી કે લેવાતી અઘટિત રકમ (-આપવી, ખાવી, લેવી). ૰ખાઉ, ૰ખોર વિ૰ લાંચિયું
લાંચવું અ૰ક્રિ૰ [જુઓ લચવું] લચી, નમી જવું (૨) સ૰ ક્રિ૰ ['લાંચ' ઉપરથી] લાંચ આપવી [લાંચખાઉ
લાંચિયું વિ૰ ['લાંચ' ઉપરથી] લાંચ લેનારું;
લાંચું (૦) વિ૰ ['લચવું' ઉપરથી] કમી, ઓછું
લાંછન ન૰ [सं.] ડાઘ, કલંક (૨) ચિહ્ન. -ના સ્ત્રી૰ લાંછન લાગવું કે લગાડવું તે
લાંછિત વિ૰ [सं.] લાંછનવાળું
લાંછું (૦) ન૰ જુઓ લાંછન
લાંઝો (૦) પું૰[સર૰ म] વાંધો, હરકત
લાંઠ, -ઠિયું(૦)વિ૰['લઠ્ઠ' ઉપરથી; સર૰ म] લોઠ; ખડું; શઠ (૨) ગાંઠે નહિ તેવું, તોફાની -ઠાઈ સ્ત્રી૰ લુચ્ચાઈ; શઠતા. ૰ડી સ્ત્રી૰ [सं लाठनी] કુલટા સ્ત્રી
લાંપ,૰ડું (૦) ન૰[સર૰ म लांपट] સૂકું કે ચિમળાયેલું નાનું ઘાસ [લાપી
લાંપી(-બી) (૦) સ્ત્રી૰[સર૰म. लावी] જુઓ
લાંબ(-બી) (૦)સ્ત્રી૰ ['લાંબું' પરથી] યાદદાસ્ત (૨) સ્મૃતિ; ફામ
લાંબટ(-ટાં)ગિયું(૦) વિ૰[લાંબુ + ટાંગો,સર૰ म लावटाग्या]શરીરના પ્રમાણમાં વધારે લાંબા ટાંગાવાળું
લાંબડી (૦)સ્ત્રી૰ એક વનસ્પતિ
લાંબભાત (૦) પુ૰ [म लावा] (સુ.) આગલા વર્ષની ડાંગરના કણ પડવાથી આપોઆપ ઊગેલા છોડ [લાંબી
લાંબી (૦)સ્ત્રી૰જુઓ લાબ(૨)[સર૰ म.]લાપી;
લાંબીટૂંકી (૦) સ્ત્રી૰ [લાંબું + ટૂંકું] એલફેલ (૨) તકરાર, પંચાત
લાંબું (૦)વિ૰[सं लंब] લંબાઈ, સમય વગેરેમાં ઘણું. [લાંબી ઊંઘ, નિદ્રા = મૃત્યુ. લાંબી

**ખેંચવી** = સોડ તાણીને સૂઈ જવું, ઘસઘસાટ ઊંઘવું (૨) મરી જવું. **લાંબી ફાળ ભરવી** = ભારે હામ ભીડવી, સાહસ કરવું (૨) ગજા ઉપરાતનું કામ કરવું **લાંબી લેખણે લખવું** = મોટો વેપાર જોડવો (૨) પરોણો લઈ બળદ હાંકવો **લાંબી સોડે સૂવું** = મરી જવું. **લાંબું કરવું** = લંબાવવું, પીંજણ કરવું **-કાઢવું** = ઘણું જીવવું **-ખેંચવું** = ઘણું જીવવું (૨) વખત વિતાવવો, ઢીલ કરવી **-ચાલવું** = લંબાવું, લાબો વખત ચાલુ રહેવું (૨) ઘણા દિવસ નભવું **-થવું, થઈ જવું** = લંબાવું (૨) અંગો લંબાવીને સૂવું, આરામ કરવા સૂવું (૩) ઘણી ખોટ આવવી (૪) મરી જવું **-પિંગળ કરવું** = વધારી વધારીને કહેવું. **લાંબે પાટે સૂવું** = દેવાળું કાઢવું, ઘણા નુકસાનમા આવી પડવું (૨) મરણતોલ થવું (૩) નિરાતે સૂવું, બેદરકારીથી પડયા રહેવું **લાંબે સાથરે સૂવું** = દીર્ઘદૃષ્ટિ રાખીને કામ કરવું (૨) નિરાત ધરવી (૩) મરણ પામવું. **લાંબો હાથ કરવો** = મદદ કરવી કે માગવી (૨) ભીખ માગવી (૩) લાચ લેવી (૪) અડચણ નાખવી] **૦છટ** વિ૦ છતુપાટ. **૦લચ(૦ક)**, **૦લસરક** વિ૦ [સર૦ મ. लांबलचक] ઘણું લાંબુ

**લાંભ** (૦) વિ૦ [જુઓ લાઅભાત] અડાઉ

**લાંભવું**(૦), **લાંભું** ન૦[सं लम्] વિભાગ, હિસ્સો (૨) ભાગિયાઓના ભાગ વહેંચવા નાખવામા આવતી ચિઠ્ઠી [-નાખવું]

**લિખિત** વિ૦ [सं.] લખેલુ (૨) ન૦ લખ્યા લેખ **-તંગ** વિ૦ 'લખનાર' એ અર્થમા કાગળ લખવામા વાપરે છે; લખિતંગ (સંક્ષેપ-લિ૦)

**લિચ્છવી** પુંં૦(સ.) એક બૌદ્ધકાલીન લોક પ્રજા

**લિજજત**, **૦દાર** જુઓ 'લહેજત' મા [રીત

**લિપિ(-પી)** સ્ત્રી૦[सं.]ભાષાના વર્ણો લખવાની

**લિપ્ત** વિ૦ [सं] લીપાયેલું, ખરડાયેલુ (૨) આસક્ત, ફસેલુ [કામના

**લિપ્સા** સ્ત્રી૦[सं] મેળવવાની ઇચ્છા(૨)લાલસા;

**લિફાફો** પુંં૦ [अ] પરબીડિયું

**લિફ્ટ** ન૦ [इं.] ઉપર ચઢવા માટેનુ એક યાંત્રિક સાધન

**લિબરલ** વિ૦ (૨) પું૦ [इं] ઉદારમતવાદી

**લિબાસ** પુ૦ [अ.] લેબાસ; પોશાક

**લિમિટેડ** વિ૦ [इं.] કાયદાથી સહિયારુ (જેમ કે, કંપની)

**લિલવટ** ન૦ [स ललाटपट्ट] નિલવટ; કપાળ

**લિલાઉ**, **-મ** ન૦ [पो. लेइलॉव, निलामु; સર૦ म लिलाम, लिलाव] હરાજી

**લિસોટી** સ્ત્રી૦ [स रेषा] નાની લીટી કે ઉઝરડો. **-ટો** પુ૦ મોટી લિસોટી [-પડવો]

**લિસ્ટ** ન૦ [इं.] યાદી

**લિહાજ** પુ૦[अ] વિવેક, અદબ

**લિંગ** ન૦ [सं] ચિહ્ન (૨) જાતિ [વ્યા] (૩) સાધન, હેતુ (ન્યા) (૪) મહાદેવની મૂર્તિ (૫) પુરુષની ઇદ્રી (૬) લિંગદેહ **૦દેહ** પું૦, **૦શરીર** ન૦ જીવાત્માનુ સૂક્ષ્મ શરીર **-ાનુશાસન** ન૦ [+ अनुशासन] વ્યાકરણમાં જાતિના નિયમો **-ાયત** પું૦ એ નામના શૈવ સંપ્રદાયનો આદમી **-ી** વિ૦ લિંગવાળું

**લિંબડી** સ્ત્રી૦[જુઓ લિંબુ]લિંબુનુ ઝાડ;લિંબોઈ

**લિંબુ** ન૦ [स निंबू, સર૦ म लिंबू] લીંબુ; એક ખાટું ફળ. **૦ડી**, **-બોઈ** સ્ત્રી૦ લીંબોઈ

**લિંબોળી** સ્ત્રી૦ [?] લીંબોળી, પહોળા મોંનું એક મોટું વાસણ (૨) [प्रा णिम्बोलिया; दे लिंबोहली] લીંબડાનુ ફળ

**લીક** સ્ત્રી૦ [हिं] લીટી (૨) હદ

**લીખ** સ્ત્રી૦[प्रा लिक्खा(सं लिक्षा)] જૂ નામના જંતુના ઇંડા [-પડવી માથામાં લીખ થવી] **-ખિયું** ન૦ લીખ કાઢવાની ઝીણા દાતાની કાસકી

**લીચી** સ્ત્રી૦ [चीनी लिच्चू, સર૦ हिं] પૂર્વ હિંદમા થતુ એ નામનું એક ફળઝાડ કે તેનું ફળ

**લીજે**, **-જીએ** (પ.) 'લેવું'નું વિધ્યર્થ રૂપ

**લીટી** સ્ત્રી૦ [प्रा. लिहा (स लेखा)] પહોળાઈ વગરની રેખા (૨) હાર, ઓળ(૩) પદ, કડી (૪) લીક; હદ. [-કરવી = પંક્તિઓ રચવી (૨) પંક્તિઓ મોઢે કરવી **-ખેંચવી, દોરવી, પાડવી** = રેખા કરવી. **-દોરતાંય** ન

આવડવું = તદ્દન અભણ હોવુ. **-મારવી** = લીટીદોરી છેકી કાઢવુ] **-ટો** પું૦ જાડી લીટી (૨) છેકો. [**લીટા તાણવા** = ગમે તેમ લીટીઓ ખેંચવી - દોરવી, લીટા કરવા (૨) ગમે તેમ ચીતરવુ - લખવું. (**લીટો કરવો, ખેંચવો, દોરવો.**) **-મારવો** = છેકી નાંખવુ.]

**લીદ** સ્ત્રી૦ [દે. लद्दी] લાદ

**લીધરું** વિ૦ લઘરિયુ; ચીથરિયુ

**લીધું** સ૦ ક્રિ૦ 'લેવું'નુ ભૂ૦કા૦ (૨) લીધેલુ. **-ધેલ(-લું)** ભૂ૦ કૃ૦ [કારણે

**લીધે** અ૦[જુઓ લીધુ'] લઈને, તેથી; તેટલા માટે,

**લીન** વિ૦[સં] લય પામેલું (૨) ગરક, તલ્લીન

**લીપણ** ન૦ [લીપવુ પરથી, સર૦ મ लिंपण] લીપણ; જમીન ઉપર કરેલો છાણ-માટીનો લેપ [**-કરવું**]

**લીપવું** સ૦ ક્રિ૦ [સ. लिप्; સર૦ हिं लीपना] લીંપવુ, છાણમાટીની ગારનો લેપ કરવો

**લીમડી** સ્ત્રી૦ [અપ૦ लिंबड, प्रा. लिंब (स निम्ब)] નાનો લીમડો (૨) લીમડાની જાતનુ કોઈ પણ નાનુ ઝાડ (જેમ કે મીઠી લીમડી) **-ડો** પું૦ એક ઝાડ [**લીમડે લટકવું** = અવગતિયુ થવુ]

**લીરો** પું૦ (કા) લૂગડાનો લાંબો કકડો, ચીરો

**લીલ** સ્ત્રી૦ [જુઓ લીલુ] બંધિયાર પાણીમા કે તેવી જગામા થતી લીલી ચીકણી વનસ્પતિ (૨) ઊલ (૩)[સ नील] આખલો (પ્રયોગમા લીલ પરણાવવી કહેવાય છે.) [**-ઉતારવી** = ઊલ ઉતારવી. **-પરણવી** = પત્ની ગુજરી ગયે વરસ દહાડો ન થયો હોય ત્યાર પહેલાં બીજી પત્ની કરવી **-પરણાવવી** = વરસ પૂરુ થતા પહેલા મરનારનુ છેલ્લુ માસિક શ્રાદ્ધ કરવુ (૨) અગિયારમાને દિવસે વાછરડો ને વાછરડી પરણાવવાં **-બળવી** = શેવાળ થવો (૨) બગડી જવુ **-વાળવી** = પાયમાલ કરવું.] **૦છોયું** વિ૦ લીલું (૨) લીલી ઝાલતું. **૦ઝામું** ન૦ [દે. झाम (दग्ध)] વાગવાથી થયેલું લીલું ચાઠુ

**લીલમ** ન૦ [જુઓ નીલમ] લીલા રંગનુ એક રત્ન **૦લીલું** વિ૦ એકદમ લીલું; લીલમના જેવું લીલુ [લીલું શાક. લીલોતરી

**લીલવણ** ન૦, **-ણી** સ્ત્રી૦ ['લીલુ' ઉપરથી]

**લીલવય** ન૦; સ્ત્રી૦ [લીલુ + વય] બાળપણ, કાચી ઉંમર [(૨) લીંપવુ

**લીલવવું** સ૦ક્રિ૦ ['લીલું' ઉપરથી] લીલુ કરવું

**લીલવો** પું૦ [લીલુ+વાલ?] કઠોળનો લીલો દાણો (જેમ કે પાપડી તુવેરનો)

**લીલા** સ્ત્રી૦[સં] ક્રીડા; ખેલ (૨) અદ્ભુત ખેલ (૩) અવતારે કરેલાં કામ (૪) તેનું નાટક. [**-વિસ્તારવી** = પરલોક જવું, મરી જવું (સંમાનસૂચક).] **૦પુરુષોત્તમ** પું૦ [સં] (સં) શ્રીકૃષ્ણ (તેથી ઊલટું - મર્યાદાપુરુષોત્તમ = શ્રીરામ). **૦વતાર** પું૦ [+ અવતાર] લીલા ખાતર વિષ્ણુએ લીધેલો અવતાર **૦વિગ્રહ** પું૦ લીલાથી ભક્તોની ઇચ્છા પૂરી કરવા ધરેલો દેહ (જેમ કે શ્રીકૃષ્ણનો)

**લીલાગર** સ્ત્રી૦ ભાગ [પ્રદેશ

**લીલાણુ** ન૦ ['લીલુ' ઉપરથી] લીલોતરીવાળો

**લીલાપુરુષોત્તમ** જુઓ 'લીલા'મા

**લીલાસું** ન૦ જુઓ લીલઝામુ

**લીલાલહેર** સ્ત્રી૦ [લીલા કે લીલુ + લહેર] આનંદ; સુખ (૨) આબાદી

**લીલાવતાર** પું૦ જુઓ 'લીલા'મા

**લીલાવતી** સ્ત્રી૦ [સ] એક છંદ (૨) એક રાગિણી (૩) [સં] પ્રસિદ્ધ ગણિતી ભાસ્કરાચાર્યની પુત્રી કે તેનુ ગણિત

**લીલાવિગ્રહ** પું૦ જુઓ 'લીલા'મા

**લીલાશ** સ્ત્રી૦ ['લીલુ' ઉપરથી] લીલાપણું. [**-મારવી** = લીલાશ દેખાવી]

**લીલાંપાણી** ન૦ બ૦ વ૦ [લીલુ + પાણી] ઘૂંટેલી ભાગનુ પેય

**લીલી ઘોડી**, સ્ત્રી૦ [લીલુ + ઘોડી] ભાંગ (૨) ભાગનો કેફ. [**-એ ચડવું** = ભાંગના કેફની અસર તળે આવવુ, ભાગ પીવી.]

**લીલી ચા** સ્ત્રી૦ [લીલુ + ચા] એક ઘાસ કે તેને ઉકાળીને ચા પેઠે પિવાતુ પેય

**લીલીપીઠ** સ્ત્રી૦ [લીલુ + પીઠ] શાકબજાર

**લીલીપોપો** પું૦ બીજાની નાસીપાસીથી ખુશ થઈ અંગૂઠો ઊંચો કરી તેને ચીડવવુ તે

**લીલીસૂકી** સ્ત્રી૦ [લીલું + સૂકું] સુખ અને દુઃખ, ચડતીપડતી

**લીલું** વિ૦ [દે. લિલ્લિ] કાચી કેરીના રંગનું (૨) ભીનું (૩) રસવાળું; તાજું (૪) ખૂબ પૈસાદાર. [લીલા ઝાડ તળે ભૂખે મરવું = અતિશય શરમાળ હોવું (૨) હરામ હાડકાનું, અતિ આળસુ. લીલા ઝાડા = લીલા રંગનો દસ્ત વારંવાર થવો તે (બાળકોનો એક રોગ). લીલાસૂકાનો વિચાર = યોગ્યાયોગ્યનો વિચાર. લીલી લેખાણ = તાજું લખાણ (૨) તાજો કારભાર (૩) ધમધોકાર ચાલતો વેપાર ધંધો. લીલી વાડી = ખીલતી તરુણ અવસ્થા (૨) છૈયાંછોકરાંનો વસ્તાર. લીલું કરવું = ફાયદો કરવો, સંપત્તિ મેળવવી. –ઘડપણ ભોગવવું = ઘડપણ છતાં જુવાન જેવો આનંદ કરવો–હોવો. –વાળવું = લીલું કરવું. લીલે તોરણે = કશું ય મેળવ્યા વગર (પરણવા આવ્યા હોય પણ પરણ્યા વગર પાછા જાય તેમ) લીલો દુકાળ = અતિવૃષ્ટિને લીધે પડેલો દુકાળ (૨) કશી વાતની ખોટ ન હોવા છતાં ખરચ ન કરાવું ] ૦કંચ,૦કસ વિ૦ એકદમ લીલું ને રસથી ભરેલું ૦છમ વિ૦ [+ શ્યામ] ખૂબ લીલું ૦છરક વિ૦ એકદમ લીલા રંગનું ૦પીળું વિ૦ ખૂબ ક્રોધાયમાન (–થઈ જવું) –લેરું વિ૦ લીલું (લાલિત્યવાચક) –લોતરી સ્ત્રી૦ તાજી લીલી વનસ્પતિ (૨) ભાજીપાલો, તાજું શાક

**લીવર** ન૦ [इं] કલેજું, કાળજું

**લીશરા** ન૦ એક પક્ષી

**લીસું** વિ૦ [દે. લિસય = પાતળું–નાનું કરેલું, સર૦ મ લિસ્ત, લિસાળ] ખરબચડું નહિ તેવું, સુંવાળું (૨) સરકણું (૩) લાસરિયું [લીસી પાટલીનું ઘરાક = ઠોઠ વિદ્યાર્થી ] ૦લસ વિ૦ સાવ લીસું [(૨) હદ

**લીહ(–હી)** સ્ત્રી૦ [प्रा लीहा (सं लेखा)] લીટી

**લીંટ** ન૦, સ્ત્રી૦ [सं श्लिष्ट ? સર૦ हिं नेटा] નાકનો ચીકણો મળ [–આવવી = નાકમાંથી લીંટ બહાર આવવી, નીકળવી ] –ટિયું વિ૦ વારે વારે જેને લીંટ આવ્યા કરતું હોય તેવું

**લીંડી** સ્ત્રી૦ [सं लेंड, दे. लिंड,–डिया] ગોળીના આકારની અઘાર (ઉંદર–બકરી વગેરેની) [–કરવી = લીંડી જેવું અઘવું.] ૦પીપર સ્ત્રી૦ લાંબી પીપર. –ડું ન૦ ગંગોલા જેવો કઠણ મળ (ઊંટ, ગધેડા વગેરેનો) [–મૂકવું = લીંડા જેવું અઘવું ]

**લીંપણ**, ૦ગૂંપણ ન૦ જુઓ લીંપણ. –વું (૦ગૂંપવું) સ૦ક્રિ૦ જુઓ લીંપવું

**લીંબડી**, –ડો જુઓ 'લીમડી'માં

**લીંબણ** સ્ત્રી૦ જુઓ લિંબણ

**લીંબુ**, ૦ડી, –બોઈ જુઓ 'લિંબુ'માં

**લીંબોળી** સ્ત્રી૦ જુઓ લિંબોળી

**લુકમાન** પું૦ [अ.] (સ.) કુરાનમાં વર્ણવેલો એક વિદ્વાન ડાહ્યો પુરુષ (૩૪૧૫°=

**લુગ(–ગા)ત** ન૦ [अ] શબ્દકોશ

**લુગાઈ** સ્ત્રી૦ [हिं] સ્ત્રી બૈરી

**લુગાત** સ્ત્રી૦ [अ.] જુઓ લુગત

**લુચ્ચું** વિ૦ [સર૦ म, हिं लुच्चा (सं. लुंचक के फा लुचा ?)] કપટી, ઢોંગુ (૨) ખધું, પક્કું, પહોંચેલું (૩) વ્યભિચારી –ચ્ચાઈ સ્ત્રી૦ લુચ્ચાપણું

**લુછણિયું** ન૦ [જુઓ લૂછવું] લૂછવાનું કપડું ઇત્યાદિ જે હોય તે (૨) અંગૂછો

**લુછાવવું** સ૦ક્રિ૦, લુછાવું અ૦ક્રિ૦ 'લૂછવું'નું પ્રેરક ને કર્મણિ [લૂંટી જાય તેવું

**લુટણિયું** વિ૦ [જુઓ લૂંટવું] લૂંટ પાડનારુ.

**લુટાઉ** વિ૦ [લૂંટવું ઉપરથી] લૂંટનું (૨) નધણિયાતું. –રુ(–રો) પું૦ લૂંટનારો, ધાડપાડુ [ને પ્રેરક

**લુટાવું** અ૦ક્રિ૦,–વવું સ૦ક્રિ૦ 'લૂંટવું'નું કર્મણિ

**લુઠવું** અ૦ક્રિ૦ [सं लुठ्] જુઓ 'લૂઠવું' લુઠાવવું સ૦ક્રિ 'લુઠવું', 'લૂઠવું'નું પ્રેરક

**લુણારી** સ્ત્રી૦ [લૂણ ઉપરથી] વરને માથે લૂણ ઉતારનારી–તેની બહેન

**લુપ્ત** વિ૦ [सं.] લોપાયેલું; નાશ પામેલું. –પ્તોપમા સ્ત્રી૦ [+ उपमा] (ઉપમાન, ઉપમેય, સામાન્ય ધર્મ અને વાચક શબ્દ એ ચાર અંગમાંથી) ખૂટતા અંગવાળી ઉપમા

**લુબ્ધ** વિ૦ [सं] લોભિયું, લાલચુ (૨)

લોભાયેલુ, મોહિત ૦ક પું૦ શિકારી -બ્ધા સ્ત્રી૦ લોભ, આતુરતા -બ્ધાઈ સ્ત્રી૦ લુબ્ધતા. -બ્ધાવું અ૦ક્રિ૦ લોભાવું; લલચાવું
લુભવું અ૦ક્રિ૦ [सं. लुभ्]+ લોભાવું, લુબ્ધાવું
લુશ(-સ)લુશ(-સ) અ૦ [રવ. સર૦ म.] વગર ચાવ્યે; ઝટ ઝટ (ખાવું તે)
લુહાણો પું૦ તે નામની જ્ઞાતિનો માણસ; લવાણો
લુહાર પું૦ [प्रा लोहार (सं. लोहकार)] લોઢું ઘડવાનો ધંધો કરનાર જ્ઞાતિનો આદમી -રિયાં ન૦બ૦વ૦ જુઓ લવારિયાં
લુંગી સ્ત્રી૦ [हिं.] હજામત કરાવતી વખતે ખોળામાં પાથરવાનો કકડો (૨) કાછડી વાળ્યા વગર કેડે વીંટવાનુ વસ્ત્ર
લુંચન ન૦ [सं.] વાળ ચૂંપી નાખવા તે
લુંચિત વિ૦ [सं.] લુંચન કરેલુ
લુંચી સ્ત્રી૦ [सं. लुंच् ઉપરથી ?] દોડતા દોડતા એકદમ પાછું ફરવું તે
લૂ સ્ત્રી૦ [सं प्लुष् કે उल्का ? સર૦ हिं., म] ઉનાળાના ગરમ પવનનો ઝપાટો (૨) તેનાથી થતો રોગ. [-લાગવી=ગરમ પવનથી થતી બીમારી થવી -વાવી=ગરમ પવન વાવો.]
લૂઈ સ્ત્રી૦ સેવાળ
લૂઓ પું૦ [सं. लव ઉપરથી] વણવા માટે લીધેલો કણકનો નાનો ગોળો [-કરવો, વાળવો]
લૂક(-ખ) સ્ત્રી૦ [સર૦ हिं लूक; म.] જુઓ લૂ
લૂખરી સ્ત્રી૦ [જુઓ લૂખસ] ખૂજલી
લૂખસ સ્ત્રી૦ ['લૂખ' ઉપરથી] ચામડીનો એક રોગ, ખૂજલી [-થવી]
લૂખિયું ન૦ ['લૂખુ' ઉપરથી ?] માટીની ચુંગી
લૂખું વિ૦ [प्रा. लुक्ख (सं. रूक्ष)] ચીકટ વિનાનું (૨) રસ વિનાનું (૩) નિર્ધન; ખાલી [-પડવું=લૂખું હોવું કે લાગવું. -હસવું= કૃત્રિમ રીતે હસવું] ૦પા(-પૂ)ખું વિ૦ લૂખુ
લૂગડું ન૦ [प्रा. दुगुल, दुगुल्ल (सं. दुकूल), સર૦ हिं लूगाड; म लुगडें]કપડું,વસ્ત્ર(૨)સાલ્લો. [લૂગડામાં પાંચશેરી ઘાલીને મારવું= સખત પણ ગુપ્ત માર મારવો. લૂગડાં ઉતારવાં=કોઈનું મૃત્યુ થતાં તેના સબંધી હોવાને લીધે સ્નાન કરવા કપડા કાઢીને દૂર મૂકવા (૨) સબંધ છોડી દેવો (૩) લૂંટાવું. લૂગડાં ઉતારીને વાંચજો=અશુભ-મરણના સમાચારનુ સૂચન (પત્રની શરૂઆતમા.) લૂગડાં ઉતારી લેવાં=લૂગડા સુધ્ધાં લૂટી લેવા લૂગડાં કરવાં=બહેનદીકરીને કપડાં લઈ આપવા લૂગડાં ખંખેરવાં=પોતાની પાસે કાંઈ નથી કે પોતાને કાંઈ લેવાદેવા નથી એમ દર્શાવવા લૂગડાં ખંખેરવાં. લૂગડાં તપાસવાં=ઝડતી લેવી. લૂગડાં લેવાવાં =લૂટાવુ. લૂગડાં લેવાં=લૂટવું (૨) જુઓ લૂગડા કરવાં લૂગડાં સસ્તાં કરવાં=લૂટાવુ (૨)આબરૂની નાસ્તિ કરવી. લૂગડું પહેરવું.] -ડાંબોળ અ૦ [લૂગડાં+બોળવું] પહેરેલા લૂગડા સાથે – તે પણ પલાળીને (૨) ન૦ તેવું સ્નાન. -ડાંલત્તાં ન૦બ૦વ૦[ +फा लत्तह] લૂગડાં ને તેવી બીજી વસ્તુઓ
લૂગદી સ્ત્રી૦ ['રગડવુ' પરથી ? સર૦ म., हिं. लुगदी] પ્રવાહી સાથે ઘૂટીને બનાવેલો લોદો (૨) દોર પાવાનો લોદો
લૂછણું ન૦ ['લૂછવું' ઉપરથી] લુછણિયું
લૂછવું સ૦ક્રિ૦[प्रा लुच्छ, लुछ (स प्र+उञ्छ्)] લૂગડાથી ઘસી સાફ કરવુ, લોહવું (૨) કોઈને ઘસવું, લગાડવું કે ચોટાડવું
લૂટ સ્ત્રી૦ [લૂટવું પરથી] લૂટવું તે (૨) લૂંટેલો માલ ૦ફાટ સ્ત્રી૦ લૂટવુ તે
લૂટવું સ૦ક્રિ૦ [स. लुंट्, प्रा लुट्ट, लुंट]બળાત્કારે હરી લેવું, ઝૂંટવી લેવું
લૂટાલૂટ સ્ત્રી૦ [લૂટવું પરથી] ઉપરાઉપરી કે અનેક સ્થળે લૂટફાટ મચી રહેવી તે
લૂઢવું અ૦ક્રિ૦ [જુઓ લુઢવું]ગબડવુ; આળોટવું
લૂણ ન૦ [प्रा.; सं. लवण; સર૦ हिं. लोन, म. लोण] મીઠું; નિમક. [-ઉતારવું=બલા દૂર કરવા પાત્રમાં મીઠું ઘાલી માથા ઉપર ફેરવવું (૨)કાકડીને ડીંટા આગળથી જરા કાપી, તેમા મીઠું ભરી, કાપેલો ભાગ વાસી દઈ, તેની કડવાશ કાઢવી -ખાવું=-નો રોટલો ખાવો (૨) -નો રોટલો ખાધો હોવાથી તેના ઓશિંગણ કે વફાદાર રહેવું. -હરામ કરવું

=જેનો રોટલો ખાધો હોય તેને બેવફા નીવડવું -હલાલ કરવું=વફાદાર રહેવું ] ૦ચાં ન૦ બ૦ વ૦ [સર૦ म. लोणचें] મીઠું ચડાવેલા ચીરિયા ૦પાણી ન૦ મીઠાવાળુ પાણી (રોટલા ઘડવાનુ) ૦હરામ વિ૦ નિમકહરામ. ૦હરામી સ્ત્રી૦ નિમકહરામી. ૦હલાલ વિ૦ નિમકહલાલ ૦હલાલી સ્ત્રી૦ નિમકહલાલી

**લૂણી** સ્ત્રી૦[प्रा. लूण(सं. लवण)પરથી; સર૦ हिं. लोनी, म. लोण] એક ભાજી (૨) આટાપાટાની રમતમા જીતના ચિહ્નરૂપે પાટ બહાર આવતા લગાતી ધૂળની ચપટી (૩) આટાપાટામાની આડી કરાની પાટડી [-લાવવી] ૦પાટ પુ૦ [સર૦ म. लोणपाट] જુઓ આટાપાટા

**લૂણો** પુ૦ ['લૂણ' પરથી, સર૦ हिं लोना] ખારાશથી ઈંટ, છો વગેરે ખવાઈને ઉપર વળતી છારી [-લાગવો]

**લૂમ** સ્ત્રી૦ [જુઓ 'લૂબ ] ફળનુ ઝૂમખું ૦ખુ ન૦, ૦ખો પું૦ ઝૂમખુ; મોટી લૂમ [-લેવો =મોટો ફાયદો મેળવવો.-લૂંટાવો, લૂંટાઈ જવો = લાભ જતો રહેવો, નુકસાન થવું.] ૦ઝૂમ સ્ત્રી૦ લૂમખુ (૨)અ૦ભપકાબંધ ૦ઝૂમવું અ૦ ક્રિ૦ લૂમખાબેર લટકવું ૦વુ અ૦ ક્રિ૦ લટકવું (૨) નમી જવુ (૩) ખૂબ પ્રયત્ન કરવો

**લૂલરી** સ્ત્રી૦ + દાસી

**લૂલવવું** સ૦ક્રિ૦ (કા) લૂલે એમ કરવું

**લૂલવું** અ૦ક્રિ૦ [સર૦ લૂ] (કા) ગરમી લાગવી, સુકાવુ

**લૂલી,** ૦બાઈ સ્ત્રી૦ [सं. लुल् ઉપરથી] જીભ, લોલા [-હલાવવી, હલાવ્યા કરવી =માત્ર મોઢેથી કહેવુ-બોલવુ (કશુ કરવુ પડયા વિના) (૨) હા-હા કર્યા કરવુ ]

**લૂલું** વિ૦ [सं लू, लून, સર૦ हिं लूला, म लुला] લંગડું, ખોડું (૨) અપંગ, અશક્ત, નિર્બળ (૩) પાયા કે આધાર વગરનું

**લૂંટ** સ્ત્રી૦ [सं लुट्] જુઓ લૂટ. -પાડવી= લૂટવું ] ૦ણિયુ વિ૦જુઓ લુટણિયુ ૦ફાટ સ્ત્રી૦ જુઓ લૂટફાટ. ૦વું સ૦ ક્રિ૦ જુઓ લૂટવું -ટાઉ વિ૦ જુઓ લુટાઉ -ટારુ- (-રો) પુ૦ જુઓ લુટારુ -ટાલૂંટ સ્ત્રી૦ જુઓ લૂટાલૂટ -ટાવું, -ટાવવું જુઓ લુટાવું,-વવુ

**લૂંઠ** વિ૦ [प्रा लुंठग (सं लुंठक)] જબરુ લાઠ (૨) પું૦ લોઠો [સ૦ ક્રિ૦ (પ્રેરક)

**લૂંઠવું** અ૦ ક્રિ૦ જુઓ લૂઠવું લૂંઠાવવું

**લૂંડાઈ** સ્ત્રી૦ [જુઓ લૂડી] લૂડાપણુ

**લૂંડી** સ્ત્રી૦ [સર૦ हिं लौंडी] દાસી; ગુલામડી -ડો પું૦ દાસ, ગુલામ

**લૂંબ** સ્ત્રી૦ [दे. लुंबी, સર૦ म लुंबी, लोंबी] જુઓ લૂમ ૦વું અ૦ક્રિ૦ જુઓ લૂમવુ

**લે** (લે,) 'લેવુ'નુ આજ્ઞાર્થ બીજો પુરુષ એક વચન (૨) [प्रा लइ] અ૦ વાહ, ઠીક એ અર્થનો ઉદ્ગાર

**લેઉવો** પુ૦ એક જાતનો પાટીદાર

**લેકિન** અ૦ [फा लेकिन] પણ, પરંતુ, તથાપિ

**લેખ** પુ૦ [सं ] લખેલુ તે, લખાણ (જેમ કે શિલાલેખ, વિધિના લેખ) (૨) ખત, કરારનુ લખાણ (૩) ટૂંકો નિબંધ [-કરવો =લખત કરવુ -કોતરાવવો, લખાવવો = શિલા, પતરુ ઇ૦ ઉપર લખત કરાવવું -લખવો= લખાણ કરવુ, નિબંધ લખવો(૨)ખતનો મુસદ્દો લખવો ] ૦ક પુ૦ લહિયો (૨) ગ્રંથ કે લેખ લખનાર ૦ણ(-ણા,-ની) સ્ત્રી૦ [सं. लेखनी] કલમ. [-ચલાવવી = લખાપટ્ટી કરવી (૨) ઉતાવળે લખવુ ] ૦ણધાર વિ૦ કલમના કાપ જેમ વાઢતો (ઘા) ૦ન ન૦[सं ] લખવુ તે ૦નકલા (-ળા) સ્ત્રી૦ લખવાની કળા. ૦નપદ્ધતિ સ્ત્રી૦ લખવાની રીત; ઇબારત. ૦નપીઠ સ્ત્રી૦ લખવાનુ ટેબલ ૦નસામગ્રી સ્ત્રી૦ લખવાનો સામાન ૦ની સ્ત્રી૦ જુઓ લેખણ ૦પત્ર પુ૦, ન૦ [सं.] કાગળ, દસ્તાવેજ. ૦વવું, ૦વું સ૦ક્રિ૦ [જુઓ લેખુ ] હિસાબમા લેવુ, ગણકારવુ -ખા સ્ત્રી૦ [सं.] લીટી, રેખા -ખાવટિયો પુ૦ ['લેખુ' ઉપરથી] જોશી, ગણક (૨) ['લેખ' ઉપરથી] ચોપડા લખનારો.-ખિકા સ્ત્રી૦[सं ]સ્ત્રી લેખક. -ખિત વિ૦ લખેલું, લેખી. -ખિની સ્ત્રી૦

[સં.] લેખણ -ખિતવાર,-ખી વિ૰ લેખિત; લખાણના રૂપમાં હોય એવું (૨) અ૰ લખીને. -ખું ન૰ [प्रा लेक्ख (सं. लेख्य) = હિસાબ, સર૰ हिं, म लेखा] મોએ ગણાય એવો ટૂંકો સહેલો હિસાબ (૨) ગણતરી, હિસાબ (૩) [લા] ગજું. -ખે અ૰ ['લેખુ' ઉપરથી] હિસાબે. પ્રમાણે (૨) પ્રીત્યર્થે, વાસ્તે, ખાતે [-લાગવુ = ઉપયોગમાં આવવું, મજરે આવવુ] -ખ્ય વિ૰ [સં.] લેખવા યોગ્ય કે લખી શકાય એવું

**લેજીમ** સ્ત્રી૰ [फा. लेजम, સર૰ म] કસરતનુ એક સાધન કે તેની કવાયત

**લેટ** વિ૰ [ઈં.] મોડું

**લેટવું** અ૰ક્રિ૰ [સર૰ हिं. लेटना, म लेटणें (सं. लुट्)] લોટવું, આળોટવું (૨) આડા પડવુ, સૂવું

**લેટિન** સ્ત્રી૰ [ઈં] પ્રાચીન રોમની ભાષા

**લેડી** સ્ત્રી૰ [ઈં.] બાનુ, માનવંત સ્ત્રી (૨) 'સર'ની પત્નીનો તેવો ઇલકાબ

**લેણ** (લે) વિ૰ [લેવ પરથી, સર૰ हिं लेन] 'લેનાર' એ અર્થમાં શબ્દને છેડે (ઉદા૰ જીવલેણ (૨) (લૅ) ન૰ [સર૰ અપ૰ लेह= લાભવુ] લેણું, લેવાનું તે (૩) સ્ત્રી૰ જુઓ લેહ ૦દાર પુ૰ લેણાવાળો. ૦દેણ સ્ત્રી૰ [સર૰ म., हिं लेनदेन] લેવડદેવડનો સંબંધ (૨) લેણાદેણી -ણાદેણી સ્ત્રી૰ પૂર્વજન્મનુ આગલુ આપવાનુ કે લેવાનું હોય તેવો સંબંધ, ઋણાનુબંધ (૨) લેવડદેવડનો સંબંધ. -ણિયાત પું૰ લેણદાર, લેણાવાળો -ણું (લૅ) ન૰ આપેલુ પાછુ લેવાનું તે (૨) ઋણાનુબંધ જેવો સારો સંબંધ [ગભરામણ

**લેતાણ** સ્ત્રી૰ [લેવુ + તાણવું] લેમેલ હાયવોય,

**લેથ** સ્ત્રી૰[ઈં.] સંઘાડો (લોઢાનો ઘાટ ઉતારવાનો)

**લેપ** પું૰ [સં] ઢીલા પદાર્થનો પાતળો થર; ખરડ (૨) ખરડ કરવાનો ઢીલો પદાર્થ (૩) લેપાવુ તે, આસક્તિ [લગાડ(-વ)વો]. ૦ક પુ૰ લેપ કરનારો. ૦ડી સ્ત્રી૰ દરદ ઉપર લગાડવાની કે મૂકવાની લૂગડી

**લેપડુ** વિ૰ [લેવુ + પડવુ] લઈ પડે એવું, ગળેપડુ

**લેપડું** ન૰ ['લેપ' પરથી?] સોઈ ન ઊડવાથી તેને ભોય સરસો ડંડો મારવો તે. ખાપટ

**લેપડો** પું૰ ['લેપ' ઉપરથી] પોપડો, થર

**લેપન** ન૰ [સં] લેપ કરવો તે (૨) જુઓ લેપ ૩

**લેપવું** સ૰ક્રિ૰ [જુઓ લેપ] ચોપડવુ, ચપેડવું (૨) વળગવું; ચોટવુ (૩) ઢાંકવુ

**લેપાવું** અ૰ક્રિ૰ 'લેપવું'નુ કર્મણિ (૨) આસક્ત થવું, રાગમાં પડવુ

**લેફ્ટનન્ટ** પુ૰ [ઈં] મદદનીશ કર્મચારી. (ઉદા૰ લે૰ ગવર્નર, કર્નલ, જનરલ ઇ૰)

**લેફો** પુ૰ ['લેપ' ઉપરથી, સર૰ म लेफडा] વળગેલો કાદવનો લોંદો (પગ જોડા વગેરેને)

**લેબલ** ન૰ [ઈં] નામઠામવાળું પત્તું

**લેબાસ** પુ૰ [જુઓ લિબાસ] પોશાક, પહેરવેશ

**લેબોરેટરી** સ્ત્રી૰ [ઈં.] પ્રયોગશાળા

**લેભાગુ** (લે) વિ૰ [લેવુ + ભાગવુ, સર૰ म. लेभागू] લઈને નાસી જનાર (૨) અહીંતહીંથી પારકું લઈને પોતાનુ બતાવનાર

**લેમન, -નેડ** પું૰; સ્ત્રી૰, ન૰ [ઈં] લીંબુના શરબત જેવું એક વિલાયતી પીણુ

**લેમૂક** (લે) સ્ત્રી૰ [લેવુ + મૂકવું] લેવું ને મૂકવું-છોડવું તે, બાધછોડ (૨) લેમેલ, મૂંઝવણ

**લેમેલ** (લે) સ્ત્રી૰ [લેવું + મેલવુ] વારંવાર લેવુ અને મૂકવું તે (ઉતાવળના ગભરાટમાં) (૨) મરવાની તૈયારી, ભોંયે લેવાનો વખત (૩) તેવો ગભરાટ કે મૂંઝવણ

**લેમ્પ** પુ૰, ન૰ [ઈં] દીવો

**લેરખડું** (લે) વિ૰ ['લહેરી' ઉપરથી] આનંદી (૨) ન૰ લેરખું (લાલિત્યવાચક)

**લેરખું** (લે) ન૰ ['લહેરવુ' પરથી] જુઓ લૂમખું

**લેલતુલકાદર** સ્ત્રી૰ [अ लैलतुलक़द्र] એક પવિત્ર રાત્રિ, જ્યારે ભક્તિ કરવામાં આવે તો તેનુ પુણ્ય ૧૦૦૦ મહિનાની ભક્તિ જેટલું ગણાય છે

**લેલાર** વિ૰ [સર૰ લાર] ઘણુ, અતિશય, લેલૂર

**લેલી** (લે) સ્ત્રી૰ [प्रा लावग (सं. लावक)] લેલુ નામક પખીની માદા (૨) [લા.] બહુ બોલબોલ કરનારી છોડી કે સ્ત્રી

**લેલીન** (લે) વિ૰ + જુઓ લવલીન

**લેલીમજનું** (લે) વિ૰ [अ. लयला मजनून]

બેહાલ, દુર્બળ (૨) જુઓ લયલામજનૂન
**લેલું** (લે) ન૦ કોલ પાથરવાનું કડિયાનું ઓજાર (૨) [જુઓ લેલો] એક પખી
**લેલૂ(-લૂં)ટ** (લે) વિ૦ [લેવુ+લૂટવુ] લેવા લૂટવાની છૂટ હોય એવુ નધણિયાતુ (૨) લખલૂટ; અતિશય [જુઓ લેલાર
**લેલૂર** (લે) વિ૦ [સર૦ ઘેવૂર] ઊઘે ઘેરાયેલુ (૨)
**લેલૂશ** (લે) સ્ત્રી૦ [સર૦ લુગલુશ] ઉતાવળ
**લેલૂંટ** (લે) વિ૦ જુઓ લેલૂટ
**લેલો** (લે) પુ૦ લેલુ (૨) [જુઓ લેલા] લેલીનો નર
**લેવટા(-ટી)** સ્ત્રી૦ એક જાતની નાની માછલી **-ટાં** ન૦બ૦વ૦ નાના માછલા
**લેવડ** સ્ત્રી૦ [લેવુ + વટ (સ વૃત્તિ)] ઉધાર લેવાનો વ્યવહાર **૦દેવડ** સ્ત્રી૦ ઉછીનુ લેવાઆપવાનો સબધ **૦આવુ** વિ૦ લેવડાવવાની – તેડાવવાની ટેવવાળુ (ખાઉક) **-ડાવવું** સ૦ક્રિ૦ 'લેવુ'નુ પ્રેરક (૨) ધમકાવવુ, ઠપકારવુ
**લેવલ** ન૦ [इं] સપાટી; સમતલતા (૨) (સપાટીની ગણતા) ઊંચાઈ **૦પટ્ટી** સ્ત્રી૦ લેવલ જોવાની પટ્ટી
**લેવાણુ** ન૦ ['લેવુ' ઉપરથી] લેવુ તે, લેણુ
**લેવાદેવા** પુ૦, સ્ત્રી૦ [લેવુ + દેવુ] આપવાલેવાનો કે બીજી કોઈ પણ જાતનો સબધ
**લેવાલ** ન૦ [સર૦ हिं] ખરીદનારુ (શેર બજારમા વપરાય છે). **-લી** સ્ત્રી૦ ખરીદી
**લેવાવું** અ૦ક્રિ૦ 'લેવુ'નુ કર્મણિ (૨) [શરીરનુ] સુકાવુ, ફિક્કુ પડવું (૩) ખસિયાણા પડવુ, શરમાવુ [લેવાઈ જવું = ખસિયાણા પડી જવુ (૨) સુકાઈ જવું.]
**લેવી** સ્ત્રી૦ [इं] ફરજિયાત ઉઘરાણુ, લાગો (૨) રાજા કે ગવર્નરનો લોકને મળવાનો દરબાર
**લેવું** સ૦ક્રિ૦ [प्रा ले (सं ला)] સ્વીકારવું (૨) પકડવુ, ઝાલવુ (૩) ભેળવવુ, દાખલ કરવુ ઉદા૦ એ કામમા એને ન લેશો (૪) ખાવું અથવા પીવુ. ઉદા૦ અત્યારે દૂધ લેશો કે ચા? (૫) માન્ય રાખવુ, ટેકો આપવો (પક્ષ, ઉપરાણુ) (૬) ખરીદ કરવુ ઉદા૦ ઘોડો ક્યારે લીધો? (૭) કિમત લેવી. ઉદા૦ આ શાલનું શું લીધુ? (૮) ધારણ કરવુ ઉદા૦ વેશ લેવો (૯) દાખવવુ. ઉદા૦ શક લેવો (૧૦) દોરવુ, તેડી જવુ, લઈ જવુ. ઉદા૦ છોકરાને સાથે લીધો (૧૧) ઝૂટવવુ, પડાવવું, વિનાનુ કરવુ (આબરૂ, વખત, જીવ, લાજ) (૧૨) ધમકાવવુ, ઠપકો આપવો ઉદા૦ તે આવ્યો કે તેને લીધો (૧૩) ઉપાડવુ સ્થળાતર કરવુ ઉદા૦ ટેબલ પાસે લો (૧૪) બોલવુ, ઉચ્ચારવુ ઉદા૦ તેનુ નામ ન લેશો (૧૫) વહોરવુ. ઉદા૦ નિસાસા લેવા, હાય લેવી (૧૬) નોધવુ, ઉતારી લેવુ તેમનુ ઠેકાણુ લઈ લો (૧૭) કાપવુ, ઉતારવુ (નખ, વાળ) (૧૮) આપે કે કરે તેમ કરવુ ઉદા૦ કારુ લેવુ (૧૯) તપાસ કરી સમજવુ (માપ, તાગ, શુધ; ખબર) (૨૦) માગવુ, પૂછવુ (આજ્ઞા, પરવાનગી) (૨૧) ઉપાડવુ, જમા કરવુ ઉદા૦ વાચો લેવો, તકરાર લેવી (૨૨) પૂર્વ શબ્દથી સૂચિત થતી ક્રિયા બતાવે ઉદા૦ ઊઘ લેવી, શ્વાસ લેવો (૨૩) બીજા ક્રિની સાથે આવતા તે ક્રિયા પૂરી કરવી અથવા વ્હેલી પતાવવી એવો અર્થ બતાવે. ઉદા૦ ખાઈ લેવુ [લઈ આવવુ = લાવવુ લઈ જવુ = દોરવુ (૨) ઊચકી જવુ, તેડી જવુ (૩) ચોરી જવું લઈ નાખવુ = ધમકાવી કાઢવુ (૨) ઠપકો આપવો (૩) અણગમા કે જબરજસ્તીથી ગ્રહણ કરવુ. લઈ પડવુ = માની લેવુ, વહોરી લેવુ (૨) ગળે પડવુ, સડોવવુ લઈ બેસવું = આરભ કરવુ, માડવુ (૨) વહોરી લેવુ, માની લેવુ (૩) પચાવી પડવુ લઈ મૂકવું = આગળથી લઈ રાખવુ લઈ રાખવુ = આગળથી લાવી મૂકવુ લઈ લેવું = પકડી લેવુ (૨) ઝૂટવી લેવુ (૩) બથાવી પડવુ (૪) પોતાની પાસે રાખી લેવુ સગ્રહ કરવો (૫) પાછુ લેવુ (૬) ઊચકી લેવુ અંદર, માં લેવુ = દાખલ કરવુ ખબર લેવી = સભાળ રાખવી (૨) વેર લેવુ ખોળે લેવું = દત્તક લેવુ. જીવ લેવો = પજવીને કાયર કરવુ (૨) મારી નાખવું નામ લેવું = ચીઢવવુ, સતાવવું સ્વપ્નમાં

લેણું=ખોટું લગાડવું, અસર થવા દેવી (૨) લક્ષમા લેવુ માથે લેવું=જોખમ કે જવાબદારી સ્વીકારવી. **હાથમાં લેવું**=પકડવુ, મારવુ (૨) વશમાં–તાબામા લેવુ (૩) કાબૂ–નિયંત્રણમાં લેવું **લેતા પડવું**=જુઓ લઈ પડવુ **લેતો જા!**=ખાતો જા!]

**૦દેવું** ન૦ જુઓ લેણદેણ

**લેશ** વિ૦ [સં] જરાક (૨) પુ૦ અણુ બહુ થોડો ભાગ (૩) એક અર્થાલંકાર, જેમાં ગુણને દોષરૂપ અને દોષને ગુણરૂપ વર્ણવ્યો હોય છે (કા શા.) **૦માત્ર** વિ૦ બહુ જ થોડું (૨) અ૦ જરાક પણ

**લેસ** સ્ત્રી૦ [इ.] જરીની કિનાર

**લેસન** ન૦ [इं] વિદ્યાર્થીએ ઘેરથી તૈયાર કરી લાવવાનું કામ કે ભણતર

**લેહુ** ન૦ એક પખી [ન૦ ચાટણ

**લેહ્ય** વિ૦ [सं] ચાટવા યોગ્ય, ચટાય એવુ (૨)

**લેંકવુ** (લેં૦,) સ૦ક્રિ૦ [જુઓ લહેકવુ] ઝૂલવુ

**લેંઘાવું** (લેં૦) સ૦ક્રિ૦ [જુઓ લગાવું] જરાક ખોડાવું

**લેંઘી** (લેં૦) સ્ત્રી૦ [જુઓ લેંઘો] બાળકની સૂથણી

**લેંઘું** (લેં૦) વિ૦ જરાક ગાંડા જેવું, હાંધારગુ

**લેંઘો** (લેં૦) પું૦ [हिं लॅंगा, लहँगा] મોટું સૂથણું, ચોરણો [रुन्वि?)] પાતળી મોટી રોટલી

**લેંચી** (લેં૦) સ્ત્રી૦ [મ્રર૦ हिं लूची, लुचुई (स.

**લેંડ** (લેં૦) સ્ત્રી૦ [म. (तेलुगु रोंडू = બે)] લેણ; ગિલ્લીદંડાની રમતમા વકટ પછીનો દાવ, રેટ

**લોઈ** સ્ત્રી૦ + [સર૦ हिं., જુઓ લૂઓ] લૂઓ, પિંડ (?) (૨) [सं लोम ઉપરથી; સર૦ हिं., मे] કામળ, ઊનનું કાપડ

**લોક** પું૦ [सं] જનતા, જનસમૂહ (૨) વર્ગ, જાતિ (૩) કર્મફળ ભોગવવાના માનેલા જુદા જુદા સ્થાન કે જગત (ઉદા૦ સ્વર્ગલોક, બ્રહ્મલોક). **૦કથા** સ્ત્રી૦ લોકોમા પ્રચલિત વાત (૨) દંતકથા. **૦કલ્યાણ** ન૦ લોકોનું ભલુ. **૦કવિતા** સ્ત્રી૦ લોકોમા પ્રચલિત કવિતા **૦ચર્ચા** સ્ત્રી૦ લોકોમા ચાલતી વાત. **૦જીવન** ન૦ લોકનુ–સમાજનું જીવન **૦જ્ઞ** વિ૦ લોકને જાણનાર; લોકમાન્ય, પ્રજાકીય (પ્રધાન–વડોદરા રાજ્યમા). **૦ડિયાં** ન૦બ૦વ૦ લોકો (પ) **૦ત્રય** ન૦ ત્રિભુવન (સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ). **૦ધર્મ** પુ૦ લોકોમા પ્રચલિત ધાર્મિક માન્યતા અને આચાર **૦નાયક** પુ૦ લોકોનો નાયક; આગેવાન **૦નિયુક્ત** વિ૦ લોકોએ નીમેલુ **૦પાલ(–ળ)** પુ૦ જુઓ દિક્પાલ **૦પ્રસિદ્ધ** વિ૦ જગમશહૂર **૦પ્રિય** વિ૦ લોકોને પ્રિય. **૦પ્રિયતા** સ્ત્રી૦. **૦બાહ્ય** વિ૦ અસાધારણ, ચમત્કારિક (૨) લોકમાન્ય નહીં એવું. **૦ભાષા** સ્ત્રી૦ સામાન્ય જનતાની બોલી **૦ભોગ્ય** વિ૦ આમ લોકોને રસ પડે એવું **૦મત** પું૦ લોકોનો મત **૦મર્યાદા** સ્ત્રી૦ લોકોમા પ્રચલિત રૂઢિ (૨) લોકલજ્જા **૦માતા** સ્ત્રી૦ સમગ્ર જનસમુદાયને પોષનારી લક્ષ્મી (૨) નદી **૦માનસ** ન૦ લોકનું સમૂહગત માનસ, 'માસમાઇન્ડ'. **૦માન્ય** વિ૦ લોકોમાં માન પામેલુ, લોકોએ સ્વીકારેલુ (૨) પુ૦ (સ.) તિલક મહારાજ. **૦લજ્જા** સ્ત્રી૦ લોકલાજ. **૦લાગણી** સ્ત્રી૦ લોકોની લાગણી. **૦લાજ** સ્ત્રી૦ લોકોમા નઠારુ કહેવાવાનો ડર **૦વંદ્ય** વિ૦ લોકોને વંદનીય. **૦વાયકા** સ્ત્રી૦ લોકોમા ચાલતી વાત, અફવા. **૦વાર્તા** સ્ત્રી૦ જુઓ લોકકથા **૦વૃત્ત** ન૦ લોકજીવન, સમગ્ર સમાજજીવન **૦શાસન** ન૦, **૦શાહી** સ્ત્રી૦ લોકો દ્વારા ચાલતુ રાજ્ય, 'ડેમોક્રસી'. **૦શાળા** સ્ત્રી૦ સામાન્ય જનતા માટેનુ શિક્ષણ આપતી અમુક જાતની એક શાળા. **૦શિક્ષણ** ન૦ જનસમૂહની કેળવણી. **૦સત્તા** સ્ત્રી૦ લોકોની સત્તા. **૦સત્તાક** વિ૦ લોકસત્તાવાળુ; પ્રજાસત્તાક **૦સત્તાવાદ** પુ૦ લોકશાસનનો વાદ, 'ડેમોક્રસી'. **૦સત્તાવાદી** વિ૦ (૨) પુ૦ લોકસત્તાવાદમા માનનાર **૦સંગીત** ન૦ (શાસ્ત્રથી અનિયંત્રિત એવુ) આમ પ્રજાનુ સંગીત. **૦સંગ્રહ** પુ૦ લોકહિત, લોકકલ્યાણ. **૦સાક્ષર** પુ૦ સામાન્ય જનસમૂહને માટે લખનારો સાક્ષર. **૦સાહિત્ય** ન૦ લોકોમા પ્રચલિત કથાવાર્તા કે કવિતારૂપી સાહિત્ય. **૦સુલભ** વિ૦ લોકોને સુલભ.

**૦સેવક** પું૦ પ્રજાસેવક, લોકસેવા કરનાર **૦સેવા** સ્ત્રી૦ લોકોની, જાહેર જનતાની સેવા (૨) આમવર્ગના લોકોની સેવા. **૦હિત** ન૦ લોકોનું હિત

**લોકલ** સ્ત્રી૦ [इ] ધીમી ગતિએ દોડતી ને ઘણા સ્થાનોએ ઊભી રહેતી ટ્રેન (૨) મોટા શહેરના ભાગો ને પરાંમાં દોડતી ટ્રેન (૩) વિ૦ સ્થાનિક, નજીનું **૦બોર્ડ** ન૦ જિલ્લા કે તાલુકામાં જ્યાં સુધરાઈ નથી હોતી ત્યાંની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા

**લોકાઈ** સ્ત્રી૦ ['લોક' ઉપરથી] પરાયાપણું, પારકા માણસ જેવો વ્યવહાર

**લોકાચાર** પું૦ [सं] લોકમાં ચાલતો વ્યવહાર કે રૂઢિ [તે-વગોણું

**લોકાપવાદ** પું૦ [सं] લોકમાં નઠારું કહેવાવું

**લોકાયત** વિ૦ (૨) પું૦ [सं] નાસ્તિક (૩) ન૦ ચાર્વાક દર્શન. **૦વાદ** પું૦ નાસ્તિકવાદ

**લોકાલોક** વિ૦ ['લોક' ઉપરથી] સામાન્ય લોક જેવું, ખાસ સંબંધ વગરનું (૨) પું૦ (સં.) એક પુરાણપ્રસિદ્ધ પર્વત [લગતું

**લોકાંતર** ન૦ [सं] પરલોક **-રિત** વિ૦ લોકાંતરને

**લોકિ(-કી)ક** પું૦,ન૦ [જુઓ લૌકિક] ખરખરો

**લોકિટ** ન૦ જુઓ લૉકેટ [લોકનું

**લોકિયું** વિ૦ [લોક પરથી] પ્રાકૃત, સામાન્ય

**લૉકેટ** ન૦ [इ] સ્ત્રીઓનું ગળાનું એક ઘરેણું

**લોકૈષણા** સ્ત્રી૦ [सं] લોકોમાં પ્રતિષ્ઠા કે યશની કામના (૨) સ્વર્ગ વગેરે લોકના સુખની કામના

**લોકોક્તિ** સ્ત્રી૦ [सं] કહેવત

**લોકોત્તર** વિ૦ [सं] અલૌકિક, અસાધારણ

**લોકોપકાર** પું૦ [सं] લોકોનું ભલું, સાર્વજનિક કલ્યાણ

**લોખંડ** ન૦ [લોહ + ખંડ; સર૦ મ] લોઢું **-ડી** વિ૦ લોખંડનું બનાવેલું (૨) બહુ મજબૂત (૩) દૃઢનિશ્ચયી, અણનમ

**લોચ** પું૦ [સં. लुञ्च्] માથાના વાળ પોતાને હાથે ચૂંપી કાઢવા તે (જૈન). **૦ન** ન૦ લુંચન, ચૂંપી નાખવું તે (૨) છીનવી લેવું તે

**લોચ** ન૦ [सं] આંસુ

**લોચક** ન૦ [सं] લોચો, ગોળો, પિંડ (૨) સુતારનું એક ઓજાર (૩) કાજળ (૪) સાપની કાંચળી

**લોચન** ન૦ [सं.] આંખ (૨) જુઓ 'લોચ'માં **-નિયું** ન૦ (પ) લોચન

**લોચના** સ્ત્રી૦ [જુઓ લોચવું] લોચવું તે; ઝંખના, તલસાટ **-વું** અ૦ ક્રિ૦ [सं लोच् (रुच्)] તલસવું (૨) લોચવું, બેચેનીથી આમતેમ આળોટવું

**લોચવાવું** અ૦ક્રિ૦ ['લોચો' ઉપરથી] લોચામાં પડવું, ગૂંચવાવું, સંડોવાવું [લોચવાઈ જવું, પડવું = ગૂંચવાઈ પડવું (૨) લોચામાં - નુકસાનમાં ફસાઈ જવું ]

**લોચાવું** અ૦ક્રિ૦ ['લોચો' ઉપરથી] એકસરખું નહીં રહેતાં એક બાજુ તરફ એકઠું થઈ જવું (૨) લોચવાવું, ગૂંચવાવું (૩) ગભરાવું (૪) [આંખનું] ભારે થવું

**લોચો** પું૦ [सं लोचक] લોંદો, લચકો (૨) ડૂચો, ડબૂચો (૩) [લા.] ગરબડ, ગોટાળો (૪) વાંધો; તકરાર [**લોચા પડતી વાત**=ચોખવટ વગરની વાત. **લોચા વાળવા**=બરાબર ન બોલવું, બોલતાં ગૂંચવાવું કે અચકાવું (૨) ખરું કારણ ન બતાવતાં બીજાં ઓઠાં વગવાં **લોચો કરવો**=ગોળ પિંડો કે ડૂચો કરવો (૨) બગાડવું **-કાઢવો**=ગરબડ ગોટાળો દૂર કરવો (૨) દેવું બનાવી દેવું **-પડવો**=તકરાર કે વાંધો આવવો **-પાડવો**=તકરાર કે વાંધો નાખવો. **-પોચો**=લોંદો, લચકો (૨) ડૂચો, ડબૂચો **-દેવો, મારવો**=લોચાથી પૂરવું-સીવવું **-લાપશી**=ગરબડગોટો (૨) ચોકડું-વળું **-વાળવો**=જુઓ લોચો કરવો ]

**લોટ** પું૦ [दे रोट्ट] બારીક ભૂકો, આટો [**-ઊડવો**=સડી જવું, ખવાઈ જવું (૨) ભિખારી થઈ જવું **-ચાટતું કરવું**=કંગાળ કે પાયમાલ કરવું **-ફાકવો**-ગાંડાની જેમ બકવું (૨) વિફળતા કે કાયરતા બતાવવી (૩) સાધન રહિત સ્થિતિ બતાવવી. **-ફાકે છે**= જખ મારે છે (૨) પાસે ખાવાનું નથી. **-માગવો**=ભીખ માગવી ]

**લોટકું** ન૦ [જુઓ લોટું] ચડવો

**લોટણ** વિ૦ [લોટવું પરથી] લોટતી - ગુલાંટ

ખાતી (પતંગ) -ણુ(-ન) ન૦ લોટવું-આળોટવું તે (૨) એક જાતનું કબૂતર. -ણિયું વિ૦ લોટયા કરે તેવું

**લોટપોટ** વિ૦ [જુઓ લોટવું, સર૦ મ ] લોથપોથ (૨) ગોટપોટ,

**લોટરી** સ્ત્રી૦ [ઇં.] ટિકિટો વેચી ખરીદનારાઓમાંથી જેને નસીબે આવે તેને ઇનામો આપવાની શરતે કરાતી એક પ્રકારની દ્યૂત વ્યવસ્થા (૨) [લા ] નસીબનો ખેલ

**લોટવું** અ૦ ક્રિ૦ [પ્રા. लोट्ट (સં. लुठ्)] લેટવું, આળોટવું (૨) સૂવું (૩) ગબડવું, ગુલાટ ખાવી

**લોટાવવું** સ૦ક્રિ૦ 'લોટવું'નું પ્રેરક (૨) + લસોટાવવું

**લોટિયું** વિ૦ [જુઓ લોટો] લોટાના તળિયા જેવું, બોડું રોડું (૨) ન૦ ['લોટ' ઉપરથી] ઘંટીમાંથી લોટ વાળવાનું લૂગડું. [-કરાવવું = માથાના વાળ કઢાવી નંખાવી માથું લોટા જેવું કરાવવું ] -યો પું૦ જુઓ વહોરો ૧

**લોટી** સ્ત્રી૦ ['લોટવું' ઉપરથી, સર૦ હિં, મ ] નાનો લોટો -ડું ન૦ નાનો માટીનો ઘડો, માટીનું લોટા જેવું વાસણ (૨) [લા.] માથું -ટો પું૦ ધાતુનું એક પાત્ર-કળશિયો (૨) (લા ) દસ્ત. [લોટા ભરવા = (જમવાની તૈયારીમાં) લોટા પાણીથી ભરવા (૨) વારવાર ઝાડો થવો લોટા લઈ લેવા = ઝૂંટવી લેવું (૨) છેતરી લેવું લોટે જવું, લોટો લઈને જવું = ટટ્ટી જવું, ઝાડે ફરવા જવું લોટો ઊતરવો = ઝાડો થવો, દસ્ત ઊતરવો. -થવો = ઝાડા થવા.]

**લોઠાવવું** સ૦ક્રિ૦ [સં. लुड् ] ઘુમાવવું, ડોલાવવું

**લોઢ** પું૦ [સર૦ म. लोढा, हिं लोढा, दे. लोढ = વાટવાનો પથ્થર (सं. लोष्ठ)] પાણીનું લાટ જેવું મોજું; પૂરનો ઘોડો (૨) [सं लुड्] હિલોળો (૩) [सं. लोष्ठ] તાપથી ઓગળીને બાઝેલો માટીનો ગઠ્ઠો; લોઢાનો લઠ્ઠો (૪) [લા.] વાંધો તકરાર [-નાખવો, પડવો = વાંધો કે તકરાર ઊભી કરવી કે થવી ]

**લોઢવું** સ૦ક્રિ૦ [दे. लोढ] ચરખાથી પીલવું (કપાસ).

**લોઢાં** ન૦બ૦વ૦ [ 'લોઢું' ઉપરથી] લોઢાના ઓજારો. -ઢી સ્ત્રી૦ લોઢાની તવી (૨) વિ૦ લોઢાનું, -ના જેવું (ઉદા૦ લોઢી પનોતી)

**લોઢિયો** પું૦ ['લોઢું' પરથી] (ચ.) કરબડીના દાંતા જેમાં ઘાલે છે તે લાકડું. લોઢી જુઓ 'લોઢાં'માં

**લોઢું** ન૦ [सं लोह ઉપરથી] એક ધાતુ, લોખંડ

**લોથ** (થ,) સ્ત્રી૦ [सं लुठ्, लोष्ठ કે लोठ? સર૦ हिं., लोथ, -थि; म ] લાશ, મડદું (૨) [લા ] ઉપાધિ; પીડા (૩) વિ૦ તદ્દન થાકી ગયેલું (૪) [सं. लोड् = ગાંડપણ કરવું] મૂર્ખ, ઠોઠ (૫) નરસું, નકામું [-થવું (થાકીને) = અતિશય થાકી જવું -પડવી = લાશ પડવી. -વહોરવી = પીડા નોતરવી -વળવી = પાયમાલ થવું -વાળવી = પાયમાલ કરવું (૨) પંચાત-બલા દૂર કરવી (૩) લાશ પાડવી. ૦પોથ વિ૦ [સર૦ हिं ] થાકી ગયેલું.

**લોથવું** સ૦ક્રિ૦ [લોથ પરથી ?] બેચેનીમાં આમ તેમ આળોટવું; લોચવું

**લોથડી** સ્ત્રી૦ ભૂંગરેટમાં શેકેલી ભાખરી

**લોથારવું** સ૦ ક્રિ૦ [सं लुंथ् = મારવું] (કા.) મારવું, ધોકાવવું

**લોથિયું** વિ૦ [જુઓ લોથ] માલ વગરનું; નકામું (૨) (લો) ન૦ [सं. लुथ्] કૂતરાનું બચ્ચું (-લેલું)

**લોથો** પું૦ (કા ) જુવારનું કણસલું

**લોદરિયું મરચું** ન૦ એક જાતનું મરચું

**લોદવું** સ૦ક્રિ૦ ['લોદો' ઉપરથી] ગૂંદીને લોદા જેવું બનાવવું

**લોદી** સ્ત્રી૦ [સર૦ म ] જુઓ લોધી

**લોધ્ર(૦ર)** પું૦, ન૦ [सं.] એક જાતનું ઝાડ

**લોધર** પું૦ [જુઓ લોઠવું] બાટ; પુષ્કળ તેલ નાખીને બાંધેલો લોટ (૨) પું૦, ન૦ [सं लोध्र] જુઓ લોધ [બેચેની થવી

**લોધવું** સ૦ક્રિ૦ [સર૦ म लोधणें] લોથવું;

**લોધી** સ્ત્રી૦ [સર૦ हिं.] પઠાણોની એક જાતિ

**લોધો** પું૦ [સર૦ म लोधा] લાંબો અને મજબૂત બાંધાનો માણસ (૨) ઘાસ વેચતી એ નામની એક જાતનો માણસ

**લોધ્ર** પું૦; ન૦ [सं] લોધ ઝાડ

**લોન** સ્ત્રી૦ [ઇં ] અમુક શરતે લેવાતી ઉછીતી કે વ્યાજુકી રકમ. [-કાઢવી = લોન લેવાનું

કામ ઉપાડવું -લેવી=લોન તરીકે નાણાં લેવાં.]

લોપ પું૦ [સં.] લુપ્ત થવું તે; નાશ પામવું તે. દેખાતું બંધ થવું તે [-થવું=અદૃશ્ય -અલોપ થવું.] ૦ક વિ૦ લોપ કરનાર

લોપડચોપડ વિ૦ [લેપવું + ચોપડવું] ખૂબ ઘી કે તેલવાળું (૨) [લા૦] અતિશયોક્તિવાળું (૩) ન૦ ચીકટ; ઘી, તેલ વગેરે (૪) [લા.] અતિશયોક્તિ (૫) ખુશામત

લોપવું સ૦ક્રિ૦ [સં. लुप] ઉલ્લંઘવું, ન માનવું

લોપરી સ્ત્રી૦ [જુઓ લેપડી] થપોલી

લોપા, ૦મુદ્રા સ્ત્રી૦ [સં] (સ.) અગસ્ત્ય ઋષિની પત્ની

લોફર વિ૦ પું૦ [ઇં] બટકેલ; બદમાશ

લોબ સ્ત્રી૦ [જુઓ લાભ; સર૦ म. लोव=પ્રેમ; આકર્ષણ] યાદદાસ્તી (૨) આદત

લોબડી(-રી) સ્ત્રી૦ [સર૦ अप० लोमडी, सं लोमपटी] બારીક ઊનની કામળી કે ઓઢણી

લોબાન પું૦ [फा लुबान, સર૦ हिं, म.] એક વૃક્ષનો ગુંદર (ધૂપ કે ઔષધિ)

લોભ પું૦ [સં.] લાલચ, તૃષ્ણા. ૦ક વિ૦ લોભાવનાર. ૦ન વિ૦ જુઓ લોભામણું (૨) ન૦ પ્રલોભન. -ભામણું વિ૦ લલચાવે તેવું. -ભાવનહાર(-રી) વિ૦ લોભાવનાર. -ભાવવું સ૦ક્રિ૦ 'લોભાવું' પ્રેરક.-ભાવું અ૦ક્રિ૦ લોભમાં પડવું, લલચાવું. -ભિત વિ૦ લોભાયેલું -ભિયું, -ભી વિ૦ લોભવાળું

લોમ પું૦, ન૦ [સં] વાળ, રૂવું; રોમ. ૦ડી સ્ત્રી૦ જુઓ લોબડી ૦વિલોમ વિ૦[સં] ઊલટુંસૂલટું (૨) અનિશ્ચિત ૦શ વિ૦ [સં] ખૂબ તેમ જ મોટા લોમવાળું (૨) [સં] એક ઋષિ [ઘાયલ કરવું

લોરવું સ૦ક્રિ૦ ['લવર' ઉપરથી] નખ મારીને

લોલ વિ૦ [સં] ચંચળ (૨) સુંદર (૩) આતુર (૪) ન૦ ગરબાની લીટીને છેડે આવતો શબ્દ. [તબિયત લોલ મારી જવી=તબિયત કથળવી] ૦ક ન૦ લટકતી અને ઝૂલતી વસ્તુ (જેમ કે ઘંટ કે ઘડિયાળમાં) (૨) કાનનું એક ઘરેણું. ૦ણી સ્ત્રી૦ લટકાળી ચાલવાળી સ્ત્રી [-લૂંટાવી=ફજેતી થવી]

૦વું અ૦ક્રિ૦ [સં. लुल्] લોલ થવું, હાલવું (૨) શોભવું

લોલા સ્ત્રી૦ [સં] જીભ (૨) વીજળી ૦ક્ષી વિ૦ સ્ત્રી૦ ચંચળ આંખવાળી (સ્ત્રી)

લોલિત વિ૦ [સં] હાલતું, ઝૂલતું

લોલીન વિ૦ [જુઓ લવલીન] + તલ્લીન

લોલુપ વિ૦[સં]લલુતાવાળું,તૃષ્ણાતુર.૦તા સ્ત્રી૦

લોલો અ૦ [સં लुल्] હાલરડાનો એક અવાજ (૨) પું૦ (જીભનો) લોલતો સ્નાયુ; લોળો

લોવડા(-રા)વવું (લો')સ૦ક્રિ૦ 'લોહવું'નું પ્રેરક

લોવણિયું (લો') ન૦ ['લોહવું' ઉપરથી] લોહવાનું સાધન

લોવા ન૦ [સર૦ हिं] એક પખી

લોવાવું (લો') અ૦ક્રિ૦ 'લોહવું'નું કર્મણિ

લોષ્ટ ન૦ [સં.] માટીનું ઢેફું

લોહ ન૦ [સં] લોઢું. ૦કાટ પું૦ લોઢાનો કાટ ૦ચુંબક ન૦ લોઢાને આકર્ષવાના ગુણવાળું એક દ્રવ્ય. ૦ચુંબકત્વ ન૦ લોઢાને આકર્ષવાનો ગુણ, 'મૅગ્નેટિઝમ'

લોહર પું૦ જડસો, મૂર્ખ (૨) [સર૦ લોફર] રખડેલ યા તોફાની જુવાનડો. -રિયું વિ૦ લોહર જેવું

લોહવું સ૦ક્રિ૦ [प्रा. लुह (सं मृज्)] લૂછવું

લોહાણો પું૦ જુઓ લવાણો

લોહિત વિ૦ [સં] લાલ; રાતું

લોહિયાળ(-ળું) વિ૦ ['લોહી' ઉપરથી] લોહીવાળું [તાવડી, કઢાઈ

લોહિયું ન૦ [લોહ પરથી, प्रा लोहिअ] (સુ)

લોહી ન૦ [प्रा लोहिअ (सं लोहित)] રુધિર; ખૂન (૨) [લા] કુળ [-આપવું=બીજાનું લોહી માંદાના શરીરમાં નાખવું (૨) તે માટે પોતાનું લોહી કોઈએ કાઢી આપવું. -આવવું=શરીરમાં લોહીનો ભરાવો થવો (૨) લોહી નીકળવું -ઉકાળો=બળાપો; ક્રોધ, કંકાસ -ઊકળવું=ગુસ્સો આવવો (૨) બળાપો થવો -ઊડી જવું=લોહી ન રહેવાથી ફિક્કું પડવું (૨) શરમિંદું થઈ જવું (૩) બીકથી-ખેદથી મોંનો રંગ ફિક્કો પડી જવો.-ઊતરવું=શરીર સુકાવું-નિર્બળ

ખાતી (પતગ). -ણુ(-ન) ન૦ લોટવું- આળોટવું તે (૨) એક જાતનું કબૂતર. -ણિયું વિ૦ લોટયા કરે તેવું
**લોટપોટ** વિ૦ [જુઓ લોટવુ,સર૦ મ ] લોથપોથ (૨) ગોટપોટ,
**લોટરી** સ્ત્રી૦ [ઇં.] ટિકિટો વેચી ખરીદનારાઓ- માંથી જેને નસીબે આવે તેને ઇનામો આપવાની શરતે કરાતી એક પ્રકારની દ્યૂત- વ્યવસ્થા (૨) [લા ] નસીબનો ખેલ
**લોટવું** અ૦ ક્રિ૦ [પ્રા. लोट्ट(सं. लुठ्)] લેટવુ, આળોટવુ (૨) સૂવુ (૩)ગબડવું, ગુલાટ ખાવી
**લોટાવવું** સ૦ક્રિ૦'લોટવુ'નુ પ્રેરક(૨)+લસોટાવવું
**લોટિયું** વિ૦[જુઓ લોટ઼] લોટાના તળિયા જેવુ, બોડું રોડું(૨)ન૦['લોટ' ઉપરથી] ઘંટીમાંથી લોટ વાળવાનુ લૂગડું. [-કરાવવું = માથાના વાળ કઢાવી નંખાવી માથુ લોટા જેવુ કરાવવું ] -યો પુ૦ જુઓ વઢ્ઢોરો ૧
**લોટી** સ્ત્રી૦ ['લોટવુ' ઉપરથી; સર૦ हिं, म] નાનો લોટો -ડું ન૦ નાનો માટીનો ઘડો, માટીનુ લોટા જેવું વાસણ (૨) [લા.] માથુ -ટો પુ૦ ધાતુનુ એક પાત્ર-કળશિયો (૨) (લા ) દસ્ત. [લોટા ભરવા=(જમવાની તૈયારીમા) લોટા પાણીથી ભરવા (૨) વારવાર ઝાડો થવો. લોટા લઈ લેવા=ઝૂટવી લેવું (૨) છેતરી લેવું લોટે જવું, લોટો લઈને જવું= ટટ્ટી જવુ, ઝાડે ફરવા જવુ લોટો ઊતરવો= ઝાડો થવો, દસ્ત ઊતરવો -થવો=ઝાડા થવા.]
**લોઠાવવું** સ૦ક્રિ૦ [સં. लुठ्] ઘુમાવવુ; ડોલાવવુ
**લોઢ** પું૦[સર૦ म. लोढा.हिं लोढा, दे. लोढ= વાટવાનો પથ્થર (સ. लोष्ठ)] પાણીનુ લાટ જેવું મોજુ, પૂરનો ઘોડો (૨) [સં लुड्] હિ ડોળો (૩)[સ. लोष्ठ]તાપથી ઓગળીને બાઝેલો માટીનો ગઠ્ઠો; લોઢાનો લઠ્ઠો (૪) [લા.]વાંધો તકરાર [-નાખવો, પડવો=વાંધો કે તકરાર ઊભી કરવી કે થવી ]
**લોઢવું** સ૦ક્રિ૦ [દે. लोढ] ચરખાથી પીલવું (કપાસ).
**લોઢાં** ન૦વ૦બ૦ ['લોઢુ' ઉપરથી] લોઢાના ઓજારો. -ઢી સ્ત્રી૦ લોઢાની તવી (૨) વિ૦ લોઢાનું,-ના જેવું (ઉદા૦ લોઢી પનોતી)
**લોઢિયો** પું૦ ['લોઢુ' પરથી] (ચ.) કરબડીના દાઢા જેમા ઘાલે છે તે લાકડું. લોઢી જુઓ 'લોઢાં'મા
**લોઢું** ન૦[सं लोह ઉપરથી] એક ધાતુ; લોખંડ
**લોથ** (થ,) સ્ત્રી૦ [સ लुठ्, लोष्ठ કે लोठ? સર૦ हिं., लोथ, .-थि, म ] લાશ, મડદું (૨) [લા ] ઉપાધિ, પીડા (૩) વિ૦ તદ્દન થાકી ગયેલુ (૪) [सं लोड्=ગાડપણ કરવું] મૂર્ખ, ઠોઠ (૫) નરસુ . નકામું [-થવુ (થાકીને)= અતિશય થાકી જવું -પડવી=લાશ પડવી. -વહોરવી=પીડા નોતરવી -વળવી= પાયમાલ થવું -વાળવી=પાયમાલ કરવુ (૨) પચાત-બલા દૂર કરવી (૩) લાશ પાડવી ] ૦પોથ વિ૦ [સર૦ हिं ] થાકી ગયેલુ.
**લોથવું** સ૦ક્રિ૦ [લોથ પરથી ?] બેચેનીમાં આમ તેમ આળોટવુ; લોચવું
**લોથડી** સ્ત્રી૦ ભૂંગરેટમા શેકેલી ભાખરી
**લોથારવું** સ૦ ક્રિ૦ [स लुंथ्=મારવુ] (કા ) મારવુ; ધોકાવવુ
**લોથિયું** વિ૦ [જુઓ લોથ]માલ વગરનું.નકામુ (૨)(લો) ન૦[सं लुंथ् ]કૂતરાનું બચ્ચુ (-લેકું)
**લોથો** પું૦ (કા ) જુવારનુ કણસલુ
**લોદરિયુ મરચું** ન૦ એક જાતનુ મરચુ
**લોદવું** સ૦ક્રિ૦ ['લોદો' ઉપરથી] ગૂદીને લોદા જેવુ બનાવવું
**લોદી** સ્ત્રી૦ [સર૦ म ] જુઓ લોધી
**લોધ્ર(૦ર)** પુ૦, ન૦ [सं] એક જાતનું ઝાડ
**લોપર** પુ૦ [જુઓ લોઢવુ] બાટ પુષ્કળ તેલ નાખીને બાફેલો લોટ (૨) પું૦; ન૦ [सं लोम्र] જુઓ લોધ [બેચેની થવી
**લોપવું** સ૦ક્રિ૦ [સર૦ म लोपणें] લોથવું;
**લોધી** સ્ત્રી૦ [સર૦ हिं.] પઠાણોની એક જાતિ
**લોધો** પું૦ [સર૦ म. लोधा] લાણો અને મજબૂત બાંધાનો માણસ (૨) ઘાસ વેચતી એ નામની એક જાતનો માણસ
**લોધ્ર** પુ૦; ન૦ [सं] લોધ ઝાડ
**લોન** સ્ત્રી૦ [इं ] અમુક શરતે લેવાતી ઉછીતી કે વ્યાજુકી રકમ. [-કાઢવી=લોન લેવાનું

કામ ઉપાડવું –લેવી=લોન તરીકે નાણાં લેવા.]

લોપ પુ૦ [સં.] લુપ્ત થવું તે; નાશ પામવું તે. દેખાતું બંધ થવું તે. [–થવું=અદશ્ય –અલોપ થવું.] ૦ક વિ૦ લોપ કરનારું

લોપડચોપડ વિ૦ [લિપવું + ચોપડવું] ખૂબ ઘી કે તેલવાળું (૨) [લા.] અતિશયોક્તિવાળું (૩) ન૦ ચીકટ, ઘી, તેલ વગેરે (૪) [લા.] અતિશયોક્તિ (૫) ખુશામત

લોપવું સ૦ક્રિ૦ [સં. लुप्] ઉલ્લંઘવું, ન માનવું

લોપરી સ્ત્રી૦ [જુઓ લેપડી] થપોલી

લોપા, ૦મુદ્રા સ્ત્રી૦ [સં] (સં) અગસ્ત્ય ઋષિની પત્ની

લોફર વિ૦ પુ૦ [ઇં] ભટકેલ; બદમાશ

લોબ સ્ત્રી૦ [જુઓ લાભ; સર૦ म. लोव=પ્રેમ, આકર્ષણ] યાદદાસ્તી (૨) આદત

લોબડી(–રી) સ્ત્રી૦ [સર૦ अप० लोअडी,सं लोमपटी] બારીક ઊનની કામળી કે ઓઢણી

લોબાન પુ૦ [फा लूबान, સર૦ हिं., म.] એક વૃક્ષનો ગુંદર (ધૂપ કે ઔષધિ)

લોભ પું૦ [સં.] લાલચ, તૃષ્ણા. ૦ક વિ૦ લોભાવનાર. ૦ન વિ૦ જુઓ લોભામણું (૨) ન૦ પ્રલોભન. –ભામણું વિ૦ લલચાવે તેવું. –ભાવનહાર(–રી) વિ૦ લોભાવનાર –ભાવવું સ૦ક્રિ૦ 'લોભાવું'નું પ્રેરક.–ભાવું અ૦ક્રિ૦ લોભમાં પડવું, લલચાવું. –ભિત વિ૦ લોભાયેલું –ભિયું, –ભી વિ૦ લોભવાળું

લોમ પુ૦, ન૦ [સં] વાળ, રૂવું, રોમ. ૦ડી સ્ત્રી૦ જુઓ લોબડી ૦વિલોમ વિ૦[સં] ઊલટુંસૂલટું (૨) અનિશ્ચિત ૦શ વિ૦ [સં] ખૂબ તેમ જ મોટા લોમવાળું (૨) [સં] એક ઋષિ

લોરવું સ૦ક્રિ૦ ['લવરુ' ઉપરથી] નખ મારીને ઘાયલ કરવું

લોલ વિ૦[સં] ચંચળ (૨) સુંદર (૩) આતુર (૪) ન૦ ગરબાની લીટીને છેડે આવતો શબ્દ. [તબિયત લોલ મારી જવી=તબિયત કથળવી] ૦ક ન૦ લટકતી અને ઝૂલતી વસ્તુ (જેમ કે ઘંટ કે ઘડિયાળમાં) (૨) કાનનું એક ઘરેણું. ૦ણી સ્ત્રી૦ લટકાળી ચાલવાળી સ્ત્રી [–લૂંટાવી=ફજેતી થવી] ૦વું અ૦ક્રિ૦ [સં. लुल्] લોલ થવું, હાલવું (૨) શોભવું

લોલા સ્ત્રી૦ [સં] જીભ (૨) વીજળી. ૦ક્ષી વિ૦ સ્ત્રી૦ ચંચળ આંખવાળી (સ્ત્રી)

લોલિત વિ૦ [સં] હાલતું, ઝૂલતું

લોલીન વિ૦ [જુઓ લવલીન] + તલ્લીન

લોલુપ વિ૦[સં]લલુતાવાળું,તૃષ્ણાતુર.૦તા સ્ત્રી૦

લોલો અ૦ [સં लुल्] હાલરડાનો એક અવાજ (૨) પુ૦ (જીભનો) લોલતો સ્નાયુ, લોળો

લોવડા(–રા)વવું (લો')સ૦ક્રિ૦ 'લોહવું'નું પ્રેરક

લોવણિયું (લો') ન૦ ['લોહવું' ઉપરથી] લોહવાનું સાધન

લોવા ન૦ [સર૦ हिं.] એક પખી

લોવાવું (લો') અ૦ક્રિ૦ 'લોહવું'નું કર્મણિ

લોષ્ટ ન૦ [સં] માટીનું ઢેકું

લોહ ન૦ [સં] લોઢું. ૦કાટ પું૦ લોઢાનો કાટ ૦ચુંબક ન૦ લોઢાને આકર્ષવાના ગુણવાળું એક દ્રવ્ય. ૦ચુંબકત્વ ન૦ લોઢાને આકર્ષવાનો ગુણ; 'મૅગ્નેટિઝમ'

લોહર પુ૦ જડસો, મૂર્ખ (૨) [સર૦ લોફર] રખડેલ યા તોફાની જુવાનડો –રિયું વિ૦ લોહર જેવું

લોહવું સ૦ક્રિ૦ [प्रा लुह (सं मृज्)] લૂછવું

લોહાણો પુ૦ જુઓ લવાણો

લોહિત વિ૦ [સં] લાલ; રાતું

લોહિયાળ(–ળું) વિ૦ ['લોહી' ઉપરથી] લોહીવાળું

લોહિયું ન૦ [લોહ પરથી, प्रा लोही] (સુ) તાવડી, કઢાઈ

લોહી ન૦ [प्रा. लोहिअ (सं लोहित)] રુધિર; ખૂન (૨) [લા.] કુળ. [–આપવું=બીજાનું લોહી માંદાના શરીરમાં નાખવું (૨) તે માટે પોતાનું લોહી કોઈએ કાઢી આપવું. –આવવું=શરીરમાં લોહીનો ભરાવો થવો (૨) લોહી નીકળવું –ઉકાળો=બળાપો; ક્રોધ, કંકાસ –ઊકળવું=ગુસ્સો આવવો (૨) બળાપો થવો –ઊડી જવું=લોહી ન રહેવાથી ફિક્કું પડવું (૨) શરમિંદું થઈ જવું (૩) બીકથી–ખેદથી મોંનો રંગ ફિક્કો પડી જવો.–ઊતરવું=શરીર સુકાવું–નિર્બળ

આવે તેમ દૂર ધકેલી કાઢવું (લા).] -રિયો, -રી પું૦ વખારવાળો (૨) વખારનો નોકર
**વખું** ન૦ [प्रा. वक्ख (सं. पक्ष)] પક્ષ (૨) ઓથ (૩) વગ (૪) વિ૦ નામને લાગતા-'ના વલણું, લગની કે પક્ષનું.' ઉદા૦ આપવખું
**વખુંભર** અ૦ (કા.) બહુ જોરથી (વાવું-ફૂંકાવું)
**વખૂટું** વિ૦ ['ખૂટો' (ખૂટેથી છૂટું થયેલું) કે વિ + છૂટું ?] જુઓ વછૂટું, વિખૂટું
**વખો** પું૦ [अ. वाकिअह] ભૂખમરાનું સંકટ (૨) સંકટ [વખાનું માર્યું=ભૂખમરો કે સંકટથી હણાયેલું-ધકેલાયેલું; દુખી થયેલું. **વખો પડવો**=ખાવાનું ખૂટવું. **ખાવાના વખા પડવા, હોવા**=ખાવાનું ન હોવું]
**વખોડણું** ન૦ [વખોડવું પરથી] ખોડ; દોષ (૨) વખોડવું તે, નિંદા
**વખોડવું** સ૦ક્રિ૦ [दे विक्खोड, સર૦ हिं. वखोरना] વગોવવું; ખોડ કાઢવી નિંદા કરવી
**વખોરો** પું૦ [સર૦ વખાર] ટેબલ કે કબાટનું ખાનું (૨) પાનપેટી
**વગ** પું૦, સ્ત્રી૦ [प्रा. वग्ग(सं. वर्ग); સર૦ म (अ. वकअ ?)] જુઓ વગવસીલો (૨) પક્ષ; તરફેણ (૩) જગા, સવડ (૪) તક; અવસર [-કરવો(-વી)=તરફેણ કરવી, પક્ષ કરવો (૨) સગવડ-ગોઠવણ કરવી. **-ચાલવી, પહોંચવી, લાગવી**=વગની અસર થવી. **વગે કરવું, પાડવું**=ઠેકાણે પાડવું, યોગ્ય ઠેકાણે ગોઠવવું. **વગે પડતું**=અનુકૂળતા પ્રમાણે (૨) યુક્તિસર ગોઠવેલું. **વગે લગાડવું**=કોઈ પણ કામમાં લેવું, કામમાં લગાડવું]
**વગડવું** અ૦ક્રિ૦ [જુઓ વાગવું] અવાજ કરવો
**વગડાઉ** વિ૦ ['વગડો' ઉપરથી] જંગલી
**વગડો** પું૦ [प्रा विगड (सं विकट), સર૦ म वगळ] જંગલ; વેરાન કે ઉજ્જડ પ્રદેશ રાન
**વગદાપણું** ન૦ વગદાં વીણવા તે
**વગદાં** ન૦બ૦વ૦ ફાંફાં. [-કરવાં, વીણવાં= ફાંફાં મારવા, નકામું મથવું.]
**વગર** અ૦ [अ. विगैर, સર૦ म.; हिं वगैर] વિના. [-આડાની કોટડી=કેદખાનું, જેલની કોટડી.] ૦મફતનું, ૦ફાંગું અ૦ ફાસુ;નકામું; મફતનું
**વગવસીલો** પું૦ [વગ + વસીલો] વગ ને વસીલો મોટાની સાથેનો સંબંધ, તેની ઓથ ને કુમક
**વગવું** અ૦ક્રિ૦ [प्रा. वग्ग (सं. वल्ग्)] ગતિ કરવી (૨) કૂદવું (૩) બહુ બોલવું; બકવું
**વગસગ** સ્ત્રી૦ [વગ દ્વિર્ભાવ ?] વગવસીલો (૨) સમાવેશ થાય તેવી જગા; સગવડ
**વગળ** પું૦, ન૦ [प्रा. विगल (सं. विकल), સર૦ म वगळ] ભેગ (૨) ભ્રષ્ટતા, વર્ણસંકરતા (૩) કપટ. ૦વંશી વિ૦ વર્ણસંકર
**વગાડાવું** અ૦ ક્રિ૦ 'વગાડવું'નું કર્મણિ. -વવું સ૦ક્રિ૦ 'વગાડવું' 'વગડવું'નું પ્રેરક
**વગાડવું** સ૦ક્રિ૦ [જુઓ વાગવું] વગડે એમ કરવું, બજાવવું (૨) વાગે - લાગે એમ કરવું
**વગિયું**, **વગીલું** વિ૦['વગ' ઉપરથી]ઓળખીતું; વગવાળું (૨) પક્ષપાત કરનારું (૩) ન૦ તરફદારી; પક્ષપાત
**વગુ** અ૦ [જુઓ વગ] જયે; બાજુ
**વગૂતવું** અ૦ક્રિ૦ [स वि + प्रा. गुत्थ (सं. ग्रथित), સર૦ म विगुतणें] ગૂંચાવું; ગૂંચાવું. **વગુતાવવું** સ૦ક્રિ૦ (પ્રેરક)
**વગૂતું** વિ૦ [वि + प्रा. गुत्त (सं गोत्र)] રખડેલ
**વગેરે** અ૦ [अ वगैरह; સર૦ म वगैरे-रा; हिं. वगैरह] અને બીજા; ઇત્યાદિ
**વગો** પું૦ [જુઓ વગ] લત્તો; ભાગ
**વગોણું**, -વણું ન૦, -વણી સ્ત્રી૦ ['વગોવવું' ઉપરથી] નિંદા; ફજેતી
**વગોવવું** સ૦ક્રિ૦ [प्रा विगोव (सं विगोपय्) =ફજેત કરવું; કે सं. वि + गा, સર૦ हिं विगोना] નિંદા કરવી, ફજેતી કરવી
**વઘરડું** ન૦ [સર૦ म. वगड,-र] રાતી સાઠી જેવી ડાભર (૨) [સર૦ म वगळ(सं विगल) કે વઘળ] ચળામણ, બગદો
**વઘરણું** ન૦ [જુઓ વઘરો] હરકત, વિઘ્ન
**વઘરો** પું૦ [सं. विग्रह] ટંટો; અણબનાવ (૨) વિઘ્ન (૩) બગડવું કે સળવા માડવું તે. [-ઘાલવો=કજિયો કરાવવો. -નાખવો= વિઘ્ન કરવું.]

**વધળવું** અ૰ક્રિ૰[સં. विगल्, સર૰ મ वघळणें] ઝરવું

**વધાર** પું૰ [સર૰ પ્રા. वग्घारिअ=વધારેલું, સર૰ હિં. बघारना; મ. वघारणी] ઘી કે તેલમા મરચા, રાઈ, હિંગ વગેરે કકડાવી દાળ કઢી વગેરેમા છમકારવું તે (૨) [લા.] મમરો, ટુચકો; ઉશ્કેરણી [-કરવો = વધારવું -મૂકવો=ઉશ્કેરણી કરવી વધારી ખાવું =નકામુ રાખી મૂકવું] **૰ણી** સ્રી૰ હિંગ **૰વું** સ૰ક્રિ૰ વધાર કરવો **-રિયું** વિ૰ વધાર દીધેલું (૨) ન૰ એક અથાણું

**વચ** ન૰ [સં ] વચન; બોલવું તે

**વચ** સ્રી૰ [દે विच्च=મધ્ય; સર૰ હિં. विच] વચ્ચે હોવુ તે, મધ્યસ્થતા (૨) અ૰ + વચ્ચે

**વચકલું** ન૰ [જુઓ વચકાવુ] વાંધો, વાકું

**વચક(-કા)વુ** અ૰ક્રિ૰ [સર૰ હિં. विचकाना; મ वचकणें, विचकणें (સં व्यत्यय, પ્રા वच्चय અથવા સં वि + चक्र्)] માઠું લાગવુ, રિસાવું; છેડાવુ (૨) વચ્ચેથી છટકી જવુ

**વચકળવું** અ૰ક્રિ૰ [જુઓ વચકાવુ] નરમ કે ઓછું થવું (૨) ખસી કે સરી જવુ

**વચકાવું** અ૰ક્રિ૰ જુઓ વચકવુ

**વચકું** ન૰ [જુઓ વચકાવુ, સર૰ મ. वचका, विचका] વિઘ્ન, વચકલું [**વચકાં પડવાં**= વાકા પડવા, વાધા પડવા ] **-કો** પું૰ માઠું લાગવુ તે (૨) વાંધો (૩) વહેમ

**વચગાળો** પુ૰ [વચ + ગાળો] વચ્ચેનો ભાગ

**વચડવું** સ૰ક્રિ૰ [સર૰ પ્રા. विचच्चिया, સં विचर्चिका] વલૂરવુ

**વચન** ન૰ [સં ] વેણ, કથન, વાક્ય (૨) પ્રતિજ્ઞા, કોલ (૩) સખ્યા (વ્યા). [**-આપવું**= કબૂલત આપવી, વિશ્વાસ આપવો **-કાઢવું** = બોલવુ (૨) પ્રતિજ્ઞા કરવી. **-તોડવું**= બોલીને ફરી જવુ; વચનનો ભગ કરવો **-પાળવું**=બોલ્યા પ્રમાણે વર્તવુ, પ્રતિજ્ઞા પાળવી **-મારવું**=મહેણું મારવું, કડવો બોલ કહેવો **-લેવું**=કબૂલાત લેવી, પ્રતિજ્ઞા કરાવવી.] **-નિકા** સ્રી૰ અવતરણ; પ્રમાણ કે સૂક્તિ તરીકે ટાંકેલું તે. **-ની** વિ૰ વચન પાળનારુ; સત્યવાદી **-નીય** વિ૰ કહેવા કે બોલવા જેવુ (૨) નિંદ્ય (૩) ન૰ લોકાપવાદ; લાંછન **૰ભ્રષ્ટ** વિ૰ વચન ન પાળતુ

**વચમાં** અ૰ ['વચ' પરથી] વચ્ચે

**વચરમાવું** અ૰ક્રિ૰ [સર૰ ચીમળાવુ, કરમાવુ] કરમાવુ; ચીમળાવુ [વચમાનું, મધ્યેનું

**વચલું** વિ૰ [જુઓ વચમા, સર૰ મ वचवच]

**વચવચ** સ્રી૰, **-ચાટ** પુ૰ [સં. वच्] વચમા ઉદ્ધતાઈથી બડબડવુ તે. **-ચિયું** વિ૰ [સર૰ મ. वचवच्या] વચવચાટ કરનારું [જવુ

**વચળકવું** અ૰ક્રિ૰ વચળવું, પકડમાથી સરકી

**વચળવું** અ૰ક્રિ૰ [સં विचल, સર૰ મ विचळणें, હિં विचलना] હરકત નડવી, ભગાણ પડવું, કચળવુ (૨) ચસકી જવુ, ખસવુ (૩) વ્યભિચારી થવું (૪) બગડી જવું (દૂધ ઇ૰નુ)

**વચાળ** સ્રી૰, **-ળું** ન૰ [જુઓ વચ] વચ્ચેની ખાલી જગા (૨) બાકુ

**વચાળવું** સ૰ક્રિ૰ [જુઓ વચડવુ] ખંજવાળવું

**વચાળો** પુ૰ ['વચ' ઉપરથી] જુઓ વચાલો

**વચેટ** વિ૰ [જુઓ વચ] વચલુ

**વચ્ચે** અ૰ [જુઓ વચ] વચમા **-ચ્ચોવચ** અ૰ બરાબર વચ્ચે

**વચ્છ(-છ)** પું૰, ન૰ [પ્રા. वच्छ (સં वत्स), સર૰ મ वछ,-च्छ] વાછરડુ

**વચ્છ(-છ)નાગ** પુ૰ [સં. वत्सनाभ, સર૰ મ. वचनाग, હિં बछनाग] એક ઝેરી કંદ

**વછ** સ્રી૰ ['વસ્તુ' ઉપરથી, સર૰ હિં, મ वस्त] વસ્તુ, ચીજ, જણસ (ચ) (૨) જુઓ વચ્છ

**વછનાગ** પુ૰ જુઓ વચ્છનાગ

**વછિયાત** પુ૰ [વછ કે વચ પરથી ? સર૰ મ वच्छात, विछायत(અ विसात ?)] મોટા વેપારી તરફથી પરદેશ માલ ખરીદનાર કે વેચનાર આડતિયો. **-તી** વિ૰ વછિયાતને લગતુ

**વછૂટવું** અ૰ક્રિ૰ [જુઓ છૂટવુ] છૂટવુ (૨) છૂટીને ઊડવુ (૩) [સુ ] જણવુ, છૂટો થવો **વછુટાવું** અ૰ક્રિ૰ (ભાવે)

**વછૂટું** વિ૰ [જુઓ છૂટું] વિખૂટું, જુદું પડેલું

**વછેરી** સ્રી૰ [જુઓ વચ્છ; સર૰ હિં. बछेडा] નાની ઘોડી. **-રું** ન૰ ઘોડીનું બચ્ચુ. **-રો**

પું૦ નાનો ઘોડો (૨) વાછડો (ત્તરતમાં ખસી કરેલો) [ફાટફૂટ
**વછો** પું૦ [दे. विच्छोह] વિયોગ (૨) ભેદ;
**વછોડવું** સ૦ક્રિ૦ [જુઓ છોડવું] વળગેલું છૂટું કરવું, વછૂટે એમ કરવું
**વછોયું** વિ૦ [दे. विच्छोइय] વિખૂટું પડેલું
**વજ** સ્ત્રી૦; ન૦ [सं. वचा; સર૦ म. वज, हिं. वच]'એક વનસ્પતિ
**વજદ** પું૦ [अ. वज्द] આનંદની મસ્તી
**વજન** ન૦ [अ. वज़न; સર૦ हिं., म.] ભાર (૨) તોલ (૩) [લા] દબાણ; વગ (૪) મોભો; માન (૫) વિધેય વિ૦ (સુ.) ઓછું; થોડું. [-કરવું=જોખવું -પડવું=શેહ પડવી. -ભરવું=વજન લાદવું (૨) વજન સમાવવું.] ૦દાર વિ૦ વજનવાળુ
**વજરકઠા** વિ૦ જરા ઘોળા – એવી જાતના (ઘઉં)
**વજરબટું(-ટ્ટું)** ન૦ [જુઓ બજરબટ્ટુ, સર૦ हिं वजरवट्टू, म वजरवट्टू (सिंहल-मचरवट्टू)] સિલોન, મલબાર તરફ થતું એક ઝાડ અને તેનુ બી (નજર ન લાગે તે માટે તેનાં બીની માળા છોકરાને કોટે બાંધે છે)
**વજા** સ્ત્રી૦ [प्रा विज्जा (सं. विद्या)? કે अ. वजअ; સર૦ म वज=કાળજી; વ્યવસ્થા (सं. वाज=બળ કે ओजस्)] સમજ, બુદ્ધિ (૨) વૃત્તિ; વલણ (૩) [જુઓ વેજાં] ફાફાં
**વજાડવું** સ૦ક્રિ૦ [प्रा. वज्जाव (सं. वादय्); સર૦ हिं वजाना; म वजावणें] વગાડવું. **વજાવણહાર** પું૦ + બજાવનાર
**વજીફદાર** વિ૦ (૨) પું૦ [વજીફો + દાર] વજીફાવાળો, જાગીરદાર
**વજીફો** પું૦ [अ.] ઇનામમા મળેલી જમીન
**વજીર** પું૦ [अ.] પ્રધાન (૨) શેતરંજનું એક મહોરુ. -રાઈ(-ત), -રી સ્ત્રી૦, -રું ન૦ વજીરનો ઓધ્ધો, કારકિર્દી કે અમલ
**વજીરી** સ્ત્રી૦ [हिं. वजरी] કોટનો કાંગરો
**વજૂ** ન૦ [अ] (નિમાજ પઢતા પહેલા) હાથ, પગ, મો વગેરે ધોવા તે (-કરવુ)
**વજૂદ** ન૦ [अ.] ખરાપણું; વાસ્તવિકતા
**વજે** સ્ત્રી૦ [अ. वज्अ] પાડેલા અનાજમાં હિસ્સો પાડીને લેવાતી મહેસૂલ; ગણોત. ૦વળતિયું ન૦ ભાડું જમે થાય અને વ્યાજ ખાતે મંડાય તેવી શરતવાળું ખાતુ. ૦વેરા પું૦બ૦વ૦ મહેસૂલ, ગણોત ને બીજા વેરા
**વજેદાર** સ્ત્રી૦ [फा. वजहदार] મગદળ જોડીની એક કસરત [ખૂબ કઠણ, અભેદ્ય]
**વજ્જર** ન૦ + ઇંદ્રનું આયુધ – વજ્ર. [-જેવું=
**વજ્ર** ન૦ [स.] દધિચિ ઋષિનાં હાડકાનુ બનેલુ ઇંદ્રનુ આયુધ (૨) વીજળી (૩) ફૂલની દાંડી. [-તૂટી પડવું, પડવું = મોટો ફટકો લાગવો; ભયંકર આઘાત થવો. -ની છાતી, -નું કાળજું = બીકની કે દયાની કશી લાગણી ન હોય એવી છાતી. -નું માથું = કઠણ; અસર ન થાય એવું.] ૦કાય વિ૦ વજ્ર જેવી કઠણ કાયાવાળું. ૦દંતી સ્ત્રી૦ એક વનસ્પતિ ૦પાત પું૦ વીજળીનું પડવુ. ૦બાહુ વિ૦ વજ્ર જેવા બાહુવાળુ. ૦મય વિ૦ કઠણ; કઠોર; દુર્ભેદ્ય. ૦લેપ પું૦ કદી ઊખડે નહિ તેવો લેપ, મસાલા ભેળવેલો તેવો ચૂનો કે તેનો લેપ (૨) વિ૦ તેના જેવું સજ્જડ. -જ્રાઘાત પું૦ [+ आघात] વજ્ર કે વીજળીનો આઘાત (૨) તેના જેવી અણધારી આફત. -જ્રાસન ન૦ [+ आसन] એક યોગાસન. -જ્રાંગ પું૦ [+ अंग] (સ ) હનુમાન. -જ્રિકા સ્ત્રી૦ ઢીસા શ્રુતિનો એક અવાતર ભેદ. -જ્રી પું૦ (સ.) ઇંદ્ર
**વટ** પું૦ [स] વડ
**વટ** વિ૦ [दे वट्ठ, અથવા સર૦ म. वटन्ट (कानडी-ओट्टु)] મુખ્ય, બધા માટેનું (૨) સ્ત્રી૦ [सं वृत्ति, प्रावट्ट] ટેક, પણ (૩) આબરૂ (૪) ધીરધાર કરવી તે (૫) ધીરધાર થતી હોય તે બજાર. ઉદા૦ નાણાવટ (૬) હોવાપણું એવો ભાવ બતાવતો પ્રત્યય ઉદા૦ ઘરવટ (૭) પું૦ રોફ [-પડવો=રોફ પડવો. -માં રહેવું, -રાખવો=રોફ રાખવો ]
**વટક** સ્ત્રી૦,પું૦ [दे. वट्ट, ०य=નુકસાન] ઉપરાંમણી, વધારાની રકમ (૨) નુકસાની, વળતર (૩) બદલો, વેર. [-વાળવી=વેર વાળવું ]
**વટકવું** અ૦ક્રિ૦ [સર૦ प्रा. वट्टिअ(स वर्तित,)

અથવા સર૦ મ विटणें, विटकळणें(सं. विट्)] રીસમાં ખસી જવું, હઠી જવું, વંકાવું
વટ-પૂર્ણિમા સ્ત્રી૦ [સં.] જેઠીપૂનમ
વટલ(-લા)વું અ૦ક્રિ૦ [જુઓ વટાળવું] હલકી મનાતી જાતિ કે ધર્મમાં જવું
વટલું વિ૦ [જુઓ વટકવું અથવા સર૦ મ. वटली (वट्टा ઉપરથી)] નરસું; પાજી
વટલોઈ સ્ત્રી૦ [સર૦ हिं. वटलोई (प्रा वट्टुल, सं. वर्तुल=પરથી ?) કે वर्त+लोह+इका કે સર૦ મ वटलोई] તાંબડી
વટવટવું અ૦ ક્રિ૦ [સર૦ મ. वटवटणें=ટકટક કરવી] (કા) ખાઉં ખાઉં કરવું
વટવું સ૦ ક્રિ૦ [प्रा. वट्ट (सं वृत्त કે वर्तमन्), સર૦ મ वटवणें] ઓળંગવું; પસાર કરવું (૨) અ૦ક્રિ૦ (વેળાનું) પસાર થઈ જવું (૩) (પાણીનું) પાછું હઠવું, ઓસરવું (૪) નાસી જવું
વટસાવિત્રી સ્ત્રી૦ [સં] જેઠ પૂર્ણિમાએ વડની નીચે જેની પૂજા કરાય છે તે દેવતા; તેનું પર્વ
વટહુકમ પું૦[વટ (દે. वट्ट) + હુકમ, સર૦ મ. वटहुकूम] મુખ્ય કે સર્વને લાગુ પડતો હુકમ (૨) ખાસ સત્તાથી કાઢેલો તાત્કાલિક હુકમ, 'ઑર્ડિનન્સ' [ન૦ વટાવ
વટંતર વિ૦ [સર૦ વટાવવું] ઘરેણિયાત (૨)
વટા(-ટે)ણું ન૦ [જુઓ વતરણું] ધૂળિયા પાટી ઉપર લખવાની લાકડાની કલમ
વટાણો પું૦[प्रा. वट्ट (सं. वृत्त)+દાણો ? સર૦ મ वाटाणा] એ નામનો કઠોળનો દાણો. [વટાણા માપવા, વાવવા=નાસી જવું]
વટાવ પું૦[વટાવવું પરથી, સર૦ મ.] છૂટ; મુદ્દલમાંથી કાંઈ કારણથી જે ઓછું લેવાય અથવા કાપી અપાય તે(૨)મોટા સિક્કાનું પરચૂરણ લેતાં જે ઓછું આવે તે (૩) વેચાણ ઉપરનું વળતર
વટાવવું સ૦ક્રિ૦[સં वट्, સર૦ મ वटावणें] મોટા સિક્કાનું પરચૂરણ નાણું લેવું (૨) હૂંડી, નોટ વગેરેના નાણાં કરવા (૩) [જુઓ વટવું] પસાર કરવું, ઓળંગવું (૪) 'વટવું' તથા 'વાટવું'નું પ્રેરક [(-ને) વટાવે એવું=-થી ચઢિયાતું વટાવી ખાવું=છેતરી જવું]
વટાવું અ૦ક્રિ૦ 'વટવું' તથા 'વાટવું'નું કર્મણિ
વટાળ,-ળો પું૦ [દે. विट्टाल, સર૦ મ. विटाळ] વટલાવાપણું, ભ્રષ્ટતા
વટાળવું સ૦ક્રિ૦[દે विट्टाल, સર૦ મ विटाळणें, विटाळणें, हिं विटारना] વટલાવવું [વટાળે એવું=મોંમાં થૂ કે એવું, સરસાઈમાં ચડે તેવું.]
વટાંતરે અ૦ વટંતર; ગીરો (ભાલ)
વટિકા સ્ત્રી૦ [સં] ગોળી, વટી
વટિયું, વટી વિ૦ [જુઓ વટ] વટ-ટેકવાળું
વટીક અ૦ [સર૦ प्रा वडिक (सं पतित= સમાવિષ્ટ)] પણ, સુધ્ધાં
વટુક પું૦ [સં] બટુક, છોકરો
વટું ન૦ [प्रा वट्ट (सं. वृत्त)] 'તેનો ધંધો કે કામકાજ' એ અર્થમાં નામને અંતે લાગે છે. ઉદા૦ પ્રધાનવટું
વટ્ટકાર, વટ્ટકો પું૦ [વટ્ટ (વૃત્તિ) પરથી ?] ઢંગ, આવડ, અક્કલ (૨) વગે પાડવું તે
વટેણું ન૦ જુઓ વટાણું
વટેમાર્ગુ પું૦ [સં वाट+मार्ग, સર૦ મ. वाटमार्गी] મુસાફર
વટેશરી સ્ત્રી૦ ['વાટ' પરથી, સર૦ મ. वाटसरू =મુસાફર] વાટખર્ચ (૨) ભાથું
વડ પું૦ [प्रा. (सं. वट), સર૦ મ, हिं] એક ઝાડ (૨) વિ૦ [દે वड्ड] વડું (સમાસમાં વપરાતું રૂપ)
વડગૂંદો પું૦ એક ઝાડ
વડચકું ન૦ [સર૦ બચકું, ડચકું] (કા.) બચકું
વડચિતરાઈ સ્ત્રી૦ [વડ+ચીતરવું ?] શેખી
વડનગરા પું૦ બ૦વ૦ ['વડનગર' એ ગામના નામ ઉપરથી] નાગરોની એ નામની જાતિના
વડપણ(-ણું) ન૦ ['વડું' ઉપરથી; अप. वड्डुप्पण] મોટાપણું [આગેવાન
વડભેરુ પું૦ [વડો+ભેરુ] રમનારાની ટોળીનો
વડવા સ્ત્રી૦ [સં] ઘોડી [ફૂટીને લબડતું મૂળ
વડવાઈ સ્ત્રી૦ ['વડ' ઉપરથી] વડની ડાળમાંથી
વડવાગ(-ગો)ળ સ્ત્રી૦, વડવાગળું ન૦[સર૦ વાગોળ, સર૦ મ वडवाघूळ] રાત્રે ઊડતું એક પક્ષી [રહેલો અગ્નિ
વડવાગ્નિ, વડવાનલ(-ળ) પું૦ [સં] સમુદ્રમાં
વડવીર પું૦ [વડો+વીર] વડો-મોટો ભાઈ

**વડવો** પું૦ [દે. वड्ड ઉપરથી] પૂર્વજ (૨) બાપ અથવા માનો બાપ
**વડસસરો** પું૦ [વડુ+સસરો] સાસુ કે સસરાનો બાપ
**વડસાસુ** સ્ત્રી૦ [વડુ+સાસુ] સાસુ કે સસરાની મા
**વડહુથ્થ** વિ૦ [વડુ + હાથ] બળવાન; મજબૂત (૨) મોટા હાથવાળો, આજાનબાહુ
**વડાઈ** સ્ત્રી૦ ['વડુ' પરથી, સર૦ हिं , म. वडाई] મોટાઈ, કીર્તિ (૨) અભિમાન; પતરાજ
**વડાગરું** વિ૦[प्रा. वड (सं पट)+ અગર; સર૦ म. वडागरमीठ] દરિયાકિનારે ખાડાઓમા પાણી સૂકવીને બનાવેલુ ગાગડાદાર (મીઠું)
**વડારણ** સ્ત્રી૦ [સર૦ प्रा. वढर; म. वडार,-री] ગોલી, ખવાસણ; રાણીની દાસી (૨) વિ૦ [જુઓ વિદારવું] વિ૦ + વિદારનાર; મારનાર
**વડાદરા** પુ૦બ૦વ૦ એ નામથી ઓળખાતી બ્રાહ્મણની જાતિના
**વડારો** પું૦[જુઓ વડું] વડાઈ–વડપણની વાત; શેખી [**વડારા કરવા**=વડાઈની વાતો કરવી, શેખી મારવી ]
**વડિયાઈ** સ્ત્રી૦ [સર૦ વડવો, વડી+આઈ] બાપ અથવા માની મા
**વડિયું** વિ૦ ['વડાઈ' ઉપરથી] પ્રતિસ્પર્ધી; પ્રતિપક્ષી
**વડી** સ્ત્રી૦ [ દે; સર૦ हिं. बडी] ચોળાની દાળની એક બનાવટ. [–**પાપડ વંઠી જવાં** = કામ બગડી જવું (**હાથે) વડીઓ મૂકી છે?**=હાથ કેમ હલાવાતો નથી ?]
**વડીલ** વિ૦ [दे. वड्डिल, वड,સર૦ म. (सं. वृद्ध)] (કુટુંબમા) પૂજ્ય; મોટું; મુરબ્બી (૨) પું૦ તેવો માણસ (૩) પૂર્વજ. –**લોપાર્જિત** વિ૦ [+उपार्जित] બાપદાદાએ રળેલુ
**વડું** વિ૦ [दे. वड्ड, અથવા प्रा वड्ढ (स वृद्ध); સર૦ म वडा, हिं. बडा] મોટું (સમાસમાં 'વડ' રૂપ, જેમ કે વડસાસુ) (૨) ન૦ [प्रा. वडग (सं. वटक)] અડદની દાળની એક વાની (૩) [प्रा. वड, पट्ट (सं. पट)] પડના અર્થમા સંખ્યાવાચક શબ્દને લાગે છે. ઉદા૦ એકવડું, બેવડું, તેવડું ઇ૦ (૪) કદ (પડ) બતાવવાના અર્થમાં આ, જે, કે, તે વગેરે સર્વનામોને લાગે છે. ઉદા૦ આવડું, એવડું, જેવડું, કેવડુ ઇ૦
**વડે** અ૦ [જુઓ વતે] વતી; થી
**વડેરું** વિ૦ [दे. वड्ड] વડીલ, મોટું
**વઢકણુ(–ણું), વઢકારું** વિ૦['વઢવું' ઉપરથી] કજિયાખોર
**વઢવાડ** સ્ત્રી૦ ['વઢવું' ઉપરથી] કજિયો;તકરાર; લડાઈ. –**ડિયું** વિ૦ વઢકણુ
**વઢવું** અ૦ક્રિ૦ [प्रा. विहड (सं. विघटय्) પરથી ?] તકરાર કરવી (૨) મારામારી કરવી (૩) સ૦ક્રિ૦ ઠપકો આપવો. [**વઢી પડવું** = તકરાર કે ટંટો થઈ જવો; લડવું.]
**વઢવેડ** સ્ત્રી૦ જુઓ વઢવાડ [વઢવું તે
**વઢાવઢ(–ઢી)** સ્ત્રી૦ ['વઢવુ' ઉપરથી]સામસામું
**વઢાવું** અ૦ક્રિ૦,–**વવું** સ૦ક્રિ૦'વઢવુ' 'વાઢવુ'નું કર્મણિ ને પ્રેરક [એક જાતની (ભેંસ)
**વઢિયારી** વિ૦ સ્ત્રી૦ વઢિયાર તરફની–સરસ
**વણ** (ણ,) ન૦ [दे. वउणी; સર૦ प्रा. वणी, हिं. बन=કપાસનો છોડ] કપાસ, કપાસનો છોડ કે કપાસનુ ખેતર (૨) અ૦ [सं. विना] (પ.) વિના
**વણકર** પું૦ ['વણવું' ઉપરથી] વણવાનો ધંધો કરનાર. –**રી** સ્ત્રી૦ વણવાની મજૂરી
**વણછો** પું૦ [स. पर्णछाया; સર૦ પડછો] ઝાડની છાયા (નીચેના રોપ પરની)
**વણજ** પું૦ [प्रा. वणिज(सं. वाणिज्य)] વેપાર; ધંધો (૨) સ્ત્રી૦ વેપારની વસ્તુ; 'કૉમોડિટી'
**વણજાર** સ્ત્રી૦ ['વણજ'+હાર કે કાર, સર૦ हिं. बनजारा; म. वणजारा] વણજારાની પોઠ કે કાફલો –**રી** સ્ત્રી૦ વણજારાની સ્ત્રી. –**રું** ન૦ વણજારાનો ધંધો. –**રો** પું૦ બળદોની પીઠ ઉપર માલ ભરી દેશપરદેશ લઈ જનાર વેપારી
**વણતર** ન૦ ['વણવુ' ઉપરથી] વણવુ તે (૨) વણાટ, પોત; કુમાશ
**વણપરો** પું૦ (કા) વાપર, ઉપયોગ
**વણલોભી** વિ૦ [વણ(વિના)+લોભ] લોભરહિત
**વણવું** સ૦ક્રિ૦ [दे. वुणण, हिं. बुनना; म. विणणें (सं. वे)] આમળવું; ભાગવું (દોરડુ)

(૨) સાળ વડે કપડું બનાવવું (૩) વેલણ વડે રોટલી વગેરે કરવું (૪) પાટિયા ઉપર લોટ મસળીને (સેવો) પાડવી (૫) [લા.] કામમાં કેળવવું, પલોટવું (૬) [સુ.] વીણવું. [વણી નાખવું = નાશ કરવું; પાયમાલ કરવું વણીને કહેવું, મૂકવું = અતિશયોક્તિ કરવી (૨) અટકળે કહેવું ]

વણસવું અ૰ક્રિ૰ [સં વિનશ્; સર૰ હિં. विनशना] બગડવું, ખરાબ થવું (૨) નાશ પામવું

વણસાડ પુ૰ ['વણસવું' ઉપરથી] બગાડ; નાશ ૰વું સ૰ક્રિ૰ 'વણસવું'નું પ્રેરક

વણસિયું ન૰ વરખડાનું તેલ

વણાઈ સ્ત્રી૰ [ 'વણવું' ઉપરથી ] વણવાનું મહેનતાણું (૨) વણવાની રીત

વણાટ પુ૰ ['વણવું' ઉપરથી] વણતર, કુમાશ; પોત. ૰કામ ન૰ વણવાનું કામ

વણારસી વિ૰ [प्रा वाणारसी (अप वणरसि), सं वाराणसी] બનારસી (સાડી) [સુ ]

વણિક પુ૰ [સં.] વાણિયો (૨) વેપારી ૰પુત્ર પું૰ વાણિયાનો દીકરો, વાણિયો ૰વૃત્તિ સ્ત્રી૰ જુઓ વાણિયાવિદ્યા (૨) વેપાર વડે આજીવિકા ચલાવવી તે [ચોપગું પ્રાણી

વણિય(-યો)ર (વ') ન૰[प्रा. वणयर ?]એક નાનું

વત(૰ર)ડવું સ૰ક્રિ૰ [વિ + તોડવું (સં. वि + तुड्)] નખથી ખણવું કે ફાડી નાખવું

-વત્ [સં ] નામને લાગતા '–ની પેઠે, –ની જેમ' અર્થ બતાવે છે ઉદા૰ આત્મવત્ (૨) ['વાન'નું મૂળ સં. રૂપ. સ્ત્રી૰ વતી] નામને લાગતા 'વાળું' અર્થ બતાવે છે ઉદા૰ ફલવત્

વતન ન૰ [अ ] મૂળ ગામ કે દેશ (૨) ઇનામ દાખલ સરકાર તરફથી મળેલી જાગીર (૩) જમીનજાગીરની ઊપજ ૰દાર વિ૰ (૨) પુ૰ જાગીરદાર. ૰દારી સ્ત્રી૰ જાગીરદારી ૰પરસ્તી સ્ત્રી૰ [फा.] સ્વદેશાભિમાન, સ્વદેશપૂજા. ૰વાડી સ્ત્રી૰ સ્થાવર મિલકત (સુ.) –ની વિ૰ (૨) પું૰ મૂળ રહીશ

વતરડવું સ૰ક્રિ૰ જુઓ વતડવું

વતરણું ન૰ [સં. वेत्र = બરુ – નેતર ઉપરથી ? કે વતડવું ઉપરથી ?] કલમ; વટાણું

વતરેક અ૰ + [સં. व्यतिरेक] વતરોગ જુઓ (૨) પું૰ વ્યતિરેક, ભેદ; અભાવ

વતરોગ(-ગે) અ૰ [જુઓ વતરેક] વિના, વગર

વતાગરો પું૰ [જુઓ વેતરું] વેતરો, મજૂર

વતાડવું સ૰ક્રિ૰ જુઓ વિતાડવું

વતાવવું સ૰ક્રિ૰ [ જુઓ વિતાડવું ] પજવવું (૨) છેડવું (૩) [ઉ ગુ ] બતાવવું

વતી અ૰ [જુઓ વતે] વડે (૨) [સર૰ म. वती, वतीनें] માટે, બદલે (૩) વિ૰ સ્ત્રી૰ [સં ] (જુઓ 'વત્'મા) ઉદા૰ 'લાવણ્યવતી'

વતીઅણું ન૰ જુઓ વતેસર [-તિયું

વતીપાત પુ૰,–તિયું વિ૰ જુઓ વ્યતીપાત,

વતું ન૰ [સં. वप् ઉપરથી] હજામત

વતે અ૰ [સં वृत्ते] વડે; થી

વતેસર વિ૰['વિસ્તાર' પરથી, સર૰ હિં. वतंगड]· વિસ્તારવાળું (૨) ન૰ નકામું લંબાણ, ટાયલું

વત્તું વિ૰ [વધતું] વધારે [વિના, વતરેક

વત્રેક વિ૰ [सं व्यतिरेक] + શ્રેષ્ઠ (૨) અ૰

વત્સ પુ૰, ન૰ [સં.] બાળક (૨) ન૰ વાછરડું

વત્સર પુ૰ [સં.] વર્ષ [રાજા, ઉદયન

વત્સરાજ પુ૰[સં ](સ ) અર્જુનથી પચીસમો

વત્સલ વિ૰ [स ] માયાળુ, સ્નેહાળ ૰તા સ્ત્રી૰ વાત્સલ્ય

વત્સા સ્ત્રી૰ [स ] પુત્રી

વદ(–દ્ય) (દ,)અ૰ [જુઓ વદિ, સર૰ म वद्य] કૃષ્ણપક્ષમા (૨) સ્ત્રી૰ કૃષ્ણપક્ષ

વદતોવ્યાઘાત પું૰ [સં ] પોતે બોલેલી વાતથી વિરુદ્ધ બોલવું તે, એક તર્કદોષ

વદન ન૰ [સં ] મુખ [મજૂર થવું

વદવું સ૰ક્રિ૰ [सं वद्] બોલવું (૨) અ૰ક્રિ૰

વદા સ્ત્રી૰ જુઓ વિદાય (સુ.)

વદાડ(–રું) પુ૰ જુઓ વાયદો

વદાય વિ૰ (૨) સ્ત્રી૰ [अ वदाअ] જુઓ વિદાય ૰ગીરી સ્ત્રી૰ જુઓ વિદાયગીરી

વદિ અ૰ [સં ] કૃષ્ણપક્ષમા, વદ

વદિતા સ્ત્રી૰ [सं वद्] + સૂર, અવાજ

વદ્દી(–દ્ધા) સ્ત્રી૰ [સં. वृद्धि] વધ, સરવાળા કે ગુણાકારમા, એકમ દશક વ૰ કોઈ એક સ્થાનના સરવાળા કે ગુણાકારની આવેલી

રકમમાથી એકમનો આંકડો રાખી બાકીના સ્થાનના અંક આગળના સ્થાનની રકમમા ઉત્તરોત્તર ઉમેરવામાં આવે છે તે (ગ.)

**વઘ** અ૦ (૨) સ્ત્રી૦ [સં] જુઓ વદ

**વઘા** સ્ત્રી૦ જુઓ વદ્દી [પાંખંડ; કપટ

**વઘાન** ન૦ [સં વદાન્ય=વાક્પટુ પરથી?]

**વધ** પુ૦ [સં] કાપીને મારી નાખવું તે (૨) 'મલ્ટિપલ' (ગ.) [વત્તુ ઓછું થવું તે

**વધ** (ધ,) સ્ત્રી૦ [સં વૃદ્ધિ] વધારો **૦ઘટ** સ્ત્રી૦

**વધરાવળ** સ્ત્રી૦ [સં. વધ્રિ કે વધ્ર ઉપરથી] વૃષણનો એક રોગ

**વધવું** અ૦ ક્રિ૦ [સં. વૃધ્ (प्रा. वड्ढ), हिं. बढना; म. वधणें] સંખ્યા, કદ, માપ, ગુણ, કશામા પણ વધારો થવો, મોટા થવું (૨) બચવું; બાકી રહેવું (૩) આગળ જવું; ટપવું; પ્રગતિ કરવી. [(**વાત વધી જવી, પડવી**=કજિયો કે મારામારી ઉપર આવવું.]

**વધાઈ(-મણી)** સ્ત્રી૦ [प्रा. वद्धावण (सं. वर्धापन), સર૦ हिं. वधाई; म. वरधावा] ખુશીના સમાચાર (૨) ખુશખબર લાવનારને અપાતી ભેટ

**વધામણું** ન૦ [જુઓ વધાઈ] મંગળકાર્ય નિમિત્તે માતાનું પૂજન (૨) વધામણી

**વધારણ** વિ૦ ['વધારવું' ઉપરથી] વધારનાર (પ.)

**વધારવું** સ૦ક્રિ૦ [प्रा. वद्धार(सं वर्धय्), સર૦ म. वधारणें] વધારો કરવો, ઉમેરવું (૨) વિસ્તારવું (૩) બચત કરવી; બાકી રાખવું

**વધારે** વિ૦ [જુઓ વધારવું] અધિક; વિશેષ. **૦પડતું** વિ૦ જોઈએ કે ઘટે તેથી વધારે (માત્રા, કદ, મર્યાદા વગેરેથી)

**વધારો** પું૦ [જુઓ વધારવું, વધવું, સર૦ म. वधारा] ઉમેરો; વૃદ્ધિ (૨) નફો (૩) બાકી; સિલક (૪) સાધણ, પુરવણી (૫) વર્તમાનપત્રનો વધારા તરીકે કાઢેલો અંક [**વધારાનું**=વિશેષ-વધુ એવું (૨) નકામું ફાજલ]

**વધાવવું** સ૦ક્રિ૦ [જુઓ વધાઈ] ભક્તિથી અથવા આશીર્વાદ દેતાં ફૂલ ચોખા નાખવા (૨) હર્ષભેર આવકાર આપવો

**વધાવો** પુ૦ ['વધાવવુ' ઉપરથી] વધાવવાની સામગ્રી (૨) એકી (દાણા જોતા) (૩) વર કે કન્યાને મોકલવાની ભેટ

**વધુ** વિ૦ [સં. વૃદ્ધ પરથી] વધારે. **૦પડતું** વિ૦ વધારેપડતુ. **-ધૂકું** વિ૦ વધારેપડતું; વધારાનું

**વધૂ** સ્ત્રી૦[સં.]વહુ,જુવાન પત્ની(૨)છોકરાની વહુ

**વધેરવું** સ૦ક્રિ૦ [સં. વર્ધ્] બલિદાન આપવું (૨) ફોડવું (૩) કાપવુ [માણસ

**વધૈયો** પું૦['વધાવવું' ઉપરથી]વધામણી ખાનારો

**વધ્ય** વિ૦ [સં] વધ કરવા યોગ્ય

**વન** ન૦[સં.]જંગલ [**-કરવું**=રખડતુ-ઘરબાર વિનાનું કરવું. **-થવું**=રખડવું-ઘરબાર વિનાના થવું] **૦કવિતા** સ્ત્રી૦ વન્ય અને ગ્રામ્ય જીવન વિષેની કવિતા, ગોપકાવ્ય, 'પેસ્ટોરલ'. **૦ફૂળ** ન૦ વલકલ. **૦કોકિલ** પું૦ એક પંખી. **૦ચર** વિ૦ વનમા રહેનારું; જંગલી (૨) પુ૦ તેવું માણસ કે પ્રાણી (૩) વાદરો. **૦જ્યોત્સ્ના, ૦જ્યોત્સ્ની** સ્ત્રી૦ જૂઈ જેવી એક વેલ. **૦દેવતા** પું૦ બ૦વ૦, સ્ત્રી૦; **૦દેવી** સ્ત્રી૦ વનની અધિષ્ઠાતા દેવ કે દેવી. **૦પક** વિ૦ વનમા પાકેલું. **૦પુષ્પ** ન૦ વનમાં થતુ-રાની પુષ્પ. **૦પ્રિયા** સ્ત્રી૦ કોયલ. **૦ભોજન** ન૦ ગામ બહાર રમ્ય જગાએ કરેલી ઉજાણી **૦માલા(-ળા)** સ્ત્રી૦ વનના ફૂલની માળા (૨) ઘૂંટણ લગી પહોચે તેવો ફૂલનો હાર (શ્રીકૃષ્ણનો). **૦માલી(-ળી)** પુ૦ (સં.) શ્રીકૃષ્ણ **૦રાઈ** સ્ત્રી૦ જુઓ વનરાજી **૦રાજ** પું૦ સિંહ. **૦રાજિ(-જી)** સ્ત્રી૦ ઝાડોની લાબી હાર (૨) લાબો જંગલનો પ્રદેશ (૩) જંગલમાનો પગરસ્તો. **૦લતા** સ્ત્રી૦ એક જંગલી વેલ **૦વાસ** પુ૦ વનમા વસવું તે (-કરવો). **૦વાસી** વિ૦ વનમા વસનારું. **૦વેલી** સ્ત્રી૦ જંગલી વેલ (૨) અપદ્યાગદ્યની એક નવી રચના **૦શ્રી** સ્ત્રી૦ જંગલની શોભા. **૦સ્થલી(-ળી)** સ્ત્રી૦અરણ્યનો પ્રદેશ

**વનરડો** પુ૦ [જુઓ વનારવું] (કા) દુઃખ; વિટંબણા (૨) બગાડો (૩) ઝઘડો; વાદ; વાંધો (૪) ફજેતો [વડવાગળું

**વનવાગળું** ન૦, **વનવાગોળ** સ્ત્રી૦ જુઓ

**વનસરાહ** ન૦ એક પખી

વનસ્પતિ સ્ત્રી૦ [સં] ઝાડ, છોડ વગેરે. ૦ઘી ન૦ વનસ્પતિ (તેલીબિયા)ના તેલને રાસાયણિક પ્રક્રિયાથી વોઈ-ઠારીને બનાવાતો ઘી જેવો પદાર્થ. ૦નાથ પુ૦ ચંદ્ર. ૦વિદ્યા સ્ત્રી૦, ૦શાસ્ત્ર ન૦ 'બૉટની'

વનળા સ્ત્રી૦ [સં. વ્યંઢલા કે બૃહન્નલા] બાયડા કે હીજડા જેવી સ્ત્રી (ઉ. ગુ)

વના સ્ત્રી૦ જુઓ વનિતા (૨) અ૦ [જુઓ વિના] સિવાય [સમારવું

વનારવું સ૦ક્રિ૦ [સં. वन्=કાપવું] (કા) કાપવું;

વનિકા સ્ત્રી૦ [સં] ઉપવન, નાનકડું વન

વનિતા સ્ત્રી૦ [સં] સ્ત્રી ૦વિશ્રામ પુ૦ સ્ત્રીઓને શિક્ષણ આપવાની સંસ્થાનું એક નામ

વનું વિ૦ [વિના + નું] 'વિનાનું' એવા અર્થમાં નામને લાગે છે (ઉદા૦ ભાનવનું)

વનેખા પું૦ બ૦ વ૦ [સં. वन् ઉપરથી] પીડા; મુશ્કેલી; વખા

વનેચર વિ૦ (૨) પું૦ [સં] વનચર; જંગલી

વનેરુ વિ૦ [સર૦ મ વાનર્યા (મ વાન્યેલ= વાંદર)] રખડેલ, જંગલી

વનેઠવું સ૦ક્રિ૦ [સર૦ વનારવું] બગાડી નાખવું

વનેડો પુ૦ કાર્ય બગડે એવી મુશ્કેલી, વનરડો

વનો પુ૦ [સં વિનય] + વિવેક (૨) [જુઓ બનો] + વર કે અણવર

વન્ય વિ૦ [સં] જંગલનું

વન્સ મોર પુ૦ [ઇ] 'એક વાર ફરીથી' એવા અર્થનો નાટકી હર્ષોદ્ગાર

વપત સ્ત્રી૦ જુઓ વિપત્તિ [કરાવવી તે

વપન ન૦ [સં.] વાળ કપાવવા કે હજામત

વપગટ પુ૦ ['વપરાવું' ઉપરથી] વપરાશ

વપરાવું અ૦ક્રિ૦,-વવું સ૦ક્રિ૦ [સં. व्याप्] 'વાપરવું'નું કર્મણિ ને પ્રેરક

વપરાશ સ્ત્રી૦ [વપરાવુ પરથી] વાપર, ઉપયોગ

વપલો પુ૦ [સર૦ ચેપલો] કૌતુક

વપા સ્ત્રી૦ [સં] ચરબી, મેદ

વપુ ન૦ [સં] શરીર

વફા સ્ત્રી૦ [અ.] વચનને વળગી રહેવું તે, પ્રમાણિકપણું (૨) ભક્તિ, શ્રદ્ધા, વિશ્વાસ ૦ઈ સ્ત્રી૦ વફાદારી. ૦દાર વિ૦ વચનને વળગી રહેનારું (૨) વિશ્વાસુ (૩) સ્વામીભક્ત ૦દારી સ્ત્રી૦ વચનને વળગી રહેવું તે (૨) સ્વામીભક્તિ (૩) નિષ્ઠા (૪) રાજભક્તિ

વફાત સ્ત્રી૦ [અ.] મૃત્યુ (જુઓ બારે વફાત)

વબાલ સ્ત્રી૦ [અ.] મુસીબત, આફત

વભૂટ(-ઠ)ણુ ન૦ [પ્રા. वूढ(સ व्यूढ)=વહન કરેલું ઉપરથી ? કે સં. वि + वुध्=વેઠવું- અનુભવવું ઉપરથી ?] પીડા, આપદા

વભો પુ૦ [જુઓ વૈભવ] સાહેબી (૨) મર્યાદા, અદબ (૩) પ્રતિષ્ઠા; વજન

વમન ન૦ [સં] ઊલટી [ઓકી કાઢવું

વમવું સ૦ક્રિ૦ [સં. वम्; સર૦ મ. वमणें]

વમળ ન૦ [સં. विभ्रम ? સર૦ હિં भँवर] વહેતા પાણીમા થતું કૂંડાળું - ભમરો

વમાસણ જુઓ વિમાસણ.-વું જુઓ વિમાસવું

વમિ(-મી) સ્ત્રી૦ [સં] વમન, ઊલટી

વમેલ(-લું) વિ૦ ['વમવું' ઉપરથી] ઓકી કાઢેલું (૨) સન્માર્ગથી ભ્રષ્ટ થયેલું

વય ન૦, સ્ત્રી૦ [સં] ઉમ્મર [-થવી=ઉંમર થવી, વૃદ્ધાવસ્થા આવવી -માં આવવું= ઉમર લાયક થવું, જુવાનીમા આવવું ]

વયણ ન૦ [પ્રા, જુઓ વચન] + બોલ

વયસ્ક વિ૦ [સર૦ મ] વયમા આવેલું

વયસ્ય પુ૦ [સં] મિત્ર -સ્યા સ્ત્રી૦ સખી

વયાતીત વિ૦ [વય + અતીત] ઘરડું, વૃદ્ધ

વયોવૃદ્ધ વિ૦ [સં] ઘરડું, વડીલ

વર વિ૦ [સં] ઉત્તમ (૨) પુ૦ વરરાજા (૩) પતિ (૪) વરદાન (૫) નામને લાગતા 'શ્રેષ્ઠ, ઉત્તમ' એવો અર્થ થાય ઉદા૦ પંડિતવર. [-તોરણે આવવો=વર ચોરી આગળ આવી પહોચવો (૨) [લા.] બહુ ઉતાવળ હોવી ] ૦કન્યા ન૦બ૦વ૦ પરણનાર પુરુષ ને સ્ત્રી

વરક(-ખ) પુ૦ [અ, સર૦ મ वरख, हिं.] સોનાચાંદીનું છેક પાતળું પતરુ

વરખ પુ૦ જુઓ વરક (૨) [સં वर्ष] વર્ષ (૩) સ્ત્રી૦ [સં वृषभ] વૃષભ રાશિ

વરખડી સ્ત્રી૦, -ડો પુ૦ એક ઝાડ

વરખવું અ૦ક્રિ૦ + જુઓ વરસવું

વરખાસન ન૦ + જુઓ વર્ષાસન

**વરખી હરતાળ** સ્ત્રી૦ [વરખી (પ્રા. वरक्ख, वरक्खा, हिं. वरकी)+ હરતાળ] પીળી હરતાલ
**વરઘેડિ(-રિ)યો** પું૦ [જુઓ વરઘેર] વરને ઘેરવા જતી ટોળીમાંનો માણસ
**વરઘેર** સ્ત્રી૦ [વર + ઘેરવું] કન્યાપક્ષ તરફથી વરને સામે તેડવા જતા થોડા લોક (જે હાપું પડાવવા જાનને રોકી રાખે છે)
**વરઘેલી** વિ૦ સ્ત્રી૦ [વર + ઘેલું] પતિપ્રેમમા ઘેલી બનેલી
**વરઘોડો** પું૦ [વર + ઘોડો, સર૦ મ] પરણવા જતા વરની સવારી (૨) [લા.] ફજેતી. [**વરઘોડાની વાડી** = ક્ષણિક, ખોટા દમામવાળું. **વરઘોડો કરવો** = ફજેતી કરવી. **-કાઢવો** = વરચડાવો કરવો (૨) ફજેતી કરવી **-ચડવો** = વરને લઈ જતુ સાજ નીકળવું **-નીકળવો** = વરઘોડો ચડવો (૨) ફજેતી થવી. **વરઘોડે ચડવું** = ફજેત થવું ] **-ડિયાં** ન૦ બ૦ વ૦ નવદંપતી [ચ ] (૨) લગ્નના વરઘોડામા જતા બાળકો (૩) નાસ્તો કરવા વર જોડે જતાં જાનનાં છોકરા [નીકળવું
**વરચડાવો** પું૦ [વર + ચડવું] વરનું પરણવા
**વરચવું** અ૦ ક્રિ૦ [सं वि + रच्] કંટાળવું
**વરચસ** પું૦ [सं वर्चस्] ઠપકો આપનારને ઓશિયાળું કરવા રીસમા અને જુસ્સામા કંઈ કરવુ તે
**વરજવું** સ૦ક્રિ૦ [જુઓ વર્જવું] તજવું
**વરજંગ** પું૦ [हिं वड्डु है स. वर + જંગ] + મોટી લડાઈ-જંગ
**વરજોગ** વિ૦સ્ત્રી૦ [વર + યોગ્ય] પરણવા લાયક
**વરજોડ** સ્ત્રી૦ જુઓ વરઘેર (સુ)
**વરજોળો** પું૦ [સર૦ हिं वरजोरा (वर+ जोरना જોડવુ) = વરકન્યાના પાલવ બાલવા; વિવાહ] ઉચાટ; ફિકર (૨) ફજેતી
**વરટ** પું૦ [सं] હંસ ૦પતિ પું૦ હંસોનો નાયક. **-ટા** સ્ત્રી૦ હંસણી. **-ટાપતિ** પું૦ હંસણીઓનો સ્વામી
**વરડ** (વ') પું૦ વેઢ, ચીરો (સુ)
**વરડવું** સ૦ક્રિ૦ [સર૦ વતડવું] ઉઝરડવું (૨) [જુઓ વરાડ] વર્ગ પાડવા
**વરડુ** (વ') ન૦ [प्रा वरहाड (सं. निःसृ) ફૂણગો નીકળવો] વ્યંજન સાથે જોડાતુ ઉ-ઊકારતુ ( ુ , ૂ ) આવુ ચિહ્ન
**વરડું** (વ') ન૦ [જુઓ વરડુ] વેઢું; ફૂટેલો-ઊગેલો કઠોળનો દાણો
**વરણ** પું૦ [જુઓ વર્ણ] અક્ષર (૨) રંગ (૩) સ્ત્રી૦ જાતિ; નાત (૪) [લા.] ગણતી, લેખું (૫) ન૦ [सं] વરવુ તે (૬) [सं. वारुण] પાણી [ચૂનાની ભીંતની દીવાલ
**વરણાઈ, વરણી** સ્ત્રી૦ પાકળ બાવેલી ઈંટ-
**વરણાગત, વરણી** સ્ત્રી૦ જુઓ વરણાગી
**વરણાગી** સ્ત્રી૦ [જુઓ વરણ] ટાપટીપ, છેલાઈ; ભપકો. **-ગિયું** વિ૦ વરણાગી કરનારું
**વરણાગું** વિ૦ મોહિત, છટવાળું
**વરણાવરણી** સ્ત્રી૦ ['વરણ' ઉપરથી] ન્યાત-જાતના ભેદ, પાર વગરની વરણો-નાતો પેટાનાતો હોવી તે
**વરણાવું** અ૦ક્રિ૦ ['વરણ'=રંગ] પીળું થવું; પાકવા ઉપર આવવું ઉદા૦ કેરીઓ વરણાઈ છે
**વરણી** સ્ત્રી૦ જુઓ વરણાઈ; વરણાગત
**વર(-રુ)ણી** સ્ત્રી૦ [सं वरण = વરવુ તે ઉપરથી] ક્રિયાકર્મ કરાવવા બ્રાહ્મણને પસંદ કરી તેનું પૂજન કરવુ તે (૨) પસંદગી (૩) [લા.] ગણતી, લેખુ (૪) ન૦ [सं. वारुण] પાણી
**વરણો** પું૦ [सं वरुण] એક વનસ્પતિ; વાયવરણો (૨) ન૦ [सं वरण = વરવુ તે - ઉપરથી ?] + વ્રત; બાધા, નિયમ
**વરત** પું૦,સ્ત્રી૦ [प्रा वरत्ता (सं वरत्रा), સર૦ हिं वरत] કોસ ખેંચવાનો દોર (૨) સ્ત્રી૦ [सं वृत्ति?] ઢોરની ચરાઈ
**વરતણિયો** પું૦ [प्रा वत्तण(सं वर्तन) = વેતન; આજીવિકા] રાવણિયો; ગામનો રખવાળ (૨) ચોરી શોધી આપનાર, પગી (૩) ભોમિયો; વળાવો [બળોતિયું
**વરતલો** પુ૦ [सं. वर्तित = બદલેલું] કાપલો;
**વરતવું** અ૦ક્રિ૦ [જુઓ વર્તવુ] ચાલવું (૨) બનવું; થવું (૩) સ૦ક્રિ૦ પારખવું; ઓળખવું (૪) પ્રાપ્ત થવું (૫) [સર૦ हिं. वरतना] રીત આપવી. ઉદા૦ બહેનને કંઈ વરત્યા નહીં

**વરતારો** પું૦ ['વરતવું' ઉપરથી] ભવિષ્યકથન (૨) જોષી [**–કાઢવો, જોવો**=ભવિષ્ય ભાખવું; જોશ જોવા] [નો જતિ

**વરતિક(–યો)** પું૦ [વરત=વ્રત પરથી] શ્રાવકો-

**વરતું** વિ૦ [જુઓ વર] + શ્રેષ્ઠ

**વરદ** વિ૦, **–દા** વિ૦સ્ત્રી૦ [સં] વરદાન દેનાર, કૃપાળુ

**વરદાન** ન૦ [સં.] દેવદેવી કે સંતે પ્રસન્ન થઈ આશા પૂરી પાડવા આપેલું વચન

**વરદાયી –યક**, વિ૦ [સં] જુઓ વરદ

**વરદી** સ્ત્રી૦ [અ वरदी ઉપરથી, સર૦ મ] ખબર, કહેણ (૨) હુકમ [**–આપવી**=સૂચના કે હુકમ આપવો (૨) હુકમ પાળ્યાની જાણ કરવી **–કરવી, પહોંચાડવી**=જાણ કરવી **–માગવી**=રજા માગવી, હુકમ માગવો]

**વરધ** સ્ત્રી૦ [સં. वृद्धि] (પ્રાયઃ લગ્નના) મુહૂર્તની આડે રહેલા દિવસોમાંનો દરેક (૨) લગ્નપૂર્વની એક મંગળ વિધિ. [**–ભરવી**=લગ્નને દિવસે ગોત્રજ પૂજા માટે બેડામાં પાણી લાવવું]

**વરધસાંકળી** સ્ત્રી૦ [વૃદ્ધિ + સાંકળી] જેના છોકરા જીવતા ન હોય તે સ્ત્રી પોતાના નવા અવતરેલા બાળકના ગળામાં, જેનું એક પણ બાળક ન મરી ગયું હોય તેવી સ્ત્રી પાસેથી લઈને ઘાલે છે તે સાંકળી

**વરધસુંવાળું** ન૦ જુઓ વૃદ્ધિસૂતક

**વરપક્ષ** પું૦ [વર + પક્ષ] વરના સગાવહાલા

**વરમ** પું૦ [અ] સોજો

**વરમાળ(–ળા)** સ્ત્રી૦ [વર + માળા] સ્વયંવરમાં કન્યા પસંદ કરેલા વરને પહેરાવે છે તે માળા (૨) પરણતી વખતે વરકન્યાના કંઠમાં નંખાતી સૂતરની માળા

**વરરાજા** પું૦ [વર + રાજા] પરણવા જતો વર

**વરવધૂ(–હુ)** ન૦ બ૦વ૦ [સં.] વર અને વહુ, પતિપત્ની

**વરવું** સ૦ક્રિ૦ [પ્રા वर (સં वृ)] વરણી કરવી [જુઓ વરણી ૧] (૨) વર તરીકે પસંદ કરવું, પરણવું (૩) પસંદ કરવું (૪) અ૦ક્રિ૦ [સં व्यापृ] ખપવું, વપરાવું, ખર્ચાવું

**વરવું** વિ૦ [પ્રા. विरूव (સં विरूप)] બેડોળ (૨) નરસું, નઠારું. **૦વરાક**, **૦વચાક** (ચ) વિ૦ ખૂબ વરવું

**વરવેશ** વિ૦ [સં] કીમતી પોશાકવાળું, ધનાઢ્ય

**વરશી(–સી)** સ્ત્રી૦ [સં वर्ष; સર૦ હિં वरसी] મરનારની પહેલી વાર્ષિક તિથિએ કરવામાં આવતી ક્રિયા. [**–વાળવી**=વરશી કરવી. (વિવાહની) **વરશી થવી**=શુભને બદલે અશુભ થવું]

**વરષાશન** ન૦ [સર૦ મ. वर्षाशन] જુઓ વર્ષાસન

**વરસ** ન૦ [સર૦ દે वरिस, પ્રા. वरिस] જુઓ વર્ષ. [**–ફૂતરાને નાખવાં**=વરસો–આયુષ વેડફવું, મૂરખ રહેવું, જીવન એળે જવું. **–થવાં**=ઘડપણ આવવું] **૦ગાંઠ** સ્ત્રી૦ [સર૦ મ, હિ वरसगाठ] જન્મદિવસ **૦દહાડો** પું૦ વરસ જેટલો સમય. [**વરસ દહાડાનો દહાડો**=વરસમાં એક વાર આવતો દુર્લભ દિવસ] **૦વળોટ** (કા), **૦વટોળ** (ચ) ન૦ આશરે એક વર્ષ જેટલી મુદત

**વરસવું** અ૦ક્રિ૦ [પ્રા वरिस (સ. वृष्), સર૦ મ वरसणें, હિં. वरसना] વરસાદ પડવો (૨) વરસાદ જેમ પડવું કે રેડાવું (૩) સ૦ક્રિ૦ વરસાદની જેમ છૂટથી આપવું કે વેરવું

**વરસાણ** ન૦ જુઓ વર્ષાશન

**વરસાડોડી** સ્ત્રી૦ [વર્ષા+ડોડી] એક જાતની ડોડી (તેના ફૂલનું શાક થાય છે)

**વરસાદ** પું૦ ['વરસવું' ઉપરથી, સર૦મ वरसात] વાદળમાંથી પાણીનું પડવું તે (૨) ઉપરથી મોટા જથામાં પડવું તે [**–ચડવો**=વાદળ ઘેરાવા, વરસાદ પડે તેવું થવું **–ની પેઠે વાટ જોવી**=ખૂબ આતુરતાથી રાહ જોવી **–થવો, પડવો, વરસવો**=વરસવું **વરસી જવું**=આપી દેવું; ખુશી થઈને ઘણું આપવું] **–દી** વિ૦ [સર૦ મ] વરસાદમાં ઉપયોગી (કોટ, ડગલો) 'રેઇનકોટ'

**વરસી** સ્ત્રી૦ જુઓ વરશી

**વરસું(–સૂં)ડી** સ્ત્રી૦ [રસોળી કે સૂજવું ઉપરથી] બળદની ગરદનનો એક રોગ (૨) કંઠમાળ

**વરસૂંદ** સ્ત્રી૦ [વરસ + દસૂદ? સર૦ હિં. वरसौंडी, –ढी, वरसोदिया] વર્ષે વર્ષે મળતી

આખી રકમ; વર્ષાસન

**વરસોવરસ** અ૦ ['વર્ષ' ઉપરથી] દર વર્ષે

**વરસોળી** સ્ત્રી૦ જુઓ રસોળી

**વરહૂપ** ન૦ પેટનુ એક દર્દ (ગોળો)

**વરંગો** પું૦ ઢોરને થતો એક રોગ

**વરંડ(-ડો)** પું૦ [स ; સર૦ दे. वरंडिया, इं. वरडा; हिं. वरामदा, पो वरंदा] ઓસરી, પડાળી

**વરાક** વિ૦ [सं] કંગાલ; બિચારું (૨) અધમ (૩) પું૦ (સં.) શિવ

**વરાગડું** વિ૦ જુઓ વઢાગરું

**વરાટી** સ્ત્રી૦ [सं वराटिका] કોડી

**વરાડ** પું૦; સ્ત્રી૦ [જુઓ વરાડું (હારડાથી મપાતુ માપ)] ભાગ, હિસ્સો. [**વરાડે પડવું** = ભાગે પડવું; ભાગે આવવું]

**વરાડ** પું૦; ન૦ [प्रा वराड, वराडग (-य); (स. विदर्भ)] (સં.) મધ્ય પ્રાંત નેડેનો એક પ્રાંત

**વરા(-રે)ડું** (વ') ન૦ [સર૦ સં. वराट = દોરડું] એક દોરડું

**વરાણિયે** અ૦ વડે, થી

**વરાત** સ્ત્રી૦ [સર૦ हिं. बरात (सं. वर+यात्रा अथवा व्रात)] લગ્નની જાન (૨) [फा बरात] રૂપિયા આપવા ખજાનચીને લખેલો રુક્કો

**વરાધ** (ધ) સ્ત્રી૦ નાના છોકરાને થતો એક રોગ (૨) એક વનસ્પતિ

**વરાધવાવળી** સ્ત્રી૦ વરાધ અને નાવળી (બાળકોને થતા રોગ)

**વરાધે** અ૦ બહાને; મિષે

**વરાપ** સ્ત્રી૦ [સર૦ म. वरपड, वरिपडा = આતુર -લુબ્ધ થવુ. સર૦ વરવુ, અથવા સર૦ म. वळाण = વરસાદ પછી જમીનનું સુકાવુ, म वाळणे (सं.ज्वल्) સુકાવુ] તલપ, આતુરતા (૨) વરસાદ આવી ગયા બાદ થોડા દિવસ ઉઘાડ નીકળતા પાણી ચુસાઈ જાય છે તેવી જમીનની સ્થિતિ (૩) ફુરસદ, નવરાશ. [**-આવવી** = જમીનની વરાપની સ્થિતિ થવી] **-પિયું** ન૦ કોરી ડાંગેર વાવીને કરેલુ ધરુ

**વરામ** ન૦ [सं मर्म, સર૦ म. वर्म] (કા) મર્મસ્થાન

**વરારોહા** સ્ત્રી૦ [स] જુઓ નિતંબવતી

**વરાવાજન** ન૦ બ૦વ૦ [વરો+વાજન] વરો અને વાજિંત્રોની ધામધૂમ (૨) મોટું જમણ (સુ)

**વરાસન** ન૦ [सं] ઉત્તમ આસન-બેઠક

**વરાહ** પું૦ [सं] ડુક્કર; સૂવર (૨) વિષ્ણુનો ત્રીજો અવતાર. **૦કલ્પ** પું૦ જેમા વરાહ અવતાર થયો હતો તે કલ્પ

**વરાહમિહિર** પું૦ [सं.] (સં.) પ્રાચીન ગણિતી ને ખગોળશાસ્ત્રી

**વરાળ** સ્ત્રી૦ પાણી ગરમ થતા તેનુ વાયુરૂપે થતુ રૂપાંતર (૨) [લા] બળતરા; દાઝ; જુસ્સો. [**ઊની વરાળે ન કાઢવી** = જરાય સામુ ન બોલવું (૨) મનની બળતરા કે વાત જરાય બહાર ન કાઢવી] **૦યંત્ર** ન૦ વરાળથી ચાલતો સંચો. **-ળિયું** વિ૦ વરાળવાળું (૨) જેમાથી વરાળ નીકળતી હોય તેવુ (૩) વરાળથી કરેલુ (૪) ન૦ વરાળ છટકવાનુ બારું

**વરાં** અ૦ [જુઓ વાર, સર૦ म वरि = પર્યંત (कानडी वरम)] + વેળા, વખત. ઉદા૦ લાખવરાં

**વરાંગ** વિ૦ [सं] સુંદર અવયવોવાળું (૨) ન૦ માથુ. **૦ના, -ગી** સ્ત્રી૦ સુંદર અંગવાળી સ્ત્રી

**વરાંસવું** (૦) અ૦ક્રિ૦ [જુઓ વરાંસો] ભરોસે ભૂલવુ (૨) પસ્તાવુ, અફસોસ કરવો

**વરાંસો** (૦) પું૦ [સર૦ हिं. भरोसा (स भद्र+आशा)] ભરોસો (૨) પસ્તાવો, અફસોસ

**વરિયાળી** (વ') સ્ત્રી૦ [सं. बृहयाली, સર૦ म वराळी, वरिआळी] મુખવાસ તરીકે વપરાતુ એક બી

**વરિષ્ઠ** વિ૦ [स] સર્વોત્તમ

**વરી** સ્ત્રી૦ [दे वरइअ, સર૦ म , हिं. वरी] કાંગ જેવુ એક ધાન્ય

**વરીડો** પું૦ [दे विअर] જુઓ બીરડો

**વરુ** પું૦,ન૦ [सं वृक] એક ચોપગું હિંસ્ર પ્રાણી

**વરુણ** પું૦ [सं] પાણીનો અધિષ્ઠાતા દેવ, પશ્ચિમ દિશાનો દિક્પાલ (૨) સૂર્યમાળાનો એક ગ્રહ; 'નેપ્ચૂન' **-ણાસ્ત્ર** ન૦ એક દિવ્ય અસ્ત્ર

**વરૂડ** ન૦ [सं वि+रुह्] પલાળીને ફણગાવેલી ડાંગર. **-ડિયું** વિ૦ તેનું બનાવેલુ

**વરૂણી** સ્ત્રી૦ જુઓ વરણી. [**-માં આવવું** = પૂજનકર્મમા સામેલ કરાવું (બ્રાહ્મણનુ) (૨) ફસાવું; રોકાવુ, સપડાવુ]

**વરે** અ૦ [જુઓ વેરે] સાથે

**વરે(-રો,-રોં)ઠી** (૦) સ્ત્રી૦ [स. वर+इष्टि કે वर

+ગોષ્ઠી]વર તરફથી અપાતું લગ્નની ખુશાલીનું જમણ (૨) જનોઈ દીધા બાદ અપાતું જમણ
**વરેડું** (રે') ન૦ [જુઓ વરાડું] રાઢવું; દોરડું
**વરેણ્ય** વિ૦ [સં] પસંદ કરવા યોગ્ય (૨) પ્રધાન, શ્રેષ્ઠ
**વરેરો** પું૦ (કા) તીક્ષ્ણ હથિયારનો ઊંડો ઘા
**વરો** પું૦[જુઓ વરવું =વપરાવું, સર૦ મ वरा= સીધું, वरो=પુષ્કળ] નાત જમાડવી તે (૨) વપરાશ, ખરચ
**વરોટો** પું૦[સં वर+वृत्त, સર૦ મ वरोटा]રસ્તા બનાવવામા વપરાતો મોટો ગોળ પથ્થર; રોલર
**વરો(-રો)ઠી** સ્ત્રી૦ જુઓ વરેઠી
**વરોલ** પું૦ [સં] ભમરો -લા સ્ત્રી૦ ભમરી
**વરોલ(-ળ)** ન૦ વાઝિયાપણું
**વરોળવું** સ૦ક્રિ૦[સં विलोड्]+ વલોવવું (૨) [प्रा वि+रुळ] ડ્હોળવું, પાડી દેવું
**વરોઠી** (રો૦) સ્ત્રી૦ જુઓ વરેઠી
**વર્ગ** પું૦ [સં] મોટા સમુદાયનો એક ભાગ (૨) જાત પ્રમાણે પાડેલા જથામાનો દરેક (૩) શ્રેણી, કોટિ, કક્ષા (૪) શાળામા શ્રેણીવાર વિદ્યાર્થીઓને ભણવા બેસવાનો ઓરડો (૫) 'સ્કવેર' (ગ). [-કરવો=બે સમાન સંખ્યાનો ગુણાકાર કરવો (૨) વગ પાડવો. -પાડવો=વર્ગ પ્રમાણે જુદું પાડવું.] ૦પદ્ધી પું૦ 'ક્લૉડૂટિક ઇક્વેશન' (ગ) ૦પદ્ધતિ સ્ત્રી૦ કક્ષાવાર વિદ્યાર્થીઓના વર્ગ પાડી ભણાવવાની પદ્ધતિ ૦ફેર પું૦ વર્ગ બદલવો તે ૦મૂલ(-ળ) ન૦ 'સ્કવેર રૂટ' (ગ.) ૦વારી સ્ત્રી૦ વર્ગવાર ગોઠવણી; વર્ગીકરણ ૦વિગ્રહ પું૦ સમાજના વર્ગો વર્ગો વચ્ચે હિતવિરોધને કારણે વિગ્રહ; 'કલાસ-વૉર' ૦વિગ્રહવાદ પું૦ વર્ગ-વિગ્રહમા માન્યતાનો વાદ ૦વ્યવસ્થા સ્ત્રી૦ શાળાના વર્ગની વ્યવસ્થા ૦શિક્ષક પું૦ નિશાળના વર્ગનો શિક્ષક. ૦શિક્ષણ ન૦ વર્ગમા (શાળામા) મળતુ કે અપાતુ શિક્ષણ. ૦સત્તાક વિ૦ અમુક વર્ગ કે સમૂહની જ સત્તાવાળુ 'ઑલિગાર્કિક' -ર્ગાત્મક વિ૦ [+आत्मक] 'ક્લૉડૂટિક' (ગ) -ર્ગાભિમાન ન૦ [+अभिमान] પોતાના વર્ગનું અભિમાન-તેનાં હિતાહિત વિષેની અસ્મિતા -ર્ગાભિમાની વિ૦ વર્ગાભિમાનવાળું, 'ક્લાસ-કૉન્શિયસ'. -ર્ગાવર્ગી સ્ત્રી૦ ઉપલા વર્ગનો અધિકારી રજા ઉપર જતા નીચેના વર્ગમાથી કામચલાઉ નિમણૂક કરવી તે -ર્ગી(૦ય) વિ૦ વર્ગનું; વર્ગ સબધી (૨) એક જ વર્ગનું -ર્ગીકરણ ન૦[સં.]વર્ગ પાડવાતે -ર્ગોદય પું૦[+उदय] એક અમુક વર્ગ-આખો સમાજ નહિ-તેનો ખાસ ઉદય ('સર્વોદય'થી ઊલટો)
**વર્ચસ** ન૦ [સં] દીપ્તિ, તેજ (૨) બળ, પરાક્રમ (૩) વીર્ય -સ્વ ન૦ [સર૦ म.] વર્ચસ. -સ્વિની વિ૦ સ્ત્રી૦, -સ્વી વિ૦ તેજસ્વી, વીર્યવાન
**વર્જ** પું૦, ૦ન ન૦ [સં] વર્જવું તે ૦નીય વિ૦[સં]તજવા યોગ્ય ૦વું સ૦ક્રિ૦[स वृज्] તજવુ, છોડી દેવુ -ર્જિત વિ૦ [સં] તજેલું, છોડી દીધેલુ -ર્જ્ય વિ૦ [સં.] વર્જનીય
**વર્ણ** પું૦ [સં.] રગ (૨) અક્ષર (૩) રૂપ (૪) પ્રકાર (૫) પું૦, સ્ત્રી૦ હિંદુ સમાજના ચાર વિભાગમાનો દરેક (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર) (૬) જ્ઞાતિ ઉદા૦ અઢાર વર્ણ [-માંથી જતું રહેવું, નીકળી જવું= જ્ઞાતિભ્રષ્ટ થવુ (૨) માણસાઈમાથી જવું -વિનાનું=ઠેકાણા વગરનું, કઢગુ, ખરાબ] ૦ધર્મ પું૦ દરેક વર્ણનો ધર્મ
**વર્ણન** ન૦ [સ] વર્ણવવુ કે વર્ણવેલુ તે, બ્યાન (૨) પ્રશસા ૦કવિતા સ્ત્રી૦ વર્ણનપ્રધાન કવિતા -નાત્મક વિ૦ વર્ણનરૂપ
**વર્ણનીય** વિ૦ [સં] વર્ણવવા યોગ્ય
**વર્ણભેદ** પું૦ [સં] વર્ણો વચ્ચેનો ભેદ
**વર્ણમડળ** ન૦ સૂર્યની આસપાસનુ લાલ રગનુ બાષ્પીય કૂડાળુ, 'ક્રોમોસ્ફિયર'
**વર્ણમાલા(-ળા)** સ્ત્રી૦[સં] ભાષાના મૂળાક્ષરો
**વર્ણયતિ** પું૦ [સં] ચોતાલ
**વર્ણવવું** સ૦ક્રિ૦[સં वर्ण्] વર્ણન કરવુ, વિગતે કહેવું (૨) વખાણવુ
**વર્ણવાગેશ્વરી** પું૦ એક છદ

**વર્ણવિચાર** પું૦ [સં.] જુઓ શબ્દવિચાર
**વર્ણવિપર્યય** પું૦ [સં] શબ્દોમા વર્ણો ઊલટ-સૂલટ થઈ જવા તે (નિરુક્ત)
**વર્ણવું** સ૦ક્રિ૦ જુઓ વર્ણવવું
**વર્ણવૃત્ત** ન૦ [સં] (માત્રાવૃત્તથી ઊલટું) વર્ણોની સખ્યા ઉપરથી નિયત થયેલો છંદ
**વર્ણવ્યત્યાસ** પું૦ [સં.] અક્ષર બદલાઈ જવા-ઊલટસૂલટ થઈ જવા તે
**વર્ણવ્યવસ્થા** સ્ત્રી૦ [સં.] વર્ણોની વ્યવસ્થા, ચાર વર્ણો દ્વારા થતી સમાજવ્યવસ્થા
**વર્ણશ્રુતિ** સ્ત્રી૦ [સં] વર્ણો, 'સિલેબલ'
**વર્ણસગાઈ** સ્ત્રી૦ સજાતીય વર્ણોનું આવર્તન, વર્ણાનુપ્રાસ (૨) પ્રાસ બેસવો કે બેસાડવો તે
**વર્ણસંકર** વિ૦ [સં.] ભિન્ન વર્ણના સ્ત્રીપુરુષથી ઉત્પન્ન થયેલું (૨) વ્યભિચારથી ઉત્પન્ન થયેલું (૩) પું૦ તેવો માણસ. [તે(મો)નું) સ્થાન
**વર્ણસ્થાન** ન૦ [સં] વર્ણો જ્યાથી બોલાય છે
**વર્ણાચાર** પું૦ [સં] ભિન્ન ભિન્ન વર્ણના આચાર કે ધર્મ [(૨) વર્ણાનુક્રમણિકા
**વર્ણાનુક્રમ** પું૦ [સં.] મૂળાક્ષર પ્રમાણેનો ક્રમ
**વર્ણાનુક્રમણી,-ણિકા** સ્ત્રી૦ કક્કાવાર કે મૂળાક્ષર પ્રમાણે ગોઠવેલું સાકળિયું
**વર્ણાનુપ્રાસ** પું૦ [સં] સજાતીય વર્ણોનું આવર્તન; એક શબ્દાલંકાર (કા. શા)
**વર્ણાલંકાર** પું૦ [સં] જુઓ શબ્દાલંકાર
**વર્ણાવર્ણ** પું૦, **-ર્ણી** સ્ત્રી૦ અનેક વર્ણના લોકોનો શંભુમેળો
**વર્ણાશ્રમ** પું૦ [સં.] (સમાજ તથા વ્યક્તિના) વર્ણવાર અને આશ્રમવાર વિભાગ અને તેમનાં કર્તવ્યોની વ્યવસ્થા [ભિન્ન વર્ણ
**વર્ણાંતર** વિ૦ [સં] ભિન્ન વર્ણનું (૨) ન૦
**વર્ણિત** વિ૦ [સં.] વર્ણવેલું
**વર્ણી** પું૦ ઉચ્ચારક્રિયાનું એકમ; 'સિલેબલ' (૨) વિ૦ વર્ણી કે વર્ણને લગતું
**-વર્ણું** વિ૦ [સં. वर्ण પરથી] (સમાસને અંતે લાગતા) '-ના વર્ણ-રંગવાળું' ઉદા૦ ઘઉવર્ણું
**વર્ણોચ્ચાર** પું૦ [સં.] વર્ણોનું ઉચ્ચારણ
**વર્ણ્ય** વિ૦ [સં] વર્ણનીય (૨) જેનું વર્ણન કરવાનું છે તેવું

**વર્તણૂક** સ્ત્રી૦ [સર૦ મ.; વર્તવું પરથી] વર્તવાની રીત; ચાલચલગત; રીતભાત
**વર્તન** ન૦ [સં] આચરણ; રીતભાત. ૦હામી સ્ત્રી૦ સારી ચાલચલગત માટે જામીન
**વર્તમાન** વિ૦ [સં.] ચાલુ (૨) આધુનિક (૩) પું૦ બ૦ વ૦ સમાચાર; ખબર (૪) પું૦ વર્તમાનકાળ. ૦કાળ પું૦ ચાલુ સમય (૨) [વ્યા.] ક્રિ૦નો એક કાળ. ૦કૃદંત ન૦ (વ્યા.) ક્રિ૦નું એક કૃદંત. ૦પત્ર ન૦ છાપું
**વર્તવું** અ૦ ક્રિ૦ [સં वृत्] આચરણ કરવું, ચાલવું (૨) થવું, હોવું (૩) ગુજરાન ચલાવવું (૪) સ૦ક્રિ૦ પારખવું; જોવું (૫) [સર૦ હિં. बरतना] રીત પ્રમાણે આપવું
**વર્તાવ** પું૦ ['વર્તવું' ઉપરથી] વર્તણૂક; રીતભાત
**-વર્તી** વિ૦ [સં] (સમાસને અંતે) હોતું ઉદા૦ મધ્યવર્તી
**વર્તુલ(-ળ)** ન૦ [સં] ગોળાકાર, 'કૂંડાળું' (૨) 'સર્કલ' (ગ.). ૦પાદ પું૦ 'કવૉડ્રન્ટ' (ગ) **-લા(-ળા)કાર** વિ૦ [+आकार] ગોળ આકારનું; 'સરક્યુલર' (ગ) (૨) પું૦ ગોળ આકૃતિ
**વર્ધક** વિ૦ [સં.] વધારનાર (પ્રાયઃ સમાસને અંતે). **-ન** ન૦ વધવું તે (૨) આબાદી (૩) કાપવું તે. **-માન** વિ૦ વધતું જતું, આબાદ થતું (૨) પું૦ (સ.) વિષ્ણુ (૩) (સ.) ૨૪મા તીર્થંકર-મહાવીર [સમૃદ્ધ થવું
**વર્ધિત** વિ૦ [સં.] વધેલું. **-ષ્ણુ** વિ૦ વધતું;
**વર્મ** ન૦ [સં] કવચ
**વર્ય** વિ૦ [સં] પ્રધાન; શ્રેષ્ઠ (સમાસને અંતે)
**વર્ષ** ન૦ [સં] બાર માસનો સમય (૨) (પ્રાચીન ભૂગોળ મુજબ) પૃથ્વીનો અમુક ખંડ જેમ કે ભારતવર્ષ [-બેસવું=નવું વર્ષ શરૂ થવું. -વળવું=દુકાળ પછીના વર્ષમાં સારુ પાકવું]. ૦ફળ ન૦ વર્ષ દરમ્યાન બનનાર બનાવોનો વરતારો [-કાઢવું=(જોશીએ) એવો વરતારો તૈયાર કરવો]
**વર્ષણ** ન૦ [સં.] વરસવું તે
**વર્ષવું** અ૦ક્રિ૦ (૨) સ૦ક્રિ૦ [સં. वृष्] જુઓ વરસવું [ભાદરવો
**વર્ષા** સ્ત્રી૦ [સં] વરસાદની ઋતુ-શ્રાવણ અને

**વર્ષાવવું** સ૦ક્રિ૦ 'વર્ષવું'નું પ્રેરક

**વર્ષાસન** ન૦ [सं वर्ष+अशन, સર૦ म, हिं. वरषासन] (રાજ્ય તરફથી) ગુજરાન માટે મળતી વાર્ષિક રકમ

**વર્ષોવર્ષ** અ૦ [સર૦ म] દર વર્ષે, પ્રતિવર્ષ

**વલ** પુ૦ [સર૦ म, हिं, सं. ओल] ઝાકળ

**વલકુડું** વિ૦ [સર૦ हिं वलकना=ઉમંગમાં આવવું] બહુ જ લાલચુ

**વલખવું** અ૦ક્રિ૦ [स वि+लक्ष्] વલખા મારવા **વલખાં** ન૦બ૦વ૦ ફાંફાં (-મારવાં, વીણવાં)

**વલ(-ળ)ણ** ન૦ [स. वल्, સર૦ म वळण] વૃત્તિ; મનનું વળવું તે (૨) [રસ્તા કે નદીનો] વાંક (૩) કવિતામાં આવતો ઊથલો (૪) જુવારના ગીચ ચાસમાંથી ઉખેડી લીધેલા છોડ (૫) નફાતોટાની ઉપરામણી (૬) મરોડ. [-અખત્યાર કરવું, પકડવું, લેવું = અભિપ્રાય કે વૃત્તિ ધારણ કરવા -ચૂકવવું, પતવવું, વહેંચવું = નફાનુકસાનની રકમ ચૂકતે કરવી-આપવી લેવી.] ૦દાર વિ૦ [સર૦ म वळणदार] મરોડદાર

**વલદદાણિયાં** ન૦બ૦વ૦ જુઓ વળતદાણિયા

**વલદે** અ૦ [फा, अ वल्द=पुत्र] 'નો દીકરો' 'બિન' એ અર્થ બતાવે છે (પ્રાય ખત દસ્તાવેજમાં)

**વલન** ન૦ [सं.] વળવું તે, વલણ

**વલભી, ૦પુર** ન૦ [सं] (સ ) સોરાષ્ટ્રનું એક પ્રાચીન ગામ (આજનું વળા)

**વલય** ન૦ [सं] કંકણ, કડું

**વલવલ** સ્ત્રી૦ [જુઓ વલવલવું, સર૦ अ वल-वल] વધારે પડતી ચંચળતા (બોલવા, બેસવા, ઊઠવામાં); ઘડી સખણું ન રહેવું તે (૨) વગર પૂછ્યે બે લબોલ કરવું તે ચિબાવલાવેડા

**વલવલવું** અ૦ક્રિ૦ [सं वि+लप् प्रा वडवड] બોલબોલ કરવું (૨) રોતા રોતા બોલવું, વિલાપ કરવો (૩) વલખા મારવાં

**વલવલાટ** પુ૦ [વલવલવું પરથી] વલોપાત, હાયવોય (૨) સળવળાટ

**વલવલિયું** વિ૦ [વલવલ પરથી] વલોપાત કરતું (૨) વલવલ કર્યા કરતું બહુબોલું

**વલંદો** પુ૦ [ઇં૰ હોલૅંડ ઉપરથી, સર૦ म वलंदेज] હોલંડનો રહેવાસી, ડચ

**વલંબાવું** અ૦ક્રિ૦ [स अवलम्ब्, वलंब] રોકાવું, ગૂંથાવું [(સુ) જુઓ પારવવું

**વલારવું** સ૦ક્રિ૦ [સર૦ प्रा. लूरइ = કાપવું]

**વલારો** પુ૦ ['વલવલવું' ઉપરથી] એકની એક વાતની ચૂથાચૂથ (સુ)

**વલિત** વિ૦ [सं] વળેલું, વાંકું (૨) કરચલી પડેલું (શરીર) ૦પલિત વિ૦ ઘરડું, વળિયાપળિયાવાળું

**વલી** પુ૦ [अ] પીર, ઓલિયો

**વલુરાવું** અ૦ક્રિ૦, -વવું (વ') સ૦ક્રિ૦ વલૂરવું'નું કર્મણિ ને પ્રેરક

**વલૂર** (વ') સ્ત્રી૦ [વલૂરવું પરથી] ચળ, ખણજ [-આવવી = વલૂરવું પડે એવું થવું]

**વલૂરો** પુ૦ -રિયું ન૦ (વ') [वलूरवु પરથી] નહોર કે નખનો ઉઝરડો, લવૂરો

**વલૂરવું** (વ') સ૦ક્રિ૦ [प्रा लूर् (स छिद्)] ખણવું; ઉતરડવું

**વલૂ(-ળૂ)દ(-ધ)વું** અ૦ક્રિ૦ [स वि+प्रा रुव्(सं रुव्)] મંડવું (૨) પેધવું પળકવું (૩) સ૦ક્રિ૦ વળગવું **વલૂં(-ળૂ)દું (ધું)** વિ૦ પેવેલું

**વલે** (લે) સ્ત્રી૦ [अ वल्ह] હાલ દશા (૨) ભૂંડા હાલ (૩) ઉપાય [-કરવી, થવી]

**વલો** પુ૦ [જુઓ વલવલવું] ઝંખના

**વલોણું** (વ')ન૦ [જુઓ વલોવવું] વલોવવું તે (૨) વલોવવાની ગોળી (૩) રવૈયો [-કરવું = છાશ કરવી. **વલોણામાં મૂતરવું** = સારા કામમાં અડચણ નાખવી] -ણાવાર પુ૦ વલોવવાનો દિવસ -ણાવારે અ૦ [લા] આખોધડીએ; વારે વારે -ણી સ્ત્રી૦ રવાઈ, નાનું વલોણું

**વલોપાત** પુ૦ [જુઓ વલો] અધીરાઈનું આકળાપણું (૨) આક્રંદ, કલ્પાંત [-કરવો] -તિયું વિ૦ વલોપાત કરનારું, તેવા સ્વભાવનું

**વલોવવું** (વ') સ૦ક્રિ૦ [सं वि +लुड्, के प्रा. विरोल्ल(सं. मन्थ्);સર૦ हिं. विलोना] માખણ

કાઢવા દહીંને વાસ વડે ઘૂમડવુ (૨) [લા.] ચર્ચવું, ચૂથવું. -ણું નં૦ વલોવવાનું સાધન. -ડા(-રા)વવુ [પ્રેરક] વલોવાવું [કર્મણિ]
**વલ્ક** ન૦ [સં] ઝાડની છાલ
**વલ્કલ** ન૦ [સં.] વલ્ક કે તેનું વસ્ત્ર
**વલ્મિ(-લ્મી)ક** પું૦, ન૦ [સં.] રાફડો
**વલ્લભ** વિ૦ [સં.] વહાલુ (૨) પુ૦ પ્રિય; પતિ (૩) [સ.] વલ્લભાચાર્ય – પ્રસિદ્ધ વૈષ્ણવ આચાર્ય ૦પંથ, ૦મત, ૦સપ્રદાય પું૦ પુષ્ટિમાર્ગ -ભા સ્ત્રી૦ પ્રિયા; પત્ની. -ભી વિ૦ વલ્લભ સંપ્રદાયનું
**વલ્લરિ(-રી)** સ્ત્રી૦ [સં] વેલ
**વલ્લવ** પુ૦ [સ] ગોવાળિયો (૨) રસોઇયો (૩) [સ.] ગુપ્તવાસનું ભીમનું નામ
**વલ્લ ખલ્લા (-લ્લા)** અ૦ [સર૦ વલ્લાવવું] કોઈનું માગતુ લહેણુ રહ્યું નહિ એમ, ચૂકતે
**વલ્લા(કરવુ)થવુ** [અ वल्लाह्=અલ્લાના સમ, ખરેખર પરથી ?]=ચૂકતે કરવુ કે થવું
**વલ્લાવવું** સ૦ક્રિ૦ [સં वल्, प्रा. वल्ल, જુઓ વલ્લા] પતાવવુ, વાળી દેવુ, વલ્લ ખલ્લા કરવું
**વલ્લિ(-લ્લી)** સ્ત્રી૦ [સં] વેલ
**વલ્લુ** વિ૦ [प्रा वल्ल ઉપરથી]રાહુ, ફેંટાળુ (૨) પહોળુ, ચોડુ (૩)[કા ]હેતવાળુ, મમતાવાળું; વખુ (ઉદા૦ માવલ્લું, ઘરવલ્લુ)
**વવટા(-ઠા)વું** અ૦ક્રિ૦ ['વા' (વાયુ) ઉપરથી] પવનમા ઝૂલીને સુકાવું
**વવડા(-રા)વવુ** સ૦ક્રિ૦ 'વાવવું'નું પ્રેરક
**વવરજવું** સ૦ક્રિ૦ [સં विवर्ज्] તજવું, છોડવું (૨) કામ લાગવુ, ખપ આવવું (૩) રૂઢિથી કે પરંપરાથી નક્કી થવું [કર્મણિ ને પ્રેરક
**વવરાવું** અ૦ક્રિ૦ -વવું સ૦ક્રિ૦ 'વાવરવુ'નુ
**વવાવું** અ૦ક્રિ૦ 'વાવવુ'નુ કર્મણિ
**વવળવું** અ૦ ક્રિ૦ [સં वि+वल्] ખરજ આવવી **વવળાટ** પું૦ ચળ, ખણજ (૨) સળવળાટ
**વ૦વો** પુ૦ [સં. व] વકાર (૨) વિવેક
**વશ** વિ૦ [સં ] તાબે, શરણે (૨) મુગ્ધ (૩) પું૦ કાબૂ, નિયમન. ૦કરણુ વિ૦ વશ કરનારું. ૦વર્તિની વિ૦સ્ત્રી૦,૦વર્તી વિ૦તાબે રહેનારું
**વશા** સ્ત્રી૦ [સં.] વાઝણી સ્ત્રી (૨) હાથણી (૩) સ્ત્રી૦ પત્ની (૪) નણદ
**વશાત્** અ૦ [સં] (સમાસમા, નામને અંતે) 'ને લીધે' એવા અર્થમા ઉદા૦ દૈવવશાત્
**વશિત્વ** ન૦ [સં.] તાબેદારી (૨) યોગની આઠ સિદ્ધિઓમાની એક–સર્વને વશ કરવાની શક્તિ
**વશિયર** પું૦ [સં. विषधर, प्रा विसहर] નાગ
**વશિ(-સિ)ષ્ઠ** પું૦ [સં ] એક પ્રસિદ્ધ વૈદિક ઋષિ, રઘુવંશના કુલગુરુ
**વશીકરણ** ન૦ [સં] વશ કરવું તે (૨) વશ કરવાનો મત્ર, લટુ; એક અભિચાર [સયમ
**વશીકાર** વિ૦ [સં ] વશ કરનાર (૨) પું૦ કાબૂ;
**વશેક** વિ૦ + જુઓ વિશેષ (૨) પું૦ સારો મેળ
**વશ્ય** વિ૦[સં ]વશ કરાય તેવું (૨) તાબે, અધીન
**વષટ્કાર** પુ૦ [સં.] દેવને આહુતિ આપતી વખતે 'વષટ્' એમ બોલવુ તે [પુરુષ
**વષ્ટા(-સટા)ળિયો** પું૦ વિષ્ટિનું કામ કરનાર
**વષ્ટિ** સ્ત્રી૦ જુઓ વિષ્ટિ. ૦કાર વિ૦વિષ્ટિ કરનાર
**વસટાળી** સ્ત્રી૦ જુઓ વસટાળું. -ળિયો પું૦ જુઓ વષ્ટાળિયો. -ળું ન૦ ['વિષ્ટિ ઉપરથી] વિષ્ટિનું કામ, રિસાયેલાને મનાવવાનું કામ (૨) કૂટણીપણું (૩) માગું (કન્યાનું). -ળો પું૦ વસટાળુ કરનારો (૨) ભડવો
**વસતિ(-તી)** સ્ત્રી૦ [સં.] વસવુ તે, વસ્તી (૨) વાસ, રહેઠાણ (૩) લોકસંખ્યા (૪) બાળબચ્ચાનો ભરાવો (૫) વસેલી જગા. ૦ગણતરી સ્ત્રી૦ વસતિની ગણતરી. ૦ગૃહ ન૦ શાળામાં ભણતા વિદ્યાર્થીઓને રહેવાનું સ્થાન, છાત્રાલય ૦પત્રક ન૦ માણસોની સખ્યાની ગણતરીની નોધ. ૦વાડી સ્ત્રી૦ બાળબચ્ચા, કુટુંબકબીલો [(સુ ) અગ્નિ
**વસતેવ** પું૦ [સર૦ મ विस्तव (સ. विवस्वत्)]
**વસન** ન૦ [સં.] વસ્ત્ર [માઠું
**વસમું** વિ૦ [સં विषम] મુશ્કેલ (૨) કપરું (૩)
**વસલો** પું૦ [અ ] ભાગ, જમીનનો ટુકડો
**વસલ્લો** પું૦ [સં वस्=બાધવુ, પહેરવુ, અથવા સર૦ મ वसला (અ वसाली)=સારા વસ્ત્રનો ટુકડો] બારદાન (૨) જુઓ વખલ્લો
**વસવસો** પું૦ [અ.] અંદેશો; વહેમ

**વસવાટ** પું૦ વસવુ તે. **-ણું** ન૦, **-યો** પું૦ ['વસાવવું' ઉપરથી] ગામ તરફથી પસાયતાં આપી વસાવેલા હજામ, ધોબી, વગેરે કારીગર
**વસવાસ** સ્ત્રી૦ [अ. वस्वास] ચડસાચડસી
**વસવું** અ૦ક્રિ૦ [सं. वस्] રહેવું મુકામ કરવો (૨) મનમા ઠસવુ, દિલમા ઊતરવું [દુકાન વસતી કરવી=દુકાને ઘરાક આવે તેમ કરવુ (૨) [વ્યંગ] દુકાન બધ કરવી.]
**વસળકું** ન૦ [સર૦ વસવાસ] વાધો
**વસંત** પુ૦, સ્ત્રી૦ [सं] ફાગણચૈત્ર માસની ઋતુ ઋતુરાજ (૨) એક રાગ. **૦ક** પું૦ વિદૂષક **૦તિલક** પું૦, ન૦ એક ફૂલ (૨) વસંતતિલકા **૦તિલકા** સ્ત્રી૦ એક છંદ. **૦પંચમી** સ્ત્રી૦ માઘ સુદિ પંચમી. **૦પૂજા** સ્ત્રી૦ વસતઋતુ બેસતા થતુ પૂજન કે ઉત્સવ. **૦સખા** પુ૦ કામદેવ **-તિયું** ન૦ વસતઋતુમા સ્ત્રીઓ પહેરે છે તે કસૂબાની છાટવાળુ પીળું વસ્ત્ર. [-વળગવું=મોહની લાગવી] **-તી** વિ૦ વસંત સબંધી (૨) પીળું. **-તોત્સવ** પું૦ [+उत्सव]વસતઋતુનો ઉત્સવ
**વસંત** સ્ત્રી૦; ન૦ [सं. वसन] વર તરફથી કન્યાને અપાતી (વસ્ત્રાદિની) ભેટ
**વસા** સ્ત્રી૦ [सं] મેદ (૨) ચરબી
**વસાઈ** સ્ત્રી૦ ખેતરની મીઠી જમીન
**વસાડ(-વ)વું** સ૦ક્રિ૦ 'વસવુ'નુ પ્રેરક
**વસાણું** ન૦ [स वसा+अन्न] ઔષધિઓ નાખી બનાવેલો પાક (૨) ગાધિયાટાની ચીજ
**વસાત** સ્ત્રી૦ [જુઓ વિસાત] માલ, પૂંજી (૨) હિસાબ, ગણતરી
**વસામેહ** પુ૦ [सं] એક પ્રકારનો મૂત્રરોગ
**વસાવવુ** સ૦ક્રિ૦ 'વસવુ' તથા 'વાસવુ'નુ પ્રેરક
**વસાવુ** અ૦ક્રિ૦ [सं वस्] 'વસવુ'નુ ભાવે (૨) 'વાસવુ'નુ કર્મણિ (૩) ન૦ રખેવાળું કે તેનુ મહેનતાણું. **-વો** પું૦ રખો, રખેવાળ
**વસાહત** સ્ત્રી૦ [म (स वस्)] મૂળસ્થાનેથી બીજે કરાતો વાસ કે તેનુ સ્થાન (૨) સસ્થાન, 'કૉલોની'. **-તી** વિ૦ વસાહતને લગતુ (૨) વસાહત કરી રહેનાર
**વસિયત** સ્ત્રી૦ [अ. वसिय्यत] વારસો (૨) વસિયતનામું **૦નામું** ન૦ વીલ, વારસા વિષેનું લખાણ [વસવાનુ સ્થાન
**વસિયાણુ** ન૦ ['વસવું' ઉપરથી] વસવાટ;
**વસિષ્ઠ** પું૦ [सं] (સ) જુઓ વશિષ્ઠ
**વસી** પુ૦ [अ] વહીવટ કરનાર; ગામનો બદોબસ્ત કરનાર
**વસીલો** પુ૦[अ] મોટા સાથે સબધ; તેમની લાગવગ કે મદદ. **-લાદાર** વિ૦ લાગવગ કે સબધવાળું
**વસુ** ન૦ [स] સોનું (૨) પું૦,સ્ત્રી૦ ધન,દોલત (૩) પુ૦ સૂર્ય (૪) આઠ દેવોના એક મંડળમાંનો દરેક (૫) વિ૦ આઠ (સંકેત) **૦દેવ** પું૦ (સં) શ્રીકૃષ્ણના પિતા **૦ધા** સ્ત્રી૦ પૃથ્વી **૦ધાધિપતિ, ૦ધેશ** પુ૦ રાજા. **૦મતી, -સુંધરા** સ્ત્રી૦ પૃથ્વી
**વસૂકવું** અ૦ક્રિ૦ [सं विशुष्क] (ગાયભેંસ) દૂધ દેતી બધ થવી
**વસૂલ** ન૦[अ] માગતા પેટે ચૂકતે થયેલી રકમ (૨) આમદાની (૩) મહેસૂલ (૪) અ૦ ચૂકતે થાય કે થયેલુ હોય તેમ [-આપવું=મજરે આપવુ, અગાઉ આપ્યુ હોય તે કુલમા કાપી આપવુ.-કરવુ, થવુ,લેવુ= માગતુ ચૂકતે લેવુ, થવુ.] **૦દાર** વિ૦ (૨) પુ૦ આવક અથવા મહેસૂલ ઉઘરાવનાર. **૦બાકી** સ્ત્રી૦ વસૂલ કરવાની બાકી રહેલી મહેસૂલ (૨) મજૂર કરેલા ખર્ચમાથી ખર્ચાયેલી, ખર્ચવાની અને બાકી રહેલી રકમની વિગત **-લાત** સ્ત્રી૦ વસૂલ કરવાની સાથ, મહેસૂલ (૨) વસૂલ કરવુ કે લેવુ તે **-લાતી** વિ૦ વસૂલાત સંબધી
**વસો** પુ૦ ['વીસ' ઉપરથી] વીઘાનો વીસમો ભાગ (૨) સવાપાચ હાથ (૩) સો કે વીસનો અનુક્રમે સોમો કે વીસમો અશ (૪) આબરૂ
**વસ્ત(-સ્તા)** સ્ત્રી૦ + વસ્તુ
**વસ્તાર** પું૦ જુઓ વિસ્તાર(૨)બહોળું કુટુંબ **૦વુ** વિ૦સ્ત્રી૦,**-રી** વિ૦બહોળા કુટુબવાળું
**વસ્તિ** પુ૦[सं] પેડુ, મૂત્રાશય બસ્તિ **૦પ્રદેશ** પુ૦ શરીરનો વસ્તિવાળો ભાગ
**વસ્તી** સ્ત્રી૦ જુઓ વસતી **૦ગણતરી, ૦પત્રક** જુઓ 'વસતિ(-તી)'મા

કાઢવા દહીંને વાસ વડે ઘૂમડવુ (૨) [લા.] ચર્ચવું, ચૂથવું. -ણું નં૦ વલોવવાનું સાધન. -ડા(-રા)વવુ [પ્રેરક] વલોવાવું [કર્મણિ]

**વલ્ક** નં૦ [સં] ઝાડની છાલ

**વલ્કલ** નં૦ [સં] વલ્ક કે તેનું વસ્ત્ર

**વલ્મિ(-લ્મી)ક** પું૦. નં૦ [સં.] રાફડો

**વલ્લભ** વિ૦ [સં.] વહાલું (૨) પું૦ પ્રિય; પતિ (૩) [સ.] વલ્લભાચાર્ય – પ્રસિદ્ધ વૈષ્ણવ આચાર્ય **૦પંથ, ૦મત, ૦સંપ્રદાય** પું૦ પુષ્ટિમાર્ગ -**ભા** સ્ત્રી૦ પ્રિયા; પત્ની. -**ભી** વિ૦ વલ્લભ સંપ્રદાયનું

**વલ્લરિ(-રી)** સ્ત્રી૦ [સં] વેલ

**વલ્લવ** પું૦ [સં] ગોવાળિયો (૨) રસોઇયો (૩) [સ] ગુપ્તવાસનું ભીમનું નામ

**વલ્લંખઝ્ખા (-લ્લા)** અ૦ [સર૦ વલ્લા'વવું] કોઈનું માગતું લહેણું રહ્યું નહિ એમ, ચૂકતે

**વલ્લા(કરવું)થવું** [અ वल्लाह्=અલ્લાના સમ; ખરેખર પરથી ?]=ચૂકતે કરવું કે થવું

**વલ્લાવવું** સ૦ક્રિ૦ [સં. वल्; પ્રા. वल्ल જુઓ વલ્લા] પતાવવું, વાળી દેવું, વલ્લખલ્લા કરવું

**વલ્લિ(-લ્લી)** સ્ત્રી૦ [સ] વેલ

**વલ્લું** વિ૦ [પ્રા वल्ल ઉપરથી] રાટું; ફૂંટાટુ (૨) પહોળુ, ચોડુ (૩) [કા ]હેતવાળું; મમતાવાળું; વધુ (ઉદા૦ માવલ્લુ, ઘરવલ્લુ)

**વવટા(-ઠા)વું** અ૦ક્રિ૦ ['વા' (વાયુ) ઉપરથી] પવનમાં ઝૂલીને સુકાવું

**વવડા(-રા)વવુ** સ૦ક્રિ૦ 'વાવવું'નુ પ્રેરક

**વવરજવું** સ૦ક્રિ૦ [સં विवर्ज्] તજવું; છોડવુ (૨) કામ લાગવુ, ખપ આવવુ (૩) રૂઢિથી કે પરંપરાથી નક્કી થવું [કર્મણિ ને પ્રેરક

**વવરાવું** અ૦ક્રિ૦ -**વવું** સ૦ક્રિ૦ 'વાવરવું'નું

**વવાવું** અ૦ક્રિ૦ 'વાવવું'નુ કર્મણિ

**વવળવું** અ૦ ક્રિ૦ [સં वि+वल्] ખરજ આવવી **વવળાટ** પું૦ ચળ, ખણજ (૨) સળવળાટ

**વવ્વો** પું૦ [સં. व] વકાર (૨) વિવેક

**વશ** વિ૦ [સં] તાબે, શરણે (૨) મુગ્ધ (૩) પું૦ કાબૂ, નિયમન. **૦કરણ** વિ૦ વશ કરનારું. **૦વર્તિની** વિ૦સ્ત્રી૦, **૦વર્તી** વિ૦ તાબે રહેનાર

**વશા** સ્ત્રી૦ [સં.] વાંઝણી સ્ત્રી (૨) હાથણી (૩) સ્ત્રી૦ પત્ની (૪) નણદ

**વશાત્** અ૦ [સ] (સમાસમા, નામને અંતે) 'ને લીધે' એવા અર્થમા ઉદા૦ દૈવવશાત્

**વશિત્વ** નં૦ [સં.] તાબેદારી (૨) યોગની આઠ સિદ્ધિઓમાની એક-સર્વને વશ કરવાની શક્તિ

**વશિયર** પું૦ [સં. विषधर, પ્રા विसहर] નાગ

**વશિ(-સિ)ષ્ઠ** પું૦ [સ] એક પ્રસિદ્ધ વૈદિક ઋષિ, રઘુવંશના કુલગુરુ

**વશીકરણ** નં૦ [સં.] વશ કરવું તે (૨) વશ કરવાનો મંત્ર, જાદુ; એક અભિચાર [સંયમ

**વશીકાર** વિ૦ [સં] વશ કરનાર (૨) પું૦ કાબૂ;

**વશેક** વિ૦ + જુઓ વિશેષ (૨) પું૦ સારો મેળ

**વશ્ય** વિ૦ [સ] વશ કરાય તેવું (૨) તાબે, અધીન

**વષટ્કાર** પું૦ [સં.] દેવને આહુતિ આપતી વખતે 'વષટ્' એમ બોલવું તે [પુરુષ

**વષ્ટા(-સ્ટા)ળિયો** પું૦ વિષ્ટિનું કામ કરનાર

**વષ્ટિ** સ્ત્રી૦ જુઓ વિષ્ટિ. **૦કાર** વિ૦ વિષ્ટિ કરનાર

**વસટાળી** સ્ત્રી૦ જુઓ વસટાળું. -**ળિયો** પું૦ જુઓ વષ્ટાળિયો. -**ળું** નં૦ ['વિષ્ટિ ઉપરથી] વિષ્ટિનું કામ, રિસાયેલાને મનાવવાનું કામ (૨) કૂટણીપણુ (૩) માગું (કન્યાનું). -**ળો** પું૦ વસટાળું કરનારો (૨) ભડવો

**વસતિ(-તી)** સ્ત્રી૦ [સ] વસવું તે, વસ્તી (૨) વાસ, રહેઠાણ (૩) લોકસંખ્યા (૪) બાળબચ્ચાંનો ભરાવો (૫) વસેલી જગા. **૦ગણતરી** સ્ત્રી૦ વસતિની ગણતરી **૦ગૃહ** નં૦ શાળામાં ભણતા વિદ્યાર્થીઓને રહેવાનું સ્થાન, છાત્રાલય **૦પત્રક** નં૦ માણસોની સંખ્યાની ગણતરીની નોંધ. **૦વાડી** સ્ત્રી૦ બાળબચ્ચાં, કુટુંબકબીલો [(સુ) અગ્નિ

**વસતેવ** પું૦ [સર૦ મ विस्तव (સ. विवस्वत्)]

**વસન** નં૦ [સં] વસ્ત્ર [માઠું

**વસમું** વિ૦ [સં विषम] મુશ્કેલ (૨) કપરું (૩)

**વસલો** પું૦ [અ ] ભાગ, જમીનનો ટુકડો

**વસલ્લો** પું૦ [સં वस्=બાંધવુ, પહેરવું, અથવા સર૦ મ वसला (અ वसाली)=સારા વસ્ત્રનો ટુકડો] બારદાન (૨) જુઓ વખલ્લો

**વસવસો** પું૦ [અ.] અંદેશો, વહેમ

**વસવાટ** પું૦ વસવું તે. **–સું** ન૦, **–યો** પું૦ ['વસાવવું' ઉપરથી] ગામ તરફથી પસાયતાં આપી વસાવેલા હજામ, ધોબી, વગેરે કારીગર
**વસવાસ** સ્ત્રી૦ [अ. वस्वास] ચડસાચડસી
**વસવું** અ૦ક્રિ૦ [सं. वस्] રહેવું મુકામ કરવો (૨) મનમાં ઠસવું, દિલમાં ઊતરવું [દુકાન વસતી કરવી=દુકાને ઘરાક આવે તેમ કરવું (૨) [વ્યંગ] દુકાન બંધ કરવી.]
**વસળકું** ન૦ [સર૦ વસવાસ] વાંધો
**વસંત** પું૦; સ્ત્રી૦ [सं] ફાગણચૈત્ર માસની ઋતુ ઋતુરાજ (૨) એક રાગ. ૦ક પું૦ વિદૂષક ૦તિલક પું૦; ન૦ એક ફૂલ (૨) વસંતતિલકા ૦તિલકા સ્ત્રી૦ એક છંદ. ૦પંચમી સ્ત્રી૦ માઘ સુદિ પંચમી. ૦પૂજા સ્ત્રી૦ વસંતઋતુ બેસતાં થતું પૂજન કે ઉત્સવ. ૦સખા પું૦ કામદેવ **–તિયું** ન૦ વસંતઋતુમાં સ્ત્રીઓ પહેરે છે તે કસૂંબાની છાંટવાળું પીળું વસ્ત્ર. [**–વળગવું**=મોહની લાગવી] **–તી** વિ૦ વસંત સંબંધી (૨) પીળું. **–તોત્સવ** પું૦ [+उत्सव] વસંતઋતુનો ઉત્સવ
**વસંત** સ્ત્રી૦; ન૦ [सं. वसन] વર તરફથી કન્યાને અપાતી (વસ્ત્રાદિની) ભેટ
**વસા** સ્ત્રી૦ [सं] મેદ (૨) ચરબી
**વસાઈ** સ્ત્રી૦ ખેતરની મીઠી જમીન
**વસાડ(–વ)વું** સ૦ક્રિ૦ 'વસવું'નું પ્રેરક
**વસાણું** ન૦ [सं. वसा+अन्न] ઔષધિઓ નાખી બનાવેલો પાક (૨) ગાંધિયાટાની ચીજ
**વસાત** સ્ત્રી૦ [જુઓ વિસાત] માલ, પૂંજી (૨) હિસાબ, ગણતરી
**વસામેહ** પું૦ [सं] એક પ્રકારનો મૂત્રરોગ
**વસાવવું** સ૦ક્રિ૦ 'વસવું' તથા 'વાસવું'નું પ્રેરક
**વસાવું** અ૦ક્રિ૦ [सं वस्] 'વસવું'નું ભાવે (૨) 'વાસવું'નું કર્મણિ (૩) ન૦ રખેવાળું કે તેનું મહેનતાણું. **–વો** પું૦ રખો, રખેવાળ
**વસાહત** સ્ત્રી૦ [म. (सं वस्)] મૂળસ્થાનેથી બીજે કરાતો વાસ કે તેનું સ્થાન (૨) સંસ્થાન, 'કૉલોની'. **–તી** વિ૦ વસાહતને લગતું (૨) વસાહત કરી રહેનાર
**વસિયત** સ્ત્રી૦ [अ वसिय्यत] વારસો (૨) વસિયતનામું ૦નામું ન૦ વીલ; વારસા વિષેનું લખાણ
**વસિયાણ** ન૦ ['વસવું' ઉપરથી] વસવાટ; [વસવાનું સ્થાન
**વસિષ્ઠ** પું૦ [सं] (સ) જુઓ વશિષ્ઠ
**વસી** પું૦ [अ] વહીવટ કરનાર; ગામનો બંદોબસ્ત કરનાર
**વસીલો** પું૦[अ.] મોટા સાથે સંબંધ; તેમની લાગવગ કે મદદ. **–લાદાર** વિ૦ લાગવગ કે સંબંધવાળું
**વસુ** ન૦ [सं] સોનું (૨) પું૦;સ્ત્રી૦ ધન, દોલત (૩) પું૦ સૂર્ય (૪) આઠ દેવોના એક મંડળમાંનો દરેક (૫) વિ૦ આઠ (સંકેત) ૦દેવ પું૦ (સં) શ્રીકૃષ્ણના પિતા ૦ધા સ્ત્રી૦ પૃથ્વી ૦ધાધિપતિ, ૦ધેશ પું૦ રાજા. ૦મતી, **–સુંધરા** સ્ત્રી૦ પૃથ્વી
**વસૂકવું** અ૦ક્રિ૦ [सं विशुष्क] (ગાયભેંસ) દૂધ દેતી બંધ થવી
**વસૂલ** ન૦[अ] માગતા પેટે ચૂકતે થયેલી રકમ (૨) આમદાની (૩) મહેસૂલ (૪) અ૦ ચૂકતે થાય કે થયેલું હોય તેમ. [**–આપવું**=મજરે આપવું, અગાઉ આપ્યું હોય તે કુલમાં કાપી આપવું.–કરવું, થવું,લેવું=માગતું ચૂકતે લેવું, થવું.] ૦દાર વિ૦ (૨) પું૦ આવક અથવા મહેસૂલ ઉઘરાવનાર. ૦બાકી સ્ત્રી૦ વસૂલ કરવાની બાકી રહેલી મહેસૂલ (૨) મંજૂર કરેલા ખર્ચમાંથી ખર્ચાયેલી, ખર્ચવાની અને બાકી રહેલી રકમની વિગત **–લાત** સ્ત્રી૦ વસૂલ કરવાની આય, મહેસૂલ (૨) વસૂલ કરવું કે લેવું તે. **–લાતી** વિ૦ વસૂલાત સંબંધી
**વસો** પું૦ ['વીસ' ઉપરથી] વીઘાનો વીસમો ભાગ (૨) સવાપાંચ હાથ (૩) સો કે વીસનો અનુક્રમે સોમો કે વીસમો અંશ (૪) આબરૂ
**વસ્ત(–સ્તા)** સ્ત્રી૦ + વસ્તુ
**વસ્તાર** પું૦ જુઓ વિસ્તાર(૨)બહોળું કુટુંબ ૦ણ વિ૦સ્ત્રી૦,**–રી** વિ૦બહોળા કુટુંબવાળું
**વસ્તિ** પું૦[सं] પેડુ, મૂત્રાશય બસ્તિ ૦પ્રદેશ પું૦ શરીરનો વસ્તિવાળો ભાગ
**વસ્તી** સ્ત્રી૦ જુઓ વસતી ૦ગણતરી, ૦પત્રક જુઓ 'વસતિ(–તી)'માં

**વસ્તુ** સ્ત્રી૦ [સં] પદાર્થ, ચીજ (૨) સત્ય, સાર (૩) ન૦ નાટક કે કથાનો વિષય, 'પ્લોટ.' [-ગૂંથવું=નાટક કે કથાના વિષયની રચના કરવી-ગૂંથણી કરવી] ૦ચિત્રલિપિ સ્ત્રી૦ કહેવાની વસ્તુનું આખું ચિત્ર દોરીને લખવાની પ્રાચીન પદ્ધતિ. ૦તા સ્ત્રી૦ ખરાપણું, સાચ. ૦ત: અ૦ ખરી રીતે, સાચું જોતાં ૦નિર્દેશ પું૦ ગ્રંથના વિષયનું કે વાર્તાનું સૂચન (૨) લક્ષણમાં આવી જતા ધર્મો ઉપરાંત જેમાં વસ્તુ વિષે નવા ધર્મનું કથન હોય તેવો નિર્દેશ કે કથન (ન્યા). ૦પણું ન૦ વસ્તુતા, સત્યતા. ૦પાઠ પું૦ પદાર્થપાઠ. ૦સંકલના સ્ત્રી૦ કથા કે નાટકના વસ્તુની યોજના-ગૂંથણી

**વસ્ત્ર** ન૦ [સં.] કપડું. [પાંચે વસ્ત્ર=ધોતિયું, અંગરખો, ખેસ, પાઘડી, ને પગરખાં] ૦ગાળ વિ૦ જુઓ કપડછાણ (વૈદકમાં) ૦પરિધાન ન૦ કપડાં પહેરવાં તે ૦લોચન ન૦ લૂગડાં વગેરે સર્વ ચોરાઈ કે લૂંટાઈ જવું તે ૦સ્વાવલંબન ન૦ વસ્ત્રની બાબતમાં સ્વાવલંબન -જાતે કાંતી પીંજી પોતાની કપડાંની જરૂર પૂરી કરી લેવી તે -ાલંકાર પું૦બ૦વ૦ [+અલંકાર] વસ્ત્રો અને આભૂષણો

**વસ્લ** પું૦ [અ] મેળાપ, સમાગમ (૨) સંબંધ

**વહદત** સ્ત્રી૦ [અ] ઐક્ય, પરમેશ્વરનું એકપણું

**વહદેવ** પું૦ [મ વિસ્નવ (સં વિવસ્વત), કે વિશ્વદેવ?] અગ્નિ [-મૂકવો=દેવતા મૂકવો]

**વહન** ન૦ [સં.] વાહન (૨) ઉપાડવું-ઊંચકવું તે; ઊંચકીને લઈ જવું તે(૩)વહેવું તે(પાણીનું)

**વહવું** સ૦ક્રિ૦ [સં વહ્] વહન કરવું, વહેવું (૨) અ૦ક્રિ૦ પ્રવાહરૂપે વહેવું (૩) જવું. [વહી જવું=વંઠી જવું]

**વહવાવું** અ૦ક્રિ૦ [સર૦ પ્રા વેહવ (સં વઞ્ચ્) =ઠગવું] છેતરાવું, 'વાહવું'નું કર્મણિ

**વહાણ** ન૦ [પ્રા. વાહણ] નાવ; મોટો મછવો [-કમાવું=પુષ્કળ કમાવું સારી કમાણી કરવી વહાણે ચઢવું=વહાણની સફર કરવી, પરદેશમાં વેપાર કરવા જવું] ૦વટી પું૦ ખારવો; નાવિક (૨) દરિયાઈ વેપારી (૩) વહાણનો માલિક, ઉપરી ૦વટું ન૦ દરિયામાં વહાણ ફેરવવાં તે(૨)વહાણો વડે વેપાર કરવો તે(૩) દરિયાની મુસાફરી ૦વિદ્યા સ્ત્રી૦ નાવ ચલાવવાની કળા. -ણિયું ન૦ વહાણને તળિયે બાઝતી છીપ

**વહાણઈ** સ્ત્રી૦ [પ્રા. વાહણા (સં. ઉપાનહ); સર૦ મ. વ્હાણ=ચંપલ] + પાવડી

**વહાણું** ન૦ [દે વિહાણ] પ્રભાત [-વાવું= સવાર થવી. વહાણાં વહી જવાં=ઘણા દિવસ થઈ જવા] -ણેલું ન૦ (પ) વહાણું

**વહાબી** પું૦ [અ. વહ્હાબી; સર૦ હિં] શેખ અબ્દુલ વહાબનો અનુયાયી (મુસલમાની ધર્મના એક ફાંટાનો)

**વહાર** (વ્) સ્ત્રી૦ [પ્રા. વાહર (સં. વ્યાહૃ) = મદદ માટે બોલાવવું] સહાયતા, મદદ. [વહારે ચડવું, ધાવું=મદદે દોડવું]

**વહારું** (વ્ ન૦ [જુઓ વ્હી=વેળ](સુ)હઠ; રઢ (૨) મનનું વળું, વેળ [-આવવું=વળું આવવું રઢ પકડવી વહારે ચડવું = હઠે ચડવું; રઢ કરવી] -રાંઓર વિ૦ વારે વારે વહાર આવે એવું

**વહાલ** (વ્)ન૦[સર૦ હિં વાહલાર(સં વાત્સલ્ય કાર)=સ્નેહી, વહાલેશરી, કે સં. વલ્લભ-પ્રા વલ્લહ ઉપરથી?] પ્રીતિ. [-આવવું= પ્રેમ ઊભરાવો. -કરવું=પ્રેમ કરવો] ૦પ સ્ત્રી૦, ૦પણ(-ણું) ન૦ પ્રેમ ૦મ પું૦ પ્રિયતમ, પતિ ૦સોયું વિ૦ વહાલમાં ઊછરેલું, લાડકવાયું -લું વિ૦ પ્રિય -લેશરી વિ૦ હિતેચ્છુ -લી સ્ત્રી૦ પ્રિયા -લો પું૦ પ્રિયતમ. -લોવહાલી ન૦બ૦વ૦ આશક ને માશૂક

**વહાવું** (વ્) અ૦ક્રિ૦ [જુઓ વહવાવું]+છેતરાવું (૨) ખેંચાવું

**વહી** સ્ત્રી૦[દે વહિયા સર૦મ, હિં વહી]નામાનો ચોપડો (૨) વંશાવળીની ચોપડી (૩) ચોપડી (કોરા કે લખેલી). [-વાચવી=વંશાવળીની ચોપડી વાચવી (૨) જૂના બનાવો વર્ણવવા (૩)નિંદા કરવી,જૂના દોષ કાઢી કાઢીને કહેવા] ૦પૂજન ન૦, ૦પૂજા સ્ત્રી૦ દિવાળીને દિવસે કરાતું ચોપડાઓનું પૂજન

**વહી** સ્ત્રી૦[અ વહ્ય] ખુદાનો સંદેશો (૨) [લા.] વેળ, ધૂન [-આવવી=મૂર્છા કે તાણ આવવી (૨) [લા.] ધૂન ચડવી, વેળ આવવી]

**વહીવટ** પુ૦ [સર૦ મ વહિવટ, સ.વહ્+વૃત્, પ્રા. વહવટ્ટ?] કારભાર, બંદોબસ્ત (૨) પદ્ધતિ; શિરસ્તો (૩) લેવડદેવડ; પ્રસંગ, સબંધ. [-ચલાવવો=કારભાર કરવો.-લાવવો=વેપાર રોજગાર ખીલવવો] ૦દાર પુંo કારભારી (૨) મામલતદાર (ગાયકવાડીમાં). ૦દારી સ્ત્રી૦ વહીવટદારનું કામ કે ઓધ્ધો. -ટી [સર૦ મ.] વહીવટને લગતું

**વહીવંચો** પુ૦ [વહી+વાંચવું] પેઢીનામું રાખનાર ભાટ

**વહુ** સ્ત્રી૦ [પ્રા વહૂ (સં વધૂ), સર૦ મ, હિં. વહૂ] પત્ની (૨) છોકરાની સ્ત્રી. [-કરવી=બૈરી કરવી,પરણવું -તેડવી=છોકરાની સ્ત્રીને સાસરે લાવવી - બોલાવવી] ૦ઘેલું વિ૦ વહુ પાછળ ગાંડું;વહુવશ ૦વર સ્ત્રી૦ નવોઢા સ્ત્રી (૨)નર્વ લગ્નને વરઘોડો (૩)ન૦બ૦વ૦ ધણી-ધણિયાણી; નવું પરણેલું જોડું ૦વારુ સ્ત્રી૦ જુવાન માનીતી વહુ

**વહુર** સ્ત્રી૦ જુઓ વહુવર, જુવાન વહુ

**વહેણ(-ન)**(વ્)ન૦[પ્રા વહણ(સં વહન)]પ્રવાહ

**વહેમ** (વ્)પુ૦[અ. વહ્મ, સર૦ હિં વહમ, મ. વહિમા, વહ્મા] શક, સંદેહ (૨) ભ્રમ, ખોટી માન્યતા. (-આવવો, ખાવો, રાખવો, રહેવો, લાવવો) [વહેમમાં પડવું=વહેમાવું વહેમનું ભાણું, ઝાડ=ઘણું જ વહેમી માણસ] -માવું અ૦ક્રિ૦ વહેમ લાવવો; વહેમમાં પડવું -મી(૦લું) વિ૦ વહેમવાળું; વહેમથી ભરેલું

**વહેર** (વ્) પુ૦ [જુઓ વહેરવું] વહેરતાં પડેલો ભૂકો (૨) ફાટ, ચીરો ૦ણ ન૦ કરવત(૨) વહેરવાનું તે (૩) વહેરવાની મજૂરી ૦ણિયું વિ૦ ચાબખા દઈને બોલવાની ટેવવાળું (૨) ન૦ કરવત ૦ણિયો પુ૦ વહેરનારો

**વહેરવું** (વ્) સ૦ક્રિ૦ [સર૦ પ્રા વિહુર (સં. વિધુર)=વિયુક્ત-છૂટું પાડેલું અથવા સર૦ મ. વેરણેં=ચીરવું] કરવત વડે કાપવું

**વહેરાઈ(-મણી)** સ્ત્રી૦, -રામણ ન૦ (વ્) વહેરવાની મજૂરી

**વહેરો**,૦ આંતરો, ૦વંચો (વ્) પું૦ [જુઓ વહેરવું] ભેદ; આંતરો; તફાવત

**વહેરી(-રાઈ)**(વ્)સ્ત્રી૦(સં) એક માતા-દેવી

**વહેલ** (વ્હેલ,) સ્ત્રી૦ [દે વેલ્લ=ઉપ.થી ઢંકાયેલી ગાડી] રથ, વાહન [-કાઢવી=કૂતરાને સારુ એક ગામથી બીજે ગામ લાડવા, રોટલા વગેરે મોકલવાં.]

**વહેલ** (વ્)સ્ત્રી૦[ઇં]એક મોટું જળચર પ્રાણી

**વહેલું** (વ્હે) વિ૦ [દે. વહિલ્લ] ઉતાવળું, જલદી. [વહેલા થવું=ઉતાવળ કરવી]૦મોડું વિ૦ વખતસર નહિ તેવું, વહેલું કે મોડું (૨) અ૦ વહેલું કે મોડું એમ (૨) ગમે ત્યારે, સગવડે

**વહેવડા(-રા)મણ**(વ)ન૦,-ણી સ્ત્રી૦['વહેવું' સ૦ક્રિ૦ પરથી] ઊંચકી જવાની મજૂરી

**વહેવડા(-રા)વવું** (વ્) સ૦ક્રિ૦ ['વહેવું' સ૦ક્રિ૦ ઉપરથી] 'વહેવું'નું પ્રેરક

**વહેવાર** (વ્) પું૦ [પ્રા વવહાર (સં વ્યવહાર)] સબંધ, ઘરવટ (૨) ધીરધાર કે લેવડદેવડનું કામ (૩) વર્તણૂક, વર્તન (૪) આચાર; આચરણ(૫)દુનિયાદારીના સંબંધ કે કામકાજ (૬) રૂઢિ; વહીવટ. [-જાળવવો, રાખવો=સબંધ-વ્યવહાર ચાલુ રહે એમ કરવું] -રિયું વિ૦ વહેવારને લગતું(૨)વહેવારીક. -રિયો પુ૦ લેવડદેવડમાં ચોખવટવાળો (૨) વહેવારે ચાલનારો (૩) શાહુકાર -રીકું વિ૦ મધ્યમ; કામ સરે તેવું. -રુ વિ૦ મધ્યમ; સાધારણ (૨) વહેવારમાં ચાલી શકે તેવું; આચારમાં ઉતારી શકાય તેવું, વ્યવહારુ

**વહેવું** (વ્હે), સ૦ક્રિ૦[સં વહ્] ઊંચકવું (૨) ખમવું, વેઠવું (૩)અ૦ક્રિ૦ પ્રવાહરૂપે સરવું(૪) ઘસડાવું (૫) જતું રહેવું વીતવું (૬) વહી જવું ('જવું' ક્રિ૦ સાથે) [વહેતી નીકે પગ દેવો=ચાલતા કામમાં હરકત કરવી. વહેતી સેર, ગંગા=આવતી આમદની. વહેતું મૂકવું=દૂર ખસેડી દેવું (૨) ધ્યાન પર ન લેવું; રખડાવ્યા કરવું (૩) રખડતું મૂકવું, વહી જવા દેવું વહ્યા જા!=

(કા) ચાલ્યો જા ! જતો રહે !]

**વહેળિયું** (વ્હે) ન૦ નાનો વહેળો

**વહેળો** (વ્હે) પુ૦ [दे. वहोल, वाहली] નાનો પ્રવાહ (૨) વહેણનો ખાડો

**વહેંચણ(–ણી)** (વ્હે૦) સ્ત્રી૦ ['વહેંચવું' ઉપરથી; સર૦ म. वहेंचणी] વહેંચવું કે ભાગ કરવા તે (૨) હિસ્સો (૩) નાનો હિસ્સો, 'ડિવિડંડ'.

**વહેંચવું** (વ્હે૦) સ૦ક્રિ૦ [स. विभंज्, प्रा. विहंज] હિસ્સા પાડવા (૨) દરેકને ભાગ પ્રમાણે આપવું

**વહોણું** (વ્) વિ૦ [सं विहीन] વનું; વિહોણું

**વહોરત** (વ્હો) સ્ત્રી૦ ['વહોરવું' ઉપરથી] વહોરેલું તે, ખરીદ (૨) જોખમ (૩) ભિક્ષા; ભિક્ષામાં મળેલું તે. **–તિયો** પુ૦ ખરીદનાર (૨) યતિ; શ્રમણ

**વહોરવું** (વ્હો) સ૦ક્રિ૦ [प्रा. विहार (सं. विधारय्)] ખરીદ કરવું (૨) સંઘરવું (૩) માગી લાવવું (૪) માથે લેવું (જોખમ)

**વહોરો** (વ્હો) પું૦ ['વહોરવું' પરથી; સર૦ हिं. बोहरा = ગુજરાતમાથી આવેલ મુસલમાન શાહુકાર (सं व्यवहारक)] લોટિયો, શિયા મુસલમાનની એક જાતનો આદમી (૨) મુસલમાનોની એક જમાત (૩) એક અટક **–રવાડ** સ્ત્રી૦ વહોરાઓનો લત્તો. **–રાશાઈ** વિ૦ વહોરાનું; વહોરાની પદ્ધતિનું

**વહોલિ(–ળિ)યું** (વ્હો) ન૦ [दे. वहोल] વહેળિયું

**વહ્નિ** પું૦ [સં.] અગ્નિ

**વહ્યુંવહ્યું** વિ૦ ['વહેવું' ઉપરથી] અહીંતહીં નિષ્ફળ પ્રયત્ન કરતું (૨) બાવરું, ગાભરું

**વળ** પુ૦ [प्रा. वल (सं. वल्)] આમળો; આંટો (૨) સંબંધ, વગ (૩) યુક્તિ; કરામત (૪) દાવ, લાગ (૫) અંટસ કીનો (૬) મમતા; આગ્રહ (૭) [કા] છાણાના થર ઉપર થર ગોઠવી ખડકેલી લાંબી હાર (૮) [જુઓ વેળ] ગાંઠ [**–આપવો** = જુઓ વળ દેવો. **–આવવો, બેસવો** = લાગ આવવો (૨) વળ ચડવો કે ધાગામાં બરાબર કાયમ થવો. **–ઉતારવો** = ઉકેલવું (૨) અવેજ વાળવો (૩) ધાટ ઉતારવો **–ચડાવવો** આમળો દેવો (૨) ઉશ્કેરવું **–જોવો** = લાગ જોવો. **–દેવો** = આમળો આપવો, આમળવું. **–નું માણસ** = લાગવગ હેઠળનું માણસ; સમાન અભિપ્રાયનું માણસ. **–ભાંગવો** = ઉશ્કેરવું **–માં આવવું** = દાવમાં કે લાગમાં આવવું. **–માં લાવવું** = દાવમાં કે લાગમાં લાવવું. **–રાખવો** = અંટસ રાખવો (૨) પૂર્વગ્રહોને વળગી રહેવું **–શીખવો** = વળગી રહેવું (ધોરણને), નમતું ન આપવું (૨) અંટસ રાખવો **વળે કવળે** – લાગે લાગે. **વળે વળ ઉતારવો, બેસાડવો** = બંધબેસતી ગોઠવણ કરવી ] **૦કવળ** પુ૦;સ્ત્રી૦; ન૦ અનુકૂળતા અને પ્રતિકૂળતા (૨) ઘાટ અને દાવપેચ

**વળકો** પું૦ ['વળવું' ઉપરથી] બફાવા પર આવવું તે (૨) શાંત પડવું તે [**–વળવો** = સીજવા આવવું ]

**વળગણ** ન૦ ['વળગવું' પરથી] નિસબત; સંબંધ (૨) [ભૂતપ્રેતનું] વળગવું તે (૩) ભૂતપ્રેત (૪) વળગેલું કામ કે માણસ (૫) આડો સંબંધ. **–ણી** સ્ત્રી૦ કપડાં નાખવાનો આડો વાંસ. **–ણું** વિ૦ વળગે તેવું (૨) ન૦ વળગણી

**વળગવું** અ૦ક્રિ૦ [प्रा वलग्ग, विलग्ग, सं. वि + लग्, સર૦ म वळगणें] બાઝવું. લપેટાવું (૨) આગ્રહથી મંડવું (૩) ટંટો કરવો

**વળગાઝૂમ(–મી)** સ્ત્રી૦ [વળગવું + ઝઝૂમવું] ખેંચાખેંચી

**વળગાટ(–ડ)** પું૦ ['વળગવું' ઉપરથી] ભૂત કે કાંઈ વળગવું તે (૨) ભૂતપ્રેત **–ડવું** સ૦ક્રિ૦ 'વળગવું'નું પ્રેરક (૨) માથે નાખવું

**વળણ,૦દાર** વિ૦ જુઓ 'વલણ'માં

**વળણ** ન૦ [સં. वल्] જાંઘનું મૂળ

**વળતદાણિયાં** ન૦બ૦વ૦ [વળત (વાળી લેવું) + દાણ કે દાણા પરથી] લેણા પેટે. દાણા કે ગણોતમાંથી વાળી લેવાની શરતે, કબજે રાખેલી જમીન કે તેનું લખત

**વળતભાવ** પુ૦ ['વળવું' ઉપરથી] તબિયત સુધારા પર આવવા લાગવી તે

**વળતર** ન૦ [વળવું ઉપરથી સર૦ મ ] બદલા તરીકે જે કંઈ મજરે આપવાનું હોય તે
**વળતા(-તાં)** અ૦ (પ ), **વળતી** અ૦ ['વળવું' ઉપરથી] પછી (૨) વધારામાં; વળી
**વળતું** વિ૦ ['વળવું' ઉપરથી] સામું (૨) પાછું ફરતું ઉદા૦ વળતો જવાબ; વળતી ટપાલ
**વળદાર** વિ૦ [વળ + દાર] વળવાળું
**વળવળ** સ્ત્રી૦ [સર૦ સળવળવું] ખણજ, ચળ, સળવળાટ ૦વું અ૦ક્રિ૦ ખણજ આવવી, સળવળવું
**વળવું** અ૦ક્રિ૦ [સં વૃ્, સર૦ પ્રા વલ] વાંકું વળવું, મરડાવું (૨) પાછા ફરવું (૩) મનનું વલણ થવું (૪) રસાવું (૫) સુધરવું (૬) બંધાવું (અંબોડો, લાડુ) (૭) માં લાગવું, વળગવું ઉદા૦ વાને વળ્યા (૮) [સર૦ પ્રા વળ=પેદા થવું] થવું બનવું ઉદા૦ રોવાળ વળવી, ટોળે વળવું (૯) [સર૦ પ્રા. વલ=જવું] પલટાવું જવું ઉદા૦ વળતો દહાડો, વળતી વેળા (૧૦) [સર૦ પ્રા વલ=સાધવું] ફાયદો થવો, સરવું [વળતાં પાણી થવાં=ચોટ શરૂ થવી (૨) જોર ઓછું થવું (જુવાનીનું, રોગનું ઇ૦) વળતો દહાડો= =સારી સ્થિતિનો દહાડો, ભાગ્યોદય પાછું વળવું=પાછા ફરવું (૨) ઊલટી થવી (૩) ઊતરી જવું, ઝાડ અગડવો ઢગલો વળી જવું= ઢગલા જેવા થઈ (થાકથી, નિરાશાથી) બેસી પડવું (૨) ખૂબ પ્રમાણમાં ભેગું થવું-આવવું.]
**વળાંટો** પુ૦ ['વળવું ઉપરથી] વલણ
**વળામણ** ન૦ ['વળવું' ઉપરથી] વાળવાની મજૂરી (૨) વાળતાં નીકળેલો કચરો. -ણી સ્ત્રી૦ વાળવાની મજૂરી
**વળામણું** ન૦ ['વળાવવું' ઉપરથી] વળાવવું તે, વિદાય (૨) વિ૦ વળતું, ઓસરતું, પાછું ફરતું. ઉદા૦ પાણી વળામણાં થઈ ગયાં
**વળાવવું** સ૦ક્રિ૦ 'વળવું', 'વાળવું'નું પ્રેરક (૨) વિદાય કરવું. માર્ગે પાડી આવવું
**વળાવિયો** પુ૦ ['વળાવવું' ઉપરથી] ભોમિયો (૨) વાટમાં સંભાળ રાખનાર
**વળાવું** ન૦ [જુઓ વળાવિયો] ભોમિયાનું કામ (૨) તેનું મહેનતાણું (૩) અ૦ક્રિ૦ વાળવું'નું કર્મણિ. -વો પું૦ જુઓ વળાવિયો
**વળાંક** (૦) પુ૦ ['વળવું' ઉપરથી] (રસ્તાનું) વળવું તે, મરડાટ (૨) વળોક, મરોડ
**વળિયાચપુ** વિ૦(૨)પું૦કપાળ ઉપર શિંગડાના મૂળની રીમી લીટીમાં ભમરો હોય તેવો (બળદ)
**વળિયાંપળિયાં** ન૦બ૦વ૦ [વળિયું + પળિયાં] વળેલાં અંગ ને પળિયાં, ઘડપણ
**વળિયું** ન૦ [સર૦ મ વળી (સં प्रा. वलि, -ली) આંટણ, ચાઠું, આંકો (૨) પરસેવાનો ડાઘ, વળ (૩) [સર૦ મ. वळी 'વળવું' ઉપરથી] ઘોડા વગેરેની પીઠ ઉપર મુકાતી ગાદી (૪) થર; પોપડો [વળિયાં પડવાં=(કપડાંને) પરસેવાના ડાઘ પડવા (૨) કરચલી-વળ પડવા ]
**વળી** સ્ત્રી૦ [પ્રા वल्हि (સં. वलभि)] પાતળો લાંબો મોટો જેવો કે ઘર બાંધવામાં વપરાય છે (૨) [સં वलय] લાકડીને છેડે જડાતી ખોળી (૩) અ૦ ['વળવું ઉપરથી] વધારામાં, ઉપરાંત
**વળું** ન૦ ['વળવું' ઉપરથી] મંડળ, સમુદાય પક્ષ (૨) ખોળી (૩) જમીનનું પડ (૪) પરસેવાનો ડાઘ, વળિયું (૫) વલણ (૬) શરીરનો બાંધો (૭) અસ્તર (૮) પાણીનાં જમીનમાં વહેતા વહેણ ૯) મનનો તરંગ, વેળ. [-આવવું= મનમાં તરંગ આવવો ] [તાલીમ
**વળું'કો** પુ૦ ['વળવું' ઉપરથી] શિક્ષણ, કેળવણી,
**વળૂદ -ધ)** સ૦ક્રિ૦ જુઓ વલૂદવું
**વળૂદું(-ધું)** વિ૦ જુઓ વલૂદ
**વળૂંભવું** અ૦ક્રિ૦ [જુઓ વલૂંભવું] વીંટાવું
**વળો** પુ૦ [જુઓ વળી] જાડી મોટી વળી
**વળોક** પુ૦ ['વળવું' ઉપરથી] ઘાટ, મરોડ (૨) રીતભાત, વિવેક [મરોડ
**વળોટ** પું૦ જુઓ વળૂકો (૨) [જુઓ વળોક]
**વળોટવું** સ૦ક્રિ૦ [પ્રા वल (સં. आरोपय्) ઉપર ચઢવું] ઉલ્લંઘવું ઓળંગવું (૨) ચઢિયાતું થવું
**વંક** વિ૦ [સં] વાંકું (૨) પુ૦ આડું વલણ. ૦વોળામણું વિ૦ વાંકુંચૂકું -કાઈ સ્ત્રી૦ વાંકાઈ (૨) આડાઈ -કાવું અ૦ક્રિ૦ રિસાવું, આડા થવું (૨) વાંકું થવું; વળાંક કે વાંક
**વંગ** સ્ત્રી૦[સં ]કલાઈ (૨) (સં ) બંગ-બંગાળ દેશ
**વંચક** વિ૦ (૨) પું૦ [સં] ધૂર્ત, ઠગ

વંચન ન૦ [સં] ઠગવુ તે (૨) ઠગાવુ તે. -ના સ્ત્રી૦ ઠગાઈ (૨) ભ્રમ
વંચવુ અ૦ક્રિ૦ [સં वंच्] બચવું
વંચાડવુ સ૦ક્રિ૦ [જુઓ વાંચવુ] + વંચાવવું
વંચાર ન૦ કમર [વપરાતો ખૂણો
વંચાલો(-ળો) પું૦ [જુઓ વચાળો] ન
વંચાવવુ સ૦ક્રિ૦ 'વચવુ' 'વાચવુ'નુ પ્રેરક
વંચાવુ અ૦ક્રિ૦ 'વાચવુ'નુ કર્મણિ (૨) [સં वच् ઉપરથી?] નિંદા થવી
વંચાળો પુ૦ જુઓ વચલો
વંચિત વિ૦ [સં] છેતરાયેલુ (૨) વિમુખ, હીન
વંછેરવુ સ૦ક્રિ૦ [સં विच्छर्द्] (ચ.) વીખવુ, ઊધુચત્તુ કે આડુ પાડુ કે આડું અવળુ કરવું
વંજી સ્ત્રી૦ [સર૦ મ वंजीमारा (સં. वञ्जुल= નેતર] ખપાટિયાની ભારી
વંઝા સ્ત્રી૦ [પ્રા (સં वन्ध्या)] વધ્યા, વાંઝણી સ્ત્રી ૦પો પું૦ વાઝિયાપણું
વઝી સ્ત્રી૦ [જુઓ વજી] વાસની ખપાટ
વંટોળ(-ળિયો) પુ૦ [પ્રા. वट्टुल (સં वर्तुल)= ગોળાકાર ઉપરથી; સર૦ મ. वा-वटळ] કૂંડાળા કરતો જોરમા વાતો પવન [વટોળે ચડવુ = વંટોળિયામાં સપડાવુ (૨) લહેરમાં આવવુ, વાયલ થવુ (૩) [કનકવાનું] ઊચે ને ઊંચે ઊડ્યા કરવુ] [આવવા તે
વંઠ પુ૦ [વઠવુ'પરથી] શરીરમા વાયુના ગોળા
વંઠવુ અ૦ક્રિ૦ [સં वंठ्; સર૦ દે वंठ હાથથી જવુ હદ બહાર જવુ (૨) ફાટવુ, વહી જવું. [વંઠી જવુ = હાથથી જવું, બગડવુ (૨) વીતી જવું ઉદા૦ શી વેળા વંઠી ગઈ છે.]
વંડી સ્ત્રી૦ [દે वरंद, સર૦ મ] ખુલ્લી જમીનની આસપાસની નાની ભીત. [-છાવી = નાનું ક્ષુલ્લક કામ કરવું. -પરનું ખસલું = દુઃખ વરવુ.] -ડો પુ૦ મોટી વડી (૨) તેના વડે આતરેલુ મોટુ સ્થાન (૩) પોળ
વંઢી સ્ત્રી૦,-ઢો પુ૦ (ચ.) [સર૦ દે. वंढ = બધ] જુઓ વડી,-ડો
-વંત(-તુ) વિ૦ [સં वत्] 'વાળુ' અર્થમા નામને છેડે ઉદા૦ માનવંત
વંતર ન૦ [પ્રા. (સં व्यन्तर)] ભૂત -રી સ્ત્રી૦ ભૂતડી [રીંગણી
વંતાક ન૦ [સં वृन्ताक] રીંગણું. ૦ડી સ્ત્રી૦
-વંતુ વિ૦ જુઓ વત
વંતાશ વિ૦ [સં वांत + સં. आशा] આશાઓનું જેણે વમન કર્યું છે એવો, આશારહિત
વંદન ન૦,-ના સ્ત્રી૦ [સં] નમસ્કાર, પ્રણામ. -નીય વિ૦ વદન કરવા યોગ્ય
વંદવું સ૦ક્રિ૦ [સં वंद्] પ્રણામ કરવો
વંદિત વિ૦,-તા વિ૦ સ્ત્રી૦ [સં.] પૂજ્ય; આદરણીય
વંદે માતરમ્ શ૦પ્ર૦ [સં.] ભારત માતાને વદુ છું (એક જયઘોષણા) (૨) નમસ્કાર કહેવાનો કે પત્રમા અંતે લખવાનો એક પ્રયોગ
વંદો પું૦ એક જીવડું
વંદ્ય વિ૦ [સં.] જુઓ વંદનીય
વંધ્ય વિ૦ [સં.] વાઝિયુ; નિષ્ફળ. ૦ત્વ ન૦ વાંઝિયાપણું -ધ્યા સ્ત્રી૦ વાઝણી
વંશ પું૦ [સં] પુત્રપૌત્રાદિકનો ક્રમ, કુળ (૨) ઓલાદ (૩) વાસ (૪) વાસળી; પાવો [-કાઢવો = કુળનો ઉચ્છેદ કરવો. -નો વેલો, -વેલો = કુળપરંપરા; કુળવેલ. -જવો = નિ સતાન થવુ, કુળનો ઉચ્છેદ થવો. -રહેવો = કુળપરંપરા ચાલુ રહેવી (૨) પુત્રપ્રાપ્તિ થવી.] ૦કર, ૦કારી વિ૦ વંશ રાખનાર, વશપરંપરા આગળ ચલાવનાર (પુત્ર). ૦ચરિત્ર ન૦ વશાવળી; પેઢીનામુ ૦ચ્છેદ પુ૦ કુળનો નાશ, પ્રજાક્ષય. ૦જ વિ૦ વશમા ઉત્પન્ન થયેલુ (૨) પુ૦ સતાન, વારસદાર. ૦ધર વિ૦ પુ૦ વશ ચાલુ રાખનાર પુત્ર ૦પત પું૦ વશનો એકનો એક બાળક (૨) સ્ત્રી૦ + વશની પ્રતિષ્ઠા. ૦પરંપરા સ્ત્રી૦ પેઢીનો ક્રમ (૨) અ૦ પેઢીના ક્રમથી ૦લોચન ન૦ જુઓ વાંસકપૂર. ૦વિસ્તાર પુ૦ વશ વધારવો કે આગળ ચલાવવો તે ૦વૃક્ષ ન૦ વશવિસ્તારનુ ઝાડ. પેઢીનામુ ૦સ્થ પુ૦ એક છંદ. -શાવળિ(-ળી) સ્ત્રી૦ પેઢીનામું; વંશવૃક્ષ -શી વિ૦ વશનુ (૨) સ્ત્રી૦ બસી. -શ્ય વિ૦ વંશનું, વશી

**વા** અ૦ [સં] અથવા; કે. યા

**વા** પું૦ [સં વાત, વાયુ] પવન; વાયુ (૨) તરંગ, ફાટો (૩) શરીર પર ગડગૂમડ નીકળવાનો, માથામાં કે કાનમાં સસકા નાખવાનો, કે સાંધા રહી જવાનો રોગ (૪) જીવ, પ્રાણ (૫) [લા] રોગ કે વિચારનું મોજું (૬) અ૦ [સર૦ પ્રા વાય (સં વ્યાપ)] 'જેટલે અંતરે કે જેટલું' એ અર્થમાં નામને લાગે છે (ઉદા૦ ખેતરવા, રાશવા). [**–આવવો** = પવન ફરકવો (૨) સાંધા રહી જવા, શરીરમાં વાનું દર્દ થવું (૩) વિચારોનો જોશ આવવો **–આવે એમ કરવું** = મનમાં આવે તેમ કરવું, તરંગવશ વર્તવું. **–ઉપર જવું** = મગજ ચસકવું, ઘેલછા લાગવી **–એ ઊડવું** = પવનની ઝડપે જાહેર થવું–ફેલાવું. **–એ ચડવું** = જાહેર થવું (૨) તરંગવશ થવું (૩) આમ તેમ ઘૂમવું. **–એ જવું** = અધૂરે જવું, કસુવાવડ થવી (૨) રજ ચડી જવું (૩) અસંખ્ય લોકોની જમાવટ થવી. **–એ રહી જવું** = વાથી સાંધા અકડાઈ જવા. **–એ વાત જવી** = જાહેર થઈ જવું, કશું છાનું ન રહેવું **–કાઢવો, કાઢી નાખવો** = સાવ થકવી નાખવું (૨) રોફ કાઢી નાખવો, ઢીલુંઢસ કરી દેવું (૩) ધમકાવવું (૪) મારવું **–ખાવો** = કામધંધા વિનાનું રહેવું (૨) કામનો પાર ન આવતાં વાર લાગવી–અથડાયા કરવું (૩) નિરર્થક પડી રહેવું. **–ખાતું કરવું** = અવગણવું, રખડાવવું (૨) નહિ ફાવવા દેવું (૩) પવન લાગે એવું કરવું. **–ખાતું રહેવું** = રખડી પડવું, રખડતું રહેવું (૨) નિષ્ફળ જવું. **–છૂટવો, સરવો** = પાદવું (૨) [લા] ગભરાવું **–ના ઘોડા જેવું** = તરંગી, ઘડીઘડીમાં વિચાર ફેરવતું **–ના ફોફા જેવું** = તદ્દન સુકલકડી ને નિર્બળ **–ની સાથે વઢે એવું** = સહેજસહેજમાં લડે એવું, કજિયાખોર. **–નીકળી જવો** = થાકી જવું (૨) મરી જવું. **–નું ફોફું** = દેખાવમાં જાડું પણ તાકાત વગરનું માણસ **–માં આવવું** = તરંગે ચડવું. **–લખાવવો** = વાના ફોલ્લા મટાડવા મંત્ર લખાવવો **–વાવો** = અસર થવી, વિચાર કે ભાવનાઓનો જોરથી ફેલાવો થવો]

**વાઇસ** [ઇં] 'ઉપ', '–ની નીચેના દરજ્જાનું' એ અર્થનો ઉપસર્ગ (જેમકે, ૦ચાન્સેલર, ૦પ્રેસીડેન્ટ). **૦રૉય** પું૦ [ઇં] રાજાનો પ્રતિનિધિ – દેશનો હાકેમ

**વાઈ** સ્ત્રી૦ [વા ઉપરથી, સર૦ મ.] મૃગી, ફેફરું; 'હિસ્ટીરિયા' (–આવવી)

**વાઈસર** પું૦ [ઇં વૉશર] બે ભાગ ઘટ્ટ જોડવા વચ્ચે મુકાતી ચકતી [–નાખવો, મૂકવો]

**વાઉ** સ્ત્રી૦ ['વા' ઉપરથી] પગમાં પડતી ફાટ, વેઢ (૨) વિ૦ [પ્રા वाउल (સં वातूल)] વાયલ. **૦લું** વિ૦ + વાયલ; ગાંડું [વાક્ય

**વાએ(–ચે)ક** ન૦ [જુઓ વાક્ય] (૫) + વાચક,

**વાએ(–ય,–ચે)જ** પું૦ [अ वअज़] ઉપદેશક (૨) સ્ત્રી૦ [अ वाइज़] ઉપદેશ

**વાક** પું૦ [દે वक्कस કે वक्क] કસ, સત્ત્વ (૨) લોટ બંધાય એવી તેની ચીકાશ

**વાક(–ગ)** સ્ત્રી૦ [સં] વાચા, વાણી

**વાકડવું** વિ૦ [વા (સં अव ?) + કડવું] સહેજ કડવું (૨) [સર૦ મ वाकड (વાંકું)] હઠીલું

**વાકળ** પું૦ મહી અને ઢાઢર નદી વચ્ચેનો પ્રદેશ

**વાકુંબો** પું૦ છોડને ફૂટતો નકામો ફણગો

**વાકેફ,૦ગાર** વિ૦ [अ वाकिफ़] જાણતું માહિતગાર (૨) પ્રવીણ **૦ગારી** સ્ત્રી૦ જાણ, માહિતી

**વાક્ચાતુરી** સ્ત્રી૦, **વાક્ચાતુર્ય** ન૦ [સં] બોલવાની ચતુરતા–હોશિયારી કે ચાલાકી

**વાક્છલ(–ળ)** ન૦ [સં.] બીજાની વાતને શબ્દનો અભિપ્રેતથી જુદો અર્થ કરી ઉડાવી દેવી તે

**વાક્પટુ** વિ૦ [સં.] બોલવામાં ચતુર **૦તા** સ્ત્રી૦

**વાક્પ્રચાર** પું૦ [સં] ભાષામાં રૂઢ બનેલો શબ્દપ્રયોગ, 'ઈડિયમ'

**વાક્ય** ન૦ [સં] પૂર્ણ અર્થ બતાવતો શબ્દસમૂહ (૨) વચન, કથન. **૦પૂર્તિ** સ્ત્રી૦ અધૂરું વાક્ય પૂરું કરવું તે કે તેમ કરનાર શબ્દો. **૦રચના** સ્ત્રી૦ વાક્યની રચના, 'સિન્ટેક્સ' **૦વિચાર, ૦વિન્યાસ** પું૦ વાક્યની રચનાનું વિવેચન (વ્યા) [એમાં વાક્યપૃથક્કરણ ને પદવિન્યાસ બંને આવે છે.] **–ક્યાર્થ** પું૦ વાક્યનો અર્થ

**વાક્સંયમ** પું૦ [સં] વાણીનો સંયમ

**વાખ** પું૦ [સર૦ મ.] તાડછાના દોરા જેવા

રેસા (૨) [સુ] શીંગની બાજુની નસો
**વાખદ** ન૦, આખનો એક રોગ
**વાખરો** પું૦ [प्रा. उवक्खर (सं उपस्कर)] ઘરગતુ સરસામાન(પ્રાય૰ 'ઘર' સાથે આવે છે)
**વાખો** પુ૦ [अ. वाक़िअह, સર૦ म. वाखा] જુઓ વખો (૨) મરકી
**વાગ** સ્ત્રી૦ [सं.] વાક, વાણી
**વાગ** સ્ત્રી૦ [प्रा वग्गु (सं वल्गु)=સુંદર] લૂગડાં ઘરેણાથી સજાયેલી સીમંતિની (નાગરોમાં) (૨) [सं वल्गा प्रा. वग्गा] + લગામ
**વાગડ** પુ૦ [प्रा ; सं वागड] ગુજરાતનો એક પ્રદેશ (૨) કપાસની એક જાત
**વાગડિયું** વિ૦ ['વાગડ' ઉપરથી] વાગડ દેશનું (૨) ન૦ સ્ત્રીઓનું એક વસ્ત્ર
**વાગલાં** ન૦બ૰વ૰ [सं. वल्गन] વાગલા, વલખાં
**વાગલુ(-લું)** ન૦ જુઓ વાગોળ
**વાગવુ** અ૦ક્રિ૦ [જુઓ વાજવુ] અવાજ નીકળવો (વાદ્યનો) (૨) ઈજા થવી, જખમાવું (૩) (અમુક કલાકનો) સમય થવો. [**વાગતો ઘંટ** =વાતોડિયો કે પતરાજીખોર માણસ **વાગતે ઢોલે જવું**=જાહેર રીતે જવું (૨) વરઘોડે ચડવું; ફજેતી થવી **પગલાં વાગવાં**=નજીક આવતા હોવું **શબ્દો વાગવા**=(સામાના) કઠોર–કર્કશ શબ્દોની અસર થવી ]
**વાગળું** ન૦[सं, प्रा. वल्गुलि, म वाग(-गू)ळ] વાગલું; વાગોળ [નકામો પ્રલાપ
**વાગાડંબર** પું૦[सं] શબ્દોનો આડંબર (૨)
**વાગિંદ્રિય** સ્ત્રી૦ [सं] બોલવાની ઇદ્રિય; જીભ
**વાગીશ** પુ૦ [सं.] (સં) બૃહસ્પતિ
**વાગીશ્વરી** સ્ત્રી૦ [सं.] (સ) સરસ્વતી
**વાગેશ્રી** પુ૦[सं व्याघ्रेश्वरी કે वागीश्वरी પરથી? સર૦ हिं, म वागेसरी] એક રાગ – માલકોશની રાગણી
**વાગોલ(-ળ)** સ્ત્રી૦;ન૦[જુઓ વાગળ]વડવાગોળ (૨) [વાગોળવુ પરથી] ઓગાળ
**વાગોલ(-ળ)વું** સ૦ક્રિ૦ [प्रा वग्गोल (सं. रोमन्थय्); સર૦ म वागुळ, वाघूळ] ખાધેલું મોમાં લાવી ફરી ચાવવું (ઢોરે) (૨) [લા.] ધીમે ધીમે ચાવો ખાતા વાર લગાડવા
**વાગ્ગેયકાર** પું૦ [सं] ગવૈયો [આડંબર
**વાગ્જાલ(-ળ)** સ્ત્રી૦ [सं] ખાલી શબ્દોનો
**વાગ્દંડ** પું૦ [सं.] મોઢેથી ધમકાવવુ તે; એ રૂપી દંડ (૨) વાચાની પ્રવૃત્તિથી થતુ કર્મબંધન (જૈન) [તે; સગાઈ (૨) વચન
**વાગ્દાન** ન૦ [सं] 'કન્યા આપીશ' એમ કહેવું
**વાગ્દેવતા, વાગ્દેવી** સ્ત્રી૦ [सं] સરસ્વતી
**વાગ્દોષ** પું૦[सं.] વાણીનો દોષ (૨) નિંદા, ગાળ
**વાગ્બાણ** ન૦ [सं] મહેણું
**વાગ્યજ્ઞ** પું૦ [सं] વાણીથી ચલાવેલો યજ્ઞ; વાણીનો સેવાર્થે ઉપયોગ
**વાગ્યુદ્ધ** ન૦ [सं.] માત્ર શાબ્દિક યુદ્ધ (૨) ગરમાગરમ ચર્ચા
**વાગ્વિદગ્ધ** વિ૦[सं] બોલવામા ચતુર, વાક્પટુ
**વાગ્વિલાસ** પું૦ [सं.] આનંદપૂર્વક પરસ્પર સંભાષણ (૨) કંઈ તથ્ય કે તત્ત્વપ્રાપ્તિ વિનાનો વાગ્વ્યાપાર – ખાલી ડાચાકૂટ
**વાગ્વ્યાપાર** પું૦[सं] બોલવાની ઢબ(૨)વાણી વિસ્તારવી તે
**વાગ્યે** અ૦ ['વાગવું'નુ કૃ૦] વાગતાં; વાગે ત્યારે
**વાઘ** પું૦ [प्रा वग्घ (सं व्याघ्र)] એક હિંસ્ર પ્રાણી, શેર. [**–કરવો**=શરીરે રંગના પટા કરી વાઘનો વેશ કરવો. **–કરવો** (વહુનો) [प्रा. वग्गु (सं वल्गु)]=સુંદર ઉપરથી?]= અઘરણી પ્રસંગે વહુને શણગારવી **–જેટલી આળસ**=ઘણી જ આળસ **–જેવું**=સમર્થ; જીવતુ જાગતુ ઉદા૰ સારા ભાઈ વાઘ જેવા બેઠા છે. **–ની બોડમાં હાથ ઘાલવો**= જોખમભર્યું સાહસ કરવુ **–ની માશી**= બિલાડી **–નું માથું લાવવું**=મોટું પરાક્રમ કરવું (નિષેધ બતાવવા બહુધા પ્રશ્નાર્થમા કે વ્યંગમા) **–ને ફૂલે મધ**=દુર્લભ કે મુશ્કેલ વસ્તુ. **–ભગત**=ઠગભગત **–મારવો**=મોટું પરાક્રમ કરવુ (ખેતર) **–માંડવું**=[दि वग्घाअ =મદદ; સહાય?] ઘરેણે મૂકવું ] **૰ણ** સ્ત્રી૦ વાઘની માદા (૨) [સર૦ म.. इं वॅगन] ભારખાનાનો ડબો ] **૰ણદાવ** પું૦. **૰ણદોરી** સ્ત્રી૦ વાઘબકરી, એક બાજી. **૰નખ** પું૦ વાઘના નખનુ બાળકનું ઘરેણુ (૨) એક પોલાદી

હથિયાર (૩) એક ગંધદ્રવ્ય ૦પટોળી, ૦બકરી [સર૦ म ]સ્રી૦એક બાજી. ૦બારશ (-સ) સ્રી૦ આસો વદિ બારશ. ૦મારુ વિ૦ [સર૦ म. वाघमार्या] વાઘને મારનાર, બહાદુર (૨) ખોટી બડાશ હાંકનાર

**વાઘરી** પું૦ [प्रा. वागुरिय (सं वागुरिक), સર૦ म.] એ નામની જાતનો આદમી (૨) [લા.] મેલો, ગંદો કે અસભ્ય નીચ માણસ. **-રણ** સ્રી૦ વાઘરીની કે વાઘરી સ્રી (૨) [લા ] ગંદી ફૂઅડ સ્રી. **-રાં** ન૦બ૦વ૦ વાઘરીઓ (તુચ્છકારમાં)

**વાઘલો** પું૦ જુઓ વાઘ

**વાઘાંબર** ન૦ [सं. व्याघ्राम्बर] વસ્ત્ર કે આસન માટે તૈયાર કરેલું વાઘનું ચામડું

**વાઘિયો** પું૦ [જુઓ 'વાગ'=લગામ] ઘોડાની લગામના બે છેડામાંનો દરેક

**વાઘેડું** ન૦ સુતાર જે લાકડા ઉપર મૂકીને લાકડું ઘડે છે તે લાકડું [આદમી

**વાઘેર** પું૦ [સર૦ म ]કાઠી લોકની એક જાતનો

**વાઘેલો** પું૦ [दे वाघेल, સર૦ म वाघेला] રજપૂતોની એક જાતનો આદમી

**વાઘેશ્વરી** સ્રી૦ [सं व्याघ्रेश्वरी, સર૦ म ](સં.) વાઘ ઉપર સવારી કરનાર દેવી; કાલિકા

**વાઘો** પું૦ [સર૦ हिं. वागा (सं. वास-युग्मं)] ડગલો પોષાક (૨) ગાસડી. [**વાઘા કરવા** (ઠાકોરજીને)=ઠાકોરજી માટે પોશાક તૈયાર કરાવવો કે ભેટ ધરવો. (હનુમાનને) **વાઘો ચડાવવો**=(હનુમાનને)તેલ સિંદૂર લગાડવું ]

**વાઙ્મય** ન૦ [सं ] સાહિત્ય

**વાચ(-ચા)** સ્રી૦ [सं ] વાણી; ભાષા; બોલી (૨) બોલવાની શક્તિ. [**-ફૂટવી** =બોલવાની શક્તિ કે હિંમત આવવા ]

**વાચક** વિ૦ [सं ] બોલતું (૨) [સમાસને છેડે] દર્શક, બોધક (૩) પું૦ વાંચનાર (૪) (અર્થ દર્શાવનાર) શબ્દ ૦તા સ્રી૦ અર્થવાહિતા; શબ્દની વાચક શક્તિ ૦વર્ગ પું૦ વાચનારાઓનો વર્ગ, વાચક જનતા

**વાચન** ન૦ [सं ] વાચવું તે (૨) વાચવાની ઢબ (૩) ધારાસભામાં ચર્ચા માટે બિલ આવવું તે; 'રીડિંગ' ૦માળા સ્રી૦વર્ગોમાં ચલાવવા તૈયાર કરેલી ચોપડીઓની શ્રેણી **-ના** સ્રી૦ પુસ્તકનું મૂળ લખાણ, પાઠ; 'ટેક્સ્ટ' (૨) તેનું પઠન કરવું કે કરાવવું તે **-નાલય** [+आलय] ન૦ છાપાં વગેરે વાચવા માટે રખાતા હોય તે સ્થાન

**વાચસ્કિ** વિ૦ [सं ] જુઓ વાચિક

**વાચસ્પતિ** પું૦ [सं.] બૃહસ્પતિ; દેવોના ગુરુ

**વાચા** સ્રી૦ [सं.] વાણી, બોલી ૦બંધન ન૦ [सं ] પ્રતિજ્ઞાબદ્ધ થવું તે ૦ળ(-ળ) વિ૦ બહુબોલું **-ચિક** વિ૦ વાચા સંબંધી, વાચાનું

**વાચો** પું૦ બે હોઠથી થયેલો ખૂણો

**વાચ્ય** વિ૦ [सं ] બોલવા જેવું (૨) કહેવા ધારેલું **-ચ્યાર્થ** પું૦ [+अर्थ] શબ્દની અભિધાશક્તિથી નીકળતો મૂળ અર્થ

**વાછ(-છં)ટ** સ્રી૦ [વાયુ+છાટ] પવનથી ઊડેલા વરસાદના છાંટા **-ટિયું** ન૦ વાછટ અટકાવવા બારી-બારણાં પર કરેલું છજું

**વાછ(૦ર)ડી** સ્રી૦[प्रा वच्छदरी (सं वत्सतरी); સર૦ हि वाछडा] ગાયનું માદા બચ્ચું **-ડું** ન૦ વાછરું. **-ડો** પું૦ ગાયનું નર બચ્ચું

**વાછરું** ન૦ [જુઓ વાછડી] ગાયનું બચ્ચું

**વાછલ** વિ૦[प्रा वच्छल (सं वत्सल)] વત્સલ, વહાલું, લાડકું (૨) ન૦ વહાલ; વાત્સલ્ય

**વાછંટ** સ્રી૦, **-ટિયું** ન૦ જુઓ 'વાછટ'માં

**વાછૂટ** સ્રી૦ [વા+છૂટવું] ગુદા વાટે પવન નીકળવો-પાદવું તે

**વાજ** વિ૦ [प्रा वज्ज (सं त्रस्) ત્રાસવું પરથી સર૦ म (अ वजअ=કાળ)] કંટાળેલું (૨) હારેલું (૩) સ્રી૦ તોબા, પીડા, કંટાળો (૪) [જુઓ વાએજ] ઉપદેશ [**-આવવું**=કાયર થવું; થાકવું (૨) દુઃખમાં-પીડામાં આવવું.]

**વાજ** પું૦ [सं ] યજ્ઞ (૨) સંગ્રામ (૩) બાણનું પીછું (૪) વેગ, તાન (૫) ન૦ બળ (૬) ઘી (૭) અન્ન [ઘોડી

**વાજણ** સ્રી૦ ['વાજી' ઉપરથી] ઉમદા જાતની

**વાજન** ન૦ ['વાજવું' ઉપરથી] વાજિંત્રો અને એની ધામધૂમ ઉદા૦ વિવાહવાજન

**વાજબી** વિ૦ [अ वाजिब, સર૦ म, हिं.] ઘટિત, યોગ્ય. ૦પણું ન૦

**વાજવું** અ૦ક્રિ૦ [प्रा. वज्ज=વાદ્યનું વાગવું

(સં વદ્), સર૦ મ वाजणें हिं. बाजना] (પ.) વાગવું (વાદ્યનું). [વાજતું ગાજતું, વાજતે-ગાજતે=ધામધૂમથી (ર) જાહેર રીતે ]

**વાજાપેટી** સ્ત્રી૦ [વાજું+પેટી] હાર્મોનિયમ, પેટી

**વાજિ(-જિં)ત્ર** ન૦ [સ वादित्र, સર૦ મ. वाजंतरं] વાજું, વાદ્ય. **૦શાળા** સ્ત્રી૦ વાજું વગાડતાં શીખવનારી શાળા

**વાજિબુલવજૂદ** વિ૦ [અ.] સ્વયંભૂ; પોતાની મેળે હયાતીમાં આવેલું (ર) પું૦ ખુદા

**વાજિયા** વિ૦ (ર) પું૦બ૦વ૦ [વાજ=વેગ; ઝડપ પરથી?] પાણી પાઈને પકવેલા (ઘઉં)

**વાજિંત્ર, ૦શાળા** જુઓ 'વાજિત્ર'માં

**વાજી** પું૦ [સં.] ઘોડો (ર) બાણ (૩) અરડૂસાનું ઝાડ. **૦કરણ** ન૦ વીર્યવર્ધક ઔષધપ્રયોગ **૦વિદ્યા** સ્ત્રી૦ જાદુ, કામણ

**વાજું** ન૦ [જુઓ વાદ્ય; સર૦ હિં., મ. वाजा] વા, ઘા ને ઘસરકો કે એ ત્રણ પૈકી કોઈથી ધ્વનિ નીકળે તેવું સાધન (ર) (એક-સરખા લક્ષણવાળા લોકનું) મંડળ

**વાજેવાજ** અ૦[સં वाज=वेग](કા.)ઝપાટાબંધ

**વા(૦વા)ઝોડું** ન૦ [વા+ઝોડું (સર૦ પ્રા. झोडण)] પવનનું તોફાન

**વાટ (ટ,)** સ્ત્રી [સં, પ્રા वट्ट (સં. वर्त्मन्)] રસ્તો (ર) પ્રતીક્ષા; રાહ (૩) [પ્રા. वट्टि (સં वर्ति)] દિવેટ (૪) [પ્રા वट्ट (સં. वृत्त)] પેંડા ઉપર ચડાવવામાં આવતો લોઢાનો પાટો [**–ઊકલી** =વણસવું વ્યર્થ જવું (ર) કંટાળીને પડતું મૂકવું. **–ઓસરવી**=વાટ ખૂટવી, રસ્તો ઓછો થવો **–ચડવી**=દિવેટ એની મેળે ઊંચી આવવી **–ચડાવવી**=(પેંડાને) લોઢાનો પાટો બેસાડવો (ર) દિવેટ મોટી કરવી **–જોવી**=રાહ જોવી **–નો વાટસરુ** =માત્ર રસ્તે જનાર; કેવળ અજાણ્યુ–સબંધ વિનાનું માણસ **–પડવી**=રસ્તો થઈ જવો, છિદ્ર પડવું (ર) (દીવે) દીવાવખત થવી; સાંજ પડવી **–પાડવી**=લૂટવું (ર) રસ્તો પાડવો; છીડું પાડવું **–મારવી**= પોતાને રસ્તે જવું, પોતાની મુસાફરીએ ચાલ્યા કરવું **–માં વહેવું**=બરબાદ જવું (ર) ભાગી જવું **–મુકાવવી**=હરાવવું કે પાછું હઠાડવું (ર) અમુક રસ્તે અવરજવર બંધ કરવો **વાટે જવું**=રસ્તે જવું **વાટે ને ઘાટે**=જયાં ત્યાં, સર્વસ્થળે **વાટેથી વઢવાડ લેવી**=રસ્તે ચાલતા વગર કારણે લડવાડ વહોરવી.] **૦કૂટિયો** પું૦ (કા) મુસાફરોને લૂંટનાર. **૦ખર્ચ(–રચ)** પું૦.ન૦, **૦ખર્ચી(–રચી)** સ્ત્રી૦ મુસાફરીનો ખર્ચ (ર) મુસાફરી દરમિયાન ખરચવાની રકમ. **૦પાડુ** પું૦ [+પાડવું, સર૦ મ वाटपाडू] વાટકૂટિયો (ર) નવો રસ્તો કાઢનાર, પહેલ કરનાર. **૦માર(–રુ)** વિ૦(ર) પું૦ વટકૂટિયો

**વાટ(–ડ)કી** સ્ત્રી૦ [दे वट्ट, સર૦ મ वाट, वाटी हिं बाटी] છાલી **–કું** ન૦ નાનું છાલું **–કો** પું૦ મોટું છાલું

**વાટણિયો** પું૦ ['વાટવું ઉપરથી) વાટવાનો ગોળ પથરો [ वाटना] વહેંચણી

**વાટણી** સ્ત્રી૦ [સં वंट्. સર૦ મ वाटणा, हिं.

**વાટણો** પું૦ જુઓ વાટણિયો

**વાટપાડુ,વાટમાર(–રુ)** જુઓ 'વાટ'માં

**વાટલા** પું૦બ૦વ૦['વાટવું'પરથી]ભાંગેલ ચોખા

**વાટવું** સ૦ક્રિ૦ [दे वट्ट; સર૦ મ वाटणें, हिं. बांटना] ભૂકો કરવો, કચરવું, લસોટવું (ર) વહેંચવું

**વાટવો** પું૦ [સર૦ हिं. बटुवा (પ્રા. वट्ट; સં. वृत्त = ગોળાકાર); મ. वाटवा] પાનસોપારી કે પૈસા વગેરે રાખવાની ઘણા પડવાળી એક પ્રકારની કોથળી

**વાટસરુ** વિ૦ (ર) પું૦ [વાટ + સરવું, સર૦ મ वाटसरू] વટેમાર્ગુ, મુસાફર

**વાટાઘાટ** સ્ત્રી૦ [સં वट् (તોડવું)+સં. घट् (જોડવું), સર૦ મ ] ભાંજગડ; પંચાત

**વાટિકા** સ્ત્રી૦ [સં] બગીચો, વાડી

**વાટી** સ્ત્રી૦ [દે. वट्ट; સર૦ મ; हिं बाटी] કાચલી (ર) વાડકી (૩) વિ૦ સ્ત્રી૦ ['વાટવું' ઉપરથી] વાટેલી, વાટીને તૈયાર કરેલી ઉદા૦ 'વાટી દાળના વડાં'

**વાટું** ન૦ [दे वट्टु] બોઘરણાના ઘાટનું વાસણ

**વાટેરુ** પું૦ [જુઓ વાટસરુ] મુસાફર

**વાટો** પુ૦ [प्रा वट्ट(सं वृत्त)] ગોળ લાંબો વીંટો (૨) (પેટ પર વળતી મોટી) કરચલી (૩ ચૂનાની ગોળ કિનાર [**વાટા પડવા** - પેટ પર મોટી કરચલી થવી. **-મૂકવા**=ઉડાઉપણે ખરચી નાખવું.]

**વાડ(ડ,)** સ્ત્રી૦ [दे. वाडी] જમીનની આજુબાજુ કાંટા વગેરેથી કરેલી આડ (૨) [પ્રા. वाड (सं. वाट)] મહોલ્લો, લત્તો [**-કરવી, -બાંધવી**=આસપાસ રક્ષણની જમાવટ કે યોજના કરવી (૨) સારાનરસા કામ માટે સાથ જમાવવો. **-બંધાવી**=ઘેરાઈ જવું (૨) આસપાસ જમાવ થવો **-સાંભળે વાડનો કાંટો સાંભળે**=અણધાર્યે કાને વાત જાય અને જાહેર થઈ જાય. **વાડે ચીભડાં ગળવાં**=રક્ષક જ ભક્ષક બનવું **વાડે જઈને ઝાંખરું લઈ આવવું**=વધારે લેવા જતાં સમૂળગું ખોવું ] **૦કારેલું** ન૦ એક વનસ્પતિ. **૦વળગણી** સ્ત્રી૦ [दे. वलग्गगणी=वाड] વાડ

**વાડકી, -કું, -કો** પુ૦ જુઓ 'વાટકી'માં. [**-કરવી**=પ્રસંગે રાંધેલું મિષ્ટાન્ન વાડકી ભરી સગાંવહાલાં કે કુટુંબમાં વહેંચવું **વાડકીનો વહેવાર**=રાંધેલું ખાવા લેવાનો વહેવાર]

**વાડચકલી** સ્ત્રી૦ એક પખી

**વાડવ** પુ૦ [सं.] બ્રાહ્મણ

**વાડાબંધી** સ્ત્રી૦ [વાડો+બાંધવું] અલગ અલગ વાડામાં બંધાવું તે—જુદાઈ, પક્ષાપક્ષી (૨) વિ૦ વાડામાં બંધાયેલું એવું

**વાડિ(-ઢિ)યું (વા')** ન૦ [સર૦ म वाडें वाढें] ખજૂર ભરવાનો કે તે ભરેલો સાદડીનો થેલો

**વાડિયો** પુ૦ [જુઓ વાઢો, સર૦ म वाढी] વહાણ વગેરેનું સુતારી કામ કરનાર પારસી ગૃહસ્થ. **-યા** પુ૦ એક અટક (પારસીમાં)

**વાડી** સ્ત્રી૦ [प्रा (सं वाटी), સર૦ म] બાગ, બગીચો (૨) ફૂલ ગૂંથીને કરેલો શણગાર (૩) નાતવરા ઇ૦ માટે બાંધેલી વચ્ચે ચોકવાળી જગા (૪) નાનો વાડો કે મહોલ્લો પોળ જેવી જગા [**-ઓ ફૂટવી, ફૂટવી**=સારી આવક થવી **-ના વરઘોડા**=તકલાદી પણ મોહક ચીજો **-ભરવી**=ફૂલનો શણગાર કરવો **-લૂંટાઈ જવી**- ધૂળમાં મળી જવું—વણસવું.] **૦પડું** ન૦ કૂવાની આજુબાજુની જમીન **૦વજીફો** પુ૦ જાગીર, ખેતર વગેરે (૨) [લા.]સમૃદ્ધ **૦વસ્તાર** પુ૦ કુટુંબકબીલો

**વાડો** પુ૦ [प्रा वाड(सं वाट), સર૦ म वाडा] ઘર પછવાડે આંતરેલી ખુલ્લી જગા (૨) બકરાંઘેટાં પૂરવાની જગા (૩) મહોલ્લો (૪) સંડાસ (૫) [લા.] તડ, પક્ષ. [**વાડામાં જવું, વાડે જવું**=ઝાડે ફરવા જવું. **વાડો બાંધવો, વાળવો**=વાડો કરવો (૨) જૂથ, પક્ષ, તડ કે સંપ્રદાય રચવો] **૦લિયું** ન૦ ઝાડની આસપાસ કરેલી નાની વાડ

**વાઢ** પુ૦ ['વાઢવું' પરથી; સર૦ हिं वाढ, म. वाड=છરી વગેરેની ધાર] કાપ જખમ (૨) ધાર (૩) ચૂક (૪) કાપણી (૫) શેરડીનું ખેતર કે વાવેતર (૬) શેરડી પીલવાનો સંચો **૦કાપ** સ્ત્રી૦ ચીરવું કે કાપવું તે (ડાક્તરે શરીરને). **૦કૂટિયો** પુ૦ વાઢકાપ કરનારો (ડાક્તર) (૨) ભાંજગડિયો **૦ણી** સ્ત્રી૦ કાપણી (સુ)

**વાઢવું** સ૦ક્રિ૦ [प्रा वड्ढ (सं वर्ध्)] કાપવું

**વાઢાળો** પુ૦ ['વાઢ' પરથી, સર૦ हिं वाढीवान] (કા) સરાણિયો

**વાઢિયું** ન૦ જુઓ વાડિયું

**વાઢિયા** પુ૦ [प्रा वड्ढ (सं वृध्) ઉપરથી] ઉત્કટ ઇચ્છા, ગળમાં (૨) ચટસ

**વાઢી** સ્ત્રી૦ [સર૦ म वाढणें=પીરસવું] ઘી પીરસવાનું પ્રાયઃ નાળચાવાળું માટીનું વાસણ

**વાઢો** પુ૦ [प्रा वड्ढइ (सं वर्धकि), સર૦ म. वाढी, हिं वढई] સુતાર

**વાણ** સ્ત્રી૦ [જુઓ વાણી] બોલી (પ) (૨) [સર૦ म (सं ऊन)] તંગી કસર (૩) (વા') ન૦ [प्रा वाहण (सं वाहन) ઉપરથી ? કે दे वुणण (सं वे) વણવું ઉપરથી ?] કાથી, ભીંડી, ખજૂરીનાં પાંદડાં ઇ૦ની (ખાટલો ભરવામાં પ્રાયઃ વપરાતી) દોરી. [**-ભરવું**=(ખાટલો,)વાણથી ભરવું.]

**વાણિજ્ય** ન૦ [सं] વેપાર

**વાણિયો** પુ૦ [प्रा वाणिअ (सं वाणिज), સર૦ हिं बनिया, म वाणिया] એ નામની નાતનો આદમી (૨) [प्रा वाणिअ (पाणिअ—पानीय) પાણી સાથે સંબંધ ધરાવનાર ? કે

प्रा वाण (सं विनम्) નીચે આવવું (વરસાદ આવવાની નિશાની રૂપે ?] એક જીવડું. [વાણિયા થઈ જવું=વખત વરતી ઢીલા પડી જવું–ગરીબ થઈ જવું વાણિયાના કાળજા જેવો (અગ્નિ)=ધગધગતો (અગ્નિ).] –યણ સ્ત્રી૦ વાણિયા કોમની કે વાણિયાની સ્ત્રી –યાઈ સ્ત્રી૦ વાણિયાપણું (૨) [લા] શૂરાતનનો અભાવ, વાણિયાવિદ્યા (૩) વિ૦ વાણિયાશાઈ –યામત સ્ત્રી૦ વાણિયાવેડા. [–કરવી = જુઓ વાણિયાવિદ્યા કરવી.] –યાવિદ્યા સ્ત્રી૦ વાણિયાની રીત કે વર્તન (લુચ્ચાઈ, કરકસર, વખત વરતીને કામ લેવું, લાભહાનિ પ્રથમ વિચારવા વગેરે) [–કરવી =આડું અવળું સમજાવી કામ સાધી લેવું(૨) સમયસૂચકતા વાપરવી;સમય પ્રમાણે વર્તવું.] –યાવેડા પુ૦બ૦વ૦ વાણિયાની રીત (જુઓ વાણિયાવિદ્યા). –યાશાઈ વિ૦ [સર૦ म. वाणीशाई] વાણિયાનું –ને લગતું, વાણિયા જેવું

**વાણી** સ્ત્રી૦ [सं] સરસ્વતી (૨) વચન, બોલી (૩) વાચા (૪) વાગિંદ્રિય. જીભ (૫) સ્વર; સૂર. ૦વિવેક પુ૦ વાણીનો વિવેક, વિચારપૂર્વક બોલવું તે. ૦શૂરું વિ૦ બોલવે શૂરું

**વાણો** પું૦ ['વણવું' ઉપરથી સર૦ हिं. बाना; म. वाणा (सं वान, वे)] વણતાં નખાતા આડા દોરા [–તાણો=વણવાને માટે તાર ગોઠવવા ]૦તાણો પુ૦ વાણો અને તાણો

**વાણોતર** પું૦ [प्रा. वाणिज्ञ (सं वाणिज्) કે प्रा वणिज (सं. वाणिज्य) + उत्तर ?] ગુમાસ્તો

**વાત** પુ૦ [सं] પવન (૨) શરીરની ત્રણ ધાતુઓમાંની એક (જુઓ પિત્ત) ૦ગુલ્મ ન૦ ગડ–પાઠાનો રોગ. ૦જ્વર પુ૦ વાત-પ્રકોપથી થયેલો જ્વર. ૦પ્રકોપ પુ૦ વાયુ-વિકાર ૦હર વિ૦ વાતવિકાર દૂર કરે તેવું

**વાત** સ્ત્રી૦ [स वार्ता, સર૦ हिं. म. वात] વાર્તા; કથા (૨) હકીકત, બીના; વૃત્તાંત (૩) લોકમાં ચાલતી ખરી ખોટી વાત, ગામગપાટો (૪) કહેલું કે કહેવાનું તે ઉદા૦ 'તમારી વાત હું સમજ્યો' (૫) વાતચીત, સંભાષણ (૬) મોટી–અગત્યની કે અઘરી બાબત; વિસાત ઉદા૦ 'એમાં તે શી મોટી વાત છે?' (૭) વિષય; બાબત. ઉદા૦ 'પારકી વાતમાં માથું ન મારો';'મારા હાથની વાત નથી' (૮) રીત. વર્તન, વહેવાર ઉદા૦ પૈસાદારની વાત જુદી છે' (૯) વર્ણન, ગુણગાન. ઉદા૦ 'એની તે વાત થાય ?' (૧૦) સરસાઈ; વાદ. ઉદા૦ 'એની શી વાત કરવી?' (૧૧) કહેવાનું કે કરવાનું તે ઉદા૦ વખત આવે ત્યારે વાત' (૧૨) યોજના, ગોઠવણ. ઉદા૦ 'મારી બધી વાત મારી ગઈ' (૧૩) ગુપ્ત ભેદ, રહસ્ય. ઉદા૦ 'તેની વાત બહાર પડી ગઈ' [–આપવી=અંદરનો ભેદ ખુલ્લો કરવો–જણાવવો. –આવવી=સમાચાર–ખબર મળવા. –ઉકેલવી=જુઓ વાત કાઢવી. –ઉકેલ્યા કરવી=એકની એક વાતનું પીંજણ કર્યા કરવું. –ઉડાડવી=વાત ફેલાવવી, ગપ ચલાવવી (૨) મુદ્દો કે પ્રસ્તુત બાબત છોડી તદ્દન જુદી વાત કાઢવી. –ઉપાડવી=વાતની ચર્ચા શરૂ કરવી (૨) વાત ઊભી કરવી. –ઉપાડી લેવી=કોઈ બોલતું હોય તેમાંથી બીજાએ આગળ શરૂ કરવું (૨) કહ્યા પ્રમાણે અમલ શરૂ કરવો –ઊકલવી=મૂંઝવણમાંથી માર્ગ નીકળવો. –ઊડવી=વાત ફેલાવી. –ઊડી જવી=વાત કપાઈ જવી; મુદ્દો નકામો ગણાઈ બીજી જ વાત નીકળવી. –ઊભી કરવી=વાતની ખોટી બનાવટ કરવી (૨) વાત શરૂ કરવી–ઉપાડવી. –કરવાનું ઠેકાણું =જેની આગળ દિલ ખોલીને સુખદુઃખની વાત થાય એવું પોતાનું પ્રિય કે ખાસ માણસ. –કરવી=ચર્ચા કરવી (૨) બીના કહેવી (૩) નિંદા કરવી, ભૂંડું બોલવું –કરાવવી=વાતે વળગાડવું (૨) નિંદાનું કારણ આપવું. –કહું=કાંઈ કહેવાને બહાને ખાનગીમાં બોલાવવું કે ઊભું રાખવું. –કહેવી=હકીકત કે બીના રજૂ કરવી (૨) વાર્તા કહેવી. –કાઢવી=કહેવાનો મુદ્દો રજૂ કરવો–ઉપાડવો (૨) વાતચીત કે ચર્ચાનો વિષય બનાવવું. –કાપવી=કહેવામાં

આવતી વાતને નકારીને ઉડાડી દેવી **-ખાઈ જવી, ગળી જવી** = વાતનો જવાબ ન આપવો, મુદ્દો દબાવી દેવો **-ચાલવી** = ગપ ચાલવી (૨) ચર્ચા ચાલવી (૩) નિંદા થવી **-ચૂંથાવી** = વાત ચોળાવી **-ચોળવી** = વાત દબાવવી, વાત છણવી; એક જ વાતનું પીંજણ કરવું **-છણવી** = વાતની ઝીણવટપૂર્વક ચર્ચા કરવી **-જોડવી** = વાર્તા રચી કાઢવી (૨) વાત ઊભી કરવી. **-થવી** = હકીકત કે બીના રજૂ થવી – કહેવાવી (૨) ચર્ચા ચાલવી (૩) નિંદા થવી. **-નહીં, વાતનો પાયો નહીં** = આધાર વિનાની વાત **-ના તડાકા, ફડાકા** = ગપ્પાં, ટાઢા પહોરની વાતો (૨) લડાઈની વાતો. **-નું વતેસર કે વતીગણું કરવું** = કાગનો વાઘ કરવો, જૂઠ વાતને વધારીને મોટી કરવી. **-પામવી** = ગુપ્ત વાત પામવી, ભેદ જાણવો. **-ફાટવી** = ફેલાવી (૨) રહસ્ય ખુલ્લું થઈ જવું (૩) હાડ જવું, બહેકવું **-ફૂટવી** = ગુપ્ત વાત જાહેર થઈ જવી. **-ફોડવી** = ખાનગી બાબત જાહેર કરવી, રહસ્ય ખુલ્લું કરી દેવું **-બગડવી** = યોજના કે ગોઠવણ ડફળવી (૨) વાત ગૂંચાવી કે કાબૂ બહાર જવી **-બનવી** = બીના બનવી **-બનાવવી** = જૂઠી વાત ઊભી કરવી **-ભારે કરવી** = વાતને મોટી – મોંઘી કરી દેવી **-ભારે થવી** = ટેક – મમત વધવા, ગર્વ થવો (૨) અગાઉના કરતા ગુણ કિંમત ઇત્યાદિમા વધારો થવો (૩) ધાર્યા કરતા ઊલટું – કપરું પરિણામ વેઠવું પડે તેમ થવું. **-ભારે પડી જવી** = કરેલા કામનું પરિણામ સહન ન કરી શકાય તેવું થવું. **-મળવી** = હકીકત મળતી આવવી (૨) હકીકતની જાણ થવી (કોઈ દ્વારા) **-માનવી** = કથન કે કથાની સત્યતા સ્વીકારવી (૨) સલાહ માનવી. **-મારી જવી** = મુદ્દો કે મુદ્દાની બાબત ઊડી જવી (૨) ખેલ કથળી જવો, ધાર્યું ન થવું **-માં નાખવું** = વાતે વળગાડવું (૨) બાબતમાં સંડોવવું. **-માં પડવું** = વાતે વળગવું (૨) -ની બાબતમા માથું મારવું **-સંડોવાવું -વધવી, વકરવી** = કાબૂ બહાર જવું અમર્યાદ થવું **-વાતમાં** = નજીવી વાતમા, સહેજમા **એક જ વાત** = ચોક્કસ નિર્ણય **કાંઈ વાત છે ?** = શી મજાલ છે ? શું સમજે છે ? (૨) આવું તે થાય ? **(-ની) શી વાત!** = એના શા ગુણ વર્ણવવા! **(-ની) શી વાત કરવી** = -ના શા વાદ કરવા ! -ની શી સરસાઈ કરવી ? **ઠીક છે, વાત છે તારી** = પછી તારી શી વલે કરું છું તે જોજે. **વખત આવે ત્યારે વાત** = વખત આવશે ત્યારે કહેવા યોગ્ય થશે **વાએ વાત ચાલવી** = ચારે બાજુ હકીકત જાણીતી થવી **વાતે લાગવું, વાતે વળગવું** = વાતો કરવામા ગુલતાન થઈ જવું **વાતે વળગાડવું** = વાતો કરવામા ગુલતાન કરી દેવું જેથી ચાલુ પ્રસંગ ભુલાઈ જાય **વાતો કરાવવી** = વાતે વળગાડવું (૨) નિંદા કરાવવી **વાતોનાં વડાં કરવાં** = નકામી લાંબી વાત કર્યા કરવી, ખાલી વાતો જ હાંકવી ] ૦રું વિ૦ વાતોનું રસિયું, વાતોડું. ૦ચીત સ્ત્રી૦ સંભાષણ (૨) ગપ્પાં ૦ડી સ્ત્રી૦ વાત

**વાતડ** સ્ત્રી૦ ['વાત' ઉપરથી] લાંબી લાંબી વાત, ટાયલું (૨) [વા+તડ] વા પેસી શકે એવી તરડ

**વાતડી** સ્ત્રી૦ જુઓ 'વાત'મા

**વાતાયન** ન૦ [સં] બારી

**વાતાવરણ** ન૦ [સં] પૃથ્વીને વીંટળાઈને રહેલું વાયુનું આવરણ (૨) [લા] પરિસ્થિતિ; આજુબાજુના નૈતિક કે માનસિક સંજોગો

**વાતાવર્ત** પું૦ [સં.] વંટોળિયો

**વાતી** સ્ત્રી૦ [प्रा. वत्तिआ (सं. वर्ति), સર૦ हिं. बाती] વાટ; દિવેટ (૨) અગરબત્તી

**વાતુ(-તૂ)લ** વિ૦ [સં.] વાયુવાળું; વાયડું (શરીર) (૨) વાના રોગવાળું (૩) પું૦ વાયુનો ગોટો, વંટોળિયો

**વાતૂ(-તો)ડું(-ડિયું)** વિ૦ ('વાત' ઉપરથી) બહુ વાતો કરવાની ટેવવાળું [પ્રત્યે)

**વાત્સલ્ય** ન૦ [સં] મમતા, પ્રેમ (મોટાનો નાના

**વાત્સ્યાયન** પું૦ [સં.] (સ) ન્યાયભાષ્ય તથા કામસૂત્રના લેખકોનું નામ

**વાદ** પું૦ [સં.] ચર્ચા, શાસ્ત્રાર્થ (૨) ભાંજગડ; તકરાર (૩) ચડસાચડસી (૪) જ્ઞાન વિજ્ઞાનના કોઈ વિષયમાં કાઢેલું અનુમાન કે તારણ; 'થિયરી' ઉદા૦ ત૦ વિકાસવાદ [**–કરવો** =શાસ્ત્રાર્થ કરવો (૨) ચડસાચડસી કરવી. **–પડવો**=તકરાર થવી **–માં પડવું. વાદે ચડવું** =ચડસાચડસી કરવી] **૦ગ્રસ્ત** વિ૦ સંશયયુક્ત, ચર્ચાસ્પદ

**વાદણ** સ્ત્રી૦ 'વાદી'નું સ્ત્રીલિંગ

**વાદન** ન૦ [સં.] વગાડવું તે **૦કલા(–ળા)** સ્ત્રી૦ વાજિંત્ર વગાડવાની કળા

**વાદવિવાદ** પું૦ [સં.] ચર્ચા, સામસામા સવાલ-જવાબ

**વાદળ** ન૦ [દે વદ્દલ (સં વાર્દલ) સર૦ હિં, વાદલ] આકાશમાં એકઠો થયેલો વરાળનો ગોટા જેવો સમૂહ, જે વરસાદરૂપે નીચે પડે છે. [**વાદળાં આવવાં, થવાં, વાદળ આવવું, ચડવું, ચડી આવવું**= આકાશમાં વાદળ ભેગાં થવાં **–ઘેરાવું** =આકાશ વાદળોથી છવાઈ જવું (૨) ભય કે સંકટ ઝઝૂમવું **–તૂટી પડવું**=ભારે વરસાદ થવો (૨) [લા.] એક સામટું તૂટી પડવું (દુઃખનું વાદળ). **–વીખરાવું, વેરાવું** =ઉઘાડ નીકળવો વાદળ ખસી જવું] **–ઝિયું** વિ૦ ચસકેલું ગાંડું (૨) વાદળી ૨ જુઓ **–ળી** વિ૦ વાદળી રંગનું (૨) વાદળામાં થઈને આવતો (સખત તાપ (૩) સ્ત્રી૦ નાનું વાદળ (૪) પાણી ચૂસી રાખે તેવી એક દરિયાઈ જાનવરની કે તેવી કૃત્રિમ પેદાશ. **–ળું** ન૦ વાદળ

**વાદાવાદી** સ્ત્રી૦ ['વાદ' ઉપરથી] વાદવિવાદની ખેંચાખેંચી

**વાદિત** વિ૦ [સં.] વગાડાયેલું

**વાદિત્ર** ન૦ [સં.] વાજિંત્ર, વાજું

**વાદી** વિ૦ [સં.] વદનાર, બોલનાર (સમાસને અંતે). ઉદા૦ સત્યવાદી (૨) [સમાસને છેડે] વાદમાં માનનારું ઉદા૦ વેદાંતવાદી (૩) ગાવા વગાડવામાં જે સ્વરથી સપ્તક બાંધવામાં આવે છે તે (સ્વર) [સંગીત] (૪) પું૦ રાગનો પ્રધાન સ્વર (૫) વાદ કરનાર (૬) ફરિયાદી (૭) મુરલી વગેરે વગાડીને (સાપ વગેરેના) ખેલ કરનાર, મદારી

**વાદીગર** પું૦ [જુઓ વાદી] મદારી, ખેલાડી

**વાદીલું** વિ૦ ['વાદ' ઉપરથી] મમતી; વાદે ચઢી જાય તેવું

**વાદોવાદ** અ૦ ['વાદ' ઉપરથી] સ્પર્ધામાં; વાદે વાદે

**વાદ્ય** ન૦ [સં.] વાજું. **૦કલા(–ળા)** સ્ત્રી૦ વાજું વગાડવાની કળા

**વાધણ(–ણી)** સ્ત્રી૦ ['વાધવું' ઉપરથી] હેડકી; અટકડી

**વાધર(–રી)** સ્ત્રી૦ [સં વર્ધ્રી] ચામડાની સાંકડી પટ્ટી કે દોરી

**વાધવું** અ૦ક્રિ૦ [સં. વૃધ્] વધવું (૫)

**વાધૂકું** વિ૦ [સર૦ વધૂકું] (કા.) કારણ વિના વચ્ચે આવતું, નકામું. ફાલતુ

**વાન** પું૦ [સં. વર્ણ સર૦ મ, હિં. વાન] વર્ણ, રંગ (૨) સ્ત્રી૦ ટાઢથી ફાટેલી ચામડી (૩) ન૦ શરીરનો બાંધો

**-વાન** વિ૦ [સં વત્નું પું૦] શબ્દને છેડે 'વાળું'ના અર્થમાં લાગે છે ઉદા૦ વેગવાન

**વાનગી** સ્ત્રી૦ [સં વર્ણિકા; પ્રા વન્નિઆ, મ. વાનગી, હિં વાનગી] નમૂનો (૨) નવાઈની ચીજ

**વાનપ્રસ્થ** વિ૦ [સં] વાનપ્રસ્થાશ્રમમાં ગયેલું (૨) વૃદ્ધાવસ્થાને કારણે પેન્શન લઈ નોકરીમાંથી છૂટું થયેલું (૩) પું૦ વાનપ્રસ્થાશ્રમ **–સ્થાશ્રમ** પું૦, **–સ્થ્ય** ન૦ ગૃહસ્થાશ્રમ પછીનો ત્રીજો આશ્રમ, જેમાં માણસ વનમાં રહી સંન્યાસની તૈયારી કરે છે

**વાનર** પું૦ [સં] વાંદરો, કપિ **૦ચેષ્ટા** સ્ત્રી૦ [લા.] અડપલાં **૦સેના** સ્ત્રી૦ **૦સૈન્ય** ન૦ (રામની) વાંદરાની સેના (૨) [લા.] છોકરાઓની સેના કે સંઘ

**વાનવું** વિ૦ [સં વન્ય] જંગલી; રાનવું

**વાની** સ્ત્રી૦ એક જાતની મીઠી જુવાર

**વાની** સ્ત્રી૦ [પ્રા વન્નિઆ (સં વર્ણિકા), સર૦ મ. વાન, વાના] જણસ, ચીજ, પ્રકાર (જમણની) (૩) ['વાન'= શરીર ઉપરથી ?] મડદાની રાખ. [**–વાળવી** = ટાઢી વાળવી]

**વાનીર** ન૦ [સં.] પાણીમાં થતું બરુ જેવું ઘાસ

**વાનું** ન૦ [જુઓ વાની] વસ્તુ; ચીજ, જણસ. [**ઘણાં વાનાં કરવાં**=બહુ રીતે સમજાવવું (૨) ઠપકો આપવો. **સૌ સારાં વાનાં થવાં**= બધું હેમખેમ પાર ઊતરવું]

**વાનો** પું૦ [प्रा. वण्णय (सं वर्णक)] એક સુગંધીદાર પદાર્થ (૨) લેપ, પીઠી [**વાનાનાં વડાં** =પીઠીને દિવસે વરપક્ષ તરફથી અપાતી વટેશરી **વાને ઘાલવું, વાનો ઘાલવો, દેવો**=પીઠી ચોળવી (વિવાહના વિધિમાં). **વાનો વાળવો**=વાનો લગાવવો–ચોપડવો.]

**વાન્તિ** સ્ત્રી૦ [सं] વાંતિ, ઊલટી

**વાપર** પું૦ [વાપરવું પરથી] વપરાશ

**વાપરવું** સ૦ક્રિ૦ [सं. व्याप्, સર૦ મ वापरणें] ઉપયોગમાં લેવું (૨) ખર્ચવું

**વાપસ** અ૦ [फा] પાછું

**વાપિ(–પી)** સ્ત્રી૦ [सं.] વાવ

**વાફો** પું૦[દે वप्पिअ =ક્યારો. સર૦મ वाफा] વાડીમાં ધરુ કરવા તૈયાર કરેલો ક્યારો;

**વાબસ્તું** વિ૦ [फा.] સગું; સંબંધી, ઓળખીતું

**વાબારું** ન૦ [વા+બારું] જાળિયું; બાકું

**વામ** સ્ત્રી૦ (૫) જુઓ વામા

**વામ** પું૦; સ્ત્રી૦ [प्रा (सं. व्याम), સર૦ મ वांव, हिं वाम] બે હાથ પહોળા કરતાં છાતી સાથે થતી લંબાઈનું માપ. [**–ભરવી** = વામથી માપવું.] **–મિયાં** ન૦ બ૦ વ૦ (સુ) તરવામાં વામ ભરવી તે. **–મિયો તારો** પું૦ વામ ભરીને તરવાની રીત

**વામ** વિ૦ [सं] સુંદર (૨) ડાબું (૩) ઊલટું; પ્રતિકૂળ (૪) અધમ, નીચ. ૦**કુક્ષિ** સ્ત્રી૦[सं] જમ્યા બાદ ડાબે પડખે સૂવું તે (**–કરવી**). ૦**તા** સ્ત્રી૦ અધમતા (૨) હઠ, આડાઈ ૦**દેવ** પું૦ (સં) એક ઋષિ ૦**માર્ગ** પું૦ તંત્રમાર્ગ; શાક્ત સંપ્રદાય ૦**માર્ગી** વિ૦ વામમાર્ગનું કે તેને લગતું, દેવીભક્ત

**વામણું** વિ૦ [જુઓ વામન] ઠીંગણું; નીચું

**વામન** વિ૦[सं] ઠીંગણું (૨) પું૦ (સં) બલિને છળવા થયેલો વિષ્ણુનો પાંચમો અવતાર (૩) પું૦ ઠીંગણો (૪) [લા] લુચ્ચો ૦**દ્વાદશી** સ્ત્રી૦ ભાદરવા સુદિ બારશ **–નાવતાર** પું૦ વામનરૂપે વિષ્ણુનો પાંચમો અવતાર

**વામવું** સ૦ક્રિ૦ [सं. वम्] (ભાર ઓછો કરવા) ફેંકી દેવું, કમી કરવું (૨) ઓછું કરવું, મટાડવું (૩) મનની વાત કહી દેવી (૪) ઊલટી કરવી (૫) તજવું (૬) અ૦ક્રિ૦ ઓછું થવું, ઘટવું

**વામા** સ્ત્રી૦[सं] નારી (૨) સુંદર સ્ત્રી (૩) [सं] લક્ષ્મી (૪) સરસ્વતી

**વામાચાર** પું૦ [सं] વામમાર્ગ **–રી** વિ૦ [વામમાર્ગી

**વામાટામા** પું૦ બ૦ વ૦ અનિશ્ચયમાં વખત ગાળવો તે; આનાકાની; ગલ્લાતલ્લા. [**–મારવા** =ગલ્લાતલ્લા કરવા]

**વામાંટામાં** ન૦બ૦વ૦ જુઓ વામાટામા

**વામાંગ** ન૦ [सं] ડાબું અંગ–પડખું

**વામિયાં, વામિયો તારો** જુઓ 'વામ પું૦, સ્ત્રી૦'માં

**વામોરુ(–રૂ)** સ્ત્રી૦ [सं] સુંદર સાથળવાળી– [રૂપાળી સ્ત્રી

**વાય** પું૦ [प्रा (सं वात)] (પ.) વાયુ

**વાય** ('વા' ?) સ્ત્રી૦ જીત, ફતેહ

**વાયક** ન૦ [જુઓ વાક્ય] (૫) વેણ, વાક્ય **–કા** સ્ત્રી૦ [प्रा वाया (सं वाच्) ઉપરથી] વાત, ગપ, અફવા

**વાય(–યે)જ** પું૦ (૨) સ્ત્રી૦ જુઓ વાએજ

**વાયજ(–જી)** સ્ત્રી૦ [જુઓ વાએજ] ઉપદેશ, વ્યાખ્યાન

**વાયડાઈ** સ્ત્રી૦ [જુઓ વાયડું] વાયડાપણું

**વાયડું** વિ૦ [प्रा वाउल (सं वातूल)] પેટમાં વાયુ ઉત્પન્ન કરે તેવું (૨) ફડાકા કે ફૂલારા મારવાની ટેવવાળું (૩) [લા] વિચિત્ર સ્વભાવનું, હઠીલું [**–થવું** = સમજાવ્યું ન સમજતાં આડું જ કર્યા કરવું, જક્કી થવું **–પડવું** = ભારે પડવું, ધાર્યા કરતાં અવળું પરિણામ આવવું] **–ડાવેડા** પું૦બ૦વ૦ વાયડા જેવું વર્તન

**વાયડેલ** વિ૦ [જુઓ વાયડું] ગાંડા જેવું (સુ)

**વાયણું** ન૦ [सं वाज+अन्न] (સીમંતિનીને અપાતું) ખુશાલીનું જમણ [**–જમાડવું**= ઘેબર જમાડવી]

**વાયદો** પું૦ [अ वअदह, સર૦ हिं वाईदा, वादा, म वायदा, वाईदा] મુદત, અવધ (૨)

મુદત પર કરવાનું કામ [વાયદે ચઢવું = મુલતવી રહ્યા કરવું, ટલ્લે ચઢવું વાયદાનો સોદો = અમુક મુદતે અમુક ભાવે માલ લેવાનો સટ્ટાનો વેપાર વાયદામાં પડવું = વાયદાના સોદાનો ધંધો કરવો. -કરવો, બાંધવો = ભવિષ્યમાં અમુક સમય ઠરાવવો, મુદત ઠરાવવી -ગાળવો = મુદત વિતાવવી અગત્સ્ય ઋષિના વાયદા = અશક્ય મુદત, ન પાળવા માટે બતાવેલી મુદત.] -દાચિઠ્ઠી સ્ત્રી૦ અમુક મુદતે પૈસા આપવાની કબૂલાતનું લખાણ.-દાસર અ૦ વાયદા પ્રમાણે-મુદતસર

વાયન ન૦ [સં] સૂપડામાં ફળ, કંકુ અને કાસકી મૂકી બ્રાહ્મણને દાનમાં આપવું તે. ૦દાન ન૦ વાયનનું દાન ૦દિન ન૦ વાયન આપવાનો દિવસ, શ્રાવણી અમાસ

વાયરું ન૦ ['વાયરો' ઉપરથી ?] વરસાદ વિનાનું (૨) ન૦ ખરડિયું, કોરું ચોમાસું

વાયરો પુ૦ [હિં. वायार (સં. वात, પ્રા. वाय)] પવન. [વાયરા વાઈ ચૂકવા = સુખદુઃખના અનુભવ થઈ જવા વાયરે ચડવું = લહેરમાં આવવું (૨) ફુલાવું (૩) ઉશ્કેરાવું (૪) હવાઈ કિલ્લા બાંધવા (૫) ખોરસે પડવું. -કાઢવો, કાઢી નાખવો = ખૂબ ધમકાવવું (૨) થકવી નાખવું (૩) અધમૂઉં કરી નાખવું -ખાવો = પવન વાય તેનો ઉપભોગ કરવો -નીકળવો, નીકળી જવો = થાકીને લોથ થઈ જવું; હૂશ નીકળી જવી (૨) મરણતોલ થઈ જવું. -વાવો = પવન ફૂંકાવો (૨) તુક્કો ચાલવો ]

વાયલ ન૦ [ઇં. वॉइल] એક જાતનું સ્ત્રીઓનું વસ્ત્ર

વાયલ(-લી) વિ૦ [પ્રા वाउल (સં. वातूल)] તરંગી, દૃઢતા વિનાનું

વાયવડિંગ સ્ત્રી૦,ન૦ [સં विडंग, हिं वायविडंग, म वावडिंग] વાવડિંગ; મરી જેવા ઔષધિનાં બી

વાયવરણો પુ૦ [સર૦ મ वायवरणा (સં. वायु + वरण)] જુઓ વરણો

વાયવી વિ૦ સ્ત્રી૦ [સં] વાયુ સંબંધી (૨) [પ્રા वायव्य] વાયવ્ય (ખૂણો)

વાયવ્ય વિ૦ [સં.] વાયુ સંબંધી (૨) ઉત્તર-પશ્ચિમ ખૂણાને લગતું (૩) સ્ત્રી૦ ઉત્તર અને પશ્ચિમ વચ્ચેનો ખૂણો. -વ્યાસ્ત્ર ન૦ [+ अस्त्र] પવનાસ્ત્ર, વાય્વસ્ત્ર

વાયસ પુ૦ [સં] કાગડો

વાયુ પું૦ [સં.] પવન (૨) પું૦, ન૦ બાદી (૩) ન૦ વાઈ, મૂગી [-આવવું = વાઈ આવવી. -થવો = બાદી થવી (૨) [લા.] રીસ ચઢવી; કંટાળો આવવો ] ૦કોણ પુ૦ વાયવ્ય ખૂણો. ૦ગોળો પુ૦ વાયુનો એક રોગ ૦ચક્ર ન૦ પૃથ્વી આસપાસનું વાયુમંડલ, વાતાવરણ. ૦ચક્રશાસ્ત્ર ન૦ વાતાવરણમાં થનારા ફેરફારો જાણવાનું શાસ્ત્ર. ૦ચક્રશાસ્ત્રી પું૦ વાયુચક્રશાસ્ત્ર જાણનાર. ૦ચર ન૦ પક્ષી ૦પુત્ર પું૦ (સં.) હનુમાન (૨) ભીમ. ૦પુરાણ ન૦ (સ.) અઢારમાંનું એક પુરાણ ૦ભક્ષી વિ૦ વાયુનું ભક્ષણ કરી જીવનાર. ૦મંડળ ન૦ વાતાવરણ. ૦વેગ પું૦ પવનનો વેગ ૦વેગી વિ૦ પવનવેગી ૦શાસ્ત્રી પુ૦ જુઓ વાયુચક્રશાસ્ત્રી. ૦સંચાર પું૦ અપાન વાયુનો સંચાર, વાછૂટ ૦સુત પુ૦ (સં) જુઓ વાયુપુત્ર

વાયું ન૦ ['વા' પરથી] વાથી દીવો હોલવાઈ ન જાય એ માટે અંદર મૂકવા ડોચકા જેવો ફૂખે બાકાવાળો બનાવેલો માટીનો ઘાટ

વાયોલિન ન૦ [ઇં] ફીડલ, એક તતુવાદ્ય

વાય્વસ્ત્ર ન૦ [સં] વાયુનું અસ્ત્ર, પવનાસ્ત્ર

વાર (વા') પુ૦ [ઇં. यार्ड, સર૦ म] ત્રણ ફૂટ જેટલું માપ

વાર અ૦ [સં वार પરથી ? સર૦ फा] નામને અંતે પ્રમાણે, અનુસાર એવા અર્થમાં. ઉદા૦ ક્રમવાર, ગોત્રવાર (૨) [फा] 'વાળું' અર્થમાં નામને લાગતો પ્રત્યય ઉદા૦ ઉમેદવાર

વાર પું૦ [સં] અઠવાડિયાનો દરેક દિવસ (૨) સ્ત્રી૦ (પું૦ સુરત તરફ) વખત, સમય (૩) વખત, ફેરો: ઉદા૦ પાંચ વાર (૪) [લા.] ઢીલ; વિલંબ (૫) ન૦ (૫) વારિ, પાણી. [-લગાડવી, લાગવી = વિલંબ કરવો. થવો; મોડું કરવું, થવું. -થવો = અમુક વાર-દિવસ હોવો. -ના પાર થવા = ઘણો જ વિલંબ થવો.] ૦કવાર પું૦ [+ कु - वार] સારો નરસો દહાડો. ૦તહેવાર પું૦, ૦પરબ

(-બ) ન૦ અવસર; સારો-ઉત્સવનો દિવસ; સારો વાર કે પર્વ

**વારકરી** પું૦ [म.] (સં.) મહારાષ્ટ્રનો એક ભક્તિસંપ્રદાય કે તેનો અનુયાયી

**વારણ** પું૦ [सं.] હાથી (૨) ન૦ વારવું-અટકાવવું તે (૩) નિવારવું-દૂર કરવું તે -ણી સ્ત્રી૦ હાથણી

**વારણું** ન૦ [सं. वारणकं] ઓવારણું (૨) ['વારવું' પરથી વારણ; વારવું તે. [-વાળવું = ને માથે આવનો દોષ વગેરેમાંથી બચાવી લેવું-બચાવ કરવો.] [ [सं.] માં

**વારતહેવાર, વારપરવ(-બ)** જુઓ 'વાર'

**વારવધૂ** સ્ત્રી૦ [सं.] જુઓ વારાંગના

**વારવું** સ૦ક્રિ૦ [प्रा. वार (सं. वारय्)] અટકાવવું; મના કરવી (૨) + ઓવારવું (૩) [આરતી] ઉતારવી. [**વારી જવું** = ઓવારણાં લેવાં (૨) ફીદા થઈ જવું. **વારી નાખવું** = માથે ઓવારી ઉતારી ફેંકી દેવું; કદરદાનીમાં ફેંકવું. **વાર્યું કરવું** = સલાહ માનવી.]

**વારસ** પું૦ [फा. वारिस] મરનારની મિલકત, જવાબદારી, હકદાવો વગેરેનો હકદાર. ૦નામું ન૦ વસિયતનામું. **-સાઈ** સ્ત્રી૦ વારસો. **-સાગત** વિ૦ [વારસો + ગત] વારસામાં ઊતરેલું. **-સાહક(-ક્ક)** પું૦ [વારસો + હક] વારસાનો હક. **-સું** ન૦ (સુ.), **-સો** પું૦ વારસને મળેલી મરનારની મિલકત ઇ૦

**વારસ્ત્રી** સ્ત્રી૦ [सं.] જુઓ વારાંગના

**વારંટ** ન૦ [જુઓ વોરંટ] ગુનેગારને પકડવાનો સરકારી હુકમ [વારે વારે

**વારંવાર** અ૦ [सं.] વારેઘડીએ; ફરી ફરીને;

**વારાણસી** સ્ત્રી૦ [सं.] (સં.) કાશી

**વારાફરતી** અ૦ [વારો + ફરવું] વારા પ્રમાણે એક પછી એક [આવવુંજવું તે

**વારાફેરા** પું૦ બ૦વ૦ [વારો + ફેરો] વારંવાર

**વારાંગના** સ્ત્રી૦ [सं.] ગણિકા; વેશ્યા

**વારિ** ન૦ [सं.] પાણી; નીર. ૦જ વિ૦ પાણીમાં ઉત્પન્ન થયેલું (૨) ન૦ કમળ. ૦જા સ્ત્રી૦ (સં.) લક્ષ્મી. ૦દ પું૦ સંગીતમાં એક અલંકાર (૨) ન૦ વાદળું; મેઘ. ૦ધિ પું૦ સમુદ્ર

**વારી** પું૦ [सं. वारकिन्; સર૦ म. वारू] ઘોડો (૨) સ્ત્રી૦ [सं. वार; સર૦ म.; हिं.] વારો; ક્રમ; પાળી (૩) બદલો લેવાનો અવસર

**વારુ** અ૦ [सं. वरम्] ઠીક (૨) વિ૦ સારું; સુંદર

**વારુણ** વિ૦ [सं.] વરુણને લગતું (૨) ન૦ પાણી. **-ણી** સ્ત્રી૦ મદિરા (૨) પશ્ચિમ દિશા

**વારેઘડીએ** અ૦ [વારો + ઘડી] વારંવાર

**વારેદાર** વિ૦ [વારો + फा. दार] વારાવાળું (૨) કર ઉઘરાવનારું

**વારો** પું૦ [सं. वार; સર૦ हिं. वारा; म. वारी] વારી; ક્રમ; પાળી (૨) અછોડો; પાશ (૩) [सं. वार] ઘડો; કુંભ. [**વારો મૂકવો** = ગરમ પાણી ભરીને ઘડો પેટ પર મૂકી શેકવું.]

**વારોવાર** અ૦ ['વાર' પરથી] બીજે અઠવાડિયે તે જ દિવસે (૨) + જુઓ વારંવાર

**વારોવારિયું** વિ૦ [જુઓ વારોવાર] વાર પ્રમાણે દિવસો ગણીને કાઢવામાં આવતું (વ્યાજ)

**વાર્તા(-ર્ત્તા)** સ્ત્રી૦ [सं.] વાત; કથા (૨) બીના; હકીકત; સમાચાર. ૦કાર પું૦ વાર્તા-કથા રચનાર કે કહેનાર

**વાર્તિ(-ર્ત્તિ)ક** ન૦ [सं. वार्त्तिक] વિવેચનવાળી ટીકા (૨) પું૦ બાતમીદાર; દૂત. ૦કાર પું૦ વાર્તિક રચનાર

**વાર્ત્તા** સ્ત્રી૦ [सं.] જુઓ વાર્તા

**વાર્ત્તિક** ન૦ ૦કાર પું૦ [सं.] જુઓ 'વાર્તિક'માં

**વાર્દ્ધ(-ર્ધ)ક(-ક્ય)** ન૦ [सं.] વૃદ્ધાવસ્થા

**વાર્નિશ** પું૦ [इं.] લાકડાને પાલીસ કરવાનું દ્રવ્ય-એક પ્રવાહી બનાવટ. [**-કરવું** = વાર્નિશ ચડાવવો-ચોપડવો.]

**વાર્ય** વિ૦ [सं.] વારી શકાય તેવું; નિવાર્ય

**વાર્ષિક** વિ૦ [सं.] વરસે વરસે આવતું કે થતું (૨) વરસ સંબંધી (૩) ન૦ દર વરસે પ્રકટ થતું પત્ર

**વાર્ષ્ણેય** પું૦ [सं.] (સં.) વૃષ્ણિકુળના-શ્રીકૃષ્ણ

**વાલ** પું૦ [सं. वल्ल; સર૦ म.] ત્રણ રતી જેટલું તોલ (૨) પું૦ બ૦વ૦ [प्रा. वल्ल] એક કઠોળ. [**-છોલવા** = વાલનાં ફોતરાં કાઢી નાખવાં.] ૦પાપડી સ્ત્રી૦ [સર૦ म.] વાલની સીંગ

**વાલ** પું૦ [इं. वाल्व] નળી વગેરેની અંદર

રાખેલો એક બાજુ ઊંચો થઈ શકે તેવો પડદો

**વાલમ** પુંબ૦વ૦ બ્રાહ્મણોની એક જાત, પ્રિય

**વાલરા** સ્ત્રી૦ [સર૦ दे. वल्लर= ખેતર] જે જમીન ઉપર વાવણી કર્યા અગાઉ આગલા પાકનાં ઠૂંઠા બાળે છે તે

**વાલિ(-લી)** પું૦ [सं.] (સં) સુગ્રીવનો મોટો ભાઈ. **૦સુત** પું૦ (સં) (અંગદ)

**વાલિયા** પું૦બ૦વ૦ [दे. वल्लिआ=ધનુષ્યની દોરી; સર૦ म. वाला,-लो (कानडी वद्दे =દોરડું)] પાર કે ત્રાજવા જે દોરીઓને આધારે લટકે છે તે

**વાલી,૦સુત** જુઓ 'વાલિ'માં

**વાલી** પું૦ [अ] સુર૦બી, રક્ષક, પાલક. **૦ઘોડો** પું૦ ઘોડી ઉપર દોડવા રાખેલો મજબૂત, ખાનદાન ઘોડો. **૦વારસ** પું૦ વાલી કે વારસ

**વાલી** સ્ત્રી૦ ['વાલ ઉપરથી] નાના દાણાના વાલ

**વાલુકા** સ્ત્રી૦ [सं.] રેતી. **૦યંત્ર** ન૦ કલાક જાણવાની રેતી ભરેલી શાશી (૨) વૈદકમાં ઓષધ બનાવવાનું (તેના ઘાટનું) એક યંત્ર

**વાલોળ (લો')** સ્ત્રી૦ ['વાલ' પરથી] એક શીંગ –શાક. **-ળિયો** પું૦ વાલોળનો વેલો

**વાલ્મીકિ** પું૦[सं ](સ ) રામાયણ રચનાર ઋષિ

**વાવ** સ્ત્રી૦ [प्रा वावी (सं. वापी), સર૦ म., हिं. वावडी] અંદર ઊતરવાના પગથિયાવાળો કૂવો

**વાવટા-કાઠી** સ્ત્રી૦ [વાવટો+કાઠી] વાવટાનો દંડ

**વાવટો** પું૦ [વા (વાયુ)+प्रा. वट्ट (सं वृत्) ? સર૦ म वावटा] ધજા, ફરકાવવાનું નિશાન [–ઊડવો=ધજા ફરકવી, ફરફર થવી. –ચડવો - ધજા તેની કાઠી પર ચડવી.]

**વાવઠવું** અ૦ક્રિ૦ ['વા' ઉપરથી] પવનથી સુકાવું (કપડા માટે)

**વાવડ,–ર** પું૦ [વા (सं. वि + आ = व्या)+ वड (सं पत्)] ભાળ, પત્તો, સમાચાર (૨) રોગનું ફેલાવું તે. **૦વું** સ૦ક્રિ૦ (ગ્રા) વાવડ –ખબર મળવા

**વાવડિંગ** ન૦ [સર૦ म०] જુઓ વાયવડિંગ

**વાવણી** સ્ત્રી૦ ['વાવવું' પરથી] વાવવું તે. **–ણિયો** પું૦ બીજ ઓરવાનું સાધન

**વાવર** પું૦ ['વાવરવું' પરથી; સર૦ म.] વાપર–વપરાશ (૨) જુઓ વાવડ. **૦વું** સ૦ક્રિ૦ [प्रा. वावर (सं. व्यापृ), સર૦ म. वावरणें] વાપરવું; ખર્ચવું

**વાવલવું** સ૦ક્રિ૦ [વા+વલવું(सं. वल )]ઊપણવું

**વાવલાં** ન૦બ૦વ૦ [સર૦ વેવલાં] વલખાં (૨) [જુઓ વાવલું] (સુ) નોકરીના બદલામાં આપેલી જમીન; પસાયતું [ વાયક)

**વાવલિયો** પું૦[સર૦ વાવલવું]વાયરો (લાલિત્ય-

**વાવલું** ન૦ ['વાવવું' ઉપરથી ?] પસાયતું (૨) [दे. वावणी = छिद्र ઉપરથી ?] આખમાં પડેલું ઝીણું ફૂલ

**વાવવું** સ૦ક્રિ૦ [प्रा. वाव (सं. वप् ), સર૦ हिं. बोना ઉપરથી] ઉગાડવા માટે જમીનમાં બી કે રોપા નાખવા – રોપવું

**વાવળી** સ્ત્રી૦ [प्रा. वाउल (सं. वातूल) = વાત-રોગી ?] બાળકોને થતો પેટનો એક રોગ

**વાવંટોળ** પું૦ [વા+વટોળ, સર૦.म वावटळ] વટોળિયાનું તોફાન

**વાવા** અ૦ ['વાહવાહ' ઉપરથી] (બાળભાષામાં) સારું, મજેનું (૨) સ્ત્રી૦ ઝભલું

**વાવાઝોડું** ન૦ [વા (વાયુ) + ઝોડું (प्रा झोड = ઝૂડી પાડવું), સર૦ म वावझड] વાવંટોળ

**વાવાદળ** ન૦ [વા + વાદળ] જોસથી વાતો પવન અને વાદળ, તોફાની વાદળી (૨) [લા ] સંકટ

**વાવાશ** અ૦ (ચ) ખુલ્લામાં, પવન લાગે તેવા જગામાં

**વાવું** અ૦ક્રિ૦[म.वा; સર૦ म वाणें](પવનનું) ફૂંકાવું (૨) [શરીરને ટાઢની] અસર થવી (૩) સ૦ક્રિ૦ (પ્રાય: ફૂંકીને) વગાડવું, બજાવવું (૪) [सं वी, સર૦ म वाणें] વિયાવું

**વાવેતર** ન૦ ['વાવવું' ઉપરથી] વાવવું તે (૨) વાવેલું તે (૩) વાવેલી જમીન

**વાશ (શ,)** સ્ત્રી૦ [सं वाश्, प्रा वास] કાગવાશ [–નાખવી=શ્રાદ્ધને દિવસે ગમેલું અન્ન કાગડા વગેરે માટે નાખવું ]

**વાસ** પું૦[सं ] વસવાટ (૨) મુકામ, ઘર, સ્થાન (૩) પોળ, મહોલ્લો (૪) સ્ત્રી૦ ગંધ (૫) દુર્ગંધ

(૬) ન૦ [પ્રા (સં. वासस्)] વસ્ત્ર, લૂગડું. [–આવવી = ગમાવુ. –મારવી = દુર્ગંધ છૂટવી. –લેવી = સૂંઘવુ –પૂરવો = વસવાનું શરૂ કરવુ–વસવું –ભરાવવો = ઉચાળાભરાવવા; ઘરવખરી સાથે જવાની ફરજ પાડવી ]
વાસકસજ્જા સ્ત્રી૦ [સં.] પ્રેમીના આગમનની રાહ જોઈ વસ્ત્રાભૂષણ (તથા ઘર વગેરે) સજાવી તૈયાર થયેલી નાયિકા [કબજો
વાસકૂ(–કો)ટ પુ૦,ન૦ [ઇં. वेस्टकोट] બાંડિયો
વાસણ ન૦ [દે.] પાત્ર, ઠામ [–ખખડવાં= ઘરમા (ઘણુંખરું પતિપત્ની વચ્ચે) તકરાર થવી. –ઘસવાં, માંજવાં = વાસણ ઊટકીને સાફ કરવાં. –છોલવાં = વાસણને લાગેલો કાટ કે મેલ ઉતારવો. –થવાં = ઊટકવા માટે એઠવાડનાં વાસણ તૈયાર થવા.] ૦કૂસણ ન૦ રાધવા વગેરેના વાસણ
વાસના સ્ત્રી૦ [સં] પૂર્વના સંસ્કારોથી દૃઢ થયેલી કામના (૨) વાસ; ગંધ
વાસર પુ૦[સં.] દિવસ, વાર ૦મણિ પું૦ સૂર્ય
વાસરશય્યા સ્ત્રી૦ જુઓ વાસકસજ્જા
વાસરવુ અ૦ [વા + સરવુ] ખુલ્લા પવનમાં ફડફડે એમ. ઉદા૦ કપડા વાસરવાં મૂકો
વાસરી સ્ત્રી૦ [સં वासर] ડાયરી, રોજનીશી
વાસલ વિ૦ જુઓ વાસેલ
વાસવ પું૦[સં] ઇંદ્ર –વી સ્ત્રી૦ ઇંદ્રાણી
વાસવું સ૦ક્રિ૦ [સં. वस् = આચ્છાદન કરવુ] બંધ કરવું(૨) [પ્રા. वास (સં वाश्) અવાજ કરવો] વગાડવુ, વાવુ (૩) ['વસવુ' ઉપરથી] વસે એમ કરવુ, વસાવવુ (૪) અ૦ક્રિ૦ [સં. वास = ગંધ ઉપરથી] વાસવાળું થવું મહેકવું
વાસંતિક વિ૦ [સં] વસંત ઋતુનું, –ને લગતુ (૨) પુ૦ વિદૂષક (૩) નટ
વાસંતી વિ૦ [સં] વસંત ઋતુનું, –ને લગતુ (૨) સ્ત્રી૦ એક વેલ
વાસિત વિ૦ [સં] સુવાસિત કરેલુ (૨) વસ્ત્રો વડે આચ્છાદિત થયેલુ (૩) વાસ પુરાયેલુ
વાસિની વિ૦સ્ત્રી૦, વાસી વિ૦[સં.] (બહુધા સમાસને છેડે) રહેનાર (ઉદા૦ નગરવાસી)
વાસી વિ૦ [પ્રા. वासिय (સં वासित), સર૦ हिं. वासी, म. वाशी, वासा] આગલા દિવસનુ; વધારે વખત રહેવાથી બગડી ગયેલુ
વાસીદું ન૦ [પ્રા. वासिद (સં वासित) = વાસી રાખેલુ] ઢોરનું છાણ, મૂતર વગેરે કચરો; પૂંજો. [–કાઢવું, વાળવું = છાણ પૂંજો વગેરે વાળી, નાખી આવવા વાસીદામાં સાંભેલુ જવું = 'અશક્ય વાત' એવો અર્થ બતાવવા વપરાય છે ] [સવારે થતી) ઊલટી
વાસીવિકાર પું૦ [વાસી + વિકાર](સગર્ભાને
વાસુ. ૦પિયો, ૦પી પુ૦ ['વાસો' ઉપરથી] ખેતરમા રાતવાસો રહી ચોકી કરનાર
વાસુકિ પુ૦ [સં] (સ ) નાગોનો રાજા
વાસુદેવ પુ૦ [સં] (સં.) શ્રીકૃષ્ણ
વાસુપિયો, વાસુપી પુ૦ જુઓ વાસુ
વાસેલ વિ૦[વાસી રાખેલ]પડતર રાખેલુ(ખેતર)
વાસો પુ૦ [સં वास] વાસ કરવો તે (૨) મુકામ (૩) [જુઓ વાસર] દહાડો (ખાસ કરીને પ્રસવ થયાનો)
વાસોતી(–પી) પું૦ ['વાસો' ઉપરથી] વાસુ; ચોકી કરવા ખેતરમા રાતવાસો રહેનાર
વાસ્તવ ન૦ [સં.] જુઓ વાસ્તવિકતા. ૦દર્શી વિ૦ યથાર્થદર્શી; વસ્તુતાએ હોય તે જોનાર–કલ્પના કે ભાવનાથી દોરાઈને નહિ, 'રિયલિસ્ટ'. –વ(–વિક) વિ૦ ખરેખરું (૨) વાજબી. –વિકતા સ્ત્રી૦ સાચી હકીકત (૨) વાજબીપણુ
વાસ્તવ્ય વિ૦ [સં] વસવા યોગ્ય (૨) પું૦ રહેવાસી (૩) ન૦ મુકામ રહેઠાણ
વાસ્તુ ન૦ [સં] ઘર બાંધવાની જગા (૨) ઘર (૩) વાસ્તુપૂજન ૦દેવતા સ્ત્રી૦ પુ૦બ૦વ૦ વાસ્તુક્રિયાના અધિષ્ઠાતા દેવ ૦પૂજન ન૦, ૦પૂજા, ૦શાંતિ સ્ત્રી૦ નવા ઘરમા રહેવા જતા કરાતી શાંતિક્રિયા. ૦વિદ્યા સ્ત્રી૦ મકાન બાંધવાની વિદ્યા, સ્થાપત્ય [અર્થે
વાસ્તે અ૦ [अ वासितह; સર૦ हिं ,म.] કાજે;
વાહ અ૦ [फा] 'કેવુ સારું, શાબાશ!' એવો પ્રસંશાનો ઉદ્ગાર
વાહક વિ૦ [સં] વહેનારુ, ઊંચકનારું, ખેંચનારું; લઈ જનારું

**વાહન** ન૦ [સં.] જમીન પર આવજા માટે વપરાતુ સાધન (ગાડી, પશુ ઇ૦) (૨) વિચાર, લાગણી કે કાર્ય પ્રગટ કરવા માટે વપરાતુ સાધન, માધ્યમ [**–કરવું** = ગાડી ઇ૦ ભાડે લેવુ **–રાખવું** = વાહન પોતાને ઘેર વસાવવુ] **૦ખરચ, ૦ખર્ચ** ન૦ વાહનનુ ખર્ચ. **૦ભથ્થું** ન૦ વાહન પેટે અપાતુ ભથ્થુ

**વાહવાહ** સ્ત્રી૦ [फा. वाह] કીર્તિ (૨) અ૦ જુઓ વાહ. [**–કરવી, કહેવી** = વખાણવુ, શાબાશ ! શાબાશ ! કહેવુ. **–થવી** = વખાણ થવા.] **–હિયું** વિ૦ વાહવાહ કરાવે એવું

**વાહવું** સ૦ક્રિ૦ [प्रा. वेहव (स वञ्च्), स. वह् ?] સમજાવવુ પટાવવુ, છેતરવુ (૨) ['વહવુ', સં. वाहय् ઉપરથી] વ્યતીત કરવું; ગાળવું; વહે એમ કરવું [(૩) સેના (૪) નસ

**વાહિની** વિ૦સ્ત્રી૦ [સં.] વહેનારી (૨) સ્ત્રી૦ નદી

**વાહિયાત** વિ૦ [अ.] વ્યર્થ; નકામુ (૨) ખરાબ, હલકુ

**વાહી** વિ૦ [સં ] વહેનાર, ઊંચકનાર (પ્રાયઃ સમાસને અંતે) ઉદા૦ ભારવાહી, સ્વરવાહી

**વાહેલ(–લું)** વિ૦ [જુઓ વાહવુ] ભ્રમિત થયેલુ; ગૂંચવાયેલુ

**વાહ્ય** વિ૦ [સં ] વહી શકાય એવું; હલકું

**વાળ** પું૦ [स वाल, સર૦ म ; हिं वाल] કેશ. [**–ઉતારવા** = વાળ લેવા(વિધવાના) **–ઊભા થવા** = રોમાંચ થવો **–ઊતરવા** = વાળ ખરી પડવા. **–ન તૂટવો, –વાંકો ન થવો** = જરા પણ ઇજા ન થવી. **–લેવા** = ખાસ અમુક જગાના વાળ કાઢી નાખવા (૨) વિધવાના વાળ બોડી નાખવા] **૦છો** પું૦ [+फा. चेह] વાળ (તુચ્છકારમા)

**વાળઘોળ** સ્ત્રી૦ [વાળવુ+ઘોળવુ (અ ઘોળવુ)] [કા ] રીતભાત (૨) આવડત (૩) સાચવણી

**વાળણ** ન૦ ['વાળવુ' = પાછુ ફેરવવુ] ઉતાર; અસર ધોઈ નાખવાની શક્તિવાળુ તે

**વાળવું** સ૦ક્રિ૦ [प्रा. वाल (स. वालय्), સર૦ म वाळणं] વાકુ કરવું, નમાવવુ (૨) વાળીને આકાર કરવો કે ગોઠવવુ (જેમ કે, લાડુ, બીડી, ગેડ, અબોડો, ઢગલો, પલાઠી) (૩) પાછું ફેરવવું (ઢોર, ગાડું, મૂઠ ઝેર, મન, જવાબ, ઉપકાર, બદલો) (૪) કચરો કાઢવો. ઉદા૦ પૂંજો વાળવો; ઘર વાળવુ (૫) ઉપર છાવરવું, ઢાકવુ. ઉદા૦ તેના ઉપર ધૂળ વાળ. છેડો વાળવો. (૬) પાણી જવાનો રસ્તો કરવો, જેથી અમુક ઠેકાણે ન જતા અમુક ઠેકાણે પહોચે. ઉદા૦ ખેતરમાં પાણી વાળે છે. (૭) આવેલી ક્રિયા કે પ્રસગ પૂરા કરવા ઉદા૦ વરસી વાળવી [**કલમ વાળવી** = એક છોડ ઉપર બીજા છોડની કલમ લગાવવી. **કેર વાળવી** = ખૂબ કામ કરવુ **છેડો વાળવો** = મો ઢાકી રડવુ **પગ વાળવા** = થાક ખાવો. **મન વાળવું** = મન મનાવવુ **વાળી લાવવું** = વાળી આણવું, વાળીને ભેગુ કરવું (૨) પાછું ફેરવી લાવવું. **વાળી લેવું** = વાળીને એકઠું કરવુ, સાચવી લેવુ (૨) માગતા પેટે કાપી લેવું.]

**વાળંદ** પું૦ [વાળ+सं दा=કાપવુ] હજામ; નાવી. **૦ણ, ૦દાણી** સ્ત્રી૦ વાળંદની સ્ત્રી

**વાળાકૂંચી** સ્ત્રી૦ [વાળો+કૂચડો] દાગીના ધોવાની પીછી

**વાળાભરણું** વિ૦ સેળભેળ કરેલુ (૨) બાદલું

**વાળિયો** પું૦ ['વાળવુ' ઉપરથી] અનાજ ઊપણતા રહેલો કચરો

**વાળિયું** ન૦ કાનની નાની વાળી (સુ )

**વાળી** સ્ત્રી૦ [सं वाली] (સ્ત્રીઓનુ) નાકનુ ઘરેણુ – નથ (૨) કડી

**વાળુ** સ્ત્રી૦ [प्रा वालुआ (सं वालुका)] વેળુ; રેતી, કાંકરી (૨) ન૦, સ્ત્રી૦ [दे विआलिउ, સર૦ हिं. व्यालू म व्याळू] રાત્રિભોજન

**-વાળું** વિ૦ [प्रा वालओ-पालओ (स पालक), સર૦ हिं म वाला] '–ના સબધનુ'. '–ની માલિકીનું', '–ના ધધાનુ' વગેરે અર્થોમા નામને અતે ઉદા૦ ઘરવાળો ગાડીવાળો માટીવાળો. દૂધવાળો **–ળા** પું૦ કેટલીક અટકોમા અંતે આવતુ 'વાળુ'નુ રૂપ જેમ કે લોટવાળા.

**વાળો** પુ૦ ['વાળ ઉપરથી] ધાતુનો લાબો તાર (૨) એક રોગ. [**–ખેંચવો** = તાર

કાઢવો. -નીકળવો = વાળાનો રોગ થવો.]

**વાંક** (૦) પું૦ [જુઓ વાંકું, સર૦ મ.] અપરાધ; ખામી; દોષ (૨) વક્રતા; રાટ (૩) સ્ત્રીઓનું હાથનું એક ઘરેણું [**-કાઢવો** = દોષ દેખાડવો કે જોવો. **-નીકળવો, -પડવો, -માં આવવું** = દોષપાત્ર કે ઠપકાપાત્ર થવું]

**વાંકડવેલું** (૦) વિ૦ વેલા જેવું વાંકું (૨) ન૦ કોણાનું એક ઘરેણું

**વાંકડિયું** (૦) વિ૦ વાંકું (લાલિત્યવાચક)

**વાંકડી** (૦) સ્ત્રી૦ એક જાતની સોપારી

**વાંકડું** (૦) વિ જુઓ વાંકું (૨) ન૦ વાંક, સ્ત્રીઓનું એક ઘરેણું (૩) વાંકું, વક્રતા

**વાંકસાથિયો** પું૦ વાંકાં પાંખાવાળો સાથિયો

**વાંકડો** પું૦ (૦) સર૦ આંકડો, કે મ वाकडा = છોકરાના હાથનું અને કન્યાના પગનું એક ઘરેણું તે ઉપરથી ?] (સુ.) વરને આપવાની પરઠણ

**વાંકાઈ(-શ)** (૦) સ્ત્રી૦ ['વાંકું' પરથી] વાંકાપણું (૨) આડાઈ **-બોલું** વિ૦ બોલીને ફરી જનારું

**વાંકિયું** (૦) ન૦ ['વાંકું' ઉપરથી] સળિયા, નળ વગેરેના જોડાણ માટેનો વાંકી આકૃતિનો ટુકડો

**વાંકું** (૦) વિ૦ [प्रा. वक्क (सं. वक्र), સર૦ મ वाकडा हिं वाका] વક્ર, સીધું નહિ એવું, ટેડું (૨) [લા.] સરળ નહિ એવું, કુટિલ (૩) અવળું ખોટું, ઊંધું (૪) વિરુદ્ધ, સામે થયેલું (૫) ન૦ વાંધો, ગેરસમજ, અણબનાવ (૬) વાંકું તે, વક્રતા [**વાંકી દોરી** = અવળું ભાગ્ય. **વાંકી પાઘડી મૂકવી** = છેલાઈ કરવી (૨) દેવાળું કાઢવું **વાંકી નજર** = કટાક્ષ (૨) ગુસ્સાભરી નજર, અવકૃપા. **વાંકી નજરે જોવું** = છાનામાના જોવું (૨) ગુસ્સે થવું (૩) કામભરી નજરથી જોવું (૪) કુદૃષ્ટિ કરવી **વાંકું ચાલવું** = અનીતિને રસ્તે ચાલવું (૨) આડું ચાલવું, ઊલટું ચાલવું **-થવું** = માઠું થવું, ઊલટી અસર થવી (૨) ગુસ્સે થવું. **-પડવું** ઊલટું લાગવું (૨) માઠું લાગવું, ગુસ્સે થવું **-બોલવું** = આડું કે જૂઠું બોલવું, કબૂલેલા કરતાં કે કહ્યા કરતાં જુદું કહેવું (૨) નિંદા કરવી (૩) રીસમાં બોલવું **-મોં કરવું** = મોં મરડવું, અવળું જોવું (૨) ગુસ્સે થવું. **-વળવું** = વક્ર થવું (૨) નીચા નમવું, મહેનત લેવી (૩) ફંટાવું **-વળી જવું** = નમી જવું, ઝૂકી જવું **-વાળવું** = નમાવવું; મરડવું (૨) ઊંધું વાળવું **વાંકો દહાડો** = બગડવા કાળ. **વાંકો વાળ થવો** = જરા પણ અડચણ કે હરકત આવવી, નડવી] **૦ચૂકું** વિ૦ વાંકું, આડું અવળું. **૦ટૈડ** વિ૦ સાવ વાંકું. **૦વરણાગિયું** વિ૦ ફાંકડું, છેલ. **૦વસમું** વિ૦ આડું તેડું; રીસ ચડે તેવું

**વાંખલાં** (૦) ન૦ બ૦ વ૦ [જુઓ વાખલા] વલખા [**-મારવાં**]

**વાંગળી** (૦) સ્ત્રી૦ [सं वल्ग् પરથી] (કા.) ઘોડીની એક જાત

**વાંગીભાત** પું૦ [મ] રીંગણ ને ભાતની એક વાની

**વાંઘું** (૦) ન૦ [સર૦ મ वागा = તીરછું] કોતર

**વાંઘો** (૦) પું૦ [प्रा वग्गु (स वर्ग)] વર્ગ, જાત

**વાંચન** (૦) ન૦ [જુઓ વાચન] વાંચવું તે (૨) વાંચવાની ઢબ (૩) અભ્યાસ **૦માળા** સ્ત્રી૦ જુઓ વાચનમાળા **-નાલય** ન૦ જુઓ વાચનાલય

**વાંચવું** (૦) સ૦ક્રિ૦ [सं वच् પરથી] લખેલું મનમાં કે મોટેથી ઉકેલવું (૨) [લા.] ભાખવું (૩) ઇચ્છવું [**વાંચી કાઢવું, વાંચી જવું** = પૂરું વાંચવું (૨) ઉતાવળે વાંચી નાખવું. **વાંચી જોવું** = ધ્યાનપૂર્વક વાંચવું (૨) વાંચવાનો પ્રયત્ન કરવો]

**વાંછના, વાંછા** સ્ત્રી૦ [सं] ઇચ્છા

**વાંછવું** સ૦ક્રિ૦ [सं वाञ्छ्] ઇચ્છવું

**વાંછિત** વિ૦ [सं] ઇચ્છેલું

**વાંઝ, ૦ણી** (૦) સ્ત્રી૦ [प्रा वंझा (सं वन्ध्या), સર૦ મ वांझ, हिं वांझ] સંતતિ ન થતી હોય તેવી સ્ત્રી, વંધ્યા [**વાંઝણી વિયાણી, -ને છોકરાં આવવાં** = હદબહાર વિલંબ થવો] **૦ણું** વિ૦ જુઓ વાંઝિયું **-ઝિયાબારું** વિ૦ વાંઝિયાનું બિનવારસી (૨) ન૦ એકનો એક છોકરો. **-ઝિયામહેણું** ન૦ વાંઝિયા હોવાનું મહેણું, વાંઝિયાપણાની ખોડ [**-ભાંગવું** = સંતતિ થવી] **-ઝિયું** વિ૦ સંતતિ ન થતી હોય તેવું (૨) ફળ કે લાભ ન થતો હોય તેવું [**વાંઝિયાના પારણાં, વાંઝિયાબારાનું,**

વાંઝિયાબાનું = એકનું એક, ઘણું વહાલું. વાંઝિયાબાર ઊઘડવું = પુત્રપ્રાપ્તિ થવી ]
વાંઝરું (૦) ન૦ (સુ.) રાની જાતનું જાંખું
વાંઝો (૦) પુંં૦ વણકર
વાંટ (૦) પું૦ [વાટવું પરથી] હિસ્સો, ભાગ. ૦ણી સ્ત્રી૦ વહેંચણી ૦વું સ૦ક્રિ૦ [સં. वण्ट्, સર૦ હિં. बाँटना, મ. वांटणें] વાટવું, વહેંચવું. —ટો પું૦ વાટ (૨) ગરાસકે નરવાની જમીનનો ટુકડો
વાંઠ (૦) સ્ત્રી૦ (કા) ચાંરાને માટે ઘાસપાણીવાળી જગા (૨) દુકાળને કારણે પરમુલક જતા દુધાળા પશુનું ધણ
વાંઠી (૦) વિ૦સ્ત્રી૦ [દે. वंठ (સં. वण्ट= અપરિણીત) સર૦ હિં વાંડા] વરના અભાવે પરણ્યા વિનાની. —ઠો વિ૦ પું૦ કન્યા ન મળવાથી કુંવારો રહેલો
વાંત વિ૦ [સં.] ઓકેલું [આવતાવાંત
વાંત (૦) અ૦ (સુ.) જુઓ વેંત. ઉદા૦
વાંતરવું (૦) સ૦ક્રિ૦ [જુઓ વાતરી] ઝીણું ઝીણું કાતરવું કે કરડીને કાપી નાખવું
વાંતરી (૦) સ્ત્રી૦ [આતરામા થતી ?] જુઓ આતરી અર્થ ૩. [—નો કીડો = એક ને એક બાબત પર ધ્યાન આપનાર. —ખાવી, પડવી, લાગવી ]
વાંતિ સ્ત્રી૦ [સં] ઊલટી
વાંદર (૦) સ્ત્રી૦ ઘોડીની એક જાત (કા)
વાંદર (૦) પું૦ [સં वानर સર૦ હિં वादर; મ.] વાંદરું [વાંદરાંનાં સૂતર પીવાં = મહાદુઃખ વેઠવું વાંદરાને નિસરણી આપવી = અટકચાળાને વળી વધુ લાગ આપવો, મૂર્ખને વળી ઉશ્કેરવું, ગાંડાને ભાંગ પાવી વાંદરાને સળી કરે એવું = બહુ અટકચાળું. વાંદરાનો ઘા = નાહક ચોળીને ચીકણું કરવું તે. ચૂંથીને બગાડવું તે. વડનાં વાંદરાં ઉતારવાં = ભારે મુશ્કેલ કામ કરવું ] ૦ડી સ્ત્રી૦ ચાકી વગેરે ફેરવવાનું ઓજાર ૦ચેષ્ટા સ્ત્રી૦ વાંદરા જેવી ચેષ્ટા, અડપલાં ૦નકલ સ્ત્રી૦ વાંદરાની પેઠે નકલ કરવી તે ૦(—રા)વેડા પું૦બ૦વ૦ વાંદરા જેવી ચેષ્ટાઓ કરવી તે —રી સ્ત્રી૦ વાંદરાની માદા —રું ન૦ વાનર—એક ચોપગું પ્રાણી. —રો પું૦ નર વાનર (૨) ચાપ, ઘોડો (૩) તાળાનો ખીલો, ઉલાળો (૪) એક પ્રકારનું દારૂખાનું (૫) ભાર ઉપાડવાનું એક યંત્ર
વાંદવું (૦) સ૦ક્રિ૦ + જુઓ વંદવું
વાંદો (૦) પું૦ વંદો, એક જીવડો (૨) [સર૦ હિં. वांदा (સં वंदाक)] અમુક ઝાડના થડ કે ડાળમાંથી નીકળતો બીજી જાતનો નકામો ફણગો
વાંધર (૦) વિ૦ પું૦ [સર૦ દે. वद्धिम = ખસી કરેલું] સારી રીતે ખસી ન થવાથી વધી ગયેલા વૃષણવાળો (આખલો)
વાંધાખોરિયું (૦) વિ૦ [વાંધો + ખોર] વાંધા વચકા કાઢ્યા કરનાર; ચામડું
વાંધો (૦) પું૦ [સં बाधक; સર૦ મ बाधा ] હરકત. અડચણ (૨) વિરોધ, ઝઘડો, તકરાર. [—આવવો, ઊઠવો, નીકળવો = હરકત કે ઝઘડો પેદા થવો. —ઉઠાવવો કાઢવો, લેવો = વિરોધ કરવો, તકરાર કરવી. —પડવો = હરકત કે ઝઘડો થવો (૨) ખોટું લાગવું; વિરોધનું કારણ મળવું.] ૦વચકો પું૦ ભૂલચૂક, ખોડખાંપણ; કંઈ ને કંઈ છિદ્ર કે વિરોધનું કારણ
વાંફળ (૦) વિ૦ વાયલ (૨) ફોગટ, માલ વગરનું (૩) વિવેક વિના બોલે કે વાપરે તેવું —ળાઈ સ્ત્રી૦ વાંફળપણું (૨) ઉડાઉપણું
વાંભ (૦) સ્ત્રી૦ [સર૦ અ ભાં] વાછરડાં કે ઢોરને વાળીને એકઠાં કરવા કરાતો અવાજ (૨) [કા.] જુઓ વામ
વાંસ (૦) પું૦ [સં वंस, સર૦ મ. वांसा; હિં. बांस] એક ઝાડ (૨) તેનો સોટો (૩) સાત આઠ હાથ જેટલું માપ (૪) [જુઓ વાસલો] કડિયાનું ઈંટો છોલવાનું ઓજાર [—ફરવો (ઘરમાં) = નિર્ધનતા હોવી —બંધાય ! = (તારી) ઠાઠડી બંધાય — તું મરે ! (એવી બદદુઆ — ગાળ) સૂકો વાંસ મારવો = ચોખ્ખી ના પાડવી.] ૦કપૂર ન૦ વંશલોચન; વાંસનો કપૂર જેવો રસ ૦જાળ, ૦પૂર અ૦ વાંસ જેટલું (ઊંડું) ૦ડો પું૦ વાંસનો સોટો. ૦ફોડણ, ૦ફોડી સ્ત્રી૦ વાંસફોડાની કે તે કામ કરનારી સ્ત્રી. ૦ફોડો પું૦ વાંસનાં

ફાબડા વગેરે બનાવનારો

**વાંસણી(-ળી)** (૦) સ્ત્રી૦ ['વાંસ' પરથી ? સર૦ हिं बसना] રૂપિયા ભરવાની સાંકડી લાંબી કોથળી

**વાંસલડી** સ્ત્રી૦ [જુઓ વાંસળી] વાંસળી; બંસી (લાલિત્યવાચક)

**વાંસલો** (૦) પું૦ [सं, प्रा. वासि, સર૦ हिं. वसूला; म वासला] લાકડાં છોલવાનું સુતારી ઓજાર

**વાંસળી** (૦) સ્ત્રી૦ ['વાંસ' પરથી, સર૦ प्रा वंस, हिं बांसली; म. बांसरी] બંસી, ફૂંકીને વગાડવાનું નળી જેવું એક વાદ્ય (૨) જુઓ વાંસણી [પાછળ એક

**વાંસામોર** (૦ઓ) અ૦ [વાંસે+મોર] એકની

**વાંસિયું** (૦) વિ૦ ['વાંસ' પરથી] વાંસ સંબંધી (૨) વાંસ જેટલું લાંબું. –યા ચોખા પું૦ બ૦વ૦ સાબુદાણા

**વાંસી** (૦) સ્ત્રી૦ ['વાંસ' પરથી] દાતરડા જેવું ફળ બેસાડેલો લાંબો વાંસ (૨) [સર૦ हिं. बासी] ચોખની એક જાત

**વાંસે** (૦) અ૦ ['વાંસો' પરથી] પૂંઠે; પછવાડે

**વાંસો** (૦) પું૦ [सं वंश = કરોડ પરથી, સર૦ हिं. वासा, म वासा] બરડો, પીઠ. [–થાબડવો = ઉત્તેજન કે શાબાશી આપવા. –ભારે થવો = માર ખાવા યોગ્ય થવું, મિજાજ –પતરાજી વધવા –હલકો કરવો = માર મારવો] [વાંસનું પીઠું

**વાંસોદ** (૦) ન૦ ['વાંસ' પરથી] વાંસનું વન (૨)

**વિ** [सं] એક ઉપસર્ગ જુદાઈ, વિરોધ કે ઊલટાપણું બતાવે ઉદા૦ વિયોગ, વિરોધ પુષ્કળપણું કે વિશેષતા બતાવે ઉદા૦ વિવેક, વિનાશ (૨) બહુવ્રીહિસમાસમાં 'વગરનું' 'વિગત' એવા અર્થમાં આવે ઉદા૦ વિધવા [ભીંવણ

**વિકટ** વિ૦[सं] મુશ્કેલ(૨) દુર્ગમ (૩) વિકરાળ,

**વિકરણ** ન૦[सं] જુદું પાડવું તે (૨) સંસ્કૃતના એક ગણના ધાતુને બીજા ગણના ધાતુથી જુદો પાડનાર પ્રત્યય

**વિકરાલ(-ળ)** વિ૦[सं] ડરામણું, ભયાનક

**વિકર્ણ** પું૦ [सं] (સં.) કર્ણનો પુત્ર (૨) (સં) દુર્યોધનનો ભાઈ (૩) 'ડાયેગોનલ' (ગ.)

**વિકર્મ** ન૦ [सं] નિષિદ્ધ કે ખરાબ કર્મ

**વિકલ(-ળ)** વિ૦ [सं.] વિહ્વળ; વ્યાકુળ (૨) ખંડિત, અપૂર્ણ (૩) અસમર્થ (૪) પું૦ વિકળા, કળાનો સાઠમો ભાગ ૦તા સ્ત્રી૦ આતુરતા, બાવરાપણું

**વિકલન** ન૦ [सं] (સંકલનથી ઊલટું) છૂટું પાડી નાખવું તે (૨) 'ડિસ્ટ્રિબ્યૂશન' (ગ). ૦નિયમ પું૦ 'લૉ ઑફ ડિસ્ટ્રિબ્યૂશન' (ગ)

**વિકલા(-ળા)** સ્ત્રી૦ [सं] કળાનો સાઠમો ભાગ; ક્ષણથી પણ થોડો વખત (૨, રજસ્વળા (૩) એક અંશનો ૩૬૦૦ મો ભાગ (ગ)

**વિકલ્પ** પું૦ [सं] તર્કવિતર્ક (૨) અનિશ્ચય, સંદેહ (૩) ચાલી શકે તેવી ઘણી વસ્તુઓમાંથી ગમે તે એક લેવાની છૂટ હોવી તે, તેવી વસ્તુ (વ્યા) (૪) વિપરીત કે વિરુદ્ધ કલ્પના કે વિચાર

**વિકસવું** અ૦ક્રિ૦ [सं विकस्] ખીલવું

**વિકસાવું** અ૦ક્રિ૦ –વવું સ૦ક્રિ૦ 'વિકસવું'નું અનુક્રમે ભાવે અને પ્રેરક

**વિકસિત** વિ૦ [सं] ખીલેલું, વિકાસ પામેલું

**વિકળ, ૦તા** જુઓ 'વિકલ'માં

**વિકળા** સ્ત્રી૦ જુઓ વિકલા

**વિકંસીકરણ** ન૦ [વિ+ક્રૉસ પરથી] ક્રૉસ છેકી નાખવા તે (ગ)

**વિકાર** પું૦ [सं.] ફેરફાર; પરિવર્તન (૨) શારીરિક કે માનસિક બગાડ (૩) 'વેરિયેશન' (ગ) ૦ક વિ૦ વિકાર કે ફેરફાર કરનારું. ૦વશ વિ૦ વિકારને વશ થયેલું

**વિકારવું** સ૦ક્રિ૦ [दे बुक्कार = ગર્જના ?] અવાજ કરવો, બોલાવવું [ફેરફાર થઈ શકે એવું

**વિકારી** વિ૦ [सं] વિકારવાળું (૨) વિકાર કે

**વિકારોત્તેજક** વિ૦ [सं] વિકારને ઉત્તેજિત કરનાર [(૨) સ૦ક્રિ૦ પહોળું કરવું

**વિકાશ(-સ)વું** અ૦ક્રિ૦ [सं विकाश्] ખીલવું

**વિકાસ** પું૦ [सं.] ખીલવું તે (૨) ઉત્ક્રાંતિ. ૦ન ન૦ ખીલવું તે, વધવું તે ૦વાદ પું૦ જુઓ ઉત્ક્રાંતિવાદ ૦વાદી પું૦ વિકાસવાદમાં માનનાર

વિકાસવું અ૦ક્રિ૦ (૨) સ૦ક્રિ૦ જુઓ વિકાશવું
વિકાસી વિ૦ [સં.] ખીલતુ, વિકસતું (૨) ખૂલતું; પહોળું
વિકીર્ણ વિ૦ વિખરાયેલું; વેરાયેલું
વિકૃત વિ૦ [સં] વિકાર પામેલુ
વિકૃતિ સ્ત્રી૦ [સં.] વિકાર. ૦કાવ્ય ન૦ મૂળ કાવ્યની વિકૃતિરૂપ કાવ્ય, 'પૅરડી'. ૦ચિત્ર ન૦ નર્મચિત્ર, હાસ્યચિત્ર; 'કાર્ટૂન; કૅરિકેચર'
વિકૃષ્ટ વિ૦ [સં.] ખેંચાયેલુ આકૃષ્ટ
વિક્તિ સ્ત્રી૦ [સં.] વિવેક, સારાસારનો ભેદ
વિક્રમ પું૦ [સં] પરાક્રમ (૨) (સં.) ઉજ્જનનો એક પ્રસિદ્ધ રાજા, વિક્રમ સવત પ્રવર્તાવનાર (૩) ન૦ પગલુ ૦સંવત પું૦ વિક્રમ રાજાથી ચાલેલો સંવત્સર (ટૂંકમા વિ૦સં૦) –આદિત્ય પું૦ (સં.) જુઓ વિક્રમ
વિક્રય પું૦ [સં] વેચાણ
વિક્રાંત વિ૦ [સં.] પરાક્રમી (૨) વિકરાળ, ડરામણું
વિક્રિયા સ્ત્રી૦ [સં] વિકાર
વિક્લવ વિ૦ [સં] દુઃખી, ખિન્ન (૨) ગભરાયેલું
વિક્ષિપ્ત વિ૦ [સં] વિક્ષેપ પામેલું (૨) વેરાયેલું
વિક્ષુબ્ધ વિ૦ [સં] વિક્ષોભ પામેલુ
વિક્ષેપ પું૦ [સં] અડચણ (૨) વાર; વિલંબ (૩) અસ્થિરતા; મૂંઝવણ (૪) વેરવુ તે. [–પડવો = અડચણ થવી
વિક્ષોભ પું૦ [સં.] ખળભળાટ; ક્ષોભ
વિખ ન૦ [જુઓ વિષ; સર૦ हिं , म] ઝેર [–વાવવું = ઝેરવેરનું મૂળ રોપવુ.] ૦ણું ન૦ + શત્રુતા [નુ પ્રેરક
વિખરાવવું સ૦ક્રિ૦ વિખેરાવવું 'વીખર(–રા)વું'
વિખવાણ સ્ત્રી૦ [વિષ+વાણી] ઝેરી બોલ; મહેણું
વિખવાદ પું૦ [વિષ+વાદ] ઝેર પેદા થાય તેવી બોલચાલ; તકરાર, કજિયો
વિખાણ સ્ત્રી૦, ન૦ + જુઓ વખાણ ૦વું સ૦ક્રિ૦ + વખાણવું
વિખિયા સ્ત્રી૦ [વિખ કે વિષય ઉપરથી] + બૈરી, રાંડ; કુલટા (તિરસ્કારમા)
વિખૂટું વિ૦ [જુઓ વખૂટું] જુદું, સાથમાંથી છૂટું પડી ગયેલુ [–પડવું]
વિખે અ૦ + જુઓ વિષે
વિખેરવું સ૦ક્રિ૦ [प्रा. विक्खिर (सं. वि+कृ), સર૦ हिं. बिखेरना; म विखरणें] વેરવું; છૂટું કરી નાખવુ. વિખેરાવવું (પ્રેરક), વિખેરાવું (કર્મણિ)
વિખ્યાત વિ૦ [સં.] જાણીતું; પ્રસિદ્ધ (૨) સ્પષ્ટ કહેલુ–જણાવેલું –તિ સ્ત્રી૦ પ્રસિદ્ધિ
વિખ્યાપન ન૦ [સં.] જાહેરાત
વિગઠન ન૦ [સં] સંગઠનથી ઊલટું તે, વિઘટન
વિગત વિ૦ [સં] ગત, અતીત (૨) મૃત
વિગત સ્ત્રી૦ [वि (વિશેષ)+गति (સમજ), સર૦ म] બીના, બાબત (૨) ગમ, સૂઝ. [–પડવી = ઓળખાવુ, સમજાવુ.] ૦વાર, –તે અ૦ દરેક વિગત સાથે, વિસ્તારપૂર્વક
વિગતિ સ્ત્રી૦ [સં.] અધોગતિ, અવગતિ
વિગતેચ્છ વિ૦ [સં.] ઇચ્છારહિત, નિષ્કામ
વિગલિત વિ૦ [સં] પડી ગયેલુ (૨) ગળી ગયેલું (૩) ટપકી ગયેલુ [ગુણવાળું
વિગુણ વિ૦ [સં] ગુણરહિત (૨) વિરુદ્ધ
વિગ્રહ પું૦ [સં] યુદ્ધ, સગ્રામ (૨) શરીર (૩) સમાસના અવયવો છૂટા પાડવા તે (વ્યા). ૦ખોરી, ૦પરસ્તી = યુદ્ધ શોધવાની વૃત્તિ, યુદ્ધમા રાચવું તે; 'વૉર મૉંગરિંગ'. ૦રેખા સ્ત્રી૦ લઘુરેખા, (–) આવું વિરામચિહ્ન (વ્યા). ૦વાન વિ૦ શરીરધારી
વિઘટન ન૦ [સં.] છૂટું પાડવુ તે (૨) તોડીફોડી નાખવું તે [નાખેલું
વિઘટિત વિ૦ [સં] જુદું પડેલું (૨) તોડીફોડી
વિઘટ્ટન ન૦, –ના સ્ત્રી૦ [સં] વિઘટન (૨) અથડાવું કે પછડાવુ તે
વિઘરાવવું સ૦ક્રિ૦ 'વીઘરવું'નુ પ્રેરક
વિઘાત પું૦ [સં.] આઘાત, પ્રહાર (૨) નાશ; સહાર (૩) વિઘ્ન, બાધા ૦ક વિ૦ વિઘાત કરનાર ૦કત્વ ન૦
વિઘોટી સ્ત્રી૦ ['વીઘું' પરથી, સર૦ म विघोटाई; विघोटी, हिं बीगहाटी] દર વીઘે આકારાતુ કે ભરવાનું મહેસૂલ [–ભરવી]
વિઘ્ન ન૦ [સં] હરકત, સંકટ, મુશ્કેલી [–આવવું, પડવું = હરકત પેદા થવી.] ૦કર્તા –(ર્તા) પું૦, ૦કારી વિ૦ (૨) પું૦ વિઘ્ન કરનાર.

૦નાશક(-ન) વિ૦ (૨) પું૦ વિઘ્ન દૂર કરનાર (ગણપતિ). ૦સંતોષી વિ૦ વિઘ્ન કરવામાં રાજી થનાર. ૦હર(-ર્તા,-ર્ત્રા) વિ૦ વિઘ્ન દૂર કરનારું -ઘ્નિત વિ૦ [સં.] વિઘ્નમાં આવી પડેલું, અંતરાયેલું; અટકાયેલું

વિઘ્ર વિ૦ [જુઓ વ્યગ્ર]+ બાવરું [૦તા સ્ત્રી૦

વિચક્ષણ વિ૦ [સં.] ચતુર; બુદ્ધિમાન, વિદ્વાન.

વિચરવું અ૦ક્રિ૦ [स वि+चर्] જવું, આમ તેમ ફરવું; પ્રવાસ કરવો

વિચલ(-ળ), -લિત વિ૦[સં.] અસ્થિર; હાલતું

વિચાર પું૦ [સં] મનથી ચિંતવવું તે, મનન કરવું તે (૨) અભિપ્રાય (૩) ઉદ્દેશ, આશય (૪) કલ્પના, મનસૂબો (૫) નિશ્ચય (૬) વિવેક, મર્યાદા (૭) પરિણામનો ખ્યાલ (૮) ચિંતા [-આપવો=અભિપ્રાય આપવો, સલાહ આપવી -આવવો=કલ્પના સૂઝવી (૨) ચિંતન કરવું -ઊઠવો=તર્ક થવો -કરવો=ચિંતવવું (૨) મનસૂબો કરવો (૩) મસલત કરવી. -ચલાવવો=વિચારવું, ચિંતવવું (૨) મસલત કરવી. -છુપાવવો= અભિપ્રાય કે હેતુ ગુપ્ત રાખવો -દબાવવો= મનોભાવ પ્રકટ ન કરવો (૨) મન મારવું -દર્શાવવો=વિચાર પ્રગટ કરવો, જણાવવો. -દોડાવવો=કલ્પના કરવી -ધરાવવો= અભિપ્રાય કે ઉદ્દેશ હોવો. -પરખવો= મનોભાવ કળવો -પહોંચાડવો=વિચારવું. -પૂછવો=અભિપ્રાય જાણવા માગવો. -ભમવો=મન અસ્થિર હોવું -રાખવો= વિચાર ધરાવવો (૨) વિવેક રાખવો, મર્યાદા સાચવવી લાંબો વિચાર=દૂરના પરિણામોનો ખ્યાલ] ૦ક પું૦ વિચાર કરનાર, ચિંતનશીલ પુરુષ ૦ણા સ્ત્રી૦ વિચાર કરવો તે ૦ણીય વિ૦ વિચારવા માટેનું કે વિચારવા યોગ્ય ૦દોષ પું૦ વિચાર-પદ્ધતિ કે તેની સરણીનો દોષ, વિચાર કરવામાં થતી ભૂલ ૦પદ્ધતિ સ્ત્રી૦ વિચાર કરવાની રીત ૦પૂર્વક અ૦ વિચાર કરીને ૦વંત, ૦વાન વિ૦ વિચાર કરનારું, વિચારવાળું ૦વિનિમય પું૦ વિચારોની આપલે. ૦વું સ૦ક્રિ૦ વિચાર કરવો. ૦શક્તિ સ્ત્રી૦ વિચાર કરવાની શક્તિ ૦શીલ વિ૦ વિચાર કરે તેવું; વિચારવાન. ૦શ્રેણિ(-ણી) સ્ત્રી૦ વિચારની પરંપરા. ૦સરણિ(-ણી) સ્ત્રી૦ વિચારની સરણી-તેની પદ્ધતિ, ક્રમબદ્ધતા વગેરે ૦સૃષ્ટિ સ્ત્રી૦ વ્યક્તિના સમગ્ર વિચારોનો સમૂહ. -રિત વિ૦ વિચારેલું. -રી વિ૦ વિચારયુક્ત; વિચારવાન

વિચિ(-ચી) સ્ત્રી૦ [સં] મોજું, તરંગ

વિચિત્ર વિ૦ [સં] તરેહવાર, વિલક્ષણ (૨) અદ્ભુત, નવાઈ પમાડતું ૦તા સ્ત્રી૦ ૦વીર્ય પું૦ (સં) ધૃતરાષ્ટ્ર અને પાંડુનો પિતા.-ત્રિત વિ૦ [સં.] વિચિત્ર; નવાઈ ભરેલું

વિચી સ્ત્રી૦ [સં.] વિચિ, મોજું

વિચેતન વિ૦ [સં] અચેતન, બેહોશ

વિચેષ્ટા સ્ત્રી૦ [સં.] ચેષ્ટા

વિચોવિચ અ૦ [સર૦ हिं वीचोवीच; જુઓ વચ્ચે] બરાબર વચ્ચે, વચ્ચોવચ

વિચ્છિત્તિ સ્ત્રી૦ [સં] સ્ત્રીનો એક વિલાસ, (અંગત સૌંદર્યની મગરૂરીથી) શણગાર ઇ૦ માં અમુક લાપરવાઈ દેખાડવી તે

વિચ્છિન્ન વિ૦ [સં] વિચ્છેદ પામેલું

વિચ્છેદ પું૦[સં] કાપ, છેદ (૨) વિભાગ (૩) વિયોગ (૪) નાશ [-જવું=નાશ પામવું] ૦ન ન૦ વિચ્છેદ કરવો કે થવો તે

વિચ્યુત વિ૦ [સ] ચ્યુત થયેલું

વિછળામણ ન૦[વીછળવું પરથી] વીછળેલું પાણી

વિછળાવવું સ૦ક્રિ૦ 'વીછળવું'નું પ્રેરક

વિછોહ પું૦ [દે विच्छोह, સર૦ हिं] (પ) વિયોગ, જુદાઈ -હી વિ૦ વિયોગી

વિજન વિ૦ [સ] માણસના અવરજવર વિનાનું, એકાંત, વેરાન (૨) ન૦ તેવી જગા ૦તા સ્ત્રી૦

વિજય પું૦ [સં] ફતેહ. ૦ડંકો પું૦ વિજય સૂચવતો ડંકો ૦ધ્વજ, ૦વાવટો પું૦ વિજયસૂચક વાવટો ૦યાત્રા સ્ત્રી૦ વિજયની ઉજવણીની યાત્રા ૦સ્તંભ પું૦ વિજયની યાદગીરી માટે ઊભો કરેલો સ્તંભ -યા સ્ત્રી૦ (સં) પાર્વતી (૨) ભાંગ -યાદશમી સ્ત્રી૦ દશેરા, આસો સુદ ૧૦ -વિની વિ૦ સ્ત્રી૦,

–યી વિ૦ ફતેહમંદ
વિજયંતવિ૦(૫)વિજયવંત [બીજી જાતનું
વિજાતિ સ્ત્રી૦ [સં.] ભિન્ન જાતિ –તીય વિ૦
વિજાપરો પું૦[સર૦ મ विजावळी=વેગળાપણું; ભિજતા] છૂટકો; નિકાલ
વિજારી સ્ત્રી૦ [સં. जार ઉપરથી] વ્યભિચાર(૨) લુચ્ચાઈ (૩) હાથચાલાકી
વિજાવું અ૦ક્રિ૦, –વવું સ૦ક્રિ૦ 'વીજવું'નું કર્મણિ ને પ્રેરક [વિ૦ જીતવા ઇચ્છનાર
વિજિગીષા સ્ત્રી૦ [સં] જીતવાની ઇચ્છા. –ષુ
વિજીત વિ૦ [સં] જિતાયેલું; હારેલું
વિજૃંભણ ન૦ [સં] બગાસું (૨) ખીલવું તે (૩) રમત; ક્રીડા
વિજેતા પું૦ [સં.] વિજય મેળવનાર
વિજોગ પું૦ જુઓ વિયોગ; છૂટું પડવું તે. ૦ણ(–ણી) વિ૦ સ્ત્રી૦ વિયોગી સ્ત્રી; વિરહિણી –ગિયું,–ગી વિ૦ વિયોગી; વિરહી
વિજ્ઞપ્તિ સ્ત્રી૦ [સં.] વિનંતી
વિજ્ઞાત વિ૦ [સં.] સારી રીતે જાણેલું. –તા પું૦ [સં.] જાણનાર; સારી રીતે જાણનાર
વિજ્ઞાન ન૦ [સં] સવિશેષ જ્ઞાન શાસ્ત્રીય જ્ઞાન (૨) અનુભવજ્ઞાન (૩) બ્રહ્મજ્ઞાન, તત્ત્વજ્ઞાન. ૦મય વિ૦ વિજ્ઞાનથી ભરેલું, વિજ્ઞાનનું બનેલું ૦મય કોશ(–ષ) પું૦ જીવના પાંચ કોશોમાંનો એક (જુઓ આનંદમય કોશ) ૦વાદ પું૦ પદાર્થમાત્ર મનોમય છે, એટલે વિજ્ઞાન એ જ તત્ત્વ છે એવો બૌદ્ધ તત્ત્વજ્ઞાનનો એક સિદ્ધાંત. ૦વાદી વિ૦ (૨) પું૦ વિજ્ઞાનવાદ માનનાર. ૦શાસ્ત્રી પું૦ વૈજ્ઞાનિક, 'સાયન્ટિસ્ટ'. –નિક,–ની વિ૦ (૨) પું૦ જુઓ વૈજ્ઞાનિક
વિજ્ઞાપક વિ૦ [સં.] જાહેર કરનાર (૨) ન૦ જાહેરખબર (૩) માહિતી આપનાર પુસ્તક કે ચોપાનિયું. –ન ન૦,–ના સ્ત્રી૦ નિવેદન, વિનંતિ
વિજ્ઞાપિત વિ૦[સં.] નિવેદિત કરેલું
વિટ(– શ) પું૦ [સં.] વૈશ્ય
વિટ પું૦ [સં] કામુક, લંપટ (૨) ચાર (૩) વેશ્યાનો અનુચર, ભડવો (૪) નાટકમાં નાયક નાયિકાનો વિદૂષક જેવો સાથી
વિટપ પું૦ [સં.] ડાળી
વિટમણા સ્ત્રી૦ + જુઓ વિટંબણા
વિટલ વિ૦ + મૂર્ખ; અણસમજુ
વિટલાગી સ્ત્રી૦[દે विंटल, विंटलिआ] વશીકરણ વિદ્યા ઉદા૦ 'માડી માયાએ વિટલાગી'
વિટંગા સ્ત્રી૦ + [સં विट्+અંગના] + છિનાળ; કુલટા (૨) કાબેલ સ્ત્રી
વિટંબ પું૦ +, ૦ણા સ્ત્રી૦ [સં. विडम्बना, સર૦ મ] દુ:ખ; સંતાપ; મુશ્કેલી. [–થવી, પડવી=સંતાપ થવો, મુશ્કેલી આવવી]
વિટામિન ન૦ [ઇં.] ખોરાકમાં હોતું એક પ્રાણદાયી તત્ત્વ [મૂડીદારોની સત્તા
વિટ્પ્રકોપ પું૦ [સં.] વૈશ્યવૃત્તિની પ્રબળતા;
વિટ્વરાહ પું૦ [સં.] ડુક્કર
વિઠ્ઠલ પું૦ [સં] (સં) કૃષ્ણ, વિષ્ણુ
વિડંગ પું૦, સ્ત્રી૦; ન૦ [સં] વાવડિંગ
વિડંબક વિ૦ (૨) પું૦ [સં.] વિડંબના કરનાર.
વિડંબન ન૦, –ના સ્ત્રી૦ [સં] અનુકરણ (૨) ઉપહાસ, મશ્કરી (૩) છળ (૪) મુશ્કેલી; પીડા. [–પડવી=મુશ્કેલી પડવી, પીડા થવી.]
વિડારણ ન૦ [વિડારવું પરથી] વિડારવું તે
વિડારવું સ૦ક્રિ૦[જુઓ વિદારવું] મારી નાખવું (૨) ચીરવું (૩) શરમાવવું
વિણ અ૦ [પ્રા. विणा (સં विना), વિના (૫)
વિણામણ ન૦, –ણી સ્ત્રી૦ ['વીણવું' ઉપરથી] વીણવું તે (૨) અનાજમાંથી વીણી કાઢેલો નકામો ભાગ (૩) વીણવાની મજૂરી
વિણાવું અ૦ક્રિ૦, –વવું સ૦ક્રિ૦ 'વીણવું'નું અનુક્રમે કર્મણિ ને પ્રેરક
વિત ન૦ [સં. वित्त] (૫) વિત્ત, ધન
વિતથ વિ૦ [સં] અસત્ય, મિથ્યા.
વિતરણ ન૦[સં] અર્પણ; દાન
વિતરવું સ૦ક્રિ૦ [સં वितृ] આપવું
વિતર્ક પું૦ [સં] એક તર્ક પછીનો બીજો તર્ક (૨) સંદેહ, શક (૩) તર્કવિતર્ક, વિચાર
વિતલ(–ળ) ન૦ [સં.] સાત પાતાળમાંનું બીજું
વિતંડા સ્ત્રી૦; ૦વાદ પું૦ [સં.] ખોટો બકવાદ; નકામી માથાકૂટ (૨) પોતાનો પક્ષ જ ન હોય અને માત્ર સામા પક્ષનું ખંડન જ કર્યા કરવું તે (ન્યા). –ડી વિ૦ વિતંડાવાળું

**વિતાડવું** સ૦ ક્રિ૦ ['વીતવું'નુ પ્રેરક] દુઃખ દેવું; પજવવું, વતાડવું
**વિતાડ(-વ)વું** સ૦ક્રિ૦ ['વીતવું'નુ પ્રેરક] પસાર કરવું
**વિતાન** પું૦, ન૦ [सं] ચંદરવો; છત
**વિતાલ** વિ૦ [सं.] બેતાલું
**વિતાવવું** સ૦ક્રિ૦ જુઓ વિતાડવું,પસાર કરવું
**વિત્ત** ન૦ [सं.] દ્રવ્ય (૨) શક્તિ (૩) સાર
**-વિદ્** વિ૦ [सं] સમાસમા ઉત્તરપદ તરીકે આવતા 'જાણનાર' અર્થ બતાવે છે. ઉદા૦ 'યજુર્વિદ'
**વિદગ્ધ** વિ૦ [सं] બળીને ભસ્મ થયેલુ (૨) પરિપકવ (૩) વિદ્વાન (૪) ચતુર, પક્કું. ૦તા સ્ત્રી૦ -ગ્ધા સ્ત્રી૦ ચતુર સ્ત્રી
**વિદર્ભ** પું૦ [सं.](સ ) એક દેશ; આધુનિક વરાડ
**વિદલ(-ળ)** વિ૦ [सं] વિકસિત, ખીલેલુ (૨) દળ વિનાનુ (૩) ન૦ કઠોળ અને દહીં અથવા દહીંની વાની
**વિદાય** વિ૦ [જુઓ વદાય] વળાવેલુ. મોકલેલુ (૨) સ્ત્રી૦ રજા; છૂટા પડવુ તે [-આપવી, -લેવી] ૦બોલ પું૦ વિદાય લેતા કે આપતા બોલાતો શબ્દ ૦ગીરી સ્ત્રી૦ રજા આપવી તે, વળાવવુ તે
**વિદારક** પું૦ [सं] વિદારણ કરનાર -ણુ ન૦
**વિદારવું** સ૦ક્રિ૦ [सं. विदृ] ચીરવું ટુકડા કરી નાખવા (૨) મારી નાખવુ
**વિદારિત** વિ૦ [सं] ચીરેલુ
**વિદારી** સ્ત્રી૦ એક વેલો (૨) [सं] એક રોગ ૦કંદ પું૦ વિદારીનુ કંદ
**વિદીર્ણ** વિ૦ [सं] વિદારિત, ચિરાયેલુ
**વિદિત** વિ૦ [सं] જાણમા આવેલું, જણાયેલુ
**વિદુર** પું૦ [सं.] (સ.) ધૃતરાષ્ટ્ર તથા પાંડુનો નાનો ભાઈ. ૦વેડા પું૦બ૦વ૦ દીનતા દેખાડયા કરવી તે
**વિદુષી** વિ૦ સ્ત્રી૦ [सं] પંડિતા
**વિદૂર** વિ૦[सं] ખૂબ દૂર (૨)[સ ]એ નામનો પર્વત કે શહેર' જ્યાથી પૂર્વે વૈદૂર્ય મળતો ૦તા સ્ત્રી૦. ૦મણિ પું૦ વૈદૂર્ય.એક મણિ
**વિદૂષક** પું૦ [सं] મશ્કરો, રંગલો (૨) નાટકમા નાયકનો મિત્ર ૦પણું ન૦
**વિદેશ** પું૦ [सं.] પરદેશ -શી વિ૦ (૨) પું૦ પરદેશી. -શીય વિ૦ પરદેશી (૨) પરદેશથી આવેલું, 'એક્સોટિક'
**વિદેહ** વિ૦[सं] અશરીરી (૨) વિગત; મૃત(૩) કૈવલ્ય પામેલું, માયાપાશથી મુક્ત થયેલુ. ૦મુક્ત વિ૦ મુક્તિ પામેલુ ૦મુક્તિ સ્ત્રી૦ મરણ બાદ પ્રાપ્ત થતી મુક્તિ (જીવનમુક્તિથી ઊલટું). -હી વિ૦ જુઓ વિદેહ
**વિદ્યમાન** વિ૦ [सं.] હયાત (૨) હાજર. (ન મમા પિતાના નામ પૂર્વે 'વિ૦' લખી તે હયાત છે એમ સૂચવાય છે) -ને અ૦+ મારફતે ઉદા૦ જેની વિદ્યમાને કાગળ પહોંચાડયો
**વિદ્યા** સ્ત્રી૦[सं.] જ્ઞાન (૨) તેનું શાસ્ત્ર કે કળા. ઉદા૦ 'સમાજવિદ્યા' (૩) વિજ્ઞાન, 'સાયન્સ (૪) જુઓ વદ્યા [ચૌદે વિદ્યા = બધી વિદ્યા, સમગ્ર જ્ઞાન મેલી વિદ્યા = જારણ, મારણ, વશીકરણની કે ભૂતપ્રેત સાધવાની વિદ્યા] ૦ગુરુ પું૦ વિદ્યા શીખવનાર ગુરુ ૦દાન ન૦ વિદ્યાનુ દાન ૦ધર પું૦ એક દેવયોનિનો દેવ ૦ધરી સ્ત્રી૦ વિદ્યાધર વર્ગની સ્ત્રી ૦ધિકારી પું૦ [+अधिकारी] કેળવણી ખાતાનો ઉપરી, 'ડી પી આઈ' ૦નંદ પું૦ [+आनंद] વિદ્યા પ્રાપ્તિનો આનંદ ૦નિધિ પું૦ વિદ્યાનો ભંડાર (૨) વિદ્યાસમિતિનો પ્રમુખ ૦પીઠ સ્ત્રી૦ ન૦ વિદ્યાનું ધામ, 'યુનિવર્સિટી' (૨) (સ ) ગૂજરાત વિદ્યાપીઠ, ગાંધીજીએ ગુજરાતમા સ્થાપેલ રાષ્ટ્રીય યુનિવર્સિટી ૦નુરાગી વિ૦ [+अनुरागी] વિદ્યામા પ્રેમ-અનુરાગવાળું' અભ્યાસપ્રમી ૦ભ્યાસ પું૦[+अभ्यास] ભણતર, કેળવણી. ૦મંદિર ન૦ શાળા. ૦મૃત ન૦ [+अमृत] વિદ્યારૂપી અમૃત ૦ર્થિની સ્ત્રી૦, ૦ર્થી પું૦ [सं] ભણનાર, અભ્યાસી. ૦લય ન૦ [+आलय] શાળા ૦વંત વિ૦ વિદ્વાન ૦સમિતિ સ્ત્રી૦ વિદ્યાપીઠમા કોઈ પણ વિદ્યાના અભ્યાસ સંબંધી વિચાર કરવા નીમેલુ મંડળ ૦વિહીન વિ૦ કેળવણી વિનાનું ૦વ્યાસંગી વિ૦ (૨) પું૦ વિદ્યાના વ્યાસંગવાળો

**વિદ્યુત** સ્ત્રી૦ [सं.] વીજળી. **–ત્પાત** પું૦ વીજળી પડવી તે. **–દણુ** પું૦ [+अणु] 'ઇલેક્ટ્રોન'. **–દ્યંત્ર** ન૦ [+यंत्र] વીજળીને બળે ચાલતુ યંત્ર **–દ્વેગી** વિ૦ [+वेगी] વીજળીના વેગવાળું; અતિ ત્વરિત. **–ન્મય** વિ૦ [+मय] વિદ્યુતથી પરિપૂર્ણ (૨) [લા.] ઉત્તેજિત; તેજ થયેલું. **–ન્માલા(–ળા)** પું૦ [+माला] એક છંદ **–લ્લતા, –લ્લેખા** સ્ત્રી૦ [+लता, लेखा] વીજળીની વાકીચૂકી રેખા

**વિદ્યોત્તેજક** વિ૦[सं.]વિદ્યાને ઉત્તેજન આપનારું

**વિદ્રાવણુ** ન૦[सं.] ઓગાળવું – પ્રવાહી કરવુ તે

**વિદ્રુમ** ન૦ [सं] પરવાળુ (૨) કૂંપળ

**વિદ્વજ્જન** પું૦ [सं] વિદ્વાન માણસ

**વિદ્વત્તા** સ્ત્રી૦ [स.] પંડિતાઈ, જ્ઞાન

**વિદ્વત્સંન્યાસ** સ્ત્રી૦[स.]પૂર્ણ જ્ઞાનીનો સન્યાસ

**વિદ્વદ્‌ભોગ્ય** વિ૦[सं]વિદ્વાનોને જ રસ પડે એવું

**વિદ્વાન** વિ૦(૨)પું૦[सं]જ્ઞાનવાન, પંડિત,જ્ઞાની

**વિદ્વેષ** પું૦[सं] દ્વેષ, શત્રુતા. **૦ણુ** ન૦ શત્રુતા કરાવવી તે એક અભિચાર

**વિદ્વેષી** વિ૦[स] વિદ્વેષવાળુ **–ષિતા** સ્ત્રી૦

**વિદ્વેષ્ટા** પું૦ [सं] વિદ્વેષ કરનાર [ધર્મવાળું

**વિધર્મ(–ર્મી)** વિ૦ [स.] વિરોધી કે ભિન્ન

**-વિધ** વિ૦[सं.] (સમાસને અંતે) રીતનુ. ઉદા૦ બહુવિધ (૨) અ૦ + પ્રમાણે; રીતે

**વિધ** સ્ત્રી૦ (પ) વિધિ, રીત; પ્રકાર

**વિધવા** સ્ત્રી૦ [सं] જેનો પતિ મરી ગયો હોય તેવી સ્ત્રી. **૦વિવાહ** પું૦ તેનુ પુનર્લગ્ન

**વિધવિધ** વિ૦ [જુઓ વિધ, વિવિધ] બહુ પ્રકારનું, વિવિધ

**વિધા** સ્ત્રી૦ [सं] પ્રકાર

**વિધાતા** પું૦ [सं.] બ્રહ્મા (૨) સ્ત્રી૦ વિધાત્રી. **–ત્રી** સ્ત્રી૦ પ્રારબ્ધની અધિષ્ઠાત્રી દેવી

**વિધાન** ન૦[सं] વિધિ; રીત (૨) શાસ્ત્રાજ્ઞા (૩) ક્રિયા (૪) સેવા (૫) ઉપાય (૬) હાથીને માટે કરેલો લાડુ

**વિધાયક** વિ૦[सं.] રચનાત્મક (૨) પું૦ વ્યવસ્થા કરનાર (૩) રચનાર (૪) આજ્ઞા કરનાર (૫) [પ્રાણવિનિમયનો] પ્રયોગ કરનાર

**વિધાયી** વિ૦પું૦ [सं] સ્થાપના કરનારો (૨) વ્યવસ્થા કરનારો (૩) રચના કરનારો

**વિધિ** પું૦ [सं] (સં) બ્રહ્મા (૨) ભાગ્યદેવતા (૩) આજ્ઞા; શાસ્ત્રાજ્ઞા (૪) સંસ્કાર (૫) પું૦; સ્ત્રી૦ ક્રિયા (૬) ક્રિયાનો ક્રમ કે પદ્ધતિ **૦નિષેધ** પું૦ અમુક કરવા ન કરવા માટેની શાસ્ત્રાજ્ઞા **૦પદ** ન૦ વિધેય; 'પ્રેડિકેટ' (વ્યા). **૦પૂરક** વિ૦ ક્રિયાપૂરક (વ્યા) **૦રૂપ** વિ૦ અમુક કરવાની આજ્ઞાવાળુ; આજ્ઞારૂપ

**વિધુ** પું૦ [सं.] ચંદ્રમા **૦વાર** પું૦ સોમવાર

**વિધુર** પું૦ [सं.] જેની પત્ની મરી ગઈ હોય એવો પુરુષ (૨) વિ૦ વ્યાકુળ (૩) વિયોગી **૦વિવાહ** પું૦ વિધુરનુ પુનર્લગ્ન. **–રા** વિ૦ સ્ત્રી૦પ્રિયના વિયોગથી પીડિત.**–રું** વિ૦વિધુર

**વિધેય** વિ૦ [सं] કરવા યોગ્ય (૨) અધીન, આજ્ઞાધારક (૩) ન૦ વાકયમા ઉદ્દેશને વિષે જે કંઈ કહ્યુ હોય તે (વ્યા.) (૪) પું૦ (પ્રાણ-વિનિમયનો) જેના પર પ્રયોગ કરાય છે તે. **૦પૂરણુ, ૦વર્ધક** વિ૦ વિધેયના અર્થમા વધારો કરનાર (૨) ન૦ તેવુ પદ (વ્યા).

**વિદ્ધ** વિ૦ [स] વીંધાયેલુ

**વિધ્યર્થ** પું૦ [सं] શાસ્ત્રાજ્ઞા, પ્રેરણા, ઉપદેશ, ફરજનો અર્થ બતાવતુ ક્રિયાપદનુ રૂપ (વ્યા) **૦ક** વિ૦ વિધ્યર્થનુ, વિધ્યર્થવાળુ

**વિધ્વસ્ત** વિ૦[स] નાશ પામેલુ

**વિધ્વંસ** પું૦ [स] નાશ

**વિન** અ૦ [स विना]+વિણ; વિના (પ)

**વિનત** વિ૦[सं.] નમ્ર (૨) નમી ગયેલુ [માતા

**વિનતા** સ્ત્રી૦ + વનિતા (૨) [सं.](સ )ગરુડની

**વિનતિ** સ્ત્રી૦ [सं] વિનંતી (૨) નમ્રતા

**વિનમ્ર** વિ૦ [सं] વિશેષ નમ્ર

**વિનય** પું૦ [सं] નમ્રતા (૨) સભ્યતા. **૦મંદિર** ન૦ માધ્યમિક કેળવણી આપનારી શાળા

**વિનવણી** સ્ત્રી૦ [જુઓ વીનવવુ, સર૦ म.] વીનવવુ તે. **વિનવાવવું** સ૦ક્રિ૦ 'વીનવવુંનું' પ્રેરક [નાશ પામવું

**વિનશન** ન૦ [सं.] નાશ. **–વું** અ૦ ક્રિ૦ (પ.)

**વિનશ્વર** વિ૦ [सं.] નશ્વર, ક્ષણભંગુર

**વિનષ્ટ** સ્ત્રી૦ [सं] નાશ પામેલુ

**વિનષ્ટિ** સ્ત્રી૦ [सं] વિનાશ, પાયમાલી

**વિનંતિ(-તી)** સ્ત્રી૰ [प्रा विन्नत्ति (सं विज्ञप्ति)] અરજી, આજીજી. ૰પત્ર ન૰ વિનતી કરતો પત્ર કે લખાણ [રહિત; વિહોણું
**વિના** અ૰[सं]સિવાય. વગર. ૰નું વિ૰વગરનું,
**વિનાણ** ન૰ [प्रा विन्नाण (सं विज्ञान)]+ વિજ્ઞાન (૨) જાદુ
**વિનાયક** પુ૰[सं](સં.)ગણપતિ. ૰ચતુર્દશી સ્ત્રી૰ (સ ) કારતક સુદ ૪
**વિનાશ** પુ૰ [सं] નાશ ૰ક વિ૰ નાશ કરનાર. ૰ન ન૰ નાશ કરવો તે -શિકા સ્ત્રી૰ લોઢાના બખ્તરવાળું એક લડાયક જહાજ, 'ડિસ્ટ્રૉયર'. -શિની વિ૰સ્ત્રી૰, -શી વિ૰ નાશ કરનારું (૨) નાશ પામે તેવું
**વિનિપાત** પું૰ [सं.] અવનતિ; પડતી; વિનાશ
**વિનિમય** પુ૰ [सं] અદલોબદલો, આપલે
**વિનિયોગ** પુ૰ [सं] ઉપયોગ, પ્રયોગ (૨) નિમણૂક (૩) વિઘ્ન
**વિનિર્મિત** વિ૰ [सं] નિર્માણ થયેલું
**વિનિંદક** વિ૰[सं]નિંદા કરનારું(૨) અવગણતું, તુચ્છકારતું
**વિનીત** વિ૰ [सं] સૌમ્ય, વિવેકી (૨) સુશિક્ષિત (૨) નરમ પક્ષનું, 'લિબરલ' (૪) હાઈસ્કૂલ કે વિનયમંદિરનો અભ્યાસક્રમ પાર કરી ગયેલું, 'મૅટ્રિક' ૰તા સ્ત્રી૰ સૌમ્યતા, નમ્રતા (૨) સુશિક્ષિતતા. ૰પક્ષ પું૰ બંધારણીય માર્ગે રાજકીય સુધારાઓ માટે પ્રવૃત્તિ ચલવવામાં માનનો—'લિબરલ' કે 'મૉડરેટ'—પક્ષ
**વિને** પુ૰+વિનય
**વિનોક્તિ** સ્ત્રી૰ [सं] 'વિના'નો જેમાં રસિક પ્રયોગ કરાય છે એવો એક અલંકાર(કા શા.)
**વિનોદ** પુ૰ [सं.] મોજ, આનંદ (૨) મશ્કરી, મજાક [-કરવો]. -દિની વિ૰ સ્ત્રી૰, -દી વિ૰ વિનોદ કરનારુ કે કરી શકે એવું
**વિન્યસ્ત** વિ૰ [सं.] ગોઠવાયેલું (૨) મુકાયેલું
**વિન્યાસ** પુ૰ [सं] ગોઠવણ (૨) મૂકવું તે
**વિપક્ષ** વિ૰[सं]સામા પક્ષનું, વિરોધી (૨) પું૰ સામાવાળિયો, દુશ્મન [(૨) મુશ્કેલી
**વિપત(-ત્તિ-દ,-દા)** સ્ત્રી૰ [सं] દુઃખ, આફત
**વિપથ** પુ૰ [सं] કુમાર્ગ ૰ગામી વિ૰ (૨) પું૰ કુમાર્ગે જનાર
**વિપદ(-દા)** સ્ત્રી૰ [सं.] વિપત્તિ
**વિપરિણામ** પુ૰, ન૰ [सं] ફેરફાર; પલટો (૨) ખોટું કે ખરાબ પરિણામ
**વિપરીત** વિ૰[सं] ઊલટું, વિરોધી, અવળું. ૰કરણ ન૰ ઊલટું કરવું તે ૰કોણ પુ૰ 'રિફ્લેક્સ ઍન્ગલ' (ગ) ૰તા સ્ત્રી૰. ૰લક્ષણા સ્ત્રી૰ જહલ્લક્ષણાનો એક પ્રકાર, આમા વાચ્યાર્થને છોડી તેની સાથે સંબંધ રાખતો તેનાથી બિલકુલ વિપરીત અર્થ સમજવાનો હોય છે.(કા. શા )
**વિપર્યય, વિપર્યાસ** પુ૰ [सं] ઊલટપૂલટ થઈ જવું તે (૨) મિથ્યાજ્ઞાન, હોય તેનાથી ઊલટું જ સમજવું તે (૩) ગરબડ, અવ્યવસ્થા (૪) નાશ
**વિપલ(-ળ)** સ્ત્રી૰ [सं] પળનો ૬૦ મો ભાગ
**વિપશ્ચિત** વિ૰ [सं] વિદ્વાન, જાણકાર
**વિપાક** પુ૰[सं.] પરિપક્વતા (૨) પરિણામ, ફળ
**વિપાશા** સ્ત્રી૰ [सं] (સં.) પંજાબની બિયાસ નદીનું પ્રાચીન નામ
**વિપિન** ન૰ [सं] જંગલ
**વિપુલ** વિ૰ [सं] વિશાળ (૨) પુષ્કળ (૩) ગાઢ ૰તા સ્ત્રી૰. ૰વું અ૰ક્રિ૰ વિપુલ થવું
**વિપ્ર** પુ૰[सं] બ્રાહ્મણ ૰કર્મ ન૰ બ્રાહ્મણનું નિત્યકર્મ
**વિપ્રતિપત્તિ** સ્ત્રી૰ [सं] ઝઘડો, મતભેદ
**વિપ્રયોગ** પુ૰ [सं] વિયોગ
**વિપ્રલબ્ધ** વિ૰ [सं] છેતરાયેલું (૨) નાસીપાસ થયેલું -બ્ધા સ્ત્રી૰ નાયકે સંકેત ન સાચવ્યાથી નાસીપાસ થયેલી નાયિકા
**વિપ્રલંભ** પુ૰ [सं] વિરહ, વિયોગ (૨) છળ, ઠગાઈ.-ભી વિ૰ ધૂર્ત, કપટી, ઠગારુ
**વિપ્રિય** વિ૰ (૨) ન૰ [सं] જુઓ અપ્રિય
**વિપ્લવ** પુ૰ [सं] બળવો, અંધાધૂંધી (૨) વિપત્તિ (૩) વિનાશ (૪) ડૂબી જઈ નાશ પામવું તે ૰કારી વિ૰ વિપ્લવ કરનારુ. ૰વાદી વિ૰ બળવો જરૂરી છે એમ માનનારું; 'રેવોલ્યુશનિસ્ટ'
**વિપ્લાવક** વિ૰ [सं.] વિપ્લવકારી

**વિરાધના** સ્ત્રી૦ [સં.] ખંડન, ભંગ (૨) (જૈન) અપરાધ કરવો તે (આરાધનાથી ઊલટું)
**વિરામ** પું૦ [સં.] વિરામવું તે (૨) આરામ, વિસામો (૩) અંત, અવસાન. [કોઠાવિરામ, જમીનવિરામ, દેહવિરામ=કોઠો, જમીન, દેહ–એ બધાને અનુકૂળ હોય એવું.] ૦ચિહ્ન ન૦ થોભવાની નિશાની (વાચતા) ૦વું અ૦ક્રિ૦ અટકવું, થોભવું; બંધ પડવું, અંત આવવો
**વિરાવ** પું૦ [સં.] ધ્વનિ
**વિરુદ્ધ** વિ૦ [સં.] ઊલટું, પ્રતિકૂલ ૦તા સ્ત્રી૦
**વિરૂપ** વિ૦ [સં.] કદરૂપું. ૦તા સ્ત્રી૦. –પાક્ષ પું૦ [સં.] (સં) શિવ
**વિરેચન** ન૦ [સં.] જુલાબ, દસ્ત, દવાથી પેટ સાફ કરવું તે ૦ચૂર્ણ ન૦ જુલાબ માટેની એક ફાકી [ને બલિનો બાપ
**વિરોચન** પું૦ [સં.] (સં) પ્રહ્લાદનો પુત્ર
**વિરોધ** પું૦ [સં.] વિરુદ્ધતા, દ્વેષ, શત્રુવટ (૨) કજિયો, તકરાર ૦ભક્તિ સ્ત્રી૦ વિરોધભાવથી થતી ભક્તિ (દા ત રાવણની રામ માટે). ૦વું સ૦ક્રિ૦ [સં વિરુધ્] વિરોધ કરવો, સામા થવું; ઘેરી લેવું –ધાભાસ પું૦ [+ आभास] માત્ર દેખાતો વિરોધ (૨) તેવા વર્ણનવાળો એક અર્થાલંકાર (કા શા) –ધાભાસી વિ૦ વિરોધાભાસવાળું. –ધિની વિ૦સ્ત્રી૦, –ધી વિ૦ વિરોધ કરનારુ; વેરી, શત્રુ (૨) વિરુદ્ધ, ઊલટું (૩) પું૦ દુશ્મન, સામાવાળિયો
**વિરોપણ** ન૦ [સં]–રોપવું તે (૨) લાવીને મૂકવું–ગોઠવવું તે [ રણ. ૦તા સ્ત્રી૦
**વિલક્ષણ** વિ૦ [સં] વિચિત્ર, અદ્ભુત, અસાધા-
**વિલપન** ન૦ [સં] વિલાપ. –વું અ૦ક્રિ૦ [સં વિલપ્] વિલાપ કરવો [લય, નાશ
**વિલય** પું૦, ૦ન ન૦ [સં.] ઓગળી જવું તે (૨)
**વિલસવું** અ૦ક્રિ૦ [સં. વિલસ્] ઝળકવું (૨) ક્રીડા કરવી, આનંદ કરવો (૩) સ૦ક્રિ૦ માણવું
**વિલસિત** વિ૦ [સં.] ઝળકતું, ચમકતું (૨) ન૦ વિલાસ; ચેષ્ટા, નખરું
**વિલંબ** પું૦ [સં.] ઢીલ, વાર. ૦ત્રિતાલ પું૦ એક તાલ (સંગીત.). ૦દ્રુતલય સ્ત્રી૦ સંગીતમાં લયનો એક પ્રકાર ૦ન ન૦ લટકવું તે (૨) ઢીલ; વાર. ૦મધ્યલય સ્ત્રી૦ સંગીતમાં લયનો એક પ્રકાર ૦લય સ્ત્રી૦ સંગીતમાં લયનો એક પ્રકાર. ૦વું અ૦ક્રિ૦ [સં વિલમ્વ્] વિલંબ કરવો –બિત વિ૦ લટકતું (૨) વિલંબ થયો હોય એવું (૩) ધીમું. –બી વિ૦ લટકતું (૨) ધીમું
**વિલાગવું** સ૦ક્રિ૦ [પ્રા विलग्ग (સં विलग्)] +વળગવું [ન૦ વિલાપ કરવો તે
**વિલાપ** પું૦ [સં.] રોવું તે, રુદન, આક્રંદ ૦ન
**વિલાયત** સ્ત્રી૦, ન૦ [અ] વતન (૨) તુર્કોનો અસલ દેશ (૩) ગોરા લોકોનો દેશ (૪) ઇંગ્લંડ –તી વિ૦ વિલાયતનું કે ત્યાં બનેલું (૨) સ્વદેશનું નહીં એવું, પરદેશી (૩) [લા.] અસાધારણ, વિચિત્ર
**વિલાવું** અ૦ક્રિ૦ [સં वि+ली; સર૦ હિં विलाना] કરમાવું (૨) પીગળવું (૩) વિલય થવો, નાશ પામવું. –વવું સ૦ક્રિ૦ (પ્રેરક)
**વિલાસ** પું૦ [સં] ખેલ; ક્રીડા (૨) ચેનબાજી; મોજ (૩) શૃંગારચેષ્ટા મોહક હાવભાવ (૪) શૃંગારક્રીડા ૦વતી વિ૦ સ્ત્રી૦ વિલાસવાળી. ૦વું સ૦ક્રિ૦ [સં. विलस्] વિલાસ કરવો (૨) ચળકવું.–સિકા સ્ત્રી૦ એક પ્રકારનું એકઅંકી નાટક –સિની સ્ત્રી૦ વિલાસવતી સ્ત્રી (૨) વેશ્યા. –સી વિ૦ (૨) પું૦ કામાસક્ત, વિષયી (૩) ચેનબાજી ઉડાવનાર, લહેરી
**વિલીન** વિ૦ [સં] લીન થઈ ગયેલું (૨) લય પામેલું (૩) ઓગળી ગયેલું [લીધેલું
**વિલુપ્ત** વિ૦ [સં.] લુપ્ત થઈ ગયેલું (૨) ઝૂંટવી
**વિલુબ્ધ** વિ૦ [સં] લોભાયેલું (૨) આસક્ત
**વિલેપ** પું૦, ૦ન ન૦ [સં.] લેપ કરવો–ચોપડવું તે (૨) લેપ કરવાનો પદાર્થ
**વિલોકણી** સ્ત્રી૦+જોવાની ઢબ (૨) તપાસણી
**વિલોકન** ન૦ [સં] જોવું તે (૨) નજર
**વિલોકવું** સ૦ક્રિ૦ [સં विलोक्] જોવું (૨) તપાસવું
**વિલોચન** ન૦ [સં] આંખ (૨) જોવું તે. –વું સ૦ક્રિ૦ જુઓ વિલોકવું
**વિલોપન** ન૦ [સં] લોપવું કે લોપાવું તે
**વિલોમ** વિ૦ [સં] વિપરીત, ઊલટું. ૦ક્રિયા

સ્ત્રી૦ 'મેથડ ઑફ ઇન્વર્ઝન' (ગ.). ૦જ(-જાત) વિ૦ ઉચ્ચ જાતિની સ્ત્રીને ઊતરતી જાતિના પુરુષથી ઉત્પન્ન થયેલું
**વિલોલ** વિ૦[સં.]ચચળ (૨) સુદર ૦તા સ્ત્રી૦
**વિલોવું** અ૦ક્રિ૦ [प्रा. विलोवण (सं.विलोपन)] આઉને સંકોચી દૂધ ખેંચી લેવું-ઉહાડી દેવું
**વિવક્ષા** સ્ત્રી૦ [સં] કહેવાની ઇચ્છા (૨) તાત્પર્ય, ઇરાદો -ક્ષિત વિ૦ કહેવા ધારેલું
**વિવર** ન૦[સં.] દર; છિદ્ર (૨) ગુફા (૩) પું૦ (સુ.) ઉપાય, ઇલાજ; માર્ગ
**વિવરણ** ન૦ [સં] સ્પષ્ટીકરણ, વિવેચન
**વિવર્જિત** વિ૦ [સં.] ત્યજાયેલું; વરજાયેલું
**વિવર્ણ** વિ૦ [સં.] ફીકું; રંગ વિનાનું (૨) કદરૂપું (૩) નીચ જાતિનું
**વિવર્ત** પું૦[સં] રૂપાંતર (૨) ભ્રમ; મિથ્યાભાસ (૩) ચક્રાકાર ફરવું તે. ૦ન ન૦ પરિવર્તન (૨) પરિભ્રમણ (૩) ચક્રાકાર ફરવું તે ૦વાદ પું૦ જગત એ બ્રહ્મનું પરિણામ નથી, પરંતુ મિથ્યાભાસ છે એવો વેદાંતનો સિદ્ધાંત ૦વું અ૦ક્રિ૦ [सं. विवृत्] ગોળ ફરવું. -ર્તિત વિ૦ [સં] વિવર્તન પામેલું (૨) મચકોડાઈ ગયેલું
**વિવર્ધમાન** વિ૦[સં.] વધતું જતું; વર્ધમાન
**વિવર્ધિત** વિ૦ [સં] વધેલું; વિસ્તાર પામેલું
**વિવશ** વિ૦[સં]પરાધીન(૨) વ્યાકુળ ૦તા સ્ત્રી૦
**વિવસ્વાન** પું૦ [સં] સૂર્ય
**વિવા** (વા') પું૦ વિવાહ (પ.) [લગનસરા
**વિવાડો** (વા') પું૦ ['વિવાહ' પરથી] (કા.)
**વિવાતું** (વા') વિ૦ ['વિવાહ' પરથી] વિવાહવાળું, વિવાહની ધામધૂમમાં મચેલું દેરાયતું, વેવાતું
**વિવાદ** પું૦ [સં] ચર્ચા (૨) ઝઘડો (૩) મતભેદ (૪) અદાલતમાં ચાલતો ઝઘડો કે દાવો. ૦ગ્રસ્ત વિ૦ ઝઘડામાં પડેલું; જેને વિષે વિવાદ ચાલે છે તેવું. -દાત્મક વિ૦ [+आत्मक] વિવાદવાળું. -દાસ્પદ વિ૦ [+आस्पद] વિવાદને જેમાં સ્થાન છે તેવું. -દિત વિ૦ વિવાદયુક્ત, ચર્ચાસ્પદ, તકરારી -દી વિ૦ (૨) પું૦ વિવાદ, ઝઘડો કે દાવો કરનાર (૩) વિ૦ વાદી સંવાદી સાથે નહિ ભળતો (સ્વર)
**વિવાર** પું૦ [સં.] અક્ષરોના ઉચ્ચારણમાં ગળાનું પહોળું થવું તે, વર્ણનો એક બાહ્ય પ્રયત્ન (વ્યા.)
**વિવાસન** ન૦ [સં.] દેશનિકાલ કરવું તે દેશવટો
**વિવાહ** પું૦[સં]વેવિશાળ (૨) લગ્ન [-તોડવો, ફોક કરવો=સગપણ રદ કરવું. -માંડવો= લગ્નની ગોઠવણ તથા ઉજવણી કરવી] ૦પત્રી સ્ત્રી૦ કંકોત્રી. ૦વાજન ન૦ વિવાહ કે તેવો ધામધૂમવાળો અવસર -હિત વિ૦, -હિતા વિ૦ સ્ત્રી૦ પરણેલું [(૩) નિર્મલ
**વિવિક્ત** વિ૦ [સં.] અલગ, જુદું (૨) એકાંત
**વિવિદિષા** સ્ત્રી૦ [સં] જાણવાની ઇચ્છા; જિજ્ઞાસા ૦સંન્યાસ પું૦ જિજ્ઞાસુએ જ્ઞાનપ્રાપ્તિ માટે લીધેલો સંન્યાસ
**વિવિધ** વિ૦ [સં.] અનેક પ્રકારનું ૦તા સ્ત્રી૦ વિવિધ હોવાપણું (૨) વૈચિત્ર્ય ૦રંગી વિ૦ વિવિધ રંગવાળું
**વિવૃત** વિ૦ [સં.] ઉઘાડું; ખુલ્લું (૨) વિસ્તૃત (૩) આભ્યંતર પ્રયત્નના ચાર પ્રકારમાંનો એક (વ્યા) (સ્પૃષ્ટ, ઈષત્સ્પૃષ્ટ, સંવૃત્ત ને વિવૃત્ત) -તિ સ્ત્રી૦ [સં.] ટીકા, ભાષ્ય
**વિવેક** પું૦ [સં] જુઓ વિવેકબુદ્ધિ (૨) સભ્યતા, વિનય (૩) કરકસર ૦ખ્યાતિ સ્ત્રી૦ જુઓ પ્રસંખ્યાન ૦બુદ્ધિ સ્ત્રી૦ સારાસાર છૂટો પાડવાની-સમજવાની બુદ્ધિ -કી વિ૦ વિવેકવાળું; સમજુ, સભ્ય (૨) વિચારવાન, જ્ઞાની
**વિવેચક** વિ૦ (૨) પું૦ [સં.] વિવેચન, ટીકા કે સમીક્ષા કરનાર ૦ત્વ ન૦
**વિવેચન** ન૦ [સં.] સ્પષ્ટીકરણ (૨) ટીકા, ગુણદોષ જુદા પાડી બતાવવા તે. ૦કાર પું૦ વિવેચક. ૦શાસ્ત્ર ન૦ ગુણદોષના ચર્ચાનું શાસ્ત્ર. -ના સ્ત્રી૦ વિવેચન
**વિવેચવું** સ૦ક્રિ૦ [સં० विविच्] વિવેચન-સમાલોચના કરવી
**વિવેચિત** વિ૦ [સં] વિવેચન કરાયેલું
**વિશદ** વિ૦ [સં] નિર્મળ (૨) સ્પષ્ટ, સરળ (૩) શ્વેત ૦તા સ્ત્રી૦ [લય પામવું
**વિશમવું** સ૦ક્રિ૦ [सं विशम्] વિરામવું, શમવું;
**વિશલ્ય** વિ૦ [સં] શલ્યરહિત, સાજું ૦કરણી સ્ત્રી૦ મૃતસંજીવની જેવી એક ઔષધિ

**વિશસન** ન૦ [સં.] મારી નાખવું તે (૨) ખડ્ગ (૩) (સં.) એક નરકનું નામ [નક્ષત્ર

**વિશાખા** સ્ત્રી૦ [સં.] નાની ડાળી (૨) ન૦ સોળમું

**વિશારણ** ન૦ [સં.] મારી નાખવું – વિશીર્ણ કરવું તે [૦તા સ્ત્રી૦

**વિશારદ** [સં.] નિપુણ, ચતુર (૨) પંડિત; વિદ્વાન

**વિશાલ(-ળ -ળું)** વિ૦ [સં.] મોટું વિસ્તીર્ણ. ૦(-ળ)તા સ્ત્રી૦. -લા સ્ત્રી૦ ગાંધારગ્રામની એક મૂર્છના (સંગીત)

**વિશાંપતિ** પું૦ [સં.] રાજા [ન૦ બાણ

**વિશિખ** વિ૦ [સં.] શિખા–ટોચ વિનાનું (૨)

**વિશિષ્ટ** વિ૦ [સં.] વિશેષતાવાળું, અસાધારણ; વિલક્ષણ. ૦તા સ્ત્રી૦. -ષ્ટાદ્વૈત ન૦ [+ अद्वैत] રામાનુજે પ્રવર્તાવેલો વેદાન્તનો સિદ્ધાંત

**વિશીર્ણ** વિ૦ [સં.] ભાંગીતૂટી ગયેલું, જીર્ણ

**વિશુદ્ધ** વિ૦ [સં.] પવિત્ર (૨) નિર્મળ. ૦તા સ્ત્રી૦. ૦મૂલ્ય ન૦ 'ઍબ્સોલ્યૂટ વૅલ્યુ' (ગ.). -દ્ધિ સ્ત્રી૦ વિશુદ્ધતા [સ્વચ્છંદી

**વિશૃંખલ(-ળ)** વિ૦ [સં.] બંધન વિનાનું,

**વિશે(-ષે)** અ૦ [જુઓ વિષે] સંબંધી

**વિશેક** વિ૦ + જુઓ વિશેષ

**વિશેષ** વિ૦ [સં.] વધારે (૨) ખાસ, અસાધારણ (૩) પું૦ તફાવત (૪) અસાધારણ ધર્મ (૫) સંગીતમાં એક અલંકાર. [-વિનંતી કે (ટૂંકમાં વિ૦ વિ૦) = વિશેષમાં કહેવાનું કે (એ અર્થમાં પત્રમાં લખાય છે). વિશેષે કરીને = ખાસ કરીને] ૦ક વિ૦ વિશેષતા કરતું (૨) પું૦ એક છંદ

**વિશેષણ** ન૦ [સં.] નામનો ગુણ કે સંખ્યા બતાવનાર શબ્દ (વ્યા). ૦વાક્ય ન૦ વિશેષણરૂપ ગૌણ વાક્ય. ૦વિભક્તિ સ્ત્રી૦ છઠ્ઠી વિભક્તિ ૦સમાસ પું૦ કર્મધારય સમાસનો એક પ્રકાર. ઉદા૦ 'સ્નાતાનુલિપ્ત'

**વિશેષતઃ** અ૦ [સં.] મુખ્યત્વે કરીને; ખાસ કરીને -તા સ્ત્રી૦, -ત્વ ન૦ વધારેપણું (૨) તફાવત (૩) ઉત્કૃષ્ટતા; અસાધારણતા

**વિશેષનામ** ન૦ [સં.] (વ્યા) વસ્તુ, માણસ આદિનું ખાસ નામ તે, નામનો એક પ્રકાર

**વિશેષોક્તિ** સ્ત્રી૦ [સં.] એક અલંકાર જેમાં સામાન્ય આવશ્યક કારણો મોજૂદ હોવા છતાં કાર્ય પરિણમતું નથી

**વિશેષ્ય** ન૦ [સં.] વિશેષણથી જેનો ગુણ કે વધારો બતાવાયો હોય તેવો શબ્દ (વ્યા.)

**વિશોધન** ન૦ [સં.] સાફ કરવું તે, ધોઈ નાખવું તે

**વિશોધિત** વિ૦ [સં.] વિશુદ્ધ થયેલું

**વિશ્ર(-સ્ર)બ્ધ** વિ૦ [સં.] વિશ્વાસુ (૨) સ્થિર

**વિશ્રમવું** અ૦ક્રિ૦ [સં. वि + श्रम्] વિશ્રામ કે વિસામો કરવો (૨) અટકવું

**વિશ્રંભ** પું૦ [સં.] વિશ્વાસ (૨) રહસ્ય; ખાનગી વાત. ૦કથા સ્ત્રી૦ ખાનગી વાત. -ભિની વિ૦ સ્ત્રી૦ વિશ્રંભ રાખતી

**વિશ્રામ** પું૦ [સં.] વિસામો, આરામ (૨) આરામ લેવાનું સ્થાન [-કરવો, -મળવો, -લેવો] ૦વાર પું૦ આરામદિન; 'સેબાથ'

**વિશ્રાંત** વિ૦ [સં.] થાકી ગયેલું. -તિ સ્ત્રી૦ વિશ્રામ [-કરવી, -મળવી, -લેવી]

**વિશ્રી** વિ૦ [સં.] શોભાહીન, કુરૂપ, બેહૂદું (૨) સ્ત્રી૦ કુરૂપતા, શોભાહીનતા [સાંભળેલું

**વિશ્રુત** વિ૦ [સં.] પ્રખ્યાત (૨) જાણેલું;

**વિશ્લિષ્ટ** વિ૦ [સં.] છૂટું પડેલું-પાડેલું

**વિશ્લેષ** પું૦, ૦ણ ન૦ [સં.] છૂટું પડવું કે પાડવું તે (૨) વિયોગ ૦ક વિ૦ (૨) પું૦ જુદું પાડનાર

**વિશ્વ** ન૦ [સં.] જગત, સૃષ્ટિ (૨) વિ૦ સમગ્ર; વિરાટ ૦કર્મા પું૦ [સં.] દેવોનો શિલ્પશાસ્ત્રી (૨) ઈશ્વર (૩) સુતાર. ૦જનીન વિ૦ સમસ્ત વિશ્વનું, -ને લગતું (૨) ભૂતમાત્ર પ્રત્યેનું. ૦જિત વિ૦ વિશ્વને જીતનાર ૦તંત્ર ન૦ જગતનું તંત્ર – વ્યવસ્થા ૦નાથ પું૦ જગતનો સ્વામી, પરમેશ્વર (૨) (સં.) કાશીમાં આવેલું શિવનું જ્યોતિર્લિંગ (૩) (સં.) મહાદેવ ૦દૃષ્ટિ સ્ત્રી૦ વિશાળ – વ્યાપક દૃષ્ટિ ૦મૂર્તિ પું૦ પરમાત્મા ૦રૂપ વિ૦ સર્વવ્યાપી (૨) પું૦ [સં.] વિષ્ણુ. ૦વિદ્યાલય ન૦ યુનિવર્સિટી; વિદ્યાપીઠ ૦વ્યાપી વિ૦ આખા જગતમાં વ્યાપી રહેલું. ૦શાંતિ સ્ત્રી૦ સકલ જગતની શાંતિ

**વિશ્વસનીય** વિ૦ [સં.] વિશ્વાસ કરવા લાયક, વિશ્વાસપાત્ર ૦તા સ્ત્રી૦

**વિશ્વસ્ત** વિ૦ [સં] વિશ્વાસુ; વિશ્વસનીય
**વિશ્વંભર** વિ૦ [સં] આખા જગતનું પોષણ કરનાર (૨) સર્વવ્યાપી (૩) પું૦ (સં.) વિષ્ણુ –રા વિ૦ સ્ત્રી૦ વિશ્વનું પોષણ કરનારી (૨) સ્ત્રી૦ પૃથ્વી. –રી વિ૦ સ્ત્રી૦ વિશ્વંભરા
**વિશ્વાત્મા** પું૦[સં] વિશ્વનો આત્મા–પરમેશ્વર
**વિશ્વાધાર** પું૦ [સં.] વિશ્વનો આધાર–ઈશ્વર
**વિશ્વામિત્ર** પું૦ [સં.] (સં.) એક પ્રસિદ્ધ ઋષિ
**વિશ્વાસ** પું૦[સં.] ભરોસો; ખાતરી (૨) શ્રદ્ધા; પ્રતીતિ [–આપવો દેવો;–કરવો, મૂકવો, રાખવો;–પડવો, બેસવો. વિશ્વાસે રહેવું =ભરોસો રાખી બેસી રહેવું] ૦ઘાત પું૦ કોઈએ મૂકેલો વિશ્વાસ તોડવો તે, વિશ્વાસ આપીને અવળું કરવું તે, દગલબાજી ૦ઘાતી વિ૦ (૨) પું૦ વિશ્વાસઘાત કરનાર ૦પાત્ર વિ૦ વિશ્વસનીય
**વિશ્વાસવું** સ૦ક્રિ૦ [સં વિશ્વસ્] + વિશ્વાસ કરવો ઉદા૦ કયમ વિશ્વાસ્યા હરિ
**વિશ્વાસી** વિ૦ [સં વિશ્વાસ પરથી] જુઓ વિશ્વાસુ (૨) પું૦ ઇસુ ખ્રિસ્ત વિષે વિશ્વાસ–શ્રદ્ધા રાખનાર, ખ્રિસ્તી –સુ વિ૦ વિશ્વાસ રાખનાર(૨)વિશ્વાસપાત્ર, વિશ્વાસ રાખવા યોગ્ય
**વિશ્વેદેવ** પું૦બ૦વ૦[સં]વસુ, ક્રતુ ઇ૦ દશ દેવો
**વિશ્વેશ** પું૦[સં] વિશ્વનો ઇશ, પરમેશ્વર
**વિશ્વેશ્વર** પું૦ [સં] વિશ્વેશ (૨)[સં]વિશ્વનાથ; કાશીના મહાદેવ –રી સ્ત્રી૦ જગદંબા
**વિષ** ન૦ [સં] ઝેર [–આપવું, દેવું=ઝેર ખવડાવવું –ઊતરવું=ઝેરની અસરમાંથી મુક્ત થવું. –ચડવું=ઝેરની અસર થવી –મારવું =ઝેરની ઝેરી અસર નાબૂદ કરવી. –લેવું= ઝેર ખાવું] ૦ખાપરો પું૦ એક વનસ્પતિ. ૦ઘ્ન વિ૦ વિષહર, ઝેર દૂર કરનાર ૦ધર પું૦ સાપ, નાગ. ૦ધારી પું૦ (સં) શિવ. ૦પ્રયોગ પું૦ વિષ આપવું કે દવામાં વાપરવું તે. ૦વાદ પું૦ જુઓ વિખવાદ. ૦વૃક્ષ ન૦ ઝેરી ઝાડ ૦હર વિ૦ વિષઘ્ન (ઔષધિ કે મંત્ર)
**વિષણ્ણ** વિ૦ [સં.] ઉદાસ, ખિન્ન (૨) ફીકું; નિસ્તેજ. ૦તા સ્ત્રી૦
**વિષધર, વિષધારી, વિષપ્રયોગ** જુઓ 'વિષ'માં
**વિષમ** વિ૦ [સં] અસમાન, ખાડાટેકરાવાળું (૨) મુશ્કેલ (૩) પ્રતિકૂળ (૪) દારુણ (૫) એકી (સંખ્યા) (૬) ન૦ એક અલંકાર, જેમાં કાર્યકારણ વચ્ચે અસાધારણ યા મેળ ન ખાય એવો સંબંધ હોય છે. ૦અપૂર્ણાંક પું૦ (ગ). છેદ જેટલા કે તેથી મોટા અંશવાળો અપૂર્ણાંક. ૦ઘાત વિ૦ વિષમ ઘાતવાળો (પદી) [ગ.] ૦ત્રિકોણ પું૦ ત્રણે અસમાન બાજુવાળો ત્રિકોણ (ગ) ૦જ્વર પું૦ રહી રહીને આવતો તાવ ૦તા સ્ત્રી૦
**વિષય** પું૦[સં] ઇંદ્રિયગ્રાહ્ય પદાર્થ (૨) ભોગ્ય પદાર્થ, ભોગનું સાધન (૩) કામભોગ (૪) વિચાર માટે કે ભણવા માટેનું વસ્તુ (૫) પ્રકરણ; મજકૂર, મુદ્દો (૬) ઉદ્દેશ, હેતુ (૭) દેશ, જનપદ [–ઉપાડવો=કોઈ વાત કે મુદ્દો કાઢવો.–કરવો =સંભોગ કરવો –કાઢવો છેડવો=વાતચીતનો મુદ્દો રજૂ કરવો કે ઉપાડવો –લેવો= અભ્યાસનો વિષય પસંદ કરવો (૨) વિષય કાઢવો.] ૦ભોગ પું૦ વિષયો ભોગવવા તે, કામભોગ ૦લંપટ વિ૦ વિષયભોગમાં લંપટ. ૦લંપટતા સ્ત્રી૦. ૦વાસના સ્ત્રી૦ વિષયભોગની વાસના ૦વિકાર પું૦ વિષયને લીધે થતો વિકાર(૨)કામરૂપી વિકાર ૦વિચારિણી વિ૦ સ્ત્રી૦ સભામાં રજૂ કરવાના ઠરાવ વિચારી કાઢનારી (સમિતિ). ૦સુખ ન૦ વિષયભોગનું સુખ. ૦સેવન ન૦ વિષયભોગનું સેવન. –ચા સ્ત્રી૦ સ્ત્રી(૨) વિષયમાં રાચનારી સ્ત્રી, છિનાળ. –યાતીત વિ૦ [+ अतीत] વિષયવાસનાને તરી ગયેલું; ઇંદ્રિયાતીત. –યાત્મક વિ૦ [+ आत्मक] વિષયોને લગતું –યાસક્ત વિ૦ [+ आसक्त] જુઓ વિષયલંપટ. –યાસક્તિ સ્ત્રી૦ વિષયસુખમાં આસક્તિ. –યાંતર ન૦ [+अंतर] વિષયનો ફેરફાર, પ્રસ્તુત વિષયમાંથી અન્ય વિષયમાં ઊતરી જવું તે. –યાંધ વિ૦ [+ अंध] વિષયભોગમાં અંધ બનેલું –યી વિ૦ વિષયાસક્ત; કામી. ર`વિષયનું, –ને લગતું
**વિષવાદ** પું૦ જુઓ 'વિષ'માં
**વિષવૃક્ષ, વિષહર** [સં] જુઓ 'વિષ'માં
**વિષાણુ** ન૦ [સં.] શિંગડું

**વિષાદ** પું૦ [સં] ખેદ; દિલગીરી (૨) નિરાશા; અનુત્સાહ. **-દી** વિ૦ વિષાદયુક્ત
**વિષાળુ** વિ૦ [સં] ઝેરી (૨) [લા] ઝેરીલું, ખાર કે ઈર્ષ્યા કે અટસવાળું
**વિષુવ** ન૦ [સં] ક્રાંતિવૃત્ત ને વિષુવવૃત્ત જે બે બિંદુઓમાં મળે છે તે દરેક, મેષ અને તુલામાં સંક્રાંતિ, જ્યારે દિવસરાત સરખાં હોય છે. **૦રેખા** સ્ત્રી૦, **૦વૃત્ત** ન૦ પૃથ્વીની ધરીની મધ્યમાં કાટખૂણે કલ્પેલું વર્તુળ; 'ઇક્વેટર'. **-વાંશ** પું૦ [+अंश] ભૂગોળના રેખાંશ જેવું ખગોળનું એક માપ, 'રાઇટ એસેન્શન'(ગ.)
**વિષૂ(-સૂ)ચિકા** સ્ત્રી૦ [સં] કોગળિયું, કૉલેરા
**વિષે** અ૦ [સં विषये] વિશે; માં (૨) બાબત
**વિષ્કંભક** પું૦ [સં.] આગલી કથાનો સાર તથા આવનાર વસ્તુનું સૂચન કરતો નાટકનો ઉપોદ્ઘાત – અવતરણ
**વિષ્ટર** પું૦ [સં.] દર્ભાસન
**વિષ્ટા** સ્ત્રી૦ [સં] મળ નરક
**વિષ્ટિ** સ્ત્રી૦ [સં] સમાધાનીની વાટાઘાટ
**વિષ્ણુ** પું૦ [સં.] (સ.) વિભૂતિમાં સૃષ્ટિનું પાલન કરનાર સ્વરૂપ (૨) વિ૦ વિભુ; સર્વવ્યાપી **૦તેજ** ન૦ વિષ્ણુનું ઐશ્વર્ય (૨) ઘી. **૦દૈવત** ન૦ ઘી **૦પદ** ન૦ આકાશ (૨) વૈકુંઠ. **૦પુરાણ** ન૦ (સં) અઢારમાંનું એક પુરાણ **૦માર્ગ** પું૦ વૈષ્ણવ સંપ્રદાય **૦માર્ગી** વિ૦ વિષ્ણુમાર્ગનું કે તેને લગતું
**વિસરાવવું** સ૦ ક્રિ૦ 'વીસરવું'નું પ્રેરક
**વિસરાળ** વિ૦ [સર૦ म] ભુલકણું
**વિસદૃશ** વિ૦ [સં] સદૃશ નહિ એવું, અસમાન
**વિસર્ગ** પું૦ [સં] દાન (૨) ત્યાગ (૩) હકાર જેવો ઉચ્ચાર કરવાનું (:) આવું ચિહ્ન (વ્યા)
**વિસર્જન** ન૦ [સં] છોડી દેવું તે (૨) વિદાય થવું કે કરવું તે (૩) સમાપ્તિ. **-નીય** વિ૦ વિસર્જન કરી શકાય કે કરવા જેવું
**વિસર્જવું** સ૦ક્રિ૦ [સં विसृज्] વિસર્જન કરવું
**વિસર્જિત** વિ૦ [સં] વિસર્જન કરાયેલું
**વિસર્પી** વિ૦ [સં] સરતું; ખસતું
**વિસવાસી** સ્ત્રી૦ [વીસ + વસો] વસાનો વીસમો ભાગ; વીઘાનો ચારસોમો ભાગ (૨) લાકડાનું એક માપ [ સ્ત્રી૦ અસંગતિ; વિસંવાદ
**વિસંગત** વિ૦ [સં] અસંગત, વિસંવાદી **-તિ**
**વિસંભો** પું૦ [જુઓ વિશ્રંભ] વિશ્વાસ
**વિસંવાદ** પું૦ [સં.] અસંગતિ (૨) વિરોધ. **-દી** વિ૦ વિસંવાદયુક્ત (૨) વિવાદી (સ્વર)
**વિસાત** સ્ત્રી૦ [અ. विसात] વસાત, કિંમત; મહત્ત્વ (૨) [લા] ગજું, દમ (૩) ગણતરી, લેખું, હિસાબ
**વિસામવું** સ૦ક્રિ૦ [प्रा विस्सम(सं वि + श्रम्)] વિસામો કરાવવો – આપવો (૨) વિસામો ખવડાવવો
**વિસામો** પું૦ [प्रा विस्साम (सं. विश्राम)] થાક ખાવો તે, વિશ્રાંતિ (૨) વિસામો લેવાની જગા [ જવું તે, વિસ્મરણ
**વિસાર, -રો** પું૦ [વિસારવું પરથી] વીસરી
**વિસારવું** સ૦ ક્રિ૦ [प्रा विस्सार, वीसार (सं. वि + स्मृ)] ભૂલી જવું
**વિસારો** પું૦ જુઓ વિસાર
**વિસૂચિકા** સ્ત્રી૦ [સં.] જુઓ વિષૂચિકા
**વિસૃત** વિ૦ [સં] વિસ્તૃત
**વિસૃષ્ટિ** સ્ત્રી૦ [સં] સૃષ્ટિ (૨) તજી દેવું તે, છોડવું તે (૩) આપવું તે, ન્યાસ
**વિસ્ખલન** ન૦ [સં.] ભૂલ
**વિસ્ખલિત** વિ૦ [સં] ભૂલભરેલું **૦તા** સ્ત્રી૦
**વિસ્તરણ** ન૦ [સં] વિસ્તરવું તે, વિસ્તાર
**વિસ્તરવું** અ૦ક્રિ૦ [સં विस्तृ] વિસ્તાર પામવું
**વિસ્તાર** પું૦ [સં.] ફેલાવો (૨) વધારો (૩) વિશાળતા (૪) [લા] બહોળો પરિવાર કે કુટુંબ **૦પૂર્વક** અ૦ વિસ્તારથી, લંબાણથી
**વિસ્તારવું** સ૦ક્રિ૦ [સં विस्तृ] વિસ્તાર કરવો, લંબાવવું
**વિસ્તીર્ણ** વિ૦ [સં.] વિસ્તારવાળું. **૦તા** સ્ત્રી૦
**વિસ્તૃત** વિ૦ [સં] વિસ્તારવાળું
**વિસ્તૃતિ** સ્ત્રી૦ [સં] વિસ્તાર
**વિસ્ફોટક** પું૦ [સં.] ચામડીનો એક રોગ **-કિયું** વિ૦ વિસ્ફોટકના રોગવાળું
**વિસ્મય** પું૦ [સં.] આશ્ચર્ય; અચંબો. [**-પામવું** = આશ્ચર્ય થવું.] **૦કારક**, **૦કારી** વિ૦ વિસ્મય પમાડે તેવું

**વિસ્મરણ** ન૦ [सं] ભૂલી જવું તે
**વિસ્મરવું** સ૦ક્રિ૦ [सं. विस्मृ] ભૂલવું
**વિસ્મિત** વિ૦ [सं] વિસ્મય પામેલું
**વિસ્મૃત** વિ૦ [सं] ભૂલી જવાયેલું
**વિસ્મૃતિ** સ્ત્રી૦ [सं] વિસ્મરણ
**વિસ્રજવું** સ૦ક્રિ૦ [सं. विसृज्] ત્યાગવું (૨) મોકલવું, વિદાય કરવું (૩) અર્પવું
**વિસ્રબ્ધ** વિ૦ [सं.] જુઓ વિશ્રબ્ધ
**વિસ્રંભ** પુ૦ [सं.] જુઓ વિશ્રંભ
**વિહગ** ન૦ [सं] પક્ષી, વિહંગ
**વિહરવું** અ૦ક્રિ૦ [प्रा विहर (सं. वि+हृ)] ફરવું (૨) વિહાર કરવો
**વિહંગ** ન૦ [सं] પક્ષી, વિહગ. ૦દૃષ્ટિ સ્ત્રી૦ પક્ષીની પેઠે બધી પરિસ્થિતિને એકીસાથે ઉપરથી જોઈ લેવી તે. ૦મ ન૦ વિહગ. **-ગાવલોકન** ન૦ [+अवलोकन] વિહંગ-દૃષ્ટિથી કરેલું નિરીક્ષણ
**વિહાણવું** અ૦ક્રિ૦ [સર૦ हिं. विहाना (सं वि+हा)] વીતવું; ગુજરવું
**વિહાર** પુ૦ [सं.] ક્રીડા (૨) આનંદમાં હરવું-ફરવું તે (૩) ભ્રમણ (૪) [બૌદ્ધ] મઠ [-કરવો=ક્રીડા કરવી (૨) જૈન સાધુનું પ્રવાસે નીકળવું (૩) જૈન સાધુનું ગુજરી જવું] -રિણી વિ૦ સ્ત્રી૦, -રી વિ૦ વિહાર કરનાર
**વિહાસવું** અ૦ ક્રિ૦ [सं विहस्] સ્મિત કરવું, [મંદ મંદ હસવું
**વિહિત** વિ૦ [सं] મુકાયેલું (૨) [શાસ્ત્રે] ફરમાવેલું
**વિહીન** વિ૦ [सं] વિનાનું
**વિહોણું** વિ૦ [प्रा विहीण (सं. विहीन)] વિનાનું
**વિહ્વલ(-ળ)** વિ૦ [सं] બાવરું. આતુર. ૦તા સ્ત્રી૦ [કે બેવકૂફ માણસ
**વિળાલો** પુ૦ [प्रा. विहल (सं विह्वल)] બાવરો
**વિંધ્ય** પુ૦ [सं] (સં) દક્ષિણાપથ ને ઉત્તરાપથ વચ્ચેની પર્વતમાળા -ધ્યાચલ(-ળ) પુ૦ [+अचल] વિંધ્ય પર્વત -ધ્યાટવી સ્ત્રી૦ [+अटवी] વિંધ્યપર્વતનું મોટું જંગલ
**વીખરવું(-રાવું)** અ૦ક્રિ૦ [सं वि+क्षर्, સર૦ हिं. बिखरना, म. विखरणें] વેરાવું, છૂટા પડી જવું
**વીગત** સ્ત્રી૦, ૦વાર અ૦ જુઓ 'વિગત'માં
**વીઘર(-રા)વું** અ૦ક્રિ૦ [જુઓ વઘળવું] ઓગળી જવું (૨) [જુઓ વીખરવું] વેરાઈ જવું (૩) [विकल પરથી ?] ગાભરું બની જવું, મૂઝાવું (૪) હતાશ થવું
**વીઘું** ન૦,-ઘો પુ૦ [સર૦ हिं बीघा, म बिघा, प्रा. विग्गह (सं विग्रह)=વિભાગ] જમીનનું એક માપ (પચીસેક ગુંઠાનું)
**વીચ(-ચે)** અ૦ [दे विच्च]+વચ્ચે
**વીચિ(-ચી)** પુ૦, સ્ત્રી૦ [सं] તરંગ, મોજું. ૦માલા(-ળા) સ્ત્રી૦ તરંગોની હાર
**વીચે** અ૦ + જુઓ વીચ
**વીછડવું(-ર)વું** અ૦ક્રિ૦ [प्रा विच्छड्ड (सं. वि+छर्दय्), સર૦ हिं बिछुडना] + જુદા પડવું, વિયોગ થવો [હલાવી સાફ કરવું
**વીછળવું** સ૦ક્રિ૦ [प्रा विच्छोलिअ] પાણી રેડી
**વીછળાવું** અ૦ક્રિ૦ 'વીછળવું'નું કર્મણિ
**વીછી(-છુ)**, પુ૦ [सं वृश्चिक, प्रा विच्छिअ, विच्छु, સર૦ हिं. बिच्छू, म विंचू] એક ઝેરી પ્રાણી, વીંછી
**વીછુવા** પુ૦બ૦વ૦ ['વીછી' ઉપરથી] (સ્ત્રીઓનું) પગને અંગૂઠે પહેરવાનું ઘરેણું
**વીજ**, ૦ળી સ્ત્રી૦ [प्रा विज्जु (सं विद्युत्), સર૦ म वीज, हिं बीजु] વિદ્યુત. ૦શક્તિ સ્ત્રી૦ શક્તિ -ળાણુ પુ૦ [+अणु] વીજળીનો અણુ, 'ઇલેક્ટ્રોન'
**વીજણવારો** પુ૦બ૦વ૦ [म विंजणवारा (प्रा वीजण, सं. वीजन)] પંખો નાખવો તે
**વીજણો** પુ૦ [प्रा वीजण (सं वीजन) સર૦ म. विंजणा, हिं बीजना] વીંજણો; પંખો
**વીજન** ન૦ [सं] પંખાથી પવન નાખવો તે (૨) પંખો -વું સ૦ક્રિ૦ [सं. वीज्] પંખો નાખવો
**વીજળી** સ્ત્રી૦ [प्रा विज्जुलिया (सं विद्युत्), સર૦ हिं, म बिजली] એક ભૌતિક શક્તિ; વીજ, વિદ્યુત ૦કોઠો પુ૦ (કા) એક રમત ૦ઘર ન૦ વીજળી જ્યાં ઉત્પન્ન થાય કે જ્યાંથી બધે મોકલાય તે સ્થાન 'પાવર-સ્ટેશન'
**વીઝણું** ન૦ જુઓ 'વીજ'માં
**વીણ** સ્ત્રી૦ [प्रा. विअणा (सं वेदना), સર૦

મ. वेण,–णा] પ્રસવની પીડા, વેણ
**વીણવું** સ૦ક્રિ૦ [प्रा विणी (सं वि+नी) સર૦ हिं. विनना] ચૂંટવું (૨) પસંદ કરવું (૩) (અનાજમાંથી કાકરા વગેરે) ઉપાડી લેવુ, દૂર કરવું
**વીણા** સ્ત્રી૦ [स] બીન, એક તંતુવાદ્ય. ૦કાવ્ય ન૦ 'લિરિક'. ૦ધર, ૦પાણિ પુ૦ (સ.) નારદ
**વીણો** પુ૦ [सं. वि+नी ઉપરથી ?] સુકાન ફેરવવાનો દાંડો
**વીત** વિ૦ [सं] જતું રહેલું (૨) છોડી દીધેલું. ૦ક ન૦; સ્ત્રી૦ વીતેલું તે (૨) સંકટ ૦તૃષ્ણ વિ૦ [सं.] તૃષ્ણા વિનાનું ૦રાગ(–ગી) વિ૦ રાગ–આસક્તિ વિનાનુ. ૦લોભ વિ૦ લોભરહિત ૦વું અ૦ક્રિ૦ ગુજરવુ, પસાર થઈ જવું (૨) દુઃખ પડવું
**વીથિ(–થી)** સ્ત્રી૦ [सं] માર્ગ; રસ્તો
**વીનવવું** સ૦ક્રિ૦ [प्रा. विन्नव (सं विज्ञपय्), સર૦ म विनवणें, हिं बिनवना] વિનંતિ, અનુરોધ કે આજીજી કરવી. **વીનવાવું** અ૦ક્રિ૦ (કર્મણિ)
**વીફરવુ** અ૦ક્રિ૦ [प्रा विप्फुर (सं. वि+स्फुर्), સર૦ म विफरणें, हिं विफरना] વકરવુ; ગુસ્સે થવુ, ઉશ્કેરાવુ
**વી.પી.** ન૦ [इं] આંકેલ દામ આપ્યે મળે એવુ ટપાલમા આવતું પાર્સલ, બુકપોસ્ટ ઇ૦
**વીમો** પું૦ [फा बीमह्, સર૦ म विमा. हिं. बीमा] વસ્તુ કે જિંદગીને નુકસાન પહોચતાં તે બદલ પૈસાથી થતી ભરપાઈ (૨) તેનો કરાર (૩) તે પેટે ભરવાનો હપતો (૪) (લા) જોખમભર્યું સાહસ [–ઉતારવો=વીમાનો કરાર કરવો –ઊતરાઈ કે ઊતરી જવો, –ખલાસ થવો=મરી જવુ, નાશ પામવું –કરવો, ખેડવો=જોખમમાં ઊતરવું, સાહસ કરવુ –ભરવો=વીમાનો હપતો આપવો. –લેવો=વીમો ઉતરાવવો (૨) જોખમ માથે લેવું] **–માકંપની** સ્ત્રી૦ વીમો ઉતારનાર મંડળી **–માખત** ન૦, **–માચિઠ્ઠી** સ્ત્રી૦ વીમાનુ ખત. **–માદલાલ** પું૦ વીમાનો દલાલ
**વીર** વિ૦ [सं.] શૂર પરાક્રમી (૨) પું૦ તેવો પુરુષ (૩) વીરો, ભાઈ (૪) એક ભૂત [–મૂકવો] (૫) વીરરસ (૬) [सं] મહાવીર ૦કવિતા સ્ત્રી૦ વીરરસપ્રધાન કવિતા. ૦કાવ્ય ન૦ વીરરસથી ભરેલુ કાવ્ય ૦ગર્જના સ્ત્રી૦ વીરની ગર્જના (આહ્‌વાન કે ઉત્તેજના કરનારી) ૦તા સ્ત્રી૦, ૦ત્વ ન૦ શૂરવીરતા; પરાક્રમ ૦પત્ની સ્ત્રી૦ વીર કે વીરની પત્ની ૦પસલી સ્ત્રી૦ શ્રાવણી પૂર્ણિમાને દિવસે ભાઈ તરફથી બહેનને અપાતી ભેટ ૦પ્રભુ પું૦ (સં.) મહાવીર સ્વામી. ૦ભદ્ર પુ૦ (સં.) શિવનો એક ગણ ૦ભૂમિ સ્ત્રી૦ વીરોની જન્મદાતા ભૂમિ ૦રસ પું૦ કાવ્યના નવ રસોમાંનો એક (જુઓ રસ) ૦વૃત્ત ન૦ એક છંદ (નર્મદકૃત) ૦શૈવ પું૦ જુઓ લિંગાયત ૦શ્રી સ્ત્રી૦ શૂરવીરની કીર્તિ અથવા તેજ. ૦સાજ પું૦ શૂરવીરનો પોશાક અથવા સામગ્રી ૦હાક સ્ત્રી૦ યુદ્ધપ્રસંગે યોદ્ધાની ભયંકર ચીસ
**વીરડો** પુ૦ [दे. विअर] નદી કે તળાવના સૂકા ભાગમાં પાણી માટે ખોદેલો ખાડો
**વીરજ** ન૦ +વીર્ય
**વીરણ(૦વાળો)** પું૦ [सं.] જુઓ વિરણ
**વીરા** સ્ત્રી૦ [सं] એક સુગંધી પદાર્થ
**વીરાધિવીર** વિ૦ [सं] વીરોમા શ્રેષ્ઠ, વીરતમ
**વીરાસન** ન૦ [सं] (યોગનુ) એક આસન
**વીરાંગના** સ્ત્રી૦ [सं.] વીર – બહાદુર સ્ત્રી
**વીરી** સ્ત્રી૦ [જુઓ વીરો] બહેન
**વીરુધ(–ધા)** સ્ત્રી૦ [सं] એક વેલ
**વીરો** પું૦ [सं. वीर] ભાઈ.
**વીર્ય** ન૦ [सं] શુક્ર, ધાતુ (૨) વીરતા, બળ, પરાક્રમ ૦રક્ષા સ્ત્રી૦ વીર્ય ચળતુ સાચવવું તે. ૦પાત પું૦ વીર્યસ્રાવ ૦વંત, ૦વાન વિ૦ પરાક્રમી, બળવાન ૦સંગ્રહ પુ૦ વીર્યનો સંગ્રહ; વીર્યરક્ષા ૦સ્રાવ પુ૦ વીર્ય ઝરી જવું–ખરવુ તે ૦હીન વિ૦ નામર્દ, નિર્બળ
**વીલ** ન૦ [इं] વસિયતનામુ (–કરવું)
**વીલ** સ્ત્રી૦ [જુઓ વીળ] ભરતી (૨) ન૦ [?] એક પક્ષી **–લાં** ન૦બ૦વ૦ વીલ પક્ષીઓ (ટોળામાં જ ફરવાથી બ૦વ૦મા બોલાય છે) [ભાષામા)
**વીલ(–લિયું)** ન૦ અડધો રૂપિયો (સંકેતની
**વીલું** (વી') વિ૦ [प्रा. विल (सं. व्रीड)=શરમાવું

પરથી ? કે સર૦ મ विल्हाळ (सं विह्वल)] શરમિંદુ; ભોઠું (૨) [प्रा. विहल (सं विघट्)] ગઝગવુ, છૂટું [-પડવું = શરમિંદુ થવુ (૨) સાથ વિનાનું થવું. -મૂકવું = સાથ વિનાનું -રખડતુ રાખવુ -મોં કરવું = શરમ, કલંક કે ખેદથી મોં ફીતરી જવું ] ['વીસ'માં

**વીશ(-સ), -શા -શી-(સી)** સ્ત્રી૦ જુઓ

**વીશી** સ્ત્રી૦ [સર૦ મ. विशी] પૈસા આપવાથી તૈયાર રસોઈ મળે તે જગા. [-જમવી= કોઈને ત્યા વીશીની જેમ ખર્ચ આપીને જમવુ ] ૦વાળો પુ૦ વીશીનો માલિક

**વીસ** વિ૦ [प्रा वीस (सं विंशति)] '૨૦', વીશ. [-વસા= સો ટકા, સંપૂર્ણ (૨) ઘણુ ખરુ.] ૦નખી સ્ત્રી૦ સ્ત્રી, પત્ની -સા પુ૦બ૦વ૦ વાણિયાઓની એક નાત. -સી સ્ત્રી૦ વીશી, વીસનો સમૂહ (૨) વણાટમા તાણાના તારની એક ગણતરી. [વીસી માણસ = પ્રમાણિક માણસ. વીસી બાવીસી = સુખદુઃખ; ચડતીપડતીનો સમય. પોણી વીસી = અપ્રમાણિક ]

**વીસનગરા** પું૦બ૦વ૦ નાગરની એક જાત

**વીસમવુ** અ૦ક્રિ૦ [प्रा विसम (सं.वि + श्रम्)] ઠંડું થવુ, વિશમવું (ગરમી, ગુસ્સો, થાક, ઉભરણ વગેરે) [ભુલકણું

**વીસરભોળુ** વિ૦ [વીસરવુ + ભોળું] વિસરાળ,

**વીસરવું** સ૦ક્રિ૦ [प्रा वीसर (सं. वि + स्मृ)] ભૂલી જવુ **વીસરાવુ** અ૦ક્રિ૦ (કર્મણિ)

**વીસા** પુ૦બ૦વ૦ શ્રીમાળી, ખડાયતા, લાડ ઇ૦ વાણિયાનો એક પેટા ભાગ

**વીળ** સ્ત્રી૦ [म., दे वीळी (सं वेला)] ભરતી

**વીંખવું** સ૦ક્રિ૦ [प्रा विक्खिव (सं वि + क्षिप्)] જુઓ પીંખવું [મીચવું

**વીંચવું** સ૦ક્રિ૦ [दे विच्च = પાસે આવવુ] (કા)

**વીંછિયો** પુ૦ ['વીંછી' ઉપરથી] એક ઘરેણુ

**વીંછી(-છુ)** પું૦ [प्रा. विंछिअ, विंछुअ (सं. वृश्चिक)] એક ઝેરી જંતુ; વીંછી. ૦(-છુ)ડો પુ૦ વીંછી (૨) વૃશ્ચિક રાશિ

**વીંછુવા** પુ૦બ૦વ૦ જુઓ વીછુવા

**વીંજ(-ઝ,-ધ)ણું** ન૦ [સર૦ મ. विझणें, विंधणें, જુઓ વીંઝવું] એક સુતારી ઓજાર

**વીંજણો** પુ૦ [જુઓ વીજણો] પંખો

**વીંઝવુ** સ૦ક્રિ૦ [प्रा वीइज्जमाण (स वीज्), સર૦ મ विंजणें] હવામા જોરથી ઘુમાવવુ (૨) [प्रा विन्ध् (स व्यध्) વેધ કરવો] + વીંધવુ

**વીંટણિયો** પુ૦ [વીંટવું પરથી] દોરાની ગરગડી

**વીંટલી** સ્ત્રી૦ ['વીંટી' ઉપરથી] સ્ત્રીઓનુ નાકનું એક ઘરેણુ [જુઓ વીંટલી

**વીંટલો** પુ૦ [दे विंटलिआ] જુઓ વીંટો (૨)

**વીંટવુ** સ૦ક્રિ૦ [प्रा विंट् (सं वेष्टय्)] લપેટવુ

**વીંટાવું, -વવું** 'વીંટવુ'નુ કર્મણિ ને પ્રેરક

**વીંટાળવું** સ૦ક્રિ૦ [જુઓ વીંટવુ] લપેટવું, ગોળ વીંટવુ. **વીંટાળાવું, -વવુ** તેનુ કર્મણિ અને પ્રેરક. **વીંટાળો** પું૦ વીંટો

**વીંટી** સ્ત્રી૦ [दे विंटिया] આગળી ઉપર પહેરવાનું ગોળ ઘરેણુ [-કાઢવી, -ઘાલવી, -પહેરવી] [(૨) પથારીનો વીંટો

**વીંટો** પુ૦ [જુઓ વીંટવુ] વીંટાળેલો ગોળ આકાર

**વીંઢારવું** સ૦ક્રિ૦ [प्रा वीढ (सं. पीठ)] પાલવવું (૨) અગવડ વેઠીને સાથે રાખવુ **વીંઢારાવું, -વવું** તેનુ કર્મણિ અને પ્રેરક

**વીંધ** ન૦ ['વીંધવુ' ઉપરથી] વેહ, કાણુ, નાકું. ૦ણહાર વિ૦ વીંધનાર ૦ણી સ્ત્રી૦ છિદ્ર પાડવાનું ઓજાર ૦ણુ ન૦ જુઓ વીંજણું. ૦વું સ૦ક્રિ૦ [प्रा विंध (सं व्यध्)] વીંધ પાડવું (૨) કોચવુ, ભોંકવુ -ધારો પુ૦ વીંધનારો (મોતી કે કાન) [કર્મણિ ને પ્રેરક

**વીંધાવુ** અ૦ક્રિ૦, -વવું સ૦ક્રિ૦ 'વીંધવું'નું

**વૂઠવું** સ૦ક્રિ૦ [प्रा वुट्ठ (सं वृष्ट)] (પ) વરસવું

**વૂઢવુ** અ૦ક્રિ૦ [प्रा वुड्ढ (सं वृध्) વધવુ] + જવું

**વૃક** ન૦ [सं] વરુ. -કોદર પું૦ [+ उदर] (સં.) ભીમ

**વૃક્ષ** ન૦ [सं] ઝાડ ૦બંધ પુ૦ એક ચિત્ર કાવ્ય ૦વાટિકા સ્ત્રી૦ બગીચો -ક્ષારોપણ ન૦ [+ आरोपण] ઝાડ રોપવુ તે

**વૃજિન** ન૦ [सं] પીડા, દુઃખ (૨) પાપ

**વૃત્ત** ન૦ [सं] વર્તન (૨) અક્ષરમેળ છંદ (૩) વર્તુળ (૪) સમાચાર (૫) વૃત્તાંત, હકીકત. ૦ખંડ પુ૦ વર્તુળનો ભાગ, 'સેગ્મેન્ટ' (ગ)

૦પત્ર ન૦ છાપુ, વર્તમાનપત્ર. ૦વિવેચક પું૦ પત્રકાર. ૦વિવેચન ન૦ બનેલા બનાવોનું વિવેચન, 'જર્નાલિઝમ'. –ત્તાકાર વિ૦ [+આકાર] ગોળ આકારનું –ત્તાર્ધ પું૦ [+અર્ધ] અર્ધગોળ, 'સેમિસર્કલ'(ગ)

**વૃત્તાંત** પું૦;ન૦[સં] હકીકત, વર્ણન (૨) ખબર

**વૃત્તિ** સ્ત્રી૦[સં] ચિત્તમા ઊઠતો વિચાર, ચિત્તનો વ્યાપાર (૨) મનનુ વલણ (૩) સ્વભાવ, પ્રકૃતિ (૪) વર્તન (૫) વ્યાખ્યા; ટીકા (૬) ભિન્ન રસોમા ઉપયોગી માનેલી વર્ણન કરવાની શૈલી (કૈશિકી, સાત્વતી, આરભટી અને ભારતી) (૭) ધંધો (૮) આજીવિકા (૯) ટીકા, સમજૂતી (૧૦) શબ્દની અર્થ બતાવવાની શક્તિ (વ્યા.) ૦ચ્છેદ પું૦[સં.] નોકરીધધાનુ છૂટી જવું તે. ૦ત્યનુપ્રાસ પું૦ [+अनुप्रास] એક શબ્દાલકાર; સમાન વર્ણ કે વર્ણોની આવૃત્તિ (કા શા)

**વૃત્ર** પું૦[સં.](સં.)એક રાક્ષસ, જેને ઈંદ્રે મારેલો

**વૃથા** અ૦ [સં] ફોગટ; નિષ્ફળ

**વૃદ્ધ** વિ૦ [સં] ઘરડું (૨) વડીલ ૦તા સ્ત્રી૦ ૦ત્વ ન૦. ૦બાલિકાવિવાહ પું૦, ૦બાળલગ્ન ન૦ મોટી ઉમરના જોડે નાની બાળાનું લગ્ન ૦વાક્ય ન૦ વૃદ્ધનુ વાક્ય, વડીલનું અનુભવપૂર્ણ બોધવાક્ય –દ્ધા વિ૦ સ્ત્રી૦ ઘરડી થયેલી (૨) સ્ત્રી૦ ડોસી –દ્ધાઈ સ્ત્રી૦ વૃદ્ધત્વ –દ્ધાચાર પું૦[+आचार] રૂઢિ(૨) વડીલોનો આચાર કે રીતિ –દ્ધાવસ્થા સ્ત્રી૦ [+अवस्था] ઘડપણ

**વૃદ્ધિ** સ્ત્રી૦ [સં] વધારો (૨) આબાદી (૩) [વ્યા] સસ્કૃતમાં થતો એક ફેરફાર (૪) જુઓ વૃદ્ધિસૂતક ૦શ્રાદ્ધ ન૦જુઓ નાંદીમુખ. ૦શીલ વિ૦ વૃદ્ધિ પામવાના સ્વભાવવાળું. ૦સૂતક ન૦ બાળકના જન્મથી લાગેલું સૂતક

**વૃદ્ધિંગત** વિ૦ [સં] વધી ગયેલુ; વિસ્તાર પામેલુ

**વૃશ્ચિક** પું૦[સં] વીંછી (૨) વીછીડો – આઠમી રાશિ –કી સ્ત્રી૦ વીછણ

**વૃષ** પું૦[સં.] આખલો. ૦કેતુ પું૦ (સં) શિવ

**વૃષણ** પું૦, ન૦ [સં] અડ, ગોળી

**વૃષભ** પું૦ [સં.] આખલો; પોઠિયો. ૦ધ્વજ પું૦ (સં.) વૃષકેતુ; શિવ

**વૃષલ** પું૦[સં.] શૂદ્ર (૨) નીચ, પાપી માણસ. –લી સ્ત્રી૦ કુલટા (૨) શૂદ્રા

**વૃષોત્સર્ગ** પું૦ [સં] કોઈ ધાર્મિક ક્રિયા વખતે આખલો છૂટો મૂકવો તે

**વૃષ્ટિ** સ્ત્રી૦ [સં] વરસાદ

**વૃષ્ણિ** પું૦ [સં] (સં) શ્રીકૃષ્ણનો એક પૂર્વજ. ૦કુલ(–ળ) ન૦ વૃષ્ણિનુ કુળ

**વૃંત** ન૦ [સં] ડીટું

**વૃંદ** ન૦ [સં.] ટોળું. ૦ચારી વિ૦ ટોળામા ફરનારું ૦ગીત ન૦ બધાએ સાથે કરવાનુ સંગીત. ૦વાદન ન૦ એકસાથે અનેક વાદ્યોના વાદનનું સંગીત

**વૃંદા** સ્ત્રી૦ [સં.] તુલસી (૨) [સં.] રાધિકા

**વૃંદારક** પું૦ [સં.] કોઈ પણ વર્ગનો મુખ્ય

**વૃંદાવન** ન૦[સં.] (સં.) ગોકુળ નજીક આવેલું વન –નીય વિ૦ વૃંદાવનનુ, –ને અંગેનુ

**વેઇટિંગ રૂમ** સ્ત્રી૦ [ઇં.] રેલવે સ્ટેશન ઉપર ઉપલા વર્ગના મુસાફરોને બેસવા–ઊઠવાનો ઓરડો (૨) ડાક્તરને ત્યાં દર્દીઓને વારો આવતા સુધી બેસવાનો ઓરડો

**વેઉ(–વ)** પું૦ એક વેલ [–નું દહીં = એ વેલનો પાણીમા ચોળીને કાઢેલો ખડબા જેવો રસ.]

**વેકરો** પું૦ [સં. वालुका ?] (કા) કાકરાવાળી જાડી રેતી

**વેકવું** અ૦ક્રિ૦ [જુઓ વેગવું] (સુ) ઉતાવળ કરવી (૨) સ૦ક્રિ૦ [સં वि+क्री] વેચવું (ઉત્તર ગુજરાતમા)

**વેકળો** પું૦ [વહેવું + કલ્લોલવુ ? કે वोक्क= અવાજ કરવો પરથી ?] નાનો વહેળો, વોકળો

**વેકૂર** સ્ત્રી૦ [સર૦ વેકરો] (કા) ઝીણી કાકરીઓવાળી મોટી રેતી

**વેખલ(–ળ)** વિ૦ ['ખલ–ળ' ઉપરથી] સ્વમાન વિનાનુ; ખડખડ હસી પડે તેવુ (૨) અસભ્ય, નિર્લજ્જ

**વેખવું** અ૦ક્રિ૦ [સં वि+ईक्ष् (प्रा इक्ख)] ચકિત થવુ (૨) સ૦ક્રિ૦ જોવુ, તપાસવુ

**વેખળ** વિ૦ જુઓ વેખલ [એક ઔષધિ

**વેખંડ** સ્ત્રી૦ [સર૦ म (सं वच+खंड ?)]

**વેગ** પું૦ [સં] ગતિ; ઝડપ (૨) જુસ્સો; જોસ (૩) ચસકો; સણકો (૪) ત્રાસ; તાપ. [-**મારવા** = સણકા નાખવા.] ૦વતી વિ૦ સ્ત્રી૦, ૦વાન વિ૦ વેગવાળું. ૦વું અ૦ક્રિ૦ (સુ.) વેકવું; ઉતાવળ કરવી

**વૅગન** ન૦ [ઇં.] માલ ભરવાનો-ભારખાનાનો ડબો

**વેગરવું** સ૦ક્રિ૦ વેઠવું (૨) નિભાવવું

**વેગળું** વિ૦ [દે. वेग्गल; સર૦ મ. वेगळा] દૂર (૨) જુદું; અલગ. [-**બેસવું** = (સ્ત્રીએ) રજસ્વલા થવું.] -ળાઈ સ્ત્રી૦ વેગળાપણું. -ળે અ૦ આઘે

**વેગી(૦લું)** વિ૦ [સં.] વેગવાળું

**વેગુ** પું૦ [સર૦ મ. वेंग (સં. व्यङ्ग)] મૂર્ખ; ઠોઠ

**વેચવાલ** વિ૦ ['વેચવું' ઉપરથી] વેચવાવાળું; વેચનાર. -લી સ્ત્રી૦ વેચવાની માગણી (શેર ઇત્યાદિની)

**વેચવું** સ૦ક્રિ૦ [જુઓ વેકવું (સં. विक्री); સર૦ મ. वेचणें; હિં वेचना] કિંમત લઈને આપવું. [વેચી ખાય એવું = ગાંજ્યું ન જાય - પત ન કરે એવું. વેચીને ચણા ખાવા = પત ન કરવી (૨) વેચી વટાવીને, ખાઈ-પી ઉડાવી દેવું.]

**વેચાઉ** વિ૦ ['વેચવું' ઉપરથી] વેચવાનું હોય એવું

**વેચાણ** ન૦ ['વેચવું' ઉપરથી] વેચવું તે (૨) વેચાવું તે. ૦ખત ન૦ વેચાતું આપ્યાનું લખાણ. ૦નફરી વિ૦ સ્ત્રી૦ કરથી મુક્ત (જમીન). ૦સલામતી વિ૦ સ્ત્રી૦ જાગીરદારે સલામી દાખલ ભરવાનું મહેસૂલ જ આપવું પડતું હોય તેવી (જમીન). -ણિયું વિ૦ ખરીદેલું (૨) વેચી શકાય તેવું

**વેચાવું** અ૦ક્રિ૦ 'વેચવું'નું કર્મણિ. -તું વિ૦ કિંમત આપીને લીધેલું કે આપેલું. [કજિયો વેચાતો લેવો, લડાઈ વેચાતી લેવી = કોઈનું ઉપરાણું લઈ લડવું (૨) વગર કારણે ટંટો વહોરવો.]

**વેજા** સ્ત્રી૦ [સર૦ નેજા; વૈજયંતી; પ્રા. वेज्ज (સં. विद् ઉપરથી)] નિશાન (૨) [સર૦ મ. वेजें = છિદ્ર; ભોંક (સં. वेध; પ્રા. वेज्झ)] વિપત્તિ (૩) [સર૦ હિં. वजा (સં. विजा? अ.) = જણવું તે] પ્રજા

**વેજાળું** પું૦ પાણી અટકાવવાનો બંધ

**વેજાં** ન૦બ૦વ૦ [વેજા (૨) પરથી] વલખાં; ફાંફાં

**વેજું** ન૦ [સર૦ હિં. विज्जू] વણિયર (૨) [સં. वे = વણવું ઉપરથી?] [કા.] ખાદીનો તાકો

**વેઠ** સ્ત્રી૦ [પ્રા. विट्ठि (સં. विष्टि)] વગર દામનું વૈતરું (૨) ફરજિયાત વૈતરું (૩) [લા.] ભાર; પીડા; ઉપાધિ. [-**ઉતારવી** = જુઓ વેઠ કાઢવી. -**કરવી** = વગર દામે કે મરજી વિરુદ્ધ, ફરજિયાત વૈતરું કરવું. -**કાઢવી, વાળવી** = કમને જેમ તેમ કામ કરવું. વેઠે કાઢવું, પકડવું = વગર પૈસે ને વગર મરજીએ કામ કરાવવું. વેઠે જવું = વેઠ કરવા જવું દૈવના ઘરની વેઠ = દુઃખી કંગાલ જિંદગી.]

**વેઠવું** સ૦ક્રિ૦ [પ્રા. वेट्ठण (સં. वेष्टन)] સહન કરવું; ખમવું (૨) નિભાવવું

**વેઠિયાવાડ** સ્ત્રી૦ [વેઠિયો + વાડ] ગમે તેમ કરી નાંખવું તે; કમને કરેલું કામ

**વેઠિયો** પું૦ [વેઠ પરથી] વેઠ કરનારો (૨) વેઠે પકડેલો વગર પૈસાનો નોકર

**વેડફવું** સ૦ક્રિ૦ [વિ + ફેડવું પરથી?] નકામું ખરચી નાખવું; ઉડાવી દેવું. બગાડવું

**વેડફાવું** અ૦ક્રિ૦ 'વેડફવું' નું કર્મણિ

**વેડમી (વે')** સ્ત્રી૦ [સં. वेढमिका; સર૦ પ્રા. वेढिम] પૂરણપોળી

**વેડલો** પું૦ [સર૦ વેઢ] વેલ્લો

**વેડવું** સ૦ક્રિ૦ [પ્રા. विर (સં वीरु)] વેડીથી તોડવું -ઉતારવું (ફળ) (૨) [પ્રા. विउड] વિનાશ કરવો

**વેડવો** પું૦ [જુઓ વીરડો] તળાવ કે નદીમાં પાણી માટે ખોદેલો ખાડો

**-વેડા** પું૦બ૦વ૦ [પ્રા विडंव (સં. विडम्ब्)= નકલ કરવી] '-ના જેવું વર્તન' એ અર્થમાં શબ્દને અંતે (ઉદા૦ બાયલાવેડા)

**વેડાંજ** પું૦ અશ્વ; ઘોડો

**વેડી** સ્ત્રી૦ [જુઓ વેડવું] છેડે જાળીદાર ઝોળીવાળી લાંબી લાકડી (આંબો વેડવાની)

**વેડૂર** વિ૦ [સં. वैदूर्य ઉપરથી?] સુંદર; ફાંકડું

**વેડો** પું૦ ['વેડવું' ઉપરથી] વેડનારો

**વેઢ** પું૦ [પ્રા वेढ (સં. वेष्ट)] આંગળી ઉપરનો સાંધા આગળનો કાપો (૨) બેથી વધારે

આંટાવાળી વાળાની વીટી
**વેઢવવું** સ૰ક્રિ૰ મુકાબલો કરવો
**વેઢમી** સ્ત્રી૰ જુઓ વેડમી
**વેઢીચાળો** પુ૰ એક વનસ્પતિ
**વેઢો** પુ૰ [જુઓ વેઢ] આગળી ઉપરનો સાધા આગળનો કાપો (૨) લાકડાની ગાઠ [**વેઢા ગણવા**=વેઢા ગણી હિસાબ ગણવો (૨) આતુરતાથી રાહ જોવી **વેઢે ગણાય એટલું**=બહુ જૂજ સંખ્યામાં]
**વેણ(-ન)** પુ૰ [सं] (સ) જુઓ વેન રાજા
**વેણ** (વેણ,) સ્ત્રી૰ [प्रा वणी (सं वनी), સર૰ दे वडणी] કપાસનો છોડ; વણ (૨) [प्रा॰ वेअणा (सं वेदना), સર૰ म वेण, -णा] પ્રસવની પીડા, વીણ (૩) (વે) ન૰ [अप॰ वेण (सं वचन) જુઓ વચન (૪) સ્ત્રી૰ જુઓ વેણી (પ.). [**-કાઢવું**=બોલવું. **-મારવું**=વાગે એવું કડવું વચન કહેવું, મહેણું મારવું. **-રાખવું**=કોઈનું કહ્યું માન્ય રાખવું. **-સંભળાવવું**=વેણ મારવું. **-સાંભળવું**=ઠપકો કે મહેણું સાભળવું]
**વેણાચૂંટા** (વે) પું૰બ૰વ૰ [વેણ+ચૂંટવું] ભૂખથી થતું દુઃખ (૨) ગભરામણ
**વેણિ(-ણી)** સ્ત્રી૰ [सं] ચોટલો (૨) અંબોડે બાધવાનો ફૂલનો ગજરો (૩) [સંગમસ્થાન અર્થ ઉપરથી] કમાડમા જડેલી લાબી ચીપ ૦**કમાડ** ન૰ વેણીબંધ કમાડ ૦**બંધ** વિ૰ વેણી જડેલી હોય એવું (કમાડ). ૦**સંગમ** પુ૰ ત્રિવેણીસંગમ
**વેણુ** પું૰ સગીતમા એક અલકાર
**વેણુ,**૦**કા** સ્ત્રી૰ [सं] વાસળી. ૦**નાદ** પું૰ વાસળીનો અવાજ
**વેણું** (વે) ન૰ ['વહેવું' ઉપરથી] પાણીની ગાડી
**વેત** (વે) અ૰+વેત
**વેત** (વે?) પુ૰ [જુઓ બેત] ઘાટ; મોખ (૨) તજવીજ, ત્રેવડ [**-ઉતારવો**]
**વેતન** ન૰ [सं] પગાર **-નિયો** પું૰ પગારદાર
**વેતર** ન૰ [સર૰ म वेत=જાનવરની પ્રસૂતિ (सं. वी ઉપરથી)] એક એક વારનું જણતર (આયઃ ઢોરનું.) [**-આવવું, વેતરે આવવું**=પશુ-માદાને ગર્ભધાનનો સમય થવો **-ખૂંદવું**=સુવાવડ બગડવી (૨) છોકરાંછૈયા વઠવા.]
**વેતરણ** સ્ત્રી૰ [જુઓ વેતરવું] વેતરવું તે (૨) જોઈતી ગોઠવણ, તજવીજ (૩) [લા.] શિક્ષા
**વેતરવું** સ૰ક્રિ૰ ['વેત' ઉપરથી, સર૰ म वेतणॆं=કપડાનું માપ લઈ કાપવું] શરીરને બેસતું આવે તેમ લૂગડું કાતરવું (૨) (કોઈ કામનાં) જોઈતી ગોઠવણ કે તજવીજ કરવી; ઘાટ બેસાડવો (૩) [લા] બગાડવું, ઊંધું મારવું [**વેતરી આપવું**=ગમે તેમ કરી આપવું; બગાડવું **ઓડનું ચોડ વેતરવું**=ઊંધું મારવું, બગાડવું]
**વેતસ** પું૰; ન૰ [सं] નેતર. ૦**(-સી)વૃત્તિ** સ્ત્રી૰ નેતરની જેમ (બળિયા આગળ) નમી જવા છતાં સ્થિતિસ્થાપક રહેવાની વૃત્તિ
**વેતા** પુ૰ બ૰વ૰ [सं वित्ति સમજ કે 'વેત' પરથી?] ભલીવાર; ડહાપણ, આવડ
**વેતાલ(-ળ)** પુ૰ [सं] એક જાતનો ભૂત (૨) મૃત શરીરમા પેઠેલો ભૂત (૩) ભૂતનો રાજા (૪) દ્વારપાળ. ૦**ગૃહ** ન૰ તાર વિના સદેશા મોકલવાના–'વાયરલેસ' યત્રનું મથક
**વેત્તા** પું૰ [सं] જાણનાર
**વેત્ર** ન૰[सं]નેતર(૨)છડી. ૦**ધર** પું૰છડીદાર; દ્વારપાળ. ૦**ધારક** પુ૰જુઓ વેત્રધર **-ત્રાસન** ન૰ [+आसन] નેતરની ખુરસી
**વેદ** પુ૰ [सं] જ્ઞાન (૨) શાસ્ત્રીય જ્ઞાન (૩) આર્યોનું સૌથી પ્રાચીન ધર્મપુસ્તક (ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ) (૪) ચારની સંજ્ઞા. [**વેદનો છેડો આવવો**=હદ થઈ જવી **-ભણવા**=વેદ ભણવા જેવું ભારે કામ કરવું] ૦**ત્રયી** સ્ત્રી૰ ઋગ્-યજુર્-સામ એ ત્રણ વેદનો સમૂહ. ૦**ન** ન૰ જાણવું તે, જ્ઞાન (૨) અનુભવવું તે; લાગણી ૦**ના** સ્ત્રી૰જુઓ વેદન (૨) પીડા ૦**પાઠી** પુ૰ વેદનો પાઠ કરનાર–વેદ ભણેલો બ્રાહ્મણ ૦**પુરુષ** પું૰ વેદશાસ્ત્ર જાણનાર બ્રાહ્મણ (૨) ગોરપદું કરવાનો અધિકારી (નાગરોમા) ૦**મંત્ર** પું૰ વેદનો મંત્ર. ૦**માર્ગી** વિ૰ વેદોના સિદ્ધાતને અનુસરનાર, વેદને પ્રમાણભૂત

માનનાર. ૦મૂર્તિ(-ર્ત્તિ) પું૦ વેદમાં પારંગત બ્રાહ્મણ ૦વચન, ૦વાક્ય ન૦ વેદનું વચન (૨) તેના જેટલું પ્રમાણભૂત વચન. ૦વિદ પું૦ વેદ જાણનાર. ૦વિહિત વિ૦ વેદે ફરમાવેલું; વેદમાં કહેલું. ૦વ્યાસ પું૦ (સ.) જુઓ વ્યાસ. -દાધ્યયન ન૦ [+अध्ययन] વેદાભ્યાસ. -દાભ્યાસ પું૦ [+अभ्यास] વેદનો અભ્યાસ (૨) ૐકારનો જપ

વેદવુ સ૦ક્રિ૦ [सं विद्] જાણવું

વેદાધ્યયન, વેદાભ્યાસ જુઓ 'વેદ'મા

વેદાંગ ન૦ [सं] વેદનાં ૭ અંગો (શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ, જ્યોતિષ)

વેદાંત પું૦, ન૦ [सं] વેદોનો અંતિમ ભાગ–ઉપનિષદ (૨) ન૦ વેદાંતદર્શન ૦દર્શન ન૦ બાદરાયણ વ્યાસે રચેલા બ્રહ્મસૂત્ર; ૭ વૈદિક દર્શનોમાંનું એક–ઉત્તર મીમાંસા. -તી વિ૦ વેદાંતનું, વેદાંત સંબંધી (૨) પું૦ વેદાંતમતને માનનાર

વેદિ, ૦કા સ્ત્રી૦ [સં.] હોમ વગેરે માટે તૈયાર કરેલી ઓટલી કે કુંડ, વેદી

વેદિયું વિ૦ ['વેદ' ઉપરથી] વેદ ભણેલું (૨) [લા.] ભણેલું પણ ગણેલું નહિ [-ઢોર= પુસ્તકપંડિત; ભણેલું પણ ગણેલું નહિ]

વેદી સ્ત્રી૦ [સં.] જુઓ વેદિ

વેદોક્ત વિ૦ [સં.] વેદોમા કહેલું, વેદવિહિત

વેદ્ય વિ૦ [सं] જાણવાનું, જાણવા યોગ્ય

વેધ પું૦ [સં] છિદ્ર વેહ (૨) દોષ, બાધ (૩) જખમ (૪) વેધન (૫) ગ્રહો વગેરે આકાશીય પદાર્થોની ગતિ, સમય વગેરેનું નિરીક્ષણ (૬) સુતાર કે કડિયાના કામમા શાસ્ત્રીય દોષ (૭) સૂર્યગ્રહણ પૂર્વે ચાર પ્રહર અને ચંદ્રગ્રહણ પૂર્વે ત્રણ પ્રહરનો સૂતકનો સમય (૮) [લા.] ખાર દ્વેષ (૯) 'કોઓર્ડિનેટ ઓફ ઝેડ' (ગ.)

વેધણુ ન૦ [વિંધવુ પરથી] વેધન, વીંધવુ તે

વેધન ન૦ [સં] વીંધવુ તે (૨) વીંધવાનું ઓજાર. -ની સ્ત્રી૦ રત્ન, મોતી વગેરેને છેદ પાડવાનું ઓજાર (૨) અંકુશ [ધરેલુ

વેધલો પું૦ [વિંધવુ પરથી] કાનના ઉપલા વેહનુ

વેધવુ સ૦ક્રિ૦ [सं विध्] વેધ પાડવો (૨) વીંધવું

વેધશાલા(-ળા) સ્ત્રી૦ [सं] ગ્રહાદિકની ગતિ વગેરે નીરખવાનું સ્થાન; 'ઑબ્ઝર્વેટરી'

વેધા પું૦ [सं] (સ.) બ્રહ્મા

વેધાક્ષ પું૦ [सं] 'ઍક્સિસ ઑફ ઝેડ' (ગ.)

વેધી વિ૦ [સ.] વીંધનારું, વીંધી નાખે તેવુ (૨) વેધવાળું [દુશ્મન થઈ પાછળ પડેલુ

વેધુ વિ૦ ['વેધવુ' ઉપરથી] વીંધનારુ (૨) [લા.]

વેન (વૅ) ન૦ [જુઓ વહન] વહેવુ તે (૨) (વૅ) જુઓ વાહન – બળદગાડી કે ડમણિયું (૩) [?] લગાર, હાર (૪) [?] વશે [પીન્ન

વેન પું૦ [સં.] (સં.) વેણ, એક પ્રાચીન રાજા, મનુનો

વેપથુ પું૦ [सं] કંપ, થરથરાટ

વેપમાન વિ૦ [सं] કંપાયમાન; ડોલતુ

વેપલો (વૅ) પું૦ ['વેપાર' ઉપરથી] વેપાર; કામધંધો (તિરસ્કારમા)

વેપાર (વૅ) પું૦ [सं व्यापार, સર૦ हिं. म. वेपार] માલ વેચવાસાટવાનો ધંધો [-કરવો. -ચાલવો=ધંધો શરૂ થવો (૨) ધંધામા ફાયદો રહેવો -માંડવો=સંસાર વહેવાર ચલાવવો] ૦ધંધો, ૦રોજગાર, ૦વણજ [सं वाणिज्य] પું૦ વેપારનું કામકાજ, કામધંધો ૦શાઈ વિ૦ વેપારની પદ્ધતિને લગતુ વેપારી જેવું ૦શાહી સ્ત્રી૦ વેપારને માટે જમાવેલુ કે વેપારની દૃષ્ટિવાળુ રાજ્ય કે હકૂમત -રી પું૦ વેપાર કરનાર

વેભાઈ (વૅ) પું૦ દ્રવ્ય; નાણું (ગ્રામ્ય)

વેર અ૦ [સર૦ प्रा वेर (સ. द्वार), અથવા સર૦ म. वेरी=પર્યંત] (સુ.) લગી, સુધી

વેર (વૅ) ન૦ [જુઓ वैर] શત્રુવટ (૨) દ્વેષ; ઝેર [-રાખવુ- દુશ્મનાવટ સેવવી -લેવું, વાળવું=અદાવતનો બદલો લેવો] ૦ણ વિ૦ સ્ત્રી૦ વેરી–વેરભાવ રાખનારી. ૦ભાવ પું૦ શત્રુવટ, દ્વેષ ૦વાળુ વિ૦ (કા.) વેરી ૦વી પું૦ વેરી, શત્રુ

વેરણ ન૦ [વેરવુ પરથી] વેરવુ તે ૦ખે (-છે)-રણ વિ૦ અસ્તવ્યસ્ત

વેરણ (વૅ) સ્ત્રી૦ જુઓ 'વેર' ન૦ મા

વેરભાવ, વેરવાળુ, વેરવી (વૅ) જુઓ 'વેર મા

વેરવુ સ૦ક્રિ૦ [સં. वि+ईर] છૂટું છૂટું કે

વીખરાતું પડે એમ કરવું (૨) પાથરવું (૩) [લા.] ખૂબ ખર્ચવું

**વેરાગ** (વે) પું૰[प्रा वइराग] વૈરાગ્ય **૦ણુ** સ્ત્રી૰ સાધુડી, બાવી –**ગી** પું૰ બાવો; સાધુ

**વેરાડી** (વે?) પું૰[प्रा वे(–वइ)राड (सं. वैराट) ઉપરથી ?] એક રાગ [ઉજ્જડ

**વેરાન** (વે) વિ૰ [फा. विरान, સર૰ म वैरान]·

**વેરાવું** અ૰ક્રિ૰ 'વેરવું'નું કર્મણિ (૨) વીખરાઈ જવું; છૂટું પડી જવું

**વેરી** (વે) વિ૰ [प्रा वेरि (सं वैरिन्)] વેર રાખનારું (૨) પું૰ દુશ્મન; શત્રુ

**વેરે** (વે) અ૰ [पा. वेर (सं द्वार), અથવા સર૰ म वेरी] જોડે, સાથે (લગ્ન) (૨) + પેઠે

**વેરો** પું૰ [प्रा. ?र (स द्वार) ઉપરથી કે सं व्यवहार ઉપરથી ?] કર, જકાત [–**આવવો, પડવો, –નાખવો, –લેવો**]

**વેલ(–લી)**(લ.)સ્ત્રી૰[प्रा वेल्लि(सं वल्ली), સર૰ म ] લતા, લાંબી ને પથરાતી કે ઊંચે ચડતી ઊગતી વનસ્પતિ **૦બુટ્ટી** સ્ત્રી૰, **૦બુટ્ટો** પું૰ ભરતકામ કે ચિત્રકામમાં વેલ વગેરેની નકશી

**વેલડી** સ્ત્રી૰ [સર૰ हिं. वेलडी] એક છોડ (?) (૨) વેલ (૫)

**વેલણ** ન૰ [सं वेल्लनं] રોટલી વગેરે વણવાનો દંડીકો. **૦ની** સ્ત્રી૰ પપડ (પુષ્ટિમાર્ગીય) –**ણિયું** વિ૰ વેલણ જેવું (૨) ન૰ નાનું વેલણ

**વેલંતરો** પું૰ [स. वेल्लंतरु] એક ઝાડ

**વેલા** સ્ત્રી૰ [सं ] જુઓ વેળા (૨) મર્યાદા (૩) સમુદ્રનો કિનારો (૪) વાણી **૦વલિ(–લી)** સ્ત્રી૰ સમુદ્રનો રેતાળ પટ

**વેલાંટી** (૦) સ્ત્રી૰[સર૰ म.; 'વેલ' પરથી] હ્રસ્વ ઇ કે દીર્ઘ ઈના ચિહ્નો (િ, ી) કે તેના માથાનો ચંદ્રાકાર ભાગ

**વેલિયું** વિ૰ [दे. वेल्ल=मूर्ख] વેવલું; ઢંગ વગરનું (૨) ન૰ [જુઓ વેલ્લો] કાનમાં ઘાલવાની કડી (૩) [જુઓ વીલિયું] અર્ધો રૂપિયો

**વેલિયો** પું૰ જુઓ વેલ્લો

**વેલી** સ્ત્રી૰ [જુઓ વેલ] લતા

**વેલો** પું૰ [જુઓ વેલ] મોટી વેલ (૨) વંશપરંપરા [–**ચાલવો, વધવો** = વંશવૃદ્ધિ થવી.] **૦વિસ્તાર** પું૰ વંશવૃદ્ધિ

**વેલુ(–ળુ)** સ્ત્રી૰ [सं वालुका] રેતી

**વેલ્લો** પું૰[જુઓ વેડલો] સ્ત્રીના કાનનું એક ઘરેણું

**વેવ** સ્ત્રી૰ [જુઓ વેડ] એક વેલ

**વેવલું** વિ૰ [प्रा वेअल्ल (सं. वैकल्य) કે पा. वेव = કાંપવું પરથી ?] ઢંગ વગરનું; હાધારંગું (૨) વાત ઓકી નાખે તેવું, લપૂડું (૩) વિહ્વળ. –**લાઈ** સ્ત્રી૰ વેવલાપણું. –**લાં** ન૰બ૰વ૰ ફાંફાં, વલખાં. [–**વીણવાં** = ફાંફાં મારવાં.]

**વેવાઈ** (વા') પું૰[प्रा वेवाहिअ (सं वैवाहिक)] પુત્ર કે પુત્રીનો સસરો. **૦વટોટ** ન૰ વેવાઈ પક્ષનું સગું સંબંધી –**ણ** (ણ,) સ્ત્રી૰ વેવાઈની સ્ત્રી [કામમાં આનંદથી મચેલું

**વેવાતું** (વા') વિ૰ [જુઓ વિવાતું] વિવાહના

**વેવિશાળ** (વે') ન૰ [વિવાહ + શાલી (ડાંગર-ચોખા) ?] વિવાહ, સગપણ –**ળિયો** પું૰ વિવાહ ગોઠવનારો

**વેશ(–ષ)** પું૰ [सं.] પોશાક, પહેરવેશ (૨) રૂપ; સોંગ (૩) સોહાગણના ચિહ્નરૂપ શણગાર [–**ઉતારવો, કાઢવો** = પોશાક બદલવો (૨) વિધવાએ માથાના કેશ ઇ૰ શણગાર કાઢી નાખવો (૩) વચનભંગ કરવો, વાંકું બોલવું –**કરવો, કાઢવો, ધરવો, લેવો** = સ્વાંગ લેવો –**નો સોગ** ધરવો. –**કાઢવો, કાઢીને ઊભા રહેવું, કાઢીને બેસવું** = અણધાર્યો વંકાઈને ઊભા રહેવું, અણધારી મુશ્કેલી ઊભી કરવી. –**બદલવો** = જુદા પક્ષમાં જવું. –**માં આવવું** = (સ્ત્રીનું) અભડાવું –**રાખવો** = વિધવાએ સોહાગણનો પહેરવેશ ન તજવો.] **૦કરુ** વિ૰ [+स. कृ] વેશ કરનારું; ઢોંગી **૦ધર** પું૰ વેશ ધરનાર, નટ (૨) ઠગ, વેશધારી **૦ધારી** વિ૰ વેષ લેનાર(૨) ઢોંગી; લુચ્ચું (૩) પું૰ ઠગ; લુચ્ચો. –**શાં(–ષાં)તર** ન૰ બીજો વેશ, વેશબદલો, રૂપાંતર

**વેશવાળ** ન૰ જુઓ વેવિશાળ

**વેશાં(–ષાં)તર** ન૰[सं ] જુઓ 'વેશ'માં

**વેશ્મ** ન૰ [स.] ઘર; મહેલ

**વેશ્યા** સ્ત્રી૰ [सं] ગણિકા; પાતર. **૦વાડ**

સ્ત્રી૦, ૦વાડો પુ૦ વેશ્યાઓનો લત્તો કે ધામ
વેષ,૦ધર,૦ધારી,–ષાંતર[સં.] જુઓ 'વેશ'મા
વેષ્ટન ન૦ [સં] વીટાળવું તે (૨) વીટેલું તે, ઢાંકણ, બાધણ
વેષ્ટિત વિ૦ [સં.] વીટેલુ, ઢાંકેલું
વેસણ ન૦ [प्रा. वेसण (सं वेसन) સર૦ म, हि वेसन] ચણાનો લોટ (૨) તેનું ખીરું
વેસર પુ૦ન૦ [સં.] ખચ્ચર
વેસર(–રી) સ્ત્રી૦ [સર૦ म वेसर] નથ; વાળી
વેહ પુ૦ [प्रा (सं. वेध); સર૦ हिं वेह] વીધ, શાર (૨) નાકુ (૩) દર [–પાડવો]
વેળ (વેઁગ,) સ્ત્રી૦ [સં वेल्ल् પરથી?] તાણ, આકડી (૨) [સર૦ વળુ, म वेल] ગડગૂમડ કે ઘાના દર્દને લીધે સાથળના મૂળમા બાઝની ગાઠ (૩) [?] મનનો તરગ, વળુ. [–આવવી = તાણ આવવી (૨) વળુ આવવું: ધૂન લાગવી –ઘાલવી = ગડગૂમડ કે ઘાના દર્દને લીધે સાથળના મૂળમા ગાઠ બાઝવી ]
વેળ સ્ત્રી૦ [सं. वेला] વેળા; વખત (૨) વીળ, ભરતી [–આવવી = સમય આવવો, પ્રસંગ આવવો –વટવી = વખત વહી જવો. –વળવી = દશા સુધરવી –વીતવી = સમય વહી જવો ]
વેળા સ્ત્રી૦ [सं. वेला, સર૦ हिं. वेला, म.] સમય, વખત (૨) વિલબ વાર (૩) [લા ] ખાસ ટાણુ; પ્રસંગ (૪) મુશ્કેલી કે આપ ના પ્રસંગ. [–આવવી, વટવી, વીતવી = જુઓ વેળ'મા. વેળા વેળાની છાંયડી = ચડતીપડતી ]
વેળિયું ન૦ [જુઓ વેલિયુ] એક ઘરેણું
વેળુ સ્ત્રી૦ [જુઓ વેલુ] રેતી
વેળું ન૦ [જુઓ વેળા] (કા) સમય, વખત (૨) ફુરસદ, નવરાશ
વેળાવેળ અ૦ ['વેળા' ઉપરથી] બરાબર વેળાએ, તે જ વખતે (૨) વખતસર
વેંગણ(–ણું) (વેં૦) ન૦ [दे वग, वइंगण, સર૦ हिं, म वैंगन] વતાક, રીગણુ –ણી સ્ત્રી૦ વંતાકનો છોડ
વેંઢલું, વેઢારવું (વેં૦) સ૦ક્રિ૦ [સર૦ म. वेढाळणें (सं वेष्ट, प्रा वेढ)] જુઓ વીટાળવુ
વેંત (વેં૦) સ્ત્રી૦ [सं. वितस्ति, સર૦ म. वेत; हिं वित्ता, फा. बालिश्त] હથેળીના અંગૂઠાના ટેરવાથી તે ટચલી આગળીના ટેરવા સુધીનું લાબામા લાબુ અતર (૨) અ૦ ક્રિયાના વ૦કૃ૦ ના રૂપને લાગતા, 'તે ક્રિયા થવાની સાથેસાથ, તરતોતરત' એવો અર્થ બતાવે છે ઉદા૦ જતાવેંત (૩) પુ૦ [જુઓ વેત] ખેત, ગોઠવણ લાગ, પેચ ઉદા૦ શા વેંતમા ફરો છો? [–ખાવો, બેસવો = લાગ ફાવવો –ભરવી = વેત વડે અતર માપવુ –યે ન સૂઝવી = જરાય ગમ ન પડવી, મૂઝવણમાથી રસ્તો ન દેખાવો –માં ફરવું = કાઈ દાવ કે યુક્તિ ગોઠવવા અથવા કશા પ્રયોજનસર પ્રવૃત્તિ કરવી ] –તિયું વિ૦ વેત જેવડુ (૨) ન૦ પાતાળમા હોવુ મનાતુ વેંતિયુ માણસ
વૈકલ વિ૦ [सं विकल, સર૦ हिं वैकल, म वैकळ] વાયલ, ઘેલું; મૂર્ખ [શ કાસ્પદ
વૈકલ્પિક વિ૦[સં ] વિકલ્પવાળુ (૨) અનિશ્ચિત,
વૈકલ્ય ન૦ [સં ] વ્યાકુળતા, ગભરાટ (૨) વિકળતા, અંગહીનતા (૩) અપૂર્ણતા,ખામી
વૈકુંઠ ન૦ [સં ] વિષ્ણુનુ ધામ ૦ધામ પુ૦ એક છંદ ૦નાથ, ૦પતિ, ૦રાય પુ૦ (સ ) વિષ્ણુ. ૦વાસ પુ૦ વૈકુંઠમા વાસ (૨) મૃત્યુ (–થવો). ૦વાસી વિ૦ વૈકુંઠમા વસતુ (૨) મરી ગયેલુ
વૈખરી સ્ત્રી૦ [સં ] વાણીની ચોથી કોટિ, સ્પષ્ટ ઉચ્ચારાયેલી વાણી (પરા, પશ્યતી, મધ્યમા અને વૈખરી) (૨) ધડધડાટ ધાણી ફૂટે તેમ બોલાતી વાણી
વૈખાનસ વિ૦ [સં ] વાનપ્રસ્થને લગતુ (૨) પુ૦ વાનપ્રસ્થ ૦વ્રત ન૦ વાનપ્રસ્થને ઘટતુ વ્રત (૨) વાનપ્રસ્થ્ય
વૈચિત્ર્ય ન૦ [સં ] વિચિત્રતા
વૈજયંત પુ૦ [સં ] ઇંદ્રનો મહેલ (૨) ઇંદ્રની ધ્વજા (૩) ધજા –તિક પુ૦ ધ્વજા પકડનારો. –તી સ્ત્રી૦ ધ્વજા (૨) કાળી તુલસી (૩) પાંચ રંગની ઘૂટણ સુધી પહોચે તેવી માળા

(શ્રીકૃષ્ણની) (૪) માળા [વિજ્ઞાનશાસ્ત્રી
**વૈજ્ઞાનિક** વિ૦ [સં] વિજ્ઞાન સબંધી (૨) પુ૦
**વૈઢ** પુ૦ [જુઓ વેઢો] (ચ.) હાથપગની ચામડી ફાટવાથી પડતો ચીરો [-ફાટવા =હાથપગની ચામડીમા ચીરા પડવા]
**વૈઢું** ન૦ (ચ) જુઓ વરઢું
**વૈણવ** ન૦ [સં.] વાસડો [પુ૦ મજાર
**વૈતનિક** વિ૦ [સં.] વેતનથી કામ કરનારુ (૨)
**વૈતરણિ(-ણી)** સ્ત્રી૦ [સં] યમપુરીમા જતાં આવતી કલ્પિત પૌરાણિક નદી.[-ચાલવી =ગદા પાણીની નીક વહેવી.]
**વૈતરું** ન૦ [જુઓ વૈતરો] થાક લાગે કે કંટાળો ઊપજે તેવુ કામ (૨) વેઠ (૩) મહેનતાણું
**વૈતરો** પુ૦ [સં. वहिन् =(ભાર) વહેનાર] વૈતરું કરનાર, મજૂર (૨) ખૂબ વૈતરું કરી શકનાર
**વૈતાન** વિ૦ [સં] યજ્ઞનુ, યજ્ઞ સબંધી
**વૈતાલ(-ળ)** પુ૦ જુઓ વેતાલ
**વૈતાલિક** પુ૦ [સં.] સવારમાં સ્તુતિના ગાન કરી રાજાને ઉઠાડનાર, માગધ; ચારણ (૨) વેતાલ સાધ્યો હોય તેઓ જાદુગર
**વૈતાલી(-ળી)ય** પું૦ [સ] એક છંદ
**વૈતાળ** પું૦ જુઓ વેતાળ, વેતાલ
**વૈતાળીય** પું૦ જુઓ વૈતાલીય [હોવું તે
**વૈતૃષ્ણ્ય** ન૦ [સં] તૃષ્ણાનો ત્યાગ, તૃષ્ણારહિત
**વૈદ(-ઘ)** પુ૦ [સં वैद्य] રોગ જાણી દવા કરનાર. ૦ક ન૦ વૈદું, રોગના નિદાન, ચિકિત્સા વગેરે

**વૈદૂર્ય** ન૦ [સં] એક નીલ રંગનો મણિ
**વૈદહી** સ્ત્રી૦ [સ] (સં) સીતા
**વૈદ્ય, ૦ક, ૦કીય** [સં] જુઓ 'વૈદ'મા
**વૈદ્યુત** વિ૦ [સં] વિદ્યુતને લગતુ
**વૈધ** વિ૦ [સ] ધારાધોરણ અનુસારનુ (૨) વિધિ પ્રમાણે શુદ્ધ કે બરોબર
**વૈધરત** ન૦ [જુઓ વૈધૃત] સત્તાવીસમો યોગ (જ્યોતિષમા) [હોવાપણું (૨) નાસ્તિકતા
**વૈધર્મ્ય** ન૦ [સ] ભિન્ન કે વિરુદ્ધ ધર્મવાળા
**વૈધવ્ય** ન૦ [સં] વિધવાપણું, રડાપો
**વૈધૃત** ન૦, -તિ સ્ત્રી૦ [સ] જુઓ વૈધરત
**વૈનતેય** પું૦ [સ.] (સ.) ગરુડ (૨) અરુણ
**વૈનીતક** ન૦ [સ] પાલખી
**વૈપરીત્ય** ન૦ [સ] વિપરીતતા
**વૈપુલ્ય** ન૦ [સં.] વિપુલતા
**વૈફલ્ય** ન૦ [સં.] વિફળતા
**વૈભવ** પુ૦ [સં] વિભવ ૦શાલી(-ળી) વિ૦ પું૦ વૈભવવાળું. -વી વિ૦ વૈભવવાળુ
**વૈભોગ** પું૦ [સં.] વૈભવ, સાહેબી, ઠાઠ
**વૈમત્ય** ન૦ [સ.] ભિન્ન મત થવો તે
**વૈમનસ્ય** ન૦[સં]વેર દ્વેષ(૨)નિરુત્સાહ, ખિન્નતા
**વૈમાન** ન૦ + જુઓ વિમાન
**વૈમાનિક** વિ૦ (૨) પું૦ [સં] જુઓ વિમાની
**વૈમુખ્ય** ન૦ [સં] વિમુખતા [અંગેનુ
**વૈયક્તિક** વિ૦ સ] વ્યક્તિને લગતુ કે તેને
**વૈયર્થ્ય** ન૦ [સં.]

**વૈરૂપ્ય** ન૦ [સં] વિરૂપતા
**વૈલક્ષણ્ય** ન૦ [સં] વિલક્ષણતા
**વૈલક્ષ્ય** ન૦ [સં] ગભરાટ, ગૂંચવણનો ભાવ (૨) અસ્વાભાવિકતા, કૃત્રિમતા
**વૈવર્ણ્ય** ન૦ [સં] વિવર્ણ થવુ કે હોવું તે,ફીકાશ
**વૈવર્ત** ન૦ [સં.] ફેર, રૂપાન્તર
**વૈવસ્વત** પુ૦ [સં] જુઓ મનુ (૨) યમ
**વૈવાહિક** વિ૦ [સં] વિવાહ સબધી
**વૈવિધ્ય** ન૦ [સં] વિવિધતા
**વૈશદ્ય** ન૦ [સં.] વિશદતા; સ્વચ્છતા; સ્પષ્ટતા
**વૈશપાયન** પું૦[સં]જનમેજયને મહાભારતની કથા સભળાવનાર
**વૈશાખ** પુ૦[સં]વિક્રમ સવતનો સાતમો મહિનો ૦નંદન પુ૦ ગવેડો. –ખી વિ૦ વૈશાખ માસમા આવતુ કે થતુ(૨) સ્ત્રી૦એક માખ
**વૈશાલ્ય** ન૦ [સં] વિશાળતા. [નાયક
**વૈશિક** પુ૦ [સં.] વેશ્યા સાથે સંબધ રાખનાર
**વૈશિષ્ટ્ય** ન૦ [સં] વિશિષ્ટતા
**વૈશેષિક** વિ૦ [સં] વૈશેષિક મતનું (૨) પું૦ વૈશેષિક મતનું અનુયાયી (૩) ન૦ વૈશેષિક દર્શન ૦દર્શન ન૦ ૭ વૈદિક દર્શનોમાનું કણાદ મુનિએ પ્રવર્તાવેલું દર્શન
**વૈશ્ય** પુ૦ [સં] ચાર વર્ણોમાંનો ત્રીજો–ખેતી, ગોરક્ષા અને વેપાર કરનારો વર્ણ ૦કર્મ ન૦ વૈશ્યનું કર્મ કે ધંધો ૦પ્રકોપ પુ૦ જુઓ વિટ્પ્રકોપ ૦વૃત્તિ સ્ત્રી૦ વૈશ્યનો ધંધો (૨) વૈશ્યનો સ્વભાવ, દરેક કામમા હાનિલાભ જોવાની વૃત્તિ –શ્યાણી સ્ત્રી૦ વૈશ્ય સ્ત્રી
**વૈશ્રવણ** પુ૦ [સં.] (સ) કુબેર
**વૈશ્વદેવ** પુ૦[સં] રોજ જમતા પહેલા દેવોને અપાતો બલિ –વિધુ ન૦ વૈશ્વદેવ જેમા કરવામા આવે તે વેદી [પરમેશ્વર
**વૈશ્વાનર** પું૦ [સ] જઠરાગ્નિ (૨) અગ્નિ (૩)
**વૈશ્વાસિક** વિ૦ [સં] વિશ્વાસુ, ભરોસાદાર
**વૈષમ્ય** ન૦ [સં] વિષમતા; અસમાનતા
**વૈષયિક** વિ૦ [સં] વિષય સબધી
**વૈષ્ણવ** વિ૦[સં] વિષ્ણુ સબધી(૨)વિષ્ણુની ઉપાસના કરનાર (૩) પુ૦ તેવો માણસ –વી વિ૦સ્ત્રી૦(૨)સ્ત્રી૦ વૈષ્ણવ સ્ત્રી (૩)[સં]લક્ષ્મી
**વૈસ્વર્ય** ન૦ [સં.] ઘાંટા કે સાદનું વિરવર થવું –બગડવુ તે
**વૈહાસિક** પું૦ [સં.] મસ્કરો; ભાંડ
**વોકળો** (વો?) પું૦[જુઓ વેકળો] નાનો વહેળો; વોકળો, નાળુ
**વોકાઉટ** પું૦ [ઇ.] વિરોધ દર્શાવવા સભામાથી ચાલ્યા જવુ તે (–કરવો)
**વોકાખ** ન૦ એક પક્ષી
**વોટ** પું૦ [ઇં] ચૂટણીનો મત [–નંખાવો, –પડવો=મતપેટીમા મતપત્ર પડવો, મત અપાવો. –નાંખવો=મતપેટીમા મતપત્ર નાખવો, મત આપવો. ૦ર પું૦ [ઇં.] મત આપનાર
**વોટરપ્રૂફ** વિ૦ પાણી જેમા ન પેસી શકે તેવું
**વોટરવર્ક્સ** ન૦ શહેર વગેરેની વસ્તીને પાણી પૂરુ પાડનારું મથક કે કારખાનું; ટાકી
**વોડકા** પુ૦ [ઇં] એક જાતનો રશિયન દારૂ
**વોડકી** સ્ત્રી૦, –કું ન૦ [દે वोडही=તરુણી, યુવતી] જુવાન ભેસ અથવા ગાય, જોટડું
**વોણુ** (વો?) ન૦ [સં वहन પરથી, સર૦ મ वोणा]સીમમા પાણીથી ભરાતો લાબો ખાડો
**વોય વોય,** ૦રે (વો) અ૦ [સર૦ દે वेव्व= વિષાદ તથા ભયસૂચક અવ્યય] ભય કે દુઃખનો પોકાર કરે તેમ
**વૉરંટ** ન૦ [ઇં] વારંટ, ધરપકડ કરવાનો સરકારી પરવાનો [–કાઢવું, નીકળવું, –બજવું, બજાવવું] [ગામનો) વિભાગ
**વૉર્ડ** પુ૦ [ઇં] (કોઈ વહીવટ માટે પડાતો
**વૉર્ડર** પુ૦[ઇં.] કેદીઓનો મુકાદમ (જેલભાષા)
**વોલામણું** વિ૦ જુઓ વોળામણ
**વૉશિંગ કંપની** સ્ત્રી૦ [ઇં.] (વિલાયતી ઢબની) ધોબીની દુકાન
**વોસરાવવું** સ૦ક્રિ૦ [પ્રા वोसर (સં व्युत्+ सृज्), સર૦ મ वोसरणें] તજવું, છોડી દેવુ
**વોહ** પું૦ [સ वह् ઉપરથી? સર૦ દે वोहार =પાણીનું વહેણ] જોરથી વહેતો પ્રવહ
**વોળામણ(–ણું)** (વો) વિ૦ ['વળવુ' પરથી] વાકુ, વળાકવાળું (૨) ન૦ વાક; વળાક
**વોળાવવુ** (વો) સ૦ક્રિ૦ [પ્રા वोल (સં. गम्), वोलाविअ] વળાવવુ; વિદાય કરવું

**વોળાવિયો** (વો) પું૦ [વોળાવવું પરથી] વળાવનારો, વળાવવા સાથે જનાર ભોમિયો
**વોંકળો** (વોં૦) પું૦ જુઓ વોકળો
**વૌષટ્** અ૦[સં.] પિતૃઓને બલિ આપતાં કરાતો ઉદ્ગાર ૦**કાર** પું૦ તેનો ઉચ્ચાર કે અવાજ
**વ્યક્ત** વિ૦[સં.] સ્પષ્ટ; ખુલ્લું (૨) સાકાર બનેલું
**વ્યક્તિ** સ્ત્રી૦ [સં.] કોઈ પણ વર્ગમાંનું એક (૨) માણસ (૩) વ્યક્ત થવું તે. ૦**ગત** વિ૦ વ્યક્તિને લગતું, અંગત; વૈયક્તિક ૦**તા** સ્ત્રી૦, ૦**ત્વ** ન૦ વ્યક્તિનો વિશેષ ગુણ. ૦**વાદ** પું૦ સામાજિક વિચારમાં વ્યક્તિ ને તેનું વ્યક્તિત્વ મહત્ત્વનું છે એવો વાદ [૦તા સ્ત્રી૦
**વ્યગ્ર** વિ૦ [સં.] વ્યાકુળ; અસ્થિર, ગભરાયેલું.
**વ્યજન** પું૦ [સં.] પંખો [સંબંધ
**વ્યતિકર** પું૦[સં.] મિશ્રણ (૨) સમુદાય (૩)
**વ્યતિક્રમ** પું૦ [સં.] ઉલ્લંઘન કરવું તે (૨) વિપર્યાસ (૩) બાધા, વિઘ્ન
**વ્યતિરિક્ત** વિ૦[સં.] અતિરિક્ત; સિવાય; ભિન્ન
**વ્યતિરેક** પું૦ [સં.] અભાવ (૨) ભિન્નતા (૩) ઉત્તમતા, શ્રેષ્ઠતા (૪) એક અર્થાલંકાર, જેમાં ઉપમેયને ઉપમાન કરતાં શ્રેષ્ઠ બતાવવામાં આવ્યું હોય છે (કા. શા) (૫) અમુક એક વસ્તુ ન હોય તો બીજી અમુક વસ્તુ પણ ન હોય એવો સંબંધ કે નિયમ (ન્યા.). ૦**પદ્ધતિ** સ્ત્રી૦ કારણ ન હોય ત્યારે કાર્ય ન હોય એવા વ્યતિરેકના નિયમને આધારે બંધાયેલી કાર્યકારણ નક્કી કરવાની અન્વેષણ-પદ્ધતિ 'મેથડ ઓફ્ ડિફરન્સ' (ન્યા.). ૦**વ્યાપ્તિ** સ્ત્રી૦ સાધ્યસાધનના વ્યતિરેક-સંબંધની વ્યાપ્તિ (ન્યા.)
**વ્યતિ(-તી)હાર** પું૦ [સં.] અદલોબદલો; વિનિમય [ગયેલું
**વ્યતીત** વિ૦ [સં.] વીતી ગયેલું, પસાર થઈ
**વ્યતીપાત** પું૦ [સં] જ્યોતિષમાં અશુભ મનાતો ૧૭મો યોગ (૨) ઉત્પાત કે ઉપદ્રવ. -**તિયું** વિ૦ ઉપદ્રવ કરનારું, તોફાની
**વ્યતીહાર** પું૦ [સં.] જુઓ વ્યતિહાર
**વ્યત્યય,વ્યત્યાસ** પું૦ [સં.] વ્યતિક્રમ
**વ્યથા** સ્ત્રી૦[સં] દુઃખ, પીડા
**વ્યથિત** વિ૦ [સં.] વ્યથા પામેલું દુખી
**વ્યધિકરણ** ન૦ [સં] (વ્યા.) ભિન્ન અધિકરણમાં રહેવું તે (૨) ભિન્ન વિભક્તિમાં હોવું તે. ૦**બહુવ્રીહિ** પું૦ (વ્યા) વિશેષણવિશેષ્યભાવના સંબંધ વિનાના પદોનો બહુવ્રીહિ સમાસ. ઉદા૦ ચક્રપાણિ
**વ્યપોહ** પું૦ [સં.] કાઢી મૂકવું તે
**વ્યભિચાર** પું૦ [સં.] પોતાના ગુણધર્મને વફાદાર ન રહેવું તે (૨) પરસ્ત્રીપુરુષનો આડો વ્યવહાર (૩) કર્તવ્યભ્રષ્ટતા (૪) નિયત સાહચર્ય ન હોવું તે (ન્યા.) -**રિણી** વિ૦સ્ત્રી૦ વ્યભિચારી (૨) સ્ત્રી૦ વ્યભિચારી સ્ત્રી. -**રી** વિ૦ વ્યભિચાર કરનારું (૨) વ્યભિચારદોષવાળું (૩) પું૦ વ્યભિચારી માણસ -**રીભાવ** પું૦ જુઓ સંચારીભાવ
**વ્યય** પું૦[સં.]ખરચ, વાપર -**યી** વિ૦ વ્યયવાળું
**વ્યર્થ** અ૦ [સં] ફોગટ; મિથ્યા (૨) વિ૦ નકામું, નિરર્થક ૦**તા** સ્ત્રી૦
**વ્યલીક** વિ૦[સં] ખોટું, અસત્ય; બનાવટી (૨) અયોગ્ય, અકાર્ય (૩)ન૦ જૂઠાણું ખોટી વાત
**વ્યવચ્છેદ** પું૦ [સં] કાપી નાખવું તે (૨) જુદું પાડવું તે. ૦**વિદ્યા** સ્ત્રી૦ શરીરપૃથક્કરણશાસ્ત્ર; 'એનૅટોમી'
**વ્યવધાન** ન૦ [સં] આડ, પડદો (૨) વિઘ્ન; એકાગ્રતામાં ભંગ (૩) અવકાશ
**વ્યવસાય** પું૦ [સં.] કામકાજ કે તેની ખટપટ; ઉદ્યોગ (૨) નિશ્ચય -**યિની** વિ૦ સ્ત્રી૦, -**યી** વિ૦ વ્યવસાયવાળું
**વ્યવસ્થા** સ્ત્રી૦ [સં] બંદોબસ્ત, ગોઠવણ
**વ્યવસ્થાપક** પું૦[સં.]વ્યવસ્થા કરનાર,મૅનેજર
**વ્યવસ્થિત** વિ૦ વ્યવસ્થાયુક્ત, બરાબર ગોઠવેલું. -**તિ** સ્ત્રી૦ વ્યવસ્થા (૨) નિયમન
**વ્યવહરવું** સ૦ક્રિ૦ [સં. વ્યવહૃ] વ્યવહાર કરવો; સંબોધવું
**વ્યવહાર** પું૦ [સં] વ્યાપાર; કામકાજ ધંધો (૨) વર્તન (૩) લોકરીતિ (૪) પરસ્પર આપવાલેવાનો સંબંધ ૦**કુશળ**,૦**દક્ષ** વિ૦ વ્યવહારની બાબતોમાં કુશળ. ૦**ગણિત** ન૦ વ્યવહારમાં ખપ આવે તેવું ગણિત (૨) પાતી, 'પ્રૅક્ટિસ'

(ગ.) (૩) લેખા (ગ.). ૦દૃષ્ટિ સ્ત્રી૦ વ્યવહારોપયોગી કે વ્યવહારની દૃષ્ટિ. ૦સિદ્ધ વિ૦ વ્યવહારમા સફળ થઈ રૂઢ થયેલું; વહેવારુ. -રી વિ૦ વ્યવહારને લગતું. -રુ વિ૦ વહેવારુ, વ્યવહાર્ય. -ર્ય વિ૦ [સં.] વહેવારમા મુકાય કે ઉતારાય તેવુ

વ્યવહિત વિ૦ [સં.] વચ્ચે પડદાવાળું; ઢંકાયેલું

વ્યષ્ટિ સ્ત્રી૦ [સં.] સમષ્ટિનો પ્રત્યેક અંશ કે વ્યક્તિ

વ્યસન ન૦ [સં.] ટેવ, લત (૨) માદક પદાર્થ લેવાની ટેવ (૩) દુઃખ (૪) આફત, જોખમ (૫) નાશ. ખુવારી. [-પડવું=ટેવ પડવી, લત લાગવી (૨) માદક પદાર્થની ટેવ પડવી.] -ની વિ૦ વ્યસનવાળું

વ્યસ્ત વિ૦ [સં.] વેરાયેલું (૨) ઊલટું (૩) વહેંચી નાખેલું, છૂટું પાડેલુ ૦વિધિ પું૦ 'મેથડ ઑફ ઇન્વર્ઝન' (ગ.)

વ્યંગ વિ૦ [સં.] એકાદ અંગ વિનાનું, અપંગ (૨) જુઓ વ્યંગ્ય -ગાર્થ પું૦ જુઓ વ્યંગ્યાર્થ

વ્યંગ્ય વિ૦ [સં.] આડકતરી રીતે સૂચિત (૨) કટાક્ષથી કહેલુ (૩) ન૦ વક્રોક્તિ; કટાક્ષ -ગ્યાર્થ પું૦ શબ્દની વ્યંજના વૃત્તિથી સૂચિત થતો ગૂઢ અર્થ, વાચ્યાર્થ અને લક્ષ્યાર્થથી ભિન્ન એવો – વ્યંગ્ય અર્થ

વ્યંજક વિ૦ [સં.] સ્પષ્ટ કરનારું, બતાવનારું

વ્યંજન પું૦,ન૦ [સં.] સ્વરની મદદ વિના જેનો ઉચ્ચાર ન થઈ શકે તે વર્ણ (૨) ડાઘ, નિશાની (૩) અવયવ, અંગ (૪) ગુહ્યાંગ (૫) શાક. -નાદિ. વિ૦ [+आदि] શરૂમા વ્યંજનવાળું. -નાંત વિ૦ [+अंत] છેડે વ્યંજનવાળુ

વ્યંજના સ્ત્રી૦ [સં.] વ્યંગ્યાર્થનો બોધ કરવાની શબ્દની શક્તિ (વ્યા.).

વ્યંજિત વિ૦ [સં.] સૂચિત (૨) વ્યક્ત - સ્પષ્ટ [કરાયેલુ

વ્યંઢલ(-ળ) પું૦ [સં. वंडर, वि+अड] નપુંસક

વ્યાકરણ ન૦ [સં.] ભાષાના શુદ્ધ પ્રયોગો, નિયમો વગેરેનું શાસ્ત્ર ૦કાર પું૦ વ્યાકરણ રચનાર; વૈયાકરણ ૦પદ્ધતિ સ્ત્રી૦ વ્યાકરણ દ્વારા ભાષા શીખવવાની પદ્ધતિ ૦શુદ્ધ વિ૦ વ્યાકરણના દોષ વિનાનું -ણી પું૦ વ્યાકરણશાસ્ત્રી

વ્યાકુલ(-ળ) વિ૦ [સં.] ગભરું, બાવરું, ગભરાયેલું. ૦તા સ્ત્રી૦

વ્યાકૃત વિ૦ [સં.] પૃથક્કરણ કરી સમજાવેલું- [સ્પષ્ટ કરેલું

વ્યાકોપ પું૦ [સં.] પ્રકોપ, વકરવું તે

વ્યાખ્યા સ્ત્રી૦ [સં.] વસ્તુનું પૂરતુ અને આવશ્યક વર્ણન (૨) વિસ્તૃત કે સ્પષ્ટ અર્થ, ટીકા

વ્યાખ્યાતા પું૦ [સં.] વ્યાખ્યાન કરનાર

વ્યાખ્યાન ન૦ [સં.] ભાષણ, કોઈ વિષયનું વિસ્તારથી પ્રતિપાદન ૦પીઠ સ્ત્રી૦, ન૦ જે આસનેથી વ્યાખ્યાન આપવાનુ હોય તે

વ્યાખ્યેય વિ૦ [સં.] વ્યાખ્યા થઈ શકે એવું

વ્યાઘાત પું૦ [સં.] વિઘ્ન, પ્રતિબંધ (૨) વિરોધ

વ્યાઘ્ર પું૦ [સં] વાઘ. ૦ચર્મ, -ઘ્રાંબર ન૦ [+अंबर] વાઘનું ચામડું

વ્યાજ ન૦ [સં. वि+आजन्=નવું જન્માવવું -વધારવું, સર૦ हिं., म.] નાણાં વાપરવા બદલ મૂળ રકમ ઉપર આપવો પડતો વધારો (૨) [સં.] બહાનું, મિષ (૩) ઠગાઈ [-કાઢવું =વ્યાજનો હિસાબ કરવો – ગણતરી કરવી. -કાપવુ=વ્યાજ બાદ કરવુ -ખાવુ, લેવું =વ્યાજની કમાણી કરવી. -ભરવું=વ્યાજ આપવું કાપેલું વ્યાજ=વટાવવાળું વ્યાજ. ચક્રવૃદ્ધિ વ્યાજ=વ્યાજનુ વ્યાજ. વારોવારિયું વ્યાજ=રોજ દહાડે વધતુ વ્યાજનું વ્યાજ. વ્યાજનું વ્યાજ=(લ.) સંતાનનું સંતાન] ૦ખાઉ વિ૦ મોટે વ્યાજે નાણાં ધીરનારું, વ્યાજ પર કમાઈ કરનાર. ૦ખાદ(-ધ) સ્ત્રી૦ નાણાં નકામાં પડી રહેવાથી કે મુદત પહેલા પરત થવાથી આવતી વ્યાજની ખોટ ૦ખોર વિ૦ જુઓ વ્યાજખાઉ. ૦નિંદા સ્ત્રી૦ બીજા બહાના હેઠળ નિંદા કરવી તે, એક શબ્દાલંકાર (કા. શા.). ૦મુદ્દલ ન૦ વ્યાજ અને મુદ્દલનો ભેગો આંકડો, રાશ. ૦વટંતર ન૦ વ્યાજ ને વટાવ વગેરેની ઊપજ ૦વટું ન૦ વ્યાજ અને વટાવનો ધંધો ૦વહી સ્ત્રી૦ વ્યાજ કાઢવાનો ચોપડો ૦વેરો પું૦ વ્યાજની કમાઈથી જ ગુજરાન ચલાવનાર. ૦સ્તુતિ સ્ત્રી૦ દેખીતી સ્તુતિ મારફતે નિંદા કરવી અથવા દેખીતી નિંદા મારફત સ્તુતિ કરવી

તે; એક શબ્દાલંકાર (કા શા). -જુ(૦કું) વિ૦ વ્યાજે મીરેલુ અથવા લીધેલું. -જુચિઠ્ઠી સ્ત્રી૦ વ્યાજ લેવાની શરતે ધીરેલી રકમનું લખત

**વ્યાધ** પું૦ [સં] પારધી

**વ્યાધિ** પું૦; સ્ત્રી૦ [સં.] રોગ; મરજ ૦કારણુ ન૦ વ્યાધિનું કારણ ૦ગ્રસ્ત, ૦ત વિ૦. ૦તા વિ૦સ્ત્રી૦ [સં] વ્યાધિમા સપડાયેલુ; રોગી

**વ્યાન** પું૦ [સં] પંચપ્રાણમાંનો એક

**વ્યાપ** પું૦ [સં] વ્યાપ્તિ, વિસ્તાર; પસારો

**વ્યાપક** વિ૦ [સં] સર્વ ઠેકાણે વ્યાપી રહેનારું (૨) વિશાળ ૦તા સ્ત્રી૦, ૦ત્વ ન૦ ૦પદ ન૦ 'જનરલ ટર્મ' (ગ)

**વ્યાપવું** સ૦ક્રિ૦, અ૦ક્રિ૦ [સં. વ્યાપ્] કોઈ ચીજની અંદર ફેલાવુ (૨) પ્રસરવું, ફેલાવું

**વ્યાપાર** પું૦ [સં] પ્રાણી કે પદાર્થની ક્રિયા (૨) ઉદ્યોગ, ધંધો (૩) વેપાર. -રી પું૦ વેપારી

**વ્યાપી** વિ૦[સં વ્યાપક (પ્રાય. સમાસને અંતે)

**વ્યાપૃત** વિ૦[સં] રોકાયેલુ, મગ્ન. -તિ સ્ત્રી૦ વ્યાપૃત હોવુ તે [વ્યાપક

**વ્યાપ્ત** વિ૦ [સં.] વ્યાપેલું ૦માન વિ૦ વ્યાપ્ત;

**વ્યાપ્તિ** સ્ત્રી૦ [સં] વ્યાપવું તે (૨) નિત્યસાહચર્ય (ન્યા.) (૩) સાધન અને સાધ્યનો સાહચર્યનિયમ. ૦દોષ પું૦ ન્યાયની વ્યાપ્તિને અંગેનો દોષ. ૦ગ્રહ પું૦, ૦ગ્રહણ ન૦ વ્યાપ્તિ ગ્રહણ કરવી -નિશ્ચિત કરવી તે. ૦વ્યાપાર પું૦ વ્યાપ્તિગ્રહણનો વ્યાપાર. -પ્ય વિ૦ [સં] વ્યાપવા યોગ્ય

**વ્યામોહ** પું૦ [સં] મોહ, અજ્ઞાન, ભ્રાંતિ

**વ્યાયામ** પું૦ [સં.] કસરત ૦મંદિર ન૦, ૦શાળા સ્ત્રી૦ કસરતશાળા

**વ્યાયોગ** પું૦[સં] એક પ્રકારનું એકાંકી નાટક

**વ્યાલ(-ળ)** પું૦ [સં.] સાપ (૨) ચિત્તો; વાઘ

**વ્યાવર્તક** વિ૦ [સં] વ્યાવૃત્ત કરનાર; જુદું પાડનાર [વહેવાર

**વ્યાવહારિક** વિ૦ [સં.] વહેવાર સંબંધી (૨)

**વ્યાવૃત્ત** વિ૦ [સં.] પાછું ફરેલું કે ફેરવેલુ (૨) અલગ કરેલુ કે થયેલુ (૩) નિષિદ્ધ (૪) આચ્છાદિત, ઘેરાયેલુ (૫) પું૦ સંગીતમાં એક અલંકાર. -ત્તિ સ્ત્રી૦ વ્યાવૃત્ત થવુ કે કરવું તે (૨) અભાવ

**વ્યાસ** પું૦[સં](સં)મહાભારત અને પુરાણોના કર્તા - એક ઋષિ (૨) બ્રાહ્મણની એક અટક (૩) જાડાઈ, વિસ્તાર (૪) વર્તુળના મધ્યબિંદુમાથી પસાર થઈ તેના પરીઘને બે બાજુ અડતી લીટી; 'ડાયેમીટર' (ગ) ૦જી પું૦ (સં.) વ્યાસ ઋષિ (માનાર્થે) (૨) [લા.] (મહાભારતની)કથા કરનાર. ૦નંદન પું૦(સં.) શુકદેવ. ૦પીઠ સ્ત્રી૦, ન૦ વક્તા કે કથાકારને ઊભા રહેવાનું કે બેસવાનું ઊંચુ સ્થાન

**વ્યાસંગ** પું૦ [સં] મહાવરો; અભ્યાસ (૨) આસક્તિ; ભક્તિ -ગી વિ૦ વ્યાસંગવાળું

**વ્યાસાર્ધ** પું૦ [સં.] વ્યાસનું અર્ધ; 'સેમી-ડાયેમીટર' (ગ) [નિષ્ફળ નીવડેલું

**વ્યાહત** વિ૦ [સં] પાછુ ઠેલાયેલુ, કુંઠિત થયેલું;

**વ્યાહૃતિ** સ્ત્રી૦ [સં.] કથન; ઉક્તિ (૨) ભૂ, ભુવઃ, સ્વ એ ત્રણ પવિત્ર શબ્દ

**વ્યાળ** પુ૦ જુઓ વ્યાલ [(૩) અવ્યવસ્થા

**વ્યુત્ક્રમ** પું૦ [સં.] ઊલટો ક્રમ (૨) ઉલ્લંઘન

**વ્યુત્ક્રાંત** વિ૦ [સં] ઉલ્લંઘેલું, ઓળંગાયેલું. -તિ સ્ત્રી૦ બહાર નીકળવુ -જતા રહેવુ તે (૨) ઉલ્લંઘન (૩) મોટી ક્રાંતિ,ઊથલપાથલ

**વ્યુત્થાન** ન૦ [સં.] જોરથી ઊઠવુ તે (૨) અભ્યુન્નતિ (૩) સમાધિમાથી ઊઠવુ તે

**વ્યુત્પત્તિ** સ્ત્રી૦ [સં] શબ્દની મૂળ ઉત્પત્તિ [વ્યા.] (૨) વિદ્વત્તા, પ્રાવીણ્ય ૦કાર પું૦ શબ્દની મૂળ ઉત્પત્તિ બતાવનાર

**વ્યુત્પન્ન** વિ૦ [સં.] વિદ્વાન, પ્રવીણ (૨) સાધિત (શબ્દ) [વ્યા]

**વ્યુપહાસ** પું૦ [સં] ઉપહાસ; ઠેકડી. ૦ક વિ૦ ઉપહાસ કરનાર

**વ્યૂહ** પું૦ [સં] સૈન્યની ગોઠવણી. ૦રચના સ્ત્રી૦ તેની રચના

**વ્યોમ** ન૦[સં.]આકાશ ૦ગંગા સ્ત્રી૦ આકાશગંગા ૦ચર વિ૦ આકાશમા ફરનારું (૨) ન૦ પંખી. ૦યાન ન૦ વિમાન

**વ્રજ** ન૦ [સં] (સં) વૃંદાવન (ગોકુળ પાસે) (૨) ગોવાળોનું ગામ (૩) પુ૦ સમૂહ ૦ભાષા સ્ત્રી૦ એક બોલી - વ્રજ દેશની

ભાષા ૦મંડળ ન૦ વ્રજ તેમ જ તેની આસપાસનો પ્રદેશ ૦વનિતા સ્ત્રી૦ વ્રજની સ્ત્રી; ગોપી ૦વાસી વિ૦ (૨) પું૦ વ્રજમાં રહેનાર. ૦વિહારી વિ૦ (૨) પું૦ વ્રજમાં વિહાર કરનાર (શ્રીકૃષ્ણ). -જાંગના સ્ત્રી૦ [+ अंगना] ગોપી

વ્રજવું અ૦ક્રિ૦ [सं. व्रज्] જવું

વ્રણ પું૦ ન૦ [सं] ઘા, નારુ

વ્રત ન૦ [सं.] નિયમપૂર્વક આચરવાનું પુણ્યકર્મ (૨) અમુક કરવા ન કરવાનો ધાર્મિક નિશ્ચય [-ઊજવવું = વ્રતની પૂર્ણાહુતિની ક્રિયા કરવી (-કરવું, પાળવું, -તોડવું, -મૂકવું.) -લેવું = નિયમ પાળવાની પ્રતિજ્ઞા કરવી] ૦ચર્યા સ્ત્રી૦ વ્રત કરવું કે પાળવું તે. ૦ધારી વિ૦ વ્રત લેનાર. ૦ભંગ પું૦ વ્રતનો ભંગ, વ્રત તોડવું તે. ૦સ્થ વિ૦ વ્રત લીધું હોય તેવું -તાળ(-ળુ) વિ૦ વ્રત કરવાની ટેવવાળું. -તિની વિ૦ સ્ત્રી૦ વ્રતવાળી -તી વિ૦ વ્રતવાળું

વ્રળકારો પું૦ (કા.) ઝબકારો; ચમકારો

વ્રાચડ સ્ત્રી૦ [સર૦ हिं.] અપભ્રંશ ભાષાનો એક પ્રકાર

વ્રાત પું૦ [सं] સંઘ; સમૂહ

વ્રાત્ય પું૦ [सं] જેને સંસ્કાર કરવામાં ન આવેલા હોય તેવું (૨) વર્ણસંકર

વ્રીડા સ્ત્રી૦ [सं.] લાજ, શરમ

વ્રીહિ પું૦ [सं] ચોખા

વ્રેહ પું૦ (પ.) જુઓ વિરહ

## શ

શ પું૦ [सं] ચાર ઊષ્માક્ષરો (શ, ષ, સ, હ) માંનો પ્રથમ [એક માપ

શઈ પું૦, ન૦ [प्रा सइ (सं. शत)?] અનાજનું

શક પું૦ [અ.] વહેમ, શંકા [-આણવો, જવો, પડવો = વહેમ પેદા થવો - રહેવો = શંકા હોવી -રાખવો, લેવો = વહેમાવું.] ૦દાર, ૦મંદ વિ૦ જુઓ તેમના ક્રમમાં

શક પું૦ [सं] એક પ્રાચીન જાતના લોક (૨) સંવત (૩) શાલિવાહને ચલાવેલો સંવત (ઈ. સ. ૭૮થી) [-ચલાવવો = કોઈ નામાંકિત વ્યક્તિ કે યુગપ્રવર્તક ઘટનાની યાદગીરીમાં સંવત્સરની ગણના શરૂ કરવી, -બેસાડવો = (સુ) છાપ - દાબ - ધાક બેસાડવાં] ૦કારી ૦પ્રવર્તક, ૦વર્તી વિ૦ શક પ્રવર્તાવનાર, જેના સ્મરણમાં સંવત શરૂ થાય તેવું, યાદગાર

શકટ ન૦ [सं] ગાડું ૦વ્યૂહ પું૦ શકટાકારે સૈન્યની રચના -ટાસુર પું૦(सं )[+ असुर] કંસે કૃષ્ણને મારવા મોકલેલો એક રાક્ષસ. -ટી સ્ત્રી૦ ગાલ્લી [ થૂથો

શકલું ન૦ [प्रा सक्क (सं शल्क) = છાલ] ફેલું,

શકદાર વિ૦[फा ]જેના પર શક જતો હોય તેવું

શકન, -નિયાળ જુઓ 'શુકન'માં

શકપ્રવર્તક વિ૦ [सं ]જુઓ શક [सं.]માં

શકમંદ વિ૦ [फा.] સંશયગ્રસ્ત, શકવાળું

શકરખોર(-રો) પું૦ [फा.] એક પક્ષી (૨) મીઠી વાનીઓનો શોખીન [ ટેટી] એક ફળ

શક(-ક્ક)રટેટી સ્ત્રી૦ ∽ शर्करा, फा. शकर +

શક(-ક્ક)રપારો પું૦[फा. शकरपारा] ઘઉંની એક મીઠી તળેલી વાની

શકરાબાજી સ્ત્રી૦ [શકરો+બાજી] (શકરાબાજ દ્વારા) પક્ષી ઇ૦ નો શિકાર કરવો તે

શક(-ક્ક)રિયું ન૦ એક કંદ

શકરી સ્ત્રી૦ [જુઓ શકરો] શકરાબાજની માદા

શકરીમનિયા ન૦ એક પક્ષી

શકરો [फा शिक्रह, સર૦ हिं शिकरा; म. शिकार], ૦બાજ પું૦ બાજ પક્ષી (૨) [લા ] પાકો ઉઠાવગીર

શકલ પું૦ [सं.] ભાગ ખંડ

શકવર્તી વિ૦ [सं] જુઓ 'શક' [सं.] માં

શકવું અ૦ક્રિ૦ [सं शक्, સર૦ म शकणें, हिं सकना] શક્તિમાન થવું (૨) સંભવવું (મુખ્ય ક્રિ ને સહાયક રૂપે જ વપરાય છે જેમ કે, બોલી શકશે)

શકાર પું૦ [सं] શ અક્ષર કે તેનો ઉચ્ચાર. -રાંત વિ૦ [+ अंत] છેડે શકારવાળું

શકાર પું૦ [प्रा. स (सं. सत्) + प्रा. कार

(ક્રિયા, આકૃતિ)] સકાર; બગ્કત, સાસ
**શકુન** ન૦ [સં ] ભાવિ શુભાશુભસૂચક ચિહ્ન; શુકન (૨) પક્ષી. [**–જોવા** = શુકનની રાહ જોવી કયા શુકન છે તે તપાસવું. **–થવા**, **–લેવા**=શુભ શુકન તરીકે માન્ય કરવું ]
**શકુનિ** ન૦ [સં ] પંખી (૨) ગીધ (૩) પું૦ (સ )દુર્યોધનનો મામો. [**–ચતુષ્ટય** = ચડાળ-ચોકડી. **–મામો** = મહા તરકટી માણસ ]
**શકુંત** ન૦ [સં ] મોર (૨) શકુન પક્ષી. **૦લા** સ્ત્રી૦ (સ ) મેનકા અને વિશ્વામિત્રની પુત્રી; દુષ્યંતની પત્ની
**શકે** અ૦ [ શકવું પરથી ] જાણે કે (૫)
**શકોરું** ન૦ [સર૦ हिं सकोरा, म शिकोरा (प्रा सिक्करा–सं शर्करा, फा. शकर, शिक्र ઉપરથી ?)] બટેરુ; માટીનુ કોડિયું
**શક્કર** સ્ત્રી૦[फा. शकर;प्रा सक्करा]સક્કર, ખાંડ. **૦ટેટી** સ્ત્રી૦ જુઓ શકરટેટી. **૦પારો** પું૦ જુઓ શકરપારો **–રિયું** ન૦ શકરિયુ
**શક્કલ** સ્ત્રી૦ [જુઓ શિકલ; સર૦ म.] ચહેરો, સ્વરૂપ. [**-ફરી જવી, બદલાઈ જવી** = સ્વરૂપ–દેખાવ–ગુણધર્મ બદલાઈ જવા.]
**શક્કો** પું૦ જુઓ શિક્કો (૨) [अ सिक्कह = છાપ કે शक्ल = ચહેરો ઉપરથી] ચહેરો; સુદર ભવ્ય ચહેરો (૩) ઘરેણાં વગેરેની ઝલક. [**–પડવો** = છાપ પડવી, અમલ બેસવો.] **–ક્કાદાર** વિ૦ ઘાટીલા સુદર ચહેરાવાળુ (૨) મોહક, ભભકાદાર
**શક્ત** વિ૦ [સં ] શક્તિમાન
**શક્તિ** સ્ત્રી૦ [સં.] સામર્થ્ય, બળ (૨) દેવી (૩) એક અસ્ત્ર. **૦પૂજક** વિ૦ (૨) પું૦ દેવીનો ઉપાસક. **૦પૂજા** સ્ત્રી૦ દેવીપૂજા. **૦મત્તા** સ્ત્રી૦ શક્તિ હોવી તે; સામર્થ્ય **૦માન**, **૦સંપન્ન** વિ૦ બળવાન, સમર્થ
**શક્ય** વિ૦ [સં ] બની શકે કે કરી શકાય એવું. **૦તા** સ્ત્રી૦ સંભવ, શક્ય હોવુ તે. **૦ભેદ** પું૦ [વ્યા|ક્રિ૦નો શક્યાર્થસૂચક ભેદ. **–ક્યાર્થ** પું૦ [+अर्थ] શક્યતા બતાવનાર ક્રિ૦નુ રૂપ (વ્યા.)
**શક્ર** પુ૦ [સં ] ઇંદ્ર **–ક્રાણી** સ્ત્રી૦ ઇંદ્રાણી; શચી
**શખસ** પું૦ [अ शख्स] માણસ
**શખ્ખો** પું૦ [જુઓ શક્કો] લખોટી (તેની રમતમા બોલાય છે)(૨)જુઓ શક્કો અર્થ ૨,૩
**શગ** સ્ત્રી૦ ['શિખા' ઉપરથી ? સર૦ म. शेगडी (शिंगाडी = ટોચ; અંકુર)] દીવાની જ્યોત (૨) તેના જેવા (શંકુ) આકારની વસ્તુ (૩) શંકુ આકારનો ઢગલો (૪) જાનવરના આચળ
**શગડી** સ્ત્રી૦ ['શગ' ઉપરથી] કોલસા બાળવાનું એક સાધન; ચૂલાનુ કામ દેતી એક બનાવટ; સગડી. [**–કરવી** = સગડી સળગાવવી. **–બળી જવી** = સગડીનો અગ્નિ નકામો જવો. **–માથે લેવી, વહોરવી** = પારકી પચાત વહોરી લેવી. **-લગાડવી, –સળગાવવી** = સગડીમા દેવતા સળગાવવો.]
**શગરામ** ન૦ જુઓ શિગરામ [પું૦ ઇંદ્ર
**શચિ(–ચી)** સ્ત્રી૦ [म.] (સ.) ઇંદ્રાણી. **૦પતિ**
**શઠ** વિ૦ [સં ] ધૂર્ત, લુચ્ચુ (૨) તેવો માણસ. **૦તા** સ્ત્રી૦, **૦ત્વ** ન૦ [ તેના રેસા
**શણ** ન૦ [સં ] ભીંડીની જાતનો એક છોડ (૨)
**શણગ** સ્ત્રી૦ ['સનન' રવ૦ ઉપરથી, સર૦ हिं सनकना] + સુરંગ, સણંગ
**શણગટ** પું૦ [प्रा छण्ण (सं. छन्न) + ગટ (સં કૃત), કે दे छाण (વસ્ત્ર–કપડું) + ગટ (સં કૃત)] સણગટ; ઘૂંઘટ ઘૂમટો. [**–તાણવો, વાળવો** = સાડલો મોઢા પર લઈ લાજ કાઢવી ]
**શણગાર** પું૦ [म शृंगार; प्रा सिंगार] શરીરને શોભાવનાર વસ્ત્ર, આભૂષણ વગેરે [(**–કરવા, ધરવા, પહેરવા, સજવા**) **–નાં દર્શન** = ઠાકોરજીના મંદિરમા તેમનુ એક દર્શન ]
**શણગારવું** સ૦ક્રિ૦ [प्रा. सिंगार (सं शृंगारय्)] સુશોભિત કરવુ (૨) ઘરેણા પહેરવાં
**શણગો** પુ૦ [प्रा. सण्ह = નાનું, બારીક કે सं शृग ઉપરથી ?] સણગો, અંકુર, ફણગો **–ગાવું** સ૦ક્રિ૦ સણગાવુ શણગો ફૂટવો
**શણભીંડી** સ્ત્રી૦ [શણ+ભીંડી] શણનો છોડ
**શણવી** પું૦ [म. शेणवी] મહારાષ્ટ્રની એક બ્રાહ્મણ જાત કે તેનો માણસ (૨) શુકન કહેનારો–જાણનારો માણસ
**શણવું** સ૦ક્રિ૦ [જુઓ સુણવું]+ સાંભળવું
**શણિયું** ન૦ ['શણ' ઉપરથી] શણનુ કપડું

**શત** પું૦ [સં] સો ૦ક ન૦ સોનો સમુદાય (૨) સૈકું ૦કોટિ વિ૦ સો કરોડ ૦ક્રતુ પું૦ સો યજ્ઞ કરનાર(૨) [સં] ઇંદ્ર. ૦ગુણુ વિ૦ સો ગણું ૦ઘ્ની સ્ત્રી૦ એક પ્રાચીન અસ્ત્ર ૦તારકા સ્ત્રી૦ ૨૪મું નક્ષત્ર. ૦ધા અ૦ સો રીતે ૦દ્રુ સ્ત્રી૦ (સં) સતલજ નદી ૦પદ(-દી) વિ૦ સો પગવાળુ (૨) ન૦કાનખજૂરો ૦ભિષા સ્ત્રી૦જુઓ શતતારકા. ૦મુખ વિ૦ સો મુખવાળું (૨)સો રીતે થતુ ૦રૂપા સ્ત્રી૦ (સ) બ્રહ્માની પુત્રી તેમ જ સ્ત્રી; મનુની માતા. ૦વર્ષી સ્ત્રી૦ સો વર્ષ પૂરાં થતાં કરાતો ઉત્સવ ૦શ: અ૦ સો વાર

**શતઘ્રી** સ્ત્રી૦ [સર૦ મ શતમી = પરવાનો, પત્રક] વહાણમા ચડાવેલા માલની રસીદ

**શતસાઈ** સ્ત્રી૦ [સં. શત ઉપરથી સર૦ હિં. सतसई] સો શ્લોકવાળો ગ્રંથ

**શતાબ્દી** સ્ત્રી૦ [સં] સૈકું (૨) સો વર્ષનો ઉત્સવ

**શતાવધાન** ન૦ [સં] એકીસાથે સો વાતો પર ધ્યાન આપવું કે સાંભળી યાદ રાખવી તે કે તેવી શક્તિ -ની વિ૦ શતાવધાનવાળું

**શતાવરી** સ્ત્રી૦ [સં.] એક વનસ્પતિ

**શતાંશ** પું૦ [સં] સોમો ભાગ

**શત્રુ** પું૦ [સં] વેરી, દુશ્મન ૦ઘ્ન પું૦ (સં.) લક્ષ્મણનો ભાઈ ૦તા સ્ત્રી૦, ૦ત્વ ન૦ શત્રુવટ, દુશ્મનાઈ ૦પક્ષ પુ૦ સામો પક્ષ; શત્રુનો પક્ષ ૦વટ સ્ત્રી૦ દુશ્મનાવટ, વેર

**શત્રુંજય** [સં.] પું૦ (સં) એક પર્વત, કાઠિયાવાડમા આવેલુ જાણીતુ જૈન તીર્થ

**શનિ** પું૦ [સં] એ નામનો ગ્રહ (જુઓ ગ્રહ) (૨) શનિવાર (૩) નીલમ [-ની દશા = દુર્ભાગ્ય, ભારે વિપત્તિનો સમય (સાડાસાત દિવસ,-માસ કે,-વર્ષ રહેતો મનાય છે) -નો ફેરો = શનિ ગ્રહ અશુભ રાશિમાં આવવો - શનિની દશા બેસવી બારમો શનિ હોવો = હાડવેર-અણબનાવ હોવા] ૦દૃષ્ટિ સ્ત્રી૦ [લા.] દ્વેષની નજર. ૦પ્રદોષ પું૦ શનિવારે આવતી સુદ તેરસે સંધ્યાકાળે કરાતી શિવપૂજા. ૦વાર પું૦ અઠવાડિયાનો સાતમો દિવસ. ૦વારૂં વિ૦ શનિવારે આવતુ-શરૂ થતુ ૦(-નૈ)શ્ચર પું૦ શનિ (૨) [લા.] ઝેરવેર, ઈર્ષ્યા (૩) ઝેરીલો આદમી

**શનૈઃ** અ૦ [સં] ધીમે ધીમે

**શનૈશ્ચર** પું૦ [સં] જુઓ શનિશ્ચર. [આંખમાં શનૈશ્ચર હોવો = દ્વેષીલું હોવું]

**શપથ** પુ૦ [સં] સોગંદ, કસમ

**શફર** પું૦ [સં] એક જાતનું નાનુ ચળકતુ માછલુ -રી સ્ત્રી૦ નાની માછલી

**શફા** સ્ત્રી૦ [अ शिफा સર૦ મ , हिं] આરોગ્ય. ૦ખાનું ન૦ દવાખાનું, ઇસ્પિતાલ

**શબ(-વ)** ન૦ [સં] મડદું ૦થાન ન૦ ઠાઠડી

**શબનમ** ન૦ [फा.] ઝાકળ (૨) એવુ પાતળુ, ઝીણુ ને મૃદુ મલમલનું કાપડ

**શબરી** સ્ત્રી૦ [સં] (સં) રામની પરમભક્ત એક ભીલડી [સ્ત્રી૦, ૦ત્વ ન૦

**શબ(-વ)લ** વિ૦ [સં] કાબરચીતરે. ૦તા

**શબ્દ** પુ૦ [સં] અવાજ (૨) બોલ; વચન (૩) અર્થયુક્ત એક કે વધારે અક્ષરોનો સમુચ્ચય (વ્યા). [-કરવો = અવાજ કરવો. -કાઢવો = બોલવુ, હરફ કાઢવો -બોલવો = બોલવુ (૨) બે શબ્દ કહેવા બે શબ્દ કહેવા = ભલામણ કરવી (૨) શિખામણ કે ઠપકો આપવા બે શબ્દ કહેવા, બોલવા = ટૂંકુ વિવેચન - પ્રવચન કરવું] ૦કોશ(-ષ) પું૦ ભાષાના શબ્દોના સંગ્રહનો ગ્રંથ ૦ચિત્ર ન૦ શબ્દો દ્વારા આપેલો ચિતાર-દોરેલું ચિત્ર ૦ચિત્રણ ન૦ શબ્દચિત્ર આપવું તે ૦ચિત્રલિપિ સ્ત્રી૦ શબ્દનાં સૂચક ચિત્ર દ્વારા લખવાની લિપિ, 'હાયરેગ્લિફિક' ૦જાળ સ્ત્રી૦ જુઓ વાગ્જાળ. ૦નિર્દેશ પુ૦ વસ્તુના લક્ષણમા જ આવી જતા ધર્મો કહી બતાવવામા આવતા હોય તેવો નિર્દેશ કે કથન (ન્યા.) ૦પ્રમાણ ન૦ શબ્દજ્ઞાનનું સાધન(૨) શાબ્દિક પુરાવો. ૦પ્રયોગ પુ૦ શબ્દનો પ્રયોગ - ઉપયોગ કે વાપર (૨) રૂઢિપ્રયોગ ૦બ્રહ્મ ન૦ શબ્દરૂપી બ્રહ્મ વેદ. ૦યોગી વિ૦(વ્યા.) નામ સાથે સંબંધમાં વપરાતુ નામયોગી (અવ્યય) ૦રચના સ્ત્રી૦ શબ્દોની ગોઠવણી, બોલવા લખવાની શૈલી. ૦લક્ષી વિ૦ શબ્દ-

રચના તરફ લક્ષવાળું, 'અર્થલક્ષી'થી ઊલટું. **૦લાલિત્ય** ન૦ શબ્દોની લલિતતા – મધુર રચના કે યોજના **૦લિપિ** સ્ત્રી૦ શબ્દે શબ્દે (વર્ણે નહિ) જુદી સંજ્ઞાવાળી લિપિ, 'હાયરિટિક'. **૦લેખન** ન૦ શ્રુતલેખન તરીકે શબ્દો લખાવવા તે **૦વાદ** પું૦ અર્થ નહિ પણ શબ્દને પકડીને વાદ કરવો તે. **૦વિચાર** પું૦ વર્ણો વિષે વ્યાકરણની દૃષ્ટિએ વિચાર **૦વેધી** વિ૦ માત્ર શબ્દ – અવાજને આધારે ધાયું બાણ મારનાર **૦શક્તિ** સ્ત્રી૦ શબ્દની અર્થબોધક શક્તિ(અભિધા, લક્ષણા અને વ્યંજના) **૦શાસ્ત્ર** ન૦ શબ્દનુ શાસ્ત્ર, 'ઇટિમૉલોજી'. **૦શુદ્ધિ** સ્ત્રી૦ શબ્દની શુદ્ધિ, શબ્દનો શુદ્ધ પ્રયોગ **૦શ્લેષ** પુ૦ શાબ્દિક શ્લેષ **–બ્દાડંબર** પું૦ [+ आडंबर] જેમા અર્થ કે ભાવની ન્યૂનતા હોય તેવો ભારે ભારે શબ્દનો પ્રયોગ. **–બ્દાતીત** વિ૦ [+ अतीत] શબ્દથી ન વર્ણવી શકાય તેવું. **–બ્દાનુશાસન** ન૦ [+ अनुशासन] વ્યાકરણ **–બ્દાર્થ** પું૦ [+ अर्थ] શબ્દનો અર્થ (૨) શાબ્દિક અર્થ **–બ્દાલંકાર** પું૦ [+ अलंकार] શબ્દરચનાની ચમત્કૃતિવાળો અલંકાર (કા. શા) **–બ્દાળુ** વિ૦ નકામા – વધારે પડતા શબ્દોવાળુ કે તેવી શૈલીનુ **–બ્દાળુતા** સ્ત્રી૦ અર્થ થોડો પણ શબ્દોની ભરમાર હોવી તે, 'વર્બોસિટી'

**શમ** પું૦ [સં] શાંતિ (૨) ક્ષમા (૩) ઇંદ્રિયો અને વાસનાઓનુ શાત થવુ તે. **૦તા** સ્ત્રી૦ શાંતિ(૨) ક્ષમા ધીરજ. **૦ન** ન૦ શાત પડવુ કે પાડવુ તે. **૦ન લાડુ** પુ૦ જુઓ સમનલાડુ. **૦પ્રધાન** વિ૦ શમ જેમા પ્રધાન છે તેવું. **૦મય** વિ૦ શમથી ભરેલુ, શાત **૦વવું** સ૦ક્રિ૦ (પ.) શાત કરવુ, શમાવવુ **૦વું** અ૦ક્રિ૦ [સં शम्] શાત પડવુ; ટાઢું પડવુ (૨) નાશ પામવુ

**શમશમવું** અ૦ ક્રિ૦ [સં शम्] શમશમાકાર થઈ જવુ (૨) શાત થવું

**શમશમાકાર** વિ૦ ['શમશમવું' ઉપરથી] હાલતુચાલતુ બંધ થયેલુ; સંજ્ઞરહિત, કાઈ પણ અવાજ કે હિલચાલ વિનાનુ શાત

**શમશેર** સ્ત્રી૦ [फा] તરવાર. [**–ચલાવવી** = તરવાર કામમા લેવી, તરવારથી ઘા કરવો. **–ફેરવવી** = તરવાર વાપરવી – વીંઝવી.] **–બાંધવી, લટકાવવી** = તરવાર કેડે બાધવી. **૦બહાદુર** વિ૦ તરવાર ચલાવવામા બહાદુર (એક ખિતાબ)

**શમળી** સ્ત્રી૦ એક પક્ષી, સમડી

**શમા** સ્ત્રી૦ [अ.] મીણબત્તી (૨) [લા.] દીવો. **૦દાન** ન૦[फा]મીણબત્તીની દીવી, 'કૅન્ડલસ્ટિક'

**શમિત** વિ૦ [સં.] શાત કરેલુ કે થયેલુ

**શમિયાનો** પું૦ [જુઓ શામિયાનો] તંબૂ

**શમી** સ્ત્રી૦ [સં] એક ઝાડ, સમડો. **૦પૂજન** સમડીના વૃક્ષનું પૂજન (દશરા પર થાય છે)

**શમ્સુલઉલમા** પું૦ [अ] વિદ્વાનોમા સૂર્ય જેવો (એક મુસલમાની ખિતાબ)

**શયતાન** પું૦ [अ.] ઈશ્વર સામે બળવો કરનાર એક ફિરસ્તો (સં) (૨) બદમાશ; સેતાન **–નિયત** સ્ત્રી૦ બદમાસી

**શયદા** વિ૦ [फा.] ઘેલું, ગાંડું (૨) પ્રેમઘેલું

**શયન** ન૦ [સં.] સૂવુ તે (૨) પથારી. **૦ગૃહ** ન૦ સૂવાનો ઓરડો. **૦ભોગ** પું૦ ઠાકોરજીને શયન વેળા ધરાવાતો ભોગ

**શયિત** વિ૦ [સં] સૂતેલું (૨) ઊંઘતું

**શય્યા** સ્ત્રી૦ [સં.] પથારી (૨) [કા શા.] પદોનો પરસ્પર સુમેળ – સગતતા

**શર** સ્ત્રી૦ [अ. शरअ] નિયમ; કાયદો

**શર** પું૦; ન૦ [સં] બાણ (૨) પાચની સંજ્ઞા

**શરચ્ચંદ્ર** પું૦ [સં] શરદઋતુનો ચદ્ર

**શરટ** ન૦ [સં] કાચિંડો

**શરણ** ન૦ [સં] આશ્રય; રક્ષણ; ઓથ. [**શરણે આવવું, જવું, થવું** = તાબે થવું.]

**શરણાઈ** સ્ત્રી૦ [फा सहनाई] ફૂંકીને વગાડવાનું એક વાજું

**શરણાગત** વિ૦ [સં] શરણે આવેલું

**શરણાર્થી** વિ૦ [સં] શરણ ઇચ્છનારું

**શરણું** ન૦ શરણ, આશ્રય [શરણદાતા

**શરણ્ય** વિ૦ (૨) ન૦ [સં] શરણ દઈ શકે એવું;

**શરત** સ્ત્રી૦ [अ शर्त] હોડ; કરાર, બોલી. [**–કરવી** = બોલી કરવી (૨) હોડ બકવી. **–નું કુંડાળું, ચક્કર** = જે ચક્કાકાર મેદાનમાં

દોડવા-દોડાવવાની હરીફાઈ ખેલવામાં આવે તે -નો ઘોડો=ઘોડદોડની હરીફાઈમાં ઉતારવાનો ઘોડો -બકવી, મારવી, લગાવવી, -માં ઊતરવું, -રમવી = હરીફાઈની હોડનો કરાર કરવો **શરતે** પડવું=શરતમાં ઊતરવું ] ૦બંદી(-ધી) સ્ત્રી૦ શરત કરવી તે. -તી વિ૦ [फा.] શરતને લગતું, શરતવાળું (૨) શરત કરી હોય તેવું

**શરત્પૂર્ણિમા** સ્ત્રી૦ [सं] આશ્વિન પૂર્ણિમા; માણેકઠારી પૂનમ

**શરદ** સ્ત્રી૦ [सं.] આસોથી કાર્તિક માસ સુધી રહેતી ઋતુ (૨) [લા.] વર્ષ. ૦પૂનમ સ્ત્રી૦ શરત્પૂર્ણિમા. -દિં(-દેં)દુ પું૦ [+ इंदु] શરદઋતુનો ચંદ્ર

**શરદી** સ્ત્રી૦ [फा. शर्दी] ઠંડી; ભેજ (૨) સળેખમ

**શરદુ(-દો)ત્સવ** પું૦ [सं.] આશ્વિન પૂર્ણિમાનો -શરદ પૂનમનો ઉત્સવ

**શરદેંદુ** પું૦ [सं] જુઓ શરદિંદુ

**શરદોત્સવ** પું૦ [सं.] જુઓ શરદુત્સવ

**શરધરણી** સ્ત્રી૦ [શર+ધરવું] કામઠી; ધનુષ

**શરધિ** પું૦ [सं] બાણનો ભાથો

**શરન્મેઘ** પું૦ [सं.] શરદઋતુનું વાદળું

**શરપંખો** પું૦ [सं शरपुंखा] એક વનસ્પતિ

**શરપુંખ** પું૦ [सं] બાણનો પીંછાવાળો છેડો; બાણનું પીછું

**શરપ્રભવ** પું૦ [सं] (સ.) શરભૂ; કાર્તિકેય

**શરબત** પું૦ ન૦ [अ] ફળના રસનું બનાવેલું પીણું. -તી વિ૦ આછા રંગનું (૨) સ્ત્રી૦ એક જાતનું બારીક કાપડ [-ઘઉં=ઘઉંની એક જાત -ચીંબુ=ચીંબુની એક જાત ]

**શરભ** પું૦ [सं] હાથીનું બચ્ચું (૨) આઠ પગવાળું બળવાન કાલ્પનિક પ્રાણી

**શરભૂ** પું૦ [सं] (સ.) કાર્તિકેય (૨) પું૦ સાપ

**શરમ** સ્ત્રી૦ [फा शर्म, સર૦ हिं , म ] લજ્જા (૨) પ્રતિષ્ઠા, ઇજ્જત (૩) લયાનત. [-અડવી = જુઓ શરમ પહોંચવી. -આવવી= લજ્જા આવવી; સંકોચ થવો -ની વાત= શરમાવું પડે તેવી વાત -પડવી, પહોંચવી =ભાર પડવો, શેહ પડવી. -માં નાખવું= શરમાવવું -માં રહેવું=શરમાવું, શરમ રાખીને - તેથી દબાઈને વર્તવું; માનથી ચૂપ રહેવું. -રહેવી=ઇજ્જત કે માન આબરૂ સચવાવા -રાખવી=માનઆબરૂ કે અદબનો ખ્યાલ રાખીને વર્તવું -લાગવી= શરમાવું (૨) કલંક લાગવું, નીચાજોણું થવું ] -માવવું સ૦ક્રિ૦ 'શરમાવું'નું પ્રેરક (૨) શરમ કે માન રાખી સમજે-માને એમ કરવું; શરમથી મનાવવું -માવું અ૦ક્રિ૦ શરમ આવવી (૨) ઝંખવાણું પડવું. -માળ વિ૦ શરમાય એવું, શરમવાળું -મિંદગી સ્ત્રી૦ [फा] શરમ -મિંદુ વિ૦ [फा. शरमिंदह] શરમથી ઝંખવાણું પડી ગયેલું

**શરયો** પું૦ શેરડીનો કકડો

**શરયુ(-યૂ)** સ્ત્રી૦ [सं] જુઓ સરયુ.

**શરવાટ** પું૦ [જુઓ શરવું] શરવાપણું

**શરવું** વિ૦ [જુઓ સરવું] તીક્ષ્ણ કાનનું (૨) [સર૦ म सरवा=તૈયાર જમીન, વરસાદની ધાર] તૈયાર જમીન ઉપર વરસાદની ધાર પડવાથી જે સુવાસ નીકળે છે તેવું ઉદા૦ નવી માટલીનું પાણી શરવું શરવું લાગે છે

**શરવૃષ્ટિ** સ્ત્રી૦ [सं] બાણનો વરસાદ

**શરસડો** પું૦ જુઓ શિરીષ

**શરસંધાન** ન૦ [सं] બાણ તાકવું તે

**શરાદ્ધ** ન૦ જુઓ શ્રાદ્ધ -દ્દિ(-ધિ)યાં ન૦ બ૦વ૦ શ્રાદ્ધ પક્ષ, ભાદરવા વદના દિવસો

**શરાપ** પું૦ [જુઓ શાપ] બદદુવા (પ ગ્રામ્ય) [-આપવો, દેવો, નડવો. લાગવો]

**શરાફ** પું૦ [अ सर्राफ़, સર૦ हिं ] ધીરધારનો ધંધો કરનાર; નાણાવટી. -ફી વિ૦ શરાફને લગતું (૨) ચોક્કસ (૩) સ્ત્રી૦ નાણાવટું

**શરાફત** સ્ત્રી૦ [अ.] માણસાઈ, લાયકી

**શરાફી** સ્ત્રી૦ જુઓ 'શરાફ'માં

**શરાબ** પું૦ [अ] દારૂ ૦ખાનું, ૦ઘર ન૦ દારૂનું પીઠું ૦ખોર વિ૦ દારૂનું વ્યસની. ૦ખોરી સ્ત્રી૦ દારૂની લત ૦દાર વિ૦ દારૂ રાખનાર, દારૂવાળો ૦બાજ વિ૦ શરાબખોર ૦બાજી સ્ત્રી૦ શરાબનું વ્યસન શરાબખોરી -બી વિ૦ દારૂ પીનાર (૨) સ્ત્રી૦ નશો, મસ્તી

**શરારત** સ્ત્રી૦ [अ] દુષ્ટતા
**શરાવ** [સં.], ૦ડું ન૦ શકોરું; ચપણિયું
**શરાસન** ન૦ [सं] ધનુષ્ય [ધાર્મિક નિયમો
**શરિયત** સ્ત્રી૦ [અ.] કુરાનનું અનુશાસન-
**શરીક** વિ૦ [અ.] ભાગીદાર, સાથી, સામેલ
**શરીગત** વિ૦ [अ शिर्कत] ભાગ રાખનાર (૨) સહાયક, સાથી (૩) બેલી
**શરીફ** વિ૦ [અ.] ઊંચા કુળનું (૨) પ્રતિષ્ઠિત, આબરૂદાર (૩) પુ૦ [સર૦ ઇં] મોટા શહેરનો સરકારનિયુક્ત એક નાગરિક અધિકારી. **-ફાના** સ્ત્રી૦ [फा.] મોટાઈને છાજે તેવું કૃત્ય
**શરીર** ન૦ [સં.] દેહ [**-અકડાવું**=એકની એક સ્થિતિમાં બહુ રહેવાથી કે સનિવા વગેરેથી શરીરના સાંધા અક્કડ થઈ જવા. **-અમળાવું, તૂટવું**=તાવ આવે એવું લાગવું. **-ફટાવું**=શરીર કામકાજ વગર નકામું થવું. **-કસવું**=મહેનત વગેરેથી શરીરને ખડતલ બનાવવું. **-ગાળવું**=તપ વગેરેથી શરીર સૂકવી નાખવું. **-ઘસાવું**=કામથી શરીરને ઘસારો પડવો. **-છોડવું, તજવું**=મરણ પામવું. **-જોવું, તપાસવું**=શરીરની દાક્તરી તપાસ કરવી. **-ટકવું**=શ્રમ અથવા રોગના મારા સામે શરીર ટકી રહેવું -શરીરે કામ દેવું **-ઢાંકવું**=પહેરવું, ઓઢવું (૨) ગુપ્ત અંગો ઢાંકવાં. **-દેખાડવું**=શરીરની દાક્તરી તપાસ કરાવવી (૨) કાયા દેખાડવી, ગુપ્ત અંગો દેખાડવાં **-ધરવું, ધારણ કરવું**=શરીરી તરીકે અવતરવું (૨) રૂપ લેવું. **-ધીકવું**=સખત તાવ આવવો **-નભવું**=જુઓ શરીર ટકવું. **-બગડવું**=તબિયત બગડવી, રોગ પેસવો. **-માં ઊભી વાટ પડવી**=અંગેઅંગ લકવો થવો, મરણની છેલ્લી સ્થિતિએ પહોંચવું. **-માં ઘણુ પેસવો**=શરીરમાં રોગરૂપી કીડાએ ઘર કરવું **-ભરાઈ જવું**=શરીર અકડાઈ જવું **-ભરાવું**=શરીરમાં લોહી વધવું; શરીર જાડું થવું (૨) તાવ આવવો. **-ભારે થવું**=શરીરમાં આળસ ભરાવું (૨) તાવ આવે એવું થવું (૩) જાડું થવું **-ભારે લાગવું**=આળસ કે તાવ ભરાયા જેવું લાગવું **-લેવું**=નું શરીર ભરાવું-પુષ્ટ થવું. **-લેવાવું**=શરીર સુકાવું **-વળવું**=શરીર સુધરવું-તેમાં લોહી વધવું **-વાળવું**=શરીર સુધારવું (૨) શરીરના અંગોને વ્યાયામથી વળતાં કરવાં, કસરત કરવી **-શોધવું**=શરીરનું તત્ત્વ તપાસવું ઉદા૦ 'શરીર શોધ્યા વિના સાર નવ સાંપડે'. **-સુધારવું**==શરીરની સંભાળ રાખવી; તબિયત સારી થવી **શરીરે ઘટવું** - શરીરે સુકાવું] **૦ધારી** વિ૦ શરીરી. **૦યાત્રા** સ્ત્રી૦ શરીરનો નિર્વાહ (૨) શરીરનો વ્યાપાર **૦રચના** સ્ત્રી૦ શરીરની રચના. **૦વિદ્યા** સ્ત્રી૦, **૦શાસ્ત્ર** ન૦ શરીરની રચના વગેરેનું વિજ્ઞાન શારીરવિદ્યા. **૦સંપત્તિ** સ્ત્રી૦ આરોગ્ય, શારીરિક શક્તિ **૦સંબંધ** પું૦ શરીર સાથેનો સંબંધ (૨) સંભોગ સંબંધ. **-રી** વિ૦ શરીરવાળું, (૨) પુ૦ આત્મા
**શરૂ** ન૦ [फा. सर्व] એક જાતનું ઝાડ, સરુ
**શરૂ** વિ૦ [अ शुरूअ] આરંભાયેલું, ચાલુ **૦આત** સ્ત્રી૦ આરંભ, પહેલ **૦થી** અ૦ પહેલેથી. **૦માં** અ૦ આરંભમાં [મુસલમાની કાયદો
**શરેહ** (રે') પું૦ [अ शरअ, સર૦ મ , हि शरा]
**શર્કરા** સ્ત્રી૦ [सं] સાકર; ખાંડ
**શર્મ** ન૦ [सं] આનંદ, શાંતિ
**શર્મા** પુ૦ [स] નામને અંતે માનદ ઉપસર્ગ (ઉદા૦ વિષ્ણુશર્મા), (૨) એક અટક
**શર્મિષ્ઠા** સ્ત્રી૦ [सं] (સં.) યયાતિની એક રાણી
**શર્વ** પું૦ [सं] (સં) શિવ [પું૦ ચંદ્ર
**શર્વરી** સ્ત્રી૦ [સં.] રાત્રી ૦પતિ, **૦શ** [+ईश]
**શર્વાણી** સ્ત્રી૦ [सं] (સં) પાર્વતી
**શલભ** ન૦ [सं] તીડ
**શલાકા** સ્ત્રી૦ [सं] સળી (૨) પીંછી
**શલાવડું** ન૦ જુઓ શરાવલું (ચ)
**શલ્ય** ન૦ [સં.] તીર (૨) કાંટો (૩) પુ૦ (સ.) માદ્રીનો ભાઈ
**શલ્યા** સ્ત્રી૦ [જુઓ શિલા] પથ્થરની છાટ
**શલ્લકી** સ્ત્રી૦ [सं] એક જાતનું ઝાડ (એની ડાળી હાથીને બહુ ભાવે છે)
**શવ,૦યાન** [સં.] જુઓ 'શબ'માં

શવર પું૦ [સં.] પહાડી કે જંગલી માણસ
શવલ વિ૦ [સં.] જુઓ શબલ
શવ્વાલ પું૦ [અ.] હિજરી સનનો દસમો [મહિનો
શશ, ૦ક પું૦; ન૦ [સં.] સસલું. ૦ધર પું૦ ચંદ્ર ૦વિષાણ ન૦ સસલાનું શિંગડું (તેની પેઠે અસંભવિત વસ્તુ)
શશાંક પું૦ [સં.] ચંદ્ર
શશિકલા(-ળા) સ્ત્રી૦ [સં.] ચંદ્રની કળા
શશિકાંત પું૦ [સં.] જુઓ ચંદ્રકાંત
શશિયર પું૦ [પ્રા સસહર (સં શશધર)] ચંદ્ર
શશિલેખા સ્ત્રી૦ [સં.] શશિકળા
શશિવદની વિ૦ સ્ત્રી૦ [સં.] ચંદ્ર જેવા મુખ- [વાળી
શશિશેખર પું૦ [સં.] શિવ
શશી પું૦ [સં.] ચંદ્ર (૨) એકની સંજ્ઞા
શશો પું૦ શશક, સસલો
શશ્શુ ન૦, -શ્શો પું૦ શકાર
શષ્પ(-સ્પ) ન૦ [સં.] નાનું-કુમળું ઘાસ
શસ્ત્ર ન૦ [સં.] (મારવાનું) હથિયાર [-ધરવું, ધારણ કરવું, સજવું]. ૦ધારી વિ૦ શસ્ત્ર ધારણ કરનારું (૨) પું૦ યોદ્ધો. ૦પ્રયોગ પું૦ વાઢકાપ, 'ઓપરેશન' ૦યુદ્ધ ન૦ શસ્ત્રાસ્ત્રથી-હિંસક યુદ્ધ ૦યુદ્ધનિષેધક પું૦ 'વૉર રેઝિસ્ટર' ૦વિદ્યા સ્ત્રી૦ શસ્ત્ર વાપરવાની વિદ્યા ૦વૈદું ન૦ વાઢકાપનું વૈદું ૦વૈદ્ય પું૦ વાઢકાપ કરનાર વૈદ્ય. ૦સેવી વિ૦ શસ્ત્રથી સજ્જ રહેનાર -સ્ત્રાગાર ન૦ [+આગાર] શસ્ત્રો રાખવાનું મકાન -સ્ત્રાસ્ત્ર ન૦ બ૦ વ૦ [+અસ્ત્ર] શસ્ત્ર અને અસ્ત્ર, મારવાનાં તેમ જ ફેંકવાનાં હથિયાર
શસ્પ ન૦ [સં.] જુઓ શષ્પ
શસ્ય ન૦ [સં] અનાજ
શહ સ્ત્રી૦ [ફા] શેહ સામર્થ્ય
શહાદત સ્ત્રી૦ [અ] શાહેદી, સાક્ષી (૨) શહીદ થવું તે [એક ફૂલઝાડ
શહાળી સ્ત્રી૦ [સ શેફાલિકા; પ્રા સેહાલિઆ]
શહીદ વિ૦ (૨) પું૦ [અ] ધર્મયુદ્ધમાં પ્રાણ આપનાર -દી સ્ત્રી૦ શહીદપણું
શહૂર ન૦ [અ શુઊર] હોશ, આવડત
શહેનશાહ (શે઼) પું૦ [ફા. શહનશાહ' રાજાઓનો રાજા; સમ્રાટ. ૦ત સ્ત્રી૦ સામ્રાજ્ય -હી વિ૦ શહેનશાહ સંબંધી (૨) સ્ત્રી૦ શહેનશાહત
શહેર ન૦ (શે઼) [ફા શહ્ર] નગર, મોટું ગામ. ૦પનાહ પું૦ કોટ કિલ્લો -રી વિ૦ શહેરનું કે તે સંબંધી (૨) પું૦ શહેરમાં વસનાર (૩) નાગરિક, 'સિટિઝન' [ઇચ્છા હવસ
શહેવત (શે઼) સ્ત્રી૦ [અ. શહ્વત] વિષયસુખની
શળ પું૦ [સર૦ મ સળ (સં શલાકા)] લડીથી પડેલો આંકો, સળ (૨) સોળ (૩) શિલા. [-ઊઠવો, પડવો=સોળનું નિશાન ચામડી પર પડવું કે થવું. -પાડવો=વાળીને સળ કે ગડીનો આંકો કરવો]
શળી સ્ત્રી૦ [સર૦ મ સળઈ, હિં સલાઈ (સં. શલાકા)] સળી (૨) પા રૂપિયાનો વેપારી સંકેત (૩) [જુઓ સલ્લી] હજામની પથરી
-શઃ અ૦ [સં] શબ્દને લાગતાં તે ક્રમે-હિસાબે' એવો ભાવ બતાવે છે ઉદા૦ ખંડશઃ, શબ્દશઃ
શંકર પું૦ [સ] (સં) શિવ -રાચાર્ય પું૦ (સ.) કેવલ દ્વૈતના પ્રવર્તક આચાર્ય કે તેમણે સ્થપેલ પીઠનો અધિપતિ
શંકરા, ૦ભરણ [સ], -રો પું૦ એક રાગ
શંકવું અ૦ ક્રિ૦ [સ શઙ્ક્] શંકા આણવી શંકાવું
શંકા સ્ત્રી૦ [સં.] શક, સંદેહ, વહેમ (૨) કલ્પિત ભય (૩) ઝાડાપેશાબની હાજત [-આણવી, -લાવવી=શંકા કરવી, મનમાં વહેમ લાવવો, વહેમાવું -આવવી, ઊઠવી, જવી, પડવી =સંશય પેદા થવો. -કાઢી આવવું =ઝાડા-પેશાબની હાજતે જઈ આવવું. -રહેવી= મનમાં શંકા હોવી -રાખવી=વહેમાવું] ૦કાર પું૦ શંકા કરનાર ૦વું અ૦ક્રિ૦ સંદેહમાં પડવું, વહેમાવું (૨) સંકોચાવું, શરમાવું (૩) હાજત થવી ૦શીલ વિ૦ વહેમી ૦સ્પદ વિ૦ [+આસ્પદ] જેને વિષે શંકા હોય તેવું -કિત વિ૦ [સં] શંકાવાળું
શંકુ ન૦ [સં] ઉપર જતાં અણિયાળી થતી જતી ગોળ બેઠકની ઘન આકૃતિ (૨) હજાર અબજ (૩) સૂર્યયંત્ર (૪) સોયની અણી (૫) ટોચ, શિખર. ૦ચ્છેદ પું૦ શંકુને છેદતાં થતી આકૃતિ, 'કોનિક સેક્શન'

(-) ૦દંતી વિ૦ શંકુ જેવા દાંતવાળું (૨) સ્ત્રી૦ એક માછલી

શંખ પું૦ [સં.] એક જાતના દરિયાઈ પ્રાણીનું કોટલું જેને ફૂંકવાથી અવાજ થાય છે (૨) આગળી ઉપરનું તેના આકારનું ચિહ્ન (૩) [લા.] મૂર્ખ [-ફૂંકવો, બજાડવો = શંખ બજાવવો (૨) દેવાળું કાઢવું (૩) લડાઈની તૈયારી બતાવવા શંખ વગાડવો. -વાગવો (ઘરમાં)=ઘરમાં ખાવા પીવાનું ખૂટી જવું.]

શંખજીરું ન૦ [સર૦ फा. संगेजराहत; हिं. शंखजीरा म संगजिरें, शखजिरें] એક સફેદ ચીકણો પથ્થર કે તેનો ભૂકો

શંખણી સ્ત્રી૦ [જુઓ શંખિની] કર્કશા, કંકાસિયણ સ્ત્રી

શંખધારી પું૦ [સં] એક છંદ

શંખભારથી પું૦ મૂર્ખશિરોમણિ [શંખ

શંખલી સ્ત્રી૦ નાનો શંખલો -લો પું૦ નાનો

શંખવેલ સ્ત્રી૦ એક વેલ

શંખાવળી સ્ત્રી૦ એક વનસ્પતિ

શંખિની સ્ત્રી૦ [સં] કામશાસ્ત્ર પ્રમાણેના ચાર વર્ગોમાંના એક વર્ગની સ્ત્રી (પદ્મિની, ચિત્રિણી, હસ્તિની અને શંખિની)

શંઢલી સ્ત્રી૦ ['શણ' ઉપરથી?] સાડી

શંઢ પું૦ [સં] પંઢ; નપુંસક (૨) કંચુકી. ૦તા સ્ત્રી૦, ૦ત્વ ન૦ [હણ્યો હતો

શંબર પું૦ [સં.] (સં.) એક રાક્ષસ, જેને પ્રદ્યુમ્ને

શંભા પું૦ જમવા ઇ૦ના વહેવારવાળો સમૂહ

શંભુ પું૦ [સં.] (સં.) શિવ

શંભુમેળો પું૦ [સં. संभूयमेल કે संभोगमेल: પરથી?] જુદી જુદી નાતો કે વસ્તુઓનો અવ્યવસ્થિત સમૂહ; ખીચડો (૨) અઢારે વર્ણનું સેળભેળ થવું તે

શંસનીય વિ૦ [સં] પ્રશંસનીય

શંસિત વિ૦ [સં.] પ્રશંસિત (૨) કહેવાયેલું

-શાઈ વિ૦ [फा शाही, સર૦ म.] નામને અંતે લાગતાં 'તેને લગતું, તે રીતનું, તેના જેવું' એવો અર્થ સૂચવે છે ઉદા૦ વાણિયાશાઈ

શાક ન૦ [સં.] ખાઈ શકાય તેવાં કંદ, ફળ, ભાજી (૨) શક, સંવત. [-કરવું=શાક રાંધવું (૨) પાસે રાખી નિરર્થક અગડવા દેવું.] ૦પાંદડું ન૦ શાકભાજી [શાકપાંદડે જવું=વરા વખતે સૌની સાથે શાક સમારવા જવું] ૦પીઠ સ્ત્રી૦, ૦બજાર સ્ત્રી૦, ન૦ શાકનું બજાર. ૦ભાજી સ્ત્રી૦ શાક ને ભાજી (૨) [લા.] સામાન્ય કે નજીવું ગણી કઢાય એવું – મહત્ત્વ વિનાનું તે

શાકટ પું૦ [સં] બળદ [ચુડેલ

શાકણ(-ણી) સ્ત્રી૦ જુઓ શાકિની (૨) પિશાચી,

શાકભરી સ્ત્રી૦ [સં.] (સં.) દુર્ગા

શાકાહાર પુ૦ [સં.] વનસ્પતિનો જ આહાર, અન્નાહાર -રી વિ૦ (૨) પું૦ અન્નાહારી; 'વેજિટેરિયન' [પિશાચી કે દેવી

શાકિની સ્ત્રી૦ [સં.] દુર્ગાના ગણમાંની એક

શાકે અ૦ [સં शक ઉપરથી. સર૦ म शके] શક સંવત પ્રમાણે

શાક્ત વિ૦ [સં.] શક્તિ સંબંધી (૨) શક્તિ કે દેવીનું પૂજક (૩) પું૦ તેવો માણસ

શાક્ય, ૦નંદન, ૦મુનિ, ૦સિંહ પું૦ [સં] (સં) ગૌતમબુદ્ધ

શાખ સ્ત્રી૦ [સં साक्ष्य? સર૦ म. साख] આબરૂ, વટ (૨) અટક (૩) જુઓ સાક્ષી. [-પડવી = આબરૂની છાપ પડવી (૨) અટક બનવી -પૂરવી=સાક્ષી આપવી]

શાખા સ્ત્રી૦ [સં] ડાળી (૨) વિભાગ (૩) જુદા જુદા ગોત્રો કે મંડળોમાં પ્રચલિત વેદની સંહિતાનો પાઠ કે ક્રમનો ભેદ. ૦મૃગ પું૦ વાંદરો

શાગરીત(-દ), શાગિર્દ [फा] પું૦ શિષ્ય, ચેલો (૨) સહાયક, મદદગાર

શાઠ્ય ન૦ [સં] શઠતા

શાણ પું૦ [સં] કસોટીનો પથરો (૨) ન૦ ૫ તોલા; ચાર માસાનું વજન

શાણકું ન૦ [જુઓ સાણકું, સાનક] શકોરું (૨) ભીખ માગવાનું પાત્ર [-ઝલાવવું= ભીખ માગતું કરવું]

શાણપ સ્ત્રી૦, ૦ણ ન૦ [શાણું પરથી] ડહાપણ, ચતુરાઈ

શાણું વિ૦ [प्रा. सयाण (सं. सज्ञान); સર૦ हिं. सयाना, म शहाणा] ચતુર, ડાહ્યું.

[શાણી શિયાળ=બહારથી ડાહ્યું અને અંદરથી કપટી શાણી સીતા=સીતા જેવી ડાહી અને ઠાવકી સ્ત્રી કે છોડી શાણું બગલું =જૂઠો ડોળ કરી સ્વાર્થ સાધનાર.]
**શાતન** ન૦ [સં] નિકંદન; નાશ; અવનતિ
**શાતા** સ્ત્રી૦ [સં शात, प्रा सात, साता] શાંતિ; ટાઢક, નિરાંત [-માં રહેજો=સુખમાં રહેજો (છૂટા પડતી વખતે શુભેચ્છા). -વળવી= શાંતિ મળવી કે થવી; સુખ થવું]
**શાદ્રી** સ્ત્રી૦ [फा] લગ્ન [તેવું મેદાન
**શાદ્વલ** વિ૦ [સં] ઘાસવાળું; લીલું (૨) ન૦
**શાન** સ્ત્રી૦ [अ] ભભકો (૨) દેખાવ, છટા; દબદબો. ૦દાર વિ૦ છટાદાર, ઘાટીલું (૨) ભજરમાન ૦સોમાત સ્ત્રી૦ છેલાઈ (૨) દમ, માલ (૩) બાહોશી [-લામવો]
**શાપ** પું૦ [સં] બદદુવા [-આપવો, દેવો,
**શાપવું** સ૦ક્રિ૦ [સં शाप्] શાપ દેવો
**શાપાગ્નિ** પું૦ [સં] શાપરૂપી અગ્નિ
**શાપિણી** વિ૦ સ્ત્રી૦ શાપ પામેલી
**શાપિત** વિ૦ [સં.] શાપ પામેલું
**શાબાન** પું૦ [अ. शअबान] હિજરી સનનો આઠમો મહિનો
**શાબાશ** અ૦ [फा] સાબાશ, ધન્ય! વાહ! -શી સ્ત્રી૦ ધન્યવાદ, તારીફ [-આપવી, -મેળવવી, -લેવી]
**શાબ્દ** વિ૦ [સં] શબ્દ સંબંધી (૨) મૌખિક. ૦જ્ઞાન ન૦ પ્રમાણભૂત માણસના કે શાસ્ત્રના કથનથી થતું જ્ઞાન -બ્દિક વિ૦ શબ્દનું કે તેને લગતું (૨) મૌખિક
**શામ** સ્ત્રી૦ [સર૦ हिं. (सं शम्य=સાબેલું)] સાબેલાની લોઢાની બંગડી
**શામક** વિ૦ [સં] શમાવે એવું, શાન્તિકારક
**શામવું** અ૦ક્રિ૦ [સં शम्] શાન્ત થવું
**શામળ, -ળિયો, -ળો** પું૦ [સં. श्यामल] (સં) શ્રીકૃષ્ણ -ળું વિ૦ કાળું
**શામા** સ્ત્રી૦ એક પક્ષી (૨) (પ) જુઓ શ્યામા
**શામિયાનો** પું૦ [फा] જુઓ શમિયાનો
**શામિલ** વિ૦ [अ] સામેલ ભળેલું; જોડાયેલું ૦ગીરી સ્ત્રી૦ શામિલ હોવાપણું
**શાયક** વિ૦ [अ शाइक़] ઇચ્છાવાળો, શોખીન
**શાય(-હે)ર** પું૦ [अ शाइर, સર૦ हिं. शायर] કવિ, વિદ્વાન. -રી સ્ત્રી૦ શાયરપણું (૨) કાવ્યકળા, કવિતા
**-શાયી** વિ૦ [સં.] (સમાસને અંતે) 'સૂનાર, પોઢનાર' એવા અર્થમાં ઉદા૦ શેષશાયી
**શાર** (શા') પું૦ [સર૦ म शार, सार] કાણું, છિદ્ર ૦ડી સ્ત્રી૦ શાર પાડવાનું અણીદાર ઓજાર. [-થી શારવું=મહેણાં મારીને કે દુઃખ દઈને સંતાપવું.] ૦ડો પું૦ મોટી શારડી (૨) કૂવામાં વધારે પાણી લાવવા શાર પાડવો કે નળ જમીનમાં ઉતારી કૂવો બનાવવો તે, 'બોરિંગ' [-મૂકવો=બોરિંગ કરવું]
**શારદ(-દીય)** વિ૦[સં.] શરદઋતુનું, -ને લગતું
**શારદા** સ્ત્રી૦ [સં.] (સં) સરસ્વતી. ૦પીઠ સ્ત્રી૦ વિદ્યાપીઠ (૨) શંકરાચાર્યની પશ્ચિમ ભારતની ગાદી કે મઠ (દ્વારકાનો)
**શારવું** (શા') સ૦ક્રિ૦ [જુઓ શાર] શાર પાડવો (૨) [લા] મહેણાથી બાળવું
**શારંગ** ન૦ [સં. शार्ङ्ग, સર૦ हिं, म] જુઓ સારંગ. ૦ધર, ૦પાણિ પું૦ (સં) વિષ્ણુ
**શારિ** પું૦ [સં.] પાસો કે શેતરંજનું મહોરું
**શારીર** વિ૦ [સં] શરીર સંબંધી (૨) પું૦ દેહી, જીવાત્મા (૩) ન૦ શારીરવિદ્યા ૦ક વિ૦ શરીર-સંબંધી (૨) શરીર (૩) ન૦ (સં) શંકરાચાર્યનું બ્રહ્મસૂત્ર ઉપરનું ભાષ્ય ૦વિદ્યા સ્ત્રી૦, ૦શાસ્ત્ર ન૦ શરીરના અંગોના કાર્ય તથા ધર્મો વિષેનું શાસ્ત્ર, 'ફિઝિયૉલૉજી' ૦શાસ્ત્રી પું૦ શરીરશાસ્ત્રી. -રિક વિ૦ શરીર સંબંધી [એક છંદ
**શાર્દૂલ** પું૦ [સં] વાઘ ૦વિક્રીડિત પું૦ [સં]
**શાલ** સ્ત્રી૦ [फा.] ઊનનું ભરેલી કિનારનું ઓઢવાનું એક કીમતી વસ્ત્ર [-ઓઢાડવી= માનાર્થે શાલપોશાક આપવા, ઇનામ બક્ષિસ આપવા] ૦દુશાલા પું૦બ૦વ૦ માનાર્થે અપાતાં શેલાપાઘડી વગેરે
**શાલ** પું૦ [સં.] સાગનું ઝાડ ૦ભંજિકા સ્ત્રી૦ પૂતળી, બાવલું (૨) વેશ્યા
**શાલા(-ળા)** સ્ત્રી૦ [સં.] મકાન, ઘર (૨) પાઠ-

**શાહેર, -રી** જુઓ 'શાયર'માં

**શાળ** સ્ત્રી૦ [सं शालि, સર૦ म साळ] ડાંગર

**શાળા** સ્ત્રી૦ જુઓ શાલા. **૦મિત્ર** પુંં૦ સહાધ્યાયી મિત્ર [ડાંગર

**શાળિયું** ન૦ ['શાળી' ઉપરથી] હલકી જાતની

**શાળી** વિ૦ જુઓ શાલી(૨)સ્ત્રી૦ ડાંગર શાલિ

**શાળોપયોગી** વિ૦ જુઓ શાલોપયોગી

**શાંકર(-રી)** વિ૦ [सं] શંકર સંબંધી (૨) શંકરાચાર્યનું [સૂત્રના કર્તા-ઋષિ

**શાંડિલ્ય** પું૦ [सं] (સં.) સ્મૃતિ તેમ જ ભક્તિ-

**શાંત** વિ૦ [सं] શાંતિયુક્ત. [-પડવું=શાંત થવું.] **૦તા** સ્ત્રી૦ શાંતિ. **૦નુ** પું૦ (સં.) ભીષ્મના પિતા. **૦રસ** પું૦ નવ રસોમાંનો એક

**શાંતિ** સ્ત્રી૦ [सं.] વેગ, ક્ષોભ કે ક્રિયાનો અભાવ (૨) કલેશ, કંકાસ કે યુદ્ધનો અભાવ (૩) નીરવતા (૪) માનસિક કે શારીરિક ઉપદ્રવ કે વિકારનું મટી જવું તે (૫ ધીરજ, ખામોશ (૬) વિશ્રામ; નિવૃત્તિ. [(-કરવી. ધારણ કરવી, પકડવી, રાખવી) -થવી=તૃપ્તિ થવી (૨) નિરાંત થવી. -વળવી=નિરાંત થવી] **૦પાઠ** પું૦ શાંતિ થાય એ માટે થતો મંત્રનો પાઠ. **૦મય** વિ૦ શાંતિથી ભરેલું

**શાર્ઙ્ગ** પું૦, ન૦ [सं] ધનુષ્ય (૨) વિષ્ણુનું ધનુષ્ય **૦ધર, ૦પાણિ** પું૦ (સં.) વિષ્ણુ

**શિકરામણ** ન૦ ['શિકારવું' ઉપરથી] (હૂંડી) સ્વીકારવી તે (૨) હૂંડી સ્વીકારવાનો વટાવ

**શિકરાવવું** સ૦ક્રિ૦ 'શિકારવું'નું પ્રેરક

**શિકરાવું** અ૦ક્રિ૦ 'શિકારવું'નું કર્મણિ

**શિક(-ક્ક)લ** સ્ત્રી૦ [अ शक्ल, સર૦ म, हिं. शकल] શિકલ, મુખાકૃતિ. ચહેરો. [-તો જો!, -ના જોઈ હોય તો!=તેવું જોયું તારું મોં! બળ, લાયકાત કે માલ નથી, એમ બતાવે છે]

**શિકસ્ત** સ્ત્રી૦ [फा] પરાજય, હાર [-આપવી] **૦દિલ** વિ૦ હારેલા, ભાગેલા દિલનું, હતાશ

**શિકાકઈ** સ્ત્રી૦ [સર૦ म शिकेकई (कानडी શિગી (નામની વનસ્પતિ) + काई=શીંગ)] મેલ કાપનારી એક વનસ્પતિ ચિકાખાઈ

**શિકાયત** સ્ત્રી૦ [अ] ફરિયાદ, ભૂલ કાઢવી ને

**શિકાર** પું૦ [फा.] ગમ્મત ખોરાક કે રક્ષણ માટે પશુપંખીને મારવાં તે; મૃગયા (૨) એ રીતે મારેલું કે મારવા યોગ્ય પ્રાણી (૩) [લા.] ભોગ, ભક્ષ. [(-કરવો, ખેલવો, રમવો). -થવું=-ના ભોગ-ભક્ષ બનવું (૨) -થી માત થવું. ઉદા૦ વાસનાનો શિકાર બન્યો. (-મળવો, શોધવો.) શિકારે જવું, નીકળવું=શિકાર કરવા કે શોધવા નીકળવું.]

**શિકારવું** સ૦ક્રિ૦ સ્વીકારવું (હૂંડી માટે પ્રાય)

**શિકારી(-રુ)** વિ૦ [फा] શિકાર સંબંધી (૨) શિકાર કરનારું (૩) પું૦ શિકાર કરનાર પારધી

**શિકોતર(-રી)** સ્ત્રી૦ [દિ. સીકોત્તરી=સ્ત્રી] શિકોતરા જેવી ભૂતડી -રું ન૦ બળગેલું પૂરે નહિ તેવું ભૂત

**શિક્કલ** સ્ત્રી૦ જુઓ શિકલ

**શિક્કે** અ૦ [सं सम्क ?] સિક્કે, મુધ્ધાં, સહિત

**શિક્ષક** પું૦ [सं] શિક્ષણ આપનાર

**શિક્ષણ** ન૦ [सं] કેળવણી (૨) બોધ ઉપદેશ [-આપવું, મળવું, લેવું] **૦કળા** સ્ત્રી૦ શિક્ષણની કળા. **૦પદ્ધતિ** સ્ત્રી૦ શિક્ષણ આપવાની પદ્ધતિ. **૦શાસ્ત્ર** ન૦ શિક્ષણનું શાસ્ત્ર **૦શાસ્ત્રી** પું૦ શિક્ષણશાસ્ત્ર જાણનાર **૦સાહિત્ય** ન૦ ભણાવવામાં જરૂરી સાધન-સામગ્રી (૨) શિક્ષણશાસ્ત્રનું સાહિત્ય

**શિક્ષણીય** વિ૦ [सं] શિક્ષણ આપવા યોગ્ય

**શિક્ષા** સ્ત્રી૦ [सं] જ્ઞાન; બોધ, શિખામણ (૨) સજા (૩) એક વેદાંગ, ઉચ્ચારશાસ્ત્ર **૦ગુરુ** પું૦ બોધ આપનાર આદમી **૦પત્રી** સ્ત્રી૦ શિક્ષા-બોધ આપતું લખાણ કે ગ્રંથ (૨) (સં.) સ્વામીનારાયણ સંપ્રદાયનો એક મુખ્ય બોધગ્રંથ -**ક્ષિકા** સ્ત્રી૦ [सं] સ્ત્રી શિક્ષક. -**ક્ષિત** વિ૦ [सं] શિક્ષણ પામેલું

**શિખર** ન૦ [सं] પર્વતની ટોચ (૨) મથાળું, ટોચ. [-ચડાવવું=ટેગ ઉપર એનો ટોચને ભાગ બેસાડવો (૨) કામ કે પ્રતિષ્ઠા શિખરે ચડાવવું - હદથી વધારે વખાણ કરવા; ફુલાવવું. શિખરે જવું, પહોંચવું=છેક ટોચ પર જવું (૨) પોતાની શક્તિ પ્રમાણે મોટામાં મોટું કામ કરવું શિખરે

બેસવું = માથે ચડવું; માન માગવું.] ૦બંધ-(-ધી) વિ૦ શિખરવાળું. -રિણી પું૦ [સં.] એક છંદ -રી પું૦ [સં.] પર્વત

શિખવણ ન૦ [प्रा. सिक्खावण (सं. शिक्षण)]+ શીખવવું તે. -ણી સ્ત્રી૦ ભભેરણી, છૂંની શિખામણ [[લા.] ભભેરવું, ઉશ્કેરવું

શિખવાડવું અ૦ક્રિ૦ જુઓ શીખવવું (૨)

શિખંડ પું૦ [दे. छिहंडअ] દહીં ખાંડની બનાવાતી એક મીઠી વાની, શ્રીખંડ [પુત્ર

શિખંડી પું૦ [સં.] મોર (૨) (સં.) દ્રુપદ રાજાનો

શિખા સ્ત્રી૦ [સં.] ચોટલી (૨) છેડો (૩) જ્યોત. [-બાંધવી = ચોટલીને ગાંઠ મારવી (૨) પ્રતિજ્ઞાપાલન કરવું.] [ભિન્નઅનુભવી

શિખાઉ વિ૦ ['શીખવું' ઉપરથી] શીખતું (૨)

શિખાડવું સ૦ક્રિ૦ (કા.) શિખવાડવું, શીખવવું

શિખામણ સ્ત્રી૦ [સર૦ प्रा. सिक्खावण (सं. शिक्षण)] બોધ, શિક્ષા, સલાહ. [(-આપવી, દેવી, લેવી) -માથે ચડાવવી = સલાહ માન્ય રાખવી - તે મુજબ વર્તવું]

શિખાવવું સ૦ક્રિ૦ (પ.) જુઓ શીખવવું

શિખાવું અ૦ક્રિ૦ 'શીખવું'નું કર્મણિ

શિખી પું૦ [સં.] મોર [ગામ, એક વાહન

શિગરામ ન૦ [સર૦ म. शि(-स)ग्राम,] સિગ-

શિડાવવું સ૦ક્રિ૦, શિડાવું અ૦ક્રિ૦ 'શીડવું'નું પ્રેરક ને કર્મણિ

શિતાબ પું૦ એક વનસ્પતિ

શિતાબ વિ૦ [फा.] સિતાબ; ઉતાવળું. -બી સ્ત્રી૦ ઉતાવળ, સિતાબી

શિથિલ વિ૦ [સં.] નરમ, ઢીલું પડી ગયેલું (૨) નિર્બળ (૩) થાકેલું ૦તા સ્ત્રી૦ - ૦વિથિલ વિ૦ સાવ નરમ, નરમઘેંસ

શિફારસ સ્ત્રી૦ જુઓ સિફારસ

શિબિ પું૦ [સં.] (સં.) હોલાને માટે બાજને શરીર આપનાર પુરાણપ્રસિદ્ધ રાજા

શિબિકા સ્ત્રી૦ [સં.] પાલખી

શિબિર પું૦ [સં.] તંબૂ (૨) છાવણી

શિયળ ન૦ [જુઓ શીલ] સતીત્વ; સ્ત્રીનું પાવિત્ર્ય [સંપ્રદાયનું

શિયા વિ૦ [અ.] એ નામના મુસલમાની

શિયાવિયા વિ૦ [प्रा. सीआव (सं. सादय्) = શિથિલ કરી નાખવું કે फा. सियाह = કાળું + વિયા (દ્વિર્ભાવ કે सं. व्याकुल પરથી?] ગભરાયેલું, બાવરું (૨) ભોઠું પડી ગયેલું

શિયાળ પું૦; સ્ત્રી૦, ૦ણું, -ળિયું ન૦ [सं. शृगाल, प्रा. सिआल, સર૦ हिं. स्याल, सियार, म. सियाळ] કૂતરાના વર્ગનું એક પ્રાણી. [સિંહ કે શિયાળ? = હા કે ના? સમાચાર સારા કે માઠા?] [થતું

શિયાળુ વિ૦ ['શિયાળો' ઉપરથી] શિયાળામાં

શિયાળો પું૦ [सं. शीतकाल, दे. सीअहि, સર૦ म. सीयाळी; हिं. सियाला] (કાર્તિકથી માઘ મહિના સુધીની) ટાઢની ઋતુ

શિર ન૦ [સં., સર૦ फा. सर] માથું (૨) ટોચ, મથાળું (૩) લશ્કરની આગલી હાર. [-આપવું = જીવનો ભોગ આપવો -ઉપર લેવું = માથે લેવું, જવાબદારી સ્વીકારવી -કાપવું = નિમકહરામ થવું, લુચ્ચાઈ કરવી.] ૦છત્ર(-ત્રો) વિ૦ [સં.] માથાના છત્રરૂપ, પાલક, વડીલ ૦ચ્છેદ પું૦ [સં.] માથું કાપી નાખવું તે ૦બંધ પું૦ પાઘડી પર બાંધવાનું શોભીતું માથાબાંધણું. ૦બંધી સ્ત્રી૦ કિલ્લા અને શહેરના રક્ષણ માટે રાખેલું લશ્કર ૦મોર પું૦ [જુઓ મોડ, (सं. मुकुट) प्रा. मउड, સર૦ हिं. सिरमौर)] માથાનો મુગટ (૨) [લા.] સર્વશ્રેષ્ઠ તે.

શિરગમ ન૦ એક પક્ષી

શિરજોર વિ૦ [फा. सर + जोर] માથાફરેલ (૨) જબરું; શિરજોરીવાળું. -રી સ્ત્રી૦ જોરાવરી; જબરદસ્તી

શિરતાજ પું૦ [फा. सर + ताज] માથાનો મુગટ (૨) વડીલ, ઉપરી

શિરપેચ પું૦ [સર૦ फा. सरपेच] પાઘડી કે ફેંટા પરનું છોગું, કલગી, તોરો

શિરબંધ, -ધી, જુઓ 'શિર'માં

શિરસા અ૦ [सं.] શિર વડે. ૦વંદ્ય વિ૦ [સં.] માથું નમાવવા જેવું, માન્ય

શિરસ્તેદાર પું૦ [શિરસ્તો + દાર, સર૦ म., हिं. सिरिश्तेदार] અમલદારનો મુખ્ય કારકુન. -રી સ્ત્રી૦ શિરસ્તેદારનું કામ કે પદ

શિરસ્તો પું૦[फा. सर्रिश्तह, સર૦म शिरस्ता] ધારો; પ્રથા, રિવાજ
શિરા સ્ત્રી૦ [सं] રક્તવાહિની, નસ
શિરા(-રો)ઈ (રા') સ્ત્રી૦ [अ. सुराही, म. सुरई] ઊભા મોંનું પાણીનું એક વાસણ
શિરાણું (ગ'?) ન૦ [સર૦ हिं. सिरहाना (सं शिरस्+आधान?) કે फा. सर+निहान (निहादन)] ઓશીકું
શિરામણ (રા') ન૦, -ણી સ્ત્રી૦ નાસ્તો
શિરાવવુ (રા') સ૦ક્રિ૦ [સર૦ हिं सिराना= શાંત કરવું, ઠંડુ કરવું (हिं सीरा=શીતળ), કે "શીરો' ઉપરથી?] નાસ્તો કરવો
શિરીષ ન૦ [सं] એક ઝાડ કે તેનું ફૂલ
શિરોઈ (રો') સ્ત્રી૦ જુઓ શિરાઈ [યોગ્ય
શિરોધાર્ય વિ૦ [सं] માથે ચઢાવવા-સ્વીકારવા
શિરોબિંદુ ન૦ [सं] ઊંચામાં ઊંચું બિંદુ કે સ્થાન, ટોચ (૨) 'વર્ટેક્સ' (ગ)
શિરોભાગ પું૦ [सं] ટોચનો કે માથાનો ભાગ
શિરોમણિ પું૦ [सं] ચૂડામણિ (૨) [લા] મુખ્ય, શ્રેષ્ઠ, નાયક [લાયક
શિરોમાન્ય વિ૦[सं]માથે ચઢાવવા-સ્વીકારવા
શિરોવેદના સ્ત્રી૦[सं.] માથાનો દુખાવો
શિરોવેષ્ટન ન૦ [सं] માથાનો પહેરવેશ
શિલા સ્ત્રી૦ [सं] પથ્થરની છાટ. ૦છાપ સ્ત્રી૦ શિલા ઉપર કોતરીને કરેલું છાપકામ ૦જિત ન૦ ડુંગરનો રસ મનાતી એક પૌષ્ટિક ઔષધિ. ૦રસ પું૦ લેપધૂપ વગેરેના કામમાં આવતો એક જાતનો ગુંદર. ૦રોપણ ન૦[+आरोपण] મકાન બાંધવામાં પ્રથમ તેનો પાયાનો પથ્થર મૂકવો તે-તેનો વિધિ. ૦લેખ પું૦ પથ્થર ઉપર કોતરેલો લેખ
શિલિમુખ પું૦[सं.] ભમરો (૨) ન૦ બાણ
શિલિંગ પું૦ [इं] એક અંગ્રેજી સિક્કો (બારેક આનાજેટલો)
શિલીંધ્ર ન૦ [सं] ટોપ; કૂતરાનો કાન
શિલેખાનું ન૦ [अ सिल्ह+फा खानह, સર૦ म शिलेखाना] તોપખાનું (૨) શસ્ત્રાગાર
શિલેદાર પું૦[फा सिल्हदार,સર૦ म]શસ્ત્રસજ્જ યોદ્ધો -રી સ્ત્રી૦ શિલેદારનું કામ કે પદ
શિલોછ ન૦ [सं.] ખળી કે ખેતરમાં પડેલા કણ વીણી લેવા તે. ૦વૃત્તિ સ્ત્રી૦ શિલોછ વડે આજીવિકા ચલાવવી તે
શિલ્પ ન૦ [सं]કારીગરી, કળા (૨) બાંધકામની કળા ૦કાર પું૦ કારીગર (૨) બાંધકામમાં પ્રવીણ માણસ. ૦વિદ્યા સ્ત્રી૦ શિલ્પશાસ્ત્ર. ૦શાલા(-ળા) સ્ત્રી૦શિલ્પ શીખવાની શાળા, કળાભવન ૦શાસ્ત્ર ન૦ શિલ્પનું શાસ્ત્ર. ૦શાસ્ત્રી પું૦ શિલ્પશાસ્ત્ર જાણનાર. -લ્પી વિ૦ શિલ્પને લગતું (૨) પું૦ શિલ્પશાસ્ત્રી (૩) કારીગર
શિવ વિ૦ [सं.] શુભ, કલ્યાણકારી (૨) પું૦ (સં.) શંકર, મહાદેવ(૩)ન૦ કલ્યાણ. ૦જટા સ્ત્રી૦ શિવની જટા ૦જી પું૦ (માનાર્થક) શિવ, મહાદેવ ૦નિર્માલ્ય ન૦ શિવને અર્પણ થયેલું તે (૨) તેની પેઠે ઉપયોગમાં ન લેવા જેવું તે. ૦પુરી સ્ત્રી૦ [सं.] કાશી વારાણસી ૦માર્ગ પું૦ શૈવ સંપ્રદાય ૦માર્ગી વિ૦ શિવમાર્ગનું,-ને લગતું. ૦રાત (-ત્રિ,-ત્રી) સ્ત્રી૦ માઘ વદિ ૧૪ની રાત ૦લિંગ ન૦શિવનું લિંગસ્વરૂપી પ્રતીક ૦લિંગી સ્ત્રી૦ એક વનસ્પતિ [સિક્કો
શિવરાઈ પું૦ [म.] શિવાજી મહારાજે ચલાવેલો
શિવરાત (-ત્રિ, ત્રી),શિવલિંગ, -ગી જુઓ 'શિવ'માં [(૩) એક ઝાડ
શિવા સ્ત્રી૦ [सं.](સં) પાર્વતી (૨) શિયાળ
શિવાલય ન૦ [सं] શિવનું મંદિર [ઋતુ
શિશિર સ્ત્રી૦ [सं] પોષ ને માઘ માસની ઠંડી
શિશુ પું૦; ન૦ [सं] બાળક, બચ્ચું
શિશુપાલ(-ળ) પું૦ [सं] (સં) ચેદિ દેશનો પ્રસિદ્ધ રાજા, જેનો શ્રીકૃષ્ણે વધ કર્યો હતો
શિશુમાર સ્ત્રી૦ [सं.] એક મોટું જળચર પ્રાણી [પીસવો, સિસોટી
શિશ્કડી સ્ત્રી૦ [રવ૦] નાનો શિશ્કડો -ડો પું૦
શિશ્ન(-શ્ર) ન૦ [सं] પુરુષની ગુહ્યેન્દ્રિય
શિષ્ટ વિ૦ [सं] વિદ્વાન, સુશિક્ષિત(૨)સભ્ય, વિનીત ૦તા સ્ત્રી૦. ૦માન્ય વિ૦ શિષ્ટોએ માન્ય રાખેલું. -ષ્ટાઈ સ્ત્રી૦ શિષ્ટપણું (૨) વિધિ -ષ્ટાચાર પું૦[+आचार] શિષ્ટોમાં ચાલતો આવેલો વ્યવહાર, શિષ્ટોનો આચાર (૨) સભ્ય

રીતભાત (૩) આદરસત્કાર (૪) સભ્યતા દેખાડવા ખાતર કરવાનો આચાર
**શિષ્ય** પું૦[સં.] ચેલો, વિદ્યાર્થી **૦વૃત્તિ** સ્ત્રી૦ શિષ્યને તેના ખર્ચ પેટે મળતી (ના ણાંની) મદદ ૦ણ, **–ષ્યા, –ષ્યાણી** સ્ત્રી૦ સ્ત્રી શિષ્ય
**શિસ્ત** વિ૦ [સર૦ फा शुस्त=નાહેલું ધોયેલું; સં શિષ્ટ; મ] લાયક (૨) સ્ત્રી૦ [મ; સર૦ फा. शस्त = નેમ] નિયમબદ્ધ વર્તન, 'ડિસિપ્લીન'. **૦પાલન** ન૦ શિસ્ત પાળવી–શિસ્તમા રહેવુ તે **૦બદ્ધ** વિ૦ શિસ્તવાળુ, શિસ્તપૂર્વક
**શિસ્ન** ન૦ [સં.] જુઓ શિશ્ન
**શિહાઈ** સ્ત્રી૦+[फा स्याही]શાહી(૨)કાળાપણું
**શિંગ** સ્ત્રી૦ [દિ. सिंगा, સર૦ મ शेंग (સં. शिंबा ?)]કઠોળની કે તેના જેવી બીવાળી પાપડી
**શિંગ** ન૦[प्रा. सिंग (સં शृंग)] જુઓ શિંગડું
**શિંગડાટવું** સ૦ક્રિ૦ [શિંગડું પરથી] શિંગડા વડે ઉપરાઉપરી મારવુ
**શિંગડી** સ્ત્રી૦ [શિંગ+ડી] નાનું શિંગડું (૨) બંદૂકનો દારૂ ભરવાની શિંગડાઘાટની નળી
**શિંગડું** ન૦ [શિંગ+ડું] પશુના માથા ઉપરનો અવયવ (૨) એવા આકારનું એક વાદ્ય, રણશિંગડું. [**શિંગડાં ઊગવાં બાકી હોવાં** = પૂરી મૂર્ખતા હોવી **શિંગડાં ભરાવવાં, માંડવાં**=સામે થવું; લડવા તૈયાર થવું. **શિંગડું થઈ જવું**=(શરીર) શિંગડાના આકારે ખેંચાઈ જવું (૨) અકડાઈ જવું (ટાઢથી). **–મારવું**=શિંગડા વડે મારવું. **શિંગડે ચડાવવું**=શિંગડાથી મારવુ. **શિંગડે લેવું**=શિંગડું થઈ જવુ ? (૨) સામે થવું (૩) બહાદુરીથી લડવું.]
**શિંગાળ(–ળું)** વિ૦ [શિંગ+आलु] શિંગડાંવાળું. **–ળી** વિ૦ સ્ત્રી૦ શિંગડાવાળી (૨) એ નામની એક જાતની (ઘોડી)
**શિંગી** વિ૦ [શિંગ પરથી] શિંગડાંવાળું (૨) સ્ત્રી૦ રણશિંગડું
**શિંગોટી** સ્ત્રી૦ [શિંગ પરથી]શિંગડાનો વાંક(૨) નાનું શિંગડું (૩) જે ઠેકાણેથી શિંગડા ફૂટે છે તે ભાગ (૪) એક ઓપવાનુ ઓજાર (૫) એક ઘરેણું (૬) શિંગડા પર લેવાતો એક કર
**શિંગોડી** સ્ત્રી૦ [સં. शृंगाटक=શિંગોડું; प्रा. सिंघाडग,–य; સર૦ મ. शिंगाडा, હિં सिंघाडा] જેને શિંગોડા થાય છે તે વેલો [**શિંગોડીનો વેલો**=ઘણો વિસ્તાર ને પરિવાર] **–ડું** ન૦ પાણીમા થતી એક વેલનુ ફળ (૨) એના આકારનું એક દારૂખાનું [**–તાણવું**=ટીલું તાણવું (મજાકમા). **–શણગારવું** કપાળ ઉપર તિલકાદિ કરવા–શણગાર કરવા.]
**શીકર** પું૦,ન૦ [સં.]સીકર,પાણીની છાંટ,ફરફર
**શીકલી, શીકી** સ્ત્રી૦ ['શીકું' ઉપરથી] શીંકલી; બળદને મોઢે બંધાતી જાળી
**શીકું** ન૦ [સં शिक्य, प्रा. सिक्कय, સર૦ મ. शिंकें, शिंकें, हिं. सीका, छींका] (ખાદ્ય મૂકવાનો) અધ્ધર લટકાવાય એવા ઝોળી જેવો ઘાટ, શીંકું. [**શીકે મૂકવુ**=શીકામા મૂકવું (૨) ઊંચે મૂકવું; હાલ તુરત હાથમાં ન લેવુ; પડતુ મૂકવું (૩) ગુપ્ત રાખવું.]
**શીકે(–ખે)** અ૦ [જુઓ શિક્કે] સુધ્ધા
**શીખ** સ્ત્રી૦ [સં शिक्षा; સર૦ મ शीक, हिं. सीख] શિખામણ (૨) વિદાયગીરી કે તે વેળા અપાતી ભેટ(૩)[फा. सीख, સર૦ हिं सीख] અણીદાર પોલો લોઢાનો સળિયો (થેલામાથી અનાજ કાઢવા માટેનો) (૪) પું૦ [સં. शिष्य, સર૦ મ., हिं. सिख] ગુરુ નાનકના સંપ્રદાયનો અનુયાયી. [**–આપવી**=વિદાય આપવી.]
**શીખવવું** સ૦ક્રિ૦ [प्रा सिक्खव (सं शिक्षय्)] ભણાવવુ (૨) [લા.] ભંભેરવુ, ઉશ્કેરવુ **શીખવાવું** અ૦ક્રિ૦ 'શીખવવું'નુ કર્મણિ
**શીખવું** સ૦ક્રિ૦[સં. शिक्ष्]ભણવું, જ્ઞાન મેળવવું
**શીખે** અ૦ [જુઓ શીકે] સુધ્ધાં
**શીઘ્ર** વિ૦[સં.] સત્વર (૨) અ૦ જલદી. **૦કવિ** પું૦ શીઘ્રકવિતા બનાવે તેવો કવિ **૦કવિતા** સ્ત્રી૦, **૦કાવ્ય** ન૦ કશી પણ પૂર્વતૈયારી વિના તરત જ બનાવેલી કવિતા **૦કવિત્વ** ન૦ શીઘ્રકવિતા કરવાની શક્તિ **૦કોપી** વિ૦ જલદી ગુસ્સે થઈ જાય તેવુ **૦તા** સ્ત્રી૦ ઝડપ; ઉતાવળ. **૦પાઠશક્તિ** સ્ત્રી૦ જલદી મોઢે કરી લેવાની શક્તિ **૦બોધ** પું૦ વસ્તુ એકદમ સમજાવી કે સમજી લેવી તે (૨) ગાલ્ને **૦બોધી**

પું૦ ગંજેરી ૦સાધક વિ૦ શીઘ્ર સાધે કે ફળે એવું, શીઘ્ર ફલદાયી

શીડવું સ૦ક્રિ૦[प्रा. छिड्ड (सं. छिद्र) ઉપરથી?] સીડવું, (કાણું, ફાટ વગેરે) પૂરવું, પૂરીને બંધ કરવું (૨) બીડવું (૩) (દેવું) વાળવું

શીત ન૦[प्रा सित्थ (सं सिक्थ), સર૦ म. शीत] સોય પર પડેલા ભાતના દાણા

શીત વિ૦ [सं] ટાઢું, ઠંડું (૨) ન૦ શરીર ૦ઠું પડી જવું તે [–આવવાં, વળવું, ૦વ્યાપવું = મરણ પૂર્વે પુષ્કળ પરસેવો થઈ શરીરનું ટાઢું પડી જવું] ૦કટિબંધ પું૦ (ભૂગો) ધ્રુવ આસપાસનો શીતળ કટિબંધ–પ્રદેશ ૦કાલ(–ળ) પું૦ શિયાળો. ૦જ્વર પું૦ ટાઢિયો તાવ ૦પિત્ત ન૦ ચામડીનો એક રોગ. ૦રશ્મિ પું૦ ચંદ્ર

શીતલ(–ળ) વિ૦[सं] ઠંડું ૦(–ળ)તા સ્ત્રી૦

શીતલા(–ળા) સ્ત્રી૦ [सं. शीतला; સર૦ हिं., म.] બળિયા (૨) બળિયાના રોગની દેવી (૩) વિ૦ સ્ત્રી૦ શીતલ. [–કાઢવા, ટાંકવા = શીતળાની રસી મૂકવી –ના વાહને ચઢવું = ગધેડે ચડવું – ફજેત થવું.] ૦મા સ્ત્રી૦ શીતળા–(૨) જુઓ. –ળાસાતમ સ્ત્રી૦ શ્રાવણ સુદ કે વદ સાતમ, એક તહેવાર

શીતાંશુ પું૦ [सं] ચંદ્ર [એવું, મધ્યમ

શીતોષ્ણ વિ૦ [सं] અતિ ગરમ કે ઠંડું નહિ

શીથળું વિ૦ [सं. शिथिल કે शीतल] શાંત, ઠાવકું

શીથળો પું૦ [જુઓ છીંટલો, સર૦ हिं. सैंतना = સમેટવું] કાંટા, થોર વગેરે સમેટીને લાવવાનું લાકડાનું એક ઓજાર કે સાધન

શીદ, ૦ને અ૦ શા માટે, શું કામ?

શીદી(–ધી) પું૦ [फा.] સીદી, હબસી, આફ્રિકાનો મૂળ વતની –દણ સ્ત્રી૦ શીદી સ્ત્રી

શીધું ન૦[સર૦ म. शिधा, हिं सीधा (सं सिद्ध કે असिद्ध)] રસોઈની કાચી સામગ્રી; સીધું

શીન સ્ત્રી૦ એક માછલી

શીમળ(–ળો) પું૦ [सं शाल्मलि] એક ઝાડ

શીરમર પું૦ [फा] સૂતરને પાજણ પાનાર

શીરી સ્ત્રી૦ મગદળની એક કસરત

શીરીન વિ૦[फा.] મીઠું, મધુર

શીરું ન૦ ['શીરો' પરથી? સર૦ ખીરુ] શીરા જેવો રગડો, ખીરુ [જુઓ શીરું

શીરો (શી') પું૦ [फा] એક મીઠી વાની (૨)

શીર્ણ વિ૦ [सं] તૂટીફૂટી ગયેલું (૨) છિન્ન (૩) ચીમળાઈ કે સુકાઈ ગયેલું (૪) ક્ષીણ, કૃશ

શીર્ષ ન૦ [सं] શીશ માથું. ૦ક ન૦ માથું (૨) ખોપરી (૩) માથાનો ટોપ (૪) મથાળું (લખાણનું) (૫) વિ૦ (અંતે સમાસમાં) 'મથાળાવાળું' એ અર્થમાં. ૦ચ્છેદ પું૦ [सं] મસ્તક કાપી નાખવું તે –ર્ષા પું૦ એક છંદ. –ર્ષાસન ન૦ [+आसन] માથા ઉપર ઊભા રહેવાનું એક યોગાસન

શીલ(–ળ) ન૦ [सं] સ્વભાવ (૨) વર્તણૂક (૩) ચારિત્ર્ય (૪) શિયળ (૫) વિ૦ (સમાસને અંતે) '–ના સ્વભાવવાળું, –ની ટેવવાળું' એવા અર્થમાં ઉદા૦ 'દાનશીલ' ૦વ ત(–તું), ૦વાન વિ૰ શીલવાળું –લાર્થક વિ૦[+अर्थक] (વ્યા.) શીલનો અર્થ સૂચવનાર (પ્રત્યય)

શીશ ન૦ [प्रा सीस (सं शीर्ष), સર૦ म. शीस, हिं] માથું ૦ફૂલ ન૦ માથામાં પહેરવાનું એક ઘરેણું

શીશગર પું૦ [फा] કાચ બનાવનાર કારીગર

શીશમ ન૦[સર૦ हिं; म शिशी –सव] સીસમ

શીશમહેલ પું૦ [फा. शीशह + महल] દિવાલો પર કાચ જડયા હોય એવી ઓરડી કે મકાન

શીશી સ્ત્રી૦ કાચનું(દવા ઇ૦ ભરવા વપરાતું)એક પાત્ર બાટલી [–સૂંઘાડવી – વાઢકાપ કરવા કલોરોફૉર્મની દવા સૂંઘાડી મૂર્છા આણવી. –ને ફૂટાક = તરત નિકાલ]

શીશો પું૦ [फा. शीशह, સર૦ म. शिसा, हिं. शीशा] મોટી શીશી [શીશામાં ઉતારવું = છેતરીને કાબૂમાં લેવું – વશ કરવું]

શીળ, ૦વ તું, ૦વાન જુઓ 'શીલ'માં

શીળવા પું૦ જુઓ શીળસ (–ધાવો)

શીળસ ન૦ જુઓ શીળી. [–ધાવું = શીળસનો રોગ થઈ આવવો]

શીળિયું વિ૦ ['શીલ' ઉપરથી] શીલવાન

શીળી સ્ત્રી૦[प्रा सीमलिया (सं. शीतलिका)] ઓચિંતા ઢીમણાં થઈ આવવાનો એક રોગ. ૦સાતમ સ્ત્રી૦ [સર૦ म सीव्यासमी]

જુઓ શીતલાસાતમ
**શીળુ** વિ૦ [प्रा सीअल (सं. शीतल)] ઠંડું **-ળો** પું૦ છાંયો
**શીંકલી** સ્ત્રી૦ જુઓ શીકલી
**શીંકી** સ્ત્રી૦ પડિયાપતરાળાંની બાંધેલી થોકડી (૨) શીંકલી
**શીંકું** ન૦ જુઓ શીકું
**શીંગ, ૦ડી, ૦ડું, -ગાળી, -ગાણું, -ગી, -ગોટી, -ગોડું** જુઓ 'શિંગ'માં
**શીંગિયોવચ્છ(-છ)નાગ** પું૦ [સં. शृंगिक वत्सनाभ] એક જાતનો વછનાગ
**શુક** પું૦ [સં.] પોપટ (૨) (સં) શુકદેવ **૦દેવ, ૦સ્વામી** પું૦(સં) વ્યાસના પુત્ર - ભાગવતના કથાકાર **કી** સ્ત્રી૦ પોપટની માદા, મેના
**શુકન** ન૦ જુઓ શકુન (૨) સારા-શુભ શકુન. **-નિયાળ** વિ૦ શકુનવાળું. **-નાવળી** સ્ત્રી૦ [+આવળી] શુકન અપશુકન જોવાની પોથી
**શુકર** પું૦ [જુઓ अ शुक्र] આભાર, ઉપકાર (૨)સુભાગ્ય(૩)ફતેહ [**-ગુજારવો,(-વા)**= ઉપકાર માનવો **-ભલા બચ્યા** = સદ્ભાગ્ય કે બચ્યા!]. **-રાના** પુ૦બ૦વ૦ ઉપકાર માનવો તે (૨) જેજેકાર (૩) ફતેહ
**શુકલ** પું૦ જુઓ શુકલ
**શુકરવાર** પું૦ જુઓ શુક્રવાર. **-રિયું** વિ૦ શુક્રવારીમાંથી ખરીદેલું (૨) હલકી જાતનું **-રી** સ્ત્રી૦ શુક્રવારે ભરાતું બજાર-ગુજરી
**શુક્તિ** સ્ત્રી૦ [સં.] છીપ
**શુક્ર** પુ૦ [સં.] એ નામનો ગ્રહ (૨) શુક્રવાર (૩) ન૦ વીર્ય **૦વાર** પું૦ અઠવાડિયાનો એક દિવસ (૨) [લા] ભલીવાર, ઢંગ, રામ. [**-કરવો** = હિત કરવું; કાર્યસિદ્ધિ કરવી; નસીબ ફેરવવું. **-થવો, વળવો** = ભલીવાર આવવો, લાભ થવો, દહાડો વળવો.] **૦વારું** વિ૦ શુક્રવારે આવતું વા શરૂ થતું **-કાચાર્ય** પું૦ (સં.) દૈત્યોના ગુરુ (૨) [લા] કાણો માણસ
**શુક્ર** પુ૦ [અ.], **-ક્રાના** પુ૦બ૦વ૦ [फा] જુઓ શુકર,-રાના **૦ગુજારી** સ્ત્રી૦ [फा.] આભાર માનવો તે
**શુકલ** વિ૦ [સં.] સફેદ; ધોળું (૨) પુ૦ બ્રાહ્મણોનો પુરોહિત(૩)એક બ્રાહ્મણ અટક. **૦પક્ષ** પું૦; ન૦ સુદ પક્ષ, અજવાળિયું
**શુચિ** વિ૦ [સં] શુદ્ધ,પવિત્ર (૨) સ્ત્રી૦ શુદ્ધતા, શુચિતા. **૦તા** સ્ત્રી૦ **૦ત્વ**ન૦ **-ચીભૂત** વિ૦ [સં.] પવિત્ર થયેલું
**શુદ્ધ** વિ૦ [સં.] ચોખ્ખું સ્વચ્છ (૨) પવિત્ર (૩) દોષરહિત (૪) ભેળસેળ વિનાનું (૫) [૫] સ્ત્રી૦ શુદ્ધિ, સૂધ, ભાન, ખબર. [**-ઠેકાણે આવવી** = ભાન આવવું (૨) ડાહ્યું - સમજુ થવું. **-ઠેકાણે લાવવી** = બુદ્ધિ ઠેકાણે લાવવી, પાંશરું કરવું.] **૦મધ્યા** સ્ત્રી૦ મધ્યમ ગ્રામની એક મૂર્છના (સંગીત). **૦ષડ્જા** સ્ત્રી૦ મૂર્છનાનો એક પ્રકાર **-દ્ધાદ્વૈત** ન૦ [+ अद्वैत] શ્રીવલ્લભાચાર્યે સ્થાપેલો મત. **-દ્ધાપહ્નુતિ** સ્ત્રી૦ [+अपह्नुति] એક અલંકાર
**શુદ્ધિ** સ્ત્રી૦ [સં] પવિત્રતા, શુદ્ધતા, સ્વચ્છતા (૨) પ્રાયશ્ચિત્ત કરી પવિત્ર થવું તે (૩) ધર્માંતર કરેલાને ધાર્મિક ક્રિયા કરી મૂળ ધર્મમાં પાછું આણવું-કે તેણે આવવું તે (૪) ભાન; જાગૃતિ [**-આવવી, ઉપર આવવું** = ભાન આવવું **-કરવી** = ધર્મભ્રષ્ટ થયું હોય તેને વિધિપૂર્વક અસલ ધર્મમાં લાવવું (૨) પુનઃ હિન્દુ ધર્મમાં લાવવું] **૦પત્ર(૦ક)** ન૦ છાપની ભૂલોના સુધારાની યાદી
**શુદ્ધોદન** પુ૦ [સં.] (સ) બુદ્ધના પિતા
**શુનઃશેપ** પું૦[સં.](સં)એક વૈદિક ઋષિનું નામ
**શુની** સ્ત્રી૦ [સં.] કૂતરી
**શુબરાત** સ્ત્રી૦[फा शबबरात]શાબાન મહિનાની ૧૮મી તારીખે આવતો મુસલમાની તહેવાર
**શુબા, -બ્હા** પું૦, સ્ત્રી૦ [અ. शुब्हा] શંકા, અંદેશો (૨) વહેમ, ભ્રમ
**શુભ** વિ૦ [સં.] મંગળપ્રદ કલ્યાણકારી(૨) ન૦ ભલું,કલ્યાણ **૦ચિંતક** વિ૦શુભેચ્છક **૦મસ્તુ** શ૦ પ્ર૦ [સ] ભલું થાઓ' એવું આશીર્વચન. **૦તા** સ્ત્રી૦ **-ભાવહ** વિ૦ સં. [+ आवह] શુભ આણનારું **-ભાશયી** વિ૦ [+ आशय +ई] શુભ આશય-હેતુવાળું **-ભેચ્છક, -ભેચ્છુ** વિ૦ [+સં इच्छक, इच्छु] શુભ

ઇચ્છનારું. હિતેચ્છુ -ભેચ્છા સ્ત્રી૦ [+ इच्छा] શુભ થાઓ એવી ઇચ્છા -ભોપમાલાયક વિ૦ [+ઉપમા+ લાયક] શુભ ઉપમાઓને લાયક (પત્રલેખનમાં વિશેષણ)
શુભ્ર વિ૦ [સં] ઉજ્જવળ (૨) સફેદ
શુમાર પુ૦ [फा] સુમાર; આશરો, અડસટ્ટો (૨) હિસાબ, ગણતરી [-કાઢવો, જોવો= અડસટ્ટો ગણી કાઢવો] -રે અ૦ આશરે, અંદાજથી, અડસટ્ટે
શુલ્ક ન૦ [સં] હાંસલ, ઓધન (૨) કન્યાની કિંમત તરીકે વર પાસેથી લેવાતું ધન (૩) મૂલ્ય; કિંમત (૪) ભાડું (૫) જકાત, દાણ
શુશ્રૂષા સ્ત્રી૦ [સં] સેવાચાકરી
શુશ્રૂષુ વિ૦ [સં.] શુશ્રૂષા કરવાની વૃત્તિવાળું
શુષ્ક વિ૦ [સં] સૂકું, રસ વગરનું લૂખું ૦તા સ્ત્રી૦. ૦વાદ પું૦ કોઈ પણ સૂક્ષ્મ કે શુભ તત્ત્વને વિષે નાસ્તિકતાવાળો વાદ, 'નિહિલિઝમ' (?)
શુષ્ણ પુ૦ [સં] સૂર્ય
શું સ૦ [સં. क्'दस, प्रा कइस- કશું પરથી?] વસ્તુવાચક પ્રશ્નાર્થ સર્વનામ ઉદા૦ શું કહો છો? શું ખાધું? શું જોયું? (૨) બેપરવાઈ કે તુચ્છકાર બતાવવા પ્રશ્નાર્થમાં વપરાય છે ઉદા૦ એ મારું શું ચોળવાનો હતો? તારાથી શું થાય તેમ છે? (૩) વિ૦ કયું, કઈ જાતનું એ અર્થમાં સવાલ પૂછતાં વપરાય છે ઉદા૦ તે શો પદાર્થ છે? (૪) આશ્ચર્યસૂચક ઉદા૦ શો રોફ! (૫) પ્રશ્નાર્થસૂચક ઉદા૦ 'શો વિચાર છે?', શી વાત છે?' (૬) કેટલાક પ્રયોગોમાં 'કંઈ' 'શુંય' જેવો અર્થ થાય છે. જેમ કે, શું નું શું થઈ ગયું (જુઓ 'શુંય' પણ) (૭) બને અથવા બધા સરખા એવો ભાવ બતાવવા બે શું વપરાય છે ઉદા૦ શું મોટા, શું નાના (૮) [प्रा. सिउ (સં. समं)] સરખું, જેવું (નામને છેડે) ઉદા૦ નોબરાશું મો. (૯) અ૦ પ્રશ્નવાચક ઉદા૦ 'તમે આવવાના છો શું?' (૧૦) [અપ૦ सहु(સં. सह)] (પ) સાથે. સહિત. ઉદા૦ 'રામનામશું તાળી લાગી' ૦ય વિ૦ શું, કંઈ (અનિશ્ચિતાર્થક) ઉદા૦ શુંય કહ્યું હશે ને શું સમજ્યો
શુંઢ પુ૦, -ઢા સ્ત્રી૦ [સં.] હાથીનો લાંબો નાક જેવો અવયવ, સૂંઢ -ઢી પું૦[સં.] હાથી
શુંભ પું૦[સં.] (સં) દુર્ગાએ મારેલો એક રાક્ષસ
શૂકર પુ૦[સં] ભૂંડ, સૂકર -રી સ્ત્રી૦ ભૂંડણ
શૂઢમૂઢ વિ૦ ['મૂઢ'નો દ્વિર્ભાવ, કે શૂન્ય + મૂઢ] સાવ મૂઢ જેવું, ગભરાટથી શૂનમૂન જેવું
શૂદ્ર પું૦ [સં] ચોથી વર્ણનો માણસ (જુઓ વર્ણ) -દ્રાણી, -દ્રી સ્ત્રી૦ શૂદ્ર સ્ત્રી
શૂધ સ્ત્રી૦ [શુદ્ધિ પરથી] જુઓ શુદ્ધ ૦બૂધ સ્ત્રી૦ [શુદ્ધિ+બુદ્ધિ] સૂધબૂધ, ભાન, સંજ્ઞા (૨) અકલ, સમજ (-આવવી)
શૂન (ન,) સ્ત્રી૦ [જુઓ શૂન્ય] મીંડું [-મૂકવી= રદ કરવું] ૦કાર પું૦ ઉજ્જડપણું, નીરવતા (૨) [ચિત્તની] શૂન્ય સ્થિતિ ૦મૂન વિ૦ ['શૂન'નો દ્વિર્ભાવ, કે શૂન્ય + મુનિ?] સાવ મૂક જેવું, સૂનમૂન
શૂન્ય વિ૦ [સં.] ખાલી (૨) અસત (૩) ભાન કે સંજ્ઞા વિનાનું (૪) (સમાસને છેડે) રહિત, વિનાનું ઉદા૦ જ્ઞાનશૂન્ય (પ) ન૦ મીંડું (૬) અભાવ [-મારી જવું= ખાલી કે ભાન વિનાનું જડ થઈ જવું -મૂકવું= રદબાતલ કરવું] ૦કાર પુ૦ જુઓ શૂનકાર ૦તાલ પુ૦ તાલમાં તાળી નથી મરાતી તે સ્થાન, ખાલી. ૦ભાવ વિ૦ ભાવહીન ૦મનસ્ક વિ૦ શૂન્ય મનવાળું. ૦યુતિ સ્ત્રી૦ 'ઇન્ટીગ્રલ કૅલ્ક્યૂલસ' (ગ) ૦લબ્ધિ સ્ત્રી૦ ડિફરેન્શિયલ કૅલ્ક્યૂલસ' (ગ) ૦વત્ અ૦ શૂન્યના પેઠે, હસ્તી વગર. ૦વાદ પુ૦ બૌદ્ધતત્ત્વજ્ઞાનનો એક વાદ ૦વાદી વિ૦ (૨) પુ૦ શૂન્યવાદ માનનાર. ૦શિખર ન૦ નિર્વિકલ્પ દશા, સમાધિદશા. [શૂન્ય-શિખરે ચડવું= સમાધિદશા પ્રાપ્ત કરવી] ૦સમીકરણ ન૦ 'ડિફરેન્શિયલ ઇક્વેશન' (ગ). ૦હૃદય વિ૦ લાગણી વિનાનું; ક્રૂર, હૈયાસૂનું (૨) ધ્યાન વિનાનું
શૂર વિ૦ [સં] બહાદુર, પરાક્રમી (૨) પું૦ શૂરવીર (૩) ન૦ શૌર્ય, જુસ્સો [-આવવું, ચડવું, છૂટવું= શૌર્યનો જુસ્સો આવવો (૨) જુસ્સો આવવો -પર આવવું પર ચડવું= શૂરાતન આવવું] ૦તા સ્ત્રી૦ ૦વીર વિ૦ (૨) પુ૦

બહાદુર, હિંમતવાન. ૦સેન પું૦ (સં.) મથુરા આસપાસના પ્રદેશનું પ્રાચીન નામ. -રાતન ન૦ શૌર્ય -રુ વિ૦ શૂરવાળું, શૂરવીર. -રું પૂરું વિ૦ પૂરેપૂરું શૂરું

**શૂર્પ** ન૦ [સં.] સૂપડું. ૦ણખા સ્ત્રી૦ [સં] (સ ) રાવણની બહેન

**શૂલ** ન૦ [સં.] ભાલા જેવું એક પ્રાચીન અસ્ત્ર (૨) શૂળી (૩) ત્રિશૂલ (૪) કાંટો (૫) શૂળ ભોંકાયા જેવું દરદ. ૦પાણિ પું૦ [સં.] (સં.) શંકર

**શૂળ** ન૦ જુઓ શૂલ (૨) સ્ત્રી૦ (સીધો, લાંબો) કાંટો. [-ઊપડવું, ફૂટવું=શૂળનું દર્દ થવું. -વાગવી=કાંટો શરીરમાં ભોંકાવો]-ળિયો દાંત ન૦ લાંબા શૂળના જેવા દાંતનો પ્રકાર

**શૂળી** સ્ત્રી૦ [સં. शूलिका] જમીનમાં રોપેલો અણીવાળો મોટો જાડો સળિયો, જેના પર પરોવી મોતની શિક્ષા કરવામાં આવે છે તે કે તેની શિક્ષા [-આપવી, શૂળીએ ચડાવવું, -દેવી=શૂળીની શિક્ષા કરવી] ૦ગમન ન૦ શૂળીએ ચડવું તે, 'ક્રૂસિફિક્શન'

**શૃગાલ** ન૦ [સં.] શિયાળ

**શૃંખલા** સ્ત્રી૦ [સં] સાંકળ (૨) બેડી. ૦બદ્ધ વિ૦ શૃંખલાથી બંધાયેલું (૨) ક્રમબદ્ધ; શૃંખલિત -લિત વિ૦ સંકળાયેલું, ક્રમબદ્ધ. -લિતતા સ્ત્રી૦

**શૃંગ** ન૦ [સં.] શિખર; ટોચ (૨) શિંગડું

**શૃંગાર** પું૦ [સં] વિલાસ; રતિ (૨) તે માટેની સ્ત્રીપુરુષની એકબીજા પ્રત્યેની સ્પૃહા (૩) શૃંગારરસ (૪) શણગાર. ૦રસ પું૦ નવ રસમાંનો એક (જુઓ રસ)

**શૃંગારવું** સ૦ક્રિ૦ [શૃંગાર પરથી, સર૦; हिं शृंगारना, म शृंगारणें] શણગારવું

**શૃંગારી** વિ૦ [સં] શૃંગાર સંબંધી (૨) કામી

**શૃંગી** વિ૦ [સં.] શિંગડાવાળું (૨) શિખરવાળું (પર્વત) (૩) સ્ત્રી૦ એક રણવાદ્ય

**શેક** પું૦ ['શેકવું' ઉપરથી] શેકવું તે

**શેકવું** સ૦ક્રિ૦ [સર૦ म. शेकणें, हिं. सेंकना] દેવતા ઉપર નાખી ચડાવવું કે ખરું કરવું (૨) ગરમ લૂગડા કે પાણી વગેરે દ્વારા ગરમી આપવી (શરીરના કોઈ ભાગને) (૩) [લા.] બાળવું, દુખી કરવું [એક જાતનું હરણ

**શેકારું** ન૦ [જુઓ છીંકારું, સર૦ म. शेकरू]

**શેખ** પું૦ [अ] આરબોની ટોળીનો ઉપરી (૨) મુસલમાનોની એક જાતનો આદમી (૩) એક મુસલમાન અટક. ૦ચ(-સ)લ્લી પું૦ [સર૦ म., हिं. शेखचिल्ली] હવાઈ કિલ્લા બાંધનાર (૨) આળસુ અને તરંગી આદમી. ૦ડો પું૦ એ નામની જાતનો મુસલમાન ૦દાર પું૦ [સર૦ म.] કુમાવિસદારનો કારકુન

**શેખર** પું૦ [સં.] મુગટ, કિરીટ (૨) માથા પર પહેરવાની માળા (૩) શિખર (૪) [નામને અંતે] '-મા શ્રેષ્ઠ' (ઉદા૦ મુનિશેખર)

**શેખસલ્લી** પું૦ જુઓ શેખચલ્લી

**શેખાઈ, શેખી** [फा.] સ્ત્રી૦ પતરાજી, બડાઈ [-કરવી, મારવી] ૦ખોર વિ૦ બડાઈ હાંકનાર

**શેઠ** પું૦ [प्रा सेट्ठि (सं श्रेष्ठिन्), સર૦ म, हिं. सेठ] મોટો આબરૂદાર વેપારી, શાહુકાર (૨) વાણિયો (૩) ધણી; માલિક (નોકરનો) (૪) વેપારી વગેરેને સંબોધતાં વપરાતો શબ્દ (૫) એક અટક -ઠાઈ સ્ત્રી૦ શેઠપણું. -ઠાણી સ્ત્રી૦ શેઠ કે શેઠની સ્ત્રી -ઠિયો પું૦ શાહુકાર (૨) માથે ગોરો એવો બળદ

**શેડ** (શે')સ્ત્રી૦ [प्रा सेढि, -ढी (सं. श्रेढी), સર૦ म शेड, शेडा] ધારા; ધાર (૨) [લા] એના જેવો અણીદાર ભાગ, શગ. [-ફોડવી, મારવી=શેડ નીકળે એમ કરવું -વાગવી =જોરથી શેડ નીકળવી] ૦કઢું વિ૦ તરતનું જ દોહેલું (દૂધ)

**શેડા** પું૦બ૦વ૦[સર૦ हिं सेढ़ा, म. शेंब,-बूड] લીંટના લબકા

**શેઢી** સ્ત્રી૦ નાનો શેઢો (૨) (સં) એક નદી

**શેઢો** પું૦ [જુઓ છેડો, સર૦ म. शेड (सं. च्छेद)] ખેતરની ચોમેર ખેડયા વિનાની છોડાતી પટ્ટી, જ્યાં ચાર ઊગે છે

**શેણ** પું૦ [प्रा. सयण (सं स्वजन)] + સ્વજન

**શેણવી** પું૦ [म. (सं. सेनापति, प्रा. सेणवइ)]

સ રસ્વત બ્રાહ્મણની એક જાત
શેણુવો પું૦ [સર૦ મ. शेण=વિષ્ટા; છાણ (सं शकृत्)] એક હરિજન જાતનો માણસ
શેણાઈ સ્ત્રી૦ [फा शहनाई] (ચ.) શરણાઈ
શેતરંજ પું૦[अ शतरंज, સર૦ सं चतुरंग]એક રમત,ચતુરંગ -જી સ્ત્રી૦[फा शतरंजी, એક જાતનું રંગીન ભાતીગળ પાથરણું. [-રંગી નાખવી=બગડામા મારી લોહી કાઢવું ]
શેતાન પું૦ જુઓ શયતાન [-નું ઓળિયું= તોફાની, તરકટી (૨) વિ૦ ખધુ, લુચ્ચુ ] -નિયત સ્ત્રી૦ શેતાનપણું. -ની વિ૦ તોફાની (૨) સ્ત્રી૦ શેતાનિયત
શેતૂર ન૦[फा शहतूत] એક ઝાડ (જેનાં પાદડા પર રેશમના કીડા ઊછરે છે) (૨) તેનુ ફળ
શેઠરડી સ્ત્રી૦ એક ઘાસ
શેપટ અ૦ [સર૦ म ] (ચ) સીધુ, સોપટ, પાધરુ. -ટી વિ૦ સ્ત્રી૦ [म लांबी सोटी] સૂનલી ને લાબી (કૂતરી)
શેફાલિ(૦કા)[सं] -લી સ્ત્રી૦ એક વનસ્પતિ
શેર પું૦[दे मेर સર૦ हिं सेर, म] એક તોલ- મણનો ચાળીસમો ભાગ. (૨) [फा] વાઘ; સિહ (૩) ચિત્તો [-થવુ=ઉપરીપણું કરવુ; સરજોરી કરવી. -લોહી ચડવુ=સતોષ- આનદ થવો.-સૂંઠ ખાવી=તાકાત હોવી.]
શેર (શે) સ્ત્રી૦ [अ शिअर, સર૦ हिं शेर] કવિતા, કવિતાની કડી (ફારસી, ઉર્દૂ વગેરે)
શેર પું૦ [इ] ધધા માટેની પંત્યાળી મૂડી કે ભાગીદારીનો નિયત ભાગ (૨) તેનુ ખત. [-ભરવો, રાખવો, લેવો=શેર ખરીદવો.] ૦દલાલ પું૦ શેરનો (તે લેવા વેચવા માટે) દલાલ ૦બજાર ન૦ શેરની લેવડદેવડનું બજાર. ૦સટ્ટો પું૦ શે-મા કરેલો સટ્ટો
શેરડી સ્ત્રી૦ [दि. सेरी=લાબી આકૃતિ (૨) શેરી ઉપરથી ? સર૦ म ] એક વનસ્પતિ- જેના સાઠામાથી ગોળ ને ખાડ બને છે; શેલડી (૨) નાનો સાકડો શેરડો-રસ્તો
શેરડો પું૦ [જુઓ શેરડી] પગવાટ (૨) લોહી તરી આવવાથી મો પર પડતો લિસોટો (૩) સુકાઈ ગયેલા આસુના રેલાના ડાઘ (૪) ધ્રાસકો (૫) ઠંડુ પાણી પીતા અદર પેટ સુધી થતી ઠડકની લિસોટા જેવી અસર
શેરદિલ વિ૦[फा ]બહાદુર, હિંમતવાન,નિર્ભય -લી સ્ત્રી૦ બહાદુરી, હિંમત
શેરવાણી(-ની) સ્ત્રી૦ [हिं , સર૦ म.] એક પ્રકારનો લાબો (ઉત્તર હિંદુસ્તાની) કોટ
શેરવુ અ૦ક્રિ૦ જુઓ છેરવુ
શેરા ન૦ એક પખી
શેરાટો પું૦ જુઓ છેરાટો
શેરામણ ન૦ જુઓ છેરામણ
શેરિયુ ન૦ [શેર પરથી] શેર વજનનુ માપ (૨) (શે') [?] શણનુ બી
શેરિયો પુ૦ શેર વજનનુ કાટલુ, ગેરીકો
શેરી સ્ત્રી૦ [दे सेरी, સર૦ म ] સાકડી ગલી (૨) ફળિયુ, પોળ
શેરીકો પું૦[શેર પરથી] સેરનું કાટલુ, શેરિયો
શેરો (શેરો') પું૦[अ शराआ ? સર૦ म शेरा] અરજી વગેરે પર અધિકારીએ ટૂકમા કરેલુ ટિપ્પણ [-કરવો, -મારવો=ટિપ્પણ કરવુ, તે તરીકે કાઈ લખવુ ]
શેલડી સ્ત્રી૦ જુઓ શેરડી
શેલ(-લો)ત પું૦ [‘શેલુ' ઉપરથી ? કે दे सेल्लि =રજ્જુ-દોરડુ ઉપરથી (ખેતર ભરનાર) ?] જમીનદારનો મહેતો, તલાટી (૨) બ્રાહ્મણોની એક અડક [ફરવુ, વિચરવુ
શેલવું (શૅ ?) અ૦ક્રિ૦[જુઓ સહેલ (अ. सैर)]
શેલવો પું૦ ‘શેલત'નું લઘુતાવાચક રૂપ
શેલાયું ન૦ [दे सेल्लि=દોરડુ, સર૦ हिं सेल; म सेली] (કા ) નોજણુ, નોઝણુ, શેલો (?) [એક કીમતી વસ્ત્ર
શેલારી સ્ત્રી૦ [‘શેલુ' ઉપરથી, સર૦ म ]સ્ત્રીઓનુ
શેલારો પુ૦ [જુઓ હેલારો] (કા ) પાણીમાં આગળ ધપવા શરીરનો હેલારો મારવો તે
શેલાસાડી સ્ત્રી૦ [શેલુ+સાડી]જુઓ સેલાસાડી
શેલી સ્ત્રી૦ [दे सेल्लि=દોરડું, સર૦ म शेल; हिं. सेल=દોર-દોરડુ] ચકમકથી દેવતા પાડવાની દોરડી (૨) ભસ્મ રાખ
શેલું ન૦[સર૦ हिं सेला, म शेला (स चैल ?)] કસબી ઉપરણો-ખેસ (૨) [અમુક કોમની]

વિધવાએ પહેરવાનો ખાસ એક સાલ્લો (૩) સ્ત્રીઓનુ કસબી પાલવવાળું એક કીમતી વસ્ત્ર

**શેલો** પું૦ [જુઓ શેલી] દોહતી વખતે ગાયને પગે બાંધવાનુ દોરડું [–બાંધવો, વાળવો]

**શેલોત** પુ૦ [જુઓ શેલત] શેલત તલાટી

**શેવ** સ્ત્રી૦ [સર૦ હિં. સેવ; મ शेव] સેવ, ચણાના લોટની લાબી સળી જેવી એક તળેલી વાની (૨) ઘઉંની કરાતી એ જ આકારની એક વાની. [–વણવી = ઘઉંની કણકમાંથી સેવ બનાવવી.] ૦ગાંઠિયા પુ૦બ૦વ૦ [સર૦ મ. शेव-गाठी] શેવ ને ગાંઠિયાનું ભેગું ચવાણું ૦મમરા પું૦ બ૦વ૦ શેવ ને મમરાનુ ભેગું ચવાણું

**શેવટ** ન૦ [સર૦ મ (સ. सीमान्त ?)] + છેવટ; અંત; પરિણામ –ટે અ૦ + છેવટે

**શેવડી** સ્ત્રી૦ [સં सेवक, પ્રા. सेवय પરથી, સર૦ મ शेवडा] જૈન સાધુડી –ડો પુ૦ જૈન સાધુ

**શેવાલ(–ળ)** સ્ત્રી૦[સં.]લીલ, સેવાળ (૨) [સ. स्वेद] બાફ, વરાળ (૩) [સર૦ મ शेवळ = ડીટાનો ભાગ] શિંગની નસ. [–વળવી = લીલ થવી – બાઝવી]

**શેવાળવું** સ૦ક્રિ૦ [જુઓ શેવાલ, સર૦ મ. शेवाळणें = પુષ્ટ થવું] રળવું, કમાવું (૨) સફળતાપૂર્વક પાર પાડવું (કામ)

**શેવાળિયું** વિ૦ ['શેવાળ' પરથી] શેવાળવાળું (૨) આછી વરાળ નીકળતી હોય તેવું

**શેવું** વિ૦ [સર૦ મ. शेव = ઊભી લાબી ઘીટીમા] ઢાળપડતું (૨) ન૦ આડો ચાસ [–ને ચરાળ જાણતો નથી = પ્રાથમિક – નજીવી બાબતની પણ માહિતી નથી]

**શેશવા** પુ૦ બ૦ વ૦ વઘારેલા ચણા

**શેષ** વિ૦ [સં] બાકી રહેલું (૨) પું૦ (સ ) શેષનાગ (૩) શેષ ભાગ (૪) સ્ત્રી૦ પ્રસાદ (૫) [મ ] ભાગાકારમાં વધતી રકમ. ૦શાયી પું૦ [સં ](સ ) વિષ્ણુ ૦સિદ્ધાંત પું૦'રિમેઇન્ડર થિયરમ' (ગ ) –પા પુ૦ એક છંદ (૨) સ્ત્રી૦ દેવને ચડાવેલા ફૂલ વગેરેનો પ્રસાદ

**શેહ** (શે) સ્ત્રી૦ [જુઓ શહ] હરાવવું તે, દબાવવું તે (૨) દાબ, છાપ (૩) શેતરંજની રમતમાં સામાના રાજાને નાસવું પડે તેવી રીતે પોતાનું મહોરું ગોઠવવું તે (૪) પતંગના પેચ થાય ત્યારે એકદમ દોરી જવા દેવી તે [–આપવી, દેવી = શેહની અસર કરવી. –આવવી, પડવી, લાગવી = દબાવું; શેહની અસર થવી –ખાઈ જવું = સાવ ડરી જવું. –છોડવી, મૂકવી = પતંગની શેહ માટે દોરી જવા દેવી ] ૦જોર, ૦માર વિ૦ બળવાન, બહાદુર ૦જોરી સ્ત્રી૦ વીરતા; બહાદુરી (૨) જબરદસ્તી. ૦માત વિ૦ શેહથી માત [કરનાર

**શેહુ** પુ૦ ['શેહ' કે 'છેહ' પરથી ?] છાની ગોઠવણ

**શેળો** પું૦ એક જાતનું પ્રાણી [(પ્રશ્નાર્થક)

**શૈં** (શૈં) અ૦ (૫ ) શા કારણે, શાથી (૨) શા માટે

**શૈંટલો** (શૈં)પુ૦[સં.शट ?] જુઓ છેંટલો, સેંતલો

**શૈક્ષ** વિ૦ [સં ] શિક્ષણને યોગ્ય; શિખાઉ

**શૈક્ષ્ય** ન૦ [સં] શિક્ષણ

**શૈત્ય** ન૦ [સં.] ઠંડક

**શૈથિલ્ય** ન૦ [સં.] શિથિલતા, મંદતા, ઢીલાશ

**શૈલ** પુ૦[સં ] પર્વત. ૦કન્યા, ૦જા, ૦તનયા, ૦સુતા સ્ત્રી૦ (સ ) પાર્વતી. ૦રાજ, –લેશ પુ૦ [+ ઈશ] (સં.) હિમાલય [ઇમારત

**શૈલી** સ્ત્રી૦ [સં.] ઢબ, રીત (૨) લખાણની રીત;

**શૈવ** વિ૦ [સં.] શિવ સંબંધી (૨) પુ૦ શિવભક્ત

**શૈવલિની** સ્ત્રી૦ [સં.] નદી

**શૈશવ** ન૦ [સં.] બાળપણ

**શોક** (શો) પું૦ [અ.] જુઓ શોખ

**શોક** (શૉક) સ્ત્રી૦ [સર૦ હિં साक, –त (સં. सपत्नी)] પતિની બીજી સ્ત્રી ૦ડો પુ૦ બીજો પતિ. ૦પગલું ન૦ મરેલી શોક નડે નહિ એમ માની ગળામાં પહેરાતું માદળિયું કે ઘરેણું ૦કેલ, ૦લટ સ્ત્રી૦ સ્ત્રીને કપાળે આગળ પડતી આવતી વાળની લટ (એ જેને હોય તેને શોક ન આવે, કે એ પતિ પહેલાં ગુજરી જાય, એવી માન્યતા છે)

**શોક** પુ૦ [સં ] ખેદ; દિલગીરી; સંતાપ (૨) મરણ પછી શોક વ્યક્ત કરવાનો લોકાચાર. [–કરવો, ધરવો = ખેદ કરવો, –પાળવો = મરણ પાછળ શોકનો લોકાચાર પાળવો (જેમ કે ઉત્સવપ્રસંગમાં કે એમ ને એમ બહાર ન નીકળવું, કાળું વસ્ત્ર પહેરવું

વગેરે.) -મૂકવો=મરણ પાછળ શોકનો જે લોકાચાર ધારણ કર્યો હોય તે મૂકી, ચાલુ વ્યવહાર શરૂ કરવો.] ૦કારક,૦કારી, ૦જનક વિ૦ શોક ઉત્પન્ન કરનારું. -કાગ્નિ પુ૦ [+અગ્નિ] શોકરૂપી અગ્નિ -કાતુર, -કાર્ત(-ર્ત) વિ૦ [+ આતુર, આર્ત] શોકથી પીડિત -કાવિષ્ટ વિ૦ [+ આવિષ્ટ] શોકથી ઘેરાયેલું -કિ(-કિ)યું નં૦ જુઓ સોગિયું
શોકી(-ખી), ૦ન (શૉ) [અ] વિ૦ શોખીન
શોખ (શૉ) પુ૦ [જુઓ શોક અ.] હોંસ, ઇચ્છા, કોડ (૨) મોજમજા; રંગબાજી [-કરવો, મારવો]. -ખી(૦ન), -ખીલું વિ૦ શોખ કરનારું, શોખ મારનારું
શોગ પુ૦ [જુઓ શોક સં.] સોગ, શોક. -ગિયું વિ૦ શોકવાળું; શોક કરનાર (૨) શોકદર્શક (૩) નં૦ શોકદર્શક વસ્ત્ર-સાલ્લો; સોગિયું
શોગટાબાજી સ્ત્રી૦ [શોગટું+બાજી] એક રમત
શોગટી સ્ત્રી૦, -ટું નં૦ [સં સારી+काष्ठ ? સર૦ મ सोक(-ग)टी] શોગટાબાજીનું મહોરું
શોગુનાઈ સ્ત્રી૦ શોગૂનનું પદ કે કારભારું
શોગૂન પું૦ [ઇ] મરાઠા રાજ્યના પેશ્વા જેવો જાપાનનો (પૂર્વે હોતો) મુખ્ય પ્રધાન
શોચ પુ૦ [સં शुच्] શોક (૨) ફિકર (૩) પસ્તાવો
શોચક વિ૦ [સં.] શોચ કરાવનારું
શોચન નં૦ [સં] શોચ કરવો તે. -ના સ્ત્રી૦ શોચ
શોચનીય વિ૦ [સં.] શોચ કરવા યોગ્ય
શોચવું સ૦ક્રિ૦ [સં शुच्, સર૦ હિં शोचना, મ शोचणें] શોચ કરવો (૨) વિચારવું
શોચ્ય વિ૦ [સં] શોચનીય
શોણ વિ૦ [સં] રાતું (૨) નં૦ લોહી
શોણિત નં૦ [સં.] લોહી
શોથ પુ૦ [સં] સોજો
શોધ પુ૦; સ્ત્રી૦ [સં.] શોધવું તે, ખોળ, તપાસ (૨) શોધેલી વસ્તુ. ૦ક વિ૦ (૨) પુ૦ શોધ કરનાર. ૦કો પુ૦ દૂત, જાસૂસ. ૦ખોળ સ્ત્રી૦ શોધવું તે, તપાસ કરવી તે
શોધન નં૦, ૦ના સ્ત્રી૦ [સં] શોધવું તે (૨) સ્વચ્છ કરવું તે, શુદ્ધિ (૩) પરીક્ષા. ૦પદ્ધતિ પુ૦ શોધખોળ કરવાની પદ્ધતિ
શોધવું સ૦ક્રિ૦ [સં. शुध्] ખોળવું, તપાસ કરવી (૨) પરીક્ષા કરવી (૩) દોષ દૂર કરવા; શુદ્ધ કરવું (૪) ન જાણેલી વસ્તુ નવી ખોળી કાઢવી
શોધંશોધા સ્ત્રી૦ [શોધવું પરથી] ઉપરાઉપરી શોધ, ખોળાખોળા, શોધાશોધ
શોધાઈ સ્ત્રી૦ [શોધવું પરથી] શોધવાનું મહેનતાણું. -શોધ સ્ત્રી૦ ખોળાખોળ
શોધિત વિ૦ [સં] શોધેલું, ખોળેલું (૨) તપાસેલું (૩) શુદ્ધ કરેલું
શોફર પું૦ [ફ્રે] મોટર હાંકવાનો ધંધો કરનાર
શોભન વિ૦ [સં] સુશોભિત, સુંદર (૨) મંગળ
શોભવું અ૦ક્રિ૦ [સં शुभ्] સુંદર દેખાવું (૨) છાજવું લાયક હોવું કે દેખાવું
શોભા સ્ત્રી૦ [સં] સુંદર દેખાવ, સૌંદર્ય (૨) [લા.] પ્રતિષ્ઠા, આબરૂ [-આપવી=શોભાવવું -લેવી=લહાવો લેવો (૨) માન ખાટવું] ૦યમાન વિ૦ [સં.] શોભીતું; શોભાવાળું. ૦ળ(-ળું) વિ૦ શોભીતું. ૦સ્પદ વિ૦ [+आस्पद] શોભાવે તેવું -ભિત વિ૦ [સં] સુંદર, શોભતું (૨) શણગારાયેલું -ભીતું નં૦ શોભતું, સારું દેખાતું
શોર પું૦ [फा] કોલાહલ; ઘોંઘાટ ૦ગુલ [फा], ૦બકોર પું૦ કોલાહલ ૦વું અ૦ક્રિ૦ (પ.) શોર કરવો
શોલો પુ૦ [અ शुअलह; સર૦ હિં शोला] ભડકો
શોષ પુ૦ [સં] શોષાવું તે, પ્યાસ, સોસ [-પડવો = તરસથી ગળું સુકાવું] ૦ક વિ૦ શોષી લેનારું. ૦ણ નં૦ શોષવું તે, શોષાવું તે
શોષવું સ૦ક્રિ [સં. शुष्] ચૂસી લેવું, ચૂસી સૂકું કરી નાખવું [સુકાઈ જવું
શોષાવું અ૦ક્રિ૦ [શોષવુંનું કર્મણિ] સુસાવું;
શોષિત વિ૦ [સં] શોષાઈ ગયેલું
શોંઢવું અ૦ક્રિ૦ જુઓ સોઢવું
શૌચ નં૦ [સં] સ્વચ્છતા, પવિત્રતા (૨) મળોત્સર્ગ [-જવું=મળોત્સર્ગ કરવા જવું, ઝાડે ફરવા જવું] ૦કૂપ પુ૦ પાયખાનું, સંડાસ ૦શાસ્ત્ર નં૦ શૌચનું-સ્વચ્છતાનું શાસ્ત્ર, સેનિટેશન' ૦સુધાર પુ૦ શૌચની ટેવો, પદ્ધતિ ઇ૦માં સુધારો. -ચાચાર પુ૦ [+आचार] શુદ્ધ

કરવાનો વિધિ (૨) શૌચ જાળવવાનો આચાર
**શૌરકથા** સ્ત્રી૦ [સં] શૌર્યની કે શૂરની કથા
**શૌરસેની** સ્ત્રી૦ [સં] એક પ્રાકૃત ભાષા
**શૌર્ય** ન૦ [સં] શૂરતા, પરાક્રમ, બહાદુરી. ૦**ગીત** ન૦ વીરરસનું ગીત, શૌર્યનું વર્ણનાત્મક કે પ્રેરણાત્મક ગીત
**શૌહર** પું૦ [ફ્રા.] સ્વામી; પતિ
**શ્મશાન** ન૦ [સં.] મડદાં બાળવાનું સ્થાન. ૦**ભૂમિ(-મી)** સ્ત્રી૦ મસાણ ૦**વૈરાગ્ય** પું૦ [લા] ક્ષણિક વૈરાગ્ય. -**નિયો** પું૦ ડાઘુ; મસાણિયો -**ની** વિ૦ શ્મશાનનું,-ને લગતું
**શ્મશ્રુ** સ્ત્રી૦ [સં.] દાઢી (૨) મૂછ
**શ્યામ** વિ૦ [સં.] કાળું (૨) પું૦ કાળો રંગ (૩) (સં) શ્રીકૃષ્ણ ૦**કર્ણ** પું૦ કાળા કાન અને કાળા પૂંછડાવાળો ધોળો ઘોડો ૦**કલ્યાણ** પું૦ એક રાગ. ૦**લ** વિ૦ લીલું (૨) કાળું, શામળું ૦**સુંદર** પું૦ (સં.) શ્રીકૃષ્ણ. -**મા** સ્ત્રી૦ સોળ વર્ષની જુવાન સ્ત્રી -**મિકા** સ્ત્રી૦ [સં] કાળાશ (૨) હલકી ધાતુનું મિશ્રણ
**શ્યાલ, ૦ક** પું૦ [સં.] સાળો
**શ્યેન** પું૦ [સં.] બાજ (૨) સંગીતમાં એક અલંકાર. -**ની** સ્ત્રી૦ બાજની માદા
**શ્રદ્ધા** સ્ત્રી૦ [સં] આસ્થા, વિશ્વાસ ૦**ધન** વિ૦ શ્રદ્ધારૂપી ધનવાળું, શ્રદ્ધાપ્રધાન, શ્રદ્ધાળુ. ૦**ભક્તિ** સ્ત્રી૦ શ્રદ્ધાજનિત કે શ્રદ્ધાપૂર્ણ ભક્તિ. ૦**ળુ(-ળુ)** વિ૦ શ્રદ્ધાવાળું. -**દ્ધાંજલિ** સ્ત્રી૦ [+ अजलि] શ્રદ્ધાપૂર્વક આપેલી અંજલિ (શ્રાદ્ધ તરીકે) -**દ્ધેય** વિ૦ [સં.] શ્રદ્ધા રાખવા યોગ્ય
**શ્રમ** પું૦ [સં] થાક (૨) મહેનત; તકલીફ. [-**પડવો, પહોંચવો, લાગવો**=થાકવું, મહેનત પડવી -**ઉઠાવવો, લેવો**=મહેનત કરવી ૦**જીવન** ન૦ શ્રમજીવી જીવન. ૦**(-મોપ)જીવી** વિ૦ [+ (उप)जीवी] શારીરિક શ્રમ કરીને ગુજરાન મેળવનાર ('બુદ્ધિજીવી'થી ઊલટું) ૦**વિભાગ** પું૦ કામ કરવાની મહેનતના ભાગ પાડવા તે, તેની વહેંચણી ૦**સાધ્ય** વિ૦ શ્રમ કરવાથી જ મળી શકે એવું
**શ્રમણ** પું૦ [સં] બૌદ્ધ કે જૈન સાધુ ૦**સંસ્કૃતિ** સ્ત્રી૦ બૌદ્ધ અને જૈન કાળમાં પ્રવર્તેલી સંન્યાસપ્રધાન સંસ્કૃતિ. -**ણી** સ્ત્રી૦ સાધ્વી
**શ્રમિત** વિ૦ [સં] મહેનત કરીને થાકેલું
**શ્રમોપજીવી** [સં.] જુઓ શ્રમજીવી
**શ્રવણ** ન૦ [સં.] સાંભળવું તે (૨) વેદાધ્યયન (૩) બાવીસમું નક્ષત્ર (૪) પું૦ કાન (૫) (સં) અંધ માબાપને કાવડમાં બેસાડી તીર્થયાત્રા કરાવનાર-અંધક મુનિનો પુત્ર ૦**ગોચર** વિ૦ કાનથી સાંભળી શકાય તેવું. -**ણેન્દ્રિય** સ્ત્રી૦ [+ इन्द्रिय] કાન [કરવું
**શ્રવવું** સ૦ક્રિ૦ [૮ श्रु] (૫.) સાંભળવું, શ્રવણ
**શ્રાદ્ધ** ન૦ [સં] પિતૃઓની તૃપ્તિ માટે શ્રદ્ધાથી કરાતી તર્પણક્રિયા ૦**કર્મ** ન૦, ૦**ક્રિયા** સ્ત્રી૦ શ્રાદ્ધ કરવું તે (૨) શ્રાદ્ધની ક્રિયા ૦**દિન** પું૦ શ્રાદ્ધનો દિવસ
**શ્રાપ** પું૦ [જુઓ શાપ] શરાપ [ભિખ્ખુ
**શ્રામણેર** પું૦ [સં.] વીસ વર્ષ નીચેનો બૌદ્ધ
**શ્રામણ્ય** ન૦ [સં.] શ્રમણપણું, સંન્યાસ
**શ્રાવક** વિ૦ [સં] સાંભળનાર (૨) પું૦ જૈન કે બૌદ્ધ ગૃહસ્થ
**શ્રાવણ** પું૦ [સં] વિક્રમસંવતનો દશમો મહિનો (૨) (સં) શ્રવણ ૫ (૩) શ્રવણ કરાવવું તે. ૦**કીટ** પું૦ શ્રાવણમાં નીપજતો કીડો. [-**ભાદરવો વહેવો**=ચોધાર આંસુ ચાલવાં.] ૦**વર્ગ** પું૦ મુખ્યત્વે શ્રવણથી ભણવાનો કે ભણાવવાનો વર્ગ (અમુક મર્યાદિત સમયનો વર્ગ કહાય છે તેવો). -**ણી** સ્ત્રી૦ શ્રાવણ મહિનાની પૂનમ, બળેવ
**શ્રાવિકા** સ્ત્રી૦ [સં.] શ્રાવક-જૈન કે બૌદ્ધ-સ્ત્રી
**શ્રાવ્ય** વિ૦ [સં] સાંભળવા યોગ્ય (૨) સાંભળીને માણવાનું નાટક ('દૃશ્ય'થી ઊલટું)
**શ્રાંત** વિ૦ [સં] થાકેલું -**તિ** સ્ત્રી૦ [સં.] થાક
**શ્રી** પું૦ [સં.] લખાણના આરંભમાં વપરાતો મંગળ શબ્દ (૨) 'શ્રીમાન, શ્રીમતી'નો સંક્ષેપ (નામની આગળ લગાડાતો આદર બતાવનારો શબ્દ) (૩) એક રાગ (૪) સ્ત્રી૦ (સં) લક્ષ્મી (૫) સૌંદર્ય; શોભા (૬) ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થ ૦**કંઠ** પું૦ (સં) શિવ, મહાદેવ ૦**કાર** વિ૦ સુંદર, મજેનું, ઉત્તમ (૨) પું૦ શ્રી શબ્દ ૦**કાંત** પું૦ (સં.) વિષ્ણુ

૦ખંડ પું૦ મોર, શિખંડી (૨) શિખંડ (૩) ન૦[સં]ચંદન. ૦જી પુ૦(માનાર્થે બ૦ વ૦) પ્રભુ વિષ્ણુ (૨) (સ ) સહજાનંદ સ્વામી. ૦ગણેશાય નમઃ શ૦પ્ર૦ (મંગળ તરીકે) ગણેશને નમસ્કાર (૨) પુ૦ બ૦ વ૦ [લા.] પ્રારંભ. ૦ધર પુ૦ (સ ) લક્ષ્મીનાથ, વિષ્ણુ ૦પતિ પુ૦ ધનવાન માણસ ૦પાત પુ૦ સંન્યાસી,ત્યાગી ૦પાંચ વિ૦નામ પૂર્વે માનવાચક પૂર્વંગ (ધન, ધાન્ય, પશુ, પુત્ર અને દીર્ઘાયુષ એ પાંચ શોભા) ૦ફળ ન૦ નાળિયેર [-આપવું=રજા આપવી, બરતરફ કરવું] ૦ફળી સ્ત્રી૦ નાળિયેરી. ૦મત(-દ) વિ૦ શ્રીમાન ૦મતી વિ૦ સ્ત્રી૦ 'શ્રીમાન'નું સ્ત્રીલિંગ ૦મત્તા સ્ત્રી૦[સં] શ્રીમંતાઈ ૦મદ વિ૦ જુઓ શ્રીમત(૨)ધનના મદવાળું(૩)પુ૦ ધનનો મદ ૦મંત વિ૦ તવંગર (૨) રાજાઓના નામ આગળ મુકાતો શબ્દ ૦મંતાઈ સ્ત્રી૦ શ્રીમંતપણું ૦માન વિ૦ ધનવાન (૨) શોભાવાન (૩) નામની આગળ મુકાતો આદરસૂચક શબ્દ. ૦મુખ ન૦ ભવ્ય અને સુંદર મુખ, પૂજ્ય અને પવિત્ર પુરુષનું મુખ ('આપ પોતે, સ્વમુખે' એમ માનાર્થે વપરાય છે) ૦યુત વિ૦ શ્રીમાન, પુરુષના નામ આગળ મુકાતો આદરસૂચક શબ્દ ૦રંગ,૦શ [+ઈશ] પુ૦ (સં ) વિષ્ણુ

**શ્રુત** વિ૦ [સં] સાંભળેલું. ૦લેખન ન૦ સાંભળીને લખવું તે, 'ડિક્ટેશન'

**શ્રુતિ** સ્ત્રી૦ [સં] સાંભળવું તે (૨) કાન (૩) સાંભળેલી વાત, કિંવદંતી (૪) વેદ (૫) ધ્વનિ, અવાજ (૬) નાદનો એક ભેદ (સંગીતમાં તેવી ૨૨ શ્રુતિ છે) ૦કટુ વિ૦ કાનને અપ્રિય લાગે તેવું કર્ણકઠોર. -ત્યનુપ્રાસ પુ૦ [+અનુપ્રાસ] સજાતીય વ્યંજનોની આવૃત્તિ -એક શબ્દાલંકાર (કા શા.)

**શ્રેઢી** સ્ત્રી૦ [સં.] (ગ ) 'પ્રોગ્રેશન'. ૦ફલ(-ળ) શ્રેઢીનો સરવાળો

**શ્રેણિ(-ણી)** સ્ત્રી૦ [સં] પંક્તિ, હાર

**શ્રેય** ન૦ [સં] મોક્ષ (૨) કલ્યાણ; હિત, શુભ ૦સ્કર વિ૦[સં.]શ્રેય કરે એવું. ૦સ્કામ વિ૦ [સં] શ્રેય ઇચ્છનાર. ૦સ્કારિતા સ્ત્રી૦ [સં] ૦સ્કારી વિ૦ [સં] શ્રેયસ્કર [૦ત્વ ન૦

**શ્રેષ્ઠ** વિ૦ [સં] સર્વોત્તમ, ઉત્કૃષ્ટ ૦તા સ્ત્રી૦,

**શ્રેષ્ઠી** પુ૦ [સં] શેઠ, મહાજનનો આગેવાન

**શ્રોણિ(-ણી)** સ્ત્રી૦ [સં] થાપો, નિતંબ

**શ્રોતા** પું૦ [સં] સાંભળનાર ૦જન પું૦,ન૦, ૦(-તૃ)વર્ગ પુ૦ સાંભળનારો સમુદાય

**શ્રોત્ર** પુ૦,ન૦ [સં] કાન -ત્રિય વિ૦[સં] વેદ ભણેલો(૨)પુ૦વેદાધ્યાસી બ્રાહ્મણ -ત્રિયત્વ ન૦ -ત્રી વિ૦(૨)પુ૦ [સં] જુઓ શ્રોત્રિય (૩) સ્ત્રી૦ શ્રોતાનું સ્ત્રીલિંગ

**શ્રૌત** વિ૦ [સં] શ્રુતિ કે કાનને લગતું (૨) શ્રુતિ કે વેદ સંબંધી, વેદે ફરમાવેલું

**શ્લથ** વિ૦ [સં.] ઢીલું, પોચું, નરમ (૨) શ્રુતિ કે વેદ લબડી પડેલું (૩)છૂટું,વીખરાયેલું

**શ્લાઘા** સ્ત્રી૦ [સં.] વખાણ, સ્તુતિ, પ્રશંસા

**શ્લાઘ્ય** વિ૦[સં] વખાણવા યોગ્ય, પ્રશંસાપાત્ર

**શ્લિષ્ટ** વિ૦[સં] જોડેલું; ભેટેલું, મળેલું (૨) શ્લેષવાળું ૦તા સ્ત્રી૦

**શ્લીપદ** ન૦ [સં] હાથીપગાનો રોગ

**શ્લેષ** પું૦ [સં] બે અર્થવાળા શબ્દોનો પ્રયોગ (૨) આલિંગન -ષાલંકાર પુ૦ [+अलंकार] શ્લેષવાળો અલંકાર (કા શા )

**શ્લેષ્મ** ન૦ [સં] કફ

**શ્લોક** પુ૦ [સં] ચાર ચરણનું પદ (૨) અનુષ્ટુભ છંદનું પદ (૩) [સમાસને અંતે] કીર્તિ, યશ (ઉદા૦ પુણ્યશ્લોક) ૦બદ્ધ વિ૦ શ્લોકમાં ગોઠવેલું કે રચેલું -કાર્ધ પું૦ [+अर्ध] અર્ધો શ્લોક

**શ્વપચ,શ્વપાક** પું૦ [સં] ચંડાળ

**શ્વશુર** પુ૦ [સં] સસરો

**શ્વશ્રૂ** સ્ત્રી૦ [સં] સાસુ

**શ્વસન** ન૦ [સં] શ્વાસ લેવો તે (૨) પવન

**શ્વસવું** સ૦ક્રિ૦ [સં श्वस्] શ્વાસ લેવો, જીવવું

**શ્વસિત** વિ૦ [સં] શ્વાસ દ્વારા લીધેલું કે મૂકેલું (૨) હાંફી ગયેલું (૩) ન૦ શ્વાસ

**શ્વાન** પુ૦ [સં] કૂતરો ૦નિદ્રા સ્ત્રી૦ કૂતરાની ઊંઘ અર્ધજાગ્રત અવસ્થા ૦વૃત્તિ સ્ત્રી૦ ધૂડે થવા છતાં ટુકડો મળતાં દોડવાની વૃત્તિ

-ની સ્ત્રી૦ + કૂતરી
શ્વાપદ ન૦ [સં.] શિકારી પ્રાણી
શ્વાસ પું૦ [સં.] નાકથી વાયુ લેવો મૂકવો તે (૨) દમ, હાફ (૩) વર્ણનો એક બાહ્ય પ્રયત્ન (વ્યા) (અઘોષ વર્ણને શ્વાસ પણ કહે છે) [-ઊપડવો = જોરથી શ્વાસોચ્છ્વાસ ચાલવો (૨) મરણ પહેલા પ્રાણવાયુનુ જોરથી ચાલવું -કાઢવો = શ્વાસ બહાર કાઢવો. -કાઢી નાખવો = દમ કાઢવો; થકવવું (૨) મરણતોલ કરવું. -ખાવો = આરામ લેવો. -ઘૂટવો = શ્વાસોચ્છ્વાસ રોકવો-રૂંધવો અથવા અમુક ધીમી ગતિએ ચાલવા દેવો -ઘેરાવો = કંઠે પ્રાણ આવવા (૨) જીવ મળવો, વિશ્વાસ સંપાદિત થવો -ચડવો = શ્વાસ ભરાવો (૨) દમ ઊપડવો. -ચાલવો = જુઓ શ્વાસ ઊપડવો. -દાબવો = શ્વાસ ઘૂટવો -બહાર કાઢતાં લગી = જિંદગીની છેલ્લા ઘડી સુધી. -ભરાવો = શ્વાસોચ્છ્વાસ જોરથી ચાલવો. -મારવો = શ્વાસ ઘૂટવો.-મૂકવો = આરામ લેવો (૨) ગુજરી જવુ -લઈ નાખવો = જીવ ખાવો; સતાપવુ. -લેવો = અંદર શ્વાસ લેવો (૨) વિસામો ખાવો ] ૦નળી સ્ત્રી૦ જે દ્વારા શ્વાસ ફેફસામાં જાય છે તે નળી ૦પ્રશ્વાસ, -સોચ્છ્વાસ [+ उच्छ्वास], -સોશ્વાસ [+ ઉશ્વાસ] પું૦ શ્વાસ લેવો અને મૂકવો તે
શ્વેત વિ૦ [સં.] સફેદ. ૦કેતુ પું૦ (સં.) ઉદ્દાલક મુનિનો પુત્ર. ૦દ્વીપ પુ૦ પુરાણો પ્રમાણે ભૂમંડળના અઢાર ભાગોમાનો એક. ૦પત્ર પું૦ અમુક હકીકત વિષે બયાન આપતો સરકારી ખરીતો ૦પિંડ પુ૦ 'પિટ્યુટરી ગ્લેન્ડ'. -તાંબર પું૦[+अंबर]સફેદ વસ્ત્રવાળો (૨) જૈન ધર્મનો એ નામનો એક સંપ્રદાય કે તેનો અનુયાયી. -તાંબરી વિ૦ શ્વેતાબરનું, -ને લગતુ

## ષ

ષ પુ૦ [સં.] ચાર ઊષ્માક્ષરોમાનો (ટ વર્ગનો) બીજો. ૦કાર પુ૦ ષ અક્ષર કે તેનો ઉચ્ચાર ૦કારાંત વિ૦ છેડે ષકારવાળું
ષટ્ વિ૦ [સં षट्,-ड्,-ष्] ૭
ષટ્ક ન૦ [સં.] છનો સમૂહ; છક્કું
ષટ્કર્ણ વિ૦ [સં.] ૭ કાન વડે સંભળાયેલુ
ષટ્કર્મ ન૦ [સં.] બ૦ વ૦ બ્રાહ્મણનાં ૭ કર્મ; અધ્યયન, અધ્યાપન, દાન પ્રતિગ્રહ, યજન અને યાજન (૨) તાંત્રિક ૭ કર્મ: મારણ, મ રણ, ઉચ્ચાટન, મોહન, સ્તભન અને વિધ્વંસન (૩) યોગના: ધૌતિ, બસ્તી, નેતી, નૌલી, ત્રાટક અને કપાલભ તી
ષટ્કોણ પું૦, -કોણાકૃતિ સ્ત્રી૦ [સં.] ૭ ખૂણ વાળી આકૃતિ. 'હેક્ઝેગોન' (ગ)
ષટ્ચક્ર ન૦બ૦વ૦ શરીરમા ગુદાથી બ્રહ્મરંધ્ર સુધીના મનાતા ૭ ચક્રો મૂળાધાર, લિંગ, નાભિ. હૃત્, કંઠ, મૂર્ધ (યોગ). -ક્રી વિ૦ ષટ્ચક્રવાળું
ષટ્પદ વિ૦ ૭ પગવાળુ (૨) ૭ પદવાળું (કાવ્ય) (૩) પું૦ ભમરો -દી વિ૦ ૭ પદવાળું (૨) સ્ત્રી૦ ભમરી (૩) ૭ પદવાળું કાવ્ય
ષટ્શાસ્ત્ર ન૦ બ૦ વ૦ [સં.] જુઓ ષડ્દર્શન
ષટ્સંપત્તિ સ્ત્રી૦ [સં.] વેદાંતના અધિકારીમા હોવા જોઈતા ૭ ગુણ: શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા, સમાધાન
ષડરિ પુ૦ [સં.] ષડ્રિપુ
ષડંગ ન૦ બ૦ વ૦ [સં.] વેદના ૭ અંગ (શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ, જ્યોતિષ)
ષડાનન પુ૦ [સં.] (સં.) કાર્તિકેય
ષડ્ઋતુ સ્ત્રી૦ ૭ ઋતુઓ (વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત અને શિશિર)
ષડ્ગુણ પું૦બ૦વ૦[સં.]૭ ગુણ(રાજ્યનીતિના: સંધિ, વિગ્રહ, યાન, આસન, દ્વૈધીભાવ અને સમાશ્રય. ઈશ્વરના: ધર્મ, યશ, વીર્ય, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય) [પહેલો (સં)
ષડ્જ પુ૦ [સં.] સંગીતના સપ્તસ્વરોમાંનો
ષડ્દર્શન ન૦ બ૦વ૦[સં.]વૈદિક તત્ત્વજ્ઞાનનાં ૭ દર્શનો (સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક,

મીમાંસા અને વેદાંત)
**ષડ્ભાગ** પું૦[સં.]છઠ્ઠો ભાગ(૨)પહેલાના વખતમાં મહેસૂલ તરીકે લેવાતો ઊપજનો છઠ્ઠો ભાગ
**ષડ્ભાવ** પું૦ બ૦ વ૦ [સં.] શરીરના ૭ વિકાર કે અવસ્થાઓ: જન્મવું, હોવું, વધવું, વિપરિણામ પામવું, અપક્ષય થવો, અને નાશ
**ષડ્ભુજ** વિ૦ [સં.] ૭ ભુજવાળો (૨) પું૦ ષ ્કોણ. **-જા** વિ૦ સ્ત્રી૦ (સં.) દુર્ગા
**ષડ્યંત્ર** ન૦ [સં.] કાવતરું
**ષડ્રસ** પું૦બ૦વ૦ [સં.] ૭ રસ (મીઠો, ખારો, ખાટો, તીખો, કડવો અને તૂરો)
**ષડ્રાગ** પું૦બ૦વ૦ [સં.] ૭ મુખ્ય રાગ (જુઓ ખટરાગ) [સંગીત]
**ષડ્રિપુ** પું૦બ૦વ૦ [સં.] ષડરિ; મનુષ્યના ૭ આંતર શત્રુઓ (કામ, ક્રોધ, લોભ, મોહ મદ અને મત્સર)
**ષડ્રેખા** અ૦ [સં.] તડબૂચ
**ષડ્વર્ગ** પું૦ જુઓ ષડ્રિપુ
**ષણ્માસ** પું૦ [સં.] ૭ માસનો ગાળો
**ષણ્મુખ** પું૦ [સં.] (સં.) કાર્તિકેય; ષડાનન
**ષષ્ટિ** સ્ત્રી૦ [સં.] સાઠ ૦પૂર્તિ સ્ત્રી૦ [સં.] સાઠ વર્ષ પૂરાં થવાં તે કે તેનું પર્વ
**ષષ્ઠ** વિ૦ [સં.] છઠ્ઠો **-ષ્ઠાંશ** પું૦ [+અંશ] છઠ્ઠો ભાગ. **-ષ્ઠી** સ્ત્રી૦ છઠ (૨) છઠ્ઠી વિભક્તિ (૩) બાળકના જન્મનો છઠ્ઠો દિવસ
**ષષ્ણુ** ન૦, **-ષ્ષો** પું૦ ષકાર
**ષંઢ** પું૦ [સં.] નપુંસક
**ષાડવ** વિ૦ [સં.] ૭ સ્વરનો (રાગ કે તાન)
**ષોડશ** વિ૦ [સં.] સોળ. ૦કલા(-ળા) સ્ત્રી૦ બ૦વ૦ (ચંદ્રની) સોળ કળાઓ **-શી** સ્ત્રી૦ સોળનો સમૂહ (૨) સોળ વર્ષની નવયૌવના (૩) દશ મહાવિદ્યાઓમાંની એક (૪) મરેલા પાછળ કરાતું એક કર્મ, જે મૃત્યુ બાદ દશમે કે અગિયારમે દિવસે કરાય છે **-શોપચાર** પું૦બ૦વ૦ [+उपचार] પૂજનના ૧૬ ઉપચાર (આવાહન, આસન, અર્ઘ્યપાદ્ય, આચમન, મધુપર્ક, સ્નાન, વસ્ત્રાભરણ, યજ્ઞોપવીત, ગંધ, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, તાંબૂલ, પરિક્રમા, વંદન)

## સ

**સ** પું૦[સં.]ચાર ઉષ્માક્ષરોમાંનો (ત વર્ગનો)ત્રીજો (૨) નામ પૂર્વે લાગતાં પ્રાયઃ 'સાથે, સહિત' કે ક્યાંક 'સમાન' અર્થમાં બહુવ્રીહિ સમાસ બનાવે છે ઉદા૦ સકુટુંબ, સપિંડ. ૦કાર પું૦ [સં.] સ અક્ષર કે એનો ઉચ્ચાર ૦કારાંત વિ૦ [+अंत] અંતે સકારવાળું
**સ** [સં. सु] એક પૂર્વગ 'સુ, સારું' એ અર્થમાં. ઉદા૦ સજાત, સપૂત
**સઈ** પું૦ [સં. सूचिक, પ્રા. सूइअ] સોઈ, દરજી
**સઈસ** પું૦ [જુઓ સાઈસ] ઘોડાવાળો, રાવત
**સકટમ** વિ૦ જુઓ સાકટમ
**સકડવું** સ૦ક્રિ૦ [પ્રા. संकड, संकुड (સં. संकट, संकुट) ઉપરથી, સર૦ હિં. सकुडना] તાણીને બાંધવું
**સકન** સ્ત્રી૦ જુઓ સગન
**સકરકંદ** ન૦ [પ્રા. सक्करा (સં. शर्करा) કે ફા. શકર+કંદ, સર૦ હિં. सकरकंद] મીઠા સ્વાદવાળું એક કંદ, શકરિયું
**સકરકોળું** ન૦ [સકર (જુઓ 'સકરકંદ'માં) +કોળું] મીઠું કોળું (ભૂરું કોળું નહિ)
**સક(-ક્ક)રટેટી** સ્ત્રી૦ જુઓ શકરટેટી
**સક(-ક્ક)રપારો** પું૦ જુઓ શકરપારો
**સકર્મક** વિ૦ [સં.] જેને કર્મ હોય તેવું (ક્રિયાપદ)
**સકર્મી** વિ૦ [સ (સં. सु)+कर्मन्, સર૦ હિં. सुकर्मी] ભાગ્યશાળી, નસીબવાન
**સકલ(-ળ)** વિ૦ [સં.] સર્વ, તમામ
**સકલાત** સ્ત્રી૦ [अ. सिक्लात, સર૦ म., हिं.] એક જાતનું ઊનનું કાપડ, બનાત
**સકળ** વિ૦ જુઓ સકલ
**સકંચો(-જો)** પું૦ [फा. शिकंजह, સર૦ हिं., म. सिकजा] અપરાધીઓને શિક્ષા કરવાનો એક સંચો, હેડ (૨) સખત પકડવાનું યંત્ર (૩) [લા.] કાબૂ, કબજો
**સકંટક** વિ૦ [સં.] કાંટાવાળું, વિઘ્નવાળું
**સકંપ** વિ૦ [સં.] કંપયુક્ત, ધ્રૂજતું
**સકામ** વિ૦ [સં.] કામનાવાળું, કામનાથી કરેલું

(૨) ફળની ઇચ્છાવાળું (૩) સ્વાર્થબુદ્ધિવાળું
**સકાર** પું૦[સ સુ+કાર કે શ્રી+કાર ?] ઢંગ, આવડ (૨) સ્વાદ; સત્ત્વ, સારાપણું (૩) [સં.] જુઓ 'સ'મા. [–**આવવો**=સારું થવું, ઢંગમા આવે એવું થવું.]
**સકારણ** વિ૦[સં.] કારણવાળું
**સકારવું** સ૦ક્રિ૦ [स स्वीकृ,સર૦ મ सकारणें] શિકારવું, સ્વીકારવું
**સકારાંત** વિ૦ [સં ] છેડે સવાળું
**સકારો** પું૦ [જુઓ સકાર] તારને સરખા રાખવા તાણામાં નાખેલી લાકડી કે ચીપ
**સકાશ** પું૦ [સં ] નજીકનું સ્થળ, પડોશ
**સકુટુંબ** વિ૦ [સ.] કુટુંબ સહિત
**સકોપ** વિ૦(૨)અ૦ [સં ] ગુસ્સાથી; ક્રોધભેર
**સક્ક(–ક્કા)ઈ** વિ૦ ['સક્કો' પરથી] સિક્કાદાર, પ્રમાણભૂતતાની છાપવાળું, ઊંચી જાતનું; બનાવટી નહિ તેવું (૨) સુંદર, મજેનું
**સક્કર** સ્ત્રી૦[प्रा (સં. शर्करा),फा. शकर]સાકર; ખાંડ ૦**ખોર** પું૦ સાકર ખાનરો જીવડો (૨) મીઠી વસ્તુઓ બહુ ભાવતી હોય તેવો માણસ. ૦**ટેટી** સ્ત્રી૦ જુઓ સકરટેટી. ૦**પારો** પું૦ જુઓ સકરપારો
**સક્કસ** વિ૦ [જુઓ કસવું; સર૦ म ] સારી રીતે કસેલું, ખૂબ ખેંચેલું (૨) સખત; મજબૂત
**સક્કાઈ** વિ૦ જુઓ સક્કઈ
**સક્કાદાર** વિ૦ જુઓ શક્કાદાર
**સક્કો** પું૦ જુઓ સિક્કો (૨) શાખ; છાપ (૩) ચહેરો (૪) રોફ,ભપકો (૫)[જુઓ શક્ખો] પથ્થરની લખોટી
**સક્ત** વિ૦ [સં.] આસક્ત; લાગેલું; વળગેલું
**સક્તુ** પું૦ [સં ] સત્તુ
**સક્રિય** વિ૦ [સં ] ક્રિયાયુક્ત; અમલી
**સખ** સ્ત્રી૦; ન૦ [જુઓ સુખ] જંપ, સુખ. [–**પડવું**=સુખ થવું, નિરાંત લાગવી. –**વળવું** જંપવું; શાંતિ થવી.]
**સખડી** સ્ત્રી૦ [प्रा. संखडि; સર૦ हिं. सखरी =કાચી રસોઈ] ભાત (પુષ્ટીમાર્ગીય).૦**ભોગ** પું૦ ઠાકોરજીને ધરાવાતો એક ભોગ
**સખણું** વિ૦ ['સુલક્ષણ' ઉપરથી ? કે 'સુખ' ઉપરથી ?] અડપલું નહિ તેવું; સાલસ (૨) જંપેવાળું; ઉધમાત વિનાનું
**સખત** વિ૦ [જુઓ સખ્ત] કઠણ (૨) દૃઢ, મજબૂત (૩) કઠોર, નિર્દય (૪) આકરું; ચકવી નાખે તેવું (૫) ખૂબ, હદથી જ્યાદે. ઉદા૦ સખત ભીડ. (૬) કડક, ઉગ્ર (૭) આગ્રહભર્યું, જોરદાર. ઉદા૦સખત ભલામણ (૮) મુશ્કેલ. [–**સજા**=સખત મજૂરી સાથેની કેદ. –**હાથે**=સખતાઈથી ]–**તાઈ,–તી** સ્ત્રી૦ કડકાઈ; કઠોરતા (૨) જુલમ (૩) બંધી, પ્રતિબંધ [–**ગુજારવી, વાપરવી**]
**સખતળી** સ્ત્રી૦ [સ સુખ + તળી (સં तल) ? સર૦ म. सुकतळ] જોડાની અંદર નાખવાના આવતું નરમ છૂટું પડ, સુખતળી. [–**નાખવી** =જોડામાં સખતળી મૂકવી ]
**સખળડખળ** વિ૦[સં. स्खल् +ડખળવું]ઢીલું પડી ગયેલું; હાલતું [બંધી, દોસ્તીદાવો
**સખા** પું૦ [સ.] મિત્ર. ૦**ત** સ્ત્રી૦ (કા ) ભાઈ-
**સખાવત** સ્ત્રી૦ [अ.] દાન; ખેરાત (૨) ઉદારતા. –**તી** વિ૦ દાની, ઉદાર (૨) સખાવતનું
**સખી** વિ૦[अ ]દાની ઉદાર [–**નો લાલ**=ઘણા ઉદાર સ્વભાવનો માણસ.]
**સખી** સ્ત્રી૦ [સં ] સાહેલી ૦**ભાવ** પું૦ સખી કે પત્નીનો ભાવ (ઇષ્ટની ભક્તિ કરવાનો એક પ્રકાર) ૦**રી** સ્ત્રી૦ [સર૦ हिं. री=રે, હે] (૫) હે સખી !
**સખુન** પું૦ જુઓ સુખન
**સખેદ** વિ૦ [સં.]ખેદયુક્ત (૨) અ૦ ખેદ સાથે
**સખૈયો** પું૦ [જુઓ સખા] (૫ ) મિત્ર, સાથી
**સખ્ત** [फा ], –**ખ્તાઈ, –ખ્તી** [फा ] સ્ત્રી૦ જુઓ 'સખત'મા
**સખ્ય** ન૦ [સં.] મિત્રતા; પ્રીતિ
**સગ** સ્ત્રી૦ [જુઓ શગ] (કા.) દીવાની જ્યોત
**સગટો** પું૦[प्रा सग (સં साग्र) ? સર૦ મ. सगर =વસ્ત્રને છેડે વણવામા જુદા રંગનો તાર નાખે છે તે] સાલ્લો પહેરતા કૂખે ખોસવાનો છેડો
**સગડ** પું૦, સ્ત્રી૦ [સર૦ મ. सगर=પગદંડી] ખબર, બાતમી, પત્તો (૨) પગેરું (૩) સગણ, કેડો

**સગડગ** વિ૦ [સર૦ સખળડખળ, 'ડગ'(ડગવું)નો દ્વિર્ભાવ ?] ડગુમગુ, અસ્થિર [સદેહ
**સગડગો** પુ૦ [જુઓ સગડગ] અસ્થિરતા (૨)
**સગડી** સ્ત્રી૦ જુઓ શગડી
**સગડો** પુ૦ ચાળેલો ઘઉંનો લોટ
**સગણ** પુ૦ [જુઓ સગડ] કેડો, પૂઠ
**સગણ** પુ૦ [સં] પહેલા બે અક્ષર લઘુ અને ત્રીજો ગુરુ આવે તેવો ગણ (છંદશાસ્ત્ર)
**સગતરો** પું૦ (ચ) એક જંગલી છોડ
**સગદીદ** ન૦ [ફા] કૂતરાના દર્શન કરવા તે (એક પારસી રિવાજ) [ખીલો
**સગન** પુ૦ હળના દાંડાને ધૂંસરું બાંધવા મારેલો
**સગપણ** ન૦ [સગું + પણ; સર૦ म, हिं. सगपन] સગાઈ, લોહીનો સંબંધ (૨) વિવાહ; વાગ્દાન [-રાખવું = સગાઈનો સંબંધ સાચવવો.] [રાજા
**સગર** પું૦ [सं.] (સં) એક પ્રખ્યાત સૂર્યવંશી
**સગરણ** સ્ત્રી૦ પ્રસંગ; સંજોગ; તક
**સગરામ** પુ૦, ન૦ [સર૦ म. शि(-स)ग्राम, उर्दू शिक्रम. (सं शीघ्र + गम् ?)] જુઓ શિગરામ, શગરામ
**સગરિયો** પું૦ કાછિયો (અંકલેશ્વર તરફ)
**સગર્ભ** પુ૦ [सं] સહોદર, ભાઈ -**ર્ભા** વિ૦સ્ત્રી૦ ગર્ભવંતી, ભારેવાઈ [ગવભેર
**સગર્વ** વિ૦ [सं] ગર્વયુક્ત (૨) અ૦ ગર્વથી;
**સગવડ** સ્ત્રી૦ [दे सुग्ग (निर्विघ्न) + વડ (सं. वृत्ति) ?] જોગવાઈ, અનુકૂળતા [-જોવી = સગવડ થાય કે મળે તેનો ખ્યાલ કરવો. -પડવું = જેમાં સગવડ લાગે એવું, ફાવતું; સગવડિયું. -ડિયું વિ૦ સગવડવાળું, ફાવતું; અનુકૂળ પડતું
**સગવણ** સ્ત્રી૦ [सं सं + गवेषणा ?] સંભાળ
**સગવાડ,સગાઈ** સ્ત્રી૦ જુઓ સગપણ
**સગાંસાંઈ** ન૦બ૦વ૦ [સર૦ म. सगासोइरा] સગાંવહાલાં; સગાસંબંધી
**સગીર** વિ૦ [अ.] (કાયદા પ્રમાણે) કાચી ઉંમરનું
**સગુણ** વિ૦ [सं.] ગુણયુક્ત (૨) આકાર વગેરે ગુણવાળું [ઊલટું)
**સગુરું** વિ૦ [સ+ગુરુ] ગુરુવાળું ('નગરું'થી
**સગું** વિ૦ [प्रा सग (स स्वक)] એક લોહીનું કે લગ્નસંબંધથી જોડાયેલું (૨) ન૦ તેવું માણસ. [-લાગવું = સગું સંબંધી હોવું.] ૦વહાલું ન૦ સગું, સંબંધી ૦સહોદર ન૦ એક કુટુંબનું માણસ ૦સંબંધી ન૦ સગું અને સંબંધી, સગું કે સંબંધી. ૦સાગવું ન૦ [સર૦ म. साग्या = मित्र] સગુંવહાલું, સગુંસંબંધી [સગેસાગવે જવું = સગપણ સંબંધને કારણે કોઈને ત્યાં પ્રસંગ પર જવું]
**સગોત્ર(-ત્રી)** વિ૦ [सं.] એક ગોત્રનું
**સઘન** વિ૦[सं.] ગાઢ, ઘન (૨) નક્કર ૦તા સ્ત્રી૦
**સઘળું** વિ૦ [प्रा. सगल (सं. सकल), સર૦ म सगळा, हिं. -गरा] સકળ, બધું, તમામ
**સચકિત** વિ૦ [सं.] ચકિત, આશ્ચર્ય પામેલું
**સચરાચર** વિ૦ [म] સ્થાવર, જંગમ, બધું (૨) અ૦ સર્વત્ર, ચર અચર બધામાં
**સચિ(-ચી)** સ્ત્રી૦ [म] (સં) શચી, ઇંદ્રાણી
**સચિત્ત** વિ૦ [सं] ચિત્તવાળું-જેને ચિત્ત છે એવું (પ્રાણી)
**સચિત્ર** વિ૦ [सं] ચિત્રવાળું
**સચિવ** પુ૦ [सं.] પ્રધાન, વજીર [સાથે
**સચિંત** વિ૦ [सं] ચિંતાયુક્ત (૨) અ૦ ચિંતા
**સચી** સ્ત્રી૦ [सं.] (સં) સચિ, ઇંદ્રાણી
**સચીકણ** વિ૦ [સ + ચીકણું; સર૦ हिं सचिक्कण, न] ચીકટવાળું, તેલી (૨) સુંવાળું
**સચૂકુ** વિ૦ સમૂળગું, સચોડું, તદ્દન (સુ.)
**સચેત,૦ન** વિ૦ [सं] ચેતનવાળું (૨) સાવધ
**સચેષ્ટ** વિ૦ [सं.] ચેષ્ટાયુક્ત
**સચૈલ** વિ૦ [सं] કપડાં સહિત
**સચોટ** વિ૦ [સ+ચોટ] અચૂક, નિષ્ફળ ન જાય એવું (૨) અ૦ ચૂકે નહિ તેવી રીતે
**સચોડું** વિ૦ [सं स+चैल કે सं स+चूडा પરથી] બધું, સમૂળગું; સંચોડું (૨) અ૦ તદ્દન; બિલકુલ
**સચ્ચરિત(-ત્ર)** વિ૦ [सं.] સદાચારી (૨) ન૦ સદ્વર્તન; સદાચાર [પ્રામાણિકતા
**સચ્ચાઈ** સ્ત્રી૦ [સચ્ચું પરથી] સાચાપણું,
**સચ્ચિદ** ન૦ [सं.] સત અને ચિત સ્વરૂપ

–દાનંદ પું૦ [+आनन्द] સત, ચિત અને આનંદરૂપ બ્રહ્મ, પરમાત્મા
સચ્ચું વિ૦ [પ્રા. सच्च (સં. सत्य)] સાચું; સત્ય
સજ(–જ્જ) વિ૦ જુઓ સજ્જ [સાવધાન
સજગ વિ૦ [સ+જગ (જાગવું),સર૦ हिं.] જાગ્રત;
સજ(–જ્જ)ડ વિ૦ [સ+જડ ?, સર૦ म. सज्जड] મજબૂત; દૃઢ, સખ્ત (૨) ભારે, આકરું (૩) સખત ચોટેલું (૪) અકડાયેલું; જડાયેલું. [–થઈ જવું = મરી જવું (૨) હેબતાઈ જવું, જડવત્ થઈ જવું –ધાપ = ભારે મોટી ધાપ કે ચોરી. –માર = સખત – આકરો માર – લેવું = ખૂબ ધમકાવવું.] ૦બંબ, ૦બાણ વિ૦ એકદમ સજ્જડ [–નાઈ સ્ત્રી૦
સજન પું૦ [ સર૦ हिं ] + સુજન ૦તા,
સજની સ્ત્રી૦ [प्रा. सजण (સં. स्वजन) ઉપરથી] સખી (૨) પ્રિયા [ભરેલું
સજલ(–ળ) વિ૦ [સં.] જળવાળું (૨) આંસુથી
સજવું સ૦ક્રિ૦ [સં सज्ज्] ધારણ કરવું (૨) શણગારવું (૩) સજ – તૈયાર કરવું
સજળ વિ૦ જુઓ સજલ
સજા સ્ત્રી૦ [फा] શિક્ષા, દંડ, નસિયત
સજાઈ સ્ત્રી૦ ['સજવું' ઉપરથી, સર૦ हिं] સામગ્રી (૨) સજવું તે, તૈયારી
સજાત વિ૦ [જુઓ સુજાત] કુલીન, ખાનદાન
સજાતિ, –તીય વિ૦ [સં.] એક જાતિ કે વર્ગનું
સજાત્ય ન૦ [સં] સમપણું (૨) 'સિમિલિટયૂડ' (ગ.) ૦કેંદ્ર ન૦ 'સેન્ટર ઓફ સિમિલિટયૂડ' (ગ.) ૦રેખા સ્ત્રી૦ 'લાઇન ઑફ સિમિલિટયૂડ (ગ.)
સજાપો પું૦ ['સાજું' ઉપરથી] તંદુરસ્તી; આરોગ્ય
સજાય સ્ત્રી૦ [प्रा सज्झाय (सं स्वाध्याय)] શિખામણ; સમજણ [છર
સજાયો પું૦ [સર૦ दे सज्जिअ = હજામ] અસ્રો,
સજાવટ સ્ત્રી૦ ['સજવું' પરથી] સજવું તે કે તેની ઢબછબ, રીત શણગાર શોભા કરવાં તે
સજાવર વિ૦ [फा सज़ावार] યોગ્ય, લાયક
સજાવાર વિ૦ [સજા+વાર; સર૦ हिं] સજા કરવા યોગ્ય, સજાને પાત્ર (૨) [फा] જુઓ સજાવર
સજીવ વિ૦ [સં.] જીવવાળું, જીવતું ૦તા સ્ત્રી૦
સજીવન વિ૦ [સં] જીવતું [–ઔષધિ = હમેશા ચખતું રહેતું અને કાપ્યા છતા જીવતું રહેતું વૃક્ષ. –પાણી = સતત વહેતું પાણી, અખૂટ પાણી.]
સજીવારોપણ ન૦ [સં] નિર્જીવમાં સજીવપણાનો આરોપ કરવો તે (એક અલંકાર)
સજીવું વિ૦ જુઓ સજીવ
સજોડ વિ૦ [સ+જોડ] જોડીદાર સહિત (સ્ત્રી પુરુષ બંને) –ડે અ૦ પતિ કે પત્નીની સાથે
સજોદરો પું૦ એ જાતનો બ્રાહ્મણ
સજોર વિ૦ [સ+જોર] જોરવાળું, બળવાન
સજ્જ વિ૦ [સં.] (સજીને) તૈયાર થયેલું
સજ્જડ વિ૦ જુઓ સજડ
સજ્જન પું૦[સં] સભ્ય, ખાનદાન કે સદાચારી માણસ (૨) ન૦ સજ્જ કરવું તે. ૦તા, –નાઈ સ્ત્રી૦ ખાનદાની
સજ્જા સ્ત્રી૦ [प्रा (सं. शय्या)] શય્યા (૨) તેરમાને દિવસે અપાતું ખાટલા અને પથારીનું દાન (૩) [સં.] બખતર (૪) પોશાક
સજ્જિત વિ૦ [સં] સજ્જ થયેલું કે કરેલું
સટ પું૦ [ઇ. सेट] સમાન વસ્તુઓનો સમૂહ
સટ,૦ક અ૦ [રવ૦; સર૦ म., हिं] ઝટ, એકદમ. [–દઈને, લઈને = તરત જ.]
સટકણિયું વિ૦ જુઓ સટકણું
સટકણું, વિ૦ ['સટકવું' ઉપરથી] સટકી જાય તેવું (૨) ન૦ નાસવું તે
સટકવું અ૦ક્રિ૦ ['સટક' અ૦ ઉપરથી; સર૦ म. सटकणें, हिं सटकना] નાસી જવું (૨) સરી જવું, ખસી પડવું
સટકિયું વિ૦ [સટકવું પરથી] સટકે તેવું (૨) ન૦ ઝટ સરે એવી ગાંઠ (૩) ઉંદરડી
સટકાવવું સ૦ક્રિ૦ ['સટકો' ઉપરથી. સર૦ हिं सटकाना, म सटकावणें] મારવું, ઝાપટવું (૨) 'સટકવું'નું પ્રેરક [सटका] લાકડી, સોટી
સટકો પું૦ ['સટ' અ૦ ઉપરથી, સર૦ म, हिं
સટરપટર વિ૦ [રવ૦; સર૦ म सटरपटर, हिं] અવ્યવસ્થિત, વેરણછેરણ (૨) આમ તેમ; આઘું પાછું (૩) પરચૂરણ (૪) અ૦ અવ્યવસ્થિતપણે –રિયું વિ૦ ગડબડિયું, સટરપટર
સટવું અ૦ક્રિ૦ જુઓ સટકવું

**સટા** સ્ત્રી૦ [સં.] જટા (૨) કેશવાળી (સિંહની)
**સટાક** અ૦ [રવ૦, જુઓ સટ, સર૦ હિં.] તેવો અવાજ થાય તેમ (૨) ઝટ; ત્વરાથી (૩) સ્ત્રી૦[જુઓ સટકો] કોરડો(૪) તેનો અવાજ. [–દઈ ને, લઈ ને = ઝપાટાબંધ (૨) સટાક એવા અવાજ સાથે ]–કાબંધ અ૦ સપાટાબંધ. –કો પું૦ કોરડાનો અવાજ (૨) કોરડો
**સટીક** વિ૦ [સં ] ટીકાવાળું, ટીકા સહિત(પુસ્તક)
**સટોડિ(–રિ)યો** પુ૦ ['સટ્ટો' ઉપરથી] સટ્ટો કરનારો
**સટોસટ** અ૦ ['સટ' ઉપરથી] ઉપરાઉપરી
**સટ્ટક** ન૦[સં ] એક જાતનુ પ્રાકૃત ભાષાનું નાનું નાટક (દા ત. કર્પૂરમંજરી)
**સટ્ટાખોર,–રી,સટાબાજ,–જી** જુઓ'સટ્ટો'મા
**સટ્ટો** પુ૦ [દે सट्ट=વિનિમય, સર૦ हिं , म] લાભનુ લેખુ માડીને કરેલુ સોદાનુ સાહસ. [–ખેલવો,રમવો= સટ્ટો કરવો –મારી જવું =ઉઠાવી જવુ ]–ટ્ટાખોર,–ટ્ટાબાજ વિ૦ સટ્ટાની લતવાળુ; સટોરિયુ. –ટ્ટાખોરી, –ટ્ટાબાજી સ્ત્રી૦
**સઠલ** વિ૦ [જુઓ શિથિલ, સર૦ प्रा. सढिल] નરમ [ઠેકાણું–જગા
**સઠેકાણું** ન૦ [સ (सु) + ઠેકાણુ] સારુ
**સડ** વિ૦ ભરાવાથી તંગ; કઠણ, જડ(૨) સ્તબ્ધ, દિઙ્મૂઢ (૩) અ૦ [સર૦ સટ રવ૦] ઝડપથી. ૦ક વિ૦ (૨) અ૦ [સર૦ म.] જુઓ સડ ૨, ૩ [–થઈ જવું = સ્તબ્ધ થઈ જવુ.]
**સડક** સ્ત્રી૦ [अ शरक, સર૦ हिं., म ] પાકો રસ્તો (૨) જુઓ 'સડ'મા ૦લાકડું વિ૦ લાકડા જેવુ સ્તબ્ધ ને જડ
**સડકો** પુ૦ [રવ૦, સર૦ म सडका]આગળાથી પ્રવાહી પદાર્થ મોમાં લેતા થતો અવાજ, સબડકો (૨) જોરથી વાયુ ખેંચતા નાકમા થતો અવાજ [–ભરવો = સડકાની સાથે પ્રવાહી વાની ખાવી ] [અઢી (સંકેત)
**સડજોડ** વિ૦ [સડ (प्रा सड्ढ–सं. सार्ध)+જોડ]
**સડઝોડ** વિ૦ [સડ + ઝોડ] દુરાગ્રહી, પોતાના મતને ઝોડની પેઠે વળગી રહેનાર
**સડવડ** અ૦ સડસડાટ, સડસડ
**સડવું** અ૦ક્રિ૦ [प्रा. सड (सं शट् के सद्)] કોહી જવુ (૨) [લા.] સાવ બગડવુ, ભ્રષ્ટ થવુ
**સડસઠ** (ઠ,) વિ૦ [સડ (सं. सप्तन्) + સાઠ(प्रा. सट्ठि, सं. षष्टि), સર૦ हिं.] '૬૭'
**સડસડ** અ૦ [રવ૦, સર૦ म.] કડકડતા પ્રવાહીનો કે સડકાનો અવાજ. ૦વું અ૦ક્રિ૦ સડસડ અવાજવી ઊકળવુ કે બળવું –ડાટ પું૦ સ સડ અવાજ (૨) સપાટાબંધ, રેલાની પેઠે, સડેડાટ [લઈ ને]
**સડાક** અ૦ [રવ૦,સર૦ हिं ]જલદી. [–દઈ ને,
**સડાકો** પું૦ [રવ૦] ચાબુકનો અવાજ; સટાકો (૨) જુઓ સડકો (૩) બીડી, ચલમનો દમ ખેંચવો તે [–તાણવો, મારવો, લેવો= બીડી, ચલમ, હોકલી વગેરેનો દમ ખેંચવો ]
**સડાસડ** અ૦ [રવ૦, સર૦ म] સડ સડ; ઉપરાઉપરી સડાકા થાય એમ
**સડિયો** (ડિ') પુ૦ ['સઢ' (જેવો આકાર) ઉપરથી ?] અળવીનો છોડ, તેનુ પાન કે દાંડો –યાનાં પાન ન૦બ૦વ૦ અળવીના પાન; પાતરા –યાની ગાંઠ સ્ત્રી૦ તેનુ કંદની ગાંઠ જેવું ભી
**સડેડાટ** અ૦ [રવ૦] સડડડ કરીને (ગતિ માટે), વગર વિઘ્ને; સડસડાટ
**સડો** પું૦ ['સડવુ' ઉપરથી] કોહવાટ, બગાડો (૨) [લા.] ભ્રષ્ટાચાર, ખરાબી [–પડવો, પેસવો, લાગવો]
**સઢ** પુ૦ [દે] પવન ભરાઈને વહાણને ગતિ મળે તે માટે વહાણના થાભલાને બાધવામા આવતુ કપડુ [–ચડાવવો] [ઢીલું
**સઢીલ** વિ૦ [प्रा सढिल (सं शिथिल)]શિથિલ,
**સણકો** પુ૦ [સર૦ म सणका, રવ૦ ?] શૂળ ભોંકાતી હોય એવુ દરદ(૨) [લા ]મનનો તરંગ. [સણકા આવવા, નાખવા, મારવા = સણકાની વેદના થવી. સણકો થવો, લાગવો= એકાએક વેદના થવી (૨) માઠુ લાગવુ (૩) માઠુ લાગવાથી એકાએક ચમકી પડવુ ]
**સણગટ** પુ૦ શણગટ, સેંથિયુ, ઘૂંઘટ
**સણગો** પું૦, –ગાવું અ૦ક્રિ૦ જુઓ શણગો, શણગાવું

**સણુસણુ** અ૦ [રવ૦; સર૦ हिं., म ]ઊકળતા પાણીનો અવાજ ૦વું અ૦ક્રિ૦ સણુસણુ અવાજ થવો -ણાટ પું૦ પાણી બળતાં કે હવા ચિરાતા થતો અવાજ

**સણુસાર,-રો** પું૦ જુઓ અણસારો. ૦વું સ૦ક્રિ૦[સણ(प्रा सणिअ,सं शनै.)+સારવું ?] અણસારો કરવો (૨) બળદ, ઘોડા વગેરેને જોરથી ચલાવવા(૩)રાશ, લગામ વગેરે હલાવવા

**સણુંગ** સ્ત્રી૦ [प्रा. मण्ह (सं. सूक्ष्म) ઉપરથી ?] સુરંગ, જમીન તળેનો લાંબો સાંકડો રસ્તો (૨) વિ૦[જુઓ સણગાર્યું] (સુ ) સણગાયેલી -અંકુર ફૂટેલી (વાલની દાળ)

**સણ્ણિયું** વિ૦ ['શાણું' ઉપરથી ? કે प्रा. सण्ह (स सूक्ष्म)?] ચતુર

**સણીછ** સ્ત્રી૦ [જુઓ-સણીજુ] મા. -જું વિ૦ [प्रा. सिणिज्झ (सं. स्निह्) ઉપરથી] સગપણના સબંધવાળુ -જો પું૦ બાપ

**સત** વિ૦ [सं.] (સમાસની શરૂઆતમા) સાચું (૨) સારુ (૩) અસ્તિત્વવાળું (૪) યથાર્થ (૫) ન૦ અસ્તિત્વ (૬) સાચાપણું (૭) સાર (૮) સતીત્વનો જુસ્સો. [-આવવું, ચઢવું = સચ્ચાઈનુ શૂરાતન ચઢવુ(૨)સતીત્વનો જુસ્સો પ્રગટવો, પતિની પાછળ બળી મરવા તૈયાર થવુ -નું બાંધ્યું = સત્યથી બંધાયેલું -નિયંત્રિત થવુ -બતાવવું = પોતાના સત્યનો પરચો આપવો ] ૦જુગ પું૦ જુઓ સત્યયુગ ૦જુગિયું વિ૦ સતજુગનું (૨) સત્યવાદી, ધર્માત્મા [અ૦ હમેશાં, નિરંતર

**સતત** વિ૦ [सं.] હમેશ ચાલુ (૨) કાયમી (૩)

**સતપત** સ્ત્રી૦, -તાટ પું૦ [सं स + ઉત્પાત] જપીને ન બેસાય તે, ચંચળતા. -તિયું વિ૦ સતપત કર્યા કરનારું, ચંચળ, હાલ હાલ કર્યા કરનારું

**સતમ** પું૦; સ્ત્રી૦ [સર૦ म ] જુઓ સિતમ

**સતમી** સ્ત્રી૦ [સર૦ म ] માલનું ભરતિયુ (૨) રજાચિઠ્ઠી

**સતયુગ** પુ૦ જુઓ સત્યયુગ [હાર

**સતર** સ્ત્રી૦ [अ सत्त; સર૦ हिं.] લીટી,ઓળ;

**સતસાઈ** સ્ત્રી૦ જુઓ શતસાઈ

**સતાણુ** વિ૦ [સ+તાણ] ખેંચીને પકડેલુ,તંગ

**સતાપ(-બ)** સ્ત્રી૦ [સર૦ हिं. सिताव; म सताप] એક વનસ્પતિ

**સતામ(-વ)ણી** સ્ત્રી૦ ['સતાવવું' ઉપરથી] સતાવવુ તે; પજવણી [એક તંતુવાદ્ય

**સતાર** પું૦; સ્ત્રી૦ [સર૦ म ] જુઓ સિતાર,

**સતારો** પું૦ જુઓ સિતારો. [-ચડતો હોવો = ચડતી કળા હોવી -પાંશરો હોવો = ભાગ્ય અનુકૂળ હોવું ]

**સતાવણી** સ્ત્રી૦ જુઓ સતામણી

**સતાવવું** સ૦ક્રિ૦ [प्रा. संताव (सं संतापय्); સર૦ म. सतावणें, हिं. सतावना] પજવવું

**સતાવું** અ૦ ક્રિ૦ (ચ.) સમાવુ -શ પું૦ સમાવેશ, સતાવું તે [+ હોતા, છતે

**સતાં** અ૦ [सं सत्] + છતા,તોપણ -ને અ૦

**સતાં** અ૦ [प्रा. सत्त (सं सप्तन्) = સાત] સાતે ગુણેલું. ઉદા૦ ૭ સતા બેંતાલીસ

**સતિસપ્તમી** સ્ત્રી૦ [सं ] ક્રિયાપદે બતાવેલી ક્રિયા કઈ પરિસ્થિતિમા થઈ હતી તે બતાવવા સંસ્કૃતમા કરાતો કૃદંતનો અને તેના વિશેષ્યનો એક પ્રયોગ (વ્યા.) [પ્રામાણિક; સતુ

**સતિયું** વિ૦ ['સત' ઉપરથી] સત્યવાદી;

**સતિયું** અ૦ [प्रा सत्त (सं सप्तन्) = સાત ઉપરથી] સાતે ગુણેલું; જુઓ સતાં [સતિયું સતિયું ઓગણપચાસ = બારોબારિયું; કોઈને માથે નહીં એમ ]

**સતી** સ્ત્રી૦ [सं ] પતિવ્રતા (૨) મૃત પતિ સાથે ચિતામા બળનારી સ્ત્રી (૩) [સ.] પાર્વતી (૪) ગાયત્રી ૦ત્વ, ૦પણું ન૦

**સતું** વિ૦ [प्रा सत्त (स. सत्य) ઉપરથી] સાચું; સત્યમાર્ગે ચાલનાર (૨) સત્વવાળું (૩) હયાત; ચાલતુ

**સતે** અ૦ + જુઓ 'સતા'મા

**સતેજ** વિ૦ [सं ] (વધારે) પ્રકાશયુક્ત કે સળગતુ (૨) ઉત્સાહયુક્ત (૩) જાગ્રત

**સતો** પુ૦ [જુઓ સતી] સતી પેઠે પત્ની પાછળ સહગમન કરનારો (૨) વિ૦ પુ૦ જુઓ સતુ

**સતોરું** વિ૦ [સ + તોર] તોરવાળું (દહી)

**સતોસતિયું** વિ૦ ['સતિયુ'ના દ્વિર્ભાવ પરથી ?]

ભલીવાર વગરનું; ઠામઠેકાણા વગરનું (૨) બારોબારિયું, કોઈને માથે નહિ એવું, જુઓ સતિયુ સતયુ ઓગણપચાસ

**સત્કર્મ** ન૦ [સં.] સારું કામ

**સત્કાર** પું૦ [સં] સ્વાગત. ૦ક વિ૦ સત્કાર કરનારુ. ૦વું સ૦ ક્રિ૦ સત્કાર કરવો ૦સમિતિ સ્ત્રી૦ સ્વાગતસમિતિ

**સત્કાર્ય** ન૦ [સં] સારુ કાર્ય ૦વાદ પું૦ ઉત્પત્તિ પૂર્વે કારણસ્વરૂપે કાર્ય વિદ્યમાન છે એવો સાંખ્ય ને વેદાંતી મત ૦વાદી પું૦ સત્કાર્યવાદમાં માનનાર

**સત્તમ** વિ૦ [સં.] ઉત્તમ; શ્રેષ્ઠ

**સત્તર** વિ૦ [प्रा (सं सप्तदशन्), સર૦ हिं. सत्तरह, म. सतरा] '૧૭'. [-આના ને બે પાઈ=જોઈએ એના કરતા પણ સારું, સર્વોત્તમ -જગાએ=ઘણે ઠેકાણે -જણ ઘણા માણસો -વખત, -વાર=ઘણી વાર; વારંવાર (૨) અવશ્ય; ખસૂસ.] -રા પું૦ બ૦ વ૦ સત્તરનો ઘડિયો [-ભણવા, ભણી જવા=નાસી જવું]

**સત્તા** સ્ત્રી૦[સં.] સ્વામિત્વ, માલકી(૨)અધિકાર; હક (૩) અમલ (૪) બળ, જોર(૫) અસ્તિત્વ [-આવવી=અધિકાર કે અમલ મળવો (૨) દૈવત આવવુ, વવા વળવી. -ચાલવી =દોર-અધિકાર ચાલવો -ઉપર આવવું, -માં આવવું=સત્તાધારી થવુ, રાજસત્તા હાથ આવવી] ૦ધારી વિ૦ સત્તાવાન ૦ધિકારી, ૦ધીશ વિ૦ [+अधिकारी, अधीश] સત્તા અને અધિકારવાળુ (૨) પું૦ અધિકારી, અમલદાર. ૦બળ ન૦ અધિકારનું બળ (૨) બળ, શક્તિ. ૦વાચક વિ૦ અસ્તિત્વ જણાવનારુ (વ્યા.) ૦વાદ પું૦ સત્તાની કલ્યાણકારિતામાં માન્યતા. ૦વાદી વિ૦ (૨) પું૦ સત્તાવાદમાં માનનાર ૦વાન વિ૦ સત્તવાળુ ૦વાર વિ૦[+फा. वार]સત્તાયુક્ત, પ્રમાણિત ૦વાહી વિ૦ સત્તાવાળુ, સત્તા સૂચવતુ, સત્તાની અસર પહોંચાડે એવુ

**સત્તાણું(-ણું)** વિ૦ [प्रा सत्ताणउइ (सं. सप्तनवति), સર૦ म सत्याण्णव, हिं. सत्तानवे] '૯૭' (૨) ત્રણનો સંકેત. [-પાયા=ઢંગધડા વિનાનું; સાડા ત્રણ પાયાનું]

**સત્તાવન** વિ૦ [प्रा. सत्तावण्ण,-न्न (सं. सप्त-पञ्चाशत्), સર૦ म ; हिं ] '૫૭'

**સત્તાવાદ, -દી, સત્તાવાન, સત્તાવાર, સત્તાવાહી** જુઓ 'સત્તા'માં

**સત્તાવીસ** વિ૦ [प्रा. (सं सप्त-विंशति)] '૨૭'

**સત્તુ** પું૦ [प्रा. (सं सक्तु)] સક્તુ સાથવો

**સત્તો** પું૦[सं. सप्तक, प्रा सत्तग, સર૦ हिं , म] સાતના આંકવાળું પત્તું કે પાસો

**સત્ત્ર(-ત્ર)** ન૦ [સં.] જુઓ સત્ર

**સત્ત્વ** ન૦ [સં.] અસ્તિત્વ (૨) અંતઃકરણ (૩) સાર; તત્ત્વ (૪) સદ્ગુણ (૫) બળ, પરાક્રમ (૬) પ્રાણી. ૦ગુણ પું૦ પ્રકૃતિના ત્રણ ગુણમાંનો પ્રથમ (જુઓ ત્રિગુણ). ૦ગુણી વિ૦ સત્ત્વગુણવાળુ. ૦(૦સં)શુદ્ધિ સ્ત્રી૦ અંતઃકરણની શુદ્ધિ ૦હીન વિ૦ બળ કે તત્ત્વ વગરનુ

**સત્પથ** પું૦ [સં] સન્માર્ગ

**સત્પાત્ર** વિ૦ [સં] બરાબર યોગ્યતાવાળુ

**સત્પુરુષ** પું૦ [સં] સારો પુરુષ, સજ્જન

**સત્પ્રતિપક્ષ** પું૦ [સં.] એક હેત્વાભાસ, પોતે જે સાધ્ય સિદ્ધ કરે છે તેનો જ અભાવ સિદ્ધ કરનાર બીજો સબળ વિરોધી હેતુ જેને હોય તે હેતુ (ન્યા.)

**સત્ય** વિ૦ [સં.] સાચું, વાસ્તવિક, ખરું (૨) ન૦ ખરાપણુ, તથ્ય, સાચી વાત. ૦તા સ્ત્રી૦, ૦ત્વ ન૦ ૦દર્શી વિ૦ સત્ય જાણનારું ૦નારાયણ સત્યરૂપી નારાયણ; વિષ્ણુ ભગવાનનું એક નામ. [-ની કથા =સત્યનારાયણની પૂજા ને તેમની કથાનો પાઠ પ્રસાદ વગેરે.] ૦નિષ્ઠ વિ૦ સત્યને વળગી રહેનારું. ૦નિષ્ઠા સ્ત્રી૦ સત્ય જ પરમ છે એવી શ્રદ્ધા કે ભક્તિ—અચળ વિશ્વાસ, સત્યપરાયણતા ૦પર,૦પરાયણ વિ૦ સત્યને જ વળગી રહેનારું. ૦પૂત વિ૦ સત્ય વડે પવિત્ર થયેલુ, સાચુ ૦પ્રિય વિ૦ જેને સત્ય પ્રિય છે એવુ. ૦પ્રિયતા

સ્રી૦. ૦ભામા સ્રી૦ (સ.) સત્રાજિત રાજાની પુત્રી અને શ્રીકૃષ્ણની પટરાણીઓમાની એક. ૦યુગ પું૦ ચાર યુગમાંનો પ્રથમ; સતજુગ. ૦યુગીન વિ૦ સતયુગનુ કે તેને અંગેનુ ૦લોક પું૦ સાત લોકમાંનો સૌથી ઉપલો લોક. ૦વક્તા પું૦ સત્ય બોલનાર. ૦વાદી વિ૦ સત્ય બોલનાર. ૦વાન પું૦ (સ.) સાવિત્રીનો પતિ ૦વ્રત વિ૦ સત્ય બોલવાના વ્રતવાળું; સત્યનિષ્ઠ (૨) પુ૦ (સં) ભીષ્મ. ૦સંકલ્પ વિ૦ જેનો સંકલ્પ સાચો છે –જેનો સંકલ્પ તરત સિદ્ધ થાય છે એવું. ૦સંધ વિ૦[સં.] જેની પ્રતિજ્ઞા સાચી છે એવું; વચન પાળનાર. –ત્યા સ્રી૦ (સ.) કૃષ્ણની આઠ પટરાણીઓમાની એક

સત્યાગ્રહ પું૦[સં] સત્યપાલનનો આગ્રહ (૨) તે દ્વારા લડાતુ અહિંસક યુદ્ધ (૩) તે અર્થે કરેલો સવિનય કાનૂનભંગ. ૦છાવણી સ્રી૦ સત્યાગ્રહના સૈનિકોની છાવણી. –હી વિ૦ સત્યાગ્રહને અંગેનું (૨) સત્યાગ્રહ કરનારું (૩) પું૦ સત્યાગ્રહ કરનાર [ખોટું

સત્યાનૃત ન૦ [સં સત્ય+અનૃત] સાચું અને

સત્યાનાશ ન૦ [સં. सत्ता (અસ્તિત્વ)+નાશ; સર૦ हिं सत्यानास, म. सत्यानाश,-स] નખ્ખોદ; પાયમાલી [–જવું, વળવું = નખ્ખોદ જવું –ની પાટી = પૂરી પાયમાલી.]

સત્યાભાસી વિ૦[સં.]સત્યનામાત્ર આભાસવાળું

સત્યાર્થપ્રકાશ પું૦ [સં] (સ.) સ્વામી દયાનંદકૃત આર્યસમાજનો મૂળ ગ્રંથ

સત્યાશી(–સી) વિ૦ [प्रा. सत्तासीइ (સ. सप्ताशीति) સર૦ म सत्यायशी, हिं. सत्तासी] '૮૭'. –શિ(–સિ)યું વિ૦ સત્યાશીની સાલને લગતું

સત્યાંશ પું૦ [સં सत्य+अंश] સત્યનો અંશ

સત્ર ન૦ [સં] યજ્ઞ શરૂ થઈ પૂરો થાય ત્યાં સુધીનો (૧૩ થી ૧૦૦ દિવસનો) સમય (૨) યજ્ઞ (૩) લાંબી રજાઓ વચ્ચેનો શાળાનો અભ્યાસનો સમય-ગાળો; 'ટર્મ' (૪) સદાવ્રત

સત્રપ પું૦ [સર૦ સં क्षत्रप, म.; इं. सेट्रप] સૂબો, હાકેમ

સત્રાંત વિ૦[સં.] સત્રને અંતે આવતુ કે બનતુ (૨) પું૦ સત્રનો અંત

સત્વર વિ૦ [સં.] ત્વરાયુક્ત (૨) અ૦ જલદી. ૦તા સ્રી૦ [સજ્જનનો સમાગમ

સત્સમાગમ પું૦ [સં] સત્સંગ, સાધુસંત કે

સત્સંગ પું૦[સં.] સંત કે સજ્જનની સોબત. –ગી વિ૦ સત્સંગ કરનારુ (૨) પું૦ સત્સંગ કરનાર (૩) (સં.) સ્વામીનારાયણ સંપ્રદાયનો અનુયાયી

સથરપ(–વ)થર ['પથર' ('પથરાવું' ઉપરથી) કે વથર (वि+स्थल ઉપરથી)નો દ્વિર્ભાવ?] અવ્યવસ્થિત, વીખરાયેલું

સથરાવું ન૦ બિછેરી નાખવું તે(૨)લશ્કરની કતલ

સથરામણ સ્રી૦ [સર૦ प्रा. सथावण, म संथावणें] મનની શાંતિ

સથવારો પું૦ [प्रा. सत्थ (स. सार्थ), કે दे. सत्थर = સમૂહ] સાથ (૨)કાફલો (૩)કાડિયાની એક જાતનો આદમી

સથો પું૦ [प्रा सत्थर (सं स्रस्तर) = શય્યા; બિછાનુ ઉપરથી? અથવા સર૦ म संथळ (સ. सम+तल) = સપાટ જમીન – મેદાન] તૂતક

સદ્દહરવું સ૦ક્રિ૦ માનવુ, પત કરવું

સદડું વિ૦[જુઓ સદળુ]પ્રવાહી અને જાડુ –ઘટ્ટ

સદન ન૦ [સં] ઘર, રહેઠાણ

સદય વિ૦ [સં.] દયાયુક્ત; દયાવાળું

સદર વિ૦ [अ. सद्र, સર૦ हिं., म.] મુખ્ય, વડું, શ્રેષ્ઠ (૨) સદરહુ (૩) કુલ (સત્તા, પરવાનગી) (૪) ન૦ મોટી કચેરીવાળું કે હાકેમ રહેતો હોય તે સ્થળ (૫) પું૦ પ્રમુખ; સભાપતિ. ૦અદાલત સ્રી૦ વડી કચેરી. ૦અમીન પું૦ જડજથી ઊતરતો વડો દેશી અમલદાર ૦પરવાનગી સ્રી૦ જેમ ફાવે તેમ કરવાની કુલમુખત્યારી. ૦બજાર પુ૦ સ્રી૦, ન૦ મુખ્ય બજાર [જણાવેલુ, પૂર્વોક્ત

સદરહુ વિ૦ [अ. सद्रहु, સર૦ म.] આગળ

સદરો પું૦ [अ, સર૦ म. सदरा, हिं. सदरी] ટૂંકી બાંયનુ ખૂલતુ પહેરણ

સદર્થ પું૦ [સં.] સારો કે સાચો અર્થ – હેતુ કે વસ્તુ (૨) વિ૦ સારા અર્થવાળું (૩) શુભ

પ્રયોજનવાળુ. -ર્થે અ૦ સારા માટે
**સદવું** અ૦ક્રિ૦[सं सत् ઉપરથી?] માફક આવવુ
**સદસદ્‌વિવેક** પુ૦ [सं] સારાનરસાનો ભેદ સમજવાની શક્તિ [સ્રી-સભાસદ
**સદસ્ય** પુ૦[सं]સભાસદ. -સ્યા સ્રી૦ સભ્યા;
**સદળ** વિ૦ [सं. स+दल, સર૦ म] દળવાળુ, જાડું. -ળું વિ૦ જુઓ સદળ (૨) ભારે
**સદંતર** અ૦ સઃ ને માટે (૨) પૂર્ણતઃ, સર્વથા
**સદંશ** પું૦ [सं.] જુઓ સત્યાંશ
**સદા(૦કાળ)** અ૦ [सं] હમેશાં
**સદાગ્રહ** પુ૦ [सं.] સાચો કે સારી બાબત વિષેનો આગ્રહ, સત્યાગ્રહ
**સદાચરણ** ન૦ [सं.] સારું આચરણ; સદ્વર્તન. -ણી વિ૦ સદાચરણવાળું
**સદાચાર** પુ૦[सं.] સારો આચાર, સદાચરણ, શિષ્ટ પુરુષોનો આચાર.-રી વિ૦ સદાચારવાળો
**સદાનંદ** વિ૦ [सं.] સદા આનંદમાં રહેનારુ (૨)પું૦ પરમાત્મા(૩)સંગીતનો એક અલંકાર
**સદારદા** અ૦ કારણ વિના, સહેજસાજમા
**સદાવડું** વિ૦ [સર૦ म. सदावीळ] સમૂળગું; સાથે લાગુ; બધું (૨) હંમેશનું
**સદાવ્રત** ન૦ [सं सदा+व्रत કે वृत्ति, સર૦ म., हिं. सदावर्त] દીન ભૂખ્યાને રોજ અન્ન આપવાનુ વ્રત કે જ્યા તેમ રોજ અન્ન અપાય છે તે સ્થળ, અન્નક્ષેત્ર
**સદાશિવ** વિ૦[सं.] હમેશા કલ્યાણકારી (૨) પુ૦ (સં.) મહાદેવ
**સદાસર્વદા** અ૦ [सं] હમેશા, સતત
**સદી** સ્રી૦ [फा.] સૈકો
**સદીકુ** અ૦[स · दी = દિવસ?] વેળાસર(સુ)
**સદીસા** અ૦ [સ+દિવસ?] વેળાસર; સવેળા
**સદૃશ** વિ૦[सं]સમાન. ૦તા સ્રી૦ -શીકરણ ન૦ [स] સદૃશ કરવુ તે [(પરલોક જવુ)
**સદેહ** વિ૦[सं.] દેહ સહિત.-હે અ૦ દેહ સાથે
**સદૈવ** અ૦ [स] હમેશા
**સદોદિત** વિ૦[सं] નિત્ય પ્રકાશમય, નાશરહિત (૨) અ૦ સદા, સર્વદા
**સદોષ** વિ૦ [सं] દોષવાળુ
**સદ્‌ગત** વિ૦[सं] સારી ગતિ પામેલું; મૃત
**સદ્‌ગતિ** સ્રી૦[सं]સારી ગતિ,ઉત્તમ લોકની પ્રાપ્તિ
**સદ્‌ગુણ** પું૦ [सं] સારો ગુણ. -ણી વિ૦ સદ્‌ગુણવાળુ [સજ્જન
**સદ્‌ગૃહસ્થ** પુ૦ [सं.] પ્રતિષ્ઠિત માણસ (૨)
**સદ્ધર્મ** વિ૦[सं]સાચો કે શ્રેષ્ઠ ધર્મ(૨)બૌદ્ધધર્મ
**સદ્‌બુદ્ધિ** સ્રી૦ [सं]સારી બુદ્ધિ, સન્મતિ
**સદ્‌ભાગણ, -ગિની** [सं] વિ૦ સ્રી૦ ભાગ્યશાળી સ્રી
**સદ્‌ભાગી** વિ૦[सं.] ભાગ્યશાળી
**સદ્‌ભાગ્ય** ન૦ [सं] સારું ભાગ્ય, સુભાગ્ય
**સદ્‌ભાવ** પુ૦[सं]હોવાપણાનો કે સારાપણાનો ભાવ (૨) બીજા પર ભાવ કે સ્નેહની લાગણી
**સદ્મ** ન૦ [सं.] ઘર, મંદિર
**સદ્ય** અ૦ [सं] તરત જ -દ્યઃસ્થિતિ સ્રી૦ વર્તમાન પરિસ્થતિ -દ્યોવધૂ સ્રી૦ જન્મની ઉમરે પરણી લેનારી સ્રી (જુઓ બ્રહ્મવાદિની)
**સદ્‌વર્તન** ન૦ [सं] સારુ વર્તન, સદાચરણ
**સદ્‌વાસના** સ્રી૦ [सं] સારી વાસના
**સદ્‌વૃત્તિ** સ્રી૦ [सं.] સારી વૃત્તિ (૨) સદ્વર્તન
**સધન** વિ૦ [सं] ધનવાન [સહધર્મિણી
**સધર્મચારિણી,સધર્મિણી** સ્રી૦ [सं] જુઓ
**સધર્મી** વિ૦ [सं] સમાન ધર્મવાળું સહધર્મી
**સધવા** વિ૦સ્રી૦(૨)સ્રી૦ [सं.]સૌભાગ્યવતી સ્રી
**સધાવુ** અ૦ ક્રિ૦, -વવુ સ૦ ક્રિ૦ 'સાધવું'નું કર્મણિ ને પ્રેરક [ઊલટું]
**સધુર** વિ૦[सं] પત્નીવાળો (પતિ) ['વિધુર'થી
**સધ્ધર** વિ૦ [સર૦ म.] શક્તિમાન, સબળ (૨) પૈસાદાર [-આસામી=લેણું ઓઢું ન કરે એવુ માણસ (૨) પૈસાદાર આસામી]
**સન** [अ] શક, સંવત (ખ્રિસ્તી કે હિજરી) -ને અ૦ સન પ્રમાણે
**સનકારવું** અ૦ક્રિ૦[प्रा. संना(सं सज्ञा) + કરવું, સર૦ हिं सनकारना] આંખનો ઇશારો કરવો
**સનકારો** પું૦ ['સનકારવું' પરથી] (આંખ વડે કરેલો) ઇશારો (૨) [?] અખત્યારપત્ર (૩) [સન (सं शून्य) + કાર] બહેરાટ
**સન(-નં)દ** સ્રી૦ [अ] પરવાનગી, પરવાનો. -દી વિ૦ સનદવાળુ [છૂટતા થતો અવાજ
**સનનન** અ૦ [રવ૦] બાણ કે બંદૂકની ગોળી

**સનમ** સ્ત્રી૦ [અ.] માશૂક
**સનમના** સ્ત્રી૦ [स. शून्यमनस्, અથવા સં. सन्न + मनस्] (પ) ઉદાસીનતા; દિલગીરી
**સનસ** સ્ત્રી૦ માનમરતબાની શેહ-શરમ (૨) ગરજ, પરવા
**સનસનાટી** સ્ત્રી૦ [રવ૦ ? હિં., મ सन्नाटा, હિં. सनसनाहट] આશ્ચર્ય કે દબકની સ્તબ્ધતાની વ્યાપક અસર; તરખાટ [-ફેલાઈ જવી]
**સનંત** વિ૦[સં.] સંસ્કૃતમાં ક્રિયાપદનું ઇચ્છા-વાચક (રૂપ) [વ્યા]
**સનંદ,-દી** જુઓ 'સનદ'માં
**સનાતન** વિ૦ [સં.] શાશ્વત (૨) પરાપૂર્વથી ચાલ્યું આવતું. **૦ધર્મ** પું૦ પ્રાચીન કાળથી ચાલ્યો આવતો (હિંદુ) વેદધર્મ. **-ની** વિ૦ (૨) પું૦ સનાતન ધર્મનો અનુયાયી
**સનાથ** વિ૦ [સં.] નાથ, સ્વામી કે ઓથવાળું. **૦તા** સ્ત્રી૦ [પાસે (?)
**સનાદે** અ૦ [સં. सान्निध्य] (પ.) + સાનિધ્યમાં;
**સનાન** ન૦ [સં स्नान] સગાસંબંધીના મરણથી કરવાનું સ્નાન. [**-કાઢવું** = મરનારના સગાને ત્યાં શોક કરવા એકઠું થવું **-ના સમાચાર** = માઠા-અશુભ સમાચાર (૨) આફત; કમભાગ્ય. **-પાણી આવવું** = કોઈ મરી ગયું હોય એવા ભારે નુકસાનમાં આવવું **-મૂકવું** = જુઓ સનાન કાઢવું. (**તારું સનાન મૂકાય!** = તું મરે! એક ગાળ.) **-લાગવું** = મરણને કારણે નાહવાનું આવવું (૨) મરનાર જોડે સનાન લાગે એવો સંબંધ હોવો] **૦સૂતક** ન૦ સનાન અને સૂતક (૨) [લા] લેવાદેવા, સંબંધ [**-આવવું, હોવું** = સનાન સૂતક લાગે એવો સબંધ હોવો (સંબંધ નથી એમ બતાવવા તુચ્છકારમાં વપરાય છે.)] **-નિયું** વિ૦ સનાનની ખબર લાવનારું (૨) જેને સનાન આવતું હોય તે (૩) એવાને અડી અભડાયેલું
**સનૂબર** ન૦ [અ. सनौबर] એક ઝાડ-ચીડનું ઝાડ [+ સ્નેહબંધન; હેડો
**સનેડો** પું૦ [સં. स्नेह ઉપરથી. સર૦ नेडो]
**સનેપાત, સન્નિપાત** [સં.] પું૦ ત્રિદોષ, મુંઝારો
**સન્નીતિ** સ્ત્રી૦ [સં.] સુનીતિ
**સન્માતા** સ્ત્રી૦ [સં] સારી માતા
**સન્માન** ન૦[સં] સત્કાર (૨) પ્રતિષ્ઠા. **૦કારી** વિ૦, **૦કારિણી** વિ૦ સ્ત્રી૦ સન્માન કરનારું
**સન્માનવું**, સ૦ક્રિ૦[સં. सन्मान પરથી] સન્માન કરવું
**સન્માનિત** વિ૦ સત્કારાયેલું, સન્માનેલું
**સન્માર્ગ** પું૦ [સ] સારો-નીતિનો માર્ગ
**સન્મિત્ર** પું૦ [સં] સારો મિત્ર
**સપક્ષ** [સ.] વિ૦ પાંખવાળું (૨) જેની પાછળ પક્ષ હોય એવું (૩) એકસમાન પક્ષનું (૪) સમાન (૫) જેના ઉપર સાધ્યનો નિશ્ચય થયો છે તેવું (ઉદાહરણ) [ન્યા.]. **-ક્ષી** વિ૦ સપક્ષ-એકસમાન પક્ષનું
**સપટાવું** અ૦ક્રિ૦ સપડાવું, ફસાવું; જકડાવું **-વવું** સ૦ક્રિ૦ (પ્રેરક)
**સપડાવું** અ૦ ક્રિ૦ [જુઓ સપાટો] ફસાવું; પકડાવું. **-વવું** સ૦ક્રિ૦ (પ્રેરક)
**સપત્ની** સ્ત્રી૦ [સં.] શોક, પતિની બીજી પત્ની
**સપનું** ન૦ જુઓ સ્વપ્ન (**-આવવું**)
**સપરમું** વિ૦ [સં. सु+पर्व ઉપરથી] શુભ પર્વનું, માંગલિક; ખુશાલીનું
**સપરાણું** વિ૦ [સ संपूर्ण ઉપરથી; સર૦ હિં सपरना = પૂરું-સમાપ્ત થવું] (પ) સબળું (૨) [સં स + प्राण ઉપરથી] જબરું (૩) ધન્ય, સફળ
**સપરિવાર** વિ૦ (૨) અ૦ [સ] પરિવાર સહિત
**સપસપ** અ૦[રવ૦, સર૦ म] ચપચપ, ઝડપથી
**સપાટ** વિ૦ [સં. स (सम) + पाट, पट्ट, સર૦ હિં, म.] ખાડાટેકરા વિનાનું; એકસરખું (૨) તમામ, તળિયાઝાટક (૩) સ્ત્રી૦[સર૦ म. सपातजोडा] એક પ્રકારના (એડી વગરના) જોડા; ખાસડી. [**-કરવું** = ખાડા ટેકરા વિનાનું કરવું (૨) પાધર કરવું; ઉડાડી દેવું.]
**સપાટાબંધ** અ૦ જુઓ 'સપાટો'માં
**સપાટિયું** ન૦['સપાટ' ઉપરથી ? સર૦ ચીપટ] ખપાટિયું; વાંસ અથવા બરૂની ચીપ
**સપાટી** સ્ત્રી૦ ['સપાટ' ઉપરથી] કોઈ પણ વસ્તુનો છેક ઉપરનો સપાટ ભાગ

**સપાટો** પું૦ [સર૦ हिं, म] ઝપાટો, ઝડપ (૨) તમાચો (૩) ચાબુકનો પ્રહાર (૪) ગપાટો. [સપાટામાં આવવું = જોર ને ઝડપના ઝપાટામા આવવું - સપડાવું. સપાટો કરવો, મારવો, લગાવવો = જોર અને તાકીદથી કામ કરવું -કાઢી નાખવો = ખો ભુલાવી દેવી, ધમકાવવું, મારવું.] -ટાબંધ અ૦ તરત, તાબડતોબ

**સપાડું** ન૦[સ + પાડ] આભાર, પાડ (૨) વગ; ભલામણ. [-ચડવું = આભાર થવો, ઉપકાર કે પાડ કર્યાનો બોજો લાગવો -લાગવું = આભાર તળે આવ્યાની લાગણી થવી]

**સપાદ** વિ૦ [सं] સવાયું, સવા

**સપારે** અ૦ [સર૦ સપેર] બરોબર, ઠીક

**સપાસપ** અ૦ [જુઓ સપસપ] સપાટાબંધ

**સપિંડ** વિ૦ (૨) પુ૦ [सं.] એક જ લોહીનું, સાત પેઢી સુધીના પિતૃઓને પિંડ આપનાર, સબંધી -ડીકરણ ન૦ [सं.] મરેલા સગાને બારમે દિવસે પિંડદાન કરવુ તે

**સપૂચું** વિ૦ [सं सं+पुच्छ કે समुच्चय?] સમૂળગુ; આખુ, તમામ

**સપૂત** પુ૦ [સ+પૂત, સર૦ हिं, म] કુટુંબની આબરૂ વધારે તેવો દીકરો (૨) સારો પુત્ર

**સપૂરત** સ્ત્રી૦ [फा. सिपुर्द] સુપરત; સોંપણી

**સપેર** (પે) અ૦ [સુ+પેર] ઠીક, બરાબર

**સપ્ટેંબર** પુ૦ [इं.] ઇસવી સનનો નવમો માસ

**સપ્ત** વિ૦ [सं] સાત ૦ક ન૦ સાતનો સમૂહ. ૦કોણ વિ૦ સાત ખૂણાવાળુ (૨) પુ૦ (ગ) સાત ખૂણાવાળી આકૃતિ. ૦દ્વીપ પુ૦ બ૦વ૦ પુરાણાનુસાર પૃથ્વીના સાત મોટા વિભાગ; જમ્બુ, કુશ, પ્લક્ષ, શાલ્મલિ, ક્રૌંચ, શાક અને પુષ્કર. ૦ધાતુ સ્ત્રી૦ બ૦વ૦ આયુર્વેદ પ્રમાણે શરીરની સાત ધાતુઓ (જુઓ ધાતુ). ૦પદી સ્ત્રી૦ વિવાહ-વિધિમાં વરકન્યાએ સાત પગલાં સાથે ફરવું તે (૨) તે વખતે બોલવાનો મંત્ર. ૦પર્ણ પું૦ એક ઝાડ. ૦પાતાલ(-ળ) ન૦બ૦વ૦ અતલ, વિતલ, સુતલ, રસાતલ, તલાતલ, મહાતલ ને પાતાલ એ સાત ૦ભંગી સ્ત્રી૦ જૈન સ્યાદ્વાદના સાત અવયવ (હોય પણ ખરું -स्यादस्ति, ન પણ હોય -स्यान्नास्ति વર્ણવી ન શકાય તેવુ હોય -स्यादवक्तव्य એ ત્રણના મિશ્રણથી થતા) ૦ભુજ પુ (ગ) સપ્તકોણ ૦મ વિ૦ સાતમુ ૦મી વિ સ્ત્રી૦ સાતમી (૨) સ્ત્રી૦ સાતમ ૦રાશિ સ્ત્રી૦ 'રૂલ ઑફ સેવન' (ગ.) ૦ર્ષિ પું૦બ૦વ૦ [+ऋषि] મરીચિ, અત્રિ, અંગિરસ, પુલસ્ત્ય પુલહ, ક્રતુ, અને વસિષ્ઠ એ સાત ઋષિઓ (૨) સાત તારાઓનુ એક જૂથ ૦લોક પુ૦ બ૦વ૦ ભૂ, ભુવર્, સ્વર્, મહર્, તપ, જન, સત્ય એ સાત લોક. ૦શતી સ્ત્રી૦ ૭૦૦ શ્લોકનો સમૂહ ૦સમુદ્ર,૦સાગર પુ૦બ૦વ૦ લવણ ઇક્ષુરસ, સુરા, ઘૃત ક્ષીર દધિ અને શુદ્ધોદક એ નામના સાત પૌરાણિક સમુદ્ર. ૦સૂર, ૦સ્વર પુ૦બ૦વ૦ ષડ્જ, ઋષભ, ગાંધાર, મધ્યમ, પંચમ, ધૈવત અને નિષાદ એ સંગીતના સાત સૂર (સા, રી, ગ, મ, પ, ધ, ની). -પ્તાહ ન૦ (स) અઠવાડિયું (૨) સ્ત્રી૦ સાત દિવસ ચાલતુ (ભાગવતનુ) પારાયણ કે કથા

**સપ્પટ** વિ૦ [જુઓ ચપ્પટ] બેસતુ, તંગ, વળગેલુ

**સપ્રકાશ** વિ૦ [सं] પ્રકાશવાળું

**સપ્રત્યય** વિ૦ [सं] પ્રત્યયવાળુ (૨) વિશ્વાસવાળુ

**સપ્રમાણ** વિ૦ [स] સાધાર, સાબિતીવાળું (૨) યોગ્ય પ્રમાણવાળુ, માપસર (૨) સયુક્તિક (૪) અ૦ પ્રમાણ ટાંકીને ૦તા સ્ત્રી૦

**સપ્રયોજન** વિ૦ [सं] પ્રયોજનવાળુ, હેતુપુરઃસર

**સપ્રયોગ** વિ૦ [स] પ્રયોગસહિત (૨) પ્રયોગસિદ્ધ

**સપ્રાણ** વિ૦ [सं.] પ્રાણવાળુ

**સપ્રેમ** અ૦ [सं] પ્રેમસહિત, પ્રેમપૂર્વક

**સફ** સ્ત્રી૦ [अ.] બાજુ, હાર (૨) હાર, ઓળ

**સફર** પું૦ [अ.] હિજરી સનનો બીજો માસ (૨) સ્ત્રી૦ [रि, अ.] પ્રવાસ, મુસાફરી (૩) [સર૦ अ] વહાણની મુસાફરી. ૦નામું ન૦ પ્રવાસના વર્ણનનુ પુસ્તક

**સફરજન** ન૦ [अ सफरजल, સર૦ म. सफरचंद, सफरजग] એક ફળ

**સફરા(-ળા)ણું** વિ૦ ['સફળ' ઉપરથી] + (પ) સફળ; ધન્ય, સપરાણુ

**સફરી** વિ૰ [फा] મુસાફરીનું; સફર કરનારું (૨) લહેરી, ખર્ચાળ (૩) પુ૰ ખલાસી

**સફલ(-ળ)** વિ૰ [સં.] ફળવાળું (૨) જેનો હેતુ પાર પડ્યો છે તેવું, સિદ્ધ, સાર્થક. **૦તા** સ્ત્રી૰

**સફા** વિ૰ [अ.] સાફ; સ્વચ્છ (૨) ખલાસ, પૂરું, કાંઈ પણ બાકી ન હોય તેવું

**સફાઈ** સ્ત્રી૰ [फा.] સાફસૂફી, સ્વચ્છતા (૨) નિષ્કપટતા (૩) [લા] બડાઈ (૪) ટાપટીપ [**-મારવી, હાંકવી** = ખોટું અભિમાન કરવું. **-માંથી હાથ ન કાઢવો** = ખોટી બડાઈ કર્યા કરવી (૨) પોતાની નિર્દોષતા રજૂ કર્યા કરવી.] **૦દાર** વિ૰ સફાઈવાળું, સાફ,સ્વચ્છ

**સફાચટ** અ૰ [સફા + ચટ, સર૰ हिं., म.]તદ્દન સફા - ખલાસ

**સફાલગોટો** પુ૰ (કા.) કરવાનું તમામ કામ (૨) કામના જથાનો સામટો નિકાલ

**સફાળું** વિ૰ [स.स + ફાળ (सं. स्फाल)] ફાળ પડી હોય એવું બેબાકળું (૨) ઓચિંતું

**સફીત** સ્ત્રી૰ છોકરાની એક રમત

**સફીલ** વિ૰ [अ फसील, સર૰ हिं., म.] લગોલગ અડેલું (૨) સ્ત્રી૰ રક્ષણ માટે કરેલું બાંધકામ, કોટ **૦હક(-ક્ક)** પું૰ પડોશહક્ક. **૦દાર** પું૰ હદે હદ જોડાયલી હોય તેવો, પડોશી. **૦દારી** સ્ત્રી૰

**સફું** ન૰ [अ. सफहह, સર૰ हिं. सफहा, म. सफा] સફો, પૃષ્ઠ, બાજુ

**સફેદ** વિ૰[फा] ધોળું. **-દી** સ્ત્રી૰ ધોળી ભૂકી (૨) ધોળાશ (૩) ચૂના વડે ધોળવું તે (૪) ઈંડાનો ધોળો ગર. **-દો** પુ૰ ધોળો ભૂકો (૨) તેલવાળો ધોળો રંગ

**સફો** પુ૰ [જુઓ સફું] પૃષ્ઠ, બાજુ

**સબક** પું૰; ન૰ [अ.] પાઠ, ધડો

**સબજી** સ્ત્રી૰ [फा] ભાગ (૨) શાકભાજી, ભાજીપાલો. **૦મંડી** સ્ત્રી૰ [સર૰ हिं., म] શાકમાર્કેટ. **-જો** પું૰ ડમરો

**સબડકો** પું૰ [રવ૰] પ્રવાહી પદાર્થ ચૂસતાં થતો અવાજ (**-મારવો**)

**સબડવું** અ૰ક્રિ૰ [सं शवल, प्रा सवल = કાબરચીતરું, દૂષિત ઉપરથી] વાસી પડ્યું રહેવાથી બગડી જવું (૨) [લા] રઝળવું, સડવું, નકામું થઈ પડ્યું રહેવું

**સબડાક** અ૰ [રવ૰] સબડકાનો રવ

**સબદ્ધું** વિ૰[सं. सुबद्ध] સારા બાંધાનું; મજબૂત; ખમે તેવું. **-ધાઈ** સ્ત્રી૰

**સબનીસ** પુ૰ [फा. सफनवीस; સર૰ म.] દફતરદાર (૨) એક મરાઠી અટક

**સબબ** પું૰ [अ.] કારણ, હેતુ (૨) અ૰ કારણ કે. [**-કાઢવો** = કારણ કે બહાનું શોધવું. **-જોવો** = સબબની સત્યાસત્યતા તપાસવી.]

**સબમરીન** સ્ત્રી૰ [ઇં.] પાણીના સપાટી નીચે ચાલતી બોટ

**સબ(-બૂ)ર** સ્ત્રી૰ (૨) અ૰ [अ सब्र, સર૰ हिं, म] જુઓ સબૂર

**સબરસ** ન૰ [हिं.સબ (सं सर्व) + રસ] મીઠું

**સબલ(-ળ,-ળું)** વિ૰ [सं] બળવાન (૨) [સર૰ म] અતિશય, ખૂબ

**સબી** સ્ત્રી૰ ['છબી' ઉપરથી] + છબી, તસવીર (૨) શોભા; કાન્તિ

**સબીજ** વિ૰ [सं] બીજવાળું (૨) સવિકલ્પ [(સમાધિ)

**સબીલ** સ્ત્રી૰ [अ] મહોરમ પહેલાં દશ દિવસથી પવાતું ધર્માદા પાણી કે શરબત (૨) પરબ

**સબૂર** સ્ત્રી૰ [જુઓ સબર] ધીરજ, સહનશક્તિ (૨) અ૰ 'થોભો, રહો' એ અર્થનો ઉદ્ગાર. **-રાઈ, -રી** સ્ત્રી૰ ધીરજ, સહનશક્તિ [**-પકડવી, રાખવી**]

**સબોડવું** સ૰ક્રિ૰ ['સબોસબ' ઉપરથી] સોટીથી સબોસબ મારવું

**સબોસબ** અ૰ [રવ૰] ઝપાટાબંધ, ત્વરાથી

**સભય** વિ૰ [सं] ભયયુક્ત

**સભર** વિ૰ [सं. सु + भृ, સર૰ म सुभर] ભરપૂર; પૂરેપૂરું ભરેલું [**-ભરવું, સભરે ભરવું** = પરિપૂર્ણ ભરવું.]

**સભા** સ્ત્રી૰ [सं] મેળાવડો, પરિષદ (૨) સમાજ; મંડળી [**-બોલાવવી** = સભા મેળવવી, સભા થવાનું કહેણ મોકલવું કે કાઢવું **-ભરવી** = સભા કરવી. **-મળવી** = સભા થવી.] **૦ક્ષોભ** પું૰ સભામાં ઊઠીને બોલતા થતો ગભરાટ **૦પતિ** પું૰ સભાનો અધ્યક્ષ, પ્રમુખ, સદર **૦મંડપ** પું૰ સભાનો મંડપ **૦રંજની** વિ૰ સભાને ખુશ કરનાર. **૦શાસન** ન૰ સભાનું વ્યવસ્થા-

સર કામ ચલાવવુ તે ૦સદ પુ૦ [સં ] સભાનો સભ્ય, 'મેમ્બર'. ૦સ્થાન ન૦ સભા ભરાવાની જગા

**સભાગી** વિ૦ [સ + ભાગ] ભાગીદાર; હિસ્સેદાર

**સભાપતિ, સભામંડપ, સભારંજની, સભાશાસન, સભાસદ, સભાસ્થાન** જુઓ 'સભા'મા

**સભર** વિ૦ [જુઓ સભર] ભરપૂર, સભર (૨) માતબર, પૈસેટકે ભરપૂર (૩) વિ૦સ્ત્રી૦ગર્ભવતી

**સભ્ય** વિ૦ [સં ] વિવેકી, સભાવિત, શિષ્ટ (૨) પુ૦ સભાસદ. ૦તા સ્ત્રી૦ સભ્યપણું (૨) સસ્કૃતિ, સુધારો. -ભ્યા સ્ત્રી૦ સ્ત્રી સભ્ય

**સમ** પુ૦બ૦વ૦ [સર૦ અ कसम हिं सौं (પ્રા. सव, स. शप्)] સોગન [-આપવા, ખવડાવવા, ઘાલવા, દેવા = સોગન કે પ્રતિજ્ઞાથી બાધવુ -ખાવા, લેવા = સોગનથી બધાવુ ]

**સમ** વિ૦ [સં ] સરખુ, સમાન (૨) પુ૦ તાલનું આરંભસ્થાન (સંગીત) (૩) સંગીતનો એક અલકાર ૦અપૂર્ણાંક ન૦ છેદથી નાના અશાનું અપૂર્ણાંક, 'પ્રૉપર ફ્રૅક્શન'. ૦કર્ણ પું૦ આયત, 'રેક્ટૅન્ગલ' (ગ.). ૦કાલીન વિ૦ એક જ કાળમા સાથે વિદ્યમાન. ૦કેન્દ્ર વિ૦ (ગ) સમાન કેન્દ્રવાળું, 'કૉન્સેન્ટ્રિક'. ૦કોણ(-ણિક) વિ૦ (ગ.) સમાન કોણવાળી (આકૃતિ). ૦ક્ષેત્ર વિ૦ (ગ) સમાન ક્ષેત્રફળવાળું (૨) ન૦ 'હૉરિઝૉન્ટલ પ્લેઈન'

**સમઈ** સ્ત્રી૦ [અ शमअ (દીવો) પરથી, સર૦ મ ] પિત્તળની દીવી ૦દાની સ્ત્રી૦ દીવી, શમાદાન

**સમકિત** ન૦ [સં सम्यक्त्व] સાચી તત્ત્વજિજ્ઞાસા (જૈન) [નજર સામે

**સમક્ષ** વિ૦(૨) અ૦[સં ] (-ની) પ્રત્યક્ષ, રૂબરૂ,

**સમગ્ર** વિ૦ [સં ] સઘળુ; તમામ

**સમઘાત** વિ૦[સં ] (ગ ) સમાન ઘાતવાળો (પદી)

**સમચતુર્ભુજ** પુ૦ [સં ] ચારે સમાન બાજુવાળો ચતુર્ભુજ – ચતુષ્કોણ; 'રૉમ્બસ'

**સમચ(-છ)રી** સ્ત્રી૦ [જુઓ સંવત્સરી; પ્રા सवच्छरिय] દર વર્ષે આવતી મરણતિથિ (૨) તે દિવસે કરાતી ક્રિયા

**સમચિત્ત** વિ૦ [સં.] સર્વ પ્રત્યે કે સર્વ અવસ્થાઓમા સમાન ચિત્તવાળુ (૨) ન૦ ચિત્તની સમાનતા

**સમચોરસ** વિ૦ (૨) પું૦ [સમ + ચોરસ] ચારે બાજુ ને ખૂણા સરખા હોય તેવી આકૃતિ

**સમચ્છેદ** પુ૦ [સં ] (ગ.) અનેક અપૂર્ણાંકનો સમાન છેદ (૨) વિ૦ સમચ્છેદી. -દી વિ૦ સમચ્છેદવાળુ'

**સમછરી** સ્ત્રી૦ જુઓ સમચરી; છમછરી

**સમજ**,૦ણ સ્ત્રી૦ ['સમજવુ' પરથી] અક્કલ, જ્ઞાન, ડહાપણ (૨) પરસ્પર સમજી રાખેલી વાત; કરાર. [-પડવી = સમજાવુ **સમજના ઘરમાં આવવુ** = ઉંમર લાયક થવુ ] ૦ણું વિ૦ સમજે તેવુ, સમજણવાળું. ૦દાર વિ૦ સમજણુ. ૦દારી સ્ત્રી૦

**સમજવું** સ૦ક્રિ૦ [સં. सम् + ध्यै (પ્રા. झा) કે संबुध् (પ્રા सबुज्झ) પરથી ? સ૦ મ समजणें, હિં. समझणें] જાણવુ (૨) અર્થ ગ્રહણ કરવો (૩) ખરાખોટાની તુલના કરવી, વિચાર કરવો (૪) અ૦ક્રિ૦ આગ્રહ છોડવો, માની જવુ. [**સમજી લેવું** = અદરોઅદર સમાધાન કરી લેવુ ]

**સમજાવવું** સ૦ક્રિ૦ સમજે તેમ કરવું (૨) મનાવવુ, નરમ પાડવુ; શાત કરવુ (૩) ફોસલાવવુ, છેતરવુ. -ટ સ્ત્રી૦ સમજાવવુ તે

**સમજુ** વિ૦['સમજવુ' પરથી] સમજણુ, શાણું

**સમજૂક** વિ૦ + જુઓ સમજુ

**સમજૂત(-તી)** સ્ત્રી૦ [જુઓ સમજુ] સમજવુ તે, માની લેવુ તે (૨) સમજાવવુ તે, ભ્રમ કે વિરોધ દૂર કરી સમાધાન કરાવવુ તે (૩) શિખામણ, સલાહ (૪) ખુલાસો, વિવેચન [-ઉપર આવવું = સમાધાન કરવુ ]

**સમડી(-ળી)** સ્ત્રી૦ એક પક્ષી (૨) [સં शमी, સર૦ म.] એક ઝાડ. -ડો(-ળો) પુ૦ શમી વૃક્ષ (૨) કામણ-ટૂમણ કરનારો બાવો

**સમણ** ન૦ ['સમાવુ' ઉપરથી, સર૦ સમાણ] અદાજસર ઉમેરવાની વસ્તુ સમોવણ

**સમણવુ** સ૦ક્રિ૦ [સ समन = અથડામણ] ફેરવવુ, વીંઝવુ [(૨) વેગવાળો અવરજવર

**સમણાસમણ** સ્ત્રી૦[જુઓ સમણવુ] વીંઝાવીંઝ

**સમ(-મા)ણી** સ્ત્રી૦ [સં. સમ્+આ+ની પરથી?] ઝીણી વસ્તુ માટેનો નાજુક ચીપિયો
**સમણું** ન૦ જુઓ સ્વપ્નું [-આવવું સ્વપ્ન આવવું (૨) ઉત્કટ કામના હોવી. ઉદા૦ તને તો પૈસાનાં જ સમણાં આવે છે (૩) એકદમ તુક્કો સૂઝવો]
**સમતલ** વિ૦ [સં] સરખી સપાટીનું (૨) ન૦ સરખી સપાટી(૩)'પ્લેઇન' (ગ) ૦ત્રિકોણ-મિતિ સ્ત્રી૦ 'પ્લેઇન' ટ્રિગોનોમેટ્રી' (ગ.). ૦ભૂમિતિ સ્ત્રી૦ 'પ્લેઇન જ્યોમેટ્રી (ગ.)
**સમતા** સ્ત્રી૦ [સં] સમત્વ, સરખાપણું
**સમતુલા** સ્ત્રી૦ [સં] સમતોલપણું
**સમતોલ** વિ૦ [સમ+તોલ] સરખા વજનનું (૨) સરખું; સમાન (૩) પું૦; ન૦ બરાબર સરખું વજન. [-ઊતરવું = સરખેસરખું થવું.] ૦તા સ્ત્રી૦. ૦ન, ૦પણું ન૦ સમતોલ હોવું કે થવું તે
**સમત્રિકોણ** પું૦[સં.] ત્રણે સરખી બાજુવાળો [ત્રિકોણ (ગ)
**સમત્વ** ન૦[સં] સમતા. ૦બુદ્ધિ સ્ત્રી૦સમતાવાળી બુદ્ધિ
**સમથળ** વિ૦[સમ+સ્થળ] સમાન સપાટીવાળું
**સમદર** પું૦[સર૦હિં. સમં(-મું)દર]સમુદ્ર(પ)
**સમદર્શિતા** સ્ત્રી૦ [સં.] સમદર્શીપણું
**સમદર્શી** વિ૦[સં] સૌની તરફ સરખી નજરે જોનાર, નિષ્પક્ષપાતી
**સમદુ:ખ(-ખી)** વિ૦[સં] સરખા દુ:ખવાળું; બીજાનું દુઃખ જોઈ તેટલું જ દુ:ખી થનાર
**સમદૃષ્ટિ** વિ૦[સં]સમદર્શી(૨)સ્ત્રી૦ સમાનદૃષ્ટિ; નિષ્પક્ષપાત [ચામડું
**સમદો** પું૦ કમાવ્યા કે રંગ દીધા વિનાનું તાજું
**સમદ્વિભુજ** વિ૦ [સં] બે સરખી ભુજાવાળું (ગ.). ૦ત્રિકોણ પું૦જેની બે બાજુ સરખી હોય એવો ત્રિકોણ (ગ.)
**સમધારણ** વિ૦ [સમ+ધારણ] સરખું, નહીં ઊંચું કે નીચું (૨) મધ્યમ પ્રકારનું
**સમધોરણ** ન૦ સરખું ધોરણ ('મૉડરેશન')
**સમન** સ્ત્રી૦ [फ़ा.] ચ પેલીનું ફૂલ
**સમનલાડુ** પું૦[સં. श्रमण કે स्मशान કે शमन ? +લાડુ] મરનારનો હાથ અડકાડી, દક્ષિણા સાથે બ્રાહ્મણને કે મંદિરમા અપાય છે તે લાડુ
**સમનાભિક** વિ૦[સં] 'કૉન્ફોકલ' (ગ.)
**સમન્વય** પું૦ [સં] એકસરખો વ્યવસ્થિત ક્રમ (૨) પરસ્પર સંબંધ (૩) તાત્પર્ય
**સમન્વિત** વિ૦ [સં] સમન્વય કરેલું; યુક્ત, સબદ્ધ [[-કાઢવો, નીકળવો]
**સમન્સ** પું૦ [इ.] અદાલતી તેડું કે તેનો પત્ર
**સમપાણિ** પું૦[સં] ગાયનના તાલના કાલની સાથે જ તાળી પડવી તે [(આકૃતિ) [ગ]
**સમબાજુ(-જૂ)** વિ૦ સરખી બાજુઓવાળી
**સમબુદ્ધિ** વિ૦[સં.] સર્વને સરખા સમજનાર (૨) સ્ત્રી૦ સમતાની બુદ્ધિ, સમત્વબુદ્ધિ
**સમભાગ** પું૦[સં] સરખો ભાગ
**સમભાવ** પું૦ [સં] સમતાની બુદ્ધિ-ભાવ (૨) પોતીકાપણું. -વી વિ૦ સમભાવવાળું
**સમભુજ(-જાય)** વિ૦ [સં] જુઓ સમબાજુ
**સમમિતિ** સ્ત્રી૦ [સં.] સરેરાશ (ગ.)
**સમય** પું૦[સં] વખત; કાળ (૨) મોસમ (૩) લાગ, અવસર, સંજોગ (૪) પ્રતિજ્ઞા; નિયમ (૫) સંકેત, વદાડ (૬) સિદ્ધાંત (૭) શાળામાં શિક્ષણ માટે નિયત કરેલો સમયવિભાગ; 'પીરિયડ.' [-ઓળખવો, જોવો, વર્તવો = પ્રસંગ કે સંજોગ બરોબર સમજવો-જાણવો. -થવો =(કોઈ કામ કરવા માટેનો) નિયત કે યોગ્ય વખત થવો. -ભરાઈ જવો = વખત પૂરો થઈ જવો (૨) અવકાશ ન રહેવો (૩) આખરકાળ આવી લાગવો.] ૦જ્ઞ વિ૦સિદ્ધાંત સમજનાર. ૦પત્રક ન૦ સમયની ફાળવણીની નોંધ. ૦મૂર્તિ સ્ત્રી૦ સમય કે જમાનાનો પ્રતિનિધિરૂપ મનુષ્ય.૦વિરોધી વિ૦જમાનાના બળોથી વિરુદ્ધ વર્તનાર. ૦સાધુ વિ૦ સમય જોઈ પોતાનું કામ કાઢી લેનાર. ૦સૂચક વિ૦ સમયસૂચકતાવાળું. ૦સૂચકતા સ્ત્રી૦સમયને યોગ્ય તત્કાળ કાર્ય કરવાની બુદ્ધિ -યાચાર પું૦ [+આચાર] સમયનો આચાર, સ્થાપિત રિવાજ. -યાનુવર્તિત્વ વિ૦ સમયાનુવર્તીપણું. -યાનુવર્તી વિ૦ [+अनुवर्ती] જુઓ સમયાનુસારી. -યાનુસાર અ૦[+अनुसार] સમયને અનુસરીને; સમય પ્રમાણે. -યાનુ-

સારી વિ૦ સમયને અનુસરીને વર્તનારુ. -યોચિત વિ૦ [+ઉચિત] સમયને અનુકૂળ
**સમયુદ્ધ** નં૦ [સં] બરોબરિયા વચ્ચેનુ યુદ્ધ
**સમર** વિ૦ સાત(સંકેતની ભાષામા) [રણક્ષેત્ર
**સમર** પુ૦, નં૦[સં.]યુદ્ધ ૦ભૂમિ(-મી) સ્ત્રી૦
**સમરણ** [પ્રા.] નં૦ (પ) જુઓ સ્મરણ **-ણી** સ્ત્રી૦ સ્મરણી; જપમાળા [કરવું
**સમરવું** સ૦ક્રિ૦ [સં સ્મૃ, પ્રા. સમર] સ્મરણ
**સમરસ** વિ૦ [સં] એકસરખા રસવાળુ
**સમરામણ** નં૦ [સમરાવવુ પરથી] સમરાવવાનું મહેનતાણુ
**સમરાવવુ** સ૦ક્રિ૦ 'સમારવુ'નું પ્રેરક
**સમરાંગણ** નં૦ [સં] રણક્ષેત્ર [(ગ.)
**સમરૂપ** વિ૦[સં]સમાન રૂપવાળું(૨)'સિમિલર'
**સમરેખ** વિ૦[સં.] સમાન રેખા ઉપર આવેલું (ગ) ૦તા સ્ત્રી૦ -ખા સ્ત્રી૦ સુરેખા
**સમર્થ** વિ૦ [સં] બળવાન, શક્તિમાન. ૦ક વિ૦ (૨) પું૦ સમર્થન કરનાર ૦તા સ્ત્રી૦ સામર્થ્ય; શક્તિ ૦ન નં૦ દલીલોથી પુરવાર કરવું તે (૨) ટેકો (૩) સાબિતી
**સમર્થિત** વિ૦ [સં.] સમર્થન કરાયેલું
**સમર્પક** વિ૦ [સં] સમર્પણ કરનાર (૨) [સર૦ મ] યોગ્ય; ઉચિત, બરોબર બંધબેસતુ. -ણ નં૦[સં.] અર્પણ કરવુ તે. -ણી વિ૦ (૨) પું૦ જેણે સર્વસ્વ અર્પણ કરી દીધુ હોય તેવુ (પુષ્ટિમાર્ગમા)
**સમર્પવુ** સ૦ક્રિ૦ [સં સમર્પ્] સમર્પણ કરવું
**સમર્પિત** વિ૦[સં.]સમર્પણ કરેલુ,સમર્પાયેલું
**સમલ** વિ૦ [સં] મલિન, મલ કે મેલવાળું
**સમલક્ષી** વિ૦[સમ+લક્ષ]એકસરખા લક્ષવાળું
**સમલંબ** વિ૦[સં] સરખા લંબવાળુ (ગ). ૦ક, ૦ચતુષ્કોણ પું૦ 'ટ્રૅપેઝિયમ' (ગ.)
**સમલો** પું૦ [ફા. શમ્લહ; સર૦ મ. સમલા] કસબથી ભરેલી એક જાતની ટોપી
**સમવયસ્ક** [સં], **સમવયી** વિ૦ સરખી ઉંમરનું, સમોવડિયુ
**સમવસરણ** નં૦ [સં.] (જૈન) આચાર્ય કે મહાન વ્યક્તિની પધરામણી વેળા એકઠો થતો સમુદાય-પરિષદ
**સમવાય** પું૦ [સં] સમૂહ (૨) સંબંધ (૩) એવો નિત્ય સંબંધ કે જેમા એક સંબંધીનો નાશ થતાં બીજો સંબંધી પણ નાશ પામે (જેમ કે, દૂધ અને તેના સફેદ રંગનો) [ન્યા]. ૦તંત્ર નં૦ અનેક સ્વાયત્ત સમૂહોનું એકત્ર રાજ્યતંત્ર, સમૂહતંત્ર; 'ફેડરેશન'. -યી વિ૦ સમવાય-સંબંધવાળું (૨) સમવાયતંત્રને લગતુ, 'ફિડરલ'. -યી કારણ નં૦ કાર્યમાં સમવાય-સંબંધથી રહેલુ કારણ, ઉપાદાન-કારણ (જેમ કે, માટી એ ઘડાનું)
**સમવિચારી** વિ૦(૨) પું૦[સમ+વિચાર]સરખો વિચાર ધરાવનાર, વિચારમા મળતુ
**સમવેદી** વિ૦ [સં. सम+विद्] સમાન વેદનાવાળું, સહાનુભૂતિવાળું -દિત્વ નં૦
**સમવૃત્ત** નં૦ [સં] ચારે ચરણ સરખા હોય તેવો છંદ (૨) મુખ્ય રેખાંશનું વૃત્ત (૩) વિ૦ સરખા છંદવાળું
**સમશાન** નં૦ [જુઓ સ્મશાન; સર૦ મ. स्मशान] મસાણ. -નિયું વિ૦ સ્મશાન જેવું-નિર્જન (૨) અમંગળ (૩) ડાઘુ તરીકે આવેલું [ઠંડીવાળું
**સમશીતોષ્ણ** વિ૦ [સં] સરખી ગરમી અને
**સમશેર**, ૦બહાદુર જુઓ 'શમશેર'મા
**સમશ્લોકી** વિ૦ [સં. सम+श्लोक] એકસરખા શ્લોકવાળુ, મૂળ શ્લોક પ્રમાણે શ્લોકવાળું (ભાષાંતર) [ઊલટું)
**સમષ્ટિ** સ્ત્રી૦[સં] સમગ્રતા, સમુદાય ('વ્યષ્ટિ'થી
**સમસમ** અ૦ [રવ૦] (જોરથી ફૂંકાતા કે વીંધાતા પવનનો અવાજ). ૦વું અ૦ક્રિ૦ [સં. सिमिसिमायते] એવો અવાજ થવો (૨) ધૂંધવાઈ રહેવુ (મનમાં). -માટ અ૦ સમસમવુ હોય તેમ (૨) પું૦ લાગણીથી સમસમવુ તે
**સમસામયિક** વિ૦ [સં.] સમકાલીન
**સમસૂત્ર** વિ૦ [સં.] એકસરખુ -સપાટ; 'લેવલ'
**સમસ્ત** વિ૦ [સં] સઘ ; તમામ, બધું ભેગું (૨) નં૦ સમગ્ર સમુદાય
**સમસ્યા** સ્ત્રી૦ [સં] પ્રશ્ન, કોયડો (૨) સાન; સંકેત (૩) ઉખાણું. [-પૂરવી = સમસ્યાપૂર્તિ કરવી.] ૦પૂર્તિ સ્ત્રી૦ સમસ્યાનો જવાબ

આપવો કે અધૂરો ભાગ પૂરો કરી આપવો તે; એવી રમત
**સમળી,-ળો** જુઓ 'સમડી'માં
**સમંજસ** વિ૰ [સં] ઉચિત, વાજબી (૨) હોશિયાર, સુજ્ઞ (૩) સ્પષ્ટ, સમજી શકાય તેવું
**સમા** સ્ત્રી૰ [સર૰ મ. (સં. સમ)] પૂરી ભરતી આવ્યે ૧૨ મિનિટ પાણી થોભે છે તે
**સમાગમ** પું૰ [સં.] સંયોગ; મેળાપ (૨) સોબત, સંગત
**સમાચાર** પું૰[સં.] ખબર (બહુધા બ૰વ૰માં). [(-ના) **સમાચાર જોવા, લેવા**=સંભાળ રાખવી, તપાસ રાખવી.]૰**પત્ર** ન૰ વર્તમાનપત્ર
**સમાજ** પું૰ [સં] સમુદાય (૨) મંડળી, સભા (૩) એક ધર્મ કે આચારવાળો જનસમુદાય (૪) વ્યવસ્થિત જનસમુદાય, જનતા. ૰**કારણ** ન૰ સમાજતંત્રની રચના-વ્યવસ્થિતિ. ૰**જીવી** વિ૰ સમાજમાં જ જીવી શકે એવું (૨) સમાજ ઉપર જીવનાર. ૰**વાદ** પું૰ વ્યક્તિ કે વર્ગની નહિ, પણ સમાજની સત્તાનો વાદ; 'સોશિયેલિઝમ'. ૰**વાદી** વિ૰ (૨) પું૰ સમાજવાદમાં માનનાર. ૰**વિદ્યા** સ્ત્રી૰, ૰**શાસ્ત્ર** ન૰ સમાજવ્યવસ્થાનું શાસ્ત્ર. ૰**વૃત્તિ** સ્ત્રી૰ સમાજમાં રહેવાની કે તે વસાવવાની માણસની સહજવૃત્તિ. ૰**શાસ્ત્રી** પું૰ સમાજશાસ્ત્રનો વેત્તા. ૰**શાસ્ત્રીય** વિ૰ સમાજશાસ્ત્ર સંબંધી. **-જિક** પું૰ [સં.] સમાજનો સભાસદ (૨) પ્રેક્ષક **-જી** વિ૰ સમાજનું, સમાજ સંબંધી (૨) કોઈ અમુક સમાજમાં જોડાયેલું (૩) પું૰ તેવો પુરુષ વિશિષ્ટ સમાજનો સભ્ય
**સમાણ** સ્ત્રી૰ [સમાવું પરથી] સમાવું તે, સમાવેશ (૨) ન૰ સમોવણ
**સમાણી** સ્ત્રી૰ જુઓ સમણી
**સમાણું** વિ૰[પ્રા. સમાણ (સં સમાન)] સમાન, સરખું (૨) -ને લાગુ પડતી [ગાળ] (૩) અ૰ [અપ સમાણુ, પ્રા. સમમ્] -ની સાથોસાથ; જુઓ સમું ૩
**સમાણો** પું૰ મોટી સમાણી
**સમાદર** પું૰ [સં] આદર, સંમાન
**સમાદાન** ન૰ [સં] જૈનોનું નિત્યકર્મ (૨) ભેટ કે દાનનો સ્વીકાર
**સમાદો** પું૰ (કા.) અસાની પથરી (૨) સરસામાન; રાચરચીલું
**સમાધ** સ્ત્રી૰ જુઓ સમાધિ (૫.)
**સમાધાન** ન૰ [સં.] વિરોધ, શંકા કે ગૂંચવણનો નિવેડો અને શાંતિ (૨) તૃપ્તિ; સંતોષ (૩) ધ્યાન; સમાધિ (૪) પતવું કે પતાવવું તે (૫) કજિયાની પતાવટ (૬) નાટકમાં મુખ્ય બનાવ, જે અણધારી રીતે આખા વસ્તુને ઉત્પન્ન કરે છે. [-**ઉપર આવવું**=સમાધાન કરવું.] **-ની** સ્ત્રી૰ સમાધાન, નિવેડો (૨) ચિત્તની શાંતિ; નિરાંત (૩) સુલેહસંપ (૪) પું૰ મંદિરની જરૂરિયાતો વૈષ્ણવોને સમજાવી તેમની પાસેથી માગણી કરનાર મંદિરનો અધિકારી, મંદિરની આંતરિક વ્યવસ્થા કરનાર
**સમાધિ** પું૰; સ્ત્રી૰ [સં.] જેમાં ધ્યાતા અને ધ્યાનનો ખ્યાલ લુપ્ત થઈ ધ્યેયનું સ્વરૂપ જ ચિત્તમાં રહે છે તેવું ઊંડું ધ્યાન (યોગ) (૨) સાધુસંન્યાસીનું મરણ (૩) સાધુસંતને દાટયા હોય તે જગા પર કરેલી દેરી. [**-ચડવી, થવી, -માં બેસવું, લાગવી**= પરમાત્મચિંતનમાં તદ્રૂપ થવું **-ચડાવવી**= સમાધિસ્થ થવું; **-ચણવી, -બાંધવી**= સાધુસંતને દાટયા હોય ત્યાં દેરી ચણવી **-લેવી**=મરણ પામવું (યોગી કે સાધુસંતનું).] ૰**સ્થ** વિ૰ સમાધિમાં પડેલું
**સમાન** વિ૰ [સં] સરખું (૨) પું૰ પાંચ પ્રાણવાયુમાંનો એક (જુઓ પંચપ્રાણ) ૰**કક્ષ** વિ૰ સમાનકક્ષાનું. ૰**તા** સ્ત્રી૰ ૰**ધર્મા(-ર્મી)** વિ૰ [સં] સમાન ગુણધર્મવાળું. ૰**રૂપ** વિ૰ સમરૂપ જુઓ. ૰**રૂપતા** સ્ત્રી૰. ૰**ભાષા** પું૰ ભિન્ન ભાષાઓવાળાના વ્યવહારમાં ચાલે એવી એક-સર્વસાધારણ ભાષા ૰**વૃત્તિ** સ્ત્રી૰ સમબુદ્ધિ. સમભાવ. ૰**શીલ** વિ૰ સમાન ગુણ, ધર્મ કે સ્વભાવનું. **-નાધિકરણ** વિ૰ [+અધિકરણ] એક જ અધિકરણ, આશ્રય કે વિભક્તિવાળું (૨) ન૰ સમાન અધિકરણ, આશ્રય કે વિભક્તિ. **-નાધિકરણ બહુવ્રીહિ** પું૰ સમાસ છોડવામાં આવે ત્યારે જેનાં

બને પદો સમાન વિભક્તિમા હોય તેવો બહુવ્રીહિ સમાસ (વ્યા.). -નાર્થ વિ૦ [+ अर्थ] સમાન અર્થવાળું. -નિકા પુ૦ એક છંદ. -નોદક વિ૦(૨) પું૦ [+उदक] સાતથી ચૌદ પેઢી સુધીના સમાન પિતૃઓને અજલિ આપનાર સગો. -નોપમા સ્ત્રી૦ [+उपमा] ઉપમાનો એક પ્રકાર (કા. શા.)

**સમાપન** ન૦, -ના સ્ત્રી૦ [सं] સમાપવુ - સમાપ્ત કે પૂરું કરવું તે, સમાપ્તિ

**સમાપવું** સ૦ક્રિ૦ [स समाप्] સમાપ્ત કરવું

**સમાપ્ત** વિ૦ [सं] પૂરુ; પૂર્ણ. -પ્તિ સ્ત્રી૦ પૂરૂ થવુ કે કરવુ તે, છેવટ; અંત

**સમાયક** સ્ત્રી૦ [प्रा. समाय (सं. समाज)] પૂજન સ્તવન માટે બધાએ સાથે બેસવુ તે (જૈન)

**સમાયતિ** સ્ત્રી૦ [સં.] તાલના લયનુ એકત્વ

**સમાયુક્ત** વિ૦ [સં.] યુક્ત, જોડાયેલુ (૨) તૈયાર કે તત્પર થયેલું

**સમાર** પું૦ [સમારવું પરથી, સર૦ म] સમારવું તે, સમારકામ (૨) ચાસમા બી નાખી તે ઢાંકવા ઉપર ફેરવવામા આવતુ લાકું પાટિયું [-દેવો = સમાર વડે સરખું કરવુ સમારે આવવુ = કણસલુ દોઢ બિલ્લસ જેવડું થવુ] ૦કામ ન૦ સમારવું-દુરસ્ત કરવું તે

**સમારવુ** સ૦ક્રિ૦ [प्रा समार (सं सम्+आ+रचय्)] દુરસ્ત કરવુ, સુધારવુ (૨) કાપવુ(શાક) (૩) ઓળી કરીને વ્યવસ્થિત કરવુ (વાળ)

**સમારંભ** પુ૦ [स] ઠાઠમાઠથી કરેલો આરભ (૨) ધામધૂમવાળો ઉત્સવ [તે

**સમારાધન** ન૦ [सं] પ્રસન્ન કરવુ - રંજન કરવું

**સમારોપ** પુ૦, ૦ણ ન૦ [સં.] આરોપવુ તે -પિત વિ૦ [सं] આરોપેલુ, ચડાવેલુ

**સમાલવું** સ૦ક્રિ૦ [सं. सम्+माल्, સર૦ हिं. समालना] સભાળવુ

**સમાલોકન** ન૦[सं] બરાબર જોવું તે

**સમાલોચક** વિ૦ [સં.] અવલોકન કરનાર -ના સ્ત્રી૦ અવલોકન [કે સમાવવું તે

**સમાવ** પુ૦[સમાવવુ પરથી] સમાવેશ, સમાવુ

**સમાવડાવવું** સ૦ ક્રિ૦ 'સમાવવુ'નુ પ્રેરક

**સમાવર્તન** ન૦ [स.] વિદ્યાભ્યાસ પૂરો કરી બ્રહ્મચારીનુ ઘેર આવવુ તે

**સમાવવું** સ૦ ક્રિ૦ 'સમાવૂ'નું પ્રેરક

**સમાવિષ્ટ** વિ૦ [सं] સમાયેલુ; સમાવેશ પામેલુ

**સમાવું** અ૦ક્રિ૦[प्रा समाव (सं. सम्+आप्), સર૦ म. समावणें] માવુ, અદર આવી જવુ (૨) સતાવુ, ચાલતા તંત્રમા ગોઠવાવુ - અનુકૂળ થઈને સ્થાન પામવુ [સમાઈજવું = અદર પેસી કે મળી કે ભળી જવુ, લોપ કે અદૃશ્ય થઈ જવુ]

**સમાવેશ** પુ૦ [सं] સમાવુ તે, સમાસ

**સમાસ** પું૦[सं] સમાવુ તે, સમાવેશ (૨) બે કે વધારે શબ્દોના સયોગથી થયેલો શબ્દ(વ્યા.) (૩) સંક્ષેપ [-થવો = સમાઈને રહેવુ, ચાલુ તત્રમા ગોઠવાઈ જવું (જેમ કે, વહુનો સાસરામા) [અભિનિવિષ્ટ

**સમાસક્ત** વિ૦ [સં.] ખૂબ આસક્ત (૨)

**સમાસંગ** પુ૦ [सं] ખૂબ આસક્તિ (૨) મિલન, સંયોગ (૩) અભિનિવેશ

**સમાસાત્મિક** વિ૦ [सं] સમાસરૂપ

**સમાસોક્તિ** સ્ત્રી૦ [स] એક અર્થાલકાર, જેમા સમાન કાર્ય, લિગ કે વિશેષણ દ્વારા પ્રસ્તુતમા અપ્રસ્તુતનો વ્યવહાર સમારોપિત થાય છે (કા શા)

**સમાહાર** પું૦[सं] સગ્રહ, સમૂહ(૨)સક્ષેપ ૦દ્વંદ્વ પું૦ દ્વંદ્વ સમાસનો એક પ્રકાર. ઉદા૦ 'યદ્વાતદ્વા', 'જાઆવ'

**સમાહિત** વિ૦[सं] શાત, સ્થિતપ્રજ્ઞ(૨)એકાગ્ર

**સમાહૃત** વિ૦[સં.] ભેગુ કરેલુ (૨)સક્ષિપ્ત

**સમાંતર** વિ૦ [स] સમાન અતરે આવેલુ, સમાન અતરવાળુ, 'પૅરેલલ' ૦ચતુર્ભુજ, ૦ચતુષ્કોણ પું૦ પૅરેલલોગ્રામ (ગ.) ૦ખાત ન૦ 'પૅરેલલોપાઇપ્ડ' (ગ.)

**સમિતિ** સ્ત્રી૦ [सं] મડળી, (નાની) સભા

**સમિત્પાણિ** વિ૦ [सं] હાથમાં સમિધવાળો (બ્રહ્મચારી - વિદ્યાર્થી)

**સમિધ** સ્ત્રી૦ [स] યજ્ઞોપયોગી લાકડુ

**સમીકરણ** ન૦ [सं] સરખુ કરવુ તે (૨) 'ઇક્વેશન' (ગ.) (-છોડવુ, બાંધવું)

**સમીક્ષણ** ન૦ [સં.] સમીક્ષા કરવી તે

**સમીક્ષા** સ્ત્રી૦[સં.]બારીકાઈથી જોવું કે તપાસવું તે (૨) આલોચના; સમાલોચના
**સમીચીન** વિ૦[સં] યથાર્થ (૨) યોગ્ય
**સમીપ** વિ૦[સં] નજીક, નિકટ. ૦તા સ્ત્રી૦. ૦વર્તી,૦સ્થ વિ૦ નજીકનું; પાસે પડેલું
**સમીર,૦ણ** પુ૦ [સં] પવન
**સમીસંધ્યા, સમીસાંજ** સ્ત્રી૦ [સમી- (પ્રા સમિઅ,સ સમિત કે સમ્યગ્)+સંધ્યા,સાંજ] સંધ્યાકાળ, સાંજની વેળા
**સમુચિત** વિ૦ [સં.] યોગ્ય
**સમુચ્ચય** પું૦ [સં] સંગ્રહ; સમૂહ (૨) એક અલંકાર (કા શા.)
**સમુચ્ચિત** વિ૦ [સં] એકત્રિત; એકઠું કરાયેલું
**સમુત્ક્રમ** પુ૦ [સં] વિકાસ; 'એવોલ્યૂશન'
**સમુત્ક્રાંતક** વિ૦[સં] સમુત્ક્રાંતિ કરનાર
**સમુત્ક્રાંતિ** સ્ત્રી૦ [સં] જુઓ ઉત્ક્રાંતિ
**સમુત્થાન** ન૦[સં.] ઉત્થાન (૨) ઉદય (૩) ઉદ્યોગ (૪) રોગમુક્તિ; આરોગ્ય
**સમુદય** પુ૦ [સ] ઉદય, ઊગમ
**સમુદાય** પું૦ [સં] ટોળું; જથો
**સમુદ્ધરણ** ન૦ [સં.] ઉદ્ધાર
**સમુદ્ભવ** પું૦ [સં.] ઉદ્ભવ; ઉત્પત્તિ, ઊગમ
**સમુદ્ર** પુ૦ [સ] દરિયો [-ખેડવો = સમુદ્ર પર મુસાફરી કરવી. -ડહોળવો,, વલોવવો = સમુદ્રમંથન કરવું (૨) કાંઈ મુશ્કેલ બાબત ચર્ચવી] ૦કાંઠો, કિનારો = પું૦ દરિયાનો કાંઠો. ૦પ્રબંધ પુ૦ એક ચિત્રકાવ્ય. ૦ફળ ન૦ એક વૃક્ષ (૨) તેનું ફળ. ૦ફીણ, ફેણ(-ન) [સર૦ મ] ન૦ સુકાઈ ગયેલું દરિયાનું ફીણ, એક ઔષધ. ૦મંથન ન૦ દાનવો અને દેવોએ અમૃત માટે કરેલું સમુદ્રનું મંથન. ૦યાન ન૦ દરિયાઈ મુસાફરી. ૦લતા સ્ત્રી૦ સમુદ્રમાં થતી લતા, 'વીડ' ૦શોષ પું૦ એક વનસ્પતિ
**સમુન્નતિ** સ્ત્રી૦ [સં] ઉન્નતિ, આબાદી
**સમુરત** ન૦ [સં સુ + મુરત] શુભ મુહૂર્ત
**સમુલ્લાસ** પુ૦[સં] ઉલ્લાસ, આનંદ, પ્રસન્નતા
**સમું** વિ૦ [સં. सम] ઠીક, સરખું; દુરસ્ત, વ્યવસ્થિત (૨) [અપ. समउ, प्रा. समं (स समम्)] જુઓ સમાણું (૩) અ૦ સાથોસાથ; સહિત. ઉદા૦ ધડાકા સમું તે નીચે પડ્યું. [-કરવું = સમારવું (૨) ગોઠવવું, વ્યવસ્થિત કરવું] ૦નમું વિ૦ સમું, સરખું
**સમૂલ(-ળ)** વિ૦[સં.] મૂલસહિત. -લાગ્ર વિ૦ [+ अग्र] મૂળ તથા ટોચ સાથે
**સમૂહ** પું૦[સં] ટોળું. ૦કાર્ય ન૦ આખા સમૂહનું એકત્રિત, એક બનીને થતું - સંગઠિત કાર્ય. ૦તંત્ર ન૦ જુઓ સમવાયતંત્ર. ૦પ્રાર્થના સ્ત્રી૦ સામુદાયિક પ્રાર્થના. ૦વાચક વિ૦ સમૂહ બતાવનારું. ૦સમભાવ પુ૦ આખો સમૂહ સાથે એક ક્રિયામાં લાગતા અનુભવે તેવો સમભાવ. ૦શિક્ષણ ન૦ સમૂહને - અનેકને એક સાથે શીખવવું તે -હી પું૦ એક છંદ
**સમૂળ, -ળું** વિ૦ જુઓ સમૂલ ૦ગું વિ૦ [સં समूलक] સમૂગ, તમામ, પૂરેપૂરું
**સમૃદ્ધ** વિ૦ [સં.] સમૃદ્ધિવાળું, સંપન્ન
**સમૃદ્ધિ** સ્ત્રી૦ [સં.] આબાદી, ઐશ્વર્ય, સંપત્તિ. ૦માન વિ૦ સમૃદ્ધિવાળું
**સમે** પું૦ [જુઓ સમો]+સમય
**સમેટવું** સ૦ક્રિ૦ [જુઓ સમેત, સર૦ हिं समेटना, म. समेटणें] આટોપવું, એકઠું કરવું
**સમેત** વિ૦ [સં] સંયુક્ત, સાથે હોય તેવું (૨) અ૦ સુધ્ધાં, સહિત
**સમેસમું** વિ૦ ['સમું'નો દ્વિર્ભાવ] બરોબર સમું (૨) સીધેસીધું હોય તેવું, યથાર્થ
**સમેરવો** પુ૦ એક વનસ્પતિ
**સમૈયો** પું૦[પ્રા. समेअ (સં. समेत)] સામૈયું (૨) અમુક એક ધર્મના માણસોનો મેળાવડો
**સમો** પુ૦ [જુઓ સમય] વખત (૨) પ્રસંગ; અવસર [-કઠણ કે બારીક હોવો = મુશ્કેલીભર્યો વખત હોવો -જોવો = સંજોગો તપાસવા (૨) લાગ ખોળવો -વળવો = પહેલાં જેવું સારું થઈ જવું; પહેલાંની સ્થિતિમાં આવી રહેવું] [મળતી સુખશાંતિ
**સમોતી** સ્ત્રી૦ [જુઓ સમોતું] સંપમાં રહેવાથી
**સમોતું** વિ૦ [સં. समन्वित] સામટું, એકસાથે સરખું
**સમોત્સાર** પુ૦ [સં.] 'પેરેબોલા' (ગ.)

**સમોરવું** અ૦ક્રિ૦ [प्रा. समोअर(सं. समव+तृ)] (કા) ફરીથી પાગરવું
**સમોલ** (સ.) સ્ત્રી૦ [प्रा समिला (सं. शमिला, शम्या)] જોતર ભરાવવાની ધૂસરાની ખીલી
**સમોવડ(-ડુ)** વિ૦ [प्रा समोवल (सं समव +पत्) = સામે આવવું પરથી] સમાન; બરાબરિયું (૨) પ્રતિસ્પર્ધી. **-ડાઈ** સ્ત્રી૦ સમોવડિયાપણાનો ભાવ (૨) સ્પર્ધા, હરીફાઈ **-ડિયણ** વિ૦ સ્ત્રી૦, **-ડિયું** વિ૦ સરખી ઉંમરનું; સરખું (૨) પ્રતિસ્પર્ધી, હરીફ **-ડી** સ્ત્રી૦ સમોવડાઈ [તેને માટેનું પાણી
**સમોવણ** ન૦[સમોવવું પરથી]સમોવવું તે કે
**સમોવવું** સ૦ક્રિ૦ [प्रा. समोवअ ? (स समव +पत्)] વધારે ગરમ પાણીને નવાય એવું કરવા તેમાં ઠંડું પાણી ઉમેરવું
**સમ્યક** વિ૦[सं.] યોગ્ય (૨) અ૦ ઠીક, બરાબર **-ત્વ** ન૦ **-દૃષ્ટિ** સ્ત્રી૦ યોગ્ય – સાચી દૃષ્ટિ
**સમ્રાજ્ઞી** સ્ત્રી૦ [सं] મહારાણી, સમ્રાટની સ્ત્રી
**સમ્રાટ** પું૦ [सं] રાજાધિરાજ, શહેનશાહ
**સયુક્તિક** વિ૦[सं] યુક્તિ કે પ્રમાણ સાથેનું **-તા** સ્ત્રી૦
**સર** ન૦ [सं] સરોવર
**સર** સ્ત્રી૦ [मं, दे सरिआ, सरी = માળા, હાર, સર૦ म.] ગળામાં પહેરવાની સેર, સાંકળી
**સર** પું૦ [इं.] અંગ્રેજી રાજ્યમાં અપાતો એક ઇલકાબ (૨) સાહેબ (હાઈસ્કૂલમાં માસ્તરને માટે સંબોધન) (૩) [इं शॅर] લિમિટેડ કંપનીની થાપણનો હિસ્સો – ભાગ
**સર-** વિ૦ [फा.] 'વડું'ના અર્થમાં શબ્દની આગળ (ઉદા૦ સરસૂબો)
**સર** પું૦[સર૦ फा., म] (ઘણુંખરું બ૦વ૦માં) પત્તાની રમતમાં અમુકનું પ્રાધાન્ય તે, હુકમ [-પાડવા, બોલવા = રમતમાં કઈ ભાતનું પત્તું સર ગણાશે તે કહેવું.]
**સર** વિ૦ [સર૦ हिं, म] તાબે, આધીન, જિતાયેલું (-કરવું, થવું)
**સર** પું૦બ૦વ૦ (વ્યાજ ગણવામાં) મુદ્દલ અને મુદતના મહિનાનો ગુણાકાર
**સર** અ૦[સર૦ म]'પ્રમાણે, રૂએ' એ અર્થમાં નામની કે વિશેષણની સાથે (ઉદા૦ કાયદેસર, માફકસર) (૨) 'માટે, અર્થે' એ અર્થમાં નામની સાથે. ઉદા૦ ધંધાસર (૩) નિરર્થક પૂર્વપદ તરીકે ઉદા૦ સરસમાચાર
**સરઅવસરે** અ૦ વખતોવખત (સુ)
**સરક,-ગ-ખ,** સ્ત્રી૦ [સર૦ म सरक = પાશ] લગામ, અછોડો, રાશ [એક છોડ
**સરકટ** ન૦ [सं शर+कट] નેતર કે બરુ જેવો
**સરકણું** વિ૦ ['સરકવું' ઉપરથી] સરકી જાય -જવાય એવું (૨) ન૦ સરકણી જગા
**સરકત** સ્ત્રી૦[अ शिरकत સર૦ म.]પતિયાળો ધંધો **-તી** વિ૦ ભાગીદારી, પતિયાળું
**સરકવું** અ૦ક્રિ૦ [सं. सृ કે सरक પરથી, સર૦ म. सरकणें, हिं. सरकना] લપસવું, ખસવું (૨) છટકવું, ધીમે રહીને જતા રહેવું
**સરકસ** ન૦ [इं] જનાવર, કસરત વગેરેના ખેલનો તમાસો
**સરકાર** પું૦, સ્ત્રી૦[फा] પ્રજાનું શાસન કરનારી સત્તા (૨) રાજાસાહેબ, સત્તાધીશ એ અર્થના ઉદ્બોધનમાં વપરાય છે [-દરબારે ચડવું, -માં જવું = કોરટમાં દાવો કરવો, ઇનસાફ કે હક માટે કોરટે જવું] **૦ધારો** પું૦, **૦ભરણું**, **૦ભરત** ન૦ મહેસૂલ **-રી** વિ૦ સરકારનું, સરકાર સંબંધી [-રસ્તો = જાહેર રસ્તો]
**સરકિયું** ન૦ ['સરકવું' ઉપરથી] સરકી શકે તેવી ગાંઠ
**સરકું** ન૦ (સુ.) સળકું, શેટલો
**સરકો** પું૦ [फा सिरकह स सरक] ઘણો જ ખાટો રસ, તાડી, શેરડી, દ્રાક્ષ વગેરેનો ખટાશ ચડેલો રસ
**સરખ** સ્ત્રી૦ જુઓ સરક
**સરખાઈ** સ્ત્રી૦, **-પણું** ન૦ [જુઓ સરખું] સરખું હોવું તે **-મણી**, **-વટ** સ્ત્રી૦ તુલના, મુકાબલો (૨) બરાબરી
**સરખાવવું** સ૦ક્રિ૦ ['સરખું' પરથી] મુકાબલો કરવો, મેળવી જોવું, તુલના કરવી
**સરખી** સ્ત્રી૦['સરખું' ઉપરથી] જુઓ ચતસ્રજાતિ
**સરખું** વિ૦[प्रा सरिक्ख (सं सदृक्ष)] બરોબર; સમાન (૨) સપાટ, ખાડાટેકરા વિનાનું (૩)

બરોબર રીતનું, વ્યવસ્થિત (૪) છાજતું; ઘટિત. ઉદા૦ મારા સરખું કામ (૫) વાક્યમાં નામ પછી વપરાતા, 'ય' કે 'યે' જેવો ભાવ સૂચવે છે. ઉદા૦ આગળી સરખી ન ઉપાડી. [સરખી નજર = નિષ્પક્ષપાત દૃષ્ટિ. નહિ સરખું = નહિ જેવું (૨) નજીવું.] -ખેસરખું વિ૦ બરાબરિયું, સમોવડ

**સરગરમી** સ્ત્રી૦ [फा.] ચપળતા, હોશિયારી

**સરગવો** પું૦ [स शिग्रु] એક ઝાડ

**સરગી** સ્ત્રી૦ [अ. सहरी; हिं सहरगही (अ सहर + फा. गह)] રોજાના દિવસોમાં મળસકે વહેલો કરાતો નાસ્તો

**સરઘસ** ન૦ [फा. शहगश्त, સર૦ म सरगश्त] વરઘોડાની પેઠે, પ્રસંગ પર ગામમાં ફરે છે તે કે તેમ નીકળેલ સમુદાય (-કાઢવું, -નીકળવું)

**સરઘાસ** ન૦ એક ઘાસ [(૨) સૃષ્ટિ

**સરજત** સ્ત્રી૦ [सं सृज् પરથી] સરજેલી વસ્તુ

**સરજનહાર** પું૦ જુઓ સર્જનહાર

**સરજવું** સ૦ક્રિ૦ જુઓ સર્જવું

**સરજુ** સ્ત્રી૦ (કા.) એક જાતનું ભરવાડી ગીત

**સરજોરી** સ્ત્રી૦ [फा.] જુઓ સિરજોરી

**સરડ** અ૦ [રવ૦] ઘસ લેતા થતો અવાજ

**સરડકો** પું૦ [રવ૦] સરડ એવો અવાજ; સેડકો (૨) સબડકો (-ભરવો)

**સરડી** સ્ત્રી૦ [જુઓ સરડો] (સુ) કાચિંડો (૨) સરડાની માદા. [-પેસી જવી = મનમાં ખોટો ખ્યાલ કે ભ્રમ વસી જવો.]

**સરડો** પું૦ [प्रा॰ सरड (सं. सरट); સર૦ म सरडा] કાચિંડો

**સરણ** ન૦ [सं] સરવું તે

**સરણિ(-ણી)** સ્ત્રી૦ [सं.] પગરસ્તો; માગ (૨) ગોઠવણી; વ્યવસ્થિતતા (૩) પદ્ધતિ, રીત

**સરત** સ્ત્રી૦ [સર૦ सुरता (सं. स्मृति)] નજર (૨) યાદદાસ્ત; સ્મૃતિ (૩) ધ્યાન. [-પહોંચવી = નજર જવી. -રહેવી = ખ્યાલ - લક્ષ - સ્મૃતિ રહેવી. -રહેવું યાદ રહેવું. -રાખવી = લક્ષ - ધ્યાન રાખવું] ૦ચૂક સ્ત્રી૦ નજરચૂક; ભૂલી જવું તે

**સરતું** વિ૦ [સર૦ સરસું] નજીક, પાસે

**સરદાર** પું૦ [फा] નાયક આગેવાન (૨) અમીર, ઉમરાવ -રી સ્ત્રી૦ સરદારની સત્તા કે પદ (૨) આગેવાની (૩) વિ૦ સરદારનું, -ને લગતું

**સરદેશમુખી** સ્ત્રી૦ [म. (સર + દેશમુખ ઉપરથી)] મરાઠી રાજ્યનો એક મહેસૂલી લાગો

**સરનશીન** પું૦ [फा] સભાપતિ; પ્રમુખ, સદર

**સરનામું** ન૦ [फा] નામઠામ વગેરે. [-કરવું = કાગળ પર સરનામું લખવું.] [એક વનસ્પતિ

**સરપટ** પું૦ [सं शरपत्र, સર૦ हिं. सरपत]

**સરપણ** ન૦ [सं श्रपण = રાંધવા માટેનો અગ્નિ, સર૦ म.] બાળવાનાં લાકડાં

**સરપંચ** પું૦ [સર + (सं.) पञ्च] પંચનો વડો

**સરપાવ** પું૦ [फा सरोपा; સર૦ म. शिरोपाव, शिर्पाव, हिं. सिर(-रो)पाव] શાબાશી બદલ આપવામાં આવતો પોશાક; ઇનામ [-આપવો = ઇનામ આપવું (૨) શાબાશી આપવી]

**સરપેચ** પું૦ [फा] જુઓ શિરપેચ

**સરપોશ** ન૦ [फा] ઢાંકણ (૨) ગલેફ

**સરફરાજ** વિ૦ [फा.] પ્રખ્યાત, નામાંકિત (૨) ઉચ્ચ પદે ચડેલું. -જી સ્ત્રી૦ વખાણ, સ્તુતિ (૨) ઉચ્ચ પદે ચઢાવવું તે

**સરફરોશી** સ્ત્રી૦ [फा] માથું ડૂલ કરવું-આપવું તે

**સરબસર** વિ૦ [फा] તમામ (૨) સમગ્ર (૩) અ૦ એક છેડાથી બીજા છેડા સુધી, પૂર્ણતઃ

**સરબંદી** સ્ત્રી૦ [फा] તહેનાતનું લશ્કર, રજવાડાના રક્ષણ માટેની કિલ્લા ઉપરની પલટણ

**સરબાજી** સ્ત્રી૦ [फा. સર + બાજી] ગંજીફાની એક રમત

**સરબોડું** ન૦ જુઓ સરોડું

**સરભર** વિ૦ [दे सरिभरी (प्रा सरि-सं. सदृश + भृ) સર૦ म. सरवरीत] ઓછું વત્તું નહિ- સરખેસરખું (૨) નફાતોટા વિનાનું [-ખાતું = જમે ઉધાર સરખું હોય તેવું ખાતું.]

**સરભરા** સ્ત્રી૦ [फा सरबराह; સર૦ म] આદરસત્કાર, સેવાચાકરી

**સરમિયું** ન૦, -યો પું૦ [સરવું ઉપરથી? સર૦ प्रा. सरिस्सव (सं. सरीसृप)] જુઓ કરમિયો

**સરમુખત્યાર** વિ૦ [સર+મુખત્યાર] કુલ સત્તાવાળું (૨) પું૦ કુલ સત્તાવાળો અધિકારી –રી સ્ત્રી૦ સરમુખત્યારપણું; કુલ સત્તા

**સરયુ(–યૂ)** સ્ત્રી૦ [સં ](સ ) ઉત્તર હિંદુસ્તાનની નદી, જેને કાંઠે પ્રાચીન અયોધ્યા હતી

**સરરર** અ૦ [રવ૦] ઝટ સરકી જવાનો અવાજ

**સરર** અ૦ [રવ૦] તીર, ગોળી વગેરે વેગથી જાય તેનો રવ [–કરવું]

**સરલ(–ળ)** વિ૦ [સ ] સીધું (૨) મુશ્કેલ નહિ એવું (૩) નિષ્કપટી, નિખાલસ ૦તા સ્ત્રી૦

**સરવ** પું૦ [फा सर्व, સર૦ म सरू; हिं सरो] એક ઝાડ; સરુ

**સરવડું,–ડિયું** ન૦, **–ડો** પું૦ ['સરવું' ઉપરથી, સર૦ દે सरिवाय; म. सरवा, सरवट] રહી રહીને પડતું વરસાદનું ઝાપટું

**સરવણ** પું૦ [म श्रवण, श्रमण] ટહેલિયો (૨) કાવડ લઈ ભીખ માગનારો (૩) ભિક્ષુ, શ્રમણ (૪) સ્ત્રી૦ [સરવું' ઉપરથી]+ જળાશયમાં થતો એક જીવ

**સરવણી** સ્ત્રી૦ ['સરાવવું' ઉપરથી] તેરમાને દિવસે કરાતી સજ્જાદાન ઇ૦ની ક્રિયા

**સરવણું** વિ૦[જુઓ સરવણ] ભટકતું, રખડતું

**સરવર** વિ૦ [फ़ा] પ્રતિષ્ઠિત, આગેવાન

**સર(–રો)વર** [सं ], **–રિયું** ન૦ જુઓ સરોવર

**સરવાટ** પું૦ [જુઓ સરવું] સરવાપણું

**સરવાણી** સ્ત્રી૦ ['સરવું' ઉપરથી] ઝરણું

**સરવા(–વૈ)યું** ન૦ [फा. सरमायह=પૂંજી ઉપરથી ?] આખા વર્ષના હિસાબનું તારણ (–કાઢવું) [(૨) પરિણામે; અંતે

**સરવાળે** અ૦ [જુઓ સરવાળો] એકંદર

**સરવાળો** પું૦ [સર૦ म. सावळा, सारोळा] સંખ્યાઓને ભેગી ઉમેરવી તે (૨) તેથી થતી કુલ રકમ (–કરવો)

**સરવું** વિ૦ [प्रा सर (स स्वर) ઉપરથી] શરવું, ઝટ સાંભળે તેવું (૨) મોટેથી બે લાયેલું (૩) [જુઓ સરાટ] અમુક જાતના સ્વાદ અને ફોરમવાળું (૪) [सं सृ ઉપરથી] ચપળ ઉદા૦ સરવા પગ (૫) અ૦ક્રિ૦ [प्रा सर (सं सृ)] જુઓ સરકવું (૬) પાર પડવું, વળવું (જેમ કે ગરજ, અર્થ, કામ)

**સરવે** (રૅ) સ્ત્રી૦ [इं] આકણી; મોજણી, (જમીનના માપ ઇ૦ની) તપાસ ૦યર પું૦ [इ ] તે કરનાર ઇજનેર

**સરવૈયું** ન૦ જુઓ સરવાયું

**સરવો** પું૦ [सं स्रुव, સર૦ हिं सुरवा] જુઓ સ્રુચ, સ્રુવ (૨) [सं स? કે शूर ઉપરથી ?] ઉદાર પુરુષ (૩) [सं सराव ઉપરથી] શકોરું

**સરશિ(–સિ)ફારસ** સ્ત્રી૦ [સર+સિફારસ] લાગવગ, વગસગ

**સરશિ(–સિ)યું** ન૦ [સરસવ' ઉપરથી] સરસવનું તેલ (૨) [प्रा. सरीसिव (सं सरीसृप)] અળસિયું

**સરસ** પું૦ જુઓ સરેશ

**સરસ** વિ૦ [सं. श्रेयस् ઉપરથી; સર૦ म.] સારું, ઉત્તમ (૨) [स स+रस] રસવાળું (૩)સુંદર.[–તોલવું=વધતું–નમતું તોલવું ] ૦તા સ્ત્રી૦ [ખબરઅંતર. પત્તો

**સરસમાચાર** પું૦બ૦વ૦ [સર+સમાચાર]

**સરસર** સ્ત્રી૦ ['સરવું' ઉપરથી] છોકરાની એક રમત, ખારોપાટ (૨) અ૦ [રવ૦] ઝડપથી સરવાનો કે ચાલવાનો અવાજ

**સરસવ** પું૦ [प्रा सरिसव (सं सर्षप), સર૦ हिं सरसो; म ] એક જાતનું તેલી બી

**સરસવું** અ૦ક્રિ૦ ['સરસ' ઉપરથી] (કા.) ચડી જવું,–થી વધી જવું

**સરસંદેશો** પું૦ [સર+સંદેશો] ખબરઅંતર

**સરસાઈ** સ્ત્રી૦ ['સરસ' ઉપરથી; સર૦ हिं ; म सरशी] સ્પર્ધા, ચડસાચડસી [–કરવી, –એળવવી, –ભોગવવી]

**સરસામ** પું૦ [फा] મૂંઝારો; સનેપાત

**સરસામાન** પું૦ [સર+સામાન] રાચરચીલું; ઘરગથ્થુ સામાન

**સરસાસરસી** સ્ત્રી૦['સરસાઈ' ઉપરથી]ચડસાચડસી (૨) અ૦ જોડાજોડ, સાથોસાથ

**સરસિજ** ન૦ [सं.] કમળ

**સરસિફારસ** સ્ત્રી૦ જુઓ સરશિફારસ

**સરસિયું** ન૦ જુઓ સરશિયું

**સરસીધું** ન૦ [સર+સીધું; સર૦ म. सरसिधा] રસોઈનો સામાન

**સરસું** વિ૦ [सं श्रेयस्; સર૦ સરસ. म सरस,-सा] સરસ; સારું (૨) અ૦ [दे. सरिस; સર૦ म. सरसा, सरिसा] અડીને પાસે; નજીક. [**સરસું રહેવું**=લિપ્ત–નજીક રહેવું]
**સરસૂબો** પુ૦ [फा.] વડો સૂબો; પ્રાંત કે વિભાગનો ઉપરી
**સરસ્વતી** સ્ત્રી૦ [सं] (સ.) વિદ્યાની દેવી; શારદા (૨) ઉત્તર ગુજરાતની એક નદી (૩) ત્રિવેણીસંગમની ગુપ્ત નદી ૦**પૂજન** ન૦ સરસ્વતીની પૂજાનો ઉત્સવ (કોઈ ઠેકાણે વસંતપંચમીએ તો કોઈ ઠેકાણે આસો માસમાં) (૨) દીવાળીમાં ચોપડાનું પૂજન
**સરહદ** સ્ત્રી૦ [फा. सरहद्द] સીમા, સીમાડો. ૦**પ્રાંત** પું૦ હિંદના વાયવ્ય ખૂણાનો, તે સરહદ પરનો પ્રાંત (હવે પાકિસ્તાનમાં). –**દી** વિ૦ સરહદને લગતું; સરહદ સંબંધી (૨) પું૦ સરહદ પ્રાંતનો માણસ
**સરળ,** ૦**તા** સ્ત્રી૦ જુઓ 'સરલ'માં [સારંગ
**સરંગ** પું૦ [फा सरहंग] વહાણનો મુખ્ય ટંડેલ,
**સરંજામ** પુ૦ [फा] જોઈતી સામગ્રી (૨) લડાઈ કે લશ્કરની સામગ્રી. [–**ઊતરવું**= પૂરું થવું.] –**મી** વિ૦ સરંજામને લગતું (૨) શિલેદારી પદ્ધતિનું
**સરઠ** ન૦ એક પક્ષી
**સરા** સ્ત્રી૦ [फा.] જુઓ સરાઈ (૨) [सं सृ ઉપરથી] પ્રવાહ, ધારા (૩) [સર૦ म.; प्रा. सर, ०य (सं शरद्)] ઋતુ, મોસમ (ઉદા૦ લગનસરા) [(૨) શેરી, પોળ
**સરાઈ** સ્ત્રી૦ [फा] ધર્મશાળા; મુસાફરખાનું
**સરાક** પું૦; સ્ત્રી૦ [स शलाका] અણીદાર સળી; ફાંસ; શૂળ
**સરાકડો** પું૦ જુઓ સરોખડો
**સરાકતી** વિ૦ સ્ત્રી૦ [अ. शिराकत] ધનામી જમીન ઉપરનો વેરો
**સરાગ** વિ૦ [सं] રંગવાળું (૨) રાગયુક્ત
**સરાટ** પુ૦ [સર૦ સીરી, સીરાટ] સરવી વાસ કે સ્વાદ
**સરા(-રે)ડે** અ૦ [જુઓ સરાણ] સવે, સીધે માર્ગે. [–**ચડવું**=રસ્તે ચડવું; રાગે પડવું. –**ચડાવવું,–પાડવું**=રસ્તે ચડાવવું.]
**સરાણ** સ્ત્રી૦ [प्रा. साण (सं शाण), સર૦ म. सहाण, माण] ધાર કાઢવાનું યંત્ર. [**સરાણે ચડાવવું**=ધાર કાઢવી (૨) આરંભ કરી આપવો, રસ્તે પાડી આપવું (૩) ઉશ્કેરી આપવું] –**ણિયો** પું૦ સરાણ ઉપર ધાર કાઢી આપનાર
**સરાધરા** અ૦ [સરાર+ધર (મૂળ)થી] પહેલેથી છેવટ લગી
**સરાપરદો** પુ૦ [फा.] સરદારને રહેવાનો તંબૂ
**સરાફ,–ફી** જુઓ શરાફ'માં. [**સરાફી ધંધો** =ખુલ્લો–પ્રમાણિક વેપાર (૨) નાણાંની ધીરધારનો ધંધો] [સરાવવાની દક્ષિણા
**સરામણ** ન૦,–**ણી** સ્ત્રી૦ ['સરાવવું' ઉપરથી]
**સરામણું** ન૦ બચાવ
**સરાર** અ૦ [फा. सरासर=આ છેડથી પેલા છેડા સુધી] હરાર, ઠેઠ સુધી
**સરાવ** [म.], ૦**લું** ન૦ શરાવ, શકોરું
**સરાવવું** સ૦ક્રિ૦ [જુઓ સારવું] 'સારવું'નું પ્રેરક (૨) સારવું–શ્રાદ્ધ કરવું
**સરાવિકા** સ્ત્રી૦ એક છંદ
**સરાવું** અ૦ક્રિ૦ [જુઓ સારવું] ખુશ થવું, કૃતાર્થ થવું (૨) અંજાવું
**સરાસર** અ૦, –**રી** અ૦ (૨) સ્ત્રી૦ [फा, સર૦ दे. सरिसरी] જુઓ સરેરાશ
**સરાહ,** ૦**ના** સ્ત્રી૦ [अप० सरह (सं श्लाघ्य); સર૦ हिं] શ્લાઘા, વખાણ; પ્રશંસા
**સરાહવું** સ૦ક્રિ૦ [જુઓ સરાહ; સર૦ हिं. सराहना] વખાણવું, મહિમા વધારવો
**સરાહી** વિ૦ ['સરાહ' પરથી] વખાણવા લાયક, મનોહર
**સરાંઠી** (૦) સ્ત્રી૦ [सं शर કે शण+કાઠી (सं. काष्ठ), સર૦ म. सराटी,–ठी] કરાઠી, સાંઠી
**સરાંઢવું** (૦) સ૦ક્રિ૦ [स (સમાન)+રાંઢવું (दे. रंढुअ)] એક રાંઢવે બે ઢોરને બાંધવાં; સરોડવું
**સરિત(–તા)** સ્ત્રી૦ [सं.] નદી
**સરિયામ** વિ૦ [फा. शहहिआम કે सरे आम?] મુખ્ય, ધોરી (રસ્તો) (૨) જાહેર (૩) સીધું; સળંગ

**સરિયો** પું૦ [સં. शर કે सृ ઉપરથી, સર૦ हिं सरिया, म. सरी] બાજરીના છોડનો દાંડો (૨) બરૂની લાકડી
**સરીખુ** વિ૦ [प्रा सरिक्ख (सं. सदृक्ष), સર૦ म. सरिखा, हिं सरीखा] સરખું
**સરીઅત** વિ૦ જુઓ શરીઅત
**સરીસુ** વિ૦ [प्रा. सरिस (सं. सदृश), સર૦ म सरीसा, हिं सरिस] સરખુ (૨) અ૦ સરસુ, નજીક (પ)
**સરુ** ન૦ [જુઓ સરવ] એક ઝાડ; શરુ
**સરુ** ન૦ [સર૦ हिं. सिरा (म शिरस्) અથવા म सरू सं (त्सरु)=મૂ.] પાર; છેડો
**સરૂપ** વિ૦ [सं] સરખું, સમાન (૨) રૂપાળું, સુંદર ૦તા સ્ત્રી૦
**સરેડે** અ૦ જુઓ સરાડે
**સરેતારે** અ૦ [સર૦ अ. सरीह] વાજતે ગાજતે, ખુલ્લેખુલ્લુ, છચોક
**સરેરાશ** સ્ત્રી૦ [જુઓ સરાસર, સર૦ म सरिरास] નાનીમોટી રકમોનો જુમલો કરીને કઢાતું માન (ગ) (૨) અ૦ સરેરાશ ગણતા (૩) શુમારે, અંદાજથી
**સરેશ(-સ)** પું૦[फा] ચામડા કે હાડકામાથી મળતો ચીકણો પદાર્થ
**સરૈયો (રૈ')** પુ૦[प्रा सुरहि(सं सुरभि પરથી)] સુગંધીદાર વસ્તુઓ વેચનાર [માટી
**સરોખડો** પુ૦ [સર૦ प्रा मरक्ख] ચૂનાવાળી
**સરોઅત** અ૦(ચ ?) સાધારણ રીતે [વેલ
**સરોજ** ન૦[सं] કમળ -જિનીસ્ત્રી૦ કમળની
**સરોડવું** સ૦ક્રિ૦ ['સરોડુ' કે 'રાઢવુ' (છોડી નાખવું) ઉપરથી ?] ઘાસ છૂટું કરી પહોળું કરવુ (૨) [જુઓ સરાઢવુ। જાનવર નાસી ન જાય માટે એને સાથે એક દોરડે બાધવા
**સરોડું** ન૦[सं शर ઉપરથી] જુવારબાજરીનો સાંઠો, રાડું [ન્યાયપુર સર
**સરોતરી** વિ૦ [સર૦ म सरोत्तरी] વાજબી;
**સરોતો(-દો)** પું૦ [સર૦ हिं सरौता] સૂડી
**સરોદ(-દો)** પું૦ [फा सुरोद] એક તંતુવાદ્ય, સારંગી
**સરોદો** પુ૦ જુઓ સરોતો (૨) જુઓ સરોદ

(૩) [सं. स्वरोदय, સર૦ म. सरोदा, हिं. सरोदा] નાકમાથી ચાલતા શ્વાસ ઉપરથી ભવિષ્ય કહેવાની વિદ્યા, સ્વરોદય
**સરોરુહ** ન૦ [सं] સરોજ, કમળ
**સરોવર** ન૦ [सं] મોટું તળાવ
**સરોષ** વિ૦ [सं] ગુસ્સાવાળુ; ગુસ્સા સહિત
**સર્કલ, ૦ઇન્સ્પેક્ટર** પુ૦ અમુક સર્કલ કે વિભાગનો મહેસૂલી એક અધિકારી
**સર્ગ** પુ૦[सं] સૃષ્ટિ (૨) ઉત્પત્તિ (૩) ત્યાગ (૪) અધ્યાય (કાવ્યનો) ૦મીમાંસા સ્ત્રી૦ સૃષ્ટિની ઉત્પત્તિનો ક્રમ ચર્ચતું શાસ્ત્ર; 'કૉસ્મૉગની.' ૦શક્તિ સ્ત્રી૦ સર્જનશક્તિ
**સર્ચલાઇટ** સ્ત્રી૦; ન૦ [इं] ખૂબ દૂર સુધી પહોંચે એવો વીજળીનો જોરદાર પ્રકાશ. [-નાંખવું = એવો પ્રકાશ પાડવો કે કરવો.]
**સર્જક** વિ૦ (૨) પુ૦ [सं] સર્જનાર
**સર્જન** પુ૦ [इं] શસ્ત્રવૈદ્ય, વાઢકાપનું કામ ખાસ જાણતો દાક્તર
**સર્જન** ન૦ [सं] સર્જવુ તે (૨) સર્જેલું તે; કૃતિ (૩) સૃષ્ટિ ૦જૂનું વિ૦ આદિ, સૃષ્ટિની શરૂઆતથી ચાલતુ આવેલુ ૦શક્તિ સ્ત્રી૦ નવુ રચવાની શક્તિ. ૦હાર પુ૦ સરજનહાર, પેદા કરનાર, ઈશ્વર -ના સ્ત્રી૦ સર્જવુ તે
**સર્જવું** સ૦ક્રિ૦ [सं सृज्] પેદા કરવુ, ઉત્પન્ન કરવુ, રચવું
**સર્જિત** વિ૦ [सं.] સર્જેલુ(૨)નસીબમા લખેલુ
**સર્ટિફિકેટ** ન૦ [इं] પ્રમાણપત્ર
**સર્પ** પું૦ [सं.] સાપ. ૦દંશ પુ૦સાપનો દંશ. -ર્પાકાર વિ૦ [+आकार] સર્પના આકારવાળું. -ર્પાસ્ત્ર ન૦ [+अस्त्र] સર્પનું અસ્ત્ર. -ર્પિણી સ્ત્રી૦ સાપની માદા
**સર્પવું** અ૦ક્રિ૦ [सं. सृप्] દોડી જવુ
**સર્પાકાર, સર્પાસ્ત્ર, સર્પિણી** જુઓ 'સર્પ'માં
**સર્વ** વિ૦[सं] બધુ, સઘળુ [-હકસ્વાધીન = માલકીના તમામ હક પોતાના કબજામા છે] ૦કાલીન વિ૦નિત્ય; બધો વખત ટકી રહેનાર. ૦ગત વિ૦ સર્વત્ર રહેલું ૦ગામિત્વ ન૦ સર્વગામીપણું ૦ગામી વિ૦ સર્વવ્યાપક. ૦ગુણસંપન્ન વિ૦ સર્વ ગુણોવાળું (૨) [લા.]

દર્શુણે પૂર્ણ; બધા દર્શુણવાળું. ૦ગ્રાહિત્વ ન૦ સર્વગ્રાહીપણું. ૦ગ્રાહી વિ૦ બધું ગ્રહણ કરતુ. ૦જનીન વિ૦ સાર્વજનિક; સવ લોક સબધી ૦જિત્ વિ૦ સર્વને જીતનાર–તાબે કરનાર ૦જ્ઞ વિ૦ બધુ જાણનારુ ૦જ્ઞતા સ્રી૦. ૦તઃ અ૦[સં.] ચોતરફ (૨) બધી બાજુએથી (૩) સર્વ પ્રકારે ૦તોભદ્ર વિ૦ [સં] બધી રીતે સુદર-(૨) પું૦ ચારે બાજુ દરવાજાવાળું મદિર કે મહેલ (૩) એક વ્યૂહરચના (૪) ન૦ દરેક બાજુથી સરખી રીતે વંચાય તેવી કાવ્યરચના ૦તોભદ્રચક્ર ન૦ જુઓ સર્વતોભદ્ર ૪ ૦તોમુખ(-ખી) બધી બાજુ મુખવાળું (૨) દરેક પ્રકારનુ, પૂર્ણ; વ્યાપક. ૦ત્ર અ૦ દરેક સ્થળે ૦થા અ૦ [સં] સર્વ પ્રકારે; બધી રીતે. ૦દમન વિ૦ [સં] બધાનુ દમન કરનારું (૨) પું૦ (સં) દુષ્યંત અને શકુંતલાનો પુત્ર ભરત ૦દર્શી વિ૦ બધુ જોનારુ કે જાણનારું (૨) [સં.] બુદ્ધ ૦દા અ૦ [સં] હમેશા; નિરતર. ૦દિક(-ગ) વિ૦ બધી દિશાનું,-ને લગતુ. ૦દેશી(૦ય) વિ૦ બધા દેશ, અંગ કે વિભાગને લગતુ ૦દેશિતા, ૦દેશીયતા સ્રી૦ ૦ધર્મસમભાવ પું૦ બધા ધર્મો પ્રત્યે સમાનતાનો ભાવ ૦નામ ન૦ નામને બદલે આવતો શબ્દ (વ્યા). ૦નાશ પુ૦ બધાનો નાશ ૦નાશી વિ૦ સર્વનો નાશ કરનાર ૦પક્ષી વિ૦ બધા પક્ષનું, બધા પક્ષને લગતુ (૨) સર્વનો યોગ્ય પક્ષ કરતુ. ૦પ્રિય વિ૦ બધાને ગમતુ; બધાનું વહાલુ. ૦ભક્ષી વિ૦ બધુ ભક્ષણ કરતુ. ૦મતે અ૦ સર્વાનુમતે ૦મય વિ૦ સર્વવ્યાપી; સર્વમત ૦માન્ય વિ૦ બધાને માન્ય. ૦વિધ વિ૦ સર્વ પ્રકારનુ ૦વેત્તા વિ૦ બધું જાણનાર ૦વ્યાપક, ૦વ્યાપી વિ૦ સર્વત્ર વ્યાપી રહેલુ ૦વ્યાપકતા સ્રી૦. ૦શક, ૦શક્તિ(૦માન) વિ૦ સર્વ પ્રકારની શક્તિવાળુ; સર્વસમર્થ. ૦શક્તિમત્તા સ્રી૦ સર્વશક્તિમાન હોવુ તે. ૦શ્રેષ્ઠ વિ૦ સર્વમા શ્રેષ્ઠ. ૦સત્તાધીશ પું૦ સવ સત્તા જેના હાથમા છે તેવું; સરમુખત્યાર, ૦સંગ્રહ પુ૦ બધી જાતની માહિતીનો સગ્રહ; 'સાઇક્લોપીડિયા'. ૦સંપન્ન વિ૦ કાંઈ પણ ઊણપ વિનાનું ૦સંમત વિ૦ સર્વમાન્ય. ૦સાધારણ, ૦સામાન્ય વિ૦ સૌને લાગુ પડતુ ૦સ્પર્શી વિ૦ વ્યાપક બધાને લાગુ પડતુ ૦સ્વ ન૦ પોતાનુ બધું, બધી માલમત્તા કે શક્તિસંપત્તિ. –ર્વંકષ વિ૦ સર્વશક્તિમાન –ર્વંસહ વિ૦ બધુ સહન કરનારું - ઉદાર –ર્વંસહા વિ૦ સ્રી૦ (૨) સ્રી૦ (સં) પૃથ્વી –ર્વાગ્ર વિ૦ [+अग्र] એકાગ્રથી ઊલટું –ર્વાતિશાયિત્વ ન૦ [+अतिशायित्व] સર્વાતિશાયીપણું; 'ટ્રાન્સેન્ડન્સ'. –ર્વાતિશાયી વિ૦ સર્વની પાર રહેલુ 'સર્વાનુશાયી'થી ઊલટુ –ર્વાતીત વિ૦ [+अतीत] સર્વથી પર –ર્વાત્મત્વ, –ર્વાત્મભાવ પુ૦[+आत्मत्व, -आत्मभाव] પોતે બધાનો આત્મા છે અથવા એક જ આત્મા બધામા છે તેવો ભાવ. –ર્વાત્મવાદ પુ૦ સર્વાત્મભાવનો વાદ –ર્વાત્મા પુ૦ બધાનો આત્મા–પરમેશ્વર .–ર્વાધિકાર પુ૦ [+अधिकार] સવ અધિકાર –ર્વાધિકારી પું૦ કુલ સત્તાવાળો, સરમુખત્યાર. –ર્વાનુભવરસિક વિ૦ [+અનુભવરસિક] જુઓ સર્વાનુભવી –ર્વાનુભવી વિ૦ સર્વના અનુભવનુ (૨) સર્વને અનુભવે સાચુ કે સિદ્ધ એવુ; 'ઑબ્જેક્ટિવ' –ર્વાનુમત વિ૦ [+अनुमत] બધાને અનુમત–કબૂલ (૨) પું૦, ન૦ બધાનો મત. –ર્વાનુમતિ સ્રી૦ બધાની અનુમતિ –ર્વાનુશાયિત્વ ન૦ [+अनुशायित्व] સર્વાનુશાયીપણું; 'ઇમેનન્સ'. –ર્વાનુશાયી વિ૦ સર્વમા વ્યાપીને–સમાઈને રહેનાર. –ર્વાર્પણ ન૦ [+अर्पण] સવ સ્વનુ અર્પણ. –ર્વાંગ ન૦ [+अंग] બધા અગ, આખું શરીર (૨) વેદના બધા અગો –ર્વાંગસપૂર્ણ વિ૦ સર્વાંગે સપૂર્ણ –ર્વાંગસુંદર વિ૦ સપૂર્ણ સુંદર. –ર્વાંગી(૦ણ) વિ૦ સર્વ અગોને લગતુ આખા શરીરમા વ્યાપી કે ફરકી રહેતુ –ર્વે સ૦ સર્વ; બધુ. –ર્વેશ(-શ્વર) પું૦ [+ईश, ईश्वर]

સર્વનો ઈશ્વર–પરમેશ્વર. –ર્વોચ્ચ વિ૦ [+उच्च] સૌથી ઉચ્ચ. –ર્વોત્કૃષ્ટ, –ર્વોત્તમ વિ૦ [+उत्कृष्ट, उत्तम] સૌમા ઉત્તમ, શ્રેષ્ઠ –ર્વોદય પુ૦ [+उदय] સર્વનો ઉદય, બધાનું હિત. –ર્વોદયવાદી વિ૦ સર્વોદયમાં માન્યતાવાળું –ર્વોપભોગ્ય વિ૦ [+उपभोग्य] સૌને રસ પડે એવુ –ર્વોપયોગી વિ૦ સર્વને ઉપયોગી –ર્વોપરી વિ૦ [+ઉપરી] સૌથી ચડિયાતુ (૨) શ્રેષ્ઠ. –ર્વોપરીત્વ, –ર્વોપરીપણું ન૦ સૌનું ઉપરીપણુ શ્રેષ્ઠત્વ. –ર્વોપમાલાયક વિ૦ [+ઉપમા+લાયક] બધી શુભ ઉપમાઓને યોગ્ય; શ્રેષ્ઠ (વડીલ માટે પત્રોમા વપરાતુ વિ૦). –ર્વોપાસક પુ૦ [+उपासक] સર્વનો–સમગ્ર એવા પ્રભુનો ઉપાસક

**સર્વરી** સ્ત્રી૦ [सं] શર્વરી, રાત

**સર્વે** સ૦ જુઓ સર્વ

**સલ** ન૦ જરબાજરીનાં કણસલાવાળા પૂળા (૨) [सं] સલિલ, પાણી

**સલક્ષ(–ખ)ણું** વિ૦ [સ+લક્ષણ] સારાં લક્ષણવાળુ (૨) [सु] સખણું, તોફાની નહિ તેવું

**સલગમ** ન૦ [फा शलजम; सर० हिं, म] ગાજર જેવુ એક કંદ [લજ્જાપૂર્વક

**સલજ્જ** વિ૦ [सं] લાજવાળું (૨) અ૦

**સલપી** ન૦ એક માછલી

**સલપો(–ફો)** પુ૦ [हि सुलफा] સપાટો; દમ (ચલમનો) (૨) જથો

**સલમો** પુ૦ [સર૦ हि, म. सलमा] ઝીકચળકમા વપરાતો ગોળ લપેટેલો ચળકતો તાર

**સલવવું** સ૦ક્રિ૦ જુઓ સાલવવું

**સલવામણ** સ્ત્રી૦ ['સલવાવુ ઉપરથી]સલવાવું તે (૨) ન૦ સાલવવાનું મહેનતાણું

**સલવાવું** અ૦ક્રિ૦ [જુઓ સાલ (सं शल्य)] ઉકેલ ન સૂઝવાથી ગભરાવુ, ગૂંચાવુ (૨) 'સાલવવુ' 'સલવવુ'નું કર્મણિ

**સલાટ** પુ૦ [प्रा सिल्लार (सं शिलाकार), सर० हिं सिलावट] પથ્થર ઘડનારો

**સલાટી(–ડી)** સ્ત્રી૦ [सर० प्रा सिलिया (सं. शिलिका)] ધાર કાઢવાનો પથ્થર

**સલાડવું** સ૦ક્રિ૦ [જુઓ સાલ (स शल्य)] (કા) જોડવુ, એકને બીજા સાથે બાવવુ

**સલાડી** સ્ત્રી૦ જુઓ સલાટી

**સલાડુ** ન૦ જુઓ સલાટી (૨) [સલાડવું પરથી] ભંભેરણી, સલાડો

**સલાડો** પુ૦ [સલાડવુ પરથી] એક ઊંટને બીજાને પૂંછડે બાવવુ તે (૨) [લા] કોઈને મરજી વિરુદ્ધ કામે લગાડવુ તે (૩) [ચ] સલાડુ, અહીંની તહીં ને તહીંની અહીં વાત કરવી તે

**સલાબત** સ્ત્રી૦ [अ] મોટાઈ, ભારેપણુ, પ્રૌઢતા

**સલામ** સ્ત્રી૦ [अ] નમસ્કારનો એક પ્રકાર. [–અલૈકુમ [अ.], આલેકમ = મળતી વખત વંદન કરવા બોલવાનો મુસલમાની ઉદ્ગાર ('તમને શાતિ મળો!'). –કરવી = નમન કરવુ. –કહેવી = નમસ્કાર કહેવા –ભરવી = ખાસ નીચા નમીને સલામ કરવી (૨) આજીજી કે ખુશામત કરવી –ઝીલવી, –લેવી = સલામના જવાબમા સલામ કરવી કે માથું નમાવવુ] –મિયા વિ૦ સલામી દાખલ જ થોડુ મહેસૂલ ભરવુ પડે તેવી જમીન –મી સ્ત્રી૦ સલામ દાખલ અપાતું માન, ભેટ કે મહેસૂલ (૨) વ્યાયામમા કે કવાયતમા સલામ કરવાની રીત (–આપવી, –લેવી)

**સલામત** વિ૦ [अ] સહીસલામત, સુરક્ષિત (૨) હયાત અને તંદુરસ્ત –તી તંદુરસ્તી; ક્ષેમ (૨) હયાતી, જિંદગી (૩) સુરક્ષિતતા

**સલામિયા, સલામી** જુઓ 'સલામ'મા

**સલાવડુ** ન૦ [જુઓ શરાવલું] માટીનુ ભિક્ષાપાત્ર, શકોરુ

**સલાહ** સ્ત્રી૦ [अ] શિખામણ (૨) અભિપ્રાય (૩) [अ सिलाह] સુલેહ (–કરવી) ૦કાર વિ૦ (૨) પુ૦ સલાહ આપનાર (૨) સુલેહ કરનાર કે કરાવનાર [(સ) વરુણદેવ

**સલિલ** ન૦ [सं] પાણી –લેન્દ્ર પુ૦ [+इन्द्र]

**સલીલ** વિ૦ [सं] લીલા, ક્રીડા કે વિલાસવાળું (૨) અ૦ રમતમા, હાવપૂર્વક

**સલૂક** સ્ત્રી૦ [अ] વતણૂક, રીતભાત, વર્તાવ

(૨) સદ્ભાવ, મેળ (૩) ભલાઈ; નેકી; ઉપકાર. -કાઈ સ્ત્રી૦ સભ્યતા; વિનયી વર્તણૂક (૨) સદ્ભાવ; મેળ

**સલૂજવું** સ૦ક્રિ૦ + સમજવું

**સલૂડું** વિ૦ [જુઓ સલાડું] સવાસલા કે સલાડા કર્યા કરનારું

**સલૂણું** વિ૦ [प्रा. सलूण (सं. स+लवण), સર૦ हिं. सलोना] મનોહર, સુંદર

**સલૂન** ન૦ [इं] ઘરના જેવી સગવડોવાળો રેલગાડીનો ખાસ ડબ્બો (૨) સ્ટીમરમાં ઉતારુઓનો મોટો ઓરડો (૩) હજામની દુકાન

**સલેપાટ** પું૦ [इं स्लीपर, સર૦ म. शिलेपाट, हिं. सलीपर] રેલના પાટા નીચે ગોઠવાતો પાટડો

**સલો** પું૦ [प्रा. सील (सं. शीलय्) = દુરસ્ત કરવું પરથી ?] પાતળું લીંપણ, અબોટ

**સલોકતા** સ્ત્રી૦ [सं] ઇષ્ટદેવ સાથે એક લોકમાં રહેવું તે, એક પ્રકારની મુક્તિ, સાલોક્ય

**સલોકા** પું૦ બ૦ વ૦ [सं श्लोक] સમસ્યા કે મહેણાવાળી પ્રશ્નોત્તરરૂપ કવિતા (૨) વરકન્યાએ પરણતી વખતે સામસામે બોલવાની લીટીઓ

**સલ્તનત** સ્ત્રી૦ [अ] પાદશાહત; રાજ્ય

**સલ્લી** સ્ત્રી૦ [प्रा. सिलिया (सं. शिल्लिका), સર૦ हिं सिल्ली] અસ્રો ઘસવાની પથરી

**સલ્લો** પું૦ [જુઓ સલો] સાગોળ

**સવચ્છી** સ્ત્રી૦ વિ૦ જુઓ સવત્સી

**સવડ** પું૦, સ્ત્રી૦ [सं सु+ વડ (सं. वृत्ति), સર૦ म. सवड, संवड] જુઓ સગવડ

**સવત્સ** વિ૦ -ત્સા, [सं], -ત્સી વિ૦ સ્ત્રી૦ વાછડા- [વાળી

**સવર્ણ** વિ૦ [सं.] એક જ વર્ણનું, સમાન વર્ણનું (૨) ચાતુર્વર્ણ્યમાં સમાતો-વર્ણવાળો (હિંદુ). ૦કરણી સ્ત્રી૦ એક ઔષધિનું નામ

**સવળવું** સ૦ક્રિ૦ ચાસને આળે આળેથી સજ્જડ ઊગેલા છોડ ઉખેડી આછા કરવા

**સવળાવું** અ૦ ક્રિ૦ જુઓ સળવળવું

**સવળ(-ળું)** વિ૦ [स (सं. सम् के सु)+ વળ ? કે સર૦ दे. सवडहुत्त = અભિમુખ; સંમુખ] સૂલટું, અવળાથી ઊલટું. [**સવળા પાસા પડવા** = ધાર્યું પાર પડવું; ફતેહ થવી. **સવળું પડવું** = ખરું પડવું (૨) સફળ થવું. **સવળે હાથે પૂજ્યા હરી** = વિધિપૂર્વક-બરોબર કે ફળે એમ આરાધના કરી હરી ]

**સવા** પું૦ [स (सं. सु)+ વા] અનુકૂળ વા પવન (૨) વિ૦પાધરું સવે, પાંસરું; અનુકૂળ

**સવા** પું૦ (બ૦વ૦) [સર૦ हिं. सोआ, सं. शताह्वा] એક વનસ્પતિના બીજ; સુવા (૨) [?] પાપડ કે અથાણામાં પડતો એક જીવ

**સવા** વિ૦ [प्रा. सवाय (सं. सपाद)] એક અને પા; ૧। (૨) [બીજી સંખ્યા આગળ લાગતાં] તેથી ૦। વધારે. જેમ કે, સવા ૭ (૩) સો, હજાર જેવી સંખ્યા પૂર્વે 'તેથી સવા ગણું' અર્થ બતાવે. ઉદા૦ સવા સો, સવા હજાર. [**-આઠ** = મન માને એવું; સારું. **-વીસ** = સાચું, યોગ્ય. **-શેર** = ઘણું-ખૂબ (૨) ચડિયાતું (ઉદા૦ સવા શેર લોહી ચડવું = અતિ આનંદ થવો. શેરને માથે સવા શેર )] ૦ઈ વિ૦ સ્ત્રી૦ સવાયું (૨) સ્ત્રી૦ સવા ગણું તે (૩) ચડિયાતાપણું, વડાઈ (૪) સિપાઈનો ફેંટો કે પાઘડી (૫) વધારાના વખતમાં કરેલું કામ કે તેની મજૂરી (૬) એક ધીરીને સવા લેવો તે [**-ચિઠ્ઠી** = એકનો સવા એ પ્રમાણે લખી આપેલી ચિઠ્ઠી કે પાડેલું ખાતું. **-નો ધંધો** = એક ને બદલે સવા લખાવી લઈ નાણું વ્યાજે ધીરવાનો ધંધો ]

**સવાકવા** પું૦ [स (सं सु)+વા, क (सं कु)+વા] અનુકૂળ કે પ્રતિકૂળ પવન (૨) અકસ્માત

**સવાકો** પું૦ ['સવા' ઉપરથી] પૈસો. ઢોઢિયું

**સવાણ** સ્ત્રી૦ [જુઓ સુહાણ] સોબતનો આનંદ; સોબતની હૂંફ (૨) આરામ, કરાર (૩) ન૦ પશુ માદાના ગર્ભાધાનનો કાળ [**સવાણે આવવું** = પશુ માદાનો તે સમય આવવો.]

**સવાદિયું** વિ૦ ['સ્વાદ' ઉપરથી] સ્વાદિષ્ટ (૨) સ્વાદિષ્ટ ચીજોના ચટકાવાળું

**સવાબ** ન૦ [अ] ધર્મકૃત્ય, પુણ્ય

**સવાયા** પું૦બ૦વ૦, -યાં ન૦ બ૦વ૦ [જુઓ -યા] સવાના આંક. -યું વિ૦ સવા ગણું (૨) ચડિયાતું. -યો પું૦ સવાકો; પૈસો

**સવાર** (સ') સ્ત્રી૦, ન૦ [फ़ा.] પ્રાત:કાળ; વહાણું. [**-થવી, પડવી.** **-નું નામ** = સવારે ઊઠતાં જે નામ લીધાથી આખો દહાડો સારો જાય

તેવુ શુભ નામ (૨) [વ્યંગમા] ચંડાળ.]
**સવાર** વિ૦ [फा] ઘોડા, હાથી કે વાહન ઉપર બેઠેલુ (૨) પું૦ તેવો માણસ, અસવાર (૩) ઘોડેસવાર સિપાઈ. [-થવુ = ઘોડે બેસવું (૨) ચઢી બેસવુ; સરજોરી કરવી.]
**સવારથ** પુ૦, **-થિયું** જુઓ સ્વાર્થ, -ર્થી
**સવારાં, -રું** અ૦ [સ + વાર] + વહેલુ; ઉતાવળુ (૨) સવેળા, વખતસર
**સવારી** સ્ત્રી૦ [फा] સવાર થવુ તે (૨) ગાડી વગેરેમા બેસનાર ઉતારુ (૩) વાહને ચડી ઠાઠમાઠથી વરઘોડા રૂપે ફરવુ તે, તેવો વરઘોડો (૪) અમલદારીને અંગે મુસાફરી (૫) કૂચ, હુમલો; ચડાઈ (૬) [લા] ઠાઠવાળો માણસ (૭) સંગીતનો એક તાલ. [-કરવી, -ચડવી, -નીકળવી -નું ગાડું = એક જાતનુ મુસાફરી માટેનું બળદગાડુ]
**સવારું** અ૦ જુઓ સવારા
**સવાલ** પું૦ [अ] પ્રશ્ન (૨) પૂછવાનું તે; માગણી; અરજ (૩) બોલ. [-કરવો, નાખવો = માગણી કરવી]
[ની કિંમતનુ, મૂલ્યવાન
**સવાલખી (-ખું)** વિ૦ [સવા + લાખ] સવા લાખ-
**સવાલજવાબ** પુ૦બ૦વ૦ [સવાલ + જવાબ] પ્રશ્નોત્તર (૨) બોલાબોલી (૩) પડપૂછ-તપાસ
**સવા વીસ** વિ૦ [સવા + વીસ] [લા.] સાચું; પ્રમાણરૂપ, શિરોધાર્ય
**સવાવું (સ')** અ૦ક્રિ૦ [જુઓ સવાણ] (પશુની માદાએ) ગર્ભ ધારણ કરવો (૨) 'સાહવું'નુ કર્મણિ (૩) ગમવુ, ગોઠવુ
**સવાસણ** સ્ત્રી૦ [सं सुवासिनी; સર૦ म सवाशीण] સૌભાગ્યવતી સ્ત્રી
**સવાસલું** ન૦ [सं सु + वाश?] સારું લગાડવા મીઠું મીઠું બોલવુ તે (૨) કાલાવાલા
**સવાસૂરિયું** વિ૦ [સવા + વરસ?] સવા સવા વર્ષને આંતરે જન્મેલું
**સવાસો (સો)** પુ૦ [સવા + સો] '૧૨૫'
**સવિકલ્પ, ૦ક** વિ૦ [सं] વિકલ્પવાળું
**સવિકાર** વિ૦ [सं] પરિણામ-વિકારયુક્ત
**સવિતા** પું૦ [सं] સૂર્ય (૨) સરજનહાર, પ્રભુ ૦ઈ સ્ત્રી૦ + પ્રકાશ, તેજ (૨) બહાદુરી
**સવિનય** વિ૦ [सं.] વિનયયુક્ત (૨) અ૦ વિનયપૂર્વક. ૦ભંગ પું૦ વિનયપૂર્વક-અહિંસાયુક્ત ભંગ (અન્યાયી કે અધર્મી કાયદા કે હુકમનો)
**સવિશેષ** વિ૦ [सं] વિશિષ્ટતાવાળું, અસાધારણ (૨) ઉત્તમ, મુખ્ય (૩) અ૦ ખાસ કરીને (૪) ખૂબ જ [વિસ્તારપૂર્વક
**સવિસ્તર** વિ૦ [सं] વિસ્તારયુક્ત (૨) અ૦
**સવે (વે,)** અ૦ ઠેકાણે, રસ્તે; વ્યવસ્થિત (૨) વિ૦ સારુ, રૂડું [-કરવું = ઠેકાણે કરવુ (૨) મારી નાખવુ. -પડવું = અનુકૂળ થવુ (૨) બરોબર જોગવાવુ; ઠેકાણે પડવુ. -લાવવું = બંધ બેસાડવુ, ઠેકાણે લાવવુ]
**સવેલી** વિ૦ સ્ત્રી૦ [સ + વેલો?] છોકરા સાથે નાતરે આવેલી (૨) સગાઈ થઈ હોય છતા બારોબાર બીજે પરણાવી દીધેલી
**સવેળા** અ૦ [સ + વેળા] વખતસર, આગળથી
**સવૈયો** પુ૦ [સર૦ हिं] એક છંદ
**સવ્ય** વિ૦ [सं] ડાબુ (૨) ડાબે ખભે રહેલું (જનોઈ). ૦સાચી પુ૦ (સં) (ડાબે હાથે પણ બાણ છોડી શકનાર) અર્જુન
**સવ્યાપસવ્ય** વિ૦ [सं.] ડાબુ જમણું (૨) [લા] ખરુંખોટું. [-કરવું = સતાડવુ (૨) પચાવી પાડવુ] [સબળુ
**સશક્ત** વિ૦ [स + शक्त, સર૦ म] શક્તિવાળુ,
**સશસ્ત્ર** વિ૦ [सं] શસ્ત્રસજ્જ, શસ્ત્ર સાથે
**સશેષ** વિ૦ [सं] શેષ રહે તેવુ ૦ભાગાકાર પુ૦ જેમા શેષ રહ્યા કરે તેવો ભાગાકાર
**સસડવું** અ૦ક્રિ૦ [રવ૦] સડસડ અવાજ સાથે ખૂબ ઊકળવુ
**સસડાવવું** સ૦ક્રિ૦ 'સસડવુ'નુ પ્રેરક, ખૂબ ગરમ કરવુ (૨) (સુ) સડસડ પી જવુ
**સસણવું** અ૦ક્રિ૦ [રવ૦] સણસણવુ
**સસણાટ** પુ૦ [રવ૦] સણસણાટ; સસણવુ તે
**સસણી** સ્ત્રી૦ [રવ૦] સસણવાનો અવાજ (૨) બાળકનો એક રોગ. [-બોલવી = શ્વાસનો (તે રોગથી) અવાજ થવો]
**સસરો** પું૦ [सं श्वसुर, प्रा. ससुर, સર૦ म ससरा, हिं ससुर] વર કે વહુનો બાપ

**સસલી** સ્ત્રી૦ [સં शश, प्रा. सस, સર૦ म., हिं. ससा] સસલાની માદા. **-લું** ન૦ એક નાનું ચોપગું પ્રાણી. **-લો** પું૦ સસલાનો નર

**સસવું** અ૦ક્રિ૦ [प्रा. सस (સં श्वस्) કે प्रा. सूस (સં शुष्)] ફૂલેલી વસ્તુનું બેસી જવું

**સસાર** વિ૦[સં.] સાર કે સત્ત્વવાળું. **૦તા** સ્ત્રી૦

**સસુમારું** ન૦ [प्रा. सुसुमार (સં शुंशुमार)] એક જળચર પ્રાણી

**સસ્તું** વિ૦ [સર૦ हिं., म. सस्ता; म. सस्त, स्वस्त] સોંઘું (૨) (લા.) ભાર કે વકર વિનાનું. [**સસ્તામાં મળવું**=સસ્તુ મળવું. **સસ્તું પડવું**=કિંમતમાં સસ્તુ લાગવું કે આવવું **-મૂકવું**=સસ્તે ભાવે વેચવા તત્પર થવું ]

**સસ્નેહ** વિ૦ [સં.] સ્નેહસહિત, સ્નેહપૂર્વક

**સસ્મિત** વિ૦ [સં.] સ્મિતવાળું (૨) અ૦ સ્મિત સાથે

**સસ્ય** ન૦[સં ]ધાન્ય, અનાજ **૦વતી** વિ૦સ્ત્રી૦ અન્નપૂર્ણા, ધાન્યથી ભરપૂર

**સસ્સો** પું૦ સ અક્ષર (૨)[प्रा सस (સં. शश)] [સસલો

**સહ** અ૦ [સં] સાથે

**સહકાર** પું૦ [સં.] સાથે મળીને કામ કરવું તે; એકબીજાને મદદગાર થવું તે (૨) આંબો. **-રિતા** સ્ત્રી૦, **-રિત્વ** ન૦ સહકારીપણું. **-રી** વિ૦ સહકારવાળું; સહકાર કરતું કે તેનાથી ચાલતું (૨) પું૦ સહકાર કરનાર. **-રી ભંડાર** પું૦ સહકારથી ચાલતી દુકાન **-રી મંડળ** ન૦, **-રી મંડળી** સ્ત્રી૦ સહકારથી ચાલતું મંડળ [થવું તે

**સહગમન** ન૦ [સં.] સાથે જવું તે (૨) સતી

**સહગામી** વિ૦ [સં.] સહગમન કરનારુ (૨) [ગ ] 'કૉંકરંટ' [સોબતી. **-રી** સ્ત્રી૦

**સહચર** વિ૦ (૨) પું૦ [સં] સાથે ફરનાર;

**સહચાર** પું૦[સં ] સાથ; સંગ, સોબત, સબંધ (૨) સુસંગતપણું (૩) સાહચર્ય. **-રિણી** વિ૦સ્ત્રી૦ સાથે રહેનારી કે ફરનારી (૨) સ્ત્રી૦ સહચરી **-રિતા** સ્ત્રી૦ **-રી** વિ૦ સાથે જનારું કે રહેનારું (૨) પું૦ પતિ

**સહજ** વિ૦ [સં ] સાથે જન્મેલું (૨) કુદરતી; સ્વાભાવિક (૩) સહેજ; સહેલું (૪) અ૦ ખાસ કારણ વિના (૫) સ્વાભાવિક રીતે (૬) સહેલાઈથી **૦પ્રાપ્ત** વિ૦ સહેજે મળેલું. **૦બુદ્ધિ** સ્ત્રી૦ કુદરતી બુદ્ધિ કે પ્રેરણા; 'ઇન્સ્ટિંક્ટ'. **૦સ્ફુરણ** ન૦, **૦સ્ફૂર્તિ** સ્ત્રી૦ સહજબુદ્ધિ; સહેજે સ્ફુરવું તે

**સહજન્ય** વિ૦ [સં सह+जन् ] સાથે જન્મેલું

**સહધર્મચાર** પું૦ [સં.] સાથે રહી જીવનની ફરજો બજાવવી તે. **-રિણી** સ્ત્રી૦ પત્ની. **-રી** પું૦ પતિ

**સહધર્મી** વિ૦ (૨) પું૦ [સં.] સમાન ધર્મવાળું (૨) એકસમાન ધર્મનું અનુયાયી **-ર્મિણી** સ્ત્રી૦ જુઓ સહધર્મચારિણી

**સહન** ન૦ [સં.] સહેવું -ખમવું તે **૦તા** સ્ત્રી૦ સહનશીલતા **૦શક્તિ** સ્ત્રી૦ સહન કરવાની શક્તિ. **૦શીલ** વિ૦ સહન કરે તેવા સ્વભાવનું; શાંત, ધીર, સહિષ્ણુ **૦શીલતા** સ્ત્રી૦

**સહપાઠી** પું૦ [સં ] સાથે ભણનાર, સહાધ્યાયી

**સહભાગિની** સ્ત્રી૦ [સં ] પત્ની

**સહભોજન** ન૦ [સં.] સાથે બેસી કરેલું ભોજન (૨) ભિન્ન વર્ણના લોકોનું એક પંગતે ભોજન

**સહમત** વિ૦ [સં ] એકમત, સમાન-સરખા મતવાળું. **-તી** સ્ત્રી૦ એકમતી

**સહમરણ** ન૦ [સં.] જુઓ સહગમન

**સહયોગ, -ગી** [સં.] જુઓ સહકાર, -રી

**સહરાવું** અ૦ક્રિ૦[સર૦ हिं सहरना]+ ખુશ થવું

**સહર્ષ** વિ૦ [સં ] હર્ષયુક્ત (૨) અ૦ હરખભેર

**સહવર્તમાન, સહવર્તી** વિ૦ [સં.] સાથે રહેનારું કે હોય તેવું

**સહવાસ** પું૦ [સં.] સાથે વસવું તે (૨) સોબત; સબંધ (૩) અભ્યાસ, મહાવરો. **-સી** વિ૦ સાથે વસનારું (૨) પરિચિત (૩) ટેવાયેલું [ શિક્ષણ આપવું તે

**સહશિક્ષણ** ન૦ [સં.] છોકરાછોકરીઓને સાથે

**સહસા** અ૦ [સં ] ઉતાવળે (૨) ઓચિંતું (૩) વિચાર કર્યા વિના

**સહસ્ર** પું૦ [સં.] હજાર. **૦બાહુ, ૦હાથ** પું૦ (સં ) સહસ્ર હાથવાળો-બાણાસુર **૦મુખી** વિ૦ સહસ્ર મુખવાળું (૨) સહસ્ર મુખે થતું **૦રશ્મિ** પું૦ સૂર્ય **-સ્રાક્ષ** પું૦ [+अक्ष]

(સં) ઇંદ્ર [સહપાઠી
**સહાધ્યાયી** પુ૦ [સં] સાથે ભણનારો વિદ્યાર્થી;
**સહાનુભાવ** પુ૦, **સહાનુભૂતિ** સ્ત્રી૦ [સં.] સમભાવ; દિલસોજી
**સહાય** સ્ત્રી૦ [જુઓ સાહ્ય] મદદ
**સહાય** પુ૦ [સં] મિત્ર, મદદગાર ૦ક વિ૦ મદદગાર ૦કવૃત્ત ન૦'ઑક્ઝિલિયરી સર્કલ' (ગ). **૦કારક, ૦કારી** વિ૦ સહાય કરનારું (૨) [વ્યા.] સહાયમા વપરાતુ ક્રિયાપદ. **૦તા** સ્ત્રી૦ સાહ્ય, મદદ. **૦ભૂત** વિ૦ મદદગાર થયેલુ. **૦વૃત્તિ** સ્ત્રી૦ પરસ્પર સહાય કરવાની (પ્રાણીની) સહજવૃત્તિ, સહાયશીલતા **૦શીલ** વિ૦ સહાયવૃત્તિવાળું **૦શીલતા** સ્ત્રી૦
**સહારો** પુ૦ [હિં.] આશ્રય, હૂંફ
**સહિત** અ૦ [સં] સાથે (૨) સુધ્ધા
**સહિયર** સ્ત્રી૦ [પ્રા. સહી (સં સખી)] સહી, સખી
**સહિયારુ** વિ૦[પ્રા સાહાર,૦ણ (સ. સાધારણ)] ભાગિયાભાગવાળુ (૨) ભેગુ, ભાગ વહેંચ્યા ન હોય તેવુ (૩) ન૦ પંતિયાળુ; ભાગિયાપણું
**સહિષ્ણુ** વિ૦ [સં] જુઓ સહનશીલ **૦તા** સ્ત્રી૦
**સહી** સ્ત્રી૦ [અ સહીહ] (ખત, કાગળમા) નીચે પોતાનું નામ લખવું તે, મતુ (૨) વિ૦ ખરુ; સાચુ (૩) અ૦ કબૂલ, મંજૂર; નક્કી. [**-કરવી**=દસ્કત કરવા (૨) કબૂલ કરવુ **-કરવું**=છેવટની મંજૂરી આપવી; નક્કી કરવુ. **-થવું**=સિદ્ધ થવુ, સફળ થવુ. **-હોવું**=કબૂલ મંજૂર હોવું (૨) ખરુ હોવુ] **૦સલામત** વિ૦ સુરક્ષિત; કાંઈ પણ ઈજા કે નુકસાન વિનાનું (૨) અ૦ તેવી રીતે **૦સલામતી** સ્ત્રી૦ સહીસલામતપણું; સુરક્ષિતતા **૦સાટુ** ન૦ સહી આપીને નક્કી ઠરેલુ સાટુ કે કરાર
**સહી** સ્ત્રી૦[પ્રા.(સં સખી)]સખી, સહિયર.**૦પણું** ન૦ સખીપણુ, સહિયર તરીકેનો સંબંધ
**સહીડું** ન૦ [સં સહ્ય?] (ચ) અભ્યાસથી મહાવરો પડી જવો-ટેવાવુ તે (**-પડવું**)
**સહુ** વિ૦ [સર૦ સૌ, મ. सऱ्हा] સર્વ
**સહૂલિયત** સ્ત્રી૦ [અ. सहूलत, સર૦ મ. सोहलत, હિં.] સુગમતા, સહેલાઈ
**સહૃદય** વિ૦ [સં.] સામાનો ભાવ કે લાગણી સમજી શકે તેવુ (૨) દયાળુ (૩) રસિક; રસજ્ઞ **૦તા** સ્ત્રી૦
**સહેજ** (સ્હે) વિ૦ [સં. सहज ઉપરથી] થોડુ; અલ્પ (૨) અ૦ જુઓ સહજ **૦સાજ** વિ૦ (૨) અ૦ થોડુંઘણું, જરાક **-બારત** અ૦ સહેજ અમસ્તુ, મજાક દાખલ **-જે** અ૦ સહેલાઈથી [સહન
**સહેણી** (સ્હે) સ્ત્રી૦ ['સહેવું' પરથી] સહેવુ તે,
**સહેતુક** વિ૦[સં.] હેતુવાળુ, સપ્રયોજન **૦તા**સ્ત્રી૦
**સહેરો** પુ૦ [પ્રા सेहर (સં शेखर), સર૦ હિં. सेहरा] જરીનો પટકો, મંદીલ
**સહેલ** (સ્હે) વિ૦ [अ सहल, સર૦ હિં, म सहल] સહેલુ (૨) સ્ત્રી૦ [अ सैर, સર૦ म. सहल, હિં. सैर, -ल] આનંદથી આમ તેમ ફરવુ તે (૩) મોજમજા, લહેર (**-કરવી, મારવી**) **૦ગાહ** સ્ત્રી૦ [+ फा. गाह=જગા] હરવુ ફરવું કે મોજમજા માણવી તે કે તેની જગા. **૦સપાટા** પુ૦ બ૦ વ૦ મોજમજા (**-મારવા**). **-લાઈ** સ્ત્રી૦ સરળતા. **-લાણી** વિ૦ (૨) પુ૦ [સર૦ हिं सैलानी] મોજી, આનંદી (માણસ)
**સહેલું** (સ્હે) વિ૦ [જુઓ સહેલ] મુશ્કેલ નહિ તેવુ, સરળ **૦સટ** વિ૦ એકદમ સહેલું
**સહેવું** (સ્હે) સ૦ક્રિ૦ [સં सह्] સહન કરવુ વેઠવુ, ખમવુ **સહેવડાવવું** (પ્રેરક). **સહેવાવું** (કર્મણિ)
**સહોક્તિ** સ્ત્રી૦ [સં.] એક અલંકાર, જેમાં 'સહ' વગેરે શબ્દોના બળથી એક જ વસ્તુ બેની વાચક બતાવવામા આવે છે (કા શા.)
**સહોઢ** પુ૦ [સં] માતાના લગ્ન વખતે જ ગર્ભમાં હોય તેવો પુત્ર
**સહોત્થાયી** વિ૦[સં.]બળવો ઉઠાવવામાં મળતિયું
**સહોદર** વિ૦ [સં.] એક માને પેટે જન્મેલુ (૨) પુ૦ ભાઈ. **-રા** વિ૦ સ્ત્રી૦. **-રી** સ્ત્રી૦ બહેન
**સહ્ય** વિ૦ [સં.] સહી શકાય એવું **૦ભેદ** પુ૦ જુઓ કર્મણિપ્રયોગ (વ્યા.)
**સહ્ય, -હ્યાદ્રિ** પુ૦ [સં.] (સં.) પશ્ચિમ ઘાટનો એક ભાગ—એક પર્વત
**સળ** પુ૦ [સર૦ મ. (સં. शलाका?)] ગેડ કે

દબાણનો આંકો–કાપો (૨) સોળ

**સળક** સ્ત્રી૦ [જુઓ સળકવું; સર૦ म. सळ्का] સળકવું તે; સણકો

**સળકડી** સ્ત્રી૦ [सं शलाका] નાની સળી; સળેકડી (૨) [લા] ઉશ્કેરણી. [–કરવી = ઉશ્કેરવું.] –ડું ન૦ સળેકડું; સળી

**સળકવું** અ૦ક્રિ૦ [सं. शलाका ઉપરથી] સહેજ હાલવું; સળવળવું (૨) [દાઢ સાથે] ખાવાનો ભાવ થવો (૩) ભોંકાતું હોય તેમ સણકા નાખવા

**સળકું** ન૦ જુઓ સરકું, શેટલો

**સળકો** પું૦ જુઓ સળક (૨) તીવ્ર ઇચ્છા

**સળગવું** અ૦ક્રિ૦ [સર૦ हिं सि(सु) लगना; म. शिळक(-ग)णें (अ शल्क ?)] બળવું; લાગવું

**સળવળ** સ્ત્રી૦ સળવળવું તે

**સળવળવું** અ૦ક્રિ૦ [સર૦ સળકવું + વળવું] જરા જરા હાલવું, મરડાવું (૨) શરીર પર જીવડું ચાલતું હોય તેવી લાગણી થવી (૩) [લા] કશું કરવા તત્પર થઈ રહેવું

**સળવળાટ** પું૦ સળવળવું તે

**સળવું** અ૦ક્રિ૦ [જુઓ સડવું] જીવડાં પડવાથી અંદરથી ખવાઈ જવું, અંદરથી બગડી જવું

**સળંગ** વિ૦[सं संलग्न; સર૦ म. सलंग] સાંધ વિનાનું, આખું, તૂટક નહિ તેવું, ઠેઠ સુધીનું (૨) અ૦ અટક્યા વિના; ઠેઠ સુધી ૦સૂત્ર વિ૦ સળંગ, ક્રમબદ્ધ, બરોબર સંકળાયેલું

**સળાવો** પું૦ (કા.) વીજળીનો ચમકારો

**સળિયો** પું૦[જુઓ સળી] ધાતુનો લાંબો કકડો

**સળી** સ્ત્રી૦ [सं. शलाका; સર૦ हिं. सली; म.] ઘાસનો, લાકડાનો કે ધાતુનો લાંબો, પાતળો, ગોળ નાનો કકડો [–આપવી = ઉશ્કેરવું. –કરવી = અટકચાળું કરવું] ૦સંચો પું૦ [લા] યુક્તિપ્રયુક્તિ (૨) ઉશ્કેરણી ૦સોપારી સ્ત્રી૦ સળીના જેવી કાતરેલી હોય તેવી સોપારી

**સળેક(–ખ)ડી** સ્ત્રી૦, **સળેક(–ખ)ડું** ન૦ જુઓ 'સળકડી'માં [સળેકડું કરવું = ઉશ્કેરણી કરવી (૨) ખીજવવું (૩) અટકચાળું કરવું.]

**સળેખમ** ન૦ [सं श्लेष्मन्, प्रा॰ सिलिम्ह] એક રોગ શરદી

**સળો** પું૦ સડો, સળવું તે

**સંકટ** ન૦ [सं] દુઃખ. આફત. [–પડવું = આફત આવવી] ૦ચતુર્થી સ્ત્રી૦ ગણેશ-ચતુર્થી (?). ૦નિવારણ ન૦ મદદ આપી સંકટ દૂર કરવું તે. ૦મોઢું (મોં') વિ૦ [+મો પરથી] પેસતાં સાંકડા મોંવાળું (ઘર)

**સંકડામણ(–ણી)** સ્ત્રી૦ [સંકડાવું ઉપરથી] જગાની તંગાશ (૨) ભીડ, મુશ્કેલી

**સંકડાવું** અ૦ ક્રિ૦ [સાંકડું ઉપરથી] દબાવું; ભચડાવું (૨) જગાની તંગાશ વેઠવી (૩) [લા] મુશ્કેલીમાં આવવું –વવું સ૦ક્રિ૦ (પ્રેરક). –શ સ્ત્રી૦ જગાની તંગાશ (૨) મુશ્કેલી

**સંકર** પું૦[सं.] ભેળસેળ, મિશ્રણ (૨) બે ભિન્ન અલંકારોનો એકરૂપ સમવાય (કા. શા.). ૦તા સ્ત્રી૦

**સંકર્ષણ** ન૦ [सं.] ખેંચવું તે (૨) ખેડવું તે (૩) પું૦ (સં) બળરામ (૪) શેષનાગ

**સંકલન** ન૦, –ના સ્ત્રી૦ [सं] એકઠું કરવું તે, સંગ્રહ (૨) સરવાળો. ૦નિયમ પું૦ 'લૉ ઑફ ઍસોસિયેશન' (ગ.)

**સંકલયિતા** પું૦ [सं] સંકલના કરનાર

**સંકલિત** વિ૦ [सं] એકઠું કરેલું

**સંકલ્પ** પું૦[सं] તરંગ; ઇરાદો; ઇચ્છા (૨) નિશ્ચય, મનસૂબો (૩) ધર્મકર્મ વગેરે કરવા માટે લેવામાં આવતો નિયમ (૪) કલ્પના કરવી તે; તર્ક [–ઊઠવો = તુક્કો જાગવો. –કરવો = નિર્ધાર કરવો (૨) નિયમ કરવો. –ભણવો = વ્રતની શરૂઆતમાં વિધાનનો મંત્ર બોલવો. –મૂકવો = નિયમ લેવો (૨) નિશ્ચય કરવો (૩) આશા મૂકવી. –લેવો = વ્રત નિયમની શરૂઆતનું વિધાન કરવું, પ્રતિજ્ઞા કરવી.] ૦વિકલ્પ પું૦બ૦વ૦ તર્કવિતર્ક. ૦શક્તિ સ્ત્રી૦ સંકલ્પની શક્તિ, ઇચ્છાશક્તિ –લ્પિત વિ૦ [सं.] કલ્પેલું (૨) ઇચ્છેલું, ધારેલું (૩) નિશ્ચય કરેલું

**સંકષ્ટ** ન૦ [सं.] સંકટ (૨) કષ્ટ, મહેનત

**સંકળાવું** અ૦ક્રિ૦ 'સાંકળવું'નું કર્મણિ, સંલગ્ન થવું; સાંકળના આંકડા પેઠે જોડાયેલ હોવું

**સંકાશ** વિ૦[सं.] ના જેવું, સરખું; સમાન

**સંકીર્ણ** વિ૦ [सं] મિશ્રિત; સેળભેળ થયેલું (૨)

વેરાયેલું; ફેલાયેલું, વ્યાપ્ત; ભરચક(૩)અસ્પષ્ટ (૪) સંકુચિત ૦જાતિ સ્ત્રી૦ નવ કે નવમાશ માત્રાના ખંડવાળા તાલની જાત
સંકીર્ત(-ર્ત્તે)ન ન૦ [સં.] સ્તુતિ
સંકુચિત વિ૦ [સં] સંકોચ પામેલું(૨)સાંકડું; ઉદાર કે વિશાળ નહિ તેવું (૩) બિડાયેલું
સંકુલ વિ૦[સં] વ્યાપ્ત, પરિપૂર્ણ; ભીડવાળું (૨) અવ્યવસ્થિત (૩) અસંગત ૦તા સ્ત્રી૦
સંકેત પું૦ [સં.] અગાઉથી કરેલી છૂપી ગોઠવણ (૨) જુઓ સંકેતસ્થાન (૩) ઇશારો, નિશાની (૪) કરાર, શરત (૫) અમુક શબ્દથી અમુક અર્થનો બોધ થવો જોઈએ એવી ભાષાની પરંપરાગત રૂઢિ (વ્યા) ૦રૂપ ન૦ જુઓ સંકેતાર્થ ૦લિપિ સ્ત્રી૦ લઘુલિપિ. ૦વું સ૦ક્રિ૦ [સંકેત પરથી] સંકેત કરવો. ૦સ્થાન ન૦ સંકેત પ્રમાણે મળવાની જગા. -તાર્થ પું૦ [+અર્થ] ક્રિયાપદનું શરત બતાવનાર રૂપ (વ્યા) -તિત વિ૦ [સં] સંકેતથી જણાવેલું; સંકેતવાળું, સંકેતાયેલું
સંકેલવું સ૦ક્રિ૦[દે સંકેલ્લિઅ,સર૦ हिं सकेलना] આટોપવું, એકઠું કરવું, પાછું વાળી લેવું
સંકોચ પું૦ [સં] તંગી, અછત, સંકડાશ (૨) આંચકો, ખચકાવું તે (૩) લજ્જા; શરમ (૪) બિડાવું તે (૫) ભય. ૦ક વિ૦ સંકોચ કરનારું ૦ન ન૦ સંકેચવું તે. ૦શીલ વિ૦ સંકોચવાળું
સંકોચવું સ૦ક્રિ૦ [સં सकुच्] બીડી દેવું (૨) મર્યાદિત કરવું સંકોચ કરવો
સંકોચાવું અ૦ક્રિ૦ 'સંકોચવું'નું કર્મણિ (૨) સંકોચ પામવો
સંકોડવું સ૦ક્રિ૦ [પ્રા संकोड] સાંકડું કરવું; ફેલાયેલું એકઠું કરવું, સંકોચવું
સંકોરણી સ્ત્રી૦ [સંકોરવું ઉપરથી] સંકોરવું તે
સંકોરવું સ૦ક્રિ૦ વધારે અંદર ઠેલવું (૨) પ્રજ્વલિત કરવું (૩) ઉસ્કેરવું (૪) જુઓ સંકેલવું
સંક્રમ પું૦, ૦ણ ન૦ [સં] એક જગા કે સ્થિતિમાંથી બીજી જગા કે સ્થિતિમાં જવું તે, સંચાર (૨) ઓળંગવું તે (૩) પ્રવેશ કરવો તે (૪) ઓળંગવાનો કે જવાનો માર્ગ (સેતુ, સીડી, વગેરે) (૫) એક રાશિમાંથી બીજી રાશિમાં જવું તે (સૂર્યનું). ૦ણાવસ્થા સ્ત્રી૦ [+अवस्था] સંધિકાળ
સંક્રમિત વિ૦[સં.] સંક્રમ-સંચાર કરાયેલું, પહોંચાડેલું; સંક્રાંત
સંક્રાંત વિ૦ [ફા] એક જગાએથી બીજી જગાએ ગયેલું (૨) પહોંચતું કરેલું; સંચારિત (૩) સ્ત્રી૦ જુઓ મકરસંક્રાંતિ
સંક્રાંતિ સ્ત્રી૦ [સં] જુઓ સંક્રમ (૨) મકરસંક્રાંતિ. ૦કાલ(-ળ) પું૦ સંક્રાંતિનો સમય, વચગાળો, એક જગા કે સ્થિતિમાંથી બીજી જગા કે સ્થિતિમાં જવા સુધીનો વચલો સમય
સંક્રીડવું અ૦ક્રિ૦[સં सं + क्रीड्] ક્રીડવું, ખેલવું
સંક્ષિપ્ત વિ૦ [સં.] ટૂંકું
સંક્ષુબ્ધ વિ૦[સં] ખળભળી ઊઠેલું, ક્ષોભ પામેલું
સંક્ષેપ પું૦ [સં.] ટૂંકાણ, સાર (૨) ટૂંકાવેલું કે સારરૂપ તે. ૦ક વિ૦ સંક્ષેપ કરનારું
સંક્ષોભ પું૦ [સં.] ગરબડ, ખળભળાટ, ગભરાટ ૦ક વિ૦ સંક્ષોભ કરનારું
સંખારો પું૦ [ખારો (ક્ષાર) ઉપરથી] પાણી ગાળતાં ગળણામાં રહેલો કચરો
સંખાવું અ૦ક્રિ૦ [સં शंका ઉપરથી] સંખાવો થવો (૨) 'સાંખવું'નું કર્મણિ
સંખાવો પું૦ [જુઓ સંખાવું] શંકા, હાજત (૨) શરમ (૩) કમકમાટી, કંટાળો
સંખ્યા સ્ત્રી૦[સં] રકમ, આંકડો (૨) ગણના; ગણતરી [-માંડવી,=આંકડો લખવો] ૦ક્રમવાચક વિ૦એક,બે,ત્રણ એમ સંખ્યાનો ક્રમ બતાવનાર[વ્યા.]. ૦તીત વિ૦ [+अतीत] અસંખ્ય ૦ત્મક વિ૦ [+आत्मक] સંખ્યાને લગતું ૦પૂરક વિ૦ પહેલું, બીજું એમ સંખ્યા બતાવનાર(વિ૦)[વ્યા] ૦બલ(-ળ) ન૦ નાની મોટી સંખ્યા હેવાને કારણે મળતું કે નીપજતું એવું બળ. ૦લેખન ન૦ સંખ્યા લખવાની રીત (ગ) ૦વાચક વિ૦ [વ્યા] સંખ્યા જણાવનારું(વિ૦) ૦વૃત્તિવાચક વિ૦ [+आवृत्ति+वाचक] સંખ્યાની આવૃત્તિનું વાચક (ઉદા૦ બેવડું)[વ્યા] ૦સમૂહવાચક વિ૦સંખ્યાના સમૂહનું વાચક ઉદા૦ પંચક; સેંકું [વ્યા.] ૦સંકેત પું૦ ૧, ૨, વગેરે

સંખ્યાનો સંકેત (ગ.) -ખ્યાંશવાચક વિ૦ [+ अंश + वाचक] અપૂર્ણાંકનું વાચક (વ્યા). ઉદા૦ અર્ધું

સંગ પુ૦ [सं]. સંયોગ (૨) સંબંધ (૩) સોબત, સહવાસ (૪) આસક્તિ (૫) મૈથુન. ૦દોષ પુ૦ જુઓ સંગતિદોષ

સંગ પું૦ [फा] પથ્થર ૦તરાશ પું૦ [फा.] સલાટ. ૦દિલ વિ૦ પથ્થર જેવા દિલનું; કઠોર, નિર્દય ૦દિલી સ્ત્રી૦

સંગટો પું૦ ['રાગ' ઉપરથી; સર૦ म. संगटणें] મિશ્રણ; સેળભેળ. [-થવો = શ્રાવકોમાં સ્ત્રી-પુરુષ વ્રત લઈ બેઠા હોય ત્યારે સ્પર્શાસ્પર્શ થવો]

સંગઠન ન૦ [हिं] વીખરાયેલા બળ, લોકો કે અંગોને એકત્રિત કરી વ્યવસ્થિત કરવા તે. -ના સ્ત્રી૦ સંગઠન કરવું તે

સંગઠિત વિ૦ [हिं] સંગઠનવાળું

સંગત વિ૦ [सं] સંબદ્ધ (૨) સુસંગત (૩) 'સિમેટ્રિકલ' (ગ)

સંગતરાશ જુઓ 'સંગ' फा. મા

સંગતિ સ્ત્રી૦ [सं] સંયોગ (૨) મેળ (૩) સહવાસ (૪) પૂર્વાપર સંબંધ (૫) 'સિમેટ્રી' (ગ). ૦કા પુ૦ એક છંદ ૦દોષ પું૦ સોબતની માઠી અસર

સંગદિલ,-લી [फा.] જુઓ 'સંગ'[फा]માં

સંગના સ્ત્રી૦ ['સંગ' પરથી] સખી, સોબતણ (પ.)

સંગમ પુ૦ [सं] સંયોગ; મેળાપ, સમાગમ (૨) બે નદીઓનું મિલન, તે સ્થાન ૦નીય પુ૦ (સં.) એક મણિ, જે મળ્યાથી પ્રિયના વિયોગનો અંત આવે છે એમ મનાય છે

સંગસારી સ્ત્રી૦ [फा] પથ્થર મારી મારીને જીવ લેવાની સજા પચ-ઈંટાળી

સંગાથ પુ૦ [सं. संघात? સર૦ हिं. संगत, म संगत, सांगात] સંઘાત સાથ, સોબત (વાટમાં) [-જોવો = સાથ-સોબત બરાબર છે કે નહીં તે તપાસવું.] થી વિ૦ (૨) પું૦ [સર૦ हिं. संगाती, म. सांगाती] સંગાથ કરનાર

સંગાન ન૦ [सं] ગાન; સંગીત

સંગી વિ૦ [सं.] સંગ કરનાર (૨) પું૦ સોબતી

સંગીત ન૦ [सं.] ગાયન, વાદન અને નૃત્યનો સમાહાર (૨) ગાયન કે વાદન. ૦કલ્પ વિ૦ ગેય ગાઈ શકાય એવું. ૦કાવ્ય ન૦ 'લિરિક'. ૦લિપિ સ્ત્રી૦ સંગીતલેખન માટેની લિપિ. ૦લેખન ન૦ ગાયન કે ગતના તાલસ્વરને સાંકેતિક ચિહ્નો દ્વારા લખવા તે, 'નોટેશન'. ૦વિદ્યાલય ન૦, ૦શાલા(-ળા) સ્ત્રી૦ સંગીત શીખવવા માટેની શાળા. ૦શાસ્ત્ર ન૦ સંગીતનું શાસ્ત્ર. ૦શાસ્ત્રી પું૦ સંગીતશાસ્ત્ર જાણનાર

સંગીતિ સ્ત્રી૦ [सं.] સ્વરોની સંવાદિતા – એકરૂપ સુરેલતા, 'હાર્મની' (૨) બૌદ્ધ પરિષદ; સંગીથિ

સંગીથિ સ્ત્રી૦ [જુઓ સંગીતિ] પરિષદ

સંગીન વિ૦ [फा.] પથ્થરનું બનેલું (૨) ટકાઉ; મજબૂત (૩) સ્ત્રી૦ બંદૂકની નળીને છેડે ઘાલવામાં આવતું ભાલા જેવું અણીદાર પાનું, 'બૅયોનેટ'. ૦તા સ્ત્રી૦ સંગીન હોવું તે

સંગૃહીત વિ૦ [सं.] સંઘરેલું

સંગેમરમર પું૦ [फा.] ચકમકની છાટવાળો આરસપહાણ [કીમતી પથ્થર

સંગેયાહૂદ પું૦ [फा. संगेयहूद?] એક જાતનો

સંગો પુ૦ [सं संग] આસક્તિ, હેડો

સંગોપન ન૦ [सं] ગોપન, પાલનપોષણ

સંગ્રહ પું૦ [सं] એકઠું કરવું તે (૨) સંઘરી રાખેલો જથ્થો (૩) સારી સારી વસ્તુઓનો એક સ્થળે કરેલો જમાવ. ૦કર્તા(-ર્તા) પું૦ સંગ્રહ કરનાર. [એક રોગ

સંગ્રહણી સ્ત્રી૦ [सं] સંઘરણીનો – ઝાડાનો

સંગ્રહવું સ૦ક્રિ૦ [सं. संग्रह्] સંગ્રહ કરવો

સંગ્રહસ્થાન, સંગ્રહાલય ન૦ [सं] જ્યાં દેશપરદેશની જાણવા અને જોવા જોગ વસ્તુઓ એકઠી કરી હોય તે સ્થળ. 'મ્યૂઝિયમ'

સંગ્રામ પું૦ [सं.] યુદ્ધ ૦સમિતિ સ્ત્રી૦ યુદ્ધની વ્યવસ્થાપક સમિતિ

સંગ્રાહ પુ૦ [सं.] પકડ ગ્રહ. ૦ક વિ૦ (૨) પું૦ સંગ્રહ કરનાર. -હી વિ૦ સંગ્રહ કરનાર

સંઘ પું૦ [सं.] ટોળું (૨) યાત્રાળુઓનો સમૂહ (૩) સંગઠિત અને વ્યવસ્થિત સમુદાય (જેમ કે. બૌદ્ધ ભિક્ષુઓનો, યુવકોનો વગેરે) [-કાઢવો = યાત્રાળુઓનો કાફલો લઈને

નીકળવું (૨) [વ્યંગમાં] પાસે કાંઈ નથી એમ જણાવવું, ભોપાળું કાઢવું (૩) પતિંગ ઊભું કરવું -કાશીએ જવો, પહોંચવો = ધારેલો અર્થ સિદ્ધ થવો ] ૦બળ ન૦ સંઘનું કે સંઘ બનવાથી નીપજતું બળ ૦વી પું૦[+प्रा. वइ (सं पति)] સંઘ કાઢનાર, સંઘનો નેતા (૨) એક અટક ૦વ્યાયામ પું૦ સમૂહનો સાથે થતો વ્યાયામ ૦શક્તિ સ્ત્રી૦ સંઘબળ ૦સત્તાક વિ૦ સત્તા સંઘના હાથમાં હોય એવું (તંત્ર ઇ૦) [સંગઠન કરવું તે

**સંઘટન** ન૦ [सं ] જુઓ સંગઠન -ના સ્ત્રી૦

**સંઘટિત** વિ૦ [सं ] એકત્રિત, સંગઠિત

**સંઘટ્ટ** વિ૦ [प्रा (सं संघट्टित)] ભિડાયેલું, સજ્જડ થયેલું (૨) પું૦ [सं ] સંઘર્ષણ (૩) અથડાવું તે (૪) મિલન; સંયોગ ૦ન ન૦ [सं ] મિલન, સંયોગ (૨) રચના, બનાવટ (૩) સંઘર્ષણ (૪) સંગઠન

**સંઘબળ** ન૦ જુઓ 'સંઘ'માં

**સંઘરણી** સ્ત્રી૦ જુઓ સંગ્રહણી

**સંઘરવું** અ૦ક્રિ૦ [सं. सग्रह्] એકઠું કરવું, જમા કરવું (૨) જતન કરીને રાખી મૂકવું (૩) સમાસ કરવો, પોતાની અંદર લેવું

**સંઘરા** સ્ત્રી૦ [अप० सघार (सं सहृ)] રસ બોલાવવી તે

**સંઘરો** પું૦[सं सग्रह]સંઘરેલી વસ્તુઓનો જથો -રાખોર વિ૦ જરૂરથી વધારે પડતું સંઘરી રાખવાની વૃત્તિવાળું -રાખોરી સ્ત્રી૦ સંઘરાખોર વૃત્તિ, 'હોર્ડિંગ'

**સંઘર્ષ** પું૦, ૦ણ ન૦ [सं ] બે વસ્તુઓનું ઘસાવું કે અથડાવું તે (૨) સ્પર્ધા (૩) કલહ

**સંઘવી** પું૦ જુઓ 'સંઘ'માં ['સંઘ'માં

**સંઘવ્યાયામ, સંઘશક્તિ સંઘસત્તાક** જુઓ

**સંઘાટી** સ્ત્રી૦ [सं , दे संघाडी] બૌદ્ધ ભિક્ષુનું ઉપવસ્ત્ર [ઘાટ ઉતારનારો

**સંઘાડિયો** પું૦ [જુઓ સંઘાડો] સંઘાડાથી

**સંઘાડો** પું૦ [सं संघट्ट ઉપરથી] હાથીદાંત, લાકડાં વગેરેનો ઘાટ ઉતારવાનું યંત્ર (૨) [सं संघाटिका=युग्म, दे संघाड, ०ग -डी યુગલ, જોડી (જૈન) (૩) જૈન સાધુ -સાધ્વીઓનો સમુદાય [સંઘાડે ચડાવવું, ઉતારવું=સંઘાડા વડે તૈયાર કે ચમકતું કરવું.]

**સંઘાત** પું૦ [જુઓ સંગાથ] સાથ, સંગાથ (૨) [सं.] જમાવ, જથો (૩) ઘાત, મારવું તે (૪) અ૦ સાથે (કોની સંઘાત ગયો ?) ૦ક વિ૦ [सं.] ઘાત કરનારું, નાશ કરનારું. -તી વિ૦(૨)પું૦ સંગાથ કરનાર -તે અ૦ સંઘાત

**સંઘાર** પું૦ [प्रा. (स संहार)] + સંહાર. ૦ણ વિ૦ + સંહારનાર [+ સંહારવું

**સંઘારવું** સ૦ક્રિ૦ [अप० संघार (स संहृ)]

**સંઘારામ** પું૦[सं ] ધર્મશાળા(૨)મઠ, વિહાર

**સંઘેડિયું** વિ૦ [જુઓ સંઘાડો] સંઘાડાથી ઉતારીને બનાવેલું

**સંઘેડો** પું૦ જુઓ સંઘાડો

**સંચ** પું૦ [જુઓ સંચો] ગુપ્ત કરામત કે ગોઠવણ (૨) ભીંત કે પટારા વગેરેમાં રાખેલું ગુપ્ત ખાનું [અ૦ક્રિ૦ (કર્મણિ)

**સંચકવું** સ૦ક્રિ૦ જુઓ સંચવું સંચકાવું

**સંચય** પું૦ [सं ] સંગ્રહ, જમાવ

**સંચર** પું૦ [सं ] + સંચાર; વિકાસ

**સંચરવું** અ૦ક્રિ૦ [सं संचर्] જવું, ચાલતા થવું (૨) દાખલ થવું, વ્યાપી જવું (૩) સ૦ક્રિ૦ સંચય કરવો (૪) સંચારવું

**સંચરામણ** ન૦, -ણી સ્ત્રી૦ સંચારવાની મજૂરી [સંચારાવવું

**સંચરાવવું** સ૦ક્રિ૦ 'સંચરવું'નું પ્રેરક (૨)

**સંચલન** ન૦ [सं.] ડોલવું તે હાલવું તે (૨) કંપ, ખળભળાટ (૩) આંદોલન; હિલચાલ

**સંચલિત** વિ૦ [सं.] ચાલતું ચાલુ

**સંચવું** સ૦ક્રિ૦ [अप० संच (सं सं+चि), સર૦ हिं. संचना, म संचणें] એકઠું કરવું, ભેગું કરવું (૨) સીવવું ટગલો કરવો

**સંચળ** પું૦ [प्रा सोवच्चल(सं सौवर्चल), સર૦ दे सुचल, हिं सोंचर, म ] એક ક્ષાર (૨) [स संचर्] [કા ] સંચાર, હલનચલન

**સંચાર** પું૦ [सं] ફેલાવું તે, પ્રસાર (૨) ચલાવવું તે, પ્રેરવું તે (૩) જવું તે, -મા થઈને જવું તે (૪) સૂર્યનું એક રાશિમાંથી બીજીમાં જવું તે ૦ક વિ૦ સંચાર કરનારું,

**સંધું** વિ૦ [प्रा. सधिअ (सं. संहित)] સઘળું તમામ. -ધે અ૦ બધે, સર્વત્ર

**સંધૂકણ** ન૦ [प्रा. संधुक्कण (सं. संधुक्षण)] સળગાવવા કરવા તે, ભભેરણી; ઉશ્કેરણી -ણું વિ૦ સંધૂકણ કરનારું. -વું સ૦ક્રિ૦ [प्रा. संधुक्क (सं संधुक्ष्)] સંધૂકણ કરવું

**સંધૂકો** પું૦ (સામાન્ય કે સવડભર્યાં કદ કરતાં મોટું કે અગવડકર્તા કદ હોય એવું સૂચવવા વપરાય છે) મોટું કઢંગું તોસ્તાન જેવું તે

**સંધે** પું૦ [सं सदेह; સર૦ म. संधेव] + સંદેહ (૨) અ૦ જુઓ 'સંધું'માં

**સંધ્યા** સ્ત્રી૦ [सं.] બે સમયને જોડનારો-વચગાળાનો ટૂંકો વખત (૨) સાંજ (૩) સંધ્યા વખતે કરાતું નિત્યકર્મ [-કરવી=સંધ્યાનું નિત્યકર્મ કરવું] ૦કાલ(-ળ) પું૦ સાંજ ૦વંદન ન૦ સંધ્યા વખતનું નિત્યકર્મ. ૦સમય પું૦ સંધ્યાકાળ. -ધ્યોપાસના સ્ત્રી૦[+उपासना]સંધ્યાકાળે કરાતું નિત્યકર્મ

**સંનાહ** પું૦,ન૦ [सं] બખતર, કવચ

**સંનિકર્ષ** પું૦ [सं] સામીપ્ય (૨) સંબંધ

**સંનિધ(-ધિ)** અ૦ પાસે, નજીક

**સંનિધાન** ન૦ [सं.] સામીપ્ય [જુઓ સંનિધ

**સંનિધિ** પું૦,સ્ત્રી૦ [सं.] સમીપતા (૨) અ૦

**સંનિપાત** પું૦ [सं.] જુઓ સનેપાત (૨) ઢગલો (૩) સાથે મળવું તે (૪) સંબંધ

**સંનિવૃત્ત** પું૦ [सं] (સંગીત) એક અલંકાર

**સંનિવેશ** પું૦ [सं] (સંગીત) તલ્લીનતા (૨) સમુદાય (૩) ગોઠવણી, રચના (૪) સંનિધિ (૫) નગર પાસેનું લોકોને એકઠા મળવાનું કે વિહાર કરવાનું સ્થળ (૬) પડાવ, પરું (જૈન)

**સંન્યસ્ત** વિ૦ [सं] તજી દીધેલું (૨) ન૦ સંન્યાસ -સ્તાશ્રમ પું૦ [+आश्रम] વાનપ્રસ્થ પછીનો ચોથો - સંન્યાસીનો આશ્રમ

**સંન્યાસ** પું૦ [सं] ત્યાગ કરવો તે (૨) સંસાર વ્યવહારનો ત્યાગ (૩) સંન્યાસાશ્રમ [-લેવો =સંન્યાસી થવું] ૦યોગ પું૦ સંન્યાસ જેમાં પ્રધાન છે તેવો યોગ -સાશ્રમ પું૦ [+आश्रम] જુઓ સંન્યસ્તાશ્રમ -સિની સ્ત્રી૦ સંન્યાસી સ્ત્રી. -સી પું૦ જેણે સંન્યાસ લીધો હોય તે

**સંપ** પું૦ [प्रा संपाय (सं संपात)] ઐક્ય, મેળ. ૦તોડુ વિ૦ સંપ તોડનાર

**સંપ(-પુ)ટિયું** ન૦ (પ.) સંપુટ

**સંપત** સ્ત્રી૦[सं.] સંપદ; સંપત્તિ (૨) [લા.] શક્તિ, સાધનબળ

**સંપત્તિ** સ્ત્રી૦[सं.] ધન, દોલત (૨) ઐશ્વર્ય; આબાદી (૩) અધિકતા, સંપૂર્ણતા. ૦શાસ્ત્ર ન૦ અર્થશાસ્ત્ર, સંપત્તિની ઉત્પત્તિ અને વહેંચણીના નિયમોની ચર્ચા કરતું શાસ્ત્ર. ૦શાસ્ત્રી પું૦ સંપત્તિશાસ્ત્રનો વિદ્વાન, અર્થશાસ્ત્રી

**સંપદ(-દા)** સ્ત્રી૦ [सं] સંપત, સંપત્તિ

**સંપન્ન** વિ૦ [सं] યુક્ત; સહિત (૨) શ્રીમાન, વૈભવશાળી

**સંપર્ક** પું૦ [सं] સંબંધ, સંગ ૦જીવા સ્ત્રી૦ 'કૉર્ડ ઑફ કૉન્ટૅક્ટ' (ગ.)

**સંપવું** અ૦ક્રિ૦ [જુઓ સંપ] સંપ કરવો, એકઠા થઈ મેળ કરવો

**સંપાડવું** સ૦ક્રિ૦ [प्रा. संपाड (सं संपद्य्)] પ્રાપ્ત કરવું; મેળવવું ('સાંપડવું'નું પ્રેરક)

**સંપાત** પું૦ [सं.] એક સાથે પડવું તે (૨) સંગમ, સમાગમ (૩) પ્રહાર

**સંપાદક** પું૦ [सं] સંપાદન કરનાર. -ન ન૦ મેળવવું તે (૨) તૈયાર કરવું તે (૩) કોઈ પુસ્તક કે પત્ર પ્રસિદ્ધ કરવા તૈયાર કરવું તે -વું સ૦ક્રિ૦ [सं संपाद्] મેળવવું

**સંપાદિત** વિ૦ [सं] સંપાદન કરેલું

**સંપી,૦લું** વિ૦ ['સંપ' ઉપરથી] સંપવાળું

**સંપુટ** પું૦ ન૦ [सं], -ટિયું ન૦ બે શકોરાં કે તેવી પોલી વસ્તુઓનાં મોં એક ઉપર એક મૂકી કરેલો ઘાટ (૨) હાથના પંજા તે પ્રમાણે જોડવા તે

**સંપૂજન** ન૦ [सं] પૂજન [મેન્ટરી' (ગ.)

**સંપૂરક** વિ૦ [सं] પૂર્ણ કરનારું; કૉમ્પ્લી-

**સંપૂરિત** વિ૦ [सं] ખૂબ ભરેલું, ભરપૂર

**સંપૂર્ણ** વિ૦ [सं] બધું, તમામ (૨) પરિપૂર્ણ (૩) સમાપ્ત ૦તા સ્ત્રી૦ પરિપૂર્ણતા, ન્યૂનતા ન હોવી તે

**સંપેટવું** સ૦ક્રિ૦ [સર૦ સમેટવું] (કા.) સમેટવું

સંપેતરું [સં. संप्रेत ?] કોઈને પહોંચાડવા માટે સોંપાયેલી વસ્તુ, ભેટસોગાતની ચીજ

સંપૃક્ત વિ૰ [સં.] ભેળવેલું, મિશ્રિત (૨) જોડેલું, ગાઢ સંબંધવાળું

સંપ્રજન્ય ન૰ [સં.] (બૌદ્ધ) કાયા ને ચિત્તની અવસ્થાનું વારવાર નિરીક્ષણ; અપ્રમાદ

સંપ્રજ્ઞાત વિ૰ [સં.] પરિપૂર્ણ રીતે જાણેલું (૨) જેમાંથી વિચાર વિતર્ક લુપ્ત થયા નથી તેવી (સમાધિ). -ન ન૰ પરિપૂર્ણ જ્ઞાન

સંપ્રદાન ન૰ [સં.] આપવું તે (૨) ચોથી વિભક્તિનો અર્થ (વ્યા.)

સંપ્રદાય પુ૰ [સં.] રિવાજ, ચાલુ વહીવટ (૨) ધર્મને ફાંટો, પંથ (૩) ગુરુપરંપરાગત ઉપદેશ ૰દૃષ્ટિ સ્ત્રી૰ સંપ્રદાય પૂરતી – સંકુચિત દૃષ્ટિ. -યી વિ૰ (૨) પુ૰ સંપ્રદાયનું અનુયાયી

સંપ્રસન્ન વિ૰ [સં.] પૂર્ણ પ્રસન્ન

સંપ્રસાદ પુ૰ [સં.] ચિત્તની નિર્મળતા ને પ્રસન્નતા (યોગ)

સંપ્રસારણ ન૰ [સં.] ય્, વ્, ર્, લ ના અનુક્રમે ઇ, ઉ, ઋ, લૃ થવા તે [વ્યા.] (૨) પ્રસારવું તે

સંપ્રીતિ સ્ત્રી૰ [સં.] પ્રીતિ (૨) આનંદ, હર્ષ

સંપ્રોક્ષણ ન૰ [સં.] પાણી છાંટવું તે; પાણી છાંટી પવિત્ર કરવું તે [પક્ષ

સંફ સ્ત્રી૰ [જુઓ સફ] હાર, ઓળ (૨) બાજુ,

સંફેટ પુ૰ [સં.] ઝઘડો, બોલાબોલી (૨) રોષપૂર્વક બોલવું તે (નાટકમાં)

સંબદ્ધ વિ૰ [સં.] જોડાયેલું, યુક્ત

સંબંધ પુ૰ [સં.] સંયોગ, સંપર્ક, જોડાણ (૨) વિવાહ, સગાઈ (૩) મિત્રતા, પરિચય (૪) છઠ્ઠી વિભક્તિનો અર્થ (વ્યા). [-જોડવો, બાંધવો, = સંબંધ કરવો.] ૰ક વિ૰ સંબંધ કરનાર (૨) સંબંધવાચક. ૰વાચક વિ૰ છઠ્ઠી વિભક્તિનો અર્થ બતાવતું (વ્યા) -ધાર્થક વિ૰ સંબંધવાચક (વ્યા) -ધિત વિ૰ [સં.] સંબંધવાળું, સંબદ્ધ -ધી વિ૰ સંબંધવાળું (૨) સગું (૩) અ૰ વિષે, બાબતે, સંબંધમાં

સંબુદ્ધ વિ૰ [સં.] જાગેલું (૨) સંપૂર્ણ જ્ઞાનવાળું

સંબેલ સ્ત્રી૰ [જુઓ સમોલ] સાબેલ

સંબો પુ૰ [સં. समवाय] સમૂહ, જથો, સંઘ

સંબોધ પું૰ [સં.] બોધ, જ્ઞાન. ૰ન ન૰ જગાડવું તે (૨) જણાવવું તે; સમજાવવું તે (૩) બોલાવવું તે (૪) બોલાવવા વપરાતો શબ્દ

સંબોધવું સ૰ક્રિ૰ [સં. संबोधय्] ઉદ્દેશીને બોલવું (૨) સમજાવવું

સંબોધિ સ્ત્રી૰ [સં., પ્રા] બોધિ, પૂર્ણ જ્ઞાન

સંબોધિત વિ૰ [સં.] સંબોધાયેલું

સંબોધ્ય ન૰ [સં.] જેને સંબોધાયું હોય વા સંબોધાય તે

સંભર વિ૰ [સં. સ + ભૃ] જુઓ સભર

સંભરવું સ૰ક્રિ૰ [સ. संभृ] સારી રીતે ભરવું

સંભવ પુ૰ [સં.] શક્યતા (૨) મૂળ (૩) ઉત્પત્તિ [-થવો = ઉત્પન્ન થવું -હોવો = શક્ય હોવું] ૰નીય વિ૰ [સં.] સંભવે એવું; શક્ય

સંભવવું અ૰ક્રિ૰ [સં. संभू] ઉત્પન્ન થવું, બનવું (૨) સંભવ હોવો, બની શકવું

સંભવિત વિ૰ [સં.] સંભવ હોય તેવું; શક્ય

સંભળામણી સ્ત્રી૰ ['સંભળાવવું' ઉપરથી] સંભળાવેલું (મહેણું કે ઠપકો) સાંભળવાની દશા, સાંભળવાપણું

સંભળાવું અ૰ક્રિ૰ 'સાંભળવું'નું કર્મણિ -વવું સ૰ક્રિ૰ 'સાંભળવું'નું પ્રેરક (૨) વળતો ઉત્તર કે કડક વેણ કે ગાળ કહેવી

સંભા પું૰ [જુઓ સંવા] સમવાય, સંઘ, સંબો

સંભાર પુ૰ [સં.] જોઈતી સામગ્રી (૨) શાક કે અથાણામાં ભરવાનો મસાલો [-ભરવો = શાક કે અથાણામાં મસાલો ભરવો (૨) અતિશયોક્તિ કરવી, રસ પૂરવો (૩) ઉશ્કેરવું]

સંભારણ ન૰ ['સંભારવું' પરથી] સંભારવું તે, સ્મૃતિ. -ણું ન૰ યાદગીરી, યાદગીરીની વસ્તુ કે નિશાની [કરવું

સંભારવું સ૰ક્રિ૰ [પ્રા. समर (સં. संस्मृ)] યાદ

સંભારિયું વિ૰ સંભારવાળું, મસાલો પૂરેલું (૨) ન૰ તેવું શાક

સંભાવના સ્ત્રી૰ [સં.] સંભવ, શક્યતા (૨) કલ્પના, તર્ક (૩) આદરસત્કાર (૪) પ્રતિષ્ઠા, ઇજ્જત

**સંભાવિત** વિ૦ [સં.] પ્રતિષ્ઠિત
**સંભાવ્ય** વિ૦ [સં.] શક્ય (૨) સત્કાર કરવા યોગ્ય (૩) કલ્પી શકાય તેવું
**સંભાષણ** ન૦ [સં.] વાતચીત; પ્રશ્નોત્તરી
**સંભાળ** સ્ત્રી૦ [સંભાળવું પરથી] તપાસ; દરકાર, કાળજી (૨) રક્ષણ; જતન. [–નીચે = દેખરેખ નીચે (૨) આશ્રયમાં –રાખવી, લેવી = સંભાળવું]
**સંભાળવું** સ૦ક્રિ૦ [પ્રા. સમાલ; સં. संभाल्य्] સંભાળ રાખવી; જતન કરવું, સાચવવું; જાળવવું (૨) (કામ, જવાબદારી ઇ૦) માથે લેવું–ચલાવવું, નિભાવવું (૩) અ૦ક્રિ૦ [પ્રા. संभल] સાવચેત કે હોશિયાર રહેવું; ગફલતમાં ન પડી જવું
**સંભૂત** વિ૦ [સં.] એકઠું કરેલું; સાજારેલું
**સંભોગ** પું૦ [સં.] ઉપભોગ (૨) મૈથુન (૩) વિષયભોગ. –ગી વિ૦ (૨) પું૦ સંભોગ કરનાર (૩) કામી
**સંભ્રમ** પું૦ [સં.] ઘૂમવું તે; ચક્કર ફરવું તે (૨) ત્વરા, ઉતાવળ (૩) ગભરાટ, વ્યાકુળતા (૪) ઉત્કંઠા (૫) ભ્રાંતિ (૬) ભૂલ (૭) ભય
**સંભ્રાંત** વિ૦ [સં.] ઘુમાવેલું (૨) ગભરાયેલું; વ્યાકુળ થયેલું (૩) ભ્રાંતિમાં પડેલું
**સંમત** વિ૦ [સં.] સંમતિવાળું; સરખો કે અનુરૂપ મત-ધરાવતું (૨) માન્ય, પસંદ
**સંમતિ** સ્ત્રી૦ [સં.] અનુમતિ, કબૂલાત, સમાન મતવાળું હોવું તે ૦વય સ્ત્રી૦,ન૦ સંભોગની સંમતિ આપી શકે તે માટેનું સ્ત્રીનું યોગ્ય વય –તેની કાયદેસર મર્યાદા [(૩) કજિયો
**સંમર્દ** પું૦ [સં.] ભીડ, ગરદી(૨)યુદ્ધ, લડાઈ
**સંમાન** ન૦ [સં.] સન્માન, આદરસત્કાર (૨) ગૌરવ; પ્રતિષ્ઠા. ૦કારિણી વિ૦સ્ત્રી૦,૦કારી વિ૦ આદરસત્કાર કરનારું
**સંમાનિત** વિ૦ [સં.] સંમત (૨) સંમાનવાળું
**સંમાન્ય** વિ૦ [સં.] સંમાનને યોગ્ય
**સંમાર્જક** વિ૦ [સં.] ઝાડુ કાઢનારું વાળઝૂડ; સાફસૂફ –ની સ્ત્રી૦ સાવરણી
**સંમિશ્ર, –શ્રિત** વિ૦ [સં.] મિશ્રિત
**સંમિશ્રણ** ન૦ [સં.] જુઓ મિશ્રણ
**સંમિશ્રિત** વિ૦ [સં.] જુઓ સંમિશ્ર
**સંમીલન** ન૦ [સં.] બીડી દેવું –મીચી દેવું તે
**સંમુખ** વિ૦[સં.] સામે મુખવાળું, સામે હોય તેવું (૨) –ની પ્રત્યે લાગણીવાળું (૩) અ૦ રૂબરૂ; સામે [વિના થતું પ્રાણી
**સંમૂર્છિમ** વિ૦(૨)ન૦[સં.] નરમાદાના સંયોગ
**સંમેલન** ન૦[સં.] એકઠા થવું તે (૨) મેળાવડો
**સંમોહ** પું૦, ૦ન ન૦ [સં.] મૂર્છા (૨) ભ્રાંતિ (૩) અજ્ઞાન (૪) મોહ
**સંયત** વિ૦ [સં.] દાબમાં કે કાબૂમાં રાખેલું (૨) બાંધેલું; જકડેલું (૩) સંયમવાળું
**સંયમ** પું૦ [સં.] નિગ્રહ; નિરોધ (૨) ઇન્દ્રિય-નિગ્રહ. ૦ન ન૦ નિયંત્રણ દમન; નિગ્રહ(૨) ખેંચી રાખવું તે ૦ની સ્ત્રી૦ (સં.) યમ રાજાની નગરી. ૦શાળી વિ૦ સંયમી. –મી વિ૦ (૨) પું૦ સંયમવાળું
**સંયુક્ત** વિ૦ [સં.] જોડાયેલું, યુક્ત (૨) અનેક મળીને કરેલું. ૦ક્રિયાપદ ન૦ બે ક્રિયાપદ ભેગાં વપરાતાં જુદો જ અર્થ નીકળે તેવું ક્રિયાપદ (વ્યા.). ૦વાક્ય ન૦ બે કે વધારે પ્રધાન વાક્યો એકઠાં થવાથી બનતું મોટું વાક્ય
**સંયુત** વિ૦[સં.] સંયુક્ત, સમન્વિત
**સંયોગ** પું૦[સં.] જોડાવું કે ભેગા થવું તે (૨) સંબંધ (૩) સમાગમ(૪) મિશ્રણ મેળવણી (૫) સંજોગ, પરિસ્થિતિ. –ગી વિ૦ જોડનારું (૨) સંયોગવાળું. –ગીકરણ ન૦[સં.]સંયુક્ત કરવું તે. –ગીભૂમિ(–મી) સ્ત્રી૦ જમીનના બે મોટા પ્રદેશને જોડનારી સાંકડી જમીનની પટી
**સંયોજક** વિ૦ (૨) પું૦[સં.]જોડનાર. –ન ન૦ જોડવું તે (૨) જોડાણ, સંબંધ (૩) આયોજન; વ્યવસ્થા (૪) બંધન (તે દશ છે) (બૌદ્ધ)
**સંયોજિત** વિ૦ [સં.] જોડેલું
**સંરક્ષણ** ન૦ [સં.] રક્ષણ
**સંરક્ષવું** સ૦ક્રિ૦ [સં. संरक्ष] સંરક્ષણ કરવું
**સંરક્ષિત** વિ૦ [સં.] સંરક્ષણ પામેલું
**સંરોહણી** સ્ત્રી૦ ઘા રૂઝવનારી ઔષધિ [સ્ત્રી૦
**સંલગ્ન** વિ૦[સં.] લાગેલું, વળગેલું, ચોંટેલું. ૦તા
**સંલાપ** પું૦[સં.]પરસ્પર વાર્તાલાપ(૨)નાટકમાં એક પ્રકારનો સંવાદ. ૦ક વિ૦ સંલાપ કરનારું

પું૦ (૨) એક પ્રકારનું નાટક–ઉપરૂપક (૩) નાટકમાં એક પ્રકારનો સંલાપ
સંવત પું૦ [સં.] વિક્રમ સંવત (૨) તેનું કોઈ પણ વર્ષ [વાર્ષિક મરણતિથિ
સંવત્સર પું૦[સં] વર્ષ –રી સ્ત્રી૦ છમછરી;
સંવનન ન૦ [સં] વશ કરવાની ક્રિયા (૨) પ્રેમ કરવો તે, પ્રેમથી જીતી લેવાનો પ્રયત્ન
સંવર પું૦ [સં] બાહ્ય પ્રવૃત્તિમાંથી પરાવૃત્ત થઈ આત્માભિમુખ થવું તે (જૈન). ૦ણ ન૦ ઢાંકણ, રક્ષણ
સંવરવું સ૦ક્રિ૦ [પ્રા. संवर (सं सं+वृ)] આવરી લેવું(૨) સમેટવું(૩)રોકવું નિગ્રહ કરવો
સંવર્ત પું૦[સં ]પ્રલયકાળના સાત મેઘોમાંનો એક
સંવર્ધન ન૦ [સં] વધવું તે (૨) ઉછેરવું તે (૩) વધારવું તે
સંવર્ધમાન વિ૦[સં] વધતું, સંવર્ધિત થતું
સંવર્ધવું સ૦ક્રિ૦ [સં संवृध्] સંવર્ધન કરવું
સંવર્ધિત વિ૦[સં] સંવૃદ્ધ થયેલું (૨) ઉછેરેલું, ઊછરેલું (૩) વધારેલું, વધેલું
સંવહન ન૦[સં.] વહન કરવું–લઈ જવું તે
સંવા પું૦ [સં समवाय] સંઘ, સમુદાય
સંવાદ પું૦ [સં] વાતચીત, સવાલજવાબ (૨) ચર્ચા (૩) એકરાગ હોવો તે (૪) એકમત થવું તે. -દિતા સ્ત્રી૦ સંવાદીપણું, 'હાર્મની'. –દી વિ૦ સંવાદ કરનારું (૨) સહમત, અનુકૂલ, એકરાગવાળું (૩) પું૦ વાદી સ્વ-થી પાંચમો અને ચોથો સ્વર(સંગીત)
સંવાર પું૦[સં] ઉચ્ચારણના બાહ્ય પ્રયત્નોમાંનો એક, જેમાં કંઠનું આકુંચન થાય છે(વ્યા)
સંવાસ પું૦ [સં.] સહવાસ
સંવાહક વિ૦[સં] સંવાહન કરનારું.–ન ન૦ વહન કરવું તે, લઈ જવું તે(૨) ચંપી કરવી તે
સંવિદ સ્ત્રી૦ [સં] ચૈતન્ય, જ્ઞાન, સમજશક્તિ (૨) કરાર, સંકેત
સંવિધાન ન૦ [સં] વ્યવસ્થા, આયોજન (૨) નાટકના વસ્તુની સંકલના, ગોઠવણી. ૦ક ન૦ નાટકનું વસ્તુ–તેની સંકલના
સંવિભાગ પું૦[સં] ભાગ પાડવા તે (૨) હિસ્સો
સંવૃત વિ૦[સં] આચ્છાદિત, ઢાંકેલું, ઢંકાયેલું (૨)[વ્યા]સંકુચિત,સાંકડું('વિવૃત'થી ઊલટું)
સંવૃદ્ધ વિ૦[સં] વધેલું (૨) ઉન્નત, સમૃદ્ધ
સંવૃદ્ધિ સ્ત્રી૦[સં]વધવું તે(૨)આબાદી સમૃદ્ધિ
સંવેગ પું૦ [સં] વેગ, જુસ્સો (૨) આવેગ; ગભરાટ –ગી વિ૦ વેગથી વર્તનાર, સંવેગવાળું
સંવેદ પું૦ [સં] અનુભવ, જ્ઞાન ૦ન પું૦, ૦ના સ્ત્રી૦ ભાન, પ્રતીતિ; સ્ફુરણ
સંવેશ પું૦[સં] સૂઈ જવું તે (૨) આસન
સંવ્યગ્ર વિ૦ [સં] ખૂબ વ્યગ્ર
સંશય પું૦ [સં] સંદેહ, શક (૨) દહેશત; ભય [–આણવો, –આવવો, –ઊઠવો, –ઉપજવો, –જવો, –માં પડવું] ૦ખોર વિ૦ વહેમીલું; શંકાશીલ ૦ગ્રસ્ત વિ૦ સંશયમાં પડેલું, સંશયવાળું. ૦વાદ પું૦ કોઈ પણ તત્ત્વમાં શંકાથી નિહાળવાની વૃત્તિનો વાદ, 'સ્કેપ્ટીસિઝમ'. ૦વાદી વિ૦ (૨) પું૦ 'સ્કેપ્ટિક' ૦વાન વિ૦ સંશયવાળું; સંશયી –યાત્મક વિ૦ સંશયવાળું, સંશય ભય એવું (૨) જેને કશી બાબતમાં વિશ્વાસ ન હોય એવું, શ્રદ્ધાહીન (૨) પું૦ તેવો માણસ. –યાત્મા, –યી વિ૦ શંકાશીલ વહેમી
સંશુદ્ધ વિ૦ [સં] બરાબર શુદ્ધ થયેલું, વિશુદ્ધ
સંશુદ્ધિ સ્ત્રી૦ [સં] પવિત્રતા; શુદ્ધિ
સંશોધક વિ૦[સં] શોધ કરનારું(૨ શુદ્ધ કરનારું
સંશોધન ન૦ [સં] શુદ્ધિ (૨) ગોતખોળ; 'રિસર્ચ' ૦કાર પું૦ સંશોધન કરનાર –ની વિ૦ સંશોધનને લગતું
સંશોધવું સ૦ક્રિ૦[સં.संशोधय्]સંશોધન કરવું
સંશોધિત વિ૦ [સં] શુદ્ધ કરેલું (૨) શોધેલું
સંશોષણી સ્ત્રી૦ [સં. संशोषण પરથી] ખરાબ લોહી ચૂસી લે તેવો લેપ
સંશ્રય પું૦ [સં.] આશ્રય, શરણ
સંશ્રિત વિ૦ [સં] શરણે આવેલું, આશ્રિત
સંશ્લેષ પું૦[સં.] ગાઢ આલિંગન(૨) સંયોગ
સંસક્તિ સ્ત્રી૦ [સં] આસક્તિ. ન ક, વ્યસન
સંસદ સ્ત્રી૦[સં.] સભા; મંડળ
સંસર્ગ પું૦[સં.] સંબંધ, સોબત, સંગતિ (૨) આસક્તિ, લંપટતા. ૦દોષ પું૦ બૂરો સંગતિદોષ. –ર્ગી વિ૦ સંસર્ગ રાખનારું (૨)

પુ૦ સંબંધી; સાથી
**સંસર્પણ** ન૦[સં]સરકવું, ધીમે ધીમે ખસવું તે
**સંસાર** પું૦ [સં] સૃષ્ટિ; જગત (૨) માયાનો પ્રપંચ (૩) જન્મમરણની ઘટમાળ (૪)ગૃહસંસાર [(–ચલાવવો, –ચાલવો.) –તરવો = દુનિયાદારીના વ્યવહારમાં પાર ઊતરવું (૨) મોક્ષ મેળવવો –નો વા વાવો=માયા-મમતા વળગવા; નિખાલસપણું જતું રહેવું. –પૂઠે લાગવો = સંસારની કપરી ફરજો માથે પડવી. –માંડવો, –માં પડવું = પરણવું (૨) ગૃહસંસાર શરૂ કરવો. –માં ડૂબવું = માયાનાં બંધનોમાં જકડાવું; કર્મબંધન બાંધવાં] ૦માર્ગ પું૦ સંસારમાં રહી ગાળેલું જીવન. ૦વ્યવહાર પું૦ દુનિયાદારીનો વ્યવહાર ૦શાસ્ત્ર ન૦ સમાજશાસ્ત્ર ૦શાસ્ત્રી પુ૦ સમાજશાસ્ત્રી ૦સાગર પુ૦ સંસારરૂપી સાગર. ૦સુખ ન૦ કુટુંબપરિવારનું કે સંસારના ભોગોનું સુખ. ૦સુધારો પુ૦ સામાજિક અને કૌટુંબિક બાબતોમાં સુધારો –રિણી વિ૦સ્ત્રી૦સંસારી (૨)સંચાર કે પ્રચાર કરનારી. –રી વિ૦ સંસારવ્યવહાર સંબંધી (૨) સંસારમાં રચ્યુંપચ્યું (૩) સંસાર માંડી બેઠેલું
**સંસિદ્ધ** વિ૦[સં.] સિદ્ધ થયેલું;પૂર્ણ થયેલું (૨) સફળ થયેલું, પ્રાપ્ત થયેલું. –દ્ધિ સ્ત્રી૦ સિદ્ધિ; પૂર્ણતા (૨) સફળતા; પ્રાપ્તિ
**સંસૃતિ** સ્ત્રી૦ [સં.] સંસાર (૨) જન્મમરણનું ચક્ર (૩) પ્રવાહ, ગતિ, સરવું તે
**સંસૃષ્ટ** વિ૦ [સં.] સંયુક્ત, જોડાયેલું
**સંસૃષ્ટિ** સ્ત્રી૦ સહવાસ (૨) સંબંધ; સંપર્ક (૩) સંયોગ, મિલન (૪) એકત્ર કરવું તે; સંગ્રહ (૫) બે નિરપેક્ષ અલંકારોનું એક જ સ્થાને હોવું તે (કા૦ શા૦)
**સંસેક** વિ૦ ['સેકવું' ઉપરથી] સેકેલું (પ)
**સંસ્કરણ** ન૦ [સં.] શુદ્ધ કરવું, દુરસ્ત કરવું કે સમરાવવું તે (૨) સંસ્કાર કરવા તે (૩) [ગ્રંથની] આવૃત્તિ
**સંસ્કાર** પું૦ [સં] શુદ્ધ કરવું તે (૨) સુધારવું તે (૩) શણગારવું તે (૪) વાસનાઓ કે કર્મોની મન ઉપર પડતી છાપ (૫) શિક્ષણ, ઉપદેશ, સંગતિ વગેરેનો મન ઉપર પડેલો પ્રભાવ (૬) પૂર્વકર્મોનું ફળ, સંજોગ (૭) મરણ પાછળ કરવાની ક્રિયા (૮) દ્વિજોને જન્મથી મરણ સુધી કરવા પડતા આવશ્યક ૧૬ વિધિમાંનો દરેક (ગર્ભાધાન, પુંસવન, અનવલોભન, વિષ્ણુબલિ સીમંતોન્નયન, જાતકર્મ, નામકરણ, નિષ્ક્રમણ, સૂર્યાવલોકન, અન્નપ્રાશન, ચૂડાકર્મ, ઉપનયન, ગાયત્ર્યુપદેશ, સમાવર્તન, વિવાહ, સ્વર્ગારોહણ) (૯) શિક્ષણ, કેળવણી. [–કરવો = શુદ્ધ કરવું (૨)મઠારવું, શણગારવું. માથે સંસ્કાર વીતવા = દુ:ખ પડવું; સંકટો આવવાં] ૦ક વિ૦ સંસ્કાર કરનારું, શુદ્ધ કરનારું. ૦ગ્રાહી વિ૦ સંસ્કાર ગ્રહણ કરી લેતું ૦વાહી વિ૦ સંસ્કારનું વહન કરનારું [કરવું (૨) સંસ્કરણ કરવું
**સંસ્કારવું** સ૦ ક્રિ૦ [સં सत्कारय्] સંસ્કારી
**સંસ્કારિતા** સ્ત્રી૦ [સં] સંસ્કારીપણું, 'કલ્ચર'
**સંસ્કારી** [સં] વિ૦ મૂળથી સારા સંસ્કારવાળું (૨) સારી કેળવણીવાળું (૩) પુણ્યશાળી
**સંસ્કારોત્થ** વિ૦ [સં] સંસ્કારોને લઈને ઊઠતું – જાગ્રત થતું
**સંસ્કૃત** વિ૦ [સં] સંસ્કાર પામેલું (૨) શુદ્ધ કરેલું (૩) શણગારેલું (૪) સ્ત્રી૦ ન૦ ગીર્વાણભાષા ૦જ્ઞ વિ૦ સંસ્કૃત જાણનાર ૦મય વિ૦, ૦મયી વિ૦ સ્ત્રી૦ સંસ્કૃતથી પરિપૂર્ણ
**સંસ્કૃતિ** સ્ત્રી૦[સં]સભ્યતા, સુધારો, સામાજિક પ્રગતિ; 'સિવિલિઝેશન'
**સંસ્કૃતી** પુ૦[સં संस्कृत + ઈ]સંસ્કૃતનો પંડિત
**સંસ્કૃતોત્થ** વિ૦ [સં] સંસ્કૃતમાંથી આવેલું
**સંસ્તરણ** ન૦ [સં] પથાર, બિછાવટ (૨) ફેલાવવું તે, પ્રસારણ
**સંસ્થા** સ્ત્રી૦ [સં.] રચના, વ્યવસ્થા (૨) સ્થાપિત વ્યવસ્થા કે રૂઢિ (ઉદા૦ લગ્નસંસ્થા) (૩) મંડળ; તંત્ર, 'ઇન્સ્ટિટયૂશન'
**સંસ્થાન** ન૦ [સં] નાનું રાજ્ય, રજવાડો (૨) પરમુલકમાં વસાહત, તેવું રાજ્ય, 'કૉલોની' ૦વાસી વિ૦ (૨) પુ૦ વસાહતમાં રહેનાર. –ની વિ૦ સંસ્થાનનું, –ને લગતું (૨) પું૦ સંસ્થાનનું વતની

સંસ્થાપક વિ૦(૨)પું૦ [સં ] સંસ્થાપન કરનાર
સંસ્થાપન ન૦, -ના ૦સ્ત્રી [સં ] સારી રીતે સ્થાપવું તે, પ્રતિષ્ઠા કરવી તે
સંસ્થાપવું સ૦ક્રિ૦[સં. सस्थापय्] સ્થાપન કરવું
સંસ્થાપિત વિ૦ [સં.] સંસ્થાપન કરેલું
સંસ્થિતિ સ્ત્રી૦[સં ] સાથે રહેવું તે (૨) કાયમનું સ્થાન (૩) ટકવું તે, કાયમ રહેવું તે (૪) વિશ્રાંતિ (૫) સ્થિતિ, સ્થિરતા
સંસ્પર્શ પું૦[સં.] સ્પર્શ, સંબંધ [સ્મરણ
સંસ્મરણ ન૦ [સં ] પૂર્ણ સ્મરણ, વારંવાર
સંસ્મૃતિ સ્ત્રી૦ [સં ] પૂર્ણ સ્મૃતિ, યાદ
સંસ્વેદજ વિ૦(૨)ન૦[સં.] જુઓ સ્વેદજ
સંહતિ સ્ત્રી૦[સં.] સમુદાય (૨) સંપ, સંગઠન
સંહરવું સ૦ક્રિ૦[પ્રા संहर (सं सं+हृ)] એકઠું કરી લેવું, પાછું, ખેંચી લેવું (૨) સંહાર કરવો
સંહર્તા(-ર્ત્તા) પું૦ [સં.] સંહાર કરનાર
સંહાર પું૦[સં ] નાશ, કતલ;ઉચ્છેદ (૨) એકઠું કરવું તે (૩) સંક્ષેપ ૦ક વિ૦ (૨) પું૦ સંહાર કરનાર. ૦વું સ૦ક્રિ૦ [સં संहारय्] સંહાર કરવો. -રિણી વિ૦ સ્ત્રી૦ સંહાર કરનારી
સંહિતા સ્ત્રી૦[સં ] સંયોગ (૨) સમુચ્ચય (૩) પદ્ય કે લખાણનો વ્યવસ્થિત સંગ્રહ. ઉદા૦ મનુસંહિતા (૪) વેદોનો દેવોની સ્તુતિવાળો મંત્રભાગ (૫) [વ્યા ] સંધિ
સંહૃત વિ૦ [સં ] સંહરેલું
સા પું૦ સંગીતના સ્વરસપ્તકમાંનો પ્રથમ સ્વર
સાઇકલ સ્ત્રી૦ [ઇં ] બેસનારે પોતે ચલાવવાનું બે ચક્રવાળું એક વિલાયતી વાહન
સાઇકલોપીડિયા સ્ત્રી૦ [ઇં.] જ્ઞાનકોશ
સાઇકલોસ્ટાઇલ ન૦ [ઇં ] મૂળ લખાણ લખી તે પરથી નકલો કાઢવાની એક યુક્તિ કે સાધન. [-કરવું = તે સાધનથી નકલો કરવી ]
સાઇસ [અ ] ઘોડાવાળો, રાવત; સઈસ
સાક(-કે)ટમ વિ૦ [સં सह+कुटुम्ब] (પ.) જુઓ સાગમટું (નોતરું)
સાકટી(-ઠી) સ્ત્રી૦,-ટું ન૦, -ટો પું૦ [જુઓ સાગ] સાગની લાંબી જાડી વળી [કાપેલું
સાકણુસાયું વિ૦[સ+કણ] ડૂંડા કે દાણા સાથે
સાકર સ્ત્રી૦ [પ્રા. सक्करा (सं शर्करा), સર૦ હિં., મ ] ખાંડના પાસાદાર ગાંગડા. [-ના રવા પીરસવા, -પીરસવી, વાટવી, -વાળી જીભ કરવી = મીઠું મીઠું બોલવું ખુશામત કરવી ] ૦વું સ૦ક્રિ૦ મળપણ ચડાવવું, સાકરથી પાસવું -રિયું વિ૦ સાકર ચડાવેલું (૨) સાકર જેવું (સ્વાદ કે આકારમાં).-રિયો પું૦ ફૂલમાંના મધની ઝરમર (૨) સાકરિયો ચણો. -રિયો ચણો પું૦ (બહુધા બ૦વ૦માં) સાકર-ખાંડ ચડાવેલો ચણાનો દાણો
સાકરવું સ૦ક્રિ૦ [હાક+કરવું? સર૦ હાકલવું] બોલાવવું, સાદ દેવો (૨) જુઓ 'સાકર'માં
સાકરિયું, -યો જુઓ 'સાકર'માં
સાકાર વિ૦ [સં ] આકારવાળું; મૂર્ત રૂપવાળું
સાકાંક્ષ વિ૦ [સં ] આકાંક્ષાવાળું
સાકી પું૦[અ ] મદ્ય પાનાર (૨) માશૂકનું સંબોધન
સાક્ષર વિ૦ (૨) પું૦ [સં.] વાચવા લખવાની આવડતવાળું; ભણેલું (૨) શિક્ષિત વિદ્વાન (૩) લેખક; સાહિત્યકાર. ૦તા ન૦, ૦તા સ્ત્રી૦. -રી વિ૦ સાક્ષર સંબંધી (૨) ભારે ભારે શબ્દોવાળું (લખાણ)
સાક્ષાત્ અ૦ [સં ] નજરોનજર, સંમુખ
સાક્ષાત્કાર પું૦[સં.] નજરોનજર જોવું તે, પ્રત્યક્ષ દર્શન (૨) પરમ તત્ત્વ કે ઈશ્વરનો સાક્ષાત્ અનુભવ
સાક્ષી સ્ત્રી૦[સર૦ હિં , મ साक्ष] સાખ, શાહેદી. [-આપવી, પૂરવી = જુબાનીમાં કહેવું (૨) ટેકો આપવો.] ૦દાર પું૦ શાહેદ, સાક્ષી
સાક્ષી પું૦[સં ] નજરોનજર જોનાર (૨) સાક્ષી પૂરનાર, શાહેદ ૦ભૂત વિ૦ સાક્ષીરૂપ. સાક્ષી
સાખ સ્ત્રી૦ [સં साक्ष्य? સર૦ મ. साक हिं.] સાક્ષી, શાહેદી (૨) [સં. शाखा પરથી ?] ઝાડ ઉપર જ પાકેલું ફળ (૩) [?] બારણાના ચોકઠાના ઊભા ટેકા (૪) [લા.] બારણું; આગણું. [-કરવી = સાખ તરીકે સહી કરવી. -ગરવી, પડવી = આંબા પર કેરી પાકવી (૨) આંબાને વેડી લેવાનો સમય થવો ] ૦પ(-પા)ડોશી પું૦ જોડમાં જ જેનું ઘર હોય એવો પાડોશી -ખિયું ન૦ ઝાડ પર જ પાકેલું ફળ, સાખ -ખિયો પું૦ સાક્ષી

**સાખી** સ્ત્રી૦ [સર૦ મ. साकी; हिं] બે ચરણનો એક પ્રકારનો દોહરો કે પદ (૨) ગઝલ, લાવણી, કે ગરબીમાં આવતી, લંબાવીને ગાવાની ટૂંકી પંક્તિઓ (૩) પું૦ [જુઓ સાક્ષી; સર૦ हिं] (પ.) + સાખ પૂરનાર

**સાખો** પું૦ [જુઓ શાખ, સર૦ हिं, म साख] લોકનો અભિપ્રાય કે છાપ (૨) [લા.] કકાસ, કજિયો (૩) ગજબ [જોડાજોડ, લગોલગ

**સાખોસાખ** અ૦ [સાખ (બારણાની) પરથી]

**સાગ** પું૦ [प्रा (सं शाक)] જેના ઇમારતી લાકડા બને છે તે એક જાતનું ઝાડ

**સાગમટું** વિ૦ [જુઓ સાકટમ] (કા.) કુટુંબ સાથે–બધાને દીધેલું (નોતરું)

**સાગર** પું૦ [अ सागिर] પ્યાલો; જામ

**સાગર** પું૦ [सं.] દરિયો (૨) દશ પદ્મ જેટલી સંખ્યા. ૦જા સ્ત્રી૦ (સં) લક્ષ્મી. ૦પેટું વિ૦ સાગર જેવા મોટા પેટવાળું, ઉદાર

**સાગરીત(–દ)** પું૦ [જુઓ શાગરીત] સાથી (પ્રાય. બૂરા કામમાં) [લાકડું

**સાગવાન** ન૦ [સર૦ हिं सागवन, म] સાગનું

**સાગુ(–ગુ)ચોખા.** **સાગુ(–ગુ)દાણા** પું૦ બ૦વ૦ [स गू (मलाया) + ચોખા કે દાણા] તાડ જેવા સાગૂ નામના ઝાડના થડના ગરના બનાવેલા દૂધિયા કણ [ચૂનો; સલ્લો

**સાગોળ** પું૦ [फा. शाहूगिल] ચાળેલો બારીક

**સાગ્નિક** વિ૦ [सं] અગ્નિ રાખનાર; અગ્નિહોત્રી

**સાગ્ર** વિ૦ [सं.] સમગ્ર, તમામ ૦તા સ્ત્રી૦ સમગ્રતા (૨) અણિયાળાપણું –વેધક સ્પષ્ટતા; 'પૉઇન્ટેડનેસ'

**સાચ** ન૦ [प्रा सच्च (स सत्य)] સત્ય ૦ક(૦લું) વિ૦ સાચું બોલનાર, પ્રમાણિક, નિષ્કપટી ૦દિલી સ્ત્રી૦ સચ્ચાઈ. ૦માચ વિ૦ ['સાચ' દ્વિર્ભાવ] ખરેખર, જેવું છે તેવું (૨) અ૦ ખરેખર. ૦વટ સ્ત્રી૦ સચ્ચાઈ (૨) સાચવણી

**સાચવણ(–ણી)** સ્ત્રી૦, **–ણું** ન૦ ['સાચવવું' ઉપરથી] જતન; સંભાળ [કરવું

**સાચવવું** સ૦ક્રિ૦ [प्रा. सच्चव] સંભાળવું, જતન

**સાચાઈ** સ્ત્રી૦ ['સાચુ' ઉપરથી] સચ્ચાઈ; સાચવટ

**સાચાબોલું** વિ૦ [સાચું + બોલવું] સાચું બોલનારું

**સાચું** વિ૦ [જુઓ સાચ] ખરું; સત્ય; હોય તેવું (૨) અસલ, બનાવટી નહિ એવું જેમકે, સાચું મોતી (૩) સત્ય બોલનારું (૪) એકવચની ૦જૂઠું વિ૦ ખરુંખોટું (૨) ન૦ ભંભેરણી. [**સાચાંજૂઠાં કરવાં**=ભંભેરણી કરવી.] **–ચે** અ૦ ખરે; નક્કી (૨) વાજબી રીતે. **–ચેસાચું** વિ૦ ખરેખરું, સાવ સાચું, સાચમાચ

**સાચો** પું૦ ['સાચુ' ઉપરથી] રેશમનો પાકો દોરો (મોતીગાંઠવાનો)

**સાચોરો** પું૦ ['સાચવવું' ઉપરથી? સર૦ प्रा. सच्छर (=જોવું] (વૈષ્ણવમંદિરનો) નોકર (૨) તે નામની બ્રાહ્મણની જાતનો માણસ

**સાજ** પું૦ [फा.] ઉપયોગી, સરસામાન (૨) શણગાર; વસ્ત્રાભૂષણ (૩) ઘોડા પર નાખવાનો સામાન (૪) ન૦ સારંગી જેવું એક વાદ્ય. [**–માંડવો**=ઘોડા ઉપર સામાન નાખવો.] ૦ક સ્ત્રી૦ નાની સારંગી (ભરથરી લોકોની)

**સાજન** [सं सज्जन], ૦મહાજન ન૦, **–નિયા** પું૦બ૦વ૦ વરના વરઘોડા સાથે રહેલું પ્રતિષ્ઠિત લોકોનું મંડળ. **–ની** સ્ત્રી૦ સજ્જની **–નું** ન૦ નાતનું પંચ

**સાજરું** વિ૦ ['સાજ' ઉપરથી] શણગારવાળું; શોભીતું (૨) સૌભાગ્યના શણગારવાળું

**સાજવારી** સ્ત્રી૦ [फा.] + સજાઈ, સજાવટ કે તેને માટેની સામગ્રી

**સાજવું** સ૦ક્રિ૦ [સાજ કે सं सज्ज પરથી? સર૦ हिं. साजना] માંજવું, સાજ કરવું (૨) અ૦ક્રિ૦ [સર૦ म. साजणें] બેસતું આવવું; છાજવું (૩) સાજ સજી તૈયાર થવું (૪) પરવારવું

**સાજસરજામ** **સાજસામાન** પું૦ [સાજ + સરજામ, સામાન] સાધનસામગ્રી

**સાજાત્ય** ન૦ [सं.] 'સિમિલિટ્યૂડ' (ગ). ૦કેંદ્ર ન૦ 'સેન્ટર ઑફ 'સિમિલિટ્યૂડ' (ગ) ૦રેખા સ્ત્રી૦ 'લાઇન ઑફ 'સિમિલિટ્યૂડ' (ગ)

**સાજિંદો** પું૦ [फा. साजिंदह सर०हिं., म. साजिंदा] ગાનાર કે નાચનારની સાથેનો સારંગીવાળો કે તબલચી

**સાજીખાર** પું૰[सं मर्जिका(प्रा.मज्जिआ)+ખાર, (क्षार). સર૰ हिं. सज्जीखार, म ] એક ખાર

**સાજું** વિ૰ [प्रा. सज्ज(सं सज्ज, सद्यस्क) સર૰ म साजा, दे. सज्जोक्ष] તદુરસ્ત (૨) ભાગેલું નહિ એવું, આખું. ૦તાજું વિ૰ તાજું અને નીરોગી ૦સમ,૦સમું વિ૰ તંદુરસ્ત; નીરોગી (૨)સાવ સાજું, આખેઆખું, અક્ષત

**સાટ** સ્રી૰ [રવ૰; સર૰ हिं , म ] ચામડાની લાંબી ને પાતળી પટી (૨) [સર૰ म. साटा -ठ (सं सं + स्था, प्रा संठा)] કરોઠ, બરડાનું હાડકું ૦કો પું૰ સાટ બાંધી બનાવેલો ચાબુક કે કોરડો (૨) જુઓ સાટ ૦કાટવું સ૰ક્રિ૰ સાટકે સાટકે મારવું

**સાટ(-ઠ)માર** પું૰ [સાટ+મારવું, સર૰ म. साटमार्या, हिं ] સાઠમારીમાં હાથીને સાટ કે સોટા મારી ચીડવનાર. -**રી** સ્રી૰ [સર૰ म.] જંગલી પ્રાણીઓને ખીજવીને લડાવવાનો તમાસો (૨) [લા ] લડાલડી

**સાટવવું** સ૰ક્રિ૰ ['સાટું' ઉપરથી] સાટું કરવું (૨) ખરીદવું [ (૨) વેચાતું લેવું

**સાટવું** સ૰ક્રિ૰ ['સાટું' ઉપરથી] મૂલ ઠેરવવું

**સાટાખત** ન૰ સાટા વિષેનું લખત

**સાટાંતેખડાં** ન૰બ૰વ૰ [ સાટું+તેખડું ] કન્યાના સાટા ને તેખડા કરવાનો વ્યવહાર

**સાટી** સ્રી૰[સર૰ म (सं संस्था, प्रा संठा ?)] માણસો જેમાં બેસે છે તે ગાડીનું ખોખું -ચોકઠું (૨) [જુઓ સાટું] કરાર. ઉદા૰ (રમતમાં) દાન આપવાની સાટી

**સાટીઝાંખરાં** ન૰ બ૰ વ૰ [સાટી+ઝાંખરાં] કાન ભંભેરવા તે, સાચુંજૂઠું કહી ટંટો કરાવવો તે, સાડીઝાંખરાં [-કરવાં]

**સાટીન** સ્રી૰ [इ सॅटिन, સર૰ म साटीण, हिं. साटन (सं ह्लाटा)] એક જાતનું રેશમી કાપડ

**સાટું** ન૰ [दे सट्ट; સર૰ म साटा] કરાર; બોલી, કબાલો (૨) મૂલ ઠેરવવું તે (૩) બહાનાની રકમ (૪) માલને બદલે માલ કે કન્યાને બદલે કન્યા આપવી તે (૫) બદલો; અવેજ [-કરવું] ૦તેખડું ન૰ (કન્યાનું) સાટું કે તેખડું

**સાટ્ટક** પું૰ [प्रा सट्ट (सं शाठ्य) ઉપરથી]ઠગ; લુચ્ચો [અવેજમાં

**સાટે** અ૰ [સર૰ हिं , જુઓ સાટું] બદલે,

**સાટો** પું૰ [सं प्रा. सट्ट, व्य, સર૰ म साटा =મોવણ] ઘીથી મોયેલો ચોખાનો લોટ (૨) [સર૰म साटा (प्रा. मठा?)] માલ ભરાય છે તે ગાડાનો ભાગ (૩) [સર૰म सट्टक] વેચેલું ઘી

**સાટોડી** સ્રી૰ [हिं साटी (सं श्वेत'?)] એક વનસ્પતિ ૦મૂળ ન૰ સાટોડીનું મૂળ. -**ડો** પું૰ એક વનસ્પતિ

**સાટોપ** વિ૰ [सं.] આડંબરવાળું, ભપકાવાળું (૨) અભિમાની(૩)અ૰ ઘમંડથી, તુમાખીથી

**સાઠ** (ઠ,) વિ૰ [प्रा. सट्ठि (सं षष्टि), સર૰ म., हिं ] '૬૦'

**સાઠમાર, -રી** જુઓ 'સાટમાર'માં

**સાઠી** સ્રી૰ ['સાઠ' ઉપરથી; સર૰ म ] સાઠ વર્ષની વય,ઘડપણ (૨) સાઠ વર્ષનો ગાળો. [-વાયદા થવા=લગભગ સાઠ વર્ષની ઉંમર થવા આવવી સાઠે હાથ ઘાલવા= ખૂબ ઘરડું થઈ જવું ]

**સાઠી** સ્રી૰ [સર૰ प्रा सट्ठीअ. हिं., म ] સાઠ દિવસે પાકતી એક જુવાર કે ડાંગર

**સાઠો** પું૰ ['સાઠ' ઉપરથી] વિ૰સં૰ ૧૮૬૦ નો દુકાળ [ નાગરની જાતનો માણસ

**સાઠોદરો** પું૰ [સાઠોદ (ગામ)પરથી ] તે નામની

**સાડત્રીશ(-સ)** વિ૰ [सं सप्त-त्रिंशत्] '૩૭' -**સું** વિ૰ ૩૭ જેને છેડે હોય તે સ્થાનનું

**સાડલો** પું૰ [प्रा साड; साडिल्ल (सं शाटक)] સાલ્લો, સાડી

**સાડસાતી** (ડ') વિ૰ જુઓ સાડીસાતી

**સાડા(-ડી)** (ડ') વિ૰ [प्रा. सड्ढ (सं सार्ध); સર૰ म साडे, हिं साढे] (સંખ્યા પૂર્વે આવતાં) સાર્ધ, ઉપર અડધું ઉદા૰ સાડા પાંચ, સાડી સડસઠ [-ત્રણ =અદક પાંસળિયું (૨) અણસમજી, ... -ત્રણ ઘડીનું રાજ =ક્ષણિક સુખ કે અમલ. -ત્રણ પાયા હોવા=ઘેલું કે અસ્થિર મનનું હોવું (૨) ઉછાંછળું. -ત્રણ પાંસળીનું =ચસકેલ -ત્રણમાંનું રાયું=સોદ ...

-સાતનો ફેરો=મોટી આફત. -સાત વાર પરવડવું=ખાસ કે બરાબર પરવડવું કે પાલવવું -સાત મણનું સંભળાવવું=ઘણી ભૂંડીગાળ દેવી. સાડી સપતાળીસ=અનિશ્ચિત સંખ્યા. સાડી ચુમોતેરનો અંક ='અંગત' કે 'ખાનગી' એવું સૂચન કરતો આંકડો (કાગળને માથે લખાય છે). સાડે સાત થવું=પૂરી નિષ્ફળતા મળવી; ધૂળ-ધાણી થવી ] ૦બાર સ્ત્રી૦ [લા ] પરવા

**સાડી** સ્ત્રી૦[પ્રા साडी(સં. शाटी),સર૦ हिं., म ] કીમતી સાલ્લો (૨) સાડલો

**સાડીસાતી**(ડી') વિ૦[સર૦हिं साढ(-ढे)साती, म सडेसाती] સાડા સાત હાથની (પનોતી)

**સાઢુ(-ઢુ)**, ૦ભાઈ (ઢું') પું૦ [સર૦ हिं साढू, म साडू, साडभाऊ (સં श्याली, प्रा. साली + સં वोढ. प्रा वोढु)] સાળીનો વર

**સાદૂડુ** વિ૦ [સર૦ સ્વાદુ] સારું સારું ખાવાની ટેવવાળું [શકોરું (૨) ભિક્ષાપાત્ર

**સાણકુ** ન૦ [જુઓ સાનક] શાણકું; મોટું

**સાણશી(-સી)** સ્ત્રી૦ [પ્રા संडास(સં संदंश), સર૦ हिं. सडसी, म सांडस] પકડ જેવું એક સાધન; સાણશી -સો પું૦ મોટી સાણસી (૨) [લા ] પકડ; સંકડામણ; મુશ્કેલી

**સાણું** ન૦ [સર૦ म सार्णे] કોઠાર કે કોઠીની બાજુએ રાખેલું કાણું (૨) [લા.] ગણું (૩) [સર૦म साण=નાનું સૂક્ષ્મ [લા ]સંકડામણ; મુશ્કેલી (૪)+[જુઓ સોણું] સ્વપ્ન

**સાત** વિ૦ [પ્રા सत्त(સં. सप्तन्), સર૦ हिं., म ] '૭' [-ઉતાવળ=ગમે તેટલી ઉતાવળ, ઘણી ઉતાવળ -ગળણે ગાળવું=સારી પેઠે, બધી બાજુથી જોવું-વિચારવું. -ગળણે ગાળીને પાણી પીવું=ખૂબ જોઈ વિચારીને પગલું ભરવું. -ગાઉથી નમસ્કાર=ખૂબ દૂર રહેવું. જરા પણ સંબંધ ન રાખવો. -ઘર ગણવાં=નિરર્થક લોકોને ઘેર ફર્યા કરવું -તાડ ઊંચું =ઘણું ઊંચું -નાગાનું નાગું=છેક દાંડ; ઘણું જ લુચ્ચું -પાસની ચિંતા=ઘણી બાજુની ચિંતા -પાંચ ચાલવવાનાં હોવાં=મોટા કુટુંબનું પોષણ કરવાનું હોવું -પાંચ થવી, વીતવી=મહા મુશ્કેલી થવી; ભારે ગભરામણ થવી. -પેઢી ઉથલાવવી, -પેઢીના ચોપડા ઉકેલવા=જૂની નવી બાબતો વિષે સખત ગાળો દેવી, ખૂબ નિંદા કરવી -ફેરા ગરજ હોવી=છૂટકો ન હોવો, અત્યંત જરૂર હોવી. -મણ ને સવાશેરનું (કાળજું)=ખૂબ કઠણ; જલદી હબકે નહી તેવું (૨) ખૂબ સાવધ. -વીશે સો ગણે તેવું=છેક બેવકૂફ -માં શરૂ ને પાંચમાં પૂરું=જતાની સાથે જાય અને આવતાની સાથે આવે તેવું; ગમે તેમ ગબડે એવું સાતે અવતાર=જન્મજન્માતરમા સાતે ઘોડે સાથે ચડવું=અનેક ફરજો એક સાથે બજાવવા નીકળવું. સાતે પાડે વસજો=છોકરાછૈયા ઘણા થજો; લીલી વાડી થજો ]૦ડો પું૦ સાતનો આંકડો. ૦તાળી સ્ત્રી૦ [+તાળી] દોડીને રમવાની એક રમત

**સાતત્ય** ન૦ [સં ] સતતપણું [રોટલી

**સાતપડી** સ્ત્રી૦ [સાત+પડ] સાત પડવાળી

**સાતપડું** વિ૦ [સાત+પડ] સાત પડવાળું

**સાતપડો** પુ૦ [સર૦ म सातपुडी (गलांड)] પાનીએ કે હથેળીમાં થતું એક જાતનું ગૂમડું

**સાતભાઈ** પુ૦ [સર૦ हिं., म] એક પક્ષી

**સાતમ** (મ,) સ્ત્રી૦ [સં. सप्तमी] પખવાડિયાની સાતમી તિથિ

**સાતમું** વિ૦ [સં. सप्तम; સાત પરથી] ક્રમમાં ૭ પછી આવતું (૨) ન૦ મરણ પછીનો સાતમો દિવસ [સાતમે આસમાને જવું, ચડવું, પહોંચવું=અતિશય મગરૂર થવું. -ચોકે,પડદે પાતાળે=સાવ ખૂણે ખાચરે.]

**સાતર** અ૦ [फा. खातिर ?] (ચ ) સારુ;વાસ્તે; ખાતર (૨) સ્ત્રી૦ ખાતર-બરદાસ્ત (-ભરવી)

**સાતરું** વિ૦ [જુઓ સાતર] સજ્જ, શણગારી તૈયાર કરેલું

**સાતરો** પુ૦[સં स+आ+स्तृ; સર૦ म सातरणें] (પતંગની દોરીને) લોચ પર છૂટી છૂટી પાથરવી તે [સાતરા પાડવા]

**સાતવારિયું** ન૦ [સાત+વાર] અઠવાડિક પત્ર

**સાત(-થ)વો** પું૦ [प्रा सत्तु (सं सक्तु)] શેકેલાં અનાજનો લોટ; સતુ
**સાતળો** પું૦ [प्रा. सत्तला?] એક ઝાડ
**સાતુ** પું૦ [સર૦ म. साथू] જુઓ સાતવો
**સાતોડિયું** ન૦ [સાત ઉપરથી] એક રમત
**સાત્વિક** વિ૦ [सं] સત્ત્વગુણવાળું, શાંત (૨) સત્ત્વગુણમાંથી ઉત્પન્ન થયેલું (૩) સત્ય (૪) પ્રામાણિક (૫) સદ્ગુણી (૬) બળવાન; સત્ત્વવાળું (૭) પું૦ જુઓ સાત્વિક ભાવ. ૦તા સ્ત્રી૦. ૦ભાવ પું૦ અંદરની લાગણી કે ભાવથી થતા બાહ્ય વિકારો [સ્તંભ, સ્વેદ, રોમાંચ, સ્વરભંગ, વેપથુ, વૈવર્ણ્ય, અશ્રુ, પ્રલય (મૂર્છા)] -કી વિ૦ સ્ત્રી૦ સત્ત્વગુણ સંબંધી; સત્ત્વગુણનું
**સાત્મ્ય** વિ૦ [सं.] એકરૂપ; એકાત્મ
**સાત્યકિ** પું૦ [सं] (સં.) એક યાદવ યોદ્ધો, શ્રીકૃષ્ણનો સારથિ
**સાત્વત** પું૦[सं] યાદવ (૨) શ્રીકૃષ્ણ કે વિષ્ણુનો ભક્ત ૦પતિ પું૦ (સં.) શ્રીકૃષ્ણ
**સાત્વતી** સ્ત્રી૦[सं] નાટકની ચાર વૃત્તિઓમાંની એક, જેનો વ્યવહાર વીર, રૌદ્ર, અદ્ભુત ને શાંત રસમાં થાય છે (જુઓ કૈશિકીવૃત્તિ)
**સાથ** પું૦ [प्रा सत्थव (सं संस्तव). અથવા प्रा. सत्थ (सं सार्थ)] સંઘાત, સોબત (૨) સહકાર (૩) અ૦ (પ.) સાથે
**સાથરિયો** પું૦ [સાથરો પરથી] જ્યારે ત્યારે જ્યાં ત્યાં બેસી પરચૂરણ સામાન વેચનાર (૨) નદીનવાણ ઉપર સાથરી રાખનાર બ્રાહ્મણ
**સાથરી** સ્ત્રી૦ [જુઓ સાથરો] નદીએ નાહવા આવનારાઓને માટે પૂજાનો સામાન રાખવા બ્રાહ્મણોએ પાથરેલી સાથરાની ચટાઈ
**સાથરો** પું૦ [प्रा सत्थर (सं स्रस्तर), સર૦ हिं साथरा] ઘાસનું બિછાનું; પરાળની શય્યા (૨) દર્ભની સાદડી, સાથરી (૩) ચોકો, મરનારને સુવાડવા લીંપી તૈયાર કરેલી જમીન. [-કાઢવો, સાથરે સુવાડવું = મરણપથારીએ નાખવું]
**સાથવો** પું૦ જુઓ સાતવો
**સાથળ** સ્ત્રી૦ [प्रा. सत्थिअ (सं सक्थिक)] જાંઘ
**સાથિયો** પું૦ [प्रा सत्थिअ (सं स्वस्तिक)] 卐 આવી મંગળસૂચક આકૃતિ (૨) અભણ લોકો દસ્તાવેજ કે ખતમાં સહીની જગાએ જે ચિહ્ન કરે છે તે (વિધવા મીંડું કરે છે). [સાથિયા પૂરવા = ઘરને આગણે મંગળસૂચક ચિત્ર કે આકૃતિ કાઢવી, રંગોળી કરવી.]
**સાથી** પું૦ ['સાથ' પરથી] સોબતી, મદદગાર; જોડીદાર (૨) ખેડ માટે રાખેલો નોકર, હાળી
**સાથે** અ૦ ['સાથ' પરથી] જોડે, ભેગું; સંગાથે. ૦લાગું અ૦ [+લાગવું] સાથે સાથે; ભેગાભેગી, એકીફેરે (૨) સામટું; એકદમ
**સાદ** પું૦ [प्रा सद्द (सं. शब्द); સર૦ म] અવાજ, સાદો, સૂર (૨) બૂમ [-ઊઘડવો = ગળું કે અવાજ બેસી ગયા હોય તે સુધરવા, અવાજ બરોબર નીકળવો -કરવો = બૂમ પાડી બોલાવવું -કાઢવો = અવાજ બરાબર ગળા બહાર કાઢવો. -દેવો = જવાબ આપવો -નીકળવો = અવાજ ગળા બહાર આવવો -પાડવો = દાંડી પીટવી બૂમ પાડી લોકોને જાહેર કરવું -બેસવો = અવાજ ખોખરો કે કમજોર થઈ જવો.]
**સાદગી** સ્ત્રી૦ [फा] સાદાઈ
**સાદડ** વિ૦ [अ सादिर] પરચૂરણ
**સાદડ** વિ૦(૨) [જુઓ સાદર] જાહેર. ૦ખર્ચ(-રચ) પું૦, ન૦ સાદડ નાણાંમાંથી જાહેર લાભના કે ધર્માદાના કામમાં થતું ખર્ચ. ૦નાણું ન૦ સરકારના હવાલામાં રાખેલું જાહેર ઉઘરાણાનું નાણું
**સાદડ** સ્ત્રી૦ -ડિયો, -ડો પું૦ એક જાતનું ઝાડ -ડિયું વિ૦ તે ઝાડનું
**સાદડી** સ્ત્રી૦ [સર૦ दे सारी] દર્ભ, તાડછાં વગેરેની બનાવેલી ચટાઈ (૨) [જુઓ સાદ] [પ.] સાદ (લાલિત્યવાચક) -ડું ન૦ ફાટેલી ચટાઈનો કકડો (૨) ખજૂરીના પાનના રેસા
**સાદડો** પું૦ જુઓ 'સાદડ'માં
**સાદર** વિ૦ [अ सादिर] જાહેર, જાણીતું; સાદડ (૨) આવી પહોંચેલું (૩) સ્ત્રી૦ [सं. स+उदर?] દાદર (?) લઢાવો
**સાદર** વિ૦(૨) અ૦[सं.] આદરપૂર્વક, માનસહિત

**સાદાઈ** સ્ત્રી૦ [જુઓ સાદું] સાદાપણું; સાદગી

**સાદું** વિ૦ [फा सादह] ભપકો, આડંબર, ખર્ચાળપણું, જટિલતા, મિશ્રણ, દંભ કે કૃત્રિમતા વિનાનું. સરળ; સીધું (૨) રંગ, ભાત કે લખાણ વિનાનું, કોરું (૩) મહેનત-મજૂરી કરવાની ન હોય તેવું, આસાન (કેદ)

**સાદૃશ્ય** ન૦ [સં.] સરખાપણું; સમાનતા

**સાદ્યંત** વિ૦ (૨) અ૦[સં.] સંપૂર્ણ, આદિથી અંત સુધીનું

**સાધક** વિ૦ [સં] કાર્યસિદ્ધિમાં ઉપયોગી (૨) સિદ્ધ કરનારુ (૩) સિદ્ધ કરવા પ્રયત્ન કરનારુ (૪) ભૂત, દેવ વગેરે સાધનારુ (૫) પુ૦ સાધનાર, સાધના કરનાર (મોક્ષની).[-બાધક કારણો = તરફેણની અને વિરુદ્ધની દલીલો.]

**સાધણ** સ્ત્રી૦ જુઓ સાધની

**સાધન** ન૦[સં] સાધવું તે (૨) ઉપકરણ, ઓજાર, સામગ્રી (૩) ઉપાય, યુક્તિ (૪) ઈશ્વરપ્રાપ્તિ માટે જરૂરી તપ, સંયમ, ઉપાસના વગેરે (૫) હેતુ (ન્યા) ૦ચતુષ્ટય ન૦ મોક્ષ મેળવવામા જરૂરી ચાર સાધનો - નિત્યાનિત્યવસ્તુવિવેક, વૈરાગ્ય, શમાદિ ષટ્સાધનસંપત્તિ [શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, સમાધાન, શ્રદ્ધા], અને મુમુક્ષા. ૦તા સ્ત્રી૦ સાધનવાળા હોવાપણું. ૦ભૂત વિ૦ સાધનરૂપ બનેલુ. ૦વાદ પું૦ અમુક સાધન સાચું કે કાર્યકર છે એ માન્યતા ૦સમૃદ્ધિ સ્ત્રી૦ સાધનની વિપુલતા, સાધનસામગ્રીની છત

**સાધના** સ્ત્રી૦ [સં] સાધવા કે સિદ્ધ કરવા આવશ્યક પ્રયત્ન કે ક્રિયા કરવા તે

**સાધની** સ્ત્રી૦ [સર૦ म साधणी,-नी, हिं. ('સાધન' ઉપરથી ?)] સપાટી જોવાનુ કડિયા-સુતારનુ ઓજાર, 'લેવલ' [હોવાપણું

**સાધર્મ્ય** ન૦ [સં] સમાન ગુણધર્મવાળા

**સાધવું** સ૦ક્રિ૦ [સં. साध्] સિદ્ધ કરવુ, પાર પાડવુ (૨) સાબિત કરવુ (૩) દેવ, મંત્ર વગેરે વશ થાય કે સિદ્ધ થાય તે માટે] સાધના કરવી (૪) પોતાને અનુકૂલ કે વશ કરવુ (૫) શબ્દનુ સિદ્ધ રૂપ કયા ફેરફારે થી બન્યુ તે બતાવવુ (૬)[તક કે સંજોગોનો] લાભ ઉઠાવી લેવો; ઉપયોગ કરી લેવો

**સાધારણ** વિ૦[સં.] સામાન્ય, ખાસ નહિ તેવું (૨) મધ્યમ, નહિ અતિ ઘણું કે નહિ અતિ ઓછું (૩) સમાન, બધાને લાગુ પડે તેવુ. ૦અવયવ પું૦ 'કૉમન' ફૅક્ટર' (ગ) ૦તા સ્ત્રી૦. ૦ધર્મ પું૦ સામાન્ય ગુણ કે ધર્મ

**સાધિત** વિ૦ [સં] સાધેલુ (જુઓ 'સાધવુ)

**સાધીમંદી** સ્ત્રી૦ એક વનસ્પતિ

**સાધુ** વિ૦ [સં] સારું; ઉત્તમ (૨) ધાર્મિક; ઈશ્વરભક્તિપરાયણ, સદાચરણી (૩) [ન્યા] શિષ્ટ, શુદ્ધ (શબ્દ, ભાષા) (૪) [સમાસને અંતે] સાધનારુ ઉદા૦ સ્વાર્થસાધુ, લાગસાધુ (૫) પું૦ સાધુ પુરુષ (૬) ત્યાગી, બાવો, વેરાગી (૭) અ૦ શાબાશ ! ધન્ય ! ૦કાર પુ૦ શાબાશ, ધન્ય એવો ઉચ્ચાર ૦ચરિત વિ૦ સાધુતાવાળા જીવનવાળું; સાધુ (પુરુષ). ૦તા સ્ત્રી૦. ૦વૃત્તિ સ્ત્રી૦ પવિત્રતા, સદાચાર. ૦સંત પું૦ સાધુ કે સંત (સમૂહવાચક)

**સાધ્ય** વિ૦ [સં] સિદ્ધ કરવાનુ (૨) સાધી શકાય તેવુ (૩) ન૦ સિદ્ધ કરવાનુ તે. ૦તા સ્ત્રી૦ સાધ્ય હોવાપણુ

**સાધ્વસ** ન૦[સં] ભય, બીક(૨)ગભરાટ, ક્ષોભ

**સાધ્વી** વિ૦ સ્ત્રી૦[સં.] શીલવતી, પતિવ્રતા(૨) સ્ત્રી૦ બાવી સાધુડી

**સાન** સ્ત્રી૦ [જુઓ શાન, સર૦ हिं.] છટા

**સાન** સ્ત્રી૦ [प्रा संणा (સં. संज्ञा)] ઇશારો; સંકેત; આંખમચકારો (૨) સમજણ, અક્કલ (૩) સ્વમાન (૪) ન૦ ગીરો મૂકવુ તે, અવેજ. [-કરવી = સંકેત કરવો, આંખથી અણસારો કરવો. -માં કહેવું = સંકેતથી કહેવુ -માં મૂકવું = ગીરો મૂકવું -માં સમજાવવું = ઇશારાથી, થોડાકમા સમજૂતી આપવી -વળવી = અક્કલ આવવી] ૦ખત ન૦ ગીરો મૂક્યા બાબતનુ લખાણ ૦ગીરો વિ૦ સાનમાં કે ગીરો મૂકેલું ૦સૂધ, ૦શુદ્ધિ સ્ત્રી૦ ભાન

**સાનકી** સ્ત્રી૦ [अ सिह्नक; સર૦ म] સાણકું; ઠીબ (૨) રકાબી; તાસક

**સાનંદ** વિ૦[સં] આનંદયુક્ત (૨) અ૦ આનંદપૂર્વક. -દાશ્ચર્ય ન૦[+ आश्चर्य] આનંદયુક્ત

આશ્ચર્ય (૨) અ૦ આનંદ ને આશ્ચર્ય સાથે
**સાની** સ્ત્રી૦ ['છાટવું' ઉપરથી; સર૦ મ સાન્યૅ] પેણીમાં ખાજ વગેરે તળતા ખરી પડેલો ભૂકો (૨) તેલભર્યો કચરેલા તલનો ભૂકો (૩) રાખ. [-વાળવી=ટાઢી વાળવી; ચિતાની ભસ્મ ભેગી કરી પાણી છાટી ઠંડી પાડવી કે નદી નવાણમા પધરાવવી.]
**સાનુકંપ** વિ૦ [સં] અનુકંપા-દયાવાળું
**સાનુકૂલ(-ળ)** વિ૦ [સં] અનુકૂળ, મદદગાર
**સાનુભવ** વિ૦ [સં] અનુભવયુક્ત (૨) અ૦ અનુભવપૂર્વક
**સાનુસ્વાર** વિ૦ [સં] અનુસ્વારવાળું
**સાન્ત** વિ૦ [સં] અંતવાળુ, મર્યાદિત, નશ્વર. ૦તા સ્ત્રી૦
**સાન્નિપાતિક** વિ૦ [સં] સન્નિપાતને લગતુ, કે તે સંબધી
**સાન્વય** વિ૦ [સં] અન્વયવાળુ
**સાપ** પુ૦ [પ્રા. સપ્પ(સં. સર્પ)] સર્પ, ભુજંગ. [-ઉતારવો=સાપના ઝેરની અસર દૂર કરવી (મંત્ર-તંત્રથી). -કાઢવો=(મદારીએ) તેની ટોપલીમાંથી સાપનો ખેલ કરવા ને બહાર કાઢવો.) (૨) કામને વખતે વચ્ચે મુશ્કેલી કે આડી વાત ખડી કરવી (ગ્રહણ વખતે સાપ કાઢવો). -છે કે ઘો છે = શું છે તે નક્કી કરી શકાતુ નથી -ના ઘોના ભણાવવા= બહુ બહુ રીતે સમજાવવુ -નો ભારો=ઘણી જોખમકારક કે સંભાળવાની વસ્તુ (જેમ કે કન્યા, વિધવા ઇ૦) (૨) ઘણુ ઝેરીલુ-અદેખું માણસ. સાપે છછુંદર ગળવું=ન ગળાય કે ન છોડાય એવી બેઉ બાજુની મુશ્કેલ પરિસ્થિતિમા મુકાઈ જવુ] ૦ણ(-ણી) સ્ત્રી૦ સાપની માદા. ૦બામણી સ્ત્રી૦ એક જાતનો નાનો સાપ
**સાપમાર** પુ૦ [સાપ+મારવુ] એક પક્ષી
**સાપરાધ** વિ૦ [સં] અપરાધી
**સાપિંડ્ય** ન૦ [સં] સપિંડ હોવાપણું
**સાપેક્ષ** વિ૦ [સં] અપેક્ષાવાળુ (૨) સ્વતંત્ર હસ્તી ન ધરાવનારું પણ બીજા કશા પર આધાર રાખનાર; 'રિલેટિવ' [સાપનું બચ્ચું
**સાપોલિયુ** ન૦ [સાપ ઉપરથી] નાનો સાપ (૨)
**સાપ્તાહિક** વિ૦ [સં], સાત દિવસનુ (૨) સપ્તાહને લગતુ (૩) ન૦ સાત સાત દિવસે બહાર પડતુ છાપું
**સાફ** વિ૦ [અ] સફા, સ્વચ્છ (૨) કચરા-કાટા વગરનુ (૩) સપાટ (૪) નિષ્કપટી (૫) સ્પષ્ટ (૬) અ૦ બિલકુલ ચસીને. [-કરવુ, કરી દેવુ=ઉડાવી દેવું, પૂરુ કરવું (૨) પાયમાલ કરી નાખવુ (૩) મારી નાખવુ -સાફ વિ૦ તદ્દન સાફ (૨) અ૦ ચોખ્ખેચોખ્ખુ, સ્પષ્ટ રીતે (૩) ખુલ્લા દિલથી] ૦સૂફ વિ૦ ચોખ્ખુ, કચરા વિનાનુ (૨) સ્ત્રી૦ સફાઈ, વાળઝૂડ (૩) કામકાજની સુઘડતા (૪) પુ૦ દડની કસરતનો એક પ્રકાર. ૦સૂફી સ્ત્રી૦ સાફસૂફ
**સાફલ્ય** ન૦ [સં] સફળતા
**સાફી** સ્ત્રી૦ [અ] ચલમ પીવાનો કપડાનો કકડો
**સાફી** સ્ત્રી૦ [અ. સાફ ઉપરથી] પતરાજી, બડાઈ (-મારવી.) (૨) વિ૦ [અ.] વળતર વગરનું
**સાફો** પુ૦ [સર૦ હિં., મ. સાફા] ફેંટો (-બાંધવો, પહેરવો)
**સાબડબોથું** અ૦ [સર૦ મ સાવડામાવડા] (કા) ભેળસેળવાળું (૨) (ચ) ભોળુ, નિષ્કપટી
**સાબદું** વિ૦ [સ+બધુ ?] બધુ પે, તમામ (૨) [સાવધ ?] સજ્જ, તૈયાર (૩) [સર૦ સબધું] ટટાર, સાબુ
**સાબર** ન૦ [સં શવર, સર૦ મ સાવર, હિં.] શિગડાવાળુ હરણ જેવુ એક પ્રાણી. ૦શિ(-શીં)ગડું, ૦શિ(-શીં)ગું ન૦ સાબરનું શિગડુ
**સાબર**, ૦મતી સ્ત્રી૦ (સં) અમદાવાદ પાસેની નદી. ૦કાંઠો પુ૦ તેના કાઠા પર આવેલો પ્રદેશ
**સાબરિ(-ળિ)યો** પુ૦ દૂધદહીંનો વેપાર કરનારો
**સાબરી** સ્ત્રી૦ સાબરની માદા
**સાબાશ**-શી જુઓ શાબાશ,-શી
**સાબિત** વિ૦ [અ.] સિદ્ધ, પુરવાર -તી સ્ત્રી૦ પુરાવો, ખાતરી
**સાબુ(-બૂ)** પુ૦ [અ. સાબૂન] ક્ષાર અને તેલની મેળવણીથી બનાવેલો મેલ કાપે તેવો પદાર્થ. [-ઘાલવો, લગાવવો=કપડાને સાબુ ઘસવો-સાબુવાળું કરવુ.]

**સાણુચોખા, સાણુદાણા** પું૦બ૦વ૦ જુઓ સાગુચોખા

**સાબૂ** પું૦ જુઓ સાબુ

**સાબૂત** વિ૦ [अ. सुबूत; સર૦ हिं. साबुत; म.] આખું; જેવું ને તેવું; સાજુ સમું; પૂરેપૂરું હયાત (૨) સંગીન; નક્કર; મજબૂત -**તી** સ્ત્રી૦ મજબૂતી; સંગીનતા (૨) સુરક્ષિતતા

**સાબેલો** પું૦ [फा 'शहबाला'?] વરઘોડામાં વરની આગળ ચારઠ કે ઘોડા ઇ૦ ઉપર શણગાર પહેરી બેઠેલું છોકરું, વરઘોડિયું (૨) વરઘોડામાં કે વરની સાથે આવનાર માણસ

**સાભાગોતરું** વિ૦ [सं सर्व+गोत्र] 'બ્રહ્મોદકિયું'-થી ઊલટું -બ્રાહ્મણને ન ખપે તેવું

**સાભાર** વિ૦ [सं.] આભારસહિત (૨) અ૦ આભારપૂર્વક [અર્થ કે હેતુવાળું

**સાભિપ્રાય** વિ૦ [सं.] અભિપ્રાયવાળું; કંઈ

**સાભિમાન** વિ૦ [सं.] અભિમાનયુક્ત

**સામ** પું૦ [प्रा. सामि (सं स्वामिन्)] સ્વામી, પતિ (પ) (૨) સ્ત્રી૦ [सं शम्ब] સાબેલાની નીચેનો લોખંડનો ગોળ ભાગ

**સામ** પું૦ [सं.] જુઓ સામવેદ (૨) રાજનીતિના ચાર ઉપાયોમાંનો એક, મીઠી વાતોથી સમજાવીને મેળવી લેવું તે (સામ, દામ, દંડ, અને ભેદ). ૦ગ વિ૦ (૨) પું૦ [सं] સામવેદ ગાનાર ૦ગાન ન૦ સામવેદના મંત્રો ગાવા તે

**સામગ્રી** સ્ત્રી૦ [सं.] કોઈ કાર્યમાં ઉપયોગી કે સાધન તરીકે કામનો સામાન (૨) ઠાકોરજીના પ્રસાદની વિવિધ વાનીઓ

**સામગ્ર્ય** ન૦ [सं.] સમગ્રતા

**સામટું** વિ૦ [प्रा. समट्ठ (सं संमृष्ट)?] ભેગું; એકઠું (૨) અ૦ સાથેલાગું, એકીવારે

**સામટ** પું૦+સામંત [સામાનસુમાન

**સામનસૂમન** પું૦ [જુઓ સામાન] સરસામાન;

**સામનો** (સા') પું૦ [સર૦ हिं., म. सामना; સામું] સામે થવું તે; વિરોધ, બાકરી

**સામયિક** વિ૦ [सं] સમયસંબંધી (૨) સમયોચિત (૩) નિયતકાલિક (૪) ન૦ નિયત સમયે પ્રકટ થતું છાપું [ઝાડ, શીમળો

**સામર** ન૦ [हि सामरि (सं. शाल्मलि)] એક

**સામર્થ્ય** ન૦ [सं.] બળ; શક્તિ; તાકાત

**સામવેદ** પું૦ [सं] (સ) ચારમાંનો ત્રીજો વેદ. -**દી** વિ૦ સામવેદ ભણેલું કે સામવેદનું અનુયાયી (૨) પું૦ તેવો માણસ

**સામષ્ટિક** વિ૦ [सं] સમષ્ટિને લગતું

**સામસામું** (સા') વિ૦ [સામું પરથી] બરાબર સામું (૨) વિરુદ્ધ (૩) સ્પર્ધાવાળું (૪) અ૦ એકબીજાની સામે (૫) હરીફાઈમાં, -**મે** અ૦ સામસામું, સામાસામી. [-**આવી** જવું= (લડવા માટે) એકબીજાની સામે થઈ જવું.]

**સામળ(-ળિયો,-ળો)** પું૦ [प्रा. सामल (सं. श्यामल)] (સં.) શામળ, શ્રીકૃષ્ણ. -**ળું** વિ૦ શામળું; કાળું

**સામંજસ્ય** ન૦ [सं.] ઔચિત્ય; યોગ્યતા

**સામંત** પું૦ [सं] વીર યોદ્ધો (૨) ખંડિયો રાજા (૩) રાજાનો મોટો જાગીરદાર કે સરદાર. ૦ચક્ર ન૦ એક સમ્રાટના સામંતોનો રાજપ્રદેશ કે તેવા સામંતોનો સમૂહ. ૦શાહી સ્ત્રી૦ સામંતોના કે અમીર ઉમરાવોના આધાર કે વર્ચસવાળી રાજ્યપ્રથા; 'ફ્યુડલિઝમ'

**સામાજિક** વિ૦ [सं] સમાજ સંબંધી (૨) સમાજનું (૩) પું૦ સામાજિક, સભાસદ; પ્રેક્ષક ૦તા સ્ત્રી૦

**સામાન** પું૦ [फा] સામગ્રી; રાચરચીલું; ઉપયોગી ચીજો, સાહિત્ય, સરંજામ (૨) સાજ; પલાણ. [-**નાખવો, બીડવો**=ઘોડા પર સાજ બાંધવો.] ૦**સુમાન** પું૦ [સર૦ म.] જુઓ સામનસૂમન [હોવું તે (વ્યા.)

**સામાનાધિકરણ્ય** ન૦[सं]સમાન અધિકરણ

**સામાન્ય** વિ૦ [सं.] સાધારણ; ખાસ નહિ તેવું (૨) બધામાં સમાન (૩) ન૦ અમુક વર્ગની વ્યક્તિઓમાં રહેલો સમાન ગુણ કે ધર્મ; જાતિ (ન્યા.). ૦કૃદંત ન૦ ક્રિયાપદનું મૂળ કૃદંત. ઉદા૦ જવું. ૦જ્ઞાન ન૦ ખાસ અમુક વિષયનું નહિ પણ સાધારણ જરૂરી એવા અનેક વિષયોનું સામાન્ય જ્ઞાન ૦તઃ અ૦ [सं.] સાધારણ રીતે ૦નામ ન૦ કોઈ એક આખા વર્ગને લાગુ પડતું નામ (વ્યા.). -**ન્યા** સ્ત્રી૦ [सं.] વેશ્યા

**સામાપાંચમ** સ્ત્રી૦ [સામો+પાચમ] ભાદરવા સુદ પાચમ – એક હિંદુ પર્વ

**સામાયિક** ન૦ [સં] (જૈન) સમતાપૂર્વક એકાગ્ર બેસવાનુ નિત્યકર્મ

**સામાવાળું(-ળિયું)** (સા') વિ૦ ['સામુ'પરથી] સામા પક્ષનુ, શત્રુ પક્ષનુ. **-ળિયો** પુ૦ સામા પક્ષનુ માણસ, શત્રુ **-ળિયણ** વિ૦ સ્ત્રી૦

**સામાસામી** (સા'સા') અ૦ ['સામુ' ઉપરથી] સામસામે, એકબીજાની સામે (૨) સ્પર્ધામા [**-આવવું**=મારામારી થવી (૨) સ્પર્ધા થવી]

**સામાસિક** વિ૦ [સં.] સમાસ સબંધી (૨) સમાસયુક્ત

**સામિયાનો** પુ૦ જુઓ શામિયાનો

**સામીપિક** વિ૦ [સં] સમીપનુ, પાસેનુ

**સામીપ્ય** ન૦ [સં] સમીપતા, નજીકપણુ

**સામુદાયિક** વિ૦ [સ] સમુદાયનુ, -ને લગતુ (૨) સમુદાય વડે કરાતુ

**સામુદ્ર** વિ૦ [સ] સમુદ્રનુ, -ને લગતુ **૦ધુની** સ્ત્રી૦ [+સ. धुनी=નદી] બે મોટા સમુદ્રને જોડનારી ખાડી **-દ્રિક** વિ૦ [સં] સમુદ્ર સબધી (૨) ન૦ શરીરના ચિહ્ન ઉપરથી ભવિષ્ય કે શુભાશુભ ફળ જાણવાનુ શાસ્ત્ર (૩) પુ૦ તે શાસ્ત્ર જાણનાર

**સામું** (સા') વિ૦ [પ્રા संमुह (સ संमुख)] સામે આવેલુ (૨) વિરુદ્ધ [**સામાં શિંગડાં માંડવાં**=લડવા તૈયાર થવુ, સામા થવુ. **સામી પાઘડી મૂકવી**=શત્રુવટ ધરાવવી **સામું આવવું**=તેડવા, લેવા કે સ્વાગત કરવા જવું **-જવું**=તેડવા, લેવા કે સ્વાગત કરવા જવુ **-જોવું**=સભાળ લેવી (૨) -ની દરકાર કે ખ્યાલ કરવો ઉદા૦ મારા ધોળા વાળ સામુ તો જો ! (૩) નજર કે ઇચ્છા કરવી. ઉદા૦ તેની સામુ તો જોઈ જો ! **-થવું**=અવિનય કરી સામો જવાબ આપવો (૨) મારવા તડવુ **-પડવું**=વિરુદ્ધ પક્ષમા જવુ **-બોલવુ**= ઉદ્ધતાઈથી જવાબ આપવો – વિરુદ્ધ બોલવુ.]

**સામે** (સા') અ૦ [જુઓ સામુ] રૂબરૂ (૨) નજર તરફની દિશામા (૩) વિરુદ્ધમા [**-આંગળી કરવી**=નિંદા કરવી. **-આંગળી થવી**= નિંદાપાત્ર થવું **-બારણે**=નજીકમા **-મોઢે** =સામુ મો રાખીને, સામે આવીને.]

**સામેરી** પુ૦ એક રાગ

**સામેલ, ૦ગીરી** જુઓ શામિલ, ૦ગીરી

**સામૈયું** ન૦ [સામું+આવવુ] (વાજતે ગાજતે) સામે લેવા જવુ સરઘસ કે અતિથિને તેમ જઈને રામ રામ કરવા તે (-કરવુ)

**સામો** પુ૦ [પ્રા सामय (સ. श्यामाक), સર૦ हिं. साँवाँ, મ सांवा] એક ખડધાન્ય

**સામોપચાર, સામોપાય** પું૦ [સ] સામનો ઉપયોગ કે પ્રયોગ, મીઠા વચનથી મેળવી લેવુ તે

**સામોરું** (સા') ન૦ [સર૦ સામુ] સામનો, વિરોધ

**સામ્ય** ન૦ [સં] સમાનતા **૦ચિહ્ન** ન૦ બરાબરી દર્શાવતુ (=) આવું ચિહ્ન (ગ.). **૦વાદ** પુ૦ માલમતા વગેરે સામાજિક માલકીના ગણી, દરેકનુ સામ્ય સ્થાપનારો એક રાજકીય વાદ, 'કૉમ્યુનિઝમ'. **૦વાદી** વિ૦ (૨) પુ૦ સામ્યવાદમા માનનાર કે તેને લગતુ

**સામ્રાજ્ય** ન૦ [સં] એક સમ્રાટની હકૂમત નીચે આવેલા અનેક રાષ્ટ્રોનો સમૂહ (૨) તેની હકૂમત **૦વાદ** પુ૦ 'ઇમ્પીરિયલિઝમ' **૦વાદી** વિ૦ (૨) પુ૦ સામ્રાજ્યવાદમાં માનતુ કે તે સબધી

**સાયક** ન૦ [સં] બાણ (૨) ખડ્ગ, હથિયાર

**સાયણ, -ણાચાર્ય** પુ૦ [સં.] (સ) વેદોના પ્રસિદ્ધ ભાષ્યકાર

**સાયત** સ્ત્રી૦ [અ साअत, સર૦ हिं, મ साईत] કલાક; અઢી ઘડી

**સાયન** વિ૦ [સં] અયનચલન પ્રમાણે ગણાતુ

**સાયબાન** ન૦ [फा] મકાનમા તડકો આવતો અટકાવવા બધાતો પડદો

**સાયર** પુ૦ [પ્રા (સ सागर)] સાગર (૨) ન૦ [અ साइर, સર૦ हिं, મ] દારૂતાડી ઇત્યાદિ ફરી ચીજો ઉપરની જકાત. **૦કોઠો** પુ૦ દાણ, જતા આવતા માલ પર લેવાતો વેરો

**સાયંકાલ(-ળ)** પુ૦ [સ] સધ્યાકાળ; સાંજ

**સાયંગેય** વિ૦ [સં] સાંજે ગાવાનો (રાગ)

**સાયંપ્રાતર** અ૦ [સં] સવારે અને સાંજે

**સાયંપ્રાર્થના** સ્ત્રી૦ [સં] સાંજની પ્રર્થના

**સાયંસંધ્યા** સ્ત્રી૦ [સં] સૂર્યાસ્ત સમયની સંધ્યા

**સાયાહ્ન** પુંં૦[સં] સાંજ, સાંજનો સમય

**સાયુજ્ય** ન૦[સં] એક થઈ જવું તે, મળી જવું તે. ૦મુક્તિ સ્ત્રી૦ જેમાં ઇષ્ટદેવ સાથે તાદાત્મ્ય અનુભવાય એવી મુક્તિ (મુક્તિના ચાર પ્રકારમાંનો એક)

**સાયો** પું૦ [फा] છાંયો (૨) (લા.) મદદ; આશરો (૩) ફકીરનો ઝભ્ભો

**સાર** વિ૦[સં] સારું; ઉત્તમ (પ.) (૨) પુંં૦,ન૦ કસ, સત્ત્વ (૩) તાત્પર્ય, સારાંશ (૪) [લા] લાભ (૫) [કા.] ખુશાલી, ઉમંગ (૬) સારો ભાવ (૭) સારપ. ૦ગર્ભ વિ૦ સારયુક્ત; સારપૂર્ણ. ૦ગ્રાહિતા સ્ત્રી૦. ૦ગ્રાહી વિ૦ અસાર છોડી સાર ગ્રહણ કરનારું. ૦ધી વિ૦ સારી–ઉત્તમ બુદ્ધિવાળું; ચતુર; કુશળ. ૦ભાગ પું૦ સારો ભાગ (૨) સારાંશ. ૦ભૂત વિ૦ સારરૂપ (૨) સર્વોત્તમ, શ્રેષ્ઠ

**સાર** સ્ત્રી૦ [સર૦ हिं; 'સારવું' ઉપરથી]+ (પ) સહાય, મદદ [હોજનાર

**સારક** વિ૦[સં] રેચક (૨) પું૦ (પ.) (વાળ)

**સારગ્રાહી, -હિતા** [સં] જુઓ 'સાર'માં

**સારજન્ટ** પું૦ [इं.] ગોરો પોલીસ જમાદાર

**સારણ** વિ૦[સં] સારનાર, નિભાવનાર (૨) પું૦ [જુઓ સારણિ] વાવકૂવામાંથી કાઢેલી નહેર (૩) ન૦ સારણગાંઠ. ૦ગાંઠ સ્ત્રી૦ પેઢામાં થતી એક જાતની ગાંઠ [કાઠો; કોષ્ટક

**સારણિ(-ણી)** સ્ત્રી૦ [સં] નહેર; નીક (૨)

**સારણી** સ્ત્રી૦ [જુઓ સારવું] વણાટ માટે ફણીમાંથી તાણો પરોવવો તે. ૦કામદાર પું૦ ફણીમાં તાણો સારવાનું કામ કરનાર

**સારથિ** પું૦ [સં] રથ હાંકનાર

**સારથ્ય** ન૦ [સં.] સારથિપણું

**સારધી** વિ૦ [સં.] જુઓ 'સાર'માં

**સારપ** સ્ત્રી૦[સારું પરથી]સારાપણું; સજ્જનતા

**સારપવું** સ૦ક્રિ૦[સર૦ म. सारपणें(स सृप्?)] ક્યારામાંના નકામા છોડ તાણી નાખી(ડાંગરને) પાછી અંદર કાદવ કે માટીમાં દબાવવી

**સારભાગ, સારભૂત** [સં] જુઓ 'સાર'માં

**સારમહળ** ન૦ [સર૦ म.] એક જાતનું ૩૨ તારનું વાજું

**સારમાણસાઈ** સ્ત્રી૦[સારું+માણસ]સજ્જનતા

**સારમેય** પું૦ [સં] કૂતરો

**સારવવું** સ૦ક્રિ૦[સાર પરથી? સર૦ प्रा. सारव =સાફ કરવું] સાર કાઢવો [જમીન

**સારવા** સ્ત્રી૦ [સર૦ સારવવું] સારી ફળદ્રુપ

**સારવાન** પું૦ [फा. सारबान, ઊંટવાળો, રાયકો

**સારવાર** સ્ત્રી૦ [સર૦ हि. सारना=દેખરેખ રાખવી, प्रा सारविअ (सं समारचित)= સંભાળેલું; દુરસ્ત કરેલું] બરદાસ્ત,સેવાચાકરી

**સારવું** સ૦ક્રિ૦ [प्रा. सारव (स. समारच्)] શ્રાદ્ધ કરવું, સરાવવું (૨) [प्रा. सार (सं. सारय्), સર૦ हिं सारना, म. सारणें] પરોવવું (૩) ખેરવવું; ટપકાવવું (૪) આંજવું; લગાડવું (૫) પાર પાડવું. કરવું (૬) પહેરવું; શણગારવું (૭) સરકાવવું

**સારસ** પુંં૦; ન૦ [સં.] એક પંખી. –સી સ્ત્રી૦ સારસની માદા [મૂળ)

**સારસાપરીલા** સ્ત્રી૦ [इं.] એક ઔષધિ (તેના

**સારસ્ય** ન૦ [સં] સરસતા

**સારસ્વત** વિ૦ [સં] સરસ્વતી સંબંધી (૨) સારસ્વત દેશનું (૩) પું૦ સરસ્વતી નદીના તટ ઉપરનો દિલ્લીથી વાયવ્યનો આર્યોનો પવિત્ર પ્રદેશ (૪) તે દેશનો નિવાસી બ્રાહ્મણ

**સારહી** પુંં૦ [प्रा सारहि (सं. सारथि?)] (પ.) ધનુર્ધર, બાણાવળી (?)

**સારંગ** પું૦[જુઓ સરંગ]સરંગનો–વહાણના કપ્તાનનો મદદનીશ (૨) સરંગ

**સારંગ** પુંં૦; ન૦ [સં] એક રાગ (૨) મૃગ (૩) ધનુષ્ય (૪) [સં.] વિષ્ણુનું ધનુષ્ય; શાર્ઙ્ગ (૫) હાથી (૬) કોકિલ (૭) ભમરો. ૦ધર, ૦ધારી, ૦પાણિ પુંં૦ (સં) વિષ્ણુ. ૦નયના વિ૦ સ્ત્રી૦ મૃગનયની. –ગી સ્ત્રી૦ એક તંતુવાદ્ય (૨) મૃગલી

**સારાઈ(-શ)** સ્ત્રી૦ ['સારું' ઉપરથી]સારાપણું

**સારાનુવાદ** પું૦ [સં.] સાર પૂરતો અનુવાદ– ભાષાંતર [ઇષ્ટ પરિણામ

**સારાવાટ** સ્ત્રી૦ [સારું+वृत्त (सं.)?] (કા)

**સારાશ** સ્ત્રી૦ ['સારું' ઉપરથી] સારાઈ; સારાપણું

**સારાસાર** પું૦ [સં] સારું અને ખોટું. ૦વિચાર પું૦ સારાસારનો વિચાર ૦વિવેક પું૦ સાર અને અસારનો વિવેક કરવો–જુદા પાડવા તે [કે સંબંધ

**સારાસારી** સ્ત્રી૦ ['સારુ ઉપરથી] સારો મેળ

**સારાં** ન૦બ૦વ૦ [જુઓ છારાં (દે छार=રીછ પરથી?)]૫ ચોરી કરતા, હલકી જાતના રખડતા એક વર્ગના લોક, છારા

**સારાંશ** પું૦ [સં.] ભાવાર્થ, મતલબ, તાત્પર્ય

**સારિકા** સ્ત્રી૦ [સં] મેના

**સારીગમ** સ્ત્રી૦ [સા–રી–ગ–મ ઇ૦] સંગીતના સાત સ્વર કે તેની સ્વરલિપિ (૨) કોઈ રાગ કે ગીતના સ્વર

**સારી પેઠ(–ઠે)** અ૦[સારુ + પેઠે] ખૂબ,પુષ્કળ

**સારુ** અ૦ [સં सारक?] -ને માટે, વાસ્તે

**સારું** વિ૦ (૨) ન૦ [સં. सारकं, પ્રા. सारअं; સર૦ म, हिं सार] શુભ, ભલુ (૨) સુંદર; મજાનું(૩)[સર૦ हिं., म (સં सर्व?)]સમસ્ત, આખુ (૪) અ૦ (જવાબમા) ઠીક, ભલે [(સ્ત્રીને)સારા દહાડા હોવા=ગર્ભ રહેવો; બેજીવી થવુ સારા પગલાનું=શુકનિયાળ, જેને આવ્યે સારા વાના થાય એવુ સારું કૂતરું=હડકાયુ નહિ એવું — મીઠું કૂતરું. સારો દહાડો=સુખસંપત્તિ કે બીજી રીતે સારો એવો શુભ મંગળ દિવસ.] ૦નરસું, ૦માઠું વિ૦ સારું અને ખોટું [–કરવુ=આ સારું છે – આ ખોટું છે, એની ખણખોદ કરવી; ઝટ પસંદ ન કરવુ –કહેવું=ઠપકો આપવો (૨) નિંદા કરવી]

**સારૂપ્ય** ન૦ [સં] સમાનરૂપવાળા હોવુ તે મુક્તિના ચાર પ્રકારમાંનો એક

**સારેવડું** ન૦ ચોખાના લોટનો પાપડ

**સારો** પું૦ [પ્રા सारअ (સં सारक)?] બેસતા વર્ષને દિવસે વચાતી, વર્ષ દરમ્યાન બનવાના બનાવોની આગાહી

**સારોદ્ધાર** પું૦ [સં] સાર કે રહસ્ય તારવવું તે

**સાર્થ** વિ૦ [સં] અર્થયુક્ત (૨) પુ૦ કાફલો

**સાર્થક** વિ૦ [સં.] સફળ, કૃતાર્થ (૨) ન૦ સફળતા, સિદ્ધિ –ક્ય ન૦ સાર્થકતા

**સાર્થવાહ** પું૦ [સં] વણજારો (૨) સંઘવી; કાફલાનો આગેવાન

**સાર્દ્ર** વિ૦ [સં.] ભીનુ

**સાર્ધ** વિ૦ [સં.] અર્ધ સહિત

**સાર્વકાલિક** વિ૦ [સં] સર્વકાળ રહેનારુ (૨) સર્વ સમયને લગતુ

**સાર્વજનિક, સાર્વજનીન** વિ૦ [સં] સર્વ લોકોનું, સર્વે લોકો સંબંધી (૨) સર્વ લોકોને ઉપયોગી [સવ વ્યાપી

**સાર્વત્રિક** વિ૦ [સં.] સર્વ જગાએ થતુ (૨)

**સાર્વનામિક** વિ૦ [સં] સર્વનામનુ,-ને લગતુ

**સાર્વભૌતિક** વિ૦[સં]બધા ભૂત–પ્રાણીને લગતુ

**સાર્વભૌમ** વિ૦ [સં] આખી પૃથ્વીનુ આખી પૃથ્વી સંબંધી (૨) પુ૦ ચક્રવર્તી રાજા

**સાર્વલૌકિક** વિ૦[સં] સર્વ લોકો સંબંધી

**સાર્વવર્ણિક** વિ૦ [સં.] સર્વ વર્ણો અંગેનું, –સંબંધી [આવે એવું

**સાર્વવિભક્તિક** વિ૦ [સં.] સર્વ વિભક્તિમાં

**સાર્ષ્ટર્ય** ન૦ [સં] સરખી શક્તિ કે ઐશ્વર્યવાળા હોવુ તે; મુક્તિના ચારમાંનો એક પ્રકાર

**સાલ** પુ૦, ન૦ [સં] એક વૃક્ષ

**સાલ** ન૦ [સં शल्य, પ્રા. सल्ल, સર૦ हिं.] વીંધમા બેસે તેવો છેડો, બંધબેસતો સાંધો (૨) નડતર, આડખીલી (૩) ગિલ્લીદંડાની એક રમત [–કાઢવુ=બંધબેસતો સાંધો બનાવવો (૨) આડખીલી દૂર કરવી. (૩) કાસળ કાઢવુ. –ઘાલવુ=નડતર પેદા કરવું, નડે એમ કરવું. –ચઢવુ=ગિલ્લીદંડામા સામા પક્ષને દાવ આપવાનુ રહેવુ –ટાળવું =જુઓ સાલ કાઢવુ ૨ ૩ –બેસાડવુ= બરાબર સાંધો ગોઠવવો ]

**સાલ** સ્ત્રી૦ [फा.] વર્ષ (૨) પાકની મોસમ (૩) વર્ષાસન. ૦ગરેહ, ૦ગીરી સ્ત્રી૦ [+फा. गिरह] વરસગાંઠ. ૦ગુદસ્ત સ્ત્રી૦ [+फा. गुदास्तन] ગયુ વર્ષ. ૦ભર અ૦ આખું વર્ષ. ૦વાર અ૦ વરસવાર; વરસના અનુક્રમે. ૦વારી સ્ત્રી૦ વર્ષ પ્રમાણે અનુક્રમ (૨) બનાવોની સાલવાર ગોઠવણી, તેની યાદી કે નોંધ

**સાલગ** વિ૦[हिं सालक] જુઓ છાયાલગ

**સાલગરેહ, સાલગીરી, સાલગુદસ્ત** જુઓ 'સાલ' સ્રી૦ મા
**સાલપોલ(-લિયું)** વિ૦ [સાલ+પોલું] સાલમાંથી ઢીલું પડી ગયેલું (૨) સાલ બરાબર બેઠા ન હોય તેવું (૩) [લા] ઢીલું, બોદલું
**સાલમ** પું૦ [अ] એક કંદ. ૦પાક પું૦ સાલમ નાખીને બનાવાતો એક પાક (૨) [લા] માર. [-આપવો = મારવું.]
**સાલવણું** ન૦ ['સાલવવું' ઉપરથી] સલવાઈ રહેવું તે; એકે બાજુ ખસી શકાય નહિ તેવી સ્થિતિ (૨) સાચવવું તે
**સાલવવું** સ૦ક્રિ૦ ['સાલવું' પરથી] સાલ બેસાડવાં (૨) [લા] પચાવ ઊભી કરવી
**સાલવાર,-રી** જુઓ 'સાલ' [फा] માં
**સાલવી** પું૦ ['સાલ' ઉપરથી] સુતાર
**સાલવું** અ૦ક્રિ૦ [સાલ' ઉપરથી, સર૦ हिं. सालना] શલ્ય પેઠે દુખ્યા કરવું; ખટકવું; ભોંકાવું (૨) દિલમાં દુઃખ થવું
**સાલસ** વિ૦ [अ] નરમ સ્વભાવનું; ભલું; સરળ -સાઈ સ્રી૦ [છૂપી ગોઠવણ
**સાલસકંચો** પું૦ [સાલ+સકંચો] તરકટ,
**સાલંકાર** વિ૦ [सं.] અલંકારયુક્ત
**સાલાતાલા** પું૦બ૦વ૦ કાલાવાલા, આજીજી
**સાલાતૂલું** વિ૦ [સર૦ म सालाथाला] અણસમજુ. ઢંગધડા વિનાનું (૨) ભલું, ભોળું
**સાલાર** વિ૦ [फा.] આગેવાન, મુખ્ય
**સાલિયાણું** ન૦ [फा. सालाना, સર૦ हिं. सालियाना] વર્ષાસન. વાર્ષિક વેતન
**સાલિયું** વિ૦ ['સાલ' ઉપરથી] વાર્ષિક (૨) ન૦ વર્ષાસન; સાલિયાણું
**સાલું** વિ૦ જુઓ સાળું
**સાલો** પું૦ [સર૦ प्रा. साल = કિલ્લો] પૂળાનો મોટો ઓઘલો (૨) [જુઓ સાળો] સાળાના અર્થની ગાળ
**સાલોક્ય** ન૦ [सं] જુઓ સલોકતા
**સાલોત્રી** પું૦ [જુઓ સાલિહોત્રી] ઢોરનો દાક્તર
**સાલ્લો** પું૦ [प्रा सालिआ–साडिआ સર૦ (सं शाटिका), दे. साडली] સ્રીઓને પહેરવાનું વસ્ત્ર, સાડલો
**સાવ** (સા') અ૦ [अ. साफ કે सं सर्व (अप० साव) પરથી?] તદ્દન
**સાવકાશ** વિ૦ [सं] અવકાશવાળું (૨) અ૦ [સર૦ म.] સગવડે, અનુકૂળતાએ
**સાવકું** વિ૦ [प्रा. सावक्क (सं. सापत्न)] ઓરમાયું; અપરમાનું
**સાવચેત** વિ૦ [સર૦ म सावचित्त; हिं] સાવધાન; જાગ્રત, સચેત. -તી સ્રી૦ સાવધાની (૨) ચેતવણી
**સાવજ** પું૦ [સર૦ વાઘ] વાઘ (૨) (કા.) [सं. श्वापद प्रा. सावय, સર૦ म.] સિંહ
**સાવજુ** ન૦ [सं श्वापद?] પખી (લાડમા)
**સાવધ,-ધાન** વિ૦ [सं] સાવધ, હોશિયાર; જાગ્રત. -ધાનતા, -ધાની સ્રી૦
**સાવન** પું૦ [सं] એક સૂર્યોદયથી બીજા સૂર્યોદય સુધીનો એક દિવસ (૨) વિ૦ એ ગણતરી પ્રમાણે ૩૦ દિવસનો (માસ), કે ૩૬૦ દિવસનું (વર્ષ)
**સાવયવ** વિ૦ [सं] અવયવવાળું
**સાવરણી** સ્રી૦ [સર૦ हिं, म] પૂંજો વાળવાનું સાધન. [-ફેરવવી = પૂંજો વાળવો.] -ણો પું૦ મોટી સાવરણી
**સાવરિયું** ન૦ જુઓ સાસરું
**સાવર્ણ્ય** ન૦ [सं] સવર્ણપણું
**સાવલિયું** ન૦ [दे साउली, સર૦ म सावलें] એક જાતનું આછા વણાટનું પાતળું ધોતિયું
**સાવલું** ન૦ [જુઓ સરાવલું] શકોરું
**સાવિત્રી** સ્રી૦ [सं] સૂર્યનું કિરણ (૨) ગાયત્રી (૩) [सं] સત્યવાનની પત્ની. ૦વ્રત ન૦ જેઠ માસના શુકલ પક્ષના છેલ્લા ત્રણ દિવસોમા સૌભાગ્યની રક્ષા માટે કરાતું સ્રીઓનું (વટસાવિત્રીનું) એક વ્રત
**સાશંક** વિ૦ [सं] શંકાયુક્ત
**સાશ્ચર્ય** વિ૦ [सं.] આશ્ચર્યવાળું, નવાઈ ભરેલું (૨) અ૦ અચબા સાથે
**સાષ્ટાંગ** વિ૦ [सं.] આઠે અંગ સહિત (માથું, આંખ હાથ છાતી, પગ, જાંઘ, મન અને વાણી). ૦પ્રણામ પું૦ બ૦વ૦ નીચા સૂઈ (આઠે અંગથી) કરેલા પ્રણામ [-કરવા =

[લા.] લપસી પડવું; ગબડી પડવું]
**સાસ** પું૦ [प्रा (सं श्वास)] શ્વાસ, દમ (૨) [લા.] જીવ, પ્રાણ (૩) શકાર [–આવવો=ઠીક થવું, સુધરવું. –ઊપડવો, થવો=મરણ પૂર્વે ખૂબ જોરથી શ્વાસ ચાલવો. –કાઢી નાખવો=ખૂબ થકવવું (૨) મરણતોલ કરી નાખવું –ચાલવો=જીવતું હોવું]
**સાસરવાસ** પું૦ [સાસરું+વાસ] સાસરામાં વસવું–સ્ત્રીએ સાસરે જવું તે. ૦ણી વિ૦ સ્ત્રી૦ સાસરામાં વસતી સ્ત્રી –સો પું૦ સાસરે જતા દીકરીને અપાતો લૂગડાં, ઘરેણાં, ઘરવાખરો વગેરે સામાન [માણસો
**સાસરવેલ** સ્ત્રી૦[સાસરું+વેલ]સસરાના કુટુંબના
**સાસરી** સ્ત્રી૦, –રું ન૦ [प्रा. सासुरअ (सं. श्वाशुरकम्)] સસરાનું ઘર –રિયું ન૦ સાસરીનું સગું (૨) (પ.) સાસરું
**સાસુ** સ્ત્રી૦ [प्रा सासू (सं श्वश्रू)] વર કે વહુની મા. ૦જાયો પું૦ પતિ ૦જી સ્ત્રી૦ (માનાર્થે) સાસુ [હાકતે હાકતે
**સાસોટ** અ૦ ['સાસ' ઉપરથી] શ્વાસભેર;
**સાસ્ના** સ્ત્રી૦ [सं] ગાયને ગળે જે ગોદડી જેવી ચામડી લબડે છે તે
**સાહચર્ય** ન૦ [सं.] સાથે રહેવું કે ફરવું તે (૨) સંગ; સાથ (૩) હમેશાં સાથે હોવું તે
**સાહજિક** વિ૦ [सं] સહજ, સ્વાભાવિક; કુદરતી
**સાહવું** સ૦ ક્રિ૦ [प्रा साह (सं साध्)] ઝાલવું; પકડવું
**સાહસ** ન૦ [सं.] જોખમભરેલું કામ (૨) અવિચારી કામ (૩) જોખમ હોવા છતાં હામ ભીડી ઝંપલાવવું તે. [–ખેડવું=સાહસ આદરવું, કરવું] ૦કથા સ્ત્રી૦ સાહસપૂર્ણ કે સાહસ વર્ણવતી કથા. ૦વીર પું૦ સાહસી–પરાક્રમી પુરુષ
**સાહસિક** વિ૦[सं.] સાહસ કરનાર. ૦તા સ્ત્રી૦
**સાહસી** વિ૦ [सं] સાહસિક; સાહસવાળું
**સાહાય્ય** સ્ત્રી૦ [सं.] મદદ ૦કારક વિ૦ સહાય કરે એવું
**સાહિત્ય** ન૦ [सं] સાધન, સામગ્રી (૨) પ્રજાના વિચાર, ભાવના, જ્ઞાન વગેરેની ભાષામાં સંગ્રહાયેલી મૂડી; વાઙ્મય ૦કાર પું૦ સાહિત્ય રચનાર. ૦કૃતિ સ્ત્રી૦ સાહિત્યની ચીજ. ૦ચર્ચા સ્ત્રી૦ સાહિત્યના વિષયોની ચર્ચા ૦પરિષદ, ૦સભા સ્ત્રી૦ સાહિત્યચર્ચા કરનારી પરિષદ કે સભા. –ત્યિક વિ૦ સાહિત્યને લગતું
**સાહી**, ૦ચૂસ જુઓ શાહી, ૦ચૂસ
**સાહુકાર**, –રી જુઓ શાહુકાર, –રી
**સાહુડી** સ્ત્રી૦ [સર૦ हिं साही] જુઓ શાહુડી
**સાહેબ** પું૦ [अ साहिब] માલિક; ધણી (૨) મોટો માણસ (૩) ટોપીવાળો, યુરોપિયન (૪) ઈશ્વર ૦ખાની વિ૦ ખાનદાન માણસોના ઉપયોગનું; અમદાવાદી ઊંચી બનાવટના (કાગળ) ૦જાદી સ્ત્રી૦ બાદશાહ કે ઉમરાવની દીકરી ૦જાદો પું૦ બાદશાહ કે ઉમરાવનો દીકરો. ૦ટોપી સ્ત્રી૦ 'હૅટ', ગોરા પહેરે છે એવું ટોપચું કે ટોપી ૦લોક પું૦ ગોરાલોક, –ખાસ કરીને અંગ્રેજ –બા સ્ત્રી૦ શેઠાણી; પ્રતિષ્ઠિત સ્ત્રી –બી સ્ત્રી૦ જાહોજલાલી; વૈભવ (૨) શેઠાઈ (–કરવી, ભોગવવી). –બીદાર વિ૦ સાહેબીવાળું –બો પું૦ સ્વામી, વર
**સાહેલી** સ્ત્રી૦ [दे साहुली सर० प्रा. सही (सं सखी)] સખી [સહાયતા કરનાર
**સાહ્ય** સ્ત્રી૦ [सं.] સહાયતા ૦કારક વિ૦
**સાળ** સ્ત્રી૦ [સર૦ प्रा सालिय (सं शालिक)=વણકર] કપડાં વણવાનું ઓજાર ૦ખાતું ન૦ મિલનો સાળોનો વિભાગ ૦વણુ સ્ત્રી૦ સાળવી કે તેની સ્ત્રી ૦વી પું૦ કપડાં વણનાર, વણકર
**સાળાવેલી** સ્ત્રી૦ ['સાળો' ઉપરથી] સાળાની વહુ, સાળેલી [બહેન
**સાળી** સ્ત્રી૦ [प्रा साली (सं श्याली)] વહુની
**સાળુ** પું૦ [दे. साउली, સર૦ हिं सालू, म सालु] સ્ત્રીઓને પહેરવાનું ઝીણું રંગીન વસ્ત્ર
**સાળું** વિ૦ ['સાળો' ઉપરથી?] વાક્યમાં વપરાતા તેની વિવક્ષામાં જરા વધારે ચચોટતા ને મમતાનો ભાવ ઉમેરે છે ('મારું સાળું' પણ બોલાય છે). ઉદા૦ સાળી વાત તો

ખરી (૨) [સુ] 'આળુ' પેઠે વહાલમાં કે નિરર્થક બોલાય છે

**સાળેલી** સ્ત્રી૦ (સુ) જુઓ સાળાવેલી

**સાળો** પું૦ [પ્રા. सालअ (सं स्यालक), સર૦ म साळा] વહુનો ભાઈ

**સાંઈ, ૦ડું** (૦) ન૦ [સ स्वंज् પરથી ? કે પ્રા. साइज्ज (स सात्मीक्र) કે પ્રા साइय (सं. स्वागत) પરથી ?] આલિંગન (-લેવું)

**સાંઈ, ૦મૌલા** (૦) પું૦ [સર૦ हिं साईं, म. साई (सं स्वामी)] પરમેશ્વર, ખુદા (૨) ફકીર. ૦બાવા પું૦ સાધુ, બાવો (માનાર્થ બ૦વ૦)

**સાંકડ** (૦) સ્ત્રી૦ [જુઓ સાંકડું] સંકડામણ, ભીડ (૨) મુશ્કેલી (-પડવી, લાગવી)

**સાંકડું** (૦) વિ૦ [પ્રા. संकुड (स संकुट), સર૦ म सांकडा] પહોળાઈમાં ઓછું (૨) ભિડાતું, છૂટ વગરનું (૩) સંકુચિત, અનુદાર [-પડવું =ભીડ લાગવી -સાંકડું, સાંકડો સંબંધ =ગાઢ સંબંધ. સાંકડે આવવું=હરકતમાં -મુશ્કેલીમાં આવી પડવું] -કે સાંકડે(-ળે) અ૦ ગમે એમ સંકડાઈને

**સાંકર્ય** ન૦ [सं.] સંકરતા

**સાંકળ** (૦) સ્ત્રી૦ [પ્રા. संकल (स शृङ्खल), સર૦ हिं साँकड, गु. म.] કડીઓ કે આકડા જોડીને બનવેલી લાંબી હાર (૨) બારી-બારણાને બંધ કરવાની એવી હારનું સાધન (૩) જમીન ભરવાનું ૧૦૦ ફૂટનું માપ. [-ઘાલવી=હરકત કરવી વચમાં અડચણ નાખવી. -ચડાવવી, ભીડવી, મારવી, લગાવવી, વાસવી=સાંકળ વડે બંધ કરવું] ૦વું સ૦ક્રિ૦ સાંકળની પેઠે જોડવું વળગાડવું (૨) અ૦ક્રિ૦ (પ.) સાંકળની પેઠે બંધાવું; સંકળાવું. -ળિયું ન૦ પુસ્તકનાં પ્રકરણ વગેરેનો પાનના નંબર સાથે અનુક્રમ. -ળી સ્ત્રી૦ નાની કડીઓ જોડી બનાવેલી સેર (૨) કોટે ઘાલવાની કંઠી. -ળું ન૦ પગનું એક ઘરેણું [(૨) પારિભાષિક

**સાંકેતિક** વિ૦ [सं] સંકેત સંબંધી, સંકેતવાળું

**સાંકો** (૦) પું૦ [જુઓ સાખું] માપનો અડસટ્ટો

**સાંખલો** (૦) પું૦ ઝભ્ભો (સુ)

**સાંખવું** (૦) સ૦ક્રિ૦ [सं. सं+क्षम्] ખમવું; સહન કરવું (૨) ક્ષમા કરવી (૩) [પ્રા संखा (स संख्या)=ગણતરી કરવી] માપવું, ભરી જોવું (૪) સરખાવવું; તુલના કરવી

**સાંખુ** (૦) ન૦ [જુઓ સાંખવું] માપ (૨) ખડીને પડતર રાખેલું ખેતર [(વેપારી)

**સાંખો**(૦)[પ્રા. संखा (स संख्या)] એકનો સંકેત

**સાંખ્ય, ૦દર્શન** ન૦[स] કપિલ મુનિએ રચેલું દર્શન; છ વૈદિક દર્શનોમાંનું એક

**સાંગ** વિ૦ [स] અંગો સહિત (૨) આખું; તમામ (૩) [સર૦ हिं. म.] પું૦, સ્ત્રી૦; ન૦ બરછી જેવું એક હથિયાર

**સાંગડો** (૦) પું૦ ['સાંગ' ઉપરથી] ડોળી ઉપાડતા ટેકણ તરીકે લેવાતો લાકડાનો દાંડો

**સાંગર(-રી)** (૦) સ્ત્રી૦ [दे सगरिआ, સર૦ म सागरी] સમડીની શિંગ

**સાંગલું** (૦) ન૦ [स शृङ्ग (શિંગડું) ઉપરથી ?] બાળકની કોટમાં ઘાલવાનું હાલરું

**સાંગામાચી(-માંચી)** (૦) [स सागमञ्चिका, કે સાંગી+માચી ?] અઢેલીને બેસાય તેવી પાટી ભરેલી ખુરસી-ઘાટની માચી

**સાંગી** (૦) સ્ત્રી૦ [સર૦ हिं] રથની ધરી અને સાંઢી એ બે વચ્ચેનો કઠેરાવાળો ભાગ

**સાંગોપાંગ** વિ૦ (૨) અ૦ [स] અંગઉપાંગ સહિત, સમસ્ત, પૂર્ણ

**સાંગ્રામિક** વિ૦[सं.] સંગ્રામને લગતું (૨) પું૦ સેનાપતિ (૩) યોદ્ધો

**સાંઘિક** વિ૦ [स] સંઘનું, -ને લગતું

**સાંચરવું** (૦) અ૦ક્રિ૦[જુઓ સંચરવું] ચાલવું (૨) જવું; વિદાય થવું (૩) સાચવવું

**સાંચવું** (૦) સ૦ક્રિ૦ [स सञ्चि] સંઘરવું; એકઠું કરવું; વહોરી રાખવું [સાંચ્યું સંઘર્યું =પેદા કરી ભેગું કરી મૂકેલું]

**સાંચો** (૦) પું૦ [જુઓ સંચો] સંચો (૨) [સર૦ हिं, म सांचा] બીબું -ચાકામ ન૦ યંત્ર (૨) યંત્રકામ (૩) યંત્રની રચના વગેરે

**સાંજ(-ઝ)** (૦) સ્ત્રી૦ [પ્રા. संझा (सं. संध्या);

કે ના આવવું; સાંજ પાડવી. –થવી, પડવી = સંધ્યાકાળ થવો (૨)[લા.] બહુ મોડું થવું –પાડવી = મોડું કરવું; કામ ઢીલમાં નાખવું. –સવાર = રોજ, નિરંતર ] ૦રે,–જે(–ઝે) અ૦ સંધ્યાકાળને સમયે; દિવસ આથમતા

**સાંજી(–ઝી)** (૦) સ્ત્રી૦ [ 'સાંજ' ઉપરથી] સાંજે ગાવાનું લગ્નગીત (૨) આરતી

**સાંજે(–ઝે)** અ૦ જુઓ 'સાંજ'માં

**સાંજો** (૦) પું૦ [સર૦ મ साजा, જુઓ સંજોરી] સંજોરીમાં ભરવાનો આવો (૨) રેલમાં તણાઈ આવેલો ઘાસ વગેરેનો કચરો

**સાંઝ, ૦રે,–ઝે** (૦) જુઓ 'સાંજ'માં

**સાંઠી** (૦) સ્ત્રી૦ [સર૦ हिं. साँटी, म. साटी] સરાઠી ૦ઝાંખરાં ન૦બ૦વ૦ જુઓ સાઠી-ઝાખરાં –ઠો પું૦ [સર૦ हिं. साँटा]જુવાર શેરડી વગેરેનો પેરાઈવાળો દાંડો

**સાંડસી(–સી),–સો** (૦) જુઓ સાણસી,–સો

**સાંઢ(–ઢિયો)** (૦) પું૦ [प्रा. सड (सं. षण्ड); સર૦ મ. सांड, हिं. साँड] ગોધો, આખલો (૨) [લા.] માતેલો–નિરંકુશ માણસ (૩) [જુઓ સાઢ સ્ત્રી૦, સર૦ हिं साँडिया] નર ઊંટ

**સાંઢ** (૦ઢ,) ૦ણી, (૦) સ્ત્રી૦ [દે. संढी, સર૦ म सांड, ०णी, हिं साँडनी]ઊંટડી; ઉતાવળી ચાલતી સવારીની ઊંટડી

**સાંઢવું** (૦) અ૦ ક્રિ૦[स सन्ढौक्?] ઉતાવળે જવું (૨) સૂંઢવું (૩) [લા.] લડવું

**સાંઢિયો** (૦) પું૦ જુઓ સાઢ પું૦ –યારોગ પું૦ ભારે ગરબડ ને તોફાન

**સાંઢો** (૦) પું૦ [સર૦ हिं साँडा] ઘોની જાતનું પ્રાણી (એની ચરબી એક દવા છે) (૨) કીડીઓ ખાનારું એક પ્રાણી (?)

**સાંત** વિ૦, ૦તા સ્ત્રી૦ [सं] જુઓ 'સાન્ત'માં

**સાંતરું** (૦) વિ૦ [सं. सातर?] સાતરું, તૈયાર (૨) શરીરે નાનું, ગઢારે નાજુક (૩) ન૦ [स सत्र–સદાવ્રત ઉપરથી?] રસોઈનું સીધું

**સાંતરવું** (૦) સ૦ક્રિ૦ [જુઓ સંતવું] સતાડવું (૨) અ૦ક્રિ૦ ['શાંત' પરથી] +(પ.) શમવું, પૂરું થવું વિરમવું

**સાંતળવું** (૦) સ૦ક્રિ૦ [सं सम्+ તળવું, સર૦ म. सांतळणें] ઘી કે તેલમાં શેકવું કે તળવું

**સાંતી** (૦) સ્ત્રી૦ એક હળથી ખવાય તેટલી જમીન (૨) ન૦ જુઓ સાતીડું ૦ડું ન૦ હળ. ૦વેરો પું૦ હળ ઉપરનો કર

**સાંતેલી** (૦) સ્ત્રી૦ છોકરાંની એક રમત

**સાંતેલું** (૦) ન૦ બળદને જોતરવામાં વપરાતું લાકડાનું ચોકઠું

**સાંત્વન** ન૦, –ના સ્ત્રી૦[सं.]આશ્વાસન; શાંતિ

**સાંથ** (૦થ,) સ્ત્રી૦ ગણોત, જમીન ખેડવા આપ્યા બદલ લેવાનું ભાડું. [સાંથે આપવું, મૂકવું = સાથ લેવાની કબૂલાતે ખેડવા માટે જમીન આપવી, સાથવું ]

**સાંથવું** (૦) સ૦ક્રિ૦ [સાથ પરથી] સાથે આપવું

**સાંથી,–થિયો,૦ડો** પું૦ સાંથે જમીન ખેડનાર ખેડૂત. ગણોતિયો

**સાંદીપનિ** પું૦ [सं] (સં) શ્રીકૃષ્ણ અને સુદામાના ગુરુ

**સાંદ્ર** વિ૦ [सं]ઘન, ગાઢ (૨) ઘોર (૩) સ્નિગ્ધ; ચીકણું (૪) જોરદાર, સચોટ (૫) રમ્ય; મનોહર ૦તા સ્ત્રી૦

**સાંધ**(૦ધ,) સ્ત્રી૦[સાંધવું પરથી, સર૦ हिं. सांधा, म सांध,–धा] જુઓ સાંધો (૨) કાંતણ, વણાટમાં તાર સાંધવા તે (જેમ કે, નવી તાણી સાળ પર લેતાં)

**સાંધણ** (૦) ન૦સાંધવું તે, સાંધો (૨) અનુસંધાન (૩) વધારાનો ભાગ, પુરવણી –ણી સ્ત્રી૦ સાંધવું તે (૨) સાંધવાની ઢબ–કુશળતા

**સાંધવું** (૦) અ૦ક્રિ૦ [सं संधा प्रा. संध, સર૦ हिं सांधना, म साधणें] સીવવું (૨) જોડવું (૩) સાંધો કરવો (૪) [વાસણને] રેણવું–વીગડું દેવું

**સાંધિક** પું૦ [सं] સંધિ કરનાર

**સાંધિવિગ્રહિક** પું૦ [सं.] પરરાજ્યો સાથે સંધિ કે વિગ્રહ કરવાના અધિકારવાળો પ્રધાન કે મંત્રી

**સાંધો** (૦) પું૦ [જુઓ સાંધ] જ્યાં બે વસ્તુઓ સાથે જોડાઈ કે સિવાઈ હોય તે ભાગ (૨) ફાટેલું કે તૂટેલું દુરસ્ત કરવા દીધેલું થીંગડું. [સાંધે સાંધે જૂઠું = હાડોહાડ જૂઠું. સાંધો દેવો, મારવો = સાંધો કરવો. –ખાવો = સફળતા મળવી (૨) મેળ બેસવો. –બેસવો,

ભળવો=સાધી બરાબર જોડાવો. બરાબર જોડાવું; સંધાવું. -મારવો=સાધવું; જોડવું.]

**સાંધ્ય** વિ૰[સં] સંધ્યા સંબંધી

**સાંનિધ્ય** ન૰ [સં.] સમીપતા

**સાંનિપાતિક** વિ૰ [સં] સનેપાત સંબંધી

**સાંપટ(-ડ)** (૦) સ્ત્રી૰ જુઓ સંપુટ (૨) [જુઓ સાપડવું, સર૰ મ.] પકડ

**સાંપડવું** (૦) અ૰ક્રિ૰ [प्रा. संपड (सं सं+पद्); સર૰ म. सापडणें] મળવું; પ્રાપ્ત થવું (૨) જન્મવું, અવતરવું

**સાંપત્તિક** વિ૰ [સં] આર્થિક

**સાંપરાય** પું૰ [સં.] પરલોક (૨) મરણોત્તર જીવન કે તે વિષે વિચાર

**સાંપ્રત** વિ૰[સં]સજ્જ (૨) હમણાનું હાલનું (૩) અ૰ તરત, અબઘડી -તિક વિ૰[સં.] વર્તમાન સમયનું, હમણાનું

**સાંપ્રદાયિક** વિ૰ [સં.] સંપ્રદાય સબંધી કે સંપ્રદાયનું [નો પુત્ર

**સાંબ** પું૰[સં.] (સં.) શિવ(૨)[સં.]જાંબુવતી-

**સાંબ** (૦) સ્ત્રી૰[સં शाम्ब] સાબેલાની નીચલી લોખંડની ખોળી [ખીલી

**સાંબેલ** (૦) સ્ત્રી૰ [જુઓ સમોલ] ધૂંસરીની

**સાંબેલી** (૦) સ્ત્રી૰ ['સાબ' ઉપરથી] નાનું સાબેલું. -લું ન૰ [જુઓ સાંબ સ્ત્રી૰] જે વડે ખાંડવાનું તે એક સાધન

**સાંભર** (૦) સ્ત્રી૰, ૦ણ ન૰ સ્મરણ; યાદ

**સાંભરવું** (૦) સ૰ક્રિ૰ [प्रा.संभर (सं सम्भृ)] એકઠું કરવું (૨) અ૰ક્રિ૰ યાદ આવવું

**સાંભળવું** (૦) સ૰ ક્રિ૰ [प्रा समल] શ્રવણ કરવું (૨) [લા.] ધ્યાન ઉપર લેવું

**સાંવત્સરિક** વિ૰ [સં.] વાર્ષિક (૨) પું૰ જોશી

**સાંસણી** (૦) સ્ત્રી૰ [प्रा. ससण (सं. शंसन)] ઝૂપી ઉરકેરણી

**સાંસતા** (૦) સ્ત્રી૰ [સર૰ हिं सांसत (हिं. सांस,सं श्वास ઉપરથી)] ધીરજ, સબૂરી (૨) સત્તા, શક્તિ (૩) તંગી, સાંસા

**સાંસતું** (૦) વિ૰ [સર૰ हिं. सांसत] ધીમું; જુસ્સો નરમ પડયો હોય એવું

**સાંસા** (૦) પું૰બ૰વ૰ [प्रा. सास (सं श्वास), સર૰ हिं. मांस, -सा] સાંસતા; તંગી; મુશ્કેલી (-પડવા)

**સાંસો** (૦) પું૰ [सं. संशय, प्रा. संसय; हिं. माँसा] સંકલ્પવિકલ્પ; સંશય

**સાંસારિક** વિ૰ [સં.] સંસાર સબંધી

**સાંસોટ** (૦) અ૰ [श्वास-प्रा. सास પરથી?] સોસરું; સીધું

**સાંસ્કારિક** વિ૰ [સં.] સંસ્કાર સંબંધી

**સાંસ્કૃતિક** વિ૰ [સં] સંસ્કૃતિને લગતું (૨) સંસ્કૃત ભાષાને લગતું

**સાંસ્થાનિક** વિ૰[સં.] સસ્થાન સંબંધી (૨) પું૰ સંસ્થાનમાં સાથે વસતો દેશભાઈ. ૦સ્વરાજ પું૰ બ્રિટિશ સંસ્થાનોને મળતું સ્વરાજ, 'ડોમિનિયન સ્ટેટસ'

**સિક(-કલ)** સ્ત્રી૰ [अ. शक्ल] મુખવટો,ચહેરો

**સિકલીગર** પું૰ [फा. सैकलगर] (હથિયાર વગેરે) ઘસીને સાફ કરનારો; સરાણિયો

**સિકંદર** પું૰ [फा.] (સં) ગ્રીસનો બાદશાહ -અલેકઝાન્ડર (૨) [લા.] ઉન્નતિનો સિતારો (૩) વિ૰ વિજયી,ફતેહમંદ [(ચડતો)-હોવો, (દહાડો)-હોવો, -પાશરો હોવો= નસીબની અનુકૂળતા હોવી]

**સિકલ** સ્ત્રી૰ જુઓ સિકલ

**સિકાઈ** વિ૰ જુઓ સકકઈ

**સિક્કે** અ૰ [જુઓ શિક્કે] સુધ્ધાં

**સિક્કેકટાર** સ્ત્રી૰ [સિક્કો+કટાર] કટારની આકૃતિવાળી મહોર કે છાપ

**સિક્કો** પું૰ [अ] છાપ; મહોર (૨) ચલણી નાણું (૩) મોટી લખોટી. [-કરવો, ઠોકવો, મારવો, લગાવવો=મહોર કે છાપ પાડવી (૨) કામ સફળપણે પાર પાડવું.] -ક્કાદાર વિ૰ છાપવાળું (૨)સુંદર દેખાવનું -ક્કાબંધ વિ૰ મહોર-છાપવાળું (૨) બીડેલું, અનામત. -ક્કાશાસ્ત્ર ન૰ પ્રાચીન સિક્કાઓ પરથી કરાતી પુરાતત્ત્વ શોધનું શાસ્ત્ર,'ન્યુમિસ્મેટિક્સ'

**સિક્ત** વિ૰ [સં] છાંટેલું

**સિગાર(-રેટ)** સ્ત્રી૰ [इं] વિલાયતી બીડી

**સિગરામ** પું૰, ન૰ જુઓ શિગરામ, સગરામ

**સિગ્નલ** ન૰, પું૰ [इं] દૂરથી ખબર આપવાની

નિશાની કે તે માટેની યોજના (૨) રેલવેનો હાથ [-આપવું=રેલવેના હાથની નિશાની (ગાડીને) બતાવવી -પાડવું=તે આપવા હાથને બળ વડે નમાવવો]
સિજદો પું૰ [અ.] માથું જમીનને અડકાડીને કરાતું નમન ['સીઝવું'નુ પ્રેરક
સિઝાવું અ૰ ક્રિ૰ 'સીઝવું'નુ ભાવે.-ડવું સ૰ક્રિ૰
સિડાવું અ૰ક્રિ૰, -વવું સ૰ક્રિ૰ 'સીડવું'નું કર્મણિ ને પ્રેરક
સિત વિ૰[સં.] શ્વેત, સફેદ (૨) પું૰ ધોળો રંગ
સિતમ પું૰ [ફા] જુલમ ૦ગ(-ગા)ર વિ૰ જુલમગાર. ૦ગુજારી સ્ત્રી૰ સિતમ ગુજારવો તે
સિતાબ સ્ત્રી૰ જુઓ સતાબ, શિતાબ
સિતાબ,-બી જુઓ શિતાબ,-બી
સિતાર પું૰ સ્ત્રી૰ [ફા.] એક તંતુવાદ્ય -રિયો પું૰ સિતાર બજાવનારો -રી સ્ત્રી૰નાની સિતાર
સિતારો પું૰ [ફા] તારો, ગ્રહ (૨) [લા.] દશા, નસીબ [-ચડતો હોવો=ચડતી કળા હોવી.-પાંશરો હોવો=ભાગ્ય અનુકૂળ હોવું]
સિતોપલાદિ ચૂર્ણ ન૰[સં]કફની એક દેશી દવા
સિત્તેર વિ૰ [પ્રા सत्तरि (સ. सप्तति), સર૰ हिं. सत्तर] '૭૦'
સિત્તો(-ત્યો)તરું વિ૰ સિત્યોતેરના અંકવાળું
સિત્તો(-ત્યો)તેર[प्रा. सत्तहत्तरि(सं. सप्तसप्तति), સર૰ हिं. सतहत्तर] વિ૰ '૭૭'
સિત્યાશિયું વિ૰ સત્યાશીની સાલ કે તે વર્ષના દુકાળને લગતું (૨) [લા] ભુખાળવું
સિત્યાશી(-સી) વિ૰ [प्रा सत्तासीइ (सं सप्ताशीति), સર૰ हिं सत्तासी] સત્યાશી, '૮૭'.
સિત્યોતરું,-રો, સિત્યોતેર જુઓ સિત્તોતરું, સિત્તોતેર [-વવું સ૰ક્રિ૰ (પ્રેરક)
સિદાવું અ૰ક્રિ૰ [સ सीद्] દુઃખી થવું; પિડાવું.
સિદ્ધ વિ૰[સં]તૈયાર, સફળ; પ્રાપ્ત (૨) નિશ્ચિત, સાબિત (૩) નિષ્ણાત (૪) સિદ્ધિ પ્રાપ્ત કરી હોય તેવું (૫) મુક્ત (૬) પું૰ સિદ્ધિઓ મેળવી હોય તેવો યોગી કે દૈવી પુરુષ (૭) મુક્ત પુરુષ. ૦તા સ્ત્રી૰ સિદ્ધપણું (૨) સિદ્ધિ, સફળતા (૩) સાબિતી ૦લોક પું૰ સિદ્ધોને વસવાનો લોક. ૦સંકલ્પ વિ૰ જેના સંકલ્પમાત્રથી કાર્ય સિદ્ધ થાય એવું. ૦હસ્ત વિ૰ જેનો હાથ બેસી ગયો છે એવું, હથોટીવાળું. -દ્ધાઈ સ્ત્રી૰ સિદ્ધપણું. -દ્ધાર્થ પું૰ [+अर्थ] (સં.) ગૌતમબુદ્ધ. -દ્ધાલય ન૰ [+आलय] સિદ્ધનું આલય; સિદ્ધલોક. -દ્ધાસન ન૰ [+आसन] યોગનું એક આસન. -દ્ધાંગના સ્ત્રી૰ [+अंगना] સિદ્ધ સ્ત્રી
સિદ્ધાંત પું૰ [સં] પૂરી તપાસ કે વિચારણા પછી સાચો સાબિત થયેલો એવો નિશ્ચિત મત કે નિર્ણય (૨) ઉપપત્તિયુક્ત ગ્રંથ. ૦વાદી વિ૰ સિદ્ધાંતમાં માન્યતાવાળું, કોઈ પણ બાબતમાં તે અંગેના સિદ્ધાંત પ્રમાણે (બીજા કોઈ ભળતા આધારે નહિ) ચાલવામાં માનનારું. ૦સૂત્ર ન૰ શંકાનો નિર્ણય આપનારું અને શાસ્ત્રકારના મતનું પ્રતિપાદન કરનારું સૂત્ર. -તી વિ૰ (૨) પું૰ સિદ્ધાંત રજૂ કે સમર્થન કરનારું, સિદ્ધાંતવાદી (૩) શાસ્ત્રના તત્ત્વને જાણનારું
સિદ્ધિ સ્ત્રી૰ [સં.] પરિપૂર્ણ, સફળ કે સાબિત થવું તે (૨) સાબિતી (૩) ફલપ્રાપ્તિ (૪) છેવટની મુક્તિ (૫) યોગથી મળતી આઠ શક્તિઓમાંની દરેક (જુઓ અષ્ટમહાસિદ્ધિ) ૦દા સ્ત્રી૰ (સં.) દુર્ગા ૦દાયક વિ૰ સિદ્ધિ આપનારું. ૦યોગ પું૰ જ્યોતિષમાં એક શુભ યોગ. [ચાલતી પકડવી, વિદાય થવું
સિધાર(-વ)વું અ૰ક્રિ૰ [સ सिध्=જવું?]
સિનાઈ પું૰ [इं.] બાઇબલમાં આવતો એક પર્વત (જ્યાં મૂસાએ ઈશ્વરવાણી સાંભળેલી)
સિનેમા પું૰ [इं.] ચિત્રોની પરંપરાને ચાલતી ઘટના તરીકે પટ ઉપર બતાવવાની યુક્તિ (૨) તે યુક્તિથી બતાવાતું ચિત્ર કે નાટક, ચલચિત્ર. ૦ઘર ન૰ ચલચિત્ર દેખાડવા માટેનું નાટકઘર; થિયેટર. -મૅટોગ્રાફ પું૰, ન૰ સિનેમા બતાવવાની યુક્તિ કે તેનું યંત્ર (૨) સિનેમા
સિપાઈ પું૰ [જુઓ સિપાહી] સૈનિક, ફોજનો માણસ (૨) ચપરાસી; પટાવાળો (૩) પોલીસ. ૦ગીરી સ્ત્રી૰ સિપાઈનું કામ કે નોકરી. ૦સપરાં ન૰બ૰વ૰ પોલીસ-સિપાઈ વગેરે ફૂટકળ માણસો

**સિપાહસાલાર** પું૦ [फा] લશ્કરનો ઉપરી, સેનાપતિ

**સિપાહી** પું૦ [फा.] સિપાઈ. ૦રાજ(–જ્ય) ન૦ સિપાઈ પર નભતો – લશ્કરી અમલ

**સિપુર્દ** વિ૦ [फा.] સોંપેલું

**સિફત** સ્ત્રી૦ [अ] ગુણ, વિશેષતા ખાસિયત (૨) તારીફ (૩) ચાલાકી. હોશિયારી

**સિફલું** વિ૦ [अ] લક્ષીવાર વગરનું; ઢંગધડા વગરનું [હિંમતવાન; બહાદુર

**સિફાબહાદુર** વિ૦ [फा. सिपाहि-बहादुर]

**સિફારસ** સ્ત્રી૦ [फा. सिफ़ारिश] ભલામણ, લાગવગવાળા આગળ કોઈને માટે કરેલી પ્રશંસા કે આગ્રહ [સિરબંદી

**સિબંદી** વિ૦ (૨) સ્ત્રી૦ [સર૦ म] જુઓ

**સિમેંટ** પું૦, સ્ત્રી૦ [इ] અણતરમા ચૂના પેઠે વપરાતી એક વસ્તુ [ઊતરતી પંક્તિનું

**સિયમ** વિ૦ [फा. सियूम] ત્રીજા દરજ્જાનું;

**સિયાહ** વિ૦ [फा] કાળું

**સિર** ન૦ [प्रा. (स शिरस्), फा. सर] શિર; માથું. ૦જોરી સ્ત્રી૦ શિરજોરી; જબરદસ્તી (૨) તુમાખી. ૦તાજ પું૦ મુગટ (૨) [લા] મુરબ્બી (૩) સરદાર, અગ્રણી. ૦નામું ન૦ જુઓ સરનામું ૦પાવ પું૦ જુઓ સરપાવ. ૦પેચ પું૦ ટેટા કે પાઘડી પર બનાતો હીરા-મોતી જડિત પટકો ૦પોશ ન૦ જુઓ સરપોશ

**સિરફ** અ૦ જુઓ સિર્ફ

**સિરબંદી** વિ૦[फा सरबंदी] સિબંદી, સમ્રાટને માટે સામંત રાજાએ પોતાને ખર્ચે રાખેલું (લશ્કર) (૨) સ્ત્રી૦ એ પ્રમાણે રાખેલી ફોજ

**સિરસ્તેદાર,–રી** જુઓ 'શિરસ્તેદાર,–રી

**સિરસ્તો** પું૦ જુઓ શિરસ્તો; ચાલુ વહીવટ

**સિરીખ** સ્ત્રી૦(કા.)કાઠિયાણીનું રેશમી પાનેતર

**સિરોઈ** સ્ત્રી૦ જુઓ શિરોઈ

**સિર્ફ** અ૦ [अ.] સિરફ ફક્ત, માત્ર; કેવળ

**સિલક** સ્ત્રી૦ [જુઓ શિલક] ખર્ચ જતાં બાકી વધેલી રકમ (૨) હાથ પરની રોકડ રકમ (૩) વિ૦ હાથમાં બચત રહેલું, બચત [–કાઢવી = ખર્ચ જતાં બાકી રકમને હિસાબ કરવો. –મેળવવી=હાથ પરની રોકડ હિસાબ પ્રમાણે છે કે કેમ તે તપાસવું. –રહેવું=બચત થવી; ખર્ચ જતાં જમા રહેવું ]

**સિલસિલો** પું૦ [अ.] સાંકળ (૨) ક્રમ; પ્રથા, પરંપરા (૩) કુલપરંપરા; વંશાનુક્રમ –લાબંધ વિ૦ અનુક્રમ પ્રમાણેનું (૨) સળંગ (૩) અ૦ અનુક્રમ પ્રમાણે, એક પછી એક

**સિલાઈ** સ્ત્રી૦ ['સીવવું' ઉપરથી, સર૦ म शिलाई, हिं] સીવવાની રીત (૨) સિવડામણ

**સિલેદાર** પું૦ [फा. सिलाहदार, સર૦ न] ઘોડેસવાર સિપાઈ –રી સ્ત્રી૦ સિલેદારપણું

**સિવડામણ** ન૦, –ણી સ્ત્રી૦ ['સીવવું' ઉપરથી] સીવવાનું મહેનતાણું

**સિવડાવવું** સ૦ક્રિ૦ 'સીવવું'નું પ્રેરક

**સિવાઈ** સ્ત્રી૦ જુઓ શિવડામણી

**સિવાય** અ૦ [अ] (અમુક) વિના, વગર ૦નું વિ૦ (અમુક) વગરનું કે રહિત

**સિવાવું** અ૦ક્રિ૦ 'સીવવું'નું કર્મણિ

**સિવિલ** વિ૦ [इं.] મુલકી ૦સર્જન પું૦ જિલ્લા માટેનો સરકારી દાક્તર. ૦સર્વિસ સ્ત્રી૦ આઈ. સી એસ કહેવાતા ઊંચા અમલદારોની નોકરી. ૦હોસ્પિટલ સ્ત્રી૦ જિલ્લાની વડી સરકારી ઇસ્પિતાલ ]

**સિવિલિયન** પું૦ [इं] 'આઈ સી એસ'ની પરીક્ષામાં પાસ સરકારી અમલદાર (૨) [લા.] બધા કામો કે ખાતામાં સરખું કામ દઈ શકે એવું કાઈ (માણસ કે વસ્તુ)

**સિસકારવું** સ૦ક્રિ૦ સિસકારો કરવો, ઉશ્કેરવું

**સિસકારો** પું૦ [રવ૦, સર૦ हिं सिसकारी] દાંતમાંથી પવન પેસાર થતાં થતો અવાજ [–કરવો = પ્રેરવું ઉશ્કેરવું –કરવો. મારવો, લેવો – સિસકારાનો અવાજ કરવો (જેમ કે તીખું ખાતાં) ]

**સિસૃક્ષા** સ્ત્રી૦ [सं.] સર્જન કરવાની ઇચ્છા

**સિસોટી** સ્ત્રી૦ [રવ૦] જુઓ સીટી (૨) એક ઝાડ. [–આપવી = ચેતવવું; ઇશારો કરવો. –મારવી, વગાડવી.]

**સિસોળિયું** ન૦ [સર૦ हे साहुलिआ = મોરનું પીંછુ] સાહુડીનું સળિયા જેવું પીંછું

**સિસ્ટર** સ્ત્રી૦ [इं.] નર્સ, સ્ત્રી બરદાસી

સિંગ સ્ત્રી૦ [દે. सिंगा] સીંગ
સિંગારા સ્ત્રી૦ [સર૦ हिं. सिंगारी] જુઓ સીંગારા
સિંઘાસણ ન૦ [પ્રા. (સં. सिंहासन)] ત(પ [સિંહાસન
સિંચન ન૦ [સં] સિંચવું તે
સિંચવું સ૦ક્રિ૦ [સં सिंच] સીંચવું, છાંટવું, રેડવું (૨) પાણી પાવું (ઝાડને) (૩) ઉપરાઉપરી ગોઠવવું (૪) દાટવું (૫) (પાણી કાઢવા માટે) કૂવામાં મૂકવું (જેમ કે ડેરડું)
સિંજારવ પું૦ [સં.] ધાતુના ઘરેણાનો અવાજ
સિંદૂર ન૦ [સં] પારો, સીસું તથા ગંધકની મેળવણીનો લાલ ભૂકો [ -રેવવું = ધૂળમાં મેળવવું, નકામું કરી દેવું ] -રિયું વિ૦ સિંદૂરના રંગનું -રી સ્ત્રી૦ વિધવાઓને પહેરવાનું સિંદૂરિયા રંગનું એક જાતનું લૂગડું
સિંધ પું૦, ન૦ [સં सिंधु સર૦ हिं., મ](સ.) હિંદનો એક પ્રાંત (હાલ પાકિસ્તાનમાં)
સિંધભૈરવી સ્ત્રી૦ [સર૦ મ ] એક રાગિણી
સિંધવ પું૦, ન૦ [પ્રા (સં सैन्धव)] એક ખનિજ ક્ષાર (૨) પું૦ ઘોડો, અશ્વ
સિંધાલૂણ ન૦ [સિંધવ+લૂણ] જુઓ સિંધવ
સિંધી વિ૦ ['સિંધ' ઉપરથી] સિંધનું, -ને લગતું (૨) પું૦ સિંધનો રહેવાસી (૩) સ્ત્રી૦ સિંધી ભાષા
સિંધુ પું૦ [સં] સમુદ્ર (૨) સ્ત્રી૦ (સ ) એ નામની હિંદુસ્તાનની પ્રસિદ્ધ નદી ૦જા સ્ત્રી૦ [સં.] (સ ) લક્ષ્મી
સિંધુડો પું૦ [સર૦ हिं., મ सिंधूरा] શૂર ચડે એવો સૂરનો એક રાગ
સિંહ પું૦ [સં] એક રાની હિંસક પ્રાણી, પશુઓનો રાજા (૨) પાંચમી રાશિ [-કે શિયાળ ? = સ્નેહના સમાચાર કે મોકાણના ?. -નું બચ્ચું = બહાદુર-મર્દ ] ૦ણ સ્ત્રી૦ સિંહની માદા ૦ઢતી સ્ત્રી૦ સિંહના હાથ જેવા પાનવાળી એક વનસ્પતિ ૦દ્વાર ન૦ મુખ્ય દ્વાર ૦નાદ પું૦ સિંહનો કે સિંહ જેવો નાદ ૦લંકી વિ૦ સ્ત્રી૦ [+લંક] સિંહના જેવી પાતળી કટિવાળી ૦વાહિની વિ૦સ્ત્રી૦ સિંહના વાહનવાળી ૦સ્થ ન૦ બૃહસ્પતિ સિંહરાશિમાં હોય તે સમય. ૦સ્થ વર્ષ ન૦ જે વર્ષમાં બૃહસ્પતિ સિંહરાશિમાં હોય તે વર્ષ
સિંહલ, ૦દ્વીપ પું૦[સં] (સ ) લંકા, સિલોન. -લી વિ૦ સિંહલ દ્વીપનું (૨) સ્ત્રી૦ સિંહલ દ્વીપની ભાષા
સિંહાવલોકન ન૦ [સં.] સિંહની પેઠે આગળ વધતાં પહેલાં પાછળનું ફરીથી જોઈ લેવું તે (૨)સમાલોચન, આગળ કહેલાં પહેલાં પૂર્વેનું સાગમે કહેવું તે. સિંહાવલોકી વિ૦ [સં] આગળના છેલ્લા ને પહેલા શબ્દો ચમત્કારરૂપ હોય એવું (કાવ્ય)
સિંહાસન ન૦ [સં] સિંહની આકૃતિવાળું ઊંચું આસન, રાજા, દેવ કે આચાર્યનું આસન ૦ારૂઢ વિ૦ [+आरूढ] સિંહાસન ઉપર બેઠેલું [-ચડવું = રાજગાદીએ બેસવું, રાજા થવું ]
સિંહિકા સ્ત્રી૦[સં.](સ ) એક રાક્ષસી, રાહુની માતા ૦સુત પું૦(સ ) સિંહિકાનો પુત્ર-રાહુ
સિંહી સ્ત્રી૦ [સં] સિંહણ (૨)[સ ] સિંહિકા
સીક(-ખ) સ્ત્રી૦ [फा. सीख, સર૦ हिं सीकचा] શીખ, લોઢાનો સળિયો કે ગજ [-મારવી = ગૂણ કે થેલામાં શું છે તે તપાસવા તેમાં સીક ખોસવી, સીક વડે તપાસવું ]
સીકર પું૦; ન૦ [સં] શીકર, દરેદરો છાંટ
સીખ સ્ત્રી૦ [फा] જુઓ સીક [ગિલ્લર
સીગરો પું૦ [સર૦ મ. गेगरा] સુતારનું એક
સીઝવવું સ૦ક્રિ૦ 'સીઝવું'નું પ્રેરક
સીઝવું અ૦ક્રિ૦ [પ્રા सिज्झ (મ. सिज्झ)] ધીમે તાપે બરાબર બફાઈ કે ચડીને તૈયાર થવું-કાર્ય રંધાવું (૨) પાર પડવું, સીઝવું (૩) [લા ] શાંત પડવું (૪) દુઃખી થવું
સીટી સ્ત્રી૦ [રવ૦, સર૦ મ शिटी. हिं ] ઓઠ કે ભૂંગળી જેવા સાધનથી પવન ફૂંકીને કરાતો તીણો અવાજ કે તેનું સાધન, સિસોટી
સીડવું સ૦ક્રિ૦ [જુઓ શીડવું] ખૂંચવી, છાંડી લેવું (૨) અગ્ર કરવું [શિડી] નિસરણી
સીડી સ્ત્રી૦ [દે सिड्ढी સર૦ हिं सीढ़ी મ.
સીડોસીડ અ૦ ['સીડવું' ઉપરથી ?] અડોઅડ ભીંસાઈને

**સીત** સ્ત્રી૦ [સં.] હળપૂણી; ક્રોશ

**સીતા** સ્ત્રી૦ [સં.] 'સ.) જનકની પુત્રી; એક સતી. [-**નાં વીતવાં**=(સ્ત્રીને માથે) ઉપરાઉપરી સંકટ આવવાં]

**સીતાફલ(-ળ)** ન૦ [સર૦ હિં,મ.] એક ફળ -**ળી** સ્ત્રી૦ સીતાફળનું ઝાડ

**સીત્કાર** [સં.], -**રો** પુ૦ શ્વાસ અંદર ખેંચતા કરાતો કે થતો સીત એવો અવાજ. ૦**વું** અ૦ક્રિ૦ [સર૦મ सीत्कारणें] સીત્કાર કરવો

**સીદી(-ધી)** પુ૦, -**દણ** સ્ત્રી૦ [સર૦ મ. सिद्दी -द्दी, हिं. सीदी] જુઓ શીદી, -દણ

**સીધ** સ્ત્રી૦ [સં. सिद्ध ઉપરથી?] ખબર; સમાચાર (૨) [જુઓ સીધું] સીધાપણું

**સીધવું** અ૦ક્રિ૦ [સં. सिध्] સિદ્ધ થવું, પાર પડવું; સીઝવું

**સીધવો** પુ૦ ['સીધું' ઉપરથી કે 'सिद्ध' ઉપરથી] ગાડું ઊલળે નહિ માટે પાછળ મૂકવાનો ટેકો (૨) ઊંચો વધેલો છોકરો-ભાયડો ઉદા૦ મોટો સીધવો થયો તોપણ ભાન નથી

**સીધાઈ** સ્ત્રી૦ ['સીધું' ઉપરથી] સીધાપણું

**સીધુ** પું૦ [સં.] ગોળ કે શેરડીના રસનો દારૂ

**સીધું** વિ૦ [સં सिद्ध ઉપરથી; સર૦ મ, हिं सीधा] વાંકું નહિ તેવું, એક લીટીમાં હોય એવું (૨) પાધરું, પાંશરું (૩) સરળ, ઝટ સમજાય એવું (૪) નિષ્કપટી [**સીધી રીતે**=આડાઈ કર્યા વિના (૨) સીધા વ્યવહારથી -નરમાશથી **સીધું કરવું**=[લા.] માર મારીને ઠેકાણે લાવવું -**સંભળાવી દેવું**=મોઢામોઢ અથવા સાફસાફ હોય તે કહી દેવું. **સીધે સેરડે ચડવું**=રીતસર સીધે રસ્તે ચાલવું કે વર્તવું **સીધો જવાબ** = ઉડાઉ નહિ તેવો નિષ્કપટ જવાબ **સીધો સવાલ** =આડીતેડી વાત કર્યા વિના કે ગોળ ગોળ નહિ એવી રીતે પુછાતો પ્રશ્ન.] ૦**દોર** વિ૦ દોરજેવું સીધુંસટ ૦**સટ** વિ૦ એકદમ સીધું; સાવ સીધું ૦**સાદું** વિ૦ સીધું ને સાદું. -**ધેસીધું** વિ૦ તદ્દન સીધું

**સીધું** ન૦ [સર૦ હિં. મ. सिधा (સં असिद्ध?)] રાંધી રાખવા જેટલું કાચું અનાજ વગેરે સામગ્રી. [-**જોખવું**=[લા.] માર મારવો]. ૦**પાણી** ન૦ ('સીધાપાણી' ન૦બ૦વ૦માં પણ વપરાય છે),૦**સામગ્રી** સ્ત્રી૦,૦**સામાન** ન૦બ૦વ૦ સીધાની સામગ્રી કે તેનો સામાન; ખાવાપીવાનું [**સીધાંપાણી આપવાં**=માર મારવો -**ખૂટવાં**=પૈસાટકા ખૂટી જવા.]

**સીધે** પું૦ દંડની કસરતનો એક પ્રકાર

**સીન** પુ૦ [ઇં] નાટકનું દૃશ્ય (૨) દેખાવ. ૦**સીનરી** જુઓ સીનરી

**સીનરી** સ્ત્રી૦ [ઇં.] રંગભૂમિ પર દેખાવમાં સાધનોની ગોઠવણી

**સીનાકસી** પું૦ [फा. सीनाकशी] એક પ્રકારનો દંડ (કસરત)

**સીનો** પું૦ [फा] છાતીનો ફેલાવ

**સીપ** સ્ત્રી૦ [प्रा. सिप्पि (सं शुक्ति), સર૦ हिं.] છીપ ૦**માછલી** સ્ત્રી૦ છીપમાં રહેતી મોતી બનાવનાર માછલી

**સીપણી** સ્ત્રી૦ સીપવું તે [રેડવું

**સીપવું** સ૦ક્રિ૦ [प्रा सिप्प (सं सिंच्)] છાંટવું;

**સીમ** સ્ત્રી૦ [प्रा सिम (सं सीमा); સર૦ हिं., म.] ખેતર કે ગામની હદ તે ભાગની જમીન

**સીમઠોક** અ૦ કોઈ રહી ન જાય એમ; એકેએક

**સીમળો** પુ૦ [જુઓ શીમળો] એક જાતનું ઝાડ

**સીમંત** ન૦ [सं] સ્ત્રીઓનો સેંથો (૨) અધરણી -**તિની** સ્ત્રી૦ સૌભાગ્યવતી સ્ત્રી (૨) જેને અધરણી આવી હોય એવી સ્ત્રી -**તોન્નયન** ન૦ [+ उन्नयन] સગર્ભાવસ્થામાં સ્ત્રીને ચોથા, છઠ્ઠા કે આઠમા માસમાં કરવાનો એક સંસ્કાર

**સીમા** સ્ત્રી૦ [સં.] હદ, મર્યાદા. ૦**ચિહ્ન** ન૦ સીમા બતાવનારી નિશાની. ૦**ડો** પુ૦ ગામની હદ, તે ભાગ -**માંત** પુ૦ [+ अंत] સીમાનો છેડો. -**મોલ્લંઘન** ન૦ [+ उल्लंघन] સીમા ઓળંગવી તે (૨) દશેરાને દિવસે પોતાના રાજ્યની સીમા ઓળંગી પારકી હદમાં પ્રવેશ કરવાની એક ક્રિયા

**સીર** પુ૦ સંગીતમાં એક અલંકાર

**સીરમું** વિ૦ [સં सीर = હળ પરથી?] પાણી પાયા વિના નીપજતું ઉદા૦ સીરમા ઘઉં

**સીરાટ** પુ૦ [જુઓ સીરી] સરાટ

સીરી વિ૦ [फा शीरीन] મીઠું, મધુર, સ્વાદ પેદા કરે તેવું (૨) સ્ત્રી૦ તેવી વાસ
સીલ સ્ત્રી૦ [इं.] મહોર, મુદ્રા; છાપ (૨) મહોર લગાડી ચોટાડેલું લાખ કે એવા બીજા પદાર્થનું ચકતું. [–કરવું, મારવું=સીલ લગાવીને બંધ કરવું. –મારવી, લગાવવી =સીલની છાપ પાડવી] ૦બંધ વિ૦ સીલ મારેલું (૨) સીલ તૂટયા વિનાનું, અકબંધ –વગર ખોલેલું
સીવણ ન૦ ['સીવવું' ઉપરથી] જુઓ સીવણી (૨) જ્યાં સીવ્યું હોય તે જગા ૦કામ ન૦ સીવવાનું કામ કે કારીગરી. –ણી સ્ત્રી૦ સીવવું તે કે તેની ઢબ
સીવવું સ૦ક્રિ૦ [प्रा. सीव (सं. सिव्)] ટાંકા મારી જોડવું, સાંધવું
સીસકો પું૦ [રવ૦] જુઓ સિસકારો
સીસ(–સા)પેન સ્ત્રી૦ [સીસું+પેન; સર૦ म. शिसपेन] પેનસિલ
સીસમ સ્ત્રી૦,ન૦ [दे, સર૦ हिं., सं. शिंशपा; જુઓ શીશમ] એક ઝાડ કે એનું લાકડું
સીસી સ્ત્રી૦ [જુઓ શીશી, સર૦ हिं., म शिसा] શીશી બાટલી
સીસું ન૦ [प्रा., सं. सीस] એક ધાતુ
સીસો પું૦ [જુઓ સીસી] શીશો, બાટલો
સીંગ સ્ત્રી૦ જુઓ શિંગ [માછલી
સીંગારા સ્ત્રી૦ [જુઓ સિંગારા] એક જાતની
સીંચણિયું ન૦ ['સીંચવું' ઉપરથી] પાણી સીંચવાનું પાત્ર કે સાધન (૨) કૂવામાં સીંચવાનું દોરડું
સીંચવું સ૦ક્રિ૦ જુઓ સિંચવું
સીંચાણો પું૦[दे सिंचाण] બાજપક્ષી, શકરો
સીંચારવું સ૦ક્રિ૦ [જુઓ સિંચવું] રેડવું
સીંદરી સ્ત્રી૦ [दे सिंदु, सिंदुरय (दे. सिंदी= ખજૂરીનું ઝાડ)] (કાથીની) દોરડી
સુ અ૦[सं.] નીચેના અર્થમાં વપરાતો ઉપસર્ગ (૧) સુંદર, સારું (ઉદા૦ સુકેશી સુવાસ) (૨) સારી રીતે, ખૂબ (ઉદા૦ સુરક્ષિત) (૩) સહેલાઈથી (ઉદા૦ સુકર, સુલભ)
સુકટાક્ષ ન૦ [सं] સુંદર કટાક્ષ
સુક(–કે)ડ સ્ત્રી૦ + જુઓ સુખડ
સુકતાન ન૦[फा सुल्त ઉપરથી]જુઓ સૂકગળું
સુકર વિ૦ [सं.] સહેલું (૨) હાથનું પ્રવીણ
સુકર્મી વિ૦[सं] સારાં કામ કરનારું, સદાચારી (૨) પુણ્યશાળી સદ્ભાગી
સુકલકડી વિ૦ [સૂકું+લાકડું] લાકડી જેવું સૂકું, દુર્બળ શરીરનું
સુકવણી સ્ત્રી૦ ['સૂકવવું' ઉપરથી] સૂકવેલી વસ્તુ (૨) સુકવણું –ણું ન૦ પૂરતો વરસાદ ન આવવાથી વાવેતર વગેરેનું સુકાઈ જવું તે, ખરડિયું [સારી કવિતા
સુકવિ પું૦[सं.] સારો–ઉત્તમ કવિ. ૦તા સ્ત્રી૦
સુકંઠ પું૦[सं] સારો કંઠ–અવાજ
સુકાન ન૦ [दे. सुक्काणय, अ सुक्कान, સર૦ म सुकाण (सं. सु–कर्ण)] જેને મરડવાથી વહાણ દિશા બદલે છે તે કળ કે તેની જગાનો વહાણનો ભાગ ૦ચી,–ની પું૦ [સર૦ दे. सुकाणिअ] સુકાન ફેરવનાર ખલાસી
સુકાવું અ૦ક્રિ૦ [प्रा. सुक्क (सं शुष्). સર૦ हिं. सूकना, म सुकणें] ભેજ કે પ્રવાહી ઊડી જઈ શુષ્ક થવું (૨) (શરીર) દૂબળું પડવું, કૃશ થવું. –વવું સ૦ક્રિ૦ (પ્રેરક)
સુકાળ પું૦ [सं. सु+काल] સારા પાકનો વખત (દુકાળથી ઊલટું) (૨) [લા.] છત, પુષ્કળપણું
સુકીર્તિ(–ર્ત્તિ) સ્ત્રી૦ [सं] સારી કીર્તિ
સુકુમાર વિ૦[सं] ઘણું કોમળ, નાજુક ૦તા સ્ત્રી૦ [પુણ્ય
સુકૃત(–ત્ય) ન૦,–તિ સ્ત્રી૦ [सं] સારું કામ;
સુકે(–ખે)ડ સ્ત્રી૦+જુઓ સુકડ
સુકેશી વિ૦ સ્ત્રી૦ [सं] સુંદર કેશવાળી
સુકોમળ વિ૦ [सं. सु+कोमल] ઘણું કોમળ
સુક્ષમ્ય વિ૦ [सं] અતિ ક્ષમ્ય
સુખ ન૦ [सं.] તનમનને ગમે એવો અનુભવ (આરામ,ચેન,શાંતિ,સંતોષ તૃપ્તિ,ઉપભોગ), કામનાની સિદ્ધિનો આનંદ (૨) ૮ની સંજ્ઞા (૫) [–નો રોટલો=ભારે દુખ–કષ્ટ કે અજંપા વિના નિરાંતે મળતો રોટલો કે કમાણી.] ૦કર, ૦કારક, ૦કારી, ૦દાઈ

વિ૦ સુખ કરનારું, સુખદાયી ૦ચેન ન૦ સુખશાંતિ; આરામ ૦ડું ન૦ સુખ
**સુખડ** સ્ત્રી૦ [પ્રા સિરિખંડ (સં. શ્રીખંડ)] ચંદનના ઝાડનું સુગંધીદાર લાકડું કે તે ઘસી કરાતો લેપ [બનાવનારો, કંદોઈ
**સુખડિયો** પું૦ ['સુખડી' પરથી] મીઠાઈ
**સુખડી** સ્ત્રી૦ [પ્રા સક્કુલિ (સં. શષ્કુલિ)] ઘીગોળમાં ઘઉંનો લોટ શેકીને બનાવેલી એક વાની (૨) મીઠાઈ (૩) હકસાઈ, દસ્તૂરી; બક્ષિસ. [–આપવી=બક્ષિસ કે દસ્તૂરી આપવી –કાપવી વેચેલા માલ ઈ૦ માંથી દસ્તૂરી પેઠે થોડી રકમ કાપવી –ખોઈ આપવી –જમાડવી=માર મારવો –બંધાવવી=મુસાફરી માટે ખારું ખાવાનું આપવું ]
**સુખણું** વિ૦ [સં સુખિન્] સુખી, સુખમાં મગ્ન
**સુખતળી** સ્ત્રી૦ [જુઓ સખતળી] જોડાની અંદર નખાતું નરમ છૂટું ચામડું
**સુખદ(-દાયક,-દાયી, -દેણ)** વિ૦ [સં] જુઓ સુખકર [સુખશય્યા
**સુખપાની** સ્ત્રી૦ [સં સુખ+સં વા] જુઓ
**સુખધામ** વિ૦ [સં] સુખના ધામરૂપ (૨) સ્વર્ગ સુખરૂપ એવું (૩) ન૦ સુખનું ધામ
**સુખન** પું૦ [ફા.] બોલ, વેણ; શબ્દ. [બે સુખન કહેવા=બે બોલ કહેવા; ભલામણ કરવી (૨) સલાહ શિખામણ આપવી (૨) ઠપકો આપવો ] [(નાટક)
**સુખપરિણામક** વિ૦ [સં] સુખમાં પરિણમતું
**સુખપાલ** સ્ત્રી૦ [સર૦ હિં. (સુખ+પાલખી)] એક જાતની પાલખી [સહેલાઈથી
**સુખપૂર્વક** અ૦ [સં] સુખથી; આરામથી,
**સુખમણા** સ્ત્રી૦(પ) જુઓ સુષુમ્ણા
**સુખમા** સ્ત્રી૦[સં. સુષમા] શોભા ઝપકો
**સુખરૂપ** વિ૦ (૨) અ૦[સં.] ક્ષેમકુશળપૂર્વક, સાજુંસમું, સહીસલામત
**સુખરેચ** પું૦ [સુખ+રેચ] હલકો રેચ
**સુખલો** પું૦બ૦વ૦ ઘઉંનો જાડો લોટ
**સુખવસ્તુ** વિ૦ [સર૦ મ સુખવસ્તી (સુખ+વસ્તુ)] પહેલાની કમાણી ઉપર બેઠે બેઠે ખાનાર, ખાધેપીધે સુખી
**સુખવાદ** પું૦ [સં] ઇંદ્રિયોના ભોગવિલાસને જ જીવનનું મુખ્ય ધ્યેય સમજનારો વાદ
**સુખવાન** વિ૦ [સં] સુખી
**સુખવાસી** વિ૦ [સં.] સુખમાં રહેનાર
**સુખવેલ** સ્ત્રી૦ એક જાતની કમોદ
**સુખશય્યા** સ્ત્રી૦ [સં] સુખે સુવાય તેવું બિછાનું કે પલંગ [શાંતિ; નિરાંત
**સુખશાતા, સુખશાંતિ** સ્ત્રી૦ [સં] સુખ અને
**સુખશૂરું** વિ૦[સુખ+શૂરું] સુખ ભોગવે શૂર
**સુખસગવડ** સ્ત્રી૦, ન૦ બ૦ વ૦ સુખ અને સગવડ; આરામ અને અનુકૂળતા
**સુખસજ્જા** સ્ત્રી૦ સુખશય્યા [અને શાંતિ
**સુખસમાધાન** ન૦સુખ અને સમાધાન, આનંદ
**સુખસંગી** વિ૦[સં] સુખમાં આસક્તિવાળું
**સુખસંતોષ** પું૦ [સુખ+સંતોષ] સુખ અને સંતોષ [જે એવો (હજામ)
**સુખહસ્ત** વિ૦ [સં] સારો–હળવો જેનો હાથ
**સુખા** સ્ત્રી૦ ગાંધાર ગ્રામની એક મૂર્છના
**સુખાકારી** સ્ત્રી૦ સુખી હાલત, તંદુરસ્તી
**સુખાવહ** વિ૦ [સં] સુખકારક
**સુખાસન** ન૦ [સં.] સુખદાયક બનાવટવાળું આસન (૨) પાલખી, મ્યાનો
**સુખાળું** વિ૦ સુખિયું (૨) સુખમાં સૂતેલું. [સુખાળા થવું=આરામથી પડવું – સૂવું]
**સુખિયારું, સુખિયું** વિ૦ જુઓ સુખી
**સુખી** વિ૦ [સં] સુખવાળું, દુઃખ વિનાનું
**સુખેડ** સ્ત્રી૦+ જુઓ સુખડ
**સુગત** પું૦ [સં.](સં) બુદ્ધ ભગવાન
**સુગતિ** સ્ત્રી૦ [સં.] સદ્ગતિ, મોક્ષ
**સુગમ** વિ૦ [સં.] સહેલું ૦તા સ્ત્રી૦
**સુગ(-ઘ)રી** સ્ત્રી૦ [પ્રા. સુઘરા (સં. સુગૃહા), સર૦ મ. સુગરીણ] એક પક્ષી (એ સુંદર માળો બનાવે છે) [–નો માળો=માથાના ગૂંચવાયેલા, જૂવાળા ને બરછટ વાળનો જથ્થો ]
**સુગંધ** પું૦;સ્ત્રી૦ [સં.] –ધી સ્ત્રી૦ સારી ગંધ, ખુશબો –ધીદાર વિ૦ સુગંધીવાળું
**સુગાવું** અ૦ક્રિ૦ ['સૂગ' ઉપરથી] સૂગ ચડવી
**સુગાળ** વિ૦ ['સુકાલ' પરથી?] પુષ્કળ, સોંઘું
*સુગાળ, ૦વું, ૦ળું વિ૦ [સૂગ પરથી] જેને

ઝટ સૂગ ચડે એવું, ઝટ સુગાય એવું
**સુગ્રાહ્ય** વિ૦ [સં] સહેલાઈથી ગ્રહણ કરી શકાય એવું (૨) સહેલાઈથી સમજાય એવું
**સુગ્રીવ** પું૦ [સં] (સં) (રામાયણમાં) વાનરોનો રાજા; વાલીનો ભાઈ
**સુગ્રીહી** સ્ત્રી૦ [સં] એક પક્ષી; સુઘરી
**સુઘટિત** [સં.] વિ૦ સારી રીતે રચેલું (૨) સુવ્યવસ્થિત (૩) ઘટિત યોગ્ય
**સુઘડ** વિ૦ [સં સુ + ઘટ, સર૦ હિં] સ્વચ્છ, ચોખ્ખું (૨) ચતુર, વિવેકી. ૦તા, -ડાઈ સ્ત્રી૦
**સુઘરી** સ્ત્રી૦ જુઓ સુગરી [ન૦ સારું ચરિત્ર
**સુચરિત(-ત્ર)** વિ૦ [સં] જુઓ સચ્ચરિત (૨)
**સુચારુ** વિ૦ [સં] + સુંદર [લક્ષણ
**સુચિહ્ન** ન૦ [સં સુ + चिह्न] શુભ ચિહ્ન, સારું
**સુજન** પું૦ [સં] સારો સદાચારી માણસ, સજ્જન. ૦તા સ્ત્રી૦ [નામના, કીર્તિ
**સુજશ** પું૦ [સુ + યશ, સર૦ હિં સુજસ] યશ,
**સુજાણ** વિ૦ [પ્રા. (સં. સુજ્ઞ), સર૦ હિં. सुजान, મ] હોશિયાર, જ્ઞાની સમજુ
**સુજાત** વિ૦ [સં] કુલીન, ઊંચા કુળનું (૨) સુંદર, ઘાટીલું
**સુજાવવું** સ૦ક્રિ૦ 'સૂજવું'નું પ્રેરક
**સુજ્ઞ** વિ૦ [સં] ડાહ્યું ચતુર, વિદ્વાન ૦તા સ્ત્રી૦
**સુઝાડવું** સ૦ક્રિ૦ 'સૂઝવું'નું પ્રેરક
**સુઝુલ્લમ** પું૦ એક છંદ
**સુડતાળીસ** વિ૦ [પ્રા सत्त-चत्तालीस, (સં सप्तचत्वारिंशत्)] '૪૭'
**સુડતાળો** વિ૦ પું૦ ['સુડતાળીસ' ઉપરથી] સંવત ૧૯૪૭ની સાલનો (દુકાળ)
**સુડોલ** વિ૦ [સુ + ડોળ, સર૦ હિં सुडौल] ઘાટીલું, રૂપાળું
**સુણ** સ્ત્રી૦ (પ.) સુણવું તે, શ્રવણ
**સુણવું** [પ્રા सुण (સં श्रु)] સ૦ક્રિ૦ સાંભળવું
**સુણાવવું** સ૦ક્રિ૦ 'સુણવું'નું પ્રેરક
**સુણાવું** અ૦ક્રિ૦ 'સુણવું'નું કર્મણિ
**સુત** પું૦ [સં] પુત્ર ૦મેધ પું૦ જેમાં દીકરાનો ભોગ આપ્યો હોય એવો યજ્ઞ
**સુતનુ** વિ૦ [સં] સુંદર નાજુક શરીરવાળું
**સુતમેધ** પું૦ [સં.] જુઓ 'સુત'માં

**સુતર(-રું)** વિ૦(૨)અ૦[સં. सु + तर સર૦હિં.] સહેલું સુગમ, સરળ. -રાઈ સ્ત્રી૦ સરળતા
**સુતરાઉ** વિ૦ ['સૂતર' ઉપરથી] સૂતરનું બનેલું
**સુતરિયો** પું૦ ['સૂતર' પરથી] સૂતરનો વેપારી. -યા પું૦ એક અટક
**સુતરામ્** અ૦ [સં] ઘણું, ખૂબ; વધારે
**સુતરું** વિ૦(૨)અ૦ જુઓ સુતર
**સુતરેલ** વિ૦ ['સૂતર' ઉપરથી] જુઓ સુતરાઉ
**સુતલ(-ળ)** ન૦ [સં.] ત્રીજું પાતાળ
**સુતા** સ્ત્રી૦ [સં] પુત્રી
**સુતા(-થા)ર** પું૦ [સં सूत्रधार, પ્રા सुत्तहार, સર૦ હિં, મ] લાકડાં ઘડનાર કારીગર ૦કામ ન૦ લાકડાં ઘડવાનું કામ ૦ણ સ્ત્રી૦ સુતારની સ્ત્રી -રી વિ૦ સુતારનું, -ને લગતું (૨) સ્ત્રી૦ સુતારકામ
**સુતારિણી** વિ૦ સ્ત્રી૦ [સં.] બરોબર તારીને પાર ઉતારે એવી (નૌકા)
**સુથાડિયો** પું૦ એક જાતનું નાડી સળીનું વાંસ
**સુથાર,** ૦કામ. ૦ણ, -રી જુઓ 'સુતાર'માં
**સુદ** અ૦ [જુઓ સુદિ] શુક્લ પક્ષમાં (૨) સ્ત્રી૦ શુક્લ પક્ષ
**સુદર્શન** વિ૦ [સં] સારા દેખાવવાળું (૨) ન૦ (સં) વિષ્ણુનું ચક્ર. (૩), ૦ચૂર્ણ તાવમાટે એક ચૂર્ણ-દવા. -ના વિ૦સ્ત્રી૦ સુંદર સ્ત્રી
**સુદાન્ત** વિ૦ [સં] બરોબર દાન્ત
**સુદામા** [સં.], -મો પું૦ (સં) શ્રીકૃષ્ણનો એક ગરીબ સહાધ્યાયી ને મિત્ર (૨) [લા] કંગાળ માણસ. [-ના તાંદુલ = ગરીબની ભેટ] ૦પુરી સ્ત્રી૦ (સં) પોરબંદર (૨) (લા) કંગાળનું નિવાસસ્થાન
**સુદિ** અ૦ [સં] જુઓ સુદ
**સુદિન** પું૦[સં] શુભ દિવસ
**સુદીન** વિ૦ [સં] ખૂબ દીન-નમ્ર
**સુદીર્ઘ** વિ૦ [સં] ખૂબ દીર્ઘ
**સુદૂર** વિ૦ [સં] ઘણું દૂર
**સુદૃઢ** વિ૦ [સં] ઘણું દૃઢ
**સુધન્વા** પું૦[સં (સં.) એક પ્રસિદ્ધ વિષ્ણુભક્ત
**સુધરવું** અ૦ક્રિ૦ [સર૦ હિં सुधरना, મ. सुधरणें (સં शुद्ध, પ્રા सुद्ध ઉપરથી ?)] સારું થવું

સુધરાઈ સ્ત્રી૦ ['સુધરવું', 'સુધારવું' ઉપરથી] સુધારો; સુધરેલી સ્થિતિ (૨) મ્યુનિસિપાલિટી. [-આવવી=મ્યુનિસિપાલિટીનો વહીવટ સ્થપાવો]. -વટ સ્ત્રી૦ સુધારણા
સુધરાવવું સ૦ક્રિ૦ સુધરવું'નું પ્રેરક, સુધારે એમ કરવું, સુધારાવવું
સુધર્મા, ૦સભા સ્ત્રી૦[સં] દેવોની-ઇંદ્રની સભા
સુધા સ્ત્રી૦ [સં] અમૃત (૨) ચૂનો ૦કર પું૦ ચંદ્ર. ૦ધવલ વિ૦ અમૃત જેવું ધોળું (૨) ચૂનાથી ધોળેલું ૦રસ પું૦ અમૃત
સુધાર પું૦ [સુધારવું પરથી] સુધારો. ૦ક વિ૦ સુધારનારું; સુધારો કરનારુ (૨) પું૦ તેવો આદમી ૦ણ નં૦, ૦ણા સ્ત્રી૦ સુધારવું તે, સુધારો
સુધારવું સ૦ક્રિ૦ [જુઓ સુધરવું] બગડેલું, કથળેલું સુધરે એમ કરવું, સારું કરવું (૨) દુરસ્ત કરવું; સમારવું (શાક, મકાન ઇ૦) (૩) ભૂલ દૂર કરી ખરું કહેવું કે લખવું
સુધારો પું૦ સુધરવું તે, સારી સ્થિતિ; સારો ફેરફાર (૨) સંસ્કૃતિ; સભ્યતા (૩) નવો ચાલ કે રીતભાત (૪) ઠરાવને સુધારવા માટેનો ઠરાવ. [-મૂકવો =સુધારાનો ઠરાવ રજૂ કરવો]
સુધારસ પું૦ [સં] જુઓ 'સુધા'માં
સુધાંશુ પું૦ [સં] ચંદ્રમા
સુધી વિ૦(૨) પું૦ [સં.] બુદ્ધિમાન; પંડિત
સુધી અ૦ [સં સાવધિ] લગી; પર્યંત
સુધીર વિ૦ [સં] ખૂબ ધીર
સુધ્ધાં(૦ત) અ૦ [સં સાર્ધમ્? સર૦ મ, હિં.] સાથે, મળીને; પણ(બાકી રહ્યા કે છોડ્યા વિના)
સુનંદિત વિ૦ [સં.] સારી રીતે ખુશ થયેલું. -તા વિ૦ સ્ત્રી૦
સુનાવણી સ્ત્રી૦ ['સુણવું' 'સુણાવવું' ઉપરથી; સર૦ હિં. सुनावनी, મ] ન્યાયાધીશે ફરિયાદ સાંભળવી તે કે તેને સંભળાવવી તે [-થવી. -નીકળવી=સુનાવણી માટે કેસ નીકળવો.]
સુનીતિ સ્ત્રી૦ [સં] સારી નીતિ
સુનું ન૦ [સં स्वर्ण, સર૦ પ્રા सुण्णआर, सुन्नआर=સોની] સોનું -નેરી વિ૦ [સર૦ હિં सुनहरी] જુઓ સોનેરી
સુન્નત સ્ત્રી૦ [અ.] એક મુસલમાની સંસ્કાર, જેમાં લિંગની પોપચાની ચામડી કાપી નાખવામાં આવે છે (૨) [લા.] મુસલમાન કરવું તે, ધર્માંતર
સુન્ની વિ૦ [અ] એ નામના મુસલમાની પંથનું (૨) પું૦ એક મુસલમાની સંપ્રદાય
સુપક્વ વિ૦ [સં] સારી રીતે પાકેલું
સુપચ્ય વિ૦ [સં] સહેલાઈથી પચી જાય એવું
સુપથ પું૦ [સં] સારો, નીતિનો માર્ગ. ૦ગામી વિ૦ સારે-નીતિને માર્ગે જનારુ
સુપન ન૦ [સર૦ હિં.] (પ) જુઓ સ્વપ્ન
સુપરત સ્ત્રી૦ [फा सिपुर्द] સોંપણ (૨) વિ૦ સોંપેલું. [-કરવું=સોંપવું]
સુપરિણામ ન૦ [સં] સારું પરિણામ
સુપરિન્ટેન્ડેન્ટ પું૦ [ઈં.] નિરીક્ષણ કરનાર ઉપરી; મુખ્ય અધિકારી
સુપાત્ર વિ૦ [સં] યોગ્ય; લાયક. ૦તા સ્ત્રી૦
સુપારી સ્ત્રી૦[સર૦ હિં., મ.] (પ) જુઓ સોપારી
સુપુત્ર પું૦[સં] સપૂત
સુપ્ત વિ૦ [સં.] સૂતેલું; ઊંઘેલું
સુપ્તિ સ્ત્રી૦ [સં.] ઘોર નિદ્રા (૨) ઘેન
સુપ્રકાશિત વિ૦ [સં] સારી પેઠે પ્રકાશવાળું
સુપ્રતિષ્ઠિત વિ૦ [સં.] સારી પ્રતિષ્ઠાવાળું; આબરૂદાર (૨) સારી પેઠે જામી ગયેલું સુસ્થિર
સુપ્રભ વિ૦ [સં] સુંદર પ્રભાવાળું
સુપ્રસન્ન વિ૦ [સં.] ઘણું પ્રસન્ન
સુપ્રસંગ પું૦ [સં] શુભ પ્રસંગ
સુપ્સુપ્સમાસ પું૦[સં.]સમાસનો એક પ્રકાર. ઉદા૦ 'ભૂતપૂર્વ'
સુફરો પું૦ [અ.] ભાણું મૂકવાનું પાથરણું; [દસ્તરખાન
સુફલ,-ળ વિ૦ [સં. सु+फल] સારાં ફળ-પરિણામવાળું (૨) ન૦ સારું પરિણામ-ફળ -લા(-ળા) વિ૦ સ્ત્રી૦
સુફિયાણું વિ૦ [फा सूफीआनह] ઉપરથી સુંદર; ખાલી સફાઇદાર [દૃઢ; જોરાવર
સુબળ વિ૦ [સં सु+बल] સારા બળવાળું;
સુબાહુ વિ૦[સં] સુંદર કે મજબૂત હાથવાળું
સુબુદ્ધિ સ્ત્રી૦ [સં] સદ્બુદ્ધિ
સુબોધ પું૦ [સં] સારું જ્ઞાન કે શિખામણ.

૦ક, ૦કારી વિ૦ સુબોધ દેનારુ
સુભગ વિ૦ [સં] સુંદર, રમણીય (૨) સુભાગી. ૦તા સ્ત્રી૦, ૦ત્વ ન૦. -ગા વિ૦ સ્ત્રી૦ ખૂબસૂરત કે સૌભાગ્યવતી (સ્ત્રી)
સુભટ પુ૦ [સં.] બહાદુર લડવૈયો
સુભદ્રા સ્ત્રી૦ [સં] (સ.) શ્રીકૃષ્ણની બહેન; અર્જુનની પત્ની [ભરાયેલું; સભર
સુભર વિ૦ [સં सु+भृ, સર૦ म] સારી રીતે
સુભાગી વિ૦ [સ] ભાગ્યશાળી. -ગ્ય ન૦ સદ્ભાગ્ય [તેવું વાક્ય કે પદ
સુભાષિત વિ૦ [સં.] સુંદર રીતે કહેલું (૨) ન૦
સુમતિ સ્ત્રી૦ [સં] સદ્બુદ્ધિ
સુમન ન૦ [સં.] ફૂલ
સુમાર પુ૦ [જુઓ શુમાર, સર૦ મ.] અડસટ્ટો. [-કાઢવો = અડસટ્ટો કાઢવો. -જોવો = હદ કે શક્તિ જોવા -માં બોલવું = નશામાં બોલવું.] -રે અ૦ આશરે; લગભગ
સુમિત્રા સ્ત્રી૦ [સં] (સ) લક્ષ્મણની માતા
સુમુખી સ્ત્રી૦ [સં] ગાધાર ગ્રામની એક મૂર્ચ્છના (૨) વિ૦ સ્ત્રી૦ સુંદર મુખવાળી
સુમેધ વિ૦ [સં] સારી મેધા-બુદ્ધિવાળુ
સુમેય વિ૦ [સ] બરોબર માપી શકાય એવું (૨) 'કોમેન્સ્યુરેબલ' (ગ.)
સુમેરુ પુ૦ [સં] (સં) મેરુ, સોનાનો પર્વત
સુમેળ પુ૦ [સુ + મેળ] સારો મેળ-બનાવ (૨) સારુ સુભગ મિશ્રણ
સુયાણી સ્ત્રી૦ [प्रा सूइया (सं सूतिका)] પ્રસવ કરાવનારી સ્ત્રી; દાઈ
સુયુત વિ૦ [સ] બરાબર-સારી રીતે જોડાયેલું
સુયોગ પું૦ [સં] શુભ-સારો કે યોગ્ય અવસર
સુર પુ૦ [સં.] દેવ
સુરક્ષિત વિ૦ [સં] સારી રીતે રક્ષાયેલુ
સુરખ વિ૦ [फा. सुर्ख, સર૦ हिं] લાલ; રાતુ. -ખી સ્ત્રી૦ [फा] લાલી (૨) [લા.] અસર
સુરગંગા સ્ત્રી૦ [સં] આકાશગંગા
સુરગુરુ પુ૦ [સં.] (સ.) દેવોના ગુરુ, બૃહસ્પતિ
સુરણિયુ વિ૦ [સૂરણ' ઉપરથી ?] ચળવાળુ (૨) લોલુપ, અત્યાસક્ત (સુ)
સુરત ન૦ [સ] કામક્રીડા, સંભોગ
સુરત ન૦ (સ.) તે નામનુ શહેર
સુરતરુ ન૦ [સં.] સ્વર્ગનું એક ઝાડ (૨) કલ્પદ્રુમ
સુરતા સ્ત્રી૦ [सं सुरति?, સર૦ हिं] લગની (૨) ધ્યાન (૩) યાદ; સૂધ
સુરતિ સ્ત્રી૦ [સં.] ખૂબ આનંદ અને સુખ
સુરતી વિ૦ ['સુરત' ઉપરથી] સુરત શહેરનુ કે તે તરફનું (૨) સ્ત્રી૦ સુરત તરફની બોલી (૩) પુ૦ સુરતનો કે તે તરફનો વતની. [-ભાઈ = કહેવાતા ભાઈ. -લાલા = લહેરી લાલા; ફાકડે-રાવ -સગાઈ = ઉપર ઉપરની પ્રીત]
સુરદાસ પુ૦ [સુર + દાસ] (સ.) પ્રસિદ્ધ અંધ ભક્ત કવિ (૨) [લા] આંધળો સાધુ કે માણસ
સુરદ્રુમ ન૦ [સ] કલ્પવૃક્ષ
સુરધનુ ન૦ [સ] મેઘધનુષ્ય
સુરધેનુ સ્ત્રી૦ [सं सुर + धेनु] કામધેનુ
સુરનદી સ્ત્રી૦ [સં.] (સ) ગંગા
સુરપડિમા સ્ત્રી૦ [सुर + प्रा पडिमा (सं प्रतिमा)] + દેવની પ્રતિમા
સુરપતિ પુ૦ [સં] (સ.) ઇંદ્રરાજ
સુર(-લ)ફાક પુ૦ [हिं सुरफाँक, म. सुरफाक] સંગીતનો એક તાલ
સુરભિ(-ભી) વિ૦ [સ] સુવાસિત (૨) સ્ત્રી૦ કામધેનુ ગાય (૩) ગાય [એક મણિ
સુરમણિ પું૦ [સં] કલ્પવૃક્ષ જેવો સ્વર્ગનો
સુરમો પુ૦ [फा] એક ખનિજ પદાર્થ કે તેનું આંખનુ અંજન (-આંજવો)
સુરમ્ય વિ૦ [સં] અત્યંત રમણીય
સુરયુવતી સ્ત્રી૦ [સં] અપ્સરા
સુ-રાજ [સં], -ય પું૦ ઇંદ્ર
સુરરિપુ પું૦ [સં] દેવોનો શત્રુ—અસુર, રાક્ષસ
સુરલોક પુ૦ [સં.] સ્વર્ગ
સુરવાલ(-ળ) પુ૦, સ્ત્રી૦ [फा शुल्वार, સર૦ म सुरवार, हिं.] પાયજામો, ચોરણો [સ્ત્રી૦
સુરસ વિ૦ [સ] સારા-સુંદર રસવાળુ. ૦તા
સુરસદન ન૦ [સ.] સ્વર્ગ, દેવલોક
સુરસરિ(૦ત, ૦તા) સ્ત્રી૦ [સં] ગંગા
સુરંગ વિ૦ [સં] સુંદર રંગનું (૨) સુંદર (૩) પું૦ સુંદર રંગ (૪) (રંગ અનુસાર) એ નામની જાતનો ઘોડો (૫) સ્ત્રી૦ જમીનમાં કરેલુ

ભોયરું (૬) (જમીનમા ખાડો ખોદી ખડક તોડવા કે શત્રુનો નાશ કરવા વપરાતી) દારૂગોળાની એક યુક્તિ કે તે માટેની બનાવટ [–કાઢવી = ડુંગર ફોડીને નીચેથી રસ્તો કરવો –ફોડવી] –ગી વિ૦ સારા–સુશોભિત રગનુ (૨) લહેરી, રંગીલુ (૩) નારગી [પીવા તે
સુરા ગ્રી૦ [સં.] મદિરા, દારૂ. ૦પાન ન૦ દારૂ
સુરાઈ(–હી) સ્ત્રી૦ [જુઓ સુરાહી] ફૂલના ઘાટનુ સાકડા ગળાનુ વાસણ [રાજ્ય
સુરાજ્ય ન૦ [સં.] સરુ – સારી રીતે ચાલતું
સુરાધીશ પું૦ [સં.] સુરપતિ; ઇદ્ર
સુરા(–લા)ખ સ્ત્રી૦ [ફા. કાણું, બાકોરું
સુરારિ પુ૦ [સં.] દેવોનો દુશ્મન, રાક્ષસ
સુરાવટ સ્ત્રી૦ સૂર મિલાવવા તે(૨)સુરેલ ધ્વનિ
સુરાહી સ્ત્રી૦ [अ.] જુઓ સુરાઈ
સુરાંગના સ્ત્રી૦[સં.] દેવાગના, અપ્સરા
સુરીલુ વિ૦ ['સૂર' ઉપરથી] મધુર કે બરોબર મળેલા સૂરવાળું
સુરુચિ સ્ત્રી૦ [સં.] સારી રુચિ. ૦ભંગ પું૦ સુરુચિનો–શિષ્ટ સજ્જનતાનો ભગ ૦ર વિ૦ સારી પેઠે રુચિર [સૂરત ૦તા સ્ત્રી૦
સુરૂપ [સં.], –પી વિ૦ સુદર રૂપવાળુ ખૂબ-
સુરેખ વિ૦[સં.] પ્રમાણસર, ઘાટીલુ; સુદર (૨) 'રેક્ટિલીનિયર' (ગ.). ૦ક્રસ પું૦ જુઓ રેખાક્રસ ૦તા સ્ત્રી૦ ૦પદી પું૦ 'લીનિયર એક્સપ્રેશન' (ગ.) ૦સમીકરણ ન૦ 'લિનિયર ઇક્વેશન'(ગ.) –ખા સ્ત્રી૦ સીધી લીટી (ગ.)
સુરેલ વિ૦ ['સૂર' ઉપરથી] સુરીલુ, સુમધુર
સુરેશ સુરેંદ્ર પુ૦ [સં.] (સં.) ઇંદ્ર
સુલક્ષણ(–ણું) વિ૦ [સં.] સારાં લક્ષણવાળુ
સુલટાવવુ સ૦ક્રિ૦ ['સૂલટું' ઉપરથી] સૂલટું કરવુ ('સૂલટાવુ'નુ પ્રેરક)
સુલતાન પું૦ [अ.] બાદશાહ મુસલમાની રાજા –ના સ્ત્રી૦ બેગમ, રાણી –ની વિ૦ સુલતાનનુ, –ને લગતુ (૨) સ્ત્રી૦ સુલતાનનો અમલ (૩) [લા.] રાજાની આપખુદી કે જુલમ
સુલફાક પુ૦ જુઓ સુરફાક [સ્ત્રી૦
સુલભ વિ૦ [સં.] સહેલાઈથી મળે એવુ. ૦તા
સુલલિત વિ૦ [સં.] અત્યત સુદર (૨) સુકુમાર

સુલાખ સ્ત્રી૦ જુઓ સુરાખ
સુલેખન ન૦ [म.] સારા અક્ષર લખવા તે
સુલેહ સ્ત્રી૦ [अ. सुल्ह. સર૦ हिं., म सुलह] સલાહશાતિ; ઝઘડા કે લડાઈનો અભાવ (૨) સમાધાની, સધિ ૦શાંતિ સ્ત્રી૦ સુલેહ અને શાતિ [તમ કુ ભરેલી ચલમ
સુલ્ફો પું૦ [फा. सुल्फा] + વગર તવે કે કાશી
સુવડા(–રા)વવું સ૦ક્રિ૦ 'સૂવું'નું પ્રેરક
સુવર્ણ વિ૦ [સં.] સુંદર રગનુ (૨) ન૦ સોનું ૦કાર પું૦ સોની ૦તક સ્ત્રી૦ ઉત્તમોત્તમ તક. ૦તા સ્ત્રી૦ સુંદર રંગવાળું હોવુ તે (૨) સુવર્ણ – સોનાનો ગુણ કે ભાવ (૩) સરસ અક્ષરવાળુ હોવુ તે. ૦નિયમ પું૦ સુવર્ણ જેવો ઉત્તમ કીમતી નિયમ ૦મહોત્સવ પું૦ પચાસ વર્ષે ઊજવાતી જયતી ૦મદિર ન૦ (સં.) અમૃતસરનુ સુવર્ણથી મઢેલુ શીખ મંદિર. ૦માક્ષિક સ્ત્રી૦ એક ધાતુ; આપીત. ૦માર્ગ પુ૦ શ્રેષ્ઠ માર્ગ ૦યુગ પુ૦ સારામા સારો યુગ, સત્યયુગ. –ર્ણા વિ૦ સ્ત્રી૦ (૨) સ્ત્રી૦ સુંદર વર્ણવાળી સ્ત્રી –ર્ણકાર વિ૦ + સોનીનો ધંધો કરનારું. –ર્ણું વિ૦ સુદર વર્ણવાળુ
સુવર્ધમાન વિ૦ [સં.] સારી રીતે વર્ધમાન
સુવા પું૦ [જુઓ સુવા] એક વનસ્પતિ, તેના બીજ [–નું પાણી ન૦સુવાનો અર્ક, 'ડીલ']
સુવાડવું સ૦ક્રિ૦ 'સૂવું'નુ પ્રેરક, સુવડાવવું
સુવાણ સ્ત્રી૦ જુઓ સવાણ
સુવારોગ પું૦ [प्रा. सूआ (सं सूति) + રોગ] સુવાવડઆથી થતો એક રોગ
સુવાર્તા સ્ત્રી૦ [सं. सु+वार्ता] સારી–પવિત્ર વાર્તા; 'ગૉસ્પેલ'. ઉદા૦ ઈશુની સુવાર્તા
સુવાવડ સ્ત્રી૦ [प्रा. सूआ (सं सूति) + प्रा. वडिया (सं वृत्तिता) ?] બાળકને જન્મ આપવાનો અને તે પછીની માદગીનો સમય; ખાટલો [–આવવી = પ્રસૂતિનો સમય થવો. –કરવી = સુવાવડ દરમિયાન સેવાચાકરી કરવી] ૦ખાનુ ન૦ સુવાવડ કરવાનુ દવાખાનુ, પ્રસૂતિગૃહ –ડી સ્ત્રી૦ સુવાવડમા હોય એવી સ્ત્રી

સુવાવું અ૰ક્રિ૰ 'સૂવું'નું ભાવે રૂપ
સુવાસ સ્ત્રી૰ [સં] સારી વાસ, સુગંધી
સુવાસણ(-ણી) સ્ત્રી૰ [જુઓ સુવાસિની, સર૰મ સુવાશીણ] સૌભાગ્યવતી સ્ત્રી
સુવાસિત વિ૰ [સં] ખુશબોદાર
સુવાસિણી, -ની [સં] સ્ત્રી૰ જુઓ સુવાસણ
સુવાંગ વિ૰ [સં સર્વાંગ?] આખું ને આખું (૨) નિરપેક્ષ, 'ઍબ્સોલ્યૂટ' [જાણેલું
સુવિજ્ઞાત, સુવિદિત વિ૰ [સં] સારી રીતે
સુવેખે અ૰ [સુ+વેખે?] + સારી રીતે
સુવ્યવસ્થા સ્ત્રી૰ [સં] સારી વ્યવસ્થા
-સ્થિત વિ૰ [સં] સારી પેઠે વ્યવસ્થિત
સુમત વિ૰ [સં] સારા મતવાળું, સદ્ગુણી
સુશિક્ષણ પુ૰ [સં] સારું શિક્ષણ
સુશિક્ષિત વિ૰ [સં] સારી રીતે શિક્ષિત -તા વિ૰ સ્ત્રી૰
સુશીલ વિ૰ [સં] ઉત્તમ શીલવાળું; સચ્ચરિત (૨) વિવેકી, વિનયી (૩) સરળ, સીધું ૰તા સ્ત્રી૰
સુશોભિત વિ૰ [સં] ઘણું શોભીતું
સુશ્રુત વિ૰ [સં] બહુશ્રુત, વિદ્વાન (૨) પું૰ (સં) પ્રાચીન પ્રસિદ્ધ વૈદ્ય
સુશ્લિષ્ટ વિ૰ [સં] સારી રીતે જોડેલું કે બેસાડેલું ૰તા સ્ત્રી૰ [(કાણાવાળું) વાદ્ય
સુષિરવાદ્ય ન૰ [સં] પવન ભરીને વગાડવાનું
સુષુપ્ત વિ૰ [સં] સૂતેલું; ઊંઘતું (૨) અપ્રગટ, અંદર રહેલું; 'લેટન્ટ'
સુષુપ્તિ સ્ત્રી૰ [સં] ગાઢ નિદ્રા
સુષુમ્ણા, સુષુમ્ના [સં] સ્ત્રી૰ યોગશાસ્ત્ર પ્રમાણે ત્રણ પ્રધાન નાડીઓમાંની વચલી (જુઓ ઈડા)
સુષ્ઠુ અ૰ [સં] સારી રીતે; ઉત્તમ રીતે
સુસવાટ(-ટો) પું૰[રવ૰, સર૰મ सुसाट,-टा] જોરથી વહેતા કે વીંધાતા પવનનો કે તેને મળતો અવાજ (-આરવો)
સુસવાટ (-ઢ,-ળ) સ્ત્રી૰ [પ્રા. सुसुमार (સં शिशुमार)?] એક જાતનો મગર
સુસંગત વિ૰[સં] બરાબર સંગત - બંધબેસતું. ૰બહુકોણ, ૰બહુભુજ પુ૰ 'રેગ્યુલર પૉલિગૉન' (ગ.) -તિ સ્ત્રી૰ સુસંગતતા
સુસંપી વિ૰ [સુ+સંપ] સારા સંપવાળું
સુસંબદ્ધ વિ૰ [સં] આગળપાછળ બરાબર સંબંધવાળું; સુસંગત
સુસ્ત વિ૰[ફા.] આળસુ (૨) મંદ, ધીમું -સ્તી સ્ત્રી૰ આળસ ભિરેલું ઘેન (૨) મંદતા [-ઉડાડી દેવી, કાઢી નાખવી = શિક્ષાથી પાંશરું કરવું -ઊડવી = સુસ્તી જતી રહેવી, જાગ્રત થવું -કરવી, રાખવી = આળસુ થવું]
સુસ્થ વિ૰ [સં.] સુસ્થિત (૨) સ્વસ્થ, સાજુંતાજું
સુસ્થિત વિ૰ [સં] સારી રીતે સ્થિત દૃઢ (૨) સારી સ્થિતિવાળું (૩) બરાબર ગોઠવાયેલું
સુસ્પષ્ટ વિ૰ [સં] ખૂબ સ્પષ્ટ [સ્વર
સુસ્વર વિ૰[સં] ઉત્તમ સ્વરવાળું (૨) પુ૰ ઉત્તમ
સુસ્વાપ પુ૰ [સં] સારી ઊંઘ
સુહાગ પુ૰ [પ્રા सोहग्ग (સં सौभाग्य), સર૰ हिं] સૌભાગ્ય ૰ણ વિ૰ સ્ત્રી૰ સૌભાગ્યવતી (૨) પતિની માનીતી -ગિયું, -ગી વિ૰ સુભાગી, સુખી [શાંતિ, સમાધાન
સુહાણ સ્ત્રી૰ [સર૰ પ્રા सुहावण (સં सुखापन)]
સુહાવવું સ૰ક્રિ૰ 'સુહવું'નું પ્રેરક, શોભાવવું
સુહાવું અ૰ક્રિ૰ [પ્રા सुह (સં शुभ्), અથવા પ્રા सुहा (સં सु+भा), સર૰ हिं सुहाना] શોભવું, સોહાવું
સુહાસિની વિ૰ સ્ત્રી૰ [સં] સુંદર હાસ્યવાળી
સુહૃદ પુ૰ [સં.] મિત્ર [સાથે, શું
સું અ૰ [સર૰ हिं (પ્રા. सुंनो प्रत्यय)] + (પ)
સુંદર વિ૰[સં] રૂપાળું, સુશોભિત, મનોજ્ઞ ૰તા સ્ત્રી૰ -રી સ્ત્રી૰ સુંદર સ્ત્રી (૨) એક છંદ; વૈતાલીય (૩) શરણાઈ જેવું એક વાદ્ય
સુંવાળા (૦) પુ૰બ૰વ૰ ['સુંવાળું' ન૰] દરમાની ક્રિયા [વાની
સુંવાળી (૦) સ્ત્રી૰ પૂરી જેવી નાસ્તાની એક
સુંવાળું (૦) વિ૰ [પ્રા सुउमारअ (સં. सुकुमारकम्)] લીસું અને નરમ (૨) સ્વભાવનું નરમ. મૃદુ (૩) ન૰ [જુઓ વરધસુવાળું] બાળકના જન્મનું સૂતક [સૂકાપણું
સૂક સ્ત્રી૰ ['સૂકું' ઉપરથી] ભીનાશનો અભાવ;
સૂકગળું ન૰ [સૂક+ગળું ?] બાળકને થતો એક રોગ, સુકતાન, રિકેટ્સ

**સૂકલ** વિ૦ સુકાયેલું; કૃશ
**સૂકવવું** સ૦ક્રિ૦ જુઓ સુકાવવું
**સૂકવું** અ૦ક્રિ૦ (પ.) જુઓ સુકાવું
**સૂકું** વિ૦ [प्रा सुक्क, सं शुष्क] શુષ્ક; ભીનાશ વિનાનું (૨) કૃશ; દૂબળું. [**–પાપડ જેવું**= સુકલકડી **–રહી જવું**=કશી અસર ન થવી; કોરા રહેવું. **સૂકો કાળ**=વરસાદને અભાવે પડેલો દુકાળ **સૂકો દમ**=ખાલી દમદાટી; ધમકી. **સૂકો પ્રદેશ**=જે ભાગમા દારૂ વગેરે નશાની બંધી હોય તે]. ૦**ભ(–સ)ટ** વિ૦ સાવ સૂકું
**સૂકર** પુ૦ ન૦ [सं.] શૂકર; ભૂંડ, સૂવર
**સૂકો** પું૦ [‘સૂકું’ પરથી? સર૦ हिं सूका, म सुका] તમાકુનો ભૂકો; જરદો [**–પીવો, ભરવો**=ચલમમાં તમાકુ ભરવી (ફૂંકવા માટે)]
**સૂક્ત** વિ૦ [सं.] સારી રીતે કહેવાયેલું (૨) ન૦ વેદમંત્રો કે ઋચાઓનો સમૂહ
**સૂક્તિ** સ્ત્રી૦ [सं.] ઉત્તમ ઉક્તિ કે કથન
**સૂક્ષ્મ** વિ૦ [सं] અણુ, ઝીણું; બારીક (૨) ન૦ બ્રહ્મ ૦**દર્શક** વિ૦ બારીક વસ્તુને મોટી દેખાડનારું (૩) ન૦ સૂક્ષ્મદર્શક યંત્ર. ૦**દર્શક યંત્ર** ન૦ બારીક વસ્તુ મોટી દેખાડનારું એક સાધન. ૦**દર્શી** વિ૦ સૂક્ષ્મ દૃષ્ટિવાળું ૦**દૃષ્ટિ** સ્ત્રી૦ સૂક્ષ્મ વસ્તુઓ જાણી કે સમજી શકે એવી દૃષ્ટિ. ૦**દેહ** પુ૦ દેહથી છૂટો પડેલો જીવ જેનો આશ્રય કરી રહે છે તે શરીર (પાંચ પ્રાણ, પાંચ જ્ઞાનેંદ્રિય, પાંચ સૂક્ષ્મભૂતો, મન અને બુદ્ધિ એ સત્તર વસ્તુનું બનેલું શરીર) ૦**દેહી** વિ૦ સૂક્ષ્મદેહવાળું ૦**શરીર** ન૦ સૂક્ષ્મ દેહ
**સૂગ** સ્ત્રી૦ [सं सुग=વિષ્ટા ઉપરથી] અતિશય અણગમો, ઘૃણા, ચીતરી [**–આવવી, ચડવી**]
**સૂચક** વિ૦ [सं] સૂચવે એવું; સૂચવનારું (૨) ગર્ભિત સૂચનોવાળું કે તે જગાડતું
**સૂચન** ન૦ [सं.] સૂચવવું તે કે જે સૂચવાય તે **–ના** સ્ત્રી૦ સૂચવવું તે; ઇશારો, ચેતવણી
**સૂચવવું** સ૦ક્રિ૦ [सं सूच्] સૂચના કરવી; ધ્યાન ઉપર લાવવું, જણાવવું **સૂચવાવવું** સ૦ક્રિ૦(પ્રેરક). **સૂચવાવું** અ૦ક્રિ૦ (કર્મણિ)
**સૂચિ(–ચી)** સ્ત્રી૦ [सं] યાદી; સાકળિયું; ક્રમાનુસારી ટીપ(૨) સોય. ૦**પત્ર(૦ક)** ન૦ સૂચિ યાદી
**સૂચિત** વિ૦ [सं.] સૂચવાયેલું કે સૂચવેલું
**સૂચી** સ્ત્રી૦ [सं] જુઓ સૂચિ (૨) ‘પેનસિલ’ (ગ.). (૩) પિરામિડ જેવી આકૃતિ (ગ). ૦**ખંડ** પું૦ સૂચી આકૃતિનો ખંડ; ‘ફ્રુસ્ટ્રમ’ (ગ). ૦**પત્ર(૦ક)** ન૦ જુઓ સૂચિપત્રક
**સૂચ્ય** વિ૦ [सं] સૂચવવા યોગ્ય [સોજો
**સૂજ** સ્ત્રી૦ [સૂજવું પરથી; સર૦ हिं. सूजन, म.]
**સૂજની** સ્ત્રી૦ [फा.] રજાઈ
**સૂજવું** અ૦ક્રિ૦ [સર૦ म सुजणें; हिं. सूजना] (દરદથી ચામડી વગેરેનું) ઊપસવું; ફૂલવું; સોજો ચડવો
**સૂઝ** સ્ત્રી૦ [‘સૂઝવું’ ઉપરથી, સર૦ हिं] સૂઝવું તે, સમજ; ગમ; પહોંચ. ૦**તું** ન૦ પોતાને ગમતું–સમજાતું ઉદા૦ તમે તમારું સૂઝતું કરો છો એ ચાલે? ૦**દાર** વિ૦ સૂઝવાળું
**સૂઝવું** અ૦ક્રિ૦[સર૦प्रा सुज्झंत(सं दृश्यमान); સર૦ म. सुझणें; हिं सूझना] દેખાવું; નજરે પડવું (૨) સમજાવું; ગમ પડવી; અક્કલ પહોંચવી
**સૂટ** ન૦ [इं.] કોટ પાટલૂન ઈ૦ લૂગડાનો સટ ૦**કેસ** ન૦ [इं] (સૂટ આવી જાય એવી) નાની બૅગ કે પેટી
**સૂડ** વિ૦ [જુઓ સૂડવું] સામટું અને સાદું (વ્યાજ) (૨) પું૦; ન૦ (કા.) મૂળ (૩) ન૦ આગલા વાવેતરના મૂળ ઠૂંઠા વગેરે ખોદી–બાળી સફાઈ કરવી તે (કરવું)
**સૂડવું** સ૦ક્રિ૦ [प्रा सूड (सं भञ्ज् के सूद्) =ભાગવું–વિનાશ કરવો (૨) મૂળમાંથી ખોદી નાખવું (૩) ઝૂડીને સાફ કરવું (૪) [સર૦ म. सूड, (सं. शुध?)] બદલો લેવો, વેર વાળવું
**સૂડવ્યાજ** ન૦ [સૂડ+વ્યાજ] રૂપિયા રહ્યા હોય તેટલા વખતનું સામટું સાદું વ્યાજ
**સૂડલો** પુ૦ [જુઓ સૂડો] એક જાતનો પોપટ
**સૂડી** સ્ત્રી૦ [प्रा सूड=ભાગવું ઉપરથી? સર૦ म सुडा] સોપારી કાતરવાનું સાધન(૨)[જુઓ સૂડો (૨)] સૂડા (પોપટ)ની માદા
**સૂડો** પું૦ [જુઓ સૂડી (૧)] મોટી સૂડી (૨)

[સર૦ हिं. सूहो, सं शुक?] એક જાતનો પોપટ
સૂણવું અ૦ ક્રિ૦ [प्रा सूण (सं. शून), સૂજવું
સૂત પું૦ [सं.] સારથિ, રથ હાંકનાર (૨) ક્ષત્રિયથી બ્રાહ્મણીને પેટે થયેલો પુત્ર ૦પુત્ર પું૦ (સં) કર્ણ
સૂતક ન૦ [सं.] સગાસંબંધીમાં જન્મ અને મરણ વગેરેથી પાળવામાં આવતી આભડછેટ [-આવવું, લાગવું = સૂતકને યોગ્ય સગપણ હોવું -ઉતારવું = વિધિપૂર્વક સૂતકની અશુદ્ધિ દૂર કરવી. -પડવું = સૂતકની આભડછેટ લાગવી -પાળવું = સૂતકની આભડછેટ સાચવવી ] -કી વિ૦ સૂતકવાળું
સૂતપુત્ર પું૦ (સં.) જુઓ 'સૂત'માં
સૂતર ન૦ [सं सूत्र] રૂ કાંતીને કાઢેલો તાર. [-ને તાંતણે બંધાયેલું = પ્રેમના બળથી બંધાયેલું -વશ થયેલું -ને તાંતણે સ્વરાજ = રેંટિયા અને ખાદીના રચનાત્મક કાર્યક્રમને બળે સ્વરાજ મળવું તે ]
સૂતરફેણી (ફે) સ્ત્રી૦ એક જાતની મીઠાઈ
સૂતરશાળ સ્ત્રી૦ [સૂતર+શાળ] એક જાતની ડાંગર [ જોડવું; સાંકળવું
સૂતળવું સ૦ ક્રિ૦ [सं सूत्र ઉપરથી] ગાંઠવું;
સૂતળી સ્ત્રી૦ [सं. सूत्र ઉપરથી] શણની પાતળી દોરી [ સુવાવડખાનું
સૂતિકા સ્ત્રી૦ [सं] સુવાવડી સ્ત્રી. ૦ગૃહ ન૦
સૂત્કાર પું૦ [રવ૦, सं.] સૂ સૂ અવાજ -રી વિ૦ ખાતી વખતે સૂત્કાર કરનાર
સૂત્ર ન૦ [सं] દોરો, તાંતણો (૨) સૂતર (૩) નિયમ, વ્યવસ્થા (૪) પ્રાચીન શાસ્ત્રકારોએ રચેલાં મૂળ સંક્ષિપ્ત વાક્ય કે તેનો ગ્રંથ (૫) ધ્યેય તરીકે સ્વીકારેલું ટૂંકું વાક્ય (૬) 'ફૉર્મ્યુલા' (ગ) (૭) 'પ્રોપોઝિશન' (ગ) ૦કાર પું૦ મૂળ સૂત્ર રચનાર ૦ગ્રંથ પું૦ સૂત્રોમાં લખાયેલો ગ્રંથ (જેમ કે, કેટલાક હિંદુ ધર્મગ્રંથ) ૦તંતુ પું૦ સૂતરનો તાંતણો ૦ધાર પું૦ નાટકમાં પ્રધાન નટ, જે નાંદી તેમ જ પ્રસ્તાવના ભજવે છે (૨) સુતાર ૦પાત પું૦ પ્રારંભ, શરૂઆત ૦યંત્ર ન૦ વણકરનો કાંઠલો, તૂરી (૨) સૂતર કાંતવાનું યા વણવાનું યંત્ર, મિલ -ત્રિત વિ૦ [सं] એક સૂત્રમાં ગાંઠેલું (૨) સૂત્રરૂપે ગોઠવેલું (૩) વ્યવસ્થિત કરેલું
સૂધ સ્ત્રી૦ [જુઓ શુદ્ધિ; સર૦ हिं.] ભાન (૨) જાણ, ખબર [-આવવી,-જવી = ભાન આવવું ] ૦બુધ સ્ત્રી૦ [+बुद्धि] ભાન, અક્કલ હોશ [-ઊડી જવી = ભાન ન રહેવું. હોશકોશ ઊડી જવા ] (૨) બ૦વ૦ (સં) એ નામની ગણપતિની બે પત્નીઓ—શુદ્ધિ અને બુદ્ધિ
સૂધું વિ૦ [સર૦ हिं सूधा (सं शुद्ध)] પાધરું, સીધું (૨) સરળ, નિષ્કપટી
સૂન વિ૦ [प्रा सुन्न (सं शून्य); સર૦ हिं] શૂન્ય ૦કાર પું૦ જુઓ શૂન્યકાર ૦મૂન(-નું) વિ૦ જુઓ શૂનમૂન, શૂનમૂઢ
સૂનકું ન૦ (કા) ધૂન, વણ
સૂનુ પું૦ [सं] પુત્ર
સૂનું વિ૦[જુઓ સૂન प्रा सुन्नअ (सं शून्यकम्), સર૦ हिं सूना] નિર્જન, ઉજ્જડ, વસતી કે સહવાસ વિનાનું (૨) સંભાળ કે રક્ષણ વિનાનું. [-પડવું = ખાલી રહેવું (૨) સહવાસ વિનાનું હોવું. -મૂકવું = એકલું—સહવાસ વિનાનું મૂકવું ] ૦સટ વિ૦ સાવ સૂનું
સૂનૃત વિ૦ [सं] સત્ય અને પ્રિય (૨) ન૦ તેવી વાણી [ શાકનું ઓસામણ
સૂપ ન૦[सं] ભડકી, રાબ (૨) એક પ્રકારનું
સૂપડી સ્ત્રી૦ [प्रा सुप्प (सं शूर्प)+ડું] નાનું સૂપડું -ડું ન૦ અનાજ ઝાટકવાનું સાધન. [સૂપડે આવવું = ઋતુમાં આવવું (૨) પહેલે આણે સાસરે આવવું, કરકરિયાવર લઈ સાસરે આવવું સૂપડે ને ટોપલે = પુષ્કળ, અતિશય ]
સૂપતી સ્ત્રી૦ [સર૦ म] સલાટની હથોડી
સૂપશાસ્ત્ર ન૦[सं] પાકશાસ્ત્ર [ ઊનનું વસ્ત્ર
સૂફ ન૦ [अ] બકરાના વાળ (૨) તેનું વસ્ત્ર (૩)
સૂફી વિ૦ [फा 'सूफ' પરથી] બકરાના વાળનું; ઊનનું (વસ્ત્ર) (૨) સૂફી મત સંબંધી (૩) પવિત્ર, નિર્દોષ (૪) પું૦ સૂફી મતનો અનુયાયી ૦મત, ૦વાદ પું૦ ઇસ્લામનો એક સંપ્રદાય

**સૂબાગીરી** સ્ત્રી૦ [फा] સૂબાનું પદ
**સૂબેદાર** પું૦ [फा.] સિપાઈઓની નાની ટુકડીનો અમલદાર (૨) પ્રાંતનો વડો હાકેમ. **–રી** સ્ત્રી૦ સૂબેદારનું પદ
**સૂબો** પું૦ [अ.] ઇલાકો, પ્રાંત (૨) ઇલાકા કે પ્રાંતનો હાકેમ - સૂબેદાર [કંજૂસ મખીલ
**સૂમ** વિ૦ (૨) પુ૦ [अ शूम; સર૦ हिं., म]
**સૂમ** [सं शून्य] શૂન્ય (૨) મૂઢ, જડ. [**–મારી જવું** (માથું, મગજ)=ખાલી-અંધારાં આવી ગયાં હોય તેવું થવું **–જેવું** =બોત જેવું, બાઘા જેવું.] **૦ઠું** સૂમ, મૂઢ,જડ
**સૂમસામ** વિ૦ [જુઓ સૂમ, સર૦ म सुमसाम] અવાજ કે હિલચાલ વિનાનું (૨) ન૦ શૂન્યકાર
**સૂયણ** સ્ત્રી૦ જુઓ સુયાણી
**સૂર** પું૦ [सं] (પ.) સૂર્ય
**સૂર** પું૦ [सं स्वर, સર૦ म] અવાજ; કંઠ; સ્વર (સંગીત) [**–આપવો** = ગાયકને જોઈતો અવાજ વાદ્ય ઉપર ઉપજાવવો. **–કાઢવો**=સ્વર ગળામાંથી કાઢવો. **–પૂરવો** =મદદરૂપે સાથે ગાવા લાગવું કે વાદ્ય વગાડવું (૨) [લા.] ટેકો આપવો ]
**સૂરજ** પું૦ [प्रा सुज्ज (सं सूर्य), સર૦ हिं] સૂર્ય. [**–ચડતી કળાએ હોવો, ચડતો હોવો**= ઉન્નતિનો સમય હોવો; આબાદીમાં હોવું. **–છાપરે આવવો**=ઘણો દિવસ ચડી જવો. **–તપતો હોવો**=ચડતી થતી હોવી **–મધ્યાહ્નના હોવા** = પૂર્ણ આબાદી હોવી. **–માથે આવવો**=બપોર થવા (૨) પૂર્ણ આબાદી થવી ] **૦ફૂલ** ન૦ સૂર્યમુખી ફૂલ **૦મુખી** ન૦ એક ફૂલઝાડ કે તેનું ફૂલ **૦મુખું** વિ૦ સૂરજ જેવા તેજસ્વી મુખવાળું
**સૂરણ** ન૦ [स] એક કંદ [**–ના સ્વાદ થવા**= સારું સારું ખાવાનું મન થવું (૨) મોટા મોટા ફાયદા તકાસવા ]
**સૂરત** સ્ત્રી૦ [अ] ચહેરો. મુખાકૃતિ **૦પરસ્તી** સ્ત્રી૦ (ચહેરાની) સૌંદર્યની પૂજા
**સૂરત(–તી)** સ્ત્રી૦ જુઓ સુરતા
**સૂરપેટી** સ્ત્રી૦ સૂર પૂરવાનું પેટી આકારનું વાદ્ય
**સૂરા** સ્ત્રી૦ [अ] કુરાનનો અધ્યાય
**સૂરિ(–રી)** પુ૦ [सं] વિદ્વાન, પંડિત, આચાર્ય; કવિ (જૈન આચાર્યોના નામ પાછળ લગાડવામાં આવે છે). **–રીશ્વર** પું૦ [+ईश्वर] જૈન સાધુઓનો વડો
**સૂરોખાર** પું૦ [फा. शूरह+स क्षार; સર૦ म. सुराखार] એક જાતનો ક્ષાર
**સૂર્ય** પુ૦ [सं] પૃથ્વીને પ્રકાશ ગરમી ઇ૦ આપતો આકાશીય ગોળો, સૂરજ. **૦કમલ(–ળ)** ન૦ એક ફૂલઝાડ. **૦કાંત** પુ૦ એક કાલ્પનિક મણિ, જેના પર સૂર્યનાં કિરણ પડતાં અગ્નિ ઉત્પન્ન થાય છે એમ મનાય છે. **૦કાંતિ** સ્ત્રી૦ સૂર્યનું તેજ. **૦ગ્રહણ** ન૦ ચંદ્ર આડે આવવાથી સૂર્યબિંબનું ઢંકાવું-ગ્રહણ થવું તે. **૦નમસ્કાર** પું૦ સૂર્યને નમન (૨) (તે સાથે કરાતી) એક પ્રકારની કસરત. **૦નાડી** સ્ત્રી૦ પિંગલા. **૦નારાયણ** પુ૦ સૂર્યદેવ. **૦બિંબ** ન૦ સૂર્યનું બિંબ **૦મંડલ(–ળ)** ન૦ સૂર્યમાળા (૨) સૂર્યબિંબ **૦માલા(–ળા)** સ્ત્રી૦ સૂર્ય અને તેની આસપાસ ફરનારા ગ્રહોનો સમૂહ **૦મુખી** ન૦ એક ફૂલઝાડ કે તેનું ફૂલ **૦યંત્ર** ન૦ ઉપાસના માટેનું સૂર્યનું યંત્ર (જુઓ યંત્ર) (૨) સૂર્યનું નિરીક્ષણ કરવામાં વપરાતું એક યંત્ર. **૦લોક** પુ૦ સૂર્યનો લોક. **૦વંશ** પું૦ ક્ષત્રિયોના બે પ્રધાન વંશમાંનો એક (ચંદ્રવંશ અને સૂર્યવંશ) **૦વંશી** વિ૦ સૂર્યવંશમાં જન્મેલું (૨) [લા.] સૂર્ય ઊગ્યા પછી મોડું ઊઠતું. **૦સંક્રાંતિ** સ્ત્રી૦ સૂર્યનું એક રાશિમાંથી બીજીમાં જવું તે **૦સ્નાન** ન૦ સૂર્યનો તાપ ખાવો-શરીર પર લેવો તે, એક નૈસર્ગિક ઉપચાર. **–ર્યાસ્ત** પું૦ [+अस्त] સૂરજનું આથમવું તે **–ર્યોદય** પું૦ [+उदय] સૂર્યનું ઊગવું તે **–ર્યોપસ્થાન** ન૦ [+उपस्थान] સૂર્યની ઉપાસના- પૂજા. **–ર્યોપાસક** વિ૦ (૨) પુ૦ [+उपासक] સૂર્યનો ઉપાસક. **–ર્યોપાસના** સ્ત્રી૦ [+उपासना] સૂર્યની ઉપાસના કે પૂજા
**સૂલ** ન૦ [अ. सुल्ह] હિસાબ અથવા ઝઘડાનો

નિકાલ, સમાધાન (૨) વિ૦ સીધું; પાંશરું
**સૂલટાવું** અ૦ક્રિ૦ [સૂલટું પરથી] સૂલટું થવું કે કરાવું
**સૂલટું** વિ૦ [સુ+ઊલટું? સર૦ હિં., મ સુલટા] ચત્તું, સવળું (૨) અનુકૂળ
**સૂવર** પું૦, ન૦ [પ્રા સૂઅર (સં શૂકર), સર૦ હિં, મ સુવર] ભૂંડ, ડુક્કર
**સૂવું** અ૦ક્રિ૦[પ્રા. સુવ (સં સ્વપ્). અપ સુઆ (સ શી)] આડા પડવું, (૨) ઊંઘવું. [સૂઈ જવું=શાંત થવું, બંધ પડવું (૨) ખર્ચના માર્યા ખરાબ થઈ જવું (૩) હિંમત હારી જવું, નબળું પડવું (૪) ચગતા કનકવાનું નીચા નમી છાપરા વગેરે પર પડવું સૂતું જાગવું =અણધારી અડચણ આવી પડવી સૂતું સૂકવું=અવગણના કરવી. સૂતું વેચવું= છેતરી જવું સૂતેલો સાપ જગાડવો= શાંત પડી ગયેલું વેર જગાડવું (૨) જાણી જોઈને જોખમ વહોરવું. સૂતેલો સિંહ જગાડવો=વિકરાળ કે પરાક્રમી પુરુષને ઉશ્કેરવો.]
**સૂશી** સ્ત્રી૦ [સર૦ હિં સૂસી મ. સુશી] એક જાતનું કાપડ
**સૂસવવું** અ૦ક્રિ૦ [રવ૦] સૂસૂ અવાજ કરવો
**સૂહવવું** સ૦ક્રિ૦ [જુઓ સુહાવું] (૫) સુહાવવું
**સૂળ,** -ળી જુઓ શૂળ, -ળી [જેવો રેસો
**સૂંખળું** ન૦ [દે સુકલ] ઊબી ઉપરનો સોય
**સૂંઘણી** સ્ત્રી૦ ['સૂંઘવું' ઉપરથી] છીંકણી, બજર
**સૂંઘવું** સ૦ક્રિ૦ [દે સુવ, સર૦ પ્રા સિંઘ (સ શિંઘ્)] સોડવું, વાસ લેવી (૨) નાકના શ્વાસથી અંદર ખેંચવી (છીંકણી). સૂંઘાડવું (પ્રેરક). સૂંઘાવું (કર્મણિ)
**સૂંઠ** સ્ત્રી૦ [પ્રા સુંઠી (સં શુણ્ઠી), સર૦ મ સુઠ, હિં.] સૂકવેલું આદુ. [-નો સ્વાદ ચખાડવો=માર મારવો, મારી મારીને ઢીલું કરી નાખવું -ફૂંકવી=કાન ભંભેરવા (૨) ગાય ભેંસ દૂધ ન દેતા હોય ત્યારે, અથવા ટીપેટીપું દૂધ કાઢી લેવા તેની યોનિમાં સૂંઠ ઉરાડવી. (-ની માએ શેર) સૂંઠ ખાધી હોવી=તાકાત ધરાવવી, મગદૂર હોવી સુવાળી સૂંઠ કે સૂંઠવું=નાજુક (૨) નરમ સ્વભાવનું]
**સૂંઠલી** સ્ત્રી૦ નાનો સૂંડલો. -લો પું૦ ટોપલો
**સૂંડો** પું૦ (કા.) સૂંડલો, ટોપલો [અવયવ
**સૂંઢ** સ્ત્રી૦ [સં શુંડ] હાથીનો લાંબો નાકવાળો
**સૂંઢણ** ન૦ ['સૂંઢવું' ઉપરથી] સૂંઢવું તે. તૈયારી
**સૂંઢલ** (લ,) સ્ત્રી૦ (બળદ કે મજૂરીની) સામસામી મદદ [-રાખવી=સૂંઢલનો સંબંધ બાંધવો] -લિયો પું૦ સૂંઢલ રાખનાર માણસ
**સૂંઢવું** અ૦ ક્રિ૦ [સં ઢુંઢ્?]. સજ્જ થવું
**સૂંઢાડવું** સ૦ક્રિ૦ સજ્જ કરવું
**સૂંઢાળું** વિ૦ ['સૂંઢ' ઉપરથી] સૂંઢવાળું
**સૂંઢિયું** વિ૦['સૂંઢ ઉપરથી] સૂંઢવાળું સૂંઢના આકારનો (કોસ) (૨) ન૦ [સર૦ હિં સુંઢિયા] એક જાતની હલકી જુવાર (૩) ['સૂંઢવું' પરથી?] ઊંટ કે ઘોડાની પીઠ પર ઘસારો ન લાગે એ માટે પલાણ નીચે નખાતું કપડું
**સૂંથણી** સ્ત્રી૦[સર૦ હિં સૂથની] નાનું સૂંથણું; લેંઘી -ણું ન૦ પાયજામો, સુરવાળ. લેંઘો
**સૂંથિયું** ન૦ ['ચૂંથો' ઉપરથી?] ચીથરાં, દોરડી વગેરેની ઘાસની સોટી ઇંઢોણી (૨) [લા.] ઢંગવડા વિનાની કે જૂની પાઘડી કે ટોપી
**સૂંદણ** સ્ત્રી૦,ન૦ ભાવસારની લૂગડાં ખારવાળાં કરવાની કૂંડીવાળી ચોખડી જગા
**સૃજન** ન૦ (પ.) સૃષ્ટિ, સરજન (શુદ્ધ સર્જન)
**સૃજવું** સ૦ક્રિ૦ [સ સૃજ્] સરજવું
**સૃણિ(-ણી)** સ્ત્રી૦ [સ] હાથીનું અંકુશ
**સૃષ્ટિ** સ્ત્રી૦ [સ] સર્જેલું તે, વિશ્વ, જગત. ૦કર્તા(-ર્તા) પું૦સૃષ્ટિનો બનાવનાર, પરમેશ્વર. ૦ક્રમ પું૦ સૃષ્ટિનો ક્રમ-નિયમ ૦જ્ઞાન ન૦ સૃષ્ટિનું જ્ઞાન, વિજ્ઞાન. ૦રચના સ્ત્રી૦ સૃષ્ટિની રચના ૦વિજ્ઞાન ન૦ સૃષ્ટિની રચના વગેરેનું શાસ્ત્ર ૦સૌંદર્ય ન૦ કુદરતનું સૌંદર્ય
**સે** (સેં) સ્ત્રી૦ [દે સહ=સહાય કરનાર] મદદ [-પૂરવી=ટેકો આપવો, મદદગાર નીવડવું]
**સેકટો** પું૦ [પ્રા શિગ્ગુ (સ શિગ્રુ), મ શેગટ] જુઓ સરગવો
**સેકંડ** સ્ત્રી૦ [ઇં] મિનિટનો સાઠમો ભાગ
**સેક્રેટરી** પું૦ [ઇં] મંત્રી

**સેક્રેટરિયેટ** [इं.] સરકારનાં મુખ્ય ખાતાનુ સૌથી મોટું કાર્યાલય કે કચેરી
**સેઅરો** પુ૰ [સર૰ म शेगरा] જુઓ સીધરો
**સેચન** ન૰ [सं] જુઓ સિંચન
**સેજ** (સે) સ્ત્રી૰ [प्रा. सेज्ज (स. शय्या), સર૰ हिं., म] પથારી
**સેજળ** ન૰ [सं. सरित्जल] નદીનું પાણી (૨) વિ૰ વરસાદના પાણીથી થતુ (ઘઉ)
**સેઝાર** ન૰ [प्रा सिज्ज (स स्विद्) ઉપરથી] વરાળ (૨) અ શ, થોડો ભાગ
**સેજિયું** (સે') ન૰ ['સહેજ' ઉપરથી] ટૂંકું કોર વગરનુ ધોતિયું, પંચિયું
**સેજુ** (સે') ન૰ [स सहज ઉપરથી] સ્વભાવ કે ગુણનુ મળતાપણું, સોજ (૨) બાધો, હાડ
**સેટ** પું૰ [इं] જુઓ સટ
**સેટ્ઠુ** વિ૰ ચોરટ્ઠુ
**સેઠ** (ઠ') સ્ત્રી૰ [प्रा. सेढी (सं. श्रेणी)] પક્ષ, વગ (૨) જોર, યુદ્ધ (૩) શેડ. ૦કઢું વિ૰ જુઓ શેડકઢુ [તેમ કરવુ
**સેડવવું** સ૰ ક્રિ૰ [જુઓ સડવું] સડી જાય
**સેતાન** -નિયત,-ની જુઓ શેતાન,-નિયત,-ની
**સેતુ** પુ૰ [स.] પુલ. ૦બ ધ પું૰ પુલ બાધવો તે (૨) [सं.] રામે લકા જવા બાધેલો પુલ
**સેતૂર** ન૰ જુઓ શેતૂર
**સેના** ન૰ [प्रा सेन्न (सं. सैन्य)] સૈન્ય (૨) સ્ત્રી૰ [જુઓ સાન] આખનો ચાળો; સાન (૩) પુ૰ [प्रा सेण (सं श्येन)] + શ્યેન; બાજ
**સેનવો** પુ૰ [સર૰ म शेणवी] એ નામની જાતનો આણસ (શેણવો ?)
**સેના** ન૰ [सं संनाह] બખ્તર
**સેના** સ્ત્રી૰ [सं] લશ્કર, ફોજ. ૦ધિપત્ય ન૰ [+आधिपत्य] સેનાધિપતિપણું ૦ધિપતિ, ૦ની,૦પતિ પુ૰ લશ્કરનો વડો
**સેનિકા** પુ૰ [प्रा सेणिआ, सं श्येनिका; સર૰ हिं] એક છંદ
**સેનેટ** સ્ત્રી૰[इ] યુનિવર્સિટીનુ નિયામક મ ડળ
**સેનેટોરિયમ** ન૰ [इं] દરદીઓને માટેનું સારા હવ પાણીવ ળુ ઉપચારનું મથક - આરોગ્યભવન
**સેનો** પું૰ [इं] એક જાતનુ કાપડ [અત્તર
**સેન્ટ** પું૰ [इ] એક અમેરિકન નાણું (૨) ન૰
**સેન્સર** પુ૰ [इ] ટપાલ, સિનેમા ઇ૰ તપાસી તેમા ખગબ કે વાધાભર્યું રોકનાર કે ધ્યાન પર લેનાર સરકારી અધિકારી
**સેન્સસ** ન૰ [इं] વસતીની ગણતરી કે વસતી-પત્રક [-લેવું=વસતીની ગણતરી કરવી.]
**સેપ** ન૰ [જુઓ સેબ] સફરજન
**સેપટાં** ન૰બ૰વ૰ [સર૰ म सोपट=છાબ, પટ્ટો, છોડા] ચામડાના સાટકાની પટીઓ-શકતા. [-કાઢી નાખવાં (મારી મારીને)= છોડાં નીકળી જાય ત્યા સુધી ખૂબ મારવું.]
**સેપટી** સ્ત્રી૰ [જુઓ સેપટા] ચામડાના સાટકાની પાતળી પટી
**સેપ્ટિક** વિ૰[इ.] જંતુનો ચેપ લાગેલુ, સડવાથી થતા ઝેરવાળુ. ૦ટૅન્ક ન૰ મળમૂત્ર વગેરેનુ ગદું પાણી સેગુ થઈ નીતરી સાફ થાય તે માટે કરેલો એક પ્રકારનો બાધેલો ખાળકૂવો કે કુંડ જેવી રચના
**સેબ** ન૰ [फा] સેપ; સફરજન સોર = ...
**સેમિટિક** વિ૰ [इं.] 'સેમાઈટ' નામની પ્રાચીન પ્રજાને લગતુ; આસીરિયા, અરબસ્તાન ને તેની આસપાસના પ્રદેશનુ કે તેને લગતુ
**સેર** (સે) સ્ત્રી૰ [फा.] હવા ખાવી તે, સહેલ,
**સેર** (સે) સ્ત્રી૰ [दे सरी] જે દોરામા મોતી, મણકા વગેરે પરોવ્યા હોય તે; તેવી માળા; સર (૨) [(સર૰ दे सेरी, સર૰ प्रा सर (सं सृ)] ઘાસનુ ચપટું પાન કે સળી (૩) ધાર; ધારા (૪) શિરા; નસ (૫) + પુ૰ માર્ગ [-આવવી=ધારા કે પ્રવાહ નીકળવો. -છૂટવી= ફુવારાબધ ધારા ચાલવી. -પરોવવી=માળાનો દોરો પરોવવો, દોરો પરોવી માળા કે હાર બનાવવો -સાંધવી =હુકમ માનવો સેરે આવવું=ભૂતપ્રેત વળગવુ (૨) દુ:ખી કરવુ.]
**સેરડો** પું૰ જુઓ શેરડો [માછલી
**સેરમાઈ** સ્ત્રી૰ [સર૰ हिं सेर] એક જાતની
**સેરવવુ** સ૰ક્રિ૰ [सं सृ ઉપરથી] સરકાવવુ; ધીમે રહી ખસેડવુ

સેરવો પુ૦[ફા. શોર્વહ; સર૦ મ शेरवा] માંસ ઉકાળીને બનાવેલો રસ
સેરિયું (સે) ન૦ ['સેર' ઉપરથી] એક ઘરેણું
સેરિયું (સે') ન૦ જુઓ શેરિયું, ભીંડીની જાતના એક છોડનું બી
સેલડઘેલું વિ૦ [સર૦ અલ્લડ+ઘેલું] હઘેલું, મુગ્ધાવસ્થાના આનંદમાં ઘેલા જેવું લાગતું
સેલડું(-રું) ન૦ ફુવારનું ફૂલ
સેલરું ન૦ [સર૦ મ सेल] એક ખાવાની વાની (૨) જુઓ સેલડું
સેલારી સ્ત્રી૦ [સેલું પરથી] કસબી કોર અને પાલવવાળી એક જાતની સાડી
સેલાસાડી સ્ત્રી૦ [સેલું+સાડી] સ્ત્રીઓને પહેરવાનું રાતીપીળી લીટીઓવાળું ગરભ-સુતરાઉ કપડું, શેલાસાડી
સેલી સ્ત્રી૦ શેલી, રાખોડી (૨) [દે. सेल्लि, સર૦ हिं., म] ડોકમાં નખાતી કાળા દોરાની આડી (કબીરપંથી સાધુ તથા ફકીરો રાખે છે)
સેલું ન૦ [સર૦ हिं. सेला] જુઓ શેલું
સેલો પું૦ જુઓ શેલો
સેવ સ્ત્રી૦ [પ] સેવા, ચાકરી
સેવ સ્ત્રી૦, ૦ગાંઠિયા, ૦મમરા [સર૦ हिं. सेवँई] જુઓ 'શેવ'માં
સેવક પું૦ [સં.] સેવા કરનારો, ચાકર (૨) ઉપાસક, ભક્ત. -કાઈ સ્ત્રી૦ [સર૦ हिं] સેવકપણું (૨)સેવકનું કાર્યક્ષેત્ર કે મહેનતાણું. -કી સ્ત્રી૦ સ્ત્રી સેવક, ભક્તાણી. -કી જળ ન૦ ઠાકોરજીના સેવકોના ઉપયોગનું જળ
સેવડી સ્ત્રી૦ [જુઓ શેવડી, સેવડો] જૈન સાધ્વી
સેવડો પું૦ [સર૦ हिं. सेवड़ा] માથે વાળ વધારનાર જૈન સાધુ, જતિ (૨) જાદુગર
સેવતી સ્ત્રી૦ [સં.] એક ફૂલઝાડ, સફેદ ગુલાબ
સેવન ન૦ [સં] સેવવું તે -ના સ્ત્રી૦ સેવા કરવી તે
સેવર્ધન(-ની) વિ૦ [સર૦ મ शिवर्धनी (શ્રીવર્ધન ગામમાં થતી)] એ નામની જાતની; સેવરનું (સોપારી)
સેવવું સ૦કિ૦ [સં सेव्] સેવા કરવી, ભજવું (૨) ખૂબ સંગ કરવો, ઉપયોગમાં લેવું (૩) (પંખીની માદાએ ઉપર બેસી) હૂંફ આપવી (ઈંડાંને)
સેવંગું વિ૦ જુઓ સેવર્ધન
સેવા સ્ત્રી૦ [સં] ચાકરી, નોકરી (૨) પૂજા, આરાધના (૩) સારવાર, બરદાસ્ત (૪) નિષ્કામ ભાવથી પારકાનું કામ કરવું તે. ૦ચાકરી સ્ત્રી૦ સેવા, ચાકરી; સારવાર. ૦દાસી સ્ત્રી૦ (બાવા કે સાધુએ) સેવા માટે રાખેલ દાસી (રખાત). ૦ધર્મ પું૦ સેવારૂપી ધર્મ ૦પૂજા સ્ત્રી૦ સેવા ને પૂજા ૦ભાવ પું૦ સેવાનો ભાવ, સેવા કરવાની વૃત્તિ કે ભાવના ૦ભાવી વિ૦ સેવાભાવવાળું ૦માર્ગ પું૦ સેવાનો માર્ગ ૦ર્થી વિ૦ [+અર્થી] સેવાના ઉદ્દેશવાળું (૨) માનદ, 'ઓનરરી' ૦ર્થે અ૦ સેવાના હેતુથી, માનદ રીતે
સેવાળ,૦વું,-ળિયું જુઓ શેવાળ, ૦વું,-ળિયું
સેવિકા સ્ત્રી૦ [સં] સ્ત્રી સેવક
સેવિત વિ૦ [સં] સેવેલું સેવાયેલું
સેવિંગ્સ બૅન્ક સ્ત્રી૦ [ઇં] બચતના નાણાં મૂકવાની પોસ્ટ ખાતામાં ચાલતી બૅન્ક
સેવો સ્ત્રી૦ બ૦વ૦ ખાવાની સેવ [માલિક
સેવ્ય વિ૦ [સં.] સેવવા યોગ્ય (૨) પું૦ શેઠ;
સેશન સ્ત્રી૦ [ઇં] ધારાસભા જેવા મંડળની બેઠકનો એકસાથે ચાલુ કામનો સમય કે ગાળો, સત્ર (૨) સેશન કોર્ટ. [-ચાલવી= તેની બેઠકનું કામ ચાલુ હોવું કે થવું]
સેશન કોર્ટ, સેશન્સ સ્ત્રી૦ [ઇં] જિલ્લાની વરિષ્ઠ ફોજદારી કોર્ટ [-માં જવું=ફરિયાદ -ગુનાની તપાસ માટે કે છેલ્લી સજા માટે વરિષ્ઠ કોર્ટમાં કેસ જવો કે લઈ જવો]
સેશન(-ન્સ) જજ પું૦[ઇં]સેશન કોર્ટનો જજ
સેશ્વર(-રી) વિ૦ [સં] ઈશ્વરવાળું, આસ્તિક
સેસ પું૦ [ઇં.] અમુક જાતનો એક કર (જેમ કે મહેસૂલ સાથે ભરવાનો લોકલ બોર્ડ માટેનો)
સેસ સ્ત્રી૦ [प्रा. सेस (સં. शेष)] વરકન્યા અને અધરણિયાત સ્ત્રીના ખોબામાં અપાતા નાળિયેર, પાન સોપારી અને રૂપિયો (૨) વિવાહાદિક શુભ અવસરે અપાતી ભેટ. [-ભરવી=પોશ ભરવી]

**સેસફૂલ** ન૦ [प्रा. सीस (सं शीर्ष) + ફૂલ; સર૦ म. शीसफूल; हिं. सीसफूल] વેણીમા કે સેંથા આગળ પહેરવાનુ સ્ત્રીઓનુ એક ઘરેણું

**સેળભેળ** વિ૦(૨)ન૦ જુઓ સેળસેળ. **-ળિયું** વિ૦ સેળભેળ થઈ ગયેલુ, સેળભેળવાળું

**સેં** (સેં૦) પું૦ [प्रा. सइ (स शत), સર૦ हिं. सै, म शें] 'એક' સિવાયના સખ્યાવાચક વિ૦ સાથે વપરાતુ 'સો'નુ રૂપ ઉદા૦ બસેં ચારસેં

**સેંકડો** (સેં૦)પું૦[જુઓ સે, સર૦ म सेंकडा, हिं. सैकडा] સોની સખ્યા, સોનો સમૂહ (૨) સૈકા (૩) વિ૦ અનેકસો. જેમ્ કે સેંકડો માણસો

**સેંતક,૦તું** (સેં૦)વિ૦[सं. सहत्य?]પુષ્કળ,ઘણું

**સેંત(-થ)લો** (સેં૦) પું૦[सं. संहति ઉપરથી ?] ઝરડા ઉપાડવાનુ બે પાંખિયાવાળું લાકડું,શેંટલો

**સેંથી** (સેં૦) પું૦[જુઓ સેંથો]માથાના વાળને બે ભાગમા ઓળતા વચ્ચે પડતી લીટી(-પાડવી). **-થો** પું૦ [स. सीमतक] જુઓ સેંથી (૨) માથાનુ એક ઘરેણુ (-પાડવો)

**સેંદ્રિય** વિ૦ [सं] ઇંદ્રિયવાળું, સજીવ

**સૈકુ** ન૦, **-કો** પું૦[स. शतकम्;સર૦हिं सैका] સેંકડો; સોનો જથો (૨)સો વર્ષનો સમય

**સૈડકુ** ન૦ [સર૦ સરકવું] સૈડકિયુ (ગાઠ) (૨) સૈડકો. **-કાગાંઠ** સ્ત્રી૦ એક છેડો ખેચવાથી છૂટી જાય તેવી ગાઠ. **-કિયું** ન૦ સૈડકાગાઠ (૨) છોકરાની એક રમત

**સૈડકો** પું૦ [રવ૦; સર૦ म. सडका] સરડકો; નાક દ્વારા કે પ્રવાહી ખાતાપીતા શ્વાસ પાછો ખેચવાથી થતો અવાજ (૨) સાલ્લાના છાતી ઉપરના પાલવનો જે છેડો સામી બાજુની કૂખમા ખેંચીને ખોસાય છે તે

**સૈડણુ** ન૦ ['સૈડવુ' ઉપરથી] છાપરાની વળીઓ ઉપર નખાતાં કામઠા, ચીપો વગેરે (૨)તેમને બાંધવાની દોરી. **૦માળણુ** ન૦ છાપરું સૈડવામા કે માળવામા વપરાતી વસ્તુઓ

**સૈડવુ** સ૦ક્રિ૦ [જુઓ શીડવુ] સૈડણ પાથરીને તેને બાંધવુ (૨) આંટી દઈ બે ચીજોને ભેગી બાંધવી

**સૈદર** પું૦ [फा.] વેરો, માથાવેરો

**સૈનિક** વિ૦ [सं.] સૈન્યનું,-ને લગતુ (૨) પું૦ લડવૈયો, લશ્કરનો માણસ

**સૈન્ય** ન૦ [सं.] લશ્કર, ફોજ. **૦સત્તાક** વિ૦ સૈન્યની સત્તાવાળુ, લશ્કરશાહી (રાજ્યતંત્ર)

**સૈયડ(-ઢ)** પું૦ બ૦ વ૦.બળિયા, શીતળા

**સૈયદ** પું૦ [अ] મહંમદ પયગંબરનો વંશજ (૨) એક અટક (મુસલમાન ને નાગરમા)

**સૈરંધ્રી** સ્ત્રી૦ [सं.]રણવાસની દાસી (૨)[सं.] વિરાટ રાજાને ત્યા દાસી તરીકે રહેલી દ્રૌપદી

**સૈંધવ** વિ૦ [स.] સિંધુનું,-ને લગતુ (૨) પું૦ સિંધવ; એક ક્ષાર (૩) ઘોડો (૪) એક રાગ

**સો** (સે) પું૦ [સર૦ हि. सौ (सं. शत)]'૧૦૦'. [-અળગે ગાળીને=ઘણી જ સભાળથી -ટચનું સોનું = ઉત્તમોત્તમ સોનું -ના સાઠ કરવા - ખોટ ખાવી ઊંધો ધંધો કરવો. -મણ રૂની તળાઈએ સૂવું = નિશ્ચિંતતા-સુખચેન હોવા. -યે વર્ષ પૂરાં થવાં = આવી બનવુ, મૃત્યુની તૈયારી થવી. -મું ઓસડ, -મો ઉપાય=મૃત્યુ સામે ઉપાય કે દવા (એ નથી એમ બતાવવા) -સગાનું સગું = બહોળા સગપણવાળુ.]

**સોઇયો** (સો) પું૦ [प्रा. सूई (सं सूची)] મોટી સોય, સોયો

**સોઈ** સ્ત્રી૦ [સર૦ म.] સગવડ; વ્યવસ્થા

**સોઈ** પું૦ [प्रा सूईअ. स सूचिक] સઈ, દરજી

**સોક(-ગ)ટી(-ઠી)** સ્ત્રી૦, **-ટુ(-ઠું)** ન૦ [સર૦ म (सं सारी + काष्ठ?)] સોકટાબાજીનુ મહોરું. [-ઉડાવવી=સોકટાબાજીની રમતમા સામાની સોગટીને બાજીમાથી રદ કરવી (૨) પ્રપંચ ઉઘાડો પાડી દેવો. -મારવી = દાણા પડ્યા હોય તે પ્રમાણે ઘર ગણી સોગટી બાજીમા બેસાડવી (૨) જય મેળવવો; ફાયદો લેવો -મારવી=સામાના મહોરાને બાજીમાથી ઉડાવવુ (૨) ચોટ લગાવવી (૩) કામ સાધી લેવુ; જય મેળવવો -લાગવી = યુક્તિ ફળવી; હેતુ પાર પડવો. સોગઠું ઉડાવી દેવું= તાલકું તોડી નાખવુ, માથુ ઉડાવી દેવુ.] **-ટા(-ઠા)બાજી** સ્ત્રી૦ સોકટા વડે રમવાની એક રમત કે તેનુ સાધન-સરંજામ

સોખમાવું અ૦ક્રિ૦ [प्रा सोक्ख(सं. शुष्क)] (કા) સંકોચાવું, સંકોચ લાગવો
સોગ પું૦ [प्रा.(सं शोक)] (પ.) શોક
સોગઠી(-ઢી), -ઠું(-ઢું), -ઠા(-ઢા)બાજી. જુઓ 'સોકઠી'માં
સોગન [સર૦ हिं], સોગંદ [फा] (સો) પું૦બ૦વ૦ સમ, કસમ, શપથ [-ઉપર=સોગનપૂર્વક -આપવા, ખવડાવવા=સોગન લેવડાવવા -ખાવા, લેવા=સમ ખાવા, પ્રતિજ્ઞા કરવી -ઘાલવા=અમુક ન કરો તો તમને ફલાણાના સમ છે એમ કહેવું] ૦નામું ન૦ સોગન પર કરેલો એકરાર, 'એફિડેવિટ'
સોગાત (સો) સ્ત્રી૦ [तुर्की] નજરાણાની ચીજ
સોગામું વિ૦ ['સોગ' ઉપરથી] (કા) શોકસૂચક (વસ્ત્ર, સોગિયું)
સોગિયું વિ૦ ['સોગ' ઉપરથી] શોકવાળું (૨) ન૦ શોકદર્શક વસ્ત્ર, શોકિયું
સોજ પું૦ [फा] સોજો; દરદ (૨) [લા.] બળતરા; લાગણી
સોજ પું૦ [જુઓ સોજું] ઠાવકાપણું (૨) સૌજન્ય; સદ્વર્તન (૩) ચાલ, ઢબછબ (૪) વિ૦ (૫) સોજું
સોજવણ (સોણ,) અ૦ વસ્તાર; પરિવાર
૦ સોજી સ્ત્રી૦ [સર૦ म; हिं सूजी] મેંદો
સોજીલું વિ૦ [સર૦ સોજું] સારા લક્ષણનું, મળતાવડા સ્વભાવનું
સોજું વિ૦ [प्रा सुज्झ (सं शुध्) ઉપરથી; સર૦ हिं. सोझा] સારું, ઉત્તમ (૨) સ્વચ્છ
સોજો પું૦ [જુઓ સૂજવું] લોહીનો જમાવ થઈ ચામડી ઊપસી આવવી તે (-આવવો, ઊતરવો, ચડવો, બેસવો)
સોટી સ્ત્રી૦ ['સટ' રવ૦ ? સર૦ हिं सोंटा. म सोट] નેતર અથવા ઝાડની પાતળી લાકડી (-ચલાવવી, મારવી, લગાવવી) -ટો પું૦ મોટી જાડી સોટી ડંગોરો (-મારવો, લગાવવો) [-ચલાવવો=માર મારવો (૨) સત્તા ચલાવવી]
સોડ (સોડ,) સ્ત્રી૦ [स+प्रा उव्वट्ट(सं. उद्+वृत्)=પડખું ફેરવવું] પાસું, બાજુ (૨) સ્ત્રી૦ લાજ કાઢવામાં કે સૂતેલું માણસ મોં ઢાંકવા કપડું મોઢા પર લે છે તે (૩) સોડવણ. [-ઘાલવી=સોડવાળ રાખવું -તાણવી, તાણીને સૂવું=પગથી માથા સુધી ઓઢવું (૨) નિરાંતે સૂવું (૩) આળસુ થઈ પડ્યા રહેવું (૪) રિસાઈને સૂવું (૫) મરી જવું -માં ભરાવું=ને પડખે-આશ્રયે જવું] ૦વણ ન૦ ઓઢવાના વસ્ત્ર કે રજાઈ વગેરે સાથે નીચે રખાતું સુંવાળું વસ્ત્ર
સોડ (ડ') પું૦, સ્ત્રી૦ [સોડવું ઉપરથી] વાસ (૨) બો ૦(-૨)મ સ્ત્રી૦ [प्रा सोरभ(सं सौरभ)] વાસ, પરિમળ; ગંધ
સોડવું (ડ') સ૦ક્રિ૦ સૂંઘવું (૨) અ૦ક્રિ૦ ગંધાવું, સોડવું, ગંધ હોવી કે આવવી
સોડણ (સો) સ્ત્રી૦ જુઓ સોડવણ (સુ)
સોડા પું૦ [इं.] એક ખાર ૦વોટર ન૦ સોડાનું પીણું [વાસ આવવી
સોડાવું (ડ') અ૦ક્રિ૦ [જુઓ સોડ] સોડવું;
સોડિયું (સો) ન૦ [જુઓ સોડ સ્ત્રી૦] સ્ત્રીએ પહેરેલા લૂગડાનો ડાબી બાજુનો માથાથી કમર સુધીનો ઝૂલનો ભાગ (-વાળવું)
સોડે (સોડે') અ૦ [જુઓ સોડ સ્ત્રી૦] પડખે, નજીક (૨) પ્રમાણે, રીતે
સોડો (સો) પું૦ જુઓ 'સોડ સ્ત્રી૦' ૨ અર્થ [-તાણવો] (૨) મદદગાર
સોણ પું૦, સ્ત્રી૦ [सं सृणि=હાથીને ઓસવાનું અંકુશ] ફાચર, ખીલી
સોણું ન૦ [हि सोवण] સ્વપ્નું -ણલું ન૦ સોણું (લાલિત્યવાચક)
સોત(-તું) (સો) અ૦ [सं. सहित] સુધ્ધાં
સોત્કંઠ વિ૦ [सं] ઉત્કંઠાવાળું (૨) અ૦ ઉત્કંઠા સાથે, ઉત્કંઠાપૂર્વક
સોત્સાહ અ૦ [सं] ઉત્સાહપૂર્વક
સોથો પું૦ કૂચો (વીંખાઈ, ચૂંથાઈ ગયેલો)
સોદર પું૦ [स] સહોદર, સગો ભાઈ
સોદાગર પું૦ [फा] મોટો વેપારી; કીમતી માલનો વેપારી
સોદાગ(-ગી)રી સ્ત્રી૦ [फा] મોટી કિંમતના

માલનો વેપાર. મોટો વેપાર ૨)સોદાગરપણું
**સોદું** (સો) વિ૦ [फा. सौदा; સર૦ हिं. सौदा, म सोदा] લુચ્ચું; વ્યભિચારી (૨) ઠગ ધૂર્ત –દાઈ સ્ત્રી૦
**સોદો** (સો) પું૦ [तुर्की] વેચવાનો ધંધો, વેપાર (૨) [લા] ખરીદી કે તે કરવાનો સંકેત કે વાયદો (૩) વેપારી સાહસ. [–પાકવો = સોદામાં સફળ થવું, ખરેખર સોદો થવો (૨) વાયદો પૂરો થવો, તેનો સમય થવો ]
**સોધરી** સ્ત્રી૦ (સુ+ધરાવું ?] તૃપ્તિ; સંતોષ
**સોનકાર** પું૦ [સોનું + કાર] + સોની
**સોનચંપો** પું૦ [સોનું+ ચંપો] પીળો ચંપો
**સોનલ** વિ૦ [સોનું પરથી] સોનેરી
**સોનાગેરુ** પું૦ [સોનું+ગેરુ] એક જાતની લાલ માટી [બોળ્યું હોય તે પાણી
**સોનાપાણી** ન૦ [સોનું+પાણી] જેમાં સોનું
**સોનામહોર** સ્ત્રી૦ સોનાનો સિક્કો. [–જેવું = અત્યંત કીમતી –હિતકર કે સુંદર]
**સોનામુખી** સ્ત્રી૦ એક રેચક વનસ્પતિ
**સોનાર** પું૦ [प्रा सुन्नार, सं. सुवर्णकार સર૦ हिं, म.] સોની. ૦ણ સ્ત્રી૦ સોનીની સ્ત્રી
**સોની, ૦મહાજન** પું૦ [સોનું પરથી] સોનારૂપાના ઘાટ ઘડવાનું કામ કરનાર
**સોનું** ન૦ [प्रा सोण्ण (सं. सुवर्ण)] સુનું, પીળા રંગની એક કીમતી ધાતુ [**સોનાનાં નળિયાં કરવાં** = ખૂબ કમાવું; બહુ ધનવાન થવું **સોનાની ઝારેથી લીંપવું** = ઘણું જ સુશોભિત કરવું **સોનાની તક, પળ** = ફરી ફરી ન આવે તેવી સારી તક, અમૂલ્ય અવસર **સોનાની લંકા લૂંટાવી** = ઘણી કીમતી વસ્તુનું ગુમ થવું કે લૂંટાવું **સોનાને ઘૂઘરે રમવું, પારણે ઝૂલવું** = ગર્ભશ્રીમંતાઈમાં ઊછરવું **સોનાનો કોળિયો** = મોઘામાં મોઘો ખોરાક **સોનાનો વરસાદ વરસવો** = પુષ્કળ કમાણી થવી. **સોનાનો સૂરજ ઊગવો** = ખૂબ સુખ ને આબાદીનો સમય આવવો **સોનેથી દાંત ઘસવા** = ધનની મોજ માણવી (૨) ધનાઢ્ય હોવું ]
**સોનેરી** વિ૦ [સોનું પરથી] સોના જેવા પીળા રંગનું (૨) સોનાનું (૩) સોનાનો ઢોળ ચડાવેલું (૪) [લા ] ઉત્તમ, ધ્યાનમાં લેવા જેવું (નિયમ, કાયદો ઇ૦). [–કેળું = એક સારી જાતનું કેળું. –ટોળી = દગાબાજીનાં કામો ચાલાકીથી કરતી બદમાશોની ટોળી ]
**સોનૈયો** પું૦ [સોનું પરથી] સોનાનો સિક્કો. [–કે રૂપૈયો = એક બાળરમત.]
**સોનેટ** ન૦ [इ.] અંગ્રેજી કાવ્યનો એક પ્રકાર
**સોપટ** અ૦ [સર૦ શેપટ] સીધેસીધું, પાધરું
**સોપપત્તિક** વિ૦ [स ] ઉપપત્તિ – પ્રમાણયુક્ત
**સોપાધિ, ૦ક** વિ૦ [सं ] ઉપાધિવાળું
**સોપાન** ન૦ [स ] સીડી. દાદર (૨) પગથિયું
**સોપારા** પું૦ [अ सिपारह] અધ્યાય [–ગણવા, ગણી જવા = નાસી જવું.]
**સોપારી** સ્ત્રી૦, ન૦ [સર૦ हिं., म सुपारी] મુખવાસમાં વપરાતું એક ફળ કોફળ
**સોપો** પું૦ [प्रा. सुप्प (सं स्वप्) ઉપરથી] રાત્રીના પહેલા પહોરમાં પ્રાણીઓ નિદ્રાવશ થતાં વળતો જંપ કે શાંતિ [ત્રાસકો
**સોફ** સ્ત્રી૦ [सं शोफ] સોજો (૨) ભયનો
**સોફવા** પું૦ [स शोफ+વા] શરીર ફૂલી જાય તેવો વાયુનો રોગ
**સોફા** પું૦ [इं] ગાદીવાળી ખુરશીઘાટની એક બેઠક (એકથી વધુ બેસે એવી)
**સોબત** (સો) સ્ત્રી૦ [अ. सुहबत, સર૦ हिं. सोहबत, म ] સાથ, મૈત્રી; સંગ. [**સોબતે ચડવું** = સંગ કરવો] **–તી** પું૦ સાથી મિત્ર
**સોભ** ન૦ [सं शुभ] સૌભાગ્યનું ગીત (વરકન્યા પરણી ઊઠયા પછી ગવાતું)
**સોભાગ** પું૦ જુઓ સૌભાગ્ય (૨) સુવાસણનું ચિહ્ન. સોહાગ (સુ ) [–**ઉતરાવવો, લેવડાવવો** = (વિધવાએ) ચોટલો વગેરે કઢાવી નાખવા. **–રાખવાં** = વૈધવ્ય હોવા છતાં હેવાતણનાં ચિહ્ન કાયમ રાખવાં ] **૦પાંચમ** સ્ત્રી૦ સૌભાગ્ય પંચમી. **૦વંતી** વિ૦ સૌભાગ્યવંતી
**સોભાગવટું** ન૦ [स सौभाग्यवंत ?] બારસાખ ઉપરનું આડું લાકડું

**સોભાન અલ્લા,** ૦હુ [अ सुब्हानल्लाह्] ભલા ભગવાન !' જેવો એક આશ્ચર્યના ઉદ્ગાર
**સોમ** પુ૦ [सं] સોમવલ્લી, તેનો રસ (૨) ચંદ્રમા (૩) સોમવાર (૪) પુ૦ સંગીતમા એક અલંકાર [–નાહ્યા=સોમયાગમાં પૂર્ણાહુતિનુ સ્નાન કરવુ (૨) 'છૂટ્યા, નિરાત થઈ' એવા અર્થનો ઉદ્ગાર]. **૦પ્રદોષ** સોમવારે એક ટંક ખાવાનુ વ્રત **૦પાન** ન૦ સોમરસ પીવો તે. **૦યજ્ઞ, ૦યાગ** પુ૦ જેમા સોમરસ પીવામાં આવતો તેવો એક યજ્ઞ **૦રસ** પું૦ સોમવલ્લીનો માદક રસ. **૦વતી** વિ૦સ્ત્રી૦ સોમવારે આવતી(અમાસ) [–**અમાસ ને શુક્રવાર**=તદ્દન અશક્ય વાત] **૦વદની** વિ૦સ્ત્રી૦ ચંદ્રવદની. **૦વલ્લી, ૦વેલી** સ્ત્રી૦ વેદકાળમા પ્રસિદ્ધ એક લતા, જેના પાનના રસનો યજ્ઞોમા ઉપયોગ થતો **૦વાર** પુ૦ (સં.) અઠવાડિયાનો એક દિવસ. **૦વારિયું** ન૦ (ચ ) કાણમોકાણ (સોમવારે સામાન્યપણે થતુ હોવાથી). **૦વારું** વિ૦ સોમવારનુ, સોમવારે આવતુ કે શરૂ થતું
**સોમલ** પુ૦,ન૦ [अ सम्मुल्फ़ार] એક ઉપધાતુ કે પથ્થર, એક અત્યંત ઝેરી પદાર્થ **૦ખાર** પું૦ ધોળો સોમલ, શંખિયો સોમલ
**સોમવતી. સોમવલ્લી, સોમવાર,–રિયું, –રુ સોમવેલી** જુઓ 'સોમ'મા
**સોમેશ્વર** પુ૦[सं](સ ) એક પ્રસિદ્ધ શિવલિંગ
**સોય** (સો) સ્ત્રી૦ [प्रा सूई (सं सूची)] સીવવાનુ નાકાવાળું, પાતળુ અણીદાર સાધન
**સોય** સ૦ [स स+एव] (પ.) તે
**સોયણી** સ્ત્રી૦ [ 'સોહવું' ઉપરથી ] મોચીનુ ઓજાર (ચામડુ સાફ કરવા માટેનુ )
**સોય(–હિ)ણી** સ્ત્રી૦ [સર૦ हिं सोहिनी (प्रा सोहि, स शोभिन्)] એક રાગિણી
**સોયાબીન** સ્ત્રી૦[इ] એ નામની ફળી કે દાણો (વટાણા જેવો) [સોય, સોયો
**સોયો** (સો) પુ૦ [જુઓ સોય સ્ત્રી૦] મોટી
**સોરટી** સ્ત્રી૦ [इं सोर्टिशन] ઘણા જણની રકમ ભેગી કરી અમુક હિસ્સો નાખી બાકીનામાથી ચિઠ્ઠા નાખી જેનુ નામ આવે તેને નિયત ઇનામ આપવુ તે; 'લૉટરી'
**સોરઠ** પુ૦ [प्रा सोरट्ठ (सं सौराष्ट्र)] (સ ) કાઠિયાવાડનો એક ભાગ, સારાષ્ટ્ર (૨) એક રાગ **–ઠિયાણી** સ્ત્રી૦ સોરઠી સ્ત્રી **–ઠિયો** પું૦ સોરઠમા થતો એક જાતનો ઘોડો **–ઠી** વિ૦ સોરઠ દેશનુ,–ને લગતુ **–ઠો** પુ૦ એક છંદ
**સોરણ** (સો) સ્ત્રી૦; ન૦ ['સોરવુ' ઉપરથી] વિયોગથી થતુ ઝૂરણ સોરવું તે
**સોરમ** સ્ત્રી૦ જુઓ સોડમ [ચેન પડવું
**સોરવવું** સ૦ક્રિ૦ [सु+रमवुं ?] ગમવુ, ગોઠવુ;
**સોરવું** (સો') સ૦ ક્રિ૦ [सं क्षुर्] કેઝરડી કે આછુ છોલી કે ખાપાખૂપી કાઢી સાફ કરવું (૨) [લા ] ખૂબ પૈસા પડાવવા (૩) ભાડવુ
**સોરવું** (સો) અ૦ ક્રિ૦ વિયોગથી ઝૂરવુ
**સોરંગ** વિ૦ + જુઓ સુરંગ
**સોરંગી** સ્ત્રી૦ [સુ+રંગ] એક વનસ્પતિ (જેનો લાલ રંગ બને છે) **૦ભાલ** પું૦ ફક્કડ પુરુષ
**સોરભ** સ્ત્રી૦ [प्रा (सं सौरभ)] + સોરભ
**સોરાટવું** (સો') સ૦ક્રિ૦ ['સોરવુ' પરથી] સોર સોર કરવું, ખૂબ છોલવું(૨)[લા ] ખૂબ ભાડવુ
**સોરામણુ** (સો) સ્ત્રી૦ જુઓ સોરણ
**સોરાવટ** (સો) સ્ત્રી૦ ['સોરવુ ઉપરથી] સોસ
**સોરાસોર** સ્ત્રી૦[ સોરવુ' ઉપરથી] છોલાછોલ; સોરસોરા (૨) [फा शोर પરથી] શોરબકોર (૩) [?] શોધાશોધ
**સોરી** સ્ત્રી૦ [જુઓ સોરવવુ] સોરવવુ–ગમવું તે (૨) કરસણના સાઠાને સુકાવા ઊભા મૂકવા તે [–**વળવી**=નિરાત અનુભવવી ]
**સોરૂ** અ૦ [प्रा सोमर (सं. सादर) ઉપરથી ?] લગીમાં, સુધીમા
**સૉલિસિટર** પુ૦ [इं] અસીલો સાથે સબધ રાખતો એક ધારાશાસ્ત્રી [તરંગ ટુકો
**સોલો** પુ૦ [इ] પત્તાની એક રમત (૨)[લા]
**સોલ્જર** પુ૦ [इं] સૈનિક (૨) ગોરો સૈનિક
**સોલ્લાસ** વિ૦ [सं] ઉલ્લાસવાળુ (૨) અ૦ ઉલ્લાસ સાથે, ઉલ્લાસપૂર્વક
**સોવડા(–રા)વવું** સ૦ક્રિ૦ 'સોવું,' 'સોવાવું'નુ પ્રેરક [ખાતરીપૂર્વક
**સો વસા** ,અ૦ [સો + વસો] લગભગ નક્કી,

**સોવાટ** પું૦ સોવાવું તે
**સોવાવું** અ૦ક્રિ૦ [પ્રા. सोह (સં शोधय्)] અહીં તહીં ફાંફાં મારવાં; મુશ્કેલીમાંથી છૂટવા આમ તેમ બેફામ જેમ દોડવું (૨) 'સોવું'નું કર્મણિ
**સોવા(-હા)સણ(-ણી)** સ્ત્રી૦[પ્રા सोवासिणी (સં सुवासिनी)] સૌભાગ્યવતી [મંડળ
**સોવિયેટ** ન૦[ઇં] ગ્રામપંચાયત જેવું સ્વસત્તાક
**સોવું** સ૦ક્રિ૦ [પ્રા सोह (સં शोधय्)]સૂપડામાં નાખી આમ તેમ ફેરવીને ઝાટકવું
**સોવ્રણ** ન૦ + જુઓ સુવર્ણ **૦કાર** પું૦ સોની
**સોસ** પું૦ [પ્રા. (સં शोष)] અતિશય તરસ; ગળે પડતી સૂક (૨) [લા ] તીવ્ર ઇચ્છા (૩) ફિકર; ચિંતા. [-પડવો = અત્યંત તરસ લાગવી ગળું સુકાવું ] **૦ના** સ્ત્રી૦ સોસ
**સોસવાવું** અ૦ ક્રિ૦ ['સોસવું' પરથી] રસનું સુકાઈ જવું (૨) શરીર સુકાવું (ચિંતાથી)
**સોસવું** અ૦ક્રિ૦[પ્રા सोस (સં. शुष्, शोषय्)] સહન કરવું (૨) સ૦ક્રિ૦ શોષવું ચૂસી લેવું
**સોસળું** વિ૦ ભુલકણું, વીસરભોળું(૨)સૂનું; સંભાળ વિનાનું. **-ળાઈ** સ્ત્રી૦ બેફામપણું
**સોસાયટી** સ્ત્રી૦ [ઇં] મંડળી (૨) સમાજ (૩) ભેગા મળી બાંધેલા મકાનોનો નવો વસવાટ; 'હાઉસિંગ સોસાયટી' [કર્મણિ
**સોસાવું** અ૦ક્રિ૦ જુઓ સોસવાવું(૨)'સોસવું'નું
**સોહવું** અ૦ક્રિ૦ [પ્રા सोह (સં शुभ्)]શોભવું; સોહાવું. **-ણી** સ્ત્રી૦ + શોભા
**સોહં** શ૦ પ્ર૦ [સં] 'તે (બ્રહ્મ) હું છું' એવું એક મહાવાક્ય
**સોહા** સ્ત્રી૦ [પ્રા. (સં शोभा)] (પ) શોભા **૦ગ** વિ૦ (પ) સોહાગી, શોભીતું
**સોહાગ** પું૦ [પ્રા. सोहग्ग (સં सौभाग्य)] હેવાતન (૨) રૂડું ભાગ્ય (૩) હેવાતનનું કોઈ પણ ચિહ્ન (જેમ કે ચૂડી, ચોટલો, ચાલ્લો ઇ૦) (૪) વિ૦ જુઓ 'સોહા'માં [**-ઉતરાવવો, લેવરાવવો** = હેવાતનનાં ચિહ્ન કઢાવી નાખવાં **-રાખવો** = વિધવા થયા છતાં સૌભાગ્યવતીનાં ચિહ્ન કાયમ રાખવાં.] **૦ણ** વિ૦ સ્ત્રી૦ સૌભાગ્યવતી
**સોહાગી** વિ૦ [જુઓ સુહાગ] સુશોભિત(૨) સારા ભાગ્યવાળું, સુખી (૩) આનંદી
**સોહામણું સોહાવનું** + વિ૦ [જુઓ સોહાવું; સર૦ મ. सुहावना, हिं सोहावना] સુશોભિત
**સોહાવવું** સ૦ક્રિ૦ 'સોહ(-હા)વું'નું પ્રેરક
**સોહાવું** અ૦ક્રિ૦ જુઓ સોહવું [સોહાગણ
**સોહાસણ(-ણી)** સ્ત્રી૦ [જુઓ સોવાસણ]
**સોહિણી(-ની)** સ્ત્રી૦ [જુઓ સોયણી] એક રાગિણી (૨) + સ્વરૂપવતી સ્ત્રી
**સોહોર** પું૦[જુઓ શોર] + ઘોઘાટ, શોરબકોર
**સોહ્ય** વિ૦ [જુઓ સોહવું] + સુંદર; સોહતું
**સોહ્યલું** વિ૦ ['સોહવું' ઉપરથી] સોહામણું (૨) સહેલું (૩) સુખદાયક (૪) ન૦ મનગમતી શૃંગારચેષ્ટા કે રમત. **-લો** પું૦ ભભકો રોફ (૨) આનંદનો ઉછાળો, ઉત્સવ (૩) સૌભાગ્યનું અભિમાન
**સોળ** વિ૦ [પ્રા सोलस (સં षोडशन्)] '૧૬'. [**-મી ઘડી જવી** = ગભરાઈ જવું, આફત આવી પડવી **-વાલ ને એક રતી** = બરાબર; સાચું; ન્યાયપુરઃસર **સોળશ ને મંગળવારે** = કદી જ નહીં. **સોળે કળા** = પૂરેપૂરું, પૂર્ણ (ચંદ્રની ૧૬ કળા ઉપરથી) **સોળે શણગાર સજીને** = પૂરેપૂરો ઠાઠ કરીને (સોળ શણગાર છે તે ઉપરથી) **સોળે સંસ્કાર થઈ ચૂકયા** = બધાં સુખદુઃખ વીતી ચૂકવાં (સંસ્કાર સોળ છે તે ઉપરથી) **સોળે સોકટી કાચી હોવી** = બધું જ કરવાનું બાકી હોવું **સોળે સોપારા ભણવા** = બધી રીતે હોશિયાર થવું (સોળ અધ્યાય ઉપરથી) **સોળેસોળ આની** = જોઈએ તેવું; બરાબર.] **૦ફૂકી(-ટી)** સ્ત્રી૦ સોળે ફૂકીથી રમાતી એક બાજી **૦પેજી** વિ૦ [+ ઇં. પેજ = પૃષ્ઠ] (છાપવામાં) સોળ પૃષ્ઠ થાય એવા કદનું **૦ભત્તું** ન૦ [પ્રા भत्तअं (સં. भक्तकम्)] સોળ ટંક ઉપવાસનું વ્રત (જૈન)
**સોળ** (સો) પું૦, **-ળું** ન૦ [જુઓ સળ] (સોટી વગેરેના) મારનો શરીર પર પડતો આંકો [**-ઊઠવા, પડવા, સોળાં ઊઠવાં** = જુઓ 'સળ'માં.]

**સોળું** વિ૦ [प्रा. सोह (स शोधय्) ઉપરથી; સર૦ म. सोवळा] ધોઈને અલગ રાખેલું (૨) ન૦ [સર૦ म. सोवळें] અબોટિયું (૩) મરજાદ [**સોળામાં હોવું**=અબોટિયું પહેર્યું હોવું કોઈને ન અડાય તેવી શુદ્ધ સ્થિતિમાં હોવું.] [લાબો વળો

**સોળૈયો** પું૦ ['સોળ' વિ૦ ઉપરથી] સોળ ફૂટનો

**સોં** (સોં૦) સ્ત્રી૦ [स सज्ञा] ભાન, શુદ્ધિ (૨) સમજણ; અક્કલ (૩) સ્ફૂર્તિ; તેજી

**સોંગ** (સો પું૦ [જુઓ સ્વાંગ] નાટકમાંનો વેશ. કૃત્રિમ દેખાવ (૨) ઢોંગ [–ધરવો, લેવો=વેશ લેવો]

**સોંઘ**, **૦વારી** (સોં૦) સ્ત્રી૦, **–ઘારત(–થ)** સ્ત્રી૦, ન૦ [જુઓ સોંઘું] સસ્તાપણું, છત

**સોંઘું** (સોં૦) વિ૦ [सं स्वर्घक] ઓછા ભાવનું; સસ્તું [–મોંઘું થવું=માન માગવું]

**સોંઠવું** (સોં૦) સ૦ક્રિ૦ ['ઠાસવું'નો વ્યત્યય?] આપવું (૨) ગરજ હોય ત્યારે ઇચ્છા ન હોય તોપણ આપવું [(૨) સાઠવું, જવું

**સોંઢવું** (સોં૦) અ૦ક્રિ૦ જુઓ સૂઢવું તૈયાર થવું

**સોંધો** (સોં૦) પું૦ [प्रा सोगंधिअ (स सौगन्धिक)] એક સુગંધીદાર પદાર્થ

**સોંપણ** (સોં૦) સ્ત્રી૦ ['સોંપવું' ઉપરથી] સુપરત; ભાળવણી, સોંપેલું તે

**સોંપરત** (સોં૦) સ્ત્રી૦ જુઓ સુપરત

**સોંપવું** (સોં૦) સ૦ક્રિ૦ [सं समर्प, સર૦ म. सोपणें, हिं. सौंपना] કોઈના કબજામાં સાચવવા આપવું, ભાળવવું

**સોંફ** (સોં૦) સ્ત્રી૦ [સર૦ हिं सौंफ (सं. शतपुष्पा, प्रा सअ+पुप्फा)] વરિયાળી

**સોંસરવું** **સોંસરું** (સોં૦) વિ૦ (૨) અ૦ [सं सस्र के सु-सृ?] આરપાર. [–નીકળવું, પડવું-સોંસરું જવું (૨) ન પચવું.]

**સૌ** વિ૦ [अप सउ, प्रा. सव्व (सं सर्व)] સઘળું; સર્વ સહુ (૨) અ૦ પણ, સુધ્ધાં; વળી ઉદા૦ તું સૌ (હો) આવજે

**સૌકર્ય** ન૦ [सं] સુકરતા, સહેલાઈ [મૃદુતા

**સૌકુમાર્ય** ન૦ [सं] સુકુમારતા; નાજુકતા;

**સૌખ્ય** ન૦ [सं] સુખ, આરોગ્ય

**સૌગત(–તિક)** પું૦ [सं.] સુગત–બુદ્ધનો અનુયાયી

**સૌજન્ય** ન૦ [स] સુજનતા, ભલાઈ

**સૌત્રામણ** પું૦ એક દેશી પીણું (૨) [स सौत्रामणी] એક યજ્ઞ

**સૌદામ(–મિ)ની** સ્ત્રી૦ [स.] વીજળી

**સૌદાયક** વિ૦ કન્યાને સગા તરફથી ભેટ તરીકે અપાતી (વસ્તુ) (૨) ન૦ લગ્નની ભેટ

**સૌભાગ્ય** ન૦ [स] સારું ભાગ્ય (૨) સુખ; આનંદ, કલ્યાણ (૩) સધવાવસ્થા (૪) ઐશ્વર્ય (૫) સૌન્દર્ય (૬) જ્યોતિષમાં એક યોગ **૦ચિહ્ન** ન૦ સૌભાગ્યાવસ્થા સૂચવનારાં સ્ત્રીનાં આભૂષણ (ચાંલ્લો, કેશ વગેરે) **૦દ્રવ્ય** ન૦ હળદર, કંકુ અક્ષત વગેરે માંગલિક વસ્તુઓ **૦પંચમી** સ્ત્રી૦ કાર્તિક સુદિ પાંચમ. **૦વ(–વં)તી** વિ૦ સ્ત્રી૦ સધવા, સુવાસિની. **૦વર્ધ(૦ક)** વિ૦ સૌભાગ્ય વધારનાર

**સૌભ્રાત્ર** ન૦ [स] સમાર્ગ કે પ્રેમનો સંબંધ

**સૌમનસ્ય** ન૦ [स] પ્રસન્નતા [લક્ષ્મણ

**સૌમિત્ર(–ત્રિ)** પું૦ [स](સં)સુમિત્રાનો પુત્ર–

**સૌમ્ય** વિ૦ [सं] સુશીલ, શાંત (૨) મનોહર સુંદર

**સૌર** વિ૦ [सं] સૂર્ય સંબંધી **૦માસ** પું૦ એક રાશિમાં જેટલો કાળ સૂર્ય રહે તેટલો કાળ. **૦વર્ષ** ન૦ એક મેષસંક્રાંતિથી માંડીને ૧૨ રાશિ ફરીને પાછા મેષ રાશિમાં આવતાં સૂર્યને જેટલો કાળ જાય તેટલો કાળ

**સૌરભ** ન૦ [स] સુગંધ

**સૌરાષ્ટ્ર** પું૦, ન૦ [स] (સં) સોરઠ દેશ **–ષ્ટ્રી** વિ૦ સૌરાષ્ટ્રનું (૨) પું૦ ત્યાંનો વતની (૩) સ્ત્રી૦ ઉત્તર ગુજરાતની જૂની પ્રાકૃત ભાષા

**સૌવર્ણ** વિ૦ [स] સુવર્ણનું; સોનેરી

**સૌવીર** પું૦ [स] (સં) સિંધુ નદીની આસપાસનો એક પ્રાચીન દેશ

**સૌવીરી** સ્ત્રી૦ [सं] મધ્યમ ગ્રામની એક મૂર્છના

**સૌશીલ્ય** ન૦ [सं] સુશીલતા, સદ્વર્તન

**સૌષ્ઠવ** ન૦ [सं] ઉત્કૃષ્ટપણું (૨) સુઘડતા (૩) ચપળતા, લાઘવ **૦પ્રિય** વિ૦ સૌષ્ઠવ જેને પ્રિય છે તેવું

**સૌહાર્દ(–ર્દ્ય)** ન૦ [स] સુહૃદતા, મિત્રતા

**સૌંદર્ય** ન૦ [सं] સુંદરતા

**સ્કંદ** પું૦ [સં.] (સ ) કાર્તિકેય

**સ્કંધ** પું૦[સં.] ખભો (૨) ડાળી (૩) થડ (૪) સૈન્યનો વ્યૂહ (૫) સમુદાય (૬) વિભાગ, પ્રકરણ

**સ્કાઉટ** પું૦[ઇં] મુખ્યત્વે છોકરાઓની તાલીમ માટે રચાયેલા, એ નામના એક સંઘનું માણસ

**સ્કૂલ** સ્ત્રી૦ [ઇં] શાળા, નિશાળ

**સ્કૉલરશિપ** સ્ત્રી૦ [ઇં.] શિષ્યવૃત્તિ

**સ્ક્રૂ** પું૦ [ઇં] પેચવાળો ખીલો

**સ્ખલન** ન૦[સં] ભૂલ; ચૂક (૨) સન્માર્ગથી ચ્યુત થવું તે (૩) ટપકવું, ઝરવું કે પડવું તે (૪) ઠોકર (૫) તોતડાવું તે. **૦શીલ** વિ૦ વારવાર સ્ખલન કર્યા કરનાર

**સ્ખલિત** વિ૦ [સં.] સ્ખલન પામેલું [ચૂલો

**સ્ટવ** પું૦ [ઇં] ઘાસતેલથી બળતો એક જાતનો

**સ્ટાફ** પું૦ [ઇં] કોઈ કાર્યાલય કે કચેરીમાં કામ કરતા બધા સેવકોનો સમૂહ

**સ્ટાંપ** (૦) પું૦ જુઓ સ્ટૅમ્પ. [**–પર લખી આપવું** = કાનૂની ચોકસાઈ કે જવાબદારીથી લખાણ કરવું પાકું લખી આપવું.]

**સ્ટીમર** સ્ત્રી૦ [ઇં.] આગબોટ [જાણનાર

**સ્ટેનોગ્રાફર** પું૦ [ઇં.] લઘુલિપિમાં લખી

**સ્ટૅન્ડ** પું૦ [ઇં.] (વાહનોનો) થોભો; ઊભા રહેવાની જગા (૨) મૂકવાની ઘોડી–ઘોડો ઇ૦

**સ્ટૅન્સિલ પેપર** પું૦ [ઇં.] જેના પર કાપાવાળી લોખંડી કલમથી લખીને, ઉપર શાહી ચોપડી ઘણી નકલો કાઢી શકાય તેવો એક કાગળ

**સ્ટૅમ્પ** પું૦ [ઇં] સિક્કો કે તેની છાપ (૨) (ખતદસ્તાવેજની) ટિકિટ કે એનો સરકારી કાગળ (૩) [લા.] ખત, દાવા વગેરે અંગે આપવો પડતો સરકારી વેરો કે તેનો ખર્ચ; ઉદા૦ કેટલો સ્ટૅમ્પ આપવો પડ્યો?

**સ્ટેશન** ન૦ [ઇં.] આગગાડીને થોભવાનું મથક (૨) કોઈ મથક, જેમ કે પોલીસ સ્ટેશન. **૦માસ્તર** પું૦ સ્ટેશનનો વડો અમલદાર

**સ્ટેશનરી** સ્ત્રી૦[ઇં] લેખનસાહિત્ય, લખવાના કામને માટે જરૂરી બધી સાધન-સામગ્રી

**સ્ટોઇક** વિ૦ (૨) પું૦ [ઇં.] ઝીનો નામે એક ગ્રીક તત્ત્વજ્ઞાનીની ફિલસૂફીને લગતું કે તેને માનનારું

**સ્ટૉક** પું૦ વેપાર વણજની વસ્તુ કે માલનો જથો. [**–લેવો** = સ્ટૉક હિસાબે બરોબર છે કે નહિ તે તપાસવું.] (આ ઇ૦ની)

**સ્ટૉલ** પું૦, સ્ત્રી૦ [ઇં.] દુકાન (સ્ટેશન પર છાપા

**સ્તન** ન૦ [સં.] થાન; ધાઈ. **૦પાન** ન૦ ધાવવું તે. **–નંધય** વિ૦ (૨) ન૦ [સં] ધાવણું (બાળક) **–ન્ય** ન૦ [સં.] દૂધ [અધ્યાય

**સ્તબક** પું૦ [સં] ફૂલનો ગુચ્છો (૨) પરિચ્છેદ;

**સ્તબ્ધ** વિ૦ [સં.] આશ્ચર્યચકિત, દિઙ્મૂઢ (૨) જડ; નિશ્ચેષ્ટ

**સ્તર** પું૦ [સં.] થર

**સ્તવ** પું૦,**૦ન** ન૦ [સં.] સ્તુતિ. **૦નીય** વિ૦ સ્તુત્ય; સ્તવ્ય **૦વું** સ૦ ક્રિ૦ [સં સ્તુ] સ્તુતિ કરવી **–૦્ય** વિ૦ સ્તુતિ કરવા યોગ્ય

**સ્તંબ** પું૦ [સં] ઝૂમખું; ઝૂડ

**સ્તંભ** પું૦ [સં.] થાંભલો, ટેકો (૨) જડતા, નિશ્ચેષ્ટતા (૩) પ્રતિબંધ, રુકાવટ, નિયમન (૪) કાવ્યના અષ્ટભાવમાંનો એક. **૦ન** ન૦ થોભાવવું, અટકાવવું કે રોકવું તે (૨) સહારો; ટેકો (૩) જડ કે નિશ્ચેષ્ટ કરી દેવું તે (મંત્ર કે પ્રયોગથી) **૦વું** અ૦ક્રિ૦ [સં સ્તમ્] થોભવું. **–ભિત** વિ૦ [સં.] થોભાવેલું (૨) ટેકવેલું (૩) સ્તબ્ધ

**સ્તાન** ન૦ [ફા.] 'સ્થાન' એ અર્થમાં નામને લાગે છે. ઉદા૦ હિંદુસ્તાન

**સ્તુતિ** સ્ત્રી૦ [સં.] ગુણગાન, તારીફ, વખાણ (૨) દેવદેવીની સ્તુતિ–પ્રાર્થના. **૦પાઠ** પું૦ સ્તુતિ ગાવી તે **૦પાઠક** પું૦ ભાટ; ચારણ. **૦પાત્ર** વિ૦ પ્રશંસા કરવા યોગ્ય

**સ્તુત્ય** વિ૦ [સં.] સ્તુતિપાત્ર, વખાણવા જેવું

**સ્તુત્યર્થવાદ** પું૦ [સં.] (વ્યા.) મૂળવાદમાં વધારો કરી વિશેષ કહેવું તે

**સ્તૂપ** પું૦ [સં] રાશિ; ઢગલો (૨) ઘુમ્મટ જેવું બાંધકામ (બુદ્ધના અવશેષો ઉપર)

**સ્તેન** પું૦ [સં.] ચોર

**સ્તેય** ન૦ [સં.] ચોરી

**સ્તોતા** પું૦ [સં.] સ્તુતિ કરનાર

**સ્તોત્ર** ન૦ [સં] કોઈ પણ દેવની છંદોબદ્ધ સ્તુતિ

**સ્તોમ** પું૦[સં]સ્તુતિ; સ્તવન (૨) યજ્ઞ (૩) સમૂહ

**સ્ત્યાન** ન૦ [સં] સ્થૂળતા, જાડપણ (૨)(યોગમાં) પ્રમાદ, ઇંદ્રિયોની જડતા કે અશક્તિ

**સ્ત્રિયારાજ** ન૦ જુઓ ત્રિયારાજ

**સ્ત્રિયાળ(-ળુ)** વિ૦ સ્ત્રી જેવા સ્વભાવનું, પોચું અને વેવલું (૨) સ્ત્રીઘેલું

**સ્ત્રી** સ્ત્રી૦ [સં] બૈરી (૨) પત્ની. [**-કરવી** =પરણવું; નાતરું કરવું **-માં આવવું, -વેશમાં આવવું** = ઋતુમાં આવવું; ઉમ્મર લાયક થવું] **૦કેસર** ન૦ ફૂલનો માદા બીજવાળો રેસો. **૦કેળવણી** સ્ત્રી૦ સ્ત્રીઓની કેળવણી. **૦ચરિત(-ત્ર)** ન૦ સ્ત્રીની ચતુરાઈ **૦જન** ન૦ બાઈ માણસ, બૈરું **૦જાતિ** સ્ત્રી૦ આખો સ્ત્રીવર્ગ. **૦જિત** વિ૦ નારજિત, બૈરીને વશ, બૈરીના કહ્યામાં રહેનાર **૦ત્વ** ન૦ **૦દાક્ષિણ્ય** ન૦ સ્ત્રી તરફ માનભરી વર્તણૂક, 'શિવલરી' **૦ધન** ન૦ સ્ત્રીની પોતાની જ માલકીનું ધન. **૦ધર્મ** પું૦ સ્ત્રીનો ધર્મ – તેના ખાસ ગુણલક્ષણ વગેરે કે કર્તવ્યાદિ (૨) રજોદર્શન **૦પાત્ર** ન૦ કથા નાટ્ય વગેરેનું નારીપાત્ર. **૦પુરુષસંબંધ** પું૦ સ્ત્રી અને પુરુષ વચ્ચે સંસર્ગ, સંબંધ ઇ૦ વ્યવહાર. **૦બહુમાન** ન૦ સ્ત્રીઓ પ્રત્યેનું આદરમાન, સ્ત્રીદાક્ષિણ્ય. **૦બુદ્ધિ** સ્ત્રી૦ સ્ત્રીની બુદ્ધિ (૨) સ્ત્રીની સલાહ. **૦લિંગ** ન૦ નારી જાતિ (વ્યા). **૦શિક્ષક** પું૦,સ્ત્રી૦ શિક્ષિકા. **૦શિક્ષણ** ન૦ સ્ત્રીકેળવણી **૦સ્વભાવ** પું૦ સ્ત્રીનો સ્વભાવ **૦સ્વાતંત્ર્ય** ન૦ સ્ત્રીઓની સ્વતંત્રતા **૦હઠ** સ્ત્રી૦ સ્ત્રીની હઠ (૨) [લા.] ભારે, જબરી હઠ. **૦હત્યા** સ્ત્રી૦ સ્ત્રીની હત્યા કે તેને માર્યાનું પાપ

**સ્ત્રૈણ** વિ૦ [સં] સ્ત્રી જેવું (૨) બીકણ અને વેવલું, નામર્દ (૩) ન૦ સ્ત્રીત્વ (૪) નામર્દાઈ. **૦તા** સ્ત્રી૦, **૦પણું** ન૦

**-સ્થ** અ૦ [સં.] 'રહેનારું, રહેલું' એ અર્થમાં સમાસને અંતે ઉદા૦ કંઠસ્થ, માર્ગસ્થ

**સ્થગિત** વિ૦ [સં] થંભી ગયેલું, રોકાયેલું (૨) રોકી દીધેલું; ખસેડાય કે વપરાય નહીં તેમ ઠરાવેલું – કરેલું

**સ્થપતિ** પું૦ [સં] શિલ્પી; સ્થાપત્ય જાણનાર

**સ્થલ(-ળ)** ન૦ [સં.] જગા, સ્થાન (૨) જમીન **૦ચર** વિ૦ જમીન ઉપર ફરનારું કે રહેનારું **૦દેવતા** પું૦ બ૦વ૦; સ્ત્રી૦ અમુક સ્થળની પાલક દેવી કે દેવ **૦પદ્મ** ન૦ બિલાડીનો ટોપ(?) **૦માર્ગ** પું૦ જમીન પર થઈને જતો માર્ગ. **૦વાચક** વિ૦ સ્થળનો બોધ કરનારું (વ્યા) **૦વિદ્યા** સ્ત્રી૦ ભૂગોળવિદ્યાનો સ્થળો વિષેની વિગતવાર માહિતીનો ભાગ, 'ટૉપોગ્રાફી' **-લાં(-ળાં)તર** ન૦ [+અંતર] અન્ય સ્થળ (૨) ઠામબદલો, સ્થળની ફેરબદલી. **-લી(-ળી)** સ્ત્રી૦ [સં] જગા, પ્રદેશ

**સ્થવિકા** સ્ત્રી૦ [સં] થેલી

**સ્થવિર** વિ૦ [સં] વૃદ્ધ (૨) પું૦ ડોસો (૩) દશ વર્ષ જૂનો બૌદ્ધ સાધુ. **-રા** સ્ત્રી૦ ડોસી

**સ્થળ, ૦ચર, ૦દેવતા, ૦માર્ગ, ૦વાચક, ૦વિદ્યા, -ળાંતર, -ળી** જુઓ 'સ્થલ'માં

**સ્થંડિલ** ન૦ [સં] યજ્ઞ માટે તૈયાર કરેલી જમીન (૨) ઓટલી

**સ્થાણુ** વિ૦ [સં.] સ્થિર, અચલ (૨) પું૦ ડાળાપાંખડા વિનાનું થડ, ઠૂંઠું (૩) [સં] મહાદેવ **૦ખનનન્યાય** પું૦ થાંભલો રોપીને તેને તપાસી જોવા હલાવી જુએ છે તેમ, વસ્તુ કર્યા પછી તેને તપાસી જોવી તે

**સ્થાન** ન૦ [સં] જગા, ઠેકાણું, સ્થળ (૨) રહેઠાણ (૩) પદ, પદવી. **૦ક** ન૦ સ્થાન, રહેઠાણ (૨) બેઠક, આસન (૩) પદવી, દરજ્જો. **૦કવાસી** પું૦ (૨) વિ૦ જૈનોનો એક સંપ્રદાય, તેનું કે તેને લગતું **૦ભ્રષ્ટ** વિ૦ પોતાના સ્થાનથી ભ્રષ્ટ થયેલું (૨) પદભ્રષ્ટ, હોદ્દા ઉપરથી કાઢી મૂકેલું (૨) ગાવામાં નીચે સપ્તકમાં ન પહોંચી શકનાર **-નાંતર** ન૦ [+અંતર] જુઓ સ્થલાંતર

**સ્થાનિક** વિ૦ [સં] અમુક મર્યાદિત સ્થાનનું, કે તેને લગતું **૦સ્વરાજ(-જ્ય)** ન૦ સુધરાઈ જેવાં જાહેર કામો સ્થાનિક લોકો ચલાવે તેવી વ્યવસ્થા. 'લોકલ સેલ્ફ-ગવર્નમેન્ટ'

**સ્થાપક** વિ૦ (૨) પું૦ [સં] સ્થાપન કરનાર

**સ્થાપત્ય** ન૦ [સં.] સ્થપતિનું કામ કે વિદ્યા,

શિલ્પશાસ્ત્ર (૨) ઇમારત; બાંધકામ

**સ્થાપન** નo, **–ના** સ્ત્રીo [सं.] સ્થાપવું–સ્થાપિત કરવું તે

**સ્થાપવું** સoક્રિo [सं स्थापय्] પ્રતિષ્ઠા કરવી; નિર્માણ કરવું (૨) જગા પર મુકરર કરવું (૩) પ્રમાણપૂર્વક સાબિત કરવું

**સ્થાપિત** વિo [सं] સ્થાપેલું

**સ્થાય** પુંo [सं] આધાર, પાત્ર (૨) સામર્થ્ય (૩) સ્થાન; મુકામ (૪) રાગનો એક અવયવ (સંગીત). **oભંજની** સ્ત્રીo સ્થાયનું ભંજન કરતો આલાપ

**સ્થાયી** વિo [सं] ઘણી વાર ટકે તેવું; ટકાઉ (૨) સ્થિર. **–યિત્વ** નo સ્થાયીપણું **oભાવ** પુંo જે ભાવો ચિત્તમાં સંસ્કારરૂપે હમેશાં વર્તમાન હોય છે અને વિભાવ આદિથી અભિવ્યક્ત થઈ રસપણાને પામે છે તે (રતિ, હાસ્ય, શોક, ક્રોધ, ઉત્સાહ, ભય, નિંદા, વિસ્મય અને નિર્વેદ) [કા શા.]. **oસમિતિ** સ્ત્રીo કોઈ મંડળના સામાન્ય બધા કામો કરતી રહેનારી નાની તેની કાયમી સમિતિ, 'સ્ટૅન્ડિંગ કમિટી'

**સ્થાલી** સ્ત્રીo [सं] થાળી; કથરોટ; ખૂમચો. **oપુલાકન્યાય** પુંo વાસણમાંથી એક ચોખાનો દાણો દબાવી જોઈને બધા ચોખા ચડ્યા છે કે કાચા છે તે નક્કી કરવામાં આવે છે તેમ, વસ્તુનો એક અંશ જાણી સમગ્રની કલ્પના કરવી તે (ન્યા)

**સ્થાવર** વિo [सं] અચલ, સ્થિર (૨) ખસી શકે નહિ તેવું ('જંગમ'થી ઊલટું) (૩) પુંo પર્વત. **oતા** સ્ત્રીo

**સ્થિત** વિo [सं] રહેલું, નિવાસી (૨) અચલ; સ્થિર **oપ્રજ્ઞ** વિo [सं] જેની બુદ્ધિ સ્થિર છે એવું; જ્ઞાની

**સ્થિતિ** સ્ત્રીo [सं.] એક સ્થાન કે અવસ્થામાં સ્થિર રહેવું તે (૨) નિવાસ (૩) અવસ્થા, દશા (૪) પદ, દરજ્જો (૫) મર્યાદા. **oચુસ્ત** વિo 'કૉન્ઝરવેટિવ' **oશાસ્ત્ર** નo 'સ્ટૅટિક્સ' (ગ.). **oસ્થાપક** વિo અસલ સ્થિતિને વળગી રહેનારું (૨) રબર પેઠે, વાળીએ તો વળે પણ છોડી દઈએ કે તરત પોતાની મૂળ સ્થિતિએ ચાલ્યું જાય તેવું. **oસ્થાપકતા** સ્ત્રીo, **oસ્થાપકત્વ** નo

**સ્થિત્યંતર** નo [सं.] બીજી–નવી સ્થિતિ

**સ્થિર** વિo [सं.] હાલતું ચાલતું ન હોય તેવું (૨) દૃઢ, અટલ (૩) સ્થાયી, નિત્ય (૪) નિશ્ચિત. **oતા** સ્ત્રીo **oચિત્ત** વિo સ્થિર ચિત્તવાળું **oબુદ્ધિ** વિo સ્થિતપ્રજ્ઞ. **oવીર્ય** વિo જેનું વીર્ય અચલિત છે એવું, બ્રહ્મચારી

**સ્થૂલ(-ળ)** વિo [सं.] જાડું; મોટું (૨) મૂર્ખ; જડ (૩) સૂક્ષ્મ નહિ તેવું; સામાન્ય ઇંદ્રિયો તેમ જ બુદ્ધિથી ગ્રહણ કરી શકાય તેવું. [–દૃષ્ટિ =ઉપર ઉપરની તપાસ, નજર, વિચાર] **oતા** સ્ત્રીo **oદેહ** પુંo પંચભૂતાત્મક શરીર

**સ્થૈર્ય** નo [सं] સ્થિરતા

**સ્નાત** વિo [सं] નાહેલું (૨) અભ્યાસ પૂરો કરીને આવેલું હોઈ સમાવર્તન સંસ્કાર કર્યો હોય તેવું (૩) પુંo તેવો આદમી

**સ્નાતક** પુંo [सं] જુઓ સ્નાત (૨) વિદ્યાપીઠની પદવીવાળો; ગ્રેજ્યુએટ

**સ્નાન** નo [सं.] નાહવું તે, નાવણ (૨) મરણ નિમિત્તે નાહવું તે; સનાન [**–આવવું, લાગવું**=સગાના મરણ નિમિત્તે નાહવાનું થવું. **–કરવું** =નાહવું (૨) [લા] મરેલું ગણવું; સંબંધ તોડી નાખવો. **–માંડવું**=કાણ માંડવી] **oગૃહ** નo નાહવાની ઓરડી

**સ્નાયુ** પુંo [सं] માંસના તંતુ, જેનાથી અવયવો હલાવી કરી શકાય છે. **oબદ્ધ** નo બંધાયેલા મજબૂત સ્નાયુઓવાળું [**oતા** સ્ત્રીo

**સ્નિગ્ધ** વિo [सं] લીસું કોમળ (૨) ચીકણું.

**સ્નુષા** સ્ત્રીo [सं.] દીકરાની વહુ

**સ્નેહ** પુંo [सं.] પ્રેમ; પ્રીતિ, વહાલ (૨) ચીકણો પદાર્થ, તેલ. **oલગ્ન** નo એકબાજુના સ્નેહથી ખેંચાઈને કરેલું લગ્ન **oસંમેલન** નo સ્નેહીઓનો મેળાવડો; 'સોશિયલ ગૅધરિંગ'. **oહત્યા** સ્ત્રીo પ્રેમની હત્યા; પ્રેમનો ભંગ કર્યાનો દોષ. **–હાકર્ષણ** નo[+ आकर्षण] સ્નેહનું આકર્ષણ **–હાધીન** વિo [+ अधीन] સ્નેહને વશ, સ્નેહાંકિત

–હાળ વિ૦ હેતાળ, સ્નેહવાળું. –હાંકિત વિ૦ [+અંકિત] સ્નેહી, સ્નેહથી શોભા પામેલું (પત્રમાં અંતે પ્રાયઃ લખાય છે) –હી વિ૦ સ્નેહવાળું' પ્રેમી (૨) પું૦ મિત્ર પ્રિયજન

**સ્પર્ધવું** અ૦ક્રિ૦ [સં. સ્પર્ધ્] સ્પર્ધા કરવી

**સ્પર્ધા** સ્ત્રી૦ [સં] સરસાઈ હરીફાઈ (૨) ઈર્ષ્યા, દ્વેષ ૦સ્પર્ધી સ્ત્રી૦ હરીફાઈ, ચડસાચડસી

**સ્પર્ધાળુ** વિ૦ ચડસીલું (૨) અદેખું, દ્વેષીલું

**સ્પર્શ** પું૦ [સં] સ્પર્શવું–અડવું તે (૨) સંસર્ગ (૩) સ્પર્શેન્દ્રિયથી થતું જ્ઞાન (૪) [લા] લવ, લેશ (૫) અસર (સંસર્ગ કે સ્પર્શની) ૦ક પું૦ 'ટૅન્જન્ટ' (ગ) ૦કાલ(–ળ) પું૦ ગ્રહણ શરૂ થાય તે વખત ૦કોણ પું૦ 'ઇન્ટ્રિન્ઝિક ઍન્ગલ' (ગ) ૦જન્ય વિ૦ સ્પર્શથી થતું ૦જીવા સ્ત્રી૦ જુઓ સંપર્ક-જીવા ૦તા સ્ત્રી૦ સ્પર્શ હોવો તે, અસર કે સંસર્ગ ૦ન ન૦ સ્પરશ, સ્પર્શવું તે. ૦બિંદુ ન૦ 'પૉઇન્ટ ઑફ કૉન્ટૅક્ટ' (ગ). ૦મણિ ન૦ પારસમણિ

**સ્પર્શવું** સ૦ક્રિ૦ [સં સ્પૃશ્] અડવું, સ્પર્શ કરવો

**સ્પર્શવ્યંજન** પું૦ [સં] (વ્યા.) ક થી મ પર્યંતના ૨૫ વ્યંજન; તે વ્યંજનમાંનો દરેક

**સ્પર્શાસ્પર્શ** પું૦ [સં.], –ર્શી સ્ત્રી૦ આભડછેટ

**સ્પર્શેન્દ્રિય** સ્ત્રી૦ [સં] ત્વગિંદ્રિય, ચામડી

**સ્પષ્ટ** વિ૦ [સં.] સહેલાઈથી દેખી કે સમજી શકાય તેવું, ખુલ્લું; સ્ફુટ ૦તા સ્ત્રી૦. ૦વક્તા પું૦ ખરાબોલો, ચોખ્ખેચોખ્ખું કહી દેનારો –ષ્ટીકરણ ન૦ [સં.] સ્પષ્ટ કરવું તે; ખુલાસો –ષ્ટોક્તિ સ્ત્રી૦ [+ઉક્તિ] સાફ–સ્પષ્ટ કહેવું તે [પલકારો,

**સ્પંદ** પું૦, ૦ન ન૦ [સં] થડકો, સ્ફુરણ, કંપ,

**સ્પિરિટ** પું૦ [ઇં] દારૂ (૨) બાળવાનો દારૂ

**સ્પૃશ્ય** વિ૦ [સં] અડકવા યોગ્ય

**સ્પૃષ્ટ** વિ૦ [સં] સ્પર્શાયેલું (૨) [વ્યા] સ્પર્શ-વ્યંજનને અંગેનો (વાણીનો પ્રયત્ન)

**સ્પૃહણીય** વિ૦ [સં.] સ્પૃહા કરવા યોગ્ય

**સ્પૃહા** સ્ત્રી૦ [સં.] ઇચ્છા; તૃષ્ણા (૨) દરકાર, પરવા

**સ્પૅનિશ** સ્ત્રી૦ [ઇં] સ્પેન દેશની ભાષા

**સ્પેશિયલ** વિ૦ [ઇં] ખાસ (૨) પું૦ ખાસ બનાવેલી ચાનો પ્યાલો (૩) સ્ત્રી૦ ખાસ દોડાવાતી આગગાડી

**સ્પ્રિંગ** સ્ત્રી૦ [ઇં] સ્થિતિસ્થાપકતાવાળી પોલાદી કમાન કે વાળાનું ગોળ ગૂંચળું

**સ્ફટિક** પું૦ [સં] એક જાતનો સફેદ પ્રકાશતો પથ્થર કે રત્ન ૦મણિ પું૦ એક મણિ

**સ્ફાટિક** વિ૦ [સં.] સ્ફટિકનું (૨) પું૦ સ્ફટિક

**સ્ફુટ** વિ૦ [સં] ઊઘડેલું, વિકસિત (૨ સ્પષ્ટ, ઉઘાડું ૦તા સ્ત્રી૦ –ટિત વિ૦ [સં.] ખીલેલું; ઊઘડેલું (૨) ખુલ્લું થયેલું [સ્ફૂર્તિ

**સ્ફુરણ** ન૦, –ણા સ્ત્રી૦ [સં] સ્ફુરવું તે (૨)

**સ્ફુરવું** અ૦ક્રિ૦ [સં સ્ફુર્] કંપવું ફરકવું (૨) એકાએક દેખાવું કે સૂઝવું (જેમ કે, ચળકાટ, વિચાર) (૩) અંકુર ફૂટવો

**સ્ફુરાયમાન** વિ૦ [જુઓ સ્ફુરવું] સ્ફૂરતું, સ્ફૂર્તિલું

**સ્ફુરિત** વિ૦ [સં.] સ્ફુરેલું

**સ્ફુલિંગ** પું૦ [સં] તણખો

**સ્ફૂર્તિ(–ર્ત્તિ)** સ્ત્રી૦ [સં] જાગૃતિ, તેજી, ચંચળાઈ (૨) સ્ફુરણ ૦દાયી વિ૦ સ્ફૂર્તિ આપે એવું

**સ્ફોટ** પું૦ [સં] (ઉપરનું આવરણ તોડીને) જોરથી ફૂટવું તે (૨) ખુલાસો, ચોખ્ખો નિવેડો (૩) ફોલ્લો સોજો (૪) વર્ણ સાંભળતાવેંત મનમાં ઊઠતો વિચાર – શબ્દાર્થનો બોધ (વ્યા) ૦ન ન૦ ફોડવું તે (૨) પ્રગટ કરવું તે (૩) શબ્દ; અવાજ

**સ્ફોરણ** ન૦ [સં] સ્ફુરણ [(સં) શિવ

**સ્મર** પું૦ [સં] (સં.) કામદેવ ૦હર પું૦

**સ્મરણ** ન૦ [સં] યાદ, સ્મૃતિ (૨) વારંવાર યાદ કરવું તે ૦ચિહ્ન ન૦ સ્મારક યાદ આવે તે માટેનું ચિહ્ન ૦તિથિ પું૦ મહાન પુરુષનું સ્મરણ કરવાની તિથિ, જયંતી ૦પોથી સ્ત્રી૦ નોધપોથી ૦શક્તિ સ્ત્રી૦ યાદદાસ્ત; યાદશક્તિ. –ણા સ્ત્રી૦ સ્મરણ; સ્મૃતિ –ણિકા સ્ત્રી૦ (યાદ રાખવાનું ટપકાવી લેવા માટેની) નોધપોથી, 'નોટબુક' –ણી સ્ત્રી૦ જપ કરવાની માળા

**સ્મરણીય** વિ૦ [સં] યાદ કરવા યોગ્ય

**સ્મરવું** સ૦ક્રિ૦ [સં સ્મૃ] યાદ કરવું; સમરવું

**સ્મશાન, ૦ભૂમિ(-મી), ૦વૈરાગ્ય** જુઓ 'શ્મશાન'મા
**સ્મારક** વિ૦ [સં] યાદ કરાવનારું (૨) ન૦ સંભારણું; યાદગીરી કે તે અર્થે કરેલું કાર્ય, ઇમારત વગેરે **૦ભક્તિ** સ્ત્રી૦ સ્મારકરૂપ અવશેષની ભક્તિ
**સ્માર્ત(-ર્ત્ત)** વિ૦ [સં.] સ્મૃતિ સબંધી (૨) સ્મૃતિ પ્રમાણે સર્વ કર્મો કરનારું (૩) સ્મૃતિશાસ્ત્રનું જાણનાર (૪) પું૦ સ્મૃતિનો પંડિત કે તેને અનુસરનાર
**સ્મિત** ન૦ [સં] મંદ હાસ્ય
**સ્મૃતિ** સ્ત્રી૦ [સં] સ્મરણ; યાદ (૨) હિંદુઓનાં ધર્મશાસ્ત્રમાંનું દરેક (જેમ કે મનુસ્મૃતિ) (૩) [બૌદ્ધ] વિવેક ને જાગૃતિ. **૦કાર** પું૦ સ્મૃતિ રચનાર **૦ચિત્ર** ન૦ અનુસ્મરણાલેખન; 'મેમરી ડ્રૉઇંગ' **૦દોષ** પું૦ સ્મરણનો દોષ. **૦ભિન્ન** વિ૦ સ્મૃતિની આજ્ઞાથી ઊલટું; અધર્મ્ય. **૦ભ્રંશ** પું૦ સ્મૃતિનો ભ્રંશ, યાદશક્તિનો નાશ. **૦માન** વિ૦ અપ્રમાદી ને વિવેકયુક્ત [બૌદ્ધ]
**સ્યંદન** પું૦ [સં.] લડાઈનો રથ (૨) ન૦ ટપકવું તે [(૩) વહેવું તે
**સ્યાદ્વાદ** ન૦ [સં] અનેકાંતવાદ, દરેક વસ્તુને એકથી વધારે બાજુ હોય અને બધી તે તે દૃષ્ટિએ ખરી હોય તેવો (જૈન દર્શનનો) વાદ **-દી** વિ૦ (૨) પું૦ સ્યાદ્વાદનું કે તેમાં માનનાર
**સ્યૂત** વિ૦ [સં] સીવેલું જોડી દીધેલું, જોડાયેલું
**સ્રગ્ધરા** વિ૦ સ્ત્રી૦ [સં.] માળા ધારણ કરનારી (૨) પું૦ એક છંદ
**સ્રગ્વિણી** પું૦ [સં] એક છંદ
**સ્રજ** સ્ત્રી૦ [સં] માળા, ફૂલનો હાર
**સ્રવણ** ન૦ [સં] સ્રવવું તે
**સ્રવવું** અ૦ ક્રિ૦ [સં સ્રુ] ઝરવું; નીતરવું
**સ્રષ્ટા** પું૦[સં] બનાવનાર; રચનાર (૨)દુનિયાનો સ્રષ્ટા; ઈશ્વર **-ષ્ટ્રી** સ્ત્રી૦ [સં.] સ્રષ્ટાનું સ્ત્રી૦
**સ્રસ્ત** વિ૦ [સં] ઊતરી, ખસી કે પડી ગયેલું
**સ્રાવ** પું૦ [સં] ઝરવું ચૂવું કે ટપકવું તે (૨) વહી જવું કે ઘસાઈ જવું તે; તેમ નીકળેલી કે વહી જતી વસ્તુ [જેવું સાધન; સ્રુવ
**સ્રુચ** સ્ત્રી૦ [સં.] ઘી હોમવાનું લાકડાનું કડછી
**સ્રુવ(-વા)** પું૦ [સં.] ચાટવો, શરવો (યજ્ઞનો)
**સ્રોત** પું૦ [સં] ઝરો, ઝરણ (૨) પ્રવાહ **૦સ્વતી, ૦સ્વિની** સ્ત્રી૦ [સં.] નદી
**સ્લીપર** પું૦ [ઇં] એક જાતના જોડા (૨) રેલવેના પાટા નીચે નંખાતો લાકડાનો પાટડો
**સ્લેટ** સ્ત્રી૦ [ઇં.] પથ્થરપાટી
**સ્વ** સ૦ [સં.] પોતાનું; પોતીકું **૦કર્મ** ન૦ પોતાનું કર્મ. **૦કલ્પિત** વિ૦ પોતે કલ્પેલું કે માનેલું **૦કાર્ય** ન૦ પોતાનું કાર્ય. **૦કીય** વિ૦ પોતાનું (૨) પોતાના કુટુંબનું **૦કીયા** સ્ત્રી૦ પોતાની સ્ત્રી (નાયિકાના બે પ્રકારમાંનો એક. બીજી પરકીયા) **૦ગત** વિ૦ જાતને જ લાગુ પડતું, મનમાં કહેલું (૨) અ૦ પોતાની સાથે જ, મનમાં (બોલાતું હોય તેમ)
**સ્વચ્છ** વિ૦ [સં.] ચોખ્ખું; સાફ **૦તા** સ્ત્રી૦
**સ્વચ્છંદ** પું૦ [સં.] પોતાની જ મરજી પ્રમાણે વર્તવું તે **૦તા, -દિતા** સ્ત્રી૦. **-દી** વિ૦ સ્વચ્છંદ કરનારું; સ્વેચ્છાચારી
**સ્વજન** પું૦; ન૦ [સં.] સગું, સંબંધી
**સ્વજાતિ** સ્ત્રી [સં] પોતાની જાતિ કે વર્ગ. **-તીય** વિ૦ પોતાની જ જાતિ કે વર્ગનું **-તીયતા** સ્ત્રી૦
**સ્વતઃ** અ૦ [સં] આપોઆપ. પોતાની મેળે; બીજાની મદદ વિના. **૦પ્રમાણ, ૦સિદ્ધ** વિ૦ જાતે જ પ્રમાણરૂપ—આપોઆપ સિદ્ધ હોય એવું (જેને બીજા પ્રમાણની જરૂર નથી) **૦સિદ્ધત્વ, ૦સિદ્ધિ** સ્ત્રી૦ 'સ્વતઃસિદ્ધ' હોવું તે
**સ્વતંત્ર** વિ૦ [સં.] સ્વાધીન; કોઈના તાબામાં નહિ તેવું. [-પુસ્તક=પોતાની અક્કલથી લખેલું પુસ્તક (૨) એક ખાસ વિષય ઉપર લખાયેલું અલાયદું પુસ્તક] **૦તા** સ્ત્રી૦, **૦પણું** ન૦
**સ્વત્વ** ન૦[સં] પોતાપણું; સ્વમાન (૨) પોતાની વિશિષ્ટતા (૩) પોતાનું હોવાનો ભાવ, માલિકી
**સ્વદેશ** પું૦ [સં.] પોતાનો દેશ; જન્મભૂમિ **-શાભિમાન** ન૦ [+ અભિમાન] સ્વદેશનું અભિમાન-ગૌરવ માનવું તે **-શાભિમાની** વિ૦ સ્વદેશાભિમાનવાળું. **-શી** વિ૦ પોતાના દેશનું (૨) ન૦ દેશભાઈ (૩) સ્વદેશની ભાવના (૪) સ્વદેશનો માલ વાપરવાની વૃત્તિ

–શી ધર્મ પું૰ સ્વદેશીનો ધર્મ; પોતાની પડોશની પરિસ્થિતિની સેવા કરવા મારફત જગતની સેવા થાય છે એવી ભાવના
**સ્વધર્મ** પું૰ [સં.] પોતાનો કે પોતાના સ્વભાવ કે વર્ણાશ્રમ પ્રમાણેનો ધર્મ. –ર્મી વિ૰ પોતાના ધર્મનું (૨) પું૰ પોતાના ધર્મનું માણસ
**સ્વધા** અ૰ [સં] પિતૃઓને બલિ આપતાં કરાતો ઉદ્‌ગાર (૨) સ્ત્રી૰ પિતૃઓનો બલિ. ૦કાર પું૰ સ્વધાનો ઉચ્ચાર
**સ્વધામ** ન૰ [સં] પોતાનું વતન (૨) સ્વર્ગ. [–જવું, પહોંચવું = ગુજરી જવું]
**સ્વન** પું૰ [સં] અવાજ
**સ્વનિર્માણ** ન૰[સં.] જાતે જ કરેલું નિર્માણ (૨) જાતે જ કરથી નિમણૂક
**સ્વપક્ષ** પું૰ [સં.] પોતાનો પક્ષ –ક્ષી વિ૰ પોતાના પક્ષનું (૨) પું૰ પોતાના પક્ષનો માણસ
**સ્વપરભાવ** સ્ત્રી૰ [સં] પોતે અને બીજા એવી જુદાઈની લાગણી
**સ્વપર્યાપ્ત** વિ૰ [સં] પોતામાં જ સમાપ્ત થતું; સંકુચિત, પોતા પૂરતું મર્યાદિત. –પ્તિ સ્ત્રી૰ [સં.] સ્વપર્યાપ્ત હોવું તે
**સ્વપ્ન** ન૰ [સં] ઊંઘમાં ભાસતો દેખાવ, સમણું ૦દર્શન ન૰ સ્વપ્ન દેખાવું તે. ૦દર્શી વિ૰ સ્વપ્નાં જોયા કરનારુ, કલ્પિત સૃષ્ટિમાં વિહરનારું ૦દોષ પું૰ સ્વપ્નમાં થતો વીર્યપાત ૦દ્રષ્ટા પું૰ સ્વપ્ન જોનાર, ભવિષ્યની કલ્પના કરનાર ૦વત્ અ૰ સ્વપ્નની પેઠે; ક્ષણિક ૦શીલ વિ૰ સ્વપ્નાં સેવ્યા કરનારું. ૦સૃષ્ટિ સ્ત્રી૰ સ્વપ્નમાં દેખાતી સૃષ્ટિ; કલ્પિત સૃષ્ટિ. મિથ્યા સૃષ્ટિ. –પ્નાવસ્થા સ્ત્રી૰ [+ अवस्था] સ્વપ્નની અવસ્થા, ચિત્તની ત્રણ (જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ)માંની એક અવસ્થા (૨) [લા] સ્વપ્નદોષ. –પ્નાંતર ન૰ [+ अंतर] + સ્વપ્નદશા. –પ્નું ન૰ સપનું; સ્વપ્ન
**સ્વપ્રકાશ** વિ૰ [સં] પોતાના તેજ કે જ્ઞાનથી પ્રકાશનાર [સ્વમાન
**સ્વભાન** ન૰ [સં] સ્વત્વનું ભાન–અસ્મિતા,
**સ્વભાવ** પું૰ [સં] કુદરતથી જ મળેલો ગુણ (૨) પ્રકૃતિ, તાસીર (૩) ટેવ, આદત. [–પડવો = પ્રકૃતિ બનવી; ખાસ ગુણ થઈ જવો (૨) ટેવ પડવી.] ૦જ(૦ન્ય) વિ૰ સ્વાભાવિક. ૦સિદ્ધ વિ૰ સહજ; કુદરતી. –વોક્તિ સ્ત્રી૰ [+ उक्ति] જેમાં કોઈ વસ્તુના સ્વભાવનું યથાવત્ વર્ણન કર્યું હોય તેવો અલંકાર (કા શા.)
**સ્વભાષા** સ્ત્રી૰ [સં] પોતાની ભાષા, માતૃભાષા. ૦પ્રેમ પું૰, ૦ભિમાન ન૰ [+ अभिमान] સ્વભાષા માટે પ્રેમ કે તેનું અભિમાન; તે માટેની માનભરી લાગણી ૦પ્રેમી, ૦ભિમાની વિ૰ સ્વભાષાભિમાનવાળું
**સ્વભૂમિ(–મી)** સ્ત્રી૰ [સં] જન્મભૂમિ; સ્વદેશ
**સ્વમાન** ન૰[સં] પોતાનું માન, પોતાની ઇજ્જત
**સ્વયં** અ૰ [સં] પોતાની મેળે, આપોઆપ ૦જાગૃતિ સ્ત્રી૰ સ્વયં–જાતે જાગ્રત હોવું કે થવું તે. ૦દત્ત વિ૰ પોતાની મેળે જ અર્પિત થયેલું (૨) પું૰ દત્તક લેનાર માતપિતાને દત્તક લેવાવા માટે પોતાની મેળે જ અર્પિત થયેલો પુત્ર. ૦પાક પું૰ જાતે–હાથે રાંધવું તે ૦પાકી વિ૰ સ્વયંપાક કરી લેનારું. ૦પૂર્ણ વિ૰ બીજાના આધારની અપેક્ષા ન રાખનાર ૦પ્રકાશ વિ૰ પોતાના તેજથી જ પ્રકાશિત. ૦ભૂ વિ૰ પોતાની મેળે જ ઉત્પન્ન થયેલું (૨) પું૰(સં) બ્રહ્મા (૩) ઈશ્વર ૦વર પું૰ કન્યાએ પોતે વર પસંદ કરવો તે (૨) તે માટેનો સમારંભ ૦વિકાસ પું૰ પોતાની મેળે–બહારની પ્રેરણા વિના થતો વિકાસ. ૦શિક્ષક પું૰ પોતાની મેળે શીખનાર (૨) પોતાની મેળે પોતાના શિક્ષક થવાય એવું પુસ્તક ૦શિક્ષિકા સ્ત્રી૰ જુઓ સ્વયંશિક્ષક ૨. ૦શિક્ષણ ન૰ પોતે પોતાને શિક્ષણ આપવું તે ૦સત્તાક વિ૰ બીજાને આધારે નહિ, પોતે પોતા થકી જ સત્તાવાળું; 'સોવરેન'. ૦સિદ્ધ વિ૰ બીજી સિદ્ધિની જરૂર વિનાનું–આપોઆપ સિદ્ધ ૦સુધારક વિ૰ આપમેળે સુધરી શકે એવું. ૦સેવક પું૰ પોતાની મેળે સેવા કરવા તૈયાર થયેલો માણસ, 'વૉલંટિયર' ૦સેવા સ્ત્રી૰ પોતાની હોંશથી કરાતી સેવા. ૦સેવિકા સ્ત્રી૰ સ્ત્રી–

સ્વયંસેવક. ૦સ્ફૂર્તિ(-ર્ત્તિ) સ્ત્રી૦ સ્વાભાવિક સ્ફુરણ, પોતાની મેળે જ થયેલી સ્ફુરણા
**સ્વર** પું૦ [સં.] અવાજ, સૂર; ધ્વનિ (૨) [વ્યા] જેનો પૂર્ણ ઉચ્ચાર કોઈની મદદ વિના થઈ શકે તેવો વર્ણ (૩) સંગીતના સાત સૂરમાંનો દરેક (સા, રે, ગ, મ, પ, ધ, નિ). **૦ગ્રામ** પું૦ સંગીતનું સ્વરસપ્તક **૦ગ્રાહક** પું૦ સંગીતમાં એક અલંકાર **૦ચિહ્ન** ન૦ સ્વરસંજ્ઞા. **૦જ્ઞાન** ન૦, **૦પરીક્ષા** સ્ત્રી૦ સંગીતના સ્વરોની ઓળખ. **૦ભક્તિ** સ્ત્રી૦ અમુક શબ્દોમાં ર્ કે લ્ના ઉચ્ચારણમાં કરાતો વધારાનો સ્વરનો ઉચ્ચાર. **૦ભંગ** પું૦ રાગ બેસી જવો તે (૨) અષ્ટભાવમાંનો એક (કા શા). **૦ભાર** પું૦ (ઉચ્ચારણમાં) સ્વર ઉપર દેવાતો ભાર. **૦મંડલ(-ળ)** ન૦ સ્વરોનો સમૂહ. **૦મેળ** પું૦ (વાદ્યના) સ્વરોનો મેળ (સંગીત) **૦લિપિ** સ્ત્રી૦ જુઓ સંગીતલિપિ **૦વાચન** ન૦ સ્વરલિપિ વાચવી તે. **૦વાદ્ય** ન૦ સ્વર પ્રકટ કરી શકતું વાદ્ય **૦વિરોધ** પું૦ સ્વરોની પરસ્પર વિરુદ્ધતા (સંગીત) **૦વ્યત્યય** પું૦ સ્વરનો વ્યત્યય (વ્યા) **૦શૂન્ય** સ્ત્રી૦ સ્વરોના ઠેકાણા વિનાનું (સંગીત). **૦શ્રેણી** સ્ત્રી૦ 'હાર્મોનિકલ પ્રોગ્રેશન' (ગ). **૦શ્રેણી** સ્ત્રી૦ 'હાર્મોનિકલ સીરીઝ' (ગ) **૦સપ્તક** ન૦ સંગીતના સાત સ્વરોનો સમૂહ **૦સંક્રમ** પું૦ સ્વરોનો સંક્રમ (સંગીત) **૦સંજ્ઞા** સ્ત્રી૦ સ્વર લખવાનું ચિહ્ન (ા, િ, ી, ઇ૦). **૦સંધિ** પું૦ સ્ત્રી૦ સ્વરોની સંધિ (વ્યા.) **૦સંયોગ** પું૦ સ્વરોનો સંયોગ **૦સંવાદ** પું૦ સ્વરોનો પરસ્પર મેળ ખાવો તે (સંગીત)
**સ્વરક્ષણ** ન૦ [સં.] પોતાનું રક્ષણ; આત્મરક્ષણ
**સ્વરાજ, -જ્ય** ન૦ [સં] પોતાનું સ્વતંત્ર-પ્રજાસત્તાક રાજ્ય (૨) પોતા ઉપર કાબૂ હોવો તે **૦ક** ન૦ નાગરિકનો પોતા પર કાબૂ હોવાને લઈને રાજ્યસંસ્થાની ગરજ ન રહે એવી સુવ્યવસ્થા, 'ફિલૉસૉફિકલ એનાર્કી'
**સ્વરાભિધાન** ન૦[સં.] સ્વરની પારખ (સંગીત)
**સ્વરાંત** વિ૦ [સં] અંતે સ્વરવાળું
**સ્વરિત** વિ૦ [સં] સ્વરયુક્ત (૨) સુરીલું (૩) પું૦ સ્વરના ત્રણ વિભાગમાંનો એક, જેમાં ઉદાત્ત અને અનુદાત્ત બન્નેનાં લક્ષણ હોય છે **૦ત્વ** ન૦ સ્વરભાર **૦બિંદુ** ન૦ 'હાર્મોનિક પૉઇન્ટ' (ગ). **૦સૂચી** સ્ત્રી૦ 'હાર્મોનિક પેનસિલ' (ગ)
**સ્વરૂપ** ન૦ [સં.] ઘાટ; આકાર (૨) દેખાવ, વર્ણ (૩) સુંદરતા (૪) લક્ષણ; સ્વભાવ **૦તઃ** અ૦ વસ્તુતઃ, સ્વરૂપની દૃષ્ટિએ **૦વતી** વિ૦સ્ત્રી૦ સુંદર (સ્ત્રી૦). **૦વાન** વિ૦ સુંદર, દેખાવડું
**સ્વરૈક્ય** ન૦ [સં] સ્વરોની પરસ્પર એકતા (સંગીત)
**સ્વરોદય** પું૦ [સં.] ડાબા કે જમણા નાકમાંથી નીકળતા શ્વાસ ઉપરથી શુભ કે અશુભ ફળ કહેવાની એક વિદ્યા
**સ્વર્ગ** ન૦ [સં.] દેવોનો લોક [**-માં જવું, સ્વર્ગે જવું**=મરી જવું **સ્વર્ગનો રસ્તો લેવો**=સારી કીર્તિ મૂકી મરી જવું **-એ આંગળ બાકી હોવું**=ખૂબ મગરૂરીમાં હોવું. **-માં ધજા રોપવી**=મોટું પરાક્રમ કરી યશ મેળવવો.] **૦પ્રાપ્તિ** સ્ત્રી૦ સ્વર્ગપ્રાપ્તિ; સ્વર્ગલોકને પામવું તે. **૦ગંગા** સ્ત્રી૦ આકાશગંગા. **૦લોક** પું૦સ્વર્ગ. **૦વાસ** પું૦સ્વર્ગમાં વાસ (૨) [લા] મૃત્યુ. **૦વાસી** વિ૦ સ્વર્ગમાં વસનારું (૨) [લા] મૃત, મરહૂમ (૩) પું૦ દેવ. **૦સુખ** ન૦ સ્વર્ગનું કે સ્વર્ગસમાન સુખ. **૦સ્થ** વિ૦ જુઓ સ્વર્ગવાસી
**સ્વર્ગંગા** સ્ત્રી૦ [સં.] આકાશગંગા
**સ્વર્ગીય** વિ૦ [સં] સ્વર્ગનું(૨)અલૌકિક, દિવ્ય
**સ્વર્ણ** ન૦[સં]સુવર્ણ **૦કાર** પું૦ સોની **૦મય** વિ૦ સોનાથી પરિપૂર્ણ, સુવર્ણરૂપ
**સ્વર્ધુની** સ્ત્રી૦ [સં.] ગંગા નદી
**સ્વર્લોક** પું૦ [સં.] સ્વર્ગ
**સ્વલ્પ** વિ૦ [સં] થોડું. કિંચિત્
**સ્વવશ** વિ૦[સં]સ્વાધીન **૦તા** સ્ત્રી૦સ્વાધીનતા
**સ્વવાચક** વિ૦ [સં.] (વ્યા) પોતાનો બોધ કરતું (સર્વનામ) [આધીન, સ્વાધીન
**સ્વસત્તાક** વિ૦ [સં.] પોતાની જ સત્તાને
**સ્વસંવિત** સ્ત્રી૦ [સં.] આત્મભાન

**સ્વસંવેદ્ય** વિ૰ [સં] પોતાની મેળે અનુભવી શકાય એવું
**સ્વસા** સ્ત્રી૰ [સં] બહેન
**સ્વસાધ્ય** વિ૰[સં] પોતાથી સાધી શકાય એવું
**સ્વસિદ્ધ** વિ૰ [સં.] સ્વતઃસિદ્ધ **–દ્ધિ** સ્ત્રી૰ સ્વતઃસિદ્ધિ
**સ્વસ્તિ** અ૰ [સં] 'કલ્યાણ થાઓ' એવો આશીર્વાદાત્મક ઉચ્ચાર. **૰ક** પું૰ સાથિયો **૰વાચન** ન૰ મંગળ કાર્યોના આરંભમાં કરાતો એક ધાર્મિક વિધિ (૨) શુભેચ્છા કે આશીર્વાદ સહિત આપેલી ફૂલ વગેરેની ભેટ **૰શ્રી** શ૰પ્ર૰ કાગળ લખતાં શરૂઆતમાં લખાતું મંગળસૂચક પદ **–સ્ત્યયન** ન૰ [+અયન] શાંતિ માટેનું એક અનુષ્ઠાન (લગ્ન, જનોઈ વગેરે પ્રસંગે કરાતું)
**સ્વસ્થ** વિ૰[સં] નીરોગી, તંદુરસ્ત(૨)ગભરાટ કે ઉદ્વેગ વિનાનું, શાંત, સાવધાન **૰તા** સ્ત્રી૰
**સ્વસ્થાન** ન૰ [સં] પોતાનું ન્હેઠાણ
**સ્વહસ્ત** પું૰ [સં] પોતાનો હાથ
**સ્વહિત** ન૰ [સં.] પોતાનું હિત
**સ્વાગત** ન૰ [સં] આવકાર; સત્કાર. **૰કારી** વિ૰ સ્વાગત કરનારું. **૰પ્રમુખ** પું૰ સ્વાગતસમિતિના પ્રમુખ **૰મંત્રી** પું૰ સ્વાગતસમિતિના મંત્રી. **૰મંડળ** ન૰ સ્વાગતકારી મંડળ **૰સમિતિ** સ્ત્રી૰ સ્વાગતનું કામ કરનારી સમિતિ **–તા** સ્ત્રી૰ આવકાર, અભિનંદન (૨) પું૰ એક છંદ **–તાધ્યક્ષ** પું૰ [+અધ્યક્ષ] સ્વાગત-પ્રમુખ
**સ્વાતંત્ર્ય** ન૰ [સં.] સ્વતંત્રતા **૰નિષ્ઠ** વિ૰ સ્વતંત્રતામાં નિષ્ઠાવાળું **૰પ્રિય, ૰પ્રેમી** વિ૰ સ્વાતંત્ર્ય જેને પ્રિય છે તેવું **૰યુદ્ધ** ન૰ સ્વતંત્રતા મેળવવા માટેનું કે તેની રક્ષા માટેનું યુદ્ધ **૰વાદી** પું૰ સ્વાતંત્ર્યમાં માનનાર
**સ્વાતિ(–તી)** સ્ત્રી૰ [સં] પંદરમું નક્ષત્ર **૰બિંદુ, ૰બુંદ** ન૰ સ્વાતિમાં પડતું વરસાદનું ટીપું (મોતીની માછલીના પેટમાં જઈ જે મોતી બને એમ કહેવાય છે)
**સ્વાત્માનુભવ** પું૰ [સં.] પોતાને થયેલો અનુભવ (૨) પોતાના આત્માને ઓળખવો તે
**સ્વાદ** પું૰ [સં] રસનેંદ્રિયથી થતો અનુભવ (૨) રસ, આનંદ (૩) ચાખવું તે (૪) રસ, મજા (૫) મોહ, શોખ [**–કરવો**=ચાખવું (૨) સ્વાદીલું થવું **–ચખાડવો**=સ્વાદ કરાવવો (૨) અનુભવ કરાવવો (૩) મારવું **–ચાખવો, લેવો**=ચાખવું, અનુભવ લેવો. **–પડવો**=રુચિકર થવું, ગમવું, રસ આવવો **–લેવો** = જુઓ સ્વાદ ચાખવો ] **–દિયણું** વિ૰ સ્ત્રી૰, **–દિયું** વિ૰ **–દિષ્ટ(–ષ્ઠ)** વિ૰ રોચક સ્વાદવાળું **–દિષ્ટ(-ષ્ઠ)તા.** **–દીલું** વિ૰ સ્વાદુ વસ્તુઓ ખાવાની ટેવવાળું **–દુ** વિ૰ સ્વાદિષ્ટ **–દેંદ્રિય** સ્ત્રી૰ [+ઇંદ્રિય] જીભ
[પોતાની ફરજ
**સ્વાધિકાર** પું૰ [સં.] પોતાનો અધિકાર (૨)
**સ્વાધીન** વિ૰ [સં] પોતે પોતાને નિયમમાં રાખનાર (૨) પોતાના કાબૂ કે વશનું (૩) સ્વતંત્ર [**–કરવું**=સોંપવું ] **૰તા** સ્ત્રી૰ **૰પતિકા** સ્ત્રી૰ પતિને સ્વાધીન રાખનારી સ્ત્રી **૰પતિપણું** ન૰ પતિ પત્નીને સ્વાધીન હોય તે
**સ્વાધ્યાય** વિ૰ [સં] વેદ (૨) વેદનો નિયમિત પાઠ (૩) અધ્યયન
**સ્વાનુભવ** પું૰ [સં] પોતાનો અનુભવ. **૰રસિક** વિ૰ આત્મલક્ષી, 'સબજેક્ટિવ' **–વી** પોતાના અનુભવનું (૨) સ્વાનુભવરસિક
**સ્વાનુભૂતિ** સ્ત્રી૰ [સં.] સ્વાનુભવ
**સ્વાભાવિક** વિ૰ [સં] કુદરતી, અકૃત્રિમ **૰તા** સ્ત્રી૰, **૰ત્વ** ન૰
**સ્વાભિમાન** ન૰[સં] પોતાને માટેનું અભિમાન, સ્વમાન. **–ની** વિ૰ સ્વાભિમાનવાળું
**સ્વામ** પું૰ (પ.) જુઓ સ્વામી
**સ્વામિતા** સ્ત્રી૰, **સ્વામિત્વ** ન૰ [સં] ધણીપણું, માલિકી **૰વાચક** વિ૰ (વ્યા) સ્વામિત્વનો બોધ કરતો (પ્રત્યય)
**સ્વામિની** સ્ત્રી૰ [સં] શેઠાણી, ધણિયાણી
**સ્વામી** પું૰ [સં] પતિ (૨) માલિક (૩) રાજા (૪) સાધુસંતને બોલાવતાં વપરાતું સંબોધન. **૰દ્રોહ** પું૰ પોતાના માલિક કે રાજા પ્રત્યે બેવફાઈ **૰દ્રોહી** વિ૰ (૨) પું૰ સ્વામીદ્રોહ કરનાર. **૰નારાયણ** પું૰ (સં.) એ નામથી

ચાલતા ધાર્મિક સંપ્રદાયના પ્રવર્તક. ૦નારાયણિયો વિ૦ પું૦ સ્વામીનારાયણ સંપ્રદાયનો અનુયાયી (જરા તુચ્છકારમાં). ૦નારાયણી વિ૦ સ્વામીનારાયણનું, -ને લગતું ૦નિષ્ઠા પું૦ પોતાના સ્વામી પ્રત્યે વફાદારી [હકૂમત

**સ્વાયત્ત** વિ૦ [સં] સ્વાધીન. ૦તા સ્ત્રી૦ પોતાની

**સ્વાયંભુવ** વિ૦ [સં.] બ્રહ્મ સંબંધી બ્રહ્માનું (૨) પું૦ સ્વયંભૂ બ્રહ્માના પુત્ર-પ્રથમ મનુ

**સ્વારસ્ય** ન૦ [સ.] સ્વાભાવિક રસ કે ઉત્તમતા (૨) મર્મ; ખૂબી [સાથે અભેદ

**સ્વારાજ્ય** ન૦ [સં] સ્વર્ગનું રાજ્ય (૨) બ્રહ્મ

**સ્વાર્થ** પું૦ [સં.] પોતાની મતલબ, પોતાનું હિત ૦ત્યાગ પું૦ સ્વાર્થનો ત્યાગ; આપભોગ. ૦દૃષ્ટિ સ્ત્રી૦ સ્વાર્થની નજર ૦પટુ વિ૦ સ્વાર્થની બાબતમાં પાકું, ચાલાક, સ્વાર્થસાધુ. ૦પરાયણ વિ૦ સ્વાર્થનો જ વિચાર કરનાર; સ્વાર્થી. ૦પરાયણતા સ્ત્રી૦. ૦બુદ્ધિ સ્ત્રી૦ સ્વાર્થદૃષ્ટિ ૦વૃત્તિ સ્ત્રી૦ સ્વાર્થની વૃત્તિ. ૦સાધક, ૦સાધુ વિ૦ પોતાનો સ્વાર્થ સાધનારું. -ર્થાનુમાન ન૦ [+અનુમાન] પોતાને માટે, પંચાવયવ વાક્યના પ્રયોગ વિના કરેલું અનુમાન -ર્થિક વિ૦ સ્વાર્થવાચક. -ર્થી, -ર્થીલું વિ૦ સ્વાર્થવાળું; આપમતલબી; એકલપેટું

**સ્વાવલંબન** ન૦ [સં.] સ્વાશ્રય **સ્વાવલંબી** વિ૦ સ્વાશ્રયી

**સ્વાશ્રય** ન૦ [સં] પોતાની પર આધાર રાખવો તે ૦યી વિ૦ પોતા પર જ આધાર રાખનાર

**સ્વાસ્થ્ય** ન૦ [સં.] સ્વસ્થતા (૨) તંદુરસ્તી

**સ્વાહા** સ્ત્રી૦ [સ] (સં.) અગ્નિની સ્ત્રી (૨) અ૦ અગ્નિમાં આહુતિ આપતાં બોલાતો શબ્દ. [-કરવું = ખાઈ જવું. -થવું = બળી જવું, પાયમાલ થઈ જવું (૨) ખવાઈ જવું] ૦કાર પું૦ 'સ્વાહા' એમ બોલવું તે ૦પતિ પું૦ (સ.) અગ્નિ [બનાવટી વેશ

**સ્વાંગ** પું૦ [સર૦ हिं. स्वाँग, म. सोंग] સોગ;

**સ્વાંત** ન૦ [સં.] અંતઃકરણ

**સ્વાંત(-તી)** જુઓ સ્વાતિ. ૦બુંદ ન૦ જુઓ સ્વાતિબુંદ

**સ્વીકરણ** ન૦ [સં] સ્વીકારવું તે (૨) પચાવીને પોતાનું કરવું તે; 'એસિમિલેશન'

**સ્વીકાર** પું૦ [સં.] સ્વીકારવું તે. ૦ક વિ૦ સ્વીકાર કરનારું [કરવો; કબૂલ કરવું

**સ્વીકારવું** સ૦ક્રિ૦ [સં स्वीकारय्] અંગીકાર

**સ્વીકાર્ય** વિ૦ [સ] સ્વીકારવા યોગ્ય

**સ્વીકૃત** વિ૦ [સં.] સ્વીકારેલું

**સ્વીકૃતિ** સ્ત્રી૦ [સં.] સ્વીકાર [સ્વકીયા

**સ્વીય** વિ૦ [સં.] પોતાનું -યા સ્ત્રી૦ પોતાની સ્ત્રી,

**સ્વેચ્છા** સ્ત્રી૦ [સં.] પોતાની ઇચ્છા. ૦ચાર પું૦ [+આચાર] પોતાની મરજી પ્રમાણે વર્તવું તે. ૦ચારિણી વિ૦સ્ત્રી૦, ૦ચારી વિ૦ સ્વેચ્છાચાર કરનારું. ૦સ્વીકાર પું૦ સ્વેચ્છાથી સ્વીકારવું તે -ચ્છિત વિ૦ પોતે ઇચ્છેલું, મનપસંદ

**સ્વેદ** પું૦ [સં.] પરસેવો (૨) [કા. શા] અષ્ટભાવમાંનો એક ૦જ વિ૦ પરસેવામાંથી થયેલું (૨) ન૦ સ્વેદજ જીવ કે જંતુ ૦ન ન૦ પરસેવો (૨) પરસેવો લાવવો તે (૩) તેવું ઔષધ

**સ્વૈચ્છિક** વિ૦ [સં.] સ્વેચ્છા પ્રમાણેનું, મરજિયાત

**સ્વૈર** વિ૦ [સં] મરજીમાં આવે તેમ વર્તનારું; સ્વચ્છંદી; નિરંકુશ ૦તા સ્ત્રી૦. ૦વિહાર પું૦ મરજી મુજબ વિહરવું તે -રાચાર પું૦ [+આચાર] મરજી મુજબનું આચરણ -રિણી સ્ત્રી૦ સ્વચ્છંદી-વ્યભિચારિણી સ્ત્રી

**સ્વોપાર્જિત** વિ૦ [સં.] પોતે જાતે રળેલું-મેળવેલું; આપકમાઈનું

# હ

**હ** પું૦ [સં.] ચોથો ઊષ્માક્ષર. **૦શ્રુતિ** સ્ત્રી૦ જુઓ હકારશ્રુતિ

**હક(–ક્ક)** પું૦ [જુઓ હક્ક] દાવો; અધિકાર (૨) દસ્તૂરી; લાગો (૩) કર્તવ્ય, ફરજ (૪) સત્ય; ન્યાય (૫) વિ૦ વાજબી; સાચું; સત્ય. [**–અદા કરવો**=ફરજ બજાવવી. **–કરવો** = અધિકાર – માલકી દાખવવા. **–ચાલવો**=અધિકારનો અમલ થવો. **–થવું** =મરણ પામવું **–થવો**=અધિકાર થવો. **–હબાવવો, મારવો**=રીત અનુસાર જે જેને મળવું જોઈએ તે તેનું પડાવી લેવું **–પહોંચવો** = અધિકાર કે હકદારી હોવી. **–માં** = તરફેણમાં; પક્ષમાં, લાભમાં ]**૦તલફી** સ્ત્રી૦[फा] કોઈનો હક ડુબાવવો તે, અન્યાય. **૦તાલા** પું૦ [+अ तआला] પરમેશ્વર, ખુદાતાલા. **૦દાર** વિ૦ હક ધરાવનાર (૨) વાજબી. **૦દારણ** વિ૦ સ્ત્રી૦ જેનો હક પહોંચતો હોય એવી (સ્ત્રી) **૦દારી** સ્ત્રી૦ હકદારપણું **૦ના(૦હ)ક** અ૦ વગર કારણે

**હકડેઠઠ** વિ૦ ખીચોખીચ. ચિકાર

**હકતલફી, હકતાલા, હકદાર, –રી, હકના (૦હ)ક** જુઓ 'હક'માં

**હકબક** અ૦ [સર૦ हिं ]અર્થ સમજ્યા વગર; બકતું હોય એમ [લવાજમ, દસ્તૂરી

**હકસાઈ** સ્ત્રી૦ [अ. हक्क+शाही फा.] હકનું

**હકાર** પું૦ [સં] હ અક્ષર કે તેનો ઉચ્ચાર (૨) હા પાડવી તે. [**–ભણવો**=હા કહેવી, કબૂલવું ]**૦શ્રુતિ** સ્ત્રી૦ હશ્રુતિ; ઉચ્ચારણમાં હકાર સંભળાવો તે **–રાંત** વિ૦ [+અંત] અંતે હકારવાળું

**હકારવું** સ૦ક્રિ૦ [प्रा. हक्कार, સર૦ म. हकारणें, हिं. हँकारना] હોકારો કે હાકલ કરીને કહેવું.

**હકારું** ન૦ [જુઓ હકારવું] હાક મારીને બોલાવવું તે, તેડું

**હકારો** પું૦ [જુઓ હકારવું] હાક મારીને બોલાવનારો, નોતરિયો (૨) હોકારો [**–કરવો, મારવો**=હોકારો કરીને બોલાવવું ]

**હકાલવું** સ૦ક્રિ૦ [સર૦ હકારવું; સર૦ म हकालणें] હાંકી કાઢવું (૨) હાંકવું, ચલાવવું (૩) હાક મારીને બોલાવવું; હકારવું

**હકીકત** સ્ત્રી૦ [अ] ખરો અહેવાલ કે બીના (૨) ખરી ખબર કે બાતમી (૩) બીના, ખબર (૪) સત્ય. **૦દોષ** પું૦ હકીકત–બીના કે બાતમીને અંગેનો દોષ–તેની ભૂલ

**હકીમ** પું૦ [अ] યુનાની વૈદું કરનારો; મુસલમાન વૈદ **–મી** સ્ત્રી૦ હકીમપણું. **–મું** ન૦ યુનાની વૈદું

**હકૂમત** સ્ત્રી૦ [अ. हुकूमत] સત્તા, અધિકાર (–ચલાવવી, ભોગવવી). **–તી** વિ૦ હકૂમત સંબંધી

**હક્ક** પું૦ [अ] જુઓ હક

**હક્કઠ** વિ૦ એક [ઉદ્‌ગાર (૨) આહ્વાન

**હક્કાર** પું૦ [प्रा. (सं ह्वाकार)] 'ચલ' એવો

**હગબગ** સ્ત્રી૦ [સર૦ हिं. हक्कावक्का] એકીટસે; ટગર ટગર. **૦વું** અ૦ક્રિ૦ એકીટસે જોઈ રહેવું (૨) ભયથી ડઘાઈ જવું

**હગ મરી ટપરાં** ન૦ ['હિંગ, મરી, ટોપરાં' પરથી] કાનામાતરના ઠેકાણા વગરનું લેખન કે તે કરવા જેટલું ભણતર

**હગવું** અ૦ક્રિ૦ [सं हद्, સર૦ हिं. हगना, म हगणें] (કા) જુઓ અઘવું

**હચમચ** સ્ત્રી૦ જુઓ હચમચાટ **૦વું** અ૦ક્રિ૦ ['હચ'(રવ૦)નો દ્વિર્ભાવ, સર૦ हिं. हचना] ડગમગવું, પાયામાંથી કે સાંધામાંથી હાલી જવું. **–ચાટ** પું૦ હચમચાવવું તે **–ચાવવું** સ૦ક્રિ૦ 'હચમચવું'નું પ્રેરક

**હચાકો** પું૦ જુઓ હિચાકો

**હજ** સ્ત્રી૦ [अ. हज्ज] જાત્રા (મક્કાની)

**હજમ** વિ૦ [अ हज्म, સર૦ हिं ] પચેલું; જરેલું (૨) [લા.] ઉચાપત કરેલું. **–મિયત** સ્ત્રી૦ પાચનક્રિયા, પાચન

**હજરત** પું૦ [अ.] માલિક, સ્વામી, શ્રીમાન (૨) (મુસલમાનોમાં) મોટા કે પૂજ્ય માણસને લગાડાતો માનવાચક શબ્દ (૩) સ્ત્રી૦ મોટા

માણસોની સભા. [-ભરવી=મોટા માણસોની મંડળી બોલાવવી (૨) એક યોગ-પ્રયોગ કરવો જે વડે મોટા માણસોની સભા ભરેલી બતાવાય છે.]

**હજરલઅસ્વદ** પું૦ [अ.] કાબામાનો કાળો પથ્થર

**હજામ** પુ૦ [अ. हज्जाम] વાળંદ [-નું કરવું=હજામનો ધંધો કરવો, માથું મૂડવુ (૨) [લા.] ભણ્યાગણ્યા વિના અણકમાઉ ધંધો કરવો.] ૦ડી સ્ત્રી૦ વાળંદણ, હજામની સ્ત્રી (તુચ્છકારમા). ૦ત સ્ત્રી૦ મુંડન, વાળ કાપવા કે બોડવા તે (૨) [લા.] નકામી નિરર્થક મહેનત (૩) કડક ટીકા કરવી ઊંચકું લઈ નાખવુ તે. ૦પટ્ટી સ્ત્રી૦ હજામતનુ કામ (તિરસ્કારમા). [-કરવી=નવરા બેસી રહેવુ, નકામા કામ પાછળ કાળ બગાડવો.]

**હજાર** વિ૦ [फा.] '૧૦૦૦.' [-આડાં=પુષ્કળ. -ઘંટીનો લોટ ખાવો=ઘણો અનુભવ હોવો, ઘણી મુસાફરી કરી હોવી. -હાથનો ધણી=પરમેશ્વર.]

**હજારી** વિ૦ [હજાર પરથી] હજારની ઊપજવાળું (૨) હજાર ભાગ કે અવયવવાળું (૩) પુ૦ એક ફૂલઝાડ ૦ગોટો પું૦ હજારીનુ ફૂલ

**હજી(-જુ)** અ૦ [सं. अद्यापि, સર૦ म. अजुन] અત્યાર લગી (૨) હવે પણ

**હજીરો** પું૦ [अ.] મિનારાઓવાળો સુંદર રોજો (૨) [લા.] મોટી નામનાનું કામ (કટાક્ષમા)

**હજુ** સ્ત્રી૦ જુઓ હજી

**હજૂર** સ્ત્રી૦ [अ. हुजूर] 'આપ' અર્થનો દરબારી કે મુસલમાની વિવેકમા વપરાતો ઉદ્ગાર (૨) હાજરી, તહેનાત [-ભરવી=તહેનાતમા રહેવું.] -રાત વિ૦ મોટા માણસની કે રાજાની તહેનાતમા રહેનાર (અંગરક્ષક) (૨) સ્ત્રી૦ [સર૦ म. हुजरात] હજૂરની ખડી ફોજ; અંગરક્ષક સેના. -રિયો પું૦ તહેનાતમાં રહેનારો નોકર (૨) અંગૂછો; રૂમાલ. -રી પું૦ હજૂરિયો (૨) સ્ત્રી૦ તહેનાત સેવાચાકરી

**હટ** અ૦ [જુઓ હઠવું] દૂર ખસ' એ અર્થનો (છણકા કે તુચ્છકારનો) ઉદ્ગાર [ખટકવુ તે

**હટખટ** સ્ત્રી૦ [હટ+ખટ(ખટકવું)] મનમા

**હટાણું** ન૦ [सं., प्रा हट्ट] બજારકામ; ખરીદ કામ (૨) ખરીદવા વેચવાનો ધંધો. [-કરવું=ખરીદવાનો કે વેચવાનો ધંધો કરવો (૨) બજારકામ કરવું; ખરીદકામ કરવુ]

**હટારિયું** ન૦ [सं., प्रा. हट्ट ઉપરથી] હાટિયુ

**હઠ** પું૦, સ્ત્રી૦ [सं.] જીદ, ખોટો આગ્રહ [-ઉપર આવવું, -પકડવી, -માં આવવું, -લેવી, હઠે ચડવું, ભરાવું=હઠ કરવી.] ૦યોગ પું૦ આસન, પ્રાણાયામ વગેરે ક્રિયાઓ દ્વારા સધાતો યોગનો એક પ્રકાર ૦વિદ્યા સ્ત્રી૦ હઠયોગની વિદ્યા ૦વું સ૦ ક્રિ૦ [સર૦ हिं. हठना] હઠ કરવી -ઠાગ્રહ પું૦ [+આગ્રહ] હઠપૂર્વક આગ્રહ. -ઠાળું, -ઠિલું વિ૦ હઠીલુ જિદ્દી -ઠીલાઈ સ્ત્રી૦ હઠીલાપણું. -ઠીલું વિ૦ હઠવાળુ, જિદ્દી (૨) હઠે નહિ તેવુ; મટે નહિ તેવુ [હઠીલો હનુમાન=હનુમાન જેવો હઠીલો-આગ્રહી માણસ.] -ઠેઠ સ્ત્રી૦ આગ્રહ; આજીજી -ઠ્ઠી વિ૦ હઠીલુ

**હઠવું** અ૦ ક્રિ૦ [हिं. हटना; સર૦ म. हटणें] ખસવું (૨) પાછા પડવુ (૩) જુઓ 'હઠ'માં

**હઠાળું, હઠિયું, હઠીલું,(-લાઈ,) હઠેઠ, હઠ્ઠી** જુઓ 'હઠ'મા

**હડ(-ડે)** અ૦ [રવ૦; સર૦ હટ] જુઓ હડે

**હડકવા** પું૦ [सं. अलर्क (હડકાયેલો કૂતરો) +વા (सं. वात)] કૂતરા, શિયાળવા વગેરેને થતો એક રોગ જેથી તે જેને તેને કરડવા ધાય છે (૨) [લા.] તેના જેવો ગાંડો આવેગ. [-થવો, લાગવો=હડકવાનો રોગ થવો, હડકાયુ થવુ (૨) તેના જેવા ગાંડા આવેગને વશ વર્તતા થવું. -હાલવો=ભારે હડકવા લાગવો] ૦યું વિ૦ હડકાયુ [તે, હડકું

**હડકાઈ** સ્ત્રી૦ [જુઓ હડકવા] હડકાયુ હોવું

**હડકાયું, -યેલું** વિ૦ [જુઓ હડકવા] જેને હડકવા થયો હોય એવુ

**હડકુ(-ખું)** ન૦ જુઓ હડકવા [હડે થવુ તે

**હડતગડ** સ્ત્રી૦ [હડ+તગડ] જ્યાંત્યાંથી હડે

**હડતાલ** સ્ત્રી૦ [જુઓ હરતાલ, સર૦ हिं.] એક ઉપધાતુ [-મારવી લખેલુ છેકી નાખવું; રદ કરવુ (પહેલા હડતાલ વડે શાહીનો રંગ

ઉડાવતા તે ઉપરથી )]

**હડતાલ(-ળ)** સ્ત્રી૦ [હડ (સં હટ્ટ=દુકાન)+ તાલ (તાળુ), સર૦ હિં ] કામધંધો બંધ કરવા તે (શોક કે વિરોધ બતાવવા.) [-પડવી= કામધંધો બંધ થવો.]-લિ(-ળિ)યો પુ૦ હડતાળમાં ભળેલો (૨) હડતાળ પડાવવામાં આગેવાની લેનાર [(કા ) હડસેલો

**હડદો,૦લો** પુ૦ ['હડ' ઉપરથી; સર૦ મ हडदा]

**હડધૂત** સ્ત્રી૦ [હડે + ધુતકારવુ] ચારે બાજુથી હડતગડ થવી તે (૨) વિ૦ ચારે બાજુથી તિરસ્કાર પામેલુ

**હડપ** સ્ત્રી૦ જુઓ અડપ; આગ્રહ (૨) અ૦ [રવ૦, સર૦ હિં., म] એકદમ ને ત્વરાથી, હડફ. [-કરવુ, કરી જવું=એકદમ ગળે ઉતારી દેવુ (૨) [લા ] અન્યાયી રીતે પચાવવું -હજમ કરવું -લઈ ને=એકદમ ને ત્વરાથી.] ૦વું સ૦ક્રિ૦ ગળી જવું, હડપ કરવુ

**હડફ** અ૦ જુઓ હડપ. ૦વું સ૦ક્રિ૦ (ચ) ફેંકવું છૂટું નાખવુ. ફગાવવું (હડફી દેવું)

**હડપચી** સ્ત્રી૦ [સં. हनु+સં पट्टी; સર૦ म हणवटी] જ્યાં દાઢી ઊગે છે તે નીચલા જડબાનો ભાગ

**હડપવું** સ૦ક્રિ૦ જુઓ 'હડપ'માં

**હડફ(-ફે)ટ** સ્ત્રી૦ જુઓ અડફટ

**હડફવું** સ૦ક્રિ૦ જુઓ 'હડફ'મા

**હડફો** પું૦ [अ आलुफ्तह=રખડેલ,અજાણ્યો] જડસો; મૂર્ખ (૨) ધપ્પો, હડસેલો (૩) [दे. हडप्फ, સર૦ म हडपा, का. हडप] ઇસ્કોતરો

**હડ(-ર)બડવું** અ૦ક્રિ૦ [સર૦ हिं हडवडना] નાહિંમત થઈ જવુ (૨) ગભરાવુ

**હડ(-ર)બડાટ** પુ૦ [હડબડવુ પરથી] ગભરાટ

**હડસાંકળ** સ્ત્રી૦ [दे हड्डि (હેડ)+ સાકળ] સ્ત્રીઓના પગનું એક ઘરેણું (૨) પુ૦ [જુઓ હાડસાકળ] એક જાતનો વેલો, જેનુ દૂધ ને પાન દવામા વપરાય છે

**હડસેલવું** સ૦ક્રિ૦ ['હડસેલો' પરથી] હડસેલો મારવો, ધકેલવું [सारितम्] ધક્કો

**હડસેલો** પુ૦ [સર૦ दे हत्थल्लिअ सं हस्ताप-

**હડહડ** અ૦ [રવ૦, સર૦ दे =એક રવ (૨) વાપ] સડસડ (ઊકળવાનો અવાજ) (૨) જુઓ હડે હડે. ૦તું વિ૦ ઊકળતુ (૨) [લા ] સુરત; પાકું; પૂરેપૂરું ૦વું અ૦ક્રિ૦ હડહડ અવાજ સાથે ઊકળવુ [મેળ (હિસાબનો)

**હડાકો** પુ૦ [રવ૦] પડઘો (૨) ['હાડ' ઉપરથી ?]

**હડી** સ્ત્રી [જુઓ હડુડુ] દોટ [-કાઢવી, મેલવી=દોડવુ ] -ડિયાદોટ, -ડિયાપાટી સ્ત્રી૦ આમ તેમ દોડાદોડ

**હડુ(-ડે)ડાટ, હડુડુ** અ૦ [રવ૦] જોરથી હડી કાઢવાનો કે ધસવાનો અવાજ

**હડૂડવું** અ૦ક્રિ૦ [રવ૦] હડુડુ કરવુ

**હડે** અ૦ [જુઓ હડ] કૂતરાને હાકવાનો ઉદ્ગાર

**હડેડાટ** અ૦ જુઓ હડુડાટ

**હડે હડે** સ્ત્રી૦ હડે હડે કરવું તે (૨) [લા.] આવકારનો અભાવ; અવગણના

**હડો** પુ૦ [સર૦ म हडया] જુઓ અડો

**હણવું** સ૦ક્રિ૦ [प्रा हण (सं हन्)] મારી નાખવુ, જીવ લેવો, નાશ કરવો (૨) [प्रा संणा (सं संज्ञा)] + સમજવું (૩) (ચ) સુણવું; સાભળવુ

**હણહણ** સ્ત્રી૦ [રવ૦] જુઓ હણહણાટ. ૦વું અ૦ક્રિ૦ (ઘોડો નાકમાંથી કરે છે તે અવાજ) -ણાટ પુ૦, -ણાટી સ્ત્રી૦ હણહણવુ તે

**હણિયું** ન૦[प्रा हणु (सं हनु)]ગાડી હાકનારને બેસવાની પાટલી (૨) [હણવુ પરથી] આડું

**હત** અ૦ [રવ૦] પશુ વગેરેને હાકી કાઢતા બોલાનો ઉદ્ગાર (૨) સ્ત્રી૦ (બાળભાષામાં) મારવુ તે (-કરવી)

**હત** વિ૦ [सं ] હણાયેલુ; મરાયેલુ, ઘવાયેલુ (૨) નિકૃષ્ટ, હલકુ ૦ભાગિની વિ૦સ્ત્રી૦ ૦ભાગી વિ૦ કમનસીબ, અભાગિયુ ૦ભાગ્ય ન૦ કમનસીબ, દુર્ભાગ્ય. ૦વીર્ય વિ૦ બળરહિત; શક્તિહીન ૦વું સ૦ક્રિ૦ + હણવુ -તાર્થ વિ૦ [+अर्थ] નિષ્ફળ, 'કૃતાર્થ'થી ઊલટું. -તાશ વિ૦ [+आशा] નિરાશ, નાસીપાસ -તોત્સાહ વિ૦ [+उत्साह] જેનો ઉત્સાહ કે ઉમંગ નાશ પામ્યો હોય એવુ

**હતું** (-તી સ્ત્રી૦, -તો પુ૦,) [સર૦ प्रा हुत्त (सं भूत)] 'હોવુ'નુ ભૂ૦ કા૦ [-નહોતું

થઈ જવું=જડમૂળથી નાશ પામવું; નામશેષ થઈ જવું. હનો હતી=ધણીધણિયાણી.]

**હત્યા** સ્ત્રી૦ [सं] ઘાત, વધ; જીવ લેવો તે (૨) પ્રાણીને મારવાથી લાગતો દોષ. [–**ચોટવી** =હિંસાથી થતો દોષ લાગવો. –**લેવી, વહોરવી**=વધ કરવો, તથા તે કારણે ચોટતા દોષના ભાગી થવું.] ૦**કાંડ** પું૦ ભારે હત્યા કે સંહારનો બનાવ. ૦**રું** વિ૦ [सं. हत्या+कारक; સર૦ म., हिं हत्यारा] હત્યા કરનારું; ઘાતકી

**હથરોટ(–ટો)** પું૦ હાથનું એક ઘરેણું

**હથવાર** વિ૦સ્ત્રી૦ અમુક એક માણસને (હાથને) જ દોહવા દે એવી ટેવાયેલી (ગાયભેંસ)

**હથિયાર** ન૦ [दे. हत्थियार] શસ્ત્ર, આયુધ (૨) સાધન (૩) ઓજાર. [–**ઊંચકવાં, ઉગામવાં, પકડવાં, લેવાં, સજવાં**=યુદ્ધ માટે તત્પર થવું] ૦**બંધ** વિ૦ સશસ્ત્ર. ૦**બંધી** સ્ત્રી૦ હથિયાર રાખવાની બંધી–મના

**હથેલી(–ળી)** સ્ત્રી૦ [सं हस्त+तल કે स्थली ઉપરથી, સર૦ हिं.] ચતા પંજાનો સપાટ ભાગ. [–**દેખાડવી**=કાંઈ મળશે નહીં એમ સૂચવવું, કાંઈ ન આપવું –**માં નચાવવું** =તદ્દન પોતાને વશ–રમકડા જેવું બનાવી દેવું –**માં પૃથ્વી આવી જવી**=ભારે સંકટ આવી પડવું –**માં પૃથ્વી જોવી**= પૂર્ણ ચડતીમાં હોવું –**માં સ્વર્ગ બતાવવું, હીરા બતાવવા**=મોટી મોટી આશાઓ આપી રમાડવું–ઠગવું.] [પાણિગ્રહણ

**હથેવાળો** પું૦ [दे. हत्थलेव] જુઓ હાથેવાળો,

**હથેળી** સ્ત્રી૦ જુઓ હથેલી

**હથોટી** સ્ત્રી૦ [હાથ ઉપરથી, સર૦ हिं हथौटी] હાથનો કસબ, આવડત (૨) મહાવરો; ટેવ [–**પડવી**]

**હથોડી** સ્ત્રી૦ [હાથ ઉપરથી; સર૦ म हातोडा, हिं हथौडा] ટીપવાનું કે ઠોકવાનું મોગરી જેવું સાધન. [–**ને ચીપિયા લઈને મંડવું** =ખંતપૂર્વક કામમાં લાગવું] –**ડો** પું૦ મોટી હથોડી, ઘણ

**-હથ્થું** વિ૦ [હાથ ઉપરથી] (સમાસમાં) હાથના માપનું. ઉદા૦ અઢીહથ્થું (૨) હસ્તક; હાથનું. ઉદા૦ એકહથ્થું

**હદ** સ્ત્રી૦ [अ. हद्] મર્યાદા, સીમા; અવધ (૨) અંત, છેડો. [–**આવવી, થવી**= પરાકાષ્ઠાએ પહોંચવું; અતિશય થવું. –**ઓળંગવી, વટાવવી**=મર્યાદા બહાર જવું. –**કરવી, વાળવી**=આડો આંક વાળી દેવો, પરાકાષ્ઠાએ પહોંચાડવું –**મળવી**=બે સીમાઓ એકઠી થવી] ૦**નિશાન** ન૦ હદ બતાવનારું નિશાન. ૦**પાર** અ૦ મર્યાદા વિના; અતિશય (૨) હદની બહાર ૦**પારી** સ્ત્રી૦ હદ બહાર થવું તે

**હદિયો** પું૦ [अ हदिय्यह] નજરાણું; ભેટ; ઇનામ (૨) [કા.] બહારગામથી ઘેર આવતી વખતે બાળકો કે બીજા માટે પ્રેમપૂર્વક આણેલી ચીજ

**હદીસ** સ્ત્રી૦ [अ.] પયગંબર સાહેબના પ્રસંગોપાત્ત કહેલા વચનો કે ફરમાનોનો સંગ્રહ; મુસલમાનોનો સ્મૃતિગ્રંથ

**હદ્દદ** સ્ત્રી૦ [अ.] ચતુઃસીમા [આનાકાની

**હનકન** સ્ત્રી૦ [હા+ના, સર૦ આનાકાની] હાના,

**હનન** ન૦ [सं.] હણવું–જીવ લેવો તે

**હનરડવું** સ૦ક્રિ૦ કનડવું

**હનુ(–નૂ)** સ્ત્રી૦ [सं] હડપચી. ૦**માન** પું૦ (સં.) મારુતિ; રામના પ્રખ્યાત વાનર ભક્ત. [–**હડીઓ કાઢે છે (ઘરમાં)**=કશી માલ-મત્તા ન હોવી] ૦**માનકૂદકો** પું૦ હનુમાનના જેવો લાંબો કૂદકો; 'લોંગ જંપ'. ૦**વટી** સ્ત્રી૦ જુઓ હડપચી

**હનો** પું૦ [સર૦ म. हणा] (કા.) ઘોડીના પલાણ ઉપર નાખવાનો ખડિયો (૨) [सं. संज्ञा, प्रा. संणा] [ચ.] સ્મૃતિ કે સંભારણું આપવું (–**આપવો, લાગવો, લગાડવો**)

**હપ(–પ્પ)** અ૦ [રવ૦] એવા અવાજ સાથે (ખાવું). [–**કરવું, કરી જવું**=ખાઈ જવું; હડપ કરી જવું.]

**હપતો, હફતો** [फा.; सं. सप्ताह] પું૦ સપ્તાહ; અઠવાડિયું (૨) થોડે થોડે પૈસા ભરવા ઠરેલી મુદત, તે તે મુદતે ભરવાની રકમ. [–**કરવો,**

**બાંધવો**=ભરણું ભરપાઈ કરવા માટે હપતા નક્કી કરવા. **-પડવો**=ઠરાવેલી મુદતે નક્કી કરેલી રકમ કે ભાગ ન ભરાવો. **-ભરવો** =ઠરાવેલ હપતા પ્રમાણે નાણાં કે ભાગ ભરપાઈ કરવો ]**-તાવાર** અ૦ હપતા પ્રમાણે

**હબક** સ્ત્રી૦ [જુઓ હબક. સર૦ म ] સખત બીક; ફાળ (**-ખાવી, -લાગવી**) **૦વું** અ૦ક્રિ૦ ફાળ પડવી; ચોંકવું

**હબશી(-સી)** પું૦ [अ ] આફ્રિકાનો વતની **-સણ** સ્ત્રી૦ હબસીની કે હબસી સ્ત્રી

**હબશી(-સી)મૂઠ** સ્ત્રી૦ [સર૦ अ. हब्स= કેદ + મૂઠ] છોડી છૂટે નહિ એવી મૂઠ (૨) [લા ] ખોટો મતાગ્રહ કે હઠ

**હબહબ** અ૦ [રવ૦] (નળમાંથી પાણી જોરથી નીકળવાનો અવાજ). **-બાટ** પું૦ હબહબ અવાજ (૨) ઘોઘાટ

**હબૂકપોળી** સ્ત્રી૦ એક બાળરમત

**હમચી,-ચડી** સ્ત્રી૦ તાનમાં ઊછળીને લીધેલી કૂદકી-ઘુમરડી (જેમ કે, દેવી આગળ ધૂણતાં કે કૂદતાં) [-ખૂંદવી]

**હમજાત** વિ૦ [फा.] પોતાની જાતિનું

**હમડી** સ્ત્રી૦ [सं अहम् પરથી] મગરૂરી, હુંપદ

**હમ(-મ)ણાં** અ૦ જુઓ હવણાં; હાલ

**હમદર્દી** સ્ત્રી૦ [फा.] સમભાવ, દિલસોજી

**હમદીન** વિ૦ [फा ] એક ધર્મનું

**હમરાહી** સ્ત્રી૦[फा हमराह, સર૦ म हमराई] સોબત; સંગાત [વતનવાળું

**હમવતની** વિ૦ [फा. हमवतन] એક જ મૂળ-

**હમશેચો** પું૦[फा हमसायह? સર૦ म हमशा] મોટા કાઠાનું - મોટું માણસ [બચકી (૨)

**હમાચો** પું૦[સર૦ म हमिचा](કા.) મુસાફરીની

**હમામ** ન૦ [अ हम्माम] નાહવાની જગા. **૦ખાનું** ન૦ સ્નાનગૃહ, ગુસલખાનું

**હમામદસ્તો** પું૦[फा. हावनदस्तह, સર૦ म ] ખાંડણીપરાઈ (૨) ખાંડણીનો દસ્તો; પરાઈ

**હમાલ** પું૦ [अ हम्माल] બોજો ઉપાડનારો; મજૂર **-લી** સ્ત્રી૦હમાલનું કામ; હમાલપણું

**હમિયાણી** સ્ત્રી૦[फा हम्यान, સર૦ म हमाणी] (રૂપિયા ભરવાની) કોથળી (૨) (લા.) ધન, દોલત

**હમી, ૦દાર ૦દારી** જુઓ હામી, ૦દાર, ૦દારી [એક પ્રકાર

**હમીર** પું૦ [સર૦ हिं., म.] કલ્યાણ રાગનો

**હમેલ** પું૦ [अ हम्ल] ગર્ભ (૨) સ્ત્રી૦ [अ हिमाइल] ચપરાસ, પટો; પટા પરની તખ્તી. [**-રહેવો**=સગર્ભા થવું ]

**હમેશ** અ૦[अ.] રોજ, નિત્ય **૦ગી** સ્ત્રી૦[फा.] અવિચ્છિન્નતા, નિરંતરતા (૨) અનંતપણું **-શાં** અ૦ હમેશ

**હય** પું૦ [सं.] ઘોડો, અશ્વ. **૦ગ્રીવ** પું૦ (સં ) વિષ્ણુ **૦ગ્રીવા** સ્ત્રી૦ (સં.) દુર્ગા. **૦દળ** ન૦ ઘોડેસવાર લશ્કર **૦મેધ** પું૦ અશ્વમેધ **૦શાલા(-ળા)** સ્ત્રી૦ અશ્વશાળા, ઘોડાર

**હયબત** સ્ત્રી૦ [अ ] જુઓ હેબત

**હયમેધ, હયશાલા(-ળા)** જુઓ 'હય'માં

**હયાત** વિ૦ [अ ] જીવતું, વિદ્યમાન. **-તી** સ્ત્રી૦ હયાતપણું, જિંદગી (૨) અસ્તિત્વ

**હર** પું૦ [सं ] શંકર, મહાદેવ (૨) વિ૦ હરનાર, લેનાર (સમાસને છેડે) ઉદા૦ મનોહર

**હર** વિ૦ [फा.] દરેક, પ્રત્યેક

**હરકત** સ્ત્રી૦ [अ ] અડચણ, નડતર (૨) વાંધો. [**-આવવી, નડવી, પડવી**=હરકત થવી.] **-તી** વિ૦ હરકત કરનારું

**હરકોઈ** વિ૦ [હર+કોઈ] દરેક, ગમે તે કોઈ

**હરખ** પું૦ [જુઓ હર્ષ;સર૦ हिं , म ] આનંદ. **૦ઘેલું** વિ૦ અતિશય હર્ષથી ઘેલું બનેલું. **૦ચમક** સ્ત્રી૦ અતિ હરખથી મગજનું સમતોલપણું જતું રહેવું તે **૦પદૂડું** વિ૦ અતિ ઉત્સાહી **૦વા** પું૦ ઘણા જ આનંદથી થયેલી ઘેલછા. **૦ભેર** અ૦ હરખ સાથે **૦(-ખા)વું** અ૦ક્રિ૦ [सं. हृष्; સર૦ हिं हरखना]ખુશ થવું, આનંદમાં આવવું. **૦સંનેપાત** પું૦ હરખનો સંનેપાત—ગાંડપણ [બિલકુલ

**હરગિજ(-સ)** અ૦ [फा.] કદી પણ (નહિ),

**હરઘડી** અ૦ [હર+ઘડી] દરેક ઘડીએ, વારવાર

**હરજી** પું૦ [હરિ+જી] (સં ) પરમેશ્વર

**હરડાં** ન૦ બ૦વ૦[જુઓ હરડી] હરડીનાં નાનાં અધકચરાં ફળ. **-ડી** સ્ત્રી૦ [प्रा हरडई (सं हरीतकी)] હરડાનું ઝાડ **-ડે** સ્ત્રી૦ હરડી

નામના ઝાડનું ફળ, હરીતકી
**હરણ** ન૦ [સં.] હરી જવું–ઉપાડી જવું તે
**હરણ** ન૦ [જુઓ હરિણ; સર૦ મ] મૃગ. **–ણિયો** પું૦. **–ણિયું** ન૦ મૃગશીર્ષ. **–ણી** સ્ત્રી૦ હરણની માદા (૨) [પ] મૃગશીર્ષ. **–ણું** ન૦ મૃગલું, હરણ
**હરણપત્ર** ન૦ એક વનસ્પતિ
**હરણિયો(–યું), હરણી, હરણું** જુઓ 'હરણ'માં [એક ઉપધાતુ
**હર(–રિ)તાલ(–ળ)** સ્ત્રી૦ [જુઓ હરિતાલ]
**હરતુંફરતું** વિ૦ [જુઓ હરવુંફરવું] હાલી ચાલી શકે એવું કે એટલું; સાજું થયેલું
**હરદમ** અ૦ [फा.] હરેક ક્ષણે; હમેશ
**હર(–રિ)દાસ** પું૦ [હરિ+દાસ; સર૦ म.] એક પ્રકારનો હરિકથા કરનાર
**હર(–રિ)દ્વાર** ન૦ [सं हरिद्वार] (સં.) હિન્દુઓનું એક તીર્થસ્થળ
**હરનિશ** અ૦ જુઓ અહર્નિશ
**હરફ** પું૦ [अ. हर्फ] બોલ, શબ્દ (૨) અક્ષર
**હરફર** સ્ત્રી૦ [હરવું+ફરવું] વારંવાર આવવું જવું તે
**હરબ(–ભ)ડવું** અ૦ ક્રિ૦ [સર૦ म. हरबडणें] જુઓ હડબડવું [ગભરાટ
**હરબ(–ભ)ડાટ** પું૦ [હરબડવું પરથી] હડબડાટ;
**હરમ** સ્ત્રી૦ [अ] લોંડી; હુરમ
**હરમડવું** અ૦ ક્રિ૦ [જુઓ હરબડવું, સર૦ म. हरमळणें] ગભરાવું; રઘવાયું થવું
**હરમડાટ** પું૦ [હરમડવું પરથી] ગભરાટ; રઘવાટ
**હરમર** સ્ત્રી૦ એક વનસ્પતિ [સ્વાદનું
**હરસું** વિ૦ [સર૦ म हिरवा(सं हरित)] હળદરના
**હરમો** પું૦ એક જાતનું ઘાસ
**હરરોજ** અ૦ [फा] દરરોજ
**હરવખત** અ૦ [હર+વખત] દરેક વખતે
**હરવણ** ન૦ (કાનમ) શાલચાદર જેવું ઓઢવાનું
**હરવર** સ્ત્રી૦ [સર૦ प्रा. हरण = સ્મરણ] સ્મરણ; યાદ
**હરવવું** સ૦ક્રિ૦ (પ) જુઓ હરાવવું
**હરવાયું** વિ૦ [प्रा हराविअ] સુસ્ત, કાયર, હારી ગયેલું [તાજું
**હરવું** વિ૦ [प्रा. हरिअ (सं. हरित)] લીલું (૨)
**હરવું** સ૦ક્રિ૦ [प्रा. हर (सं. हृ)] બળાત્કારથી ઉપાડી જવું (સ્ત્રીને) (૨) લૂંટી લેવું (૩) લઈ લેવું. **૦ફરવું** અ૦ક્રિ૦ [વિહરવું+ફરવું] આમતેમ મોજથી ફરવું [**હરીફરીને** = આમ કે તેમ પ્રયત્ન કર્યે કે જોતા કરતા છતાં; આઘાપાછા થઈને પણ, છેવટે (માત્ર આ છે એવો અર્થ બતાવવા)]
**હ(૦ર)શેકું** વિ૦ (ચ) ડોકરવાયું
**હરસ** પું૦ [सं. अर्श] ગુદામાં થતો એક રોગ. [**–ફૂટવા** = હરસથી લોહી પડવું.] **૦મસા** પું૦ બ૦વ૦ હરસ અને મસા
**હરસાલ** વિ૦ [फा.] દરેક વર્ષે; વર્ષોવર્ષ
**હરસિદ્ધ** સ્ત્રી૦ [सं. हरिसिद्धि] (સં.) એક દેવી (વિક્રમ રાજા પર એ પ્રસન્ન હતી)
**હરસી, ૦લી** સ્ત્રી૦ [સર૦ प्रा हरिसिअ (स. हर्षित), प्रा. हरिसाल (स हर्षवत्)] પ્રેમી સ્ત્રી
**હરહર મહાદેવ** શ૦પ્ર૦ [सं ;સર૦प्रा. हरहराइअ ='હર' હર' અવાજ] જમણના પ્રારંભનો મંગળ ઉદ્ગાર (૨) ક્ષત્રિયોની રણહાક
**હરહુન્નર** પું૦ [હર+હુન્નર; સર૦ म.] સર્વ કળાકૌશલ્ય **–રી** વિ૦ બધા હુન્નર જાણનાર
**હરાક(–ખ)** સ્ત્રી૦ [સર૦ तुर्की हराक] ઘોડો આવવાનો દોર
**હરાજ** વિ૦ [अ. हर्ज] લિલામથી વેચેલું. **–જી** સ્ત્રી૦ લિલામ જાહેરમાં કિંમત બોલાવરાવી વધારેમાં વધારે કિંમત આપનારને વેચવું તે. [**–બોલાવવી** = હરાજી કરવી; હરાજ કરવું]
**હરાડું(–યું)** વિ૦ જુઓ હરાયું
**હરામ** વિ૦ [अ] કુરાનમાં મના કરેલું હોય એવું, નિષિદ્ધ, અધર્મી (૨) વગર હકનું, અઘટિત (૩) સુસ્ત, બેઠાખાઉ [**–ના પૈસા, –નો માલ** = પારકાનો અન્યાયથી મેળવેલો માલ કે પૈસા **–ની ઓલાદ, –નું ખોળિયું** = હરામખોર શઠ માણસ (ગાળ). **–નું ખાવું** = પારકી મહેનત ઉપર જીવવું; વગરહકનું ખાવું (૨) આળસુ, પડી રહેવું. **–હાડકાનું** = કામચોર, આળસુ] **૦ખોર** વિ૦ હરામનું ખાવા ઇચ્છનાર (૨) કૃતઘ્ની (૩ બદમાસ. **૦ખોરી** સ્ત્રી૦ હરામખોરપણું. **૦ચસકો** પું૦ હરામનું લેવાખાવાનો

ચસકો. ૦જાદું વિ૦ [+फा. ज़ादा] વ્યભિચારથી જન્મેલું -ખો વિ૦ હરામખોર, કૃતઘ્ન, બદમાશ (૨) સ્ત્રી૦ હરામખોરી

**હરામનિયા** ન૦ એક પખી

**હરાયુ** વિ૦[સર૦ हि हरिआना=ताज़ु माज़ु] રખડતું; છૂટું ફરતું (૨) અંકુશ વગરનું; માતેલું. [-ઢોર=ન ધણિયાતું-રખડતું ઢોર (૨)[લા] તેના જેવું અમર્યાદ માણસ.] -યો પુ૦ નિયમ વિના ગમે તે બોલી હસાવનાર ભવૈયો [હંમેશા; ઠેઠ સુધી

**હરાર** અ૦ (ફા) ચરાર, નક્કી, અવશ્ય(૨)(ચ)

**હરાવવું** સ૦ક્રિ૦, -હરાવું અ૦ક્રિ૦ 'હરવું' 'હારવું'નું અનુક્રમે પ્રેરક ને કર્મણિ

**હરાવો** પુ૦ [હારવું પરથી] હારી જવાપણું, ગેરફાયદો, ખોટ

**હરિ** પુ૦ [सं ](સ.) વિષ્ણુ, કૃષ્ણ (૨) ઘોડો (૩) સિંહ (૪) વાંદરો (૫) ચંદ્ર [-નો લાલ =ભક્ત, ઈશ્વરપ્રેરણાથી ચાલતો પુરુષ (૨) સખી-દાતા ગૃહસ્થ] ૦કથા સ્ત્રી૦ ભગવાનની કથા ૦કીર્ત(-ર્ત્ત)ન ન૦ સંગીત સાથે પરમેશ્વરના ગુણગાન. ૦ગત સ્ત્રી૦ [ગતિ] વીતક; આપવીતી. ૦ગીત પુ૦ એક છંદ ૦ગીતિયું વિ૦ હરિગીત જેવા સહેલા છંદ બનાવી શકનાર, લેભાગુ. ૦ચંદન ન૦ કેસર (૨) એક જાતની સુખડ (૩) ચાંદની (૪) સ્વર્ગના પાંચ વૃક્ષમાંનું એક (બાકીના -પારિજાત, મંદાર, સંતાન અને કલ્પ) ૦જન પુ૦ હરિનો-વિષ્ણુનો માણસ, દેવદૂત (૨) હરિનો ભક્ત (૩) અંત્યજ ૦જનેતર વિ૦ [+इतर] અંત્યજ સિવાયનું બીજું (૨) પુ૦ તેવો માણસ, સવર્ણ

**હરિણ** પુ૦, ન૦[सं ] હરણ; મૃગ -ણાક્ષી વિ૦સ્ત્રી૦[सं ] હરિણ જેવા સુંદર નયનવાળી. -ણાજિન ન૦ [+अजिन] હરણનું ચામડું. -ણી સ્ત્રી૦ હરણી, મૃગલી (૨) પુ૦ એક છંદ

**હરિત** વિ૦ [सं] લીલું

**હરિતાલ** સ્ત્રી૦ [सं] જુઓ હરતાલ

**હરિતાલી** સ્ત્રી૦ [सं] દૂર્વા (૨) આકાશમાંની રેખા (મેઘ વગેરેની)

**હરિદાસ** પું૦ [सं] જુઓ હરદાસ

**હરિદ્રા** સ્ત્રી૦ [सं] હળદર

**હરિદ્વાર** ન૦ [सं.] (સ) જુઓ હરદ્વાર

**હરિભક્ત** પુ૦ [सं] હરિનો ભક્ત

**હરિયાળી** સ્ત્રી૦ [दे. हरिआली (सं हरित)] લીલોતરી કે તેની શોભા -ળું વિ૦ લીલું

**હરિવદની** વિ૦સ્ત્રી૦ [सं.] જુઓ ચંદ્રવદની

**હરિવાસર** પુ૦ [सं] એકાદશી

**હરિશ્ચંદ્ર** પું૦ [सं.] (સં) પ્રસિદ્ધ સત્યવાદી રાજા; ત્રિશંકુનો પુત્ર [શિવ

**હરિહર** પુ૦ [सं] હરિ અને હર વિષ્ણુ ને

**હરી** વિ૦ [सं हरित=લીલું ઉપરથી?] કૂવાના પાણીથી પકવેલું (૨) સ્ત્રી૦ તેવો-કૂવાના પાણીથી કરેલો (ઉનાળાનો) પાક

**હરીતકી** સ્ત્રી૦ [सं] હરડે

**હરીફ** પુ૦ [अ] પ્રતિસ્પર્ધી, સામાવાળિયો (૨) વિરોધી, દુશ્મન -ફાઈ, -ફી સ્ત્રી૦ સરસાઈ; સ્પર્ધા (૨) શત્રુતા

**હરીરો** પું૦ [अ हरीरह] જુઓ મળમાણું

**હરીશ્વર** પું૦ [सं] વાનરોનો રાજા

**હરીસો** પું૦ [प्रा हरिस (सं हर्ष) ઉપરથી?] (ફા) એક પ્રકારનું મિષ્ટાન્ન

**હરું** વિ૦ [प्रा हरिअ (सं. हरित)] લીલું (૨) રુચિ પેદા કરે તેવા સ્વાદનું (૩) અ૦ અહીં

**હરુભરુ** અ૦ રૂબરૂ (ચ)

**હરેક** વિ૦ [હર+એક] દરેક, પ્રત્યેક

**હરેઠ(-ડુ)** વિ૦ [જુઓ હરેડી] પુ૦ બહુ ભારે; અઠંગ (વ્યસની)

**હરેડી(-રી)** સ્ત્રી૦ પૂંઠ પકડવી તે ?/

**હરેડુ** વિ૦ પુ૦ જુઓ હરેડ

**હરેડું** ન૦ જુઓ હરાયું [ખસવું તે

**હરેરી** સ્ત્રી૦ હરડી મરણિયા કિકિયારી કરીને

**હરેરું** ન૦ હરેરાનું ફળ. -રો પુ૦ એક ઝાડ

**હરેવા** ન૦ એક પખી

**હરોલ(-ળ)** સ્ત્રી૦ [तुर्की हरावुल सर० हिं, म] લશ્કરનો પાછલો ભાગ (૨) હાર ઓગ (૩) બરાબરી, જોડ. [-માં આવવું, ઊભું રહેવું. બેસવું=સ્પર્ધા કરવી]

**હર્તા(-ર્ત્તા)** વિ૦[सं] 'હરનાર'[પ્રાયઃ સમાસને

છેડે]. ૦હર્તા દુઃખહર્તા (૨) પું૦ ચોર; લૂટારુ
**હર્મ્ય** ન૦ [સં] મોટું સુંદર મકાન, મહેલ
**હર્ષ** પું૦ [સં.] હરખ, આનંદ. ૦ઘેલું વિ૦ જુઓ હરખઘેલું. ૦દ વિ૦ હર્ષ આપે તેવું. ૦નાદ પું૦ હર્ષની બૂમ -ર્ષાશ્રુ ન૦[+अश्रु] હરખનું આંસુ -ર્ષિત વિ૦ [સં] હર્ષ પામેલું
**હલ** પું૦ [अ] નિર્ણય; ઉકેલ. [-કરવું= ઉકેલ લાવવો; ફેંસલો કરવો.]
**હલ(-ળ)** ન૦ [સં.] જમીન ખેડવાનું ઓજાર
**હલક** સ્ત્રી૦ [अ. हल्क] કંઠ; સૂર, સ્વર (૨) શોભા, રોનક (૩) પળ, ક્ષણ. ૦દાર વિ૦ હલકવાળું [સ્વભાવનું
**હલકટ** વિ૦ [જુઓ હલકું] નીચ; આછકલા
**હલકવું** અ૦ક્રિ૦ [દે. हल्ल સર૦ हिं हल्कना] હેલારા મારવા (૨) ધમાલ મચાવવી (ભીડથી)
**હલકાઈ** સ્ત્રી૦ [જુઓ હલકું] હલકટપણું; નીચતા -પણું ન૦ હલકું હોવું તે
**હલકાર** પું૦ [प्रा हक्कार] હલકારવું તે. ૦વું સ૦ક્રિ૦ મોટેથી બૂમ પાડવી (૨) બૂમ પાડી હાંકવું, ડચકારવું (૩) હાંકવું. ચલાવવું
**હલકારો** પું૦ [फा. हर्कारह] ખેપિયો; કાસદ (૨) જાસૂસ, દૂત
**હલકાશ** સ્ત્રી૦ ['હલકુ' ઉપરથી] હલકાપણું
**હલકાહોલ** પું૦ [રવ૦; સર૦ દે. हलहलअ] કોલાહલ; ઘોઘાટ
**હલકું** વિ૦ [प्रा हलुअ (सं लघुक)] ઓછા વજનનું (૨) ઓછા મૂલનું (૩) ઝટ પચે તેવું (૪) વેરું, અસહ્ય કે મુશ્કેલ નહીં તેવું (૫) પ્રફુલ્લ, તાજું; ચિંતા વગરનું, ઉલ્લાસભર્યું (૬) ઊતરતી કોટીનું (૭) ઓછી મહેનતનું (૮) નીચું; ખરાબ, અઘટિત (૯) હલકટ. [હલકા પેટનું=મનમાં રાખવા જેવી વાત કહી દે તેવું (૨) સાંકડા-અનુદાર મનવાળું (૩) નીચ કુળનું. હલકું કરવું=વજનમાં ઓછું કરવું (૨) માર મારીને અશક્ત કરવું, મદ ઉતારવો. -થવું=વજનમાં ઓછું થવું (૨) જુઓ હલકું પડવું -પડવું=અપમાનિત થવું, કલંકિત થવું -ફૂલ=ફૂલ જેવું હલકું; ઘણું હલકું. -લોહી=ઊતરતો દરજ્જો કે જાત, અપ્રતિષ્ઠિતતા]
**હલચો** પું૦ [दे. हल्ल=હાલવું; કંપવું] (કા.) ઘસારો; નુકસાન
**હલફલ** સ્ત્રી૦ [दे. हल्लप्फल; સર૦ हिं.]ધમાલ; હલમલ. ૦વું અ૦ક્રિ૦ ખળભળવું, ઉશ્કેરાવું
**હલ(-ળ)ધર** પું૦ [સં.] (સ.) બળરામ
**હલનચલન** ન૦ [સં] હાલવું ચાલવું તે
**હલબલ** સ્ત્રી૦ [જુઓ હલફલ, સર૦ हिं.] ગભરાટથી કરેલી હોહા, બૂમાબૂમ
**હલમલ** સ્ત્રી૦ [જુઓ હલફલ] ધામલ, ધમાલ; ખળભળાટ. ૦વું અ૦ક્રિ૦ હાલવું, ડોલવું (૨) [લા.] ભાવમગ્ન થવું
**હલવા** સ્ત્રી૦ [સર૦ म] એક માછલી
**હલવાઈ** પું૦ [अ.] સુખડિયો; કંદોઈ
**હલવાન** ન૦ [જુઓ અલવાન; સર૦ म.] કાંબળ, કોર વિનાની શાલ (૨) [अ.] બકરીનું ધાવણું બચ્ચું
**હલવું** અ૦ક્રિ૦ [दे. हल्ल]-હાલવું
**હલવો** પું૦ [अ.] એક મીઠાઈ
**હલસો** પું૦ [હલવું ઉપરથી ?] જોરથી ડગ ચાલવો તે (૨) હલેસું
**હલહલ** સ્ત્રી૦[दे.],-લાટ પું૦ ધામલ,કોલાહલ
**હલંત** વિ૦ [સં.] વ્યંજનાંત [સંબોધન
**હલા** અ૦ [સં.] સખીને બોલાવતાં વપરાતું
**હલાક** વિ૦ [अ.] હેરાન, અથડામણથી કંટાળેલું (૨) કંગાલ -કી સ્ત્રી૦ હેરાનગતિ; અથડામણ; આપદા (૨) તંગી, કંગાલિયત
**હલાણું** ન૦['હલ' પરથી ?] મોટા ખેતરને સળંગ ખેડતાં ન ફાવે તેથી ટુકડે ટુકડે ખેડવું તે
**હલાફલ** સ્ત્રી૦[જુઓ હલફલ] (કા.) દોડાદોડી; આમથી તેમ અને તેમથી આમ ધૂમવું તે (૨) પોતાની મોટાઈ બતાવવા આમ તેમ ફરાફર કરવી તે
**હલામણ** સ્ત્રી૦ [હાલવું કે સાલવું ઉપરથી] અથડામણ, હેરાનગતિ (૨) માથાફોડ, પંચાત
**હલાયુધ** પું૦ [સં.] (સં.) હળધર, બળરામ
**હલાલ** વિ૦ [अ.] (ઇસ્લામી) ધર્મમાં જેની રજા છે એવું; વિહિત કાયદેસર, વાજબી. [-કરવું=(ઇસ્લામી)વિધિ પ્રમાણે મારવું (૨)

(નિમકને) વફાદાર રહેવું.] ૦ખોર પું૦ [સર૦ હિં.] ભંગિયો (૨) ખાટકી; કસાઈ (૩) બરાબર કામ કરીને બદલો મેળવનારો. –રી સ્ત્રી૦ વફાદારી, એકનિષ્ઠા

**હલાવવું** સ૦ક્રિ૦ 'હાલવું'નું પ્રેરક (૨) ઊંચુંનીચું કરી (કોઈ કામ, વાત, વિચાર ઇ૦ને) ગતિ કે ચાલના આપવી, ચળવળ, ખળભળાટ, પ્રવૃત્તિ પ્રેરે એમ કરવું (૩) બીજા નામ સાથે વપરાતાં તે તે વસ્તુ દ્વારા કાંઈ કરવું, એવો અર્થ થાય છે. [જેમ કે, જીભ હલાવવી = બોલવું (૨) લાલચમાં બોલવું, ભલામણ કરવી. ડોયો હલાવવો = વચમાં પથરો નાખવો, દખલ કરવી. માથું હલાવવું = હા કહેવું (૨) ના પાડવી. લૂલી હલાવવી = જુઓ જીભ હલાવવી. હાથ હલાવવા = મહેનત કરવી; કામ કરવું.]

**હલાવું** અ૦ક્રિ૦ 'હાલવું'નું ભાવે ૦ચલાવું હલી ચાલી શકાવું, કાંઈ ક્રિયા થઈ શકવી

**હલાહલ(–ળ), હલાહલ(–ળ)** વિ૦ [સં.] અતિ તીવ્ર (૨) ન૦ કાળકૂટ વિષ (સમુદ્રમંથન કરતાં નીકળેલું)

**હલેતું** વિ૦ [જુઓ અલતું] દુનિયાદારીથી અણવાકેફ (૨) ભીરુ, બીકણ

**હલેલ** ન૦ [જુઓ હલામણ] (ચ.) લફરું

**હલેસવું** અ૦ક્રિ૦ (હલેસું પરથી) હલેસાં મારવાં (૨) સ૦ક્રિ૦ હલેસાં મારી ચલાવવું

**હલેસું** ન૦ [સર૦ हिं. हली(–ले)सा (सं. हलीषा હળનો દાંડો–હાથો?)] હોડી ચલાવવાનો ચાટવો. હલેસાં મારવાં = (હોડી ચલાવવા) હલેસાથી મથવું]

**હલો** પું૦ ઠાઠમાઠ, ભપકો

**હલોલ** વિ૦ [સર૦ હલેતું] (ચ.) મંદબુદ્ધિનું, બાઘું

**હલ્લું** ન૦ + હલ્લો

**હલ્લો** પું૦ [दे. हल्ल = હાલવું કે अ. हम्लह (હુમલો) પરથી?] ધસારો, હુમલો (૨) [લા.] ધક્કો નુકસાન (૩) [લા.] કામધંધો; ઉદ્યોગ

**હલ્સંધિ** પું૦,સ્ત્રી૦ [સં.] વ્યંજનોની સંધિ (વ્યા.)

**હવકવ** સ્ત્રી૦ જુઓ હવ્યકવ્ય (૨) દાવપેચ, યુક્તિપ્રયુક્તિ

**હવડ** વિ૦ [જુઓ અવડ] અવાવરુ

**હવડાં(–ડે)** અ૦ + જુઓ હવણાં

**હવણ (ણ,)** સ્ત્રી૦ [જુઓ સવાણ] સાથ, સોબતની હૂંફ (૨) સહેલ

**હવણાં** અ૦ [प्रा. अहुणा (सं. अधुना)] હાલમાં; અત્યારે, હમણાં

**હવન** પું૦ [સં.] હોમ, યજ્ઞ (૨) ન૦ યજ્ઞમાં આહુતી હોમવી તે [–માં પડવું = ખોટી મહેનત કે પંચાતમાં પડવું, વ્યર્થ ભોગ આપવો. –માં હાડકું નાખવું = શુભમાં અશુભ કરવું, સારા કામમાં દખલ કરવી] ૦પડી સ્ત્રી૦ હવનમાં વપરાતી સામાન્ય ચીજોનું પડીકું

**હવસ** પું૦ [अ.] વાસના (૨) કામવાસના (૩) લોભલલુતા ૦ખોર વિ૦ વિષયી, કામુક

**હવા** સ્ત્રી૦ [अ.] પવન, વાયુ (૨) વાતાવરણ (૩) ભેજ [(ગામમાં) હવા કેવી છે? = ગામમાં શી વાતચીત–ચર્ચા ચાલે છે? (૨) ગામમાં વાતાવરણ કેવું છે? (૩) ગામમાં સુખાકારી કેવી છે? –ખાવી = હવાફેર કરવા સ્થળાંતર કરવું કે મન બહલાવવા ખુલ્લામાં ફરવું (૨) કાંઈ ન મળવું, અંતરિયાળ વચ્ચે રહી જવું (૩) ગૂમ થવું. –ખાવા જવું = હવાફેર માટે આરોગ્યપ્રદ સ્થળે રહેવું અથવા ફરવું (૨) નકામું આથડયા કરવું કે પડી યા બેસી રહેવું. –ખાવાનું સ્થળ = સારી હવાવાળું–આરોગ્યપ્રદ સ્થળ. –પકડવી = (પતંગ કે નાવના સઢમાં) હવા ભરાઈને ખેંચ શરૂ થવી. –થઈ જવું = હવામાં ઊડી જવું (૨) (ઘોડાએ) પવનવેગે દોડવું. –પૂરવી, ભરવી = પંપ વગેરે સાધનથી (ટયૂબ વગેરેમાં) હવા ઠાંસવી. –ભરાવી = (મગજમાં) ઘમંડ વધવું; અભિમાન આવવું. –માં ઊડી જવું = અદૃશ્ય થવું (૨) વ્યર્થ જવું. –માં કિલ્લા બાંધવા = અસંભવિત મનોરથ કરવા. –માં બાચકા ભરવા = મિથ્યા પ્રયાસ કરવો. –માં બાર કરવો = ચેતવણી આપવા કે બિવડાવવા ઊંચે ગોળીબાર કરવો. –માં મારવું = મારવાનો અમથો દેખાવ કરવો (૨) મિથ્યા પ્રયાસ કરવો. –માં હીંચકા ખાવા = અધ્ધર લટકવું (૨) કામધંધા વિનાનું રહેવું. –લાગવી = હવા કે

ભેજની અસર થવી (૨) વાતાવરણ વગેરેની અસર થવી. –લેવી = હવા ખાવી (૨) કાણાને કારણે હવા સુસાવી.] ૦ઈ વિ૦ હવાનું, –ને લગતું (૨) હવામાં ઊડનારું (૩) [લા.] કાલ્પનિક, તરંગી (૪) સ્રી૦ એક દારૂખાનું. [–કિલ્લા બાંધવા = જુઓ હવામાં કિલ્લા બાંધવા –છૂટવી = હવાઈ ઊડવી (૨) ગપ ચાલવી] ૦ઈ જહાજ ન૦ [સર૦ हिं] વિમાન; 'એરોપ્લેન' ૦ટ પું૦ હવાયાની અસર ભેજ ૦દાર વિ૦ હવા આવજા કરે એવી મોકળાશવાળું. ૦ફેર પું૦ તબિયતને કારણે હવા – સ્થળ બદલવું તે. ૦માન ન૦ હવાના દબાણ વગેરે સ્થિતિનું માપ

હવા(–વે)ડો પું૦ [સં. आहाव] ઢોરને પાણી પીવાનો (કૂવા પરનો) કુંડ

હવાણ સ્રી૦ જુઓ હવણ, સવાણ

હવાતિયું ન૦ વલખું, મિથ્યા પ્રયત્ન, ફાંફાં. [હવાતિયાં મારવાં = ફાંફાં મારવાં]

હવાદાર, હવાફેર, હવામાન જુઓ 'હવા'માં

હવાલ પું૦ [અ. अह्‌वाल] અવસ્થા, હાલત (૨) અહેવાલ

હવાલદાર પું૦ [હવાલો + फा दार] પટેલ-તલાટીનો સિપાઈ, પટાવાળો (૨) સિપાઈઓની કે પોલીસની નાની ટુકડીનો નાયક. –રી સ્રી૦ હવાલદારનું કામ કે પદ

હવાલો પું૦ [अ] કબજો; તાબો (૨) સુપરત; ભાળવણ (૩) અખત્યાર; સત્તા (૪) ઝીણી ચાળણી (૫) સામસામે ખાતે જમાઉધાર કરવું તે. [હવાલે કરવું = કબજામાં લેવું કે મૂકવું હવાલો આપવો = જામીન થવું (૨) સોંપવું –નાખવો = સામસામે રકમ ખાતામાં જમાઉધાર કરવી]

હવાવું અ૦ક્રિ૦ ['હવા' ઉપરથી] ભેજ લાગવો

હવાં અ૦ [જુઓ હવડાં] (પ) હવે; હમણાં

હવિ પું૦; ન૦ [સં.] બળિ, હોમવાનું તે

હવિષ્ય ન૦[સં.] હોમવા યોગ્ય દ્રવ્ય. –ષ્યાન્ન ન૦ [+ अन्न] યજ્ઞ કે ઉપવાસના દિવસોમાં ખાઈ શકાય તેવું અન્ન

હવું (સ્રી૦ હવી, પું૦ હવો) ['હોવું'નું અનિયમિત ભૂ૦ કા૦નું રૂપ] (પ) થયું

હવે અ૦ [જુઓ હવાં] અમુક પછી, અત્યારે (૨) અત્યાર પછી; આગળ પર

હવેજ પું૦ હળદરનો લોટ

હવેડો પું૦ જુઓ હવાડો

હવેથી અ૦ [હવે + થી] અત્યાર પછીથી

હવેરું વિ૦ [જુઓ હાવરું] (સુ.) બાવરું, ગભરાયેલું

હવેલી સ્રી૦ [फा.] મોટું ને સુંદર બાંધણીનું મકાન (૨) (સ.) પુષ્ટિમાર્ગીય મંદિર. ૦ધર્મ પું૦ પુષ્ટિમાર્ગી વૈષ્ણવ ધર્મ

હવૈડું ન૦ જુઓ બગડિયું, એક જાતની રાપડી

હવ્ય વિ૦ [સં.] હોમવા યોગ્ય (૨) ન૦ હોમવાની સામગ્રી (દેવોને માટે). ૦કવ્ય ન૦ [સં.] દેવ અને પિતૃને આપવાનો બળિ

હશર સ્રી૦ [अ. हश्र] કયામત

હશે [જુઓ હવું] હોવું'નું બીજા પુરુષ એ૦ વ૦નું તથા ત્રીજા પુરુષનું ભ૦ કા૦નું રૂપ (૨) અ૦ [લા.] ખેર, કંઈ ચિંતા નહિ ૦દૃષ્ટિ સ્રી૦ 'હશે'ના ભાવની દૃષ્ટિ –ઈશ (બ૦ વ૦ હઈશું) 'હોવું'નું પહેલો પુરુષ ભ૦ કા૦નું એ૦ વ૦ રૂપ –શો 'હશે' (બીજો પુરુષ એ૦વ૦)નું બ૦વ૦ રૂપ

હશેકું વિ૦ [સ + શેક] નવશેકું, સહેજસાજ ગરમ ['હ'માં)

હશ્રુતિ સ્રી૦ [સં.] જુઓ હકારશ્રુતિ (જુઓ

હસકે તસકે અ૦ વારવાર; રહી રહીને (૨) સહેજ સહેજમાં

હસણી સ્રી૦ ['હસવું' ઉપરથી] હસવું તે (૨) હસવાની રીત (૩) હાસી

હસણું વિ૦ ['હસવું' ઉપરથી] હસતું (૨) મશ્કરીખોર (૩) ન૦ હાસી

હસતું વિ૦ 'હસવું'નું વ૦ કૃ૦. [હસતા લાડુ = થોડા ઘીવાળા, અને હાથ અડકતા ભાંગી જાય તેવા લાડુ હસતાં હાડ ભાગવાં = વ્યંગમાં બોલ મારવા (૨) ખબર ન પડે તેવી રીતે નુકસાન કરવું. હસતું પંખી, પક્ષી = હસતા મોઢાવાળું માણસ (૨) કાગડો. હસતો જીવ = મીઠું બોલી દગો દેનાર

માણસ હસતો માર = કચ્ચર માર; બહારથી નિશાન દેખાય નહીં તેવો માર.]
**હસદ** સ્ત્રી૦ [અ.] અદેખાઈ, ઈર્ષા, કીનો. **૦ખોર** વિ૦ અદેખો; કીનાખોર
**હસન** ન૦ [સં] હસવુ તે
**હસનીય** વિ૦ [સં] હસવા યોગ્ય. **૦તા** સ્ત્રી૦
**હસમુખું** વિ૦ [હસવુ + મુખ] હસતા મુખવાળુ, આનંદી
**હસરત** સ્ત્રી૦ [અ] દિલગીરી; શોક
**હસવું** અ૦ક્રિ૦ [સં. हस्] દાત કાઢવા (૨) ગમત ખાતર બોલવુ (૩) સ૦ક્રિ૦ હાસી કરવી (૪) ન૦ હાસ્ય (૫) મશ્કરી, મજાક. [**હસવામાંથી ખસવું થવું** = મજાક કરવા જતા ભૂંડુ પરિણામ આવવુ **હસી કાઢવું** = મશ્કરીમા ગણી કાઢવુ, લેખામા ન લેવુ **હસી નાખવું** = હસી પડવુ (૨) હસી કાઢવું. **-પડવુ** = એકદમ હસવુ **ખડખડ હસવું, દાંત કાઢીને, પેટ પકડીને હસવું** = ખૂબ હસવુ. **હસીહસીને ઊબડા (ઊંધા) થઈ જવુ** = (ગબડી પડાય તેવુ) ખૂબ હસવું]
**હસતી** સ્ત્રી૦ [સં] સગડી
**હસાગર** પુ૦ [હાસ્ય + ગલ્પ ?] + હાસ્યવિનોદ
**હસામણું** વિ૦ [હસાવવું પરથી] હસાવે એવું
**હસારત(-થ)** સ્ત્રી૦, ન૦ [હસવુ પરથી] હાસી; મજાક (૨) મશ્કરીનું કારણ
**હસાવવું** સ૦ક્રિ૦ 'હસવું'નુ પ્રેરક. [**લોક હસાવવા** = લોકોમા ફજેતી કરવી કે થવા દેવી.] [ક્રિયા થવી
**હસાવું** અ૦ક્રિ૦ 'હસવું'નુ ભાવે; હસવાની
**હસિત** વિ૦ [સં] હસેલુ (૨) હાસી પામેલુ (૩) ન૦ હાસ્ય (૪) મશ્કરી (૫) પું૦ એક સગીતાલકાર
**હસી** સ્ત્રી૦, **-સું** ન૦ [સં. हस् પરથી, સર૦ હિં. हँसी] હસવુ તે (૨) હાસી, મશ્કરી
**હસ્ત** પુ૦ [સં] હાથ (૨) તેરમુ નક્ષત્ર **૦ક** વિ૦ (૨) અ૦ હાથે; મારફતે (૩) હવાલે; તાબે **૦કમલ(-ળ)** ન૦ કમળ જેવો હાથ **૦કલા(-ળા)** સ્ત્રી૦ હાથની કારીગરી. **૦કૌશલ(-લ્ય)** ન૦ (કાંઈ કરવામા) હાથની કુશળતા **૦ક્રિયા** સ્ત્રી૦ હાથની કારીગરી (૨) હસ્તદોષ ર જુઓ. **૦ક્ષેપ** પુ૦ વચ્ચે હાથ નાખવો – દખલ કરવી તે **૦ગત** વિ૦ હાથમાં આવેલુ પ્રાપ્ત. **૦તલ** ન૦ હથેળી **૦દોષ** પું૦ હાથનો – લખાણનો દોષ (૨) હાથે કરેલો વીર્યપાત. **૦ધૂનન** ન૦ મળતી વેળા હાથ મિલાવીને હલાવવાનો અગ્રેજી ચાલ. **૦પ્રક્ષાલન** ન૦ હાથ ધોવા તે **૦મેળાપ, ૦મેળો** પું૦ હાથમા હાથ મેળવવો તે (લગ્ન વખતે) **૦રેખા** સ્ત્રી૦ હથેલીમા હેતી લીટીઓ (જેના પરથી ભવિષ્ય જાણે છે) **૦લાઘવ** ન૦ જુઓ હસ્તકૌશલ્ય **૦લિપિ** સ્ત્રી૦ હસ્તાલેખન કરવા માટેની (અધ માટે) લિપિ **૦લેખ** પુ૦ જુઓ હાથપ્રત. **૦લિખિત** વિ૦ હાથનુ લખેલુ (૨) ન૦ હાથપ્રત (૩) હાથે લખીને કઢાતુ માસિક. **૦સ્થળી** સ્ત્રી૦ હથેળી. **-સ્તાક્ષર** પુ૦ [+ अक्षर] હાથે લખેલા અક્ષર (૨) સહી **-સ્તામલક** ન૦ [+ आमलक] હાથમાનુ આમળુ **-સ્તામલકવત્** અ૦ હાથમાના આમળાની પેઠે (સહેલ ઈથી કે સ્પષ્ટ રીતે) **-સ્તાલેખન** ન૦ [+ आलेखन] (અધ-બધિર માટે) હાથ પર સંજ્ઞાથી કહેવુ તે (૨) 'ફ્રી હૅન્ડ ડ્રૉઇંગ' **-સ્તે** અ૦ હાથે; મારફત, દ્વારા. [**-પોતે** = પોતે જાતે કર્યું છે એમ સૂચવે છે (પ્રાય હિસાબ કે લેવડદેવડમા વપરાય છે)]
**હસ્તિનાપુર** ન૦ [સં] (સ.) પાડવોની રાજધાની (અત્યારના દિલ્લીથી ૫૦ માઈલ ઈશાનકોણમા)
**હસ્તિની** સ્ત્રી૦ [સં] હાથણી (૨) કામશાસ્ત્રમા વર્ણવેલી ચાર પ્રકારની સ્ત્રીઓમાની એક (જુઓ 'શખિની'મા)
**હસ્તી** સ્ત્રી૦ [ફા] હયાતી, અસ્તિત્વ
**હસ્તી** પુ૦ [સં] હાથી. **૦દંત** પુ૦ હાથીદાત **૦નખ** પુ૦ હાથીનો નખ **૦મદ** પું૦ હાથીના ગંડસ્થળમાથી ઝરતો એક પદાર્થ **૦વિજ્ઞાન** ન૦, **૦વેદ** પુ૦ હાથી વિષેનું શાસ્ત્ર. **૦શાલા(-ળા)** સ્ત્રી૦ હાથીખાનુ
**હસ્તે** અ૦ જુઓ 'હસ્ત'મા
**હસ્ત્યારોહ** પુ૦ [સં.] મહાવત

**હળ** ન૦ [જુઓ હલ] જમીન ખેડવાનું ઓજાર [–ખેડવું, નાખવું, ફેરવવું =(ખેતરને) હળથી ખેડવું હળે જોડાવું હળ સાથે જોતરાવું (૨) સતત અને સખત કામમાં જોડાવું. હળેથી છૂટવું=ઝૂંસરીમાંથી છૂટવું (૨) સતત ને સખત કામમાંથી છૂટવું.] ૦ખેડુ વિ૦ હળ ખેડનાર. ૦ધર પું૦ (સં.) જુઓ હલધર. ૦પતિ પું૦(સુરત બાજુ) દૂબળા કહેવાતી એક જાતિનો માણસ. ૦પૂણી સ્ત્રી૦ હળના ચવડામાં ઘાલવાની દોરી

**હળકવું** અ૦ ક્રિ૦ [दे हल्ल] ઝૂલવું, હાલવું

**હળદ, ૦ર** સ્ત્રી૦ [सं हरिद्रा] એક ગાંઠાદાર મૂળ કે તેનો ભૂકો, એક મસાલો

**હળદરવો** પું૦ [सं. हरिद्रक] એક ઝાડ (૨) ['હળદર' ઉપરથી] [ચ.] ડાગર બાવટાનો રોગ

**હળફળવું** અ૦ક્રિ૦[જુઓ હલફલવું]+હાંફળું-થવું; ગભરાવું

**હળભળિયું** વિ૦ હળેભળે એવું; મળતાવડું

**હળમળ** સ્ત્રી૦ [હળવું+મળવું] હળવું મળવું તે; મેળ, સંબંધ (૨) અ૦ [જુઓ હલમલ] ખળભળી કે ઉશ્કેરાઈ ગયું હોય તેમ

**હળવટ** સ્ત્રી૦ [सं हल+वृत्ति] ખેતી

**હળવાશ** સ્ત્રી૦ [હળવું ઉપરથી] હળવાપણું

**હળવું** વિ૦ [प्रा हलुअ (सं लघुक)] હલકું; ધીમું; નરમ (૨) [લા.] અપ્રતિષ્ઠિત

**હળવું** અ૦ક્રિ૦ [सं. हिल्; સર૦ हिं हिलना] જીવ મળવો; ગોઠવું; ગમી જવું (૩) અનુરક્ત થવું, આડો સંબંધ બંધાવો (પરસ્ત્રી સાથે) (૪) [प्रा हल (सं. फल्)] ફળવું (૫) સ૦ક્રિ૦ [सं हल] બબ્બે ચાસની વચ્ચે હળ ફેરવવું. ૦મળવું સ૦ક્રિ૦ [સર૦ हिं. हिलनामिलना] પરસ્પર મળવું–ગોઠડી કરવી(૨)સલાહસંપથી ચાલવું [હળીમળીને=સલાહસંપથી]

**હળવે, ૦થી** અ૦ [જુઓ હળવું વિ૦] ધીમેથી; આસ્તે [–રહીને, હળવે=ધીરેથી; કાળજી-પૂર્વક.]

**હળાહળ** વિ૦ (૨) ન૦ જુઓ હલાહલ

**હળિયું** ન૦ [હળ પરથી] નાનું હળ

**હળોતરું** ન૦ [હળ ઉપરથી] જમીનને પ્રથમ વરસાદે ખેડવી તે

**હં** (૦) અ૦ [સ ; રવ૦] આશ્ચર્ય, તુચ્છકાર, ધમકી, હકાર, હાજિયો કે ઉત્સાહદર્શક ઉદ્ગાર

**હંઆં** (૦) અ૦ [રવ૦] જુઓ હં, હા

**હંકરાવું** અ૦ક્રિ૦ 'હંકારવું'નું કર્મણિ

**હંકાઈ(–મણી)** સ્ત્રી૦[હાંકવું પરથી] હાંકવાનું મહેનતાણું [હાંકવું; ચલાવવું

**હંકારવું** સ૦ક્રિ૦ [प्रा हक्कार; સર૦ म. हकारणें]

**હંખારવું** સ૦ક્રિ૦ [सं सक्षर्, प्रा. सं+खर परथी] સ્વચ્છ કરવું; ગાળવું [કચરો

**હંખારો** પું૦ [જુઓ હંખારવું] ગાળતાં રહેલો

**હંગામ** પું૦[फा.] અવસર; મોસમ (૨)હંગામો. –મી વિ૦ મોસમ પૂરતું, થોડા વખત માટેનું; કામચલાઉ [તોફાન; હુલ્લડ

**હંગામો** પું૦ [फा.] ધમાચકડી, ધમાલ (૨)

**હંડરવેટ** પું૦[इ हंड्रेडवेइट]ટનનો વીસમો ભાગ

**હંતવ્ય** વિ૦ [सं.] હણવા યોગ્ય

**હંતા** વિ૦(૨)પું૦[सं.] હણનાર, ખૂન કરનારો

**હંફાવું** અ૦ક્રિ૦, –વવું સ૦ક્રિ૦ 'હાંફવું'નું અનુક્રમે કર્મણિ ને પ્રેરક

**હંભા** અ૦ [सं.] ગાયના બાંઘડવાનો અવાજ. ૦રવ પું૦ હંભા એવો અવાજ

**હંમેશ(–શાં)** અ૦ [જુઓ હમેશ] રોજ

**હંસ** પું૦[सं] એક પક્ષી (૨) જીવ; આત્મા (૩) જુઓ એકદંડી ૦ગતિ સ્ત્રી૦ હંસના જેવી ધીમી મોહક ચાલ ૦ગામિની વિ૦ સ્ત્રી૦ હંસગતિથી ચાલનારી ૦ણી સ્ત્રી૦ હંસની માદા. ૦પદ ન૦ હંસનું પગલું (૨) લખાણમાં ઉમેરો દર્શાવવા માટે કરવામાં આવતું ( ‸ ) આવું ચિહ્ન (૩) બે કાકપદ જેટલો સમય (સંગીત). ૦રાજ પું૦ હંસોનો રાજા (૨) એક જાતની વનસ્પતિ. ૦વાહની સ્ત્રી૦ (સં) સરસ્વતી દેવી –સા પું૦ એક છંદ (૨) સ્ત્રી૦ હંસણી. –સી સ્ત્રી૦ હંસણી

**હા** અ૦ [सं.] અરે ! અહા !

**હા** અ૦ [सं. आम्; સર૦ म., हिं. हाँ] સંમતિસૂચક ઉદ્ગાર (૨) સ્ત્રી૦ હા કહેવી તે; સ્વીકાર. [–પાડવી=હા કહેવું, માનવું]

**હાઇડ્રોજન** પું૦ [इ.] એક પ્રકારનો વાયુ

**હાઈ કમિશનર** પું૦ [इं] પરદેશમાં પ્રતિનિધિ તરીકે રખાતો રાષ્ટ્રનો એક અધિકારી
**હાઈકોર્ટ** સ્ત્રી૦ [इं] ઇલાકાની સૌથી વડી અદાલત
**હાઈસ્કૂલ** સ્ત્રી૦ [इं] મેટ્રિક સુધીની, માધ્યમિક શિક્ષણની નિશાળ, વિનયમંદિર
**હાઉ** પું૦ [રવ૦, સર૦ हिं., म] બાળકને ભય ઉપજાવનારો કાલ્પનિક બિહામણો જીવ (૨) ન૦ જુઓ એરું ૧, ૨
**હાઉહાઉ** અ૦[રવ૦] કૂતરાના ભસવાનો અવાજ
**હાક** સ્ત્રી૦ [दे हक्का] હોકારો, બૂમ (૨) દોર, પ્રતાપ, છાપ [-દેખાડવી, દેવી=ધાક દેખાડવો, ડરાવવું. -ધરાવવી, માનવી=ડરતા રહેવું; આજ્ઞાધીન રહેવું -મારવી=મોટેથી બોલાવવું; બૂમ મારવી. -રાખવી=ધાક રાખવી. -વાગવી=પ્રતાપની અસર પડવી, ધાક રહેવો.]
**હાક(-કે,-કો)ટવું** સ૦ક્રિ૦ ['હાક' ઉપરથી] મોટેથી બોલવું (૨) ધમકાવવું
**હાકલ** સ્ત્રી૦ [હાક ઉપરથી] હાક, બોલાવવા માટે પાડેલી મોટી બૂમ [બોલાવવું
**હાકલવું** સ૦ક્રિ૦ [જુઓ હાકલ] હાક મારીને
**હાકવું** સ૦ક્રિ૦ [दे हक्क, સર૦ म. हाकणे, हिं हाँकना] હાકવું; ચલાવવું (૨) હાક મારીને કાઢી મૂકવું
**હાકાર** પું૦ [હા+કાર] હકાર, હા કહેવું તે
**હાકેટવું** સ૦ક્રિ૦ [હાક ઉપરથી] જુઓ હાકટવું **હાકે(-કો)ટો** પું૦ મોટો સાદો, બૂમ
**હાકેમ** પું૦ [अ हाकिम] સૂબો, રાજ્યકર્તા અમલદાર ૦રસ વિ૦[+फा. रसीदन] હાકેમ સાથે ઓળખાણવાળું -મી વિ૦ હાકેમ સંબંધી (૨) સ્ત્રી૦ હકૂમત; અમલ, કારકિર્દી
**હાકોટવું** સ૦ક્રિ૦ જુઓ હાકટવું
**હાકોટો** પું૦ જુઓ હાકેટો
**હાખાડેર, હાખાડોડી** સ્ત્રી૦ (ચ) એક જાતની (પીળી) ભમરી
**હાજત** સ્ત્રી૦ [अ] જરૂરિયાત; આવશ્યકતા (૨) ઝાડા પેશાબની શંકા (૩) કાચી જેલ, 'લૉક-અપ'. [-થવી, લાગવી = ઝાડા-પેશાબની ઇચ્છા થવી. -પડવી=આદત પડવી હાજતે જવું=ઝાડો કે પેશાબ કરવા જવું]
**હાજર** વિ૦ [अ. हाज़िर] સમક્ષ, મોજૂદ હોય તેવું ૦જવાબ પું૦ હાજરજવાબી ૦જવાબી વિ૦ સમયાનુસાર યોગ્ય જવાબ તરત આપી શકે તેવું (૨) સ્ત્રી૦ તેની આવડ ૦જામિ(-મી)ન પું૦ ગુનેગારને હાજર કરવા માટેનો જામીન ૦બાશી સ્ત્રી૦ [फा] હાજર હોવું તે
**હાજરાત** સ્ત્રી૦ [अ. हाज़िरात] જંતરમંતરની એક ક્રિયા
**હાજરાહજૂર** વિ૦ [હાજર+હજૂર] હજૂરમાં તૈયાર હોય એવું (૨) સાક્ષાત્ પ્રત્યક્ષ
**હાજરી** સ્ત્રી૦ [હાજર પરથી] હાજર હોવું તે (૨) નાસ્તો. [-ભરવી, પૂરવી='હાજર છે' એવું (પત્રકમાં) નોંધવું -લેવી='હાજર છે' એ તપાસવું (૨) ઝાટકણી કાઢવી, સપડાવવું, ખબર લેવી] ૦પત્રક ન૦ હાજરી નોંધવાનું પત્રક
**હાજવું** અ૦ક્રિ૦ [સર૦ હાજત] અડ્યા રહેવું, મંડ્યા રહેવું [હાજવા દેવું=કામ કરવા દેવું]
**હાજિબ** પું૦ [अ] દરવાન
**હાજિયાણી** સ્ત્રી૦ [હાજી ઉપરથી] હજ કરી આવેલી મુસલમાન સ્ત્રી
**હાજિયો** પું૦ ['હાજી' ઉપરથી] હકાર (૨) ખુશામતિયો, સઘળી વાતની હા કહેનારો. [-પૂરવો=હા કહેવું] [મક્કાનો જાત્રાળુ
**હાજી** પું૦ [अ] હજ કરી આવેલો મુસલમાન;
**હા જી** અ૦ જી હા, હા સાહેબ ૦હા સ્ત્રી૦ ખુશામત (૨) અ૦ ભારપૂર્વક હકાર દર્શાવનો એક ખુશામતિયો ઉદ્ગાર
**હાટ** સ્ત્રી૦, ન૦ [सं हट्ट] દુકાન (૨) ગુજરી; બજાર [-માંડવું દુકાન ખોલવી હાટે બેસવું=દુકાને બેસવું-ઉમેદવારી કરવી.]
**હાટક** વિ૦ [सं] સોનાનું, સોનેરી (૨) ન૦ સોનું
**હાટકવું** સ૦ક્રિ૦ [રવ૦] ગર્જના કરવી, હોકારો કરવો (૨) ધમકાવવું [વાણું તાકું
**હાટિયું** ન૦ ['હાટ' પરથી] ભીંતમાનું બારણા-
**હાડ** અ૦ [જુઓ સાદ્ધ] (કા) વાસ્તે, કાજે

**હાટોડી** સ્ત્રી૦ [હાટ ઉપરથી] (કા.) દુકાને દુકાને ફરીને બાવા ફકીર વગેરે માગે છે તે ભીખ

**હાડ** ન૦ [જુઓ હાટ] કપાસના ઢોડવા ભરી રાખવાનો વાડો

**હાડ** ન૦ [दे हड्ड] હાડકુ (૨) બાંધો, કાઠું (૩) અ૦ (રા૦પ્ર૦મા) છેલ્લી હદે; છેક જ (૪) ઘણુ જ [**-આવવું**=છેક કંટાળી-ત્રાસી જવું (૨) ખૂબ દુર્બળ થઈ જવુ. **-ગળવું**=શરીર દૂબળું પડવું. **-બળવું, ફૂટવું**=હાડકામા સળો થવો **-જવું**=ખરુ રૂપ પ્રકાશવુ (૨) વંઠી જવું, છેલ્લે પાટલે બેસવું (૩) પૈસેટકે છેક દુર્બળ થઈ જવું. **-નો તાવ**=જીર્ણ જ્વર. **-નો રંક**=ગરીબ સ્વભાવનો. **-ભાંગવાં**=સખત માર મારવો (૨) શરીરે અશક્ત કરવું (૩) તન દઈને મહેનત કરવી **-વાળવું**=શરીર સુધરવું **-હસે ને લોહી તપે**=સગું હોય તેને લાગણી થાય ] **૦જ્વર** સ્ત્રી૦ શરીરમા રહેતો ઝીણો તાવ. **૦જ્વરિયું** વિ૦ હાડમા રહેતો ઝીણો (તાવ). **૦જ્વર** પું૦, **૦ધગી** સ્ત્રી૦ ઝીણો તાવ, જીર્ણજ્વર. **૦પિંજર** ન૦ શરીરનું હાડકાંનું ખોખું **૦મહેનત** સ્ત્રી૦ તનતોડ મહેનત; સખત શ્રમ **૦માળા** સ્ત્રી૦ હાડકાની માળા **૦વેર** ન૦ પાકુ વેર **૦વેરી** પું૦ કટ્ટો વેરી **૦વૈદ(-ઘ)** પું૦ હાડકાં બેસાડનારો કે જોડનારો વૈદ **૦સાંકળ** સ્ત્રી૦ એક વેલ

**હાડકી** સ્ત્રી૦ નાનુ અને પોચું હાડકુ

**હાડકું** ન૦ [જુઓ હાડ] અસ્થિ [**હાડકાં ખોખરાં કરવાં**=માર મારવો; અધમૂઉં કરવું **હાડકાં ચાલવાં** - કામ કરવાની શક્તિ હોવી. **હાડકાંની હૂંડી કરવી**=સખત મહેનત મજૂરી કરવી **હાડકાંનું આખું, ભાગલું, આખાં હાડકાંનું, હાડકાંનું હરામ**=કામ કરવે ચોર, આળસુ **હાડકાંનો ખરો**=કામચોર નહી એવો; મહેનતુ **હાડકાંનો માળો**=હાડપિંજર. **હાડકાં પધરાવવાં**=મરી ગયેલા માણસના હાડકાના અવશેષ-ફૂલ કોઈ તીર્થમા નાખવાની વિધિ કરવી. **હાડકાં પાંસળાં ગણાવાં**=શરીર ખૂબ દુર્બળ-લોહીમાંસ વિનાનું હોવું. **હાડકાં ભારે થવાં**=માર ખાવા યોગ્ય થવુ, આડા થવુ **હાડકાં ભાંગવાં**=તન દઈને મહેનત કરવી (૨) સખત માર મારવો **હાડકાં રઝળાવવાં, રંગવાં**=ખૂબ માર મારવો (૨) અતિશય નુકસાન કરવું **હાડકાં વળવાં**=શરીરનો બાંધો સારો થવો (૨) કસરતથી શરીર બંધાવું. **હાડકાં વાળવાં**=કસરત કરવી (૨) મહેનત કરવી **હાડકાં શેકવાં**=દુઃખ દેવું; સંતાપ કરાવવો. **હાડકાં શેનાં છે?**=હરામ હાડકાવાળાને કે મજબૂત બાંધાવાળાને તિરસ્કાર કે પ્રશંસા અર્થે પુછાય છે. **હાડકાં હરામ કરવાં**=આળસુ થઈ કામ ન કરવુ **હાડકાં હલાવવાં**=તન દઈને કામ કરવુ **હાડકું ઊતરવુ, ઊતરી જવું**=સાંધામાથી હાડકુ ખસી જવુ. **-ચઢાવવું, બેસાડવું**=સાંધામાથી ઊતરી ગયેલ હાડકાને તેને ઠેકાણે બરોબર ગોઠવવું. **-નમાવવું**=નીચા નમીને કે તન દઈને કામ કરવું.]

**હાડછેડ** સ્ત્રી૦ [હડ(-ડે)+છેડ] તિરસ્કાર; તરછોડવું તે

**હાડજ્વર, હાડધગી, હાડપિંજર, હાડમહેનત** જુઓ 'હાડ'મા

**હાડમાર** વિ૦ [હડ(-ડે)+માર] હડે હડે થયેલું; તુચ્છકારાયેલુ (૨) સ્ત્રી૦ [હાડ+માર] હેરાનગતિ, મુશ્કેલી. **-રી** સ્ત્રી૦ તિરસ્કાર, ધુત્કાર (૨) જુઓ હાડમાર

**હાડમાળા, હાડવેર, -રી, હાડવૈદ, હાડસાંકળ** જુઓ 'હાડ'મા

**હાડિયાકરસણ** પું૦; ન૦ ચોમાસામા થતો એક છોડ

**હાડિયાદૂડું** ન૦ [હાડિયો+દૂડુ] એક જાતની છોકરાની રમત, ઘટીખીલડો

**હાડિયું** વિ૦ ['હાડ' ઉપરથી] હાડ સંબંધી; હાડમા પહોંચેલું કે રહેલુ [**હાડિયો તાવ**=ઝીણો તાવ; લાંબા વખતનો તાવ.]

**હાડિયો** પું૦ [જુઓ હાડો] કાગડો

**હાડી** વિ૦ [હાડ ઉપરથી] મજબૂત હાડનું; મહેનતુ; ખડતલ (૨) હઠીલું, મમતી (૩) હાડિયુ (૪)

પું૦ મડદાનાં હાડકાની મદદથી ખેલ કરનાર જાદુગર [બાફ્યે જ નીકળે એવો મેલ

**હાડીમેલ** પું૦ [હાડ+મેલ] (કા.) લૂગડાનો

**હાડે(-ડો)હાડ** અ૦ ['હાડ' ઉપરથી] છેક હાડકા સુધી; હાડકે હાડકે [-વ્યાપી જવું, લાગી જવું = (ગુસ્સાની) ઊંડી – ભારે લાગણી થવી.]

**હાડો** પું૦ [સર૦ हिं हाडि (સં. आडि, आडीविन्)] કાગડો; હાડિયો [હાનિ

**હાણ(ણ,)** સ્ત્રી૦ [सं हानि, प्रा हाणि] નુકસાન;

**હાતિમ, ૦તાઈ** પું૦ [અ.] એક પ્રખ્યાત સખાવતી આરબ

**હાથ** પું૦ [प्रा हत्थ(सं हस्त)] હસ્ત (૨) કોણીથી વચલી આંગળીના છેડા સુધીની લંબાઈનું માપ (૩) (પત્તાની રમતમાં) એક ભાગે જિતાયેલો દાવ (૪) રેલવેનું સિગ્નલ (૫) [લા.] હાથનો કસબ (૬) સામેલગીરી, મદદ; પ્રેરણા. ઉદા૦ એ કામમાં મારો હાથ નથી. (૭) કૃપા; રહેમ ઉદા૦ તેના ઉપર મારા અન્ને હાથ છે (૮) (રંગવા વગેરેમાં) એકેક વારની એકેક ક્રિયા. ઉદા૦ રંગના બે હાથ દીધા (૯) લગ્નસંબંધ, પાણિગ્રહણ ઉદા૦ તેના હાથની માગણી કરી (૧૦) સત્તા; તાબો, અખત્યાર, શક્તિ. ઉદા૦ મારા હાથની વાત નથી (૧૧) હાથવાળી બાજુ–પાસુ. ઉદા૦ ડાબે હાથે તેનું ઘર છે [**-અડકાડવો, અડાડવો** = હાથથી સ્પર્શ કરવો (૨) મદદ કરવી, કામ કરવા લાગવું. **-આપવો** = મદદ કરવી, સાથે જોડાવું (૨) ગંજીફાની રમતમાં દાવ જવા દેવો **-આવવું** = મળવું, જડવું (૨) કબજામાં આવવું. **-ઉગામવો** = હાથ વડે મારવા તૈયાર થવું. **-ઉઠાવવો** = હાથ ઉગામવો (૨) કબજો કે હક છોડવો **-ઉપર લેવું** = વશ કરવું (૨) કરવાનું શરૂ કરવું. **-ઉપાડવો** = મારવું **-ઊતરી જવો** = હાથનું સાંધાનું હાડકું એને સ્થાનેથી ખસી જવું **-ઊપડવો** = હાથ વડે મારવું **-ઊંચો રહેવો** = અંદર સંડોવાઈ દાવમાં ન લબદાઈ જવાય તેમ છૂટા રહેવું (૨) આજ્ઞા કરનારા રહેવું **-કરવું** = કબજે કરવું. **-કરવો** = પત્તાંની રમતમાં દાવ જીતવો (૨) નિશાની કરવી **-કલમ કરવા** = હાથ કાંડા આગળથી કાપી નાખવા **-કાપી આપવા** = સહી, કબૂલાત વગેરેથી બંધાઈ જવું, કાંડા કાપી આપવા **-કાળા કરવા** = કલંકિત કામમાં સામેલ થવું, કલંક વહોરવું (૨) લાંચ લેવી **-ખંખેરવા** = જોખમદારી કાઢી નાખવી, કામમાંથી ફારેગ થવું (૨) આશા છોડવી. **-ખેંચી ઝાલવો, ખેંચી પકડવો** = ખરચવું (૨) ખર્ચ પર અંકુશ રાખવો; કરકસર કરવી. **-ઘસવા** = પસ્તાવો કરવો, બળાપો કરવો (૨) હારી જવું, થાકી જવું. **-ઘાલવો** = દરમિયાનગીરી કરવી, સામેલ થવું. **-ચડવું** = (કામ) આવડવું (૨) ભેટો થવો; સામનો થવો. **-ચલાવવો** = કામ કરવું, ઝપાટાબંધ કામ કરવું (૨) હાથ વડે મારવું (૩) ઝપાટાબંધ ખાવા મંડવું (૪) [લખાણમાં] સુધારોવધારો કરવો. **-ચળવળવા** = હાથ વડે મારવાની ચળ થવી **-ચાટવો** = (ખાવામાં ખરડાતો) હાથ મોમાં ઘાલી ચાટવો (૨) [લા.] ફાંફાં મારવાં; વેવલાં વીણવાં **-ચાલવો** = હાથ વડે મારવું (૨) (કામમાં) ઝપાટો થવો (૩) હાથ વડે કામ થવું **-ચોખ્ખો ન હોવો** = સ્ત્રીને અડકાવ આવેલો હોવો. (૨) પ્રમાણિકતા ન હોવી. **-ચોખ્ખો હોવો** = પ્રમાણિક કે નિષ્કલંકિત હોવું (૨) (સ્ત્રીએ) અભડાયેલ ન હોવું. **-ચોળવા** = ગુમાવ્યા પછી બળાપો કરવો **-છૂટી બલા** = પથરો કે એવી કોઈ હાથમાં લઈ છૂટી મરાતી વસ્તુ **-છૂટો હોવો** = ઉદાર કે ખરચાળ હોવું (૨) માર મારવાની ટેવ હોવી **-જવા** = ટેકો – આધાર જવો (૨) હિંમત હારવી (૩) હાથે કામ કરવાની શક્તિ જવી **-જોડવા** નમસ્કાર કરવા (૨) વિનંતિ કરવી, પ્રાર્થના કરવી (૩) થાકવું, કંટાળવું, હારવું (૪) તોબા પોકારવી; માફી માગવી **-જોવો** = સામર્થ્યનો પરચો જોવો (૫) હસ્તરેખા જોઈ ભવિષ્ય ભાખવું. **-ઝાલવો** = હાથ પકડવો (૨) રોકવું, અટકાવવું

(૩) મદદ કરવી (૪) પત્ની તરીકે સ્વીકારવું; પરણવું. **–ટાઢા કરવા** = કરવા જેવું કર્યાનો સંતોષ મેળવવો. **–ટાઢો કરવો** = દાન આપી સંતોષ મેળવવો **–ઠરવો** = અનુભવથી આવડવું; ટેવાવું **–ઠોકવો** = હાથ ઠોકીને ભાવ ઠરાવવો; સોદો કરવો **–તાળી દેવી** = સફાઈથી છટકી જવું (૨) છેતરી જવું **–થી જવું** = કાબૂમાંથી જવું (૨) વઠી જવું, બહેકી જવું. **–દેખાડવો** = તાકાતનો પરચો આપવો (૨) આવડત બતાવવી (૩) ભવિષ્ય જોવડાવવા હાથ ધરવો **–દેવો** = ટેકો આપવો (૨) ચોપડવું; હાથ મારવો (૩) રોકવું, અટકાવવું **–ધરવું** = આદરવું; હાથ ઉપર લેવું. **–ધરવો** = માગવું **–ધોઈ નાખવા** = આશા મૂકવી (૨) દેવાળું કાઢવું (૩) જોખમદારીમાંથી કે કામમાંથી છૂટા થવું (૪) (તે કામને) પરાકાષ્ઠાએ પહોંચાડી, તેમાંથી હંમેશને માટે અલગ થવું **–ધોઈને** = જુઓ હાથપગ ધોઈને **–નાપાક હોવા** = અડકાવને લીધે (સ્ત્રીના) હાથ ચોખ્ખા ન હોવા. **–નાખવો** = હાથ મૂકવો (૨) ઝડપ મારવી; લૂટવું (૩) હાથ વડે પકડવું **–ની ચળ ઉતારવી** = મારવાની ઇચ્છા પૂરી કરવી; વગર કારણે મારવું. **–નીચે** = તાબામાં (૨) આશ્રયમાં (૩) દેખરેખમાં. **–નીચેનું** = તાબાનું. **–ની વાત** = શક્તિની વાત અધિકારની વાત. **–નું કર્યું** = જાતે કરેલું **–નું ચોખ્ખું** = પ્રમાણિક **–નું ચોર** = અપ્રમાણિક. **–નું છૂટું** = ઉડાઉ; હાથમાં આવે તે ખરચી નાખનારું (૨) મારવાની ટેવવાળું **–નું જૂઠું** = ચોર અપ્રમાણિક. **–નું ટાઢું, ઠંડું, ધીમું** = કામ કરવામાં ધીમું કે આળસુ **–નું મોકળું** = ઉદાર **–નું પોલું** = ઉડાઉ **–નું સાચું** = પ્રમાણિક. **–નો મેલ** = તુચ્છ વસ્તુ – જેને આપી દેતાં આંચકો ન લાગે. **–નો રસ ઉતારવો** = હાથની ચળ ભાગવી. **–પકડવો** = જુઓ હાથ ઝાલવો **–પગ** = હાથ અને પગ (૨) મુખ્ય આધાર (૩) મુદ્દો; આધાર **–પગ ગળી જવા** = જુઓ હાથપગ ભાગી જવા. **–પગ જોડીને બેસી રહેવું** = કાંઈ પણ કામધંધો ન કરવા, આળસુ થઈ પડી રહેવું. **–પગ ધોઈને** = ખાઈખપૂચીને. **–પગ ભાગી જવા** = સાવ અશક્ત બની જવું (૨) હોશકોશ ઊડી જવા, હિંમત હારી બેસવું. **–પગ હલાવવા** = કાંઈ પણ ઉદ્યોગ કરવો. **–પછાડવા** = ગુસ્સો કરવો (૨) કલ્પાંત કરવો; તીવ્ર શોક થવો. **–પડવો** = રેલગાડીનો હાથ નીચો નમવો **–પીળા કરવા, પીળવા** = લગ્ન લઈ પીઠી ચોળવાનો લહાવો લેવો. **–ફરવો** = ચોરી થવી (૨) સુધારો વધારો થવો (લખાણ વગેરેમાં) **–ફેરવવો** = હાથ વડે ચોપડવું; રમવું (૨) વલૂરવું (૩) સુધારો વધારો કરવો **–ફેરવી જવું** = ચોરી જવું. **–ફોરો હોવો** = સપાટાબંધ કામ કરે એવું હોવું. **–બતાવવો** = જુઓ હાથ દેખાડવો (૨) સંજ્ઞા કરવી **–બાળવા** = જાતે રાંધવું (૨) પોતાનું કામ પોતે જ કરી લેવું (૩) આગળથી સહી કરી બંધાઈ જવું **–બાંધવા** = કરવું અટકી જાય એવી વ્યવસ્થા કરવી. **–બેસવો** = અનુભવથી આવડવું; કુશળતા આવવી. **–ભરાવા** = પૈસા મળવા; લાંચ મળવી. **–મારવા** = (તરવામાં) વામિયાં ભરવાં. **–મારવો** = ચોરી કરવી, અપ્રમાણિકપણે મેળવવું (૨) રંગરોગાન ઇ૦ પ્રવાહી ચોપડવું (૩) વામિયાં ભરવાં (તરવામાં). **–ભીડમાં હોવો** = પૈસાની મુશ્કેલી કે તંગી હોવી. **–માં અધ્ધર રાખવું** = બહુ લાડ લડાવવાં **–માં આવવું** = જુઓ હાથ આવવું. **–માં કાછડી ઝાલીને દોડવું** = હાંફળાફાંફળા દોડવું **–માં ચાંપવું, દાબવું** = લાંચ આપવી **–માં પડવું** = વશમાં જવું કાબૂમાં આવવું. **–માં રહેવું** = કબજામાં રહેવું **–માં લેવું** = જુઓ હાથ ઉપર લેવું. **–માં હાથ આપવો** = વચન આપવું (૨) પરણવું **–માં હોવું** = કબજામાં હોવું; પોતાને આધીન હોવું **–મિલાવવો** = હસ્તમેળાપ કરવો (૨) ભાઈબંધી કરવી (૩) સંપ કરવો **–મૂકવો** = ગુરુ કે વડીલ તરીકે આશીર્વાદ આપવા, માથે હાથ

મૂકનારના ગુણધર્મ આવવા ઉદા૦ મામાએ હાથ મૂક્યો છે. **-મેળવવા**=હસ્તમેળાપ થવો, લગ્ન થવુ (૨) હાથોહાથની લડાઈ કરવી **-રસ ઉતારવો, લેવો**=હાથની ચળ ભાગવી **-રાખવુ**=કબજે રાખવુ. **-રાખવો**=સામેલ રહેવુ. **-રાખીને**=કરકસરથી. **-લગાડવો**=હાથ અડકાવવો (૨) મદદ કરવી **-લંબાવવો**=મદદ માગવી (૨) ભીખ માગવી (૩) મદદ કરવી **-લાગવું**=મળવુ, જડવું. **-લાગવો**=પહોચવુ (૨) ફાવવું (મેળવવામા) **-લાંબો કરવો**=જુઓ હાથ લંબાવવો **-લેવો**=જુઓ હાથ કરવો **-વળવો**=હાથ ઠરવો, ટેવાવુ **-વળાવો કરવો**=ફરી પરણાવવુ, ઠામ બેસાડવું **-વાવડુ**=ચોરી જાય એવું. **-સાંકડમાં હોવો**=જુઓ હાથ ભીડમા હોવો. **-સારો હોવો**=આવડત-કુશળતા હોવી (૨) જશ અપાવે તેવુ હોવુ (૩) પ્રમાણિક હોવું(૪)અભડાયેલું ન હોવુ(સ્ત્રીએ) **-હલકો હોવો**=હાથથી કામ કરતા ઈજા કે બગાડ ન થાય તેવી રીતે હાથ વાપરતા આવડવુ. **-હલાવતા આવવું**=ખાલી હાથે પાછુ ફરવુ, કાર્ય સિદ્ધ કર્યા વિના પાછુ આવવુ **-હલાવવા**=ઉદ્યમ કરવો **-હાંલ્લાં લેવાં**=ઉઠાતરી કરવી, ચાલ્યા જવુ **-હેઠે પડવા**=કાંઈ ઉપાય ન રહેવો, નિરાશા મળવી; હિંમત હારવી **-હોવો**=સામેલગીરી હોવી

**હાથે** અ૦ હાથ વડે (૨) જાતે, પોતે. [**હાથે આંબલીના બંધ હોવા** = પૈસો ન છૂટવો કંજૂસ હોવુ **હાથે કરીને**=સ્વેચ્છાથી, ઈરાદાપૂર્વક **હાથેથી જવું**=જુઓ હાથથી જવુ. **હાથે પગે પડવું, -લાગવું**=કાલાવાલા કરવા **હાથે ચડવુ**=જુઓ હાથ ચડવુ **હાથે બેસવું**=આવડવુ **હાથે હાથ મેળવવો**=સોદો કરવો, કરાર કરવો (૨) પરણવુ **હાથે હાથ મિલાવવો**=જુઓ હાથ મિલાવવો. **આડે હાથે જમવુ**=ભુખાળવાની જેમ જમવુ **આડે હાથે દેવુ**=ખૂબ વીઝવુ, મારવુ ] **હાથોહાથ ઊપડી જવું**=ચપ ચપ વેચાઈ જવું **આડો હાથ દેવો, ધરવો, રાખવો**=ખાળવુ, અટકાવવુ **કેડે હાથ દેવા**=થાકી જવુ **ચારે હાથ હેઠા પડવા**=સંપૂર્ણપણે નિરુપાય બની જવું **માથે હાથ દેવા**=હતાશ થવુ **માથે હાથ ફેરવવો**=મમતા કે વહાલ બતાવવુ (૨) આશીર્વાદ આપવો, પોતાનો ખાસ સ્વભાવ બીજામા ઊતરે એમ થવુ **માથે હાથ મૂકવો**=આશીર્વાદ આપવો (૨) પોતાનો ગુણસ્વભાવ બીજામા ઊતરે એમ કરવું. **માથે હાથ હોવો**=ઓથ હોવી (૨) આશીર્વાદ હોવો **મોઢે હાથ દેવો**=બોલવા ન દેવુ. **હજાર હાથનો ધણી**=પરમેશ્વર (-ના) **હાથનાં કોઈ બે બોર પણ ન લે**=નૂર વગરનુ કંગાળ માણસ ] **૦ઉછીનું** વિ૦ ચોપડામા ઉધાર્યા વિના થોડી વાર પછી આપી દેવાની શરતે લીધેલુ કે આપેલુ **૦કડી** સ્ત્રી૦ હાથની બેડી. [**-કરવી**=બેડી પહેરાવવી ] **૦કંતામણ** ન૦ હાથે કંતાવવુ તે **૦કાગળ** પુ૦ હાથે બનેલો (યંત્રથી નહિ) કાગળ. **૦કામ** ન૦ હાથનુ કામ **૦કારીગરી** સ્ત્રી૦ હાથની કારીગરી **૦કાંતણ** ન૦ હાથે કાતવુ તે **૦ગરણું** ન૦ લગ્ન વખતનો વધાવો - રૂપિયા આપે છે તે **૦ગાડી** સ્ત્રી૦ હાથે ખેંચવાની કે ધકેલવાની ગાડી **૦ચાલાકી** સ્ત્રી૦ હાથની ચાલાકી (જાદુના ખેલમા). **૦છડ** સ્ત્રી૦ (યંત્રથી નહિ) હાથથી છડવુ તે. જેમ કે, હાથછડના ચોખા **૦તાળી** સ્ત્રી૦ હાથની તાળી **૦ધોણ** ન૦ ['ધોવુ' ઉપરથી] અતિસાર, ઝાડા **૦પહોંચિયું** ન૦ હાથના પહોંચાનું એક ઘરેણુ. **૦પાકીટ** ન૦ હાથમા રાખવાનુ પાકીટ **૦પ્રત** સ્ત્રી૦ મૂલપ્રત, 'મેન્યુસ્ક્રિપ્ટ'. **૦બેડી** સ્ત્રી૦ હાથકડી **મહેનત૦** સ્ત્રી૦ હાથથી કરાતી મહેનત. **૦મુચરકા** પુ૦બ૦ વ૦ જાતના જામીન [-પર છોડવું]. **૦મેળાવો** પુ૦ હસ્તમેળાપ **૦મોજું** ન૦ હાથે પહેરવાનુ મોજુ. **૦રસ** ન૦ હાથથી કરેલો વીર્યપાત. **૦રૂમાલ** પું૦ હાથનો રૂમાલ **૦લાકડી** સ્ત્રી૦ હાથમા ઝાલવાની

લાકડી (૨) (લા) આધાર, ટેકો ૦લો વિ૦ પું૦ હાથના જેવા ફાફડાવાળો (થોર). ૦વેંત(૦માં) અ૦ બહુ નજીક, સાવ પાસે; હાથ આવવાની તૈયારીમાં. ૦સર વિ૦ આજ્ઞાંકિત. ૦સાળ સ્ત્રી૦ હાથે ચલાવાતી સાળ

**હાથણી** સ્ત્રી૦ [सं हस्तिनी प्रा हत्थिणी] હાથીની માદા (૨) [લા ] પુસ્તો

**હાથતાળી** થી **હાથસ્સાળ** જુઓ 'હાથ'માં

**હાથાતોરણ** ન૦ એક જાતનું તોરણ

**હાથિણી** સ્ત્રી૦ જુઓ હાથણી

**હાથિયો** પું૦ [प्रा हत्थ (सं हस्त)] ૧૩મું નક્ષત્ર (૨) [જુઓ હાથી] મલપતો મોટો હાથી (૩) [હાથ પરથી] ખરેરો

**હાથી** પું૦ [प्रा हत्थि (सं हस्तिन्)] હસ્તી; ગજ. [–ઝૂલવા (આગળે)=ઘણા પૈસાદાર હોવું –નો અંકુશ=તડામાર કામ લે એવો વડીલ કે ઉપરી. ધોળો હાથી બાંધવો=ગજા ઉપરાતના ખર્ચમા ઊતરી પડાય એવું કરવુ ] ૦ખાનું, ૦થાન ન૦ હાથી રાખવાનો તબેલો ૦દાંત પું૦ હાથીનો દંતૂશળ ૦પગું વિ૦ રોગથી ફૂલેલા પગવાળું (૨) મોટા પગવાળું. ૦સૂંઢું ન૦ એક વનસ્પતિ

**હાથે** અ૦ જુઓ 'હાથ'મા

**હાથેવાળો** પુ૦ [दे. हथलेव] વરકન્યાનો હસ્તમેળાપ

**હાથેળી** સ્ત્રી૦ જુઓ હથેળી

**હાથો** પું૦ ['હાથ' ઉપરથી] હથિયાર કે ઓજાર જ્યાંથી પકડાય તે ભાગ; મૂઠ કે દસ્તો (૨) સહાય, મદદ (૩) પક્ષ (૪) કંકુવાળા હાથની છાપ (૫) વેપારીઓ આગળીઓની નિશાનીથી ભાવ ઠરાવવા પોતાનો હાથ કપડા નીચે ઢાંકીને આપે છે તે. [–ઠોકવો=હાથ ઠોકવો, સાટું નક્કી કરવું (૨) કંકુવાળા હાથનો થાપો મારવો કુહાડાના હાથા બનવુ =ખોટા કામમાં બીજાના હથિયારરૂપ બનવું માતાનો હાથો હોવો=માતાની ખાસ કૃપા હોવી ]

**હાથોહાથ** અ૦ [હાથ+હાથ] જેને આપવાનું હોય તેના જ હાથમા, જાતોજાત (૨) એકના હાથમાથી બીજાના હાથમાં એમ, એકબીજાની મદદથી. [–ઊપડી જવું, વેચાઈ જવું= જલદી વેચાઈ જવું ]

**હાન** સ્ત્રી૦ [सं संज्ञा ?] બાધા; માનતા (૨) [જુઓ હાનિ] હાણ

**હા ના** સ્ત્રી૦ હા ને ના કરવી તે, આનાકાની

**હાનિ** સ્ત્રી૦ [सं.] નુકસાન (૨) પાયમાલી, નાશ. ૦કર, ૦કર્તા(–ર્ત્રી), ૦કારક વિ૦ હાનિ કરનાર; નુકસાનકારક

**હાપ્પા** અ૦ [રવ૦] હપ [–કરવું, કરી જવું =કોળિયો કરી જવુ, ખાઈ જવુ (બાળભાષા).]

**હાફકોટ** પું૦ [इं.] અડધે સુધી આવતો એક જાતનો કોટ

**હાફિજ** પું૦ [अ.] આખું કુરાન જેને મોઢે હોય એવો માણસ (૨) પું૦ (સ ) ઈરાનનો એક પ્રખ્યાત કવિ

**હામ** સ્ત્રી૦ હિંમત. [–ભીડવી=હિંમત કરવી.]

**હામસવું** અ૦ક્રિ૦ હિંમત હારી જવું

**હામા** ન૦ એક જાતનું પક્ષી

**હામી** પું૦ [अ.] હામીદાર (૨) સ્ત્રી૦ જામીન; બાંયધરી. [–ભરવી=જામીન થવુ. બાંયધરી આપવી.] ૦દાર પુ૦ જામીન ૦દારી સ્ત્રી૦

**હાય** અ૦ દુઃખ, ત્રાસ કે અફસોસનો ઉદ્ગાર (૨) સ્ત્રી૦ અંતરના ઊંડા દુઃખની બદદુવા; શાપ. [–પોકારવી, –લેવી=આતરડી કકળાવવી. નિસાસો લેવો ] ૦પિટારો પું૦, ૦પીટ સ્ત્રી૦ હાયપીટ કરવી તે, રોકૂટ. ૦વરાળ સ્ત્રી૦ શોક; અફસોસ ૦વલાળો પું૦બ૦વ૦ શોક કે અફસોસના ઉદ્ગારો. ૦વોય સ્ત્રી૦ શોક, અફસોસ, ચિંતા (૨) અ૦ શોકનો એવો ઉદ્ગાર. ૦હાય, ૦હોય સ્ત્રી૦; અ૦ જુઓ હાયવોય (૨) કૂટવું તે

**હાર** પું૦ [सं.] ફૂલની મોટી માળા (૨) ગળામાં પહેરવાનું એવું ઘરેણું

**હાર** (૨,) સ્ત્રી૦ [सं , प्रा हारि] પરાજય (૨) ઓળ, પંક્તિ [–ખાવી = હારવું. –માં રહેવું =પંક્તિમા રહેવું (૨) [લા.] સરસાઈ કરવી, હરીફાઈમાં કામ કરવું.]

**–હાર(–રું)** વિ૦ [प्रा. आरअ (सं. कारक)] 'કરનાર' એ અર્થનો કર્તૃત્વવાચક પ્રત્યય ઉદા૦ સર્જનહાર; રાખણહારો

**હારક** વિ૦ પું૦ [सं.] હરનાર

**હારકતાર** અ૦ [હાર+કતાર] હારબંધ
**હારજીત** સ્ત્રી૦ હાર અને જીત
**હારડો** પું૦ [હાર ઉપરથી] મોટો હાર (૨) ખાડના ચકતાંનો હાર
**હારણ** વિ૦ [હારવું ઉપરથી] હારેલા મન કે સ્વભાવનું (૨) અધીરુ (૩) સ્ત્રી૦ હારણ હોવું તે –ણું વિ૦ હારણ
**હારતોરા** પું૦બ૦વ૦ હાર ને તોરા (૨) [લા ] માન; આદર [હારબંધ
**હાર(-રા)દોર** અ૦ [હાર+દોર] એક હારમાં,
**હારબંધ** અ૦ [હાર+બાંધવું] હારદોર, ઓળબંધ
**હારવું** અ૦ક્રિ૦ [હાર પરથી] પરાજિત થવું (૨) કાયર થવું, થાકવું (૩) સ૦ક્રિ૦ રમતમાં શરત તરીકે મૂકેલી વસ્તુ ગુમાવવી
**હારસિંગાર** ન૦ [સર૦ हिं ] પારિજાતક
**હારાદોર** અ૦ [જુઓ હારદોર] હારબંધ
**હારાહાર** (૨,) સ્ત્રી૦ [હાર પરથી] હારહારા, વારંવાર હારવું તે [મૂર્છના (સંગીત)
**હારિણાશ્વા** સ્ત્રી૦ [સ.] મધ્યમ ગ્રામની એક
**હારિયલ** ન૦ જુઓ હારીલ
**હારિયું** વિ૦ [હાર=પંક્તિ પરથી] સમોવડિયું; એક જ પંક્તિનું (૨) એક જ શહેરનું (૫દ) (૩) સમકાલીન [દુઃખહારી
**-હારી** વિ૦ [સ ]હરનારુ (સમાસને છેડે). ઉદા૦
**હારી** પું૦ [પ્રા हारि; સર૦ हिं हारी] એક છંદ (૨) [સર૦ હાળી] ખેતી માટે રાખેલો મદદનીશ માણસ, સાથી
**હારીલ** ન૦ [સર૦ हिं. हारिल] એક પંખી (જન્મતી વખતે તે જે એક લાકડું પકડી લે છે તે મરતા સુધી છોડતું નથી એમ મનાય છે)
**હારુ** વિ૦ જુઓ 'હાર'
**હારે** અ૦['હાર'=પંક્તિ ઉપરથી, સર૦મ हारी] જોડે; સાથે (૨) તુલનામાં
**હારેડું** વિ૦ [જુઓ આરેડું, સર૦ હરાયું] તોફાની; મસ્તાન
**હારો** પું૦ [સર૦ આરેડું] ૭ મણનું વજન
**હારોડી** સ્ત્રી૦ [જુઓ હાર] ઓળ
**હારોહાર** અ૦ [હાર ઉપરથી] જુઓ હારદોર
**હાર્દ** ન૦ [સં ] હૃદય (૨) મર્મ, રહસ્ય (૩) ભાવાર્થ. –દિક વિ૦ [સં.] ખરા અંતરનું
**હાર્મોનિયમ** ન૦ [इं.] એક વિદેશી વાદ્ય, પેટી
**હાલ** પું૦ બ૦ વ૦ [अ ] દશા, સ્થિતિ (૨) અવદશા (૩) અ૦ હમણાં, અત્યારે ૦નું વિ૦ હમણાંનું ૦માં અ૦ હમણાં [રગનો ઘોડો
**હાલક** પું૦ એક છંદ (૨) [સ.] પીળાશ પડતા
**હાલકડોલક** અ૦ [હાલવું+ડોલવું] ખળભળી ઊઠયું હોય એમ, ડગમગતું
**હાલકહૂલક** ન૦ [સર૦ दे हल्लहलअ; हिं. हालहूल] અવ્યવસ્થા, તોફાન (૨) વિ૦ તોફાની
**હાલચાલ** સ્ત્રી૦ [હાલવું+ચાલવું] હાલવુંચાલવું તે, હરફર (૨) રીતભાત [સાલપેલિયું
**હાલણડોલણ** વિ૦ [હાલવું+ડોલવું] ડગમગતું,
**હાલત** સ્ત્રી૦ [अ ] અવસ્થા, સ્થિતિ (૨) ટેવ
**હાલપોલ(-લિયું)** વિ૦ જુઓ સલપોલિયું
**હાલબકાલ** સ્ત્રી૦ [दे हलबोल] હલમલ
**હાલરડું** ન૦ [જુઓ હાલા] બાળકને ઝુલાવતાં ગવાતું ગીત (૨) [જુઓ હાલરું] ટોળું
**હાલરું** ન૦ ['હાર' ઉપરથી] બાળકને નજર ન લાગે એવી ચીજોની માળા (૨) જૂથ, ટોળું (૩) કણસલામાંના કણ છૂટા પાડવા ખળીમાં બળદ ફેરવે છે તે (૪) [સર૦ हिं हालरा] હાલરડું
**હાલવું** અ૦ક્રિ૦ [दे. हल्ल (सं. हल्लन), સર૦ हिं हालना, म हालणें] ખસવું; ડોલવું, ચળવું (૨) [दे. हल्ल] (કા ) જવું, ચાલવું
**હાલસો** પું૦ [अ हादिसह्] હરકત, હાનિ
**હાલહવાલ** પું૦ બ૦વ૦ [હાલ ઉપરથી, સર૦ म ] દુર્દશા, ખરાબી, પાયમાલી (૨) વિ૦ દુર્દશામાં પડેલું [અબઘડી
**હાલહાલ** અ૦ [હાલ ઉપરથી] હમણાં જ,
**હાલતું** વિ૦ [હાલવું ઉપરથી] હાલતું
**હાલહાલા, હાલાહાલ** સ્ત્રી૦ [હાલવું ઉપરથી] વારવાર હાલવું તે
**હાલા** અ૦ (૨) સ્ત્રી૦ [રવ૦? 'હાલવું' પરથી?] જુઓ હાલો [–કરવી=હાલામાં ઝુલાવીને સુવાડવું (૨) સૂઈ જવું (બાળભાષા) –ગાવી= હાલરડું ગાવું ]
**હાલી** સ્ત્રી૦ [હાલા ઉપરથી] બાળકને સુવાડ-

વાની ઝોળી, ખોયુ ૦ગોરી સ્ત્રી૦ હાલરડું
**હાલીમવાલી** પુ૦ [अ. अह्वाली + મવાલી ?] હલકા દરજ્જાનો–રૈંજીપેંજી માણસ
**હાલેડું** ન૦, -ડો પું૦ + જુઓ હાલરડું
**હાલો** અ૦ [રવ૦] બાળકને હીંચતા વપરાતો ઉદ્ગાર (૨) પું૦ ખોયુ; પારણું (બાળભાષામા) (૩) હાલરડું. [-કરવો = જુઓ હાલા કરવી (૨) હાલો સાભળતા સાભળતા સૂઈ જવું (બાળભાષા). -ગાવો = જુઓ હાલા ગાવી.]
**હાલોચાલો** પુ૦ [હાલવુ + ચાલવુ] હરવું ફરવુ તે. હાલોડોલો
**હાલોડોલો** પું૦ [હાલવું + ડોલવું] (કા) હરવુ ફરવુ તે (૨) બને તેટલુ, થોડુંઘણું કામકાજ કરવુ તે (૩) શરીરની નબળાઈને લીધે થોડીઘણી હરફર થાય તે
**હાવ** પું૦ [सं] શૃંગારયુક્ત ચેષ્ટા કે ચાળો (સ્ત્રીનો) (૨) [સર૦ म] ઇચ્છા, હવસ. ૦ભાવ પુ૦બ૦વ૦ શૃંગારયુક્ત ચેષ્ટા; નખરા
**હાવરું** વિ૦ [હાવ = ઇચ્છા ઉપરથી, સર૦ म. हावरा] અતિલોભી, અસતોષી (૨) બાવરું ૦બાવરું વિ૦ [સર૦ हिं हावलाबावला] વ્યાકુળ, ગભરાયેલું, ગાડા જેવુ
**હાવરો** પું૦ [फा आवारह] જાવકની ખાતાવાર નોધ (૨) [હાવ = ઇચ્છા ઉપરથી, સર૦ म. हावर] તાવ ગયા પછી ઊઘડતી ભૂખ
**હાવસોઈ**, ૦ઝાવસોઈ સ્ત્રી૦ જુઓ ઝાવસોઈ
**હાવાં**,-વે અ૦ [જુઓ હવે] (પ) હમણા
**હાશ** અ૦ [રવ૦] જપ, સતોષ કે નિવૃત્તિનો ઉદ્ગાર (૨) સ્ત્રી૦ નિરાત; જંપ; શાંતિ [-કરવી = નિરાત વાળવી ]
**હાશીશ** સ્ત્રી૦[अ हशीश]એક માદક વનસ્પતિ
**હાસ** પુ૦ [स] હાસ્ય, હસવુ તે
**હાસ્તો** અ૦ હા જ તો, જરૂર હા
**હાસ્ય** ન૦ [सं] હસવુ તે ૦ચિત્ર ન૦ ટોળ કરવા દોરેલુ હાસ્યજનક ચિત્ર, 'કૅરિકેચર' ૦જનક વિ૦ હાસ્ય ઉપજાવે એવુ ૦રસ પું૦ નવ રસોમાનો એક (જુઓ રસ) ૦વિનોદ પુ૦ હાસ્ય અને વિનોદ -સ્યાસ્પદ વિ૦ [+ आस्पद] હસવા યોગ્ય, હસવુ આવે એવું
**હાહાકાર** પું૦ [सं] હા! હા! એવો શોક કે ત્રાસનો ઉદ્ગાર સર્વત્ર શોક અને ત્રાસની લાગણી ફેલાઈ જવી તે [-થવો, વર્તવો]
**હાહાહીહી** અ૦ [રવ૦] હાસ્યવિનોદનો એવો ઉદ્ગાર (૨) સ્ત્રી૦ હાસ્યવિનોદ, ઠઠ્ઠામશ્કરી
**હાહો** સ્ત્રી૦ [રવ૦] હોહા, હોકાર, બુમરાણ (૨) ધામધૂમ, ધમાલ
**હાળી** પુ૦ [सं हाली] હળ વડે ખેડનાર; ખેડૂત (૨) ખેતીકામમા મદદગાર નોકર હારી
**હાળો** પું૦ [सं. हालिक प्रा हालिअ] હળ ખેડનારો (૨) પતિ (૩) મરદ
**હાં** (૦) અ૦ [રવ૦; સર૦ हिं हाँ, જુઓ હા] ભાર, અનુરોધ કે વિનવણીનો ઉદ્ગાર. ઉદા૦ તમે એમ કરજો, હા (૨) ચાલુ વાતમા વચ્ચે વચ્ચે હાકારો દેવાનો ઉદ્ગાર (૩) સામો હોકારો–પડકાર કરવાનો ઉદ્ગાર (૪) + હા; હાકારસૂચક ઉદ્ગાર ૦ઉં અ૦ હા; બસ. ૦કે અ૦ હા ૧ જુઓ (તે ભાવ સવિશેષે બતાવે છે). ૦રે અ૦ કેટલાક ગીતમા હુલાવનારો પ્રારંભક ઉદ્ગાર ૦હાં અ૦ ખમા કે અરેરાટી બતાવતો ઉદ્ગાર
**હાંક**(૦)સ્ત્રી૦[જુઓ હાક]બોલાવવા માટેની બૂમ
**હાંકણી** (૦)સ્ત્રી૦[હાકવુ ઉપરથી]હાકવાની રીત
**હાંકવુ** (૦) સ૦ક્રિ૦ [જુઓ હાકવુ] પશુ, વાહન, વહાણ, ગાડી વગેરેને ઇચ્છિત માર્ગે ચલાવવુ (૨) [લા.] ગપ મારવી [હાંક્યે રાખવુ = ગમે તેમ ચલાવ્યે જવુ (૨) ગપ્પાં ઠોકથા કરવા ]
**હાંકારો** (૦)પું૦[હા + કાર]'હાં' એવો અવાજ
**હાંકેડુ** (૦)પું૦[હાંકવુ ઉપરથી]હાકનારો; ગાડીત
**હાંજા** (૦) પુ૦બ૦વ૦ [સર૦ हिं हागा; (दे. हजय = સોગન ઉપરથી ?)] શરીરના સાધા (!) (૨) [લા.] હિમત; શક્તિ [-ગગડી જવા, છૂટી જવા = નાહિંમત થઈ જવુ,ઢીલા થઈ જવુ ]
**હાં જી** (૦) અ૦ + હાજી, માન સાથે જવાબ દેવાનો એક ઉદ્ગાર [-કરવું = હાજી બોલવું; આજ્ઞા ઉઠાવવી.]
**હાંડલી** (૦) સ્ત્રી૦ [જુઓ હાડી] નાનુ હાડલુ, હાલી -લું ન૦ પહોળા મોનુ માટીનુ એક

વાસણ. -વો પું૰ એક વાની. [-મૂકવો =હાડવો રાંધવા મૂકવો]
હાંડી (૦)સ્ત્રી૰[सं. हण्डिका, हाडिका] હાલ્લી(૨) ધાતુનું તેવું વાસણ (૩) લટકતો દીવો મૂકવાનું કાચનું વાસણ. ૦ધોયો પું૰ રાંધવાના વાસણ માંજનારો. -ડો પું૰ મોટો દેગડો (૨) હાંડવો, એક વાની (૩) [લા] મૂર્ખ; ઠ
હાંફ (૦) પું૰,સ્ત્રી૰, ૦ણ સ્ત્રી૰ [सं ह्राफिका, સર૰ म हापा, हिं हाँफा, हाँफी] ઉતાવળો શ્વાસ ચાલવો તે (૨) તેથી થતી છાતીની રૂંધામણ, અમૂંઝણ. [-ઊતરવો = હાંફ બેસવો. -ચઢવો =ઉતાવળે અને તકલીફથી શ્વાસોશ્વાસ ચાલવો કે લેવો પડવો -બેસવો =હાંફ મટીને શ્વાસોશ્વાસ જોઈએ તેવો થઈ જવો, હાંફ ઊતરવો.] ૦ણુ વિ૰ વ્યાકુળ, બાવરું ૦ણું ફાંફણું વિ૰ ગભરાયેલું, બેબાકળું, બાવરું
હાંફવું અ૰ક્રિ૰[સર૰ हिं हाँफना] હાંફ ચડવી
હાંલ્લી (૦) સ્ત્રી૰, '-લ્લું' ન૰ જુઓ હાડલી, -લું.| હાંલ્લાં કુસ્તી કરે (ઘરમાં)=અત્યંત ગરીબાઈ હોવી હાંલ્લાં ખખડવાં = બોલાચાલી થવી. હાંલ્લાં ખખેરી કાઢવાં = ઘર ખાલી કરાવવું. હાંલ્લાં ફોડવાં = કજિયો કરવો; ઘર બદલવું (૨) કોઈ એક કામને ન વળગી રહેવું હાંલ્લું ફોડવું = પેટ ફોડવું (૨) આજીવિકાના સાધનનો નાશ કરવો -ફોડી નાખવું=નુકસાન કરવું, પાયમાલ કરવું (૨) મરી ફોડવું (૩) મારવું -ફૂટવું=આજીવિકાનો નાશ થવો (૨) રહસ્ય ખુલ્લું પડી જવું.]
હાંસડી (૦)સ્ત્રી [સર૰ म हासळी, हिं हंसली (सं अंस ઉપરથી)] ગળા આગળનું એક હાડકું (૨) ગળાનું એક ઘરેણું (૩) લોટાને કે તેવા વાસણને ઊંચકવા કરેલો ગાળો (૪) ઘોડાને ગળે પહેરાવવાના સામાનનો એક ભાગ (૫) કોસનું લોઢાનું ચકરડું (૬) પૈડાના મો પરનો લોઢાનો ગાળો
હાંસ(-સિ)લ (૦)વિ૰[अ हासिल] મળેલું; પ્રાપ્ત (૨) ન૰ દાણ, જકાત, કર (૩) ફાયદો, લાભ (૪) ઉત્પન્ન, પેદાશ (૫) પરિણામ
હાંસવો(૦) પું૰ કોદાળી; ખોદવાનું એક ઓજાર
હાંસિયુ (૦) વિ૰ [સર૰ म हासेगहू] ઘઉં ની જાતના સફેદ (ઘઉં)
હાંસિલ (૦) વિ૰ જુઓ હાસલ
હાંસિયો (૦).પું૰[अ हाशियह]કાગળની કોરી રખાતી, સામાન્યતઃ ડાબા હાથ પરની પટ્ટી [-છોડવો, પાડવો, મૂકવો, રાખવો]
હાંસી (૦) સ્ત્રી૰ [સર૰हिं (सं हास)] મજાક, મશ્કરી (૨) ફજેતી ૦ખેલ પું૰ મજાક માટે કરેલું કે ખેલ જેવું કામ, મશ્કરી
હિ અ૰ [सं.] (પ) જ [હિકમતવાળું
હિકમત સ્ત્રી૰ [अ] યુક્તિ; કરામત -તી વિ૰
હિકરાણ ન૰ [સર૰ दे हिक्किअ] કકલાણ; રોકકળ (૨) ઘોંઘાટ, બુમરાણ
હિકાયત સ્ત્રી૰ [अ.] વાર્તા, કહાણી કિસ્સો
હિક્કડ વિ૰ [સર૰ सं हिक्कल= બૌદ્ધ ભિક્ષુનો દંડ? કે सं. हिक्क्=ઈજા કરવી?] લાગણી વગરનું, કઠોર (૨) કોઈની જોડે ન ભળતું
હિક્કળ ન૰ [सं हिक्क्=ઈજા કરવી ઉપરથી?] વરસાદથી થતી અતિશય ઠંડી
હિક્કા સ્ત્રી૰ [सं] હેડકી ૦નાદ પું૰ હેડકી (૨) પડઘો (૩) અવ્યક્ત ધ્વનિ
હિચકારું વિ૰[જુઓ હીચકારું] કાયર બાયલું (૨) અધમ, નીચ, હીન
હિચકાવવું સ૰ક્રિ૰ 'હીચકવું'નું પ્રેરક
હિચાકો પું૰[હિચાવું ઉપરથી]ભીડ ભીડનો ધક્કો
હિચાવવું સ૰ક્રિ૰, હિચાવું અ૰ક્રિ૰ 'હીચવું'નું અનુક્રમે પ્રેરક ને ભાવે
હિજરત સ્ત્રી૰ [अ] વતનથી છૂટા પડવું કે છોડવું તે -તી વિ૰ હિજરત કરનારું
હિજરાવું અ૰ક્રિ૰ [अ हिज्र=જુદાઈ ઉપરથી] ઝૂરવું, બળ્યા કરવું -વવું સ૰ ક્રિ૰ (પ્રેરક)
હિજરી વિ૰(૨) પું૰ [अ] મહમદ પેગંબર મક્કા છોડી મદીને ગયા ત્યારથી ગણાતો સંવત
હિડિંબા સ્ત્રી૰ [सं](સ.)ભીમની રાક્ષસ પત્ની
હિત ન૰ [सं] કલ્યાણ, શ્રેય (૨)લાભ, ફાયદો. ૦કર, ૦કારક, ૦કારી વિ૰ હિત કરે તેવું. ૦કારિતા સ્ત્રી૰ ૦કર્તા(-ર્તા) વિ૰ (૨)

પું૦ હિત કરનાર. ૦ચિંતક વિ૦ (૨) પું૦ હિત ઇચ્છનાર ૦વિરોધ પું૦ હિતમાં આડ; હિતમાં વિઘ્નરૂપ હોવું તે ૦શત્રુ પું મૂર્ખતાથી હિત કરવા જતાં પરિણામે હાનિ કરનાર મિત્ર (૨) હિતમાં આડે આવનાર. ૦સંબંધ પું૦ ભલું (૨) સ્વાર્થ ૦સ્વી વિ૦ [હિતૈષી ઉપરથી] હિતેચ્છુ -તાર્થ(-ર્થે) અ૦ [+ अर्थ] હિત માટે -તાર્થી વિ૦ ભલું ઇચ્છનારું -તાવહ વિ૦ [+ सं आवह] હિતકારક, શ્રેયસ્કર. -તાહિત ન૦ [+ अहित] હિત અને અહિત. -તુ [સર૦ हिं.], -તેચ્છુ [सं] વિ૦ હિત ઇચ્છનાર. -તેશરી વિ૦ જુઓ હિતૈષી. -તૈષિણી વિ૦ સ્ત્રી૦ [सं.] હિતૈષી (સ્ત્રી). -તૈષિતા સ્ત્રી૦ હિતૈષીપણું. -તૈષી વિ૦ [सं.] હિતેચ્છુ -તોપદેશ પું૦ [+ उपदेश] હિતની શિખામણ (૨) (સં.) એક જાણીતો સંસ્કૃત ગ્રંથ

હિદાયત સ્ત્રી૦ [अ.] રસ્તો દેખાડવો તે; શિખામણ

હિદેલા ન૦ એક પંખી

હિના સ્ત્રી૦ [फा] મેંદી. -નો પું૦ મેંદી (૨) [હિમ

હિફાજત સ્ત્રી૦ [अ.] જાળવણી, સંભાળ

હિબકાવવું સ૦ક્રિ૦ હીબકવું નું પ્રેરક

હિબ્રૂ સ્ત્રી૦ [इं] યહૂદીઓની મૂળ ભાષા

હિમ ન૦ [सं] બરફ (૨) ઘણો સખત ઠાર (૩) અતિશય ઠંડી [-પડવું]. ૦કણ પું૦ હિમનો કણ; ફ્લેક. ૦ગિરિ પું૦ હિમાલય ૦પ્રદેશ પું૦ શીતકટિબંધમાં આવેલો કે એના જેવી આબોહવાવાળો પ્રદેશ ૦રશ્મિ પું૦ (સં.) ચંદ્ર ૦વર્ષા સ્ત્રી૦ હિમનો -બરફનો વરસાદ. -માચલ(-ળ) પું૦ [+ अचल] હિમાલય. -માચલ પ્રદેશ પું૦ હિમાલયની તળેટીમાં આવેલાં રાજ્યોનો સમૂહ. -માની સ્ત્રી૦ [सं] હિમનો સમૂહ, બરફનો ઢગલો

હિમાતી પું૦ [अ हातिम] હાતિમતાઈ (?) (૨) [લા.] સખી, ધનવાન માણસ

હિમાચલ(-ળ), હિમાની જુઓ 'હિમ'માં

હિમાયત સ્ત્રી૦ [अ] પક્ષ લેવો તે; તરફદારી (૨) સમર્થન કરવું તે (૩) [લા.] વિધોટીના કરમાં કરેલો વધારો. -તી વિ૦ (૨) પું૦ હિમાયત કરનાર

હિમાલય પું૦ [सं] (સં.) હિંદુસ્તાનની ઉત્તરે આવેલો પ્રસિદ્ધ પર્વત,

હિમાવું અ૦ક્રિ૦ [હિમ ઉપરથી] હિમથી બળી જવું (૨) મનમાં બળ્યા કરવું (૩) સુકાવું, ફૂશ થવું (શરીરે)

હિમાળું વિ૦ [હિમ ઉપરથી] હિમવાળું, હિમ જેવું ઠંડું. -ળો પું૦ [सं हिमालय] (સં.) હિમાલય. [-ગાળવો = હિમાલય ઉપર ચડીને બરફમાં દેહ પાડવો]

હિમાંશુ પું૦ [सं] ચંદ્ર

હિરણ્મય વિ૦ [सं.] સુવર્ણમય, સોનાનું બનેલું

હિરણ્ય ન૦ [सं] સોનું. ૦કશિપુ પું૦ (સં.) પ્રહ્લાદનો પિતા ૦ગર્ભ પું૦ (સં.) બ્રહ્મા (૨) [સં.] વિષ્ણુ (૩) સૂક્ષ્મશરીરયુક્ત આત્મા. ૦મય વિ૦ જુઓ હિરણ્મય. -ણ્યાક્ષ પું૦ [सं] (સં.) હિરણ્યકશિપુનો ભાઈ

હિરવણી પું૦ [સર૦ म हिरवा, हिरवंडा = લીલા રંગનું ?] કપાસની એક જાત

હિરામલ પું૦; ન૦ [સર૦ हिं हीरामन = સોનેરી કલ્પિત પોપટ] એક જાતનું પંખી

હિલચાલ સ્ત્રી૦ [હાલવું + ચાલવું] હાલવું ચાલવું તે (૨) પ્રવૃત્તિ, ચળવળ

હિલામો પું૦ ['હાલવું' ઉપરથી] મજબૂત પ્રયત્ન (૨) બંડ [ભાવે ને પ્રેરક

હિલાવું અ૦ક્રિ૦, -વવું સ૦ક્રિ૦ 'હીલવું'નું

હિલોળવું સ૦ક્રિ૦ [જુઓ હિલોળો; સર૦ हिं. हिलोरना] હિલોળે ચડાવવું; ખૂબ હીંચોળવું

હિલોળો પું૦ [જુઓ હિલ્લોલ, સર૦ हिं हिलोर,-रा] તરંગનો ઉછાળો (૨) હીંચવામાં તેવો લાંબો ઝોલો (૩) ગમ્મત, ખુશાલી. [-ખાવો = ઝૂલવું, ઝોલે ચડવું. -મારવો = તરંગનો ઉછાળો આવવો, ઊછળવું (૨) ઝોલો ખાવો. હિલોળે ચડવું = હિલોળા ખાવા (૨) તોફાને-મસ્તીએ ચડવું]

હિલ્લો પું૦ [હીલવું ઉપરથી] જુઓ હીલો

હિલ્લોલ(-ળ) પું૦ [सं] મોજું, તરંગ (૨) મનનો તરંગ. ૦વું સ૦ક્રિ૦ હિલ્લોળે ચડાવવું

હિસ્શો અ૦ [રવ૦] ઊંચકીને જોરથી નીચે

રે કતી વખતે કરાતો ઉદ્ગાર. ૦બે હિસ્શો સ્ત્રી૦ હિસ્શો હિસ્શો કરવું તે (૨) અમે તેમ લગાવ્યે રાખવું તે, ધમાધમી

**હિસાબ** પું૦ [અ] ગણના; ગણતરી (૨) દાખલો (ગ.) (૩) લેણદેણ, આવકખર્ચ વગેરેની ગણતરી કે તેનું નામું (૪) લેખું; વિસાત (૫) રીત, ઢંગ, મર્યાદા, નિયમ [-આપવા જવું (ખુદાને ઘેર)=મરી જવું. -ગણવો=ગણતરી કે દાખલો કરવો (૨) મહત્ત્વ માનવું; ગણતરીમાં લેવું -ચૂકવવો=માગતું લેણું પતાવવું -જોવો=આવકખર્ચનું નામું તપાસવું -રહેવો=નામું લખાવું (૨) મર્યાદા-મહત્ત્વ જળવાવાં -રાખવો=નામું લખવું (૨) મર્યાદા જાળવવી. -લઈ નાખવો =ઝડતી લેવી (૨) ધમકાવવું -લખવો = નામું લખવું (૨) દાખલો લખવો. -લેવો= આવક ખર્ચ વગેરે માગીને જોવું-તપાસવું] ૦કિતાબ પું૦ લેવડદેવડના ચોપડા (૨) લેણદેણનો હિસાબ ૦નીશ(-સ) પું૦ હિસાબ રાખનાર. -બી વિ૦ હિસાબને લગતું (૨) હિસાબ રાખનારું; હિસાબ રાખવામાં કે કરવામાં કુશળ (૩) ગણીને નક્કી કરેલું, ચોક્કસ (૪) પું૦ હિસાબ રાખનારો મહેતો -બે અ૦ હિસાબથી જોતાં કે ગણતાં (૨) રીતે; ગણતરીથી [કે ઘોડાનો)

**હિસારો,-રવ** [સ] પું૦ એવો અવાજ (ગાય

**હિસાવવું** સ૦ક્રિ૦ 'હીસવું'નું પ્રેરક

**હિસ્ટીરિયા** પું૦ [ઇં.] મૂર્છા આણતો વાયુનો એક રોગ [-આવવો]

**હિસ્સો** પું૦ (અ) ભાગ; ફાળો. -સ્સેદાર વિ૦ ભાગીદાર

**હિંકાર** પું૦ [સં] 'હિં' એવો અવાજ

**હિંગ** સ્ત્રી૦ [જુઓ હિંગુ] એક ઝાડનો ઉગ્ર વાસવાળો રસ; વઘારણી. ૦ડો પું૦ હલકી જાતની હિંગ ૦તોળું વિ૦ [+તોળવું] હિંગ વગેરે તોળી ખાય એટલી જ બુદ્ધિનું (તુચ્છકારમાં) -ગાષ્ટક ન૦ [+અષ્ટક] હિંગ વગેરે આઠ વસ્તુઓનું એક ચૂર્ણ-એક ઔષધ

**હિંગળો,** ૦ક પું૦ [સં. हिंगूल, प्रा. हिंगुल] ગંધક અને પારાની મેળવણીવાળો એક લાલ પદાર્થ. ૦કિયું ન૦ હિંગળોક રાખવાની ડાબડી (૨) વિ૦ હિંગળોકના રંગનું

**હિંગુ** પું૦, ન૦ [સં.] હિંગ

**હિંગોરું** ન૦, -રો પું૦ [સં. इंगुदी, સર૦ हिं हिंगुपत्र, हिंगोट, म. हिंगणी] એક ફળ. -રી સ્ત્રી૦ તેનું ઝાડ

**હિંડોલ(-ળ)** પું૦ [प्रा (स हिंदोल)] જુઓ હિંદોલ -ળાખાટ સ્ત્રી૦ ખાટલાનો હિંડોળો

**હિંડોળો** પું૦ [प्रा. हिंडोलय] કઠેરાવાળો મોટો હીંચકો, ઝૂલો [હિંડોળે ચડાવવું= નિકાલ ન થવા દેવો, ધક્કે ચડાવવું હિંડોળો ખાવો=હીંચકો ખાવો (૨) [લા] અધ્ધર લટકવું -ચડાવવો=મોટા હીંચકા નાખવા.]

**હિંદ** પું૦;સ્ત્રી૦,ન૦ [फा (सं सिंधु, सप्तसिंधु)] (સ.) હિંદુસ્તાન ૦વાણી સ્ત્રી૦ હિંદુસ્તાનની કે હિંદુ સ્ત્રા ૦વી વિ૦ [फा] હિંદનું, -ને લગતું -દી વિ૦ હિંદનું (૨) સ્ત્રી૦ (સ.) ઉત્તર હિંદુસ્તાનમાં બોલાતી એક ભાષા (૩) હિંદની રાષ્ટ્રભાષા (૪) પું૦ હિંદનો વતની -દી-હિંદુસ્તાની સ્ત્રી૦ હિંદની રાષ્ટ્રભાષા. -દુ વિ૦ (૨) પું૦ [હિંદ ઉપરથી; स, दे] હિંદુ ધર્મનો અનુયાયી -દુત્વ ન૦, -દુસ્તાન [फा], -દુસ્થાન પું૦; ન૦ [+સ્થાન] (સં) ભારતવર્ષ. -દુસ્તાની વિ૦ હિંદુસ્તાનનું, -ને લગતું (૨) પું૦ ઉત્તર હિંદનો રહેવાસી (૩) સ્ત્રી૦ જુઓ હિંદી-હિંદુસ્તાની

**હિંદોલ** પું૦ [સં] હીંચકો; હિંડોળો (૨) હિંડોળ, એક રાગ. -ળવું સ૦ક્રિ૦ [सं हिंदोल] હિંડોળા કે પારણામાં ઝુલાવવું

**હિંમત** સ્ત્રી૦ [અ] બહાદુરી [-આપવી= નાહિંમત થતું અટકાવવું -કરવી,ચલાવવી, દાખવવી, ધરવી, બતાવવી, બોળવી, રાખવી. -હારવી=નાહિંમત થઈ જવું] ૦બાજ, ૦વાન વિ૦ બહાદુર [હિંસા

**હિંસક** વિ૦ [સં] હિંસા કરનારું. -ન ન૦

**હિંસા** સ્ત્રી૦ [સં] કોઈ પણ જીવને હણવો કે પીડવો તે. ૦કર્મ ન૦ હિંસાનું કર્મ. ૦ત્મક

વિ૦ [+आत्मक] હિંસાયુક્ત; હિંસાવાળું. ૦રી વિ૦ [सं हिंस्रीर ઉપરથી] હિંસ્ર, માંસાહારી. ૦રુ પુ૦ [सं.] હિંસ્ર પશુ (૨) વાઘ
–સ્ર વિ૦ [सं] હિંસક ઘાતક, ક્રૂર
હીક સ્ત્રી૦ [सं हिक्का] હેડકી, વાધણી (૨) સણકો, શૂળ (૩) તાકીદ; ઉતાવળ (૪) દમ
હીકળ ન૦ જુઓ હિકળ
હીકા સ્ત્રી૦ જુઓ હિકા (૨) તાણ, આચકા (મરતી વેળાના) [હીચકો
હીચ સ્ત્રી૦ [હીચવું પરથી] હીચવાની ક્રિયા;
હીચકવું અ૦ક્રિ૦ જુઓ હીંચકવું
હીચકારું વિ૦ [फा] જુઓ હિચકારું
હીચકાવું અ૦ક્રિ૦ 'હીચકવું'નું ભાવે (૨) ટિચાવું
હીચવું અ૦ક્રિ૦ જુઓ હીંચવું (૨) ગિલ્લીદંડામાં મોઈ ગબી પર ગોઠવી તેને દંડાને છેડેથી ઉડાડવી; હીલવું
હીજડો પું૦ [अ हीज] નપુંસક, રાડવો
હીટ(–ર) ન૦ જુઓ હીર
હીણું વિ૦ [प्रा. (स. हीन)] અધમ, નીચ (૨) હલકું, ઊતરતું (૩) ભેગવાળું (૪) વગરનું, વિનાનું, ઓછું, કમ. ૦કચું વિ૦ [+કાચું] અવકચરું, કાચું પાકું ૦કમાઉ વિ૦ કમાણી વિનાનું, નિરુદ્યમી ૦કર્મ ન૦ નીચ કર્મ ૦કર્મી વિ૦(૨) પું૦ નીચ કર્મ કરનાર. ૦પત(–દ) સ્ત્રી૦; ન૦ હીણપણું, હલકાઈ, લાંછન ૦ભાગી, ૦ભાગ્ય વિ૦ ભાગ્યહીન, કમનસીબ. ૦વર પું૦ કન્યાના મુકાબલામાં નાનો કે ઊતરતી કોટીનો વર ૦વરુ ન૦ [જુઓ હીણવર] કજોડું ૦વું સ૦ક્રિ૦ ધિક્કારવું; નિંદવું (૨) ઉતારી પાડવું, હલકું ગણવું –ણું વિ૦ જુઓ હીનું
હીન વિ૦ [स] તજી દીધેલું (૨) વગરનું; વિનાનું (સમાસમાં). ઉદા૦ શક્તિહીન (૩) જુઓ હીણું ૦તા સ્ત્રી૦, ૦ત્વ ન૦ ૦યાન પુ૦ (સં.) બૌદ્ધધર્મનો એક સંપ્રદાય (બીજો તે મહાયાન) ૦વાદી વિ૦ મૂગું
હીબકવું અ૦ક્રિ૦ [જુઓ હેબક] હબકવું (૨) [જુઓ હીબકું] ડૂસકાં ખાવાં
હીબકું ન૦[રવ૦ ? સર૦ હેબક] (કા.) ડૂસકું

હીમજ સ્ત્રી૦ નાની હરડે. –જી હરડે સ્ત્રી૦ નાની કાચી સૂકી હરડે
હીમરું ન૦ એક જાતનું રેશમી કાપડ
હીર પુ૦[सं.] એક છંદ (૨) ન૦ [सं, प्रा हीर =પાતળી નસ-રેસો ઉપરથી ?] રેશમ (૩) [स वीर्य, ईर ? સર૦ म, हिं, કે सं हीर= હીરો ઉપરથી ?] તેજ, કાંતિ (૪) સત્ત્વ; દૈવત (૫) પ્રેમ, પ્યાર (૬) હિંમત [–ગુમાવવું =નૂર ગુમાવવું –હારવું=શાખ જવી] ૦કોરી વિ૦ રેશમી કિનારવાળું. ૦ચીર ન૦ કીમતી વસ્ત્ર ૦નીર ન૦ હિંમત, પાણી
હીરક પુ૦[सं] હીરો. ૦મહોત્સવ,–કોત્સવ પુ૦ [+ उत्सव] ૬૦ વર્ષ પૂરાં થયાની ખુશાલીમાં કરવામાં આવતો મહોત્સવ
હીરજી ગોપાળ પુ૦ કોડીની કમાઈ નહીં, અને ઘડીની ફુરસદ નહીં એવો માણસ
હીરવા ન૦ એક પંખી [બેઠેલું
હીરહારી વિ૦ [હીર+હારવું] હીર ગુમાવી
હીરાકણી સ્ત્રી૦[હીરો+કણી]હીરાની કણી-કરચ
હીરાકશી(–સી) સ્ત્રી૦ [સર૦हिं हीराकसीस, म हिराकस] શાહી તથા રંગમાં વપરાતો એક પદાર્થ [મણકાની કંઠી
હીરાકંઠી સ્ત્રી૦ [હીરો+કંઠી] પાસાદાર
હીરાગળ વિ૦ [હીર ઉપરથી] રેશમી
હીરાદખ્ખણ સ્ત્રી૦ એક વસાણું
હીરાબોળ પુ૦[હીર+બોળ ?]એક જાતનો ગુંદર
હીરાવેધ વિ૦ [હીરો+વેધવું] હીરો વીંધે એવું (૨) [લા.] હોશિયાર, ચાલાક
હીરાળું વિ૦ [હીરો ઉપરથી] હીરાનું
હીરો પુ૦ [स. हीर, ०क] એક કીમતી પથ્થર; ધોળા રંગનું રત્ન
હીલવવું સ૦ક્રિ૦ હીલે એમ કરવું, હિલાવવું
હીલવું અ૦ક્રિ૦[જુઓ હાલવું,સર૦हिं हिलना, म. हिलणें] ડોલવું (૨) જુઓ હીચવું ૨
હીલો પુ૦[જુઓ હીલવું, स हिल्लोल] હેલો; ધક્કો (૨) હરકત; નુકસાન
હીસવું અ૦ ક્રિ૦ [હસવું ઉપરથી, सं. हर्ष] (પ.) હસવું (૨) આતુર થવું (૩) હર્ષ પામવું (૪) [જુઓ હિસારવું] હીંસારવું

**હીહી** અ૦ [સં.] [રવ૦] હસવાનો અવાજ

**હીંચ** સ્ત્રી૦ [જુઓ હીંચવું] એક તાલવાળો ઠેકો. **૦કવું** અ૦ ક્રિ૦ હીંચકો ખાવો **૦કો** પું૦ [હીંચવું પરથી] હીંચવા માટે ટંગાવેલું સાધન (૨) તેનું કે તેવું આંદોલન–ઝોલો

**હીંચળવું** સ૦ક્રિ૦ જુઓ હીંચાવવું

**હીંચવું** અ૦ ક્રિ૦ [સર૦ દે હિંચિઅ=એક પગથી ઝૂલતા ચાલવું તે] ઝોલો ખાવો, હીંચકો ખાવો

**હીંચાવવું** 'હીંચવું'નું પ્રેરક, હીંચોળવું

**હીંચોળવું** સ૦ક્રિ૦ [હીંચવું ઉપરથી] ઝુલાવવું, હીંચકા નાખવા

**હીંચોળાખાટ** સ્ત્રી૦ [હીંચોળવું+ખાટ] + હિંડોળાખાટ

**હીંડછા** સ્ત્રી૦[હીંડવું ઉપરથી] હીંડવાની રીત, ચાલ

**હીંડવું** અ૦ક્રિ૦ [મ हिंण्ड्, प्रा. हिंड] ચાલવું

**હીંડાડ(–વ)વું** સ૦ક્રિ૦ 'હીંડવું'નું પ્રેરક

**હીંડાવું** અ૦ક્રિ૦ 'હીંડવું'નું ભાવે [ખાટ

**હીંડોળ(–ળો),–ળાખાટ** જુઓ હિંડોળ,–ળા

**હીંયાં** અ૦ (પ) જુઓ અહીંયાં, હ્યાં

**હીંસ** સ્ત્રી૦[રવ૦](કા) અગ્નિની દૂરથી લાગતી આંચ [હિંસારવ કરવો

**હીંસારવ** પું૦ જુઓ હિંસારવ. **–વું** અ૦ક્રિ૦

**હુઓ(–વો)** [प्रा हुअ (सं. भूत)] (પ) હવો, થયો (હોવું'નું ભૂ૦કા૦નું કાલગ્રસ્ત રૂપ)

**હુકમ** પું૦ [अ. हुक्म] આજ્ઞા, ફરમાન (૨) (પ્રાયઃ બ૦વ૦માં) ગંજીફાની એક રમતમાં અમુક ભાતનાં પાન ઊંચાં ગણવાં તે કે તે પાન, સર [**–આપવો, કરવો, છોડવો**= આજ્ઞા કરવી. **–ઉઠાવવો**=આજ્ઞા પાળવી. **–કાઢવો**=હુકમ જાહેર કરવો **–છૂટવો, નીકળવો**=હુકમ જાહેર થવો **–પડવો**= પત્તાની રમતમાં સર શેનાં તે નક્કી થવું. **–બહાર પડવો**=હુકમ નીકળવો. **૦નામું** ન૦ કોર્ટનો લેખી ચુકાદો **૦સર** પું૦ હુકમ ૨ જુઓ

**હુક્કો** પું૦ [अ हुक्का] તમાકુ પીવાનું એક સાધન [**–ગગડાવવો, તાણવો, પીવો**= હુક્કાવી તમાકુ પીવી **–ભરવો**=ગડાકુ, દેવતા વગેરે મૂકીને હુક્કો પીવા માટે તૈયાર કરવો ]**૦(–ક્કા)પાણી** ન૦બ૦વ૦ હુક્કો પાણી વગેરે પીવા તે (૨) [લા.] બેઠકઊઠકનો કે સામાજિક સંબંધ [**–કરવાં. –બંધ કરવાં** =સાથે બેસી હુક્કાપાણી કરવાનો કે સામાજિક સંબંધ તોડવો]

**હુજરો** પું૦ [अ] કોટડી (૨) મસીદમાંની મુલ્લાને રહેવાની કોટડી

**હુજ્જત** સ્ત્રી૦ [अ] હઠ, જીદ (૨) તકરાર **૦ખોર,–તી** વિ૦ હઠીલું (૨) તકરારી સ્વભાવનું

**હુડકારવું** સ૦ક્રિ૦ [રવ૦, સર૦ म हुडकावणें] હુડતાવવું, તુચ્છકારવું [ધમકાવવું

**હુડતાવવું** સ૦ક્રિ૦ તુચ્છકારવું, તરછોડવું (૨)

**હુડુડુ** અ૦ [રવ૦] ધસારો કે પડાપડીનો રવ

**હુડુયુદ્ધ** ન૦ [सं] ઘેટાની લડાઈ

**હુણાવું** અ૦ક્રિ૦, **–વવું** સ૦ક્રિ૦ 'હૂણવું'નું અનુક્રમે કર્મણિ ને પ્રેરક

**હુત** વિ૦ [सं] હોમેલું, બલિરૂપ આપેલું (૨) ન૦ બલિ **૦દ્રવ્ય** ન૦ હોમવાની વસ્તુ, બલિ. **૦ભુજ, ૦વહ** પું૦ (સં) અગ્નિ. **–તાત્મા** પું૦ [+आत्मा] શહીદ, હુત થયેલો માણસ **–તાશ(૦ન)** પું૦ [सं.] (સ) અગ્નિ **–તાશની** સ્ત્રી૦ હોળી

**હુતુતુતુ** ન૦ [રવ૦] એક રમત

**હુનર** પું૦ [अ हुनर] કારીગરી, કસબ **૦ઉદ્યોગ** પું૦ હુન્નર અને ઉદ્યોગ. **૦શાળા** સ્ત્રી૦ હુન્નર શીખવવાની શાળા; કળાભવન. **–રી** વિ૦ કસબી; કરામતી, નિપુણ

**હુબ્બેવતન** ન૦ [फा] વતન પ્રત્યેનો પ્રેમ, દેશપ્રેમ

**હુમલો** પું૦[अ. हम्ल्ह] આક્રમણ, ધસારો, છાપો. **–લાખોર** વિ૦ હુમલો કરવાની આદતવાળું

**હુમા** ન૦ [फा] એક પૌરાણિક પંખી **૦યુ** ન૦ જુઓ હુમા (૨) પું૦ (સં) બીજો મોગલ બાદશાહ

**હુરમ** સ્ત્રી૦ [જુઓ હરમ] લોંડી, દાસી

**હુરમત** સ્ત્રી૦ [अ] શાખ, આબરૂ [**–હારવી** =શાખ ખોવી.]

**હુરિયો** પું૦, સ્ત્રી૦ [રવ૦, સર૦ इ हुर्राह] ફજેતો, ભવાડો (૨) મજાક ઉડાવવી તે (૩)

પ્હિત પરથી ?]+હેત; ઉમળકો (પ.)

**હેટ** સ્ત્રી૦ [ઈં.] વિલાયતી ટોપી

**હેઠ** અ૦ [प्रा हेट्ठ] (પ.?) નીચે; હેઠે. ૦લાણ ન૦ હેઠલો ભાગ. ૦લું વિ૦ હેઠળનું; તળેનું. ૦વાશ(-સ) અ૦ (કા.) પવન કે પાણીના વહનની દિશામા નીચલે ભાગે (૨) નીચલે માળે ૦ળ અ૦ નીચે, તળે. -ઠાણ(-ણું) ન૦ નીચાણવાળી જગા (૨) વિ૦ હલકું, નીચુ; હેઠું -ઠું વિ૦ જુઓ હેઠાણ (૨) અ૦ હેઠે; ન ચ. -ઠે અ૦ જુઓ હેઠ [-બેસવું=તળિયે જામવુ (૨) કંટાળીને કે હારી થાકીને કોઈ પ્રવૃત્તિ કે કામ છોડી દેવુ જંપવું.(૩) પાયમાલ થવુ]

**હેડ** (ડ,) સ્ત્રી૦ [स. हडि] ગુનેગારનો પગ જકડી રાખવાને કરેલું મોટું ભારે લાકડુ (૨) તોફાની ગાયભેંસના ગળામા પગ વચ્ચે રહે એમ બધાતુ લાબું લાકડુ, ડેરો (૩) સગર્ભા સ્ત્રીને નિયમિત થતી અમુક શારીરિક પીડા જેમ કે, ઊલટીની હેડ (૪) [दे हेडा =સમૂહ; સર૦ म.] વેચવાના બળદનો કાફલો (૫) [લા.] જેલ, કેદ, [-કોરડો વાગવો= શિરજોરી કે સત્તા ચાલવા] ૦બેડી સ્ત્રી૦ હેડ ને બેડી

**હેડ** વિ૦ [ઈં] મુખ્ય, ઉપરી ૦ઓફિસ સ્ત્રી૦ મુખ્ય કે વડી કચેરી, કાર્યાલય ૦કોન્સ્ટેબલ પું૦ પોલિસટુકડીનો વડો, જમાદાર ૦ક્લાર્ક પું૦ વડો કારકુન અવલકારકુન

**હેડકી** સ્ત્રી૦ [स हिक्का] ભારે શ્વાસનુ ટચકુ (૨) વાધણી (-આવવી, ઊપડવી). -ક્યિો લાડુ પું૦ મૂએલા નિમિત્તે થયેલો લાડુ

**હેડમાસ્તર** પું૦ [ઈં. हेडमास्टर] વડો-મુખ્ય શિક્ષક

**હેડંબા** સ્ત્રી૦ (સ.) જુઓ હિડિંબા

**હેડિયારો** પું૦ [હડી ઉપરથી] ધમાલ

**હેડિયો** વિ૦ [જુઓ હેડ (૪)] બળદની હેડવાળો (૨) પું૦ હેડમાનો વાછરડો

**હેડી** સ્ત્રી૦ [જુઓ હેડ (૪), સર૦ हिं] વેચવાના બળદનો કાફલો (૨) સમાનતા, બરાબરી

**હેડો** પું૦ [प्रा. हिअड (सं हृदय) ઉપરથી ? કે જુઓ એડો] અતિશય પ્યાર, આસક્તિ

**હેણુ** (હે ?) સ્ત્રી૦ [सं शयन ?] તળાઈ; બિછાનું

**હેત** ન૦ [प्रा. हितअ (सं हृदय) ઉપરથી] પ્રીતિ; ભાવ; સ્નેહ. [-લાવવું=ભાવ કે લાગણી પેદા કરવી, ચાહવુ. -વરસવું=બહુ ભાવ થવો.] ૦પ્રીત સ્ત્રી૦ વહાલ, કૃપા ૦મઠું વિ૦ હેત-માયા વિનાનું ૦સ્વી વિ૦ [सं. हितैषी] હિતેચ્છુ, શુભેચ્છક. -તારથ પું૦ +હેતની લાગણી. -તાળ (-ળુ) વિ૦ હેતવાળું, માયાળુ

**હેતકડું** ન૦ (કા.) માલ ભરવાનું ગાડું

**હેતુ** પું૦ [सं] ઉદ્દેશ; આશય (૨) સબબ; કારણ (૩) પચાવયવ વાકયમાં સબબ બતાવનારુ કથન કે વાકય (ન્યા). ૦કર્તા પું૦ (વ્યા.) પ્રેરકરચનાનો કર્તા. ૦ગર્ભ વિ૦ (અંદર) હેતુવાળુ. -ચિહ્ન ન૦ હેતુ બતાવતુ (.) આવુ ચિહ્ન (ગ) ૦તા સ્ત્રી૦, ૦ત્વ ન૦ હેતુ હોવો તે, હેતુમત્તા ૦મત્ વિ૦ હેતુ-પ્રયોજનવાળુ. કાર્યકારણભાવવાળુ (ન્યા). ૦મત્તા સ્ત્રી૦ ૦વાદ પું૦ તર્કવિદ્યા; તર્કશાસ્ત્ર (૨) કુતર્ક; નાસ્તિકતા. ૦વાદી વિ૦ તાર્કિક (૨) કુતર્કી; નાસ્તિક

**હેત્વાભાસ** પું૦ [सं.] દુષ્ટ-ખોટો હેતુ, હેતુનો આભાસ (ન્યા)

**હેદળ** ન૦+જુઓ હયદળ

**હેન્ડલ** પું૦ [ઇ.] હાથો, દસ્તો

**હેબક,-ત** (હે) સ્ત્રી૦ [अ. हैबत] હબક, ધાસ્તી. [-ખાવી=હેબકાવુ] ૦(-કા)વું, -તાવું અ૦ક્રિ૦ જુઓ હબકવુ

**હેબિયસ કોર્પસ** ન૦ [લેટિન; ઇં.] કેદીને બરોબર કાયદેસર પકડયો છે કે કેમ, તેની તપાસ કરવાને માટે, અદાલત કેદીને પોતાની રૂબરૂ હાજર કરવા હુકમ કાઢે છે તે

**હેમ** ન૦ [सं.] સોનુ ૦કાર પું૦ સોની. ૦ગિરિ પું૦ (સં.) મેરુ

**હેમક** (હે) વિ૦ [अ अहमक] મૂર્ખ, બેવકૂફ (૨) બીકણ, ડરપોક

**હેમક્ષે(-ખે)મ** વિ૦ [क्षेम द्विर्भाव] કુશળ, સહીસલામત

**હેમચંદ્ર** પું૦ [सं] (સં) એક પ્રસિદ્ધ જૈન આચાર્ય [માળાવાળુ

**હેમમાલી** વિ૦ [सं] હેમ-બકુલના ફૂલની

**હેમલતા** સ્રી૦ [म] એક વેલ

**હેમવતી** સ્રી૦ [सं] સંગીતમા એક થાટ

**હેમંત** સ્રી૦ [सं.] માગશર ને પોષ મહિનાની ઋતુ **-તી** વિ૦ હેમંત સંબધી

**હેમિલું, હેમી** વિ૦ [હેમ ઉપરથી] સોનાનુ

**હેય** વિ૦ [स] ત્યાજ્ય **૦તા** સ્રી૦

**હેર, ૦ક** પુ૦ [જુઓ હેરવુ] બાતમીદાર, જાસૂસ, હેરનાર. **૦ણું** ન૦ જુઓ હેરિયુ ૧

**હેરત** (હે) સ્રી૦ [अ] નવાઈ, આશ્ચર્ય [**-પામવું, પમાડવુ**] **૦મંદ** વિ૦ આશ્ચર્યચકિત

**હેરફેર** વિ૦ [ફેરનો દ્વિર્ભાવ; અથવા હેરવુ + ફેરવવુ, સર૦ म, हिं.] બદલેલુ, ફેરફારવાળું (૨) અદલાબદલી થયેલુ (૨) પું૦ હેરફેર થવું તે (૩) તફાવત, ફેર, ફરક **-રી** સ્રી૦ હેરફેર કરવુ તે

**હેરવવુ** સ૦ક્રિ૦ [સેરવવુ? स हेल्=તિરસ્કારથી ધકેલી કાઢવું પરથી?] રોજ મુલતવી રાખવું

**હેરવું** સ૦ક્રિ૦ [दे. हेर સર૦ सं. हेरिक= જાસૂસ] ધારીને કે છૂપી રીતે જોવું, નિહાળવું (૨) [?] લલકારવુ; ઉશ્કેરવુ (૩) અ૦ક્રિ૦ [सं हेल्=ક્રીડા કરવી] + હળવુ, હયવાર થવું

**હેરંબ** પુ૦ [सं] (સં.) ગણપતિ

**હેરાન** (હે) વિ૦ [अ] હેરાનગતિ પામેલું, કંટાળેલુ **૦ગત(-તિ)** સ્રી૦ મુસ્કેલી, પીડા; પજવણી

**હેરિયું** ન૦ [હેરવુ ઉપરથી] છાનુમાનુ જોવુ તે (૨) બાકામાથી પડતુ સૂર્યનુ કિરણ (૩) [જુઓ હેલો] ઝોકુ; ઝોલું (૪) હોડીને પવન હોય તેમ ફેરવવી તે. [**હેરિયાં ખાવાં**= હોડીમા બેસી પવનની લહેર માણવી. **હેરિયાં હેરવાં** = છાનુમાનુ જોવું (૨) બીજાનાં છિદ્ર જોવા ]

**હેરુ, -રો** પુ૦ [જુઓ હેરક] જાસૂસ, બાતમીદાર. **-રું** ન૦ જુઓ હેરિયું ૧, ૨

**હેરોફેરો** પુ૦ [હેરવુ + ફેરો] આંટોફેરો, જવુ આવવુ તે (૨) ફેરોફાંટો ખાવા જેવુ થોડુ કામકાજ

**હેલ** (લ,) સ્રી૦ [સર૦ म.] બોજો; ભાર (૨) વેચવા સારુ ગાડામા ભરેલા લાકડા ઘાસ વગેરે કે તેવું આડું (૩) માથે લીધેલુ કે લેવાનુ બેડું (૪) ઊંચકવાની મજૂરી (૫) હેલકરીનુ કામ. **૦કરણ** સ્રી૦ સ્રી-હેલકરી **૦કરી** પું૦ [સર૦ म, फा. हर्कारह] મજૂર, વૈતરો

**હેલકારો** પું૦ [હેલો પરથી] હેલારો, હેલો (**-મારવો**)

**હેલણ, -ન** [सं] ન૦ હેલા, ગેલગમત, ખેલ

**હેલના** સ્રી૦ [सं] અવહેલના; તિરસ્કાર, તરછોડવું તે

**હેલપટો** પું૦ [હેલ + પટ્ટી] નકામો ફેરો; આંટો

**હેલવ** ૦ સ૦ક્રિ૦ (પ) જુઓ હેળવવુ

**હેલવું** અ૦ક્રિ૦ [જુઓ હેલા] હેરવુ, હળવુ (૨) સ૦ક્રિ૦ [मं हेल्] અવગણવુ; હેલના કરવી

**હેલા** સ્રી૦ [सं] ખેલ, ક્રીડા (૨) રતિક્રીડા (૩) તીવ્ર સંભોગેચ્છા (૪) તે વ્યક્ત કરતી ચેષ્ટા (૫) ક્ષણ, સહેજ વાર

**હેલારો** પુ૦ [જુઓ હેલો] ધક્કો

**હેલાલી** ન૦ [अ हिलाल] મુસલમાની ૩૫૪ દિવસનું વર્ષ

**હેલી** સ્રી૦ [दे. मयालि] સતત વરસાદ (૨) [અપ૦ हेलि (सं. हले=સખીને સંબોધન)] અલી, સાહેલી (૩) [સર૦ प्रा अलिल्ला] ગીતની એક દેશી (૪) [?] બગલ (૫) રાખ (મુડદાની) (૬) [જુઓ હેલા ૫] ક્ષણ

**હેલો(-લ્લો)** પુ૦ [જુઓ હીલો સર૦ दे. हल्ल] હેલારો; આંચકો, ધક્કો (૨) ઝપાટો (૩) હરકત, નુકસાન (૪) ખાડાટેકરાવાળી જમીન ઉપર વાહનનુ ઊછળવુ તે, તેથી બેસનારને લાગતો ધક્કો

**હેવા** (હે) પુ૦બ૦વ૦ જુઓ સહવાસ] પરિચય (૨) આદત; મહાવરો

**હેવાતણ(-ન)** (હે) ન૦ [प्रा अविहवा (सं अविधवा) ઉપરથી?] સૌભાગ્યાવસ્થા

**હેવાન** (હે) વિ૦ [अ] ઢોર જેવું (૨) ન૦ પશુ, ઢોર **-નિયત** સ્રી૦ પશુપણુ; પાશવતા

**હેવાયું** (હે) વિ૦ [હેવા ઉપરથી] હેવાયેલુ, હળેલુ (?)

**હેવાલ** (હે) પું૦ [જુઓ અહેવાલ] વૃત્તાંત

**હેવાવુ** (હે) અ૦ક્રિ૦ [હેવા પરથી] હેવા થવા; હળવુ

**હેષવું** અ૦ક્રિ૦ [સં हेष्] હેષા કરવી હણહણવું

**હેષા** સ્ત્રી૦, **૦રવ** પું૦ [સં.] ઘોડાનો હણહણાટ

**હેસિયત** (હે) સ્ત્રી૦ [अ हैसियत] સામર્થ્ય; શક્તિ (૨) વકર; પ્રતિષ્ઠા **૦દાર** વિ૦ હેસિયતવાળું

**હેળ** સ્ત્રી૦ [હળવુ ઉપરથી] હેવા; મહાવરો (૨) જુઓ હેડ ૨. **૦વણી** સ્ત્રી૦ હેળવવું તે. **૦વવું** સ૦ક્રિ૦ [સર૦ हेरवु ડ] હળે એમ કરવુ; મન મેળવવુ (૨) કેળવવું, પાળવું (પશુને)

**હેં** (હેં) અ૦ [રવ૦] એં, વિસ્મય, ધમકી વગેરે બતાવનારો ઉદ્ગાર (૨) ફરીથી કે રહીને પ્રશ્ન કરતી વેળાનો ઉદ્ગાર ઉદા૦ **હેં**, શાસ્ત્રની વાત સાચી? **હેં**, શુ કહ્યુ?

**હેંકવું** (હેં) અ૦ક્રિ૦ [**હેં** રવ] તગીમા હોવું

**હેંસુ** (હેં) સ્ત્રી૦ + સુવાસણ

**હૈડદૈડ** સ્ત્રી૦ [રવ૦; સર૦ હડફડ, हडफड] આમતેમ જોરથી ધૂમાધૂમ કરવી તે (ચ)

**હૈડિયો** પુ૦ [દે. हड्ड = હાડકું ઉપરથી?] ગળાની ઘાટી, ગળાનો બહાર તરતો દેખાતો ભાગ. **–યાવેરો** સ્ત્રી૦ મુસલમાની રાજનો એક કર

**હૈડિંબેય** પુ૦ [સં.] (સં) હિડિંબાનો પુત્ર–ઘટોત્કચ

**હૈડું** ન૦ જુઓ હૈયુ

**હૈડું** ન૦ (ચ.) પેઘું, ટેવ [**–પડવું**=ટેવાવું; ફાવતુ થવુ] [ઉ`શથી કરેલુ

**હૈતુક** વિ૦ [સં.] હેતુવાળું; કોઈ હેતુ કે

**હૈદોસ** સ્ત્રી૦ [હાય+દોસ્ત, સર૦ म] દુઃખની અરેરાટી (**–કૂટવી**)

**હૈમ** વિ૦ [સં, હિમ સંબંધી, બરફનુ કે બરફ જેટલુ ઠડું (૨) સોનાનુ કે સોના જેવા રંગનુ. **૦વત** વિ૦ હિમાલયનુ, હિમાલય સબધી (૨) હિમાલયમા રહેનારુ કે હિમાલયમા ઉત્પન્ન થયેલુ **૦વતી** સ્ત્રી૦ (સં.) પાર્વતી

**હૈયા-ફૂટ** થી **હૈયાળું** સુધીના શબ્દો જુઓ 'હૈયુ' શબ્દમા છેવટે

**હૈયું** ન૦ [प्रा हिअय (म हृदय)] હૃદય, દિલ, અતઃકરણ [**હૈયા ઉપર રાખવું**=ખૂબ સંભાળ લેવી; વહાલથી પાળવુ **હૈયાના લાળા**=અંતરની બળતરા. **હૈયાની હોળી**=અંતરનું દુઃખ **હૈયાનુ ફૂટ્યુ**, **ફૂટેલું**=બુદ્ધિશૂન્ય, હૈયાફૂટ **હૈયાનું મેલું**, **ચોર**=મનનો મર્મ કે ભેદ ન જાણવા દે એવું. **હૈયાનો હાર**=અતિપ્રિય **હૈયાનું સૂનું**=જુઓ હૈયાસૂનું **હૈયામાં અગારા ઊઠવા**=અતરમાં તીવ્ર વેદના થવી; કાળજુ બળવુ. **હૈયામાં કાતરી રાખવું**=જુઓ હૈયામા લખી રાખવુ **હૈયામાં મજની કાતી હોવી**=છૂપુ વેર ધરાવવુ, હૈયામા ભારે કપટ હોવુ. **હૈયામાં ગોખલો હોવો**=છૂપી વાત બહાર ન પડવા દેવાનો ગુણ હોવો. **હૈયામાં લખી રાખવું**=બરાબર યાદ રાખવુ. **હૈયામાં હાથ મૂકે તો કોરો ફટ નીકળે**=જાણે પેટમા કશું કપટ જ નથી–છેક નિર્દોષ કે અજાણ છે! (વક્રોક્તિ) **હૈયામાં હોળી**=અતરમા બળાપો **હૈયું કબૂલ કરતું નથી**=વિશ્વાસ બેસતો નથી (૨) હિંમત ચાલતી નથી **હૈયું કહ્યું ના કરે એવુ**=ન મનાય એવુ ખૂબ આશ્ચર્યકારક. **–ખાલી કરવુ**=મનના ઊભરા કાઢવા, મનની બળતરા કોઈને કહી સંભળાવીને કે રડીને શાંત કરવી **–ટાઢું હિમ હોવું**=નિરાત હોવી. **–ઠાલવવું**=જુઓ હૈયુ ખાલી કરવુ, બળતરા બહાર કાઢવી **–ફૂટી જવું**=અક્કલ બહેર મારી જવી; ગમ ન પડવી **–ફાટવું**=દિલને સખત આઘાત લાગવો. **–બાળ્યા કરતાં હાથ બાળવા સારા**=બીજાને હાથે કરાવતા નુકસાન થતુ જોઈ દિલમા બળવુ, તેના કરતા જાતે કરવા માંડવું સારુ **–ભરાઈ આવવું**=દુઃખ કે લાગણીથી રડુ રડુ થઈ જવાવુ **–હાથ રાખવુ**=દિલની સ્વસ્થતા જાળવવી, ઉચાટ ન કરવો **હૈયે તેવુ હોઠે**=જેવુ મનમા તેવુ વાણીમા **હૈયે દાબવું**=છાનીએ ચાપવું **હૈયે ધરવું**=મનમા ઉતારવુ, બરાબર લક્ષમા લેવુ. **હૈયે હાથ રહેવો**=ધીરજ રહેવી **હૈયે હાથ મુકાવવો, રખાવવો**=હિંમત રાખવાનુ કહેવુ **હૈયે હાથ રાખવો**=ધીરજ

રાખવી આટલું તે હૈયે ઘાલશો કે કોટે ?=આટલું શુ ઓછુ છે? (૨) આટલા થોડાને શુ કરશો? શી રીતે પૂરતુ થશે?] –યાઉકલત સ્ત્રી૦ બુદ્ધિ –યાફૂટ સ્ત્રી૦ અતિ શોકને લીધે છાતી ફૂટવી તે (૨) મોટી ચિંતા. –યાચોળો પુ૦ ચિંતાથી હૈયામા થતો ચૂંથારો. –યાટવુ અ૦ક્રિ૦ નાહિંમત થવુ. –યાતોડ વિ૦ છાતી તૂટી જાય એવી મહેનતવાળુ (૨) સ્ત્રી૦ હૈયાફૂટ –યાદૂબળું વિ૦ મનનુ દૂબળુ; પાણી વગરનુ. –યાધારણ સ્ત્રી૦ સંતોષ; સમાધાન (૨) ખાતરી –યાફાટ વિ૦ છાતી ફાટી જાય એવુ (૨) અ૦ છતી ફાટી જાય એમ (રડવુ). –યાફૂટુ વિ૦ મૂઢ, બેવકૂફ, મમ વિનાનુ –યાબળાપો પુ૦, –યાબાળ સ્ત્રી૦ હૈયુ બળવુ તે, હૈયાનો ઉકળાટ –યામેલુ વિ૦ હૈયામા મેલ રાખતુ, મેલા હૈયાનુ, હૈયાગ્ખુ –યારખી સ્ત્રી૦ છાતીપૂર ચણેલી ભીત –યારખુ વિ૦ હૈયામેલુ; મનનો મેલ કે ભેદ ન જાણવા દે તેવુ –યાશ(–સ)ગડી સ્ત્રી૦ હૈયા ઉપર મૂકેલી સગડીની પેઠે દુઃખ દેનારુ –યાશોક પું૦ ઊંડો શોક –યાસૂનું વિ૦ હૈયાફૂટુ, મૂઢ (૨) નિષ્ઠુર, નિર્દય –યાહેડો પુ૦ ખૂબ હેડો –યાહોળી સ્ત્રી૦ દિલમા ભારે સંતાપ કરાવનારુ જે તે –યાળુ વિ૦ પ્રેમાળ

હો અ૦ [स ] [રવ૦] ખાતરી અથવા સંમતિદર્શક ઉદ્ગાર, હા (૨) કાવ્યના કેટલાક ઢાળોમા હુંકાર માટે વપરાતો ઉદ્ગાર (૩) ઓ, હે (સંબોધનનો ઉદ્ગાર)

હોઇયાં અ૦ [રવ૦] ઓડકાર કે તૃપ્તિનો ઉદ્ગાર, ઓહિયા [–કરવું=પચાવી પાડવુ, ગળી જવુ]

હોઈશ હો) 'હોવુ'નુ ભ૦કા૦નુ રૂપ (પહેલો પુરુષ એ૦ વ૦) [હોઇશ)

હોઈશું (હો) 'હોઈશ'નુ બ૦વ૦નું રૂપ (જુઓ

હોકલી હો) સ્ત્રી૦ [જુઓ હુક્કો] હૂકલી, નાનો હોકો

હોકા, ૦યંત્ર ન૦ [अ हुक़्क़ = દાબડો] દરિયામા દિશા જાણવાનુ સાધન [ભાડવું

હોકાટવું (હો) સ૦ક્રિ૦ [જુઓ હોકાર] ઠપકો દેવો,

હોકાયંત્ર ન૦ જુઓ હોકા

હોકાર (હો) પુ૦ [રવ૦] ઘુમાટો, બરાડો

હોકારો (હો) પુ૦ 'હ''હા' કહેવુ તે, સંમતિસૂચક અવાજ (૨) [જુઓ હોકાર] બૂમ; બરાડો, ધમકામણીભરી બૂમ [–કરવો= બરાડો પાડવો. –દેવો=હોકારો કરવો (૨) સામો હોકારો કરવો (૩) હોકારો પૂરવો –પૂરવો='હો', 'આગળ ચાલો' એવું સૂચવવુ.] ૦બકારો, હોકોરો (હો) પુ૦ ઘુમાટો; બરાડો

હોકી સ્ત્રી૦ [इं] ગેડીદડાને મળતી એક વિલાયતી રમત [હોકાયંત્ર

હોકો (હો) પુ૦ [જુઓ હુક્કો] હૂકો (૨) જુઓ

હોજ (હો) પુ૦ [अ] પાણીનો કુંડ

હોજટ (હો) સ્ત્રી૦ જુઓ ઓઝટ [–મારવી, લગાવવી=તમાચો લગાવવો, ઝપટમા લેવુ –માં આવવું, જરાવું=ભૂતની ઝપટમા સપડાવુ] (૨) [अ हुज्जत] જમીનદાર અને ખેડૂત વચ્ચેનો વાર્ષિક હિસાબ

હોજરી સ્ત્રી૦ [दे. ओज्झरी] ઓઝરી જઠર, પેટ –રું ન૦ ઓઝરુ, પેટ (તિરસ્કારમા)

હોટલ (હો), હોટેલ [इं] સ્ત્રી૦ ચાપાણી ઇ૦ નાસ્તાની દુકાન (૨) યુરોપી ઢબના વાશી ને ઉતારો [વતની જાતનો આદમી

હોટેન્ટોટ પું૦ [ડચ, इं] દક્ષિણ આફ્રિકાના મૂળ

હોઠ પુ૦ જુઓ ઓઠ [–ફફડાવવો=બબડવુ. –માં ને હોઠમાં=કોઈ સાંભળે નહી એમ, ધીમેથી –હલાવવા=બોલવુ હોઠે આવી રહેવું=બોલવાની તૈયારીમા હોવુ] ૦વાચન હોઠના હલનચલનને જોઈ કે સ્પર્શીને સામાનુ બોલવુ જાણવુ તે (અંધ–બહેરાનું)

હોડ સ્ત્રી૦ [दे. होड्ड] શરત [–મા ઊતરવું, –બકવી, –મારવી]

હોડકું ન૦ [सं होड] નાની હોડી

હોડી સ્ત્રી૦ [सं होड] મછવો, પનાઈ

હોડો પુ૦ [જુઓ ઓઢો] ઢાંકણુ (૨) [સર૦ ઘોડો] મોજુ

હોત (હો) 'હોવુ'નુ ભૂ૦કા૦, વિધ્યર્થ. ('હોય'નુ ભૂ૦કા૦.)

**હોતા** પુંo [सं.] યજ્ઞમા મત્ર ભણી આહુતિ હોમનાર
**હોતું** (હો) 'હોવું'નું ભૂo કાo; 'હમેશ હોયા કરતું' એવો અર્થ બતાવવા માટે વપરાય છે
**હોત્ર** નo [सं] હવનનો કુંડ
**હોદ્દો** પુંo [अ. हौदज, सरo हिं हौदा] અબાડી
**હોદ્દો** પુંo [अ उहदह] ઓધ્ધો; પદવી; અધિકાર. **-દ્દેદાર** વિo હોદ્દો ધરાવનાર; અમલદાર. **-દ્દેદારી** સ્રીo હોદ્દાવાળા હોવું તે, અમલદારી
**હોન** પુંo [કાનડી होन=સોનાનાણું; सरo म.] શિવાજીના વખતનો એક સોનાનો સિક્કો
**હોનાર** (હો) વિoથનાર; બનનાર ('હોવું'નું ભoકૃo)
**હોનારત** સ્રીo [હોવું-હોનાર] બનનાર બનાવ; ભવિષ્ય (૨) અકસ્માત
**હોબાળો** પુંo [જુઓ ઉબાળો=હોહા] લોકોમા જાહેરાત, ચર્ચા કે ફજેતી (૨) [જુઓ ઓબાળો] ઊંધિયા પર મૂકેલું તાપણું ભડકું
**હોમ** પુંo [सं.] હવન, યજ્ઞ **oકુંડ** પુંo યજ્ઞનો કુંડ **oવું** સoક્રિo યજ્ઞમા આહુતિ આપવી. **oશાલા(-ળા)** સ્રીo હોમ કરવાનો ઓરડો
**હોમરૂલ** નo [इं] સ્વરાજ
**હોમાગ્નિ** પુo [सं.] હોમ-હવનનો અગ્નિ
**હોમિયોપથી** સ્રીo [इं] રોગોપચારની એક પદ્ધતિ [ખેર!
**હોય** (હો) 'હોવું'નું વિધ્યર્થ (૨) અo હશે!
**હોરવું** (હો) સoક્રિo (ચ) જુઓ વહોરવું
**હોરા** સ્રીo [म] અઢી ઘડી; કલાક (૨) એક રાશિ કે લગ્નનો અર્ધો ભાગ (૩) જન્મકુંડળી કે તે પરથી ભવિષ્ય ભાખવાની વિદ્યા
**હોરી** સ્રીo [सरo हिं] એક તાલ (૨) હોળીના દિવસોમા ગવાતું એક ગાયન [વહોરો
**હોરી** (ઓʼ) સ્રીo (ચ) વહોરી. **-રો** પુંo જુઓ
**હોર્ન** નo [इं] ભૂગળું, મોટરનું ભૂગળું. [**-મારવું**=હોર્ન વગાડવું]
**હોલ** પુંo [इं] મોટો ઓરડો, ખંડ
**હોલવવું** સoક્રિo જુઓ ઓલવવું. **-ણ** નo હોલાઈ જવું તે [ઓલાણ (ફૂવાનું)
**હોલાણ** નo જુઓ હોલવણ (૨) (ઓʼ) જુઓ
**હોલાવું** અoક્રિo જુઓ ઓલાવું
**હોલિકા, હોલી** સ્રીo [सं.] હોળી
**હોલી** સ્રીo [જુઓ હોલો] હોલાની માદા
**હોલેદિલ** વિo [अ] અસ્થિર કે ચસકેલા ચિત્તવાળું (૨) ભોળું **-લી** સ્રીo હોલેદિલપણું
**હોલો** પુંo [दे. होल] એક પંખી [ફલમ
**હોલ્ડર** નo [इं] વિલાયતી ઢબની ટાંકવાળી
**હોલ્ડૉલ** નo [इं] મુસાફરીમા બિસ્તરો ઇo લપેટી લઈ જવાની એક ખોળ જેવી બનાવટ
**હોવાટ** પુo [જુઓ હોવાવું] ગભરાટની દોડાદોડ (ચ.)
**હોવાપણું** (હો) નo [હોવું ઉપરથી] અસ્તિત્વ
**હોવાવું** અoક્રિo ['હોʼ, હોʼ રવo?] (કશા માટે) ગભરાટમાં આમ તેમ દોડવું, સોવાવું
**હોવું** (હો) અoક્રિo [प्रा. हु, हव (सं. भू)] થવું; બનવું; હયાતીમા આવવું
**હોવે** અo [રવo] હા
**હોશ** પુંo [फा.] ભાન, શુદ્ધિ (૨) શક્તિ, રામ. [**-ઊડી જવા**=સાનસૂધ જતી રહેવી (બીક કે આફતથી). **-માં આવવું**=મૂર્છામાથી જાગ્રત થવું; ભાન આવવું] **oકોશ** પુંo બoવo ભાન; હિંમત; ચેતના
**હોશિયાર** વિo [फा] ચાલાક; કુશળ, નિપુણ (૨) સાવધ; સાવચેત, ખબરદાર (૩) સમજુ; બુદ્ધિશાળી [**-રહેવું**=સાવધ રહેવું] **-રી** સ્રીo હોશિયારપણું. [**-કરવી, દાખવવી, બતાવવી, મારવી** = ડફાશ મારવી. **-રાખવી**=સાવધ કે ખબરદાર રહેવું.]
**હૉસ્પિટલ** સ્રીo [इं.] ઇસ્પિતાલ
**હોહા, -હો** સ્રીo [રવo] ગડબડ, ઘોંઘાટ, ધમાલ (૨) જાહેરાત કે ચર્ચા (૩) ગભરાટ; ખળભળાટ (૪) અo એવો અવાજ **oકાર** વિo હોહા; ગભરાટ, ત્રાસ
**હોળવું** સoક્રિo [જુઓ ઓળવું (ઓળ=પંક્તિ); અથવા प्रा. हुल=સાફ કરવું, કે प्रा होल्ल= ભીનું કરવું?] કાંસકીથી વાળ ઠીક કરવા
**હોળી** સ્રીo [प्रा. होलिया (सं होलिका)] ફાગણ પૂર્ણિમાનો તહેવાર, તે દિવસે લાકડા વગેરેનો ઢગલો સળગાવવામા આવે છે તે (૨) તેમ

કોઈ વસ્તુનો ઢગલો કરી સળગાવવુ તે (જેમ કે, વિદેશી કાપડની હોળી). [-કરવી=હોળી પેઠ સળગાવવું, બાળવુ (૨) હોળી નિમિત્તે ઉપવાસ કરવો (૩) હોળીનું પર્વ મનાવવુ. -દિવાળી વચ્ચે=કદી નહી; જ્યારે ગણો ત્યારે -નું નાળિયેર=આફત કે જોખમના કામમા ધસી જનાર. (-બનાવવું=આફત કે જોખમમા ત્રાહિતને સડોવવો-સપડાવવો) -ભૂખ્યા રહેવું=હોળી પ્રગટે ત્યા સુધી ઉપવાસ કરવો -રમવી=હોળીના તહેવારની ખુશાલીમા પરસ્પર રંગ-ગુલાલ છાટવા. -વાળવી=ખરાબી કરવી.] -ળૈયું ન૦ [હોળી ઉપરથી] હોળીમાં નાખવાનુ નાનુ છાણું (૨)હોળી ખેલનાર, ઘેરૈયો, ફાગ ગાનારો છોકરો

**હોળૈયો** પુ૦[જુઓ ઓળાયો (ઓળ ઉપરથી)] (રકમની) પૂર્ણતાસૂચક અર્ધ ચંદ્રાકાર ચિહ્ન ઉદા૦ ૧૭ (૨) ['જુઓ હોળીમા']

**હોંકાર** (હોં૦) પુ૦ જુઓ હોકાર

**હોંચી,૦હોંચી** (હોં૦) અ૦ (રવ૦) ગધેડાના ભૂકવાનો અવાજ

**હોંશ(-સ)** (હોં૦) સ્રી૦[અ. हौस, જુઓ હુંશ] ઉલટ; ઉમંગ. [-માં આવવું. પૂરી થવી, ભાગી જવી.] -શી(૦લું), -સી(૦લું) વિ૦ હોંશવાળુ

**હોંશા(-સા)તોંશી(-સી)** (હોં૦ તોં૦) સ્રી૦ હુંશાતુંશી

**હ્યસ્તન** વિ૦ [સં] ગઈ કાલનું

**હ્યાં** અ૦+[સર૦ म, हिं] અહીયા

**હ્રદ** પુ૦ [સં] પાણીનો ઊડો ખાડો, ધરો

**હ્રસ્વ** વિ૦ [સં] લઘુ, ટૂકા અવાજનું

**હ્રાસ** પું૦ [સં] ક્ષય; ઘટાડો, નાશ

**હ્રી** સ્રી૦ [સં.] લાજ, શરમ, મર્યાદા

**હ્રીમ્** અ૦ [સં] લક્ષ્મીનો બીજમંત્ર

**હ્રીયમાણ** વિ૦ [સં] હરાતુ, લઈ જવાતુ

**હ્લાદ** પુ૦ [સં] આનંદ ૦માન પુ૦ સંગીતનો એક અલંકાર

## ળ

ળ પુ૦ [સર૦ म] છેલ્લો ગુજરાતી વ્યંજન (એનાથી શરૂ થતો એકે શબ્દ નથી. ઘણા શબ્દોમા 'લ'ના વિકલ્પ તરીકે 'ળ' વપરાય છે) ૦કાર પુ૦ ળ અક્ષર અને ઉચ્ચાર

શ્રી ચીમનલાલ ... ગ્રંથાલય 8-6-29 ... સાહિત્ય

19 DEC 2008

ગુજરાતી સાહિત્ય પરિષદ ગ્રંથાલય
અમદાવાદ – ૯